אֹתָהּ તેને H0853
אֵלָיו તેની–પાસે H0413
אֶל־ માં H0413
הַתֵּבָה׃ વહાણમાં H8392

પણ આખી પૃથ્વી પર પાણી હોવાને લીધે કબૂતરને પોતાના પગ મૂકવાની જગ્યા મળી નહિ, તેથી તે તેની પાસે વહાણમાં પાછું આવ્યું. નૂહે પોતાનો હાથ લંબાવીને તેને પોતાની પાસે વહાણમાં લઈ લીધું.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַתֵּבָה׃ | מִן־ | הַיּוֹנָה | אֶת־ | שַׁלַּח | וַיֹּסֶף | אֲחֵרִים | יָמִים | שִׁבְעַת | עוֹד | וַיָּחֶל | 10 |
| વહાણમાંથી | થી | કબૂતર | ને | મોકલ્યું | અને-ફરીથી | બીજા | દિવસ | સાત | હજુ | અને-રાહ-જોયો | |
| H8392 | | H3123 | H0853 | H7971 | H3254 | H0312 | H3117 | H7651 | H5750 | | |

બીજા સાત દિવસ રાહ જોયા પછી નૂહે ફરીથી વહાણમાંથી કબૂતરને મોકલ્યું.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| נֹחַ | וַיֵּדַע | בְּפִיהָ | טָרָף | זַיִת | עֲלֵה־ | וְהִנֵּה | עֶרֶב | לְעֵת | הַיּוֹנָה | אֵלָיו | וַתָּבֹא | 11 |
| નૂહે | અને-જાણ્યું | તેના-મોંમાં | તાજું | જૈતૂનનું | પાન | અને-જુઓ | સમયે | સાંજે | કબૂતર | તેની-પાસે | અને-આવી | |
| H5146 | H3045 | H6310 | H2965 | H2132 | H5929 | H2009 | H6153 | H6256 | H3123 | H0413 | H0935 | |

| | | | | |
|---|---|---|---|---|
| הָאָרֶץ׃ | מֵעַל | הַמַּיִם | קַלּוּ | כִּי־ |
| પૃથ્વી-પરથી | ઉપરથી | પાણી | ઓછાં-થયાં | કે |
| H0776 | | H4325 | H7043 | |

કબૂતર ફરીને સાંજે તેની પાસે પાછું આવ્યું. તેની ચાંચમાં જૈતૂનવૃક્ષનું એક પાંદડું હતું. તેથી નૂહને સમજાયું કે પૃથ્વી પરથી પાણી ઓસર્યાં છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שׁוּב־ | יָסְפָה | וְלֹא־ | הַיּוֹנָה | אֶת־ | וַיְשַׁלַּח | אֲחֵרִים | יָמִים | שִׁבְעַת | עוֹד | וַיִּיָּחֶל | 12 |
| ફરીથી | પાછી-આવી | અને-નહોતી | કબૂતર | ને | અને-મોકલ્યું | બીજા | દિવસ | સાત | હજુ | અને-રાહ-જોયો | |
| H7725 | H3254 | H3808 | H3123 | H0853 | H7971 | H0312 | H3117 | H7651 | H5750 | H3176 | |

| | |
|---|---|
| עוֹד׃ | אֵלָיו |
| વધુ | તેની-પાસે |
| H5750 | H0413 |

તેણે બીજા સાત દિવસો સુધી રાહ જોઈ અને ફરીથી કબૂતરને બહાર મોકલ્યું. પણ તે તેની પાસે ફરી પાછું આવ્યું નહિ.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מֵעַל | הַמַּיִם | חָרְבוּ | לַחֹדֶשׁ | בְּאֶחָד | בָּרִאשׁוֹן | שָׁנָה | מֵאוֹת | וְשֵׁשׁ־ | בְּאַחַת | וַיְהִי | 13 |
| ઉપરથી | પાણી | સૂકાઈ-ગયાં | મહિનાની | પહેલી-તારીખે | પહેલામાં | વર્ષમાં | સો | અને-છ | એકમાં | અને-થયું | |
| | H4325 | | H2320 | H0259 | H7223 | H8141 | H3967 | H8337 | H0259 | H1961 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| פְּנֵי | חָרְבוּ | וְהִנֵּה | וַיַּרְא | הַתֵּבָה | מִכְסֵה | אֶת־ | נֹחַ | וַיָּסַר | הָאָרֶץ |
| સપાટી | સૂકાઈ-ગઈ-હતી | અને-જુઓ | અને-જોયું | વહાણનું | ઢાંકણ | ને | નૂહે | અને-હટાવ્યું | પૃથ્વી-પરથી |
| H6440 | | H2009 | H7200 | H8392 | H4372 | H0853 | H5146 | H5493 | H0776 |

| |
|---|
| הָאֲדָמָה׃ |
| જમીનની |
| H0127 |

નૂહની ઉંમર છસો એક વર્ષની થઈ ત્યારે તે વર્ષના પ્રથમ દિવસે પૃથ્વી પરથી પાણી સુકાઈ ગયાં. નૂહે વહાણની છત ઉઘાડીને બહાર જોયું, તો ભૂમિની સપાટી કોરી થયેલી હતી.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ס | הָאָרֶץ׃ | יָבְשָׁה | לַחֹדֶשׁ | יוֹם | וְעֶשְׂרִים | בְּשִׁבְעָה | הַשֵּׁנִי | וּבַחֹדֶשׁ | 14 |
| — | પૃથ્વી | સૂકાઈ-ગઈ | મહિનાના | દિવસે | અને-વીસમા | સત્તાવીસમા | બીજા | અને-મહિનામાં | |
| | H0776 | H3001 | H2320 | H3117 | H6242 | H7651 | H8145 | H2320 | |

બીજા મહિનાને સત્તાવીસમે દિવસે પૃથ્વી પરની ભૂમિ કોરી થઈ ગઈ હતી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| לֵאמֹר׃ | נֹחַ | אֶל־ | אֱלֹהִים | וַיְדַבֵּר | 15 |
| કહેતાં | નૂહને | ને | ઈશ્વરે | અને-બોલ્યા | |
| H0559 | H5146 | H0413 | H0430 | H1696 | |

પછી ઈશ્વરે નૂહને કહ્યું કે,

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אִתָּךְ׃ | בָנֶיךָ | וּנְשֵׁי־ | וּבָנֶיךָ | וְאִשְׁתְּךָ | אַתָּה | הַתֵּבָה | מִן־ | צֵא | 16 |
| તારી-સાથે | પુત્રોની | અને-પત્નીઓ | અને-તારા-પુત્રો | અને-તારી-પત્ની | તું | વહાણમાંથી | થી | બહાર-આવ | |
| H0854 | | H0802 | | H0802 | | H8392 | | H3318 | |

"તું, તારી પત્ની, તારા દીકરાઓ તથા તારી પુત્રવધૂઓ વહાણમાંથી બહાર આવો.

17

| | | |
|---|---|---|
| כָּל־ | બધાં | H3605 |
| הַחַיָּה | જીવતાં-પ્રાણીઓ | |
| אֲשֶׁר־ | જે | |
| אִתְּךָ | તારી-સાથે | H0854 |
| מִכָּל־ | બધાં-માંથી | H3605 |
| בָּשָׂר | શરીરનાં | H1320 |
| בָּעוֹף | પક્ષીઓમાં | H5775 |
| וּבַבְּהֵמָה | અને-પશુઓમાં | H0929 |
| וּבְכָל־ | અને-બધાં | H3605 |
| הָרֶמֶשׂ | ખસતાં-જીવ | H7431 |
| הָרֹמֵשׂ | જે-ખસે-છે | H7430 |
| עַל־ | ઉપર | |
| הָאָרֶץ | પૃથ્વી-પર | H0776 |
| ]הוצא[ | [બહાર-કાઢ] | H3318 |
| )הַיְצֵא( | બહાર-કાઢ | H3318 |
| אִתָּךְ | તારી-સાથે | H0854 |
| וְשָׁרְצוּ | અને-વિપુલ-થાઓ | H8317 |
| בָאָרֶץ | પૃથ્વી-પર | H0776 |
| וּפָרוּ | અને-ફળફળો | H6509 |
| וְרָבוּ | અને-વધો | |
| עַל־ | ઉપર | |
| הָאָרֶץ׃ | પૃથ્વી-પર | H0776 |

વળી દરેક જાતનાં પ્રાણીઓને, એટલે પક્ષીઓ, પશુઓ તથા પૃથ્વી પર પેટે ચાલનારાં સર્વને તારી સાથે બહાર લાવ, કે જેથી તેઓ પૃથ્વી પર સફળ થાય અને વૃદ્ધિ પામે."

18

| | | |
|---|---|---|
| וַיֵּצֵא־ | અને-બહાર-આવ્યો | H3318 |
| נֹחַ | નૂહ | H5146 |
| וּבָנָיו | અને-તેના-પુત્રો | |
| וְאִשְׁתּוֹ | અને-તેની-પત્ની | H0802 |
| וּנְשֵׁי־ | અને-પત્નીઓ | H0802 |
| בָנָיו | પુત્રોની | |
| אִתּוֹ׃ | તેની-સાથે | H0854 |

તેથી નૂહ તેની સાથે તેના દીકરા, તેની પત્ની અને તેની પુત્રવધૂઓ સહિત બહાર આવ્યાં.

19

| | | |
|---|---|---|
| כָּל־ | બધાં | H3605 |
| הַחַיָּה | જીવતાં-પ્રાણીઓ | |
| כָּל־ | બધાં | H3605 |
| הָרֶמֶשׂ | ખસતાં-જીવ | H7431 |
| וְכָל־ | અને-બધાં | H3605 |
| הָעוֹף | પક્ષી | H5775 |
| כֹּל | દરેક | H3605 |
| רוֹמֵשׂ | ખસતાં-જીવ | H7430 |
| עַל־ | ઉપર | |
| הָאָרֶץ | પૃથ્વી-પર | H0776 |
| לְמִשְׁפְּחֹתֵיהֶם | તેમનાં-કુટુંબો-પ્રમાણે | H4940 |
| יָצְאוּ | બહાર-આવ્યાં | H3318 |
| מִן־ | થી | |
| הַתֵּבָה׃ | વહાણમાંથી | H8392 |

દરેક સજીવ પ્રાણી, દરેક પેટે ચાલનારાં, દરેક પક્ષી તથા દરેક જે પૃથ્વી પર ચાલે છે તે પોતપોતાની જાત પ્રમાણે સર્વ વહાણમાંથી બહાર આવ્યાં.

20

| | | |
|---|---|---|
| וַיִּבֶן | અને-બાંધ્યું | H1129 |
| נֹחַ | નૂહે | H5146 |
| מִזְבֵּחַ | વેદી | H4196 |
| לַיהוָה | યહોવાહ-માટે | H3068 |
| וַיִּקַּח | અને-લીધાં | H3947 |
| מִכֹּל | બધાં-માંથી | H3605 |
| הַבְּהֵמָה | પશુઓ | H0929 |
| הַטְּהוֹרָה | શુદ્ધ | H2889 |
| וּמִכֹּל | અને-બધાંમાંથી | H3605 |
| הָעוֹף | પક્ષી | H5775 |
| הַטָּהֹר | શુદ્ધ | H2889 |
| וַיַּעַל | અને-ચડાવ્યાં | H5927 |
| עֹלֹת | દહન-અર્પણો | |
| בַּמִּזְבֵּחַ׃ | વેદી-પર | H4196 |

નૂહે ઈશ્વરને અર્પણ કરવા માટે એક વેદી બાંધી. એ વેદી પર તેણે શુદ્ધ પશુઓમાંથી તથા શુદ્ધ પક્ષીઓમાંથી કેટલાંકના દહનીયાર્પણ કર્યાં.

21

| | | |
|---|---|---|
| וַיָּרַח | અને-સૂંઘ્યો | H7306 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| אֶת־ | ને | H0853 |
| רֵיחַ | સુવાસ | H7381 |
| הַנִּיחֹחַ | સુગંધિત | H5207 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| אֶל־ | ને | H0413 |
| לִבּוֹ | તેના-હૃદયમાં | |
| לֹא־ | હું-નહીં | H3808 |
| אֹסִף | ફરીથી | H3254 |
| לְקַלֵּל | શાપિત-કરીશ | H7043 |
| עוֹד | હવે | H5750 |
| אֶת־ | ને | H0853 |
| הָאֲדָמָה | જમીનને | H0127 |
| בַּעֲבוּר | કારણે | H5668 |
| הָאָדָם | માણસના | H0120 |
| כִּי | કારણ-કે | |
| יֵצֶר | વિચાર | H3336 |
| לֵב | હૃદયનો | |
| הָאָדָם | માણસનો | H0120 |
| רַע | બૂરો | |
| מִנְּעֻרָיו | તેની-યુવાનીથી | |
| וְלֹא־ | અને-હું-નહીં | H3808 |
| אֹסִף | ફરીથી | H3254 |
| עוֹד | હવે | H5750 |
| לְהַכּוֹת | મારીશ | H5221 |
| אֶת־ | ને | H0853 |
| כָּל־ | બધાં | H3605 |
| חַי | જીવિત | |
| כַּאֲשֶׁר | જેમ | |
| עָשִׂיתִי׃ | મેં-કર્યું | |

યહોવાહે સુગંધીઓથી પ્રસન્ન થઈને પોતાના હૃદયમાં કહ્યુ કે, "બાળપણથી જ માણસના હૃદયનું વલણ દુષ્ટ હોય છે તે છતાં પણ હવે પછી માનવજાતને નષ્ટ કરીને હું ભૂમિને ફરી શાપિત નહિ કરું. જેમ મેં સર્વ સજીવોનો નાશ કર્યો છે એવું ફરીથી કદી હું નહિ કરું.

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְי֖וֹם | וָחֹ֥רֶף | וְקַ֣יִץ | וָחֹ֜ם | וְקֹ֨ר | וְקָצִ֡יר | זֶ֣רַע | הָאָ֑רֶץ | יְמֵ֣י | כָּל־ | עֹ֖ד |
| અને-દિવસ | અને-શિયાળો | અને-ઉનાળો | અને-ગરમી | અને-ટાઢી | અને-લણણી | વાવણી | પૃથ્વીના | દિવસો | બધાં | હવે |
| H3117 | H2779 | H7019 | H2527 | H7120 | | H2233 | H0776 | H3117 | H3605 | H5750 |

| | | |
|---|---|---|
| יִשְׁבֹּֽתוּ׃ | לֹ֥א | וָלַ֖יְלָה |
| અટકશે | નહીં | અને-રાત |
| | H3808 | H3915 |

પૃથ્વી રહેશે ત્યાં સુધી વાવણી તથા કાપણીની મોસમ, ઠંડી તથા ગરમી, ઉનાળો તથા શિયાળો અને દિવસ તથા રાત થયા વગર રહેશે નહિ."

## Chapter 9

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמִלְא֥וּ | וּרְב֖וּ | פְּר֥וּ | לָהֶ֛ם | וַיֹּ֧אמֶר | בָּנָ֑יו | וְאֶת־ | נֹ֖חַ | אֶת־ | אֱלֹהִ֔ים | וַיְבָ֣רֶךְ |
| અને-ભરો | અને-વધો | ફળો | તેમને | અને-કહ્યુ | તેના-પુત્રોને | અને-ને | નૂહને | ને | ઈશ્વરે | અને-આશીર્વાદ-આપ્યો |
| H4390 | | H6509 | | H0559 | | H0853 | H5146 | H0853 | H0430 | H1288 |

| | |
|---|---|
| הָאָֽרֶץ׃ | אֶת־ |
| પૃથ્વીને | ને |
| H0776 | H0853 |

પછી ઈશ્વરે નૂહને તથા તેના દીકરાઓને આશીર્વાદ આપ્યો અને તેઓને કહ્યુ કે, "સફળ થાઓ, વધો અને પૃથ્વીને ભરપૂર કરો.

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַשָּׁמָ֑יִם | ע֣וֹף | כָּל־ | וְעַ֖ל | הָאָ֔רֶץ | חַיַּ֣ת | כָּל־ | עַ֚ל | יִֽהְיֶ֔ה | וְחִתְּכֶם֙ | וּמוֹרַאֲכֶ֤ם |
| આકાશનાં | પક્ષી | બધાં | અને-ઉપર | પૃથ્વીનાં | જીવો | બધાં | ઉપર | રહેશે | અને-તમારો-ત્રાસ | અને-તમારો-ભય |
| H8064 | H5775 | H3605 | | H0776 | | H3605 | | H1961 | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| נִתָּֽנוּ׃ | בְּיֶדְכֶ֥ם | הַיָּ֖ם | דְּגֵ֥י | וּֽבְכָל־ | הָֽאֲדָמָ֛ה | תִּרְמֹ֧שׂ | אֲשֶׁ֨ר | בְּכֹל֩ |
| સોંપાયા-છે | તમારા-હાથમાં | સમુદ્રની | માછલીઓ | અને-બધાં | જમીન-પર | ખસે-છે | જે | બધાંમાં |
| H5414 | H3027 | H3220 | H1709 | H3605 | H0127 | H7430 | | H3605 |

પૃથ્વીના દરેક પશુ પર, આકાશના દરેક પક્ષી પર, પૃથ્વી પર પેટે ચાલનારાં દરેક અને સમુદ્રનાં દરેક માછલાં તમારાથી બીશે અને ડરશે. તેઓને તમારા હાથમાં આપવામાં આવેલા છે.

3

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לָכֶ֖ם | נָתַ֥תִּי | עֵ֔שֶׂב | כְּיֶ֣רֶק | לְאָכְלָ֑ה | יִהְיֶ֣ה | לָכֶ֥ם | חַ֔י | הוּא־ | אֲשֶׁ֣ר | רֶ֙מֶשׂ֙ | כָּל־ |
| આપ્યું | વનસ્પતિ | લીલી | જેમ | ખોરાક-માટે | હશે | તમારા-માટે | જીવતું | તે | જે | ખસતું-જીવ | બધું |
| | H5414 | H6212 | H3418 | H0402 | H1961 | | | H1931 | | H7431 | H3605 |

| | |
|---|---|
| כֹּֽל׃ | אֶת־ |
| બધું | તમને |
| H3605 | H0853 |

પૃથ્વી પર ચાલનારાં બધા પશુ તમારે સારુ ખોરાક થશે. જે પ્રમાણે મેં તમને લીલાં શાક આપ્યાં છે તે પ્રમાણે હવે હું તમને સઘળું બક્ષુ છું.

4

| | | | | | |
|---|---|---|---|---|---|
| תֹאכֵֽלוּ׃ | לֹ֥א | דָמ֖וֹ | בְּנַפְשׁ֥וֹ | בָּשָׂ֕ר | אַךְ־ |
| ખાશો | નહીં | તેનું-રક્ત | તેના-પ્રાણ-સાથે | શરીર | માત્ર |
| H0398 | H3808 | H1818 | H5315 | H1320 | H0389 |

પણ તેનું માંસ તમારે જીવ એટલે લોહી સહિત ન ખાવું.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמִיַּ֞ד | אֶדְרְשֶׁ֑נּוּ | חַיָּ֖ה | כָּל־ | מִיַּ֥ד | אֶדְרֹ֔שׁ | לְנַפְשֹֽׁתֵיכֶם֙ | דִּמְכֶ֤ם | אֶת־ | וְאַ֨ךְ |
| અને-હાથેથી | હું-માંગીશ | જીવનાં | દરેક | હાથેથી | હું-માંગીશ | તમારા-જીવ-માટે | તમારું-રક્ત | ને | અને-ખરેખર |
| H3027 | H1875 | | H3605 | H3027 | H1875 | H5315 | H1818 | H0853 | H0389 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הָֽאָדָֽם׃ | נֶ֥פֶשׁ | אֶת־ | אֶדְרֹ֖שׁ | אָחִ֔יו | אִ֣ישׁ | מִיַּד֙ | הָֽאָדָ֗ם |
| માણસનો | જીવ | ને | હું-માંગીશ | તેના-ભાઈના | માણસ | હાથેથી | માણસના |
| H0120 | H5315 | H0853 | H1875 | H0251 | H0376 | H3027 | H0120 |

હું નિશ્ચે તમારા લોહીનો બદલો માગીશ. દરેક પશુ પાસેથી હું બદલો લઈશ. કોઈપણ માણસના હાથ પાસેથી, એટલે કે, જે હાથે તેણે પોતાના ભાઈની હત્યા કરી છે, તેના જીવનો બદલો હું માંગીશ.

6

| | | |
|---|---|---|
| שֹׁפֵךְ | વહેવડાવનાર | H8210 |
| דַּם | રક્ત | H1818 |
| הָֽאָדָם | માણસનું | H0120 |
| בָּֽאָדָם | માણસ-દ્વારા | H0120 |
| דָּמוֹ | તેનું-રક્ત | H1818 |
| יִשָּׁפֵךְ | વહેવડાવાશે | H8210 |
| כִּי | કારણ-કે | |
| בְּצֶלֶם | પ્રતિમામાં | H6754 |
| אֱלֹהִים | ઈશ્વરની | H0430 |
| עָשָׂה | બનાવ્યો | |
| אֶת־ | ને | H0853 |
| הָאָדָֽם׃ | માણસને | H0120 |

જે કોઈ માણસનું લોહી વહેવડાવે, તેનું લોહી પણ માણસથી વહેવડાવાશે, કેમ કે ઈશ્વરે પોતાની પ્રતિમા પ્રમાણે માણસને ઉત્પન્ન કર્યું છે.

7

| | | |
|---|---|---|
| וְאַתֶּם | અને-તમે | |
| פְּרוּ | ફળો | H6509 |
| וּרְבוּ | અને-વધો | |
| שִׁרְצוּ | વિપુલ-થાઓ | H8317 |
| בָאָרֶץ | પૃથ્વી-માં | H0776 |
| וּרְבוּ־ | અને-વધો | |
| בָֽהּ׃ | તેમાં | |
| ס | — | |

તમે સફળ થાઓ, આખી પૃથ્વી પર વંશવૃદ્ધિ કરો અને વધતા જાઓ."

8

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֱלֹהִים | ઈશ્વરે | H0430 |
| אֶל־ | ને | H0413 |
| נֹחַ | નૂહને | H5146 |
| וְאֶל־ | અને-ને | H0413 |
| בָּנָיו | તેના-પુત્રોને | |
| אִתּוֹ | તેની-સાથે | H0854 |
| לֵאמֹֽר׃ | કહેતાં | H0559 |

પછી ઈશ્વરે નૂહ સાથે તથા તેના દીકરાઓ સાથે વાત કરતા કહ્યુ,

9

| | | |
|---|---|---|
| וַאֲנִי | અને-હું | H0589 |
| הִנְנִי | જુઓ | H2009 |
| מֵקִים | સ્થાપિત-કરું-છું | |
| אֶת־ | ને | H0853 |
| בְּרִיתִי | મારો-કરાર | H1285 |
| אִתְּכֶם | તમારી-સાથે | H0854 |
| וְאֶת־ | અને-તમારા | H0854 |
| זַרְעֲכֶם | વંશને | H2233 |
| אַחֲרֵיכֶֽם׃ | તમારા-પછી | |

"હું જે કહું છું તે સાંભળો□ હું તારી સાથે તથા તારી પાછળ આવનાર સંતાનો સાથે મારો કરાર સ્થાપન કરીશ.

10

| | | |
|---|---|---|
| וְאֵת | અને-ને | H0854 |
| כָּל־ | બધાં | H3605 |
| נֶפֶשׁ | જીવ | H5315 |
| הַֽחַיָּה | જીવતાં-પ્રાણીઓ | |
| אֲשֶׁר | જે | |
| אִתְּכֶם | તમારી-સાથે | H0854 |
| בָּעוֹף | પક્ષીઓમાં | H5775 |
| בַּבְּהֵמָה | પશુઓમાં | H0929 |
| וּֽבְכָל־ | અને-બધાં | H3605 |
| חַיַּת | જીવો | |
| הָאָרֶץ | પૃથ્વીનાં | H0776 |
| אִתְּכֶם | તમારી-સાથે | H0854 |
| מִכֹּל | બધાંમાંથી | H3605 |
| יֹצְאֵי | બહાર-આવનારા | H3318 |
| הַתֵּבָה | વહાણમાંથી | H8392 |
| לְכֹל | બધાં | H3605 |
| חַיַּת | જીવો | |
| הָאָֽרֶץ׃ | પૃથ્વીનાં | H0776 |

અને તમારી સાથે પક્ષી, પશુ અને પૃથ્વી પરનાં સર્વ જાનવર તે સર્વની સાથે હું મારો કરાર સ્થાપન કરું છું.

11

| | | |
|---|---|---|
| וַהֲקִמֹתִי | અને-હું-સ્થાપિત-કરું-છું | |
| אֶת־ | ને | H0853 |
| בְּרִיתִי | મારો-કરાર | H1285 |
| אִתְּכֶם | તમારી-સાથે | H0854 |
| וְלֹא־ | અને-નહીં | H3808 |
| יִכָּרֵת | કપાશે | H3772 |
| כָּל־ | કોઈ-પણ | H3605 |
| בָּשָׂר | શરીર | H1320 |
| עוֹד | હવે | H5750 |
| מִמֵּי | પાણીથી | H4325 |
| הַמַּבּוּל | પૂરના | H3999 |
| וְלֹא־ | અને-નહીં | H3808 |
| יִהְיֶה | હશે | H1961 |
| עוֹד | હવે | H5750 |
| מַבּוּל | પૂર | H3999 |
| לְשַׁחֵת | નાશ-કરવા | H7843 |
| הָאָֽרֶץ׃ | પૃથ્વીને | H0776 |

તમારી સાથે હું મારો કરાર સ્થાપન કરું છું કે, હવે પછી ફરી જળપ્રલયથી સર્વ માનવજાતનો નાશ થશે નહિ. પૃથ્વીનો નાશ કરવાને ફરી કદી જળપ્રલય થશે નહિ.

12

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֱלֹהִים | ઈશ્વરે | H0430 |
| זֹאת | આ | H2063 |
| אוֹת־ | નિશાની | H0226 |
| הַבְּרִית | કરારની | H1285 |
| אֲשֶׁר־ | જે | |
| אֲנִי | હું | H0589 |
| נֹתֵן | આપું-છું | H5414 |
| בֵּינִי | મારી-વચ્ચે | H0996 |
| וּבֵינֵיכֶם | અને-તમારી-વચ્ચે | H0996 |
| וּבֵין | અને-વચ્ચે | H0996 |
| כָּל־ | બધાં | H3605 |
| נֶפֶשׁ | જીવ | H5315 |
| חַיָּה | જીવતાં-પ્રાણીઓ | |
| אֲשֶׁר | જે | |
| אִתְּכֶם | તમારી-સાથે | H0854 |
| לְדֹרֹת | પેઢીઓ-સુધી | H1755 |
| עוֹלָֽם׃ | સદાકાળ | H5769 |

ઈશ્વરે કહ્યુ, “મારી તથા તમારી વચ્ચે તથા તમારી સાથે જે દરેક સજીવ પ્રાણી છે તેની સાથે તથા ભાવિ પેઢીને સારુ કર્યો છે તે કરારનું આ ચિહ્ન છે:

13

| | | |
|---|---|---|
| אֶת־ | ને | H0853 |
| קַשְׁתִּי | મારું-મેઘધનુષ | H7198 |
| נָתַתִּי | મેં-મૂક્યું | H5414 |
| בֶּעָנָן | વાદળમાં | H6051 |
| וְהָיְתָה | અને-હશે | H1961 |
| לְאוֹת | નિશાની-ટે | H0226 |
| בְּרִית | કરારની | H1285 |
| בֵּינִי | મારી-વચ્ચે | H0996 |
| וּבֵין | અને-વચ્ચે | H0996 |
| הָאָרֶץ׃ | પૃથ્વીની | H0776 |

મેં મારું મેઘધનુષ્ય વાદળમાં મૂક્યું છે અને તે મારા તથા પૃથ્વી વચ્ચેના કરારની ચિહ્નરૂપ થશે.

14

| | | |
|---|---|---|
| וְהָיָה | અને-થશે | H1961 |
| בְּעַנְנִי | જ્યારે-હું-લાવીશ | |
| עָנָן | વાદળ | H6051 |
| עַל־ | ઉપર | |
| הָאָרֶץ | પૃથ્વી-પર | H0776 |
| וְנִרְאֲתָה | અને-દેખાશે | H7200 |
| הַקֶּשֶׁת | મેઘધનુષ | H7198 |
| בֶּעָנָן׃ | વાદળમાં | H6051 |

જયારે પૃથ્વી પર હું વરસાદ વરસાવીશ ત્યારે એમ થશે કે વાદળમાં મેઘધનુષ્ય દેખાશે,

15

| | | |
|---|---|---|
| וְזָכַרְתִּי | અને-હું-યાદ-કરીશ | H2142 |
| אֶת־ | ને | H0853 |
| בְּרִיתִי | મારો-કરાર | H1285 |
| אֲשֶׁר | જે | |
| בֵּינִי | મારી-વચ્ચે | H0996 |
| וּבֵינֵיכֶם | અને-તમારી-વચ્ચે | H0996 |
| וּבֵין | અને-વચ્ચે | H0996 |
| כָּל־ | બધાં | H3605 |
| נֶפֶשׁ | જીવ | H5315 |
| חַיָּה | જીવતાં-પ્રાણીઓ | |
| בְּכָל־ | બધાં | H3605 |
| בָּשָׂר | શરીરમાં | H1320 |
| וְלֹא־ | અને-નહીં | H3808 |
| יִהְיֶה | હશે | H1961 |
| עוֹד | હવે | H5750 |
| הַמַּיִם | પાણી | H4325 |
| לְמַבּוּל | પૂર-માટે | H3999 |
| לְשַׁחֵת | નાશ-કરવા | H7843 |
| כָּל־ | બધાં | H3605 |
| בָּשָׂר׃ | શરીરને | H1320 |

ત્યારે મારી અને તમારી તથા સર્વ સાથે કરેલો કરારનું હું સ્મરણ કરીશ. સર્વ સજીવોનો નાશ કરવાને માટે ફરી કદી જળપ્રલય થશે નહિ.

16

| | | |
|---|---|---|
| וְהָיְתָה | અને-હશે | H1961 |
| הַקֶּשֶׁת | મેઘધનુષ | H7198 |
| בֶּעָנָן | વાદળમાં | H6051 |
| וּרְאִיתִיהָ | અને-હું-જોઈશ | H7200 |
| לִזְכֹּר | યાદ-કરવા | H2142 |
| בְּרִית | કરાર | H1285 |
| עוֹלָם | સદાકાળની | H5769 |
| בֵּין | વચ્ચે | H0996 |
| אֱלֹהִים | ઈશ્વરની | H0430 |
| וּבֵין | અને-વચ્ચે | H0996 |
| כָּל־ | બધાં | H3605 |
| נֶפֶשׁ | જીવ | H5315 |
| חַיָּה | જીવતાં-પ્રાણીઓ | |
| בְּכָל־ | બધાં | H3605 |
| בָּשָׂר | શરીરમાં | H1320 |
| אֲשֶׁר | જે | |
| עַל־ | ઉપર | |
| הָאָרֶץ׃ | પૃથ્વી-પર | H0776 |

મેઘધનુષ્ય વાદળમાં દેખાશે અને ઈશ્વર પૃથ્વીનાં સર્વ સજીવ પ્રાણીની વચ્ચે, જે સર્વકાળનો કરાર છે તે યાદ રાખવાને હું ધનુષ્યની સામે જોઈશ.”

17

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֱלֹהִים | ઈશ્વરે | H0430 |
| אֶל־ | ને | H0413 |
| נֹחַ | નૂહને | H5146 |
| זֹאת | આ | H2063 |
| אוֹת־ | નિશાની | H0226 |
| הַבְּרִית | કરારની | H1285 |
| אֲשֶׁר | જે | |
| הֲקִמֹתִי | મેં-સ્થાપિત-કરી | |
| בֵּינִי | મારી-વચ્ચે | H0996 |
| וּבֵין | અને-વચ્ચે | H0996 |
| כָּל־ | બધાં | H3605 |
| בָּשָׂר | શરીરમાં | H1320 |
| אֲשֶׁר | જે | |
| עַל־ | ઉપર | |
| הָאָרֶץ׃ | પૃથ્વી-પર | H0776 |
| פ | — | |

પછી ઈશ્વરે નૂહને કહ્યુ, “મારી તથા પૃથ્વી પરના સર્વ સજીવોની વચ્ચે જે કરાર મેં સ્થાપિત કર્યો છે તેનું આ ચિહ્ન છે.”

18

| | | |
|---|---|---|
| וַיִּהְיוּ | અને-હતા | H1961 |
| בְנֵי־ | પુત્રો | |
| נֹחַ | નૂહના | H5146 |
| הַיֹּצְאִים | જે-બહાર-આવ્યા | H3318 |
| מִן־ | થી | |
| הַתֵּבָה | વહાણમાંથી | H8392 |
| שֵׁם | શેમ | H8035 |
| וְחָם | અને-હામ | H2526 |
| וָיָפֶת | અને-યાફેથ | H3315 |
| וְחָם | અને-હામ | H2526 |
| הוּא | તે | H1931 |
| אֲבִי | પિતા | H0001 |
| כְנָעַן׃ | કનાનનો | |

નૂહના દીકરા જેઓ વહાણમાંથી બહાર આવ્યા તે શેમ, હામ તથા યાફેથ હતા. હામ કનાનનો પિતા હતો.

19

| | | |
|---|---|---|
| שְׁלֹשָׁה | ત્રણ | H7969 |
| אֵלֶּה | આ | H0428 |
| בְּנֵי־ | પુત્રો | |
| נֹחַ | નૂહના | H5146 |
| וּמֵאֵלֶּה | અને-તેમનાથી | H0428 |
| נָפְצָה | ફેલાઈ | |
| כָל־ | બધી | H3605 |
| הָאָרֶץ׃ | પૃથ્વી | H0776 |

નૂહના આ ત્રણ દીકરાઓ હતા. તેઓથી આખી પૃથ્વી પર વસ્તી થઈ.

20

| | | |
|---|---|---|
| וַיָּחֶל | અને-શરૂ-કર્યું | |
| נֹחַ | નૂહે | H5146 |
| אִישׁ | જમીનના-માણસ | H0376 |
| הָאֲדָמָה | જમીનનો | H0127 |
| וַיִּטַּע | અને-રોપ્યો | H5193 |
| כָּרֶם׃ | દ્રાક્ષનો-બાગ | H3754 |

નૂહ ખેતી કરવા લાગ્યો અને તેણે દ્રાક્ષવાડી રોપી.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 21 | וַיֵּשְׁתְּ | מִן־ | הַיַּיִן | וַיִּשְׁכָּר | וַיִּתְגַּל | בְּתוֹךְ | אָהֳלֹה׃ |
| | અને-પીધો | થી | દ્રાક્ષારસ | અને-મદોન્મત્ત-થયો | અને-ઉઘાડી-ગયો | અદર | તેના-તંબૂમાં |
| | H8354 | | H3196 | H7937 | H1540 | H8432 | H0168 |

તેણે દ્રાક્ષાસવ પીધો અને તેને નશો ચઢ્યો હોવાથી તે તેના તંબુમાં નિર્વસ્ત્ર સ્થિતિમાં જ સૂઈ ગયો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 22 | וַיַּרְא | חָם | אֲבִי | כְנַעַן | אֵת | עֶרְוַת | אָבִיו | וַיַּגֵּד | לִשְׁנֵי־ | אֶחָיו | בַּחוּץ׃ |
| | અને-જોયું | હામે | પિતા | કનાનના | ને | નગ્નતા | તેના-પિતાની | અને-કહ્યુ | તેના-બે | ભાઈઓને | બહાર |
| | H7200 | H2526 | H0001 | | H0853 | H6172 | H0001 | H5046 | H8147 | H0251 | H2351 |

કનાનના પિતા હામે તેના પિતાને નિર્વસ્ત્ર અવસ્થામાં જોયા અને બહાર જઈને તેના બન્ને ભાઈઓને તે વિષે કહ્યુ.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 23 | וַיִּקַּח | שֵׁם | וָיֶפֶת | אֶת־ | הַשִּׂמְלָה | וַיָּשִׂימוּ | עַל־ | שְׁכֶם | שְׁנֵיהֶם | וַיֵּלְכוּ | אֲחֹרַנִּית |
| | અને-લીધું | શેમે | અને-યાફેથે | ને | વસ્ત્ર | અને-મૂક્યું | ઉપર | ખંધા | તેમના-બંનેના | અને-ગયા | પાછા-ચાલતા |
| | H3947 | H8035 | H3315 | H0853 | H8071 | | | H7926 | H8147 | H3212 | H0322 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְכַסּוּ | אֵת | עֶרְוַת | אֲבִיהֶם | וּפְנֵיהֶם | אֲחֹרַנִּית | וְעֶרְוַת | אֲבִיהֶם | לֹא | רָאוּ׃ |
| અને-ઢાંક્યું | ને | નગ્નતા | તેમના-પિતાની | અને-તેમના-મુખ | પાછા-વળેલાં | અને-નગ્નતા | તેમના-પિતાની | નહોતી | જોઈ |
| H3680 | H0853 | H6172 | H0001 | H6440 | H0322 | H6172 | H0001 | H3808 | H7200 |

તેથી શેમ તથા યાફેથે એક વસ્ત્ર લીધું, તેને તેમના બન્ને ખભા પર નાખ્યું અને તેઓએ પાછા પગલે ચાલીને તેમના પિતાના શરીરને ઓઢાડ્યું. તેઓનાં મુખ બીજી તરફ ફેરવેલાં હતાં તેથી તેઓને પિતાની નિર્વસ્ત્ર અવસ્થા દેખાઈ નહિ.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 24 | וַיִּיקֶץ | נֹחַ | מִיֵּינוֹ | וַיֵּדַע | אֵת | אֲשֶׁר־ | עָשָׂה־ | לוֹ | בְּנוֹ | הַקָּטָן׃ |
| | અને-જાગ્યો | નૂહ | તેના-દ્રાક્ષારસથી | અને-જાણ્યું | ને | જે | કર્યું-હતું | તેને | તેના-પુત્રે | નાનો |
| | H3364 | H5146 | H3196 | H3045 | H0853 | | | | | |

જયારે નૂહ નશામાંથી જાગ્યો ત્યારે તેના નાના દીકરાએ તેની સાથે જે કર્યું હતું તે તેણે જાણ્યું.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 25 | וַיֹּאמֶר | אָרוּר | כְּנָעַן | עֶבֶד | עֲבָדִים | יִהְיֶה | לְאֶחָיו׃ |
| | અને-કહ્યુ | શાપિત | કનાન | ગુલામ | ગુલામોનો | હશે | તેના-ભાઈઓનો |
| | H0559 | H0779 | | H5650 | H5650 | H1961 | H0251 |

તેથી તેણે કહ્યુ કે, “કનાન શાપિત થાય. દાસોનો દાસ તે તેના ભાઈઓને સારુ થશે.”

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 26 | וַיֹּאמֶר | בָּרוּךְ | יְהוָה | אֱלֹהֵי | שֵׁם | וִיהִי | כְנַעַן | עֶבֶד | לָמוֹ׃ |
| | અને-કહ્યુ | ધન્ય | યહોવાહ | ઈશ્વર | શેમના | અને-હો | કનાન | ગુલામ | તેમનો |
| | H0559 | H1288 | H3068 | H0430 | H8035 | H1961 | | H5650 | H3926 |

તેણે કહ્યુ કે, “ઈશ્વર, શેમના પ્રભુની સ્તુતિ થાઓ. કનાન તેનો દાસ થાઓ.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 27 | יַפְתְּ | אֱלֹהִים | לְיֶפֶת | וְיִשְׁכֹּן | בְּאָהֳלֵי־ | שֵׁם | וִיהִי | כְנַעַן | עֶבֶד | לָמוֹ׃ |
| | વિસ્તારે | ઈશ્વર | યાફેથને | અને-વસે | તંબૂઓમાં | શેમનાં | અને-હો | કનાન | ગુલામ | તેમનો |
| | | H0430 | H3315 | H7931 | H0168 | H8035 | H1961 | | H5650 | H3926 |

યાફેથને યહોવાહ વૃદ્ધિ આપો, અને તે શેમના તંબુમાં તેનું ઘર બનાવે. કનાન તેનો દાસ થાઓ.”

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 28 | וַיְחִי־ | נֹחַ | אַחַר | הַמַּבּוּל | שְׁלֹשׁ | מֵאוֹת | שָׁנָה | וַחֲמִשִּׁים | שָׁנָה׃ |
| | અને-જીવ્યો | નૂહ | પછી | પૂરના | ત્રણસો | વર્ષ | વર્ષ | અને-પચાસ | વર્ષ |
| | H2421 | H5146 | | H3999 | H7969 | H3967 | H8141 | H2572 | H8141 |

જળપ્રલય પછી નૂહ ત્રણસો પચાસ વર્ષ જીવ્યો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 29 | וַיִּהְיוּ | כָּל־ | יְמֵי־ | נֹחַ | תְּשַׁע | מֵאוֹת | שָׁנָה | וַחֲמִשִּׁים | שָׁנָה | וַיָּמֹת׃ | פ |
| | અને-હતા | બધા | દિવસો | નૂહના | નવ | સો | વર્ષ | અને-પચાસ | વર્ષ | અને-મૃત્યુ-પામ્યો | — |
| | H1961 | H3605 | H3117 | H5146 | H8672 | H3967 | H8141 | H2572 | H8141 | H4191 | |

નૂહનો સર્વ દિવસ નવસો પચાસ વર્ષનો હતો અને તે મરણ પામ્યો.

## Chapter 10

1

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵלֶּה | תּוֹלְדֹת | בְּנֵי־ | נֹחַ | שֵׁם | חָם | וָיָפֶת | וַיִּוָּלְדוּ | לָהֶם | בָּנִים | אַחַר | הַמַּבּוּל׃ |
| અને-આ | વંશાવળી | પુત્રોની | નૂહના | શેમ | હામ | અને-યાફેથ | અને-જન્મ્યા | તેમને | પુત્રો | પછી | પૂરના |
| H0428 | H8435 | | H5146 | H8035 | H2526 | H3315 | H3205 | | | | H3999 |

નૂહના દીકરા, શેમ, હામ અને યાફેથની વંશાવળી આ પ્રમાણે છે. જળપ્રલય પછી તેઓને જે દીકરાઓ થયા તે આ હતા.

2

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בְּנֵי | יֶפֶת | גֹּמֶר | וּמָגוֹג | וּמָדַי | וְיָוָן | וְתֻבָל | וּמֶשֶׁךְ | וְתִירָס׃ |
| પુત્રો | યાફેથના | ગોમેર | અને-માગોગ | અને-માદાઈ | અને-યાવાન | અને-તૂબાલ | અને-મેશેક | અને-તીરાસ |
| | H3315 | H1586 | H4031 | H4074 | H3120 | H8422 | H4902 | H8494 |

ગોમેર, માગોગ, માદાય, યાવાન, તુબાલ, મેશેખ તથા તીરાસ, યાફેથના દીકરાઓ + 10:2 યાફેથના દીકરાઓ વંશજો હતા.

3

| | | | | |
|---|---|---|---|---|
| וּבְנֵי | גֹּמֶר | אַשְׁכְּנַז | וְרִיפַת | וְתֹגַרְמָה׃ |
| અને-પુત્રો | ગોમેરના | આશ્કનઝ | અને-રીફાથ | અને-તોગરમાહ |
| | H1586 | H0813 | | H8425 |

આશ્કનાઝ, રીફાથ તથા તોગાર્મા, ગોમેરના દીકરાઓ હતા.

4

| | | | | | |
|---|---|---|---|---|---|
| וּבְנֵי | יָוָן | אֱלִישָׁה | וְתַרְשִׁישׁ | כִּתִּים | וְדֹדָנִים׃ |
| અને-પુત્રો | યાવાનના | અલીશાહ | અને-તરશીશ | કિત્તીમ | અને-દોદાનીમ |
| | H3120 | H0473 | H8659 | H3794 | H1721 |

એલીશા, તાર્શીશ, કિત્તીમ અને દોદાનીમ, યાવાનના દીકરાઓ હતા.

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מֵאֵלֶּה | נִפְרְדוּ | אִיֵּי | הַגּוֹיִם | בְּאַרְצֹתָם | אִישׁ | לִלְשֹׁנוֹ | לְמִשְׁפְּחֹתָם | בְּגוֹיֵהֶם׃ |
| તેમનાથી | અલગ-પડ્યા | ટાપુઓ | પ્રજાઓનાં | તેમના-દેશોમાં | દરેક | તેની-ભાષા-પ્રમાણે | તેમના-કુટુંબો-પ્રમાણે | તેમના-પ્રજાઓમાં |
| H0428 | H6504 | H0339 | | H0776 | H0376 | H3956 | H4940 | |

તેઓના વંશના લોકો પોતપોતાની ભાષા, કુળો અને તેઓના પ્રદેશો પ્રમાણે દરિયા કિનારાના વિભાગોમાં અલગ અલગ સ્થળે વિસ્તર્યા હતા.

6

| | | | | | |
|---|---|---|---|---|---|
| וּבְנֵי | חָם | כּוּשׁ | וּמִצְרַיִם | וּפוּט | וּכְנָעַן׃ |
| અને-પુત્રો | હામના | કૂશ | અને-મિસ્રાઈમ | અને-પૂટ | અને-કનાન |
| | H2526 | | H4714 | H6316 | |

કૂશ, મિસરાઈમ, પૂટ અને કનાન, હામના દીકરાઓ હતા.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבְנֵי | כוּשׁ | סְבָא | וַחֲוִילָה | וְסַבְתָּה | וְרַעְמָה | וְסַבְתְּכָא | וּבְנֵי | רַעְמָה | שְׁבָא | וּדְדָן׃ |
| અને-પુત્રો | કૂશના | સેબા | અને-હવીલાહ | અને-સાબ્તાહ | અને-રઅમાહ | અને-સાબ્તકા | અને-પુત્રો | રઅમાહના | શેબા | અને-દદાન |
| | | H5434 | H2341 | H5454 | H7484 | H5455 | | H7484 | H7614 | |

કૂશના દીકરાઓ સબા, હવીલા, સાબ્તા, રામા તથા સાબ્તેકા હતા. રામાના દીકરા શેબા તથા દેદાન હતા.

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְכוּשׁ | יָלַד | אֶת־ | נִמְרֹד | הוּא | הֵחֵל | לִהְיוֹת | גִּבֹּר | בָּאָרֶץ׃ |
| અને-કૂશે | જન્મ-આપ્યો | ને | નિમ્રોદને | તે | શરૂ-કર્યું | થવા | શક્તિશાળી | પૃથ્વી-પર |
| | H3205 | H0853 | H5248 | H1931 | | H1961 | H1368 | H0776 |

કૂશનો દીકરો નિમ્રોદ, પૃથ્વી પરનો પહેલો શક્તિશાળી યોદ્ધો હતો.

9

| | | |
|---|---|---|
| הוּא־ | તે | H1931 |
| הָיָה | હતો | H1961 |
| גִבֹּר־ | શક્તિશાળી | H1368 |
| צַיִד | શિકારી | |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| יְהוָה | યહોવાહની | H3068 |
| עַל־ | તેથી | |
| כֵּן | તેમ | |
| יֵאָמַר | કહેવાય-છે | H0559 |
| כְּנִמְרֹד | નિમ્રોદ-જેવો | H5248 |
| גִּבּוֹר | શક્તિશાળી | H1368 |
| צַיִד | શિકારી | |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| יְהוָה׃ | યહોવાહની | H3068 |

તે યહોવાહની આગળ બળવાન શિકારી હતો. એ માટે કહેવાય છે કે, “નિમ્રોદ યહોવાહની આગળ બળવાન શિકારી જેવો હતો.”

10

| | | |
|---|---|---|
| וַתְּהִי | અને-હતું | H1961 |
| רֵאשִׁית | શરૂઆત | H7225 |
| מַמְלַכְתּוֹ | તેના-રાજ્યની | H4467 |
| בָּבֶל | બાબલ | H0894 |
| וְאֶרֶךְ | અને-એરેખ | H0751 |
| וְאַכַּד | અને-આક્કાદ | H0390 |
| וְכַלְנֵה | અને-કાલ્નેહ | |
| בְּאֶרֶץ | દેશમાં | H0776 |
| שִׁנְעָר׃ | શિનઆરના | H8152 |

તેણે શિનઆર દેશના બાબિલ + 10:10 બાબિલ બાબિલોન, એરેખ, આક્કાદ તથા કાલનેહ પર સૌ પ્રથમ પોતાના રાજ્યની સ્થાપના શરૂઆત કરી હતી.

11

| | | |
|---|---|---|
| מִן־ | થી | |
| הָאָרֶץ | દેશ | H0776 |
| הַהִוא | તે | H1931 |
| יָצָא | ગયો | H3318 |
| אַשּׁוּר | અશ્શૂર | H0804 |
| וַיִּבֶן | અને-બાંધ્યું | H1129 |
| אֶת־ | ને | H0853 |
| נִינְוֵה | નિનવેહ | H5210 |
| וְאֶת־ | અને-ને | H0853 |
| רְחֹבֹת | રેહોબોથ | H7344 |
| עִיר | શહેર | |
| וְאֶת־ | અને-ને | H0853 |
| כָּלַח׃ | કાલાહ | H3625 |

ત્યાંથી તે આશ્શૂરમાં ગયો અને નિનવે, રહોબોથ ઈર, કાલા,

12

| | | |
|---|---|---|
| וְאֶת־ | અને-ને | H0853 |
| רֶסֶן | રેસેન | H7449 |
| בֵּין | વચ્ચે | H0996 |
| נִינְוֵה | નિનવેહ | H5210 |
| וּבֵין | અને-વચ્ચે | H0996 |
| כָּלַח | કાલાહ | H3625 |
| הִוא | તે | H1931 |
| הָעִיר | શહેર | |
| הַגְּדֹלָה׃ | મોટું | |

રેસેન, જે નિનવે તથા કાલાની વચમાં હતું, તે સર્વ નગરો તેણે બાંધ્યાં. તેમાં રેસેન એક મોટું નગર હતું.

13

| | | |
|---|---|---|
| וּמִצְרַיִם | અને-મિસ્રાઈમે | H4714 |
| יָלַד | જન્મ-આપ્યા | H3205 |
| אֶת־ | ને | H0853 |
| לוּדִים | લૂદીમ | H3866 |
| וְאֶת־ | અને-ને | H0853 |
| עֲנָמִים | અનામીમ | H6047 |
| וְאֶת־ | અને-ને | H0853 |
| לְהָבִים | લહાબીમ | H3853 |
| וְאֶת־ | અને-ને | H0853 |
| נַפְתֻּחִים׃ | નફ્તૂહીમ | H5320 |

મિસરાઈમ તે લૂદીમ, અનામીમ લહાબીમ, નાફતુહીમ,

14

| | | |
|---|---|---|
| וְאֶת־ | અને-ને | H0853 |
| פַּתְרֻסִים | પાત્રુસીમ | H6625 |
| וְאֶת־ | અને-ને | H0853 |
| כַּסְלֻחִים | કાસ્લૂહીમ | H3695 |
| אֲשֶׁר | જેમાંથી | |
| יָצְאוּ | બહાર-આવ્યા | H3318 |
| מִשָּׁם | ત્યાંથી | H8033 |
| פְּלִשְׁתִּים | પલિસ્તી | H6430 |
| וְאֶת־ | અને-ને | H0853 |
| כַּפְתֹּרִים׃ | કાફ્તોરીમ | H3732 |
| ס | — | |

પાથરુસીમ, કાસ્લુહીમ તેનામાંથી પલિસ્તીઓનો ઉદ્દભવ થયો હતો તથા કાફતોરીમ એ સર્વનો પિતા હતો.

15

| | | |
|---|---|---|
| וּכְנַעַן | અને-કનાને | |
| יָלַד | જન્મ-આપ્યો | H3205 |
| אֶת־ | ને | H0853 |
| צִידֹן | સીદોનને | H6721 |
| בְּכֹרוֹ | તેના-પહેલોત્પન્ન | H1060 |
| וְאֶת־ | અને-ને | H0853 |
| חֵת׃ | હેથને | H2845 |

કનાનનો પ્રથમ દીકરો સિદોન હતો અને પછી હેથ,

16

| | | |
|---|---|---|
| וְאֶת־ | અને-ને | H0853 |
| הַיְבוּסִי | યબૂસીઓ | H2983 |
| וְאֶת־ | અને-ને | H0853 |
| הָאֱמֹרִי | અમોરીઓ | H0567 |
| וְאֵת | અને-ને | H0853 |
| הַגִּרְגָּשִׁי׃ | ગિર્ગાશીઓ | H1622 |

વળી યબૂસી, અમોરી, ગિર્ગાશી,

17

| | | |
|---|---|---|
| וְאֶת־ | અને-ને | H0853 |
| הַחִוִּי | હિવ્વીઓ | H2340 |
| וְאֶת־ | અને-ને | H0853 |
| הָעַרְקִי | આર્કીઓ | H6208 |
| וְאֶת־ | અને-ને | H0853 |
| הַסִּינִי׃ | સિનીઓ | H5513 |

હિવ્વી, આર્કી, સિની,

18
וְאֶת־ અને-ને H0853
הָאַרְוָדִי આર્વાદીઓ H0721
וְאֶת־ અને-ને H0853
הַצְּמָרִי સમારીઓ H6786
וְאֶת־ અને-ને H0853
הַחֲמָתִי હમાથીઓ H2577
וְאַחַר અને-પછી
נָפֹצוּ ફેલાઈ
מִשְׁפְּחוֹת કુટુંબો H4940
הַכְּנַעֲנִי׃ કનાનીઓના

આર્વાદી, સમારી તથા હમાથીનો પણ તે પિતા હતો. ત્યાર પછી કનાનીઓનાં કુટુંબો વિસ્તાર પામ્યા.

19
וַיְהִי અને-હતી H1961
גְּבוּל સીમા H1366
הַכְּנַעֲנִי કનાનીઓની
מִצִּידֹן સીદોનથી H6721
בֹּאֲכָה જતાં H0935
גְרָרָה ગ્રાર H1642
עַד־ સુધી H5704
עַזָּה ગઝાહ H5804
בֹּאֲכָה જતાં H0935
סְדֹמָה સદોમ H5467
וַעֲמֹרָה અને-ગમોરાહ H6017
וְאַדְמָה અને-આદમાહ H0126
וּצְבֹיִם અને-સબોઈમ H6636
עַד־ સુધી H5704
לָשַׁע׃ લાશા H3962

કનાનીઓની સરહદ સિદોનથી ગેરાર જતા ગાઝા, સદોમ, ગમોરા, આદમા તથા સબોઈમ જતા લાશા સુધી હતી.

20
אֵלֶּה આ H0428
בְנֵי־ પુત્રો
חָם હામના H2526
לְמִשְׁפְּחֹתָם તેમના-કુટુંબો-પ્રમાણે H4940
לִלְשֹׁנֹתָם તેમની-ભાષાઓ-પ્રમાણે H3956
בְּאַרְצֹתָם તેમના-દેશોમાં H0776
בְּגוֹיֵהֶם׃ તેમન□ી-પ્રજાઓમાં
ס —

આ પ્રમાણે હામના દીકરા, પોતાનાં કુટુંબો પ્રમાણે, પોતાની ભાષા પ્રમાણે, તેઓના દેશોમાં તથા પોતપોતાના લોકોમાં વસેલા હતા.

21
וּלְשֵׁם અને-શેમને H8035
יֻלַּד જન્મ્યા H3205
גַּם־ પણ H1571
הוּא તેને H1931
אֲבִי પિતા H0001
כָּל־ બધાં H3605
בְּנֵי־ પુત્રોના
עֵבֶר એબરના H5677
אֲחִי ભાઈ H0251
יֶפֶת યાફેથ H3315
הַגָּדוֹל׃ મોટાનો

શેમને પણ દીકરાઓ થયા. તેનો મોટો ભાઈ યાફેથ હતો. શેમ એબેરના બધા લોકોનો પૂર્વજ હતો.

22
בְּנֵי પુત્રો
שֵׁם શેમના H8035
עֵילָם એલામ
וְאַשּׁוּר અને-અશ્શૂર H0804
וְאַרְפַּכְשַׁד અને-આર્પક્ષાદ H0775
וְלוּד અને-લૂદ H3865
וַאֲרָם׃ અને-આરામ H0758

શેમના દીકરાઓ, એલામ, આશ્શૂર, આર્પાકશાદ, લૂદ તથા અરામ હતા.

23
וּבְנֵי અને-પુત્રો
אֲרָם આરામના H0758
עוּץ ઊઝ H5780
וְחוּל અને-હૂલ H2343
וְגֶתֶר અને-ગેથેર H1666
וָמַשׁ׃ અને-માશ H4851

અરામના દીકરાઓ ઉસ, હૂલ, ગેથેર અને માશ હતા.

24
וְאַרְפַּכְשַׁד અને-આર્પક્ષાદે H0775
יָלַד જન્મ-આપ્યો H3205
אֶת־ ને H0853
שָׁלַח શેલાહને H7974
וְשֶׁלַח અને-શેલાહે H7974
יָלַד જન્મ-આપ્યો H3205
אֶת־ ને H0853
עֵבֶר׃ એબરને H5677

આર્પાકશાદ શેલાનો પિતા અને શેલા એબેરનો પિતા હતો.

25
וּלְעֵבֶר અને-એબરને H5677
יֻלַּד જન્મ્યા H3205
שְׁנֵי બે H8147
בָנִים પુત્રો
שֵׁם નામ H8034
הָאֶחָד એકનું H0259
פֶּלֶג પેલેગ H6389
כִּי કારણ-કે
בְיָמָיו તેના-દિવસોમાં H3117
נִפְלְגָה વિભાજિત-થઈ H6385
הָאָרֶץ પૃથ્વી H0776
וְשֵׁם અને-નામ H8034
אָחִיו તેના-ભાઈનું H0251
יָקְטָן׃ યોક્તાન H3355

એબેરને બે દીકરા થયા. એકનું નામ પેલેગ, કેમ કે તેના દિવસોમાં પૃથ્વીના વિભાગ થયાં. તેના ભાઈનું નામ યોકટાન હતું.

26
וְיָקְטָן અને-યોક્તાને H3355
יָלַד જન્મ-આપ્યા H3205
אֶת־ ને H0853
אַלְמוֹדָד આલમોદાદને H0486
וְאֶת־ અને-ને H0853
שָׁלֶף શેલેફને H8026
וְאֶת־ અને-ને H0853
חֲצַרְמָוֶת હઝરમાવેથને H2700
וְאֶת־ અને-ને H0853
יָרַח׃ યારહને H3392

યોકટાન તે આલ્મોદાદ, શેલેફ, હસાર્માવેથ, યેરાહ;

27

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְאֶת־ | הֲדוֹרָם | וְאֶת־ | אוּזָל | וְאֶת־ | דִּקְלָה׃ |
| અને-ને | હદોરામને | અને-ને | ઊઝાલને | અને-ને | દિક્લાહને |
| H0853 | | H0853 | H0187 | H0853 | H1853 |

હદોરામ, ઉઝાલ, દિક્લાહ;

28

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְאֶת־ | עוֹבָל | וְאֶת־ | אֲבִֽימָאֵל | וְאֶת־ | שְׁבָא׃ |
| અને-ને | ઓબાલને | અને-ને | અબીમાએલને | અને-ને | શેબાને |
| H0853 | H5745 | H0853 | H0039 | H0853 | H7614 |

ઓબાલ, અબિમાએલ, શેબા;

29

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | אוֹפִר | וְאֶת־ | חֲוִילָה | וְאֶת־ | יוֹבָב | כָּל־ | אֵלֶּה | בְּנֵי | יָקְטָן׃ |
| અને-ને | ઓફીરને | અને-ને | હવીલાહને | અને-ને | યોબાબને | આ-બધા | આ | પુત્રો | યોક્તાનના |
| H0853 | H0211 | H0853 | H2341 | H0853 | H3103 | H3605 | H0428 | | H3355 |

ઓફીર, હવીલા અને યોબાબનો પિતા હતો. એ સર્વ યોકટાનના દીકરા હતા.

30

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיְהִי | מוֹשָׁבָם | מִמֵּשָׁא | בֹּאֲכָה | סְפָרָה | הַר | הַקֶּדֶם׃ |
| અને-હતું | તેમનું-નિવાસસ્થાન | મેશાંથી | જતાં | સફારાહ | પર્વત | પૂર્વનો |
| H1961 | H4186 | H4852 | H0935 | H5611 | H2022 | |

મેશાથી આગળ જતા પૂર્વનો પહાડ સફાર આવેલો છે. ત્યાં સુધી તેઓનો વસવાટ હતો.

31

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֵלֶּה | בְנֵי־ | שֵׁם | לְמִשְׁפְּחֹתָם | לִלְשֹׁנֹתָם | בְּאַרְצֹתָם | לְגוֹיֵהֶם׃ |
| આ | પુત્રો | શેમના | તેમના-કુટુંબો-પ્રમાણે | તેમની-ભાષાઓ-પ્રમાણે | તેમના-દેશોમાં | તેમની-પ્રજાઓમાં |
| H0428 | | H8035 | H4940 | H3956 | H0776 | |

પોતાના કુટુંબો પ્રમાણે, પોતાની બોલી પ્રમાણે, પોતાના દેશો તથા પોતાના લોકો પ્રમાણે આ શેમના દીકરાઓ છે.

32

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֵלֶּה | מִשְׁפְּחֹת | בְּנֵי־ | נֹחַ | לְתוֹלְדֹתָם | בְּגוֹיֵהֶם | וּמֵאֵלֶּה | נִפְרְדוּ | הַגּוֹיִם | בָּאָרֶץ | אַחַר | הַמַּבּוּל׃ | פ |
| આ | કુટુંબો | પુત્રોના | નૂહના | તેમની-વંશાવળી-પ્રમાણે | તેમની-પ્રજાઓમાં | અને-તેમનાથી | અલગ-પડ્યા | પ્રજાઓ | પૃથ્વી-પર | પછી | પૂરના | — |
| H0428 | H4940 | | H5146 | H8435 | | H0428 | H6504 | | H0776 | | H3999 | |

તેઓની વંશાવળી પ્રમાણે અને તેઓના પ્રદેશો પ્રમાણે એ બધા નૂહના દીકરાઓનાં કુટુંબો છે. જળપ્રલય પછી પૃથ્વી પરના લોકોના વિવિધ વિભાગો થયા.

## Chapter 11

1

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיְהִי | כָל־ | הָאָרֶץ | שָׂפָה | אֶחָת | וּדְבָרִים | אֲחָדִים׃ |
| અને-હતી | બધી | પૃથ્વી | ભાષા | એક | અને-શબ્દો | એક-જ |
| H1961 | H3605 | H0776 | H8193 | H0259 | H1697 | H0259 |

હવે આખી પૃથ્વીમાં એક જ ભાષા તથા એક જ બોલી વપરાતી હતી.

2

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | בְּנָסְעָם | מִקֶּדֶם | וַיִּמְצְאוּ | בִקְעָה | בְּאֶרֶץ | שִׁנְעָר | וַיֵּשְׁבוּ | שָׁם׃ |
| અને-થયું | તેમની-મુસાફરીમાં | પૂર્વથી | અને-શોધ્યું | મેદાન | દેશમાં | શિનઆરના | અને-વસ્યા | ત્યાં |
| H1961 | H5265 | | H4672 | H1237 | H0776 | H8152 | H3427 | H8033 |

તેઓ પૂર્વ તરફ ગયા, તેઓએ શિનઆર + 11:2 શિનઆર બાબિલોન દેશમાં એક સપાટ જગ્યા શોધી ત્યાં તેઓ રહ્યા.

3

| | | |
|---|---|---|
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| אִישׁ | માણસે | H0376 |
| אֶל־ | ને | H0413 |
| רֵעֵהוּ | તેના-પડોશીને | H7453 |
| הָבָה | ચાલો | H3051 |
| נִלְבְּנָה | બનાવીએ | |
| לְבֵנִים | ઈંટો | H3843 |
| וְנִשְׂרְפָה | અને-શેકીએ | H8313 |
| לִשְׂרֵפָה | શેકવા-માટે | H8316 |
| וַתְּהִי | અને-થઈ | H1961 |
| לָהֶם | તેમને | |
| הַלְּבֵנָה | ઈંટ | H3843 |
| לְאָבֶן | પત્થર-માટે | H0068 |
| וְהַחֵמָר | અને-ડામર | H2564 |
| הָיָה | હતો | H1961 |
| לָהֶם | તેમને | |
| לַחֹמֶר׃ | ચૂના-માટે | |

તેઓએ એકબીજાને કહ્યુ કે, “ચાલો, આપણે ઈંટો બનાવીએ અને તેને સારી રીતે પકવીએ.” પથ્થરની જગ્યાએ તેઓની પાસે ઈંટો અને ચૂનાની જગ્યાએ ડામર હતો.

4

| | | |
|---|---|---|
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| הָבָה | ચાલો | H3051 |
| נִבְנֶה־ | બાંધીએ | H1129 |
| לָּנוּ | આપણા-માટે | |
| עִיר | શહેર | |
| וּמִגְדָּל | અને-મિનારો | H4026 |
| וְרֹאשׁוֹ | અને-તેનું-શિખર | |
| בַשָּׁמַיִם | આકાશમાં | H8064 |
| וְנַעֲשֶׂה־ | અને-બનાવીએ | |
| לָּנוּ | આપણા-માટે | |
| שֵׁם | નામ | H8034 |
| פֶּן־ | કદાચ | H6435 |
| נָפוּץ | વિખેરાઈ-જઈએ | |
| עַל־ | ઉપર | |
| פְּנֵי | સપાટી-પર | H6440 |
| כָל־ | બધી | H3605 |
| הָאָרֶץ׃ | પૃથ્વી-પર | H0776 |

તેઓએ કહ્યુ, “આપણે એક શહેર બનાવીએ જેનો બુરજ આકાશો સુધી પહોંચે. એનાથી આપણે આપણું નામ પ્રતિષ્ઠિત કરીએ અને આપણે પૃથ્વી પર વિખેરાઈ જઈએ નહિ.”

5

| | | |
|---|---|---|
| וַיֵּרֶד | અને-ઉતર્યા | H3381 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| לִרְאֹת | જોવા | H7200 |
| אֶת־ | ને | H0853 |
| הָעִיר | શહેર | |
| וְאֶת־ | અને-ને | H0853 |
| הַמִּגְדָּל | મિનારો | H4026 |
| אֲשֶׁר | જે | |
| בָּנוּ | બાંધ્યા | H1129 |
| בְּנֵי | પુત્રોએ | |
| הָאָדָם׃ | માણસના | H0120 |

તેથી આદમના વંશજો જે નગરનો બુરજ બાંધતા હતા તે જોવાને ઈશ્વર નીચે ઊતર્યા.

6

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| הֵן | જુઓ | H2005 |
| עַם | લોકો | |
| אֶחָד | એક | H0259 |
| וְשָׂפָה | અને-ભાષા | H8193 |
| אַחַת | એક | H0259 |
| לְכֻלָּם | બધાં-માટે | H3605 |
| וְזֶה | અને-આ | H2088 |
| הַחִלָּם | તેમની-શરૂઆત | |
| לַעֲשׂוֹת | કરવાની | |
| וְעַתָּה | અને-હવે | H6258 |
| לֹא־ | નહીં | H3808 |
| יִבָּצֵר | રોકાશે | H1219 |
| מֵהֶם | તેમનાથી | H1992 |
| כֹּל | કંઈ-પણ | H3605 |
| אֲשֶׁר | જે | |
| יָזְמוּ | તેઓ-યોજશે | H2161 |
| לַעֲשׂוֹת׃ | કરવા | |

ઈશ્વરે કહ્યુ, “જુઓ, આ લોકો એક છે અને તેઓ સર્વની ભાષા એક છે, તેઓએ આવું કરવા માંડ્યું છે□ તો હવે જે કંઈ તેઓ કરવા ધારે તેમાં તેઓને કશો અવરોધ નડશે નહિ.

7

| | | |
|---|---|---|
| הָבָה | ચાલો | H3051 |
| נֵרְדָה | ઉતરીએ | H3381 |
| וְנָבְלָה | અને-ગૂંચવીએ | |
| שָׁם | ત્યાં | H8033 |
| שְׂפָתָם | તેમની-ભાષા | H8193 |
| אֲשֶׁר | જેથી | |
| לֹא | નહીં | H3808 |
| יִשְׁמְעוּ | સમજે | H8085 |
| אִישׁ | માણસ | H0376 |
| שְׂפַת | ભાષા | H8193 |
| רֵעֵהוּ׃ | તેના-પડોશીની | H7453 |

આવો, આપણે ત્યાં નીચે ઉતરીએ અને તેઓની ભાષાને ગૂંચવી નાખીએ, કે જેથી તેઓ એકબીજાની બોલી સમજી શકે નહિ.”

8

| | | |
|---|---|---|
| וַיָּפֶץ | અને-વિખેરી-નાખ્યા | |
| יְהוָה | યહોવાહે | H3068 |
| אֹתָם | તેમને | H0853 |
| מִשָּׁם | ત્યાંથી | H8033 |
| עַל־ | ઉપર | |
| פְּנֵי | સપાટી-પર | H6440 |
| כָל־ | બધી | H3605 |
| הָאָרֶץ | પૃથ્વી-પર | H0776 |
| וַיַּחְדְּלוּ | અને-બંધ-કર્યું | H2308 |
| לִבְנֹת | બાંધવાનું | H1129 |
| הָעִיר׃ | શહેર | |

તેથી ઈશ્વરે તેઓને ત્યાંથી આખી પૃથ્વીની સપાટી પર વિખેરી નાખ્યા અને તેઓ નગરનો બુરજ બાંધી શક્યા નહિ.

9

| | | |
|---|---|---|
| עַל־ | તેથી | |
| כֵּן | તેમ | |
| קָרָא | કહેવાયું | H7121 |
| שְׁמָהּ | તેનું-નામ | H8034 |
| בָּבֶל | બાબેલ | H0894 |
| כִּי־ | કારણ-કે | |
| שָׁם | ત્યાં | H8033 |
| בָּלַל | ગૂંચવી | |
| יְהוָה | યહોવાહે | H3068 |
| שְׂפַת | ભાષા | H8193 |
| כָּל־ | બધી | H3605 |
| הָאָרֶץ | પૃથ્વી | H0776 |
| וּמִשָּׁם | અને-ત્યાંથી | H8033 |
| הֱפִיצָם | વિખેરી-નાખ્યા | |
| יְהוָה | યહોવાહે | H3068 |
| עַל־ | ઉપર | |
| פְּנֵי | સપાટી-પર | H6440 |
| כָּל־ | બધી | H3605 |
| הָאָרֶץ׃ | પૃથ્વી-પર | H0776 |
| פ | — | |

તેથી તે નગરને બાબિલ + 11:9 બાબિલ બાબિલોન એટલે ગૂંચવણ કહેવામાં આવે છે. કેમ કે ઈશ્વરે પૃથ્વી પરની ભાષામાં ગૂંચવણ કરી અને ઈશ્વરે તેઓને ત્યાંથી પૃથ્વી પર ચોતરફ વિખેરી નાખ્યા.

10

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֵ֚לֶּה | תּוֹלְדֹ֣ת | שֵׁ֔ם | שֵׁ֚ם | בֶּן־ | מְאַ֣ת | שָׁנָ֔ה | וַיּ֖וֹלֶד | אֶת־ | אַרְפַּכְשָׁ֑ד | שְׁנָתַ֖יִם | אַחַ֥ר | הַמַּבּֽוּל׃ |
| આ | વંશાવળી | શેમની | શેમ | પુત્ર | સો | વર્ષનો | અને-જન્મ-આપ્યો | ને | આર્પક્ષાદને | બે-વર્ષ | પછી | પૂરના |
| H0428 | H8435 | H8035 | H8035 | | H3967 | H8141 | H3205 | H0853 | H0775 | H8141 | | H3999 |

શેમની વંશાવળી આ પ્રમાણે છે. શેમ સો વર્ષનો હતો અને જળપ્રલયના બે વર્ષ પછી તેના પુત્ર આર્પાકશાદનો જન્મ થયો.

11

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַֽיְחִי־ | שֵׁ֗ם | אַֽחֲרֵי֙ | הוֹלִיד֣וֹ | אֶת־ | אַרְפַּכְשָׁ֔ד | חֲמֵ֥שׁ | מֵא֖וֹת | שָׁנָ֑ה | וַיּ֥וֹלֶד | בָּנִ֖ים | וּבָנֽוֹת׃ | ס |
| અને-જીવ્યો | શેમ | પછી | જન્મ-આપવાથી | ને | આર્પક્ષાદને | પાંચ | સો | વર્ષ | અને-જન્મ-આપ્યા | પુત્રો | અને-પુત્રીઓ | — |
| H2421 | H8035 | | H3205 | H0853 | H0775 | H2568 | H3967 | H8141 | H3205 | | H1323 | |

આર્પાકશાદના જન્મ થયા પછી શેમ પાંચસો વર્ષ જીવ્યો. તે બીજા ઘણાં દીકરા અને દીકરીઓનો પિતા થયો.

12

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְאַרְפַּכְשַׁ֣ד | חַ֔י | חָמֵ֥שׁ | וּשְׁלֹשִׁ֖ים | שָׁנָ֑ה | וַיּ֖וֹלֶד | אֶת־ | שָֽׁלַח׃ |
| અને-આર્પક્ષાદ | જીવ્યો | પાંચ | અને-ત્રીસ | વર્ષ | અને-જન્મ-આપ્યો | ને | શેલાહને |
| H0775 | H2421 | H2568 | H7970 | H8141 | H3205 | H0853 | H7974 |

જયારે આર્પાકશાદ પાંત્રીસ વર્ષનો થયો, ત્યારે તેના પુત્ર શેલાનો જન્મ થયો.

13

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְחִ֣י | אַרְפַּכְשַׁ֗ד | אַחֲרֵי֙ | הוֹלִיד֣וֹ | אֶת־ | שֶׁ֔לַח | שָׁלֹ֣שׁ | שָׁנִ֔ים | וְאַרְבַּ֥ע | מֵא֖וֹת | שָׁנָ֑ה | וַיּ֥וֹלֶד | בָּנִ֖ים | וּבָנֽוֹת׃ | ס |
| અને-જીવ્યો | આર્પક્ષાદ | પછી | જન્મ-આપવાથી | ને | શેલાહને | ત્રણ | વર્ષ | અને-ચાર | સો | વર્ષ | અને-જન્મ-આપ્યા | પુત્રો | અને-પુત્રીઓ | — |
| H2421 | H0775 | | H3205 | H0853 | H7974 | H7969 | H8141 | H0702 | H3967 | H8141 | H3205 | | H1323 | |

શેલાના જન્મ થયા પછી આર્પાકશાદ ચારસો ત્રણ વર્ષ જીવ્યો અને તે બીજા ઘણાં દીકરા અને દીકરીઓનો પણ પિતા થયો.

14

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְשֶׁ֥לַח | חַ֖י | שְׁלֹשִׁ֣ים | שָׁנָ֑ה | וַיּ֖וֹלֶד | אֶת־ | עֵֽבֶר׃ |
| અને-શેલાહ | જીવ્યો | ત્રીસ | વર્ષ | અને-જન્મ-આપ્યો | ને | એબરને |
| H7974 | H2421 | H7970 | H8141 | H3205 | H0853 | H5677 |

જયારે શેલા ત્રીસ વર્ષનો થયો, ત્યારે તેના પુત્ર એબેરનો જન્મ થયો.

15

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַֽיְחִי־ | שֶׁ֗לַח | אַחֲרֵי֙ | הוֹלִיד֣וֹ | אֶת־ | עֵ֔בֶר | שָׁלֹ֣שׁ | שָׁנִ֔ים | וְאַרְבַּ֥ע | מֵא֖וֹת | שָׁנָ֑ה | וַיּ֥וֹלֶד | בָּנִ֖ים | וּבָנֽוֹת׃ | ס |
| અને-જીવ્યો | શેલાહ | પછી | જન્મ-આપવાથી | ને | એબરને | ત્રણ | વર્ષ | અને-ચાર | સો | વર્ષ | અને-જન્મ-આપ્યા | પુત્રો | અને-પુત્રીઓ | — |
| H2421 | H7974 | | H3205 | H0853 | H5677 | H7969 | H8141 | H0702 | H3967 | H8141 | H3205 | | H1323 | |

એબેરનો જન્મ થયા પછી શેલા ચારસો ત્રણ વર્ષ જીવ્યો અને તે બીજા ઘણાં દીકરા તથા દીકરીઓનો પણ પિતા થયો.

16

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַֽיְחִי־ | עֵ֕בֶר | אַרְבַּ֥ע | וּשְׁלֹשִׁ֖ים | שָׁנָ֑ה | וַיּ֖וֹלֶד | אֶת־ | פָּֽלֶג׃ |
| અને-જીવ્યો | એબર | ચોત્રીસ | અને-ત્રીસ | વર્ષ | અને-જન્મ-આપ્યો | ને | પેલેગને |
| H2421 | H5677 | H0702 | H7970 | H8141 | H3205 | H0853 | H6389 |

એબેર ચોત્રીસ વર્ષનો થયો ત્યારે તેના પુત્ર પેલેગનો જન્મ થયો.

17

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְחִי־ | עֵבֶר | אַחֲרֵי | הוֹלִידוֹ | אֶת־ | פֶּלֶג | שְׁלֹשִׁים | שָׁנָה | וְאַרְבַּע | מֵאוֹת | שָׁנָה | וַיּוֹלֶד | בָּנִים | וּבָנוֹת׃ | ס |
| અને-જીવ્યો | એબર | પછી | જન્મ-આપવાથી | ને | પેલેગને | ત્રીસ | વર્ષ | અને-ચાર | સો | વર્ષ | અને-જન્મ-આપ્યા | પુત્રો | અને-પુત્રીઓ | — |
| H2421 | H5677 | | H3205 | H0853 | H6389 | H7970 | H8141 | H0702 | H3967 | H8141 | H3205 | | H1323 | |

પેલેગનો પિતા થયા પછી એબેર ચારસો ત્રીસ વર્ષ જીવ્યો અને તે બીજા દીકરા તથા દીકરીઓનો પણ પિતા થયો.

18

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיְחִי־ | פֶלֶג | שְׁלֹשִׁים | שָׁנָה | וַיּוֹלֶד | אֶת־ | רְעוּ׃ |
| અને-જીવ્યો | પેલેગ | ત્રીસ | વર્ષ | અને-જન્મ-આપ્યો | ને | રઊને |
| H2421 | H6389 | H7970 | H8141 | H3205 | H0853 | H7466 |

પેલેગ ત્રીસ વર્ષનો થયો ત્યારે તેના પુત્ર રેઉનો જન્મ થયો.

19

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְחִי־ | פֶלֶג | אַחֲרֵי | הוֹלִידוֹ | אֶת־ | רְעוּ | תֵּשַׁע | שָׁנִים | וּמָאתַיִם | שָׁנָה | וַיּוֹלֶד | בָּנִים | וּבָנוֹת׃ | ס |
| અને-જીવ્યો | પેલેગ | પછી | જન્મ-આપવાથી | ને | રઊને | નવ | વર્ષ | અને-બસો | વર્ષ | અને-જન્મ-આપ્યા | પુત્રો | અને-પુત્રીઓ | — |
| H2421 | H6389 | | H3205 | H0853 | H7466 | H8672 | H8141 | H3967 | H8141 | H3205 | | H1323 | |

રેઉનો જન્મ થયા પછી પેલેગ બસો નવ વર્ષ જીવ્યો અને તે બીજા દીકરા તથા દીકરીઓનો પણ પિતા થયો.

20

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיְחִי | רְעוּ | שְׁתַּיִם | וּשְׁלֹשִׁים | שָׁנָה | וַיּוֹלֶד | אֶת־ | שְׂרוּג׃ |
| અને-જીવ્યો | રઊ | બત્રીસ | અને-ત્રીસ | વર્ષ | અને-જન્મ-આપ્યો | ને | સરૂગને |
| H2421 | H7466 | H8147 | H7970 | H8141 | H3205 | H0853 | H8286 |

રેઉ બત્રીસ વર્ષનો થયો ત્યારે તેના પુત્ર સરૂગનો જન્મ થયો.

21

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְחִי | רְעוּ | אַחֲרֵי | הוֹלִידוֹ | אֶת־ | שְׂרוּג | שֶׁבַע | שָׁנִים | וּמָאתַיִם | שָׁנָה | וַיּוֹלֶד | בָּנִים | וּבָנוֹת׃ | ס |
| અને-જીવ્યો | રઊ | પછી | જન્મ-આપવાથી | ને | સરૂગને | સાત | વર્ષ | અને-બસો | વર્ષ | અને-જન્મ-આપ્યા | પુત્રો | અને-પુત્રીઓ | — |
| H2421 | H7466 | | H3205 | H0853 | H8286 | H7651 | H8141 | H3967 | H8141 | H3205 | | H1323 | |

સરૂગનો જન્મ થયા પછી રેઉ બસો સાત વર્ષ જીવ્યો અને તે બીજા દીકરા તથા દીકરીઓનો પણ પિતા થયો.

22

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיְחִי | שְׂרוּג | שְׁלֹשִׁים | שָׁנָה | וַיּוֹלֶד | אֶת־ | נָחוֹר׃ |
| અને-જીવ્યો | સરૂગ | ત્રીસ | વર્ષ | અને-જન્મ-આપ્યો | ને | નાહોરને |
| H2421 | H8286 | H7970 | H8141 | H3205 | H0853 | H5152 |

સરૂગ ત્રીસ વર્ષનો થયો ત્યારે તેના પુત્ર નાહોરનો જન્મ થયો.

23

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְחִי | שְׂרוּג | אַחֲרֵי | הוֹלִידוֹ | אֶת־ | נָחוֹר | מָאתַיִם | שָׁנָה | וַיּוֹלֶד | בָּנִים | וּבָנוֹת׃ | ס |
| અને-જીવ્યો | સરૂગ | પછી | જન્મ-આપવાથી | ને | નાહોરને | બસો | વર્ષ | અને-જન્મ-આપ્યા | પુત્રો | અને-પુત્રીઓ | — |
| H2421 | H8286 | | H3205 | H0853 | H5152 | H3967 | H8141 | H3205 | | H1323 | |

નાહોરનો જન્મ થયા પછી સરૂગ બસો વર્ષ જીવ્યો અને તે બીજા દીકરા તથા દીકરીઓનો પણ પિતા થયો.

24

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיְחִי | נָחוֹר | תֵּשַׁע | וְעֶשְׂרִים | שָׁנָה | וַיּוֹלֶד | אֶת־ | תָּרַח׃ |
| અને-જીવ્યો | નાહોર | ઓગણ્યસ | અને-વીસ | વર્ષ | અને-જન્મ-આપ્યો | ને | તેરાહને |
| H2421 | H5152 | H8672 | H6242 | H8141 | H3205 | H0853 | H8646 |

નાહોર ઓગણત્રીસ વર્ષનો થયો ત્યારે તેના પુત્ર તેરાહનો જન્મ થયો.

25

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| וַיְחִי | અને-જીવ્યો | H2421 |
| נָחוֹר | નાહોર | H5152 |
| אַחֲרֵי | પછી | |
| הוֹלִידוֹ | જન્મ-આપવાથી | H3205 |
| אֶת־ | ને | H0853 |
| תֶּרַח | તેરાહને | H8646 |
| תְּשַׁע־ | ઓગણીસ | H8672 |
| עֶשְׂרֵה | મા | H6240 |
| שָׁנָה | વર્ષ | H8141 |
| וּמְאַת | અને-સો | H3967 |
| שָׁנָה | વર્ષ | H8141 |
| וַיּוֹלֶד | અને-જન્મ-આપ્યા | H3205 |
| בָּנִים | પુત્રો | |
| וּבָנוֹת׃ | અને-પુત્રીઓ | H1323 |
| ס | — | |

તેરાહનો જન્મ થયા પછી નાહોર એકસો ઓગણીસ વર્ષ જીવ્યો અને તે બીજા દીકરા તથા દીકરીઓનો પણ પિતા થયો.

26

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| וַֽיְחִי־ | અને-જીવ્યો | H2421 |
| תֶרַח | તેરાહ | H8646 |
| שִׁבְעִים | સિત્તેર | H7657 |
| שָׁנָה | વર્ષ | H8141 |
| וַיּוֹלֶד | અને-જન્મ-આપ્યા | H3205 |
| אֶת־ | ને | H0853 |
| אַבְרָם | અબ્રામને | H0087 |
| אֶת־ | ને | H0853 |
| נָחוֹר | નાહોરને | H5152 |
| וְאֶת־ | અને-ને | H0853 |
| הָרָן׃ | હારાનને | H2039 |

તેરાહ સિત્તેર વર્ષનો થયા પછી તેના પુત્ર ઇબ્રામ, નાહોર તથા હારાનના જન્મ થયા.

27

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| וְאֵלֶּה | અને-આ | H0428 |
| תּוֹלְדֹת | વંશાવળી | H8435 |
| תֶּרַח | તેરાહની | H8646 |
| תֶּרַח | તેરાહે | H8646 |
| הוֹלִיד | જન્મ-આપ્યો | H3205 |
| אֶת־ | ને | H0853 |
| אַבְרָם | અબ્રામને | H0087 |
| אֶת־ | ને | H0853 |
| נָחוֹר | નાહોરને | H5152 |
| וְאֶת־ | અને-ને | H0853 |
| הָרָן | હારાનને | H2039 |
| וְהָרָן | અને-હારાને | H2039 |
| הוֹלִיד | જન્મ-આપ્યો | H3205 |
| אֶת־ | ને | H0853 |
| לוֹט׃ | લોટને | H3876 |

હવે તેરાહની વંશાવળી આ છે. તેરાના પુત્રો ઇબ્રામ, નાહોર તથા હારાન હતા. હારાને લોતને જન્મ આપ્યો.

28

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| וַיָּמָת | અને-મૃત્યુ-પામ્યો | H4191 |
| הָרָן | હારાન | H2039 |
| עַל־ | સમક્ષ | |
| פְּנֵי | સમક્ષમાં | H6440 |
| תֶּרַח | તેરાહ | H8646 |
| אָבִיו | તેના-પિતાના | H0001 |
| בְּאֶרֶץ | દેશમાં | H0776 |
| מוֹלַדְתּוֹ | તેના-જન્મના | H4138 |
| בְּאוּר | ઉરમાં | |
| כַּשְׂדִּים׃ | કાસદીઓના | H3778 |

હારાન તેના પિતા તેરાહની હાજરીમાં, તેના જન્મના દેશમાં, ખાલદીઓના ઉરમાં મૃત્યુ પામ્યો.

29

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| וַיִּקַּח | અને-લીધાં | H3947 |
| אַבְרָם | અબ્રામે | H0087 |
| וְנָחוֹר | અને-નાહોરે | H5152 |
| לָהֶם | તેમના-માટે | |
| נָשִׁים | પત્નીઓ | H0802 |
| שֵׁם | નામ | H8034 |
| אֵֽשֶׁת־ | પત્નીનું | H0802 |
| אַבְרָם | અબ્રામની | H0087 |
| שָׂרָי | સારાઈ | H8297 |
| וְשֵׁם | અને-નામ | H8034 |
| אֵֽשֶׁת־ | પત્નીનું | H0802 |
| נָחוֹר | નાહોરની | H5152 |
| מִלְכָּה | મિલ્કાહ | H4435 |
| בַּת־ | પુત્રી | H1323 |
| הָרָן | હારાનની | H2039 |
| אֲבִֽי־ | પિતા | H0001 |
| מִלְכָּה | મિલ્કાહના | H4435 |
| וַאֲבִי | અને-પિતા | H0001 |
| יִסְכָּה׃ | યિસ્કાહના | H3252 |

ઇબ્રામે તથા નાહોરે લગ્ન કર્યાં. ઇબ્રામની પત્નીનું નામ સારાય અને નાહોરની પત્નીનું નામ મિલ્કાહ હતું. તે હારાનની દીકરી હતી, મિલ્કા તથા યિસ્કા હારાનના સંતાનો હતા.

30

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| וַתְּהִי | અને-હતી | H1961 |
| שָׂרַי | સારાઈ | H8297 |
| עֲקָרָה | વંધ્યા | H6135 |
| אֵין | નહોતું | H0369 |
| לָהּ | તેને | |
| וָלָד׃ | સંતાન | H2056 |

હવે સારાય નિ:સંતાન હતી; તેને કોઈ સંતાન નહોતું.

31

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| וַיִּקַּח | અને-લીધું | H3947 |
| תֶּרַח | તેરાહે | H8646 |
| אֶת־ | ને | H0853 |
| אַבְרָם | અબ્રામને | H0087 |
| בְּנוֹ | તેના-પુત્રને | |
| וְאֶת־ | અને-ને | H0853 |
| לוֹט | લોટને | H3876 |
| בֶּן־ | પુત્ર | |
| הָרָן | હારાનનો | H2039 |
| בֶּן־ | પુત્રનો | |
| בְּנוֹ | પુત્રને | |
| וְאֵת | અને-ને | H0853 |
| שָׂרַי | સારાઈને | H8297 |
| כַּלָּתוֹ | તેની-વહુને | H3618 |
| אֵשֶׁת | પત્ની | H0802 |
| אַבְרָם | અબ્રામ | H0087 |
| בְּנוֹ | તેના-પુત્રની | |
| וַיֵּצְאוּ | અને-ગયા | H3318 |
| אִתָּם | તેમની-સાથે | H0854 |
| מֵאוּר | ઉરથી | |
| כַּשְׂדִּים | કાસદીઓના | H3778 |
| לָלֶכֶת | જવા | H3212 |
| אַרְצָה | દેશમાં | H0776 |
| כְּנַעַן | કનાનના | |
| וַיָּבֹאוּ | અને-આવ્યા | H0935 |
| עַד־ | સુધી | H5704 |
| חָרָן | હારાન | |
| וַיֵּשְׁבוּ | અને-વસ્યા | H3427 |
| שָׁם׃ | ત્યાં | H8033 |

તેરાહ તેના દીકરા ઇબ્રામને તથા દીકરા હારાનના પુત્ર લોતને અને સારાય તેની પુત્રવધૂ લઈને ઉર જે ખાલદીઓનો પ્રદેશ છે તે છોડીને, કનાન દેશમાં જવા નીકળ્યા. પણ તેઓ હારાનમાં આવીને રહ્યાં.

32
וַיִּהְיוּ અને-હતા H1961
יְמֵי־ દિવસો H3117
תֶרַח તેરાહના H8646
חָמֵשׁ પાંચ H2568
שָׁנִים વર્ષ H8141
וּמָאתַיִם અને-બસો H3967
שָׁנָה વર્ષ H8141
וַיָּמָת અને-મૃત્યુ-પામ્યો H4191
תֶּרַח તેરાહ H8646
בְּחָרָן׃ હારાનમાં
ס —

તેરાહ બસો પાંચ વર્ષની ઉંમરે હારાનમાં મરણ પામ્યો.

# Chapter 12

1
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
יְהוָה યહોવાહે H3068
אֶל־ ને H0413
אַבְרָם અબ્રામને H0087
לֶךְ־ જા H3212
לְךָ તારા-માટે
מֵאַרְצְךָ તારા-દેશથી H0776
וּמִמּוֹלַדְתְּךָ અને-તારા-જન્મસ્થાનથી H4138
וּמִבֵּית અને-થી-ઘરથી
אָבִיךָ તારા-પિતાના H0001
אֶל־ ને H0413
הָאָרֶץ દેશમાં H0776
אֲשֶׁר જે
אַרְאֶךָּ׃ હું-બતાવીશ H7200

હવે ઈશ્વરે ઇબ્રામને કહ્યુ, “તું તારો દેશ, તારા સગાંઓ + 12:1 સગાંઓ જન્મભૂમિ અને તારા પિતાના કુટુંબને છોડીને, જે દેશ હું તને બતાવું ત્યાં જા.

2
וְאֶעֶשְׂךָ અને-હું-બનાવીશ
לְגוֹי મોટી
גָּדוֹל મોટી
וַאֲבָרֶכְךָ અને-હું-આશીર્વાદ-આપીશ H1288
וַאֲגַדְּלָה અને-મોટું-કરીશ H1431
שְׁמֶךָ તારું-નામ H8034
וֶהְיֵה અને-થા H1961
בְּרָכָה׃ આશીર્વાદ H1293

હું તારાથી એક મોટી જાતિ ઉત્પન્ન કરીશ, હું તને આશીર્વાદ દઈશ, તારું નામ મોટું કરીશ અને તું આશીર્વાદરૂપ થશે.

3
וַאֲבָרְכָה અને-હું-આશીર્વાદ-આપીશ H1288
מְבָרְכֶיךָ તને-આશીર્વાદ-આપનારાઓને H1288
וּמְקַלֶּלְךָ અને-તને-શાપ-આપનારાઓને H7043
אָאֹר હું-શાપ-આપીશ H0779
וְנִבְרְכוּ અને-આશીર્વાદ-પામશે H1288
בְךָ તારામાં
כֹּל બધા H3605
מִשְׁפְּחֹת કુટુંબો H4940
הָאֲדָמָה׃ પૃથ્વીના H0127

જેઓ તને આશીર્વાદ આપશે, તેઓને હું આશીર્વાદ આપીશ અને જેઓ તને શાપ આપશે, તેઓને હું શાપ આપીશ. પૃથ્વીના સર્વ કુટુંબો તારી મારફતે આશીર્વાદિત થશે.

4
וַיֵּלֶךְ અને-ગયો H3212
אַבְרָם અબ્રામ H0087
כַּאֲשֶׁר જેમ
דִּבֶּר બોલ્યા-હતા H1696
אֵלָיו તેને H0413
יְהוָה યહોવાહે H3068
וַיֵּלֶךְ અને-ગયો H3212
אִתּוֹ તેની-સાથે H0854
לוֹט લોટ H3876
וְאַבְרָם અને-અબ્રામ H0087
בֶּן־ પુત્ર
חָמֵשׁ પાંચ H2568
שָׁנִים વર્ષ H8141
וְשִׁבְעִים અને-સિત્તર H7657
שָׁנָה વર્ષનો H8141
בְּצֵאתוֹ તેના-જવામાં H3318
מֵחָרָן׃ હારાનથી

તેથી ઈશ્વરે તેને જે પ્રમાણે કરવાનું કહ્યુ હતું તે પ્રમાણે, ઇબ્રામ અને તેની સાથે તેનો ભત્રીજો લોત પણ ગયો. જયારે ઇબ્રામ હારાન દેશથી રવાના થયો ત્યારે તે પંચોતેર વર્ષનો હતો.

5
וַיִּקַּח અને-લીધું H3947
אַבְרָם અબ્રામે H0087
אֶת־ ને H0853
שָׂרַי સારાઈને H8297
אִשְׁתּוֹ તેની-પત્નીને H0802
וְאֶת־ અને-ને H0853
לוֹט લોટને H3876
בֶּן־ પુત્ર
אָחִיו તેના-ભાઈનો H0251
וְאֶת־ અને-ને H0853
כָּל־ બધી H3605
רְכוּשָׁם તેમની-સંપત્તિ H7399
אֲשֶׁר જે
רָכָשׁוּ મેળવી-હતી H7408
וְאֶת־ અને-ને H0853
הַנֶּפֶשׁ લોકોને H5315
אֲשֶׁר־ જે
עָשׂוּ મેળવ્યા-હતા
בְחָרָן હારાનમાં
וַיֵּצְאוּ અને-ગયા H3318
לָלֶכֶת જવા H3212
אַרְצָה દેશમાં H0776
כְּנַעַן કનાનના
וַיָּבֹאוּ અને-આવ્યા H0935
אַרְצָה દેશમાં H0776
כְּנָעַן׃ કનાનના

ઇબ્રામે તેની પત્ની સારાયને તથા તેના ભત્રીજા લોતને તેઓએ મેળવેલી સર્વ સંપત્તિ, જાનવરો તથા જે દાસદાસીઓ તેમને હારાનમાં પ્રાપ્ત થયાં હતા તેઓને સાથે લીધાં. તેઓ કનાન દેશમાં પહોંચ્યા.

6

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲבֹר | אַבְרָם | בָּאָרֶץ | עַד | מְקוֹם | שְׁכֶם | עַד | אֵלוֹן | מוֹרֶה | וְהַכְּנַעֲנִי | אָז | בָּאָרֶץ׃ |
| અને-ફર્યો | અબ્રામ | દેશમાં | સુધી | સ્થળ | શેખેમનું | સુધી | વૃક્ષ | મોરેહનું | અને-કનાનીઓ | ત્યારે | દેશમાં |
| | H0087 | H0776 | H5704 | H4725 | H7927 | H5704 | H0436 | H4176 | | | H0776 |

ઇબ્રામ કનાન દેશમાં શખેમથી મુસાફરી કરતાં મોરેના એલોન વૃક્ષ પાસે આવ્યો. તે વખતે કનાનીઓ તે દેશમાં રહેતા હતા.

7

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּרָא | יְהוָה | אֶל־ | אַבְרָם | וַיֹּאמֶר | לְזַרְעֲךָ | אֶתֵּן | אֶת־ | הָאָרֶץ | הַזֹּאת | וַיִּבֶן | שָׁם | מִזְבֵּחַ | לַיהוָה | הַנִּרְאֶה | אֵלָיו׃ |
| અને-દેખાયો | યહોવાહ | ને | અબ્રામને | અને-કહ્યુ | તારા-વંશને | આપીશ | ને | દેશ | આ | અને-બાંધ્યું | ત્યાં | વેદી | યહોવાહ-માટે | જે-દેખાયો | તેને |
| H7200 | H3068 | H0413 | H0087 | H0559 | H2233 | H5414 | H0853 | H0776 | H2063 | H1129 | H8033 | H4196 | H3068 | H7200 | H0413 |

ઈશ્વરે ઇબ્રામને દર્શન આપીને કહ્યુ, “હું તારા વંશજોને આ દેશ આપીશ.” તેથી જેમણે તેને દર્શન આપ્યું હતું તે ઈશ્વરના સ્મરણમાં ઇબ્રામે ત્યાં વેદી બાંધી.

8

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעְתֵּק | מִשָּׁם | הָהָרָה | מִקֶּדֶם | לְבֵית־אֵל | וַיֵּט | אָהֳלֹה | בֵּית־אֵל | מִיָּם | וְהָעַי | מִקֶּדֶם | וַיִּבֶן־ | שָׁם | מִזְבֵּחַ | לַיהוָה | וַיִּקְרָא | בְּשֵׁם | יְהוָה׃ |
| અને-આગળ-વધ્યો | ત્યાંથી | પર્વત-તરફ | પૂર્વથી | બેથેલના | અને-તંબૂ-નાખ્યો | તેનો-તંબૂ | બેથેલ | પશ્ચિમે | અને-આઈ | પૂર્વે | અને-બાંધ્યું | ત્યાં | વેદી | યહોવાહ-માટે | અને-પોકાર્યું | નામે | યહોવાહના |
| H6275 | H8033 | H2022 | | H1008 | H5186 | H0168 | H1008 | H3220 | H5857 | | H1129 | H8033 | H4196 | H3068 | H7121 | H8034 | H3068 |

ઇબ્રામે ત્યાંથી નીકળીને બેથેલની પૂર્વ તરફ જે પર્વતીય પ્રદેશ છે ત્યાં સ્થળાંતર કર્યું અને ત્યાં તંબુ ઊભો કર્યો. તેની પશ્ચિમે બેથેલ તથા પૂર્વે આય હતું. ત્યાં તેણે ઈશ્વરને નામે વેદી બાંધી અને ઈશ્વરને પ્રાર્થના કરી.

9

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיִּסַּע | אַבְרָם | הָלוֹךְ | וְנָסוֹעַ | הַנֶּגְבָּה׃ | פ |
| અને-મુસાફરી-કરી | અબ્રામ | જતાં | અને-મુસાફરી-કરતાં | દક્ષિણ-તરફ | — |
| H5265 | H0087 | H1980 | H5265 | H5045 | |

પછી ઇબ્રામે નેગેબ તરફ જવા માટે મુસાફરી ચાલુ રાખી.

10

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | רָעָב | בָּאָרֶץ | וַיֵּרֶד | אַבְרָם | מִצְרַיְמָה | לָגוּר | שָׁם | כִּי־ | כָבֵד | הָרָעָב | בָּאָרֶץ׃ |
| અને-આવ્યો | દુકાળ | દેશમાં | અને-ઉતર્યો | અબ્રામ | મિસ્ર-તરફ | રહેવા | ત્યાં | કારણ-કે | ગંભીર | દુકાળ | દેશમાં |
| H1961 | H7458 | H0776 | H3381 | H0087 | H4714 | | H8033 | | H3515 | H7458 | H0776 |

તે દેશમાં દુકાળ પડ્યો હતો. ભારે દુકાળ હોવાના કારણે ઇબ્રામ મિસરમાં રહેવા ગયો.

11

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | כַּאֲשֶׁר | הִקְרִיב | לָבוֹא | מִצְרָיְמָה | וַיֹּאמֶר | אֶל־ | שָׂרַי | אִשְׁתּוֹ | הִנֵּה־ | נָא | יָדַעְתִּי | כִּי | אִשָּׁה | יְפַת־ | מַרְאֶה | אָתְּ׃ |
| અને-થયું | જેમ | નજીક-આવ્યો | આવવા | મિસ્ર-તરફ | અને-કહ્યુ | ને | સારાઈને | તેની-પત્નીને | જુઓ | કૃપાકરીને | હું-જાણું-છું | કે | સ્ત્રી | સુંદર | દેખાવમાં | તું |
| H1961 | | H7126 | H0935 | H4714 | H0559 | H0413 | H8297 | H0802 | H2009 | H4994 | H3045 | | H0802 | H3303 | H4758 | |

જ્યારે તે મિસરમાં પ્રવેશ્યો ત્યારે તેણે તેની પત્ની સારાયને કહ્યુ કે, “હું જાણું છું કે તું દેખાવે સુંદર સ્ત્રી છે.

12

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָה | כִּי־ | יִרְאוּ | אֹתָךְ | הַמִּצְרִים | וְאָמְרוּ | אִשְׁתּוֹ | זֹאת | וְהָרְגוּ | אֹתִי | וְאֹתָךְ | יְחַיּוּ׃ |
| અને-થશે | જ્યારે | જોશે | તને | મિસ્રીઓ | અને-કહેશે | તેની-પત્ની | આ | અને-મારી-નાખશે | મને | અને-તને | જીવતી-રાખશે |
| H1961 | | H7200 | H0853 | H4713 | H0559 | H0802 | H2063 | H2026 | H0853 | H0853 | H2421 |

મિસરીઓ જયારે તને જોશે અને તેઓ કહેશે, ‘આ તેની પત્ની છે’ તેથી તેઓ મને મારી નાખશે, પણ તેઓ તને જીવતી રાખશે.

13

| אִמְרִי־ | נָא | אֲחֹתִי | אָתְּ | לְמַעַן | יִיטַב־ | לִי | בַעֲבוּרֵךְ | וְחָיְתָה | נַפְשִׁי | בִּגְלָלֵךְ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કહે | કૃપાકરીને | મારી-બહેન | તું | જેથી | સારું-થાય | મને | તારા-કારણે | અને-જીવશે | મારો-જીવ | તારા-લીધે |
| H0559 | H4994 | H0269 | | H4616 | H3190 | | H5668 | H2421 | H5315 | H1558 |

તેથી તું કહેજે કે, હું તેની બહેન છું. એ માટે કે તારે લીધે મારું ભલું થાય અને મારો જીવ બચી જાય.”

14

| וַיְהִי | כְּבוֹא | אַבְרָם | מִצְרָיְמָה | וַיִּרְאוּ | הַמִּצְרִים | אֶת־ | הָאִשָּׁה | כִּי־ | יָפָה | הִוא | מְאֹד׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | જ્યારે-આવ્યો | અબ્રામ | મિસ્ર-તરફ | અને-જોયું | મિસ્રીઓએ | ને | સ્ત્રીને | કે | સુંદર | તે | ખૂબ |
| H1961 | H0935 | H0087 | H4714 | H7200 | H4713 | H0853 | H0802 | | H3303 | H1931 | H3966 |

ઇબ્રામ જયારે મિસરમાં પ્રવેશ્યો ત્યારે મિસરીઓએ જોયું કે સારાય ઘણી સુંદર છે.

15

| וַיִּרְאוּ | אֹתָהּ | שָׂרֵי | פַרְעֹה | וַיְהַלְלוּ | אֹתָהּ | אֶל־ | פַּרְעֹה | וַתֻּקַּח | הָאִשָּׁה | בֵּית | פַּרְעֹה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જોઈ | તેને | સરદારોએ | ફરોહના | અને-વખાણ્યું | તેને | ને | ફરોહને | અને-લેવાઈ-ગઈ | સ્ત્રી | ઘરમાં | ફરોહના |
| H7200 | H0853 | H8269 | H6547 | | H0853 | H0413 | H6547 | H3947 | H0802 | | H6547 |

ફારુનના સરદારોએ તેને જોઈ, તેઓએ ફારુનની આગળ તેની પ્રશંસા કરી અને સારાયને ફારુનના જનાનખાનામાં લઈ જવામાં આવી.

16

| וּלְאַבְרָם | הֵיטִיב | בַּעֲבוּרָהּ | וַיְהִי־ | לוֹ | צֹאן־ | וּבָקָר | וַחֲמֹרִים | וַעֲבָדִים | וּשְׁפָחֹת | וַאֲתֹנֹת | וּגְמַלִּים׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-અબ્રામ-સાથે | સારું-કર્યું | તેના-કારણે | અને-હતાં | તેને | ઘેટાં | અને-ગાયો | અને-ગધેડાં | અને-દાસો | અને-દાસીઓ | અને-ગધેડીઓ | અને-ઊંટો |
| H0087 | H3190 | H5668 | H1961 | | H6629 | H1241 | H2543 | H5650 | H8198 | H0860 | H1581 |

ફારુને તેને લીધે ઇબ્રામ સાથે સારો વ્યવહાર કર્યો અને તેને ઘેટાં, બળદો, ગધેડાંઓ, દાસો, દાસીઓ તથા ઊંટોની ભેટ આપી.

17

| וַיְנַגַּע | יְהוָה | אֶת־ | פַּרְעֹה | נְגָעִים | גְּדֹלִים | וְאֶת־ | בֵּיתוֹ | עַל־ | דְּבַר | שָׂרַי | אֵשֶׁת | אַבְרָם׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-માર્યો | યહોવાહે | ને | ફરોહને | મહામારીઓ-વડે | મોટી | અને-ને | તેના-ઘરને | કારણે | બાબત | સારાઈની | પત્ની | અબ્રામની |
| H5060 | H3068 | H0853 | H6547 | H5061 | | H0853 | | | H1697 | H8297 | H0802 | H0087 |

પણ ઈશ્વર દ્વારા ઇબ્રામની પત્ની સારાયને લીધે ફારુન તથા તેના ઘર પર મહામરકી સહિત આફત આવી.

18

| וַיִּקְרָא | פַרְעֹה | לְאַבְרָם | וַיֹּאמֶר | מַה־ | זֹּאת | עָשִׂיתָ | לִּי | לָמָּה | לֹא־ | הִגַּדְתָּ | לִּי | כִּי | אִשְׁתְּךָ | הִוא׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બોલાવ્યો | ફરોહે | અબ્રામને | અને-કહ્યુ | શું | આ | કર્યું | મને | શા-માટે | નહોતું | કહ્યુ | મને | કે | તારી-પત્ની | તે |
| H7121 | H6547 | H0087 | H0559 | H4100 | H2063 | | | H4100 | H3808 | H5046 | | | H0802 | H1931 |

ફારુને ઇબ્રામને બોલાવ્યો અને કહ્યુ કે, “આ તેં મારી સાથે શું કર્યું છે? તેં મને કેમ ન કહ્યુ કે, તે તારી પત્ની છે?

19
לָ֤מָּה શા-માટે H4100
אָמַ֨רְתְּ કહ્યુ-તેં H0559
אֲחֹ֣תִי મારી-બહેન H0269
הִ֔וא તે H1931
וָאֶקַּ֥ח અને-લીધી H3947
אֹתָ֛הּ તેને H0853
לִ֖י મને
לְאִשָּׁ֑ה પત્ની-માટે H0802
וְעַתָּ֕ה અને-હવે H6258
הִנֵּ֥ה જુઓ H2009
אִשְׁתְּךָ֖ તારી-પત્ની H0802
קַ֥ח લે H3947
וָלֵֽךְ׃ અને-જા H3212

તેં શા માટે કહ્યુ કે, ‘તે મારી બહેન છે?’ તેં એવું કર્યું એટલે મેં તેને મારી પત્ની કરી લીધી હતી. તો હવે, આ રહી તારી પત્ની. તેને લઈને તું તારે માર્ગે ચાલ્યો જા.”

20
וַיְצַ֥ו અને-આજ્ઞા-આપી H6680
עָלָ֛יו તેના-વિશે
פַּרְעֹ֖ה ફરોહે H6547
אֲנָשִׁ֑ים માણસોને H0376
וַֽיְשַׁלְּח֥וּ અને-વિદાય-કર્યા H7971
אֹת֛וֹ તેને H0853
וְאֶת־ અને-ને H0853
אִשְׁתּ֖וֹ તેની-પત્નીને H0802
וְאֶת־ અને-ને H0853
כָּל־ બધું H3605
אֲשֶׁר־ જે
לֽוֹ׃ તેનું

પછી ફારુને તેના સરદારોને તેઓ સંબંધી આજ્ઞા આપી. તેથી તેઓએ ઇબ્રામને, તેની પત્નીને અને તેઓની સાથે સર્વ સંપત્તિને દેશની બહાર મોકલી આપ્યાં.

## Chapter 13

1
וַיַּעַל֩ અને-ગયો H5927
אַבְרָ֨ם અબ્રામ H0087
מִמִּצְרַ֜יִם મિસરમાંથી H4714
ה֠וּא તે H1931
וְאִשְׁתּ֧וֹ અને-તેની-પત્ની H0802
וְכָל־ અને-બધું H3605
אֲשֶׁר־ જે
ל֛וֹ તેનું-હતું
וְל֥וֹט અને-લોત H3876
עִמּ֖וֹ તેની-સાથે
הַנֶּֽגְבָּה׃ નેગેબ-તરફ H5045

તેથી ઇબ્રામ તેની સ્ત્રી અને તેની સર્વ સંપત્તિને લઈને મિસરથી નેગેબમાં ગયો. લોત પણ તેઓની સાથે ગયો.

2
וְאַבְרָ֖ם અને-અબ્રામ H0087
כָּבֵ֣ד ધનવાન-હતો H3513
מְאֹ֑ד ઘણો H3966
בַּמִּקְנֶ֕ה ઢોરઢાંખરમાં H4735
בַּכֶּ֖סֶף ચાંદીમાં H3701
וּבַזָּהָֽב׃ અને-સોનામાં H2091

ઇબ્રામ પાસે જાનવરો, ચાંદી તથા સોનું પુષ્કળ પ્રમાણમાં હોવાથી તે ઘણો ધનવાન હતો.

3
וַיֵּ֙לֶךְ֙ અને-ચાલ્યો H3212
לְמַסָּעָ֔יו તેની-મુસાફરીમાં H4550
מִנֶּ֖גֶב નેગેબથી H5045
וְעַד־ અને-સુધી H5704
בֵּֽית־אֵ֑ל બેથેલ H1008
עַד־ સુધી H5704
הַמָּק֗וֹם જગ્યાએ H4725
אֲשֶׁר־ જ્યાં
הָ֨יָה હતો H1961
שָׁ֤ם ત્યાં H8033
]אהלה[ — H0168
(אָהֳלֹה֙) તેનો-તંબુ H0168
בַּתְּחִלָּ֔ה શરૂઆતમાં H8462
בֵּ֥ין વચ્ચે H0996
בֵּֽית־אֵ֖ל બેથેલ H1008
וּבֵ֥ין અને-વચ્ચે H0996
הָעָֽי׃ આયની H5857

નેગેબથી મુસાફરી કરીને જ્યાં તેણે અગાઉ છાવણી કરી હતી ત્યાં તે આવી પહોંચ્યો. આ જગ્યા બેથેલ તથા આયની વચ્ચે આવેલી હતી.

4
אֶל־ તે H0413
מְק֨וֹם જગ્યાએ H4725
הַמִּזְבֵּ֔חַ વેદીની H4196
אֲשֶׁר־ જે
עָ֥שָׂה બનાવી-હતી
שָׁ֖ם ત્યાં H8033
בָּרִאשֹׁנָ֑ה પહેલાં H7223
וַיִּקְרָ֥א અને-પોકાર્યું H7121
שָׁ֛ם ત્યાં H8033
אַבְרָ֖ם અબ્રામે H0087
בְּשֵׁ֥ם નામે H8034
יְהוָֽה׃ યહોવાહના H3068

અહીં તેણે અગાઉ વેદી બાંધી હતી. એ વેદી આગળ તેણે ઈશ્વરના નામે પ્રાર્થના કરી.

5

| | | |
|---|---|---|
| וְגַם־ | અને-પણ | H1571 |
| לְל֔וֹט | લોતને | H3876 |
| הַהֹלֵ֖ךְ | જે-ચાલતો-હતો | H1980 |
| אֶת־ | સાથે | H0854 |
| אַבְרָ֑ם | અબ્રામની | H0087 |
| הָיָ֥ה | હતાં | H1961 |
| צֹאן־ | ઘેટાં | H6629 |
| וּבָקָ֖ר | અને-ગાયો | H1241 |
| וְאֹהָלִֽים׃ | અને-તંબુઓ | H0168 |

હવે લોત, જે ઇબ્રામની સાથે મુસાફરી કરી રહ્યો હતો, તેની પાસે પણ ઘેટાં, અન્ય જાનવરો તથા કુટુંબો + 13:5 કુટુંબો તંબુ હતા.

6

| | | |
|---|---|---|
| וְלֹֽא־ | અને-ન | H3808 |
| נָשָׂ֥א | સમાવી-શકી | H5375 |
| אֹתָ֛ם | તેમને | H0853 |
| הָאָ֖רֶץ | ભૂમિ | H0776 |
| לָשֶׁ֣בֶת | રહેવા-માટે | H3427 |
| יַחְדָּ֑ו | સાથે | |
| כִּֽי־ | કારણ-કે | |
| הָיָ֤ה | હતી | H1961 |
| רְכוּשָׁם֙ | તેમની-સંપત્તિ | H7399 |
| רָ֔ב | ઘણી | |
| וְלֹ֥א | અને-નહોતા | H3808 |
| יָֽכְל֖וּ | શકતા | H3201 |
| לָשֶׁ֥בֶת | રહેવા | H3427 |
| יַחְדָּֽו׃ | સાથે | |

તે દેશ એટલો બધો ફળદ્રુપ ન હતો કે તેઓ બન્ને એકસાથે રહી શકે, કેમ કે તેઓના પાલતું પશુઓની સંખ્યા ઘણી હતી.

7

| | | |
|---|---|---|
| וַֽיְהִי־ | અને-થયો | H1961 |
| רִ֗יב | ઝઘડો | H7379 |
| בֵּ֚ין | વચ્ચે | H0996 |
| רֹעֵ֣י | ભરવાડોના | H7473 |
| מִקְנֵֽה־ | ઢોરના | H4735 |
| אַבְרָ֔ם | અબ્રામના | H0087 |
| וּבֵ֖ין | અને-વચ્ચે | H0996 |
| רֹעֵ֣י | ભરવાડોના | H7473 |
| מִקְנֵה־ | ઢોરના | H4735 |
| ל֑וֹט | લોતના | H3876 |
| וְהַֽכְּנַעֲנִי֙ | અને-કનાની | |
| וְהַפְּרִזִּ֔י | અને-પરિઝ્ઝી | H6522 |
| אָ֖ז | ત્યારે | |
| יֹשֵׁ֥ב | રહેતા-હતા | H3427 |
| בָּאָֽרֶץ׃ | દેશમાં | H0776 |

એવામાં ઇબ્રામના ગોવાળિયાઓ અને લોતના ગોવાળિયાઓની વચ્ચે ઝઘડો થયો. તે સમયે કનાનીઓ તથા પરિઝીઓ તે દેશમાં રહેતા હતા.

8

| | | |
|---|---|---|
| וַיֹּ֨אמֶר | અને-કહ્યુ | H0559 |
| אַבְרָ֜ם | અબ્રામે | H0087 |
| אֶל־ | ને | H0413 |
| ל֗וֹט | લોતને | H3876 |
| אַל־ | ન | H0408 |
| נָ֨א | કૃપા-કરીને | H4994 |
| תְהִ֤י | થાય | H1961 |
| מְרִיבָה֙ | ઝઘડો | H4808 |
| בֵּינִ֣י | મારી-વચ્ચે | H0996 |
| וּבֵינֶ֔ךָ | અને-તારી-વચ્ચે | H0996 |
| וּבֵ֥ין | અને-વચ્ચે | H0996 |
| רֹעַ֖י | મારા-ભરવાડો | H7473 |
| וּבֵ֣ין | અને-વચ્ચે | H0996 |
| רֹעֶ֑יךָ | તારા-ભરવાડો | H7473 |
| כִּֽי־ | કારણ-કે | |
| אֲנָשִׁ֥ים | માણસો | H0376 |
| אַחִ֖ים | ભાઈઓ | H0251 |
| אֲנָֽחְנוּ׃ | આપણે-છીએ | H0587 |

તેથી ઇબ્રામે લોતને કહ્યુ, "તારી તથા મારી વચ્ચે અને તારા તથા મારા ગોવાળિયાઓની વચ્ચે તકરાર થવી ન જોઈએ; કારણ કે આપણે ભાઈઓ છીએ.

9

| | | |
|---|---|---|
| הֲלֹ֤א | શું-નથી | H3808 |
| כָל־ | આખી | H3605 |
| הָאָ֙רֶץ֙ | ભૂમિ | H0776 |
| לְפָנֶ֔יךָ | તારી-સામે | H6440 |
| הִפָּ֥רֶד | છૂટો-પડ | H6504 |
| נָ֖א | કૃપા-કરીને | H4994 |
| מֵעָלָ֑י | મારાથી | |
| אִם־ | જો | |
| הַשְּׂמֹ֣אל | ડાબી-બાજુ | H8040 |
| וְאֵימִ֔נָה | તો-હું-જમણી-તરફ-જઈશ | H3231 |
| וְאִם־ | અને-જો | |
| הַיָּמִ֖ין | જમણી-બાજુ | H3225 |
| וְאַשְׂמְאִֽילָה׃ | તો-હું-ડાબી-તરફ-જઈશ | H8041 |

શું તારી આગળ આખો દેશ નથી? તું આગળ જા અને પોતાને મારાથી જુદો કર. જો તું ડાબી બાજુ જશે, તો હું જમણી બાજુ જઈશ. અથવા જો તું જમણી બાજુ જશે, તો પછી હું ડાબી બાજુ જઈશ."

10

| | | |
|---|---|---|
| וַיִּשָּׂא־ | અને-ઊંચી-કરી | H5375 |
| ל֣וֹט | લોતે | H3876 |
| אֶת־ | — | H0853 |
| עֵינָ֗יו | પોતાની-આંખો | |
| וַיַּרְא֙ | અને-જોયું | H7200 |
| אֶת־ | — | H0853 |
| כָּל־ | આખું | H3605 |
| כִּכַּ֣ר | મેદાન | H3603 |
| הַיַּרְדֵּ֔ן | યર્દનનું | H3383 |
| כִּ֥י | કે | |
| כֻלָּ֖הּ | બધું | H3605 |
| מַשְׁקֶ֑ה | સિંચાયેલું-હતું | |
| לִפְנֵ֣י׀ | પહેલાં | H6440 |
| שַׁחֵ֣ת | નાશ-કર્યા | H7843 |
| יְהוָ֗ה | યહોવાહે | H3068 |
| אֶת־ | — | H0853 |
| סְדֹם֙ | સદોમનો | H5467 |
| וְאֶת־ | અને | H0853 |
| עֲמֹרָ֔ה | ગમોરાહનો | H6017 |
| כְּגַן־ | બાગ-જેવું | H1588 |
| יְהוָה֙ | યહોવાહના | H3068 |
| כְּאֶ֣רֶץ | દેશ-જેવું | H0776 |
| מִצְרַ֔יִם | મિસરના | H4714 |
| בֹּאֲכָ֖ה | જતાં | H0935 |
| צֹֽעַר׃ | સોઆર-સુધી | H6820 |

તેથી લોતે પોતાની આંખો ઊંચી કરીને યર્દનનો આખો પ્રદેશ સોઆર સુધી જોયો કે તેમાં બધે પુષ્કળ પાણી છે. ઈશ્વરે સદોમ તથા ગમોરાનો નાશ કર્યા અગાઉ તે દેશ ઈશ્વરની વાડીના જેવો તથા મિસર દેશના જેવો હતો.

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּבְחַר־ | לֹו | לֹוט | אֵת | כָּל־ | כִּכַּר | הַיַּרְדֵּן | וַיִּסַּע | לֹוט | מִקֶּדֶם | וַיִּפָּרְדוּ |
| અને-પસંદ-કર્યું | પોતાના-માટે | લોતે | — | આખું | મેદાન | યર્દનનું | અને-ચાલ્યો | લોત | પૂર્વ-તરફ | અને-છૂટા-પડ્યા |
| H0977 | | H3876 | H0853 | H3605 | H3603 | H3383 | H5265 | H3876 | | H6504 |

| | | |
|---|---|---|
| אִישׁ | מֵעַל | אָחִיו׃ |
| દરેક | પોતાના | ભાઈથી |
| H0376 | | H0251 |

તેથી લોતે પોતાને સારુ યર્દનનો આખો પ્રદેશ પસંદ કર્યો. તે પૂર્વ તરફ ગયો. આમ ભાઈઓ એકબીજાથી અલગ થયા.

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַבְרָם | יָשַׁב | בְּאֶרֶץ־ | כְּנָעַן | וְלֹוט | יָשַׁב | בְּעָרֵי | הַכִּכָּר | וַיֶּאֱהַל | עַד־ | סְדֹם׃ |
| અબ્રામ | રહ્યો | દેશમાં | કનાનના | અને-લોત | રહ્યો | નગરોમાં | મેદાનના | અને-તંબુ-નાખ્યો | સુધી | સદોમ |
| H0087 | H3427 | H0776 | | H3876 | H3427 | | H3603 | H0167 | H5704 | H5467 |

ઇબ્રામ કનાન દેશમાં રહ્યો અને લોત તે સપાટ પ્રદેશવાળા નગરોમાં ગયો. તેણે સદોમ નગરમાં સ્થાયી વસવાટ કર્યો.

13

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְאַנְשֵׁי | סְדֹם | רָעִים | וְחַטָּאִים | לַיהוָה | מְאֹד׃ |
| અને-માણસો | સદોમના | દુષ્ટ-હતા | અને-પાપી | યહોવાહની-સામે | ઘણા |
| H0376 | H5467 | | H2400 | H3068 | H3966 |

હવે સદોમના માણસો ઈશ્વરની વિરુદ્ધ અતિ ભ્રષ્ટ તથા દુરાચારી હતા.

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיהוָה | אָמַר | אֶל־ | אַבְרָם | אַחֲרֵי | הִפָּרֶד־ | לֹוט | מֵעִמֹּו | שָׂא | נָא | עֵינֶיךָ |
| અને-યહોવાહે | કહ્યુ | ને | અબ્રામને | પછી | છૂટો-પડ્યો | લોત | તેનાથી | ઊંચી-કર | કૃપા-કરીને | તારી-આંખો |
| H3068 | H0559 | H0413 | H0087 | | H6504 | H3876 | | H5375 | H4994 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּרְאֵה | מִן־ | הַמָּקֹום | אֲשֶׁר־ | אַתָּה | שָׁם | צָפֹנָה | וָנֶגְבָּה | וָקֵדְמָה | וָיָמָּה׃ |
| અને-જો | થી | જગ્યાથી | જ્યાં | તું | છે | ઉત્તર-તરફ | અને-દક્ષિણ-તરફ | અને-પૂર્વ-તરફ | અને-પશ્ચિમ-તરફ |
| H7200 | | H4725 | | | H8033 | H6828 | H5045 | | H3220 |

ઇબ્રામથી લોત જુદો થયા પછી ઈશ્વરે ઇબ્રામને કહ્યુ, "તું જ્યાં ઊભો છે ત્યાંથી પોતાની આંખો ઊંચી કરીને ઉત્તર, દક્ષિણ, પૂર્વ તથા પશ્ચિમ તરફ જો.

15

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | אֶת־ | כָּל־ | הָאָרֶץ | אֲשֶׁר־ | אַתָּה | רֹאֶה | לְךָ | אֶתְּנֶנָּה | וּלְזַרְעֲךָ | עַד־ | עֹולָם׃ |
| કારણ-કે | — | આખી | ભૂમિ | જે | તું | જુએ-છે | તને | આપીશ | અને-તારા-વંશને | સદા | માટે |
| | H0853 | H3605 | H0776 | | | H7200 | | H5414 | H2233 | H5704 | H5769 |

જે સર્વ પ્રદેશ તું જુએ છે, તે હું તને તથા તારા વંશજોને સદાને માટે આપીશ.

16

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְשַׂמְתִּי | אֶת־ | זַרְעֲךָ | כַּעֲפַר | הָאָרֶץ | אֲשֶׁר | אִם־ | יוּכַל | אִישׁ | לִמְנֹות | אֶת־ | עֲפַר |
| અને-બનાવીશ | — | તારા-વંશને | ધૂળ-જેવો | પૃથ્વીની | જે | જો | શકે | કોઈ | ગણવા | — | ધૂળ |
| | H0853 | H2233 | H6083 | H0776 | | | H3201 | H0376 | H4487 | H0853 | H6083 |

| | | | |
|---|---|---|---|
| הָאָרֶץ | גַּם־ | זַרְעֲךָ | יִמָּנֶה׃ |
| પૃથ્વીની | તો | તારો-વંશ-પણ | ગણાશે |
| H0776 | H1571 | H2233 | H4487 |

અને હું તારો વંશ પૃથ્વીની ધૂળની રજકણો જેટલો કરીશ. જો કોઈ માણસ ધૂળની રજકણોને ગણી શકે તો તે તારો વંશ ગણી શકે.

17

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| קוּם | הִתְהַלֵּךְ | בָּאָרֶץ | לְאָרְכָּהּ | וּלְרָחְבָּהּ | כִּי | לְךָ | אֶתְּנֶנָּה׃ |
| ઊઠ | ફર | ભૂમિમાં | તેની-લંબાઈમાં | અને-તેની-પહોળાઈમાં | કારણ-કે | તને | આપીશ |
| | H1980 | H0776 | H0753 | H7341 | | | H5414 |

ઊઠ, આ દેશની લંબાઈ તથા પહોળાઈની સરહદ સુધી ફર, કારણ કે તે દેશ હું તને આપીશ."

18

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֶּאֱהַל | אַבְרָם | וַיָּבֹא | וַיֵּשֶׁב | בְּאֵלֹנֵי | מַמְרֵא | אֲשֶׁר | בְּחֶבְרוֹן | וַיִּבֶן־ | שָׁם | מִזְבֵּחַ | לַיהוָה׃ | פ |
| અને-તંબુ-નાખ્યો | અબ્રામે | અને-આવ્યો | અને-વસ્યો | વૃક્ષો-પાસે | મામ્રેના | જે | હેબ્રોનમાં-છે | અને-બાંધી | ત્યાં | વેદી | યહોવાહ-માટે | — |
| H0167 | H0087 | H0935 | H3427 | H0436 | H4471 | | | H1129 | H8033 | H4196 | H3068 | |

તેથી ઇબ્રામે પોતાનો તંબુ ઉઠાવીને મામરેનાં એલોન વૃક્ષો જે હેબ્રોનમાં છે ત્યાં સ્થાપિત કર્યો, ત્યાં તે રહ્યો અને ઈશ્વરને નામે એક વેદી બાંધી.

## Chapter 14

1

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | בִּימֵי | אַמְרָפֶל | מֶלֶךְ־ | שִׁנְעָר | אַרְיוֹךְ | מֶלֶךְ | אֶלָּסָר | כְּדָרְלָעֹמֶר | מֶלֶךְ | עֵילָם | וְתִדְעָל | מֶלֶךְ | גּוֹיִם׃ |
| અને-થયું | દિવસોમાં | આમ્રાફેલના | રાજા | શિનઆરના | આર્યોખ | રાજા | એલ્લાસારના | કદાર્લાઓમેર | રાજા | એલામના | અને-તિદઆલ | રાજા | પ્રજાઓના |
| H1961 | H3117 | H0569 | H4428 | H8152 | | H4428 | H0495 | H3540 | H4428 | | H8413 | H4428 | |

શિનઆરના રાજા આમ્રાફેલે, એલ્લાસારના રાજા આર્યોખે, એલામના રાજા કદોરલાઓમેરે અને ગોઈમના રાજા તિદાલે પોતાની કારકિર્દી દરમિયાન,

2

| | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עָשׂוּ | מִלְחָמָה | אֶת־ | בֶּרַע | מֶלֶךְ | סְדֹם | וְאֶת־ | בִּרְשַׁע | מֶלֶךְ | עֲמֹרָה | שִׁנְאָב | מֶלֶךְ | אַדְמָה | וְשֶׁמְאֵבֶר | מֶלֶךְ | [צביים] | (צְבוֹיִים) | וּמֶלֶךְ | בֶּלַע | הִיא־ | צֹעַר׃ |
| યુદ્ધ-કર્યું | લડાઈ | સાથે | બેરા | રાજા | સદોમના | અને-સાથે | બિર્શા | રાજા | ગમોરાના | શિનઆબ | રાજા | આદમાના | અને-શમેબેર | રાજા | [ત્સબોઈમ] | ત્સબોઈમના | અને-રાજા | બેલાના | જે-છે | સોઆર |
| | H4421 | H0854 | H1298 | H4428 | H5467 | H0854 | H1306 | H4428 | H6017 | H8134 | H4428 | H0126 | H8038 | H4428 | H6636 | H6636 | H4428 | | H1931 | H6820 |

સદોમના રાજા બેરા, ગમોરાના રાજા બિર્શા, આદમાના રાજા શિનાબ, સબોઈમના રાજા શેમેબેર અને બેલા એટલે સોઆરના રાજાની સામે લડાઈ કરી.

3

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כָּל־ | אֵלֶּה | חָבְרוּ | אֶל־ | עֵמֶק | הַשִּׂדִּים | הוּא | יָם | הַמֶּלַח׃ |
| બધા | આ | ભેગા-થયા | તરફ | ખીણ | સિદ્દીમની | તે | સમુદ્ર | ખારાનો |
| H3605 | H0428 | H2266 | H0413 | H6010 | H7708 | H1931 | H3220 | H4417 |

એ પાંચ રાજાઓ સિદ્દીમની ખીણ જે હાલમાં ખારો સમુદ્ર છે તેમાં એકત્ર થયા.

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| שְׁתֵּים | עֶשְׂרֵה | שָׁנָה | עָבְדוּ | אֶת־ | כְּדָרְלָעֹמֶר | וּשְׁלֹשׁ־ | עֶשְׂרֵה | שָׁנָה | מָרָדוּ׃ |
| બાર | વર્ષ | સુધી | સેવા-કરી | ની | કદાર્લાઓમેરની | અને-તેર | વર્ષમાં | વર્ષ | બળવો-કર્યો |
| H8147 | H6240 | H8141 | H5647 | H0853 | H3540 | H7969 | H6240 | H8141 | H4775 |

બાર વર્ષ સુધી તેઓ કદોરલાઓમેરના તાબે રહ્યા હતા, પણ તેરમા વર્ષે તેઓએ બળવો કર્યો.

5

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבְאַרְבַּע | עֶשְׂרֵה | שָׁנָה | בָּא | כְדָרְלָעֹמֶר | וְהַמְּלָכִים | אֲשֶׁר | אִתּוֹ | וַיַּכּוּ | אֶת־ | רְפָאִים | בְּעַשְׁתְּרֹת קַרְנַיִם | וְאֶת־ | הַזּוּזִים | בְּהָם | וְאֵת | הָאֵימִים | בְּשָׁוֵה | קִרְיָתָיִם׃ |
| અને-ચૌદમા | વર્ષમાં | વર્ષ | આવ્યો | કદાર્લાઓમેર | અને-રાજાઓ | જેઓ | તેની-સાથે | અને-માર્યા | ને | રફાઈમોને | આશ્તરોથ-કર્નાઈમમાં | અને | ઝૂઝીમોને | હામમાં | અને | એમીમોને | શાવેહ | કિર્યાથાઈમમાં |
| H0702 | H6240 | H8141 | H0935 | H3540 | H4428 | | H0854 | H5221 | H0853 | | H6255 | H0853 | H2104 | H1990 | H0853 | H0368 | H7740 | H7156 |

પછી ચૌદમા વર્ષે કદોરલાઓમેર તથા જે રાજાઓ તેની સાથે હતા, તેઓએ આવીને આશ્તારોથ-કારનાઈમ દેશના રફાઈઓને, હામ દેશના ઝૂઝીઓને, શાવેહ કિર્યાથાઈમ દેશના એમીઓને,

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | הַחֹרִי | בְּהַרְרָם | שֵׂעִיר | עַד | אֵיל פָּארָן | אֲשֶׁר | עַל־ | הַמִּדְבָּר׃ |
| અને | હોરીઓને | તેમના-પર્વત | સેઈરમાં | સુધી | એલ-પારાન | જે | પાસે | અરણ્યના |
| H0853 | H2752 | H2022 | | H5704 | H0364 | | | |

હોરીઓ જે પોતાના સેઈર નામના પર્વતમાં રહેતા હતા તેઓના પર અરણ્ય પાસેના એલપારાન સુધી હુમલા કરીને મારતા રહ્યા.

7
וַיָּשֻׁבוּ અને-પાછા-ફર્યા H7725
וַיָּבֹאוּ અને-આવ્યા H0935
אֶל־ પાસે H0413
עֵין מִשְׁפָּט એન-મિશ્પાટ H5880
הִוא જે-છે H1931
קָדֵשׁ કાદેશ H6946
וַיַּכּוּ અને-માર્યા H5221
אֶת־ ના H0853
כָּל־ બધા H3605
שְׂדֵה પ્રદેશ
הָעֲמָלֵקִי અમાલેકીઓના H6003
וְגַם અને-પણ H1571
אֶת־ ને H0853
הָאֱמֹרִי અમોરીઓને H0567
הַיֹּשֵׁב જેઓ-રહેતા-હતા H3427
בְּחַצְצֹן תָּמָר: હાત્સસોન-તામારમાં H2688

પછી તેઓ પાછા ફર્યા અને એન-મિશ્પાટ એટલે કાદેશમાં આવ્યા અને અમાલેકીઓના આખા દેશને તથા હાસસોન-તામારમાં રહેનારા અમોરીઓને પણ તેઓએ હરાવ્યા.

8
וַיֵּצֵא અને-નીકળ્યો H3318
מֶלֶךְ־ રાજા H4428
סְדֹם સદોમનો H5467
וּמֶלֶךְ અને-રાજા H4428
עֲמֹרָה ગમોરાનો H6017
וּמֶלֶךְ અને-રાજા H4428
אַדְמָה આદમાનો H0126
וּמֶלֶךְ અને-રાજા H4428
[צביים] [ત્સબોઈમ] H6636
(צְבוֹיִם) ત્સબોઈમનો H6636
וּמֶלֶךְ અને-રાજા H4428
בֶּלַע બેલાનો
הִוא־ જે-છે H1931
צֹעַר સોઆર H6820
וַיַּעַרְכוּ અને-ગોઠવ્યા
אִתָּם તેમની-સામે H0854
מִלְחָמָה યુદ્ધ H4421
בְּעֵמֶק ખીણમાં H6010
הַשִּׂדִּים: સિદ્દીમની H7708

પછી સદોમનો રાજા, ગમોરાનો રાજા, આદમાનો રાજા, સબોઈમનો રાજા, બેલા એટલે સોઆરના રાજાએ યુદ્ધની તૈયારી કરીને,

9
אֵת સામે H0854
כְּדָרְלָעֹמֶר કદાર્લાઓમેર H3540
מֶלֶךְ રાજા H4428
עֵילָם એલામના
וְתִדְעָל અને-તિદઆલ H8413
מֶלֶךְ રાજા H4428
גּוֹיִם પ્રજાઓના
וְאַמְרָפֶל અને-આમ્રાફેલ H0569
מֶלֶךְ રાજા H4428
שִׁנְעָר શિનઆરના H8152
וְאַרְיוֹךְ અને-આર્યોખ
מֶלֶךְ રાજા H4428
אֶלָּסָר એલ્લાસારના H0495
אַרְבָּעָה ચાર H0702
מְלָכִים રાજાઓ H4428
אֶת־ સામે H0854
הַחֲמִשָּׁה: પાંચના H2568

એલામના રાજા કદોરલાઓમેર, ગોઈમના રાજા તિદાલ, શિનઆરના રાજા આમ્રાફેલ તથા એલ્લાસારના રાજા આર્યોખ, એ ચાર રાજાઓએ પેલા પાંચ રાજાઓની વિરુદ્ધ લડાઈ કરી.

10
וְעֵמֶק અને-ખીણ H6010
הַשִּׂדִּים સિદ્દીમની H7708
בֶּאֱרֹת ખાડાઓ H0875
בֶּאֱרֹת ખાડાઓથી-ભરેલી-હતી H0875
חֵמָר ડામરના H2564
וַיָּנֻסוּ અને-ભાગ્યા H5127
מֶלֶךְ־ રાજા H4428
סְדֹם સદોમનો H5467
וַעֲמֹרָה અને-ગમોરાનો H6017
וַיִּפְּלוּ־ અને-પડ્યા H5307
שָׁמָּה ત્યાં H8033
וְהַנִּשְׁאָרִים અને-બાકીના H7604
הֶרָה પર્વતમાં H2022
נָסוּ: ભાગ્યા H5127

હવે સિદ્દીમની ખીણોમાં ડામરના ઘણાં ખાડા હતા અને સદોમ તથા ગમોરાના રાજાઓ નાસી જઈને તેમાં પડ્યા. જે બાકી રહ્યા હતા તેઓ પહાડ તરફ નાસી ગયા.

11
וַיִּקְחוּ અને-લઈ-ગયા H3947
אֶת־ ની H0853
כָּל־ બધી H3605
רְכֻשׁ સંપત્તિ H7399
סְדֹם સદોમની H5467
וַעֲמֹרָה અને-ગમોરાની H6017
וְאֶת־ અને H0853
כָּל־ બધો H3605
אָכְלָם ખોરાક H0400
וַיֵּלֵכוּ: અને-ચાલ્યા-ગયા H3212

પછી સદોમ તથા ગમોરામાંની ચીજવસ્તુઓ અને તેઓની સંપત્તિ લઈને પોતાને રસ્તે ચાલ્યા ગયા.

12
וַיִּקְחוּ અને-લઈ-ગયા H3947
אֶת־ ને H0853
לוֹט લોતને H3876
וְאֶת־ અને H0853
רְכֻשׁוֹ તેની-સંપત્તિ H7399
בֶּן־ દીકરા
אֲחִי ભાઈના H0251
אַבְרָם આબ્રામના H0087
וַיֵּלֵכוּ અને-ચાલ્યા-ગયા H3212
וְהוּא અને-તે H1931
יֹשֵׁב રહેતો-હતો H3427
בִּסְדֹם: સદોમમાં H5467

જયારે તેઓ ગયા, ત્યારે તેઓએ ઇબ્રામનો ભત્રીજો લોત, જે સદોમમાં રહેતો હતો, તેને પણ પકડીને તેની સર્વ સંપત્તિ લઈને તેઓ ચાલ્યા ગયા.

13
וַיָּבֹא અને-આવ્યો H0935
הַפָּלִיט ભાગેડુ
וַיַּגֵּד અને-કહ્યુ H5046
לְאַבְרָם આબ્રામ H0087
הָעִבְרִי હિબ્રુને H5680
וְהוּא અને-તે H1931
שֹׁכֵן રહેતો-હતો H7931
בְּאֵלֹנֵי વૃક્ષો-પાસે H0436
מַמְרֵא મામ્રેના H4471
הָאֱמֹרִי અમોરીના H0567
אֲחִי ભાઈ H0251
אֶשְׁכֹּל એશ્કોલના H0812
וַאֲחִי અને-ભાઈ H0251
עָנֵר આનેરના H6063
וְהֵם અને-તેઓ H1992
בַּעֲלֵי સાથીઓ H1167
בְרִית־ કરારના H1285
אַבְרָם׃ આબ્રામના H0087

જે એક જણ બચી ગયો હતો તેણે આવીને હિબ્રૂ ઇબ્રામને ખબર આપી. તે વખતે ઇબ્રામ અમોરી મામરેનાં એલોન વૃક્ષ પાસે રહેતો હતો. મામરે ઇબ્રામના મિત્રો એશ્કોલ અને આનેરનો ભાઈ હતો.

14
וַיִּשְׁמַע અને-સાંભળ્યું H8085
אַבְרָם આબ્રામે H0087
כִּי કે
נִשְׁבָּה પકડાયો-હતો H7617
אָחִיו તેનો-ભાઈ H0251
וַיָּרֶק અને-તૈયાર-કર્યા H7324
אֶת־ ને H0853
חֲנִיכָיו તેના-તાલીમી-સેવકોને H2593
יְלִידֵי જન્મેલા H3211
בֵיתוֹ તેના-ઘરમાં
שְׁמֹנָה ત્રણસો H8083
עָשָׂר અઢાર H6240
וּשְׁלֹשׁ અને-ત્રણ H7969
מֵאוֹת સો H3967
וַיִּרְדֹּף અને-પીછો-કર્યો H7291
עַד־ સુધી H5704
דָּן׃ દાન H1835

જયારે ઇબ્રામે સાંભળ્યું કે દુશ્મનોએ તેના સગાં સંબંધીઓને તાબે કર્યા છે, ત્યારે તેણે પોતાના ઘરમાં જન્મેલા અને તાલીમ પામેલા ત્રણસો અઢાર પુરુષોને લઈને દાન સુધી સૈન્યનો પીછો કર્યો.

15
וַיֵּחָלֵק અને-વહેંચ્યા
עֲלֵיהֶם તેમની-ઉપર
לַיְלָה રાત્રે H3915
הוּא તે H1931
וַעֲבָדָיו અને-તેના-સેવકો H5650
וַיַּכֵּם અને-માર્યા-તેમને H5221
וַיִּרְדְּפֵם અને-પીછો-કર્યો H7291
עַד־ સુધી H5704
חוֹבָה હોબાહ H2327
אֲשֶׁר જે
מִשְּׂמֹאל ડાબી-બાજુ H8040
לְדַמָּשֶׂק׃ દમાસ્કસની H1834

તે રાત્રે તેણે તેઓની વિરુદ્ધ પોતાના માણસોના બે ભાગ પાડીને તેઓ પર હુમલો કર્યો અને દમસ્કસની ડાબી બાજુના હોબા સુધી તેઓનો પીછો કર્યો.

16
וַיָּשֶׁב અને-પાછી-લાવ્યો H7725
אֵת ને H0853
כָּל־ બધી H3605
הָרְכֻשׁ સંપત્તિ H7399
וְגַם અને-પણ H1571
אֶת־ ને H0853
לוֹט લોત H3876
אָחִיו તેના-ભાઈને H0251
וּרְכֻשׁוֹ અને-તેની-સંપત્તિ H7399
הֵשִׁיב પાછી-લાવ્યો H7725
וְגַם અને-પણ H1571
אֶת־ ને H0853
הַנָּשִׁים સ્ત્રીઓને H0802
וְאֶת־ અને H0853
הָעָם׃ લોકોને

પછી તે પોતાના સંબંધી લોતને, તેની સંપત્તિને, સ્ત્રીઓને તથા બીજા દાસોને પાછા લાવ્યો.

17
וַיֵּצֵא અને-નીકળ્યો H3318
מֶלֶךְ־ રાજા H4428
סְדֹם સદોમનો H5467
לִקְרָאתוֹ તેને-મળવા H7125
אַחֲרֵי પછી
שׁוּבוֹ તેના-પાછા-ફર્યા H7725
מֵהַכּוֹת હરાવ્યા-પછી H5221
אֶת־ ને H0853
כְּדָרְלָעֹמֶר કદાર્લાઓમેરને H3540
וְאֶת־ અને H0853
הַמְּלָכִים રાજાઓને H4428
אֲשֶׁר જેઓ
אִתּוֹ તેની-સાથે-હતા H0854
אֶל־ તરફ H0413
עֵמֶק ખીણ H6010
שָׁוֵה શાવેહ H7740
הוּא તે H1931
עֵמֶק ખીણ H6010
הַמֶּלֶךְ׃ રાજાની H4428

કદોરલાઓમેર તથા તેની સાથે જે રાજાઓ હતા, તેઓને હરાવીને ઇબ્રામ પાછો આવતો હતો ત્યારે તેને મળવા સારુ સદોમનો રાજા શાવેહની ખીણમાં એટલે રાજાની ખીણમાં આવ્યો.

18
וּמַלְכִּי־צֶדֶק અને-મલ્ખીસેદેક H4442
מֶלֶךְ રાજા H4428
שָׁלֵם શાલેમનો H8004
הוֹצִיא લાવ્યો H3318
לֶחֶם રોટલી H3899
וָיָיִן અને-દ્રાક્ષારસ H3196
וְהוּא અને-તે H1931
כֹהֵן યાજક-હતો H3548
לְאֵל પરાત્પર H0410
עֶלְיוֹן׃ ઈશ્વરનો

સાલેમ + 14:18 સાલેમ યરુશાલેમનો રાજા મલ્ખીસદેક, રોટલી તથા દ્રાક્ષારસ લઈને આવ્યો. તે પરાત્પર ઈશ્વરનો યાજક હતો.

19

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ויברכהו | ויאמר | ברוך | אברם | לאל | עליון | קנה | שמים | וארץ׃ |
| અને-આશીર્વાદ-આપ્યો | અને-કહ્યુ | ધન્ય-છે | આબ્રામ | પરાત્પર | ઈશ્વરથી | સર્જનહાર | આકાશના | અને-પૃથ્વીના |
| H1288 | H0559 | H1288 | H0087 | H0410 | | H7069 | H8064 | H0776 |

તેણે ઇબ્રામ આશીર્વાદ આપીને કહ્યુ, "પરાત્પર ઈશ્વર, જે આકાશ તથા પૃથ્વીના ઉત્પન્નકર્તા છે તેમનાંથી ઇબ્રામ આશીર્વાદિત થાઓ.

20

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וברוך | אל | עליון | אשר־ | מגן | צריך | בידך | ויתן־ | לו | מעשר | מכל׃ |
| અને-ધન્ય-છે | પરાત્પર | ઈશ્વર | જેણે | સોંપ્યા | તારા-શત્રુઓ | તારા-હાથમાં | અને-આપ્યો | તેને | દશમો-ભાગ | સર્વનો |
| H1288 | H0410 | | | H4042 | | H3027 | H5414 | | H4643 | H3605 |

જે સર્વશ્રેષ્ઠ ઈશ્વરે તારા શત્રુઓને તારા હાથમાં સોંપ્યા છે, પરાત્પર ઈશ્વરની સ્તુતિ થાઓ." પછી ઇબ્રામે સર્વ સંપત્તિમાંથી તેને દસમો ભાગ આપ્યો.

21

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ויאמר | מלך־ | סדם | אל־ | אברם | תן־ | לי | הנפש | והרכש | קח־ | לך׃ |
| અને-કહ્યુ | રાજા | સદોમના | ને | આબ્રામને | આપ | મને | લોકો | અને-સંપત્તિ | લઈ-લે | તારા-માટે |
| H0559 | H4428 | H5467 | H0413 | H0087 | H5414 | | H5315 | H7399 | H3947 | |

સદોમના રાજાએ ઇબ્રામને કહ્યુ, "મને માણસો આપ અને પોતાને સારુ સંપત્તિ લઈ લે."

22

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ויאמר | אברם | אל־ | מלך | סדם | הרימתי | ידי | אל־ | יהוה | אל | עליון | קנה | שמים | וארץ׃ |
| અને-કહ્યુ | આબ્રામે | ને | રાજા | સદોમના | ઉઠાવ્યો-છે | મારો-હાથ | તરફ | યહોવા | પરાત્પર | ઈશ્વર | સર્જનહાર | આકાશના | અને-પૃથ્વીના |
| H0559 | H0087 | H0413 | H4428 | H5467 | | H3027 | H0413 | H3068 | H0410 | | H7069 | H8064 | H0776 |

ઇબ્રામે સદોમના રાજાને કહ્યુ, "પરાત્પર ઈશ્વર યહોવાહ કે, જેમણે આકાશ તથા પૃથ્વીને ઉત્પન્ન કર્યાં, તેમને મેં ગંભીરતાપૂર્વક વચન આપ્યું છે કે,

23

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אם־ | מחוט | ועד | שרוך־ | נעל | ואם־ | אקח | מכל־ | אשר־ | לך | ולא | תאמר | אני | העשרתי | את־ | אברם׃ |
| નહિ | દોરાથી | લઈને | જૂતાના | તસ્મા-સુધી | અને-નહિ | લઈશ | તારું-કંઈ-પણ | જે | તારું-છે | અને-નહિ | કહે | મેં | ધનવાન-બનાવ્યો | ને | આબ્રામને |
| | H2339 | H5704 | H8288 | H5275 | | H3947 | H3605 | | | H3808 | H0559 | H0589 | H6238 | H0853 | H0087 |

હું તારી પાસે સૂતળી કે ચંપલની દોરીનો ટુકડોય અથવા તારી અન્ય કોઈપણ વસ્તુ લઈશ નહિ, રખેને તું કહે કે, 'મેં ઇબ્રામને આપ્યું તેથી તે ધનવાન થયો છે"

24

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בלעדי | רק | אשר | אכלו | הנערים | וחלק | האנשים | אשר | הלכו | אתי | ענר | אשכל | וממרא | הם | יקחו | חלקם׃ | ס |
| સિવાય-મારાથી | ફક્ત | જે | ખાધું | જુવાનોએ | અને-ભાગ | માણસોનો | જેઓ | ગયા | મારી-સાથે | આનેર | એશ્કોલ | અને-મામ્રે | તેઓ | લઈ-લે | તેમનો-ભાગ | — |
| H1107 | H7535 | | H0398 | H5288 | | H0376 | | H1980 | H0854 | H6063 | H0812 | H4471 | H1992 | H3947 | | |

જુવાનોએ જે ખાધું છે તે હું સ્વીકારું છું, મારી સાથે જે ભાઈઓ આવ્યા તેઓને એટલે કે આનેર, એશ્કોલ તથા મામરેને તે મેળવેલી સંપત્તિમાંથી હિસ્સો આપજે."

## Chapter 15

1

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אחר | הדברים | האלה | היה | דבר־ | יהוה | אל־ | אברם | במחזה | לאמר | אל־ | תירא | אברם | אנכי | מגן | לך | שכרך | הרבה | מאד׃ |
| પછી | વાતો | આ | આવ્યું | વચન | યહોવાનું | પ્રતિ | આબ્રામ | દર્શનમાં | કહેતાં | નહિ | ડર | આબ્રામ | હું | ઢાલ-છું | તારી | તારું-ઈનામ | ઘણું | મોટું |
| | H1697 | H0428 | H1961 | H1697 | H3068 | H0413 | H0087 | H4236 | H0559 | H0408 | H3372 | H0087 | H0595 | H4043 | | H7939 | | H3966 |

પછી ઈશ્વરના વચન દર્શનમાં ઇબ્રામ પાસે આવ્યું અને કહ્યું, "ઇબ્રામ, તું બીશ નહિ□ હું તારી રક્ષા કરીશ તથા મોટું પ્રતિફળ આપીશ."

2

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אַבְרָם | אֲדֹנָי | יֱהוִה | מַה־ | תִּתֶּן־ | לִי | וְאָנֹכִי | הוֹלֵךְ | עֲרִירִי | וּבֶן־ | מֶשֶׁק |
| અને-કહ્યુ | આબ્રામે | પ્રભુ | યહોવા | શું | આપશો | મને | અને-હું | જાઉં-છું | નિ:સંતાન | અને-દીકરો | વારસ |
| H0559 | H0087 | H0136 | H3069 | H4100 | H5414 | | H0595 | H1980 | H6185 | | H4943 |

| | | | |
|---|---|---|---|
| בֵּיתִי | הוּא | דַּמֶּשֶׂק | אֱלִיעֶזֶר׃ |
| મારા-ઘરનો | તે-છે | દમાસ્કસનો | અલીએઝર |
| | H1931 | H1834 | H0461 |

ઇબ્રામે કહ્યું, "પ્રભુ ઈશ્વર, તમે મને શું આપશો? કેમ કે હું નિ:સંતાન છું અને મારા ઘરનો વારસ આ દમસ્કસનો એલીએઝેર બનશે."

3

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אַבְרָם | הֵן | לִי | לֹא | נָתַתָּה | זָרַע | וְהִנֵּה | בֶן־ | בֵּיתִי | יוֹרֵשׁ | אֹתִי׃ |
| અને-કહ્યુ | આબ્રામે | જુઓ | મને | નથી | આપ્યું | સંતાન | અને-જુઓ | દીકરો | મારા-ઘરનો | વારસ-છે | મારો |
| H0559 | H0087 | H2005 | | H3808 | H5414 | H2233 | H2009 | | | H3423 | H0853 |

ઇબ્રામે કહ્યું, "તમે મને હજી સુધી સંતાન આપ્યું નથી, માટે મારા ઘરનો કારભારી મારો વારસ થશે."

4

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהִנֵּה | דְבַר־ | יְהוָה | אֵלָיו | לֵאמֹר | לֹא | יִירָשְׁךָ | זֶה | כִּי־ | אִם | אֲשֶׁר | יֵצֵא |
| અને-જુઓ | વચન | યહોવાનું | તેને | કહેતાં | નહિ | વારસ-થશે | આ | પણ | ખરેખર | જે | નીકળશે |
| H2009 | H1697 | H3068 | H0413 | H0559 | H3808 | H3423 | H2088 | | | | H3318 |

| | | |
|---|---|---|
| מִמֵּעֶיךָ | הוּא | יִירָשֶׁךָ׃ |
| તારા-શરીરમાંથી | તે | વારસ-થશે-તારો |
| H4578 | H1931 | H3423 |

પછી ઈશ્વરના વચન તેની પાસે આવ્યું અને કહ્યું, "એ તારો વારસ થશે નહિ, પણ તેના બદલે તારો જે પુત્ર જન્મશે તે જ તારો વારસ થશે."

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיּוֹצֵא | אֹתוֹ | הַחוּצָה | וַיֹּאמֶר | הַבֶּט־ | נָא | הַשָּׁמַיְמָה | וּסְפֹר | הַכּוֹכָבִים | אִם־ |
| અને-બહાર-લાવ્યો | તેને | બહાર | અને-કહ્યુ | જો | હવે | આકાશ-તરફ | અને-ગણ | તારા | જો |
| H3318 | H0853 | H2351 | H0559 | H5027 | H4994 | H8064 | | H3556 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| תּוּכַל | לִסְפֹּר | אֹתָם | וַיֹּאמֶר | לוֹ | כֹּה | יִהְיֶה | זַרְעֶךָ׃ |
| શકે | ગણી | તેમને | અને-કહ્યુ | તેને | એવું | થશે | તારું-સંતાન |
| H3201 | | H0853 | H0559 | | H3541 | H1961 | H2233 |

પછી ઈશ્વર ઇબ્રામને રાત્રે ઘરની બહાર આકાશ નીચે લઈ ગયા અને કહ્યું, "તું ઊંચે આકાશ તરફ જો અને ગણી શકે તો તારાઓ ગણ," પછી તેમણે તેને કહ્યું, "એ તારાઓ જેટલાં તારા સંતાન થશે."

6

| | | | | |
|---|---|---|---|---|
| וְהֶאֱמִן | בַּיהוָה | וַיַּחְשְׁבֶהָ | לּוֹ | צְדָקָה׃ |
| અને-વિશ્વાસ-કર્યો | યહોવામાં | અને-ગણ્યું | તેને | ન્યાયીપણું |
| H0539 | H3068 | H2803 | | H6666 |

તેણે ઈશ્વર પર વિશ્વાસ કર્યો અને તેમણે તે તેના ન્યાયીપણાના અર્થે માન્ય રાખ્યો. + 15:6 ન્યાયીપણાના ગલતી 3:6, રોમી 4:3, યાકૂબ 2:23

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֵלָיו | אֲנִי | יְהוָה | אֲשֶׁר | הוֹצֵאתִיךָ | מֵאוּר | כַּשְׂדִּים | לָתֶת | לְךָ | אֶת־ |
| અને-કહ્યુ | તેને | હું-છું | યહોવા | જેણે | બહાર-લાવ્યો-તને | ઉર-માંથી | કાલ્દીઓના | આપવા | તને | આ |
| H0559 | H0413 | H0589 | H3068 | | H3318 | | H3778 | H5414 | | H0853 |

| | | |
|---|---|---|
| הָאָרֶץ | הַזֹּאת | לְרִשְׁתָּהּ׃ |
| ભૂમિ | આ | વારસામાં |
| H0776 | H2063 | H3423 |

ઈશ્વરે તેને કહ્યું, "આ દેશ વતન તરીકે તને આપવા માટે ખાલદીઓના નગર ઉરમાંથી તને અહીં લઈ આવનાર ઈશ્વર હું છું."

8

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיֹּאמַר | אֲדֹנָי | יֱהוִה | בַּמָּה | אֵדַע | כִּי | אִירָשֶׁנָּה׃ |
| અને-કહ્યુ | પ્રભુ | યહોવા | શાથી | જાણું | કે | વારસો-મળશે-મને |
| H0559 | H0136 | H3069 | H4100 | H3045 | | H3423 |

તેણે કહ્યું, “પ્રભુ ઈશ્વર, હું તેનો વારસો પામીશ, એની ખાતરી મને કેવી રીતે થાય?”

9
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אֵלָיו તેને H0413
קְחָה લાવ H3947
לִי મારા-માટે
עֶגְלָה વાછરડી
מְשֻׁלֶּשֶׁת ત્રણ-વર્ષની H8027
וְעֵז અને-બકરી H5795
מְשֻׁלֶּשֶׁת ત્રણ-વર્ષની H8027
וְאַיִל અને-ઘેટો
מְשֻׁלָּשׁ ત્રણ-વર્ષનો H8027
וְתֹר અને-કબૂતર H8449
וְגוֹזָל׃ અને-પારેવડું H1469

પછી તેમણે તેને કહ્યું, “મારે માટે ત્રણ વર્ષની એક વાછરડી, ત્રણ વર્ષની બકરી, ત્રણ વર્ષનું ઘેટું, એક હોલું અને કબૂતરનું બચ્ચું લે.”

10
וַיִּקַּח־ અને-લાવ્યો H3947
לוֹ તેના-માટે
אֶת־ આ H0853
כָּל־ બધાં H3605
אֵלֶּה આ H0428
וַיְבַתֵּר અને-કાપ્યાં H1334
אֹתָם તેમને H0853
בַּתָּוֶךְ વચ્ચેથી H8432
וַיִּתֵּן અને-મૂક્યું H5414
אִישׁ־ દરેક H0376
בִּתְרוֹ ટુકડો H1335
לִקְרַאת સામે H7125
רֵעֵהוּ બીજાની H7453
וְאֶת־ પણ H0853
הַצִּפֹּר પક્ષીને H6833
לֹא નહિ H3808
בָתָר׃ કાપ્યું H1334

તેણે એ સર્વ લીધાં, તેઓને વચ્ચેથી બે ભાગમાં કાપ્યા અને દરેકના અડધા ભાગને સામસામા મૂક્યા, પણ તેણે પક્ષીઓને કાપ્યાં નહિ.

11
וַיֵּרֶד અને-ઊતર્યા H3381
הָעַיִט શિકારી-પક્ષીઓ H5861
עַל־ ઉપર
הַפְּגָרִים મૃતદેહો-પર H6297
וַיַּשֵּׁב અને-હટાવ્યા H5380
אֹתָם તેમને H0853
אַבְרָם׃ આબ્રામે H0087

જયારે શિકારી પક્ષી તે મૃત દેહ ઉપર ધસી આવ્યાં ત્યારે ઇબ્રામે તેઓને ઉડાડી દીધાં.

12
וַיְהִי અને-થયું H1961
הַשֶּׁמֶשׁ સૂર્ય H8121
לָבוֹא આથમવા H0935
וְתַרְדֵּמָה અને-ગાઢ-ઊંઘ H8639
נָפְלָה આવી H5307
עַל־ ઉપર
אַבְרָם આબ્રામ-પર H0087
וְהִנֵּה અને-જુઓ H2009
אֵימָה ભય H0367
חֲשֵׁכָה અંધારું H2825
גְדֹלָה મોટું
נֹפֶלֶת પડ્યું H5307
עָלָיו׃ તેના-ઉપર

પછી સૂર્ય આથમતો હતો ત્યારે ઇબ્રામ ભરનિદ્રામાં પડ્યો અને તેના પર ભયંકર અંધકાર આવી પડ્યો.

13
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
לְאַבְרָם આબ્રામને H0087
יָדֹעַ ખાતરી-રાખ H3045
תֵּדַע જાણજે H3045
כִּי־ કે
גֵר પરદેશી H1616
יִהְיֶה થશે H1961
זַרְעֲךָ તારું-સંતાન H2233
בְּאֶרֶץ ભૂમિમાં H0776
לֹא નહિ H3808
לָהֶם તેમની
וַעֲבָדוּם અને-સેવા-કરશે H5647
וְעִנּוּ અને-પીડાશે
אֹתָם તેમને H0853
אַרְבַּע ચારસો H0702
מֵאוֹת સો H3967
שָׁנָה׃ વર્ષ H8141

પછી ઈશ્વરે ઇબ્રામને કહ્યું, “તું નિશ્ચે જાણી લે કે, તારા વંશજો વિદેશમાં ભટકશે, ગુલામ બનશે અને તેઓ પર ચારસો વર્ષ સુધી જુલમ ગુજારવામાં આવશે.

14
וְגַם અને-પણ H1571
אֶת־ નો H0853
הַגּוֹי દેશ
אֲשֶׁר જેની
יַעֲבֹדוּ સેવા-કરશે H5647
דָּן ન્યાય-કરીશ H1777
אָנֹכִי હું H0595
וְאַחֲרֵי־ અને-પછી
כֵן તે
יֵצְאוּ નીકળશે H3318
בִּרְכֻשׁ સંપત્તિ-સાથે H7399
גָּדוֹל׃ મોટી

તેઓ જે લોકોની સેવા કરશે, તે લોકોનો ન્યાય હું કરીશ અને ત્યાર પછી તેઓ ઘણી સંપત્તિ લઈને ત્યાંથી મુક્ત થઈને બહાર આવશે.

15
וְאַתָּה અને-તું
תָּבוֹא જઈશ H0935
אֶל־ પાસે H0413
אֲבֹתֶיךָ તારા-પિતૃઓ H0001
בְּשָׁלוֹם શાંતિમાં H7965
תִּקָּבֵר દફનાવાશે H6912
בְּשֵׂיבָה સારી-ઘડપણમાં H7872
טוֹבָה׃ સારી

પણ તું પોતાના પૂર્વજોની પાસે શાંતિએ જશે અને તું ઘણી વૃદ્ધ ઉંમરે મૃત્યુ પામશે અને દફનાવાશે.

16

| | | |
|---|---|---|
| וְד֣וֹר | અને-ચોથી | H1755 |
| רְבִיעִ֖י | પેઢીમાં | H7243 |
| יָשׁ֣וּבוּ | પાછા-આવશે | H7725 |
| הֵ֑נָּה | અહીં | H2008 |
| כִּ֠י | કારણ-કે | |
| לֹא־ | નથી | H3808 |
| שָׁלֵ֛ם | પૂરું | H8003 |
| עֲוֺ֥ן | પાપ | H5771 |
| הָאֱמֹרִ֖י | અમોરીઓનું | H0567 |
| עַד־ | ત્યાં-સુધી | H5704 |
| הֵֽנָּה׃ | હજી | H2008 |

તારા વંશજો ત્યાંથી ચોથી પેઢીમાં અહીં પાછા આવશે, કેમ કે અત્યારે અહીં રહેતા અમોરીઓના પાપનો ઘડો ત્યારે ભરાઈ જશે અથવા તેઓ શિક્ષાને પાત્ર થશે.”

17

| | | |
|---|---|---|
| וַיְהִ֤י | અને-થયું | H1961 |
| הַשֶּׁ֙מֶשׁ֙ | સૂર્ય | H8121 |
| בָּ֔אָה | આથમ્યો | H0935 |
| וַעֲלָטָ֖ה | અને-અધારું | H5939 |
| הָיָ֑ה | થયું | H1961 |
| וְהִנֵּ֨ה | અને-જુઓ | H2009 |
| תַנּ֤וּר | ભઠ્ઠી | H8574 |
| עָשָׁן֙ | ધુમાડાની | H6227 |
| וְלַפִּ֣יד | અને-મશાલ | H3940 |
| אֵ֔שׁ | આગની | H0784 |
| אֲשֶׁ֣ר | જે | |
| עָבַ֔ר | પસાર-થઈ | |
| בֵּ֖ין | વચ્ચે | H0996 |
| הַגְּזָרִ֥ים | ટુકડાઓના | H1506 |
| הָאֵֽלֶּה׃ | આ | H0428 |

સૂર્ય આથમતાં અધારું થયું, ત્યારે જુઓ, એક સળગતી સગડી તથા બળતી મશાલ એ ટુકડાંઓની વચ્ચેથી પસાર થઈ.

18

| | | |
|---|---|---|
| בַּיּ֣וֹם | તે-દિવસે | H3117 |
| הַה֗וּא | તે | H1931 |
| כָּרַ֧ת | બાંધ્યો | H3772 |
| יְהוָ֛ה | યહોવાએ | H3068 |
| אֶת־ | સાથે | H0854 |
| אַבְרָ֖ם | આબ્રામ | H0087 |
| בְּרִ֣ית | કરાર | H1285 |
| לֵאמֹ֑ר | કહેતાં | H0559 |
| לְזַרְעֲךָ֗ | તારા-સંતાનને | H2233 |
| נָתַ֙תִּי֙ | આપ્યો-છે | H5414 |
| אֶת־ | આ | H0853 |
| הָאָ֣רֶץ | ભૂમિ | H0776 |
| הַזֹּ֔את | આ | H2063 |
| מִנְּהַ֣ר | નદીથી | H5104 |
| מִצְרַ֔יִם | ઇજિપ્તની | H4714 |
| עַד־ | સુધી | H5704 |
| הַנָּהָ֥ר | નદી | H5104 |
| הַגָּדֹ֖ל | મોટી | |
| נְהַר־ | નદી | H5104 |
| פְּרָֽת׃ | ફ્રાત | H6578 |

તે જ દિવસે ઈશ્વરે ઇબ્રામ સાથે કરાર કરીને કહ્યુ, “મિસરની નદીથી તે મોટી નદી ફ્રાત સુધી આ દેશ મેં તારા વંશજોને આપ્યો છે.

19

| | | |
|---|---|---|
| אֶת־ | નો | H0853 |
| הַקֵּינִי֙ | કેનીઓનો | H7017 |
| וְאֶת־ | અને-નો | H0853 |
| הַקְּנִזִּ֔י | કનિઝ્ઝીઓનો | H7074 |
| וְאֵ֖ת | અને | H0853 |
| הַקַּדְמֹנִֽי׃ | કાદ્મોનીઓનો | H6935 |

કેનીઓનો, કનિઝીઓનો, કાદમોનીઓનો;

20

| | | |
|---|---|---|
| וְאֶת־ | અને-નો | H0853 |
| הַחִתִּ֥י | હિત્તીઓનો | H2850 |
| וְאֶת־ | અને-નો | H0853 |
| הַפְּרִזִּ֖י | પરિઝ્ઝીઓનો | H6522 |
| וְאֶת־ | અને-નો | H0853 |
| הָרְפָאִֽים׃ | રફાઈમોનો | |

હિત્તીઓનો, પરિઝીઓનો, રફાઈઓનો;

21

| | | |
|---|---|---|
| וְאֶת־ | અને-નો | H0853 |
| הָאֱמֹרִי֙ | અમોરીઓનો | H0567 |
| וְאֶת־ | અને-નો | H0853 |
| הַֽכְּנַעֲנִ֔י | કનાનીઓનો | |
| וְאֶת־ | અને-નો | H0853 |
| הַגִּרְגָּשִׁ֖י | ગિર્ગાશીઓનો | H1622 |
| וְאֶת־ | અને-નો | H0853 |
| הַיְבוּסִֽי׃ | યબૂસીઓનો | H2983 |
| ס | — | |

અમોરીઓનો, કનાનીઓનો, ગિર્ગાશીઓનો તથા યબૂસીઓનો દેશ તેઓને આપ્યો છે.”

# Chapter 16

1

| | | |
|---|---|---|
| וְשָׂרַי֙ | અને-સારાઈ | H8297 |
| אֵ֣שֶׁת | પત્ની | H0802 |
| אַבְרָ֔ם | આબ્રામની | H0087 |
| לֹ֥א | નહોતી | H3808 |
| יָלְדָ֖ה | જન્મી | H3205 |
| ל֑וֹ | તેને | |
| וְלָ֛הּ | અને-તેની | |
| שִׁפְחָ֥ה | દાસી | H8198 |
| מִצְרִ֖ית | મિસરી | H4713 |
| וּשְׁמָ֥הּ | અને-તેનું-નામ | H8034 |
| הָגָֽר׃ | હાગાર | H1904 |

હવે ઇબ્રામની પત્ની સારાયને બાળકો થતાં ન હતાં. તેની એક મિસરી દાસી હતી. તેનું નામ હાગાર હતું.

2

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֹּאמֶר | שָׂרַי | אֶל־ | אַבְרָם | הִנֵּה־ | נָא | עֲצָרַנִי | יְהוָה | מִלֶּדֶת | בֹּא־ | נָא | אֶל־ |
| અને-કહ્યુ | સારાઈએ | ને | આબ્રામને | જુઓ | હવે | રોક્યું-છે-મને | યહોવાએ | જન્મથી | જાઓ | હવે | પાસે |
| H0559 | H8297 | H0413 | H0087 | H2009 | H4994 | H6113 | H3068 | H3205 | H0935 | H4994 | H0413 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שִׁפְחָתִי | אוּלַי | אִבָּנֶה | מִמֶּנָּה | וַיִּשְׁמַע | אַבְרָם | לְקוֹל | שָׂרָי׃ |
| મારી-દાસીને | કદાચ | ઘડાઉં | તેનાથી | અને-સાંભળ્યું | આબ્રામે | અવાજ | સારાઈનો |
| H8198 | H0194 | H1129 | | H8085 | H0087 | | H8297 |

તેથી સારાયે ઇબ્રામને કહ્યુ, "જો, ઈશ્વરે મને બાળકો થવા દીધાં નથી. માટે તું મારી દાસી સાથે સૂઈ જા, કદાપિ તેનાથી હું બાળક પ્રાપ્ત કરું." ઇબ્રામે સારાયનું કહ્યુ માન્યું.

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתִּקַּח | שָׂרַי | אֵשֶׁת־ | אַבְרָם | אֶת־ | הָגָר | הַמִּצְרִית | שִׁפְחָתָהּ | מִקֵּץ | עֶשֶׂר | שָׁנִים |
| અને-લીધી | સારાઈએ | પત્ની | આબ્રામની | ને | હાગાર | મિસરી | તેની-દાસીને | અંતે | દશ | વર્ષ |
| H3947 | H8297 | H0802 | H0087 | H0853 | H1904 | H4713 | H8198 | H7093 | H6235 | H8141 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לְשֶׁבֶת | אַבְרָם | בְּאֶרֶץ | כְּנָעַן | וַתִּתֵּן | אֹתָהּ | לְאַבְרָם | אִישָׁהּ | לוֹ | לְאִשָּׁה׃ |
| રહેવા-પછી | આબ્રામના | ભૂમિમાં | કનાનની | અને-આપી | તેને | આબ્રામ | તેના-પતિને | તેને | પત્ની-તરીકે |
| H3427 | H0087 | H0776 | | H5414 | H0853 | H0087 | H0376 | | H0802 |

ઇબ્રામ કનાન દેશમાં દસ વર્ષ રહ્યો પછી તેની પત્ની સારાયે તેની મિસરી દાસી હાગારને તેના પતિ ઇબ્રામને પત્ની તરીકે આપી.

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹא | אֶל־ | הָגָר | וַתַּהַר | וַתֵּרֶא | כִּי | הָרָתָה | וַתֵּקַל | גְּבִרְתָּהּ | בְּעֵינֶיהָ׃ |
| અને-ગયો | પાસે | હાગારને | અને-ગર્ભવતી-થઈ | અને-જોયું | કે | ગર્ભવતી-છે | અને-તુચ્છી-ગણી | તેની-શેઠાણીને | તેની-નજરમાં |
| H0935 | H0413 | H1904 | H2029 | H7200 | | H2029 | H7043 | H1404 | |

ઇબ્રામના હાગાર સાથેના સંબંધથી તે ગર્ભવતી થઈ. જયારે તેણે જાણ્યું કે હું ગર્ભવતી થઈ છું ત્યારે તેણે તેની શેઠાણીનો તિરસ્કાર કર્યો.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֹּאמֶר | שָׂרַי | אֶל־ | אַבְרָם | חֲמָסִי | עָלֶיךָ | אָנֹכִי | נָתַתִּי | שִׁפְחָתִי | בְּחֵיקֶךָ |
| અને-કહ્યુ | સારાઈએ | ને | આબ્રામને | મારું-અપમાન | તારા-ઉપર | મેં | આપી | મારી-દાસી | તારા-ખોળામાં |
| H0559 | H8297 | H0413 | H0087 | H2555 | | H0595 | H5414 | H8198 | H2436 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַתֵּרֶא | כִּי | הָרָתָה | וָאֵקַל | בְּעֵינֶיהָ | יִשְׁפֹּט | יְהוָה | בֵּינִי | וּבֵינֶיךָ׃ |
| અને-જોયું | કે | ગર્ભવતી-છે | અને-તુચ્છી-ગણાઈ | તેની-નજરમાં | ન્યાય-કરે | યહોવા | વચ્ચે | મારા-અને-તારા |
| H7200 | | H2029 | H7043 | | H8199 | H3068 | H0996 | H0996 |

પછી સારાયે ઇબ્રામને કહ્યુ, "મારી સાથે આ ખોટું થયું છે. મેં મારી દાસી તને આપી અને જયારે ખાતરી થઈ કે તે ગર્ભવતી થઈ છે ત્યારે તેની દ્રષ્ટિમાં હું તુચ્છ થઈ છું. મારી અને તારી વચ્ચે ઈશ્વર ન્યાય કરો."

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אַבְרָם | אֶל־ | שָׂרַי | הִנֵּה | שִׁפְחָתֵךְ | בְּיָדֵךְ | עֲשִׂי־ | לָהּ | הַטּוֹב | בְּעֵינָיִךְ |
| અને-કહ્યુ | આબ્રામે | ને | સારાઈને | જુઓ | તારી-દાસી | તારા-હાથમાં | કર | તેને | સારું | તારી-નજરમાં |
| H0559 | H0087 | H0413 | H8297 | H2009 | H8198 | H3027 | | | | |

| | | | |
|---|---|---|---|
| וַתְּעַנֶּהָ | שָׂרַי | וַתִּבְרַח | מִפָּנֶיהָ׃ |
| અને-કષ્ટ-આપ્યું | સારાઈએ | અને-ભાગી-ગઈ | તેની-પાસેથી |
| | H8297 | H1272 | H6440 |

"પણ ઇબ્રામે સારાયને કહ્યુ, "તારી દાસી તારા અધિકારમાં છે, જે તને સારું લાગે તે તેને કર." તેથી સારાયે તેની સાથે કઠોર વર્તાવ કર્યો. એટલે તેની પાસેથી હાગાર ભાગી ગઈ.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּמְצָאָהּ | מַלְאַךְ | יְהוָה | עַל־ | עֵין | הַמַּיִם | בַּמִּדְבָּר | עַל־ | הָעַיִן | בְּדֶרֶךְ | שׁוּר׃ |
| અને-શોધી | દૂતે | યહોવાના | પાસે | ઝરણા | પાણીના | અરણ્યમાં | પાસે | ઝરણા | રસ્તા-ઉપર | શૂરના |
| H4672 | H4397 | H3068 | | | H4325 | | | | H1870 | H7793 |

અરણ્યમાં શૂરના માર્ગે પાણીનો જે ઝરો હતો તેની પાસે ઈશ્વરના દૂતે તેને જોઈ.

8

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֹּאמַ֗ר | અને-કહ્યુ | H0559 |
| הָגָ֞ר | હાગાર | H1904 |
| שִׁפְחַ֥ת | દાસી | H8198 |
| שָׂרַ֛י | સારાઈની | H8297 |
| אֵֽי־ | ક્યાંથી | H0335 |
| מִזֶּ֥ה | અહીં | H2088 |
| בָ֖את | આવે-છે | H0935 |
| וְאָ֣נָה | અને-ક્યાં | H0575 |
| תֵלֵ֑כִי | જાએ-છે | H3212 |
| וַתֹּ֕אמֶר | અને-કહ્યુ | H0559 |
| מִפְּנֵי֙ | પાસેથી | H6440 |
| שָׂרַ֣י | સારાઈ | H8297 |
| גְּבִרְתִּ֔י | મારી-શેઠાણીથી | H1404 |
| אָנֹכִ֖י | હું | H0595 |
| בֹּרַֽחַת׃ | ભાગી-રહી-છું | H1272 |

દૂતે તેને કહ્યુ, "સારાયની દાસી હાગાર, તું ક્યાંથી આવી અને ક્યાં જઈ રહી છે?" અને તેણે કહ્યુ, "મારી શેઠાણી સારાયની પાસેથી હું નાસી જઈ રહી છું."

9

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֹּ֤אמֶר | અને-કહ્યુ | H0559 |
| לָהּ֙ | તેને | |
| מַלְאַ֣ךְ | દૂત | H4397 |
| יְהוָ֔ה | યહોવાના | H3068 |
| שׁ֖וּבִי | પાછી-જા | H7725 |
| אֶל־ | પાસે | H0413 |
| גְּבִרְתֵּ֑ךְ | તારી-શેઠાણીને | H1404 |
| וְהִתְעַנִּ֖י | અને-નમ્ર-રહે | |
| תַּ֥חַת | નીચે | H8478 |
| יָדֶֽיהָ׃ | તેના-હાથમાં | H3027 |

ઈશ્વરના દૂતે તેને કહ્યુ, "તું તારી શેઠાણી પાસે પાછી જા. અને તેની આધીનતામાં રહે."

10

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֹּ֤אמֶר | અને-કહ્યુ | H0559 |
| לָהּ֙ | તેને | |
| מַלְאַ֣ךְ | દૂત | H4397 |
| יְהוָ֔ה | યહોવાના | H3068 |
| הַרְבָּ֥ה | ઘણું | |
| אַרְבֶּ֖ה | વધારીશ | |
| אֶת־ | ને | H0853 |
| זַרְעֵ֑ךְ | તારું-સંતાન | H2233 |
| וְלֹ֥א | અને-નહિ | H3808 |
| יִסָּפֵ֖ר | ગણાશે | |
| מֵרֹֽב׃ | બહુતાથી | H7230 |

વળી ઈશ્વરના દૂતે તેને કહ્યુ, "હું તારો વંશ ઘણો વધારીશ. તારા વંશમાં અસંખ્ય સંતાનો થશે."

11

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֹּ֤אמֶר | અને-કહ્યુ | H0559 |
| לָהּ֙ | તેને | |
| מַלְאַ֣ךְ | દૂત | H4397 |
| יְהוָ֔ה | યહોવાના | H3068 |
| הִנָּ֥ךְ | જુઓ | H2009 |
| הָרָ֖ה | ગર્ભવતી-છે-તું | |
| וְיֹלַ֣דְתְּ | અને-જન્મશે | H3205 |
| בֵּ֑ן | દીકરો | |
| וְקָרָ֤את | અને-નામ-રાખશે | H7121 |
| שְׁמוֹ֙ | તેનું-નામ | H8034 |
| יִשְׁמָעֵ֔אל | ઇશ્માએલ | H3458 |
| כִּֽי־ | કારણ-કે | |
| שָׁמַ֥ע | સાંભળ્યું | H8085 |
| יְהוָ֖ה | યહોવાએ | H3068 |
| אֶל־ | તે | H0413 |
| עָנְיֵֽךְ׃ | તારી-વેદના | H6040 |

દૂતે તેને એ પણ કહ્યુ, "તું ગર્ભવતી છે. તું દીકરાને જન્મ આપશે. તેને તું ઇશ્માએલ + 16:11 ઇશ્માએલ ઈશ્વર સંભાળે છે નામ આપજે. કેમ કે ઈશ્વરે તારું દુઃખ સાંભળ્યું છે.

12

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְה֤וּא | અને-તે | H1931 |
| יִהְיֶה֙ | થશે | H1961 |
| פֶּ֣רֶא | જંગલી | H6501 |
| אָדָ֔ם | માણસ | H0120 |
| יָד֣וֹ | તેનો-હાથ | H3027 |
| בַכֹּ֔ל | સર્વ-વિરુદ્ધ | H3605 |
| וְיַ֥ד | અને-હાથ | H3027 |
| כֹּ֖ל | સર્વનો | H3605 |
| בּ֑וֹ | તેની-વિરુદ્ધ | |
| וְעַל־ | અને | |
| פְּנֵ֥י | સામે | H6440 |
| כָל־ | બધા | H3605 |
| אֶחָ֖יו | તેના-ભાઈઓની | H0251 |
| יִשְׁכֹּֽן׃ | રહેશે | H7931 |

તે માણસો મધ્યે જંગલના ગર્દભ જેવો થશે. તેનો હાથ દરેકની વિરુદ્ધ તથા દરેકનો હાથ તેની વિરુદ્ધ થશે અને તે પોતાના સર્વ ભાઈઓની વચ્ચે + 16:12 વચ્ચે પૂર્વ પ્રદેશ દુશ્મનાવટથી રહેશે."

13

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַתִּקְרָ֤א | અને-કહ્યુ-તેણે | H7121 |
| שֵׁם־ | નામ | H8034 |
| יְהוָה֙ | યહોવાનું | H3068 |
| הַדֹּבֵ֣ר | જેએ-બોલ્યા | H1696 |
| אֵלֶ֔יהָ | તેને | H0413 |
| אַתָּ֖ה | તું-છે | |
| אֵ֣ל | ઈશ્વર | H0410 |
| רֳאִ֑י | જે-જુએ-છે | H7210 |
| כִּ֣י | કારણ-કે | |
| אָֽמְרָ֗ה | કહ્યુ-તેણે | H0559 |
| הֲגַ֥ם | શું-ખરેખર | H1571 |
| הֲלֹ֛ם | અહીં | H1988 |
| רָאִ֖יתִי | જોયું-મેં | H7200 |
| אַחֲרֵ֥י | પછી | |
| רֹאִֽי׃ | જોનારને | H7200 |

"પછી તેણે ઈશ્વર; જેઓ તેની સાથે વાત કરતા હતા તેમનું નામ "એલ-રોઈ + 16:13 એલ-રોઈ ઈશ્વર જે મને જુએ છે" પાડ્યું, કેમ કે તેણે કહ્યુ, "ઈશ્વરે મારા પર દ્રષ્ટિ કરી છે શું?"

14

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| עַל־ | તેથી | |
| כֵּן֙ | તે | |
| קָרָ֣א | બોલાવ્યો | H7121 |
| לַבְּאֵ֔ר | કૂવાને | H0875 |
| בְּאֵ֥ר לַחַ֖י רֹאִ֑י | બેએર-લહી-રોઈ | H0883 |
| הִנֵּ֥ה | જુઓ | H2009 |
| בֵין־ | વચ્ચે | H0996 |
| קָדֵ֖שׁ | કાદેશ | H6946 |
| וּבֵ֥ין | અને-વચ્ચે | H0996 |
| בָּֽרֶד׃ | બારેદ | H1260 |

તે માટે તે ઝરાનું નામ બેર-લાહાય-રોઈ + 16:14 બેર-લાહાય-રોઈ જીવતો ઈશ્વરનો કૂવો રાખવામાં આવ્યું; તે કાદેશ તથા બેરેદની વચ્ચે આવેલો છે.

15
וַתֵּלֶד અને-જન્માવ્યો H3205
הָגָר હાગારે H1904
לְאַבְרָם આબ્રામને H0087
בֵּן દીકરો
וַיִּקְרָא અને-નામ-રાખ્યું H7121
אַבְרָם આબ્રામે H0087
שֶׁם־ નામ H8034
בְּנוֹ તેના-દીકરાનું
אֲשֶׁר־ જેને
יָלְדָה જન્માવ્યો-હતો H3205
הָגָר હાગારે H1904
יִשְׁמָעֵאל׃ ઇશ્માએલ H3458

હાગારે ઇબ્રામના દીકરાને જન્મ આપ્યો અને ઇબ્રામે હાગારથી જન્મેલા તેના દીકરાનું નામ ઇશ્માએલ પાડ્યું.

16
וְאַבְרָם અને-આબ્રામ H0087
בֶּן־ દીકરાનો
שְׁמֹנִים એંશી H8084
שָׁנָה વર્ષનો H8141
וְשֵׁשׁ અને-છ H8337
שָׁנִים વર્ષનો H8141
בְּלֶדֶת־ જન્માવ્યો-જ્યારે H3205
הָגָר હાગારે H1904
אֶת־ ને H0853
יִשְׁמָעֵאל ઇશ્માએલને H3458
לְאַבְרָם׃ આબ્રામને H0087
ס

שִׁכְבִי સૂઈ-જા H7901
עִמּוֹ તેની-સાથે
וּנְחַיֶּה અને-જીવતો-રાખીએ H2421
מֵאָבִינוּ આપણા-પિતાથી H0001
זָרַע׃ સંતાન H2233

બીજા દિવસે મોટી દીકરીએ નાનીને કહ્યુ, "સાંભળ, ગઈ કાલે રાત્રે હું આપણા પિતાની સાથે સૂઈ ગઈ હતી. ચાલ આજે રાત્રે પણ આપણે તેમને દ્રાક્ષાસવ પીવડાવીએ અને તું પણ અંદર જઈને તેમની સોડમાં સૂઈ જા, કે જેથી આપણે આપણા પિતાનો વંશ વધારીએ."

35
וַתַּשְׁקֶיןָ અને-પિવડાવ્યો H8248
גַּם પણ H1571
בַּלַּיְלָה તે-રાત્રે H3915
הַהוּא તે H1931
אֶת־ નો H0853
אֲבִיהֶן તેમના-પિતાને H0001
יָיִן દ્રાક્ષારસ H3196
וַתָּקָם અને-ઉઠી
הַצְּעִירָה નાની H6810
וַתִּשְׁכַּב અને-સૂઈ H7901
עִמּוֹ તેની-સાથે
וְלֹא־ અને-નહિ H3808
יָדַע જાણ્યું H3045
בְּשִׁכְבָהּ તેની-સૂવામાં H7901
וּבְקֻמָהּ׃ અને-તેની-ઉઠવામાં

તેઓએ તે રાત્રે પણ પિતાને દ્રાક્ષાસવ પીવડાવ્યો. પછી નાની દીકરી ઊઠીને તેની સોડમાં સૂઈ ગઈ. તે ક્યારે સૂઈ ગઈ અને ક્યારે ઊઠી, એની કશી ખબર લોતને પડી નહિ.

36
וַתַּהֲרֶיןָ અને-ગર્ભવતી-થઈ H2029
שְׁתֵּי બે H8147
בְנוֹת־ દીકરીઓ H1323
לוֹט લોતની H3876
מֵאֲבִיהֶן׃ તેમન□-પિતાથી H0001

લોતની બન્ને દીકરીઓ પોતાના પિતા દ્વારા ગર્ભવતી થઈ.

37
וַתֵּלֶד અને-જન્માવ્યો H3205
הַבְּכִירָה મોટીએ H1067
בֵּן દીકરો
וַתִּקְרָא અને-નામ-રાખ્યું H7121
שְׁמוֹ તેનું-નામ H8034
מוֹאָב મોઆબ H4124
הוּא તે H1931
אֲבִי־ પિતા-છે H0001
מוֹאָב મોઆબનો H4124
עַד־ આજ-સુધી H5704
הַיּוֹם׃ તે-દિવસ H3117

મોટી દીકરીએ એક દીકરાને જન્મ આપ્યો અને તેનું નામ મોઆબ રાખ્યું. તે આજ સુધીના મોઆબીઓનો પૂર્વજ છે.

38
וְהַצְּעִירָה અને-નાનીએ H6810
גַם־ પણ H1571
הִוא તેણે-પણ H1931
יָלְדָה જન્માવ્યો H3205
בֵּן દીકરો
וַתִּקְרָא અને-નામ-રાખ્યું H7121
שְׁמוֹ તેનું-નામ H8034
בֶּן־עַמִּי બેન-આમ્મી H1151
הוּא તે H1931
אֲבִי પિતા-છે H0001
בְנֵי־ દીકરાઓન□
עַמּוֹן આમ્મોનનો H5983
עַד־ આજ-સુધી H5704
הַיּוֹם׃ તે-દિવસ H3117
ס —

એ જ પ્રમાણે નાનીએ પણ એક દીકરાને જન્મ આપ્યો અને તેનું નામ તેણે બેન-આમ્મી રાખ્યું. તે આજ સુધીના આમ્મોનીઓનો પૂર્વજ છે.

## Chapter 20

1
וַיִּסַּע અને-મુસાફરી-કરી H5265
מִשָּׁם ત્યાંથી H8033
אַבְרָהָם અબ્રાહામે H0085
אַרְצָה દેશ-તરફ H0776
הַנֶּגֶב નેગેબના H5045
וַיֵּשֶׁב અને-વસ્યો H3427
בֵּין־ વચ્ચે H0996
קָדֵשׁ કાદેશ H6946
וּבֵין અને-વચ્ચે H0996
שׁוּר શૂરના H7793
וַיָּגָר અને-રહ્યો
בִּגְרָר׃ ગરારમાં H1642

ઇબ્રાહિમ મુસાફરી કરતા નેગેબ દેશ તરફ જઈને કાદેશ તથા શૂરની વચ્ચે રહ્યો. તેણે ગેરારમાં વિદેશી તરીકે વસવાટ કર્યો.

2
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אַבְרָהָם અબ્રાહામે H0085
אֶל־ વિષે H0413
שָׂרָה સારાહ H8283
אִשְׁתּוֹ પત્ની-તેની H0802
אֲחֹתִי બહેન-મારી H0269
הִוא છે-તે H1931
וַיִּשְׁלַח અને-મોકલ્યો H7971
אֲבִימֶלֶךְ અબીમેલેખે H0040
מֶלֶךְ રાજા H4428
גְּרָר ગરારના H1642
וַיִּקַּח અને-લીધી H3947
אֶת־ (કર્મ) H0853
שָׂרָה׃ સારાહને H8283

ઇબ્રાહિમે પોતાની પત્ની સારા વિષે કહ્યુ, "તે મારી બહેન છે." તેથી ગેરારના રાજા અબીમેલેખે માણસો મોકલીને સારાને બોલાવી લીધી.

3
וַיָּבֹא અને-આવ્યા H0935
אֱלֹהִים ઈશ્વર H0430
אֶל־ પાસે H0413
אֲבִימֶלֶךְ અબીમેલેખ H0040
בַּחֲלוֹם સ્વપ્નમાં H2472
הַלָּיְלָה રાત્રીના H3915
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
לוֹ તેને
הִנְּךָ જો-તું H2009
מֵת મરનાર-છે H4191
עַל־ કારણે
הָאִשָּׁה સ્ત્રીના H0802
אֲשֶׁר־ જે
לָקַחְתָּ લીધી-છે H3947
וְהִוא અને-તે H1931
בְּעֻלַת પત્ની-છે H1166
בָּעַל׃ પતિની H1167

પણ રાત્રે સ્વપ્નમાં ઈશ્વરે અબીમેલેખને કહ્યુ, "તું પોતાને મરણ પામેલો જાણજે, કેમ કે જે સ્ત્રીને તેં પચાવી પાડી છે, તે એક પુરુષની પત્ની છે."

4
וַאֲבִימֶלֶךְ અને-અબીમેલેખ H0040
לֹא નહોતો H3808
קָרַב નજીક-આવ્યો H7126
אֵלֶיהָ તેની-પાસે H0413
וַיֹּאמַר અને-કહ્યુ H0559
אֲדֹנָי પ્રભુ H0136
הֲגוֹי શું-પ્રજાને
גַּם־ પણ H1571
צַדִּיק નિર્દોષ H6662
תַּהֲרֹג׃ મારશે H2026

હવે અબીમેલેખ તેની પાસે ગયો ન હતો અને તેણે કહ્યુ, "પ્રભુ, શું તમે ન્યાયી લોકોનો પણ નાશ કરશો?

5
הֲלֹא શું-નહિ H3808
הוּא તેણે H1931
אָמַר־ કહ્યુ H0559
לִי મને
אֲחֹתִי બહેન-મારી H0269
הִוא છે-તે H1931
וְהִיא־ અને-તેણે H1931
גַם־ પણ H1571
הִוא તે H1931
אָמְרָה કહ્યુ H0559
אָחִי ભાઈ-મારો H0251
הוּא છે-તે H1931
בְּתָם־ નિર્દોષતાથી H8537
לְבָבִי હૃદય-મારા H3824
וּבְנִקְיֹן અને-શુદ્ધતાથી
כַּפַּי હાથ-મારા H3709
עָשִׂיתִי કર્યુ-મેં
זֹאת׃ આ H2063

શું ઇબ્રાહિમે પોતે જ મને કહ્યુ ન હતું કે, 'તે મારી બહેન છે?' વળી તે સ્ત્રીએ પોતે પણ કહ્યુ હતું કે, 'તે મારો ભાઈ છે.' મેં મારા સાચા હૃદયથી તથા નિર્દોષ હાથથી આ કામ કર્યું છે."

6
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אֵלָיו તેને H0413
הָאֱלֹהִים ઈશ્વરે H0430
בַּחֲלֹם સ્વપ્નમાં H2472
גַּם પણ H1571
אָנֹכִי હું H0595
יָדַעְתִּי જાણું-છું H3045
כִּי કે
בְתָם־ નિર્દોષતાથી H8537
לְבָבְךָ હૃદય-તારા H3824
עָשִׂיתָ કર્યું-તેં
זֹּאת આ H2063
וָאֶחְשֹׂךְ અને-રોક્યો H2820
גַּם־ પણ H1571
אָנֹכִי મેં H0595
אוֹתְךָ તને H0853
מֵחֲטוֹ־ પાપ-કરતાં H2398
לִי મારા-વિરુદ્ધ
עַל־ તેથી
כֵּן જ
לֹא־ ન H3808
נְתַתִּיךָ દીધી-તને H5414
לִנְגֹּעַ સ્પર્શ-કરવાની H5060
אֵלֶיהָ׃ તેને H0413

પછી ઈશ્વરે સ્વપ્નમાં તેને કહ્યુ, “હા, હું જાણું છું કે તેં તારા સાચા હૃદયથી આ કામ કર્યું છે અને મેં પણ તને મારી વિરુદ્ધ અપરાધ કરવાથી અટકાવ્યો છે. તેથી મેં તને તેને સ્પર્શવા માટે પરવાનગી આપી નહિ.

7

| | | |
|---|---|---|
| וְעַתָּה | અને-હવે | H6258 |
| הָשֵׁב | પાછી-આપ | H7725 |
| אֵֽשֶׁת־ | પત્ની | H0802 |
| הָאִישׁ | માણસની | H0376 |
| כִּֽי־ | કારણ-કે | |
| נָבִיא | પ્રબોધક | H5030 |
| הוּא | છે-તે | H1931 |
| וְיִתְפַּלֵּל | અને-પ્રાર્થના-કરશે | H6419 |
| בַּֽעַדְךָ | તારા-માટે | H1157 |
| וֶֽחְיֵה | અને-જીવ | H2421 |
| וְאִם־ | અને-જો | |
| אֵֽינְךָ | તું-ન | H0369 |
| מֵשִׁיב | પાછી-આપે | H7725 |
| דַּע | જાણ | H3045 |
| כִּי־ | કે | |
| מוֹת | ચોક્કસ | H4191 |
| תָּמוּת | મરશે | H4191 |
| אַתָּה | તું | |
| וְכָל־ | અને-બધા | H3605 |
| אֲשֶׁר־ | જે | |
| לָֽךְ׃ | તારા-છે | |

તેથી, તે માણસની પત્નીને તું પાછી આપ. કેમ કે તે પ્રબોધક છે. તે તારા માટે પ્રાર્થના કરશે અને તું જીવશે. પણ જો તું તેને પાછી નહિ આપે, તો જાણજે કે તું તથા તારા સર્વ લોકો નિશ્ચે મરણ પામશો.”

8

| | | |
|---|---|---|
| וַיַּשְׁכֵּם | અને-વહેલો-ઊઠ્યો | H7925 |
| אֲבִימֶלֶךְ | અબીમેલેખ | H0040 |
| בַּבֹּקֶר | સવારે | H1242 |
| וַיִּקְרָא | અને-બોલાવ્યા | H7121 |
| לְכָל־ | બધા | H3605 |
| עֲבָדָיו | સેવકો-તેના | H5650 |
| וַיְדַבֵּר | અને-કહ્યા | H1696 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| הַדְּבָרִים | વાતો | H1697 |
| הָאֵלֶּה | આ | H0428 |
| בְּאָזְנֵיהֶם | કાને-તેમના | H0241 |
| וַיִּירְאוּ | અને-ડર્યા | H3372 |
| הָאֲנָשִׁים | માણસો | H0376 |
| מְאֹד׃ | ખૂબ | H3966 |

અબીમેલેખે વહેલી સવારે ઊઠીને પોતાના સર્વ ચાકરોને બોલાવ્યા. તેણે તેઓને આ સર્વ બાબતો કહી સંભળાવી અને તે માણસો ઘણાં ગભરાયા.

9

| | | |
|---|---|---|
| וַיִּקְרָא | અને-બોલાવ્યો | H7121 |
| אֲבִימֶלֶךְ | અબીમેલેખે | H0040 |
| לְאַבְרָהָם | અબ્રાહામને | H0085 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| לוֹ | તેને | |
| מֶה־ | શું | H4100 |
| עָשִׂיתָ | કર્યુ-તેં | |
| לָּנוּ | અમને | |
| וּמֶה־ | અને-શું | H4100 |
| חָטָאתִי | પાપ-કર્યું-મેં | H2398 |
| לָךְ | તારા-વિરુદ્ધ | |
| כִּי־ | કે | |
| הֵבֵאתָ | લાવ્યો-તેં | H0935 |
| עָלַי | ઉપર-મારા | |
| וְעַל־ | અને-ઉપર | |
| מַמְלַכְתִּי | રાજ્ય-મારા | H4467 |
| חֲטָאָה | પાપ | H2401 |
| גְדֹלָה | મોટું | |
| מַעֲשִׂים | કાર્યો | H4639 |
| אֲשֶׁר | જે | |
| לֹא־ | ન | H3808 |
| יֵעָשׂוּ | થવા-જોઈએ | |
| עָשִׂיתָ | કર્યા-તેં | |
| עִמָּדִי׃ | મારા-સાથે | H5978 |

પછી અબીમેલેખે ઇબ્રાહિમને બોલાવીને કહ્યુ, “આ તેં અમને શું કર્યું છે? મેં તારો શો અપરાધ કર્યો છે કે, તું મારા પર તથા મારા રાજ્ય પર મોટું પાપ લાવ્યો છે? જે કામ કરવા યોગ્ય ન હતું તે તેં મારા પ્રત્યે કર્યું છે.”

10

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֲבִימֶלֶךְ | અબીમેલેખે | H0040 |
| אֶל־ | (કર્મ) | H0413 |
| אַבְרָהָם | અબ્રાહામને | H0085 |
| מָה | શું | H4100 |
| רָאִיתָ | જોયું-તેં | H7200 |
| כִּי | કે | |
| עָשִׂיתָ | કર્યું-તેં | |
| אֶת־ | (કર્મ) | H0853 |
| הַדָּבָר | કાર્ય | H1697 |
| הַזֶּה׃ | આ | H2088 |

અબીમેલેખે ઇબ્રાહિમને કહ્યુ, “તને આવું કરવા કોણે પ્રેરણા આપી?”

11

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אַבְרָהָם | અબ્રાહામે | H0085 |
| כִּי | કારણ-કે | |
| אָמַרְתִּי | વિચાર્યું-મેં | H0559 |
| רַק | ફક્ત | H7535 |
| אֵין־ | નથી | H0369 |
| יִרְאַת | ભય | H3374 |
| אֱלֹהִים | ઈશ્વરનો | H0430 |
| בַּמָּקוֹם | સ્થળમાં | H4725 |
| הַזֶּה | આ | H2088 |
| וַהֲרָגוּנִי | અને-મારશે-મને | H2026 |
| עַל־ | કારણે | |
| דְּבַר | બાબતમાં | H1697 |
| אִשְׁתִּי׃ | પત્ની-મારી | H0802 |

ઇબ્રાહિમે કહ્યુ, “કેમ કે મને લાગ્યું, ‘નિશ્ચે આ જગ્યાએ ઈશ્વરનો ભય રખાતો નથી અને તેઓ મારી પત્નીના લીધે મને મારી નાખશે, એવું સમજીને મેં એમ કર્યું”

12

| | | |
|---|---|---|
| וְגַם־ | અને-ખરેખર | H1571 |
| אָמְנָה | સાચે-જ | H0546 |
| אֲחֹתִי | બહેન-મારી | H0269 |
| בַת־ | પુત્રી | H1323 |
| אָבִי | પિતા-મારા | H0001 |
| הִוא | છે-તે | H1931 |
| אַךְ | પરંતુ | H0389 |
| לֹא | નહિ | H3808 |
| בַת־ | પુત્રી | H1323 |
| אִמִּי | માતા-મારી | H0517 |
| וַתְּהִי־ | અને-થઈ | H1961 |
| לִי | મારી | |
| לְאִשָּׁה׃ | પત્ની | H0802 |

એક રીતે, તે મારી બહેન છે, એ સાચું છે, એટલે તે મારા પિતાની દીકરી છે, પણ મારી માતાની દીકરી નથી; અને તે મારી પત્ની થઈ.

13

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-થયું | H1961 |
| כַּאֲשֶׁר | જ્યારે | |
| הִתְעוּ | ભટકાવ્યો | H8582 |
| אֹתִי | મને | H0853 |
| אֱלֹהִים | ઈશ્વરે | H0430 |
| מִבֵּית | ઘરથી | |
| אָבִי | પિતા-મારા | H0001 |
| וָאֹמַר | તો-કહ્યુ-મેં | H0559 |
| לָהּ | તેને | |
| זֶה | આ | H2088 |
| חַסְדֵּךְ | કૃપા-તારી | |
| אֲשֶׁר | જે | |
| תַּעֲשִׂי | કરજે-તું | |
| עִמָּדִי | મારા-સાથે | H5978 |
| אֶל | દરેક | H0413 |
| כָּל־ | (કર્મ) | H3605 |
| הַמָּקוֹם | સ્થળે | H4725 |
| אֲשֶׁר | જ્યાં | |
| נָבוֹא | જઈશું-આપણે | H0935 |
| שָׁמָּה | ત્યાં | H8033 |
| אִמְרִי־ | કહેજે | H0559 |
| לִי | મારા-વિષે | |
| אָחִי | ભાઈ-મારો | H0251 |
| הוּא׃ | છે-તે | H1931 |

જયારે ઈશ્વરે મને મારા પિતાનું ઘર છોડવાનું અને એક જગ્યાએથી બીજી જગ્યાએ મુસાફરી કરવાનું જણાવ્યું, ત્યારે મેં તેને કહ્યું, 'મારી પત્ની તરીકે તું મને વિશ્વાસુ રહેજે: જે સ્થળે આપણે જઈએ ત્યાં તું મારા વિષે કહેજે, "આ મારો ભાઈ છે."

14

| | | |
|---|---|---|
| וַיִּקַּח | અને-લીધાં | H3947 |
| אֲבִימֶלֶךְ | અબીમેલેખે | H0040 |
| צֹאן | ઘેટાં | H6629 |
| וּבָקָר | અને-ગાય-બળદ | H1241 |
| וַעֲבָדִים | અને-દાસો | H5650 |
| וּשְׁפָחֹת | અને-દાસીઓ | H8198 |
| וַיִּתֵּן | અને-આપ્યાં | H5414 |
| לְאַבְרָהָם | અબ્રાહામને | H0085 |
| וַיָּשֶׁב | અને-પાછી-આપી | H7725 |
| לוֹ | તેને | |
| אֵת | (કર્મ) | H0853 |
| שָׂרָה | સારાહ | H8283 |
| אִשְׁתּוֹ׃ | પત્ની-તેની | H0802 |

પછી અબીમેલેખે ઇબ્રાહિમને ઘેટાં, બળદો, દાસો તથા દાસીઓ આપ્યાં અને તેણે તેની પત્ની સારા પણ તેને પાછી આપી.

15

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֲבִימֶלֶךְ | અબીમેલેખે | H0040 |
| הִנֵּה | જો | H2009 |
| אַרְצִי | ભૂમિ-મારી | H0776 |
| לְפָנֶיךָ | તારી-સામે | H6440 |
| בַּטּוֹב | સારું-લાગે-તે | |
| בְּעֵינֶיךָ | નજરમાં-તારી | |
| שֵׁב׃ | વસ | H3427 |

અબીમેલેખે કહ્યુ, "જો, મારો દેશ તારી આગળ છે. જ્યાં તને યોગ્ય લાગે ત્યાં રહે."

16

| | | |
|---|---|---|
| וּלְשָׂרָה | અને-સારાહને | H8283 |
| אָמַר | કહ્યુ | H0559 |
| הִנֵּה | જો | H2009 |
| נָתַתִּי | આપ્યા-મેં | H5414 |
| אֶלֶף | હજાર | H0505 |
| כֶּסֶף | ચાંદી-ના | H3701 |
| לְאָחִיךְ | ભાઈ-તારાને | H0251 |
| הִנֵּה | જો | H2009 |
| הוּא־ | એ | H1931 |
| לָךְ | તારા-માટે | |
| כְּסוּת | પડદો | H3682 |
| עֵינַיִם | આખોનો | |
| לְכֹל | બધા-માટે | H3605 |
| אֲשֶׁר | જે | |
| אִתָּךְ | તારી-સાથે-છે | H0854 |
| וְאֵת | અને | H0853 |
| כֹּל | બધું | H3605 |
| וְנֹכָחַת׃ | ન્યાયી-ઠર્યું | H3198 |

સારાને પણ તેણે કહ્યુ, "જો, મેં તારા ભાઈને હજાર ચાંદીના સિક્કા આપ્યાં છે. તે તારી સાથેના સર્વની આખો આગળ તારે માટે પડદારૂપ છે અને દરેક વ્યક્તિની આગળ, તું સંપૂર્ણપણે સાચી ઠરી છે."

17

| | | |
|---|---|---|
| וַיִּתְפַּלֵּל | અને-પ્રાર્થના-કરી | H6419 |
| אַבְרָהָם | અબ્રાહામે | H0085 |
| אֶל־ | (કર્મ) | H0413 |
| הָאֱלֹהִים | ઈશ્વરને | H0430 |
| וַיִּרְפָּא | અને-સાજા-કર્યા | H7495 |
| אֱלֹהִים | ઈશ્વરે | H0430 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| אֲבִימֶלֶךְ | અબીમેલેખ | H0040 |
| וְאֶת־ | અને | H0853 |
| אִשְׁתּוֹ | પત્ની-તેની | H0802 |
| וְאַמְהֹתָיו | અને-દાસીઓ-તેની | H0519 |
| וַיֵּלֵדוּ׃ | અને-જન્માવ્યાં | H3205 |

પછી ઇબ્રાહિમે ઈશ્વરને પ્રાર્થના કરી કે તેઓ અબીમેલેખને, તેની પત્નીને તથા તેની દાસીઓને સાજા કરે કે જેથી તેઓ બાળકોને જન્મ આપી શકે.

18

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | עָצֹר | עָצַר | יְהוָה | בְּעַד | כָּל־ | רֶחֶם | לְבֵית | אֲבִימֶלֶךְ | עַל־ | דְּבַר |
| કારણ-કે | ચોક્કસ | બંધ-કર્યા-હતાં | યહોવાએ | (કર્મ) | દરેક | ગર્ભાશય | ઘરના | અબીમેલેખના | કારણે | બાબતમાં |
| | H6113 | H6113 | H3068 | H1157 | H3605 | H7358 | | H0040 | | H1697 |
| שָׂרָה | אֵשֶׁת | אַבְרָהָם׃ | ס | | | | | | | |
| સારાહ | પત્ની | અબ્રાહમની | (ખંડ) | | | | | | | |
| H8283 | H0802 | H0085 | | | | | | | | |

કેમ કે ઇબ્રાહિમની પત્ની સારાને કારણે ઈશ્વરે અબીમેલેખના ઘરમાંની તમામ સ્ત્રીઓનાં ગર્ભસ્થાન બંધ કર્યાં હતાં.

## Chapter 21

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַֽיהוָה | פָּקַד | אֶת־ | שָׂרָה | כַּאֲשֶׁר | אָמָר | וַיַּעַשׂ | יְהוָה | לְשָׂרָה | כַּאֲשֶׁר | דִּבֵּר׃ |
| અને-યહોવાએ | ધ્યાન-આપ્યું | (કર્મ) | સારાહ-ઉપર | જેમ | કહ્યુ-હતું | અને-કર્યું | યહોવાએ | સારાહ-માટે | જેમ | વચન-આપ્યું-હતું |
| H3068 | | H0853 | H8283 | | H0559 | | H3068 | H8283 | | H1696 |

ઈશ્વરે જેમ કહ્યુ હતું તેમ સારા પર તેમણે કૃપાદ્રષ્ટિ કરી અને ઈશ્વરે જે વચન સારાને આપ્યું હતું તે પ્રમાણે તેમણે કર્યું.

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתַּהַר | וַתֵּלֶד | שָׂרָה | לְאַבְרָהָם | בֵּן | לִזְקֻנָיו | לַמּוֹעֵד | אֲשֶׁר־ | דִּבֶּר | אֹתוֹ | אֱלֹהִים׃ |
| અને-ગર્ભવતી-થઈ | અને-જન્મ-આપ્યો | સારાહે | અબ્રાહમ-માટે | પુત્ર | વૃદ્ધાવસ્થામાં-તેની | નિયત-સમયે | જે | કહ્યુ-હતું | તેને | ઈશ્વરે |
| H2029 | H3205 | H8283 | H0085 | | H2208 | H4150 | | H1696 | H0853 | H0430 |

સારા ગર્ભવતી થઈ અને ઇબ્રાહિમને સારુ તેની વૃદ્ધાવસ્થામાં, જેમ ઈશ્વરે તેને કહ્યુ હતું, તેમ નક્કી કરેલ સમયે તેણે દીકરાને જન્મ આપ્યો.

3

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְרָא | אַבְרָהָם | אֶת־ | שֶׁם־ | בְּנוֹ | הַנּוֹלַד־ | לוֹ | אֲשֶׁר־ | יָלְדָה־ | לּוֹ | שָׂרָה | יִצְחָק׃ |
| અને-નામ-પાડ્યું | અબ્રાહમે | (કર્મ) | નામ | પુત્ર-તેના | જન્મેલા | તેને | જેને | જન્મ-આપ્યો | તેને | સારાહે | ઇસહાક |
| H7121 | H0085 | H0853 | H8034 | | H3205 | | | H3205 | | H8283 | H3327 |

ઇબ્રાહિમે સારાથી જન્મેલા દીકરાનું નામ ઇસહાક રાખ્યું.

4

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּמָל | אַבְרָהָם | אֶת־ | יִצְחָק | בְּנוֹ | בֶּן־ | שְׁמֹנַת | יָמִים | כַּאֲשֶׁר | צִוָּה | אֹתוֹ | אֱלֹהִים׃ |
| અને-સુન્નત-કરી | અબ્રાહમે | (કર્મ) | ઇસહાક | પુત્ર-તેના | (ઉંમર) | આઠ | દિવસનો | જેમ | આજ્ઞા-આપી-હતી | તેને | ઈશ્વરે |
| | H0085 | H0853 | H3327 | | | H8083 | H3117 | | H6680 | H0853 | H0430 |

ઈશ્વરે ઇબ્રાહિમને આપેલી આજ્ઞા અનુસાર તેણે પોતાનો દીકરો ઇસહાક આઠ દિવસનો થયો, ત્યારે તેની સુન્નત કરી.

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְאַבְרָהָם | בֶּן־ | מְאַת | שָׁנָה | בְּהִוָּלֶד | לוֹ | אֵת | יִצְחָק | בְּנוֹ׃ |
| અને-અબ્રાહમ | (ઉંમર) | સો | વર્ષનો | જન્મ-સમયે | તેને | (કર્મ) | ઇસહાક | પુત્ર-તેનો |
| H0085 | | H3967 | H8141 | H3205 | | H0853 | H3327 | |

જયારે તેનો દીકરો ઇસહાક જન્મ્યો ત્યારે ઇબ્રાહિમ સો વર્ષનો હતો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 6 | וַתֹּ֣אמֶר | שָׂרָ֔ה | צְחֹ֕ק | עָ֥שָׂה | לִ֖י | אֱלֹהִ֑ים | כָּל־ | הַשֹּׁמֵ֖עַ | יִֽצְחַק־ | לִֽי׃ |
| | અને-કહ્યુ | સારાહે | હાસ્ય | આપ્યું-છે | મને | ઈશ્વરે | દરેક | સાંભળનાર | હસશે-મારા-માટે | મારા-માટે |
| | H0559 | H8283 | H6712 | | | H0430 | H3605 | H8085 | H6711 | |

સારાએ કહ્યુ, “ઈશ્વરે મને પ્રફુલ્લિત કર્યો છે; દરેક જે આ વાત સાંભળશે તેઓ મારી સાથે હસશે.”

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 7 | וַתֹּ֗אמֶר | מִ֤י | מִלֵּל֙ | לְאַבְרָהָ֔ם | הֵינִ֥יקָה | בָנִ֖ים | שָׂרָ֑ה | כִּֽי־ | יָלַ֥דְתִּי | בֵ֖ן | לִזְקֻנָֽיו׃ |
| | અને-કહ્યુ | કોણે | કહ્યુ-હોત | અબ્રાહામને | ધવડાવશે-બાળકોને | બાળકોને | સારાહ | કારણ-કે | જન્મ-આપ્યો-મેં | પુત્ર | વૃદ્ધાવસ્થામાં-તેની |
| | H0559 | H4310 | | H0085 | H3243 | | H8283 | | H3205 | | H2208 |

તેણે એમ પણ કહ્યુ, “ઇબ્રાહિમને કોણ કહેશે કે સારા છોકરાંને પોતાનું દૂધ પીવડાવશે? તેની વૃદ્ધાવસ્થામાં પણ મેં તેના માટે એક દીકરાને જન્મ આપ્યો છે”

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 8 | וַיִּגְדַּ֥ל | הַיֶּ֖לֶד | וַיִּגָּמַ֑ל | וַיַּ֤עַשׂ | אַבְרָהָם֙ | מִשְׁתֶּ֣ה | גָד֔וֹל | בְּי֖וֹם | הִגָּמֵ֥ל | אֶת־ | יִצְחָֽק׃ |
| | અને-મોટો-થયો | બાળક | અને-દૂધ-છોડ્યું | અને-કર્યો | અબ્રાહામે | ભોજન-સમારંભ | મોટો | દિવસે | દૂધ-છોડવાના | (કર્મ) | ઇસહાકના |
| | H1431 | H3206 | H1580 | | H0085 | H4960 | | H3117 | H1580 | H0853 | H3327 |

તે બાળક મોટો થયો અને તેને દૂધ છોડાવવામાં આવ્યું. ઇસહાકે જયારે દૂધ છોડ્યું તે દિવસે ઇબ્રાહિમે મોટી મિજબાની કરી.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | וַתֵּ֨רֶא | שָׂרָ֜ה | אֶֽת־ | בֶּן־ | הָגָ֧ר | הַמִּצְרִ֛ית | אֲשֶׁר־ | יָלְדָ֥ה | לְאַבְרָהָ֖ם | מְצַחֵֽק׃ |
| | અને-જોયો | સારાહે | (કર્મ) | પુત્ર | હાગારનો | મિસરી | જેને | જન્મ-આપ્યો-હતો | અબ્રાહામ-માટે | મજાક-કરતો |
| | H7200 | H8283 | H0853 | | H1904 | H4713 | | H3205 | H0085 | H6711 |

પણ હાગાર મિસરીના દ્વારા ઇબ્રાહિમને જે દીકરો થયો હતો તેને સારાએ મશ્કરી કરતો જોયો.

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 10 | וַתֹּ֙אמֶר֙ | לְאַבְרָהָ֔ם | גָּרֵ֛שׁ | הָאָמָ֥ה | הַזֹּ֖את | וְאֶת־ | בְּנָ֑הּ | כִּ֣י | לֹ֤א | יִירַשׁ֙ | בֶּן־ | הָאָמָ֣ה | הַזֹּ֔את | עִם־ | בְּנִ֖י | עִם־ | יִצְחָֽק׃ |
| | અને-કહ્યુ | અબ્રાહામને | કાઢી-મૂક | દાસી | આ | અને-પુત્ર-તેના | પુત્ર-તેનો | કારણ-કે | નહિ | વારસો-મેળવશે | પુત્ર | દાસી-આ | આ | સાથે | પુત્ર-મારા | સાથે | ઇસહાકના |
| | H0559 | H0085 | H1644 | H0519 | H2063 | H0853 | | | H3808 | H3423 | | H0519 | H2063 | | | | H3327 |

તેથી તેણે ઇબ્રાહિમને કહ્યુ, “આ દાસી તથા તેના દીકરાને કાઢી મૂક: કેમ કે આ દાસીનો દીકરો મારા દીકરા ઇસહાકની સાથે વારસનો ભાગીદાર થશે નહિ.”

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 11 | וַיֵּ֧רַע | הַדָּבָ֛ר | מְאֹ֖ד | בְּעֵינֵ֣י | אַבְרָהָ֑ם | עַ֖ל | אוֹדֹ֥ת | בְּנֽוֹ׃ |
| | અને-ખરાબ-લાગ્યું | વાત | ખૂબ | નજરમાં | અબ્રાહામની | વિષે | કારણે | પુત્ર-તેના |
| | | H1697 | H3966 | | H0085 | | H0182 | |

આ વાત ઇબ્રાહિમને પોતાના દીકરાને લીધે ઘણી દુ:ખદાયક લાગી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | וַיֹּ֨אמֶר | אֱלֹהִ֜ים | אֶל־ | אַבְרָהָ֗ם | אַל־ | יֵרַ֤ע | בְּעֵינֶ֙יךָ֙ | עַל־ | הַנַּ֣עַר | וְעַל־ | אֲמָתֶ֔ךָ |
| | અને-કહ્યુ | ઈશ્વરે | (કર્મ) | અબ્રાહામને | ન | ખરાબ-લાગે | નજરમાં-તારી | વિષે | છોકરાના | અને-વિષે | દાસી-તારી |
| | H0559 | H0430 | H0413 | H0085 | H0408 | | | | H5288 | | H0519 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | כֹּל֩ | אֲשֶׁ֨ר | תֹּאמַ֥ר | אֵלֶ֛יךָ | שָׂרָ֖ה | שְׁמַ֣ע | בְּקֹלָ֑הּ | כִּ֣י | בְיִצְחָ֔ק | יִקָּרֵ֥א | לְךָ֖ | זָֽרַע׃ |
| | બધું | જે | કહે | તને | સારાહ | સાંભળ | અવાજ-તેનો | કારણ-કે | ઇસહાક-દ્વારા | બોલાવાશે | તારું | વંશ |
| | H3605 | | H0559 | H0413 | H8283 | H8085 | | | H3327 | H7121 | | H2233 |

પણ ઈશ્વરે ઇબ્રાહિમને કહ્યુ, “આ બાળક તથા તારી દાસીને લીધે તું ઉદાસ થઈશ નહિ. આ બાબત વિશે જે સર્વ સારાએ તને કહ્યુ છે, તે સાંભળ, કેમ કે તારો વંશ ઇસહાકથી ગણાશે.

13

| | | |
|---|---|---|
| וְגַם | અને-પણ | H1571 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| בֶּן־ | પુત્ર | |
| הָאָמָה | દાસીનો | H0519 |
| לְגוֹי | પ્રજા-માં | |
| אֲשִׂימֶנּוּ | બનાવીશ-તેને | |
| כִּי | કારણ-કે | |
| זַרְעֲךָ | વંશ-તારો | H2233 |
| הוּא׃ | છે-તે | H1931 |

વળી તારી દાસીના દીકરાથી પણ હું એક દેશજાતિ ઉત્પન્ન કરીશ. કેમ કે તે પણ તારું સંતાન છે.”

14

| | | |
|---|---|---|
| וַיַּשְׁכֵּם | અને-વહેલો-ઊઠ્યો | H7925 |
| אַבְרָהָם | અબ્રાહામ | H0085 |
| בַּבֹּקֶר | સવારે | H1242 |
| וַיִּקַּח־ | અને-લીધા | H3947 |
| לֶחֶם | રોટલી | H3899 |
| וְחֵמַת | અને-મશક | H2573 |
| מַיִם | પાણીની | H4325 |
| וַיִּתֵּן | અને-આપ્યા | H5414 |
| אֶל־ | (કર્મ) | H0413 |
| הָגָר | હાગારને | H1904 |
| שָׂם | મૂક્યા | |
| עַל־ | ઉપર | |
| שִׁכְמָהּ | ખભા-તેના | H7926 |
| וְאֶת־ | અને-છોકરાને | H0853 |
| הַיֶּלֶד | છોકરાને | H3206 |
| וַיְשַׁלְּחֶהָ | અને-મોકલી-દીધી | H7971 |
| וַתֵּלֶךְ | અને-ગઈ | H3212 |
| וַתֵּתַע | અને-ભટકી | H8582 |
| בְּמִדְבַּר | રણમાં | |
| בְּאֵר שָׁבַע׃ | બેર-શેબાના | H0884 |

ઇબ્રાહિમ વહેલી સવારે ઊઠ્યો. તેણે રોટલી તથા પાણી ભરેલું એક પાત્ર લઈને હાગારના ખભા પર મૂક્યું. છોકરો તેને સોંપીને તેઓને વિદાય કર્યાં. હાગાર ત્યાંથી નીકળીને બેરશેબાના અરણ્યમાં ભટકતી ફરી.

15

| | | |
|---|---|---|
| וַיִּכְלוּ | અને-ખૂટ્યું | H3615 |
| הַמַּיִם | પાણી | H4325 |
| מִן־ | (કર્મ) | |
| הַחֵמֶת | મશકમાંથી | H2573 |
| וַתַּשְׁלֵךְ | અને-ફેંક્યો | H7993 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| הַיֶּלֶד | છોકરાને | H3206 |
| תַּחַת | નીચે | H8478 |
| אַחַד | એક | H0259 |
| הַשִּׂיחִם׃ | ઝાડવાંના | H7880 |

રસ્તામાં પાત્રમાંનુ પાણી પૂરું થઈ ગયું ત્યારે તેણે છોકરાંને એક ઝાડ નીચે મૂક્યો.

16

| | | |
|---|---|---|
| וַתֵּלֶךְ | અને-ગઈ | H3212 |
| וַתֵּשֶׁב | અને-બેઠી | H3427 |
| לָהּ | (પોતે) | |
| מִנֶּגֶד | સામે | H5048 |
| הַרְחֵק | દૂર | H7368 |
| כִּמְטַחֲוֵי | તીર-ના-ઘા-જેટલું | H2909 |
| קֶשֶׁת | ધનુષ-ના | H7198 |
| כִּי | કારણ-કે | |
| אָמְרָה | કહ્યુ-તેણે | H0559 |
| אַל־ | ન | H0408 |
| אֶרְאֶה | જોઉં-હું | H7200 |
| בְּמוֹת | મરણ-સમયે | H4194 |
| הַיָּלֶד | છોકરાના | H3206 |
| וַתֵּשֶׁב | અને-બેઠી | H3427 |
| מִנֶּגֶד | સામે | H5048 |
| וַתִּשָּׂא | અને-ઉઠાવ્યો | H5375 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| קֹלָהּ | અવાજ-તેનો | |
| וַתֵּבְךְּ׃ | અને-રડી | H1058 |

પછી તે મીટર જેટલે અતરે દૂર જઈને બેઠી, કેમ કે તેણે કહ્યુ, “છોકરાનું મરણ હું કેવી રીતે જોઈ શકું?” બાળકની સામે બેસીને હાગારે ઊંચા અવાજે રુદન + 21:16 છોકરો રડ્યો કર્યું.

17

| | | |
|---|---|---|
| וַיִּשְׁמַע | અને-સાંભળ્યો | H8085 |
| אֱלֹהִים | ઈશ્વરે | H0430 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| קוֹל | અવાજ | |
| הַנַּעַר | છોકરાનો | H5288 |
| וַיִּקְרָא | અને-બોલાવ્યો | H7121 |
| מַלְאַךְ | દૂત | H4397 |
| אֱלֹהִים | ઈશ્વરના | H0430 |
| אֶל־ | (કર્મ) | H0413 |
| הָגָר | હાગારને | H1904 |
| מִן־ | (કર્મ) | |
| הַשָּׁמַיִם | આકાશમાંથી | H8064 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| לָהּ | તેને | |
| מַה־ | શું | H4100 |
| לָּךְ | થયું-તને | |
| הָגָר | હાગાર | H1904 |
| אַל־ | ન | H0408 |
| תִּירְאִי | ડર | H3372 |
| כִּי־ | કારણ-કે | |
| שָׁמַע | સાંભળ્યો-છે | H8085 |
| אֱלֹהִים | ઈશ્વરે | H0430 |
| אֶל־ | (કર્મ) | H0413 |
| קוֹל | અવાજ | |
| הַנַּעַר | છોકરાનો | H5288 |
| בַּאֲשֶׁר | જ્યાં | |
| הוּא־ | છે-તે | H1931 |
| שָׁם׃ | ત્યાં | H8033 |

ઈશ્વરે છોકરાનો અવાજ સાંભળ્યો. ઈશ્વરના દૂતે આકાશમાંથી હાગારને હાંક મારીને કહ્યુ, “હાગાર, તને શું થયું છે? ગભરાઈશ નહિ, કેમ કે છોકરો જ્યાં છે ત્યાંથી ઈશ્વરે તેનો અવાજ સાંભળ્યો છે.

18

| | | |
|---|---|---|
| קוּמִי | ઊઠ | |
| שְׂאִי | ઉઠાવ | H5375 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| הַנַּעַר | છોકરાને | H5288 |
| וְהַחֲזִיקִי | અને-પકડી-રાખ | H2388 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| יָדֵךְ | હાથ-તારો | H3027 |
| בּוֹ | તેનામાં | |
| כִּי־ | કારણ-કે | |
| לְגוֹי | પ્રજા-મોટી | |
| גָּדוֹל | મોટી | |
| אֲשִׂימֶנּוּ׃ | બનાવીશ-તેને | |

ઊઠ, છોકરાંને તારા હાથમાં ઊંચકી લે; કેમ કે ઈશ્વર તેનાથી એક મોટી દેશજાતિ ઉત્પન્ન કરવાનો છે.

19

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּפְקַח | אֱלֹהִים | אֶת־ | עֵינֶיהָ | וַתֵּרֶא | בְּאֵר | מָיִם | וַתֵּלֶךְ | וַתְּמַלֵּא | אֶת־ | הַחֵמֶת |
| અને-ખોલ્યા | ઈશ્વરે | (કર્મ) | આખો-તેની | અને-જોયો | કૂવો | પાણીનો | અને-ગઈ | અને-ભર્યું | (કર્મ) | મશક |
| H6491 | H0430 | H0853 | | H7200 | H0875 | H4325 | H3212 | H4390 | H0853 | H2573 |

| | | | |
|---|---|---|---|
| מַיִם | וַתַּשְׁקְ | אֶת־ | הַנָּעַר׃ |
| પાણીથી | અને-પાયું | (કર્મ) | છોકરાને |
| H4325 | H8248 | H0853 | H5288 |

પછી ઈશ્વરે તેની આખો ઊઘાડી અને તેણે પાણીનો એક કૂવો જોયો. ત્યાં જઈને તેણે પાણીનું પાત્ર ભર્યું અને છોકરાંને પાણી પીવાને આપ્યું.

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | אֱלֹהִים | אֶת־ | הַנַּעַר | וַיִּגְדָּל | וַיֵּשֶׁב | בַּמִּדְבָּר | וַיְהִי | רֹבֶה | קַשָּׁת׃ |
| અને-હતા | ઈશ્વર | સાથે | છોકરાના | અને-મોટો-થયો | અને-વસ્યો | રણમાં | અને-થયો | તીરંદાજ | ધનુર્ધારી |
| H1961 | H0430 | H0854 | H5288 | H1431 | H3427 | | H1961 | | H7199 |

ઈશ્વર તે છોકરા સાથે હતા અને તે મોટો થયો. અરણ્યમાં રહીને તે ધનુર્ધારી થયો.

21

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּשֶׁב | בְּמִדְבַּר | פָּארָן | וַתִּקַּח־ | לוֹ | אִמּוֹ | אִשָּׁה | מֵאֶרֶץ | מִצְרָיִם׃ | פ |
| અને-વસ્યો | રણમાં | પારાનના | અને-લીધી | તેના-માટે | માતા-તેની | પત્ની | દેશમાંથી | મિસરના | (ખંડ) |
| H3427 | | H6290 | H3947 | | H0517 | H0802 | H0776 | H4714 | |

તે પારાનના અરણ્યમાં રહ્યો અને તેની માતાએ મિસર દેશની એક કન્યા સાથે તેનાં લગ્ન કરાવ્યાં.

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | בָּעֵת | הַהִוא | וַיֹּאמֶר | אֲבִימֶלֶךְ | וּפִיכֹל | שַׂר־ | צְבָאוֹ | אֶל־ | אַבְרָהָם | לֵאמֹר |
| અને-થયું | સમયે | તે | અને-કહ્યુ | અબીમેલેખે | અને-ફીખોલ | સેનાપતિ | સૈન્ય-તેના | (કર્મ) | અબ્રાહમને | કહેતાં |
| H1961 | H6256 | H1931 | H0559 | H0040 | H6369 | H8269 | | H0413 | H0085 | H0559 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֱלֹהִים | עִמְּךָ | בְּכֹל | אֲשֶׁר־ | אַתָּה | עֹשֶׂה׃ |
| ઈશ્વર | તારી-સાથે-છે | બધામાં | જે | તું | કરે-છે |
| H0430 | | H3605 | | | |

અબીમેલેખ અને તેના સેનાપતિ ફીકોલે ઇબ્રાહિમને કહ્યુ, "જે સર્વ તું કરે છે તેમાં ઈશ્વર તારી સાથે છે.

23

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | הִשָּׁבְעָה | לִּי | בֵאלֹהִים | הֵנָּה | אִם־ | תִּשְׁקֹר | לִי | וּלְנִינִי | וּלְנֶכְדִּי |
| અને-હવે | સોગંદ-ખા | મને | ઈશ્વરના-નામે | અહીં | કે-ન | છેતરશે | મને | અને-પૌત્ર-મારા | અને-વંશજ-મારા |
| H6258 | H7650 | | H0430 | H2008 | | H8266 | | H5209 | H5220 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כַּחֶסֶד | אֲשֶׁר־ | עָשִׂיתִי | עִמְּךָ | תַּעֲשֶׂה | עִמָּדִי | וְעִם־ | הָאָרֶץ | אֲשֶׁר־ | גַּרְתָּה | בָּהּ׃ |
| જે-કૃપા | જે | કરી-મેં | તારી-સાથે | કરશે-તું | મારી-સાથે | અને-સાથે | દેશ-ના | જેમાં | રહ્યો-છે | તેમાં |
| | | | | | H5978 | | H0776 | | | |

તે માટે હવે અહીં મારી આગળ ઈશ્વરની હજૂરમાં કહે કે, મારી સાથે, મારા દીકરા સાથે અને મારા વંશજો સાથે, તું દગો નહિ કરે. વળી તારી સાથે જ વિશ્વસનીય કરાર કર્યો છે તે પ્રમાણે મારી સાથે આ દેશ કે જેમાં તું રહે છે તેમાં વર્તજે."

24

| | | | |
|---|---|---|---|
| וַיֹּאמֶר | אַבְרָהָם | אָנֹכִי | אִשָּׁבֵעַ׃ |
| અને-કહ્યુ | અબ્રાહમે | હું | સોગંદ-ખાઉં-છું |
| H0559 | H0085 | H0595 | H7650 |

અને ઇબ્રાહિમે કહ્યુ, "હું ઈશ્વરની હજૂરમાં સમ લઈને કહું છું કે એમ કરીશ."

25

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהוֹכִחַ | אַבְרָהָם | אֶת־ | אֲבִימֶלֶךְ | עַל־ | אֹדוֹת | בְּאֵר | הַמַּיִם | אֲשֶׁר | גָּזְלוּ | עַבְדֵי |
| અને-ફરિયાદ-કરી | અબ્રાહમે | (કર્મ) | અબીમેલેખને | વિષે | કારણે | કૂવા | પાણીના | જે | છીનવ્યો-હતો | દાસોએ |
| H3198 | H0085 | H0853 | H0040 | | H0182 | H0875 | H4325 | | H1497 | H5650 |

| |
|---|
| אֲבִימֶלֶךְ׃ |
| અબીમેલેખના |
| H0040 |

પછી અબીમેલેખના દાસોએ તેની પાસેથી પાણીનો જે કૂવો બળજબરીથી લઈ લીધો હતો તેના વિષે ઇબ્રાહિમે અબીમેલેખને ફરિયાદ કરી.

26

| | | |
|---|---|---|
| וַיֹּ֣אמֶר | અને-કહ્યુ | H0559 |
| אֲבִימֶ֔לֶךְ | અબીમેલેખે | H0040 |
| לֹ֣א | નથી | H3808 |
| יָדַ֔עְתִּי | જાણતો-હું | H3045 |
| מִ֥י | કોણે | H4310 |
| עָשָׂ֖ה | કર્યું | |
| אֶת־ | (કર્મ) | H0853 |
| הַדָּבָ֣ר | કાર્ય | H1697 |
| הַזֶּ֑ה | આ | H2088 |
| וְגַם־ | અને-પણ | H1571 |
| אַתָּ֞ה | તેં | |
| לֹא־ | ન | H3808 |
| הִגַּ֣דְתָּ | કહ્યુ | H5046 |
| לִּ֗י | મને | |
| וְגַ֧ם | અને-પણ | H1571 |
| אָנֹכִ֛י | હું | H0595 |
| לֹ֥א | ન | H3808 |
| שָׁמַ֖עְתִּי | સાંભળ્યું | H8085 |
| בִּלְתִּ֥י | સિવાય | H1115 |
| הַיּֽוֹם׃ | આજ-સુધી | H3117 |

અબીમેલેખે કહ્યું, “એ કામ કોણે કર્યું છે, તે હું જાણતો નથી. આ પહેલાં તેં મને વાત કરી નથી અને આજ સુધી મેં તે વિષે સાંભળ્યું નથી.”

27

| | | |
|---|---|---|
| וַיִּקַּ֤ח | અને-લીધાં | H3947 |
| אַבְרָהָם֙ | અબ્રાહામે | H0085 |
| צֹ֣אן | ઘેટાં | H6629 |
| וּבָקָ֔ר | અને-બળદ | H1241 |
| וַיִּתֵּ֖ן | અને-આપ્યાં | H5414 |
| לַאֲבִימֶ֑לֶךְ | અબીમેલેખને | H0040 |
| וַיִּכְרְת֥וּ | અને-કર્યો | H3772 |
| שְׁנֵיהֶ֖ם | બંને-એ | H8147 |
| בְּרִֽית׃ | કરાર | H1285 |

તેથી ઇબ્રાહિમે ઘેટાં તથા અન્ય જાનવરો લાવીને અબીમેલેખને આપ્યાં અને તે બન્નેએ કરાર કર્યો.

28

| | | |
|---|---|---|
| וַיַּצֵּ֣ב | અને-અલગ-મૂક્યાં | H5324 |
| אַבְרָהָ֗ם | અબ્રાહામે | H0085 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| שֶׁ֛בַע | સાત | H7651 |
| כִּבְשֹׂ֥ת | ઘેટી | H3535 |
| הַצֹּ֖אן | ટોળાંની | H6629 |
| לְבַדְּהֶֽן׃ | અલગ-એકલી | H0905 |

પછી ઇબ્રાહિમે ટોળાંમાંથી સાત ઘેટીઓ લઈને અલગ રાખી.

29

| | | |
|---|---|---|
| וַיֹּ֤אמֶר | અને-કહ્યુ | H0559 |
| אֲבִימֶ֙לֶךְ֙ | અબીમેલેખે | H0040 |
| אֶל־ | (કર્મ) | H0413 |
| אַבְרָהָ֔ם | અબ્રાહામને | H0085 |
| מָ֣ה | શું-છે | H4100 |
| הֵ֗נָּה | આ | H2007 |
| שֶׁ֤בַע | સાત | H7651 |
| כְּבָשֹׂת֙ | ઘેટી | H3535 |
| הָאֵ֔לֶּה | આ | H0428 |
| אֲשֶׁ֥ר | જે | |
| הִצַּ֖בְתָּ | અલગ-મૂકી-છે | H5324 |
| לְבַדָּֽנָה׃ | એકલી | H0905 |

અબીમેલેખે ઇબ્રાહિમને પૂછ્યું, “તેં આ સાત ઘેટીઓ લઈને અલગ રાખી તેનો અર્થ શો છે?”

30

| | | |
|---|---|---|
| וַיֹּ֕אמֶר | અને-કહ્યુ | H0559 |
| כִּ֚י | કારણ-કે | |
| אֶת־ | (કર્મ) | H0853 |
| שֶׁ֣בַע | સાત | H7651 |
| כְּבָשֹׂ֔ת | ઘેટી | H3535 |
| תִּקַּ֖ח | સ્વીકારજે | H3947 |
| מִיָּדִ֑י | હાથ-મારેથી | H3027 |
| בַּעֲבוּר֙ | માટે-એ | H5668 |
| תִּֽהְיֶה־ | થાય | H1961 |
| לִּ֣י | મને | |
| לְעֵדָ֔ה | સાક્ષી-તરીકે | |
| כִּ֥י | કે | |
| חָפַ֖רְתִּי | ખોદ્યો-મેં | H2658 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| הַבְּאֵ֥ר | કૂવો | H0875 |
| הַזֹּֽאת׃ | આ | H2063 |

તેણે જવાબ આપ્યો, “આ સાત ઘેટીઓ મારા હાથથી તું લે કે જેથી આ કૂવો મેં ખોદ્યો છે તેના વિષે તેઓ મારે માટે સાક્ષી થાય.”

31

| | | |
|---|---|---|
| עַל־ | તેથી | |
| כֵּ֗ן | જ | |
| קָרָ֛א | નામ-પાડ્યું | H7121 |
| לַמָּק֥וֹם | સ્થળ-ને | H4725 |
| הַה֖וּא | તે | H1931 |
| שָׁ֑בַעבְּאֵ֣ר | બેર-શેબા | H0884 |
| כִּ֛י | કારણ-કે | |
| שָׁ֥ם | ત્યાં | H8033 |
| נִשְׁבְּע֖וּ | સોગંદ-ખાધા | H7650 |
| שְׁנֵיהֶֽם׃ | બંનેએ | H8147 |

તે માટે તે જગ્યાનું નામ તેણે બેરશેબા + 21:31 સાત કૂવો, કરારનો કૂવો આપ્યું, કેમ કે ત્યાં તે બન્નેએ ઈશ્વરની હજૂરમાં કરાર કર્યો હતો.

32

| | | |
|---|---|---|
| וַיִּכְרְת֥וּ | અને-કર્યો | H3772 |
| בְרִ֖ית | કરાર | H1285 |
| שָׁ֑בַעבִּבְאֵ֣ר | બેર-શેબામાં | H0884 |
| וַיָּ֣קָם | અને-ઊઠ્યો | |
| אֲבִימֶ֗לֶךְ | અબીમેલેખ | H0040 |
| וּפִיכֹל֙ | અને-ફીખોલ | H6369 |
| שַׂר־ | સેનાપતિ | H8269 |
| צְבָא֔וֹ | સૈન્ય-તેના | |
| וַיָּשֻׁ֖בוּ | અને-પાછા-ગયા | H7725 |
| אֶל־ | (કર્મ) | H0413 |
| אֶ֥רֶץ | દેશ | H0776 |
| פְּלִשְׁתִּֽים׃ | પલિસ્તીઓના | H6430 |

આમ તેઓએ બેરશેબામાં કરાર કર્યો અને પછી અબીમેલેખ અને તેનો સેનાપતિ ફીકોલ પલિસ્તીઓના દેશમાં પાછા ગયા.

33

| | | |
|---|---|---|
| וַיִּטַּ֥ע | અને-વાવ્યું | H5193 |
| אֶ֖שֶׁל | ઝાડ | H0815 |
| שָׁ֑בַעבִּבְאֵ֣ר | બેર-શેબામાં | H0884 |
| וַיִּקְרָא־ | અને-બોલાવ્યું | H7121 |
| שָׁ֕ם | ત્યાં | H8033 |
| בְּשֵׁ֥ם | નામ-દ્વારા | H8034 |
| יְהוָ֖ה | યહોવાનું | H3068 |
| אֵ֥ל | ઈશ્વર | H0410 |
| עוֹלָֽם׃ | સનાતન | H5769 |

ઇબ્રાહિમે બેરશેબામાં એક એશેલ વૃક્ષ રોપ્યું. ત્યાં તેણે સનાતન પ્રભુ ઈશ્વરની સ્તુતિ કરી.

34

| | | |
|---|---|---|
| וַיָּ֧גָר | અને-રહ્યો | |
| אַבְרָהָ֛ם | અબ્રાહમ | H0085 |
| בְּאֶ֥רֶץ | દેશમાં | H0776 |
| פְּלִשְׁתִּ֖ים | પલિસ્તીઓના | H6430 |
| יָמִ֥ים | દિવસો | H3117 |
| רַבִּֽים׃ | ઘણા | |
| פ | (ખંડ) | |

ઇબ્રાહિમ પલિસ્તીઓના દેશમાં ઘણાં દિવસો સુધી વિદેશીની જેમ રહ્યો.

## Chapter 22

1

| | | |
|---|---|---|
| וַיְהִ֗י | અને-થયું | H1961 |
| אַחַר֙ | પછી | |
| הַדְּבָרִ֣ים | બાબતો-ના | H1697 |
| הָאֵ֔לֶּה | આ | H0428 |
| וְהָ֣אֱלֹהִ֔ים | અને-ઈશ્વરે | H0430 |
| נִסָּ֖ה | પરીક્ષા-કરી | H5254 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| אַבְרָהָ֑ם | અબ્રાહમની | H0085 |
| וַיֹּ֣אמֶר | અને-કહ્યુ | H0559 |
| אֵלָ֔יו | તેને | H0413 |
| אַבְרָהָ֖ם | અબ્રાહમ | H0085 |
| וַיֹּ֥אמֶר | અને-કહ્યુ | H0559 |
| הִנֵּֽנִי׃ | હું-અહીં-છું | H2009 |

ત્યાર બાદ ઈશ્વરે ઇબ્રાહિમની આધીનતાની કસોટી કરી. તેમણે તેને કહ્યુ, “ઇબ્રાહિમ□” ઇબ્રાહિમે કહ્યુ, “હું આ રહ્યો.”

2

| | | |
|---|---|---|
| וַיֹּ֡אמֶר | અને-કહ્યુ | H0559 |
| קַח־ | લે | H3947 |
| נָ֠א | કૃપા-કરીને | H4994 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| בִּנְךָ֨ | પુત્ર-તારા | |
| אֶת־ | (કર્મ) | H0853 |
| יְחִידְךָ֤ | એકમાત્ર-તારા | H3173 |
| אֲשֶׁר־ | જેને | |
| אָהַ֙בְתָּ֙ | પ્રેમ-કરે-છે | H0157 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| יִצְחָ֔ק | ઇસહાકને | H3327 |
| וְלֶךְ־ | અને-જા | H3212 |
| לְךָ֔ | (તું) | |
| אֶל־ | (કર્મ) | H0413 |
| אֶ֖רֶץ | દેશ | H0776 |
| הַמֹּרִיָּ֑ה | મોરિયાહના | H4179 |
| וְהַעֲלֵ֤הוּ | અને-ચઢાવ-તેને | H5927 |
| שָׁם֙ | ત્યાં | H8033 |
| לְעֹלָ֔ה | દહનાર્પણ-તરીકે | |
| עַ֚ל | ઉપર | |
| אַחַ֣ד | એક | H0259 |
| הֶֽהָרִ֔ים | પર્વતો-ના | H2022 |
| אֲשֶׁ֖ר | જે | |
| אֹמַ֥ר | કહીશ | H0559 |
| אֵלֶֽיךָ׃ | તને | H0413 |

પછી ઈશ્વરે કહ્યુ, “તારો એકનો એક દીકરો, ઇસહાક, જેના પર તું ખૂબ પ્રેમ કરે છે, તેને લઈને મોરિયા દેશમાં જા. અને ત્યાંના પર્વતોમાંના હું તને બતાવું તે પર તું તેનું દહનીયાર્પણ કર.”

3

| | | |
|---|---|---|
| וַיַּשְׁכֵּ֨ם | અને-વહેલો-ઊઠ્યો | H7925 |
| אַבְרָהָ֜ם | અબ્રાહમ | H0085 |
| בַּבֹּ֗קֶר | સવારે | H1242 |
| וַֽיַּחֲבֹשׁ֙ | અને-બાંધ્યો | H2280 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| חֲמֹר֔וֹ | ગધેડા-તેના | H2543 |
| וַיִּקַּ֞ח | અને-લીધા | H3947 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| שְׁנֵ֤י | બે | H8147 |
| נְעָרָיו֙ | સેવકો-તેના | H5288 |
| אִתּ֔וֹ | સાથે-તેના | H0854 |
| וְאֵ֖ת | અને | H0853 |
| יִצְחָ֣ק | ઇસહાક | H3327 |
| בְּנ֑וֹ | પુત્ર-તેના | |
| וַיְבַקַּע֙ | અને-ચીર્યાં | H1234 |
| עֲצֵ֣י | લાકડાં | H6086 |
| עֹלָ֔ה | દહનાર્પણનાં | |
| וַיָּ֣קָם | અને-ઊઠ્યો | |
| וַיֵּ֔לֶךְ | અને-ગયો | H3212 |
| אֶל־ | (કર્મ) | H0413 |
| הַמָּק֖וֹם | સ્થળ-તરફ | H4725 |
| אֲשֶׁר־ | જે | |
| אָֽמַר־ | કહ્યુ-હતું | H0559 |
| ל֥וֹ | તેને | |
| הָאֱלֹהִֽים׃ | ઈશ્વરે | H0430 |

તેથી ઇબ્રાહિમ વહેલી સવારે ઊઠ્યો અને તેણે ગધેડા પર જીન બાંધ્યું. તેના બે યુવાન ચાકરોને તથા દીકરા ઇસહાકને તેની સાથે લીધા. દહનીયાર્પણને સારુ લાકડાં પણ લીધાં. ઈશ્વરે જે જગ્યા બતાવી હતી ત્યાં તેઓ ગયા.

4

| | | |
|---|---|---|
| בַּיּ֣וֹם | દિવસે | H3117 |
| הַשְּׁלִישִׁ֗י | ત્રીજા | H7992 |
| וַיִּשָּׂ֨א | અને-ઊંચી-કરી | H5375 |
| אַבְרָהָ֧ם | અબ્રાહમે | H0085 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| עֵינָ֛יו | આંખો-તેની | |
| וַיַּ֥רְא | અને-જોયું | H7200 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| הַמָּק֖וֹם | સ્થળ | H4725 |
| מֵרָחֹֽק׃ | દૂરથી | H7350 |

ત્રીજા દિવસે ઇબ્રાહિમે દૂરથી તે જગ્યાને નિહાળી.

5

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אַבְרָהָם | અબ્રાહામે | H0085 |
| אֶל־ | (કર્મ) | H0413 |
| נְעָרָיו | સેવકો-તેના-ને | H5288 |
| שְׁבוּ־ | રહો | H3427 |
| לָכֶם | (તમે) | |
| פֹּה | અહીં | H6311 |
| עִם־ | સાથે | |
| הַחֲמוֹר | ગધેડા-ના | H2543 |
| וַאֲנִי | અને-હું | H0589 |
| וְהַנַּעַר | અને-છોકરો | H5288 |
| נֵלְכָה | જઈશું | H3212 |
| עַד־ | સુધી | H5704 |
| כֹּה | ત્યાં | H3541 |
| וְנִשְׁתַּחֲוֶה | અને-દંડવત-કરીશું | H7812 |
| וְנָשׁוּבָה | અને-પાછા-આવીશું | H7725 |
| אֲלֵיכֶם׃ | તમારી-પાસે | H0413 |

ઇબ્રાહિમે તેના જુવાનોને કહ્યુ, "તમે અહીં ગધેડા પાસે રહો, હું તથા ઇસહાક ત્યાં ઉપર જઈશું. અમે અર્પણ કરીને તમારી પાસે પાછા આવીશું."

6

| | | |
|---|---|---|
| וַיִּקַּח | અને-લીધાં | H3947 |
| אַבְרָהָם | અબ્રાહામે | H0085 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| עֲצֵי | લાકડાં | H6086 |
| הָעֹלָה | દહનાર્પણનાં | |
| וַיָּשֶׂם | અને-મૂક્યાં | |
| עַל־ | ઉપર | |
| יִצְחָק | ઇસહાક | H3327 |
| בְּנוֹ | પુત્ર-તેના | |
| וַיִּקַּח | અને-લીધો | H3947 |
| בְּיָדוֹ | હાથમાં-તેના | H3027 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| הָאֵשׁ | અગ્નિ | H0784 |
| וְאֶת־ | અને | H0853 |
| הַמַּאֲכֶלֶת | છરી | H3979 |
| וַיֵּלְכוּ | અને-ચાલ્યા | H3212 |
| שְׁנֵיהֶם | બંને | H8147 |
| יַחְדָּו׃ | સાથે | |

પછી ઇબ્રાહિમે દહનીયાર્પણ માટેનાં લાકડાં ઊંચકી લેવા માટે પોતાના દીકરા ઇસહાકને આપ્યાં. તેણે પોતાના હાથમાં અગ્નિ તથા છરો લીધાં અને તેઓ બન્ને સાથે પર્વત પર ગયા.

7

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יִצְחָק | ઇસહાકે | H3327 |
| אֶל־ | (કર્મ) | H0413 |
| אַבְרָהָם | અબ્રાહામ | H0085 |
| אָבִיו | પિતા-તેના-ને | H0001 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אָבִי | પિતાજી | H0001 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הִנֶּנִּי | હું-અહીં-છું | H2009 |
| בְנִי | પુત્ર-મારા | |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הִנֵּה | જો | H2009 |
| הָאֵשׁ | અગ્નિ | H0784 |
| וְהָעֵצִים | અને-લાકડાં | H6086 |
| וְאַיֵּה | અને-ક્યાં-છે | H0346 |
| הַשֶּׂה | ઘેટું | H7716 |
| לְעֹלָה׃ | દહનાર્પણ-માટે | |

ઇસહાકે તેના પિતા ઇબ્રાહિમને કહ્યુ, "મારા પિતા" અને તેણે કહ્યુ, "બોલ, મારા દીકરા, હું આ રહ્યો." તેણે કહ્યુ, "જુઓ, અહીં અગ્નિ તથા લાકડાં તો છે, પણ દહનીયાર્પણને માટે ઘેટું ક્યાં છે?

8

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אַבְרָהָם | અબ્રાહામે | H0085 |
| אֱלֹהִים | ઈશ્વર | H0430 |
| יִרְאֶה־ | જોશે-પૂરું-પાડશે | H7200 |
| לּוֹ | (પોતે) | |
| הַשֶּׂה | ઘેટું | H7716 |
| לְעֹלָה | દહનાર્પણ-માટે | |
| בְּנִי | પુત્ર-મારા | |
| וַיֵּלְכוּ | અને-ચાલ્યા | H3212 |
| שְׁנֵיהֶם | બંને | H8147 |
| יַחְדָּו׃ | સાથે | |

ઇબ્રાહિમે કહ્યુ, "મારા દીકરા, દહનીયાર્પણને સારુ ઈશ્વર પોતે ઘેટું પૂરું પાડશે." અને તેઓ આગળ ચાલ્યા.

9

| | | |
|---|---|---|
| וַיָּבֹאוּ | અને-આવ્યા | H0935 |
| אֶל־ | (કર્મ) | H0413 |
| הַמָּקוֹם | સ્થળે | H4725 |
| אֲשֶׁר | જે | |
| אָמַר־ | કહ્યુ-હતું | H0559 |
| לוֹ | તેને | |
| הָאֱלֹהִים | ઈશ્વરે | H0430 |
| וַיִּבֶן | અને-બાંધ્યો | H1129 |
| שָׁם | ત્યાં | H8033 |
| אַבְרָהָם | અબ્રાહામે | H0085 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| הַמִּזְבֵּחַ | વેદી | H4196 |
| וַיַּעֲרֹךְ | અને-ગોઠવ્યાં | |
| אֶת־ | (કર્મ) | H0853 |
| הָעֵצִים | લાકડાં | H6086 |
| וַיַּעֲקֹד | અને-બાંધ્યો | H6123 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| יִצְחָק | ઇસહાકને | H3327 |
| בְּנוֹ | પુત્ર-તેના | |
| וַיָּשֶׂם | અને-મૂક્યો | |
| אֹתוֹ | તેને | H0853 |
| עַל־ | ઉપર | |
| הַמִּזְבֵּחַ | વેદીની | H4196 |
| מִמַּעַל | ઉપરથી | H4605 |
| לָעֵצִים׃ | લાકડાંના | H6086 |

જે જગ્યા વિશે ઈશ્વરે તેમને કહ્યુ હતું, ત્યાં તેઓ પહોંચ્યા ત્યારે ઇબ્રાહિમે ત્યાં વેદી બનાવી અને તેના પર લાકડાં ગોઠવ્યાં. પછી તેના દીકરા ઇસહાકને બાંધીને તેને વેદી પરનાં લાકડાં પર મૂક્યો.

10

| | | |
|---|---|---|
| וַיִּשְׁלַח | અને-લંબાવ્યો | H7971 |
| אַבְרָהָם | અબ્રાહામે | H0085 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| יָדוֹ | હાથ-તેનો | H3027 |
| וַיִּקַּח | અને-લીધી | H3947 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| הַמַּאֲכֶלֶת | છરી | H3979 |
| לִשְׁחֹט | વધેરવા-માટે | |
| אֶת־ | (કર્મ) | H0853 |
| בְּנוֹ׃ | પુત્ર-તેના-ને | |

ઇબ્રાહિમે તેના દીકરાને મારવાને માટે હાથમાં છરો લીધો.

11

| | | |
|---|---|---|
| וַיִּקְרָא | અને-બોલાવ્યો | H7121 |
| אֵלָיו | તેને | H0413 |
| מַלְאַךְ | દૂત | H4397 |
| יְהוָה | યહોવાના | H3068 |
| מִן | (કર્મ) | |
| הַשָּׁמַיִם | આકાશમાંથી | H8064 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אַבְרָהָם | અબ્રાહમ | H0085 |
| אַבְרָהָם | અબ્રાહમ | H0085 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הִנֵּנִי׃ | હું-અહીં-છું | H2009 |

પછી તેણે છરો ઉગામ્યો એવામાં ઈશ્વરના દૂતે આકાશમાંથી તેને હાંક મારીને કહ્યુ, “ઇબ્રાહિમ, ઇબ્રાહિમ□” અને તેણે કહ્યુ, “બોલો, હું અહીં છું.”

12

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אַל־ | ન | H0408 |
| תִּשְׁלַח | લંબાવ | H7971 |
| יָדְךָ | હાથ-તારો | H3027 |
| אֶל־ | (કર્મ) | H0413 |
| הַנַּעַר | છોકરા-ઉપર | H5288 |
| וְאַל־ | અને-ન | H0408 |
| תַּעַשׂ | કર | |
| לוֹ | તેને | |
| מְאוּמָה | કંઈ-પણ | H3972 |
| כִּי | કારણ-કે | |
| עַתָּה | હવે | H6258 |
| יָדַעְתִּי | જાણું-છું | H3045 |
| כִּי־ | કે | |
| יְרֵא | ભય-રાખનાર | H3373 |
| אֱלֹהִים | ઈશ્વરનો | H0430 |
| אַתָּה | છે-તું | |
| וְלֹא | અને-ન | H3808 |
| חָשַׂכְתָּ | રોક્યો | H2820 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| בִּנְךָ | પુત્ર-તારા | |
| אֶת־ | (કર્મ) | H0853 |
| יְחִידְךָ | એકમાત્ર-તારા | H3173 |
| מִמֶּנִּי׃ | મારાથી | |

દૂતે તેને કહ્યુ, “તારા દીકરા પર તારો હાથ ઉગામીશ નહિ અને તેને કશી ઈજા કરીશ નહિ, કેમ કે મને ખાતરી થઈ છે કે તેં તારા એકનાએક દીકરાને, મારાથી પાછો રાખ્યો નથી. તું ઈશ્વરની બીક રાખે છે.”

13

| | | |
|---|---|---|
| וַיִּשָּׂא | અને-ઊંચી-કરી | H5375 |
| אַבְרָהָם | અબ્રાહામે | H0085 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| עֵינָיו | આંખો-તેની | |
| וַיַּרְא | અને-જોયો | H7200 |
| וְהִנֵּה־ | અને-જો | H2009 |
| אַיִל | ઘેટો | |
| אַחַר | પાછળ | |
| נֶאֱחַז | ફસાયેલો | H0270 |
| בַּסְּבַךְ | ઝાડીમાં | H5442 |
| בְּקַרְנָיו | શિંગડાં-વડે-તેનાં | |
| וַיֵּלֶךְ | અને-ગયો | H3212 |
| אַבְרָהָם | અબ્રાહમ | H0085 |
| וַיִּקַּח | અને-લીધો | H3947 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| הָאַיִל | ઘેટાને | |
| וַיַּעֲלֵהוּ | અને-ચઢાવ્યો | H5927 |
| לְעֹלָה | દહનાર્પણ-તરીકે | |
| תַּחַת | બદલે | H8478 |
| בְּנוֹ׃ | પુત્ર-તેના-ના | |

ઇબ્રાહિમે ઉપર જોયું અને ત્યાં એક ઘેટો જોયો. તેનાં શિંગડાં ઝાડીમાં ભરાયેલાં હતા. ઇબ્રાહિમે તેના દીકરાને બદલે એ ઘેટાંનું દહનીયાર્પણ કર્યું.

14

| | | |
|---|---|---|
| וַיִּקְרָא | અને-નામ-પાડ્યું | H7121 |
| אַבְרָהָם | અબ્રાહામે | H0085 |
| שֵׁם־ | નામ | H8034 |
| הַמָּקוֹם | સ્થળનું | H4725 |
| הַהוּא | તે | H1931 |
| יְהוָה | યહોવા | H3068 |
| יִרְאֶה | જોશે-પૂરું-પાડશે | H7200 |
| אֲשֶׁר | જે | |
| יֵאָמֵר | કહેવાય-છે | H0559 |
| הַיּוֹם | આજે | H3117 |
| בְּהַר | પર્વત-ઉપર | H2022 |
| יְהוָה | યહોવાના | H3068 |
| יֵרָאֶה׃ | દેખાશે | H7200 |

પછી તેણે દહનીયાર્પણની એ જગ્યાનું નામ “યહોવાહ-યિરેહ + 22:14 યહોવાહ-યિરેહ ઈશ્વર પૂરું પાડશે “પાડ્યું.” તે આજ સુધી એ નામે ઓળખાય છે તેનો અર્થ એ છે કે, “ઈશ્વરના પર્વત પર ઈશ્વર પૂરું પાડે છે.”

15

| | | |
|---|---|---|
| וַיִּקְרָא | અને-બોલાવ્યો | H7121 |
| מַלְאַךְ | દૂત | H4397 |
| יְהוָה | યહોવાના | H3068 |
| אֶל־ | (કર્મ) | H0413 |
| אַבְרָהָם | અબ્રાહામને | H0085 |
| שֵׁנִית | બીજીવાર | H8145 |
| מִן־ | (કર્મ) | |
| הַשָּׁמָיִם׃ | આકાશમાંથી | H8064 |

ઈશ્વરના દૂતે આકાશમાંથી ઇબ્રાહિમ સાથે ફરીથી વાત કરી,

16

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| בִּי | પોતાના-વડે | |
| נִשְׁבַּעְתִּי | સોગંદ-ખાધા-છે | H7650 |
| נְאֻם־ | વચન | H5002 |
| יְהוָה | યહોવાનું | H3068 |
| כִּי | કારણ-કે | |
| יַעַן | માટે-એ | H3282 |
| אֲשֶׁר | જે | |
| עָשִׂיתָ | કર્યું-છે | |
| אֶת־ | (કર્મ) | H0853 |
| הַדָּבָר | કાર્ય | H1697 |
| הַזֶּה | આ | H2088 |
| וְלֹא | અને-ન | H3808 |
| חָשַׂכְתָּ | રોક્યો | H2820 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| בִּנְךָ | પુત્ર-તારા | |
| אֶת־ | (કર્મ) | H0853 |
| יְחִידֶךָ׃ | એકમાત્ર-તારા | H3173 |

અને કહ્યુ કે, “આ ઈશ્વરની વાણી છે, “મેં પોતાના સમ ખાધા છે, તેં એ કામ કર્યું છે અને તારા એકનાએક દીકરાને તેં પાછો રાખ્યો નથી,

17

| | | |
|---|---|---|
| כִּי־ | ચોક્કસ | |
| בָרֵךְ | આશીર્વાદ-આપીને | H1288 |
| אֲבָרֶכְךָ | આશીર્વાદ-આપીશ-તને | H1288 |
| וְהַרְבָּה | અને-વધારીને | |
| אַרְבֶּה | વધારીશ | |
| אֶת־ | (કર્મ) | H0853 |
| זַרְעֲךָ | વંશ-તારા | H2233 |
| כְּכוֹכְבֵי | તારા-જેવા-ના | H3556 |
| הַשָּׁמַיִם | આકાશના | H8064 |
| וְכַחוֹל | અને-રેતી-જેવા | H2344 |
| אֲשֶׁר | જે | |
| עַל־ | ઉપર | |
| שְׂפַת | કિનારા | H8193 |
| הַיָּם | સમુદ્રના | H3220 |
| וְיִרַשׁ | અને-કબજે-કરશે | H3423 |
| זַרְעֲךָ | વંશ-તારો | H2233 |
| אֵת | (કર્મ) | H0853 |
| שַׁעַר | દરવાજા | H8179 |
| אֹיְבָיו׃ | દુશ્મનો-તેના-ના | H0341 |

તેથી નિશ્ચે હું તને આશીર્વાદ આપીશ અને આકાશના તારા તથા સમુદ્ર કિનારાની રેતી જેટલાં તારાં સંતાન વધારીશ; અને તારાં સંતાન તેમના શત્રુઓના નગરના પ્રવેશદ્વારને કબજે કરશે.

18

| | | |
|---|---|---|
| וְהִתְבָּרְכוּ | અને-આશીર્વાદ-પામશે | H1288 |
| בְזַרְעֲךָ | વંશ-તારા-દ્વારા | H2233 |
| כֹּל | બધી | H3605 |
| גּוֹיֵי | પ્રજાઓ | |
| הָאָרֶץ | પૃથ્વીની | H0776 |
| עֵקֶב | કારણ-કે | H6118 |
| אֲשֶׁר | જે | |
| שָׁמַעְתָּ | સાંભળ્યું-છે | H8085 |
| בְּקֹלִי׃ | અવાજ-મારો | |

તારા વંશજોથી પૃથ્વીના સર્વ લોક આશીર્વાદિત થશે, કેમ કે તેં મારું કહ્યુ માન્યું છે.”

19

| | | |
|---|---|---|
| וַיָּשָׁב | અને-પાછો-આવ્યો | H7725 |
| אַבְרָהָם | અબ્રાહમ | H0085 |
| אֶל־ | (કર્મ) | H0413 |
| נְעָרָיו | સેવકો-તેના-પાસે | H5288 |
| וַיָּקֻמוּ | અને-ઊઠ્યા | |
| וַיֵּלְכוּ | અને-ગયા | H3212 |
| יַחְדָּו | સાથે | |
| אֶל־ | (કર્મ) | H0413 |
| בְּאֵר שָׁבַע | બેર-શેબા | H0884 |
| וַיֵּשֶׁב | અને-રહ્યો | H3427 |
| אַבְרָהָם | અબ્રાહમ | H0085 |
| בִּבְאֵר שָׁבַע׃ | બેર-શેબામાં | H0884 |
| פ | (ખંડ) | |

પછી ઇબ્રાહિમ તથા ઇસહાક પોતાના જુવાન ચાકરો પાસે પાછા આવ્યા, ત્યાંથી તેઓ બેરશેબા આવ્યા અને ત્યાં રહ્યા.

20

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-થયું | H1961 |
| אַחֲרֵי | પછી | |
| הַדְּבָרִים | બાબતો-ના | H1697 |
| הָאֵלֶּה | આ | H0428 |
| וַיֻּגַּד | અને-ખબર-આપવામાં-આવી | H5046 |
| לְאַבְרָהָם | અબ્રાહમને | H0085 |
| לֵאמֹר | કહેતાં | H0559 |
| הִנֵּה | જો | H2009 |
| יָלְדָה | જન્મ-આપ્યો | H3205 |
| מִלְכָּה | મિલ્કાહે | H4435 |
| גַם־ | પણ | H1571 |
| הִוא | તેણે | H1931 |
| בָּנִים | પુત્રો | |
| לְנָחוֹר | નાહોર-માટે | H5152 |
| אָחִיךָ׃ | ભાઈ-તારા | H0251 |

પછી ઇબ્રાહિમને જણાવવામાં આવ્યું કે, “તારા ભાઈ નાહોરની પત્ની મિલ્કાએ દીકરાઓને જન્મ આપ્યો છે.”

21

| | | |
|---|---|---|
| אֶת־ | (કર્મ) | H0853 |
| עוּץ | ઊસ | H5780 |
| בְּכֹרוֹ | જ્યેષ્ઠ-તેનો | H1060 |
| וְאֶת־ | અને | H0853 |
| בּוּז | બૂઝ | H0938 |
| אָחִיו | ભાઈ-તેનો | H0251 |
| וְאֶת־ | અને | H0853 |
| קְמוּאֵל | કમુએલ | H7055 |
| אֲבִי | પિતા | H0001 |
| אֲרָם׃ | અરામના | H0758 |

તેઓનાં નામ આ પ્રમાણે છે: તેનો મોટો દીકરો ઉસ, તેનો ભાઈ બૂઝ, પછી કમુએલ અરામનો પિતા,

22

| | | |
|---|---|---|
| וְאֶת־ | અને | H0853 |
| כֶּשֶׂד | કેસેદ | H3777 |
| וְאֶת־ | અને | H0853 |
| חֲזוֹ | હઝો | H2375 |
| וְאֶת־ | અને | H0853 |
| פִּלְדָּשׁ | પિલ્દાશ | H6394 |
| וְאֶת־ | અને | H0853 |
| יִדְלָף | યિદ્લાફ | H3044 |
| וְאֵת | અને | H0853 |
| בְּתוּאֵל׃ | બથુએલ | |

કેસેદ, હઝો, પિલ્દાશ, યિદલાફ અને બથુએલ.

23

| | | |
|---|---|---|
| וּבְתוּאֵל | અને-બથુએલે | |
| יָלַד | જન્મ-આપ્યો | H3205 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| רִבְקָה | રિબકાહને | H7259 |
| שְׁמֹנָה | આઠ | H8083 |
| אֵלֶּה | આ | H0428 |
| יָלְדָה | જન્મ-આપ્યા | H3205 |
| מִלְכָּה | મિલ્કાહે | H4435 |
| לְנָחוֹר | નાહોર-માટે | H5152 |
| אֲחִי | ભાઈ | H0251 |
| אַבְרָהָם׃ | અબ્રાહમના | H0085 |

રિબકા બથુએલની દીકરી હતી. ઇબ્રાહિમના ભાઈ નાહોરને માટે મિલ્કાએ આ આઠ દીકરાઓને જન્મ આપ્યો હતો.

24

| | | |
|---|---|---|
| וּפִילַגְשׁוֹ | અને-ઉપપત્ની-તેની | H6370 |
| וּשְׁמָהּ | અને-નામ-તેનું | H8034 |
| רְאוּמָה | રઉમાહ | H7208 |
| וַתֵּלֶד | અને-જન્મ-આપ્યા | H3205 |
| גַּם־ | પણ | H1571 |
| הִוא | તેણે | H1931 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| טֶבַח | ટેબાહ | H2875 |
| וְאֶת־ | અને | H0853 |
| גַּחַם | ગાહમ | H1514 |
| וְאֶת־ | અને | H0853 |
| תַּחַשׁ | તાહશ | H8477 |
| וְאֶת־ | અને | H0853 |
| מַעֲכָה׃ | માઅખાહ | H4601 |
| ס | (ખંડ) | |

બથુએલની ઉપપત્ની, રઉમાએ પણ ચાર બાળકો ટેબા, ગાહામ, તાહાશ તથા માકાને જન્મ આપ્યો.

## Chapter 23

1

| | | |
|---|---|---|
| וַיִּהְיוּ | અને-હતાં | H1961 |
| חַיֵּי | આયુષ્ય | |
| שָׂרָה | સારાહનું | H8283 |
| מֵאָה | સો | H3967 |
| שָׁנָה | વર્ષ | H8141 |
| וְעֶשְׂרִים | અને-વીસ | H6242 |
| שָׁנָה | વર્ષ | H8141 |
| וְשֶׁבַע | અને-સાત | H7651 |
| שָׁנִים | વર્ષ | H8141 |
| שְׁנֵי | વર્ષો | H8141 |
| חַיֵּי | આયુષ્યના | |
| שָׂרָה׃ | સારાહના | H8283 |

સારાના આયુષ્યનાં વર્ષો એકસો સત્તાવીસ હતાં.

2

| | | |
|---|---|---|
| וַתָּמָת | અને-મરી | H4191 |
| שָׂרָה | સારાહ | H8283 |
| בְּקִרְיַת אַרְבַּע | કિર્યત-અર્બામાં | H7153 |
| הִוא | એટલે | H1931 |
| חֶבְרוֹן | હેબ્રોન | |
| בְּאֶרֶץ | દેશમાં | H0776 |
| כְּנָעַן | કનાનના | |
| וַיָּבֹא | અને-આવ્યો | H0935 |
| אַבְרָהָם | અબ્રાહામ | H0085 |
| לִסְפֹּד | શોક-કરવા | H5594 |
| לְשָׂרָה | સારાહ-માટે | H8283 |
| וְלִבְכֹּתָהּ׃ | અને-રડવા | H1058 |

તે કનાન દેશના હેબ્રોનમાં આવેલા કિર્યાથ-આર્બામાં મરણ પામી. ઇબ્રાહિમે સારાને માટે શોક પાળ્યો અને રુદન કર્યું.

3

| | | |
|---|---|---|
| וַיָּקָם | અને-ઊઠ્યો | |
| אַבְרָהָם | અબ્રાહામ | H0085 |
| מֵעַל | પાસેથી | |
| פְּנֵי | સામેથી | H6440 |
| מֵתוֹ | મૃતક-તેના | H4191 |
| וַיְדַבֵּר | અને-બોલ્યો | H1696 |
| אֶל־ | (કર્મ) | H0413 |
| בְּנֵי־ | પુત્રોને | |
| חֵת | હેતના | H2845 |
| לֵאמֹר׃ | કહેતાં | H0559 |

પછી ઇબ્રાહિમે સારાના મૃતદેહ પાસે ઊભા રહીને હેથના દીકરાઓને કહ્યું,

4

| | | |
|---|---|---|
| גֵּר־ | પરદેશી | H1616 |
| וְתוֹשָׁב | અને-વસવાટ | |
| אָנֹכִי | છું-હું | H0595 |
| עִמָּכֶם | તમારી-વચ્ચે | |
| תְּנוּ | આપો | H5414 |
| לִי | મને | |
| אֲחֻזַּת־ | કબ્રની-જગ્યા | H0272 |
| קֶבֶר | કબર | H6913 |
| עִמָּכֶם | તમારી-વચ્ચે | |
| וְאֶקְבְּרָה | અને-દફનાવીશ-હું | H6912 |
| מֵתִי | મૃતક-મારા | H4191 |
| מִלְּפָנָי׃ | સામે-થી | H6440 |

“હું તમારી મધ્યે વિદેશી છું. કૃપા કરી મને મારી મૃત પત્નીને દફનાવવા માટે તમારા લોકોમાં જગ્યા આપો.”

5

| | | |
|---|---|---|
| וַיַּעֲנוּ | અને-ઉત્તર-આપ્યો | |
| בְנֵי־ | પુત્રોએ | |
| חֵת | હેતના | H2845 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| אַבְרָהָם | અબ્રાહામને | H0085 |
| לֵאמֹר | કહેતાં | H0559 |
| לוֹ׃ | તેને | |

હેથના દીકરાઓએ ઇબ્રાહિમને ઉત્તર આપ્યો,

6

| | | |
|---|---|---|
| שְׁמָעֵנוּ | સાંભળો | H8085 |
| אֲדֹנִי | માલિક-અમારા | H0113 |
| נְשִׂיא | રાજકુમાર | |
| אֱלֹהִים | ઈશ્વરના | H0430 |
| אַתָּה | છો-તું | |
| בְּתוֹכֵנוּ | અમારી-વચ્ચે | H8432 |
| בְּמִבְחַר | શ્રેષ્ઠમાં | H4005 |
| קְבָרֵינוּ | કબરો-અમારી | H6913 |
| קְבֹר | દફનાવ | H6912 |
| אֶת־ | (કર્મ) | H0853 |
| מֵתֶךָ | મૃતક-તારા | H4191 |
| אִישׁ | કોઈ | H0376 |
| מִמֶּנּוּ | અમારામાંથી | |
| אֶת־ | (કર્મ) | H0853 |
| קִבְרוֹ | કબર-તેની | H6913 |
| לֹא־ | નહિ | H3808 |
| יִכְלֶה | રોકશે | H3607 |
| מִמְּךָ | તારાથી | |
| מִקְּבֹר | દફનાવતાં | H6912 |
| מֵתֶךָ׃ | મૃતક-તારા | H4191 |

“મારા માલિક, અમારું સાંભળ. અમારી મધ્યે તો તું ઈશ્વરના રાજકુમાર જેવો છે. જે જગ્યા તને પસંદ પડે ત્યાં અમારી કોઈપણ કબરમાં તારી મૃત પત્નીને દફનાવ. તેને દફનાવવાને માટે અમારામાંથી કોઈપણ પોતાની કબર આપવાની ના નહિ પાડે.”

| 7 | וַיָּקָם | אַבְרָהָם | וַיִּשְׁתַּחוּ | לְעַם־ | הָאָרֶץ | לִבְנֵי־ | חֵת׃ |
|---|---|---|---|---|---|---|---|
| | અને-ઊઠ્યો | અબ્રાહામ | અને-દંડવત-કરી | લોકોને | દેશના | પુત્રોને | હેતના |
| | | H0085 | H7812 | | H0776 | | H2845 |

ઇબ્રાહિમે ઊઠીને તે દેશના લોકોને, એટલે હેથના દીકરાઓને પ્રણામ કર્યા.

| 8 | וַיְדַבֵּר | אִתָּם | לֵאמֹר | אִם־ | יֵשׁ | אֶת־ | נַפְשְׁכֶם | לִקְבֹּר | אֶת־ | מֵתִי | מִלְּפָנַי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-બોલ્યો | તેમને | કહેતાં | જો | છે | (કર્મ) | મન-તમારામાં | દફનાવવા-માટે | (કર્મ) | મૃતક-મારા | સામે-થી |
| | H1696 | H0854 | H0559 | | H3426 | H0854 | H5315 | H6912 | H0853 | H4191 | H6440 |

| | שְׁמָעוּנִי | וּפִגְעוּ־ | לִי | בְּעֶפְרוֹן | בֶּן־ | צֹחַר׃ |
|---|---|---|---|---|---|---|
| | સાંભળો-મને | અને-વિનંતી-કરો | મારે | એફ્રોનને | પુત્ર | સોહરના |
| | H8085 | H6293 | | H6085 | | H6714 |

તેણે તેઓની સાથે વાતચીત કરીને કહ્યુ, “હું અહીં મારી મૃત પત્નીને દફનાવું, એવી જો તમારી સંમતિ હોય, તો મારું સાંભળો. મારે માટે સોહારના દીકરા એફ્રોનને વિનંતી કરો.

| 9 | וְיִתֶּן־ | לִי | אֶת־ | מְעָרַת | הַמַּכְפֵּלָה | אֲשֶׁר־ | לוֹ | אֲשֶׁר | בִּקְצֵה | שָׂדֵהוּ | בְּכֶסֶף | מָלֵא |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-આપે | મને | (કર્મ) | ગુફા | મક્પેલાહની | જે | તેની-છે | જે | છેડે | ખેતર-તેના | પૂરી-કિંમતે | પૂરી |
| | H5414 | | H0853 | H4631 | H4375 | | | | | | H3701 | H4392 |

| | יִתְּנֶנָּה | לִי | בְּתוֹכְכֶם | לַאֲחֻזַּת־ | קָבֶר׃ |
|---|---|---|---|---|---|
| | આપે-તેને | મને | તમારી-વચ્ચે | કબ્રની-જગ્યા | કબરની |
| | H5414 | | H8432 | H0272 | H6913 |

તેને પૂછો કે માખ્પેલાની ગુફા જે તેની પોતાની માલિકીની છે અને જે તેના ખેતરની સરહદ પર છે, તે પૂરતી કિંમતે તમારી મધ્યે કબરને માટે મને સુપ્રત કરે.”

| 10 | וְעֶפְרוֹן | יֹשֵׁב | בְּתוֹךְ | בְּנֵי־ | חֵת | וַיַּעַן | עֶפְרוֹן | הַחִתִּי | אֶת־ | אַבְרָהָם | בְּאָזְנֵי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-એફ્રોન | બેઠો-હતો | વચ્ચે | પુત્રોના | હેતના | અને-ઉત્તર-આપ્યો | એફ્રોને | હિત્તીએ | (કર્મ) | અબ્રાહામને | કાનમાં |
| | H6085 | H3427 | H8432 | | H2845 | | H6085 | H2850 | H0853 | H0085 | H0241 |

| | בְּנֵי־ | חֵת | לְכֹל | בָּאֵי | שַׁעַר־ | עִירוֹ | לֵאמֹר׃ |
|---|---|---|---|---|---|---|---|
| | પુત્રોના | હેતના | બધા-માટે | આવનારા | દરવાજા | શહેર-તેના | કહેતાં |
| | | H2845 | H3605 | H0935 | H8179 | | H0559 |

હવે એફ્રોન હેથના દીકરાઓ સાથે જ બેઠેલો હતો. અને પોતાના નગરના દરવાજામાં પેસનારા હેથના સર્વ દીકરાઓના સાંભળતાં એફ્રોન હિત્તીએ ઇબ્રાહિમને ઉત્તર આપ્યો,

| 11 | לֹא־ | אֲדֹנִי | שְׁמָעֵנִי | הַשָּׂדֶה | נָתַתִּי | לָךְ | וְהַמְּעָרָה | אֲשֶׁר־ | בּוֹ | לְךָ | נְתַתִּיהָ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
યાકૂબને તેના પિતાએ આશીર્વાદ આપ્યો હતો તેને લીધે એસાવે યાકૂબનો દ્વેષ કર્યો. એસાવે પોતાના મનમાં કહ્યુ, "મારા પિતાને માટે શોકના દિવસો પાસે છે; એ પૂરા થયા પછી હું મારા ભાઈ યાકૂબને મારી નાખીશ."

42

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֻּגַּד | לְרִבְקָה | אֶת־ | דִּבְרֵי | עֵשָׂו | בְּנָהּ | הַגָּדֹל | וַתִּשְׁלַח | וַתִּקְרָא | לְיַעֲקֹב |
| અને-જણાવાયું | રિબકાને | — | વચનો | એસાવના | તેના-પુત્ર | મોટાના | અને-મોકલ્યો-સંદેશો | અને-બોલાવ્યો | યાકૂબને |
| H5046 | H7259 | H0853 | H1697 | H6215 | | | H7971 | H7121 | H3290 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּנָהּ | הַקָּטָן | וַתֹּאמֶר | אֵלָיו | הִנֵּה | עֵשָׂו | אָחִיךָ | מִתְנַחֵם | לְךָ | לְהָרְגֶךָ׃ |
| તેના-પુત્ર | નાનાને | અને-કહ્યુ | તેને | જો | એસાવ | તારો-ભાઈ | દિલાસો-લે-છે | પોતાને | તને-મારી-નાખવા |
| | | H0559 | H0413 | H2009 | H6215 | H0251 | H5162 | | H2026 |

રિબકાને તેના જ્યેષ્ઠ દીકરા એસાવની એ વાત જણાવવામાં આવી. તેથી તેણે પોતાના નાના દીકરા યાકૂબને બોલાવડાવ્યો અને તેને કહ્યુ, "જો, તારો ભાઈ એસાવ તને મારી નાખે એવું જોખમ તારે માથે છે. તેના મનમાં એવા વિચારો ચાલે છે.

43

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | בְנִי | שְׁמַע | בְּקֹלִי | וְקוּם | בְּרַח־ | לְךָ | אֶל־ | לָבָן | אָחִי | חָרָנָה׃ |
| અને-હવે | મારા-દીકરા | સાંભળ | મારી-વાત | અને-ઊઠ | ભાગી-જા | — | — | લાબાન | મારા-ભાઈ-પાસે | હારાનમાં |
| H6258 | | H8085 | | | H1272 | | H0413 | | H0251 | |

માટે હવે, મારા દીકરા, મારી વાત માન અને ઊઠીને મારા ભાઈ લાબાનની પાસે હારાનમાં નાસી જા.

44

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְיָשַׁבְתָּ | עִמּוֹ | יָמִים | אֲחָדִים | עַד | אֲשֶׁר־ | תָּשׁוּב | חֲמַת | אָחִיךָ׃ |
| અને-રહેજે | તેની-સાથે | થોડા-દિવસ | થોડા | જ્યાં-સુધી | — | ઓસરે | ક્રોધ | તારા-ભાઈનો |
| H3427 | | H3117 | H0259 | H5704 | | H7725 | H2534 | H0251 |

તારા ભાઈનો ક્રોધ તારા પરથી ઊતરે નહિ ત્યાં સુધી થોડા દિવસ તેની પાસે રહેજે.

45

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַד־ | שׁוּב | אַף־ | אָחִיךָ | מִמְּךָ | וְשָׁכַח | אֵת | אֲשֶׁר־ | עָשִׂיתָ | לּוֹ | וְשָׁלַחְתִּי |
| જ્યાં-સુધી | ફરે | — | તારા-ભાઈનો | તારા-પરથી | અને-ભૂલે | — | જે | તેં-કર્યું | તેને | અને-હું-મોકલીશ |
| H5704 | H7725 | H0639 | H0251 | | H7911 | H0853 | | | | H7971 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וּלְקַחְתִּיךָ | מִשָּׁם | לָמָה | אֶשְׁכַּל | גַּם־ | שְׁנֵיכֶם | יוֹם | אֶחָד׃ |
| અને-તને-લઈ-આવીશ | ત્યાંથી | શા-માટે | ગુમાવું | પણ | તમને-બંનેને | દિવસ | એક |
| H3947 | H8033 | H4100 | | H1571 | H8147 | H3117 | H0259 |

તારા ભાઈનો ક્રોધ તારા પરથી ઊતરે અને તેને તેં જે કર્યું છે તે ભૂલી જાય, ત્યારે હું તને ત્યાંથી બોલાવીશ. શા માટે હું તમને બન્નેને એક જ દિવસે ગુમાવું?"

46

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֹּאמֶר | רִבְקָה | אֶל־ | יִצְחָק | קַצְתִּי | בְחַיַּי | מִפְּנֵי | בְּנוֹת | חֵת | אִם־ | לֹקֵחַ |
| અને-કહ્યું | રિબકાએ | — | ઇસહાકને | કંટાળી-ગઈ-છું | મારા-જીવનથી | કારણે | દીકરીઓને | હેથની | જો | લે |
| H0559 | H7259 | H0413 | H3327 | H6973 | | H6440 | H1323 | H2845 | | H3947 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יַעֲקֹב | אִשָּׁה | מִבְּנוֹת־ | חֵת | כָּאֵלֶּה | מִבְּנוֹת | הָאָרֶץ | לָמָּה | לִּי | חַיִּים׃ |
| યાકૂબ | પત્ની | દીકરીઓમાંથી | હેથની | આવી | દીકરીઓમાંથી | આ-દેશની | શા-માટે | મારા-માટે | જીવન |
| H3290 | H0802 | H1323 | H2845 | H0428 | H1323 | H0776 | H4100 | | |

રિબકાએ ઇસહાકને કહ્યું, "હેથની દીકરીઓના કારણથી હું જીવવાથી કંટાળી ગઈ છું. હેથની દીકરીઓ જેવી જ પત્ની જો યાકૂબ આ દેશની દીકરીઓમાંથી લાવે, તો મારે જીવવું શા કામનું?"

## Chapter 28

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְרָא | יִצְחָק | אֶל־ | יַעֲקֹב | וַיְבָרֶךְ | אֹתוֹ | וַיְצַוֵּהוּ | וַיֹּאמֶר | לוֹ | לֹא־ |
| અને-બોલાવ્યો | ઇસહાકે | — | યાકૂબને | અને-આશીર્વાદ-આપ્યો | તેને | અને-આજ્ઞા-આપી | અને-કહ્યું | તેને | ના |
| H7121 | H3327 | H0413 | H3290 | H1288 | H0853 | H6680 | H0559 | | H3808 |

| | | | |
|---|---|---|---|
| תִקַּח | אִשָּׁה | מִבְּנוֹת | כְּנָעַן׃ |
| લે | પત્ની | દીકરીઓમાંથી | કનાનની |
| H3947 | H0802 | H1323 | |

ઇસહાકે યાકૂબને બોલાવીને તેને આશીર્વાદ આપ્યો અને તેને આજ્ઞા આપી, "કનાન દેશની કન્યાઓમાંથી તું કોઈની સાથે લગ્ન કરીશ નહિ.

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| קוּם | לֵךְ | פַּדֶּנָה אֲרָם | בֵּיתָה | בְתוּאֵל | אֲבִי | אִמֶּךָ | וְקַח־ | לְךָ | מִשָּׁם | אִשָּׁה |
| ઊઠ | જા | પાદ્દાન-અરામમાં | ઘરે | બથુએલના | પિતા | તારી-માતાના | અને-લે | તારા-માટે | ત્યાંથી | પત્ની |
| | H3212 | H6307 | | | H0001 | H0517 | H3947 | | H8033 | H0802 |

| | | | |
|---|---|---|---|
| מִבְּנוֹת | לָבָן | אֲחִי | אִמֶּךָ׃ |
| દીકરીઓમાંથી | લાબાનની | ભાઈ | તારી-માતાના |
| H1323 | | H0251 | H0517 |

ઊઠ, પાદ્દાનારામમાં તારી માતાના પિતા બથુએલને ઘરે જા અને ત્યાંથી તારી માતાના ભાઈ એટલે તારા મામા લાબાનની દીકરીઓમાંથી એકની સાથે તું લગ્ન કર.

3

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵל | שַׁדַּי | יְבָרֵךְ | אֹתְךָ | וְיַפְרְךָ | וְיַרְבֶּךָ | וְהָיִיתָ | לִקְהַל | עַמִּים׃ |
| અને-ઈલ | શાદ્દાય | આશીર્વાદ-આપે | તને | અને-ફળદ્રુપ-કરે | અને-વધારે | અને-થાય | સમૂહ-માટે | પ્રજાઓનો |
| H0410 | H7706 | H1288 | H0853 | H6509 | | H1961 | H6951 | |

સર્વસમર્થ ઈશ્વર તને આશીર્વાદ આપે, ફળવંત કરે અને વૃદ્ધિ આપે કે જેથી તારા સંતાનો અસંખ્ય થાય.

4

| | | |
|---|---|---|
| וְיִתֶּן־ | અને-આપે | H5414 |
| לְךָ֙ | તને | |
| אֶת־ | — | H0853 |
| בִּרְכַּת | આશીર્વાદ | H1293 |
| אַבְרָהָם | અબ્રાહામનો | H0085 |
| לְךָ | તને | |
| וּֽלְזַרְעֲךָ | અને-તારા-વંશને | H2233 |
| אִתָּךְ | તારી-સાથે | H0854 |
| לְרִשְׁתְּךָ֙ | વારસામાં-મળે | H3423 |
| אֶת־ | — | H0853 |
| אֶרֶץ | દેશ | H0776 |
| מְגֻרֶיךָ | તારા-પ્રવાસનો | H4033 |
| אֲשֶׁר־ | જે | |
| נָתַן | આપ્યો | H5414 |
| אֱלֹהִים | ઈશ્વરે | H0430 |
| לְאַבְרָהָם׃ | અબ્રાહામને | H0085 |

ઇબ્રાહિમને આપેલો આશીર્વાદ ઈશ્વર તને તથા તારા પછીના તારાં સંતાનને પણ આપે અને જે દેશ ઈશ્વરે ઇબ્રાહિમને આપેલો છે જેમાં તું પ્રવાસી છે તેનો વારસો તને મળે."

5

| | | |
|---|---|---|
| וַיִּשְׁלַח | અને-મોકલ્યો | H7971 |
| יִצְחָק֙ | ઇસહાકે | H3327 |
| אֶת־ | — | H0853 |
| יַעֲקֹב | યાકૂબને | H3290 |
| וַיֵּלֶךְ | અને-ગયો | H3212 |
| אֲרַם פַּדֶּנָה | પાદ્દાન-અરામમાં | H6307 |
| אֶל־ | — | H0413 |
| לָבָן | લાબાન | |
| בֶּן־ | પુત્ર | |
| בְּתוּאֵל֙ | બથુએલનો | |
| הָאֲרַמִּי | અરામી | H0761 |
| אֲחִי | ભાઈ | H0251 |
| רִבְקָה | રિબકાનો | H7259 |
| אֵם | માતા | H0517 |
| יַעֲקֹב | યાકૂબ | H3290 |
| וְעֵשָׂו׃ | અને-એસાવની | H6215 |

ઇસહાકે યાકૂબને વિદાય કર્યો. યાકૂબ પાદ્દાનારામમાં બથુએલ અરામીના દીકરા અને યાકૂબ તથા એસાવની માતા રિબકાના ભાઈ લાબાનને ત્યાં ગયો.

6

| | | |
|---|---|---|
| וַיַּרְא | અને-જોયું | H7200 |
| עֵשָׂו | એસાવે | H6215 |
| כִּי־ | કે | |
| בֵרַךְ | આશીર્વાદ-આપ્યો | H1288 |
| יִצְחָק | ઇસહાકે | H3327 |
| אֶת־ | — | H0853 |
| יַעֲקֹב | યાકૂબને | H3290 |
| וְשִׁלַּח | અને-મોકલ્યો | H7971 |
| אֹתוֹ֙ | તેને | H0853 |
| אֲרָם פַּדֶּנָה | પાદ્દાન-અરામમાં | H6307 |
| לָקַחַת־ | લેવા | H3947 |
| לוֹ | તેના-માટે | |
| מִשָּׁם | ત્યાંથી | H8033 |
| אִשָּׁה | પત્ની | H0802 |
| בְּבָרְכוֹ | આશીર્વાદ-આપતાં | H1288 |
| אֹתוֹ | તેને | H0853 |
| וַיְצַו | અને-આજ્ઞા-આપી | H6680 |
| עָלָיו֙ | તેના-પર | |
| לֵאמֹר | કહેતાં | H0559 |
| לֹא־ | ના | H3808 |
| תִקַּח | લે | H3947 |
| אִשָּׁה | પત્ની | H0802 |
| מִבְּנוֹת | દીકરીઓમાંથી | H1323 |
| כְּנָעַן׃ | કનાનની | |

હવે, એસાવે જોયું કે ઇસહાકે યાકૂબને આશીર્વાદ આપ્યો છે અને તેને પાદ્દાનારામમાંથી કન્યા મેળવીને લગ્ન કરવા માટે ત્યાં મોકલ્યો છે. એસાવે એ પણ જોયું કે ઇસહાકે તેને આશીર્વાદ આપતાં આજ્ઞા કરી કે, "કનાન દેશની કન્યાઓમાંથી તું કોઈની સાથે લગ્ન કરીશ નહિ,"

7

| | | |
|---|---|---|
| וַיִּשְׁמַע | અને-સાંભળ્યું | H8085 |
| יַעֲקֹב | યાકૂબે | H3290 |
| אֶל־ | — | H0413 |
| אָבִיו | તેના-પિતાને | H0001 |
| וְאֶל־ | અને | H0413 |
| אִמּוֹ | તેની-માતાને | H0517 |
| וַיֵּלֶךְ | અને-ગયો | H3212 |
| אֲרָם׃ פַּדֶּנָה | પાદ્દાન-અરામમાં | H6307 |

અને યાકૂબ તેના માતાપિતાની આજ્ઞા માનીને પાદ્દાનારામમાં ગયો છે.

8

| | | |
|---|---|---|
| וַיַּרְא | અને-જોયું | H7200 |
| עֵשָׂו | એસાવે | H6215 |
| כִּי | કે | |
| רָעוֹת | ખરાબ-હતી | |
| בְּנוֹת | દીકરીઓ | H1323 |
| כְּנָעַן | કનાનની | |
| בְּעֵינֵי | નજરમાં | |
| יִצְחָק | ઇસહાક | H3327 |
| אָבִיו׃ | તેના-પિતાની | H0001 |

એસાવે જોયું કે મારા પિતા ઇસહાકને કનાન દેશની કન્યાઓ પસંદ નથી.

9

| | | |
|---|---|---|
| וַיֵּלֶךְ | અને-ગયો | H3212 |
| עֵשָׂו | એસાવ | H6215 |
| אֶל־ | — | H0413 |
| יִשְׁמָעֵאל | ઇશ્માએલ-પાસે | H3458 |
| וַיִּקַּח | અને-લીધી | H3947 |
| אֶת־ | — | H0853 |
| מָחֲלַת | માહલાથ | H4258 |
| בַּת־ | દીકરી | H1323 |
| יִשְׁמָעֵאל | ઇશ્માએલની | H3458 |
| בֶּן־ | પુત્ર | |
| אַבְרָהָם | અબ્રાહામનો | H0085 |
| אֲחוֹת | બહેન | H0269 |
| נְבָיוֹת | નબાયોથની | H5032 |
| עַל־ | ઉપરાંત | |
| נָשָׁיו | તેની-પત્નીઓ | H0802 |
| לוֹ | તેને | |
| לְאִשָּׁה׃ | પત્ની-તરીકે | H0802 |
| ס | — | |

તેથી તે તેના કાકા ઇશ્માએલના કુટુંબમાં ગયો અને પોતાની પત્નીઓ હોવા ઉપરાંત ત્યાંની સ્ત્રી સાથે લગ્ન કર્યું. તે ઇબ્રાહિમના દીકરા, ઇશ્માએલની દીકરી, નબાયોથની બહેન માહાલાથ હતી.

10

| | | | | |
|---|---|---|---|---|
| וַיֵּצֵא | יַעֲקֹב | מִבְּאֵרשָׁבַע | וַיֵּלֶךְ | חָרָנָה׃ |
| અને-નીકળ્યો | યાકૂબ | બેરશેબાથી | અને-ગયો | હારાન-તરફ |
| H3318 | H3290 | H0884 | H3212 | |

યાકૂબ બેરશેબાથી નીકળીને હારાન તરફ ગયો.

11

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּפְגַּע | בַּמָּקוֹם | וַיָּלֶן | שָׁם | כִּי־ | בָא | הַשֶּׁמֶשׁ | וַיִּקַּח | מֵאַבְנֵי |
| અને-આવ્યો | જગ્યાએ | અને-રાત-રહ્યો | ત્યાં | કારણ-કે | આથમ્યો-હતો | સૂર્ય | અને-લીધો | પથ્થરોમાંથી |
| H6293 | H4725 | | H8033 | | H0935 | H8121 | H3947 | H0068 |

| | | | | |
|---|---|---|---|---|
| הַמָּקוֹם | וַיָּשֶׂם | מְרַאֲשֹׁתָיו | וַיִּשְׁכַּב | בַּמָּקוֹם |
| તે-જગ્યાના | અને-મૂક્યો | તેના-ઓશીકા-તરીકે | અને-સૂતો | તે-જગ્યાએ |
| H4725 | | H4763 | H7901 | H4725 |

| |
|---|
| הַהוּא׃ |
| તે |
| H1931 |

તે એક નિશ્ચિત જગ્યાએ આવ્યો અને સૂર્ય આથમી જવાથી ત્યાં મુકામ કર્યો. તેણે તે જગ્યાએથી એક પથ્થર લીધો અને પોતાના માથા નીચે મૂકીને તે ત્યાં સૂઈ ગયો.

12

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּחֲלֹם | וְהִנֵּה | סֻלָּם | מֻצָּב | אַרְצָה | וְרֹאשׁוֹ | מַגִּיעַ | הַשָּׁמָיְמָה | וְהִנֵּה |
| અને-સ્વપ્ન-જોયું | અને-જો | સીડી | ઊભી-હતી | પૃથ્વી-પર | અને-તેનું-ટોચ | પહોંચતી-હતી | આકાશ-સુધી | અને-જો |
| | H2009 | H5551 | H5324 | H0776 | | H5060 | H8064 | H2009 |

| | | | | |
|---|---|---|---|---|
| מַלְאֲכֵי | אֱלֹהִים | עֹלִים | וְיֹרְדִים | בּוֹ׃ |
| દૂતો | ઈશ્વરના | ચઢતા-હતા | અને-ઊતરતા-હતા | તેના-પર |
| H4397 | H0430 | H5927 | H3381 | |

તેને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં પૃથ્વી પર ઊભી કરેલી એક સીડી તેના જોવામાં આવી. તેનો ઉપરનો ભાગ આકાશ સુધી પહોંચતો હતો અને ઈશ્વરના દૂતો તેની પર ચઢતા ઊતરતા હતા.

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהִנֵּה | יְהוָה | נִצָּב | עָלָיו | וַיֹּאמַר | אֲנִי | יְהוָה | אֱלֹהֵי | אַבְרָהָם | אָבִיךָ | וֵאלֹהֵי |
| અને-જો | પ્રભુ | ઊભા-હતા | તેના-ઉપર | અને-કહ્યુ | હું | પ્રભુ | ઈશ્વર | અબ્રાહમ | તારા-પિતાના | અને-ઈશ્વર |
| H2009 | H3068 | H5324 | | H0559 | H0589 | H3068 | H0430 | H0085 | H0001 | H0430 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יִצְחָק | הָאָרֶץ | אֲשֶׁר | אַתָּה | שֹׁכֵב | עָלֶיהָ | לְךָ | אֶתְּנֶנָּה | וּלְזַרְעֶךָ׃ |
| ઇસહાકના | ભૂમિ | જેના-પર | તું | સૂતો-છે | તેના-પર | તને | આપીશ | અને-તારા-વંશને |
| H3327 | H0776 | | | H7901 | | | H5414 | H2233 |

તેના ઉપર + 28:13 ઉપર યાકૂબની બાજુમાં ઈશ્વર ઊભા હતા અને તેમણે કહ્યુ, “હું તારા પિતા ઇબ્રાહિમ તથા ઇસહાકનો ઈશ્વર છું. જે ભૂમિ પર તું ઊંઘે છે, તે હું તને તથા તારા સંતાનને આપીશ.

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָה | זַרְעֲךָ | כַּעֲפַר | הָאָרֶץ | וּפָרַצְתָּ | יָמָּה | וָקֵדְמָה | וְצָפֹנָה | וָנֶגְבָּה | וְנִבְרְכוּ |
| અને-થશે | તારો-વંશ | જેવી-ધૂળ | પૃથ્વીની | અને-ફેલાશો | પશ્ચિમે | અને-પૂર્વે | અને-ઉત્તરે | અને-દક્ષિણે | અને-આશીર્વાદ-પામશે |
| H1961 | H2233 | H6083 | H0776 | H6555 | H3220 | | H6828 | H5045 | H1288 |

| | | | | |
|---|---|---|---|---|
| בְךָ | כָּל־ | מִשְׁפְּחֹת | הָאֲדָמָה | וּבְזַרְעֶךָ׃ |
| તારામાં | બધા | કુટુંબો | પૃથ્વીના | અને-તારા-વંશમાં |
| | H3605 | H4940 | H0127 | H2233 |

પૃથ્વીની રજ જેટલાં તારા સંતાન થશે અને એ સંતાનો પૂર્વ, પશ્ચિમ, ઉત્તર તથા દક્ષિણ તરફ દૂર સુધી ફેલાશે. તારામાં તથા તારા સંતાનમાં પૃથ્વીનાં સર્વ કુળો આશીર્વાદ પામશે.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהִנֵּה | אָנֹכִי | עִמָּךְ | וּשְׁמַרְתִּיךָ | בְּכֹל | אֲשֶׁר־ | תֵּלֵךְ | וַהֲשִׁבֹתִיךָ | אֶל־ | הָאֲדָמָה |
| અને-જો | હું | તારી-સાથે | અને-રક્ષા-કરીશ | બધે | જ્યાં | તું-જઈશ | અને-પાછો-લાવીશ | — | ભૂમિ-પર |
| H2009 | H0595 | | H8104 | H3605 | | H3212 | H7725 | H0413 | H0127 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַזֹּאת | כִּי | לֹא | אֶעֱזָבְךָ | עַד | אֲשֶׁר | אִם־ | עָשִׂיתִי | אֵת | אֲשֶׁר־ | דִּבַּרְתִּי | לָךְ׃ |
| આ | કારણ-કે | નહીં | છોડીશ-તને | જ્યાં-સુધી | જે | — | કર્યું-હોય | — | જે | કહ્યુ-છે | તને |
| H2063 | | H3808 | | H5704 | | | | H0853 | | H1696 | |

જો, હું તારી સાથે છું, જ્યાં કંઈ તું જશે ત્યાં હું તને સંભાળીશ. આ દેશમાં હું તને પાછો લાવીશ; હું તને ત્યાગી દઈશ નહિ. જે વચન મેં તને આપ્યું છે તે હું પૂરું કરીશ."

| 16 | וַיִּיקַץ | יַעֲקֹב | מִשְּׁנָתוֹ | וַיֹּאמֶר | אָכֵן | יֵשׁ | יְהוָה | בַּמָּקוֹם | הַזֶּה | וְאָנֹכִי | לֹא | יָדָעְתִּי׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-જાગ્યો | યાકૂબ | તેની-ઊંઘમાંથી | અને-કહ્યુ | ખરેખર | છે | પ્રભુ | આ-જગ્યાએ | આ | અને-હું | ના | જાણતો-હતો |
| | H3364 | H3290 | H8142 | H0559 | H0403 | H3426 | H3068 | H4725 | H2088 | H0595 | H3808 | H3045 |

યાકૂબ ઊંઘમાંથી જાગી ગયો અને તેણે કહ્યુ, "નિશ્ચે ઈશ્વર આ જગ્યાએ છે તે મેં જાણ્યું નહિ."

| 17 | וַיִּירָא | וַיֹּאמַר | מַה־ | נּוֹרָא | הַמָּקוֹם | הַזֶּה | אֵין | זֶה | כִּי | אִם־ | בֵּית | אֱלֹהִים | וְזֶה | שַׁעַר | הַשָּׁמָיִם׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-ડર્યો | અને-કહ્યુ | કેટલું | ભયાવહ-છે | જગ્યા | આ | નથી | આ | સિવાય | — | ઘર | ઈશ્વરનું | અને-આ | દ્વાર | આકાશનું |
| | H3372 | H0559 | H4100 | H3372 | H4725 | H2088 | H0369 | H2088 | | | | H0430 | H2088 | H8179 | H8064 |

તે ગભરાયો અને બોલ્યો, "આ જગ્યા કેવી ભયાનક છે આ ઈશ્વરના ઘર સિવાય બીજું કંઈ નથી. આ સ્વર્ગનું દ્વાર છે."

| 18 | וַיַּשְׁכֵּם | יַעֲקֹב | בַּבֹּקֶר | וַיִּקַּח | אֶת־ | הָאֶבֶן | אֲשֶׁר־ | שָׂם | מְרַאֲשֹׁתָיו | וַיָּשֶׂם | אֹתָהּ | מַצֵּבָה | וַיִּצֹק | שֶׁמֶן | עַל־ | רֹאשָׁהּ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-વહેલો-ઊઠ્યો | યાકૂબ | સવારમાં | અને-લીધો | — | પથ્થર | જે | મૂક્યો-હતો | ઓશીકા-તરીકે | અને-ઊભો-કર્યો | તેને | સ્તંભ-તરીકે | અને-રેડ્યું | તેલ | — | તેના-ટોચ-પર |
| | H7925 | H3290 | H1242 | H3947 | H0853 | H0068 | | | H4763 | | H0853 | H4676 | H3332 | H8081 | | |

યાકૂબ વહેલી સવારે ઊઠ્યો અને જે પથ્થર તેણે તેના માથા નીચે મૂક્યો હતો તે તેણે લીધો. તેણે તેને સ્તંભની જેમ ઊભો કર્યો અને તેના ઉપરના ભાગ પર જૈત તેલ રેડ્યું.

| 19 | וַיִּקְרָא | אֶת־ | שֵׁם־ | הַמָּקוֹם | הַהוּא | בֵּית־אֵל | וְאוּלָם | לוּז | שֵׁם־ | הָעִיר | לָרִאשֹׁנָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-નામ-રાખ્યું | — | નામ | તે-જગ્યાનું | તે | બેથેલ | પરંતુ | લૂઝ | નામ | શહેરનું | પહેલાં |
| | H7121 | H0853 | H8034 | H4725 | H1931 | H1008 | H0199 | H3870 | H8034 | | H7223 |

તેણે તે જગ્યાનું નામ બેથેલ + 28:19 બેથેલ ઈશ્વરનું ઘર પાડ્યું, જો કે તે નગરનું મૂળ નામ લૂઝ હતું.

| 20 | וַיִּדַּר | יַעֲקֹב | נֶדֶר | לֵאמֹר | אִם־ | יִהְיֶה | אֱלֹהִים | עִמָּדִי | וּשְׁמָרַנִי | בַּדֶּרֶךְ | הַזֶּה | אֲשֶׁר | אָנֹכִי | הוֹלֵךְ | וְנָתַן־ | לִי | לֶחֶם | לֶאֱכֹל | וּבֶגֶד | לִלְבֹּשׁ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-માનતા-માની | યાકૂબે | માનતા | કહેતાં | જો | હશે | ઈશ્વર | મારી-સાથે | અને-રક્ષા-કરશે | માર્ગમાં | આ | જેમાં | હું | જાઉં-છું | અને-આપશે | મને | રોટલી | ખાવા-માટે | અને-વસ્ત્ર | પહેરવા-માટે |
| | H5087 | H3290 | H5088 | H0559 | | H1961 | H0430 | H5978 | H8104 | H1870 | H2088 | | H0595 | H1980 | H5414 | | H3899 | H0398 | | H3847 |

યાકૂબે પ્રતિજ્ઞા કરી કે, "જો ઈશ્વર મારી સાથે રહેશે અને આ માર્ગ કે જેમાં હું ચાલું છું તેમાં મારું રક્ષણ કરશે, મને ખાવાને અન્ન અને પહેરવાને વસ્ત્ર આપશે,

| 21 | וְשַׁבְתִּי | בְשָׁלוֹם | אֶל־ | בֵּית | אָבִי | וְהָיָה | יְהוָה | לִי | לֵאלֹהִים׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-પાછો-આવીશ | શાંતિથી | — | ઘરે | મારા-પિતાના | અને-થશે | પ્રભુ | મારા | ઈશ્વર-તરીકે |
| | H7725 | H7965 | H0413 | | H0001 | H1961 | H3068 | | H0430 |

અને મને મારા પિતાના ઘરે સુરક્ષિત લાવશે, તો તેમને હું મારા પ્રભુ, ઈશ્વર માનીશ;

22

| | | |
|---|---|---|
| וְהָאֶ֣בֶן | અને-આ-પથ્થર | H0068 |
| הַזֹּ֗את | આ | H2063 |
| אֲשֶׁר־ | જે | |
| שַׂ֙מְתִּי֙ | ઊભો-કર્યો | |
| מַצֵּבָ֔ה | સ્તંભ-તરીકે | H4676 |
| יִהְיֶ֖ה | થશે | H1961 |
| בֵּ֣ית | ઘર | |
| אֱלֹהִ֑ים | ઈશ્વરનું | H0430 |
| וְכֹל֙ | અને-બધું | H3605 |
| אֲשֶׁ֣ר | જે | |
| תִּתֶּן־ | આપશે | H5414 |
| לִ֔י | મને | |
| עַשֵּׂ֖ר | દશમો-ભાગ | H6237 |
| אֲעַשְּׂרֶ֥נּוּ | ચોક્કસ-આપીશ | H6237 |
| לָֽךְ׃ | તને | |

અને આ પથ્થર જે મેં સ્તંભની જેમ ઊભો કર્યો છે તે યાદગીરીનું પવિત્ર સ્થાનક થશે અને ઈશ્વર જે કંઈ મને આપશે તેમાંથી હું નિશ્ચે તેમને દશાંશ પાછું આપીશ.”

## Chapter 29

1

| | | |
|---|---|---|
| וַיִּשָּׂ֥א | અને-ઉપાડ્યા | H5375 |
| יַעֲקֹ֖ב | યાકૂબે | H3290 |
| רַגְלָ֑יו | પગ | H7272 |
| וַיֵּ֖לֶךְ | અને-ચાલ્યો | H3212 |
| אַ֥רְצָה | દેશમાં | H0776 |
| בְנֵי־ | પુત્રોના- | |
| קֶֽדֶם׃ | પૂર્વના | |

પછી યાકૂબ ત્યાંથી આગળ મુસાફરી કરીને પૂર્વના લોકોના દેશમાં આવ્યો.

2

| | | |
|---|---|---|
| וַיַּ֞רְא | અને-જોયું | H7200 |
| וְהִנֵּ֧ה | અને-જુઓ | H2009 |
| בְאֵ֣ר | કૂવો | H0875 |
| בַּשָּׂדֶ֗ה | ખેતરમાં | |
| וְהִנֵּה־ | અને-જુઓ- | H2009 |
| שָׁ֞ם | ત્યાં | H8033 |
| שְׁלֹשָׁ֤ה | ત્રણ | H7969 |
| עֶדְרֵי־ | ઘેટાંનાં-ટોળાં | H5739 |
| צֹאן֙ | ઘેટાંનાં | H6629 |
| רֹבְצִ֣ים | બેઠેલાં | H7257 |
| עָלֶ֔יהָ | તેની-પાસે | |
| כִּ֚י | કારણ-કે | |
| מִן־ | તે- | |
| הַבְּאֵ֣ר | કૂવામાંથી | H0875 |
| הַהִ֔וא | તે | H1931 |
| יַשְׁק֖וּ | પાણી-પાતા | H8248 |
| הָעֲדָרִ֑ים | ટોળાંને | H5739 |
| וְהָאֶ֥בֶן | અને-પથ્થર | H0068 |
| גְּדֹלָ֖ה | મોટો | |
| עַל־ | ઉપર- | |
| פִּ֥י | મુખ-પર | H6310 |
| הַבְּאֵֽר׃ | કૂવાના | H0875 |

તેણે જોયું કે, ખેતરમાં એક કૂવો હતો. ત્યાં તેની નજીક ઘેટાંનાં ત્રણ ટોળાં હતાં. તે કૂવામાંથી તેઓ ટોળાંને પાણી પીવડાવતા હતા. કૂવા પર મોટો પથ્થર ઢાંકવામાં આવેલો હતો.

3

| | | |
|---|---|---|
| וְנֶאֶסְפוּ־ | અને-ભેગાં-થતાં- | H0622 |
| שָׁ֣מָּה | ત્યાં | H8033 |
| כָֽל־ | બધાં- | H3605 |
| הָעֲדָרִ֗ים | ટોળાં | H5739 |
| וְגָלְל֤וּ | અને-ગબડાવતા | H1556 |
| אֶת־ | તે- | H0853 |
| הָאֶ֙בֶן֙ | પથ્થર | H0068 |
| מֵעַל֙ | ઉપરથી | |
| פִּ֣י | મુખ-પરથી | H6310 |
| הַבְּאֵ֔ר | કૂવાના | H0875 |
| וְהִשְׁק֖וּ | અને-પાણી-પાતા | H8248 |
| אֶת־ | તે- | H0853 |
| הַצֹּ֑אן | ઘેટાંને | H6629 |
| וְהֵשִׁ֧יבוּ | અને-પાછો-મૂકતા | H7725 |
| אֶת־ | તે- | H0853 |
| הָאֶ֛בֶן | પથ્થર | H0068 |
| עַל־ | ઉપર- | |
| פִּ֥י | મુખ-પર | H6310 |
| הַבְּאֵ֖ר | કૂવાના | H0875 |
| לִמְקֹמָֽהּ׃ | તેની-જગ્યાએ | H4725 |

જયારે ત્યાં સર્વ ટોળાં ભેગાં થતાં ત્યારે ઘેટાંપાળકો કૂવાના પથ્થરને ગબડાવી દેતા અને ઘેટાંને પાણી પીવડાવતા હતા પછી તે પથ્થરને પાછો તેની જગ્યાએ કૂવા પર મૂકી દેતાં.

4

| | | |
|---|---|---|
| וַיֹּ֤אמֶר | અને-કહ્યુ | H0559 |
| לָהֶם֙ | તેઓને | |
| יַעֲקֹ֔ב | યાકૂબે | H3290 |
| אַחַ֖י | મારા-ભાઈઓ | H0251 |
| מֵאַ֣יִן | ક્યાંથી | H0370 |
| אַתֶּ֑ם | તમે | |
| וַיֹּ֣אמְר֔וּ | અને-કહ્યુ | H0559 |
| מֵחָרָ֖ן | હારાનથી | |
| אֲנָֽחְנוּ׃ | અમે | H0587 |

યાકૂબે તેઓને પૂછ્યું, “મારા ભાઈઓ, તમે ક્યાંના છો?” તેઓએ કહ્યુ, “અમે હારાનના છીએ.”

5

| | | |
|---|---|---|
| וַיֹּ֣אמֶר | અને-કહ્યુ | H0559 |
| לָהֶ֔ם | તેઓને | |
| הַיְדַעְתֶּ֖ם | ઓળખો-છો | H3045 |
| אֶת־ | તે- | H0853 |
| לָבָ֣ן | લાબાનને | |
| בֶּן־ | પુત્ર- | |
| נָח֑וֹר | નાહોરના | H5152 |
| וַיֹּאמְר֖וּ | અને-કહ્યુ | H0559 |
| יָדָֽעְנוּ׃ | ઓળખીએ-છીએ | H3045 |

તેણે તેઓને પૂછ્યું, “શું તમે નાહોરના દીકરા લાબાનને ઓળખો છો?” તેઓએ કહ્યુ, “હા, અમે તેને ઓળખીએ છીએ.”

6

| | | |
|---|---|---|
| וַיֹּ֥אמֶר | અને-કહ્યુ | H0559 |
| לָהֶ֖ם | તેઓને | |
| הֲשָׁל֣וֹם | શું-કુશળ-છે | H7965 |
| ל֑וֹ | તેને | |
| וַיֹּאמְר֣וּ | અને-કહ્યુ | H0559 |
| שָׁל֔וֹם | કુશળ-છે | H7965 |
| וְהִנֵּה֙ | અને-જુઓ | H2009 |
| רָחֵ֣ל | રાહેલ | H7354 |
| בִּתּ֔וֹ | તેની-દીકરી | H1323 |
| בָּאָ֖ה | આવે-છે | H0935 |
| עִם־ | સાથે- | |
| הַצֹּֽאן׃ | ઘેટાંની | H6629 |

તેણે તેઓને પૂછ્યું, “શું તે ક્ષેમકુશળ છે?” તેઓએ કહ્યુ, “તે ક્ષેમકુશળ છે. તું સામે જો, તેની દીકરી રાહેલ ઘેટાંને લઈને આવી રહી છે.”

7
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
הֵן જુઓ H2005
עוֹד હજુ H5750
הַיּוֹם દિવસ H3117
גָּדוֹל મોટો-છે
לֹא־ નથી- H3808
עֵת સમય H6256
הֵאָסֵף ભેગા-કરવાનો H0622
הַמִּקְנֶה ઢોર H4735
הַשְׁקוּ પાણી-પાઓ H8248
הַצֹּאן ઘેટાંને H6629
וּלְכוּ અને-જાઓ H3212
רְעוּ׃ ચરાવો

યાકૂબે કહ્યુ, “હજી તો સાંજ પડી નથી. ઘેટાંને ભેગા કરવાનો સમય થયો નથી. માટે તમે ઘેટાંને પાણી પીવડાવો, પછી તેઓને લઈ જાઓ અને ચરવા દો.”

8
וַיֹּאמְרוּ અને-કહ્યુ H0559
לֹא નથી H3808
נוּכַל શકતા H3201
עַד જ્યાં-સુધી- H5704
אֲשֶׁר કે-
יֵאָסְפוּ ભેગાં-ન-થાય H0622
כָל־ બધાં- H3605
הָעֲדָרִים ટોળાં H5739
וְגָלְלוּ અને-ગબડાવે H1556
אֶת־ તે- H0853
הָאֶבֶן પથ્થર H0068
מֵעַל ઉપરથી
פִּי મુખ-પરથી H6310
הַבְּאֵר કૂવાના H0875
וְהִשְׁקִינוּ અને-પાણી-પાઈએ H8248
הַצֹּאן׃ ઘેટાંને H6629

તેઓએ કહ્યુ, “ઘેટાંનાં બધાં ટોળાં અને ભરવાડો એકઠાં નહિ થાય ત્યાં સુધી અમે તેઓને પાણી પીવડાવી શકતા નથી. કૂવા પરથી પથ્થર ખસેડાય તે પછી અમે ઘેટાંને પાણી પીવડાવી શકીએ છે.

9
עוֹדֶנּוּ હજુ H5750
מְדַבֵּר વાત-કરતો-હતો H1696
עִמָּם તેઓની-સાથે
וְרָחֵל અને-રાહેલ H7354
בָּאָה આવી H0935
עִם־ સાથે-
הַצֹּאן ઘેટાંની H6629
אֲשֶׁר જે-
לְאָבִיהָ તેના-પિતાનાં-હતાં H0001
כִּי કારણ-કે
רֹעָה ભરવાડણ
הִוא׃ તે-હતી H1931

તે તેઓની સાથે વાત કરતો હતો એટલામાં રાહેલ તેના પિતાનાં ઘેટાં લઈને આવી. તે તેઓને ચરાવતી અને સાચવતી હતી.

10
וַיְהִי અને-થયું H1961
כַּאֲשֶׁר જ્યારે-
רָאָה જોયું H7200
יַעֲקֹב યાકૂબે H3290
אֶת־ તે- H0853
רָחֵל રાહેલને H7354
בַּת־ દીકરી- H1323
לָבָן લાબાનની
אֲחִי ભાઈ H0251
אִמּוֹ તેની-માના H0517
וְאֶת־ અને- H0853
צֹאן ઘેટાં H6629
לָבָן લાબાનનાં
אֲחִי ભાઈ H0251
אִמּוֹ તેની-માના H0517
וַיִּגַּשׁ અને-આગળ-આવ્યો H5066
יַעֲקֹב યાકૂબ H3290
וַיָּגֶל અને-ગબડાવ્યો H1556
אֶת־ તે- H0853
הָאֶבֶן પથ્થર H0068
מֵעַל ઉપરથી
פִּי મુખ-પરથી H6310
הַבְּאֵר કૂવાના H0875
וַיַּשְׁקְ અને-પાણી-પાયું H8248
אֶת־ તે- H0853
צֹאן ઘેટાં H6629
לָבָן લાબાનનાં
אֲחִי ભાઈ H0251
אִמּוֹ׃ તેની-માના H0517

યાકૂબે તેના મામા લાબાનની દીકરી રાહેલને તથા તેમનાં ઘેટાંને જોયાં ત્યારે યાકૂબે પાસે આવીને કૂવાના મોં પરથી પથ્થર ખસેડ્યો અને તેના મામા લાબાનના ઘેટાંને પાણી પાયું.

11
וַיִּשַּׁק અને-ચુંબન-કર્યુ
יַעֲקֹב યાકૂબે H3290
לְרָחֵל રાહેલને H7354
וַיִּשָּׂא અને-ઉઠાવ્યો H5375
אֶת־ તે- H0853
קֹלוֹ અવાજ
וַיֵּבְךְּ׃ અને-રડ્યો H1058

યાકૂબે રાહેલને ચુંબન કર્યું અને રડી પડ્યો.

12
וַיַּגֵּד અને-કહ્યુ H5046
יַעֲקֹב યાકૂબે H3290
לְרָחֵל રાહેલને H7354
כִּי કે
אֲחִי ભાઈ H0251
אָבִיהָ તેના-પિતાનો H0001
הוּא તે-છે H1931
וְכִי અને-કે
בֶן־ પુત્ર-
רִבְקָה રિબકાનો H7259
הוּא તે-છે H1931
וַתָּרָץ અને-દોડી H7323
וַתַּגֵּד અને-કહ્યુ H5046
לְאָבִיהָ׃ તેના-પિતાને H0001

યાકૂબે રાહેલને જણાવ્યું કે, "હું તારા પિતાનો સંબંધી એટલે તેની બહેન રિબકાનો દીકરો છું." એ જાણીને રાહેલે દોડી જઈને તેના પિતાને ખબર આપી.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לִקְרָאתוֹ | וַיָּרָץ | אֲחֹתוֹ | בֶּן־ | יַעֲקֹב | שֵׁמַע | אֶת־ | לָבָן | כִשְׁמֹעַ | וַיְהִי | 13 |
| તેને-મળવા | અને-દોડ્યો | તેની-બહેનના | પુત્ર- | યાકૂબના | સમાચાર | તે- | લાબાને | જ્યારે-સાંભળ્યું | અને-થયું | |
| H7125 | H7323 | H0269 | | H3290 | | H0853 | | H8085 | H1961 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כָּל־ | אֵת | לְלָבָן | וַיְסַפֵּר | בֵּיתוֹ | אֶל־ | וַיְבִיאֵהוּ | לוֹ | וַיְנַשֶּׁק־ | לוֹ | וַיְחַבֶּק־ |
| બધી- | તે | લાબાનને | અને-કહ્યુ | ઘરમાં | તે- | અને-લાવ્યો | તેને | અને-ચુંબન-કર્યું- | તેને | અને-ભેટ્યો- |
| H3605 | H0853 | | | | H0413 | H0935 | | | | H2263 |

| | |
|---|---|
| הָאֵלֶּה׃ | הַדְּבָרִים |
| આ | વાતો |
| H0428 | H1697 |

જ્યારે લાબાને તેની બહેનના દીકરા યાકૂબની ખબર સાંભળી ત્યારે તે તેને મળવા દોડી આવ્યો અને ભેટીને તેને ચૂમ્યો અને તેને પોતાના ઘરે લાવ્યો. યાકૂબે લાબાનને પોતાના આવવા વિષેની વાત કરી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יָמִים׃ | חֹדֶשׁ | עִמּוֹ | וַיֵּשֶׁב | אָתָּה | וּבְשָׂרִי | עַצְמִי | אַךְ | לָבָן | לוֹ | וַיֹּאמֶר | 14 |
| દિવસોનો | એક-મહિનો | તેની-સાથે | અને-રહ્યો | તું-છે | અને-મારું-માંસ | મારું-હાડકું | ખરેખર | લાબાને | તેને | અને-કહ્યુ | |
| H3117 | H2320 | | H3427 | | H1320 | H6106 | H0389 | | | H0559 | |

લાબાને તેને કહ્યુ, "વાસ્તવમાં, આપણે એક જ લોહી તથા માંસના છીએ." પછી યાકૂબ તેની સાથે લગભગ એક મહિના સુધી રહ્યો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מַה־ | לִּי | הַגִּידָה | חִנָּם | וַעֲבַדְתַּנִי | אַתָּה | אָחִי | הֲכִי־ | לְיַעֲקֹב | לָבָן | וַיֹּאמֶר | 15 |
| શું- | મને | કહે | મફત | અને-સેવા-કરે | તું-છે | મારો-ભાઈ | શું-કારણ-કે- | યાકૂબને | લાબાને | અને-કહ્યુ | |
| H4100 | | H5046 | H2600 | H5647 | | H0251 | | H3290 | | H0559 | |

| |
|---|
| מַשְׂכֻּרְתֶּךָ׃ |
| તારી-મજૂરી |
| H4909 |

પછી લાબાને યાકૂબને કહ્યુ, "તું મારો સંબંધી છે, તે માટે તારે મારા કામ કાજ મફત કરવા જોઈએ નહિ. મને કહે, તું કેટલું વેતન લઈશ?"

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| רָחֵל׃ | הַקְּטַנָּה | וְשֵׁם | לֵאָה | הַגְּדֹלָה | שֵׁם | בָנוֹת | שְׁתֵּי | וּלְלָבָן | 16 |
| રાહેલ | નાનીનું | અને-નામ | લેઆ | મોટીનું | નામ | દીકરીઓ-હતી | બે | અને-લાબાનને | |
| H7354 | | H8034 | H3812 | | H8034 | H1323 | H8147 | | |

હવે, લાબાનને બે દીકરીઓ હતી. મોટી દીકરીનું નામ લેઆ અને નાનીનું નામ રાહેલ હતું.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מַרְאֶה׃ | וִיפַת | תֹּאַר | יְפַת־ | הָיְתָה | וְרָחֵל | רַכּוֹת | לֵאָה | וְעֵינֵי | 17 |
| રૂપમાં | અને-સુંદર | દેખાવમાં | સુંદર- | હતી | અને-રાહેલ | કોમળ-હતી | લેઆની | અને-આખો | |
| H4758 | H3303 | H8389 | H3303 | H1961 | H7354 | H7390 | H3812 | | |

લેઆની આખો નબળી + 29:17 નબળી કુમળું હતી. રાહેલ દેખાવમાં સુંદર તથા ઘાટીલી હતી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַקְּטַנָּה׃ | בִּתְּךָ | בְּרָחֵל | שָׁנִים | שֶׁבַע | אֶעֱבָדְךָ | וַיֹּאמֶר | רָחֵל | אֶת־ | יַעֲקֹב | וַיֶּאֱהַב | 18 |
| નાની | તારી-દીકરી | રાહેલ-માટે | વર્ષ | સાત | હું-સેવા-કરીશ | અને-કહ્યુ | રાહેલને | તે- | યાકૂબે | અને-પ્રેમ-કર્યો | |
| | H1323 | H7354 | H8141 | H7651 | H5647 | H0559 | H7354 | H0853 | H3290 | H0157 | |

યાકૂબ રાહેલને પ્રેમ કરતો હતો તેથી તેણે કહ્યુ, "તારી નાની દીકરી, રાહેલને સારું સાત વર્ષ હું તારી ચાકરી કરીશ.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עִמָּדִי׃ | שְׁבָה | אַחֵר | לְאִישׁ | אֹתָהּ | מִתִּתִּי | לָךְ | אֹתָהּ | תִּתִּי | טוֹב | לָבָן | וַיֹּאמֶר | 19 |
| મારી-સાથે | રહે | પુરુષને | બીજા- | તેને | આપવા-કરતાં | તને | તેને | આપું | સારું-છે | લાબાને | અને-કહ્યુ | |
| H5978 | H3427 | H0312 | H0376 | H0853 | H5414 | | H0853 | H5414 | | | H0559 | |

લાબાને કહ્યુ, "બીજા કોઈને હું મારી દીકરી આપું તેના કરતાં હું તેને આપું તે સારું છે. મારી સાથે રહે."

20

| וַיַּעֲבֹד | יַעֲקֹב | בְּרָחֵל | שֶׁבַע | שָׁנִים | וַיִּהְיוּ | בְעֵינָיו | כְּיָמִים | אֲחָדִים | בְּאַהֲבָתוֹ | אֹתָהּ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-સેવા-કરી | યાકૂબે | રાહેલ-માટે | સાત | વર્ષ | અને-લાગ્યાં | તેની-નજરમાં | થોડા-દિવસો-જેવાં | જેટલાં | તેના-પ્રેમમાં | તેના-પ્રત્યે |
| H5647 | H3290 | H7354 | H7651 | H8141 | H1961 | | H3117 | H0259 | H0157 | H0853 |

યાકૂબે રાહેલને સારુ સાત વર્ષ સુધી લાબાનની સેવા કરી; તે સાત વર્ષ તેને બહુ ઓછા દિવસો જેવા લાગ્યાં, કેમ કે તે રાહેલને પ્રેમ કરતો હતો.

21

| וַיֹּאמֶר | יַעֲקֹב | אֶל־ | לָבָן | הָבָה | אֶת־ | אִשְׁתִּי | כִּי | מָלְאוּ | יָמָי | וְאָבוֹאָה | אֵלֶיהָ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યું | યાકૂબે | તે- | લાબાનને | આપ | તે- | મારી-પત્ની | કારણ-કે | પૂરા-થયા | મારા-દિવસો | અને-હું-જાઉં | તેની-પાસે |
| H0559 | H3290 | H0413 | | H3051 | H0853 | H0802 | | H4390 | H3117 | H0935 | H0413 |

પછી યાકૂબે લાબાનને કહ્યું, "હવે મારી પત્ની મને આપ કેમ કે મારી ચાકરીનાં વર્ષોની મુદ્દત પૂરી થઈ છે, જેથી હું તેની સાથે સુખ ભોગવું."

22

| וַיֶּאֱסֹף | לָבָן | אֶת־ | כָּל־ | אַנְשֵׁי | הַמָּקוֹם | וַיַּעַשׂ | מִשְׁתֶּה׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-ભેગા-કર્યા | લાબાને | તે- | બધા- | માણસોને | તે-જગ્યાના | અને-કર્યો | ભોજન-સમારંભ |
| H0622 | | H0853 | H3605 | H0376 | H4725 | | H4960 |

તેથી લાબાને ત્યાંના સર્વ માણસોને નિમંત્રિત કરીને મિજબાની કરી.

23

| וַיְהִי | בָעֶרֶב | וַיִּקַּח | אֶת־ | לֵאָה | בִתּוֹ | וַיָּבֵא | אֹתָהּ | אֵלָיו | וַיָּבֹא | אֵלֶיהָ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | સાંજે | અને-લીધી | તે- | લેઆને | તેની-દીકરી | અને-લાવ્યો | તેને | તેની-પાસે | અને-ગયો | તેની-પાસે |
| H1961 | H6153 | H3947 | H0853 | H3812 | H1323 | H0935 | H0853 | H0413 | H0935 | H0413 |

રાત્રે અધારામાં, લાબાન તેની દીકરી લેઆને યાકૂબની પાસે લાવ્યો અને યાકૂબે તેની સાથે શરીરસુખ માણ્યું.

24

| וַיִּתֵּן | לָבָן | לָהּ | אֶת־ | זִלְפָּה | שִׁפְחָתוֹ | לְלֵאָה | בִתּוֹ | שִׁפְחָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-આપી | લાબાને | તેને | તે- | ઝિલ્પા | તેની-દાસી | લેઆને | તેની-દીકરી | દાસી-તરીકે |
| H5414 | | | H0853 | H2153 | H8198 | H3812 | H1323 | H8198 |

લાબાને તેની દીકરી લેઆને સેવા ચાકરી માટે ઝિલ્પા નામે દાસી પણ આપી.

25

| וַיְהִי | בַבֹּקֶר | וְהִנֵּה־ | הִוא | לֵאָה | וַיֹּאמֶר | אֶל־ | לָבָן | מַה־ | זֹּאת | עָשִׂיתָ | לִּי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | સવારે | અને-જુઓ- | તે | લેઆ-હતી | અને-કહ્યું | તે- | લાબાનને | આ-શું- | આ | કર્યું | મને |
| H1961 | H1242 | H2009 | H1931 | H3812 | H0559 | H0413 | | H4100 | H2063 | | |

| הֲלֹא | בְרָחֵל | עָבַדְתִּי | עִמָּךְ | וְלָמָּה | רִמִּיתָנִי׃ |
|---|---|---|---|---|---|
| શું-નહોતું | રાહેલ-માટે | સેવા-કરી | તારી-સાથે | અને-શા-માટે | છેતર્યો-મને |
| H3808 | H7354 | H5647 | | H4100 | |

સવારે યાકૂબના જોવામાં આવ્યું કે, તે તો લેઆ હતી યાકૂબે લાબાનને પૂછ્યું, "આ તેં મને શું કર્યું છે? શું રાહેલને સારુ મેં તારી સેવા ચાકરી કરી નહોતી? તેં મને શા માટે છેતર્યો?"

26

| וַיֹּאמֶר | לָבָן | לֹא־ | יֵעָשֶׂה | כֵן | בִּמְקוֹמֵנוּ | לָתֵת | הַצְּעִירָה | לִפְנֵי | הַבְּכִירָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યું | લાબાને | નથી- | થતું | એવું | અમારી-જગ્યાએ | આપવું | નાનીને | પહેલાં | મોટીની |
| H0559 | | H3808 | | | H4725 | H5414 | H6810 | H6440 | H1067 |

લાબાને કહ્યું, "મોટી દીકરીના લગ્ન અગાઉ નાની દીકરીનું લગ્ન કરવું એવો રિવાજ અમારા દેશમાં નથી.

27

| מַלֵּא | שְׁבֻעַ | זֹאת | וְנִתְּנָה | לְךָ | גַּם־ | אֶת־ | זֹאת | בַּעֲבֹדָה | אֲשֶׁר | תַּעֲבֹד | עִמָּדִי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પૂરું-કર | અઠવાડિયું | આ | અને-આપીશું | તને | પણ- | તે- | આને | સેવામાં | જે- | સેવા-કરશે | મારી-સાથે |
| H4390 | H7620 | H2063 | H5414 | | H1571 | H0853 | H2063 | H5656 | | H5647 | H5978 |

| עוֹד | שֶׁבַע־ | שָׁנִים | אֲחֵרוֹת׃ |
|---|---|---|---|
| વધુ | સાત- | વર્ષ | બીજાં |
| H5750 | H7651 | H8141 | H0312 |

આ દીકરી સાથે નવવધુ તરીકેનું અઠવાડિયું પૂરું કર પછી બીજાં સાત વર્ષ તું મારી ચાકરી કરજે અને તેના બદલામાં અમે રાહેલને પણ તને આપીશું.”

28

| | | |
|---|---|---|
| וַיַּעַשׂ | અને-કર્યું | |
| יַעֲקֹב | યાકૂબે | H3290 |
| כֵּן | એવું | |
| וַיְמַלֵּא | અને-પૂરું-કર્યું | H4390 |
| שְׁבֻעַ | અઠવાડિયું | H7620 |
| זֹאת | આ | H2063 |
| וַיִּתֶּן־ | અને-આપી- | H5414 |
| לוֹ | તેને | |
| אֶת־ | તે- | H0853 |
| רָחֵל | રાહેલ | H7354 |
| בִּתּוֹ | તેની-દીકરી | H1323 |
| לוֹ | તેને | |
| לְאִשָּׁה׃ | પત્ની-તરીકે | H0802 |

યાકૂબે તે પ્રમાણે કર્યું અને લેઆ સાથે અઠવાડિયું પૂરું કર્યું. પછી લાબાને તેની દીકરી રાહેલ પણ યાકૂબને પત્ની તરીકે આપી.

29

| | | |
|---|---|---|
| וַיִּתֵּן | અને-આપી | H5414 |
| לָבָן | લાબાને | |
| לְרָחֵל | રાહેલને | H7354 |
| בִּתּוֹ | તેની-દીકરી | H1323 |
| אֶת־ | તે- | H0853 |
| בִּלְהָה | બિલ્હા | |
| שִׁפְחָתוֹ | તેની-દાસી | H8198 |
| לָהּ | તેને | |
| לְשִׁפְחָה׃ | દાસી-તરીકે | H8198 |

વળી લાબાને રાહેલની સેવા માટે બિલ્હા નામે દાસી પણ આપી

30

| | | |
|---|---|---|
| וַיָּבֹא | અને-ગયો | H0935 |
| גַּם | પણ | H1571 |
| אֶל־ | તે- | H0413 |
| רָחֵל | રાહેલ-પાસે | H7354 |
| וַיֶּאֱהַב | અને-પ્રેમ-કર્યો | H0157 |
| גַּם־ | પણ- | H1571 |
| אֶת־ | તે- | H0853 |
| רָחֵל | રાહેલને | H7354 |
| מִלֵּאָה | લેઆ-કરતાં-વધારે | H3812 |
| וַיַּעֲבֹד | અને-સેવા-કરી | H5647 |
| עִמּוֹ | તેની-સાથે | |
| עוֹד | વધુ | H5750 |
| שֶׁבַע־ | સાત- | H7651 |
| שָׁנִים | વર્ષ | H8141 |
| אֲחֵרוֹת׃ | બીજાં | H0312 |

યાકૂબે રાહેલ સાથે પણ લગ્ન કર્યું. તે લેઆ કરતાં રાહેલ પર વધારે પ્રેમ રાખતો હતો. તેથી યાકૂબે બીજાં સાત વર્ષ લાબાનની ચાકરી કરી હતી.

31

| | | |
|---|---|---|
| וַיַּרְא | અને-જોયું | H7200 |
| יְהוָה | પ્રભુએ | H3068 |
| כִּי־ | કે- | |
| שְׂנוּאָה | ધિક્કારેલી | H8130 |
| לֵאָה | લેઆ | H3812 |
| וַיִּפְתַּח | અને-ખોલ્યું | |
| אֶת־ | તે- | H0853 |
| רַחְמָהּ | તેનું-ગર્ભાશય | H7358 |
| וְרָחֵל | અને-રાહેલ | H7354 |
| עֲקָרָה׃ | વાંઝણી-હતી | H6135 |

ઈશ્વરે જોયું કે લેઆને પ્રેમ કરવામાં આવતો નથી, તે માટે તેમણે તેનું ગર્ભસ્થાન ઉઘાડ્યું, પણ રાહેલ નિ:સંતાન હતી.

32

| | | |
|---|---|---|
| וַתַּהַר | અને-ગર્ભવતી-થઈ | H2029 |
| לֵאָה | લેઆ | H3812 |
| וַתֵּלֶד | અને-જન્મ-આપ્યો | H3205 |
| בֵּן | દીકરાને | |
| וַתִּקְרָא | અને-રાખ્યું | H7121 |
| שְׁמוֹ | તેનું-નામ | H8034 |
| רְאוּבֵן | રૂબેન | H7205 |
| כִּי | કારણ-કે | |
| אָמְרָה | કહ્યુ | H0559 |
| כִּי־ | કારણ-કે- | |
| רָאָה | જોયું | H7200 |
| יְהוָה | પ્રભુએ | H3068 |
| בְּעָנְיִי | મારું-દુ:ખ | H6040 |
| כִּי | કારણ-કે | |
| עַתָּה | હવે | H6258 |
| יֶאֱהָבַנִי | પ્રેમ-કરશે-મને | H0157 |
| אִישִׁי׃ | મારો-પતિ | H0376 |

લેઆ ગર્ભવતી થઈ અને તેણે દીકરાને જન્મ આપ્યો. તેનું નામ રુબેન પાડવામાં આવ્યું. કેમ કે તેણે કહ્યુ, “ઈશ્વરે મારું દુ:ખ જોયું છે માટે હવે મારો પતિ મને પ્રેમ કરશે.”

33

| | | |
|---|---|---|
| וַתַּהַר | અને-ગર્ભવતી-થઈ | H2029 |
| עוֹד | ફરી | H5750 |
| וַתֵּלֶד | અને-જન્મ-આપ્યો | H3205 |
| בֵּן | દીકરાને | |
| וַתֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| כִּי־ | કારણ-કે- | |
| שָׁמַע | સાંભળ્યું | H8085 |
| יְהוָה | પ્રભુએ | H3068 |
| כִּי־ | કે- | |
| שְׂנוּאָה | ધિક્કારેલી | H8130 |
| אָנֹכִי | હું-છું | H0595 |
| וַיִּתֶּן־ | અને-આપ્યો- | H5414 |
| לִי | મને | |
| גַּם־ | પણ- | H1571 |
| אֶת־ | તે- | H0853 |
| זֶה | આ | H2088 |
| וַתִּקְרָא | અને-રાખ્યું | H7121 |
| שְׁמוֹ | તેનું-નામ | H8034 |
| שִׁמְעוֹן׃ | શિમઓન | H8095 |

પછી તે ફરીથી ગર્ભવતી થઈ અને દીકરાને જન્મ આપ્યો. તેણે કહ્યુ, “હું નાપસંદ છું તે ઈશ્વરે સાંભળ્યું છે, માટે તેમણે આ દીકરો પણ મને આપ્યો છે” તેણે તેનું નામ શિમયોન પાડ્યું.

34

| | | |
|---|---|---|
| וַתַּהַר | અને-ગર્ભવતી-થઈ | H2029 |
| עוֹד | ફરી | H5750 |
| וַתֵּלֶד | અને-જન્મ-આપ્યો | H3205 |
| בֵּן | દીકરાને | |
| וַתֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| עַתָּה | હવે | H6258 |
| הַפַּעַם | આ-વખતે | H6471 |
| יִלָּוֶה | જોડાશે | |
| אִישִׁי | મારો-પતિ | H0376 |
| אֵלַי | મારી-સાથે | H0413 |
| כִּי־ | કારણ-કે- | |
| יָלַדְתִּי | જન્મ-આપ્યા | H3205 |
| לוֹ | તેને | |
| שְׁלֹשָׁה | ત્રણ | H7969 |
| בָנִים | દીકરાઓ | |
| עַל־ | તેથી- | |
| כֵּן | કેન | |
| קָרָא־ | રાખ્યું- | H7121 |
| שְׁמוֹ | તેનું-નામ | H8034 |
| לֵוִי׃ | લેવી | H3878 |

પછી તે ત્રીજીવાર ફરી ગર્ભવતી થઈ અને દીકરાને જન્મ આપ્યો. તેણે કહ્યુ, “હવે આ સમયે મારો પતિ મારી સાથે પ્રેમથી બંધાશે. કેમ કે મેં તેના ત્રણ દીકરાને જન્મ આપ્યો છે.” તે માટે તેનું નામ લેવી રાખવામાં આવ્યું.

35

| | | |
|---|---|---|
| וַתַּהַר | અને-ગર્ભવતી-થઈ | H2029 |
| עוֹד | ફરી | H5750 |
| וַתֵּלֶד | અને-જન્મ-આપ્યો | H3205 |
| בֵּן | દીકરાને | |
| וַתֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הַפַּעַם | આ-વખતે | H6471 |
| אוֹדֶה | સ્તુતિ-કરીશ | H3034 |
| אֶת־ | તે- | H0853 |
| יְהוָה | પ્રભુની | H3068 |
| עַל־ | તેથી- | |
| כֵּן | કેન | |
| קָרְאָה | રાખ્યું | H7121 |
| שְׁמוֹ | તેનું-નામ | H8034 |
| יְהוּדָה | યહૂદા | H3063 |
| וַתַּעֲמֹד | અને-બંધ-થઈ | H5975 |
| מִלֶּדֶת׃ | જન્મ-આપવાથી | H3205 |

તે ચોથી વખત ગર્ભવતી થઈ અને દીકરાને જન્મ આપ્યો. તેણે કહ્યુ, “હવે આ સમયે હું ઈશ્વરની સ્તુતિ કરીશ.” તેથી તેણે તેનું નામ યહૂદા પાડ્યું. ત્યાર પછી તેને સંતાન જનમવાનું બંધ થયું.

## Chapter 30

1

| | | |
|---|---|---|
| וַתֵּרֶא | અને-જોયું | H7200 |
| רָחֵל | રાહેલે | H7354 |
| כִּי | કે | |
| לֹא | નથી | H3808 |
| יָלְדָה | જન્મ-આપ્યો | H3205 |
| לְיַעֲקֹב | યાકૂબને | H3290 |
| וַתְּקַנֵּא | અને-ઈર્ષા-કરી | H7065 |
| רָחֵל | રાહેલ | H7354 |
| בַּאֲחֹתָהּ | તેની-બહેન-પર | H0269 |
| וַתֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֶל־ | તે- | H0413 |
| יַעֲקֹב | યાકૂબને | H3290 |
| הָבָה־ | આપ- | H3051 |
| לִּי | મને | |
| בָנִים | દીકરાઓ | |
| וְאִם־ | અને-જો- | |
| אַיִן | નહીં | H0369 |
| מֵתָה | મરી-જઈશ | H4191 |
| אָנֹכִי׃ | હું | H0595 |

જયારે રાહેલે જોયું કે તે પોતે બાળકોને જન્મ આપી શકતી નથી ત્યારે તેણે તેની બહેન પર અદેખાઈ રાખી અને યાકૂબને કહ્યુ, “મને બાળકો આપ નહિ તો હું મરી જઈશ.”

2

| | | |
|---|---|---|
| וַיִּחַר־ | અને-ભડક્યો- | H2734 |
| אַף | ક્રોધ | H0639 |
| יַעֲקֹב | યાકૂબનો | H3290 |
| בְּרָחֵל | રાહેલ-પર | H7354 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הֲתַחַת | શું-જગ્યાએ- | H8478 |
| אֱלֹהִים | ઈશ્વરની | H0430 |
| אָנֹכִי | હું-છું | H0595 |
| אֲשֶׁר־ | જેણે- | |
| מָנַע | રોક્યું | H4513 |
| מִמֵּךְ | તારા-માટે | |
| פְּרִי־ | ફળ- | H6529 |
| בָטֶן׃ | ગર્ભનું | H0990 |

યાકૂબે રાહેલ પર ગુસ્સે થઈને કહ્યુ, “ઈશ્વર જેમણે તને બાળકોનો જન્મ આપતા અટકાવી છે, શું હું તેમને સ્થાને છું?”

3

| | | |
|---|---|---|
| וַתֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הִנֵּה | જો | H2009 |
| אֲמָתִי | મારી-દાસી | H0519 |
| בִלְהָה | બિલ્હા | |
| בֹּא | જા | H0935 |
| אֵלֶיהָ | તેની-પાસે | H0413 |
| וְתֵלֵד | અને-જન્મ-આપશે | H3205 |
| עַל־ | ઉપર- | |
| בִּרְכַּי | મારા-ખોળામાં | H1290 |
| וְאִבָּנֶה | અને-બંધાઈશ | H1129 |
| גַם־ | પણ- | H1571 |
| אָנֹכִי | હું | H0595 |
| מִמֶּנָּה׃ | તેના-દ્વારા | |

તેણે કહ્યુ, “તું, મારી દાસી બિલ્હાની પાસે જા કે જેથી તે તારા સંબંધથી બાળકોને જન્મ આપે અને તેનાથી હું બાળકો મેળવી શકું.”

4

| | | |
|---|---|---|
| וַתִּתֶּן־ | અને-આપી- | H5414 |
| לוֹ | તેને | |
| אֶת־ | તે- | H0853 |
| בִּלְהָה | બિલ્હા | |
| שִׁפְחָתָהּ | તેની-દાસી | H8198 |
| לְאִשָּׁה | પત્ની-તરીકે | H0802 |
| וַיָּבֹא | અને-ગયો | H0935 |
| אֵלֶיהָ | તેની-પાસે | H0413 |
| יַעֲקֹב׃ | યાકૂબ | H3290 |

તેણે પત્ની તરીકે તેની દાસી બિલ્હા યાકૂબને આપી અને યાકૂબ તેની સાથે પત્ની તરીકેનો સંબંધ રાખ્યો.

5

| | | |
|---|---|---|
| וַתַּהַר | અને-ગર્ભવતી-થઈ | H2029 |
| בִּלְהָה | બિલ્હા | |
| וַתֵּלֶד | અને-જન્મ-આપ્યો | H3205 |
| לְיַעֲקֹב | યાકૂબને | H3290 |
| בֵּן׃ | દીકરો | |

બિલ્હા ગર્ભવતી થઈ. તેણે યાકૂબના દીકરાને જન્મ આપ્યો.

6

| | | |
|---|---|---|
| וַתֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| רָחֵל | રાહેલે | H7354 |
| דָּנַּנִּי | ન્યાય-કર્યો-મારો | H1777 |
| אֱלֹהִים | ઈશ્વરે | H0430 |
| וְגַם | અને-પણ | H1571 |
| שָׁמַע | સાંભળ્યો | H8085 |
| בְּקֹלִי | મારો-અવાજ | |
| וַיִּתֶּן־ | અને-આપ્યો- | H5414 |
| לִי | મને | |
| בֵּן | દીકરો | |
| עַל־ | તેથી- | |
| כֵּן | કેન | |
| קָרְאָה | રાખ્યું | H7121 |
| שְׁמוֹ | તેનું-નામ | H8034 |
| דָּן׃ | દાન | H1835 |

પછી રાહેલે કહ્યુ, “ઈશ્વરે મારું સાંભળ્યું છે. તેમણે નિશ્ચે મારી વિનંતી સાંભળીને મને દીકરો આપ્યો છે.” તે માટે તેણે તેનું નામ ‘દાન’ પાડ્યું.

7

| | | |
|---|---|---|
| וַתַּהַר | અને-ગર્ભવતી-થઈ | H2029 |
| עוֹד | ફરી | H5750 |
| וַתֵּלֶד | અને-જન્મ-આપ્યો | H3205 |
| בִּלְהָה | બિલ્હાએ | |
| שִׁפְחַת | દાસી | H8198 |
| רָחֵל | રાહેલની | H7354 |
| בֵּן | દીકરો | |
| שֵׁנִי | બીજો | H8145 |
| לְיַעֲקֹב׃ | યાકૂબને | H3290 |

રાહેલની દાસી બિલ્હા ફરી ગર્ભવતી થઈ અને તેણે યાકૂબના બીજા દીકરાને જન્મ આપ્યો.

8

| | | |
|---|---|---|
| וַתֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| רָחֵל | રાહેલે | H7354 |
| נַפְתּוּלֵי | સંઘર્ષો | H5319 |
| אֱלֹהִים | ઈશ્વરના | H0430 |
| נִפְתַּלְתִּי | સંઘર્ષ-કર્યો | H6617 |
| עִם־ | સાથે- | |
| אֲחֹתִי | મારી-બહેન | H0269 |
| גַּם־ | પણ- | H1571 |
| יָכֹלְתִּי | જીતી | H3201 |
| וַתִּקְרָא | અને-રાખ્યું | H7121 |
| שְׁמוֹ | તેનું-નામ | H8034 |
| נַפְתָּלִי׃ | નફતાલી | H5321 |

રાહેલે કહ્યુ, “મેં મારી બહેન સાથે જબરદસ્ત લડાઈ લડી છે અને હું જીતી છું.” તેણે તેનું નામ ‘નફતાલી’ પાડ્યું.

9

| | | |
|---|---|---|
| וַתֵּרֶא | અને-જોયું | H7200 |
| לֵאָה | લેઆએ | H3812 |
| כִּי | કે | |
| עָמְדָה | અટકી-ગઈ | H5975 |
| מִלֶּדֶת | જન્મ-આપવાથી | H3205 |
| וַתִּקַּח | અને-લીધી | H3947 |
| אֶת־ | તે- | H0853 |
| זִלְפָּה | ઝિલ્પા | H2153 |
| שִׁפְחָתָהּ | તેની-દાસી | H8198 |
| וַתִּתֵּן | અને-આપી | H5414 |
| אֹתָהּ | તેને | H0853 |
| לְיַעֲקֹב | યાકૂબને | H3290 |
| לְאִשָּׁה׃ | પત્ની-તરીકે | H0802 |

જયારે લેઆએ જોયું કે તેને પોતાને સંતાન જનમવાનું બંધ થયું છે, ત્યારે તેણે તેની દાસી ઝિલ્પાને યાકૂબની પત્ની થવા સારુ આપી.

10

| | | |
|---|---|---|
| וַתֵּלֶד | અને-જન્મ-આપ્યો | H3205 |
| זִלְפָּה | ઝિલ્પાએ | H2153 |
| שִׁפְחַת | દાસી | H8198 |
| לֵאָה | લેઆની | H3812 |
| לְיַעֲקֹב | યાકૂબને | H3290 |
| בֵּן׃ | દીકરો | |

લેઆની દાસી ઝિલ્પાએ યાકૂબના દીકરાને જન્મ આપ્યો.

11

| | | |
|---|---|---|
| וַתֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| לֵאָה | લેઆએ | H3812 |
| [בגד] | [સારું-નસીબ] | H1409 |
| (בָּא) | આવ્યું | H0935 |
| (גָד) | ભાગ્ય | H1409 |
| וַתִּקְרָא | અને-રાખ્યું | H7121 |
| אֶת־ | તે- | H0853 |
| שְׁמוֹ | તેનું-નામ | H8034 |
| גָּד׃ | ગાદ | H1410 |

લેઆએ કહ્યુ, “આના પર ઈશ્વરની દયા છે” તેથી તેણે તેનું નામ ‘ગાદ’ પાડ્યું.

12

| | | |
|---|---|---|
| וַתֵּלֶד | અને-જન્મ-આપ્યો | H3205 |
| זִלְפָּה | ઝિલ્પાએ | H2153 |
| שִׁפְחַת | દાસી | H8198 |
| לֵאָה | લેઆની | H3812 |
| בֵּן | દીકરો | |
| שֵׁנִי | બીજો | H8145 |
| לְיַעֲקֹב׃ | યાકૂબને | H3290 |

પછી લેઆની દાસી ઝિલ્પાને યાકૂબથી બીજો દીકરો જન્મ્યો.

13

| | | |
|---|---|---|
| וַתֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| לֵאָה | લેઆએ | H3812 |
| בְּאָשְׁרִי | મારા-સુખમાં | H0837 |
| כִּי | કારણ-કે | |
| אִשְּׁרוּנִי | ધન્ય-કહેશે-મને | H0833 |
| בָּנוֹת | સ્ત્રીઓ | H1323 |
| וַתִּקְרָא | અને-રાખ્યું | H7121 |
| אֶת־ | તે- | H0853 |
| שְׁמוֹ | તેનું-નામ | H8034 |
| אָשֵׁר׃ | આશેર | H0836 |

લેઆએ કહ્યુ, "હું આશિષીત છું કેમ કે અન્ય સ્ત્રીઓ મને આશીર્વાદિત માનશે." તેથી તેણે તેનું નામ 'આશેર' એટલે આશિષીત પાડ્યું.

14 וַיֵּלֶךְ רְאוּבֵן בִּימֵי קְצִיר־ חִטִּים וַיִּמְצָא דוּדָאִים בַּשָּׂדֶה וַיָּבֵא אֹתָם אֶל־
અને-ગયો રૂબેન દિવસોમાં લણણી- ઘઉંની અને-શોધ્યા દૂદાફળ ખેતરમાં અને-લાવ્યો તેઓને તે-
H3212 H7205 H3117 H2406 H4672 H1736 H0935 H0853 H0413

לֵאָה אִמּוֹ וַתֹּאמֶר רָחֵל אֶל־ לֵאָה תְּנִי־ נָא לִי מִדּוּדָאֵי בְּנֵךְ׃
લેઆ-પાસે તેની-માતા અને-કહ્યુ રાહેલ તે- લેઆને આપ- કૃપા-કરીને મને દૂદાફળમાંથી તારા-દીકરાના
H3812 H0517 H0559 H7354 H0413 H3812 H5414 H4994 H1736

રુબેન ઘઉંની કાપણીના દિવસોમાં ખેતરમાં ગયો હતો ત્યાં એક છોડ પર રીંગણાં + 30:14 ખૂબ મીઠી સુગંધી ફૂલનો છોડ જેનો ફળ ખાઈને જાતીય ઇચ્છા જાગૃત થાય છે. હતા. તેમાંથી કેટલાંક રીંગણાં તે લેઆની પાસે લઈ આવ્યો. તે જોઈને રાહેલે લેઆને કહ્યુ, "તારા દીકરાના રીંગણાંમાંથી થોડાં મને આપ."

15 וַתֹּאמֶר לָהּ הַמְעַט קַחְתֵּךְ אֶת־ אִישִׁי וְלָקַחַת גַּם אֶת־ דּוּדָאֵי בְּנִי
અને-કહ્યુ તેને શું-ઓછું-છે લેવું-તારું તે- મારા-પતિને અને-લેવા પણ તે- દૂદાફળ મારા-દીકરાના
H0559 H4592 H3947 H0853 H0376 H3947 H1571 H0853 H1736

וַתֹּאמֶר רָחֵל לָכֵן יִשְׁכַּב עִמָּךְ הַלַּיְלָה תַּחַת דּוּדָאֵי בְנֵךְ׃
અને-કહ્યુ રાહેલ તેથી સૂશે તારી-સાથે આજ-રાત્રે બદલે દૂદાફળના તારા-દીકરાના
H0559 H7354 H7901 H3915 H8478 H1736

લેઆએ તેને કહ્યુ, "તેં મારા પતિને લઈ લીધો છે, એ શું ઓછું છે? તો હવે મારા દીકરાનાં રીંગણાં પણ તારે લેવાં છે? "રાહેલે કહ્યુ, "તારા દીકરાનાં રીંગણાં બદલે આજ રાત્રે યાકૂબ તારી સાથે સહશયન કરશે."

16 וַיָּבֹא יַעֲקֹב מִן־ הַשָּׂדֶה בָּעֶרֶב וַתֵּצֵא לֵאָה לִקְרָאתוֹ וַתֹּאמֶר אֵלַי תָּבוֹא
અને-આવ્યો યાકૂબ તે- ખેતરમાંથી સાંજે અને-નીકળી લેઆ તેને-મળવા અને-કહ્યુ મારી-પાસે આવજે
H0935 H3290 H6153 H3318 H3812 H7125 H0559 H0413 H0935

כִּי שָׂכֹר שְׂכַרְתִּיךָ בְּדוּדָאֵי בְּנִי וַיִּשְׁכַּב עִמָּהּ בַּלַּיְלָה הוּא׃
કારણ-કે ભાડે- ભાડે-રાખ્યો-તને દૂદાફળથી મારા-દીકરાના અને-સૂતો તેની-સાથે તે-રાત્રે તે
H1736 H7901 H3915 H1931

સાંજે યાકૂબ ખેતરમાંથી આવ્યો. લેઆ તેને મળવાને બહાર ગઈ અને કહ્યુ, "આજે રાત્રે તારે મારી સાથે સહશયન કરવાનું છે. કેમ કે મારા દીકરાનાં રીંગણાં આપીને મેં આ શરત કરી છે." માટે તે રાત્રે યાકૂબ તેની સાથે સૂઈ ગયો.

17 וַיִּשְׁמַע אֱלֹהִים אֶל־ לֵאָה וַתַּהַר וַתֵּלֶד לְיַעֲקֹב בֵּן חֲמִישִׁי׃
અને-સાંભળ્યું ઈશ્વરે તે- લેઆને અને-ગર્ભવતી-થઈ અને-જન્મ-આપ્યો યાકૂબને દીકરો પાંચમો
H8085 H0430 H0413 H3812 H2029 H3205 H3290 H2549

ઈશ્વરે લેઆનું સાંભળ્યું અને તે ગર્ભવતી થઈ. તેણે યાકૂબના પાંચમા દીકરાને જન્મ આપ્યો.

18 וַתֹּאמֶר לֵאָה נָתַן אֱלֹהִים שְׂכָרִי אֲשֶׁר־ נָתַתִּי שִׁפְחָתִי לְאִישִׁי וַתִּקְרָא שְׁמוֹ
અને-કહ્યુ લેઆએ આપ્યો ઈશ્વરે મારો-બદલો જે- આપી મારી-દાસી મારા-પતિને અને-રાખ્યું તેનું-નામ
H0559 H3812 H5414 H0430 H7939 H5414 H8198 H0376 H7121 H8034

יִשָּׂשכָר׃
ઈસ્સાખાર
H3485

લેઆએ કહ્યુ, "ઈશ્વરે મને બદલો આપ્યો છે, કેમ કે મેં મારા પતિને મારી દાસી આપી હતી." તેણે તેનું નામ 'ઇસ્સાખાર + 30:18 ઇસ્સાખાર બદલો' પાડ્યું.

19 וַתַּהַר עוֹד לֵאָה וַתֵּלֶד בֵּן־ שִׁשִּׁי לְיַעֲקֹב׃
અને-ગર્ભવતી-થઈ ફરી લેઆ અને-જન્મ-આપ્યો દીકરો- છઠ્ઠો યાકૂબને
H2029 H5750 H3812 H3205 H8345 H3290

લેઆ ફરી ગર્ભવતી થઈ અને તેણે યાકૂબના છઠ્ઠા દીકરાને જન્મ આપ્યો.

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֹּ֣אמֶר | לֵאָ֗ה | זְבָדַ֨נִי | אֱלֹהִ֥ים | אֹתִי֮ | זֵ֣בֶד | ט֒וֹב | הַפַּ֙עַם֙ | יִזְבְּלֵ֣נִי | אִישִׁ֔י |
| અને-કહ્યુ | લેઆએ | ભેટ-આપી | ઈશ્વરે | મને | ભેટ | સારી | આ-વખતે | માન-આપશે-મને | મારો-પતિ |
| H0559 | H3812 | H2064 | H0430 | H0853 | H2065 | | H6471 | H2082 | H0376 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | יָלַ֥דְתִּי | ל֖וֹ | שִׁשָּׁ֣ה | בָנִ֑ים | וַתִּקְרָ֥א | אֶת־ | שְׁמ֖וֹ | זְבֻלֽוּן׃ |
| કારણ-કે- | જન્મ-આપ્યા | તેને | છ | દીકરાઓ | અને-રાખ્યું | તે- | તેનું-નામ | ઝબૂલૂન |
| | H3205 | | H8337 | | H7121 | H0853 | H8034 | H2074 |

લેઆએ કહ્યું, "ઈશ્વરે મને સારી ભેટ આપી છે. હવે મારો પતિ મને માન આપશે, કેમ કે મેં તેના છ દીકરાને જન્મ આપ્યો છે. "માટે તેણે તેનું નામ ઝબુલોન + 30:20 ઝબુલોન માન પાડ્યું.

21

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְאַחַ֖ר | יָ֣לְדָה | בַּ֑ת | וַתִּקְרָ֥א | אֶת־ | שְׁמָ֖הּ | דִּינָֽה׃ |
| અને-પછી | જન્મ-આપ્યો | દીકરી | અને-રાખ્યું | તે- | તેનું-નામ | દીના |
| | H3205 | H1323 | H7121 | H0853 | H8034 | H1783 |

ત્યાર પછી તેણે એક દીકરીને જન્મ આપ્યો અને તેણીએ તેનું નામ દીના પાડ્યું.

22

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּזְכֹּ֥ר | אֱלֹהִ֖ים | אֶת־ | רָחֵ֑ל | וַיִּשְׁמַ֤ע | אֵלֶ֙יהָ֙ | אֱלֹהִ֔ים | וַיִּפְתַּ֖ח | אֶת־ | רַחְמָֽהּ׃ |
| અને-યાદ-કર્યું | ઈશ્વરે | તે- | રાહેલને | અને-સાંભળ્યું | તેને | ઈશ્વરે | અને-ખોલ્યું | તે- | તેનું-ગર્ભાશય |
| H2142 | H0430 | H0853 | H7354 | H8085 | H0413 | H0430 | | H0853 | H7358 |

ઈશ્વરે રાહેલને યાદ કરીને તેની પ્રાર્થના સાંભળી. તેને સંતાન પ્રાપ્તિનો આશીર્વાદ આપ્યો.

23

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַתַּ֖הַר | וַתֵּ֣לֶד | בֵּ֑ן | וַתֹּ֕אמֶר | אָסַ֥ף | אֱלֹהִ֖ים | אֶת־ | חֶרְפָּתִֽי׃ |
| અને-ગર્ભવતી-થઈ | અને-જન્મ-આપ્યો | દીકરો | અને-કહ્યુ | દૂર-કર્યું | ઈશ્વરે | તે- | મારું-અપમાન |
| H2029 | H3205 | | H0559 | H0622 | H0430 | H0853 | H2781 |

તે ગર્ભવતી થઈ અને તેણે દીકરાને જન્મ આપ્યો. તેણે કહ્યુ, "ઈશ્વરે મારી શરમ દૂર કરી છે"

24

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתִּקְרָ֧א | אֶת־ | שְׁמ֛וֹ | יוֹסֵ֖ף | לֵאמֹ֑ר | יֹסֵ֧ף | יְהוָ֛ה | לִ֖י | בֵּ֥ן | אַחֵֽר׃ |
| અને-રાખ્યું | તે- | તેનું-નામ | યૂસફ | કહીને | ઉમેરે | પ્રભુ | મને | દીકરો | બીજો |
| H7121 | H0853 | H8034 | H3130 | H0559 | H3254 | H3068 | | | H0312 |

તેણે તેનું નામ 'યૂસફ' પાડીને કહ્યુ, "ઈશ્વર એક બીજો દીકરો પણ મને આપો."

25

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִ֕י | כַּאֲשֶׁ֛ר | יָלְדָ֥ה | רָחֵ֖ל | אֶת־ | יוֹסֵ֑ף | וַיֹּ֤אמֶר | יַעֲקֹב֙ | אֶל־ | לָבָ֔ן | שַׁלְּחֵ֙נִי֙ | וְאֵ֣לְכָ֔ה |
| અને-થયું | જ્યારે- | જન્મ-આપ્યો | રાહેલે | તે- | યૂસફને | અને-કહ્યુ | યાકૂબે | તે- | લાબાનને | મોકલ-મને | અને-જાઉં |
| H1961 | | H3205 | H7354 | H0853 | H3130 | H0559 | H3290 | H0413 | | H7971 | H3212 |

| | | |
|---|---|---|
| אֶל־ | מְקוֹמִ֖י | וּלְאַרְצִֽי׃ |
| તે- | મારી-જગ્યાએ | અને-મારા-દેશમાં |
| H0413 | H4725 | H0776 |

રાહેલે યૂસફને જન્મ આપ્યો ત્યાર પછી યાકૂબે લાબાનને કહ્યુ, "મને વિદાય કર, કે જેથી હું મારો દેશ, એટલે મારા પોતાના ઘરે જાઉં.

26

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| תְּנָ֞ה | אֶת־ | נָשַׁ֣י | וְאֶת־ | יְלָדַ֗י | אֲשֶׁ֨ר | עָבַ֧דְתִּי | אֹתְךָ֛ | בָּהֵ֖ן | וְאֵלֵ֑כָה | כִּ֚י |
| આપ | તે- | મારી-પત્નીઓ | અને- | મારા-બાળકો | જેમના-માટે | સેવા-કરી | તારી | તેઓ-માટે | અને-જાઉં | કારણ-કે |
| H5414 | H0853 | H0802 | H0853 | H3206 | | H5647 | H0853 | H2004 | H3212 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אַתָּ֣ה | יָדַ֔עְתָּ | אֶת־ | עֲבֹדָתִ֖י | אֲשֶׁ֥ר | עֲבַדְתִּֽיךָ׃ |
| તું | જાણે-છે | તે- | મારી-સેવા | જે | સેવા-કરી-તારી |
| | H3045 | H0853 | H5656 | | H5647 |

મારી પત્નીઓ તથા મારાં બાળકો જેઓને સારુ મેં તારી સેવા ચાકરી કરી છે, તે મને આપ. મને જવા દે, કેમ કે મેં તારી જે ચાકરી કરી છે, તે તું જાણે છે."

27

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֤אמֶר | אֵלָיו֙ | לָבָ֔ן | אִם־ | נָ֛א | מָצָ֥אתִי | חֵ֖ן | בְּעֵינֶ֑יךָ | נִחַ֕שְׁתִּי | וַיְבָרְכֵ֥נִי |
| અને-કહ્યુ | તેને | લાબાને | જો- | કૃપા-કરીને | પામ્યો-છું | કૃપા | તારી-નજરમાં | જાણ્યું-છે | અને-આશીર્વાદ-આપ્યો-મને |
| H0559 | H0413 | | | H4994 | H4672 | H2580 | | H5172 | H1288 |

| | |
|---|---|
| יְהוָ֖ה | בִּגְלָלֶֽךָ׃ |
| પ્રભુએ | તારા-કારણે |
| H3068 | H1558 |

લાબાને તેને કહ્યુ, "જો, હવે તારી દ્રષ્ટિમાં મેં કૃપા પ્રાપ્ત કરી હોય તો રહે, કેમ કે ઈશ્વર દ્વારા મને જણાયું છે કે તારે લીધે ઈશ્વરે મને ઘણો આશીર્વાદ આપ્યો છે."

28

| | | |
|---|---|---|
| וַיֹּאמַר | અને-કહ્યુ | H0559 |
| נָקְבָה | નક્કી-કર | |
| שְׂכָרְךָ | તારી-મજૂરી | H7939 |
| עָלַי | મારા-ઉપર | |
| וְאֶתֵּנָה׃ | અને-આપીશ | H5414 |

પછી તેણે કહ્યુ, "તારી ઇચ્છા અનુસાર તું જેટલું માંગીશ તેટલું હું તને આપીશ."

29

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֵלָיו | તેને | H0413 |
| אַתָּה | તું | |
| יָדַעְתָּ | જાણે-છે | H3045 |
| אֵת | તે | H0853 |
| אֲשֶׁר | જે- | |
| עֲבַדְתִּיךָ | સેવા-કરી-તારી | H5647 |
| וְאֵת | અને-તે | H0853 |
| אֲשֶׁר־ | જે- | |
| הָיָה | હતું | H1961 |
| מִקְנְךָ | તારું-ઢોર | H4735 |
| אִתִּי׃ | મારી-સાથે | H0854 |

યાકૂબે તેને કહ્યુ, "તું જાણે છે કે મેં તારી કેવી ચાકરી કરી છે અને તારાં જાનવરોમાં કેટલો બધો વધારો થયો છે.

30

| | | |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| מְעַט | થોડું | H4592 |
| אֲשֶׁר־ | જે- | |
| הָיָה | હતું | H1961 |
| לְךָ | તારું | |
| לְפָנַי | મારા-પહેલાં | H6440 |
| וַיִּפְרֹץ | અને-વધ્યું | H6555 |
| לָרֹב | ઘણું | H7230 |
| וַיְבָרֶךְ | અને-આશીર્વાદ-આપ્યો | H1288 |
| יְהוָה | પ્રભુએ | H3068 |
| אֹתְךָ | તને | H0853 |
| לְרַגְלִי | મારા-પગલે | H7272 |
| וְעַתָּה | અને-હવે | H6258 |
| מָתַי | ક્યારે | H4970 |
| אֶעֱשֶׂה | કરીશ | |
| גַם־ | પણ- | H1571 |
| אָנֹכִי | હું | H0595 |
| לְבֵיתִי׃ | મારા-ઘર-માટે | |

હું અહીં આવ્યો તે પહેલાં તારી પાસે થોડું હતું અને હવે તે ઘણું વધી ગયું છે. જ્યાં મેં કામ કર્યું છે ત્યાં ઈશ્વરે તને આશીર્વાદ આપ્યો છે. હવે મારા પોતાના ઘર કુટુંબ માટે પણ મારે ઘણું કરવાનું છે. તે હું ક્યારે પૂરું કરીશ?"

31

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| מָה | શું | H4100 |
| אֶתֶּן־ | આપું- | H5414 |
| לָךְ | તને | |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יַעֲקֹב | યાકૂબે | H3290 |
| לֹא־ | નહીં- | H3808 |
| תִתֶּן־ | આપ- | H5414 |
| לִי | મને | |
| מְאוּמָה | કંઈ-પણ | H3972 |
| אִם־ | જો- | |
| תַּעֲשֶׂה־ | કર- | |
| לִּי | મારા-માટે | |
| הַדָּבָר | વાત | H1697 |
| הַזֶּה | આ | H2088 |
| אָשׁוּבָה | પાછો-જઈશ | H7725 |
| אֶרְעֶה | ચરાવીશ | |
| צֹאנְךָ | તારાં-ઘેટાં | H6629 |
| | H3555 | H8478 | H3555 | H6482 | H8478 | H6482 | H2250 | H8478 | H2250 | |

દઝાડવાને બદલે દઝાડવું, ઘાને બદલે ઘા, ચીરાના બદલે ચીરો એ પ્રમાણે બદલો લેવો.

26

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְכִֽי־ | יַכֶּ֨ה | אִ֜ישׁ | אֶת־ | עֵ֥ין | עַבְדּ֛וֹ | אֽוֹ־ | אֶת־ | עֵ֥ין | אֲמָת֖וֹ | וְשִֽׁחֲתָ֑הּ |
| અને-જ્યારે | મારે | કોઈ-માણસ | () | આખ | તેના-દાસની | અથવા | () | આખ | તેની-દાસીની | અને-બગાડે |
| | H5221 | H0376 | H0853 | | H5650 | | H0853 | | H0519 | H7843 |

| | | | | |
|---|---|---|---|---|
| לַֽחָפְשִׁ֥י | יְשַׁלְּחֶ֖נּוּ | תַּ֥חַת | עֵינֽוֹ׃ | ס |
| સ્વતંત્ર | મોકલશે-તેને | બદલે | તેની-આખના | — |
| H2670 | H7971 | H8478 | | |

અને જો કોઈ માણસ પોતાના ગુલામ કે દાસીને આખ પર મારીને તેને ફોડી નાખે, તો તેણે આખની નુકસાનીના બદલામાં તેઓને છૂટાં કરી દેવાં.

27

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִם־ | שֵׁ֧ן | עַבְדּ֛וֹ | אֽוֹ־ | שֵׁ֥ן | אֲמָת֖וֹ | יַפִּ֑יל | לַֽחָפְשִׁ֥י | יְשַׁלְּחֶ֖נּוּ | תַּ֥חַת | שִׁנּֽוֹ׃ |
| અને-જો | દાંત | તેના-દાસનો | અથવા | દાંત | તેની-દાસીનો | પાડે | સ્વતંત્ર | મોકલશે-તેને | બદલે | તેના-દાંતના |
| | H8127 | H5650 | | H8127 | H0519 | H5307 | H2670 | H7971 | H8478 | H8127 |

| |
|---|
| פ |
| — |

અને જો તે પોતાના ગુલામનો કે દાસીનો દાંત તોડી નાખે, તો તેના દાંતની નુકસાનીના બદલામાં તેઓને મુક્ત કરી દેવા.

28

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְכִֽי־ | יִגַּ֨ח | שׁ֥וֹר | אֶת־ | אִ֛ישׁ | א֥וֹ | אֶת־ | אִשָּׁ֖ה | וָמֵ֑ת | סָק֨וֹל |
| અને-જ્યારે | મારે-શિંગડાથી | બળદ | () | માણસને | અથવા | () | સ્ત્રીને | અને-મરે | ચોક્કસ |
| | H5055 | H7794 | H0853 | H0376 | | H0853 | H0802 | H4191 | H5619 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יִסָּקֵ֜ל | הַשּׁ֗וֹר | וְלֹ֤א | יֵֽאָכֵל֙ | אֶת־ | בְּשָׂר֔וֹ | וּבַ֥עַל | הַשּׁ֖וֹר | נָקִֽי׃ |
| પથ્થર-મારવામાં-આવશે | બળદને | અને-નહીં | ખાવામાં-આવશે | () | તેનું-માંસ | અને-માલિક | બળદનો | નિર્દોષ-છે |
| H5619 | H7794 | H3808 | H0398 | H0853 | H1320 | H1167 | H7794 | |

વળી જો કોઈ બળદ સ્ત્રી કે પુરુષને શિંગડું મારે, તેથી તેનું મૃત્યુ થાય, તો તે બળદને પથ્થરા મારીને મારી નાખવો. અને તેનું માંસ ખાવું નહિ, બળદનો માલિક ગુનેગાર ગણાય નહિ.

29

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְאִ֡ם | שׁ֣וֹר | נַגָּ֨ח | ה֜וּא | מִתְּמֹ֣ל | שִׁלְשֹׁ֗ם | וְהוּעַ֤ד | בִּבְעָלָיו֙ | וְלֹ֣א |
| અને-જો | બળદ | મારનાર | હોય-તે | ગઈ-કાલથી | ત્રણ-દિવસથી | અને-ચેતવણી-મળી-હતી | તેના-માલિકને | અને-નહીં |
| | H7794 | H5056 | H1931 | H8543 | H8032 | | H1167 | H3808 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יִשְׁמְרֶ֔נּוּ | וְהֵמִ֥ית | אִ֖ישׁ | א֣וֹ | אִשָּׁ֑ה | הַשּׁוֹר֙ | יִסָּקֵ֔ל | וְגַם־ | בְּעָלָ֖יו |
| સંભાળે-તેને | અને-મારી-નાખે | માણસને | અથવા | સ્ત્રીને | બળદને | પથ્થર-મારવામાં-આવશે | અને-પણ | તેના-માલિકને |
| H8104 | H4191 | H0376 | | H0802 | H7794 | H5619 | H1571 | H1167 |

| |
|---|
| יוּמָֽת׃ |
| મારી-નાખવામાં-આવશે |
| H4191 |

પણ જો તે બળદને પહેલેથી જ શિંગડું મારવાની ટેવ હોય અને તે વિષે તેનો માલિક જાણતો હોય, તેમ છતાં તેણે તેને કાબૂમાં રાખ્યો ના હોય અને તે બળદ કોઈ પુરુષ કે સ્ત્રીને મારી નાખે, તો તે બળદને પથ્થરો મારીને મારી નાખવો અને તેના માલિકને પણ મોતની સજા કરવી.

30

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אִם־ | כֹּ֖פֶר | יוּשַׁ֣ת | עָלָ֑יו | וְנָתַן֙ | פִּדְיֹ֣ן | נַפְשׁ֔וֹ | כְּכֹ֥ל | אֲשֶׁר־ | יוּשַׁ֖ת | עָלָֽיו׃ |
| જો | ખંડણી | નક્કી-થાય | તેના-પર | તો-આપશે | મુક્તિની-કિંમત | તેના-જીવની | જેટલું | નક્કી | થાય | તેના-પર |
| | | H7896 | | H5414 | | H5315 | H3605 | | H7896 | |

પરંતુ મૃત્યુની સજાને બદલે જો તેનો દંડ કરવામાં આવ્યો હોય, તો બળદના જીવના બદલામાં જે કાંઈ મૂલ્ય ઠરાવવામાં આવે તે તેણે ચૂકવવું.

31

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אוֹ־ | בֵ֥ן | יִגָּ֖ח | אוֹ־ | בַ֣ת | יִגָּ֑ח | כַּמִּשְׁפָּ֥ט | הַזֶּ֖ה | יֵעָ֥שֶׂה | לּֽוֹ׃ |
| અથવા | પુત્રને | મારે-શિંગડાથી | અથવા | પુત્રીને | મારે-શિંગડાથી | આ-ન્યાય-મુજબ | આ | કરવામાં-આવશે | તેને |
| | | H5055 | | H1323 | H5055 | H4941 | H2088 | | |

અને જો બળદે કોઈના પુત્ર કે પુત્રીને શિંગડું માર્યું હોય, તો પણ આ જ કાનૂન લાગુ પડે.

32

| | | |
|---|---|---|
| אִם־ | જો | |
| עֶבֶד | દાસને | H5650 |
| יִגַּח | મારે-શિંગડાથી | H5055 |
| הַשּׁוֹר | બળદ | H7794 |
| אוֹ | અથવા | |
| אָמָה | દાસીને | H0519 |
| כֶּסֶף | ચાંદીના | H3701 |
| שְׁלֹשִׁים | ત્રીસ | H7970 |
| שְׁקָלִים | શેકેલ | H8255 |
| יִתֵּן | આપશે | H5414 |
| לַאדֹנָיו | તેના-માલિકને | H0113 |

| | | |
|---|---|---|
| וְהַשּׁוֹר | અને-બળદને | H7794 |
| יִסָּקֵל׃ | પથ્થર-મારવામાં-આવશે | H5619 |
| ס | — | |

જો એ બળદ કોઈ ગુલામ કે દાસીને શિંગડું મારે તો તેના માલિકે ગુલામ કે દાસીને ત્રીસ તોલા ચાંદી + 21:32 ત્રીસ તોલા ચાંદી 342 ગ્રામ ચાંદી આપવી અને બળદને પથ્થરો મારીને મારી નાખવો.

33

| | | |
|---|---|---|
| וְכִֽי־ | અને-જ્યારે | |
| יִפְתַּח | ખોલે | |
| אִישׁ | કોઈ-માણસ | H0376 |
| בּוֹר | ખાડો | |
| אוֹ | અથવા | |
| כִּֽי־ | જ્યારે | |
| יִכְרֶה | ખોદે | |
| אִישׁ | કોઈ-માણસ | H0376 |
| בֹּר | ખાડો | |
| וְלֹא | અને-નહીં | H3808 |
| יְכַסֶּנּוּ | ઢાંકે-તેને | H3680 |

| | | |
|---|---|---|
| וְנָֽפַל־ | અને-પડે | H5307 |
| שָׁמָּה | તેમાં | H8033 |
| שׁוֹר | બળદ | H7794 |
| אוֹ | અથવા | |
| חֲמוֹר׃ | ગધેડો | H2543 |

જો કોઈ માણસ ખાડો ખોદે અને તેને ઢાંકે નહિ અને જો તેમાં કોઈનો બળદ કે કોઈનું ગધેડું પડે,

34

| | | |
|---|---|---|
| בַּעַל | માલિક | H1167 |
| הַבּוֹר | ખાડાનો | |
| יְשַׁלֵּם | ભરપાઈ-કરશે | |
| כֶּסֶף | ચાંદી | H3701 |
| יָשִׁיב | પાછી-આપશે | H7725 |
| לִבְעָלָיו | તેના-માલિકને | H1167 |
| וְהַמֵּת | અને-મરેલું | H4191 |
| יִֽהְיֶה־ | થશે | H1961 |
| לּוֹ׃ | તેનું | |
| ס | — | |

તો ખાડાના ખોદનારે નુકસાન ભરપાઈ કરવું. તેણે એ પશુના માલિકને તેની કિંમત જેટલાં નાણાં ભરપાઈ કરવાં. અને મરેલું પશુ પોતે લઈ જવું.

35

| | | |
|---|---|---|
| וְכִֽי־ | અને-જ્યારે | |
| יִגֹּף | ઈજા-કરે | H5062 |
| שׁוֹר־ | બળદ | H7794 |
| אִישׁ | માણસનો | H0376 |
| אֶת־ | () | H0853 |
| שׁוֹר | બળદને | H7794 |
| רֵעֵהוּ | તેના-પડોશીના | H7453 |
| וָמֵת | અને-મરે | H4191 |
| וּמָכְרוּ | તો-વેચશે | H4376 |
| אֶת־ | () | H0853 |
| הַשּׁוֹר | બળદ | H7794 |

| | | |
|---|---|---|
| הַחַי | જીવતો | |
| וְחָצוּ | અને-ભાગ-કરશે | H2673 |
| אֶת־ | () | H0853 |
| כַּסְפּוֹ | તેની-ચાંદીનો | H3701 |
| וְגַם | અને-પણ | H1571 |
| אֶת־ | () | H0853 |
| הַמֵּת | મરેલાનો | H4191 |
| יֶחֱצוּן׃ | ભાગ-કરશે | H2673 |

અને જો કોઈ માણસનો બળદ બીજાના બળદને શિંગડું મારે અને તે મરી જાય, તો તે બન્ને જીવતા બળદને વેચી નાખે અને તેની કિંમત વહેંચી લે તથા મરેલું પશુ પણ વહેંચી લે.

36

| | | |
|---|---|---|
| אוֹ | અથવા | |
| נוֹדַע | જાણીતું-હતું | H3045 |
| כִּי | કે | |
| שׁוֹר | બળદ | H7794 |
| נַגָּח | મારનાર | H5056 |
| הוּא | હતો-તે | H1931 |
| מִתְּמוֹל | ગઈ-કાલથી | H8543 |
| שִׁלְשֹׁם | ત્રણ-દિવસથી | H8032 |
| וְלֹא | અને-નહીં | H3808 |
| יִשְׁמְרֶנּוּ | સંભાળે-તેને | H8104 |

| | | |
|---|---|---|
| בְּעָלָיו | તેના-માલિકે | H1167 |
| שַׁלֵּם | ચોક્કસ | |
| יְשַׁלֵּם | ભરપાઈ-કરશે | |
| שׁוֹר | બળદ | H7794 |
| תַּחַת | બદલે | H8478 |
| הַשּׁוֹר | બળદના | H7794 |
| וְהַמֵּת | અને-મરેલો | H4191 |
| יִֽהְיֶה־ | થશે | H1961 |
| לּוֹ׃ | તેનો | |
| ס | — | |

અથવા બળદના માલિકને જો પહેલેથી જ ખબર હોય કે એ બળદને કેટલાક સમયથી મારવાની ટેવ છે અને એના માલિકે એને કાબૂમાં રાખ્યો ન હોય, તો તેનું નુકસાન ભરપાઈ કરી આપવું. બળદને બદલે બળદ આપવો, અને એ મૃત પશુ પણ તેનું થાય.

## Chapter 22

1

| | | |
|---|---|---|
| כִּי | જ્યારે | |
| יִגְנֹב־ | ચોરે | H1589 |
| אִישׁ | કોઈ-માણસ | H0376 |
| שׁוֹר | બળદ | H7794 |
| אוֹ־ | અથવા | |
| שֶׂה | ઘેટું | H7716 |
| וּטְבָחוֹ | અને-કાપે-તેને | H2873 |
| אוֹ | અથવા | |
| מְכָרוֹ | વેચે-તેને | H4376 |
| חֲמִשָּׁה | પાંચ | H2568 |
| בָקָר | બળદો | H1241 |

| | | |
|---|---|---|
| יְשַׁלֵּם | ભરપાઈ-કરશે | |
| תַּחַת | બદલે | H8478 |
| הַשּׁוֹר | બળદના | H7794 |
| וְאַרְבַּע־ | અને-ચાર | H0702 |
| צֹאן | ઘેટાં | H6629 |
| תַּחַת | બદલે | H8478 |
| הַשֶּׂה׃ | ઘેટાના | H7716 |

જો કોઈ માણસ બળદ કે ઘેટું ચોરે અને તેને કાપે અથવા વેચી નાખે, તો તેણે એક બળદને બદલે પાંચ બળદ અને એક ઘેટાંને બદલે ચાર ઘેટાં આપવાં.

2

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אִם־ | בַּמַּחְתֶּרֶת | יִמָּצֵא | הַגַּנָּב | וְהֻכָּה | וָמֵת | אֵין | לוֹ | דָּמִים׃ |
| જો | ખોદકામમાં | મળે | ચોર | અને-માર-ખાય | અને-મરે | નહીં | તેના-માટે | લોહી-દોષ |
| | H4290 | H4672 | H1590 | H5221 | H4191 | H0369 | | H1818 |

જો કોઈ ચોરી કરતાં પકડાયા અને તેની હત્યા થાય તો એ ખૂન ન ગણાય, પણ

3

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אִם־ | זָרְחָה | הַשֶּׁמֶשׁ | עָלָיו | דָּמִים | לוֹ | שַׁלֵּם | יְשַׁלֵּם | אִם־ | אֵין | לוֹ | וְנִמְכַּר | בִּגְנֵבָתוֹ׃ |
| જો | ઊગ્યો-હોય | સૂર્ય | તેના-પર | લોહી-દોષ | તેનો | ચોક્કસ | ભરપાઈ-કરશે | જો | નહીં-હોય | તેની-પાસે | તો-વેચાશે | તેની-ચોરી-માટે |
| | H2224 | H8121 | | H1818 | | | | | H0369 | | H4376 | H1591 |

જો તે સૂર્યોદય પછી ચોરી કરવાના ઇરાદાથી ઘરમાં ઘૂસે અને પકડાઈ જતાં તેને મારી નાખવામાં આવે તો એ ખૂન ગણાય. ચોરેલા માલની નુકસાની ચોરી કરનાર ભરી આપે; અને જો તે કંગાલ હોય તો તેની ચોરીનો દંડ ભરવા માટે તે પોતે વેચાઈ જાય.

4

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אִם־ | הִמָּצֵא | תִמָּצֵא | בְיָדוֹ | הַגְּנֵבָה | מִשּׁוֹר | עַד־ | חֲמוֹר | עַד־ | שֶׂה | חַיִּים | שְׁנַיִם | יְשַׁלֵּם׃ | ס |
| જો | મળવાથી | મળે | તેના-હાથમાં | ચોરાયેલું | બળદથી | માંડીને | ગધેડા | સુધી | ઘેટાં | જીવતું | બમણું | ભરપાઈ-કરશે | — |
| | H4672 | H4672 | H3027 | H1591 | H7794 | H5704 | H2543 | H5704 | H7716 | | H8147 | | |

પરંતુ જો ચોરેલું જાનવર તેની પાસે જીવતું મળી આવે, પછી તે બળદ હોય, ગધેડું હોય કે ઘેટું હોય; તો તે બમણું ભરપાઈ કરી આપે.

5

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | יַבְעֶר־ | אִישׁ | שָׂדֶה | אוֹ־ | כֶרֶם | וְשִׁלַּח | אֶת־ | ]בעירה[ | )בְּעִירוֹ( | וּבִעֵר | בִּשְׂדֵה | אַחֵר | מֵיטַב | שָׂדֵהוּ | וּמֵיטַב | כַּרְמוֹ | יְשַׁלֵּם׃ |
| જ્યારે | ચરાવે | કોઈ-માણસ | ખેતર | અથવા | દ્રાક્ષાવાડી | અને-છૂટું-મૂકે | () | () | (તેનું-જાનવર) | અને-ચરે | ખેતરમાં | બીજાના | શ્રેષ્ઠ | તેના-ખેતરનું | અને-શ્રેષ્ઠ | તેની-દ્રાક્ષાવાડીનું | ભરપાઈ-કરશે |
| | | H0376 | | | H3754 | H7971 | H0853 | H1165 | H1165 | | | H0312 | H4315 | | H4315 | H3754 | |

| | |
|---|---|
| ס | — |

જો કોઈ માણસ પોતાનાં જાનવર ખેતરમાં કે દ્રાક્ષવાડીમાં છૂટાં મૂકે અને તેઓ બીજાના ખેતરોમાં ભેલાણ કરે, તો તેણે પોતાના ખેતરની અથવા દ્રાક્ષની વાડીની સર્વોત્તમ ઊપજમાંથી નુકસાની ભરપાઈ કરી આપવી.

6

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | תֵצֵא | אֵשׁ | וּמָצְאָה | קֹצִים | וְנֶאֱכַל | גָּדִישׁ | אוֹ | הַקָּמָה | אוֹ | הַשָּׂדֶה | שַׁלֵּם | יְשַׁלֵּם | הַמַּבְעִר | אֶת־ | הַבְּעֵרָה׃ |
| જ્યારે | નીકળે | આગ | અને-ફેલાય | કાંટામાં | અને-બળે | અનાજનો-ઢગલો | અથવા | ઊભું-પાક | અથવા | ખેતર | ચોક્કસ | ભરપાઈ-કરશે | આગ-લગાડનાર | () | આગને |
| | H3318 | H0784 | H4672 | H6975 | H0398 | | | H7054 | | | | | | H0853 | H1200 |

| | |
|---|---|
| ס | — |

જો કોઈ માણસ પોતાના ખેતરમાં કાંટા-ઝાંખરાં સળગાવવા આગ પેટાવે અને આગ પડોશીના ખેતરમાં ફેલાઈ જાય અને તેનો પાક અથવા અનાજ બળી જાય; તો જેણે આગ લગાડી હોય તેણે પૂરેપૂરું નુકસાન ભરપાઈ કરી આપવું.

7

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | יִתֵּן | אִישׁ | אֶל־ | רֵעֵהוּ | כֶּסֶף | אוֹ־ | כֵלִים | לִשְׁמֹר | וְגֻנַּב | מִבֵּית | הָאִישׁ | אִם־ | יִמָּצֵא | הַגַּנָּב | יְשַׁלֵּם | שְׁנָיִם׃ |
| જ્યારે | આપે | કોઈ-માણસ | પોતાના | પડોશીને | ચાંદી | અથવા | વાસણો | સાચવવા | અને-ચોરાય | ઘરમાંથી | માણસના | જો | મળે | ચોર | ભરપાઈ-કરશે | બમણું |
| | H5414 | H0376 | H0413 | H7453 | H3701 | | H3627 | H8104 | H1589 | | H0376 | | H4672 | H1590 | | H8147 |

જો કોઈ માણસ પોતાના પડોશીને નાણાં કે મિલકત સાચવવા માટે સોંપે અને તે પેલા માણસના ઘરમાંથી ચોરાઈ જાય; અને જો ચોર પકડાય, તો તેણે બમણું ભરપાઈ કરી આપવું.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 8 | אִם־ | לֹא | יִמָּצֵא | הַגַּנָּב | וְנִקְרַב | בַּעַל־ | הַבַּיִת | אֶל־ | הָאֱלֹהִים | אִם־ | לֹא | שָׁלַח |
| | જો | નહીં | મળે | ચોર | તો-આવશે | માલિક | ઘરનો | પાસે | ઈશ્વરની | જો | નહીં | લંબાવ્યો-હોય |
| | | H3808 | H4672 | H1590 | H7126 | H1167 | | H0413 | H0430 | | H3808 | H7971 |
| | יָדוֹ | בִּמְלֶאכֶת | רֵעֵהוּ׃ | | | | | | | | | |
| | તેણે-હાથ | માલ-પર | પડોશીના | | | | | | | | | |
| | H3027 | H4399 | H7453 | | | | | | | | | |

પરંતુ જો ચોર પકડાઈ ના જાય તો તે ઘરધણીએ પોતાને ન્યાયધીશો + 22:8 ન્યાયધીશ ઈશ્વરની હાજરીમાં આગળ રજૂ કરવો અને ન્યાયધીશ તેની ચોરી સંબંધી યોગ્ય નિર્ણય કરશે.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | עַל־ | כָּל־ | דְּבַר־ | פֶּשַׁע | עַל־ | שׁוֹר | עַל־ | חֲמוֹר | עַל־ | שֶׂה | עַל־ | שַׂלְמָה |
| | દરેક | બાબતમાં | વિશે | અપરાધ | વિશે | બળદ | વિશે | ગધેડો | વિશે | ઘેટું | વિશે | વસ્ત્ર |
| | | H3605 | H1697 | H6588 | | H7794 | | H2543 | | H7716 | | H8008 |
| | עַל־ | כָּל־ | אֲבֵדָה | אֲשֶׁר | יֹאמַר | כִּי־ | הוּא | זֶה | עַד | הָאֱלֹהִים | יָבֹא | דְּבַר־ |
| | વિશે | દરેક | ખોવાયેલી-વસ્તુ | જેના-વિશે | કહે | કે | એ | આ-છે | સુધી | ઈશ્વરની-પાસે | આવશે | વાત |
| | | H3605 | H0009 | | H0559 | | H1931 | H2088 | H5704 | H0430 | H0935 | H1697 |
| | שְׁנֵיהֶם | אֲשֶׁר | יַרְשִׁיעֻן | אֱלֹהִים | יְשַׁלֵּם | שְׁנַיִם | לְרֵעֵהוּ׃ | ס | | | | |
| | બંનેની | જેને | દોષિત-ઠરાવે | ઈશ્વર | ભરપાઈ-કરશે | બમણું | તેના-પડોશીને | — | | | | |
| | H8147 | | H7561 | H0430 | | H8147 | H7453 | | | | | |

જો કોઈ બે માણસો બળદ વિષે, ગધેડા વિષે, ઘેટાં વિષે, વસ્ત્ર વિષે કે કોઈ ખોવાયેલી વસ્તુ વિષે અસહમત હોય અને તેમાંનો એક કહે: 'આ મારું છે.' પણ બીજો કહે: 'ના, આ મારું છે.' તો બન્નેએ તકરાર માટે ન્યાયાધીશ પાસે જવું અને ન્યાયાધીશ સાચો ન્યાય આપશે. ન્યાયાધીશ જેને ગુનેગાર ગણાવે તેણે બીજા માણસને બમણું ભરપાઈ કરી આપવું.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 10 | כִּי־ | יִתֵּן | אִישׁ | אֶל־ | רֵעֵהוּ | חֲמוֹר | אוֹ־ | שׁוֹר | אוֹ־ | שֶׂה | וְכָל־ | בְּהֵמָה |
| | જ્યારે | આપે | કોઈ-માણસ | પોતાના | પડોશીને | ગધેડો | અથવા | બળદ | અથવા | ઘેટું | અને-કોઈ-પણ | જાનવર |
| | | H5414 | H0376 | H0413 | H7453 | H2543 | | H7794 | | H7716 | H3605 | H0929 |
| | לִשְׁמֹר | וּמֵת | אוֹ־ | נִשְׁבַּר | אוֹ־ | נִשְׁבָּה | אֵין | רֹאֶה׃ | | | | |
| | સાચવવા | અને-મરે | અથવા | ઈજા-થાય | અથવા | લઈ-જવાય | કોઈ-નહીં | જોનાર | | | | |
| | H8104 | H4191 | | H7665 | | H7617 | H0369 | H7200 | | | | |

જો કોઈ માણસ પોતાના પડોશીને ગધેડું, બળદ, ઘેટું કે બીજું કોઈ પશુ સાચવવા સોંપે; અને તે મરી જાય, અથવા તેને કોઈ ઈજા થાય, અથવા કોઈ ઉપાડી જાય, અને કોઈ સાક્ષી હોય નહિ,

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 11 | שְׁבֻעַת | יְהוָה | תִּהְיֶה | בֵּין | שְׁנֵיהֶם | אִם־ | לֹא | שָׁלַח | יָדוֹ | בִּמְלֶאכֶת | רֵעֵהוּ |
| | સોગંદ | યહોવાના | થશે | વચ્ચે | બંનેની | જો | નહીં | લંબાવ્યો-હોય | તેણે-હાથ | માલ-પર | પડોશીના |
| | H7621 | H3068 | H1961 | H0996 | H8147 | | H3808 | H7971 | H3027 | H4399 | H7453 |
| | וְלָקַח | בְּעָלָיו | וְלֹא | יְשַׁלֵּם׃ | | | | | | | |
| | અને-સ્વીકારશે | માલિક | અને-નહીં | ભરપાઈ-કરે | | | | | | | |
| | H3947 | H1167 | H3808 | | | | | | | | |

તો પછી તે માણસે સમજાવવું કે તેણે ચોરી નથી કરી અથવા પ્રાણીને ઈજા પહોંચાડી નથી. તેણે યહોવાહના સમ સાથે કહેવાનું કે તેણે ચોરી નથી કરી; અને તેના માલિકે એ કબૂલ રાખવું; અને પછી પડોશીએ નુકસાન ભરપાઈ કરવાનું રહેતું નથી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 12 | וְאִם־ | גָּנֹב | יִגָּנֵב | מֵעִמּוֹ | יְשַׁלֵּם | לִבְעָלָיו׃ |
| | અને-જો | ચોરાવાથી | ચોરાય | તેની-પાસેથી | ભરપાઈ-કરશે | તેના-માલિકને |
| | | H1589 | H1589 | | | H1167 |

પરંતુ જો પડોશીએ તે પશુની ચોરી કરી હોય, તો તેણે માલિકને નુકસાન ભરપાઈ કરી આપવું.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 13 | אִם־ | טָרֹף | יִטָּרֵף | יְבִאֵהוּ | עֵד | הַטְּרֵפָה | לֹא | יְשַׁלֵּם׃ | פ |
| | જો | ફાડી-ખાવાથી | ફાડી-ખવાય | લાવશે-તેને | પુરાવા-તરીકે | ફાડી-ખવાયેલું | નહીં | ભરપાઈ-કરે | — |
| | | H2963 | H2963 | H0935 | H5707 | H2966 | H3808 | | |

જો કોઈ વનચર પશુએ તેને ફાડી ખાધું હોય, તો તેનો વધેલો ભાગ પુરાવા તરીકે રજૂ કરવો. પછી ફાડી ખાધેલા પશુનું નુકસાન ભરપાઈ કરવાનું રહેતું નથી.

14

| Hebrew | Gujarati | Strong |
| --- | --- | --- |
| וְכִֽי־ | અને-જ્યારે | |
| יִשְׁאַל | ઉછીનું-લે | H7592 |
| אִישׁ | કોઈ-માણસ | H0376 |
| מֵעִם | પાસેથી | |
| רֵעֵהוּ | પડોશીના | H7453 |
| וְנִשְׁבַּר | અને-ઈજા-થાય | H7665 |
| אוֹ־ | અથવા | |
| מֵת | મરે | H4191 |
| בְּעָלָיו | માલિક | H1167 |
| אֵין־ | નહીં-હોય | H0369 |
| עִמּוֹ | સાથે-તેના | |
| שַׁלֵּם | ચોક્કસ | |
| יְשַׁלֵּם׃ | ભરપાઈ-કરશે | |

અને જો કોઈ માણસ પોતાના પડોશી પાસેથી કોઈ પશુ ઉછીનું માગી લે અને તેનો માલિક તેની સાથે ના હોય એવા સંજોગોમાં તેને કશી ઈજા થાય અથવા તે મરી જાય, તો ઉછીનું લેનારે તેનો પૂરેપૂરો બદલો ભરપાઈ કરી આપવો.

15

| Hebrew | Gujarati | Strong |
| --- | --- | --- |
| אִם־ | જો | |
| בְּעָלָיו | માલિક | H1167 |
| עִמּוֹ | સાથે-તેના | |
| לֹא | નહીં | H3808 |
| יְשַׁלֵּם | ભરપાઈ-કરે | |
| אִם־ | જો | |
| שָׂכִיר | ભાડેથી-હોય | H7916 |
| הוּא | તે | H1931 |
| בָּא | સમાવિષ્ટ-છે | H0935 |
| בִּשְׂכָרוֹ׃ | તેના-ભાડામાં | H7939 |
| ס | — | |

માલિક તેની સાથે હોય, તો ઉછીનું લેનારે નુકસાન ભરપાઈ કરવાનું રહેતું નથી. અને જો ભાડે લીધું હોય તો ફક્ત ભાડું ચૂકવવાનું રહે.

16

| Hebrew | Gujarati | Strong |
| --- | --- | --- |
| וְכִֽי־ | અને-જ્યારે | |
| יְפַתֶּה | લલચાવે | |
| אִישׁ | કોઈ-માણસ | H0376 |
| בְּתוּלָה | કુંવારી | H1330 |
| אֲשֶׁר | જે | |
| לֹא־ | નહીં | H3808 |
| אֹרָשָׂה | મંગાયેલી-હોય | H0781 |
| וְשָׁכַב | અને-સૂઈ-જાય | H7901 |
| עִמָּהּ | તેની-સાથે | |
| מָהֹר | ચોક્કસ | H4117 |
| יִמְהָרֶנָּה | દહેજ-આપીને-લેશે | H4117 |
| לּוֹ | તેના-માટે | |
| לְאִשָּׁה׃ | પત્ની-તરીકે | H0802 |

જો કોઈ માણસ અપરિણીત કુમારિકાને લલચાવીને તેની સાથે સંબંધ બાંધે, તો તેનું પારંપારિક મૂલ્ય ચૂકવીને તે તેની સાથે લગ્ન કરે.

17

| Hebrew | Gujarati | Strong |
| --- | --- | --- |
| אִם־ | જો | |
| מָאֵן | ના-પાડવાથી | H3985 |
| יְמָאֵן | ના-પાડે | H3985 |
| אָבִיהָ | તેના-પિતા | H0001 |
| לְתִתָּהּ | આપવાની | H5414 |
| לוֹ | તેને | |
| כֶּסֶף | ચાંદી | H3701 |
| יִשְׁקֹל | તોલશે | H8254 |
| כְּמֹהַר | કુંવારીના-દહેજ-જેટલી | H4119 |
| הַבְּתוּלֹת׃ | કુંવારીઓના | H1330 |
| ס | — | |

જો તેનો બાપ તેની સાથે લગ્ન કરાવવાની ના પાડે, તો કુમારિકાના પારંપારિક મૂલ્ય જેટલું નાણું આપવાનું રહે.

18

| Hebrew | Gujarati | Strong |
| --- | --- | --- |
| מְכַשֵּׁפָה | જાદુગરણીને | H3784 |
| לֹא | નહીં | H3808 |
| תְחַיֶּה׃ | જીવતી-રાખશો | H2421 |
| ס | — | |

મંત્રતંત્રનો ઉપયોગ કરનાર સ્ત્રીને જીવતી રહેવા દેવી નહિ.

19

| Hebrew | Gujarati | Strong |
| --- | --- | --- |
| כָּל־ | દરેક | H3605 |
| שֹׁכֵב | સૂનાર | H7901 |
| עִם־ | સાથે | |
| בְּהֵמָה | જાનવર-ના | H0929 |
| מוֹת | ચોક્કસ | H4191 |
| יוּמָת׃ | મારી-નાખવામાં-આવશે | H4191 |
| ס | — | |

જાનવરની સાથે કુકર્મ કરનારને મૃત્યુદંડની સજા કરવી.

20

| Hebrew | Gujarati | Strong |
| --- | --- | --- |
| זֹבֵחַ | બલિદાન-આપનાર | H2076 |
| לָאֱלֹהִים | દેવોને | H0430 |
| יָחֳרָם | નાશ-પામશે | |
| בִּלְתִּי | સિવાય | H1115 |
| לַיהוָה | યહોવાને | H3068 |
| לְבַדּוֹ׃ | એકલા | H0905 |

મારા સિવાય એટલે કે યહોવાહ સિવાય બીજા કોઈ પણ દેવને યજ્ઞ કરનાર અને આહુતિ આપનાર માણસનું નામનિશાન રહેવા દેવું નહિ.

21

| Hebrew | Gujarati | Strong |
| --- | --- | --- |
| וְגֵר | અને-પરદેશીને | H1616 |
| לֹא־ | નહીં | H3808 |
| תוֹנֶה | સતાવશો | H3238 |
| וְלֹא | અને-નહીં | H3808 |
| תִלְחָצֶנּוּ | દબાવશો-તેને | H3905 |
| כִּֽי־ | કારણ-કે | |
| גֵרִים | પરદેશી | H1616 |
| הֱיִיתֶם | હતા-તમે | H1961 |
| בְּאֶרֶץ | દેશમાં | H0776 |
| מִצְרָיִם׃ | મિસરના | H4714 |

તમારે વિદેશીઓને હેરાન કરવા નહિ, તેઓના પર ત્રાસ ગુજારવો નહિ, કારણ કે, તમે પોતે મિસર દેશમાં વિદેશી હતા.

22

| | | |
|---|---|---|
| כָּל־ | કોઈ-પણ | H3605 |
| אַלְמָנָה | વિધવાને | H0490 |
| וְיָתוֹם | અને-અનાથને | H3490 |
| לֹא | નહીં | H3808 |
| תְעַנּוּן׃ | દુ:ખ-આપશો | |

કોઈ વિધવા કે અનાથ બાળકને રંજાડશો નહિ.

23

| | | |
|---|---|---|
| אִם־ | જો | |
| עַנֵּה | દુ:ખ-આપવાથી | |
| תְעַנֶּה | દુ:ખ-આપશો | |
| אֹתוֹ | તેને | H0853 |
| כִּי | કારણ-કે | |
| אִם־ | જો | |
| צָעֹק | પોકારવાથી | H6817 |
| יִצְעַק | પોકારશે | H6817 |
| אֵלַי | મારી-પાસે | H0413 |
| שָׁמֹעַ | સાંભળવાથી | H8085 |
| אֶשְׁמַע | સાંભળીશ-હું | H8085 |
| צַעֲקָתוֹ׃ | તેનો-પોકાર | H6818 |

જો તમે કોઈ પણ પ્રકારે તેઓને ત્રાસ આપશો અથવા દુઃખી કરશો તો તેઓ મને પોકારશે અને હું તેઓનો પોકાર સાંભળીશ.

24

| | | |
|---|---|---|
| וְחָרָה | અને-ભડકશે | H2734 |
| אַפִּי | મારો-ક્રોધ | H0639 |
| וְהָרַגְתִּי | અને-મારી-નાખીશ | H2026 |
| אֶתְכֶם | તમને | H0853 |
| בֶּחָרֶב | તલવારથી | H2719 |
| וְהָיוּ | અને-થશે | H1961 |
| נְשֵׁיכֶם | તમારી-પત્નીઓ | H0802 |
| אַלְמָנוֹת | વિધવાઓ | H0490 |
| וּבְנֵיכֶם | અને-તમારાં-બાળકો | |
| יְתֹמִים׃ | અનાથ | H3490 |
| פ | — | |

પછી મારો કોપ ભભૂકી ઊઠશે. અને હું તમને તલવારથી મારી નાખીશ; તો તમારી પત્ની વિધવા થશે અને તમારાં પોતાનાં બાળકો અનાથ થશે.

25

| | | |
|---|---|---|
| אִם־ | જો | |
| כֶּסֶף | ચાંદી | H3701 |
| תַּלְוֶה | ઉધાર-આપો | |
| אֶת־ | () | H0853 |
| עַמִּי | મારી-પ્રજાને | |
| אֶת־ | () | H0853 |
| הֶעָנִי | ગરીબને | H6041 |
| עִמָּךְ | તમારી-સાથેના | |
| לֹא־ | નહીં | H3808 |
| תִהְיֶה | થશો | H1961 |
| לוֹ | તેના-માટે | |
| כְּנֹשֶׁה | લેણદાર-જેવા | H5383 |
| לֹא־ | નહીં | H3808 |
| תְשִׂימוּן | લગાવશો | |
| עָלָיו | તેના-પર | |
| נֶשֶׁךְ׃ | વ્યાજ | H5392 |

તમે મારા લોકોમાંના કોઈ ગરીબ માણસને નાણાં ધીરો, તો તેના પ્રત્યે લેણદાર જેવો વ્યવહાર ન રાખશો અને તેની પાસે વ્યાજ લેશો નહિ.

26

| | | |
|---|---|---|
| אִם־ | જો | |
| חָבֹל | ગીરવે-મૂકવાથી | |
| תַּחְבֹּל | ગીરવે-મૂકે | |
| שַׂלְמַת | વસ્ત્ર | H8008 |
| רֵעֶךָ | તારા-પડોશીનું | H7453 |
| עַד־ | સુધી | H5704 |
| בֹּא | આથમતા | H0935 |
| הַשֶּׁמֶשׁ | સૂર્ય | H8121 |
| תְּשִׁיבֶנּוּ | પાછું-આપશે | H7725 |
| לוֹ׃ | તેને | |

જો તમે તમારા પડોશીનું વસ્ત્ર ગીરે રાખો, તો સૂર્યાસ્ત થતાં અગાઉ તમારે તે તેને પાછું આપવું.

27

| | | |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| הִוא | તે | H1931 |
| ]כסותה[ | () | H3682 |
| )כְסוּתוֹ( | (તેનું-ઓઢવાનું) | H3682 |
| לְבַדָּהּ | એકમાત્ર | H0905 |
| הִוא | તે | H1931 |
| שִׂמְלָתוֹ | તેનું-વસ્ત્ર | H8071 |
| לְעֹרוֹ | શરીર-માટે-તેના | H5785 |
| בַּמֶּה | શામાં | H4100 |
| יִשְׁכָּב | સૂઈ-જશે | H7901 |
| וְהָיָה | અને-થશે | H1961 |
| כִּי־ | જ્યારે | |
| יִצְעַק | પોકારશે | H6817 |
| אֵלַי | મારી-પાસે | H0413 |
| וְשָׁמַעְתִּי | તો-સાંભળીશ-હું | H8085 |
| כִּי־ | કારણ-કે | |
| חַנּוּן | દયાળુ | H2587 |
| אָנִי׃ | છું-હું | H0589 |
| ס | — | |

કારણ કે એ એનું એકમાત્ર ઓઢવા-પાથરવાનું છે. તે બીજું શું ઓઢીને સૂએ? જો તે મને પોકારશે, તો હું તેને સાંભળીશ, કારણ કે હું કૃપાળુ છું.

28

| | | |
|---|---|---|
| אֱלֹהִים | ઈશ્વરને | H0430 |
| לֹא | નહીં | H3808 |
| תְקַלֵּל | શાપ-આપશો | H7043 |
| וְנָשִׂיא | અને-આગેવાનને | |
| בְעַמְּךָ | તારી-પ્રજાના | |
| לֹא | નહીં | H3808 |
| תָאֹר׃ | શાપ-આપશો | H0779 |

તમારા ઈશ્વરની નિંદા ન કરો તથા તમારા પોતાના લોકોના કોઈ આગેવાનને શાપ આપવો નહિ.

29

| | | |
|---|---|---|
| מְלֵאָתְךָ | તારી-ભરપૂરતાનો | H4395 |
| וְדִמְעֲךָ | અને-તારા-દ્રાક્ષારસનો | H1831 |
| לֹא | નહીં | H3808 |
| תְאַחֵר | વિલંબ-કરશે | H0309 |
| בְּכוֹר | પ્રથમજનિત | H1060 |
| בָּנֶיךָ | તારા-પુત્રોનો | |
| תִּתֶּן־ | આપશે | H5414 |
| לִי׃ | મને | |

તમારે તમારા ખેતરની ઊપજ તથા તમારા દ્રાક્ષારસના ભરપૂરીપણામાંથી અર્પણ કરવામાં ઢીલ કરવી નહિ અને તમારો જયેષ્ઠ પુત્ર મને અર્પિત કરવો.

30

| כֵּן־ | תַּעֲשֶׂה | לְשֹׁרְךָ | לְצֹאנֶךָ | שִׁבְעַת | יָמִים | יִהְיֶה | עִם־ | אִמּוֹ | בַּיּוֹם | הַשְּׁמִינִי | תִּתְּנוֹ־ | לִי׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એવું-જ | કરશે | તારા-બળદ-માટે | તારાં-ઘેટાં-માટે | સાત | દિવસ | રહેશે | સાથે | તેની-માતાના | દિવસે | આઠમા | આપશે | મને |
| | | H7794 | H6629 | H7651 | H3117 | H1961 | | H0517 | H3117 | H8066 | H5414 | |

તમારાં બળદો અને ઘેટાંના પ્રથમજનિત મને આપવાં. સાત દિવસ સુધી તે ભલે પોતાની માતાની સાથે રહે. આઠમે દિવસે તમારે તે મને આપી દેવાં.

31

| וְאַנְשֵׁי־ | קֹדֶשׁ | תִּהְיוּן | לִי | וּבָשָׂר | בַּשָּׂדֶה | טְרֵפָה | לֹא | תֹאכֵלוּ | לַכֶּלֶב | תַּשְׁלִכוּן | אֹתוֹ׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-માણસો | પવિત્ર | થશો | મને-માટે | અને-માંસ | ખેતરમાં | ફાડી-ખવાયેલું | નહીં | ખાશો | કૂતરાને | ફેંકશો | તેને | — |
| H0376 | H6944 | H1961 | | H1320 | | H2966 | H3808 | H0398 | H3611 | H7993 | H0853 | |

અને તમે લોકો મારા પવિત્ર લોક થાઓ; તમારે જંગલી પશુએ મારેલા કોઈ પશુનું માંસ ન ખાવું, તે કૂતરાંને સારુ નાખી દેવું.

## Chapter 23

1

| לֹא | תִשָּׂא | שֵׁמַע | שָׁוְא | אַל־ | תָּשֶׁת | יָדְךָ | עִם־ | רָשָׁע | לִהְיֹת | עֵד | חָמָס׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નહીં | ફેલાવશો | સમાચાર | જૂઠા | નહીં | મૂકશો | તમારો-હાથ | સાથે | દુષ્ટના | થવા | સાક્ષી | હિંસાનો | — |
| H3808 | H5375 | | H7723 | H0408 | H7896 | H3027 | | H7563 | H1961 | H5707 | H2555 | |

“તમારે જૂઠી અફવા માનવી નહિ, કે ફેલાવવી નહિ. દુર્જનને સાથ આપીને ખોટી સાક્ષી પૂરવી નહિ.

2

| לֹא־ | תִהְיֶה | אַחֲרֵי־ | רַבִּים | לְרָעֹת | וְלֹא־ | תַעֲנֶה | עַל־ | רִב | לִנְטֹת | אַחֲרֵי | רַבִּים | לְהַטֹּת׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નહીં | થશો | પાછળ | ઘણાંઓની | ખોટું-કરવા | અને-નહીં | જવાબ-આપશો | વિશે | ઝઘડાના | ઝુકાવવા | પાછળ | ઘણાંઓની | વાળવા |
| H3808 | H1961 | | | | H3808 | | | H7379 | H5186 | | | H5186 |

બહુમતીથી દોરવાઈને તમારે ખોટું કામ કરવું નહિ, તેમ જ ન્યાયલયમાં સાક્ષી આપતી વખતે ન્યાયના ભોગે બહુમતીનો પક્ષ લેવો નહિ.

3

| וְדָל | לֹא | תֶהְדַּר | בְּרִיבוֹ׃ | ס |
|---|---|---|---|---|
| અને-ગરીબનો | નહીં | પક્ષ-લેશો | તેના-ઝઘડામાં | — |
| H1800 | H3808 | H1921 | H7379 | |

માણસ ગરીબ હોય તો તેની ગરીબીના કારણે ન્યાયાલયમાં તેના પ્રત્યે પક્ષપાત ન રાખવો. જો તે સાચો હોય તો એનો જ પક્ષ લેવો.”

4

| כִּי | תִפְגַּע | שׁוֹר | אֹיִבְךָ | אוֹ | חֲמֹרוֹ | תֹּעֶה | הָשֵׁב | תְּשִׁיבֶנּוּ | לוֹ׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જ્યારે | મળે | બળદ | તારા-દુશ્મનનો | અથવા | તેનો-ગધેડો | ભટકતો | ચોક્કસ | પાછો-આપશે-તેને | તેને | — |
| | H6293 | H7794 | H0341 | | H2543 | H8582 | H7725 | H7725 | | |

તમારા શત્રુનો બળદ કે ગધેડો નાસી જતો નજરે પડે તો તમારે તેના માલિકને ત્યાં પાછો પહોંચાડવો.

5

| כִּי־ | תִרְאֶה | חֲמוֹר | שֹׂנַאֲךָ | רֹבֵץ | תַּחַת | מַשָּׂאוֹ | וְחָדַלְתָּ | מֵעֲזֹב | לוֹ | עָזֹב | תַּעֲזֹב | עִמּוֹ׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જ્યારે | જુએ | ગધેડો | તારા-ધિક્કારનારનો | પડેલો | નીચે | તેના-બોજાના | અને-અટકે | છોડવાથી | તેને | ચોક્કસ | મદદ-કરશે | તેની-સાથે | — |
| | H7200 | H2543 | H8130 | H7257 | H8478 | | H2308 | | | | | | |

જો તમે તમારા દુશ્મનના ગધેડાને ભારથી ચગદાઈને પડેલો જુઓ, તો તેને એ જ હાલતમાં છોડીને ચાલ્યા જશો નહિ, તમારે સહાય આપીને તેને બેઠો કરવો પછી જ તેને છૂટો કરવો.

6

| | | | | |
|---|---|---|---|---|
| לֹא | תַטֶּה | מִשְׁפַּט | אֶבְיֹנְךָ | בְּרִיבוֹ׃ |
| નહીં | વાળશો | ન્યાય | તારા-ગરીબનો | તેના-ઝઘડામાં |
| H3808 | H5186 | H4941 | H0034 | H7379 |

તમારે ગરીબ માણસને તેની ન્યાયપ્રક્રિયામાં અન્યાય ન કરવો.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִדְּבַר־ | שֶׁקֶר | תִּרְחָק | וְנָקִי | וְצַדִּיק | אַל־ | תַּהֲרֹג | כִּי | לֹא־ | אַצְדִּיק | רָשָׁע׃ |
| વાતથી | જૂઠી | દૂર-રહેશો | અને-નિર્દોષને | અને-ધર્મીને | નહીં | મારશો | કારણ-કે | નહીં | ન્યાયી-ઠરાવીશ | દુષ્ટને |
| H1697 | H8267 | H7368 | | H6662 | H0408 | H2026 | | H3808 | H6663 | H7563 |

જૂઠા આક્ષેપો કરવા નહિ, નિર્દોષ અને ન્યાયીને મૃત્યુની સજા કરવી નહિ. નિર્દોષ માણસને મારી નાખનાર ખરાબ માણસને હું નિર્દોષ નહિ માનું.

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְשֹׁחַד | לֹא | תִקָּח | כִּי | הַשֹּׁחַד | יְעַוֵּר | פִּקְחִים | וִיסַלֵּף | דִּבְרֵי | צַדִּיקִים׃ |
| અને-લાંચ | નહીં | લેશો | કારણ-કે | લાંચ | આંધળા-કરે-છે | ડાહ્યાઓને | અને-વિકૃત-કરે | વાતો | ધર્મીઓની |
| H7810 | H3808 | H3947 | | H7810 | H5786 | H6493 | H5557 | H1697 | H6662 |

તમારે કદીય લાંચ લેવી નહિ. કારણ કે લાંચ દેખતાને + 23:8 દેખતાને અધિકારીઓ અધ બનાવે છે. તેથી તેઓ સત્ય જોઈ શકતા નથી. તે સારા માણસને ખોટું બોલતા કરે છે.

9

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְגֵר | לֹא | תִלְחָץ | וְאַתֶּם | יְדַעְתֶּם | אֶת־ | נֶפֶשׁ | הַגֵּר | כִּי־ | גֵרִים | הֱיִיתֶם | בְּאֶרֶץ | מִצְרָיִם׃ |
| અને-પરદેશીને | નહીં | દબાવશો | અને-તમે | જાણો-છો | () | લાગણી | પરદેશીની | કારણ-કે | પરદેશી | હતા-તમે | દેશમાં | મિસરના |
| H1616 | H3808 | H3905 | | H3045 | H0853 | H5315 | H1616 | | H1616 | H1961 | H0776 | H4714 |

તમારે વિદેશી લોકો પર ત્રાસ ગુજારવો નહિ, તમે લોકો મિસરમાં વિદેશી હતા, એટલે તમે વિદેશીઓની લાગણીને સમજો છો.

10

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְשֵׁשׁ | שָׁנִים | תִּזְרַע | אֶת־ | אַרְצֶךָ | וְאָסַפְתָּ | אֶת־ | תְּבוּאָתָהּ׃ |
| અને-છ | વર્ષ | વાવશો | () | તારી-ભૂમિ | અને-ભેગું-કરશો | () | તેની-ઊપજ |
| H8337 | H8141 | H2232 | H0853 | H0776 | H0622 | H0853 | H8393 |

છ વર્ષ પર્યંત તમારે ખેતરમાં વાવેતર કરવું અને તેની ઊપજ એકત્રિત કરવી.

11

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהַשְּׁבִיעִת | תִּשְׁמְטֶנָּה | וּנְטַשְׁתָּהּ | וְאָכְלוּ | אֶבְיֹנֵי | עַמֶּךָ | וְיִתְרָם | תֹּאכַל | חַיַּת | הַשָּׂדֶה | כֵּן־ | תַּעֲשֶׂה | לְכַרְמְךָ | לְזֵיתֶךָ׃ |
| અને-સાતમે | છોડી-દેશો-તેને | અને-પડતી-મૂકશો-તેને | અને-ખાશે | ગરીબો | તારી-પ્રજાના | અને-બાકીનું | ખાશે | જાનવરો | ખેતરનાં | એવું-જ | કરશો | તારી-દ્રાક્ષાવાડી-માટે | તારા-જૈતૂન-માટે |
| H7637 | H8058 | H5203 | H0398 | H0034 | | | H0398 | | | | | H3754 | H2132 |

પણ સાતમે વર્ષે તમારે કશુંય વાવવું નહિ અને જમીન પડતર રહેવા દેવી. જમીનને એક વર્ષ આરામ કરવા દેવો. વાવ્યા વગર જે કંઈ ઊગે તેને તે વર્ષે ગરીબોને લેવા દેવું અને તેમાં વધેલું વનના પશુઓને ખાઈ જવા દેવું. વળી તમારે તમારી દ્રાક્ષવાડી અને જૈતૂનની વાડીમાં પણ આ પ્રમાણે કરવું.

12

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שֵׁשֶׁת | יָמִים | תַּעֲשֶׂה | מַעֲשֶׂיךָ | וּבַיּוֹם | הַשְּׁבִיעִי | תִּשְׁבֹּת | לְמַעַן | יָנוּחַ | שׁוֹרְךָ | וַחֲמֹרֶךָ | וְיִנָּפֵשׁ | בֶּן־ | אֲמָתְךָ | וְהַגֵּר׃ |
| છ | દિવસ | કરશો | તારાં-કામો | અને-દિવસે | સાતમા | આરામ-કરશો | માટે-કે | વિશ્રામ-કરે | તારો-બળદ | અને-તારો-ગધેડો | અને-તાજા-થાય | પુત્ર | તારી-દાસીનો | અને-પરદેશી |
| H8337 | H3117 | | H4639 | H3117 | H7637 | | H4616 | H5117 | H7794 | H2543 | H5314 | | H0519 | H1616 |

તમારે છ દિવસ કામ કરવું પણ સાતમે દિવસે વિશ્રામ કરવો, જેથી તમારા બળદને અને ગધેડાને પણ આરામ મળે. અને તમારા ઘરમાં કામ કરતા દાસ-દાસી અને પરદેશી પણ વિશ્રામ પામીને તાજગી અનુભવે.

13

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבְכֹל | אֲשֶׁר־ | אָמַרְתִּי | אֲלֵיכֶם | תִּשָּׁמֵרוּ | וְשֵׁם | אֱלֹהִים | אֲחֵרִים | לֹא | תַזְכִּירוּ | לֹא | יִשָּׁמַע | עַל־ | פִּיךָ׃ |
| અને-બધું-જ | જે | મેં-કહ્યુ | તમને | પાળશો | અને-નામ | દેવોનાં | બીજા | નહીં | લેશો | નહીં | સંભળાશે | પર | તારા-મોંએ |
| H3605 | | H0559 | H0413 | H8104 | H8034 | H0430 | H0312 | H3808 | H2142 | H3808 | H8085 | | H6310 |

મેં તમને જે બધું કહ્યુ છે તેનું ધ્યાન રાખજો. અન્ય દેવોની પૂજા કરશો નહિ. તથા તમારા મુખથી તેઓનું નામ સાંભળવા મળવું જોઈએ નહિ.

14

| | | | | |
|---|---|---|---|---|
| שָׁלֹשׁ | רְגָלִים | תָּחֹג | לִי | בַּשָּׁנָה׃ |
| ત્રણ | વખત | ઉજવશો-ઉત્સવ | મારા-માટે | વર્ષમાં |
| H7969 | H7272 | H2287 | | H8141 |

“પ્રતિવર્ષ તમારે મારાં ત્રણ પર્વો પાળવાં અને ઊજવવાં. અને મારી ઉપાસના કરવી.

15

| | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | חַג | הַמַּצּוֹת | תִּשְׁמֹר | שִׁבְעַת | יָמִים | תֹּאכַל | מַצּוֹת | כַּאֲשֶׁר | צִוִּיתִךָ | לְמוֹעֵד | חֹדֶשׁ | הָאָבִיב | כִּי־ | בוֹ | יָצָאתָ | מִמִּצְרָיִם | וְלֹא־ | יֵרָאוּ | פָנַי | רֵיקָם׃ |
| () | ઉત્સવ | બેખમીર-રોટલીનો | પાળશો | સાત | દિવસ | ખાશો | બેખમીર-રોટલી | જેમ | મેં-આજ્ઞા-આપી-તને | નિર્ધારિત-સમયે | મહિનાના | આબીબના | કારણ-કે | તેમાં | નીકળ્યા-તમે | મિસરમાંથી | અને-નહીં | દેખાશે | મારી-સમક્ષ | ખાલી-હાથે |
| H0853 | H2282 | H4682 | H8104 | H7651 | H3117 | H0398 | H4682 | | H6680 | H4150 | H2320 | H0024 | | | H3318 | H4714 | H3808 | H7200 | H6440 | H7387 |

આબીબ મહિનામાં બેખમીરી રોટલીનું પર્વ પાળવું. તે વખતે સાત દિવસ સુધી મારી આજ્ઞા મુજબ તમારે બેખમીરી રોટલી ખાવી. કારણ કે, એ માસમાં તમે મિસરમાંથી બહાર આવ્યા હતા અને કોઈએ ખાલી હાથે મારી પાસે આવવું નહિ.”

16

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְחַג | הַקָּצִיר | בִּכּוּרֵי | מַעֲשֶׂיךָ | אֲשֶׁר | תִּזְרַע | בַּשָּׂדֶה | וְחַג | הָאָסִף | בְּצֵאת | הַשָּׁנָה | בְּאָסְפְּךָ | אֶת־ | מַעֲשֶׂיךָ | מִן־ | הַשָּׂדֶה׃ |
| અને-ઉત્સવ | લણણીનો | પ્રથમફળ | તારાં-કામોનાં | જે | વાવશો | ખેતરમાં | અને-ઉત્સવ | ભેગું-કરવાનો | જતા-સમયે | વર્ષના | ભેગું-કરતી-વખતે | () | તારાં-કામો | માંથી | ખેતરનાં |
| H2282 | | H1061 | H4639 | | H2232 | | H2282 | H0614 | H3318 | H8141 | H0622 | H0853 | H4639 | | |

બીજું કાપણીનું પર્વ છે. તે પાળવું. ઉનાળામાં તમે ખેતરમાં જે વાવેતર કર્યુ હોય તેની પ્રથમ ઊપજ પ્રાપ્ત થાય ત્યારે ખેતરમાંથી ઉપજ ભેગી કરો એ સમયે તે પર્વ પાળવું.

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| שָׁלֹשׁ | פְּעָמִים | בַּשָּׁנָה | יֵרָאֶה | כָּל־ | זְכוּרְךָ | אֶל־ | פְּנֵי | הָאָדֹן | יְהוָה׃ |
| ત્રણ | વખત | વર્ષમાં | દેખાશે | દરેક | તારા-પુરુષો | પાસે | ચહેરાની | પ્રભુ | યહોવાહની |
| H7969 | H6471 | H8141 | H7200 | H3605 | H2138 | H0413 | H6440 | H0113 | H3068 |

પ્રતિવર્ષ ત્રણ વખત તમારામાંના પ્રત્યેક પુરુષે મારી ખાસ જગ્યાએ, મારી સાથે તમારા માલિક સાથે હાજર રહેવું.

18

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | תִזְבַּח | עַל־ | חָמֵץ | דַּם־ | זִבְחִי | וְלֹא־ | יָלִין | חֵלֶב־ | חַגִּי | עַד־ | בֹּקֶר׃ |
| નહીં | ચડાવશો | સાથે | ખમીરના | લોહી | મારા-બલિદાનનું | અને-નહીં | રહેશે-રાત-આખી | ચરબી | મારા-ઉત્સવની | સુધી | સવાર |
| H3808 | H2076 | | | H1818 | H2077 | H3808 | | H2459 | H2282 | H5704 | H1242 |

તમારે મારા બલિદાનનું રક્ત ખમીરવાળી રોટલી સાથે ધરાવવું નહિ તેમ જ પર્વની ચરબી સવાર સુધી રાખી મૂકવી નહિ.

19

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| רֵאשִׁית | בִּכּוּרֵי | אַדְמָתְךָ | תָּבִיא | בֵּית | יְהוָה | אֱלֹהֶיךָ | לֹא־ | תְבַשֵּׁל | גְּדִי |
| શ્રેષ્ઠ | પ્રથમફળ | તારી-ભૂમિના | લાવશો | ઘરમાં | યહોવાહ | તારા-ઈશ્વરના | નહીં | રાંધશો | બકરીના-બચ્ચાને |
| H7225 | H1061 | H0127 | H0935 | | H3068 | H0430 | H3808 | H1310 | H1423 |
| בַּחֲלֵב | אִמּוֹ׃ | ס | | | | | | | |
| દૂધમાં | તેની-માતાના | — | | | | | | | |
| H2461 | H0517 | | | | | | | | |

તમારી જમીનની પ્રથમ ઊપજનો ઉત્તમોત્તમ ભાગ તમારે તમારા યહોવાહના ભક્તિસ્થાનમાં લાવવો. વળી લવારાને તેની માતાના દૂધમાં રાંધવું નહિ.

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הִנֵּה | אָנֹכִי | שֹׁלֵחַ | מַלְאָךְ | לְפָנֶיךָ | לִשְׁמָרְךָ | בַּדָּרֶךְ | וְלַהֲבִיאֲךָ | אֶל־ | הַמָּקוֹם |
| જુઓ | હું | મોકલું-છું | દૂત | તારી-આગળ | રક્ષા-કરવા-તારી | માર્ગમાં | અને-લાવવા-તને | પાસે | સ્થાન |
| H2009 | H0595 | H7971 | H4397 | H6440 | H8104 | H1870 | H0935 | H0413 | H4725 |
| אֲשֶׁר | הֲכִנֹתִי׃ | | | | | | | | |
| જે | મેં-તૈયાર-કર્યું | | | | | | | | |

અને તમારા માટે મેં જે જગ્યા તૈયાર કરી છે ત્યાં તમને લઈ જવા માટે હવે હું તમારી આગળ એક દૂત મોકલું છું તે રસ્તામાં તમારું રક્ષણ કરશે.

21

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הִשָּׁמֶר | מִפָּנָיו | וּשְׁמַע | בְּקֹלוֹ | אַל־ | תַּמֵּר | בּוֹ | כִּי | לֹא | יִשָּׂא |
| સાવધાન-રહો | તેનાથી | અને-સાંભળો | તેનો-અવાજ | નહીં | બળવો-કરશો | તેની-સામે | કારણ-કે | નહીં | માફ-કરશે |
| H8104 | H6440 | H8085 | | H0408 | H4843 | | | H3808 | H5375 |
| לְפִשְׁעֲכֶם | כִּי | שְׁמִי | בְּקִרְבּוֹ׃ | | | | | | |
| તમારા-અપરાધને | કારણ-કે | મારું-નામ | તેનામાં-છે | | | | | | |
| H6588 | | H8034 | H7130 | | | | | | |

તમે લોકો તેનાથી જાળવીને રહેજો અને તેનું કહ્યુ કરજો. તેની વિરુદ્ધ બળવો કરશો નહિ, તે તમારો ગુનો માફ કરશે નહિ. કારણ કે મારું નામ + 23:21 નામ હું તેને મારી સર્વ અધિકાર આપીશ તેનામાં છે.

22

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | אִם־ | שָׁמֹעַ | תִּשְׁמַע | בְּקֹלוֹ | וְעָשִׂיתָ | כֹּל | אֲשֶׁר | אֲדַבֵּר | וְאָיַבְתִּי |
| કારણ-કે | જો | સાંભળવાથી | સાંભળશો | તેનો-અવાજ | અને-કરશો | બધું | જે | હું-કહીશ | તો-દુશ્મની-કરીશ |
| | | H8085 | H8085 | | | H3605 | | H1696 | H0340 |
| אֶת־ | אֹיְבֶיךָ | וְצַרְתִּי | אֶת־ | צֹרְרֶיךָ׃ | | | | | |
| () | તારા-દુશ્મનો-સાથે | અને-સંકટમાં-મૂકીશ | () | તારા-શત્રુઓને | | | | | |
| H0853 | H0341 | | H0853 | | | | | | |

પરંતુ જો તમે તેની આજ્ઞાઓનું પાલન કરશો અને હું જે કહું તે બધું કરશો, તો હું તમારી સાથે રહીશ અને તમારા શત્રુઓ સાથે લડીશ. અને તમને હેરાન અને ત્રાસ કરનારને હું સજા આપીશ.

23

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | יֵלֵךְ | מַלְאָכִי | לְפָנֶיךָ | וֶהֱבִיאֲךָ | אֶל־ | הָאֱמֹרִי | וְהַחִתִּי | וְהַפְּרִזִּי |
| કારણ-કે | જશે | મારો-દૂત | તારી-આગળ | અને-લાવશે-તને | પાસે | અમોરીઓના | અને-હિત્તીઓના | અને-પરિઝ્ઝીઓના |
| | H3212 | H4397 | H6440 | H0935 | H0413 | H0567 | H2850 | H6522 |
| וְהַכְּנַעֲנִי | הַחִוִּי | וְהַיְבוּסִי | וְהִכְחַדְתִּיו׃ | | | | | |
| અને-કનાનીઓના | હિવ્વીઓના | અને-યબૂસીઓના | અને-નાશ-કરીશ-તેમનો | | | | | |
| | H2340 | H2983 | H3582 | | | | | |

કારણ કે, મારો દૂત તમારી આગળ આગળ ચાલશે. અને તમને અમોરીઓ, હિત્તીઓ, પરીઝીઓ, કનાનીઓ, હિવ્વીઓ અને યબૂસીઓના પ્રદેશમાં લઈ જશે. અને હું તેઓનો સર્વનાશ કરીશ.

24

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | תִשְׁתַּחֲוֶה | לֵאלֹהֵיהֶם | וְלֹא | תָעָבְדֵם | וְלֹא | תַעֲשֶׂה | כְּמַעֲשֵׂיהֶם | כִּי |
| નહીં | નમશો | તેમના-દેવોને | અને-નહીં | સેવા-કરશો-તેમની | અને-નહીં | કરશો | તેમનાં-કામો-જેવું | પણ-ચોક્કસ |
| H3808 | H7812 | H0430 | H3808 | H5647 | H3808 | | H4639 | |
| הָרֵס | תְּהָרְסֵם | וְשַׁבֵּר | תְּשַׁבֵּר | מַצֵּבֹתֵיהֶם׃ | | | | |
| તોડવાથી | તોડશો-તેમને | અને-ભાંગવાથી | ભાંગશો | તેમના-સ્તંભોને | | | | |
| H2040 | H2040 | H7665 | H7665 | H4676 | | | | |

તમારે તે લોકોના દેવોની પૂજા કરવી નહિ, તેમની આગળ નમવું નહિ. તમારે તે લોકોની જેમ રહેવાનું નથી; તમારે તેઓની મૂર્તિઓને નષ્ટ કરવાની છે. અને તે લોકોના સ્તંભોને + 23:24 સ્તંભોને તેમના ઈશ્વરોને ભાગીને ભુક્કા કરી નાખવાના છે.

25
וַעֲבַדְתֶּם અને-સેવા-કરશો H5647
אֵת () H0853
יְהוָה યહોવાહ H3068
אֱלֹהֵיכֶם તમારા-ઈશ્વરની H0430
וּבֵרַךְ અને-આશીર્વાદ-આપશે H1288
אֶת־ () H0853
לַחְמְךָ તારા-ભોજનને H3899
וְאֶת־ અને H0853
מֵימֶיךָ તારા-પાણીને H4325
וַהֲסִרֹתִי અને-દૂર-કરીશ H5493
מַחֲלָה બીમારી
מִקִּרְבֶּךָ׃ તારી-વચ્ચેથી H7130

વળી તમારે તમારા ઈશ્વર યહોવાહની જ સેવા કરવાની છે અને હું તમારાં અન્ન-જળ પર આશીર્વાદ વરસાવીશ. અને તમારા તમામ રોગો હું દૂર કરીશ.

26
לֹא નહીં H3808
תִהְיֶה થશે H1961
מְשַׁכֵּלָה ગર્ભપાત-થનારી
וַעֲקָרָה અને-વાંઝણી H6135
בְּאַרְצֶךָ તારા-દેશમાં H0776
אֶת־ () H0853
מִסְפַּר સંખ્યા H4557
יָמֶיךָ તારા-દિવસોની H3117
אֲמַלֵּא׃ પૂરી-કરીશ H4390

તમારા દેશમાં કોઈ પણ સ્ત્રીને ગર્ભપાત થશે નહિ તથા કોઈ સ્ત્રી નિ:સંતાન પણ હશે નહિ; હું તમને લોકોને પૂરેપૂરું આયુષ્ય આપીશ.

27
אֶת־ () H0853
אֵימָתִי મારો-ભય H0367
אֲשַׁלַּח મોકલીશ H7971
לְפָנֶיךָ તારી-આગળ H6440
וְהַמֹּתִי અને-ગભરાવીશ H2000
אֶת־ () H0853
כָּל־ બધી H3605
הָעָם પ્રજાને
אֲשֶׁר જેમાં
תָּבֹא તું-જશે H0935
בָּהֶם તેમની-વચ્ચે
וְנָתַתִּי અને-આપીશ H5414
אֶת־ () H0853
כָּל־ બધા H3605
אֹיְבֶיךָ તારા-દુશ્મનોને H0341
אֵלֶיךָ તારી-તરફ H0413
עֹרֶף׃ પીઠ H6203

તમે જ્યારે દુશ્મનો સાથે લડતા હશો, ત્યારે હું મારું સામર્થ્ય તમારી સામે મોકલીશ અને તે બધાને હું થથરાવી દઈશ. તથા તમારા બધા જ દુશ્મનો તમારાથી ગભરાઈને જતા રહે એવું હું કરીશ.

28
וְשָׁלַחְתִּי અને-મોકલીશ H7971
אֶת־ () H0853
הַצִּרְעָה ભમરીઓ H6880
לְפָנֶיךָ તારી-આગળ H6440
וְגֵרְשָׁה અને-હાંકી-કાઢશે H1644
אֶת־ () H0853
הַחִוִּי હિવ્વીઓને H2340
אֶת־ () H0853
הַכְּנַעֲנִי કનાનીઓને
וְאֶת־ અને H0853
הַחִתִּי હિત્તીઓને H2850
מִלְּפָנֶיךָ׃ તારી-સામેથી H6440

તદુપરાંત હું તમારી આગળ ભમરીઓને મોકલીશ, તે હિવ્વી, કનાની તથા હિત્તી લોકોને તમારી આગળથી નસાડી મૂકશે.

29
לֹא નહીં H3808
אֲגָרְשֶׁנּוּ હાંકી-કાઢીશ-તેમને H1644
מִפָּנֶיךָ તારી-સામેથી H6440
בְּשָׁנָה વર્ષમાં H8141
אֶחָת એક H0259
פֶּן־ રખેને H6435
תִּהְיֶה થાય H1961
הָאָרֶץ ભૂમિ H0776
שְׁמָמָה ઉજ્જડ
וְרַבָּה અને-વધે
עָלֶיךָ તારા-પર
חַיַּת જાનવરો
הַשָּׂדֶה׃ ખેતરનાં

હું એક જ વર્ષમાં એ બધાને કાઢી મૂકીશ નહિ, રખેને બધી જમીન વેરાન થઈ જાય અને જંગલમાં વનચર જાનવરોની સંખ્યા વધી જતાં તમે બધા મુશ્કેલીમાં મુકાઈ જાઓ.

30
מְעַט ધીમે H4592
מְעַט ધીમે H4592
אֲגָרְשֶׁנּוּ હાંકી-કાઢીશ-તેમને H1644
מִפָּנֶיךָ તારી-સામેથી H6440
עַד ત્યાં-સુધી H5704
אֲשֶׁר જ્યાં-સુધી
תִּפְרֶה તું-વધશે H6509
וְנָחַלְתָּ અને-વારસામાં-લેશે H5157
אֶת־ () H0853
הָאָרֶץ׃ ભૂમિ H0776

તમારી સંખ્યાનો એટલો બધો વધારો થાય અને તમે સમગ્ર દેશનો કબજો લઈ શકો ત્યાં સુધીમાં તો હું તેમને ધીરે ધીરે નસાડી મૂકીશ.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַד־ | וּמִמִּדְבָּר | פְּלִשְׁתִּים | יָם | וְעַד־ | סוּף | מִיַּם־ | גְּבֻלְךָ | אֶת־ | וְשַׁתִּי | 31 |
| સુધી | અને-રણથી | પલિસ્તીઓના | સમુદ્ર | અને-સુધી | સુધી | લાલ-સમુદ્રથી | તારી-સીમા | () | અને-નક્કી-કરીશ | |
| H5704 | | H6430 | H3220 | H5704 | H5488 | H3220 | H1366 | H0853 | H7896 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מִפָּנֶיךָ׃ | וְגֵרַשְׁתָּמוֹ | הָאָרֶץ | יֹשְׁבֵי | אֵת | בְּיֶדְכֶם | אֶתֵּן | כִּי | הַנָּהָר |
| તારી-સામેથી | અને-હાંકી-કાઢશો-તેમને | ભૂમિના | રહેવાસીઓ | () | તમારા-હાથમાં | સોંપીશ | કારણ-કે | નદી |
| H6440 | H1644 | H0776 | H3427 | H0853 | H3027 | H5414 | | H5104 |

હું રાતા સમુદ્રથી પલિસ્તીઓના સમુદ્ર સુધી તમારી સરહદ નક્કી કરી આપીશ. એ દેશના વતનીઓને હું તમારા હાથમાં સોંપી દઈશ અને તમે તેઓને તમારી આગળથી નસાડી મૂકશો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| בְּרִית׃ | וְלֵאלֹהֵיהֶם | לָהֶם | תִכְרֹת | לֹא־ | 32 |
| કરાર | અને-તેમના-દેવો-સાથે | તેમની-સાથે | કરશો-કરાર | નહીં | |
| H1285 | H0430 | | H3772 | H3808 | |

તમે તેઓની સાથે કે તેઓના દેવો સાથે કોઈ સંબંધ બાંધશો નહિ, કે કરારો કરશો નહિ.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֱלֹהֵיהֶם | אֶת־ | תַעֲבֹד | כִּי | לִי | אֹתְךָ | יַחֲטִיאוּ | פֶּן־ | בְּאַרְצְךָ | יֵשְׁבוּ | לֹא | 33 |
| તેમના-દેવોની | () | સેવા-કરશો | કારણ-કે | મારી-વિરુદ્ધ | તને | પાપ-કરાવે | રખેને | તારા-દેશમાં | રહેશે-તેઓ | નહીં | |
| H0430 | H0853 | H5647 | | | H0853 | H2398 | H6435 | H0776 | H3427 | H3808 | |

| | | | | |
|---|---|---|---|---|
| פ | לְמוֹקֵשׁ׃ | לְךָ | יִהְיֶה | כִּי־ |
| — | ફાંદો | તને-માટે | થશે | કારણ-કે |
| | H4170 | | H1961 | |

તેઓ તમારા દેશમાં વસે નહિ, રખેને તેઓ તમારી પાસે મારી વિરુદ્ધ પાપ કરાવે. કેમ કે જો તમે + 23:33 તમે અથવા તેઓ તેઓના દેવોની સેવા કરશો તો તેઓ તમારે માટે ફાંદારૂપ થઈ પડશે.

## Chapter 24

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְשִׁבְעִים | וַאֲבִיהוּא | נָדָב | וְאַהֲרֹן | אַתָּה | יְהוָה | אֶל־ | עֲלֵה | אָמַר | מֹשֶׁה | וְאֶל־ | 1 |
| અને-સિત્તેર | અને-અબીહૂ | નાદાબ | અને-હારુન | તું | યહોવાહની | પાસે | ચડો | કહ્યુ | મૂસાને | અને-પાસે | |
| H7657 | H0030 | H5070 | H0175 | | H3068 | H0413 | H5927 | H0559 | H4872 | H0413 | |

| | | | |
|---|---|---|---|
| מֵרָחֹק׃ | וְהִשְׁתַּחֲוִיתֶם | יִשְׂרָאֵל | מִזִּקְנֵי |
| દૂરથી | અને-નમશો | ઈસ્રાએલના | વડીલોમાંથી |
| H7350 | H7812 | H3478 | H2205 |

યહોવાહે મૂસાને કહ્યુ, “તું અને હારુન, નાદાબ તથા અબીહૂ તેમ જ ઇઝરાયલના વડીલોમાંના સિત્તેર મારી સમક્ષ આવો; અને થોડે દૂર રહીને મારું ભજન કરો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יַעֲלוּ | לֹא | וְהָעָם | יִגָּשׁוּ | לֹא | וְהֵם | יְהוָה | אֶל־ | לְבַדּוֹ | מֹשֶׁה | וְנִגַּשׁ | 2 |
| ચડશે | નહીં | અને-પ્રજા | આવશે-નજીક | નહીં | અને-તેઓ | યહોવાહની | પાસે | એકલો | મૂસા | અને-આવશે | |
| H5927 | H3808 | | H5066 | H3808 | H1992 | H3068 | H0413 | H0905 | H4872 | H5066 | |

| |
|---|
| עִמּוֹ׃ |
| તેની-સાથે |

પછી મૂસા તું એકલો મારી પાસે આવજે, અન્ય કોઈ ન આવે. અને લોકો તો તારી સાથે ઉપર આવે જ નહિ.”

3
וַיָּבֹא અને-આવ્યા H0935
מֹשֶׁה મૂસા H4872
וַיְסַפֵּר અને-કહ્યુ
לָעָם પ્રજાને
אֵת () H0853
כָּל־ બધાં H3605
דִּבְרֵי વચનો H1697
יְהוָה યહોવાહનાં H3068
וְאֵת અને H0853
כָּל־ બધા H3605
הַמִּשְׁפָּטִים ન્યાયના-નિયમો H4941
וַיַּעַן અને-જવાબ-આપ્યો
כָּל־ બધી H3605
הָעָם પ્રજાએ
קוֹל અવાજ
אֶחָד એક H0259
וַיֹּאמְרוּ અને-કહ્યુ H0559
כָּל־ બધા H3605
הַדְּבָרִים વચનો H1697
אֲשֶׁר־ જે
דִּבֶּר બોલ્યા H1696
יְהוָה યહોવાહ H3068
נַעֲשֶׂה׃ અમે-કરીશું

ત્યારબાદ મૂસાએ આવીને લોકોને યહોવાહના બધા વચનો અને બધી આજ્ઞાઓ કહી સંભળાવી. પછી બધા લોકો એકી અવાજે બોલી ઊઠયા, “યહોવાહ એ જે બધી વાતો કહી છે તે બધાનું પાલન અમે કરીશું.

4
וַיִּכְתֹּב અને-લખ્યું H3789
מֹשֶׁה મૂસાએ H4872
אֵת () H0853
כָּל־ બધાં H3605
דִּבְרֵי વચનો H1697
יְהוָה યહોવાહનાં H3068
וַיַּשְׁכֵּם અને-ઊઠ્યા-વહેલા H7925
בַּבֹּקֶר સવારે H1242
וַיִּבֶן અને-બાંધ્યું H1129
מִזְבֵּחַ વેદી H4196
תַּחַת નીચે H8478
הָהָר પર્વતના H2022
וּשְׁתֵּים અને-બાર H8147
עֶשְׂרֵה બાર H6240
מַצֵּבָה સ્તંભ H4676
לִשְׁנֵים બાર-માટે H8147
עָשָׂר બાર H6240
שִׁבְטֵי કુળો H7626
יִשְׂרָאֵל׃ ઈસ્રાએલનાં H3478

પછી મૂસાએ યહોવાહનાં બધા આદેશો લખી નાખ્યા અને સવારમાં વહેલા ઊઠીને તેણે પર્વતની તળેટીમાં એક વેદી બાંધી અને ઇઝરાયલના બાર કુળસમૂહ પ્રમાણે બાર સ્તંભ બાંધ્યા.”

5
וַיִּשְׁלַח અને-મોકલ્યા H7971
אֶת־ () H0853
נַעֲרֵי જુવાનોને H5288
בְּנֵי પુત્રોના
יִשְׂרָאֵל ઈસ્રાએલના H3478
וַיַּעֲלוּ અને-ચડાવ્યાં H5927
עֹלֹת દહન-અર્પણો
וַיִּזְבְּחוּ અને-બલિદાન-કર્યાં H2076
זְבָחִים બલિદાનો H2077
שְׁלָמִים શાંતિનાં H8002
לַיהוָה યહોવાહને H3068
פָּרִים׃ બળદો H6499

પછી તેણે કેટલાક ઇઝરાયલી નવયુવાનોને યજ્ઞો અર્પવા મોકલ્યા. અને તેઓએ યહોવાહને દહનીયાર્પણ અને શાંત્યર્પણ તરીકે બળદોનું અર્પણ કર્યું.

6
וַיִּקַּח અને-લીધું H3947
מֹשֶׁה મૂસાએ H4872
חֲצִי અર્ધું H2677
הַדָּם લોહીનું H1818
וַיָּשֶׂם અને-મૂક્યું
בָּאַגָּנֹת વાટકાઓમાં H0101
וַחֲצִי અને-અર્ધું H2677
הַדָּם લોહીનું H1818
זָרַק છાંટ્યું H2236
עַל־ પર
הַמִּזְבֵּחַ׃ વેદીના H4196

અને મૂસાએ યજ્ઞનું અડધું રક્ત એક વાસણમાં રાખ્યું અને અડધું રક્ત તેણે વેદી પર છાંટ્યું.

7
וַיִּקַּח અને-લીધું H3947
סֵפֶר પુસ્તક
הַבְּרִית કરારનું H1285
וַיִּקְרָא અને-વાંચ્યું H7121
בְּאָזְנֵי કાનમાં H0241
הָעָם પ્રજાના
וַיֹּאמְרוּ અને-કહ્યુ H0559
כֹּל બધું H3605
אֲשֶׁר־ જે
דִּבֶּר બોલ્યા H1696
יְהוָה યહોવાહ H3068
נַעֲשֶׂה અમે-કરીશું
וְנִשְׁמָע׃ અને-પાળીશું H8085

પછી તેણે કરારનું પુસ્તક લીધું અને બધા લોકોને મોટેથી વાંચી સંભળાવ્યું એટલે તેઓ બોલી ઊઠયા, “યહોવાહે જે જે કહ્યુ છે તે બધું અમે માથે ચઢાવીશું અને તે પ્રમાણે કરીશું.”

8
וַיִּקַּח અને-લીધું H3947
מֹשֶׁה મૂસાએ H4872
אֶת־ () H0853
הַדָּם લોહી H1818
וַיִּזְרֹק અને-છાંટ્યું H2236
עַל־ પર
הָעָם પ્રજાના
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
הִנֵּה જુઓ H2009
דַם־ લોહી H1818
הַבְּרִית કરારનું H1285
אֲשֶׁר જે
כָּרַת કર્યો H3772
יְהוָה યહોવાહે H3068
עִמָּכֶם તમારી-સાથે
עַל વિશે
כָּל־ બધા H3605
הַדְּבָרִים વચનોના H1697
הָאֵלֶּה׃ આ H0428

પછી મૂસાએ વાસણમાંથી રક્ત લઈને લોકો પર છાંટ્યું અને કહ્યુ, “આ પુસ્તકમાં લખેલાં વચનો પ્રમાણે યહોવાહે તમારી સાથે જે કરાર કર્યો છે, તેને પાકો કરનાર આ રક્ત + 24:8 આ એ લોહી છે જેની સાથે યહોવાહે તમારી સાથેનો કરાર કર્યો છે છે.”

9

| | | |
|---|---|---|
| וַיַּעַל | અને-ચડ્યા | H5927 |
| מֹשֶׁה | મૂસા | H4872 |
| וְאַהֲרֹן | અને-હારુન | H0175 |
| נָדָב | નાદાબ | H5070 |
| וַאֲבִיהוּא | અને-અબીહૂ | H0030 |
| וְשִׁבְעִים | અને-સિત્તેર | H7657 |
| מִזִּקְנֵי | વડીલોમાંથી | H2205 |
| יִשְׂרָאֵל׃ | ઈસ્રાએલના | H3478 |

તે પછી મૂસા, હારુન, નાદાબ, અબીહૂ અને ઇઝરાયલીઓના સિત્તેર વડીલોને સાથે લઈને તે ઉપર ગયો.

10

| | | |
|---|---|---|
| וַיִּרְאוּ | અને-જોયા | H7200 |
| אֵת | () | H0853 |
| אֱלֹהֵי | ઈશ્વર | H0430 |
| יִשְׂרָאֵל | ઈસ્રાએલના | H3478 |
| וְתַחַת | અને-નીચે | H8478 |
| רַגְלָיו | તેમના-પગની | H7272 |
| כְּמַעֲשֵׂה | જેમ-બનેલું | H4639 |
| לִבְנַת | ઈંટ | H3840 |
| הַסַּפִּיר | નીલમણીની | H5601 |
| וּכְעֶצֶם | અને-જેમ | H6106 |
| הַשָּׁמַיִם | આકાશ | H8064 |
| לָטֹהַר׃ | સ્વચ્છ | |

ત્યાં તેઓએ ઇઝરાયલના ઈશ્વરનું દર્શન કર્યુ અને ઈશ્વરના પગ નીચે જાણે નીલમના જેવી ફરસબંધી હતી. તે સ્વચ્છ આકાશના જેવી હતી.

11

| | | |
|---|---|---|
| וְאֶל־ | અને-પર | H0413 |
| אֲצִילֵי | આગેવાનો | H0678 |
| בְּנֵי | પુત્રોના | |
| יִשְׂרָאֵל | ઈસ્રાએલના | H3478 |
| לֹא | નહીં | H3808 |
| שָׁלַח | લંબાવ્યો | H7971 |
| יָדוֹ | હાથ-તેમનો | H3027 |
| וַיֶּחֱזוּ | અને-જોયા-તેમણે | H2372 |
| אֶת־ | () | H0853 |
| הָאֱלֹהִים | ઈશ્વરને | H0430 |
| וַיֹּאכְלוּ | અને-ખાધું | H0398 |
| וַיִּשְׁתּוּ׃ | અને-પીધું | H8354 |
| ס | — | |

ઇઝરાયલના બધા આગેવાનોએ યહોવાહને જોયાં. પણ યહોવાહે તેઓનો નાશ ન કર્યો. તેઓ બધાએ સાથે ખાધું અને પીધું.

12

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| אֶל־ | પાસે | H0413 |
| מֹשֶׁה | મૂસાને | H4872 |
| עֲלֵה | ચડ | H5927 |
| אֵלַי | મારી-પાસે | H0413 |
| הָהָרָה | પર્વત-પર | H2022 |
| וֶהְיֵה־ | અને-રહો | H1961 |
| שָׁם | ત્યાં | H8033 |
| וְאֶתְּנָה | અને-આપીશ | H5414 |
| לְךָ | તને | |
| אֶת־ | () | H0853 |
| לֻחֹת | પાટીઓ | H3871 |
| הָאֶבֶן | પથ્થરની | H0068 |
| וְהַתּוֹרָה | અને-નિયમ | H8451 |
| וְהַמִּצְוָה | અને-આજ્ઞા | H4687 |
| אֲשֶׁר | જે | |
| כָּתַבְתִּי | મેં-લખ્યું | H3789 |
| לְהוֹרֹתָם׃ | શીખવવા-તેમને | |

યહોવાહે મૂસાને કહ્યુ, “તું મારી પાસે પર્વત પર આવ અને ત્યાં રહે; અને મેં જે શિલાપાટીઓ ઉપર નિયમો અને આજ્ઞાઓ લખ્યાં છે, તે હું તને આપીશ જેથી તું લોકોને સમજાવી શકે.”

13

| | | |
|---|---|---|
| וַיָּקָם | અને-ઊઠ્યા | |
| מֹשֶׁה | મૂસા | H4872 |
| וִיהוֹשֻׁעַ | અને-યહોશુઆ | H3091 |
| מְשָׁרְתוֹ | તેના-સેવક | H8334 |
| וַיַּעַל | અને-ચડ્યા | H5927 |
| מֹשֶׁה | મૂસા | H4872 |
| אֶל־ | પાસે | H0413 |
| הַר | પર્વત | H2022 |
| הָאֱלֹהִים׃ | ઈશ્વરના | H0430 |

આથી મૂસા તથા તેનો સેવક યહોશુઆ ઊઠ્યા. અને મૂસા યહોવાહના પર્વત પર ગયો.

14

| | | |
|---|---|---|
| וְאֶל־ | અને-પાસે | H0413 |
| הַזְּקֵנִים | વડીલોને | H2205 |
| אָמַר | કહ્યુ | H0559 |
| שְׁבוּ־ | બેસો | H3427 |
| לָנוּ | અમારા-માટે | |
| בָזֶה | અહીં | H2088 |
| עַד | ત્યાં-સુધી | H5704 |
| אֲשֶׁר־ | જ્યાં-સુધી | |
| נָשׁוּב | પાછા-આવીએ | H7725 |
| אֲלֵיכֶם | તમારી-પાસે | H0413 |
| וְהִנֵּה | અને-જુઓ | H2009 |
| אַהֲרֹן | હારુન | H0175 |
| וְחוּר | અને-હૂર | H2354 |
| עִמָּכֶם | તમારી-સાથે-છે | |
| מִי־ | કોઈને | H4310 |
| בַעַל | માલિક | H1167 |
| דְּבָרִים | બાબતોનો | H1697 |
| יִגַּשׁ | આવશે-નજીક | H5066 |
| אֲלֵהֶם׃ | તેમની-પાસે | H0413 |

જતાં જતાં તેણે વડીલોને કહ્યુ, “અમે તમારી પાસે પાછા આવીએ, ત્યાં સુધી તમે અહી અમારી રાહ જોજો. અને જુઓ, હારુન અને હૂર તમારી સાથે છે; જો કોઈને કંઈ તકરાર હોય તો તેઓની પાસે જાય.”

15

| | | |
|---|---|---|
| וַיַּעַל | અને-ચડ્યા | H5927 |
| מֹשֶׁה | મૂસા | H4872 |
| אֶל־ | પર | H0413 |
| הָהָר | પર્વતના | H2022 |
| וַיְכַס | અને-ઢાંક્યો | H3680 |
| הֶעָנָן | વાદળે | H6051 |
| אֶת־ | () | H0853 |
| הָהָר׃ | પર્વતને | H2022 |

પછી મૂસા પર્વત પર ચઢયો અને વાદળોએ પર્વતને ઢાંકી દીધો.

16

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁכֹּ֤ן | כְּבוֹד־ | יְהוָה֙ | עַל־ | הַ֣ר | סִינַ֔י | וַיְכַסֵּ֥הוּ | הֶעָנָ֖ן | שֵׁ֣שֶׁת | יָמִ֑ים | וַיִּקְרָ֧א |
| અને-રહ્યો | મહિમા | યહોવાહનો | પર | પર્વત | સિનાઈના | અને-ઢાંક્યો-તેને | વાદળે | છ | દિવસ | અને-બોલાવ્યા |
| H7931 | H3519 | H3068 | | H2022 | H5514 | H3680 | H6051 | H8337 | H3117 | H7121 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֶל־ | מֹשֶׁ֛ה | בַּיּ֥וֹם | הַשְּׁבִיעִ֖י | מִתּ֥וֹךְ | הֶעָנָֽן׃ |
| પાસે | મૂસાને | દિવસે | સાતમા | વચ્ચેથી | વાદળની |
| H0413 | H4872 | H3117 | H7637 | H8432 | H6051 |

યહોવાહનું ગૌરવ સિનાઈ પર્વત પર ઊતર્યું. અને છ દિવસ સુધી વાદળોએ પર્વતને ઢાંકી રાખ્યો. અને સાતમે દિવસે યહોવાહે વાદળમાંથી હાંક મારીને મૂસાને બોલાવ્યો.

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמַרְאֵה֙ | כְּב֣וֹד | יְהוָ֔ה | כְּאֵ֥שׁ | אֹכֶ֖לֶת | בְּרֹ֣אשׁ | הָהָ֑ר | לְעֵינֵ֖י | בְּנֵ֥י | יִשְׂרָאֵֽל׃ |
| અને-દેખાવ | મહિમાનો | યહોવાહના | જેમ-આગ | ભસ્મ-કરનારી | ટોચ-પર | પર્વતની | નજરમાં | પુત્રોની | ઈસ્રાએલના |
| H4758 | H3519 | H3068 | H0784 | H0398 | | H2022 | | | H3478 |

| וְנֶפֶשׁ | כִּֽי־ | תַקְרִיב | קָרְבַּן | מִנְחָה | לַיהוָה | סֹלֶת | יִהְיֶה | קָרְבָּנוֹ | וְיָצַק | עָלֶיהָ | שֶׁמֶן | וְנָתַן | עָלֶיהָ | לְבֹנָה׃ |
| અને-કોઈ-વ્યક્તિ | — | અર્પણ-કરે | ભેટ | ખાદ્યાર્પણ | યહોવાને | મેંદો | હોવો-જોઈએ | તેનું-અર્પણ | અને-રેડે | તેના-ઉપર | તેલ | અને-મૂકે | તેના-ઉપર | લોબાન |
| H5315 | | H7126 | | H4503 | H3068 | H5560 | H1961 | | H3332 | | H8081 | H5414 | | H3828 |

જ્યારે કોઈ વ્યક્તિ યહોવાહને ખાદ્યાર્પણ ચઢાવે ત્યારે તેનું અર્પણ મેંદાનું હોય અને તે તેના પર તેલ રેડે અને તેના પર ધૂપ મૂકે.

2

| | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וֶהֱבִיאָהּ | אֶל־ | בְּנֵי | אַהֲרֹן | הַכֹּהֲנִים | וְקָמַץ | מִשָּׁם | מְלֹא | קֻמְצוֹ | מִסָּלְתָּהּ | וּמִשַּׁמְנָהּ | עַל | כָּל־ | לְבֹנָתָהּ | וְהִקְטִיר | הַכֹּהֵן | אֶת־ | אַזְכָּרָתָהּ | הַמִּזְבֵּחָה | אִשֵּׁה | רֵיחַ | נִיחֹחַ | לַיהוָה׃ |
| અને-લાવે | — | હારૂનના-પુત્રો | — | યાજકો-આગળ | અને-ભરે | ત્યાંથી | ભરેલી | મુઠ્ઠી | તેના-મેંદામાંથી | અને-તેલમાંથી | સાથે | બધા | લોબાન-સહિત | અને-બાળે | યાજક | — | તેનો-સ્મરણ-ભાગ | વેદી-ઉપર | અગ્નિ-અર્પણ | સુગંધ | સુખદાયક | યહોવાને |
| H0935 | H0413 | | H0175 | H3548 | H7061 | H8033 | H4393 | H7062 | H5560 | H8081 | | H3605 | H3828 | | H3548 | H0853 | H0234 | H4196 | H0801 | H7381 | H5207 | H3068 |

તે હારુનના પુત્રોની પાસે એટલે યાજકોની પાસે તે લાવે અને તે તેમાંથી એક મુઠ્ઠીભર મેંદાનો લોટ, તેલ અને ધૂપ લે. પછી યાજક યહોવાહની કરુણાની યાદગીરી માટે સુવાસિત ખાદ્યાર્પણ તરીકે વેદી પર તેનું દહન કરે.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהַנּוֹתֶרֶת | מִן־ | הַמִּנְחָה | לְאַהֲרֹן | וּלְבָנָיו | קֹדֶשׁ | קָדָשִׁים | מֵאִשֵּׁי | יְהוָה׃ | ס |
| અને-બાકીનું | — | ખાદ્યાર્પણમાંથી | હારુન-માટે | અને-તેના-પુત્રો-માટે | પરમ | પવિત્ર | યહોવાના-અગ્નિ-અર્પણોમાંથી | — | — |
| H3498 | | H4503 | H0175 | | H6944 | H6944 | H0801 | H3068 | |

ખાદ્યાર્પણમાંથી જે બાકી રહે તે હારુનનું તથા તેના પુત્રોનું થાય. તે યહોવાહના હોમયજ્ઞોમાં સૌથી પરમપવિત્ર વસ્તુ ઈશ્વરને માટે છે.

4

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְכִי | תַקְרִב | קָרְבַּן | מִנְחָה | מַאֲפֵה | תַנּוּר | סֹלֶת | חַלּוֹת | מַצֹּת | בְּלוּלֹת | בַשֶּׁמֶן | וּרְקִיקֵי | מַצּוֹת | מְשֻׁחִים | בַּשָּׁמֶן׃ | ס |
| અને-જ્યારે | અર્પણ-કરો | ભેટ | ખાદ્યાર્પણ | ભઠ્ઠીમાં-શેકેલું | — | મેંદાની | રોટલી | બેખમીર | તેલ-મિશ્રિત | — | અને-પાતળી-રોટલી | બેખમીર | તેલ-ચોપડેલી | — | — |
| | H7126 | | H4503 | H3989 | H8574 | H5560 | H2471 | H4682 | | H8081 | H7550 | H4682 | H4886 | H8081 | |

જ્યારે તું ભઠ્ઠીમાં પકાવેલું ખાદ્યાર્પણ ચઢાવે, ત્યારે તે મેંદાનું જ હોય અને તે તેલથી મોહેલા લોટની બેખમીર રોટલીઓ અથવા તેલ ચોપડેલા બેખમીરી ખાખરા જ હોય.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִם־ | מִנְחָה | עַל־ | הַמַּחֲבַת | קָרְבָּנֶךָ | סֹלֶת | בְּלוּלָה | בַשֶּׁמֶן | מַצָּה | תִהְיֶה׃ |
| અને-જો | ખાદ્યાર્પણ | — | તવા-ઉપરનું | તારું-અર્પણ | મેંદો | મિશ્રિત | તેલ-સાથે | બેખમીર | હોય |
| | H4503 | | H4227 | | H5560 | | H8081 | H4682 | H1961 |

જો તારું અર્પણ તવામાં પકાવેલું ખાદ્યાર્પણ હોય, તો તે પણ તેલથી મોહેલા મેંદાનું જ બનાવેલું અને બેખમીરી હોય.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| פָּתוֹת | אֹתָהּ | פִּתִּים | וְיָצַקְתָּ | עָלֶיהָ | שָׁמֶן | מִנְחָה | הִוא׃ | ס |
| તોડો | તેને | ટુકડાઓમાં | અને-રેડો | તેના-ઉપર | તેલ | ખાદ્યાર્પણ | તે-છે | — |
| H6626 | H0853 | | H3332 | | H8081 | H4503 | H1931 | |

તારે તેના ભાગ કરીને ટુકડા કરવા અને તેના પર તેલ રેડવું. આ ખાદ્યાર્પણ છે.

7

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְאִם־ | מִנְחַת | מַרְחֶשֶׁת | קָרְבָּנֶךָ | סֹלֶת | בַּשֶּׁמֶן | תֵּעָשֶׂה׃ |
| અને-જો | ખાદ્યાર્પણ | કઢાઈમાં-બનાવેલું | તારું-અર્પણ | મેંદો | તેલ-સાથે | બનાવવામાં-આવે |
| | H4503 | H4802 | | H5560 | H8081 | |

જો તારું ખાદ્યાર્પણ કઢાઈમાં પકાવેલું હોય, તો તે તેલમાં તળીને મેંદાનું બનાવવું.

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהֵבֵאתָ֣ | אֶת־ | הַמִּנְחָ֔ה | אֲשֶׁ֥ר | יֵעָשֶׂ֖ה | מֵאֵ֑לֶּה | לַֽיהוָ֑ה | וְהִקְרִיבָהּ֙ | אֶל־ | הַכֹּהֵ֔ן |
| અને-લાવો | — | ખાદ્યાર્પણ | જે | બનાવવામાં-આવ્યું | આમાંથી | યહોવાને | અને-તે-અર્પણ-કરો | — | યાજકને |
| H0935 | H0853 | H4503 | | | H0428 | H3068 | H7126 | H0413 | H3548 |

| | | |
|---|---|---|
| וְהִגִּישָׁ֖הּ | אֶל־ | הַמִּזְבֵּֽחַ׃ |
| અને-લઈ-જાઓ | — | વેદી-આગળ |
| H5066 | H0413 | H4196 |

આ રીતે શેકેલું, તળેલું ખાદ્યાર્પણ તારે યહોવાહની આગળ લાવવું અને તે યાજક આગળ રજૂ કરવું અને તે તેને વેદી પાસે લાવે.

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהֵרִ֨ים | הַכֹּהֵ֤ן | מִן־ | הַמִּנְחָה֙ | אֶת־ | אַזְכָּ֣רָתָ֔הּ | וְהִקְטִ֖יר | הַמִּזְבֵּ֑חָה | אִשֵּׁ֛ה | רֵ֥יחַ |
| અને-ઉઠાવે | યાજક | — | ખાદ્યાર્પણમાંથી | — | તેનો-સ્મરણ-ભાગ | અને-બાળે | વેદી-ઉપર | અગ્નિ-અર્પણ | સુગંધ |
| | H3548 | | H4503 | H0853 | H0234 | | H4196 | H0801 | H7381 |

| | |
|---|---|
| נִיחֹ֖חַ | לַיהוָֽה׃ |
| સુખદાયક | યહોવાને |
| H5207 | H3068 |

પછી યાજક તે ખાદ્યાર્પણમાંથી કેટલુંક યાદગીરી માટે કાઢીને વેદી પર તેનું દહન કરે. તે યહોવાહને માટે સુવાસિત હોમયજ્ઞ છે.

10

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְהַנּוֹתֶ֙רֶת֙ | מִן־ | הַמִּנְחָ֔ה | לְאַהֲרֹ֖ן | וּלְבָנָ֑יו | קֹ֥דֶשׁ | קָֽדָשִׁ֖ים | מֵאִשֵּׁ֥י |
| અને-બાકીનું | — | ખાદ્યાર્પણમાંથી | હારુન-માટે | અને-તેના-પુત્રો-માટે | પરમ | પવિત્ર | યહોવાના-અગ્નિ-અર્પણોમાંથી |
| H3498 | | H4503 | H0175 | | H6944 | H6944 | H0801 |

| |
|---|
| יְהוָֽה׃ |
| — |
| H3068 |

ખાદ્યાર્પણમાંથી જે બાકી રહે તે હારુનનું તથા તેના પુત્રોનું થાય. તે યહોવાહને અર્પિત કરેલું યહોવાહના હોમયજ્ઞમાં પરમપવિત્ર વસ્તુ છે.

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כָּל־ | הַמִּנְחָ֗ה | אֲשֶׁ֤ר | תַּקְרִ֙יבוּ֙ | לַֽיהוָ֔ה | לֹ֥א | תֵעָשֶׂ֖ה | חָמֵ֑ץ | כִּ֤י | כָל־ | שְׂאֹר֙ |
| દરેક | ખાદ્યાર્પણ | જે | અર્પણ-કરો | યહોવાને | નહિ | બનાવવામાં-આવે | ખમીરવાળું | કારણ-કે | કોઈ-પણ | ખમીર |
| H3605 | H4503 | | H7126 | H3068 | H3808 | | | | H3605 | H7603 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְכָל־ | דְּבַ֔שׁ | לֹֽא־ | תַקְטִ֥ירוּ | מִמֶּ֛נּוּ | אִשֶּׁ֖ה | לַיהוָֽה׃ |
| અને-કોઈ-પણ | મધ | નહિ | બાળો | તેમાંથી | અગ્નિ-અર્પણ | યહોવાને |
| H3605 | H1706 | H3808 | | | H0801 | H3068 |

જે ખાદ્યાર્પણ તમે યહોવાહ પ્રત્યે ચઢાવો તેઓમાંનું કોઈ પણ ખમીરવાળું બનાવેલું ન હોય, કેમ કે તમારે યહોવાહના હોમયજ્ઞ તરીકે કંઈ પણ ખમીરનું અથવા કંઈ પણ મધનું દહન કરવું નહિ.

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| קָרְבַּ֥ן | רֵאשִׁ֛ית | תַּקְרִ֥יבוּ | אֹתָ֖ם | לַיהוָ֑ה | וְאֶל־ | הַמִּזְבֵּ֥חַ | לֹא־ | יַעֲל֖וּ | לְרֵ֥יחַ | נִיחֹֽחַ׃ |
| અર્પણ | પ્રથમફળનું | અર્પણ-કરો | તેમને | યહોવાને | પણ | વેદી-ઉપર | નહિ | ચઢાવો | સુગંધ-માટે | સુખદાયક |
| | H7225 | H7126 | H0853 | H3068 | H0413 | H4196 | H3808 | H5927 | H7381 | H5207 |

પ્રથમ ફળના અર્પણ તરીકે તેઓને તમારે યહોવાહ પ્રત્યે ચઢાવવા, પણ સુવાસને માટે વેદી પર તેઓ ચઢે નહિ.

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְכָל־ | קָרְבַּ֣ן | מִנְחָתְךָ֮ | בַּמֶּ֣לַח | תִּמְלָח֒ | וְלֹ֣א | תַשְׁבִּ֗ית | מֶ֚לַח | בְּרִ֣ית | אֱלֹהֶ֔יךָ |
| અને-દરેક | અર્પણ | તારા-ખાદ્યાર્પણનું | મીઠાથી | મીઠું-નાખો | અને-નહિ | દૂર-કરો | મીઠું | કરારનું | તારા-ઈશ્વરનું |
| H3605 | | H4503 | H4417 | | H3808 | | H4417 | H1285 | H0430 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מֵעַ֖ל | מִנְחָתֶ֑ךָ | עַ֥ל | כָּל־ | קָרְבָּנְךָ֖ | תַּקְרִ֥יב | מֶֽלַח׃ | ס |
| ઉપરથી | તારા-ખાદ્યાર્પણ | — | દરેક | તારા-અર્પણ-ઉપર | અર્પણ-કરો | મીઠું | — |
| | H4503 | | H3605 | | H7126 | H4417 | |

તમારે તમારાં ખાદ્યાર્પણના પ્રત્યેક અર્પણમાં મીઠું + 2:13 મીઠું ઈશ્વર અને ઇઝરાયલીઓ વચ્ચે કરેલા કરાર સાથે સરખાવવામાં આવે છે નાખવું. તમારા ખાદ્યાર્પણમાં ઈશ્વરના કરારના મીઠાની ખામી રહેવા ન દો. તમારા પ્રત્યેક અર્પણ સાથે તમે તમારે મીઠું ચઢાવવું.

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִם־ | תַּקְרִיב | מִנְחַת | בִּכּוּרִים | לַיהוָה | אָבִיב | קָלוּי | בָּאֵשׁ | גֶּרֶשׂ | כַּרְמֶל | תַּקְרִיב |
| અને-જો | અર્પણ-કરો | ખાદ્યાર્પણ | પ્રથમફળનું | યહોવાને | લીલા-કણસલા | શેકેલા | આગમાં | દાણા | તાજા | અર્પણ-કરો |
| | H7126 | H4503 | H1061 | H3068 | H0024 | H7033 | H0784 | H1643 | H3759 | H7126 |

| | | |
|---|---|---|
| אֵת | מִנְחַת | בִּכּוּרֶיךָ׃ |
| — | ખાદ્યાર્પણ | તારા-પ્રથમફળનું |
| H0853 | H4503 | H1061 |

જો તમે યહોવાહ પ્રત્યે પ્રથમ ફળનું ખાદ્યાર્પણ ચઢાવો, તો તમારા પ્રથમ ફળના ખાદ્યાર્પણને માટે ભરેલાં કણસલાં અગ્નિ પર શેકીને તાજાં કણસલાંનો પોંક પાડીને તમારે ચઢાવવો.

15

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְנָתַתָּ | עָלֶיהָ | שֶׁמֶן | וְשַׂמְתָּ | עָלֶיהָ | לְבֹנָה | מִנְחָה | הִוא׃ |
| અને-નાખો | તેના-ઉપર | તેલ | અને-મૂકો | તેના-ઉપર | લોબાન | ખાદ્યાર્પણ | તે-છે |
| H5414 | | H8081 | | | H3828 | H4503 | H1931 |

તે પર તમારે તેલ રેડવું અને તે પર લોબાન મૂકવો. એ ખાદ્યાર્પણ છે.

16

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהִקְטִיר | הַכֹּהֵן | אֶת־ | אַזְכָּרָתָהּ | מִגִּרְשָׂהּ | וּמִשַּׁמְנָהּ | עַל | כָּל־ | לְבֹנָתָהּ |
| અને-બાળે | યાજક | — | તેનો-સ્મરણ-ભાગ | તેના-દાણામાંથી | અને-તેલમાંથી | સાથે | બધા | લોબાન-સહિત |
| | H3548 | H0853 | H0234 | H1643 | H8081 | | H3605 | H3828 |

| | | |
|---|---|---|
| אִשֶּׁה | לַיהוָה׃ | פ |
| અગ્નિ-અર્પણ | યહોવાને | — |
| H0801 | H3068 | |

પછી યાજક પ્રતીકરૂપે તે પોંકમાંથી થોડો પોંક, તેલમાંથી થોડું તેલ તથા તે પરનો બધો લોબાન લઈને યહોવાહને ખાદ્યાર્પણ તરીકે વેદીની અગ્નિમાં દહન કરે. તે યહોવાહને માટે હોમયજ્ઞ છે.

# Chapter 3

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִם־ | זֶבַח | שְׁלָמִים | קָרְבָּנוֹ | אִם | מִן־ | הַבָּקָר | הוּא | מַקְרִיב | אִם־ | זָכָר |
| અને-જો | યજ્ઞ | શાંતિ-અર્પણોનો | તેનું-અર્પણ | જો | — | ગોધામાંથી | તે | અર્પણ-કરે | — | નર |
| | H2077 | H8002 | | | | H1241 | H1931 | H7126 | | H2145 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אִם־ | נְקֵבָה | תָּמִים | יַקְרִיבֶנּוּ | לִפְנֵי | יְהוָה׃ |
| — | માદા | ખામી-વિનાનું | અર્પણ-કરે | યહોવાની-સમક્ષ | — |
| | H5347 | H8549 | H7126 | H6440 | H3068 |

જો કોઈનું અર્પણ શાંત્યર્પણનો યજ્ઞ હોય અને જો તે જાનવર ચઢાવે, પછી તે નર હોય કે નારી હોય, તો યહોવાહ પ્રત્યે તે ખોડખાંપણ વગરનું ચઢાવે.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְסָמַךְ | יָדוֹ | עַל־ | רֹאשׁ | קָרְבָּנוֹ | וּשְׁחָטוֹ | פֶּתַח | אֹהֶל | מוֹעֵד | וְזָרְקוּ |
| અને-મૂકે | પોતાનો-હાથ | — | માથા | તેના-અર્પણના | અને-વધે | દ્વાર-આગળ | મુલાકાતના-મંડપના | — | અને-છાંટે |
| H5564 | H3027 | | | | | H6607 | H0168 | H4150 | H2236 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בְּנֵי | אַהֲרֹן | הַכֹּהֲנִים | אֶת־ | הַדָּם | עַל־ | הַמִּזְבֵּחַ | סָבִיב׃ |
| હારુનના-પુત્રો | — | યાજકો | — | લોહી | — | વેદી-ઉપર | ચારેબાજુ |
| | H0175 | H3548 | H0853 | H1818 | | H4196 | H5439 |

તે પોતાના અર્પણના માથા પર પોતાનો હાથ મૂકે અને મુલાકાતમંડપના દ્વાર પાસે તેને કાપે. પછી યાજકો, એટલે હારુનના પુત્રો તેનું રક્ત વેદીની ચારે બાજુએ છાંટે.

3

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהִקְרִיב | מִזֶּבַח | הַשְּׁלָמִים | אִשֶּׁה | לַיהוָה | אֶת־ | הַחֵלֶב | הַמְכַסֶּה | אֶת־ |
| અને-ચઢાવે | શાંતિ-અર્પણોના-યજ્ઞમાંથી | — | અગ્નિ-અર્પણ | યહોવાને | — | ચરબી | જે-ઢાંકે-છે | — |
| H7126 | H2077 | H8002 | H0801 | H3068 | H0853 | H2459 | H3680 | H0853 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הַקֶּרֶב | וְאֵת | כָּל־ | הַחֵלֶב | אֲשֶׁר | עַל־ | הַקֶּרֶב׃ |
| આતરડાંને | અને | બધી | ચરબી | જે | — | આતરડાં-ઉપર |
| H7130 | H0853 | H3605 | H2459 | | | H7130 |

તે શાંત્યર્પણના યજ્ઞમાંથી યહોવાહ પ્રત્યે હોમયજ્ઞ ચઢાવે. આંતરડાંની આસપાસની ચરબી તથા આંતરડાં પરની બધી ચરબી,

4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵת | שְׁתֵּי | הַכְּלָיֹת | וְאֶת־ | הַחֵלֶב | אֲשֶׁר | עֲלֵהֶן | אֲשֶׁר | עַל־ | הַכְּסָלִים | וְאֶת־ |
| અને | બે | કિડનીઓ | અને | ચરબી | જે | તેમના-ઉપર | જે | — | કમર-આગળ | અને |
| H0853 | H8147 | H3629 | H0853 | H2459 | | | | | H3689 | H0853 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| הַיֹּתֶרֶת | עַל־ | הַכָּבֵד | עַל־ | הַכְּלָיוֹת | יְסִירֶנָּה׃ |
| યકૃત-ઉપરનું | — | કલેજાનું | — | કિડનીઓ-સાથે | કાઢે |
| H3508 | | H3516 | | H3629 | H5493 |

બન્ને મૂત્રપિંડ તથા તે પરની ચરબી જાંઘો પાસે હોય છે તે તથા મૂત્રપિંડ સાથે કલેજા પરનું ચરબીનું પડ તે કાઢી લે.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהִקְטִירוּ | אֹתוֹ | בְנֵי־ | אַהֲרֹן | הַמִּזְבֵּחָה | עַל־ | הָעֹלָה | אֲשֶׁר | עַל־ | הָעֵצִים |
| અને-બાળે | તેને | હારૂનના-પુત્રો | — | વેદી-ઉપર | — | દહનાર્પણ-ઉપર | જે | — | લાકડાં-ઉપર |
| | H0853 | | H0175 | H4196 | | | | | H6086 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | עַל־ | הָאֵשׁ | אִשֵּׁה | רֵיחַ | נִיחֹחַ | לַיהוָה׃ | פ |
| જે | — | આગ-ઉપર-છે | અગ્નિ-અર્પણ | સુગંધ | સુખદાયક | યહોવાને | — |
| | | H0784 | H0801 | H7381 | H5207 | H3068 | |

હારુનના પુત્રો વેદી પરના અગ્નિ પર લાકડા ઉપરના દહનીયાર્પણ પર તેનું દહન કરે. તે યહોવાહને માટે સુવાસિત હોમયજ્ઞ છે.

6

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִם־ | מִן־ | הַצֹּאן | קָרְבָּנוֹ | לְזֶבַח | שְׁלָמִים | לַיהוָה | זָכָר | אוֹ | נְקֵבָה |
| અને-જો | — | ટોળામાંથી | તેનું-અર્પણ | શાંતિ-અર્પણોના-યજ્ઞ-માટે | — | યહોવાને | નર | અથવા | માદા |
| | | H6629 | | H2077 | H8002 | H3068 | H2145 | | H5347 |

| | |
|---|---|
| תָּמִים | יַקְרִיבֶנּוּ׃ |
| ખામી-વિનાનું | અર્પણ-કરે |
| H8549 | H7126 |

જો કોઈ માણસ શાંત્યર્પણ તરીકે ઘેટાંબકરાંને યહોવાહ સમક્ષ લાવે, પછી તે નર હોય કે નારી હોય, તો તે શાંત્યર્પણ ખોડખાંપણ વગરનું ચઢાવે.

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אִם־ | כֶּשֶׂב | הוּא־ | מַקְרִיב | אֶת־ | קָרְבָּנוֹ | וְהִקְרִיב | אֹתוֹ | לִפְנֵי | יְהוָה׃ |
| જો | ઘેટું | તે | અર્પણ-કરે | — | તેનું-અર્પણ | તો-ચઢાવે | તેને | યહોવાની-સમક્ષ | — |
| | H3775 | H1931 | H7126 | H0853 | | H7126 | H0853 | H6440 | H3068 |

જો તે હલવાનનું અર્પણ ચઢાવે, તો તે તેને યહોવાહની આગળ ચઢાવે.

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְסָמַךְ | אֶת־ | יָדוֹ | עַל־ | רֹאשׁ | קָרְבָּנוֹ | וְשָׁחַט | אֹתוֹ | לִפְנֵי | אֹהֶל |
| અને-મૂકે | — | પોતાનો-હાથ | — | માથા | તેના-અર્પણના | અને-વધે | તેને | મુલાકાતના-મંડપની-સમક્ષ | — |
| H5564 | H0853 | H3027 | | | | | H0853 | H6440 | H0168 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מוֹעֵד | וְזָרְקוּ | בְּנֵי | אַהֲרֹן | אֶת־ | דָּמוֹ | עַל־ | הַמִּזְבֵּחַ | סָבִיב׃ |
| — | અને-છાંટે | હારૂનના-પુત્રો | — | — | તેનું-લોહી | — | વેદી-ઉપર | ચારેબાજુ |
| H4150 | H2236 | | H0175 | H0853 | H1818 | | H4196 | H5439 |

તે પોતાના અર્પણના માથા પર પોતાનો હાથ મૂકે અને મુલાકાતમંડપની આગળ તેને કાપે. પછી હારુનના પુત્રોએ તેનું રક્ત વેદીની ચારે બાજુએ છાંટવું.

9

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְהִקְרִיב | מִזֶּבַח | הַשְּׁלָמִים | אִשֶּׁה | לַיהוָה | חֶלְבּוֹ | הָאַלְיָה | תְמִימָה |
| અને-ચઢાવે | શાંતિ-અર્પણોના-યજ્ઞમાંથી | — | અગ્નિ-અર્પણ | યહોવાને | તેની-ચરબી | પૂંછડી | આખી |
| H7126 | H2077 | H8002 | H0801 | H3068 | H2459 | H0451 | H8549 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לְעֻמַּת | הֶעָצֶה | יְסִירֶנָּה | וְאֶת־ | הַחֵלֶב | הַמְכַסֶּה | אֶת־ | הַקֶּרֶב | וְאֵת | כָּל־ | הַחֵלֶב |
| કરોડરજ્જુ-આગળ | હાડકાના | કાઢે | અને | ચરબી | જે-ઢાંકે-છે | — | આંતરડાંને | અને | બધી | ચરબી |
| H5980 | H6096 | H5493 | H0853 | H2459 | H3680 | H0853 | H7130 | H0853 | H3605 | H2459 |

| | | |
|---|---|---|
| אֲשֶׁר | עַל־ | הַקֶּרֶב׃ |
| જે | — | આંતરડાં-ઉપર |
| | | H7130 |

શાંત્યર્પણના યજ્ઞમાંથી તે યહોવાહને સારુ હોમયજ્ઞ ચઢાવે. તેની ચરબી, તેની પુષ્ટ પૂછડી આખી અને આખી કરોડના હાડકાની લગોલગથી તે કાપી લે અને આતરડાની આસપાસની ચરબી તથા આતરડા પરની સઘળી ચરબી,

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵת | שְׁתֵּי | הַכְּלָיֹת | וְאֶת־ | הַחֵלֶב | אֲשֶׁר | עֲלֵהֶן | אֲשֶׁר | עַל־ | הַכְּסָלִים | וְאֶת־ |
| અને | બે | કિડનીઓ | અને | ચરબી | જે | તેમના-ઉપર | જે | — | કમર-આગળ | અને |
| H0853 | H8147 | H3629 | H0853 | H2459 | | | | | H3689 | H0853 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| הַיֹּתֶרֶת | עַל־ | הַכָּבֵד | עַל־ | הַכְּלָיוֹת | יְסִירֶנָּה׃ |
| યકૃત-ઉપરનું | — | કળેજાનું | — | કિડનીઓ-સાથે | કાઢે |
| H3508 | | H3516 | | H3629 | H5493 |

બન્ને મૂત્રપિંડો તથા તેની પરની કમર પાસેની ચરબી અને મૂત્રપિંડ સાથે કલેજા પરનું અતરપડ તે કાઢી લે.

11

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְהִקְטִירוֹ | הַכֹּהֵן | הַמִּזְבֵּחָה | לֶחֶם | אִשֶּׁה | לַיהוָה׃ | פ |
| અને-બાળે | યાજક | વેદી-ઉપર | ભોજન | અગ્નિ-અર્પણ | યહોવાને | — |
| | H3548 | H4196 | H3899 | H0801 | H3068 | |

અને યાજક વેદી પર તેનું દહન કરે; તે યહોવાહને માટે હોમયજ્ઞરૂપ ખાદ્ય પદાર્થ છે.

12

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְאִם | עֵז | קָרְבָּנוֹ | וְהִקְרִיבוֹ | לִפְנֵי | יְהוָה׃ |
| અને-જો | બકરી | તેનું-અર્પણ | તો-ચઢાવે | યહોવાની-સમક્ષ | — |
| | H5795 | | H7126 | H6440 | H3068 |

જો માણસનું અર્પણ બકરાનું હોય, તો તે યહોવાહની આગળ ચઢાવે.

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְסָמַךְ | אֶת־ | יָדוֹ | עַל־ | רֹאשׁוֹ | וְשָׁחַט | אֹתוֹ | לִפְנֵי | אֹהֶל | מוֹעֵד |
| અને-મૂકે | — | પોતાનો-હાથ | — | તેના-માથા | અને-વધે | તેને | મુલાકાતના-મંડપની-સમક્ષ | — | — |
| H5564 | H0853 | H3027 | | | | H0853 | H6440 | H0168 | H4150 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְזָרְקוּ | בְּנֵי | אַהֲרֹן | אֶת־ | דָּמוֹ | עַל־ | הַמִּזְבֵּחַ | סָבִיב׃ |
| અને-છાંટે | હારૂનના-પુત્રો | — | — | તેનું-લોહી | — | વેદી-ઉપર | ચારેબાજુ |
| H2236 | | H0175 | H0853 | H1818 | | H4196 | H5439 |

તે બકરાના માથા પર પોતાનો હાથ મૂકે અને મુલાકાતમંડપની આગળ તેને કાપે. પછી હારુનના પુત્રોએ તેનું રક્ત વેદીની ચારે બાજુએ છાંટવું.

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהִקְרִיב | מִמֶּנּוּ | קָרְבָּנוֹ | אִשֶּׁה | לַיהוָה | אֶת־ | הַחֵלֶב | הַמְכַסֶּה | אֶת־ | הַקֶּרֶב | וְאֵת |
| અને-ચઢાવે | તેમાંથી | તેનું-અર્પણ | અગ્નિ-અર્પણ | યહોવાને | — | ચરબી | જે-ઢાંકે-છે | — | આતરડાંને | અને |
| H7126 | | | H0801 | H3068 | H0853 | H2459 | H3680 | H0853 | H7130 | H0853 |

| | | | | |
|---|---|---|---|---|
| כָּל־ | הַחֵלֶב | אֲשֶׁר | עַל־ | הַקֶּרֶב׃ |
| બધી | ચરબી | જે | — | આતરડાં-ઉપર |
| H3605 | H2459 | | | H7130 |

તે માણસ અગ્નિથી પોતાનું અર્પણ યહોવાહને માટે ચઢાવે. તે આતરડાની આસપાસની ચરબી તથા આતરડા પરની સઘળી ચરબી કાઢી લે.

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵת | שְׁתֵּי | הַכְּלָיֹת | וְאֶת־ | הַחֵלֶב | אֲשֶׁר | עֲלֵהֶן | אֲשֶׁר | עַל־ | הַכְּסָלִים | וְאֶת־ |
| અને | બે | કિડનીઓ | અને | ચરબી | જે | તેમના-ઉપર | જે | — | કમર-આગળ | અને |
| H0853 | H8147 | H3629 | H0853 | H2459 | | | | | H3689 | H0853 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| הַיֹּתֶרֶת | עַל־ | הַכָּבֵד | עַל־ | הַכְּלָיוֹת | יְסִירֶנָּה׃ |
| યકૃત-ઉપરનું | — | કળેજાનું | — | કિડનીઓ-સાથે | કાઢે |
| H3508 | | H3516 | | H3629 | H5493 |

બન્ને મૂત્રપિંડો અને તેની પરની કમર પાસેની ચરબી, મૂત્રપિંડો પાસે કલેજા પરનું અતરપડ તે કાઢી લે.

16

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהִקְטִירָם | הַכֹּהֵן | הַמִּזְבֵּחָה | לֶחֶם | אִשֶּׁה | לְרֵיחַ | נִיחֹחַ | כָּל־ | חֵלֶב | לַיהוָה׃ |
| અને-બાળે | યાજક | વેદી-ઉપર | ભોજન | અગ્નિ-અર્પણ | સુગંધ-માટે | સુખદાયક | બધી | ચરબી | યહોવાની |
| | H3548 | H4196 | H3899 | H0801 | H7381 | H5207 | H3605 | H2459 | H3068 |

આ તમામનું યાજકે શાંત્યર્પણ તરીકે દહન કરવું, તે સુવાસને સારુ હોમયજ્ઞરૂપ ખાદ્ય પદાર્થ છે. સઘળી ચરબી યહોવાહની છે.

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| חֻקַּת | עוֹלָם | לְדֹרֹתֵיכֶם | בְּכֹל | מוֹשְׁבֹתֵיכֶם | כָּל־ | חֵלֶב | וְכָל־ | דָּם | לֹא |
| વિધિ | સદાકાળની | તમારી-પેઢીઓમાં | તમારા-બધા | વસવાટોમાં | કોઈ-પણ | ચરબી | અને-કોઈ-પણ | લોહી | નહિ |
| H2708 | H5769 | H1755 | H3605 | H4186 | H3605 | H2459 | H3605 | H1818 | H3808 |

| | |
|---|---|
| תֹאכֵלוּ׃ | פ |
| ખાઓ | — |
| H0398 | |

તમારી વંશપરંપરા તમારાં સઘળાં રહેઠાણોમાં એ હંમેશને માટે તમારો વિધિ થાય, એટલે ચરબી કે રક્ત તમારે ખાવાં જ નહિ.'"

## Chapter 4

1

| | | | | |
|---|---|---|---|---|
| וַיְדַבֵּר | יְהוָה | אֶל־ | מֹשֶׁה | לֵּאמֹר׃ |
| અને-બોલ્યા | યહોવાએ | — | મૂસાને | કહેતાં |
| H1696 | H3068 | H0413 | H4872 | H0559 |

યહોવાહે મૂસાને કહ્યું કે,

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| דַּבֵּר | אֶל־ | בְּנֵי | יִשְׂרָאֵל | לֵאמֹר | נֶפֶשׁ | כִּי־ | תֶחֱטָא | בִשְׁגָגָה | מִכֹּל |
| કહે | — | ઈસ્રાએલના-સંતાનોને | — | કહેતાં | જો-કોઈ-વ્યક્તિ | — | પાપ-કરે | અજાણતામાં | કોઈ-પણ |
| H1696 | H0413 | | H3478 | H0559 | H5315 | | H2398 | H7684 | H3605 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מִצְוֹת | יְהוָה | אֲשֶׁר | לֹא | תֵעָשֶׂינָה | וְעָשָׂה | מֵאַחַת | מֵהֵנָּה׃ |
| આજ્ઞાઓના | યહોવાની | જે | નહિ | કરવી-જોઈએ | અને-કરે | એક | તેમાંથી |
| H4687 | H3068 | | H3808 | | | H0259 | H2007 |

"ઇઝરાયલના લોકોને કહે, 'જે કૃત્યો કરવાની યહોવાહે મના કરી છે તે ન કરવા તેનું પાલન કરે, જો કોઈ વ્યક્તિ અજાણતા મારી આજ્ઞાઓનું ઉલ્લંઘન કરે તેને માટે આ નિયમો છે.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אִם | הַכֹּהֵן | הַמָּשִׁיחַ | יֶחֱטָא | לְאַשְׁמַת | הָעָם | וְהִקְרִיב | עַל | חַטָּאתוֹ | אֲשֶׁר |
| જો | અભિષિક્ત-યાજક | — | પાપ-કરે | દોષ-માટે | પ્રજાના | તો-ચઢાવે | — | તેના-પાપ-માટે | જે |
| | H3548 | H4899 | H2398 | H0819 | | H7126 | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| חָטָא | פַּר | בֶּן־ | בָּקָר | תָּמִים | לַיהוָה | לְחַטָּאת׃ |
| પાપ-કર્યું | વાછરડું | — | ગોધાનું | ખામી-વિનાનું | યહોવાને | પાપાર્પણ-માટે |
| H2398 | H6499 | | H1241 | H8549 | H3068 | |

જો પ્રમુખ યાજક + 4:3 અભિષિક્ત યાજક પાપ કરીને લોકો પર દોષ મૂકે, તો જે પાપ તેણે કર્યું હોય તેને લીધે પાપાર્થાર્પણને સારુ તે યહોવાહ પ્રત્યે ખોડખાંપણ વગરનો એક જુવાન બળદ ચઢાવે.

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהֵבִיא | אֶת־ | הַפָּר | אֶל־ | פֶּתַח | אֹהֶל | מוֹעֵד | לִפְנֵי | יְהוָה | וְסָמַךְ |
| અને-લાવે | — | વાછરડાને | — | દ્વાર-આગળ | મુલાકાતના-મંડપના | — | યહોવાની-સમક્ષ | — | અને-મૂકે |
| H0935 | H0853 | H6499 | H0413 | H6607 | H0168 | H4150 | H6440 | H3068 | H5564 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | יָדוֹ | עַל־ | רֹאשׁ | הַפָּר | וְשָׁחַט | אֶת־ | הַפָּר | לִפְנֵי | יְהוָה׃ |
| — | પોતાનો-હાથ | — | માથા | વાછરડાના | અને-વધે | — | વાછરડાને | યહોવાની-સમક્ષ | — |
| H0853 | H3027 | | | H6499 | | H0853 | H6499 | H6440 | H3068 |

તે બળદને મુલાકાતમંડપના પ્રવેશદ્વાર પાસે યહોવાહની આગળ લાવે અને બળદના માથા પર પોતાનો હાથ મૂકીને તેને યહોવાહની સમક્ષ કાપે.

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְלָקַח | הַכֹּהֵן | הַמָּשִׁיחַ | מִדַּם | הַפָּר | וְהֵבִיא | אֹתוֹ | אֶל־ | אֹהֶל |
| અને-લે | અભિષિક્ત-યાજક | — | વાછરડાના-લોહીમાંથી | — | અને-લાવે | તેને | — | મુલાકાતન□-મંડપમાં |
| H3947 | H3548 | H4899 | H1818 | H6499 | H0935 | H0853 | H0413 | H0168 |

| |
|---|
| מוֹעֵד׃ |
| — |
| H4150 |

અભિષિક્ત યાજક તે બળદના રક્તમાંથી કેટલુંક લઈને મુલાકાતમંડપમાં લાવે.

6

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְטָבַל | הַכֹּהֵן | אֶת־ | אֶצְבָּעוֹ | בַּדָּם | וְהִזָּה | מִן־ | הַדָּם | שֶׁבַע | פְּעָמִים |
| અને-બોળે | યાજક | — | પોતાની-આગળી | લોહીમાં | અને-છાંટે | — | લોહીમાંથી | સાત | વાર |
| H2881 | H3548 | H0853 | H0676 | H1818 | | | H1818 | H7651 | H6471 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| לִפְנֵי | יְהוָה | אֶת־ | פְּנֵי | פָּרֹכֶת | הַקֹּדֶשׁ׃ |
| યહોવાની-સમક્ષ | — | — | સામે | પરદાની | પવિત્રની |
| H6440 | H3068 | H0854 | H6440 | H6532 | H6944 |

યાજક પોતાની આગળી તે રક્તમાં બોળીને તેમાંથી યહોવાહની આગળ પરમપવિત્રસ્થાનના પડદાની સામે સાત વાર છાંટે.

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְנָתַן | הַכֹּהֵן | מִן־ | הַדָּם | עַל־ | קַרְנוֹת | מִזְבַּח | קְטֹרֶת | הַסַּמִּים | לִפְנֵי |
| અને-મૂકે | યાજક | — | લોહીમાંથી | — | શિંગડાં-ઉપર | સુગંધીત-ધૂપની | — | — | યહોવાની-સમક્ષ |
| H5414 | H3548 | | H1818 | | | H4196 | H7004 | H5561 | H6440 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה | אֲשֶׁר | בְּאֹהֶל | מוֹעֵד | וְאֵת ׀ | כָּל־ | דַּם | הַפָּר | יִשְׁפֹּךְ | אֶל־ | יְסוֹד |
| — | જે | મુલાકાતના-મંડપમાં | — | અને | બધું | લોહી | વાછરડાનું | રેડે | — | પાયા-આગળ |
| H3068 | | H0168 | H4150 | H0853 | H3605 | H1818 | H6499 | H8210 | H0413 | H3247 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| מִזְבַּח | הָעֹלָה | אֲשֶׁר־ | פֶּתַח | אֹהֶל | מוֹעֵד׃ |
| દહનાર્પણની-વેદીના | — | જે | દ્વાર-આગળ-છે | મુલાકાતના-મંડપના | — |
| H4196 | | | H6607 | H0168 | H4150 |

સુવાસિત દહનીયાર્પણની વેદી મુલાકાતમંડપમાં યહોવાહની આગળ છે તેનાં શિંગ પર યાજક તે રક્તમાંથી ચોપડે અને જે યજ્ઞવેદી મુલાકાતમંડપના પ્રવેશદ્વાર પાસે છે તેના થડમાં બળદનું સઘળું રક્ત તે રેડી દે.

8

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | כָּל־ | חֵלֶב | פַּר | הַחַטָּאת | יָרִים | מִמֶּנּוּ | אֶת־ | הַחֵלֶב | הַמְכַסֶּה | עַל־ | הַקֶּרֶב |
| અને | બધી | ચરબી | વાછરડાની | પાપાર્પણની | ઉઠાવે | તેમાંથી | — | ચરબી | જે-ઢાંકે-છે | — | આતરડાંને |
| H0853 | H3605 | H2459 | H6499 | | | | H0853 | H2459 | H3680 | | H7130 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְאֵת | כָּל־ | הַחֵלֶב | אֲשֶׁר | עַל־ | הַקֶּרֶב׃ |
| અને | બધી | ચરબી | જે | — | આતરડાં-ઉપર |
| H0853 | H3605 | H2459 | | | H7130 |

તેણે પાપાર્થાર્પણના બળદની બધી ચરબી કાઢી લેવી; આતરડાં પરની અને તેની આસપાસની ચરબી,

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵת | שְׁתֵּי | הַכְּלָיֹת | וְאֶת־ | הַחֵלֶב | אֲשֶׁר | עֲלֵיהֶן | אֲשֶׁר | עַל־ | הַכְּסָלִים | וְאֶת־ |
| અને | બે | કિડનીઓ | અને | ચરબી | જે | તેમના-ઉપર | જે | — | કમર-આગળ | અને |
| H0853 | H8147 | H3629 | H0853 | H2459 | | | | | H3689 | H0853 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| הַיֹּתֶרֶת | עַל־ | הַכָּבֵד | עַל־ | הַכְּלָיוֹת | יְסִירֶנָּה׃ |
| યકૃત-ઉપરનું | — | કળેજાનું | — | કિડનીઓ-સાથે | કાઢે |
| H3508 | | H3516 | | H3629 | H5493 |

બે મૂત્રપિંડો તથા તેની પરની કમર પાસેની ચરબી અને કલેજા પરનું અતરપડ મૂત્રપિંડો સુદ્ધાં તેણે કાઢી લેવું.

10

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כַּאֲשֶׁר | יוּרַם | מִשּׁוֹר | זֶבַח | הַשְּׁלָמִים | וְהִקְטִירָם | הַכֹּהֵן | עַל |
| જેમ | ઉઠાવવામાં-આવે-છે | શાંતિ-અર્પણોના-યજ્ઞના-બળદમાંથી | — | — | અને-બાળે | યાજક | — |
| | | H7794 | H2077 | H8002 | | H3548 | |

| | |
|---|---|
| מִזְבַּח | הָעֹלָה׃ |
| દહનાર્પણની-વેદી-ઉપર | — |
| H4196 | |

જેમ તે શાંત્યર્પણના યજ્ઞના બળદમાંથી કાઢી લેવાય છે તેમ, યાજક દહનીયાર્પણની વેદી પર તેઓનું દહન કરે.

11

| Hebrew | Gloss | Strong |
|---|---|---|
| וְאֶת־ | અને | H0853 |
| עוֹר | ચામડું | H5785 |
| הַפָּר | વાછરડાનું | H6499 |
| וְאֶת־ | અને | H0853 |
| כָּל־ | બધું | H3605 |
| בְּשָׂרוֹ | માંસ | H1320 |
| עַל־ | — | |
| רֹאשׁוֹ | માથા-સાથે | |
| וְעַל־ | અને | |
| כְּרָעָיו | પગ | H3767 |
| וְקִרְבּוֹ | અને-આતરડાં | H7130 |
| וּפִרְשׁוֹ׃ | અને-છાણ | H6569 |

બળદનું ચામડું, તેનું બાકીનું માંસ, તેનું માથું, તેના પગ, તેનાં આતરડા તથા તેનું છાણ,

12

| Hebrew | Gloss | Strong |
|---|---|---|
| וְהוֹצִיא | અને-બહાર-લઈ-જાઓ | H3318 |
| אֶת־ | — | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| הַפָּר | વાછરડાને | H6499 |
| אֶל־ | — | H0413 |
| מִחוּץ | બહાર | H2351 |
| לַמַּחֲנֶה | છાવણીની | H4264 |
| אֶל־ | — | H0413 |
| מָקוֹם | જગ્યાએ | H4725 |
| טָהוֹר | શુદ્ધ | H2889 |
| אֶל־ | — | H0413 |
| שֶׁפֶךְ | રાખ-નાખવાની | H8211 |
| הַדֶּשֶׁן | — | H1880 |
| וְשָׂרַף | અને-બાળે | H8313 |
| אֹתוֹ | તેને | H0853 |
| עַל־ | — | |
| עֵצִים | લાકડાં-ઉપર | H6086 |
| בָּאֵשׁ | આગમાં | H0784 |
| עַל־ | — | |
| שֶׁפֶךְ | રાખ-નાખવાની-જગ્યાએ | H8211 |
| הַדֶּשֶׁן | — | H1880 |
| יִשָּׂרֵף׃ | બળે | H8313 |
| פ | — | |

બળદનો બાકીનો ભાગ, તે છાવણીની બહાર કોઈ સ્વચ્છ જગ્યાએ, એટલે રાખ નાખવાની જગ્યાએ લાકડાં સળગાવીને તેને બાળી મૂકે. જ્યાં રાખ નાખવામાં આવે છે ત્યાં તેને બાળી નાખવામાં આવે.

13

| Hebrew | Gloss | Strong |
|---|---|---|
| וְאִם | અને-જો | |
| כָּל־ | સમગ્ર | H3605 |
| עֲדַת | સમુદાય | H5712 |
| יִשְׂרָאֵל | ઈસ્રાએલની | H3478 |
| יִשְׁגּוּ | ભૂલ-કરે | H7686 |
| וְנֶעְלַם | અને-છુપાયેલું | H5956 |
| דָּבָר | વાત | H1697 |
| מֵעֵינֵי | નજરોથી | |
| הַקָּהָל | સમુદાયની | H6951 |
| וְעָשׂוּ | અને-કરે | |
| אַחַת | એક | H0259 |
| מִכָּל־ | કોઈ-પણ | H3605 |
| מִצְוֺת | આજ્ઞાઓના | H4687 |
| יְהוָה | યહોવાની | H3068 |
| אֲשֶׁר | જે | |
| לֹא־ | નહિ | H3808 |
| תֵעָשֶׂינָה | કરવી-જોઈએ | |
| וְאָשֵׁמוּ׃ | અને-દોષી-ઠરે | H0816 |

જો સમગ્ર ઇઝરાયલની પ્રજા + 4:13 સમગ્ર ઇઝરાયલની પ્રજા સભા અજાણતાં પાપ કરીને, તે બાબત સમુદાયની નજરથી ગુપ્ત રહેલી હોય અને જે કૃત્યો કરવાની યહોવાહે મના કરેલી છે તેમાંનું કોઈ કૃત્ય કરીને તેઓ દોષિત થયા હોય,

14

| Hebrew | Gloss | Strong |
|---|---|---|
| וְנוֹדְעָה | અને-જાણીતી-આવે | H3045 |
| הַחַטָּאת | પાપ | |
| אֲשֶׁר | જે | |
| חָטְאוּ | કર્યું | H2398 |
| עָלֶיהָ | તેના-વિષે | |
| וְהִקְרִיבוּ | તો-ચઢાવે | H7126 |
| הַקָּהָל | સમુદાય | H6951 |
| פַּר | વાછરડું | H6499 |
| בֶּן־ | — | |
| בָּקָר | ગોધાનું | H1241 |
| לְחַטָּאת | પાપાર્પણ-માટે | |
| וְהֵבִיאוּ | અને-લાવે | H0935 |
| אֹתוֹ | તેને | H0853 |
| לִפְנֵי | મુલાકાતન-મંડપની-સમક્ષ | H6440 |
| אֹהֶל | — | H0168 |
| מוֹעֵד׃ | — | H4150 |

તો જ્યારે જે પાપ તેઓએ કર્યુ હોય તેની જાણ પડે ત્યારે સમુદાય + 4:14 સમગ્ર ઇઝરાયલની પ્રજા પાપાર્થાર્પણને માટે એક જુવાન બળદ ચઢાવે અને તેને મુલાકાતમંડપની આગળ લાવે.

15

| Hebrew | Gloss | Strong |
|---|---|---|
| וְסָמְכוּ | અને-મૂકે | H5564 |
| זִקְנֵי | વડીલો | H2205 |
| הָעֵדָה | સમુદાયના | H5712 |
| אֶת־ | — | H0853 |
| יְדֵיהֶם | પોતાના-હાથ | H3027 |
| עַל־ | — | |
| רֹאשׁ | માથા | |
| הַפָּר | વાછરડાના | H6499 |
| לִפְנֵי | યહોવાની-સમક્ષ | H6440 |
| יְהוָה | — | H3068 |
| וְשָׁחַט | અને-વધે | |
| אֶת־ | — | H0853 |
| הַפָּר | વાછરડાને | H6499 |
| לִפְנֵי | યહોવાની-સમક્ષ | H6440 |
| יְהוָה׃ | — | H3068 |

સભાના વડીલો યહોવાહની આગળ તે બળદના માથા પર પોતાના હાથ મૂકે અને યહોવાહની સમક્ષ તે બળદ કપાય.

16

| Hebrew | Gloss | Strong |
|---|---|---|
| וְהֵבִיא | અને-લાવે | H0935 |
| הַכֹּהֵן | અભિષિક્ત-યાજક | H3548 |
| הַמָּשִׁיחַ | — | H4899 |
| מִדַּם | વાછરડાના-લોહીમાંથી | H1818 |
| הַפָּר | — | H6499 |
| אֶל־ | — | H0413 |
| אֹהֶל | મુલાકાતન-મંડપમાં | H0168 |
| מוֹעֵד׃ | — | H4150 |

અભિષિક્ત યાજક તે બળદનું થોડું રક્ત મુલાકાતમંડપમાં લાવે.

17

| | | |
|---|---|---|
| וְטָבַל | અને-બોળે | H2881 |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| אֶצְבָּעוֹ | પોતાની-આગળી | H0676 |
| מִן־ | — | |
| הַדָּם | લોહીમાંથી | H1818 |
| וְהִזָּה | અને-છાંટે | |
| שֶׁבַע | સાત | H7651 |
| פְּעָמִים | વાર | H6471 |
| לִפְנֵי | યહોવાની-સમક્ષ | H6440 |
| יְהוָה | — | H3068 |
| אֶת | — | H0854 |
| פְּנֵי | સામે | H6440 |
| הַפָּרֹכֶת׃ | પરદાની | H6532 |

યાજક પોતાની આગળી તે રક્તમાં બોળીને યહોવાહની સમક્ષ સાત વાર પડદા પર છાંટે.

18

| | | |
|---|---|---|
| וּמִן־ | અને | |
| הַדָּם | લોહીમાંથી | H1818 |
| יִתֵּן | મૂકે | H5414 |
| עַל־ | — | |
| קַרְנֹת | શિંગડાં-ઉપર | |
| הַמִּזְבֵּחַ | વેદીની | H4196 |
| אֲשֶׁר | જે | |
| לִפְנֵי | યહોવાની-સમક્ષ | H6440 |
| יְהוָה | — | H3068 |
| אֲשֶׁר | જે | |
| בְּאֹהֶל | મુલાકાતન□-મંડપમાં | H0168 |
| מוֹעֵד | — | H4150 |
| וְאֵת | અને | H0853 |
| כָּל־ | બધું | H3605 |
| הַדָּם | લોહી | H1818 |
| יִשְׁפֹּךְ | રેડે | H8210 |
| אֶל־ | — | H0413 |
| יְסוֹד | પાયા-આગળ | H3247 |
| מִזְבַּח | દહનાર્પણની-વેદીન□ | H4196 |
| הָעֹלָה | — | |
| אֲשֶׁר־ | જે | |
| פֶּתַח | દ્વાર-આગળ-છે | H6607 |
| אֹהֶל | મુલાકાતન□-મંડપન□ | H0168 |
| מוֹעֵד׃ | — | H4150 |

જે વેદી યહોવાહની સમક્ષ મુલાકાતમંડપમાં છે તેના શિંગ પર તે રક્તમાંથી થોડું રક્ત રેડે અને બાકીનું બધું રક્ત મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળની દહનીયાર્પણની વેદીનાં પાયામાં રેડી દેવું.

19

| | | |
|---|---|---|
| וְאֵת | અને | H0853 |
| כָּל־ | બધી | H3605 |
| חֶלְבּוֹ | ચરબી | H2459 |
| יָרִים | ઉઠાવે | |
| מִמֶּנּוּ | તેમાંથી | |
| וְהִקְטִיר | અને-બાળે | |
| הַמִּזְבֵּחָה׃ | વેદી-ઉપર | H4196 |

તેણે બળદની બધી ચરબી કાઢી લઈને વેદી પર બાળી મૂકવી.

20

| | | |
|---|---|---|
| וְעָשָׂה | અને-કરે | |
| לַפָּר | વાછરડાને | H6499 |
| כַּאֲשֶׁר | જેમ | |
| עָשָׂה | કર્યું | |
| לְפַר | પાપાર્પણના-વાછરડાને | H6499 |
| הַחַטָּאת | — | |
| כֵּן | તેમ | |
| יַעֲשֶׂה־ | કરે | |
| לּוֹ | તેને | |
| וְכִפֶּר | અને-પ્રાયશ્ચિત-કરે | |
| עֲלֵהֶם | તેમના-માટે | |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| וְנִסְלַח | અને-માફ-મળે | H5545 |
| לָהֶם׃ | તેમને | H1992 |

એ બળદને તે આ પ્રમાણે કરે. પાપાર્થાર્પણના બળદની જેમ જ તેણે એ બળદનું પણ કરવું અને યાજક લોકોને માટે પ્રાયશ્ચિત કરે અને તેઓને માફ કરવામાં આવશે.

21

| | | |
|---|---|---|
| וְהוֹצִיא | અને-બહાર-લઈ-જાઓ | H3318 |
| אֶת־ | — | H0853 |
| הַפָּר | વાછરડાને | H6499 |
| אֶל־ | — | H0413 |
| מִחוּץ | બહાર | H2351 |
| לַמַּחֲנֶה | છાવણીની | H4264 |
| וְשָׂרַף | અને-બાળે | H8313 |
| אֹתוֹ | તેને | H0853 |
| כַּאֲשֶׁר | જેમ | |
| שָׂרַף | બાળ્યું | H8313 |
| אֵת | — | H0853 |
| הַפָּר | પહેલા | H6499 |
| הָרִאשׁוֹן | વાછરડાને | H7223 |
| חַטַּאת | પાપાર્પણ | |
| הַקָּהָל | સમુદાયનું | H6951 |
| הוּא׃ | તે-છે | H1931 |
| פ | — | |

તે બળદને છાવણીની બહાર લઈ જાય અને જેમ તેણે પહેલા બળદને બાળી નાખ્યો હતો તેમ એને પણ બાળી દે. તે આખી પ્રજાને માટે પાપાર્થાર્પણ છે.

22

| | | |
|---|---|---|
| אֲשֶׁר | જ્યારે | |
| נָשִׂיא | અધિપતિ | |
| יֶחֱטָא | પાપ-કરે | H2398 |
| וְעָשָׂה | અને-કરે | |
| אַחַת | એક | H0259 |
| מִכָּל־ | કોઈ-પણ | H3605 |
| מִצְוֺת | આજ્ઞાઓના | H4687 |
| יְהוָה | યહોવાની | H3068 |
| אֱלֹהָיו | તેના-ઈશ્વરની | H0430 |
| אֲשֶׁר | જે | |
| לֹא־ | નહિ | H3808 |
| תֵעָשֶׂינָה | કરવી-જોઈએ | |
| בִּשְׁגָגָה | અજાણતામાં | H7684 |
| וְאָשֵׁם׃ | અને-દોષી-ઠરે | H0816 |

જ્યારે કોઈ અધિકારી પાપ કરીને જે બધાં કૃત્યો કરવાની તેના ઈશ્વર યહોવાહે મના કરીને આજ્ઞા આપી છે તેમાંનું કોઈ પાપ અજાણે કરીને દોષિત ઠરે,

23

| | | |
|---|---|---|
| אוֹ־ | અથવા | |
| הוֹדַע | જાણીતી-આવે | H3045 |
| אֵלָיו | તેને | H0413 |
| חַטָּאתוֹ | તેનું-પાપ | |
| אֲשֶׁר | જે | |
| חָטָא | કર્યું | H2398 |
| בָּהּ | તેમાં | |
| וְהֵבִיא | તો-લાવે | H0935 |
| אֶת־ | — | H0853 |
| קָרְבָּנוֹ | તેનું-અર્પણ | |
| שְׂעִיר | બકરો | |
| עִזִּים | બકરીઓનું | H5795 |
| זָכָר | નર | H2145 |
| תָּמִים׃ | ખામી-વિનાનું | H8549 |

ત્યારે જો જે પાપ વિષે તે દોષિત થયો હોય તેની તેને જાણ કરવામાં આવે, તો તે એક બકરાનું એટલે એક ખોડખાંપણ વગર વગરના નરનું અર્પણ લાવે.

24

| | | |
|---|---|---|
| וְסָמַךְ | અને-મૂકે | H5564 |
| יָדוֹ | પોતાનો-હાથ | H3027 |
| עַל־ | — | |
| רֹאשׁ | માથા | |
| הַשָּׂעִיר | બકરાના | |
| וְשָׁחַט | અને-વધે | |
| אֹתוֹ | તેને | H0853 |
| בִּמְקוֹם | જગ્યાએ | H4725 |
| אֲשֶׁר־ | જ્યાં | |
| יִשְׁחַט | વધવામાં-આવે-છે | |
| אֶת־ | — | H0853 |
| הָעֹלָה | દહનાર્પણ | |
| לִפְנֵי | યહોવાની-સમક્ષ | H6440 |
| יְהוָה | — | H3068 |
| חַטָּאת | પાપાર્પણ | |
| הוּא׃ | તે-છે | H1931 |

બકરાના માથા પર તે પોતાનો હાથ મૂકીને જ્યાં યહોવાહની સમક્ષ દહનીયાર્પણ કપાય છે ત્યાં તે તેને કાપે. આ પાપાર્થાર્પણ છે.

25

| | | |
|---|---|---|
| וְלָקַח | અને-લે | H3947 |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| מִדַּם | પાપાર્પણના-લોહીમાંથી | H1818 |
| הַחַטָּאת | — | |
| בְּאֶצְבָּעוֹ | પોતાની-આગળીથી | H0676 |
| וְנָתַן | અને-મૂકે | H5414 |
| עַל־ | — | |
| קַרְנֹת | શિંગડાં-ઉપર | |
| מִזְבַּח | દહનાર્પણની-વેદીના | H4196 |
| הָעֹלָה | — | |
| וְאֶת־ | અને | H0853 |
| דָּמוֹ | તેનું-લોહી | H1818 |
| יִשְׁפֹּךְ | રેડે | H8210 |
| אֶל־ | — | H0413 |
| יְסוֹד | પાયા-આગળ | H3247 |
| מִזְבַּח | દહનાર્પણની-વેદીના | H4196 |
| הָעֹלָה׃ | — | |

યાજક પોતાની આગળી વડે પાપાર્થાર્પણના રક્તમાંનું લઈને દહનીયાર્પણની વેદીનાં શિંગ પર તે લગાડે અને બાકીનું રક્ત યજ્ઞવેદીના પાયામાં રેડી દે.

26

| | | |
|---|---|---|
| וְאֶת־ | અને | H0853 |
| כָּל־ | બધી | H3605 |
| חֶלְבּוֹ | ચરબી | H2459 |
| יַקְטִיר | બાળે | |
| הַמִּזְבֵּחָה | વેદી-ઉપર | H4196 |
| כְּחֵלֶב | શાંતિ-અર્પણોની-ચરબી-જેમ | H2459 |
| זֶבַח | — | H2077 |
| הַשְּׁלָמִים | — | H8002 |
| וְכִפֶּר | અને-પ્રાયશ્ચિત-કરે | |
| עָלָיו | તેન□-માટે | |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| מֵחַטָּאתוֹ | તેના-પાપથી | |
| וְנִסְלַח | અને-માફ-મળે | H5545 |
| לוֹ׃ | તેને | |
| פ | — | |

શાંત્યર્પણના યજ્ઞની ચરબીની જેમ તેની બધી ચરબીનું દહન કરે. તેના પાપને લીધે યાજક તેને માટે પ્રાયશ્ચિત કરે, એટલે તેને ક્ષમા કરવામાં આવશે.

27

| | | |
|---|---|---|
| וְאִם־ | અને-જો | |
| נֶפֶשׁ | કોઈ-વ્યક્તિ | H5315 |
| אַחַת | એક | H0259 |
| תֶּחֱטָא | પાપ-કરે | H2398 |
| בִשְׁגָגָה | અજાણતામાં | H7684 |
| מֵעַם | દેશના-લોકોમાંથી | |
| הָאָרֶץ | — | H0776 |
| בַּעֲשֹׂתָהּ | કરવામાં | |
| אַחַת | એક | H0259 |
| מִמִּצְוֹת | આજ્ઞાઓન□ | H4687 |
| יְהוָה | યહોવાની | H3068 |
| אֲשֶׁר | જે | |
| לֹא־ | નહિ | H3808 |
| תֵעָשֶׂינָה | કરવી-જોઈએ | |
| וְאָשֵׁם׃ | અને-દોષી-ઠરે | H0816 |

જે કૃત્યો કરવાની યહોવાહે મના કરી છે તેમાંનું કોઈ પણ પાપ કરીને કોઈ સામાન્ય માણસ અજાણતા પાપ કરે અને જો તે દોષમાં પડે,

28

| | | |
|---|---|---|
| אוֹ | અથવા | |
| הוֹדַע | જાણીતી-આવે | H3045 |
| אֵלָיו | તેને | H0413 |
| חַטָּאתוֹ | તેનું-પાપ | |
| אֲשֶׁר | જે | |
| חָטָא | કર્યું | H2398 |
| וְהֵבִיא | તો-લાવે | H0935 |
| קָרְבָּנוֹ | તેનું-અર્પણ | |
| שְׂעִירַת | બકરી | H8166 |
| עִזִּים | બકરીઓની | H5795 |
| תְּמִימָה | ખામી-વિનાની | H8549 |
| נְקֵבָה | માદા | H5347 |
| עַל־ | — | |
| חַטָּאתוֹ | તેના-પાપ-માટે | |
| אֲשֶׁר | જે | |
| חָטָא׃ | કર્યું | H2398 |

તો જો, જે પાપ વિષે તે દોષિત થયો હોય તેની તેને જાણ કરવામાં આવે, તો તે એક ખોડખાંપણ વગરની બકરીનું અર્પણ લાવે, જે પાપ વિષે તે દોષિત થયો હોય તેને લીધે તે લાવે.

29

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְסָמַךְ | אֶת־ | יָדוֹ | עַל | רֹאשׁ | הַחַטָּאת | וְשָׁחַט | אֶת־ | הַֽחַטָּאת | בִּמְקוֹם | הָעֹלָֽה׃ |
| અને-મૂકે | — | પોતાનો-હાથ | — | માથા | પાપાર્પણ□ | અને-વધે | — | પાપાર્પણને | જગ્યાએ | દહનાર્પણના |
| H5564 | H0853 | H3027 | | | | | H0853 | | H4725 | |

તે પોતાના હાથ પાપાર્થાર્પણના માથા પર મૂકે અને દહનીયાર્પણની જગ્યાએ પાપાર્થાર્પણને કાપે.

30

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְלָקַח | הַכֹּהֵן | מִדָּמָהּ | בְּאֶצְבָּעוֹ | וְנָתַן | עַל־ | קַרְנֹת | מִזְבַּח | הָעֹלָה |
| અને-લે | યાજક | તેન□-લોહીમાંથી | પોતાની-આગળીથી | અને-મૂકે | — | શિંગડાં-ઉપર | દહનાર્પણની-વેદીન□ | — |
| H3947 | H3548 | H1818 | H0676 | H5414 | | | H4196 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | כָּל־ | דָּמָהּ | יִשְׁפֹּךְ | אֶל־ | יְסוֹד | הַמִּזְבֵּחַ׃ |
| અને | બધું | લોહી | રેડે | — | પાયા-આગળ | વેદીન□ |
| H0853 | H3605 | H1818 | H8210 | H0413 | H3247 | H4196 |

યાજક પોતાની આગળી વડે તેના રક્તમાંનું થોડું રક્ત લઈને દહનીયાર્પણની વેદીનાં શિંગ પર તે લગાડે અને બાકીનું બધું જ રક્ત વેદીના પાયામાં રેડી દે.

31

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | כָּל־ | חֶלְבָּהּ | יָסִיר | כַּאֲשֶׁר | הוּסַר | חֵלֶב | מֵעַל | זֶבַח | הַשְּׁלָמִים | וְהִקְטִיר |
| અને | બધી | ચરબી | કાઢે | જેમ | કાઢવામાં-આવે | ચરબી | ઉપરથી | શાંતિ-અર્પણોન□ | — | અને-બાળે |
| H0853 | H3605 | H2459 | H5493 | | H5493 | H2459 | | H2077 | H8002 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַכֹּהֵן | הַמִּזְבֵּחָה | לְרֵיחַ | נִיחֹחַ | לַיהוָה | וְכִפֶּר | עָלָיו | הַכֹּהֵן | וְנִסְלַח | לוֹ׃ | פ |
| યાજક | વેદી-ઉપર | સુગંધ-માટે | સુખદાયક | યહોવાને | અને-પ્રાયશ્ચિત-કરે | તેના-માટે | યાજક | અને-માફ-મળે | તેને | — |
| H3548 | H4196 | H7381 | H5207 | H3068 | | | H3548 | H5545 | | |

જેમ શાંત્યર્પણના યજ્ઞની ચરબી કાઢી લેવામાં આવે છે તેમ તેની બધી ચરબી તે કાઢી લે. યાજક યહોવાહ પ્રત્યે સુવાસને માટે વેદી પર તેનું દહન કરે. યાજક તેને માટે પ્રાયશ્ચિત કરે, એટલે તેને ક્ષમા કરવામાં આવશે.

32

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְאִם־ | כֶּבֶשׂ | יָבִיא | קָרְבָּנוֹ | לְחַטָּאת | נְקֵבָה | תְמִימָה | יְבִיאֶנָּה׃ |
| અને-જો | ઘેટું | લાવે | તેનું-અર્પણ | પાપાર્પણ-માટે | માદા | ખામી-વિનાની | લાવે |
| | H3532 | H0935 | | | H5347 | H8549 | H0935 |

જો કોઈ માણસ પાપાર્થાર્પણને માટે હલવાનનું અર્પણ લાવે તો તે ખોડખાંપણ વગરની નારી લાવે.

33

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְסָמַךְ | אֶת־ | יָדוֹ | עַל | רֹאשׁ | הַחַטָּאת | וְשָׁחַט | אֹתָהּ | לְחַטָּאת | בִּמְקוֹם | אֲשֶׁר |
| અને-મૂકે | — | પોતાનો-હાથ | — | માથા | પાપાર્પણ□ | અને-વધે | તેને | પાપાર્પણ-માટે | જગ્યાએ | જ્યાં |
| H5564 | H0853 | H3027 | | | | | H0853 | | H4725 | |

| | | |
|---|---|---|
| יִשְׁחַט | אֶת־ | הָעֹלָה׃ |
| વધવામાં-આવે-છે | — | દહનાર્પણ |
| | H0853 | |

તે પોતાનો હાથ પાપાર્થાર્પણના માથા પર મૂકે અને જ્યાં દહનીયાર્પણ કપાય છે, ત્યાં તે જગ્યાએ પાપાર્થાર્પણને માટે તેને કાપે.

34

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְלָקַח | הַכֹּהֵן | מִדַּם | הַחַטָּאת | בְּאֶצְבָּעוֹ | וְנָתַן | עַל־ | קַרְנֹת |
| અને-લે | યાજક | પાપાર્પણના-લોહીમાંથી | — | પોતાની-આગળીથી | અને-મૂકે | — | શિંગડાં-ઉપર |
| H3947 | H3548 | H1818 | | H0676 | H5414 | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מִזְבַּח | הָעֹלָה | וְאֶת־ | כָּל־ | דָּמָהּ | יִשְׁפֹּךְ | אֶל־ | יְסוֹד | הַמִּזְבֵּחַ׃ |
| દહનાર્પણની-વેદીન□ | — | અને | બધું | લોહી | રેડે | — | પાયા-આગળ | વેદીન□ |
| H4196 | | H0853 | H3605 | H1818 | H8210 | H0413 | H3247 | H4196 |

યાજક પોતાની આગળી વડે પાપાર્થાર્પણના રક્તમાંનું થોડું રક્ત લઈને દહનીયાર્પણની વેદીનાં શિંગ પર લગાડે અને બાકીનું બધું રક્ત વેદીના પાયામાં રેડી દે.

35 וְאֶת־ כָּל־ חֶלְבָּהּ יָסִיר כַּאֲשֶׁר יוּסַר חֵלֶב־ הַכֶּשֶׂב מִזֶּבַח הַשְּׁלָמִים
અને બધી ચરબી કાઢે જેમ કાઢવામાં-આવે ચરબી ઘેટાની શાંતિ-અર્પણોન-યજ્ઞમાંથી —
H0853 H3605 H2459 H5493 H5493 H2459 H3775 H2077 H8002

וְהִקְטִיר הַכֹּהֵן אֹתָם הַמִּזְבֵּחָה עַל אִשֵּׁי יְהוָה וְכִפֶּר עָלָיו
અને-બાળે યાજક તેમને વેદી-ઉપર — યહોવાના-અગ્નિ-અર્પણો-ઉપર — અને-પ્રાયશ્ચિત-કરે તેન-માટે
H3548 H0853 H4196 H0801 H3068

הַכֹּהֵן עַל־ חַטָּאתוֹ אֲשֶׁר־ חָטָא וְנִסְלַח לוֹ׃ פ
યાજક — તેન-પાપથી જે કર્યું અને-માફ-મળે તેને —
H3548 H2398 H5545

જેમ શાંત્યર્પણના યજ્ઞમાંથી હલવાનની ચરબી કાઢી લેવામાં આવે છે તેમ તેની બધી ચરબી તે કાઢી લે અને યાજક યહોવાહના હોમયજ્ઞોની રીત પ્રમાણે વેદી પર તેઓનું દહન કરે. જે પાપ વિષે તે દોષિત થયો હોય તેને લીધે યાજક તેને માટે પ્રાયશ્ચિત કરે અને તે માણસને માફ કરવામાં આવશે.

## Chapter 5

1 וְנֶפֶשׁ כִּי־ תֶחֱטָא וְשָׁמְעָה קוֹל אָלָה וְהוּא עֵד אוֹ רָאָה אוֹ
અને-કોઈ-વ્યક્તિ — પાપ-કરે અને-સાંભળે અવાજ શપથનો અને-તે સાક્ષી અથવા જોયું અથવા
H5315 H2398 H8085 H0423 H1931 H5707 H7200

יָדָע אִם־ לוֹא יַגִּיד וְנָשָׂא עֲוֹנוֹ׃
જાણે જો નહિ જણાવે તો-ઉઠાવે તેનું-પાપ
H3045 H3808 H5046 H5375 H5771

જો કોઈ પણ વ્યક્તિ સાક્ષી હોવા છતાં તેને શપથ આપવામાં આવે, તો તેણે પોતે જ જોયેલું કે જાણેલું હોય તે ન જણાવે તો તે પાપમાં પડે અને તેને માટે તે પોતે જવાબદાર છે.

2 אוֹ נֶפֶשׁ אֲשֶׁר תִּגַּע בְּכָל־ דָּבָר טָמֵא אוֹ בְנִבְלַת חַיָּה טְמֵאָה אוֹ
અથવા કોઈ-વ્યક્તિ જે અડે કોઈ-પણ વસ્તુ અશુદ્ધ અથવા શબને પ્રાણીના અશુદ્ધ અથવા
H5315 H5060 H3605 H1697 H2931 H5038 H2931

בְּנִבְלַת בְּהֵמָה טְמֵאָה אוֹ בְּנִבְלַת שֶׁרֶץ טָמֵא וְנֶעְלַם מִמֶּנּוּ וְהוּא טָמֵא וְאָשֵׁם׃
શબને પશુના અશુદ્ધ અથવા શબને જંતુના અશુદ્ધ અને-છુપાયેલું તેનાથી અને-તે અશુદ્ધ અને-દોષી
H5038 H0929 H2931 H5038 H8318 H2931 H5956 H1931 H2931 H0816

અથવા જે બાબત ઈશ્વરે અશુદ્ધ તરીકે ઠરાવેલી છે તેનો જો કોઈ માણસ સ્પર્શ કરે, એટલે અશુદ્ધ પશુનો મૃતદેહ, જાનવરનો મૃતદેહ, અશુદ્ધ સર્પટિયાના મૃતદેહનો સ્પર્શ કરે અને તે વ્યક્તિના જાણવામાં ન આવતાં તેણે તેનો સ્પર્શ કર્યો હોય તો તે અશુદ્ધ અને દોષિત ગણાય.

3 אוֹ כִּי יִגַּע בְּטֻמְאַת אָדָם לְכֹל טֻמְאָתוֹ אֲשֶׁר יִטְמָא בָּהּ וְנֶעְלַם
અથવા — અડે અશુદ્ધતાને મનુષ્યની કોઈ-પણ અશુદ્ધતા જેથી અશુદ્ધ-થાય તેથી અને-છુપાયેલું
H5060 H2932 H0120 H3605 H2932 H5956

מִמֶּנּוּ וְהוּא יָדַע וְאָשֵׁם׃
તેનાથી અને-તે જાણે અને-દોષી-ઠરે
H1931 H3045 H0816

અથવા જો કોઈ માણસ કોઈપણ અશુદ્ધતાથી અશુદ્ધ થયો હોય અને તેની અશુદ્ધતાનો જો કોઈ સ્પર્શ કરે અને તે તેના જાણવામાં આવ્યું ન હોય, તો જ્યારે તે તેના જાણવામાં આવે ત્યારે તે દોષિત + 5:3 વાંચો: 12 - 14 ગણાય.

4 אוֹ נֶפֶשׁ כִּי תִשָּׁבַע לְבַטֵּא בִשְׂפָתַיִם לְהָרַע אוֹ לְהֵיטִיב לְכֹל
અથવા કોઈ-વ્યક્તિ — સોગંદ-ખાએ બોલવા હોઠોથી ખરાબ-કરવા અથવા સારું-કરવા કોઈ-પણ
H5315 H7650 H0981 H8193 H3190 H3605

אֲשֶׁר יְבַטֵּא הָאָדָם בִּשְׁבֻעָה וְנֶעְלַם מִמֶּנּוּ וְהוּא־ יָדַע וְאָשֵׁם לְאַחַת מֵאֵלֶּה׃
જે બોલે વ્યક્તિ સોગંદમાં અને-છુપાયેલું તેનાથી અને-તે જાણે અને-દોષી-ઠરે એક આમાંથી
H0981 H0120 H7621 H5956 H1931 H3045 H0816 H0259 H0428

અથવા જો કોઈ માણસ દુષ્ટતા કરવાના અથવા સારું કરવાના સોગન પોતાના હોઠોથી વગર વિચારે ખાઈને ગમે તેમ તે કહે અને જો તે તેના જાણવામાં આવ્યું ન હોય, તો જ્યારે તે તેના જાણવામાં આવે ત્યારે તે તેઓમાંથી એક વિષે દોષિત ઠરે.

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָה | כִֽי־ | יֶאְשַׁם | לְאַחַת | מֵאֵלֶּה | וְהִתְוַדָּה | אֲשֶׁר | חָטָא | עָלֶֽיהָ׃ |
| અને-થાય | — | દોષી-ઠરે | એક | આમાંથી | અને-કબૂલ-કરે | જે | પાપ-કર્યું | તેન□-વિષે |
| H1961 | | H0816 | H0259 | H0428 | H3034 | | H2398 | |

જ્યારે તે તેઓમાંથી એક વિષે દોષિત ઠરે ત્યારે એમ થાય કે જે વિષે તેણે પાપ કર્યું હોય તે તે કબૂલ કરે.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהֵבִיא | אֶת־ | אֲשָׁמוֹ | לַיהוָה | עַל | חַטָּאתוֹ | אֲשֶׁר | חָטָא | נְקֵבָה | מִן־ | הַצֹּאן |
| અને-લાવે | — | તેનું-દોષાર્પણ | યહોવાને | — | તેના-પાપ-માટે | જે | કર્યું | માદા | — | ટોળામાંથી |
| H0935 | H0853 | H0817 | H3068 | | | | H2398 | H5347 | | H6629 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּשְׂבָּה | אוֹ־ | שְׂעִירַת | עִזִּים | לְחַטָּאת | וְכִפֶּר | עָלָיו | הַכֹּהֵן | מֵחַטָּאתוֹ׃ |
| ઘેટું | અથવા | બકરી | બકરીઓનું | પાપાર્પણ-માટે | અને-પ્રાયશ્ચિત-કરે | તેના-માટે | યાજક | તેના-પાપથી |
| H3776 | | H8166 | H5795 | | | | H3548 | |

પછી જે પાપ તેણે કર્યું હોય તેને લીધે યહોવાહને માટે તે પોતાનું દોષાર્થાર્પણ લાવે, એટલે પાપાર્થાર્પણને માટે ટોળામાંથી નારી જાતનું એક જાનવર, એટલે ઘેટું કે બકરી અને યાજક તેના પાપને લીધે તેને માટે પ્રાયશ્ચિત કરે.

7

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִם־ | לֹא | תַגִּיעַ | יָדוֹ | דֵּי | שֶׂה | וְהֵבִיא | אֶת־ | אֲשָׁמוֹ | אֲשֶׁר | חָטָא | שְׁתֵּי |
| અને-જો | નહિ | પહોંચે | તેનો-હાથ | પૂરતું | ઘેટું | તો-લાવે | — | તેનું-દોષાર્પણ | જે | પાપ-કર્યું | બે |
| | H3808 | H5060 | H3027 | H1767 | H7716 | H0935 | H0853 | H0817 | | H2398 | H8147 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| תֹרִים | אוֹ־ | שְׁנֵי | בְנֵי־ | יוֹנָה | לַיהוָה | אֶחָד | לְחַטָּאת | וְאֶחָד | לְעֹלָה׃ |
| હોલાં | અથવા | બે | બચ્ચાં | કબૂતરનાં | યહોવાને | એક | પાપાર્પણ-માટે | અને-એક | દહનાર્પણ-માટે |
| H8449 | | H8147 | | H3123 | H3068 | H0259 | | H0259 | |

જો તે હલવાનને ખરીદી ના શકતો હોય, તો જે પાપ તેણે કર્યું હોય તેને લીધે દોષાર્થાર્પણને સારુ તે યહોવાહને માટે બે હોલા અથવા કબૂતરનાં બે બચ્ચાં લાવે, એક પાપાર્થાર્પણને માટે અને બીજું દહનીયાર્પણને માટે.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהֵבִיא | אֹתָם | אֶל־ | הַכֹּהֵן | וְהִקְרִיב | אֶת־ | אֲשֶׁר | לַחַטָּאת | רִאשׁוֹנָה | וּמָלַק | אֶת־ |
| અને-લાવે | તેમને | — | યાજક-આગળ | અને-ચઢાવે | — | જે | પાપાર્પણ-માટે | પહેલાં | અને-મરોડે | — |
| H0935 | H0853 | H0413 | H3548 | H7126 | H0853 | | | H7223 | H4454 | H0853 |

| | | | | |
|---|---|---|---|---|
| רֹאשׁוֹ | מִמּוּל | עָרְפּוֹ | וְלֹא | יַבְדִּיל׃ |
| તેનું-માથું | ગરદનની-પાછળથી | — | અને-નહિ | અલગ-કરે |
| | H4136 | H6203 | H3808 | H0914 |

તે તેઓને યાજક પાસે લાવે, પાપાર્થાર્પણને માટે જે હોય તેને તે પ્રથમ ચઢાવે અને તે તેની ગરદન પરથી તેનું માથું મરડી નાખે, પણ તેના શરીર પરથી તેની ગરદન જુદી ન કરે.

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהִזָּה | מִדַּם | הַחַטָּאת | עַל־ | קִיר | הַמִּזְבֵּחַ | וְהַנִּשְׁאָר | בַּדָּם | יִמָּצֵה | אֶל־ |
| અને-છાંટે | પાપાર્પણના-લોહીમાંથી | — | — | દીવાલ-ઉપર | વેદીની | અને-બાકીનું | લોહીમાં | નિચોવાય | — |
| | H1818 | | | H7023 | H4196 | H7604 | H1818 | H4680 | H0413 |

| | | | |
|---|---|---|---|
| יְסוֹד | הַמִּזְבֵּחַ | חַטָּאת | הוּא׃ |
| પાયા-આગળ | વેદીની | પાપાર્પણ | તે-છે |
| H3247 | H4196 | | H1931 |

પછી તેણે પાપાર્થાર્પણના રક્તમાંનું થોડું રક્ત વેદીની બાજુ પર છાંટવું અને બાકીનું રક્ત વેદીના પાયામાં રેડી દેવું. એ પાપાર્થાર્પણ છે.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | הַשֵּׁנִי | יַעֲשֶׂה | עֹלָה | כַּמִּשְׁפָּט | וְכִפֶּר | עָלָיו | הַכֹּהֵן | מֵחַטָּאתוֹ | אֲשֶׁר־ |
| અને | બીજું | કરે | દહનાર્પણ | નિયમ-પ્રમાણે | અને-પ્રાયશ્ચિત-કરે | તેન□-માટે | યાજક | તેન□-પાપથી | જે |
| H0853 | H8145 | | | H4941 | | | H3548 | | |

| | | | |
|---|---|---|---|
| חָטָא | וְנִסְלַח | לוֹ׃ | ס |
| કર્યું | અને-માફ-મળે | તેને | — |
| H2398 | H5545 | | |

પછી બીજું પક્ષી તે વિધિપૂર્વક દહનીયાર્પણ તરીકે ચઢાવે, તેણે જે પાપ કર્યું હોય તેને લીધે યાજક તેને માટે પ્રાયશ્ચિત કરે અને તેને માફ કરવામાં આવશે.

11

| | | |
|---|---|---|
| וְאִם־ | અને-જો | |
| לֹא | નહિ | H3808 |
| תַשִּׂיג | પહોંચે | H5381 |
| יָדוֹ | તેનો-હાથ | H3027 |
| לִשְׁתֵּי | બે | H8147 |
| תֹרִים | હોલાં | H8449 |
| אוֹ | અથવા | |
| לִשְׁנֵי | બે | H8147 |
| בְנֵי־ | બચ્ચાં | |
| יוֹנָה | કબૂતરનાં | H3123 |
| וְהֵבִיא | તો-લાવે | H0935 |
| אֶת־ | — | H0853 |
| קָרְבָּנוֹ | તેનું-અર્પણ | |
| אֲשֶׁר | જે | |
| חָטָא | પાપ-કર્યું | H2398 |
| עֲשִׂירִת | દસમો-ભાગ | H6224 |
| הָאֵפָה | એફાનો | H0374 |
| סֹלֶת | મેંદો | H5560 |
| לְחַטָּאת | પાપાર્પણ-માટે | |
| לֹא־ | નહિ | H3808 |
| יָשִׂים | મૂકે | |
| עָלֶיהָ | તેના-ઉપર | |
| שֶׁמֶן | તેલ | H8081 |
| וְלֹא־ | અને-નહિ | H3808 |
| יִתֵּן | મૂકે | H5414 |
| עָלֶיהָ | તેના-ઉપર | |
| לְבֹנָה | લોબાન | H3828 |
| כִּי | કારણ-કે | |
| חַטָּאת | પાપાર્પણ | |
| הִיא׃ | તે-છે | H1931 |

પણ જો કોઈ તે બે હોલા કે કબૂતરનાં બે બચ્ચાં ખરીદીને ચઢાવી ના શકે, તો જે પાપ તેણે કર્યું હોય તેને લીધે પાપાર્થાર્પણને માટે એક દશાંશ એફાહ + 5:11 એફાહ 1 કિલોગ્રામ મેંદાનો લોટ તે પોતાને માટે અર્પણ લાવે. તેણે તેમાં તેલ કે લોબાન ન મૂકવાં, કારણ કે તે તો પાપાર્થાર્પણ છે.

12

| | | |
|---|---|---|
| וֶהֱבִיאָהּ | અને-લાવે | H0935 |
| אֶל־ | — | H0413 |
| הַכֹּהֵן | યાજક-આગળ | H3548 |
| וְקָמַץ | અને-ભરે | H7061 |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| מִמֶּנָּה | તેમાંથી | |
| מְלוֹא | ભરેલી | H4393 |
| קֻמְצוֹ | મુઠ્ઠી | H7062 |
| אֶת־ | — | H0853 |
| אַזְכָּרָתָהּ | સ્મરણ-ભાગ | H0234 |
| וְהִקְטִיר | અને-બાળે | |
| הַמִּזְבֵּחָה | વેદી-ઉપર | H4196 |
| עַל | — | |
| אִשֵּׁי | યહોવાન□-અગ્નિ-અર્પણો-ઉપર | H0801 |
| יְהוָה | — | H3068 |
| חַטָּאת | પાપાર્પણ | |
| הִוא׃ | તે-છે | H1931 |

તે તેને યાજક પાસે લાવે અને યાજક પ્રતીક તરીકે તેમાંથી મુઠ્ઠી ભરીને લોટ લઈ વેદી પર યહોવાહને ચઢાવેલાં ખાદ્યાર્પણ સાથે દહન કરે. એ પાપાર્થાર્પણ છે.

13

| | | |
|---|---|---|
| וְכִפֶּר | અને-પ્રાયશ્ચિત-કરે | |
| עָלָיו | તેન□-માટે | |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| עַל־ | — | |
| חַטָּאתוֹ | તેન□-પાપ | |
| אֲשֶׁר־ | જે | |
| חָטָא | કર્યું | H2398 |
| מֵאַחַת | એક | H0259 |
| מֵאֵלֶּה | આમાંથી | H0428 |
| וְנִסְלַח | અને-માફ-મળે | H5545 |
| לוֹ | તેને | |
| וְהָיְתָה | અને-હોય | H1961 |
| לַכֹּהֵן | યાજક-માટે | H3548 |
| כַּמִּנְחָה׃ | ખાદ્યાર્પણ-જેમ | H4503 |
| ס | — | |

આ કૃત્યોમાંના જે કોઈ વિષે તેણે પાપ કર્યું હોય તો યાજક તેને માટે પ્રાયશ્ચિત કરે અને તે વ્યક્તિને માફ કરવામાં આવશે. ખાદ્યાર્પણની જેમ બાકીનું અર્પણ યાજકનું થાય.'"

14

| | | |
|---|---|---|
| וַיְדַבֵּר | અને-બોલ્યા | H1696 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| אֶל־ | — | H0413 |
| מֹשֶׁה | મૂસાને | H4872 |
| לֵּאמֹר׃ | કહેતાં | H0559 |

પછી યહોવાહે મૂસાને કહ્યુ,

15

| | | |
|---|---|---|
| נֶפֶשׁ | કોઈ-વ્યક્તિ | H5315 |
| כִּי־ | — | |
| תִמְעֹל | વિશ્વાસઘાત-કરે | H4603 |
| מַעַל | — | H4604 |
| וְחָטְאָה | અને-પાપ-કરે | H2398 |
| בִּשְׁגָגָה | અજાણતામાં | H7684 |
| מִקָּדְשֵׁי | યહોવાની-પવિત્ર-વસ્તુઓ-વિરુદ્ધ | H6944 |
| יְהוָה | — | H3068 |
| וְהֵבִיא | તો-લાવે | H0935 |
| אֶת־ | — | H0853 |
| אֲשָׁמוֹ | તેનું-દોષાર્પણ | H0817 |
| לַיהוָה | યહોવાને | H3068 |
| אַיִל | ઘેટો | |
| תָּמִים | ખામી-વિનાનો | H8549 |
| מִן־ | — | |
| הַצֹּאן | ટોળામાંથી | H6629 |
| לַמִּטַּהֵר | શુદ્ધ-થનાર-માટે | H2891 |
| שְׁתֵּֽי־ | બે | H8147 |
| צִפֳּרִים | પંખીઓ | H6833 |
| חַיּוֹת | જીવતાં | |
| טְהֹרוֹת | શુદ્ધ | H2889 |
| וְעֵץ | અને-લાકડું | H6086 |
| אֶרֶז | દેવદારનું | H0730 |
| וּשְׁנִי | અને-કિરમજીનો | H8144 |
| תוֹלַעַת | કીડો | |
| וְאֵזֹֽב׃ | અને-ઝૂફો | H0231 |

તો યાજકે જેની શુદ્ધિ કરવાની છે તે માણસને શુદ્ધ એવાં બે જીવતાં પક્ષીઓ, દેવદારનું થોડું લાકડું, કિરમજી રંગનું કાપડ તથા ઝુફા લાવવાને આજ્ઞા આપવી.

5

| | | |
|---|---|---|
| וְצִוָּה | અને-આજ્ઞા-આપશે | H6680 |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| וְשָׁחַט | અને-કાપશે | |
| אֶת־ | તે | H0853 |
| הַצִּפּוֹר | પંખી | H6833 |
| הָאֶחָת | એકને | H0259 |
| אֶל־ | પાસે | H0413 |
| כְּלִי־ | માટીના-વાસણમાં | H3627 |
| חֶרֶשׂ | માટીના | H2789 |
| עַל־ | પર | |
| מַיִם | પાણી | H4325 |
| חַיִּים׃ | વહેતાં | |

યાજકે એક પક્ષીને વહેતાં પાણીની ઉપર રાખેલા માટીના વાસણમાં કાપવાની આજ્ઞા કરવી.

6

| | | |
|---|---|---|
| אֶת־ | તે | H0853 |
| הַצִּפֹּר | પંખી | H6833 |
| הַחַיָּה | જીવતું | |
| יִקַּח | લેશે | H3947 |
| אֹתָהּ | તેને | H0853 |
| וְאֶת־ | અને-તે | H0853 |
| עֵץ | લાકડું | H6086 |
| הָאֶרֶז | દેવદારનું | H0730 |
| וְאֶת־ | અને-તે | H0853 |
| שְׁנִי | કિરમજીનો | H8144 |
| הַתּוֹלַעַת | કીડો | |
| וְאֶת־ | અને-તે | H0853 |
| הָאֵזֹב | ઝૂફો | H0231 |
| וְטָבַל | અને-બોળશે | H2881 |
| אוֹתָם | તેમને | H0853 |
| וְאֵת | અને-તે | H0853 |
| הַצִּפֹּר | પંખી | H6833 |
| הַחַיָּה | જીવતું | |
| בְּדַם | લોહી-માં | H1818 |
| הַצִּפֹּר | પંખીના | H6833 |
| הַשְּׁחֻטָה | કાપેલાના | |
| עַל | પર | |
| הַמַּיִם | પાણી | H4325 |
| הַחַיִּים׃ | વહેતાં | |

પછી યાજકે જીવતા રહેલા બીજા પક્ષીને, દેવદારનું લાકડું, કિરમજી કાપડ તથા ઝુફો લઈને ઝરાના પાણી ઉપર કાપેલા પક્ષીના રક્તમાં બોળવાં.

7

| | | |
|---|---|---|
| וְהִזָּה | અને-છાંટશે | |
| עַל | પર | |
| הַמִּטַּהֵר | શુદ્ધ-થનારને | H2891 |
| מִן־ | કરતાં | |
| הַצָּרַעַת | કોઢના | H6883 |
| שֶׁבַע | સાત | H7651 |
| פְּעָמִים | વાર | H6471 |
| וְטִהֲרוֹ | અને-શુદ્ધ-ઠરાવશે-તેને | H2891 |
| וְשִׁלַּח | અને-છોડશે | H7971 |
| אֶת־ | તે | H0853 |
| הַצִּפֹּר | પંખી | H6833 |
| הַחַיָּה | જીવતું | |
| עַל־ | પર | |
| פְּנֵי | સતહને | H6440 |
| הַשָּׂדֶה׃ | ખેતરના | |

જે કુષ્ટરોગમાંથી માણસની શુદ્ધિ કરવાની હોય તેના પર તેણે સાત વાર રક્ત છાંટી તેને શુદ્ધ કરવો. પછી પેલા જીવતા પક્ષીને યાજકે ખુલ્લાં ખેતરમાં છોડી મૂકવું.

8

| | | |
|---|---|---|
| וְכִבֶּס | અને-ધોશે | H3526 |
| הַמִּטַּהֵר | શુદ્ધ-થનાર | H2891 |
| אֶת־ | તે | H0853 |
| בְּגָדָיו | તેનાં-વસ્ત્રો | |
| וְגִלַּח | અને-હજામત-કરશે | H1548 |
| אֶת־ | તે | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| שְׂעָרוֹ | તેનાં-વાળ | H8181 |
| וְרָחַץ | અને-નાહશે | H7364 |
| בַּמַּיִם | પાણીમાં | H4325 |
| וְטָהֵר | અને-શુદ્ધ-થશે | H2891 |
| וְאַחַר | અને-પછી | |
| יָבוֹא | આવશે | H0935 |
| אֶל־ | પાસે | H0413 |
| הַמַּחֲנֶה | છાવણીમાં | H4264 |
| וְיָשַׁב | અને-રહેશે | H3427 |
| מִחוּץ | બહાર | H2351 |
| לְאָהֳלוֹ | તેના-તંબૂની | H0168 |
| שִׁבְעַת | સાત | H7651 |
| יָמִים׃ | દિવસ | H3117 |

જે માણસનું શુદ્ધિકરણ કરવાનું હોય તે પોતાના વસ્ત્રો ધોઈ નાખે, પોતાના સર્વ વાળ મૂંડાવે તથા પાણીમાં સ્નાન કરે અને પછી તે શુદ્ધ થયો ગણાય. પછી તે છાવણીમાં રહેવા માટે પાછો ફરે, પરંતુ સાત દિવસ પર્યંત તેણે પોતાના તંબુની બહાર રહેવું.

9
וְהָיָה અને-થશે H1961
בַיּוֹם દિવસે H3117
הַשְּׁבִיעִי સાતમા H7637
יְגַלַּח હજામત-કરશે H1548
אֶת־ તે H0853
כָּל־ બધા H3605
שְׂעָרוֹ તેનાં-વાળ H8181
אֶת־ તે H0853
רֹאשׁוֹ તેનું-માથું
וְאֶת־ અને-તે H0853
זְקָנוֹ તેની-દાઢી H2206
וְאֵת અને-તે H0853
גַּבֹּת ભમ્મર H1354
עֵינָיו આખોન
וְאֶת־ અને-તે H0853
כָּל־ બધા H3605
שְׂעָרוֹ તેનાં-વાળ H8181
יְגַלֵּחַ હજામત-કરશે H1548
וְכִבֶּס અને-ધોશે H3526
אֶת־ તે H0853
בְּגָדָיו તેનાં-વસ્ત્રો
וְרָחַץ અને-નાહશે H7364
אֶת־ તે H0853
בְּשָׂרוֹ તેનું-શરીર H1320
בַּמַּיִם પાણીમાં H4325
וְטָהֵר׃ અને-શુદ્ધ-થશે H2891

સાતમે દિવસે તેણે પોતાના માથાના સર્વ વાળ, દાઢીના તથા પોતાના ભમરના તેમ જ શરીર પરના બીજા બધા વાળ મૂંડાવી નાખવા. તેણે પોતાના વસ્ત્રો ધોઈ નાખવાં અને પાણીમાં સ્નાન કરવું, પછી તે રોગથી સંપૂર્ણ રીતે શુદ્ધ થયો એવું જાહેર થાય.

10
וּבַיּוֹם અને-દિવસે H3117
הַשְּׁמִינִי આટમા H8066
יִקַּח લેશે H3947
שְׁנֵי־ બે H8147
כְבָשִׂים હલવાનો H3532
תְּמִימִם ખામી-વગરના H8549
וְכַבְשָׂה અને-એક-વર્ષની H3535
אַחַת એક H0259
בַּת־ વર્ષની H1323
שְׁנָתָהּ તેની-ઉંમરની H8141
תְּמִימָה ખામી-વગરની H8549
וּשְׁלֹשָׁה અને-ત્રણ H7969
עֶשְׂרֹנִים દશાંશ H6241
סֹלֶת મેંદો-લોટનો H5560
מִנְחָה અર્પણ H4503
בְּלוּלָה મેળવેલું
בַשֶּׁמֶן તેલ-સાથે H8081
וְלֹג અને-એક-લોગ H3849
אֶחָד એક H0259
שָׁמֶן׃ તેલ H8081

આઠમે દિવસે તેણે એક વર્ષની ઉંમરના ખામી વગરનાં બે નરઘેટાં, એક વર્ષની ખામી વગરની ઘેટી, ખાદ્યાર્પણને માટે તેલમાં મોહેલો ત્રણ દશાંશ એફાહ + 14:10 ત્રણ દશાંશ એફાહ 3 કિલોગ્રામ મેંદા મેંદાનો લોટ તથા એક માપ + 14:10 એક માપ 334 ગ્રામ તેલ તેલ લેવું.

11
וְהֶעֱמִיד અને-ઉભો-કરશે H5975
הַכֹּהֵן યાજક H3548
הַמְטַהֵר શુદ્ધ-કરનાર H2891
אֵת તે H0853
הָאִישׁ માણસને H0376
הַמִּטַּהֵר શુદ્ધ-થનારને H2891
וְאֹתָם અને-તેમને H0853
לִפְנֵי આગળ H6440
יְהוָה યહોવાના H3068
פֶּתַח દ્વારે H6607
אֹהֶל તંબૂના H0168
מוֹעֵד׃ મંડપના H4150

શુદ્ધિની વિધિ કરાવનાર યાજકે જેની શુદ્ધિ કરવાની છે તે વ્યક્તિને તેના અર્પણો સાથે મુલાકાતમંડપના પ્રવેશદ્વારે યહોવાહ સમક્ષ રજૂ કરવો.

12
וְלָקַח અને-લેશે H3947
הַכֹּהֵן યાજક H3548
אֶת־ તે H0853
הַכֶּבֶשׂ હલવાન H3532
הָאֶחָד એકને H0259
וְהִקְרִיב અને-અર્પણ-કરશે H7126
אֹתוֹ તેને H0853
לְאָשָׁם દોષ-અર્પણ-તરીકે H0817
וְאֶת־ અને-તે H0853
לֹג લોગ H3849
הַשָּׁמֶן તેલનો H8081
וְהֵנִיף અને-હલાવશે
אֹתָם તેમને H0853
תְּנוּפָה હલાવવાનું-અર્પણ H8573
לִפְנֵי આગળ H6440
יְהוָה׃ યહોવાન H3068

પછી યાજક નર હલવાનોમાંથી એકને લઈને દોષાર્થાર્પણ + 14:12 દોષાર્થાર્પણ ભરપાઈનો અર્પણને માટે તેને તથા પેલા માપ તેલને ચઢાવે અને યહોવાહની સમક્ષ તેઓનું અર્પણ કરે.

13
וְשָׁחַט અને-કાપશે
אֶת־ તે H0853
הַכֶּבֶשׂ હલવાન H3532
בִּמְקוֹם જગ્યાએ H4725
אֲשֶׁר જ્યાં
יִשְׁחַט કાપે-છે
אֶת־ તે H0853
הַחַטָּאת પાપ-અર્પણ
וְאֶת־ અને-તે H0853
הָעֹלָה દહન-અર્પણ
בִּמְקוֹם જગ્યાએ H4725
הַקֹּדֶשׁ પવિત્રના H6944
כִּי કારણ-કે
כַּחַטָּאת પાપ-અર્પણ-જેવું
הָאָשָׁם દોષ-અર્પણ H0817
הוּא તે-છે H1931
לַכֹּהֵן યાજક-માટે H3548
קֹדֶשׁ પરમ-પવિત્ર H6944
קָדָשִׁים પવિત્રનું-પવિત્ર H6944
הוּא׃ તે-છે H1931

તેણે એ ઘેટાના બચ્ચાંને જે પવિત્ર સ્થળે પાપાર્થાર્પણને તથા દહનીયાર્પણના હલવાનને કાપવામાં આવે છે ત્યાં કાપવો. પાપાર્થાર્પણની માફક દોષાર્થાર્પણ યાજકને આપી દેવું, કેમ કે તે પરમપવિત્ર અર્પણ છે.

14
וְלָקַח અને-લેશે H3947
הַכֹּהֵן યાજક H3548
מִדַּם લોહી-માંથી H1818
הָאָשָׁם દોષ-અર્પણના H0817
וְנָתַן અને-લગાવશે H5414
הַכֹּהֵן યાજક H3548
עַל־ પર
תְּנוּךְ કાનની-બૂટ H8571
אֹזֶן કાનના H0241
הַמִּטַּהֵר શુદ્ધ-થનારના H2891
הַיְמָנִית જમણા H3233
וְעַל־ અને-પર
בֹּהֶן અગૂઠો H0931
יָדוֹ તેના-હાથનો H3027
הַיְמָנִית જમણા H3233
וְעַל־ અને-પર
בֹּהֶן અગૂઠો H0931
רַגְלוֹ તેના-પગનો H7272
הַיְמָנִית׃ જમણા□ H3233

પછી યાજકે આ દોષાર્થાર્પણનું રક્ત લઈને જે માણસ શુદ્ધ થયો છે તેના જમણા કાનની બુટ્ટી પર, જમણા હાથના અગૂઠા પર તથા જમણા પગના અગૂઠા પર લગાવવું.

15
וְלָקַח અને-લેશે H3947
הַכֹּהֵן યાજક H3548
מִלֹּג લૉગ-માંથી H3849
הַשָּׁמֶן તેલનો H8081
וְיָצַק અને-રેડશે H3332
עַל־ પર
כַּף હથેળી H3709
הַכֹּהֵן યાજકની H3548
הַשְּׂמָאלִית׃ ડાબી H8042

પછી યાજકે સાથે લાવેલા તેલમાંથી થોડું પોતાના ડાબા હાથના પંજા પર રેડવું.

16
וְטָבַל અને-બોળશે H2881
הַכֹּהֵן યાજક H3548
אֶת־ તે H0853
אֶצְבָּעוֹ તેની-આગળી H0676
הַיְמָנִית જમણી H3233
מִן־ કરતાં
הַשֶּׁמֶן તેલમાં H8081
אֲשֶׁר જે
עַל־ પર
כַּפּוֹ તેની-હથેળીનું H3709
הַשְּׂמָאלִית ડાબી H8042
וְהִזָּה અને-છાંટશે
מִן־ કરતાં
הַשֶּׁמֶן તેલમાંથી H8081
בְּאֶצְבָּעוֹ તેની-આગળીથી H0676
שֶׁבַע સાત H7651
פְּעָמִים વાર H6471
לִפְנֵי આગળ H6440
יְהוָה׃ યહોવાન□ H3068

તેણે જમણા હાથની આગળી તેમાં બોળવી અને યહોવાહની સમક્ષ સાત વખત તે તેલનો છંટકાવ કરવો.

17
וּמִיֶּתֶר અને-બાકીના
הַשֶּׁמֶן તેલમાંથી H8081
אֲשֶׁר જે
עַל־ પર
כַּפּוֹ તેની-હથેળીન□ H3709
יִתֵּן લગાવશે H5414
הַכֹּהֵן યાજક H3548
עַל־ પર
תְּנוּךְ કાનની-બૂટ H8571
אֹזֶן કાનન□ H0241
הַמִּטַּהֵר શુદ્ધ-થનારના H2891
הַיְמָנִית જમણી H3233
וְעַל־ અને-પર
בֹּהֶן અગૂઠો H0931
יָדוֹ તેના-હાથનો H3027
הַיְמָנִית જમણી H3233
וְעַל־ અને-પર
בֹּהֶן અગૂઠો H0931
רַגְלוֹ તેના-પગનો H7272
הַיְמָנִית જમણી H3233
עַל પર
דַּם લોહી H1818
הָאָשָׁם׃ દોષ-અર્પણના H0817

યાજક હથેળીમાં રહેલા તેલમાંથી થોડું લઈને જેની શુદ્ધિ કરવાની હોય તે માણસના જમણા કાનની બુટ્ટી, જમણા હાથ તથા જમણા પગના અગૂઠા પર જ્યાં પહેલાં દોષાર્થાર્પણનું રક્ત લગાડ્યું હતું ત્યાં લગાડવું.

18
וְהַנּוֹתָר અને-બાકીનું H3498
בַּשֶּׁמֶן તેલમાંથી H8081
אֲשֶׁר જે
עַל־ પર
כַּף હથેળી H3709
הַכֹּהֵן યાજકની H3548
יִתֵּן મૂકશે H5414
עַל־ પર
רֹאשׁ માથાન□
הַמִּטַּהֵר શુદ્ધ-થનારના H2891
וְכִפֶּר અને-પ્રાયશ્ચિત્ત-કરશે
עָלָיו તેના-માટે
הַכֹּהֵן યાજક H3548
לִפְנֵי આગળ H6440
יְהוָה׃ યહોવાન□ H3068

યાજકના હાથમાંનું બાકીનું તેલ તેણે જે વ્યક્તિની શુદ્ધિ કરવી હોય તેના માથા પર લગાડીને યહોવાહ સમક્ષ તેને માટે પ્રાયશ્ચિત કરવું.

19
וְעָשָׂה અને-કરશે
הַכֹּהֵן યાજક H3548
אֶת־ તે H0853
הַחַטָּאת પાપ-અર્પણ
וְכִפֶּר અને-પ્રાયશ્ચિત્ત-કરશે
עַל־ પર
הַמִּטַּהֵר શુદ્ધ-થનારને H2891
מִטֻּמְאָתוֹ તેની-અશુદ્ધિમાંથી H2932
וְאַחַר અને-પછી
יִשְׁחַט કાપશે
אֶת־ તે H0853
הָעֹלָה׃ દહન-અર્પણને

પછી યાજકે પાપાર્થાર્પણ ચઢાવવું અને જેની અશુદ્ધતામાંથી શુદ્ધિ કરવાની હોય, તે માણસની પ્રાયશ્ચિત વિધિ કરવી અને ત્યાર પછી તે દહનીયાર્પણના પશુને મારી નાખવું.

20 וְהֶעֱלָה અને-ચઢાવશે H5927 | הַכֹּהֵן યાજક H3548 | אֶת־ તે H0853 | הָעֹלָה દહન-અર્પણ | וְאֶת־ અને-તે H0853 | הַמִּנְחָה અન્ન-અર્પણ H4503 | הַמִּזְבֵּחָה વેદી-પર H4196 | וְכִפֶּר અને-પ્રાયશ્ચિત્ત-કરશે | עָלָיו તેના-માટે | הַכֹּהֵן યાજક H3548 | וְטָהֵר׃ અને-શુદ્ધ-થશે H2891 | ס —

પછી યાજકે વેદીની અગ્નિ પર દહનીયાર્પણ તથા ખાદ્યાર્પણ બાળવા અને તે વ્યક્તિ માટે પ્રાયશ્ચિત કરવું અને ત્યારે તે વ્યક્તિ શુદ્ધ થઈ જશે.

21 וְאִם־ અને-જો | דַּל ગરીબ H1800 | הוּא તે-છે H1931 | וְאֵין અને-નથી H0369 | יָדוֹ તેનો-હાથ H3027 | מַשֶּׂגֶת પહોંચી-શકતો H5381 | וְלָקַח તો-લેશે H3947 | כֶּבֶשׂ હલવાન H3532 | אֶחָד એક H0259 | אָשָׁם દોષ-અર્પણ H0817 | לִתְנוּפָה હલાવવાના-અર્પણ-તરીકે H8573 | לְכַפֵּר પ્રાયશ્ચિત્ત-કરવા | עָלָיו તેના-માટે | וְעִשָּׂרוֹן અને-એક-દશાંશ H6241 | סֹלֶת મેંદો-લોટનો H5560 | אֶחָד એક H0259 | בָּלוּל મેળવેલું | בַשֶּׁמֶן તેલ-સાથે H8081 | לְמִנְחָה અન્ન-અર્પણ-તરીકે H4503 | וְלֹג અને-એક-લોગ H3849 | שָׁמֶן׃ તેલ H8081

તેમ છતાં, જો તે માણસ ગરીબ હોય અને આ બધું ચઢાવી શકે એમ ના હોય, તો તેણે માત્ર એક જ ઘેટો દોષાર્થાર્પણ તરીકે લાવવો અને યહોવાહની સમક્ષ રજૂ કરવો. યાજકે તેને તે માણસના પ્રાયશ્ચિત માટે અર્પણ ચઢાવવું અને તે તેને શુદ્ધ કરશે. તેણે ખાદ્યાર્પણ તરીકે ફક્ત તેલથી મોહેલો એક દશાંશ એફોદ મેંદાનો લોટ તથા એક માપ + 14:21 એક માપ 334 ગ્રામ તેલ તેલ લેવું.

22 וּשְׁתֵּי અને-બે H8147 | תֹרִים હોલાઓ H8449 | אוֹ અથવા | שְׁנֵי બે H8147 | בְּנֵי બચ્ચાં | יוֹנָה કબૂતરોનાં H3123 | אֲשֶׁר જે | תַּשִּׂיג પહોંચી-શકે H5381 | יָדוֹ તેનો-હાથ H3027 | וְהָיָה અને-હશે H1961 | אֶחָד એક H0259 | חַטָּאת પાપ-અર્પણ | וְהָאֶחָד અને-એક H0259 | עֹלָה׃ દહન-અર્પણ

તથા બે હોલા કે કબૂતરનાં બે બચ્ચાં, તે લાવી શકે તેમ હોય તે લાવવાં, તેઓમાંનું એક પાપાર્થાર્પણ માટે અને બીજું દહનીયાર્પણ માટે.

23 וְהֵבִיא અને-લાવશે H0935 | אֹתָם તેમને H0853 | בַּיּוֹם દિવસે H3117 | הַשְּׁמִינִי આઠમા H8066 | לְטָהֳרָתוֹ તેની-શુદ્ધિ-માટે H2893 | אֶל־ પાસે H0413 | הַכֹּהֵן યાજકની H3548 | אֶל־ પાસે H0413 | פֶּתַח દ્વારે H6607 | אֹהֶל־ તંબૂના H0168 | מוֹעֵד મંડપના H4150 | לִפְנֵי આગળ H6440 | יְהוָה׃ યહોવાન H3068

આઠમે દિવસે યાજક પાસે મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ તે યહોવાહની સમક્ષ પોતાના શુદ્ધિકરણની વિધિને માટે આ પક્ષીઓને સાથે લાવે.

24 וְלָקַח અને-લેશે H3947 | הַכֹּהֵן યાજક H3548 | אֶת־ તે H0853 | כֶּבֶשׂ હલવાન H3532 | הָאָשָׁם દોષ-અર્પણનો H0817 | וְאֶת־ અને-તે H0853 | לֹג લોગ H3849 | הַשָּׁמֶן તેલનો H8081 | וְהֵנִיף અને-હલાવશે | אֹתָם તેમને H0853 | הַכֹּהֵן યાજક H3548 | תְּנוּפָה હલાવવાનું-અર્પણ H8573 | לִפְנֵי આગળ H6440 | יְהוָה׃ યહોવાન H3068

પછી યાજક ઘેટાનાં બચ્ચાંને દોષાર્થાર્પણ તરીકે લે તથા તેલ પણ લે અને વેદી આગળ યહોવાહની સમક્ષ તે તેઓનું અર્પણ કરે.

25 וְשָׁחַט અને-કાપશે | אֶת־ તે H0853 | כֶּבֶשׂ હલવાન H3532 | הָאָשָׁם દોષ-અર્પણનો H0817 | וְלָקַח અને-લેશે H3947 | הַכֹּהֵן યાજક H3548 | מִדַּם લોહી-માંથી H1818 | הָאָשָׁם દોષ-અર્પણના H0817 | וְנָתַן અને-લગાવશે H5414 | עַל־ પર

תְּנוּךְ કાનની-બૂટ H8571 | אֹֽזֶן־ કાનના H0241 | הַמִּטַּהֵר શુદ્ધ-થનારન□ H2891 | הַיְמָנִית જમણી H3233 | וְעַל־ અને-પર | בֹּהֶן અગૂઠો H0931 | יָדוֹ તેના-હાથનો H3027 | הַיְמָנִית જમણી H3233 | וְעַל־ અને-પર | בֹּהֶן અગૂઠો H0931 | רַגְלוֹ તેના-પગનો H7272

הַיְמָנִית׃ જમણી H3233

તે દોષાર્થાર્પણ માટેના ઘેટાંને કાપી નાખે અને તેનું થોડું રક્ત લઈ જેનું શુદ્ધિકરણ કરવાનું હોય તે વ્યક્તિના જમણા કાનની બુટ્ટી તથા તેના જમણા હાથના અને જમણા પગના અગૂઠા પર લગાવે.

26 וּמִן־ અને-કરતાં | הַשֶּׁמֶן તેલમાંથી H8081 | יִצֹק રેડશે H3332 | הַכֹּהֵן યાજક H3548 | עַל־ પર | כַּף હથેળી H3709 | הַכֹּהֵן યાજકની H3548 | הַשְּׂמָאלִית׃ ડાબી H8042

પછી યાજકે થોડું તેલ પોતાની ડાબી હથેળીમાં રેડવું.

27 וְהִזָּה અને-છાંટશે | הַכֹּהֵן યાજક H3548 | בְּאֶצְבָּעוֹ તેની-આગળીથી H0676 | הַיְמָנִית જમણી H3233 | מִן־ કરતાં | הַשֶּׁמֶן તેલમાંથી H8081 | אֲשֶׁר જે | עַל־ પર | כַּפּוֹ તેની-હથેળીનું H3709 | הַשְּׂמָאלִית ડાબી H8042

שֶׁבַע સાત H7651 | פְּעָמִים વાર H6471 | לִפְנֵי આગળ H6440 | יְהוָה׃ યહોવાન□ H3068

અને જે થોડું રક્ત તેના ડાબા હાથની હથેળીમાં છે તેમાંથી થોડું તેણે પોતાના જમણા હાથની આગળી વડે લઈને સાત વાર યહોવાહની સમક્ષ છાંટવું.

28 וְנָתַן અને-લગાવશે H5414 | הַכֹּהֵן યાજક H3548 | מִן־ કરતાં | הַשֶּׁמֶן તેલમાંથી H8081 | אֲשֶׁר જે | עַל־ પર | כַּפּוֹ તેની-હથેળીન□ H3709 | עַל־ પર | תְּנוּךְ કાનની-બૂટ H8571 | אֹזֶן કાનન□ H0241

הַמִּטַּהֵר શુદ્ધ-થનારન□ H2891 | הַיְמָנִית જમણી H3233 | וְעַל־ અને-પર | בֹּהֶן અગૂઠો H0931 | יָדוֹ તેના-હાથનો H3027 | הַיְמָנִית જમણી H3233 | וְעַל־ અને-પર | בֹּהֶן અગૂઠો H0931 | רַגְלוֹ તેના-પગનો H7272 | הַיְמָנִית જમણી H3233 | עַל־ પર

מְקוֹם જગ્યાએ H4725 | דַּם લોહી H1818 | הָאָשָׁם׃ દોષ-અર્પણના H0817

તે પછી દોષાર્થાર્પણનું રક્ત લગાડ્યું હતું તે જ જગ્યાએ યાજકે જેનું શુદ્ધિકરણ કરવાનું હોય તે વ્યક્તિના જમણા કાનની બુટ્ટી પર, જમણા હાથના અગૂઠા પર તથા જમણા પગના અગૂઠા પર તેલ લગાવવું.

29 וְהַנּוֹתָר અને-બાકીનું H3498 | מִן־ કરતાં | הַשֶּׁמֶן તેલમાંથી H8081 | אֲשֶׁר જે | עַל־ પર | כַּף હથેળી H3709 | הַכֹּהֵן યાજકની H3548 | יִתֵּן મૂકશે H5414 | עַל־ પર | רֹאשׁ માથાન□ | הַמִּטַּהֵר શુદ્ધ-થનારન□ H2891

לְכַפֵּר પ્રાયશ્ચિત્ત-કરવા | עָלָיו તેના-માટે | לִפְנֵי આગળ H6440 | יְהוָה׃ યહોવાન□ H3068

તેના હાથમાં બાકી રહેલું તેલ જે માણસની શુદ્ધિ કરવાની હોય તેના માથા પર રેડવું અને યહોવાહ સમક્ષ તેણે પ્રાયશ્ચિત કરવું.

30 וְעָשָׂה અને-કરશે | אֶת־ તે H0853 | הָאֶחָד એક H0259 | מִן־ કરતાં | הַתֹּרִים હોલાઓમાંથી H8449 | אוֹ અથવા | מִן־ કરતાં | בְּנֵי બચ્ચાં | הַיּוֹנָה કબૂતરોનાં H3123 | מֵאֲשֶׁר જે-પણ | תַשִּׂיג પહોંચી-શકે H5381

יָדוֹ׃ તેનો-હાથ H3027

અને તે મેળવી શકે એવો એક હોલો કે કબૂતરનું બચ્ચું તેણે ચઢાવવું,

31

| | | |
|---|---|---|
| אֵת | તે | H0853 |
| אֲשֶׁר־ | જે-કાંઈ | |
| תַּשִּׂיג | પહોંચી-શકે | H5381 |
| יָדוֹ | તેનો-હાથ | H3027 |
| אֶת־ | તે | H0853 |
| הָאֶחָד | એક | H0259 |
| חַטָּאת | પાપ-અર્પણ | |
| וְאֶת־ | અને-તે | H0853 |
| הָאֶחָד | એક | H0259 |
| עֹלָה | દહન-અર્પણ | |
| עַל־ | સાથે | |
| הַמִּנְחָה | અન્ન-અર્પણન□ | H4503 |
| וְכִפֶּר | અને-પ્રાયશ્ચિત્ત-કરશે | |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| עַל | પર | |
| הַמִּטַּהֵר | શુદ્ધ-થનારન□ | H2891 |
| לִפְנֵי | આગળ | H6440 |
| יְהוָה׃ | યહોવાન□ | H3068 |

જેવું તે મેળવી શકે એવું, પાપાર્થાર્પણ તરીકે અને બીજું દહનીયાર્પણ તરીકે ખાદ્યાર્પણની સાથે વેદી પર ચઢાવવું. પછી યાજક યહોવાહની સમક્ષ તે માણસને માટે પ્રાયશ્ચિત કરે અને તે શુદ્ધ બની જશે.

32

| | | |
|---|---|---|
| זֹאת | આ | H2063 |
| תּוֹרַת | નિયમ-છે | H8451 |
| אֲשֶׁר־ | જે-માં | |
| בּוֹ | છે | |
| נֶגַע | ચેપ | H5061 |
| צָרָעַת | કોઢનો | H6883 |
| אֲשֶׁר | જેનો | |
| לֹא־ | નથી | H3808 |
| תַשִּׂיג | પહોંચી-શકે | H5381 |
| יָדוֹ | તેનો-હાથ | H3027 |
| בְּטָהֳרָתוֹ׃ | તેની-શુદ્ધિમાં | H2893 |
| פ | — | |

કુષ્ટ રોગમાંથી સાજા થયેલા જે માણસના શુદ્ધિકરણ માટે જરૂરી અર્પણો લાવવા જો તે અશક્ત હોય, તેને માટે આ નિયમ છે."

33

| | | |
|---|---|---|
| וַיְדַבֵּר | અને-બોલ્યા | H1696 |
| יְהוָה | યહોવા | H3068 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| מֹשֶׁה | મૂસા | H4872 |
| וְאֶל־ | અને-પ્રત્યે | H0413 |
| אַהֲרֹן | હારુન | H0175 |
| לֵאמֹר׃ | કહેતાં | H0559 |

યહોવાહે મૂસા તથા હારુનને કહ્યું,

34

| | | |
|---|---|---|
| כִּי | જ્યારે | |
| תָבֹאוּ | તમે-આવો | H0935 |
| אֶל־ | પાસે | H0413 |
| אֶרֶץ | દેશ | H0776 |
| כְּנַעַן | કનાનના | |
| אֲשֶׁר | જે | |
| אֲנִי | હું | H0589 |
| נֹתֵן | આપું-છું | H5414 |
| לָכֶם | તમને | |
| לַאֲחֻזָּה | વારસા-તરીકે | H0272 |
| וְנָתַתִּי | અને-મૂકીશ | H5414 |
| נֶגַע | ચેપ | H5061 |
| צָרַעַת | કોઢનો | H6883 |
| בְּבֵית | ઘર-માં | |
| אֶרֶץ | દેશ | H0776 |
| אֲחֻזַּתְכֶם׃ | તમારી-વારસાના | H0272 |

"મેં તમને આપેલા કનાન દેશમાં જ્યારે તમે આવી પહોંચો અને હું ત્યાં કોઈ ઘરમાં કુષ્ટ રોગ મૂકું,

35

| | | |
|---|---|---|
| וּבָא | અને-આવશે | H0935 |
| אֲשֶׁר־ | જેનો | |
| לוֹ | છે | |
| הַבַּיִת | ઘર | |
| וְהִגִּיד | અને-કહેશે | H5046 |
| לַכֹּהֵן | યાજકને | H3548 |
| לֵאמֹר | કહેતાં | H0559 |
| כְּנֶגַע | જેવો-ચેપ | H5061 |
| נִרְאָה | દેખાયું-છે | H7200 |
| לִי | મને | |
| בַּבָּיִת׃ | ઘર-માં | |

તો તે ઘરના માલિકે યાજક પાસે આવીને માહિતી આપવી. તેણે કહેવું, 'મારા ઘરમાં કુષ્ટરોગ હોય એવું મને લાગે છે.'"

36

| | | |
|---|---|---|
| וְצִוָּה | અને-આજ્ઞા-આપશે | H6680 |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| וּפִנּוּ | અને-ખાલી-કરશે | H6437 |
| אֶת־ | તે | H0853 |
| הַבַּיִת | ઘર | |
| בְּטֶרֶם | પહેલાં | H2962 |
| יָבֹא | આવે | H0935 |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| לִרְאוֹת | જોવા | H7200 |
| אֶת־ | તે | H0853 |
| הַנֶּגַע | ચેપ | H5061 |
| וְלֹא | અને-નહિ | H3808 |
| יִטְמָא | અશુદ્ધ-થાય | |
| כָּל־ | બધું | H3605 |
| אֲשֶׁר | જે | |
| בַּבָּיִת | ઘર-માં | |
| וְאַחַר | અને-પછી | |
| כֵּן | ત્યારે | |
| יָבֹא | આવશે | H0935 |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| לִרְאוֹת | જોવા | H7200 |
| אֶת־ | તે | H0853 |
| הַבָּיִת׃ | ઘરને | |

યાજકે તપાસ કરવા જતાં પહેલાં ઘર ખાલી કરવા આજ્ઞા કરવી, એ માટે કે ઘરની બધી વસ્તુઓ અશુદ્ધ ન થાય. ત્યારપછી યાજક ઘરની તપાસ માટે ઘરની અંદર જાય.

37

| | | |
|---|---|---|
| וְרָאָה | અને-જોશે | H7200 |
| אֶת־ | તે | H0853 |
| הַנֶּגַע | ચેપ | H5061 |
| וְהִנֵּה | અને-જો | H2009 |
| הַנֶּגַע | ચેપ | H5061 |
| בְּקִירֹת | દીવાલો-પર | H7023 |
| הַבַּיִת | ઘરની | |
| שְׁקַעֲרוּרֹת | ખાડાઓ | H8258 |
| יְרַקְרַקֹּת | લીલાશ-પડતાં | H3422 |
| אוֹ | અથવા | |
| אֲדַמְדַּמֹּת | લાલાશ-પડતાં | H0125 |
| וּמַרְאֵיהֶן | અને-તેમનો-દેખાવ | H4758 |
| שָׁפָל | નીચો-છે | H8217 |
| מִן־ | કરતાં | |
| הַקִּיר׃ | દીવાલ | H7023 |

રોગની તે તપાસ કરે અને જો તે રોગ ઘરની દીવાલોમાં હોવાથી તેમાં કોઈ લીલી કે રાતી તિરાડ પડી હોય અને તે દીવાલની સપાટીથી ઊંડી દેખાતી હોય તો,

38

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְיָצָא | הַכֹּהֵן | מִן | הַבַּיִת | אֶל־ | פֶּתַח | הַבָּיִת | וְהִסְגִּיר | אֶת־ | הַבַּיִת | שִׁבְעַת | יָמִים׃ |
| અને-જશે | યાજક | કરતાં | ઘરમાંથી | પાસે | દ્વારે | ઘરન□ | અને-બંધ-કરશે | તે | ઘરને | સાત | દિવસ |
| H3318 | H3548 | | | H0413 | H6607 | | H5462 | H0853 | | H7651 | H3117 |

પછી યાજક ઘરમાંથી બહાર નીકળી સાત દિવસ માટે ઘરને બંધ કરી દેવું.

39

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְשָׁב | הַכֹּהֵן | בַּיּוֹם | הַשְּׁבִיעִי | וְרָאָה | וְהִנֵּה | פָּשָׂה | הַנֶּגַע | בְּקִירֹת | הַבָּיִת׃ |
| અને-પાછો-આવશે | યાજક | દિવસે | સાતમા | અને-જોશે | અને-જો | ફેલાયો-છે | ચેપ | દીવાલો-પર | ઘરન□ |
| H7725 | H3548 | H3117 | H7637 | H7200 | H2009 | H6581 | H5061 | H7023 | |

પછી સાતમે દિવસે યાજકે પાછા આવીને ફરી તપાસ કરવી, જો તે કાણાઓ ભીંતમાં વધારે પ્રસર્યા હોય,

40

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְצִוָּה | הַכֹּהֵן | וְחִלְּצוּ | אֶת־ | הָאֲבָנִים | אֲשֶׁר | בָּהֵן | הַנָּגַע | וְהִשְׁלִיכוּ | אֶתְהֶן | אֶל־ | מִחוּץ | לָעִיר | אֶל־ | מָקוֹם | טָמֵא׃ |
| તો-આજ્ઞા-આપશે | યાજક | અને-કાઢશે | તે | પત્થરો | જે-માં | છે | ચેપ | અને-ફેંકશે | તેમને | પાસે | બહાર | શહેરની | પાસે | જગ્યાએ | અશુદ્ધ |
| H6680 | H3548 | | H0853 | H0068 | | | H5061 | H7993 | H0853 | H0413 | H2351 | | H0413 | H4725 | H2931 |

તો યાજકે રોગવાળા પથ્થરોને કાઢી નાખવાની તથા તેમને નગર બહાર ગંદકીની જગ્યાએ ફેંકી દેવાની આજ્ઞા તેઓને આપવી.

41

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | הַבַּיִת | יַקְצִעַ | מִבַּיִת | סָבִיב | וְשָׁפְכוּ | אֶת־ | הֶעָפָר | אֲשֶׁר | הִקְצוּ | אֶל־ | מִחוּץ | לָעִיר | אֶל־ | מָקוֹם | טָמֵא׃ |
| અને-તે | ઘરને | ખરચશે | અંદરથી | ચારે-બાજુ | અને-રેડશે | તે | માટીને | જે | ખરચી-છે | પાસે | બહાર | શહેરની | પાસે | જગ્યાએ | અશુદ્ધ |
| H0853 | | | | H5439 | H8210 | H0853 | H6083 | | H7096 | H0413 | H2351 | | H0413 | H4725 | H2931 |

ઘરની અંદરની ભીંતોને ખોતરી નાખવાની આજ્ઞા તેણે આપવી અને ખોતરી કાઢેલું બધું જ શહેરની બહાર કોઈ અશુદ્ધ જગ્યાએ ઠાલવી આવવા જણાવવું.

42

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלָקְחוּ | אֲבָנִים | אֲחֵרוֹת | וְהֵבִיאוּ | אֶל־ | תַּחַת | הָאֲבָנִים | וְעָפָר | אַחֵר | יִקַּח | וְטָח | אֶת־ | הַבָּיִת׃ |
| અને-લેશે | પત્થરો | બીજા | અને-લાવશે | પાસે | નીચે | પત્થરોન□ | અને-માટી | બીજી | લેશે | અને-લેપ-કરશે | તે | ઘરને |
| H3947 | H0068 | H0312 | H0935 | H0413 | H8478 | H0068 | H6083 | H0312 | H3947 | | H0853 | |

જે જગ્યા ખાલી પડી હોય ત્યાં બીજા પથ્થરો લાવીને ગોઠવવા અને ચૂનાનો કોલ પણ નવો જ વાપરવો તથા ઘરનું નવેસરથી ચણતર કરાવવું.

43

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִם־ | יָשׁוּב | הַנֶּגַע | וּפָרַח | בַּבַּיִת | אַחַר | חִלֵּץ | אֶת־ | הָאֲבָנִים | וְאַחֲרֵי | הִקְצוֹת | אֶת־ | הַבַּיִת | וְאַחֲרֵי | הִטּוֹחַ׃ |
| અને-જો | પાછો-આવે | ચેપ | અને-ફૂટે | ઘર-માં | પછી | કાઢ્યા-પછી | તે | પત્થરો | અને-પછી | ખરચ્યા-પછી | તે | ઘરને | અને-પછી | લેપ-કર્યા-પછી |
| | H7725 | H5061 | | | | | H0853 | H0068 | | H7096 | H0853 | | | |

પથ્થરો કાઢી નાખ્યા પછી અને ઘરનું નવેસરથી ચણતર કર્યા પછી જો ફરીથી ફૂગ દેખાય,

44

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבָא | הַכֹּהֵן | וְרָאָה | וְהִנֵּה | פָּשָׂה | הַנֶּגַע | בַּבָּיִת | צָרַעַת | מַמְאֶרֶת | הִוא | בַּבַּיִת | טָמֵא | הוּא׃ |
| અને-આવશે | યાજક | અને-જોશે | અને-જો | ફેલાયો-છે | ચેપ | ઘર-માં | કોઢ | ઘાતક | તે-છે | ઘર-માં | અશુદ્ધ | તે-છે |
| H0935 | H3548 | H7200 | H2009 | H6581 | H5061 | | H6883 | H3992 | H1931 | | H2931 | H1931 |

તો યાજકે ફરીથી આવીને ઘરની તપાસ કરવી અને તેને ખબર પડે કે ફૂગ પ્રસરી છે તો તે જલદી પ્રસરે તેવો ચેપ છે અને તે ઘર અશુદ્ધ છે.

45
וְנָתַץ અને-તોડશે H5422
אֶת־ તે H0853
הַבַּיִת ઘર
אֶת־ તે H0853
אֲבָנָיו તેનાં-પત્થરો H0068
וְאֶת־ અને-તે H0853
עֵצָיו તેનાં-લાકડાં H6086
וְאֵת અને-તે H0853
כָּל־ બધી H3605
עֲפַר માટી H6083
הַבָּיִת ઘરની
וְהוֹצִיא અને-લઈ-જશે H3318
אֶל־ પાસે H0413
מִחוּץ બહાર H2351
לָעִיר શહેરની
אֶל־ પાસે H0413
מָקוֹם જગ્યાએ H4725
טָמֵא: અશુદ્ધ H2931

તે ઘરને તોડી પાડવું. એ ઘરના પથ્થરો, લાકડાં અને ગારો બધું શહેરની બહાર કોઈ અશુદ્ધ જગ્યાએ લઈ જવું.

46
וְהַבָּא અને-જે H0935
אֶל־ પાસે H0413
הַבַּיִת ઘરમાં
כָּל־ બધા H3605
יְמֵי દિવસો H3117
הִסְגִּיר બંધ-કરેલું-છે H5462
אֹתוֹ તેને H0853
יִטְמָא અશુદ્ધ-રહેશે
עַד־ સુધી H5704
הָעָרֶב: સાંજના H6153

એ ઘર બંધ રહ્યુ હોય તે દરમિયાન કોઈ ઘરમાં પ્રવેશે તો તે સાંજ સુધી અશુદ્ધ ગણાય.

47
וְהַשֹּׁכֵב અને-જે-સૂએ H7901
בַּבַּיִת ઘર-માં
יְכַבֵּס ધોશે H3526
אֶת־ તે H0853
בְּגָדָיו તેનાં-વસ્ત્રો
וְהָאֹכֵל અને-જે-ખાય H0398
בַּבַּיִת ઘર-માં
יְכַבֵּס ધોશે H3526
אֶת־ તે H0853
בְּגָדָיו: તેનાં-વસ્ત્રો

જે કોઈ વ્યક્તિ તે ઘરમાં સૂઈ જાય અથવા જમે તો તેણે પોતાના વસ્ત્રો ધોઈ નાખવાં.

48
וְאִם־ અને-જો
בֹּא આવે-આવે H0935
יָבֹא આવશે H0935
הַכֹּהֵן યાજક H3548
וְרָאָה અને-જોશે H7200
וְהִנֵּה અને-જો H2009
לֹא־ નથી H3808
פָשָׂה ફેલાયો H6581
הַנֶּגַע ચેપ H5061
בַּבַּיִת ઘર-માં
אַחֲרֵי પછી
הִטֹּחַ લેપ-કર્યા-પછી
אֶת־ તે H0853
הַבָּיִת ઘરને
וְטִהַר તો-શુદ્ધ-ઠરાવશે H2891
הַכֹּהֵן યાજક H3548
אֶת־ તે H0853
הַבַּיִת ઘરને
כִּי કારણ-કે
נִרְפָּא સાજો-થયો-છે H7495
הַנָּגַע: ચેપ H5061

પરંતુ યાજક ઘરમાં જઈને તપાસે અને જો તેને ખબર પડે કે નવેસરથી ચણતર કર્યા પછી ફૂગ ફેલાયેલી નથી, તો તે ઘરને તે શુદ્ધ જાહેર કરે કે હવે ફૂગનો ચેપ ઘરમાં નથી.

49
וְלָקַח અને-લેશે H3947
לְחַטֵּא પાપ-શુદ્ધિ-કરવા H2398
אֶת־ તે H0853
הַבַּיִת ઘરને
שְׁתֵּי બે H8147
צִפֳּרִים પંખીઓ H6833
וְעֵץ અને-લાકડું H6086
אֶרֶז દેવદારનું H0730
וּשְׁנִי અને-કિરમજીનો H8144
תוֹלַעַת કીડો
וְאֵזֹב: અને-જૂફો H0231

પછી ઘરની શુદ્ધિ માટે યાજક બે નાનાં પક્ષીઓ, દેવદારનું લાકડું, લાલ રંગના કાપડનો ટુકડો અને ઝુફો લે.

50
וְשָׁחַט અને-કાપશે
אֶת־ તે H0853
הַצִּפֹּר પંખી H6833
הָאֶחָת એકને H0259
אֶל־ પાસે H0413
כְּלִי־ માટીના-વાસણમાં H3627
חֶרֶשׂ માટીના H2789
עַל־ પર
מַיִם પાણી H4325
חַיִּים: વહેતાં

એક પક્ષીને તેણે ઝરાના વહેતા પાણી ઉપર માટલી ઉપર કાપવું.

51
וְלָקַח અને-લેશે H3947
אֶת־ તે H0853
עֵץ־ લાકડું H6086
הָאֶרֶז દેવદારનું H0730
וְאֶת־ અને-તે H0853
הָאֵזֹב જૂફો H0231
וְאֵת અને-તે H0853
שְׁנִי કિરમજીનો H8144
הַתּוֹלַעַת કીડો
וְאֵת અને-તે H0853
הַצִּפֹּר પંખી H6833
הַחַיָּה જીવતું
וְטָבַל અને-બોળશે H2881
אֹתָם તેમને H0853
בְּדַם લોહી-માં H1818
הַצִּפֹּר પંખીન□ H6833
הַשְּׁחוּטָה કાપેલાન□
וּבַמַּיִם અને-પાણીમાં H4325
הַחַיִּים વહેતાં
וְהִזָּה અને-છાંટશે
אֶל־ પાસે H0413
הַבַּיִת ઘરને
שֶׁבַע સાત H7651
פְּעָמִים: વાર H6471

તેણે દેવદારનું લાકડું, ઝુફો અને કિરમજી રંગનું કાપડ લઈ જીવતા પક્ષી સાથે ચઢાવેલા પક્ષીના રક્તમાં તથા ઝરાના વહેતાં પાણીમાં બોળવા અને સાત વખત ઘર ઉપર છંટકાવ કરવો.

52

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְחִטֵּ֣א | אֶת־ | הַבַּ֔יִת | בְּדַם֙ | הַצִּפּ֔וֹר | וּבַמַּ֖יִם | הַחַיִּ֑ים | וּבַצִּפֹּ֣ר | הַחַיָּ֔ה | וּבְעֵ֥ץ |
| અને-પાપ-શુદ્ધિ-કરશે | તે | ઘરને | લોહી-માં | પંખીના | અને-પાણીમાં | વહેતાં | અને-પંખી | જીવતાં | અને-લાકડાના |
| H2398 | H0853 | | H1818 | H6833 | H4325 | | H6833 | | H6086 |
| הָאֶ֛רֶז | וּבָאֵזֹ֖ב | וּבִשְׁנִ֥י | הַתּוֹלָֽעַת׃ | | | | | | |
| દેવદારના | અને-જૂફાના | અને-કિરમજીના | કીડાન | | | | | | |
| H0730 | H0231 | H8144 | | | | | | | |

આ પ્રમાણે તેણે પક્ષીનું રક્ત, ઝરાનું પાણી, જીવતું પક્ષી, દેવદારનું લાકડું, ઝુફો અને કિરમજી કાપડ, તેનાથી ઘરની શુદ્ધિ કરવી.

53

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְשִׁלַּ֞ח | אֶת־ | הַצִּפֹּ֧ר | הַחַיָּ֛ה | אֶל־ | מִח֥וּץ | לָעִ֖יר | אֶל־ | פְּנֵ֣י | הַשָּׂדֶ֑ה |
| અને-છોડશે | તે | પંખી | જીવતું | પાસે | બહાર | શહેરની | પાસે | સતહને | ખેતરના |
| H7971 | H0853 | H6833 | | H0413 | H2351 | | H0413 | H6440 | |
| וְכִפֶּ֥ר | עַל־ | הַבַּ֖יִת | וְטָהֵֽר׃ | | | | | | |
| અને-પ્રાયશ્ચિત્ત-કરશે | પર | ઘરને | અને-શુદ્ધ-થશે | | | | | | |
| | | | H2891 | | | | | | |

પણ યાજકે શહેરની બહાર ખુલ્લાં મેદાનમાં બીજા પક્ષીને છોડી દેવું. આ રીતે યાજક ઘરને શુદ્ધ કરશે અને ઘર સાફ થશે.

54

| | | | | | |
|---|---|---|---|---|---|
| זֹ֖את | הַתּוֹרָ֑ה | לְכָל־ | נֶ֥גַע | הַצָּרַ֖עַת | וְלַנָּֽתֶק׃ |
| આ | નિયમ-છે | બધા-પ્રકારના | ચેપ | કોઢન | અને-ખરજવાના |
| H2063 | H8451 | H3605 | H5061 | H6883 | H5424 |

બધી જ જાતના કુષ્ટ રોગ, એટલે સોજા, ચાંદાં, ગૂમડાં માટે,

55

| | | |
|---|---|---|
| וּלְצָ֥רַעַת | הַבֶּ֖גֶד | וְלַבָּֽיִת׃ |
| અને-કોઢન | વસ્ત્રના | અને-ઘરન |
| H6883 | | |

વસ્ત્રના તથા ઘરના કુષ્ટ રોગને માટે,

56

| | | |
|---|---|---|
| וְלַשְׂאֵ֥ת | וְלַסַּפַּ֖חַת | וְלַבֶּהָֽרֶת׃ |
| અને-સોજાન | અને-ખરજવાન | અને-ચળકતાં-ડાઘન |
| H7613 | H5597 | H0934 |

કોઈની ચામડીના સોજામાં કે દાઝવાથી થયેલા ઘામાં કે ચાંદાને માટે,

57

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לְהוֹרֹ֕ת | בְּי֥וֹם | הַטָּמֵ֖א | וּבְי֣וֹם | הַטָּהֹ֑ר | זֹ֥את | תּוֹרַ֖ת | הַצָּרָֽעַת׃ | ס |
| શીખવવા | દિવસે | અશુદ્ધના | અને-દિવસે | શુદ્ધન | આ | નિયમ-છે | કોઢન | — |
| | H3117 | H2931 | H3117 | H2889 | H2063 | H8451 | H6883 | |

કુષ્ટ રોગની બાબતમાં કોઈ અશુદ્ધ ક્યારે કહેવાય અને શુદ્ધ ક્યારે કહેવાય, તે શીખવવા માટે એ નિયમ છે."

## Chapter 15

1

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיְדַבֵּ֣ר | יְהוָ֔ה | אֶל־ | מֹשֶׁ֥ה | וְאֶֽל־ | אַהֲרֹ֖ן | לֵאמֹֽר׃ |
| અને-બોલ્યા | યહોવા | — | મૂસાને | અને | હારૂનને | કહેતાં |
| H1696 | H3068 | H0413 | H4872 | H0413 | H0175 | H0559 |

યહોવાહે મૂસા તથા હારુનને કહ્યું,

2

| | | |
|---|---|---|
| דַּבְּרוּ | કહો | H1696 |
| אֶל־ | — | H0413 |
| בְּנֵי | પુત્રોને | |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| וַאֲמַרְתֶּם | અને-કહો | H0559 |
| אֲלֵהֶם | તેમને | H0413 |
| אִישׁ | કોઈ-પણ | H0376 |
| אִישׁ | માણસ | H0376 |
| כִּי | જ્યારે | |
| יִהְיֶה | થાય | H1961 |
| זָב | સ્રાવવાળો | H2100 |
| מִבְּשָׂרוֹ | તેના-શરીરમાંથી | H1320 |
| זוֹבוֹ | તેનો-સ્રાવ | H2101 |
| טָמֵא | અશુદ્ધ | H2931 |
| הוּא׃ | છે | H1931 |

“ઇઝરાયલી લોકોને એમ કહે કે, ‘જ્યારે કોઈ માણસને તેના શરીરમાં સ્રાવનો રોગ હોય, ત્યારે તે માણસ અશુદ્ધ ગણાય.

3

| | | |
|---|---|---|
| וְזֹאת | અને-આ | H2063 |
| תִּהְיֶה | થશે | H1961 |
| טֻמְאָתוֹ | તેની-અશુદ્ધતા | H2932 |
| בְּזוֹבוֹ | તેના-સ્રાવમાં | H2101 |
| רָר | વહેતું-રહે | H7325 |
| בְּשָׂרוֹ | તેનું-શરીર | H1320 |
| אֶת־ | — | H0853 |
| זוֹבוֹ | તેનો-સ્રાવ | H2101 |
| אוֹ־ | અથવા | |
| הֶחְתִּים | બંધ-થયો-હોય | H2856 |
| בְּשָׂרוֹ | તેનું-શરીર | H1320 |
| מִזּוֹבוֹ | સ્રાવથી | H2101 |
| טֻמְאָתוֹ | તેની-અશુદ્ધતા | H2932 |
| הִוא׃ | છે | H1931 |

તેના સ્રાવમાં તેની અશુદ્ધતા આ પ્રમાણે ગણાય. તેના સ્રાવ સાથે તેનું માંસ વહેતું હોય અથવા તેના સ્રાવમાંથી તેનું માંસ વહેતું બંધ પડે, તો તે અશુદ્ધ ગણાય.

4

| | | |
|---|---|---|
| כָּל־ | દરેક | H3605 |
| הַמִּשְׁכָּב | પથારી | H4904 |
| אֲשֶׁר | જેના-પર | |
| יִשְׁכַּב | સૂએ | H7901 |
| עָלָיו | — | |
| הַזָּב | સ્રાવવાળો | H2100 |
| יִטְמָא | અશુદ્ધ-થશે | |
| וְכָל־ | અને-દરેક | H3605 |
| הַכְּלִי | વસ્તુ | H3627 |
| אֲשֶׁר־ | જેના-પર | |
| יֵשֵׁב | બેસે | H3427 |
| עָלָיו | — | |
| יִטְמָא׃ | અશુદ્ધ-થશે | |

સ્રાવવાળો માણસ જે પથારીમાં સૂએ અને જે કોઈ વસ્તુ પર તે બેસે તે પણ અશુદ્ધ ગણાય.

5

| | | |
|---|---|---|
| וְאִישׁ | અને-જે-માણસ | H0376 |
| אֲשֶׁר | — | |
| יִגַּע | અડકે | H5060 |
| בְּמִשְׁכָּבוֹ | તેની-પથારીને | H4904 |
| יְכַבֵּס | ધોશે | H3526 |
| בְּגָדָיו | તેનાં-વસ્ત્રો | |
| וְרָחַץ | અને-સ્નાન-કરશે | H7364 |
| בַּמַּיִם | પાણીમાં | H4325 |
| וְטָמֵא | અને-અશુદ્ધ-રહેશે | |
| עַד־ | — | H5704 |
| הָעָרֶב׃ | સાંજ-સુધી | H6153 |

જે કોઈ વ્યક્તિ તે માણસની પથારીનો સ્પર્શ કરે તેણે પોતાના વસ્ત્રો ધોઈ નાખવાં તથા તેણે પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુદ્ધ ગણાય.

6

| | | |
|---|---|---|
| וְהַיֹּשֵׁב | અને-જે-બેસે | H3427 |
| עַל־ | — | |
| הַכְּלִי | વસ્તુ-પર | H3627 |
| אֲשֶׁר־ | જેના-પર | |
| יֵשֵׁב | બેઠો-હોય | H3427 |
| עָלָיו | — | |
| הַזָּב | સ્રાવવાળો | H2100 |
| יְכַבֵּס | ધોશે | H3526 |
| בְּגָדָיו | તેનાં-વસ્ત્રો | |
| וְרָחַץ | અને-સ્નાન-કરશે | H7364 |
| בַּמַּיִם | પાણીમાં | H4325 |
| וְטָמֵא | અને-અશુદ્ધ-રહેશે | |
| עַד־ | — | H5704 |
| הָעָרֶב׃ | સાંજ-સુધી | H6153 |

જે વસ્તુ પર સ્રાવવાળો બેઠો હોય તે પર જે કોઈ બેસે, તે વ્યક્તિએ પોતાના વસ્ત્રો ધોઈ નાખવાં તથા તેણે સ્નાન કરવું અને તે સાંજ સુધી અશુદ્ધ ગણાય.

7

| | | |
|---|---|---|
| וְהַנֹּגֵעַ | અને-જે-અડકે | H5060 |
| בִּבְשַׂר | શરીરને | H1320 |
| הַזָּב | સ્રાવવાળાના | H2100 |
| יְכַבֵּס | ધોશે | H3526 |
| בְּגָדָיו | તેનાં-વસ્ત્રો | |
| וְרָחַץ | અને-સ્નાન-કરશે | H7364 |
| בַּמַּיִם | પાણીમાં | H4325 |
| וְטָמֵא | અને-અશુદ્ધ-રહેશે | |
| עַד־ | — | H5704 |
| הָעָרֶב׃ | સાંજ-સુધી | H6153 |

અને સ્રાવવાળા પુરુષના શરીરનો જે કોઈ સ્પર્શ કરે તો તેણે પોતાના વસ્ત્રો ધોઈ નાખવાં તથા તેણે પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુદ્ધ ગણાય.

8

| | | |
|---|---|---|
| וְכִי־ | અને-જો | |
| יָרֹק | થૂકે | H7556 |
| הַזָּב | સ્રાવવાળો | H2100 |
| בַּטָּהוֹר | શુદ્ધ-વ્યક્તિ-પર | H2889 |
| וְכִבֶּס | તો-ધોશે | H3526 |
| בְּגָדָיו | તેનાં-વસ્ત્રો | |
| וְרָחַץ | અને-સ્નાન-કરશે | H7364 |
| בַּמַּיִם | પાણીમાં | H4325 |
| וְטָמֵא | અને-અશુદ્ધ-રહેશે | |
| עַד־ | — | H5704 |
| הָעָרֶב׃ | સાંજ-સુધી | H6153 |

જો સ્રાવવાળો માણસ કોઈ સ્વચ્છ માણસ પર થૂંકે, તો તે માણસે પોતાના વસ્ત્રો ધોઈ નાખવાં તથા તેણે પાણીથી સ્નાન કરવું અને તે સાંજ સુધી અશુદ્ધ ગણાય.

9

| | | |
|---|---|---|
| וְכָל־ | અને-દરેક | H3605 |
| הַמֶּרְכָּב | સવારી | H4817 |
| אֲשֶׁר | જેના-પર | |
| יִרְכַּב | સવારી-કરે | H7392 |
| עָלָיו | — | |
| הַזָּב | સ્રાવવાળો | H2100 |
| יִטְמָא׃ | અશુદ્ધ-થશે | |

સ્રાવવાળો માણસ જે જીન પર બેસીને સવારી કરે તે પણ અશુદ્ધ ગણાય.

10

| | | |
|---|---|---|
| וְכָל־ | અને-દરેક | H3605 |
| הַנֹּגֵעַ | જે-અડકે | H5060 |
| בְּכֹל | કોઈ-પણ | H3605 |
| אֲשֶׁר | વસ્તુને-જે | |
| יִהְיֶה | હોય | H1961 |
| תַחְתָּיו | તેની-નીચે | H8478 |
| יִטְמָא | અશુદ્ધ-થશે | |
| עַד־ | — | H5704 |
| הָעָרֶב | સાંજ-સુધી | H6153 |
| וְהַנּוֹשֵׂא | અને-જે-ઊંચકે | H5375 |
| אוֹתָם | તેમને | H0853 |
| יְכַבֵּס | ધોશે | H3526 |
| בְּגָדָיו | તેનાં-વસ્ત્રો | |
| וְרָחַץ | અને-સ્નાન-કરશે | H7364 |
| בַּמַּיִם | પાણીમાં | H4325 |
| וְטָמֵא | અને-અશુદ્ધ-રહેશે | |
| עַד־ | — | H5704 |
| הָעָרֶב׃ | સાંજ-સુધી | H6153 |

જે કંઈ પણ તેની નીચે આવેલું હોય, તેને સ્પર્શ કરનાર વ્યક્તિ સાંજ સુધી અશુદ્ધ ગણાય; જે કોઈ તે વસ્તુને ઉપાડે તેણે પોતાના વસ્ત્રો ધોઈ નાખવાં અને પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુદ્ધ ગણાય.

11

| | | |
|---|---|---|
| וְכֹל | અને-દરેકને | H3605 |
| אֲשֶׁר | જેને | |
| יִגַּע־ | અડકે | H5060 |
| בּוֹ | — | |
| הַזָּב | સ્રાવવાળો | H2100 |
| וְיָדָיו | અને-તેના-હાથ | H3027 |
| לֹא־ | નહિ | H3808 |
| שָׁטַף | ધોયેલા-હોય | H7857 |
| בַּמָּיִם | પાણીમાં | H4325 |
| וְכִבֶּס | તો-ધોશે | H3526 |
| בְּגָדָיו | તેનાં-વસ્ત્રો | |
| וְרָחַץ | અને-સ્નાન-કરશે | H7364 |
| בַּמַּיִם | પાણીમાં | H4325 |
| וְטָמֵא | અને-અશુદ્ધ-રહેશે | |
| עַד־ | — | H5704 |
| הָעָרֶב׃ | સાંજ-સુધી | H6153 |

સ્રાવવાળો માણસ પોતાના હાથ ધોયા વિના જો કોઈ વ્યક્તિને સ્પર્શ કરે તો તેણે પોતાના વસ્ત્રો ધોઈ નાખવા, પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુદ્ધ ગણાય.

12

| | | |
|---|---|---|
| וּכְלִי־ | અને-માટીનું-વાસણ | H3627 |
| חֶרֶשׂ | — | H2789 |
| אֲשֶׁר־ | જેને | |
| יִגַּע־ | અડકે | H5060 |
| בּוֹ | — | |
| הַזָּב | સ્રાવવાળો | H2100 |
| יִשָּׁבֵר | તોડી-નાખવામાં-આવશે | H7665 |
| וְכָל־ | અને-દરેક | H3605 |
| כְּלִי־ | લાકડાનું-વાસણ | H3627 |
| עֵץ | — | H6086 |
| יִשָּׁטֵף | ધોવામાં-આવશે | H7857 |
| בַּמָּיִם׃ | પાણીમાં | H4325 |

અશુદ્ધ વ્યક્તિ માટીના વાસણને સ્પર્શ કરે તો તે વાસણને ફોડી નાખવું અને લાકડાના પ્રત્યેક વાસણને પાણીમાં ધોઈ નાખવું.

13

| | | |
|---|---|---|
| וְכִי־ | અને-જ્યારે | |
| יִטְהַר | શુદ્ધ-થાય | H2891 |
| הַזָּב | સ્રાવવાળો | H2100 |
| מִזּוֹבוֹ | તેના-સ્રાવથી | H2101 |
| וְסָפַר | તો-ગણશે | |
| לוֹ | તે | |
| שִׁבְעַת | સાત | H7651 |
| יָמִים | દિવસ | H3117 |
| לְטָהֳרָתוֹ | તેની-શુદ્ધિ-માટે | H2893 |
| וְכִבֶּס | અને-ધોશે | H3526 |
| בְּגָדָיו | તેનાં-વસ્ત્રો | |
| וְרָחַץ | અને-સ્નાન-કરશે | H7364 |
| בְּשָׂרוֹ | તેનું-શરીર | H1320 |
| בְּמַיִם | પાણીમાં | H4325 |
| חַיִּים | વહેતાં | |
| וְטָהֵר׃ | અને-શુદ્ધ-થશે | H2891 |

જ્યારે તે વ્યક્તિ તેના સ્રાવથી શુદ્ધ થાય ત્યારે તે પોતાના શુદ્ધિકરણ માટે સાત દિવસ ગણે અને પોતાના વસ્ત્રો ધોઈ નાખે; અને ઝરણાનાં પાણીમાં સ્નાન કરે. ત્યાર પછી તે શુદ્ધ ગણાશે.

14

| | | |
|---|---|---|
| וּבַיּוֹם | અને-આઠમા | H3117 |
| הַשְּׁמִינִי | દિવસે | H8066 |
| יִקַּח־ | લેશે | H3947 |
| לוֹ | તે | |
| שְׁתֵּי | બે | H8147 |
| תֹרִים | હોલાં | H8449 |
| אוֹ | અથવા | |
| שְׁנֵי | બે | H8147 |
| בְּנֵי | બચ્ચાં | |
| יוֹנָה | કબૂતરનાં | H3123 |
| וּבָא | અને-આવશે | H0935 |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| יְהוָה | યહોવાના | H3068 |
| אֶל־ | — | H0413 |
| פֶּתַח | દ્વારે | H6607 |
| אֹהֶל | મુલાકાતના | H0168 |
| מוֹעֵד | મંડપના | H4150 |
| וּנְתָנָם | અને-આપશે-તેમને | H5414 |
| אֶל־ | — | H0413 |
| הַכֹּהֵן׃ | યાજકને | H3548 |

તે માણસે આઠમે દિવસે બે હોલા અથવા કબૂતરનાં બે બચ્ચાં લાવીને મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ યહોવાહ સમક્ષ આવીને યાજકને આપવા.

15

| | | |
|---|---|---|
| וְעָשָׂה | અને-ચઢાવશે | |
| אֹתָם | તેમને | H0853 |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| אֶחָד | એક | H0259 |
| חַטָּאת | પાપાર્થ-અર્પણ-તરીકે | |
| וְהָאֶחָד | અને-બીજું | H0259 |
| עֹלָה | દહનાર્પણ-તરીકે | |
| וְכִפֶּר | અને-પ્રાયશ્ચિત-કરશે | |
| עָלָיו | તેના-માટે | |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| יְהוָה | યહોવાના | H3068 |
| מִזּוֹבוֹ׃ | તેના-સ્રાવથી | H2101 |
| ס | — | |

યાજક તેઓમાંના એકને પાપાર્થાર્પણને માટે અને બીજાને દહનીયાર્પણને માટે અર્પણ કરીને સ્રાવવાળા માણસની શુદ્ધિ માટે યહોવાહ સમક્ષ પ્રાયશ્ચિત કરે.

16

| | | |
|---|---|---|
| וְאִישׁ | અને-માણસ | H0376 |
| כִּי־ | જ્યારે | |
| תֵצֵא | નીકળે | H3318 |
| מִמֶּנּוּ | તેનાંથી | |
| שִׁכְבַת־ | વીર્ય | H7902 |
| זָרַע | — | H2233 |
| וְרָחַץ | તો-સ્નાન-કરશે | H7364 |
| בַּמַּיִם | પાણીમાં | H4325 |
| אֶת־ | — | H0853 |
| כָּל־ | આખા | H3605 |
| בְּשָׂרוֹ | શરીરનું | H1320 |
| וְטָמֵא | અને-અશુદ્ધ-રહેશે | |
| עַד־ | — | H5704 |
| הָעָרֶב׃ | સાંજ-સુધી | H6153 |

જો કોઈ પુરુષને વીર્યસ્રાવ થાય, તો તેણે પાણીથી સ્નાન કરવું; સાંજ સુધી તે અશુદ્ધ ગણાય.

17

| | | |
|---|---|---|
| וְכָל־ | અને-દરેક | H3605 |
| בֶּגֶד | વસ્ત્ર | |
| וְכָל־ | અને-દરેક | H3605 |
| עוֹר | ચામડું | H5785 |
| אֲשֶׁר־ | જેના-પર | |
| יִהְיֶה | હોય | H1961 |
| עָלָיו | — | |
| שִׁכְבַת־ | વીર્ય | H7902 |
| זָרַע | — | H2233 |
| וְכֻבַּס | ધોવામાં-આવશે | H3526 |
| בַּמַּיִם | પાણીમાં | H4325 |
| וְטָמֵא | અને-અશુદ્ધ-રહેશે | |
| עַד־ | — | H5704 |
| הָעָרֶב׃ | સાંજ-સુધી | H6153 |
| פ | — | |

જે પ્રત્યેક વસ્ત્ર કે ચામડા પર વીર્ય પડ્યું હોય તેને પાણીથી ધોઈ નાખવું. સાંજ સુધી તે અશુદ્ધ ગણાય.

18

| | | |
|---|---|---|
| וְאִשָּׁה | અને-સ્ત્રી | H0802 |
| אֲשֶׁר | જેની-સાથે | |
| יִשְׁכַּב | સૂએ | H7901 |
| אִישׁ | પુરુષ | H0376 |
| אֹתָהּ | — | H0853 |
| שִׁכְבַת־ | વીર્ય-સાથે | H7902 |
| זָרַע | — | H2233 |
| וְרָחֲצוּ | તો-સ્નાન-કરશે-બંને | H7364 |
| בַמַּיִם | પાણીમાં | H4325 |
| וְטָמְאוּ | અને-અશુદ્ધ-રહેશે | |
| עַד־ | — | H5704 |
| הָעָרֶב׃ | સાંજ-સુધી | H6153 |

અને જો કોઈ સ્ત્રીપુરુષનો સંયોગ થયો હોય અને પુરુષને વીર્યસ્રાવ થયો હોય તો તે બન્નેએ પાણીથી સ્નાન કરવું; તેઓ સાંજ સુધી અશુદ્ધ ગણાય.

19

| | | |
|---|---|---|
| וְאִשָּׁה | અને-સ્ત્રી | H0802 |
| כִּי־ | જ્યારે | |
| תִהְיֶה | હોય | H1961 |
| זָבָה | સ્રાવવાળી | H2101 |
| דָּם | લોહી | H1818 |
| יִהְיֶה | હોય | H1961 |
| זֹבָהּ | તેનો-સ્રાવ | H2100 |
| בִּבְשָׂרָהּ | તેના-શરીરમાં | H1320 |
| שִׁבְעַת | સાત | H7651 |
| יָמִים | દિવસ | H3117 |
| תִּהְיֶה | રહેશે | H1961 |
| בְנִדָּתָהּ | તેની-અશુદ્ધતામાં | H5079 |
| וְכָל־ | અને-દરેક | H3605 |
| הַנֹּגֵעַ | જે-અડકે | H5060 |
| בָּהּ | તેને | |
| יִטְמָא | અશુદ્ધ-થશે | |
| עַד־ | — | H5704 |
| הָעָרֶב׃ | સાંજ-સુધી | H6153 |

જો કે સ્ત્રીને માસિકસ્રાવ થયો હોય તો તે સાત દિવસ સુધી અશુદ્ધ ગણાય અને તે દિવસો દરમ્યાન જે કોઈ તેને સ્પર્શ કરે તે સાંજ સુધી અશુદ્ધ ગણાય.

20

| | | |
|---|---|---|
| וְכֹל | અને-દરેક | H3605 |
| אֲשֶׁר | જેના-પર | |
| תִּשְׁכַּב | સૂએ | H7901 |
| עָלָיו | — | |
| בְּנִדָּתָהּ | તેની-અશુદ્ધતામાં | H5079 |
| יִטְמָא | અશુદ્ધ-થશે | |
| וְכֹל | અને-દરેક | H3605 |
| אֲשֶׁר־ | જેના-પર | |
| תֵּשֵׁב | બેસે | H3427 |
| עָלָיו | — | |
| יִטְמָא׃ | અશુદ્ધ-થશે | |

તે અશુદ્ધ હોય ત્યારે તે જેના પર સૂતી હોય કે બેઠી હોય તે પણ અશુદ્ધ ગણાય.

21

| | | |
|---|---|---|
| וְכָל־ | અને-દરેક | H3605 |
| הַנֹּגֵעַ | જે-અડકે | H5060 |
| בְּמִשְׁכָּבָהּ | તેની-પથારીને | H4904 |
| יְכַבֵּס | ધોશે | H3526 |
| בְּגָדָיו | તેનાં-વસ્ત્રો | |
| וְרָחַץ | અને-સ્નાન-કરશે | H7364 |
| בַּמַּיִם | પાણીમાં | H4325 |
| וְטָמֵא | અને-અશુદ્ધ-રહેશે | |
| עַד־ | — | H5704 |
| הָעָרֶב׃ | સાંજ-સુધી | H6153 |

જે કોઈ માણસ તેની પથારીને સ્પર્શ કરે તેણે પોતાના વસ્ત્રો ધોઈ નાખવાં અને પાણીથી સ્નાન કરવું; તે માણસ સાંજ સુધી અશુદ્ધ ગણાય.

22

| | | |
|---|---|---|
| וְכָל־ | અને-દરેક | H3605 |
| הַנֹּגֵעַ | જે-અડકે | H5060 |
| בְּכָל־ | કોઈ-પણ | H3605 |
| כְּלִי | વસ્તુને | H3627 |
| אֲשֶׁר־ | જેના-પર | |
| תֵּשֵׁב | બેઠી-હોય | H3427 |
| עָלָיו | — | |
| יְכַבֵּס | ધોશે | H3526 |
| בְּגָדָיו | તેનાં-વસ્ત્રો | |
| וְרָחַץ | અને-સ્નાન-કરશે | H7364 |
| בַּמַּיִם | પાણીમાં | H4325 |
| וְטָמֵא | અને-અશુદ્ધ-રહેશે | |
| עַד־ | — | H5704 |
| הָעָרֶב׃ | સાંજ-સુધી | H6153 |

તે સ્ત્રી જેના પર બેઠી હોય તેને જો કોઈ સ્પર્શ કરે તો તેણે પોતાના વસ્ત્રો ધોઈ નાખવાં, પાણીથી સ્નાન કરવું; તે વ્યક્તિ સાંજ સુધી અશુદ્ધ ગણાય.

23

| | | |
|---|---|---|
| וְאִם | અને-જો | |
| עַל־ | — | |
| הַמִּשְׁכָּב | પથારી-પર | H4904 |
| הוּא | તે | H1931 |
| אוֹ | અથવા | |
| עַל־ | — | |
| הַכְּלִי | વસ્તુ-પર | H3627 |
| אֲשֶׁר־ | જેના-પર | |
| הִוא | તે | H1931 |
| יֹשֶׁבֶת־ | બેઠી-હોય | H3427 |
| עָלָיו | — | |
| בְּנָגְעוֹ־ | તેને-અડકવાથી | H5060 |
| בוֹ | — | |
| יִטְמָא | અશુદ્ધ-થશે | |
| עַד־ | — | H5704 |
| הָעָרֶב׃ | સાંજ-સુધી | H6153 |

તે સ્ત્રી જેના પર બેઠી હોય તે આસન અથવા પથારી પરની કોઈ વસ્તુને જો કોઈ સ્પર્શે તો તે પોતાના વસ્ત્રો ધોઈ નાખે અને સ્નાન કરે. તે માણસ સાંજ સુધી અશુદ્ધ ગણાય.

24

| | | |
|---|---|---|
| וְאִם | અને-જો | |
| שָׁכֹב | ખરેખર | H7901 |
| יִשְׁכַּב | સૂએ | H7901 |
| אִישׁ | પુરુષ | H0376 |
| אֹתָהּ | તેની-સાથે | H0853 |
| וּתְהִי | અને-આવે | H1961 |
| נִדָּתָהּ | તેની-અશુદ્ધતા | H5079 |
| עָלָיו | તેના-પર | |
| וְטָמֵא | તો-અશુદ્ધ-રહેશે | |
| שִׁבְעַת | સાત | H7651 |
| יָמִים | દિવસ | H3117 |
| וְכָל־ | અને-દરેક | H3605 |
| הַמִּשְׁכָּב | પથારી | H4904 |
| אֲשֶׁר־ | જેના-પર | |
| יִשְׁכַּב | સૂએ | H7901 |
| עָלָיו | — | |
| יִטְמָא׃ | અશુદ્ધ-થશે | |
| פ | — | |

અને જો કોઈ પુરુષ તેની સાથે શારીરિક સંબંધ કરે અને જો તેની અશુદ્ધતા તેને લાગે તો તે સાત દિવસ સુધી અશુદ્ધ ગણાય. તે જે પથારીમાં સૂએ તે પણ અશુદ્ધ ગણાય.

25

| | | |
|---|---|---|
| וְאִשָּׁה | અને-સ્ત્રી | H0802 |
| כִּי־ | જ્યારે | |
| יָזוּב | વહે | H2100 |
| זוֹב | સ્રાવ | H2101 |
| דָּמָהּ | તેના-લોહીનો | H1818 |
| יָמִים | દિવસો | H3117 |
| רַבִּים | ઘણા | |
| בְּלֹא | વિના | H3808 |
| עֶת־ | સમય | H6256 |
| נִדָּתָהּ | તેની-અશુદ્ધતાના | H5079 |
| אוֹ | અથવા | |
| כִי־ | જ્યારે | |
| תָזוּב | વહે | H2100 |
| עַל־ | — | |
| נִדָּתָהּ | તેની-અશુદ્ધતા-પછી | H5079 |
| כָּל־ | બધા | H3605 |
| יְמֵי | દિવસો | H3117 |
| זוֹב | સ્રાવના | H2101 |
| טֻמְאָתָהּ | તેની-અશુદ્ધતાના | H2932 |
| כִּימֵי | જેમ | H3117 |
| נִדָּתָהּ | તેની-અશુદ્ધતાના-દિવસો | H5079 |
| תִּהְיֶה | રહેશે | H1961 |
| טְמֵאָה | અશુદ્ધ | H2931 |
| הִוא׃ | તે | H1931 |

જો કોઈ સ્ત્રીને ઋતુકાળ સિવાય ઘણા દિવસો સુધી રક્તસ્રાવ થાય અથવા તેના ઋતુકાળ ઉપરાંત લાંબા સમય સુધી તેનો સ્રાવ ચાલુ રહે, તો તેના સ્રાવના સર્વ દિવસો સુધી તે ઋતુકાળની જેમ અશુદ્ધ ગણાય.

26

| | | |
|---|---|---|
| כָּל־ | દરેક | H3605 |
| הַמִּשְׁכָּב | પથારી | H4904 |
| אֲשֶׁר־ | જેના-પર | |
| תִּשְׁכַּב | સૂએ | H7901 |
| עָלָיו | — | |
| כָּל־ | બધા | H3605 |
| יְמֵי | દિવસો | H3117 |
| זוֹבָהּ | તેના-સ્રાવના | H2101 |
| כְּמִשְׁכַּב | જેમ-પથારી | H4904 |
| נִדָּתָהּ | તેની-અશુદ્ધતાની | H5079 |
| יִהְיֶה־ | થશે | H1961 |
| לָּהּ | તેના-માટે | |
| וְכָל־ | અને-દરેક | H3605 |
| הַכְּלִי | વસ્તુ | H3627 |
| אֲשֶׁר | જેના-પર | |
| תֵּשֵׁב | બેસે | H3427 |
| עָלָיו | — | |
| טָמֵא | અશુદ્ધ | H2931 |
| יִהְיֶה | થશે | H1961 |
| כְּטֻמְאַת | જેમ-અશુદ્ધતા | H2932 |
| נִדָּתָהּ׃ | તેની-અશુદ્ધતાની | H5079 |

એ સમય દરમિયાન પણ તે જે પથારીમાં સૂએ તે તેના ઋતુકાળના સામાન્ય દિવસોની જેમ અશુદ્ધ ગણાય. અને તે જયાં બેસે તે જગ્યા પણ અશુદ્ધ ગણાય.

27

| | | |
|---|---|---|
| וְכָל־ | અને-દરેક | H3605 |
| הַנּוֹגֵעַ | જે-અડકે | H5060 |
| בָּם | તેમને | |
| יִטְמָא | અશુદ્ધ-થશે | |
| וְכִבֶּס | અને-ધોશે | H3526 |
| בְּגָדָיו | તેનાં-વસ્ત્રો | |
| וְרָחַץ | અને-સ્નાન-કરશે | H7364 |
| בַּמַּיִם | પાણીમાં | H4325 |
| וְטָמֵא | અને-અશુદ્ધ-રહેશે | |
| עַד־ | — | H5704 |
| הָעָרֶב׃ | સાંજ-સુધી | H6153 |

જે કોઈ તે પથારી કે આસનને સ્પર્શ કરે તે અશુદ્ધ ગણાય. તેણે પોતાના વસ્ત્રો ધોઈ નાખવાં, પાણીથી સ્નાન કરવું અને સાંજ સુધી તે અશુદ્ધ ગણાય.

28

| | | |
|---|---|---|
| וְאִם־ | અને-જો | |
| טָהֲרָה | શુદ્ધ-થાય | H2891 |
| מִזּוֹבָהּ | તેના-સ્રાવથી | H2101 |
| וְסָפְרָה | તો-ગણશે | |
| לָּהּ | તે | |
| שִׁבְעַת | સાત | H7651 |
| יָמִים | દિવસ | H3117 |
| וְאַחַר | અને-પછી | |
| תִּטְהָר׃ | શુદ્ધ-થશે | H2891 |

પણ જો તે પોતાના સ્રાવથી શુદ્ધ થાય તો પછી તે પોતાને માટે સાત દિવસ ગણે અને ત્યારબાદ તે શુદ્ધ ગણાય.

29

| | | |
|---|---|---|
| וּבַיּוֹם | અને-આઠમા | H3117 |
| הַשְּׁמִינִי | દિવસે | H8066 |
| תִּקַּח־ | લેશે | H3947 |
| לָהּ | તે | |
| שְׁתֵּי | બે | H8147 |
| תֹרִים | હોલાં | H8449 |
| אוֹ | અથવા | |
| שְׁנֵי | બે | H8147 |
| בְּנֵי | બચ્ચાં | |
| יוֹנָה | કબૂતરનાં | H3123 |
| וְהֵבִיאָה | અને-લાવશે | H0935 |
| אוֹתָם | તેમને | H0853 |
| אֶל־ | — | H0413 |
| הַכֹּהֵן | યાજક-પાસે | H3548 |
| אֶל־ | — | H0413 |
| פֶּתַח | દ્વારે | H6607 |
| אֹהֶל | મુલાકાતના | H0168 |
| מוֹעֵד׃ | મંડપના | H4150 |

આઠમે દિવસે તેણે બે હોલાં અથવા કબૂતરનાં બે બચ્ચાં લાવીને મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ યાજકને આપવાં.

30

| | | |
|---|---|---|
| וְעָשָׂה | અને-ચઢાવશે | |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| אֶת־ | — | H0853 |
| הָאֶחָד | એક | H0259 |
| חַטָּאת | પાપાર્થ-અર્પણ-તરીકે | |
| וְאֶת־ | અને | H0853 |
| הָאֶחָד | બીજું | H0259 |
| עֹלָה | દહનાર્પણ-તરીકે | |
| וְכִפֶּר | અને-પ્રાયશ્ચિત-કરશે | |
| עָלֶיהָ | તેના-માટે | |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| יְהוָה | યહોવાના | H3068 |
| מִזּוֹב | સ્રાવથી | H2101 |
| טֻמְאָתָהּ׃ | તેની-અશુદ્ધતાના | H2932 |

યાજક તેઓમાંના એકને પાપાર્થાર્પણ માટે અને બીજાને દહનીયાર્પણ માટે અર્પિત કરે અને યાજક તેના સ્રાવની અશુદ્ધતા માટે યહોવાહની સમક્ષ પ્રાયશ્ચિત કરે.

31

| | | |
|---|---|---|
| וְהִזַּרְתֶּם | અને-જુદા-રાખજો | |
| אֶת־ | — | H0853 |
| בְּנֵי־ | પુત્રોને | |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| מִטֻּמְאָתָם | તેમની-અશુદ્ધતાથી | H2932 |
| וְלֹא | જેથી-નહિ | H3808 |
| יָמֻתוּ | મરે | H4191 |
| בְּטֻמְאָתָם | તેમની-અશુદ્ધતામાં | H2932 |
| בְּטַמְּאָם | અશુદ્ધ-કરવાથી | |
| אֶת־ | — | H0853 |
| מִשְׁכָּנִי | મારું-નિવાસસ્થાન | H4908 |
| אֲשֶׁר | જે | |
| בְּתוֹכָם׃ | તેમની-વચ્ચે-છે | H8432 |

આ રીતે ઇઝરાયલના લોકોને તેઓની અશુદ્ધતાથી અલગ કરવા કે જેથી મારો જે મંડપ તેઓની મધ્યે છે, તેને અશુદ્ધ કર્યાથી તેઓ માર્યા જાય નહિ.

32

| | | |
|---|---|---|
| זֹאת | આ | H2063 |
| תּוֹרַת | નિયમ-છે | H8451 |
| הַזָּב | સ્રાવવાળાનો | H2100 |
| וַאֲשֶׁר | અને-જેનાથી | |
| תֵּצֵא | નીકળે | H3318 |
| מִמֶּנּוּ | — | |
| שִׁכְבַת־ | વીર્ય | H7902 |
| זֶרַע | — | H2233 |
| לְטָמְאָה־ | અશુદ્ધ-થવા | |
| בָהּ׃ | તેનાથી | |

જે કોઈ પુરુષને સ્રાવ હોય તો તે અશુદ્ધ છે. સ્રાવ અથવા વીર્યપાત તે પુરુષને અશુદ્ધ કરે છે.

33

| | | |
|---|---|---|
| וְהַדָּוָה | અને-અશુદ્ધતાવાળી | H1739 |
| בְּנִדָּתָהּ | તેની-અશુદ્ધતામાં | H5079 |
| וְהַזָּב | અને-સ્રાવવાળો | H2100 |
| אֶת־ | — | H0853 |
| זוֹבוֹ | તેનો-સ્રાવ | H2101 |
| לַזָּכָר | પુરુષ-માટે | H2145 |
| וְלַנְּקֵבָה | અને-સ્ત્રી-માટે | H5347 |
| וּלְאִישׁ | અને-માણસ-માટે | H0376 |
| אֲשֶׁר | જે | |
| יִשְׁכַּב | સૂએ | H7901 |
| עִם־ | — | |
| טְמֵאָה׃ | અશુદ્ધ-સાથે | H2931 |
| פ | — | |

ઋતુસ્રાવમાં સ્ત્રી અશુદ્ધ હોય છે તેવી સ્ત્રી સાથે શારીરિક સંબંધ કરનાર પુરુષ પણ અશુદ્ધ છે. શરીરના સ્રાવવાળા લોકો માટેના નિયમો ઉપર પ્રમાણે છે.'"

## Chapter 16

1

| | | |
|---|---|---|
| וַיְדַבֵּר | અને-બોલ્યા | H1696 |
| יְהוָה | યહોવા | H3068 |
| אֶל־ | — | H0413 |
| מֹשֶׁה | મૂસાને | H4872 |
| אַחֲרֵי | પછી | |
| מוֹת | મૃત્યુ | H4194 |
| שְׁנֵי | બે | H8147 |
| בְּנֵי | પુત્રોના | |
| אַהֲרֹן | હારૂનના | H0175 |
| בְּקָרְבָתָם | તેઓ-નજીક-આવ્યા-ત્યારે | H7126 |
| לִפְנֵי־ | સમક્ષ | H6440 |
| יְהוָה | યહોવાના | H3068 |
| וַיָּמֻתוּ׃ | અને-મરી-ગયા | H4191 |

હારુનના બે દીકરા જ્યારે યહોવાહની સમક્ષ ગયા ત્યારે મૃત્યુ પામ્યા અને તેઓના મૃત્યુ પછી યહોવાહે મૂસાની સાથે વાત કરી.

2

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| אֶל־ | — | H0413 |
| מֹשֶׁה | મૂસાને | H4872 |
| דַּבֵּר | કહે | H1696 |
| אֶל־ | — | H0413 |
| אַהֲרֹן | હારૂનને | H0175 |
| אָחִיךָ | તારા-ભાઈને | H0251 |
| וְאַל־ | અને-ન | H0408 |
| יָבֹא | આવે | H0935 |
| בְכָל־ | દરેક | H3605 |
| עֵת | સમયે | H6256 |
| אֶל־ | — | H0413 |
| הַקֹּדֶשׁ | પવિત્ર-સ્થાનમાં | H6944 |
| מִבֵּית | અંદર | |
| לַפָּרֹכֶת | પડદાની | H6532 |
| אֶל־ | — | H0413 |
| פְּנֵי | સામે | H6440 |
| הַכַּפֹּרֶת | દયાસનના | H3727 |
| אֲשֶׁר | જે | |
| עַל־ | — | |
| הָאָרֹן | કોશ-પર-છે | H0727 |
| וְלֹא | અને-નહિ | H3808 |
| יָמוּת | મરે | H4191 |
| כִּי | કારણ-કે | |
| בֶּעָנָן | વાદળમાં | H6051 |
| אֵרָאֶה | દેખાઉં-છું | H7200 |
| עַל־ | — | |
| הַכַּפֹּרֶת׃ | દયાસન-પર | H3727 |

પછી યહોવાહે મૂસાને કહ્યુ, "તારા ભાઈ હારુનને કહે, પરમપવિત્ર સ્થાનમાં એટલે કે તંબુના પડદાની અંદરની બાજુએ પવિત્ર કોશ પરના દયાસન સમક્ષ કોઈ પણ સમયે આવે નહિ. જો તે તેમ કરશે તો તે મૃત્યુ પામશે. કારણ કે તે દયાસન પર વાદળરૂપે હું દેખાઈશ.

3

| | | |
|---|---|---|
| בְּזֹאת | આ-રીતે | H2063 |
| יָבֹא | આવશે | H0935 |
| אַהֲרֹן | હારૂન | H0175 |
| אֶל־ | — | H0413 |
| הַקֹּדֶשׁ | પવિત્ર-સ્થાનમાં | H6944 |
| בְּפַר | વાછરડા-સાથે | H6499 |
| בֶּן־ | — | |
| בָּקָר | ગાયના | H1241 |
| לְחַטָּאת | પાપાર્થ-અર્પણ-માટે | |
| וְאַיִל | અને-ઘેટા | |
| לְעֹלָה׃ | દહનાર્પણ-માટે | |

તેથી અહીં હારુન આ રીતે પરમપવિત્ર સ્થાનમાં પ્રવેશ કરે. પાપાર્થાર્પણ માટે એક બળદ તથા દહનીયાર્પણ માટે એક ઘેટો લઈને તે પરમપવિત્ર સ્થાનમાં પ્રવેશ કરે.

4

| | | |
|---|---|---|
| כְּתֹנֶת־ | શણનો-ઝભ્ભો | H3801 |
| בַּד | — | H0906 |
| קֹדֶשׁ | પવિત્ર | H6944 |
| יִלְבָּשׁ | પહેરશે | H3847 |
| וּמִכְנְסֵי־ | અને-શણના-જાંઘિયા | H4370 |
| בַד | — | H0906 |
| יִהְיוּ | હશે | H1961 |
| עַל־ | — | |
| בְּשָׂרוֹ | તેના-શરીર-પર | H1320 |
| וּבְאַבְנֵט | અને-શણનો-કમરબંધ | H0073 |
| בַּד | — | H0906 |
| יַחְגֹּר | બાંધશે | H2296 |
| וּבְמִצְנֶפֶת | અને-શણની-પાઘડી | H4701 |
| בַּד | — | H0906 |
| יִצְנֹף | વીંટશે | H6801 |
| בִּגְדֵי־ | પવિત્ર-વસ્ત્રો | |
| קֹדֶשׁ | — | H6944 |
| הֵם | છે | H1992 |
| וְרָחַץ | અને-સ્નાન-કરશે | H7364 |
| בַּמַּיִם | પાણીમાં | H4325 |
| אֶת־ | — | H0853 |
| בְּשָׂרוֹ | તેનું-શરીર | H1320 |
| וּלְבֵשָׁם׃ | અને-પહેરશે-તેમને | H3847 |

તે શણનું પવિત્ર ઉપવસ્ત્ર અને શણની ઈજાર પહેરે. કમરે શણનો કમરપટો અને માથે શણની પાઘડી બાંધે. આ પવિત્ર વસ્ત્રો છે. એ પહેરતાં પહેલાં તેણે પાણીથી સ્નાન કરવું.

5

| | | |
|---|---|---|
| וּמֵאֵת | અને-પાસેથી | H0853 |
| עֲדַת | મંડળના | H5712 |
| בְּנֵי | પુત્રોના | |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| יִקַּח | લેશે | H3947 |
| שְׁנֵי־ | બે | H8147 |
| שְׂעִירֵי | બકરા | |
| עִזִּים | — | H5795 |
| לְחַטָּאת | પાપાર્થ-અર્પણ-માટે | |
| וְאַיִל | અને-ઘેટો | |
| אֶחָד | એક | H0259 |
| לְעֹלָה׃ | દહનાર્પણ-માટે | |

તે ઇઝરાયલી પ્રજા પાસેથી પાપાર્થાર્પણ માટે બે બકરા તથા દહનીયાર્પણ માટે એક ઘેટો લે.

6

| | | |
|---|---|---|
| וְהִקְרִיב | અને-ચઢાવશે | H7126 |
| אַהֲרֹן | હારુન | H0175 |
| אֶת־ | — | H0853 |
| פַּר | વાછરડાને | H6499 |
| הַחַטָּאת | પાપાર્થ-અર્પણનો | |
| אֲשֶׁר־ | જે | |
| לוֹ | તેનો-છે | |
| וְכִפֶּר | અને-પ્રાયશ્ચિત-કરશે | |
| בַּעֲדוֹ | પોતાના-માટે | H1157 |
| וּבְעַד | અને | H1157 |
| בֵּיתוֹ׃ | તેના-ઘર-માટે | |

પછી હારુન પોતાને માટે પાપાર્થાર્પણના બળદને રજૂ કરે અને પોતાના માટે તેમ જ પોતાના પરિવાર માટે પ્રાયશ્ચિત કરે.

7

| | | |
|---|---|---|
| וְלָקַח | અને-લેશે | H3947 |
| אֶת־ | — | H0853 |
| שְׁנֵי | બે | H8147 |
| הַשְּׂעִירִם | બકરાને | |
| וְהֶעֱמִיד | અને-ઊભા-રાખશે | H5975 |
| אֹתָם | તેમને | H0853 |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| יְהוָה | યહોવાના | H3068 |
| פֶּתַח | દ્વારે | H6607 |
| אֹהֶל | મુલાકાતના | H0168 |
| מוֹעֵד׃ | મંડપના | H4150 |

ત્યારપછી તે બે બકરાઓ લઈને મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ યહોવાહ સમક્ષ લાવે.

8

| | | |
|---|---|---|
| וְנָתַן | અને-નાખશે | H5414 |
| אַהֲרֹן | હારુન | H0175 |
| עַל־ | — | |
| שְׁנֵי | બે | H8147 |
| הַשְּׂעִירִם | બકરા-પર | |
| גֹּרָלוֹת | ચિઠ્ઠીઓ | H1486 |
| גּוֹרָל | ચિઠ્ઠી | H1486 |
| אֶחָד | એક | H0259 |
| לַיהוָה | યહોવા-માટે | H3068 |
| וְגוֹרָל | અને-ચિઠ્ઠી | H1486 |
| אֶחָד | એક | H0259 |
| לַעֲזָאזֵל׃ | અઝાઝેલ-માટે | H5799 |

પછી હારુન તે બે બકરા માટે ચિઠ્ઠીઓ નાખે, એટલે એક ચિઠ્ઠી યહોવાહને માટે અને બીજી અઝાઝેલને માટે નક્કી કરે.

9

| | | |
|---|---|---|
| וְהִקְרִיב | અને-ચઢાવશે | H7126 |
| אַהֲרֹן | હારુન | H0175 |
| אֶת־ | — | H0853 |
| הַשָּׂעִיר | બકરાને | |
| אֲשֶׁר | જેના | |
| עָלָה | પર-પડી | H5927 |
| עָלָיו | — | |
| הַגּוֹרָל | ચિઠ્ઠી | H1486 |
| לַיהוָה | યહોવા-માટેની | H3068 |
| וְעָשָׂהוּ | અને-કરશે-તેને | |
| חַטָּאת׃ | પાપાર્થ-અર્પણ | |

જે બકરા પર યહોવાહના નામની ચિઠ્ઠી પડે, તેને હારુન પાપાર્થાર્પણને માટે અર્પણ કરે.

10

|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלֹא | תוֹנוּ | אִישׁ | אֶת־ | עֲמִיתוֹ | וְיָרֵאתָ | מֵאֱלֹהֶיךָ | כִּי | אֲנִי | יְהוָה | אֱלֹהֵיכֶם: |
| અને-ના | છેતરજો | કોઈ | (ચિહ્ન) | પોતાના-પડોશીને | અને-ડરજે | તારા-ઈશ્વરથી | કારણ-કે | હું | યહોવા | તમારો-ઈશ્વર |
| H3808 | H3238 | H0376 | H0853 | H5997 | H3372 | H0430 | | H0589 | H3068 | H0430 |

તમારે એકબીજાને છેતરવા નહિ કે ખોટું કરવું નહિ; પણ તેને બદલે તમારે તમારા ઈશ્વરનો ભય રાખવો. કેમ કે હું યહોવાહ તમારો ઈશ્વર છું.

18

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַעֲשִׂיתֶם | אֶת־ | חֻקֹּתַי | וְאֶת־ | מִשְׁפָּטַי | תִּשְׁמְרוּ | וַעֲשִׂיתֶם | אֹתָם | וִישַׁבְתֶּם | עַל־ | הָאָרֶץ | לָבֶטַח: |
| અને-પાળજો | (ચિહ્ન) | મારા-નિયમો | અને-(ચિહ્ન) | મારા-ન્યાયો | સાચવજો | અને-પાળજો | તેમને | અને-રહેશો | ઉપર | દેશ | સલામતીથી |
| | H0853 | H2708 | H0853 | H4941 | H8104 | | H0853 | H3427 | | H0776 | H0983 |

મારા વિધિઓ, મારા નિયમોનું પાલન કરશો અને તેનો અમલ કરશો તો તમે દેશમાં સુરક્ષિત રહેશો.

19
וְנָתְנָה અને-આપશે H5414
הָאָרֶץ દેશ H0776
פִּרְיָהּ તેનું-ફળ H6529
וַאֲכַלְתֶּם અને-ખાશો H0398
לָשֹׂבַע ધરાઈને H7648
וִישַׁבְתֶּם અને-રહેશો H3427
לָבֶטַח સલામતીથી H0983
עָלֶיהָ׃ તેના-ઉપર

ભૂમિ મબલખ પાક આપશે અને તમે ધરાતાં સુધી ખાશો તેમ જ તમે સુરક્ષિત રહેશો.

20
וְכִי અને-જો
תֹאמְרוּ કહો H0559
מַה־ શું H4100
נֹּאכַל ખાઈશું H0398
בַּשָּׁנָה વર્ષમાં H8141
הַשְּׁבִיעִת સાતમા H7637
הֵן જુઓ H2005
לֹא ના H3808
נִזְרָע વાવીએ H2232
וְלֹא અને-ના H3808
נֶאֱסֹף ભેગી-કરીએ H0622
אֶת־ (ચિહ્ન) H0853
תְּבוּאָתֵנוּ׃ આપણી-ઊપજ H8393

તમે કહેશો કે, “જો સાતમા વર્ષે અમે વાવીએ નહિ અથવા ઊપજનો સંગ્રહ કરીએ નહિ તે વર્ષે અમે શું ખાઈએ?”

21
וְצִוִּיתִי અને-આજ્ઞા-કરીશ H6680
אֶת־ (ચિહ્ન) H0853
בִּרְכָתִי મારો-આશીર્વાદ H1293
לָכֶם તમારા-માટે
בַּשָּׁנָה વર્ષમાં H8141
הַשִּׁשִּׁית છઠ્ઠા H8345
וְעָשָׂת અને-આપશે
אֶת־ (ચિહ્ન) H0853
הַתְּבוּאָה ઊપજ H8393
לִשְׁלֹשׁ ત્રણ-માટે H7969
הַשָּׁנִים׃ વર્ષ H8141

સાંભળો, છઠ્ઠા વર્ષે હું તમને ત્રણ વર્ષ ચાલે તેટલાં મબલખ પાકથી આશીર્વાદિત કરીશ.

22
וּזְרַעְתֶּם અને-વાવશો H2232
אֵת (ચિહ્ન) H0853
הַשָּׁנָה વર્ષમાં H8141
הַשְּׁמִינִת આઠમા H8066
וַאֲכַלְתֶּם અને-ખાશો H0398
מִן־ (ચિહ્ન)
הַתְּבוּאָה ઊપજ H8393
יָשָׁן જૂની H3465
עַד સુધી H5704
הַשָּׁנָה વર્ષ H8141
הַתְּשִׁיעִת નવમા H8671
עַד־ સુધી H5704
בּוֹא આવે H0935
תְּבוּאָתָהּ તેની-ઊપજ H8393
תֹּאכְלוּ ખાશો H0398
יָשָׁן׃ જૂની H3465

તમે આઠમે વર્ષે વાવશો ત્યારે પણ તમે આગળના વર્ષના પાકમાંથી ખાતા હશો, નવમે વર્ષે તમે નવો પાક ઘરમાં લાવશો ત્યાં સુધી તમે છઠ્ઠા વર્ષના સંગ્રહ કરેલા પાકમાંથી ખાશો.

23
וְהָאָרֶץ અને-દેશ H0776
לֹא ના H3808
תִמָּכֵר વેચાશે H4376
לִצְמִתֻת કાયમ-માટે H6783
כִּי־ કારણ-કે
לִי મારો
הָאָרֶץ દેશ H0776
כִּי־ કારણ-કે
גֵרִים પરદેશીઓ H1616
וְתוֹשָׁבִים અને-રહેવાસીઓ
אַתֶּם તમે
עִמָּדִי׃ મારી-સાથે H5978

જમીન સદાને માટે નવા માલિકને વેચાય નહિ. કેમ કે જમીન મારી છે. તમે માત્ર પરદેશીઓ અને યાત્રીઓ તરીકે મારી જમીન પર રહો છો.

24
וּבְכֹל અને-બધા H3605
אֶרֶץ દેશમાં H0776
אֲחֻזַּתְכֶם તમારી-મિલકતના H0272
גְּאֻלָּה છોડાવવું H1353
תִּתְּנוּ આપજો H5414
לָאָרֶץ׃ દેશ-માટે H0776
ס (ખંડ-ચિહ્ન)

ખરીદ વેચાણમાં એક શરત એવી હોવી જ જોઈએ કે જમીનને વેચનાર માણસ ગમે ત્યારે તેને પાછી ખરીદી શકે છે.

25
כִּי־ જો
יָמוּךְ ગરીબ-થાય H4134
אָחִיךָ તારો-ભાઈ H0251
וּמָכַר અને-વેચે H4376
מֵאֲחֻזָּתוֹ પોતાની-મિલકતમાંથી H0272
וּבָא અને-આવે H0935
גֹאֲלוֹ છોડાવનાર
הַקָּרֹב નજીકનો H7138
אֵלָיו તેની-પાસે H0413
וְגָאַל અને-છોડાવે
אֵת (ચિહ્ન) H0853
מִמְכַּר વેચાણ H4465
אָחִיו׃ તેના-ભાઈનું H0251

જો તમારા ઇઝરાયલી ભાઈઓ ગરીબ થઈ જાય અને તેને કારણે જો તે તેની જમીનનો થોડો ભાગ વેચે, તો તેનો નજીકનો સંબંધી આવીને તેના ભાઈઓએ જે વેચી કાઢ્યું હોય તેને પાછી ખરીદી શકે છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| גְאֻלָּתוֹ׃ | כְּדֵי | וּמָצָא | יָדוֹ | וְהִשִּׂיגָה | גֹּאֵל | לוֹ | יִהְיֶה־ | לֹא | כִּי | וְאִישׁ | 26 |
| છોડાવવાનું | પૂરતું | અને-મળે | હાથ-તેનો | અને-પહોંચે | છોડાવનાર | તેને | હોય | ના | જો | અને-માણસ | |
| H1353 | H1767 | H4672 | H3027 | H5381 | | | H1961 | H3808 | | H0376 | |

તેની જમીન છોડાવવાને જો કોઈ નજીકનો સંબંધી ના હોય પણ તે સમૃદ્ધિ પામ્યો હોય અને તેને છોડાવવાની તેની પાસે સક્ષમતા હોય,

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לוֹ | מָכַר־ | אֲשֶׁר | לָאִישׁ | הָעֹדֵף | אֶת־ | וְהֵשִׁיב | מִמְכָּרוֹ | שְׁנֵי | אֶת־ | וְחִשַּׁב | 27 |
| તેને | વેચ્યું | જેને | માણસને | વધારાનું | (ચિહ્ન) | અને-પાછું-આપે | વેચાણના | વર્ષો | (ચિહ્ન) | અને-ગણે | |
| | H4376 | | H0376 | H5736 | H0853 | H7725 | H4465 | H8141 | H0853 | H2803 | |
| | | | | | | | | | לַאֲחֻזָּתוֹ׃ | וְשָׁב | |
| | | | | | | | | | પોતાની-મિલકતમાં | અને-પાછો-ફરે | |
| | | | | | | | | | H0272 | H7725 | |

તો તેણે વેચાણ પછી વીતેલાં વર્ષો હિસાબમાં ગણવા અને જેને તેણે તે જમીન વેચી હોય તેને ભરપાઈ કરવું. અને તે જમીન તેને તે પાછી આપે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַקֹּנֶה | בְּיַד־ | מִמְכָּרוֹ | וְהָיָה | לוֹ | הָשִׁיב | דֵּי | יָדוֹ | מָצְאָה | לֹא־ | וְאִם | 28 |
| ખરીદનારના | હાથમાં | વેચાણ-તેનું | અને-રહેશે | તેને | પાછું-આપવા | પૂરતું | હાથ-તેનો | મળે | ના | અને-જો | |
| H7069 | H3027 | H4465 | H1961 | | H7725 | H1767 | H3027 | H4672 | H3808 | | |
| | | | לַאֲחֻזָּתוֹ׃ | וְשָׁב | בַּיֹּבֵל | וְיָצָא | הַיּוֹבֵל | שְׁנַת | עַד | אֹתוֹ | |
| | | | પોતાની-મિલકતમાં | અને-પાછો-ફરશે | જુબિલીમાં | અને-બહાર-આવશે | જુબિલીના | વર્ષ | સુધી | તેનું | |
| | | | H0272 | H7725 | H3104 | H3318 | H3104 | H8141 | H5704 | H0853 | |

પરંતુ જો તે જમીન પાછી લેવા સક્ષમ ન હોય તો જ્યુબિલીના વર્ષ સુધી જે માણસે તેને ખરીદી હોય તેની પાસે તે રહે. જ્યુબિલીના વર્ષે જે માણસે જમીન વેચેલી તેને એટલે તેના મૂળ માલિકને પાછી આપવામાં આવે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| תֹּם | עַד־ | גְּאֻלָּתוֹ | וְהָיְתָה | חוֹמָה | עִיר | מוֹשַׁב | בֵּית־ | יִמְכֹּר | כִּי־ | וְאִישׁ | 29 |
| પૂરા-થવા | સુધી | છોડાવવું-તેનું | અને-હશે | દીવાલવાળા | શહેર | રહેવાનું | ઘર | વેચે | જો | અને-માણસ | |
| H8537 | H5704 | H1353 | H1961 | H2346 | | H4186 | | H4376 | | H0376 | |
| | | | | | | גְּאֻלָּתוֹ׃ | תִּהְיֶה | יָמִים | מִמְכָּרוֹ | שְׁנַת | |
| | | | | | | છોડાવવું-તેનું | હશે | દિવસો | વેચાણનું | વર્ષ | |
| | | | | | | H1353 | H1961 | H3117 | H4465 | H8141 | |

જો કોઈ માણસ નગરમાંનું તેનું ઘર વેચે, તો વેચાણ પછી પૂરા એક વર્ષ સુધી તેને ફરીથી ખરીદી લેવાનો હક્ક રહે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בָּעִיר | אֲשֶׁר־ | הַבַּיִת | וְקָם | תְמִימָה | שָׁנָה | לוֹ | מְלֹאת | עַד־ | יִגָּאֵל | לֹא־ | וְאִם | 30 |
| શહેરમાં | જે | ઘર | અને-ઠરશે | આખું | વર્ષ | તેના | પૂરું-થવા | સુધી | છોડાવાય | ના | અને-જો | |
| | | | | H8549 | H8141 | | H4390 | H5704 | | H3808 | | |
| בַּיֹּבֵל׃ | יֵצֵא | לֹא | לְדֹרֹתָיו | אֹתוֹ | לַקֹּנֶה | לַצְּמִיתֻת | חֹמָה | )לוֹ( | ]לֹא[ | אֲשֶׁר־ | |
| જુબિલીમાં | બહાર-આવશે | ના | પેઢીઓ-સુધી | તેનું | ખરીદનારને | કાયમ-માટે | દીવાલ | (છે) | (વૈકલ્પિક) | જેને | |
| H3104 | H3318 | H3808 | H1755 | H0853 | H7069 | H6783 | H2346 | | H3808 | | |

જો પૂરા એક વર્ષ દરમિયાન તે પાછું ખરીદી લેવામાં ના આવે તો તે ઘરની કાયમની માલિકી નવા માલિકની અને તેના વંશજોની થાય.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| גְאֻלָּה | יֵחָשֵׁב | הָאָרֶץ | שְׂדֵה | עַל־ | סָבִיב | חֹמָה | לָהֶם | אֵין־ | אֲשֶׁר | הַחֲצֵרִים | וּבָתֵּי | 31 |
| છોડાવવું | ગણાશે | દેશના | ખેતર | ઉપર | ફરતી | દીવાલ | તેમને | નથી | જેને | ગામડાંના | અને-ઘરો | |
| H1353 | H2803 | H0776 | | | H5439 | H2346 | H1992 | H0369 | | | | |
| | | | | | | | | יֵצֵא׃ | וּבַיֹּבֵל | לּוֹ | תִּהְיֶה־ | |
| | | | | | | | | બહાર-આવશે | અને-જુબિલીમાં | તેને | હશે | |
| | | | | | | | | H3318 | H3104 | | H1961 | |

પણ જ્યુબિલી વર્ષમાં તે મૂળ માલિકને પાછું ન મળે, કોટ વગરનાં ગામડાનાં મકાનો જમીન જેવાં ગણાય, તે પાછાં ખરીદી લેવાનો હક્ક કાયમ રહે અને જુબિલી વર્ષમાં તો તે ઘરો મૂળ માલિકને પાછું મળવું જોઈએ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 32 | וְעָרֵי | הַלְוִיִּם | בָּתֵּי | עָרֵי | אֲחֻזָּתָם | גְּאֻלַּת | עוֹלָם | תִּהְיֶה | לַלְוִיִּם׃ |
| | અને-શહેરો | લેવીઓના | ઘરો | શહેરોના | મિલકતના-તેમની | છોડાવવું | સનાતન | હશે | લેવીઓ-માટે |
| | | H3881 | | | H0272 | H1353 | H5769 | H1961 | H3881 |

તેમાં એક અપવાદ છે, લેવીના મકાનો કોટવાળાં નગરોમાં હોય તો પણ તેને ગમે ત્યારે છોડાવી શકાય.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 33 | וַאֲשֶׁר | יִגְאַל | מִן־ | הַלְוִיִּם | וְיָצָא | מִמְכַּר־ | בַּיִת | וְעִיר | אֲחֻזָּתוֹ |
| | અને-જે | છોડાવે | (ચિહ્ન) | લેવીઓ-પાસેથી | અને-બહાર-આવશે | વેચાણ | ઘરનું | અને-શહેર | મિલકતનું-તેના |
| | | | | H3881 | H3318 | H4465 | | | H0272 |
| | בַּיֹּבֵל | כִּי | בָתֵּי | עָרֵי | הַלְוִיִּם | הוא | אֲחֻזָּתָם | בְּתוֹךְ | בְּנֵי | יִשְׂרָאֵל׃ |
| | જુબિલીમાં | કારણ-કે | ઘરો | શહેરોના | લેવીઓના | તે | મિલકત-તેમની | વચ્ચે | પુત્રોના | ઇઝરાયેલના |
| | H3104 | | | | H3881 | H1931 | H0272 | H8432 | | H3478 |

જો કોઈ લેવી એવા શહેરમાં આવેલું પોતાનું મકાન પાછું ન ખરીદી લે, તો તે જ્યુબિલીના વર્ષમાં તેને પાછું મળી જાય; કારણ, લેવીઓનાં શહેરમાંનાં મકાન એ તેમની ઇઝરાયલમાંની સંપત્તિ છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 34 | וּשְׂדֵה | מִגְרַשׁ | עָרֵיהֶם | לֹא | יִמָּכֵר | כִּי־ | אֲחֻזַּת | עוֹלָם | הוּא | לָהֶם׃ | ס |
| | અને-ખેતર | ચરાણ | શહેરોનું-તેમના | ના | વેચાશે | કારણ-કે | મિલકત | સનાતન | તે | તેમની | (ખંડ-ચિહ્ન) |
| | | H4054 | | H3808 | H4376 | | H0272 | H5769 | H1931 | | |

પરંતુ લેવી પોતાના નગરોની આસપાસ આવેલી જમીન વેચી શકે નહિ, કારણ કે તે તેઓની કાયમી મિલકત છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 35 | וְכִי־ | יָמוּךְ | אָחִיךָ | וּמָטָה | יָדוֹ | עִמָּךְ | וְהֶחֱזַקְתָּ | בּוֹ | גֵּר |
| | અને-જો | ગરીબ-થાય | તારો-ભાઈ | અને-નબળો-પડે | હાથ-તેનો | તારી-સાથે | અને-ટેકો-આપજે | તેને | પરદેશી |
| | | H4134 | H0251 | H4131 | H3027 | | H2388 | | H1616 |
| | וְתוֹשָׁב | וָחַי | עִמָּךְ׃ | | | | | | |
| | અને-રહેવાસી-તરીકે | અને-જીવે | તારી-સાથે | | | | | | |
| | | H2421 | | | | | | | |

તમારા દેશનો કોઈ ભાઈ જો ગરીબ થઈ જાય અને પોતાનું ભરણપોષણ કરી શકે નહિ, તો તેને મદદ કરવી. તે પરદેશી અથવા પ્રવાસી તરીકે તમારી સાથે રહે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 36 | אַל־ | תִּקַּח | מֵאִתּוֹ | נֶשֶׁךְ | וְתַרְבִּית | וְיָרֵאתָ | מֵאֱלֹהֶיךָ | וְחֵי | אָחִיךָ | עִמָּךְ׃ |
| | ના | લેજે | તેની-પાસેથી | વ્યાજ | અને-નફો | અને-ડરજે | તારા-ઈશ્વરથી | અને-જીવે | તારો-ભાઈ | તારી-સાથે |
| | H0408 | H3947 | H0854 | H5392 | H8636 | H3372 | H0430 | H2421 | H0251 | |

તમારે તેની પાસેથી નફો કે વ્યાજ ન લેવું. પણ ઈશ્વરનો ભય રાખવો એ માટે કે તમારો ભાઈ તમારી સાથે રહે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 37 | אֶת־ | כַּסְפְּךָ | לֹא־ | תִתֵּן | לוֹ | בְּנֶשֶׁךְ | וּבְמַרְבִּית | לֹא־ | תִתֵּן | אָכְלֶךָ׃ |
| | (ચિહ્ન) | તારું-ધન | ના | આપીશ | તેને | વ્યાજે | અને-નફા-ઉપર | ના | આપીશ | તારો-ખોરાક |
| | H0853 | H3701 | H3808 | H5414 | | H5392 | H4768 | H3808 | H5414 | H0400 |

તમારે તમારા પૈસા તેને વ્યાજે ન આપવા. તેમ જ નફા સારુ તમારું અન્ન તેને ન આપવું.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 38 | אֲנִי | יְהוָה | אֱלֹהֵיכֶם | אֲשֶׁר־ | הוֹצֵאתִי | אֶתְכֶם | מֵאֶרֶץ | מִצְרָיִם | לָתֵת | לָכֶם | אֶת־ | אֶרֶץ |
| | હું | યહોવા | તમારો-ઈશ્વર | જેણે | બહાર-લાવ્યા | તમને | દેશમાંથી | મિસરના | આપવા | તમને | (ચિહ્ન) | દેશ |
| | H0589 | H3068 | H0430 | | H3318 | H0853 | H0776 | H4714 | H5414 | | H0853 | H0776 |
| | כְּנַעַן | לִהְיוֹת | לָכֶם | לֵאלֹהִים׃ | ס | | | | | | | |
| | કનાનનો | થવા | તમારા-માટે | ઈશ્વર | (ખંડ-ચિહ્ન) | | | | | | | |
| | | H1961 | | H0430 | | | | | | | | |

તમને કનાનનો દેશ આપવા માટે અને તમારો ઈશ્વર થવા માટે તમને મિસરમાંથી બહાર લાવનાર હું તમારો ઈશ્વર યહોવાહ છું.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 39 | וְכִי־ | יָמוּךְ | אָחִיךָ | עִמָּךְ | וְנִמְכַּר־ | לָךְ | לֹא־ | תַעֲבֹד | בּוֹ | עֲבֹדַת | עָבֶד׃ |
| | અને-જો | ગરીબ-થાય | તારો-ભાઈ | તારી-સાથે | અને-વેચાય | તને | ના | કામ-કરાવીશ | તેની-પાસે | કામ | દાસનું |
| | | H4134 | H0251 | | H4376 | | H3808 | H5647 | | H5656 | H5650 |

તમારા દેશનો જો કોઈ ભાઈ ગરીબાઈમાં આવી પડે અને પોતે તમને વેચાઈ જાય તો તમારે તેની પાસે ચાકર તરીકે કામ કરાવવું નહિ.

40

| כְּשָׂכִ֥יר | כְּתוֹשָׁ֖ב | יִהְיֶ֣ה | עִמָּ֑ךְ | עַד־ | שְׁנַ֥ת | הַיֹּבֵ֖ל | יַעֲבֹ֥ד | עִמָּֽךְ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| મજૂર-તરીકે | રહેવાસી-તરીકે | હશે | તારી-સાથે | સુધી | વર્ષ | જુબિલીના | કામ-કરશે | તારી-સાથે |
| H7916 | | H1961 | | H5704 | H8141 | H3104 | H5647 | |

તેની સાથે નોકરીએ રાખેલ ચાકર જેવો વ્યવહાર કરવો. અને તે તમારી સાથે પ્રવાસી તરીકે રહે. તે જ્યુબિલીના વર્ષ સુધી તમારી ચાકરી કરશે.

41

| וְיָצָא֙ | מֵֽעִמָּ֔ךְ | ה֖וּא | וּבָנָ֣יו | עִמּ֑וֹ | וְשָׁב֙ | אֶל־ | מִשְׁפַּחְתּ֔וֹ | וְאֶל־ | אֲחֻזַּ֥ת | אֲבֹתָ֖יו | יָשֽׁוּב׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જશે | તારી-પાસેથી | તે | અને-તેના-પુત્રો | તેની-સાથે | અને-પાછો-ફરશે | (ચિહ્ન) | પોતાના-કુટુંબમાં | અને-(ચિહ્ન) | મિલકત | પિતૃઓની-તેના | પાછો-ફરશે |
| H3318 | | H1931 | | | H7725 | H0413 | H4940 | H0413 | H0272 | H0001 | H7725 |

પછી તે અને તેની સાથે તેના બાળકો પણ છૂટીને પોતાના ઘર અને પોતાના પિતાના વતનમાં તે પાછો જશે.

42

| כִּֽי־ | עֲבָדַ֣י | הֵ֔ם | אֲשֶׁר־ | הוֹצֵ֥אתִי | אֹתָ֖ם | מֵאֶ֣רֶץ | מִצְרָ֑יִם | לֹ֥א | יִמָּכְר֖וּ | מִמְכֶּ֥רֶת | עָֽבֶד׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | મારા-દાસો | તેઓ | જેમને | બહાર-લાવ્યા | તેમને | દેશમાંથી | મિસરના | ના | વેચાશે | વેચાણ | દાસનું |
| | H5650 | H1992 | | H3318 | H0853 | H0776 | H4714 | H3808 | H4376 | H4466 | H5650 |

કેમ કે તેઓ મારા સેવકો છે જેઓને હું મિસરમાંથી બહાર કાઢી લાવ્યો હતો. તેઓને ગુલામની જેમ વેચવા નહિ.

43

| לֹא־ | תִרְדֶּ֥ה | ב֖וֹ | בְּפָ֑רֶךְ | וְיָרֵ֖אתָ | מֵאֱלֹהֶֽיךָ׃ |
|---|---|---|---|---|---|
| ના | શાસન-કરીશ | તેના-ઉપર | કઠોરતાથી | અને-ડરજે | તારા-ઈશ્વરથી |
| H3808 | | | H6531 | H3372 | H0430 |

તમારે નિર્દયતાથી તેઓ પર માલિકીપણું ન કરવું. પણ ઈશ્વરનો ભય રાખવો.

44

| וְעַבְדְּךָ֥ | וַאֲמָתְךָ֖ | אֲשֶׁ֣ר | יִֽהְיוּ־ | לָ֑ךְ | מֵאֵ֣ת | הַגּוֹיִ֗ם | אֲשֶׁר֙ | סְבִיבֹ֣תֵיכֶ֔ם | מֵהֶ֥ם | תִּקְנ֖וּ | עֶ֥בֶד | וְאָמָֽה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-તારો-દાસ | અને-તારી-દાસી | જે | હોય | તારા | પાસેથી | પ્રજાઓ-જે | જે | તમારી-આસપાસ | તેમની-પાસેથી | ખરીદશો | દાસ | અને-દાસી |
| H5650 | H0519 | | H1961 | | H0854 | | | H5439 | H1992 | H7069 | H5650 | H0519 |

અને જે દાસ તથા દાસી તમે રાખો તે આસપાસની દેશજાતિઓમાંથી તમારે રાખવા.

45

| וְגַ֡ם | מִבְּנֵי֩ | הַתּוֹשָׁבִ֨ים | הַגָּרִ֤ים | עִמָּכֶם֙ | מֵהֶ֣ם | תִּקְנ֔וּ | וּמִמִּשְׁפַּחְתָּם֙ | אֲשֶׁ֣ר | עִמָּכֶ֔ם | אֲשֶׁ֥ר | הוֹלִ֖ידוּ | בְּאַרְצְכֶ֑ם | וְהָי֥וּ | לָכֶ֖ם | לַאֲחֻזָּֽה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પણ | પુત્રો-પાસેથી | રહેવાસીઓના | રહેતા | તમારી-સાથે | તેમની-પાસેથી | ખરીદશો | અને-કુટુંબ-પાસેથી-તેમના | જે | તમારી-સાથે | જે | જન્મ્યા | તમારા-દેશમાં | અને-હશે | તમારા-માટે | મિલકત-તરીકે |
| H1571 | | | | | H1992 | H7069 | H4940 | | | | H3205 | H0776 | H1961 | | H0272 |

વળી તમારી વચ્ચે રહેતા પરદેશીઓના સંતાનોને તથા તમારી સાથે રહેતા તેઓના કુટુંબો તેઓમાંથી તમારે ખરીદવા. અને તેઓ તમારી સંપત્તિ થાય.

46

| וְהִתְנַחַלְתֶּם | אֹתָם | לִבְנֵיכֶם | אַחֲרֵיכֶם | לָרֶשֶׁת | אֲחֻזָּה | לְעֹלָם | בָּהֶם | תַּעֲבֹדוּ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-વારસો-આપશો | તેમનો | તમારા-પુત્રો-માટે | તમારા-પછી | ધારણ-કરવા | મિલકત | સદાકાળ | તેમની-પાસે | કામ-કરાવશો |
| H5157 | H0853 | | | H3423 | H0272 | H5769 | | H5647 |

| וּבְאַחֵיכֶם | בְּנֵֽי־ | יִשְׂרָאֵל | אִישׁ | בְּאָחִיו | לֹֽא־ | תִרְדֶּה | בוֹ | בְּפָרֶךְ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| પરંતુ-તમારા-ભાઈઓ | પુત્રો | ઇઝરાયેલના | કોઈ | પોતાના-ભાઈ-ઉપર | ના | શાસન-કરશો | તેના-ઉપર | કઠોરતાથી |
| H0251 | | H3478 | H0376 | H0251 | H3808 | | | H6531 |

ס
(ખંડ-ચિહ્ન)

તમે તે લોકોને તમારા વંશજોને વારસામાં આપી શકો છો, તેમ જ તમે તેમનો કાયમ માટે ચાકર તરીકે ઉપયોગ કરી શકો છો, પણ તમારા ઇઝરાયલી ભાઈઓ પાસે ગુલામોની જેમ મજૂરી કરાવવી નહિ.

47

| וְכִי | תַשִּׂיג | יַד | גֵּר | וְתוֹשָׁב | עִמָּךְ | וּמָךְ | אָחִיךָ | עִמּוֹ | וְנִמְכַּר |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જો | સમૃદ્ધ-થાય | હાથ | પરદેશીનો | અને-રહેવાસી | તારી-સાથે | અને-ગરીબ-થાય | તારો-ભાઈ | તેની-સાથે | અને-વેચાય |
| | H5381 | H3027 | H1616 | | | H4134 | H0251 | | H4376 |

| לְגֵר | תּוֹשָׁב | עִמָּךְ | אוֹ | לְעֵקֶר | מִשְׁפַּחַת | גֵּר׃ |
|---|---|---|---|---|---|---|
| પરદેશીને | રહેવાસી | તારી-સાથેના | અથવા | વંશજ-ને | કુટુંબના | પરદેશીના |
| H1616 | | | | H6133 | H4940 | H1616 |

જયારે કોઈ પરદેશી કે તમારી સાથે રહેતો પ્રવાસી ધનવાન થઈ જાય અને તમારો ઇઝરાયલી ભાઈ ગરીબ થયો હોય અને તે પોતાની જાતને તે માણસને વેચી દે,

48

| אַחֲרֵי | נִמְכַּר | גְּאֻלָּה | תִּהְיֶה־ | לּוֹ | אֶחָד | מֵאֶחָיו | יִגְאָלֶנּוּ׃ |
|---|---|---|---|---|---|---|---|
| પછી | વેચાયા-બાદ | છોડાવવું | હશે | તેને | એક | ભાઈઓમાંથી | છોડાવશે-તેને |
| | H4376 | H1353 | H1961 | | H0259 | H0251 | |

તો તમારા ઇઝરાયલી ભાઈના વેચાયા પછી તેને પાછો ખરીદી લેવાય. તેના જ કુટુંબનો એક તેને ખરીદી લે.

49

| אוֹ־ | דֹדוֹ | אוֹ | בֶן־ | דֹּדוֹ | יִגְאָלֶנּוּ | אוֹ־ | מִשְּׁאֵר | בְּשָׂרוֹ | מִמִּשְׁפַּחְתּוֹ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અથવા | કાકા-તેનો | અથવા | પુત્ર | કાકાનો-તેના | છોડાવશે-તેને | અથવા | સગાં | શરીરના-તેના | કુટુંબના-તેના |
| | H1730 | | | H1730 | | | H7607 | H1320 | H4940 |

| יִגְאָלֶנּוּ | אוֹ־ | הִשִּׂיגָה | יָדוֹ | וְנִגְאָל׃ |
|---|---|---|---|---|
| છોડાવશે-તેને | અથવા | પહોંચે | હાથ-તેનો | અને-છોડાવાય |
| | | H5381 | H3027 | |

તેના કાકા કે ભત્રીજા કે અન્ય કોઈ નજીકનો સંબંધી તેને પાછો ખરીદી લઈ શકે છે અથવા જો તે સમૃદ્ધ થયો હોય તો તે પોતે પોતાની જાતને છોડાવી શકે.

50

| וְחִשַּׁב | עִם־ | קֹנֵהוּ | מִשְּׁנַת | הִמָּכְרוֹ | לוֹ | עַד | שְׁנַת | הַיֹּבֵל | וְהָיָה | כֶּסֶף |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ગણે | સાથે | ખરીદનારના-તેના | વર્ષથી | વેચાણના-તેના | તેને | સુધી | વર્ષ | જુબિલીના | અને-હશે | ધન |
| H2803 | | H7069 | H8141 | H4376 | | H5704 | H8141 | H3104 | H1961 | H3701 |

| מִמְכָּרוֹ | בְּמִסְפַּר | שָׁנִים | כִּימֵי | שָׂכִיר | יִהְיֶה | עִמּוֹ׃ |
|---|---|---|---|---|---|---|
| વેચાણનું-તેના | સંખ્યા-પ્રમાણે | વર્ષોની | દિવસો-તરીકે | મજૂરના | હશે | તેની-સાથે |
| H4465 | H4557 | H8141 | H3117 | H7916 | H1961 | |

તેણે પોતાને ખરીદેલી વ્યક્તિ સાથે ગણતરી કરવી; તે વેચાયો હોય તે વર્ષથી માંડીને તે જ્યુબિલીના વર્ષ સુધી ગણે; અને તે વર્ષોની સંખ્યા પ્રમાણે તેના વેચાણનું મૂલ્ય થાય. ચાકરના દિવસો પ્રમાણે તે તેની સાથે રહે.

51

| אִם־ | עוֹד | רַבּוֹת | בַּשָּׁנִים | לְפִיהֶן | יָשִׁיב | גְּאֻלָּתוֹ | מִכֶּסֶף | מִקְנָתוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| જો | હજી | ઘણાં | વર્ષો | પ્રમાણે-તેના | પાછું-આપશે | છોડાવવાનું-તેનું | ધનમાંથી | ખરીદીના-તેના |
| | H5750 | | H8141 | H6310 | H7725 | H1353 | H3701 | H4736 |

જો જ્યુબિલીને ઘણા વર્ષો બાકી હોય તો જેટલા પૈસાથી તે ખરીદાયો હોય તેમાંથી તે વ્યક્તિએ કિંમતનો ભાગ પાછો આપવો. અને એ વર્ષોની ગણતરી પર આધારિત હોય.

52

| | | |
|---|---|---|
| וְאִם־ | અને-જો | |
| מְעַ֣ט | થોડાં | H4592 |
| נִשְׁאַ֥ר | બાકી-હોય | H7604 |
| בַּשָּׁנִ֖ים | વર્ષો | H8141 |
| עַד־ | સુધી | H5704 |
| שְׁנַ֣ת | વર્ષ | H8141 |
| הַיֹּבֵ֑ל | જુબિલીના | H3104 |
| וְחִשַּׁב־ | અને-ગણે | H2803 |
| ל֑וֹ | તેના-માટે | |
| כְּפִ֣י | પ્રમાણે | H6310 |
| שָׁנָ֔יו | વર્ષોના-તેના | H8141 |
| יָשִׁ֖יב | પાછું-આપશે | H7725 |
| אֶת־ | (ચિહ્ન) | H0853 |
| גְּאֻלָּתֽוֹ׃ | છોડાવવાનું-તેનું | H1353 |

ઘણાં વર્ષો વીતી ગયાં હોય અને જ્યુબિલી વર્ષને થોડાં જ વર્ષ બાકી હોય, તો પોતાની જાતને વેચી જે નાણાં પ્રાપ્ત કર્યા હોય તેનો થોડો જ ભાગ તેણે પાછો આપવો.

53

| | | |
|---|---|---|
| כִּשְׂכִ֥יר | મજૂર-તરીકે | H7916 |
| שָׁנָ֖ה | વર્ષ | H8141 |
| בְּשָׁנָ֑ה | દર-વર્ષે | H8141 |
| יִהְיֶ֣ה | હશે | H1961 |
| עִמּ֑וֹ | તેની-સાથે | |
| לֹֽא־ | ના | H3808 |
| יִרְדֶּ֥נּוּ | શાસન-કરે | |
| בְּפֶ֖רֶךְ | કઠોરતાથી | H6531 |
| לְעֵינֶֽיךָ׃ | તારી-નજર-સામે | |

વર્ષ દર વર્ષ તેની સાથે નોકરીએ રાખેલા ચાકરની જેમ વર્તન કરવું. અને તમારે તેના માલિકને તેની પાસે નિર્દયતાથી કામ લેવા દેવું જોઈએ નહિ.

54

| | | |
|---|---|---|
| וְאִם־ | અને-જો | |
| לֹ֥א | ના | H3808 |
| יִגָּאֵ֖ל | છોડાવાય | |
| בְּאֵ֑לֶּה | આ-રીતે | H0428 |
| וְיָצָא֙ | અને-જશે | H3318 |
| בִּשְׁנַ֣ת | વર્ષમાં | H8141 |
| הַיֹּבֵ֔ל | જુબિલીના | H3104 |
| ה֖וּא | તે | H1931 |
| וּבָנָ֥יו | અને-તેના-પુત્રો | |
| עִמּֽוֹ׃ | તેની-સાથે | |

જો જ્યુબિલી વર્ષના વચગાળાનાં વરસો દરમિયાન તેને પાછો ખરીદી લેવામાં ન આવ્યો હોય, તો તેને અને તેનાં બાળકોને જ્યુબિલીના વર્ષમાં છૂટાં કરી દેવાં,

55

| | | |
|---|---|---|
| כִּֽי־ | કારણ-કે | |
| לִ֤י | મારા | |
| בְנֵֽי־ | પુત્રો | |
| יִשְׂרָאֵל֙ | ઇઝરાયેલના | H3478 |
| עֲבָדִ֔ים | દાસો | H5650 |
| עֲבָדַ֣י | મારા-દાસો | H5650 |
| הֵ֔ם | તેઓ | H1992 |
| אֲשֶׁר־ | જેમને | |
| הוֹצֵ֥אתִי | બહાર-લાવ્યા | H3318 |
| אוֹתָ֖ם | તેમને | H0853 |
| מֵאֶ֣רֶץ | દેશમાંથી | H0776 |
| מִצְרָ֑יִם | મિસરના | H4714 |
| אֲנִ֖י | હું | H0589 |
| יְהוָ֥ה | યહોવા | H3068 |
| אֱלֹהֵיכֶֽם׃ | તમારો-ઈશ્વર | H0430 |

કેમ કે, ઇઝરાયલીઓ મારા સેવકો છે; તેઓ મારા સેવકો છે જેઓને હું મિસર દેશમાંથી બહાર કાઢી લાવ્યો છું; હું યહોવાહ તમારો ઈશ્વર છું.'"

# Chapter 26

1

| | | |
|---|---|---|
| לֹא־ | નહિ | H3808 |
| תַעֲשׂ֨וּ | બનાવો | |
| לָכֶ֜ם | તમારા-માટે | |
| אֱלִילִ֗ם | મૂર્તિઓ | H0457 |
| וּפֶ֤סֶל | અને-કોતરેલી-મૂર્તિ | H6459 |
| וּמַצֵּבָה֙ | અને-સ્તંભ | H4676 |
| לֹא־ | નહિ | H3808 |
| תָקִ֣ימוּ | ઊભો-કરો | |
| לָכֶ֔ם | તમારા-માટે | |
| וְאֶ֣בֶן | અને-પથ્થર | H0068 |
| מַשְׂכִּ֗ית | ચિત્રિત | H4906 |
| לֹ֤א | નહિ | H3808 |
| תִתְּנוּ֙ | મૂકો | H5414 |
| בְּאַרְצְכֶ֔ם | તમારા-દેશમાં | H0776 |
| לְהִֽשְׁתַּחֲוֺ֖ת | પૂજા-કરવા | H7812 |
| עָלֶ֑יהָ | તેના-ઉપર | |
| כִּ֛י | કારણ-કે | |
| אֲנִ֥י | હું | H0589 |
| יְהוָ֖ה | યહોવાહ | H3068 |
| אֱלֹהֵיכֶֽם׃ | તમારો-ઈશ્વર-છું | H0430 |

"તમારે પોતાને માટે કોઈ મૂર્તિઓ બનાવવી નહિ, તેમ જ કોતરેલી પ્રતિમા, પથ્થરનો સ્તંભ ઊભા ન કરવા. અને પોતાને સારુ તમારા દેશમાં આકૃતિઓ કોતરી કાઢેલો કોઈ પથ્થર નમવા સારુ ઊભો કરશો નહિ, કેમ કે હું યહોવાહ તમારો ઈશ્વર છું.

2

| | | |
|---|---|---|
| אֶת־ | — | H0853 |
| שַׁבְּתֹתַ֣י | મારા-વિશ્રામવારો | H7676 |
| תִּשְׁמֹ֔רוּ | પાળો | H8104 |
| וּמִקְדָּשִׁ֖י | અને-મારા-પવિત્રસ્થાનનો | H4720 |
| תִּירָ֑אוּ | આદર-કરો | H3372 |
| אֲנִ֖י | હું | H0589 |
| יְהוָֽה׃ | યહોવાહ-છું | H3068 |
| ס | — | |

તમારે મારા વિશ્રામવાર પાળવા અને મારા પવિત્રસ્થાનની પવિત્રતાને માન આપવું, હું યહોવાહ છું.

3

| | | |
|---|---|---|
| אִם־ | જો | |
| בְּחֻקֹּתַ֖י | મારા-વિધિઓમાં | H2708 |
| תֵּלֵ֑כוּ | ચાલો | H3212 |
| וְאֶת־ | અને | H0853 |
| מִצְוֺתַ֣י | મારી-આજ્ઞાઓ | H4687 |
| תִּשְׁמְר֔וּ | પાળો | H8104 |
| וַעֲשִׂיתֶ֖ם | અને-તેનું-પાલન-કરો | |
| אֹתָֽם׃ | તેને | H0853 |

જો તમે મારા સર્વ નિયમો અને આજ્ઞાઓનું પાલન કરીને તેનો અમલ કરશો,

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְנָתַתִּי | גִשְׁמֵיכֶם | בְּעִתָּם | וְנָתְנָה | הָאָרֶץ | יְבוּלָהּ | וְעֵץ | הַשָּׂדֶה | יִתֵּן | פִּרְיוֹ׃ |
| તો-હું-આપીશ | તમારા-વરસાદ | યોગ્ય-સમયે | અને-આપશે | ભૂમિ | તેની-ઊપજ | અને-વૃક્ષો | ખેતરનાં | આપશે | તેનાં-ફળ |
| H5414 | H1653 | H6256 | H5414 | H0776 | H2981 | H6086 | | H5414 | H6529 |

તો હું તમારા માટે નિયમિત ઋતુ પ્રમાણે વરસાદ મોકલીશ અને જમીન તમને પોતાની ઊપજ આપશે અને વૃક્ષો ફળ આપશે.

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהִשִּׂיג | לָכֶם | דַיִשׁ | אֶת־ | בָּצִיר | וּבָצִיר | יַשִּׂיג | אֶת־ | זָרַע |
| અને-પહોંચશે | તમારા-માટે | ઝૂડણી | — | દ્રાક્ષ-ઉતારા-સુધી | અને-દ્રાક્ષ-ઉતારો | પહોંચશે | — | વાવણી-સુધી |
| H5381 | | H1786 | H0853 | H1210 | H1210 | H5381 | H0853 | H2233 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַאֲכַלְתֶּם | לַחְמְכֶם | לָשֹׂבַע | וִישַׁבְתֶּם | לָבֶטַח | בְּאַרְצְכֶם׃ |
| અને-ખાશો | તમારી-રોટલી | ધરાઈને | અને-રહેશો | સલામત | તમારા-દેશમાં |
| H0398 | H3899 | H7648 | H3427 | H0983 | H0776 |

તમારે ત્યાં પુષ્કળ પાક ઊતરશે, વાવણીનો સમય આવે ત્યાં સુધી દ્રાક્ષ થયા કરશે અને લણવાનું કામ વાવણીના સમય સુધી ચાલશે, તમે ધરાતાં સુધી જમશો અને દેશમાં સુરક્ષિત રહેશો.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְנָתַתִּי | שָׁלוֹם | בָּאָרֶץ | וּשְׁכַבְתֶּם | וְאֵין | מַחֲרִיד | וְהִשְׁבַּתִּי | חַיָּה | רָעָה |
| અને-હું-આપીશ | શાંતિ | દેશમાં | અને-સૂશો | અને-કોઈ-નહિ-હોય | ડરાવનાર | અને-દૂર-કરીશ | હિંસક-પ્રાણીઓ | ખરાબ |
| H5414 | H7965 | H0776 | H7901 | H0369 | H2729 | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| מִן־ | הָאָרֶץ | וְחֶרֶב | לֹא־ | תַעֲבֹר | בְּאַרְצְכֶם׃ |
| થી | દેશમાંથી | અને-તલવાર | નહિ | પસાર-થાય | તમારા-દેશમાં |
| | H0776 | H2719 | H3808 | | H0776 |

હું તમને દેશમાં શાંતિ આપીશ અને તમે રાત્રે નિર્ભય બનીને નિરાંતે સુઈ શકશો, હું દેશમાંથી હિંસક પશુઓને દૂર કરીશ અને તલવાર તમારા દેશમાં ચાલશે નહિ.

7

| | | | | | |
|---|---|---|---|---|---|
| וּרְדַפְתֶּם | אֶת־ | אֹיְבֵיכֶם | וְנָפְלוּ | לִפְנֵיכֶם | לֶחָרֶב |
| અને-તમે-પીછો-કરશો | — | તમારા-શત્રુઓનો | અને-પડશે | તમારી-આગળ | તલવારથી |
| H7291 | H0853 | H0341 | H5307 | H6440 | H2719 |

તમે તમારા દુશ્મનોને હાંકી કાઢશો અને તેઓ તમારી આગળ તલવારથી પડશે.

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְרָדְפוּ | מִכֶּם | חֲמִשָּׁה | מֵאָה | וּמֵאָה | מִכֶּם | רְבָבָה | יִרְדֹּפוּ | וְנָפְלוּ |
| અને-પીછો-કરશે | તમારામાંથી | પાંચ | સોને | અને-સો | તમારામાંથી | દસ-હજારનો | પીછો-કરશે | અને-પડશે |
| H7291 | | H2568 | H3967 | H3967 | | H7233 | H7291 | H5307 |

| | | |
|---|---|---|
| אֹיְבֵיכֶם | לִפְנֵיכֶם | לֶחָרֶב׃ |
| તમારા-શત્રુઓ | તમારી-આગળ | તલવારથી |
| H0341 | H6440 | H2719 |

તમારામાંના પાંચ તે એકસોને નસાડી મૂકશે અને તમારામાંના એકસો તે દસહજારને નસાડશે. તમારા સર્વ શત્રુઓ તમારી આગળ તલવારથી પડશે.

9

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּפָנִיתִי | אֲלֵיכֶם | וְהִפְרֵיתִי | אֶתְכֶם | וְהִרְבֵּיתִי | אֶתְכֶם | וַהֲקִימֹתִי | אֶת־ | בְּרִיתִי |
| અને-હું-ફરીશ | તમારી-તરફ | અને-ફળદ્રુપ-કરીશ | તમને | અને-વધારીશ | તમને | અને-સ્થાપિત-કરીશ | — | મારો-કરાર |
| H6437 | H0413 | H6509 | H0853 | | H0853 | | H0853 | H1285 |

| |
|---|
| אִתְּכֶם׃ |
| તમારી-સાથે |
| H0854 |

હું તમારા તરફ કૃપાદ્રષ્ટિ રાખીશ, તમને સફળ કરીશ અને તમને વધારીશ. તમારી સાથે હું મારો કરાર સ્થાપિત કરીશ.

10

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַאֲכַלְתֶּם | יָשָׁן | נוֹשָׁן | וְיָשָׁן | מִפְּנֵי | חָדָשׁ | תּוֹצִיאוּ׃ |
| અને-ખાશો | જૂનું | ઘણું-જૂનું | અને-જૂનું | સામે | નવાના | કાઢી-નાખશો |
| H0398 | H3465 | H3462 | H3465 | H6440 | H2319 | H3318 |

તમે લાંબા સમયથી સંગ્રહ કરી રાખેલું અનાજ ખાશો. નવો પાક તૈયાર થશે ત્યારે તેનો સંગ્રહ કરવા જૂનો પાક બહાર કાઢી નાખશો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 11 | וְנָתַתִּ֥י | מִשְׁכָּנִ֖י | בְּתוֹכְכֶ֑ם | וְלֹֽא־ | תִגְעַ֥ל | נַפְשִׁ֖י | אֶתְכֶֽם׃ |
| | અને-સ્થાપીશ | મારું-નિવાસસ્થાન | તમારી-વચ્ચે | અને-નહિ | ધિક્કારે | મારો-આત્મા | તમને |
| | H5414 | H4908 | H8432 | H3808 | H1602 | H5315 | H0853 |

હું તમારી મધ્યે મારો મંડપ ઊભો કરાવીશ. અને હું તમારાથી કંટાળી જઈશ નહિ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | וְהִתְהַלַּכְתִּי֙ | בְּת֣וֹכְכֶ֔ם | וְהָיִ֥יתִי | לָכֶ֖ם | לֵֽאלֹהִ֑ים | וְאַתֶּ֖ם | תִּהְיוּ־ | לִ֥י | לְעָֽם׃ |
| | અને-ચાલીશ | તમારી-વચ્ચે | અને-હોઈશ | તમારા-માટે | ઈશ્વર | અને-તમે | થશો | મારા | પ્રજા |
| | H1980 | H8432 | H1961 | | H0430 | | H1961 | | |

હું તમારી મધ્યે ચાલીશ. હું તમારો ઈશ્વર થઈશ અને તમે મારા લોક થશો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 13 | אֲנִ֞י | יְהוָ֣ה | אֱלֹֽהֵיכֶ֗ם | אֲשֶׁ֨ר | הוֹצֵ֤אתִי | אֶתְכֶם֙ | מֵאֶ֣רֶץ | מִצְרַ֔יִם | מִהְיֹ֥ת | לָהֶ֖ם | עֲבָדִ֑ים |
| | હું | યહોવાહ | તમારો-ઈશ્વર-છું | જેણે | બહાર-કાઢ્યા | તમને | દેશમાંથી | મિસરના | હોવાથી | તેમના | ગુલામો |
| | H0589 | H3068 | H0430 | | H3318 | H0853 | H0776 | H4714 | H1961 | | H5650 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וָאֶשְׁבֹּר֙ | מֹטֹ֣ת | עֻלְּכֶ֔ם | וָאוֹלֵ֥ךְ | אֶתְכֶ֖ם | קֽוֹמְמִיּֽוּת׃ | פ |
| અને-તોડ્યાં | સળિયાં | તમારા-ઝૂંસરીનાં | અને-ચલાવ્યા | તમને | ટટ્ટાર-થઈને | — |
| H7665 | H4133 | H5923 | H3212 | H0853 | H6968 | |

તમને મિસર દેશમાંથી બહાર લાવનાર હું તમારો ઈશ્વર યહોવાહ છું. તમારી ચાકરીની ઝૂંસરી તોડી નાખીને મેં તમને ઉન્નત મસ્તકે ચાલતા કર્યા છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 14 | וְאִם־ | לֹ֥א | תִשְׁמְע֖וּ | לִ֑י | וְלֹ֣א | תַעֲשׂ֔וּ | אֵ֥ת | כָּל־ | הַמִּצְוֺ֖ת | הָאֵֽלֶּה׃ |
| | પરંતુ-જો | નહિ | સાંભળો | મારું | અને-નહિ | પાળો | — | આ-બધી | આજ્ઞાઓ | આ |
| | | H3808 | H8085 | | H3808 | | H0853 | H3605 | H4687 | H0428 |

પરંતુ જો તમે મારું કહ્યુ સાંભળશો નહિ અને મારી આ સર્વ આજ્ઞાઓનું ઉલ્લંઘન કરશો,

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | וְאִם־ | בְּחֻקֹּתַ֣י | תִּמְאָ֔סוּ | וְאִ֥ם | אֶת־ | מִשְׁפָּטַ֖י | תִּגְעַ֣ל | נַפְשְׁכֶ֑ם | לְבִלְתִּ֤י | עֲשׂוֹת֙ |
| | અને-જો | મારા-વિધિઓને | તુચ્છ-ગણો | અને-જો | — | મારા-ન્યાયોને | ધિક્કારે | તમારો-જીવ | ન-કરવાથી | પાલન |
| | | H2708 | | | H0853 | H4941 | H1602 | H5315 | H1115 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֶת־ | כָּל־ | מִצְוֺתַ֔י | לְהַפְרְכֶ֖ם | אֶת־ | בְּרִיתִֽי׃ |
| — | મારી-બધી | આજ્ઞાઓનું | તોડવાથી | — | મારો-કરાર |
| H0853 | H3605 | H4687 | | H0853 | H1285 |

તથા મારા વિધિઓને નકારવાનો નિર્ણય કરશો, મારા નિયમોની ઉપેક્ષા કરશો અને મારી પ્રત્યેક આજ્ઞાનું પાલન ન કરીને મારા કરારને તોડશો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 16 | אַף־ | אֲנִ֞י | אֶֽעֱשֶׂה־ | זֹּ֣את | לָכֶ֗ם | וְהִפְקַדְתִּ֨י | עֲלֵיכֶ֤ם | בֶּהָלָה֙ | אֶת־ | הַשַּׁחֶ֣פֶת | וְאֶת־ |
| | તો | હું-પણ | કરીશ | આ | તમને | અને-મોકલીશ | તમારા-ઉપર | ભય | — | ક્ષય-રોગ | અને |
| | H0637 | H0589 | | H2063 | | | | H0928 | H0853 | H7829 | H0853 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַקַּדַּ֔חַת | מְכַלּ֥וֹת | עֵינַ֖יִם | וּמְדִיבֹ֣ת | נָ֑פֶשׁ | וּזְרַעְתֶּ֤ם | לָרִיק֙ | זַרְעֲכֶ֔ם | וַאֲכָלֻ֖הוּ | אֹיְבֵיכֶֽם׃ |
| તાવ | ઘસાવનાર | આંખો | અને-ક્ષીણ-કરનાર | જીવ | અને-વાવશો | વ્યર્થ | તમારું-બીજ | અને-ખાશે-તે | તમારા-શત્રુઓ |
| H6920 | H3615 | | H1727 | H5315 | H2232 | H7385 | H2233 | H0398 | H0341 |

તો હું તમને આ પ્રમાણે સજા કરીશ, હું તમારા પર અત્યંત ત્રાસ વર્તાવીશ. હું તમારા પર એવા રોગો અને તાવ મોકલીશ કે જે તમને અંધ બનાવી દેશે અને તમારા હૃદય ઝૂર્યા કરશે. તમે તમારા બી વૃથા વાવશો. કારણ કે તે તમારો શત્રુ ખાશે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 17 | וְנָתַתִּ֤י | פָנַי֙ | בָּכֶ֔ם | וְנִגַּפְתֶּ֖ם | לִפְנֵ֣י | אֹיְבֵיכֶ֑ם | וְרָד֤וּ | בָכֶם֙ |
| | અને-ફેરવીશ | મારું-મુખ | તમારી-વિરુદ્ધ | અને-હારશો | આગળ | તમારા-શત્રુઓની | અને-રાજ-કરશે | તમારા-ઉપર |
| | H5414 | H6440 | | H5062 | H6440 | H0341 | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| שֹׂנְאֵיכֶ֔ם | וְנַסְתֶּ֖ם | וְאֵין־ | רֹדֵ֥ף | אֶתְכֶֽם׃ | ס |
| તમારા-દ્વેષીઓ | અને-ભાગશો | અને-કોઈ-નહિ-હોય | પીછો-કરનાર | તમારો | — |
| H8130 | H5127 | H0369 | H7291 | H0853 | |

હું મારું મુખ તમારી વિરુદ્ધ કરીશ અને તમારા શત્રુઓના હાથે હું તમારો પરાજય કરાવીશ. જેઓ તમારો દ્રેષ કરે છે તેઓ તમારા પર રાજ કરશે. અને કોઈ તમારી પાછળ નહિ પડયું હોય છતાં તમે નાસતા ફરશો.

18

| וְאִם־ | עַד־ | אֵלֶּה | לֹא | תִשְׁמְעוּ | לִי | וְיָסַפְתִּי | לְיַסְּרָה | אֶתְכֶם | שֶׁבַע | עַל־ | חַטֹּאתֵיכֶם׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જો | ત્યાં-સુધી | આ | નહિ | સાંભળો | મારું | તો-વધારીશ | શિક્ષા-કરવા | તમને | સાત | ગણી | તમારાં-પાપો-માટે |
| | H5704 | H0428 | H3808 | H8085 | | H3254 | H3256 | H0853 | H7651 | | |

અને તેમ છતાં જો તમે મારું નહિ સાંભળો તો હું તમને તમારા પાપો બદલ સાત ગણી વધુ સજા કરીશ.

19

| וְשָׁבַרְתִּי | אֶת־ | גְּאוֹן | עֻזְּכֶם | וְנָתַתִּי | אֶת־ | שְׁמֵיכֶם | כַּבַּרְזֶל | וְאֶת־ | אַרְצְכֶם | כַּנְּחֻשָׁה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-તોડીશ | — | ઘમંડ | તમારા-બળનો | અને-કરીશ | — | તમારા-આકાશને | લોખંડ-જેવું | અને | તમારી-ભૂમિને | કાંસા-જેવી |
| H7665 | H0853 | H1347 | H5797 | H5414 | H0853 | H8064 | H1270 | H0853 | H0776 | H5154 |

હું તમારા સામર્થ્યનો ગર્વ તોડીશ. હું તમારા પર આકાશને લોખંડના જેવું અને ભૂમિને પિત્તળના જેવી કરીશ.

20

| וְתַם | לָרִיק | כֹּחֲכֶם | וְלֹא־ | תִתֵּן | אַרְצְכֶם | אֶת־ | יְבוּלָהּ | וְעֵץ | הָאָרֶץ | לֹא | יִתֵּן | פִּרְיוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-વપરાશે | વ્યર્થ | તમારું-બળ | અને-નહિ | આપે | તમારી-ભૂમિ | — | તેની-ઊપજ | અને-વૃક્ષો | દેશનાં | નહિ | આપે | તેનાં-ફળ |
| H8552 | H7385 | | H3808 | H5414 | H0776 | H0853 | H2981 | H6086 | H0776 | H3808 | H5414 | H6529 |

તમારી સામર્થ્ય વ્યર્થ જશે. કેમ કે તમારી જમીનમાં કોઈ ફસલ થશે નહિ અને તમારાં વૃક્ષોને ફળ પણ આવશે નહિ.

21

| וְאִם־ | תֵּלְכוּ | עִמִּי | קֶרִי | וְלֹא | תֹאבוּ | לִשְׁמֹעַ | לִי | וְיָסַפְתִּי | עֲלֵיכֶם | מַכָּה | שֶׁבַע | כְּחַטֹּאתֵיכֶם׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જો | ચાલો | મારી-સાથે | વિરોધમાં | અને-નહિ | ઇચ્છો | સાંભળવા | મારું | તો-વધારીશ | તમારા-ઉપર | મારો | સાત-ગણો | તમારાં-પાપો-પ્રમાણે |
| | H3212 | | H7147 | H3808 | H0014 | H8085 | | H3254 | | H4347 | H7651 | |

અને જો તમે મારી વિરુદ્ધ ચાલશો તથા મારું સાંભળશો નહિ તો હું તમારાં પાપોને કારણે સાતગણી વધુ આફતો ઉતારીશ.

22

| וְהִשְׁלַחְתִּי | בָכֶם | אֶת־ | חַיַּת | הַשָּׂדֶה | וְשִׁכְּלָה | אֶתְכֶם | וְהִכְרִיתָה | אֶת־ | בְּהֶמְתְּכֶם | וְהִמְעִיטָה | אֶתְכֶם | וְנָשַׁמּוּ | דַּרְכֵיכֶם׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-મોકલીશ | તમારામાં | — | જંગલી-પ્રાણીઓ | વનનાં | અને-છીનવી-લેશે | તમારાં-બાળકો | અને-મારી-નાખશે | — | તમારાં-પશુઓ | અને-ઓછા-કરશે | તમને | અને-ઉજ્જડ-થશે | તમારા-માર્ગો |
| H7971 | | H0853 | | | | H0853 | H3772 | H0853 | H0929 | H4591 | H0853 | H8074 | H1870 |

પછી હું તમારી વિરુદ્ધ જંગલી જાનવરો છોડી મૂકીશ, જે તમારાં બાળકોને ફાડી ખાશે અને તમારાં પશુઓનો નાશ કરશે, પરિણામે તમારી સંખ્યા ઘટી જતા તમારા રસ્તાઓ ઉજ્જડ થઈ જશે.

23

| וְאִם־ | בְּאֵלֶּה | לֹא | תִוָּסְרוּ | לִי | וַהֲלַכְתֶּם | עִמִּי | קֶרִי׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-જો | આથી | નહિ | સુધરો | મારા-દ્વારા | અને-ચાલો | મારી-સાથે | વિરોધમાં |
| | H0428 | H3808 | H3256 | | H1980 | | H7147 |

આમ છતાં પણ જો તમે મારી શિક્ષા ગ્રહણ નહિ કરો અને મારી વિરુદ્ધ ચાલશો,

| 24 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָלַכְתִּ֥י | אַף־ | אֲנִ֛י | עִמָּכֶ֖ם | בְּקֶ֑רִי | וְהִכֵּיתִ֤י | אֶתְכֶם֙ | גַּם־ | אָ֔נִי | שֶׁ֖בַע | עַל־ | חַטֹּאתֵיכֶֽם׃ |
| તો-ચાલીશ | હું-પણ | હું | તમારી-સાથે | વિરોધમાં | અને-મારીશ | તમને | હું-પણ | હું | સાત | ગણું | તમારાં-પાપો-માટે |
| H1980 | H0637 | H0589 | | H7147 | H5221 | H0853 | H1571 | H0589 | H7651 | | |

તો હું પણ તમારી વિરુદ્ધ ચાલીશ. હું પોતે તમને તમારાં પાપો માટે સાતગણી વધુ આકરી સજા કરીશ.

| 25 | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהֵבֵאתִ֨י | עֲלֵיכֶ֜ם | חֶ֗רֶב | נֹקֶ֙מֶת֙ | נְקַם־ | בְּרִ֔ית | וְנֶאֱסַפְתֶּ֖ם | אֶל־ | עָרֵיכֶ֑ם | וְשִׁלַּ֤חְתִּי | דֶ֙בֶר֙ | בְּת֣וֹכְכֶ֔ם | וְנִתַּתֶּ֖ם | בְּיַד־ | אוֹיֵֽב׃ |
| અને-લાવીશ | તમારા-ઉપર | તલવાર | બદલો-લેનારી | બદલો | કરારનો | અને-ભેગા-થશો | તમારાં | નગરોમાં | અને-મોકલીશ | મરકી | તમારી-વચ્ચે | અને-સોંપાશો | હાથમાં | શત્રુના |
| H0935 | | H2719 | H5358 | H5359 | H1285 | H0622 | H0413 | | H7971 | H1698 | H8432 | H5414 | H3027 | H0341 |

મારા કરાર ભંગનો બદલો લેવા હું તમારા પર તલવાર લાવીશ. તમે તમારા નગરોમાં એકઠાં થશો ત્યારે હું ત્યાં તમારી મધ્યે મરકી મોકલીશ; અને તમે શત્રુના સામર્થ્યથી હારી જશો.

| 26 | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּשִׁבְרִ֣י | לָכֶם֮ | מַטֵּה־ | לֶחֶם֒ | וְ֠אָפוּ | עֶ֣שֶׂר | נָשִׁ֤ים | לַחְמְכֶם֙ | בְּתַנּ֣וּר | אֶחָ֔ד | וְהֵשִׁ֥יבוּ | לַחְמְכֶ֖ם | בַּמִּשְׁקָ֑ל | וַאֲכַלְתֶּ֖ם | וְלֹ֥א | תִשְׂבָּֽעוּ׃ ס |
| તોડીશ-ત્યારે | તમારા-માટે | આધાર | રોટલીનો | અને-શેકશે | દસ | સ્ત્રીઓ | તમારી-રોટલી | એક-તંદૂરમાં | એક | અને-પાછી-આપશે | તમારી-રોટલી | તોલીને | અને-ખાશો | અને-નહિ | ધરાઓ — |
| H7665 | | H4294 | H3899 | H0644 | H6235 | H0802 | H3899 | H8574 | H0259 | H7725 | H3899 | H4948 | H0398 | H3808 | H7646 |

જ્યારે હું તારા અનાજના પુરવઠાનો નાશ કરીશ ત્યારે દશ કુટુંબો માટે રોટલી શેકવા માટે ફક્ત એક ભઠ્ઠી પૂરતી થઈ પડશે; તેઓ તમને માપી તોલીને રોટલી વહેંચશે, અને તમે ખાશો પણ ધરાશો નહિ.

| 27 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְאִ֨ם־ | בְּזֹ֔את | לֹ֥א | תִשְׁמְע֖וּ | לִ֑י | וַהֲלַכְתֶּ֥ם | עִמִּ֖י | בְּקֶֽרִי׃ |
| અને-જો | આથી | નહિ | સાંભળો | મારું | અને-ચાલો | મારી-સાથે | વિરોધમાં |
| | H2063 | H3808 | H8085 | | H1980 | | H7147 |

જો તમે મારું નહિ સાંભળો અને સતત મારી વિરુદ્ધ ચાલશો,

| 28 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָלַכְתִּ֥י | עִמָּכֶ֖ם | בַּחֲמַת־ | קֶ֑רִי | וְיִסַּרְתִּ֤י | אֶתְכֶם֙ | אַף־ | אָ֔נִי | שֶׁ֖בַע | עַל־ | חַטֹּאתֵיכֶֽם׃ |
| તો-ચાલીશ | તમારી-સાથે | ક્રોધના | વિરોધમાં | અને-શિક્ષા-કરીશ | તમને | હું-પણ | હું | સાત | ગણી | તમારાં-પાપો-માટે |
| H1980 | | H2534 | H7147 | H3256 | H0853 | H0637 | H0589 | H7651 | | |

તો પછી હું ક્રોધે ભરાઈને તમારી વિરુદ્ધ ચાલીશ. અને હું તમારાં પાપોને લીધે તમને સાતગણી શિક્ષા કરીશ.

| 29 | | | | | |
|---|---|---|---|---|---|
| וַאֲכַלְתֶּ֖ם | בְּשַׂ֣ר | בְּנֵיכֶ֑ם | וּבְשַׂ֥ר | בְּנֹתֵיכֶ֖ם | תֹּאכֵֽלוּ׃ |
| અને-ખાશો | માંસ | તમારા-પુત્રોનું | અને-માંસ | તમારી-પુત્રીઓનું | ખાશો |
| H0398 | H1320 | | H1320 | H1323 | H0398 |

તમે તમારા પુત્રનું તેમ જ તમારી પુત્રીઓનું માંસ ખાશો.

| 30 | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהִשְׁמַדְתִּ֞י | אֶת־ | בָּמֹתֵיכֶ֗ם | וְהִכְרַתִּי֙ | אֶת־ | חַמָּ֣נֵיכֶ֔ם | וְנָתַתִּי֙ | אֶת־ | פִּגְרֵיכֶ֔ם | עַל־ | פִּגְרֵ֖י | גִּלּוּלֵיכֶ֑ם | וְגָעֲלָ֥ה | נַפְשִׁ֖י | אֶתְכֶֽם׃ |
| અને-નાશ-કરીશ | — | તમારાં-ઊંચાં-સ્થાનો | અને-કાપી-નાખીશ | — | તમારા-ધૂપ-વેદીઓ | અને-મૂકીશ | — | તમારા-શબો | ઉપર | શબો | તમારી-મૂર્તિઓના | અને-ધિક્કારશે | મારો-આત્મા | તમને |
| H8045 | H0853 | H1116 | H3772 | H0853 | H2553 | H5414 | H0853 | H6297 | | H6297 | H1544 | H1602 | H5315 | H0853 |

અને હું તમારા ઉચ્ચસ્થાનો તોડી નાખીશ તેમ જ તમારી વેદીઓને કાપી નાખીશ અને તમારી મૂર્તિઓના ભંગાર પર હું તમારા મૃતદેહ નાખીશ. હું તમને તિરસ્કૃત કરી નાખીશ.

31

| וְנָתַתִּ֤י | אֶת־ | עָרֵיכֶם֙ | חָרְבָּ֔ה | וַהֲשִׁמּוֹתִ֖י | אֶת־ | מִקְדְּשֵׁיכֶ֑ם | וְלֹ֣א | אָרִ֔יחַ | בְּרֵ֖יחַ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કરીશ | — | તમારાં-નગરો | ખંડેર | અને-ઉજાડીશ | — | તમારાં-પવિત્રસ્થાનો | અને-નહિ | સૂંઘું | સુવાસ |
| H5414 | H0853 | | H2723 | H8074 | H0853 | H4720 | H3808 | H7306 | H7381 |

| נִיחֹֽחֲכֶֽם׃ |
|---|
| તમારી-સુગંધિત-અર્પણની |
| H5207 |

હું તમારા નગરોને વેરાન ખંડેર બનાવી દઈશ. તમારા પવિત્ર સ્થાનોનો વિનાશ કરીશ અને તમારા સુવાસિત અર્પણોનો અસ્વીકાર કરીશ.

32

| וַהֲשִׁמֹּתִ֥י | אֲנִ֖י | אֶת־ | הָאָ֑רֶץ | וְשָֽׁמְמ֤וּ | עָלֶ֙יהָ֙ | אֹֽיְבֵיכֶ֔ם | הַיֹּשְׁבִ֖ים | בָּֽהּ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-ઉજાડીશ | હું-જ | — | ભૂમિને | અને-આશ્ચર્ય-પામશે | તેના-ઉપર | તમારા-શત્રુઓ | વસનારા | તેમાં |
| H8074 | H0589 | H0853 | H0776 | H8074 | | H0341 | H3427 | |

હું તમારા દેશને એવો ઉજ્જડ કરી નાખીશ કે તમારા દુશ્મનો જે તેમાં વસશે તેઓ પણ તમારી દુર્દશા જોઈને વિસ્મિત બની જશે.

33

| וְאֶתְכֶם֙ | אֱזָרֶ֣ה | בַגּוֹיִ֔ם | וַהֲרִיקֹתִ֥י | אַחֲרֵיכֶ֖ם | חָ֑רֶב | וְהָיְתָ֤ה | אַרְצְכֶם֙ | שְׁמָמָ֔ה |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-તમને | વેરવિખેર-કરીશ | પ્રજાઓમાં | અને-ખેંચીશ | તમારી-પાછળ | તલવાર | અને-થશે | તમારો-દેશ | ઉજ્જડ |
| H0853 | H2219 | | H7324 | | H2719 | H1961 | H0776 | |

| וְעָרֵיכֶ֖ם | יִהְי֥וּ | חָרְבָּֽה׃ |
|---|---|---|
| અને-તમારાં-નગરો | થશે | ખંડેર |
| | H1961 | H2723 |

હું તમને અનેક દેશોમાં વેરવિખેર કરી નાખીશ, હું તલવાર લઈને તમારી પાછળ પડીશ અને તમારો દેશ ઉજ્જડ તથા વેરાન થઈ જશે. તેમ જ તમારા શહેરો ખંડેર થઈ જશે.

34

| אָז֩ | תִּרְצֶ֨ה | הָאָ֜רֶץ | אֶת־ | שַׁבְּתֹתֶ֗יהָ | כֹּ֚ל | יְמֵ֣י | הֳשַׁמָּ֔ה | וְאַתֶּ֖ם | בְּאֶ֣רֶץ | אֹֽיְבֵיכֶ֑ם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ત્યારે | ભોગવશે | ભૂમિ | — | તેના-વિશ્રામવારો | બધા | દિવસો | ઉજ્જડપણાના | અને-તમે | દેશમાં | શત્રુઓના |
| | H7521 | H0776 | H0853 | H7676 | H3605 | H3117 | H8074 | | H0776 | H0341 |

| אָ֚ז | תִּשְׁבַּ֣ת | הָאָ֔רֶץ | וְהִרְצָ֖ת | אֶת־ | שַׁבְּתֹתֶֽיהָ׃ |
|---|---|---|---|---|---|
| ત્યારે | વિશ્રામ-કરશે | ભૂમિ | અને-ભોગવશે | — | તેના-વિશ્રામવારો |
| | | H0776 | H7521 | H0853 | H7676 |

અને જયારે તમે શત્રુઓના દેશમાં રહેતા હશો તે વર્ષોમાં જમીન ઉજ્જડ પડી રહેશે અને તે તેનો વિશ્રામ ભોગવશે અને તે દેશ તેના વિશ્રામ વર્ષોનો આનંદ માણશે.

35

| כָּל־ | יְמֵ֥י | הָשַּׁמָּ֖ה | תִּשְׁבֹּ֑ת | אֵ֣ת | אֲשֶׁ֤ר | לֹֽא־ | שָֽׁבְתָה֙ | בְּשַׁבְּתֹ֣תֵיכֶ֔ם |
|---|---|---|---|---|---|---|---|---|
| બધા | દિવસો | ઉજ્જડપણાના | વિશ્રામ-કરશે | — | જે | નહિ | વિશ્રામ-કર્યો | તમારા-વિશ્રામવારોમાં |
| H3605 | H3117 | H8074 | | H0853 | | H3808 | | H7676 |

| בְּשִׁבְתְּכֶ֖ם | עָלֶֽיהָ׃ |
|---|---|
| વસતા-હતા-ત્યારે | તેના-ઉપર |
| H3427 | |

જ્યારે તમે ત્યાં વસતા હતા ત્યારે દરેક સાતમે વર્ષે તમે આપ્યો નહોતો તે વિશ્રામ હવે તે પ્રાપ્ત કરશે.

36

| וְהַנִּשְׁאָרִ֣ים | בָּכֶ֔ם | וְהֵבֵ֤אתִי | מֹ֙רֶךְ֙ | בִּלְבָבָ֔ם | בְּאַרְצֹ֖ת | אֹיְבֵיהֶ֑ם | וְרָדַ֣ף | אֹתָ֗ם |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-બાકી-રહેલા | તમારામાં | અને-લાવીશ | નબળાઈ | તેમના-હૃદયમાં | દેશોમાં | શત્રુઓના | અને-પીછો-કરશે | તેમનો |
| H7604 | | H0935 | H4816 | H3824 | H0776 | H0341 | H7291 | H0853 |

| ק֚וֹל | עָלֶ֣ה | נִדָּ֔ף | וְנָס֤וּ | מְנֻֽסַת־ | חֶ֙רֶב֙ | וְנָפְל֖וּ | וְאֵ֥ין | רֹדֵֽף׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અવાજ | પાંદડાનો | ઊડતાનો | અને-ભાગશે | ભાગવું | તલવારથી | અને-પડશે | અને-કોઈ-નહિ-હોય | પીછો-કરનાર |
| | H5929 | H5086 | H5127 | H4499 | H2719 | H5307 | H0369 | H7291 |

જે લોકો તમારામાંથી બચી જઈને શત્રુઓના દેશમાં દેશવટો ભોગવી રહ્યા હશે તેમને હું એવા ભયભીત કરીશ કે એક પાંદડુ પડવાનો અવાજ થતાં તેઓ જાણે મોત પાછળ પડ્યું હોય તેમ ભાગવા માંડશે અને કોઈ પાછળ પડ્યું ના હોવા છતાં તેઓ ઢળી પડશે.

37
וְכָשְׁלוּ અને-ઠોકર-ખાશે H3782
אִישׁ־ એકબીજા-ઉપર H0376
בְּאָחִיו ભાઈ-ઉપર H0251
כְּמִפְּנֵי־ જાણે H6440
חֶרֶב તલવાર-આગળ H2719
וְרֹדֵף અને-પીછો-કરનાર H7291
אָיִן કોઈ-નહિ H0369
וְלֹא־ અને-નહિ H3808
תִהְיֶה હોય H1961
לָכֶם તમારામાં
תְּקוּמָה ટકી-શકવાની-શક્તિ H8617
לִפְנֵי આગળ H6440
אֹיְבֵיכֶם׃ તમારા-શત્રુઓની H0341

વળી કોઈ પાછળ પડ્યું ના હોવા છતાં જાણે તલવાર પાછળ આવતી હોય તેમ તેઓ એકબીજા પર પડાપડી કરશે. અને શત્રુઓનો સામનો કરવાની શક્તિ પણ તેઓમાં રહેશે નહિ.

38
וַאֲבַדְתֶּם અને-નાશ-પામશો H0006
בַּגּוֹיִם પ્રજાઓમાં
וְאָכְלָה અને-ગળી-જશે H0398
אֶתְכֶם તમને H0853
אֶרֶץ દેશ H0776
אֹיְבֵיכֶם׃ તમારા-શત્રુઓનો H0341

વિદેશી પ્રજાઓ વચ્ચે તમારો અંત આવશે અને તમારા શત્રુઓની ભૂમિ તમને ખાઈ જશે.

39
וְהַנִּשְׁאָרִים અને-બાકી-રહેલા H7604
בָּכֶם તમારામાં
יִמַּקּוּ સડી-જશે H4743
בַּעֲוֺנָם પોતાના-અધર્મમાં H5771
בְּאַרְצֹת દેશોમાં H0776
אֹיְבֵיכֶם તમારા-શત્રુઓના H0341
וְאַף અને-પણ H0637
בַּעֲוֺנֹת અધર્મોમાં H5771
אֲבֹתָם પિતૃઓના H0001
אִתָּם તેમની-સાથે H0854
יִמָּקּוּ׃ સડી-જશે H4743

જેઓ શત્રુઓના દેશમાં બચી જશે તેઓ પોતાના અને પોતાના પિતૃઓનાં પાપોને કારણે ઝૂરી ઝૂરીને ક્ષય પામતા જશે.

40
וְהִתְוַדּוּ અને-કબૂલ-કરશે H3034
אֶת־ — H0853
עֲוֺנָם પોતાનો-અધર્મ H5771
וְאֶת־ અને H0853
עֲוֺן અધર્મ H5771
אֲבֹתָם પિતૃઓનો H0001
בְּמַעֲלָם વિશ્વાસઘાતમાં H4604
אֲשֶׁר જે
מָעֲלוּ־ વિશ્વાસઘાત-કર્યો H4603
בִי મારી-સાથે
וְאַף અને-પણ H0637
אֲשֶׁר־ જે
הָלְכוּ ચાલ્યા H1980
עִמִּי મારી-સાથે
בְּקֶרִי׃ વિરોધમાં H7147

મારી વિરુદ્ધ કરેલા પાપો તેઓએ કર્યા તેમાં તેઓનો અન્યાય અને તેઓના પિતૃઓના અન્યાય જો તેઓ કબૂલ કરશે અને એ પણ કબૂલ કરશે કે તેઓ મારી વિરુદ્ધ ચાલ્યા છે;

41
אַף־ હું-પણ H0637
אֲנִי હું H0589
אֵלֵךְ ચાલીશ H3212
עִמָּם તેમની-સાથે
בְּקֶרִי વિરોધમાં H7147
וְהֵבֵאתִי અને-લાવીશ H0935
אֹתָם તેમને H0853
בְּאֶרֶץ દેશમાં H0776
אֹיְבֵיהֶם શત્રુઓના H0341
אוֹ־ અથવા
אָז ત્યારે
יִכָּנַע નમ્ર-થશે H3665
לְבָבָם હૃદય H3824
הֶעָרֵל બેસુન્નત H6189
וְאָז અને-ત્યારે
יִרְצוּ ભોગવશે H7521
אֶת־ — H0853
עֲוֺנָם׃ પોતાનો-અધર્મ H5771

તેથી હું પણ તેઓની વિરુદ્ધ થયો છું અને તેઓને શત્રુઓના દેશમાં સોંપી દીધા. જો તેઓનું બેસુન્નત હૃદય નમ્ર થયું હશે ને જો તેઓ પોતાના પાપોની સજા કબૂલ કરશે તો,

42
וְזָכַרְתִּי અને-યાદ-કરીશ H2142
אֶת־ — H0853
בְּרִיתִי મારો-કરાર H1285
יַעֲקוֹב યાકૂબનો H3290
וְאַף અને-પણ H0637
אֶת־ — H0853
בְּרִיתִי મારો-કરાર H1285
יִצְחָק ઇસહાકનો H3327
וְאַף અને-પણ H0637
אֶת־ — H0853
בְּרִיתִי મારો-કરાર H1285
אַבְרָהָם ઇબ્રાહીમનો H0085
אֶזְכֹּר યાદ-કરીશ H2142
וְהָאָרֶץ અને-ભૂમિને H0776
אֶזְכֹּר׃ યાદ-કરીશ H2142

હું યાકૂબ સાથેનો, ઇસહાક સાથેનો અને ઇબ્રાહિમ સાથેનો મારા કરારનું સ્મરણ કરીશ અને આ દેશનું પણ સ્મરણ કરીશ.

43
וְהָאָ֙רֶץ અને-ભૂમિ H0776
תֵּעָזֵ֤ב છોડી-દેવાશે
מֵהֶם֙ તેમના-દ્વારા H1992
וְתִ֣רֶץ અને-ભોગવશે H7521
אֶת־ — H0853
שַׁבְּתֹתֶ֗יהָ તેના-વિશ્રામવારો H7676
בָּהְשַׁמָּה֙ ઉજ્જડ-હોવામાં H8074
מֵהֶ֔ם તેમના-વગર H1992
וְהֵ֖ם અને-તેઓ H1992
יִרְצ֣וּ ભોગવશે H7521
אֶת־ — H0853
עֲוֺנָ֑ם પોતાનો-અધર્મ H5771
יַ֣עַן કારણ-કે H3282
וּבְיַ֔עַן અને-કારણ-કે H3282
בְּמִשְׁפָּטַ֣י મારા-ન્યાયોને H4941
מָאָ֔סוּ તુચ્છ-ગણ્યા
וְאֶת־ અને H0853
חֻקֹּתַ֖י મારા-વિધિઓને H2708
גָּעֲלָ֥ה ધિક્કાર્યા H1602
נַפְשָֽׁם׃ તેમના-જીવે H5315

તેઓને દેશ છોડાવો પડશે; અને ભૂમિ જયાં સુધી ઉજ્જડ પડી રહેશે તેટલો સમય તે પોતાના વિશ્રામના વર્ષો માણશે, તેઓ પોતાના પાપોની શિક્ષા ભોગવશે કેમ કે તેઓએ મારા વિધિઓનો નકાર કર્યો છે અને મારા નિયમોથી કંટાળ્યા છે.

44
וְאַף־ અને-છતાં-પણ H0637
גַּם־ આ-પણ H1571
זֹ֠את આ H2063
בִּהְיוֹתָ֞ם હોવા-છતાં H1961
בְּאֶ֣רֶץ દેશમાં H0776
אֹיְבֵיהֶ֗ם શત્રુઓના H0341
לֹֽא־ નહિ H3808
מְאַסְתִּ֤ים તુચ્છ-ગણ્યા
וְלֹֽא־ અને-નહિ H3808
גְעַלְתִּים֙ ધિક્કાર્યા-તેમને H1602
לְכַלֹּתָ֔ם સંપૂર્ણ-નાશ-કરવા H3615
לְהָפֵ֥ר તોડવા
בְּרִיתִ֖י મારો-કરાર H1285
אִתָּ֑ם તેમની-સાથે H0854
כִּ֛י કારણ-કે
אֲנִ֥י હું H0589
יְהוָ֖ה યહોવાહ H3068
אֱלֹהֵיהֶֽם׃ તેમનો-ઈશ્વર-છું H0430

તેમ છતાં, તેઓ તેઓના શત્રુઓના દેશમાં હશે ત્યારે પણ હું તેમનો સંપૂર્ણ નાશ નહિ કરું. તેમનો પૂરેપૂરો ત્યાગ પણ નહિ કરું અને મારો જે કરાર તેઓની સાથે છે તેને હું નહિ તોડું, કારણ કે હું યહોવાહ તેઓનો ઈશ્વર છું.

45
וְזָכַרְתִּ֥י અને-યાદ-કરીશ H2142
לָהֶ֖ם તેમના-માટે
בְּרִ֣ית કરાર H1285
רִאשֹׁנִ֑ים પૂર્વજોનો H7223
אֲשֶׁ֣ר જેમને
הוֹצֵֽאתִי־ બહાર-કાઢ્યા H3318
אֹתָם֩ તેમને H0853
מֵאֶ֨רֶץ દેશમાંથી H0776
מִצְרַ֜יִם મિસરના H4714
לְעֵינֵ֣י નજર-સમક્ષ
הַגּוֹיִ֗ם પ્રજાઓની
לִהְי֥וֹת થવા H1961
לָהֶ֛ם તેમના-માટે
לֵֽאלֹהִ֖ים ઈશ્વર H0430
אֲנִ֥י હું H0589
יְהוָֽה׃ યહોવાહ-છું H3068

પણ તેઓના પિતૃઓને કે જેઓને વિદેશીઓની નજર આગળથી મિસર દેશમાંથી હું કાઢી લાવ્યો એ માટે કે હું યહોવાહ તેઓનો ઈશ્વર થાઉં. તેઓની આગળ કરેલા મારા કરારને હું તેઓને લીધે સ્મરણ કરીશ. હું યહોવાહ છું.”

46
אֵ֠לֶּה આ H0428
הַֽחֻקִּ֣ים વિધિઓ H2706
וְהַמִּשְׁפָּטִים֮ અને-ન્યાયો H4941
וְהַתּוֹרֹת֒ અને-નિયમો H8451
אֲשֶׁר֙ જે
נָתַ֣ן આપ્યાં H5414
יְהוָ֔ה યહોવાહે H3068
בֵּינ֕וֹ પોતાની-વચ્ચે H0996
וּבֵ֖ין અને-વચ્ચે H0996
בְּנֵ֣י ઇસ્રાએલના-પુત્રોની
יִשְׂרָאֵ֑ל — H3478
בְּהַ֥ר પર્વત H2022
סִינַ֖י સિનાઈ H5514
בְּיַד־ હાથ-દ્વારા H3027
מֹשֶֽׁה׃ મૂસાના H4872
פ —

જે નિયમો, વિધિઓ અને આજ્ઞાઓ પોતાની તથા ઇઝરાયલના લોકોની વચ્ચે યહોવાહે સિનાઈ પર્વત પર મૂસા મારફતે આપ્યા તે આ છે.

## Chapter 27

1
וַיְדַבֵּ֥ר અને-બોલ્યા H1696
יְהוָ֖ה યહોવાએ H3068
אֶל־ (blank) H0413
מֹשֶׁ֥ה મૂસાને H4872
לֵּאמֹֽר׃ કહીને H0559

યહોવાહે મૂસાની સાથે વાત કરીને કહ્યુ,

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| נֶדֶר | יַפְלִא | כִּי | אִישׁ | אֲלֵהֶם | וְאָמַרְתָּ | יִשְׂרָאֵל | בְּנֵי | אֶל־ | דַּבֵּר |
| માનતા | વિશેષ-માનતા-કરે | જ્યારે | કોઈ-માણસ | તેમને | અને-કહે | (blank) | ઇઝરાયલના-પુત્રોને | (blank) | બોલ |
| H5088 | H6381 | | H0376 | H0413 | H0559 | H3478 | | H0413 | H1696 |

| | | |
|---|---|---|
| לַיהוָה׃ | נְפָשֹׁת | בְּעֶרְכְּךָ |
| યહોવા-માટે | વ્યક્તિઓના | તારા-મૂલ્ય-મુજબ |
| H3068 | H5315 | H6187 |

“ઇઝરાયલના લોકોને કહે કે, ‘જો કોઈ માણસ યહોવાહની આગળ ખાસ માનતા લે તો તારા નક્કી કરેલા મૂલ્ય પ્રમાણે તે લોકો યહોવાહને સારુ માન્ય થશે.

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָה | שָׁנָה | שִׁשִּׁים | בֶּן־ | וְעַד | שָׁנָה | עֶשְׂרִים | מִבֶּן | הַזָּכָר | עֶרְכְּךָ | וְהָיָה |
| અને-હશે | (blank) | (blank) | સાં□-વર્ષના | અને-સુધી | (blank) | વર્ષ | વીસથી | પુરુષનું | તારું-મૂલ્ય | અને-હશે |
| H1961 | H8141 | H8346 | | H5704 | H8141 | H6242 | | H2145 | H6187 | H1961 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| הַקֹּדֶשׁ׃ | בְּשֶׁקֶל | כֶּסֶף | שֶׁקֶל | חֲמִשִּׁים | עֶרְכְּךָ |
| (blank) | પવિત્ર-શેકલ-મુજબ | ચાંદીના | શેકલ | પચાસ | તારું-મૂલ્ય |
| H6944 | H8255 | H3701 | H8255 | H2572 | H6187 |

તારું નક્કી કરેલું મૂલ્ય આ પ્રમાણે થાય; વીસથી તે સાઠ વર્ષ સુધીની ઉંમરના નરને માટે તારું નક્કી કરેલું મૂલ્ય, પવિત્રસ્થાનના શેકેલ + 27:3 પવિત્રસ્થાનના શેકેલ 1 શેકેલ - 6 કિલોગ્રામ, આ માપ યાજકો દ્વારા નક્કી કરાયેલ છે. પ્રમાણે પચાસ શેકેલ ચાંદી થાય.

4

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שָׁקֶל׃ | שְׁלֹשִׁים | עֶרְכְּךָ | וְהָיָה | הִוא | נְקֵבָה | וְאִם־ |
| શેકલ | ત્રીસ | તારું-મૂલ્ય | અને-હશે | હોય | સ્ત્રી | અને-જો |
| H8255 | H7970 | H6187 | H1961 | H1931 | H5347 | |

તે જ ઉંમરની નારી માટે તેનું મૂલ્ય ત્રીસ શેકેલ થાય.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַזָּכָר | עֶרְכְּךָ | וְהָיָה | שָׁנָה | עֶשְׂרִים | בֶּן־ | וְעַד | שָׁנִים | חָמֵשׁ | מִבֶּן־ | וְאִם |
| પુરુષનું | તારું-મૂલ્ય | અને-હશે | (blank) | (blank) | વીસ-વર્ષના | અને-સુધી | વર્ષના | (blank) | પાંચથી | અને-જો |
| H2145 | H6187 | H1961 | H8141 | H6242 | | H5704 | H8141 | H2568 | | |

| | | | | |
|---|---|---|---|---|
| שְׁקָלִים׃ | עֲשֶׂרֶת | וְלַנְּקֵבָה | שְׁקָלִים | עֶשְׂרִים |
| શેકલ | દસ | અને-સ્ત્રીનું | શેકલ | વીસ |
| H8255 | H6235 | H5347 | H8255 | H6242 |

પાંચથી વીસ વર્ષની ઉંમરના નરની કિંમત વીસ શેકેલ અને નારીની કિંમત દસ શેકેલ ઠરાવવું.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| חֲמִשָּׁה | הַזָּכָר | עֶרְכְּךָ | וְהָיָה | שָׁנִים | חָמֵשׁ | בֶּן־ | וְעַד | חֹדֶשׁ | מִבֶּן־ | וְאִם |
| પાંચ | પુરુષનું | તારું-મૂલ્ય | અને-હશે | (blank) | (blank) | પાંચ-વર્ષના | અને-સુધી | (blank) | એક-મહિનાથી | અને-જો |
| H2568 | H2145 | H6187 | H1961 | H8141 | H2568 | | H5704 | H2320 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כָּסֶף׃ | שְׁקָלִים | שְׁלֹשֶׁת | עֶרְכְּךָ | וְלַנְּקֵבָה | כֶּסֶף | שְׁקָלִים |
| ચાંદીના | શેકલ | ત્રણ | તારું-મૂલ્ય | અને-સ્ત્રીનું | ચાંદીના | શેકલ |
| H3701 | H8255 | H7969 | H6187 | H5347 | H3701 | H8255 |

એક મહિનાથી પાંચ વર્ષ સુધીના નરની કિંમત પાંચ શેકેલ ચાંદી અને નારીની કિંમત ત્રણ શેકેલ ચાંદી ઠરાવવું.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עָשָׂר | חֲמִשָּׁה | עֶרְכְּךָ | וְהָיָה | זָכָר | אִם־ | וָמַעְלָה | שָׁנָה | שִׁשִּׁים | מִבֶּן־ | וְאִם |
| (blank) | પંદર | તારું-મૂલ્ય | અને-હશે | પુરુષ | જો | અને-ઉપરનો | વર્ષ | (blank) | સાં□થી | અને-જો |
| H6240 | H2568 | H6187 | H1961 | H2145 | | H4605 | H8141 | H8346 | | |

| | | | |
|---|---|---|---|
| שְׁקָלִים׃ | עֲשָׂרָה | וְלַנְּקֵבָה | שֶׁקֶל |
| શેકલ | દસ | અને-સ્ત્રીનું | શેકલ |
| H8255 | H6235 | H5347 | H8255 |

સાઠ વર્ષ અને તેની ઉપરની ઉંમરના નરની કિંમત પંદર શેકેલ અને નારીની કિંમત દસ શેકેલ ઠરાવવી.

8 וְאִם־ અને-જો · מָךְ ગરીબ H4134 · הוּא હોય-તે H1931 · מֵעֶרְכֶּךָ તારા-મૂલ્યાંકનથી H6187 · וְהֶעֱמִידוֹ અને-ઊભો-કરે H5975 · לִפְנֵי યાજક-આગળ H6440 · הַכֹּהֵן (blank) H3548 · וְהֶעֱרִיךְ અને-મૂલ્યાંકન-કરે · אֹתוֹ તેને H0853 · הַכֹּהֵן યાજક H3548
עַל־ (blank) · פִּי મુજબ H6310 · אֲשֶׁר જે · תַּשִּׂיג પરવડે-તેટલું H5381 · יַד હાથ H3027 · הַנֹּדֵר માનતા-કરનારનો H5087 · יַעֲרִיכֶנּוּ મૂલ્યાંકન-કરે · הַכֹּהֵן׃ યાજક H3548 · ס (blank)

પણ જો કોઈ વ્યક્તિ માનતા લે અને આ કિંમત ચૂકવી શકે તેમ ના હોય, તો તેણે તે વ્યક્તિને યાજક સમક્ષ રજૂ કરવી અને યાજકે તેની કિંમત માનતા લેનાર વ્યક્તિ ચૂકવી શકે તેટલી નક્કી કરવી.

9 וְאִם־ અને-જો · בְּהֵמָה પશુ H0929 · אֲשֶׁר જે · יַקְרִיבוּ અર્પણ-કરે H7126 · מִמֶּנָּה તેમાંથી · קָרְבָּן ભેટ · לַיהוָה યહોવા-માટે H3068 · כֹּל બધું H3605 · אֲשֶׁר જે · יִתֵּן આપે H5414 · מִמֶּנּוּ તેમાંથી
| כֵּ֚ן | יִהְיֶ֣ה | תָמִ֔יד | הֶעָנָ֖ן | יְכַסֶּ֑נּוּ | וּמַרְאֵה־ | אֵ֖שׁ | לָֽיְלָה׃ |
|---|---|---|---|---|---|---|---|
| એમ | રહેતું | સદા | વાદળ | ઢાંકતું | અને-દેખાવે- | અગ્નિનો | રાત્રે |
| | H1961 | H8548 | H6051 | H3680 | H4758 | H0784 | H3915 |

આ પ્રમાણે હંમેશા થતું મેઘ તેના પર આચ્છાદન કરતો અને રાત્રે તેનો દેખાવ અગ્નિની જ્વાળા જેવો હતો.

17

| וּלְפִ֞י | הֵעָלֹ֤ת | הֶֽעָנָן֙ | מֵעַ֣ל | הָאֹ֔הֶל | וְאַ֣חֲרֵי־ | כֵ֔ן | יִסְע֖וּ | בְּנֵ֣י | יִשְׂרָאֵ֑ל |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જ્યારે | ઊંચે-જતું | વાદળ | ઉપરથી | મંડપના | અને-ત્યાર-પછી- | તે | કૂચ-કરતા | પુત્રો | ઇઝરાયલના |
| H6310 | H5927 | H6051 | | H0168 | | | H5265 | | H3478 |

| וּבִמְק֗וֹם | אֲשֶׁ֤ר | יִשְׁכָּן־ | שָׁם֙ | הֶֽעָנָ֔ן | שָׁ֥ם | יַחֲנ֖וּ | בְּנֵ֥י | יִשְׂרָאֵֽל׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-સ્થળે | જ્યાં | ઊતરતું- | ત્યાં | વાદળ | ત્યાં | છાવણી-કરતા | પુત્રો | ઇઝરાયલના |
| H4725 | | H7931 | H8033 | H6051 | H8033 | H2583 | | H3478 |

અને જ્યારે મંડપ ઉપરથી મેઘ હઠી જતો ત્યારે ઇઝરાયલપ્રજા ચાલતી અને જે જગ્યાએ મેઘ થોભે ત્યાં તેઓ છાવણી કરતા.

18

| עַל־ | פִּ֣י | יְהוָ֗ה | יִסְעוּ֙ | בְּנֵ֣י | יִשְׂרָאֵ֔ל | וְעַל־ | פִּ֥י | יְהוָ֖ה | יַחֲנ֑וּ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| — | આજ્ઞા-પ્રમાણે | યહોવાની | કૂચ-કરતા | પુત્રો | ઇઝરાયલના | અને- | આજ્ઞા-પ્રમાણે | યહોવાની | છાવણી-કરતા |
| | H6310 | H3068 | H5265 | | H3478 | | H6310 | H3068 | H2583 |

| כָּל־ | יְמֵ֗י | אֲשֶׁ֨ר | יִשְׁכֹּ֧ן | הֶעָנָ֛ן | עַל־ | הַמִּשְׁכָּ֖ן | יַחֲנֽוּ׃ |
|---|---|---|---|---|---|---|---|
| બધા- | દિવસો | જ્યાં-સુધી | રહેતું | વાદળ | ઉપર- | પવિત્રમંડપના | છાવણી-કરતા |
| H3605 | H3117 | | H7931 | H6051 | | H4908 | H2583 |

યહોવાહની આજ્ઞા મુજબ ઇઝરાયલીઓ મુસાફરી કરતા અને તેઓની આજ્ઞા મુજબ તેઓ છાવણી કરતા. જયાં સુધી મંડપ ઉપર મેઘ થોભતો ત્યાં સુધી તેઓ છાવણીમાં રહેતા.

19

| וּבְהַאֲרִ֧יךְ | הֶעָנָ֛ן | עַל־ | הַמִּשְׁכָּ֖ן | יָמִ֣ים | רַבִּ֑ים | וְשָׁמְר֧וּ | בְנֵֽי־ | יִשְׂרָאֵ֛ל | אֶת־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જ્યારે-લાંબું-રહેતું | વાદળ | ઉપર- | પવિત્રમંડપના | દિવસો | ઘણા | અને-પાળતા | પુત્રો | ઇઝરાયલના | — |
| H0748 | H6051 | | H4908 | H3117 | | H8104 | | H3478 | H0853 |

| מִשְׁמֶ֥רֶת | יְהוָ֖ה | וְלֹ֥א | יִסָּֽעוּ׃ |
|---|---|---|---|
| ફરજ | યહોવાની | અને-ન | કૂચ-કરતા |
| H4931 | H3068 | H3808 | H5265 |

અને જ્યારે મેઘ લાંબા સમય સુધી મંડપ પર રહેતો ત્યારે ઇઝરાયલ લોકો યહોવાહે સોંપેલી સેવા કરતા અને આગળ ચાલતા નહિ.

| יְהוָה | פִּי | עַל־ | הַמִּשְׁכָּן | עַל־ | מִסְפָּר | יָמִים | הֶעָנָן | יִהְיֶה | אֲשֶׁר | וְיֵשׁ | 20 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| યહોવાની | આજ્ઞા-પ્રમાણે | — | પવિત્રમંડપના | ઉપર- | થોડા | દિવસો | વાદળ | રહેતું | હોય-કે | અને-ક્યારેક | |
| H3068 | H6310 | | H4908 | | H4557 | H3117 | H6051 | H1961 | | H3426 | |

| יִסָּעוּ׃ | יְהוָה | פִּי | וְעַל־ | יַחֲנוּ |
|---|---|---|---|---|
| કૂચ-કરતા | યહોવાની | આજ્ઞા-પ્રમાણે | અને- | છાવણી-કરતા |
| H5265 | H3068 | H6310 | | H2583 |

પરંતુ કેટલીક વખત મેઘ થોડા દિવસ માટે મુલાકાતમંડપ પર રહેતો ત્યારે યહોવાહની આજ્ઞા મુજબ તેઓ છાવણીમાં રહેતા.

| וְנָסָעוּ | בַּבֹּקֶר | הֶעָנָן | וְנַעֲלָה | בֹּקֶר | עַד־ | מֵעֶרֶב | הֶעָנָן | יִהְיֶה | אֲשֶׁר־ | וְיֵשׁ | 21 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કૂચ-કરતા | સવારે | વાદળ | અને-ઊંચે-જતું | સવાર-સુધી | — | સાંજથી | વાદળ | રહેતું | હોય-કે- | અને-ક્યારેક | |
| H5265 | H1242 | H6051 | H5927 | H1242 | H5704 | H6153 | H6051 | H1961 | | H3426 | |

| וְנָסָעוּ׃ | הֶעָנָן | וְנַעֲלָה | וָלַיְלָה | יוֹמָם | אוֹ |
|---|---|---|---|---|---|
| અને-કૂચ-કરતા | વાદળ | અને-ઊંચે-જતું | અને-રાત્રે | દિવસે | અથવા |
| H5265 | H6051 | H5927 | H3915 | H3119 | |

કેટલીક વખત મેઘ સાંજથી સવાર સુધી રહેતો અને જ્યારે સવારે મેઘ ઊપડી જતો ત્યારે તેઓ ચાલતા એટલે કે દિવસે કે રાત્રે મેઘ ઊપડતો ત્યારે તેઓ આગળ વધતા.

| עָלָיו | לִשְׁכֹּן | הַמִּשְׁכָּן | עַל־ | הֶעָנָן | בְּהַאֲרִיךְ | יָמִים | אוֹ־ | חֹדֶשׁ | אוֹ־ | יֹמַיִם | אוֹ־ | 22 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તેના-ઉપર | ઊતરેલું | પવિત્રમંડપના | ઉપર- | વાદળ | લાંબું-રહેતું | દિવસો | અથવા- | મહિનો | અથવા- | બે-દિવસ | અથવા- | |
| | H7931 | H4908 | | H6051 | H0748 | H3117 | | H2320 | | H3117 | | |

| יִסָּעוּ׃ | וּבְהֵעָלֹתוֹ | יִסָּעוּ | וְלֹא | יִשְׂרָאֵל | בְנֵי־ | יַחֲנוּ |
|---|---|---|---|---|---|---|
| કૂચ-કરતા | અને-જ્યારે-ઊંચે-જતું | કૂચ-કરતા | અને-ન | ઇઝરાયલના | પુત્રો- | છાવણી-કરતા |
| H5265 | H5927 | H5265 | H3808 | H3478 | | H2583 |

જ્યાં સુધી મેઘ પવિત્રમંડપ પર થોભી રહે ત્યાં સુધી એટલે કે બે દિવસ કે એક મહિનો કે એક વર્ષ માટે હોય, તોપણ ઇઝરાયલ લોકો છાવણીમાં રહેતા અને આગળ ચાલતાં નહિ. પણ જ્યારે તે ઊપડતો ત્યારે તેઓ ચાલતા.

| מִשְׁמֶרֶת | אֶת־ | יִסָּעוּ | יְהוָה | פִּי | וְעַל־ | יַחֲנוּ | יְהוָה | פִּי | עַל־ | 23 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ફરજ | — | કૂચ-કરતા | યહોવાની | આજ્ઞા-પ્રમાણે | અને- | છાવણી-કરતા | યહોવાની | આજ્ઞા-પ્રમાણે | — | |
| H4931 | H0853 | H5265 | H3068 | H6310 | | H2583 | H3068 | H6310 | | |

| פ | מֹשֶׁה׃ | בְּיַד־ | יְהוָה | פִּי | עַל־ | שָׁמָרוּ | יְהוָה |
|---|---|---|---|---|---|---|---|
| — | મૂસાના | હાથ-દ્વારા- | યહોવાની | આજ્ઞા-પ્રમાણે | — | પાળતા | યહોવાની |
| | H4872 | H3027 | H3068 | H6310 | | H8104 | H3068 |

યહોવાહની આજ્ઞા અનુસાર તેઓ છાવણી કરતા અને તેમની જ આજ્ઞા મુજબ તેઓ ચાલતા મૂસા દ્વારા તેઓને અપાયેલી આજ્ઞા મુજબ તેઓ યહોવાહને સોંપેલી સેવા કરતા.

# Chapter 10

| לֵאמֹר׃ | מֹשֶׁה | אֶל־ | יְהוָה | וַיְדַבֵּר | 1 |
|---|---|---|---|---|---|
| કહેતાં | મૂસાને | — | યહોવા | અને-બોલ્યા | |
| H0559 | H4872 | H0413 | H3068 | H1696 | |

યહોવાહ મૂસાને કહ્યું કે,

| לְמִקְרָא | לְךָ | וְהָיוּ | אֹתָם | תַּעֲשֶׂה | מִקְשָׁה | כֶּסֶף | חֲצוֹצְרֹת | שְׁתֵּי | לְךָ | עֲשֵׂה | 2 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલાવવા-માટે | તને | અને-થશે | તેમને | બનાવ | ઘડેલાં | ચાંદીનાં | રણશિંગડાં | બે | તારા-માટે | બનાવ | |
| H4744 | | H1961 | H0853 | | H4749 | H3701 | H2689 | H8147 | | | |

| הַמַּחֲנוֹת׃ | אֶת־ | וּלְמַסַּע | הָעֵדָה |
|---|---|---|---|
| છાવણીઓને | — | અને-કૂચ-કરાવવા | મંડળીને |
| H4264 | H0853 | H4550 | H5712 |

“તું પોતાને માટે ચાંદીનાં બે રણશિંગડાં બનાવ અને તે ઘડતર કામના બનાવ. અને તું પ્રજાને બોલાવવાના તથા છાવણીમાંથી ચાલી નીકળવાના કામમાં લે.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְתָקְעוּ | בָּהֵן | וְנוֹעֲדוּ | אֵלֶיךָ | כָּל־ | הָעֵדָה | אֶל־ | פֶּתַח | אֹהֶל | מוֹעֵד׃ |
| અને-વગાડે | તેમને | અને-ભેગા-થાય | તારી-પાસે | બધી- | મંડળી | — | દ્વાર-પાસે | મંડપના | મુલાકાતના |
| H8628 | | H3259 | H0413 | H3605 | H5712 | H0413 | H6607 | H0168 | H4150 |

જે સમયે બન્ને રણશિંગડા વગાડવામાં આવે, ત્યારે સમગ્ર સમાજે મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ તમારી સમક્ષ એકત્ર થવું.

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְאִם־ | בְּאַחַת | יִתְקָעוּ | וְנוֹעֲדוּ | אֵלֶיךָ | הַנְּשִׂיאִים | רָאשֵׁי | אַלְפֵי | יִשְׂרָאֵל׃ |
| અને-જો- | એકથી | વગાડે | અને-ભેગા-થાય | તારી-પાસે | અધિપતિઓ | મુખ્યાઓ | હજારોના | ઇઝરાયલના |
| | H0259 | H8628 | H3259 | H0413 | | | H0505 | H3478 |

પરંતુ જો યાજક એક જ રણશિંગડું વગાડે તો આગેવાનો, ઇઝરાયલકુળના મુખ્ય પુરુષો તારી સમક્ષ એકઠા થાય.

5

| | | | | | |
|---|---|---|---|---|---|
| וּתְקַעְתֶּם | תְּרוּעָה | וְנָסְעוּ | הַמַּחֲנוֹת | הַחֹנִים | קֵדְמָה׃ |
| અને-વગાડશો | ચેતવણી-ધ્વનિ | અને-કૂચ-કરશે | છાવણીઓ | જેઓ-પડાવ-નાખેલા | પૂર્વમાં |
| H8628 | H8643 | H5265 | H4264 | H2583 | |

જ્યારે તમે ભયસૂચક રણશિંગડું વગાડો ત્યારે પૂર્વ દિશામાં નાખેલી છાવણીઓએ કૂચ કરવી.

6

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּתְקַעְתֶּם | תְּרוּעָה | שֵׁנִית | וְנָסְעוּ | הַמַּחֲנוֹת | הַחֹנִים | תֵּימָנָה | תְּרוּעָה | יִתְקְעוּ | לְמַסְעֵיהֶם׃ |
| અને-વગાડશો | ચેતવણી-ધ્વનિ | બીજી-વાર | અને-કૂચ-કરશે | છાવણીઓ | જેઓ-પડાવ-નાખેલા | દક્ષિણમાં | ચેતવણી-ધ્વનિ | વગાડે | તેમની-કૂચ-માટે |
| H8628 | H8643 | H8145 | H5265 | H4264 | H2583 | H8486 | H8643 | H8628 | H4550 |

બીજી વખતે રણશિંગડાં મોટા અવાજે વાગે, ત્યારે દક્ષિણ દિશામાંની છાવણીએ કૂચ કરવી. આમ મુકામ ઉઠાવવાના સંકેત તરીકે રણશિંગડું મોટા અવાજે વગાડવું.

7

| | | | | | |
|---|---|---|---|---|---|
| וּבְהַקְהִיל | אֶת־ | הַקָּהָל | תִּתְקְעוּ | וְלֹא | תָרִיעוּ׃ |
| અને-જ્યારે-ભેગું-કરવું | — | સભાને | વગાડો | અને-ન | ચેતવણી-ધ્વનિ-કરો |
| H6950 | H0853 | H6951 | H8628 | H3808 | H7321 |

પણ ઇઝરાયલ સમાજને સભા માટે એકત્ર થવા જણાવવું હોય તો રણશિંગડું એકધારું વગાડવું.

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבְנֵי | אַהֲרֹן | הַכֹּהֲנִים | יִתְקְעוּ | בַּחֲצֹצְרוֹת | וְהָיוּ | לָכֶם | לְחֻקַּת | עוֹלָם | לְדֹרֹתֵיכֶם׃ |
| અને-પુત્રો | હારુનના | યાજકો | વગાડે | રણશિંગડાં | અને-થશે | તમારા-માટે | નિયમ-તરીકે | સદાકાળનો | તમારી-પેઢીઓમાં |
| | H0175 | H3548 | H8628 | H2689 | H1961 | | H2708 | H5769 | H1755 |

હારુનના વંશજોએ એટલે કે યાજકોએ જ રણશિંગડાં વગાડવાનાં છે. આ કાયમી કાનૂનનો અમલ તમારે પેઢી દરપેઢી કરવાનો છે.

9

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְכִי־ | תָבֹאוּ | מִלְחָמָה | בְּאַרְצְכֶם | עַל־ | הַצַּר | הַצֹּרֵר | אֶתְכֶם | וַהֲרֵעֹתֶם | בַּחֲצֹצְרוֹת | וְנִזְכַּרְתֶּם | לִפְנֵי | יְהוָה | אֱלֹהֵיכֶם | וְנוֹשַׁעְתֶּם | מֵאֹיְבֵיכֶם׃ |
| અને-જો- | જાઓ | યુદ્ધમાં | તમારા-દેશમાં | — | શત્રુ-સામે | જે-દુશ્મનાવટ-કરે | તમને | અને-વગાડો | રણશિંગડાં | અને-યાદ-કરાશો | સમક્ષ | યહોવા | તમારા-ઈશ્વરની | અને-બચાવાશો | તમારા-શત્રુઓથી |
| | H0935 | H4421 | H0776 | | | | H0853 | H7321 | H2689 | H2142 | H6440 | H3068 | H0430 | H3467 | H0341 |

અને જ્યારે તમે પોતાનાં દેશમાં તમારા પર જુલમ કરનારા દુશ્મનો સાથે યુદ્ધ કરવા જાઓ ત્યારે ભયસૂચક રણશિંગડાં વગાડો. યહોવાહ રણશિંગડાંનો અવાજ સાંભળશે, તમને યાદ કરશે અને તમને તમારા દુશ્મનોથી બચાવશે.

10

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וּבְי֨וֹם | שִׂמְחַתְכֶ֣ם | וּֽבְמוֹעֲדֵיכֶם֮ | וּבְרָאשֵׁ֣י | חָדְשֵׁיכֶם֒ | וּתְקַעְתֶּ֣ם | בַּחֲצֹֽצְרֹ֗ת |
| અને-દિવસે | તમારા-આનંદના | અને-તમારા-પર્વોમાં | અને-મહિનાઓના | તમારા-પહેલા-દિવસે | અને-વગાડશો | રણશિંગડાં |
| H3117 | H8057 | H4150 | | H2320 | H8628 | H2689 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עַ֚ל | עֹלֹ֣תֵיכֶ֔ם | וְעַ֖ל | זִבְחֵ֣י | שַׁלְמֵיכֶ֑ם | וְהָי֨וּ | לָכֶ֤ם | לְזִכָּרוֹן֙ | לִפְנֵ֣י |
| ઉપર | તમારા-દહનાર્પણો | અને-ઉપર | બલિદાનો | તમારા-શાંત્યર્પણના | અને-થશે | તમારા-માટે | સ્મરણ-તરીકે | સમક્ષ |
| | | | H2077 | H8002 | H1961 | | H2146 | H6440 |

| | | | | |
|---|---|---|---|---|
| אֱלֹהֵיכֶ֔ם | אֲנִ֖י | יְהוָ֥ה | אֱלֹהֵיכֶֽם׃ | פ |
| તમારા-ઈશ્વરની | હું-છું | યહોવા | તમારા-ઈશ્વર | — |
| H0430 | H0589 | H3068 | H0430 | |

વળી, તમારા ઉત્સવો વખતે, તમારા ઠરાવેલ પર્વોએ અને તમારા મહિનાઓના આરંભમાં તમે તમારા દહનીયાર્પણો તેમ જ શાંત્યર્પણો પર રણશિંગડું વગાડો. અને તેઓ તમારા ઈશ્વરની હજૂરમાં તમારે માટે સ્મરણાર્થે થશે. હું યહોવાહ તમારો ઈશ્વર છું."

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִ֞י | בַּשָּׁנָ֧ה | הַשֵּׁנִ֛ית | בַּחֹ֥דֶשׁ | הַשֵּׁנִ֖י | בְּעֶשְׂרִ֣ים | בַּחֹ֑דֶשׁ | נַעֲלָה֙ | הֶֽעָנָ֔ן | מֵעַ֖ל | מִשְׁכַּ֥ן |
| અને-થયું | વર્ષના | બીજા | મહિનાના | બીજા | વીસમી-તારીખે | મહિનાની | ઊંચે-ગયું | વાદળ | ઉપરથી | પવિત્રમંડપના |
| H1961 | H8141 | H8145 | H2320 | H8145 | H6242 | H2320 | H5927 | H6051 | | H4908 |

| |
|---|
| הָעֵדֻֽת׃ |
| સાક્ષીના |
| H5715 |

અને બીજા વર્ષના બીજા મહિનાના વીસમા દિવસે સાક્ષ્યોના મંડપ ઉપરથી મેઘ ઊપડ્યો.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּסְע֧וּ | בְנֵֽי־ | יִשְׂרָאֵ֛ל | לְמַסְעֵיהֶ֖ם | מִמִּדְבַּ֣ר | סִינָ֑י | וַיִּשְׁכֹּ֥ן | הֶֽעָנָ֖ן | בְּמִדְבַּ֥ר | פָּארָֽן׃ |
| અને-કૂચ-કર્યું | પુત્રોએ- | ઇઝરાયલના | તેમની-કૂચ-પ્રમાણે | અરણ્યમાંથી | સિનાઈના | અને-ઊતર્યું | વાદળ | અરણ્યમાં | પારાનના |
| H5265 | | H3478 | H4550 | | H5514 | H7931 | H6051 | | H6290 |

અને ઇઝરાયલપ્રજાએ સિનાઈના અરણ્યમાંથી પોતાની મુસાફરી શરૂ કરી અને મેઘ પારાનના અરણ્યમાં થોભ્યો.

13

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיִּסְע֖וּ | בָּרִאשֹׁנָ֑ה | עַל־ | פִּ֥י | יְהוָ֖ה | בְּיַד־ | מֹשֶֽׁה׃ |
| અને-કૂચ-કર્યું | પહેલી-વાર | — | આજ્ઞા-પ્રમાણે | યહોવાની | હાથ-દ્વારા- | મૂસાના |
| H5265 | H7223 | | H6310 | H3068 | H3027 | H4872 |

મૂસાને યહોવાહ તરફથી અપાયેલી આજ્ઞા મુજબ તેઓએ પોતાની પ્રથમ યાત્રા શરૂ કરી.

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַ֠יִּסַּע | דֶּ֣גֶל | מַחֲנֵ֧ה | בְנֵי־ | יְהוּדָ֛ה | בָּרִאשֹׁנָ֖ה | לְצִבְאֹתָ֑ם | וְעַ֨ל־ | צְבָא֔וֹ | נַחְשׁ֖וֹן |
| અને-કૂચ-કર્યું | ધ્વજ | છાવણીનો | પુત્રોના- | યહૂદાના | પહેલાં | તેમના-સૈન્ય-પ્રમાણે | અને- | તેના-સૈન્ય-ઉપર | નાહશોન |
| H5265 | H1714 | H4264 | | H3063 | H7223 | | | | H5177 |

| | |
|---|---|
| בֶּן־ | עַמִּֽינָדָֽב׃ |
| પુત્ર- | અમ્મીનાદાબનો |
| | H5992 |

અને યહૂદાપુત્રોની પહેલી છાવણીની ધજા પોતાનાં સૈન્ય મુજબ ચાલી નીકળી. અને તેના સૈન્યોનો આગેવાન આમ્મીનાદાબનો દીકરો નાહશોન હતો.

15

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְעַ֨ל־ | צְבָ֔א | מַטֵּ֖ה | בְּנֵ֣י | יִשָּׂשכָ֑ר | נְתַנְאֵ֖ל | בֶּן־ | צוּעָֽר׃ |
| અને- | સૈન્ય-ઉપર | કુળનું | પુત્રોના | ઇસ્સાખારના | નથાનએલ | પુત્ર- | સુઆરનો |
| | | H4294 | | H3485 | H5417 | | H6686 |

ઇસ્સાખારના દીકરાઓના કુળના સૈન્યનો આગેવાન સુઆરનો દીકરો નથાનએલ હતો.

16

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְעַ֨ל־ | צְבָ֔א | מַטֵּ֖ה | בְּנֵ֣י | זְבוּלֻ֑ן | אֱלִיאָ֖ב | בֶּן־ | חֵלֹֽן׃ |
| અને- | સૈન્ય-ઉપર | કુળનું | પુત્રોના | ઝબુલોનના | એલીઆબ | પુત્ર- | હેલોનનો |
| | | H4294 | | H2074 | H0446 | | H2497 |

અને ઝબુલોનના દીકરાઓના કુળનો સૈન્યનો ઉપરી હેલોનનો દીકરો અલિયાબ હતો.

17

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהוּרַ֖ד | הַמִּשְׁכָּ֑ן | וְנָסְע֤וּ | בְנֵֽי־ | גֵרְשׁוֹן֙ | וּבְנֵ֣י | מְרָרִ֔י | נֹשְׂאֵ֖י | הַמִּשְׁכָּֽן׃ | ס |
| અને-ઉતારાયો | પવિત્રમંડપ | અને-કૂચ-કર્યું | પુત્રોએ- | ગેર્શોનના | અને-પુત્રોએ | મરારીના | ઊંચકનારા | પવિત્રમંડપના | — |
| H3381 | H4908 | H5265 | | H1648 | | H4847 | H5375 | H4908 | |

ત્યાર પછી મંડપ ઉપાડવામાં આવ્યો એટલે ગેર્શોનના દીકરા તથા મરારીના દીકરાઓ મંડપ ઊંચકીને ચાલી નીકળ્યા.

18

| | | |
|---|---|---|
| וְנָסַע | અને-કૂચ-કર્યું | H5265 |
| דֶּגֶל | ધ્વજ | H1714 |
| מַחֲנֵה | છાવણીનો | H4264 |
| רְאוּבֵן | રૂબેનના | H7205 |
| לְצִבְאֹתָם | તેમના-સૈન્ય-પ્રમાણે | |
| וְעַל־ | અને- | |
| צְבָאוֹ | તેના-સૈન્ય-ઉપર | |
| אֱלִיצוּר | એલીસૂર | H0468 |
| בֶּן־ | પુત્ર- | |
| שְׁדֵיאוּר׃ | શદેઉરનો | H7707 |

તે પછી, રુબેનની છાવણીની ધજા પોતાનાં સૈન્ય મુજબ ચાલી નીકળી. અને તેના સૈન્યનો ઊપરી શદેઉરનો દીકરો અલીસૂર હતો.

19

| | | |
|---|---|---|
| וְעַל־ | અને- | |
| צְבָא | સૈન્ય-ઉપર | |
| מַטֵּה | કુળનું | H4294 |
| בְּנֵי | પુત્રોના | |
| שִׁמְעוֹן | શિમયોનના | H8095 |
| שְׁלֻמִיאֵל | શલૂમીએલ | H8017 |
| בֶּן־ | પુત્ર- | |
| צוּרִישַׁדָּי׃ | સૂરીશાદ્દાઈનો | H6701 |

અને શિમયોનનો દીકરાના કુળના સૈન્યનો ઉપરી સૂરીશાદ્દાયનો દીકરો શલુમિયેલ હતો.

20

| | | |
|---|---|---|
| וְעַל־ | અને- | |
| צְבָא | સૈન્ય-ઉપર | |
| מַטֵּה | કુળનું | H4294 |
| בְּנֵי־ | પુત્રોના- | |
| גָד | ગાદના | H1410 |
| אֶלְיָסָף | એલ્યાસાફ | H0460 |
| בֶּן־ | પુત્ર- | |
| דְּעוּאֵל׃ | દેઉએલનો | H1845 |

અને ગાદના દીકરાઓના કુળના સૈન્યનો ઉપરી દુએલનો દીકરો એલિયાસાફ હતો.

21

| | | |
|---|---|---|
| וְנָסְעוּ | અને-કૂચ-કર્યું | H5265 |
| הַקְּהָתִים | કહાથીઓએ | H6956 |
| נֹשְׂאֵי | ઊંચકનારા | H5375 |
| הַמִּקְדָּשׁ | પવિત્રસ્થાનના | H4720 |
| וְהֵקִימוּ | અને-ઊભો-કર્યો | |
| אֶת־ | — | H0853 |
| הַמִּשְׁכָּן | પવિત્રમંડપ | H4908 |
| עַד־ | — | H5704 |
| בֹּאָם׃ | તેઓના-આવતા-પહેલાં | H0935 |
| ס | — | |

અને કહાથીઓ પવિત્રસ્થાનમાંની સાધનસામગ્રી ઊંચકીને ચાલ્યા. તેઓ જઈ પહોંચે તે અગાઉ બીજાઓએ મંડપને ઊભો કર્યો.

22

| | | |
|---|---|---|
| וְנָסַע | અને-કૂચ-કર્યું | H5265 |
| דֶּגֶל | ધ્વજ | H1714 |
| מַחֲנֵה | છાવણીનો | H4264 |
| בְנֵי־ | પુત્રોના- | |
| אֶפְרַיִם | એફ્રાઈમના | H0669 |
| לְצִבְאֹתָם | તેમના-સૈન્ય-પ્રમાણે | |
| וְעַל־ | અને- | |
| צְבָאוֹ | તેના-સૈન્ય-ઉપર | |
| אֱלִישָׁמָע | એલીશામા | H0476 |
| בֶּן־ | પુત્ર- | |
| עַמִּיהוּד׃ | અમ્મીહૂદનો | H5989 |

પછી એફ્રાઇમના દીકરાઓની છાવણીની ધજા પોતાનાં સૈન્ય મુજબ ચાલી નીકળી અને તેના સૈન્ય પર આમ્મીહૂદનો દીકરો અલિશામા હતો.

23

| | | |
|---|---|---|
| וְעַל־ | અને- | |
| צְבָא | સૈન્ય-ઉપર | |
| מַטֵּה | કુળનું | H4294 |
| בְּנֵי | પુત્રોના | |
| מְנַשֶּׁה | મનાશ્શાના | H4519 |
| גַּמְלִיאֵל | ગમાલીએલ | H1583 |
| בֶּן־ | પુત્ર- | |
| פְּדָה־ | પદાહ- | H6301 |
| צוּר׃ | સૂરનો | H6301 |

અને મનાશ્શાના દીકરાઓના કુળના સૈન્યનો ઉપરી પદાહસૂરનો દીકરો ગમાલ્યેલ હતો.

24

| | | |
|---|---|---|
| וְעַל־ | અને- | |
| צְבָא | સૈન્ય-ઉપર | |
| מַטֵּה | કુળનું | H4294 |
| בְּנֵי | પુત્રોના | |
| בִנְיָמִן | બિન્યામીનના | H1144 |
| אֲבִידָן | અબીદાન | H0027 |
| בֶּן־ | પુત્ર- | |
| גִּדְעוֹנִי׃ | ગિદિયોનીનો | H1441 |
| ס | — | |

અને બિન્યામીનના દીકરાના કુળના સૈન્યનો ઉપરી ગિદિયોનીનો દીકરો અબીદાન હતો.

25

| | | |
|---|---|---|
| וְנָסַע | અને-કૂચ-કર્યું | H5265 |
| דֶּגֶל | ધ્વજ | H1714 |
| מַחֲנֵה | છાવણીનો | H4264 |
| בְנֵי־ | પુત્રોના- | |
| דָן | દાનના | H1835 |
| מְאַסֵּף | પાછલી-ટુકડી-તરીકે | H0622 |
| לְכָל־ | બધી- | H3605 |
| הַמַּחֲנֹת | છાવણીઓની | H4264 |
| לְצִבְאֹתָם | તેમના-સૈન્ય-પ્રમાણે | |
| וְעַל־ | અને- | |
| צְבָאוֹ | તેના-સૈન્ય-ઉપર | |
| אֲחִיעֶזֶר | અહીએઝેર | H0295 |
| בֶּן־ | પુત્ર- | |
| עַמִּישַׁדָּי׃ | અમ્મીશાદ્દાઈનો | H5996 |

પછી દાનના દીકરાઓની છાવણીની ધજા તેમનાં સૈન્ય મુજબ ચાલી નીકળી. બધી છાવણીઓના સૈન્યમાં તે સૌથી પાછળ હતી. અને તેનાં સૈન્યનો ઉપરી આમ્મીશાદ્દાયનો દીકરો અહીએઝેર હતો.

26

| | | |
|---|---|---|
| וְעַל־ | અને- | |
| צְבָא | સૈન્ય-ઉપર | |
| מַטֵּה | કુળનું | H4294 |
| בְּנֵי | પુત્રોના | |
| אָשֵׁר | આશેરના | H0836 |
| פַּגְעִיאֵל | પાગીએલ | H6295 |
| בֶּן־ | પુત્ર- | |
| עָכְרָן׃ | ઓક્રાનનો | H5918 |

અને આશેરના દીકરાઓના કુળના સૈન્યનો ઉપરી ઓક્રાનનો દીકરા પાગિયેલ હતો.

27

| | | |
|---|---|---|
| וְעַל־ | અને- | |
| צְבָא | સૈન્ય-ઉપર | |
| מַטֵּה | કુળનું | H4294 |
| בְּנֵי | પુત્રોના | |
| נַפְתָּלִי | નફતાલીના | H5321 |
| אֲחִירַע | અહીરા | H0299 |
| בֶּן־ | પુત્ર- | |
| עֵינָן׃ | એનાનનો | H5881 |

અને નફતાલીના દીકરાઓના કુળના સૈન્યનો ઉપરી એનાનનો દીકરો અહીરા હતો.

28

| | | |
|---|---|---|
| אֵלֶּה | આ | H0428 |
| מַסְעֵי | કૂચ | H4550 |
| בְנֵי־ | પુત્રોની- | |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| לְצִבְאֹתָם | તેમના-સૈન્ય-પ્રમાણે | |
| וַיִּסָּעוּ׃ | અને-કૂચ-કર્યું | H5265 |
| ס | — | |

ઇઝરાયલપ્રજાના સૈન્યોની કૂચનો ક્રમ આ મુજબ હતો. અને તેઓએ કૂચ આરંભી.

29

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| מֹשֶׁה | મૂસાએ | H4872 |
| לְחֹבָב | હોબાબને | H2246 |
| בֶּן־ | પુત્ર- | |
| רְעוּאֵל | રેઉએલના | H7467 |
| הַמִּדְיָנִי | મિદ્યાનીના | H4084 |
| חֹתֵן | સસરા | |
| מֹשֶׁה | મૂસાના | H4872 |
| נֹסְעִים | કૂચ-કરીએ-છીએ | H5265 |
| אֲנַחְנוּ | અમે | H0587 |
| אֶל־ | — | H0413 |
| הַמָּקוֹם | સ્થળ-તરફ | H4725 |
| אֲשֶׁר | જે | |
| אָמַר | કહ્યુ | H0559 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| אֹתוֹ | તે | H0853 |
| אֶתֵּן | આપીશ | H5414 |
| לָכֶם | તમને | |
| לְכָה | ચાલ | H3212 |
| אִתָּנוּ | અમારી-સાથે | H0854 |
| וְהֵטַבְנוּ | અને-ભલાઈ-કરીશું | H3190 |
| לָךְ | તને | |
| כִּי־ | કારણ-કે- | |
| יְהוָה | યહોવાએ | H3068 |
| דִּבֶּר־ | કહ્યુ-છે- | H1696 |
| טוֹב | ભલું | |
| עַל־ | વિશે- | |
| יִשְׂרָאֵל׃ | ઇઝરાયલના | H3478 |

અને મૂસાના સસરા મિદ્યાની રેઉએલના દીકરા હોબાબ સાથે મૂસાએ વાત કરી. દુએલ એ મૂસાની પત્નીનો પિતા હતો. મૂસાએ હોબાબને કહ્યુ કે, "જે જગ્યા વિષે યહોવાહે અમને કહ્યુ છે ત્યાં જવા માટે આપણે મુસાફરી કરીએ છીએ. યહોવાહે કહ્યુ છે કે, 'હું તમને તે આપીશ.' અમારી સાથે ચાલો અને અમે તમારું ભલું કરીશું. કેમ કે યહોવાહે ઇઝરાયલનું ભલું કરવાનું વચન આપ્યું છે."

30

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֵלָיו | તેમને | H0413 |
| לֹא | ન | H3808 |
| אֵלֵךְ | જાઉં | H3212 |
| כִּי | પરંતુ | |
| אִם־ | — | |
| אֶל־ | — | H0413 |
| אַרְצִי | મારા-દેશમાં | H0776 |
| וְאֶל־ | અને- | H0413 |
| מוֹלַדְתִּי | મારા-વતનમાં | H4138 |
| אֵלֵךְ׃ | જાઉં | H3212 |

પણ હોબાબે મૂસાને ઉત્તર આપ્યો કે, "હું તમારી સાથે નહિ આવું. હું તો મારા પોતાના દેશમાં મારાં સગાઓ પાસે જઈશ."

31

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אַל־ | ન- | H0408 |
| נָא | કૃપા-કરીને | H4994 |
| תַּעֲזֹב | છોડ | |
| אֹתָנוּ | અમને | H0853 |
| כִּי | કારણ-કે- | |
| עַל־ | — | |
| כֵּן | તેથી | |
| יָדַעְתָּ | જાણે-છે | H3045 |
| חֲנֹתֵנוּ | અમારો-પડાવ | H2583 |
| בַּמִּדְבָּר | અરણ્યમાં | |
| וְהָיִיתָ | અને-થશે | H1961 |
| לָּנוּ | અમારા-માટે | |
| לְעֵינָיִם׃ | આંખો-તરીકે | |

મૂસાએ જવાબ આપ્યો કે, "કૃપા કરી અમને છોડીને ન જઈશ. કેમ કે અરણ્યમાં અમારે કેવી રીતે છાવણી કરવી તે તું જાણે છે અને તું અમારે માટે આંખોની ગરજ સારે છે.

32

| | | |
|---|---|---|
| וְהָיָה | અને-થશે | H1961 |
| כִּי־ | જો- | |
| תֵלֵךְ | આવશે | H3212 |
| עִמָּנוּ | અમારી-સાથે | |
| וְהָיָה | અને-થશે- | H1961 |
| הַטּוֹב | ભલાઈ | |
| הַהוּא | તે | H1931 |
| אֲשֶׁר | જે | |
| יֵיטִב | ભલાઈ-કરશે | H3190 |
| יְהוָה | યહોવા | H3068 |
| עִמָּנוּ | અમારી-સાથે | |
| וְהֵטַבְנוּ | અને-ભલાઈ-કરીશું | H3190 |
| לָךְ׃ | તને | |

અને જો તું અમારી સાથે આવશે તો એમ થશે કે, યહોવાહ અમારું જે કંઈ ભલું કરશે તેમ અમે તમારું ભલું કરીશું."

33

| וַיִּסְעוּ | מֵהַר | יְהוָה | דֶּרֶךְ | שְׁלֹשֶׁת | יָמִים | וַאֲרוֹן | בְּרִית־ | יְהוָה | נֹסֵעַ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કૂચ-કર્યું | પર્વતથી | યહોવાના | ત્રણ-દિવસનો-રસ્તો | ત્રણ | દિવસ | અને-કોશ | કરાર-ના- | યહોવાનો | ચાલતો-હતો |
| H5265 | H2022 | H3068 | H1870 | H7969 | H3117 | H0727 | H1285 | H3068 | H5265 |

| לִפְנֵיהֶם | דֶּרֶךְ | שְׁלֹשֶׁת | יָמִים | לָתוּר | לָהֶם | מְנוּחָה׃ |
|---|---|---|---|---|---|---|
| તેમની-આગળ | ત્રણ-દિવસનો-રસ્તો | ત્રણ | દિવસ | શોધવા | તેમના-માટે | વિશ્રામસ્થાન |
| H6440 | H1870 | H7969 | H3117 | H8446 | | H4496 |

અને તેઓએ યહોવાહના પર્વતથી નીકળી ત્રણ દિવસ યાત્રા કરી. તે ત્રણે દિવસ દરમ્યાન યહોવાહનો કરારકોશ તેમને માટે વિશ્રામસ્થાનની જગ્યા શોધવા તેઓની આગળ ચાલ્યો.

34

| וַעֲנַן | יְהוָה | עֲלֵיהֶם | יוֹמָם | בְּנָסְעָם | מִן־ | הַמַּחֲנֶה׃ | ס |
|---|---|---|---|---|---|---|---|
| અને-વાદળ | યહોવાનું | તેમના-ઉપર | દિવસે | તેઓ-કૂચ-કરતા-ત્યારે | — | છાવણીમાંથી | — |
| H6051 | H3068 | | H3119 | H5265 | | H4264 | |

અને દિવસે તેઓ છાવણીમાંથી ચાલી નીકળતા. ત્યારે યહોવાહનો મેઘસ્તંભ તેઓના ઉપર રહેતો.

35

| וַיְהִי | בִּנְסֹעַ | הָאָרֹן | וַיֹּאמֶר | מֹשֶׁה | קוּמָה | יְהוָה | וְיָפֻצוּ | אֹיְבֶיךָ | וְיָנֻסוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | જ્યારે-કૂચ-કરતો | કોશ | અને-કહેતા | મૂસા | ઊઠ- | યહોવા | અને-વિખેરાય | તારા-શત્રુઓ | અને-ભાગે |
| H1961 | H5265 | H0727 | H0559 | H4872 | | H3068 | | H0341 | H5127 |

| מְשַׂנְאֶיךָ | מִפָּנֶיךָ׃ |
|---|---|
| તારા-ધિક્કારનારા | તારા-મુખ-આગળથી |
| H8130 | H6440 |

અને જ્યારે કરારકોશ ચાલી નીકળતો ત્યારે એમ થતું કે, મૂસા કહેતો, "હે યહોવાહ, તમે ઊઠો અને તમારા શત્રુઓને વેરવિખેર કરી નાખો, અને તમારો તિરસ્કાર કરનારને દૂર કરો."

36

| וּבְנֻחֹה | יֹאמַר | שׁוּבָה | יְהוָה | רִבְבוֹת | אַלְפֵי | יִשְׂרָאֵל׃ | ס |
|---|---|---|---|---|---|---|---|
| અને-જ્યારે-વિશ્રામ-કરે | કહેતા | પાછો-આવ | યહોવા | લાખોમાં | હજારો | ઇઝરાયલના | — |
| H5117 | H0559 | H7725 | H3068 | H7233 | H0505 | H3478 | |

અને જ્યારે કરારકોશ થોભતો ત્યારે મૂસા કહેતો કે, હે યહોવાહ, ઇઝરાયલના કરોડો પાસે તમે પાછા આવો."

# Chapter 11

1

| וַיְהִי | הָעָם | כְּמִתְאֹנְנִים | רַע | בְּאָזְנֵי | יְהוָה | וַיִּשְׁמַע | יְהוָה | וַיִּחַר |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | લોકો | ફરિયાદ-કરનારાઓ-જેવા | ખરાબ | કાનોમાં | યહોવાના | અને-સાંભળ્યું | યહોવાએ | અને-સળગ્યો |
| H1961 | | H0596 | | H0241 | H3068 | H8085 | H3068 | H2734 |

| אַפּוֹ | וַתִּבְעַר־ | בָּם | אֵשׁ | יְהוָה | וַתֹּאכַל | בִּקְצֵה | הַמַּחֲנֶה׃ |
|---|---|---|---|---|---|---|---|
| તેમનો-ક્રોધ | અને-સળગી | તેમનામાં | અગ્નિ | યહોવાનો | અને-ભસ્મ-કર્યું | છેડામાં | છાવણીના |
| H0639 | | | H0784 | H3068 | H0398 | | H4264 |

અને ઇઝરાયલીઓ યહોવાહના સાંભળતાં મુશ્કેલી વિષે ફરિયાદ કરી. યહોવાહ તે સાંભળીને તેઓના પર ગુસ્સે થયા. અને તેમનો અગ્નિ તેઓ મધ્યે પ્રગટ્યો; અને તેમણે છાવણીના સૌથી દૂરના છેડા સુધીના ભાગને બાળીને ભસ્મ કર્યો.

2

| וַיִּצְעַק | הָעָם | אֶל־ | מֹשֶׁה | וַיִּתְפַּלֵּל | מֹשֶׁה | אֶל־ | יְהוָה | וַתִּשְׁקַע | הָאֵשׁ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પોકાર્યા | લોકોએ | — | મૂસાને | અને-પ્રાર્થના-કરી | મૂસાએ | — | યહોવાને | અને-ઓલવાઈ-ગઈ | અગ્નિ |
| H6817 | | H0413 | H4872 | H6419 | H4872 | H0413 | H3068 | H8257 | H0784 |

લોકોએ મૂસાને પોકાર કર્યો, તેથી તેણે લોકો માટે યહોવાહને પ્રાર્થના કરી અને અગ્નિ હોલવાઈ ગયો.

3

| וַיִּקְרָא | שֵׁם־ | הַמָּקוֹם | הַהוּא | תַּבְעֵרָה | כִּי־ | בָעֲרָה | בָם | אֵשׁ | יְהוָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-રાખ્યું | નામ | સ્થળનું | તે | તાબએરાહ | કારણ-કે | સળગી-હતી | તેમનામાં | અગ્નિ | યહોવાની |
| H7121 | H8034 | H4725 | H1931 | H8404 | | | | H0784 | H3068 |

અને તે જગ્યાનું નામ તાબેરાહ + 11:3 બળતરા પાડવામાં આવ્યું. કેમ કે, તેઓ મધ્યે યહોવાહનો અગ્નિ પ્રગટ્યો હતો.

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהָאסַפְסֻף | אֲשֶׁר | בְּקִרְבּוֹ | הִתְאַוּוּ | תַּאֲוָה | וַיָּשֻׁבוּ | וַיִּבְכּוּ | גַּם | בְּנֵי |
| અને-મિશ્ર-ટોળાએ | જે | તેમની-વચ્ચે | લાલસા-કરી | તીવ્ર-ઈચ્છા | અને-પાછા-ફર્યા | અને-રડ્યા | પણ | પુત્રો |
| H0628 | | H7130 | H0183 | H8378 | H7725 | H1058 | H1571 | |

| | | | | |
|---|---|---|---|---|
| יִשְׂרָאֵל | וַיֹּאמְרוּ | מִי | יַאֲכִלֵנוּ | בָּשָׂר׃ |
| ઈસ્રાએલના | અને-કહ્યુ | કોણ | અમને-ખવડાવશે | માંસ |
| H3478 | H0559 | H4310 | H0398 | H1320 |

અને તેઓની સાથે મિશ્રિત થયેલા કેટલાક પરદેશીઓ અયોગ્ય વાસના કરવા લાગ્યા. અને ઇઝરાયલ લોકો ફરિયાદ કરી રડીને કહ્યુ કે, "અમને ખાવાને માંસ કોણ આપશે?

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| זָכַרְנוּ | אֶת־ | הַדָּגָה | אֲשֶׁר־ | נֹאכַל | בְּמִצְרַיִם | חִנָּם | אֵת | הַקִּשֻּׁאִים | וְאֵת |
| યાદ-કરીએ-છીએ | — | માછલી | જે | ખાતા-હતા | મિસરમાં | મફત | — | કાકડીઓ | અને |
| H2142 | H0853 | H1710 | | H0398 | H4714 | H2600 | H0853 | H7180 | H0853 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הָאֲבַטִּחִים | וְאֶת־ | הֶחָצִיר | וְאֶת־ | הַבְּצָלִים | וְאֶת־ | הַשּׁוּמִים׃ |
| તરબૂચ | અને | ડુંગળી | અને | કાંદા | અને | લસણ |
| H0020 | H0853 | | H0853 | H1211 | H0853 | H7762 |

જે માછલી મિસરમાં અમે મફતમાં ખાતા હતા તે હવે અમને યાદ આવે છે; વળી કાકડી, તડબૂચ, પ્યાજ અને લસણ પણ.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | נַפְשֵׁנוּ | יְבֵשָׁה | אֵין | כֹּל | בִּלְתִּי | אֶל־ | הַמָּן | עֵינֵינוּ׃ |
| પણ-હવે | અમારા-જીવ | સૂકાઈ-ગયા-છે | કંઈ-નથી | બધું | સિવાય | — | માન્ના | અમારી-આંખો-સમક્ષ |
| H6258 | H5315 | H3002 | H0369 | H3605 | H1115 | H0413 | | |

હાલ તો અમે નબળા પડી ગયા છીએ. ફક્ત આ માન્ના સિવાય બીજું કંઈ જ અમારી નજરે પડતું નથી."

7

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְהַמָּן | כִּזְרַע־ | גַּד | הוּא | וְעֵינוֹ | כְּעֵין | הַבְּדֹלַח׃ |
| અને-માન્ના | ધાણા-જેવું | બીજ | હતું | અને-તેનો-રંગ | જેવો | મોતીનો |
| | H2233 | H1407 | H1931 | | | H0916 |

માન્ના તો ધાણાના દાણા જેટલું હતું. તે ગુંદર જેવા ચીકણા પદાર્થ જેવું દેખાતું હતું.

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| שָׁטוּ | הָעָם | וְלָקְטוּ | וְטָחֲנוּ | בָרֵחַיִם | אוֹ | דָכוּ | בַּמְּדֹכָה | וּבִשְּׁלוּ | בַּפָּרוּר |
| ભટકતા-હતા | લોકો | અને-વીણતા | અને-દળતા | ઘંટીમાં | અથવા | ખાંડતા | ખલમાં | અને-રાંધતા | વાસણમાં |
| | | H3950 | H2912 | H7347 | | H1743 | H4085 | H1310 | H6517 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְעָשׂוּ | אֹתוֹ | עֻגוֹת | וְהָיָה | טַעְמוֹ | כְּטַעַם | לְשַׁד | הַשָּׁמֶן׃ |
| અને-બનાવતા | તેનાથી | રોટલી | અને-હતો | તેનો-સ્વાદ | જેવો-સ્વાદ | રસ | તેલનો |
| | H0853 | H5692 | H1961 | H2940 | H2940 | H3955 | H8081 |

લોકો છાવણીમાં ફરીને માન્ના વીણીને એકત્ર કરી લાવતા અને ઘંટીમાં દળી અથવા ખાંડણિયામાં ખાંડીને તથા તવામાં શેકીને તેની પૂરીઓ બનાવતા; અને તેનો સ્વાદ જૈતૂનના તેલ જેવો હતો.

9

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וּבְרֶדֶת | הַטַּל | עַל־ | הַמַּחֲנֶה | לָיְלָה | יֵרֵד | הַמָּן | עָלָיו׃ |
| અને-જ્યારે-ઊતરતું | ઝાકળ | — | છાવણી-પર | રાત્રે | ઊતરતું | માન્ના | તેના-પર |
| H3381 | H2919 | | H4264 | H3915 | H3381 | | |

અને રાત્રે છાવણીમાં ઝાકળ પડતું ત્યારે તેની સાથે માન્ના પણ પડતું.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁמַע | מֹשֶׁה | אֶת־ | הָעָם | בֹּכֶה | לְמִשְׁפְּחֹתָיו | אִישׁ | לְפֶתַח | אָהֳלוֹ | וַיִּחַר־ |
| અને-સાંભળ્યું | મૂસાએ | — | લોકોને | રડતા | પોતપોતાના-કુટુંબોમાં | દરેક | દરવાજે | પોતાના-તંબુના | અને-સળગ્યો |
| H8085 | H4872 | H0853 | | H1058 | H4940 | H0376 | H6607 | H0168 | H2734 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אַף | יְהוָה | מְאֹד | וּבְעֵינֵי | מֹשֶׁה | רָע׃ |
| ક્રોધ | યહોવાનો | ખૂબ | અને-દ્રષ્ટિમાં | મૂસાની | ખરાબ-લાગ્યું |
| H0639 | H3068 | H3966 | | H4872 | |

અને મૂસાએ સર્વ લોકોને પોતપોતાના કુટુંબોમાં એટલે દરેક માણસને પોતાના તંબુના બારણા આગળ રડતાં સાંભળ્યા. અને યહોવાહ બહુ ગુસ્સે થયા મૂસાની નજરમાં ખોટું લાગ્યું.

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | מֹשֶׁה | אֶל־ | יְהוָה | לָמָה | הֲרֵעֹתָ | לְעַבְדֶּךָ | וְלָמָּה | לֹא־ | מָצָתִי | חֵן |
| અને-કહ્યુ | મૂસાએ | — | યહોવાને | શા-માટે | દુ:ખ-આપ્યું-છે | તમારા-સેવકને | અને-શા-માટે | નહિ | મળી | કૃપા |
| H0559 | H4872 | H0413 | H3068 | H4100 | | H5650 | H4100 | H3808 | H4672 | H2580 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בְּעֵינֶיךָ | לָשׂוּם | אֶת־ | מַשָּׂא | כָּל־ | הָעָם | הַזֶּה | עָלָי׃ |
| તમારી-દૃષ્ટિમાં | મૂકવા | — | ભાર | આ-સમગ્ર | પ્રજાનો | આ | મારા-પર |
| | | H0853 | | H3605 | | H2088 | |

મૂસાએ યહોવાહને કહ્યુ, “તમે તમારા સેવકને શા માટે દુઃખી કર્યો? અને હું તમારી દૃષ્ટિમાં કેમ કૃપા ન પામ્યો કે તમે એ સર્વ લોકોનો બોજ મારા પર નાખો છો.?

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הֶאָנֹכִי | הָרִיתִי | אֵת | כָּל־ | הָעָם | הַזֶּה | אִם־ | אָנֹכִי | יְלִדְתִּיהוּ | כִּי־ | תֹאמַר |
| શું-હું | ગર્ભ-ધારણ-કર્યો | — | આ-સમગ્ર | પ્રજાનો | આ | અથવા | મેં | જન્મ-આપ્યો | કારણ-કે | તમે-કહો-છો |
| H0595 | H2029 | H0853 | H3605 | | H2088 | | H0595 | H3205 | | H0559 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֵלַי | שָׂאֵהוּ | בְחֵיקֶךָ | כַּאֲשֶׁר | יִשָּׂא | הָאֹמֵן | אֶת־ | הַיֹּנֵק | עַל | הָאֲדָמָה | אֲשֶׁר |
| મને | ઊંચકી-લે | તારી-ગોદમાં | જેમ | ઊંચકે | ધાવણ-માતા | — | શિશુને | — | દેશમાં | જે |
| H0413 | H5375 | H2436 | | H5375 | H0539 | H0853 | H3243 | | H0127 | |

| | |
|---|---|
| נִשְׁבַּעְתָּ | לַאֲבֹתָיו׃ |
| સોગંદ-ખાધા | તેમના-પૂર્વજોને |
| H7650 | H0001 |

શું આ સર્વ લોકો મારાં સંતાનો છે? શું મેં તેઓને જન્મ આપ્યો છે કે તમે મને કહો છો કે કોઈ પાળક પિતા પોતાની ગોદમાં ધાવણા બાળકને છાતીએ વળગાડી રાખે છે, તેમ જે દેશ વિષે મેં તેઓના પિતૃઓ આગળ સોગન ખાધા તેમાં તેઓને ઊંચકીને લઈ જા?

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מֵאַיִן | לִי | בָּשָׂר | לָתֵת | לְכָל־ | הָעָם | הַזֶּה | כִּי־ | יִבְכּוּ | עָלַי | לֵאמֹר | תְּנָה־ |
| ક્યાંથી | મારી-પાસે | માંસ | આપવા | આ-સમગ્ર | પ્રજાને | આ | કારણ-કે | રડે-છે | મારી-સમક્ષ | કહીને | આપ |
| H0370 | | H1320 | H5414 | H3605 | | H2088 | | H1058 | | H0559 | H5414 |

| | | |
|---|---|---|
| לָּנוּ | בָשָׂר | וְנֹאכֵלָה׃ |
| અમને | માંસ | અને-ખાઈએ |
| | H1320 | H0398 |

આ સર્વ લોકોને આપવા માટે મને માંસ કયાંથી મળી શકે? કેમ કે તેઓ રડી રડીને મને કહે છે કે, “અમને માંસ આપો કે અમે ખાઈએ.

14

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | אוּכַל | אָנֹכִי | לְבַדִּי | לָשֵׂאת | אֶת־ | כָּל־ | הָעָם | הַזֶּה | כִּי | כָבֵד | מִמֶּנִּי׃ |
| નથી | સમર્થ | હું | એકલો | ઉઠાવવા | — | આ-સમગ્ર | પ્રજાને | આ | કારણ-કે | ભારે-છે | મારા-માટે |
| H3808 | H3201 | H0595 | H0905 | H5375 | H0853 | H3605 | | H2088 | | H3515 | |

હું એકલો આ સર્વ લોકોનો બોજ સહન કરી શકતો નથી, કેમ કે તે બોજ મારા ગજા બહારનો છે.

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִם־ | כָּכָה | אַתְּ־ | עֹשֶׂה | לִּי | הָרְגֵנִי | נָא | הָרֹג | אִם־ | מָצָאתִי | חֵן |
| અને-જો | આવું | તમે | કરો-છો | મારી-સાથે | મને-મારી-નાખો | કૃપા-કરીને | મારી-નાખો | જો | મળી-છે | કૃપા |
| | H3602 | | | | H2026 | H4994 | H2026 | | H4672 | H2580 |

| | | | | |
|---|---|---|---|---|
| בְּעֵינֶיךָ | וְאַל־ | אֶרְאֶה | בְּרָעָתִי׃ | פ |
| તમારી-દૃષ્ટિમાં | અને-ન | જોઉં | મારી-દુર્દશા | — |
| | H0408 | H7200 | | |

જો તમે મારી સાથે આ રીતે વર્તો, ત્યારે તો, જો હું તમારી દૃષ્ટિમાં કૃપા પામ્યો હોઉં તો મને મારી નાખો કે મને મારું હિનતા જોવી ન પડે.”

16

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | יְהוָה | אֶל־ | מֹשֶׁה | אֶסְפָה־ | לִּי | שִׁבְעִים | אִישׁ | מִזִּקְנֵי | יִשְׂרָאֵל | אֲשֶׁר |
| અને-કહ્યુ | યહોવાએ | — | મૂસાને | ભેગા-કર | મારા-માટે | સિત્તેર | પુરુષ | વડીલોમાંથી | ઈસ્રાએલના | જેઓને |
| H0559 | H3068 | H0413 | H4872 | H0622 | | H7657 | H0376 | H2205 | H3478 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יָדַעְתָּ | כִּי־ | הֵם | זִקְנֵי | הָעָם | וְשֹׁטְרָיו | וְלָקַחְתָּ | אֹתָם | אֶל־ | אֹהֶל |
| તું-જાણે-છે | કે | તેઓ | વડીલો-છે | પ્રજાના | અને-તેમના-અધિકારીઓ | અને-લઈ-જા | તેમને | — | મંડપ |
| H3045 | | H1992 | H2205 | | H7860 | H3947 | H0853 | H0413 | H0168 |

| | | | |
|---|---|---|---|
| מוֹעֵד | וְהִתְיַצְּבוּ | שָׁם | עִמָּךְ׃ |
| મુલાકાતના | અને-ઊભા-રહે | ત્યાં | તારી-સાથે |
| H4150 | H3320 | H8033 | |

પછી યહોવાહે મૂસાને કહ્યુ, "ઇઝરાયલના વડીલોમાંના સિત્તેર પુરુષો કે જેઓને તું લોકોના વડીલો તથા ઉપરીઓ તરીકે ઓળખાવે છે. તેઓને મારી સમક્ષ એકત્ર કર. અને મુલાકાતમંડપની પાસે તેઓને લાવ. તેઓને ત્યાં તારી સાથે ઊભા રાખ.

17

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְיָרַדְתִּי | וְדִבַּרְתִּי | עִמְּךָ | שָׁם | וְאָצַלְתִּי | מִן־ | הָרוּחַ | אֲשֶׁר | עָלֶיךָ |
| અને-હું-ઊતરીશ | અને-વાત-કરીશ | તારી-સાથે | ત્યાં | અને-લઈશ | — | આત્મામાંથી | જે | તારા-પર-છે |
| H3381 | H1696 | | H8033 | H0680 | | H7307 | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְשַׂמְתִּי | עֲלֵיהֶם | וְנָשְׂאוּ | אִתְּךָ | בְּמַשָּׂא | הָעָם | וְלֹא־ | תִשָּׂא | אַתָּה | לְבַדֶּךָ׃ |
| અને-મૂકીશ | તેમના-પર | અને-ઉઠાવશે | તારી-સાથે | ભાર | પ્રજાનો | અને-નહિ | ઉઠાવે | તું | એકલો |
| | | H5375 | H0854 | | | H3808 | H5375 | | H0905 |

હું નીચે ઊતરીને ત્યાં આવીશ અને તારી સાથે વાત કરીશ, મેં તને જે આત્મા આપ્યો છે તેમાંનો લઈને હું એ લોકો પર મૂકીશ. તેથી તેઓ પણ તારી સાથે લોકોનો ભાર ઊચકશે, તેથી તારે એકલાએ બોજ ઊંચકવો પડશે નહિ.

18

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶל־ | הָעָם | תֹּאמַר | הִתְקַדְּשׁוּ | לְמָחָר | וַאֲכַלְתֶּם | בָּשָׂר | כִּי | בְּכִיתֶם | בְּאָזְנֵי | יְהוָה |
| અને | લોકોને | કહે | પવિત્ર-કરો | આવતી-કાલ-માટે | અને-ખાશો | માંસ | કારણ-કે | રડ્યા | કાનોમાં | યહોવાના |
| H0413 | | H0559 | H6942 | H4279 | H0398 | H1320 | | H1058 | H0241 | H3068 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֵאמֹר | מִי | יַאֲכִלֵנוּ | בָּשָׂר | כִּי־ | טוֹב | לָנוּ | בְּמִצְרָיִם | וְנָתַן | יְהוָה | לָכֶם |
| કહીને | કોણ | ખવડાવશે-અમને | માંસ | કારણ-કે | સારું-હતું | અમારા-માટે | મિસરમાં | અને-આપશે | યહોવા | તમને |
| H0559 | H4310 | H0398 | H1320 | | H2895 | | H4714 | H5414 | H3068 | |

| | |
|---|---|
| בָּשָׂר | וַאֲכַלְתֶּם׃ |
| માંસ | અને-ખાશો |
| H1320 | H0398 |

તું લોકોને કહે કે,; તમે કાલને સારુ પોતાને શુદ્ધ કરો યહોવાહની મુલાકાત માટે તૈયાર થાઓ. તમને માંસ મળશે, કેમ કે, તમે રડીને યહોવાહના કાનોમાં કહ્યુ કે, "અમને ખાવાને માંસ કોણ આપશે? કેમ કે, મિસરમાં જ અમારા માટે સારું હતું." એ માટે યહોવાહ તમને માંસ આપશે અને તમે ખાશો.

19

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא | יוֹם | אֶחָד | תֹּאכְלוּן | וְלֹא | יוֹמָיִם | וְלֹא | חֲמִשָּׁה | יָמִים | וְלֹא | עֲשָׂרָה | יָמִים |
| નહિ | એક-દિવસ | એક | ખાશો | અને-નહિ | બે-દિવસ | અને-નહિ | પાંચ | દિવસ | અને-નહિ | દસ | દિવસ |
| H3808 | H3117 | H0259 | H0398 | H3808 | H3117 | H3808 | H2568 | H3117 | H3808 | H6235 | H3117 |

| | | |
|---|---|---|
| וְלֹא | עֶשְׂרִים | יוֹם׃ |
| અને-નહિ | વીસ | દિવસ |
| H3808 | H6242 | H3117 |

એક દિવસ કે બે દિવસ નહિ, પાંચ, દશ કે વીસ દિવસ સુધીય નહિ,

20

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַד | חֹדֶשׁ | יָמִים | עַד | אֲשֶׁר־ | יֵצֵא | מֵאַפְּכֶם | וְהָיָה | לָכֶם | לְזָרָא | יַעַן |
| સુધી | મહિનો | દિવસોનો | જ્યાં-સુધી | કે | નીકળે | તમારા-નાકમાંથી | અને-થાય | તમારા-માટે | ધિક્કારપાત્ર | કારણ-કે |
| H5704 | H2320 | H3117 | H5704 | | H3318 | H0639 | H1961 | | H2214 | H3282 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | מְאַסְתֶּם | אֶת־ | יְהוָה | אֲשֶׁר | בְּקִרְבְּכֶם | וַתִּבְכּוּ | לְפָנָיו | לֵאמֹר | לָמָּה |
| કે | તમે-તિરસ્કાર-કર્યો | — | યહોવાનો | જે | તમારી-વચ્ચે-છે | અને-રડ્યા | તેમની-સમક્ષ | કહીને | શા-માટે |
| | | H0853 | H3068 | | H7130 | H1058 | H6440 | H0559 | H4100 |

| | | |
|---|---|---|
| זֶּה | יָצָאנוּ | מִמִּצְרָיִם׃ |
| આ | નીકળ્યા-અમે | મિસરમાંથી |
| H2088 | H3318 | H4714 |

પરંતુ એક આખા મહિના સુધી તમે તે ખાશો એટલે સુધી કે તે તમારાં નસકોરામાંથી પાછું નીકળશે. અને તેથી તમે કંટાળી જશો. કેમ કે યહોવાહ જે તમારી મધ્યે છે તેનો તમે ઇનકાર કર્યો છે અને તેમની આગળ રડીને કહ્યુ છે કે “અમે મિસરમાંથી કેમ બહાર આવ્યા?”

21

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| מֹשֶׁה | મૂસાએ | H4872 |
| שֵׁשׁ־ | છ | H8337 |
| מֵאוֹת | સો | H3967 |
| אֶלֶף | હજાર | H0505 |
| רַגְלִי | પાયદળ | H7273 |
| הָעָם | પ્રજા | |
| אֲשֶׁר | જેમની | |
| אָנֹכִי | હું | H0595 |
| בְּקִרְבּוֹ | વચ્ચે-છું | H7130 |
| וְאַתָּה | અને-તમે | |
| אָמַרְתָּ | કહ્યુ | H0559 |
| בָּשָׂר | માંસ | H1320 |
| אֶתֵּן | આપીશ | H5414 |
| לָהֶם | તેમને | |
| וְאָכְלוּ | અને-ખાશે | H0398 |
| חֹדֶשׁ | મહિનો | H2320 |
| יָמִים׃ | દિવસોનો | H3117 |

પછી મૂસાએ કહ્યુ, જે લોકોની સાથે હું છું તેઓ છ લાખ પાયદળ છે અને તમે કહ્યુ છે કે, હું તેઓને એટલું બધું માંસ આપીશ કે, તેઓ એક આખા મહિના સુધી તે ખાશે.’

22

| | | |
|---|---|---|
| הֲצֹאן | શું-ઘેટાં | H6629 |
| וּבָקָר | અને-ઢોર | H1241 |
| יִשָּׁחֵט | કાપવામાં-આવે | |
| לָהֶם | તેમના-માટે | |
| וּמָצָא | અને-મળે | H4672 |
| לָהֶם | તેમને | |
| אִם | અથવા | |
| אֶת־ | — | H0853 |
| כָּל־ | સમગ્ર | H3605 |
| דְּגֵי | માછલીઓ | H1709 |
| הַיָּם | સમુદ્રની | H3220 |
| יֵאָסֵף | ભેગી-કરવામાં-આવે | H0622 |
| לָהֶם | તેમના-માટે | |
| וּמָצָא | અને-મળે | H4672 |
| לָהֶם׃ | તેમને | |
| פ | — | |

શું તેઓને પૂરતું થાય તે માટે ઘેટાંબકરાં તથા ઢોરઢાંકના ટોળાં કાપવામાં આવશે? કે તેઓને પૂરતું થાય તે માટે સમુદ્રનાં બધાં માછલાં એકત્ર કરવામાં આવશે?”

23

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| אֶל־ | — | H0413 |
| מֹשֶׁה | મૂસાને | H4872 |
| הֲיַד | શું-હાથ | H3027 |
| יְהוָה | યહોવાનો | H3068 |
| תִּקְצָר | ટૂંકો-છે | |
| עַתָּה | હવે | H6258 |
| תִרְאֶה | જોશે | H7200 |
| הֲיִקְרְךָ | મારું-વચન-પૂરું-થશે | |
| דְבָרִי | તારી-સાથે | H1697 |
| אִם־ | કે | |
| לֹא׃ | નહિ | H3808 |

યહોવાહે મૂસાને કહ્યુ કે, “શું મારો હાથ એટલો ટૂંકો પડ્યો છે? મારું વચન તારા પ્રત્યે પૂરું થશે કે નહિ એ તું હવે જોઈશ.”

24

| | | |
|---|---|---|
| וַיֵּצֵא | અને-ગયો | H3318 |
| מֹשֶׁה | મૂસા | H4872 |
| וַיְדַבֵּר | અને-કહ્યુ | H1696 |
| אֶל־ | — | H0413 |
| הָעָם | લોકોને | |
| אֵת | — | H0853 |
| דִּבְרֵי | વચનો | H1697 |
| יְהוָה | યહોવાનાં | H3068 |
| וַיֶּאֱסֹף | અને-ભેગા-કર્યા | H0622 |
| שִׁבְעִים | સિત્તેર | H7657 |
| אִישׁ | પુરુષ | H0376 |
| מִזִּקְנֵי | વડીલોમાંથી | H2205 |
| הָעָם | પ્રજાના | |
| וַיַּעֲמֵד | અને-ઊભા-રાખ્યા | H5975 |
| אֹתָם | તેમને | H0853 |
| סְבִיבֹת | આસપાસ | H5439 |
| הָאֹהֶל׃ | મંડપની | H0168 |

પછી મૂસાએ બહાર આવીને યહોવાહનાં વચન લોકોને કહી સંભળાવ્યાં. અને લોકોના વડીલોમાંના સિત્તેર માણસોને તેણે એકત્ર કર્યા. અને તેઓને તંબુની આજુબાજુ ઊભા રાખ્યા.

25

| | | |
|---|---|---|
| וַיֵּרֶד | અને-ઊતર્યા | H3381 |
| יְהוָה | યહોવા | H3068 |
| בֶּעָנָן | વાદળમાં | H6051 |
| וַיְדַבֵּר | અને-બોલ્યા | H1696 |
| אֵלָיו | તેમને | H0413 |
| וַיָּאצֶל | અને-લીધો | H0680 |
| מִן־ | — | |
| הָרוּחַ | આત્મામાંથી | H7307 |
| אֲשֶׁר | જે | |
| עָלָיו | તેના-પર-હતો | |
| וַיִּתֵּן | અને-આપ્યો | H5414 |
| עַל־ | — | |
| שִׁבְעִים | સિત્તેર | H7657 |
| אִישׁ | પુરુષ | H0376 |
| הַזְּקֵנִים | વડીલોને | H2205 |
| וַיְהִי | અને-થયું | H1961 |
| כְּנוֹחַ | જ્યારે-ઊતર્યો | H5117 |
| עֲלֵיהֶם | તેમના-પર | |
| הָרוּחַ | આત્મા | H7307 |
| וַיִּתְנַבְּאוּ | અને-ભવિષ્યવાણી-કરી | H5012 |
| וְלֹא | પણ-ફરીથી-નહિ | H3808 |
| יָסָפוּ׃ | કર્યું | H3254 |

યહોવાહ મેઘમાંથી ઊતરી આવ્યા અને મૂસા સાથે બોલ્યા પછી મૂસાને જે આત્મા આપ્યો હતો તેમાંનો લઈ અને તે સિત્તેર વડીલો પર મૂક્યો. અને એમ થયું કે આત્મા તેઓ પર રહ્યો. ત્યાં સુધી તેઓએ પ્રબોધ કર્યો. પણ ત્યાર પછી તેઓએ એમ કર્યુ નહિ.

26

| וַיִּשָּׁאֲרוּ | שְׁנֵי־ | אֲנָשִׁים | בַּמַּחֲנֶה | שֵׁם | הָאֶחָד | אֶלְדָּד | וְשֵׁם | הַשֵּׁנִי | מֵידָד | וַתָּנַח |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-રહ્યા | બે | પુરુષો | છાવણીમાં | નામ | એકનું | એલ્દાદ | અને-નામ | બીજાનું | મેદાદ | અને-ઊતર્યો |
| H7604 | H8147 | H0376 | H4264 | H8034 | H0259 | H0419 | H8034 | H8145 | H4312 | H5117 |

| עֲלֵהֶם | הָרוּחַ | וְהֵמָּה | בַּכְּתֻבִים | וְלֹא | יָצְאוּ | הָאֹהֱלָה | וַיִּתְנַבְּאוּ | בַּמַּחֲנֶה׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| તેમના-પર | આત્મા | અને-તેઓ | નોંધાયેલાઓમાં-હતા | પણ-નહોતા | ગયા | મંડપમાં | અને-ભવિષ્યવાણી-કરી | છાવણીમાં |
| | H7307 | H1992 | H3789 | H3808 | H3318 | H0168 | H5012 | H4264 |

પરંતુ છાવણીમાં બે પુરુષો રહી ગયા હતાં. એકનું નામ એલ્દાદ તથા બીજાનું મેદાદ હતું. અને તેઓના પર આત્મા રહ્યો. તેઓનાં નામ યાદીમાં લખાયેલાં હતાં, પણ બહાર નીકળીને તંબુ પાસે ગયા ન હતા અને છાવણીમાં તેઓ પ્રબોધ કરવા લાગ્યા.

27

| וַיָּרָץ | הַנַּעַר | וַיַּגֵּד | לְמֹשֶׁה | וַיֹּאמַר | אֶלְדָּד | וּמֵידָד | מִתְנַבְּאִים | בַּמַּחֲנֶה׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-દોડ્યો | જુવાન | અને-કહ્યુ | મૂસાને | અને-કહ્યુ | એલ્દાદ | અને-મેદાદ | ભવિષ્યવાણી-કરે-છે | છાવણીમાં |
| H7323 | H5288 | H5046 | H4872 | H0559 | H0419 | H4312 | H5012 | H4264 |

અને એક યુવાને દોડી જઈને મૂસાને કહ્યુ કે, "એલ્દાદ અને મેદાદ છાવણીમાં પ્રબોધ કરે છે."

28

| וַיַּעַן | יְהוֹשֻׁעַ | בִּן־ | נוּן | מְשָׁרֵת | מֹשֶׁה | מִבְּחֻרָיו | וַיֹּאמַר | אֲדֹנִי | מֹשֶׁה | כְּלָאֵם׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બોલ્યો | યહોશુઆ | પુત્ર | નૂનનો | સેવક | મૂસાનો | તેની-જુવાનીથી | અને-કહ્યુ | મારા-સ્વામી | મૂસા | તેમને-અટકાવો |
| | H3091 | | H5126 | H8334 | H4872 | H0979 | H0559 | H0113 | H4872 | H3607 |

નૂનનો પુત્ર યહોશુઆ, જે મૂસાની સેવામાં હતો તેઓમાંના પસંદ કરાયેલા એકે, મૂસાને કહ્યુ કે, "મારા માલિક મૂસા, તેમને મના કર."

29

| וַיֹּאמֶר | לוֹ | מֹשֶׁה | הַמְקַנֵּא | אַתָּה | לִי | וּמִי | יִתֵּן | כָּל־ | עַם | יְהוָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | તેને | મૂસાએ | શું-ઈર્ષ્યા-કરે-છે | તું | મારા-માટે | અને-કોણ | આપે | સમગ્ર | પ્રજા | યહોવાની |
| H0559 | | H4872 | H7065 | | | H4310 | H5414 | H3605 | | H3068 |

| נְבִיאִים | כִּי־ | יִתֵּן | יְהוָה | אֶת־ | רוּחוֹ | עֲלֵיהֶם׃ |
|---|---|---|---|---|---|---|
| પ્રબોધકો-હોય | કારણ-કે | મૂકે | યહોવા | — | પોતાનો-આત્મા | તેમના-પર |
| H5030 | | H5414 | H3068 | H0853 | H7307 | |

અને મૂસાએ તેને કહ્યુ કે "શું મારી ખાતર તને તેમના પર અદેખાઈ આવે છે? હું ઇચ્છું છું કે યહોવાહના સર્વ લોકો પ્રબોધકો થાય કે યહોવાહ તેઓના ઉપર પોતાનો આત્મા મૂકે"

30

| וַיֵּאָסֵף | מֹשֶׁה | אֶל־ | הַמַּחֲנֶה | הוּא | וְזִקְנֵי | יִשְׂרָאֵל׃ |
|---|---|---|---|---|---|---|
| અને-ભેગા-થયા | મૂસા | — | છાવણીમાં | તે | અને-વડીલો | ઈસ્રાએલના |
| H0622 | H4872 | H0413 | H4264 | H1931 | H2205 | H3478 |

પછી મૂસા તથા ઇઝરાયલના સિત્તેર આગેવાનો છાવણીમાં પાછા ગયા.

31

| וְרוּחַ | נָסַע | מֵאֵת | יְהוָה | וַיָּגָז | שַׂלְוִים | מִן־ | הַיָּם | וַיִּטֹּשׁ | עַל־ | הַמַּחֲנֶה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પવન | વહ્યો | તરફથી | યહોવા | અને-લાવ્યો | બટેર | — | સમુદ્રમાંથી | અને-વેરી-નાખ્યા | — | છાવણી-પર |
| H7307 | H5265 | H0854 | H3068 | H1468 | H7958 | | H3220 | H5203 | | H4264 |

| כְּדֶרֶךְ | יוֹם | כֹּה | וּכְדֶרֶךְ | יוֹם | כֹּה | סְבִיבוֹת | הַמַּחֲנֶה | וּכְאַמָּתַיִם | עַל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જેટલો-માર્ગ | દિવસનો | આ-બાજુ | અને-જેટલો-માર્ગ | દિવસનો | તે-બાજુ | આસપાસ | છાવણીની | અને-બે-હાથ | — |
| H1870 | H3117 | H3541 | H1870 | H3117 | H3541 | H5439 | H4264 | | |

| פְּנֵי | הָאָרֶץ׃ |
|---|---|
| સપાટી-પર | ભૂમિની |
| H6440 | H0776 |

પછી તરત યહોવાહ પાસેથી પવન આવ્યો અને તે સમુદ્ર તરફથી લાવરીઓને ઘસડી લાવ્યો. અને છાવણીની પાસે આ બાજુએ એક દિવસની મુસાફરી સુધી તથા બીજી બાજુએ એક દિવસની મુસાફરી સુધી તેઓને છાવણીની આસપાસ નાખી. અને તેઓ જમીનથી આશરે બત્રીસ હાથ ઊંચે તેઓ ઊડતી હતી.

32

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּקָם | הָעָם | כָּל־ | הַיּוֹם | הַהוּא | וְכָל־ | הַלַּיְלָה | וְכֹל | יוֹם | הַמָּחֳרָת |
| અને-ઊઠ્યા | લોકો | આખો | દિવસ | તે | અને-આખી | રાત | અને-આખો | દિવસ | બીજો |
| | | H3605 | H3117 | H1931 | H3605 | H3915 | H3605 | H3117 | H4283 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּאַסְפוּ | אֶת־ | הַשְּׂלָו | הַמַּמְעִיט | אָסַף | עֲשָׂרָה | חֳמָרִים | וַיִּשְׁטְחוּ | לָהֶם | שָׁטוֹחַ |
| અને-એકઠા-કર્યા | — | બટેર | ઓછામાં-ઓછું | એકઠું-કર્યું | દસ | ઢગલા | અને-ફેલાવ્યા | પોતાના-માટે | ફેલાવીને |
| H0622 | H0853 | H7958 | H4591 | H0622 | H6235 | | H7849 | | H7849 |

| | |
|---|---|
| סְבִיבוֹת | הַמַּחֲנֶה׃ |
| આસપાસ | છાવણીની |
| H5439 | H4264 |

તેથી લોકોએ તે આખો દિવસ અને આખી રાત અને બીજો આખો દિવસ ઊભા રહી લાવરીઓને ભેગી કરી. ઓછામાં ઓછી લાવરીઓ એકઠી કરનારે દસ હોમેર જેટલી એકઠી કરી. અને તેઓએ તેને છાવણીની આસપાસ સર્વ ઠેકાણે તે પાથરી દીધી.

33

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַבָּשָׂר | עוֹדֶנּוּ | בֵּין | שִׁנֵּיהֶם | טֶרֶם | יִכָּרֵת | וְאַף | יְהוָה | חָרָה | בָעָם | וַיַּךְ |
| માંસ | હજુ | વચ્ચે | તેમના-દાંતના | ચાવ્યા-પહેલાં | કપાય | અને-ક્રોધ | યહોવાનો | સળગ્યો | પ્રજામાં | અને-માર્યા |
| H1320 | H5750 | H0996 | H8127 | H2962 | H3772 | H0639 | H3068 | H2734 | | H5221 |

| | | | | |
|---|---|---|---|---|
| יְהוָה | בָּעָם | מַכָּה | רַבָּה | מְאֹד׃ |
| યહોવાએ | પ્રજાને | મરકી | મોટી | ઘણી |
| H3068 | | H4347 | | H3966 |

પણ માંસ હજી તેઓના મોમાં જ હતું. અને તે ચવાયું પણ નહોતું એટલામાં તો તેઓના ઉપર યહોવાહનો કોપ સળગી ઊઠયો. અને લોકોને યહોવાહે મોટી મરકીથી માર્યા.

34

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְרָא | אֶת־ | שֵׁם־ | הַמָּקוֹם | הַהוּא | קִבְרוֹתהַתַּאֲוָה | כִּי־ | שָׁם | קָבְרוּ | אֶת־ | הָעָם |
| અને-રાખ્યું | — | નામ | સ્થળનું | તે | કિબ્રોથ-હાત્તાવાહ | કારણ-કે | ત્યાં | દફનાવ્યા | — | લોકોને |
| H7121 | H0853 | H8034 | H4725 | H1931 | H6914 | | H8033 | H6912 | H0853 | |

| |
|---|
| הַמִּתְאַוִּים׃ |
| લાલસા-કરનારાઓને |
| H0183 |

તેથી તેઓએ એ જગ્યાનું નામ 'કિબ્રોથ હાત્તાવાહ' પાડ્યું કેમ કે જેઓએ અયોગ્ય વાસના કરી હતી તેઓને તેઓએ ત્યાં દફનાવ્યા.

35

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מִקִּבְרוֹתהַתַּאֲוָה | נָסְעוּ | הָעָם | חֲצֵרוֹת | וַיִּהְיוּ | בַּחֲצֵרוֹת׃ | פ |
| કિબ્રોથ-હાત્તાવાહથી | કૂચ-કરી | લોકોએ | હસેરોથ-તરફ | અને-રહ્યા | હસેરોથમાં | — |
| H6914 | H5265 | | H2698 | H1961 | H2698 | |

અને લોકો કિબ્રોથ હાત્તાવાહ + 11:35 લોભનો કબરથી નીકળીને હસેરોથ ગયા અને તેઓ હસેરોથમાં રહ્યા.

## Chapter 12

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתְּדַבֵּר | מִרְיָם | וְאַהֲרֹן | בְּמֹשֶׁה | עַל־ | אֹדוֹת | הָאִשָּׁה | הַכֻּשִׁית | אֲשֶׁר | לָקָח | כִּי־ |
| અને-બોલી | મિર્યામ | અને-અહરોને | મૂસા-વિરુદ્ધ | — | કારણે | સ્ત્રીના | કૂશી | જે | લીધી-હતી | કારણ-કે |
| H1696 | H4813 | H0175 | H4872 | | H0182 | H0802 | H3571 | | H3947 | |

| | | |
|---|---|---|
| אִשָּׁה | כֻשִׁית | לָקָח׃ |
| સ્ત્રી | કૂશી | લીધી-હતી |
| H0802 | H3571 | H3947 |

અને મૂસાએ એક કૂશી સ્ત્રી સાથે લગ્ન કર્યા હતાં. તેને લીધે મરિયમ અને હારુન મૂસાની વિરુદ્ધ બોલ્યા.

2 וַיֹּאמְרוּ અને-કહ્યુ H0559 | הֲרַק શું-ફક્ત H7535 | אַךְ־ માત્ર H0389 | בְּמֹשֶׁה મૂસા-દ્વારા H4872 | דִּבֶּר બોલ્યા-છે H1696 | יְהוָה યહોવા H3068 | הֲלֹא શું-નહિ H3808 | גַּם־ પણ H1571 | בָּנוּ અમારા-દ્વારા | דִבֵּר બોલ્યા-છે H1696 | וַיִּשְׁמַע અને-સાંભળ્યું H8085 | יְהוָה׃ યહોવાએ H3068

તેઓએ કહ્યુ, “શું યહોવાહ ફક્ત મૂસા મારફતે જ બોલ્યા છે? શું તેઓ આપણી મારફતે બોલ્યા નથી? “હવે યહોવાહે તેઓએ જે કહ્યુ તે સાંભળ્યું.

3 וְהָאִישׁ અને-માણસ H0376 | מֹשֶׁה મૂસા H4872 | [ענו] — H6035 | (עָנָיו) નમ્ર H6040 | מְאֹד ખૂબ H3966 | מִכֹּל સર્વ-કરતાં H3605 | הָאָדָם માણસોમાં H0120 | אֲשֶׁר જે | עַל־ — | פְּנֵי સપાટી-પર H6440 | הָאֲדָמָה׃ ભૂમિની H0127 | ס —

મૂસા ખૂબ નમ્ર હતો, પૃથ્વી પર નમ્ર તેના જેવો બીજો કોઈ ન હતો.

4 וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | יְהוָה યહોવાએ H3068 | פִּתְאֹם અચાનક H6597 | אֶל־ — H0413 | מֹשֶׁה મૂસા H4872 | וְאֶל־ અને H0413 | אַהֲרֹן અહરોન H0175 | וְאֶל־ અને H0413 | מִרְיָם મિર્યામને H4813 | צְאוּ બહાર-આવો H3318 | שְׁלָשְׁתְּכֶם તમે-ત્રણે H7969 | אֶל־ — H0413 | אֹהֶל મંડપ H0168 | מוֹעֵד મુલાકાતના H4150 | וַיֵּצְאוּ અને-બહાર-આવ્યા H3318 | שְׁלָשְׁתָּם׃ ત્રણેય H7969

યહોવાહે મૂસા, હારુન અને મરિયમને એકાએક કહ્યુ; “તમે ત્રણે મુલાકાતમંડપની પાસે બહાર આવો.” અને તેઓ ત્રણે બહાર આવ્યાં.

5 וַיֵּרֶד અને-ઊતર્યા H3381 | יְהוָה યહોવા H3068 | בְּעַמּוּד વાદળના-સ્તંભમાં H5982 | עָנָן વાદળ H6051 | וַיַּעֲמֹד અને-ઊભા-રહ્યા H5975 | פֶּתַח દ્વારે H6607 | הָאֹהֶל મંડપના H0168 | וַיִּקְרָא અને-બોલાવ્યા H7121 | אַהֲרֹן અહરોન H0175 | וּמִרְיָם અને-મિર્યામને H4813 | וַיֵּצְאוּ અને-બહાર-આવ્યા H3318 | שְׁנֵיהֶם׃ બંને H8147

પછી યહોવાહ મેઘસ્તંભમાં ઊતર્યા. અને તેઓ તંબુના પ્રવેશદ્વાર આગળ ઊભા રહ્યા. તેમણે હારુનને અને મરિયમને બોલાવ્યાં. અને તેઓ બન્ને આગળ આવ્યાં.

6 וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | שִׁמְעוּ־ સાંભળો H8085 | נָא કૃપા-કરીને H4994 | דְבָרָי મારાં-વચનો H1697 | אִם־ જો | יִהְיֶה હોય H1961 | נְבִיאֲכֶם તમારો-પ્રબોધક H5030 | יְהוָה યહોવાનો H3068 | בַּמַּרְאָה દર્શનમાં | אֵלָיו તેને H0413 | אֶתְוַדָּע પ્રકટ-કરીશ H3045 | בַּחֲלוֹם સ્વપ્નમાં H2472 | אֲדַבֶּר־ વાત-કરીશ H1696 | בּוֹ׃ તેની-સાથે

યહોવાહે કહ્યુ, “હવે મારા શબ્દો સાંભળો. જ્યારે તમારી સાથે મારો પ્રબોધક હોય, તો હું પોતે સંદર્શનમાં તેને પ્રગટ થઈશ. અને સ્વપ્નમાં હું તેની સાથે બોલીશ.

7 לֹא־ નહિ H3808 | כֵן એવું | עַבְדִּי મારો-સેવક H5650 | מֹשֶׁה મૂસા H4872 | בְּכָל־ સમગ્ર H3605 | בֵּיתִי મારા-ઘરમાં | נֶאֱמָן વિશ્વાસુ H0539 | הוּא׃ છે H1931

મારો સેવક મૂસા એવો નથી તે મારા આખા ઘરમાં વિશ્વાસુ છે.

8
פֶּה મોં-સામે H6310
אֶל־ — H0413
פֶּה મોં H6310
אֲדַבֶּר־ વાત-કરું-છું H1696
בּוֹ તેની-સાથે
וּמַרְאֶה અને-સ્પષ્ટપણે H4758
וְלֹא અને-નહિ H3808
בְחִידֹת કોયડામાં H2420
וּתְמֻנַת અને-રૂપ H8544
יְהוָה યહોવાનું H3068
יַבִּיט નિહાળે-છે H5027
וּמַדּוּעַ અને-શા-માટે H4069
לֹא નહિ H3808
יְרֵאתֶם ડર્યા H3372
לְדַבֵּר બોલવા H1696
בְּעַבְדִּי મારા-સેવક H5650
בְמֹשֶׁה׃ મૂસા-વિરુદ્ધ H4872

હું મૂસા સાથે તો મુખોપમુખ બોલીશ, મર્મો વડે નહિ. તે મારું સ્વરૂપ જોશે. તો તમે મારા સેવક મૂસાની વિરુદ્ધ બોલતા કેમ બીધા નહિ?”

9
וַיִּחַר અને-સળગ્યો H2734
אַף ક્રોધ H0639
יְהוָה યહોવાનો H3068
בָּם તેમના-પર
וַיֵּלַךְ׃ અને-ચાલ્યા-ગયા H3212

પછી યહોવાહનો કોપ તેઓના પર સળગી ઊઠ્યો અને તે તેમની પાસેથી ચાલ્યા ગયા.

10
וְהֶעָנָן અને-વાદળ H6051
סָר હટ્યું H5493
מֵעַל પરથી
הָאֹהֶל મંડપના H0168
וְהִנֵּה અને-જુઓ H2009
מִרְיָם મિર્યામ H4813
מְצֹרַעַת કોઢથી-પીડિત H6879
כַּשָּׁלֶג બરફ-જેવી H7950
וַיִּפֶן અને-ફર્યો H6437
אַהֲרֹן અહરોને H0175
אֶל־ — H0413
מִרְיָם મિર્યામ-તરફ H4813
וְהִנֵּה અને-જુઓ H2009
מְצֹרָעַת׃ કોઢથી-પીડિત H6879

અને તંબુ પરથી મેઘ હઠી ગયો મરિયમ કુષ્ટરોગથી બરફ જેવી શ્વેત થઈ ગઈ. જ્યારે હારુને પાછા વળી મરિયમ તરફ જોયું, તો જુઓ તે કુષ્ઠરોગી થઈ ગયેલી હતી.

11
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אַהֲרֹן અહરોને H0175
אֶל־ — H0413
מֹשֶׁה મૂસાને H4872
בִּי ઓહ H0994
אֲדֹנִי મારા-સ્વામી H0113
אַל־ કૃપા-કરીને-ન H0408
נָא કૃપા H4994
תָשֵׁת મૂકો H7896
עָלֵינוּ અમારા-પર
חַטָּאת પાપ
אֲשֶׁר જે
נוֹאַלְנוּ મૂર્ખામી-કર્યું H2973
וַאֲשֶׁר અને-જે
חָטָאנוּ׃ પાપ-કર્યું H2398

હારુને મૂસાને કહ્યુ કે, “ઓ મારા માલિક, કૃપા કરીને અમારા પર આ દોષ ન મૂક. કેમ કે અમે મૂર્ખાઈ કરી અને પાપ કર્યું છે.

12
אַל־ કૃપા-કરીને-ન H0408
נָא કૃપા H4994
| עֲרִסֹתֵכֶם | તમારા-કણકના | H6182 |
| חַלָּה | રોટી | H2471 |
| תָּרִימוּ | અર્પણ-કરો | |
| תְרוּמָה | અર્પણ | H8641 |
| כִּתְרוּמַת | જેમ-અર્પણ | H8641 |
| גֹּרֶן | ખળાનું | H1637 |
| כֵּן | તેમ | |
| תָּרִימוּ | અર્પણ-કરો | |
| אֹתָהּ׃ | તેને | H0853 |

ઉચ્છાલીયાર્પણને માટે પ્રથમ બાંધેલા લોટની પૂરી ચઢાવવી. જેમ ખળીનું ઉચ્છાલીયાર્પણ કરો છો તેમ તમારે તેને ઉપર ઉઠાવવી.

21

| | | |
|---|---|---|
| מֵרֵאשִׁית | પ્રથમ-ફળમાંથી | H7225 |
| עֲרִסֹתֵיכֶם | તમારા-કણકના | H6182 |
| תִּתְּנוּ | આપશો | H5414 |
| לַיהוָה | યહોવાને | H3068 |
| תְּרוּמָה | અર્પણ | H8641 |
| לְדֹרֹתֵיכֶם׃ | તમારી-પેઢીઓમાં | H1755 |
| ס | — | |

તમે બાંધેલા લોટમાંથી પ્રથમ ભાગ તમારે યહોવાહ માટે ઉચ્છાલીયાર્પણ કરવું.

22

| | | |
|---|---|---|
| וְכִי | અને-જો | |
| תִשְׁגּוּ | ભૂલથી-કરો | H7686 |
| וְלֹא | અને-નહિ | H3808 |
| תַעֲשׂוּ | પાળો | |
| אֵת | — | H0853 |
| כָּל־ | સર્વ | H3605 |
| הַמִּצְוֹת | આજ્ઞાઓ | H4687 |
| הָאֵלֶּה | આ | H0428 |
| אֲשֶׁר־ | જે | |
| דִּבֶּר | બોલ્યા | H1696 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| אֶל־ | — | H0413 |
| מֹשֶׁה׃ | મૂસાને | H4872 |

જ્યારે તમે અજાણતામાં આવી સરતચૂક કરો અને મારા હસ્તક મૂસાને કહેલી આજ્ઞાઓનું પાલન ન કરો.

23

| | | |
|---|---|---|
| אֵת | — | H0853 |
| כָּל־ | સર્વ | H3605 |
| אֲשֶׁר | જે | |
| צִוָּה | આજ્ઞા-આપી-છે | H6680 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| אֲלֵיכֶם | તમને | H0413 |
| בְּיַד־ | હાથે | H3027 |
| מֹשֶׁה | મૂસાના | H4872 |
| מִן־ | — | |
| הַיּוֹם | દિવસથી | H3117 |
| אֲשֶׁר | જ્યારે | |
| צִוָּה | આજ્ઞા-આપી-છે | H6680 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| וָהָלְאָה | અને-આગળ | H1973 |
| לְדֹרֹתֵיכֶם׃ | તમારી-પેઢીઓમાં | H1755 |

એટલે જે સર્વ આજ્ઞાઓ યહોવાહે મૂસા મારફતે તમને આપી છે તે યહોવાહે જે દિવસે આજ્ઞા આપી ત્યારથી માંડીને પેઢી દરપેઢી પાલન નહિ કરો.

24

| | | |
|---|---|---|
| וְהָיָה | અને-થશે | H1961 |
| אִם | જો | |
| מֵעֵינֵי | દૃષ્ટિથી-દૂર | |
| הָעֵדָה | સમુદાયની | H5712 |
| נֶעֶשְׂתָה | કરવામાં-આવ્યું | |
| לִשְׁגָגָה | અજાણતામાં | H7684 |
| וְעָשׂוּ | અને-ચડાવશે | |
| כָל־ | સમગ્ર | H3605 |
| הָעֵדָה | સમુદાય | H5712 |
| פַּר | વાછરડો | H6499 |
| בֶּן־ | બછડો | |
| בָּקָר | ગાયનો | H1241 |
| אֶחָד | એક | H0259 |
| לְעֹלָה | દહન-અર્પણ-માટે | |
| לְרֵיחַ | સુવાસ | H7381 |
| נִיחֹחַ | સુગંધિત | H5207 |
| לַיהוָה | યહોવાને | H3068 |
| וּמִנְחָתוֹ | અને-તેનું-અન્ન-અર્પણ | H4503 |
| וְנִסְכּוֹ | અને-તેનું-પેય-અર્પણ | H5262 |
| כַּמִּשְׁפָּט | એક-વિધિ-પ્રમાણે | H4941 |
| וּשְׂעִיר־ | અને-બકરો | |
| עִזִּים | બકરીનો | H5795 |
| אֶחָד | એક | H0259 |
| לְחַטָּת׃ | પાપ-અર્પણ-માટે | |

અને જો આખા સમાજે અજાણતામાં ભૂલ કરી હોય, તો આખી પ્રજા યહોવાહને સુવાસને અર્થે દહનીયાર્પણ તરીકે એક વાછરડો અને તેની સાથે ખાદ્યાર્પણ તથા પેયાર્પણ શુધ્ધા વિધિ મુજબ ચઢાવે. આ સાથે પાપાર્થાર્પણ તરીકે એક બકરાનું પણ અર્પણ કરે.

25

| | | |
|---|---|---|
| וְכִפֶּר | અને-પ્રાયશ્ચિત-કરશે | |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| עַל־ | — | |
| כָּל־ | સમગ્ર | H3605 |
| עֲדַת | સમુદાયને | H5712 |
| בְּנֵי | પુત્રોની | |
| יִשְׂרָאֵל | ઈસ્રાએલની | H3478 |
| וְנִסְלַח | અને-માફ-કરવામાં-આવશે | H5545 |
| לָהֶם | તેમને | |
| כִּי־ | કારણ-કે | |
| שְׁגָגָה | અજાણતા-હતી | H7684 |
| הִוא | તે | H1931 |
| וְהֵם | અને-તેમણે | H1992 |
| הֵבִיאוּ | લાવ્યા | H0935 |
| אֶת־ | — | H0853 |
| קָרְבָּנָם | પોતાનું-અર્પણ | |
| אִשֶּׁה | અગ્નિ-અર્પણ | H0801 |
| לַיהוָה | યહોવાને | H3068 |
| וְחַטָּאתָם | અને-પાપ-અર્પણ | |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| יְהוָה | યહોવાની | H3068 |
| עַל־ | — | |
| שִׁגְגָתָם׃ | તેમની-અજાણતા-માટે | H7684 |

યાજક સમગ્ર ઇઝરાયલ સમાજ માટે પ્રાયશ્ચિત કરે અને તેઓને માફ કરવામાં આવશે. કેમ કે એ સરતચૂક હતી અને તેઓ પોતાનું અર્પણ એટલે તેમને માટે હોમયજ્ઞ તથા પોતાની ભૂલને લીધે પાપાર્થાર્પણ લાવ્યા છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | בְּתוֹכָם | הַגָּר | וְלַגֵּר | יִשְׂרָאֵל | בְּנֵי | עֲדַת | לְכָל־ | וְנִסְלַח | 26 |
| કારણ-કે | તેમની-વચ્ચે | રહેનારા | અને-પરદેશીને | ઈસ્રાએલની | પુત્રોની | સમુદાયને | સમગ્ર | અને-માફ-કરવામાં-આવશે | |
| | H8432 | | H1616 | H3478 | | H5712 | H3605 | H5545 | |

| | | | |
|---|---|---|---|
| ס | בִּשְׁגָגָה׃ | הָעָם | לְכָל־ |
| — | અજાણતામાં-કર્યું | પ્રજાએ | સમગ્ર |
| | H7684 | | H3605 |

તેથી સમગ્ર ઇઝરાયલ સમાજને અને તેમની સાથે વસતા વિદેશીઓને પણ માફ કરવામાં આવશે, કારણ કે સઘળા લોકથી અજાણતામાં એ પાપ થયું હતું.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לְחַטָּאת׃ | שְׁנָתָהּ | בַּת־ | עֵז | וְהִקְרִיבָה | בִשְׁגָגָה | תֶחֱטָא | אַחַת | נֶפֶשׁ | וְאִם־ | 27 |
| પાપ-અર્પણ-માટે | એક-વર્ષની | બછડી | બકરી | અને-ચડાવશે | અજાણતામાં | પાપ-કરે | એક | કોઈ | અને-જો | |
| | H8141 | H1323 | H5795 | H7126 | H7684 | H2398 | H0259 | H5315 | | |

જો કોઈ વ્યક્તિ અજાણતામાં પાપ કરે, તો તેણે એક વર્ષની બકરી પાપાર્થાર્પણ તરીકે ચઢાવવી.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה | לִפְנֵי | בִשְׁגָגָה | בְחֶטְאָה | הַשֹּׁגֶגֶת | הַנֶּפֶשׁ | עַל־ | הַכֹּהֵן | וְכִפֶּר | 28 |
| યહોવાની | સમક્ષ | અજાણતામાં | પાપ-કર્યો-જ્યારે | ભૂલ-કરનારી | વ્યક્તિને | — | યાજક | અને-પ્રાયશ્ચિત-કરશે | |
| H3068 | H6440 | H7683 | H2398 | H7684 | H5315 | | H3548 | | |

| | | | |
|---|---|---|---|
| לוֹ׃ | וְנִסְלַח | עָלָיו | לְכַפֵּר |
| તેને | અને-માફ-કરવામાં-આવશે | તેના-પર | પ્રાયશ્ચિત-કરવા |
| | H5545 | | |

અને અજાણતામાં પાપ કરનારને યાજક યહોવાહ સમક્ષ પ્રાયશ્ચિત કરે તો તે વ્યક્તિને તેની ભૂલ માફ કરવામાં આવશે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לָכֶם | יִהְיֶה | אַחַת | תּוֹרָה | בְּתוֹכָם | הַגָּר | וְלַגֵּר | יִשְׂרָאֵל | בִּבְנֵי | הָאֶזְרָח | 29 |
| તમાર[illegible] | હશે | એક | એક-નિયમ | તેમની-વચ્ચે | રહેનારા | અને-પરદેશી-માટે | ઈસ્રાએલના | પુત્રોમાં | દેશી | |
| | H1961 | H0259 | H8451 | H8432 | | H1616 | H3478 | | H0249 | |

| | |
|---|---|
| בִּשְׁגָגָה׃ | לָעֹשֶׂה |
| અજાણતામાં | અજાણતામાં-કરનારા-માટે |
| H7684 | |

અજાણતામાં પાપ કરનાર પ્રત્યેક માટે, એટલે કે ઇઝરાયલના વતની માટે અને તેઓ મધ્યે વસનાર વિદેશી માટે આ એક જ નિયમ રાખવો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה | אֶת־ | הַגֵּר | וּמִן־ | הָאֶזְרָח | מִן־ | רָמָה | בְּיָד | תַּעֲשֶׂה | אֲשֶׁר־ | וְהַנֶּפֶשׁ | 30 |
| યહોવાનો | — | પરદેશીમાંથી | અને | દેશીમાંથી | — | ઊંચા-ઉંચકાયેલા | હાથે | કરે | જે | પણ-વ્યક્તિ | |
| H3068 | H0853 | H1616 | | H0249 | | | H3027 | | | H5315 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עַמָּהּ׃ | מִקֶּרֶב | הַהִוא | הַנֶּפֶשׁ | וְנִכְרְתָה | מְגַדֵּף | הוּא |
| પોતાના-લોકોના | વચ્ચેથી | તે | વ્યક્તિ | અને-કાપી-નાખવામાં-આવશે | નિંદા-કરે-છે | તે |
| | H7130 | H1931 | H5315 | H3772 | H1442 | H1931 |

પણ જો કોઈ વ્યક્તિ પછી તે ઇઝરાયલનાં વતની હોય કે વિદેશી હોય પણ જાણી જોઈને ઇરાદાપૂર્વક તે પાપ કરે તો તે મારું અપમાન કરે છે. તે માણસ પોતાના લોકોમાંથી અલગ કરાય.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַנֶּפֶשׁ | תִּכָּרֵת | הִכָּרֵת | הֵפַר | מִצְוָתוֹ | וְאֶת־ | בָזָה | יְהוָה | דְבַר־ | כִּי | 31 |
| વ્યક્તિ | કાપવામાં-આવશે | કાપી-નાખવામાં | તોડી | તેની-આજ્ઞા | અને | તુચ્છ-કર્યું | યહોવાનું | વચન | કારણ-કે | |
| H5315 | H3772 | H3772 | | H4687 | H0853 | H0959 | H3068 | H1697 | | |

| | | | |
|---|---|---|---|
| פ | בָהּ׃ | עֲוֹנָה | הַהִוא |
| — | તેમાં | તેનો-અપરાધ | તે |
| | | H5771 | H1931 |

તેણે મારું વચન ગણકાર્યું નથી અને મારી આજ્ઞા તોડી છે. તેથી એ માણસનો સંપૂર્ણ બહિષ્કાર કરવો. તેનો અન્યાય તેના માથે.'"

32

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּהְי֥וּ | בְנֵֽי־ | יִשְׂרָאֵ֖ל | בַּמִּדְבָּ֑ר | וַֽיִּמְצְא֗וּ | אִ֛ישׁ | מְקֹשֵׁ֥שׁ | עֵצִ֖ים | בְּי֥וֹם | הַשַּׁבָּֽת׃ |
| અને-હતા | પુત્રો | ઈસ્રાએલના | વગડામાં | અને-શોધ્યો | માણસને | લાકડા-વીણતો | લાકડા | દિવસે | વિશ્રામના |
| H1961 | | H3478 | | H4672 | H0376 | | H6086 | H3117 | H7676 |

જ્યારે ઇઝરાયલી લોકો અરણ્યમાં હતા, ત્યારે તેઓએ એક માણસને વિશ્રામવારે લાકડાં વીણતા જોયો.

33

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּקְרִ֣יבוּ | אֹת֔וֹ | הַמֹּצְאִ֥ים | אֹת֖וֹ | מְקֹשֵׁ֣שׁ | עֵצִ֑ים | אֶל־ | מֹשֶׁה֙ | וְאֶֽל־ | אַהֲרֹ֔ן | וְאֶ֖ל | כָּל־ | הָעֵדָֽה׃ |
| અને-લાવ્યા | તેને | શોધનારાઓએ | તેને | લાકડા-વીણતો | લાકડા | — | મૂસા | અને | અહરોન | અને | સમગ્ર | સમુદાય-પાસે |
| H7126 | H0853 | H4672 | H0853 | | H6086 | H0413 | H4872 | H0413 | H0175 | H0413 | H3605 | H5712 |

જેઓએ તેને જોયો તેઓ તેને મૂસા, હારુન અને સમગ્ર સમાજ પાસે લાવ્યા.

34

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּנִּ֥יחוּ | אֹת֖וֹ | בַּמִּשְׁמָ֑ר | כִּ֚י | לֹ֣א | פֹרַ֔שׁ | מַה־ | יֵּעָשֶׂ֖ה | לֽוֹ׃ | ס |
| અને-રાખ્યો | તેને | કેદમાં | કારણ-કે | નહિ | એલાન-કરાયું-હતું | શું | કરવામાં-આવશે | તેને | — |
| H3240 | H0853 | H4929 | | H3808 | | H4100 | | | |

તેઓએ તેને બંદીખાનામાં રાખ્યો કેમ કે તેઓને શું કરવું તે હજી નક્કી થયું નહોતું.

35

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֤אמֶר | יְהוָה֙ | אֶל־ | מֹשֶׁ֔ה | מ֥וֹת | יוּמַ֖ת | הָאִ֑ישׁ | רָג֨וֹם | אֹת֤וֹ | בָֽאֲבָנִים֙ | כָּל־ | הָ֣עֵדָ֔ה | מִח֖וּץ | לַֽמַּחֲנֶֽה׃ |
| અને-કહ્યુ | યહોવાએ | — | મૂસાને | મરવા-જ | મરવામાં-આવશે | માણસને | પથ્થર-મારો | તેને | પથ્થરોથી | સમગ્ર | સમુદાય | બહાર | છાવણીની |
| H0559 | H3068 | H0413 | H4872 | H4191 | H4191 | H0376 | H7275 | H0853 | H0068 | H3605 | H5712 | H2351 | H4264 |

પછી યહોવાહે મૂસાને કહ્યુ, "તે માણસ નક્કી માર્યો જાય. સમગ્ર સમાજ એને છાવણી બહાર લાવી પથ્થરે મારે."

36

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּצִ֨יאוּ | אֹת֜וֹ | כָּל־ | הָעֵדָ֗ה | אֶל־ | מִחוּץ֙ | לַֽמַּחֲנֶ֔ה | וַיִּרְגְּמ֥וּ | אֹת֛וֹ | בָּאֲבָנִ֖ים | וַיָּמֹ֑ת | כַּאֲשֶׁ֛ר | צִוָּ֥ה | יְהוָ֖ה | אֶת־ | מֹשֶֽׁה׃ | פ |
| અને-બહાર-લઈ-ગયા | તેને | સમગ્ર | સમુદાયે | — | બહાર | છાવણીની | અને-પથ્થર-માર્યો | તેને | પથ્થરોથી | અને-મર્યો | જેમ | આજ્ઞા-આપી-હતી | યહોવાએ | — | મૂસાને | — |
| H3318 | H0853 | H3605 | H5712 | H0413 | H2351 | H4264 | H7275 | H0853 | H0068 | H4191 | | H6680 | H3068 | H0853 | H4872 | |

તેથી યહોવાહે મૂસાને આજ્ઞા કરી હતી તે મુજબ સમગ્ર સમાજ તેને છાવણીની બહાર લઈ ગયા અને પથ્થરે માર્યો.

37

| | | | | |
|---|---|---|---|---|
| וַיֹּ֥אמֶר | יְהוָ֖ה | אֶל־ | מֹשֶׁ֥ה | לֵּאמֹֽר׃ |
| અને-કહ્યુ | યહોવાએ | — | મૂસાને | કહીને |
| H0559 | H3068 | H0413 | H4872 | H0559 |

વળી, યહોવાહ મૂસા સાથે બોલ્યા. તેમણે કહ્યુ કે,

38

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| דַּבֵּ֞ר | אֶל־ | בְּנֵ֤י | יִשְׂרָאֵל֙ | וְאָמַרְתָּ֣ | אֲלֵהֶ֔ם | וְעָשׂ֨וּ | לָהֶ֥ם | צִיצִ֛ת | עַל־ | כַּנְפֵ֥י | בִגְדֵיהֶ֖ם | לְדֹרֹתָ֑ם | וְנָֽתְנ֛וּ | עַל־ | צִיצִ֥ת | הַכָּנָ֖ף | פְּתִ֥יל | תְּכֵֽלֶת׃ |
| બોલ | — | પુત્રોને | ઈસ્રાએલન | અને-કહે | તેમને | અને-બનાવે | પોતાન | ઝાલર | — | છેડા-પર | વસ્ત્રોન | પેઢીઓમાં | અને-મૂકે | — | ઝાલરન | છેડા-પર | દોરો | નીલાં-રંગના |
| H1696 | H0413 | | H3478 | H0559 | H0413 | | | H6734 | | H3671 | | H1755 | H5414 | | H6734 | H3671 | H6616 | H8504 |

"ઇઝરાયલ લોકોને તું કહે અને આજ્ઞા કર કે, વંશપરંપરા પોતાના વસ્ત્રને કિનારીઓ લગાડે દરેક કિનારીઓની કોર પર ભૂરા રંગની પટ્ટીઓ કિનારી લગાડે.

39

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָה | לָכֶם | לְצִיצִת | וּרְאִיתֶם | אֹתוֹ | וּזְכַרְתֶּם | אֶת־ | כָּל־ | מִצְוֺת | יְהוָה | וַעֲשִׂיתֶם |
| અને-થશે | તમાર□ | ઝાલર-માટે | અને-જોશો | તેને | અને-યાદ-કરશો | — | સર્વ | આજ્ઞાઓ | યહોવાની | અને-કરશો |
| H1961 | | H6734 | H7200 | H0853 | H2142 | H0853 | H3605 | H4687 | H3068 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֹתָם | וְלֹא־ | תָתֻרוּ | אַחֲרֵי | לְבַבְכֶם | וְאַחֲרֵי | עֵינֵיכֶם | אֲשֶׁר־ | אַתֶּם | זֹנִים |
| તેમને | અને-નહિ | ભટકશો | પાછળ | તમાર□-હૃદયની | અને-પાછળ | તમારી-આંખોની | જેમની | તમે | વ્યભિચાર-કરો-છો |
| H0853 | H3808 | H8446 | | H3824 | | | | | H2181 |

| |
|---|
| אַחֲרֵיהֶם׃ |
| તેમની-પાછળ |

તે જોઈને તમને યહોવાહની સર્વ આજ્ઞાઓનું સ્મરણ થશે અને તમે એનું પાલન કરશો તથા તમારું અંત:કરણ તથા તમારી પોતાની આંખો કે, જે ગણિકાઓની પાછળ ભટકી જવાની તમને ટેવ પડી છે તેઓની પાછળ ખેંચાશો નહિ.

40

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לְמַעַן | תִּזְכְּרוּ | וַעֲשִׂיתֶם | אֶת־ | כָּל־ | מִצְוֺתָי | וִהְיִיתֶם | קְדֹשִׁים | לֵאלֹהֵיכֶם׃ |
| જેથી | યાદ-રાખો | અને-કરો | — | સર્વ | મારી-આજ્ઞાઓ | અને-હો | પવિત્ર | તમાર□-ઈશ્વર-માટે |
| H4616 | H2142 | | H0853 | H3605 | H4687 | H1961 | H6918 | H0430 |

જેથી તમે મારી સર્વ આજ્ઞાઓ પાળવાનું યાદ રાખો અને તમારા ઈશ્વરની આગળ પવિત્ર બનો.

41

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲנִי | יְהוָה | אֱלֹהֵיכֶם | אֲשֶׁר | הוֹצֵאתִי | אֶתְכֶם | מֵאֶרֶץ | מִצְרַיִם | לִהְיוֹת | לָכֶם |
| હું | યહોવા | તમારો-ઈશ્વર | જેમણે | બહાર-લાવ્યા-છે-તમને | તમને | દેશમાંથી | મિસરન□ | હોવા | તમાર□ |
| H0589 | H3068 | H0430 | | H3318 | H0853 | H0776 | H4714 | H1961 | |

| | | | | |
|---|---|---|---|---|
| לֵאלֹהִים | אֲנִי | יְהוָה | אֱלֹהֵיכֶם׃ | פ |
| ઈશ્વર | હું | યહોવા | તમારો-ઈશ્વર | — |
| H0430 | H0589 | H3068 | H0430 | |

હું યહોવાહ તમારો ઈશ્વર છું. કે જે તમને મિસર દેશમાંથી તમારો ઈશ્વર થવાને બહાર લાવ્યો છે. હું યહોવાહ તમારો ઈશ્વર છું."

## Chapter 16

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקַּח | קֹרַח | בֶּן־ | יִצְהָר | בֶּן־ | קְהָת | בֶּן־ | לֵוִי | וְדָתָן | וַאֲבִירָם | בְּנֵי |
| અને-લીધું | કોરાહે | પુત્ર | યિસ્હારનો | પુત્ર | કહાથનો | પુત્ર | લેવીનો | અને-દાથાન | અને-અબીરામ | પુત્રો |
| H3947 | H7141 | | H3324 | | H6955 | | H3878 | H1885 | H0048 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֱלִיאָב | וְאוֹן | בֶּן־ | פֶּלֶת | בְּנֵי | רְאוּבֵן׃ |
| અલીઆબના | અને-ઓન | પુત્ર | પેલેથનો | પુત્રો | રુબેનના |
| H0446 | H0203 | | H6431 | | H7205 |

લેવીના દીકરા કહાથના દીકરા યિસ્હારનો દીકરો કોરા, અલિયાબના દીકરા દાથાન તથા અબિરામ તથા પેલેથનો દીકરો ઓન, એ રુબેનના વંશજોએ કેટલાક માણસોને ભેગા કર્યા.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּקֻמוּ | לִפְנֵי | מֹשֶׁה | וַאֲנָשִׁים | מִבְּנֵי־ | יִשְׂרָאֵל | חֲמִשִּׁים | וּמָאתָיִם | נְשִׂיאֵי | עֵדָה |
| અને-ઊભા-થયા | સમક્ષ | મૂસાની | અને-માણસો | માંથી-પુત્રો | ઇઝરાયલના | પચાસ | અને-બસો | આગેવાનો | મંડળીના |
| | H6440 | H4872 | H0376 | | H3478 | H2572 | H3967 | | H5712 |

| | | | |
|---|---|---|---|
| קְרִאֵי | מוֹעֵד | אַנְשֵׁי־ | שֵׁם׃ |
| બોલાવાયેલા | સભાના | માણસો | નામાંકિત |
| H7148 | H4150 | H0376 | H8034 |

અને તેઓ ઇઝરાયલ લોકોમાંના કેટલાક એટલે પ્રજાના બસો પચાસ આગેવાનો કે જેઓ સભા માટે નિમંત્રાયેલા નામાંકિત માણસો હતા તેઓને લઈને મૂસાની સામે ઊભા થયા.

3

| וַיִּקָּהֲלוּ | עַל־ | מֹשֶׁה | וְעַל־ | אַהֲרֹן | וַיֹּאמְרוּ | אֲלֵהֶם | רַב־ | לָכֶם | כִּי | כָל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-એકઠા-થયા | વિરુદ્ધ | મૂસાની | અને-વિરુદ્ધ | હારુનની | અને-કહ્યુ | તેઓને | ઘણું-છે | તમારા-માટે | કારણ-કે | બધી |
| H6950 | | H4872 | | H0175 | H0559 | H0413 | | | | H3605 |

| הָעֵדָה | כֻּלָּם | קְדֹשִׁים | וּבְתוֹכָם | יְהוָה | וּמַדּוּעַ | תִּתְנַשְּׂאוּ | עַל־ | קְהַל | יְהוָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મંડળી | તેઓ-બધા | પવિત્ર-છે | અને-તેઓની-વચ્ચે | યહોવા | તો-શા-માટે | પોતાને-ઊંચા-કરો-છો | ઉપર | સભા | યહોવાની |
| H5712 | H3605 | H6918 | H8432 | H3068 | H4069 | H5375 | | H6951 | H3068 |

મૂસા તથા હારુનની વિરુદ્ધ તેઓએ સભા બોલાવીને તેઓને કહ્યુ, "તમે હવે હદ પાર કરો છો. આખી જમાત પવિત્ર છે, તેઓમાંનો દરેક યહોવાહ માટે મુકરર કરાયેલો છે અને યહોવાહ તેઓની મધ્યે છે. તમે પોતાને યહોવાહની જમાત કરતાં ઊંચા શા માટે કરો છો?"

4

| וַיִּשְׁמַע | מֹשֶׁה | וַיִּפֹּל | עַל־ | פָּנָיו׃ |
|---|---|---|---|---|
| અને-સાંભળ્યું | મૂસાએ | અને-પડ્યો | પોતાના-ઉપર | મુખ |
| H8085 | H4872 | H5307 | | H6440 |

જ્યારે મૂસાએ આ સાંભળ્યું ત્યારે તે ઊંધો પડી ગયો.

5

| וַיְדַבֵּר | אֶל־ | קֹרַח | וְאֶל־ | כָּל־ | עֲדָתוֹ | לֵאמֹר | בֹּקֶר | וְיֹדַע | יְהוָה | אֶת־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બોલ્યો | પ્રત્યે | કોરાહ | અને-પ્રત્યે | બધી | તેની-મંડળીને | કહેતા | સવારે | અને-જણાવશે | યહોવા | (કોણ-છે) |
| H1696 | H0413 | H7141 | H0413 | H3605 | H5712 | H0559 | H1242 | H3045 | H3068 | H0853 |

| אֲשֶׁר־ | לוֹ | וְאֶת־ | הַקָּדוֹשׁ | וְהִקְרִיב | אֵלָיו | וְאֵת | אֲשֶׁר | יִבְחַר־ | בּוֹ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જે | તેમનો-છે | અને-(કોણ) | પવિત્ર | અને-નજીક-લાવશે | પોતાની-પાસે | અને-(જેને) | જેને | પસંદ-કરશે | તેમાં |
| | | H0853 | H6918 | H7126 | H0413 | H0853 | | H0977 | |

| יַקְרִיב | אֵלָיו׃ |
|---|---|
| નજીક-લાવશે | પોતાની-પાસે |
| H7126 | H0413 |

તે કોરા તથા તેની આખી ટોળી સાથે બોલ્યો, તેણે કહ્યુ, "સવારે યહોવાહ બતાવશે કે કોણ તેઓના છે અને કોણ યહોવાહ માટે મુકરર કરાયેલા છે. જેને તેઓ પસંદ કરશે તેને ઈશ્વર પોતાની પાસે બોલાવશે. યહોવાહ તેને પોતાની પાસે બોલાવશે.

6

| זֹאת | עֲשׂוּ | קְחוּ־ | לָכֶם | מַחְתּוֹת | קֹרַח | וְכָל־ | עֲדָתוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|
| આ | કરો | લો | તમારા-માટે | ધૂપદાનીઓ | કોરાહ | અને-બધી | તેની-મંડળી |
| H2063 | | H3947 | | H4289 | H7141 | H3605 | H5712 |

કોરા તથા તારી આખી ટોળી આ પ્રમાણે કરો. ધૂપપાત્ર લો

7

| וּתְנוּ | בָהֵן | אֵשׁ | וְשִׂימוּ | עֲלֵיהֶן | קְטֹרֶת | לִפְנֵי | יְהוָה | מָחָר | וְהָיָה | הָאִישׁ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-મૂકો | તેમાં | અગ્નિ | અને-ચઢાવો | તેના-ઉપર | ધૂપ | સમક્ષ | યહોવાના | આવતીકાલે | અને-થશે | માણસ |
| H5414 | H2004 | H0784 | | | H7004 | H6440 | H3068 | H4279 | H1961 | H0376 |

| אֲשֶׁר־ | יִבְחַר | יְהוָה | הוּא | הַקָּדוֹשׁ | רַב־ | לָכֶם | בְּנֵי | לֵוִי׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| જેને | પસંદ-કરશે | યહોવા | તે | પવિત્ર-છે | ઘણું-છે | તમારા-માટે | પુત્રો | લેવીના |
| | H0977 | H3068 | H1931 | H6918 | | | | H3878 |

આવતીકાલે અગ્નિ તથા ધૂપ લઈ યહોવાહની આગળ મૂકો. યહોવાહ જેને પસંદ કરશે, જે મુકરર થયેલ છે તે વ્યક્તિ પવિત્ર બનશે. હે લેવીના વંશજ તમે ઘણાં દૂર જતા રહ્યા છો."

8

| וַיֹּאמֶר | מֹשֶׁה | אֶל־ | קֹרַח | שִׁמְעוּ־ | נָא | בְּנֵי | לֵוִי׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | મૂસાએ | પ્રત્યે | કોરાહ | સાંભળો | કૃપા-કરીને | પુત્રો | લેવીના |
| H0559 | H4872 | H0413 | H7141 | H8085 | H4994 | | H3878 |

ફરીથી, મૂસાએ કોરાને કહ્યુ, "ઓ લેવીના વંશજો, હવે સાંભળો:

9

| | | |
|---|---|---|
| הַמְעַט | શું-ઓછું-છે | H4592 |
| מִכֶּם | તમારા-માટે | |
| כִּֽי־ | કે | |
| הִבְדִּיל | અલગ-કર્યા | H0914 |
| אֱלֹהֵי | ઈશ્વરે | H0430 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| אֶתְכֶם | તમને | H0853 |
| מֵעֲדַת | મંડળીમાંથી | H5712 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલની | H3478 |
| לְהַקְרִיב | નજીક-લાવવા | H7126 |
| אֶתְכֶם | તમને | H0853 |
| אֵלָיו | પોતાની-પાસે | H0413 |
| לַעֲבֹד | સેવા-કરવા | H5647 |
| אֶת־ | (તેની) | H0853 |
| עֲבֹדַת | સેવા | H5656 |
| מִשְׁכַּן | મંદિરની | H4908 |
| יְהוָה | યહોવાના | H3068 |
| וְלַעֲמֹד | અને-ઊભા-રહેવા | H5975 |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| הָעֵדָה | મંડળીની | H5712 |
| לְשָׁרְתָֽם׃ | તેઓની-સેવા-કરવા | H8334 |

ઇઝરાયલના ઈશ્વરે તમને પોતાની નજીક લાવવા માટે, તેમના મંડપની સેવા કરવા માટે અને તેમના લોકની સામે ઊભા રહીને તેમની સેવા કરવા માટે ઇઝરાયલ પ્રજામાંથી અલગ કર્યા છે શું એ તમને ઓછું લાગે છે?

10

| | | |
|---|---|---|
| וַיַּקְרֵב | અને-નજીક-લાવ્યા | H7126 |
| אֹתְךָ | તને | H0853 |
| וְאֶת־ | અને | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| אַחֶיךָ | તારા-ભાઈઓને | H0251 |
| בְנֵי־ | પુત્રો | |
| לֵוִי | લેવીના | H3878 |
| אִתָּךְ | તારી-સાથે | H0854 |
| וּבִקַּשְׁתֶּם | અને-તમે-માંગો-છો | H1245 |
| גַּם־ | પણ | H1571 |
| כְּהֻנָּֽה׃ | યાજકપદ | H3550 |

તેઓ તને તથા તારી સાથેના સર્વ ભાઈઓ એટલે લેવીના દીકરાઓને નજીક લાવ્યા છે, તમે હજી પણ યાજકપદ માગો છો?

11

| | | |
|---|---|---|
| לָכֵן | તેથી | |
| אַתָּה | તું | |
| וְכָל־ | અને-બધી | H3605 |
| עֲדָתְךָ | તારી-મંડળી | H5712 |
| הַנֹּעָדִים | ભેગા-થયેલા | H3259 |
| עַל־ | વિરુદ્ધ | |
| יְהוָה | યહોવાની | H3068 |
| וְאַהֲרֹן | અને-હારુન | H0175 |
| מַה־ | શું-છે | H4100 |
| הוּא | તે | H1931 |
| כִּי | કે | |
| [תלונו] | (ફરિયાદ-કરો-છો) | |
| (תַלִּינוּ) | ફરિયાદ-કરો-છો | |
| עָלָֽיו׃ | તેની-વિરુદ્ધ | |

તેથી તું અને તારી આખી ટોળી યહોવાહની વિરુદ્ધ એકત્ર થયાં છો. તો તમે શા માટે હારુન વિષે ફરિયાદ કરે છો, કોણ યહોવાહની આજ્ઞા પાળે છે?”

12

| | | |
|---|---|---|
| וַיִּשְׁלַח | અને-મોકલ્યો | H7971 |
| מֹשֶׁה | મૂસાએ | H4872 |
| לִקְרֹא | બોલાવવા | H7121 |
| לְדָתָן | દાથાનને | H1885 |
| וְלַאֲבִירָם | અને-અબીરામને | H0048 |
| בְּנֵי | પુત્રો | |
| אֱלִיאָב | અલીઆબના | H0446 |
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| לֹא | નહીં | H3808 |
| נַעֲלֶֽה׃ | અમે-આવીએ | H5927 |

પછી મૂસાએ અલિયાબના દીકરા દાથાનને અને અબિરામને બોલાવ્યા, પણ તેઓએ કહ્યુ કે, “અમે ત્યાં નહિ આવીએ.

13

| | | |
|---|---|---|
| הַמְעַט | શું-ઓછું-છે | H4592 |
| כִּי | કે | |
| הֶֽעֱלִיתָנוּ | લાવ્યા-અમને | H5927 |
| מֵאֶרֶץ | દેશમાંથી | H0776 |
| זָבַת | વહેતા | H2100 |
| חָלָב | દૂધ | H2461 |
| וּדְבַשׁ | અને-મધ | H1706 |
| לַהֲמִיתֵנוּ | મારી-નાખવા-અમને | H4191 |
| בַּמִּדְבָּר | અરણ્યમાં | |
| כִּֽי־ | કે | |
| תִשְׂתָּרֵר | શાસન-કરો-છો | H8323 |
| עָלֵינוּ | અમારા-પર | |
| גַּם־ | પણ | H1571 |
| הִשְׂתָּרֵֽר׃ | શાસન-કરો-છો | H8323 |

તમે અમને દૂધ તથા મધથી રેલછેલવાળો + 16:13 ફળદ્રુપ દેશમાંથી આ અરણ્યમાં મરવા માટે લઈ આવ્યા એટલું ઓછું છે કે તમે અમારા પર પાછા સત્તા ચલાવવા માગો છો?

14

| | | |
|---|---|---|
| אַף | વળી | H0637 |
| לֹא | નહીં | H3808 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| אֶרֶץ | દેશ | H0776 |
| זָבַת | વહેતા | H2100 |
| חָלָב | દૂધ | H2461 |
| וּדְבַשׁ | અને-મધ | H1706 |
| הֲבִיאֹתָנוּ | લાવ્યા-અમને | H0935 |
| וַתִּתֶּן־ | અને-આપ્યો | H5414 |
| לָנוּ | અમને | |
| נַחֲלַת | વારસો | H5159 |
| שָׂדֶה | ખેતરનો | |
| וָכָרֶם | અને-દ્રાક્ષાવાડીનો | H3754 |
| הַעֵינֵי | શું-આખો | |
| הָאֲנָשִׁים | માણસોની | H0376 |
| הָהֵם | તે | H1992 |
| תְּנַקֵּר | ફોડી-નાખશો | H5365 |
| לֹא | નહીં | H3808 |
| נַעֲלֶֽה׃ | અમે-આવીએ | H5927 |

તદુપરાંત, તમે અમને દૂધ તથા મધથી રેલછેલવાળો દેશમાં નથી લાવ્યા અને તમે અમને ખેતરો કે દ્રાક્ષવાડીઓનો વારસો નથી આપ્યો. શું તમે અમને ખાલી વચન આપીને મૂર્ખ + 16:14 અધ બનાવવું બનાવશો? અમે તમારી પાસે નહિ આવીએ.”

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא | מִנְחָתָם | אֶל־ | תֵּפֶן | אַל־ | יְהוָה | אֶל־ | וַיֹּאמֶר | מְאֹד | לְמֹשֶׁה | וַיִּחַר | 15 |
| નહીં | તેઓની-ભેટ | પ્રત્યે | ધ્યાન-આપશો | ના | યહોવાને | પ્રત્યે | અને-કહ્યુ | ખૂબ | મૂસા | અને-ગુસ્સે-થયો | |
| H3808 | H4503 | H0413 | H6437 | H0408 | H3068 | H0413 | H0559 | H3966 | H4872 | H2734 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מֵהֶם׃ | אַחַד | אֶת־ | הֲרֵעֹתִי | וְלֹא | נָשָׂאתִי | מֵהֶם | אֶחָד | חֲמוֹר |
| તેઓમાંથી | એકને-પણ | (કોઈને) | નુકસાન-કર્યું-છે-મેં | અને-નહીં | લીધો-છે-મેં | તેઓનો | એક-પણ | ગધેડો |
| H1992 | H0259 | H0853 | | H3808 | H5375 | H1992 | H0259 | H2543 |

મૂસાને ઘણો ક્રોધ ચઢ્યો અને તેણે યહોવાહને કહ્યુ, “તેઓના અર્પણનો સ્વીકાર કરશો નહિ. મેં તે લોકો પાસેથી એક ગધેડું પણ લીધું નથી અને તેઓમાંના કોઈનું કંઈ નુકસાન પણ કર્યુ નથી.”

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַתָּה | יְהוָה | לִפְנֵי | הֱיוּ | עֲדָתְךָ | וְכָל־ | אַתָּה | קֹרַח | אֶל־ | מֹשֶׁה | וַיֹּאמֶר | 16 |
| તું | યહોવાની | સમક્ષ | હાજર-થાઓ | તારી-મંડળી | અને-બધી | તું | કોરાહ | પ્રત્યે | મૂસાએ | અને-કહ્યુ | |
| | H3068 | H6440 | H1961 | H5712 | H3605 | | H7141 | H0413 | H4872 | H0559 | |

| | | |
|---|---|---|
| מָחָר׃ | וְאַהֲרֹן | וָהֵם |
| આવતીકાલે | અને-હારુન | અને-તેઓ |
| H4279 | H0175 | H1992 |

એટલે મૂસાએ કોરાને કહ્યુ, “તું અને તારા સર્વ સાથીઓ એટલે તું, તેઓ અને હારુન આવતીકાલે યહોવાહની આગળ જજો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אִישׁ | יְהוָה | לִפְנֵי | וְהִקְרַבְתֶּם | קְטֹרֶת | עֲלֵיהֶם | וּנְתַתֶּם | מַחְתָּתוֹ | אִישׁ | וּקְחוּ | 17 |
| દરેક | યહોવાની | સમક્ષ | અને-અર્પણ-કરો | ધૂપ | તેના-ઉપર | અને-મૂકો | પોતાની-ધૂપદાની | દરેક | અને-લો | |
| H0376 | H3068 | H6440 | H7126 | H7004 | | H5414 | H4289 | H0376 | H3947 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מַחְתָּתוֹ׃ | אִישׁ | וְאַהֲרֹן | וְאַתָּה | מַחְתֹּת | וּמָאתַיִם | חֲמִשִּׁים | מַחְתָּתוֹ |
| પોતાની-ધૂપદાની | દરેક | અને-હારુન | અને-તું | ધૂપદાનીઓ | અને-બસો | પચાસ | પોતાની-ધૂપદાની |
| H4289 | H0376 | H0175 | | H4289 | H3967 | H2572 | H4289 |

તમારામાંનો પ્રત્યેક માણસ પોતાનું ધૂપપાત્ર લે તેમાં ધૂપ નાખે. પછી પ્રત્યેક માણસ પોતાનું ધૂપપાત્ર એટલે બસો પચાસ ધૂપપાત્રો યહોવાહ સમક્ષ લાવે. તું અને હારુન પોતપોતાનાં ધૂપપાત્ર લાવો.”

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַמְדוּ | קְטֹרֶת | עֲלֵיהֶם | וַיָּשִׂימוּ | אֵשׁ | עֲלֵיהֶם | וַיִּתְּנוּ | מַחְתָּתוֹ | אִישׁ | וַיִּקְחוּ | 18 |
| અને-ઊભા-રહ્યા | ધૂપ | તેના-ઉપર | અને-મૂક્યો | અગ્નિ | તેના-ઉપર | અને-મૂક્યો | પોતાની-ધૂપદાની | દરેકે | અને-લીધી | |
| H5975 | H7004 | | | H0784 | | H5414 | H4289 | H0376 | H3947 | |

| | | | | |
|---|---|---|---|---|
| וְאַהֲרֹן׃ | וּמֹשֶׁה | מוֹעֵד | אֹהֶל | פֶּתַח |
| અને-હારુન | અને-મૂસા | મુલાકાતના | મંડપના | દ્વારે |
| H0175 | H4872 | H4150 | H0168 | H6607 |

તેથી તે પ્રત્યેક માણસે પોતાનું ધૂપપાત્ર લીધું, તેમાં અગ્નિ મૂક્યો તથા ધૂપ નાખ્યું અને મૂસા તથા હારુનની સાથે મુલાકાતમંડપના પ્રવેશદ્વાર આગળ આવીને ઊભા રહ્યા.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּרָא | מוֹעֵד | אֹהֶל | פֶּתַח | אֶל־ | הָעֵדָה | כָּל־ | אֶת־ | קֹרַח | עֲלֵיהֶם | וַיַּקְהֵל | 19 |
| અને-દેખાયો | મુલાકાતના | મંડપના | દ્વારે | પ્રત્યે | મંડળીને | બધી | (એકઠી) | કોરાહે | તેઓની-વિરુદ્ધ | અને-એકઠી-કરી | |
| H7200 | H4150 | H0168 | H6607 | H0413 | H5712 | H3605 | H0853 | H7141 | | H6950 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| פ | הָעֵדָה׃ | כָּל־ | אֶל־ | יְהוָה | כְבוֹד־ |
| — | મંડળીને | બધી | પ્રત્યે | યહોવાનો | મહિમા |
| | H5712 | H3605 | H0413 | H3068 | H3519 |

કોરાએ આખી જમાતને મૂસા તથા હારુન વિરુદ્ધ મુલાકાતમંડપના દ્વાર પાસે એકઠી કરી અને આખી જમાતને યહોવાહનું ગૌરવ દેખાયું.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לֵאמֹר׃ | אַהֲרֹן | וְאֶל־ | מֹשֶׁה | אֶל־ | יְהוָה | וַיְדַבֵּר | 20 |
| કહેતા | હારુન | અને-પ્રત્યે | મૂસા | પ્રત્યે | યહોવા | અને-બોલ્યા | |
| H0559 | H0175 | H0413 | H4872 | H0413 | H3068 | H1696 | |

પછી યહોવાહ મૂસા તથા હારુન સાથે બોલ્યા;

21

| | | |
|---|---|---|
| הִבָּדְלוּ | અલગ-થાઓ | H0914 |
| מִתּוֹךְ | વચ્ચેથી | H8432 |
| הָעֵדָה | મંડળીની | H5712 |
| הַזֹּאת | આ | H2063 |
| וַאֲכַלֶּה | અને-હું-ભસ્મ-કરીશ | H3615 |
| אֹתָם | તેઓને | H0853 |
| כְּרָגַע׃ | એક-ક્ષણમાં | H7281 |

“આ જમાત મધ્યેથી પોતાને અલગ કરો કે હું તેઓનો તરત જ નાશ કરું.”

22

| | | |
|---|---|---|
| וַיִּפְּלוּ | અને-પડ્યા | H5307 |
| עַל־ | પોતાના-ઉપર | |
| פְּנֵיהֶם | મુખ | H6440 |
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| אֵל | હે-ઈશ્વર | H0410 |
| אֱלֹהֵי | ઈશ્વર | H0430 |
| הָרוּחֹת | આત્માઓના | H7307 |
| לְכָל־ | બધા | H3605 |
| בָּשָׂר | શરીરના | H1320 |
| הָאִישׁ | શું-એક | H0376 |
| אֶחָד | માણસ | H0259 |
| יֶחֱטָא | પાપ-કરે | H2398 |
| וְעַל | અને-ઉપર | |
| כָּל־ | બધી | H3605 |
| הָעֵדָה | મંડળી | H5712 |
| תִּקְצֹף׃ | ક્રોધ-કરશો | H7107 |
| פ | — | |

મૂસાએ તથા હારુને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને કહ્યુ, “ઈશ્વર, સર્વ માનવજાતના આત્માઓના ઈશ્વર, જો એક માણસ પાપ કરે તો શું તમે આખી જમાત પ્રત્યે કોપાયમાન થશો?”

23

| | | |
|---|---|---|
| וַיְדַבֵּר | અને-બોલ્યા | H1696 |
| יְהוָה | યહોવા | H3068 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| מֹשֶׁה | મૂસા | H4872 |
| לֵּאמֹר׃ | કહેતા | H0559 |

યહોવાહે મૂસાને ઉત્તર આપ્યો. તેમણે કહ્યુ કે,

24

| | | |
|---|---|---|
| דַּבֵּר | કહે | H1696 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| הָעֵדָה | મંડળીને | H5712 |
| לֵאמֹר | કહેતા | H0559 |
| הֵעָלוּ | દૂર-ખસો | H5927 |
| מִסָּבִיב | ચારેબાજુથી | H5439 |
| לְמִשְׁכַּן־ | મંદિરથી | H4908 |
| קֹרַח | કોરાહ | H7141 |
| דָּתָן | દાથાન | H1885 |
| וַאֲבִירָם׃ | અને-અબીરામના | H0048 |

“જમાત સાથે વાત કર. કહે કે, કોરા, દાથાન તથા અબિરામના તંબુઓથી દૂર જાઓ.”'

25

| | | |
|---|---|---|
| וַיָּקָם | અને-ઊભો-થયો | |
| מֹשֶׁה | મૂસા | H4872 |
| וַיֵּלֶךְ | અને-ગયો | H3212 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| דָּתָן | દાથાન | H1885 |
| וַאֲבִירָם | અને-અબીરામ | H0048 |
| וַיֵּלְכוּ | અને-ગયા | H3212 |
| אַחֲרָיו | તેની-પાછળ | |
| זִקְנֵי | વડીલો | H2205 |
| יִשְׂרָאֵל׃ | ઇઝરાયલના | H3478 |

પછી મૂસા ઊઠીને દાથાન તથા અબિરામની પાસે ગયો; ઇઝરાયલના વડીલો તેની પાછળ ગયા.

26

| | | |
|---|---|---|
| וַיְדַבֵּר | અને-બોલ્યો | H1696 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| הָעֵדָה | મંડળીને | H5712 |
| לֵאמֹר | કહેતા | H0559 |
| סוּרוּ | દૂર-થાઓ | H5493 |
| נָא | કૃપા-કરીને | H4994 |
| מֵעַל | પાસેથી | |
| אָהֳלֵי | તંબુઓના | H0168 |
| הָאֲנָשִׁים | માણસોના | H0376 |
| הָרְשָׁעִים | દુષ્ટ | H7563 |
| הָאֵלֶּה | આ | H0428 |
| וְאַל־ | અને-ના | H0408 |
| תִּגְּעוּ | અડશો | H5060 |
| בְּכָל־ | કોઈ-પણ | H3605 |
| אֲשֶׁר | જે | |
| לָהֶם | તેઓનું-છે | |
| פֶּן־ | રખે | H6435 |
| תִּסָּפוּ | નાશ-પામશો | H5595 |
| בְּכָל־ | બધા | H3605 |
| חַטֹּאתָם׃ | તેઓના-પાપોમાં | |

મૂસાએ જમાત સાથે વાત કરીને કહ્યુ કે, “હવે આ દુષ્ટ માણસોના તંબુઓ પાસેથી દૂર જાઓ અને એમની કોઈ વસ્તુને અડકશો નહિ. રખેને તેઓનાં બધાં પાપોને કારણે તમારો નાશ થાય.”

27

| | | |
|---|---|---|
| וַיֵּעָלוּ | અને-દૂર-ખસ્યા | H5927 |
| מֵעַל | પાસેથી | |
| מִשְׁכַּן־ | મંદિરના | H4908 |
| קֹרַח | કોરાહ | H7141 |
| דָּתָן | દાથાન | H1885 |
| וַאֲבִירָם | અને-અબીરામના | H0048 |
| מִסָּבִיב | ચારેબાજુથી | H5439 |
| וְדָתָן | અને-દાથાન | H1885 |
| וַאֲבִירָם | અને-અબીરામ | H0048 |
| יָצְאוּ | નીકળ્યા | H3318 |
| נִצָּבִים | ઊભા-રહેલા | H5324 |
| פֶּתַח | દ્વારે | H6607 |
| אָהֳלֵיהֶם | પોતાના-તંબુઓના | H0168 |
| וּנְשֵׁיהֶם | અને-તેઓની-પત્નીઓ | H0802 |
| וּבְנֵיהֶם | અને-તેઓના-પુત્રો | |
| וְטַפָּם׃ | અને-તેઓના-બાળકો | H2945 |

તેથી જમાત કોરા, દાથાન તથા અબિરામના તંબુઓની દરેક બાજુએથી ચાલ્યા ગયા. દાથાન તથા અબિરામ પોતાની પત્નીઓ, દીકરાઓ તથા નાનાં બાળકો સાથે બહાર નીકળીને તંબુઓના પ્રવેશદ્વાર આગળ આવીને ઊભા રહ્યા.

28
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
מֹשֶׁה મૂસાએ H4872
בְּזֹאת આનાથી H2063
תֵּדְעוּן જાણશો H3045
כִּי־ કે
יְהוָה યહોવાએ H3068
שְׁלָחַנִי મને-મોકલ્યો-છે H7971
לַעֲשׂוֹת કરવા
אֵת (એટલે) H0853
כָּל־ બધાં H3605
הַמַּעֲשִׂים કાર્યો H4639
הָאֵלֶּה આ H0428
כִּי־ કે
לֹא નહીં H3808
מִלִּבִּי׃ મારા-મનથી

પછી મૂસાએ કહ્યુ, “આ દ્વારા તમને જાણશો કે યહોવાહે આ સર્વ કામ કરવા મને મોકલ્યો છે, કેમ કે એ કામો મેં મારી પોતાની જાતે કર્યાં નથી.

29
אִם־ જો
כְּמוֹת જેમ-મૃત્યુ H4194
כָּל־ બધા H3605
הָאָדָם માણસનું H0120
יְמֻתוּן મરે H4191
אֵלֶּה આ H0428
וּפְקֻדַּת અને-ભાગ્ય H6486
כָּל־ બધા H3605
הָאָדָם માણસનું H0120
יִפָּקֵד આવે
עֲלֵיהֶם તેઓ-ઉપર
לֹא નહીં H3808
יְהוָה યહોવાએ H3068
שְׁלָחָנִי׃ મને-મોકલ્યો H7971

જો આ લોકો બીજા બધા માણસોની જેમ કુદરતી રીતે મૃત્યુ પામે તો માનવું કે યહોવાહે મને મોકલ્યો નથી.

30
וְאִם־ પણ-જો
בְּרִיאָה નવી-વસ્તુ H1278
יִבְרָא સર્જે
יְהוָה યહોવા H3068
וּפָצְתָה અને-ખોલે H6475
הָאֲדָמָה પૃથ્વી H0127
אֶת־ (ખોલે) H0853
פִּיהָ પોતાનું-મોં H6310
וּבָלְעָה અને-ગળી-જાય H1104
אֹתָם તેઓને H0853
וְאֶת־ અને H0853
כָּל־ બધું H3605
אֲשֶׁר જે
לָהֶם તેઓનું-છે
וְיָרְדוּ અને-ઊતરે H3381
חַיִּים જીવતા
שְׁאֹלָה શેઓલમાં H7585
וִידַעְתֶּם તો-જાણજો H3045
כִּי કે
נִאֲצוּ તિરસ્કાર-કર્યો H5006
הָאֲנָשִׁים માણસોએ H0376
הָאֵלֶּה આ H0428
אֶת־ (તિરસ્કાર) H0853
יְהוָה׃ યહોવાનો H3068

પણ જો યહોવાહ કરે અને પૃથ્વી પોતાનું મુખ ઉઘાડીને તેઓને તથા તેઓની બધી જ વસ્તુઓને સ્વાહા કરી જાય અને તેઓ જીવતેજીવત મૃત્યુલોકમાં ગરક થઈ જાય તો તમારે જાણવું કે, એ માણસોએ યહોવાહને ધિક્કાર્યા છે.”

31
וַיְהִי અને-થયું H1961
כְּכַלֹּתוֹ જ્યારે-પૂરું-કર્યું H3615
לְדַבֵּר બોલવાનું H1696
אֵת (બધા) H0853
כָּל־ બધા H3605
הַדְּבָרִים વચનો H1697
הָאֵלֶּה આ H0428
וַתִּבָּקַע અને-ફાટી H1234
הָאֲדָמָה ભૂમિ H0127
אֲשֶׁר જે
תַּחְתֵּיהֶם׃ તેઓની-નીચે-હતી H8478

મૂસાએ આ સર્વ વાતો બોલવાનું પૂરું કર્યું કે તરત જ તે લોકોના પગ નીચેની ધરતી ફાટી.

32
וַתִּפְתַּח અને-ખોલ્યું
הָאָרֶץ પૃથ્વીએ H0776
אֶת־ (ખોલ્યું) H0853
פִּיהָ પોતાનું-મોં H6310
וַתִּבְלַע અને-ગળી-ગયું H1104
אֹתָם તેઓને H0853
וְאֶת־ અને H0853
בָּתֵּיהֶם તેઓનાં-ઘરોને
וְאֵת અને H0853
כָּל־ બધા H3605
הָאָדָם માણસોને H0120
אֲשֶׁר જે
לְקֹרַח કોરાહના-હતા H7141
וְאֵת અને H0853
כָּל־ બધી H3605
הָרְכוּשׁ׃ સંપત્તિને H7399

પૃથ્વી પોતાનું મુખ ઉઘાડીને તેઓને તથા તેમનાં કુટુંબો અને કોરાના સર્વ માણસોને તથા તેઓની સર્વ માલમિલકતને સ્વાહા કરી ગઈ.

33
וַיֵּרְדוּ અને-ઊતર્યા H3381
הֵם તેઓ H1992
וְכָל־ અને-બધું H3605
אֲשֶׁר જે
לָהֶם તેઓનું-હતું
חַיִּים જીવતા
שְׁאֹלָה શેઓલમાં H7585
וַתְּכַס અને-ઢાંકી-દીધું H3680
עֲלֵיהֶם તેઓ-ઉપર
הָאָרֶץ પૃથ્વીએ H0776
וַיֹּאבְדוּ અને-નાશ-પામ્યા H0006
מִתּוֹךְ વચ્ચેથી H8432
הַקָּהָל׃ સભાની H6951

તેઓ અને તેઓનાં ઘરનાં સર્વ જીવતાં જ મૃત્યુલોકમાં પહોંચી ગયાં. પૃથ્વીએ તેઓને ઢાંકી દીધાં અને આ રીતે તેઓ સમુદાયમાંથી નાશ પામ્યાં.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| פֶּן־ | אָמְרוּ | כִּי | לְקֹלָם | נָסוּ | סְבִיבֹתֵיהֶם | אֲשֶׁר | יִשְׂרָאֵל | וְכָל־ | 34 |
| કદાચ | કહ્યુ | કારણ-કે | તેઓના-અવાજથી | ભાગ્યા | તેઓની-આસપાસ-હતા | જે | ઇઝરાયલ | અને-બધા | |
| H6435 | H0559 | | | H5127 | H5439 | | H3478 | H3605 | |

| | |
|---|---|
| הָאָרֶץ׃ | תִּבְלָעֵנוּ |
| પૃથ્વી | ગળી-જાય-અમને |
| H0776 | H1104 |

તેમની ચીસો સાંભળીને આસપાસ ઊભેલા બધા ઇઝરાયલીઓ નાસવા માંડયા. તેઓએ કહ્યુ, “રખેને આપણને પણ ધરતી ગળી જાય!”

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מַקְרִיבֵי | אִישׁ | וּמָאתַיִם | הַחֲמִשִּׁים | אֵת | וַתֹּאכַל | יְהוָה | מֵאֵת | יָצְאָה | וְאֵשׁ | 35 |
| ધૂપ-ચઢાવનારાઓને | માણસોને | અને-બસો | બસો-પચાસ | (એટલે) | અને-ભસ્મ-કર્યા | યહોવાની | તરફથી | નીકળ્યો | અને-અગ્નિ | |
| H7126 | H0376 | H3967 | H2572 | H0853 | H0398 | H3068 | H0854 | H3318 | H0784 | |

| | |
|---|---|
| פ | הַקְּטֹרֶת׃ |
| — | ધૂપના |
| | H7004 |

પછી યહોવાહ પાસેથી અગ્નિ ધસી આવ્યો અને ધૂપ ચઢાવવા આવેલા અઢીસો માણસોને ભસ્મ કર્યા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| לֵּאמֹר׃ | מֹשֶׁה | אֶל־ | יְהוָה | וַיְדַבֵּר | 36 |
| કહેતા | મૂસા | પ્રત્યે | યહોવા | અને-બોલ્યા | |
| H0559 | H4872 | H0413 | H3068 | H1696 | |

પછી યહોવાહ મૂસા સાથે બોલ્યા તેમણે કહ્યુ કે,

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַשְּׂרֵפָה | מִבֵּין | הַמַּחְתֹּת | אֶת־ | וְיָרֵם | הַכֹּהֵן | אַהֲרֹן | בֶּן־ | אֶלְעָזָר | אֶל־ | אֱמֹר | 37 |
| બળતરામાંથી | વચ્ચેથી | ધૂપદાનીઓ | (ઉપાડે) | અને-ઉપાડે | યાજકને | હારુનના | પુત્ર | એલઆઝારને | પ્રત્યે | કહે | |
| H8316 | H0996 | H4289 | H0853 | | H3548 | H0175 | | H0499 | H0413 | H0559 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| קָדֵשׁוּ׃ | כִּי | הָלְאָה | זְרֵה־ | הָאֵשׁ | וְאֶת־ |
| પવિત્ર-થઈ-છે | કારણ-કે | દૂર | વેરી-નાખ | અગ્નિ | અને |
| H6942 | | H1973 | H2219 | H0784 | H0853 |

“હારુન યાજકના દીકરા એલાઝાર સાથે વાત કર અને કહે કે, અગ્નિમાંથી ધૂપદાનીઓ લઈ લે, કેમ કે તે ધૂપ પવિત્ર છે, મારા માટે મુકરર થયેલ છે. તે કોલસા અને રાખ વિખેરી નાખ.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| צִפּוּי | פַּחִים | רִקֻּעֵי | אֹתָם | וְעָשׂוּ | בְּנַפְשֹׁתָם | הָאֵלֶּה | הַחַטָּאִים | מַחְתּוֹת | אֵת | 38 |
| મઢામણ | થાળીઓ | ઘડેલી | તેઓને | અને-બનાવો | પોતાના-જીવ-વિરુદ્ધ | આ | પાપીઓના | ધૂપદાનીઓ | (એટલે) | |
| H6826 | | H7555 | H0853 | | H5315 | H0428 | H2400 | H4289 | H0853 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יִשְׂרָאֵל׃ | לִבְנֵי | לְאוֹת | וַיִּהְיוּ | וַיִּקְדָּשׁוּ | יְהוָה | לִפְנֵי־ | הִקְרִיבֻם | כִּי־ | לַמִּזְבֵּחַ |
| ઇઝરાયલના | પુત્રો-માટે | ચિહ્ન-તરીકે | અને-થશે | અને-પવિત્ર-થયાં | યહોવાના | સમક્ષ | અર્પણ-કર્યા | કારણ-કે | વેદી-માટે |
| H3478 | | H0226 | H1961 | H6942 | H3068 | H6440 | H7126 | | H4196 |

જેઓએ પાપ કરીને પોતાનો જીવ ગુમાવ્યો છે તે ધૂપપાત્ર લઈ લે. તેમને ટીપીને વેદીને ઢાંકવા માટે પતરાં બનાવવાં. તે પુરુષોએ તેઓનું અર્પણ મને કર્યું, તેથી તેઓ પવિત્ર છે, મારા માટે મુકરર કરેલ છે. તેઓ ઇઝરાયલી લોકોને માટે ચિહ્નરૂપ થશે.”

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַשְּׂרֻפִים | הִקְרִיבוּ | אֲשֶׁר | הַנְּחֹשֶׁת | מַחְתּוֹת | אֵת | הַכֹּהֵן | אֶלְעָזָר | וַיִּקַּח | 39 |
| બળી-ગયેલાઓએ | અર્પણ-કરી-હતી | જે | પિત્તળની | ધૂપદાનીઓ | (લીધી) | યાજકે | એલઆઝાર | અને-લીધી | |
| H8313 | H7126 | | | H4289 | H0853 | H3548 | H0499 | H3947 | |

| | | |
|---|---|---|
| לַמִּזְבֵּחַ׃ | צִפּוּי | וַיְרַקְּעוּם |
| વેદી-માટે | મઢામણ | અને-ઘડ્યા |
| H4196 | H6826 | H7554 |

તેઓએ જે પિત્તળનાં ધૂપપાત્રનું અર્પણ કર્યું હતું તે યાજક એલાઝારે લીધાં. મૂસા દ્વારા યહોવાહ જેમ બોલ્યા હતા તે મુજબ તેણે તેઓને ટીપીને વેદીને ઢાંકવા માટે આવરણ બનાવડાવ્યાં.

40

| זִכָּר֞וֹן | לִבְנֵ֣י | יִשְׂרָאֵ֗ל | לְמַ֡עַן | אֲשֶׁ֣ר | לֹֽא־ | יִקְרַ֞ב | אִ֣ישׁ | זָ֗ר | אֲשֶׁ֨ר | לֹ֣א |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| યાદગીરી | પુત્રો-માટે | ઇઝરાયલના | માટે | કે | ના | નજીક-આવે | કોઈ-માણસ | અજાણ્યો | જે | નહીં |
| H2146 | | H3478 | H4616 | | H3808 | H7126 | H0376 | | | H3808 |

| מִזֶּ֣רַע | אַהֲרֹ֔ן | ה֔וּא | לְהַקְטִ֥יר | קְטֹ֖רֶת | לִפְנֵ֣י | יְהוָ֑ה | וְלֹא־ | יִהְיֶ֤ה | כְקֹ֙רַח֙ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વંશનો | હારુનના | (હોય)-તે | ધૂપ-બાળવા | ધૂપ | સમક્ષ | યહોવાની | અને-નહીં | થાય | કોરાહ-જેવો |
| H2233 | H0175 | H1931 | | H7004 | H6440 | H3068 | H3808 | H1961 | H7141 |

| וְכַעֲדָת֔וֹ | כַּאֲשֶׁ֨ר | דִּבֶּ֧ר | יְהוָ֛ה | בְּיַד־ | מֹשֶׁ֖ה | לֽוֹ׃ |
|---|---|---|---|---|---|---|
| અને-તેની-મંડળી-જેવો | જેમ | કહ્યુ-હતું | યહોવાએ | હાથે | મૂસાના | તેને |
| H5712 | | H1696 | H3068 | H3027 | H4872 | |

તે ઇઝરાયલીપુત્રોને માટે સ્મરણમાં રહે કે, જેથી કોઈ વ્યક્તિ એટલે હારુનના વંશજમાંની કોઈ પણ વ્યક્તિએ યહોવાહ સમક્ષ ધૂપ ચઢાવવાને આવવું નહિ. આ રીતે, તેના હાલ કોરા અને તેના સાથીઓ જેવા ન થાય.

41

| וַיִּלֹּ֜נוּ | כָּל־ | עֲדַ֤ת | בְּנֵֽי־ | יִשְׂרָאֵל֙ | מִֽמָּחֳרָ֔ת | עַל־ | מֹשֶׁ֥ה | וְעַֽל־ | אַהֲרֹ֖ן |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ફરિયાદ-કરી | બધી | મંડળીએ | પુત્રોની | ઇઝરાયલની | બીજે-દિવસે | વિરુદ્ધ | મૂસાની | અને-વિરુદ્ધ | હારુનની |
| | H3605 | H5712 | | H3478 | H4283 | | H4872 | | H0175 |

| לֵאמֹ֑ר | אַתֶּ֥ם | הֲמִתֶּ֖ם | אֶת־ | עַ֥ם | יְהוָֽה׃ |
|---|---|---|---|---|---|
| કહેતા | તમે | મારી-નાખ્યા | (મારી-નાખ્યા) | પ્રજાને | યહોવાની |
| H0559 | | H4191 | H0853 | | H3068 |

પરંતુ બીજે દિવસે આખી ઇઝરાયલી જમાતે મૂસા અને હારુનની વિરુદ્ધ ફરિયાદ કરી. તેઓએ કહ્યુ કે, “તમે યહોવાહના લોકોને મારી નાખ્યા છે.”

42

| וַיְהִ֗י | בְּהִקָּהֵ֤ל | הָֽעֵדָה֙ | עַל־ | מֹשֶׁ֣ה | וְעַֽל־ | אַהֲרֹ֔ן | וַיִּפְנוּ֙ | אֶל־ | אֹ֣הֶל | מוֹעֵ֔ד |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | જ્યારે-એકઠી-થઈ | મંડળી | વિરુદ્ધ | મૂસાની | અને-વિરુદ્ધ | હારુનની | અને-જોયું | તરફ | મંડપ | મુલાકાતના |
| H1961 | H6950 | H5712 | | H4872 | | H0175 | H6437 | H0413 | H0168 | H4150 |

| וְהִנֵּ֥ה | כִסָּ֖הוּ | הֶעָנָ֑ן | וַיֵּרָ֖א | כְּב֥וֹד | יְהוָֽה׃ |
|---|---|---|---|---|---|
| અને-જુઓ | ઢાંકી-દીધો | વાદળે | અને-દેખાયો | મહિમા | યહોવાનો |
| H2009 | H3680 | H6051 | H7200 | H3519 | H3068 |

જ્યારે મૂસા અને હારુનની વિરુદ્ધ સમગ્ર સમાજ એકઠો થયો ત્યારે એમ થયું કે, તેઓએ મુલાકાતમંડપ તરફ જોયું તો એકાએક વાદળે તેના પર આચ્છાદન કર્યું. યહોવાહનું ગૌરવ દેખાયું.

43

| וַיָּבֹ֤א | מֹשֶׁה֙ | וְאַהֲרֹ֔ן | אֶל־ | פְּנֵ֖י | אֹ֥הֶל | מוֹעֵֽד׃ | פ |
|---|---|---|---|---|---|---|---|
| અને-આવ્યા | મૂસા | અને-હારુન | પાસે | સામે | મંડપની | મુલાકાતના | — |
| H0935 | H4872 | H0175 | H0413 | H6440 | H0168 | H4150 | |

અને મૂસા તથા હારુન મુલાકાતમંડપ આગળ જઈને ઊભા રહ્યા.

44

| וַיְדַבֵּ֥ר | יְהוָ֖ה | אֶל־ | מֹשֶׁ֥ה | לֵּאמֹֽר׃ |
|---|---|---|---|---|
| અને-બોલ્યા | યહોવા | પ્રત્યે | મૂસા | કહેતા |
| H1696 | H3068 | H0413 | H4872 | H0559 |

પછી યહોવાહ મૂસા સાથે બોલ્યા. તેમણે કહ્યુ,

45

| הֵרֹ֗מּוּ | מִתּוֹךְ֙ | הָעֵדָ֣ה | הַזֹּ֔את | וַאֲכַלֶּ֥ה | אֹתָ֖ם | כְּרָ֑גַע | וַֽיִּפְּל֖וּ | עַל־ | פְּנֵיהֶֽם׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દૂર-થાઓ | વચ્ચેથી | મંડળીની | આ | અને-હું-ભસ્મ-કરીશ | તેઓને | એક-ક્ષણમાં | અને-પડ્યા | પોતાના-ઉપર | મુખ |
| H7426 | H8432 | H5712 | H2063 | H3615 | H0853 | H7281 | H5307 | | H6440 |

“આ જમાત આગળથી દૂર જાઓ જેથી હું તેઓનો તરત જ નાશ કરું.” એટલે મૂસા અને હારુન જમીન પર ઊંધા પડ્યા.

46

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | מֹשֶׁה | אֶל־ | אַהֲרֹן | קַח | אֶת־ | הַמַּחְתָּה | וְתֶן־ | עָלֶיהָ | אֵשׁ | מֵעַל | הַמִּזְבֵּחַ |
| અને-કહ્યુ | મૂસાએ | પ્રત્યે | હારુનને | લે | (લે) | ધૂપદાની | અને-મૂક | તેના-ઉપર | અગ્નિ | ઉપરથી | વેદી |
| H0559 | H4872 | H0413 | H0175 | H3947 | H0853 | H4289 | H5414 | | H0784 | | H4196 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְשִׂים | קְטֹרֶת | וְהוֹלֵךְ | מְהֵרָה | אֶל־ | הָעֵדָה | וְכַפֵּר | עֲלֵיהֶם | כִּי־ | יָצָא |
| અને-નાખ | ધૂપ | અને-લઈ-જા | જલ્દી | પ્રત્યે | મંડળી | અને-પ્રાયશ્ચિત-કર | તેઓ-માટે | કારણ-કે | નીકળ્યો-છે |
| | H7004 | H3212 | H4120 | H0413 | H5712 | | | | H3318 |

| | | | | |
|---|---|---|---|---|
| הַקֶּצֶף | מִלִּפְנֵי | יְהוָה | הֵחֵל | הַנָּגֶף׃ |
| કોપ | સમક્ષથી | યહોવાના | શરૂ-થઈ-છે | મરકી |
| | H6440 | H3068 | | H5063 |

મૂસાએ હારુનને કહ્યુ, “ધૂપદાની લે, વેદીમાંથી અગ્નિ લે અને તેમાં નાખ, તેમાં ધૂપ નાખ, તરત જ તે જમાત પાસે લઈ જા અને તેમના પાપનું પ્રાયશ્ચિત કર, કેમ કે યહોવાહનો કોપ આવ્યો છે. મરકી શરૂ થઈ છે.”

47

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקַּח | אַהֲרֹן | כַּאֲשֶׁר | דִּבֶּר | מֹשֶׁה | וַיָּרָץ | אֶל־ | תּוֹךְ | הַקָּהָל | וְהִנֵּה | הֵחֵל |
| અને-લીધી | હારુને | જેમ | કહ્યુ-હતું | મૂસાએ | અને-દોડ્યો | પ્રત્યે | વચ્ચે | સભાની | અને-જુઓ | શરૂ-થઈ-હતી |
| H3947 | H0175 | | H1696 | H4872 | H7323 | H0413 | H8432 | H6951 | H2009 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הַנֶּגֶף | בָּעָם | וַיִּתֵּן | אֶת־ | הַקְּטֹרֶת | וַיְכַפֵּר | עַל־ | הָעָם׃ |
| મરકી | લોકોમાં | અને-મૂક્યો | (મૂક્યો) | ધૂપ | અને-પ્રાયશ્ચિત-કર્યું | ઉપર | લોકો |
| H5063 | | H5414 | H0853 | H7004 | | | |

આથી મૂસાના કહ્યા પ્રમાણે હારુને કર્યું. તે જમાતની વચ્ચે દોડી ગયો. લોકોમાં મરકી ફેલાવાનું શરુ થયું, તેથી તેણે ધૂપ નાખી લોકોને સારુ પ્રાયશ્ચિત કર્યું.

48

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיַּעֲמֹד | בֵּין־ | הַמֵּתִים | וּבֵין | הַחַיִּים | וַתֵּעָצַר | הַמַּגֵּפָה׃ |
| અને-ઊભો-રહ્યો | વચ્ચે | મૃતકોની | અને-વચ્ચે | જીવતાંની | અને-રોકાઈ-ગઈ | મરકી |
| H5975 | H0996 | H4191 | H0996 | | H6113 | H4046 |

હારુન મરેલા તથા જીવતાઓની વચ્ચે ઊભો રહ્યો; આ પ્રમાણે મરકી બંધ થઈ.

49

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּהְיוּ | הַמֵּתִים | בַּמַּגֵּפָה | אַרְבָּעָה | עָשָׂר | אֶלֶף | וּשְׁבַע | מֵאוֹת | מִלְּבַד | הַמֵּתִים | עַל־ |
| અને-હતા | મૃતકો | મરકીમાં | ચૌદ | હજાર | હજાર | અને-સાતસો | સો | સિવાય | મૃતકો | ઉપર |
| H1961 | H4191 | H4046 | H0702 | H6240 | H0505 | H7651 | H3967 | H0905 | H4191 | |

| | |
|---|---|
| דְּבַר־ | קֹרַח׃ |
| બાબતમાં | કોરાહના |
| H1697 | H7141 |

કોરાની બાબતમાં જેઓ મૃત્યુ પામ્યાં હતાં તેઓ ઉપરાંત મરકીથી મર્યા તેઓની સંખ્યા ચૌદ હજાર સાતસો હતી.

50

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּשָׁב | אַהֲרֹן | אֶל־ | מֹשֶׁה | אֶל־ | פֶּתַח | אֹהֶל | מוֹעֵד | וְהַמַּגֵּפָה | נֶעֱצָרָה׃ | פ |
| અને-પાછો-ફર્યો | હારુન | પાસે | મૂસાની | પાસે | દ્વારે | મંડપના | મુલાકાતના | અને-મરકી | રોકાઈ-ગઈ | — |
| H7725 | H0175 | H0413 | H4872 | H0413 | H6607 | H0168 | H4150 | H4046 | H6113 | |

હારુન મુલાકાતમંડપના પ્રવેશ દ્વાર આગળ મૂસા પાસે પાછો આવ્યો અને મરકી બંધ થઈ.

# Chapter 17

1

| | | | | |
|---|---|---|---|---|
| וַיְדַבֵּר | יְהוָה | אֶל־ | מֹשֶׁה | לֵּאמֹר׃ |
| અને-બોલ્યા | યહોવા | પ્રત્યે | મૂસા | કહેતા |
| H1696 | H3068 | H0413 | H4872 | H0559 |

યહોવાહ મૂસા સાથે બોલ્યા. તેમણે કહ્યુ કે,

2 וַדַּבֵּר (કહે, H1696) אֶל־ (પ્રત્યે, H0413) בְּנֵי (પુત્રોને) יִשְׂרָאֵל (ઇઝરાયલના, H3478) וְקַח (અને-લે, H3947) מֵאִתָּם (તેઓ-પાસેથી, H0854) מַטֶּה (લાકડી, H4294) מַטֶּה (લાકડી, H4294) לְבֵית (માટે-ઘર) אָב (પિતાનું, H0001) מֵאֵת (તરફથી, H0854) כָּל־ (બધા, H3605)
נְשִׂיאֵהֶם (તેઓના-આગેવાનોના) לְבֵית (માટે-ઘર) אֲבֹתָם (તેઓના-પિતાઓનું, H0001) שְׁנֵים (બાર, H8147) עָשָׂר (બાર, H6240) מַטּוֹת (લાકડીઓ, H4294) אִישׁ (દરેક, H0376) אֶת־ ((નું), H0853) שְׁמוֹ (નામ, H8034) תִּכְתֹּב (લખ, H3789) עַל־ (ઉપર)
מַטֵּהוּ׃ (તેની-લાકડી, H4294)

“તું ઇઝરાયલી લોકોને કહે કે તેઓની પાસેથી એટલે તેઓના પૂર્વજોના કુળદીઠ એક તે મુજબ લાકડીઓ લેવી એટલે તેઓના સર્વ આગેવાનો પાસેથી તેઓના પિતાઓનાં ઘર મુજબ બાર લાકડી લે અને દરેક માણસનું નામ તેની લાકડી પર લખ.

3 וְאֵת (અને, H0853) שֵׁם (નામ, H8034) אַהֲרֹן (હારુનનું, H0175) תִּכְתֹּב (લખ, H3789) עַל־ (ઉપર) מַטֵּה (લાકડી, H4294) לֵוִי (લેવીની, H3878) כִּי (કારણ-કે) מַטֶּה (લાકડી, H4294) אֶחָד (એક, H0259) לְרֹאשׁ (માટે-વડા) בֵּית (ઘરના)
אֲבוֹתָם׃ (તેઓના-પિતાઓના, H0001)

લેવીની લાકડી પર તું હારુનનું નામ લખ; કેમ કે તેઓના પૂર્વજોના કુળના દરેક આગેવાનને માટે એકેક લાકડી હોય.

4 וְהִנַּחְתָּם (અને-મૂક, H3240) בְּאֹהֶל (મંડપમાં, H0168) מוֹעֵד (મુલાકાતના, H4150) לִפְנֵי (સમક્ષ, H6440) הָעֵדוּת (સાક્ષીની, H5715) אֲשֶׁר (જ્યાં) אִוָּעֵד (હું-મળીશ, H3259) לָכֶם (તમને) שָׁמָּה׃ (ત્યાં, H8033)

કરારની + 17:4 કરારની પેટી, જુઓ નિર્ગ. 25, 31:18 સામેના મુલાકાતમંડપમાં કે જ્યાં હું તને મળું છું ત્યાં તારે આ લાકડીઓ મૂકવી.

5 וְהָיָה (અને-થશે, H1961) הָאִישׁ (માણસ, H0376) אֲשֶׁר (જેને) אֶבְחַר־ (હું-પસંદ-કરીશ, H0977) בּוֹ (તેમાં) מַטֵּהוּ (તેની-લાકડી, H4294) יִפְרָח (ફૂલશે) וַהֲשִׁכֹּתִי (અને-શાંત-કરીશ, H7918) מֵעָלַי (મારા-ઉપરથી) אֶת־ ((એટલે), H0853)
תְּלֻנּוֹת (ફરિયાદો, H8519) בְּנֵי (પુત્રોની) יִשְׂרָאֵל (ઇઝરાયલની, H3478) אֲשֶׁר (જે) הֵם (તેઓ, H1992) מַלִּינִם (ફરિયાદ-કરે-છે) עֲלֵיכֶם׃ (તમારી-વિરુદ્ધ)

અને એવું થશે કે જે માણસને હું પસંદ કરીશ તેની લાકડીને અકુર ફૂટી નીકળશે. આ રીતે હું ઇઝરાયલી લોકો જે તારી વિરુદ્ધ બોલે છે તેઓની ફરિયાદોને બંધ કરીશ.”

6 וַיְדַבֵּר (અને-બોલ્યો, H1696) מֹשֶׁה (મૂસા, H4872) אֶל־ (પ્રત્યે, H0413) בְּנֵי (પુત્રોને) יִשְׂרָאֵל (ઇઝરાયલના, H3478) וַיִּתְּנוּ (અને-આપી, H5414) אֵלָיו (તેને, H0413) כָּל־ (બધા, H3605) נְשִׂיאֵיהֶם (તેઓના-આગેવાનોએ) מַטֶּה (લાકડી, H4294)
לְנָשִׂיא (દરેક-આગેવાન-માટે) אֶחָד (એક, H0259) מַטֶּה (લાકડી, H4294) לְנָשִׂיא (દરેક-આગેવાન-માટે) אֶחָד (એક, H0259) לְבֵית (માટે-ઘર) אֲבֹתָם (તેઓના-પિતાઓનું, H0001) שְׁנֵים (બાર, H8147) עָשָׂר (બાર, H6240) מַטּוֹת (લાકડીઓ, H4294)
וּמַטֵּה (અને-લાકડી, H4294) אַהֲרֹן (હારુનની, H0175) בְּתוֹךְ (વચ્ચે, H8432) מַטּוֹתָם׃ (તેઓની-લાકડીઓ, H4294)

તેથી મૂસાએ બધા ઇઝરાયલી લોકોને કહ્યુ. બધા કુળના આગેવાનોએ પોતાની લાકડી તેને આપી, દરેક આગેવાન પાસેથી એક લાકડી, તેમનાં પિતૃઓના કુળો પ્રમાણે એકેક લાકડી, એમ કુલ બાર લાકડી. હારુનની લાકડી પણ તેઓની લાકડીઓ વચ્ચે હતી.

7 וַיַּנַּח (અને-મૂકી, H3240) מֹשֶׁה (મૂસાએ, H4872) אֶת־ ((મૂકી), H0853) הַמַּטֹּת (લાકડીઓ, H4294) לִפְנֵי (સમક્ષ, H6440) יְהוָה (યહોવાની, H3068) בְּאֹהֶל (મંડપમાં, H0168) הָעֵדֻת׃ (સાક્ષીના, H5715)

પછી મૂસાએ લાકડીઓ મુલાકાતમંડપની અદરના સાક્ષ્યમંડપમાં યહોવાહની સમક્ષ મૂકી.

8

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-થયું | H1961 |
| מִמָּחֳרָת | બીજે-દિવસે | H4283 |
| וַיָּבֹא | અને-આવ્યો | H0935 |
| מֹשֶׁה | મૂસા | H4872 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| אֹהֶל | મંડપ | H0168 |
| הָעֵדוּת | સાક્ષીના | H5715 |
| וְהִנֵּה | અને-જુઓ | H2009 |
| פָּרַח | ફૂલી-હતી | |
| מַטֵּה־ | લાકડી | H4294 |
| אַהֲרֹן | હારુનની | H0175 |
| לְבֵית | ઘરના-માટે | |
| לֵוִי | લેવીના | H3878 |
| וַיֹּצֵא | અને-નીકળ્યાં | H3318 |
| פֶרַח | ફૂલ | H6525 |
| וַיָּצֵץ | અને-ખીલ્યાં | |
| צִיץ | કળીઓ | |
| וַיִּגְמֹל | અને-પાક્યાં | H1580 |
| שְׁקֵדִים׃ | બદામ | H8247 |

બીજે દિવસે મૂસા સાક્ષ્યમંડપમાં ગયો ત્યારે જુઓ, હારુનની લાકડી જે લેવીના કુળને માટે હતી તે ફૂટી નીકળી હતી. તેને અકુર ફૂટ્યા હતા, ફૂલો ખીલ્યાં હતા અને પાકી બદામો પણ લાગી હતી.

9

| | | |
|---|---|---|
| וַיֹּצֵא | અને-બહાર-લાવ્યો | H3318 |
| מֹשֶׁה | મૂસા | H4872 |
| אֶת־ | (બહાર) | H0853 |
| כָּל־ | બધી | H3605 |
| הַמַּטֹּת | લાકડીઓ | H4294 |
| מִלִּפְנֵי | સમક્ષથી | H6440 |
| יְהוָה | યહોવાની | H3068 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| כָּל־ | બધા | H3605 |
| בְּנֵי | પુત્રોને | |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| וַיִּרְאוּ | અને-જોયું | H7200 |
| וַיִּקְחוּ | અને-લીધી | H3947 |
| אִישׁ | દરેક | H0376 |
| מַטֵּהוּ׃ | પોતાની-લાકડી | H4294 |
| ס | — | |

મૂસા યહોવાહની સમક્ષતામાંથી બધી લાકડીઓ ઇઝરાયલી પાસે બહાર લાવ્યો. દરેક માણસે પોતાની લાકડી શોધી અને લઈ લીધી.

10

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| מֹשֶׁה | મૂસા | H4872 |
| הָשֵׁב | પાછી-મૂક | H7725 |
| אֶת־ | (મૂક) | H0853 |
| מַטֵּה | લાકડી | H4294 |
| אַהֲרֹן | હારુનની | H0175 |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| הָעֵדוּת | સાક્ષીની | H5715 |
| לְמִשְׁמֶרֶת | રક્ષણ-માટે | H4931 |
| לְאוֹת | ચિહ્ન-તરીકે | H0226 |
| לִבְנֵי־ | પુત્રો-માટે | |
| מֶרִי | બળવાના | H4805 |
| וּתְכַל | અને-બંધ-કર | H3615 |
| תְּלוּנֹּתָם | તેઓની-ફરિયાદો | H8519 |
| מֵעָלַי | મારા-ઉપરથી | |
| וְלֹא | અને-નહીં | H3808 |
| יָמֻתוּ׃ | મરે | H4191 |

યહોવાહે મૂસાને કહ્યુ, “હારુનની લાકડી સાક્ષ્યમંડપની સમક્ષ મૂક. બળવો કરનારા લોકો વિરુદ્ધ ચિહ્ન તરીકે મૂક, જેથી મારી વિરુદ્ધ તેમની આ ફરિયાદોનો અત આવે અને તેમને મરવું પડે નહિ.”

11

| | | |
|---|---|---|
| וַיַּעַשׂ | અને-કર્યું | |
| מֹשֶׁה | મૂસાએ | H4872 |
| כַּאֲשֶׁר | જેમ | |
| צִוָּה | આજ્ઞા-આપી-હતી | H6680 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| אֹתוֹ | તેને | H0853 |
| כֵּן | તેમ | |
| עָשָׂה׃ | કર્યું | |
| ס | — | |

યહોવાહે જેમ આજ્ઞા આપી હતી તે પ્રમાણે મૂસાએ કર્યુ.

12

| | | |
|---|---|---|
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| בְּנֵי | પુત્રોએ | |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| מֹשֶׁה | મૂસા | H4872 |
| לֵאמֹר | કહેતા | H0559 |
| הֵן | જુઓ | H2005 |
| גָוַעְנוּ | અમે-મરી-રહ્યા-છીએ | H1478 |
| אָבַדְנוּ | અમે-નાશ-પામ્યા | H0006 |
| כֻּלָּנוּ | અમે-બધા | H3605 |
| אָבָדְנוּ׃ | નાશ-પામ્યા | H0006 |

ઇઝરાયલી લોકોએ મૂસાને કહ્યુ, “આપણે અહીં મરી જઈશું. અમે બધા નાશ પામીએ છીએ

13

| | | |
|---|---|---|
| כֹּל | દરેક | H3605 |
| הַקָּרֵב | જે-નજીક-આવે | H7131 |
| הַקָּרֵב | નજીક-આવે | H7131 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| מִשְׁכַּן | મંદિર | H4908 |
| יְהוָה | યહોવાના | H3068 |
| יָמוּת | મરે-છે | H4191 |
| הַאִם | શું | |
| תַּמְנוּ | અમે-પૂરા-થઈ-જઈશું | H8552 |
| לִגְוֺעַ׃ | મરતાં-મરતાં | H1478 |
| ס | — | |

જે કોઈ ઉપર જાય છે, એટલે યહોવાહના મંડપ પાસે જાય છે, તે માર્યો જાય છે. તો શું અમે બધા નાશ પામીએ?"

## Chapter 18

1

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| אַהֲרֹן | હારુન | H0175 |
| אַתָּה | તું | |
| וּבָנֶיךָ | અને-તારા-પુત્રો | |
| וּבֵית־ | અને-ઘર | |
| אָבִיךָ | તારા-પિતાનું | H0001 |
| אִתָּךְ | તારી-સાથે | H0854 |
| תִּשְׂאוּ | ઉઠાવશો | H5375 |
| אֶת־ | (ઉઠાવશો) | H0853 |
| עֲוֹן | અપરાધ | H5771 |
| הַמִּקְדָּשׁ | પવિત્રસ્થાનનો | H4720 |
| וְאַתָּה | અને-તું | |
| וּבָנֶיךָ | અને-તારા-પુત્રો | |
| אִתָּךְ | તારી-સાથે | H0854 |
| תִּשְׂאוּ | ઉઠાવશો | H5375 |
| אֶת־ | (ઉઠાવશો) | H0853 |
| עֲוֹן | અપરાધ | H5771 |
| כְּהֻנַּתְכֶם׃ | તમારા-યાજકપદનો | H3550 |

યહોવાહે હારુનને કહ્યુ, "પવિત્રસ્થાન વિરુદ્ધ કરેલાં બધા પાપો માટે તું, તારા દીકરાઓ અને તારા પિતૃઓના કુટુંબો જવાબદાર છે. પણ તું અને તારી સાથે તારા દીકરાઓ યાજકપદની વિરુદ્ધ કરેલાં પાપો માટે જવાબદાર છે.

2

| | | |
|---|---|---|
| וְגַם | અને-પણ | H1571 |
| אֶת־ | (લાવ) | H0853 |
| אַחֶיךָ | તારા-ભાઈઓને | H0251 |
| מַטֵּה | કુળ | H4294 |
| לֵוִי | લેવીનું | H3878 |
| שֵׁבֶט | કુટુંબ | H7626 |
| אָבִיךָ | તારા-પિતાનું | H0001 |
| הַקְרֵב | નજીક-લાવ | H7126 |
| אִתָּךְ | તારી-સાથે | H0854 |
| וְיִלָּווּ | અને-જોડાય | |
| עָלֶיךָ | તારી-સાથે | |
| וִישָׁרְתוּךָ | અને-સેવા-કરે-તને | H8334 |
| וְאַתָּה | અને-તું | |
| וּבָנֶיךָ | અને-તારા-પુત્રો | |
| אִתָּךְ | તારી-સાથે | H0854 |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| אֹהֶל | મંડપ | H0168 |
| הָעֵדֻת׃ | સાક્ષીના | H5715 |

લેવી કુળના તારા ભાઈઓને, એટલે તારા પિતૃઓના કુળને, તારી પાસે લાવ કે જયારે તું અને તારા દીકરાઓ સાક્ષ્યમંડપની આગળ સેવા કરો ત્યારે તેઓ તમને મદદ કરે.

3

| | | |
|---|---|---|
| וְשָׁמְרוּ | અને-પાળે | H8104 |
| מִשְׁמַרְתְּךָ | તારી-ફરજ | H4931 |
| וּמִשְׁמֶרֶת | અને-ફરજ | H4931 |
| כָּל־ | બધા | H3605 |
| הָאֹהֶל | મંડપની | H0168 |
| אַךְ | પરંતુ | H0389 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| כְּלֵי | વાસણો | H3627 |
| הַקֹּדֶשׁ | પવિત્રના | H6944 |
| וְאֶל־ | અને-પ્રત્યે | H0413 |
| הַמִּזְבֵּחַ | વેદી | H4196 |
| עָשָׂר | ચૌદ | H6240 |
| תְּמִימִם׃ | ખોડ-વિનાના | H8549 |

સભાના પાંચમા દિવસે નવ વાછરડા, બે ઘેટા અને એક વર્ષની ઉંમરના ખામી વગરના ચૌદ હલવાન ચઢાવવા.

27

| | | |
|---|---|---|
| וּמִנְחָתָם | અને-તેમનું-ખાદ્યાર્પણ | H4503 |
| וְנִסְכֵּיהֶם | અને-તેમના-પેયાર્પણો | H5262 |
| לַפָּרִים | વાછરડા-માટે | H6499 |
| לָאֵילִם | ઘેટા-માટે | |
| וְלַכְּבָשִׂים | અને-ઘેટાંના-બચ્ચાં-માટે | H3532 |
| בְּמִסְפָּרָם | તેમની-સંખ્યા-પ્રમાણે | H4557 |
| כַּמִּשְׁפָּט׃ | નિયમ-પ્રમાણે | H4941 |

તેઓની ગણતરી તથા વિધિ પ્રમાણે તેઓનું ખાદ્યાર્પણ તથા તેઓનાં પેયાર્પણો બળદોને સારુ, ઘેટાઓને સારુ તથા હલવાનોને સારુ ચઢાવવાં.

28

| | | |
|---|---|---|
| וּשְׂעִיר | અને-એક-બકરો | |
| חַטָּאת | પાપાર્થાર્પણ | |
| אֶחָד | એક | H0259 |
| מִלְּבַד | ઉપરાંત | H0905 |
| עֹלַת | નિત્યનું-દહનાર્પણ | |
| הַתָּמִיד | નિત્યનું | H8548 |
| וּמִנְחָתָהּ | અને-તેનું-ખાદ્યાર્પણ | H4503 |
| וְנִסְכָּהּ׃ | અને-તેનું-પેયાર્પણ | H5262 |
| ס | — | |

પ્રતિદિન થતાં દહનીયાર્પણ, તેઓનાં ખાદ્યાર્પણ તથા તેઓનાં પેયાર્પણો ઉપરાંત પાપાર્થાર્પણ માટે એક બકરો ચઢાવવો.

29

| | | |
|---|---|---|
| וּבַיּוֹם | અને-છઠ્ઠે-દિવસે | H3117 |
| הַשִּׁשִּׁי | છઠ્ઠે | H8345 |
| פָּרִים | વાછરડા | H6499 |
| שְׁמֹנָה | આઠ | H8083 |
| אֵילִם | ઘેટા | |
| שְׁנָיִם | બે | H8147 |
| כְּבָשִׂים | ઘેટાંના-બચ્ચાં | H3532 |
| בְּנֵי־ | એક-વર્ષના | |
| שָׁנָה | વર્ષના | H8141 |
| אַרְבָּעָה | ચૌદ | H0702 |
| עָשָׂר | ચૌદ | H6240 |
| תְּמִימִם׃ | ખોડ-વિનાના | H8549 |

સભાના છઠ્ઠા દિવસે આઠ વાછરડા, બે ઘેટા તથા એક વર્ષની ઉંમરના ખામી વગરના ચૌદ હલવાન ચઢાવવા.

30

| | | |
|---|---|---|
| וּמִנְחָתָם | અને-તેમનું-ખાદ્યાર્પણ | H4503 |
| וְנִסְכֵּיהֶם | અને-તેમના-પેયાર્પણો | H5262 |
| לַפָּרִים | વાછરડા-માટે | H6499 |
| לָאֵילִם | ઘેટા-માટે | |
| וְלַכְּבָשִׂים | અને-ઘેટાંના-બચ્ચાં-માટે | H3532 |
| בְּמִסְפָּרָם | તેમની-સંખ્યા-પ્રમાણે | H4557 |
| כַּמִּשְׁפָּט׃ | નિયમ-પ્રમાણે | H4941 |

તેઓની ગણતરી તથા વિધિ પ્રમાણે તેઓનાં ખાદ્યાર્પણ તથા પેયાર્પણો બળદોને સારુ, ઘેટાઓને સારુ તથા હલવાનોને સારુ ચઢાવવાં.

31

| | | |
|---|---|---|
| וּשְׂעִיר | અને-એક-બકરો | |
| חַטָּאת | પાપાર્થાર્પણ | |
| אֶחָד | એક | H0259 |
| מִלְּבַד | ઉપરાંત | H0905 |
| עֹלַת | નિત્યનું-દહનાર્પણ | |
| הַתָּמִיד | નિત્યનું | H8548 |
| מִנְחָתָהּ | તેનું-ખાદ્યાર્પણ | H4503 |
| וּנְסָכֶיהָ׃ | અને-તેના-પેયાર્પણો | H5262 |
| פ | — | |

પ્રતિદિન થતાં દહનીયાર્પણ, તેઓનાં ખાદ્યાર્પણ તથા તેઓના પેયાર્પણો ઉપરાંત પાપાર્થાર્પણને માટે એક બકરો ચઢાવવાં.

32 וּבַיּוֹם અને-સાતમે-દિવસે H3117 | הַשְּׁבִיעִי સાતમે H7637 | פָּרִים વાછરડા H6499 | שִׁבְעָה સાત H7651 | אֵילִם ઘેટા | שְׁנָיִם બે H8147 | כְּבָשִׂים ઘેટાંના-બચ્ચાં H3532 | בְּנֵי־ એક-વર્ષના | שָׁנָה વર્ષના H8141 | אַרְבָּעָה ચૌદ H0702 | עָשָׂר ચૌદ H6240 | תְּמִימִם׃ ખોડ-વિનાના H8549

સભાના સાતમા દિવસે સાત વાછરડા, બે ઘેટા અને એક વર્ષની ઉંમરના ખામી વગરના ચૌદ હલવાન ચઢાવવાં.

33 וּמִנְחָתָם અને-તેમનું-ખાદ્યાર્પણ H4503 | וְנִסְכֵּהֶם અને-તેમના-પેયાર્પણો H5262 | לַפָּרִים વાછરડા-માટે H6499 | לָאֵילִם ઘેટા-માટે | וְלַכְּבָשִׂים અને-ઘેટાંના-બચ્ચાં-માટે H3532 | בְּמִסְפָּרָם તેમની-સંખ્યા-પ્રમાણે H4557 | כְּמִשְׁפָּטָם׃ તેમના-નિયમ-પ્રમાણે H4941

તેઓની ગણતરી તથા વિધિ પ્રમાણે ખાદ્યાર્પણ તથા પેયાર્પણો બળદોને સારુ, ઘેટાઓને સારુ તથા હલવાનોને સારુ ચઢાવવાં.

34 וּשְׂעִיר અને-એક-બકરો | חַטָּאת પાપાર્થાર્પણ | אֶחָד એક H0259 | מִלְּבַד ઉપરાંત H0905 | עֹלַת નિત્યનું-દહનાર્પણ | הַתָּמִיד નિત્યનું H8548 | מִנְחָתָהּ તેનું-ખાદ્યાર્પણ H4503 | וְנִסְכָּהּ׃ અને-તેનું-પેયાર્પણ H5262 | פ —

પ્રતિદિન થતાં દહનીયાર્પણ, ખાદ્યાર્પણ અને પેયાર્પણો ઉપરાંત પાપાર્થાર્પણ તરીકે એક બકરો ચઢાવવો.

35 בַּיּוֹם આઠમે-દિવસે H3117 | הַשְּׁמִינִי આઠમે H8066 | עֲצֶרֶת સમાપન-સભા H6116 | תִּהְיֶה થશે H1961 | לָכֶם તમારા-માટે | כָּל־ કોઈ-પણ H3605 | מְלֶאכֶת પરિશ્રમનું H4399 | עֲבֹדָה કામ H5656 | לֹא નહિ H3808 | תַעֲשׂוּ׃ કરશો

આઠમા દિવસે તમારે બીજી પવિત્ર સભા રાખવી. તમારે બીજું કામ કરવું નહિ.

36 וְהִקְרַבְתֶּם અને-તમે-ચડાવશો H7126 | עֹלָה દહનાર્પણ | אִשֵּׁה અગ્નિ-દ્વારા-અર્પણ H0801 | רֵיחַ સુવાસ H7381 | נִיחֹחַ સુગંધિત H5207 | לַיהוָה યહોવાહને H3068 | פַּר એક-વાછરડો H6499 | אֶחָד એક H0259 | אַיִל એક-ઘેટો | אֶחָד એક H0259 | כְּבָשִׂים ઘેટાંના-બચ્ચાં H3532 | בְּנֵי־ એક-વર્ષના | שָׁנָה વર્ષના H8141 | שִׁבְעָה સાત H7651 | תְּמִימִם׃ ખોડ-વિનાના H8549

તમારે યહોવાહને સુવાસિત હોમયજ્ઞ એટલે દહનીયાર્પણ ચઢાવવું. તારે એક બળદ, એક ઘેટો અને એક વર્ષની ઉંમરના ખામી વગરના સાત હલવાન ચઢાવવા.

37 מִנְחָתָם તેમનું-ખાદ્યાર્પણ H4503 | וְנִסְכֵּיהֶם અને-તેમના-પેયાર્પણો H5262 | לַפָּר વાછરડા-માટે H6499 | לָאַיִל ઘેટા-માટે | וְלַכְּבָשִׂים અને-ઘેટાંના-બચ્ચાં-માટે H3532 | בְּמִסְפָּרָם તેમની-સંખ્યા-પ્રમાણે H4557 | כַּמִּשְׁפָּט׃ નિયમ-પ્રમાણે H4941

તેઓની ગણતરી તથા વિધિ પ્રમાણે તેઓના ખાદ્યાર્પણ તથા તેઓના પેયાર્પણો બળદોને સારુ, ઘેટાઓને સારુ તથા હલવાનોને સારુ ચઢાવવા.

38 וּשְׂעִיר અને-એક-બકરો | חַטָּאת પાપાર્થાર્પણ | אֶחָד એક H0259 | מִלְּבַד ઉપરાંત H0905 | עֹלַת નિત્યનું-દહનાર્પણ | הַתָּמִיד નિત્યનું H8548 | וּמִנְחָתָהּ અને-તેનું-ખાદ્યાર્પણ H4503 | וְנִסְכָּהּ׃ અને-તેનું-પેયાર્પણ H5262

પ્રતિદિન થતાં દહનીયાર્પણ, ખાદ્યાર્પણ તથા પેયાર્પણો ઉપરાંત તમારે પાપાર્થાર્પણ તરીકે એક બકરો ચઢાવવો.

39

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֵלֶּה | תַּעֲשׂוּ | לַיהוָה | בְּמוֹעֲדֵיכֶם | לְבַד | מִנִּדְרֵיכֶם | וְנִדְבֹתֵיכֶם |
| આ-બધું | તમે-કરશો | યહોવાહ-માટે | તમારા-નિયત-ઉત્સવોમાં | ઉપરાંત | તમારી-માનતાઓ | અને-તમારાં-સ્વેચ્છાર્પણો |
| H0428 | | H3068 | H4150 | H0905 | H5088 | H5071 |

| | | | |
|---|---|---|---|
| לְעֹלֹתֵיכֶם | וּלְמִנְחֹתֵיכֶם | וּלְנִסְכֵּיכֶם | וּלְשַׁלְמֵיכֶם׃ |
| તમારા-દહનાર્પણો-માટે | અને-તમારાં-ખાદ્યાર્પણો-માટે | અને-તમારાં-પેયાર્પણો-માટે | અને-તમારાં-શાંત્યર્પણો-માટે |
| | H4503 | H5262 | H8002 |

તમારાં આ દહનીયાર્પણો, ખાદ્યાર્પણો, પેયાર્પણો તથા શાંત્યર્પણો, તમારી પ્રતિજ્ઞાઓ તથા ઐચ્છિકાર્પણો તમારા ઠરાવેલા ઉત્સવોમાં યહોવાહને ચઢાવવાં.”

40

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | מֹשֶׁה | אֶל־ | בְּנֵי | יִשְׂרָאֵל | כְּכֹל | אֲשֶׁר־ | צִוָּה | יְהוָה | אֶת־ |
| અને-કહ્યુ | મૂસાએ | — | ઇઝરાયલના-પુત્રોને | ઇઝરાયલ | બધું-જ | જે | આજ્ઞા-આપી-હતી | યહોવાહે | — |
| H0559 | H4872 | H0413 | | H3478 | H3605 | | H6680 | H3068 | H0853 |

| | |
|---|---|
| מֹשֶׁה׃ | פ |
| મૂસાને | — |
| H4872 | |

યહોવાહે મૂસાને જે આજ્ઞા આપી હતી તે પ્રમાણે સર્વ બાબતો તેણે ઇઝરાયલી લોકોને કહી સંભળાવી.

## Chapter 30

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְדַבֵּר | מֹשֶׁה | אֶל־ | רָאשֵׁי | הַמַּטּוֹת | לִבְנֵי | יִשְׂרָאֵל | לֵאמֹר | זֶה | הַדָּבָר | אֲשֶׁר |
| અને-બોલ્યા | મૂસા | — | આગેવાનોને | કુળોના | ઈશ્રાયલના-પુત્રોના | ઈશ્રાયલ | કહ્યુ | આ | વાત-છે | જે |
| H1696 | H4872 | H0413 | | H4294 | | H3478 | H0559 | H2088 | H1697 | |

| | |
|---|---|
| צִוָּה | יְהוָה׃ |
| આજ્ઞા-આપી | યહોવાહે |
| H6680 | H3068 |

મૂસાએ ઇઝરાયલી લોકોના કુળના આગેવાનોને કહ્યુ, “યહોવાહે આજ્ઞા આપી તે આ છે.

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אִישׁ | כִּי־ | יִדֹּר | נֶדֶר | לַיהוָה | אוֹ־ | הִשָּׁבַע | שְׁבֻעָה | לֶאְסֹר | אִסָּר | עַל־ |
| માણસ | જ્યારે | માનતા-માને | માનતા | યહોવાહને | અથવા | શપથ-લે | શપથ | બંધન-બાંધવા | બંધન | — |
| H0376 | | H5087 | H5088 | H3068 | | H7650 | H7621 | H0631 | H0632 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| נַפְשׁוֹ | לֹא | יַחֵל | דְּבָרוֹ | כְּכָל־ | הַיֹּצֵא | מִפִּיו | יַעֲשֶׂה׃ |
| પોતાના-જીવ-ઉપર | નહિ | તોડશે | પોતાનું-વચન | બધું-જ | નીકળ્યું-જે | પોતાના-મુખમાંથી | કરશે |
| H5315 | H3808 | | H1697 | H3605 | H3318 | H6310 | |

જ્યારે કોઈ વ્યક્તિ યહોવાહ માટે, પોતાને માટે સમ ખાઈને વચન લે, તો તે પોતાનું વચન તોડે નહિ. તે તેના મુખ દ્વારા જે બોલ્યો હોય તે સર્વ કરવા માટે તેણે પોતાનું વચન પાળવું.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִשָּׁה | כִּי־ | תִדֹּר | נֶדֶר | לַיהוָה | וְאָסְרָה | אִסָּר | בְּבֵית | אָבִיהָ | בִּנְעֻרֶיהָ׃ |
| અને-સ્ત્રી | જ્યારે | માનતા-માને | માનતા | યહોવાહને | અને-બંધન-બાંધે | બંધન | ઘરમાં | પોતાના-પિતાના | પોતાની-યુવાનીમાં |
| H0802 | | H5087 | H5088 | H3068 | H0631 | H0632 | | H0001 | |

જો કોઈ કુંવારી સ્ત્રી યહોવાહને નામે સંકલ્પ કરે, પોતાના પિતાના ઘરે રહીને, વચનથી પોતાને આધીન કરે,

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְשָׁמַע | אָבִיהָ | אֶת־ | נִדְרָהּ | וֶאֱסָרָהּ | אֲשֶׁר | אָסְרָה | עַל־ | נַפְשָׁהּ |
| અને-સાંભળે | પોતાના-પિતા | — | પોતાની-માનતા | અને-પોતાનું-બંધન | જે | બાંધ્યું | — | પોતાના-જીવ-ઉપર |
| H8085 | H0001 | H0853 | H5088 | H0632 | | H0631 | | H5315 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהֶחֱרִישׁ | לָהּ | אָבִיהָ | וְקָמוּ | כָּל־ | נְדָרֶיהָ | וְכָל־ | אִסָּר | אֲשֶׁר־ | אָסְרָה |
| અને-ચૂપ-રહે | તેને | પોતાના-પિતા | તો-સ્થિર-થશે | બધી | તેણીની-માનતાઓ | અને-બધાં | બંધન | જે | બાંધ્યાં |
| | | H0001 | | H3605 | H5088 | H3605 | H0632 | | H0631 |

| | | |
|---|---|---|
| עַל־ | נַפְשָׁהּ | יָקוּם׃ |
| — | તેણીના-જીવ-ઉપર | સ્થિર-થશે |
| | H5315 | |

જે વચનો અને સંકલ્પો દ્વારા તેણે પોતાની આધીનતા દર્શાવી હોય તે વિષે જ્યારે તેના પિતાના સાંભળવામાં આવ્યું હોય, છતાં તેના પિતાએ કંઈ કહ્યુ ન હોય, તો તેનો સંકલ્પ કાયમ રહે. જે વચનથી તેણે પોતાને આધીન કરેલી છે તે કાયમ રહે.

5

| | | |
|---|---|---|
| וְאִם־ | અને-જો | |
| הֵנִיא | મના-કરે | H5106 |
| אָבִיהָ | તેણીના-પિતા | H0001 |
| אֹתָהּ | તેણીને | H0853 |
| בְּיוֹם | જે-દિવસે | H3117 |
| שָׁמְעוֹ | સાંભળે | H8085 |
| כָּל־ | બધી | H3605 |
| נְדָרֶיהָ | તેણીની-માનતાઓ | H5088 |
| וֶאֱסָרֶיהָ | અને-તેણીનાં-બંધનો | H0632 |
| אֲשֶׁר־ | જે | |
| אָסְרָה | બાંધ્યાં | H0631 |
| עַל־ | — | |
| נַפְשָׁהּ | તેણીના-જીવ-ઉપર | H5315 |
| לֹא | નહિ | H3808 |
| יָקוּם | સ્થિર-થશે | |
| וַיהוָה | અને-યહોવાહ | H3068 |
| יִסְלַח־ | માફ-કરશે | H5545 |
| לָהּ | તેણીને | |
| כִּי־ | કારણ-કે | |
| הֵנִיא | મના-કર્યું | H5106 |
| אָבִיהָ | તેણીના-પિતાએ | H0001 |
| אֹתָהּ׃ | તેણીને | H0853 |

પણ તેના પિતા તે વિષે સાંભળીને તે દિવસે જો તેને મનાઈ કરે, તો જે સંકલ્પો તથા વચનો જે વડે તેણે પોતાની આધીનતા દર્શાવેલી છે તે કાયમ રહે. તેના પિતાએ તેને ના પાડી હોવાથી યહોવાહ તેને મુક્ત કરે.

6

| | | |
|---|---|---|
| וְאִם־ | અને-જો | |
| הָיוֹ | થઈ-જાય | H1961 |
| תִהְיֶה | થઈ-જાય | H1961 |
| לְאִישׁ | પતિની | H0376 |
| וּנְדָרֶיהָ | અને-તેણીની-માનતાઓ | H5088 |
| עָלֶיהָ | તેણી-ઉપર | |
| אוֹ | અથવા | |
| מִבְטָא | ઉચ્ચારણ | H4008 |
| שְׂפָתֶיהָ | તેણીના-હોઠોનું | H8193 |
| אֲשֶׁר | જે | |
| אָסְרָה | બાંધ્યું | H0631 |
| עַל־ | — | |
| נַפְשָׁהּ׃ | તેણીના-જીવ-ઉપર | H5315 |

જ્યારે તેણે સંકલ્પો કર્યા હોય અથવા પોતાના હોઠોથી અવિચારી રીતે બોલીને પોતાને આધીન કરી હોય અને જો તે લગ્ન કરે,

7

| | | |
|---|---|---|
| וְשָׁמַע | અને-સાંભળે | H8085 |
| אִישָׁהּ | તેણીનો-પતિ | H0376 |
| בְּיוֹם | જે-દિવસે | H3117 |
| שָׁמְעוֹ | સાંભળે | H8085 |
| וְהֶחֱרִישׁ | અને-ચૂપ-રહે | |
| לָהּ | તેણીને | |
| וְקָמוּ | તો-સ્થિર-થશે | |
| נְדָרֶיהָ | તેણીની-માનતાઓ | H5088 |
| וֶאֱסָרֶהָ | અને-તેણીનાં-બંધનો | H0632 |
| אֲשֶׁר־ | જે | |
| אָסְרָה | બાંધ્યાં | H0631 |
| עַל־ | — | |
| נַפְשָׁהּ | તેણીના-જીવ-ઉપર | H5315 |
| יָקֻמוּ׃ | સ્થિર-થશે | |

અને જો તેનો પતિ તે વિષે સાંભળીને તે દિવસે તેને મના ન કરે, તો તેના સંકલ્પો કાયમ રહે. જે વચન વડે તેણે પોતાને આધીન કરેલી હોય તે કાયમ રહે.

8

| | | |
|---|---|---|
| וְאִם | અને-જો | |
| בְּיוֹם | જે-દિવસે | H3117 |
| שְׁמֹעַ | સાંભળે | H8085 |
| אִישָׁהּ | તેણીનો-પતિ | H0376 |
| יָנִיא | મના-કરે | H5106 |
| אוֹתָהּ | તેણીને | H0853 |
| וְהֵפֵר | અને-રદ-કરે | |
| אֶת־ | — | H0853 |
| נִדְרָהּ | તેણીની-માનતા | H5088 |
| אֲשֶׁר | જે | |
| עָלֶיהָ | તેણી-ઉપર-છે | |
| וְאֵת | અને | H0853 |
| מִבְטָא | ઉચ્ચારણ | H4008 |
| שְׂפָתֶיהָ | તેણીના-હોઠોનું | H8193 |
| אֲשֶׁר | જે | |
| אָסְרָה | બાંધ્યું | H0631 |
| עַל־ | — | |
| נַפְשָׁהּ | તેણીના-જીવ-ઉપર | H5315 |
| וַיהוָה | તો-યહોવાહ | H3068 |
| יִסְלַח־ | માફ-કરશે | H5545 |
| לָהּ׃ | તેણીને | |

પણ તેનો પતિ તે વિષે સાંભળીને જો તે દિવસે તેને મના કરે, તો જે સંકલ્પ તેણે કર્યા છે, પોતાના હોઠોની અવિચારી વાતોથી તેણે પોતાની આધીનતા દર્શાવી છે, તે રદ કરે. તેથી યહોવાહ તેને મુક્ત કરે.

9

| | | |
|---|---|---|
| וְנֵדֶר | અને-માનતા | H5088 |
| אַלְמָנָה | વિધવાની | H0490 |
| וּגְרוּשָׁה | અને-ત્યજાયેલીની | H1644 |
| כֹּל | બધું | H3605 |
| אֲשֶׁר־ | જે | |
| אָסְרָה | બાંધ્યું | H0631 |
| עַל־ | — | |
| נַפְשָׁהּ | તેણીના-જીવ-ઉપર | H5315 |
| יָקוּם | સ્થિર-થશે | |
| עָלֶיהָ׃ | તેણી-ઉપર | |

પણ વિધવા અથવા છૂટાછેડા પામેલી સ્ત્રી માટે, દરેક સંપર્કથી તેણે પોતાની આધીનતા દર્શાવી તે પ્રતિજ્ઞા તેને માટે કાયમ રહે.

10

| | | |
|---|---|---|
| וְאִם־ | અને-જો | |
| בֵּית | ઘરમાં | |
| אִישָׁהּ | તેણીના-પતિના | H0376 |
| נָדָרָה | માનતા-માની | H5087 |
| אוֹ־ | અથવા | |
| אָסְרָה | બંધન-બાંધ્યું | H0631 |
| אִסָּר | બંધન | H0632 |
| עַל־ | — | |
| נַפְשָׁהּ | તેણીના-જીવ-ઉપર | H5315 |
| בִּשְׁבֻעָה׃ | શપથ-દ્વારા | H7621 |

જો તે સ્ત્રીએ તેના પતિના ઘરમાં સંકલ્પ કર્યો હોય કે, સમથી પોતાને આધીન કરી હોય,

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְשָׁמַע | אִישָׁהּ | וְהֶחֱרִשׁ | לָהּ | לֹא | הֵנִיא | אֹתָהּ | וְקָמוּ | כָּל־ | נְדָרֶיהָ |
| અને-સાંભળે | તેણીનો-પતિ | અને-ચૂપ-રહે | તેણીને | નહિ | મના-કરે | તેણીને | તો-સ્થિર-થશે | બધી | તેણીની-માનતાઓ |
| H8085 | H0376 | | | H3808 | H5106 | H0853 | | H3605 | H5088 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְכָל־ | אִסָּר | אֲשֶׁר־ | אָסְרָה | עַל־ | נַפְשָׁהּ | יָקוּם׃ |
| અને-બધાં | બંધન | જે | બાંધ્યાં | — | તેણીના-જીવ-ઉપર | સ્થિર-થશે |
| H3605 | H0632 | | H0631 | | H5315 | |

તેનો પતિ તે વિષે સાંભળીને તેને કશું કહે નહિ અને જો તે તેનો સંકલ્પ નાબૂદ કરે નહિ, તો તેના બધા સંકલ્પો કાયમ રહે. દરેક વચન જે વડે તેણે પોતાને આધીન કરી હોય તે કાયમ રહે.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִם־ | הָפֵר | יָפֵר | אֹתָם | אִישָׁהּ | בְּיוֹם | שָׁמְעוֹ | כָּל־ | מוֹצָא | שְׂפָתֶיהָ |
| અને-જો | રદ-કરીને | રદ-કરે | તેમને | તેણીનો-પતિ | જે-દિવસે | સાંભળે | બધું | નીકળેલું | તેણીના-હોઠોથી |
| | | | H0853 | H0376 | H3117 | H8085 | H3605 | H4161 | H8193 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לִנְדָרֶיהָ | וּלְאִסַּר | נַפְשָׁהּ | לֹא | יָקוּם | אִישָׁהּ | הֲפֵרָם | וַיהוָה |
| તેણીની-માનતાઓ-માટે | અને-બંધન-માટે | તેણીના-જીવનું | નહિ | સ્થિર-થશે | તેણીના-પતિએ | રદ-કર્યાં | અને-યહોવાહ |
| H5088 | H0632 | H5315 | H3808 | | H0376 | | H3068 |

| | |
|---|---|
| יִסְלַח־ | לָהּ׃ |
| માફ-કરશે | તેણીને |
| H5545 | |

પણ તેનો પતિ સાંભળે તે દિવસે જો તે નાબૂદ કરે, તો જે સંકલ્પો તથા વચનો તેના વિષે તેના મુખમાંથી નીકળ્યા છે તે કાયમ રહે નહિ. તેના પતિએ તેને નાબૂદ કર્યા છે. યહોવાહ તેને મુક્ત કરે.

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כָּל־ | נֵדֶר | וְכָל־ | שְׁבֻעַת | אִסָּר | לְעַנֹּת | נָפֶשׁ | אִישָׁהּ | יְקִימֶנּוּ | וְאִישָׁהּ | יְפֵרֶנּוּ׃ |
| બધી | માનતા | અને-બધી | શપથના | બંધન | દુ:ખી-કરવા | જીવને | તેણીનો-પતિ | સ્થિર-કરશે | અને-તેણીનો-પતિ | રદ-કરશે |
| H3605 | H5088 | H3605 | H7621 | H0632 | | H5315 | H0376 | | H0376 | |

દરેક સંકલ્પ તથા આત્મકષ્ટ કરવા માટેના તેના બંધનકારક સમને તેનો પતિ માન્ય કે અમાન્ય કરી શકે છે.

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִם־ | הַחֲרֵשׁ | יַחֲרִישׁ | לָהּ | אִישָׁהּ | מִיּוֹם | אֶל־ | יוֹם | וְהֵקִים | אֶת־ | כָּל־ |
| અને-જો | ચૂપ-રહીને | ચૂપ-રહે | તેણીને | તેણીનો-પતિ | દિવસેથી | — | દિવસે | તો-સ્થિર-કર્યાં | — | બધી |
| | | | | H0376 | H3117 | H0413 | H3117 | | H0853 | H3605 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| נְדָרֶיהָ | אוֹ | אֶת־ | כָּל־ | אֱסָרֶיהָ | אֲשֶׁר | עָלֶיהָ | הֵקִים | אֹתָם | כִּי־ |
| તેણીની-માનતાઓ | અથવા | — | બધાં | તેણીનાં-બંધનો | જે | તેણી-ઉપર-છે | સ્થિર-કર્યાં | તેમને | કારણ-કે |
| H5088 | | H0853 | H3605 | H0632 | | | | H0853 | |

| | | | |
|---|---|---|---|
| הֶחֱרִשׁ | לָהּ | בְּיוֹם | שָׁמְעוֹ׃ |
| ચૂપ-રહ્યો | તેણીને | જે-દિવસે | સાંભળ્યું |
| | | H3117 | H8085 |

પરંતુ જો તે તેને દિનપ્રતિદિન કંઈ જ ન કહે, તો જે સંકલ્પો તથા વચનો જે વડે તેણે પોતાને આધીન કરી હોય તે કાયમ રહે. તેણે તે કાયમ રાખ્યા છે કેમ કે તેણે તે સમયે તેને કંઈ જ કહ્યુ નહિ કે તેણે તે વિષે સાંભળ્યું છે.

15

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְאִם־ | הָפֵר | יָפֵר | אֹתָם | אַחֲרֵי | שָׁמְעוֹ | וְנָשָׂא | אֶת־ | עֲוֹנָהּ׃ |
| અને-જો | રદ-કરીને | રદ-કરે | તેમને | પછી | સાંભળ્યા-પછી | તો-ઉઠાવશે | — | તેણીનો-દોષ |
| | | | H0853 | | H8085 | H5375 | H0853 | H5771 |

પણ જો તેનો પતિ તે વિષે સાંભળીને લાંબા સમય સુધી તેની પત્નીના સંકલ્પ રદ ન કરે, તો તે સ્ત્રીનાં પાપ માટે તે જવાબદાર થશે."

16

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֵלֶּה | הַחֻקִּים | אֲשֶׁר | צִוָּה | יְהוָה | אֶת־ | מֹשֶׁה | בֵּין | אִישׁ | לְאִשְׁתּוֹ | בֵּין־ | אָב |
| આ | નિયમો-છે | જે | આજ્ઞા-આપી | યહોવાહે | — | મૂસાને | વચ્ચે | પતિ | અને-તેની-પત્ની | વચ્ચે | પિતા |
| H0428 | H2706 | | H6680 | H3068 | H0853 | H4872 | H0996 | H0376 | H0802 | H0996 | H0001 |

| | | | | |
|---|---|---|---|---|
| לְבִתּוֹ | בִּנְעֻרֶיהָ | בֵּית | אָבִיהָ׃ | פ |
| અને-તેની-પુત્રી | તેણીની-યુવાનીમાં | ઘરમાં | તેણીના-પિતાના | — |
| H1323 | | | H0001 | |

પતિ તથા પત્ની વચ્ચે, તેમ જ પિતા તથા તેના નાનપણમાં તેના ઘરમાં રહેતી તેની દીકરી વચ્ચે યહોવાહે મૂસાને જે કાનૂનો જણાવ્યા તે આ છે.

## Chapter 31

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | וַיְדַבֵּר | יְהוָה | אֶל־ | מֹשֶׁה | לֵּאמֹר׃ |
| | અને-બોલ્યા | યહોવાહ | પ્રતિ | મૂસા | કહેતાં |
| | H1696 | H3068 | H0413 | H4872 | H0559 |

યહોવાહે મૂસાને કહ્યું,

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | נְקֹם | נִקְמַת | בְּנֵי | יִשְׂרָאֵל | מֵאֵת | הַמִּדְיָנִים | אַחַר | תֵּאָסֵף | אֶל־ | עַמֶּיךָ׃ |
| | બદલો-લો | બદલો | પુત્રોનો | ઈશ્રાયલના | તરફથી | મિદ્યાનીઓનો | પછી | ભેળા-થશે | પ્રતિ | તારા-લોકોમાં |
| | H5358 | H5360 | | H3478 | H0854 | H4084 | | H0622 | H0413 | |

“ઇઝરાયલી લોકોનો બદલો તું મિદ્યાનીઓ પાસેથી લે. તેવું કર્યા પછી તું તારા લોકો સાથે ભળી જઈશ.”

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | וַיְדַבֵּר | מֹשֶׁה | אֶל־ | הָעָם | לֵאמֹר | הֵחָלְצוּ | מֵאִתְּכֶם | אֲנָשִׁים | לַצָּבָא | וְיִהְיוּ | עַל־ |
| | અને-બોલ્યા | મૂસા | પ્રતિ | લોકોને | કહેતાં | સજ્જ-કરો | તમારામાંથી | માણસોને | યુદ્ધ-માટે | અને-થાય | વિરુદ્ધ |
| | H1696 | H4872 | H0413 | | H0559 | | H0854 | H0376 | | H1961 | |
| | מִדְיָן | לָתֵת | נִקְמַת־ | יְהוָה | בְּמִדְיָן׃ | | | | | | |
| | મિદ્યાન | આપવા | બદલો | યહોવાહનો | મિદ્યાનમાં | | | | | | |
| | H4080 | H5414 | H5360 | H3068 | H4080 | | | | | | |

તેથી મૂસાએ લોકોને કહ્યું, “તમારામાંથી કેટલાક માણસો શસ્ત્રસજ્જ થઈને યહોવાહ તરફથી મિદ્યાનીઓ પાસેથી બદલો લેવા મિદ્યાનીઓ ઉપર હુમલો કરો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 4 | אֶלֶף | לַמַּטֶּה | אֶלֶף | לַמַּטֶּה | לְכֹל | מַטּוֹת | יִשְׂרָאֵל | תִּשְׁלְחוּ | לַצָּבָא׃ |
| | હજાર | કુળદીઠ | હજાર | કુળદીઠ | બધા | કુળોમાંથી | ઈશ્રાયલના | મોકલજો | યુદ્ધ-માટે |
| | H0505 | H4294 | H0505 | H4294 | H3605 | H4294 | H3478 | H7971 | |

ઇઝરાયલના પ્રત્યેક કુળમાંથી એક હજાર સૈનિકોને યુદ્ધમાં મોકલવા.”

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 5 | וַיִּמָּסְרוּ | מֵאַלְפֵי | יִשְׂרָאֵל | אֶלֶף | לַמַּטֶּה | שְׁנֵים־ | עָשָׂר | אֶלֶף | חֲלוּצֵי | צָבָא׃ |
| | અને-સોંપાયા | હજારોમાંથી | ઈશ્રાયલના | હજાર | કુળદીઠ | બાર | — | હજાર | સજ્જ-થયેલા | યુદ્ધના |
| | H4560 | H0505 | H3478 | H0505 | H4294 | H8147 | H6240 | H0505 | | |

ઇઝરાયલના હજારો પુરુષોમાંથી પ્રત્યેક કુળમાંથી એક હજાર પુરુષ મુજબ મૂસાએ બાર હજાર પુરુષોને શસ્ત્રસજ્જ કરીને યુદ્ધને માટે મોકલ્યા.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 6 | וַיִּשְׁלַח | אֹתָם | מֹשֶׁה | אֶלֶף | לַמַּטֶּה | לַצָּבָא | אֹתָם | וְאֶת־ | פִּינְחָס | בֶּן־ | אֶלְעָזָר |
| | અને-મોકલ્યા | તેઓને | મૂસાએ | હજાર | કુળદીઠ | યુદ્ધ-માટે | તેઓને | અને | ફીનહાસને | પુત્ર | એલઆઝારના |
| | H7971 | H0853 | H4872 | H0505 | H4294 | | H0853 | H0853 | H6372 | | H0499 |
| | הַכֹּהֵן | לַצָּבָא | וּכְלֵי | הַקֹּדֶשׁ | וַחֲצֹצְרוֹת | הַתְּרוּעָה | בְּיָדוֹ׃ | | | | |
| | યાજકને | યુદ્ધ-માટે | અને-વાસણો | પવિત્રતાનાં | અને-રણશિંગાં | જયજયકારનાં | તેના-હાથમાં | | | | |
| | H3548 | | H3627 | H6944 | H2689 | H8643 | H3027 | | | | |

પછી મૂસાએ દરેક કુળમાંથી હજાર પુરુષોને યુદ્ધમાં મોકલ્યા, એલાઝાર યાજકના દીકરા ફીનહાસને પવિત્રસ્થાનનાં પાત્રો તથા યુદ્ધનાદ કરવાના રણશિંગડાં લઈને યુદ્ધમાં મોકલ્યો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 7 | וַיִּצְבְּאוּ | עַל־ | מִדְיָן | כַּאֲשֶׁר | צִוָּה | יְהוָה | אֶת־ | מֹשֶׁה | וַיַּהַרְגוּ | כָּל־ | זָכָר׃ |
| | અને-લડ્યા | વિરુદ્ધ | મિદ્યાન | જેમ | આજ્ઞા-આપી | યહોવાહે | — | મૂસાને | અને-મારી-નાખ્યા | દરેક | પુરુષને |
| | H6633 | | H4080 | | H6680 | H3068 | H0853 | H4872 | H2026 | H3605 | H2145 |

યહોવાહે જેમ મૂસાને આજ્ઞા આપી હતી તેમ તેઓએ મિદ્યાનીઓ વિરુદ્ધ લડાઈ કરી. તેઓએ તમામ માણસોને મારી નાખ્યા.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | מַלְכֵי | מִדְיָן | הָרְגוּ | עַל־ | חַלְלֵיהֶם | אֶת־ | אֱוִי | וְאֶת־ | רֶקֶם | וְאֶת־ |
| અને | રાજાઓને | મિદ્યાનના | મારી-નાખ્યા | સાથે | તેઓના-વધાયેલાઓ | — | એવીને | અને | રેકેમને | અને |
| H0853 | H4428 | H4080 | H2026 | | | H0853 | H0189 | H0853 | H7552 | H0853 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| צוּר | וְאֶת־ | חוּר | וְאֶת־ | רֶבַע | חֲמֵשֶׁת | מַלְכֵי | מִדְיָן | וְאֵת | בִּלְעָם | בֶּן־ | בְּעוֹר |
| સૂરને | અને | હૂરને | અને | રેબાને | પાંચ | રાજાઓ | મિદ્યાનના | અને | બિલઆમને | પુત્ર | બયોરના |
| H6698 | H0853 | H2354 | H0853 | H7254 | H2568 | H4428 | H4080 | H0853 | | | H1160 |

| | |
|---|---|
| הָרְגוּ | בֶּחָרֶב׃ |
| મારી-નાખ્યા | તલવારથી |
| H2026 | H2719 |

યુદ્ધમાં માર્યા ગયેલા ઉપરાંત તેઓએ મિદ્યાનીઓના રાજા અવી, રેકેમ, સૂર, હૂર તથા રેબા એ પાંચ મિદ્યાની રાજાઓને મારી નાખ્યા. વળી તેઓએ બેઓરના દીકરા બલામને પણ તલવારથી મારી નાખ્યો.

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁבּוּ | בְנֵי־ | יִשְׂרָאֵל | אֶת־ | נְשֵׁי | מִדְיָן | וְאֶת־ | טַפָּם | וְאֵת | כָּל־ |
| અને-બંદીવાન-કર્યાં | પુત્રોએ | ઈશ્રાયલના | — | સ્ત્રીઓને | મિદ્યાનની | અને | તેઓનાં-બાળકોને | અને | બધાં |
| H7617 | | H3478 | H0853 | H0802 | H4080 | H0853 | H2945 | H0853 | H3605 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בְּהֶמְתָּם | וְאֶת־ | כָּל־ | מִקְנֵהֶם | וְאֶת־ | כָּל־ | חֵילָם | בָּזָזוּ׃ |
| તેઓનાં-ઢોર | અને | બધાં | તેઓનાં-ટોળાં | અને | બધી | તેઓની-સંપત્તિ | લૂંટી-લીધી |
| H0929 | H0853 | H3605 | H4735 | H0853 | H3605 | H2428 | H0962 |

ઇઝરાયલના સૈન્યએ મિદ્યાની સ્ત્રીઓને તથા તેઓનાં બાળકોને કેદ કરી લીધાં, તેઓનાં ઘેટાંબકરાં સહિત તમામ જાનવરોને તથા તેઓના બધા સરસામાનને લૂંટી લીધાં. આ બધું તેઓએ લૂંટ તરીકે આચકી લીધું.

10

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵת | כָּל־ | עָרֵיהֶם | בְּמוֹשְׁבֹתָם | וְאֵת | כָּל־ | טִירֹתָם | שָׂרְפוּ | בָּאֵשׁ׃ |
| અને | બધાં | તેઓનાં-નગરો | તેઓનાં-રહેઠાણોમાં | અને | બધા | તેઓના-છાવણીઓ | બાળી-નાખ્યાં | અગ્નિથી |
| H0853 | H3605 | | H4186 | H0853 | H3605 | H2918 | H8313 | H0784 |

જ્યાં તેઓ રહેતા હતા તે બધાં નગરોને તથા તેઓની બધી છાવણીઓને તેઓએ બાળી નાખ્યાં.

11

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְחוּ | אֶת־ | כָּל־ | הַשָּׁלָל | וְאֵת | כָּל־ | הַמַּלְקוֹחַ | בָּאָדָם | וּבַבְּהֵמָה׃ |
| અને-લીધી | — | બધી | લૂંટ | અને | બધો | શિકાર | માણસોનો | અને-પશુઓનો |
| H3947 | H0853 | H3605 | H7998 | H0853 | H3605 | | H0120 | H0929 |

તેઓએ કેદીઓ એટલે માણસ તથા પશુઓ બન્નેની લૂંટફાટ લીધી.

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבִאוּ | אֶל־ | מֹשֶׁה | וְאֶל־ | אֶלְעָזָר | הַכֹּהֵן | וְאֶל־ | עֲדַת | בְּנֵי־ | יִשְׂרָאֵל | אֶת־ |
| અને-લાવ્યા | પ્રતિ | મૂસા | અને-પ્રતિ | એલઆઝાર | યાજક | અને-પ્રતિ | મંડળી | પુત્રોની | ઈશ્રાયલના | — |
| H0935 | H0413 | H4872 | H0413 | H0499 | H3548 | H0413 | H5712 | | H3478 | H0853 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַשְּׁבִי | וְאֶת־ | הַמַּלְקוֹחַ | וְאֶת־ | הַשָּׁלָל | אֶל־ | הַמַּחֲנֶה | אֶל־ | עַרְבֹת | מוֹאָב | אֲשֶׁר | עַל־ |
| બંદીવાનોને | અને | શિકારને | અને | લૂંટને | પ્રતિ | છાવણી | પ્રતિ | મેદાનો | મોઆબના | જે | પાસે |
| | H0853 | | H0853 | H7998 | H0413 | H4264 | H0413 | H6160 | H4124 | | |

| | | |
|---|---|---|
| יַרְדֵּן | יְרֵחוֹ׃ | ס |
| યર્દન | યરીખોની | — |
| H3383 | H3405 | |

તેઓ કેદીઓને તથા લૂંટ કરેલી વસ્તુઓને મૂસા, એલાઝાર યાજક તથા ઇઝરાયલ લોકોની જમાત પાસે લાવ્યા. આ બધું તેઓ મોઆબના મેદાનમાં યરીખોની સામે યર્દન નદીને કિનારે આવેલી છાવણીમાં લાવ્યા.

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּצְאוּ | מֹשֶׁה | וְאֶלְעָזָר | הַכֹּהֵן | וְכָל־ | נְשִׂיאֵי | הָעֵדָה | לִקְרָאתָם | אֶל־ | מִחוּץ |
| અને-બહાર-આવ્યા | મૂસા | અને-એલઆઝાર | યાજક | અને-બધા | અધિપતિઓ | મંડળીના | તેઓને-મળવા | પ્રતિ | બહાર |
| H3318 | H4872 | H0499 | H3548 | H3605 | | H5712 | H7125 | H0413 | H2351 |

| |
|---|
| לַמַּחֲנֶה׃ |
| છાવણીની |
| H4264 |

મૂસા, એલાઝાર યાજક તથા જમાતના આગેવાનો તેઓને મળવા માટે છાવણી બહાર આવ્યા.

14 וַיִּקְצֹף અને-ક્રોધિત-થયા H7107
מֹשֶׁה મૂસા H4872
עַל પ્રતિ
פְּקוּדֵי અધિકારીઓ
הֶחָיִל સૈન્યના H2428
שָׂרֵי સરદારો H8269
הָאֲלָפִים હજારોના H0505
וְשָׂרֵי અને-સરદારો H8269
הַמֵּאוֹת સોઓના H3967
הַבָּאִים જેઓ-આવ્યા H0935
מִצְּבָא યુદ્ધથી
הַמִּלְחָמָה: લડાઈના H4421

પણ મૂસા સૈન્યના અધિકારી, સહસ્રાધિપતિ તથા શતાધિપતિ જેઓ યુદ્ધમાંથી આવ્યા હતા તેઓ પર ગુસ્સે હતો.

15 וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אֲלֵיהֶם તેઓને H0413
מֹשֶׁה મૂસાએ H4872
הַחִיִּיתֶם જીવતી-રાખી H2421
כָּל- બધી H3605
נְקֵבָה: સ્ત્રીઓને H5347

મૂસાએ તેઓને કહ્યુ, "શું તમે બધી સ્ત્રીઓને જીવતી રહેવા દીધી છે?

16 הֵן જુઓ H2005
הֵנָּה એ-જ H2007
הָיוּ હતી H1961
לִבְנֵי પુત્રોને
יִשְׂרָאֵל ઈશ્રાયલના H3478
בִּדְבַר વચનમાં H1697
בִּלְעָם બિલઆમના
לִמְסָר- વિશ્વાસઘાત-કરવા H4560
מַעַל અપરાધ H4604
בַּיהוָה યહોવાહ-સામે H3068
עַל- બાબતમાં
דְּבַר- બાબત H1697
פְּעוֹר પેઓરની H6465
וַתְּהִי અને-થઈ H1961
הַמַּגֵּפָה મરકી H4046
בַּעֲדַת મંડળીમાં H5712
יְהוָה: યહોવાહની H3068

જુઓ, આ સ્ત્રીઓએ બલામની સલાહથી ઇઝરાયલી લોકો પાસે, પેઓરની બાબતમાં યહોવાહની વિરુદ્ધ પાપ કર્યું, તેથી યહોવાહની જમાત મધ્યે મરકી ચાલી.

17 וְעַתָּה અને-હવે H6258
הִרְגוּ મારી-નાખો H2026
כָל- દરેક H3605
זָכָר પુરુષ-બાળક H2145
בַּטָּף બાળકોમાંનો H2945
וְכָל- અને-દરેક H3605
אִשָּׁה સ્ત્રી H0802
יֹדַעַת જાણનાર H3045
אִישׁ પુરુષ H0376
לְמִשְׁכַּב શય્યા H4904
זָכָר પુરુષની H2145
הֲרֹגוּ: મારી-નાખો H2026

તો હવે, બાળકો મધ્યેથી દરેક પુરુષને મારી નાખો, દરેક સ્ત્રી જે પુરુષ સાથે સૂઈ ગઈ હોય તેને મારી નાખો.

18 וְכֹל અને-બધી H3605
הַטַּף બાળકીઓ H2945
בַּנָּשִׁים સ્ત્રીઓમાંની H0802
אֲשֶׁר જેઓ
לֹא- નથી H3808
יָדְעוּ જાણતી H3045
מִשְׁכַּב શય્યા H4904
זָכָר પુરુષની H2145
הַחֲיוּ જીવતી-રાખો H2421
לָכֶם: તમારા-માટે

પણ તમારા માટે દરેક જુવાન કન્યાઓ લો જે ક્યારેય કોઈ માણસ સાથે સૂઈ ગઈ ના હોય.

19 וְאַתֶּם અને-તમે
חֲנוּ છાવણી-કરો H2583
מִחוּץ બહાર H2351
לַמַּחֲנֶה છાવણીની H4264
שִׁבְעַת સાત H7651
יָמִים દિવસ H3117
כֹּל દરેક H3605
הֹרֵג મારનાર H2026
נֶפֶשׁ જીવ H5315
וְכֹל અને-દરેક H3605
נֹגֵעַ સ્પર્શ-કરનાર H5060
בֶּחָלָל મરેલાને
תִּתְחַטְּאוּ શુદ્ધ-થાઓ H2398
בַּיּוֹם ત્રીજે-દિવસે H3117
הַשְּׁלִישִׁי — H7992
וּבַיּוֹם અને-સાતમે-દિવસે H3117
הַשְּׁבִיעִי — H7637
אַתֶּם તમે
וּשְׁבִיכֶם: અને-તમારા-બંદીવાનો

તમે સાત દિવસ સુધી છાવણીની બહાર એટલે ઇઝરાયલની છાવણીની બહાર રહો. તમારામાંના જે કોઈએ કોઈને મારી નાખ્યો હોય કે કોઈએ મરણ પામેલાનો સ્પર્શ કર્યો હોય, ત્રીજા દિવસે તથા સાતમા દિવસે તું તથા તારા કેદીઓ પોતાને શુદ્ધ કરો.

20 וְכָל- અને-દરેક H3605
בֶּגֶד વસ્ત્ર
וְכָל- અને-દરેક H3605
כְּלִי- વાસણ H3627
עוֹר ચામડાનું H5785
וְכָל- અને-દરેક H3605
מַעֲשֵׂה બનાવટ H4639
עִזִּים બકરીના-વાળની H5795
וְכָל- અને-દરેક H3605
כְּלִי- વાસણ H3627
עֵץ લાકડાનું H6086
תִּתְחַטָּאוּ: શુદ્ધ-કરો H2398
ס —

તમારાં બધાં વસ્ત્ર, ચામડાની તથા બકરાના વાળથી બનેલી દરેક વસ્તુ તથા લાકડાની બનાવેલી દરેક વસ્તુથી પોતાને શુદ્ધ કરો."

21
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אֶלְעָזָר એલઆઝાર H0499
הַכֹּהֵן યાજકે H3548
אֶל־ પ્રતિ H0413
אַנְשֵׁי માણસોને H0376
הַצָּבָא સૈન્યના
הַבָּאִים જેઓ-આવ્યા H0935
לַמִּלְחָמָה લડાઈમાંથી H4421
זֹאת આ H2063
חֻקַּת વિધિ H2708
הַתּוֹרָה નિયમશાસ્ત્રની H8451
אֲשֶׁר־ જે
צִוָּה આજ્ઞા-આપી H6680
יְהוָה યહોવાહે H3068
אֶת־ — H0853
מֹשֶׁה׃ મૂસાને H4872

જે સૈનિકો યુદ્ધમાં ગયા હતા તેઓને એલાઝાર યાજકે કહ્યુ, "યહોવાહે મૂસાને જે નિયમ આપ્યો તે આ છે:

22
אַךְ માત્ર H0389
אֶת־ — H0853
הַזָּהָב સોનું H2091
וְאֶת־ અને H0853
הַכָּסֶף ચાંદી H3701
אֶת־ — H0853
הַנְּחֹשֶׁת કાંસું
אֶת־ — H0853
הַבַּרְזֶל લોખંડ H1270
אֶת־ — H0853
הַבְּדִיל કલાઈ H0913
וְאֶת־ અને H0853
הָעֹפָרֶת׃ સીસું H5777

સોનું, ચાંદી, કાંસું, લોખંડ, કલાઈ અને સીસું,

23
כָּל־ દરેક H3605
דָּבָר વસ્તુ H1697
אֲשֶׁר־ જે
יָבֹא જાય H0935
בָאֵשׁ અગ્નિમાં H0784
תַּעֲבִירוּ પસાર-કરો
בָאֵשׁ અગ્નિમાંથી H0784
וְטָהֵר અને-શુદ્ધ-થશે H2891
אַךְ પણ H0389
בְּמֵי પાણીથી H4325
נִדָּה અશુદ્ધિના H5079
יִתְחַטָּא શુદ્ધ-થશે H2398
וְכֹל અને-દરેક H3605
אֲשֶׁר જે
לֹא־ નથી H3808
יָבֹא જતું H0935
בָּאֵשׁ અગ્નિમાં H0784
תַּעֲבִירוּ પસાર-કરો
בַמָּיִם׃ પાણીમાંથી H4325

જે દરેક વસ્તુ અગ્નિનો સામનો કરી શકે, તે તમે અગ્નિમાં નાખો અને તે શુદ્ધ થશે. શુદ્ધિના પાણી વડે તે વસ્તુઓ શુદ્ધ કરવામાં આવે. જે કંઈ અગ્નિમાં ટકી ન શકે તેને તમે પાણીથી શુદ્ધ કરો.

24
וְכִבַּסְתֶּם અને-ધોજો H3526
בִּגְדֵיכֶם તમારાં-વસ્ત્રો
בַּיּוֹם સાતમે-દિવસે H3117
הַשְּׁבִיעִי — H7637
וּטְהַרְתֶּם અને-શુદ્ધ-થશો H2891
וְאַחַר અને-પછી
תָּבֹאוּ આવજો H0935
אֶל־ પ્રતિ H0413
הַמַּחֲנֶה׃ છાવણીમાં H4264
פ —

અને સાતમા દિવસે તમે તમારા વસ્ત્રો ધોઈ નાખો, ત્યાર પછી તમે શુદ્ધ થશો. ત્યાર પછી તમે ઇઝરાયલની છાવણીમાં પાછા આવો."

25
וַיֹּאמֶר અને-બોલ્યા H0559
יְהוָה યહોવાહ H3068
אֶל־ પ્રતિ H0413
מֹשֶׁה મૂસા H4872
לֵּאמֹר׃ કહેતાં H0559

યહોવાહે મૂસાને કહ્યુ,

26
שָׂא ઉપાડો H5375
אֵת — H0853
רֹאשׁ ગણતરી
מַלְקוֹחַ શિકારની
הַשְּׁבִי બંદીવાનોની
בָּאָדָם માણસોની H0120
וּבַבְּהֵמָה અને-પશુઓની H0929
אַתָּה તું
וְאֶלְעָזָר અને-એલઆઝાર H0499
הַכֹּהֵן યાજક H3548
וְרָאשֵׁי અને-આગેવાનો
אֲבוֹת પિતાઓના H0001
הָעֵדָה׃ મંડળીના H5712

"તું, એલાઝાર યાજક, જમાતના પિતૃઓના કુળના આગેવાનો મળીને, જે માણસો તથા પશુઓ કે જેઓની લૂંટ કરવામાં આવી તેઓની ગણતરી કરો.

27
וְחָצִיתָ અને-વહેંચો H2673
אֶת־ — H0853
הַמַּלְקוֹחַ શિકારને
בֵּין વચ્ચે H0996
תֹּפְשֵׂי પકડનારા H8610
הַמִּלְחָמָה લડાઈના H4421
הַיֹּצְאִים જેઓ-ગયા H3318
לַצָּבָא યુદ્ધમાં
וּבֵין અને-વચ્ચે H0996
כָּל־ બધી H3605
הָעֵדָה׃ મંડળીના H5712

લૂંટના બે ભાગ પાડો. તેને જે સૈનિકો યુદ્ધમાં ગયા હતા તેઓ તથા બાકીની આખી જમાત વચ્ચે વહેંચો.

28

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַהֲרֵמֹתָ | מֶכֶס | לַיהוָה | מֵאֵת | אַנְשֵׁי | הַמִּלְחָמָה | הַיֹּצְאִים | לַצָּבָא | אֶחָד | נֶפֶשׁ | מֵחֲמֵשׁ |
| અને-ઉપાડજો | કર | યહોવાહ-માટે | તરફથી | માણસો | લડાઈના | જેઓ-ગયા | યુદ્ધમાં | એક | જીવ | પાંચસોમાંથી |
| | H4371 | H3068 | H0854 | H0376 | H4421 | H3318 | | H0259 | H5315 | H2568 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הַמֵּאוֹת | מִן | הָאָדָם | וּמִן | הַבָּקָר | וּמִן | הַחֲמֹרִים | וּמִן | הַצֹּאן׃ |
| — | — | માણસોમાંથી | અને | ગાયોમાંથી | અને | ગધેડાંમાંથી | અને | ઘેટાંમાંથી |
| H3967 | | H0120 | | H1241 | | H2543 | | H6629 |

જે સૈનિકો યુદ્ધમાં ગયા હતા તેઓ પાસેથી કર લઈને મને આપો. દરેક પાંચસો પશુઓમાંથી એક પશુ, એટલે માણસોમાંથી તથા જાનવરોમાંથી, ગધેડાંમાંથી, ઘેટાં કે બકરામાંથી લેવાં.

29

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מִמַּחֲצִיתָם | תִּקָּחוּ | וְנָתַתָּה | לְאֶלְעָזָר | הַכֹּהֵן | תְּרוּמַת | יְהוָה׃ |
| તેઓના-અર્ધમાંથી | લેજો | અને-આપજો | એલઆઝારને | યાજકને | ઉચ્છાલિત-અર્પણ | યહોવાહનું |
| H4276 | H3947 | H5414 | H0499 | H3548 | H8641 | H3068 |

તેઓના અડધામાંથી તે લો અને મારા માટે ઉચ્છાલીયાર્પણ તરીકે એલાઝાર યાજકને તે આપો.

30

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמִמַּחֲצִת | בְּנֵי־ | יִשְׂרָאֵל | תִּקַּח | אֶחָד | אָחֻז | מִן־ | הַחֲמִשִּׁים | מִן־ | הָאָדָם | מִן־ |
| અને-અર્ધમાંથી | પુત્રોના | ઈશ્રાયલના | લેજો | એક | પકડેલું | — | પચાસમાંથી | — | માણસોમાંથી | — |
| H4276 | | H3478 | H3947 | H0259 | H0270 | | H2572 | | H0120 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַבָּקָר | מִן־ | הַחֲמֹרִים | וּמִן־ | הַצֹּאן | מִכָּל־ | הַבְּהֵמָה | וְנָתַתָּה | אֹתָם | לַלְוִיִּם | שֹׁמְרֵי |
| ગાયોમાંથી | — | ગધેડાંમાંથી | અને | ઘેટાંમાંથી | બધાં | પશુઓમાંથી | અને-આપજો | તેઓને | લેવીઓને | રક્ષકો |
| H1241 | | H2543 | | H6629 | H3605 | H0929 | H5414 | H0853 | H3881 | H8104 |

| | | |
|---|---|---|
| מִשְׁמֶרֶת | מִשְׁכַּן | יְהוָה׃ |
| ચોકી | મંડપની | યહોવાહના |
| H4931 | H4908 | H3068 |

ઇઝરાયલી લોકોના અડધામાંથી, દર પચાસ વ્યક્તિમાંથી, ગધેડાંમાંથી, ઘેટા તથા બકરામાંથી તથા અન્ય જાનવરોમાંથી લેવાં. જે લેવીઓ યહોવાહના મંડપની સંભાળ લે છે તેઓને આપો."

31

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַשׂ | מֹשֶׁה | וְאֶלְעָזָר | הַכֹּהֵן | כַּאֲשֶׁר | צִוָּה | יְהוָה | אֶת־ | מֹשֶׁה׃ |
| અને-કર્યું | મૂસાએ | અને-એલઆઝાર | યાજકે | જેમ | આજ્ઞા-આપી | યહોવાહે | — | મૂસાને |
| | H4872 | H0499 | H3548 | | H6680 | H3068 | H0853 | H4872 |

તેથી યહોવાહે આજ્ઞા કરી હતી તે પ્રમાણે મૂસાએ તથા યાજક એલાઝારે કર્યું.

32

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | הַמַּלְקוֹחַ | יֶתֶר | הַבָּז | אֲשֶׁר | בָּזְזוּ | עַם | הַצָּבָא | צֹאן | שֵׁשׁ־ | מֵאוֹת | אֶלֶף |
| અને-હતો | શિકાર | બાકી | લૂંટનો | જે | લૂંટ્યો | લોકોએ | સૈન્યના | ઘેટાં | છ-સો | — | હજાર |
| H1961 | | | H0957 | | H0962 | | | H6629 | H8337 | H3967 | H0505 |

| | | | |
|---|---|---|---|
| וְשִׁבְעִים | אֶלֶף | וַחֲמֵשֶׁת־ | אֲלָפִים׃ |
| અને-સિત્તેર | હજાર | અને-પાંચ | હજાર |
| H7657 | H0505 | H2568 | H0505 |

સૈનિકોએ જે લૂંટ લીધી હતી તેની યાદી: છ લાખ પંચોતેર હજાર ઘેટાં,

33

| | | | |
|---|---|---|---|
| וּבָקָר | שְׁנַיִם | וְשִׁבְעִים | אָלֶף׃ |
| અને-ગાયો | બોતેર | — | હજાર |
| H1241 | H8147 | H7657 | H0505 |

બોતેર હજાર બળદો,

34

| | | | |
|---|---|---|---|
| וַחֲמֹרִים | אֶחָד | וְשִׁשִּׁים | אָלֶף׃ |
| અને-ગધેડાં | એકસઠ | — | હજાર |
| H2543 | H0259 | H8346 | H0505 |

એકસઠ હજાર ગધેડાં,

35

| | | |
|---|---|---|
| וְנֶפֶשׁ | અને-જીવ | H5315 |
| אָדָם | માણસના | H0120 |
| מִן | — | |
| הַנָּשִׁים | સ્ત્રીઓના | H0802 |
| אֲשֶׁר | જેઓ | |
| לֹא־ | નહોતી | H3808 |
| יָדְעוּ | જાણતી | H3045 |
| מִשְׁכַּב | શય્યા | H4904 |
| זָכָר | પુરુષની | H2145 |
| כָּל־ | બધા | H3605 |
| נֶפֶשׁ | જીવ | H5315 |
| שְׁנַיִם | બત્રીસ | H8147 |
| וּשְׁלֹשִׁים | — | H7970 |
| אָלֶף׃ | હજાર | H0505 |

બત્રીસ હજાર સ્ત્રીઓ જે ક્યારેય કોઈ માણસ સાથે સૂઈ ગઈ ન હતી.

36

| | | |
|---|---|---|
| וַתְּהִי | અને-હતો | H1961 |
| הַמֶּחֱצָה | અર્ધો-ભાગ | H4275 |
| חֵלֶק | હિસ્સો | |
| הַיֹּצְאִים | જેઓ-ગયા | H3318 |
| בַּצָּבָא | યુદ્ધમાં | |
| מִסְפַּר | સંખ્યા | H4557 |
| הַצֹּאן | ઘેટાંની | H6629 |
| שְׁלֹשׁ־ | ત્રણ-સો | H7969 |
| מֵאוֹת | — | H3967 |
| אֶלֶף | હજાર | H0505 |
| וּשְׁלֹשִׁים | અને-ત્રીસ | H7970 |
| אֶלֶף | હજાર | H0505 |
| וְשִׁבְעַת | અને-સાત | H7651 |
| אֲלָפִים | હજાર | H0505 |
| וַחֲמֵשׁ | અને-પાંચસો | H2568 |
| מֵאוֹת׃ | — | H3967 |

યુદ્ધમાં ગયેલા સૈનિકોને લૂંટમાંથી જે અડધો ભાગ મળ્યો તે ત્રણ લાખ સાડત્રીસ હજાર ઘેટાં હતાં.

37

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-હતો | H1961 |
| הַמֶּכֶס | કર | H4371 |
| לַיהוָה | યહોવાહ-માટે | H3068 |
| מִן־ | — | |
| הַצֹּאן | ઘેટાંમાંથી | H6629 |
| שֵׁשׁ | છ-સો | H8337 |
| מֵאוֹת | — | H3967 |
| חָמֵשׁ | પંચોતેર | H2568 |
| וְשִׁבְעִים׃ | — | H7657 |

ઘેટાંમાંથી યહોવાહનો ભાગ છસો પંચોતેર હતો.

38

| | | |
|---|---|---|
| וְהַבָּקָר | અને-ગાયો | H1241 |
| שִׁשָּׁה | છત્રીસ | H8337 |
| וּשְׁלֹשִׁים | — | H7970 |
| אָלֶף | હજાર | H0505 |
| וּמִכְסָם | અને-તેનો-કર | H4371 |
| לַיהוָה | યહોવાહ-માટે | H3068 |
| שְׁנַיִם | બોંતેર | H8147 |
| וְשִׁבְעִים׃ | — | H7657 |

છત્રીસ હજાર બસો બળદમાંથી યહોવાહનો કર બોંતેર હતો.

39

| | | |
|---|---|---|
| וַחֲמֹרִים | અને-ગધેડાં | H2543 |
| שְׁלֹשִׁים | ત્રીસ | H7970 |
| אֶלֶף | હજાર | H0505 |
| וַחֲמֵשׁ | અને-પાંચસો | H2568 |
| מֵאוֹת | — | H3967 |
| וּמִכְסָם | અને-તેનો-કર | H4371 |
| לַיהוָה | યહોવાહ-માટે | H3068 |
| אֶחָד | એકસઠ | H0259 |
| וְשִׁשִּׁים׃ | — | H8346 |

ત્રીસ હજારને પાંચસો ગધેડાં; જેમાંથી યહોવાહનો ભાગ એકસઠ હતો.

40

| | | |
|---|---|---|
| וְנֶפֶשׁ | અને-જીવ | H5315 |
| אָדָם | માણસના | H0120 |
| שִׁשָּׁה | સોળ | H8337 |
| עָשָׂר | — | H6240 |
| אָלֶף | હજાર | H0505 |
| וּמִכְסָם | અને-તેનો-કર | H4371 |
| לַיהוָה | યહોવાહ-માટે | H3068 |
| שְׁנַיִם | બત્રીસ | H8147 |
| וּשְׁלֹשִׁים | — | H7970 |
| נָפֶשׁ׃ | જીવ | H5315 |

જે માણસો સોળ હજાર હતા જેમાંથી યહોવાહનો કર બત્રીસ માણસોનો હતો.

41

| | | |
|---|---|---|
| וַיִּתֵּן | અને-આપ્યો | H5414 |
| מֹשֶׁה | મૂસાએ | H4872 |
| אֶת־ | — | H0853 |
| מֶכֶס | કર | H4371 |
| תְּרוּמַת | ઉચ્છાલિત-અર્પણ | H8641 |
| יְהוָה | યહોવાહનો | H3068 |
| לְאֶלְעָזָר | એલઆઝારને | H0499 |
| הַכֹּהֵן | યાજકને | H3548 |
| כַּאֲשֶׁר | જેમ | |
| צִוָּה | આજ્ઞા-આપી | H6680 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| אֶת־ | — | H0853 |
| מֹשֶׁה׃ | મૂસાને | H4872 |

યહોવાહે મૂસાને આજ્ઞા આપી હતી તે પ્રમાણે મૂસાએ એ કર એટલે યહોવાહનું ઉચ્છાલીયાર્પણ એલાઝાર યાજકને આપ્યું.

42

| | | |
|---|---|---|
| וּמִמַּחֲצִית | અને-અર્ધમાંથી | H4276 |
| בְּנֵי | પુત્રોના | |
| יִשְׂרָאֵל | ઈશ્રાયલના | H3478 |
| אֲשֶׁר | જે | |
| חָצָה | વહેંચ્યા | H2673 |
| מֹשֶׁה | મૂસાએ | H4872 |
| מִן־ | — | |
| הָאֲנָשִׁים | માણસોમાંથી | H0376 |
| הַצֹּבְאִים׃ | લડનારા | H6633 |

ઇઝરાયલી લોકોનો જે અડધો ભાગ મૂસાએ યુદ્ધમાં ગયેલા સૈનિકો પાસેથી લીધો હતો તે,

43

| | | |
|---|---|---|
| וַתְּהִי | અને-હતો | H1961 |
| מֶחֱצַת | અર્ધો-ભાગ | H4275 |
| הָעֵדָה | મંડળીનો | H5712 |
| מִן | — | |
| הַצֹּאן | ઘેટાંમાંથી | H6629 |
| שְׁלֹשׁ־ | ત્રણ-સો | H7969 |
| מֵאוֹת | — | H3967 |
| אֶלֶף | હજાર | H0505 |
| וּשְׁלֹשִׁים | અને-ત્રીસ | H7970 |
| אֶלֶף | હજાર | H0505 |
| שִׁבְעַת | સાત | H7651 |
| אֲלָפִים | હજાર | H0505 |
| וַחֲמֵשׁ | અને-પાંચસો | H2568 |
| מֵאוֹת׃ | — | H3967 |

જમાતનો અડધા ભાગમાં ત્રણ લાખ સાડત્રીસ હજાર પાંચસો ઘેટાં,

44

| | | |
|---|---|---|
| וּבָקָר | અને-ગાયો | H1241 |
| שִׁשָּׁה | છત્રીસ | H8337 |
| וּשְׁלֹשִׁים | — | H7970 |
| אָלֶף׃ | હજાર | H0505 |

છત્રીસ હજાર બળદો,

45

| | | |
|---|---|---|
| וַחֲמֹרִים | અને-ગધેડાં | H2543 |
| שְׁלֹשִׁים | ત્રીસ | H7970 |
| אֶלֶף | હજાર | H0505 |
| וַחֲמֵשׁ | અને-પાંચસો | H2568 |
| מֵאוֹת׃ | — | H3967 |

ત્રીસ હજાર પાંચસો ગધેડાં,

46

| | | |
|---|---|---|
| וְנֶפֶשׁ | અને-જીવ | H5315 |
| אָדָם | માણસના | H0120 |
| שִׁשָּׁה | સોળ | H8337 |
| עָשָׂר | — | H6240 |
| אָלֶף׃ | હજાર | H0505 |

સોળ હજાર માણસો હતાં.

47

| | | |
|---|---|---|
| וַיִּקַּח | અને-લીધું | H3947 |
| מֹשֶׁה | મૂસાએ | H4872 |
| מִמַּחֲצִת | અર્ધામાંથી | H4276 |
| בְּנֵי־ | પુત્રોના | |
| יִשְׂרָאֵל | ઈશ્રાયલના | H3478 |
| אֶת־ | — | H0853 |
| הָאָחֻז | પકડેલું | H0270 |
| אֶחָד | એક | H0259 |
| מִן־ | — | |
| הַחֲמִשִּׁים | પચાસમાંથી | H2572 |
| מִן־ | — | |
| הָאָדָם | માણસોમાંથી | H0120 |
| וּמִן־ | અને | |
| הַבְּהֵמָה | પશુઓમાંથી | H0929 |
| וַיִּתֵּן | અને-આપ્યાં | H5414 |
| אֹתָם | તેઓને | H0853 |
| לַלְוִיִּם | લેવીઓને | H3881 |
| שֹׁמְרֵי | રક્ષકો | H8104 |
| מִשְׁמֶרֶת | ચોકી | H4931 |
| מִשְׁכַּן | મંડપની | H4908 |
| יְהוָה | યહોવાહના | H3068 |
| כַּאֲשֶׁר | જેમ | |
| צִוָּה | આજ્ઞા-આપી | H6680 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| אֶת־ | — | H0853 |
| מֹשֶׁה׃ | મૂસાને | H4872 |

જેમ યહોવાહે મૂસાને આજ્ઞા આપી હતી તેમ મૂસાએ ઇઝરાયલી લોકોના અડધા ભાગમાંથી દરેક પચાસ માણસમાંથી તથા પશુઓમાંથી એક લઈને યહોવાહના મંડપની સંભાળ રાખનાર લેવીઓને તે આપ્યાં.

48

| | | |
|---|---|---|
| וַיִּקְרְבוּ | અને-નજીક-આવ્યા | H7126 |
| אֶל־ | પ્રતિ | H0413 |
| מֹשֶׁה | મૂસા | H4872 |
| הַפְּקֻדִים | અધિકારીઓ | |
| אֲשֶׁר | જેઓ | |
| לְאַלְפֵי | હજારોના | H0505 |
| הַצָּבָא | સૈન્યના | |
| שָׂרֵי | સરદારો | H8269 |
| הָאֲלָפִים | હજારોના | H0505 |
| וְשָׂרֵי | અને-સરદારો | H8269 |
| הַמֵּאוֹת׃ | સોઓના | H3967 |

પછી સૈન્યના સેનાપતિઓ, સહસ્ત્રાધિપતિઓ તથા શતાધિપતિઓ મૂસા પાસે આવ્યા.

49

| | | |
|---|---|---|
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| אֶל־ | પ્રતિ | H0413 |
| מֹשֶׁה | મૂસાને | H4872 |
| עֲבָדֶיךָ | તારા-દાસોએ | H5650 |
| נָשְׂאוּ | ગણ્યા | H5375 |
| אֶת־ | — | H0853 |
| רֹאשׁ | ગણતરી | |
| אַנְשֵׁי | માણસોની | H0376 |
| הַמִּלְחָמָה | લડાઈના | H4421 |
| אֲשֶׁר | જેઓ | |
| בְּיָדֵנוּ | અમારા-હાથમાં | H3027 |
| וְלֹא־ | અને-નહિ | H3808 |
| נִפְקַד | ખૂટ્યો | |
| מִמֶּנּוּ | અમારામાંથી | |
| אִישׁ׃ | એક-પણ-માણસ | H0376 |

તેઓએ મૂસાને કહ્યુ, “જે સૈનિકો અમારા હાથ નીચે છે તેઓની તારા દાસોએ ગણતરી કરી છે, એક પણ માણસ ઓછો થયો નથી.

50

| | | |
|---|---|---|
| וַנַּקְרֵב | અને-અર્પણ-કરીએ-છીએ | H7126 |
| אֶת־ | — | H0853 |
| קָרְבַּן | અર્પણ | |
| יְהוָה | યહોવાહને | H3068 |
| אִישׁ | દરેક | H0376 |
| אֲשֶׁר | જેને | |
| מָצָא | મળ્યું | H4672 |
| כְלִי־ | વાસણ | H3627 |
| זָהָב | સોનાનું | H2091 |
| אֶצְעָדָה | બાજુબંધ | H0685 |
| וְצָמִיד | અને-કડું | |
| טַבַּעַת | વીંટી | H2885 |
| עָגִיל | કાનની-બુટ્ટી | H5694 |
| וְכוּמָז | અને-હાર | H3558 |
| לְכַפֵּר | પ્રાયશ્ચિત્ત-કરવા | |
| עַל־ | — | |
| נַפְשֹׁתֵינוּ | અમારા-જીવો-માટે | H5315 |
| לִפְנֵי | યહોવાહ-સમક્ષ | H6440 |
| יְהוָה׃ | — | H3068 |

અમારા માટે યહોવાહની આગળ પ્રાયશ્ચિત કરવાને સારુ દરેક માણસને જે મળ્યું તે અમે યહોવાહને સારુ અર્પણ કરવાને લાવ્યા છીએ, એટલે સોનાનાં ઘરેણાં, સાંકળા, બંગડીઓ, વીંટીઓ, બુટીઓ તથા હારો લાવ્યા છીએ.”

51

| | | |
|---|---|---|
| וַיִּקַּח | અને-લીધું | H3947 |
| מֹשֶׁה | મૂસાએ | H4872 |
| וְאֶלְעָזָר | અને-એલઆઝાર | H0499 |
| הַכֹּהֵן | યાજકે | H3548 |
| אֶת־ | — | H0853 |
| הַזָּהָב | સોનું | H2091 |
| מֵאִתָּם | તેઓ-પાસેથી | H0854 |
| כֹּל | બધાં | H3605 |
| כְּלִי | વાસણો | H3627 |
| מַעֲשֶׂה׃ | બનાવટનાં | H4639 |

મૂસાએ તથા યાજક એલાઝાર યાજકે તેઓની પાસેથી સોનું તથા હાથે ઘડેલાં સર્વ પાત્રો લીધાં.

52

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-હતું | H1961 |
| כָּל־ | બધું | H3605 |
| זְהַב | સોનું | H2091 |
| הַתְּרוּמָה | ઉચ્છાલિત-અર્પણનું | H8641 |
| אֲשֶׁר | જે | |
| הֵרִימוּ | ઉપાડ્યું | |
| לַיהוָה | યહોવાહ-માટે | H3068 |
| שִׁשָּׁה | સોળ | H8337 |
| עָשָׂר | — | H6240 |
| אֶלֶף | હજાર | H0505 |
| שְׁבַע־ | સાત-સો | H7651 |
| מֵאוֹת | — | H3967 |
| וַחֲמִשִּׁים | અને-પચાસ | H2572 |
| שָׁקֶל | શેકેલ | H8255 |
| מֵאֵת | તરફથી | H0854 |
| שָׂרֵי | સરદારો | H8269 |
| הָאֲלָפִים | હજારોના | H0505 |
| וּמֵאֵת | અને-તરફથી | H0853 |
| שָׂרֵי | સરદારો | H8269 |
| הַמֵּאוֹת׃ | સોઓના | H3967 |

ઉચ્છાલીયાર્પણનું સોનું સહસ્રાધિપતિઓ તથા શતાધિપતિઓ પાસેથી યહોવાહને ચઢાવ્યું તેનું વજન સોળ હજાર સાતસો પચાસ શેકેલ હતું.

53

| | | |
|---|---|---|
| אַנְשֵׁי | માણસો | H0376 |
| הַצָּבָא | સૈન્યના | |
| בָּזְזוּ | લૂંટ્યું | H0962 |
| אִישׁ | દરેક | H0376 |
| לוֹ׃ | પોતા-માટે | |

દરેક સૈનિકે પોતપોતાને માટે લૂંટ લઈ લીધી હતી.

54

| | | |
|---|---|---|
| וַיִּקַּח | અને-લીધું | H3947 |
| מֹשֶׁה | મૂસાએ | H4872 |
| וְאֶלְעָזָר | અને-એલઆઝાર | H0499 |
| הַכֹּהֵן | યાજકે | H3548 |
| אֶת־ | — | H0853 |
| הַזָּהָב | સોનું | H2091 |
| מֵאֵת | તરફથી | H0854 |
| שָׂרֵי | સરદારો | H8269 |
| הָאֲלָפִים | હજારોના | H0505 |
| וְהַמֵּאוֹת | અને-સોઓના | H3967 |
| וַיָּבִאוּ | અને-લાવ્યા | H0935 |
| אֹתוֹ | તેને | H0853 |
| אֶל־ | પ્રતિ | H0413 |
| אֹהֶל | મંડપ | H0168 |
| מוֹעֵד | મુલાકાતનો | H4150 |
| זִכָּרוֹן | સ્મારક | H2146 |
| לִבְנֵי־ | પુત્રો-માટે | |
| יִשְׂרָאֵל | ઈશ્રાયલના | H3478 |
| לִפְנֵי | યહોવાહ-સમક્ષ | H6440 |
| יְהוָה׃ | — | H3068 |
| פ | — | |

મૂસા તથા એલાઝાર યાજક સહસ્રાધિપતિ તથા શતાધિપતિઓ પાસેથી સોનું લઈને યહોવાહ માટે ઇઝરાયલ લોકોના સ્મરણાર્થે મુલાકાતમંડપમાં લાવ્યા.

## Chapter 32

1

| | | |
|---|---|---|
| וּמִקְנֶה | અને-ઢોર | H4735 |
| רַב | ઘણાં | |
| הָיָה | હતાં | H1961 |
| לִבְנֵי | પુત્રોને | |
| רְאוּבֵן | રુબેનના | H7205 |
| וְלִבְנֵי־ | અને-પુત્રોને | |
| גָד | ગાદના | H1410 |
| עָצוּם | અતિશય | H6099 |
| מְאֹד | ઘણાં | H3966 |
| וַיִּרְאוּ | અને-જોયું | H7200 |
| אֶת־ | — | H0853 |
| אֶרֶץ | ભૂમિ | H0776 |
| יַעְזֵר | યાઝેરની | H3270 |
| וְאֶת־ | અને | H0853 |
| אֶרֶץ | ભૂમિ | H0776 |
| גִּלְעָד | ગિલ્યાદની | H1568 |
| וְהִנֵּה | અને-જુઓ | H2009 |
| הַמָּקוֹם | સ્થાન | H4725 |
| מְקוֹם | સ્થાન | H4725 |
| מִקְנֶה׃ | ઢોરનું | H4735 |

હવે રુબેનના તથા ગાદના વંશજો પાસે મોટી સંખ્યામાં જાનવરો હતાં. જયારે તેઓએ જોયું કે યાઝેરનો તથા ગિલ્યાદનો દેશ જાનવરો માટે અનુકૂળ જગ્યા છે.

2

| וַיָּבֹאוּ | בְנֵי־ | גָד | וּבְנֵי | רְאוּבֵן | וַיֹּאמְרוּ | אֶל־ | מֹשֶׁה | וְאֶל־ | אֶלְעָזָר | הַכֹּהֵן |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-આવ્યા | પુત્રો | ગાદના | અને-પુત્રો | રુબેનના | અને-કહ્યુ | પ્રતિ | મૂસા | અને-પ્રતિ | એલઆઝાર | યાજક |
| H0935 | | H1410 | | H7205 | H0559 | H0413 | H4872 | H0413 | H0499 | H3548 |

| וְאֶל־ | נְשִׂיאֵי | הָעֵדָה | לֵאמֹר׃ |
|---|---|---|---|
| અને-પ્રતિ | અધિપતિઓ | મંડળીના | કહેતાં |
| H0413 | | H5712 | H0559 |

તેથી રુબેન તથા ગાદના વંશજોએ મૂસા, એલાઝાર યાજક તથા સમાજના આગેવાનો પાસે આવીને કહ્યુ કે,

3

| עֲטָרוֹת | וְדִיבֹן | וְיַעְזֵר | וְנִמְרָה | וְחֶשְׁבּוֹן | וְאֶלְעָלֵה | וּשְׂבָם | וּנְבוֹ | וּבְעֹן׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અટારોથ | અને-દીબોન | અને-યાઝેર | અને-નિમ્રાહ | અને-હેશ્બોન | અને-એલાલે | અને-સબામ | અને-નબો | અને-બયોન |
| H5852 | H1769 | H3270 | H5247 | H2809 | H0500 | H7643 | | H1194 |

“અટારોથ, દીબોન, યાઝેર, નિમ્રાહ, હેશ્બોન, એલઆલેહ, સબામ, નબો તથા બેઓન.

4

| הָאָרֶץ | אֲשֶׁר | הִכָּה | יְהוָה | לִפְנֵי | עֲדַת | יִשְׂרָאֵל | אֶרֶץ | מִקְנֶה | הִוא | וְלַעֲבָדֶיךָ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભૂમિ | જે | હરાવ્યું | યહોવાહે | સમક્ષ | મંડળી | ઈશ્રાયલની | ભૂમિ | ઢોરની | છે | અને-તારા-દાસો-પાસે |
| H0776 | | H5221 | H3068 | H6440 | H5712 | H3478 | H0776 | H4735 | H1931 | H5650 |

| מִקְנֶה׃ | ס |
|---|---|
| ઢોર-છે | — |
| H4735 | |

એટલે ઇઝરાયલી લોકોની આગળ જે દેશ પર યહોવાહે હુમલો કર્યો તે દેશ જાનવરોના માટે ખૂબ અનુકૂળ છે. તારા દાસો પાસે પુષ્કળ પશુસંપત્તિ છે.”

5

| וַיֹּאמְרוּ | אִם־ | מָצָאנוּ | חֵן | בְּעֵינֶיךָ | יֻתַּן | אֶת־ | הָאָרֶץ | הַזֹּאת | לַעֲבָדֶיךָ | לַאֲחֻזָּה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | જો | મળ્યું-છે-અમને | કૃપા | તારી-નજરમાં | અપાય | — | ભૂમિ | આ | તારા-દાસોને | વારસા-તરીકે |
| H0559 | | H4672 | H2580 | | H5414 | H0853 | H0776 | H2063 | H5650 | H0272 |

| אַל־ | תַּעֲבִרֵנוּ | אֶת־ | הַיַּרְדֵּן׃ |
|---|---|---|---|
| ના | ઓળંગાવ-અમને | — | યર્દન |
| H0408 | | H0853 | H3383 |

તેઓએ કહ્યુ, “જો અમે તારી દ્રષ્ટિમાં કૃપા પામ્યા હોય, તો અમને એટલે તારા દાસોને આ દેશ વતન તરીકે આપ. યર્દન પાર અમને લઈ ન જા.”

6

| וַיֹּאמֶר | מֹשֶׁה | לִבְנֵי־ | גָד | וְלִבְנֵי | רְאוּבֵן | הַאַחֵיכֶם | יָבֹאוּ | לַמִּלְחָמָה | וְאַתֶּם | תֵּשְׁבוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | મૂસાએ | પુત્રોને | ગાદના | અને-પુત્રોને | રુબેનના | તમારા-ભાઈઓ | જશે | લડાઈમાં | અને-તમે | બેસશો |
| H0559 | H4872 | | H1410 | | H7205 | H0251 | H0935 | H4421 | | H3427 |

| פֹּה׃ |
|---|
| અહીં |
| H6311 |

મૂસાએ ગાદ તથા રુબેનના વંશજોને કહ્યુ, “શું તમારા ભાઈઓ યુદ્ધમાં જાય છે ત્યારે તમે અહીં બેસી રહેશો?

7

| וְלָמָּה | [תנואון] | (תְנִיאוּן) | אֶת־ | לֵב | בְּנֵי | יִשְׂרָאֵל | מֵעֲבֹר | אֶל־ | הָאָרֶץ | אֲשֶׁר־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-શા-માટે | — | નિરુત્સાહ-કરો-છો | — | હૃદય | પુત્રોનું | ઈશ્રાયલના | જવાથી | પ્રતિ | ભૂમિ | જે |
| H4100 | H5106 | H5106 | H0853 | | | H3478 | | H0413 | H0776 | |

| נָתַן | לָהֶם | יְהוָה׃ |
|---|---|---|
| આપ્યું | તેઓને | યહોવાહે |
| H5414 | | H3068 |

ઇઝરાયલી લોકોને જે દેશ યહોવાહે આપ્યો છે તેમાં જવા માટે તેઓનાં હૃદય તમે કેમ નિરાશ કરો છો?

8

| כֹּה | עָשׂוּ | אֲבֹתֵיכֶם | בְּשָׁלְחִי | אֹתָם | מִקָּדֵשׁ בַּרְנֵעַ | לִרְאוֹת | אֶת־ | הָאָרֶץ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| એમ-જ | કર્યું | તમારા-પિતાઓએ | મોકલ્યા-ત્યારે | તેઓને | કાદેશ-બાર્નેઆથી | જોવા | — | ભૂમિ |
| H3541 | | H0001 | H7971 | H0853 | H6947 | H7200 | H0853 | H0776 |

જ્યારે મેં તમારા પિતૃઓને કાદેશ બાર્નેઆથી દેશની જાસૂસી કરવા મોકલ્યા, ત્યારે તેઓએ એમ જ કર્યું,

9

| וַיַּעֲלוּ | עַד־ | נַחַל | אֶשְׁכּוֹל | וַיִּרְאוּ | אֶת־ | הָאָרֶץ | וַיָּנִיאוּ | אֶת־ | לֵב | בְּנֵי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ગયા | સુધી | ખીણ | એશ્કોલની | અને-જોયું | — | ભૂમિ | અને-નિરુત્સાહ-કર્યું | — | હૃદય | પુત્રોનું |
| H5927 | H5704 | | H0812 | H7200 | H0853 | H0776 | H5106 | H0853 | | |

| יִשְׂרָאֵל | לְבִלְתִּי־ | בֹא | אֶל־ | הָאָרֶץ | אֲשֶׁר־ | נָתַן | לָהֶם | יְהוָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| ઈસ્રાયલના | નહિ | જવા | પ્રતિ | ભૂમિ | જે | આપ્યું | તેઓને | યહોવાહે |
| H3478 | H1115 | H0935 | H0413 | H0776 | | H5414 | | H3068 |

જ્યારે તેઓએ એશ્કોલ ખીણમાં જઈને તે દેશ જોયો ત્યારે તેઓએ ઇઝરાયલી લોકોનાં હૃદય નિરાશ કરી નાખ્યાં કે જેથી તેઓ જે દેશ યહોવાહે તેઓને આપ્યો છે તેમાં પ્રવેશ કરે નહિ.

10

| וַיִּחַר־ | אַף | יְהוָה | בַּיּוֹם | הַהוּא | וַיִּשָּׁבַע | לֵאמֹר׃ |
|---|---|---|---|---|---|---|
| અને-ભભૂક્યો | ક્રોધ | યહોવાહનો | તે-દિવસે | — | અને-શપથ-લીધા | કહેતાં |
| H2734 | H0639 | H3068 | H3117 | H1931 | H7650 | H0559 |

આથી તે દિવસે યહોવાહ કોપાયમાન થયા. તેમણે સમ ખાઈને કહ્યુ કે,

11

| אִם־ | יִרְאוּ | הָאֲנָשִׁים | הָעֹלִים | מִמִּצְרַיִם | מִבֶּן | עֶשְׂרִים | שָׁנָה | וָמַעְלָה | אֵת |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ખરેખર-નહિ | જુએ | માણસો | જેઓ-આવ્યા | મિસરમાંથી | વીસ | — | વર્ષ | અને-ઉપરના | — |
| | H7200 | H0376 | H5927 | H4714 | | H6242 | H8141 | H4605 | H0853 |

| הָאֲדָמָה | אֲשֶׁר | נִשְׁבַּעְתִּי | לְאַבְרָהָם | לְיִצְחָק | וּלְיַעֲקֹב | כִּי | לֹא־ | מִלְאוּ | אַחֲרָי׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ભૂમિ | જે | શપથ-લીધા | ઈબ્રાહીમને | ઈસ્હાકને | અને-યાકૂબને | કારણ-કે | નહિ | અનુસર્યા | મારી-પાછળ |
| H0127 | | H7650 | H0085 | H3327 | H3290 | | H3808 | H4390 | |

'વીસ વર્ષના કે તેથી વધારે ઉંમરના જે માણસો મિસર દેશમાંથી બહાર આવ્યા તેઓમાંનો કોઈ પણ જે દેશ વિષે મેં ઇબ્રાહિમ, ઇસહાક તથા યાકૂબ આગળ સમ ખાધા તેને જોવા પામશે નહિ. કેમ કે તેઓ મારી પાછળ પૂરા મનથી ચાલ્યા નથી.

12

| בִּלְתִּי | כָּלֵב | בֶּן־ | יְפֻנֶּה | הַקְּנִזִּי | וִיהוֹשֻׁעַ | בִּן־ | נוּן | כִּי | מִלְאוּ | אַחֲרֵי | יְהוָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સિવાય | કાલેબ | પુત્ર | યફુન્નેહનો | કનિઝ્ઝી | અને-યહોશુઆ | પુત્ર | નૂનનો | કારણ-કે | અનુસર્યા | પાછળ | યહોવાહની |
| H1115 | H3612 | | H3312 | H7074 | H3091 | | H5126 | | H4390 | | H3068 |

કનિઝી યફૂન્નેનો દીકરો કાલેબ તથા નૂનનો દીકરો યહોશુઆ. ફક્ત કાલેબ તથા યહોશુઆ પૂરા મનથી મારી પાછળ ચાલ્યા હતા.'"

13

| וַיִּחַר־ | אַף | יְהוָה | בְּיִשְׂרָאֵל | וַיְנִעֵם | בַּמִּדְבָּר | אַרְבָּעִים | שָׁנָה | עַד־ | תֹּם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ભભૂક્યો | ક્રોધ | યહોવાહનો | ઈસ્રાયલ-સામે | અને-ભટકાવ્યા | અરણ્યમાં | ચાળીસ | વર્ષ | સુધી | સમાપ્ત-થયા |
| H2734 | H0639 | H3068 | H3478 | H5128 | | H0705 | H8141 | H5704 | H8552 |

| כָּל־ | הַדּוֹר | הָעֹשֶׂה | הָרַע | בְּעֵינֵי | יְהוָה׃ |
|---|---|---|---|---|---|
| બધી | પેઢી | જેણે-કર્યું | ભૂંડું | નજરમાં | યહોવાહની |
| H3605 | H1755 | | | | H3068 |

તેથી ઇઝરાયલ ઉપર યહોવાહ કોપાયમાન થયા. તેમણે તેમને ચાલીસ વર્ષ સુધી, જે પેઢીએ યહોવાહની દ્રષ્ટિમાં ખોટું કર્યું હતું તે બધાનો નાશ થાય ત્યાં સુધી તેઓને અરણ્યમાં ચારે બાજુ ભટકાવ્યા.

14

| וְהִנֵּה | קַמְתֶּם | תַּחַת | אֲבֹתֵיכֶם | תַּרְבּוּת | אֲנָשִׁים | חַטָּאִים | לִסְפּוֹת | עוֹד | עַל |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જુઓ | ઊભા-થયા-છો | જગ્યાએ | તમારા-પિતાઓની | વંશજો | માણસોના | પાપી | વધારવા | વધુ | ઉપર |
| H2009 | | H8478 | H0001 | H8635 | H0376 | H2400 | H5595 | H5750 | |

| חֲרוֹן | אַף־ | יְהוָה | אֶל־ | יִשְׂרָאֵל׃ |
|---|---|---|---|---|
| ભડકો | ક્રોધનો | યહોવાહનો | પ્રતિ | ઈસ્રાયલ |
| H2740 | H0639 | H3068 | H0413 | H3478 |

જુઓ, તમે પાપી લોકો જેવા, તમારા પિતાઓની જગ્યાએ ઊભા થઈને, ઇઝરાયલ પ્રત્યે યહોવાહનો ગુસ્સો હજી પણ વધુ સળગાવ્યો છે.

15

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֤י | תְשׁוּבֻן֙ | מֵאַחֲרָ֔יו | וְיָסַ֣ף | ע֔וֹד | לְהַנִּיח֖וֹ | בַּמִּדְבָּ֑ר | וְשִֽׁחַתֶּ֖ם | לְכָל־ | הָעָ֥ם | הַזֶּֽה׃ | ס |
וַיִּכְתֹּב અને-તેમણે-લખ્યું H3789
עַל־ —
הַלֻּחֹת પાટીઓ-પર H3871
כַּמִּכְתָּב પહેલાંના-લખાણ-પ્રમાણે H4385
הָרִאשׁוֹן પહેલા H7223
אֵת — H0853
עֲשֶׂרֶת દસ H6235
הַדְּבָרִים આજ્ઞાઓ H1697
אֲשֶׁר જે
דִּבֶּר બોલ્યા-હતા H1696
יְהוָה યહોવા H3068
אֲלֵיכֶם તમને H0413
בָּהָר પર્વત-પર H2022
מִתּוֹךְ વચ્ચેથી H8432
הָאֵשׁ અગ્નિના H0784
בְּיוֹם દિવસે H3117
הַקָּהָל સભાના H6951
וַיִּתְּנֵם અને-તે-આપ્યા H5414
יְהוָה યહોવાએ H3068
אֵלָי׃ મને H0413

સભાના દિવસે પર્વત પર અગ્નિમાંથી જે દસ આજ્ઞાઓ યહોવાહ બોલ્યા, તે તેમણે અગાઉના લખાણ પ્રમાણે શિલાપાટીઓ ઉપર લખી; યહોવાહે તે મને આપી.

5
וָאֵפֶן અને-મેં-ફર્યો H6437
וָאֵרֵד અને-ઊતર્યો H3381
מִן־ —
הָהָר પર્વત-પરથી H2022
וָאָשִׂם અને-મેં-મૂક્યા
אֶת־ — H0853
הַלֻּחֹת પાટીઓ H3871
בָּאָרוֹן કોશમાં H0727
אֲשֶׁר જે
עָשִׂיתִי મેં-બનાવ્યો-હતો
וַיִּהְיוּ અને-તે-રહ્યા H1961
שָׁם ત્યાં H8033
כַּאֲשֶׁר જેમ
צִוַּנִי આજ્ઞા-કરી-હતી H6680
יְהוָה׃ યહોવાએ H3068

પછી હું પર્વત પરથી પાછો નીચે આવ્યો, જે કોશ મેં બનાવ્યો હતો તેમાં તે શિલાપાટીઓ મૂકી; યહોવાહે મને આજ્ઞા આપી હતી તે મુજબ તેઓ ત્યાં છે.

6
וּבְנֵי અને-પુત્રો
יִשְׂרָאֵל ઇઝરાયલના H3478
נָסְעוּ કૂચ-કર્યું H5265
מִבְּאֵרֹת בְּנֵי־יַעֲקָן બએરોથ-બેને-યાઅકાનથી H0885
מוֹסֵרָה મોસેરાહ-સુધી
שָׁם ત્યાં H8033
מֵת મૃત્યુ-પામ્યા H4191
אַהֲרֹן હારુન H0175
וַיִּקָּבֵר અને-દફનાવવામાં-આવ્યા H6912
שָׁם ત્યાં H8033
וַיְכַהֵן અને-યાજકપદ-સંભાળ્યું H3547
אֶלְעָזָר એલઆઝારે H0499
בְּנוֹ તેમના-પુત્રે
תַּחְתָּיו׃ તેમની-જગ્યાએ H8478

ઇઝરાયલી લોકો બેરોથ બેની યાકાન + 10:6 યાકાનના લોકોની કૂવાથી મુસાફરી કરીને મોસેરા આવ્યા. ત્યાં હારુનનું મૃત્યુ થયું, તેને ત્યાં જ દફનાવવામાં આવ્યો. તેની જગ્યાએ તેના દીકરા એલાઝારે યાજકપદની સેવા બજાવી.

7
מִשָּׁם ત્યાંથી H8033
נָסְעוּ કૂચ-કર્યું H5265
הַגֻּדְגֹּדָה ગુદગોદાહ-સુધી H1412
וּמִן־ અને-થી
הַגֻּדְגֹּדָה ગુદગોદાહ H1412
יָטְבָתָה યોટબાથાહ-સુધી H3193
אֶרֶץ દેશ H0776
נַחֲלֵי ઝરણાંઓનો
מָיִם׃ પાણીના H4325

ત્યાંથી તેઓએ ગુદગોદા સુધી મુસાફરી કરી, ગુદગોદાથી યોટબાથાહ જે પાણીના ઝરણાંનો પ્રદેશ છે ત્યાં આવ્યા.

8

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָ֗ה | בְּרִית־ | אֲר֣וֹן | אֶת־ | לָשֵׂאת֙ | הַלֵּוִ֔י | שֵׁ֣בֶט | אֶת־ | יְהוָה֙ | הִבְדִּ֤יל | הַהִ֗וא | בָּעֵ֣ת |
| યહોવાના | કરારનો | કોશ | — | ઊંચકવા | લેવીનું | કુળ | — | યહોવાએ | અલગ-કર્યું | તે | તે-સમયે |
| H3068 | H1285 | H0727 | H0853 | H5375 | H3878 | H7626 | H0853 | H3068 | H0914 | H1931 | H6256 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הַזֶּֽה׃ | הַיּ֖וֹם | עַ֖ד | בִּשְׁמ֑וֹ | וּלְבָרֵ֣ךְ | לְשָׁרְתוֹ֙ | יְהוָ֤ה | לִפְנֵ֨י | לַעֲמֹד֩ |
| આજના | દિવસ | સુધી | તેમના-નામે | અને-આશીર્વાદ-દેવા | સેવા-કરવા | યહોવાના | સમક્ષ | ઊભા-રહેવા |
| H2088 | H3117 | H5704 | H8034 | H1288 | H8334 | H3068 | H6440 | H5975 |

તે સમયે યહોવાહે લેવીના કુળને યહોવાહનો કરારકોશ ઊંચકવા, યહોવાહની સમક્ષ ઊભા રહીને તેમની સેવા કરવા, તેમના નામથી લોકોને આશીર્વાદ આપવા માટે પસંદ કર્યું. આજ સુધી તે તેની સેવા કરે છે.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ה֣וּא | יְהוָה֙ | אֶחָ֑יו | עִם־ | וְנַחֲלָ֖ה | חֵ֥לֶק | לְלֵוִ֛י | הָיָ֧ה | לֹא־ | כֵּ֠ן | עַל־ |
| તે-જ | યહોવા | તેના-ભાઈઓ-સાથે | — | કે-વારસો | ભાગ | લેવીને | મળ્યો | નથી | તેથી | — |
| H1931 | H3068 | H0251 | | H5159 | | H3878 | H1961 | H3808 | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| לֽוֹ׃ | אֱלֹהֶ֖יךָ | יְהוָ֥ה | דִּבֶּ֛ר | כַּאֲשֶׁ֥ר | נַחֲלָת֔וֹ |
| તેને | તારા-ઈશ્વરે | યહોવા | કહ્યુ | જેમ | તેનો-વારસો-છે |
| | H0430 | H3068 | H1696 | | H5159 |

તેથી લેવીઓને પોતાના ભાઈઓની સાથે કંઈ ભાગ કે વારસો મળ્યો નથી. જેમ યહોવાહ તારા ઈશ્વરે કહ્યુ તેમ યહોવાહ પોતે તેનો વારસો છે.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁמַ֨ע | לָ֑יְלָה | וְאַרְבָּעִ֖ים | י֔וֹם | אַרְבָּעִ֣ים | הָרִ֣אשֹׁנִ֔ים | כַּיָּמִים֙ | בָהָ֗ר | עָמַ֣דְתִּי | וְאָנֹכִ֞י |
| અને-સાંભળ્યું | રાત | અને-ચાળીસ | દિવસ | ચાળીસ | પહેલાંના | દિવસો-જેટલા | પર્વત-પર | ઊભો-રહ્યો | અને-હું |
| H8085 | H3915 | H0705 | H3117 | H0705 | H7223 | H3117 | H2022 | H5975 | H0595 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הַשְׁחִיתֶֽךָ׃ | יְהוָ֖ה | אָבָ֥ה | לֹא־ | הַהִ֔וא | בַּפַּ֣עַם | גַּ֚ם | אֵלַ֗י | יְהוָ֜ה |
| તને-નાશ-કરવા | યહોવાએ | ચાહ્યુ | ન | તે | વખતે | પણ | મારું | યહોવાએ |
| H7843 | H3068 | H0014 | H3808 | H1931 | H6471 | H1571 | H0413 | H3068 |

અગાઉની જેમ હું ચાળીસ રાત અને ચાળીસ દિવસ પર્વત પર રહ્યો; અને યહોવાહે તે સમયે પણ મારું સાંભળીને તમારો નાશ કર્યો નહિ.

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | וְיִֽרְשׁ֣וּ | וְיָבֹ֙אוּ֙ | הָעָ֑ם | לִפְנֵ֣י | לְמַסַּ֖ע | לֵ֥ךְ | ק֛וּם | אֵלַ֔י | יְהוָה֙ | וַיֹּ֤אמֶר |
| — | અને-વારસો-લે | અને-તેઓ-આવે | લોકોના | આગળ | મુસાફરી-માટે | જા | ઊઠ | મને | યહોવાએ | અને-કહ્યુ |
| H0853 | H3423 | H0935 | | H6440 | H4550 | H3212 | | H0413 | H3068 | H0559 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| פ | לָהֶֽם׃ | לָתֵ֥ת | לַאֲבֹתָ֖ם | נִשְׁבַּ֥עְתִּי | אֲשֶׁר־ | הָאָ֕רֶץ |
| — | તેમને | આપવા | તેમના-પિતૃઓને | મેં-સોગંદ-ખાધા | જે | દેશનો |
| | | H5414 | H0001 | H7650 | | H0776 |

પછી યહોવાહે મને કહ્યુ, ઊઠ, આ લોકોની આગળ ચાલ; એટલે જે દેશ તેઓને આપવાના મેં તેઓના પિતૃઓની આગળ સમ ખાધા છે, તેમાં તેઓ પ્રવેશ કરીને તેનું વતન પ્રાપ્ત કરે.

12

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָ֤ה | אֶת־ | לְ֠יִרְאָה | אִם־ | כִּ֣י | מֵעִמָּ֑ךְ | שֹׁאֵ֖ל | אֱלֹהֶ֔יךָ | יְהוָ֣ה | מָ֚ה | יִשְׂרָאֵ֔ל | וְעַתָּה֙ |
| યહોવા | — | ડરવા | — | માત્ર | તારી-પાસેથી | માગે-છે | તારા-ઈશ્વર | યહોવા | શું | ઇઝરાયલ | અને-હવે |
| H3068 | H0853 | H3372 | | | | H7592 | H0430 | H3068 | H4100 | H3478 | H6258 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֱלֹהֶ֔יךָ | יְהוָ֣ה | אֶת־ | וְלַֽעֲבֹד֙ | אֹת֔וֹ | וּלְאַהֲבָ֣ה | דְּרָכָיו֙ | בְּכָל־ | לָלֶ֤כֶת | אֱלֹהֶ֗יךָ |
| તારા-ઈશ્વરની | યહોવા | — | અને-સેવા-કરવા | તેમને | અને-પ્રેમ-કરવા | તેમના-માર્ગોમાં | સર્વ | ચાલવા | તારા-ઈશ્વરથી |
| H0430 | H3068 | H0853 | H5647 | H0853 | H0157 | H1870 | H3605 | H3212 | H0430 |

| | | | |
|---|---|---|---|
| נַפְשֶֽׁךָ׃ | וּבְכָל־ | לְבָבְךָ֖ | בְּכָל־ |
| તારા-આત્માથી | અને-સર્વ | તારા-હૃદયથી | સર્વ |
| H5315 | H3605 | H3824 | H3605 |

હવે હે ઇઝરાયલ, તું યહોવાહ તારા ઈશ્વરનો ડર રાખે, તેમના માર્ગોમાં ચાલે અને તેમના પર પ્રેમ રાખે અને તારા પૂરા અંત:કરણથી તથા પૂરા જીવથી યહોવાહ તારા ઈશ્વરની સેવા કરે.

13

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| לִשְׁמֹ֞ר | પાળવા | H8104 |
| אֶת־ | — | H0853 |
| מִצְוֺ֤ת | આજ્ઞાઓ | H4687 |
| יְהוָה֙ | યહોવાની | H3068 |
| וְאֶת־ | અને | H0853 |
| חֻקֹּתָ֔יו | તેમના-નિયમો | H2708 |
| אֲשֶׁ֛ר | જે | |
| אָנֹכִ֥י | હું | H0595 |
| מְצַוְּךָ֖ | તને-આજ્ઞા-આપું-છું | H6680 |
| הַיּ֑וֹם | આજે | H3117 |
| לְט֖וֹב | ભલાઈ-માટે | |
| לָֽךְ׃ | તારી | |

અને આજે હું તમને યહોવાહની જે આજ્ઞાઓ અને નિયમો તારા હિતાર્થે ફરમાવું છું તેનું પાલન કરે.

14

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| הֵ֣ן | જો | H2005 |
| לַיהוָ֣ה | યહોવાના | H3068 |
| אֱלֹהֶ֔יךָ | તારા-ઈશ્વરનાં | H0430 |
| הַשָּׁמַ֖יִם | આકાશો | H8064 |
| וּשְׁמֵ֣י | અને-આકાશોનાં | H8064 |
| הַשָּׁמָ֑יִם | આકાશો-છે | H8064 |
| הָאָ֖רֶץ | પૃથ્વી | H0776 |
| וְכָל־ | અને-સર્વ | H3605 |
| אֲשֶׁר־ | જે | |
| בָּֽהּ׃ | તેમાં-છે | |

જો, આકાશ તથા આકાશોનાં આકાશ; પૃથ્વી તથા તેમાંનું સર્વસ્વ તે યહોવાહ તમારા ઈશ્વરનું છે.

15

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| רַ֧ק | છતાં | H7535 |
| בַּאֲבֹתֶ֛יךָ | તારા-પિતૃઓ-પર | H0001 |
| חָשַׁ֥ק | પ્રેમ-રાખ્યો | |
| יְהוָ֖ה | યહોવાએ | H3068 |
| לְאַהֲבָ֣ה | તેમને-ચાહવા | H0157 |
| אוֹתָ֑ם | તેમને | H0853 |
| וַיִּבְחַ֞ר | અને-પસંદ-કર્યા | H0977 |
| בְּזַרְעָ֣ם | તેમના-વંશને | H2233 |
| אַחֲרֵיהֶ֗ם | તેમના-પછી | |
| בָּכֶ֛ם | તમને | |
| מִכָּל־ | સર્વ-માંથી | H3605 |
| הָעַמִּ֖ים | લોકોમાંથી | |
| כַּיּ֥וֹם | આજે-જેમ | H3117 |
| הַזֶּֽה׃ | છે | H2088 |

તેમ છતાં તમારા પિતૃઓ પર પ્રેમ રાખવાનું યહોવાહને સારું લાગ્યું. અને તેમણે તેઓની પાછળ તેઓનાં સંતાનને એટલે સર્વ લોકોના કરતાં તમને પસંદ કર્યા જેમ આજે છે તેમ.

16

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וּמַלְתֶּ֕ם | તેથી-સુન્નત-કરો | |
| אֵ֖ת | — | H0853 |
| עָרְלַ֣ת | ખરલ | H6190 |
| לְבַבְכֶ֑ם | તમારા-હૃદયની | H3824 |
| וְעָ֨רְפְּכֶ֔ם | અને-તમારી-ગરદન | H6203 |
| לֹ֥א | ન | H3808 |
| תַקְשׁ֖וּ | કઠણ-કરો | H7185 |
| עֽוֹד׃ | વધારે | H5750 |

તેથી તમે તમારાં પાપી હૃદયોને શુદ્ધ કરો અને હઠીલાપણું છોડી દો.

17

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| כִּ֚י | કારણ-કે | |
| יְהוָ֣ה | યહોવા | H3068 |
| אֱלֹֽהֵיכֶ֔ם | તમારા-ઈશ્વર | H0430 |
| ה֚וּא | તે | H1931 |
| אֱלֹהֵ֣י | ઈશ્વર-છે | H0430 |
| הָֽאֱלֹהִ֔ים | ઈશ્વરોના | H0430 |
| וַאֲדֹנֵ֖י | અને-પ્રભુ | H0136 |
| הָאֲדֹנִ֑ים | પ્રભુઓના | H0113 |
| הָאֵ֨ל | ઈશ્વર | H0410 |
| הַגָּדֹ֤ל | મહાન | |
| הַגִּבֹּר֙ | શક્તિશાળી | H1368 |
| וְהַנּוֹרָ֔א | અને-ભયાવહ | H3372 |
| אֲשֶׁר֙ | જે | |
| לֹא־ | નથી | H3808 |
| יִשָּׂ֣א | પક્ષપાત-કરતા | H5375 |
| פָנִ֔ים | મોઢાનો | H6440 |
| וְלֹ֥א | અને-નથી | H3808 |
| יִקַּ֖ח | લેતા | H3947 |
| שֹֽׁחַד׃ | લાંચ | H7810 |

કેમ કે, યહોવાહ તમારા ઈશ્વર તે તો સર્વોપરી ઈશ્વર છે. તે મહાન, પરાક્રમી અને ભયાનક ઈશ્વર છે, તે નિષ્પક્ષ અને ન્યાયી છે, તે કદી લાંચ લેતા નથી.

18

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| עֹשֶׂ֛ה | કરે-છે | |
| מִשְׁפַּ֥ט | ન્યાય | H4941 |
| יָת֖וֹם | અનાથનો | H3490 |
| וְאַלְמָנָ֑ה | અને-વિધવાનો | H0490 |
| וְאֹהֵ֣ב | અને-પ્રેમ-કરે-છે | H0157 |
| גֵּ֔ר | પરદેશીને | H1616 |
| לָ֥תֶת | આપવા | H5414 |
| ל֖וֹ | તેને | |
| לֶ֥חֶם | રોટી | H3899 |
| וְשִׂמְלָֽה׃ | અને-વસ્ત્ર | H8071 |

તે વિધવાની તથા અનાથની દાદ સાંભળે છે. તે પરદેશીઓ પર પ્રેમ રાખે છે અને તેઓને ખોરાક તથા વસ્ત્રો આપે છે.

19

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַאֲהַבְתֶּ֖ם | અને-તમે-પ્રેમ-કરો | H0157 |
| אֶת־ | — | H0853 |
| הַגֵּ֑ר | પરદેશીને | H1616 |
| כִּֽי־ | કારણ-કે | |
| גֵרִ֥ים | પરદેશી | H1616 |
| הֱיִיתֶ֖ם | હતા-તમે | H1961 |
| בְּאֶ֥רֶץ | દેશમાં | H0776 |
| מִצְרָֽיִם׃ | મિસરના | H4714 |

તેથી તમારે પણ પરદેશીઓ પર પ્રેમ રાખવો. કારણ કે તમે પણ મિસરમાં પરદેશી હતા.

20

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| אֶת־ | — | H0853 |
| יְהוָ֧ה | યહોવા | H3068 |
| אֱלֹהֶ֛יךָ | તારા-ઈશ્વરથી | H0430 |
| תִּירָ֖א | ડર | H3372 |
| אֹת֣וֹ | તેમની | H0853 |
| תַעֲבֹ֑ד | સેવા-કર | H5647 |
| וּב֣וֹ | અને-તેમને | |
| תִדְבָּ֔ק | વળગી-રહે | H1692 |
| וּבִשְׁמ֖וֹ | અને-તેમના-નામે | H8034 |
| תִּשָּׁבֵֽעַ׃ | સોગંદ-ખા | H7650 |

તમે યહોવાહ તમારા ઈશ્વરનો ડર રાખો અને તમે તેમની જ સેવા કરો; તેમને જ તમે વળગી રહો. અને તેમના જ નામે સમ ખાઓ.

21

| | | |
|---|---|---|
| הוּא | તે-જ | H1931 |
| תְהִלָּתְךָ | તારી-સ્તુતિ-છે | H8416 |
| וְהוּא | અને-તે-જ | H1931 |
| אֱלֹהֶיךָ | તારા-ઈશ્વર-છે | H0430 |
| אֲשֶׁר־ | જેણે | |
| עָשָׂה | કર્યાં | |
| אִתְּךָ | તારા-માટે | H0854 |
| אֶת־ | — | H0853 |
| הַגְּדֹלֹת | મહાન | |
| וְאֶת־ | અને | H0853 |
| הַנּוֹרָאֹת | ભયાવહ-કાર્યો | H3372 |
| הָאֵלֶּה | આ | H0428 |
| אֲשֶׁר | જે | |
| רָאוּ | જોયાં | H7200 |
| עֵינֶיךָ׃ | તારી-આખોએ | |

તમારે તેમની સ્તુતિ કરવી, તે જ તમારા ઈશ્વર છે. તેમણે તમારા માટે જે મહાન અને અદ્ભૂત કાર્યો કર્યાં છે તે તમે પ્રત્યક્ષ નિહાળ્યાં છે.

22

| | | |
|---|---|---|
| בְּשִׁבְעִים | સિત્તેર | H7657 |
| נֶפֶשׁ | વ્યક્તિ-સાથે | H5315 |
| יָרְדוּ | ગયા-હતા | H3381 |
| אֲבֹתֶיךָ | તારા-પિતૃઓ | H0001 |
| מִצְרָיְמָה | મિસરમાં | H4714 |
| וְעַתָּה | અને-હવે | H6258 |
| שָׂמְךָ | બનાવ્યા-છે-તને | |
| יְהוָה | યહોવા | H3068 |
| אֱלֹהֶיךָ | તારા-ઈશ્વરે | H0430 |
| כְּכוֹכְבֵי | તારાઓ-જેટલા | H3556 |
| הַשָּׁמַיִם | આકાશના | H8064 |
| לָרֹב׃ | અસંખ્ય | H7230 |

જયારે તમારા પિતૃઓ બધા મળીને મિસર ગયા હતા ત્યારે તેઓ ફક્ત સિત્તેર જ હતા. પણ અત્યારે તમારા ઈશ્વર યહોવાહે તમારી સંખ્યા આકાશના તારાઓ જેટલી વધારી છે.

## Chapter 11

1

| | | |
|---|---|---|
| וְאָהַבְתָּ | અને-પ્રેમ-કર | H0157 |
| אֵת | — | H0853 |
| יְהוָה | યહોવા | H3068 |
| אֱלֹהֶיךָ | તારા-ઈશ્વરને | H0430 |
| וְשָׁמַרְתָּ | અને-પાળ | H8104 |
| מִשְׁמַרְתּוֹ | તેમની-ફરજો | H4931 |
| וְחֻקֹּתָיו | અને-તેમના-નિયમો | H2708 |
| וּמִשְׁפָּטָיו | અને-તેમના-ન્યાયો | H4941 |
| וּמִצְוֺתָיו | અને-તેમની-આજ્ઞાઓ | H4687 |
| כָּל־ | સર્વ | H3605 |
| הַיָּמִים׃ | દિવસો | H3117 |

એ માટે યહોવાહ તારા ઈશ્વર પર પ્રેમ રાખો અને તેમના ફરમાન, કાયદા, નિયમો અને આજ્ઞાઓ સર્વદા પાળો.

2

| | | |
|---|---|---|
| וִידַעְתֶּם | અને-જાણો | H3045 |
| הַיּוֹם | આજે | H3117 |
| כִּי | કે | |
| לֹא | નહિ | H3808 |
| אֶת־ | — | H0854 |
| בְּנֵיכֶם | તમારાં-સંતાનોને | |
| אֲשֶׁר | જેણે | |
| לֹא־ | નથી | H3808 |
| יָדְעוּ | જાણ્યું | H3045 |
| וַאֲשֶׁר | અને-જેણે | |
| לֹא־ | નથી | H3808 |
| רָאוּ | જોયું | H7200 |
| אֶת־ | — | H0853 |
| מוּסַר | શિક્ષા | H4148 |
| יְהוָה | યહોવા | H3068 |
| אֱלֹהֵיכֶם | તમારા-ઈશ્વરની | H0430 |
| אֶת־ | — | H0853 |
| גָּדְלוֹ | તેમની-મહાનતા | H1433 |
| אֶת־ | — | H0853 |
| יָדוֹ | તેમનો-હાથ | H3027 |
| הַחֲזָקָה | શક્તિશાળી | H2389 |
| וּזְרֹעוֹ | અને-તેમનો-બાહુ | H2220 |
| הַנְּטוּיָה׃ | લંબાવેલો | H5186 |

હું તમારાં સંતાનો સાથે નહિ પણ તમારી સાથે બોલું છું. જેઓએ યહોવાહ તમારા ઈશ્વરની શિક્ષા + 11:2 શિસ્ત, તેમની મહાનતા, તેમનો પરાક્રમી હાથ તથા તેમનાં અદ્દભુત કામો જોયા કે જાણ્યાં નથી,

3

| | | |
|---|---|---|
| וְאֶת־ | અને | H0853 |
| אֹתֹתָיו | તેમનાં-ચિહ્નો | H0226 |
| וְאֶת־ | અને | H0853 |
| מַעֲשָׂיו | તેમનાં-કાર્યો | H4639 |
| אֲשֶׁר | જે | |
| עָשָׂה | કર્યાં | |
| בְּתוֹךְ | વચ્ચે | H8432 |
| מִצְרָיִם | મિસરમાં | H4714 |
| לְפַרְעֹה | ફરોહ-સામે | H6547 |
| מֶלֶךְ־ | રાજા | H4428 |
| מִצְרַיִם | મિસરના | H4714 |
| וּלְכָל־ | અને-સર્વ | H3605 |
| אַרְצוֹ׃ | તેના-દેશને | H0776 |

તેમનાં ચિહ્નો, તેમનાં કામો, જે તેમણે મિસર મધ્યે મિસરના રાજા ફારુન તથા તેના આખા દેશ પ્રત્યે કર્યાં તે.

| 4 | וַאֲשֶׁר | עָשָׂה | לְחֵיל | מִצְרַיִם | לְסוּסָיו | וּלְרִכְבּוֹ | אֲשֶׁר | הֵצִיף | אֶת־ | מֵי | יַם־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-જે | કર્યું | સેના-સામે | મિસરની | તેમના-ઘોડાઓને | અને-તેમના-રથોને | કે | વહાવ્યાં | — | પાણી | સમુદ્રનું |
| | | | H2428 | H4714 | | H7393 | | H6687 | H0853 | H4325 | H3220 |

| סוּף | עַל־ | פְּנֵיהֶם | בְּרָדְפָם | אַחֲרֵיכֶם | וַיְאַבְּדֵם | יְהוָה | עַד | הַיּוֹם |
|---|---|---|---|---|---|---|---|---|
| લાલનું | — | તેમના-મોં-પર | તેમના-પીછા-પડવામાં | તમારી-પાછળ | અને-તેમને-નાશ-કર્યા | યહોવાએ | સુધી | દિવસ |
| H5488 | | H6440 | H7291 | | H0006 | H3068 | H5704 | H3117 |

| הַזֶּה׃ |
|---|
| આજના |
| H2088 |

મિસરનું સૈન્ય તેના ઘોડા અને રથો તમારો પીછો કરતાં હતાં, ત્યારે સૂફ સમુદ્રનું પાણી તેમની પર ફેરવી વાળ્યું. એ રીતે યહોવાહે તેમનો આજ સુધી કેવી રીતે વિનાશ કર્યો તે તેમણે જોયું નથી;

| 5 | וַאֲשֶׁר | עָשָׂה | לָכֶם | בַּמִּדְבָּר | עַד־ | בֹּאֲכֶם | עַד־ | הַמָּקוֹם | הַזֶּה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-જે | કર્યું | તમારા-માટે | રાનમાં | સુધી | તમે-આવ્યા | સુધી | આ-જગ્યાએ | આની |
| | | | | | H5704 | H0935 | H5704 | H4725 | H2088 |

અને તમે આ સ્થળે આવી પહોંચ્યા ત્યાં સુધી તેમણે અરણ્યમાં તમારે સારું જે કર્યું તે.

| 6 | וַאֲשֶׁר | עָשָׂה | לְדָתָן | וְלַאֲבִירָם | בְּנֵי | אֱלִיאָב | בֶּן־ | רְאוּבֵן | אֲשֶׁר | פָּצְתָה | הָאָרֶץ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-જે | કર્યું | દાથાન-ને | અને-અબીરામને | પુત્રો | એલીઆબના | પુત્ર | રૂબેનના | કે-જ્યારે | ખોલ્યું | પૃથ્વીએ |
| | | | H1885 | H0048 | | H0446 | | H7205 | | H6475 | H0776 |

| אֶת־ | פִּיהָ | וַתִּבְלָעֵם | וְאֶת־ | בָּתֵּיהֶם | וְאֶת־ | אָהֳלֵיהֶם | וְאֵת | כָּל־ | הַיְקוּם | אֲשֶׁר |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| — | તેનું-મોં | અને-ગળી-ગયા | અને | તેમનાં-ઘરો | અને | તેમનાં-તંબૂઓ | અને | સર્વ | સંપત્તિ | જે |
| H0853 | H6310 | H1104 | H0853 | | H0853 | H0168 | H0853 | H3605 | H3351 | |

| בְּרַגְלֵיהֶם | בְּקֶרֶב | כָּל־ | יִשְׂרָאֵל׃ |
|---|---|---|---|
| તેમના-પગે-ચાલતી-હતી | વચ્ચે | સર્વ | ઇઝરાયલના |
| H7272 | H7130 | H3605 | H3478 |

અને સર્વ ઇઝરાયલીઓના જોતાં રુબેનના દીકરાઓમાંથી, અલિયાબના દીકરા દાથાન અને અબિરામને યહોવાહે શું કર્યું તે તમે જોયું છે, પણ તમારા સંતાનો એ જોયું નથી. એટલે કેવી રીતે પૃથ્વી પોતાનું મુખ ઉઘાડીને તેઓને તથા તેઓના કુટુંબોને, તેઓના તંબુઓને અને તેમની સાથેના નોકર ચાકર તથા તેમની માલિકીનાં સર્વ જાનવરોને ગળી ગઈ.

| 7 | כִּי | עֵינֵיכֶם | הָרֹאֹת | אֶת־ | כָּל־ | מַעֲשֵׂה | יְהוָה | הַגָּדֹל | אֲשֶׁר | עָשָׂה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કારણ-કે | તમારી-આંખોએ | જોયું-છે | — | સર્વ | કાર્યો | યહોવાનાં | મહાન | જે | કર્યાં |
| | | | H7200 | H0853 | H3605 | H4639 | H3068 | | | |

પણ તમારી આખોએ યહોવાહે કરેલાં અદ્દભુત કામો નિહાળ્યાં છે.

| 8 | וּשְׁמַרְתֶּם | אֶת־ | כָּל־ | הַמִּצְוָה | אֲשֶׁר | אָנֹכִי | מְצַוְּךָ | הַיּוֹם | לְמַעַן | תֶּחֶזְקוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | તેથી-પાળો | — | સર્વ | આજ્ઞા | જે | હું | તને-આજ્ઞા-આપું-છું | આજે | જેથી | તમે-શક્તિશાળી-બનો |
| | H8104 | H0853 | H3605 | H4687 | | H0595 | H6680 | H3117 | H4616 | H2388 |

| וּבָאתֶם | וִירִשְׁתֶּם | אֶת־ | הָאָרֶץ | אֲשֶׁר | אַתֶּם | עֹבְרִים | שָׁמָּה | לְרִשְׁתָּהּ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-તમે-આવો | અને-વારસો-લો | — | દેશનો | જે | તમે | પાર-કરો-છો | ત્યાં | લેવા |
| H0935 | H3423 | H0853 | H0776 | | | | H8033 | H3423 |

તેથી જે સર્વ આજ્ઞા હું આજે તમને ફરમાવું છું તે સર્વ પાળો જેથી તમે બળવાન થાઓ અને જે દેશનું વતન પામવાને તમે જઈ રહ્યા છો તેમાં પ્રવેશ કરીને તેનું વતન સંપાદન કરો;

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּלְמַעַן | תַּאֲרִיכוּ | יָמִים | עַל־ | הָאֲדָמָה | אֲשֶׁר | נִשְׁבַּע | יְהוָה | לַאֲבֹתֵיכֶם | לָתֵת |
| અને-જેથી | લાંબા-દિવસો | જીવો | — | ભૂમિ-પર | જે-માટે | સોગંદ-ખાધા | યહોવાએ | તમારાં-પિતૃઓને | આપવા |
| H4616 | H0748 | H3117 | | H0127 | | H7650 | H3068 | H0001 | H5414 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לָהֶם | וּלְזַרְעָם | אֶרֶץ | זָבַת | חָלָב | וּדְבָשׁ׃ | ס |
| તેમને | અને-તેમન□ી-વંશને | દેશ | વહેતો | દૂધ | અને-મધ | — |
| | H2233 | H0776 | H2100 | H2461 | H1706 | |

યહોવાહે જે દૂધ તથા મધથી રેલછેલવાળો દેશ વિષે તમારા પિતૃઓ આગળ સોગન ખાધા હતા કે હું તમને તથા તમારા સંતાનોને આપીશ અને તેમાં તમારું આયુષ્ય લંબાવીશ.

10

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | הָאָרֶץ | אֲשֶׁר | אַתָּה | בָא־ | שָׁמָּה | לְרִשְׁתָּהּ | לֹא | כְאֶרֶץ | מִצְרַיִם | הִוא | אֲשֶׁר |
| કારણ-કે | દેશ | જેમાં | તું | જાએં-છે | ત્યાં | વારસો-લેવા | નથી | દેશ-જેવો | મિસરનો | છે | જેમાંથી |
| | H0776 | | | H0935 | H8033 | H3423 | H3808 | H0776 | H4714 | H1931 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יְצָאתֶם | מִשָּׁם | אֲשֶׁר | תִּזְרַע | אֶת־ | זַרְעֲךָ | וְהִשְׁקִיתָ | בְרַגְלְךָ | כְּגַן |
| નીકળ્યા-હતા | તમે | જેમાં | વાવતા-હતા | — | તારું-બીજ | અને-પાણી-પાતા-હતા | પગથી | શાકભાજીના-બગીચા-જેમ |
| H3318 | H8033 | | H2232 | H0853 | H2233 | H8248 | H7272 | H1588 |

| |
|---|
| הַיָּרָק׃ |
| શાકભાજીના |
| H3419 |

તમે જે દેશનું વતન પામવાને જઈ રહ્યા છો તે તો મિસર દેશ જ્યાંથી તમે બહાર નીકળી આવ્યા છો તેના જેવો નથી કે જયાં બી વાવ્યા પછી તમારે શાકભાજીની વાડીની જેમ પોતાના પગથી પાણી પાવું પડતું હતું.

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָאָרֶץ | אֲשֶׁר | אַתֶּם | עֹבְרִים | שָׁמָּה | לְרִשְׁתָּהּ | אֶרֶץ | הָרִים | וּבְקָעֹת | לִמְטַר | הַשָּׁמַיִם |
| પરંતુ-દેશ | જેમાં | તમે | પાર-કરો-છો | ત્યાં | વારસો-લેવા | દેશ-છે | પર્વતોનો | અને-ખીણોનો | વરસાદથી | આકાશના |
| H0776 | | | | H8033 | H3423 | H0776 | H2022 | H1237 | H4306 | H8064 |

| | |
|---|---|
| תִּשְׁתֶּה־ | מָּיִם׃ |
| પીવે-છે | પાણી |
| H8354 | H4325 |

પરંતુ જે દેશનું વતન પામવાને માટે તમે પેલે પાર જાઓ છો તે ડુંગરવાળો અને ખીણોવાળો દેશ છે. તે આકાશના વરસાદનું પાણી પીએ છે,

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶרֶץ | אֲשֶׁר־ | יְהוָה | אֱלֹהֶיךָ | דֹּרֵשׁ | אֹתָהּ | תָּמִיד | עֵינֵי | יְהוָה | אֱלֹהֶיךָ | בָּהּ |
| દેશ | જેની | યહોવા | તારા-ઈશ્વર | કાળજી-રાખે-છે | તેની | સદા | આંખો | યહોવા | તારા-ઈશ્વરની | તેન□ી-પર |
| H0776 | | H3068 | H0430 | H1875 | H0853 | H8548 | | H3068 | H0430 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| מֵרֵשִׁית | הַשָּׁנָה | וְעַד | אַחֲרִית | שָׁנָה׃ | ס |
| શરૂઆતથી | વર્ષની | અને-સુધી | અંત | વર્ષના | — |
| H7225 | H8141 | H5704 | H0319 | H8141 | |

તે દેશ વિષે યહોવાહ તમારા ઈશ્વર કાળજી રાખે છે. વર્ષના આરંભથી તે અંત સુધી યહોવાહ તમારા ઈશ્વરની નજર હમેશાં તેના પર રહે છે.

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָה | אִם־ | שָׁמֹעַ | תִּשְׁמְעוּ | אֶל־ | מִצְוֹתַי | אֲשֶׁר | אָנֹכִי | מְצַוֶּה | אֶתְכֶם | הַיּוֹם |
| અને-થશે | જો | સાંભળતાં | સાંભળશો | — | મારી-આજ્ઞાઓ | જે | હું | આજ્ઞા-આપું-છું | તમને | આજે |
| H1961 | | H8085 | H8085 | H0413 | H4687 | | H0595 | H6680 | H0853 | H3117 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לְאַהֲבָה | אֶת־ | יְהוָה | אֱלֹהֵיכֶם | וּלְעָבְדוֹ | בְּכָל־ | לְבַבְכֶם | וּבְכָל־ | נַפְשְׁכֶם׃ |
| પ્રેમ-કરવા | — | યહોવા | તમારા-ઈશ્વરને | અને-સેવા-કરવા | સર્વ | તમારા-હૃદયથી | અને-સર્વ | તમારા-આત્માથી |
| H0157 | H0853 | H3068 | H0430 | H5647 | H3605 | H3824 | H3605 | H5315 |

અને આજે હું + 11:13 ઈશ્વર તમને જે આજ્ઞાઓ જણાવું છું તે જો તમે ધ્યાનથી સાંભળી અને તમારા ઈશ્વર યહોવાહ પર પ્રીતિ રાખીને તમારા ખરા મન અને આત્માથી તેમની સેવા કરશો તો એમ થશે કે,

14

| | | |
|---|---|---|
| וְנָתַתִּ֧י | તો-હું-આપીશ | H5414 |
| מְטַֽר־ | વરસાદ | H4306 |
| אַרְצְכֶ֛ם | તમારા-દેશનો | H0776 |
| בְּעִתּ֖וֹ | યોગ્ય-સમયે | H6256 |
| יוֹרֶ֣ה | પૂર્વ-વરસાદ | H3138 |
| וּמַלְק֑וֹשׁ | અને-ઉત્તર-વરસાદ | H4456 |
| וְאָסַפְתָּ֣ | અને-તું-ભેગી-કરીશ | H0622 |
| דְגָנֶ֔ךָ | તારું-અનાજ | H1715 |
| וְתִירֹשְׁךָ֖ | અને-તારો-દ્રાક્ષારસ | H8492 |
| וְיִצְהָרֶֽךָ׃ | અને-તારું-તેલ | H3323 |

હું તમારા દેશમાં વરસાદ એટલે આગળનો વરસાદ તથા પાછળનો વરસાદ તેની ઋતુ અનુસાર મોકલીશ. જેથી તમે તમારું અનાજ, તમારો નવો દ્રાક્ષારસ તથા તમારા તેલનો સંગ્રહ કરી શકો.

15

| | | |
|---|---|---|
| וְנָתַתִּ֛י | અને-હું-આપીશ | H5414 |
| עֵ֥שֶׂב | ઘાસ | H6212 |
| בְּשָׂדְךָ֖ | તારા-ખેતરમાં | |
| לִבְהֶמְתֶּ֑ךָ | તારા-ઢોર-માટે | H0929 |
| וְאָכַלְתָּ֖ | અને-તું-ખાઈશ | H0398 |
| וְשָׂבָֽעְתָּ׃ | અને-તૃપ્ત-થઈશ | H7646 |

હું તમારાં ઢોરને સારુ ખેતરોમાં ઘાસ ઉગાવીશ. અને તમે ખાઈને તૃપ્ત થશો.

16

| | | |
|---|---|---|
| הִשָּׁמְר֣וּ | સાવધાન-રાખો | H8104 |
| לָכֶ֔ם | તમારા-માટે | |
| פֶּ֥ן | રખેને | H6435 |
| יִפְתֶּ֖ה | ભરમાય | |
| לְבַבְכֶ֑ם | તમારું-હૃદય | H3824 |
| וְסַרְתֶּ֗ם | અને-તમે-ભટકો | H5493 |
| וַעֲבַדְתֶּם֙ | અને-સેવા-કરો | H5647 |
| אֱלֹהִ֣ים | દેવોની | H0430 |
| אֲחֵרִ֔ים | બીજાંની | H0312 |
| וְהִשְׁתַּחֲוִיתֶ֖ם | અને-પૂજા-કરો | H7812 |
| לָהֶֽם׃ | તેમની | |

સાવચેત રહો રખેને તમારું અત:કરણ ઠગાઈ જાય. અને તમે ભટકી જઈ બીજા દેવ દેવીઓની સેવા કરો અને તેમનું ભજન કરો;

17

| | | |
|---|---|---|
| וְחָרָ֨ה | અને-સળગશે | H2734 |
| אַף־ | ક્રોધ | H0639 |
| יְהוָ֜ה | યહોવાનો | H3068 |
| בָּכֶ֗ם | તમારા-પર | |
| וְעָצַ֤ר | અને-બંધ-કરશે | H6113 |
| אֶת־ | — | H0853 |
| הַשָּׁמַ֙יִם֙ | આકાશને | H8064 |
| וְלֹֽא־ | અને-નહિ | H3808 |
| יִהְיֶ֣ה | હશે | H1961 |
| מָטָ֔ר | વરસાદ | H4306 |
| וְהָ֣אֲדָמָ֔ה | અને-ભૂમિ | H0127 |
| לֹ֥א | નહિ | H3808 |
| תִתֵּ֖ן | આપશે | H5414 |
| אֶת־ | — | H0853 |
| יְבוּלָ֑הּ | તેની-ઉપજ | H2981 |
| וַאֲבַדְתֶּ֣ם | અને-તમે-નાશ-થશો | H0006 |
| מְהֵרָ֗ה | જલદી | H4120 |
| מֵעַל֙ | પરથી | |
| הָאָ֣רֶץ | દેશ | H0776 |
| הַטֹּבָ֔ה | સારા | |
| אֲשֶׁ֥ר | જે | |
| יְהוָ֖ה | યહોવા | H3068 |
| נֹתֵ֥ן | આપે-છે | H5414 |
| לָכֶֽם׃ | તમને | |

રખેને યહોવાહનો કોપ તમારી વિરુદ્ધ સળગી ઊઠે અને તેઓ આકાશમાંથી વરસાદ બંધ કરે અને જમીન પોતાની ઊપજ ન આપે. અને યહોવાહ જે ફળદ્રુપ દેશ તમને આપે છે તેમાં તમારો જલ્દી નાશ થાય.

18

| | | |
|---|---|---|
| וְשַׂמְתֶּם֙ | તેથી-મૂકો | |
| אֶת־ | — | H0853 |
| דְּבָרַ֣י | મારાં-વચનો | H1697 |
| אֵ֔לֶּה | આ | H0428 |
| עַל־ | — | |
| לְבַבְכֶ֖ם | તમારા-હૃદય-પર | H3824 |
| וְעַֽל־ | અને | |
| נַפְשְׁכֶ֑ם | તમારા-આત્મા-પર | H5315 |
| וּקְשַׁרְתֶּ֨ם | અને-બાંધો | H7194 |
| אֹתָ֤ם | તેમને | H0853 |
| לְאוֹת֙ | નિશાની-તરીકે | H0226 |
| עַל־ | — | |
| יֶדְכֶ֔ם | તમારા-હાથ-પર | H3027 |
| וְהָי֥וּ | અને-તે-હોય | H1961 |
| לְטוֹטָפֹ֖ת | કપાળ-પટ્ટી-જેમ | H2903 |
| בֵּ֥ין | વચ્ચે | H0996 |
| עֵינֵיכֶֽם׃ | તમારી-આંખોના | |

માટે મારાં આ વચનો તમે તમારા હૃદયમાં તથા મનમાં મૂકી રાખો, ચિહ્ન તરીકે તમારા હાથમાં બાંધો તથા તેઓને તમારી આંખોની વચ્ચે કપાળભૂષણ તરીકે રાખો.

19

| | | |
|---|---|---|
| וְלִמַּדְתֶּ֥ם | અને-શીખવો | H3925 |
| אֹתָ֛ם | તેમને | H0853 |
| אֶת־ | — | H0853 |
| בְּנֵיכֶ֖ם | તમારાં-સંતાનોને | |
| לְדַבֵּ֣ר | બોલવા | H1696 |
| בָּ֑ם | તેમાં | |
| בְּשִׁבְתְּךָ֤ | બેસતાં | H3427 |
| בְּבֵיתֶ֙ךָ֙ | તારા-ઘરમાં | |
| וּבְלֶכְתְּךָ֣ | અને-ચાલતાં | H3212 |
| בַדֶּ֔רֶךְ | માર્ગ-પર | H1870 |
| וּֽבְשָׁכְבְּךָ֖ | અને-સૂતાં | H7901 |
| וּבְקוּמֶֽךָ׃ | અને-ઉઠતાં | |

જ્યારે તમે ઘરમાં બેઠા હોય ત્યારે, બહાર ચાલતા હોય ત્યારે, તું સૂતા હોય ત્યારે અને ઊઠતી વેળાએ તે વિષે વાત કરો અને તમારા સંતાનોને તે શીખવો.

20 וּכְתַבְתָּם עַל־ מְזוּזוֹת בֵּיתֶךָ וּבִשְׁעָרֶיךָ׃
અને-લખો — બારસાખ-પર તારા-ઘરના અને-તારા-દરવાજા-પર
H3789 H4201 H8179

તમારા ઘરની બારસાખ પર તથા તમારા નગરના દરવાજા પર તમે તેઓને લખો.

21 לְמַעַן יִרְבּוּ יְמֵיכֶם וִימֵי בְנֵיכֶם עַל הָאֲדָמָה אֲשֶׁר נִשְׁבַּע יְהוָה
જેથી વધે તમારા-દિવસો અને-દિવસો તમારાં-સંતાનોના પર ભૂમિ જે-માટે સોગંદ-ખાધા યહોવાએ
H4616 H3117 H3117 H0127 H7650 H3068
לַאֲבֹתֵיכֶם לָתֵת לָהֶם כִּימֵי הַשָּׁמַיִם עַל־ הָאָרֶץ׃ ס
તમારાં-પિતૃઓને આપવા તેમને આકાશના-દિવસો-જેટલા આકાશ — પૃથ્વી-પર —
H0001 H5414 H3117 H8064 H0776

જેથી જે દેશ આપવાનું વચન યહોવાહે તમારા પિતૃઓને આપ્યું હતું તેમાં તમારા દિવસો અને તમારા વંશજોના દિવસો પૃથ્વી પરના આકાશોના દિવસોની જેમ વૃદ્ધિ પામે.

22 כִּי אִם־ שָׁמֹר תִּשְׁמְרוּן אֶת־ כָּל־ הַמִּצְוָה הַזֹּאת אֲשֶׁר אָנֹכִי מְצַוֶּה
કારણ-કે-જો — કાળજીપૂર્વક પાળશો — સર્વ આજ્ઞા આ જે હું આજ્ઞા-આપું-છું
H8104 H8104 H0853 H3605 H4687 H2063 H0595 H6680
אֶתְכֶם לַעֲשֹׂתָהּ לְאַהֲבָה אֶת־ יְהוָה אֱלֹהֵיכֶם לָלֶכֶת בְּכָל־ דְּרָכָיו וּלְדָבְקָה־
તમને કરવા-માટે પ્રેમ-કરવા — યહોવા તમારા-ઈશ્વરને ચાલવા સર્વ તેમના-માર્ગોમાં અને-વળગી-રહેવા
H0853 H0157 H0853 H3068 H0430 H3212 H3605 H1870 H1692
בוֹ׃
તેમને

કેમ કે આ જે બધી આજ્ઞાઓ હું તમને આપું છું તેને જો તમે ખંતપૂર્વક પાળીને અમલમાં મૂકશો અને યહોવાહ તમારા ઈશ્વર પર પ્રેમ રાખીને તેમના સર્વ માર્ગોમાં ચાલશો અને તેમને વળગી રહેશો તો,

23 וְהוֹרִישׁ יְהוָה אֶת־ כָּל־ הַגּוֹיִם הָאֵלֶּה מִלִּפְנֵיכֶם וִירִשְׁתֶּם גּוֹיִם
તો-હાંકી-કાઢશે યહોવા — સર્વ પ્રજાઓને આ તમારી-આગળથી અને-તમે-વારસો-લેશો પ્રજાઓનો
H3423 H3068 H0853 H3605 H0428 H6440 H3423
גְּדֹלִים וַעֲצֻמִים מִכֶּם׃
મોટા અને-શક્તિશાળી તમારાથી
H6099

યહોવાહ આ સર્વ પ્રજાઓને તમારી આગળથી હાંકી કાઢશે, તમે તમારા કરતાં મોટી અને બળવાન પ્રજાને કબજે કરશે.

24 כָּל־ הַמָּקוֹם אֲשֶׁר תִּדְרֹךְ כַּף־ רַגְלְכֶם בּוֹ לָכֶם יִהְיֶה מִן־ הַמִּדְבָּר
દરેક જગ્યા જ્યાં પગ-મૂકશે તળિયું તમારા-પગનું તેમાં તમારું હશે થી રાન
H3605 H4725 H1869 H3709 H7272 H1961
וְהַלְּבָנוֹן מִן־ הַנָּהָר נְהַר־ פְּרָת וְעַד הַיָּם הָאַחֲרוֹן יִהְיֶה גְּבֻלְכֶם׃
અને-લેબ□નોન થી નદી નદી ફરાત અને-સુધી સમુદ્ર પશ્ચિમનો હશે તમારી-સીમા
H3844 H5104 H5104 H6578 H5704 H3220 H0314 H1961 H1366

દરેક જગ્યા જ્યાં તમારા પગ ફરી વળશે તે તમારી થશે; અરણ્યથી તથા લબાનોનથી, નદીથી એટલે ફ્રાત નદી સુધી, પશ્ચિમના સમુદ્ર સુધી તમારી સરહદ થશે.

25 לֹא־ יִתְיַצֵּב אִישׁ בִּפְנֵיכֶם פַּחְדְּכֶם וּמוֹרַאֲכֶם יִתֵּן יְהוָה אֱלֹהֵיכֶם עַל־ פְּנֵי
નહિં ટકી-શકશે કોઈ-પણ તમારી-સામે તમારો-ભય અને-તમારો-ડર મૂકશે યહોવા તમારા-ઈશ્વર — મોં-પર
H3808 H3320 H0376 H6440 H6343 H5414 H3068 H0430 H6440
כָל־ הָאָרֶץ אֲשֶׁר תִּדְרְכוּ־ בָהּ כַּאֲשֶׁר דִּבֶּר לָכֶם׃ ס
સર્વ દેશના જેમાં ચાલશો તેમાં જેમ કહ્યુ તમને —
H3605 H0776 H1869 H1696

વળી તમારી આગળ કોઈ માણસ ટકી શકશે નહિ; જે ભૂમિ પર તમે ચાલશો તે પર યહોવાહ તમારા ઈશ્વર તમારી બીક અને ધાક રાખશે. જેમ તેમણે તમને કહ્યુ છે તે પ્રમાણે.

26

| רְאֵה | אָנֹכִי | נֹתֵן | לִפְנֵיכֶם | הַיּוֹם | בְּרָכָה | וּקְלָלָה׃ |
|---|---|---|---|---|---|---|
| જુઓ | હું | મૂકું-છું | તમારી-આગળ | આજે | આશીર્વાદ | અને-શાપ |
| H7200 | H0595 | H5414 | H6440 | H3117 | H1293 | H7045 |

જો, આજે હું તમારી આગળ આશીર્વાદ તથા શાપ બન્ને મૂકું છું.

27

| אֶת־ | הַבְּרָכָה | אֲשֶׁר | תִּשְׁמְעוּ | אֶל־ | מִצְוֹת | יְהוָה | אֱלֹהֵיכֶם | אֲשֶׁר | אָנֹכִי | מְצַוֶּה | אֶתְכֶם | הַיּוֹם׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| — | આશીર્વાદ | જો | સાંભળશો | — | આજ્ઞાઓ | યહોવા | તમારા-ઈશ્વરની | જે | હું | આજ્ઞા-આપું-છું | તમને | આજે |
| H0853 | H1293 | | H8085 | H0413 | H4687 | H3068 | H0430 | | H0595 | H6680 | H0853 | H3117 |

જો તમે યહોવાહ તમારા ઈશ્વરની આજ્ઞાઓ જે હું આજે તમને ફરમાવું છું તે સાંભળશો તો તમે આશીર્વાદ પામશો;

28

| וְהַקְּלָלָה | אִם־ | לֹא | תִשְׁמְעוּ | אֶל־ | מִצְוֹת | יְהוָה | אֱלֹהֵיכֶם | וְסַרְתֶּם | מִן־ | הַדֶּרֶךְ | אֲשֶׁר | אָנֹכִי | מְצַוֶּה | אֶתְכֶם | הַיּוֹם | לָלֶכֶת | אַחֲרֵי | אֱלֹהִים | אֲחֵרִים | אֲשֶׁר | לֹא־ | יְדַעְתֶּם׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-શાપ | જો | નહિ | સાંભળશો | — | આજ્ઞાઓ | યહોવા | તમારા-ઈશ્વરની | અને-ભટકો | થી | માર્ગ | જે | હું | આજ્ઞા-આપું-છું | તમને | આજે | જવા | પાછળ | દેવોની | બીજાંની | જેને | નહિ | ઓળખતા-હતા | — |
| H7045 | | H3808 | H8085 | H0413 | H4687 | H3068 | H0430 | H5493 | | H1870 | | H0595 | H6680 | H0853 | H3117 | H3212 | | H0430 | H0312 | | H3808 | H3045 | |

જો તમે યહોવાહ તમારા ઈશ્વરની આજ્ઞાઓ નહિ સાંભળો, જે માર્ગ હું તમને આજે ફરમાવું છું તે છોડીને બીજા દેવો કે જેઓ વિષે તમે જાણતા નથી તેની પાછળ જશો તો તમે શાપ પામશો.

29

| וְהָיָה | כִּי | יְבִיאֲךָ | יְהוָה | אֱלֹהֶיךָ | אֶל־ | הָאָרֶץ | אֲשֶׁר־ | אַתָּה | בָא־ | שָׁמָּה | לְרִשְׁתָּהּ | וְנָתַתָּה | אֶת־ | הַבְּרָכָה | עַל־ | הַר | גְּרִזִים | וְאֶת־ | הַקְּלָלָה | עַל־ | הַר | עֵיבָל׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થશે | જ્યારે | લાવશે-તને | યહોવા | તારા-ઈશ્વર | — | દેશમાં | જેમાં | તું | જાએં-છે | ત્યાં | વારસો-લેવા | તો-તું-મૂકીશ | — | આશીર્વાદ | — | પર્વત | ગરિઝિમ-પર | અને | શાપ | — | પર્વત | એબાલ-પર |
| H1961 | | H0935 | H3068 | H0430 | H0413 | H0776 | | | H0935 | H8033 | H3423 | H5414 | H0853 | H1293 | | H2022 | H1630 | H0853 | H7045 | | H2022 | |

જે દેશનો કબજો કરવાને તમે જાઓ તેમાં જ્યારે યહોવાહ તમારા ઈશ્વર તમને લાવે ત્યારે એવું થાય કે આશીર્વાદને તમે ગરીઝીમ પર્વત પર અને શાપને એબાલ પર્વત પર રાખજો.

30

| הֲלֹא־ | הֵמָּה | בְּעֵבֶר | הַיַּרְדֵּן | אַחֲרֵי | דֶּרֶךְ | מְבוֹא | הַשֶּׁמֶשׁ | בְּאֶרֶץ | הַכְּנַעֲנִי | הַיֹּשֵׁב | בָּעֲרָבָה | מוּל | הַגִּלְגָּל | אֵצֶל | אֵלוֹנֵי | מֹרֶה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શું-નહિ | તેઓ-છે | પાર | યર્દનની | પાછળ | માર્ગ-પર | આથમવાના | સૂર્યના | દેશમાં | કનાનીના | જે-વસે-છે | મેદાનમાં | સામે | ગિલગાલની | પાસે | વૃક્ષોની | મોરેની |
| H3808 | H1992 | H5676 | H3383 | | H1870 | H3996 | H8121 | H0776 | | H3427 | H6160 | H4136 | H1537 | H0681 | H0436 | H4176 |

શું તેઓ યર્દન નદીની સામે પાર પશ્ચિમ દિશાના રસ્તા પાછળ, ગિલ્ગાલની સામેના અરાબામાં રહેતા કનાનીઓના દેશમાં, મોરેના એલોનવૃક્ષોની પાસે નથી?

31

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֣י | אַתֶּם֙ | עֹבְרִ֣ים | אֶת־ | הַיַּרְדֵּ֔ן | לָבֹא֙ | לָרֶ֣שֶׁת | אֶת־ | הָאָ֔רֶץ | אֲשֶׁר־ | יְהוָ֥ה |
| કારણ-કે | તમે | પાર-કરો-છો | — | યર્દનને | આવવા | વારસો-લેવા | — | દેશનો | જે | યહોવા |
| | | | H0853 | H3383 | H0935 | H3423 | H0853 | H0776 | | H3068 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֱלֹהֵיכֶ֖ם | נֹתֵ֣ן | לָכֶ֑ם | וִֽירִשְׁתֶּ֥ם | אֹתָ֖הּ | וִֽישַׁבְתֶּם־ | בָּֽהּ׃ |
| તમારા-ઈશ્વર | આપે-છે | તમને | અને-તમે-વારસો-લેશો | તેનો | અને-વસશો | તેમાં |
| H0430 | H5414 | | H3423 | H0853 | H3427 | |

કેમ કે જે દેશ યહોવાહ તમારા ઈશ્વરે તમને આપ્યો છે તેનું વતન પામવા માટે તમે યર્દન નદી પાર કરીને જવાના છો, તમે તેનું વતન પામીને તેમાં રહેશો.

32

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּשְׁמַרְתֶּ֣ם | לַעֲשׂ֔וֹת | אֵ֥ת | כָּל־ | הַחֻקִּ֖ים | וְאֶת־ | הַמִּשְׁפָּטִ֑ים | אֲשֶׁ֧ר | אָנֹכִ֛י | נֹתֵ֥ן | לִפְנֵיכֶ֖ם |
| અને-પાળો | કરવા | — | સર્વ | નિયમો | અને | ન્યાયોને | જે | હું | મૂકું-છું | તમારી-આગળ |
| H8104 | | H0853 | H3605 | H2706 | H0853 | H4941 | | H0595 | H5414 | H6440 |

| |
|---|
| הַיּֽוֹם׃ |
| આજે |
| H3117 |

હું આજે તમારી સમક્ષ જે બધા કાનૂનો તથા નિયમો મૂકું છું તેને તમે કાળજીપૂર્વક પાળો.

## Chapter 12

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֵ֣לֶּה | הַחֻקִּ֣ים | וְהַמִּשְׁפָּטִ֗ים | אֲשֶׁ֨ר | תִּשְׁמְר֣וּן | לַעֲשׂ֔וֹת | בָּאָ֗רֶץ | אֲשֶׁ֨ר | נָתַ֜ן | יְהוָ֨ה | אֱלֹהֵ֧י |
| આ | નિયમો | અને-ન્યાયો-છે | જે | પાળશો | કરવા | દેશમાં | જે | આપ્યો | યહોવા | ઈશ્વરે |
| H0428 | H2706 | H4941 | | H8104 | | H0776 | | H5414 | H3068 | H0430 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲבֹתֶ֛יךָ | לְךָ֖ | לְרִשְׁתָּ֑הּ | כָּל־ | הַיָּמִ֕ים | אֲשֶׁר־ | אַתֶּ֥ם | חַיִּ֖ים | עַל־ | הָֽאֲדָמָֽה׃ |
| તારા-પિતૃઓના | તને | વારસો-લેવા | સર્વ | દિવસો-માટે | જે | તમે | જીવતા-છો | — | ભૂમિ-પર |
| H0001 | | H3423 | H3605 | H3117 | | | | | H0127 |

તમારા પિતૃઓના ઈશ્વર યહોવાહે તમને જે દેશ વતન તરીકે આપ્યો છે, તેમાં તમારે નિયમો તથા કાનૂનો પૃથ્વી પરના તમારા બધા દિવસો પર્યંત પાળવા તે આ છે.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אַבֵּ֣ד | תְּ֠אַבְּדוּן | אֶֽת־ | כָּל־ | הַמְּקֹמ֞וֹת | אֲשֶׁ֧ר | עָֽבְדוּ־ | שָׁ֣ם | הַגּוֹיִ֗ם | אֲשֶׁ֥ר | אַתֶּ֛ם |
| નાશ-કરો | નાશ-કરો | — | સર્વ | જગ્યાઓને | જ્યાં | પૂજા-કરતાં-હતા | ત્યાં | પ્રજાઓ | જેમને | તમે |
| H0006 | H0006 | H0853 | H3605 | H4725 | | H5647 | H8033 | | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יֹרְשִׁ֥ים | אֹתָ֖ם | אֶת־ | אֱלֹהֵיהֶ֑ם | עַל־ | הֶהָרִ֤ים | הָֽרָמִים֙ | וְעַל־ | הַגְּבָע֔וֹת | וְתַ֖חַת | כָּל־ |
| હાંકી-કાઢો-છો | તેમના | — | દેવોને | — | પર્વતો-પર | ઊંચાં | અને | ટેકરીઓ-પર | અને-નીચે | દરેક |
| H3423 | H0853 | H0853 | H0430 | | H2022 | | | H1389 | H8478 | H3605 |

| | |
|---|---|
| עֵ֥ץ | רַעֲנָֽן׃ |
| વૃક્ષ | લીલાના |
| H6086 | |

જે જે પ્રજાઓનો તમે કબજો કરશો તેઓ જે ઊંચા પર્વતો પર, ડુંગરો પર તથા દરેક લીલાં વૃક્ષોની નીચે જે બધી જગ્યાઓમાં તેઓનાં દેવોની પૂજા કરતા હતા તે સર્વનો તમારે નિશ્ચે નાશ કરવો.

3

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְנִתַּצְתֶּ֣ם | אֶת־ | מִזְבְּחֹתָ֗ם | וְשִׁבַּרְתֶּם֙ | אֶת־ | מַצֵּבֹתָ֔ם | וַאֲשֵֽׁרֵיהֶם֙ | תִּשְׂרְפ֣וּן | בָּאֵ֔שׁ |
| અને-તોડો | — | તેમની-વેદીઓ | અને-ભાંગો | — | તેમનાં-સ્તંભો | અને-તેમની-અશેરાઓ | બાળો | અગ્નિમાં |
| H5422 | H0853 | H4196 | H7665 | H0853 | H4676 | H0842 | H8313 | H0784 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּפְסִילֵ֥י | אֱלֹהֵיהֶ֖ם | תְּגַדֵּע֑וּן | וְאִבַּדְתֶּ֣ם | אֶת־ | שְׁמָ֔ם | מִן־ | הַמָּק֖וֹם | הַהֽוּא׃ |
| અને-મૂર્તિઓ | તેમનાં-દેવોની | કાપો | અને-મિટાવો | — | તેમનું-નામ | થી | જગ્યા | તે |
| H6456 | H0430 | H1438 | H0006 | H0853 | H8034 | | H4725 | H1931 |

તમારે તેઓની વેદીઓ તોડી નાખવી, તેઓના સ્તંભોને ભાંગીને ટુકડા કરી નાખવા, અશેરીમ મૂર્તિઓને બાળી નાખવી અને તેઓના દેવોની કોતરેલી મૂર્તિઓ કાપી નાખીને તે જગ્યાએથી તેઓના નામનો નાશ કરવો.

4 לֹא־ ન H3808 · תַעֲשׂוּן કરો · כֵּן એવું · לַיהוָה યહોવાને H3068 · אֱלֹהֵיכֶם׃ તમારા-ઈશ્વરને H0430

તમારે યહોવાહ તમારા ઈશ્વરની આરાધના તે પ્રમાણે ન કરવી.

5 כִּי પરંતુ · אִם־ માત્ર · אֶל־ — H0413 · הַמָּקוֹם જગ્યાએ H4725 · אֲשֶׁר־ જે · יִבְחַר પસંદ-કરશે H0977 · יְהוָה યહોવા H3068 · אֱלֹהֵיכֶם તમારા-ઈશ્વર H0430 · מִכָּל־ સર્વ-માંથી H3605 · שִׁבְטֵיכֶם તમારાં-કુળોમાંથી H7626 · לָשׂוּם મૂકવા · אֶת־ — H0853 · שְׁמוֹ તેમનું-નામ H8034 · שָׁם ત્યાં H8033 · לְשִׁכְנוֹ વસાવવા H7933 · תִדְרְשׁוּ ખોજો H1875 · וּבָאתָ અને-આવો H0935 · שָׁמָּה׃ ત્યાં H8033

પણ યહોવાહ તમારા ઈશ્વર તમારા સર્વ કુળમાંથી જે સ્થળ પસંદ કરશે તે સ્થળ આગળ એટલે જ્યાં તે રહે છે ત્યાં તમારે ભેગા થવું, ત્યાં તમારે આવવું.

6 וַהֲבֵאתֶם અને-લાવો H0935 · שָׁמָּה ત્યાં H8033 · עֹלֹתֵיכֶם તમારી-દહનાર્પણો · וְזִבְחֵיכֶם અને-તમારાં-બલિદાનો H2077 · וְאֵת અને H0853 · מַעְשְׂרֹתֵיכֶם તમારાં-દશમાંશ H4643 · וְאֵת અને H0853 · תְּרוּמַת અર્પણ H8641 · יֶדְכֶם તમારા-હાથનું H3027 · וְנִדְרֵיכֶם અને-તમારી-માનતાઓ H5088 · וְנִדְבֹתֵיכֶם અને-તમારી-સ્વેચ્છાએ-ભેટો H5071 · וּבְכֹרֹת અને-પહેલોતર H1062 · בְּקַרְכֶם તમારાં-ગાયોના H1241 · וְצֹאנְכֶם׃ અને-તમારાં-ઘેટાંના H6629

ત્યાં તમારે તમારાં બધાં દહનીયાર્પણો, તમારાં બલિદાનો, તમારાં દશાંશો, તમારા હાથનાં ઉચ્છાલીયાર્પણો, તમારી માનતાઓ, તમારાં ઐચ્છિકાર્પણ તથા તમારાં ઘેટાં બકરાનાં તથા અન્ય જાનવરોનાં પ્રથમજનિતને લાવવાં.

7 וַאֲכַלְתֶּם־ અને-ખાઓ H0398 · שָׁם ત્યાં H8033 · לִפְנֵי સમક્ષ H6440 · יְהוָה યહોવા H3068 · אֱלֹהֵיכֶם તમારા-ઈશ્વરના H0430 · וּשְׂמַחְתֶּם અને-આનંદ-કરો H8055 · בְּכֹל સર્વમાં H3605 · מִשְׁלַח ઉપક્રમો · יֶדְכֶם તમારા-હાથના H3027 · אַתֶּם તમે · וּבָתֵּיכֶם અને-તમારાં-ઘર · אֲשֶׁר જેમાં · בֵּרַכְךָ આશીર્વાદ-આપ્યો-છે-તને H1288 · יְהוָה યહોવા H3068 · אֱלֹהֶיךָ׃ તારા-ઈશ્વરે H0430

ત્યાં તમારે યહોવાહ તમારા ઈશ્વરની આગળ જમવું અને તમારા હાથની સર્વ બાબતોમાં યહોવાહ તારા ઈશ્વરે તમને આશીર્વાદ આપ્યો છે તેમાં તમારે તથા તમારા કુટુંબોએ આનંદ કરવો.

8 לֹא ન H3808 · תַעֲשׂוּן કરો · כְּכֹל બધું-જેમ H3605 · אֲשֶׁר જે · אֲנַחְנוּ આપણે H0587 · עֹשִׂים કરીએ-છીએ · פֹּה અહીં H6311 · הַיּוֹם આજે H3117 · אִישׁ દરેક H0376 · כָּל־ સર્વ H3605 · הַיָּשָׁר યોગ્ય H3477 · בְּעֵינָיו׃ તેની-આંખોમાં

આજે આપણે જે બધું અહીં કરીએ છીએ, એટલે દરેક માણસ પોતાની દ્રષ્ટિમાં જે સારું લાગે છે તે કરે છે તે પ્રમાણે તમારે કરવું નહિ;

9 כִּי કારણ-કે · לֹא־ નહિ H3808 · בָאתֶם પહોંચ્યા-છો H0935 · עַד־ સુધી H5704 · עָתָּה હજી H6258 · אֶל־ — H0413 · הַמְּנוּחָה વિશ્રાંતિમાં H4496 · וְאֶל־ અને H0413 · הַנַּחֲלָה વારસામાં H5159 · אֲשֶׁר־ જે · יְהוָה યહોવા H3068 · אֱלֹהֶיךָ તારા-ઈશ્વર H0430 · נֹתֵן આપે-છે H5414 · לָךְ׃ તને

કેમ કે, યહોવાહ તમારા ઈશ્વર જે આરામ તથા વારસો આપવાના છે તેમાં હજુ સુધી તમે ગયા નથી.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַעֲבַרְתֶּם | אֶת־ | הַיַּרְדֵּן | וִישַׁבְתֶּם | בָּאָרֶץ | אֲשֶׁר־ | יְהוָה | אֱלֹהֵיכֶם | מַנְחִיל | אֶתְכֶם |
| અને-તમે-પાર-કરશો | — | યર્દન | અને-વસશો | દેશમાં | જે | યહોવા | તમારા-ઈશ્વર | વારસો-આપે-છે | તમને |
| | H0853 | H3383 | H3427 | H0776 | | H3068 | H0430 | H5157 | H0853 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְהֵנִיחַ | לָכֶם | מִכָּל־ | אֹיְבֵיכֶם | מִסָּבִיב | וִישַׁבְתֶּם־ | בֶּטַח׃ |
| અને-શાંતિ-આપશે | તમને | સર્વ-થી | તમારાં-શત્રુઓથી | ચારે-બાજુથી | અને-વસશો | સલામતીથી |
| H5117 | | H3605 | H0341 | H5439 | H3427 | H0983 |

તમે યર્દન નદી પાર કરીને યહોવાહ તમારા ઈશ્વર તમને જે દેશ વારસા તરીકે આપવાના છે તેમાં જ્યારે તમે રહેશો, ત્યારે યહોવાહ તમને ચારે બાજુના દુશ્મનોથી આરામ આપશે કે જેથી તમે બધા સુરક્ષિત રહો.

11

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָה | הַמָּקוֹם | אֲשֶׁר־ | יִבְחַר | יְהוָה | אֱלֹהֵיכֶם | בּוֹ | לְשַׁכֵּן | שְׁמוֹ | שָׁם | שָׁמָּה | תָבִיאוּ |
| અને-થશે | જગ્યા | જે | પસંદ-કરશે | યહોવા | તમારા-ઈશ્વર | તેમાં | વસાવવા | તેમનું-નામ | ત્યાં | ત્યાં | લાવશો |
| H1961 | H4725 | | H0977 | H3068 | H0430 | | H7931 | H8034 | H8033 | H8033 | H0935 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֵת | כָּל־ | אֲשֶׁר | אָנֹכִי | מְצַוֶּה | אֶתְכֶם | עוֹלֹתֵיכֶם | וְזִבְחֵיכֶם | מַעְשְׂרֹתֵיכֶם |
| — | સર્વ | જે | હું | આજ્ઞા-આપું-છું | તમને | તમારી-દહનાર્પણો | અને-તમારાં-બલિદાનો | તમારાં-દશમાંશ |
| H0853 | H3605 | | H0595 | H6680 | H0853 | | H2077 | H4643 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וּתְרֻמַת | יֶדְכֶם | וְכֹל | מִבְחַר | נִדְרֵיכֶם | אֲשֶׁר | תִּדְּרוּ | לַיהוָה׃ |
| અને-અર્પણ | તમારા-હાથનું | અને-સર્વ | શ્રેષ્ઠ | માનતાઓ | જે | માનશો | યહોવાને |
| H8641 | H3027 | H3605 | H4005 | H5088 | | H5087 | H3068 |

ત્યારે એવું બને કે યહોવાહ તમારા ઈશ્વર પોતાનું નામ રાખવા માટે જે જગ્યા પસંદ કરે ત્યાં, હું તમને ફરમાવું તે બધું તમારે લાવવું: તમારાં દહનીયાર્પણ, તમારાં બલિદાનો, તમારાં દશાંશો, તમારા હાથનાં ઉચ્છાલીયાર્પણો, જે બધી શ્રેષ્ઠ માનતાઓ તમે યહોવાહ પ્રત્યે માનો તે તમારે લાવવાં.

12

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וּשְׂמַחְתֶּם | לִפְנֵי | יְהוָה | אֱלֹהֵיכֶם | אַתֶּם | וּבְנֵיכֶם | וּבְנֹתֵיכֶם | וְעַבְדֵיכֶם |
| અને-આનંદ-કરો | સમક્ષ | યહોવા | તમારા-ઈશ્વરના | તમે | અને-તમારાં-પુત્રો | અને-તમારી-પુત્રીઓ | અને-તમારા-દાસો |
| H8055 | H6440 | H3068 | H0430 | | | H1323 | H5650 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאַמְהֹתֵיכֶם | וְהַלֵּוִי | אֲשֶׁר | בְּשַׁעֲרֵיכֶם | כִּי | אֵין | לוֹ | חֵלֶק | וְנַחֲלָה | אִתְּכֶם׃ |
| અને-તમારી-દાસીઓ | અને-લેવી | જે | તમારાં-દરવાજામાં-છે | કારણ-કે | નથી | તેનો | ભાગ | કે-વારસો | તમારી-સાથે |
| H0519 | H3881 | | H8179 | | H0369 | | | H5159 | H0854 |

તમે, તમારા દીકરાઓ, તમારી દીકરીઓ, તમારા દાસો, તમારી દાસીઓ તથા લેવીઓ કે જેને તમારી મધ્યે કોઈ હિસ્સો કે વારસો નથી જેઓ તમારા દરવાજાની અંદર રહેતા હોય તેઓએ યહોવાહ તમારા ઈશ્વરની આગળ આનંદ કરવો.

13

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הִשָּׁמֶר | לְךָ | פֶּן־ | תַּעֲלֶה | עֹלֹתֶיךָ | בְּכָל־ | מָקוֹם | אֲשֶׁר | תִּרְאֶה׃ |
| સાવધાન-રાખ | તારા-માટે | રખેને | ચઢાવેશ | તારી-દહનાર્પણો | કોઈ-પણ | જગ્યાએ | જે | તું-જુએ-તેમાં |
| H8104 | | H6435 | H5927 | | H3605 | H4725 | | H7200 |

સાવધ રહેજો, જે દરેક જગ્યા તમે જુઓ ત્યાં તમારે તમારા દહનીયાર્પણ ચઢાવવાં નહિ;

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | אִם־ | בַּמָּקוֹם | אֲשֶׁר־ | יִבְחַר | יְהוָה | בְּאַחַד | שְׁבָטֶיךָ | שָׁם | תַּעֲלֶה | עֹלֹתֶיךָ |
| પરંતુ-માત્ર | — | જગ્યાએ | જે | પસંદ-કરશે | યહોવા | એકમાં | તારાં-કુળોમાં | ત્યાં | ચઢાવીશ | તારી-દહનાર્પણો |
| | | H4725 | | H0977 | H3068 | H0259 | H7626 | H8033 | H5927 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְשָׁם | תַּעֲשֶׂה | כֹּל | אֲשֶׁר | אָנֹכִי | מְצַוֶּךָּ׃ |
| અને-ત્યાં | કરીશ | બધું | જે | હું | તને-આજ્ઞા-આપું-છું |
| H8033 | | H3605 | | H0595 | H6680 |

પણ જે જગ્યા યહોવાહ તમારા ઈશ્વર તમારા કુળો મધ્યેથી એકને પસંદ કરે ત્યાં તારે તારા દહનીયાર્પણો ચઢાવવાં.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| רַק | בְּכָל־ | אַוַּת | נַפְשְׁךָ | תִּזְבַּח | וְאָכַלְתָּ | בָשָׂר | כְּבִרְכַּת | יְהוָה | אֱלֹהֶיךָ |
| પરંતુ | સર્વ | ઇચ્છાથી | તારા-આત્માની | કાપીશ | અને-ખાઈશ | માંસ | આશીર્વાદ-પ્રમાણે | યહોવા | તારા-ઈશ્વર |
| H7535 | H3605 | H0185 | H5315 | H2076 | H0398 | H1320 | H1293 | H3068 | H0430 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | נָתַן־ | לְךָ | בְּכָל־ | שְׁעָרֶיךָ | הַטָּמֵא | וְהַטָּהוֹר | יֹאכְלֶנּוּ | כַּצְּבִי | וְכָאַיָּל׃ |
| જે | આપ્યું-છે | તને | સર્વ | તારાં-દરવાજામાં | અશુદ્ધ | અને-શુદ્ધ | ખાશે-તેને | હરણ-જેમ | અને-સાબર-જેમ |
| | H5414 | | H3605 | H8179 | H2931 | H2889 | H0398 | | H0354 |

તોપણ તમારી ઇચ્છા પ્રમાણે તમે તમારા દરવાજાના પ્રાણીઓને મારીને ખાજો, કેમ કે યહોવાહ તમારા ઈશ્વરે તમને જે બધું આપ્યું છે તેનો આશીર્વાદ તમે પ્રાપ્ત કરો. શુદ્ધ તથા અશુદ્ધ જન તે ખાય, જેમ હરણનું અને જેમ સાબરનું માંસ ખવાય છે તેમ ખાજો.

16

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| רַק | הַדָּם | לֹא | תֹאכֵלוּ | עַל־ | הָאָרֶץ | תִּשְׁפְּכֶנּוּ | כַּמָּיִם׃ |
| પરંતુ | લોહી | ન | ખાઓ | — | ભૂમિ-પર | રેડો | પાણી-જેમ |
| H7535 | H1818 | H3808 | H0398 | | H0776 | H8210 | H4325 |

પણ લોહી તમારે ખાવું નહિ એ તમારે પાણીની જેમ જમીન પર રેડી દેવું.

17

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | תוּכַל | לֶאֱכֹל | בִּשְׁעָרֶיךָ | מַעְשַׂר | דְּגָנְךָ | וְתִירֹשְׁךָ | וְיִצְהָרֶךָ |
| નહિં | ખાઈ-શકશો | ખાવા | તારાં-દરવાજામાં | દશમાંશ | તારા-અનાજનો | અને-તારો-દ્રાક્ષારસ | અને-તારું-તેલ |
| H3808 | H3201 | H0398 | H8179 | H4643 | H1715 | H8492 | H3323 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּבְכֹרֹת | בְּקָרְךָ | וְצֹאנֶךָ | וְכָל־ | נְדָרֶיךָ | אֲשֶׁר | תִּדֹּר | וְנִדְבֹתֶיךָ | וּתְרוּמַת |
| અને-પહેલોતર | તારાં-ગાયોના | અને-તારાં-ઘેટાંના | અને-કોઈ-પણ | માનતાઓ | જે | માનશો | અને-સ્વેચ્છાએ-ભેટો | અને-અર્પણ |
| H1062 | H1241 | H6629 | H3605 | H5088 | | H5087 | H5071 | H8641 |

| |
|---|
| יָדֶךָ׃ |
| તારા-હાથનું |
| H3027 |

તમારા અનાજનો, દ્રાક્ષારસનો કે તેલનો દશમો ભાગ, અથવા તમારાં ઘેટાંબકરાંનાં અને અન્ય જાનવરોનાં પ્રથમજનિત અથવા તમારી લીધેલી કોઈ પણ માનતા અથવા તમારા ઐચ્છિકાર્પણ તથા તમારા હાથનાં ઉચ્છાલીયાર્પણ એ સર્વ તમારા રહેઠાણોમાં ખાવાની તમને રજા નથી.

18

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | אִם־ | לִפְנֵי | יְהוָה | אֱלֹהֶיךָ | תֹּאכְלֶנּוּ | בַּמָּקוֹם | אֲשֶׁר | יִבְחַר | יְהוָה | אֱלֹהֶיךָ |
| પરંતુ-માત્ર | — | સમક્ષ | યહોવા | તારા-ઈશ્વરના | ખાઈશ | જગ્યાએ | જે | પસંદ-કરશે | યહોવા | તારા-ઈશ્વર |
| | | H6440 | H3068 | H0430 | H0398 | H4725 | | H0977 | H3068 | H0430 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בּוֹ | אַתָּה | וּבִנְךָ | וּבִתֶּךָ | וְעַבְדְּךָ | וַאֲמָתֶךָ | וְהַלֵּוִי | אֲשֶׁר | בִּשְׁעָרֶיךָ |
| તેમાં | તું | અને-તારો-પુત્ર | અને-તારી-પુત્રી | અને-તારો-દાસ | અને-તારી-દાસી | અને-લેવી | જે | તારાં-દરવાજામાં-છે |
| | | | H1323 | H5650 | H0519 | H3881 | | H8179 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְשָׂמַחְתָּ | לִפְנֵי | יְהוָה | אֱלֹהֶיךָ | בְּכֹל | מִשְׁלַח | יָדֶךָ׃ |
| અને-આનંદ-કરીશ | સમક્ષ | યહોવા | તારા-ઈશ્વરના | સર્વમાં | ઉપક્રમો | તારા-હાથના |
| H8055 | H6440 | H3068 | H0430 | H3605 | | H3027 |

પણ તમારે અને તમારા દીકરાએ અને તમારી દીકરીએ, તમારા દાસે અને તમારી દાસીએ તમારા ઘરમાં રહેનાર તમારા લેવીએ યહોવાહ તમારા ઈશ્વર જે સ્થળ પસંદ કરે તેમાં તમારા યહોવાહની સમક્ષ તે ખાવાં; અને જે સર્વને તમે તમારો હાથ લગાડો છો તેમાં યહોવાહ તમારા ઈશ્વરની સમક્ષ આનંદ કરવો.

19

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הִשָּׁמֶר | לְךָ | פֶּן־ | תַּעֲזֹב | אֶת־ | הַלֵּוִי | כָּל־ | יָמֶיךָ | עַל־ | אַדְמָתֶךָ׃ | ס |
| સાવધાન-રાખ | તારા-માટે | રખેને | ત્યજી-દે | — | લેવીને | સર્વ | તારા-દિવસો | — | તારી-ભૂમિ-પર | — |
| H8104 | | H6435 | | H0853 | H3881 | H3605 | H3117 | | H0127 | |

પોતાના વિષે સાંભળો કે જ્યાં સુધી તમે આ ભૂમિ પર વસો ત્યાં સુધી લેવીઓનો ત્યાગ તમારે કરવો નહિ.

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | יַרְחִיב | יְהוָה | אֱלֹהֶיךָ | אֶת־ | גְּבוּלְךָ | כַּאֲשֶׁר | דִּבֶּר־ | לָךְ | וְאָמַרְתָּ | אֹכְלָה |
| જ્યારે | વિસ્તાર-કરશે | યહોવા | તારા-ઈશ્વર | — | તારી-સીમા | જેમ | કહ્યુ-હતું | તને | અને-તું-કહેશ | હું-ખાઈશ |
| | H7337 | H3068 | H0430 | H0853 | H1366 | | H1696 | | H0559 | H0398 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בָשָׂר | כִּי־ | תְאַוֶּה | נַפְשְׁךָ | לֶאֱכֹל | בָּשָׂר | בְּכָל־ | אַוַּת | נַפְשְׁךָ | תֹּאכַל | בָּשָׂר׃ |
| માંસ | કારણ-કે | ઇચ્છા-કરે-છે | તારો-આત્મા | ખાવા | માંસ | સર્વ | ઇચ્છાથી | તારા-આત્માની | ખાઈશ | માંસ |
| H1320 | | H0183 | H5315 | H0398 | H1320 | H3605 | H0185 | H5315 | H0398 | H1320 |

જયારે યહોવાહ તમારા ઈશ્વર પોતાના આપેલા વચન મુજબ તમારો વિસ્તાર વધારે ત્યારે તમને જો માંસ ખાવાની ઇચ્છા થાય તો ખાવું કેમ કે મન માનતાં સુધી ખાવાની તમને છૂટ છે.

21
כִּֽי־ જો
יִרְחַ֨ק દૂર-હોય H7368
מִמְּךָ֜ તારથી
הַמָּק֗וֹם જગ્યા H4725
אֲשֶׁ֨ר જે
יִבְחַ֜ר પસંદ-કરશે H0977
יְהוָ֣ה યહોવા H3068
אֱלֹהֶיךָ֮ તારા-ઈશ્વર H0430
לָשׂ֣וּם મૂકવા
שְׁמ֣וֹ તેમનું-નામ H8034
שָׁם֒ ત્યાં H8033
וְזָבַחְתָּ֞ તો-કાપીશ H2076
מִבְּקָרְךָ֣ તારાં-ગાયોમાંથી H1241
וּמִצֹּֽאנְךָ֗ અને-તારાં-ઘેટાંમાંથી H6629
אֲשֶׁ֨ר જે
נָתַ֤ן આપ્યા H5414
יְהוָה֙ યહોવાએ H3068
לְךָ֔ તને
כַּאֲשֶׁ֖ר જેમ
צִוִּיתִ֑ךָ આજ્ઞા-કરી-હતી-તને H6680
וְאָֽכַלְתָּ֙ અને-ખાઈશ H0398
בִּשְׁעָרֶ֔יךָ તારાં-દરવાજામાં H8179
בְּכֹ֖ל સર્વ H3605
אַוַּ֥ת ઇચ્છાથી H0185
נַפְשֶֽׁךָ׃ તારા-આત્માની H5315

તમારા ઈશ્વર યહોવાહે પોતાના નામ માટે પસંદ કરેલું સ્થળ જો બહુ દૂર હોય તો જેમ યહોવાહે તમને આજ્ઞા આપી છે તેમ, તમારાં ઘેટાંબકરાં તથા અન્ય જાનવર કે જે યહોવાહે તમને આપ્યાં છે તે કાપવાં અને તમારી ઇચ્છા થાય ત્યાં સુધી તમારે ઘરે ખાવાં.

22
אַ֗ךְ બસ H0389
כַּאֲשֶׁ֨ר જેમ
יֵאָכֵ֤ל ખવાય-છે H0398
אֶֽת־ — H0853
הַצְּבִי֙ હરણ
וְאֶת־ અને H0853
הָ֣אַיָּ֔ל સાબર H0354
כֵּ֖ן તેમ
תֹּאכְלֶ֑נּוּ ખાઈશ H0398
הַטָּמֵא֙ અશુદ્ધ H2931
וְהַטָּה֔וֹר અને-શુદ્ધ H2889
יַחְדָּ֖ו બંને
יֹאכְלֶֽנּוּ׃ ખાશે H0398

હરણ કે સાબરનું માંસ ખવાય છે તેમ તમારે તે ખાવું; માણસ શુદ્ધ કે અશુદ્ધ સ્થિતિ હોય તો પણ તે ખાઈ શકે છે.

23
רַ֣ק પરંતુ H7535
חֲזַ֗ק દૃઢ-રહે H2388
לְבִלְתִּי֙ નહિં H1115
אֲכֹ֣ל ખાવા H0398
הַדָּ֔ם લોહી H1818
כִּ֥י કારણ-કે
הַדָּ֖ם લોહી H1818
ה֣וּא તે-જ H1931
הַנָּ֑פֶשׁ પ્રાણ-છે H5315
וְלֹא־ અને-નહિં H3808
תֹאכַ֥ל ખાઈશ H0398
הַנֶּ֖פֶשׁ પ્રાણને H5315
עִם־ સાથે
הַבָּשָֽׂר׃ માંસના H1320

પરંતુ એટલું સંભાળજો કે લોહી તમારા ખાવામાં ન આવે, કારણ કે, રક્તમાં જ જીવ છે અને માંસ સાથે તેનો જીવ તમારે ખાવો નહિ.

24
לֹ֖א ન H3808
תֹּאכְלֶ֑נּוּ ખાઈશ H0398
עַל־ —
הָאָ֥רֶץ ભૂમિ-પર H0776
תִּשְׁפְּכֶ֖נּוּ રેડો H8210
כַּמָּֽיִם׃ પાણી-જેમ H4325

તમારે લોહી ખાવું નહિ, પણ જળની જેમ જમીન પર ઢોળી દેવું.

25
לֹ֖א ન H3808
תֹּאכְלֶ֑נּוּ ખાઈશ H0398
לְמַ֨עַן જેથી H4616
יִיטַ֥ב ભલું-હોય H3190
לְךָ֛ તને
וּלְבָנֶ֖יךָ અને-તારાં-સંતાનોને
אַחֲרֶ֑יךָ તારા-પછી
כִּֽי־ જો
תַעֲשֶׂ֥ה કરીશ
הַיָּשָׁ֖ר યોગ્ય H3477
בְּעֵינֵ֥י આખોમાં
יְהוָֽה׃ યહોવાની H3068

તમારે તે ખાવું નહિ; એ માટે કે યહોવાહ તમારા ઈશ્વરની દૃષ્ટિમાં જે યથાર્થ છે તે કર્યાથી તમારું તથા તમારી પાછળ તમારા સંતાનોનું ભલું થાય.

26
רַ֧ק પરંતુ H7535
קָֽדָשֶׁ֛יךָ તારી-પવિત્ર-વસ્તુઓ H6944
אֲשֶׁר־ જે
יִהְי֥וּ હોય H1961
לְךָ֖ તારી
וּנְדָרֶ֑יךָ અને-માનતાઓ H5088
תִּשָּׂ֣א ઊંચકીશ H5375
וּבָ֔אתָ અને-આવીશ H0935
אֶל־ — H0413
הַמָּק֖וֹם જગ્યાએ H4725
אֲשֶׁר־ જે
יִבְחַ֥ר પસંદ-કરશે H0977
יְהוָֽה׃ યહોવા H3068

તમારી પાસેની અર્પિત વસ્તુઓ તથા તમારી માનતાઓ તે તમારે યહોવાહે પસંદ કરેલા સ્થાનમાં લઈ જવાં.

27

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְעָשִׂיתָ | עֹלֹתֶיךָ | הַבָּשָׂר | וְהַדָּם | עַל־ | מִזְבַּח | יְהוָה | אֱלֹהֶיךָ | וְדַם־ |
| અને-ચઢાવીશ | તારી-દહનાર્પણો | માંસ | અને-લોહી | — | વેદી-પર | યહોવા | તારા-ઈશ્વરની | અને-લોહી |
| | | H1320 | H1818 | | H4196 | H3068 | H0430 | H1818 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| זְבָחֶיךָ | יִשָּׁפֵךְ | עַל־ | מִזְבַּח | יְהוָה | אֱלֹהֶיךָ | וְהַבָּשָׂר | תֹּאכֵל׃ |
| તારાં-બલિદાનોનું | રેડાશે | — | વેદી-પર | યહોવા | તારા-ઈશ્વરની | અને-માંસ | ખાઈશ |
| H2077 | H8210 | | H4196 | H3068 | H0430 | H1320 | H0398 |

અને યહોવાહ તમારા ઈશ્વરની વેદી પર તમારે તમારાં દહનીયાર્પણ એટલે માંસ તથા લોહી ચઢાવવાં; પણ તમારા યજ્ઞોનું લોહી તમારે યહોવાહ તમારા ઈશ્વરની વેદી પર રેડી દેવું.

28

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שְׁמֹר | וְשָׁמַעְתָּ | אֵת | כָּל־ | הַדְּבָרִים | הָאֵלֶּה | אֲשֶׁר | אָנֹכִי | מְצַוֶּךָּ | לְמַעַן | יִיטַב |
| પાળ | અને-સાંભળ | — | સર્વ | વચનો | આ | જે | હું | તને-આજ્ઞા-આપું-છું | જેથી | ભલું-હોય |
| H8104 | H8085 | H0853 | H3605 | H1697 | H0428 | | H0595 | H6680 | H4616 | H3190 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לְךָ | וּלְבָנֶיךָ | אַחֲרֶיךָ | עַד־ | עוֹלָם | כִּי | תַעֲשֶׂה | הַטּוֹב | וְהַיָּשָׁר | בְּעֵינֵי | יְהוָה |
| તને | અને-તારાં-સંતાનોને | તાર◌ી-પછી | સુધી | સદાકાળ | જો | કરશો | સારું | અને-યોગ્ય | આંખોમાં | યહોવા |
| | | | H5704 | H5769 | | | | H3477 | | H3068 |

| | |
|---|---|
| אֱלֹהֶיךָ׃ | ס |
| તારા-ઈશ્વરની | — |
| H0430 | |

જે સર્વ આજ્ઞાઓ હું તમને ફરમાવું છું તે ધ્યાન આપીને સાંભળો એ માટે કે યહોવાહ તમારા ઈશ્વરની દૃષ્ટિમાં જે સારું અને યથાર્થ કર્યાથી તમારું અને તમારાં સંતાનોનું સદા ભલું થાય.

29

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | יַכְרִית | יְהוָה | אֱלֹהֶיךָ | אֶת־ | הַגּוֹיִם | אֲשֶׁר | אַתָּה | בָא־ | שָׁמָּה | לָרֶשֶׁת |
| જ્યારે | કાપી-નાખશે | યહોવા | તારા-ઈશ્વર | — | પ્રજાઓને | જેમાં | તું | જાએં-છે | ત્યાં | વારસો-લેવા |
| | H3772 | H3068 | H0430 | H0853 | | | | H0935 | H8033 | H3423 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֹתָם | מִפָּנֶיךָ | וְיָרַשְׁתָּ | אֹתָם | וְיָשַׁבְתָּ | בְּאַרְצָם׃ |
| તેમને | તારી-આગળથી | અને-વારસો-લેશો | તેમને | અને-વસશો | તેમના-દેશમાં |
| H0853 | H6440 | H3423 | H0853 | H3427 | H0776 |

જે દેશજાતિઓનું વતન પ્રાપ્ત કરવા તમે જાઓ છો તેઓનો જયારે યહોવાહ તમારા ઈશ્વર તમારી આગળથી નાશ કરે અને તમે તેઓનું વતન પામી તેમના દેશમાં રહો,

30

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
આમ કરવાથી યહોવાહ તમારા ઈશ્વર તમારું રક્ષણ કરવા તથા શત્રુઓને તમારા હાથમાં સોંપવાને તમારી છાવણીમાં ફરે છે. માટે તમારી છાવણી શુદ્ધ રહે. વળી તમારામાં કોઈ અશુદ્ધ વસ્તુ જોઈને તે તમારાથી દૂર જતા રહે નહિ.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | תַסְגִּיר | עֶבֶד | אֶל־ | אֲדֹנָיו | אֲשֶׁר־ | יִנָּצֵל | אֵלֶיךָ | מֵעִם | אֲדֹנָיו׃ |
| નહીં | સોંપજે | ગુલામને | પાસે | તેના-માલિકના | જે | ભાગી-આવે | તારી-પાસે | પાસેથી | તેના-માલિકના |
| H3808 | H5462 | H5650 | H0413 | H0113 | | H5337 | H0413 | | H0113 |

જો કોઈ દાસ તેના માલિક પાસેથી તમારી પાસે નાસી આવ્યો હોય. તેને તમે પાછો તેના માલિકને ન સોંપો.

16

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עִמְּךָ | יֵשֵׁב | בְּקִרְבְּךָ | בַּמָּקוֹם | אֲשֶׁר־ | יִבְחַר | בְּאַחַד | שְׁעָרֶיךָ | בַּטּוֹב | לוֹ | לֹא | תּוֹנֶנּוּ׃ | ס |
| તારી-સાથે | રહેશે | તારી-વચ્ચે | સ્થાને | જે | પસંદ-કરે | કોઈ-એકમાં | તારા-દરવાજાઓમાં | સારામાં | તેને | નહીં | હેરાન-કરજે | — |
| | H3427 | H7130 | H4725 | | H0977 | H0259 | H8179 | | | H3808 | H3238 | |

તમારાં નગરોમાંથી તેને જયાં પસંદ પડે ત્યાં રહેવા દેવો અને તમારે તેના પર જુલમ કરવો નહિ.

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | תִהְיֶה | קְדֵשָׁה | מִבְּנוֹת | יִשְׂרָאֵל | וְלֹא־ | יִהְיֶה | קָדֵשׁ | מִבְּנֵי | יִשְׂרָאֵל׃ |
| નહીં | હોય | વેશ્યા | પુત્રીઓમાંથી | ઇઝરાયેલની | અને-નહીં | હોય | વેશ્યો | પુત્રોમાંથી | ઇઝરાયેલના |
| H3808 | H1961 | H6948 | H1323 | H3478 | H3808 | H1961 | H6945 | | H3478 |

ઇઝરાયલની દીકરીઓમાં કોઈ પણ ગણિકા + 23:17 મંદિર ગણિકા ન હોય અને ઇઝરાયલપુત્રોમાં કોઈ સજાતીય સંબંધ ધરાવતા ન હોય.

18

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | תָבִיא | אֶתְנַן | זוֹנָה | וּמְחִיר | כֶּלֶב | בֵּית | יְהוָה | אֱלֹהֶיךָ | לְכָל־ | נֶדֶר | כִּי | תוֹעֲבַת | יְהוָה | אֱלֹהֶיךָ | גַּם־ | שְׁנֵיהֶם׃ |
| નહીં | લાવજે | આવક | વેશ્યાનો | અને-કિંમત | કૂતરાનું | ઘરમાં | યહોવાહના | તારા-ઈશ્વરના | કોઈ-પણ | માનતા-માટે | કારણ-કે | ધૃણાસ્પદ-છે | યહોવાહ-માટે | તારા-ઈશ્વરના | બંને-પણ | તેઓ |
| H3808 | H0935 | H0868 | H2181 | H4242 | H3611 | | H3068 | H0430 | H3605 | H5088 | | H8441 | H3068 | H0430 | H1571 | H8147 |

સ્ત્રી અથવા પુરુષ વેશ્યાની કમાણીને માનતા ઉતારવા માટે યહોવાહ તમારા ઈશ્વરના ઘરમાં લાવવા નહિ; કારણ કે એ બન્ને કમાણીને યહોવાહ તમારા ઈશ્વર ધિક્કારે છે.

19

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | תַשִּׁיךְ | לְאָחִיךָ | נֶשֶׁךְ | כֶּסֶף | נֶשֶׁךְ | אֹכֶל | נֶשֶׁךְ | כָּל־ | דָּבָר | אֲשֶׁר | יִשָּׁךְ׃ |
| નહીં | વ્યાજ-લેજે | તારા-ભાઈને | વ્યાજ | પૈસાનો | વ્યાજ | ખોરાકનો | વ્યાજ | કોઈ-પણ | વાતનો | જે | વ્યાજ-લેવાય |
| H3808 | | H0251 | H5392 | H3701 | H5392 | H0400 | H5392 | H3605 | H1697 | | |

તમે તમારા ભાઈને કંઈ પણ વ્યાજે ન ધીરો; નાણાનું વ્યાજ કે અનાજનું વ્યાજ કે વ્યાજે ધીરાતી કોઈપણ વસ્તુનું વ્યાજ લેવું નહિ.

20

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לַנָּכְרִי | תַשִּׁיךְ | וּלְאָחִיךָ | לֹא | תַשִּׁיךְ | לְמַעַן | יְבָרֶכְךָ | יְהוָה | אֱלֹהֶיךָ | בְּכֹל | מִשְׁלַח | יָדֶךָ | עַל־ | הָאָרֶץ | אֲשֶׁר־ | אַתָּה | בָא־ | שָׁמָּה | לְרִשְׁתָּהּ׃ | ס |
| પરદેશીને | વ્યાજ-લેજે | અને-તારા-ભાઈને | નહીં | વ્યાજ-લેજે | જેથી | આશીર્વાદ-આપે | યહોવાહ | તારો-ઈશ્વર | બધામાં | હાથના-કામમાં | તારા-હાથના | ઉપર | ભૂમિમાં | જેમાં | તું | જાએ-છે | ત્યાં | કબજે-કરવા | — |
| H5237 | | H0251 | H3808 | | H4616 | H1288 | H3068 | H0430 | H3605 | | H3027 | | H0776 | | | H0935 | H8033 | H3423 | |

પરંતુ પરદેશીને વ્યાજે આપવાની છૂટ છે. પણ તમારા ઇઝરાયલી ભાઈઓ પાસે વ્યાજ લેવું નહિ, તેથી જે દેશનું વતન પામવા તમે જાઓ છો. તેમાં જે કશામાં તમે હાથ લગાડો તેમાં યહોવાહ તમારા ઈશ્વર આશીર્વાદ આપે.

21

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | תִדֹּ֥ר | נֶ֨דֶר | לַֽיהוָ֣ה | אֱלֹהֶ֔יךָ | לֹ֥א | תְאַחֵ֖ר | לְשַׁלְּמ֑וֹ | כִּֽי־ | דָרֹ֨שׁ | יִדְרְשֶׁ֜נּוּ |
| જ્યારે | માનતા-માનો | માનતા | યહોવાહને | તારા-ઈશ્વરને | નહીં | મોડું-કરજે | પૂરું-કરવા | કારણ-કે | ખાસ | માગશે-તેને |
| | H5087 | H5088 | H3068 | H0430 | H3808 | H0309 | | | H1875 | H1875 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| יְהוָ֤ה | אֱלֹהֶ֙יךָ֙ | מֵעִמָּ֔ךְ | וְהָיָ֥ה | בְךָ֖ | חֵֽטְא׃ |
| યહોવાહ | તારો-ઈશ્વર | તારી-પાસેથી | અને-થશે | તારામાં | પાપ |
| H3068 | H0430 | | H1961 | | H2399 |

જો તમે યહોવાહ તમારા ઈશ્વર પ્રત્યે માનતા લો તો તે પૂર્ણ કરવામાં વિલંબ ન કરો, કારણ કે યહોવાહ તમારા ઈશ્વર નિશ્ચે તમારી પાસેથી ઉત્તર લેશે. કેમ કે એ તો તમારો દોષ ગણાય.

22

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְכִ֥י | תֶחְדַּ֖ל | לִנְדֹּ֑ר | לֹא־ | יִהְיֶ֥ה | בְךָ֖ | חֵֽטְא׃ |
| અને-જો | બંધ-રાખો | માનતા-માનવાથી | નહીં | હોય | તારામાં | પાપ |
| | H2308 | H5087 | H3808 | H1961 | | H2399 |

પણ જો તમે માનતા લેવા માંગતા ન હોય તો તેથી તમે દોષિત નહિ ઠરો.

23

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מוֹצָ֥א | שְׂפָתֶ֖יךָ | תִּשְׁמֹ֣ר | וְעָשִׂ֑יתָ | כַּאֲשֶׁ֨ר | נָדַ֜רְתָּ | לַיהוָ֤ה | אֱלֹהֶ֙יךָ֙ | נְדָבָ֔ה | אֲשֶׁ֥ר |
| બોલેલું | તારા-હોઠોનું | પાળજે | અને-કરજે | જેમ | માનતા-માની | યહોવાહને | તારા-ઈશ્વરને | સ્વેચ્છાએ | જે |
| H4161 | H8193 | H8104 | | | H5087 | H3068 | H0430 | H5071 | |

| | | |
|---|---|---|
| דִּבַּ֖רְתָּ | בְּפִֽיךָ׃ | ס |
| બોલ્યું | તારા-મુખેથી | — |
| H1696 | H6310 | |

પરંતુ જે કંઈ બોલ્યા હોય તે તમે પાળો, તથા અમલમાં મૂકો; યહોવાહ તમારા ઈશ્વર પ્રત્યે જે કંઈ માનતા લીધી હોય એટલે કે જે ઐચ્છિકાર્પણનું વચન તે તમારા મુખથી આપ્યું હોય તો તે પ્રમાણે કરો.

24

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֤י | תָבֹא֙ | בְּכֶ֣רֶם | רֵעֶ֔ךָ | וְאָכַלְתָּ֧ | עֲנָבִ֛ים | כְּנַפְשְׁךָ֖ | שָׂבְעֶ֑ךָ | וְאֶֽל־ | כֶּלְיְךָ֖ |
| જ્યારે | આવો | દ્રાક્ષાવાટિકામાં | પડોશીના | અને-ખાજે | દ્રાક્ષો | તારી-ઇચ્છા-મુજબ | તૃપ્તિ-સુધી | અને-તારા | વાસણમાં |
| | H0935 | H3754 | H7453 | H0398 | H6025 | H5315 | H7648 | H0413 | H3627 |

| | | |
|---|---|---|
| לֹ֥א | תִתֵּֽן׃ | ס |
| નહીં | મૂકજે | — |
| H3808 | H5414 | |

જયારે તમે તમારા પડોશીની દ્રાક્ષવાડીમાં જાઓ ત્યારે મરજી પ્રમાણે દ્રાક્ષ ધરાઈને ખાઈ શકો છો, પરંતુ તમારા પાત્રમાં ભરીને લઈ જાઓ નહિ.

25

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֤י | תָבֹא֙ | בְּקָמַ֣ת | רֵעֶ֔ךָ | וְקָטַפְתָּ֥ | מְלִילֹ֖ת | בְּיָדֶ֑ךָ | וְחֶרְמֵשׁ֙ | לֹ֣א | תָנִ֔יף | עַ֖ל |
| જ્યારે | આવો | ખેતરમાં | પડોશીના | અને-તોડજે | કણસલાં | તારા-હાથે | અને-દાતરડો | નહીં | ચલાવજે | ઉપર |
| | H0935 | H7054 | H7453 | H6998 | H4425 | H3027 | H2770 | H3808 | | |

| | | |
|---|---|---|
| קָמַ֥ת | רֵעֶֽךָ׃ | ס |
| ખેતરના | પડોશીના | — |
| H7054 | H7453 | |

તમે તમારા પડોશીના ખેતરમાં જાઓ ત્યારે કણસલાં તોડવાની છૂટ છે. પણ તારા પડોશીનાં પાકેલાં અનાજને દાંતરડાથી કાપી લો નહિ.

## Chapter 24

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | יִקַּ֥ח | אִ֛ישׁ | אִשָּׁ֖ה | וּבְעָלָ֑הּ | וְהָיָ֞ה | אִם־ | לֹ֧א | תִמְצָא־ | חֵ֣ן | בְעֵינָ֗יו |
| જો | લે | માણસ | સ્ત્રીને | અને-લગ્ન-કરે | અને-થાય | જો | નહીં | મળે | કૃપા | તેની-નજરમાં |
| | H3947 | H0376 | H0802 | H1166 | H1961 | | H3808 | H4672 | H2580 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | מָ֤צָא | בָהּ֙ | עֶרְוַ֣ת | דָּבָ֔ר | וְכָ֨תַב | לָ֜הּ | סֵ֤פֶר | כְּרִיתֻת֙ | וְנָתַ֣ן | בְּיָדָ֔הּ |
| કારણ-કે | મળ્યું | તેનામાં | અશોભનતા | વાતની | અને-લખે | તેને | પત્ર | છૂટાછેડનો | અને-આપે | તેના-હાથમાં |
| | H4672 | | H6172 | H1697 | H3789 | | | H3748 | H5414 | H3027 |

| | |
|---|---|
| וְשִׁלְּחָ֖הּ | מִבֵּיתֽוֹ׃ |
| અને-મોકલે | પોતાના-ઘરમાંથી |
| H7971 | |

જો કોઈ પુરુષે સ્ત્રીની સાથે લગ્ન કર્યા હોય અને તેનામાં કંઈ શરમજનક બાબત માલૂમ પડ્યાથી તે તેની નજરમાં કૃપા ન પામે, તો તેને છૂટાછેડા ના પ્રમાણ પત્ર લખી આપે અને તે તેના હાથમાં મૂકીને તેને પોતાના ઘરમાંથી કાઢી મૂકી શકે.

2
וְיָצְאָה અને-નીકળે H3318
מִבֵּיתוֹ તેના-ઘરમાંથી
וְהָלְכָה અને-જાય H1980
וְהָיְתָה અને-થાય H1961
לְאִישׁ־ માણસની H0376
אַחֵר׃ બીજાની H0312

અને જયારે તે સ્ત્રી તેના ઘરમાંથી નીકળી જાય પછી અન્ય પુરુષ સાથે લગ્ન કરવાની તેને છૂટ છે.

3
וּשְׂנֵאָהּ અને-ધિક્કારે H8130
הָאִישׁ માણસ H0376
הָאַחֲרוֹן છેલ્લો H0314
וְכָתַב અને-લખે H3789
לָהּ તેને
סֵפֶר પત્ર
כְּרִיתֻת છૂટાછેડનો H3748
וְנָתַן અને-આપે H5414
בְּיָדָהּ તેના-હાથમાં H3027
וְשִׁלְּחָהּ અને-મોકલે H7971
מִבֵּיתוֹ પોતાના-ઘરમાંથી
אוֹ અથવા
כִּי જો
יָמוּת મરે H4191
הָאִישׁ માણસ H0376
הָאַחֲרוֹן છેલ્લો H0314
אֲשֶׁר־ જેણે
לְקָחָהּ લીધી H3947
לוֹ તેને
לְאִשָּׁה׃ પત્ની-તરીકે H0802

જો તેનો બીજો પતિ પણ તેને ધિક્કારે અને છૂટાછેડાના પ્રમાણ પત્ર લખી તેના હાથમાં મૂકે, તેના ઘરમાંથી તેને કાઢી મૂકે; અથવા જે બીજા પતિએ તેને પત્ની તરીકે લીધી હતી તે જો મૃત્યુ પામે,

4
לֹא־ નહીં H3808
יוּכַל શકશે H3201
בַּעְלָהּ તેનો-પહેલો-પતિ H1167
הָרִאשׁוֹן પહેલો H7223
אֲשֶׁר־ જેણે
שִׁלְּחָהּ મોકલી H7971
לָשׁוּב પાછા-ફરવા H7725
לְקַחְתָּהּ લેવા H3947
לִהְיוֹת થવા H1961
לוֹ તેને
לְאִשָּׁה પત્ની-તરીકે H0802
אַחֲרֵי પછી
אֲשֶׁר જે
הֻטַּמָּאָה અશુદ્ધ-થઈ
כִּי־ કારણ-કે
תוֹעֵבָה ઘૃણાસ્પદ H8441
הִוא છે H1931
לִפְנֵי સામે H6440
יְהוָה યહોવાહના H3068
וְלֹא અને-નહીં H3808
תַחֲטִיא પાપ-કરાવજે H2398
אֶת־ આ H0853
הָאָרֶץ ભૂમિને H0776
אֲשֶׁר જે
יְהוָה યહોવાહ H3068
אֱלֹהֶיךָ તારો-ઈશ્વર H0430
נֹתֵן આપે-છે H5414
לְךָ તને
נַחֲלָה׃ વારસામાં H5159
ס —

ત્યારે તેનો પહેલો પતિ, જેણે તેને અગાઉ કાઢી મૂકી હતી, તે તેને અશુદ્ધ થયા પછી પોતાની પત્ની તરીકે ફરીથી ન લે; કેમ કે, યહોવાહની દૃષ્ટિમાં તે ઘૃણાસ્પદ છે. યહોવાહ તમારા ઈશ્વર તને જે દેશ વારસા તરીકે આપનાર છે તે દેશને તું પાપનું કારણ ન બનાવ.

5
כִּי־ જ્યારે
יִקַּח લે H3947
אִישׁ માણસ H0376
אִשָּׁה સ્ત્રીને H0802
חֲדָשָׁה નવી H2319
לֹא નહીં H3808
יֵצֵא નીકળશે H3318
בַּצָּבָא સેનામાં
וְלֹא־ અને-નહીં H3808
יַעֲבֹר પસાર-થાય
עָלָיו તેના-ઉપર
לְכָל־ કોઈ-પણ H3605
דָּבָר વાત H1697
נָקִי મુક્ત
יִהְיֶה હશે H1961
לְבֵיתוֹ પોતાના-ઘર-માટે
שָׁנָה વર્ષ H8141
אֶחָת એક H0259
וְשִׂמַּח અને-ખુશી-આપશે H8055
אֶת־ આ H0853
אִשְׁתּוֹ પોતાની-પત્નીને H0802
אֲשֶׁר־ જેને
לָקָח׃ લીધી H3947
ס —

જયારે કોઈ પુરુષ નવ પરિણીત હોય ત્યારે તે લશ્કરમાં ન જાય કે તેને કંઈ જ કામ સોંપવામાં ન આવે; તે એક વર્ષ સુધી ઘરે રહે, જે પત્ની સાથે તેણે લગ્ન કર્યું છે, તેને આનંદિત કરે.

6
לֹא־ નહીં H3808
יַחֲבֹל ગિરવી-મૂકે
רֵחַיִם ઘંટી-પથ્થર H7347
וָרָכֶב અને-ઉપલા-પથ્થરને H7393
כִּי־ કારણ-કે
נֶפֶשׁ જીવન H5315
הוּא તે H1931
חֹבֵל׃ ગિરવી-મૂકે-છે
ס —

કોઈ માણસ લોટ દળવાની ઘંટીની નીચેનું કે ઉપલું પડ પણ ગીરવે ન લે; કેમ કે તેમ કરવાથી તે માણસની આજીવિકા ગીરવે લે છે.

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | יִמָּצֵ֨א | אִ֗ישׁ | גֹּנֵ֨ב | נֶ֤פֶשׁ | מֵאֶחָיו֙ | מִבְּנֵ֣י | יִשְׂרָאֵ֔ל | וְהִתְעַמֶּר־ | בּ֖וֹ |
| જો | મળે | માણસ | ચોરી-કરતો | જીવને | પોતાના-ભાઈઓમાંથી | પુત્રોમાંથી | ઇઝરાયેલના | અને-ગુલામ-બનાવે | તેને |
| | H4672 | H0376 | H1589 | H5315 | H0251 | | H3478 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וּמְכָר֑וֹ | וּמֵת֙ | הַגַּנָּ֣ב | הַה֔וּא | וּבִעַרְתָּ֥ | הָרָ֖ע | מִקִּרְבֶּֽךָ׃ |
| અને-વેચે | તો-મરશે | ચોર | તે | અને-દૂર-કરજે | દુષ્ટતા | તારી-વચ્ચેથી |
| H4376 | H4191 | H1590 | H1931 | | | H7130 |

જો કોઈ માણસ ઇઝરાયલના લોકોમાંથી પોતાના કોઈ ભાઈનું અપહરણ કરી તેને ગુલામ બનાવે, કે તેને વેચી દે, તો તે ચોર નિશ્ચે માર્યો જાય. આ રીતે તમારે તમારામાંથી દુષ્ટતા દૂર કરવી.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הִשָּׁ֧מֶר | בְּנֶֽגַע־ | הַצָּרַ֛עַת | לִשְׁמֹ֥ר | מְאֹ֖ד | וְלַעֲשׂ֑וֹת | כְּֽכֹל֩ | אֲשֶׁר־ | יוֹר֨וּ | אֶתְכֶ֜ם | הַכֹּהֲנִ֧ים |
| સાવધાન-રાખો | રોગ-માં | કોઢના | પાળવા | ખૂબ | અને-કરવા | બધું-જેમ | જે | શીખવે | તમને | યાજકો |
| H8104 | H5061 | H6883 | H8104 | H3966 | | H3605 | | | H0853 | H3548 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| הַלְוִיִּ֛ם | כַּאֲשֶׁ֥ר | צִוִּיתִ֖ם | תִּשְׁמְר֥וּ | לַעֲשֽׂוֹת׃ | ס |
| લેવીઓ | જેમ | આજ્ઞા-આપી | પાળજો | કરવા-માટે | — |
| H3881 | | H6680 | H8104 | | |

કુષ્ઠ રોગ વિષે તમે સાવધ રહો, કે જેથી લેવી યાજકોએ શીખવેલી સૂચનાઓ તમે કાળજીપૂર્વક પાળો જેમ મેં તમને આજ્ઞા આપી તે પ્રમાણે તમે કરો.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| זָכ֕וֹר | אֵ֧ת | אֲשֶׁר־ | עָשָׂ֛ה | יְהוָ֥ה | אֱלֹהֶ֖יךָ | לְמִרְיָ֑ם | בַּדֶּ֖רֶךְ | בְּצֵאתְכֶ֥ם | מִמִּצְרָֽיִם׃ | ס |
| યાદ-રાખો | આ-જે | જે | કર્યું | યહોવાહે | તારા-ઈશ્વરે | મિર્યામને | માર્ગમાં | જ્યારે-નીકળ્યા | મિસરમાંથી | — |
| H2142 | H0853 | | | H3068 | H0430 | H4813 | H1870 | H3318 | H4714 | |

મિસરમાંથી બહાર આવ્યા ત્યારે યહોવાહ તમારા ઈશ્વરે મરિયમ સાથે શું કર્યું તે યાદ કરો.

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | תַשֶּׁ֥ה | בְרֵעֲךָ֖ | מַשַּׁ֣את | מְא֑וּמָה | לֹא־ | תָבֹ֥א | אֶל־ | בֵּית֖וֹ | לַעֲבֹ֥ט | עֲבֹטֽוֹ׃ |
| જ્યારે | લોન-આપો | પડોશીને | લોન | કોઈ-પણ | નહીં | જશે | પ્રત્યે | તેના-ઘરમાં | લેવા | તેનું-ગિરવી |
| | H5383 | H7453 | H4859 | H3972 | H3808 | H0935 | H0413 | | H5670 | H5667 |

જ્યારે તમે તમારા પડોશીને કંઈ ઉધાર આપો, ત્યારે તમે ગીરે મૂકેલી વસ્તુ લેવા તેના ઘરમાં ન જાઓ.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בַּח֖וּץ | תַּעֲמֹ֑ד | וְהָאִ֗ישׁ | אֲשֶׁ֤ר | אַתָּה֙ | נֹשֶׁ֣ה | ב֔וֹ | יוֹצִ֥יא | אֵלֶ֛יךָ | אֶת־ |
| બહાર | ઊભા-રહો | અને-માણસ | જેને | તું | લોન-આપેલો-છે | તેને | બહાર-લાવશે | તારી-પાસે | આ |
| H2351 | H5975 | H0376 | | | H5383 | | H3318 | H0413 | H0853 |

| | |
|---|---|
| הָעֲב֖וֹט | הַחֽוּצָה׃ |
| ગિરવીને | બહાર |
| H5667 | H2351 |

તમે બહાર ઊભો રહો, જે માણસે તમારી પાસેથી ઉધાર લીધું હશે તે ગીરે મૂકેલી વસ્તુને તમારી પાસે બહાર લાવે.

12

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְאִם־ | אִ֥ישׁ | עָנִ֖י | ה֑וּא | לֹ֥א | תִשְׁכַּ֖ב | בַּעֲבֹטֽוֹ׃ |
| અને-જો | માણસ | ગરીબ | હોય | નહીં | સૂજે | તેની-ગિરવી-સાથે |
| | H0376 | H6041 | H1931 | H3808 | H7901 | H5667 |

જો કોઈ માણસ ગરીબ હોય તો તેની ગીરેવે મૂકેલી વસ્તુ લઈને તમે ઊંઘી જશો નહિ.

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הָשֵׁב֩ | תָּשִׁ֨יב | ל֤וֹ | אֶֽת־ | הַעֲבוֹט֙ | כְּב֣וֹא | הַשֶּׁ֔מֶשׁ | וְשָׁכַ֥ב | בְּשַׂלְמָת֖וֹ | וּבֵֽרְכֶ֑ךָּ |
| ખાસ | પાછું-આપજે | તેને | આ | ગિરવીને | આથમે | સૂર્ય | અને-સૂજે | પોતાના-કપડામાં | અને-આશીર્વાદ-આપશે-તને |
| H7725 | H7725 | | H0853 | H5667 | H0935 | H8121 | H7901 | H8008 | H1288 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וּלְךָ֙ | תִּהְיֶ֣ה | צְדָקָ֔ה | לִפְנֵ֖י | יְהוָ֥ה | אֱלֹהֶֽיךָ׃ | ס |
| અને-તારા-માટે | થશે | ધાર્મિકતા | સામે | યહોવાહ | તારા-ઈશ્વરના | — |
| | H1961 | H6666 | H6440 | H3068 | H0430 | |

સૂર્ય આથમતાં પહેલાં તમારે તેની ગીરે મૂકેલી વસ્તુ પાછી આપી દેવી, કે જેથી તે તેનો ઝભ્ભો પહેરીને સૂએ અને તમને આશીર્વાદ આપે; યહોવાહ તમારા ઈશ્વરની આગળ તે તારું ન્યાયીપણું ગણાશે.

14 לֹא־ નહીં H3808 | תַעֲשֹׁק શોષણ-કરજે H6231 | שָׂכִיר મજૂરને H7916 | עָנִי ગરીબ H6041 | וְאֶבְיוֹן અને-જરૂરિયાતમંદને H0034 | מֵאַחֶיךָ તારા-ભાઈઓમાંથી H0251 | אוֹ અથવા | מִגֵּרְךָ તારા-પરદેશીમાંથી H1616 | אֲשֶׁר જે
בְּאַרְצְךָ તારી-ભૂમિમાં H0776 | בִּשְׁעָרֶיךָ׃ તારા-દરવાજાઓમાં H8179

તમારા ઇઝરાયલી સાથીદાર સાથે કે તમારા દેશમાં તમારા ગામોમાં રહેનાર પરદેશીમાંના કોઈ ગરીબ કે દરિદ્રી ચાકર પર તમે જુલમ ન કરો;

15 בְּיוֹמוֹ તેજ-દિવસે H3117 | תִתֵּן આપજે H5414 | שְׂכָרוֹ તેનો-પગાર H7939 | וְלֹא־ અને-નહીં H3808 | תָבוֹא આથમે H0935 | עָלָיו તેન□ી-ઉપર | הַשֶּׁמֶשׁ સૂર્ય H8121 | כִּי કારણ-કે | עָנִי ગરીબ-છે H6041 | הוּא તે H1931
וְאֵלָיו અને-તેના-પ્રત્યે H0413 | הוּא તે H1931 | נֹשֵׂא લગાવે-છે H5375 | אֶת־ આ H0853 | נַפְשׁוֹ પોતાનો-જીવ H5315 | וְלֹא־ અને-નહીં H3808 | יִקְרָא બોલાવે H7121 | עָלֶיךָ તારી-વિરુદ્ધ | אֶל־ પ્રત્યે H0413 | יְהוָה યહોવાહને H3068 | וְהָיָה અને-થશે H1961
בְךָ તારામાં | חֵטְא׃ પાપ H2399 | ס —

દરેક દિવસે તમે તેનું વેતન તેને આપો; સૂર્ય તે પર આથમે નહિ, કેમ કે તે ગરીબ છે તેના જીવનનો આધાર તેના પર જ છે. આ પ્રમાણે કરો કે જેથી તે તમારી વિરુદ્ધ યહોવાહને પોકાર કરે નહિ અને તમે દોષિત ઠરો નહિ.

16 לֹא־ નહીં H3808 | יוּמְתוּ મારી-નાખાય H4191 | אָבוֹת પિતાઓ H0001 | עַל־ કારણે | בָּנִים પુત્રોના | וּבָנִים અને-પુત્રો | לֹא־ નહીં H3808 | יוּמְתוּ મારી-નાખાય H4191 | עַל־ કારણે | אָבוֹת પિતાઓના H0001 | אִישׁ દરેક-માણસ H0376
בְּחֶטְאוֹ પોતાના-પાપમાં H2399 | יוּמָתוּ׃ મારી-નાખાય H4191 | ס —

સંતાનોનાં પાપને કારણે તેઓનાં માતાપિતા માર્યા જાય નહિ, માતાપિતાઓનાં પાપને કારણે સંતાનો માર્યા જાય નહિ. પણ દરેક પોતાના પાપને કારણે માર્યો જાય.

17 לֹא નહીં H3808 | תַטֶּה વાળજે H5186 | מִשְׁפַּט ન્યાય H4941 | גֵּר પરદેશીનો H1616 | יָתוֹם અનાથનો H3490 | וְלֹא અને-નહીં H3808 | תַחֲבֹל ગિરવી-મૂકજે | בֶּגֶד કપડાં | אַלְמָנָה׃ વિધવાના H0490

પરદેશી કે અનાથોનો તમે ન્યાય ન કરો, કે વિધવાનાં વસ્રો કદી ગીરે ન લો.

18 וְזָכַרְתָּ અને-યાદ-કરજે H2142 | כִּי કે | עֶבֶד ગુલામ H5650 | הָיִיתָ હતા H1961 | בְּמִצְרַיִם મિસરમાં H4714 | וַיִּפְדְּךָ અને-છોડાવ્યા-તને H6299 | יְהוָה યહોવાહે H3068 | אֱלֹהֶיךָ તારા-ઈશ્વરે H0430 | מִשָּׁם ત્યાંથી H8033 | עַל־ તેથી
כֵּן જ | אָנֹכִי હું H0595 | מְצַוְּךָ તને-આજ્ઞા-આપું-છું H6680 | לַעֲשׂוֹת કરવાનું | אֶת־ આ H0853 | הַדָּבָר વાત H1697 | הַזֶּה׃ આ H2088 | ס —

તમે મિસરમાં ગુલામ હતા અને યહોવાહ તમારા ઈશ્વરે તમને ત્યાંથી બચાવ્યા તે તમારે યાદ રાખવું. તે માટે હું તમને આ આજ્ઞા પાળવાનું ફરમાવું છું.

19

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | תִקְצֹר | קְצִירְךָ | בְשָׂדֶךָ | וְשָׁכַחְתָּ | עֹמֶר | בַּשָּׂדֶה | לֹא | תָשׁוּב | לְקַחְתּוֹ | |
| જ્યારે | લણો | પાકનું | ખેતરમાં | અને-ભૂલી-જાઓ | પૂળો | ખેતરમાં | નહીં | પાછા-વળજે | લેવા | |
| | | | | H7911 | | | H3808 | H7725 | H3947 | |
| לַגֵּר | לַיָּתוֹם | וְלָאַלְמָנָה | יִהְיֶה | לְמַעַן | יְבָרֶכְךָ | יְהוָה | אֱלֹהֶיךָ | בְּכֹל | מַעֲשֵׂה | יָדֶיךָ׃ |
| પરદેશી-માટે | અનાથ-માટે | અને-વિધવા-માટે | હશે | જેથી | આશીર્વાદ-આપે | યહોવાહ | તારો-ઈશ્વર | બધામાં | કામોમાં | તારા-હાથના |
| H1616 | H3490 | H0490 | H1961 | H4616 | H1288 | H3068 | H0430 | H3605 | H4639 | H3027 |

જયારે તમે ખેતરમાં વાવણી કરો, ત્યારે જો તમે પૂળો ખેતરમાં ભૂલી જાઓ તો તે લેવા તમે પાછા જશો નહિ, તેને પરદેશી, અનાથો તથા વિધવાઓ માટે ત્યાં જ પડયો રહેવા દેવો, જેથી યહોવાહ તમારા ઈશ્વર તમને તમારા હાથનાં સર્વ કામમાં આશીર્વાદ આપે.

20

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | תַחְבֹּט | זֵיתְךָ | לֹא | תְפַאֵר | אַחֲרֶיךָ | לַגֵּר | לַיָּתוֹם | וְלָאַלְמָנָה | יִהְיֶה׃ | ס |
| જ્યારે | ઝતકાવો | જૈતૂનને | નહીં | ફરી-વીણજે | પછીથી | પરદેશી-માટે | અનાથ-માટે | અને-વિધવા-માટે | હશે | — |
| | H2251 | H2132 | H3808 | | | H1616 | H3490 | H0490 | H1961 | |

જયારે તમે જૈતૂનનાં વૃક્ષને ઝૂડો ત્યારે ફરીથી ડાળીઓ પર ફરો નહિ; તેના પર રહેલા ફળ પરદેશીઓ, વિધવાઓ અને અનાથો માટે રહે.

21

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | תִבְצֹר | כַּרְמְךָ | לֹא | תְעוֹלֵל | אַחֲרֶיךָ | לַגֵּר | לַיָּתוֹם | וְלָאַלְמָנָה | יִהְיֶה׃ |
| જ્યારે | વીણો | દ્રાક્ષાવાટિકાને | નહીં | ફરી-વીણજે | પછીથી | પરદેશી-માટે | અનાથ-માટે | અને-વિધવા-માટે | હશે |
| | H1219 | H3754 | H3808 | | | H1616 | H3490 | H0490 | H1961 |

જયારે તમે તમારી દ્રાક્ષવાડીની દ્રાક્ષ ભેગી કરી લો, ત્યારે ફરીથી તેને એકઠી ન કરો. તેને પરદેશી માટે, વિધવા માટે તથા અનાથો માટે રહેવા દો.

22

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְזָכַרְתָּ | כִּי־ | עֶבֶד | הָיִיתָ | בְּאֶרֶץ | מִצְרָיִם | עַל־ | כֵּן | אָנֹכִי | מְצַוְּךָ | לַעֲשׂוֹת | אֶת־ | הַדָּבָר | הַזֶּה׃ | ס |
| અને-યાદ-કરજે | કે | ગુલામ | હતા | દેશમાં | મિસરના | તેથી | જ | હું | તને-આજ્ઞા-આપું-છું | કરવાનું | આ | વાત | આ | — |
| H2142 | | H5650 | H1961 | H0776 | H4714 | | | H0595 | H6680 | | H0853 | H1697 | H2088 | |

યાદ રાખો કે તમે મિસર દેશમાં ગુલામ હતા, એ માટે તમને આજ્ઞા પાળવાનું ફરમાવું છું.

## Chapter 25

1

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | יִהְיֶה | רִיב | בֵּין | אֲנָשִׁים | וְנִגְּשׁוּ | אֶל־ | הַמִּשְׁפָּט | וּשְׁפָטוּם | וְהִצְדִּיקוּ | אֶת־ | הַצַּדִּיק | וְהִרְשִׁיעוּ | אֶת־ | הָרָשָׁע׃ |
| જો | હોય | ઝઘડો | વચ્ચે | માણસોના | અને-આવે | પાસે | ન્યાયાસનના | અને-ન્યાય-કરે | તો-નિર્દોષ-ઠરાવે | તે | ન્યાયીને | અને-દોષિત-ઠરાવે | તે | દુષ્ટને |
| | H1961 | H7379 | H0996 | H0376 | H5066 | H0413 | H4941 | H8199 | H6663 | H0853 | H6662 | H7561 | H0853 | H7563 |

જો બે માણસો વચ્ચે ઝઘડો હોય અને તેઓ ન્યાય માટે અદાલતમાં જાય, ન્યાયાધીશો ન્યાય કરે, તેઓ ન્યાયીને નિર્દોષ અને દુષ્ટનો તિરસ્કાર કરે.

2

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָה | אִם־ | בִּן | הַכּוֹת | הָרָשָׁע | וְהִפִּילוֹ | הַשֹּׁפֵט | וְהִכָּהוּ | לְפָנָיו | כְּדֵי | רִשְׁעָתוֹ | בְּמִסְפָּר׃ |
| અને-થાય | જો | યોગ્ય | મારવાનું | દુષ્ટને | તો-ન્યાયાધીશ-નમાવે | ન્યાયાધીશ | અને-મારે | તેની-સામે | પ્રમાણે | તેના-અપરાધના | ગણતરીમાં |
| H1961 | | | H5221 | H7563 | H5307 | H8199 | H5221 | H6440 | H1767 | H7564 | H4557 |

જો ગુનેગાર ફટકા મારવા યોગ્ય હોય તો ન્યાયાધીશ તેને નીચે સુવાડીને તેના ગુના પ્રમાણે ગણીને તેની હાજરીમાં ફટકા મારે.

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַרְבָּעִים | יַכֶּנּוּ | לֹא | יֹסִיף | פֶּן־ | יֹסִיף | לְהַכֹּתוֹ | עַל־ | אֵלֶּה | מַכָּה | רַבָּה |
| ચાળીસ | મારે | નહીં | વધારે | રખે | વધારે | મારે | કરતાં | આ | મારથી | ઘણી |
| H0705 | H5221 | H3808 | H3254 | H6435 | H3254 | H5221 | | H0428 | H4347 | |

| | | | |
|---|---|---|---|
| וְנִקְלָה | אָחִיךָ | לְעֵינֶיךָ׃ | ס |
| અને-અપમાનિત-થાય | તારો-ભાઈ | તારી-નજરમાં | — |
| H7034 | H0251 | | |

ન્યાયાધીશ તેને ચાળીસ ફટકા મારે, પણ ચાળીસથી વધારે ફટકા ન મારે; કેમ કે જો તે તેને વધારે ફટકા મારે, તો તમારો સાથી તમારી નજરમાં અપમાનિત ઠરે.

4

| | | | | |
|---|---|---|---|---|
| לֹא־ | תַחְסֹם | שׁוֹר | בְּדִישׁוֹ׃ | ס |
| નહીં | બાંધીશ-મોં | બળદનું | ઝૂડતી-વખતે | — |
| H3808 | H2629 | H7794 | H1758 | |

પારે ફરતા બળદના મોં પર તું જાળી ન બાંધ.

5

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | יֵשְׁבוּ | אַחִים | יַחְדָּו | וּמֵת | אַחַד | מֵהֶם | וּבֵן | אֵין־ | לוֹ | לֹא־ | תִהְיֶה |
| જો | રહેતા-હોય | ભાઈઓ | સાથે | અને-મરે | એક | તેમાંથી | અને-દીકરો | ન-હોય | તેને | ન | થાય |
| | H3427 | H0251 | | H4191 | H0259 | H1992 | | H0369 | | H3808 | H1961 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֵשֶׁת־ | הַמֵּת | הַחוּצָה | לְאִישׁ | זָר | יְבָמָהּ | יָבֹא | עָלֶיהָ | וּלְקָחָהּ | לוֹ | לְאִשָּׁה |
| પત્ની | મૃતકની | બહાર | પુરુષ | પારકાના | તેનો-દિયર | જાય | તેની-પાસે | અને-લે | તેને | પત્ની-તરીકે |
| H0802 | H4191 | H2351 | H0376 | | H2993 | H0935 | | H3947 | | H0802 |

| |
|---|
| וְיִבְּמָהּ׃ |
| અને-દિયરનો-ધર્મ-પાળે |
| H2992 |

જો બે ભાઈઓ સાથે રહેતા હોય અને તેમાંનો એક નિ:સંતાન મૃત્યુ પામે, તો મરનારની પત્નીએ કુટુંબની બહાર કોઈ પારકા પુરુષ સાથે લગ્ન કરવું નહિ. તેના પતિનો ભાઈ તેની પાસે જાય અને તેને પોતાના માટે પત્ની તરીકે લે, તેની પ્રત્યે પતિના ભાઈની ફરજ અદા કરે.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָה | הַבְּכוֹר | אֲשֶׁר | תֵּלֵד | יָקוּם | עַל־ | שֵׁם | אָחִיו | הַמֵּת | וְלֹא־ | יִמָּחֶה |
| અને-થાય | પ્રથમજનિત | જે | જન્મે | ઊભો-થાય | ઉપર | નામ | તેના-ભાઈના | મૃતકના | અને-ન | ભૂંસાય |
| H1961 | H1060 | | H3205 | | | H8034 | H0251 | H4191 | H3808 | |

| | |
|---|---|
| שְׁמוֹ | מִיִּשְׂרָאֵל׃ |
| તેનું-નામ | ઇઝરાયેલમાંથી |
| H8034 | H3478 |

અને એમ થાય કે તેને જે પ્રથમજનિત જન્મે તે તે માણસનાં મૃત્યુ પામેલા ભાઈનું નામ પ્રાપ્ત કરે, જેથી તેનું નામ ઇઝરાયલમાંથી નષ્ટ ન થાય.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִם־ | לֹא | יַחְפֹּץ | הָאִישׁ | לָקַחַת | אֶת־ | יְבִמְתּוֹ | וְעָלְתָה | יְבִמְתּוֹ | הַשַּׁעְרָה | אֶל־ |
| અને-જો | ન | ઇચ્છે | તે-માણસ | લેવા | તે | તેની-ભાભીને | તો-જાય | તેની-ભાભી | દરવાજા-પાસે | પાસે |
| | H3808 | | H0376 | H3947 | H0853 | H2994 | H5927 | H2994 | H8179 | H0413 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַזְּקֵנִים | וְאָמְרָה | מֵאֵין | יְבָמִי | לְהָקִים | לְאָחִיו | שֵׁם | בְּיִשְׂרָאֵל | לֹא | אָבָה |
| વડીલોના | અને-કહે | ઇનકાર-કરે-છે | મારો-દિયર | ઊભું-કરવા | તેના-ભાઈનું | નામ | ઇઝરાયેલમાં | નથી | ઇચ્છતો |
| H2205 | H0559 | H3985 | H2993 | | H0251 | H8034 | H3478 | H3808 | H0014 |

| |
|---|
| יַבְּמִי׃ |
| મારો-દિયર |
| H2992 |

પણ જો તે માણસ પોતાના મૃત્યુ પામેલા ભાઈની પત્નીને પોતાની પત્ની તરીકે રાખવા ઇચ્છતો ન હોય તો તેના ભાઈની પત્નીએ ગામના આગેવાનો સમક્ષ જઈને કહે કે, "મારા પતિનો ભાઈ તેના ભાઈનું નામ ઇઝરાયલમાં રાખવાનો ઇનકાર કરે છે; વળી તે મારા પ્રત્યે પતિના ભાઈની ફરજ બજાવવા ઇચ્છતો નથી."

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְקָרְאוּ־ | לוֹ | זִקְנֵי־ | עִירוֹ | וְדִבְּרוּ | אֵלָיו | וְעָמַד | וְאָמַר | לֹא | חָפַצְתִּי | לְקַחְתָּהּ׃ |
| અને-બોલાવે | તેને | વડીલો | તેના-શહેરના | અને-બોલે | તેને | અને-ઊભો-રહે | અને-કહે | નથી | ઇચ્છતો | તેને-લેવા |
| H7121 | | H2205 | | H1696 | H0413 | H5975 | H0559 | H3808 | | H3947 |

ત્યારે નગરના વડીલો તેને બોલાવીને તેને કહે. પણ કદાચ તે આગ્રહ કરીને કહે, “હું તેને લેવા ઇચ્છતો નથી.”

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְנִגְּשָׁה | יְבִמְתּוֹ | אֵלָיו | לְעֵינֵי | הַזְּקֵנִים | וְחָלְצָה | נַעֲלוֹ | מֵעַל | רַגְלוֹ | וְיָרְקָה | בְּפָנָיו |
| તો-આવે | તેની-ભાભી | તેની-પાસે | નજરોમાં | વડીલોની | અને-ઉતારે | તેનું-જોડું | ઉપરથી | તેના-પગ | અને-થૂંકે | તેના-મોં-પર |
| H5066 | H2994 | H0413 | | H2205 | | H5275 | | H7272 | H3417 | H6440 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעָנְתָה | וְאָמְרָה | כָּכָה | יֵעָשֶׂה | לָאִישׁ | אֲשֶׁר | לֹא־ | יִבְנֶה | אֶת־ | בֵּית |
| અને-જવાબ-આપે | અને-કહે | આ-પ્રમાણે | કરવામાં-આવશે | તે-માણસને | જે | ન | બાંધે | તે | ઘર |
| | H0559 | H3602 | | H0376 | | H3808 | H1129 | H0853 | |

| |
|---|
| אָחִיו |
| તેના-ભાઈનું |
| H0251 |

તો પછી તેના ભાઈની પત્ની વડીલોની હાજરીમાં તેની પાસે જાય, તેના પગમાંથી તેના ચંપલ કાઢી નાખીને તેના મુખ પર થૂંકે. તે તેને જવાબ આપીને કહે, “જે માણસ પોતાના ભાઈનું ઘર બાંધવા ઇચ્છતો નથી તેના આવા જ હાલ થાય.”

10

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְנִקְרָא | שְׁמוֹ | בְּיִשְׂרָאֵל | בֵּית | חֲלוּץ | הַנָּעַל׃ | ס |
| અને-ઓળખાશે | તેનું-નામ | ઇઝરાયેલમાં | ઘર | ઉતારેલા | જોડાનું | — |
| H7121 | H8034 | H3478 | | | H5275 | |

ઇઝરાયલમાં તેનું નામ આ રાખવામાં આવે, “જેના ચંપલ કાઢી લેવાયાં હતાં તેનું કુટુંબ.”

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | יִנָּצוּ | אֲנָשִׁים | יַחְדָּו | אִישׁ | וְאָחִיו | וְקָרְבָה | אֵשֶׁת | הָאֶחָד | לְהַצִּיל |
| જો | લડે | માણસો | એકબીજા-સાથે | માણસ | અને-તેનો-ભાઈ | અને-નજીક-આવે | પત્ની | એકની | છોડાવવા |
| | | H0376 | | H0376 | H0251 | H7126 | H0802 | H0259 | H5337 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | אִישָׁהּ | מִיַּד | מַכֵּהוּ | וְשָׁלְחָה | יָדָהּ | וְהֶחֱזִיקָה | בִּמְבֻשָׁיו׃ |
| તે | તેના-પતિને | હાથમાંથી | મારનારના | અને-લંબાવે | તેનો-હાથ | અને-પકડે | તેના-ગુપ્તાંગને |
| H0853 | H0376 | H3027 | H5221 | H7971 | H3027 | H2388 | H4016 |

જો કોઈ માણસો એકબીજાની સાથે ઝઘડો કરતા હોય અને તેઓમાંના કોઈ એકની સ્ત્રી પોતાના પતિને મરનારના હાથમાંથી છોડાવવાને જાય અને હાથ લાંબો કરીને તેના શરીરના ખાનગી ભાગને પકડે,

12

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְקַצֹּתָה | אֶת־ | כַּפָּהּ | לֹא | תָחוֹס | עֵינֶךָ׃ | ס |
| તો-કાપી-નાખજે | તે | તેનો-હાથ | નહીં | દયા-કરે | તારી-આખ | — |
| H7112 | H0853 | H3709 | H3808 | H2347 | | |

તો તમારે તે સ્ત્રીનો હાથ કાપી નાખવો; તમારી આખ તેના પર દયા ન લાવે.

13

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | יִהְיֶה | לְךָ | בְּכִיסְךָ | אֶבֶן | וָאָבֶן | גְּדוֹלָה | וּקְטַנָּה׃ | ס |
| ન | હોય | તારી-પાસે | તારી-થેલીમાં | વજન | ને-વજન | મોટું | અને-નાનું | — |
| H3808 | H1961 | | H3599 | H0068 | H0068 | | | |

તમારે તમારી થેલીમાં જુદા જુદા માપનાં કાટલાં એટલે કે એક હલકું અને બીજું ભારે એમ ન રાખવાં.

14

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | יִהְיֶה | לְךָ | בְּבֵיתְךָ | אֵיפָה | וְאֵיפָה | גְּדוֹלָה | וּקְטַנָּה׃ |
| ન | હોય | તારી-પાસે | તારા-ઘરમાં | માપ | ને-માપ | મોટું | અને-નાનું |
| H3808 | H1961 | | | H0374 | H0374 | | |

વળી તમારા ઘરમાં અનેક તરેહના માપ એટલે એક મોટું અને બીજું નાનું એમ ન રાખો.

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶבֶן | שְׁלֵמָה | וָצֶדֶק | יִהְיֶה־ | לָּךְ | אֵיפָה | שְׁלֵמָה | וָצֶדֶק | יִהְיֶה־ | לָּךְ | לְמַעַן |
| વજન | પૂર્ણ | અને-ન્યાયી | હોય | તારી-પાસે | માપ | પૂર્ણ | અને-ન્યાયી | હોય | તારી-પાસે | જેથી |
| H0068 | H8003 | H6664 | H1961 | | H0374 | H8003 | H6664 | H1961 | | H4616 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יַאֲרִיכוּ | יָמֶיךָ | עַל | הָאֲדָמָה | אֲשֶׁר־ | יְהוָה | אֱלֹהֶיךָ | נֹתֵן | לָךְ׃ |
| લાંબા-થાય | તારા-દિવસો | ઉપર | તે-ભૂમિ | જે | યહોવાહ | તારા-ઈશ્વર | આપે-છે | તને |
| H0748 | H3117 | | H0127 | | H3068 | H0430 | H5414 | |

તમારે સાચું અને પ્રમાણિત વજન તથા માપ રાખવું જેથી યહોવાહ તમારા ઈશ્વર જે દેશ તમને આપે છે તેમાં તમે લાંબુ આયુષ્ય ભોગવો.

16

| | | |
|---|---|---|
| כִּ֣י | કારણ-કે | |
| תוֹעֲבַ֛ת | ધિક્કારપાત્ર-છે | H8441 |
| יְהוָ֥ה | યહોવાહને | H3068 |
| אֱלֹהֶ֖יךָ | તારા-ઈશ્વરને | H0430 |
| כָּל־ | દરેક | H3605 |
| עֹ֣שֵׂה | કરનાર | |
| אֵ֑לֶּה | આવું | H0428 |
| כֹּ֖ל | દરેક | H3605 |
| עֹ֥שֵׂה | કરનાર | |
| עָֽוֶל׃ | અન્યાય | |
| פ | — | |

જે કોઈ વ્યક્તિ એવાં કામ કરે છે એટલે જેઓ અન્યાય કરે છે. તે સર્વ યહોવાહ તમારા ઈશ્વરને ધિક્કારપાત્ર લાગે છે.

17

| | | |
|---|---|---|
| זָכ֕וֹר | યાદ-કર | H2142 |
| אֵ֛ת | તે | H0853 |
| אֲשֶׁר־ | જે | |
| עָשָׂ֥ה | કર્યું | |
| לְךָ֖ | તને | |
| עֲמָלֵ֑ק | અમાલેકે | H6002 |
| בַּדֶּ֖רֶךְ | રસ્તામાં | H1870 |
| בְּצֵאתְכֶ֥ם | નીકળતી-વખતે | H3318 |
| מִמִּצְרָֽיִם׃ | મિસરમાંથી | H4714 |

તમે જયારે મિસરથી આવતા હતા ત્યારે અમાલેકે જે કર્યું તે તમે યાદ કરો;

18

| | | |
|---|---|---|
| אֲשֶׁ֨ר | જેણે | |
| קָֽרְךָ֜ | તને-મળ્યો | |
| בַּדֶּ֗רֶךְ | રસ્તામાં | H1870 |
| וַיְזַנֵּ֤ב | અને-પૂંછડે-માર્યા | H2179 |
| בְּךָ֙ | તને | |
| כָּל־ | બધા | H3605 |
| הַנֶּחֱשָׁלִ֣ים | પાછળ-રહેલાઓને | H2826 |
| אַחֲרֶ֔יךָ | તારી-પાછળ | |
| וְאַתָּ֖ה | અને-તું | |
| עָיֵ֣ף | થાકેલો | H5889 |
| וְיָגֵ֑עַ | અને-નબળો-હતો | H3023 |
| וְלֹ֥א | અને-ન | H3808 |
| יָרֵ֖א | ડર્યો | H3373 |
| אֱלֹהִֽים׃ | ઈશ્વરથી | H0430 |

તમે બેહોશ અને થાકેલાં હતા ત્યારે માર્ગમાં તે તમને મળ્યો. અને જે અબળો તારી પાછળ હતા તેઓના સર્વ પર આક્રમણ તેણે કર્યું; અને ઈશ્વરનો પણ તેને ડર લાગ્યો નહિ.

19

| | | |
|---|---|---|
| וְהָיָ֡ה | અને-થશે | H1961 |
| בְּהָנִ֣יחַ | આરામ-આપે-ત્યારે | H5117 |
| יְהוָ֣ה | યહોવાહ | H3068 |
| אֱלֹהֶ֣יךָ | તારા-ઈશ્વર | H0430 |
| לְ֠ךָ | તને | |
| מִכָּל־ | બધા | H3605 |
| אֹֽיְבֶ֨יךָ | તારા-શત્રુઓથી | H0341 |
| מִסָּבִ֜יב | ચારેબાજુથી | H5439 |
| בָּאָ֗רֶץ | તે-દેશમાં | H0776 |
| אֲשֶׁ֣ר | જે | |
| יְהוָה־ | યહોવાહ | H3068 |
| אֱ֠לֹהֶיךָ | તારા-ઈશ્વર | H0430 |
| נֹתֵ֨ן | આપે-છે | H5414 |
| לְךָ֤ | તને | |
| נַחֲלָה֙ | વારસા-તરીકે | H5159 |
| לְרִשְׁתָּ֔הּ | કબજો-કરવા | H3423 |
| תִּמְחֶה֙ | ભૂંસી-નાખ | |
| אֶת־ | તે | H0853 |
| זֵ֣כֶר | સ્મરણ | H2143 |
| עֲמָלֵ֔ק | અમાલેકનું | H6002 |
| מִתַּ֖חַת | નીચેથી | H8478 |
| הַשָּׁמָ֑יִם | આકાશના | H8064 |
| לֹ֖א | ન | H3808 |
| תִּשְׁכָּֽח׃ | ભૂલીશ | H7911 |
| פ | — | |

તેથી યહોવાહ તમારા ઈશ્વર તમને જે દેશ વારસા તથા વતન તરીકે આપે છે તેમાં તે તમારી આસપાસના શત્રુઓથી તમને રાહત આપે ત્યારે એમ થાય કે તમે આકાશ તળેથી અમાલેકનું નામોનિશાન નષ્ટ કરી નાખવાનું તમે ભૂલશો નહિ.

## Chapter 26

1

| | | |
|---|---|---|
| וְהָיָה֙ | અને-થાય | H1961 |
| כִּֽי־ | જ્યારે | |
| תָב֣וֹא | આવે | H0935 |
| אֶל־ | માં | H0413 |
| הָאָ֔רֶץ | તે-દેશમાં | H0776 |
| אֲשֶׁר֙ | જે | |
| יְהוָ֣ה | યહોવાહ | H3068 |
| אֱלֹהֶ֔יךָ | તારા-ઈશ્વર | H0430 |
| נֹתֵ֥ן | આપે-છે | H5414 |
| לְךָ֖ | તને | |
| נַחֲלָ֑ה | વારસા-તરીકે | H5159 |
| וִֽירִשְׁתָּ֖הּ | અને-કબજો-કરે | H3423 |
| וְיָשַׁ֥בְתָּ | અને-વસે | H3427 |
| בָּֽהּ׃ | તેમાં | |

અને યહોવાહ તમારા ઈશ્વર તમને જે દેશ વતન તરીકે આપે છે તેમાં તમે આવો અને તેનો વારસો લઈને તેમાં રહો ત્યારે એમ થાય કે,

2 וְלָקַחְתָּ֞ અને-લે H3947 | מֵרֵאשִׁ֣ית પ્રથમ-ફળમાંથી H7225 | כָּל־ બધા H3605 | פְּרִ֣י ફળ H6529 | הָאֲדָמָ֗ה ભૂમિના H0127 | אֲשֶׁ֨ר જે | תָּבִ֧יא લાવે H0935 | מֵֽאַרְצְךָ֛ તારા-દેશમાંથી H0776 | אֲשֶׁ֨ר જે | יְהוָ֧ה યહોવાહ H3068 | אֱלֹהֶ֛יךָ તારા-ઈશ્વર H0430
נֹתֵ֥ן આપે-છે H5414 | לָ֖ךְ તને | וְשַׂמְתָּ֣ અને-મૂકે | בַטֶּ֑נֶא ટોપલીમાં H2935 | וְהָֽלַכְתָּ֙ અને-જાય H1980 | אֶל־ પાસે H0413 | הַמָּק֔וֹם તે-સ્થાન H4725 | אֲשֶׁ֤ר જે | יִבְחַר֙ પસંદ-કરે H0977 | יְהוָ֣ה યહોવાહ H3068 | אֱלֹהֶ֔יךָ તારા-ઈશ્વર H0430 | לְשַׁכֵּ֥ן વસાવવા H7931
שְׁמ֖וֹ તેનું-નામ H8034 | שָֽׁם׃ ત્યાં H8033

જે દેશ યહોવાહ તમારા ઈશ્વર તમને આપે છે તે ભૂમિનો પ્રથમ પાક તમારે લઈને તેને ટોપલીમાં ભરી જે સ્થળ યહોવાહ તમારા ઈશ્વર પોતાનું નામ રાખવા સારું પસંદ કરે ત્યાં લઈ જવો.

3 וּבָאתָ֙ અને-આવે H0935 | אֶל־ પાસે H0413 | הַכֹּהֵ֔ן તે-યાજક H3548 | אֲשֶׁ֥ר જે | יִהְיֶ֖ה હોય H1961 | בַּיָּמִ֣ים તે-દિવસોમાં H3117 | הָהֵ֑ם તે H1992 | וְאָמַרְתָּ֣ અને-કહે H0559 | אֵלָ֗יו તેને H0413 | הִגַּ֤דְתִּי જાહેર-કરું-છું H5046 | הַיּוֹם֙ આજે H3117
לַיהוָ֣ה યહોવાહને H3068 | אֱלֹהֶ֔יךָ તારા-ઈશ્વરને H0430 | כִּי־ કે | בָ֙אתִי֙ આવ્યો-છું H0935 | אֶל־ માં H0413 | הָאָ֔רֶץ તે-દેશમાં H0776 | אֲשֶׁ֨ר જે | נִשְׁבַּ֧ע સોગંદ-ખાધા H7650 | יְהוָ֛ה યહોવાહે H3068 | לַאֲבֹתֵ֖ינוּ આપણા-પિતૃઓને H0001
לָ֥תֶת આપવા H5414 | לָֽנוּ׃ આપણને

અને તે દિવસે ત્યાં જે કોઈ યાજક સેવા કરતો હોય તેની પાસે જઈને કહેવું કે, "આજે હું યહોવાહ તમારા ઈશ્વર સમક્ષ જાહેર કરું છું કે, જે દેશ આપણને આપવાને યહોવાહે આપણા પિતૃઓની આગળ સમ ખાધા હતા તેમાં અમે પહોંચ્યા છીએ."

4 וְלָקַ֥ח અને-લે H3947 | הַכֹּהֵ֛ן તે-યાજક H3548 | הַטֶּ֖נֶא ટોપલી H2935 | מִיָּדֶ֑ךָ તારા-હાથમાંથી H3027 | וְהִ֨נִּיח֔וֹ અને-મૂકે H3240 | לִפְנֵ֕י સામે H6440 | מִזְבַּ֖ח વેદી H4196 | יְהוָ֥ה યહોવાહ H3068 | אֱלֹהֶֽיךָ׃ તારા-ઈશ્વરની H0430

પછી યાજક તમારા હાથમાંથી ટોપલી લઈને યહોવાહ તમારા ઈશ્વરની વેદી આગળ નીચે મૂકે.

5 וְעָנִ֨יתָ અને-જવાબ-આપે | וְאָמַרְתָּ֜ અને-કહે H0559 | לִפְנֵ֣י ׀ સામે H6440 | יְהוָ֣ה યહોવાહ H3068 | אֱלֹהֶ֗יךָ તારા-ઈશ્વરના H0430 | אֲרַמִּי֙ અરામી H0761 | אֹבֵ֣ד નાશ-પામતો H0006 | אָבִ֔י મારો-પિતા H0001 | וַיֵּ֣רֶד અને-ઊતર્યો H3381
מִצְרַ֔יְמָה મિસરમાં H4714 | וַיָּ֥גָר અને-રહ્યો | שָׁ֖ם ત્યાં H8033 | בִּמְתֵ֣י થોડા H4962 | מְעָ֑ט ઓછા H4592 | וַֽיְהִי־ અને-થયો H1961 | שָׁ֕ם ત્યાં H8033 | לְג֥וֹי પ્રજા | גָּד֖וֹל મહાન | עָצ֥וּם શક્તિશાળી H6099 | וָרָֽב׃ અને-ઘણી

પછી તમારે યહોવાહ તમારા ઈશ્વર સમક્ષ એમ કહેવું કે, "અમારા પિતા સ્થળાંતર + 26:5 નાશ કરીને આવેલો કરીને આવેલ અરામી હતા અને મિસરમાં જઈને રહ્યા. અને તેમના લોકની સંખ્યા થોડી હતી. ત્યાં તેઓ એક મોટી, શક્તિશાળી અને વસ્તીવાળી પ્રજા બન્યા.

6 וַיָּרֵ֧עוּ અને-દુર્વ્યવહાર-કર્યો | אֹתָ֛נוּ આપણા-પર H0853 | הַמִּצְרִ֖ים મિસરીઓએ H4713 | וַיְעַנּ֑וּנוּ અને-દુઃખ-દીધું | וַיִּתְּנ֥וּ અને-મૂક્યું H5414 | עָלֵ֖ינוּ આપણા-પર | עֲבֹדָ֥ה કામ H5656 | קָשָֽׁה׃ કઠોર H7186

પરંતુ મિસરીઓએ અમારી સાથે દુર્વ્યવહાર કરી અમને ગુલામ બનાવી અમારી પાસે સખત મજૂરી કરાવી.

7 וַנִּצְעַ֕ק અને-પોકાર્યા H6817 | אֶל־ પાસે H0413 | יְהוָ֖ה યહોવાહ H3068 | אֱלֹהֵ֣י ઈશ્વર H0430 | אֲבֹתֵ֑ינוּ આપણા-પિતૃઓના H0001 | וַיִּשְׁמַ֤ע અને-સાંભળ્યું H8085 | יְהוָה֙ યહોવાહે H3068 | אֶת־ તે H0853 | קֹלֵ֔נוּ આપણો-અવાજ | וַיַּ֧רְא અને-જોયું H7200
אֶת־ તે H0853 | עָנְיֵ֛נוּ આપણું-દુઃખ H6040 | וְאֶת־ અને H0853 | עֲמָלֵ֖נוּ આપણી-મહેનત H5999 | וְאֶת־ અને H0853 | לַחֲצֵֽנוּ׃ આપણો-ત્રાસ H3906

ત્યારે અમે અમારા પિતૃઓના ઈશ્વર યહોવાહને પોકાર કર્યો. તેમણે અમારો સાદ સાંભળ્યો અને અમારી વિપત્તિ, મુશ્કેલીઓ અને અમારા પર થતાં જુલમ પર દ્રષ્ટિ કરી.

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיּוֹצִאֵנוּ | יְהוָה | מִמִּצְרַיִם | בְּיָד | חֲזָקָה | וּבִזְרֹעַ | נְטוּיָה | וּבְמֹרָא | גָּדֹל |
| અને-બહાર-લાવ્યા | યહોવાહે | મિસરમાંથી | હાથ-વડે | બળવાન | અને-ભુજા-વડે | લંબાવેલી | અને-ભય-વડે | મહાન |
| H3318 | H3068 | H4714 | H3027 | H2389 | H2220 | H5186 | | |

| | |
|---|---|
| וּבְאֹתוֹת | וּבְמֹפְתִים׃ |
| અને-ચિહ્નો-વડે | અને-ચમત્કારો-વડે |
| H0226 | H4159 |

અને યહોવાહે પોતાના બળવાન હાથે અદ્ભૂત સામર્થ્યથી તથા તેમના પ્રચંડ બાહુબળથી, ચિહ્ન તથા ચમત્કારોથી અમને મિસરમાંથી બહાર લાવ્યા;

9

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְבִאֵנוּ | אֶל־ | הַמָּקוֹם | הַזֶּה | וַיִּתֶּן־ | לָנוּ | אֶת־ | הָאָרֶץ | הַזֹּאת | אֶרֶץ | זָבַת | חָלָב |
| અને-લાવ્યા | પાસે | આ-સ્થાન | આ | અને-આપ્યો | આપણને | તે | આ-દેશ | આ | દેશ | વહેતો | દૂધ |
| H0935 | H0413 | H4725 | H2088 | H5414 | | H0853 | H0776 | H2063 | H0776 | H2100 | H2461 |

| |
|---|
| וּדְבָשׁ׃ |
| અને-મધ |
| H1706 |

અને અમને આ સ્થળે લાવીને તેમણે અમને દૂધ તથા મધથી રેલછેલવાળો + 26:9 ફળદ્રૂપ દેશ આપ્યો.

10

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | הִנֵּה | הֵבֵאתִי | אֶת־ | רֵאשִׁית | פְּרִי | הָאֲדָמָה | אֲשֶׁר־ | נָתַתָּה | לִּי | יְהוָה | וְהִנַּחְתּוֹ |
| અને-હવે | જો | લાવ્યો-છું | તે | પ્રથમ-ફળ | ફળ | ભૂમિના | જે | આપ્યું | મને | યહોવાહ | અને-મૂકું-છું |
| H6258 | H2009 | H0935 | H0853 | H7225 | H6529 | H0127 | | H5414 | | H3068 | H3240 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לִפְנֵי | יְהוָה | אֱלֹהֶיךָ | וְהִשְׁתַּחֲוִיתָ | לִפְנֵי | יְהוָה | אֱלֹהֶיךָ׃ |
| સામે | યહોવાહ | તારા-ઈશ્વરના | અને-દંડવત્-કરું-છું | સામે | યહોવાહ | તારા-ઈશ્વરના |
| H6440 | H3068 | H0430 | H7812 | H6440 | H3068 | H0430 |

અને હવે, હે યહોવાહ જુઓ જે દેશ તમે અમને આપ્યો છે તેની ઊપજનું પ્રથમ ફળ અમે લાવ્યા છીએ." અને યહોવાહ તમારા ઈશ્વર સમક્ષ તે મૂકીને તમારે યહોવાહ તમારા ઈશ્વરનું ભજન કરવું;

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְשָׂמַחְתָּ | בְכָל־ | הַטּוֹב | אֲשֶׁר | נָתַן־ | לְךָ | יְהוָה | אֱלֹהֶיךָ | וּלְבֵיתֶךָ | אַתָּה | וְהַלֵּוִי |
| અને-આનંદ-કરે | બધા | ભલા | જે | આપ્યું | તને | યહોવાહ | તારા-ઈશ્વરે | અને-તારા-ઘરને | તું | અને-લેવી |
| H8055 | H3605 | | | H5414 | | H3068 | H0430 | | | H3881 |

| | | | |
|---|---|---|---|
| וְהַגֵּר | אֲשֶׁר | בְּקִרְבֶּךָ׃ | ס |
| અને-પરદેશી | જે | તારી-વચ્ચે | — |
| H1616 | | H7130 | |

અને જે કંઈ સારું યહોવાહ તમારા ઈશ્વરે તમારા અને ઘરનાંને માટે કર્યુ હોય તે સર્વમાં તમારે તથા લેવીઓએ અને તમારી મધ્યે રહેતા પરદેશીઓએ ભેગા મળીને આનંદોત્સવ કરવો.

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | תְכַלֶּה | לַעְשֵׂר | אֶת־ | כָּל־ | מַעְשַׂר | תְּבוּאָתְךָ | בַּשָּׁנָה | הַשְּׁלִישִׁת | שְׁנַת | הַמַּעֲשֵׂר |
| જ્યારે | પૂર્ણ-કરે | દશાંશ-આપવાનું | તે | બધા | દશાંશ | તારી-ઊપજના | વર્ષમાં | ત્રીજા | વર્ષ | દશાંશનું |
| | H3615 | H6237 | H0853 | H3605 | H4643 | H8393 | H8141 | H7992 | H8141 | H4643 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְנָתַתָּה | לַלֵּוִי | לַגֵּר | לַיָּתוֹם | וְלָאַלְמָנָה | וְאָכְלוּ | בִשְׁעָרֶיךָ | וְשָׂבֵעוּ׃ |
| અને-આપે | લેવીને | પરદેશીને | અનાથને | અને-વિધવાને | અને-ખાય | તારા-દરવાજામાં | અને-તૃપ્ત-થાય |
| H5414 | H3881 | H1616 | H3490 | H0490 | H0398 | H8179 | H7646 |

ત્રીજું વર્ષ દશાંશનું વર્ષ છે. તેમાં જ્યારે તમે તમારી ઊપજનો દશાંશ આપી ચૂકો પછી તમારે લેવીઓને, પરદેશીઓને, વિધવાઓને અને અનાથોને આપવો જેથી તેઓ તમારી ભાગળોમાં ખાઈને તૃપ્ત થાય.

13 וְאָמַרְתָּ֞ અને-કહે H0559 | לִפְנֵ֨י સામે H6440 | יְהוָ֜ה યહોવાહ H3068 | אֱלֹהֶ֗יךָ તારા-ઈશ્વરના H0430 | בִּעַ֧רְתִּי કાઢી-નાખ્યું | הַקֹּ֣דֶשׁ પવિત્ર-ભાગ H6944 | מִן־ માંથી | הַבַּ֗יִת ઘરમાંથી | וְגַ֨ם અને-પણ H1571 | נְתַתִּ֤יו આપ્યું H5414 | לַלֵּוִי֙ લેવીને H3881
וְלַגֵּר֙ અને-પરદેશીને H1616 | לַיָּת֣וֹם અનાથને H3490 | וְלָאַלְמָנָ֔ה અને-વિધવાને H0490 | כְּכָל־ બધી H3605 | מִצְוָתְךָ֖ તારી-આજ્ઞા-પ્રમાણે H4687 | אֲשֶׁ֣ר જે | צִוִּיתָ֑נִי આજ્ઞા-કરી H6680 | לֹֽא־ ન H3808 | עָבַ֥רְתִּי ઉલ્લંઘન-કર્યું
מִמִּצְוֺתֶ֖יךָ તારી-આજ્ઞાઓ H4687 | וְלֹ֥א અને-ન H3808 | שָׁכָֽחְתִּי׃ ભૂલ્યો H7911

પછી તમારે યહોવાહ તમારા ઈશ્વર સમક્ષ કહેવું કે, ‘અમે અમારા ઘરમાંથી બધી અર્પિત વસ્તુઓ કાઢી છે અને અમે તે વસ્તુઓ લેવીઓને, પરદેશીઓને, વિધવાઓને અને અનાથોને તમારી આજ્ઞા મુજબ આપી છે. અમે તમારી એકપણ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું નથી તેમ જ અમે ભૂલી પણ ગયા નથી.

14 לֹא־ ન H3808 | אָכַ֨לְתִּי ખાધું H0398 | בְאֹנִ֜י શોકમાં H0205 | מִמֶּ֗נּוּ તેમાંથી | וְלֹא־ અને-ન H3808 | בִעַ֤רְתִּי કાઢ્યું | מִמֶּ֙נּוּ֙ તેમાંથી | בְּטָמֵ֔א અશુદ્ધતામાં H2931 | וְלֹא־ અને-ન H3808 | נָתַ֥תִּי આપ્યું H5414 | מִמֶּ֖נּוּ તેમાંથી | לְמֵ֑ת મૃત-માટે H4191
שָׁמַ֗עְתִּי સાંભળ્યું H8085 | בְּקוֹל֙ અવાજ | יְהוָ֣ה યહોવાહ H3068 | אֱלֹהָ֔י મારા-ઈશ્વરનો H0430 | עָשִׂ֕יתִי કર્યું | כְּכֹ֖ל બધું H3605 | אֲשֶׁ֥ר જે | צִוִּיתָֽנִי׃ આજ્ઞા-કરી H6680

શોકના સમયમાં અમે તેમાંથી કંઈ પણ ખાધું નથી અને અશુદ્ધ થઈને અમે તેમાંથી કંઈ રાખી મૂક્યું નથી. વળી મૂએલાંને સારું તેમાંથી કંઈ આપ્યું નથી; અમે યહોવાહ અમારા ઈશ્વરની વાણી સાંભળીને જે સર્વ આજ્ઞા તમે અમને આપી છે તે પ્રમાણે કર્યું છે.

15 הַשְׁקִ֩יפָה֩ નજર-કર H8259 | מִמְּע֨וֹן નિવાસથી H4583 | קָדְשְׁךָ֜ તારા-પવિત્ર H6944 | מִן־ માંથી | הַשָּׁמַ֗יִם આકાશમાંથી H8064 | וּבָרֵ֤ךְ અને-આશીર્વાદ-આપ H1288 | אֶֽת־ તે H0853 | עַמְּךָ֙ તારા-લોકોને | אֶת־ તે H0853 | יִשְׂרָאֵ֔ל ઇઝરાયેલને H3478
וְאֵת֙ અને H0853 | הָאֲדָמָ֔ה ભૂમિને H0127 | אֲשֶׁ֖ר જે | נָתַ֣תָּה આપી H5414 | לָ֑נוּ આપણને | כַּאֲשֶׁ֤ר જેમ | נִשְׁבַּ֙עְתָּ֙ સોગંદ-ખાધા H7650 | לַאֲבֹתֵ֔ינוּ આપણા-પિતૃઓને H0001 | אֶ֛רֶץ દેશ H0776 | זָבַ֥ת વહેતો H2100 | חָלָ֖ב દૂધ H2461
וּדְבָֽשׁ׃ અને-મધ H1706 | ס —

તમે તમારા પવિત્ર રહેઠાણમાંથી એટલે સ્વર્ગમાંથી નીચે જોઈ અને તમારી ઇઝરાયલી પ્રજા તેમ જ અમારા પિતૃઓની આગળ સમ ખાધા હતા તે પ્રમાણે જે ભૂમિ તમે અમને આપી છે એટલે દૂધ તથા મધથી રેલછેલવાળો દેશ આપ્યો છે તેના પર આશીર્વાદ આપો.

16 הַיּ֣וֹם આજે H3117 | הַזֶּ֗ה આ H2088 | יְהוָ֨ה યહોવાહ H3068 | אֱלֹהֶ֜יךָ તારા-ઈશ્વર H0430 | מְצַוְּךָ֧ આજ્ઞા-કરે-છે H6680 | לַעֲשׂ֛וֹת કરવા | אֶת־ તે H0853 | הַחֻקִּ֥ים વિધિઓ H2706 | הָאֵ֖לֶּה આ H0428 | וְאֶת־ અને H0853 | הַמִּשְׁפָּטִ֑ים ન્યાયો H4941
וְשָׁמַרְתָּ֤ અને-પાળ H8104 | וְעָשִׂ֙יתָ֙ અને-કર | אוֹתָ֔ם તેઓને H0853 | בְּכָל־ સર્વ H3605 | לְבָבְךָ֖ તારા-હૃદયથી H3824 | וּבְכָל־ અને-સર્વ H3605 | נַפְשֶֽׁךָ׃ તારા-આત્માથી H5315

આજે યહોવાહ તમારા ઈશ્વર તમને આ નિયમો અને હુકમો પાળવાની આજ્ઞા કરે છે; માટે તમે તમારા પૂરા હૃદયથી તથા પૂરા જીવથી તેને પાળો તથા અમલમાં મૂકો.

17 אֶת־ તે H0853 | יְהוָ֥ה યહોવાહને H3068 | הֶאֱמַ֖רְתָּ જાહેર-કર્યું H0559 | הַיּ֑וֹם આજે H3117 | לִהְי֨וֹת થવા H1961 | לְךָ֜ તારા | לֵֽאלֹהִ֗ים ઈશ્વર H0430 | וְלָלֶ֣כֶת અને-ચાલવા H3212 | בִּדְרָכָ֗יו તેના-માર્ગોમાં H1870 | וְלִשְׁמֹ֨ר અને-પાળવા H8104
חֻקָּ֧יו તેના-વિધિઓ H2706 | וּמִצְוֺתָ֛יו અને-આજ્ઞાઓ H4687 | וּמִשְׁפָּטָ֖יו અને-ન્યાયો H4941 | וְלִשְׁמֹ֥עַ અને-સાંભળવા H8085 | בְּקֹלֽוֹ׃ તેનો-અવાજ

તમે આજે યહોવાહને તમારા ઈશ્વર તરીકે સ્વીકાર્યા છે. તમે તેમના માર્ગમાં ચાલશો તથા તેમના કાયદાઓ, આજ્ઞાઓ અને નિયમો પાળશો અને તેમની વાણી સાંભળશો.

18 וַיהוָה הֶאֱמִירְךָ הַיּוֹם לִהְיוֹת לוֹ לְעַם סְגֻלָּה כַּאֲשֶׁר דִּבֶּר־ לָךְ וְלִשְׁמֹר
અને-યહોવાહે જાહેર-કર્યું આજે થવા તેના લોક ખાસ-સંપત્તિ જેમ વચન-આપ્યું તને અને-પાળવા
H3068 H0559 H3117 H1961 H5459 H1696 H8104

כָּל־ מִצְוֹתָיו׃
બધી તેની-આજ્ઞાઓ
H3605 H4687

અને યહોવાહે તમને જે વચન આપ્યું હતું તે પ્રમાણે તેમણે કબૂલ કર્યું છે કે, તમે તેમના પસંદ કરેલા લોક છો તેથી તમારે તેમની સર્વ આજ્ઞાઓ પાળવી.

19 וּלְתִתְּךָ עֶלְיוֹן עַל כָּל־ הַגּוֹיִם אֲשֶׁר עָשָׂה לִתְהִלָּה וּלְשֵׁם וּלְתִפְאָרֶת
અને-મૂકવા ઊંચે ઉપર બધી પ્રજાઓ જે બનાવ્યું સ્તુતિ-માટે અને-નામ-માટે અને-ગૌરવ-માટે
H5414 H3605 H8416 H8034 H8597

וְלִהְיֹתְךָ עַם־ קָדֹשׁ לַיהוָה אֱלֹהֶיךָ כַּאֲשֶׁר דִּבֵּר׃ ס
અને-થવા લોક પવિત્ર યહોવાહના તારા-ઈશ્વરના જેમ કહ્યુ —
H1961 H6918 H3068 H0430 H1696

અને જે દેશજાતિઓને તેમણે ઉત્પન્ન કરી છે તે સર્વના કરતાં તમને મહાન પ્રજા બનાવશે અને તમને માન-પ્રતિષ્ઠા અને આદર પ્રાપ્ત થશે. અને યહોવાહે આપેલા વચન પ્રમાણે તમે યહોવાહ તમારા ઈશ્વરની પવિત્ર પ્રજા થશો.

## Chapter 27

1 וַיְצַו מֹשֶׁה וְזִקְנֵי יִשְׂרָאֵל אֶת־ הָעָם לֵאמֹר שָׁמֹר אֶת־ כָּל־ הַמִּצְוָה
અને-આજ્ઞા-આપી મૂસાએ અને-વડીલોએ ઇઝરાયેલના તે લોકોને કહેતાં પાળો તે બધી આજ્ઞા
H6680 H4872 H2205 H3478 H0853 H0559 H8104 H0853 H3605 H4687

אֲשֶׁר אָנֹכִי מְצַוֶּה אֶתְכֶם הַיּוֹם׃
જે હું આજ્ઞા-કરું-છું તમને આજે
H0595 H6680 H0853 H3117

અને મૂસાએ તથા ઇઝરાયલના આગેવાનોએ લોકોને આજ્ઞા આપી કે, "જે આજ્ઞાઓ આજે હું તમને બધાને ફરમાવું છું તે સર્વ પાળો.

2 וְהָיָה בַּיּוֹם אֲשֶׁר תַּעַבְרוּ אֶת־ הַיַּרְדֵּן אֶל־ הָאָרֶץ אֲשֶׁר־ יְהוָה אֱלֹהֶיךָ נֹתֵן
અને-થાય દિવસે જે ઓળંગો તે યર્દન માં તે-દેશમાં જે યહોવાહ તારા-ઈશ્વર આપે-છે
H1961 H3117 H0853 H3383 H0413 H0776 H3068 H0430 H5414

לָךְ וַהֲקֵמֹתָ לְךָ אֲבָנִים גְּדֹלוֹת וְשַׂדְתָּ אֹתָם בַּשִּׂיד׃
તને અને-ઊભા-કરજે તારા-માટે પથ્થરો મોટા અને-ચૂનો-લગાવજે તેઓને ચૂનાથી
H0068 H7874 H0853 H7875

જયારે તમે યર્દન નદી ઓળંગીને જે દેશ યહોવાહ તમારા ઈશ્વર તમને આપે છે તેમાં તમે જાઓ ત્યારે તમારે પોતાને સારુ મોટા પથ્થર ઊભા કરીને તેના પર ચૂનાનો લેપ મારજો.

3 וְכָתַבְתָּ עֲלֵיהֶן אֶת־ כָּל־ דִּבְרֵי הַתּוֹרָה הַזֹּאת בְּעָבְרֶךָ לְמַעַן אֲשֶׁר תָּבֹא
અને-લખજે તેઓ-ઉપર તે બધા વચનો નિયમશાસ્ત્રના આ ઓળંગતી-વખતે જેથી જે આવે
H3789 H0853 H3605 H1697 H8451 H2063 H4616 H0935

אֶל־ הָאָרֶץ אֲשֶׁר־ יְהוָה אֱלֹהֶיךָ נֹתֵן לְךָ אֶרֶץ זָבַת חָלָב וּדְבַשׁ כַּאֲשֶׁר
માં તે-દેશમાં જે યહોવાહ તારા-ઈશ્વર આપે-છે તને દેશ વહેતો દૂધ અને-મધ જેમ
H0413 H0776 H3068 H0430 H5414 H0776 H2100 H2461 H1706

דִּבֶּר יְהוָה אֱלֹהֵי־ אֲבֹתֶיךָ לָךְ׃
વચન-આપ્યું યહોવાહ ઈશ્વર તારા-પિતૃઓના તને
H1696 H3068 H0430 H0001

પાર ઊતર્યા પછી આ નિયમના સર્વ શબ્દો તેના પર તમારે લખવા. તમે યહોવાહ તમારા ઈશ્વર તમને જે દેશ આપે છે એટલે કે દૂધ તથા મધથી રેલછેલવાળો + 27:3 ફળદ્રુપ દેશ, યહોવાહ તમારા પિતૃઓના ઈશ્વરે તમને આપેલા વચન પ્રમાણે તમને આપે છે, તેમાં તમે જાઓ.

4

| וְהָיָה | בְּעָבְרְכֶם | אֶת־ | הַיַּרְדֵּן | תָּקִימוּ | אֶת־ | הָאֲבָנִים | הָאֵלֶּה | אֲשֶׁר | אָנֹכִי | מְצַוֶּה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થાય | ઓળંગતી-વખતે | તે | યર્દન | ઊભા-કરો | તે | પથ્થરો | આ | જે | હું | આજ્ઞા-કરું-છું |
| H1961 | | H0853 | H3383 | | H0853 | H0068 | H0428 | | H0595 | H6680 |

| אֶתְכֶם | הַיּוֹם | בְּהַר | עֵיבָל | וְשַׂדְתָּ | אוֹתָם | בַּשִּׂיד׃ |
|---|---|---|---|---|---|---|
| તમને | આજે | ઉપર | એબાલ-પર્વત | અને-ચૂનો-લગાવજે | તેઓને | ચૂનાથી |
| H0853 | H3117 | H2022 | | H7874 | H0853 | H7875 |

જયારે તમે યર્દન પાર કરી રહો, ત્યારે આ પથ્થરો જે વિષે હું આજે તમને આજ્ઞા આપું છું તેઓને એબાલ પર્વત પર મૂકવા અને તેના પર ચૂનો લેપ કરવો.

5

| וּבָנִיתָ | שָּׁם | מִזְבֵּחַ | לַיהוָה | אֱלֹהֶיךָ | מִזְבַּח | אֲבָנִים | לֹא־ | תָנִיף | עֲלֵיהֶם | בַּרְזֶל׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બાંધજે | ત્યાં | વેદી | યહોવાહને | તારા-ઈશ્વરને | વેદી | પથ્થરોની | ન | ઉપાડજે | તેઓ-ઉપર | લોખંડ |
| H1129 | H8033 | H4196 | H3068 | H0430 | H4196 | H0068 | H3808 | | | H1270 |

ત્યાં તમારે યહોવાહ તમારા ઈશ્વરના નામે પથ્થરની વેદી બાંધવી, પણ તમે તે પથ્થર પર લોખંડનું હથિયાર વાપરશો નહિ.

6

| אֲבָנִים | שְׁלֵמוֹת | תִּבְנֶה | אֶת־ | מִזְבַּח | יְהוָה | אֱלֹהֶיךָ | וְהַעֲלִיתָ | עָלָיו | עוֹלֹת | לַיהוָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પથ્થરો | આખા | બાંધજે | તે | વેદી | યહોવાહ | તારા-ઈશ્વરની | અને-ચઢાવજે | તે-ઉપર | દહનાર્પણો | યહોવાહ |
| H0068 | H8003 | H1129 | H0853 | H4196 | H3068 | H0430 | H5927 | | | H3068 |

| אֱלֹהֶיךָ׃ |
|---|
| તારા-ઈશ્વરને |
| H0430 |

તમારે યહોવાહ તમારા ઈશ્વર માટે વેદી બાંધવા સારુ અસલ પથ્થરોનો ઉપયોગ કરવો, તેના ઉપર યહોવાહ તમારા ઈશ્વર માટે દહનીયાર્પણ ચઢાવવાં.

7

| וְזָבַחְתָּ | שְׁלָמִים | וְאָכַלְתָּ | שָּׁם | וְשָׂמַחְתָּ | לִפְנֵי | יְהוָה | אֱלֹהֶיךָ׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-ચઢાવજે | શાંતિઅર્પણો | અને-ખાજે | ત્યાં | અને-આનંદ-કરજે | સામે | યહોવાહ | તારા-ઈશ્વરના |
| H2076 | H8002 | H0398 | H8033 | H8055 | H6440 | H3068 | H0430 |

તમારે શાંત્યર્પણો ચઢાવીને ત્યાં ખાવું; તમારે યહોવાહ તમારા ઈશ્વરની સમક્ષ આનંદ કરવો.

8

| וְכָתַבְתָּ | עַל־ | הָאֲבָנִים | אֶת־ | כָּל־ | דִּבְרֵי | הַתּוֹרָה | הַזֹּאת | בַּאֵר | הֵיטֵב׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-લખજે | ઉપર | પથ્થરો-ઉપર | તે | બધા | વચનો | નિયમશાસ્ત્રના | આ | સ્પષ્ટ | રીતે | — |
| H3789 | | H0068 | H0853 | H3605 | H1697 | H8451 | H2063 | H0874 | H3190 | |

પથ્થરો ઉપર તારે નિયમના બધા શબ્દો સ્પષ્ટ રીતે લખવા.”

9

| וַיְדַבֵּר | מֹשֶׁה | וְהַכֹּהֲנִים | הַלְוִיִּם | אֶל | כָּל־ | יִשְׂרָאֵל | לֵאמֹר | הַסְכֵּת | וּשְׁמַע | יִשְׂרָאֵל |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બોલ્યા | મૂસા | અને-યાજકો | લેવીઓ | ને | બધા | ઇઝરાયેલને | કહેતાં | ચૂપ-રહો | અને-સાંભળો | ઇઝરાયેલ |
| H1696 | H4872 | H3548 | H3881 | H0413 | H3605 | H3478 | H0559 | H5535 | H8085 | H3478 |

| הַיּוֹם | הַזֶּה | נִהְיֵיתָ | לְעָם | לַיהוָה | אֱלֹהֶיךָ׃ |
|---|---|---|---|---|---|
| આજે | આ | થયા-છો | લોક | યહોવાહના | તારા-ઈશ્વરના |
| H3117 | H2088 | H1961 | | H3068 | H0430 |

મૂસાએ તથા લેવી યાજકોએ સર્વ ઇઝરાયલને કહ્યુ, “હે ઇઝરાયલ શાંત રહો અને સાંભળો. આજે તમે યહોવાહ તમારા ઈશ્વરની પ્રજા થયા છે.

10

| וְשָׁמַעְתָּ | בְּקוֹל | יְהוָה | אֱלֹהֶיךָ | וְעָשִׂיתָ | אֶת־ | מִצְוֹתָו | וְאֶת־ | חֻקָּיו | אֲשֶׁר |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-સાંભળો | અવાજ | યહોવાહ | તારા-ઈશ્વરનો | અને-કરો | તે | તેની-આજ્ઞાઓ | અને | તેના-વિધિઓ | જે |
| H8085 | | H3068 | H0430 | | H0853 | H4687 | H0853 | H2706 | |

| אָנֹכִי | מְצַוְּךָ | הַיּוֹם׃ | ס |
|---|---|---|---|
| હું | આજ્ઞા-કરું-છું | આજે | — |
| H0595 | H6680 | H3117 | |

તે માટે તમારે યહોવાહ તમારા ઈશ્વરનો અવાજ સાંભળવો, આજે હું તમને જે આજ્ઞાઓ અને કાનૂનો ફરમાવું છું તેનું પાલન કરવું.”

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 11 | וַיְצַ֤ו | מֹשֶׁה֙ | אֶת־ | הָעָ֔ם | בַּיּ֥וֹם | הַה֖וּא | לֵאמֹֽר׃ |
| | અને-આજ્ઞા-આપી | મૂસાએ | તે | લોકોને | તે-દિવસે | તે | કહેતાં |
| | H6680 | H4872 | H0853 | | H3117 | H1931 | H0559 |

તે જ દિવસે મૂસાએ તે લોકોને આજ્ઞા આપીને કહ્યું,

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | אֵ֠לֶּה | יַעַמְד֞וּ | לְבָרֵ֤ךְ | אֶת־ | הָעָם֙ | עַל־ | הַ֣ר | גְּרִזִּ֔ים | בְּעָבְרְכֶ֖ם | אֶת־ | הַיַּרְדֵּ֑ן |
| | આ | ઊભા-રહે | આશીર્વાદ-આપવા | તે | લોકોને | ઉપર | પર્વત | ગરિઝીમ | ઓળંગ્યા-પછી | તે | યર્દન |
| | H0428 | H5975 | H1288 | H0853 | | | H2022 | H1630 | | H0853 | H3383 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| שִׁמְעוֹן֙ | וְלֵוִ֣י | וִֽיהוּדָ֔ה | וְיִשָּׂשכָ֖ר | וְיוֹסֵ֥ף | וּבִנְיָמִֽן׃ |
| શિમઓન | અને-લેવી | અને-યહૂદા | અને-ઇસ્સાખાર | અને-યૂસફ | અને-બિન્યામીન |
| H8095 | H3878 | H3063 | H3485 | H3130 | H1144 |

“યર્દન નદી પાર કર્યા પછી લોકોને આશીર્વાદ આપવા, શિમયોન, લેવી, યહૂદા, ઇસ્સાખાર, યૂસફ તથા બિન્યામીન કુળો ગરીઝીમ પર્વત પર ઊભાં રહે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 13 | וְאֵ֨לֶּה | יַעַמְד֧וּ | עַל־ | הַקְּלָלָ֛ה | בְּהַ֥ר | עֵיבָ֖ל | רְאוּבֵן֙ | גָּ֣ד | וְאָשֵׁ֔ר | וּזְבוּלֻ֖ן | דָּ֥ן |
| | અને-આ | ઊભા-રહે | ઉપર | શાપ-માટે | ઉપર | એબાલ-પર્વત | રૂબેન | ગાદ | અને-આશેર | અને-ઝબુલૂન | દાન |
| | H0428 | H5975 | | H7045 | H2022 | | H7205 | H1410 | H0836 | H2074 | H1835 |

| |
|---|
| וְנַפְתָּלִֽי׃ |
| અને-નફતાલી |
| H5321 |

રુબેન, ગાદ, આશેર, ઝબુલોન, દાન તથા નફતાલીનાં કુળો શાપ આપવા એબાલ પર્વત પર ઊભાં રહે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 14 | וְעָנ֣וּ | הַלְוִיִּ֗ם | וְאָמְר֛וּ | אֶל־ | כָּל־ | אִ֥ישׁ | יִשְׂרָאֵ֖ל | ק֥וֹל | רָֽם׃ | ס |
| | અને-બોલે | લેવીઓ | અને-કહે | ને | દરેક | માણસ | ઇઝરાયેલના | અવાજ | ઊંચો | — |
| | | H3881 | H0559 | H0413 | H3605 | H0376 | H3478 | | | |

લેવીઓ જવાબ આપીને મોટે અવાજે સર્વ ઇઝરાયલના માણસોને કહે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | אָר֣וּר | הָאִ֡ישׁ | אֲשֶׁ֣ר | יַעֲשֶׂה֩ | פֶ֨סֶל | וּמַסֵּכָ֜ה | תּוֹעֲבַ֣ת | יְהוָ֗ה | מַעֲשֵׂ֛ה | יְדֵ֥י |
| | શાપિત | તે-માણસ | જે | બનાવે | મૂર્તિ | અને-ઢાળેલી-મૂર્તિ | ધિક્કારપાત્ર | યહોવાહને | કારીગરીનું-કામ | હાથોનું |
| | H0779 | H0376 | | | H6459 | | H8441 | H3068 | H4639 | H3027 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| חָרָ֖שׁ | וְשָׂ֣ם | בַּסָּ֑תֶר | וְעָנ֧וּ | כָל־ | הָעָ֛ם | וְאָמְר֖וּ | אָמֵֽן׃ | ס |
| કારીગરના | અને-મૂકે | છુપાઈને | અને-બોલે | બધા | લોકો | અને-કહે | આમેન | — |
| H2796 | | | | H3605 | | H0559 | H0543 | |

| וּבָעֵמֶק | בֵּית הָרָם | וּבֵית נִמְרָה | וְסֻכּוֹת | וְצָפוֹן | יֶתֶר | מַמְלְכוּת | סִיחוֹן | מֶלֶךְ |
| અને-ખીણમાં | બેથ-હારામ | અને-બેથ-નિમ્રાહ | અને-સુક્કોથ | અને-સાફોન | બાકી | રાજ્ય | સીહોનનું | રાજા |
| H6010 | H1027 | H1039 | H5523 | H6829 | | H4468 | H5511 | H4428 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| חֶשְׁבּוֹן | הַיַּרְדֵּן | וּגְבֻל | עַד־ | קְצֵה | יָם־ | כִּנֶּרֶת | עֵבֶר | הַיַּרְדֵּן | מִזְרָחָה׃ |
| હેશ્બોનનો | યર્દન | અને-સીમા | સુધી- | છેડા | સરોવર- | કિન્નેરેથનો | પેલે-પાર | યર્દનની | પૂર્વ-તરફ |
| H2809 | H3383 | H1366 | H5704 | | H3220 | H3672 | H5676 | H3383 | H4217 |

અને ખીણમાં, બેથ-હારામ તથા બેથ-નિમ્રાહ, સુક્કોથ, અને સાફોન, એટલે હેશ્બોનના રાજા સીહોનનું બાકી રહેલું રાજ્ય, યર્દનનો કિનારો, યર્દન પાર પૂર્વમાં કિન્નેરેથ સમુદ્રના છેડા સુધી મૂસાએ તેઓને આપ્યાં.

28

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| זֹאת | נַחֲלַת | בְּנֵי־ | גָד | לְמִשְׁפְּחֹתָם | הֶעָרִים | וְחַצְרֵיהֶם׃ |
| આ | વારસો | પુત્રોનો- | ગાદનો | તેમના-કુળો-પ્રમાણે | નગરો | અને-તેમનાં-ગામો |
| H2063 | H5159 | | H1410 | H4940 | | |

ગાદપુત્રોના વતનનાં નગરો તથા ગામો તેઓના કુટુંબો પ્રમાણે એ છે.

29

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּתֵּן | מֹשֶׁה | לַחֲצִי | שֵׁבֶט | מְנַשֶּׁה | וַיְהִי | לַחֲצִי | מַטֵּה | בְנֵי־ | מְנַשֶּׁה | לְמִשְׁפְּחוֹתָם׃ |
| અને-આપ્યો | મૂસાએ | અડધા | ગોત્રને | મનાશ્શાના | અને-થયું | અડધા | ગોત્રનું | પુત્રો- | મનાશ્શાના | તેમના-કુળો-પ્રમાણે |
| H5414 | H4872 | H2677 | H7626 | H4519 | H1961 | H2677 | H4294 | | H4519 | H4940 |

મૂસાએ મનાશ્શાના અડધા કુળને વારસો આપ્યો. તે મનાશ્શાના લોકોના અડધા કુળને, એક એકને તેમના કુળ પ્રમાણે વારસો આપ્યો.

30

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | גְבוּלָם | מִמַּחֲנַיִם | כָּל־ | הַבָּשָׁן | כָּל־ | מַמְלְכוּת | עוֹג | מֶלֶךְ־ | הַבָּשָׁן | וְכָל־ |
| અને-થયું | તેમનું-પ્રદેશ | મહનાઈમથી | સર્વ- | બાશાન | સર્વ- | રાજ્ય | ઓગનું | રાજા- | બાશાનના | અને-સર્વ- |
| H1961 | H1366 | H4266 | H3605 | H1316 | H3605 | H4468 | H5747 | H4428 | H1316 | H3605 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| חַוֺּת | יָאִיר | אֲשֶׁר | בַּבָּשָׁן | שִׁשִּׁים | עִיר׃ |
| ગામો | યાઈરનાં | જે | બાશાનમાં | સાઠ | નગર |
| H2333 | H2971 | | H1316 | H8346 | |

તેઓનો પ્રદેશ માહનાઇમથી હતો, એટલે આખો બાશાન, બાશાનના રાજા ઓગનું આખું રાજ્ય અને બાશાનમાં યાઈરનાં સર્વ નગરો, એટલે સાઠ નગરો,

31

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַחֲצִי | הַגִּלְעָד | וְעַשְׁתָּרוֹת | וְאֶדְרֶעִי | עָרֵי | מַמְלְכוּת | עוֹג | בַּבָּשָׁן | לִבְנֵי | מָכִיר |
| અને-અડધું | ગિલયાદ | અને-આશ્તારોથ | અને-એદ્રેઈ | નગરો | રાજ્યનાં | ઓગનાં | બાશાનમાં | પુત્રોને | માખીરના |
| H2677 | H1568 | H6252 | H0154 | | H4468 | H5747 | H1316 | | H4353 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| בֶּן־ | מְנַשֶּׁה | לַחֲצִי | בְנֵי־ | מָכִיר | לְמִשְׁפְּחוֹתָם׃ |
| પુત્ર- | મનાશ્શાના | અડધા | પુત્રો- | માખીરના | તેમના-કુળો-પ્રમાણે |
| | H4519 | H2677 | | H4353 | H4940 |

અડધો ગિલ્યાદ તથા આશ્તારોથ તથા એડ્રેઇ, બાશાનમાં ઓગનાં ભવ્ય નગરો. એ મનાશ્શાના પુત્ર માખીરના પુત્રોને માટે એટલે તેઓનાં કુટુંબો પ્રમાણે માખીરના પુત્રોના અડધા ભાગને માટે હતાં.

32

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֵלֶּה | אֲשֶׁר־ | נִחַל | מֹשֶׁה | בְּעַרְבוֹת | מוֹאָב | מֵעֵבֶר | לְיַרְדֵּן | יְרִיחוֹ | מִזְרָחָה׃ | ס |
| આ | જે- | વહેંચ્યું | મૂસાએ | મેદાનોમાં | મોઆબના | પેલે-પાર | યર્દનના | યરીખો | પૂર્વ-તરફ | — |
| H0428 | | H5157 | H4872 | H6160 | H4124 | H5676 | H3383 | H3405 | H4217 | |

યરીખોની પૂર્વ દિશાએ યર્દન પાર, મોઆબના પ્રદેશમાં મૂસાએ વારસા તરીકે સોંપ્યાં તે એ છે.

33

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כַּאֲשֶׁר | נַחֲלָתָם | הוּא | יִשְׂרָאֵל | אֱלֹהֵי | יְהוָה | נַחֲלָה | מֹשֶׁה | נָתַן | לֹא־ | הַלֵּוִי | וּלְשֵׁבֶט |
| જેમ | તેમનો-વારસો | એ-જ | ઇઝરાયલના | ઈશ્વર | યહોવાહ | વારસો | મૂસાએ | આપ્યો | નહોતો- | લેવીના | અને-ગોત્રને |
| | H5159 | H1931 | H3478 | H0430 | H3068 | H5159 | H4872 | H5414 | H3808 | H3878 | H7626 |

| | |
|---|---|
| לָהֶם׃ | דִּבֶּר |
| તેમને | કહ્યુ-હતું |
| | H1696 |

પણ લેવીના કુળને મૂસાએ કંઈ વારસો આપ્યો નહિ. તેણે તેઓને કહ્યુ કે, તેઓનો વારસો ઇઝરાયલના પ્રભુ, યહોવાહ, છે.

# Chapter 14

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶלְעָזָר | אוֹתָם | נִחֲלוּ | אֲשֶׁר | כְּנָעַן | בְּאֶרֶץ | יִשְׂרָאֵל | בְנֵי־ | נָחֲלוּ | אֲשֶׁר־ | וְאֵלֶּה |
| એલાઝાર | તેમને | વહેંચી-આપ્યા | જે | કનાનના | દેશમાં | ઇઝરાયલના | પુત્રો- | વારસામાં-મળ્યા | જે- | અને-આ |
| H0499 | H0853 | H5157 | | | H0776 | H3478 | | H5157 | | H0428 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יִשְׂרָאֵל׃ | לִבְנֵי | הַמַּטּוֹת | אֲבוֹת | וְרָאשֵׁי | נוּן | בִּן־ | וִיהוֹשֻׁעַ | הַכֹּהֵן |
| ઇઝરાયલના | પુત્રોને | ગોત્રોના | પિતાઓના | અને-મુખ્યો | નૂનના | પુત્ર- | અને-યહોશુઆ | યાજકે |
| H3478 | | H4294 | H0001 | | H5126 | | H3091 | H3548 |

ઇઝરાયલના લોકોએ કનાન દેશના ભાગોને વારસા તરીકે પ્રાપ્ત કર્યા, એલાઝાર યાજકે, નૂનના દીકરા યહોશુઆએ અને તેઓના પિતૃઓના કુળના આગેવાનોએ ઇઝરાયલના કુટુંબનાં લોકોને વારસા તરીકે વહેંચી આપ્યાં.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַחֲצִי | הַמַּטּוֹת | לְתִשְׁעַת | מֹשֶׁה | בְּיַד־ | יְהוָה | צִוָּה | כַּאֲשֶׁר | נַחֲלָתָם | בְּגוֹרַל |
| અને-અડધા | ગોત્રોને | નવ | મૂસાને | હાથે- | યહોવાહે | આજ્ઞા-આપી-હતી | જેમ | તેમનો-વારસો | ચિઠ્ઠી-દ્વારા |
| H2677 | H4294 | H8672 | H4872 | H3027 | H3068 | H6680 | | H5159 | H1486 |

| |
|---|
| הַמַּטֶּה׃ |
| ગોત્રને |
| H4294 |

યહોવાહ મૂસાની હસ્તક નવ કુળો અને અડધા કુળ વિષે જેમ આજ્ઞા આપી હતી, તેમ તેઓને વારસા પ્રમાણે ફાળવી આપ્યાં.

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלַלְוִיִּם | לַיַּרְדֵּן | מֵעֵבֶר | הַמַּטֶּה | וַחֲצִי | הַמַּטּוֹת | שְׁנֵי | נַחֲלַת | מֹשֶׁה | נָתַן | כִּי־ |
| અને-લેવીઓને | યર્દનના | પેલે-પાર | ગોત્રની | અને-અડધા | ગોત્રોનાં | બે | વારસો | મૂસાએ | આપ્યો-હતો | કારણ-કે- |
| H3881 | H3383 | H5676 | H4294 | H2677 | H4294 | H8147 | H5159 | H4872 | H5414 | |

| | | | |
|---|---|---|---|
| בְּתוֹכָם׃ | נַחֲלָה | נָתַן | לֹא־ |
| તેમની-વચ્ચે | વારસો | આપ્યો | નહોતો- |
| H8432 | H5159 | H5414 | H3808 |

કેમ કે મૂસાએ બે કુળને તથા અડધા કુળને યર્દન પાર વારસો આપ્યો, પણ લેવીઓને તેણે કોઈ વારસો આપ્યો નહી.

4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| חֵלֶק | נָתְנוּ | וְלֹא־ | וְאֶפְרָיִם | מְנַשֶּׁה | מַטּוֹת | שְׁנֵי | יוֹסֵף | בְנֵי־ | הָיוּ | כִּי־ |
| ભાગ | આપ્યો | અને-નહોતો- | અને-એફ્રાઈમ | મનાશ્શા | ગોત્રો | બે | યૂસફના | પુત્રો- | હતા | કારણ-કે- |
| | H5414 | H3808 | H0669 | H4519 | H4294 | H8147 | H3130 | | H1961 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּלְקִנְיָנָם׃ | לְמִקְנֵיהֶם | וּמִגְרְשֵׁיהֶם | לָשֶׁבֶת | עָרִים | אִם־ | כִּי | בָּאָרֶץ | לַלְוִיִּם |
| અને-તેમની-મિલકત-માટે | તેમના-ઢોર-માટે | અને-તેમનાં-ગોચરો | રહેવા-માટે | નગરો | કે- | સિવાય | દેશમાં | લેવીઓને |
| H7075 | H4735 | H4054 | H3427 | | | | H0776 | H3881 |

યૂસફનાં ખરેખર બે કુળ હતાં, એટલે મનાશ્શા તથા એફ્રાઇમ. પણ તેઓને રહેવાને માટે અમુક નગરો, જાનવર તથા તેઓની માલમિલકત અને તે સિવાય તેઓએ દેશમાં લેવીઓને કંઈ ભાગ વારસા તરીકે આપ્યો નહિ.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | וַיַּחְלְקוּ | יִשְׂרָאֵל | בְּנֵי | עָשׂוּ | כֵּן | מֹשֶׁה | אֶת־ | יְהוָה | צִוָּה | כַּאֲשֶׁר |
| - | અને-વહેંચ્યો | ઇઝરાયલના | પુત્રોએ | કર્યુ | તેમ | મૂસાને | - | યહોવાહે | આજ્ઞા-આપી-હતી | જેમ |
| H0853 | | H3478 | | | | H4872 | H0853 | H3068 | H6680 | |

| | |
|---|---|
| פ | הָאָרֶץ׃ |
| — | દેશ |
| | H0776 |

જેમ યહોવાહ મૂસાને આજ્ઞા આપી હતી તેમ ઇઝરાયલના લોકોએ તે દેશ વહેંચી લીધો.

6

| יְפֻנֶּה | בֶּן־ | כָּלֵב | אֵלָיו | וַיֹּאמֶר | בַּגִּלְגָּל | יְהוֹשֻׁעַ | אֶל־ | יְהוּדָה | בְנֵי־ | וַיִּגְּשׁוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| યફુન્નેહના | પુત્ર- | કાલેબે | તેમને | અને-કહ્યુ | ગિલગાલમાં | યહોશુઆ | પાસે- | યહૂદાના | પુત્રો- | અને-આવ્યા |
| H3312 | | H3612 | H0413 | H0559 | H1537 | H3091 | H0413 | H3063 | | H5066 |

| הָאֱלֹהִים | אִישׁ־ | מֹשֶׁה | אֶל־ | יְהוָה | דִּבֶּר | אֲשֶׁר־ | הַדָּבָר | אֶת־ | יָדַעְתָּ | אַתָּה | הַקְּנִזִּי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઈશ્વરના | માણસ- | મૂસાને | પાસે- | યહોવાહે | કહી | જે- | વાત | - | જાણે-છે | તું | કનિઝ્ઝીએ |
| H0430 | H0376 | H4872 | H0413 | H3068 | H1696 | | H1697 | H0853 | H3045 | | H7074 |

| בְּקָדֵשׁ בַּרְנֵעַ׃ | אֲדֹנֶיךָ | וְעַל | אֲדֹנִי | עַל |
|---|---|---|---|---|
| કાદેશ-બાર્નેઆમાં | તારા | અને-વિષે | મારા | વિષે |
| H6947 | H0182 | | H0182 | |

પછી યહૂદાનું કુળ યહોશુઆ પાસે ગિલ્ગાલમાં આવ્યું. કનિઝી યફૂન્નેના દીકરા, કાલેબે તેને કહ્યુ, "કાદેશ બાર્નેઆમાં ઈશ્વરભક્ત મૂસાએ તારા અને મારા વિષે જે કહ્યુ હતું તે તું જાણે છે.

7

| מִקָּדֵשׁ בַּרְנֵעַ | אֹתִי | יְהוָה | עֶבֶד־ | מֹשֶׁה | בִּשְׁלֹחַ | אָנֹכִי | שָׁנָה | אַרְבָּעִים | בֶּן־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કાદેશ-બાર્નેઆથી | મને | યહોવાહના | સેવક- | મૂસાએ | મોકલતી-વખતે | હું-હતો | વર્ષનો | ચાળીસ | પુત્ર- |
| H6947 | H0853 | H3068 | H5650 | H4872 | H7971 | H0595 | H8141 | H0705 | |

| לְבָבִי׃ | עִם־ | כַּאֲשֶׁר | דָּבָר | אֹתוֹ | וָאָשֵׁב | הָאָרֶץ | אֶת־ | לְרַגֵּל |
|---|---|---|---|---|---|---|---|---|
| મારા-હૃદયમાં | સાથે- | જેમ | વાત | તેમને | અને-પાછો-આવ્યો | દેશને | - | જાસૂસી-કરવા |
| H3824 | | | H1697 | H0853 | H7725 | H0776 | H0853 | H7270 |

જયારે યહોવાહનાં સેવક મૂસાએ દેશની જાસૂસી કરવા માટે કાદેશ બાર્નેઆથી મને મોકલ્યો ત્યારે હું ચાળીસ વર્ષનો હતો. મારા મનમાં જે વાતની ખાતરી થઈ તે પ્રમાણે હું મૂસાની પાસે અહેવાલ લઈને પાછો આવ્યો હતો.

8

| מִלֵּאתִי | וְאָנֹכִי | הָעָם | לֵב | אֶת־ | הִמְסִיו | עִמִּי | עָלוּ | אֲשֶׁר | וְאַחַי |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પૂર્ણ-રીતે-અનુસર્યો | અને-હું | લોકોનું | હૃદય | - | ઓગાળ્યો | મારી-સાથે | ગયા-હતા | જે | અને-મારા-ભાઈઓ |
| H4390 | H0595 | | | H0853 | H4529 | | H5927 | | H0251 |

| אֱלֹהָי׃ | יְהוָה | אַחֲרֵי |
|---|---|---|
| મારા-ઈશ્વરને | યહોવાહ | પછી |
| H0430 | H3068 | |

પણ મારા ભાઈઓ જેઓ મારી સાથે આવ્યા હતા તેઓએ લોકોનાં હૃદય બીકથી ગભરાવી નાખ્યાં. પણ હું તો સંપૂર્ણરીતે યહોવાહ મારા પ્રભુને અનુસર્યો.

9

| רַגְלְךָ | דָּרְכָה | אֲשֶׁר | הָאָרֶץ | לֹא | אִם־ | לֵאמֹר | הַהוּא | בַּיּוֹם | מֹשֶׁה | וַיִּשָּׁבַע |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તારો-પગ | ચાલ્યો | જેમાં | દેશ | નહોતું-કે | ખરેખર- | કહીને | તે | તે-દિવસે | મૂસાએ | અને-સોગંદ-લીધા |
| H7272 | H1869 | | H0776 | H3808 | | H0559 | H1931 | H3117 | H4872 | H7650 |

| אַחֲרֵי | מִלֵּאתָ | כִּי | עוֹלָם | עַד־ | וּלְבָנֶיךָ | לְנַחֲלָה | תִּהְיֶה | לְךָ | בָּהּ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પછી | તું-પૂર્ણ-રીતે-અનુસર્યો | કારણ-કે | સર્વકાળ | સદા- | અને-તારા-પુત્રોને | વારસા-માટે | હશે | તને-માટે | તેમાં |
| | H4390 | | H5769 | H5704 | | H5159 | H1961 | | |

| אֱלֹהָי׃ | יְהוָה |
|---|---|
| મારા-ઈશ્વરને | યહોવાહ |
| H0430 | H3068 |

મૂસાએ તે દિવસે પ્રતિજ્ઞા કરી કે, 'નિશ્ચે જે ભૂમિ પર તારા પગ ફર્યા છે તે તારાં અને તારાં સંતાનોને માટે સદાકાળનો વારસો થશે, કેમ કે તું સંપૂર્ણરીતે મારા પ્રભુ યહોવાહને અનુસર્યો છે.

10

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְעַתָּה | અને-હવે | H6258 |
| הִנֵּה | જુઓ | H2009 |
| הֶחֱיָה | જીવિત-રાખ્યો-છે | H2421 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| אוֹתִי | મને | H0853 |
| כַּאֲשֶׁר | જેમ | |
| דִּבֵּר | કહ્યુ-હતું | H1696 |
| זֶה | આ | H2088 |
| אַרְבָּעִים | પીસ્તાળીસ | H0705 |
| וְחָמֵשׁ | અને-પાંચ | H2568 |
| שָׁנָה | વર્ષ | H8141 |
| מֵאָז | ત્યારથી | |
| דִּבֶּר | કહ્યુ-હતું | H1696 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| אֶת־ | – | H0853 |
| הַדָּבָר | વાત | H1697 |
| הַזֶּה | આ | H2088 |
| אֶל־ | પાસે- | H0413 |
| מֹשֶׁה | મૂસાને | H4872 |
| אֲשֶׁר־ | જ્યારે- | |
| הָלַךְ | ચાલ્યું | H1980 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલ | H3478 |
| בַּמִּדְבָּר | અરણ્યમાં | |
| וְעַתָּה | અને-હવે | H6258 |
| הִנֵּה | જુઓ | H2009 |
| אָנֹכִי | હું | H0595 |
| הַיּוֹם | આજે | H3117 |
| בֶּן־ | પુત્ર- | |
| חָמֵשׁ | પાંચ | H2568 |
| וּשְׁמוֹנִים | અને-એંશી | H8084 |
| שָׁנָה׃ | વર્ષનો | H8141 |

હવે, જો યહોવાહ મને તેના કહ્યા પ્રમાણે આ પિસ્તાળીસ વર્ષ પર્યંત જીવતો રાખ્યો છે, એટલે ઇઝરાયલ અરણ્યમાં ચાલતા હતા, તે સમયે યહોવાહ આ વચન મૂસાને કહ્યુ હતું ત્યારથી. અને આજ હું પંચ્યાસી વર્ષનો થયો છું.

11

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| עוֹדֶנִּי | હજી-પણ | H5750 |
| הַיּוֹם | આજે | H3117 |
| חָזָק | બળવાન | H2389 |
| כַּאֲשֶׁר | જેમ- | |
| בְּיוֹם | દિવસે | H3117 |
| שְׁלֹחַ | મોકલતી-વખતે | H7971 |
| אוֹתִי | મને | H0853 |
| מֹשֶׁה | મૂસાએ | H4872 |
| כְּכֹחִי | જેમ-મારું-બળ | |
| אָז | ત્યારે | |
| וּכְכֹחִי | અને-જેમ-મારું-બળ | |
| עָתָּה | હવે | H6258 |
| לַמִּלְחָמָה | યુદ્ધ-માટે | H4421 |
| וְלָצֵאת | અને-બહાર-જવા | H3318 |
| וְלָבוֹא׃ | અને-આવવા | H0935 |

મૂસાએ જે દિવસે મને બહાર મોકલ્યો હતો તે દિવસે જેવો હું મજબૂત હતો તેવો જ હજી આજે પણ મજબૂત છું. ત્યારે મારામાં જેટલું બળ હતું તેટલું જ બળ આજે યુદ્ધ કરવા માટે અને જવા આવવાને માટે મારામાં છે.

12

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְעַתָּה | અને-હવે | H6258 |
| תְּנָה־ | આપો- | H5414 |
| לִּי | મને | |
| אֶת־ | – | H0853 |
| הָהָר | પર્વત | H2022 |
| הַזֶּה | આ | H2088 |
| אֲשֶׁר־ | જે-વિષે | |
| דִּבֶּר | કહ્યુ | H1696 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| בַּיּוֹם | તે-દિવસે | H3117 |
| הַהוּא | તે | H1931 |
| כִּי | કારણ-કે | |
| אַתָּה־ | તું- | |
| שָׁמַעְתָּ | સાંભળ્યું-છે | H8085 |
| בַיּוֹם | તે-દિવસે | H3117 |
| הַהוּא | તે | H1931 |
| כִּי־ | કે- | |
| עֲנָקִים | અનાકીમ | H6062 |
| שָׁם | ત્યાં | H8033 |
| וְעָרִים | અને-નગરો | |
| גְּדֹלוֹת | મોટાં | |
| בְּצֻרוֹת | કિલ્લેબંધ | H1219 |
| אוּלַי | કદાચ | H0194 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| אוֹתִי | મારી-સાથે | H0854 |
| וְהוֹרַשְׁתִּים | અને-હું-તેમને-હાંકી-કાઢીશ | H3423 |
| כַּאֲשֶׁר | જેમ | |
| דִּבֶּר | કહ્યુ | H1696 |
| יְהוָה׃ | યહોવાહે | H3068 |

તેથી હવે આ પર્વતીય પ્રદેશ કે જે વિષે યહોવાહ તે દિવસે મને વચન આપ્યુ હતું, તે મને આપ. કેમ કે તે દિવસે તેં સાંભળ્યું કે ત્યાં અનાકી અને તેમના મોટાં કોટવાળાં નગરો છે. યહોવાહ મારી સાથે હશે અને યહોવાહના કહ્યા પ્રમાણે હું તેઓને અહીંથી દૂર કાઢી મૂકીશ."

13

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיְבָרְכֵהוּ | અને-આશીર્વાદ-આપ્યો | H1288 |
| יְהוֹשֻׁעַ | યહોશુઆએ | H3091 |
| וַיִּתֵּן | અને-આપ્યું | H5414 |
| אֶת־ | – | H0853 |
| חֶבְרוֹן | હેબ્રોન | |
| לְכָלֵב | કાલેબને | H3612 |
| בֶּן־ | પુત્ર- | |
| יְפֻנֶּה | યફુન્નેહના | H3312 |
| לְנַחֲלָה׃ | વારસા-માટે | H5159 |

પછી યહોશુઆએ તેને આશીર્વાદ આપ્યો અને તેણે યફૂન્નેના પુત્ર કાલેબને હેબ્રોન વારસા તરીકે આપ્યું.

14

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| עַל־ | તેથી- | |
| כֵּן | કારણે | |
| הָיְתָה־ | થયું- | H1961 |
| חֶבְרוֹן | હેબ્રોન | |
| לְכָלֵב | કાલેબનું | H3612 |
| בֶּן־ | પુત્ર- | |
| יְפֻנֶּה | યફુન્નેહ | H3312 |
| הַקְּנִזִּי | કનિઝ્ઝીનું | H7074 |
| לְנַחֲלָה | વારસો | H5159 |
| עַד | આજ | H5704 |
| הַיּוֹם | દિવસ | H3117 |
| הַזֶּה | સુધી | H2088 |
| יַעַן | કારણ-કે | H3282 |
| אֲשֶׁר | જે | |
| מִלֵּא | પૂર્ણ-રીતે-અનુસર્યો | H4390 |
| אַחֲרֵי | પછી | |
| יְהוָה | યહોવાહ | H3068 |
| אֱלֹהֵי | ઈશ્વરના | H0430 |
| יִשְׂרָאֵל׃ | ઇઝરાયલના | H3478 |

એ માટે આજ સુધી કનિઝી યફૂન્નેના દીકરા કાલેબનો વારસો હેબ્રોન છે. કેમ કે તે ઇઝરાયલના પ્રભુ, યહોવાહને સંપૂર્ણરીતે અનુસર્યો હતો.

15
וְשֵׁם / અને-નામ / H8034
חֶבְרוֹן / હેબ્રોનનું
לְפָנִים / પહેલાં / H6440
קִרְיַת אַרְבַּע / કિર્યાથ-અર્બા / H7153
הָאָדָם / માણસ / H0120
הַגָּדוֹל / મહાન
בָּעֲנָקִים / અનાકીમોમાં / H6062
הוּא / હતો / H1931
וְהָאָרֶץ / અને-દેશ / H0776
שָׁקְטָה / શાંત-હતો / H8252
מִמִּלְחָמָה׃ / યુદ્ધથી / H4421
פ / —

હવે હેબ્રોનનું નામ અગાઉ કિર્યાથ-આર્બા હતું. આર્બા તો અનાકીઓ મધ્યે સૌથી મોટો પુરુષ હતો અનાકીઓ મધ્યે સૌથી મોટો પુરુષ હતો. પછી દેશમાં યુદ્ધ બંધ થયાં. શાંતિનો પ્રસાર થયો.

## Chapter 15

1
וַיְהִי / અને-થયું / H1961
הַגּוֹרָל / ચિઠ્ઠી / H1486
לְמַטֵּה / ગોત્રને / H4294
בְּנֵי / પુત્રોના
יְהוּדָה / યહૂદાના / H3063
לְמִשְׁפְּחֹתָם / તેમના-કુળો-પ્રમાણે / H4940
אֶל־ / પાસે- / H0413
גְּבוּל / સીમા / H1366
אֱדוֹם / અદોમની / H0123
מִדְבַּר־ / અરણ્ય-
צִן / સીન / H6790
נֶגְבָּה / દક્ષિણ-તરફ / H5045
מִקְצֵה / છેવાડેથી
תֵימָן׃ / દક્ષિણના / H8486

યહૂદાપુત્રોના કુળને, તેઓનાં કુટુંબો પ્રમાણે, જે વારસો સોંપવામાં આવેલો હતો તે દક્ષિણે અદોમની સરહદ સુધી વિસ્તરેલો હતો. એટલે દક્ષિણ તરફ સીનના અરણ્ય સાથે, જે સરહદનો છેવાડો ભાગ હતો ત્યાં સુધી.

2
וַיְהִי / અને-થયું / H1961
לָהֶם / તેમનું / H1992
גְּבוּל / સીમા / H1366
נֶגֶב / દક્ષિણની / H5045
מִקְצֵה / છેવાડેથી
יָם / સમુદ્રના / H3220
הַמֶּלַח / ખારાના / H4417
מִן־ / થી-
הַלָּשֹׁן / જિહ્વાથી / H3956
הַפֹּנֶה / જે-વળે-છે / H6437
נֶגְבָּה׃ / દક્ષિણ-તરફ / H5045

તેની સીમા દક્ષિણના ખારા સમુદ્રના છેડાથી, એટલે દક્ષિણના અખાતથી શરુ થતી હતી.

3
וְיָצָא / અને-આગળ-ગયું / H3318
אֶל־ / પાસે- / H0413
מִנֶּגֶב / દક્ષિણથી / H5045
לְמַעֲלֵה / ચઢાણે / H4610
עַקְרַבִּים / આક્રાબ્બીમના / H4610
וְעָבַר / અને-પસાર-કરી
צִנָה / સીન / H6790
וְעָלָה / અને-ચડ્યું / H5927
מִנֶּגֶב / દક્ષિણથી / H5045
לְקָדֵשׁ בַּרְנֵעַ / કાદેશ-બાર્નેઆને / H6947
וְעָבַר / અને-પસાર-કરી
חֶצְרוֹן / હેસ્રોન / H2696
וְעָלָה / અને-ચડ્યું / H5927
אַדָּרָה / અદારાહ / H0146
וְנָסַב / અને-વળ્યું / H5437
הַקַּרְקָעָה׃ / કાર્કાહને / H7173

ત્યાંથી સરહદ આક્રાબ્બીમના ઘાટની દક્ષિણે થઈને આગળ સીન સુધી ગઈ. અને કાદેશ બાર્નેઆની દક્ષિણે થઈને ઉપર ગઈ. ત્યાંથી હેસ્રોન થઈને આદ્દારથી ચકરાવો ખાઈને કાર્કા સુધી ગઈ.

4
וְעָבַר / અને-પસાર-કરી
עַצְמוֹנָה / અસ્મોનાહ / H6111
וְיָצָא / અને-આગળ-ગયું / H3318
נַחַל / ખીણ
מִצְרַיִם / મિસરની / H4714
[והיה] / [અને-હતી] / H1961
(וְהָיוּ) / (અને-હતાં) / H1961
תֹּצְאוֹת / છેવાડા / H8444
הַגְּבוּל / સીમાના / H1366
יָמָּה / પશ્ચિમ-તરફ / H3220
זֶה־ / આ- / H2088
יִהְיֶה / હશે / H1961
לָכֶם / તમારી
גְּבוּל / સીમા / H1366
נֶגֶב׃ / દક્ષિણની / H5045

ત્યાંથી આસ્મોન સુધી ગઈ. ત્યાંથી મિસરના ઝરણાંથી પસાર થઈને તેનો છેડો સમુદ્ર આગળ આવ્યો. આ તેમની દક્ષિણ તરફની સરહદ હતી.

5
וּגְבוּל / અને-સીમા / H1366
קֵדְמָה / પૂર્વની
יָם / સમુદ્ર / H3220
הַמֶּלַח / ખારાનો / H4417
עַד־ / સુધી- / H5704
קְצֵה / છેવાડે
הַיַּרְדֵּן / યર્દનના / H3383
וּגְבוּל / અને-સીમા / H1366
לִפְאַת / બાજુએ- / H6285
צָפוֹנָה / ઉત્તર-તરફ / H6828
מִלְּשׁוֹן / જિહ્વાથી / H3956
הַיָּם / સમુદ્રની / H3220
מִקְצֵה / છેવાડે
הַיַּרְדֵּן׃ / યર્દનના / H3383

યર્દનના છેડા તરફ, ખારો સમુદ્ર પૂર્વ તરફની સરહદ હતી. યર્દનના છેડા તરફ સમુદ્રની ખાડીથી ઉત્તર તરફની સરહદથી શરુ થતી હતી.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעָלָה | הַגְּבוּל | חָגְלָהבֵית | וְעָבַר | מִצְּפוֹן | הָעֲרָבָהלְבֵית | וְעָלָה | הַגְּבוּל | אֶבֶן | בֹּהַן | בֶּן־ |
| અને-ચડ્યું | સીમા | બેથ-હોગ્લાહ | અને-પસાર-કરી | ઉત્તરથી | બેથ-અરાબાહને | અને-ચડ્યું | સીમા | પથ્થર | બોહનનો | પુત્ર- |
| H5927 | H1366 | H1031 | | H6828 | H1026 | H5927 | H1366 | H0068 | H0932 | |

| | |
|---|---|
| רְאוּבֵן׃ | |
| રૂબેનનો | |
| H7205 | |

તે સરહદ બેથ-હોગ્લા અને બેથ-અરાબાની ઉત્તર તરફ પસાર થઈને આગળ ગઈ. પછી તે સરહદ બોહાનની શિલા, રુબેનના દીકરા સુધી ગઈ.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעָלָה | הַגְּבוּל | דְּבִרָה | מֵעֵמֶק | עָכוֹר | וְצָפוֹנָה | פֹּנֶה | אֶל־ | הַגִּלְגָּל | אֲשֶׁר־ | נֹכַח |
| અને-ચડ્યું | સીમા | દબીરાહને | ખીણથી | આખોરના | અને-ઉત્તર | વળ્યું | પાસે- | ગિલગાલ | જે- | સામે |
| H5927 | H1366 | | H6010 | H5911 | H6828 | H6437 | H0413 | H1537 | | H5227 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לְמַעֲלֵה | אֲדֻמִּים | אֲשֶׁר | מִנֶּגֶב | לַנָּחַל | וְעָבַר | הַגְּבוּל | אֶל־ | מֵי־ | שֶׁמֶשׁעֵין | וְהָיוּ |
| ચઢાણે | અદુમ્મીમના | જે | દક્ષિણથી | ખીણના | અને-પસાર-કરી | સીમા | પાસે- | પાણી- | એન-શેમેશ | અને-હતાં |
| H4608 | H0131 | | H5045 | | | H1366 | H0413 | H4325 | H5885 | H1961 |

| | | |
|---|---|---|
| תֹצְאֹתָיו | אֶל־ | רֹגֵל׃עֵין |
| તેના-છેવાડા | પાસે- | એન-રોગેલ |
| H8444 | H0413 | H5883 |

પછી તે સરહદ આખોરની ખીણથી દબીર સુધી ગઈ, તે જ પ્રમાણે ઉત્તર તરફ ગિલ્ગાલના વળાંક સુધી, કે જે નદીની દક્ષિણ બાજુ પર, અદુમ્મીમના ઘાટની સામે છે ત્યાં સુધી ગઈ. પછી તે સરહદ એન-શેમેશનાં ઝરણાંથી પસાર થઈ અને એન-રોગેલ આગળ પૂરી થઈ.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעָלָה | הַגְּבוּל | גֵּי | בֶן־ | הִנֹּם | אֶל־ | כֶּתֶף | הַיְבוּסִי | מִנֶּגֶב | הִיא | יְרוּשָׁלִָם |
| અને-ચડ્યું | સીમા | ખીણ | પુત્ર- | હિન્નોમની | પાસે- | કંધે | યબૂસીઓની | દક્ષિણથી | એ-જ | યરૂશાલેમ |
| H5927 | H1366 | H1516 | | H2011 | H0413 | H3802 | H2983 | H5045 | H1931 | H3389 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעָלָה | הַגְּבוּל | אֶל־ | רֹאשׁ | הָהָר | אֲשֶׁר | עַל־ | פְּנֵי | גֵי־ | הִנֹּם | יָמָּה |
| અને-ચડ્યું | સીમા | પાસે- | ટોચ | પર્વતની | જે | ઉપર- | સામે | ખીણ- | હિન્નોમની | પશ્ચિમ-તરફ |
| H5927 | H1366 | H0413 | | H2022 | | | H6440 | H1516 | H2011 | H3220 |

| | | | | |
|---|---|---|---|---|
| אֲשֶׁר | בִּקְצֵה | עֵמֶק־ | רְפָאִים | צָפֹנָה׃ |
| જે | છેવાડે | ખીણ- | રફાઈમના | ઉત્તર-તરફ |
| | | H6010 | | H6828 |

પછી તે સરહદ હિન્નોમના પુત્રની ખીણ પાસે થઈને યબૂસીઓના નગરની દક્ષિણ તરફ એટલે યરુશાલેમ સુધી ગઈ. પછી તે હિન્નોમની ખીણની સામે પશ્ચિમે આવેલા પર્વતના શિખર પર, જે રફાઈમની ખીણના ઉત્તરના છેડા સુધી તે સરહદ ગઈ.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְתָאַר | הַגְּבוּל | מֵרֹאשׁ | הָהָר | אֶל־ | מַעְיַן | מֵי | נֶפְתּוֹחַ | וְיָצָא | אֶל־ | עָרֵי |
| અને-વળ્યું | સીમા | ટોચથી | પર્વતની | પાસે- | ઝરણાં | પાણીનાં | નેફ્તોઆહનાં | અને-આગળ-ગયું | પાસે- | નગરો |
| | H1366 | | H2022 | H0413 | H4599 | H4325 | H5318 | H3318 | H0413 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הַר־ | עֶפְרוֹן | וְתָאַר | הַגְּבוּל | בַּעֲלָה | הִיא | יְעָרִים׃קִרְיַת |
| પર્વત- | એફ્રોનના | અને-વળ્યું | સીમા | બઆલાહને | એ-જ | કિર્યાથ-યઆરીમ |
| H2022 | H6085 | | H1366 | H1173 | H1931 | H7157 |

પછી તે સરહદ પર્વતના શિખરથી તે નેફતોઆના ઝરણાં સુધી ગઈ, ત્યાંથી એફ્રોન પર્વતનાં નગરો સુધી ગઈ. પછી તે સરહદ બાલાહ એટલે કિર્યાથ-યારીમ સુધી અકાયેલી હતી.

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְנָסַב | הַגְּבוּל | מִבַּעֲלָה | יָמָּה | אֶל־ | הַר | שֵׂעִיר | וְעָבַר | אֶל־ | כֶּתֶף | הַר־ |
| અને-વળ્યું | સીમા | બઆલાહથી | પશ્ચિમ-તરફ | પાસે- | પર્વત | સેઈરના | અને-પસાર-કરી | પાસે- | કંધે | પર્વત- |
| H5437 | H1366 | H1173 | H3220 | H0413 | H2022 | | | H0413 | H3802 | H2022 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יְעָרִים | מִצָּפוֹנָה | הִיא | כְּסָלוֹן | וְיָרַד | בֵּית־שֶׁמֶשׁ | וְעָבַר | תִּמְנָה׃ |
| યઆરીમના | ઉત્તરથી | એ-જ | કસાલોન | અને-ઉતર્યું | બેથ-શેમેશ | અને-પસાર-કરી | તિમ્નાહ |
| H3297 | H6828 | H1931 | H3693 | H3381 | H1053 | | H8553 |

પછી તે સરહદ ત્યાંથી વળીને પશ્ચિમ તરફ બાલાહથી સેઈર પર્વત સુધી ગઈ, પછી આગળ વધીને ઉત્તર તરફ યારીમ પર્વતની એટલે કસાલોન ની બાજુથી પસાર થઈ અને બેથ-શેમેશ સુધી નીચે થઈને તિમ્નાથી પસાર થઈને આગળ વધી.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְיָצָא | הַגְּבוּל | אֶל־ | כֶּתֶף | עֶקְרוֹן | צָפוֹנָה | וְתָאַר | הַגְּבוּל | שִׁכְּרוֹנָה | וְעָבַר |
| અને-આગળ-ગયું | સીમા | પાસે- | કંધે | એક્રોનની | ઉત્તરથી | અને-વળ્યું | સીમા | શિક્કોનાહ | અને-પસાર-કરી |
| H3318 | H1366 | H0413 | H3802 | H6138 | H6828 | | H1366 | H7942 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הַר־ | הַבַּעֲלָה | וְיָצָא | יַבְנְאֵל | וְהָיוּ | תֹּצְאוֹת | הַגְּבוּל | יָמָּה׃ |
| પર્વત- | બઆલાહના | અને-આગળ-ગયું | યબ્નેલ | અને-હતાં | છેવાડા | સીમાના | પશ્ચિમ-તરફ |
| H2022 | H1173 | H3318 | H2995 | H1961 | H8444 | H1366 | H3220 |

તે સરહદ ઉત્તર તરફ એક્રોનની બાજુએ ગઈ, પછી શિક્કરોનથી વળીને, બાલાહ પર્વતથી પસાર થઈને યાબ્નએલ સુધી ગઈ. તે સરહદનો અંત સમુદ્ર પાસે આવ્યો.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּגְבוּל | יָם | הַיָּמָּה | הַגָּדוֹל | וּגְבוּל | זֶה | גְּבוּל | בְּנֵי־ | יְהוּדָה | סָבִיב |
| અને-સીમા | પશ્ચિમની | મહાન | મોટો-સમુદ્ર | અને-સીમા | આ | સીમા | પુત્રોની- | યહૂદાની | ચારે-બાજુ |
| H1366 | H3220 | H3220 | | H1366 | H2088 | H1366 | | H3063 | H5439 |

| |
|---|
| לְמִשְׁפְּחֹתָם׃ |
| તેમના-કુળો-પ્રમાણે |
| H4940 |

પશ્ચિમી સરહદ મોટા સમુદ્ર તથા તેના કિનારા સુધી હતી. આ યહૂદાના કુળની તેમનાં કુટુંબો પ્રમાણે ચારેબાજુની સરહદ હતી.

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּלְכָלֵב | בֶּן־ | יְפֻנֶּה | נָתַן | חֵלֶק | בְּתוֹךְ | בְּנֵי־ | יְהוּדָה | אֶל־ | פִּי | יְהוָה |
| અને-કાલેબને | પુત્ર- | યફુન્નેહના | આપ્યો | ભાગ | વચ્ચે | પુત્રોની- | યહૂદાની | પાસે- | આજ્ઞા | યહોવાહની |
| H3612 | | H3312 | H5414 | | H8432 | | H3063 | H0413 | H6310 | H3068 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לִיהוֹשֻׁעַ | אֶת־ | קִרְיַת אַרְבַּע | אֲבִי | הָעֲנָק | הִיא | חֶבְרוֹן׃ |
| યહોશુઆને | - | કિર્યાથ-અર્બા | પિતા | અનાકનો | એ-જ | હેબ્રોન |
| H3091 | H0853 | H7153 | H0001 | H6061 | H1931 | |

યહોશુઆએ યહોવાહની આજ્ઞાનું પાલન કર્યું, તેણે યફૂન્નેના દીકરા કાલેબને યહૂદા કુળની વચ્ચે જમીન સોંપી, કિર્યાથ-આર્બા, જે હેબ્રોન છે તે આપ્યું, આર્બા અનાકનો પિતા હતો.

14

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּרֶשׁ | מִשָּׁם | כָּלֵב | אֶת־ | שְׁלוֹשָׁה | בְּנֵי | הָעֲנָק | אֶת־ | שֵׁשַׁי | וְאֶת־ | אֲחִימַן | וְאֶת־ |
| અને-હાંકી-કાઢ્યા | ત્યાંથી | કાલેબે | - | ત્રણ | પુત્રોને | અનાકના | - | શેશાઈને | અને- | અહીમાનને | અને- |
| H3423 | H8033 | H3612 | H0853 | H7969 | | H6061 | H0853 | H8344 | H0853 | H0289 | H0853 |

| | | |
|---|---|---|
| תַּלְמַי | יְלִידֵי | הָעֲנָק׃ |
| તલ્માઈને | વંશજો | અનાકના |
| H8526 | H3211 | H6061 |

અને કાલેબે અનાકના વંશનાં ત્રણ કુળોને એટલે શેશાય, અહીમાન તથા તાલ્માય જે અનાકના પુત્રો હતા તેઓને ત્યાંથી કાઢી મૂક્યા.

15

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַל | מִשָּׁם | אֶל־ | יֹשְׁבֵי | דְּבִר | וְשֵׁם־ | דְּבִר | לְפָנִים | קִרְיַת־סֵפֶר׃ |
| અને-ચડ્યો | ત્યાંથી | પાસે- | રહેવાસીઓ | દબીરના | અને-નામ- | દબીરનું | પહેલાં | કિર્યાથ-સેફેર |
| H5927 | H8033 | H0413 | H3427 | | H8034 | | H6440 | H7158 |

તેણે ત્યાંથી દબીરના રહેવાસીઓ પર ચઢાઈ કરી. દબીરનું નામ તો પૂર્વે કિર્યાથ-સેફેર હતું.

16

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | כָּלֵב | אֲשֶׁר־ | יַכֶּה | אֶת־ | קִרְיַת־סֵפֶר | וּלְכָדָהּ | וְנָתַתִּי | לוֹ | אֶת־ |
| અને-કહ્યુ | કાલેબે | જે- | મારશે | - | કિર્યાથ-સેફેરને | અને-કબજે-કરશે | અને-હું-આપીશ | તેને | - |
| H0559 | H3612 | | H5221 | H0853 | H7158 | H3920 | H5414 | | H0853 |

| | | |
|---|---|---|
| עַכְסָה | בִתִּי | לְאִשָּׁה׃ |
| આખ્સાહ | મારી-પુત્રી | પત્ની-તરીકે |
| H5915 | H1323 | H0802 |

કાલેબે કહ્યુ, “જે કોઈ માણસ કિર્યાથ-સેફેર પર હુમલો કરશે અને તેને કબજે કરશે, તેને હું મારી દીકરી આખ્સાહ સાથે પરણાવીશ.”

17

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּלְכְּדָהּ | עָתְנִיאֵל | בֶּן־ | קְנַז | אֲחִי | כָלֵב | וַיִּתֶּן־ | לוֹ | אֶת־ | עַכְסָה | בִתּוֹ | לְאִשָּׁה׃ |
| અને-કબજે-કર્યું | આથ્નિએલે | પુત્ર- | કનાઝના | ભાઈ | કાલેબનો | અને-આપ્યું- | તેને | – | આખ્સાહ | તેની-પુત્રી | પત્ની-તરીકે |
| H3920 | H6274 | | H7073 | H0251 | H3612 | H5414 | | H0853 | H5915 | H1323 | H0802 |

કાલેબના ભાઈ કનાઝના દીકરા ઓથ્નીએલે કિર્યાથ-સેફેર જીતી લીધું. તેથી કાલેબે તેની દીકરી આખ્સાહનાં લગ્ન તેની સાથે કરાવ્યાં.

18

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | בְּבוֹאָהּ | וַתְּסִיתֵהוּ | לִשְׁאוֹל | מֵאֵת־ | אָבִיהָ | שָׂדֶה | וַתִּצְנַח | מֵעַל | הַחֲמוֹר | וַיֹּאמֶר־ | לָהּ | כָלֵב | מַה־ | לָּךְ׃ |
| અને-થયું | તેના-આવવા-વખતે | અને-ઉશ્કેર્યો | માગવા-માટે | તેના- | પિતાને | ખેતર | અને-ઉતરી | ઉપરથી | ગધેડા | અને-કહ્યુ- | તેને | કાલેબે | શું- | તને |
| H1961 | H0935 | H5496 | H7592 | H0854 | H0001 | | H6795 | | H2543 | H0559 | | H3612 | H4100 | |

જયારે આખ્સાહ ઓથ્નીએલ પાસે આવી, ત્યારે એમ થયું કે, તેણે તેને તેના પિતા પાસેથી ખેતર માગવાની વિનંતી કરી. અને આખ્સા તેના ગધેડા પરથી ઊતરી. અને કાલેબે તેને કહ્યુ કે, “તારે શું જોઈએ છે?”

19

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֹּאמֶר | תְּנָה־ | לִּי | בְרָכָה | כִּי | אֶרֶץ | הַנֶּגֶב | נְתַתָּנִי | וְנָתַתָּה | לִי | גֻּלֹּת | מָיִם | וַיִּתֶּן־ | לָהּ | אֵת | גֻּלֹּת | עִלִּיּוֹת | וְאֵת | גֻּלֹּת | תַּחְתִּיּוֹת׃ פ |
| અને-કહ્યુ | આપો- | મને | આશીર્વાદ | કારણ-કે | દેશ | દક્ષિણનો | આપ્યો-મને | અને-આપો | મને | ઝરણાં | પાણીનાં | અને-આપ્યાં | તેને | – | ઝરણાં | ઉપરનાં | અને- | ઝરણાં | નીચેનાં — |
| H0559 | H5414 | | H1293 | | H0776 | H5045 | H5414 | H5414 | | H1543 | H4325 | H5414 | | H0853 | H1543 | H5942 | H0853 | H1543 | H8482 |

આખ્સાહએ ઉત્તર આપ્યો, “મારા પર વિશેષ કરીને કૃપા કર. તેં મને નેગેબની જમીન તો આપી જ છે, પાણીના થોડા ઝરા પણ મને આપ.” અને કાલેબે તેને ઉપરના ભાગના અને નીચાણના ભાગના ઝરા આપ્યાં.

20

| | | | | | |
|---|---|---|---|---|---|
| זֹאת | נַחֲלַת | מַטֵּה | בְנֵי־ | יְהוּדָה | לְמִשְׁפְּחֹתָם׃ |
| આ | વારસો | ગોત્રનો | પુત્રો- | યહૂદાનો | તેમના-કુળો-પ્રમાણે |
| H2063 | H5159 | H4294 | | H3063 | H4940 |

આ યહૂદાપુત્રોના કુળનું વતન તેઓનાં કુટુંબો પ્રમાણે આ છે.

21

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּהְיוּ | הֶעָרִים | מִקְצֵה | לְמַטֵּה | בְנֵי־ | יְהוּדָה | אֶל־ | גְּבוּל | אֱדוֹם | בַּנֶּגְבָּה | קַבְצְאֵל | וְעֵדֶר | וְיָגוּר׃ |
| અને-હતાં | નગરો | છેવાડેથી | ગોત્રના | પુત્રો- | યહૂદાના | પાસે- | સીમા | અદોમની | દક્ષિણમાં | કબ્સેલ | અને-એદેર | અને-યાગૂર |
| H1961 | | | H4294 | | H3063 | H0413 | H1366 | H0123 | H5045 | H6909 | | H3017 |

અને નેગેબમાં અદોમની સરહદની તરફ યહૂદાપુત્રોના કુળનાં છેવાડાં નગરો કાબ્સએલ, એદેર તથા યાગૂર,

22

| | | |
|---|---|---|
| וְקִינָה | וְדִימוֹנָה | וְעַדְעָדָה׃ |
| અને-કીનાહ | અને-દીમોનાહ | અને-અદઅદાહ |
| H7016 | H1776 | H5735 |

કિના, દીમોના, આદાદા,

23

| | | |
|---|---|---|
| וְקֶדֶשׁ | וְחָצוֹר | וְיִתְנָן׃ |
| અને-કેદેશ | અને-હાસોર | અને-યિથ્નાન |
| H6943 | H2674 | H3497 |

કેદેશ, હાસોર, ઈથનાન,

24

| | | |
|---|---|---|
| וּבְעָלֽוֹת׃ | וָטֶלֶם | זִיף |
| અને-બઆલોથ | અને-ટેલેમ | ઝીફ |
| H1175 | H2928 | H2128 |

ઝીફ, ટેલેમ, બેઆલોથ;

25

| | | | | |
|---|---|---|---|---|
| חָצֽוֹר׃ | הִיא | חֶצְרוֹן | וּקְרִיּוֹת | חֲדַתָּה וְחָצוֹר |
| હાસોર | એ-જ | હેસ્રોન | અને-કરિયોથ | અને-હાસોર-હદત્તાહ |
| H2674 | H1931 | H2696 | H7152 | H2675 |

હાસોર-હદાત્તા, કરીયોથ હેસ્રોન એટલે હાસોર,

26

| | | |
|---|---|---|
| וּמוֹלָדָֽה׃ | וּשְׁמַע | אֲמָם |
| અને-મોલાદાહ | અને-શેમા | અમામ |
| H4137 | H8090 | H0538 |

અમામ, શેમા, મોલાદા,

27

| | | |
|---|---|---|
| פָּֽלֶט׃וּבֵית | וְחֶשְׁמוֹן | גַּדָּהוַחֲצַר |
| અને-બેથ-પાલેટ | અને-હેશ્મોન | અને-હાસાર-ગાદ્દાહ |
| H1046 | H2829 | H2693 |

હસાર-ગાદ્દાહ, હેશ્મોન, બેથ-પેલેટ,

28

| | | |
|---|---|---|
| וּבִזְיוֹתְיָֽה׃ | שֶׁבַעוּבְאֵר | שׁוּעָלוַחֲצַר |
| અને-બિઝ્યોથ્યાહ | અને-બેર-શેબા | અને-હાસાર-શૂઆલ |
| H0964 | H0884 | H2705 |

હસાર-શૂઆલ, બેરશેબા, બિઝયોથ્યા.

29

| | | |
|---|---|---|
| וָעֶֽצֶם׃ | וְעִיִּים | בַּעֲלָה |
| અને-આસેમ | અને-ઈયિમ | બઆલાહ |
| H6107 | H5864 | H1173 |

બાલાહ, લીમતથા એસેમ,

30

| | | |
|---|---|---|
| וְחָרְמָֽה׃ | וּכְסִיל | וְאֶלְתּוֹלַד |
| અને-હોર્માહ | અને-કસીલ | અને-એલ્તોલાદ |
| H2767 | H3686 | H0513 |

એલ્તોલાદ, કસીલ તથા હોર્મા,

31

| | | |
|---|---|---|
| וְסַנְסַנָּֽה׃ | וּמַדְמַנָּה | וְצִקְלַג |
| અને-સન્સન્નાહ | અને-મદ્મન્નાહ | અને-સિક્લાગ |
| H5578 | H4089 | H6860 |

સિકલાગ, માદમાન્ના તથા સાન્સાન્ના,

32

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְחַצְרֵיהֶֽן׃ | וָתֵשַׁע | עֶשְׂרִים | עָרִים | כָּל־ | וְרִמּוֹן | וְעַיִן | וְשִׁלְחִים | וּלְבָאוֹת |
| અને-તેમનાં-ગામો | અને-નવ | ઓગણત્રીસ | નગરો | કુલ- | અને-રિમ્મોન | અને-આયિન | અને-શિલ્હીમ | અને-લબાઓથ |
| | H8672 | H6242 | | H3605 | | H5871 | H7978 | H3822 |

ס

—

લબાઓથ, શિલ્હીમ, આઈન અને રિમ્મોન. તેઓના તાબાના ગામો સહિત કુલ ઓગણત્રીસ નગરો હતાં.

33

| | | | |
|---|---|---|---|
| וְאַשְׁנָֽה׃ | וְצָרְעָה | אֶשְׁתָּאוֹל | בַּשְּׁפֵלָה |
| અને-અશ્નાહ | અને-સોરઆહ | એશ્તાઓલ | નીચાણમાં |
| H0823 | H6881 | H0847 | H8219 |

પશ્ચિમ તરફના નીચાણના પર્વતીય પ્રદેશમાં, એશ્તાઓલ, સોરાહ તથા આશના;

34 וְזָנוֹחַ וְעֵין־גַּנִּים תַּפּוּחַ וְהָעֵינָם׃
અને-ઝાનોઆહ અને-એન-ગન્નીમ તપ્પૂઆહ અને-એનામ
H2182 H5873 H5879

ઝાનોઆ, એન-ગાન્નીમ, તાપ્પૂઆ તથા એનામ,

35 יַרְמוּת וַעֲדֻלָּם שׂוֹכֹה וַעֲזֵקָה׃
યાર્મૂથ અને-અદુલ્લામ સોકોહ અને-અઝેકાહ
H3412 H5725 H7755 H5825

યાર્મૂથ, અદુલ્લામ, સોખો તથા અઝેકા,

36 וְשַׁעֲרַיִם וַעֲדִיתַיִם וְהַגְּדֵרָה וּגְדֵרֹתָיִם עָרִים אַרְבַּע־עֶשְׂרֵה וְחַצְרֵיהֶן׃
અને-શઆરાઈમ અને-અદીથાઈમ અને-ગદેરાહ અને-ગદેરોથાઈમ નગરો ચૌદ- સોળ અને-તેમનાં-ગામો
H8189 H5723 H1449 H1453 H0702 H6240

શારાઈમ, અદીથાઈમ, ગદેરા ગદરોથાઈમ; તેઓનાં તાબાના ગામો સહિત આ કુલ ચૌદ નગરો હતાં.

37 צְנָן וַחֲדָשָׁה וּמִגְדַּל־גָּד׃
સનાન અને-હદાશાહ અને-મિગ્દાલ-ગાદ
H6799 H2322 H4028

સનાન, હદાશા તથા મિગ્દાલ-ગાદ,

38 וְדִלְעָן וְהַמִּצְפֶּה וְיָקְתְאֵל׃
અને-દિલઆન અને-મિસ્પાહ અને-યોક્થેલ
H1810 H4708 H3371

દિલાન, મિસ્પા તથા યોક્તએલ,

39 לָכִישׁ וּבָצְקַת וְעֶגְלוֹן׃
લાખીશ અને-બોસ્કાથ અને-એગ્લોન
H3923 H1218 H5700

લાખીશ, બોસ્કાથ તથા એગ્લોન.

40 וְכַבּוֹן וְלַחְמָס וְכִתְלִישׁ׃
અને-કાબ્બોન અને-લહ્માસ અને-કિત્લીશ
H3522 H3903 H3798

કાબ્બોન, લાહમામ તથા કિથ્લીશ.

41 וּגְדֵרוֹת בֵּית־דָּגוֹן וְנַעֲמָה וּמַקֵּדָה עָרִים שֵׁשׁ־עֶשְׂרֵה וְחַצְרֵיהֶן׃ ס
અને-ગદેરોથ બેથ-દાગોન અને-નઆમાહ અને-મક્કેદાહ નગરો સોળ- સોળ અને-તેમનાં-ગામો —
H1450 H1016 H4719 H8337 H6240

ગદેરોથ, બેથ-દાગોન, નાઅમાહ તથા માક્કેદા. તેઓનાં તાબાના ગામો સહિત આ કુલ સોળ નગરો હતાં.

42 לִבְנָה וָעֶתֶר וְעָשָׁן׃
લિબ્નાહ અને-એથેર અને-આશાન
H3841 H6281 H6228

લિબ્નાહ, એથેર તથા આશાન,

43 וְיִפְתָּח וְאַשְׁנָה וּנְצִיב׃
અને-યિફ્તાહ અને-અશ્નાહ અને-નસીબ
H3316 H0823 H5334

યિફતા, આશના તથા નસીબ,

| 44 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | וּקְעִילָה | וְאַכְזִיב | וּמָרֵאשָׁה | עָרִים | תֵּשַׁע | וְחַצְרֵיהֶן׃ |
| | અને-કઈલાહ | અને-અક્ઝીબ | અને-મારેશાહ | નગરો | નવ | અને-તેમનાં-ગામો |
| | H7084 | H0392 | H4762 | | H8672 | |

કઈલા, આખ્ઝીબ તથા મારેશા, તેઓનાં તાબાના ગામો સહિત આ કુલ નવ નગરો હતા.

| 45 | | | |
|---|---|---|---|
| | עֶקְרוֹן | וּבְנֹתֶיהָ | וַחֲצֵרֶיהָ׃ |
| | એક્રોન | અને-તેનાં-પુત્રીઓ | અને-તેનાં-ગામો |
| | H6138 | H1323 | |

એક્રોન, તેનાં નગરો અને ગામો સહિત;

| 46 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | מֵעֶקְרוֹן | וָיָמָּה | כֹּל | אֲשֶׁר־ | עַל־ | יַד | אַשְׁדּוֹד | וְחַצְרֵיהֶן׃ |
| | એક્રોનથી | અને-પશ્ચિમ-તરફ | બધું | જે- | ની- | બાજુએ | આશ્દોદની | અને-તેનાં-ગામો |
| | H6138 | H3220 | H3605 | | | H3027 | H0795 | |

એટલે એક્રોનથી તે મહાસમુદ્ર સુધી આશ્દોદની નજીક જે સર્વ નગરો હતા તે તેઓનાં ગામો સહિત.

| 47 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | אַשְׁדּוֹד | בְּנוֹתֶיהָ | וַחֲצֵרֶיהָ | עַזָּה | בְּנוֹתֶיהָ | וַחֲצֵרֶיהָ | עַד־ | נַחַל | מִצְרַיִם | וְהַיָּם |
| | આશ્દોદ | તેનાં-પુત્રીઓ | અને-તેનાં-ગામો | ગાઝા | તેનાં-પુત્રીઓ | અને-તેનાં-ગામો | સુધી- | ખીણ | મિસરની | અને-મહાન |
| | H0795 | H1323 | | H5804 | H1323 | | H5704 | | H4714 | H3220 |
| | [הגבול] | (הַגָּדוֹל) | וּגְבוּל׃ | ס | | | | | | |
| | [સીમા] | (મોટો) | અને-સીમા | — | | | | | | |
| | H1366 | | H1366 | | | | | | | |

આશ્દોદની, આસપાસના નગરો તથા ગામો; ગાઝા, આસપાસનાં નગરો તથા ગામો; મિસરનું નાળું તથા મહાસમુદ્ર તેનો દરિયાકિનારો ત્યાં સુધીનાં.

| 48 | | | | |
|---|---|---|---|---|
| | וּבָהָר | שָׁמִיר | וְיַתִּיר | וְשׂוֹכֹה׃ |
| | અને-પહાડમાં | શામીર | અને-યાત્તીર | અને-સોકોહ |
| | H2022 | H8069 | H3492 | H7755 |

પહાડી પ્રદેશમાં શામીર, યાત્તીર તથા સોખો,

| 49 | | | | |
|---|---|---|---|---|
| | וְדַנָּה | וְקִרְיַת־סַנָּה | הִיא | דְבִר׃ |
| | અને-દાન્નાહ | અને-કિર્યાથ-સન્નાહ | એ-જ | દબીર |
| | H1837 | H7158 | H1931 | |

દાન્ના તથા કિર્યાથ-સાન્ના, એટલે દબીર,

| 50 | | | |
|---|---|---|---|
| | וַעֲנָב | וְאֶשְׁתְּמֹה | וְעָנִים׃ |
| | અને-અનાબ | અને-એશ્તમોહ | અને-આનીમ |
| | H6024 | H0851 | H6044 |

અનાબ, એશ્તમોઆ તથા આનીમ,

| 51 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | וְגֹשֶׁן | וְחֹלֹן | וְגִלֹה | עָרִים | אַחַת־ | עֶשְׂרֵה | וְחַצְרֵיהֶן׃ |
| | અને-ગોશેન | અને-હોલોન | અને-ગિલોહ | નગરો | અગિયાર- | સોળ | અને-તેમનાં-ગામો |
| | H1657 | H2473 | H1542 | | H0259 | H6240 | |

ગોશેન, હોલોન તથા ગીલોહ. તેઓના તાબાના ગામો સહિત કુલ આ અગિયાર નગરો હતા.

| 52 | | | |
|---|---|---|---|
| | אֲרַב | וְרוּמָה | וְאֶשְׁעָן׃ |
| | અરાબ | અને-રૂમાહ | અને-એશઆન |
| | H0694 | H1746 | H0824 |

અરાબ, દૂમા તથા એશાન,

| 53 | | | | |
|---|---|---|---|---|
| | [וינים] | (וְיָנוּם) | וּבֵית־תַּפּוּחַ | וַאֲפֵקָה׃ |
| | [અને-યાનીમ] | (અને-યાનૂમ) | અને-બેથ-તપ્પૂઆહ | અને-અફેકાહ |
| | H3241 | H3241 | H1054 | H0664 |

યાનીમ, બેથ-તાપ્પૂઆ તથા અફેકા,

54 וְחֻמְטָה וְקִרְיַת אַרְבַּע הִיא חֶבְרוֹן וְצִיעֹר עָרִים תֵּשַׁע וְחַצְרֵיהֶן׃ ס
અને-હુમ્ટાહ અને-કિર્યાથ-અર્બા એ-જ હેબ્રોન અને-સીઓર નગરો નવ અને-તેમનાં-ગામો —
H2547 H7153 H1931 H6730 H8672

હુમ્ટા, કિર્યાથ-આર્બા એટલે હેબ્રોન તથા સીઓર. તેઓના તાબાના ગામો સહિત કુલ આ નવ નગરો હતાં.

55 מָעוֹן כַּרְמֶל וָזִיף וְיוּטָּה׃
માઓન કર્મેલ અને-ઝીફ અને-યૂટ્ટાહ
H4584 H3760 H2128 H3194

માઓન, કાર્મેલ, ઝીફ, યૂટા,

56 וְיִזְרְעֶאל וְיָקְדְעָם וְזָנוֹחַ׃
અને-યિઝ્રેલ અને-યોકદામ અને-ઝાનોઆહ
H3157 H3347 H2182

યિઝ્રએલ, યોકદામ, ઝાનોઆ,

57 הַקַּיִן גִּבְעָה וְתִמְנָה עָרִים עֶשֶׂר וְחַצְרֵיהֶן׃
કાઈન ગિબ્આહ અને-તિમ્નાહ નગરો દશ અને-તેમનાં-ગામો
H1390 H8553 H6235

કાઈન, ગિબયા તથા તિમ્ના તેઓના ગામો સહિત આ દસ નગરો.

58 חַלְחוּל בֵּית־צוּר וּגְדוֹר׃
હલ્હૂલ બેથ-સૂર અને-ગદોર
H2478 H1049 H1446

હાલ્હૂલ, બેથ-સૂર, ગદોર,

59 וּמַעֲרָת וּבֵית־עֲנוֹת וְאֶלְתְּקֹן עָרִים שֵׁשׁ וְחַצְרֵיהֶן׃
અને-મઆરાથ અને-બેથ-અનોથ અને-એલ્તકોન નગરો છ અને-તેમનાં-ગામો
H4638 H1042 H0515 H8337

મારાથ, બેથ-અનોથ તથા એલ્તકોન તેઓનાં ગામો સહિત આ છ નગરો.

60 קִרְיַת־בַּעַל הִיא קִרְיַת יְעָרִים וְהָרַבָּה עָרִים שְׁתָּיִם וְחַצְרֵיהֶן׃ ס
કિર્યાથ-બઆલ એ-જ કિર્યાથ-યઆરીમ અને-રાબ્બાહ નગરો બે અને-તેમનાં-ગામો —
H7154 H1931 H7157 H7237 H8147

કિર્યાથ-બાલ એટલે કિર્યાથ-યારીમ તથા રાબ્બા, તેઓનાં ગામો સહિત આ બે નગરો.

61 בַּמִּדְבָּר בֵּית הָעֲרָבָה מִדִּין וּסְכָכָה׃
અરણ્યમાં બેથ-અરાબાહ મિદ્દીન અને-સકાકાહ
H1026 H4081 H5527

અરણ્યમાં બેથ-અરાબા, મિદ્દીન તથા સખાખા,

62 וְהַנִּבְשָׁן וְעִיר־הַמֶּלַח וְעֵין גֶּדִי עָרִים שֵׁשׁ וְחַצְרֵיהֶן׃
અને-નિબ્શાન અને-ઈર-હમ્મેલાહ અને-એન-ગેદી નગરો છ અને-તેમનાં-ગામો
H5044 H5898 H5872 H8337

નિબ્શાન, ખારાનું નગર તથા એન-ગેદી; તેઓનાં ગામો સહિત આ છ નગરો.

63 וְאֶת־ הַיְבוּסִי יוֹשְׁבֵי יְרוּשָׁלִַם לֹא־ [יוכלו] (יָכְלוּ) בְנֵי־ יְהוּדָה לְהוֹרִישָׁם וַיֵּשֶׁב
અને- યબૂસીઓને રહેવાસીઓ યરૂશાલેમના નહોતા- [શક્યા] (શક્યા) પુત્રો- યહૂદાના હાંકી-કાઢવા અને-રહ્યા
H0853 H2983 H3427 H3389 H3808 H3201 H3201 H3063 H3423 H3427

הַיְבוּסִי אֶת־ בְּנֵי יְהוּדָה בִּירוּשָׁלִַם עַד הַיּוֹם הַזֶּה׃ פ
યબૂસી સાથે- પુત્રો યહૂદાના યરૂશાલેમમાં આજ દિવસ સુધી —
H2983 H0854 H3063 H3389 H5704 H3117 H2088

પણ યરુશાલેમના રહેવાસી યબૂસીઓને યહૂદા કુળના લોકો કાઢી શક્યા નહિ; તેથી યબૂસીઓ આજ સુધી યહૂદા કુળની સાથે યરુશાલેમમાં રહે છે.

## Chapter 16

1
וַיֵּצֵא અને-નીકળ્યું H3318
הַגּוֹרָל ચિઠ્ઠી H1486
לִבְנֵי પુત્રોને
יוֹסֵף યૂસુફના H3130
מִיַּרְדֵּן યર્દનથી H3383
יְרִיחוֹ યરીખોની H3405
לְמֵי પાણીઓથી H4325
יְרִיחוֹ યરીખોનાં H3405
מִזְרָחָה પૂર્વ-તરફ H4217
הַמִּדְבָּר અરણ્ય
עֹלֶה ચડતું H5927
מִירִיחוֹ યરીખોથી H3405
בָּהָר પહાડમાં H2022
בֵּית־אֵל׃ બેથ-એલને H1008

યૂસફના કુળ માટે જમીનની ભાગ થઈ એટલે યર્દનથી યરીખો તરફ, યરીખોની પૂર્વના ઝરાથી અરણ્યમાં, યરીખોથી ઉપર તરફ બેથેલના પર્વતીય દેશ સુધી.

2
וְיָצָא અને-આગળ-ગયું H3318
מִבֵּית־אֵל બેથ-એલથી H1008
לוּזָה લૂઝને H3870
וְעָבַר અને-પસાર-કરી
אֶל־ પાસે- H0413
גְּבוּל સીમા H1366
הָאַרְכִּי અર્કીઓની H0757
עֲטָרוֹת׃ અટારોથને H5852

પછી તે સરહદ બેથેલથી લૂઝ સુધી, અટારોથથી પસાર થઈને આર્કીઓના પ્રદેશ સુધી ગઈ.

3
וְיָרַד־ અને-ઉતર્યું- H3381
יָמָּה પશ્ચિમ-તરફ H3220
אֶל־ પાસે- H0413
גְּבוּל સીમા H1366
הַיַּפְלֵטִי યાફલેટીઓની H3311
עַד સુધી H5704
גְּבוּל સીમા H1366
בֵּית־חוֹרֹן બેથ-હોરોનની H1032
תַּחְתּוֹן નીચેની H8481
וְעַד־ અને-સુધી- H5704
גָּזֶר ગેઝેર H1507
וְהָיוּ અને-હતાં H1961
[תצאתו] [છેવાડા] H8444
(תֹּצְאֹתָיו) (તેના-છેવાડા) H8444
יָמָּה׃ પશ્ચિમ-તરફ H3220

પછી પશ્ચિમ તરફ નીચે યાફલેટીઓના પ્રદેશથી, દૂર સુધી નીચાણમાં બેથ-હોરોનના પ્રદેશ સુધી અને ગેઝેર સુધી તે સમુદ્ર પાસે પૂરી થઈ.

4
וַיִּנְחֲלוּ અને-વારસો-મળ્યો H5157
בְנֵי־ પુત્રો-
יוֹסֵף યૂસુફના H3130
מְנַשֶּׁה મનાશ્શા H4519
וְאֶפְרָיִם׃ અને-એફ્રાઈમએ H0669

આ રીતે યૂસફનાં બે કુળ, મનાશ્શા અને એફ્રાઇમનાં કુળોને વારસો પ્રાપ્ત થયો.

5
וַיְהִי અને-હતું H1961
גְּבוּל સીમા H1366
בְנֵי־ પુત્રોની-
אֶפְרַיִם એફ્રાઈમની H0669
לְמִשְׁפְּחֹתָם તેમના-કુળો-પ્રમાણે H4940
וַיְהִי અને-હતું H1961
גְּבוּל સીમા H1366
נַחֲלָתָם તેમના-વારસાની H5159
מִזְרָחָה પૂર્વ-તરફ H4217
עַטְרוֹת־אַדָּר અટારોથ-અદ્દાર H5853
עַד־ સુધી- H5704
בֵּית חוֹרֹן બેથ-હોરોન H1032
עֶלְיוֹן׃ ઉપરનું

એફ્રાઇમનાં કુળને તેનાં કુટુંબો પ્રમાણે આ રીતે પ્રદેશની સોંપણી થઈ: પૂર્વ તરફ તેઓની સરહદ અટારોથ આદ્દારથી ઉપરના બેથ-હોરોન સુધી હતી

6
וְיָצָא અને-આગળ-ગયું H3318
הַגְּבוּל સીમા H1366
הַיָּמָּה પશ્ચિમ-તરફ H3220
הַמִּכְמְתָת મિક્મથાહથી H4366
מִצָּפוֹן ઉત્તરથી H6828
וְנָסַב અને-વળ્યું H5437
הַגְּבוּל સીમા H1366
מִזְרָחָה પૂર્વ-તરફ H4217
תַּאֲנַת שִׁלֹה તાનાથ-શિલોહ H8387
וְעָבַר અને-પસાર-કરી
אוֹתוֹ તેને H0853
מִמִּזְרַח પૂર્વથી H4217
יָנוֹחָה׃ યાનોહાહને

અને ત્યાંથી તે સમુદ્ર તરફ ગઈ. મિખ્મથાથની ઉત્તર પરથી વળીને પૂર્વ તરફ તાનાથ-શીલો સુધી અને દૂર યાનોઆની પૂર્વ તરફ ગઈ.

7
וְיָרַד અને-ઉતર્યું H3381
מִיָּנוֹחָה યાનોહાહથી
עֲטָרוֹת અટારોથ H5852
וְנַעֲרָתָה અને-નઆરાથાહ
וּפָגַע અને-પહોંચ્યું H6293
בִּירִיחוֹ યરીખોને H3405
וְיָצָא અને-આગળ-ગયું H3318
הַיַּרְדֵּן׃ યર્દનને H3383

પછી યાનોઆથી નીચે અટારોથ સુધી, નારા સુધી અને પછી યરીખોથી, યર્દનના છેડા સુધી પહોંચી.

8 מִתַּפּוּחַ יֵלֵךְ הַגְּבוּל יָמָּה נַחַל קָנָה וְהָיוּ תֹצְאֹתָיו הַיָּמָּה זֹאת נַחֲלַת
તપ્પૂઆહથી ગયું સીમા પશ્ચિમ-તરફ ખીણ કાનાહની અને-હતાં તેના-છેવાડા સમુદ્ર-તરફ આ વારસો
H3212 H1366 H3220 H7071 H1961 H8444 H3220 H2063 H5159

מַטֵּה בְנֵי־ אֶפְרַיִם לְמִשְׁפְּחֹתָם׃
ગોત્રનો પુત્રો- એફ્રાઈમનો તેમના-કુળો-પ્રમાણે
H4294 H0669 H4940

તે સરહદ તાપ્પૂઆથી પશ્ચિમ તરફ કાનાના નાળાં અને સમુદ્રના છેડા સુધી ગઈ. એફ્રાઇમ કુળનાં કુટુંબો પ્રમાણે તેઓનો વારસો આ છે.

9 וְהֶעָרִים הַמִּבְדָּלוֹת לִבְנֵי אֶפְרַיִם בְּתוֹךְ נַחֲלַת בְּנֵי־ מְנַשֶּׁה כָּל־ הֶעָרִים
અને-નગરો અલગ-કરેલાં પુત્રોને એફ્રાઈમના વચ્ચે વારસા પુત્રોની- મનાશ્શાની સર્વ- નગરો
H3995 H0669 H8432 H5159 H4519 H3605

וְחַצְרֵיהֶן׃
અને-તેમનાં-ગામો

તે સાથે મનાશ્શાના કુળના વારસાના ભાગ વચ્ચે જે નગરો એફ્રાઇમનાં કુળને સારુ પસંદ કરાયેલા હતાં, એ સર્વ નગરો તેઓનાં ગામો સહિત તેઓને મળ્યાં.

10 וְלֹא הוֹרִישׁוּ אֶת־ הַכְּנַעֲנִי הַיּוֹשֵׁב בְּגָזֶר וַיֵּשֶׁב הַכְּנַעֲנִי בְּקֶרֶב אֶפְרַיִם
અને-નહોતા- હાંકી-કાઢ્યા - કનાનીઓને રહેવાસીઓને ગેઝેરમાં અને-રહ્યા કનાની વચ્ચે એફ્રાઈમના
H3808 H3423 H0853 H3427 H1507 H3427 H7130 H0669

עַד־ הַיּוֹם הַזֶּה וַיְהִי לְמַס־ עֹבֵד׃ פ
આજ દિવસ સુધી અને-થયા બળાત્કાર-મજૂર- કામદાર —
H5704 H3117 H2088 H1961 H4522 H5647

તેઓ કનાનીઓને કે જેઓ ગેઝેરમાં રહેતા હતા તેઓને કાઢી મૂકી શક્યા નહિ તેથી કનાનીઓ એફ્રાઇમ મધ્યે આજ પર્યંત રહે છે, પણ તેઓ એફ્રાઇમનાં કુટુંબીઓના ગુલામ થઈને રહેલા છે.

## Chapter 17

1 וַיְהִי הַגּוֹרָל לְמַטֵּה מְנַשֶּׁה כִּי־ הוּא בְּכוֹר יוֹסֵף לְמָכִיר בְּכוֹר מְנַשֶּׁה
અને-થયું ચિઠ્ઠી ગોત્રને મનાશ્શાના કારણ-કે- તે પ્રથમજનિત યૂસુફનો માખીરને પ્રથમજનિત મનાશ્શાના
H1961 H1486 H4294 H4519 H1931 H1060 H3130 H4353 H1060 H4519

אֲבִי הַגִּלְעָד כִּי הוּא הָיָה אִישׁ מִלְחָמָה וַיְהִי־ לוֹ הַגִּלְעָד וְהַבָּשָׁן׃
પિતા ગિલયાદના કારણ-કે તે હતો માણસ યુદ્ધનો અને-થયું- તેને ગિલયાદ અને-બાશાન
H0001 H1568 H1931 H1961 H0376 H4421 H1961 H1568 H1316

મનાશ્શા યૂસફનો વડો પુત્ર હતો, તેના કુળને માટે જમીનનો ભાગ આ પ્રમાણે હતી: જે મનાશ્શાનો પ્રથમપુત્ર, માખીર ગિલ્યાદનો પિતા લડવૈયો હતો તેને ગિલ્યાદ તથા બાશાનનો પ્રદેશ આપવામાં આવ્યો હતો.

2 וַיְהִי לִבְנֵי מְנַשֶּׁה הַנּוֹתָרִים לְמִשְׁפְּחֹתָם לִבְנֵי אֲבִיעֶזֶר וְלִבְנֵי־ חֵלֶק וְלִבְנֵי
અને-થયું પુત્રોને મનાશ્શાના બાકીના તેમના-કુળો-પ્રમાણે પુત્રોને અબીએઝેરના અને-પુત્રોને- હેલેકના અને-પુત્રોને
H1961 H4519 H3498 H4940 H0044 H2507

אַשְׂרִיאֵל וְלִבְנֵי־ שֶׁכֶם וְלִבְנֵי־ חֵפֶר וְלִבְנֵי שְׁמִידָע אֵלֶּה בְּנֵי מְנַשֶּׁה בֶּן־
અસ્રીએલના અને-પુત્રોને- શેખેમના અને-પુત્રોને- હેફેરના અને-પુત્રોને શમીદાના આ પુત્રો મનાશ્શાના પુત્ર-
H0844 H7928 H8061 H0428 H4519

יוֹסֵף הַזְּכָרִים לְמִשְׁפְּחֹתָם׃
યૂસુફના પુરુષો તેમના-કુળો-પ્રમાણે
H3130 H2145 H4940

મનાશ્શાના બાકીના પુત્રોને પણ તેઓના કુટુંબ પ્રમાણે ભાગ આપવામાં આવ્યો. એટલે અબીએઝેરના, હેલેકના, આસ્રીએલના, શખેમના, હેફેરના અને શમીદાના પુત્રોને યૂસફનાં દીકરા મનાશ્શાના એ પુરુષ વંશજો હતા. તેઓને કુટુંબો પ્રમાણે હિસ્સો આપવામાં આવ્યો હતો.

3 וְלִצְלָפְחָד અને-સલોફહાદને H6765
בֶּן પુત્ર-
חֵפֶר હેફેરના
בֶּן પુત્ર-
גִּלְעָד ગિલયાદના H1568
בֶּן પુત્ર-
מָכִיר માખીરના H4353
בֶּן પુત્ર-
מְנַשֶּׁה મનાશ્શાના H4519
לֹא નહોતા- H3808
הָיוּ હતા H1961
לוֹ તેને
בָּנִים પુત્રો
כִּי પણ-
אִם ફક્ત-
בָּנוֹת પુત્રીઓ H1323
וְאֵלֶּה અને-આ H0428
שְׁמוֹת નામો H8034
בְּנֹתָיו તેની-પુત્રીઓનાં H1323
מַחְלָה મહલાહ H4244
וְנֹעָה અને-નોઆહ H5270
חָגְלָה હોગ્લાહ H2295
מִלְכָּה મિલ્કાહ H4435
וְתִרְצָה: અને-તિર્સાહ H8656

હવે મનાશ્શાના દીકરા માખીરના દીકરા ગિલ્યાદના દીકરા હેફેરના દીકરા સલોફહાદને દીકરા ન હતા, પણ દીકરીઓ જ હતી. આ તેની દીકરીઓનાં નામ હતાં: માહલા, નૂહ, હોગ્લાહ, મિલ્કા અને તિર્સા.

4 וַתִּקְרַבְנָה અને-આવી H7126
לִפְנֵי આગળ H6440
אֶלְעָזָר એલાઝાર H0499
הַכֹּהֵן યાજક H3548
וְלִפְנֵי અને-આગળ H6440
יְהוֹשֻׁעַ યહોશુઆ H3091
בִּן પુત્ર-
נוּן નૂનના H5126
וְלִפְנֵי અને-આગળ H6440
הַנְּשִׂיאִם અગ્રણીઓના
לֵאמֹר કહીને H0559
יְהוָה યહોવાહે H3068
צִוָּה આજ્ઞા-આપી H6680
אֶת - H0853
מֹשֶׁה મૂસાને H4872
לָתֶת આપવા- H5414
לָנוּ અમને
נַחֲלָה વારસો H5159
בְּתוֹךְ વચ્ચે H8432
אַחֵינוּ અમારા-ભાઈઓના H0251
וַיִּתֵּן અને-આપ્યું H5414
לָהֶם તેમને
אֶל પાસે- H0413
פִּי આજ્ઞા H6310
יְהוָה યહોવાહની H3068
נַחֲלָה વારસો H5159
בְּתוֹךְ વચ્ચે H8432
אֲחֵי ભાઈઓના H0251
אֲבִיהֶן: તેમના-પિતાના H0001

તેઓ એલાઝાર યાજક તથા નૂનના પુત્ર યહોશુઆ અને આગેવાનો પાસે આવી અને તેઓને કહ્યુ કે, "યહોવાહે મૂસાને આજ્ઞા કરી હતી કે, "અમને અમારા ભાઈઓ સાથે વારસો આપવામાં આવે." તેથી, યહોવાહની આજ્ઞા અનુસાર, તેણે તેઓને તેઓના પિતાના ભાઈઓ મધ્યે વારસો આપ્યો.

5 וַיִּפְּלוּ અને-પડ્યા H5307
חַבְלֵי ભાગો-
מְנַשֶּׁה મનાશ્શાના H4519
עֲשָׂרָה દશ H6235
לְבַד અલગ H0905
מֵאֶרֶץ દેશથી H0776
הַגִּלְעָד ગિલયાદ H1568
וְהַבָּשָׁן અને-બાશાનના H1316
אֲשֶׁר જે
מֵעֵבֶר પેલે-પાર H5676
לַיַּרְדֵּן: યર્દનના H3383

મનાશ્શાને ગિલ્યાદ અને બાશાન ઉપરાંત યર્દનને પૂર્વ પેલે પાર જમીનનાં દસ ભાગ આપવામાં આવ્યા હતા.

6 כִּי કારણ-કે
בְּנוֹת પુત્રીઓ H1323
מְנַשֶּׁה મનાશ્શાની H4519
נָחֲלוּ વારસામાં-મળ્યા H5157
נַחֲלָה વારસો H5159
בְּתוֹךְ વચ્ચે H8432
בָּנָיו તેના-પુત્રોના
וְאֶרֶץ અને-દેશ H0776
הַגִּלְעָד ગિલયાદનો H1568
הָיְתָה હતો H1961
לִבְנֵי પુત્રોને-
מְנַשֶּׁה મનાશ્શાના H4519
הַנּוֹתָרִים: બાકીના H3498

કેમ કે મનાશ્શાની દીકરીઓને તેના દીકરાઓ મધ્યે વારસો મળ્યો હતો. મનાશ્શાના બાકીના કુળને ગિલ્યાદનો પ્રદેશ સોંપવામાં આવ્યો.

7 וַיְהִי અને-હતું H1961
גְבוּל સીમા- H1366
מְנַשֶּׁה મનાશ્શાની H4519
מֵאָשֵׁר આશેરથી H0836
הַמִּכְמְתָת મિક્મથાહ H4366
אֲשֶׁר જે
עַל ઉપર-
פְּנֵי સામે H6440
שְׁכֶם શેખેમના H7927
וְהָלַךְ અને-ગયું H1980
הַגְּבוּל સીમા H1366
אֶל પાસે- H0413
הַיָּמִין જમણે H3225
אֶל પાસે- H0413
יֹשְׁבֵי રહેવાસીઓ H3427
עֵין תַּפּוּחַ: એન-તપ્પૂઆહના H5887

મનાશ્શાના પ્રદેશની સરહદ આશેરથી મિખ્મથાથ સુધી શખેમની પૂર્વમાં હતી. પછી તે સીમા દક્ષિણ તરફ એન-તાપ્પૂઆના ઝરા સુધી ગઈ.

8 לִמְנַשֶּׁה મનાશ્શાને H4519
הָיְתָה હતો H1961
אֶרֶץ દેશ H0776
תַּפּוּחַ તપ્પૂઆહનો
וְתַפּוּחַ પણ-તપ્પૂઆહ
אֶל પાસે- H0413
גְּבוּל સીમા H1366
מְנַשֶּׁה મનાશ્શાની H4519
לִבְנֵי પુત્રોને
אֶפְרָיִם: એફ્રાઈમના H0669

તાપ્પૂઆનો વિસ્તાર મનાશ્શાનો હતો, પણ મનાશ્શાની સરહદ ઉપરનું તાપ્પૂઆ એફ્રાઇમનાં કુળનું હતું.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְיָרַד | הַגְּבוּל | נַחַל | קָנָה | נֶגְבָּה | לַנַּחַל | עָרִים | הָאֵלֶּה | לְאֶפְרַיִם | בְּתוֹךְ | עָרֵי |
| અને-ઉતર્યું | સીમા | ખીણ | કાનાહની | દક્ષિણ-તરફ | ખીણના | નગરો | આ | એફ્રાઈમના | વચ્ચે | નગરોના |
| H3381 | H1366 | | H7071 | H5045 | | | H0428 | H0669 | H8432 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מְנַשֶּׁה | וּגְבוּל | מְנַשֶּׁה | מִצְּפוֹן | לַנַּחַל | וַיְהִי | תֹצְאֹתָיו | הַיָּמָּה׃ |
| મનાશ્શાના | અને-સીમા | મનાશ્શાની | ઉત્તરથી | ખીણના | અને-હતાં | તેના-છેવાડા | સમુદ્ર-તરફ |
| H4519 | H1366 | H4519 | H6828 | | H1961 | H8444 | H3220 |

તે સીમા ઊતરીને કાનાના નાળાં સુધી એટલે નદીની દક્ષિણે ગઈ. એફ્રાઇમનાં આ નગરો મનાશ્શાના નગરો મધ્યે આવેલા છે. મનાશ્શાની સીમા નદીની ઉત્તર બાજુએ હતી અને તેનો છેડો ભૂમધ્ય સમુદ્રનું પાસે હતો.

10

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| נֶגְבָּה | לְאֶפְרַיִם | וְצָפוֹנָה | לִמְנַשֶּׁה | וַיְהִי | הַיָּם | גְּבוּלוֹ | וּבְאָשֵׁר | יִפְגְּעוּן |
| દક્ષિણ-તરફ | એફ્રાઈમનો | અને-ઉત્તર-તરફ | મનાશ્શાનો | અને-હતો | સમુદ્ર | તેની-સીમા | અને-આશેરમાં | મળતા-હતા |
| H5045 | H0669 | H6828 | H4519 | H1961 | H3220 | H1366 | H0836 | H6293 |

| | | |
|---|---|---|
| מִצָּפוֹן | וּבְיִשָּׂשכָר | מִמִּזְרָח׃ |
| ઉત્તરથી | અને-ઇસ્સાખારમાં | પૂર્વથી |
| H6828 | H3485 | H4217 |

દક્ષિણ ભાગ એફ્રાઇમનો અને ઉત્તર ભાગ મનાશ્શાનો હતો, જેની સરહદ ભૂમધ્ય સમુદ્રનું પાસે હતી. તેની ઉત્તર તરફ આશેરનો અને પૂર્વ તરફ ઇસ્સાખારનો ભાગ હતો.

11

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | לִמְנַשֶּׁה | בְּיִשָּׂשכָר | וּבְאָשֵׁר | בֵּית־שְׁאָן | וּבְנוֹתֶיהָ | וְיִבְלְעָם | וּבְנוֹתֶיהָ | וְאֶת־ |
| અને-હતું | મનાશ્શાને | ઇસ્સાખારમાં | અને-આશેરમાં | બેથ-શાન | અને-તેનાં-પુત્રીઓ | અને-યિબ્લામ | અને-તેનાં-પુત્રીઓ | અને- |
| H1961 | H4519 | H3485 | H0836 | H1052 | H1323 | H2991 | H1323 | H0853 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יֹשְׁבֵי | דֹאר | וּבְנוֹתֶיהָ | וְיֹשְׁבֵי | עֵין־דֹּר | וּבְנֹתֶיהָ | וְיֹשְׁבֵי | תַעְנַךְ |
| રહેવાસીઓ | દોરના | અને-તેનાં-પુત્રીઓ | અને-રહેવાસીઓ | એન-દોરના | અને-તેનાં-પુત્રીઓ | અને-રહેવાસીઓ | તાનાખના |
| H3427 | H1756 | H1323 | H3427 | H5874 | H1323 | H3427 | H8590 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וּבְנֹתֶיהָ | וְיֹשְׁבֵי | מְגִדּוֹ | וּבְנוֹתֶיהָ | שְׁלֹשֶׁת | הַנָּפֶת׃ |
| અને-તેનાં-પુત્રીઓ | અને-રહેવાસીઓ | મગિદ્દોના | અને-તેનાં-પુત્રીઓ | ત્રણ | ટેકરીઓ |
| H1323 | H3427 | H4023 | H1323 | H7969 | H5316 |

ઇસ્સાખાર તથા આશેરના ભાગમાં, બેથ-શેઆન અને તેનાં ગામો, યિબ્લામ અને તેનાં ગામો, દોર તથા તેનાં ગામોના રહેવાસીઓ, એન-દોર તથા તેનાં ગામોના રહેવાસીઓ, તાનાખ તથા તેના ગામોના રહેવાસીઓ, મગિદ્દોના તથા તેના ગામોના રહેવાસીઓ; એટલે ત્રણ ઉચ્ચ પ્રદેશ મનાશ્શાને મળ્યા.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלֹא | יָכְלוּ | בְּנֵי | מְנַשֶּׁה | לְהוֹרִישׁ | אֶת־ | הֶעָרִים | הָאֵלֶּה | וַיּוֹאֶל | הַכְּנַעֲנִי |
| અને-નહોતા- | શક્યા | પુત્રો | મનાશ્શાના | હાંકી-કાઢવા | - | નગરો | આ | અને-નક્કી-કર્યું | કનાનીએ |
| H3808 | H3201 | | H4519 | H3423 | H0853 | | H0428 | H2974 | |

| | | |
|---|---|---|
| לָשֶׁבֶת | בָּאָרֶץ | הַזֹּאת׃ |
| રહેવા-માટે | દેશમાં | આમાં |
| H3427 | H0776 | H2063 |

પણ હજી સુધી મનાશ્શાના પુત્રો તે નગરોને કબજે કરી શક્યા નહિ અને મૂળ રહેવાસીઓને કાઢી મૂકી શકયા નહિ એટલે કનાનીઓ આ દેશમાં રહ્યા.

13

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | כִּי | חָזְקוּ | בְּנֵי | יִשְׂרָאֵל | וַיִּתְּנוּ | אֶת־ | הַכְּנַעֲנִי | לָמַס |
| અને-થયું | જ્યારે | બળવાન-થયા | પુત્રો | ઇઝરાયલના | અને-આપ્યા | - | કનાનીઓને | બળત્કાર-મજૂરી-માટે |
| H1961 | | H2388 | | H3478 | H5414 | H0853 | | H4522 |

| | | | |
|---|---|---|---|
| וְהוֹרֵשׁ | לֹא | הוֹרִישׁוֹ׃ | ס |
| અને-હાંકી-કાઢવા | નહોતું | હાંકી-કાઢ્યા | — |
| H3423 | H3808 | H3423 | |

જ્યારે ઇઝરાયલના લોકો મજબૂત થતાં ગયા, તેઓએ કનાનીઓને પાસે ભારે મજૂરી કરાવી, પણ તેઓને દૂર કરી શકયા નહિ.

14

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְדַבְּרוּ | בְּנֵי | יוֹסֵף | אֶת־ | יְהוֹשֻׁעַ | לֵאמֹר | מַדּוּעַ | נָתַתָּה | לִּי | נַחֲלָה | גּוֹרָל | אֶחָד |
| וַחֲזַקְתֶּם | מְאֹד | לִשְׁמֹר | וְלַעֲשׂוֹת | אֵת | כָּל־ | הַכָּתוּב | בְּסֵפֶר | תּוֹרַת | מֹשֶׁה | לְבִלְתִּי |
| તો-મજબૂત-બનો | ખૂબ | પાળવા | અને-કરવા | એ | બધું | લખેલું | પુસ્તકમાં | નિયમશાસ્ત્રના | મૂસાના | જેથી-ન |
| H2388 | H3966 | H8104 | | H0853 | H3605 | H3789 | | H8451 | H4872 | H1115 |

| | | | |
|---|---|---|---|
| סוּר־ | מִמֶּנּוּ | יָמִין | וּשְׂמֹאול׃ |
| ફરો | તેનાથી | જમણે | કે-ડાબે |
| H5493 | | H3225 | H8040 |

તેથી મૂસાના નિયમશાસ્ત્રના પુસ્તકમાં જે લખ્યું છે, તે સઘળું પાળવાને તથા અમલ કરવાને માટે તમે ઘણાં બળવાન તથા હિંમતવાન થાઓ કે તેમાંથી જમણે કે ડાબે હાથે ફરો નહિ.

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לְבִלְתִּי־ | בוֹא | בַּגּוֹיִם | הָאֵלֶּה | הַנִּשְׁאָרִים | הָאֵלֶּה | אִתְּכֶם | וּבְשֵׁם | אֱלֹהֵיהֶם | לֹא־ |
| જેથી-ન | ભળો | પ્રજાઓમાં | આ | બાકી-રહેલી | આ | તમારી-વચ્ચે | અને-નામે | તેમના-દેવોના | ન |
| H1115 | H0935 | | H0428 | H7604 | H0428 | H0854 | H8034 | H0430 | H3808 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| תַזְכִּירוּ | וְלֹא | תַשְׁבִּיעוּ | וְלֹא | תַעַבְדוּם | וְלֹא | תִשְׁתַּחֲווּ | לָהֶם׃ |
| ઉલ્લેખ-કરો | અને-ન | સમ-ખાઓ | અને-ન | સેવા-કરો | અને-ન | નમો | તેમને |
| H2142 | H3808 | H7650 | H3808 | H5647 | H3808 | H7812 | |

તમારી મધ્યે આ જે દેશજાતિઓ રહેલી છે, તેઓ સાથે ભળી જશો નહિ, કે તેઓના દેવોના નામોનો ઉચ્ચાર કરશો નહિ કે તેઓના સોગન ખાશો નહિ, તેઓની પૂજા પણ કરશો નહિ, તેઓને પગે લાગશો નહિ.

8

| | | |
|---|---|---|
| כִּי | પરંતુ | |
| אִם־ | ફક્ત | |
| בַּיהוָה | યહોવાહને | H3068 |
| אֱלֹהֵיכֶם | તમારા-ઈશ્વરને | H0430 |
| תִּדְבָּקוּ | વળગી-રહો | H1692 |
| כַּאֲשֶׁר | જેમ | |
| עֲשִׂיתֶם | તમે-કર્યું-છે | |
| עַד | આજ | H5704 |
| הַיּוֹם | દિવસ | H3117 |
| הַזֶּה׃ | સુધી | H2088 |

પરંતુ તેને બદલે, જેમ આજ દિન સુધી તમે કરતા આવ્યા છો તેમ, પોતાના યહોવાહ, પ્રભુ સાથે દ્રઢ સંબંધમાં રહો.

9

| | | |
|---|---|---|
| וַיּוֹרֶשׁ | અને-કાઢ્યા | H3423 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| מִפְּנֵיכֶם | તમારી-સમક્ષથી | H6440 |
| גּוֹיִם | પ્રજાઓને | |
| גְּדֹלִים | મોટી | |
| וַעֲצוּמִים | અને-બળવાન | H6099 |
| וְאַתֶּם | અને-તમારી | |
| לֹא־ | ન | H3808 |
| עָמַד | ટકી-શક્યો | H5975 |
| אִישׁ | કોઈ-માણસ | H0376 |
| בִּפְנֵיכֶם | તમારી-સામે | H6440 |
| עַד | આજ | H5704 |
| הַיּוֹם | દિવસ | H3117 |
| הַזֶּה׃ | સુધી | H2088 |

કેમ કે યહોવાહે તમારી આગળથી મોટી અને પરાક્રમી દેશજાતિઓને નસાડી મૂકી છે. તમારા માટે, તમારી સામે આજ દિન સુધી કોઈ ટકવાને સમર્થ રહ્યુ નથી.

10

| | | |
|---|---|---|
| אִישׁ־ | એક-માણસ | H0376 |
| אֶחָד | એક | H0259 |
| מִכֶּם | તમારામાંથી | |
| יִרְדָּף־ | ખદેડશે | H7291 |
| אָלֶף | હજાર-ને | H0505 |
| כִּי | કેમ-કે | |
| יְהוָה | યહોવાહ | H3068 |
| אֱלֹהֵיכֶם | તમારા-ઈશ્વર | H0430 |
| הוּא | તે | H1931 |
| הַנִּלְחָם | લડનાર-છે | |
| לָכֶם | તમારે-માટે | |
| כַּאֲשֶׁר | જેમ | |
| דִּבֶּר | બોલ્યા-હતા | H1696 |
| לָכֶם׃ | તમને | |

તમારામાંનો એક માણસ હજારને ભારે પડતો હતો. કેમ કે તમારા યહોવાહ, પ્રભુએ, જેમ તમને વચન આપ્યુ હતું તેમ, તે પોતે તમારે સારુ યુદ્ધ કરે છે.

11

| | | |
|---|---|---|
| וְנִשְׁמַרְתֶּם | તો-સાવધ-રહો | H8104 |
| מְאֹד | ખૂબ | H3966 |
| לְנַפְשֹׁתֵיכֶם | તમારા-જીવ-માટે | H5315 |
| לְאַהֲבָה | પ્રેમ-કરવા | H0157 |
| אֶת־ | એ | H0853 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| אֱלֹהֵיכֶם׃ | તમારા-ઈશ્વરને | H0430 |

માટે તમારા યહોવાહ, પ્રભુ પર પ્રેમ રાખવા માટે વિશેષ ધ્યાન રાખો.

12

| | | |
|---|---|---|
| כִּי | કેમ-કે | |
| אִם־ | જો | |
| שׁוֹב | ચોક્કસ | H7725 |
| תָּשׁוּבוּ | ફરો | H7725 |
| וּדְבַקְתֶּם | અને-વળગશો | H1692 |
| בְּיֶתֶר | બાકીના | |
| הַגּוֹיִם | પ્રજાઓના | |
| הָאֵלֶּה | આ | H0428 |
| הַנִּשְׁאָרִים | બાકી-રહેલાં | H7604 |
| הָאֵלֶּה | આ | H0428 |
| אִתְּכֶם | તમારી-વચ્ચેના | H0854 |
| וְהִתְחַתַּנְתֶּם | અને-સગાઈ-કરશો | |
| בָּהֶם | તેમની-સાથે | |
| וּבָאתֶם | અને-ભળશો | H0935 |
| בָּהֶם | તેમનામાં | |
| וְהֵם | અને-તેઓ | H1992 |
| בָּכֶם׃ | તમારામાં | |

કેમ કે જો તમે કોઈ રીતે પાછા હઠશો, તમારી પાસે જે દેશજાતિઓ બાકી રહેલી છે તેઓની સાથે વ્યવહાર રાખશો અને તેઓની સાથે લગ્નસંબંધ બાંધીને ભળી જશો,

13

| | | |
|---|---|---|
| יָדוֹעַ | ચોક્કસ | H3045 |
| תֵּדְעוּ | જાણો | H3045 |
| כִּי | કે | |
| לֹא | નહિ | H3808 |
| יוֹסִיף | ચાલુ-રાખે | H3254 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| אֱלֹהֵיכֶם | તમારા-ઈશ્વર | H0430 |
| לְהוֹרִישׁ | કાઢવાનું | H3423 |
| אֶת־ | આ | H0853 |
| הַגּוֹיִם | પ્રજાઓને | |
| הָאֵלֶּה | આ | H0428 |
| מִלִּפְנֵיכֶם | તમારી-આગળથી | H6440 |
| וְהָיוּ | અને-તેઓ-થશે | H1961 |
| לָכֶם | તમારે-માટે | |
| לְפַח | ફાંદા | |
| וּלְמוֹקֵשׁ | અને-જાળ | H4170 |
| וּלְשֹׁטֵט | અને-કોરડા | H7850 |
| בְּצִדֵּיכֶם | તમારી-બાજુઓમાં | H6654 |
| וְלִצְנִנִים | અને-કાંટા | H6796 |
| בְּעֵינֵיכֶם | તમારી-આખોમાં | |
| עַד־ | જ્યાં-સુધી | H5704 |
| אֲבָדְכֶם | તમે-નાશ-ન-થાઓ | H0006 |
| מֵעַל | ઉપરથી | |
| הָאֲדָמָה | ભૂમિ | H0127 |
| הַטּוֹבָה | સારી | |
| הַזֹּאת | આ | H2063 |
| אֲשֶׁר | જે | |
| נָתַן | આપી-છે | H5414 |
| לָכֶם | તમને | |
| יְהוָה | યહોવાહ | H3068 |
| אֱלֹהֵיכֶם׃ | તમારા-ઈશ્વરે | H0430 |

તો પછી નિશ્ચે જાણજો કે, તમારા યહોવાહ પ્રભુ હવે પછી આ દેશજાતિઓને તમારી આગળથી દૂર કરશે નહિ. આ સારી જમીન કે જે તમારા યહોવાહ, પ્રભુએ તમને આપી છે તેમાંથી તમારો નાશ થઈ જાય ત્યાં સુધી એ લોકો તમારા માટે જાળ અને ફાંદારૂપ તથા, તમારી પીઠ પર ફટકારૂપ અને આંખોમાં કાંટારૂપ થઈ પડશે.

14

| וְהִנֵּה | אָנֹכִי | הוֹלֵךְ | הַיּוֹם | בְּדֶרֶךְ | כָּל־ | הָאָרֶץ | וִידַעְתֶּם | בְּכָל־ | לְבַבְכֶם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જુઓ | હું | જઈ-રહ્યો-છું | આજે | માર્ગ | સર્વ | પૃથ્વીના | અને-તમે-જાણો-છો | તમારા-સમગ્ર | હૃદયથી |
| H2009 | H0595 | H1980 | H3117 | H1870 | H3605 | H0776 | H3045 | H3605 | H3824 |

| וּבְכָל־ | נַפְשְׁכֶם | כִּי | לֹא־ | נָפַל | דָּבָר | אֶחָד | מִכֹּל | הַדְּבָרִים | הַטּוֹבִים | אֲשֶׁר | דִּבֶּר |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-સમગ્ર | આત્માથી | કે | ન | પડ્યું | વચન | એક-પણ | બધાંમાંથી | વચનો | સારાં | જે | બોલ્યા |
| H3605 | H5315 | | H3808 | H5307 | H1697 | H0259 | H3605 | H1697 | | | H1696 |

| יְהוָה | אֱלֹהֵיכֶם | עֲלֵיכֶם | הַכֹּל | בָּאוּ | לָכֶם | לֹא־ | נָפַל | מִמֶּנּוּ | דָּבָר | אֶחָד׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| યહોવાહ | તમારા-ઈશ્વર | તમારા-વિષે | બધું | પૂર્ણ-થયું | તમારે-માટે | ન | પડ્યું | તેમાંથી | વચન | એક-પણ |
| H3068 | H0430 | | H3605 | H0935 | | H3808 | H5307 | | H1697 | H0259 |

અને હવે, હું પૃથ્વીના સર્વ લોકો માટે ઠરાવેલા માર્ગે જાઉં છું, તમારા અંતઃકરણમાં તથા આત્મામાં તમે નિશ્ચે જાણો છો કે, જે સારાં વચનો તમારા યહોવાહ પ્રભુએ તમારા વિષે કહ્યાં તેમાંનું એકેય વચન નિષ્ફળ ગયું નથી. પણ એ વચનો પૂર્ણ થયાં છે.

15

| וְהָיָה | כַּאֲשֶׁר־ | בָּא | עֲלֵיכֶם | כָּל־ | הַדָּבָר | הַטּוֹב | אֲשֶׁר | דִּבֶּר | יְהוָה | אֱלֹהֵיכֶם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થશે | જેમ | આવ્યું | તમારા-ઉપર | દરેક | વચન | સારું | જે | બોલ્યા | યહોવાહ | તમારા-ઈશ્વર |
| H1961 | | H0935 | | H3605 | H1697 | | | H1696 | H3068 | H0430 |

| אֲלֵיכֶם | כֵּן | יָבִיא | יְהוָה | עֲלֵיכֶם | אֵת | כָּל־ | הַדָּבָר | הָרָע | עַד־ | הַשְׁמִידוֹ | אוֹתְכֶם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તમને | તેમ | લાવશે | યહોવાહ | તમારા-ઉપર | એ | દરેક | વચન | ખરાબ | જ્યાં-સુધી | નાશ-ન-કરે | તમને |
| H0413 | | H0935 | H3068 | | H0853 | H3605 | H1697 | | H5704 | H8045 | H0853 |

| מֵעַל | הָאֲדָמָה | הַטּוֹבָה | הַזֹּאת | אֲשֶׁר | נָתַן | לָכֶם | יְהוָה | אֱלֹהֵיכֶם׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| ઉપરથી | ભૂમિ | સારી | આ | જે | આપી-છે | તમને | યહોવાહ | તમારા-ઈશ્વરે |
| | H0127 | | H2063 | | H5414 | | H3068 | H0430 |

પણ જેમ તમારા યહોવાહ પ્રભુએ તમને આપેલા સર્વ સારાં વચન તમારા પ્રત્યે ફળીભૂત થયાં, તેમ, આ જે સારી જમીન તમારા યહોવાહ પ્રભુએ તમને આપી છે, તેના પરથી તમારો નાશ થતાં સુધી યહોવાહ તમારા પર સર્વ વિપત્તિઓ લાવે એવું પણ બનશે.

16

| בְּעָבְרְכֶם | אֶת־ | בְּרִית | יְהוָה | אֱלֹהֵיכֶם | אֲשֶׁר | צִוָּה | אֶתְכֶם | וַהֲלַכְתֶּם |
|---|---|---|---|---|---|---|---|---|
| જ્યારે-તમે-ઉલ્લંઘન-કરો | એ | કરાર | યહોવાહ | તમારા-ઈશ્વરનો | જે | આજ્ઞા-આપી-હતી | તમને | અને-જાઓ |
| | H0853 | H1285 | H3068 | H0430 | | H6680 | H0853 | H1980 |

| וַעֲבַדְתֶּם | אֱלֹהִים | אֲחֵרִים | וְהִשְׁתַּחֲוִיתֶם | לָהֶם | וְחָרָה | אַף־ | יְהוָה | בָּכֶם |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-સેવા-કરો | દેવોની | બીજા | અને-નમો | તેમને | તો-સળગશે | ક્રોધ | યહોવાહનો | તમારા-પર |
| H5647 | H0430 | H0312 | H7812 | H1992 | H2734 | H0639 | H3068 | |

| וַאֲבַדְתֶּם | מְהֵרָה | מֵעַל | הָאָרֶץ | הַטּוֹבָה | אֲשֶׁר | נָתַן | לָכֶם׃ | פ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-તમે-નાશ-થશો | જલદી | ઉપરથી | દેશ | સારો | જે | આપ્યો-છે | તમને | — |
| H0006 | H4120 | | H0776 | | | H5414 | | |

તમારા યહોવાહ પ્રભુએ જે કરાર, જે આજ્ઞા તમને આપી છે, તેનું જો તમે પાલન નહિ કરો અને બીજા દેવોની પૂજા કરશો, તેઓને પગે લાગશો, તો પછી તમારા ઉપર યહોવાહનો કોપ ભભૂકી ઊઠશે. અને જે સારો દેશ તેમણે તમને આપ્યો છે, તેમાંથી તમે નષ્ટ થઈ જશો."

## Chapter 24

1

| וַיֶּאֱסֹף | יְהוֹשֻׁעַ | אֶת־ | כָּל־ | שִׁבְטֵי | יִשְׂרָאֵל | שְׁכֶמָה | וַיִּקְרָא | לְזִקְנֵי | יִשְׂרָאֵל |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-એકઠા-કર્યા | યહોશુઆએ | એ | બધાં | કુળોને | ઇઝરાયલના | શખેમમાં | અને-બોલાવ્યા | વડીલોને | ઇઝરાયલના |
| H0622 | H3091 | H0853 | H3605 | H7626 | H3478 | H7927 | H7121 | H2205 | H3478 |

| וּלְרָאשָׁיו | וּלְשֹׁפְטָיו | וּלְשֹׁטְרָיו | וַיִּתְיַצְּבוּ | לִפְנֵי | הָאֱלֹהִים׃ |
|---|---|---|---|---|---|
| અને-આગેવાનોને | અને-ન્યાયાધીશોને | અને-અમલદારોને | અને-ઉભા-રહ્યા | સમક્ષ | ઈશ્વરની |
| | H8199 | H7860 | H3320 | H6440 | H0430 |

યહોશુઆએ ઇઝરાયલના સર્વ કુળોને શખેમમાં ભેગાં કર્યા. ઇઝરાયલના વડીલોને, તેઓના આગેવાનોને, વડાઓને, ન્યાયાધીશોને, તેઓના અધિકારીઓને બોલાવ્યા અને તેઓ યહોવાહની સમક્ષ ઉપસ્થિત થયા.

2

| | | |
|---|---|---|
| וַיֹּ֨אמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוֹשֻׁ֜עַ | યહોશુઆએ | H3091 |
| אֶל־ | એ | H0413 |
| כָּל־ | બધા | H3605 |
| הָעָ֗ם | લોકોને | |
| כֹּֽה־ | આમ | H3541 |
| אָמַ֤ר | કહે-છે | H0559 |
| יְהוָה֙ | યહોવાહ | H3068 |
| אֱלֹהֵ֣י | ઈશ્વર | H0430 |
| יִשְׂרָאֵ֔ל | ઇઝરાયલના | H3478 |
| בְּעֵ֣בֶר | પેલે-પાર | H5676 |
| הַנָּהָ֗ר | નદીની | H5104 |
| יָשְׁב֤וּ | વસતા-હતા | H3427 |
| אֲבֽוֹתֵיכֶם֙ | તમારા-પિતરો | H0001 |
| מֵֽעוֹלָ֔ם | પ્રાચીન-કાળથી | H5769 |
| תֶּ֛רַח | તેરાહ | H8646 |
| אֲבִ֥י | પિતા | H0001 |
| אַבְרָהָ֖ם | ઇબ્રાહિમના | H0085 |
| וַאֲבִ֣י | અને-પિતા | H0001 |
| נָח֑וֹר | નાહોરના | H5152 |
| וַיַּעַבְד֖וּ | અને-સેવા-કરતા-હતા | H5647 |
| אֱלֹהִ֥ים | દેવોની | H0430 |
| אֲחֵרִֽים׃ | બીજા | H0312 |

યહોશુઆએ સર્વ લોકોને કહ્યુ, “ઇઝરાયલના યહોવાહ, કહે છે કે, ‘પૂર્વકાળે તમારા પૂર્વજ ઇબ્રાહિમના પિતા તથા નાહોરના પિતા તેરાહ ફ્રાત નદીને પેલે પાર વસેલા હતા. તેઓ અન્ય દેવોની પૂજાભક્તિ કરતા હતા.

3

| | | |
|---|---|---|
| וָאֶקַּ֞ח | અને-મેં-લીધા | H3947 |
| אֶת־ | એ | H0853 |
| אֲבִיכֶ֤ם | તમારા-પિતાને | H0001 |
| אֶת־ | એ | H0853 |
| אַבְרָהָם֙ | ઇબ્રાહિમને | H0085 |
| מֵעֵ֣בֶר | પેલે-પારથી | H5676 |
| הַנָּהָ֔ר | નદીની | H5104 |
| וָאוֹלֵ֥ךְ | અને-ચલાવ્યા | H3212 |
| אוֹת֖וֹ | તેને | H0853 |
| בְּכָל־ | સમગ્ર | H3605 |
| אֶ֣רֶץ | દેશમાં | H0776 |
| כְּנָ֑עַן | કનાનના | |
| [וארב] | અને-વધાર્યા | |
| (וָאַרְבֶּה֙) | અને-વધાર્યા | |
| אֶת־ | એ | H0853 |
| זַרְע֔וֹ | તેના-વંશને | H2233 |
| וָֽאֶתֶּן־ | અને-આપ્યા | H5414 |
| ל֖וֹ | તેને | |
| אֶת־ | એ | H0853 |
| יִצְחָֽק׃ | ઇસહાક | H3327 |

પણ હું તમારા પિતા ઇબ્રાહિમને ફ્રાત નદીની પેલી પારથી કનાન દેશમાં દોરી લાવ્યો અને તેના દીકરા ઇસહાક દ્વારા મેં તેને ઘણાં સંતાનો આપ્યાં.

4

| | | |
|---|---|---|
| וָאֶתֵּ֣ן | અને-આપ્યા | H5414 |
| לְיִצְחָ֔ק | ઇસહાકને | H3327 |
| אֶֽת־ | એ | H0853 |
| יַעֲקֹ֖ב | યાકૂબ | H3290 |
| וְאֶת־ | અને | H0853 |
| עֵשָׂ֑ו | એસાવ | H6215 |
| וָאֶתֵּ֨ן | અને-આપ્યા | H5414 |
| לְעֵשָׂ֜ו | એસાવને | H6215 |
| אֶת־ | એ | H0853 |
| הַ֤ר | પર્વત | H2022 |
| שֵׂעִיר֙ | સેઈરનો | |
| לָרֶ֣שֶׁת | કબજો-કરવા | H3423 |
| אוֹת֔וֹ | તેને | H0853 |
| וְיַעֲקֹ֣ב | અને-યાકૂબ | H3290 |
| וּבָנָ֔יו | અને-તેના-પુત્રો | |
| יָרְד֥וּ | ઉતર્યા | H3381 |
| מִצְרָֽיִם׃ | મિસરમાં | H4714 |

મેં ઇસહાકને બે દીકરા યાકૂબ તથા એસાવ આપ્યાં. મેં વતન તરીકે એસાવને સેઈર પર્વતનો પ્રદેશ આપ્યો, પણ યાકૂબ અને તેના દીકરાઓ મિસરમાં જઈને રહ્યા.

5

| | | |
|---|---|---|
| וָאֶשְׁלַ֞ח | અને-મેં-મોકલ્યા | H7971 |
| אֶת־ | એ | H0853 |
| מֹשֶׁ֤ה | મૂસાને | H4872 |
| וְאֶֽת־ | અને | H0853 |
| אַהֲרֹן֙ | અહરોનને | H0175 |
| וָאֶגֹּ֣ף | અને-માર્યા | H5062 |
| אֶת־ | એ | H0853 |
| מִצְרַ֔יִם | મિસરને | H4714 |
| כַּאֲשֶׁ֥ר | જેમ | |
| עָשִׂ֖יתִי | કર્યું | |
| בְּקִרְבּ֑וֹ | તેની-વચ્ચે | H7130 |
| וְאַחַ֖ר | અને-પછી | |
| הוֹצֵ֥אתִי | બહાર-લાવ્યા | H3318 |
| אֶתְכֶֽם׃ | તમને | H0853 |

પછી મેં મૂસાને તથા હારુનને મોકલ્યા અને મરકીથી મિસરીઓને મેં પીડિત કર્યા. ત્યાર પછી હું તમને ત્યાંથી બહાર કાઢી લાવ્યો.

6

| | | |
|---|---|---|
| וָאוֹצִ֤יא | અને-બહાર-લાવ્યા | H3318 |
| אֶת־ | એ | H0853 |
| אֲבֽוֹתֵיכֶם֙ | તમારા-પિતરોને | H0001 |
| מִמִּצְרַ֔יִם | મિસરમાંથી | H4714 |
| וַתָּבֹ֖אוּ | અને-આવ્યા | H0935 |
| הַיָּ֑מָּה | સમુદ્ર-પાસે | H3220 |
| וַיִּרְדְּפ֨וּ | અને-પીછો-ધપ્યા | H7291 |
| מִצְרַ֜יִם | મિસરીઓ | H4713 |
| אַחֲרֵ֧י | પછી | |
| אֲבוֹתֵיכֶ֛ם | તમારા-પિતરોને | H0001 |
| בְּרֶ֥כֶב | રથો-વડે | H7393 |
| וּבְפָרָשִׁ֖ים | અને-ઘોડેસવારો-વડે | |
| יַם־ | સમુદ્રમાં | H3220 |
| סֽוּף׃ | સૂફના | H5488 |

હું તમારા પિતૃઓને મિસરમાંથી બહાર લાવ્યો. ચાલતા ચાલતા તમે સમુદ્ર સુધી આવી પહોંચ્યા. ત્યારે મિસરીઓ રથો તથા ઘોડેસવારો સાથે લાલ સમુદ્ર સુધી તમારા પિતૃઓની પાછળ ચડી આવ્યા.

7

| וַיִּצְעֲקוּ | אֶל־ | יְהוָה | וַיָּשֶׂם | מַאֲפֵל | בֵּינֵיכֶם | וּבֵין | הַמִּצְרִים | וַיָּבֵא | עָלָיו |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પોકાર્યા | એ | યહોવાહને | અને-મૂક્યું | અધારું | તમારી-વચ્ચે | અને-વચ્ચે | મિસરીઓની | અને-લાવ્યું | તેના-ઉપર |
| H6817 | H0413 | H3068 | | H3990 | H0996 | H0996 | H4713 | H0935 | |

| אֶת־ | הַיָּם | וַיְכַסֵּהוּ | וַתִּרְאֶינָה | עֵינֵיכֶם | אֵת | אֲשֶׁר־ | עָשִׂיתִי | בְּמִצְרָיִם | וַתֵּשְׁבוּ | בַמִּדְבָּר |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એ | સમુદ્રને | અને-ઢાંક્યું | અને-જોયું | તમારી-આખોએ | એ | જે | કર્યું-મેં | મિસરમાં | અને-રહ્યા | અરણ્યમાં |
| H0853 | H3220 | H3680 | H7200 | | H0853 | | | H4714 | H3427 | |

| יָמִים | רַבִּים׃ |
|---|---|
| દિવસો | ઘણા |
| H3117 | |

ત્યારે તમારા પૂર્વજોએ યહોવાહને પોકાર કર્યો, એટલે યહોવાહે તમારી તથા મિસરીઓની વચ્ચે અધારપટ કર્યો. યહોવાહે તેઓ પર સમુદ્રનાં પાણી લાવીને તેઓને ડુબાવી દીધા. મેં મિસરમાં જે કર્યું તે તમે તમારી સગી આખોએ જોયું છે. પછી તમે ઘણાં દિવસો સુધી અરણ્યમાં રહ્યા.

8

| ]ואבאה[ | )וָאָבִיא( | אֶתְכֶם | אֶל־ | אֶרֶץ | הָאֱמֹרִי | הַיּוֹשֵׁב | בְּעֵבֶר | הַיַּרְדֵּן | וַיִּלָּחֲמוּ | אִתְּכֶם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-લાવ્યા | અને-લાવ્યા | તમને | એ | દેશમાં | અમોરીઓના | વસનાર | પેલે-પાર | યર્દનની | અને-લડ્યા | તમારી-સામે |
| H0935 | H0935 | H0853 | H0413 | H0776 | H0567 | H3427 | H5676 | H3383 | | H0854 |

| וָאֶתֵּן | אוֹתָם | בְּיֶדְכֶם | וַתִּירְשׁוּ | אֶת־ | אַרְצָם | וָאַשְׁמִידֵם | מִפְּנֵיכֶם׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-આપ્યા | તેમને | તમારા-હાથમાં | અને-કબજો-કર્યા | એ | તેમનો-દેશ | અને-નાશ-કર્યા | તમારી-સમક્ષથી |
| H5414 | H0853 | H3027 | H3423 | H0853 | H0776 | H8045 | H6440 |

જે અમોરીઓ યર્દનની પેલી બાજુ વસેલા હતા, તેઓના દેશમાં હું તમને લાવ્યો. તેઓએ તમારી સાથે યુદ્ધ કર્યું. અને મેં તેઓને તમારા હાથમાં સોંપી દીધા. તમે તેઓના દેશ કબજે કરી લીધો. અને મેં તમારી આગળ તેઓનો સંહાર કર્યો.

9

| וַיָּקָם | בָּלָק | בֶּן־ | צִפּוֹר | מֶלֶךְ | מוֹאָב | וַיִּלָּחֶם | בְּיִשְׂרָאֵל | וַיִּשְׁלַח | וַיִּקְרָא |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ઉઠ્યો | બાલાક | પુત્ર | સિપ્પોરનો | રાજા | મોઆબનો | અને-લડ્યો | ઇઝરાયલ-સામે | અને-મોકલ્યા | અને-બોલાવ્યા |
| | H1111 | | H6834 | H4428 | H4124 | | H3478 | H7971 | H7121 |

| לְבִלְעָם | בֶּן־ | בְּעוֹר | לְקַלֵּל | אֶתְכֶם׃ |
|---|---|---|---|---|
| બિલઆમને | પુત્ર | બઓરના | શાપ-આપવા | તમને |
| | | H1160 | H7043 | H0853 |

પછી મોઆબના રાજા સિપ્પોરના દીકરા બાલાકે ઊઠીને ઇઝરાયલની સાથે યુદ્ધ કર્યું. તેણે તમને શાપ દેવા સારુ બેઓરના દીકરા બલામને બોલાવી મંગાવ્યો.

10

| וְלֹא | אָבִיתִי | לִשְׁמֹעַ | לְבִלְעָם | וַיְבָרֶךְ | בָּרוֹךְ | אֶתְכֶם | וָאַצִּל | אֶתְכֶם |
|---|---|---|---|---|---|---|---|---|
| પરંતુ-ન | ઇચ્છ્યો-મેં | સાંભળવા | બિલઆમને | અને-આશીર્વાદ-આપ્યો | આશીર્વાદથી | તમને | અને-બચાવ્યા | તમને |
| H3808 | H0014 | H8085 | | H1288 | H1288 | H0853 | H5337 | H0853 |

| מִיָּדוֹ׃ |
|---|
| તેના-હાથમાંથી |
| H3027 |

પણ મેં બલામનું સાંભળ્યું નહિ. તેથી તેણે તમને આશીર્વાદ આપ્યો હતો. આ રીતે મેં તમને તેના હાથમાંથી છોડાવ્યાં.

11

| וַתַּעַבְרוּ | אֶת־ | הַיַּרְדֵּן | וַתָּבֹאוּ | אֶל־ | יְרִיחוֹ | וַיִּלָּחֲמוּ | בָכֶם | בַעֲלֵי־ | יְרִיחוֹ | הָאֱמֹרִי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પાર-કર્યું | એ | યર્દનને | અને-આવ્યા | એ | યરીહોમાં | અને-લડ્યા | તમારી-સામે | માલિકો | યરીહોના | અમોરી |
| | H0853 | H3383 | H0935 | H0413 | H3405 | | | H1167 | H3405 | H0567 |

| וְהַפְּרִזִּי | וְהַכְּנַעֲנִי | וְהַחִתִּי | וְהַגִּרְגָּשִׁי | הַחִוִּי | וְהַיְבוּסִי | וָאֶתֵּן | אוֹתָם | בְּיֶדְכֶם׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-પરિઝ્ઝી | અને-કનાની | અને-હિત્તી | અને-ગિર્ગાશી | હિવ્વી | અને-યબૂસી | અને-આપ્યા | તેમને | તમારા-હાથમાં |
| H6522 | | H2850 | H1622 | H2340 | H2983 | H5414 | H0853 | H3027 |

પછી તમે યર્દનથી પાર ઊતરીને યરીખો પાસે આવ્યા. ત્યારે યરીખોના આગેવાનો, અમોરી, પરિઝી, કનાની, હિત્તી, ગિર્ગાશી, હિવ્વી અને યબૂસી લોકોએ તમારી સાથે યુદ્ધ કર્યું. મેં તમને તેઓના પર વિજય આપ્યો અને તેઓને તમારા નિયંત્રણમાં સોંપી દીધા.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאֶשְׁלַח | לִפְנֵיכֶם | אֶת־ | הַצִּרְעָה | וַתְּגָרֶשׁ | אוֹתָם | מִפְּנֵיכֶם | שְׁנֵי | מַלְכֵי | הָאֱמֹרִי |
| અને-મોકલ્યા | તમારી-આગળ | એ | શિંગડાઓને | અને-કાઢ્યા | તેમને | તમારી-સમક્ષથી | બે | રાજાઓને | અમોરીઓના |
| H7971 | H6440 | H0853 | H6880 | H1644 | H0853 | H6440 | H8147 | H4428 | H0567 |

| | | | |
|---|---|---|---|
| לֹא | בְחַרְבְּךָ | וְלֹא | בְקַשְׁתֶּךָ׃ |
| નહિ | તારી-તલવારથી | અને-નહિ | તારા-ધનુષથી |
| H3808 | H2719 | H3808 | H7198 |

વળી મેં તમારી આગળ ભમરી + 24:12 ત્રાસદાયક વસ્તુઓ, નિર્ગ. 23:28ઓ મોકલી, તેઓએ અમોરીઓના બે રાજાઓને તમારી આગળથી નસાડી મૂક્યા. આ બધું કંઈ તમારી તલવારથી કે તમારા ધનુષ્યથી થયું નહોતું

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאֶתֵּן | לָכֶם | אֶרֶץ | אֲשֶׁר | לֹא־ | יָגַעְתָּ | בָּהּ | וְעָרִים | אֲשֶׁר | לֹא־ | בְנִיתֶם |
| અને-આપ્યો | તમને | દેશ | જેમાં | ન | મહેનત-કરી-હતી | તેમાં | અને-શહેરો | જે | ન | બાંધ્યા-હતા |
| H5414 | | H0776 | | H3808 | H3021 | | | | H3808 | H1129 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַתֵּשְׁבוּ | בָּהֶם | כְּרָמִים | וְזֵיתִים | אֲשֶׁר | לֹא־ | נְטַעְתֶּם | אַתֶּם | אֹכְלִים׃ |
| અને-વસ્યા | તેમાં | દ્રાક્ષાવાટિકાઓ | અને-જૈતૂનના-વૃક્ષો | જે | ન | વાવ્યા-હતા | તમે | ખાઓ-છો |
| H3427 | | H3754 | H2132 | | H3808 | H5193 | | H0398 |

જે દેશ માટે તમે શ્રમ કર્યો નહોતો અને જે નગરો તમે બાંધ્યા નહોતાં તે મેં તમને આપ્યાં છે, હવે તમે તેમાં રહો છો. જે દ્રાક્ષવાડીઓ તથા જૈતૂનવાડીઓ તમે રોપી નહોતી તેઓનાં ફળ તમે ખાઓ છો.'"

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | יְראוּ | אֶת־ | יְהוָה | וְעִבְדוּ | אֹתוֹ | בְּתָמִים | וּבֶאֱמֶת | וְהָסִירוּ | אֶת־ |
| અને-હવે | બીી | એ | યહોવાહને | અને-સેવા-કરો | તેને | સંપૂર્ણતાથી | અને-સચ્ચાઈથી | અને-કાઢી-મૂકો | એ |
| H6258 | H3372 | H0853 | H3068 | H5647 | H0853 | H8549 | H0571 | H5493 | H0853 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֱלֹהִים | אֲשֶׁר | עָבְדוּ | אֲבוֹתֵיכֶם | בְּעֵבֶר | הַנָּהָר | וּבְמִצְרַיִם | וְעִבְדוּ | אֶת־ | יְהוָה׃ |
| દેવોને | જેમની | સેવા-કરી-હતી | તમારા-પિતરોએ | પેલે-પાર | નદીની | અને-મિસરમાં | અને-સેવા-કરો | એ | યહોવાહની |
| H0430 | | H5647 | H0001 | H5676 | H5104 | H4714 | H5647 | H0853 | H3068 |

તો હવે યહોવાહનું ભય રાખો અને સંપૂર્ણ પ્રામાણિકતાથી અને સત્યતાથી તેમની આરાધના કરો; ફ્રાત નદીની પેલી બાજુ અને મિસરમાં તમારા પૂર્વજો જે દેવોની પૂજાભક્તિ કરતા હતા તે દેવોથી છુટકારો મેળવીને, યહોવાહની આરાધના કરો.

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִם | רַע | בְּעֵינֵיכֶם | לַעֲבֹד | אֶת־ | יְהוָה | בַּחֲרוּ | לָכֶם | הַיּוֹם | אֶת־ | מִי |
| અને-જો | ખરાબ | તમારી-આખોમાં | સેવા-કરવું | એ | યહોવાહની | પસંદ-કરો | તમારે-માટે | આજે | એ | કોની |
| | | | H5647 | H0853 | H3068 | H0977 | | H3117 | H0853 | H4310 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| תַּעֲבֹדוּן | אִם | אֶת־ | אֱלֹהִים | אֲשֶׁר־ | עָבְדוּ | אֲבוֹתֵיכֶם | אֲשֶׁר | [בעבר] | (מֵעֵבֶר) |
| સેવા-કરશો | જો | એ | દેવોની | જેમની | સેવા-કરી-હતી | તમારા-પિતરોએ | જેઓ | પેલે-પાર | પેલે-પાર |
| H5647 | | H0853 | H0430 | | H5647 | H0001 | | H5676 | H5676 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַנָּהָר | וְאִם | אֶת־ | אֱלֹהֵי | הָאֱמֹרִי | אֲשֶׁר | אַתֶּם | יֹשְׁבִים | בְּאַרְצָם | וְאָנֹכִי | וּבֵיתִי |
| નદીની | કે-પછી | એ | દેવોની | અમોરીઓના | જેમના | તમે | વસો-છો | તેમના-દેશમાં | પરંતુ-હું | અને-મારું-ઘર |
| H5104 | | H0853 | H0430 | H0567 | | | H3427 | H0776 | H0595 | |

| | | | |
|---|---|---|---|
| נַעֲבֹד | אֶת־ | יְהוָה׃ | פ |
| સેવા-કરીશું | એ | યહોવાહની | — |
| H5647 | H0853 | H3068 | |

જો તમારી દ્રષ્ટિમાં યહોવાહની આરાધના કરવી એ અયોગ્ય લાગતું હોય, તો આજે તમે પોતે નક્કી કરો કે તમે કોની સેવા કરશો? ફ્રાત નદીની પેલી પાર રહેતા તમારા પૂર્વજોના દેવોની અથવા જે અમોરીઓના દેશમાં તમે રહો છો તેઓના દેવોની તમે પૂજાભક્તિ કરશો? પણ હું અને મારું કુટુંબ તો યહોવાહની જ સેવા કરીશું.

16

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַן | הָעָם | וַיֹּאמֶר | חָלִילָה | לָּנוּ | מֵעֲזֹב | אֶת־ | יְהוָה | לַעֲבֹד | אֱלֹהִים |
| અને-ઉત્તર-આપ્યો | લોકોએ | અને-કહ્યુ | દૂર-રહો | અમારાથી | છોડવાનું | એ | યહોવાહને | સેવા-કરવા | દેવોની |
| | | H0559 | H2486 | | | H0853 | H3068 | H5647 | H0430 |

| |
|---|
| אֲחֵרִים׃ |
| બીજા |
| H0312 |

લોકોએ જવાબ આપીને કહ્યુ, “અન્ય દેવોની સેવાને માટે અમે યહોવાહને તજી દઈએ એવું પ્રભુ કદીય થવા ન દો.

17

| | | |
|---|---|---|
| כִּי | કેમ-કે | |
| יְהוָה | યહોવાહ | H3068 |
| אֱלֹהֵינוּ | અમારા-ઈશ્વર | H0430 |
| הוּא | તે | H1931 |
| הַמַּעֲלֶה | બહાર-લાવનારા-છે | H5927 |
| אֹתָנוּ | અમને | H0853 |
| וְאֶת־ | અને | H0853 |
| אֲבוֹתֵינוּ | અમારા-પિતરોને | H0001 |
| מֵאֶרֶץ | દેશમાંથી | H0776 |
| מִצְרַיִם | મિસરના | H4714 |
| מִבֵּית | ઘરમાંથી | |
| עֲבָדִים | ગુલામીના | H5650 |
| וַאֲשֶׁר | અને-જેણે | |
| עָשָׂה | કર્યા | |
| לְעֵינֵינוּ | અમારી-આંખો-સમક્ષ | |
| אֶת־ | એ | H0853 |
| הָאֹתוֹת | ચિહ્નો | H0226 |
| הַגְּדֹלוֹת | મોટાં | |
| הָאֵלֶּה | આ | H0428 |
| וַיִּשְׁמְרֵנוּ | અને-રક્ષા-કર્યા | H8104 |
| בְּכָל־ | સમગ્ર | H3605 |
| הַדֶּרֶךְ | માર્ગમાં | H1870 |
| אֲשֶׁר | જેમાં | |
| הָלַכְנוּ | ચાલ્યા | H1980 |
| בָהּ | તેમાં | |
| וּבְכֹל | અને-બધાં | H3605 |
| הָעַמִּים | લોકોમાંથી | |
| אֲשֶׁר | જેમાંથી | |
| עָבַרְנוּ | પસાર-થયા | |
| בְּקִרְבָּם׃ | તેમની-વચ્ચે | H7130 |

કેમ કે જે પ્રભુ યહોવાહ અમને અને અમારા પૂર્વજોને મિસર દેશમાંથી, ગુલામીના ઘરમાંથી બહાર કાઢી લાવ્યા, જેમણે અમારા દેખતાં અદ્દભુત ચમત્કારો કર્યા, અમે જે રસ્તે ચાલ્યા તેમાં તથા જે સર્વ દેશોમાં થઈને અમે પસાર થયા ત્યાં અમારું રક્ષણ કર્યું તે જ યહોવાહ અમારા પ્રભુ છે.

18

| | | |
|---|---|---|
| וַיְגָרֶשׁ | અને-કાઢ્યા | H1644 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| אֶת־ | એ | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| הָעַמִּים | લોકોને | |
| וְאֶת־ | અને | H0853 |
| הָאֱמֹרִי | અમોરીઓને | H0567 |
| יֹשֵׁב | વસનારા | H3427 |
| הָאָרֶץ | દેશમાંના | H0776 |
| מִפָּנֵינוּ | અમારી-સમક્ષથી | H6440 |
| גַּם־ | અમે-પણ | H1571 |
| אֲנַחְנוּ | અમે | H0587 |
| נַעֲבֹד | સેવા-કરીશું | H5647 |
| אֶת־ | એ | H0853 |
| יְהוָה | યહોવાહની | H3068 |
| כִּי־ | કેમ-કે | |
| הוּא | તે | H1931 |
| אֱלֹהֵינוּ׃ | અમારા-ઈશ્વર-છે | H0430 |
| ס | — | |

યહોવાહે તે દેશમાં રહેનારા સર્વ અમોરી લોકોને અમારી આગળથી કાઢી મૂક્યા છે. તેથી અમે પણ યહોવાહની સેવા કરીશું, કેમ કે તે જ અમારા યહોવાહ છે.”

19

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוֹשֻׁעַ | યહોશુઆએ | H3091 |
| אֶל־ | એ | H0413 |
| הָעָם | લોકોને | |
| לֹא | ન | H3808 |
| תוּכְלוּ | શકો | H3201 |
| לַעֲבֹד | સેવા-કરવા | H5647 |
| אֶת־ | એ | H0853 |
| יְהוָה | યહોવાહની | H3068 |
| כִּי־ | કેમ-કે | |
| אֱלֹהִים | ઈશ્વર | H0430 |
| קְדֹשִׁים | પવિત્ર | H6918 |
| הוּא | છે | H1931 |
| אֵל־ | ઈશ્વર | H0410 |
| קַנּוֹא | ઈર્ષ્યાળુ | H7072 |
| הוּא | છે | H1931 |
| לֹא־ | નહિ | H3808 |
| יִשָּׂא | માફ-કરશે | H5375 |
| לְפִשְׁעֲכֶם | તમારા-અપરાધોને | H6588 |
| וּלְחַטֹּאותֵיכֶם׃ | અને-તમારા-પાપોને | |

પણ યહોશુઆએ લોકોને કહ્યુ, “તમે યહોવાહની સેવા કરી શકશો નહિ, કેમ કે તે પવિત્ર ઈશ્વર છે; તે આવેશી યહોવાહ છે; તે તમારાં ઉલ્લંઘનો અને તમારા પાપોની ક્ષમા કરશે નહિ.

20

| | | |
|---|---|---|
| כִּי | જો | |
| תַעַזְבוּ | છોડશો | |
| אֶת־ | એ | H0853 |
| יְהוָה | યહોવાહને | H3068 |
| וַעֲבַדְתֶּם | અને-સેવા-કરશો | H5647 |
| אֱלֹהֵי | દેવોની | H0430 |
| נֵכָר | પરદેશી | H5236 |
| וְשָׁב | તો-ફરશે | H7725 |
| וְהֵרַע | અને-અનિષ્ટ-કરશે | |
| לָכֶם | તમને | |
| וְכִלָּה | અને-નાશ-કરશે | H3615 |
| אֶתְכֶם | તમને | H0853 |
| אַחֲרֵי | પછી | |
| אֲשֶׁר־ | જે | |
| הֵיטִיב | ભલાઈ-કરી-હતી | H3190 |
| לָכֶם׃ | તમને | |

જો તમે તમારા યહોવાહને ત્યજીને વિદેશીઓના દેવોની ઉપાસના કરશો, તો તેઓ તમારું સારું કર્યા પછી, તમારી વિરુદ્ધ થઈને તમારું અહિત કરશે. તમને નષ્ટ કરી નાખશે.”

21

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הָעָם | લોકોએ | |
| אֶל־ | એ | H0413 |
| יְהוֹשֻׁעַ | યહોશુઆને | H3091 |
| לֹּא | ના | H3808 |
| כִּי | પરંતુ | |
| אֶת־ | એ | H0853 |
| יְהוָה | યહોવાહની | H3068 |
| נַעֲבֹד׃ | સેવા-કરીશું | H5647 |

પણ લોકોએ યહોશુઆને કહ્યુ, “એવું નહિ બને. અમે તો યહોવાહની જ આરાધના કરીશું.”

22

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוֹשֻׁעַ | યહોશુઆએ | H3091 |
| אֶל־ | એ | H0413 |
| הָעָם | લોકોને | |
| עֵדִים | સાક્ષી | H5707 |
| אַתֶּם | તમે-છો | |
| בָּכֶם | તમારી-વિરુદ્ધમાં | |
| כִּֽי־ | કે-તમે | |
| אַתֶּ֗ם | તમે | |
| בְּחַרְתֶּם | પસંદ-કર્યા-છે | H0977 |
| לָכֶם | તમારે-માટે | |
| אֶת־ | એ | H0853 |
| יְהוָה | યહોવાહને | H3068 |
| לַעֲבֹד | સેવા-કરવા | H5647 |
| אוֹתוֹ | તેને | H0853 |
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| עֵדִים׃ | સાક્ષી-છીએ | H5707 |

પછી યહોશુઆએ લોકોને કહ્યુ, "તમે પોત પોતાના માટે સાક્ષી છો કે તમે જાતે યહોવાહની આરાધના કરવાને સારુ તેમને પસંદ કર્યા છે." તેઓએ કહ્યુ, "અમે સાક્ષી છીએ."

23

| | | |
|---|---|---|
| וְעַתָּה | તો-હવે | H6258 |
| הָסִירוּ | કાઢી-મૂકો | H5493 |
| אֶת־ | એ | H0853 |
| אֱלֹהֵי | દેવોને | H0430 |
| הַנֵּכָר | પરદેશી | H5236 |
| אֲשֶׁר | જે | |
| בְּקִרְבְּכֶם | તમારી-વચ્ચે-છે | H7130 |
| וְהַטּוּ | અને-વાળો | H5186 |
| אֶת־ | એ | H0853 |
| לְבַבְכֶם | તમારા-હૃદયને | H3824 |
| אֶל־ | એ | H0413 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| אֱלֹהֵי | ઈશ્વર | H0430 |
| יִשְׂרָאֵל׃ | ઇઝરાયલના-તરફ | H3478 |

યહોશુઆએ કહ્યુ, "તો હવે તમારી સાથે જે અન્ય દેવો છે તેને દૂર કરો, અને તમારું હૃદય ઇઝરાયલના પ્રભુ યહોવાહ તરફ વાળો."

24

| | | |
|---|---|---|
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| הָעָם | લોકોએ | |
| אֶל־ | એ | H0413 |
| יְהוֹשֻׁעַ | યહોશુઆને | H3091 |
| אֶת־ | એ | H0853 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| אֱלֹהֵינוּ | અમારા-ઈશ્વરની | H0430 |
| נַעֲבֹד | સેવા-કરીશું | H5647 |
| וּבְקוֹלוֹ | અને-તેની-વાણીને | |
| נִשְׁמָע׃ | માનીશું | H8085 |

લોકોએ યહોશુઆને કહ્યુ, "આપણા પ્રભુ યહોવાહની જ સેવા અમે કરીશું. તેમની જ વાણી અમે સાંભળીશું."

25

| | | |
|---|---|---|
| וַיִּכְרֹת | અને-બાંધ્યો | H3772 |
| יְהוֹשֻׁעַ | યહોશુઆએ | H3091 |
| בְּרִית | કરાર | H1285 |
| לָעָם | લોકો-સાથે | |
| בַּיּוֹם | તે-દિવસે | H3117 |
| הַהוּא | તે | H1931 |
| וַיָּשֶׂם | અને-નક્કી-કર્યા | |
| לוֹ | તેમને-માટે | |
| חֹק | વિધિ | H2706 |
| וּמִשְׁפָּט | અને-નિયમ | H4941 |
| בִּשְׁכֶם׃ | શખેમમાં | H7927 |

તે દિવસે યહોશુઆએ લોકો સાથે કરાર કર્યો. તેણે શખેમમાં તેઓને માટે વિધિઓ અને નિયમો નિયત કર્યા.

26

| | | |
|---|---|---|
| וַיִּכְתֹּב | અને-લખ્યા | H3789 |
| יְהוֹשֻׁעַ | યહોશુઆએ | H3091 |
| אֶת־ | આ | H0853 |
| הַדְּבָרִים | વચનોને | H1697 |
| הָאֵלֶּה | આ | H0428 |
| בְּסֵפֶר | પુસ્તકમાં | |
| תּוֹרַת | નિયમશાસ્ત્રના | H8451 |
| אֱלֹהִים | ઈશ્વરના | H0430 |
| וַיִּקַּח | અને-લીધો | H3947 |
| אֶבֶן | પથ્થર | H0068 |
| גְּדוֹלָה | મોટો | |
| וַיְקִימֶהָ | અને-ઉભો-કર્યો | |
| שָׁם | ત્યાં | H8033 |
| תַּחַת | નીચે | H8478 |
| הָאַלָּה | વૃક્ષની | H0427 |
| אֲשֶׁר | જે | |
| בְּמִקְדַּשׁ | પવિત્ર-સ્થાનમાં | H4720 |
| יְהוָה׃ | યહોવાહના | H3068 |
| ס | — | |

પછી યહોશુઆએ આ વાતો યહોવાહનાં નિયમશાસ્ત્રના પુસ્તકમાં લખી. તેણે મોટો પથ્થર લીધો અને યહોવાહનાં પવિત્રસ્થાનની બાજુમાં એલોન વૃક્ષની નીચે તેને સ્થાપિત કર્યો.

27

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוֹשֻׁעַ | યહોશુઆએ | H3091 |
| אֶל־ | એ | H0413 |
| כָּל־ | બધા | H3605 |
| הָעָם | લોકોને | |
| הִנֵּה | જુઓ | H2009 |
| הָאֶבֶן | પથ્થર | H0068 |
| הַזֹּאת | આ | H2063 |
| תִּהְיֶה־ | થશે | H1961 |
| בָּנוּ | અમારે-માટે | |
| לְעֵדָה | સાક્ષીરૂપે | |
| כִּי־ | કેમ-કે | |
| הִיא | તે | H1931 |
| שָׁמְעָה | સાંભળ્યા-છે | H8085 |
| אֵת | એ | H0853 |
| כָּל־ | બધાં | H3605 |
| אִמְרֵי | વચનો | H0561 |
| יְהוָה | યહોવાહના | H3068 |
| אֲשֶׁר | જે | |
| דִּבֶּר | બોલ્યા | H1696 |
| עִמָּנוּ | અમારી-સાથે | |
| וְהָיְתָה | અને-થશે | H1961 |
| בָכֶם | તમારામાં | |
| לְעֵדָה | સાક્ષીરૂપે | |
| פֶּן־ | રખે-કદાચ | H6435 |
| תְּכַחֲשׁוּן | ઇનકાર-કરો | H3584 |
| בֵּאלֹהֵיכֶם׃ | તમારા-ઈશ્વરનો | H0430 |

યહોશુઆએ સર્વ લોકોને કહ્યુ, “જુઓ, આ પથ્થર આપણી મધ્યે સાક્ષી થશે. કેમ કે યહોવાહે જે વાતો આપણને કહી તે સર્વ તેણે સાંભળી છે. માટે તે તમારી વિરુદ્ધ સાક્ષી થશે, રખેને તમે તમારા યહોવાહનો ઇનકાર કરો.

28

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיְשַׁלַּ֣ח | יְהוֹשֻׁ֖עַ | אֶת־ | הָעָ֑ם | אִ֖ישׁ | לְנַחֲלָתֽוֹ׃ | פ |
| અને-વિદાય-કર્યા | યહોશુઆએ | એ | લોકોને | પ્રત્યેકને | તેના-વારસામાં | — |
| H7971 | H3091 | H0853 | | H0376 | H5159 | |

પછી યહોશુઆએ પ્રત્યેક માણસને, તેઓના વારસાના વતનમાં મોકલી દીધા.

29

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִ֗י | אַחֲרֵי֙ | הַדְּבָרִ֣ים | הָאֵ֔לֶּה | וַיָּ֛מָת | יְהוֹשֻׁ֥עַ | בִּן־ | נ֖וּן | עֶ֣בֶד | יְהוָ֑ה | בֶּן־ |
| અને-થયું | પછી | વાતોના | આ | અને-મરણ-પામ્ય | યહોશુઆ | પુત્ર | નૂનનો | સેવક | યહોવાહનો | પુત્ર |
| H1961 | | H1697 | H0428 | H4191 | H3091 | | H5126 | H5650 | H3068 | |

| | | |
|---|---|---|
| מֵאָ֥ה | וָעֶ֖שֶׂר | שָׁנִֽים׃ |
| સો | અને-દસ | વર્ષનો |
| H3967 | H6235 | H8141 |

આ બિનાઓ બન્યા પછી, નૂનનો પુત્ર યહોશુઆ જે યહોવાહનો સેવક હતો તે એકસો દસ વર્ષની વયે મરણ પામ્યો.

30

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְבְּר֤וּ | אֹתוֹ֙ | בִּגְב֣וּל | נַחֲלָת֔וֹ | בְּתִמְנַת־סֶ֖רַח | אֲשֶׁ֣ר | בְּהַר־ | אֶפְרָ֑יִם | מִצְּפ֖וֹן | לְהַר־ |
| અને-દફનાવ્યા | તેને | સીમામાં | તેના-વારસાની | તિમ્નાત-સેરાહમાં | જે | પહાડમાં | એફ્રાઇમના | ઉત્તરે | પહાડમાં |
| H6912 | H0853 | H1366 | H5159 | | | H2022 | H0669 | H6828 | H2022 |

| |
|---|
| גָּֽעַשׁ׃ |
| ગાઆશના |
| H1608 |

તેઓએ તેના વતનની હદમાં, ગાઆશ પર્વતની ઉત્તરે, એફ્રાઇમનાં પહાડી પ્રદેશમાં, જે તિમ્નાથ-સેરા છે, તેમાં તેને દફનાવ્યો.

31

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲבֹ֤ד | יִשְׂרָאֵל֙ | אֶת־ | יְהוָ֔ה | כֹּ֖ל | יְמֵ֣י | יְהוֹשֻׁ֑עַ | וְכֹ֣ל ׀ | יְמֵ֣י | הַזְּקֵנִ֗ים | אֲשֶׁ֨ר |
| અને-સેવા-કરી | ઇઝરાયલે | એ | યહોવાહની | બધા | દિવસો | યહોશુઆના | અને-બધા | દિવસો | વડીલોના | જેઓ |
| H5647 | H3478 | H0853 | H3068 | H3605 | H3117 | H3091 | H3605 | H3117 | H2205 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הֶאֱרִ֤יכוּ | יָמִים֙ | אַחֲרֵ֣י | יְהוֹשֻׁ֔עַ | וַאֲשֶׁ֣ר | יָדְע֗וּ | אֵ֚ת | כָּל־ | מַעֲשֵׂ֣ה | יְהוָ֔ה | אֲשֶׁ֥ר |
| લાંબું-જીવ્યા | દિવસો | પછી | યહોશુઆના | અને-જેઓ | જાણતા-હતા | એ | બધાં | કાર્યો | યહોવાહનાં | જે |
| H0748 | H3117 | | H3091 | | H3045 | H0853 | H3605 | H4639 | H3068 | |

| | |
|---|---|
| עָשָׂ֖ה | לְיִשְׂרָאֵֽל׃ |
| કર્યાં-હતાં | ઇઝરાયલને-માટે |
| | H3478 |

તે સર્વ દિવસોમાં જે વડીલો યહોશુઆની આખી જિંદગી સુધી અને તેના પછી જીવતા રહ્યા હતા અને યહોવાહે ઇઝરાયલ માટે જે સર્વ કર્યું હતું તેનો અનુભવ કર્યો, તેઓના જીવન પર્યંત ઇઝરાયલે યહોવાહની સેવા કરી.

32

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | עַצְמ֣וֹת | יוֹסֵ֡ף | אֲשֶׁר־ | הֶעֱל֣וּ | בְנֵֽי־ | יִשְׂרָאֵ֣ל ׀ | מִמִּצְרַֿיִם֒ | קָבְר֣וּ | בִשְׁכֶ֗ם |
| અને | હાડકાંને | યૂસુફનાં | જે | લાવ્યાં-હતાં | પુત્રોએ | ઇઝરાયલના | મિસરમાંથી | દફનાવ્યાં | શખેમમાં |
| H0853 | H6106 | H3130 | | H5927 | | H3478 | H4714 | H6912 | H7927 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּחֶלְקַ֣ת | הַשָּׂדֶ֗ה | אֲשֶׁ֨ר | קָנָ֧ה | יַעֲקֹ֛ב | מֵאֵ֛ת | בְּנֵ֥י־ | חֲמ֥וֹר | אֲבִֽי־ | שְׁכֶ֖ם | בְּמֵאָ֣ה |
| ખેતરના-ટુકડામાં | ખેતરના | જે | ખરીદ્યું-હતું | યાકૂબે | પાસેથી | પુત્રોના | હમોરના | પિતા | શખેમના | સો-કસીટામાં |
| | | | H7069 | H3290 | H0854 | | H2544 | H0001 | H7927 | H3967 |

| | | | | |
|---|---|---|---|---|
| קְשִׂיטָ֑ה | וַיִּהְי֥וּ | לִבְנֵֽי־ | יוֹסֵ֖ף | לְנַחֲלָֽה׃ |
| કેસિટામાં | અને-થયા | પુત્રોના | યૂસુફના | વારસામાં |
| H7192 | H1961 | | H3130 | H5159 |

યૂસફના જે અસ્થિ ઇઝરાયલના લોકો મિસરમાંથી બહાર લાવ્યા હતા તેને તેઓએ શખેમમાં, જમીનનો જે ટુકડો યાકૂબે ચાંદીના સો સિક્કાની કિંમત આપીને શખેમના પિતા હમોરના દીકરાઓ પાસેથી વેચાતો લીધો હતો તેમાં દફનાવ્યાં. અને તે યૂસફના વંશજોનું વતન થયું.

| 33 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | וְאֶלְעָזָ֥ר | בֶּן־ | אַהֲרֹ֖ן | מֵ֑ת | וַיִּקְבְּר֣וּ | אֹת֗וֹ | בְּגִבְעַת֙ | פִּינְחָ֣ס | בְּנ֔וֹ | אֲשֶׁ֥ר |
| | અને–એલાઝાર | પુત્ર | અહરોનનો | મરણ–પામ્ય | અને–દફનાવ્યા | તેને | ટેકરીમાં | ફિનહાસની | તેના–પુત્રની | જે |
| | H0499 | | H0175 | H4191 | H6912 | H0853 | H1389 | H6372 | | |
| | נִתַּן־ | ל֖וֹ | בְּהַ֥ר | אֶפְרָֽיִם׃ | | | | | | |
| | આપેલી–હતી | તેને | પહાડમાં | એફ્રાઇમના | | | | | | |
| | H5414 | | H2022 | H0669 | | | | | | |

હારુનનો પુત્ર એલાઝાર પણ મરણ પામ્યો. તેઓએ તેના પુત્ર ફીનહાસને એફ્રાઇમનાં પહાડી પ્રદેશમાં જે ગિબ્યા નગર અપાયેલું હતું તેમાં દફનાવ્યો.

# ન્યાયાધીશો

## Chapter 1

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | אַחֲרֵי | מוֹת | יְהוֹשֻׁעַ | וַיִּשְׁאֲלוּ | בְּנֵי | יִשְׂרָאֵל | בַּיהוָה | לֵאמֹר | מִי | יַעֲלֶה־ |
| અને-થયું | પછી | મરણ | યહોશુઆના | અને-પૂછ્યું | સંતાનોએ | ઇઝરાયલના | યહોવાહને | કહીને | કોણ | ચઢશે |
| H1961 | | H4194 | H3091 | H7592 | | H3478 | H3068 | H0559 | H4310 | H5927 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| לָּנוּ | אֶל־ | הַכְּנַעֲנִי | בַּתְּחִלָּה | לְהִלָּחֶם | בּוֹ׃ |
| અમારા-માટે | સામે | કનાનીઓના | પહેલાં | લડવા | તેમની-સાથે |
| | H0413 | | H8462 | | |

હવે યહોશુઆના મરણ પછી, ઇઝરાયલના લોકોએ ઈશ્વરને પૂછ્યું, “કનાનીઓની સામે લડવાને અમારી તરફથી કોણે આગેવાની કરવી?”

2

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | יְהוָה | יְהוּדָה | יַעֲלֶה | הִנֵּה | נָתַתִּי | אֶת־ | הָאָרֶץ | בְּיָדוֹ׃ |
| અને-કહ્યુ | યહોવાહે | યહૂદાહ | ચઢશે | જુઓ | મેં-આપ્યો-છે | આ | દેશ | તેના-હાથમાં |
| H0559 | H3068 | H3063 | H5927 | H2009 | H5414 | H0853 | H0776 | H3027 |

ઈશ્વરે કહ્યુ, “યહૂદા તમને આગેવાની આપશે. જુઓ, આ દેશને, મેં તેના હાથમાં સોંપ્યો છે.

3

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | יְהוּדָה | לְשִׁמְעוֹן | אָחִיו | עֲלֵה | אִתִּי | בְגוֹרָלִי | וְנִלָּחֲמָה | בַּכְּנַעֲנִי |
| અને-કહ્યુ | યહૂદાહે | શિમઓનને | તેના-ભાઈ | ચાલ | મારી-સાથે | મારા-ભાગમાં | અને-આપણે-લડીશું | કનાનીઓ-સામે |
| H0559 | H3063 | H8095 | H0251 | H5927 | H0854 | H1486 | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְהָלַכְתִּי | גַם־ | אֲנִי | אִתְּךָ | בְּגוֹרָלֶךָ | וַיֵּלֶךְ | אִתּוֹ | שִׁמְעוֹן׃ |
| અને-હું-જઈશ | પણ | હું | તારી-સાથે | તારા-ભાગમાં | અને-ગયો | તેની-સાથે | શિમઓન |
| H1980 | H1571 | H0589 | H0854 | H1486 | H3212 | H0854 | H8095 |

યહૂદાએ પોતાના ભાઈ શિમયોનને તથા તેના માણસોને કહ્યુ, “જે પ્રદેશ અમને સોંપવામાં આવ્યો છે તેમાં તમે આવો, જેથી આપણે સાથે મળીને કનાનીઓની સામે લડાઈ કરીએ. તેવી જ રીતે જે પ્રદેશ તમને સોંપવામાં આવ્યો હતો, તેમાં અમે તમારી સાથે આવીશું.” તેથી શિમયોનનું કુળ તેની સાથે ગયું.

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַל | יְהוּדָה | וַיִּתֵּן | יְהוָה | אֶת־ | הַכְּנַעֲנִי | וְהַפְּרִזִּי | בְּיָדָם | וַיַּכּוּם | בְּבֶזֶק |
| અને-ચઢ્યો | યહૂદાહ | અને-આપ્યા | યહોવાહે | એ | કનાનીઓ | અને-પરિઝ્ઝીઓને | તેમના-હાથમાં | અને-માર્યા | બેઝેકમાં |
| H5927 | H3063 | H5414 | H3068 | H0853 | | H6522 | H3027 | H5221 | H0966 |

| | | |
|---|---|---|
| עֲשֶׂרֶת | אֲלָפִים | אִישׁ׃ |
| દસ | હજાર | માણસોને |
| H6235 | H0505 | H0376 |

યહૂદાના પુત્રોએ ચઢાઈ કરી અને ઈશ્વરે કનાનીઓ તથા પરિઝીઓની ઉપર તેને વિજય આપ્યો. બેઝેકમાં તેઓએ તેઓના દસ હજાર માણસોનો સંહાર કર્યો.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּמְצְאוּ | אֶת־ | בֶּזֶקאֲדֹנִי | בְּבֶזֶק | וַיִּלָּחֲמוּ | בּוֹ | וַיַּכּוּ | אֶת־ | הַכְּנַעֲנִי | וְאֶת־ |
| અને-મળ્યા | એ | અદોની-બેઝેક | બેઝેકમાં | અને-લડ્યા | તેની-સાથે | અને-માર્યા | એ | કનાનીઓને | અને-એ |
| H4672 | H0853 | H0137 | H0966 | | | H5221 | H0853 | | H0853 |

| |
|---|
| הַפְּרִזִּי׃ |
| પરિઝ્ઝીઓને |
| H6522 |

બેઝેકમાં તેઓને, અદોની-બેઝેક સામે મળ્યો. તેઓએ તેની સામે લડાઈ કરીને કનાનીઓને તથા પરિઝીઓને હરાવ્યા.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּנָס | אֲדֹנִי בֶזֶק | וַיִּרְדְּפוּ | אַחֲרָיו | וַיֹּאחֲזוּ | אֹתוֹ | וַיְקַצְּצוּ | אֶת־ | בְּהֹנוֹת | יָדָיו | וְרַגְלָיו׃ |
| અને-ભાગ્યો | અદોની-બેઝેક | અને-પીછો-કર્યો | તેની-પાછળ | અને-પકડ્યો | તેને | અને-કાપ્યા | એ | અગૂઠા | તેના-હાથના | અને-પગના |
| H5127 | H0137 | H7291 | | H0270 | H0853 | H7112 | H0853 | H0931 | H3027 | H7272 |

પણ અદોની-બેઝેક નાસવા લાગ્યો ત્યારે તેઓએ તેની પાછળ પડીને તેને પકડયો અને તેના હાથનાં તથા પગના અગૂઠા કાપી નાખ્યા.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֲדֹנִי־בֶזֶק | שִׁבְעִים | מְלָכִים | בְּהֹנוֹת | יְדֵיהֶם | וְרַגְלֵיהֶם | מְקֻצָּצִים | הָיוּ | מְלַקְּטִים | |
| અને-કહ્યુ | અદોની-બેઝેકે | સિત્તેર | રાજાઓ | અગૂઠા | તેમના-હાથના | અને-પગના | કપાયેલા | હતા | ટુકડા-વીણતા | |
| H0559 | H0137 | H7657 | H4428 | H0931 | H3027 | H7272 | H7112 | H1961 | H3950 | |
| תַּחַת | שֻׁלְחָנִי | כַּאֲשֶׁר | עָשִׂיתִי | כֵּן | שִׁלַּם־ | לִי | אֱלֹהִים | וַיְבִיאֻהוּ | יְרוּשָׁלִַם | וַיָּמָת |
| નીચે | મારા-મેજ | જેમ | મેં-કર્યું | તેમ | બદલો-આપ્યો | મને | ઈશ્વરે | અને-લાવ્યા-તેને | યરુશાલેમ | અને-મર્યો |
| H8478 | H7979 | | | | | | H0430 | H0935 | H3389 | H4191 |
| שָׁם׃ | פ | | | | | | | | | |
| ત્યાં | — | | | | | | | | | |
| H8033 | | | | | | | | | | |

અદોની-બેઝેકે કહ્યુ, “સિત્તેર રાજાઓ, જેઓનાં હાથ તથા પગના અગૂઠા કાપી નાખવામાં આવ્યા હતા, તેઓ ભોજનના મારા ટેબલ નીચેનો ખોરાક વીણીને ખાતા હતા. જેવું મેં કર્યું તેવું જ ઈશ્વરે મને કર્યું છે.” તેઓ તેને યરુશાલેમમાં લાવ્યા અને ત્યાં તે મૃત્યુ પામ્યો.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּלָּחֲמוּ | בְנֵי־ | יְהוּדָה | בִּירוּשָׁלִַם | וַיִּלְכְּדוּ | אוֹתָהּ | וַיַּכּוּהָ | לְפִי־ | חָרֶב | וְאֶת־ | הָעִיר |
| અને-લડ્યા | સંતાનો | યહૂદાહના | યરુશાલેમ-સામે | અને-જીત્યા | તેને | અને-માર્યા | ધારથી | તલવારની | અને-એ | શહેરને |
| | | H3063 | H3389 | H3920 | H0853 | H5221 | H6310 | H2719 | H0853 | |
| שִׁלְּחוּ | בָאֵשׁ׃ | | | | | | | | | |
| સળગાવ્યું | આગથી | | | | | | | | | |
| H7971 | H0784 | | | | | | | | | |

યહૂદા કુળના પુરુષોએ યરુશાલેમ સામે લડાઈ કરીને તેને જીતી લીધું. તેઓએ તલવારની ધારથી હુમલો કર્યો હતો અને તે નગરને બાળી મૂક્યું.

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאַחַר | יָרְדוּ | בְּנֵי | יְהוּדָה | לְהִלָּחֵם | בַּכְּנַעֲנִי | יוֹשֵׁב | הָהָר | וְהַנֶּגֶב | וְהַשְּׁפֵלָה׃ |
| અને-પછી | ઊતર્યા | સંતાનો | યહૂદાહના | લડવા | કનાનીઓ-સામે | વસનારા | પહાડમાં | અને-દક્ષિણમાં | અને-નીચાણમાં |
| | H3381 | | H3063 | | | H3427 | H2022 | H5045 | H8219 |

ત્યાર પછી યહૂદા કુળના પુરુષો પહાડી પ્રદેશમાં, નેગેબમાં જે કનાનીઓ રહેતા હતા તેઓની સાથે લડાઈ કરવાને ગયા.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּלֶךְ | יְהוּדָה | אֶל־ | הַכְּנַעֲנִי | הַיּוֹשֵׁב | בְּחֶבְרוֹן | וְשֵׁם־ | חֶבְרוֹן | לְפָנִים | קִרְיַת אַרְבַּע |
| અને-ગયો | યહૂદાહ | સામે | કનાનીઓના | વસનારા | હેબ્રોનમાં | અને-નામ | હેબ્રોનનું | પહેલાં | કિર્યાથ-આર્બા |
| H3212 | H3063 | H0413 | | H3427 | | H8034 | | H6440 | H7153 |
| וַיַּכּוּ | אֶת־ | שֵׁשַׁי | וְאֶת־ | אֲחִימַן | וְאֶת־ | תַּלְמָי׃ | | | |
| અને-માર્યા | એ | શેશાયને | અને-એ | અહીમાનને | અને-એ | તાલ્માયને | | | |
| H5221 | H0853 | H8344 | H0853 | H0289 | H0853 | H8526 | | | |

હેબ્રોનમાં રહેતા કનાનીઓ સામે યહૂદા આગળ વધ્યા અગાઉ હેબ્રોનનું નામ કિર્યાથ-આર્બા હતું, તેઓએ શેશાય, અહીમાન તથા તાલ્માયને નષ્ટ કર્યા.

11

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּלֶךְ | מִשָּׁם | אֶל־ | יוֹשְׁבֵי | דְּבִיר | וְשֵׁם־ | דְּבִיר | לְפָנִים | קִרְיַת־סֵפֶר׃ |
| અને-ગયો | ત્યાંથી | સામે | વસનારાઓ | દબીરના | અને-નામ | દબીરનું | પહેલાં | કિર્યાથ-સેફેર |
| H3212 | H8033 | H0413 | H3427 | | H8034 | | H6440 | H7158 |

ત્યાંથી યહૂદા કુળના પુરુષો દબીરના રહેવાસીઓની વિરુદ્ધ આગળ વધ્યા અગાઉ દબીરનું નામ કિર્યાથ-સેફેર હતું.

12

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֹּ֣אמֶר | અને-કહ્યુ | H0559 |
| כָּלֵ֔ב | કાલેબે | H3612 |
| אֲשֶׁר־ | જે | |
| יַכֶּ֥ה | જીતશે | H5221 |
| אֶת־ | એ | H0853 |
| קִרְיַת־סֵ֖פֶר | કિર્યાથ-સેફેર | H7158 |
| וּלְכָדָ֑הּ | અને-કબજે-કરશે | H3920 |
| וְנָתַ֥תִּי | તો-હું-આપીશ | H5414 |
| ל֛וֹ | તેને | |
| אֶת־ | એ | H0853 |
| עַכְסָ֥ה | આખ્સાહ | H5915 |
| בִתִּ֖י | મારી-દીકરી | H1323 |
| לְאִשָּֽׁה׃ | પત્ની-તરીકે | H0802 |

કાલેબે કહ્યુ, “જે કોઈ કિર્યાથ-સેફેર પર આક્રમણ કરીને તેને જીતી લેશે તેની સાથે હું મારી દીકરી આખ્સાહનાં લગ્ન કરાવીશ.”

13

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַֽיִּלְכְּדָהּ֙ | અને-જીત્યું | H3920 |
| עָתְנִיאֵ֣ל | ઓથ્નિએલે | H6274 |
| בֶּן־ | દીકરા | |
| קְנַ֔ז | કનાઝના | H7073 |
| אֲחִ֥י | ભાઈ | H0251 |
| כָלֵ֖ב | કાલેબના | H3612 |
| הַקָּטֹ֣ן | નાના | |
| מִמֶּ֑נּוּ | તેનાથી | |
| וַיִּתֶּן־ | અને-આપ્યો | H5414 |
| ל֛וֹ | તેને | |
| אֶת־ | એ | H0853 |
| עַכְסָ֥ה | આખ્સાહ | H5915 |
| בִתּ֖וֹ | તેની-દીકરી | H1323 |
| לְאִשָּֽׁה׃ | પત્ની-તરીકે | H0802 |

કાલેબના નાના ભાઈ, કનાઝના દીકરા, ઓથ્નીએલે દબીરા જીતી લીધું, તેથી કાલેબે પોતાની દીકરી આખ્સાહનાં લગ્ન તેની સાથે કરાવ્યા.

14

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיְהִ֣י | અને-થયું | H1961 |
| בְּבוֹאָ֗הּ | તે-આવતાં | H0935 |
| וַתְּסִיתֵ֙הוּ֙ | અને-ઉશ્કેર્યો-તેને | H5496 |
| לִשְׁא֤וֹל | માગવા | H7592 |
| מֵֽאֵת־ | પિતા-પાસેથી | H0854 |
| אָבִ֙יהָ֙ | તેના | H0001 |
| הַשָּׂדֶ֔ה | ખેતર | |
| וַתִּצְנַ֖ח | અને-ઊતરી | H6795 |
| מֵעַ֣ל | પરથી | |
| הַחֲמ֑וֹר | ગધેડા | H2543 |
| וַיֹּֽאמֶר־ | અને-કહ્યુ | H0559 |
| לָ֥הּ | તેને | |
| כָּלֵ֖ב | કાલેબે | H3612 |
| מַה־ | શું | H4100 |
| לָּֽךְ׃ | તને | |

હવે ઓથ્નીએલને આસ્ખાએ સમજાવ્યો કે તે, તેના આખ્સાનાં પિતાને કહે કે તે તેને ખેતર આપે. આખ્સાહ પોતાના ગધેડા પરથી ઊતરતી જ હતી ત્યારે કાલેબે તેને પૂછ્યું, “દીકરી તારા માટે હું શું કરું?”

15

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַתֹּ֨אמֶר | અને-કહ્યુ | H0559 |
| ל֜וֹ | તેને | |
| הָֽבָה־ | આપ | H3051 |
| לִּ֣י | મને | |
| בְרָכָ֗ה | આશીર્વાદ | H1293 |
| כִּ֣י | કેમ-કે | |
| אֶ֤רֶץ | ભૂમિ | H0776 |
| הַנֶּ֙גֶב֙ | દક્ષિણની | H5045 |
| נְתַתָּ֔נִי | તમે-આપી-મને | H5414 |
| וְנָתַתָּ֥ה | અને-આપો | H5414 |
| לִ֖י | મને | |
| גֻּלֹּ֣ת | ઝરણાં | H1543 |
| מָ֑יִם | પાણીના | H4325 |
| וַיִּתֶּן־ | અને-આપ્યા | H5414 |
| לָ֣הּ | તેને | |
| כָּלֵ֗ב | કાલેબે | H3612 |
| אֵ֚ת | એ | H0853 |
| גֻּלֹּ֣ת | ઝરણાં | H1543 |
| עִלִּ֔ית | ઉપરના | H5942 |
| וְאֵ֖ת | અને-એ | H0853 |
| גֻּלֹּ֥ת | ઝરણાં | H1543 |
| תַּחְתִּֽית׃ | નીચેના | H8482 |
| פ | — | |

તેણે તેને કહ્યુ, “મને એક આશીર્વાદ આપ. જો તેં મને નેગેબની ભૂમિમાં સ્થાપિત કરી છે તો મને પાણીના ઝરા પણ આપ.” અને કાલેબે તેને ઉપરના તેમ જ નીચેના ઝરણાં આપ્યાં.

16

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וּבְנֵ֣י | અને-સંતાનો | |
| קֵינִי֩ | કેનીના | H7017 |
| חֹתֵ֨ן | સસરા | |
| מֹשֶׁ֜ה | મૂસાના | H4872 |
| עָל֨וּ | ગયા | H5927 |
| מֵעִ֤יר | શહેરથી | |
| הַתְּמָרִים֙ | ખજૂરીઓના | H8558 |
| אֶת־ | સાથે | H0854 |
| בְּנֵ֣י | સંતાનો | |
| יְהוּדָ֔ה | યહૂદાહના | H3063 |
| מִדְבַּ֣ר | રણ | |
| יְהוּדָ֔ה | યહૂદાહના | H3063 |
| אֲשֶׁ֖ר | જે | |
| בְּנֶ֣גֶב | દક્ષિણમાં | H5045 |
| עֲרָ֑ד | આરાદના | |
| וַיֵּ֖לֶךְ | અને-ગયો | H3212 |
| וַיֵּ֥שֶׁב | અને-વસ્યા | H3427 |
| אֶת־ | સાથે | H0854 |
| הָעָֽם׃ | લોકોની | |

મૂસાના સાળા કેનીના વંશજો, યહૂદાના લોકો સાથે ખજૂરીઓના નગરમાંથી + 1:16 યરીહો નગર નીકળીને અરાદની દક્ષિણ બાજુએ આવેલા યહૂદાના અરણ્યમાં જે નેગેબમાં છે, અરાદ નજીક જઈને યહૂદાના લોકો સાથે રહેવા માટે ગયા.

17

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֵּ֤לֶךְ | અને-ગયો | H3212 |
| יְהוּדָה֙ | યહૂદાહ | H3063 |
| אֶת־ | સાથે | H0854 |
| שִׁמְע֣וֹן | શિમઓન | H8095 |
| אָחִ֔יו | તેના-ભાઈ | H0251 |
| וַיַּכּ֕וּ | અને-માર્યા | H5221 |
| אֶת־ | એ | H0853 |
| הַֽכְּנַעֲנִ֖י | કનાનીઓને | |
| יוֹשֵׁ֣ב | વસનારા | H3427 |
| צְפַ֑ת | સફાથના | H6857 |
| וַיַּחֲרִ֣ימוּ | અને-નાશ-કર્યો | |
| אוֹתָ֔הּ | તેનો | H0853 |
| וַיִּקְרָ֥א | અને-રાખ્યું-નામ | H7121 |
| אֶת־ | એ | H0853 |
| שֵׁם־ | નામ | H8034 |
| הָעִ֖יר | શહેરનું | |
| חָרְמָֽה׃ | હોર્માહ | H2767 |

અને યહૂદાના પુરુષો, તેમના ભાઈ શિમયોનના પુરુષો સાથે ગયા અને સફાથમાં વસતા કનાનીઓ પર હુમલો કરી તેઓનો સંપૂર્ણ સંહાર કર્યો. તે નગરનું નામ હોર્મા કહેવાતું હતું.

18

| | | |
|---|---|---|
| וַיִּלְכֹּד | અને-જીત્યું | H3920 |
| יְהוּדָה | યહૂદાહે | H3063 |
| אֶת־ | એ | H0853 |
| עַזָּה | ગાઝાહ | H5804 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| גְּבוּלָהּ | તેની-સરહદ | H1366 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| אַשְׁקְלוֹן | આશ્કલોન | H0831 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| גְּבוּלָהּ | તેની-સરહદ | H1366 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| עֶקְרוֹן | એક્રોન | H6138 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| גְּבוּלָהּ׃ | તેની-સરહદ | H1366 |

યહૂદાના લોકોએ ગાઝા અને તેની ચારેબાજુની ભૂમિ, આશ્કલોન અને તેની ચારેબાજુની ભૂમિ તથા એક્રોન અને તેની ચારેબાજુની ભૂમિ જીતી લીધી.

19

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-હતો | H1961 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| אֶת־ | સાથે | H0854 |
| יְהוּדָה | યહૂદાહની | H3063 |
| וַיֹּרֶשׁ | અને-કબજે-કર્યું | H3423 |
| אֶת־ | એ | H0853 |
| הָהָר | પહાડ | H2022 |
| כִּי | પણ | |
| לֹא | નહિ | H3808 |
| לְהוֹרִישׁ | હાંકી-કાઢવા | H3423 |
| אֶת־ | એ | H0853 |
| יֹשְׁבֵי | વસનારાઓને | H3427 |
| הָעֵמֶק | ખીણના | H6010 |
| כִּי־ | કેમ-કે | |
| רֶכֶב | રથ | H7393 |
| בַּרְזֶל | લોખંડના | H1270 |
| לָהֶם׃ | તેમની-પાસે-હતા | |

ઈશ્વર, યહૂદાના લોકોની સાથે હતા અને તેઓએ પહાડી પ્રદેશ કબજે કર્યો પણ તે નીચાણમાં રહેનારાઓને કાઢી મૂકી શક્યા નહિ કેમ કે તેઓની પાસે લોખંડના રથો હતા.

20

| | | |
|---|---|---|
| וַיִּתְּנוּ | અને-આપ્યું | H5414 |
| לְכָלֵב | કાલેબને | H3612 |
| אֶת־ | એ | H0853 |
| חֶבְרוֹן | હેબ્રોન | |
| כַּאֲשֶׁר | જેમ | |
| דִּבֶּר | કહ્યુ-હતું | H1696 |
| מֹשֶׁה | મૂસાએ | H4872 |
| וַיּוֹרֶשׁ | અને-હાંકી-કાઢ્યા | H3423 |
| מִשָּׁם | ત્યાંથી | H8033 |
| אֶת־ | એ | H0853 |
| שְׁלֹשָׁה | ત્રણ | H7969 |
| בְּנֵי | દીકરાઓને | |
| הָעֲנָק׃ | અનાકના | H6061 |

જેમ મૂસાના કહેવા પ્રમાણે હેબ્રોન કાલેબને આપવામાં આવ્યું અને તેણે અનાકના ત્રણ દીકરાઓને ત્યાંથી કાઢી મૂક્યા.

21

| | | |
|---|---|---|
| וְאֶת־ | અને-એ | H0853 |
| הַיְבוּסִי | યબૂસીઓને | H2983 |
| יֹשֵׁב | વસનારા | H3427 |
| יְרוּשָׁלִַם | યરુશાલેમમાં | H3389 |
| לֹא | નહિ | H3808 |
| הוֹרִישׁוּ | હાંકી-કાઢ્યા | H3423 |
| בְּנֵי | સંતાનોએ | |
| בִנְיָמִן | બિન્યામીનના | H1144 |
| וַיֵּשֶׁב | અને-વસ્યા | H3427 |
| הַיְבוּסִי | યબૂસીઓ | H2983 |
| אֶת־ | સાથે | H0854 |
| בְּנֵי | સંતાનો | |
| בִנְיָמִן | બિન્યામીનના | H1144 |
| בִּירוּשָׁלִַם | યરુશાલેમમાં | H3389 |
| עַד | આજ | H5704 |
| הַיּוֹם | દિવસ | H3117 |
| הַזֶּה׃ | સુધી | H2088 |
| ס | — | |

પણ બિન્યામીનના લોકો યરુશાલેમમાં રહેતા યબૂસીઓને કાઢી મૂકી શક્યા નહિ. જેથી આજ દિવસ સુધી યબૂસીઓ બિન્યામીનના લોકો સાથે યરુશાલેમમાં રહેતા આવ્યા છે.

22

| | | |
|---|---|---|
| וַיַּעֲלוּ | અને-ચઢ્યા | H5927 |
| בֵית־ | ઘરાનું | |
| יוֹסֵף | યૂસફના | H3130 |
| גַּם־ | પણ | H1571 |
| הֵם | તેઓ | H1992 |
| בֵּית־אֵל | બેથેલ-સામે | H1008 |
| וַיהוָה | અને-યહોવાહ | H3068 |
| עִמָּם׃ | તેમની-સાથે-હતો | |

યૂસફના વંશજોએ બેથેલ પર આક્રમણ કર્યું. ઈશ્વર તેઓની સાથે હતા.

23

| | | |
|---|---|---|
| וַיָּתִירוּ | અને-જાસૂસી-કરાવી | H8446 |
| בֵית־ | ઘરાનાએ | |
| יוֹסֵף | યૂસફના | H3130 |
| בְּבֵית־אֵל | બેથેલમાં | H1008 |
| וְשֵׁם־ | અને-નામ | H8034 |
| הָעִיר | શહેરનું | |
| לְפָנִים | પહેલાં | H6440 |
| לוּז׃ | લૂઝ | H3870 |

તેઓએ બેથેલની જાસૂસી કરવા પુરુષો મોકલ્યા. અગાઉ તે નગરનું નામ લૂઝ હતું.

24

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּרְאוּ | הַשֹּׁמְרִים | אִישׁ | יוֹצֵא | מִן־ | הָעִיר | וַיֹּאמְרוּ | לוֹ | הַרְאֵנוּ | נָא | אֶת־ | מְבוֹא | הָעִיר | וְעָשִׂינוּ | עִמְּךָ | חָסֶד׃ |
| અને-જોયો | ચોકીદારોએ | માણસ | નીકળતો | માંથી | શહેર | અને-કહ્યુ | તેને | બતાવ | કૃપા-કરી | એ | પ્રવેશ | શહેરનો | અને-કરીશું | તારી-સાથે | દયા |
| H7200 | H8104 | H0376 | H3318 | | | H0559 | | H7200 | H4994 | H0853 | H3996 | | | | |

જાસૂસોએ એક માણસને તે નગરમાંથી બહાર આવતો જોયો અને તેઓએ તેને કહ્યુ કે, "કૃપા કરીને અમને નગરમાં પ્રવેશવાનો માર્ગ બતાવ અને અમે તારી એ સહાયને યાદ રાખીશું."

25

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּרְאֵם | אֶת־ | מְבוֹא | הָעִיר | וַיַּכּוּ | אֶת־ | הָעִיר | לְפִי־ | חָרֶב | וְאֶת־ | הָאִישׁ | וְאֶת־ | כָּל־ | מִשְׁפַּחְתּוֹ | שִׁלֵּחוּ׃ |
| અને-બતાવ્યો | એ | પ્રવેશ | શહેરનો | અને-માર્યા | એ | શહેરને | ધારથી | તલવારની | પણ-એ | માણસને | અને-એ | બધા | તેના-કુટુંબને | છોડ્યા |
| H7200 | H0853 | H3996 | | H5221 | H0853 | | H6310 | H2719 | H0853 | H0376 | H0853 | H3605 | H4940 | H7971 |

તેણે તેઓને નગરનો માર્ગ બતાવ્યો. અને તેઓએ તલવારથી તે નગર પર આક્રમણ કર્યું અને તેનો નાશ કર્યો, પણ પેલા માણસને તથા તેના આખા પરિવારને બચાવ્યાં.

26

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּלֶךְ | הָאִישׁ | אֶרֶץ | הַחִתִּים | וַיִּבֶן | עִיר | וַיִּקְרָא | שְׁמָהּ | לוּז | הוּא | שְׁמָהּ | עַד | הַיּוֹם | הַזֶּה׃ | פ |
| અને-ગયો | માણસ | દેશ | હિત્તીઓના | અને-બાંધ્યું | શહેર | અને-રાખ્યું-નામ | તેનું | લૂઝ | એ-જ | તેનું-નામ | આજ | દિવસ | સુધી | — |
| H3212 | H0376 | H0776 | H2850 | H1129 | | H7121 | H8034 | H3870 | H1931 | H8034 | H5704 | H3117 | H2088 | |

તે માણસે હિત્તીઓના દેશમાં જઈને નગર બાંધ્યું, તેનું નામ લૂઝ પાડ્યું. આજ સુધી તેનું નામ તે જ છે.

27

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלֹא־ | הוֹרִישׁ | מְנַשֶּׁה | אֶת־ | בֵּית־שְׁאָן | וְאֶת־ | בְּנוֹתֶיהָ | וְאֶת־ | תַּעְנַךְ | וְאֶת־ | בְּנֹתֶיהָ |
| અને-નહિ | હાંકી-કાઢ્યા | મનાશ્શેએ | એ | બેથ-શઆન | અને-એ | તેના-ગામો | અને-એ | તાનાખ | અને-એ | તેના-ગામો |
| H3808 | H3423 | H4519 | H0853 | H1052 | H0853 | H1323 | H0853 | H8590 | H0853 | H1323 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | [ישב] | (יֹשְׁבֵי) | דּוֹר | וְאֶת־ | בְּנוֹתֶיהָ | וְאֶת־ | יוֹשְׁבֵי | יִבְלְעָם | וְאֶת־ | בְּנֹתֶיהָ |
| અને-એ | વસનારા | વસનારાઓ | દોરના | અને-એ | તેના-ગામો | અને-એ | વસનારાઓ | યિબ્લામના | અને-એ | તેના-ગામો |
| H0853 | H3427 | H3427 | H1756 | H0853 | H1323 | H0853 | H3427 | H2991 | H0853 | H1323 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | יוֹשְׁבֵי | מְגִדּוֹ | וְאֶת־ | בְּנוֹתֶיהָ | וַיּוֹאֶל | הַכְּנַעֲנִי | לָשֶׁבֶת | בָּאָרֶץ | הַזֹּאת׃ |
| અને-એ | વસનારાઓ | મગિદ્દોના | અને-એ | તેના-ગામો | અને-નક્કી-કર્યું | કનાનીઓએ | રહેવા | દેશમાં | આ |
| H0853 | H3427 | H4023 | H0853 | H1323 | H2974 | | H3427 | H0776 | H2063 |

મનાશ્શાના લોકોએ બેથ-શેઆન અને તેના ગામોના, તાનાખના તથા તેના ગામોના, દોર તથા તેના ગામોના, યિબ્લામ તથા તેના ગામોના અને મગિદ્દો તથા તેના ગામોના રહેવાસીઓને કાઢી મૂક્યા નહિ; કારણ કે કનાનીઓએ તે દેશમાં રહેવાને ઇચ્છતા હતા.

28

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | כִּי־ | חָזַק | יִשְׂרָאֵל | וַיָּשֶׂם | אֶת־ | הַכְּנַעֲנִי | לָמַס | וְהוֹרֵישׁ | לֹא | הוֹרִישׁוֹ׃ | ס |
| અને-થયું | જ્યારે | બળવાન-થયું | ઇઝરાયલ | અને-રાખ્યા | એ | કનાનીઓને | વેઠ-માટે | પણ-હાંકી-કાઢવા | નહિ | હાંકી-કાઢ્યા | — |
| H1961 | | H2388 | H3478 | | H0853 | | H4522 | H3423 | H3808 | H3423 | |

પણ જયારે ઇઝરાયલીઓ બળવાન થયા, ત્યારે તેઓએ કનાનીઓ પાસે મજૂરી કરાવી, પણ તેઓએ તેમને સંપૂર્ણ રીતે કાઢી મૂક્યા નહિ.

29

| | | |
|---|---|---|
| וְאֶפְרַיִם | અને-એફ્રાઈમે | H0669 |
| לֹא | નહિ | H3808 |
| הוֹרִישׁ | હાંકી-કાઢ્યા | H3423 |
| אֶת־ | એ | H0853 |
| הַכְּנַעֲנִי | કનાનીઓને | |
| הַיּוֹשֵׁב | વસનારા | H3427 |
| בְּגָזֶר | ગેઝેરમાં | H1507 |
| וַיֵּשֶׁב | અને-વસ્યા | H3427 |
| הַכְּנַעֲנִי | કનાનીઓ | |
| בְּקִרְבּוֹ | તેમની-વચ્ચે | H7130 |
| בְּגָזֶר׃ | ગેઝેરમાં | H1507 |
| פ | — | |

ગેઝેરમાં રહેતા કનાનીઓને એફ્રાઇમે કાઢી મૂક્યા નહિ; તેથી કનાનીઓ ગેઝેરમાં તેઓની મધ્યે જ રહ્યા.

30

| | | |
|---|---|---|
| זְבוּלֻן | ઝબુલૂને | H2074 |
| לֹא | નહિ | H3808 |
| הוֹרִישׁ | હાંકી-કાઢ્યા | H3423 |
| אֶת־ | એ | H0853 |
| יוֹשְׁבֵי | વસનારાઓ | H3427 |
| קִטְרוֹן | કિટ્રોનના | H7003 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| יוֹשְׁבֵי | વસનારાઓ | H3427 |
| נַהֲלֹל | નાહલોલના | H5096 |
| וַיֵּשֶׁב | અને-વસ્યા | H3427 |
| הַכְּנַעֲנִי | કનાનીઓ | |
| בְּקִרְבּוֹ | તેમની-વચ્ચે | H7130 |
| וַיִּהְיוּ | અને-થયા | H1961 |
| לָמַס׃ | વેઠિયા | H4522 |
| ס | — | |

વળી ઝબુલોને કિટ્રોનમાં તથા નાહલોલમાં રહેતા લોકોને કાઢી મૂક્યા નહિ; એટલે કનાનીઓ તેઓની મધ્યે રહ્યા, પણ ઝબુલોનીઓએ કનાનીઓની પાસે ભારે મજૂરી કરાવીને સેવા કરવાને મજબૂર કર્યા.

31

| | | |
|---|---|---|
| אָשֵׁר | આશેરે | H0836 |
| לֹא | નહિ | H3808 |
| הוֹרִישׁ | હાંકી-કાઢ્યા | H3423 |
| אֶת־ | એ | H0853 |
| יֹשְׁבֵי | વસનારાઓ | H3427 |
| עַכּוֹ | આક્કોના | H5910 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| יוֹשְׁבֵי | વસનારાઓ | H3427 |
| צִידוֹן | સીદોનના | H6721 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| אַחְלָב | આહ્લાબ | H0303 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| אַכְזִיב | આખ્ઝીબ | H0392 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| חֶלְבָּה | હેલ્બાહ | H2462 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| אֲפִיק | અફીક | H0663 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| רְחֹב׃ | રહોબ | H7340 |

આશેરે આક્કો, સિદોન, અહલાબ, આખ્ઝીબ, હેલ્બા, અફીક તથા રહોબના રહેવાસીઓને કાઢી મૂક્યા નહિ.

32

| | | |
|---|---|---|
| וַיֵּשֶׁב | અને-વસ્યા | H3427 |
| הָאָשֵׁרִי | આશેરીઓ | H0843 |
| בְּקֶרֶב | વચ્ચે | H7130 |
| הַכְּנַעֲנִי | કનાનીઓની | |
| יֹשְׁבֵי | વસનારા | H3427 |
| הָאָרֶץ | દેશના | H0776 |
| כִּי | કેમ-કે | |
| לֹא | નહિ | H3808 |
| הוֹרִישׁוֹ׃ | હાંકી-કાઢ્યા | H3423 |
| ס | — | |

તેથી આશેરનું કુળ કનાનીઓની સાથે રહ્યુ જેઓ તે દેશમાં રહ્યા કેમ કે તેણે તેઓને દૂર કર્યા નહિ.

33

| | | |
|---|---|---|
| נַפְתָּלִי | નફતાલીએ | H5321 |
| לֹא־ | નહિ | H3808 |
| הוֹרִישׁ | હાંકી-કાઢ્યા | H3423 |
| אֶת־ | એ | H0853 |
| יֹשְׁבֵי | વસનારાઓ | H3427 |
| בֵית־שֶׁמֶשׁ | બેથ-શેમેશના | H1053 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| יֹשְׁבֵי | વસનારાઓ | H3427 |
| בֵית־עֲנָת | બેથ-અનાથના | H1043 |
| וַיֵּשֶׁב | અને-વસ્યા | H3427 |
| בְּקֶרֶב | વચ્ચે | H7130 |
| הַכְּנַעֲנִי | કનાનીઓની | |
| יֹשְׁבֵי | વસનારા | H3427 |
| הָאָרֶץ | દેશના | H0776 |
| וְיֹשְׁבֵי | અને-વસનારા | H3427 |
| בֵית־שֶׁמֶשׁ | બેથ-શેમેશ | H1053 |
| וּבֵית עֲנָת | અને-બેથ-અનાથના | H1043 |
| הָיוּ | થયા | H1961 |
| לָהֶם | તેમના-માટે | |
| לָמַס׃ | વેઠિયા | H4522 |
| ס | — | |

નફતાલીએ બેથ-શેમેશના અને બેથ-અનાથના રહેવાસીઓને કાઢી મૂક્યા નહિ. તેથી નફતાલીનું કુળ કનાનીઓ મધ્યે રહ્યુ. જો કે, બેથ-શેમેશના તથા બેથ-અનાથના રહેવાસીઓને નફતાલીઓએ પોતાના ગુલામ બનાવ્યાં.

34

| | | |
|---|---|---|
| וַיִּלְחֲצוּ | અને-દબાવ્યા | H3905 |
| הָאֱמֹרִי | અમોરીઓએ | H0567 |
| אֶת־ | એ | H0853 |
| בְּנֵי־ | સંતાનોને | |
| דָן | દાનના | H1835 |
| הָהָרָה | પહાડ-તરફ | H2022 |
| כִּי־ | કેમ-કે | |
| לֹא | નહિ | H3808 |
| נְתָנוֹ | દીધું | H5414 |
| לָרֶדֶת | ઊતરવા | H3381 |
| לָעֵמֶק׃ | ખીણમાં | H6010 |

અમોરીઓએ દાનના પુત્રોને પહાડી પ્રદેશમાં રહેવાને મજબૂર કર્યા અને તેઓને સપાટ પ્રદેશમાં આવવા દીધા નહિ;

35

| | | |
|---|---|---|
| וַיֹּ֙אֶל | અને-નક્કી-કર્યું | H2974 |
| הָֽאֱמֹרִ֔י | અમોરીઓએ | H0567 |
| לָשֶׁ֣בֶת | રહેવા | H3427 |
| בְּהַר־ | પહાડ | H2022 |
| חֶ֔רֶס | હેરેસના | H2776 |
| בְּאַיָּל֖וֹן | આય્યાલોનમાં | H0357 |
| וּבְשַֽׁעַלְבִ֑ים | અને-શાલ્બીમમાં | H8169 |
| וַתִּכְבַּד֙ | પણ-ભારે-પડ્યો | H3513 |
| יַ֣ד | હાથ | H3027 |
| בֵּית־ | ઘરાનાનો | |
| יוֹסֵ֔ף | યૂસફના | H3130 |
| וַיִּהְי֖וּ | અને-થયા | H1961 |
| לָמַֽס׃ | વેઠિયા | H4522 |

અમોરીઓ હેરેસ પહાડ, આયાલોન અને શાલ્બીમમાં રહેવા ઇચ્છતા હતા, પણ યૂસફના કુળની લશ્કરી તાકાતે તેઓને તાબે કર્યા અને પોતાના ગુલામ બનાવ્યાં.

36

| | | |
|---|---|---|
| וּגְבוּל֙ | અને-સરહદ | H1366 |
| הָֽאֱמֹרִ֔י | અમોરીઓની | H0567 |
| מִֽמַּעֲלֵ֖ה | ચઢાણથી | H4610 |
| עַקְרַבִּ֑ים | વીંછીઓના | H4610 |
| מֵהַסֶּ֖לַע | ખડકથી | H5553 |
| וָמָֽעְלָה׃ | અને-ઉપર | H4605 |
| פ | — | |

અમોરીઓની સરહદ સેલાના આક્રાબ્બીમના ઘાટથી શરૂ થઈ પર્વતીય પ્રદેશ સુધી હતી.

## Chapter 2

1

| | | |
|---|---|---|
| וַיַּ֧עַל | અને-ચડ્યો | H5927 |
| מַלְאַךְ־ | દૂત | H4397 |
| יְהוָ֛ה | યહોવાહનો | H3068 |
| מִן־ | માંથી | |
| הַגִּלְגָּ֖ל | ગિલ્ગાલ | H1537 |
| אֶל־ | સામે | H0413 |
| הַבֹּכִ֑ים | બોખીમ | H1066 |
| פ | — | |
| וַיֹּ֩אמֶר֩ | અને-કહ્યુ | H0559 |
| אַעֲלֶ֨ה | ચડાવ્યા | H5927 |
| אֶתְכֶ֜ם | તમને | H0853 |
| מִמִּצְרַ֗יִם | મિસરમાંથી | H4714 |
| וָאָבִ֤יא | અને-લાવ્યા | H0935 |
| אֶתְכֶם֙ | તમને | H0853 |
| אֶל־ | સામે | H0413 |
| הָאָ֔רֶץ | દેશ | H0776 |
| אֲשֶׁ֥ר | જે | |
| נִשְׁבַּ֙עְתִּי֙ | સોગંદ-ખાધા-હતા | H7650 |
| לַאֲבֹ֣תֵיכֶ֔ם | તમારા-પિતાઓને | H0001 |
| וָאֹמַ֕ר | અને-કહ્યુ-હતું | H0559 |
| לֹא־ | નહિ | H3808 |
| אָפֵ֥ר | તોડીશ | |
| בְּרִיתִ֛י | મારો-કરાર | H1285 |
| אִתְּכֶ֖ם | તમારી-સાથે | H0854 |
| לְעוֹלָֽם׃ | કદી | H5769 |

ઈશ્વરના દૂતે ગિલ્ગાલથી બોખીમ જઈને કહ્યુ, “હું તમને મિસરમાંથી છોડાવીને જે દેશ તમારા પિતૃઓને આપવાને મેં પ્રતિજ્ઞા લીધી હતી તેમાં લાવ્યો છું. મેં કહ્યુ હતું કે, ‘હું કદીપણ તમારી સાથેનો મારો કરાર રદ કરીશ નહિ.

2

| | | |
|---|---|---|
| וְאַתֶּ֗ם | અને-તમે | |
| לֹֽא־ | નહિ | H3808 |
| תִכְרְת֤וּ | કરજો-કરાર | H3772 |
| בְרִית֙ | કરાર | H1285 |
| לְיוֹשְׁבֵי֙ | વસનારાઓ-સાથે | H3427 |
| הָאָ֣רֶץ | દેશના | H0776 |
| הַזֹּ֔את | આ | H2063 |
| מִזְבְּחוֹתֵיהֶ֖ם | તેમની-વેદીઓ | H4196 |
| תִּתֹּצ֑וּן | તોડી-નાખો | H5422 |
| וְלֹֽא־ | પણ-નહિ | H3808 |
| שְׁמַעְתֶּ֥ם | સાંભળ્યું | H8085 |
| בְּקֹלִ֖י | મારો-અવાજ | |
| מַה־ | શું | H4100 |
| זֹּ֥את | આ | H2063 |
| עֲשִׂיתֶֽם׃ | કર્યું-તમે | |

તમે આ દેશના રહેવાસીઓની સાથે કંઈ પણ સંધિ કરશો નહિ. તેઓની વેદીઓ અવશ્ય તોડી નાખીને તમે મારી વાણી ધ્યાને લીધી નથી. આ તમે શું કર્યું છે?

3

| | | |
|---|---|---|
| וְגַ֣ם | અને-પણ | H1571 |
| אָמַ֔רְתִּי | કહ્યુ-હતું-મેં | H0559 |
| לֹֽא־ | નહિ | H3808 |
| אֲגָרֵ֥שׁ | હાંકી-કાઢીશ | H1644 |
| אוֹתָ֖ם | તેમને | H0853 |
| מִפְּנֵיכֶ֑ם | તમારા-સામેથી | H6440 |
| וְהָי֤וּ | અને-થશે | H1961 |
| לָכֶם֙ | તમારા-માટે | |
| לְצִדִּ֔ים | કાંટા-રૂપ | H6654 |
| וֵאלֹ֣הֵיהֶ֔ם | અને-તેમના-દેવો | H0430 |
| יִהְי֥וּ | થશે | H1961 |
| לָכֶ֖ם | તમારા-માટે | |
| לְמוֹקֵֽשׁ׃ | ફાંદા-રૂપ | H4170 |

હવે હું કહું છું, ‘હું કનાનીઓને તમારી સામેથી દૂર કરીશ, પણ તેઓ તમારી આજુબાજુ કાંટારૂપ અને તેઓના દેવો તમને ફાંદારૂપ થશે.’”

4
וַיְהִי અને-થયું H1961 | כְּדַבֵּר બોલતા H1696 | מַלְאַךְ દૂતે H4397 | יְהוָה યહોવાહના H3068 | אֶת־ આ H0853 | הַדְּבָרִים વચનો H1697 | הָאֵלֶּה આ H0428 | אֶל־ પ્રતિ H0413 | כָּל־ બધા H3605 | בְּנֵי સંતાનો | יִשְׂרָאֵל ઇઝરાયલના H3478
וַיִּשְׂאוּ અને-ઊંચો-કર્યો H5375 | הָעָם લોકોએ | אֶת־ એ H0853 | קוֹלָם અવાજ-તેમનો | וַיִּבְכּוּ׃ અને-રડ્યા H1058

અને ઈશ્વરના દૂતે ઇઝરાયલના સર્વ લોકોને એ વાતો કહી, ત્યારે તેઓ પોક મૂકીને રડ્યા.

5
וַיִּקְרְאוּ અને-રાખ્યું-નામ H7121 | שֵׁם־ નામ H8034 | הַמָּקוֹם જગ્યાનું H4725 | הַהוּא તે H1931 | בֹּכִים બોખીમ H1066 | וַיִּזְבְּחוּ־ અને-ચડાવ્યાં-બલિદાન H2076 | שָׁם ત્યાં H8033 | לַיהוָה׃ યહોવાહને H3068 | פ —

અને તેઓએ તે જગ્યાનું નામ બોખીમ પાડ્યું. ત્યાં તેઓએ ઈશ્વરને અર્પણો ચઢાવ્યાં.

6
וַיְשַׁלַּח અને-મોકલ્યા H7971 | יְהוֹשֻׁעַ યહોશુઆએ H3091 | אֶת־ એ H0853 | הָעָם લોકોને | וַיֵּלְכוּ અને-ગયા H3212 | בְנֵי־ સંતાનો | יִשְׂרָאֵל ઇઝરાયલના H3478 | אִישׁ દરેક H0376 | לְנַחֲלָתוֹ પોતાના-વારસામાં H5159 | לָרֶשֶׁת કબજે-કરવા H3423
אֶת־ એ H0853 | הָאָרֶץ׃ દેશ H0776

યહોશુઆએ લોકોને વિદાય કર્યા ત્યારે ઇઝરાયલના સર્વ લોકો પોતાને માટે નિયુક્ત કરાયેલ સ્થળે, પોતપોતાના વારસામાં ગયા.

7
וַיַּעַבְדוּ અને-સેવા-કરી H5647 | הָעָם લોકોએ | אֶת־ એ H0853 | יְהוָה યહોવાહની H3068 | כֹּל બધા H3605 | יְמֵי દિવસો H3117 | יְהוֹשֻׁעַ યહોશુઆના H3091 | וְכֹל અને-બધા H3605 | יְמֵי દિવસો H3117 | הַזְּקֵנִים વડીલોના H2205 | אֲשֶׁר જેઓએ
הֶאֱרִיכוּ લંબાવ્યા H0748 | יָמִים દિવસો H3117 | אַחֲרֵי પછી | יְהוֹשׁוּעַ યહોશુઆ H3091 | אֲשֶׁר જેઓએ | רָאוּ જોયા H7200 | אֵת એ H0853 | כָּל־ બધા H3605 | מַעֲשֵׂה કાર્યો H4639 | יְהוָה યહોવાહના H3068 | הַגָּדוֹל મોટા | אֲשֶׁר જે
עָשָׂה કર્યાં-હતા | לְיִשְׂרָאֵל׃ ઇઝરાયલ-માટે H3478

યહોશુઆના જીવનકાળ દરમિયાન અને ત્યારબાદ જે વડીલો તેના કરતાં લાંબુ જીવ્યા હતા, જેઓએ ઇઝરાયલને માટે ઈશ્વરે કરેલાં સર્વ મોટાં કામ જોયા હતાં, તેઓના અસ્તિત્વ સુધી લોકોએ ઈશ્વરની સેવા કરી.

8
וַיָּמָת અને-મર્યો H4191 | יְהוֹשֻׁעַ યહોશુઆ H3091 | בִּן־ દીકરો | נוּן નૂનનો H5126 | עֶבֶד સેવક H5650 | יְהוָה યહોવાહનો H3068 | בֶּן־ ઉંમર | מֵאָה સો H3967 | וָעֶשֶׂר અને-દસ H6235 | שָׁנִים׃ વર્ષની H8141

નૂનનો દીકરો યહોશુઆ, ઈશ્વરનો સેવક, એકસો દસ વર્ષની ઉંમરે મરણ પામ્યો.

9
וַיִּקְבְּרוּ અને-દફનાવ્યો H6912 | אוֹתוֹ તેને H0853 | בִּגְבוּל સરહદમાં H1366 | נַחֲלָתוֹ તેના-વારસાની H5159 | בְּתִמְנַת־חֶרֶס તિમ્નાથ-હેરેસમાં | בְּהַר પહાડ H2022 | אֶפְרָיִם એફ્રાઈમના H0669 | מִצְּפוֹן ઉત્તરે H6828 | לְהַר־ પહાડ H2022 | גָּעַשׁ׃ ગાઆશના H1608

ગાઆશ પર્વતની ઉત્તરે, એફ્રાઇમના પહાડી પ્રદેશ, તિમ્નાથ-હેરેસમાં, જે ભૂમિ તેને સોંપવામાં આવી હતી તેની સરહદમાં તેઓએ તેને દફનાવ્યો.

10 וְגַם כָּל־ הַדּוֹר הַהוּא נֶאֶסְפוּ אֶל־ אֲבוֹתָיו וַיָּקָם דּוֹר אַחֵר אַחֲרֵיהֶם
અને-પણ બધી પેઢી તે ભેગા-થયા સામે તેમના-પિતાઓ અને-ઊભી-થઈ પેઢી બીજી તેમના-પછી
H1571 H3605 H1755 H1931 H0622 H0413 H0001 H1755 H0312

אֲשֶׁר לֹא־ יָדְעוּ אֶת־ יְהוָה וְגַם אֶת־ הַמַּעֲשֶׂה אֲשֶׁר עָשָׂה לְיִשְׂרָאֵל׃
જે નહિ ઓળખતી-હતી એ યહોવાહને અને-પણ-ના એ કાર્યોને જે કર્યા-હતા ઇઝરાયલ-માટે
H3808 H3045 H0853 H3068 H1571 H0853 H4639 H3478

ס

તેઓની પેઢી પણ તેમના પિતૃઓ સાથે ભળી ગઈ. પછીની બીજી પેઢી ઊભી થઈ તે ઈશ્વરને અથવા તેમણે ઇઝરાયલ માટે કરેલાં કૃત્યો હજી સુધી જાણતી નહોતી.

11 וַיַּעֲשׂוּ בְנֵי־ יִשְׂרָאֵל אֶת־ הָרַע בְּעֵינֵי יְהוָה וַיַּעַבְדוּ אֶת־ הַבְּעָלִים׃
અને-કર્યું સંતાનોએ ઇઝરાયલના એ ખોટું નજરમાં યહોવાહની અને-સેવા-કરી એ બઆલોની
H3478 H0853 H3068 H5647 H0853

ઇઝરાયલી લોકોએ યહોવાહની દ્રષ્ટિમાં જે દુષ્ટ હતું તે કર્યું અને તેઓએ બઆલીમની પૂજા કરી.

12 וַיַּעַזְבוּ אֶת־ יְהוָה אֱלֹהֵי אֲבוֹתָם הַמּוֹצִיא אוֹתָם מֵאֶרֶץ מִצְרַיִם וַיֵּלְכוּ
અને-છોડ્યા એ યહોવાહને ઈશ્વર તેમના-પિતાઓના કાઢનાર તેમને દેશમાંથી મિસરના અને-ગયા
H0853 H3068 H0430 H0001 H3318 H0853 H0776 H4714 H3212

אַחֲרֵי אֱלֹהִים אֲחֵרִים מֵאֱלֹהֵי הָעַמִּים אֲשֶׁר סְבִיבוֹתֵיהֶם וַיִּשְׁתַּחֲווּ לָהֶם וַיַּכְעִסוּ
પાછળ દેવોની બીજા દેવોની-વચ્ચેથી લોકોની જે તેમની-આસપાસના અને-નમ્યા તેમને અને-ક્રોધિત-કર્યા
H0430 H0312 H0430 H5439 H7812 H3707

אֶת־ יְהוָה׃
એ યહોવાહને
H0853 H3068

અને તેઓના પિતૃઓના જે યહોવાહ તેઓને મિસર દેશમાંથી બહાર લાવ્યા હતા, તેમની સાથેનો સંબંધ તોડી નાખ્યો. તેઓ જે લોકો તેઓની આસપાસ હતા તેઓના દેવો પાછળ ગયા. જઈને તેઓ આગળ નમ્યાં. તેઓએ યહોવાહને ક્રોધિત થવાને ઉશ્કેર્યા.

13 וַיַּעַזְבוּ אֶת־ יְהוָה וַיַּעַבְדוּ לַבַּעַל וְלָעַשְׁתָּרוֹת׃
અને-છોડ્યા એ યહોવાહને અને-સેવા-કરી બઆલની અને-આશ્તારોથની
H0853 H3068 H5647 H6252

તેમણે યહોવાહની સાથેનો સંબંધ તોડી નાખીને બઆલ તથા દેવી આશ્તારોથની પૂજા કરી.

14 וַיִּחַר־ אַף יְהוָה בְּיִשְׂרָאֵל וַיִּתְּנֵם בְּיַד־ שֹׁסִים וַיָּשֹׁסּוּ אוֹתָם וַיִּמְכְּרֵם
અને-સળગ્યો ક્રોધ યહોવાહનો ઇઝરાયલ-સામે અને-સોંપ્યા હાથમાં લૂંટનારાઓના અને-લૂંટ્યા તેમને અને-વેચ્યા
H2734 H0639 H3068 H3478 H5414 H3027 H8154 H8155 H0853 H4376

בְּיַד אוֹיְבֵיהֶם מִסָּבִיב וְלֹא־ יָכְלוּ עוֹד לַעֲמֹד לִפְנֵי אוֹיְבֵיהֶם׃
હાથમાં તેમના-શત્રુઓના ચારેબાજુ અને-નહિ શક્યા વધુ ટકવા સામે તેમના-શત્રુઓ
H3027 H0341 H5439 H3808 H3201 H5750 H5975 H6440 H0341

ત્યારે યહોવાહનો ક્રોધ ઇઝરાયલ વિરુદ્ધ સળગી ઊઠ્યો અને તેમણે તેઓને પાયમાલ કરનારાઓનાં હાથમાં સોંપ્યાં, તેઓએ પાયમાલ કરીને તેઓની સંપત્તિ લૂંટી લીધી. ઈશ્વરે તેઓ આસપાસના દુશ્મનો અધિકારમાં બંધાઈ રહે તેવી રીતે તેમને, વેચી દીધા, તેથી તેઓ તેમના દુશ્મનો સમક્ષ પોતાને ટકાવી શક્યા નહિ.

15 בְּכֹל אֲשֶׁר יָצְאוּ יַד־ יְהוָה הָיְתָה־ בָּם לְרָעָה כַּאֲשֶׁר דִּבֶּר יְהוָה
દરેક જ્યાં ગયા હાથ યહોવાહનો હતો તેમની-સામે અનિષ્ટ-માટે જેમ કહ્યુ-હતું યહોવાહે
H3605 H3318 H3027 H3068 H1961 H1696 H3068

וְכַאֲשֶׁר נִשְׁבַּע יְהוָה לָהֶם וַיֵּצֶר לָהֶם מְאֹד׃
અને-જેમ સોગંદ-ખાધા-હતા યહોવાહે તેમને અને-સંકટમાં-પડ્યા તેઓ ખૂબ
H7650 H3068 H3334 H3966

ઇઝરાયલીઓ જ્યાં કંઈ લડાઈ માટે ગયા, જેમ તેમણે સમ લીધા હતા તેમ, ત્યાં તેઓને હરાવવા માટે યહોવાહનો હાથ તેઓની વિરુદ્ધમાં હતો અને તેઓ ભયંકર સંકટમાં આવી પડ્યાં હતા.

16 וַיָּקֶם יְהוָה שֹׁפְטִים וַיּוֹשִׁיעוּם מִיַּד שֹׁסֵיהֶם׃
અને-ઊભા-કર્યા યહોવાહે ન્યાયાધીશો અને-બચાવ્યા હાથમાંથી તેમના-લૂંટનારાઓના
H3068 H8199 H3467 H3027 H8154

ત્યારે યહોવાહે ન્યાયાધીશો નીમ્યા, તેઓએ તેઓને તેમને લૂંટી જનારાઓના હાથમાંથી બચાવ્યા.

17 וְגַם אֶל־שֹׁפְטֵיהֶם לֹא שָׁמֵעוּ כִּי זָנוּ אַחֲרֵי אֱלֹהִים אֲחֵרִים וַיִּשְׁתַּחֲווּ לָהֶם
પણ-છતાં પ્રતિ ન્યાયાધીશો નહિ સાંભળ્યું કેમ-કે ભટક્યા પાછળ દેવોની બીજા અને-નમ્યા તેમને
H1571 H0413 H8199 H3808 H8085 H2181 H0430 H0312 H7812
סָרוּ מַהֵר מִן־הַדֶּרֶךְ אֲשֶׁר הָלְכוּ אֲבוֹתָם לִשְׁמֹעַ מִצְוֹת־יְהוָה לֹא־
ફર્યા જલદી માંથી માર્ગ જે ચાલ્યા-હતા તેમના-પિતાઓ સાંભળવા આજ્ઞાઓ યહોવાહની નહિ
H5493 H1870 H1980 H0001 H8085 H4687 H3068 H3808
עָשׂוּ כֵן׃
કર્યું તેમ

તોપણ તેઓ ન્યાયાધીશોનું સાંભળતાં નહોતા, તેઓ યહોવાહને અવિશ્વાસુ હતા. પોતાને અન્ય દેવોની સાથે વ્યભિચાર કરી તેઓની પૂજા કરતા હતા. તેઓના પિતૃઓ યહોવાહની આજ્ઞાઓનું પાલન કરનારા તેઓના પિતૃઓની જેમ તેઓ વર્ત્યા નહિ. તેઓ જલ્દીથી ખરા માર્ગથી ભટકી ગયા.

18 וְכִֽי־הֵקִים יְהוָה לָהֶם שֹׁפְטִים וְהָיָה יְהוָה עִם־הַשֹּׁפֵט וְהוֹשִׁיעָם
અને-જ્યારે ઊભો-કર્યો યહોવાહે તેમના-માટે ન્યાયાધીશ અને-હતો યહોવાહ સાથે ન્યાયાધીશના અને-બચાવતો
H3068 H8199 H1961 H3068 H8199 H3467
מִיַּד אֹיְבֵיהֶם כֹּל יְמֵי הַשּׁוֹפֵט כִּי־יִנָּחֵם יְהוָה מִנַּאֲקָתָם מִפְּנֵי
હાથમાંથી તેમના-શત્રુઓના બધા દિવસો ન્યાયાધીશના કેમ-કે દયા-કરતો યહોવાહ તેમના-કણસાટથી કારણે
H3027 H0341 H3605 H3117 H8199 H5162 H3068 H5009 H6440
לֹחֲצֵיהֶם וְדֹחֲקֵיהֶם׃
તેમના-દબાવનારાઓ અને-ધકેલનારાઓ
H3905 H1766

જયારે યહોવાહે તેઓને માટે ન્યાયાધીશો નીમ્યા હતા, ત્યારે ઈશ્વર એ ન્યાયાધીશોને મદદ કરતા અને તેઓના જીવતાં સુધી શત્રુઓના હાથમાંથી લોકોને છોડાવતા હતા. કેમ કે જુલમગારો તથા સતાવનારાઓના ત્રાસથી તેઓ નિસાસા નાખતા હોવાથી ઈશ્વરને તેઓ પર દયા આવી હતી.

19 וְהָיָה בְּמוֹת הַשּׁוֹפֵט יָשֻׁבוּ וְהִשְׁחִיתוּ מֵאֲבוֹתָם לָלֶכֶת אַחֲרֵי אֱלֹהִים אֲחֵרִים
અને-થતું મરતા ન્યાયાધીશ પાછા-ફરતા અને-ભ્રષ્ટ-થતા તેમના-પિતાઓ-કરતાં ચાલવા પાછળ દેવોની બીજા
H1961 H4191 H8199 H7725 H7843 H0001 H3212 H0430 H0312
לְעָבְדָם וּלְהִשְׁתַּחֲוֺת לָהֶם לֹא הִפִּילוּ מִמַּעַלְלֵיהֶם וּמִדַּרְכָּם הַקָּשָׁה׃
સેવા-કરવા અને-નમવા તેમને નહિ છોડ્યા તેમના-કાર્યોમાંથી અને-તેમના-જિદ્દી-માર્ગમાંથી કઠોર
H5647 H7812 H3808 H5307 H4611 H1870 H7186

પણ જ્યારે ન્યાયાધીશ મરણ પામતો ત્યારે તેઓ પાછા ફરી તેમના પિતૃઓએ કરેલાં કૃત્યો કરતાં વધુ ખરાબ કૃત્યો કરતા હતા. તેઓ અન્ય દેવોની ભક્તિ તથા પૂજા કરવાને તેઓની પાછળ જતા હતા. અને પોતાના દુરાચારો તથા અવળા માર્ગોથી પાછા વળતા ન હતા.

20 וַיִּחַר־אַף יְהוָה בְּיִשְׂרָאֵל וַיֹּאמֶר יַעַן אֲשֶׁר עָבְרוּ הַגּוֹי הַזֶּה אֶת־
અને-સળગ્યો ક્રોધ યહોવાહનો ઇઝરાયલ-સામે અને-કહ્યુ કારણ જે ઉલ્લંઘ્યો પ્રજાએ આ એ
H2734 H0639 H3068 H3478 H0559 H3282 H2088 H0853
בְּרִיתִי אֲשֶׁר צִוִּיתִי אֶת־אֲבוֹתָם וְלֹא שָׁמְעוּ לְקוֹלִי׃
મારો-કરાર જે આજ્ઞા-આપી-હતી એ તેમના-પિતાઓને અને-નહિ સાંભળ્યું મારો-અવાજ
H1285 H6680 H0853 H0001 H3808 H8085

તેથી ઈશ્વરનો ક્રોધ ઇઝરાયલ વિરુદ્ધ સળગી ઊઠ્યો; તેમણે કહ્યું, "આ પ્રજાના પિતૃઓની સાથે જે કરાર મેં કર્યો હતો તેનું તેઓએ ઉલ્લંઘન કર્યું છે. અને મારી વાણી સાંભળી નથી,

21

| | | |
|---|---|---|
| גַּם־ | પણ | H1571 |
| אֲנִי | હું | H0589 |
| לֹא | નહિ | H3808 |
| אוֹסִיף | વધુ | H3254 |
| לְהוֹרִישׁ | હાંકી-કાઢીશ | H3423 |
| אִישׁ | કોઈ | H0376 |
| מִפְּנֵיהֶם | તેમના-સામેથી | H6440 |
| מִן־ | માંથી | |
| הַגּוֹיִם | પ્રજાઓ | |
| אֲשֶׁר־ | જે | |
| עָזַב | છોડી-હતી | |
| יְהוֹשֻׁעַ | યહોશુઆએ | H3091 |
| וַיָּמֹת׃ | અને-મર્યો | H4191 |

માટે યહોશુઆએ મરણના સમયે જે લોકોને રહેવા દીધા હતા, તેઓમાંના કોઈને પણ, હું હવે પછી, તેઓની આગળથી હાંકી કાઢીશ નહિ.

22

| | | |
|---|---|---|
| לְמַעַן | માટે-કે | H4616 |
| נַסּוֹת | કસોટી-કરું | H5254 |
| בָּם | તેમના-દ્વારા | |
| אֶת־ | એ | H0853 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલની | H3478 |
| הֲשֹׁמְרִים | સાચવશે-કે | H8104 |
| הֵם | તેઓ | H1992 |
| אֶת־ | એ | H0853 |
| דֶּרֶךְ | માર્ગ | H1870 |
| יְהוָה | યહોવાહનો | H3068 |
| לָלֶכֶת | ચાલવા | H3212 |
| בָּם | તેમાં | |
| כַּאֲשֶׁר | જેમ | |
| שָׁמְרוּ | સાચવ્યો | H8104 |
| אֲבוֹתָם | તેમના-પિતાઓએ | H0001 |
| אִם־ | કે | |
| לֹא׃ | નહિ | H3808 |

જેમ તેઓના પિતૃઓ ઈશ્વરના માર્ગમાં ચાલ્યા હતા, તેમ ઇઝરાયલ ચાલશે કે કેમ તેની તેઓ વડે હું પરીક્ષા કરું."

23

| | | |
|---|---|---|
| וַיַּנַּח | અને-છોડ્યા | H3240 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| אֶת־ | એ | H0853 |
| הַגּוֹיִם | પ્રજાઓને | |
| הָאֵלֶּה | આ | H0428 |
| לְבִלְתִּי | વગર | H1115 |
| הוֹרִישָׁם | હાંકી-કાઢ્યા | H3423 |
| מַהֵר | જલદી | |
| וְלֹא | અને-નહિ | H3808 |
| נְתָנָם | સોંપ્યા | H5414 |
| בְּיַד־ | હાથમાં | H3027 |
| יְהוֹשֻׁעַ׃ | યહોશુઆના | H3091 |
| פ | — | |

તે માટે ઈશ્વરે તે દેશજાતિઓને ઉતાવળે કાઢી ન મૂકતાં રહેવા દીધી અને ઈશ્વરે યહોશુઆના હાથમાં તેઓને સોંપી નહિ.

## Chapter 3

1

| | | |
|---|---|---|
| וְאֵלֶּה | અને-આ | H0428 |
| הַגּוֹיִם | પ્રજાઓ | |
| אֲשֶׁר | જે | |
| הִנִּיחַ | છોડી | H3240 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| לְנַסּוֹת | કસોટી-કરવા | H5254 |
| בָם | તેમના-દ્વારા | |
| אֶת־ | એ | H0853 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલને | H3478 |
| אֵת | એટલે | H0853 |
| כָּל־ | બધાં | H3605 |
| אֲשֶׁר | જેઓએ | |
| לֹא־ | નહિ | H3808 |
| יָדְעוּ | જાણતા-હતા | H3045 |
| אֵת | એટલે | H0853 |
| כָּל־ | બધી | H3605 |
| מִלְחֲמוֹת | લડાઈઓ | H4421 |
| כְּנָעַן׃ | કનાનની | |

હવે ઈશ્વરે જેઓએ કનાનની લડાઈઓનો અનુભવ કર્યો ન હતો એવા ઇઝરાયલી લોકોની પરીક્ષા કરવાને,

2

| | | |
|---|---|---|
| רַק | ફક્ત | H7535 |
| לְמַעַן | માટે-કે | H4616 |
| דַּעַת | જાણે | H1847 |
| דֹּרוֹת | પેઢીઓ | H1755 |
| בְּנֵי־ | સંતાનોની | |
| יִשְׂרָאֵל | ઇઝરાયલની | H3478 |
| לְלַמְּדָם | શીખવે | H3925 |
| מִלְחָמָה | યુદ્ધ | H4421 |
| רַק | ફક્ત | H7535 |
| אֲשֶׁר־ | જેઓએ | |
| לְפָנִים | પહેલાં | H6440 |
| לֹא | નહિ | H3808 |
| יְדָעוּם׃ | જાણતા-હતા | H3045 |

ઇઝરાયલની નવી પેઢીઓ, એટલે જેઓને અગાઉ યુદ્ધ વિષે કંઈ માહિતી ન હતી તેઓ યુદ્ધકળા શીખે તે માટે ઈશ્વરે જે દેશજાતિઓ રહેવા દીધી તે આ છે:

3 חֲמֵשֶׁת પાંચ H2568 | סַרְנֵי સરદારો | פְּלִשְׁתִּים ફિલિસ્તીઓના H6430 | וְכָל־ અને-બધા H3605 | הַכְּנַעֲנִי કનાનીઓ | וְהַצִּידֹנִי અને-સીદોનીઓ H6722 | וְהַחִוִּי અને-હિવ્વીઓ H2340 | יֹשֵׁב વસનારા H3427 | הַר પહાડ H2022 | הַלְּבָנוֹן લબાનોનના H3844
מֵהַר પહાડથી H2022 | בַּעַל חֶרְמוֹן બઆલ-હેર્મોનના H1179 | עַד સુધી H5704 | לְבוֹא પ્રવેશ H0935 | חֲמָת׃ હમાથના H2574

પલિસ્તીઓના પાંચ સરદારો, સર્વ કનાનીઓ, સિદોનીઓ અને બઆલ-હેર્મોનના પહાડથી હમાથ જવાના માર્ગ સુધી લબાનોન પર્વતમાં રહેનારા હિવ્વીઓ.

4 וַיִּהְיוּ અને-હતા H1961 | לְנַסּוֹת કસોટી-કરવા H5254 | בָם તેમના-દ્વારા | אֶת־ એ H0853 | יִשְׂרָאֵל ઇઝરાયલને H3478 | לָדַעַת જાણવા H3045 | הֲיִשְׁמְעוּ સાંભળશે-કે H8085 | אֶת־ એ H0853 | מִצְוֹת આજ્ઞાઓ H4687 | יְהוָה યહોવાહની H3068 | אֲשֶׁר־ જે
צִוָּה આજ્ઞા-આપી-હતી H6680 | אֶת־ એ H0853 | אֲבוֹתָם તેમના-પિતાઓને H0001 | בְּיַד־ હાથે-મૂસાના H3027 | מֹשֶׁה׃ મૂસાના H4872

ઈશ્વરે જે આજ્ઞાઓ મૂસા દ્વારા તેઓના પૂર્વજોને આપી હતી, તે આજ્ઞાઓ ઇઝરાયલ પાળશે કે નહિ, એ જાણવા, તેઓથી તેમની પરીક્ષા કરવા માટે તે લોકોને રહેવા દેવામાં આવ્યા હતા.

5 וּבְנֵי અને-સંતાનો | יִשְׂרָאֵל ઇઝરાયલના H3478 | יָשְׁבוּ વસ્યા H3427 | בְּקֶרֶב વચ્ચે H7130 | הַכְּנַעֲנִי કનાનીઓની | הַחִתִּי હિત્તીઓ H2850 | וְהָאֱמֹרִי અને-અમોરીઓ H0567 | וְהַפְּרִזִּי અને-પરિઝ્ઝીઓ H6522 | וְהַחִוִּי અને-હિવ્વીઓ H2340
וְהַיְבוּסִי׃ અને-યબૂસીઓની H2983

તેથી ઇઝરાયલ લોકો કનાનીઓ, હિત્તીઓ, અમોરીઓ, પરિઝીઓ, હિવ્વીઓ અને યબૂસીઓની મધ્યે રહેતા હતા.

6 וַיִּקְחוּ અને-લીધી H3947 | אֶת־ એ H0853 | בְּנוֹתֵיהֶם તેમની-દીકરીઓ H1323 | לָהֶם તેમના-માટે H1992 | לְנָשִׁים પત્નીઓ-તરીકે H0802 | וְאֶת־ અને-એ H0853 | בְּנוֹתֵיהֶם તેમની-દીકરીઓ H1323 | נָתְנוּ આપી H5414 | לִבְנֵיהֶם તેમના-દીકરાઓને
וַיַּעַבְדוּ અને-સેવા-કરી H5647 | אֶת־ એ H0853 | אֱלֹהֵיהֶם׃ તેમન▯-દેવોની H0430 | פ —

તેઓની દીકરીઓ સાથે તેઓ લગ્ન સંબંધો બાંધતા હતા, તેઓના દીકરાઓને પોતાની દીકરીઓ આપતા હતા અને તેઓના દેવોની પૂજા કરતા હતા.

7 וַיַּעֲשׂוּ અને-કર્યું | בְנֵי־ સંતાનોએ | יִשְׂרָאֵל ઇઝરાયલના H3478 | אֶת־ એ H0853 | הָרַע ખોટું H7451 | בְּעֵינֵי નજરમાં | יְהוָה યહોવાહની H3068 | וַיִּשְׁכְּחוּ અને-ભૂલી-ગયા H7911 | אֶת־ એ H0853 | יְהוָה યહોવાહને H3068
אֱלֹהֵיהֶם તેમના-ઈશ્વર H0430 | וַיַּעַבְדוּ અને-સેવા-કરી H5647 | אֶת־ એ H0853 | הַבְּעָלִים બઆલોની | וְאֶת־ અને-એ H0853 | הָאֲשֵׁרוֹת׃ આશેરાઓની H0842

ઇઝરાયલના લોકોએ ઈશ્વરની નજરમાં જે દુષ્ટ હતું તે કર્યું અને પોતાના ઈશ્વરને વીસરી જઈને બઆલીમ તથા અશેરોથની પૂજા કરી.

8 וַיִּחַר־ અને-સળગ્યો H2734 | אַף ક્રોધ H0639 | יְהוָה યહોવાહનો H3068 | בְּיִשְׂרָאֵל ઇઝરાયલ-સામે H3478 | וַיִּמְכְּרֵם અને-વેચ્યા H4376 | בְּיַד હાથમાં H3027 | כּוּשַׁן רִשְׁעָתַיִם કૂશાન-રિશાથાયિમના H3573 | מֶלֶךְ રાજા H4428 | אֲרַם נַהֲרָיִם અરામ-નાહરાયિમનો H0763
וַיַּעַבְדוּ અને-સેવા-કરી H5647 | בְנֵי־ સંતાનોએ | יִשְׂרָאֵל ઇઝરાયલના H3478 | אֶת־ એ H0853 | כּוּשַׁן רִשְׁעָתַיִם કૂશાન-રિશાથાયિમની H3573 | שְׁמֹנֶה આઠ H8083 | שָׁנִים׃ વર્ષ H8141

તે માટે ઈશ્વરનો કોપ ઇઝરાયલ પર સળગી ઊઠ્યો અને તેમણે અરામ-નાહરાઈમ + 3:8 મેસોપોતામિયા ઉ. 25:10ના રાજા કૂશાન-રિશાથાઈમના હાથમાં તેઓને વેચી દીધા. આઠ વર્ષ સુધી ઇઝરાયલના લોકો કૂશાન-રિશાથાઈમને તાબે રહ્યા.

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּזְעֲקוּ | בְנֵֽי־ | יִשְׂרָאֵל֙ | אֶל־ | יְהוָ֔ה | וַיָּקֶם | יְהוָ֥ה | מוֹשִׁ֛יעַ | לִבְנֵ֥י | יִשְׂרָאֵ֖ל |
| અને-પોકાર્યા | સંતાનોએ | ઇઝરાયલના | પ્રતિ | યહોવાહને | અને-ઊભો-કર્યો | યહોવાહે | ઉદ્ધારક | સંતાનો-માટે | ઇઝરાયલના |
| H2199 | | H3478 | H0413 | H3068 | | H3068 | H3467 | | H3478 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיּֽוֹשִׁיעֵ֑ם | אֵ֚ת | עָתְנִיאֵ֣ל | בֶּן־ | קְנַ֔ז | אֲחִ֥י | כָלֵ֖ב | הַקָּטֹ֣ן | מִמֶּֽנּוּ׃ |
| અને-બચાવ્યા | એટલે | ઓથ્નિએલ | દીકરા | કનાઝન | ભાઈ | કાલેબનો | નાનો | તેનાથી |
| H3467 | H0853 | H6274 | | H7073 | H0251 | H3612 | | |

જયારે ઇઝરાયલના લોકો ઈશ્વર આગળ રડ્યા, ત્યારે ઈશ્વરે ઇઝરાયલનો બચાવ કરવા સારુ કાલેબના નાના ભાઈ, કનાઝનો દીકરો, ઓથ્નીએલને ઇઝરાયલના લોકોને મદદ માટે તૈયાર કર્યો. તેણે તેઓનો બચાવ કર્યો.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתְּהִ֨י | עָלָ֜יו | ר֣וּחַ־ | יְהוָ֗ה | וַיִּשְׁפֹּ֣ט | אֶת־ | יִשְׂרָאֵל֮ | וַיֵּצֵ֣א | לַמִּלְחָמָה֒ | וַיִּתֵּ֨ן |
| અને-આવ્યો | તેન-પર | આત્મા | યહોવાહનો | અને-ન્યાય-કર્યો | એ | ઇઝરાયલનો | અને-ગયો | યુદ્ધમાં | અને-આપ્યો |
| H1961 | | H7307 | H3068 | H8199 | H0853 | H3478 | H3318 | H4421 | H5414 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָ֜ה | בְּיָד֗וֹ | אֶת־ | כּוּשַׁ֥ן רִשְׁעָתַ֖יִם | מֶ֣לֶךְ | אֲרָ֑ם | וַתָּ֣עָז | יָד֔וֹ | עַ֖ל |
| યહોવાહે | તેના-હાથમાં | એ | કૂશાન-રિશાથાયિમને | રાજા | અરામનો | અને-બળવાન-થયો | હાથ-તેનો | પર |
| H3068 | H3027 | H0853 | H3573 | H4428 | H0758 | H5810 | H3027 | |

| |
|---|
| כּוּשַׁ֥ן רִשְׁעָתָֽיִם׃ |
| કૂશાન-રિશાથાયિમ |
| H3573 |

ઈશ્વરના આત્માએ તેને સામર્થ્ય આપ્યું અને તેણે ઇઝરાયલનો ન્યાય કર્યો અને તે લડાઈ કરવા ગયો. ઈશ્વરે તેને અરામના રાજા કૂશાન રિશાથાઈમ પર વિજય અપાવ્યો. ઓથ્નીએલના સામર્થ્યથી કૂશાન-રિશાથાઈમનો પરાજય થયો.

11

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַתִּשְׁקֹ֥ט | הָאָ֖רֶץ | אַרְבָּעִ֣ים | שָׁנָ֑ה | וַיָּ֖מָת | עָתְנִיאֵ֥ל | בֶּן־ | קְנַֽז׃ | פ |
| અને-શાંત-રહી | દેશ | ચાળીસ | વર્ષ | અને-મર્યો | ઓથ્નિએલ | દીકરો | કનાઝનો | — |
| H8252 | H0776 | H0705 | H8141 | H4191 | H6274 | | H7073 | |

ચાળીસ વર્ષ સુધી આ દેશમાં શાંતિ રહી. પછી કનાઝનો દીકરો, ઓથ્નીએલ મરણ પામ્યો.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּסִ֙פוּ֙ | בְּנֵ֣י | יִשְׂרָאֵ֔ל | לַעֲשׂ֥וֹת | הָרַ֖ע | בְּעֵינֵ֣י | יְהוָ֑ה | וַיְחַזֵּ֨ק | יְהוָ֜ה | אֶת־ |
| અને-ફરી-કર્યું | સંતાનોએ | ઇઝરાયલન | કરવા | ખોટું | નજરમાં | યહોવાહની | અને-બળવાન-કર્યો | યહોવાહે | એ |
| H3254 | | H3478 | | H7451 | | H3068 | H2388 | H3068 | H0853 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עֶגְל֣וֹן | מֶֽלֶךְ־ | מוֹאָב֮ | עַל־ | יִשְׂרָאֵל֒ | עַ֛ל | כִּֽי־ | עָשׂ֥וּ | אֶת־ | הָרַ֖ע | בְּעֵינֵ֥י | יְהוָֽה׃ |
| એગ્લોન | રાજા | મોઆબનો | ઉપર | ઇઝરાયલન | કારણે | કેમ-કે | કર્યું-હતું | એ | ખોટું | નજરમાં | યહોવાહની |
| H5700 | H4428 | H4124 | | H3478 | | | | H0853 | H7451 | | H3068 |

ઇઝરાયલના લોકોએ ફરી ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું, ઈશ્વરે તે જોયું. તેથી ઈશ્વરે મોઆબના રાજા એગ્લોનને ઇઝરાયલની સામે બળવાન કર્યો, કારણ કે ઇઝરાયલીઓએ દુરાચાર કર્યો હતો.

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֶּאֱסֹ֣ף | אֵלָ֔יו | אֶת־ | בְּנֵ֥י | עַמּ֖וֹן | וַעֲמָלֵ֑ק | וַיֵּ֙לֶךְ֙ | וַיַּךְ֙ | אֶת־ | יִשְׂרָאֵ֔ל |
| અને-ભેગા-કર્યા | તેની-પાસે | એ | સંતાનો | આમ્મોનન | અને-અમાલેકન | અને-ગયો | અને-માર્યો | એ | ઇઝરાયલને |
| H0622 | H0413 | H0853 | | H5983 | H6002 | H3212 | H5221 | H0853 | H3478 |

| | | | |
|---|---|---|---|
| וַיִּֽירְשׁ֖וּ | אֶת־ | עִ֥יר | הַתְּמָרִֽים׃ |
| અને-કબજે-કર્યું | એ | શહેર | ખજૂરીઓનું |
| H3423 | H0853 | | H8558 |

એગ્લોને આમ્મોનીઓ તથા અમાલેકીઓને પોતાની સાથે લઈને ઇઝરાયલીઓને હરાવ્યા અને ખજૂરીઓના નગરને કબજે કરી લીધું.

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַבְד֧וּ | בְנֵֽי־ | יִשְׂרָאֵ֛ל | אֶת־ | עֶגְל֥וֹן | מֶֽלֶךְ־ | מוֹאָ֖ב | שְׁמוֹנֶ֥ה | עֶשְׂרֵ֖ה | שָׁנָֽה׃ | ס |
| અને-સેવા-કરી | સંતાનોએ | ઇઝરાયલના | એ | એગ્લોન | રાજા | મોઆબના | અટ્ઠાર | વર્ષ | વર્ષ | — |
| H5647 | | H3478 | H0853 | H5700 | H4428 | H4124 | H8083 | H6240 | H8141 | |

ઇઝરાયલના લોકોએ અઢાર વર્ષ સુધી મોઆબના રાજા એગ્લોનની તાબેદારી કરી.

15

| וַיִּזְעֲקוּ | בְנֵֽי־ | יִשְׂרָאֵל | אֶל־ | יְהוָה | וַיָּקֶם | יְהוָה | לָהֶם | מוֹשִׁיעַ | אֶת־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પોકાર્યા | સંતાનોએ | ઇઝરાયલન▯ | પ્રતિ | યહોવાહને | અને-ઊભો-કર્યો | યહોવાહે | તેમના-માટે | ઉદ્ધારક | એ |
| H2199 | | H3478 | H0413 | H3068 | | H3068 | | H3467 | H0853 |

| אֵהוּד | בֶּן־ | גֵּרָא | בֶּן־הַיְמִינִי | אִישׁ | אִטֵּר | יַד־ | יְמִינוֹ | וַיִּשְׁלְחוּ | בְנֵֽי־ | יִשְׂרָאֵל |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એહૂદ | દીકરા | ગેરાનો | બિન્યામીની | માણસ | ડાબા-હાથનો | હાથ | જમણોનો | અને-મોકલ્યા | સંતાનોએ | ઇઝરાયલન▯ |
| H0164 | | H1617 | H1145 | H0376 | H0334 | H3027 | H3225 | H7971 | | H3478 |

| בְּיָדוֹ | מִנְחָה | לְעֶגְלוֹן | מֶלֶךְ | מוֹאָב׃ |
|---|---|---|---|---|
| તેન▯-હાથે | ભેટ | એગ્લોન-માટે | રાજા | મોઆબના |
| H3027 | H4503 | H5700 | H4428 | H4124 |

પણ જયારે ઇઝરાયલના લોકોએ ઈશ્વર આગળ પોકાર કર્યો, ત્યારે ઈશ્વરે તેમની મદદ કરવા બિન્યામીની ગેરાનો દીકરો એહૂદને તેઓની મદદ માટે ઊભો કર્યો. તે ડાબોડીઓ હતો. ઇઝરાયલના લોકોએ તેની હસ્તક મોઆબના રાજા એગ્લોન પર નજરાણું મોકલ્યું.

16

| וַיַּעַשׂ | לוֹ | אֵהוּד | חֶרֶב | וְלָהּ | שְׁנֵי | פֵיוֹת | גֹּמֶד | אָרְכָּהּ | וַיַּחְגֹּר | אוֹתָהּ | מִתַּחַת |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બનાવી | તેન▯-માટે | એહૂદે | તલવાર | અને-તેને | બે | ધારો | ગોમેદ | લંબાઈની | અને-બાંધી | તેને | નીચે |
| | | H0164 | H2719 | | H8147 | H6366 | H1574 | H0753 | H2296 | H0853 | H8478 |

| לְמַדָּיו | עַל | יֶרֶךְ | יְמִינוֹ׃ |
|---|---|---|---|
| તેના-કપડાની | પર | જાંઘ | જમણીની |
| H4055 | | H3409 | H3225 |

એહૂદે પોતાને માટે એક હાથ લાંબી એવી બેધારી તલવાર બનાવી વસ્ત્રની નીચે પોતાની જમણી જાંઘ નીચે તેને લટકાવી.

17

| וַיַּקְרֵב | אֶת־ | הַמִּנְחָה | לְעֶגְלוֹן | מֶלֶךְ | מוֹאָב | וְעֶגְלוֹן | אִישׁ | בָּרִיא | מְאֹד׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-રજૂ-કરી | એ | ભેટ | એગ્લોન-માટે | રાજા | મોઆબનો | અને-એગ્લોન | માણસ | જાડો | ખૂબ |
| H7126 | H0853 | H4503 | H5700 | H4428 | H4124 | H5700 | H0376 | H1277 | H3966 |

તેણે મોઆબના રાજા એગ્લોનને નજરાણું આપ્યું. એગ્લોન શરીરે બહુ પૃષ્ટ માણસ હતો.

18

| וַיְהִי | כַּאֲשֶׁר | כִּלָּה | לְהַקְרִיב | אֶת־ | הַמִּנְחָה | וַיְשַׁלַּח | אֶת־ | הָעָם | נֹשְׂאֵי | הַמִּנְחָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | જ્યારે | પૂરી-કરી | રજૂ-કરવાનું | એ | ભેટ | અને-મોકલ્યા | એ | લોકોને | ઊંચકનારાઓ | ભેટન▯ |
| H1961 | | H3615 | H7126 | H0853 | H4503 | H7971 | H0853 | | H5375 | H4503 |

એહૂદે નજરાણું પ્રદાન કર્યું, પછી તેણે નજરાણું ઊંચકી લાવનારાઓને પરત મોકલ્યા.

19

| וְהוּא | שָׁב | מִן־ | הַפְּסִילִים | אֲשֶׁר | אֶת־ | הַגִּלְגָּל | וַיֹּאמֶר | דְּבַר־ | סֵתֶר | לִי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-તે | પાછો-ફર્યો | માંથી | મૂર્તિઓની | જે | પાસે | ગિલ્ગાલની | અને-કહ્યુ | ગુપ્ત | વાત | મારી-પાસે |
| H1931 | H7725 | | H6456 | | H0854 | H1537 | H0559 | H1697 | | |

| אֵלֶיךָ | הַמֶּלֶךְ | וַיֹּאמֶר | הָס | וַיֵּצְאוּ | מֵעָלָיו | כָּל־ | הָעֹמְדִים | עָלָיו׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| તારા-માટે-છે | રાજા | અને-કહ્યુ | ચૂપ | અને-ગયા | તેની-પાસેથી | બધા | ઊભેલા | તેની-પાસે |
| H0413 | H4428 | H0559 | H2013 | H3318 | | H3605 | H5975 | |

તે પોતે જયારે ગિલ્ગાલની નજીક ખીણોની જગ્યાએથી પાછો વળ્યો ત્યારે તેણે કહ્યુ, “મારા રાજા, તારા માટે એક અગત સંદેશ છે.” એગ્લોને કહ્યુ, “ચૂપ રહે▯” તેના સર્વ નોકરો ઓરડામાંથી બહાર ગયા.

20

| וְאֵהוּד | בָּא | אֵלָיו | וְהוּא־ | יֹשֵׁב | בַּעֲלִיַּת | הַמְּקֵרָה | אֲשֶׁר־ | לוֹ | לְבַדּוֹ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-એહૂદ | આવ્યો | તેની-પાસે | અને-તે | બેઠો-હતો | ઉપરના-ઓરડામાં | ઉનાળાની-ઓરડી | જે | તેની | એકલી |
| H0164 | H0935 | H0413 | H1931 | H3427 | H5944 | H4747 | | | H0905 |

| וַיֹּאמֶר | אֵהוּד | דְּבַר־ | אֱלֹהִים | לִי | אֵלֶיךָ | וַיָּקָם | מֵעַל | הַכִּסֵּא׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | એહૂદે | સંદેશ | ઈશ્વરનો | મારી-પાસે | તાર▯-માટે-છે | અને-ઊભો-થયો | પરથી | સિંહાસનનો |
| H0559 | H0164 | H1697 | H0430 | | H0413 | | | H3678 |

એહૂદ તેની પાસે આવ્યો. રાજા પોતાની રીતે, ઉપરની ઠંડી ઓરડીમાં એકલો બેઠો હતો. એહૂદે તેને કહ્યુ, "હું ઈશ્વર તરફથી તારા માટે સંદેશ લાવ્યો છું," રાજા પોતાના આસન પરથી ઊભો થઈ ગયો.

| | | | |
|---|---|---|---|
| 21 | וַיִּשְׁלַח | અને-લંબાવ્યો | H7971 |
| | אֵהוּד | એહૂદે | H0164 |
| | אֶת־ | એ | H0853 |
| | יַד־ | હાથ | H3027 |
| | שְׂמֹאלוֹ | તેનો-ડાબો | H8040 |
| | וַיִּקַּח | અને-લીધી | H3947 |
| | אֶת־ | એ | H0853 |
| | הַחֶרֶב | તલવાર | H2719 |
| | מֵעַל | પરથી | |
| | יֶרֶךְ | જાંઘ | H3409 |
| | יְמִינוֹ | જમણીની | H3225 |
| | וַיִּתְקָעֶהָ | અને-ખોસી-દીધી | H8628 |
| | בְּבִטְנוֹ׃ | તેના-પેટમાં | H0990 |

ત્યારે એહૂદે પોતાના ડાબા હાથે, પોતાની જમણી જાંઘ નીચેથી તલવાર કાઢીને રાજાના શરીરમાં ઘુસાડી દીધી.

| | | | |
|---|---|---|---|
| 22 | וַיָּבֹא | અને-ઘુસ્યું | H0935 |
| | גַם־ | પણ | H1571 |
| | הַנִּצָּב | હાથો | H5325 |
| | אַחַר | પછી | |
| | הַלַּהַב | ફળના | H3851 |
| | וַיִּסְגֹּר | અને-બંધ-થયું | H5462 |
| | הַחֵלֶב | ચરબીએ | H2459 |
| | בְּעַד | ઉપર | H1157 |
| | הַלַּהַב | ફળનું | H3851 |
| | כִּי | કેમ-કે | |
| | לֹא | નહિ | H3808 |
| | שָׁלַף | ખેંચી | H8025 |
| | הַחֶרֶב | તલવાર | H2719 |
| | מִבִּטְנוֹ | તેન□-પેટમાંથી | H0990 |
| | וַיֵּצֵא | અને-નીકળ્યું | H3318 |
| | הַפַּרְשְׁדֹנָה׃ | મળમૂત્રમાં | H6574 |

તલવારની સાથે હાથો પણ અંદર પેસી ગયો, તેના પાછળના ભાગમાંથી અણી બહાર આવી અને તે અણી ઉપર ચરબી ભરાઈ ગઈ, કેમ કે એહૂદે તે તલવાર તેના પેટમાંથી પાછી બહાર ખેંચી કાઢી નહોતી.

| | | | |
|---|---|---|---|
| 23 | וַיֵּצֵא | અને-ગયો | H3318 |
| | אֵהוּד | એહૂદ | H0164 |
| | הַמִּסְדְּרוֹנָה | ઓસરીમાંથી | H4528 |
| | וַיִּסְגֹּר | અને-બંધ-કર્યા | H5462 |
| | דַּלְתוֹת | બારણા | |
| | הָעֲלִיָּה | ઉપરની-ઓરડીના | H5944 |
| | בַּעֲדוֹ | પાછળ | H1157 |
| | וְנָעָל׃ | અને-તાળું-માર્યું | |

ત્યાર પછી એહૂદ ઓરડીમાં ગયો અને તેના બારણાં તેણે પાછાં બંધ કર્યા અને તેમને તાળું માર્યું.

| | | | |
|---|---|---|---|
| 24 | וְהוּא | અને-તે | H1931 |
| | יָצָא | ગયો-પછી | H3318 |
| | וַעֲבָדָיו | અને-તેન□-સેવકો | H5650 |
| | בָּאוּ | આવ્યા | H0935 |
| | וַיִּרְאוּ | અને-જોયું | H7200 |
| | וְהִנֵּה | અને-જુઓ | H2009 |
| | דַּלְתוֹת | બારણા | |
| | הָעֲלִיָּה | ઉપરની-ઓરડીન□ | H5944 |
| | נְעֻלוֹת | તાળા-મારેલ□ | |
| | וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| | אַךְ | નક્કી | H0389 |
| | מֵסִיךְ | પગ-ઢાંકતો-હશે | |
| | הוּא | તે | H1931 |
| | אֶת־ | એ | H0853 |
| | רַגְלָיו | પગન□ | H7272 |
| | בַּחֲדַר | ઓરડામાં | H2315 |
| | הַמְּקֵרָה׃ | ઉનાળાની-ઓરડીની | H4747 |

એહૂદના ગયા પછી, રાજાના નોકરો અંદર આવ્યા; તેઓએ જોયું કે ઉપરની ઓરડીના બારણાએ તાળું મારેલું હતું, તેઓએ વિચાર્યું કે, "ચોક્કસ તે ઉપરની ઠંડી ઓરડીમાં પોતાની રીતે આરામ કરતો હશે."

| | | | |
|---|---|---|---|
| 25 | וַיָּחִילוּ | અને-રાહ-જોયા | |
| | עַד־ | સુધી | H5704 |
| | בּוֹשׁ | શરમ | H0954 |
| | וְהִנֵּה | અને-જુઓ | H2009 |
| | אֵינֶנּוּ | તે-નહોતો | H0369 |
| | פֹּתֵחַ | ખોલતો | |
| | דַּלְתוֹת | બારણા | |
| | הָעֲלִיָּה | ઉપરની-ઓરડીન□ | H5944 |
| | וַיִּקְחוּ | અને-લીધી | H3947 |
| | אֶת־ | એ | H0853 |
| | הַמַּפְתֵּחַ | ચાવી | H4668 |
| | וַיִּפְתָּחוּ | અને-ખોલ્યું | |
| | וְהִנֵּה | અને-જુઓ | H2009 |
| | אֲדֹנֵיהֶם | તેમનો-સ્વામી | H0113 |
| | נֹפֵל | પડેલો | H5307 |
| | אַרְצָה | જમીન-પર | H0776 |
| | מֵת׃ | મરેલો | H4191 |

જયારે ઘણીવાર સુધી રાજાએ બારણું ઉઘાડ્યું નહિ ત્યારે તેઓની ચિંતા વધવા લાગી તેઓ શરમાયા અને ગભરાયા. તેઓએ ચાવી લીધી અને તેના બારણાં ઉઘાડ્યાં. ત્યારે તેઓએ પોતાના રાજાને મૃત અવસ્થામાં જમીન પર પડેલો જોયો.

| | | | |
|---|---|---|---|
| 26 | וְאֵהוּד | અને-એહૂદ | H0164 |
| | נִמְלַט | બચી-ગયો-હતો | H4422 |
| | עַד | સુધી | H5704 |
| | הִתְמַהְמְהָם | તેઓ-વિલંબ-કરતા | H4102 |
| | וְהוּא | અને-તે | H1931 |
| | עָבַר | પસાર-થયો | |
| | אֶת־ | એ | H0853 |
| | הַפְּסִילִים | મૂર્તિઓને | H6456 |
| | וַיִּמָּלֵט | અને-બચી-ગયો | H4422 |
| | הַשְּׂעִירָתָה׃ | સેઈરાહમાં | H8167 |

તેઓએ શું કરવું જોઈએ તે વિષે વિચારતા હતા, એટલામાં એહૂદ નાસીને જ્યાં ખાણોની પેલી બાજુએ ઊતરીને સેઈરા સુધી પહોંચી ગયો.

27
וַיְהִי בְּבוֹאוֹ וַיִּתְקַע בַּשּׁוֹפָר בְּהַר אֶפְרָיִם וַיֵּרְדוּ עִמּוֹ בְנֵי־ יִשְׂרָאֵל
અને-થયું આવતાં અને-વગાડ્યું રણશિંગું પહાડ એફ્રાઈમના અને-ઊતર્યા તેની-સાથે સંતાનો ઇઝરાયલન
H1961 H0935 H8628 H7782 H2022 H0669 H3381 – – H3478

מִן־ הָהָר וְהוּא לִפְנֵיהֶם׃
માંથી પહાડ અને-તે તેમન-આગળનો
– H2022 H1931 H6440

ત્યાં આવીને તેણે એફ્રાઇમના પહાડી પ્રદેશમાં રણશિંગડું વગાડ્યું. પછી ઇઝરાયલી લોકો તેની સાથે પહાડી પ્રદેશ ઊતર્યા અને તે તેઓની આગેવાની કરતો હતો.

28
וַיֹּאמֶר אֲלֵהֶם רִדְפוּ אַחֲרַי כִּי־ נָתַן יְהוָה אֶת־ אֹיְבֵיכֶם אֶת־ מוֹאָב
અને-કહ્યુ તેમને પીછો-કરો મારી-પાછળ કેમ-કે આપ્યો-છે યહોવાહે એ તમારા-શત્રુઓને એટલે મોઆબને
H0559 H0413 H7291 – – H5414 H3068 H0853 H0341 H0853 H4124

בְּיֶדְכֶם וַיֵּרְדוּ אַחֲרָיו וַיִּלְכְּדוּ אֶת־ מַעְבְּרוֹת הַיַּרְדֵּן לְמוֹאָב וְלֹא־ נָתְנוּ אִישׁ
તમારા-હાથમાં અને-ઊતર્યા તેની-પાછળ અને-જીત્યા એ ઘાટો યર્દનન મોઆબના અને-નહિ દીધું કોઈને
H3027 H3381 – H3920 H0853 – H3383 H4124 H3808 H5414 H0376

לַעֲבֹר׃
પાર-કરવા

તેણે તેઓને કહ્યુ, “મારી પાછળ આવો, કેમ કે ઈશ્વરે તમારા દુશ્મન મોઆબીઓને તમારા હાથમાં સોંપ્યાં છે.” તેઓ તેની પાછળ ગયા અને તેઓએ મોઆબ દેશ તરફના યર્દનના કિનારા પાસેના પ્રદેશો કબજે કર્યા, તેઓએ કોઈને પણ નદી પાર કરવા દીધી નહિ.

29
וַיַּכּוּ אֶת־ מוֹאָב בָּעֵת הַהִיא כַּעֲשֶׂרֶת אֲלָפִים אִישׁ כָּל־ שָׁמֵן וְכָל־
અને-માર્યા એ મોઆબને સમયે તે લગભગ-દસ હજાર માણસોને બધા તગડા અને-બધ
H5221 H0853 H4124 H6256 H1931 H6235 H0505 H0376 H3605 H8082 H3605

אִישׁ חָיִל וְלֹא נִמְלַט אִישׁ׃
માણસો બળવાન અને-નહિ બચ્યો કોઈ
H0376 H2428 H3808 H4422 H0376

તે જ સમયે તેઓએ મોઆબના આશરે દસ હજાર પુરુષોને મારી નાખ્યા, તેઓ સર્વ મજબૂત અને શૂરવીર પુરુષો હતા. તેઓમાંનો એકપણ બચ્યો નહિ.

30
וַתִּכָּנַע מוֹאָב בַּיּוֹם הַהוּא תַּחַת יַד יִשְׂרָאֵל וַתִּשְׁקֹט הָאָרֶץ שְׁמוֹנִים שָׁנָה׃ ס
અને-નમ્યો મોઆબ દિવસે તે નીચે હાથ ઇઝરાયલન અને-શાંત-રહી દેશ એંશી વર્ષ —
H3665 H4124 H3117 H1931 H8478 H3027 H3478 H8252 H0776 H8084 H8141

તે દિવસે મોઆબ ઇઝરાયલની તાકાતથી પરાજિત થયું. અને એંસી વર્ષ સુધી દેશમાં શાંતિ રહી.

31
וְאַחֲרָיו הָיָה שַׁמְגַּר בֶּן־ עֲנָת וַיַּךְ אֶת־ פְּלִשְׁתִּים שֵׁשׁ־ מֵאוֹת אִישׁ
અને-તેના-પછી હતો શમગાર દીકરો અનાથનો અને-માર્યા એ ફિલિસ્તીઓને છ સો માણસો
– H1961 H8044 – H6067 H5221 H0853 H6430 H8337 H3967 H0376

בְּמַלְמַד הַבָּקָר וַיּוֹשַׁע גַּם־ הוּא אֶת־ יִשְׂרָאֵל׃ ס
બળદન-આકડીથી બકરીની અને-બચાવ્યુ પણ તેણે એ ઇઝરાયલને —
H4451 H1241 H3467 H1571 H1931 H0853 H3478

એહૂદ પછી અનાથનો દીકરો, શામ્ગાર બીજો ન્યાયાધીશ થયો, તેણે બળદ હાંકવાની લાકડીથી છસો પલિસ્તીઓને મારી નાખ્યા. તેણે પણ ઇઝરાયલીઓને સંકટમાંથી છોડાવ્યાં.

## Chapter 4

1
וַיֹּסִפוּ בְּנֵי יִשְׂרָאֵל לַעֲשׂוֹת הָרַע בְּעֵינֵי יְהוָה וְאֵהוּד מֵת׃
અને-ફરી-કર્યું સંતાનોએ ઇઝરાયલનાં કરવા ખોટું નજરમાં યહોવાહની અને-એહૂદ મર્યો-હતો
H3254 – H3478 – H7451 – H3068 H0164 H4191

એહૂદના મરણ પછી, ઇઝરાયલ લોકોએ ફરીથી દુષ્ટ કૃત્યોથી તથા જે દુષ્ટ આચરણો કર્યા અને તેથી ઈશ્વરનો અનાદર કર્યો.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּמְכְּרֵם | יְהוָה | בְּיַד | יָבִין | מֶלֶךְ־ | כְּנַעַן | אֲשֶׁר | מָלַךְ | בְּחָצוֹר | וְשַׂר־ |
| અને-વેચ્યા | યહોવાહે | હાથમાં | યાબીનના | રાજા | કનાનના | જે | રાજ-કરતો-હતો | હાસોરમાં | અને-સેનાપતિ |
| H4376 | H3068 | H3027 | H2985 | H4428 | | | | H2674 | H8269 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| צְבָאוֹ | סִיסְרָא | וְהוּא | יוֹשֵׁב | בַּחֲרֹשֶׁת | הַגּוֹיִם׃ |
| તેનાં-સૈન્યનો | સીસરા | અને-તે | વસતો-હતો | હરોશેથમાં | પ્રજાઓનાં |
| | H5516 | H1931 | H3427 | H2800 | |

તેથી ઈશ્વરે તેઓને હાસોરમાં રાજ કરનાર કનાનના રાજા યાબીનના હાથમાં સોંપ્યાં. તેના સૈન્યનો સેનાપતિ બિનયહૂદી હતો તે હરોશેથ-હગોઈમ + 4:2 બિનયહૂદીઓનો નગરનો રહેવાસી હતો તેનું નામ સીસરા હતું.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּצְעֲקוּ | בְנֵי־ | יִשְׂרָאֵל | אֶל־ | יְהוָה | כִּי | תְּשַׁע | מֵאוֹת | רֶכֶב־ | בַּרְזֶל | לוֹ |
| અને-પોકાર્યા | સંતાનોએ | ઇઝરાયલનાં | પ્રતિ | યહોવાહને | કેમ-કે | નવ | સો | રથ | લોખંડના | તેની-પાસે |
| H6817 | | H3478 | H0413 | H3068 | | H8672 | H3967 | H7393 | H1270 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהוּא | לָחַץ | אֶת־ | בְּנֵי | יִשְׂרָאֵל | בְּחָזְקָה | עֶשְׂרִים | שָׁנָה׃ | ס |
| અને-તેણે | દબાવ્યા | એ | સંતાનોને | ઇઝરાયલનાં | બળથી | વીસ | વર્ષ | — |
| H1931 | H3905 | H0853 | | H3478 | H2394 | H6242 | H8141 | |

ઇઝરાયલ લોકોએ ઈશ્વરની આગળ મદદ માટે પોકાર કર્યો, કારણ કે સીસરાની પાસે લોખંડના નવ હજાર રથો હતા, તેણે વીસ વર્ષ સુધી ઇઝરાયલ લોકો પર જુલમ ગુજાર્યો.

4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּדְבוֹרָה | אִשָּׁה | נְבִיאָה | אֵשֶׁת | לַפִּידוֹת | הִיא | שֹׁפְטָה | אֶת־ | יִשְׂרָאֵל | בָּעֵת | הַהִיא׃ |
| અને-દબોરાહ | સ્ત્રી | પ્રબોધિકા | પત્ની | લાપ્પીદોથની | તે | ન્યાય-કરતી-હતી | એ | ઇઝરાયલનો | સમયે | તે |
| H1683 | H0802 | H5031 | H0802 | H3941 | H1931 | H8199 | H0853 | H3478 | H6256 | H1931 |

હવે તે સમયે લાપીદોથની પત્ની, દબોરા પ્રબોધિકા આગેવાન તરીકે, ઇઝરાયલનો ન્યાય કરતી હતી.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהִיא | יוֹשֶׁבֶת | תַּחַת־ | תֹּמֶר | דְּבוֹרָה | בֵּין | הָרָמָה | וּבֵין | בֵּית־אֵל | בְּהַר | אֶפְרָיִם |
| અને-તે | બેસતી-હતી | નીચે | ખજૂરી | દબોરાહની | વચ્ચે | રામાહ | અને-વચ્ચે | બેથેલ | પહાડ | એફ્રાઈમના |
| H1931 | H3427 | H8478 | H8560 | H1683 | H0996 | H7414 | H0996 | H1008 | H2022 | H0669 |

| | | | | |
|---|---|---|---|---|
| וַיַּעֲלוּ | אֵלֶיהָ | בְּנֵי | יִשְׂרָאֵל | לַמִּשְׁפָּט׃ |
| અને-આવતાં | તેની-પાસે | સંતાનો | ઇઝરાયલનાં | ન્યાય-માટે |
| H5927 | H0413 | | H3478 | H4941 |

તે એફ્રાઇમના પહાડી પ્રદેશમાંના રામા તથા બેથેલની વચમાં દબોરાની ખજૂરીની નીચે બેસતી હતી અને ઇઝરાયલ લોકો તેની પાસે ન્યાય મેળવવા માટે આવતા હતા.

6

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתִּשְׁלַח | וַתִּקְרָא | לְבָרָק | בֶּן־ | אֲבִינֹעַם | מִקֶּדֶשׁ | נַפְתָּלִי | וַתֹּאמֶר | אֵלָיו | הֲלֹא |
| અને-મોકલ્યો | અને-બોલાવ્યો | બારાકને | દીકરા | અબીનોઆમના | કેદેશમાંથી | નફતાલીના | અને-કહ્યુ | તેને | શું-નહિ |
| H7971 | H7121 | H1301 | | H0042 | H6943 | H5321 | H0559 | H0413 | H3808 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| צִוָּה | יְהוָה | אֱלֹהֵי־ | יִשְׂרָאֵל | לֵךְ | וּמָשַׁכְתָּ | בְּהַר | תָּבוֹר | וְלָקַחְתָּ | עִמְּךָ | עֲשֶׂרֶת |
| આજ્ઞા-આપી | યહોવાહે | ઈશ્વર | ઇઝરાયલના | જા | અને-ભેગા-કર | પહાડ | તાબોરમાં | અને-લે | તારી-સાથે | દસ |
| H6680 | H3068 | H0430 | H3478 | H3212 | H4900 | H2022 | H8396 | H3947 | | H6235 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֲלָפִים | אִישׁ | מִבְּנֵי | נַפְתָּלִי | וּמִבְּנֵי | זְבֻלוּן׃ |
| હજાર | માણસો | સંતાનોમાંથી | નફતાલીનાં | અને-સંતાનોમાંથી | ઝબુલૂનનાં |
| H0505 | H0376 | | H5321 | | H2074 |

તેણે કેદેશ નફતાલીથી અબીનોઆમના દીકરા બારાકને તેડાવીને તેને કહ્યુ, “ઈશ્વર ઇઝરાયલના પ્રભુએ શું તમને આજ્ઞા આપી નથી કે, તું ‘તાબોર પર્વતની પાસે જા અને નફતાલી તથા ઝબુલોનના પુરુષોમાંથી દસ હજારને તારી સાથે લે.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמָשַׁכְתִּי | אֵלֶיךָ | אֶל־ | נַחַל | קִישׁוֹן | אֶת־ | סִֽיסְרָא | שַׂר־ | צְבָא | יָבִין | וְאֶת־ |
| અને-ખેંચીશ | તારી-પાસે | પ્રતિ | નદી | કીશોનની | એ | સીસરાને | સેનાપતિ | સૈન્યનો | યાબીનના | અને-એ |
| H4900 | H0413 | H0413 | | H7028 | H0853 | H5516 | H8269 | | H2985 | H0853 |

| | | | | |
|---|---|---|---|---|
| רִכְבּוֹ | וְאֶת־ | הֲמוֹנוֹ | וּנְתַתִּיהוּ | בְּיָדֶךָ׃ |
| તેના-રથો | અને-એ | તેના-ટોળાને | અને-સોંપીશ | તારા-હાથમાં |
| H7393 | H0853 | | H5414 | H3027 |

યાબીનના સૈન્યના સેનાપતિ સીસરાને, કીશોન નદી નજીક મળીશ, તેના રથો તથા તેના સૈન્ય સાથે હું તેને તારી પાસે કીશોન નદીને કિનારે લાવીશ. અને તેને તારા હાથમાં સોંપી દઈશ."

8

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֵלֶיהָ | בָּרָק | אִם־ | תֵּלְכִי | עִמִּי | וְהָלָכְתִּי | וְאִם־ | לֹא | תֵלְכִי | עִמִּי | לֹא |
| અને-કહ્યુ | તેને | બારાકે | જો | આવશો | મારી-સાથે | તો-જઈશ | અને-જો | નહિ | આવો | મારી-સાથે | નહિ |
| H0559 | H0413 | H1301 | | H3212 | | H1980 | | H3808 | H3212 | | H3808 |

| |
|---|
| אֵלֵךְ׃ |
| જાઉં |
| H3212 |

બારાકે તેને કહ્યુ, "જો તું મારી સાથે આવે, તો હું જાઉં, પણ જો તું મારી સાથે નહિ આવે, તો હું નહિ જાઉં."

9

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֹּאמֶר | הָלֹךְ | אֵלֵךְ | עִמָּךְ | אֶפֶס | כִּי | לֹא | תִהְיֶה | תִּפְאַרְתְּךָ | עַל־ | הַדֶּרֶךְ | אֲשֶׁר |
| અને-કહ્યુ | જરૂર | જઈશ | તારી-સાથે | પરંતુ | કેમ-કે | નહિ | થશે | તારો-મહિમા | ઉપર | માર્ગ | જે |
| H0559 | H1980 | H3212 | | | | H3808 | H1961 | H8597 | | H1870 | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַתָּה | הוֹלֵךְ | כִּי | בְיַד־ | אִשָּׁה | יִמְכֹּר | יְהוָה | אֶת־ | סִֽיסְרָא | וַתָּקָם | דְּבוֹרָה | וַתֵּלֶךְ |
| તું | ચાલે-છે | કેમ-કે | હાથમાં | સ્ત્રીના | વેચશે | યહોવાહ | એ | સીસરાને | અને-ઊઠી | દબોરાહ | અને-ગઈ |
| | H1980 | | H3027 | H0802 | H4376 | H3068 | H0853 | H5516 | | H1683 | H3212 |

| | | |
|---|---|---|
| עִם־ | בָּרָק | קֶדְשָׁה׃ |
| સાથે | બારાક | કેદેશમાં |
| | H1301 | H6943 |

તેણે કહ્યુ, "હું નિશ્ચે તારી સાથે આવીશ. તોપણ, તું જે આગેવાની કરવાનો છે તેમાં તને જશ મળશે નહિ, કેમ કે ઈશ્વર એક સ્ત્રીની તાકાતથી સીસરાને હરાવશે." પછી દબોરા ઊભી થઈ અને બારાકની સાથે કેદેશ ગઈ.

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּזְעֵק | בָּרָק | אֶת־ | זְבוּלֻן | וְאֶת־ | נַפְתָּלִי | קֶדְשָׁה | וַיַּעַל | בְּרַגְלָיו | עֲשֶׂרֶת | אַלְפֵי |
| અને-ભેગા-કર્યા | બારાકે | એ | ઝબુલૂન | અને-એ | નફતાલીને | કેદેશમાં | અને-ચડ્યો | પાયદળ-સાથે | દસ | હજાર |
| H2199 | H1301 | H0853 | H2074 | H0853 | H5321 | H6943 | H5927 | H7272 | H6235 | H0505 |

| | | | |
|---|---|---|---|
| אִישׁ | וַתַּעַל | עִמּוֹ | דְּבוֹרָה׃ |
| માણસો | અને-ચડી | તેની-સાથે | દબોરાહ |
| H0376 | H5927 | | H1683 |

બારાકે ઝબુલોન તથા નફતાલીના પુરુષોને કેદેશમાં એકત્ર કર્યા. તેની પાછળ દસ હજાર પુરુષો ગયા અને દબોરા તેની સાથે ગઈ.

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְחֶבֶר | הַקֵּינִי | נִפְרָד | מִקַּיִן | מִבְּנֵי | חֹבָב | חֹתֵן | מֹשֶׁה | וַיֵּט | אָהֳלוֹ | עַד־ |
| અને-હેબેર | કેનીએ | જુદો-થયો-હતો | કાઈનથી | સંતાનોમાંથી | હોબાબના | સસરા | મૂસાના | અને-ખેંચ્યો | તંબુ-તેનો | સુધી |
| H2268 | H7017 | H6504 | H7017 | | H2246 | | H4872 | H5186 | H0168 | H5704 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֵלוֹן | [בצענים] | (בְּצַעֲנַנִּים) | אֲשֶׁר | אֶת־ | קֶדֶשׁ׃ |
| વૃક્ષ | ત્સાઆનાનીમ | ત્સાઆનાનીમમાં | જે | પાસે | કેદેશ |
| H0436 | H6815 | H6815 | | H0854 | H6943 |

હવે હેબેર કેનીએ પોતાને કેનીઓથી અલગ કર્યો. તેઓ મૂસાના સાળા હોબાબના વંશજો હતા - અને તેણે તેનો તંબુ કેદેશ પાસેના સાનાન્નીમમાંના એલોન વૃક્ષ જેટલે દૂર લગાવ્યો હતો.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּגִּדוּ | לְסִֽיסְרָא | כִּי | עָלָה | בָּרָק | בֶּן־ | אֲבִינֹעַם | הַר־ | תָּבוֹר׃ | ס |
| અને-ખબર-આપી | સીસરાને | કે | ચડ્યો | બારાક | દીકરો | અબીનોઆમનો | પહાડ | તાબોર | — |
| H5046 | H5516 | | H5927 | H1301 | | H0042 | H2022 | H8396 | |

જયારે તેઓએ સીસરાને ખબર આપી કે અબીનોઆમનો દીકરો બારાક તાબોર પર્વત પર ગયો છે,

13

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּזְעֵק | סִֽיסְרָא | אֶת־ | כָּל־ | רִכְבּוֹ | תְּשַׁע | מֵאוֹת | רֶכֶב | בַּרְזֶל | וְאֶת־ | כָּל־ | הָעָם |
| અને-ભેગા-કર્યા | સીસરાએ | એ | બધા | રથો-તેના | નવ | સો | રથ | લોખંડના | અને-એ | બધા | લોકોને |
| H2199 | H5516 | H0853 | H3605 | H7393 | H8672 | H3967 | H7393 | H1270 | H0853 | H3605 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | אִתּוֹ | מֵחֲרֹשֶׁת | הַגּוֹיִם | אֶל־ | נַחַל | קִישׁוֹן׃ |
| જે | તેની-સાથે | હરોશેથમાંથી | પ્રજાઓના | પ્રતિ | નદી | કીશોન |
| | H0854 | H2800 | | H0413 | | H7028 |

ત્યારે સીસરાએ પોતાના સર્વ રથો, નવસો લોખંડના રથો અને વિદેશીઓના હરોશેથ-હગોઈમથી તે કીશોન નદી સુધી જે લોકો તેની સાથે હતા તે સર્વને એકત્ર કર્યા.

14

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֹּאמֶר | דְּבֹרָה | אֶל־ | בָּרָק | קוּם | כִּי | זֶה | הַיּוֹם | אֲשֶׁר | נָתַן | יְהוָה | אֶת־ |
| અને-કહ્યુ | દબોરાહે | પ્રતિ | બારાકને | ઊઠ | કેમ-કે | આ | દિવસ-છે | જેમાં | આપ્યો-છે | યહોવાહે | એ |
| H0559 | H1683 | H0413 | H1301 | | | H2088 | H3117 | | H5414 | H3068 | H0853 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| סִֽיסְרָא | בְּיָדֶךָ | הֲלֹא | יְהוָה | יָצָא | לְפָנֶיךָ | וַיֵּרֶד | בָּרָק | מֵהַר | תָּבוֹר | וַעֲשֶׂרֶת |
| સીસરાને | તારા-હાથમાં | શું-નહિ | યહોવાહ | નીકળ્યો-છે | તારી-આગળ | અને-ઊતર્યો | બારાક | પહાડથી | તાબોરના | અને-દસ |
| H5516 | H3027 | H3808 | H3068 | H3318 | H6440 | H3381 | H1301 | H2022 | H8396 | H6235 |

| | | |
|---|---|---|
| אֲלָפִים | אִישׁ | אַחֲרָיו׃ |
| હજાર | માણસો | તેની-પાછળ |
| H0505 | H0376 | |

દબોરાએ બારાકને કહ્યુ, “જા□ કેમ કે આજે ઈશ્વરે સીસરાને તારા હાથમાં સોંપી દીધો છે. શું ઈશ્વર તમારા અગ્રેસર નથી?” તેથી બારાક તાબોર પર્વત પરથી નીચે ઊતર્યો, તેની સાથેના દસ હજાર પુરુષો તેની પાછળ ગયા.

15

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּהָם | יְהוָה | אֶת־ | סִֽיסְרָא | וְאֶת־ | כָּל־ | הָרֶכֶב | וְאֶת־ | כָּל־ | הַֽמַּחֲנֶה | לְפִי־ | חֶרֶב |
| અને-ગભરાવ્યો | યહોવાહે | એ | સીસરાને | અને-એ | બધા | રથોને | અને-એ | બધા | છાવણીને | ધારથી | તલવારની |
| H2000 | H3068 | H0853 | H5516 | H0853 | H3605 | H7393 | H0853 | H3605 | H4264 | H6310 | H2719 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לִפְנֵי | בָרָק | וַיֵּרֶד | סִֽיסְרָא | מֵעַל | הַמֶּרְכָּבָה | וַיָּנָס | בְּרַגְלָיו׃ |
| સામે | બારાકની | અને-ઊતર્યો | સીસરા | પરથી | રથ | અને-ભાગ્યો | પગે |
| H6440 | H1301 | H3381 | H5516 | | H4818 | H5127 | H7272 |

ઈશ્વરે સીસરાનો તેના સૈન્યનો, તેના સર્વ રથોનો અને બારાકની આગળ પરાજય કર્યો, તેથી સીસરા પોતાના રથમાંથી ઊતરીને નાસી ગયો.

16

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבָרָק | רָדַף | אַחֲרֵי | הָרֶכֶב | וְאַחֲרֵי | הַֽמַּחֲנֶה | עַד | חֲרֹשֶׁת | הַגּוֹיִם | וַיִּפֹּל | כָּל־ |
| અને-બારાકે | પીછો-કર્યો | પાછળ | રથોની | અને-પાછળ | છાવણીની | સુધી | હરોશેથ | પ્રજાઓના | અને-પડ્યું | બધું |
| H1301 | H7291 | | H7393 | | H4264 | H5704 | H2800 | | H5307 | H3605 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מַחֲנֵה | סִֽיסְרָא | לְפִי־ | חֶרֶב | לֹא | נִשְׁאַר | עַד־ | אֶחָד׃ |
| સૈન્ય | સીસરાનું | ધારથી | તલવારની | નહિ | બચ્યો | સુધી | એક-પણ |
| H4264 | H5516 | H6310 | H2719 | H3808 | H7604 | H5704 | H0259 |

પણ બારાક વિદેશીઓના હરોશેથ-હગોઈમ સુધી સૈન્યની પાછળ પડ્યો તેથી સીસરાનું સર્વ સૈન્ય તલવારે મરાયું અને એકપણ માણસ બચ્યો નહિ.

17

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְסִֽיסְרָא | נָס | בְּרַגְלָיו | אֶל־ | אֹהֶל | יָעֵל | אֵשֶׁת | חֶבֶר | הַקֵּינִי | כִּי | שָׁלוֹם | בֵּין |
| અને-સીસરા | ભાગ્યો | પગે | પ્રતિ | તંબુ | યાએલનો | પત્ની | હેબેર | કેનીની | કેમ-કે | શાંતિ | વચ્ચે |
| H5516 | H5127 | H7272 | H0413 | H0168 | H3278 | H0802 | H2268 | H7017 | | H7965 | H0996 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יָבִין | מֶֽלֶךְ־ | חָצוֹר | וּבֵין | בֵּית | חֶבֶר | הַקֵּינִי׃ |
| યાબીન | રાજા | હાસોરના | અને-વચ્ચે | ઘર | હેબેર | કેનીનું |
| H2985 | H4428 | H2674 | H0996 | | H2268 | H7017 |

પણ સીસરા ચાલીને હેબેર કેનીની પત્ની યાએલના તંબુમાં નાસી ગયો, કેમ કે ત્યાં હાસોરના રાજા યાબીનની તથા હેબેર કેનીના કુટુંબ વચ્ચે સલાહસંપ હતો.

18

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַתֵּצֵא | અને-નીકળી | H3318 |
| יָעֵל | યાએલ | H3278 |
| לִקְרַאת | સામે | H7125 |
| סִֽיסְרָא | સીસરાની | H5516 |
| וַתֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֵלָיו | તેને | H0413 |
| סוּרָה | અદર-આવ | H5493 |
| אֲדֹנִי | માલિક-મારા | H0113 |
| סוּרָה | અદર-આવ | H5493 |
| אֵלַי | મારી-પાસે | H0413 |
| אַל־ | નહિ | H0408 |
| תִּירָא | ડર | H3372 |
| וַיָּסַר | અને-વળ્યો | H5493 |
| אֵלֶיהָ | તેની-પાસે | H0413 |
| הָאֹהֱלָה | તંબુમાં | H0168 |
| וַתְּכַסֵּהוּ | અને-ઢાંક્યો-તેને | H3680 |
| בַּשְׂמִיכָה׃ | ધાબળાથી | H8063 |

યાએલ સીસરાને મળવા બહાર નીકળી અને તેને કહ્યુ, "ઓ મારા માલિક, આ બાજુ આવ; મારી આ બાજુ આવ અને ગભરાઈશ નહિ." તે તેના તંબુમાં ગયો અને તેણે તેને ધાબળો ઓઢાડ્યો.

19

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֵלֶיהָ | તેને | H0413 |
| הַשְׁקִינִי־ | પીવડાવ | H8248 |
| נָא | કૃપા-કરી | H4994 |
| מְעַט־ | થોડું | H4592 |
| מַיִם | પાણી | H4325 |
| כִּי | કેમ-કે | |
| צָמֵאתִי | તરસ્યો-છું | H6770 |
| וַתִּפְתַּח | અને-ખોલ્યો | |
| אֶת־ | એ | H0853 |
| נֹאוד | મશક | H4997 |
| הֶחָלָב | દૂધનો | H2461 |
| וַתַּשְׁקֵהוּ | અને-પીવડાવ્યું | H8248 |
| וַתְּכַסֵּהוּ׃ | અને-ઢાંક્યો | H3680 |

સીસરાએ તેને કહ્યુ, "કૃપા કરીને મને થોડું પાણી આપ, કેમ કે મને તરસ લાગી છે." તેણે એક મશક ઉઘાડીને તેને પીવાને દૂધ આપ્યું અને તેણે તેના પર ફરીથી ધાબળો ઓઢાડી દીધો.

20

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֵלֶיהָ | તેને | H0413 |
| עֲמֹד | ઊભી-રહે | H5975 |
| פֶּתַח | દરવાજે | H6607 |
| הָאֹהֶל | તંબુના | H0168 |
| וְהָיָה | અને-થાય | H1961 |
| אִם־ | જો | |
| אִישׁ | કોઈ | H0376 |
| יָבוֹא | આવે | H0935 |
| וּשְׁאֵלֵךְ | અને-પૂછે-તને | H7592 |
| וְאָמַר | અને-કહે | H0559 |
| הֲיֵשׁ־ | છે-કે | H3426 |
| פֹּה | અહીં | H6311 |
| אִישׁ | કોઈ | H0376 |
| וְאָמַרְתְּ | અને-કહેજે | H0559 |
| אָיִן׃ | નથી | H0369 |

તેણે તેને કહ્યુ, "તું ખુલ્લાં તંબુએ ઊભી રહે. જો કોઈ આવીને તને પૂછે કે, 'કોઈ અહીં છે?' તો તારે કહેવું કે, 'નથી.'"

21

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיַּעֲבֹר | אֶת־ | מִצְפֵּה | גִלְעָד | וּמִמִּצְפֵּה | גִּלְעָד | עָבַר | בְּנֵי | עַמּוֹן׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-પસાર-કર્યો | — | મિસ્પાહ | ગિલઆદનો | અને-મિસ્પાહથી | ગિલઆદનો | પસાર-કર્યો | પુત્રો-સામે | આમ્મોનને |
| | H0853 | H4708 | H1568 | H4708 | H1568 | | | H5983 |

અને ઈશ્વરનો આત્મા યિફતા પર આવ્યો અને તે ગિલ્યાદ તથા મનાશ્શામાં થઈને ગિલ્યાદના મિસ્પામાં ગયો. પછી મિસ્પામાંથી આમ્મોનીઓની પાસે ગયો.

30

| וַיִּדַּר | יִפְתָּח | נֶדֶר | לַיהוָה | וַיֹּאמַר | אִם־ | נָתוֹן | תִּתֵּן | אֶת־ | בְּנֵי | עַמּוֹן | בְּיָדִי׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-માનતા-માંગી | યિફતાહે | શપથ | યહોવાહને | અને-કહ્યુ | જો- | ચોક્કસ | આપશે | — | પુત્રોને | આમ્મોનને | માર-હાથમાં |
| H5087 | H3316 | H5088 | H3068 | H0559 | | H5414 | H5414 | H0853 | | H5983 | H3027 |

યિફતાએ ઈશ્વરની આગળ માનતા માનીને કહ્યુ, "જો તમે મને આમ્મોનીઓ પર વિજય અપાવશો,

31

| וְהָיָה | הַיּוֹצֵא | אֲשֶׁר | יֵצֵא | מִדַּלְתֵי | בֵיתִי | לִקְרָאתִי | בְּשׁוּבִי | בְשָׁלוֹם |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-થાય | બહાર-આવનાર | જે | બહાર-આવે | દરવાજામાંથી | ઘર-મારે | મને-મળવા | પાછા-ફરીશ-ત્યારે | શાંતિથી |
| H1961 | H3318 | | H3318 | | | H7125 | H7725 | H7965 |

| מִבְּנֵי | עַמּוֹן | וְהָיָה | לַיהוָה | וְהַעֲלִיתִהוּ | עוֹלָה׃ | פ |
|---|---|---|---|---|---|---|
| પુત્રોથી | આમ્મોનને | અને-થાય | યહોવાહનો | અને-ચઢાવીશ-તેને | દહનાર્પણ | — |
| | H5983 | H1961 | H3068 | H5927 | | |

તો પછી જયારે હું આમ્મોનીઓ પાસેથી નિરાંતે પાછો આવીશ ત્યારે મને મળવા સારુ જે કોઈ મારા ઘરના બારણામાંથી બહાર નીકળે તે ઈશ્વરનું થશે અને હું તેનું દહનીયાર્પણ કરીશ."

32

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲבֹר | יִפְתָּח | אֶל־ | בְּנֵי | עַמּוֹן | לְהִלָּחֶם | בָּם | וַיִּתְּנֵם | יְהוָה | בְּיָדוֹ׃ |
| અને-પસાર-કર્યો | યિફતાહ | — | પુત્રો-સામે | આમ્મોનનં | લડવા | તેઓ-સાથે | અને-આપ્યા | યહોવાહે | તેનં-હાથમાં |
| | H3316 | H0413 | | H5983 | | | H5414 | H3068 | H3027 |

યિફતા આમ્મોનીઓની વિરુદ્ધ યુદ્ધ કરવા સારુ ગયો ઈશ્વરે તેઓને વિજય અપાવ્યો.

33

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּכֵּם | מֵעֲרוֹעֵר | וְעַד־ | בּוֹאֲךָ | מִנִּית | עֶשְׂרִים | עִיר | וְעַד | כְּרָמִים אָבֵל | מַכָּה |
| અને-માર્યા-તેઓને | અરોએરથી | અને-સુધી- | આવતાં-તારં | મિન્નીથ | વીસ | નગરો | અને-સુધી | આબેલ-કરામીમ | માર |
| H5221 | H6177 | H5704 | H0935 | H4511 | H6242 | | H5704 | H0064 | H4347 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| גְּדוֹלָה | מְאֹד | וַיִּכָּנְעוּ | בְּנֵי | עַמּוֹן | מִפְּנֵי | בְּנֵי | יִשְׂרָאֵל׃ | פ |
| મોટી | ઘણી | અને-નમ્ર-થયા | પુત્રો | આમ્મોનનં | સામેથી | પુત્રો | ઇઝરાયલનં | — |
| | H3966 | H3665 | | H5983 | H6440 | | H3478 | |

તેણે તેઓ પર હુમલો કર્યો. અરોએરથી મિન્નીથ સુધીનાં વીસ નગરોનો તથા આબેલ-કરામીમ સુધીના લોકોનો મોટો સંહાર કર્યો. તેથી આમ્મોનીઓ ઇઝરાયલ લોકોના નિયંત્રણ હેઠળ મૂકવામાં આવ્યા.

34

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹא | יִפְתָּח | הַמִּצְפָּה | אֶל־ | בֵּיתוֹ | וְהִנֵּה | בִתּוֹ | יֹצֵאת | לִקְרָאתוֹ | בְּתֻפִּים |
| અને-આવ્યા | યિફતાહ | મિસ્પાહમાં | — | ઘરે-તેનં | અને-જુઓ | દીકરી-તેની | બહાર-આવે-છે | મળવા | તંબૂરાથી |
| H0935 | H3316 | H4709 | H0413 | | H2009 | H1323 | H3318 | H7125 | H8596 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבִמְחֹלוֹת | וְרַק | הִיא | יְחִידָה | אֵין־ | לוֹ | מִמֶּנּוּ | בֵּן | אוֹ־ | בַת׃ |
| અને-નૃત્યથી | અને-માત્ર | તે | એકમાત્ર | નહોતી- | તેને | તેનાથી | પુત્ર | કે- | પુત્રી |
| H4246 | H7535 | H1931 | H3173 | H0369 | | | | | H1323 |

યિફતા પોતાને ઘરે મિસ્પામાં આવ્યો. ત્યાં તેની દીકરી તેને મળવાને ખંજરી વગાડતા તથા નૃત્ય કરતાં કરતાં બહાર આવી. તે તેનું એક માત્ર સંતાન હતું, તેના પછી તેને અન્ય દીકરો કે દીકરી ન હતાં.

35

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | כִרְאוֹתוֹ | אוֹתָהּ | וַיִּקְרַע | אֶת־ | בְּגָדָיו | וַיֹּאמֶר | אֲהָהּ | בִּתִּי | הַכְרֵעַ |
| અને-થયું | જોઈ-ત્યારે | તેને | અને-ફાડ્યા | — | વસ્ત્રો-તેનં | અને-કહ્યુ | હાય | પુત્રી-મારી | નીચે-ઉતાર્યા |
| H1961 | H7200 | H0853 | H7167 | H0853 | | H0559 | H0162 | H1323 | H3766 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הִכְרַעְתִּנִי | וְאַתְּ | הָיִית | בְּעֹכְרָי | וְאָנֹכִי | פָּצִיתִי־ | פִי | אֶל־ | יְהוָה | וְלֹא |
| નીચે-ઉતારી-છે-મને | અને-તું | છે- | માર□-વિપત્તિમાં | અને-હું | ખોલ્યું-હતું- | મોં-મારું | — | યહોવાહ-પ્રત્યે | અને-ન |
| H3766 | | H1961 | H5916 | H0595 | H6475 | H6310 | H0413 | H3068 | H3808 |

| | |
|---|---|
| אוּכַל | לָשׁוּב׃ |
| શકું | પાછા-ફરવા |
| H3201 | H7725 |

જયારે તેણે તેને જોઈ, ત્યારે તે દુ:ખમાં ગરકાવ થઈ ગયો અને કહ્યુ, "અરે□ મારી દીકરી□ તેં મને પીડામાં કચડી નાખ્યો છે. જેઓ મને દુ:ખ દેનારા છે તેઓમાંની તું પણ થઈ□ કેમ કે મેં ઈશ્વરના સોગન લીધા છે અને એ મારા સોગનથી મારાથી પાછા ફરી શકાય એવું નથી."

36

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֹּאמֶר | אֵלָיו | אָבִי | פָּצִיתָה | אֶת־ | פִּיךָ | אֶל־ | יְהוָה | עֲשֵׂה | לִי | כַּאֲשֶׁר |
| અને-કહ્યુ | તેને | પિતા-મારે | ખોલ્યું-છે-તેં | — | મોં-તારું | — | યહોવાહ-પ્રત્યે | કર | મારી-સાથે | જેમ |
| H0559 | H0413 | H0001 | H6475 | H0853 | H6310 | H0413 | H3068 | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יָצָא | מִפִּיךָ | אַחֲרֵי | אֲשֶׁר | עָשָׂה | לְךָ | יְהוָה | נְקָמוֹת | מֵאֹיְבֶיךָ | מִבְּנֵי | עַמּוֹן׃ |
| નીકળ્યું-છે | મોં-તારેથી | પછી | જે | કર્યું-છે | તારે-માટે | યહોવાહે | બદલો | શત્રુઓ-તારેથી | પુત્રોથી | આમ્મોનનં |
| H3318 | H6310 | | | | | H3068 | H5360 | H0341 | | H5983 |

તેણે તેને કહ્યુ, "મારા પિતા, તમે ઈશ્વરને સોગનપૂર્વક જે વચન આપ્યું છે, તે પ્રમાણે મને થાઓ, કેમ કે ઈશ્વરે તારું વેર તારા વેરીઓ પર, એટલે આમ્મોનીઓ પર વાળ્યું છે."

37 וַתֹּ֙אמֶר֙ અને-કહ્યુ H0559 | אֶל־ — H0413 | אָבִ֔יהָ પિત□-તેનેને H0001 | יֵעָ֥שֶׂה કરવામાં-આવે | לִּ֖י મારી-સાથે | הַדָּבָ֣ר વાત H1697 | הַזֶּ֑ה આ H2088 | הַרְפֵּ֙ה છોડી-દે- H7503 | מִמֶּ֜נִּי મને | שְׁנַ֣יִם બે H8147 | חֳדָשִׁ֗ים મહિના H2320
וְאֵלְכָ֗ה અને-જાઉં H3212 | וְיָרַדְתִּ֙י અને-ઉતરું H3381 | עַל־ ઉપર- | הֶ֣הָרִ֔ים પર્વતો H2022 | וְאֶבְכֶּה֙ અને-રડું H1058 | עַל־ ઉપર- | בְּתוּלַ֔י કુંવારાપણું-મારું H1331 | אָנֹכִ֖י હું H0595 | ]ורעיתי[ સખીઓ-મારી H7453 | )וְרֵעוֹתָֽי׃( સખીઓ-મારી H7453

તેણે પોતાના પિતાને કહ્યુ, "મારી આટલી વિનંતી છે કે મને બે મહિના સુધી એકલી રહેવા દે કે, હું નીચે પર્વતોમાં જાઉં અને ત્યાં મારી સખીઓએ મારા કૌમાર્યનો શોક કર્યો."

38 וַיֹּ֣אמֶר અને-કહ્યુ H0559 | לֵ֔כִי જા H3212 | וַיִּשְׁלַ֥ח અને-મોકલી H7971 | אוֹתָ֖הּ તેને H0853 | שְׁנֵ֣י બે H8147 | חֳדָשִׁ֑ים મહિના H2320 | וַתֵּ֤לֶךְ અને-ગઈ H3212 | הִיא֙ તે H1931 | וְרֵ֣עוֹתֶ֔יהָ અને-સખીઓ-તેની H7464 | וַתֵּ֥בְךְּ અને-રડી H1058 | עַל־ ઉપર-
בְּתוּלֶ֖יהָ કુંવારાપણું-તેનું H1331 | עַל־ ઉપર- | הֶהָרִֽים׃ પર્વતો H2022

તેણે કહ્યુ, "જા." તેણે તેને બે મહિના માટે જવા દીધી. તેણે વિદાય લીધી. તેણે તથા તેની સહિયરોએ પર્વતો ઉપર પોતાના કૌમાર્યનો શોક કર્યો.

39 וַיְהִ֞י અને-થયું H1961 | מִקֵּ֣ץ׀ અંતે- H7093 | שְׁנַ֣יִם બે H8147 | חֳדָשִׁ֗ים મહિના H2320 | וַתָּ֙שָׁב֙ અને-પાછી-આવી H7725 | אֶל־ — H0413 | אָבִ֔יהָ પિતા-તેને-પાસે H0001 | וַיַּ֣עַשׂ અને-કર્યુ | לָ֔הּ તેને | אֶת־ — H0853 | נִדְר֖וֹ શપથ-તેનો H5088
אֲשֶׁ֣ר જે | נָדָ֑ר માંગી-હતી H5087 | וְהִיא֙ અને-તે H1931 | לֹא־ ન- H3808 | יָדְעָ֣ה જાણતી-હતી H3045 | אִ֔ישׁ પુરુષને H0376 | וַתְּהִי־ અને-થઈ- H1961 | חֹ֖ק રિવાજ H2706 | בְּיִשְׂרָאֵֽל׃ ઇઝરાયલમાં H3478

બે મહિના પછી તે પોતાના પિતાની પાસે પાછી આવી. યિફતાએ પોતે આપેલા વચનનું પાલન કર્યુ. હવે યિફતાની દીકરી કુંવારી + 11:39 તે તેના આયુષ્ય ભર યહોવાહ માટે કુંવારી રહી રહેલી હતી તેથી ઇઝરાયલમાં એવો રિવાજ પડ્યો કે

40 מִיָּמִ֣ים׀ વર્ષે- H3117 | יָמִ֗ימָה વર્ષે H3117 | תֵּלַ֙כְנָה֙ જાતી-હતી H3212 | בְּנ֣וֹת પુત્રીઓ H1323 | יִשְׂרָאֵ֔ל ઇઝરાયલની H3478 | לְתַנּ֕וֹת વિલાપ-કરવા H8567 | לְבַת־ પુત્રી- H1323 | יִפְתָּ֖ח યિફતાહની H3316 | הַגִּלְעָדִ֑י ગિલઆદી H1569 | אַרְבַּ֥עַת ચાર H0702 | יָמִ֖ים દિવસ H3117
בַּשָּׁנָֽה׃ વર્ષમાં H8141 | ס —

વર્ષમાં ચાર દિવસ ગિલ્યાદી યિફતાની દીકરીનો શોક પાળવા માટે ઇઝરાયલની દીકરીઓ દર વર્ષે પર્વતો પર જતી હતી.

## Chapter 12

1 וַיִּצָּעֵק֙ અને-બૂમો-પાડ્યા H6817 | אִ֣ישׁ માણસોએ H0376 | אֶפְרַ֔יִם એફ્રાઈમના H0669 | וַֽיַּעֲבֹ֖ר અને-પાર-ઊતર્યા | צָפ֑וֹנָה ઉત્તર-તરફ H6828 | וַיֹּאמְר֨וּ અને-કહ્યુ H0559 | לְיִפְתָּ֜ח યિફતાહને H3316 | מַדּ֣וּעַ׀ શા-માટે H4069 | עָבַ֣רְתָּ׀ તું-ગયો
לְהִלָּחֵ֣ם લડવા | בִּבְנֵֽי־ બની-સામે | עַמּ֗וֹן આમ્મોનના H5983 | וְלָ֙נוּ֙ અને-અમને | לֹ֤א નહિ H3808 | קָרָ֙אתָ֙ બોલાવ્યા H7121 | לָלֶ֣כֶת જવા-માટે H3212 | עִמָּ֔ךְ તારી-સાથે | בֵּֽיתְךָ֕ તારું-ઘર | נִשְׂרֹ֥ף બાળી-નાખીશું H8313
עָלֶ֖יךָ તારા-પર | בָּאֵֽשׁ׃ અગ્નિથી H0784

એફ્રાઇમના માણસો એકત્ર થઈને યર્દન નદી પાર કરીને ઉત્તરના ઝફોન નગર તરફ ગયા. તેઓએ યિફતાને કહ્યુ, “તું આમ્મોનીઓની વિરુદ્ધ લડવા ગયો ત્યારે તારી સાથે જવા માટે તેં અમને કેમ બોલાવ્યા નહિ? અમે તને તારા ઘરમાં પૂરીને આગ લગાડીશું.”

2

| וַיֹּ֣אמֶר | יִפְתָּח֙ | אֲלֵיהֶ֔ם | אִ֣ישׁ | רִ֗יב | הָיִ֛יתִי | אֲנִ֥י | וְעַמִּ֖י | וּבְנֵֽי־ | עַמּ֖וֹן | מְאֹ֑ד |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | યિફતાહે | તેઓને | માણસ | ઝઘડાનો | હતો | હું | અને-મારા-લોકો | અને-બની | આમ્મોનના | ઘણો |
| H0559 | H3316 | H0413 | H0376 | H7379 | H1961 | H0589 | | | H5983 | H3966 |

| וָֽאֶזְעַ֣ק | אֶתְכֶ֔ם | וְלֹֽא־ | הוֹשַׁעְתֶּ֥ם | אוֹתִ֖י | מִיָּדָֽם׃ |
|---|---|---|---|---|---|
| અને-મેં-પોકાર-કર્યો | તમને | અને-નહિ | બચાવ્યા | મને | તેઓના-હાથમાંથી |
| H2199 | H0853 | H3808 | H3467 | H0853 | H3027 |

યિફતાએ તેઓને કહ્યુ, “મારે અને મારા લોકોને આમ્મોનીઓ સાથે સંઘર્ષ ચાલતો હતો. જયારે મેં તમને બોલાવ્યા, ત્યારે તમે મને તેઓથી બચાવ્યો ન હતો.

3

| וָאֶרְאֶ֞ה | כִּֽי־ | אֵינְךָ֣ | מוֹשִׁ֗יעַ | וָאָשִׂ֨ימָה | נַפְשִׁ֤י | בְכַפִּי֙ | וָאֶֽעְבְּרָה֙ | אֶל־ | בְּנֵ֣י |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-મેં-જોયું | કે | તું-નથી | બચાવનાર | અને-મેં-મૂક્યો | મારો-જીવ | મારા-હાથમાં | અને-પાર-ઊતર્યો | તરફ | બની |
| H7200 | | H0369 | H3467 | | H5315 | H3709 | | H0413 | |

| עַמּ֔וֹן | וַיִּתְּנֵ֥ם | יְהוָ֖ה | בְּיָדִ֑י | וְלָמָ֨ה | עֲלִיתֶ֥ם | אֵלַ֛י | הַיּ֥וֹם | הַזֶּ֖ה | לְהִלָּ֥חֶם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| આમ્મોનના | અને-સોંપ્યા | યહોવાહે | મારા-હાથમાં | અને-શા-માટે | ચઢી-આવ્યા-છો | મારી-પાસે | આજે | આ | લડવા |
| H5983 | H5414 | H3068 | H3027 | H4100 | H5927 | H0413 | H3117 | H2088 | |

| בִּֽי׃ |
|---|
| મારી-સામે |

જયારે મેં જોયું કે તમે મને બચાવ્યો નહિ, ત્યારે હું મારો જીવ જોખમમાં નાખીને આમ્મોનીઓની સામે ગયો અને ઈશ્વરે મને વિજય અપાવ્યો. હવે તમે શા માટે આજે મારી વિરુદ્ધ લડવાને આવ્યા છો?”

4

| וַיִּקְבֹּ֤ץ | יִפְתָּח֙ | אֶת־ | כָּל־ | אַנְשֵׁ֣י | גִלְעָ֔ד | וַיִּלָּ֖חֶם | אֶת־ | אֶפְרָ֑יִם | וַיַּכּוּ֩ | אַנְשֵׁ֨י |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ભેગા-કર્યા | યિફતાહે | બધા | સર્વ | માણસોને | ગિલ્યાદના | અને-લડ્યા | સામે | એફ્રાઈમના | અને-માર્યા | માણસોએ |
| H6908 | H3316 | H0853 | H3605 | H0376 | H1568 | | H0854 | H0669 | H5221 | H0376 |

| גִלְעָ֜ד | אֶת־ | אֶפְרַ֗יִם | כִּ֤י | אָֽמְרוּ֙ | פְּלִיטֵ֤י | אֶפְרַ֙יִם֙ | אַתֶּ֔ם | גִּלְעָ֕ד | בְּת֥וֹךְ | אֶפְרַ֖יִם | בְּת֥וֹךְ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગિલ્યાદના | ને | એફ્રાઈમને | કારણ-કે | કહ્યુ-હતું | ભાગેડુ-છો | એફ્રાઈમના | તમે | ગિલ્યાદ | વચ્ચે | એફ્રાઈમની | વચ્ચે |
| H1568 | H0853 | H0669 | | H0559 | | H0669 | | H1568 | H8432 | H0669 | H8432 |

| מְנַשֶּֽׁה׃ |
|---|
| મનાશ્શાની |
| H4519 |

યિફતાએ ગિલ્યાદના સર્વ માણસોને એકત્ર કર્યા અને એફ્રાઇમીઓ વિરુદ્ધ લડાઈ કરી. ગિલ્યાદના માણસોએ એફ્રાઇમના માણસો પર હુમલો કર્યો કેમ કે તેઓએ કહ્યુ, “તમે એફ્રાઇમ તથા મનાશ્શા મધ્યે રહેનારા ગિલ્યાદીઓ - એફ્રાઇમથી નાસી આવેલા છો.”

5

| וַיִּלְכֹּ֥ד | גִּלְעָ֛ד | אֶת־ | מַעְבְּר֥וֹת | הַיַּרְדֵּ֖ן | לְאֶפְרָ֑יִם | וְהָיָ֡ה | כִּ֣י | יֹאמְר֨וּ | פְּלִיטֵ֤י |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કબજે-કર્યા | ગિલ્યાદે | ના | ઘાટો | યર્દનના | એફ્રાઈમ-માટે | અને-થયું | જયારે | કહેતા | ભાગેડુ |
| H3920 | H1568 | H0853 | | H3383 | H0669 | H1961 | | H0559 | |

| אֶפְרַ֙יִם֙ | אֶעֱבֹ֔רָה | וַיֹּ֨אמְרוּ | ל֧וֹ | אַנְשֵֽׁי־ | גִלְעָ֛ד | הַאֶפְרָתִ֥י | אַ֖תָּה | וַיֹּ֥אמֶר | לֹ֑א׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| એફ્રાઈમના | પાર-ઊતરવા-દો | અને-કહેતા | તેને | માણસો | ગિલ્યાદના | એફ્રાઈમી | તું | અને-કહેતો | ના |
| H0669 | | H0559 | | H0376 | H1568 | H0673 | | H0559 | H3808 |

ગિલ્યાદીઓએ યર્દન પાર કરીને એફ્રાઇમીઓને અટકાવ્યા અને જયારે કોઈ નાસી જતો એફ્રાઇમી બચી જતો ત્યારે તે કહેતો, “મને નદી પાર કરી જવા દે,” ત્યારે ગિલ્યાદના માણસો તેઓને કહેતા, “શું તું એફ્રાઇમી છે?” જો તે એવો જવાબ આપે કે, “ના,”

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמְרוּ | לוֹ | אֱמָר־ | נָא | שִׁבֹּלֶת | וַיֹּאמֶר | סִבֹּלֶת | וְלֹא | יָכִין | לְדַבֵּר | כֵּן |
| અને-કહેતા | તેને | બોલ | કૃપા-કરીને | શિબ્બોલેથ | અને-કહેતો | સિબ્બોલેથ | અને-નહિ | શકતો-હતો | ઉચ્ચારવા | બરાબર |
| H0559 | | H0559 | H4994 | | H0559 | H5451 | H3808 | | H1696 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאחֲזוּ | אוֹתוֹ | וַיִּשְׁחָטוּהוּ | אֶל־ | מַעְבְּרוֹת | הַיַּרְדֵּן | וַיִּפֹּל | בָּעֵת | הַהִיא | מֵאֶפְרַיִם |
| અને-પકડતા | તેને | અને-વધેરી-નાખતા | પાસે | ઘાટો | યર્દનના | અને-પડ્યા | તે-સમયે | તે | એફ્રાઈમમાંથી |
| H0270 | H0853 | | H0413 | | H3383 | H5307 | H6256 | H1931 | H0669 |

| | | |
|---|---|---|
| אַרְבָּעִים | וּשְׁנַיִם | אָלֶף׃ |
| બેતાળીસ | અને-બે | હજાર |
| H0705 | H8147 | H0505 |

તો તેઓ તેને એવું કહેત કે, “શિબ્બોલેથ' બોલ.” અને જો તે “શિબ્બોલેથ,” બોલે તો તે ઓળખાઈ જાય કેમ કે તે આ શબ્દોનો યોગ્ય ઉચ્ચાર કરી શકતો ન હતો. તેથી ગિલ્યાદીઓ તેને પકડી અને તેને યર્દનનાં કિનારે મારી નાખત. તે સમયે બેતાળીસ હજાર એફ્રાઇમીઓને મારી નાખવામાં આવ્યા.

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁפֹּט | יִפְתָּח | אֶת־ | יִשְׂרָאֵל | שֵׁשׁ | שָׁנִים | וַיָּמָת | יִפְתָּח | הַגִּלְעָדִי | וַיִּקָּבֵר |
| અને-ન્યાય-કર્યો | યિફતાહે | — | ઇઝરાયેલ-પર | છ | વર્ષ | અને-મૃત્યુ-પામ્યો | યિફતાહ | ગિલ્યાદી | અને-દફનાવાયો |
| H8199 | H3316 | H0853 | H3478 | H8337 | H8141 | H4191 | H3316 | H1569 | H6912 |

| | | |
|---|---|---|
| בְּעָרֵי | גִלְעָד׃ | פ |
| નગરોમાં | ગિલ્યાદના | — |
| | H1568 | |

યિફતાએ છ વર્ષ સુધી ઇઝરાયલીઓનો ન્યાય કર્યો. પછી ગિલ્યાદી યિફતા મરણ પામ્યો અને તેને ગિલ્યાદના એક નગરમાં દફનાવવામાં આવ્યો.

8

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיִּשְׁפֹּט | אַחֲרָיו | אֶת־ | יִשְׂרָאֵל | אִבְצָן | מִבֵּית־לָחֶם׃ |
| અને-ન્યાય-કર્યો | તેના-પછી | — | ઇઝરાયેલ-પર | ઈબ્સાને | બેથલેહેમના |
| H8199 | | H0853 | H3478 | H0078 | H1035 |

તેના પછી, બેથલેહેમના ઇબ્સાને ઇઝરાયલીઓનો ન્યાય કર્યો.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי־ | לוֹ | שְׁלֹשִׁים | בָּנִים | וּשְׁלֹשִׁים | בָּנוֹת | שִׁלַּח | הַחוּצָה | וּשְׁלֹשִׁים | בָּנוֹת | הֵבִיא |
| અને-હતા | તેને | ત્રીસ | પુત્રો | અને-ત્રીસ | પુત્રીઓ | મોકલી | બહાર | અને-ત્રીસ | પુત્રીઓ | લાવ્યો |
| H1961 | | H7970 | | H7970 | H1323 | H7971 | H2351 | H7970 | H1323 | H0935 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לְבָנָיו | מִן־ | הַחוּץ | וַיִּשְׁפֹּט | אֶת־ | יִשְׂרָאֵל | שֶׁבַע | שָׁנִים׃ |
| પોતાના-પુત્રો-માટે | થી | બહારથી | અને-ન્યાય-કર્યો | — | ઇઝરાયેલ-પર | સાત | વર્ષ |
| | | H2351 | H8199 | H0853 | H3478 | H7651 | H8141 |

તેને ત્રીસ દીકરાઓ હતા. તેણે ત્રીસ દીકરીઓનાં લગ્ન અન્ય લોકોમાં કરાવ્યા. અને પોતાના દીકરાઓનાં બહારનાં લોકોની દીકરીઓ સાથે કરાવ્યા. તેણે સાત વર્ષ ઇઝરાયલનો ન્યાય કર્યો.

10

| | | | | |
|---|---|---|---|---|
| וַיָּמָת | אִבְצָן | וַיִּקָּבֵר | בְּבֵית־לָחֶם׃ | פ |
| અને-મૃત્યુ-પામ્યો | ઈબ્સાન | અને-દફનાવાયો | બેથલેહેમમાં | — |
| H4191 | H0078 | H6912 | H1035 | |

ઇબ્સાન મરણ પામ્યો અને બેથલેહેમમાં દફનાવવામાં આવ્યો.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁפֹּט | אַחֲרָיו | אֶת־ | יִשְׂרָאֵל | אֵילוֹן | הַזְּבוּלֹנִי | וַיִּשְׁפֹּט | אֶת־ | יִשְׂרָאֵל | עֶשֶׂר |
| અને-ન્યાય-કર્યો | તેના-પછી | — | ઇઝરાયેલ-પર | એલોને | ઝબુલૂની | અને-ન્યાય-કર્યો | — | ઇઝરાયેલ-પર | દસ |
| H8199 | | H0853 | H3478 | H0356 | H2075 | H8199 | H0853 | H3478 | H6235 |

| |
|---|
| שָׁנִים׃ |
| વર્ષ |
| H8141 |

તેના પછી એલોન ઝબુલોનીએ ઇઝરાયલીઓનો ન્યાય કર્યો. તેણે દસ વર્ષ ઇઝરાયલનો ન્યાય કર્યો.

12

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיָּמָת | אֵלוֹן | הַזְּבוּלֹנִי | וַיִּקָּבֵר | בְּאַיָּלוֹן | בְּאֶרֶץ | זְבוּלֻן׃ | פ |
| અને-મૃત્યુ-પામ્યો | એલોન | ઝબુલૂની | અને-દફનાવાયો | આયાલોનમાં | દેશમાં | ઝબુલૂનના | — |
| H4191 | H0356 | H2075 | H6912 | H0357 | H0776 | H2074 | |

એલોન ઝબુલોની મરણ પામ્યો અને ઝબુલોનના આયાલોન દેશમાં દફનાવવામાં આવ્યો.

| 13 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁפֹּט | אַחֲרָיו | אֶת־ | יִשְׂרָאֵל | עַבְדּוֹן | בֶּן־ | הִלֵּל | הַפִּרְעָתוֹנִֽי׃ |
| અને-ન્યાય-કર્યો | તેના-પછી | — | ઇઝરાયેલ-પર | આબ્દોને | પુત્ર | હિલ્લેલના | પિરઆથોની |
| H8199 | | H0853 | H3478 | H5658 | | H1985 | H6553 |

તેના પછી હિલ્લેલ પિરઆથોની દીકરા આબ્દોને ઇઝરાયલીઓ પર ન્યાયાધીશ તરીકે રાજ કર્યુ.

| 14 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי־ | לוֹ | אַרְבָּעִים | בָּנִים | וּשְׁלֹשִׁים | בְנֵי | בָנִים | רֹכְבִים | עַל־ | שִׁבְעִים | עֲיָרִם |
| અને-હતા | તેને | ચાલીસ | પુત્રો | અને-ત્રીસ | પુત્રોના | પુત્રો | સવારી-કરતા | પર | સિત્તેર | ગધેડા |
| H1961 | | H0705 | | H7970 | | | H7392 | | H7657 | H5895 |

| | | | | |
|---|---|---|---|---|
| וַיִּשְׁפֹּט | אֶת־ | יִשְׂרָאֵל | שְׁמֹנֶה | שָׁנִים׃ |
| અને-ન્યાય-કર્યો | — | ઇઝરાયેલ-પર | આઠ | વર્ષ |
| H8199 | H0853 | H3478 | H8083 | H8141 |

તેને ચાળીસ દીકરા અને ત્રીસ પૌત્રો હતા. તેઓએ સિત્તેર ગધેડાઓ પર સવારી કરી અને તેણે આઠ વર્ષ ઇઝરાયલનો ન્યાય કર્યો.

| 15 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּמָת | עַבְדּוֹן | בֶּן־ | הִלֵּל | הַפִּרְעָתוֹנִי | וַיִּקָּבֵר | בְּפִרְעָתוֹן | בְּאֶרֶץ | אֶפְרַיִם |
| અને-મૃત્યુ-પામ્યો | આબ્દોન | પુત્ર | હિલ્લેલનો | પિરઆથોની | અને-દફનાવાયો | પિરઆથોનમાં | દેશમાં | એફ્રાઈમના |
| H4191 | H5658 | | H1985 | H6553 | H6912 | H6552 | H0776 | H0669 |

| | | |
|---|---|---|
| בְּהַר | הָעֲמָלֵקִי׃ | פ |
| પર્વત-પર | અમાલેકીના | — |
| H2022 | H6003 | |

હિલ્લેલ પિરાથોનીનો દીકરો આબ્દોન મરણ પામ્યો અને અમાલેકીઓના પહાડી પ્રદેશમાં એફ્રાઇમ દેશના પિરઆથોનમાં તેને દફનાવવામાં આવ્યો.

## Chapter 13

| 1 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּסִפוּ | בְּנֵי | יִשְׂרָאֵל | לַעֲשׂוֹת | הָרַע | בְּעֵינֵי | יְהוָה | וַיִּתְּנֵם | יְהוָה | בְּיַד־ |
| અને-ફરી-કર્યું | બની | ઇઝરાયેલના | કરવા | દુષ્ટ | દૃષ્ટિમાં | યહોવાહની | અને-સોંપ્યા | યહોવાહે | હાથમાં |
| H3254 | | H3478 | | H7451 | | H3068 | H5414 | H3068 | H3027 |

| | | | |
|---|---|---|---|
| פְלִשְׁתִּים | אַרְבָּעִים | שָׁנָה׃ | פ |
| પલિસ્તીઓના | ચાલીસ | વર્ષ | — |
| H6430 | H0705 | H8141 | |

ઇઝરાયલના લોકોએ ફરી ઈશ્વરની દ્રષ્ટિમાં જે ખરાબ હતું તે કર્યું અને તેમણે ચાળીસ વર્ષ સુધી તેઓને પલિસ્તીઓના હાથમાં સોંપ્યાં.

| 2 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | אִישׁ | אֶחָד | מִצָּרְעָה | מִמִּשְׁפַּחַת | הַדָּנִי | וּשְׁמוֹ | מָנוֹחַ | וְאִשְׁתּוֹ | עֲקָרָה |
| અને-હતો | માણસ | એક | સોરાહથી | કુળમાંથી | દાનના | અને-નામ-હતું | માનોઆહ | અને-તેની-પત્ની | વાંઝણી-હતી |
| H1961 | H0376 | H0259 | H6881 | H4940 | H1839 | H8034 | H4495 | H0802 | H6135 |

| | |
|---|---|
| וְלֹא | יָלָדָה׃ |
| અને-નહિ | જણી-હતી |
| H3808 | H3205 |

ત્યાં દાનના કુટુંબનો સોરાહનો રહેવાસી માનોઆ નામનાં એક માણસ હતાં. તેની પત્નીને સંતાન તથા ન હતાં.

| 3 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּרָא | מַלְאַךְ־ | יְהוָה | אֶל־ | הָאִשָּׁה | וַיֹּאמֶר | אֵלֶיהָ | הִנֵּה־ | נָא | אַתְּ | עֲקָרָה |
| અને-દેખાયા | દૂત | યહોવાહના | ને | સ્ત્રીને | અને-કહ્યુ | તેણીને | જો | કૃપા-કરીને | તું | વાંઝણી-છે |
| H7200 | H4397 | H3068 | H0413 | H0802 | H0559 | H0413 | H2009 | H4994 | | H6135 |

| | | | | |
|---|---|---|---|---|
| וְלֹא | יָלַדְתְּ | וְהָרִית | וְיָלַדְתְּ | בֵּן׃ |
| અને-નહિ | જણી-છે | પણ-ગર્ભવતી-થશે | અને-જણશે | પુત્ર |
| H3808 | H3205 | H2029 | H3205 | |

ઈશ્વરના દૂતે તે સ્ત્રીને દર્શન આપીને કહ્યુ, "હવે જો, તું નિ:સંતાન છે અને તને સંતાન થતાં નથી, પણ તને ગર્ભ રહેશે અને તું બાળકને જન્મ આપશે.

4
וְעַתָּה הִשָּׁמְרִי נָא וְאַל־ תִּשְׁתִּי יַיִן וְשֵׁכָר וְאַל־ תֹּאכְלִי כָּל־ טָמֵא׃
અને-હવે સાચવજે કૃપા-કરીને અને-ના પીતી દ્રાક્ષારસ કે-મદિરા અને-ના ખાતી કોઈ-પણ અશુદ્ધ-વસ્તુ
H6258 H8104 H4994 H0408 H8354 H3196 H7941 H0408 H0398 H3605 H2931

હવે ધ્યાન રાખ દારૂ કે દ્રાક્ષાસવ પીશ નહિ જે ખોરાક અશુદ્ધ ગણાય છે તે ખાઈશ નહિ.

5
כִּי הִנָּךְ הָרָה וְיֹלַדְתְּ בֵּן וּמוֹרָה לֹא־ יַעֲלֶה עַל־ רֹאשׁוֹ כִּי־
કારણ-કે જો-તું ગર્ભવતી-છે અને-જણશે પુત્ર અને-અસ્ત્રો ના ચઢશે પર તેના-માથા કારણ-કે
H2009 H2030 H3205 H4177 H3808 H5927

נְזִיר אֱלֹהִים יִהְיֶה הַנַּעַר מִן־ הַבָּטֶן וְהוּא יָחֵל לְהוֹשִׁיעַ אֶת־ יִשְׂרָאֵל מִיַּד
નાઝીર ઈશ્વરનો હશે બાળક થી ગર્ભ અને-તે શરૂ-કરશે બચાવવા ને ઇઝરાયેલને હાથમાંથી
H5139 H0430 H1961 H5288 H0990 H1931 H3467 H0853 H3478 H3027

פְּלִשְׁתִּים׃
પલિસ્તીઓના
H6430

જો, તું સગર્ભા થશે. અને પુત્રને જન્મ આપશે. તું તેના માથા પર કદી અસ્ત્રો ફેરવીશ નહિ, કેમ કે તે છોકરો ગર્ભસ્થાનથી જ ઈશ્વરને માટે નાઝીરી + 13:5 જુઓ ગણના 6 થશે. અને તે પલિસ્તીઓના હાથમાંથી ઇઝરાયલને છોડાવશે.

6
וַתָּבֹא הָאִשָּׁה וַתֹּאמֶר לְאִישָׁהּ לֵאמֹר אִישׁ הָאֱלֹהִים בָּא אֵלַי וּמַרְאֵהוּ
અને-આવી સ્ત્રી અને-કહ્યુ પોતાના-પતિને કહેતાં માણસ ઈશ્વરનો આવ્યો મારી-પાસે અને-તેનો-દેખાવ
H0935 H0802 H0559 H0376 H0559 H0376 H0430 H0935 H0413 H4758

כְּמַרְאֵה מַלְאַךְ הָאֱלֹהִים נוֹרָא מְאֹד וְלֹא שְׁאִלְתִּיהוּ אֵי־ מִזֶּה הוּא וְאֶת־ שְׁמוֹ
જેવો-દેખાવ દૂત ઈશ્વરના ભયાવહ ઘણો અને-નહિ પૂછ્યું-મેં ક્યાંથી થી તે અને તેનું-નામ
H4758 H4397 H0430 H3372 H3966 H3808 H7592 H0335 H2088 H1931 H0853 H8034

לֹא־ הִגִּיד לִי׃
નહિ કહ્યુ મને
H3808 H5046

ત્યારે તે સ્ત્રીએ આવીને પોતાના પતિને કહ્યુ કે, "ઈશ્વરનો એક માણસ મારી પાસે આવ્યો હતો, તેનો દેખાવ ઈશ્વરના દૂત જેવો હતો, તેથી મને ઘણી બીક લાગી. તે ક્યાંથી આવ્યો તે મેં પૂછ્યું નહિ, તેણે પણ પોતાનું નામ મને કહ્યુ નહિ.

7
וַיֹּאמֶר לִי הִנָּךְ הָרָה וְיֹלַדְתְּ בֵּן וְעַתָּה אַל־ תִּשְׁתִּי יַיִן וְשֵׁכָר וְאַל־
અને-કહ્યુ મને જો-તું ગર્ભવતી-છે અને-જણશે પુત્ર અને-હવે ના પીતી દ્રાક્ષારસ કે-મદિરા અને-ના
H0559 H2009 H2030 H3205 H6258 H0408 H8354 H3196 H7941 H0408

תֹּאכְלִי כָּל־ טֻמְאָה כִּי־ נְזִיר אֱלֹהִים יִהְיֶה הַנַּעַר מִן־ הַבֶּטֶן עַד־ יוֹם
ખાતી કોઈ-પણ અશુદ્ધ-વસ્તુ કારણ-કે નાઝીર ઈશ્વરનો હશે બાળક થી ગર્ભ સુધી દિવસ
H0398 H3605 H2932 H5139 H0430 H1961 H5288 H0990 H5704 H3117

מוֹתוֹ׃ פ
તેના-મરણનો —
H4194

તેણે મને કહ્યુ, જો તને ગર્ભ રહેશે અને તું દીકરાને જન્મ આપશે. તેથી દારૂ કે દ્રાક્ષાસવ પીશ નહિ, કંઈ અશુદ્ધ ખોરાક ખાઈશ નહિ, કેમ કે તે બાળક ગર્ભસ્થાનના સમયથી માંડીને તેના મરણના દિવસ સુધી ઈશ્વરને સારુ નાઝીરી થશે."

8
וַיֶּעְתַּר מָנוֹחַ אֶל־ יְהוָה וַיֹּאמַר בִּי אֲדוֹנָי אִישׁ הָאֱלֹהִים אֲשֶׁר שָׁלַחְתָּ
અને-પ્રાર્થના-કરી માનોઆહે ને યહોવાહને અને-કહ્યુ હે પ્રભુ માણસ ઈશ્વરનો જે તેં-મોકલ્યો
H6279 H4495 H0413 H3068 H0559 H0994 H0136 H0376 H0430 H7971

יָבוֹא־ נָא עוֹד אֵלֵינוּ וְיוֹרֵנוּ מַה־ נַּעֲשֶׂה לַנַּעַר הַיּוּלָּד׃
આવે કૃપા-કરીને ફરી અમારી-પાસે અને-શીખવે શું કરીએ બાળક-માટે જે-જન્મશે
H0935 H4994 H5750 H0413 H4100 H5288 H3205

પછી માનોઆએ ઈશ્વરને પ્રાર્થના કરીને કહ્યુ, “ઓ પ્રભુ, ઈશ્વર કૃપા કરીને જે માણસને તમે મોકલ્યો હતો તેને ફરી અમારી પાસે મોકલો કે જેથી જે બાળક જન્મશે તેને અમારે શું કરવું તે વિષે તે અમને શીખવે.”

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁמַע | הָאֱלֹהִים | בְּקוֹל | מָנוֹחַ | וַיָּבֹא | מַלְאַךְ | הָאֱלֹהִים | עוֹד | אֶל- | הָאִשָּׁה | וְהִיא |
| અને-સાંભળ્યું | ઈશ્વરે | વાણી | માનોઆહની | અને-આવ્યો | દૂત | ઈશ્વરનો | ફરી | પાસે | સ્ત્રીના | અને-તે |
| H8085 | H0430 | | H4495 | H0935 | H4397 | H0430 | H5750 | H0413 | H0802 | H1931 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| יוֹשֶׁבֶת | בַּשָּׂדֶה | וּמָנוֹחַ | אִישָׁהּ | אֵין | עִמָּהּ׃ |
| બેઠેલી-હતી | ખેતરમાં | અને-માનોઆહ | તેનો-પતિ | નહોતો | તેની-સાથે |
| H3427 | | H4495 | H0376 | H0369 | |

ઈશ્વરે માનોઆની પ્રાર્થનાનો ઉત્તર આપ્યો અને જયારે તે સ્ત્રી ખેતરમાં બેઠી હતી ત્યારે ઈશ્વરનો દૂત ફરી તેની પાસે આવ્યો. પણ તેનો પતિ માનોઆ તેની સાથે ન હતો.

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתְּמַהֵר | הָאִשָּׁה | וַתָּרָץ | וַתַּגֵּד | לְאִישָׁהּ | וַתֹּאמֶר | אֵלָיו | הִנֵּה | נִרְאָה | אֵלַי | הָאִישׁ |
| અને-ઝડપથી-ગઈ | સ્ત્રી | અને-દોડી | અને-કહ્યુ | પોતાના-પતિને | અને-કહ્યુ | તેને | જો | દેખાયો | મને | માણસ |
| | H0802 | H7323 | H5046 | H0376 | H0559 | H0413 | H2009 | H7200 | H0413 | H0376 |

| | | | |
|---|---|---|---|
| אֲשֶׁר- | בָּא | בַיּוֹם | אֵלָי׃ |
| જે | આવ્યો-હતો | તે-દિવસે | મારી-પાસે |
| | H0935 | H3117 | H0413 |

તેથી તે સ્ત્રીએ ઉતાવળે દોડી જઈને પોતાના પતિને કહ્યુ કે, “જો઼ તે દિવસે જે માણસ મારી પાસે આવ્યો હતો તે મને દેખાયો.”

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּקָם | וַיֵּלֶךְ | מָנוֹחַ | אַחֲרֵי | אִשְׁתּוֹ | וַיָּבֹא | אֶל- | הָאִישׁ | וַיֹּאמֶר | לוֹ | הַאַתָּה |
| અને-ઊઠ્યો | અને-ગયો | માનોઆહ | પાછળ | પોતાની-પત્નીના | અને-આવ્યો | પાસે | માણસના | અને-કહ્યુ | તેને | શું-તું-છે |
| | H3212 | H4495 | | H0802 | H0935 | H0413 | H0376 | H0559 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הָאִישׁ | אֲשֶׁר- | דִּבַּרְתָּ | אֶל- | הָאִשָּׁה | וַיֹּאמֶר | אָנִי׃ |
| માણસ | જેણે | વાત-કરી | ને | સ્ત્રીને | અને-કહ્યુ | હું |
| H0376 | | H1696 | H0413 | H0802 | H0559 | H0589 |

માનોઆ ઊઠીને પોતાની સ્ત્રીની પાછળ ચાલ્યો. અને તે માણસની પાસે આવ્યો. તેણે પૂછ્યું, “શું તમે તે જ માણસ છો કે જેમણે મારી પત્ની સાથે વાત કરી હતી?” તેણે કહ્યુ “હા હું એ જ છું.”

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | מָנוֹחַ | עַתָּה | יָבֹא | דְבָרֶיךָ | מַה- | יִּהְיֶה | מִשְׁפַּט- | הַנַּעַר | וּמַעֲשֵׂהוּ׃ |
| અને-કહ્યુ | માનોઆહે | હવે | આવે | તારી-વાત | શું | હશે | નિયમ | બાળકનો | અને-તેનું-કાર્ય |
| H0559 | H4495 | H6258 | H0935 | H1697 | H4100 | H1961 | H4941 | H5288 | H4639 |

તેથી માનોઆએ કહ્યુ, “હવે તારું વચન ફળીભૂત થાઓ. પણ તે છોકરો કેવો નીવડશે. અને કેવા કામ કરશે?”

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | מַלְאַךְ | יְהוָה | אֶל- | מָנוֹחַ | מִכֹּל | אֲשֶׁר- | אָמַרְתִּי | אֶל- | הָאִשָּׁה | תִּשָּׁמֵר׃ |
| અને-કહ્યુ | દૂતે | યહોવાહના | ને | માનોઆહને | બધું-જે | જે | મેં-કહ્યુ | ને | સ્ત્રીને | પાળે |
| H0559 | H4397 | H3068 | H0413 | H4495 | H3605 | | H0559 | H0413 | H0802 | H8104 |

ઈશ્વરના સ્વર્ગદૂતે માનોઆને કહ્યુ, “જે સર્વ મેં સ્ત્રીને કહ્યુ, તે વિષે તેણે કાળજી રાખવી.

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִכֹּל | אֲשֶׁר- | יֵצֵא | מִגֶּפֶן | הַיַּיִן | לֹא | תֹאכַל | וְיַיִן | וְשֵׁכָר | אַל- | תֵּשְׁתְּ |
| બધું-જે | જે | નીકળે | દ્રાક્ષાવેલમાંથી | દ્રાક્ષારસની | ના | ખાય | અને-દ્રાક્ષારસ | કે-મદિરા | ના | પીવે |
| H3605 | | H3318 | H1612 | H3196 | H3808 | H0398 | H3196 | H7941 | H0408 | H8354 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְכָל- | טֻמְאָה | אַל- | תֹּאכַל | כֹּל | אֲשֶׁר- | צִוִּיתִיהָ | תִּשְׁמֹר׃ |
| અને-કોઈ-પણ | અશુદ્ધ-વસ્તુ | ના | ખાય | બધું | જે | મેં-આજ્ઞા-આપી | પાળે |
| H3605 | H2932 | H0408 | H0398 | H3605 | | H6680 | H8104 |

તેણે દ્રાક્ષનું બનેલું કંઈ પણ ન ખાવું, તેણે દારૂ કે નશાકારક પીણું પીવું નહિ; કંઈ પણ અશુદ્ધ ખાવું નહિ. મેં જે આજ્ઞા તેને આપી છે તે સર્વ તે પાળે.”

15

| | | |
|---|---|---|
| וַיֹּ֥אמֶר | અને-કહ્યુ | H0559 |
| מָנ֖וֹחַ | માનોઆહે | H4495 |
| אֶל־ | ને | H0413 |
| מַלְאַ֣ךְ | દૂતને | H4397 |
| יְהוָ֑ה | યહોવાહના | H3068 |
| נַעְצְרָה־ | રોકાઈ-જાઓ | H6113 |
| נָּ֣א | કૃપા-કરીને | H4994 |
| אוֹתָ֔ךְ | તમને | H0853 |
| וְנַעֲשֶׂ֥ה | અને-તૈયાર-કરીએ | |
| לְפָנֶ֖יךָ | તમારી-આગળ | H6440 |
| גְּדִ֥י | બકરીનું-બચ્ચું | H1423 |
| עִזִּֽים׃ | બકરીઓનું | H5795 |

માનોઆએ ઈશ્વરના દૂતને કહ્યુ, “કૃપા કરીને, અહીં રહો કે અમે તમારે માટે એક હલવાન માંસ રાંધીએ.”

16

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר֩ | અને-કહ્યુ | H0559 |
| מַלְאַ֨ךְ | દૂત | H4397 |
| יְהוָ֜ה | યહોવાહના | H3068 |
| אֶל־ | ને | H0413 |
| מָנ֗וֹחַ | માનોઆહને | H4495 |
| אִם־ | જો | |
| תַּעְצְרֵ֙נִי֙ | રોકે-મને | H6113 |
| לֹא־ | નહિ | H3808 |
| אֹכַ֣ל | ખાઉં | H0398 |
| בְּלַחְמֶ֔ךָ | તારો-ખોરાક | H3899 |
| וְאִם־ | અને-જો | |
| תַּעֲשֶׂ֣ה | તૈયાર-કરે | |
| עֹלָ֔ה | દહનાર્પણ | |
| לַיהוָ֖ה | યહોવાહને | H3068 |
| תַּעֲלֶ֑נָּה | ચઢાવ | H5927 |
| כִּ֚י | કારણ-કે | |
| לֹא־ | નહિ | H3808 |
| יָדַ֣ע | જાણતો-હતો | H3045 |
| מָנ֔וֹחַ | માનોઆહ | H4495 |
| כִּֽי־ | કે | |
| מַלְאַ֥ךְ | દૂત | H4397 |
| יְהוָ֖ה | યહોવાહનો | H3068 |
| הֽוּא׃ | તે | H1931 |

ઈશ્વરના દૂતે માનોઆને કહ્યુ, “જો હું રોકાઈ જાઉં તો પણ હું તારો ખોરાક ખાઈશ નહિ. પણ જો તું દહનીયાર્પણ તૈયાર કરે છે, તો તારે તે ઈશ્વરને ચઢાવવું જોઈએ.” માનોઆ જાણતો ન હતો કે તે ઈશ્વરનો દૂત છે.

17

| | | |
|---|---|---|
| וַיֹּ֧אמֶר | અને-કહ્યુ | H0559 |
| מָנ֛וֹחַ | માનોઆહે | H4495 |
| אֶל־ | ને | H0413 |
| מַלְאַ֥ךְ | દૂતને | H4397 |
| יְהוָ֖ה | યહોવાહના | H3068 |
| מִ֣י | શું | H4310 |
| שְׁמֶ֑ךָ | તારું-નામ | H8034 |
| כִּֽי־ | કારણ-કે | |
| יָבֹ֥א | આવે | H0935 |
| [דבריך] | — | H1697 |
| (דְבָרְךָ֖) | તારી-વાત | H1697 |
| וְכִבַּדְנֽוּךָ׃ | અને-સન્માન-કરીએ | H3513 |

માનોઆએ યહોવાહના દૂતને કહ્યુ, “તારું નામ શું છે, જેથી તારાં વચન ફળે ત્યારે અમે તારું સન્માન કરીએ?”

18

| | | |
|---|---|---|
| וַיֹּ֤אמֶר | અને-કહ્યુ | H0559 |
| לוֹ֙ | તેને | |
| מַלְאַ֣ךְ | દૂત | H4397 |
| יְהוָ֔ה | યહોવાહના | H3068 |
| לָ֥מָּה | શા-માટે | H4100 |
| זֶּ֖ה | આ | H2088 |
| תִּשְׁאַ֣ל | પૂછે-છે | H7592 |
| לִשְׁמִ֑י | મારું-નામ | H8034 |
| וְהוּא־ | અને-તે | H1931 |
| פֶ֖לִאי׃ | અદ્ભુત-છે | H6383 |
| ס | — | |

ઈશ્વરના દૂતે તેને કહ્યુ, “તું મારું નામ કેમ પૂછે છે? કેમ કે તે અદ્દભુત છે”

19

| | | |
|---|---|---|
| וַיִּקַּ֨ח | અને-લીધું | H3947 |
| מָנ֜וֹחַ | માનોઆહે | H4495 |
| אֶת־ | — | H0853 |
| גְּדִ֤י | બકરીનું-બચ્ચું | H1423 |
| הָֽעִזִּים֙ | બકરીઓનું | H5795 |
| וְאֶת־ | અને | H0853 |
| הַמִּנְחָ֔ה | અનાજ-અર્પણ | H4503 |
| וַיַּ֥עַל | અને-ચઢાવ્યું | H5927 |
| עַל־ | પર | |
| הַצּ֖וּר | ખડક | H6697 |
| לַֽיהוָ֑ה | યહોવાહને | H3068 |
| וּמַפְלִ֣א | અને-અદ્ભુત-રીતે | H6381 |
| לַעֲשׂ֔וֹת | કર્યું | |
| וּמָנ֥וֹחַ | અને-માનોઆહ | H4495 |
| וְאִשְׁתּ֖וֹ | અને-તેની-પત્ની | H0802 |
| רֹאִֽים׃ | જોતાં-હતાં | H7200 |

ત્યારે માનોઆએ બકરીનું બચ્ચું ખાદ્યાર્પણ સાથે લઈને ખડક પર ઈશ્વરને ચઢાવ્યું. માનોઆ અને તેની પત્નીના દેખતાં જ સ્વર્ગદૂતે આશ્ચર્યજનક કામ કર્યું.

20

| | | |
|---|---|---|
| וַיְהִי֩ | અને-થયું | H1961 |
| בַעֲל֨וֹת | ચઢતી-વખતે | H5927 |
| הַלַּ֜הַב | જ્વાળા | H3851 |
| מֵעַ֤ל | ઉપરથી | |
| הַמִּזְבֵּ֙חַ֙ | વેદી | H4196 |
| הַשָּׁמַ֔יְמָה | આકાશ-તરફ | H8064 |
| וַיַּ֥עַל | અને-ચઢ્યો | H5927 |
| מַלְאַךְ־ | દૂત | H4397 |
| יְהוָ֖ה | યહોવાહનો | H3068 |
| בְּלַ֣הַב | જ્વાળામાં | H3851 |
| הַמִּזְבֵּ֑חַ | વેદીની | H4196 |
| וּמָנ֤וֹחַ | અને-માનોઆહ | H4495 |
| וְאִשְׁתּוֹ֙ | અને-તેની-પત્ની | H0802 |
| רֹאִ֔ים | જોતાં-હતાં | H7200 |
| וַיִּפְּל֥וּ | અને-પડ્યાં | H5307 |
| עַל־ | પર | |
| פְּנֵיהֶ֖ם | પોતાનાં-મુખ | H6440 |
| אָֽרְצָה׃ | ભૂમિ-પર | H0776 |

ત્યાં અગ્નિની જ્વાળા વેદી પરથી આકાશની તરફ ચઢી, ત્યારે ઈશ્વરનો દૂત વેદી પરથી જ્વાળામાં થઈને ઉપર ચઢી ગયો. માનોઆ અને તેની પત્ની તે જોઈ રહ્યાં અને તેઓ ભૂમિ પર નમી પડ્યાં.

| 21 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלֹא־ | יָסַף | עוֹד | מַלְאַךְ | יְהוָה | לְהֵרָאֹה | אֶל־ | מָנוֹחַ | וְאֶל־ | אִשְׁתּוֹ | אָז |
| અને-નહિ | ફરી-વાર | વધુ | દૂત | યહોવાહનો | દેખાયો | ને | માનોઆહને | અને-ને | તેની-પત્નીને | ત્યારે |
| H3808 | H3254 | H5750 | H4397 | H3068 | H7200 | H0413 | H4495 | H0413 | H0802 | |
| יָדַע | מָנוֹחַ | כִּי־ | מַלְאַךְ | יְהוָה | הוּא׃ | | | | | |
| જાણ્યું | માનોઆહે | કે | દૂત | યહોવાહનો | તે-હતો | | | | | |
| H3045 | H4495 | | H4397 | H3068 | H1931 | | | | | |

ઈશ્વરના દૂતે માનોઆને તથા તેની પત્નીને ફરી દર્શન આપ્યું નહિ. ત્યારે માનોઆએ જાણ્યું કે તે ઈશ્વરનો સ્વર્ગદૂત હતો.

| 22 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | מָנוֹחַ | אֶל־ | אִשְׁתּוֹ | מוֹת | נָמוּת | כִּי | אֱלֹהִים | רָאִינוּ׃ |
| અને-કહ્યુ | માનોઆહે | ને | પોતાની-પત્નીને | મરણ | પામશું-આપણે | કારણ-કે | ઈશ્વરને | જોયા |
| H0559 | H4495 | H0413 | H0802 | H4191 | H4191 | | H0430 | H7200 |

માનોઆએ તેની પત્નીને કહ્યુ, “આપણે ઈશ્વરને જોયા છે, માટે આપણે નક્કી મરી જઈશું”

| 23 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַתֹּאמֶר | לוֹ | אִשְׁתּוֹ | לוּ | חָפֵץ | יְהוָה | לַהֲמִיתֵנוּ | לֹא־ | לָקַח |
| અને-કહ્યુ | તેને | તેની-પત્નીએ | જો | ઇચ્છા-હોત | યહોવાહની | મારી-નાખવા-આપણને | નહિ | સ્વીકાર્યું-હોત |
| H0559 | | H0802 | H3863 | | H3068 | H4191 | H3808 | H3947 |
| מִיָּדֵנוּ | עֹלָה | וּמִנְחָה | וְלֹא | הֶרְאָנוּ | אֶת־ | כָּל־ | אֵלֶּה | וְכָעֵת |
| આપણા-હાથમાંથી | દહનાર્પણ | અને-અનાજ-અર્પણ | અને-નહિ | બતાવ્યું-હોત | ને | આ-બધું | આ | અને-આ-સમયે |
| H3027 | | H4503 | H3808 | H7200 | H0853 | H3605 | H0428 | H6256 |
| לֹא | הִשְׁמִיעָנוּ | כָּזֹאת׃ | | | | | | |
| નહિ | સંભળાવ્યું-હોત | આવું | | | | | | |
| H3808 | H8085 | H2063 | | | | | | |

પણ તેની પત્નીએ તેને કહ્યુ, “જો ઈશ્વર આપણને મારી નાખવા ઇચ્છતા હોત, તો તેઓ આપણાં દહનીયાર્પણ તથા ખાદ્યાર્પણનો સ્વીકાર કરત નહિ. અને તેઓ આપણને આ બધી બાબતો બતાવત નહિ અને આ સમયે તેઓ આપણને આ વાતો સંભળાવત નહિ.”

| 24 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַתֵּלֶד | הָאִשָּׁה | בֵּן | וַתִּקְרָא | אֶת־ | שְׁמוֹ | שִׁמְשׁוֹן | וַיִּגְדַּל | הַנַּעַר |
| અને-જણ્યો | સ્ત્રીએ | પુત્ર | અને-નામ-રાખ્યું | — | તેનું-નામ | શમશોન | અને-મોટો-થયો | બાળક |
| H3205 | H0802 | | H7121 | H0853 | H8034 | H8123 | H1431 | H5288 |
| וַיְבָרְכֵהוּ | יְהוָה׃ | | | | | | | |
| અને-આશીર્વાદ-આપ્યો | યહોવાહે | | | | | | | |
| H1288 | H3068 | | | | | | | |

અને તે સ્ત્રીએ દીકરાને જન્મ આપ્યો, તેનું નામ સામસૂન પાડ્યું. તે છોકરો મોટો થયો અને ઈશ્વરે તેને આશીર્વાદ આપ્યો.

| 25 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתָּחֶל | רוּחַ | יְהוָה | לְפַעֲמוֹ | בְּמַחֲנֵה־ | דָן | בֵּין | צָרְעָה | וּבֵין | אֶשְׁתָּאֹל׃ | פ |
| અને-શરૂ-કર્યું | આત્માએ | યહોવાહના | પ્રેરવા-તેને | છાવણીમાં | દાનની | વચ્ચે | સોરાહ | અને-વચ્ચે | એશ્તાઓલના | — |
| | H7307 | H3068 | H6470 | H4264 | H1835 | H0996 | H6881 | H0996 | H0847 | |

ઈશ્વરનો આત્મા તેને સોરાહ તથા એશ્તાઓલની વચ્ચે, માહનેહ દાન + 13:25 દાનની છાવણીમાં, સંચાર કરવા લાગ્યો.

## Chapter 14

| 1 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיֵּרֶד | שִׁמְשׁוֹן | תִּמְנָתָה | וַיַּרְא | אִשָּׁה | בְּתִמְנָתָה | מִבְּנוֹת | פְּלִשְׁתִּים׃ |
| અને-ગયો | શમશોન | તિમ્નાહમાં | અને-જોઈ | સ્ત્રી | તિમ્નાહમાં | પુત્રીઓમાંથી | પલિસ્તીઓની |
| H3381 | H8123 | H8553 | H7200 | H0802 | H8553 | H1323 | H6430 |

સામસૂન તિમ્ના નગરમાં ગયો, ત્યાં તેણે એક સ્ત્રીને જોઈ, જે પલિસ્તીઓની દીકરીઓમાંની હતી.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| פְּלִשְׁתִּים | מִבְּנוֹת | בְּתִמְנָתָה | רָאִיתִי | אִשָּׁה | וַיֹּאמֶר | וּלְאִמּוֹ | לְאָבִיו | וַיַּגֵּד | וַיַּעַל |
| પલિસ્તીઓની | પુત્રીઓમાંથી | તિમ્નાહમાં | જોઈ-મેં | સ્ત્રી | અને-કહ્યુ | અને-માતાને | પોતાના-પિતાને | અને-કહ્યુ | અને-આવીને |
| H6430 | H1323 | H8553 | H7200 | H0802 | H0559 | H0517 | H0001 | H5046 | H5927 |

| | | | | |
|---|---|---|---|---|
| לְאִשָּׁה׃ | לִי | אוֹתָהּ | קְחוּ־ | וְעַתָּה |
| પત્ની-તરીકે | મારા-માટે | તેને | લઈ-આવો | અને-હવે |
| H0802 | | H0853 | H3947 | H6258 |

જયારે તે પાછો આવ્યો, ત્યારે તેણે પોતાનાં માતાપિતાને કહ્યુ, "મેં એક સ્ત્રીને તિમ્નામાં જોઈ, જે પલિસ્તીઓની દીકરીઓમાંની છે. મારી સાથે તેના લગ્ન કરાવો."

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אִשָּׁה | עַמִּי | וּבְכָל־ | אַחֶיךָ | בִּבְנוֹת | הַאֵין | וְאִמּוֹ | אָבִיו | לוֹ | וַיֹּאמֶר |
| સ્ત્રી | મારા-લોકોમાં | અને-સર્વમાં | તારા-ભાઈઓની | પુત્રીઓમાં | શું-નથી | અને-માતાએ | તેના-પિતાએ | તેને | અને-કહ્યુ |
| H0802 | | H3605 | H0251 | H1323 | H0369 | H0517 | H0001 | | H0559 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶל־ | שִׁמְשׁוֹן | וַיֹּאמֶר | הָעֲרֵלִים | מִפְּלִשְׁתִּים | אִשָּׁה | לָקַחַת | הוֹלֵךְ | אַתָּה | כִּי־ |
| ને | શમશોને | અને-કહ્યુ | બેસુન્નતીઓમાંથી | પલિસ્તીઓમાંથી | પત્ની | લેવા | જાય-છે | તું | કે |
| H0413 | H8123 | H0559 | H6189 | H6430 | H0802 | H3947 | H1980 | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בְעֵינָי׃ | יָשְׁרָה | הִיא | כִּי־ | לִי | קַח־ | אוֹתָהּ | אָבִיו |
| મારી-નજરમાં | સારી-છે | તે | કારણ-કે | મારા-માટે | લઈ-આપો | તેને | પોતાના-પિતાને |
| | H3474 | H1931 | | | H3947 | H0853 | H0001 |

પણ તેનાં માતાપિતાએ તેને કહ્યુ, "શું આપણાં સગાંઓમાં કે આપણા સર્વ લોકોમાં શું કોઈ સ્ત્રી નથી કે તું બેસુન્નત પલિસ્તીઓમાંથી પત્ની લાવવા કહે છે?" સામસૂને તેના પિતાને કહ્યુ, "તેને મારા માટે લાવી આપો, કેમ કે તે મને ગમે છે."

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הוּא־ | תֹאֲנָה | כִּי־ | הִיא | מֵיְהוָה | כִּי | יָדְעוּ | לֹא | וְאִמּוֹ | וְאָבִיו |
| તે | બહાનું | કારણ-કે | હતું-તે | યહોવાહતરફથી | કે | જાણતાં-હતાં | નહિ | અને-તેની-માતા | અને-તેના-પિતા |
| H1931 | | | H1931 | H3068 | | H3045 | H3808 | H0517 | H0001 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| פ | בְּיִשְׂרָאֵל׃ | מֹשְׁלִים | פְּלִשְׁתִּים | הַהִיא | וּבָעֵת | מִפְּלִשְׁתִּים | מְבַקֵּשׁ |
| — | ઇઝરાયેલ-પર | રાજ-કરતા-હતા | પલિસ્તીઓ | તે | અને-તે-સમયે | પલિસ્તીઓમાંથી | શોધતો-હતો |
| | H3478 | H4910 | H6430 | H1931 | H6256 | H6430 | H1245 |

પણ તેનાં માતાપિતા જાણતાં નહોતા કે આ તો ઈશ્વરનું કૃત્ય છે, કેમ કે તે પલિસ્તીઓ સાથે વિરોધ કરવા ઇચ્છતો હતો તે સમયે પલિસ્તીઓ ઇઝરાયલ પર રાજ કરતા હતા.

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| תִמְנָתָה | כַּרְמֵי | עַד־ | וַיָּבֹאוּ | תִּמְנָתָה | וְאִמּוֹ | וְאָבִיו | שִׁמְשׁוֹן | וַיֵּרֶד |
| તિમ્નાહની | દ્રાક્ષાવાડીઓ | પાસે | અને-આવ્યા | તિમ્નાહમાં | અને-તેની-માતા | અને-તેના-પિતા | શમશોન | અને-ગયો |
| H8553 | H3754 | H5704 | H0935 | H8553 | H0517 | H0001 | H8123 | H3381 |

| | | | | |
|---|---|---|---|---|
| לִקְרָאתוֹ׃ | שֹׁאֵג | אֲרָיוֹת | כְּפִיר | וְהִנֵּה |
| તેની-સામે | ગરજતો-હતો | સિંહનો | જુવાન | અને-જુઓ |
| H7125 | H7580 | | | H2009 |

ત્યારે સામસૂન તિમ્નામાં તેના માતાપિતા સાથે ગયો અને તેઓ તિમ્નાની દ્રાક્ષવાડીમાં આવ્યા. અને ત્યાં એક જુવાન સિંહે આવીને તેની તરફ ગર્જના કરી.

6

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּיָדוֹ | אֵין | וּמְאוּמָה | הַגְּדִי | כְּשַׁסַּע | וַיְשַׁסְּעֵהוּ | יְהוָה | רוּחַ | עָלָיו | וַתִּצְלַח |
| તેના-હાથમાં | નહોતું | અને-કંઈ-પણ | બકરીને | જેમ-ચીરે | અને-ચીરી-નાખ્યો | યહોવાહનો | આત્મા | તેના-પર | અને-ઉતર્યો |
| H3027 | H0369 | H3972 | H1423 | H8156 | H8156 | H3068 | H7307 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עָשָׂה׃ | אֲשֶׁר | אֵת | וּלְאִמּוֹ | לְאָבִיו | הִגִּיד | וְלֹא |
| કર્યું-હતું | જે | — | અને-માતાને | પોતાના-પિતાને | કહ્યુ | અને-નહિ |
| | | H0853 | H0517 | H0001 | H5046 | H3808 |

ઈશ્વરનો આત્મા અચાનક તેના પર આવ્યો, જેમ તે નાની બકરીને ચીરી નાખતો હોય તેમ તેણે સિંહને ખૂબ સરળતાથી ચીરી નાખ્યો અને તેના હાથમાં કંઈ પણ નહોતું. તેણે જે કર્યું હતું તે તેણે તેના માતાપિતાને કહ્યુ નહિ.

7

| | | | | | |
|---|---|---|---|---|---|
| שִׁמְשׁוֹן׃ | בְּעֵינֵי | וַתִּישַׁר | לָאִשָּׁה | וַיְדַבֵּר | וַיֵּרֶד |
| શમશોનની | દૃષ્ટિમાં | અને-ગમી | સ્ત્રી-સાથે | અને-વાત-કરી | અને-ગયો |
| H8123 | | H3474 | H0802 | H1696 | H3381 |

તે ગયો અને તે સ્ત્રી સાથે વાતચીત કરી, જયારે તેણે તેની તરફ જોયું, તે સામસૂનને ખૂબ ગમી.

8

| וַיָּשָׁב | מִיָּמִים | לְקַחְתָּהּ | וַיָּסַר | לִרְאוֹת | אֵת | מַפֶּלֶת | הָאַרְיֵה | וְהִנֵּה | עֲדַת |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પાછો-ફર્યો | દિવસો-પછી | તેને-લેવા | અને-વળ્યો | જોવા | — | શબ | સિંહનું | અને-જુઓ | ઝુંડ |
| H7725 | H3117 | H3947 | H5493 | H7200 | H0853 | H4658 | | H2009 | H5712 |

| דְּבוֹרִים | בִּגְוִיַּת | הָאַרְיֵה | וּדְבָשׁ׃ |
|---|---|---|---|
| મધમાખીઓનું | શરીરમાં | સિંહના | અને-મધ |
| H1682 | H1472 | | H1706 |

થોડા દિવસો પછી તે તેની સાથે લગ્ન કરી પાછો ફર્યો, ત્યારે તે સિંહનાં મુડદાને જોવા પાછો ફર્યો. અને ત્યાં સિંહના શરીરનો જે ભાગ બાકી પડેલો હતો તેના પર મધમાખીઓનું ટોળું તથા મધ હતું.

9

| וַיִּרְדֵּהוּ | אֶל־ | כַּפָּיו | וַיֵּלֶךְ | הָלוֹךְ | וְאָכֹל | וַיֵּלֶךְ | אֶל־ | אָבִיו |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-કાઢ્યું | તેના-હાથમાં | હથેળીઓમાં | અને-ચાલ્યો | ચાલતાં-ચાલતાં | અને-ખાતો-ગયો | અને-ગયો | પાસે | પોતાના-પિતાના |
| | H0413 | H3709 | H3212 | H1980 | H0398 | H3212 | H0413 | H0001 |

| וְאֶל־ | אִמּוֹ | וַיִּתֵּן | לָהֶם | וַיֹּאכֵלוּ | וְלֹא־ | הִגִּיד | לָהֶם | כִּי | מִגְּוִיַּת | הָאַרְיֵה | רָדָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | માતાના | અને-આપ્યું | તેઓને | અને-ખાધું | અને-નહિ | કહ્યું | તેઓને | કે | શરીરમાંથી | સિંહના | કાઢ્યું-હતું |
| H0413 | H0517 | H5414 | | H0398 | H3808 | H5046 | | | H1472 | | |

| הַדְּבָשׁ׃ |
|---|
| મધ |
| H1706 |

હાથમાં મધ લઈને તે ખાતા ખાતા ચાલ્યો. અને પોતાના માતાપિતા પાસે આવ્યો, ત્યારે તેણે તેઓને થોડું આપ્યું અને તેઓએ ખાધું. પણ તેણે તેઓને કહ્યુ નહિ કે સિંહના શરીરનો જે ભાગ બાકી હતો તેના પરથી આ મધ કાઢી લાવ્યો છું.

10

| וַיֵּרֶד | אָבִיהוּ | אֶל־ | הָאִשָּׁה | וַיַּעַשׂ | שָׁם | שִׁמְשׁוֹן | מִשְׁתֶּה | כִּי | כֵּן | יַעֲשׂוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ગયા | તેના-પિતા | પાસે | સ્ત્રીન□ | અને-કર્યું | ત્યાં | શમશોને | મહેફિલ | કારણ-કે | એમ | કરતા-હતા |
| H3381 | H0001 | H0413 | H0802 | | H8033 | H8123 | H4960 | | | |

| הַבַּחוּרִים׃ |
|---|
| યુવાનો |
| H0970 |

જ્યાં તે સ્ત્રી હતી ત્યાં સામસૂનના પિતા ગયા અને સામસૂને ત્યાં ઉજાણી કરી, કેમ કે જુવાન પુરુષોનો આ રિવાજ હતો.

11

| וַיְהִי | כִּרְאוֹתָם | אוֹתוֹ | וַיִּקְחוּ | שְׁלֹשִׁים | מֵרֵעִים | וַיִּהְיוּ | אִתּוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | જોતાં | તેને | અને-લાવ્યા | ત્રીસ | સાથીઓ | અને-રહ્યા | તેની-સાથે |
| H1961 | H7200 | H0853 | H3947 | H7970 | H4828 | H1961 | H0854 |

સ્ત્રીના સંબંધીઓએ તેને જોયો, તેઓ તેમના બીજા ત્રીસ મિત્રોને તેની સાથે લઈ આવ્યા.

12

| וַיֹּאמֶר | לָהֶם | שִׁמְשׁוֹן | אָחוּדָה־ | נָּא | לָכֶם | חִידָה | אִם־ | הַגֵּד | תַּגִּידוּ | אוֹתָהּ | לִי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | તેઓને | શમશોને | કહું | કૃપા-કરીને | તમને | કોયડો | જો | ખરેખર | કહો-તો | તેનો-જવાબ | મને |
| H0559 | | H8123 | H2330 | H4994 | | H2420 | | H5046 | H5046 | H0853 | |

| שִׁבְעַת | יְמֵי | הַמִּשְׁתֶּה | וּמְצָאתֶם | וְנָתַתִּי | לָכֶם | שְׁלֹשִׁים | סְדִינִים | וּשְׁלֹשִׁים | חֲלִפֹת |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સાત | દિવસો | મહેફિલના | અને-શોધો | અને-આપીશ | તમને | ત્રીસ | શનન□ા-કપડાં | અને-ત્રીસ | જોડી |
| H7651 | H3117 | H4960 | H4672 | H5414 | | H7970 | H5466 | H7970 | H2487 |

| בְּגָדִים׃ |
|---|
| વસ્ત્રો |
| |

સામસૂને તેઓને કહ્યુ, "હવે હું તમને એક ઉખાણું કહું. જો તમારામાંનો કોઈ તે શોધી આપે અને ઉજાણીના સાત દિવસોમાં તેનો જવાબ કહે, તો હું શણના ત્રીસ ઝભ્ભા તથા ત્રીસ જોડી વસ્ત્રો તેને આપીશ.

13

| וְאִם־ | לֹא | תוּכְלוּ | לְהַגִּיד | לִי | וּנְתַתֶּם | אַתֶּם | לִי | שְׁלֹשִׁים | סְדִינִים | וּשְׁלֹשִׁים |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જો | નહિ | શકો-તો | કહેવા | મને | અને-આપો | તમે | મને | ત્રીસ | શનન□ા-કપડાં | અને-ત્રીસ |
| | H3808 | H3201 | H5046 | | H5414 | | | H7970 | H5466 | H7970 |

| חֲלִיפוֹת | בְּגָדִים | וַיֹּאמְרוּ | לוֹ | חוּדָה | חִידָתְךָ | וְנִשְׁמָעֶנָּה: |
|---|---|---|---|---|---|---|
| જોડી | વસ્ત્રો | અને-કહ્યુ | તેને | કહો | તારી-કોયડો | અને-સાંભળીએ |
| H2487 | | H0559 | | H2330 | H2420 | H8085 |

પણ જો તમે મને જવાબ નહિ કહો, તો તમારે મને શણનાં ત્રીસ ઝભ્ભા તથા ત્રીસ જોડી વસ્ત્રો આપવાં પડશે." તેઓએ તેને કહ્યુ, "અમને તારું ઉખાણું કહે, તેથી અમે તે સાંભળીએ."

14

| וַיֹּאמֶר | לָהֶם | מֵהָאֹכֵל | יָצָא | מַאֲכָל | וּמֵעַז | יָצָא | מָתוֹק | וְלֹא | יָכְלוּ | לְהַגִּיד |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | તેઓને | ખાનારમાંથી | નીકળ્યું | ખોરાક | અને-શક્તિશાળીમાંથી | નીકળ્યું | મીઠું | અને-નહિ | શક્યા | કહેવા |
| H0559 | | H0398 | H3318 | H3978 | H5794 | H3318 | H4966 | H3808 | H3201 | H5046 |

| הַחִידָה | שְׁלֹשֶׁת | יָמִים: |
|---|---|---|
| કોયડો | ત્રણ | દિવસ |
| H2420 | H7969 | H3117 |

તેણે તેઓને કહ્યુ, "ખાઈ જનારમાંથી, કંઈક ખોરાક નીકળ્યો; બળવાનમાંથી, કંઈક મીઠાશ નિકળી." પણ તેના મહેમાનો ત્રણ દિવસમાં ઉખાણાનો જવાબ આપી શક્યા નહિ.

15

| וַיְהִי | בַּיּוֹם | הַשְּׁבִיעִי | וַיֹּאמְרוּ | לְאֵשֶׁת־ | שִׁמְשׁוֹן | פַּתִּי | אֶת־ | אִישֵׁךְ | וְיַגֶּד־ | לָנוּ | אֶת־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | દિવસે | સાતમા | અને-કહ્યુ | પત્નીને | શમશોનની | મનાવો | ને | તારા-પતિને | અને-કહે | અમને | ને |
| H1961 | H3117 | H7637 | H0559 | H0802 | H8123 | | H0853 | H0376 | H5046 | | H0853 |

| הַחִידָה | פֶּן־ | נִשְׂרֹף | אוֹתָךְ | וְאֶת־ | בֵּית | אָבִיךְ | בָּאֵשׁ | הַלְיָרְשֵׁנוּ | קְרָאתֶם | לָנוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કોયડો | નહિંતર | બાળી-નાખશું | તને | અને-ઘરને | ઘર | તારા-પિતાનું | અગ્નિથી | લૂંટવા-શું | બોલાવ્યા | અમને |
| H2420 | H6435 | H8313 | H0853 | H0853 | | H0001 | H0784 | H3423 | H7121 | |

| הֲלֹא: |
|---|
| શું-નહિ |
| H3808 |

ચોથા દિવસે + 14:15 સાતમો દિવસ તેઓએ સામસૂનની પત્નીને કહ્યુ, "તારા પતિને ફોસલાવ કે જેથી તે અમને ઉખાણાનો જવાબ કહે નહિ તો અમે તને તથા તારા પિતાના ઘરનાંને બાળી મૂકીશું. શું તેં અમને અહીં લૂંટી લેવાને બોલાવ્યા છે?"

16

| וַתֵּבְךְּ | אֵשֶׁת | שִׁמְשׁוֹן | עָלָיו | וַתֹּאמֶר | רַק־ | שְׂנֵאתַנִי | וְלֹא | אֲהַבְתָּנִי | הַחִידָה |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-રડી | પત્ની | શમશોનની | તેના-પર | અને-કહ્યુ | ફક્ત | ધિક્કારે-છે-મને | અને-નહિ | પ્રેમ-કરે-છે-મને | કોયડો |
| H1058 | H0802 | H8123 | | H0559 | H7535 | H8130 | H3808 | H0157 | H2420 |

| חַדְתָּ | לִבְנֵי | עַמִּי | וְלִי | לֹא | הִגַּדְתָּה | וַיֹּאמֶר | לָהּ | הִנֵּה | לְאָבִי | וּלְאִמִּי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કહી-છે | બનીને | મારા-લોકોને | અને-મને | નહિ | કહ્યુ-છે | અને-કહ્યુ | તેને | જો | મારા-પિતાને | અને-મારી-માતાને |
| H2330 | | | | H3808 | H5046 | H0559 | | H2009 | H0001 | H0517 |

| לֹא | הִגַּדְתִּי | וְלָךְ | אַגִּיד: |
|---|---|---|---|
| નહિ | કહ્યુ | અને-તને | કહીશ |
| H3808 | H5046 | | H5046 |

સામસૂનની પત્ની તેની આગળ રડવા લાગી, "તું જે સર્વ કરે છે તે દ્વારા મને ધિક્કારતો હોય એવું લાગે છે□ તું મને પ્રેમ કરતો નથી. તેં મારા કેટલાક લોકોને ઉખાણું કહ્યુ, પણ તેં મને તેનો જવાબ કહ્યો નથી." સામસૂને તેને કહ્યુ, "અહીંયાં જો, મેં મારા માતાપિતાને કહ્યુ નથી, તો શું હું તને કહું?"

17

| וַתֵּבְךְּ | עָלָיו | שִׁבְעַת | הַיָּמִים | אֲשֶׁר־ | הָיָה | לָהֶם | הַמִּשְׁתֶּה | וַיְהִי | בַּיּוֹם | הַשְּׁבִיעִי | וַיַּגֶּד־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-રડી | તેના-પર | સાત | દિવસ | જે | હતા | તેઓના | મહેફિલ | અને-થયું | દિવસે | સાતમા | અને-કહ્યુ |
| H1058 | | H7651 | H3117 | | H1961 | | H4960 | H1961 | H3117 | H7637 | H5046 |

| לָהּ | כִּי | הֱצִיקַתְהוּ | וַתַּגֵּד | הַחִידָה | לִבְנֵי | עַמָּהּ: |
|---|---|---|---|---|---|---|
| તેને | કારણ-કે | તંગ-કરી-હતી | અને-કહી | કોયડો | બનીને | તેના-લોકોને |
| | | H6693 | H5046 | H2420 | | |

તેઓની ઉજાણીના સાતે દિવસો તેણે રડ્યા કર્યું, સાતમે દિવસે તેણે તેને જવાબ આપ્યો, કેમ કે તેણે તેને ખૂબ દબાણ કર્યું હતું. તેણે પોતાના સંબંધી લોકોને ઉખાણાનો જવાબ કહી દીધો.

18

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמְרוּ | לוֹ | אַנְשֵׁי | הָעִיר | בַּיּוֹם | הַשְּׁבִיעִי | בְּטֶרֶם | יָבֹא | הַחַרְסָה | מַה־ | מָּתוֹק | מִדְּבַשׁ |
| અને-કહ્યુ | તેને | માણસોએ | નગરના | દિવસે | સાતમા | પહેલાં | આવે | સૂર્યાસ્ત | શું-છે | મીઠું | મધ-કરતાં |
| H0559 | | H0376 | | H3117 | H7637 | H2962 | H0935 | | H4100 | H4966 | H1706 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמֶה | עַז | מֵאֲרִי | וַיֹּאמֶר | לָהֶם | לוּלֵא | חֲרַשְׁתֶּם | בְּעֶגְלָתִי | לֹא | מְצָאתֶם |
| અને-શું-છે | શક્તિશાળી | સિંહ-કરતાં | અને-કહ્યુ | તેઓને | જો | ખેડ્યું-ના-હોત | મારી-વાછરડીમાં | નહિ | શોધી-હોત |
| H4100 | H5794 | | H0559 | | H3884 | | | H3808 | H4672 |

| |
|---|
| חִידָתִי׃ |
| મારી-કોયડો |
| H2420 |

અને નગરના લોકોએ તેને કહ્યુ, "સાતમે દિવસે સૂર્યાસ્ત થયા અગાઉ નગરના લોકોએ તેને કહ્યુ, "મધ કરતાં મીઠું શું છે? સિંહ કરતાં બળવાન શું છે?" સામસૂને તેઓને કહ્યુ, "જો તમે મારી વાછરડી + 14:18 સામસૂનની પત્નીથી ખેડ્યું ન હોત, તો તમે મારા ઉખાણાનો જવાબ શોધી શક્યા ન હોત."

19

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתִּצְלַח | עָלָיו | רוּחַ | יְהוָה | וַיֵּרֶד | אַשְׁקְלוֹן | וַיַּךְ | מֵהֶם | שְׁלֹשִׁים | אִישׁ |
| અને-ઉતર્યો | તેના-પર | આત્મા | યહોવાહનો | અને-ગયો | આશ્કલોનમાં | અને-માર્યા | તેઓમાંથી | ત્રીસ | માણસોને |
| | | H7307 | H3068 | H3381 | H0831 | H5221 | H1992 | H7970 | H0376 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקַּח | אֶת־ | חֲלִיצוֹתָם | וַיִּתֵּן | הַחֲלִיפוֹת | לְמַגִּידֵי | הַחִידָה | וַיִּחַר | אַפּוֹ |
| અને-લીધાં | ના | તેઓનાં-કપડાં | અને-આપ્યાં | જોડી-વસ્ત્રો | કોયડો-કહેનારાઓને | કોયડાના | અને-સળગ્યો | તેનો-ક્રોધ |
| H3947 | H0853 | H2488 | H5414 | H2487 | H5046 | H2420 | H2734 | H0639 |

| | | | |
|---|---|---|---|
| וַיַּעַל | בֵּית | אָבִיהוּ׃ | פ |
| અને-ગયો | ઘરે | પિતાના | — |
| H5927 | | H0001 | |

ત્યારે ઈશ્વરનો આત્મા અચાનક સામસૂન પર પરાક્રમ સહિત આવ્યો. સામસૂન આશ્કલોનમાં ગયો અને તેઓમાંના ત્રીસ પુરુષોને મારી નાખ્યા. તેણે તેઓનો લૂંટેલો માલ લઈ લીધો અને જેઓએ તેના ઉખાણાનો જવાબ આપ્યો હતો તેઓને તેણે ત્રીસ વસ્ત્રોની જોડ આપી. તે ક્રોધાયમાન થયો અને તે પોતાના પિતાના ઘરે જતો રહ્યો.

20

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַתְּהִי | אֵשֶׁת | שִׁמְשׁוֹן | לְמֵרֵעֵהוּ | אֲשֶׁר | רֵעָה | לוֹ׃ |
| અને-આપી-ગઈ | પત્ની | શમશોનની | તેના-સાથીને | જે | મિત્ર-હતો | તેનો |
| H1961 | H0802 | H8123 | H4828 | | | |

સ્ત્રીના પિતાએ સામસૂનના એક સાથી કે જેણે તેના પ્રત્યે મિત્રની ફરજ બજાવી હતી તેને સ્ત્રી તરીકે આપી.

# Chapter 15

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | מִיָּמִים | בִּימֵי | קְצִיר־ | חִטִּים | וַיִּפְקֹד | שִׁמְשׁוֹן | אֶת־ | אִשְׁתּוֹ | בִּגְדִי |
| અને-થયું | થોડા-દિવસો-પછી | ઘઉંના | કાપણીના | સમયમાં | અને-મુલાકાત-લીધી | શમશોને | _ | પત્નીની | બકરીના-બચ્ચા |
| H1961 | H3117 | H3117 | | H2406 | | H8123 | H0853 | H0802 | H1423 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עִזִּים | וַיֹּאמֶר | אָבֹאָה | אֶל־ | אִשְׁתִּי | הֶחָדְרָה | וְלֹא־ | נְתָנוֹ | אָבִיהָ | לָבוֹא׃ |
| સાથે | અને-કહ્યુ | હું-જઈશ | મારી | પત્ની-પાસે | ઓરડામાં | પણ-નહીં | જવા-દીધો | તેના-પિતાએ | અંદર |
| H5795 | H0559 | H0935 | H0413 | H0802 | H2315 | H3808 | H5414 | H0001 | H0935 |

કેટલાક દિવસો પછી, ઘઉંની કાપણીના સમયમાં, સામસૂન એક લવારું લઈને પોતાની પત્નીની મુલાકાતે ગયો. તેણે પોતાને કહ્યુ, "હું મારી પત્નીની ઓરડીમાં જઈશ." પણ તેના પિતાએ તેને અંદર જવાની પરવાનગી આપી નહિ.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אָבִיהָ | אָמֹר | אָמַרְתִּי | כִּי־ | שָׂנֹא | שְׂנֵאתָהּ | וָאֶתְּנֶנָּה | לְמֵרֵעֶךָ | הֲלֹא |
| અને-કહ્યુ | તેના-પિતાએ | ખરેખર | મેં-વિચાર્યું | કે | ધિક્કારથી | તું-ધિક્કારે-છે-તેને | એટલે-મેં-આપી | તારા-મિત્રને | શું-નથી |
| H0559 | H0001 | H0559 | H0559 | | H8130 | H8130 | H5414 | H4828 | H3808 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אֲחֹתָהּ | הַקְּטַנָּה | טוֹבָה | מִמֶּנָּה | תְּהִי־ | נָא | לְךָ | תַּחְתֶּיהָ׃ |
| તેની-નાની-બહેન | નાની | વધુ-સારી | તેના-કરતાં | લે | કૃપા-કરીને | તારા-માટે | તેના-બદલે |
| H0269 | | | | H1961 | H4994 | | H8478 |

તેના પિતાએ કહ્યુ, “મને નિશ્ચે લાગ્યું કે તું તેને ધિક્કારે છે, તેથી મેં તેને તારા મિત્રને આપી દીધી. તેની નાની બહેન શું તેના કરતા વધારે સુંદર નથી? તેના બદલે તેને લે.”

3
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
לָהֶם તેમને
שִׁמְשׁוֹן શમશોને H8123
נִקֵּיתִי નિર્દોષ-છું-હું H5352
הַפַּעַם આ-વખતે H6471
מִפְּלִשְׁתִּים પલિસ્તીઓથી H6430
כִּי־ જ્યારે
עֹשֶׂה કરું-છું
אֲנִי હું H0589
עִמָּם તેમના-પ્રત્યે
רָעָה׃ અનિષ્ટ

| וַיַּעֲלוּ | חֲמֵשֶׁת | הָאֲנָשִׁים | הַהֹלְכִים | לְרַגֵּל | אֶת־ | הָאָרֶץ | בָּאוּ | שָׁמָּה | לָקְחוּ | אֶת־ |
| અને-ચઢ્યા | પાંચે | માણસો | જે-ગયા-હતા | જાસૂસી-કરવા | _ | ભૂમિની | આવ્યા | ત્યાં | અને-લીધા | _ |
| H5927 | H2568 | H0376 | H1980 | H7270 | H0853 | H0776 | H0935 | H8033 | H3947 | H0853 |
| הַפֶּסֶל | וְאֶת־ | הָאֵפוֹד | וְאֶת־ | הַתְּרָפִים | וְאֶת־ | הַמַּסֵּכָה | וְהַכֹּהֵן | נִצָּב | פֶּתַח | |
| કોતરેલી-મૂર્તિ | અને | _ | એફોદ | અને-તરાફીમ | અને | ઢાળેલી-મૂર્તિ | અને-યાજક | ઊભો-હતો | દરવાજાની | |
| H6456 | H0853 | H0646 | H0853 | H8655 | H0853 | | H3548 | H5324 | H6607 | |
| הַשַּׁעַר | וְשֵׁשׁ־ | מֵאוֹת | הָאִישׁ | הֶחָגוּר | כְּלֵי | הַמִּלְחָמָה׃ | | | | |
| _ | અને-છ-સો | મી | _ | બાંધેલા | શસ્ત્રો | યુદ્ધના | | | | |
| H8179 | H8337 | H3967 | H0376 | H2296 | H3627 | H4421 | | | | |

પાંચ માણસો કે જેઓ દેશની જાસૂસી કરવાને ગયા હતા તેઓએ ઘરમાં જઈને કોતરેલી મૂર્તિ, એફોદ, તરાફીમ તથા ગાળેલી મૂર્તિ લઈ લીધી, ત્યારે યુદ્ધ માટે હથિયારોથી સજ્જ થયેલા પેલા છસો માણસો સાથે યાજકો દરવાજાના પ્રવેશ દ્વાર આગળ ઊભો રહેલો હતો.

18

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵלֶּה | בָּאוּ | בֵּית | מִיכָה | וַיִּקְחוּ | אֶת־ | פֶּסֶל | הָאֵפוֹד | וְאֶת־ | הַתְּרָפִים | וְאֶת־ |
| અને-તેઓ | આવ્યા | ઘરમાં | મીખાહના | અને-લીધા | _ | કોતરેલી-મૂર્તિ | એફોદ | અને | તરાફીમ | અને |
| H0428 | H0935 | | H4318 | H3947 | H0853 | H6459 | H0646 | H0853 | H8655 | H0853 |
| הַמַּסֵּכָה | וַיֹּאמֶר | אֲלֵיהֶם | הַכֹּהֵן | מָה | אַתֶּם | עֹשִׂים׃ | | | | |
| ઢાળેલી-મૂર્તિ | અને-કહ્યુ | તેમને | યાજકે | શું | તમે | કરો-છો | | | | |
| | H0559 | H0413 | H3548 | H4100 | | | | | | |

જયારે તેઓ મિખાના ઘરમાં ગયા અને કોતરેલી મૂર્તિ, એફોદ, તરાફીમ તથા ગાળેલી મૂર્તિ લઈ આવ્યા ત્યારે યાજકે તેઓને કહ્યુ, "તમે આ શું કરો છો?"

19

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמְרוּ | לוֹ | הַחֲרֵשׁ | שִׂים־ | יָדְךָ | עַל־ | פִּיךָ | וְלֵךְ | עִמָּנוּ | וֶהְיֵה־ | לָנוּ | |
| અને-કહ્યુ | તેને | ચૂપ | મૂક | હાથ | _ | મોં-પર | અને-ચાલ | અમારી-સાથે | અને-થા | અમારા-માટે | |
| H0559 | | | | H3027 | | H6310 | H3212 | | H1961 | | |
| לְאָב | וּלְכֹהֵן | הֲטוֹב | הֱיוֹתְךָ | כֹהֵן | לְבֵית | אִישׁ | אֶחָד | אוֹ | הֱיוֹתְךָ | כֹהֵן | לְשֵׁבֶט |
| પિતા | અને-યાજક | શું-સારું | હોવું-તારું | યાજક | ઘરના | માણસ | એક | કે | હોવું-તારું | યાજક | કુળના |
| H0001 | H3548 | | H1961 | H3548 | | H0376 | H0259 | | H1961 | H3548 | H7626 |
| וּלְמִשְׁפָּחָה | בְּיִשְׂרָאֵל׃ | | | | | | | | | | |
| અને-કુટુંબની | ઇઝરાયલમાં | | | | | | | | | | |
| H4940 | H3478 | | | | | | | | | | |

તેઓએ તેને કહ્યુ, "છાનો રહે તારો હાથ તારા મુખ પર મૂક અને અમારી સાથે આવ અને અમારો પિતા તથા યાજકો થા. શું એ વધારે સારું નથી કે તારે એક ઘરના યાજકો થવા કરતાં, ઇઝરાયલના એક કુળના યાજક થવું?"

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּיטַב | לֵב | הַכֹּהֵן | וַיִּקַּח | אֶת־ | הָאֵפוֹד | וְאֶת־ | הַתְּרָפִים | וְאֶת־ | הַפָּסֶל |
| અને-ખુશ-થયું | હૃદય | યાજકનું | અને-લીધા | _ | એફોદ | અને | તરાફીમ | અને | કોતરેલી-મૂર્તિ |
| H3190 | | H3548 | H3947 | H0853 | H0646 | H0853 | H8655 | H0853 | H6459 |
| וַיָּבֹא | בְּקֶרֶב | הָעָם׃ | | | | | | | |
| અને-આવ્યો | વચ્ચે | લોકોની | | | | | | | |
| H0935 | H7130 | | | | | | | | |

યાજકોનું હૃદય આનંદથી ભરાઈ ગયું. એફોદ, તરાફીમ, કોતરેલી મૂર્તિ લઈને તે તેઓની સાથે ચાલ્યો ગયો.

21

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּפְנוּ | וַיֵּלֵכוּ | וַיָּשִׂימוּ | אֶת־ | הַטַּף | וְאֶת־ | הַמִּקְנֶה | וְאֶת־ | הַכְּבוּדָּה | לִפְנֵיהֶם׃ |
| અને-વળ્યા | અને-ગયા | અને-મૂક્યાં | _ | બાળકો | અને | ઢોર | અને | કીમતી-વસ્તુઓ | આગળ |
| H6437 | H3212 | | H0853 | H2945 | H0853 | H4735 | H0853 | | H6440 |

તેથી તેઓ પાછા વળીને ચાલ્યા ગયા. તેઓએ તેઓની સામે નાનાં બાળકોને, જાનવરોને તથા પોતાની માલમિલકતોને આગળ રાખ્યાં.

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הֵ֫מָּה | הִרְחִ֫יקוּ | מִבֵּ֣ית | מִיכָ֔ה | וְהָאֲנָשִׁ֗ים | אֲשֶׁר֙ | בַּבָּתִּ֜ים | אֲשֶׁ֙ר | עִם־ | בֵּ֣ית | מִיכָ֔ה |
| તેઓ | દૂર-ગયા | ઘરથી | મીખાહની | અને-માણસો | જે | ઘરોમાં | જે | _ | ઘર | મીખાહની |
| H1992 | H7368 | | H4318 | H0376 | | | | | | H4318 |

| | | | | |
|---|---|---|---|---|
| נִזְעֲק֔וּ | וַיַּדְבִּ֖יקוּ | אֶת־ | בְּנֵי־ | דָֽן׃ |
| બૂમો-પાડ્યા | અને-પકડ્યા | _ | સંતાનોને | દાનની |
| H2199 | H1692 | H0853 | | H1835 |

જયારે તેઓ મિખાના ઘરથી ઘણે દૂર ગયા, ત્યારે મિખાના ઘરની પાસેના ઘરના માણસોએ એકત્ર થઈને દાનપુત્રોને પકડી પાડ્યા.

23

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְרְא֙וּ | אֶל־ | בְּנֵי־ | דָ֔ן | וַיַּסֵּ֖בּוּ | פְּנֵיהֶ֑ם | וַיֹּאמְר֣וּ | לְמִיכָ֔ה | מַה־ | לְּךָ֖ | כִּ֥י |
| અને-બૂમો-પાડ્યા | _ | સંતાનોને | દાનની | અને-ફેરવ્યા | તેમની-મુખો | અને-કહ્યુ | મીખાહને | શું | તારું-છે | કે |
| H7121 | H0413 | | H1835 | H5437 | H6440 | H0559 | H4318 | H4100 | | |

| |
|---|
| נִזְעָֽקְתָּ׃ |
| બૂમો-પાડે-છે |
| H2199 |

તેઓએ દાનપુત્રોને ઊંચા અવાજે પોકાર્યા એટલે તેઓએ પાછા ફરીને મિખાને કહ્યુ, “શા માટે તું મોટું ટોળું લઈને અમારી પાછળ આવે છો?”

24

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֗אמֶר | אֶת־ | אֱלֹהַ֨י | אֲשֶׁר־ | עָשִׂ֜יתִי | לְקַחְתֶּ֛ם | וְאֶת־ | הַכֹּהֵ֖ן | וַתֵּלְכ֑וּ | וּמַה־ |
| અને-કહ્યુ | _ | મારી-દેવમૂર્તિઓ | જે | બનાવી | લઈ-લીધી | અને | યાજકને | અને-જતાં-રહ્યા | અને-શું |
| H0559 | H0853 | H0430 | | | H3947 | H0853 | H3548 | H3212 | H4100 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לִּ֣י | ע֔וֹד | וּמַה־ | זֶּ֛ה | תֹּאמְר֥וּ | אֵלַ֖י | מַה־ | לָּֽךְ׃ |
| મારી-પાસે | હજુ | અને-શું | આ | કહો-છો | મને | શું | તારું-છે |
| | H5750 | H4100 | H2088 | H0559 | H0413 | H4100 | |

તેણે કહ્યુ, “મેં બનાવેલા દેવોને તમે ચોરી લીધા છે અને યાજકને પણ લઈ જઈ રહ્યા છો. બીજું શું બાકી રહ્યુ છે? તેમ છતાં તમે મને કેમ પૂછી રહ્યા છો, કે ‘તને શો સંતાપ છે?’”

25

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמְר֤וּ | אֵלָיו֙ | בְּנֵי־ | דָ֔ן | אַל־ | תַּשְׁמַ֥ע | קוֹלְךָ֖ | עִמָּ֑נוּ | פֶּן־ | יִפְגְּע֣וּ | בָכֶ֗ם | אֲנָשִׁים֙ |
| અને-કહ્યુ | તેને | સંતાનોએ | દાનની | મા | સંભળાવ | અવાજ | અમારી-સાથે | કે-નહીં | મારે | તમને | માણસો |
| H0559 | H0413 | | H1835 | H0408 | H8085 | | | H6435 | H6293 | | H0376 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| מָ֣רֵי | נֶ֔פֶשׁ | וְאָסַפְתָּ֥ה | נַפְשְׁךָ֖ | וְנֶ֥פֶשׁ | בֵּיתֶֽךָ׃ |
| કડવા | જીવની | અને-ગુમાવીશ | તારો-જીવ | અને-જીવ | ઘરનો |
| H4751 | H5315 | H0622 | H5315 | H5315 | |

દાનના લોકોએ તેને કહ્યુ, મોટેથી ન બોલ. “અમારે તારો અવાજ સાંભળવો નથી કેમ કે કેટલાક અત્યંત ક્રોધિત માણસો તારા પર હુમલો કરશે અને તું તથા તારા ઘરનાં માર્યા જશો.”

26

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּלְכ֥וּ | בְנֵי־ | דָ֖ן | לְדַרְכָּ֑ם | וַיַּ֣רְא | מִיכָ֗ה | כִּֽי־ | חֲזָקִ֥ים | הֵ֙מָּה֙ | מִמֶּ֔נּוּ | וַיִּ֖פֶן |
| અને-ગયા | સંતાનો | દાનની | પોતાની-માર્ગે | અને-જોયું | મીખાહે | કે | બળવાન | તેઓ | તેની-કરતાં | અને-વળ્યો |
| H3212 | | H1835 | H1870 | H7200 | H4318 | | H2389 | H1992 | | H6437 |

| | | |
|---|---|---|
| וַיָּ֥שָׁב | אֶל־ | בֵּיתֽוֹ׃ |
| અને-પાછો-ગયો | _ | ઘરે |
| H7725 | H0413 | |

ત્યારે પછી દાનના લોકોએ પોતાનો રસ્તો પકડ્યો. જયારે મિખાને જણાયું કે તેઓ તેના કરતાં બળવાન હતા, ત્યારે તે પાછો વળ્યો અને પોતાને ઘરે ગયો.

27

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהֵ֫מָּה | לָקְח֞וּ | אֵ֣ת | אֲשֶׁר־ | עָשָׂ֣ה | מִיכָ֗ה | וְאֶת־ | הַכֹּהֵן֙ | אֲשֶׁ֣ר | הָֽיָה־ | ל֔וֹ | וַיָּבֹ֣אוּ |
| અને-તેઓ | લીધું | _ | જે | બનાવ્યું-હતું | મીખાહે | અને | યાજકને | જે | હતો | તેનો | અને-આવ્યા |
| H1992 | H3947 | H0853 | | | H4318 | H0853 | H3548 | | H1961 | | H0935 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַל־ | לַ֗יִשׁ | עַל־ | עַם֙ | שֹׁקֵט֙ | וּבֹטֵ֔חַ | וַיַּכּ֥וּ | אוֹתָ֖ם | לְפִי־ | חָ֑רֶב | וְאֶת־ | הָעִ֖יר |
| _ | લાઈશ-પર | _ | લોકો | શાંત | અને-નિર્ભય | અને-માર્યા | તેમને | તલવારની | ધારે | અને | નગરને |
| | | | | H8252 | H0982 | H5221 | H0853 | H6310 | H2719 | H0853 | |

| | |
|---|---|
| שָׂרְפ֥וּ | בָאֵֽשׁ׃ |
| બાળ્યું | આગથી |
| H8313 | H0784 |

મિખાએ જે બનાવ્યું હતું તે દાનના લોકોએ લઈ લીધું, તેની સાથે તેના યાજકોને પણ લાઈશમાં આવ્યાં, ત્યાં લોકો નિર્ભય તથા સુરક્ષિત હતા, તેઓએ તેઓને તલવારથી મારી નાખ્યા અને નગરને બાળી નાખ્યું.

28

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵ֨ין | מַצִּ֜יל | כִּ֧י | רְחוֹקָה־ | הִ֣יא | מִצִּיד֗וֹן | וְדָבָ֤ר | אֵֽין־ | לָהֶם֙ | עִם־ | אָדָ֔ם |
| અને-નહીં-હતો | ઉદ્ધારક | કારણ-કે | દૂર | હતી | સીદોનથી | અને-કોઈ | નહીં | તેમને | _ | કોઈ-સાથે |
| H0369 | H5337 | | H7350 | H1931 | H6721 | H1697 | H0369 | | | H0120 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהִ֕יא | בְּעֵ֖מֶק | אֲשֶׁ֣ר | לְבֵית־רְח֑וֹב | וַיִּבְנ֥וּ | אֶת־ | הָעִ֖יר | וַיֵּ֥שְׁבוּ | בָֽהּ׃ |
| અને-તે | ખીણમ□ી | જે | બેથ-રેહોબની | અને-બાંધ્યું | _ | નગરને | અને-વસ્યા | તેમાં |
| H1931 | H6010 | | H1050 | H1129 | H0853 | | H3427 | |

ત્યાં તેઓને છોડાવનાર કોઈ નહોતું, કેમ કે સિદોનથી તે ઘણું દૂર હતું અને તેઓને કોઈની સાથે કશો વ્યવહાર ન હતો. બેથ-રહોબ પાસેની ખીણમાં તે આવેલું હતું. અને ત્યાં નગરમાં રહ્યા.

29

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְרְא֤וּ | שֵׁם־ | הָעִיר֙ | דָּ֔ן | בְּשֵׁם֙ | דָּ֣ן | אֲבִיהֶ֔ם | אֲשֶׁ֥ר | יוּלַּ֖ד | לְיִשְׂרָאֵ֑ל |
| અને-બોલાવ્યું | નામ | નગરનું | દાન | તેમની-પિતા | _ | નામે | જે | જન્મ્યો-હતો | ઇઝરાયલને |
| H7121 | H8034 | | H1835 | H8034 | H1835 | H0001 | | H3205 | H3478 |

| | | | | |
|---|---|---|---|---|
| וְאוּלָ֛ם | לַ֥יִשׁ | שֵׁם־ | הָעִ֖יר | לָרִאשֹׁנָֽה׃ |
| પણ-પહેલાં | લાઈશ | નામ | નગરનું | પહેલાં |
| H0199 | | H8034 | | H7223 |

તેઓએ તે નગરનું નામ તેઓના પૂર્વજોના નામ પરથી દાન પાડ્યું, ઇઝરાયલના સંતાનોમાંનો હતો. અગાઉ નગરનું નામ લાઈશ હતું.

30

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּקִ֧ימוּ | לָהֶ֛ם | בְנֵי־ | דָ֖ן | אֶת־ | הַפָּ֑סֶל | וִיהוֹנָתָ֨ן | בֶּן־ | גֵּרְשֹׁ֜ם | בֶּן־ |
| અને-ઊભી-કર્યુ | પોત□ી-માટે | સંતાનોએ | દાનની | _ | કોતરેલી-મૂર્તિ | અને-યોનાથાન | દીકરો | ગેર્શોમનો | દીકરો |
| | | | H1835 | H0853 | H6459 | H3129 | | H1647 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מְנַשֶּׁ֗ה | ה֤וּא | וּבָנָיו֙ | הָי֤וּ | כֹהֲנִים֙ | לְשֵׁ֣בֶט | הַדָּנִ֔י | עַד־ | י֖וֹם | גְּל֥וֹת | הָאָֽרֶץ׃ |
| મનશ્શેહનો | તે | અને-તેની-દીકરાઓ | હતે | યાજકો | કુળની | દાનની | _ | દિવસ | દેશનિકાલનો | ભૂમિનો |
| H4519 | H1931 | | H1961 | H3548 | H7626 | H1839 | H5704 | H3117 | H1540 | H0776 |

દાનના લોકોએ પોતાને માટે કોતરેલી મૂર્તિની પ્રતિષ્ઠા કરી, અને દેશની ગુલામગીરીના દિવસ સુધી મૂસાના દીકરા ગેર્શોમનો દીકરો યોનાથાન તથા તેના પુત્રો દાન કુળના યાજકો હતા.

31

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּשִׂ֣ימוּ | לָהֶ֔ם | אֶת־ | פֶּ֥סֶל | מִיכָ֖ה | אֲשֶׁ֣ר | עָשָׂ֑ה | כָּל־ | יְמֵ֛י | הֱי֥וֹת |
| અને-સ્થાપિત-કર્યું | પોતાની-માટે | _ | કોતરેલી-મૂર્તિ | મીખાહની | જે | બનાવી-હતી | બધા | દિવસો | જ્યાં-સુધી |
| | | H0853 | H6459 | H4318 | | | H3605 | H3117 | H1961 |

| | | | |
|---|---|---|---|
| בֵית־ | הָאֱלֹהִ֖ים | בְּשִׁלֹֽה׃ | פ |
| _ | ઈશ્વરનું-મંદિર | શીલોમાં | _ |
| | H0430 | H7887 | |

જ્યાં સુધી ઈશ્વરનું તંબુ શીલોમાં હતું ત્યાં સુધી તેઓએ મિખાની બનાવેલી કોતરેલી મૂર્તિની કાયમ ઉપાસના કરી.

## Chapter 19

1
וַיְהִי અને-થયું H1961 | בַּיָּמִים તે-દિવસોમાં H3117 | הָהֵם તે H1992 | וּמֶלֶךְ અને-રાજા H4428 | אֵין ન-હતો H0369 | בְּיִשְׂרָאֵל ઇસ્રાએલમાં H3478 | וַיְהִי અને-થયું H1961 | אִישׁ એક-માણસ H0376 | לֵוִי લેવી H3881 | גָּר રહેતો-હતો
בְּיַרְכְּתֵי દૂરના-ભાગોમાં H3411 | הַר־ પહાડ- H2022 | אֶפְרַיִם એફ્રાઈમના H0669 | וַיִּקַּח־ અને-તેણે-લીધી H3947 | לוֹ પોતાને-માટે | אִשָּׁה સ્ત્રી H0802 | פִּילֶגֶשׁ ઉપપત્ની H6370 | מִבֵּית לֶחֶם બેથલેહેમથી H1035 | יְהוּדָה: યહૂદાના H3063

ઇઝરાયલમાં કોઈ રાજા નહોતો, તે દિવસોમાં એવું બન્યું કે કોઈ એક લેવી એફ્રાઇમની પહાડી પ્રદેશના સૌથી દૂર વિસ્તારમાં આવીને રહેતો હતો. તેણે બેથલેહેમનાં યહૂદિયામાંથી એક સ્ત્રીને પોતાની ઉપપત્ની તરીકે રાખી હતી.

2
וַתִּזְנֶה અને-વ્યભિચાર-કર્યો H2181 | עָלָיו તેની-વિરુદ્ધ | פִּילַגְשׁוֹ તેની-ઉપપત્નીએ H6370 | וַתֵּלֶךְ અને-ગઈ H3212 | מֵאִתּוֹ તેની-પાસેથી H0854 | אֶל־ _ H0413 | בֵּית ઘર | אָבִיהָ તેના-પિતાના H0001 | אֶל־ _ H0413
בֵּית לֶחֶם બેથલેહેમ H1035 | יְהוּדָה યહૂદા H3063 | וַתְּהִי־ અને-રહી H1961 | שָׁם ત્યાં H8033 | יָמִים દિવસો H3117 | אַרְבָּעָה ચાર H0702 | חֳדָשִׁים: મહિના H2320

પણ તેની ઉપપત્ની તેને અવિશ્વાસુ હતી. તેણે વ્યભિચાર કર્યો તેના પતિને મૂકીને પોતાના પિતાના ઘરે બેથલેહેમના યહૂદિયામાં પાછી ગઈ. તે ત્યાં ચાર મહિના સુધી રહી.

3
וַיָּקָם અને-ઊઠ્યો | אִישָׁהּ તેનો-પતિ H0376 | וַיֵּלֶךְ અને-ગયો H3212 | אַחֲרֶיהָ તેની-પાછળ | לְדַבֵּר બોલવા H1696 | עַל־ _ | לִבָּהּ તેના-હૃદય-પર | [להשיבו] [તેને-પાછો-લાવવા] H7725 | (לַהֲשִׁיבָהּ) (તેને-પાછી-લાવવા) H7725
וְנַעֲרוֹ અને-તેનો-સેવક H5288 | עִמּוֹ તેની-સાથે | וְצֶמֶד અને-જોડી H6776 | חֲמֹרִים ગધેડાઓ H2543 | וַתְּבִיאֵהוּ અને-તે-તેને-લાવી H0935 | בֵּית ઘર | אָבִיהָ તેના-પિતાના H0001 | וַיִּרְאֵהוּ અને-તેણે-જોયો H7200 | אֲבִי પિતા H0001
הַנַּעֲרָה છોકરીના H5291 | וַיִּשְׂמַח અને-આનંદ-કર્યો H8055 | לִקְרָאתוֹ: તેને-મળીને H7125

તેનો પતિ તેને સમજાવીને પાછી લાવવા માટે ગયો. તેની સાથે નોકર તથા બે ગધેડા હતાં. તેની ઉપપત્નીના પિતાએ તેને જોયો, ત્યારે તે સ્ત્રી તેને પોતાના પિતાના ઘરમાં લાવી. અને તેનો પિતા તેને મળીને ખુશ થયો.

4
וַיֶּחֱזַק־ અને-આગ્રહ-કર્યો H2388 | בּוֹ તેને | חֹתְנוֹ તેના-સસરાએ | אֲבִי પિતા H0001 | הַנַּעֲרָה છોકરીના H5291 | וַיֵּשֶׁב અને-રહ્યો H3427 | אִתּוֹ તેની-સાથે H0854 | שְׁלֹשֶׁת ત્રણ H7969 | יָמִים દિવસ H3117 | וַיֹּאכְלוּ અને-ખાધું H0398
וַיִּשְׁתּוּ અને-પીધું H8354 | וַיָּלִינוּ અને-રાત-રહ્યા | שָׁם: ત્યાં H8033

તેના સસરાએ એટલે યુવતીના પિતાએ, તેને ત્રણ દિવસ રહેવા માટે સમજાવ્યો. તેઓએ ખાધું, પીધું અને ત્યાં રહ્યો.

5
וַיְהִי અને-થયું H1961 | בַּיּוֹם ચોથા-દિવસે H3117 | הָרְבִיעִי _ H7243 | וַיַּשְׁכִּימוּ વહેલા-ઊઠ્યા H7925 | בַבֹּקֶר સવારે H1242 | וַיָּקָם અને-ઊભો-થયો | לָלֶכֶת જવા-માટે H3212 | וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | אֲבִי પિતાએ H0001 | הַנַּעֲרָה છોકરીના H5291
אֶל־ _ H0413 | חֲתָנוֹ તેના-જમાઈને H2860 | סְעָד ભોજનથી-મજબૂત-કર H5582 | לִבְּךָ તારું-હૃદય | פַּת־ રોટલી- | לֶחֶם ના-ટુકડાથી H3899 | וְאַחַר અને-પછી | תֵּלֵכוּ: જજો H3212

ચોથે દિવસે તેઓએ વહેલાં ઊઠીને વિદાય થવાની તૈયારી કરી, પણ યુવતીના પિતાએ પોતાના જમાઈને કહ્યુ, “થોડો ખોરાક ખાઈને તાજગી પામ. પછી તમે તમારે રસ્તે જજો.”

6
וַיֵּשְׁבוּ અને-બેઠા H3427
וַיֹּאכְלוּ અને-ખાધું H0398
שְׁנֵיהֶם બંનેએ H8147
יַחְדָּו સાથે
וַיִּשְׁתּוּ અને-પીધું H8354
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אֲבִי પિતાએ H0001
הַנַּעֲרָה છોકરીના H5291
אֶל־ _ H0413
הָאִישׁ માણસને H0376
הוֹאֶל־ કૃપા-કરીને H2974
נָא _ H4994
וְלִין રાત-રહો
וְיִטַב અને-આનંદ-પામો H3190
לִבֶּךָ׃ તારું-હૃદય

તેથી તેઓ બન્નેએ સાથે બેસીને ખાધુંપીધું. પછી યુવતીના પિતાએ લેવીને કહ્યુ, "કૃપા કરી જો તારી ઇચ્છા હોય તો આજની રાત અહીં રોકાઈ જા અને આનંદ કર."

7
וַיָּקָם અને-ઊઠ્યો
הָאִישׁ માણસ H0376
לָלֶכֶת જવા-માટે H3212
וַיִּפְצַר־ અને-આગ્રહ-કર્યો H6484
בּוֹ તેને
חֹתְנוֹ સસરાએ
וַיָּשָׁב અને-પાછો-ફર્યો H7725
וַיָּלֶן અને-રાત-રહ્યો
שָׁם׃ ત્યાં H8033

લેવી જવા માટે વહેલો ઊઠ્યો, પણ જુવાન સ્ત્રીના પિતાએ તેને રહેવા માટે આગ્રહ કર્યો, તેથી તેણે પોતાનો વિચાર બદલ્યો અને ફરી તે રાતે તે રહી ગયો.

8
וַיַּשְׁכֵּם અને-વહેલો-ઊઠ્યો H7925
בַּבֹּקֶר સવારે H1242
בַּיּוֹם પાંચમા-દિવસે H3117
הַחֲמִישִׁי _ H2549
לָלֶכֶת જવા-માટે H3212
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אֲבִי પિતાએ H0001
הַנַּעֲרָה છોકરીના H5291
סְעָד־ ભોજનથી-મજબૂત-કર H5582
נָא કૃપા-કરીને H4994
לְבָבְךָ તારું-હૃદય H3824
וְהִתְמַהְמְהוּ અને-રોકાઓ H4102
עַד־ _ H5704
נְטוֹת ઢળવા-સુધી H5186
הַיּוֹם દિવસના H3117
וַיֹּאכְלוּ અને-ખાધું H0398
שְׁנֵיהֶם׃ બંનેએ H8147

પાંચમા દિવસે વિદાય થવા માટે તે વહેલો ઊઠ્યો, પણ છોકરીના પિતાએ કહ્યુ, "પોતાને બળવાન કર અને બપોર સુધી રહી જા." તેથી તેઓ બન્ને જમ્યાં.

9
וַיָּקָם અને-ઊઠ્યો
הָאִישׁ માણસ H0376
לָלֶכֶת જવા-માટે H3212
הוּא તે H1931
וּפִילַגְשׁוֹ અને-તેની-ઉપપત્ની H6370
וְנַעֲרוֹ અને-તેનો-સેવક H5288
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
לוֹ તેને
חֹתְנוֹ સસરાએ
אֲבִי પિતા H0001
הַנַּעֲרָה છોકરીના H5291
הִנֵּה જુઓ H2009
נָא _ H4994
רָפָה ઢળી-રહ્યો-છે H7503
הַיּוֹם દિવસ H3117
לַעֲרֹב સાંજ-તરફ H6150
לִינוּ־ રાત-રહો
נָא _ H4994
הִנֵּה જુઓ H2009
חֲנוֹת છાવણી-કરો H2583
הַיּוֹם આજે H3117
לִין રાત-રહો
פֹּה અહીં H6311
וְיִיטַב અને-આનંદ-પામો H3190
לְבָבֶךָ તારું-હૃદય H3824
וְהִשְׁכַּמְתֶּם અને-સવારે-વહેલા-ઊઠજો H7925
מָחָר આવતીકાલે H4279
לְדַרְכְּכֶם તમારા-માર્ગે H1870
וְהָלַכְתָּ અને-ચાલ્યા-જજો H1980
לְאֹהָלֶךָ׃ તારા-તંબુમાં H0168

પછી લેવી, તેની ઉપપત્ની તથા તેનો ચાકર જવા માટે ઊભા થયા, ત્યારે તેના સસરાએ, એટલે યુવતીના પિતાએ તેને કહ્યુ, "જો, હવે દિવસ આથમવા આવ્યો છે. કૃપા કરી આજે રાત્રે પણ રોકાઈ જાઓ અને આનંદ કરો. આવતીકાલે વહેલા ઊઠીને તમારે ઘરે પાછા જજો.

10
וְלֹא־ અને-ન H3808
אָבָה ઇચ્છ્યો H0014
הָאִישׁ માણસ H0376
לָלוּן રાત-રહેવા
וַיָּקָם અને-ઊઠ્યો
וַיֵּלֶךְ અને-ગયો H3212
וַיָּבֹא અને-આવ્યો H0935
עַד־ _ H5704
נֹכַח સામે H5227
יְבוּס યબૂસ H2982
הִיא જે-છે H1931
יְרוּשָׁלָםִ યરુશાલેમ H3389
וְעִמּוֹ અને-તેની-સાથે
צֶמֶד જોડી H6776
חֲמוֹרִים ગધેડાઓ H2543
חֲבוּשִׁים બોજ-ભરેલા H2280
וּפִילַגְשׁוֹ અને-ઉપપત્ની H6370
עִמּוֹ׃ તેની-સાથે

પણ લેવી તે રાતે ત્યાં રહેવા માટે રાજી ન હતો. તેથી તે ચાલી નીકળ્યો. તે યબૂસ એટલે યરુશાલેમ પાસે આવી પહોંચ્યો. તેની સાથે સામાન બાંધેલાં બે ગધેડાં અને તેની ઉપપત્ની પણ હતી.

11
הֵם તેઓ H1992
עִם־ પાસે
יְבוּס યબૂસ H2982
וְהַיּוֹם અને-દિવસ H3117
רַד ઢળી-ગયો-હતો H7286
מְאֹד ઘણો H3966
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
הַנַּעַר સેવક H5288
אֶל־ _ H0413
אֲדֹנָיו તેના-સ્વામીને H0113
לְכָה־ ચાલો H3212
נָּא _ H4994
וְנָסוּרָה અને-ફંટાઈએ H5493
אֶל־ _ H0413
עִיר־ શહેર
הַיְבוּסִי યબૂસીના H2983
הַזֹּאת આ H2063
וְנָלִין અને-રાત-રહીએ
בָּהּ׃ તેમાં

જયારે તેઓ યબૂસ પાસે પહોંચ્યાં, ત્યારે સાંજ પડી ગઈ હોવાથી તેના ચાકરે પોતાના માલિકને કહ્યું, "ચાલો, આપણે યબૂસીઓના નગરમાં જઈને ત્યાં રાત વિતાવીએ."

12

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યું | H0559 |
| אֵלָיו | તેને | H0413 |
| אֲדֹנָיו | તેના-સ્વામીએ | H0113 |
| לֹא | નહીં | H3808 |
| נָסוּר | ફંટાઈએ | H5493 |
| אֶל־ | _ | H0413 |
| עִיר | શહેર | |
| נָכְרִי | વિદેશી | H5237 |
| אֲשֶׁר | જે | |
| לֹא־ | નથી | H3808 |
| מִבְּנֵי | સંતાનોમાંથી | |
| יִשְׂרָאֵל | ઇસ્રાએલના | H3478 |
| הֵנָּה | અહીં | H2008 |
| וְעָבַרְנוּ | અને-આગળ-જઈએ | |
| עַד־ | _ | H5704 |
| גִּבְעָה׃ | ગિબઆ-સુધી | H1390 |

તેના માલિકે તેને કહ્યુ, "આપણે આ વિદેશીઓના નગરમાં જવું નથી, જ્યાં ઇઝરાયલ નથી તેવા વિદેશીઓના નગરમાં આપણે નહિ જઈએ. આપણે આગળ ચાલીને ગિબયા જઈશું."

13

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યું | H0559 |
| לְנַעֲרוֹ | તેના-સેવકને | H5288 |
| לְךְ | ચાલ | H3212 |
| וְנִקְרְבָה | અને-નજીક-જઈએ | H7126 |
| בְּאַחַד | એક | H0259 |
| הַמְּקֹמוֹת | સ્થળોમાં | H4725 |
| וְלַנּוּ | અને-રાત-રહીએ | |
| בַגִּבְעָה | ગિબઆમાં | H1390 |
| אוֹ | અથવા | |
| בָרָמָה׃ | રામામાં | H7414 |

લેવીએ તેના જુવાન નોકરને કહ્યુ, "આવ, આપણે આ જગ્યાઓમાંની એક જગ્યાએ જઈએ અને ગિબયામાં કે રામામાં જઈને રાતવાસો કરીએ."

14

| | | |
|---|---|---|
| וַיַּעַבְרוּ | અને-આગળ-ગયા | |
| וַיֵּלֵכוּ | અને-ચાલ્યા | H3212 |
| וַתָּבֹא | અને-આથમ્યો | H0935 |
| לָהֶם | તેમને-માટે | |
| הַשֶּׁמֶשׁ | સૂર્ય | H8121 |
| אֵצֶל | પાસે | H0681 |
| הַגִּבְעָה | ગિબઆના | H1390 |
| אֲשֶׁר | જે | |
| לְבִנְיָמִן׃ | બિન્યામીનનું-હતું | H1144 |

તેથી તેઓ આગળ જવાનું જારી રાખ્યું. જયારે બિન્યામીનના પ્રદેશના ગિબયા પાસે તેઓ પહોચ્યાં ત્યારે સૂર્યાસ્ત થયો.

15

| | | |
|---|---|---|
| וַיָּסֻרוּ | અને-ફંટાયા | H5493 |
| שָׁם | ત્યાં | H8033 |
| לָבוֹא | જવા-માટે | H0935 |
| לָלוּן | રાત-રહેવા | |
| בַּגִּבְעָה | ગિબઆમાં | H1390 |
| וַיָּבֹא | અને-આવ્યો | H0935 |
| וַיֵּשֶׁב | અને-બેઠો | H3427 |
| בִּרְחוֹב | ચોકમાં | H7339 |
| הָעִיר | શહેરના | |
| וְאֵין | અને-કોઈ-નહીં | H0369 |
| אִישׁ | માણસ | H0376 |
| מְאַסֵּף־ | એકઠા-કરનાર | H0622 |
| אוֹתָם | તેમને | H0853 |
| הַבַּיְתָה | ઘરમાં | |
| לָלוּן׃ | રાત-રહેવા | |

તેઓએ ગિબયામાં જઈને રાત વિતાવી. અને તે નગરની વચ્ચેની ખુલ્લી જગ્યામાં જઈને બેઠો, પણ કોઈ તેને રાત વિતાવવા માટે લઈ ગયું નહિ.

16

| | | |
|---|---|---|
| וְהִנֵּה | અને-જુઓ | H2009 |
| אִישׁ | માણસ | H0376 |
| זָקֵן | વૃદ્ધ | H2205 |
| בָּא | આવ્યો | H0935 |
| מִן־ | _ | |
| מַעֲשֵׂהוּ | તેના-કામથી | H4639 |
| מִן־ | _ | |
| הַשָּׂדֶה | ખેતરમાંથી | |
| בָּעֶרֶב | સાંજે | H6153 |
| וְהָאִישׁ | અને-માણસ | H0376 |
| מֵהַר | પહાડ | H2022 |
| אֶפְרַיִם | એફ્રાઈમનો | H0669 |
| וְהוּא־ | અને-તે | H1931 |
| גָר | રહેતો-હતો | |
| בַּגִּבְעָה | ગિબઆમાં | H1390 |
| וְאַנְשֵׁי | અને-લોકો | H0376 |
| הַמָּקוֹם | તે-સ્થળના | H4725 |
| בְּנֵי יְמִינִי׃ | બિન્યામીનના-સંતાનો | H1145 |

પણ ત્યારે એક વૃદ્ધ માણસ ખેતરમાં કામ કરીને સાંજે પાછો આવતો હતો. તે એફ્રાઇમના પહાડી પ્રદેશનો લેવી હતો. થોડા સમય માટે ગિબયામાં આવ્યો હતો. પણ તે જગ્યાએ જે લોકો રહેતા હતા તેઓ તો બિન્યામીનીઓ હતા.

17

| | | |
|---|---|---|
| וַיִּשָּׂא | અને-ઊંચી-કરી | H5375 |
| עֵינָיו | આંખો | |
| וַיַּרְא | અને-જોયો | H7200 |
| אֶת־ | _ | H0853 |
| הָאִישׁ | માણસને | H0376 |
| הָאֹרֵחַ | મુસાફર | H0732 |
| בִּרְחֹב | ચોકમાં | H7339 |
| הָעִיר | શહેરના | |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הָאִישׁ | માણસે | H0376 |
| הַזָּקֵן | વૃદ્ધે | H2205 |
| אָנָה | ક્યાં | H0575 |
| תֵלֵךְ | જાય-છે | H3212 |
| וּמֵאַיִן | અને-ક્યાંથી | H0370 |
| תָּבוֹא׃ | આવે-છે | H0935 |

તે વૃદ્ધે પોતાની આંખો ઊંચી કરી અને તેણે નગરમાં વટેમાર્ગુઓને રસ્તામાં બેઠેલા જોયા. તે વૃદ્ધ માણસે કહ્યુ, “તું ક્યાં જાય છે? તું ક્યાંથી આવ્યો છે?”

18

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֵלָיו | તેને | H0413 |
| עֹבְרִים | પસાર-થઈ-રહ્યા-છીએ | |
| אֲנַחְנוּ | અમે | H0587 |
| מִבֵּית־לֶחֶם | બેથલેહેમથી | H1035 |
| יְהוּדָה | યહૂદાના | H3063 |
| עַד־ | _ | H5704 |
| יַרְכְּתֵי־ | દૂરના-ભાગો | H3411 |
| הַר־ | પહાડ | H2022 |
| אֶפְרַיִם | એફ્રાઈમના | H0669 |
| מִשָּׁם | ત્યાંથી | H8033 |
| אָנֹכִי | હું | H0595 |
| וָאֵלֵךְ | અને-ગયો-હતો | H3212 |
| עַד־ | _ | H5704 |
| בֵּית לֶחֶם | બેથલેહેમ | H1035 |
| יְהוּדָה | યહૂદા | H3063 |
| וְאֶת־ | અને | H0853 |
| בֵּית | ઘર | |
| יְהוָה | યહોવાહના | H3068 |
| אֲנִי | હું | H0589 |
| הֹלֵךְ | જઈ-રહ્યો-છું | H1980 |
| וְאֵין | અને-કોઈ-નહીં | H0369 |
| אִישׁ | માણસ | H0376 |
| מְאַסֵּף | એકઠો-કરનાર | H0622 |
| אוֹתִי | મને | H0853 |
| הַבָּיְתָה׃ | ઘરમાં | |

લેવીએ તેને કહ્યુ, “અમે બેથલેહેમ યહૂદિયાનાં એફ્રાઇમના પહાડી પ્રદેશના પેલે છેડે જઈએ છીએ. હું ત્યાંનો રહેવાસી છું. હું બેથલેહેમ-યહૂદિયામાં ગયો હતો અને હું ઈશ્વરના ઘરે જાઉં છું.

19

| | | |
|---|---|---|
| וְגַם־ | અને-પણ | H1571 |
| תֶּבֶן | ઘાસ | H8401 |
| גַּם־ | અને-પણ | H1571 |
| מִסְפּוֹא | ઘાસચારો | H4554 |
| יֵשׁ | છે | H3426 |
| לַחֲמוֹרֵינוּ | અમારા-ગધેડાઓ-માટે | H2543 |
| וְגַם | અને-પણ | H1571 |
| לֶחֶם | રોટલી | H3899 |
| וָיַיִן | અને-દ્રાક્ષારસ | H3196 |
| יֶשׁ־ | છે | H3426 |
| לִי | મારી-પાસે | |
| וְלַאֲמָתֶךָ | અને-તારી-દાસી-માટે | H0519 |
| וְלַנַּעַר | અને-સેવક-માટે | H5288 |
| עִם־ | _ | |
| עֲבָדֶיךָ | તારા-સેવકો-સાથે | H5650 |
| אֵין | નથી | H0369 |
| מַחְסוֹר | અછત | H4270 |
| כָּל־ | કોઈ-પણ | H3605 |
| דָּבָר׃ | વસ્તુની | H1697 |

અમારી પાસે અમારા ગધેડાંને માટે ઘાસચારો છે, તારી દાસીને માટે અને જુવાન માણસને માટે રોટલી અને દ્રાક્ષારસ છે. અમને કશાની જરૂરીયાત નથી. પણ કોઈ માણસ અમને પોતાના ઘરમાં આવકાર આપતો નથી.”

20

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הָאִישׁ | માણસે | H0376 |
| הַזָּקֵן | વૃદ્ધ | H2205 |
| שָׁלוֹם | શાંતિ | H7965 |
| לָךְ | તને | |
| רַק | ફક્ત | H7535 |
| כָּל־ | તારી-બધી | H3605 |
| מַחְסוֹרְךָ | જરૂરિયાત | H4270 |
| עָלָי | મારા-પર | |
| רַק | ફક્ત | H7535 |
| בָּרְחוֹב | ચોકમાં | H7339 |
| אַל־ | ન | H0408 |
| תָּלַן׃ | રાત-રહેશો | |

વૃદ્ધ માણસે તેઓની ખબરઅંતર પૂછી અને કહ્યુ, “તમને શાંતિ થાઓ હું તમારી બધી જ જરૂરિયાત પૂરી પાડીશ. તમારી સંભાળ રાખીશ. તમે રસ્તામાં રોકાઈ જશો નહિ.”

21

| | | |
|---|---|---|
| וַיְבִיאֵהוּ | અને-લાવ્યો | H0935 |
| לְבֵיתוֹ | તેના-ઘરમાં | |
| ]וַיָּבוֹל[ | [અને-ખવડાવ્યું] | |
| )וַיָּבוֹל( | (અને-ખવડાવ્યું) | |
| לַחֲמוֹרִים | ગધેડાઓને | H2543 |
| וַיִּרְחֲצוּ | અને-ધોયા | H7364 |
| רַגְלֵיהֶם | તેમના-પગ | H7272 |
| וַיֹּאכְלוּ | અને-ખાધું | H0398 |
| וַיִּשְׁתּוּ׃ | અને-પીધું | H8354 |

તે માણસ લેવીને પોતાને ઘરે લાવ્યો. તેના ગધેડાંને ઘાસ ચારો આપ્યો. તેઓએ પોતાના હાથપગ ધોયા અને ખાધુંપીધું.

22

| | | |
|---|---|---|
| הֵמָּה | તેઓ | H1992 |
| מֵיטִיבִים | આનંદ-કરતા-હતા | H3190 |
| אֶת־ | _ | H0853 |
| לִבָּם | તેમના-હૃદયોમાં | |
| וְהִנֵּה | અને-જુઓ | H2009 |
| אַנְשֵׁי | માણસો | H0376 |
| הָעִיר | શહેરના | |
| אַנְשֵׁי | માણસો | H0376 |
| בְנֵי־ | સંતાનો | |
| בְלִיַּעַל | બલિયાલના | H1100 |
| נָסַבּוּ | ઘેરી-વળ્યા | H5437 |
| אֶת־ | _ | H0853 |
| הַבַּיִת | ઘરને | |
| מִתְדַּפְּקִים | ઠોકતા-હતા | H1849 |
| עַל־ | _ | |
| הַדָּלֶת | દરવાજા-પર | |
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| אֶל־ | _ | H0413 |
| הָאִישׁ | માણસને | H0376 |
| בַּעַל | માલિક | H1167 |
| הַבַּיִת | ઘરના | |
| הַזָּקֵן | વૃદ્ધને | H2205 |
| לֵאמֹר | કહેતાં | H0559 |
| הוֹצֵא | બહાર-લાવ | H3318 |
| אֶת־ | _ | H0853 |
| הָאִישׁ | માણસને | H0376 |
| אֲשֶׁר־ | જે | |
| בָּא | આવ્યો | H0935 |
| אֶל־ | _ | H0413 |
| בֵּיתְךָ | તારા-ઘરમાં | |
| וְנֵדָעֶנּוּ׃ | અને-અમે-તેને-ઓળખીએ | H3045 |

તેઓ આનંદમાં હતા, એટલામાં જુઓ, નગરના બલિયાલના દીકરાઓએ આવીને ઘરનો દરવાજો ખટખટાવ્યો. તેઓએ તે વૃદ્ધ માણસને કહ્યુ, “જે માણસ તારા ઘરમાં આવ્યો તેને બહાર કાઢ કે અમે તેની સાથે શારીરિક સંબંધ બાંધીએ.”

23

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּצֵ֤א | אֲלֵיהֶם֙ | הָאִ֔ישׁ | בַּ֣עַל | הַבַּ֔יִת | וַיֹּ֖אמֶר | אֲלֵהֶ֑ם | אַל־ | אַחַ֖י | אַל־ | תָּרֵֽעוּ |
| અને-બહાર-ગયો | તેમની-પાસે | માણસ | માલિક | ઘરનો | અને-કહ્યુ | તેમને | ન-કરો | ભાઈઓ | ન-કરો | દુષ્ટતા |
| H3318 | H0413 | H0376 | H1167 | | H0559 | H0413 | H0408 | H0251 | H0408 | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| נָ֕א | אַחֲרֵ֞י | אֲשֶׁר־ | בָּ֨א | הָאִ֤ישׁ | הַזֶּה֙ | אֶל־ | בֵּיתִ֔י | אַֽל־ | תַּעֲשׂ֖וּ | אֶת־ | הַנְּבָלָ֥ה |
| કૃપા-કરીને | પછી | _ | આવ્યો-છે | માણસ | આ | ન-કરો | મારા-ઘરમાં | ન | કરો | _ | આ-અધમતા |
| H4994 | | | H0935 | H0376 | H2088 | H0413 | | H0408 | | H0853 | H5039 |

| |
|---|
| הַזֹּֽאת׃ |
| _ |
| H2063 |

તે ઘરના માલિકે તેઓને બહાર લઈ જઈને તેઓને કહ્યુ, “ના, મારા ભાઈઓ, કૃપા કરી આવું ખોટું કામ ના કરો” જ્યાં સુધી આ માણસો મારા ઘરમાં મહેમાન તરીકે છે, ત્યાં સુધી આવો દુરાચાર ના કરો.”

24

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הִנֵּ֨ה | בִתִּ֜י | הַבְּתוּלָ֗ה | וּפִֽילַגְשֵׁ֙הוּ֙ | אוֹצִֽיאָה־ | נָּ֣א | אוֹתָ֔ם | וְעַנּ֣וּ | אוֹתָ֔ם |
| જુઓ | મારી-દીકરી | કુંવારી | અને-તેની-ઉપપત્ની | બહાર-લાવું | _ | તેમને | અને-અપમાનિત-કરો | તેમને |
| H2009 | H1323 | H1330 | H6370 | H3318 | H4994 | H0853 | | H0853 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַעֲשׂ֣וּ | לָהֶ֔ם | הַטּ֖וֹב | בְּעֵינֵיכֶ֑ם | וְלָאִ֤ישׁ | הַזֶּה֙ | לֹ֣א | תַעֲשׂ֔וּ | דְּבַ֖ר | הַנְּבָלָ֥ה | הַזֹּֽאת׃ |
| અને-કરો | તેમને | જે-સારું-લાગે | તમારી-દૃષ્ટિમાં | અને-માણસને | આ | ન | કરો | કામ | અધમતાનું | આ |
| | | | | H0376 | H2088 | H3808 | | H1697 | H5039 | H2063 |

જુઓ, મારી કુંવારી દીકરી કે જે તે માણસની ઉપપત્ની છે તે અહીં છે. તેને હું હમણાં બહાર લાવું. તેની આબરુ લો તથા તમને જેમ સારુ લાગે તેમ તેની સાથે કરો. પણ એ માણસ સાથે એવું અધમ કૃત્ય ના કરો”

25

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלֹֽא־ | אָב֤וּ | הָֽאֲנָשִׁים֙ | לִשְׁמֹ֣עַ | ל֔וֹ | וַיַּחֲזֵ֤ק | הָאִישׁ֙ | בְּפִ֣ילַגְשׁ֔וֹ | וַיֹּצֵ֥א | אֲלֵיהֶ֖ם |
| અને-ન | ઇચ્છ્યા | માણસોએ | સાંભળવા | તેનું | અને-પકડ્યો | માણસે | તેની-ઉપપત્નીને | અને-બહાર-કાઢી | તેમની-પાસે |
| H3808 | H0014 | H0376 | H8085 | | H2388 | H0376 | H6370 | H3318 | H0413 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַח֑וּץ | וַיֵּדְע֨וּ | אוֹתָ֜הּ | וַיִּתְעַלְּלוּ־ | בָ֤הּ | כָּל־ | הַלַּ֙יְלָה֙ | עַד־ | הַבֹּ֔קֶר | וַֽיְשַׁלְּח֖וּהָ |
| બહાર | અને-ઓળખી | તેને | અને-દુર્વ્યવહાર-કર્યો | તેણી-સાથે | આખી | રાત | _ | સવાર-સુધી | અને-છોડી-દીધી |
| H2351 | H3045 | H0853 | | | H3605 | H3915 | H5704 | H1242 | H7971 |

| | | |
|---|---|---|
| [בעלות] | (כַּעֲל֥וֹת) | הַשָּֽׁחַר׃ |
| [ઊગતી] | (ઊગતી) | પરોઢ |
| H5927 | H5927 | H7837 |

પણ તે માણસોએ તેનું સાંભળ્યું નહિ, તેથી તે માણસ તેની ઉપપત્નીને પકડીને તેઓની પાસે બહાર લાવ્યો. તેઓએ તેના પર બળાત્કાર કર્યો અને આખી રાત તેની સાથે દુષ્કર્મ કર્યું, સવાર પડતાં તેઓએ તેને છોડી દીધી.

26

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתָּבֹ֥א | הָאִשָּׁ֖ה | לִפְנ֣וֹת | הַבֹּ֑קֶר | וַתִּפֹּ֞ל | פֶּ֧תַח | בֵּית־ | הָאִ֛ישׁ | אֲשֶׁר־ | אֲדוֹנֶ֥יהָ | שָּׁ֖ם |
| અને-આવી | સ્ત્રી | થતાં-પહેલાં | સવાર | અને-પડી | દરવાજે | ઘર | માણસના | જેનો | સ્વામી | ત્યાં |
| H0935 | H0802 | H6437 | H1242 | H5307 | H6607 | | H0376 | | H0113 | H8033 |

| | |
|---|---|
| עַד־ | הָאֽוֹר׃ |
| _ | અજવાળું-થયા-સુધી |
| H5704 | H0216 |

સૂર્યોદય થતાં તે સ્ત્રી નીચે આવીને જે માણસના ઘરમાં તેનો પતિ હતો તેના બારણા આગળ પડી રહી.

27

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּ֨קָם | אֲדֹנֶ֜יהָ | בַּבֹּ֗קֶר | וַיִּפְתַּח֙ | דַּלְת֣וֹת | הַבַּ֔יִת | וַיֵּצֵ֖א | לָלֶ֣כֶת | לְדַרְכּ֑וֹ | וְהִנֵּ֧ה |
| અને-ઊઠ્યો | તેનો-સ્વામી | સવારે | અને-ખોલ્યા | દરવાજા | ઘરના | અને-બહાર-ગયો | જવા-માટે | તેના-માર્ગે | અને-જુઓ |
| | H0113 | H1242 | | | | H3318 | H3212 | H1870 | H2009 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הָאִשָּׁ֣ה | פִילַגְשׁ֗וֹ | נֹפֶ֙לֶת֙ | פֶּ֣תַח | הַבַּ֔יִת | וְיָדֶ֖יהָ | עַל־ | הַסַּֽף׃ |
| સ્ત્રી | તેની-ઉપપત્ની | પડેલી | દરવાજે | ઘરના | અને-તેના-હાથ | _ | ઉંબરા-પર |
| H0802 | H6370 | H5307 | H6607 | | H3027 | | |

જયારે તેનો પતિ સવારે ઊઠ્યો અને પોતાના કામે જવાને નીકળ્યો ત્યારે બારણાં ખોલીને જોયું તો તેની ઉપપત્ની ઉંબરા પર હાથ રાખીને ઘરના બારણાં પાસે પડેલી હતી.

28

| וַיֹּאמֶר | אֵלֶיהָ | קוּמִי | וְנֵלֵכָה | וְאֵין | עֹנֶה | וַיִּקָּחֶהָ | עַל־ | הַחֲמוֹר |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | તેને | ઊઠ | અને-ચાલીએ | અને-કોઈ-નહીં | જવાબ-આપનાર | અને-ઉપાડી | _ | ગધેડા-પર |
| H0559 | H0413 | | H3212 | H0369 | | H3947 | | H2543 |

| וַיָּקָם | הָאִישׁ | וַיֵּלֶךְ | לִמְקֹמוֹ׃ |
|---|---|---|---|
| અને-ઊઠ્યો | માણસ | અને-ગયો | પોતાના-સ્થળે |
| | H0376 | H3212 | H4725 |

લેવીએ તેને કહ્યુ, “ઊઠ. આપણે ચાલ્યા જઈએ.” પણ તેને કોઈ જવાબ ન મળ્યો. તેને ઊંચકીને ગધેડા પર મૂકી અને તે માણસ તેને લઈને પોતાના ઘરે જવાને રવાના થયો.

29

| וַיָּבֹא | אֶל־ | בֵּיתוֹ | וַיִּקַּח | אֶת־ | הַמַּאֲכֶלֶת | וַיַּחֲזֵק | בְּפִילַגְשׁוֹ | וַיְנַתְּחֶהָ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-આવ્યો | _ | તેના-ઘરે | અને-લીધી | _ | છરી | અને-પકડી | તેની-ઉપપત્નીને | અને-કાપી |
| H0935 | H0413 | | H3947 | H0853 | H3979 | H2388 | H6370 | H5408 |

| לַעֲצָמֶיהָ | לִשְׁנַיִם | עָשָׂר | נְתָחִים | וַיְשַׁלְּחֶהָ | בְּכֹל | גְּבוּל | יִשְׂרָאֵל׃ |
|---|---|---|---|---|---|---|---|
| તેના-હાડકાં-મુજબ | બાર | _ | ટુકડાઓમાં | અને-મોકલી | બધી | સીમાઓમાં | ઇસ્રાએલની |
| H6106 | H8147 | H6240 | H5409 | H7971 | H3605 | H1366 | H3478 |

લેવી પોતાને ઘરે આવ્યો અને તેણે છરી લઈને તેની ઉપપત્નીનાં અંગે અંગ કાપ્યાં તેના બાર ટુકડાં કરીને આખા ઇઝરાયલમાં મોકલી આપ્યાં.

30

| וְהָיָה | כָל־ | הָרֹאֶה | וְאָמַר | לֹא־ | נִהְיְתָה | וְלֹא־ | נִרְאֲתָה | כָּזֹאת | לְמִיּוֹם | עֲלוֹת | בְנֵי־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | દરેક | જોનારો | અને-કહ્યુ | નથી | થયું | અને-નથી | જોવાયું | આવું | તે-દિવસથી | આવ્યા | સંતાનો |
| H1961 | H3605 | H7200 | H0559 | H3808 | H1961 | H3808 | H7200 | H2063 | H3117 | H5927 | |

| יִשְׂרָאֵל | מֵאֶרֶץ | מִצְרַיִם | עַד | הַיּוֹם | הַזֶּה | שִׂימוּ־ | לָכֶם | עָלֶיהָ | עֻצוּ | וְדַבֵּרוּ׃ | פ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઇસ્રાએલના | દેશમાંથી | મિસરના | _ | દિવસ | આ | વિચારો | તમારા-માટે | આ-વિષે | સલાહ-લો | અને-બોલો | _ |
| H3478 | H0776 | H4714 | H5704 | H3117 | H2088 | | | | H5779 | H1696 | |

જે બધાએ તે જોયું તેઓએ કહ્યુ કે, “ઇઝરાયલ લોકો મિસર દેશમાંથી નીકળ્યા તે દિવસથી તે આજ સુધી આવું ભયાનક કૃત્ય કરવામાં કે જોવામાં આવ્યું નથી. એ વિષે વિચાર કરો મસલત કરો અમને અભિપ્રાય આપો.”

# Chapter 20

1

| וַיֵּצְאוּ | כָּל־ | בְּנֵי | יִשְׂרָאֵל | וַתִּקָּהֵל | הָעֵדָה | כְּאִישׁ | אֶחָד | לְמִדָּן | וְעַד־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-નીકળ્યા | બધા | સંતાનો | ઇસ્રાએલના | અને-એકઠી-થઈ | સમુદાય | એક-માણસ | સમાન | દાનથી | અને-તો |
| H3318 | H3605 | | H3478 | H6950 | H5712 | H0376 | H0259 | H1835 | H5704 |

| שֶׁבַעבְּאֵר | וְאֶרֶץ | הַגִּלְעָד | אֶל־ | יְהוָה | הַמִּצְפָּה׃ |
|---|---|---|---|---|---|
| બેર્શેબા-સુધી | અને-દેશ | ગિલયાદનો | _ | યહોવાહ-પાસે | મિસ્પામાં |
| H0884 | H0776 | H1568 | H0413 | H3068 | H4709 |

પછી સર્વ ઇઝરાયલ લોકો દાનથી તે બેરશેબા સુધીના, ગિલ્યાદ દેશના તમામ ઇઝરાયલી લોકો ઈશ્વરની આગળ એકમતના થઈને મિસ્પામાં સમૂહમાં એકત્ર થયા.

2

| וַיִּתְיַצְּבוּ | פִּנּוֹת | כָּל־ | הָעָם | כֹּל | שִׁבְטֵי | יִשְׂרָאֵל | בִּקְהַל | עַם | הָאֱלֹהִים | אַרְבַּע |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ઊભા-રહ્યા | આગેવાનો | બધા | લોકોના | બધા | કુળોના | ઇસ્રાએલના | સભામાં | પ્રજા | ઈશ્વરના | ચાર |
| H3320 | H6438 | H3605 | | H3605 | H7626 | H3478 | H6951 | | H0430 | H0702 |

| מֵאוֹת | אֶלֶף | אִישׁ | רַגְלִי | שֹׁלֵף | חָרֶב׃ | פ |
|---|---|---|---|---|---|---|
| સો-લાખ | હજાર | પુરુષો | પગપાળા | તલવાર-ખેંચનાર | છરી | _ |
| H3967 | H0505 | H0376 | H7273 | H8025 | H2719 | |

સર્વ લોકોના આગેવાનો, ઇઝરાયલના સર્વ કુળો, ઈશ્વરના લોકોની સભામાં સર્વ ભેગા મળ્યા. તેમાં જમીન પર તલવારથી લડનારા ચાર લાખ પુરુષો ઉપસ્થિત હતા.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַֽיִּשְׁמְעוּ | בְּנֵ֣י | בִנְיָמִ֔ן | כִּֽי־ | עָל֥וּ | בְנֵֽי־ | יִשְׂרָאֵ֖ל | הַמִּצְפָּ֑ה | וַיֹּֽאמְרוּ֙ | בְּנֵ֣י |
| અને-સાંભળ્યું | સંતાનોએ | બિન્યામીનના | કે | ગયા-હતા | સંતાનો | ઇસ્રાએલના | મિસ્પામાં | અને-કહ્યુ | સંતાનોએ |
| H8085 | | H1144 | | H5927 | | H3478 | H4709 | H0559 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| יִשְׂרָאֵ֔ל | דַּבְּר֕וּ | אֵיכָ֥ה | נִֽהְיְתָ֖ה | הָרָעָ֥ה | הַזֹּֽאת׃ |
| ઇસ્રાએલના | બોલો | કેવી-રીતે | થયું | દુષ્ટતા | આ |
| H3478 | H1696 | | H1961 | | H2063 |

બિન્યામીનના લોકોને સાંભળવામાં આવ્યું. કે ઇઝરાયલ લોકો મિસ્પામાં ભેગા મળ્યા છે. ઇઝરાયલના લોકોએ પૂછ્યું, “અમને કહો કે, આ અધમ કૃત્ય કેવી રીતે બન્યું?”

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַ֠יַּעַן | הָאִ֨ישׁ | הַלֵּוִ֜י | אִ֛ישׁ | הָאִשָּׁ֥ה | הַנִּרְצָחָ֖ה | וַיֹּאמַ֑ר | הַגִּבְעָ֨תָה֙ | אֲשֶׁ֣ר | לְבִנְיָמִ֔ן |
| અને-જવાબ-આપ્યો | માણસે | લેવીએ | પતિ | સ્ત્રીનો | હત્યા-થયેલી | અને-કહ્યુ | ગિબઆમાં | જે | બિન્યામીનનું-છે |
| | H0376 | H3881 | H0376 | H0802 | H7523 | H0559 | H1390 | | H1144 |

| | | | |
|---|---|---|---|
| בָּ֙אתִי֙ | אֲנִ֣י | וּפִֽילַגְשִׁ֖י | לָלֽוּן׃ |
| આવ્યો-હતો | હું | અને-મારી-ઉપપત્ની | રાત-રહેવા |
| H0935 | H0589 | H6370 | |

હત્યા થયેલ સ્ત્રીનાં પતિ લેવીએ જવાબ આપ્યો, “મેં અને મારી ઉપપત્નીએ રાત વિતાવવા સારુ બિન્યામીનના ગિબયામાં મુકામ કર્યો હતો.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּקֻ֤מוּ | עָלַי֙ | בַּעֲלֵ֣י | הַגִּבְעָ֔ה | וַיָּסֹ֧בּוּ | עָלַ֛י | אֶת־ | הַבַּ֖יִת | לָ֑יְלָה | אוֹתִי֙ |
| અને-ઊઠ્યા | મારી-વિરુદ્ધ | આગેવાનો | ગિબઆના | અને-ઘેરી-વળ્યા | મારી-વિરુદ્ધ | _ | ઘરને | રાતે | મને |
| | | H1167 | H1390 | H5437 | | H0853 | | H3915 | H0853 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| דִּמּ֣וּ | לַהֲרֹ֔ג | וְאֶת־ | פִּילַגְשִׁ֥י | עִנּ֖וּ | וַתָּמֹֽת׃ |
| યોજ્યા | મારવા | અને | મારી-ઉપપત્નીને | અપમાનિત-કરી | અને-મરી-ગઈ |
| H1819 | H2026 | H0853 | H6370 | | H4191 |

રાતના સમયે ગિબયાના સંબંધીઓએ મારા પર હુમલો કર્યો અને ઘરને ઘેરીને મને મારી નાખવાનો વિચાર કર્યો. તેઓએ મારી ઉપપત્ની પર બળાત્કાર કર્યો અને તે મરણ પામી.

6

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאֹחֵ֤ז | בְּפִֽילַגְשִׁי֙ | וָֽאֲנַתְּחֶ֔הָ | וָֽאֲשַׁלְּחֶ֔הָ | בְּכָל־ | שְׂדֵ֖ה | נַחֲלַ֣ת | יִשְׂרָאֵ֑ל | כִּ֥י | עָשׂ֛וּ |
| અને-પકડ્યો-મેં | મારી-ઉપપત્નીને | અને-કાપી | અને-મોકલી | બધા | ખેતરોમાં | વારસાના | ઇસ્રાએલના | કારણ-કે | કર્યું |
| H0270 | H6370 | H5408 | H7971 | H3605 | | H5159 | H3478 | | |

| | | |
|---|---|---|
| זִמָּ֥ה | וּנְבָלָ֖ה | בְּיִשְׂרָאֵֽל׃ |
| દુરાચાર | અને-અધમતા | ઇસ્રાએલમાં |
| H2154 | H5039 | H3478 |

મેં મારી ઉપપત્નીને લઈને તેને કાપીને તેના પાર્થિવ શરીરનાં બાર ટુકડાં કરીને, ઇઝરાયલ પ્રદેશના રહેવાસીઓને મોકલી આપ્યાં, કેમ કે તેઓએ એવું અધમ કૃત્ય અને અત્યાચાર કર્યો છે.

7

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הִנֵּ֥ה | כֻלְּכֶ֖ם | בְּנֵ֣י | יִשְׂרָאֵ֑ל | הָב֥וּ | לָכֶ֛ם | דָּבָ֥ר | וְעֵצָ֖ה | הֲלֹֽם׃ |
| જુઓ | તમે-બધા | સંતાનો | ઇસ્રાએલના | આપો | તમારે-માટે | બાબત | અને-સલાહ | અહીં |
| H2009 | H3605 | | H3478 | H3051 | | H1697 | H6098 | H1988 |

હવે સર્વ ઇઝરાયલીઓ, તમે જુઓ. વિચાર કરીને કહો કે હવે શું કરવું?”’

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּ֙קָם֙ | כָּל־ | הָעָ֔ם | כְּאִ֥ישׁ | אֶחָ֖ד | לֵאמֹ֑ר | לֹ֤א | נֵלֵךְ֙ | אִ֣ישׁ | לְאָהֳל֔וֹ | וְלֹ֥א |
| અને-ઊઠ્યા | બધા | લોકો | એક-માણસ | સમાન | કહેતાં | નહીં | જઈએ | કોઈ | પોતાના-તંબુમાં | અને-નહીં |
| | H3605 | | H0376 | H0259 | H0559 | H3808 | H3212 | H0376 | H0168 | H3808 |

| | | |
|---|---|---|
| נָס֖וּר | אִ֥ישׁ | לְבֵיתֽוֹ׃ |
| ફંટાઈએ | કોઈ | પોતાના-ઘરમાં |
| H5493 | H0376 | |

સર્વ લોકો એક સાથે ઊભા થયા અને તેઓએ કહ્યુ, “આપણામાંનો કોઈ પોતાના તંબુએ નહિ જશે અને કોઈ પાછો પોતાને ઘરે પણ જશે નહિ

9

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּ֕ה | זֶ֥ה | הַדָּבָ֖ר | אֲשֶׁ֣ר | נַעֲשֶׂ֑ה | לַגִּבְעָ֖ה | עָלֶ֥יהָ | בְּגוֹרָֽל׃ |
| અને-હવે | આ | બાબત | જે | કરીશું | ગિબઆને | તેની-વિરુદ્ધ | ચિઠ્ઠીથી |
| H6258 | H2088 | H1697 | | | H1390 | | H1486 |

પણ હવે ગિબયાને આપણે આ પ્રમાણે કરવું જોઈએ આપણે ચિઠ્ઠી નાખીએ અને તે પ્રમાણે તેના પર હુમલો કરીએ.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלָקַ֣חְנוּ | עֲשָׂרָה֩ | אֲנָשִׁ֨ים | לַמֵּאָ֜ה | לְכֹ֣ל ׀ | שִׁבְטֵ֣י | יִשְׂרָאֵ֗ל | וּמֵאָ֤ה | לָאֶ֙לֶף֙ | וְאֶ֣לֶף |
| અને-લઈશું | દસ | માણસો | સોમાંથી | બધા | કુળોના | ઇસ્રાએલના | અને-સો | હજારમાંથી | અને-હજાર |
| H3947 | H6235 | H0376 | H3967 | H3605 | H7626 | H3478 | H3967 | H0505 | H0505 |
| לָרְבָבָ֔ה | לָקַ֥חַת | צֵדָ֖ה | לָעָ֑ם | לַעֲשׂ֗וֹת | לְבוֹאָם֙ | לְגֶ֣בַע | בִּנְיָמִ֔ן | כְּכָל־ | הַנְּבָלָ֔ה |
| દસ-હજારમાંથી | લેવા-માટે | રસદ | લોકો-માટે | કરવા-માટે | તેમના-આવવા-પર | ગેબા | બિન્યામીનના | બધી | અધમતા |
| H7233 | H3947 | H6720 | | | H0935 | H1387 | H1144 | H3605 | H5039 |
| אֲשֶׁ֥ר | עָשָׂ֖ה | בְּיִשְׂרָאֵֽל׃ | | | | | | | |
| જે | કરી-હતી | ઇસ્રાએલમાં | | | | | | | |
| | | H3478 | | | | | | | |

આપણે ઇઝરાયલનાં સર્વ કુળોમાંથી દર સો માણસોમાંથી દસ, હજાર માણસોમાંથી સો અને દસ હજારમાંથી હજાર માણસોને લડનારા લોકો માટે ખોરાકપાણી લાવવાનું કામ સોંપીએ, અને લડવૈયાઓ બિન્યામીનના ગિબયામાં જાય. અને ઇઝરાયલમાં જે દુષ્ટતા તેઓએ કરી છે તે પ્રમાણે તેઓને શિક્ષા કરે.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּאָסֵ֞ף | כָּל־ | אִ֣ישׁ | יִשְׂרָאֵ֗ל | אֶל־ | הָעִ֔יר | כְּאִ֥ישׁ | אֶחָ֖ד | חֲבֵרִֽים׃ | פ |
| અને-એકઠા-થયા | બધા | માણસો | ઇસ્રાએલના | _ | શહેર-વિરુદ્ધ | એક-માણસ | સમાન | સાથીદારો | _ |
| H0622 | H3605 | H0376 | H3478 | H0413 | | H0376 | H0259 | H2270 | |

તેથી ઇઝરાયલના સર્વ સૈનિકો એકમતના થઈને નગરની વિરુદ્ધ એકત્ર થયા.

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁלְח֨וּ | שִׁבְטֵ֤י | יִשְׂרָאֵל֙ | אֲנָשִׁ֔ים | בְּכָל־ | שִׁבְטֵ֥י | בִנְיָמִ֖ן | לֵאמֹ֑ר | מָ֚ה | הָרָעָ֣ה | הַזֹּ֔את |
| અને-મોકલ્યા | કુળોએ | ઇસ્રાએલના | માણસોને | બધા | કુળોમાં | બિન્યામીનના | કહેતાં | શું | દુષ્ટતા | આ |
| H7971 | H7626 | H3478 | H0376 | H3605 | H7626 | H1144 | H0559 | H4100 | | H2063 |
| אֲשֶׁ֥ר | נִהְיְתָ֖ה | בָּכֶֽם׃ | | | | | | | | |
| જે | થઈ-છે | તમારામાં | | | | | | | | |
| | H1961 | | | | | | | | | |

ઇઝરાયલનાં કુળોએ બિન્યામીનના કુળમાં માણસો મોકલીને કહાવ્યું, “આ કેવું દુષ્કર્મ તમારી મધ્યે થયું છે?

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּ֡ה | תְּנוּ֩ | אֶת־ | הָאֲנָשִׁ֨ים | בְנֵֽי־ | בְלִיַּ֜עַל | אֲשֶׁ֣ר | בַּגִּבְעָ֗ה | וּנְמִיתֵ֕ם | וּנְבַעֲרָ֥ה |
| અને-હવે | સોંપો | _ | માણસોને | સંતાનો | બલિયાલના | જે | ગિબઆમાં-છે | અને-મારી-નાખીએ | અને-દૂર-કરીએ |
| H6258 | H5414 | H0853 | H0376 | | H1100 | | H1390 | H4191 | |
| רָעָ֖ה | מִיִּשְׂרָאֵ֑ל | וְלֹ֤א | אָבוּ֙ | (בְּנֵי) | בִּנְיָמִ֔ן | לִשְׁמֹ֕עַ | בְּק֥וֹל | אֲחֵיהֶ֖ם | בְנֵֽי־ |
| દુષ્ટતા | ઇસ્રાએલમાંથી | અને-ન | ઇચ્છ્યા | સંતાનોએ | બિન્યામીનના | સાંભળવા | વાણી | તેમના-ભાઈઓની | સંતાનો |
| | H3478 | H3808 | H0014 | H1121 | H1144 | H8085 | | H0251 | |
| יִשְׂרָאֵֽל׃ | | | | | | | | | |
| ઇસ્રાએલના | | | | | | | | | |
| H3478 | | | | | | | | | |

તેથી હવે, જે બલિયાલ પુત્રો ગિબયામાં છે તેઓને અમારા હાથમાં સોંપી દે. અમે તેઓને મારી નાખીને ઇઝરાયલમાંથી ભ્રષ્ટાચારને દૂર કરીશું.” પણ બિન્યામીનીઓએ પોતાના ભાઈઓનું, ઇઝરાયલનું કહેવું માન્યું નહિ.

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּאָסְפ֥וּ | בְנֵֽי־ | בִנְיָמִ֛ן | מִן־ | הֶעָרִ֖ים | הַגִּבְעָ֑תָה | לָצֵ֥את | לַמִּלְחָמָ֖ה | עִם־ | בְּנֵ֥י |
| અને-એકઠા-થયા | સંતાનો | બિન્યામીનના | _ | શહેરોમાંથી | ગિબઆમાં | નીકળવા-માટે | યુદ્ધમાં | _ | સંતાનો |
| H0622 | | H1144 | | | H1390 | H3318 | H4421 | | |
| יִשְׂרָאֵֽל׃ | | | | | | | | | |
| ઇસ્રાએલના | | | | | | | | | |
| H3478 | | | | | | | | | |

પછી બિન્યામીનના લોકો ગિબયાનાં નગરોમાંથી ઇઝરાયલની સામે લડવાને બહાર આવ્યા.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּתְפָּקְדוּ | בְנֵי | בִנְיָמִן | בַּיּוֹם | הַהוּא | מֵהֶעָרִים | עֶשְׂרִים | וְשִׁשָּׁה | אֶלֶף | אִישׁ |
| અને-ગણાયા | સંતાનોએ | બિન્યામીનના | તે-દિવસે | _ | શહેરોમાંથી | છવીસ | અને-છ | હજાર | પુરુષો |
| | | H1144 | H3117 | H1931 | | H6242 | H8337 | H0505 | H0376 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| שֹׁלֵף | חָרֶב | לְבַד | מִיֹּשְׁבֵי | הַגִּבְעָה | הִתְפָּקְדוּ | שְׁבַע | מֵאוֹת | אִישׁ | בָּחוּר׃ |
| તલવાર-ખેંચનાર | છરી | સિવાય | ગિબઆના-વસવાટોમાંથી | _ | ગણાયા | સાત | સો-માણસો | પુરુષો | પસંદ-કરેલા |
| H8025 | H2719 | H0905 | H3427 | H1390 | | H7651 | H3967 | H0376 | H0977 |

બિન્યામીનના લોકોની સંખ્યા ચૂંટી કાઢેલા સાતસો પુરુષો ઉપરાંત જુદાં જુદાં નગરોમાંથી આવેલા છવ્વીસ હજાર પુરુષોની હતી. તેઓ તલવાર વડે લડનારા નિષ્ણાત લડવૈયા હતા.

16

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמִכֹּל | הָעָם | הַזֶּה | שְׁבַע | מֵאוֹת | אִישׁ | בָּחוּר | אִטֵּר | יַד־ | יְמִינוֹ | כָּל־ | זֶה |
| બધામાંથી | લોકો | આ | સાત | સો | માણસો | પસંદ-કરેલા | ડાબોડા | હાથ | જમણા | દરેક-આ | _ |
| H3605 | | H2088 | H7651 | H3967 | H0376 | H0977 | H0334 | H3027 | H3225 | H3605 | H2088 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| קֹלֵעַ | בָּאֶבֶן | אֶל־ | הַשַּׂעֲרָה | וְלֹא | יַחֲטִא׃ | פ |
| ગોફણ-ફેંકતા | પત્થરથી | _ | વાળને | અને-નહીં | ચૂકતા | _ |
| | H0068 | H0413 | H8185 | H3808 | H2398 | |

આ સર્વ સૈનિકોમાં, ચુંટી કાઢેલા સાતસો ડાબોડી પુરુષો હતા; તેઓમાંનો પ્રત્યેક ગોફણથી એવો ગોળો મારતો કે તેનો પ્રહાર નિશ્ચિત નિશાન પર જ થતો હતો.

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִישׁ | יִשְׂרָאֵל | הִתְפָּקְדוּ | לְבַד | מִבִּנְיָמִן | אַרְבַּע | מֵאוֹת | אֶלֶף | אִישׁ | שֹׁלֵף |
| અને-માણસો | ઇસ્રાએલના | ગણાયા | સિવાય | બિન્યામીન-વિના | ચાર | સો-લાખ | હજાર | પુરુષો | તલવાર-ખેંચનાર |
| H0376 | H3478 | | H0905 | H1144 | H0702 | H3967 | H0505 | H0376 | H8025 |

| | | | | |
|---|---|---|---|---|
| חָרֶב | כָּל־ | זֶה | אִישׁ | מִלְחָמָה׃ |
| છરી | બધા-આ | _ | માણસો | યુદ્ધના |
| H2719 | H3605 | H2088 | H0376 | H4421 |

બિન્યામીનીઓ સિવાય ઇઝરાયલના જેઓ ચાર લાખ સૈનિકો હતા, તેઓ સર્વ લડવૈયાઓ તલવારબાજીમાં નિપુણ હતા.

18

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּקֻמוּ | וַיַּעֲלוּ | בֵית־אֵל | וַיִּשְׁאֲלוּ | בֵּאלֹהִים | וַיֹּאמְרוּ | בְּנֵי | יִשְׂרָאֵל | מִי | יַעֲלֶה־ |
| અને-ઊઠ્યા | અને-ગયા | બેથેલ | અને-પૂછ્યું | ઈશ્વરને | અને-કહ્યુ | સંતાનોએ | ઇસ્રાએલના | કોણ | જશે |
| | H5927 | H1008 | H7592 | H0430 | H0559 | | H3478 | H4310 | H5927 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לָּנוּ | בַתְּחִלָּה | לַמִּלְחָמָה | עִם־ | בְּנֵי | בִנְיָמִן | וַיֹּאמֶר | יְהוָה | יְהוּדָה | בַתְּחִלָּה׃ |
| અમારા-માટે | પહેલાં | યુદ્ધમાં | _ | સંતાનો | બિન્યામીનના | અને-કહ્યુ | યહોવાહે | યહૂદા | પહેલાં |
| | H8462 | H4421 | | | H1144 | H0559 | H3068 | H3063 | H8462 |

ઇઝરાયલના લોકો ઈશ્વરની સલાહ પૂછવા માટે બેથેલ ગયા. તેઓએ પૂછ્યું, “બિન્યામીન લોકોની સામે યુદ્ધ કરવા સારુ અમારી તરફથી પહેલો કોણ ચઢાઈ કરે?” અને ઈશ્વરે કહ્યુ, “યહૂદા પહેલો ચઢાઈ કરે.”

19

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיָּקוּמוּ | בְנֵי־ | יִשְׂרָאֵל | בַּבֹּקֶר | וַיַּחֲנוּ | עַל־ | הַגִּבְעָה׃ | פ |
| અને-ઊઠ્યા | સંતાનો | ઇસ્રાએલના | સવારે | અને-છાવણી-કરી | _ | ગિબઆ-વિરુદ્ધ | _ |
| | | H3478 | H1242 | H2583 | | H1390 | |

અને ઇઝરાયલના લોકોએ સવારે ઊઠીને ગિબયાની સામે છાવણીમાં યુદ્ધની તૈયારી કરી.

20

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּצֵא | אִישׁ | יִשְׂרָאֵל | לַמִּלְחָמָה | עִם־ | בִּנְיָמִן | וַיַּעַרְכוּ | אִתָּם | אִישׁ־ |
| અને-નીકળ્યા | માણસો | ઇસ્રાએલના | યુદ્ધમાં | _ | બિન્યામીન-વિરુદ્ધ | અને-ગોઠવ્યા | તેમની-વિરુદ્ધ | માણસો |
| H3318 | H0376 | H3478 | H4421 | | H1144 | | H0854 | H0376 |

| | | | |
|---|---|---|---|
| יִשְׂרָאֵל | מִלְחָמָה | אֶל־ | הַגִּבְעָה׃ |
| ઇસ્રાએલએ | યુદ્ધ | _ | ગિબઆ-પાસે |
| H3478 | H4421 | H0413 | H1390 |

ઇઝરાયલના સૈનિકો બિન્યામીનની સામે યુદ્ધ કરવાને ચાલી નીકળ્યા અને તેઓએ ગિબયા પાસે વ્યૂહરચના કરી.

21

| | | |
|---|---|---|
| וַיֵּצְאוּ | અને-નીકળ્યા | H3318 |
| בְנֵֽי־ | સંતાનો | |
| בִנְיָמִן | બિન્યામીનના | H1144 |
| מִן־ | _ | |
| הַגִּבְעָה | ગિબઆમાંથી | H1390 |
| וַיַּשְׁחִיתוּ | અને-સંહાર-કર્યો | H7843 |
| בְיִשְׂרָאֵל | ઇસ્રાએલમાં | H3478 |
| בַּיּוֹם | તે-દિવસે | H3117 |
| הַהוּא | _ | H1931 |
| שְׁנַיִם | બાવીસ | H8147 |
| וְעֶשְׂרִים | અને-વીસ | H6242 |
| אֶלֶף | હજાર | H0505 |
| אִישׁ | માણસોને | H0376 |
| אָֽרְצָה׃ | જમીન-પર | H0776 |

બિન્યામીનના સૈનિકો ગિબયામાંથી ધસી આવ્યા અને તેઓએ તે દિવસે બાવીસ હજાર ઇઝરાયલીઓને મારી નાખ્યા.

22

| | | |
|---|---|---|
| וַיִּתְחַזֵּק | અને-હિંમત-કર્યા | H2388 |
| הָעָם | લોકોએ | |
| אִישׁ | માણસો | H0376 |
| יִשְׂרָאֵל | ઇસ્રાએલના | H3478 |
| וַיֹּסִפוּ | અને-ફરીથી | H3254 |
| לַעֲרֹךְ | ગોઠવ્યા | |
| מִלְחָמָה | યુદ્ધ | H4421 |
| בַּמָּקוֹם | સ્થળે | H4725 |
| אֲשֶׁר־ | જ્યાં | |
| עָרְכוּ | ગોઠવ્યા-હતા | |
| שָׁם | ત્યાં | H8033 |
| בַּיּוֹם | દિવસે | H3117 |
| הָרִאשׁוֹן׃ | પહેલા | H7223 |

ઇઝરાયલના સૈનિકોએ હિંમત રાખીને તેઓએ અગાઉના દિવસની માફક એ જ જગ્યાએ ફરીથી વ્યૂહરચના કરી.

23

| | | |
|---|---|---|
| וַיַּעֲלוּ | અને-ગયા | H5927 |
| בְנֵֽי־ | સંતાનો | |
| יִשְׂרָאֵל | ઇસ્રાએલના | H3478 |
| וַיִּבְכּוּ | અને-રડ્યા | H1058 |
| לִפְנֵֽי־ | સામે | H6440 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| עַד־ | _ | H5704 |
| הָעֶרֶב | સાંજ-સુધી | H6153 |
| וַיִּשְׁאֲלוּ | અને-પૂછ્યું | H7592 |
| בַיהוָה | યહોવાહને | H3068 |
| לֵאמֹר | કહેતાં | H0559 |
| הַאוֹסִיף | શું-ફરીથી | H3254 |
| לָגֶשֶׁת | નજીક-જઈએ | H5066 |
| לַמִּלְחָמָה | યુદ્ધમાં | H4421 |
| עִם־ | _ | |
| בְּנֵי | સંતાનો | |
| בִנְיָמִן | બિન્યામીન | H1144 |
| אָחִי | મારા-ભાઈ | H0251 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| עֲלוּ | જાઓ | H5927 |
| אֵלָיו׃ | તેમની-વિરુદ્ધ | H0413 |
| פ | _ | |

ઇઝરાયલના લોકો ઈશ્વરની સમક્ષતામાં નમ્યાં. અને સાંજ સુધી રડ્યા, તેઓએ ઈશ્વરની સલાહ પૂછી કે, "શું અમે અમારા ભાઈ બિન્યામીનના લોકો સામે ફરી યુદ્ધ કરવાને જઈએ?" અને ઈશ્વરે કહ્યુ, "હા, તેમના પર હુમલો કરો."

24

| | | |
|---|---|---|
| וַיִּקְרְבוּ | અને-નજીક-ગયા | H7126 |
| בְנֵֽי־ | સંતાનો | |
| יִשְׂרָאֵל | ઇસ્રાએલના | H3478 |
| אֶל־ | _ | H0413 |
| בְּנֵי | સંતાનો | |
| בִנְיָמִן | બિન્યામીનના | H1144 |
| בַּיּוֹם | બીજા-દિવસે | H3117 |
| הַשֵּׁנִי׃ | _ | H8145 |

તેથી ઇઝરાયલના સૈનિકો બીજે દિવસે બિન્યામીનના સૈનિકો સામે ગયા.

25

| | | |
|---|---|---|
| וַיֵּצֵא | અને-નીકળ્યો | H3318 |
| בִנְיָמִן | બિન્યામીન | H1144 |
| לִקְרָאתָם | સામે-આવવા | H7125 |
| מִן־ | _ | |
| הַגִּבְעָה | ગિબઆમાંથી | H1390 |
| בַּיּוֹם | બીજા-દિવસે | H3117 |
| הַשֵּׁנִי | _ | H8145 |
| וַיַּשְׁחִיתוּ | અને-સંહાર-કર્યો | H7843 |
| בִבְנֵי | સંતાનોમાં | |
| יִשְׂרָאֵל | ઇસ્રાએલના | H3478 |
| עוֹד | વધુ | H5750 |
| שְׁמֹנַת | અ�ાર | H8083 |
| עָשָׂר | _ | H6240 |
| אֶלֶף | હજાર | H0505 |
| אִישׁ | માણસોને | H0376 |
| אָרְצָה | જમીન-પર | H0776 |
| כָּל־ | બધા-આ | H3605 |
| אֵלֶּה | _ | H0428 |
| שֹׁלְפֵי | તલવાર-ખેંચનાર | H8025 |
| חָרֶב׃ | છરી | H2719 |

બિન્યામીનીઓએ ગિબયામાંથી તેઓની સામે આક્રમણ કર્યુ તેઓએ ઇઝરાયલ સૈન્યના અઢાર હજાર માણસોને મારી નાખ્યા, તેઓ સર્વ તલવાર બાજીમાં નિપુણ લડવૈયાઓ હતા.

26 וַיַּעֲלוּ כָל־ בְּנֵי יִשְׂרָאֵל וְכָל־ הָעָם וַיָּבֹאוּ בֵית־אֵל וַיִּבְכּוּ וַיֵּשְׁבוּ שָׁם
અને–ગયા બધા સંતાનો ઇસ્રાએલના અને–બધા લોકો અને–આવ્યા બેથેલમાં અને–રડ્યા અને–બેઠા ત્યાં
H5927 H3605 H3478 H3605 H0935 H1008 H1058 H3427 H8033

לִפְנֵי יְהוָה וַיָּצוּמוּ בַיּוֹם־ הַהוּא עַד־ הָעֶרֶב וַיַּעֲלוּ עֹלוֹת וּשְׁלָמִים
સામે યહોવાહના અને–ઉપવાસ–કર્યો તે–દિવસે _ _ સાંજ–સુધી અને–ચડાવ્યાં દહનાર્પણો અને–શાંતિનાર્પણો
H6440 H3068 H6684 H3117 H1931 H5704 H6153 H5927 H8002

לִפְנֵי יְהוָה׃
સામે યહોવાહના
H6440 H3068

ત્યારે ઇઝરાયલના સર્વ સૈનિકો અને લોકોએ બેથેલમાં ઈશ્વરની આગળ રડીને સાંજ સુધી ઉપવાસ કર્યો અને ઈશ્વર આગળ દહનીયાર્પણ તથા શાંત્યર્પણો ચઢાવ્યાં.

27 וַיִּשְׁאֲלוּ בְנֵי־ יִשְׂרָאֵל בַּיהוָה וְשָׁם אֲרוֹן בְּרִית הָאֱלֹהִים בַּיָּמִים הָהֵם׃
અને–પૂછ્યું સંતાનોએ ઇસ્રાએલના યહોવાહને અને–ત્યાં કોશ કરારનો ઈશ્વરનો તે–દિવસોમાં _
H7592 H3478 H3068 H8033 H0727 H1285 H0430 H3117 H1992

ઇઝરાયલના લોકોએ ઈશ્વરને પૂછ્યું, કેમ કે તે દિવસોમાં ઈશ્વરનો કરારકોશ ત્યાં હતો,

28 וּפִינְחָס בֶּן־ אֶלְעָזָר בֶּן־ אַהֲרֹן עֹמֵד לְפָנָיו בַּיָּמִים הָהֵם לֵאמֹר
અને–ફીનહાસ પુત્ર એલયાઝારનો પુત્ર અહરોનનો ઊભો–હતો તેની–સામે તે–દિવસોમાં _ કહેતાં
H6372 H0499 H0175 H5975 H6440 H3117 H1992 H0559

הַאוֹסִף עוֹד לָצֵאת לַמִּלְחָמָה עִם־ בְּנֵי־ בִנְיָמִן אָחִי אִם־ אֶחְדָּל וַיֹּאמֶר
શું–હું–ફરી વધુ જઈને યુદ્ધમાં _ સંતાનો બિન્યામીન મારા–ભાઈ અથવા અટકું અને–કહ્યુ
H3254 H5750 H3318 H4421 H1144 H0251 H2308 H0559

יְהוָה עֲלוּ כִּי מָחָר אֶתְּנֶנּוּ בְיָדֶךָ׃
યહોવાહે જાઓ કારણ–કે આવતીકાલે હું–આપીશ તારા–હાથમાં
H3068 H5927 H4279 H5414 H3027

એલાઝારનો દીકરો હારુનનો દીકરો ફીનહાસ તેની સમક્ષ ઊભો હતો. તેણે પૂછ્યું, "શું અમે બિન્યામીનીઓ કે, જે અમારા ભાઈઓ છે તેઓની સામે ફરી યુદ્ધ કરવાને જઈએ કે નહિ?" ઈશ્વરે કહ્યુ, "હુમલો કરો" કેમ કે આવતીકાલે હું તેઓને હરાવવામાં તમારી પડખે રહીશ."

29 וַיָּשֶׂם יִשְׂרָאֵל אֹרְבִים אֶל־ הַגִּבְעָה סָבִיב׃ פ
અને–ગોઠવ્યા ઇસ્રાએલે ઓચિંતાઓમાં _ ગિબઆની આસપાસ _
H3478 H0693 H0413 H1390 H5439

તેથી ઇઝરાયલીઓએ ગિબયાની ચોતરફ ખાસ જગ્યાઓમાં માણસો ગોઠવ્યા.

30 וַיַּעֲלוּ בְנֵי־ יִשְׂרָאֵל אֶל־ בְּנֵי בִנְיָמִן בַּיּוֹם הַשְּׁלִישִׁי וַיַּעַרְכוּ אֶל־
અને–ગયા સંતાનો ઇસ્રાએલના _ સંતાનો બિન્યામીનના ત્રીજા–દિવસે _ અને–ગોઠવ્યા _
H5927 H3478 H0413 H1144 H3117 H7992 H0413

הַגִּבְעָה כְּפַעַם בְּפָעַם׃
ગિબઆ–વિરુદ્ધ પહેલાંની–જેમ _
H1390 H6471 H6471

ઇઝરાયલના સૈનિકોએ બિન્યામીનના સૈનિકો સામે ત્રીજે દિવસે યુદ્ધ કર્યું અને તેઓએ અગાઉની રીત પ્રમાણે ગિબયાની વિરુદ્ધ વ્યૂહ રચ્યો.

31 וַיֵּצְאוּ בְנֵי־ בִנְיָמִן לִקְרַאת הָעָם הָנְתְּקוּ מִן־ הָעִיר וַיָּחֵלּוּ לְהַכּוֹת
અને–નીકળ્યા સંતાનો બિન્યામીનના સામે–આવવા લોકોના ખેંચાયા–ગયા _ શહેરથી અને–શરૂ–કર્યું મારવા
H3318 H1144 H7125 H5423 H5221

מֵהָעָם חֲלָלִים כְּפַעַם בְּפַעַם בַּמְסִלּוֹת אֲשֶׁר אַחַת עֹלָה בֵית־אֵל וְאַחַת גִּבְעָתָה
લોકોમાંથી ઘાયલો પહેલાંની–જેમ _ માર્ગો–પર જે એક જાય–છે બેથેલ અને–બીજો ગિબઆમાં
H6471 H6471 H4546 H0259 H5927 H1008 H0259 H1390

בַּשָּׂדֶה כִּשְׁלֹשִׁים אִישׁ בְּיִשְׂרָאֵל׃
ખેતરમાં લગભગ–ત્રીસ માણસો ઇસ્રાએલના
H7970 H0376 H3478

| אֱלֹהִים | ઈશ્વરને | H0430 |
| לְכוּ | ચાલો | H3212 |
| וְנֵלְכָה | અને-જઈએ | H3212 |
| עַד־ | પાસે | H5704 |
| הָרֹאֶה | દ્રષ્ટાના | |
| כִּי | કારણ-કે | |
| לַנָּבִיא | પ્રબોધકને | H5030 |
| הַיּוֹם | આજે | H3117 |
| יִקָּרֵא | કહેવાય-છે | H7121 |
| לְפָנִים | પહેલાં | H6440 |
| הָרֹאֶה׃ | દ્રષ્ટા | |

અગાઉ ઇઝરાયલમાં, જયારે કોઈ માણસ ઈશ્વરની સલાહ લેવા જતો, તે કહેતો, “ચાલો, આપણે પ્રેરક પાસે જઈએ.” કેમ કે આજના પ્રબોધક અગાઉ પ્રબોધક કહેવાતા હતા.

10

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| שָׁאוּל | શાઉલે | H7586 |
| לְנַעֲרוֹ | તેના-ચાકરને | H5288 |
| טוֹב | સારું | |
| דְּבָרְךָ | તારું-વચન | H1697 |
| לְכָה | ચાલ | H3212 |
| נֵלֵכָה | જઈએ | H3212 |
| וַיֵּלְכוּ | અને-ગયા | H3212 |
| אֶל־ | ને | H0413 |
| הָעִיר | શહેરમાં | |
| אֲשֶׁר־ | જ્યાં | |
| שָׁם | ત્યાં | H8033 |
| אִישׁ | માણસ | H0376 |
| הָאֱלֹהִים׃ | ઈશ્વરનો | H0430 |

ત્યારે શાઉલે પોતાના ચાકરને કહ્યુ, “તેં ઠીક કહ્યુ. ચાલ, આપણે જઈએ.” તેથી તેઓ નગરમાં જ્યાં ઈશ્વરભક્ત રહેતો હતો ત્યાં ગયા.

11

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| הֵמָּה | તેઓ | H1992 |
| עֹלִים | ચઢતા-હતા | H5927 |
| בְּמַעֲלֵה | ચઢાણમાં | H4608 |
| הָעִיר | શહેરના | |
| וְהֵמָּה | અને-તેઓએ | H1992 |
| מָצְאוּ | મળી | H4672 |
| נְעָרוֹת | છોકરીઓને | H5291 |
| יֹצְאוֹת | નીકળતી | H3318 |
| לִשְׁאֹב | પાણી-ભરવા | H7579 |
| מָיִם | પાણી | H4325 |
| וַיֹּאמְרוּ | અને-પૂછ્યું | H0559 |
| לָהֶן | તેમને | |
| הֲיֵשׁ | શું-છે | H3426 |
| בָּזֶה | અહીં | H2088 |
| הָרֹאֶה׃ | દ્રષ્ટા | |

જયારે તેઓ નગરમાં જવા સારુ પર્વત ચઢતા હતા, ત્યારે જે પાણી ભરવાને બહાર આવતી યુવતીઓ તેઓને મળી. શાઉલ તથા તેના સેવકે તેઓને પૂછ્યું, “શું પ્રબોધક અહીં છે?”

12

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַתַּעֲנֶינָה | અને-જવાબ-આપ્યો | |
| אוֹתָם | તેમને | H0853 |
| וַתֹּאמַרְנָה | અને-કહ્યુ | H0559 |
| יֵּשׁ | હા | H3426 |
| הִנֵּה | જુઓ | H2009 |
| לְפָנֶיךָ | તારી-આગળ | H6440 |
| מַהֵר | જલ્દી | |
| עַתָּה | હવે | H6258 |
| כִּי | કારણ-કે | |
| הַיּוֹם | આજે | H3117 |
| בָּא | આવ્યો-છે | H0935 |
| לָעִיר | શહેરમાં | |
| כִּי | કારણ-કે | |
| זֶבַח | યજ્ઞ | H2077 |
| הַיּוֹם | આજે | H3117 |
| לָעָם | લોકો-માટે | |
| בַּבָּמָה׃ | ઊંચી-જગ્યાએ | H1116 |

તેઓએ ઉત્તર આપ્યો, “હા, તે છે; જુઓ, તે તમારી આગળ ગયો છે; હવે વહેલા જાઓ, કેમ કે આજે તે નગરમાં આવ્યો છે; કારણ કે આજે ઉચ્ચસ્થાને લોકો બલિદાન કરવાના છે.

13

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| כְּבֹאֲכֶם | જ્યારે-આવો-તમે | H0935 |
| הָעִיר | શહેરમાં | |
| כֵּן | તરત-જ | |
| תִּמְצְאוּן | મળશે-તમે | H4672 |
| אֹתוֹ | તેને | H0853 |
| בְּטֶרֶם | પહેલાં | H2962 |
| יַעֲלֶה | ચઢે | H5927 |
| הַבָּמָתָה | ઊંચી-જગ્યાએ | H1116 |
| לֶאֱכֹל | ખાવા | H0398 |
| כִּי | કારણ-કે | |
| לֹא־ | નહીં | H3808 |
| יֹאכַל | ખાશે | H0398 |
| הָעָם | લોકો | |
| עַד־ | સુધી | H5704 |
| בֹּאוֹ | તેના-આવવા | H0935 |
| כִּי־ | કારણ-કે | |
| הוּא | તે | H1931 |
| יְבָרֵךְ | આશીર્વાદ-આપે-છે | H1288 |
| הַזֶּבַח | યજ્ઞને | H2077 |
| אַחֲרֵי־ | પછી | |
| כֵן | તે | |
| יֹאכְלוּ | ખાશે | H0398 |
| הַקְּרֻאִים | આમંત્રિતો | H7121 |
| וְעַתָּה | અને-હવે | H6258 |
| עֲלוּ | ચઢો | H5927 |
| כִּי־ | કારણ-કે | |
| אֹתוֹ | તેને | H0853 |
| כְהַיּוֹם | આજે-જ | H3117 |
| תִּמְצְאוּן | મળશે | H4672 |
| אֹתוֹ׃ | તેને | H0853 |

તમે નગરમાં પેસશો કે તરત, ઉચ્ચસ્થાને તે જમવા જાય તે પહેલાં તે તમને મળશે. કેમ કે તે આવીને બલિદાનને આશીર્વાદ નહિ દે; ત્યાં સુધી લોકો ખાશે નહિ, પછી જેઓ નોતરેલા છે તેઓ ખાશે. તો હવે જાઓ, તે તમને આ વખતે તરત જ મળશે."

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 14 | וַיַּעֲלוּ | הָעִיר | הֵמָּה | בָּאִים | בְּתוֹךְ | הָעִיר | וְהִנֵּה | שְׁמוּאֵל | יֹצֵא | לִקְרָאתָם |
| | અને-ચઢ્યા | શહેરમાં | તેઓ | આવતા-હતા | વચ્ચે | શહેરના | અને-જુઓ | શમૂએલ | નીકળતો-હતો | તેમને-મળવા |
| | H5927 | | H1992 | H0935 | H8432 | | H2009 | H8050 | H3318 | H7122 |
| | לַעֲלוֹת | הַבָּמָה׃ | ס | | | | | | | |
| | ચઢવા | ઊંચી-જગ્યાએ | — | | | | | | | |
| | H5927 | H1116 | | | | | | | | |

તેઓ નગરમાં ગયા. તેઓ નગરમાં પ્રવેશતા હતા, ત્યારે શમુએલને તેમની તરફ આવતો જોયો, તે ઉચ્ચસ્થાને જતો હતો, ત્યાં તે તેઓને મળ્યો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | וַיהוָה | גָּלָה | אֶת־ | אֹזֶן | שְׁמוּאֵל | יוֹם | אֶחָד | לִפְנֵי | בוֹא־ | שָׁאוּל | לֵאמֹר׃ |
| | અને-યહોવાએ | પ્રગટ-કર્યું-હતું | — | કાનમાં | શમૂએલના | દિવસ | એક | પહેલાં | આવવા | શાઉલના | કહેતાં |
| | H3068 | H1540 | H0853 | H0241 | H8050 | H3117 | H0259 | H6440 | H0935 | H7586 | H0559 |

હવે શાઉલના આવ્યાના એક દિવસ અગાઉ, ઈશ્વરે શમુએલને જણાવ્યું હતું કે:

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 16 | כָּעֵת | מָחָר | אֶשְׁלַח | אֵלֶיךָ | אִישׁ | מֵאֶרֶץ | בִּנְיָמִן | וּמְשַׁחְתּוֹ | לְנָגִיד |
| | આવતી-કાલે | આવતી-કાલે | મોકલીશ | તારી-પાસે | માણસને | પ્રદેશમાંથી | બિન્યામીનના | અને-અભિષેક-કરીશ-તેને | અગુવાઈ |
| | H6256 | H4279 | H7971 | H0413 | H0376 | H0776 | H1144 | H4886 | H5057 |
| | עַל־ | עַמִּי | יִשְׂרָאֵל | וְהוֹשִׁיעַ | אֶת־ | עַמִּי | מִיַּד | פְּלִשְׁתִּים | כִּי | רָאִיתִי |
| | પર | મારા-લોકોના | ઇઝરાયલ | અને-બચાવશે | — | મારા-લોકોને | હાથમાંથી | પલિસ્તીઓના | કારણ-કે | જોયું-છે-મેં |
| | | | H3478 | H3467 | H0853 | | H3027 | H6430 | | H7200 |
| | אֶת־ | עַמִּי | כִּי | בָּאָה | צַעֲקָתוֹ | אֵלָי׃ | | | | |
| | — | મારા-લોકોને | કારણ-કે | આવી-છે | તેમની-પોકાર | મારી-પાસે | | | | |
| | H0853 | | | H0935 | H6818 | H0413 | | | | |

"કાલે આશરે આ સમયે, બિન્યામીનના વતનમાંથી એક માણસને હું તારી પાસે મોકલીશ, મારા લોક ઇઝરાયલનો સરદાર થવા સારુ તેનો અભિષેક તું કરજે. અને તે પલિસ્તીઓના હાથમાંથી મારા લોકોને છોડાવશે; કેમ કે મારા લોકોનો પોકાર મારી પાસે આવ્યો છે, માટે મેં તેઓ પર કૃપાદ્રષ્ટિ કરી છે."

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 17 | וּשְׁמוּאֵל | רָאָה | אֶת־ | שָׁאוּל | וַיהוָה | עָנָהוּ | הִנֵּה | הָאִישׁ | אֲשֶׁר | אָמַרְתִּי |
| | અને-શમૂએલે | જોયો | — | શાઉલને | અને-યહોવાએ | જવાબ-આપ્યો-તેને | જુઓ | માણસ | જેના-વિશે | કહ્યુ-હતું-મેં |
| | H8050 | H7200 | H0853 | H7586 | H3068 | | H2009 | H0376 | | H0559 |
| | אֵלֶיךָ | זֶה | יַעְצֹר | בְּעַמִּי׃ | | | | | | |
| | તને | આ | શાસન-કરશે | મારા-લોકોમાં | | | | | | |
| | H0413 | H2088 | H6113 | | | | | | | |

જયારે શમુએલે શાઉલને જોયો, ત્યારે ઈશ્વરે તેને કહ્યુ, "જે માણસ વિષે મેં તને કહ્યુ હતું કે જે મારા લોક પર અધિકાર ચલાવશે તે આજ છે."

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 18 | וַיִּגַּשׁ | שָׁאוּל | אֶת־ | שְׁמוּאֵל | בְּתוֹךְ | הַשָּׁעַר | וַיֹּאמֶר | הַגִּידָה־ | נָּא | לִי | אֵי־ |
| | અને-નજીક-આવ્યો | શાઉલ | — | શમૂએલને | વચ્ચે | દરવાજામાં | અને-કહ્યુ | કહો | કૃપા-કરીને | મને | ક્યાં |
| | H5066 | H7586 | H0853 | H8050 | H8432 | H8179 | H0559 | H5046 | H4994 | | H0335 |
| | זֶה | בֵּית | הָרֹאֶה׃ | | | | | | | | |
| | આ | ઘર | દ્રષ્ટાનું | | | | | | | | |
| | H2088 | | | | | | | | | | |

ત્યારે શાઉલે શમુએલની નજીક દરવાજા પાસે આવીને કહ્યુ, "પ્રબોધકનું ઘર ક્યાં છે એ મને કહે?"

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 19 | וַיַּעַן | שְׁמוּאֵל | אֶת־ | שָׁאוּל | וַיֹּאמֶר | אָנֹכִי | הָרֹאֶה | עֲלֵה | לְפָנַי | הַבָּמָה |
| | અને-જવાબ-આપ્યો | શમૂએલે | — | શાઉલને | અને-કહ્યુ | હું | દ્રષ્ટા-છું | ચઢ | મારી-આગળ | ઊંચી-જગ્યાએ |
| | | H8050 | H0853 | H7586 | H0559 | H0595 | | H5927 | H6440 | H1116 |
| | וַאֲכַלְתֶּם | עִמִּי | הַיּוֹם | וְשִׁלַּחְתִּיךָ | בַבֹּקֶר | וְכֹל | אֲשֶׁר | בִּלְבָבְךָ | אַגִּיד | לָךְ׃ |
| | અને-ખાશો-તમે | મારી-સાથે | આજે | અને-મોકલીશ-તને | સવારે | અને-બધું | જે | તારા-હૃદયમાં-છે | કહીશ | તને |
| | H0398 | | H3117 | H7971 | H1242 | H3605 | | H3824 | H5046 | |

શમુએલે શાઉલને ઉત્તર આપીને કહ્યુ, હું જ પ્રબોધક છું. મારી અગાઉ ઉચ્ચસ્થાને જાઓ, કેમ કે આજે તમારે મારી સાથે જમવાનું છે. સવારમાં હું તને જવા દઈશ અને તારા મનમાં જે છે તે સર્વ હું તને કહી બતાવીશ.

20
וְלָאֲתֹנ֞וֹת અને-ગધેડીઓ-વિશે H0860
הָאֹבְד֣וֹת ખોવાયેલી H0006
לְךָ֗ તારી
הַיּוֹם֙ આજે H3117
שְׁלֹ֣שֶׁת ત્રણ H7969
הַיָּמִ֔ים દિવસ H3117
אַל־ ના H0408
תָּ֧שֶׂם મૂક
אֶֽת־ — H0853
לִבְּךָ֛ તારું-મન
לָהֶ֖ם તેમના-પર
כִּ֣י કારણ-કે
נִמְצָ֑אוּ મળી-ગઈ-છે H4672
וּלְמִי֙ અને-કોના-માટે-છે H4310
כָּל־ બધી H3605
חֶמְדַּ֣ת ઇચ્છા
יִשְׂרָאֵ֔ל ઇઝરાયલની H3478
הֲל֣וֹא શું-નહીં H3808
לְךָ֔ તારા-માટે
וּלְכֹ֖ל અને-બધા H3605
בֵּ֥ית ઘર
אָבִֽיךָ׃ તારા-પિતાન[illegible] H0001
ס —

વળી તારાં ગધેડાં જે ત્રણ દિવસ પહેલાં ખોવાઈ ગયાં હતાં, તેની ચિંતા કરીશ નહિ, કેમ કે તે મળ્યાં છે. અને ઇઝરાયલની સઘળી આશા કોના પર છે? શું તે તારા પર અને તારા પિતાના ઘરના સર્વ પર નથી?"

21
וַיַּ֨עַן અને-જવાબ-આપ્યો
שָׁא֜וּל શાઉલે H7586
וַיֹּ֗אמֶר અને-કહ્યુ H0559
הֲל֨וֹא શું-નહીં H3808
בֶן־יְמִינִ֜י બિન્યામીનીનો H1145
אָנֹ֗כִי હું H0595
מִקַּטַנֵּי֙ નાનામાંથી
שִׁבְטֵ֣י કુળોમાંથી H7626
יִשְׂרָאֵ֔ל ઇઝરાયલના H3478
וּמִשְׁפַּחְתִּי֙ અને-મારો-પરિવાર H4940
הַצְּעִרָ֔ה સાવ-નાનો H6810
מִכָּל־ બધાંમાંથી H3605
מִשְׁפְּח֖וֹת પરિવારો H4940
שִׁבְטֵ֣י કુળોના H7626
בִנְיָמִ֑ן બિન્યામીનના H1144
וְלָ֙מָּה֙ અને-શા-માટે H4100
דִּבַּ֣רְתָּ બોલ્યા-છો H1696
אֵלַ֔י મને H0413
כַּדָּבָ֖ר આવા-વાત H1697
הַזֶּֽה׃ આ H2088
ס —

શાઉલે ઉત્તર આપીને કહ્યુ, "હું ઇઝરાયલના સૌથી નાના બિન્યામીનીઓના કુળનો નથી? મારું કુટુંબ બિન્યામીન કુળના કુટુંબોમાં સૌથી નાનું નથી શું? તો તું મારી સાથે આવી વાત કેમ કરે છે?"

22
וַיִּקַּ֤ח અને-લીધા H3947
שְׁמוּאֵל֙ શમૂએલે H8050
אֶת־ — H0853
שָׁא֣וּל શાઉલને H7586
וְאֶֽת־ અને H0853
נַעֲר֔וֹ તેના-ચાકરને H5288
וַיְבִיאֵ֖ם અને-લાવ્યા-તેમને H0935
לִשְׁכָּ֑תָה ઓરડીમાં H3957
וַיִּתֵּ֨ן અને-આપ્યું H5414
לָהֶ֤ם તેમને
מָקוֹם֙ જગ્યા H4725
בְּרֹ֣אשׁ મુખ્ય
הַקְּרוּאִ֔ים આમંત્રિતોમાં H7121
וְהֵ֖מָּה અને-તેઓ H1992
כִּשְׁלֹשִׁ֥ים લગભગ-ત્રીસ H7970
אִֽישׁ׃ માણસો-હતા H0376

શમુએલ શાઉલ તથા તેના ચાકરને, મોટા ખંડમાં લઈ આવ્યો, જેઓને નોતરેલા હતા તેઓ મધ્યે તેઓને સૌથી અગ્રસ્થાને બેસાડ્યા, તેઓ આશરે ત્રીસ માણસ હતા.

23
וַיֹּ֤אמֶר અને-કહ્યુ H0559
שְׁמוּאֵל֙ શમૂએલે H8050
לַטַּבָּ֔ח રસોઇયાને H2876
תְּנָה֙ આપ H5414
אֶת־ — H0853
הַמָּנָ֔ה ભાગ H4490
אֲשֶׁ֖ר જે
נָתַ֣תִּי આપ્યો-હતો-મેં H5414
לָ֑ךְ તને
אֲשֶׁר֙ જેના-વિશે
אָמַ֣רְתִּי કહ્યુ-હતું-મેં H0559
אֵלֶ֔יךָ તને H0413
שִׂ֥ים રાખ
אֹתָ֖הּ તેને H0853
עִמָּֽךְ׃ તારી-પાસે

શમુએલે રસોઈયાને કહ્યુ કે, "જે ભાગ મેં તને આપ્યો તે લાવ અને જે વિષે મેં તને કહ્યુ હતું, 'તે બાજુ પર મૂક.'

| הִנֵּה | וַיֹּאמֶר | שָׁאוּל | לִפְנֵי | וַיָּשֶׂם | וְהֶעָלֶיהָ | הַשּׁוֹק | אֶת־ | הַטַּבָּח | וַיָּרֶם | 24 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જુઓ | અને-કહ્યુ | શાઉલન□ા | સામે | અને-મૂક્યું | અને-તેન□ું-ઉપરનું | પગ | — | રસોઇયાએ | અને-ઉચકાવ્યો | |
| H2009 | H0559 | H7586 | H6440 | | | H7785 | H0853 | H2876 | | |

| הָעָם | לֵאמֹר | לָךְ | שָׁמוּר־ | לַמּוֹעֵד | כִּי | אֱכֹל | לְפָנֶיךָ | שִׂים־ | הַנִּשְׁאָר |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લોકોને | કહેતાં | તાર□ા-માટે | રાખેલું-હતું | નિયુક્ત-સમય-માટે | કારણ-કે | ખાઓ | તારી-આગળ | મૂક | રાખેલું |
| | H0559 | | H8104 | H4150 | | H0398 | H6440 | | H7604 |

| הַהוּא׃ | בַּיּוֹם | שְׁמוּאֵל | עִם־ | שָׁאוּל | וַיֹּאכַל | קָרָאתִי |
|---|---|---|---|---|---|---|
| તે | દિવસે | શમૂએલન□ા | સાથે | શાઉલે | અને-ખાધું | બોલાવ્યા-છે-મેં |
| H1931 | H3117 | H8050 | | H7586 | H0398 | H7121 |

હવે રસોઈયાએ જાંઘ તથા તેના પરનું માંસ જે બલિદાન માટે હતું તે લઈને, શાઉલ આગળ મૂક્યું. પછી શમુએલે કહ્યુ, “જો આ તારા માટે રાખી મૂકેલું છે, તે ખા. કેમ કે મેં લોકોને નોતર્યા છે એવું કહીને ઠરાવેલા સમયને માટે તારે સારુ તે રાખી મૂક્યું છે.’ એમ તે દિવસે શાઉલ શમુએલ સાથે જમ્યો.

| הַגָּג׃ | עַל־ | שָׁאוּל | עִם־ | וַיְדַבֵּר | הָעִיר | מֵהַבָּמָה | וַיֵּרְדוּ | 25 |
|---|---|---|---|---|---|---|---|---|
| અગાસીમાં | પર | શાઉલ | સાથે | અને-વાત-કરી | શહેરમાં | ઊંચી-જગ્યાથી | અને-ઉતર્યા | |
| H1406 | | H7586 | | H1696 | | H1116 | H3381 | |

જયારે તેઓ ઉચ્ચસ્થાનેથી ઊતરીને નગરમાં આવ્યા, ત્યારે અગાસી પર તેઓ શાઉલ સાથે વાત કર્યા + 9:25 અગાસીમાં શાઉલ માટે પલંગ બિછાવ્યો હતો અને તે સૂઈ ગયો.

| )הַגָּגָה( | ]הגג[ | שָׁאוּל | אֶל־ | שְׁמוּאֵל | וַיִּקְרָא | הַשַּׁחַר | כַּעֲלוֹת | וַיְהִי | וַיַּשְׁכִּמוּ | 26 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અગાસી-પર | — | શાઉલને | ને | શમૂએલે | અને-બોલાવ્યા | પરોઢન□ા | ચઢવા-વેળાએ | અને-થયું | અને-વહેલા-ઊઠ્યા | |
| H1406 | H1406 | H7586 | H0413 | H8050 | H7121 | H7837 | H5927 | H1961 | H7925 | |

| הַחוּצָה׃ | וּשְׁמוּאֵל | הוּא | שְׁנֵיהֶם | וַיֵּצְאוּ | שָׁאוּל | וַיָּקָם | וַאֲשַׁלְּחֶךָּ | קוּמָה | לֵאמֹר |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બહાર | અને-શમૂએલ | તે | બંને | અને-નીકળ્યા | શાઉલ | અને-ઊઠ્યો | અને-મોકલીશ-તને | ઊઠ | કહેતાં |
| H2351 | H8050 | H1931 | H8147 | H3318 | H7586 | | H7971 | | H0559 |

સૂર્યોદયને સમયે એમ થયું કે, શમુએલે શાઉલને અગાસી પર હાંક મારી, “ઊઠ, જેથી હું તને તારા રસ્તે વિદાય કરું.” તેથી શાઉલ ઊઠ્યો અને બન્ને એટલે તે તથા શમુએલ શેરીમાં ચાલી નીકળ્યા.

| וְיַעֲבֹר | לַנַּעַר | אֱמֹר | שָׁאוּל | אֶל־ | אָמַר | וּשְׁמוּאֵל | הָעִיר | בִּקְצֵה | יוֹרְדִים | הֵמָּה | 27 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જવા-દો | ચાકરને | કહો | શાઉલને | ને | કહ્યુ | અને-શમૂએલે | શહેરન□ા | છેડે | ઉતરતા-હતા | તેઓ | |
| | H5288 | H0559 | H7586 | H0413 | H0559 | H8050 | | | H3381 | H1992 | |

| פ | אֱלֹהִים׃ | דְּבַר | אֶת־ | וְאַשְׁמִיעֲךָ | כַּיּוֹם | עֲמֹד | וְאַתָּה | וַיַּעֲבֹר | לְפָנֵינוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| — | ઈશ્વરનું | વચન | — | અને-સંભળાવીશ-તને | આજે | ઊભો-રહે | અને-તું | અને-ગયો | અમારી-આગળ |
| | H0430 | H1697 | H0853 | H8085 | H3117 | H5975 | | | H6440 |

જયારે નગરના છેડા આગળ તેઓ જતા હતા, ત્યારે શમુએલે શાઉલને કહ્યુ, “ચાકરને કહે કે, તે આપણી આગળ ચાલ્યો જાય અને ચાકર ચાલ્યો ગયો, પણ તું હમણાં ઊભો રહે, કે હું તને ઈશ્વરનું વચન કહી સંભળાવું.”

## Chapter 10

| הֲלוֹא | וַיֹּאמֶר | וַיִּשָּׁקֵהוּ | רֹאשׁוֹ | עַל־ | וַיִּצֹק | הַשֶּׁמֶן | פַּךְ | אֶת־ | שְׁמוּאֵל | וַיִּקַּח | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શું-નહીં | અને-કહ્યુ | અને-ચૂમ્યો-તેને | તેના-માથા-પર | પર | અને-રેડ્યું | તેલની | શીશી | — | શમૂએલે | અને-લીધો | |
| H3808 | H0559 | | | | H3332 | H8081 | H6378 | H0853 | H8050 | H3947 | |

| לְנָגִיד׃ | נַחֲלָתוֹ | עַל־ | יְהוָה | מְשָׁחֲךָ | כִּי־ |
|---|---|---|---|---|---|
| અગુવાઈ-તરીકે | તેના-વારસા | પર | યહોવાએ | અભિષેક-કર્યો-છે-તને | કારણ-કે |
| H5057 | H5159 | | H3068 | H4886 | |

પછી શમુએલે તેલની કુપ્પી લઈને તેમાંનું તેલ, શાઉલના માથા ઉપર રેડયું અને તેને ચુંબન કર્યું. પછી કહ્યુ, “શું ઈશ્વરે પોતાના વારસા + 10:1 ઇઝરાયલ લોકો પર અધિકારી થવા સારુ તને અભિષિક્ત કર્યો નથી?

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּלֶכְתְּךָ | הַיּוֹם | מֵעִמָּדִי | וּמָצָאתָ | שְׁנֵי | אֲנָשִׁים | עִם־ | קְבֻרַת | רָחֵל | בִּגְבוּל |
| જ્યારે-જશો-તું | આજે | મારી-પાસેથી | અને-મળશે-તને | બે | માણસોને | પાસે | કબર | રાહેલની | સીમામાં |
| H3212 | H3117 | H5978 | H4672 | H8147 | H0376 | | H6900 | H7354 | H1366 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בִּנְיָמִן | בְּצֶלְצַח | וְאָמְרוּ | אֵלֶיךָ | נִמְצְאוּ | הָאֲתֹנוֹת | אֲשֶׁר | הָלַכְתָּ | לְבַקֵּשׁ | וְהִנֵּה |
| બિન્યામીનની | સેલસાહમાં | અને-કહેશે | તને | મળી-ગઈ-છે | ગધેડીઓ | જેને | ગયા-હતા | શોધવા | અને-જુઓ |
| H1144 | H6766 | H0559 | H0413 | H4672 | H0860 | | H1980 | H1245 | H2009 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| נָטַשׁ | אָבִיךָ | אֶת־ | דִּבְרֵי | הָאֲתֹנוֹת | וְדָאַג | לָכֶם | לֵאמֹר | מָה | אֶעֱשֶׂה |
| છોડી-દીધી-છે | તારા-પિતાએ | — | વાત | ગધેડીઓની | અને-ચિંતા-કરે-છે | તમારા-માટે | કહેતાં | શું | કરું-હું |
| H5203 | H0001 | H0853 | H1697 | H0860 | H1672 | | H0559 | H4100 | |

| |
|---|
| לִבְנִי׃ |
| મારા-પુત્ર-માટે |

આજે મારી પાસેથી ગયા પછી, બિન્યામીનની સીમમાં સેલસા પાસે, રાહેલની કબર નજીક તને બે માણસ મળશે. તેઓ તને કહેશે, “જે ગધેડાંની શોધ કરવા તું ગયો હતો તે મળ્યાં છે. હવે, તારા પિતા ગધેડાંની કાળજી રાખવાનું છોડીને, તારા વિષે ચિંતા કરતાં, કહે છે, “મારા દીકરા સંબંધી હું શું કરું?”

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְחָלַפְתָּ | מִשָּׁם | וָהָלְאָה | וּבָאתָ | עַד־ | אֵלוֹן | תָּבוֹר | וּמְצָאוּךָ | שָׁם | שְׁלֹשָׁה |
| અને-પસાર-થશો | ત્યાંથી | અને-આગળ | અને-આવશો | સુધી | વૃક્ષ | તાબોરના | અને-મળશે-તને | ત્યાં | ત્રણ |
| H2498 | H8033 | H1973 | H0935 | H5704 | H0436 | H8396 | H4672 | H8033 | H7969 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲנָשִׁים | עֹלִים | אֶל־ | הָאֱלֹהִים | בֵּית־אֵל | אֶחָד | נֹשֵׂא | שְׁלֹשָׁה | גְדָיִים | וְאֶחָד |
| માણસો | ચઢતા | તરફ | ઈશ્વરના | બેથેલમાં | એક | લઈ-જતો-હતો | ત્રણ | બકરાંનાં-બચ્ચાં | અને-એક |
| H0376 | H5927 | H0413 | H0430 | H1008 | H0259 | H5375 | H7969 | H1423 | H0259 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| נֹשֵׂא | שְׁלֹשֶׁת | כִּכְּרוֹת | לֶחֶם | וְאֶחָד | נֹשֵׂא | נֵבֶל־ | יָיִן׃ |
| લઈ-જતો-હતો | ત્રણ | રોટલીઓ | રોટલીની | અને-એક | લઈ-જતો-હતો | કૂપો | દ્રાક્ષારસનો |
| H5375 | H7969 | H3603 | H3899 | H0259 | H5375 | | H3196 |

પછી ત્યાંથી આગળ ચાલતા, તું તાબોરના એલોન વૃક્ષ આગળ આવશે. ત્યાં ત્રણ માણસો ઈશ્વરની પાસે બેથેલમાં જતા તને મળશે. તેમાંના એકે બકરીનાં ત્રણ બચ્ચાં ઊંચકેલા હશે, બીજા પાસે ત્રણ રોટલી હશે. અને ત્રીજાએ દ્રાક્ષાસવની કુંડી ઊંચકેલી હશે.

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְשָׁאֲלוּ | לְךָ | לְשָׁלוֹם | וְנָתְנוּ | לְךָ | שְׁתֵּי־ | לֶחֶם | וְלָקַחְתָּ | מִיָּדָם׃ |
| અને-પૂછશે | તને | કુશળતા | અને-આપશે | તને | બે | રોટલીઓ | અને-લેશો-તું | તેમના-હાથમાંથી |
| H7592 | | H7965 | H5414 | | H8147 | H3899 | H3947 | H3027 |

તેઓ પ્રણામ કરીને તને ત્રણ રોટલી આપશે, જે તું તેઓના હાથમાંથી લેશે.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַחַר | כֵּן | תָּבוֹא | גִּבְעַת | הָאֱלֹהִים | אֲשֶׁר־ | שָׁם | נְצִבֵי | פְלִשְׁתִּים | וִיהִי | כְבֹאֲךָ |
| પછી | તે | આવશો | ટેકરીએ | ઈશ્વરની | જ્યાં | ત્યાં | છાવણીઓ | પલિસ્તીઓની | અને-થશે | જ્યારે-આવો-તું |
| | | H0935 | H1389 | H0430 | | H8033 | H5333 | H6430 | H1961 | H0935 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| שָׁם | הָעִיר | וּפָגַעְתָּ | חֶבֶל | נְבִאִים | יֹרְדִים | מֵהַבָּמָה | וְלִפְנֵיהֶם | נֵבֶל | וְתֹף |
| ત્યાં | શહેરમાં | અને-મળશે-તને | સમૂહ | પ્રબોધકોનો | ઉતરતા | ઊંચી-જગ્યાથી | અને-તેમની-આગળ | વીણા | અને-ઢોલ |
| H8033 | | H6293 | | H5030 | H3381 | H1116 | H6440 | | H8596 |

| | | | |
|---|---|---|---|
| וְחָלִיל | וְכִנּוֹר | וְהֵמָּה | מִתְנַבְּאִים׃ |
| અને-બાંસળી | અને-વીણા | અને-તેઓ | પ્રબોધ-કરતા-હશે |
| H2485 | H3658 | H1992 | H5012 |

ત્યાર પછી, તું જ્યાં પલિસ્તીઓની છાવણી છે, ત્યાં ઈશ્વરના પર્વત પાસે આવશે. જયારે તું ત્યાં નગર પાસે પહોંચશે, ત્યારે પ્રબોધકોની એક ટોળી, તેની આગળ સિતાર, ખંજરી, વાંસળી, વીણા વગાડનારા સહિત ઉચ્ચસ્થાનથી ઊતરતી તને મળશે; તેઓ પ્રબોધ કરતા હશે.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְצָלְחָה | עָלֶיךָ | רוּחַ | יְהוָה | וְהִתְנַבִּיתָ | עִמָּם | וְנֶהְפַּכְתָּ | לְאִישׁ | אַחֵר׃ |
| અને-આવશે | તારા-પર | આત્મા | યહોવાનો | અને-પ્રબોધ-કરશો | તેમની-સાથે | અને-બદલાઈ-જશો | માણસ-જુદામાં | બીજા |
| | | H7307 | H3068 | H5012 | | H2015 | H0376 | H0312 |

ઈશ્વરનો આત્મા પરાક્રમ સહિત તારા ઉપર આવશે, તું તેઓની સાથે પ્રબોધ કરશે અને તું બદલાઈને જુદો માણસ થઈ જશે.

7 וְהָיָה כִּי ]תבאינה[ )תָבֹאנָה( הָאֹתוֹת הָאֵלֶּה לָךְ עֲשֵׂה לְךָ אֲשֶׁר תִּמְצָא
અને-થશે જ્યારે — આવે ચિહ્નો આ તને કર તારા-માટે જે મળે
H1961 H0935 H0935 H0226 H0428 H4672

יָדֶךָ כִּי הָאֱלֹהִים עִמָּךְ׃
હાથને-તારા કારણ-કે ઈશ્વર તારી-સાથે-છે
H3027 H0430

હવે, જયારે તને આ ચિહ્ન મળે, ત્યારે તારે પ્રસંગાનુસાર વર્તવું, કેમ કે ઈશ્વર તારી સાથે છે.

8 וְיָרַדְתָּ לְפָנַי הַגִּלְגָּל וְהִנֵּה אָנֹכִי יֹרֵד אֵלֶיךָ לְהַעֲלוֹת עֹלוֹת לִזְבֹּחַ
અને-ઉતરશો મારી-આગળ ગિલ્ગાલમાં અને-જુઓ હું ઉતરીશ તારી-પાસે ચઢાવવા દહનાર્પણો વધવા
H3381 H6440 H1537 H2009 H0595 H3381 H0413 H5927 H2076

זִבְחֵי שְׁלָמִים שִׁבְעַת יָמִים תּוֹחֵל עַד־ בּוֹאִי אֵלֶיךָ וְהוֹדַעְתִּי לְךָ אֵת
યજ્ઞો શાંતિના સાત દિવસો રાહ-જોઈશ સુધી માર□ા-આવવા તારી-પાસે અને-જણાવીશ તને —
H2077 H8002 H7651 H3117 H3176 H5704 H0935 H0413 H3045 H0853

אֲשֶׁר תַּעֲשֶׂה׃
જે કરવાનું-છે

તું મારી અગાઉ ગિલ્ગાલમાં જજે. પછી હું દહનીયાર્પણો તથા શાંત્યર્પણો કરવાને તારી પાસે આવીશ. હું આવીને તારે શું કરવું એ બતાવું ત્યાં સુધી એટલે સાત દિવસ સુધી રાહ જોજે.”

9 וְהָיָה כְּהַפְנֹתוֹ שִׁכְמוֹ לָלֶכֶת מֵעִם שְׁמוּאֵל וַיַּהֲפָךְ־ לוֹ אֱלֹהִים לֵב
અને-થયું જ્યારે-ફેરવ્યો-તેણે ખભો-તેનો જવા પાસેથી શમૂએલન□ા અને-બદલી-નાખ્યું તેને ઈશ્વરે હૃદય
H1961 H6437 H7926 H3212 H8050 H2015 H0430

אַחֵר וַיָּבֹאוּ כָּל־ הָאֹתוֹת הָאֵלֶּה בַּיּוֹם הַהוּא׃ ס
બીજું અને-આવ્યાં બધા ચિહ્નો આ દિવસે તે —
H0312 H0935 H3605 H0226 H0428 H3117 H1931

જયારે શમુએલ પાસેથી જવાને શાઉલે પીઠ ફેરવી કે, ઈશ્વરે તેને બીજું હૃદય આપ્યું. તે જ દિવસે તે સર્વ ચિહ્નો પૂરાં થયાં.

10 וַיָּבֹאוּ שָׁם הַגִּבְעָתָה וְהִנֵּה חֶבֶל־ נְבִאִים לִקְרָאתוֹ וַתִּצְלַח עָלָיו רוּחַ
અને-આવ્યા ત્યાં ટેકરીએ અને-જુઓ સમૂહ પ્રબોધકોનો તેને-મળવા અને-આવ્યો તેન□ા-પર આત્મા
H0935 H8033 H1389 H2009 H5030 H7122 H7307

אֱלֹהִים וַיִּתְנַבֵּא בְּתוֹכָם׃
ઈશ્વરનો અને-પ્રબોધ-કર્યો તેમની-વચ્ચે
H0430 H5012 H8432

જયારે તેઓ પર્વત પાસે આવ્યા, ત્યારે પ્રબોધકોની ટોળી તેને મળી. ઈશ્વરનો આત્મા પરાક્રમ સહિત તેના ઉપર આવ્યો અને તેણે તેઓની વચ્ચે પ્રબોધ કર્યો.

11 וַיְהִי כָּל־ יוֹדְעוֹ מֵאִתְּמוֹל שִׁלְשׁוֹם וַיִּרְאוּ וְהִנֵּה עִם־ נְבִאִים נִבָּא
અને-થયું બધા ઓળખનારા પહેલાંથી પૂર્વેથી અને-જોયું અને-જુઓ સાથે પ્રબોધકો પ્રબોધ-કરે-છે
H1961 H3605 H3045 H0865 H8032 H7200 H2009 H5030 H5012

וַיֹּאמֶר הָעָם אִישׁ אֶל־ רֵעֵהוּ מַה־ זֶּה הָיָה לְבֶן־ קִישׁ הֲגַם שָׁאוּל
અને-કહ્યું લોકોએ માણસે ને તેન□ા-પડોશીને શું આ થયું-છે પુત્રને કીશન□ા શું-પણ શાઉલ
H0559 H0376 H0413 H7453 H4100 H2088 H1961 H7027 H1571 H7586

בַּנְּבִיאִם׃
પ્રબોધકોમાં
H5030

જે સર્વ તેને પૂર્વે ઓળખતા હતા તેઓએ જયારે જોયું કે, પ્રબોધકોની સાથે તે પ્રબોધ કરે છે, ત્યારે લોકોએ એકબીજાને કહ્યુ, “કીશના દીકરાને આ શું થયું છે? શું શાઉલ પણ એક પ્રબોધક છે?”

12

| | | |
|---|---|---|
| וַיַּעַן | અને-જવાબ-આપ્યો | |
| אִישׁ | માણસે | H0376 |
| מִשָּׁם | ત્યાંથી | H8033 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| וּמִי | અને-કોણ | H4310 |
| אֲבִיהֶם | તેમનો-પિતા | H0001 |
| עַל־ | તેથી | |
| כֵּן | તે | |
| הָיְתָה | થઈ-છે | H1961 |
| לְמָשָׁל | કહેવત | H4912 |
| הֲגַם | શું-પણ | H1571 |
| שָׁאוּל | શાઉલ | H7586 |
| בַּנְּבִאִים׃ | પ્રબોધકોમાં | H5030 |

તે જગ્યાના એક જણે ઉત્તર આપીને કહ્યુ, “તેઓનો પિતા કોણ છે?” આ કારણથી, એવી કહેવત પડી, “શું શાઉલ પણ પ્રબોધકમાંનો એક છે?”

13

| | | |
|---|---|---|
| וַיְכַל | અને-પૂરું-કર્યું | H3615 |
| מֵהִתְנַבּוֹת | પ્રબોધ-કરવાથી | H5012 |
| וַיָּבֹא | અને-આવ્યો | H0935 |
| הַבָּמָה׃ | ઊંચી-જગ્યાએ | H1116 |

પ્રબોધ કરી રહ્યો, પછી તે ઉચ્ચસ્થાને આવ્યો.

14

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| דּוֹד | કાકાએ | H1730 |
| שָׁאוּל | શાઉલન◌ા | H7586 |
| אֵלָיו | તેને | H0413 |
| וְאֶל־ | અને | H0413 |
| נַעֲרוֹ | તેન◌ા-ચાકરને | H5288 |
| אָן | ક્યાં | H0575 |
| הֲלַכְתֶּם | ગયા-હતા | H1980 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| לְבַקֵּשׁ | શોધવા | H1245 |
| אֶת־ | — | H0853 |
| הָאֲתֹנוֹת | ગધેડીઓને | H0860 |
| וַנִּרְאֶה | અને-જોયું | H7200 |
| כִּי־ | કે | |
| אַיִן | નહોતી | H0369 |
| וַנָּבוֹא | અને-આવ્યા | H0935 |
| אֶל־ | પાસે | H0413 |
| שְׁמוּאֵל׃ | શમૂએલન◌ા | H8050 |

ત્યારે શાઉલના કાકાએ તેને તથા તેના ચાકરને કહ્યુ, “તમે ક્યાં ગયા હતા?” તેણે કહ્યુ, “ગધેડાંની શોધ કરવાને; જયારે અમે જોયું કે અમે તેને શોધી શક્યા નથી ત્યારે અમે શમુએલ પાસે ગયા હતા.”

15

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| דּוֹד | કાકાએ | H1730 |
| שָׁאוּל | શાઉલન◌ા | H7586 |
| הַגִּידָה־ | કહો | H5046 |
| נָּא | કૃપા-કરીને | H4994 |
| לִּי | મને | |
| מָה־ | શું | H4100 |
| אָמַר | કહ્યુ | H0559 |
| לָכֶם | તમને | |
| שְׁמוּאֵל׃ | શમૂએલે | H8050 |

શાઉલના કાકાએ કહ્યુ, “મને કૃપા કરીને કહે કે શમુએલે તમને શું કહ્યુ?”

16

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| שָׁאוּל | શાઉલે | H7586 |
| אֶל־ | ને | H0413 |
| דּוֹדוֹ | તેન◌ા-કાકાને | H1730 |
| הַגֵּד | સ્પષ્ટપણે | H5046 |
| הִגִּיד | કહ્યુ | H5046 |
| לָנוּ | અમને | |
| כִּי | કે | |
| נִמְצְאוּ | મળી-ગઈ | H4672 |
| הָאֲתֹנוֹת | ગધેડીઓ | H0860 |
| וְאֶת־ | અને | H0853 |
| דְּבַר | વાત | H1697 |
| הַמְּלוּכָה | રાજ્યની | H4410 |
| לֹא־ | નહીં | H3808 |
| הִגִּיד | કહી | H5046 |
| לוֹ | તેને | |
| אֲשֶׁר | જે | |
| אָמַר | કહ્યુ-હતું | H0559 |
| שְׁמוּאֵל׃ | શમૂએલે | H8050 |
| פ | — | |

શાઉલે પોતાના કાકાને જવાબ આપ્યો, “તેણે ઘણી સ્પષ્ટતાથી કહ્યુ કે ગધેડાં મળ્યાં છે.” પણ રાજ્યની વાત જે વિષે શમુએલે તેને કહ્યુ હતું તે સંબંધી તેણે તેને કશું કહ્યુ નહિ.

17

| | | |
|---|---|---|
| וַיַּצְעֵק | અને-બોલાવ્યા | H6817 |
| שְׁמוּאֵל | શમૂએલે | H8050 |
| אֶת־ | — | H0853 |
| הָעָם | લોકોને | |
| אֶל־ | ને | H0413 |
| יְהוָה | યહોવા | H3068 |
| הַמִּצְפָּה׃ | મિસ્પાહમાં | H4709 |

હવે શમુએલે લોકોને મિસ્પામાં બોલાવીને ઈશ્વરની આગળ ભેગા કર્યા.

18

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֣אמֶר | אֶל־ | בְּנֵ֣י | יִשְׂרָאֵ֑ל | פ | כֹּֽה־ | אָמַ֤ר | יְהוָה֙ | אֱלֹהֵ֣י | יִשְׂרָאֵ֔ל | אָנֹכִ֛י |
| અને-કહ્યુ | ને | પુત્રોને | ઇઝરાયલના | — | આમ | કહે-છે | યહોવા | ઈશ્વરે | ઇઝરાયલના | મેં |
| H0559 | H0413 | | H3478 | | H3541 | H0559 | H3068 | H0430 | H3478 | H0595 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הֶעֱלֵ֥יתִי | אֶת־ | יִשְׂרָאֵ֖ל | מִמִּצְרָ֑יִם | וָאַצִּ֤יל | אֶתְכֶם֙ | מִיַּ֣ד | מִצְרַ֔יִם | וּמִיַּד֙ | כָּל־ |
| ઉપાડ્યા | — | ઇઝરાયલને | મિસરમાંથી | અને-છોડાવ્યા | તમને | હાથમાંથી | મિસરના | અને-હાથમાંથી | બધાં |
| H5927 | H0853 | H3478 | H4714 | H5337 | H0853 | H3027 | H4714 | H3027 | H3605 |

| | | |
|---|---|---|
| הַמַּמְלָכ֔וֹת | הַלֹּחֲצִ֖ים | אֶתְכֶֽם׃ |
| રાજ્યોના | દબાવનારા | તમને |
| H4467 | H3905 | H0853 |

તેણે ઇઝરાયલ લોકોને કહ્યુ, “ઇઝરાયલના પ્રભુ, ઈશ્વર આમ કહે છે: ‘હું મિસરમાંથી ઇઝરાયલને કાઢી લાવ્યો, મિસરીઓના હાથમાંથી તથા તમારા પર જુલમ કરનારા સર્વ રાજ્યોના હાથમાંથી મેં તમને છોડાવ્યાં.’”

19

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאַתֶּ֨ם | הַיּ֜וֹם | מְאַסְתֶּ֣ם | אֶת־ | אֱלֹֽהֵיכֶ֗ם | אֲשֶׁר־ | ה֣וּא | מוֹשִׁ֣יעַ | לָכֶם֮ | מִכָּל־ |
| અને-તમે | આજે | નકાર્યા-છે | — | તમારા-ઈશ્વરને | જે | તે | બચાવનાર-છે | તમને | બધી |
| | H3117 | | H0853 | H0430 | | H1931 | H3467 | | H3605 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| רָעוֹתֵיכֶם֮ | וְצָרֹתֵיכֶם֒ | וַתֹּ֣אמְרוּ | ל֔וֹ | כִּי־ | מֶ֖לֶךְ | תָּשִׂ֣ים | עָלֵ֑ינוּ | וְעַתָּ֗ה | הִֽתְיַצְּבוּ֙ | לִפְנֵ֣י |
| મુશ્કેલીઓમાંથી | અને-દુઃખોમાંથી | અને-કહ્યુ | તેને | કે | રાજા | મૂકો | અમારા-પર | અને-હવે | ઊભા-રહો | સામે |
| | | H0559 | | | H4428 | | | H6258 | H3320 | H6440 |

| | | |
|---|---|---|
| יְהוָ֔ה | לְשִׁבְטֵיכֶ֖ם | וּלְאַלְפֵיכֶֽם׃ |
| યહોવાના | તમારા-કુળો-પ્રમાણે | અને-તમારા-હજારો-પ્રમાણે |
| H3068 | H7626 | H0505 |

પણ તેં તમારા ઈશ્વરનો આજે તમે નકાર કર્યો છે, જેમણે તમને તમારી સર્વ વિપત્તિઓથી તથા તમારા સંકટોથી તમને છોડાવ્યાં છે; અને તમે તેમને કહ્યુ, ‘અમારા ઉપર તમે રાજા નીમી આપો.’ હવે ઈશ્વરની આગળ તમે તમારાં કુળો પ્રમાણે તથા તમારા કુટુંબો પ્રમાણે હાજર થાઓ.”

20

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּקְרֵ֣ב | שְׁמוּאֵ֔ל | אֵ֖ת | כָּל־ | שִׁבְטֵ֣י | יִשְׂרָאֵ֑ל | וַיִּלָּכֵ֔ד | שֵׁ֖בֶט | בִּנְיָמִֽן׃ |
| અને-નજીક-લાવ્યા | શમૂએલે | — | બધા | કુળો | ઇઝરાયલના | અને-પકડાયો | કુળ | બિન્યામીનનું |
| H7126 | H8050 | H0853 | H3605 | H7626 | H3478 | H3920 | H7626 | H1144 |

તેથી શમુએલ ઇઝરાયલનાં સર્વ કુળોને પાસે લાવ્યો તેમાંથી બિન્યામીનનું કુળ માન્ય થયું.

21

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּקְרֵ֞ב | אֶת־ | שֵׁ֤בֶט | בִּנְיָמִן֙ | ]למשפחתו[ | )לְמִשְׁפְּחֹתָ֔יו( | וַתִּלָּכֵ֖ד | מִשְׁפַּ֣חַת | הַמַּטְרִ֑י |
| અને-નજીક-લાવ્યો | — | કુળ | બિન્યામીનનું | — | તેના-કુટુંબો-પ્રમાણે | અને-પકડાયો | કુટુંબ | માટ્રીનો |
| H7126 | H0853 | H7626 | H1144 | H4940 | H4940 | H3920 | H4940 | H4309 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיִּלָּכֵד֙ | שָׁא֣וּל | בֶּן־ | קִ֔ישׁ | וַיְבַקְשֻׁ֖הוּ | וְלֹ֥א | נִמְצָֽא׃ |
| અને-પકડાયો | શાઉલ | પુત્ર | કીશનો | અને-શોધ્યો-તેને | અને-નહીં | મળ્યો |
| H3920 | H7586 | | H7027 | H1245 | H3808 | H4672 |

પછી તે બિન્યામીનના કુળને તેઓનાં કુટુંબો પાસે લાવ્યો; તેમાંથી માટ્રીઓનું કુટુંબ માન્ય થયું; પછી કીશનો દીકરો શાઉલ માન્ય કરાયો. પણ જયારે તેઓ તેને શોધવા ગયા, ત્યારે તે મળ્યો નહિ.

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁאֲלוּ־ | עוֹד֙ | בַּֽיהוָ֔ה | הֲבָ֥א | ע֛וֹד | הֲלֹ֖ם | אִ֑ישׁ | ס | וַיֹּ֣אמֶר | יְהוָ֔ה | הִנֵּה־ | ה֥וּא |
| અને-પૂછ્યું | ફરી | યહોવાને | શું-આવ્યો-છે | હજુ | અહીં | માણસ | — | અને-કહ્યુ | યહોવાએ | જુઓ | તે |
| H7592 | H5750 | H3068 | H0935 | H5750 | H1988 | H0376 | | H0559 | H3068 | H2009 | H1931 |

| | | |
|---|---|---|
| נֶחְבָּ֖א | אֶל־ | הַכֵּלִֽים׃ |
| છુપાયેલો-છે | માં | સામાનમાં |
| H2244 | H0413 | H3627 |

તે માટે લોકોએ ઈશ્વરને વધારે પ્રશ્નો પૂછ્યા કર્યા, “તે માણસ હજી અહીં આવ્યો છે કે નહિ?” ઈશ્વરે જવાબ આપ્યો, “તેણે પોતાને સામાનમાં સંતાડ્યો છે.”

23

| וַיָּרֻצוּ | וַיִּקָּחֻהוּ | מִשָּׁם | וַיִּתְיַצֵּב | בְּתוֹךְ | הָעָם | וַיִּגְבַּהּ | מִכָּל־ | הָעָם | מִשִּׁכְמוֹ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-દોડ્યા | અને-લાવ્યા-તેને | ત્યાંથી | અને-ઊભો-રહ્યો | વચ્ચે | લોકોની | અને-ઊંચો-હતો | બધાંથી | લોકોથી | ખભાથી |
| H7323 | H3947 | H8033 | H3320 | H8432 | | H1361 | H3605 | | H7926 |

| וָמָעְלָה׃ |
|---|
| અને-ઉપર |
| H4605 |

પછી તેઓ દોડીને ગયા અને શાઉલને ત્યાંથી લઈ આવ્યા. તે લોકોમાં ઊભો રહ્યો, તેના ખભાથી ઉપરનો ભાગ સર્વ લોકોની ઊંચાઈ કરતાં વધારે ઊંચો હતો.

24

| וַיֹּאמֶר | שְׁמוּאֵל | אֶל־ | כָּל־ | הָעָם | הַרְאִיתֶם | אֲשֶׁר | בָּחַר־ | בּוֹ | יְהוָה | כִּי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | શમૂએલે | ને | બધા | લોકોને | જોયો-છે-તમે | જેને | પસંદ-કર્યો-છે | તેમાં | યહોવાએ | કે |
| H0559 | H8050 | H0413 | H3605 | | H7200 | | H0977 | | H3068 | |

| אֵין | כָּמֹהוּ | בְּכָל־ | הָעָם | וַיָּרִעוּ | כָל־ | הָעָם | וַיֹּאמְרוּ | יְחִי | הַמֶּלֶךְ׃ | פ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નથી | તેના-જેવો | બધાંમાં | લોકોમાં | અને-જયઘોષ-કર્યો | બધાં | લોકોએ | અને-કહ્યુ | જીવતો-રહો | રાજા | — |
| H0369 | H3644 | H3605 | | H7321 | H3605 | | H0559 | H2421 | H4428 | |

પછી શમુએલે લોકોને કહ્યુ, “શું ઈશ્વરના પસંદ કરેલા માણસને તમે જુઓ છો? બધા લોકોમાં તેના જેવો કોઈ નથી” સર્વ લોકોએ પોકાર કર્યો, “રાજા ઘણું જીવો”

25

| וַיְדַבֵּר | שְׁמוּאֵל | אֶל־ | הָעָם | אֵת | מִשְׁפַּט | הַמְּלֻכָה | וַיִּכְתֹּב | בַּסֵּפֶר | וַיַּנַּח | לִפְנֵי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | શમૂએલે | ને | લોકોને | — | નિયમ | રાજ્યનો | અને-લખ્યો | પુસ્તકમાં | અને-મૂક્યો | સામે |
| H1696 | H8050 | H0413 | | H0853 | H4941 | H4410 | H3789 | | H3240 | H6440 |

| יְהוָה | וַיְשַׁלַּח | שְׁמוּאֵל | אֶת־ | כָּל־ | הָעָם | אִישׁ | לְבֵיתוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|
| યહોવાની | અને-મોકલ્યા | શમૂએલે | — | બધા | લોકોને | દરેકને | તેના-ઘરે |
| H3068 | H7971 | H8050 | H0853 | H3605 | | H0376 | |

પછી શમુએલે લોકોને રિવાજો તથા રાજનીતિ વિષે કહ્યુ, તેને પુસ્તકમાં લખીને ઈશ્વરની આગળ તે રાખી મૂક્યું. પછી શમુએલે સર્વ લોકોને પોતપોતાને ઘરે વિદાય કર્યા.

26

| וְגַם־ | שָׁאוּל | הָלַךְ | לְבֵיתוֹ | גִּבְעָתָה | וַיֵּלְכוּ | עִמּוֹ | הַחַיִל | אֲשֶׁר־ | נָגַע | אֱלֹהִים |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પણ | શાઉલ | ગયો | તેના-ઘરે | ગિબેઆહમાં | અને-ગયા | તેની-સાથે | શૂરવીરો | જેમનાં | સ્પર્શ-કર્યો-હતો | ઈશ્વરે |
| H1571 | H7586 | H1980 | | H1390 | H3212 | | H2428 | | H5060 | H0430 |

| בְּלִבָּם׃ |
|---|
| તેમના-હૃદયમાં |

શાઉલ પણ પોતાને ઘરે ગિબયામાં ગયો. અને જે શૂરવીરોના હૃદયને ઈશ્વરે સ્પર્શ કર્યો હતો તેઓ પણ તેની સાથે ગયા.

27

| וּבְנֵי | בְלִיַּעַל | אָמְרוּ | מַה־ | יֹשִׁעֵנוּ | זֶה | וַיִּבְזֻהוּ | וְלֹא־ | הֵבִיאוּ | לוֹ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પુત્રો | દુષ્ટતાના | કહ્યુ | શું | બચાવશે-અમને | આ | અને-તુચ્છકાર-કર્યો-તેનો | અને-નહીં | લાવી | તેને |
| | H1100 | H0559 | H4100 | H3467 | H2088 | H0959 | H3808 | H0935 | |

| מִנְחָה | וַיְהִי | כְּמַחֲרִישׁ׃ | פ |
|---|---|---|---|
| ભેટ | અને-રહ્યો | ચૂપ-જેવો | — |
| H4503 | H1961 | | |

પણ કેટલાક નકામાં માણસોએ કહ્યુ, “આ માણસ તે વળી કેવી રીતે અમારો બચાવ કરશે?” તેઓએ શાઉલને હલકો સમજીને તેના માટે કશી ભેટ લાવ્યા નહિ. પણ શાઉલ શાંત રહ્યો.

## Chapter 11

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַל | נָחָשׁ | הָעַמּוֹנִי | וַיִּחַן | עַל־ | יָבֵשׁ | גִּלְעָד | וַיֹּאמְרוּ | כָּל־ | אַנְשֵׁי |
| અને-ચઢ્યો | નાહાશ | આમ્મોનીએ | અને-છાવણી-નાખી | સામે | યાબેશ | ગિલઆદમાં | અને-કહ્યુ | બધા | માણસોએ |
| H5927 | H5176 | H5984 | H2583 | | H3003 | H1568 | H0559 | H3605 | H0376 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יָבֵישׁ | אֶל־ | נָחָשׁ | כְּרָת־ | לָנוּ | בְרִית | וְנַעַבְדֶךָּ׃ |
| યાબેશના | ને | નાહાશને | કરો-કરાર | અમારી-સાથે | કરાર | અને-સેવા-કરીશું-તારી |
| H3003 | H0413 | H5176 | H3772 | | H1285 | H5647 |

ત્યાર પછી નાહાશ આમ્મોની ગયો અને યાબેશ ગિલ્યાદને ઘેરી લીધું. યાબેશના સર્વ માણસોએ નાહાશને કહ્યુ, "તું અમારી સાથે સુલેહ કર અને અમે તારી તાબેદારી સ્વીકારીશું."

2

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֲלֵיהֶם | נָחָשׁ | הָעַמּוֹנִי | בְּזֹאת | אֶכְרֹת | לָכֶם | בִּנְקוֹר | לָכֶם | כָּל־ | עֵין | יָמִין |
| અને-કહ્યુ | તેમને | નાહાશે | આમ્મોનીએ | આ-શરતે | કરીશ | તમારી-સાથે | કાઢવાથી | તમારી | બધી | આખ | જમણી |
| H0559 | H0413 | H5176 | H5984 | H2063 | H3772 | | H5365 | | H3605 | | H3225 |

| | | | | |
|---|---|---|---|---|
| וְשַׂמְתִּיהָ | חֶרְפָּה | עַל־ | כָּל־ | יִשְׂרָאֵל׃ |
| અને-મૂકીશ-તેને | અપમાન | પર | સમગ્ર | ઇઝરાયલના |
| | H2781 | | H3605 | H3478 |

નાહાશ આમ્મોનીએ જવાબ આપ્યો, "એક શરતથી હું તમારી સાથે સુલેહ કરીશ કે, તમારા બધાની જમણી આખો ફોડી નાખવામાં આવે, એ રીતે સર્વ ઇઝરાયલીઓ પર કલંક લગાડું."

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמְרוּ | אֵלָיו | זִקְנֵי | יָבֵישׁ | הֶרֶף | לָנוּ | שִׁבְעַת | יָמִים | וְנִשְׁלְחָה | מַלְאָכִים | בְּכֹל |
| અને-કહ્યુ | તેને | વડીલોએ | યાબેશના | આપો-અમને | સાત | દિવસ | દિવસોની | અને-મોકલીશું | સંદેશવાહકો | બધી |
| H0559 | H0413 | H2205 | H3003 | H7503 | | H7651 | H3117 | H7971 | H4397 | H3605 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| גְּבוּל | יִשְׂרָאֵל | וְאִם־ | אֵין | מוֹשִׁיעַ | אֹתָנוּ | וְיָצָאנוּ | אֵלֶיךָ׃ |
| સીમામાં | ઇઝરાયલની | અને-જો | નહીં | બચાવનાર | અમને | અને-નીકળીશું | તારી-પાસે |
| H1366 | H3478 | | H0369 | H3467 | H0853 | H3318 | H0413 |

પછી યાબેશના વડીલોએ તેને કહ્યુ, "અમને માત્ર સાત દિવસ આપ, કે જેથી અમે ઇઝરાયલના સર્વ પ્રદેશમાં સંદેશાવાહકો મોકલીએ. પછી, ત્યાં જો કોઈ અમારો બચાવ કરનાર નહિ હોય, તો અમે તને સોંપાઈ જઈશું."

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹאוּ | הַמַּלְאָכִים | גִּבְעַת | שָׁאוּל | וַיְדַבְּרוּ | הַדְּבָרִים | בְּאָזְנֵי | הָעָם | וַיִּשְׂאוּ | כָל־ |
| અને-આવ્યા | સંદેશવાહકો | ગિબેઆહમાં | શાઉલના | અને-કહ્યા | વચનો | કાનમાં | લોકોના | અને-ઉચકાવ્યો | બધા |
| H0935 | H4397 | H1390 | H7586 | H1696 | H1697 | H0241 | | H5375 | H3605 |

| | | | |
|---|---|---|---|
| הָעָם | אֶת־ | קוֹלָם | וַיִּבְכּוּ׃ |
| લોકોએ | — | અવાજ-તેમનો | અને-રડ્યા |
| | H0853 | | H1058 |

સંદેશાવાહકો શાઉલના નગર ગિબયામાં આવ્યા અને લોકોના સાંભળતાં એ શબ્દો કહ્યા. તે સાથે સર્વ લોકો ઊંચા અવાજથી રડવા લાગ્યા.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהִנֵּה | שָׁאוּל | בָּא | אַחֲרֵי | הַבָּקָר | מִן־ | הַשָּׂדֶה | וַיֹּאמֶר | שָׁאוּל | מַה־ | לָּעָם |
| અને-જુઓ | શાઉલ | આવતો-હતો | પાછળ | બળદોના | થી | ખેતરમાંથી | અને-કહ્યુ | શાઉલે | શું-થયું | લોકોને |
| H2009 | H7586 | H0935 | | H1241 | | | H0559 | H7586 | H4100 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כִּי | יִבְכּוּ | וַיְסַפְּרוּ־ | לוֹ | אֶת־ | דִּבְרֵי | אַנְשֵׁי | יָבֵישׁ׃ |
| કે | રડે-છે | અને-કહ્યા | તેને | — | વચનો | માણસોના | યાબેશના |
| | H1058 | | | H0853 | H1697 | H0376 | H3003 |

શાઉલ ખેતરમાંથી બળદોની પાછળ આવ્યો. શાઉલે કહ્યુ, "લોકોની સાથે શું ખોટું બન્યું છે કે તેઓ રડે છે?" તેઓએ શાઉલને યાબેશના માણસોએ જે ધમકીનાં વચનો કહ્યા હતાં તે કહી સંભળાવ્યાં.

6

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתִּצְלַח | רוּחַ־ | אֱלֹהִים | עַל־ | שָׁאוּל | [בשמעו] | (כְּשָׁמְעוֹ) | אֶת־ | הַדְּבָרִים | הָאֵלֶּה |
| અને-આવ્યો | આત્મા | ઈશ્વરનો | પર | શાઉલ | — | સાંભળતાં | — | વચનો | આ |
| | H7307 | H0430 | | H7586 | H8085 | H8085 | H0853 | H1697 | H0428 |

| | | |
|---|---|---|
| וַיִּחַר | אַפּוֹ | מְאֹד׃ |
| અને-સળગ્યો | ક્રોધ-તેનો | ઘણો |
| H2734 | H0639 | H3966 |

તેઓએ જે કહ્યુ તે જયારે શાઉલે સાંભળ્યું, ત્યારે ઈશ્વરનો આત્મા સામર્થ્ય સહિત તેના પર આવ્યો અને તે ઘણો ક્રોધાયમાન થયો.

7

| וַיִּקַּח | צֶמֶד | בָּקָר | וַיְנַתְּחֵהוּ | וַיְשַׁלַּח | בְּכָל־ | גְּבוּל | יִשְׂרָאֵל | בְּיַד | הַמַּלְאָכִים |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-લીધા | જોડી | બળદોની | અને-કાપ્યા-તેને | અને-મોકલ્યા | બધી | સીમામાં | ઇઝરાયલની | હાથે | સંદેશવાહકોને◌ા |
| H3947 | H6776 | H1241 | H5408 | H7971 | H3605 | H1366 | H3478 | H3027 | H4397 |

| לֵאמֹר | אֲשֶׁר | אֵינֶנּוּ | יֹצֵא | אַחֲרֵי | שָׁאוּל | וְאַחַר | שְׁמוּאֵל | כֹּה | יֵעָשֶׂה | לִבְקָרוֹ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કહેતાં | જે | નહીં | નીકળે | પાછળ | શાઉલન◌ા | અને-પાછળ | શમૂએલને◌ા | આવું | કરાશે | તેને◌ા-બળદોને |
| H0559 | | H0369 | H3318 | | H7586 | | H8050 | H3541 | | H1241 |

| וַיִּפֹּל | פַּחַד־ | יְהוָה | עַל־ | הָעָם | וַיֵּצְאוּ | כְּאִישׁ | אֶחָד׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-પડ્યો | ભય | યહોવાનો | પર | લોકો | અને-નીકળ્યા | એક-માણસ | જેવા |
| H5307 | H6343 | H3068 | | | H3318 | H0376 | H0259 |

તેણે બળદની એક જોડ લઈને તેને કાપીને ટુકડાં કર્યા અને તેઓને સંદેશાવાહકો દ્વારા ઇઝરાયલના સર્વ પ્રદેશોમાં મોકલી આપ્યાં. તેણે કહ્યુ, "જે કોઈ શાઉલની પાછળ તથા શમુએલની પાછળ આવશે નહિ તો તેના બળદોના હાલ આવા કરવામાં આવશે." પછી લોકોને ઈશ્વરનો ભય લાગ્યો અને તેઓ એકમતે નીકળી આવ્યા.

8

| וַיִּפְקְדֵם | בְּבָזֶק | וַיִּהְיוּ | בְנֵי־ | יִשְׂרָאֵל | שְׁלֹשׁ | מֵאוֹת | אֶלֶף | וְאִישׁ | יְהוּדָה |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ગણ્યા-તેમને | બેઝેકમાં | અને-હતા | પુત્રો | ઇઝરાયલને◌ા | ત્રણ | સો | હજાર | અને-માણસો | યહૂદાહને◌ા |
| | H0966 | H1961 | | H3478 | H7969 | H3967 | H0505 | H0376 | H3063 |

| שְׁלֹשִׁים | אָלֶף׃ |
|---|---|
| ત્રીસ | હજાર |
| H7970 | H0505 |

જયારે તે બેઝેકમાં તેઓની ગણતરી કરવા લાગ્યો, ત્યારે ઇઝરાયલી લોકો ત્રણ લાખ અને યહૂદિયાના માણસો ત્રીસ હજાર થયા.

9

| וַיֹּאמְרוּ | לַמַּלְאָכִים | הַבָּאִים | כֹּה | תֹאמְרוּן | לְאִישׁ | יָבֵישׁ | גִּלְעָד | מָחָר | תִּהְיֶה־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | સંદેશવાહકોને | આવનારા | આમ | કહો | માણસોને | યાબેશ | ગિલઆદન◌ા | આવતી-કાલે | થશે |
| H0559 | H4397 | H0935 | H3541 | H0559 | H0376 | H3003 | H1568 | H4279 | H1961 |

| לָכֶם | תְּשׁוּעָה | ]בחם[ | )כְּחֹם( | הַשָּׁמֶשׁ | וַיָּבֹאוּ | הַמַּלְאָכִים | וַיַּגִּידוּ | לְאַנְשֵׁי | יָבֵישׁ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તમારે | છુટકારો | — | જ્યારે-ગરમ-થશે | સૂર્ય | અને-આવ્યા | સંદેશવાહકો | અને-જણાવ્યું | માણસોને | યાબેશને◌ા |
| | H8668 | H2527 | H2527 | H8121 | H0935 | H4397 | H5046 | H0376 | H3003 |

| וַיִּשְׂמָחוּ׃ |
|---|
| અને-આનંદ-પામ્યા |
| H8055 |

જે સંદેશાવાહકો આવ્યા હતા તેઓને તેઓએ કહ્યુ, "તમે યાબેશ ગિલ્યાદના માણસોને એવું કહેજો, 'કાલે, સૂર્યનો તાપ ચઢશે તે સમયે, તમારો બચાવ થશે.'" તેથી સંદેશાવાહકોએ જઈને યાબેશના માણસોને કહ્યુ અને તેઓ આનંદ પામ્યા.

10

| וַיֹּאמְרוּ | אַנְשֵׁי | יָבֵישׁ | מָחָר | נֵצֵא | אֲלֵיכֶם | וַעֲשִׂיתֶם | לָּנוּ | כְּכָל־ | הַטּוֹב |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | માણસોએ | યાબેશને◌ા | આવતી-કાલે | નીકળીશું | તમારી-પાસે | અને-કરશો | અમને | બધું-જેવું | સારું |
| H0559 | H0376 | H3003 | H4279 | H3318 | H0413 | | | H3605 | |

| בְּעֵינֵיכֶם׃ | ס |
|---|---|
| તમારી-આંખોમાં | — |

પછી યાબેશના માણસોએ નાહાશને કહ્યુ, "કાલે અમે તમારે શરણે આવીશું અને તમારી દ્રષ્ટિમાં જે સારું દેખાય તે સર્વ તમે અમને કરજો."

11
וַיְהִי અને-થયું H1961 | מִמָּחֳרָת બીજે-દિવસે H4283 | וַיָּשֶׂם અને-ગોટવ્યા | שָׁאוּל શાઉલે H7586 | אֶת־ — H0853 | הָעָם લોકોને | שְׁלֹשָׁה ત્રણ H7969 | רָאשִׁים ટોળીઓમાં | וַיָּבֹאוּ અને-આવ્યા H0935 | בְתוֹךְ־ વચ્ચે H8432
הַמַּחֲנֶה છાવણીનો H4264 | בְּאַשְׁמֹרֶת પહોરમાં H0821 | הַבֹּקֶר સવારનો H1242 | וַיַּכּוּ અને-માર્યા H5221 | אֶת־ — H0853 | עַמּוֹן આમ્મોનને H5983 | עַד־ સુધી H5704 | חֹם ગરમી H2527 | הַיּוֹם દિવસનો H3117 | וַיְהִי અને-થયું H1961 | הַנִּשְׁאָרִים બચેલા H7604
וַיָּפֻצוּ અને-વેરાયા | וְלֹא અને-નહીં H3808 | נִשְׁאֲרוּ־ બચ્યા H7604 | בָם તેમાં | שְׁנַיִם બે H8147 | יָחַד׃ સાથે

બીજે દિવસે શાઉલે લોકોનાં ત્રણ જૂથ પાડ્યાં. સવારના સમયે તેઓ છાવણીના મધ્ય ભાગમાં આવ્યા, તેઓએ આમ્મોનીઓ પર હુમલો કરીને તડકો ચઢતાં સુધી તેઓને પરાજિત કર્યા. જેઓ બચી રહ્યા તેઓ એવા વિખરાઈ ગયા કે કોઈ જગ્યાએ તેઓમાંના બે એકસાથે ભેગા થઈ શકે નહિ.

12
וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | הָעָם લોકોએ | אֶל־ ને H0413 | שְׁמוּאֵל શમૂએલને H8050 | מִי કોણ H4310 | הָאֹמֵר કહેનારો H0559 | שָׁאוּל શાઉલ H7586 | יִמְלֹךְ રાજ-કરશે | עָלֵינוּ અમારો-પર | תְּנוּ આપો H5414 | הָאֲנָשִׁים માણસોને H0376
וּנְמִיתֵם׃ અને-મારી-નાખીશું-તેમને H4191

પછી લોકોએ શમુએલને કહ્યુ, “એવું કોણે કહ્યુ હતું, ‘કે શાઉલ અમારા ઉપર શાસન ન કરે?’ એવું કહેનાર માણસોને રજૂ કરો, કે અમે તેઓને મારી નાખીએ”

13
וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | שָׁאוּל શાઉલે H7586 | לֹא־ નહીં H3808 | יוּמַת મરાશે H4191 | אִישׁ કોઈ H0376 | בַּיּוֹם દિવસે H3117 | הַזֶּה આ H2088 | כִּי કારણ-કે | הַיּוֹם આજે H3117 | עָשָׂה־ આપ્યો-છે | יְהוָה યહોવાએ H3068 | תְּשׁוּעָה છુટકારો H8668
בְּיִשְׂרָאֵל׃ ઇઝરાયલમાં H3478 | ס —

પણ શાઉલે કહ્યુ, “ના આ દિવસે કોઈને પણ મારી નાખવાનો નથી, કેમ કે આજે ઈશ્વરે ઇઝરાયલનો ઉદ્ધાર કર્યો છે.”

14
וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | שְׁמוּאֵל શમૂએલે H8050 | אֶל־ ને H0413 | הָעָם લોકોને | לְכוּ ચાલો H3212 | וְנֵלְכָה અને-જઈએ H3212 | הַגִּלְגָּל ગિલ્ગાલમાં H1537 | וּנְחַדֵּשׁ અને-નવીન-કરીએ H2318 | שָׁם ત્યાં H8033 | הַמְּלוּכָה׃ રાજ્યને H4410

પછી શમુએલે લોકોને કહ્યુ, “આવો, આપણે ગિલ્ગાલમાં જઈએ અને ત્યાં ફરીથી રાજ્ય સ્થાપીએ.”

15
וַיֵּלְכוּ અને-ગયા H3212 | כָל־ બધા H3605 | הָעָם લોકો | הַגִּלְגָּל ગિલ્ગાલમાં H1537 | וַיַּמְלִכוּ અને-રાજા-બનાવ્યો | שָׁם ત્યાં H8033 | אֶת־ — H0853 | שָׁאוּל શાઉલને H7586 | לִפְנֵי સામે H6440 | יְהוָה યહોવાનો H3068 | בַּגִּלְגָּל ગિલ્ગાલમાં H1537
וַיִּזְבְּחוּ־ અને-વધેર્યા H2076 | שָׁם ત્યાં H8033 | זְבָחִים યજ્ઞો H2077 | שְׁלָמִים શાંતિનો H8002 | לִפְנֵי સામે H6440 | יְהוָה યહોવાનો H3068 | וַיִּשְׂמַח અને-આનંદ-પામ્યો H8055 | שָׁם ત્યાં H8033 | שָׁאוּל શાઉલે H7586 | וְכָל־ અને-બધા H3605 | אַנְשֵׁי માણસો H0376
יִשְׂרָאֵל ઇઝરાયલનો H3478 | עַד־ ઘણો H5704 | מְאֹד׃ આનંદ H3966 | פ —

પછી સર્વ લોકો ગિલ્ગાલમાં ગયા. અને ત્યાં ઈશ્વરની સમક્ષ શાઉલને રાજા તરીકે નીમ્યો. ત્યાં તેઓએ ઈશ્વરની આગળ શાંત્યર્પણોના યજ્ઞ કર્યા. અને શાઉલે તથા સર્વ ઇઝરાયલી લોકોએ ઘણો આનંદ કર્યો.

## Chapter 12

1

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֹּ֤אמֶר | અને-કહ્યુ | H0559 |
| שְׁמוּאֵל֙ | શમૂએલે | H8050 |
| אֶל־ | ને | H0413 |
| כָּל־ | સમગ્ર | H3605 |
| יִשְׂרָאֵ֔ל | ઇઝરાયલને | H3478 |
| הִנֵּה֙ | જુઓ | H2009 |
| שָׁמַ֣עְתִּי | સાંભળ્યું-છે-મેં | H8085 |
| בְקֹֽלְכֶ֔ם | તમારો-અવાજ | |
| לְכֹ֥ל | બધું | H3605 |
| אֲשֶׁר־ | જે | |
| אֲמַרְתֶּ֖ם | કહ્યુ-તમે | H0559 |
| לִ֑י | મને | |
| וָאַמְלִ֥יךְ | અને-રાજા-બનાવ્યો | |
| עֲלֵיכֶ֖ם | તમારે◌ા-પર | |
| מֶֽלֶךְ׃ | રાજા | H4428 |

શમુએલે સર્વ ઇઝરાયલીઓને કહ્યુ, “જે વિનંતી તમે મારી આગળ કરી હતી તે મેં સાંભળી છે. અને મેં તમારા પર એક રાજા નીમ્યો છે.

2

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְעַתָּ֞ה | અને-હવે | H6258 |
| הִנֵּ֥ה | જુઓ | H2009 |
| הַמֶּ֣לֶךְ ׀ | રાજા | H4428 |
| מִתְהַלֵּ֣ךְ | ચાલે-છે | H1980 |
| לִפְנֵיכֶ֗ם | તમારી-આગળ | H6440 |
| וַאֲנִי֙ | અને-હું | H0589 |
| זָקַ֣נְתִּי | વૃદ્ધ-થયો-છું | H2204 |
| וָשַׂ֔בְתִּי | અને-પાકો-પણ | H7867 |
| וּבָנַ֖י | અને-માર◌ા-પુત્રો | |
| הִנָּ֣ם | જુઓ | H2009 |
| אִתְּכֶ֑ם | તમારી-સાથે-છે | H0854 |
| וַאֲנִ֗י | અને-હું | H0589 |
| הִתְהַלַּ֣כְתִּי | ચાલ્યો-છું | H1980 |
| לִפְנֵיכֶ֔ם | તમારી-આગળ | H6440 |
| מִנְּעֻרַ֖י | મારી-યુવાનીથી | |
| עַד־ | સુધી | H5704 |
| הַיּ֥וֹם | દિવસ | H3117 |
| הַזֶּֽה׃ | આ | H2088 |

જુઓ તે રાજા અહીં છે, તે તમારી આગળ ચાલે છે; હું તો વૃદ્ધ તથા નિસ્તેજ થયો છું; અને મારા દીકરા તમારી સાથે છે. હું મારી યુવાવસ્થાથી આજ દિવસ સુધી તમારી આગળ ચાલ્યો છું.

3

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| הִנְנִ֣י | હું-અહીં-છું | H2009 |
| עֲנ֣וּ | જવાબ-આપો | |
| בִ֠י | મારી-વિરુદ્ધ | |
| נֶ֨גֶד | સામે | H5048 |
| יְהוָ֜ה | યહોવાને◌ા | H3068 |
| וְנֶ֣גֶד | અને-સામે | H5048 |
| מְשִׁיח֗וֹ | તેને◌ા-અભિષિક્તને◌ા | H4899 |
| אֶת־ | — | H0853 |
| שׁ֨וֹר ׀ | બળદ | H7794 |
| מִ֣י | કોનો | H4310 |
| לָקַ֗חְתִּי | લીધો-છે-મેં | H3947 |
| וַחֲמ֨וֹר | અને-ગધેડો | H2543 |
| מִ֤י | કોનો | H4310 |
| לָקַ֙חְתִּי֙ | લીધો-છે-મેં | H3947 |
| וְאֶת־ | અને | H0853 |
| מִ֤י | કોન◌ા | H4310 |
| עָשַׁ֙קְתִּי֙ | પર-અત્યાચાર-કર્યો-છે-મેં | H6231 |
| אֶת־ | — | H0853 |
| מִ֣י | કોને | H4310 |
| רַצּ֔וֹתִי | દબાવ્યો-છે-મેં | H7533 |
| וּמִיַּד־ | અને-હાથમાંથી | H3027 |
| מִ֙י | કોને◌ા | H4310 |
| לָקַ֣חְתִּי | લીધી-છે-મેં | H3947 |
| כֹ֔פֶר | લાંચ | |
| וְאַעְלִ֥ים | અને-આખ-આડી-લીધી-છે-મેં | H5956 |
| עֵינַ֖י | આખો-મારી | |
| בּ֑וֹ | તેમાં | |
| וְאָשִׁ֖יב | અને-પાછું-આપીશ | H7725 |
| לָכֶֽם׃ | તમને | |

હું આ રહ્યો; શું મેં કોઈનો બળદ લઈ લીધો છે? મેં કોઈનું ગધેડું લઈ લીધું છે? શું મેં કોઈને છેતર્યો છે? મેં કોઈનાં પર જુલમ કર્યો છે? મારી આખો પર પાટો બાંધવા સારુ મેં કોઈનાં હાથથી લાંચ લીધી છે? જો એવું કર્યુ હોય તો ઈશ્વરના અભિષિક્ત આગળ મારી વિરુદ્ધ સાક્ષી આપો અને હું તમને પાછું આપીશ.”

4

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֹּ֣אמְר֔וּ | અને-કહ્યુ | H0559 |
| לֹ֥א | નહીં | H3808 |
| עֲשַׁקְתָּ֖נוּ | પર-અત્યાચાર-કર્યો-અમારે◌ા | H6231 |
| וְלֹ֣א | અને-નહીં | H3808 |
| רַצּוֹתָ֑נוּ | દબાવ્યા-અમને | H7533 |
| וְלֹֽא־ | અને-નહીં | H3808 |
| לָקַ֥חְתָּ | લીધું | H3947 |
| מִיַּד־ | હાથમાંથી | H3027 |
| אִ֖ישׁ | કોઈને◌ા | H0376 |
| מְאֽוּמָה׃ | કંઈ | H3972 |

તેઓએ કહ્યુ, “તેં અમને ઠગ્યા નથી, અમારા પર જુલમ કર્યો નથી, કોઈ માણસનું કશું ચોર્યું નથી.”

5

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֹּ֨אמֶר | અને-કહ્યુ | H0559 |
| אֲלֵיהֶ֜ם | તેમને | H0413 |
| עֵ֧ד | સાક્ષી | H5707 |
| יְהוָ֣ה | યહોવા | H3068 |
| בָּכֶ֗ם | તમારામાં | |
| וְעֵ֤ד | અને-સાક્ષી | H5707 |
| מְשִׁיחוֹ֙ | તેને◌ા-અભિષિક્ત | H4899 |
| הַיּ֣וֹם | દિવસે | H3117 |
| הַזֶּ֔ה | આ | H2088 |
| כִּ֣י | કે | |
| לֹ֧א | નહીં | H3808 |
| מְצָאתֶ֛ם | મળ્યું-તમે | H4672 |
| בְּיָדִ֖י | માર◌ા-હાથમાં | H3027 |
| מְא֑וּמָה | કંઈ | H3972 |
| וַיֹּ֖אמֶר | અને-કહ્યુ | H0559 |
| עֵֽד׃ | સાક્ષી | H5707 |
| פ | — | |

તેણે તેઓને કહ્યુ, “ઈશ્વર તમારી સામે સાક્ષી છે, આજ તેનો અભિષિક્ત સાક્ષી છે, કે મારી પાસેથી તમને કશું મળ્યું નથી.” તેઓએ કહ્યુ, “ઈશ્વર સાક્ષી છે.”

6

| וַיֹּאמֶר | שְׁמוּאֵל | אֶל־ | הָעָם | יְהוָה | אֲשֶׁר | עָשָׂה | אֶת־ | מֹשֶׁה | וְאֶת־ | אַהֲרֹן | וַאֲשֶׁר |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | શમૂએલે | ને | લોકોને | યહોવા | જેણે | બનાવ્યા | — | મોશેને | અને | અહારોનને | અને-જેણે |
| H0559 | H8050 | H0413 | | H3068 | | | H0853 | H4872 | H0853 | H0175 | |

| הֶעֱלָה | אֶת־ | אֲבֹתֵיכֶם | מֵאֶרֶץ | מִצְרָיִם׃ |
|---|---|---|---|---|
| ઉપાડ્યા | — | તમારાં-પિતાઓને | પ્રદેશમાંથી | મિસરનાં |
| H5927 | H0853 | H0001 | H0776 | H4714 |

શમુએલે લોકોને કહ્યુ, “મૂસા તથા હારુનને નીમનાર તથા તમારા પિતૃઓને મિસરમાંથી કાઢી લાવનાર ઈશ્વર છે.

7

| וְעַתָּה | הִתְיַצְּבוּ | וְאִשָּׁפְטָה | אִתְּכֶם | לִפְנֵי | יְהוָה | אֵת | כָּל־ | צִדְקוֹת | יְהוָה |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-હવે | ઊભા-રહો | અને-ન્યાય-કરીશ-હું | તમારી-સાથે | સામે | યહોવાનાં | — | બધાં | ધાર્મિક-કાર્યો | યહોવાનાં |
| H6258 | H3320 | H8199 | H0854 | H6440 | H3068 | H0853 | H3605 | H6666 | H3068 |

| אֲשֶׁר־ | עָשָׂה | אִתְּכֶם | וְאֶת־ | אֲבוֹתֵיכֶם׃ |
|---|---|---|---|---|
| જે | કર્યાં | તમારી-સાથે | અને | તમારાં-પિતાઓની-સાથે |
| | | H0854 | H0854 | H0001 |

હવે તમે, પોતાની જાતને ઉપસ્થિત કરો, કે ઈશ્વરે જે સર્વ ન્યાયી કામો તમારે માટે તથા તમારા પિતૃઓ માટે કર્યા, તે સર્વ વિષે ઈશ્વરની હાજરીમાં હું રજૂઆત કરું.

8

| כַּאֲשֶׁר־ | בָּא | יַעֲקֹב | מִצְרָיִם | וַיִּזְעֲקוּ | אֲבֹתֵיכֶם | אֶל־ | יְהוָה | וַיִּשְׁלַח | יְהוָה |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જ્યારે | આવ્યો | યાકૂબ | મિસરમાં | અને-પોકાર-કર્યો | તમારાં-પિતાઓએ | ને | યહોવા | અને-મોકલ્યા | યહોવાએ |
| | H0935 | H3290 | H4714 | H2199 | H0001 | H0413 | H3068 | H7971 | H3068 |

| אֶת־ | מֹשֶׁה | וְאֶת־ | אַהֲרֹן | וַיּוֹצִיאוּ | אֶת־ | אֲבֹתֵיכֶם | מִמִּצְרַיִם | וַיֹּשִׁבוּם | בַּמָּקוֹם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| — | મોશેને | અને | અહારોનને | અને-બહાર-લાવ્યા | — | તમારાં-પિતાઓને | મિસરમાંથી | અને-વસાવ્યા | જગ્યામાં |
| H0853 | H4872 | H0853 | H0175 | H3318 | H0853 | H0001 | H4714 | H3427 | H4725 |

| הַזֶּה׃ |
|---|
| આ |
| H2088 |

યાકૂબ મિસરમાં આવ્યો અને જયારે તમારા પિતૃઓ ઈશ્વરની આગળ રડ્યા, ત્યારે ઈશ્વરે મૂસા તથા હારુનને મોકલ્યા, તે તમારા પિતૃઓને મિસરમાંથી બહાર લાવ્યા અને આ જગ્યાએ વસાવ્યા.

9

| וַיִּשְׁכְּחוּ | אֶת־ | יְהוָה | אֱלֹהֵיהֶם | וַיִּמְכֹּר | אֹתָם | בְּיַד | סִיסְרָא | שַׂר־ | צְבָא |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ભૂલી-ગયા | — | યહોવાને | તેમનાં-ઈશ્વરને | અને-વેચ્યા-તેમને | તેમને | હાથમાં | સીસરાનાં | સેનાપતિ | સેનાનાં |
| H7911 | H0853 | H3068 | H0430 | H4376 | H0853 | H3027 | H5516 | H8269 | |

| חָצוֹר | וּבְיַד־ | פְּלִשְׁתִּים | וּבְיַד | מֶלֶךְ | מוֹאָב | וַיִּלָּחֲמוּ | בָּם׃ |
|---|---|---|---|---|---|---|---|
| હાસોરનાં | અને-હાથમાં | પલિસ્તીઓનાં | અને-હાથમાં | રાજા | મોઆબનાં | અને-લડ્યા | તેમની-સામે |
| H2674 | H3027 | H6430 | H3027 | H4428 | H4124 | | |

પણ પિતૃઓ પોતાના પ્રભુ ઈશ્વરને વીસરી ગયા; ત્યારે તેમણે હાસોરના સૈન્યના સેનાપતિ સીસરાના હાથમાં, પલિસ્તીઓના હાથમાં, મોઆબ રાજાના હાથમાં તેઓને વેચી દીધા. તેઓ બધા તમારા પૂર્વજો સામે લડયા.

10

| וַיִּזְעֲקוּ | אֶל־ | יְהוָה | ]ויאמר[ | )וַיֹּאמְרוּ( | חָטָאנוּ | כִּי | עָזַבְנוּ | אֶת־ | יְהוָה |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પોકાર-કર્યો | ને | યહોવા | — | અને-કહ્યુ | પાપ-કર્યું-અમે | કારણ-કે | છોડ્યો-અમે | — | યહોવાને |
| H2199 | H0413 | H3068 | H0559 | H0559 | H2398 | | | H0853 | H3068 |

| וַנַּעֲבֹד | אֶת־ | הַבְּעָלִים | וְאֶת־ | הָעַשְׁתָּרוֹת | וְעַתָּה | הַצִּילֵנוּ | מִיַּד | אֹיְבֵינוּ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-સેવા-કરી | — | બઆલીમની | અને | અશ્તારોથની | અને-હવે | છોડાવો-અમને | હાથમાંથી | અમારાં-શત્રુઓનાં |
| H5647 | H0853 | | H0853 | H6252 | H6258 | H5337 | H3027 | H0341 |

| וְנַעַבְדֶךָּ׃ |
|---|
| અને-સેવા-કરીશું-તારી |
| H5647 |

પૂર્વજોએ ઈશ્વર આગળ રડીને કહ્યુ, ‘અમે પાપ કર્યું છે, કેમ કે અમે ઈશ્વરને તજીને બઆલિમ તથા દેવી આશ્તારોથની સેવા કરી છે. પણ હવે અમારા શત્રુઓના હાથમાંથી અમને છોડાવો અને અમે તમારી સેવા કરીશું.

11

| | | |
|---|---|---|
| וַיִּשְׁלַח | અને-મોકલ્યા | H7971 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| אֶת־ | — | H0853 |
| יְרֻבַּעַל | યરુબ્બઆલને | H3378 |
| וְאֶת־ | અને | H0853 |
| בְּדָן | બદાનને | H0917 |
| וְאֶת־ | અને | H0853 |
| יִפְתָּח | યિફતાહને | H3316 |
| וְאֶת־ | અને | H0853 |
| שְׁמוּאֵל | શમૂએલને | H8050 |
| וַיַּצֵּל | અને-છોડાવ્યા | H5337 |
| אֶתְכֶם | તમને | H0853 |
| מִיַּד | હાથમાંથી | H3027 |
| אֹיְבֵיכֶם | તમારાં-શત્રુઓનાં | H0341 |
| מִסָּבִיב | ચારે-તરફથી | H5439 |
| וַתֵּשְׁבוּ | અને-વસ્યા | H3427 |
| בֶּטַח׃ | સલામતમાં | H0983 |

તેથી ઈશ્વરે યરુબાલ + 12:11 ગિદિયોન, બદાન + 12:11 બારાક, યિફતા, શમુએલને મોકલીને ચારેગમના તમારા શત્રુઓ પર તમને વિજય અપાવ્યો, જેથી તમે સલામત રહો.

12

| | | |
|---|---|---|
| וַתִּרְאוּ | અને-જોયું | H7200 |
| כִּי־ | કે | |
| נָחָשׁ | નાહાશ | H5176 |
| מֶלֶךְ | રાજા | H4428 |
| בְנֵי־ | પુત્રોનાં | |
| עַמּוֹן | અમ્મોનનાં | H5983 |
| בָּא | આવ્યો | H0935 |
| עֲלֵיכֶם | તમારાં-પર | |
| וַתֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| לִי | મને | |
| לֹא | નહીં | H3808 |
| כִּי־ | પરંતુ | |
| מֶלֶךְ | રાજા | H4428 |
| יִמְלֹךְ | રાજ-કરે | |
| עָלֵינוּ | અમારાં-પર | |
| וַיהוָה | જ્યારે-યહોવા | H3068 |
| אֱלֹהֵיכֶם | તમારાં-ઈશ્વર | H0430 |
| מַלְכְּכֶם׃ | તમારાં-રાજા-હતા | H4428 |

જયારે તમે જોયું કે આમ્મોનીઓનો રાજા નાહાશ તમારી પર ચઢી આવ્યો, ત્યારે ઈશ્વર તમારા પ્રભુ, તમારા રાજા હતા તે છતાં તમે મને કહ્યુ કે, ‘એમ નહિ, પણ અમારા પર એક રાજા અધિકાર ચલાવે.

13

| | | |
|---|---|---|
| וְעַתָּה | અને-હવે | H6258 |
| הִנֵּה | જુઓ | H2009 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| אֲשֶׁר | જેને | |
| בְּחַרְתֶּם | પસંદ-કર્યો | H0977 |
| אֲשֶׁר | જેને | |
| שְׁאֶלְתֶּם | માગ્યો | H7592 |
| וְהִנֵּה | અને-જુઓ | H2009 |
| נָתַן | આપ્યો-છે | H5414 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| עֲלֵיכֶם | તમારાં-પર | |
| מֶלֶךְ׃ | રાજા | H4428 |

તો હવે જે રાજાને તમે પસંદ કર્યો છે, જેને તમે માંગી લીધો છે, જેને ઈશ્વરે તમારા પર રાજા અભિષિક્ત કર્યો છે, તે અહીં છે.

14

| | | |
|---|---|---|
| אִם־ | જો | |
| תִּירְאוּ | ડરશો-તમે | H3372 |
| אֶת־ | — | H0853 |
| יְהוָה | યહોવાથી | H3068 |
| וַעֲבַדְתֶּם | અને-સેવા-કરશો | H5647 |
| אֹתוֹ | તેમની | H0853 |
| וּשְׁמַעְתֶּם | અને-સાંભળશો | H8085 |
| בְּקֹלוֹ | તેમનો-અવાજ | |
| וְלֹא | અને-નહીં | H3808 |
| תַמְרוּ | બળવો-કરશો | H4784 |
| אֶת־ | — | H0853 |
| פִּי | આજ્ઞા | H6310 |
| יְהוָה | યહોવાની | H3068 |
| וִהְיִתֶם | અને-હશો-તમે | H1961 |
| גַּם־ | પણ | H1571 |
| אַתֶּם | તમે | |
| וְגַם־ | અને-પણ | H1571 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| אֲשֶׁר | જે | |
| מָלַךְ | રાજ-કરે-છે | |
| עֲלֵיכֶם | તમારાં-પર | |
| אַחַר | પાછળ | |
| יְהוָה | યહોવા | H3068 |
| אֱלֹהֵיכֶם׃ | તમારાં-ઈશ્વરનાં | H0430 |

જો તમે ઈશ્વરનો ભય રાખશો, તેની સેવા કરશો, તેની વાણી સાંભળશો અને ઈશ્વરની આજ્ઞાઓની વિરુદ્ધ બંડ નહિ કરો, ત્યારે તમે તથા જે રાજા તમારા ઉપર રાજ કરતો હોય તે પણ તમારા પ્રભુ ઈશ્વરનો અનુયાયી થશે.

15

| | | |
|---|---|---|
| וְאִם־ | અને-જો | |
| לֹא | નહીં | H3808 |
| תִשְׁמְעוּ | સાંભળો | H8085 |
| בְּקוֹל | અવાજ | |
| יְהוָה | યહોવાનો | H3068 |
| וּמְרִיתֶם | અને-બળવો-કરશો | H4784 |
| אֶת־ | — | H0853 |
| פִּי | આજ્ઞા | H6310 |
| יְהוָה | યહોવાની | H3068 |
| וְהָיְתָה | અને-હશે | H1961 |
| יַד־ | હાથ | H3027 |
| יְהוָה | યહોવાનો | H3068 |
| בָּכֶם | તમારાં-વિરુદ્ધ | |
| וּבַאֲבֹתֵיכֶם׃ | અને-તમારાં-પિતાઓનાં-વિરુદ્ધ | H0001 |

પણ જો તમે ઈશ્વરની વાણી સાંભળશો નહિ, પણ ઈશ્વરની આજ્ઞાઓની વિરુદ્ધ બંડ કરશો, તો ઈશ્વરનો હાથ તમારી વિરુદ્ધ થશે, જેમ તમારા પિતૃઓની વિરુદ્ધ હતો.

16

| | | |
|---|---|---|
| גַּם־ | પણ | H1571 |
| עַתָּה | હવે | H6258 |
| הִתְיַצְּבוּ | ઊભા-રહો | H3320 |
| וּרְאוּ | અને-જુઓ | H7200 |
| אֶת־ | — | H0853 |
| הַדָּבָר | વાત | H1697 |
| הַגָּדוֹל | મોટી | |
| הַזֶּה | આ | H2088 |
| אֲשֶׁר | જે | |
| יְהוָה | યહોવા | H3068 |
| עֹשֶׂה | કરે-છે | |
| לְעֵינֵיכֶם׃ | તમારી-આખો-સામે | |

તો હવે ઊભા રહો અને જે મહાન કૃત્ય તમારી દ્રષ્ટિ આગળ ઈશ્વર કરશે તે તમે જુઓ.

17

| | | |
|---|---|---|
| הֲלוֹא | શું-નહીં | H3808 |
| קְצִיר־ | લણણીનો | |
| חִטִּים | ઘઉંનો | H2406 |
| הַיּוֹם | આજે | H3117 |
| אֶקְרָא | બોલાવીશ | H7121 |
| אֶל־ | ને | H0413 |
| יְהוָה | યહોવાને | H3068 |
| וְיִתֵּן | અને-આપશે | H5414 |
| קֹלוֹת | ગર્જનાઓ | |
| וּמָטָר | અને-વરસાદ | H4306 |
| וּדְעוּ | અને-જાણો | H3045 |
| וּרְאוּ | અને-જુઓ | H7200 |
| כִּי־ | કે | |
| רָעַתְכֶם | તમારી-બુરાઈ | |
| רַבָּה | મોટી-છે | |
| אֲשֶׁר | જે | |
| עֲשִׂיתֶם | કર્યું-છે-તમે | |
| בְּעֵינֵי | નજરમાં | |
| יְהוָה | યહોવાની | H3068 |
| לִשְׁאוֹל | માગવામાં | H7592 |
| לָכֶם | તમારૂ□ા-માટે | |
| מֶלֶךְ׃ | રાજા | H4428 |
| ס | — | |

આજે ઘઉંની કાપણી નથી શું? હું ઈશ્વરને વિનંતી કરીશ, કે તે ગર્જના તથા વરસાદ મોકલે. ત્યારે તમે જાણો તથા જુઓ કે પોતાના માટે રાજા માગીને ઈશ્વરની નજરમાં તમે દુષ્ટતા કરી છે તે મોટી છે."

18

| | | |
|---|---|---|
| וַיִּקְרָא | અને-બોલાવ્યા | H7121 |
| שְׁמוּאֵל | શમૂએલે | H8050 |
| אֶל־ | ને | H0413 |
| יְהוָה | યહોવા | H3068 |
| וַיִּתֵּן | અને-આપ્યા | H5414 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| קֹלֹת | ગર્જનાઓ | |
| וּמָטָר | અને-વરસાદ | H4306 |
| בַּיּוֹם | દિવસે | H3117 |
| הַהוּא | તે | H1931 |
| וַיִּירָא | અને-ડર્યા | H3372 |
| כָל־ | બધા | H3605 |
| הָעָם | લોકો | |
| מְאֹד | ઘણો | H3966 |
| אֶת־ | — | H0853 |
| יְהוָה | યહોવાથી | H3068 |
| וְאֶת־ | અને | H0853 |
| שְׁמוּאֵל׃ | શમૂએલથી | H8050 |

તેથી શમુએલે ઈશ્વરને વિનંતી કરી; તે દિવસે ઈશ્વરે ગર્જના તથા વરસાદ મોકલ્યા. ત્યારે સર્વ લોકો ઈશ્વરથી તથા શમુએલથી ભયભીત થયા.

19

| | | |
|---|---|---|
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| כָל־ | બધા | H3605 |
| הָעָם | લોકોએ | |
| אֶל־ | ને | H0413 |
| שְׁמוּאֵל | શમૂએલને | H8050 |
| הִתְפַּלֵּל | પ્રાર્થના-કરો | H6419 |
| בְּעַד־ | માટે | H1157 |
| עֲבָדֶיךָ | તારૂ□ા-સેવકોનૅ□ા | H5650 |
| אֶל־ | ને | H0413 |
| יְהוָה | યહોવા | H3068 |
| אֱלֹהֶיךָ | તારૂ□ા-ઈશ્વર | H0430 |
| וְאַל־ | અને-નહીં | H0408 |
| נָמוּת | મરીએ | H4191 |
| כִּי־ | કારણ-કે | |
| יָסַפְנוּ | ઉમેર્યુ-અમે | H3254 |
| עַל־ | પર | |
| כָּל־ | બધાં | H3605 |
| חַטֹּאתֵינוּ | અમારૂ□ા-પાપોનૅ□ા | |
| רָעָה | બુરાઈ | |
| לִשְׁאֹל | માગવામાં | H7592 |
| לָנוּ | અમારૂ□ા-માટે | |
| מֶלֶךְ׃ | રાજા | H4428 |
| ס | — | |

લોકોએ શમુએલને કહ્યુ, "તારા સેવકોને સારુ તારા પ્રભુ ઈશ્વરને પ્રાર્થના કર કે, અમે માર્યા ન જઈએ. કેમ કે અમે અમારે સારુ રાજા માગ્યો તેથી અમારા સઘળાં પાપોમાં આ દુષ્ટતાનો ઉમેરો થયો છે."

20

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| שְׁמוּאֵל | શમૂએલે | H8050 |
| אֶל־ | ને | H0413 |
| הָעָם | લોકોને | |
| אַל־ | નહીં | H0408 |
| תִּירָאוּ | ડરો | H3372 |
| אַתֶּם | તમે | |
| עֲשִׂיתֶם | કર્યુ-છે | |
| אֵת | — | H0853 |
| כָּל־ | બધી | H3605 |
| הָרָעָה | બુરાઈ | |
| הַזֹּאת | આ | H2063 |
| אַךְ | પરંતુ | H0389 |
| אַל־ | નહીં | H0408 |
| תָּסוּרוּ | વળો | H5493 |
| מֵאַחֲרֵי | પાછળથી | |
| יְהוָה | યહોવાની | H3068 |
| וַעֲבַדְתֶּם | અને-સેવા-કરો | H5647 |
| אֶת־ | — | H0853 |
| יְהוָה | યહોવાની | H3068 |
| בְּכָל־ | પૂરૅ□ા | H3605 |
| לְבַבְכֶם׃ | હૃદયથી | H3824 |

શમુએલે કહ્યુ, “બીહો મા, એ સર્વ દુષ્ટતા તમે કરી છે, પરંતુ ઈશ્વરની પાછળ ચાલવાથી ફરી જશો નહિ, પણ તમારા પૂર્ણ હૃદયથી તમે ઈશ્વરની સેવા કરો.

21

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלֹא | תָּסוּרוּ | כִּי | אַחֲרֵי | הַתֹּהוּ | אֲשֶׁר | לֹא־ | יוֹעִילוּ | וְלֹא | יַצִּילוּ | כִּי־ |
| અને-નહીં | વળો | કારણ-કે | પાછળ | વ્યર્થતાને | જે | નહીં | લાભ-આપશે | અને-નહીં | છોડાવશે | કારણ-કે |
| H3808 | H5493 | | | H8414 | | H3808 | H3276 | H3808 | H5337 | |

| | |
|---|---|
| תֹהוּ | הֵמָּה׃ |
| વ્યર્થ | તેઓ-છે |
| H8414 | H1992 |

જે નિરર્થક વસ્તુઓ કશો ફાયદો કે બચાવ કરી શકતી નથી, તે નકામી છે તેની પાછળ દોરવાશો નહિ.

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | לֹא־ | יִטֹּשׁ | יְהוָה | אֶת־ | עַמּוֹ | בַּעֲבוּר | שְׁמוֹ | הַגָּדוֹל | כִּי | הוֹאִיל |
| કારણ-કે | નહીં | છોડશે | યહોવા | — | તેના-લોકોને | ખાતર | નામ-તેના | મોટા | કારણ-કે | પ્રસન્ન-થયા-છે |
| H3808 | H3808 | H5203 | H3068 | H0853 | | H5668 | H8034 | | | H2974 |

| | | | | |
|---|---|---|---|---|
| יְהוָה | לַעֲשׂוֹת | אֶתְכֶם | לוֹ | לְעָם׃ |
| યહોવાએ | બનાવવા | તમને | તેના-માટે | લોકો |
| H3068 | | H0853 | | |

કેમ કે ઈશ્વર પોતાના મોટા નામને સારુ, પોતાના લોકોને તજી દેશે નહિ; કેમ કે તમને પોતાના ખાસ લોકો કરવા એ ઈશ્વરને સારું લાગ્યું છે.

23

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| גַּם | אָנֹכִי | חָלִילָה | לִּי | מֵחֲטֹא | לַיהוָה | מֵחֲדֹל | לְהִתְפַּלֵּל | בַּעַדְכֶם |
| પણ | હું | ઈશ્વર-ના-કરો | મારી-તરફથી | પાપ-કરવાથી | યહોવા-સામે | બંધ-કરવાથી | પ્રાર્થના-કરવા | તમારા-માટે |
| H1571 | H0595 | H2486 | | H2398 | H3068 | H2308 | H6419 | H1157 |

| | | | | |
|---|---|---|---|---|
| וְהוֹרֵיתִי | אֶתְכֶם | בְּדֶרֶךְ | הַטּוֹבָה | וְהַיְשָׁרָה׃ |
| અને-શીખવીશ | તમને | માર્ગમાં | સારા | અને-સીધા |
| | H0853 | H1870 | | H3477 |

વળી મારા માટે, એવું ન થાય કે તમારે માટે પ્રાર્થના કરવાનું મૂકી દેવાનું પાપ હું ઈશ્વરની વિરુદ્ધ કરું. પણ હું તમને સાચા તથા ખરા રસ્તે ચાલતા શીખવીશ.

24

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַךְ | יְראוּ | אֶת־ | יְהוָה | וַעֲבַדְתֶּם | אֹתוֹ | בֶּאֱמֶת | בְּכָל־ | לְבַבְכֶם | כִּי | רְאוּ | אֵת |
| પરંતુ | ડરો | — | યહોવાથી | અને-સેવા-કરો | તેમની | સચ્ચાઈથી | પૂરા | હૃદયથી | કારણ-કે | જુઓ | — |
| H0389 | H3372 | H0853 | H3068 | H5647 | H0853 | H0571 | H3605 | H3824 | | H7200 | H0853 |

| | | |
|---|---|---|
| אֲשֶׁר־ | הִגְדִּל | עִמָּכֶם׃ |
| જે | મોટા-કાર્યો-કર્યા | તમારા-સાથે |
| | H1431 | |

કેવળ ઈશ્વરની બીક રાખો અને સત્યતાથી તમારા પૂર્ણ હૃદયથી તેની સેવા કરો, કેમ કે જે મહાન કૃત્યો તમારે સારુ તેમણે કર્યા છે તેનો તમે વિચાર કરો.

25

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְאִם־ | הָרֵעַ | תָּרֵעוּ | גַּם־ | אַתֶּם | גַּם־ | מַלְכְּכֶם | תִּסָּפוּ׃ | פ |
| અને-જો | બુરાઈ | કરશો-તમે | પણ | તમે | પણ | તમારો-રાજા | નાશ-પામશો | — |
| | | | H1571 | | H1571 | H4428 | H5595 | |

પણ જો હજી તમે દુષ્ટતા કર્યા કરશો, તો તમે તમારા રાજા સાથે નાશ પામશો.”

## Chapter 13

1

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בֶּן־ | שָׁנָה | שָׁאוּל | בְּמָלְכוֹ | וּשְׁתֵּי | שָׁנִים | מָלַךְ | עַל־ | יִשְׂרָאֵל׃ |
| પુત્ર | વર્ષનો | શાઉલ | રાજ-કરતો-હતો-ત્યારે | અને-બે | વર્ષ | રાજ-કર્યું | ઉપર | ઇઝરાયલ |
| | H8141 | H7586 | | H8147 | H8141 | | | H3478 |

શાઉલે રાજ્ય કરવા માંડ્યું ત્યારે તે ત્રીસ વર્ષનો હતો; અને તેણે બેતાળીસ વર્ષ સુધી ઇઝરાયલ પર રાજ્ય કર્યું.

2 וַיִּבְחַר־ અને-પસંદ-કર્યા H0977 | לֹו પોતાના-માટે | שָׁאוּל શાઉલે H7586 | שְׁלֹשֶׁת ત્રણ H7969 | אֲלָפִים હજાર H0505 | מִיִּשְׂרָאֵל ઇઝરાયલમાંથી H3478 | וַיִּהְיוּ અને-હતા H1961 | עִם־ સાથે | שָׁאוּל શાઉલની H7586 | אַלְפַּיִם બે-હજાર H0505 | בְּמִכְמָשׂ મિખ્માશમાં H4363 | וּבְהַר અને-પહાડમાં H2022 | בֵּית־אֵל બેથેલના H1008 | וְאֶלֶף અને-એક-હજાર H0505 | הָיוּ હતા H1961 | עִם־ સાથે | יֹונָתָן યોનાથાનની H3129 | בְּגִבְעַת ગિબયામાં H1390 | בִּנְיָמִין બિન્યામીનના H1144 | וְיֶתֶר અને-બાકીના | הָעָם લોકોને | שִׁלַּח મોકલી-દીધા H7971 | אִישׁ દરેક-માણસને H0376 | לְאֹהָלָיו׃ પોતાના-તંબુઓમાં H0168

તેણે પોતાને માટે ઇઝરાયલમાંથી ત્રણ હજાર માણસોને પસંદ કર્યા. બે હજાર તેની સાથે મિખ્માશમાં તથા બેથેલ પર્વત પર હતા, જયારે એક હજાર યોનાથાન સાથે બિન્યામીનના ગિબયામાં હતા; બાકીના સૈનિકોને તેણે પોતે પોતાના તંબુએ મોકલ્યા.

3 וַיַּךְ અને-મારી-નાખ્યો H5221 | יֹונָתָן યોનાથાને H3129 | אֵת — H0853 | נְצִיב ચોકીદારને H5333 | פְּלִשְׁתִּים પલિસ્તીઓના H6430 | אֲשֶׁר જે | בְּגֶבַע ગેબામાં-હતો H1387 | וַיִּשְׁמְעוּ અને-સાંભળ્યું H8085 | פְּלִשְׁתִּים પલિસ્તીઓએ H6430 | וְשָׁאוּל અને-શાઉલે H7586 | תָּקַע વગાડ્યું H8628 | בַּשֹּׁופָר રણશિંગું H7782 | בְּכָל־ આખા H3605 | הָאָרֶץ દેશમાં H0776 | לֵאמֹר કહેતાં H0559 | יִשְׁמְעוּ સાંભળો H8085 | הָעִבְרִים׃ હિબ્રૂઓ H5680

યોનાથાને પલિસ્તીઓનું જે લશ્કર ગેબામાં હતું તેને નષ્ટ કર્યું અને પલિસ્તીઓએ તે વિષે સાંભળ્યું. ત્યારે શાઉલે આખા દેશમાં રણશિંગડું વગાડાવીને, કહાવ્યું, “હિબ્રૂઓ સાંભળો.”

4 וְכָל־ અને-સર્વ H3605 | יִשְׂרָאֵל ઇઝરાયલે H3478 | שָׁמְעוּ સાંભળ્યું H8085 | לֵאמֹר કહેતાં H0559 | הִכָּה માર્યો-છે H5221 | שָׁאוּל શાઉલે H7586 | אֶת־ — H0853 | נְצִיב ચોકીદારને H5333 | פְּלִשְׁתִּים પલિસ્તીઓના H6430 | וְגַם־ અને-વળી H1571 | נִבְאַשׁ દુર્ગંધિત-થયું H0887 | יִשְׂרָאֵל ઇઝરાયલ H3478 | בַּפְּלִשְׁתִּים પલિસ્તીઓમાં H6430 | וַיִּצָּעֲקוּ અને-બોલાવવામાં-આવ્યા H6817 | הָעָם લોકો | אַחֲרֵי પાછળ | שָׁאוּל શાઉલની H7586 | הַגִּלְגָּל׃ ગિલ્ગાલમાં H1537

શાઉલે પલિસ્તીઓનું લશ્કર સંહાર્યું છે તે સર્વ ઇઝરાયલીઓએ સાંભળ્યું. પલિસ્તીઓ ઇઝરાયલને ધિક્કારપાત્ર ગણતા હતા, તેથી ઇઝરાયલી સૈનિકો શાઉલ પાછળ ગિલ્ગાલમાં એકત્ર થયા.

5 וּפְלִשְׁתִּים અને-પલિસ્તીઓ H6430 | נֶאֶסְפוּ ભેગા-થયા H0622 | לְהִלָּחֵם લડવા-માટે | עִם־ સામે | יִשְׂרָאֵל ઇઝરાયલ H3478 | שְׁלֹשִׁים ત્રીસ H7970 | אֶלֶף હજાર H0505 | רֶכֶב રથો H7393 | וְשֵׁשֶׁת અને-છ H8337 | אֲלָפִים હજાર H0505 | פָּרָשִׁים ઘોડેસવારો | וְעָם અને-લોકો | כַּחֹול રેતીના-જેવા H2344 | אֲשֶׁר જે | עַל־ ઉપર | שְׂפַת־ કિનારે H8193 | הַיָּם સમુદ્રના H3220 | לָרֹב અસંખ્ય H7230 | וַיַּעֲלוּ અને-ચડ્યા H5927 | וַיַּחֲנוּ અને-છાવણી-નાખી H2583 | בְמִכְמָשׂ મિખ્માશમાં H4363 | קִדְמַת પૂર્વમાં H6926 | בֵּית אָוֶן׃ બેથ-આવેનના H1007

પલિસ્તીઓ ઇઝરાયલ સામે લડવાને એકત્ર થયા; તેઓના ત્રીસ હજાર રથો, એ રથને ચલાવી શકે એવા છ હજાર ઘોડેસવારો તથા સમુદ્રની રેતી જેવી વિશાળ સંખ્યામાં લોકોએ બેથ-આવેનની પૂર્વ તરફ મિખ્માશમાં છાવણી કરી.

6 וְאִישׁ અને-માણસોએ H0376 | יִשְׂרָאֵל ઇઝરાયલના H3478 | רָאוּ જોયું H7200 | כִּי કે | צַר־ સંકટમાં-હતા | לֹו તેઓ | כִּי કારણ-કે | נִגַּשׂ દબાયેલા-હતા H5065 | הָעָם લોકો | וַיִּתְחַבְּאוּ અને-સંતાઈ-ગયા H2244 | הָעָם લોકો | בַּמְּעָרֹות ગુફાઓમાં H4631 | וּבַחֲוָחִים અને-ઝાડીઓમાં H2337 | וּבַסְּלָעִים અને-ખડકોમાં H5553 | וּבַצְּרִחִים અને-કિલ્લાઓમાં H6877 | וּבַבֹּרוֹת׃ અને-ખાડાઓમાં

જયારે ઇઝરાયલના માણસોએ જોયું કે તેઓ પોતે સંકટમાં આવી પડ્યા છે કેમ કે લોકો દુ:ખી હતા, ત્યારે તેઓ ગુફાઓમાં, ઝાડીઓમાં, ખડકોમાં, કૂવાઓમાં, ખાડાઓમાં સંતાઈ ગયા.

7

| | | |
|---|---|---|
| וְעִבְרִים | અને-હિબ્રૂઓ | H5680 |
| עָבְרוּ | ઓળંગ્યા | |
| אֶת־ | — | H0853 |
| הַיַּרְדֵּן | યર્દન | H3383 |
| אֶרֶץ | દેશમાં | H0776 |
| גָּד | ગાદના | H1410 |
| וְגִלְעָד | અને-ગિલ્યાદના | H1568 |
| וְשָׁאוּל | અને-શાઉલ | H7586 |
| עוֹדֶנּוּ | હજુ-સુધી | H5750 |
| בַגִּלְגָּל | ગિલ્ગાલમાં-હતો | H1537 |
| וְכָל־ | અને-સર્વ | H3605 |
| הָעָם | લોકો | |
| חָרְדוּ | ધ્રૂજતા-હતા | H2729 |
| אַחֲרָיו׃ | તેની-પાછળ | |

હવે કેટલાક હિબ્રૂઓ યર્દન ઊતરીને ગાદ તથા ગિલ્યાદ દેશમાં ગયા. પણ શાઉલ હજી સુધી ગિલ્ગાલમાં હતો, સર્વ લોક ભયભીત થઈને તેની પાછળ ચાલતા હતા.

8

| | | |
|---|---|---|
| [וייחל] | — | H3176 |
| וַיּוֹחֶל()׀ | અને-રાહ-જોઈ | H3176 |
| שִׁבְעַת | સાત | H7651 |
| יָמִים | દિવસ | H3117 |
| לַמּוֹעֵד | નિર્ધારિત-સમય-સુધી | H4150 |
| אֲשֶׁר | જે | |
| שְׁמוּאֵל | શમૂએલે-કહ્યો-હતો | H8050 |
| וְלֹא־ | પણ-ન | H3808 |
| בָא | આવ્યા | H0935 |
| שְׁמוּאֵל | શમૂએલ | H8050 |
| הַגִּלְגָּל | ગિલ્ગાલમાં | H1537 |
| וַיָּפֶץ | અને-વિખેરાવા-લાગ્યા | |
| הָעָם | લોકો | |
| מֵעָלָיו׃ | તેની-પાસેથી | |

શમુએલે આપેલા સમય પ્રમાણે શાઉલે સાત દિવસ રાહ જોઈ. પણ શમુએલ ગિલ્ગાલમાં આવ્યો નહિ, લોકો શાઉલ પાસેથી વિખેરાઈ જતા હતા.

9

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| שָׁאוּל | શાઉલે | H7586 |
| הַגִּשׁוּ | લાવો | H5066 |
| אֵלַי | મારી-પાસે | H0413 |
| הָעֹלָה | દહનાર્પણ | |
| וְהַשְּׁלָמִים | અને-શાંત્યર્પણો | H8002 |
| וַיַּעַל | અને-ચડાવ્યું | H5927 |
| הָעֹלָה׃ | દહનાર્પણ | |

શાઉલે કહ્યુ, “દહનીયાર્પણ તથા શાંત્યર્પણ મારી પાસે લાવો.” પછી તેણે દહનીયાર્પણ ચઢાવ્યું.

10

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-થયું | H1961 |
| כְּכַלֹּתוֹ | જ્યારે-પૂરું-કર્યું | H3615 |
| לְהַעֲלוֹת | ચડાવવાનું | H5927 |
| הָעֹלָה | દહનાર્પણ | |
| וְהִנֵּה | અને-જુઓ | H2009 |
| שְׁמוּאֵל | શમૂએલ | H8050 |
| בָּא | આવ્યા | H0935 |
| וַיֵּצֵא | અને-નીકળ્યો | H3318 |
| שָׁאוּל | શાઉલ | H7586 |
| לִקְרָאתוֹ | તેમને-મળવા | H7122 |
| לְבָרְכוֹ׃ | તેમને-વંદન-કરવા | H1288 |

તે દહનીયાર્પણ કરી રહ્યો કે તરત શમુએલ આવ્યો. શાઉલ તેને મળવા તથા આવકારવા માટે બહાર ગયો.

11

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| שְׁמוּאֵל | શમૂએલે | H8050 |
| מֶה | શું | H4100 |
| עָשִׂיתָ | કર્યું-તેં | |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| שָׁאוּל | શાઉલે | H7586 |
| כִּי־ | કારણ-કે | |
| רָאִיתִי | મેં-જોયું | H7200 |
| כִּי־ | કે | |
| נָפַץ | વિખેરાઈ-ગયા | |
| הָעָם | લોકો | |
| מֵעָלַי | મારી-પાસેથી | |
| וְאַתָּה | અને-તમે | |
| לֹא־ | ન | H3808 |
| בָאתָ | આવ્યા | H0935 |
| לְמוֹעֵד | નિર્ધારિત-સમયે | H4150 |
| הַיָּמִים | દિવસોના | H3117 |
| וּפְלִשְׁתִּים | અને-પલિસ્તીઓ | H6430 |
| נֶאֱסָפִים | ભેગા-થયા | H0622 |
| מִכְמָשׂ׃ | મિખ્માશમાં | H4363 |

પછી શમુએલે કહ્યુ, “તેં શું કર્યું છે?” શાઉલે જવાબ આપ્યો, “જયારે મેં જોયું કે લોકો મારી પાસેથી વિખેરાઈ રહ્યા છે અને નક્કી કરેલ સમયે તું અહીં આવ્યો નહિ તથા પલિસ્તીઓ મિખ્માશ પાસે એકત્ર થયા છે,

12

| | | |
|---|---|---|
| וָאֹמַר | અને-મેં-કહ્યુ | H0559 |
| עַתָּה | હવે | H6258 |
| יֵרְדוּ | ઊતરશે | H3381 |
| פְלִשְׁתִּים | પલિસ્તીઓ | H6430 |
| אֵלַי | મારા-પર | H0413 |
| הַגִּלְגָּל | ગિલ્ગાલમાં | H1537 |
| וּפְנֵי | અને-ચહેરો | H6440 |
| יְהוָה | યહોવાહનો | H3068 |
| לֹא | નથી | H3808 |
| חִלִּיתִי | મેં-મનાવ્યો | |
| וָאֶתְאַפַּק | અને-મેં-હિંમત-કરી | H0662 |
| וָאַעֲלֶה | અને-ચડાવ્યું | H5927 |
| הָעֹלָה׃ | દહનાર્પણ | |
| ס | — | |

માટે મેં કહ્યુ, 'હવે પલિસ્તીઓ મારા પર ગિલ્ગાલમાં ધસી આવશે અને મેં ઈશ્વરની કૃપાની માગણી કરી નથી.' તેથી મેં ના છૂટકે મારી જાતે દહનીયાર્પણ કર્યું છે."

13
וַיֹּ֧אמֶר שְׁמוּאֵ֛ל אֶל־ שָׁא֖וּל נִסְכָּ֑לְתָּ לֹ֣א שָׁמַ֗רְתָּ אֶת־ מִצְוַ֞ת יְהוָ֤ה אֱלֹהֶ֙יךָ֙
અને-કહ્યુ શમૂએલે — શાઉલને મૂર્ખાઈ-કરી-તેં નથી પાળી — આજ્ઞા યહોવાહ તારા-ઈશ્વરની
H0559 H8050 H0413 H7586 H5528 H3808 H8104 H0853 H4687 H3068 H0430

אֲשֶׁ֣ר צִוָּ֔ךְ כִּ֣י עַתָּ֞ה הֵכִ֨ין יְהוָ֧ה אֶֽת־ מַֽמְלַכְתְּךָ֛ אֶל־ יִשְׂרָאֵ֖ל
જે તેમણે-આપી-હતી-તને કારણ-કે હવે સ્થાપિત-કર્યું-હોત યહોવાહે — તારું-રાજ્ય ઉપર ઇઝરાયલ
H6680 H6258 H3068 H0853 H4467 H0413 H3478

עַד־ עוֹלָֽם׃
સદા સર્વકાળ-માટે
H5704 H5769

પછી શમુએલે શાઉલને કહ્યુ, "તેં આ મૂર્ખાઈ ભરેલું કાર્ય કર્યું છે. તેં તારા પ્રભુ ઈશ્વરે જે આજ્ઞા તને આપી હતી તે પાળી નથી. જો પાળી હોત તો હમણાં ઈશ્વરે ઇઝરાયલ ઉપર તારું રાજ્ય સદાને માટે સ્થાપન કર્યું હોત.

14
וְעַתָּ֖ה מַמְלַכְתְּךָ֣ לֹא־ תָק֑וּם בִּקֵּשׁ֩ יְהוָ֨ה ל֜וֹ אִ֣ישׁ כִּלְבָב֗וֹ
પણ-હવે તારું-રાજ્ય નહીં ટકશે શોધ્યો-છે યહોવાહે પોતાના-માટે માણસ પોતાના-હૃદય-મુજબ
H6258 H4467 H3808 H1245 H3068 H0376 H3824

וַיְצַוֵּ֨הוּ יְהוָ֤ה לְנָגִיד֙ עַל־ עַמּ֔וֹ כִּ֚י לֹ֣א שָׁמַ֔רְתָּ אֵ֥ת אֲשֶׁר־
અને-નિયુક્ત-કર્યો-છે યહોવાહે આગેવાન-તરીકે ઉપર પોતાના-લોકો કારણ-કે નથી પાળ્યું — જે
H6680 H3068 H5057 H3808 H8104 H0853

צִוְּךָ֖ יְהוָֽה׃ פ
આજ્ઞા-આપી-હતી-તને યહોવાહે —
H6680 H3068

પણ હવે તારું રાજ્ય સદા ટકશે નહિ. ઈશ્વરે પોતાને મનગમતો એક માણસ શોધી કાઢ્યો છે અને ઈશ્વરે પોતાના લોકો પર રાજા તરીકે તેની નિમણૂક કરી છે, કેમ કે ઈશ્વરે જે આજ્ઞા તને આપી તે તેં પાળી નથી."

15
וַיָּ֣קָם שְׁמוּאֵ֔ל וַיַּ֛עַל מִן־ הַגִּלְגָּ֖ל גִּבְעַ֣ת בִּנְיָמִ֑ן וַיִּפְקֹ֣ד שָׁא֗וּל אֶת־ הָעָם֙
અને-ઊઠ્યા શમૂએલ અને-ગયા થી ગિલ્ગાલ ગિબયામાં બિન્યામીનના અને-ગણ્યા શાઉલે — લોકોને
H8050 H5927 H1537 H1390 H1144 H7586 H0853

הַנִּמְצְאִ֣ים עִמּ֔וֹ כְּשֵׁ֥שׁ מֵא֖וֹת אִֽישׁ׃
જે-મળ્યા તેની-સાથે આશરે-છ સો માણસ
H4672 H8337 H3967 H0376

પછી શમુએલ ગિલ્ગાલથી બિન્યામીનના ગિબયામાં ગયો. પછી શાઉલે પોતાની સાથે જે લોકો હતા તેઓની ગણતરી કરી, તેઓ આશરે છસો માણસો હતા.

16
וְשָׁא֞וּל וְיוֹנָתָ֣ן בְּנ֗וֹ וְהָעָם֙ הַנִּמְצָ֣א עִמָּ֔ם יֹשְׁבִ֕ים בְּגֶ֖בַע בִּנְיָמִ֑ן
અને-શાઉલ અને-યોનાથાન તેનો-દીકરો અને-લોકો જે-મળ્યા તેમની-સાથે બેઠા-હતા ગેબામાં બિન્યામીનના
H7586 H3129 H4672 H3427 H1387 H1144

וּפְלִשְׁתִּ֖ים חָנ֥וּ בְמִכְמָֽשׂ׃
અને-પલિસ્તીઓ છાવણી-નાખી-હતી મિખ્માશમાં
H6430 H2583 H4363

શાઉલ, તેનો દીકરો યોનાથાન તથા તેઓની સાથે જે લોકો હાજર હતા, તેઓ બિન્યામીનના ગેબામાં રહ્યા. પણ પલિસ્તીઓએ મિખ્માશમાં છાવણી નાખી.

17
וַיֵּצֵ֧א הַמַּשְׁחִ֛ית מִמַּחֲנֵ֥ה פְלִשְׁתִּ֖ים שְׁלֹשָׁ֣ה רָאשִׁ֑ים הָרֹ֨אשׁ אֶחָ֜ד יִפְנֶ֛ה אֶל־
અને-નીકળ્યા લૂંટારાઓ છાવણીમાંથી પલિસ્તીઓની ત્રણ ટુકડીઓમાં એક-ટુકડી એક વળી તરફ
H3318 H7843 H4264 H6430 H7969 H0259 H6437 H0413

דֶּ֥רֶךְ עָפְרָ֖ה אֶל־ אֶ֥רֶץ שׁוּעָֽל׃
માર્ગે ઓફ્રાહના તરફ દેશ શૂઆલના
H1870 H6084 H0413 H0776

પલિસ્તીઓની છાવણીમાંથી લૂટારાની ત્રણ ટોળી બહાર નીકળી. એક ટોળી ઓફ્રાથી શૂઆલ દેશ તરફ ગઈ.

18

| | | |
|---|---|---|
| וְהָרֹאשׁ | અને-એક-ટુકડી | |
| אֶחָד | બીજી | H0259 |
| יִפְנֶה | વળી | H6437 |
| דֶּרֶךְ | માર્ગે | H1870 |
| חֹרוֹן בֵּית | બેથ-હોરોનના | H1032 |
| וְהָרֹאשׁ | અને-એક-ટુકડી | |
| אֶחָד | ત્રીજી | H0259 |
| יִפְנֶה | વળી | H6437 |
| דֶּרֶךְ | માર્ગે | H1870 |
| הַגְּבוּל | સરહદના | H1366 |
| הַנִּשְׁקָף | જે-નજર-કરે-છે | H8259 |
| עַל־ | ઉપર | |
| גֵּי | ખીણ | H1516 |
| הַצְּבֹעִים | ઝબોઈમની | H6650 |
| הַמִּדְבָּרָה׃ | અરણ્ય-તરફ | |
| ס | — | |

બીજી ટોળી બેથ-હોરોન તરફ ગઈ અને એક બીજી ટોળી સબોઈમના નીચાણની સામે અરણ્ય તરફ જે સીમા છે તે તરફ ગઈ.

19

| | | |
|---|---|---|
| וְחָרָשׁ | અને-લુહાર | H2796 |
| לֹא | નહોતો | H3808 |
| יִמָּצֵא | મળતો | H4672 |
| בְּכֹל | આખા | H3605 |
| אֶרֶץ | દેશમાં | H0776 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| כִּי־ | કારણ-કે | |
| [אמר] | — | H0559 |
| (אָמְרוּ) | કહ્યુ-હતું | H0559 |
| פְלִשְׁתִּים | પલિસ્તીઓએ | H6430 |
| פֶּן | રખેને | H6435 |
| יַעֲשׂוּ | બનાવે | |
| הָעִבְרִים | હિબ્રૂઓ | H5680 |
| חֶרֶב | તલવાર | H2719 |
| אוֹ | અથવા | |
| חֲנִית׃ | ભાલો | H2595 |

ઇઝરાયલના આખા દેશમાં કોઈ લુહાર મળતો નહોતો, કેમ કે પલિસ્તીઓએ કહ્યુ હતું, “રખેને હિબ્રૂઓ પોતાને માટે તલવાર કે ભાલા બનાવે.”

20

| | | |
|---|---|---|
| וַיֵּרְדוּ | અને-જતા | H3381 |
| כָל־ | સર્વ | H3605 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલ | H3478 |
| הַפְּלִשְׁתִּים | પલિસ્તીઓ-પાસે | H6430 |
| לִלְטוֹשׁ | અણી-કાઢવા | H3913 |
| אִישׁ | દરેક-માણસ | H0376 |
| אֶת־ | — | H0853 |
| מַחֲרַשְׁתּוֹ | પોતાનું-હળ | H4282 |
| וְאֶת־ | અને | H0853 |
| אֵתוֹ | પોતાનો-ફાળ | H0855 |
| וְאֶת־ | અને | H0853 |
| קַרְדֻּמּוֹ | પોતાની-કુહાડી | H7134 |
| וְאֵת | અને | H0853 |
| מַחֲרֵשָׁתוֹ׃ | પોતાનું-હળ | H4281 |

પણ સર્વ ઇઝરાયલી માણસો પોતાતાં હળ, કોદાળીઓ, કુહાડીઓ તથા દાતરડાંની ધારો કાઢવા કે ટીપાવવા માટે પલિસ્તીઓ પાસે જતા.

21

| | | |
|---|---|---|
| וְהָיְתָה | અને-હતી | H1961 |
| הַפְּצִירָה | કિંમત | H6477 |
| פִים | પિમ | H6310 |
| לַמַּחֲרֵשֹׁת | હળ-માટે | H4281 |
| וְלָאֵתִים | અને-ફાળ-માટે | H0855 |
| וְלִשְׁלֹשׁ | અને-ત્રણ-ધારવાળા | H7969 |
| קִלְּשׁוֹן | કાંટા-માટે | H7053 |
| וּלְהַקַּרְדֻּמִּים | અને-કુહાડી-માટે | H7134 |
| וּלְהַצִּיב | અને-બેસાડવા-માટે | H5324 |
| הַדָּרְבָן׃ | પરોણાની | |

હળની અણી કાઢવાનો, કોદાળીઓ, કુહાડીઓ ટીપાવવાનો ખર્ચ બે ત્રણ શેકેલ + 13:21 બે ત્રણ શેકેલ આઠ ગ્રામ ચાંદીનો સિક્કો હતો અને દાતરડાંની ધારને માટે અને હળ હાંકવાની લાકડીનો ખર્ચ એકાદ શેકેલ + 13:21 એકાદ શેકેલ 4 ગ્રામ ચાંદીનો સિક્કો હતો.

22

| | | |
|---|---|---|
| וְהָיָה | અને-થયું | H1961 |
| בְּיוֹם | દિવસે | H3117 |
| מִלְחֶמֶת | યુદ્ધના | H4421 |
| וְלֹא | અને-ન | H3808 |
| נִמְצָא | મળતી-હતી | H4672 |
| חֶרֶב | તલવાર | H2719 |
| וַחֲנִית | કે-ભાલો | H2595 |
| בְּיַד | હાથમાં | H3027 |
| כָּל־ | કોઈ-પણ | H3605 |
| הָעָם | લોકોના | |
| אֲשֶׁר | જે | |
| אֶת־ | સાથે | H0854 |
| שָׁאוּל | શાઉલના | H7586 |
| וְאֶת־ | અને-સાથે | H0854 |
| יוֹנָתָן | યોનાથાનના | H3129 |
| וַתִּמָּצֵא | પણ-મળી | H4672 |
| לְשָׁאוּל | શાઉલ-પાસે | H7586 |
| וּלְיוֹנָתָן | અને-યોનાથાન-પાસે | H3129 |
| בְּנוֹ׃ | તેના-દીકરા | |

તેથી લડાઈના દિવસે, જે સર્વ લોકો શાઉલ તથા યોનાથાનની સાથે હતા તેઓના હાથમાં તલવારો કે ભાલા દેખાતા નહોતા; ફક્ત શાઉલ તથા તેના દીકરા યોનાથાનના હાથમાં હતા.

23

| | | |
|---|---|---|
| וַיֵּצֵא | અને-નીકળ્યો | H3318 |
| מַצַּב | ચોકી | H4673 |
| פְלִשְׁתִּים | પલિસ્તીઓની | H6430 |
| אֶל־ | તરફ | H0413 |
| מַעֲבַר | ઘાટ | |
| מִכְמָשׂ׃ | મિખ્માશનો | H4363 |
| ס | — | |

પલિસ્તીઓનું લશ્કર બહાર નીકળીને મિખ્માશ પસાર કરીને આગળ આવી પહોંચ્યું.

## Chapter 14

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִ֣י | הַיּ֗וֹם | וַיֹּ֨אמֶר | יוֹנָתָ֤ן | בֶּן־ | שָׁאוּל֙ | אֶל־ | הַנַּ֙עַר֙ | נֹשֵׂ֣א | כֵלָ֔יו |
| અને-થયું | એક-દિવસે | અને-કહ્યુ | યોનાથાને | પુત્ર | શાઉલના | — | છોકરાને | જે-ઊઠાવતો-હતો | તેનાં-હથિયારો |
| H1961 | H3117 | H0559 | H3129 | | H7586 | H0413 | H5288 | H5375 | H3627 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לְכָ֗ה | וְנַעְבְּרָה֙ | אֶל־ | מַצַּ֣ב | פְּלִשְׁתִּ֔ים | אֲשֶׁ֖ר | מֵעֵ֣בֶר | הַלָּ֑ז | וּלְאָבִ֖יו | לֹ֥א |
| ચલ | અને-પાર-જઈએ | તરફ | ચોકી | પલિસ્તીઓની | જે | સામેના-પાર | તે | અને-પોતાના-પિતાને | નહોતું |
| H3212 | | H0413 | H4673 | H6430 | | H5676 | H1975 | H0001 | H3808 |

| |
|---|
| הִגִּֽיד׃ |
| કહ્યુ |
| H5046 |

એક દિવસે, શાઉલના દીકરા યોનાથાને પોતાના જુવાન શસ્ત્રવાહકને કહ્યુ, “આવ, આપણે પલિસ્તીઓનું લશ્કર જે બીજી તરફ છે ત્યાં જઈએ.” પણ તેણે પોતાના પિતાને એ કહ્યુ નહિ.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְשָׁא֗וּל | יוֹשֵׁב֙ | בִּקְצֵ֣ה | הַגִּבְעָ֔ה | תַּ֥חַת | הָֽרִמּ֖וֹן | אֲשֶׁ֣ר | בְּמִגְר֑וֹן | וְהָעָם֙ | אֲשֶׁ֣ר | 
| અને-શાઉલ | બેઠો-હતો | છેડે | ટેકરીના | નીચે | દાડમ-વૃક્ષની | જે | મિગ્રોનમાં | અને-લોકો | જે |
| H7586 | H3427 | | H1390 | H8478 | H7416 | | H4051 | | |

| | | | |
|---|---|---|---|
| עִמּ֔וֹ | כְּשֵׁ֥שׁ | מֵא֖וֹת | אִֽישׁ׃ |
| તેની-સાથે | આશરે-છ | સો | માણસ |
| | H8337 | H3967 | H0376 |

શાઉલ ગિબયાના છેક અંતિમ ભાગમાં મિગ્રોનમાં દાડમના એક ઝાડ નીચે રોકાયો. આશરે છસો માણસો તેની સાથે હતા,

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַאֲחִיָּ֣ה | בֶן־ | אֲחִט֡וּב | אֲחִ֡י | אִֽיכָב֣וֹד | בֶּן־ | פִּֽינְחָ֨ס | בֶּן־ | עֵלִ֜י | כֹּהֵ֧ן |
| અને-અહિયા | પુત્ર | અહીટૂબનો | ભાઈ | ઈખાબોદનો | પુત્ર | ફીનહાસનો | પુત્ર | એલીનો | યાજક |
| H0281 | | H0285 | H0251 | H0350 | | H6372 | | H5941 | H3548 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָ֛ה | בְּשִׁל֖וֹ | נֹ֣שֵׂא | אֵפ֑וֹד | וְהָעָם֙ | לֹ֣א | יָדַ֔ע | כִּ֥י | הָלַ֖ךְ | יוֹנָתָֽן׃ |
| યહોવાહનો | શીલોહમાં | પહેરતો-હતો | એફોદ | અને-લોકો | નહોતા | જાણતા | કે | ગયો-હતો | યોનાથાન |
| H3068 | H7887 | H5375 | H0646 | | H3808 | H3045 | | H1980 | H3129 |

અને શીલોમાં ઈશ્વરના યાજક એલીના દીકરા, ફીનહાસના દીકરા, ઇખાબોદના ભાઈ, અહિટૂબના દીકરા અહિયાએ એફોદ પહેરેલો હતો. યોનાથાન ગયો છે તે લોકો જાણતા નહોતા.

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּבֵ֣ין | הַֽמַּעְבְּר֗וֹת | אֲשֶׁ֨ר | בִּקֵּ֤שׁ | יוֹנָתָן֙ | לַעֲבֹ֔ר | עַל־ | מַצַּ֣ב | פְּלִשְׁתִּ֔ים | שֵׁן־ |
| અને-વચ્ચે | ઘાટોના | જ્યાંથી | ઈચ્છતો-હતો | યોનાથાન | પાર-જવા | તરફ | ચોકી | પલિસ્તીઓની | દાંત-જેવી |
| H0996 | | | H1245 | H3129 | | | H4673 | H6430 | H8127 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַסֶּ֤לַע | מֵהָעֵ֙בֶר֙ | מִזֶּ֔ה | וְשֵׁן־ | הַסֶּ֥לַע | מֵהָעֵ֖בֶר | מִזֶּ֑ה | וְשֵׁ֤ם | הָֽאֶחָד֙ | בּוֹצֵ֔ץ | וְשֵׁ֥ם |
| ખડકની | એક-બાજુ | આ-તરફ | અને-દાંત-જેવી | ખડકની | બીજી-બાજુ | તે-તરફ | અને-નામ | એકનું | બોસેસ | અને-નામ |
| H5553 | H5676 | H2088 | H8127 | H5553 | H5676 | H2088 | H8034 | H0259 | H0949 | H8034 |

| | |
|---|---|
| הָאֶחָ֖ד | סֶֽנֶּה׃ |
| બીજાનું | સેન્નેહ |
| H0259 | H5573 |

યોનાથાન જે રસ્તે થઈને પલિસ્તીઓના લશ્કર પાસે જવાનું શોધતો હતો, તેની બન્ને બાજુએ ખડકની ભેખડો હતી. એક બાજુની ભેખડનું નામ બોસેસ અને બીજીનું નામ સેને હતું.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַשֵּׁ֧ן | הָאֶחָ֛ד | מָצ֥וּק | מִצָּפ֖וֹן | מ֣וּל | מִכְמָ֑שׂ | וְהָאֶחָ֥ד | מִנֶּ֖גֶב | מ֥וּל | גָּֽבַע׃ | ס |
| દાંત | એક | સ્તંભ | ઉત્તર-તરફ | સામે | મિખ્માશના | અને-બીજો | દક્ષિણ-તરફ | સામે | ગેબાના | — |
| H8127 | H0259 | H4690 | H6828 | H4136 | H4363 | H0259 | H5045 | H4136 | H1387 | |

એક ભેખડની હદ ઉત્તરે મિખ્માશ તરફ હતી અને બીજી ભેખડ દક્ષિણે ગેબા તરફ આવેલી હતી.

6

| וַיֹּאמֶר | יְהוֹנָתָן | אֶל־ | הַנַּעַר | נֹשֵׂא | כֵלָיו | לְכָה | וְנַעְבְּרָה | אֶל־ | מַצַּב |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | યોનાથાને | — | છોકરાને | જે-ઊઠાવતો-હતો | તેનાં-હથિયારો | ચાલ | અને-પાર-જઈએ | તરફ | ચોકી |
| H0559 | H3083 | H0413 | H5288 | H5375 | H3627 | H3212 | | H0413 | H4673 |

| הָעֲרֵלִים | הָאֵלֶּה | אוּלַי | יַעֲשֶׂה | יְהוָה | לָנוּ | כִּי | אֵין | לַיהוָה | מַעְצוֹר | לְהוֹשִׁיעַ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બેસુન્નતોની | આ | કદાચ | કરે | યહોવાહ | આપણા-માટે | કારણ-કે | નથી | યહોવાહ-માટે | અવરોધ | બચાવવામાં |
| H6189 | H0428 | H0194 | | H3068 | | | H0369 | H3068 | H4622 | H3467 |

| בְּרַב | אוֹ | בִמְעָט׃ |
|---|---|---|
| ઘણાથી | અથવા | થોડાથી |
| | | H4592 |

યોનાથાને પોતાના જુવાન શસ્ત્રવાહકને કહ્યુ, "આવ, આપણે બેસુન્નતીઓના લશ્કરની છાવણીમાં જઈએ. કદાચ ઈશ્વર આપણા માટે કામ કરશે, કેમ કે થોડાની મારફતે કે ઘણાની મારફતે બચાવવામાં ઈશ્વરને કોઈ અવરોધ હોતો નથી."

7

| וַיֹּאמֶר | לוֹ | נֹשֵׂא | כֵלָיו | עֲשֵׂה | כָּל־ | אֲשֶׁר | בִּלְבָבֶךָ | נְטֵה | לָךְ | הִנְנִי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | તેને | હથિયાર-ઊઠાવનારે | તેનાં | કર | બધું | જે | તારા-હૃદયમાં | વળ | તારા-માટે | જો-હું |
| H0559 | | H5375 | H3627 | | H3605 | | H3824 | H5186 | | H2009 |

| עִמְּךָ | כִּלְבָבֶךָ׃ | ס |
|---|---|---|
| તારી-સાથે | તારા-હૃદય-મુજબ | — |
| | H3824 | |

તેના શસ્ત્રવાહકે જવાબ આપ્યો કે, "જે સર્વ તારા મનમાં છે તે કર. આગળ વધ, તારી બધી આજ્ઞાઓ પાળવાને હું તારી સાથે છું."

8

| וַיֹּאמֶר | יְהוֹנָתָן | הִנֵּה | אֲנַחְנוּ | עֹבְרִים | אֶל־ | הָאֲנָשִׁים | וְנִגְלִינוּ | אֲלֵיהֶם׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | યોનાથાને | જુઓ | આપણે | જઈએ-છીએ | તરફ | માણસોની | અને-દેખાઈએ | તેઓને |
| H0559 | H3083 | H2009 | H0587 | | H0413 | H0376 | H1540 | H0413 |

પછી યોનાથાને કહ્યુ, "આપણે તે માણસોની પાસે જઈએ અને આપણે તેમની નજરે પડીએ.

9

| אִם־ | כֹּה | יֹאמְרוּ | אֵלֵינוּ | דֹּמּוּ | עַד־ | הַגִּיעֵנוּ | אֲלֵיכֶם | וְעָמַדְנוּ |
|---|---|---|---|---|---|---|---|---|
| જો | આમ | કહે | આપણને | ઊભા-રહો | જ્યાં-સુધી | અમે-પહોંચીએ-ત્યાં-સુધી | તમારી-પાસે | તો-ઊભા-રહીશું |
| | H3541 | H0559 | H0413 | | H5704 | H5060 | H0413 | H5975 |

| תַחְתֵּינוּ | וְלֹא | נַעֲלֶה | אֲלֵיהֶם׃ |
|---|---|---|---|
| આપણી-જગ્યાએ | અને-નહીં | ચડીશું | તેઓ-પાસે |
| H8478 | H3808 | H5927 | H0413 |

જો તેઓ આપણને એમ કહેશે, 'જ્યાં સુધી અમે તમારી પાસે આવીએ ત્યાં સુધી ઊભા રહો' તો આપણે આપણી જગ્યાએ રહીશું અને તેઓની પાસે નહિ જઈએ.

10

| וְאִם־ | כֹּה | יֹאמְרוּ | עֲלוּ | עָלֵינוּ | וְעָלִינוּ | כִּי־ | נְתָנָם | יְהוָה | בְּיָדֵנוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જો | આમ | કહે | ચડી-આવો | અમારી-પાસે | તો-ચડીશું | કારણ-કે | આપ્યા-છે-તેઓને | યહોવાહે | આપણા-હાથમાં |
| | H3541 | H0559 | H5927 | | H5927 | | H5414 | H3068 | H3027 |

| וְזֶה־ | לָּנוּ | הָאוֹת׃ |
|---|---|---|
| અને-આ | આપણા-માટે | ચિહ્ન |
| H2088 | | H0226 |

પણ જો તેઓ કહેશે, 'અમારી પાસે ઉપર આવો,' તો પછી આપણે ઉપર જઈશું; કેમ કે ઈશ્વરે તેઓને આપણા હાથમાં સોંપી દીધા છે. એ આપણે સારુ ચિહ્ન થશે."

11

| וַיִּגָּלוּ | שְׁנֵיהֶם | אֶל־ | מַצַּב | פְּלִשְׁתִּים | וַיֹּאמְרוּ | פְלִשְׁתִּים | הִנֵּה | עִבְרִים | יֹצְאִים | מִן־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-દેખાયા | બંને | — | ચોકી-પર | પલિસ્તીઓની | અને-કહ્યુ | પલિસ્તીઓએ | જુઓ | હિબ્રૂઓ | નીકળે-છે | થી |
| H1540 | H8147 | H0413 | H4673 | H6430 | H0559 | H6430 | H2009 | H5680 | H3318 | |

| הַחֹרִים | אֲשֶׁר | הִתְחַבְּאוּ־ | שָׁם׃ |
|---|---|---|---|
| છિદ્રોમાંથી | જ્યાં | સંતાયા-હતા | ત્યાં |
| H2356 | | H2244 | H8033 |

તેઓ બન્નેએ પોતાને પલિસ્તીઓના લશ્કરની આગળ જાહેર થવા દીધા. પલિસ્તીઓએ કહ્યુ, “જુઓ, જે ગુફાઓમાં હિબ્રૂઓ સંતાઈ રહ્યા હતા તેઓમાંથી તેઓ બહાર નીકળે છે.”

12

| וַיַּעֲנוּ | אַנְשֵׁי | הַמַּצָּבָה | אֶת־ | יוֹנָתָן | וְאֶת־ | נֹשֵׂא | כֵלָיו | וַיֹּאמְרוּ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-જવાબ-આપ્યો | માણસોએ | ચોકીના | — | યોનાથાનને | અને | હથિયાર-ઊઠાવનારને | તેનાં | અને-કહ્યુ |
| | H0376 | H4675 | H0853 | H3129 | H0853 | H5375 | H3627 | H0559 |

| עֲלוּ | אֵלֵינוּ | וְנוֹדִיעָה | אֶתְכֶם | דָּבָר | פ | וַיֹּאמֶר | יוֹנָתָן | אֶל־ | נֹשֵׂא |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ચડી-આવો | અમારી-પાસે | અને-જણાવીશું | તમને | વાત | — | અને-કહ્યુ | યોનાથાને | — | હથિયાર-ઊઠાવનારને |
| H5927 | H0413 | H3045 | H0853 | H1697 | | H0559 | H3129 | H0413 | H5375 |

| כֵלָיו | עֲלֵה | אַחֲרַי | כִּי־ | נְתָנָם | יְהוָה | בְּיַד | יִשְׂרָאֵל׃ |
|---|---|---|---|---|---|---|---|
| તેનાં | ચડ | મારી-પાછળ | કારણ-કે | આપ્યા-છે-તેઓને | યહોવાહે | હાથમાં | ઇઝરાયલના |
| H3627 | H5927 | | | H5414 | H3068 | H3027 | H3478 |

પછી લશ્કરના માણસોએ યોનાથાનને તથા તેના શસ્ત્રવાહકને કહ્યુ, “અમારી પાસે ઉપર આવો, અમે તમને કંઈક બતાવીએ.” યોનાથાને પોતાના શસ્ત્રવાહકને કહ્યુ, “મારી પાછળ આવ, કેમ કે ઈશ્વરે તેઓને ઇઝરાયલના હાથમાં સોંપી દીધા છે.”

13

| וַיַּעַל | יוֹנָתָן | עַל־ | יָדָיו | וְעַל־ | רַגְלָיו | וְנֹשֵׂא | כֵלָיו | אַחֲרָיו |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-ચડ્યો | યોનાથાન | પોતાના | હાથો-પર | અને-પોતાના | પગો-પર | અને-હથિયાર-ઊઠાવનાર | તેનાં | તેની-પાછળ |
| H5927 | H3129 | | H3027 | | H7272 | H5375 | H3627 | |

| וַיִּפְּלוּ | לִפְנֵי | יוֹנָתָן | וְנֹשֵׂא | כֵלָיו | מְמוֹתֵת | אַחֲרָיו׃ |
|---|---|---|---|---|---|---|
| અને-પડ્યા | સામે | યોનાથાનની | અને-હથિયાર-ઊઠાવનાર | તેનાં | મારતો-હતો | તેની-પાછળ |
| H5307 | H6440 | H3129 | H5375 | H3627 | H4191 | |

યોનાથાન ઘૂંટણીયે પડીને ઉપર ચઢયો અને તેનો શસ્ત્રવાહક તેની પાછળ પાછળ ગયો. યોનાથાનની આગળ પલિસ્તીઓ માર્યા ગયા અને તેના શસ્ત્રવાહકે કેટલાકની પાછળ પડીને તેઓને માર્યા.

14

| וַתְּהִי | הַמַּכָּה | הָרִאשֹׁנָה | אֲשֶׁר | הִכָּה | יוֹנָתָן | וְנֹשֵׂא | כֵלָיו | כְּעֶשְׂרִים | אִישׁ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-હતો | સંહાર | પહેલો | જે | માર્યા | યોનાથાને | અને-હથિયાર-ઊઠાવનારે | તેનાં | આશરે-વીસ | માણસ |
| H1961 | H4347 | H7223 | | H5221 | H3129 | H5375 | H3627 | H6242 | H0376 |

| כְּבַחֲצִי | מַעֲנָה | צֶמֶד | שָׂדֶה׃ |
|---|---|---|---|
| અડધા-જેટલા | ખેડમાં | જોડ-બળદના | ખેતરના |
| H2677 | H4618 | H6776 | |

એક એકર જમીનમાં અડધા ચાસની + 14:14 અડધો એકર લંબાઈ જેટલામાં યોનાથાને તથા તેના શસ્ત્રવાહકે જેઓની પ્રથમ કતલ કરી તેઓ આશરે વીસ માણસો હતા.

15

| וַתְּהִי | חֲרָדָה | בַמַּחֲנֶה | בַשָּׂדֶה | וּבְכָל־ | הָעָם | הַמַּצָּב | וְהַמַּשְׁחִית | חָרְדוּ | גַּם־ | הֵמָּה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયો | ભય | છાવણીમાં | મેદાનમાં | અને-સર્વ | લોકોમાં | ચોકીદારો | અને-લૂંટારાઓ | ધ્રૂજ્યા | પણ | તેઓ |
| H1961 | H2731 | H4264 | | H3605 | | H4673 | H7843 | H2729 | H1571 | H1992 |

| וַתִּרְגַּז | הָאָרֶץ | וַתְּהִי | לְחֶרְדַּת | אֱלֹהִים׃ |
|---|---|---|---|---|
| અને-ધ્રૂજી | ભૂમિ | અને-થયો | ભય | ઈશ્વરનો |
| H7264 | H0776 | H1961 | H2731 | H0430 |

છાવણીમાં, રણક્ષેત્રમાં તથા લોકોમાં ભય વ્યાપ્યો. લશ્કર તથા લૂંટ કરનારાઓ પણ ગભરાઈ ગયા. ત્યાં ધરતીકંપ જેવી ધ્રૂજારી + 14:15 ઇશ્વરથી મોકલેલો મહા ભય પ્રસરી ગઈ.

16

| וַיִּרְאוּ | הַצֹּפִים | לְשָׁאוּל | בְּגִבְעַת | בִּנְיָמִן | וְהִנֵּה | הֶהָמוֹן | נָמוֹג | וַיֵּלֶךְ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-જોયું | ચોકીદારોએ | શાઊલના | ગિબયામાં | બિન્યામીનના | અને-જુઓ | ટોળું | ઓગળી-રહ્યુ-હતું | અને-જતું-હતું |
| H7200 | H6822 | H7586 | H1390 | H1144 | H2009 | | H4127 | H3212 |

| וַהֲלֹם׃ | פ |
|---|---|
| અને-અથડાતું-હતું | — |
| H1986 | |

ત્યારે શાઉલના ચોકીદારોએ કે જેઓ બિન્યામીનના ગિબયામાં હતા તેઓએ જોયું; કે પલિસ્તીઓના સૈનિકોનો સમુદાય વિખેરાઈ જતો હતો, તેઓ અહીંતહીં દોડતા હતા.

17

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| שָׁאוּל | શાઉલે | H7586 |
| לָעָם | લોકોને | |
| אֲשֶׁר | જે | |
| אִתּוֹ | તેની-સાથે | H0854 |
| פִּקְדוּ־ | ગણો | |
| נָא | કૃપા-કરી | H4994 |
| וּרְאוּ | અને-જુઓ | H7200 |
| מִי | કોણ | H4310 |
| הָלַךְ | ગયો-છે | H1980 |
| מֵעִמָּנוּ | આપણી-વચ્ચેથી | |
| וַיִּפְקְדוּ | અને-ગણ્યા | |
| וְהִנֵּה | અને-જુઓ | H2009 |
| אֵין | નહોતા | H0369 |
| יוֹנָתָן | યોનાથાન | H3129 |
| וְנֹשֵׂא | અને-હથિયાર-ઊઠાવનાર | H5375 |
| כֵלָיו׃ | તેનાં | H3627 |

ત્યારે શાઉલે પોતાની સાથે જે લોકો હતા તેઓને કહ્યુ, "ગણતરી કરીને જુઓ કે આપણામાંથી કોણ ગુમ થયેલ છે." જયારે તેઓએ ગણતરી કરી ત્યારે યોનાથાન અને તેનો શસ્ત્રવાહક ગુમ થયેલા હતા.

18

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| שָׁאוּל | શાઉલે | H7586 |
| לַאֲחִיָּה | અહિય્યાને | H0281 |
| הַגִּישָׁה | લાવ | H5066 |
| אֲרוֹן | કોશ | H0727 |
| הָאֱלֹהִים | ઈશ્વરનો | H0430 |
| כִּי־ | કારણ-કે | |
| הָיָה | હતો | H1961 |
| אֲרוֹן | કોશ | H0727 |
| הָאֱלֹהִים | ઈશ્વરનો | H0430 |
| בַּיּוֹם | તે-દિવસે | H3117 |
| הַהוּא | ત્યાં | H1931 |
| וּבְנֵי | અને-પુત્રો | |
| יִשְׂרָאֵל׃ | ઇઝરાયલના | H3478 |

શાઉલે અહિયાને કહ્યુ, "ઈશ્વરનો કોશ અહીં લાવ" કેમ કે તે વખતે ઈશ્વરનો કોશ ઇઝરાયલના સૈનિકો સાથે અહિયા પાસે હતો.

19

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-થયું | H1961 |
| עַד | જ્યારે | H5704 |
| דִּבֶּר | બોલતો-હતો | H1696 |
| שָׁאוּל | શાઉલ | H7586 |
| אֶל־ | — | H0413 |
| הַכֹּהֵן | યાજકને | H3548 |
| וְהֶהָמוֹן | અને-ટોળું | |
| אֲשֶׁר | જે | |
| בְּמַחֲנֵה | છાવણીમાં | H4264 |
| פְלִשְׁתִּים | પલિસ્તીઓની | H6430 |
| וַיֵּלֶךְ | અને-જતું-હતું | H3212 |
| הָלוֹךְ | વધતું | H1980 |
| וָרָב | અને-વધતું | |
| פ | — | |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| שָׁאוּל | શાઉલે | H7586 |
| אֶל־ | — | H0413 |
| הַכֹּהֵן | યાજકને | H3548 |
| אֱסֹף | ખેંચી-લે | H0622 |
| יָדֶךָ׃ | તારો-હાથ | H3027 |

જયારે શાઉલ યાજકની સાથે વાત કરતો હતો, તે દરમ્યાન એમ થયું કે પલિસ્તીઓની છાવણીમાં જે ગડબડાટ થતો હતો તે વધતો ને વધતો ગયો. શાઉલે યાજકને કહ્યુ, "તારો હાથ પાછો ખેંચી લે."

20

| | | |
|---|---|---|
| וַיִּזָּעֵק | અને-ભેગા-થયા | H2199 |
| שָׁאוּל | શાઉલ | H7586 |
| וְכָל־ | અને-સર્વ | H3605 |
| הָעָם | લોકો | |
| אֲשֶׁר | જે | |
| אִתּוֹ | તેની-સાથે | H0854 |
| וַיָּבֹאוּ | અને-આવ્યા | H0935 |
| עַד־ | — | H5704 |
| הַמִּלְחָמָה | યુદ્ધમાં | H4421 |
| וְהִנֵּה | અને-જુઓ | H2009 |
| הָיְתָה | હતી | H1961 |
| חֶרֶב | તલવાર | H2719 |
| אִישׁ | દરેક-માણસની | H0376 |
| בְּרֵעֵהוּ | પોતાના-સાથીની-સામે | H7453 |
| מְהוּמָה | ગભરાટ | H4103 |
| גְּדוֹלָה | મોટો | |
| מְאֹד׃ | ઘણો | H3966 |

શાઉલ તથા તેની સાથે જે સર્વ લોકો હતા તેઓ એકત્ર થઈને લડવાને ગયા. દરેક પલિસ્તીની તલવાર પોતાના સાથીની વિરુદ્ધ હતી, ત્યારે શત્રુના સૈન્યમાં ભારે ગૂંચવાડો ઊભો થયો.

21

| | | |
|---|---|---|
| וְהָעִבְרִים | અને-હિબ્રૂઓ | H5680 |
| הָיוּ | જે-હતા | H1961 |
| לַפְּלִשְׁתִּים | પલિસ્તીઓ-સાથે | H6430 |
| כְּאֶתְמוֹל | પહેલાંની-જેમ | H0865 |
| שִׁלְשׁוֹם | — | H8032 |
| אֲשֶׁר | જેઓ | |
| עָלוּ | ગયા-હતા | H5927 |
| עִמָּם | તેઓની-સાથે | |
| בַּמַּחֲנֶה | છાવણીમાં | H4264 |
| סָבִיב | ચારે-બાજુ | H5439 |
| וְגַם־ | વળી | H1571 |
| הֵמָּה | તેઓ-પણ | H1992 |
| לִהְיוֹת | થવા-માટે | H1961 |
| עִם־ | સાથે | |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| אֲשֶׁר | જે | |
| עִם־ | સાથે | |
| שָׁאוּל | શાઉલ | H7586 |
| וְיוֹנָתָן׃ | અને-યોનાથાનના | H3129 |

હવે જે હિબ્રૂઓ અગાઉની પેઠે પલિસ્તીઓ સાથે હતા અને જેઓ તેઓની સાથે છાવણીમાં ગયા હતા, તેઓ પણ શાઉલ તથા યોનાથાનની સાથેના ઇઝરાયલીઓની સાથે ભળી ગયા.

22

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְכֹל | אִישׁ | יִשְׂרָאֵל | הַמִּתְחַבְּאִים | בְּהַר־ | אֶפְרַיִם | שָׁמְעוּ | כִּי־ | נָסוּ | פְלִשְׁתִּים |
| અને-સર્વ | માણસો | ઇઝરાયલના | જે-સંતાયેલા-હતા | પહાડમાં | એફ્રાઈમના | સાંભળ્યું | કે | ભાગ્યા | પલિસ્તીઓ |
| H3605 | H0376 | H3478 | H2244 | H2022 | H0669 | H8085 | | H5127 | H6430 |

| | | | | |
|---|---|---|---|---|
| וַיַּדְבְּקוּ | גַם־ | הֵמָּה | אַחֲרֵיהֶם | בַּמִּלְחָמָה׃ |
| અને-પીછો-કર્યો | પણ | તેઓએ | તેઓની-પાછળ | યુદ્ધમાં |
| H1692 | H1571 | H1992 | | H4421 |

ઇઝરાયલના જે બધા માણસો એફ્રાઇમના પહાડી દેશમાં સંતાઈ ગયા હતા તેઓએ સાંભળ્યું કે પલિસ્તીઓ નાસી રહ્યા છે, ત્યારે તેઓ પણ લડાઈમાં તેઓની પાછળ પડયા.

23

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיּוֹשַׁע | יְהוָה | בַּיּוֹם | הַהוּא | אֶת־ | יִשְׂרָאֵל | וְהַמִּלְחָמָה | עָבְרָה | אֶת־ | בֵּית אָוֶן׃ |
| અને-બચાવ્યું | યહોવાહે | તે-દિવસે | — | — | ઇઝરાયલને | અને-યુદ્ધ | આગળ-વધ્યું | — | બેથ-આવેન-સુધી |
| H3467 | H3068 | H3117 | H1931 | H0853 | H3478 | H4421 | | H0853 | H1007 |

એમ ઈશ્વરે તે દિવસે ઇઝરાયલનો બચાવ કર્યો અને લડાઈ બેથ-આવેનથી આગળ વધી.

24

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִישׁ־ | יִשְׂרָאֵל | נִגַּשׂ | בַּיּוֹם | הַהוּא | וַיֹּאֶל | שָׁאוּל | אֶת־ | הָעָם | לֵאמֹר |
| અને-માણસો | ઇઝરાયલના | દબાયેલા-હતા | તે-દિવસે | — | અને-શપથ-લેવડાવી | શાઉલે | — | લોકોને | કહેતાં |
| H0376 | H3478 | H5065 | H3117 | H1931 | H0422 | H7586 | H0853 | | H0559 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אָרוּר | הָאִישׁ | אֲשֶׁר־ | יֹאכַל | לֶחֶם | עַד־ | הָעֶרֶב | וְנִקַּמְתִּי | מֵאֹיְבַי | וְלֹא |
| શાપિત-હોય | તે-માણસ | જે | ખાય | ખોરાક | — | સાંજ-સુધી | અને-હું-બદલો-લઉં | મારા-શત્રુઓથી | અને-નહોતો |
| H0779 | H0376 | | H0398 | H3899 | H5704 | H6153 | H5358 | H0341 | H3808 |

| | | | | |
|---|---|---|---|---|
| טָעַם | כָּל־ | הָעָם | לָחֶם׃ | ס |
| ચાખ્યો | કોઈ-પણ | લોકોએ | ખોરાક | — |
| H2938 | H3605 | | H3899 | |

તે દિવસે ઇઝરાયલના માણસો હેરાન થયા હતા કેમ કે શાઉલે લોકોને સોગન દઈને કહ્યુ હતું, "સાંજ પડે ત્યાં સુધી અને મારા શત્રુઓ પર મારું વેર વાળું ત્યાં સુધી કોઈ માણસ કંઈ પણ ખોરાક ખાય તો તે શાપિત થાઓ," માટે લોકોમાંથી કોઈએ કશું ખાધું નહિ.

25

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְכָל־ | הָאָרֶץ | בָּאוּ | בַיָּעַר | וַיְהִי | דְבַשׁ | עַל־ | פְּנֵי | הַשָּׂדֶה׃ |
| અને-સર્વ | દેશ | આવ્યા | જંગલમાં | અને-હતું | મધ | ઉપર | ધરતી-પર | મેદાનની |
| H3605 | H0776 | H0935 | | H1961 | H1706 | | H6440 | |

પછી સર્વ સૈન્યો + 14:25 ઇઝરાયલીઓ વનમાં આવ્યા અને ત્યાં ભૂમિ ઉપર મધ હતું.

26

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹא | הָעָם | אֶל־ | הַיַּעַר | וְהִנֵּה | הֵלֶךְ | דְּבָשׁ | וְאֵין־ | מַשִּׂיג | יָדוֹ | אֶל־ |
| અને-આવ્યા | લોકો | — | જંગલમાં | અને-જુઓ | વહેતું-હતું | મધ | અને-નહોતો | લગાડતો | હાથ | — |
| H0935 | | H0413 | | H2009 | H1982 | H1706 | H0369 | H5381 | H3027 | H0413 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| פִּיו | כִּי־ | יָרֵא | הָעָם | אֶת־ | הַשְּׁבֻעָה׃ |
| મોઢે | કારણ-કે | ડરતા-હતા | લોકો | — | શપથથી |
| H6310 | | H3372 | | H0853 | H7621 |

લોકોએ વનમાં પ્રવેશ કર્યો ત્યારે, મધ ટપકતું હતું, પણ કોઈએ પોતાના હાથથી મધ લઈને ચાખ્યું નહિ કેમ કે તેઓ સોગનથી બીતા હતા.

27

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְיוֹנָתָן | לֹא־ | שָׁמַע | בְּהַשְׁבִּיעַ | אָבִיו | אֶת־ | הָעָם | וַיִּשְׁלַח | אֶת־ |
| અને-યોનાથાને | નહોતું | સાંભળ્યું | જ્યારે-શપથ-લેવડાવી-હતી | તેના-પિતાએ | — | લોકોને | અને-લંબાવ્યો | — |
| H3129 | H3808 | H8085 | H7650 | H0001 | H0853 | | H7971 | H0853 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| קְצֵה | הַמַּטֶּה | אֲשֶׁר | בְּיָדוֹ | וַיִּטְבֹּל | אוֹתָהּ | בְּיַעְרַת | הַדְּבָשׁ | וַיָּשֶׁב | יָדוֹ | אֶל־ |
| છેડો | લાકડીનો | જે | તેના-હાથમાં | અને-બોળ્યો | તેને | મધપૂડામાં | મધના | અને-પાછો-લાવ્યો | હાથ | — |
| | H4294 | | H3027 | H2881 | H0853 | H3295 | H1706 | H7725 | H3027 | H0413 |

| | | | |
|---|---|---|---|
| פִּיו | [ותראנה] | (וַתָּאֹרְנָה) | עֵינָיו׃ |
| મોઢે | — | અને-ચમક્યા | તેનાં-આંખો |
| H6310 | H7200 | H0215 | |

પણ યોનાથાનને ખબર ન હતી કે તેના પિતાએ લોકોને સોગન દીધા હતા. તેથી તેણે તો પોતાના હાથમાં જે લાકડી હતી તે લાંબી કરીને તેનો છેડો, મધપૂડામાં નાખીને તેને લાગેલું મધ ચાખ્યું. અને તેની આખોમાં તેજ આવ્યું + 14:27 તેને પોતાની તાકાત પાછળ મળ્યું.

28

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַן | אִישׁ | מֵהָעָם | וַיֹּאמֶר | הַשְׁבֵּעַ | הִשְׁבִּיעַ | אָבִיךָ | אֶת־ | הָעָם | לֵאמֹר |
| અને-જવાબ-આપ્યો | માણસે | લોકોમાંથી | અને-કહ્યુ | શપથ-લેવડાવી-છે | ખૂબ | તારા-પિતાએ | — | લોકોને | કહેતાં |
| | H0376 | | H0559 | H7650 | H7650 | H0001 | H0853 | | H0559 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אָרוּר | הָאִישׁ | אֲשֶׁר־ | יֹאכַל | לֶחֶם | הַיּוֹם | וַיָּעַף | הָעָם׃ |
| શાપિત-હોય | તે-માણસ | જે | ખાય | ખોરાક | આજે | અને-થાકેલા-છે | લોકો |
| H0779 | H0376 | | H0398 | H3899 | H3117 | | |

અને લોકોમાંથી એક જણે કહ્યુ, “તારા પિતાએ લોકોને સોગન આપીને સખત રીતે હુકમ કર્યો છે, ‘જે માણસ આજે અન્ન ખાય તે શાપિત થાય.’ તે સમયે લોકો નિર્બળ થઈ ગયા હતા.”

29

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | יוֹנָתָן | עָכַר | אָבִי | אֶת־ | הָאָרֶץ | רְאוּ־ | נָא | כִּי־ | אֹרוּ |
| અને-કહ્યુ | યોનાથાને | મુશ્કેલીમાં-નાખ્યા-છે | મારા-પિતાએ | — | દેશને | જુઓ | તો | કે | ચમક્યા |
| H0559 | H3129 | H5916 | H0001 | H0853 | H0776 | H7200 | H4994 | | H0215 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| עֵינַי | כִּי | טָעַמְתִּי | מְעַט | דְּבַשׁ | הַזֶּה׃ |
| મારાં-આખો | કારણ-કે | ચાખ્યું | થોડું | મધ | આ |
| | | H2938 | H4592 | H1706 | H2088 |

ત્યારે યોનાથાને કહ્યુ, “મારા પિતાએ દેશને હેરાન કર્યો છે. જો મારી આખોમાં કેવું તેજ આવ્યું છે કેમ કે મેં થોડું મધ ચાખ્યું છે,

30

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַף | כִּי | לוּא | אָכֹל | אָכַל | הַיּוֹם | הָעָם | מִשְּׁלַל | אֹיְבָיו | אֲשֶׁר | מָצָא | כִּי |
| કેટલું-વધારે | જો | ખરેખર | ખાધું | ખાધું-હોત | આજે | લોકોએ | લૂંટમાંથી | શત્રુઓની | જે | મળી | કારણ-કે |
| H0637 | | H3863 | H0398 | H0398 | H3117 | | H7998 | H0341 | | H4672 | |

| | | | | |
|---|---|---|---|---|
| עַתָּה | לֹא־ | רָבְתָה | מַכָּה | בַּפְּלִשְׁתִּים׃ |
| હવે | ન | વધ્યો-હોત | સંહાર | પલિસ્તીઓ-પર |
| H6258 | H3808 | | H4347 | H6430 |

જો આજે લોકોએ પોતાના શત્રુઓની પાસેથી મેળવેલી લૂંટમાંથી ભરપેટ ખાધું હોત, તો કેટલો વધારે ફાયદો થાત? કેમ કે તેથી તો હાલ પલિસ્તીઓમાં જે કતલ થઈ છે તેના કરતાં પણ ઘણી ભારે કતલ થઈ હોત.”

31

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּכּוּ | בַּיּוֹם | הַהוּא | בַּפְּלִשְׁתִּים | מִמִּכְמָשׂ | אַיָּלֹנָה | וַיָּעַף | הָעָם | מְאֹד׃ |
| અને-માર્યા | તે-દિવસે | — | પલિસ્તીઓને | મિખ્માશથી | આય્યાલોન-સુધી | અને-થાકી-ગયા | લોકો | ઘણા |
| H5221 | H3117 | H1931 | H6430 | H4363 | H0357 | | | H3966 |

અને તે દિવસે મિખ્માશથી આયાલોન સુધી તેઓ પલિસ્તીઓ પર હુમલો કરતા ગયા. પરંતુ લોકો ઘણાં નિર્બળ થયા.

32

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ]ויעש[ | )וַיַּעַט( | הָעָם | אֶל־ | ]שלל[ | )הַשָּׁלָל( | וַיִּקְחוּ | צֹאן | וּבָקָר | וּבְנֵי |
| — | અને-તૂટી-પડ્યા | લોકો | — | — | લૂંટ-પર | અને-લીધાં | ઘેટાં | અને-બળદો | અને-વાછરડાં |
| | H5860 | | H0413 | H7998 | H7998 | H3947 | H6629 | H1241 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בָקָר | וַיִּשְׁחֲטוּ־ | אָרְצָה | וַיֹּאכַל | הָעָם | עַל־ | הַדָּם׃ |
| — | અને-કાપ્યાં | જમીન-પર | અને-ખાધું | લોકોએ | સાથે | લોહીના |
| H1241 | | H0776 | H0398 | | | H1818 |

તેથી લોકો લૂંટ પર તૂટી પડ્યા અને ઘેટાં, બળદો અને વાછરડા લઈને, ભૂમિ ઉપર તેઓનો વધ કર્યો. લોકો લોહી સાથે તે ખાવા લાગ્યા.

33

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּגִּידוּ | לְשָׁאוּל | לֵאמֹר | הִנֵּה | הָעָם | חֹטְאִים | לַיהוָה | לֶאֱכֹל | עַל־ | הַדָּם | וַיֹּאמֶר |
| અને-કહ્યુ | શાઉલને | કહેતાં | જુઓ | લોકો | પાપ-કરે-છે | યહોવાહ-સામે | ખાઈને | સાથે | લોહીના | અને-કહ્યુ-તેણે |
| H5046 | H7586 | H0559 | H2009 | | H2398 | H3068 | H0398 | | H1818 | H0559 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| בְּגַדְתֶּם | גֹּלּוּ־ | אֵלַי | הַיּוֹם | אֶבֶן | גְּדוֹלָה׃ |
| વિશ્વાસઘાત-કર્યો-છે-તમે | ગબડાવો | મારી-પાસે | આજે | પથ્થર | મોટો |
| H0898 | H1556 | H0413 | H3117 | H0068 | |

ત્યારે તેઓએ શાઉલને કહ્યુ, “જો, લોકો રક્ત સાથે ખાઈને ઈશ્વર વિરુદ્ધ પાપ કરે છે.” શાઉલે કહ્યુ, “તમે ઉલ્લંઘન કર્યું છે. હવે, એક મોટો પથ્થર ગબડાવીને મારી પાસે લાવો.”

34

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| שָׁאוּל | શાઉલે | H7586 |
| פֻּצוּ | વિખેરાઓ | |
| בָעָם | લોકોમાં | |
| וַאֲמַרְתֶּם | અને-કહો | H0559 |
| לָהֶם | તેઓને | |
| הַגִּישׁוּ | લાવો | H5066 |
| אֵלַי | મારી-પાસે | H0413 |
| אִישׁ | દરેક | H0376 |
| שׁוֹרוֹ | પોતાનો-બળદ | H7794 |
| וְאִישׁ | અને-દરેક | H0376 |
| שֵׂיֵהוּ | પોતાનું-ઘેટું | H7716 |
| וּשְׁחַטְתֶּם | અને-કાપો | |
| בָזֶה | અહીં | H2088 |
| וַאֲכַלְתֶּם | અને-ખાઓ | H0398 |
| וְלֹא־ | અને-નહીં | H3808 |
| תֶחֶטְאוּ | પાપ-કરો | H2398 |
| לַיהוָה | યહોવાહ-સામે | H3068 |
| לֶאֱכֹל | ખાઈને | H0398 |
| אֶל־ | સાથે | H0413 |
| הַדָּם | લોહીના | H1818 |
| וַיַּגִּשׁוּ | અને-લાવ્યા | H5066 |
| כָל־ | સર્વ | H3605 |
| הָעָם | લોકો | |
| אִישׁ | દરેક | H0376 |
| שׁוֹרוֹ | પોતાનો-બળદ | H7794 |
| בְיָדוֹ | પોતાના-હાથમાં | H3027 |
| הַלַּיְלָה | તે-રાત્રે | H3915 |
| וַיִּשְׁחֲטוּ־ | અને-કાપ્યાં | |
| שָׁם׃ | ત્યાં | H8033 |

શાઉલે કહ્યુ, “તમે લોકો મધ્યે જાઓ, તેઓને કહો, ‘દરેક માણસ પોતાનો બળદ, પોતાનું ઘેટું અહીં મારી પાસે લાવે, અહીં તેઓને કાપે અને ખાય. પણ તમે રક્ત સાથે ખાઈને ઈશ્વર વિરુદ્ધ પાપ કરશો નહિ.’ અને તેઓમાંના દરેક માણસે એ રાત્રે પોતપોતાના બળદ લાવીને તેઓને ત્યાં કાપ્યા.

35

| | | |
|---|---|---|
| וַיִּבֶן | અને-બાંધ્યો | H1129 |
| שָׁאוּל | શાઉલે | H7586 |
| מִזְבֵּחַ | વેદી | H4196 |
| לַיהוָה | યહોવાહ-માટે | H3068 |
| אֹתוֹ | તે | H0853 |
| הֵחֵל | શરૂ-કર્યુ | |
| לִבְנוֹת | બાંધવાનું | H1129 |
| מִזְבֵּחַ | વેદી | H4196 |
| לַיהוָה׃ | યહોવાહ-માટે | H3068 |
| פ | — | |

શાઉલે ઈશ્વરને માટે વેદી બાંધી, એ તેણે ઈશ્વરને માટે બાંધેલી પ્રથમ વેદી હતી.

36

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| שָׁאוּל | શાઉલે | H7586 |
| נֵרְדָה | ઊતરીએ | H3381 |
| אַחֲרֵי | પાછળ | |
| פְלִשְׁתִּים | પલિસ્તીઓની | H6430 |
| לַיְלָה | રાત્રે | H3915 |
| וְנָבֹזָּה | અને-લૂંટીએ | H0962 |
| בָהֶם | તેઓને | |
| עַד־ | — | H5704 |
| אוֹר | પ્રકાશ-થાય-ત્યાં | H0216 |
| הַבֹּקֶר | સવારના | H1242 |
| וְלֹא־ | અને-ન | H3808 |
| נַשְׁאֵר | છોડીશું | H7604 |
| בָּהֶם | તેઓમાંથી | |
| אִישׁ | એક-પણ-માણસ | H0376 |
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| כָּל־ | બધું | H3605 |
| הַטּוֹב | સારું | |
| בְּעֵינֶיךָ | તારી-દૃષ્ટિમાં | |
| עֲשֵׂה | કર | |
| ס | — | |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הַכֹּהֵן | યાજકે | H3548 |
| נִקְרְבָה | નજીક-જઈએ | H7126 |
| הֲלֹם | અહીં | H1988 |
| אֶל־ | — | H0413 |
| הָאֱלֹהִים׃ | ઈશ્વર-પાસે | H0430 |

પછી શાઉલે કહ્યુ, “ચાલો આપણે રાતના સમયે પલિસ્તીઓની પાછળ પડીએ અને સવાર સુધી તેઓને લૂંટીએ; તેઓમાંના એક પણ માણસને જીવતો રહેવા ન દઈએ.” તેઓએ કહ્યુ, “જે કંઈ તને સારું લાગે તે કર.” પણ યાજકે કહ્યુ કે, “ચાલો આપણે અહીં ઈશ્વરની સમક્ષ એકત્ર થઈએ.”

37

| | | |
|---|---|---|
| וַיִּשְׁאַל | અને-પૂછ્યું | H7592 |
| שָׁאוּל | શાઉલે | H7586 |
| בֵּאלֹהִים | ઈશ્વરને | H0430 |
| הַאֵרֵד | શું-ઊતરું | H3381 |
| אַחֲרֵי | પાછળ | |
| פְלִשְׁתִּים | પલિસ્તીઓની | H6430 |
| הֲתִתְּנֵם | શું-આપશો-તેઓને | H5414 |
| בְּיַד | હાથમાં | H3027 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| וְלֹא | અને-ન | H3808 |
| עָנָהוּ | જવાબ-આપ્યો-તેમણે | |
| בַּיּוֹם | તે-દિવસે | H3117 |
| הַהוּא׃ | — | H1931 |

શાઉલે ઈશ્વર પાસે સલાહ માગી, “શું હું પલિસ્તીઓની પાછળ પડું? શું તમે તેઓને ઇઝરાયલના હાથમાં સોંપશો?” પણ ઈશ્વરે તે દિવસે કંઈ ઉત્તર આપ્યો નહિ.

38

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| שָׁאוּל | શાઉલે | H7586 |
| גֹּשׁוּ | આવો | H5066 |
| הֲלֹם | અહીં | H1988 |
| כֹּל | સર્વ | H3605 |
| פִּנּוֹת | આગેવાનો | H6438 |
| הָעָם | લોકોના | |
| וּדְעוּ | અને-જાણો | H3045 |
| וּרְאוּ | અને-જુઓ | H7200 |
| בַּמָּה | શેમાં | H4100 |
| הָיְתָה | થયું-છે | H1961 |
| הַחַטָּאת | પાપ | |
| הַזֹּאת | આ | H2063 |
| הַיּוֹם׃ | આજે | H3117 |

પછી શાઉલે કહ્યુ, “અહીં આવો, સર્વ લોકોના આગેવાનો તમે અહીં આવો; જુઓ અને જાણો કે આજે આ પાપ કયા કારણથી થયું છે?

39

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| כִּ֣י | કારણ-કે | |
| חַי־ | જીવતા-છે | |
| יְהוָ֗ה | યહોવાહ | H3068 |
| הַמּוֹשִׁ֙יעַ֙ | જે-બચાવે-છે | H3467 |
| אֶת־ | — | H0853 |
| יִשְׂרָאֵ֔ל | ઇઝરાયલને | H3478 |
| כִּ֥י | ભલે | |
| אִם־ | જો | |
| יֶשְׁנ֖וֹ | હોય | H3426 |
| בְּיוֹנָתָ֣ן | યોનાથાનમાં | H3129 |
| בְּנִ֑י | મારા-પુત્રમાં | |
| כִּ֥י | ખરેખર | |
| מ֖וֹת | મરણ | H4191 |
| יָמ֑וּת | મરશે | H4191 |
| וְאֵ֥ין | અને-કોઈ | H0369 |
| עֹנֵ֖הוּ | ન-જવાબ-આપ્યો-તેને | |
| מִכָּל־ | સર્વ | H3605 |
| הָעָֽם׃ | લોકોમાંથી | |

કેમ કે, ઇઝરાયલને બચાવનાર ઈશ્વર જે જીવે છે તેમના સમ દઈને કહું છું જો તે મારો દીકરો યોનાથાન હશે તો પણ, તે નક્કી માર્યો જશે.” પણ સર્વ લોકોમાંથી કોઈએ પણ તેને ઉત્તર આપ્યો નહિ.

40

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֹּ֣אמֶר | અને-કહ્યુ | H0559 |
| אֶל־ | — | H0413 |
| כָּל־ | સર્વ | H3605 |
| יִשְׂרָאֵ֗ל | ઇઝરાયલને | H3478 |
| אַתֶּם֙ | તમે | |
| תִּהְיוּ֙ | હશો | H1961 |
| לְעֵ֣בֶר | એક-બાજુ | H5676 |
| אֶחָ֔ד | — | H0259 |
| וַאֲנִי֙ | અને-હું | H0589 |
| וְיוֹנָתָ֣ן | અને-યોનાથાન | H3129 |
| בְּנִ֔י | મારો-પુત્ર | |
| נִֽהְיֶ֖ה | હોઈશું | H1961 |
| לְעֵ֣בֶר | બીજી-બાજુ | H5676 |
| אֶחָ֑ד | — | H0259 |
| וַיֹּאמְר֤וּ | અને-કહ્યુ | H0559 |
| הָעָם֙ | લોકોએ | |
| אֶל־ | — | H0413 |
| שָׁא֔וּל | શાઉલને | H7586 |
| הַטּ֥וֹב | સારું | |
| בְּעֵינֶ֖יךָ | તારી-દૃષ્ટિમાં | |
| עֲשֵֽׂה׃ | કર | |
| ס | — | |

ત્યારે શાઉલે સર્વ ઇઝરાયલને કહ્યુ, “તમે એક બાજુએ રહો, હું અને મારો દીકરો યોનાથાન બીજી બાજુએ રહીએ.” લોકોએ શાઉલને કહ્યુ, “જે તને સારું લાગે તે કર.”

41

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֹּ֣אמֶר | અને-કહ્યુ | H0559 |
| שָׁא֗וּל | શાઉલે | H7586 |
| אֶל־ | — | H0413 |
| יְהוָ֛ה | યહોવાહ | H3068 |
| אֱלֹהֵ֥י | ઈશ્વર | H0430 |
| יִשְׂרָאֵ֖ל | ઇઝરાયલના | H3478 |
| הָ֣בָה | આપો | H3051 |
| תָמִ֑ים | સત્ય | H8549 |
| וַיִּלָּכֵ֧ד | અને-પકડાયા | H3920 |
| יוֹנָתָ֛ן | યોનાથાન | H3129 |
| וְשָׁא֖וּל | અને-શાઉલ | H7586 |
| וְהָעָ֥ם | અને-લોકો | |
| יָצָֽאוּ׃ | મુક્ત-થયા | H3318 |

એ માટે શાઉલે, ઇઝરાયલના પ્રભુ, ઈશ્વરને કહ્યુ, “અમારા દોષો જણાવો.” ત્યારે યોનાથાન તથા શાઉલ ચિઠ્ઠીથી પકડાયા, પણ પસંદ કરાયેલા લોક બચી ગયા.

42

| Hebrew | Gujarati | Strong |
| וְעַתָּ֗ה | הִשָּׁ֤בְעָה | לִּי֙ | בַּֽיהוָ֔ה | אִם־ | תַּכְרִ֥ית | אֶת־ | זַרְעִ֖י | אַחֲרָ֑י | וְאִם־ |
| અને-હવે | શપથ-લે | મને | યહોવાનના | કે | નાશ-કરશે-નહિ | — | મારા-વંશને | મારી-પછી | અને-નહિ |
| H6258 | H7650 | | H3068 | | H3772 | H0853 | H2233 | | |

| | | | | |
|---|---|---|---|---|
| תַּשְׁמִ֥יד | אֶת־ | שְׁמִ֖י | מִבֵּ֥ית | אָבִֽי׃ |
| મિટાવશે-નહિ | — | મારું-નામ | મારા-પિતાન□-ઘરમાંથી | મારા-પિતાન□ |
| H8045 | H0853 | H8034 | | H0001 |

માટે હવે મારી આગળ ઈશ્વરના સોગન ખા, તું મારી પછીના વંશજોનો નાશ નહિ કરે અને તું મારું નામ મારા પિતાના ઘરમાંથી નષ્ટ નહિ કરે.”

22

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשָּׁבַ֥ע | דָּוִ֖ד | לְשָׁא֑וּל | וַיֵּ֤לֶךְ | שָׁאוּל֙ | אֶל־ | בֵּית֔וֹ | וְדָוִד֙ | וַֽאֲנָשָׁ֔יו | עָל֖וּ |
| અને-શપથ-લીધા | દાવિદે | શાઉલને | અને-ગયો | શાઉલ | — | પોતાન□-ઘરે | અને-દાવિદ | અને-તેના-માણસો | ચડ્યા |
| H7650 | H1732 | H7586 | H3212 | H7586 | H0413 | | H1732 | H0376 | H5927 |

| | | |
|---|---|---|
| עַל־ | הַמְּצוּדָֽה׃ | פ |
| — | કિલ્લામાં | — |

દાઉદે શાઉલ આગળ સમ ખાધા. પછી શાઉલ ઘરે ગયો, પણ દાઉદ તથા તેના માણસો ઉપર કિલ્લામાં ગયા.

## Chapter 25

1

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיָּ֣מָת | שְׁמוּאֵ֔ל | וַיִּקָּבְצ֤וּ | כָל־ | יִשְׂרָאֵל֙ | וַיִּסְפְּדוּ־ | ל֔וֹ | וַיִּקְבְּרֻ֥הוּ |
| અને-મૃત્યુ-પામ્યા | શમુએલ | અને-ભેગા-થયા | બધા | ઇઝરાયલ | અને-વિલાપ-કર્યો | તેના-માટે | અને-દફનાવ્યા-તેને |
| H4191 | H8050 | H6908 | H3605 | H3478 | H5594 | | H6912 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בְּבֵית֖וֹ | בָּרָמָ֑ה | וַיָּ֣קָם | דָּוִ֔ד | וַיֵּ֖רֶד | אֶל־ | מִדְבַּ֥ר | פָּארָֽן׃ | ס |
| તેના-ઘરમાં | રામાહમાં | અને-ઊઠ્યો | દાઉદ | અને-ઊતર્યો | તરફ | રણ | પારાનના | — |
| | H7414 | | H1732 | H3381 | H0413 | | H6290 | |

હવે શમુએલ મરણ પામ્યો. સર્વ ઇઝરાયલ એક સાથે એકત્ર થઈને તેને સારુ શોક કર્યો, તેઓએ તેને રામામાં તેના ઘરમાં દફનાવ્યો. પછી દાઉદ ઊઠીને પારાન + 25:1 મોઆન અરણ્યના અરણ્યમાં ગયો.

2

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְאִ֨ישׁ | בְּמָע֜וֹן | וּמַעֲשֵׂ֣הוּ | בְכַרְמֶ֗ל | וְהָאִישׁ֙ | גָּד֣וֹל | מְאֹ֔ד | וְל֛וֹ | צֹ֥אן |
| અને-એક-માણસ | માઓનમાં | અને-તેનો-ધંધો | કાર્મેલમાં | અને-તે-માણસ | મોટો | ઘણો | અને-તેની-પાસે | ઘેટાં |
| H0376 | H4584 | H4639 | H3760 | H0376 | | H3966 | | H6629 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| שְׁלֹֽשֶׁת־ | אֲלָפִ֖ים | וְאֶ֣לֶף | עִזִּ֑ים | וַיְהִ֛י | בִּגְזֹ֥ז | אֶת־ | צֹאנ֖וֹ | בַּכַּרְמֶֽל׃ |
| ત્રણ | હજાર | અને-હજાર | બકરાં | અને-થયું | ઊન-કાતરતી-વખતે | — | તેના-ઘેટાંનું | કાર્મેલમાં |
| H7969 | H0505 | H0505 | H5795 | H1961 | H1494 | H0853 | H6629 | H3760 |

માઓનમાં એક માણસ હતો, તેની મિલકત કાર્મેલમાં હતી. તે માણસ ઘણો શ્રીમંત હતો. તેની પાસે ત્રણ હજાર ઘેટાં તથા એક હજાર બકરાં હતાં. તે પોતાનાં ઘેટાં કાર્મેલમાં કાતરતો હતો.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְשֵׁם | הָאִישׁ | נָבָל | וְשֵׁם | אִשְׁתּוֹ | אֲבִגָיִל | וְהָאִשָּׁה | טוֹבַת־ | שֶׂכֶל | וִיפַת |
| અને-નામ | તે-માણસનું | નાબાલ | અને-નામ | તેની-પત્નીનું | અબીગાઈલ | અને-તે-સ્ત્રી | સારી | બુદ્ધિવાળી | અને-સુંદર |
| H8034 | H0376 | H5037 | H8034 | H0802 | H0026 | H0802 | | H7922 | H3303 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| תֹּאַר | וְהָאִישׁ | קָשֶׁה | וְרַע | מַעֲלָלִים | וְהוּא | [כלבו] | (כָלִבִּי׃) |
| દેખાવમાં | અને-તે-માણસ | કઠોર | અને-દુષ્ટ | કાર્યોમાં | અને-તે | — | કાલેબી |
| H8389 | H0376 | H7186 | | H4611 | H1931 | | H3614 |

તે માણસનું નામ નાબાલ હતું અને તેની પત્નીનું નામ અબિગાઈલ હતું. તે સ્ત્રી ઘણી બુદ્ધિમાન તથા દેખાવમાં સુંદર હતી. પણ તે માણસ કઠોર તથા પોતાના વ્યવહારમાં ખરાબ હતો. તે કાલેબના કુળનો વંશજ હતો.

4

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁמַע | דָוִד | בַּמִּדְבָּר | כִּי־ | גֹזֵז | נָבָל | אֶת־ | צֹאנוֹ׃ |
| અને-સાંભળ્યું | દાઉદે | રણમાં | કે | કાતરી-રહ્યો-છે | નાબાલ | — | તેના-ઘેટાંનું-ઊન |
| H8085 | H1732 | | | H1494 | H5037 | H0853 | H6629 |

દાઉદે અરણ્યમાં સાંભળ્યું કે નાબાલ પોતાનાં ઘેટાં કાતરે છે.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁלַח | דָּוִד | עֲשָׂרָה | נְעָרִים | וַיֹּאמֶר | דָּוִד | לַנְּעָרִים | עֲלוּ | כַרְמֶלָה | וּבָאתֶם | אֶל־ |
| અને-મોકલ્યા | દાઉદે | દસ | જુવાનો | અને-કહ્યુ | દાઉદે | જુવાનોને | ચઢો | કાર્મેલ-તરફ | અને-જાઓ | પાસે |
| H7971 | H1732 | H6235 | H5288 | H0559 | H1732 | H5288 | H5927 | H3760 | H0935 | H0413 |

| | | | | |
|---|---|---|---|---|
| נָבָל | וּשְׁאֶלְתֶּם־ | לוֹ | בִשְׁמִי | לְשָׁלוֹם׃ |
| નાબાલના | અને-પૂછો | તેને | મારા-નામે | શાંતિ |
| H5037 | H7592 | | H8034 | H7965 |

તેથી દાઉદે દસ જુવાન પુરુષોને મોકલ્યા. દાઉદે તે જુવાન પુરુષોને કહ્યુ કે, “તમે કાર્મેલ જઈને નાબાલને મારી સલામ કહેજો.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַאֲמַרְתֶּם | כֹּה | לֶחָי | וְאַתָּה | שָׁלוֹם | וּבֵיתְךָ | שָׁלוֹם | וְכֹל | אֲשֶׁר־ | לְךָ | שָׁלוֹם׃ |
| અને-કહો | આમ | જીવનારને | અને-તું | શાંતિમાં | અને-તારું-ઘર | શાંતિમાં | અને-બધું | જે | તારું-છે | શાંતિમાં |
| H0559 | H3541 | | | H7965 | | H7965 | H3605 | | | H7965 |

તમે તેને કહેજો કે તારું, તારા ઘરનાઓનું અને તારા સર્વસ્વનું ભલું થાઓ.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | שָׁמַעְתִּי | כִּי | גֹזְזִים | לָךְ | עַתָּה | הָרֹעִים | אֲשֶׁר־ | לְךָ | הָיוּ | עִמָּנוּ |
| અને-હવે | મેં-સાંભળ્યું-છે | કે | ઊન-કાતરનારા | તારા-છે | હવે | ભરવાડો | જે | તારા | હતા | અમારી-સાથે |
| H6258 | H8085 | | H1494 | | H6258 | | | | H1961 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא | הֶכְלַמְנוּם | וְלֹא־ | נִפְקַד | לָהֶם | מְאוּמָה | כָּל־ | יְמֵי | הֱיוֹתָם | בַּכַּרְמֶל׃ |
| નહિ | અમે-અપમાનિત-કર્યા | અને-નહિ | ખોવાયું | તેમનું | કંઈ-પણ | બધા | દિવસો | તેઓ-હતા-ત્યારે | કાર્મેલમાં |
| H3808 | H3637 | H3808 | | | H3972 | H3605 | H3117 | H1961 | H3760 |

મેં સાંભળ્યું છે કે તારી પાસે કાતરનારાઓ છે. તારાં ઘેટાંને સાચવનારાઓ તો અમારી સાથે હતા અને અમે તેઓને કશી ઈજા કરી નથી, તેમ જ જેટલો સમય તેઓ કાર્મેલમાં હતા તે દરમિયાન તેઓનું કંઈ પણ ખોવાયું નથી.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שְׁאַל | אֶת־ | נְעָרֶיךָ | וְיַגִּידוּ | לָךְ | וְיִמְצְאוּ | הַנְּעָרִים | חֵן | בְּעֵינֶיךָ | כִּי־ | עַל־ |
| પૂછો | — | તારા-જુવાનોને | અને-તેઓ-કહેશે | તને | અને-મળે | જુવાનોને | કૃપા | તારી-નજરમાં | કારણ-કે | ઉપર |
| H7592 | H0853 | H5288 | H5046 | | H4672 | H5288 | H2580 | | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יוֹם | טוֹב | בָּנוּ | תְּנָה־ | נָּא | אֵת | אֲשֶׁר | תִּמְצָא | יָדְךָ | לַעֲבָדֶיךָ |
| દિવસ | સારો | અમે-આવ્યા-છીએ | આપ | કૃપા-કરીને | — | જે-કંઈ | મળે | તારા-હાથમાં | તારા-સેવકોને |
| H3117 | | H0935 | H5414 | H4994 | H0853 | | H4672 | H3027 | H5650 |

| | |
|---|---|
| וּלְבִנְךָ | לְדָוִד׃ |
| અને-તારા-પુત્રને | દાઉદને |
| | H1732 |

તારા જુવાનોને પૂછ અને તેઓ તને કહેશે. હવે મારા જુવાન પુરુષો તારી દ્રષ્ટિમાં કૃપા પામે, કેમ કે અમે ઉત્સવના દિવસે આવ્યા છીએ. કૃપા કરી જે તારા હાથમાં હોય તે તારા દાસોને તથા તારા દીકરા દાઉદને આપ.'"

9

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹ֙אוּ֙ | נַעֲרֵ֣י | דָוִ֔ד | וַיְדַבְּר֥וּ | אֶל־ | נָבָ֛ל | כְּכָל־ | הַדְּבָרִ֥ים | הָאֵ֖לֶּה | בְּשֵׁ֣ם | דָּוִ֑ד | וַיָּנֽוּחוּ׃ |
| અને-આવ્યા | જુવાનો | દાઉદના | અને-બોલ્યા | — | નાબાલને | આ-બધા | વચનો | આ | નામે | દાઉદના | અને-રાહ-જોઈ |
| H0935 | H5288 | H1732 | H1696 | H0413 | H5037 | H3605 | H1697 | H0428 | H8034 | H1732 | H5117 |

જયારે દાઉદના જુવાન પુરુષો ત્યાં પહોંચ્યા, તેઓએ સર્વ બાબતો દાઉદને નામે નાબાલને કહી અને પછી શાંત રહ્યા.

10

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּ֨עַן | נָבָ֜ל | אֶת־ | עַבְדֵ֤י | דָוִד֙ | וַיֹּ֔אמֶר | מִ֥י | דָוִ֖ד | וּמִ֣י | בֶן־ | יִשָׁ֑י | הַיּוֹם֙ | רַבּ֣וּ | עֲבָדִ֔ים | הַמִּתְפָּ֣רְצִ֔ים | אִ֖ישׁ | מִפְּנֵ֥י אֲדֹנָֽיו׃ |
| અને-જવાબ-આપ્યો | નાબાલે | — | સેવકોને | દાઉદના | અને-કહ્યુ | કોણ-છે | દાઉદ | અને-કોણ-છે | પુત્ર | યિશાઈનો | આજકાલ | ઘણા-થઈ-ગયા-છે | દાસો | જેઓ-ભાગી-જાય-છે | દરેક | પોતાના-માલિક પાસેથી |
| | H5037 | H0853 | H5650 | H1732 | H0559 | H4310 | H1732 | H4310 | | H3448 | H3117 | | H5650 | H6555 | H0376 | H6440 H0113 |

નાબાલે દાઉદના ચાકરોને ઉત્તર આપ્યો, "દાઉદ કોણ છે? અને યિશાઈનો દીકરો કોણ છે? આ દિવસોમાં પોતાના માલિકો પાસેથી નાસી જનારાં ઘણાં ચાકરો છે.

11

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלָקַחְתִּ֤י | אֶת־ | לַחְמִי֙ | וְאֶת־ | מֵימַ֔י | וְאֵת֙ | טִבְחָתִ֔י | אֲשֶׁ֥ר | טָבַ֖חְתִּי | לְגֹזְזָ֑י | וְנָתַתִּי֙ | לַאֲנָשִׁ֔ים | אֲשֶׁר֙ | לֹ֣א | יָדַ֔עְתִּי | אֵ֥י | מִזֶּ֖ה | הֵֽמָּה׃ |
| અને-લઈ-લઉં | — | મારી-રોટલી | અને | મારું-પાણી | અને | મારું-માંસ | જે | મેં-કાપ્યું-છે | મારા-ઊન-કાતરનારા-માટે | અને-આપું | માણસોને | જેઓને | નહિ | હું-ઓળખતો | ક્યાંથી | આ | તેઓ-છે |
| H3947 | H0853 | H3899 | H0853 | H4325 | H0853 | H2878 | | H2873 | H1494 | H5414 | H0376 | | H3808 | H3045 | H0335 | H2088 | H1992 |

શું હું મારી રોટલી, પાણી તથા માંસ જે મેં મારાં ઘેટાંને કાતરનારાઓને સારું કાપેલું માંસ જે માણસો ક્યાંથી આવેલા છે એ હું જાણતો નથી તેઓને આપું?"

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּהַפְכ֥וּ | נַעֲרֵֽי־ | דָוִ֖ד | לְדַרְכָּ֑ם | וַיָּשֻׁ֕בוּ | וַיָּבֹ֕אוּ | וַיַּגִּ֣דוּ | ל֔וֹ | כְּכֹ֖ל | הַדְּבָרִ֥ים | הָאֵֽלֶּה׃ |
| અને-ફર્યા | જુવાનો | દાઉદના | પોતાના-માર્ગે | અને-પાછા-ફર્યા | અને-આવ્યા | અને-જણાવ્યું | તેને | બધા | વચનો | આ |
| H2015 | H5288 | H1732 | H1870 | H7725 | H0935 | H5046 | | H3605 | H1697 | H0428 |

તેથી દાઉદના જુવાન પુરુષોએ પાછા આવીને સર્વ બાબતો તેને કહી.

13

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר֩ | דָּוִ֨ד | לַאֲנָשָׁ֜יו | חִגְר֣וּ | אִ֣ישׁ | אֶת־ | חַרְבּ֗וֹ | וַֽיַּחְגְּרוּ֙ | אִ֣ישׁ | אֶת־ | חַרְבּ֔וֹ | וַיַּחְגֹּ֥ר | גַּם־ | דָּוִ֖ד | אֶת־ | חַרְבּ֑וֹ | וַיַּעֲל֣וּ | אַחֲרֵ֣י | דָוִ֗ד | כְּאַרְבַּ֤ע | מֵאוֹת֙ | אִ֔ישׁ | וּמָאתַ֖יִם | יָשְׁב֥וּ | עַל־ | הַכֵּלִֽים׃ |
| અને-કહ્યુ | દાઉદે | પોતાના-માણસોને | બાંધો | દરેક | — | પોતાની-તલવાર | અને-બાંધી | દરેક | — | પોતાની-તલવાર | અને-બાંધી | પણ | દાઉદે | — | પોતાની-તલવાર | અને-ચઢ્યા | પાછળ | દાઉદની | લગભગ-ચારસો | સો | માણસો | અને-બસો | રહ્યા | પાસે | સામાનના |
| H0559 | H1732 | H0376 | H2296 | H0376 | H0853 | H2719 | H2296 | H0376 | H0853 | H2719 | H2296 | H1571 | H1732 | H0853 | H2719 | H5927 | | H1732 | H0702 | H3967 | H0376 | H3967 | H3427 | | H3627 |

દાઉદે પોતાના માણસોને કહ્યું, "તમે સર્વ પોતપોતાની કમરે તલવાર બાંધો." તેથી દરેક માણસે પોતપોતાની કમરે તલવાર બાંધી. દાઉદે પણ પોતાની તલવાર કમરે બાંધી. આશરે ચારસો માણસો દાઉદની સાથે ગયા અને બસો સામાન પાસે રહ્યા.

14

| | | |
|---|---|---|
| וְלַאֲבִיגַיִל | અને-અબીગાઈલને | H0026 |
| אֵשֶׁת | પત્ની | H0802 |
| נָבָל | નાબાલની | H5037 |
| הִגִּיד | જણાવ્યું | H5046 |
| נַעַר־ | એક-જુવાને | H5288 |
| אֶחָד | એક | H0259 |
| מֵהַנְּעָרִים | જુવાનોમાંથી | H5288 |
| לֵאמֹר | કહીને | H0559 |
| הִנֵּה | જુઓ | H2009 |
| שָׁלַח | મોકલ્યા | H7971 |
| דָּוִד | દાઉદે | H1732 |
| וּמַלְאָכִים | સંદેશવાહકો | H4397 |
| מֵהַמִּדְבָּר | રણમાંથી | |
| לְבָרֵךְ | આશીર્વાદ-આપવા | H1288 |
| אֶת־ | — | H0853 |
| אֲדֹנֵינוּ | આપણા-માલિકને | H0113 |
| וַיָּעַט | અને-તે-વરસી-પડ્યો | |
| בָּהֶם׃ | તેમના-પર | |

પણ જુવાનોમાંના એક જણે નાબાલની પત્ની અબિગાઈલને કહ્યુ, "દાઉદે અમારા માલિકને સલામ કહેવા સારુ અરણ્યમાંથી સંદેશવાહકોને મોકલ્યા હતા અને તેણે તેઓનું અપમાન કર્યું.

15

| | | |
|---|---|---|
| וְהָאֲנָשִׁים | અને-તે-માણસો | H0376 |
| טֹבִים | ભલા | |
| לָנוּ | અમારા-પ્રત્યે | |
| מְאֹד | ઘણા | H3966 |
| וְלֹא | અને-નહિ | H3808 |
| הָכְלַמְנוּ | અમને-અપમાનિત-કર્યા | H3637 |
| וְלֹא־ | અને-નહિ | H3808 |
| פָקַדְנוּ | ખોવાયું-અમારું | |
| מְאוּמָה | કંઈ-પણ | H3972 |
| כָּל־ | બધા | H3605 |
| יְמֵי | દિવસો | H3117 |
| הִתְהַלַּכְנוּ | અમે-ફર્યા | H1980 |
| אִתָּם | તેમની-સાથે | H0854 |
| בִּהְיוֹתֵנוּ | જ્યારે-અમે-હતા | H1961 |
| בַּשָּׂדֶה׃ | ખેતરમાં | |

છતાં તે માણસો અમારી સાથે ઘણી સારી રીતે વર્ત્યા હતા. જ્યાં સુધી અમે તેઓની સાથે ખેતરમાં ગયા હતા ત્યાં સુધી અમને કંઈ પણ ઈજા કરવામાં આવી ન હતી. અને અમારું કશું પણ ખોવાયું નહોતું.

16

| | | |
|---|---|---|
| חוֹמָה | દીવાલ | H2346 |
| הָיוּ | હતા-તેઓ | H1961 |
| עָלֵינוּ | અમારા-ઉપર | |
| גַּם־ | પણ | H1571 |
| לַיְלָה | રાત્રે | H3915 |
| גַּם־ | પણ | H1571 |
| יוֹמָם | દિવસે | H3119 |
| כָּל־ | બધા | H3605 |
| יְמֵי | દિવસો | H3117 |
| הֱיוֹתֵנוּ | અમે-હતા-ત્યારે | H1961 |
| עִמָּם | તેમની-સાથે | |
| רֹעִים | ચરાવતા | |
| הַצֹּאן׃ | ઘેટાં | H6629 |

પણ ઘેટાં સાચવવા માટે જેટલો વખત અમે તેઓની સાથે રહ્યા તે દરમિયાન રાત્રે તેમ જ દિવસે તેઓ અમારા લાભમાં કોટરૂપ હતા.

17

| | | |
|---|---|---|
| וְעַתָּה | અને-હવે | H6258 |
| דְּעִי | જાણો | H3045 |
| וּרְאִי | અને-જુઓ | H7200 |
| מַה־ | શું | H4100 |
| תַּעֲשִׂי | કરશો-તમે | |
| כִּי־ | કારણ-કે | |
| כָלְתָה | નક્કી-થયેલી-છે | H3615 |
| הָרָעָה | વિપત્તિ | |
| אֶל־ | ઉપર | H0413 |
| אֲדֹנֵינוּ | આપણા-માલિક | H0113 |
| וְעַל | અને-ઉપર | |
| כָּל־ | બધા | H3605 |
| בֵּיתוֹ | તેના-ઘરના | |
| וְהוּא | અને-તે | H1931 |
| בֶן־ | પુત્ર | |
| בְּלִיַּעַל | બલિયાલનો | H1100 |
| מִדַּבֵּר | બોલવાથી | H1696 |
| אֵלָיו׃ | તેને | H0413 |

તો હવે તારે શું કરવું તે જાણ તથા વિચાર કર. અમારા માલિકની વિરુદ્ધ તથા તેના આખા કુટુંબને પાયમાલ કરવાનું કાવતરું કરવામાં આવ્યું છે. કેમ કે તે ખરેખર એવા હલકા પ્રકારનો છે કે તેની સાથે કોઈ વાત કરી શકે નહિ."

18

| | | |
|---|---|---|
| וַתְּמַהֵר | અને-ઉતાવળ-કરી | |
| [אבוגיל] | — | H0026 |
| (אֲבִיגַיִל) | અબીગાઈલે | H0026 |
| וַתִּקַּח | અને-લીધી | H3947 |
| מָאתַיִם | બસો | H3967 |
| לֶחֶם | રોટલીઓ | H3899 |
| וּשְׁנַיִם | અને-બે | H8147 |
| נִבְלֵי־ | ચામડાની-કોથળીઓ | |
| יַיִן | દ્રાક્ષારસની | H3196 |
| וְחָמֵשׁ | અને-પાંચ | H2568 |
| צֹאן | ઘેટાં | H6629 |
| [עשוות] | — | |
| (עֲשׂוּיֹת) | તૈયાર-કરેલાં | |
| וְחָמֵשׁ | અને-પાંચ | H2568 |
| סְאִים | માપ | H5429 |
| קָלִי | શેકેલા-અનાજનાં | H7039 |
| וּמֵאָה | અને-સો | H3967 |
| צִמֻּקִים | સૂકી-દ્રાક્ષના-ઝૂમખા | H6778 |
| וּמָאתַיִם | અને-બસો | H3967 |
| דְּבֵלִים | અજીરની-ટિક્કીઓ | H1690 |
| וַתָּשֶׂם | અને-મૂક્યાં | |
| עַל־ | ઉપર | |
| הַחֲמֹרִים׃ | ગધેડાઓ-પર | H2543 |

પછી અબિગાઈલ ઉતાવળથી બસો રોટલી, દ્રાક્ષારસની બે મશકો, રાંધીને તૈયાર કરેલ પાંચ ઘેટાંનું માંસ, પાંચ માપ + 25:18 લગભગ 20 કિલોગ્રામ પોંક, દ્રાક્ષાની સો લૂમ તથા અજીરનાં બસો ચકતાં ગધેડાં પર મૂક્યાં.

19
וַתֹּאמֶר અને–કહ્યુ H0559
לִנְעָרֶיהָ તેના–જુવાનોને H5288
עִבְרוּ આગળ–જાઓ
לְפָנַי મારી–આગળ H6440
הִנְנִי હું–જુઓ H2009
אַחֲרֵיכֶם તમારી–પાછળ
בָּאָה આવું–છું H0935
וּלְאִישָׁהּ અને–તેના–પતિને H0376
נָבָל નાબાલને H5037
לֹא નહિ H3808
הִגִּידָה׃ તેણે–કહ્યુ H5046

તેણે પોતાના જુવાનોને પુરુષોને કહ્યુ, “તમે મારી આગળ જાઓ, હું તમારી પાછળ આવું છું.” આ વિષે તેણે પોતાના પતિ નાબાલને કશું જણાવ્યું નહિ.

20
וְהָיָה અને–થયું H1961
הִיא તે H1931
רֹכֶבֶת સવાર–થઈને H7392
עַל־ ઉપર
הַחֲמוֹר ગધેડા–પર H2543
וְיֹרֶדֶת અને–ઊતરતી–હતી H3381
בְּסֵתֶר છુપાઈને
הָהָר પહાડની H2022
וְהִנֵּה અને–જુઓ H2009
דָוִד દાઉદ H1732
וַאֲנָשָׁיו અને–તેના–માણસો H0376
יֹרְדִים ઊતરી–રહ્યા–હતા H3381
לִקְרָאתָהּ તેની–સામે H7122
וַתִּפְגֹּשׁ અને–મળી H6298
אֹתָם׃ તેઓને H0853

તે પોતાના ગધેડા પર સવારી કરીને પર્વતની ઓથે જઈ રહી હતી, ત્યારે દાઉદ તથા તેના માણસો તેની સામે આવતા હતા અને તે તેઓને મળી.

21
וְדָוִד અને–દાઉદ H1732
אָמַר બોલ્યો–હતો H0559
אַךְ ખરેખર H0389
לַשֶּׁקֶר વ્યર્થ H8267
שָׁמַרְתִּי મેં–રક્ષા–કરી H8104
אֶת־ — H0853
כָּל־ બધું H3605
אֲשֶׁר જે
לָזֶה આનું–છે–તે H2088
בַּמִּדְבָּר રણમાં
וְלֹא־ અને–નહિ H3808
נִפְקַד ખોવાયું
מִכָּל־ બધામાંથી–જે H3605
אֲשֶׁר־ —
לוֹ તેનું–છે
מְאוּמָה કંઈ–પણ H3972
וַיָּשֶׁב־ અને–તેણે–પાછું–આપ્યું H7725
לִי મને
רָעָה ખરાબ
תַּחַת બદલામાં H8478
טוֹבָה׃ ભલાઈના

દાઉદે કહ્યુ હતું, “આ માણસની અરણ્યમાંની મિલકત મેં એવી રીતે સંભાળી કે તેનું કશું પણ ચોરાયું કે ખોવાયું નહોતું, પણ મારી એ બધી સેવાની કદર થઈ નથી. તેણે મારા પર ઉપકારને બદલે અપકાર કર્યો છે.

22
כֹּה־ આમ H3541
יַעֲשֶׂה કરે
אֱלֹהִים ઈશ્વર H0430
לְאֹיְבֵי દુશ્મનોને H0341
דָוִד દાઉદના H1732
וְכֹה અને–આમ H3541
יֹסִיף ઉમેરે H3254
אִם־ જો
אַשְׁאִיר હું–છોડું H7604
מִכָּל־ બધામાંથી–જે H3605
אֲשֶׁר־ —
לוֹ તેનું–છે
עַד־ સુધી H5704
הַבֹּקֶר સવારના H1242
מַשְׁתִּין દીવાલ–પર–પેશાબ–કરનાર H8366
בְּקִיר׃ એક–પણ H7023

જે સર્વ તેનું છે તેમાંથી સવારનું અજવાળું થતાં સુધીમાં એકાદ પુરુષને પણ જો હું જીવતો રહેવા દઉં, તો ઈશ્વર દાઉદના શત્રુઓને એવું અને એના કરતાં વધારે દુઃખ પમાડો.”

23
וַתֵּרֶא અને–જોઈ H7200
אֲבִיגַיִל અબીગાઈલે H0026
אֶת־ — H0853
דָּוִד દાઉદને H1732
וַתְּמַהֵר અને–ઉતાવળ–કરી
וַתֵּרֶד અને–ઉતરી H3381
מֵעַל ઉપરથી
הַחֲמוֹר ગધેડા–પરથી H2543
וַתִּפֹּל અને–પડી H5307
לְאַפֵּי મુખ–પર H0639
דָוִד દાઉદની–સામે H1732
עַל־ ઉપર
פָּנֶיהָ પોતાના–મુખ–પર H6440
וַתִּשְׁתַּחוּ અને–નમી H7812
אָרֶץ׃ જમીન–પર H0776

જયારે અબિગાઈલે દાઉદને જોયો, ત્યારે તે ઉતાવળથી પોતાના ગધેડા પરથી ઊતરી પડી અને તેના મુખ આગળ સાષ્ટાંગ દંડવત કરીને જમીન સુધી નમીને પ્રમાણ કર્યા.

24
וַתִּפֹּל અને–પડી H5307
עַל־ ઉપર
רַגְלָיו તેના–પગ–પર H7272
וַתֹּאמֶר અને–કહ્યુ H0559
בִּי־ મારા–ઉપર
אֲנִי હું H0589
אֲדֹנִי મારા–સ્વામી H0113
הֶעָוֹן અપરાધ H5771
וּתְדַבֶּר־ અને–બોલવા–દો H1696
נָא કૃપા–કરીને H4994
אֲמָתְךָ તારી–દાસીને H0519
בְּאָזְנֶיךָ તારા–કાનમાં H0241
וּשְׁמַע અને–સાંભળો H8085
אֵת — H0853
דִּבְרֵי વચનો H1697
אֲמָתֶךָ׃ તારી–દાસીનાં H0519

તેણે તેના પગે પડીને કહ્યુ, “હે મારા માલિક, આ અપરાધ મારે શિરે, હા, મારા શિરે ગણાય. કૃપા કરીને આપની સેવિકાને તમારી સાથે વાત કરવા દો. મારી વાત સાંભળો.

| 25 | אַל־ | נָא | יָשִׂים | אֲדֹנִי | אֶת־ | לִבּוֹ | אֶל־ | אִישׁ | הַבְּלִיַּעַל | הַזֶּה | עַל־ | נָבָל |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ના | કૃપા-કરીને | રાખે | મારા-સ્વામી | — | પોતાનું-હૃદય | ઉપર | માણસ | બલિયાલના | આ | ઉપર | નાબાલ |
| | H0408 | H4994 | | H0113 | H0853 | | H0413 | H0376 | H1100 | H2088 | | H5037 |

| כִּי | כִשְׁמוֹ | כֶּן־ | הוּא | נָבָל | שְׁמוֹ | וּנְבָלָה | עִמּוֹ | וַאֲנִי | אֲמָתְךָ | לֹא |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | જેવું-તેનું-નામ | તેવો | તે-છે | નાબાલ | તેનું-નામ | અને-મૂર્ખતા | તેની-સાથે | અને-હું | તારી-દાસી | નહિ |
| | H8034 | | H1931 | H5037 | H8034 | H5039 | | H0589 | H0519 | H3808 |

| רָאִיתִי | אֶת־ | נַעֲרֵי | אֲדֹנִי | אֲשֶׁר | שָׁלָחְתָּ׃ |
|---|---|---|---|---|---|
| જોયા-હતા | — | જુવાનોને | મારા-સ્વામીના | જે | તેં-મોકલ્યા-હતા |
| H7200 | H0853 | H5288 | H0113 | | H7971 |

મારા માલિકે આ નકામા માણસ નાબાલને ગણકારવો નહિ, કેમ કે જેવું તેનું નામ છે + 25:25 દુષ્ટ, તેવો જ તે છે. તેનું નામ નાબાલ + 25:25 મૂર્ખ છે અને તેનામાં નાદાની છે. પણ મારા માલિકના માણસો જેઓને તેં મોકલ્યા હતા તેઓને તમારી સેવિકાએ એટલે કે મેં જોયા નહોતા.

| 26 | וְעַתָּה | אֲדֹנִי | חַי־ | יְהוָה | וְחֵי־ | נַפְשְׁךָ | אֲשֶׁר | מְנָעֲךָ | יְהוָה | מִבּוֹא |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-હવે | મારા-સ્વામી | જીવતા-છે | યહોવા | અને-જીવતો-છે | તારો-જીવ | જેણે | તને-રોક્યો-છે | યહોવાએ | આવવાથી |
| | H6258 | H0113 | | H3068 | | H5315 | | H4513 | H3068 | H0935 |

| בְדָמִים | וְהוֹשֵׁעַ | יָדְךָ | לָךְ | וְעַתָּה | יִהְיוּ | כְנָבָל | אֹיְבֶיךָ | וְהַמְבַקְשִׁים | אֶל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| રક્તપાતમાં | અને-બચાવ્યો | તારા-હાથને | તને | અને-હવે | થાઓ | નાબાલ-જેવા | તારા-દુશ્મનો | અને-જેઓ-શોધે-છે | વિરુદ્ધ |
| H1818 | H3467 | H3027 | | H6258 | H1961 | H5037 | H0341 | H1245 | H0413 |

| אֲדֹנִי | רָעָה׃ |
|---|---|
| મારા-સ્વામીના | ખરાબ |
| H0113 | |

માટે હવે, હે મારા માલિક, હું જીવતા ઈશ્વરના તથા તમારા સમ ખાઈને કહું છું, ઈશ્વર તમને ખૂનના દોષથી, તમારે હાથે તમારું વેર લેવાથી પાછા રાખ્યા છે. તમારા શત્રુઓ, મારા માલિકનું અહિત તાકનારાઓ નાબાલ જેવા થાઓ.

| 27 | וְעַתָּה | הַבְּרָכָה | הַזֹּאת | אֲשֶׁר־ | הֵבִיא | שִׁפְחָתְךָ | לַאדֹנִי | וְנִתְּנָה | לַנְּעָרִים |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-હવે | ભેટ | આ | જે | લાવી-છે | તારી-દાસી | મારા-સ્વામી-માટે | અને-આપવામાં-આવે | જુવાનોને |
| | H6258 | H1293 | H2063 | | H0935 | H8198 | H0113 | H5414 | H5288 |

| הַמִּתְהַלְּכִים | בְּרַגְלֵי | אֲדֹנִי׃ |
|---|---|---|
| જેઓ-ચાલે-છે | પગલે-પગલે | મારા-સ્વામીના |
| H1980 | H7272 | H0113 |

અને હવે આ ભેંટ જે તમારી સેવિકા મારા માલિકને સારુ લાવી છે, તે જે જુવાનો મારા માલિકને અનુસરનારા છે તેઓને આપવામાં આવે.

| 28 | שָׂא | נָא | לְפֶשַׁע | אֲמָתֶךָ | כִּי | עָשֹׂה־ | יַעֲשֶׂה | יְהוָה | לַאדֹנִי | בַּיִת | נֶאֱמָן |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઉઠાવો | કૃપા-કરીને | અપરાધ | તારી-દાસીનો | કારણ-કે | ચોક્કસ | બનાવશે | યહોવા | મારા-સ્વામી-માટે | ઘર | વિશ્વાસુ |
| | H5375 | H4994 | H6588 | H0519 | | | | H3068 | H0113 | | H0539 |

| כִּי־ | מִלְחֲמוֹת | יְהוָה | אֲדֹנִי | נִלְחָם | וְרָעָה | לֹא־ | תִמָּצֵא | בְךָ | מִיָּמֶיךָ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | યુદ્ધો | યહોવાના | મારા-સ્વામી | લડે-છે | અને-ખરાબ | નહિ | મળશે | તારામાં | તારા-દિવસોમાં |
| | H4421 | H3068 | H0113 | | | H3808 | H4672 | | H3117 |

કૃપા કરી તમારી સેવિકાનો અપરાધ માફ કરો, કેમ કે ચોક્કસ ઈશ્વર મારા માલિકના ઘરને મજબૂત બનાવશે, કેમ કે મારા માલિક ઈશ્વરની લડાઈ લડે છે; અને જ્યાં સુધી તમે જીવો ત્યાં સુધી તમારામાં દુરાચાર માલૂમ પડશે નહિ.

29

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּקָם | אָדָם | לִרְדָפְךָ | וּלְבַקֵּשׁ | אֶת־ | נַפְשֶׁךָ | וְהָיְתָה | נֶפֶשׁ | אֲדֹנִי | צְרוּרָה |
| અને-ઊઠે | માણસ | તને-પાછો-લેવા | અને-શોધવા | — | તારો-જીવ | અને-હશે | જીવ | મારા-સ્વામીનો | બાંધેલો |
| | H0120 | H7291 | H1245 | H0853 | H5315 | H1961 | H5315 | H0113 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בִּצְרוֹר | הַחַיִּים | אֵת | יְהוָה | אֱלֹהֶיךָ | וְאֵת | נֶפֶשׁ | אֹיְבֶיךָ | יְקַלְּעֶנָּה | בְּתוֹךְ | כַּף |
| ગાંસડીમાં | જીવનના | સાથે | યહોવા | તારા-ઈશ્વરના | અને | જીવ | તારા-દુશ્મનોનો | ફેંકી-દેશે | વચ્ચેથી | ઘોકામાંથી |
| | | H0854 | H3068 | H0430 | H0853 | H5315 | H0341 | | H8432 | H3709 |

| |
|---|
| הַקָּלַע׃ |
| ગોફણના |

અને જો કે આપની પાછળ પડવાને તથા જીવ લેવાને ઘણાં માણસો ઊભા થશે, તો પણ મારા માલિકનો જીવ પ્રભુ તમારા ઈશ્વરની પાસેના જીવનના ભંડારમાં બાંધી રખાશે; અને તે તમારા શત્રુનું જીવન ગોફણમાંથી વીંઝાયેલા પથ્થરની માફક ફેંકી દેશે.

30

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָה | כִּי־ | יַעֲשֶׂה | יְהוָה | לַאדֹנִי | כְּכֹל | אֲשֶׁר־ | דִּבֶּר | אֶת־ | הַטּוֹבָה | עָלֶיךָ |
| અને-થશે | જ્યારે | કરશે | યહોવા | મારા-સ્વામી-માટે | પ્રમાણે-બધું | જે | બોલ્યા-છે | — | ભલું | તારા-વિષે |
| H1961 | | | H3068 | H0113 | H3605 | | H1696 | H0853 | | |

| | | | |
|---|---|---|---|
| וְצִוְּךָ | לְנָגִיד | עַל־ | יִשְׂרָאֵל׃ |
| અને-નિયુક્ત-કરશે-તને | આગેવાન-તરીકે | ઉપર | ઇઝરાયલ-પર |
| H6680 | H5057 | | H3478 |

અને જે સર્વ હિતવચનો ઈશ્વર તમારા વિષે બોલ્યા છે તે પ્રમાણે જયારે તેમણે મારા માલિકને કર્યું હશે અને આપને ઇઝરાયલ ઉપર આગેવાન ઠરાવ્યાં હશે, ત્યારે એમ થશે કે,

31

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלֹא | תִהְיֶה | זֹאת | לְךָ | לְפוּקָה | וּלְמִכְשׁוֹל | לֵב | לַאדֹנִי | וְלִשְׁפָּךְ־ | דָּם | חִנָּם |
| અને-નહિ | થાય | આ | તને | ઠોકર-રૂપ | અને-અતરાત્માના-દોષ | હૃદયના | મારા-સ્વામીને | અને-રેડવા | રક્ત | નકામું |
| H3808 | H1961 | H2063 | | H6330 | H4383 | | H0113 | H8210 | H1818 | H2600 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּלְהוֹשִׁיעַ | אֲדֹנִי | לוֹ | וְהֵיטִב | יְהוָה | לַאדֹנִי | וְזָכַרְתָּ | אֶת־ | אֲמָתֶךָ׃ | ס |
| અને-બચાવવા | મારા-સ્વામીએ | પોતાને | અને-ભલું-કરે | યહોવા | મારા-સ્વામીને | અને-યાદ-કરજો | — | તારી-દાસીને | — |
| H3467 | H0113 | | H3190 | H3068 | H0113 | H2142 | H0853 | H0519 | |

મારા માલિક, આ વાતથી આપને દુ:ખ કે ખેદ થવો ના જોઈએ, તમે વગર કારણે રક્તપાત કર્યો નથી કે વેર રાખ્યું નથી. અને જયારે ઈશ્વર આપનું એટલે કે મારા માલિકનું ભલું કરે, ત્યારે આપની સેવિકાને લક્ષમાં રાખજો."

32

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | דָּוִד | לַאֲבִיגַל | בָּרוּךְ | יְהוָה | אֱלֹהֵי | יִשְׂרָאֵל | אֲשֶׁר | שְׁלָחֵךְ | הַיּוֹם | הַזֶּה |
| અને-કહ્યુ | દાઉદે | અબીગાઈલને | ધન્ય-છે | યહોવા | ઈશ્વર | ઇઝરાયલના | જેણે | તને-મોકલી | આજે | આ |
| H0559 | H1732 | H0026 | H1288 | H3068 | H0430 | H3478 | | H7971 | H3117 | H2088 |

| |
|---|
| לִקְרָאתִי׃ |
| મને-મળવા |
| H7122 |

દાઉદે અબિગાઈલને કહ્યુ, "ઈશ્વર, ઇઝરાયલના ઈશ્વરની પ્રશંસા હો, કે જેમણે તને આજ મને મળવાને મોકલી.

33

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבָרוּךְ | טַעְמֵךְ | וּבְרוּכָה | אָתְּ | אֲשֶׁר | כְּלִתִנִי | הַיּוֹם | הַזֶּה | מִבּוֹא | בְדָמִים |
| અને-ધન્ય-છે | તારી-બુદ્ધિ | અને-ધન્ય-છે | તું | જેણે | મને-રોક્યો | આજે | આ | આવવાથી | રક્તપાતમાં |
| H1288 | H2940 | H1288 | | | H3607 | H3117 | H2088 | H0935 | H1818 |

| | | |
|---|---|---|
| וְהֹשֵׁעַ | יָדִי | לִי׃ |
| અને-બચાવ્યો | મારા-હાથને | મારા-માટે |
| H3467 | H3027 | |

અને તારી બુદ્ધિની તથા તારી હું પ્રશંસા કરું છું. કારણ કે તેં મને આજે ખૂનના દોષથી અને મારે પોતાને હાથે મારું પોતાનું વેર વાળવાથી અટકાવ્યો છે.

34
וְאוּלָם અને-ખરેખર H0199
חַי־ જીવતા-છે
יְהוָה યહોવા H3068
אֱלֹהֵי ઈશ્વર H0430
יִשְׂרָאֵל ઇઝરાયલના H3478
אֲשֶׁר જેણે
מְנָעַנִי મને-રોક્યો H4513
מֵהָרַע ખરાબ-કરવાથી
אֹתָךְ તને H0853
כִּי કારણ-કે
לוּלֵי જો-નહિ H3884
מִהַרְתְּ ઉતાવળ-કરી-હોત-તેં
]ותבאתי[ — H0935
)וַתָּבֹאת( અને-આવી-હોત H0935
לִקְרָאתִי મને-મળવા H7122
כִּי ચોક્કસ
אִם־ જો-નહિ
נוֹתַר બાકી-રહ્યો-હોત H3498
לְנָבָל નાબાલનો H5037
עַד־ સુધી H5704
אוֹר પ્રકાશ H0216
הַבֹּקֶר સવારનો H1242
מַשְׁתִּין દીવાલ-પર-પેશાબ-કરનાર H8366
בְּקִיר׃ એક-પણ H7023

ઇઝરાયલના જીવંત ઈશ્વર, જેમણે તને નુકસાન કરવાથી મને પાછો રાખ્યો છે, તેમના સોગનપૂર્વક હું કહું છું કે જો તું ઉતાવળથી આવીને મને મળી ન હોત, તો નિશ્ચે સવારનું અજવાળું થતાં પહેલા નાબાલનું એક નર બાળક સરખુંય રહેવા દેવામાં આવત નહિ. સંહાર કરાઈ ગયો હોત”

35
וַיִּקַּח અને-લીધું H3947
דָּוִד દાઉદે H1732
מִיָּדָהּ તેના-હાથમાંથી H3027
אֵת — H0853
אֲשֶׁר־ જે
הֵבִיאָה તે-લાવી-હતી H0935
לוֹ તેના-માટે
וְלָהּ અને-તેને
אָמַר કહ્યુ H0559
עֲלִי જા H5927
לְשָׁלוֹם શાંતિમાં H7965
לְבֵיתֵךְ તારા-ઘરે
רְאִי જો H7200
שָׁמַעְתִּי મેં-સાંભળ્યું-છે H8085
בְּקוֹלֵךְ તારો-અવાજ
וָאֶשָּׂא અને-સ્વીકાર્યું-છે H5375
פָּנָיִךְ׃ તારું-મુખ H6440

પછી જે તે તેને માટે લાવી હતી તે દાઉદે તેના હાથમાંથી લીધું; દાઉદે તેને કહ્યુ, “શાંતિથી તારા ઘરે જા; જો, મેં તારી વિનંતી સાંભળી છે તારે ખાતર તે બધું હું સ્વીકારું છું.”

36
וַתָּבֹא અને-આવી H0935
אֲבִיגַיִל અબીગાઈલ H0026
אֶל־ પાસે H0413
נָבָל નાબાલના H5037
וְהִנֵּה־ અને-જુઓ H2009
לוֹ તેના-માટે
מִשְׁתֶּה ભોજન H4960
בְּבֵיתוֹ તેના-ઘરમાં
כְּמִשְׁתֵּה જેવું-ભોજન H4960
הַמֶּלֶךְ રાજાનું H4428
וְלֵב અને-હૃદય
נָבָל નાબાલનું H5037
טוֹב સારું-હતું
עָלָיו તેના-ઉપર
וְהוּא અને-તે H1931
שִׁכֹּר નશામાં-હતો H7910
עַד־ સુધી H5704
מְאֹד ખૂબ H3966
וְלֹא־ અને-નહિ H3808
הִגִּידָה તેણે-કહ્યુ H5046
לּוֹ તેને
דָּבָר વાત H1697
קָטֹן નાની
וְגָדוֹל કે-મોટી
עַד־ સુધી H5704
אוֹר પ્રકાશ H0216
הַבֹּקֶר׃ સવારનો H1242

અબિગાઈલ નાબાલ પાસે પાછી આવી; ત્યારે તેણે પોતાને ઘરે રાજ ભોજનની મહેફિલ રાખી હતી; તે વખતે નાબાલ ખુશમિજાજમાં હતો. તેણે ખૂબ નશો કર્યો હતો. તેથી સવાર પડતાં સુધી અબિગાઈલે તેને કશું કહ્યુ નહિ.

37
וַיְהִי અને-થયું H1961
בַבֹּקֶר સવારે H1242
בְּצֵאת ઉતરતાં H3318
הַיַּיִן દ્રાક્ષારસ H3196
מִנָּבָל નાબાલમાંથી H5037
וַתַּגֶּד־ અને-કહ્યુ H5046
לוֹ તેને
אִשְׁתּוֹ તેની-પત્નીએ H0802
אֶת־ — H0853
הַדְּבָרִים વાતો H1697
הָאֵלֶּה આ H0428
וַיָּמָת અને-મરી-ગયું H4191
לִבּוֹ તેનું-હૃદય
בְּקִרְבּוֹ તેનામાં H7130
וְהוּא અને-તે H1931
הָיָה થઈ-ગયો H1961
לְאָבֶן׃ પથ્થર-જેવો H0068

સવારે નાબાલનો કેફ ઊતર્યા પછી, તેની પત્નીએ એ બધી વાતો તેને કહી; તે સાંભળીને તેના હોશકોશ ઊડી ગયા. તે પથ્થર જેવો જડ થઈ ગયો.

38
וַיְהִי અને-થયું H1961
כַּעֲשֶׂרֶת લગભગ-દસ H6235
הַיָּמִים દિવસ-પછી H3117
וַיִּגֹּף અને-માર્યો H5062
יְהוָה યહોવાએ H3068
אֶת־ — H0853
נָבָל નાબાલને H5037
וַיָּמֹת׃ અને-મરી-ગયો H4191

આશરે દશ દિવસ પછી ઈશ્વરે નાબાલને એવો માર્યો કે તે મૃત્યુ પામ્યો.

39
וַיִּשְׁמַע דָּוִד כִּי מֵת נָבָל וַיֹּאמֶר בָּרוּךְ יְהוָה אֲשֶׁר רָב אֶת־ רִיב
અને-સાંભળ્યું દાઉદે કે મરી-ગયો નાબાલ અને-કહ્યુ ધન્ય-છે યહોવા જેણે લડ્યા — ઝઘડો
H8085 H1732 H4191 H5037 H0559 H1288 H3068 H7378 H0853 H7379

חֶרְפָּתִי מִיַּד נָבָל וְאֶת־ עַבְדּוֹ חָשַׂךְ מֵרָעָה וְאֵת רָעַת נָבָל הֵשִׁיב
મારા-અપમાનનો હાથમાંથી નાબાલના અને તેના-સેવકને રોક્યો ખરાબથી અને ખરાબ નાબાલનું પાછું-વાળ્યું
H2781 H3027 H5037 H0853 H5650 H2820 H0853 H5037 H7725

יְהוָה בְּרֹאשׁוֹ וַיִּשְׁלַח דָּוִד וַיְדַבֵּר בַּאֲבִיגַיִל לְקַחְתָּהּ לוֹ לְאִשָּׁה׃
યહોવાએ તેના-માથા-ઉપર અને-મોકલ્યા દાઉદે અને-વાત-કરી અબીગાઈલ-સાથે લેવા-તેને પોતાના-માટે પત્ની-તરીકે
H3068 H7971 H1732 H1696 H0026 H3947 H0802

અને દાઉદે જાણ્યું કે નાબાલ મરણ પામ્યો છે, ત્યારે તેણે કહ્યુ, “ઈશ્વર પ્રશંસનીય છે; તેમણે નાબાલે મને જે મહેણાં માર્યા હતા તેનું વેર વાળ્યું છે. વળી તેમણે પોતાના સેવકને દુરાચાર કરવાથી અટકાવ્યો છે. અને ઈશ્વરે નાબાલનું દુષ્ટ કર્મ પાછું વાળીને તેના જ માથે નાખ્યું છે.” પછી દાઉદે માણસ મોકલીને પોતાની સાથે અબિગાઈલને લગ્ન કરવા માટે કહેવડાવ્યું.

40
וַיָּבֹאוּ עַבְדֵי דָוִד אֶל־ אֲבִיגַיִל הַכַּרְמֶלָה וַיְדַבְּרוּ אֵלֶיהָ לֵאמֹר דָּוִד
અને-આવ્યા સેવકો દાઉદના પાસે અબીગાઈલ-પાસે કાર્મેલમાં અને-બોલ્યા તેને કહીને દાઉદે
H0935 H5650 H1732 H0413 H0026 H3760 H1696 H0413 H0559 H1732

שְׁלָחָנוּ אֵלַיִךְ לְקַחְתֵּךְ לוֹ לְאִשָּׁה׃
અમને-મોકલ્યા-છે તારી-પાસે લેવા-તને પોતાના-માટે પત્ની-તરીકે
H7971 H0413 H3947 H0802

દાઉદના સેવકો કાર્મેલમાં અબિગાઈલ પાસે આવ્યા, તેઓએ તેને કહ્યુ, “દાઉદ સાથે તારું લગ્ન કરવા માટે તેણે અમને તને તેડવા અમને મોકલ્યા છે.”

41
וַתָּקָם וַתִּשְׁתַּחוּ אַפַּיִם אָרְצָה וַתֹּאמֶר הִנֵּה אֲמָתְךָ לְשִׁפְחָה לִרְחֹץ רַגְלֵי
અને-ઊભી-થઈ અને-નમી મુખ-પર જમીન-ઉપર અને-કહ્યુ જુઓ તારી-દાસી સેવિકા-તરીકે ધોવા પગ
H7812 H0639 H0776 H0559 H2009 H0519 H8198 H7364 H7272

עַבְדֵי אֲדֹנִי׃
સેવકોના મારા-સ્વામીના
H5650 H0113

તેણે ઊઠીને ભૂમિ સુધી નમીને નમન કર્યું અને કહ્યુ, “જુઓ તમારી સેવિકા મારા માલિકના સેવકોનાં પગ ધોનારી દાસી જેવી છે.”

42
וַתְּמַהֵר וַתָּקָם אֲבִיגַיִל וַתִּרְכַּב עַל־ הַחֲמוֹר וְחָמֵשׁ נַעֲרֹתֶיהָ
અને-ઉતાવળ-કરી અને-ઊભી-થઈ અબીગાઈલ અને-સવાર-થઈ ઉપર ગધેડા-પર અને-પાંચ તેની-દાસીઓ
H0026 H7392 H2543 H2568 H5291

הַהֹלְכוֹת לְרַגְלָהּ וַתֵּלֶךְ אַחֲרֵי מַלְאֲכֵי דָוִד וַתְּהִי־ לוֹ לְאִשָּׁה׃
જેઓ-ચાલતી-હતી તેની-પાછળ અને-ગઈ પાછળ સંદેશવાહકો દાઉદના અને-થઈ તેના-માટે પત્ની
H1980 H7272 H3212 H4397 H1732 H1961 H0802

અબિગાઈલે ઝટપટ ગધેડા પર સવારી કરી. પછી તેણે જવા માંડ્યું. તેની પાંચ દાસીઓ પણ તેની પાછળ ચાલી; તે દાઉદના સંદેશ વાહકોની સાથે ગઈ અને દાઉદની પત્ની થઈ.

43
וְאֶת־ אֲחִינֹעַם לָקַח דָּוִד מִיִּזְרְעֶאל וַתִּהְיֶיןָ גַּם־ שְׁתֵּיהֶן לוֹ לְנָשִׁים׃ ס
અને અહીનોઆમને લીધી દાઉદે યિઝ્રએલથી અને-થઈ પણ બંને તેના-માટે પત્નીઓ —
H0853 H0293 H3947 H1732 H3157 H1961 H1571 H8147 H0802

દાઉદે યિઝ્રએલી અહિનોઆમની સાથે પણ લગ્ન કર્યા; તે બન્ને તેની પત્નીઓ થઈ.

44
וְשָׁאוּל נָתַן אֶת־ מִיכַל בִּתּוֹ אֵשֶׁת דָּוִד לְפַלְטִי בֶן־ לַיִשׁ אֲשֶׁר
અને-શાઉલે આપી-હતી — મીખાલ પોતાની-દીકરી પત્ની દાઉદની પાલ્ટીને પુત્ર લાઈશના જે
H7586 H5414 H0853 H4324 H1323 H0802 H1732 H6406

מִגַּלִּים׃
ગાલ્લીમથી-હતો
H1554

હવે શાઉલે પોતાની દીકરી મિખાલને એટલે દાઉદની પત્નીને, લાઈશનો દીકરો પાલ્ટી, જે ગાલ્લીમનો હતો તેને આપી.

## Chapter 26

1
וַיָּבֹאוּ અને-આવ્યા H0935
הַזִּפִים ઝીફીઓ H2130
אֶל־ પાસે H0413
שָׁאוּל શાઉલના H7586
הַגִּבְעָתָה ગિબઆહમાં H1390
לֵאמֹר કહીને H0559
הֲלוֹא શું-નહિ H3808
דָוִד દાઉદ H1732
מִסְתַּתֵּר છુપાયેલો-છે H5641
בְּגִבְעַת ટેકરી-પર H1389
הַחֲכִילָה હખીલાહની H2444
עַל ઉપર
פְּנֵי સામે H6440
הַיְשִׁימֹן׃ વેરાનની H3452

ઝીફીઓએ ગિબયામાં શાઉલ પાસે આવીને કહ્યુ, “શું દાઉદ અરણ્ય સામેના હખીલા પર્વતમાં સંતાઈ રહ્યો નથી?”

2
וַיָּקָם અને-ઊઠ્યો
שָׁאוּל શાઉલ H7586
וַיֵּרֶד અને-ઊતર્યો H3381
אֶל־ તરફ H0413
מִדְבַּר־ રણ
זִיף ઝીફના H2128
וְאִתּוֹ અને-તેની-સાથે H0854
שְׁלֹשֶׁת־ ત્રણ H7969
אֲלָפִים હજાર H0505
אִישׁ માણસો H0376
בְּחוּרֵי ચુંટેલા H0977
יִשְׂרָאֵל ઇઝરાયલના H3478
לְבַקֵּשׁ શોધવા H1245
אֶת־ — H0853
דָּוִד દાઉદને H1732
בְּמִדְבַּר־ રણમાં
זִיף׃ ઝીફના H2128

એ જાણીને શાઉલ ઇઝરાયલના ત્રણ હજાર પસંદ કરાયેલા માણસોને પોતાની સાથે લઈને દાઉદની શોધમાં ઝીફના અરણ્યમાં ઊતરી પડયો.

3
וַיִּחַן અને-છાવણી-નાખી H2583
שָׁאוּל શાઉલે H7586
בְּגִבְעַת ટેકરી-પર H1389
הַחֲכִילָה હખીલાહની H2444
אֲשֶׁר જે
עַל־ ઉપર
פְּנֵי સામે H6440
הַיְשִׁימֹן વેરાનની H3452
עַל־ ઉપર
הַדָּרֶךְ માર્ગની H1870
וְדָוִד અને-દાઉદ H1732
יֹשֵׁב બેઠો-હતો H3427
בַּמִּדְבָּר રણમાં
וַיַּרְא અને-જોયું H7200
כִּי કે
בָא આવ્યો H0935
שָׁאוּל શાઉલ H7586
אַחֲרָיו તેની-પાછળ
הַמִּדְבָּרָה׃ રણમાં

શાઉલે અરણ્ય સામેના હખીલા પર્વત પર માર્ગની પાસે છાવણી નાખી. પણ દાઉદ અરણ્યમાં રહેતો હતો. તેણે જાણ્યું કે શાઉલ મારી પાછળ અરણ્યમાં આવ્યો છે.

4
וַיִּשְׁלַח અને-મોકલ્યા H7971
דָּוִד દાઉદે H1732
מְרַגְּלִים જાસૂસો H7270
וַיֵּדַע અને-જાણ્યું H3045
כִּי־ કે
בָא આવ્યો-છે H0935
שָׁאוּל શાઉલ H7586
אֶל־ — H0413
נָכוֹן׃ ચોક્કસ

માટે દાઉદે જાસૂસો મોકલીને જાણી લીધું કે શાઉલ નિશ્ચે આવ્યો છે.

5
וַיָּקָם અને-ઊઠ્યો
דָּוִד દાઉદ H1732
וַיָּבֹא અને-આવ્યો H0935
אֶל־ — H0413
הַמָּקוֹם જગ્યાએ H4725
אֲשֶׁר જ્યાં
חָנָה־ છાવણી-નાખી-હતી H2583
שָׁם ત્યાં H8033
שָׁאוּל શાઉલે H7586
וַיַּרְא અને-જોયું H7200
דָּוִד દાઉદે H1732
אֶת־ — H0853
הַמָּקוֹם જગ્યા H4725
אֲשֶׁר જ્યાં
שָׁכַב־ સૂતો-હતો H7901
שָׁם ત્યાં H8033
שָׁאוּל શાઉલ H7586
וְאַבְנֵר અને-અબ્નેર H0074
בֶּן־ પુત્ર
נֵר નેરનો H5369
שַׂר־ સેનાપતિ H8269
צְבָאוֹ તેના-સૈન્યનો
וְשָׁאוּל અને-શાઉલ H7586
שֹׁכֵב સૂતો-હતો H7901
בַּמַּעְגָּל ગાડીઓના-વર્તુળમાં H4570
וְהָעָם અને-લોકો
חֹנִים છાવણી-નાખીને H2583
]סביבתו[ — H5439
)סְבִיבֹתָיו(׃ તેની-આસપાસ H5439

દાઉદ ઊઠીને જ્યાં શાઉલે છાવણી નાખી હતી તે જગ્યાએ આવ્યો; શાઉલ તથા તેના સેનાપતિ નેરનો દીકરો આબ્નેર સૂતા હતા તે જગ્યા દાઉદે જોઈ. શાઉલ ગાડાંના કોટને ઓથે સૂતો હતો અને લોકો તેની આસપાસ છાવણી નાખી પડેલા હતા.

6
וַיַּעַן – અને-જવાબ-આપ્યો | דָּוִד – દાઉદે – H1732 | וַיֹּאמֶר – અને-કહ્યુ – H0559 | אֶל־ – — – H0413 | אֲחִימֶלֶךְ – અહીમેલેખ – H0288 | הַחִתִּי – હિત્તીને – H2850 | וְאֶל־ – અને – H0413 | אֲבִישַׁי – અબીશાઈ – H0052 | בֶּן־ – પુત્ર | צְרוּיָה – સરૂયાહનો – H6870 | אֲחִי – ભાઈ – H0251
יוֹאָב – યોઆબના – H3097 | לֵאמֹר – કહીને – H0559 | מִי־ – કોણ – H4310 | יֵרֵד – ઊતરશે – H3381 | אִתִּי – મારી-સાથે – H0854 | אֶל־ – પાસે – H0413 | שָׁאוּל – શાઉલની – H7586 | אֶל־ – — – H0413 | הַמַּחֲנֶה – છાવણીમાં – H4264 | וַיֹּאמֶר – અને-કહ્યુ – H0559 | אֲבִישַׁי – અબીશાઈએ – H0052 | אֲנִי – હું – H0589
אֵרֵד – ઊતરીશ – H3381 | עִמָּךְ׃ – તારી-સાથે

ત્યારે દાઉદે અહીમેલેખ હિત્તીને, સરુયાના દીકરા અબિશાયને, યોઆબના ભાઈને કહ્યુ, “મારી સાથે છાવણીમાં શાઉલ સામે કોણ ઉતરશે?” અબીશાયે કહ્યુ, “હું તારી સાથે નીચે ઊતરીશ.”

7
וַיָּבֹא – અને-આવ્યો – H0935 | דָוִד – દાઉદ – H1732 | וַאֲבִישַׁי – અને-અબીશાઈ – H0052 | אֶל־ – પાસે – H0413 | הָעָם – લોકોના | לַיְלָה – રાત્રે – H3915 | וְהִנֵּה – અને-જુઓ – H2009 | שָׁאוּל – શાઉલ – H7586 | שֹׁכֵב – સૂતો-હતો – H7901 | יָשֵׁן – ઊંઘમાં – H3463 | בַּמַּעְגָּל – વર્તુળમાં – H4570
וַחֲנִיתוֹ – અને-તેનો-ભાલો – H2595 | מְעוּכָה־ – ખોંચાયેલો – H4600 | בָאָרֶץ – જમીનમાં – H0776 | [מראשתו] – — – H4763 | (מְרַאֲשֹׁתָיו) – તેના-માથા-પાસે – H4763 | וְאַבְנֵר – અને-અબ્નેર – H0074 | וְהָעָם – અને-લોકો | שֹׁכְבִים – સૂતા-હતા – H7901 | [סביבתו] – — – H5439
(סְבִיבֹתָיו׃) – તેની-આસપાસ – H5439 | ס – —

તેથી દાઉદ તથા અબિશાય રાતે સૈન્ય પાસે આવ્યા. અને ત્યાં શાઉલ છાવણીની અદર સૂતેલો હતો, તેનો ભાલો તેના માથાની બાજુએ ભોંયમાં ખોસેલો હતો. આબ્નેર તથા તેના સૈનિકો તેની આસપાસ સૂતેલા હતા.

8
וַיֹּאמֶר – અને-કહ્યુ – H0559 | אֲבִישַׁי – અબીશાઈએ – H0052 | אֶל־ – — – H0413 | דָּוִד – દાઉદને – H1732 | סִגַּר – સોંપ્યો-છે – H5462 | אֱלֹהִים – ઈશ્વરે – H0430 | הַיּוֹם – આજે – H3117 | אֶת־ – — – H0853 | אוֹיִבְךָ – તારા-દુશ્મનને – H0341 | בְּיָדֶךָ – તારા-હાથમાં – H3027 | וְעַתָּה – અને-હવે – H6258
אַכֶּנּוּ – મને-મારવા-દો – H5221 | נָא – કૃપા-કરીને – H4994 | בַחֲנִית – ભાલાથી – H2595 | וּבָאָרֶץ – અને-જમીનમાં – H0776 | פַּעַם – વાર – H6471 | אַחַת – એક – H0259 | וְלֹא – અને-નહિ – H3808 | אֶשְׁנֶה – બીજીવાર-મારીશ | לוֹ׃ – તેને

ત્યારે અબિશાયે દાઉદને કહ્યુ, “ઈશ્વરે આજે તારા શત્રુને તારા હાથમાં સોંપ્યો છે. તો કૃપા કરી મને ભાલાના એક ઘાથી તેને ભોંય ભેગો કરવા દે. તેને બીજા ઘાની જરૂર નહિ પડે.”

9
וַיֹּאמֶר – અને-કહ્યુ – H0559 | דָּוִד – દાઉદે – H1732 | אֶל־ – — – H0413 | אֲבִישַׁי – અબીશાઈને – H0052 | אַל־ – ના – H0408 | תַּשְׁחִיתֵהוּ – નાશ-કર-તેનો – H7843 | כִּי – કારણ-કે | מִי – કોણે – H4310 | שָׁלַח – લંબાવ્યો – H7971 | יָדוֹ – પોતાનો-હાથ – H3027
בִּמְשִׁיחַ – અભિષિક્ત-સામે – H4899 | יְהוָה – યહોવાના – H3068 | וְנִקָּה׃ – અને-નિર્દોષ-રહ્યો – H5352 | פ – —

દાઉદે અબિશાયને કહ્યુ, “તેને મારી નાખીશ નહિ. કેમ કે ઈશ્વરના અભિષિક્તની વિરુદ્ધ પોતાના હાથ ઉગામીને કોણ નિર્દોષ રહી શકે?”

10
וַיֹּאמֶר – અને-કહ્યુ – H0559 | דָּוִד – દાઉદે – H1732 | חַי־ – જીવતા-છે | יְהוָה – યહોવા – H3068 | כִּי – કારણ-કે | אִם־ – જો | יְהוָה – યહોવા – H3068 | יִגְּפֶנּוּ – તેને-મારશે – H5062 | אוֹ־ – અથવા | יוֹמוֹ – તેનો-દિવસ – H3117 | יָבוֹא – આવશે – H0935 | וָמֵת – અને-મરશે – H4191
אוֹ – અથવા | בַמִּלְחָמָה – યુદ્ધમાં – H4421 | יֵרֵד – ઊતરશે – H3381 | וְנִסְפָּה׃ – અને-નાશ-પામશે – H5595

દાઊદે કહ્યુ” જીવતા ઈશ્વરના સમ, ઈશ્વર તેને મારશે અથવા તેનો મોતનો દિવસ આવશે અથવા તો તે લડાઈમાં નાશ પામશે.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| חָלִילָה | לִּי | מֵיהוָה | מִשְּׁלֹחַ | יָדִי | בִּמְשִׁיחַ | יְהוָה | וְעַתָּה | קַח־ | נָא |
| દૂર-રહે | મારાથી | યહોવા-તરફથી | લંબાવવાથી | મારો-હાથ | અભિષિક્ત-સામે | યહોવાના | અને-હવે | લે | કૃપા-કરીને |
| H2486 | | H3068 | H7971 | H3027 | H4899 | H3068 | H6258 | H3947 | H4994 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | הַחֲנִית | אֲשֶׁר | ]מראשתו[ | )מְרַאֲשֹׁתָיו( | וְאֶת־ | צַפַּחַת | הַמַּיִם | וְנֵלְכָה | לָּנוּ׃ |
| — | ભાલો | જે | — | તેના-માથા-પાસે-છે | અને | પાણીનો-પાત્ર | પાણીનો | અને-ચાલો | આપણે |
| H0853 | H2595 | | H4763 | H4763 | H0853 | H6835 | H4325 | H3212 | |

ઈશ્વર એવું ન થવા દો કે હું મારો હાથ ઈશ્વરના અભિષિક્તની વિરુદ્ધ ઉગામું પણ હવે, તને આજીજી કરું છું, તેના માથા પાસેનો ભાલો તથા પાણીનું પાત્ર લઈ લે. અને પછી જઈએ.”

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקַּח | דָּוִד | אֶת־ | הַחֲנִית | וְאֶת־ | צַפַּחַת | הַמַּיִם | מֵרַאֲשֹׁתֵי | שָׁאוּל | וַיֵּלְכוּ | לָהֶם |
| અને-લીધો | દાઉદે | — | ભાલો | અને | પાણીનો-પાત્ર | પાણીનો | માથા-પાસેથી | શાઊલના | અને-ગયા | તેઓ |
| H3947 | H1732 | H0853 | H2595 | H0853 | H6835 | H4325 | H7226 | H7586 | H3212 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵין | רֹאֶה | וְאֵין | יוֹדֵעַ | וְאֵין | מֵקִיץ | כִּי | כֻלָּם | יְשֵׁנִים | כִּי |
| અને-કોઈ-નહિ | જોનારો | અને-કોઈ-નહિ | જાણનારો | અને-કોઈ-નહિ | જાગનારો | કારણ-કે | બધા | ઊંઘતા-હતા | કારણ-કે |
| H0369 | H7200 | H0369 | H3045 | H0369 | H6974 | | H3605 | H3462 | |

| | | | |
|---|---|---|---|
| תַּרְדֵּמַת | יְהוָה | נָפְלָה | עֲלֵיהֶם׃ |
| ગાઢ-ઊંઘ | યહોવાની | પડી-હતી | તેમના-ઉપર |
| H8639 | H3068 | H5307 | |

તેથી દાઉદે ભાલો તથા પાણીનું પાત્ર શાઉલના માથા પાસેથી લઈ લીધાં અને તેઓ ત્યાંથી જતા રહ્યા. કોઈએ તે વિશે જોયું નહિ કે જાણ્યું નહિ, કોઈ જાગ્યો નહિ; કેમ કે ઈશ્વરે તેમને ગાઢ નિદ્રામાં નાખ્યા હતા.

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲבֹר | דָּוִד | הָעֵבֶר | וַיַּעֲמֹד | עַל־ | רֹאשׁ־ | הָהָר | מֵרָחֹק | רַב | הַמָּקוֹם |
| અને-પાર-ગયો | દાઉદ | સામે-છેડે | અને-ઊભો-રહ્યો | ઉપર | ટોચ-પર | પહાડની | દૂરથી | મોટું | અંતર-હતું |
| | H1732 | H5676 | H5975 | | | H2022 | H7350 | | H4725 |

| |
|---|
| בֵּינֵיהֶם׃ |
| તેમની-વચ્ચે |
| H0996 |

પછી દાઉદ સામેની બાજુએ જઈને પર્વતના શિખર ઉપર દૂર ઊભો રહ્યો; તેઓની વચમાં ઘણું અંતર હતું.

14

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְרָא | דָוִד | אֶל־ | הָעָם | וְאֶל־ | אַבְנֵר | בֶּן־ | נֵר | לֵאמֹר | הֲלוֹא | תַעֲנֶה | אַבְנֵר |
| અને-બોલાવ્યો | દાઉદે | — | લોકોને | અને | અબ્નેર | પુત્ર | નેરના | કહીને | શું-નહિ | જવાબ-આપીશ | અબ્નેર |
| H7121 | H1732 | H0413 | | H0413 | H0074 | | H5369 | H0559 | H3808 | | H0074 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַן | אַבְנֵר | וַיֹּאמֶר | מִי | אַתָּה | קָרָאתָ | אֶל־ | הַמֶּלֶךְ׃ | פ |
| અને-જવાબ-આપ્યો | અબ્નેરે | અને-કહ્યુ | કોણ-છે | તું | બોલાવે-છે | — | રાજાને | — |
| | H0074 | H0559 | H4310 | | H7121 | H0413 | H4428 | |

દાઉદે લોકોને તથા નેરના પુત્ર આબ્નેરને મોટેથી કહ્યુ, આબ્નેર તું કેમ ઉત્તર નથી આપતો?” ત્યારે આબ્નેર ઉત્તર આપ્યો “રાજાને ઊંચા અવાજે બોલાવનાર તું કોણ છે?”

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | דָּוִד | אֶל־ | אַבְנֵר | הֲלוֹא־ | אִישׁ | אַתָּה | וּמִי | כָמוֹךָ | בְּיִשְׂרָאֵל | וְלָמָּה |
| અને-કહ્યુ | દાઉદે | — | અબ્નેરને | શું-નહિ | માણસ | તું | અને-કોણ | તારા-જેવો | ઇઝરાયલમાં | અને-શા-માટે |
| H0559 | H1732 | H0413 | H0074 | H3808 | H0376 | | H4310 | H3644 | H3478 | H4100 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא | שָׁמַרְתָּ | אֶל־ | אֲדֹנֶיךָ | הַמֶּלֶךְ | כִּי־ | בָא | אַחַד | הָעָם | לְהַשְׁחִית | אֶת־ |
| નહિ | તેં-રક્ષા-કરી | — | તારા-માલિકની | રાજાની | કારણ-કે | આવ્યો | એક | લોકોમાંથી | નાશ-કરવા | — |
| H3808 | H8104 | H0413 | H0113 | H4428 | | H0935 | H0259 | | H7843 | H0853 |

| | |
|---|---|
| הַמֶּלֶךְ | אֲדֹנֶיךָ׃ |
| રાજાનો | તારા-માલિકનો |
| H4428 | H0113 |

દાઉદે આબ્નેરને કહ્યુ, “શું તું શૂરવીર માણસ નથી? ઇઝરાયલમાં તારા સરખો કોણ છે? તો શા માટે તેં તારા માલિક રાજાની સંભાળ રાખી નથી? કેમ કે તારા માલિક રાજાનો નાશ કરવા કોઈ આવ્યું હતું.

| 16 | לֹא־ | טוֹב | הַדָּבָר | הַזֶּה | אֲשֶׁר | עָשִׂיתָ | חַי־ | יְהוָה | כִּי | בְנֵי־ | מָוֶת | אַתֶּם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | નહિ | સારી | વાત | આ | જે | તેં-કરી-છે | જીવતા-છે | યહોવા | કારણ-કે | પુત્રો | મૃત્યુના | તમે-છો |
| | H3808 | | H1697 | H2088 | | | | H3068 | | | H4194 | |

| | אֲשֶׁר | לֹא־ | שְׁמַרְתֶּם | עַל־ | אֲדֹנֵיכֶם | עַל־ | מְשִׁיחַ | יְהוָה | וְעַתָּה | רְאֵה | אֵי־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જેઓએ | નહિ | રક્ષા-કરી | ઉપર | તમારા-માલિકના | ઉપર | અભિષિક્ત | યહોવાના | અને-હવે | જુઓ | ક્યાં-છે |
| | | H3808 | H8104 | | H0113 | | H4899 | H3068 | H6258 | H7200 | H0335 |

| | חֲנִית | הַמֶּלֶךְ | וְאֶת־ | צַפַּחַת | הַמַּיִם | אֲשֶׁר | ]מראשתו[ | )מְרַאֲשֹׁתָיו(: |
|---|---|---|---|---|---|---|---|---|
| | ભાલો | રાજાનો | અને | પાણીનો-પાત્ર | પાણીનો | જે | — | તેના-માથા-પાસે-હતું |
| | H2595 | H4428 | H0853 | H6835 | H4325 | | H4763 | H4763 |

આ જે બાબત તેં કરી છે તે ઠીક નથી. જીવતા ઈશ્વરના સમ, તમે મરવાને લાયક છે કેમ કે તમે તમારા માલિક, એટલે ઈશ્વરના અભિષિક્તની સંભાળ રાખી નથી. અને હવે, રાજાનો ભાલો તથા તેના માથા પાસેનું પાણીનું પાત્ર ક્યાં છે તે જુઓ.”

| 17 | וַיַּכֵּר | שָׁאוּל | אֶת־ | קוֹל | דָּוִד | וַיֹּאמֶר | הֲקוֹלְךָ | זֶה | בְּנִי | דָוִד | וַיֹּאמֶר |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-ઓળખ્યો | શાઉલે | — | અવાજ | દાઉદનો | અને-કહ્યુ | શું-તારો-અવાજ-છે | આ | મારા-પુત્ર | દાઉદ | અને-કહ્યુ |
| | | H7586 | H0853 | | H1732 | H0559 | | H2088 | | H1732 | H0559 |

| | דָּוִד | קוֹלִי | אֲדֹנִי | הַמֶּלֶךְ: |
|---|---|---|---|---|
| | દાઉદે | મારો-અવાજ-છે | મારા-સ્વામી | રાજા |
| | H1732 | | H0113 | H4428 |

શાઉલે દાઉદનો અવાજ ઓળખીને કહ્યુ, “હે મારા દીકરા દાઉદ, શું આ તારો અવાજ છે?” દાઉદે કહ્યુ કે, “હે મારા માલિક રાજા, એ મારો અવાજ છે.”

| 18 | וַיֹּאמֶר | לָמָּה | זֶּה | אֲדֹנִי | רֹדֵף | אַחֲרֵי | עַבְדּוֹ | כִּי | מֶה | עָשִׂיתִי | וּמַה־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-કહ્યુ | શા-માટે | આ | મારા-સ્વામી | પાછો-લે-છે | પાછળ | તેના-સેવકના | કારણ-કે | શું | મેં-કર્યું-છે | અને-શું |
| | H0559 | H4100 | H2088 | H0113 | H7291 | | H5650 | | H4100 | | H4100 |

| | בְיָדִי | רָעָה: |
|---|---|---|
| | મારા-હાથમાં-છે | ખરાબ |
| | H3027 | |

તેણે કહ્યુ, “શા માટે મારા માલિક પોતાના સેવકની પાછળ લાગ્યા છે? મેં શું કર્યું છે? મારા હાથમાં શું દુષ્ટતા છે?

| 19 | וְעַתָּה | יִשְׁמַע־ | נָא | אֲדֹנִי | הַמֶּלֶךְ | אֵת | דִּבְרֵי | עַבְדּוֹ | אִם־ | יְהוָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-હવે | સાંભળે | કૃપા-કરીને | મારા-સ્વામી | રાજા | — | વચનો | તેના-સેવકના | જો | યહોવાએ |
| | H6258 | H8085 | H4994 | H0113 | H4428 | H0853 | H1697 | H5650 | | H3068 |

| | הֱסִיתְךָ | בִי | יָרַח | מִנְחָה | וְאִם | בְּנֵי | הָאָדָם | אֲרוּרִים | הֵם | לִפְנֵי | יְהוָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | તને-ઉશ્કેર્યો-છે | મારી-વિરુદ્ધ | સ્વીકારે | અર્પણ | અને-જો | પુત્રો | માણસના | શાપિત-છે | તેઓ | સામે | યહોવાના |
| | H5496 | | H7306 | H4503 | | | H0120 | H0779 | H1992 | H6440 | H3068 |

| | כִּי־ | גֵרְשׁוּנִי | הַיּוֹם | מֵהִסְתַּפֵּחַ | בְּנַחֲלַת | יְהוָה | לֵאמֹר | לֵךְ | עֲבֹד | אֱלֹהִים |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કારણ-કે | મને-હાંકી-કાઢ્યો-છે | આજે | જોડાવાથી | વારસામાં | યહોવાના | કહીને | જા | સેવા-કર | દેવતાઓની |
| | | H1644 | H3117 | | H5159 | H3068 | H0559 | H3212 | H5647 | H0430 |

| | אֲחֵרִים: |
|---|---|
| | બીજા |
| | H0312 |

તેથી હવે, મારા માલિક રાજાએ કૃપા કરીને પોતાના દાસનાં વચન સાંભળવાં. જો ઈશ્વરે તમને મારી વિરુદ્ધ ઉશ્કેર્યા હોય, તો તેમને આ અર્પણનો અંગીકાર કરવા દો; પણ જો તે માનવ જાતનું કામ હોય, તો તે માણસો ઈશ્વરની આગળ શાપિત થાઓ, કેમ કે તેઓએ મને આજે કાઢી મૂક્યો છે કે, હું ઈશ્વરના વારસાનો ભાગીદાર ના બનું. તેઓએ મને કહ્યુ, ‘જા અને બીજા દેવોની ઉપાસના કર.’

20 וְעַתָּה અને-હવે H6258 · אַל־ ના H0408 · יִפֹּל પડે H5307 · דָּמִי મારું-લોહી H1818 · אַרְצָה જમીન-ઉપર H0776 · מִנֶּגֶד દૂર H5048 · פְּנֵי હાજરીમાં H6440 · יְהוָה યહોવાની H3068 · כִּי־ કારણ-કે · יָצָא નીકળ્યો-છે H3318 · מֶלֶךְ રાજા H4428

יִשְׂרָאֵל ઇઝરાયલનો H3478 · לְבַקֵּשׁ શોધવા H1245 · אֶת־ — H0853 · פַּרְעֹשׁ ચાંચડ H6550 · אֶחָד એક H0259 · כַּאֲשֶׁר જેમ · יִרְדֹּף શિકાર-કરે H7291 · הַקֹּרֵא તેતર-શિકારી H7124 · בֶּהָרִים׃ પહાડોમાં H2022

તેથી હવે, મારું લોહી ઈશ્વરની સમક્ષતાથી દૂરની ભૂમિ પર ના પડો; કેમ કે જેમ કોઈ પર્વત પર તીતરનો શિકાર કરતો હોય, તેમ ઇઝરાયલના રાજા એક ચાંચડને શોધવા નીકળી આવ્યા છે."

21 וַיֹּאמֶר અને-કહ્યુ H0559 · שָׁאוּל શાઉલે H7586 · חָטָאתִי મેં-પાપ-કર્યું-છે H2398 · שׁוּב પાછો-આવ H7725 · בְנִי મારા-પુત્ર · דָוִד દાઉદ H1732 · כִּי કારણ-કે · לֹא־ નહિ H3808 · אָרַע નુકસાન-પહોંચાડીશ · לְךָ તને · עוֹד ફરી H5750

תַּחַת બદલામાં H8478 · אֲשֶׁר કારણ-કે · יָקְרָה મૂલ્યવાન-લાગ્યો H3365 · נַפְשִׁי મારો-જીવ H5315 · בְּעֵינֶיךָ તારી-નજરમાં · הַיּוֹם આજે H3117 · הַזֶּה આ H2088 · הִנֵּה જુઓ H2009 · הִסְכַּלְתִּי મેં-મૂર્ખાઈ-કરી H5528 · וָאֶשְׁגֶּה અને-ભૂલ-કરી H7686

הַרְבֵּה ઘણી · מְאֹד׃ ખૂબ H3966

પછી શાઉલે કહ્યુ, "મેં પાપ કર્યું છે. મારા દીકરા દાઉદ, પાછો આવ; કેમ કે હવે પછી હું તને ઈજા નહિ કરું. આજે તારી નજરમાં મારો જીવ મૂલ્યવાન હતો. જો, મેં મૂર્ખાઈ કરી છે અને ઘણી ભૂલ કરી છે."

22 וַיַּעַן અને-જવાબ-આપ્યો · דָּוִד દાઉદે H1732 · וַיֹּאמֶר અને-કહ્યુ H0559 · הִנֵּה જુઓ H2009 · ]החנית[ — H2595 · )חֲנִית( ભાલો H2595 · הַמֶּלֶךְ રાજાનો H4428 · וְיַעֲבֹר અને-આવે · אֶחָד એક H0259 · מֵהַנְּעָרִים જુવાનોમાંથી H5288

וְיִקָּחֶהָ׃ અને-લઈ-જાય H3947

દાઉદે જવાબ આપ્યો કે" હે રાજા, જુઓ, તમારો ભાલો અહીં છે[illegible] જુવાન પુરુષોમાંથી કોઈ એક અહીં આવીને તે લઈ જાય.

23 וַיהוָה અને-યહોવા H3068 · יָשִׁיב પાછું-આપશે H7725 · לָאִישׁ માણસને H0376 · אֶת־ — H0853 · צִדְקָתוֹ તેની-ન્યાયીપણા H6666 · וְאֶת־ અને H0853 · אֱמֻנָתוֹ તેની-વિશ્વાસુતા H0530 · אֲשֶׁר કારણ-કે · נְתָנְךָ તને-સોંપ્યો-હતો H5414

וַיהוָה યહોવાએ H3068 · הַיּוֹם આજે H3117 · בְּיָד હાથમાં H3027 · וְלֹא અને-નહિ H3808 · אָבִיתִי મેં-ચાહ્યુ H0014 · לִשְׁלֹחַ લંબાવવા H7971 · יָדִי મારો-હાથ H3027 · בִּמְשִׁיחַ અભિષિક્ત-સામે H4899 · יְהוָה׃ યહોવાના H3068

ઈશ્વર દરેક માણસને તેના ન્યાયીપણાનું તથા તેના વિશ્વાસુપણાનું ફળ આપશે; કેમ કે ઈશ્વરે તમને આજે મારા હાથમાં સોંપ્યાં હતા, પણ મેં ઈશ્વરના અભિષિક્તની વિરુદ્ધ મારો હાથ ઉગામવાની અપેક્ષા રાખી નહિ.

24 וְהִנֵּה અને-જુઓ H2009 · כַּאֲשֶׁר જેમ · גָּדְלָה મૂલ્યવાન-લાગ્યો H1431 · נַפְשְׁךָ તારો-જીવ H5315 · הַיּוֹם આજે H3117 · הַזֶּה આ H2088 · בְּעֵינָי મારી-નજરમાં · כֵּן તેમ · תִּגְדַּל મૂલ્યવાન-લાગે H1431 · נַפְשִׁי મારો-જીવ H5315

בְּעֵינֵי નજરમાં · יְהוָה યહોવાની H3068 · וְיַצִּלֵנִי અને-છોડાવે-મને H5337 · מִכָּל־ બધી H3605 · צָרָה׃ મુસીબતમાંથી · פ —

અને જો, જેમ તારો જીવ આજે મારી દ્રષ્ટિમાં ઘણો મૂલ્યવાન હતો, તેમ મારો જીવ ઈશ્વરની દ્રષ્ટિમાં ઘણો મૂલ્યવાન થાઓ અને તે મને સર્વ સંકટોમાંથી ઉગારો."

25
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
שָׁאוּל શાઉલે H7586
אֶל־ — H0413
דָּוִד દાઉદને H1732
בָּרוּךְ ધન્ય-છે H1288
אַתָּה તું
בְּנִי મારા-પુત્ર
דָוִד દાઉદ H1732
גַּם ચોક્કસ H1571
עָשֹׂה કરવા
תַעֲשֶׂה તું-કરીશ
וְגַם અને-ચોક્કસ H1571
יָכֹל સફળ-થવા H3201
תּוּכָל તું-સફળ-થઈશ H3201
וַיֵּלֶךְ અને-ગયો H3212
דָּוִד દાઉદ H1732
לְדַרְכּוֹ પોતાના-માર્ગે H1870
וְשָׁאוּל અને-શાઉલ H7586
שָׁב પાછો-ફર્યો H7725
לִמְקוֹמוֹ׃ પોતાની-જગ્યાએ H4725
פ —

પછી શાઉલે દાઉદને કહ્યુ, "મારા દીકરા દાઉદ, તું આશીર્વાદિત થા, કે જેથી તું પરાક્રમી કૃત્યો કરે અને પછી તું નિશ્ચે ફતેહ પામે." તેથી દાઉદ પોતાને રસ્તે ગયો અને શાઉલ પોતાના સ્થળે પાછો ગયો.

## Chapter 27

1
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
דָּוִד દાઉદે H1732
אֶל־ — H0413
לִבּוֹ પોતાના-હૃદયમાં
עַתָּה હવે H6258
אֶסָּפֶה હું-નાશ-પામીશ H5595
יוֹם־ દિવસ H3117
אֶחָד એક H0259
בְּיַד־ હાથે H3027
שָׁאוּל શાઉલના H7586
אֵין־ કંઈ-નહિ H0369
לִי મારા-માટે
טוֹב સારું
כִּי સિવાય
הִמָּלֵט ભાગીને-ભાગીને H4422
אִמָּלֵט હું-ભાગી-જાઉં H4422
אֶל־ તરફ H0413
אֶרֶץ દેશ H0776
פְּלִשְׁתִּים ફલિસ્તીઓના H6430
וְנוֹאַשׁ અને-નિરાશ-થશે H2976
מִמֶּנִּי મારાથી
שָׁאוּל શાઉલ H7586
לְבַקְשֵׁנִי મને-શોધવાથી H1245
עוֹד વધુ H5750
בְּכָל־ બધી H3605
גְּבוּל સરહદમાં H1366
יִשְׂרָאֵל ઇઝરાયલની H3478
וְנִמְלַטְתִּי અને-બચી-જઈશ H4422
מִיָּדוֹ׃ તેના-હાથમાંથી H3027

દાઉદના મનમાં થયું કે, "હવે તો એક દિવસ હું શાઉલના હાથથી માર્યો જઈશ; પલિસ્તીઓના દેશમાં નાસી જવા કરતાં બીજું કંઈ મારા માટે સારું નથી; શાઉલ મારા વિષે નિરાશ થઈને ઇઝરાયલની સર્વ સરહદોમાં મારી શોધ કરવાનું છોડી દેશે; એમ તેમના હાથમાંથી હું બચી જઈશ."

2
וַיָּקָם અને-ઊઠ્યો
דָּוִד દાઉદ H1732
וַיַּעֲבֹר અને-પાર-ગયો
הוּא તે H1931
וְשֵׁשׁ־ અને-છ H8337
מֵאוֹת સો H3967
אִישׁ માણસો H0376
אֲשֶׁר જે
עִמּוֹ તેની-સાથે-હતા
אֶל־ પાસે H0413
אָכִישׁ આકીશ H0397
בֶּן־ પુત્ર
מָעוֹךְ માઓકના H4582
מֶלֶךְ રાજા H4428
גַּת׃ ગાથના H1661

દાઉદ ઊઠયો અને તે તથા તેની સાથેના છસો માણસો માઓખના દીકરા તથા ગાથના રાજા આખીશ પાસે જતા રહ્યા.

3
וַיֵּשֶׁב અને-રહ્યો H3427
דָּוִד દાઉદ H1732
עִם־ સાથે
אָכִישׁ આકીશની H0397
בְּגַת ગાથમાં H1661
הוּא તે H1931
וַאֲנָשָׁיו અને-તેના-માણસો H0376
אִישׁ દરેક H0376
וּבֵיתוֹ અને-તેનું-ઘર
דָּוִד દાઉદ H1732
וּשְׁתֵּי અને-બે H8147
נָשָׁיו પત્નીઓ H0802
אֲחִינֹעַם અહીનોઆમ H0293
הַיִּזְרְעֵאלִית યિઝ્રએલી H3159
וַאֲבִיגַיִל અને-અબીગાઈલ H0026
אֵשֶׁת־ પત્ની H0802
נָבָל નાબાલની H5037
הַכַּרְמְלִית׃ કાર્મેલી H3762

દાઉદ તથા તેના માણસો ગાથમાં આખીશ સાથે રહ્યા, દરેક માણસ પોતાના પરિવાર સહિત અને દાઉદ પણ પોતાની બે પત્નીઓ, એટલે યિઝ્રએલી અહિનોઆમ તથા નાબાલની પત્ની કાર્મેલી અબિગાઈલ સાથે રહ્યો.

4
וַיֻּגַּד અને-જણાવાયું H5046
לְשָׁאוּל શાઉલને H7586
כִּי־ કે
בָרַח ભાગી-ગયો H1272
דָּוִד દાઉદ H1732
גַּת ગાથમાં H1661
וְלֹא־ અને-નહિ H3808
]יוסף[ — H3254
)יָסַף( ઉમેર્યું H3254
עוֹד વધુ H5750
לְבַקְשׁוֹ׃ તેને-શોધવા H1245
ס —

શાઊલને કહેવામાં આવ્યું હતું કે દાઉદ ગાથમાં નાસી ગયો છે, તેથી તેણે ફરી તેની શોધ કરી નહિ.

5
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
דָוִד દાઉદે H1732
אֶל־ — H0413
אָכִישׁ આકીશને H0397
אִם־ જો
נָא કૃપા-કરીને H4994
מָצָאתִי મને-મળી-છે H4672
חֵן કૃપા H2580
בְּעֵינֶיךָ તારી-નજરમાં
יִתְּנוּ־ આપવામાં-આવે H5414
לִי મને
מָקוֹם જગ્યા H4725
בְּאַחַת કોઈ-એકમાં H0259
עָרֵי શહેરો
הַשָּׂדֶה ખેતરના
וְאֵשְׁבָה અને-હું-રહું H3427
שָׁם ત્યાં H8033
וְלָמָּה અને-શા-માટે H4100
יֵשֵׁב રહે H3427
עַבְדְּךָ તારો-સેવક H5650
בְּעִיר શહેરમાં
הַמַּמְלָכָה રાજધાનીના H4467
עִמָּךְ׃ તારી-સાથે

દાઉદે આખીશને કહ્યુ, “જો હું તારી દ્રષ્ટિમાં કૃપાપાત્ર હોઉં, તો મને રહેવા માટે દેશના કોઈએક નગરમાં જગ્યા આપ કે, હું ત્યાં રહું કેમ કે તારો સેવક રાજધાનીમાં તારી સાથે શા માટે રહે?”

6
וַיִּתֶּן־ અને-આપી H5414
לוֹ તેને
אָכִישׁ આકીશે H0397
בַּיּוֹם તે-દિવસે H3117
הַהוּא તે H1931
אֶת־ — H0853
צִקְלָג સિકલાગ H6860
לָכֵן તેથી
הָיְתָה હતી H1961
צִקְלַג સિકલાગ H6860
| קִלֵּ֖ל | אֶת־ | מְשִׁ֥יחַ | יְהוָֽה׃ | ס |
|---|---|---|---|---|
| તેણે-શાપ-દીધો | ને | અભિષિક્ત | યહોવાહના | — |
| H7043 | H0853 | H4899 | H3068 | |

પણ સરુયાના દીકરા અબિશાયે કહ્યુ “શું શિમઈને મારી નાખવો ના જોઈએ, કેમ કે તેણે ઈશ્વરના અભિષિક્તને શાપ આપ્યો છે?”

22

| וַיֹּ֣אמֶר | דָּוִ֗ד | מַה־ | לִּי֙ | וְלָכֶ֔ם | בְּנֵ֣י | צְרוּיָ֔ה | כִּֽי־ | תִֽהְיוּ־ | לִ֥י | הַיּ֖וֹם | לְשָׂטָ֑ן | הַיּ֗וֹם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | દાઉદે | શું | મારે | અને-તમારે | પુત્રો | સરૂયાહના | કે | થાઓ | મારા | આજે | વિરોધી | આજે |
| H0559 | H1732 | H4100 | | | | H6870 | | H1961 | | H3117 | H7854 | H3117 |

| י֤וּמַת | אִישׁ֙ | בְּיִשְׂרָאֵ֔ל | כִּ֚י | הֲל֣וֹא | יָדַ֔עְתִּי | כִּ֥י | הַיּ֖וֹם | אֲנִי־ | מֶ֥לֶךְ | עַל־ | יִשְׂרָאֵֽל׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મરાય | માણસ | ઇસ્રાએલમાં | કે | શું-નહિ | જાણું | કે | આજે | હું | રાજા-છું | ઉપર | ઇસ્રાએલ |
| H4191 | H0376 | H3478 | | H3808 | H3045 | | H3117 | H0589 | H4428 | | H3478 |

ત્યારે દાઉદે કહ્યુ, “ઓ સરુયાના દીકરાઓ, મારે તમારી સાથે શું લેવા દેવા છે, કે આજે તમે મારા દુશ્મનો થયા છો? શું ઇઝરાયલમાં આજે કોઈ માણસને મારી નંખાય? કેમ કે શું હું નથી જાણતો કે હું આજે ઇઝરાયલનો રાજા છું?”

23

| וַיֹּ֧אמֶר | הַמֶּ֛לֶךְ | אֶל־ | שִׁמְעִ֖י | לֹ֣א | תָמ֑וּת | וַיִּשָּׁ֥בַֽע | ל֖וֹ | הַמֶּֽלֶךְ׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | રાજાએ | ને | શિમઈને | નહિ | મરીશ | અને-સોગંદ-ખાધા | તેને | રાજાએ | — |
| H0559 | H4428 | H0413 | H8096 | H3808 | H4191 | H7650 | | H4428 | |

પછી દાઉદ રાજાએ શિમઈને કહ્યુ, “તું મરશે જ નહિ.” રાજાએ તેને સમ ખાઈને વચન આપ્યું.

24

| וּמְפִבֹשֶׁת | בֶּן־ | שָׁאוּל | יָרַד | לִקְרַאת | הַמֶּלֶךְ | וְלֹא־ | עָשָׂה | רַגְלָיו | וְלֹא־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-મફીબોશેથ | પુત્ર | શાઉલનો | ઉતર્યો | સામે-મળવા | રાજાને | અને-ન-ધોયા | કર્યા | પગ | અને-ન-કાપ્યા |
| H4648 | | H7586 | H3381 | H7125 | H4428 | H3808 | | H7272 | H3808 |

| עָשָׂה | שְׂפָמוֹ | וְאֶת־ | בְּגָדָיו | לֹא | כִבֵּס | לְמִן־ | הַיּוֹם | לֶכֶת | הַמֶּלֶךְ | עַד־ | הַיּוֹם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કર્યા | દાઢી | અને-ન | કપડાં | ન | ધોયા | તે-દિવસથી | દિવસ | ગયા | રાજા | તે-દિવસ-સુધી | દિવસ |
| | H8222 | H0853 | | H3808 | H3526 | | H3117 | H3212 | H4428 | H5704 | H3117 |

| אֲשֶׁר־ | בָּא | בְשָׁלוֹם׃ |
|---|---|---|
| જ્યારે | આવ્યા | શાંતિમાં |
| | H0935 | H7965 |

પછી શાઉલનો દીકરો મફીબોશેથ રાજાને મળવા નીચે આવ્યો. રાજા યરુશાલેમ છોડીને ગયો હતો તે દિવસથી, તે શાંતિએ પાછો ઘરે આવ્યો ત્યાં સુધી તેણે એટલે કે મફીબોશેથે તેના પગ ધોયા ન હતા, દાઢી કરી ન હતી કે પોતાના વસ્ત્રો પણ ધોયાં ન હતાં.

25

| וַיְהִי | כִּי־ | בָא | יְרוּשָׁלַ͏ִם | לִקְרַאת | הַמֶּלֶךְ | וַיֹּאמֶר | לוֹ | הַמֶּלֶךְ | לָמָּה | לֹא־ | הָלַכְתָּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | જ્યારે | આવ્યો | યરૂશાલેમ | સામે-મળવા | રાજાને | અને-કહ્યુ | તેને | રાજાએ | કેમ | ન | ગયો |
| H1961 | | H0935 | H3389 | H7125 | H4428 | H0559 | | H4428 | H4100 | H3808 | H1980 |

| עִמִּי | מְפִיבֹשֶׁת׃ |
|---|---|
| મારી-સાથે | મફીબોશેથ |
| | H4648 |

અને તેથી જ્યારે તે યરુશાલેમમાં રાજાને મળવા આવ્યો ત્યારે રાજાએ તેને પૂછ્યું, “મફીબોશેથ, તું મારી સાથે કેમ આવ્યો નહિ?”

26

| וַיֹּאמַר | אֲדֹנִי | הַמֶּלֶךְ | עַבְדִּי | רִמָּנִי | כִּי־ | אָמַר | עַבְדְּךָ | אֶחְבְּשָׁה־ | לִּי |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | મારા-માલિક | રાજા | મારા-સેવકે | છેતર્યો-મને | કારણ-કે | કહ્યુ | તારા-સેવકે | પલાણ-બાંધું | મારા-માટે |
| H0559 | H0113 | H4428 | H5650 | | | H0559 | H5650 | H2280 | |

| הַחֲמוֹר | וְאֶרְכַּב | עָלֶיהָ | וְאֵלֵךְ | אֶת־ | הַמֶּלֶךְ | כִּי | פִסֵּחַ | עַבְדֶּךָ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| ગધેડા-પર | અને-સવાર-થાઉં | તેના-પર | અને-જાઉં | સાથે | રાજા | કે | લંગડો-છે | તારો-સેવક |
| H2543 | H7392 | | H3212 | H0854 | H4428 | | H6455 | H5650 |

તેણે જવાબ આપ્યો, “હે મારા માલિક રાજા, મારા ચાકરે મને છેતર્યો છે, કેમ કે મેં તેને કહ્યું, ‘હું અપંગ છું તેથી ગધેડા પર જીન બાંધીશ કે જેથી હું તેના પર સવારી કરીને રાજાની પાસે જાઉં,

27

| וַיְרַגֵּל | בְּעַבְדְּךָ | אֶל־ | אֲדֹנִי | הַמֶּלֶךְ | וַאדֹנִי | הַמֶּלֶךְ | כְּמַלְאַךְ | הָאֱלֹהִים |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-ચાડી-ખાધી | તારા-સેવકની | પાસે | મારા-માલિક | રાજાની | અને-મારા-માલિક | રાજા | જેમ-દૂત | ઈશ્વરના |
| H7270 | H5650 | H0413 | H0113 | H4428 | H0113 | H4428 | H4397 | H0430 |

| וַעֲשֵׂה | הַטּוֹב | בְעֵינֶיךָ׃ |
|---|---|---|
| અને-કર | જે-સારું | તારી-નજરમાં |

મારા માલિક રાજા મારા ચાકર સીબાએ તારી આગળ, મને બદનામ કર્યો છે. પણ મારા માલિક રાજા તું તો ઈશ્વરના દૂત જેવો છે. એટલા માટે તારી નજરમાં જે સારું લાગે તે કર.

28

| כִּי | לֹא | הָיָה | כָּל־ | בֵּית | אָבִי | כִּי | אִם־ | אַנְשֵׁי־ | מָוֶת | לַאדֹנִי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | ન | હતું | બધું | ઘરાનું | મારા-પિતાનું | પણ | સિવાય | માણસો | મૃત્યુના | મારા-માલિક-માટે |
| | H3808 | H1961 | H3605 | | H0001 | | | H0376 | H4194 | H0113 |

| הַמֶּלֶךְ | וַתָּשֶׁת | אֶת־ | עַבְדְּךָ | בְּאֹכְלֵי | שֻׁלְחָנֶךָ | וּמַה־ | יֶּשׁ־ | לִי | עוֹד | צְדָקָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રાજા | અને-મૂક્યો | ને | તારા-સેવકને | ખાનારાઓમાં | તારા-મેજના | અને-શું | છે | મારો | વધુ | હક |
| H4428 | H7896 | H0853 | H5650 | H0398 | H7979 | H4100 | H3426 | | H5750 | H6666 |

| וְלִזְעֹק | עוֹד | אֶל־ | הַמֶּלֶךְ׃ | פ |
|---|---|---|---|---|
| અને-પોકારવાનો | વધુ | પાસે | રાજાની | — |
| H2199 | H5750 | H0413 | H4428 | |

કેમ કે મારા માલિક રાજા આગળ મારા પિતાનું આખું કુટુંબ મૃત્યુ પામેલા માણસ જેવું હતું, પણ જેઓ તારી મેજ પર બેસીને જમતા હતા તેઓની મધ્યે તમે મને બેસાડ્યો છે. તેથી મારા રાજા મારો શો હક કે હું તને વધારે ફરિયાદ કરું?"

29

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| לוֹ | તેને | |
| הַמֶּלֶךְ | રાજાએ | H4428 |
| לָמָּה | કેમ | H4100 |
| תְּדַבֵּר | બોલે-છે | H1696 |
| עוֹד | વધુ | H5750 |
| דְּבָרֶיךָ | તારી-વાતો | H1697 |
| אָמַרְתִּי | કહું-છું | H0559 |
| אַתָּה | તું | |
| וְצִיבָא | અને-સીબા | H6717 |
| תַּחְלְקוּ | વહેંચી-લો | |
| אֶת־ | ને | H0853 |
| הַשָּׂדֶה׃ | ખેતર | |

પછી રાજાએ તેને કહ્યુ, "શા માટે ગઈ ગુજરી બાબતો તું મને જણાવે છે? મેં નિર્ણય કર્યો છે કે, તું અને સીબા શાઉલની બધી મિલકત વહેંચી લો."

30

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| מְפִיבֹשֶׁת | મફીબોશેથે | H4648 |
| אֶל־ | ને | H0413 |
| הַמֶּלֶךְ | રાજાને | H4428 |
| גַּם | ભલે | H1571 |
| אֶת־ | ને | H0853 |
| הַכֹּל | બધું | H3605 |
| יִקָּח | લઈ-લે | H3947 |
| אַחֲרֵי | પછી | |
| אֲשֶׁר־ | જ્યારે | |
| בָּא | આવ્યા | H0935 |
| אֲדֹנִי | મારા-માલિક | H0113 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| בְּשָׁלוֹם | શાંતિમાં | H7965 |
| אֶל־ | ના | H0413 |
| בֵּיתוֹ׃ | ઘરે | |
| ס | — | |

મફીબોશેથે રાજાને જવાબ આપ્યો, "ભલે સીબા બધી મિલકત લઈ લે. કેમ કે મારે માટે તો માલિક રાજા સુરક્ષિત પોતાના મહેલમાં પાછા આવ્યા છે એ જ પૂરતું છે."

31

| | | |
|---|---|---|
| וּבַרְזִלַּי | અને-બાર્ઝિલ્લાય | H1271 |
| הַגִּלְעָדִי | ગિલઆદી | H1569 |
| יָרַד | ઉતર્યો | H3381 |
| מֵרֹגְלִים | રોગલીમથી | H7274 |
| וַיַּעֲבֹר | અને-પાર-ઊતર્યો | |
| אֶת־ | ને | H0854 |
| הַמֶּלֶךְ | રાજાને | H4428 |
| הַיַּרְדֵּן | યર્દન | H3383 |
| לְשַׁלְּחוֹ | વિદાય-આપવા | H7971 |
| אֶת־ | ને | H0853 |
| [בירדן] | — | H3383 |
| (הַיַּרְדֵּן׃) | યર્દનથી | H3383 |

પછી બાર્ઝિલ્લાય ગિલ્યાદી રોગલીમથી આવ્યો અને રાજાને યર્દન પાર પહોંચાડવાને તેની સાથે યર્દન ઊતર્યો હતો.

32

| | | |
|---|---|---|
| וּבַרְזִלַּי | અને-બાર્ઝિલ્લાય | H1271 |
| זָקֵן | ઘણો-વૃદ્ધ | H2204 |
| מְאֹד | ઘણો | H3966 |
| בֶּן־ | પુત્ર | |
| שְׁמֹנִים | એંશી | H8084 |
| שָׁנָה | વર્ષનો | H8141 |
| וְהוּא־ | અને-તેણે | H1931 |
| כִלְכַּל | ભરણ-પોષણ-કર્યું | H3557 |
| אֶת־ | ને | H0853 |
| הַמֶּלֶךְ | રાજાનું | H4428 |
| בְּשִׁיבָתוֹ | તેના-રહેવા-દરમ્યાન | H7871 |
| בְמַחֲנַיִם | મહનાઈમમાં | H4266 |
| כִּי־ | કારણ-કે | |
| אִישׁ | માણસ | H0376 |
| גָּדוֹל | મોટો | |
| הוּא | તે | H1931 |
| מְאֹד׃ | ઘણો | H3966 |

હવે બાર્ઝિલ્લાય ઘણો વૃદ્ધ એટલે કે એંશી વર્ષનો માણસ હતો. તે ઘણો ધનવાન માણસ હતો. રાજાને જયારે માહનાઇમમાં હતો ત્યારે તેણે તેને ખોરાક પૂરો પડ્યો હતો.

33

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הַמֶּלֶךְ | રાજાએ | H4428 |
| אֶל־ | ને | H0413 |
| בַּרְזִלָּי | બાર્ઝિલ્લાયને | H1271 |
| אַתָּה | તું | |
| עֲבֹר | પાર-ઊતર | |
| אִתִּי | મારી-સાથે | H0854 |
| וְכִלְכַּלְתִּי | અને-ભરણ-પોષણ-કરીશ | H3557 |
| אֹתְךָ | તારું | H0853 |
| עִמָּדִי | મારી-સાથે | H5978 |
| בִּירוּשָׁלִָם׃ | યરૂશાલેમમાં | H3389 |

રાજાએ બાર્ઝિલ્લાયને કહ્યુ, "મારી સાથે યર્દનને પેલે પાર આવ અને હું યરુશાલેમમાં મારી સાથે તારું પૂરું કરીશ."

34

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| בַּרְזִלַּי | બાર્ઝિલ્લાયે | H1271 |
| אֶל־ | ને | H0413 |
| הַמֶּלֶךְ | રાજાને | H4428 |
| כַּמָּה | કેટલા | H4100 |
| יְמֵי | દિવસો | H3117 |
| שְׁנֵי | વર્ષોના | H8141 |
| חַיַּי | જીવનના | |
| כִּי־ | કે | |
| אֶעֱלֶה | ચઢું | H5927 |
| אֶת־ | સાથે | H0854 |
| הַמֶּלֶךְ | રાજાની | H4428 |
| יְרוּשָׁלִָם׃ | યરૂશાલેમ | H3389 |

બાર્ઝિલ્લાયે રાજાને જણાવ્યું "મારી જિંદગીનાં વર્ષોમાં કેટલા દિવસો બાકી રહ્યા છે કે, હે રાજા હું તારી સાથે યરુશાલેમમાં આવું?

35

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בֶּן־ | שְׁמֹנִים | שָׁנָה | אָנֹכִי | הַיּוֹם | הַאֵדַע | בֵּין־ | טוֹב | לְרָע | אִם־ | יִטְעַם | עַבְדְּךָ |
| પુત્ર | એંશી | વર્ષનો | હું | આજે | શું-ઓળખું | વચ્ચે | સારું | ને-ખરાબ | શું | સ્વાદ-લે | તારો-સેવક |
| | H8084 | H8141 | H0595 | H3117 | H3045 | H0996 | | | | H2938 | H5650 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | אֲשֶׁר | אֹכַל | וְאֶת־ | אֲשֶׁר | אֶשְׁתֶּה | אִם־ | אֶשְׁמַע | עוֹד | בְּקוֹל | שָׁרִים | וְשָׁרוֹת |
| ને | જે | ખાઉં | અને-ને | જે | પીઉં | શું | સાંભળું | હજુ | અવાજ | ગાયકોનો | અને-ગાયિકાઓનો |
| H0853 | | H0398 | H0853 | | H8354 | | H8085 | H5750 | | H7891 | H7891 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְלָמָּה | יִהְיֶה | עַבְדְּךָ | עוֹד | לְמַשָּׂא | אֶל־ | אֲדֹנִי | הַמֶּלֶךְ׃ |
| અને-કેમ | થાય | તારો-સેવક | હજુ | બોજ | ને | મારા-માલિક | રાજા |
| H4100 | H1961 | H5650 | H5750 | | H0413 | H0113 | H4428 |

હું એંશી વર્ષનો થયો છું. શું હું સારા કે નરસાને પારખી શકું છું? હું જે ખાઉં કે પીઉં તેનો સ્વાદ માણી શકું છું? શું હું ગીત ગાનાર પુરુષો કે સ્ત્રીઓનો અવાજ સાંભળી શકું છું? તો પછી શા માટે મેં તારા ચાકરે માલિક રાજાને બોજારૂપ થવું જોઈએ?

36

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּמְעַט | יַעֲבֹר | עַבְדְּךָ | אֶת־ | הַיַּרְדֵּן | אֶת־ | הַמֶּלֶךְ | וְלָמָּה | יִגְמְלֵנִי | הַמֶּלֶךְ | הַגְּמוּלָה |
| થોડુંક | પાર-ઊતરે | તારો-સેવક | ને | યર્દન | ને | રાજાની-સાથે | અને-કેમ | બદલો-આપે | રાજા | બદલો |
| H4592 | | H5650 | H0853 | H3383 | H0854 | H4428 | H4100 | H1580 | H4428 | H1578 |

| |
|---|
| הַזֹּאת׃ |
| આ |
| H2063 |

હું તો ફક્ત યર્દન પાર ઊતરતાં સુધી જ તારી સાથે આવીશ. શા માટે રાજા મને આનો આટલો મોટો બદલો આપવો જોઈએ?

37

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יָשָׁב־ | נָא | עַבְדְּךָ | וְאָמֻת | בְּעִירִי | עִם | קֶבֶר | אָבִי | וְאִמִּי | וְהִנֵּה |
| પાછો-જવા-દો | કૃપા-કરી | તારા-સેવકને | અને-મરું | મારા-શહેરમાં | પાસે | કબર | મારા-પિતાની | અને-માતાની | અને-જુઓ |
| H7725 | H4994 | H5650 | H4191 | | | H6913 | H0001 | H0517 | H2009 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַבְדְּךָ | כִמְהָם | יַעֲבֹר | עִם־ | אֲדֹנִי | הַמֶּלֶךְ | וַעֲשֵׂה־ | לוֹ | אֵת | אֲשֶׁר־ | טוֹב |
| તારો-સેવક | કિમ્હામ | પાર-ઊતરે | સાથે | મારા-માલિક | રાજાની | અને-કર | તેને | ને | જે | સારું |
| H5650 | H3643 | | | H0113 | H4428 | | | H0853 | | |

| | |
|---|---|
| בְּעֵינֶיךָ׃ | ס |
| તારી-નજરમાં | — |

કૃપા કરી તારા ચાકરને પાછો ઘરે જવા દે, કે હું મારા નગરમાં મારા પિતા અને માતાની પાસે મરણ પામું. પણ જો, આ તારો દાસ કિમ્હામ અહીં મારી પાસે છે. તે ભલે નદી ઊતરીને આવે અને જેમ મારા માલિક રાજાને ઠીક લાગે તેમ તેની સાથે કરજે."

38

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | הַמֶּלֶךְ | אִתִּי | יַעֲבֹר | כִמְהָם | וַאֲנִי | אֶעֱשֶׂה־ | לּוֹ | אֶת־ | הַטּוֹב | בְּעֵינֶיךָ |
| અને-કહ્યું | રાજાએ | મારી-સાથે | પાર-ઊતરે | કિમ્હામ | અને-હું | કરીશ | તેને | ને | સારું-જે | તારી-નજરમાં |
| H0559 | H4428 | H0854 | | H3643 | H0589 | | | H0853 | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְכֹל | אֲשֶׁר־ | תִּבְחַר | עָלַי | אֶעֱשֶׂה־ | לָּךְ׃ |
| અને-બધું | જે | પસંદ-કરે | મારા-ઉપર | કરીશ | તારા-માટે |
| H3605 | | H0977 | | | |

રાજાએ જવાબ આપ્યો, "ભલે કિમ્હામ મારી સાથે નદી ઊતરીને આવે અને તને સારું લાગે તે હું તેના માટે કરીશ, તું મારી પાસે જે કંઈ માગીશ તે હું તારા માટે કરીશ."

39

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲבֹר | כָל־ | הָעָם | אֶת־ | הַיַּרְדֵּן | וְהַמֶּלֶךְ | עָבָר | וַיִּשַּׁק | הַמֶּלֶךְ | לְבַרְזִלַּי |
| અને-પાર-ઊતર્યા | બધા | લોકો | ને | યર્દન | અને-રાજા | પાર-ઊતર્યો | અને-ચૂમ્યો | રાજાએ | બાર્ઝિલ્લાયને |
| | H3605 | | H0853 | H3383 | H4428 | | | H4428 | H1271 |

| | | | |
|---|---|---|---|
| וַיְבָרְכֵהוּ | וַיָּשָׁב | לִמְקֹמוֹ׃ | ס |
| અને-આશીર્વાદ-આપ્યો | અને-પાછો-ફર્યો | પોતાના-ઘેર | — |
| H1288 | H7725 | H4725 | |

પછી રાજા અને તેના સર્વ લોકોએ યર્દન નદી પાર કરી, રાજાએ બાર્ઝિલ્લાયને ચુંબન કર્યું અને તેને આશીર્વાદ આપ્યો. પછી બાર્ઝિલ્લાય પોતાના ઘરે પાછો ગયો.

40 וַיַּעֲבֹר הַמֶּלֶךְ הַגִּלְגָּלָה וְכִמְהָן עָבַר עִמּוֹ וְכָל־ עַם יְהוּדָה [ויעברו]
અને-પાર-ઊતર્યો રાજા ગિલગાલ અને-કિમ્હામ ઊતર્યો તેની-સાથે અને-બધા લોકો યહૂદાના —
H4428 H1537 H3643 H3605 H3063

(הֶעֱבִירוּ) אֶת־ הַמֶּלֶךְ וְגַם חֲצִי עַם יִשְׂרָאֵל׃
ઊતાર્યો ને રાજાને અને-પણ અડધા લોકો ઇસ્રાએલના
H0853 H4428 H1571 H2677 H3478

રાજા નદી પાર કરીને ગિલ્ગાલ ગયો અને કિમ્હામ પણ તેની સાથે ગયો. યહૂદિયાનું આખું સૈન્ય અને ઇઝરાયલનું અડધું સૈન્ય રાજાને નદી પાર ઉતારીને લાવ્યા.

41 וְהִנֵּה כָל־ אִישׁ יִשְׂרָאֵל בָּאִים אֶל־ הַמֶּלֶךְ וַיֹּאמְרוּ אֶל־ הַמֶּלֶךְ מַדּוּעַ
અને-જુઓ બધા માણસો ઇસ્રાએલના આવતા પાસે રાજાની અને-કહ્યુ ને રાજાને કેમ
H2009 H3605 H0376 H3478 H0935 H0413 H4428 H0559 H0413 H4428 H4069

גְּנָבוּךָ אַחֵינוּ אִישׁ יְהוּדָה וַיַּעֲבִרוּ אֶת־ הַמֶּלֶךְ וְאֶת־ בֵּיתוֹ אֶת־
ચોરી-લઈ-ગયા-તને અમારા-ભાઈઓ માણસો યહૂદાના અને-ઉતાર્યા ને રાજાને અને-ને ઘરાનાને ને
H1589 H0251 H0376 H3063 H0853 H4428 H0853 H0853

הַיַּרְדֵּן וְכָל־ אַנְשֵׁי דָוִד עִמּוֹ׃ ס
યર્દન અને-બધા માણસો દાઉદના તેની-સાથે —
H3383 H3605 H0376 H1732

ઇઝરાયલના સર્વ માણસોએ ઉતાવળે રાજા પાસે આવીને કહ્યુ, “શા માટે અમારા ભાઈઓએ એટલે યહૂદિયાના માણસોએ, તમને કેમ ચોરી લીધા છે અને તારા કુટુંબને તથા તારી સાથે દાઉદના સર્વ માણસોને યર્દન પાર લઈ ગયા છે?”

42 וַיַּעַן כָּל־ אִישׁ יְהוּדָה עַל־ אִישׁ יִשְׂרָאֵל כִּי־ קָרוֹב הַמֶּלֶךְ אֵלַי
અને-જવાબ-આપ્યો બધા માણસ યહૂદાના ને માણસ ઇસ્રાએલના કારણ-કે નજીકનો રાજા અમને
H3605 H0376 H3063 H0376 H3478 H7138 H4428 H0413

וְלָמָּה זֶּה חָרָה לְךָ עַל־ הַדָּבָר הַזֶּה הֶאָכוֹל אָכַלְנוּ מִן־ הַמֶּלֶךְ אִם־
અને-કેમ આ ગુસ્સે-થાઓ તમે વિશે બાબત આ શું-ખાધું ખાધું થી રાજાથી શું
H4100 H2088 H2734 H1697 H2088 H0398 H0398 H4428

נִשֵּׂאת נִשָּׂא לָנוּ׃ ס
ઉપાડ્યું ઉપાડ્યું અમે —
H5379 H5375

તેથી ઇઝરાયલનાં માણસોએ યહૂદિયાના માણસોને જવાબ આપ્યો, “કેમ કે રાજા અમારો નજીકનો સગો છે. શા માટે તમે આ વિષે અમારા પર ગુસ્સે થયા છો? શું અમે રાજાના પોતાના ખોરાકમાંથી કશું ખાધું છે? શું રાજાએ અમને કશી ભેટ આપી છે?”

43 וַיַּעַן אִישׁ־ יִשְׂרָאֵל אֶת־ אִישׁ יְהוּדָה וַיֹּאמֶר עֶשֶׂר־ יָדוֹת לִי בַמֶּלֶךְ
અને-જવાબ-આપ્યો માણસ ઇસ્રાએલના ને માણસ યહૂદાના અને-કહ્યુ દસ ભાગ અમારા રાજામાં
H0376 H3478 H0853 H0376 H3063 H0559 H6235 H3027 H4428

וְגַם־ בְּדָוִד אֲנִי מִמְּךָ וּמַדּוּעַ הֱקִלֹּתַנִי וְלֹא־ הָיָה דְבָרִי רִאשׁוֹן לִי
અને-પણ દાઉદમાં હું તમારા-કરતાં અને-કેમ અપમાન-કર્યું-અમારું અને-ન હતું અમારું-વચન પહેલું અમારું
H1571 H1732 H0589 H4069 H7043 H3808 H1961 H1697 H7223

לְהָשִׁיב אֶת־ מַלְכִּי וַיִּקֶשׁ דְּבַר־ אִישׁ יְהוּדָה מִדְּבַר אִישׁ יִשְׂרָאֵל׃ ס
પાછા-લાવવા ને અમારા-રાજાને અને-કડવું-હતું વચન માણસ યહૂદાનું વચન-કરતાં માણસ ઇસ્રાએલના —
H7725 H0853 H4428 H7185 H1697 H0376 H3063 H1697 H0376 H3478

ઇઝરાયલના માણસોએ યહૂદિયાના માણસોને જવાબ આપ્યો, “રાજામાં અમારા દસ ભાગ છે, દાઉદ પર તમારા કરતાં વધારે અમારો હક છે. તમે શા માટે અમને તુચ્છ ગણો છો? અમારા રાજાને પાછો લાવવા વિષે અમારી સલાહ કેમ લીધી નહિ શું અમે ન હતા?” પણ યહૂદિયાના માણસોના શબ્દો ઇઝરાયલી માણસોના શબ્દો કરતા વધારે ઉગ્ર હતા.

# Chapter 20

1

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| וְשָׁם | અને-ત્યાં | H8033 |
| נִקְרָא | બોલાવાયો | H7122 |
| אִישׁ | માણસ | H0376 |
| בְלִיַּעַל | દુષ્ટ | H1100 |
| וּשְׁמוֹ | અને-તેનું-નામ | H8034 |
| שֶׁבַע | શેબા | |
| בֶּן־ | પુત્ર | |
| בִּכְרִי | બિખ્રીનો | H1075 |
| אִישׁ | માણસ | H0376 |
| יְמִינִי | બિન્યામીની | H3228 |
| וַיִּתְקַע | અને-ફૂંક્યો | H8628 |
| בַּשֹּׁפָר | રણશિંગુ | H7782 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֵין־ | નથી | H0369 |
| לָנוּ | અમારો | |
| חֵלֶק | ભાગ | |
| בְּדָוִד | દાઉદમાં | H1732 |
| וְלֹא | અને-નથી | H3808 |
| נַחֲלָה־ | વારસો | H5159 |
| לָנוּ | અમારો | |
| בְּבֶן־ | માં-પુત્ર | |
| יִשַׁי | યિશાયના | H3448 |
| אִישׁ | દરેક | H0376 |
| לְאֹהָלָיו | પોતાના-તંબૂમાં | H0168 |
| יִשְׂרָאֵל׃ | ઇસ્રાએલ | H3478 |

પછી એવું બન્યું કે, બિન્યામીની બિખ્રીનો શેબા નામે દીકરો, જે બલિયાલનો માણસ હતો તે ત્યાં હતો, તેણે દાઉદ સામે રણશિંગડું ફૂંકીને કહ્યુ, “દાઉદ સાથે અમારે કોઈ સંબંધ નથી કે યિશાઈના દીકરા સાથે અમારો કોઈ લાગભાગ નથી. આ ઇઝરાયલના સર્વ માણસો તમે તમારા તંબુઓમાં જાઓ”

2

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| וַיַּעַל | અને-ગયા | H5927 |
| כָּל־ | બધા | H3605 |
| אִישׁ | માણસ | H0376 |
| יִשְׂרָאֵל | ઇસ્રાએલના | H3478 |
| מֵאַחֲרֵי | પાછળથી | |
| דָוִד | દાઉદની | H1732 |
| אַחֲרֵי | પાછળ | |
| שֶׁבַע | શેબા | |
| בֶּן־ | પુત્ર | |
| בִּכְרִי | બિખ્રીના | H1075 |
| וְאִישׁ | અને-માણસો | H0376 |
| יְהוּדָה | યહૂદાના | H3063 |
| דָּבְקוּ | વળગી-રહ્યા | H1692 |
| בְמַלְכָּם | પોતાના-રાજાને | H4428 |
| מִן־ | થી | |
| הַיַּרְדֵּן | યર્દન | H3383 |
| וְעַד־ | અને-સુધી | H5704 |
| יְרוּשָׁלִָם׃ | યરૂશાલેમ | H3389 |

તેથી ઇઝરાયલના બધા માણસો દાઉદને છોડીને બિખ્રીના દીકરા શેબાની પાછળ ગયા. પણ યહૂદિયાના માણસો યર્દનથી યરુશાલેમ સુધી રાજાની સાથે રહ્યા.

3

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| וַיָּבֹא | અને-આવ્યો | H0935 |
| דָוִד | દાઉદ | H1732 |
| אֶל־ | ના | H0413 |
| בֵּיתוֹ | ઘરે | |
| יְרוּשָׁלִַם | યરૂશાલેમ | H3389 |
| וַיִּקַּח | અને-લીધી | H3947 |
| הַמֶּלֶךְ | રાજાએ | H4428 |
| אֵת | ને | H0853 |
| עֶשֶׂר־ | દસ | H6235 |
| נָשִׁים | સ્ત્રીઓ | H0802 |
| פִּלַגְשִׁים | ઉપપત્નીઓ | H6370 |
| אֲשֶׁר | જેમને | |
| הִנִּיחַ | રાખી-હતી | H3240 |
| לִשְׁמֹר | સંભાળવા | H8104 |
| הַבַּיִת | ઘર | |
| וַיִּתְּנֵם | અને-મૂક્યા | H5414 |
| בֵּית־ | ઘર-માં | |
| מִשְׁמֶרֶת | ચોકીદારીના | H4931 |
| וַיְכַלְכְּלֵם | અને-ભરણ-પોષણ-કર્યુ | H3557 |
| וַאֲלֵיהֶם | અને-તેમની-પાસે | H0413 |
| לֹא־ | ન | H3808 |
| בָא | ગયો | H0935 |
| וַתִּהְיֶינָה | અને-થઈ-રહી | H1961 |
| צְרֻרוֹת | બંધ | |
| עַד־ | સુધી | H5704 |
| יוֹם | દિવસ | H3117 |
| מֻתָן | મરણના | H4194 |
| אַלְמְנוּת | વિધવાપણામાં | H0491 |
| חַיּוּת׃ | જીવતી | H2424 |
| ס | — | |

જયારે દાઉદ યરુશાલેમમાં તેના મહેલમાં આવ્યો, ત્યારે તેણે દસ ઉપપત્નીઓ જેઓને મહેલની સંભાળ રાખવા રહેવા દીધી હતી તેઓની મુલાકાત લીધી. રાજાએ તેઓની જરૂરીયાતો પૂરી કરી પણ તેમની સાથે દાંપત્ય વ્યવહાર રાખ્યો નહિ. તેથી તેઓ તેઓના મૃત્યુ પર્યંત સુધી પતિ હોવા છતાં વિધવાની જેમ મહેલમાં રહેવું પડ્યું.

4

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הַמֶּלֶךְ | રાજાએ | H4428 |
| אֶל־ | ને | H0413 |
| עֲמָשָׂא | અમાસાને | H6021 |
| הַזְעֶק־ | બોલાવ | H2199 |
| לִי | મારા-માટે | |
| אֶת־ | ને | H0853 |
| אִישׁ־ | માણસ | H0376 |
| יְהוּדָה | યહૂદાના | H3063 |
| שְׁלֹשֶׁת | ત્રણ | H7969 |
| יָמִים | દિવસમાં | H3117 |
| וְאַתָּה | અને-તું | |
| פֹּה | અહીં | H6311 |
| עֲמֹד׃ | ઊભો-રહે | H5975 |

પછી રાજાએ અમાસાને કહ્યુ, “યહૂદિયાના માણસોને ત્રણ દિવસમાં મારી સામે ભેગા કર, તારે પણ અહીં મારી સામે હાજર રહેવું.”

5

| וַיֵּלֶךְ | עֲמָשָׂא | לְהַזְעִיק | אֶת־ | יְהוּדָה | ]וייחר[ | )וַיּוֹחֶר( | מִן־ | הַמּוֹעֵד | אֲשֶׁר |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ગયો | અમાસા | બોલાવવા | ને | યહૂદાને | — | અને-મોડો-પડ્યો | થી | સમય | જે |
| H3212 | H6021 | H2199 | H0853 | H3063 | H0309 | H0309 | | H4150 | |

| יְעָדוֹ׃ | ס |
|---|---|
| ઠરાવ્યો-હતો | — |
| H3259 | |

તેથી અમાસા યહૂદિયાના માણસોને એકત્ર કરવા ગયો, પણ પાછા આવીને મળવા માટે જે સમય રાજાએ ઠરાવ્યો હતો તેના કરતા તેને વધારે સમય લાગ્યો.

6

| וַיֹּאמֶר | דָּוִד | אֶל־ | אֲבִישַׁי | עַתָּה | יֵרַע | לָנוּ | שֶׁבַע | בֶּן־ | בִּכְרִי | מִן־ | אַבְשָׁלוֹם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | દાઉદે | ને | અબીશાયને | હવે | ખરાબ-કરશે | અમને | શેબા | પુત્ર | બિખ્રીનો | કરતાં | અબ્શાલોમ |
| H0559 | H1732 | H0413 | H0052 | H6258 | H3415 | | | | H1075 | | H0053 |

| אַתָּה | קַח | אֶת־ | עַבְדֵי | אֲדֹנֶיךָ | וּרְדֹף | אַחֲרָיו | פֶּן־ | מָצָא | לוֹ | עָרִים |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તું | લે | ને | સેવકો | તારા-માલિકના | અને-પીછો-કર | તેની-પાછળ | રખેને | મળે | તેને | શહેરો |
| | H3947 | H0853 | H5650 | H0113 | H7291 | | H6435 | H4672 | | |

| בְּצֻרוֹת | וְהִצִּיל | עֵינֵנוּ׃ |
|---|---|---|
| કિલ્લેબંધ | અને-છટકી-જાય | આપણી-નજરથી |
| H1219 | H5337 | |

તેથી દાઉદે અબિશાયને કહ્યુ, "હવે બિખ્રીનો દીકરો શેબા આપણને આબ્શાલોમ કરતા વધારે નુકસાન પહોંચાડશે. તારા માલિકના ચાકરો, મારા સૈનિકોને લઈને તેનો પીછો કર, નહિ તો તે કિલ્લેબંધીવાળાં નગરોમાં પહોંચી જશે અને આપણી દ્રષ્ટિમાંથી તે છટકી જશે."

7

| וַיֵּצְאוּ | אַחֲרָיו | אַנְשֵׁי | יוֹאָב | וְהַכְּרֵתִי | וְהַפְּלֵתִי | וְכָל־ | הַגִּבֹּרִים | וַיֵּצְאוּ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-નીકળ્યા | તેની-પાછળ | માણસો | યોઆબના | અને-કરેથીઓ | અને-પલેથીઓ | અને-બધા | શૂરવીરો | અને-નીકળ્યા |
| H3318 | | H0376 | H3097 | H3774 | H6432 | H3605 | H1368 | H3318 |

| מִירוּשָׁלַםִ | לִרְדֹּף | אַחֲרֵי | שֶׁבַע | בֶּן־ | בִּכְרִי׃ |
|---|---|---|---|---|---|
| યરૂશાલેમથી | પીછો-કરવા | પાછળ | શેબા | પુત્ર | બિખ્રીના |
| H3389 | H7291 | | | | H1075 |

પછી યોઆબના માણસો, રાજાના બધા યોદ્ધાઓ, કરેથીઓ અને પલેથીઓ તેની પાછળ ગયા. તેઓ અબિશાયની સાથે બિખ્રીના દીકરા શેબાનો પીછો કરવા સારુ યરુશાલેમથી બહાર નીકળ્યા.

8

| הֵם | עִם־ | הָאֶבֶן | הַגְּדוֹלָה | אֲשֶׁר | בְּגִבְעוֹן | וַעֲמָשָׂא | בָּא | לִפְנֵיהֶם | וְיוֹאָב |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તેઓ | પાસે | પથ્થર | મોટા | જે | ગિબયોનમાં | અને-અમાસા | આવ્યો | તેમની-સામે | અને-યોઆબ |
| H1992 | | H0068 | | | H1391 | H6021 | H0935 | H6440 | H3097 |

| חָגוּר | מִדּוֹ | לְבֻשׁוֹ | ]ועלו[ | )וְעָלָיו( | חֲגוֹר | חֶרֶב | מְצֻמֶּדֶת | עַל־ | מָתְנָיו | בְּתַעְרָהּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પહેરેલો-હતો | તેનો-વસ્ત્ર | પોશાક | — | અને-તેના-ઉપર | બાંધેલી | તલવાર | જોડેલી | ઉપર | કમર | મ્યાનમાં |
| H2296 | H4055 | H3830 | | | | H2719 | H6775 | | H4975 | H8593 |

| וְהוּא | יָצָא | וַתִּפֹּל׃ | ס |
|---|---|---|---|
| અને-તે | નીકળ્યો | અને-પડી | — |
| H1931 | H3318 | H5307 | |

જયારે તેઓ ગિબ્યોનમાં મોટા ખડક આગળ પહોંચ્યા ત્યારે અમાસા તેમને મળવા આવ્યો. યોઆબે બખતર પહેરેલું હતું, કમરે કમરબંધ બાંધેલો હતો અને તલવાર તેના મ્યાનમાં હતી. તે ચાલતો હતો ત્યારે તેની તલવાર બહાર નીકળી આવી હતી.

9

| וַיֹּאמֶר | יוֹאָב | לַעֲמָשָׂא | הֲשָׁלוֹם | אַתָּה | אָחִי | וַתֹּחֶז | יַד־ | יְמִין | יוֹאָב | בִּזְקַן |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | યોઆબે | અમાસાને | શું-કુશળ-છે | તું | ભાઈ | અને-પકડ્યો | હાથ | જમણા | યોઆબના | દાઢીએ |
| H0559 | H3097 | H6021 | H7965 | | H0251 | H0270 | H3027 | H3225 | H3097 | H2206 |

| עֲמָשָׂא | לִנְשָׁק־ | לוֹ׃ |
|---|---|---|
| અમાસાની | ચુંબન-કરવા | તેને |
| H6021 | | |

તેથી યોઆબે અમાસાને કહ્યુ, “મારા ભાઈ, શું તું ઠીક તો છે ને?” યોઆબે અમાસાને ચુંબન કરવા માટે તેનો જમણો હાથ લંબાવી તેની દાઢી પકડી.

10

| וַעֲמָשָׂא | לֹא־ | נִשְׁמַר | בַחֶרֶב | אֲשֶׁר | בְּיַד־ | יוֹאָב | וַיַּכֵּהוּ | בָהּ | אֶל־ | הַחֹמֶשׁ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-અમાસા | ન | સાચવ્યો | તલવારથી | જે | હાથ-માં | યોઆબના | અને-માર્યો | તેના-વડે | ને | પેટમાં |
| H6021 | H3808 | H8104 | H2719 | | H3027 | H3097 | H5221 | | H0413 | H2570 |

| וַיִּשְׁפֹּךְ | מֵעָיו | אַרְצָה | וְלֹא־ | שָׁנָה | לוֹ | וַיָּמֹת | ס | וְיוֹאָב | וַאֲבִישַׁי |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ઢોળાયાં | આતરડાં | જમીન-પર | અને-ન | બીજી-વાર-માર્યો | તેને | અને-મરી-ગયો | — | અને-યોઆબ | અને-અબીશાય |
| H8210 | H4578 | H0776 | H3808 | | | H4191 | | H3097 | H0052 |

| אָחִיו | רָדַף | אַחֲרֵי | שֶׁבַע | בֶּן־ | בִּכְרִי׃ |
|---|---|---|---|---|---|
| તેના-ભાઈ | પીછો-કર્યો | પાછળ | શેબા | પુત્ર | બિખ્રીના |
| H0251 | H7291 | | | | H1075 |

પણ યોઆબના હાથમાં તલવાર હતી તે વિષે અમાસાએ ધ્યાન ન આપ્યું. યોઆબે તેના પેટમાં તલવારથી ઘા કર્યો એટલે તેનાં આતરડા બહાર આવી જમીન પર પડ્યાં, યોઆબે બીજો ઘા કર્યો નહિ કારણ કે અમાસા મરણ પામ્યો હતો. પછી યોઆબ અને તેના ભાઈ અબિશાય બિખ્રીના દીકરા શેબાની પાછળ પડયા.

11

| וְאִישׁ | עָמַד | עָלָיו | מִנַּעֲרֵי | יוֹאָב | וַיֹּאמֶר | מִי | אֲשֶׁר | חָפֵץ | בְּיוֹאָב |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-માણસ | ઊભો-રહ્યો | તેની-ઉપર | જુવાનોમાંથી | યોઆબના | અને-કહ્યુ | જે-કોઈ | જે | ચાહે | યોઆબને |
| H0376 | H5975 | | H5288 | H3097 | H0559 | H4310 | | | H3097 |

| וּמִי | אֲשֶׁר־ | לְדָוִד | אַחֲרֵי | יוֹאָב׃ |
|---|---|---|---|---|
| અને-જે-કોઈ | જે | દાઉદ-માટે | પાછળ | યોઆબ |
| H4310 | | H1732 | | H3097 |

યોઆબના માણસોમાંના એકે અમાસા પાસે ઊભા રહીને કહ્યુ, “જે યોઆબનો પક્ષનો હોય અને જે દાઉદનો પક્ષનો હોય, તે યોઆબને અનુસરે.”

12

| וַעֲמָשָׂא | מִתְגֹּלֵל | בַּדָּם | בְּתוֹךְ | הַמְסִלָּה | וַיַּרְא | הָאִישׁ | כִּי־ | עָמַד | כָּל־ | הָעָם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-અમાસા | તરફડતો-હતો | લોહીમાં | વચ્ચે | રસ્તાના | અને-જોયું | માણસે | કે | ઊભા-રહ્યા | બધા | લોકો |
| H6021 | H1556 | H1818 | H8432 | H4546 | H7200 | H0376 | | H5975 | H3605 | |

| וַיַּסֵּב | אֶת־ | עֲמָשָׂא | מִן־ | הַמְסִלָּה | הַשָּׂדֶה | וַיַּשְׁלֵךְ | עָלָיו | בֶּגֶד | כַּאֲשֶׁר | רָאָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ખસેડ્યો | ને | અમાસાને | થી | રસ્તેથી | ખેતરમાં | અને-નાખ્યું | તેના-ઉપર | કપડું | જેમ | જોયું |
| H5437 | H0853 | H6021 | | H4546 | | H7993 | | | | H7200 |

| כָּל־ | הַבָּא | עָלָיו | וְעָמָד׃ |
|---|---|---|---|
| બધા | આવતા | તેની-ઉપર | અને-ઊભા-રહેતા |
| H3605 | H0935 | | H5975 |

અમાસા માર્ગની વચ્ચે લોહીથી અદર તરબોળ થઈને પડેલો હતો. જયારે તે માણસે જોયું કે સર્વ લોકો હજુ પણ ઊભા છે ત્યારે તે અમાસાને માર્ગમાંથી ઊંચકીને ખેતરમાં લઈ ગયો. તેણે તેના પર વસ્ત્ર ઓઢાડ્યું. કેમ કે તેણે જોયું કે લોકો હજુ સુધી ત્યાં ઊભા હતા.

13

| כַּאֲשֶׁר | הֹגָה | מִן־ | הַמְסִלָּה | עָבַר | כָּל־ | אִישׁ | אַחֲרֵי | יוֹאָב | לִרְדֹּף | אַחֲרֵי | שֶׁבַע |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જેમ | ખસેડ્યો | થી | રસ્તેથી | ગયા | બધા | માણસ | પાછળ | યોઆબ | પીછો-કરવા | પાછળ | શેબા |
| | H3014 | | H4546 | | H3605 | H0376 | | H3097 | H7291 | | |

| בֶּן־ | בִּכְרִי׃ |
|---|---|
| પુત્ર | બિખ્રીના |
| | H1075 |

અમાસાને રસ્તા ઉપરથી લઈ લેવામાં આવ્યા પછી બધા લોકો યોઆબની પાછળ બિખ્રીના દીકરા શેબાનો પીછો કરવા ગયા.

14

| וַיַּעֲבֹר | בְּכָל־ | שִׁבְטֵי | יִשְׂרָאֵל | אָבֵלָה | וּבֵית מַעֲכָה | וְכָל־ | הַבֵּרִים | ס | ]ויקלהו[ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ગયો | બધા | કુળોમાં | ઇસ્રાએલના | આબેલ | અને-બેથ-માકાહ | અને-બધા | બેરીમ | — | — |
| | H3605 | H7626 | H3478 | H0059 | H1038 | H3605 | H1276 | | H6950 |

| )וַיִּקָּהֲלוּ( | וַיָּבֹאוּ | אַף־ | אַחֲרָיו׃ |
|---|---|---|---|
| અને-ભેગા-થયા | અને-આવ્યા | પણ | તેની-પાછળ |
| H6950 | H0935 | H0637 | |

શેબા ઇઝરાયલનાં બધા કુળો પાસે થઈને રસ્તામાં આવતા આબેલ, બેથ-માકામાં તથા બરિયાઓમાં ફર્યો, તેઓ એકસાથે ભેગા થઈને શેબાને અનુસર્યા.

15

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹאוּ | וַיָּצֻרוּ | עָלָיו | בְּאָבֵלָה | הַמַּעֲכָהבֵית | וַיִּשְׁפְּכוּ | סֹלְלָה | אֶל־ | הָעִיר |
| અને-આવ્યા | અને-ઘેરો-ઘાલ્યો | તેના-ઉપર | આબેલમાં | બેથ-માકાહના | અને-ઢોળ્યો | ટીલો | ને | શહેર |
| H0935 | | | H0059 | H1038 | H8210 | H5550 | H0413 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתַּעֲמֹד | בַּחֵל | וְכָל־ | הָעָם | אֲשֶׁר | אֶת־ | יוֹאָב | מַשְׁחִיתִם | לְהַפִּיל | הַחוֹמָה׃ |
| અને-ઊભો-રહ્યો | દીવાલ-પાસે | અને-બધા | લોકો | જે | ની-સાથે | યોઆબ | તોડતા-હતા | પાડવા | દીવાલ |
| H5975 | H2426 | H3605 | | | H0854 | H3097 | H7843 | H5307 | H2346 |

યોઆબના લોકોએ આવીને આબેલ-બેથ-માઅખાહમાં તેને ઘેરીને પકડી લીધો. તેઓએ નગરની દિવાલની સામે માટીનો ઢગલો ઊભો કર્યો. સૈન્યના સર્વ લોકો જે યોઆબની સાથે હતા નગરના કોટને તોડી પાડવા માટે તેના પર મારો ચલાવ્યો.

16

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתִּקְרָא | אִשָּׁה | חֲכָמָה | מִן־ | הָעִיר | שִׁמְעוּ | שִׁמְעוּ | אִמְרוּ־ | נָא | אֶל־ | יוֹאָב |
| અને-બોલી | સ્ત્રી | ડાહી | માંથી | શહેરમાંથી | સાંભળો | સાંભળો | કહો | કૃપા-કરી | ને | યોઆબને |
| H7121 | H0802 | H2450 | | | H8085 | H8085 | H0559 | H4994 | H0413 | H3097 |

| | | | | |
|---|---|---|---|---|
| קְרַב | עַד־ | הֵנָּה | וַאֲדַבְּרָה | אֵלֶיךָ׃ |
| નજીક-આવ | સુધી | અહીં | અને-હું-બોલું | તારી-સાથે |
| H7126 | H5704 | H2008 | H1696 | H0413 |

પછી નગરની દિવાલને તોડવાનું શરૂ કર્યું ત્યારે એક જ્ઞાની સ્ત્રીએ બૂમ પાડીને કહ્યુ, "સાંભળો, કૃપા કરી સાંભળો યોઆબને કહે કે તે અહીં મારી પાસે આવો કે જેથી હું તેની સાથે વાત કરું."

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְרַב | אֵלֶיהָ | וַתֹּאמֶר | הָאִשָּׁה | הַאַתָּה | יוֹאָב | וַיֹּאמֶר | אָנִי | וַתֹּאמֶר | לוֹ | שְׁמַע |
| અને-નજીક-આવ્યો | તેની-પાસે | અને-કહ્યુ | સ્ત્રીએ | શું-તું-છે | યોઆબ | અને-કહ્યુ | હું | અને-કહ્યુ | તેને | સાંભળ |
| H7126 | H0413 | H0559 | H0802 | | H3097 | H0559 | H0589 | H0559 | | H8085 |

| | | | | |
|---|---|---|---|---|
| דִּבְרֵי | אֲמָתֶךָ | וַיֹּאמֶר | שֹׁמֵעַ | אָנֹכִי׃ |
| શબ્દો | તારી-દાસીના | અને-કહ્યુ | સાંભળું-છું | હું |
| H1697 | H0519 | H0559 | H8085 | H0595 |

તેથી યોઆબ તેની પાસે આવ્યો અને તે સ્ત્રીએ તેને પૂછ્યું, "શું તું યોઆબ છે?" તેણે જવાબ આપ્યો, "હું તે છું." ત્યારે તે સ્ત્રીએ તેને કહ્યુ, "તારી દાસી એટલે મને સાંભળ." તેણે જવાબ આપ્યો, "હું સાંભળું છું."

18

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֹּאמֶר | לֵאמֹר | דַּבֵּר | יְדַבְּרוּ | בָרִאשֹׁנָה | לֵאמֹר | שָׁאֹל | יְשָׁאֲלוּ | בְּאָבֵל | וְכֵן | הֵתַמּוּ׃ |
| અને-કહ્યુ | કહેતાં | બોલવા | બોલતા-હતા | પહેલાં | કહેતાં | પૂછવું | પૂછે | આબેલમાં | અને-એમ | ઉકેલ-થાય |
| H0559 | H0559 | H1696 | H1696 | H7223 | H0559 | H7592 | H7592 | H0059 | | H8552 |

પછી તેણે કહ્યુ, "પ્રાચીન કાળમાં લોકો એમ કહેતા હતા, 'લોકો આબેલમાં નિશ્ચે સલાહ પૂછશે,' તેની સલાહથી તેમની વાતનો અત આવતો હશે.

19

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אָנֹכִי | שְׁלֻמֵי | אֱמוּנֵי | יִשְׂרָאֵל | אַתָּה | מְבַקֵּשׁ | לְהָמִית | עִיר | וְאֵם | בְּיִשְׂרָאֵל | לָמָּה |
| હું | શાંતિના | વિશ્વાસુ | ઇસ્રાએલના | તું | શોધે-છે | મારી-નાખવા | શહેર | અને-માતા | ઇસ્રાએલમાં | કેમ |
| H0595 | | H0539 | H3478 | | H1245 | H4191 | | H0517 | H3478 | H4100 |

| | | | |
|---|---|---|---|
| תְבַלַּע | נַחֲלַת | יְהוָה׃ | פ |
| ગળી-જાય | વારસો | યહોવાહનો | — |
| H1104 | H5159 | H3068 | |

જેઓ ઇઝરાયલમાં વિશ્વાસુ અને શાંતિપ્રિય છે તેવા માણસોમાંની હું પણ એક છું. તું ઇઝરાયલના એક નગરનો અને માતાનો નાશ કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે. શા માટે તું ઈશ્વરના વારસાને ગળી જવા ઇચ્છે છે?"

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַן | יוֹאָב | וַיֹּאמַר | חָלִילָה | חָלִילָה | לִי | אִם־ | אֲבַלַּע | וְאִם־ | אַשְׁחִית׃ |
| અને-જવાબ-આપ્યો | યોઆબે | અને-કહ્યુ | દૂર-હો | દૂર-હો | મારાથી | જો | ગળી-જાઉં | અને-જો | નાશ-કરું |
| | H3097 | H0559 | H2486 | H2486 | | | H1104 | | H7843 |

તેથી યોઆબે જવાબ આપ્યો કે, "હું ગળી જાઉં કે નાશ કરું, "એવું મારાથી દૂર થાઓ.

21

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | כֵן | הַדָּבָר | כִּי | אִישׁ | מֵהַר | אֶפְרַיִם | שֶׁבַע | בֶּן־ | בִּכְרִי | שְׁמוֹ | נָשָׂא |
| ન | એમ | વાત | પણ | માણસ | પહાડ-થી | એફ્રાઈમના | શેબા | પુત્ર | બિખ્રીનો | તેનું-નામ | ઉઠાવ્યો |
| H3808 | | H1697 | | H0376 | H2022 | H0669 | | | H1075 | H8034 | H5375 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יָדוֹ | בַּמֶּלֶךְ | בְּדָוִד | תְּנוּ־ | אֹתוֹ | לְבַדּוֹ | וְאֵלְכָה | מֵעַל | הָעִיר | וַתֹּאמֶר | הָאִשָּׁה | אֶל־ |
| હાથ | રાજા-વિરુદ્ધ | દાઉદ-વિરુદ્ધ | આપો | તેને | એકલાને | અને-જઈશ | ઉપરથી | શહેર | અને-કહ્યુ | સ્ત્રીએ | ને |
| H3027 | H4428 | H1732 | H5414 | H0853 | H0905 | H3212 | | | H0559 | H0802 | H0413 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יוֹאָב | הִנֵּה | רֹאשׁוֹ | מֻשְׁלָךְ | אֵלֶיךָ | בְּעַד | הַחוֹמָה׃ |
| યોઆબને | જુઓ | તેનું-માથું | ફેંકાશે | તારી-તરફ | ઉપરથી | દીવાલ |
| H3097 | H2009 | | H7993 | H0413 | H1157 | H2346 |

તે સાચું નથી. પણ એફ્રાઇમના પહાડી પ્રદેશનો એક માણસ એટલે બિખ્રીનો દીકરો શેબા, તેણે પોતાનો હાથ રાજા એટલે કે દાઉદ રાજા સામે ઉઠાવ્યો છે. તેને મારી આગળ સ્વાધીન કરી દે અને હું નગર છોડીને ચાલ્યો જઈશ." તે સ્ત્રીએ યોઆબને કહ્યુ, "જો એમ હોય તો તેનું માથું કોટ ઉપરથી તારા તરફ ફેંકી દેવામાં આવશે."

22

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתָּבוֹא | הָאִשָּׁה | אֶל־ | כָּל־ | הָעָם | בְּחָכְמָתָהּ | וַיִּכְרְתוּ | אֶת־ | רֹאשׁ | שֶׁבַע | בֶּן־ | בִּכְרִי |
| અને-ગઈ | સ્ત્રી | પાસે | બધા | લોકોની | ડહાપણથી | અને-કાપ્યું | ને | માથું | શેબાનું | પુત્ર | બિખ્રીનું |
| H0935 | H0802 | H0413 | H3605 | | H2451 | H3772 | H0853 | | | | H1075 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּשְׁלִכוּ | אֶל־ | יוֹאָב | וַיִּתְקַע | בַּשּׁוֹפָר | וַיָּפֻצוּ | מֵעַל־ | הָעִיר | אִישׁ | לְאֹהָלָיו |
| અને-ફેંક્યું | ને | યોઆબ-તરફ | અને-ફૂંક્યો | રણશિંગુ | અને-વિખેરાયા | ઉપરથી | શહેરના | દરેક | પોતાના-તંબૂમાં |
| H7993 | H0413 | H3097 | H8628 | H7782 | | | | H0376 | H0168 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְיוֹאָב | שָׁב | יְרוּשָׁלִַם | אֶל־ | הַמֶּלֶךְ׃ | ס |
| અને-યોઆબ | પાછો-ફર્યો | યરૂશાલેમ | પાસે | રાજાની | — |
| H3097 | H7725 | H3389 | H0413 | H4428 | |

પછી તે સ્ત્રી પોતાની હોશિયારી વાપરીને સર્વ લોકો પાસે ગઈ. લોકોએ બિખ્રીનો દીકરો શેબાનું માથું કાપી નાખ્યું એટલે કોટ પરથી યોઆબ તરફ ફેંક્યું. પછી તેણે રણશિંગડું વગાડ્યું અને યોઆબના માણસો નગર છોડીને પોતપોતના તંબુએ ગયા. અને યોઆબ રાજા પાસે પાછો યરુશાલેમમાં આવ્યો.

23

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְיוֹאָב | אֶל | כָּל־ | הַצָּבָא | יִשְׂרָאֵל | וּבְנָיָה | בֶּן־ | יְהוֹיָדָע | עַל־ | [הכרי] |
| અને-યોઆબ | ઉપર | બધા | સેના | ઇસ્રાએલની | અને-બનાયાહ | પુત્ર | યહોયાદાનો | ઉપર | — |
| H3097 | H0413 | H3605 | | H3478 | H1141 | | H3077 | | H3746 |

| | | |
|---|---|---|
| (הַכְּרֵתִי) | וְעַל־ | הַפְּלֵתִי׃ |
| કરેથીઓ | અને-ઉપર | પલેથીઓ |
| H3774 | | H6432 |

હવે યોઆબ ઇઝરાયલના સૈન્યનો સેનાપતિ હતો, યહોયાદાનો દીકરો બનાયા કરેથીઓનો તથા પલેથીઓનો ઉપરી હતો.

24

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַאֲדֹרָם | עַל־ | הַמַּס | וִיהוֹשָׁפָט | בֶּן־ | אֲחִילוּד | הַמַּזְכִּיר׃ |
| અને-અદોરામ | ઉપર | વેઠના | અને-યહોશાફાટ | પુત્ર | અહીલૂદનો | ઇતિહાસકાર |
| H0151 | | H4522 | H3092 | | H0286 | H2142 |

અદોરામ વસૂલાતખાતા પર હતો અને અહીલૂદનો દીકરો યહોશાફાટ ઇતિહાસકાર હતો.

25

| | | | | | |
|---|---|---|---|---|---|
| [ושיא] | (וּשְׁוָא) | סֹפֵר | וְצָדוֹק | וְאֶבְיָתָר | כֹּהֲנִים׃ |
| — | અને-શવા | લહિયો | અને-સાદોક | અને-એબ્યાથાર | યાજકો |
| H7864 | H7864 | | H6659 | H0054 | H3548 |

શવા શાસ્ત્રી હતો અને સાદોક તથા અબ્યાથાર યાજકો હતા.

26

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְגַם | עִירָא | הַיָּאִרִי | הָיָה | כֹהֵן | לְדָוִד׃ | ס |
| અને-પણ | ઈરા | યાઈરી | હતો | યાજક | દાઉદનો | — |
| H1571 | H5896 | H2972 | H1961 | H3548 | H1732 | |

ઈરા યાઈરી દાઉદનો મુખ્ય વહીવટી સેવક હતો.

## Chapter 21

1

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִ֨י | רָעָ֜ב | בִּימֵ֣י | דָוִ֗ד | שָׁלֹ֤שׁ | שָׁנִים֙ | שָׁנָ֣ה | אַחֲרֵ֣י | שָׁנָ֔ה | וַיְבַקֵּ֥שׁ | דָּוִ֖ד | אֶת־ | פְּנֵ֣י |
| અને-થયો | દુકાળ | દિવસોમાં | દાઉદના | ત્રણ | વર્ષ | વર્ષ | પછી | વર્ષ | અને-શોધ્યો | દાઉદે | — | ચહેરો |
| H1961 | H7458 | H3117 | H1732 | H7969 | H8141 | H8141 | | H8141 | H1245 | H1732 | H0853 | H6440 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָ֑ה | ס | וַיֹּ֣אמֶר | יְהוָ֗ה | אֶל־ | שָׁאוּל֙ | וְאֶל־ | בֵּ֣ית | הַדָּמִ֔ים | עַ֥ל | אֲשֶׁר־ | הֵמִ֖ית |
| યહોવાહનો | — | અને-કહ્યુ | યહોવાહે | વિષે | શાઉલ | અને-વિષે | ઘર | લોહીનું | કારણ-કે | તેણે | મારી-નાખ્યા |
| H3068 | | H0559 | H3068 | H0413 | H7586 | H0413 | | H1818 | | | H4191 |

| | |
|---|---|
| אֶת־ | הַגִּבְעֹנִֽים׃ |
| — | ગિબ્યોનીઓને |
| H0853 | H1393 |

દાઉદની કારકિર્દી દરમ્યાન લગાતાર ત્રણ વર્ષ સુધી દુકાળ પડ્યો, દાઉદે ઈશ્વરને પોકાર કર્યો. તેથી ઈશ્વરે કહ્યુ, "શાઉલ તથા તેના ખૂની કુટુંબને લીધે તારા રાજ્ય પર આ દુકાળ આવ્યો છે, કેમ કે તેણે ગિબ્યોનીઓને મારી નાખ્યા હતા."

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְרָ֥א | הַמֶּ֛לֶךְ | לַגִּבְעֹנִ֖ים | וַיֹּ֣אמֶר | אֲלֵיהֶ֑ם | וְהַגִּבְעֹנִ֗ים | לֹ֣א | מִבְּנֵ֣י | יִשְׂרָאֵל֩ | הֵ֨מָּה |
| અને-બોલાવ્યા | રાજાએ | ગિબ્યોનીઓને | અને-કહ્યુ | તેમને | અને-ગિબ્યોનીઓ | નહોતા | સંતાનોમાંથી | ઇઝરાયેલના | તેઓ |
| H7121 | H4428 | H1393 | H0559 | H0413 | H1393 | H3808 | | H3478 | H1992 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֚י | אִם־ | מִיֶּ֣תֶר | הָאֱמֹרִ֔י | וּבְנֵ֥י | יִשְׂרָאֵל֙ | נִשְׁבְּע֣וּ | לָהֶ֔ם | וַיְבַקֵּ֤שׁ |
| પણ | — | બાકી-રહેલામાંથી | અમોરીઓના | અને-સંતાનોએ | ઇઝરાયેલના | સોગંદ-ખાધા-હતા | તેમને | અને-ઈચ્છ્યું |
| | | | H0567 | | H3478 | H7650 | H1992 | H1245 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| שָׁאוּל֙ | לְהַכֹּתָ֔ם | בְּקַנֹּאת֥וֹ | לִבְנֵֽי־ | יִשְׂרָאֵ֖ל | וִיהוּדָֽה׃ |
| શાઉલે | તેમને-મારવા | તેની-ઈર્ષ્યામાં | સંતાનો-માટે | ઇઝરાયેલ | અને-યહૂદાના |
| H7586 | H5221 | H7065 | | H3478 | H3063 |

હવે ગિબ્યોનીઓ તો ઇઝરાયલના નહિ પણ અમોરીઓમાં બાકી રહેલાઓમાંના હતા. ઇઝરાયલના લોકોએ તેમની સાથે સમ ખાધા હતા, પણ શાઉલ ઇઝરાયલના લોકો તથા યહૂદિયાના લોકો માટેના તેના આવેશને લીધે તેઓને મારી નાખવાના પ્રયત્નમાં રહેતો હતો.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֤אמֶר | דָּוִד֙ | אֶל־ | הַגִּבְעֹנִ֔ים | מָ֥ה | אֶעֱשֶׂ֖ה | לָכֶ֑ם | וּבַמָּה֙ | אֲכַפֵּ֔ר | וּבָרְכ֖וּ |
| અને-કહ્યુ | દાઉદે | — | ગિબ્યોનીઓને | શું | કરું | તમારા-માટે | અને-શાથી | પ્રાયશ્ચિત-કરું | અને-આશીર્વાદ-આપો |
| H0559 | H1732 | H0413 | H1393 | H4100 | | | H4100 | | H1288 |

| | | |
|---|---|---|
| אֶת־ | נַחֲלַ֥ת | יְהוָֽה׃ |
| — | વારસાને | યહોવાહના |
| H0853 | H5159 | H3068 |

તેથી દાઉદ રાજાએ ગિબ્યોનીઓને એકસાથે બોલાવીને કહ્યુ, "હું તમારે માટે શું કરું? હું કેવી રીતે પ્રાયશ્ચિત કરું, જેથી તમે ઈશ્વરના લોકોને તેમની ભલાઈ અને વચનોના વતનનો આશીર્વાદ આપો?"

4

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֨אמְרוּ | ל֜וֹ | הַגִּבְעֹנִ֗ים | אֵֽין־ | ]לִי[ | )לָ֜נוּ( | כֶּ֤סֶף | וְזָהָב֙ | עִם־ | שָׁא֣וּל | וְעִם־ | בֵּית֔וֹ |
| અને-કહ્યુ | તેને | ગિબ્યોનીઓએ | નથી | — | અમારે | ચાંદી | કે-સોનું | સાથે | શાઉલ | કે-સાથે | તેના-ઘરના |
| H0559 | | H1393 | H0369 | | | H3701 | H2091 | | H7586 | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵֽין־ | לָ֛נוּ | אִ֖ישׁ | לְהָמִ֣ית | בְּיִשְׂרָאֵ֑ל | וַיֹּ֛אמֶר | מָֽה־ | אַתֶּ֥ם | אֹמְרִ֖ים | אֶֽעֱשֶׂ֥ה | לָכֶֽם׃ |
| અને-નથી | અમારે | કોઈ-માણસ | મારવાનો | ઇઝરાયેલમાં | અને-કહ્યુ | શું | તમે | કહો-છો | કરું | તમારા-માટે |
| H0369 | | H0376 | H4191 | H3478 | H0559 | H4100 | | H0559 | | |

ગિબ્યોનીઓએ તેને જવાબ આપ્યો, શાઉલ કે તેના કુટુંબની અને અમારી વચ્ચે સોના કે રૂપાનો વાંધો નથી. અને અમારે ઇઝરાયલમાંથી કોઈને મારી નાખવો નથી." દાઉદે જવાબ આપ્યો "તમે જે કંઈ કહેશો તે હું તમારે માટે કરીશ."

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמְרוּ | אֶל־ | הַמֶּלֶךְ | הָאִישׁ | אֲשֶׁר | כִּלָּנוּ | וַאֲשֶׁר | דִּמָּה־ | לָנוּ |
| અને-કહ્યુ | — | રાજાને | માણસ | જેણે | અમને-ખતમ-કર્યા | અને-જેણે | યોજના-કરી | અમારી-વિરુદ્ધ |
| H0559 | H0413 | H4428 | H0376 | | H3615 | | H1819 | |

| | | | | |
|---|---|---|---|---|
| נִשְׁמַדְנוּ | מֵהִתְיַצֵּב | בְּכָל־ | גְּבֻל | יִשְׂרָאֵל׃ |
| અમે-નાશ-પામ્યા | ટકી-ન-શકીએ | કોઈ-પણ | સીમામાં | ઇઝરાયેલની |
| H8045 | H3320 | H3605 | H1366 | H3478 |

પછી તેઓએ રાજાને કહ્યુ, જે માણસ અમને મારી નાખવાનો પ્રયત્ન કરતો હતો, તથા ઇઝરાયલની સર્વ સીમમાંથી અમારું નિકંદન જાય, એવી યુક્તિઓ અમારી વિરુદ્ધ જે રચતો હતો,

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ]ינתן־[ | )יֻתַּן־( | לָנוּ | שִׁבְעָה | אֲנָשִׁים | מִבָּנָיו | וְהוֹקַעֲנוּם | לַיהוָה | בְּגִבְעַת |
| — | આપવામાં-આવે | અમને | સાત | માણસો | તેના-વંશજોમાંથી | અને-અમે-લટકાવીશું | યહોવાહ-આગળ | ગિબ્આહમાં |
| H5414 | H5414 | | H7651 | H0376 | | H3363 | H3068 | H1390 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שָׁאוּל | בְּחִיר | יְהוָה | ס | וַיֹּאמֶר | הַמֶּלֶךְ | אֲנִי | אֶתֵּן׃ |
| શાઉલના | પસંદ-કરેલા | યહોવાહના | — | અને-કહ્યુ | રાજાએ | હું | આપીશ |
| H7586 | H0972 | H3068 | | H0559 | H4428 | H0589 | H5414 |

તેના વંશજોમાંથી સાત માણસો અમારે સ્વાધીન કરવામાં આવે, એટલે ઈશ્વરથી પસંદ કરાયેલા શાઉલના ગિબયામાં અમે તેઓને ઈશ્વરની આગળ ફાંસી આપીશું." તેથી રાજાએ કહ્યુ, "હું તેઓને તમારે સ્વાધીન કરીશ."

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּחְמֹל | הַמֶּלֶךְ | עַל־ | מְפִי־ | בֹשֶׁת | בֶּן־ | יְהוֹנָתָן | בֶּן־ | שָׁאוּל | עַל־ | שְׁבֻעַת |
| અને-દયા-કરી | રાજાએ | પર | મફી | બોશેથ | પુત્ર | યોનાથાનના | પુત્ર | શાઉલના | લીધે | સોગંદના |
| H2550 | H4428 | | H4648 | H1322 | | H3083 | | H7586 | | H7621 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה | אֲשֶׁר | בֵּינֹתָם | בֵּין | דָּוִד | וּבֵין | יְהוֹנָתָן | בֶּן־ | שָׁאוּל׃ |
| યહોવાહના | જે | તેમની-વચ્ચે-હતા | વચ્ચે | દાઉદ | અને-વચ્ચે | યોનાથાન | પુત્ર | શાઉલના |
| H3068 | | H0996 | H0996 | H1732 | H0996 | H3083 | | H7586 |

પણ શાઉલના દીકરા યોનાથાન તથા દાઉદની વચ્ચે ઈશ્વરના જે સમ હતા, તેને કારણે રાજાએ શાઉલના દીકરા યોનાથાનના દીકરા મફીબોશેથને બચાવ્યો.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקַּח | הַמֶּלֶךְ | אֶת־ | שְׁנֵי | בְּנֵי | רִצְפָּה | בַת־ | אַיָּה | אֲשֶׁר | יָלְדָה | לְשָׁאוּל |
| અને-લીધા | રાજાએ | — | બે | પુત્રો | રિસ્પાહના | પુત્રી | આયાહની | જેને | જન્મ-આપ્યો-હતો | શાઉલ-માટે |
| H3947 | H4428 | H0853 | H8147 | | H7532 | H1323 | H0345 | | H3205 | H7586 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | אַרְמֹנִי | וְאֶת־ | מְפִבֹשֶׁת | וְאֶת־ | חֲמֵשֶׁת | בְּנֵי | מִיכַל | בַּת־ | שָׁאוּל | אֲשֶׁר |
| — | આર્મોનીને | અને | મફીબોશેથને | અને | પાંચ | પુત્રો | મીખાલના | પુત્રી | શાઉલની | જેને |
| H0853 | H0764 | H0853 | H4648 | H0853 | H2568 | | H4324 | H1323 | H7586 | |

| | | | | |
|---|---|---|---|---|
| יָלְדָה | לְעַדְרִיאֵל | בֶּן־ | בַּרְזִלַּי | הַמְּחֹלָתִי׃ |
| જન્મ-આપ્યો-હતો | આદ્રિએલ-માટે | પુત્ર | બર્ઝિલ્લાઈના | મહોલાથી |
| H3205 | H5741 | | H1271 | H4259 |

પણ દાઉદ રાજાએ આર્મોની તથા મફીબોશેથ નામે શાઉલના જે બે દીકરા એયાહની દીકરી રિસ્પાથી થયા હતા તેઓને તથા બાર્ઝિલ્લાય મહોલાથીના દીકરા જે આદ્રિયેલના પાંચ દીકરાઓ શાઉલની દીકરી મિખાલથી થયા હતા તેઓને ગીબ્યોનીઓને સ્વાધીન કરવાનું નક્કી કર્યું.

9

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּתְּנֵם | בְּיַד | הַגִּבְעֹנִים | וַיֹּקִיעֻם | בָּהָר | לִפְנֵי | יְהוָה | וַיִּפְּלוּ | ]שבעתים[ |
| અને-સોંપ્યા | હાથમાં | ગિબ્યોનીઓના | અને-લટકાવ્યા | પર્વત-પર | સમક્ષ | યહોવાહના | અને-પડ્યા | — |
| H5414 | H3027 | H1393 | H3363 | H2022 | H6440 | H3068 | H5307 | H7651 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| )שְׁבַעְתָּם( | יָחַד | ]והם[ | )וְהֵמָּה( | הֻמְתוּ | בִּימֵי | קָצִיר | בָּרִאשֹׁנִים | ]תחלת[ | )בִּתְחִלַּת( |
| સાતેય | એકસાથે | — | અને-તેઓ | માર્યા-ગયા | દિવસોમાં | કાપણીના | પહેલાં | — | શરૂઆતમાં |
| H7651 | | H1992 | H1992 | H4191 | H3117 | | H7223 | H8462 | H8462 |

| | |
|---|---|
| קְצִיר | שְׂעֹרִים׃ |
| કાપણી | જવની |
| | H8184 |

તેઓને રાજાએ ગિબ્યોનીઓના હાથમાં સોંપ્યાં અને તેઓએ તેઓને પર્વત ઉપર ઈશ્વરની આગળ ફાંસી આપી, તે સાત લોકો એકસાથે મરણ પામ્યા. કાપણીની ઋતુના પહેલા દિવસોમાં એટલે જવની કાપણીની શરૂઆતમાં તેઓ મરાયા હતા.

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתִּקַּח | רִצְפָּה | בַת־ | אַיָּה | אֶת־ | הַשַּׂק | וַתַּטֵּהוּ | לָהּ | אֶל־ | הַצּוּר | מִתְּחִלַּת |
| અને-લીધું | રિસ્પાહે | પુત્રી | આયાહની | — | ટાટ | અને-પાથર્યું | પોતાના-માટે | પર | ખડક | શરૂઆતથી |
| H3947 | H7532 | H1323 | H0345 | H0853 | H8242 | H5186 | | H0413 | H6697 | H8462 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| קְצִיר | עַד | נִתַּךְ־ | מַיִם | עֲלֵיהֶם | מִן־ | הַשָּׁמָיִם | וְלֹא־ | נָתְנָה | עוֹף | הַשָּׁמַיִם |
| કાપણીની | ત્યાં-સુધી-કે | રેડાયું | પાણી | તેમના-પર | — | આકાશમાંથી | અને-ન-દીધું | તેણે | પક્ષીઓને | આકાશના |
| | H5704 | H5413 | H4325 | | | H8064 | H3808 | H5414 | H5775 | H8064 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לָנוּחַ | עֲלֵיהֶם | יוֹמָם | וְאֶת־ | חַיַּת | הַשָּׂדֶה | לָיְלָה׃ |
| બેસવા | તેમના-પર | દિવસે | કે | જંગલી-પ્રાણીઓને | ખેતરનાં | રાત્રે |
| H5117 | | H3119 | H0853 | | | H3915 |

ત્યારે એયાહની દીકરી રિસ્પાએ ટાટ લીધું અને કાપણીની શરૂઆતથી તે તેઓની ઉપર આકાશમાંથી પાણી પડ્યું ત્યાં સુધી, મૃતદેહોની બાજુમાં પોતાને માટે ખડક ઉપર તે પાથર્યું. તેણે દિવસે વાયુચર પક્ષીઓને તથા રાત્રે જંગલી પશુઓને મૃતદેહો પાસે આવવા દીધાં નહિ.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֻּגַּד | לְדָוִד | אֵת | אֲשֶׁר־ | עָשְׂתָה | רִצְפָּה | בַת־ | אַיָּה | פִּלֶגֶשׁ | שָׁאוּל׃ |
| અને-જણાવવામાં-આવ્યું | દાઉદને | જે | — | કર્યું | રિસ્પાહે | પુત્રી | આયાહની | ઉપપત્ની | શાઉલની |
| H5046 | H1732 | H0853 | | | H7532 | H1323 | H0345 | H6370 | H7586 |

એયાહની દીકરી રિસ્પાએ, એટલે શાઉલની ઉપપત્નીએ આ જે કંઈ કર્યું તેની ખબર દાઉદને મળી.

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּלֶךְ | דָּוִד | וַיִּקַּח | אֶת־ | עַצְמוֹת | שָׁאוּל | וְאֶת־ | עַצְמוֹת | יְהוֹנָתָן | בְּנוֹ | מֵאֵת |
| અને-ગયો | દાઉદ | અને-લીધાં | — | હાડકાં | શાઉલનાં | અને | હાડકાં | યોનાથાનનાં | તેના-પુત્રનાં | પાસેથી |
| H3212 | H1732 | H3947 | H0853 | H6106 | H7586 | H0853 | H6106 | H3083 | | H0854 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בַּעֲלֵי | יָבֵישׁ | גִּלְעָד | אֲשֶׁר | גָּנְבוּ | אֹתָם | מֵרְחֹב | בֵּית־שַׁן | אֲשֶׁר | [תלום] |
| આગેવાનો | યાબેશ | ગિલઆદના | જેમણે | ચોરી-કર્યાં-હતાં | તેમને | ચોકમાંથી | બેથ-શાનના | જ્યાં | — |
| H1167 | H3003 | H1568 | | H1589 | H0853 | H7339 | H1052 | | H8518 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (תְּלָאוּם) | [שם] | [הפלשתים] | (שָׁמָּה) | (פְּלִשְׁתִּים) | בְּיוֹם | הַכּוֹת | פְּלִשְׁתִּים | אֶת־ | שָׁאוּל |
| લટકાવ્યા-હતા | — | — | ત્યાં | પલિસ્તીઓએ | દિવસે | મારવાના | પલિસ્તીઓએ | — | શાઉલને |
| H8518 | H8033 | H6430 | H8033 | H6430 | H3117 | H5221 | H6430 | H0853 | H7586 |

| |
|---|
| בַּגִּלְבֹּעַ׃ |
| ગિલ્બોઆમાં |
| H1533 |

તેથી દાઉદે જઈને શાઉલનાં અસ્થિ તથા તેના દીકરા યોનાથાનના હાડકાં યાબેશ ગિલ્યાદના માણસો પાસેથી લીધાં, તેઓ તે બેથ-શાનના મેદાનમાંથી ચોરી લાવ્યા હતા, જે દિવસે પલિસ્તીઓએ શાઉલને ગિલ્બોઆમાં મારી નાખ્યો તે દિવસે પલિસ્તીઓએ તે ત્યાં લટકાવ્યાં હતાં.

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַל | מִשָּׁם | אֶת־ | עַצְמוֹת | שָׁאוּל | וְאֶת־ | עַצְמוֹת | יְהוֹנָתָן | בְּנוֹ | וַיַּאַסְפוּ | אֶת־ |
| અને-લાવ્યા | ત્યાંથી | — | હાડકાં | શાઉલનાં | અને | હાડકાં | યોનાથાનનાં | તેના-પુત્રનાં | અને-ભેગાં-કર્યાં | — |
| H5927 | H8033 | H0853 | H6106 | H7586 | H0853 | H6106 | H3083 | | H0622 | H0853 |

| | |
|---|---|
| עַצְמוֹת | הַמּוּקָעִים׃ |
| હાડકાં | લટકાવેલાઓનાં |
| H6106 | H3363 |

દાઉદે ત્યાંથી શાઉલના હાડકાં તથા તેના દીકરા યોનાથાનના અસ્થિ લઈ લીધા, તેમ જ ફાંસીએ લટકાવેલાઓનાં હાડકાં તેઓએ એકત્ર કર્યાં.

| 14 | וַיִּקְבְּר֗וּ | אֶת־ | עַצְמֽוֹת־ | שָׁא֣וּל | וִיהוֹנָתָֽן־ | בְּנוֹ֩ | בְּאֶ֨רֶץ | בִּנְיָמִ֜ן | בְּצֵלָ֗ע | בְּקֶ֙בֶר֙ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-દફનાવ્યાં | — | હાડકાં | શાઉલનાં | અને-યોનાથાનનાં | તેના-પુત્રનાં | દેશમાં | બિન્યામીનના | સેલાહમાં | કબરમાં |
| | H6912 | H0853 | H6106 | H7586 | H3083 | | H0776 | H1144 | H6762 | H6913 |

| קִ֣ישׁ | אָבִ֔יו | וַֽיַּעֲשׂ֕וּ | כֹּ֖ל | אֲשֶׁר־ | צִוָּ֣ה | הַמֶּ֑לֶךְ | וַיֵּעָתֵ֧ר | אֱלֹהִ֛ים | לָאָ֖רֶץ | אַחֲרֵי־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કીશની | તેના-પિતાની | અને-કર્યું | બધું | જે | આજ્ઞા-આપી-હતી | રાજાએ | અને-કૃપા-કરી | ઈશ્વરે | દેશ-પર | પછી |
| H7027 | H0001 | | H3605 | | H6680 | H4428 | H6279 | H0430 | H0776 | |

| כֵֽן׃ | פ |
|---|---|
| તે | — |

અને તેઓએ શાઉલનાં તથા તેના દીકરા યોનાથાનના અસ્થિ બિન્યામીન દેશના સેલામાં તેના પિતા કીશની કબરમાં દફનાવ્યાં. તેઓએ રાજાની કહેલી આજ્ઞા પ્રમાણે સઘળું કર્યું. ત્યાર પછી ઈશ્વરે તે દેશ માટે કરેલી તેઓની પ્રાર્થનાનો જવાબ આપ્યો.

| 15 | וַתְּהִי־ | ע֥וֹד | מִלְחָמָ֛ה | לַפְּלִשְׁתִּ֖ים | אֶת־ | יִשְׂרָאֵ֑ל | וַיֵּ֨רֶד | דָּוִ֜ד | וַעֲבָדָ֥יו | עִמּ֛וֹ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-થયું | ફરીથી | યુદ્ધ | પલિસ્તીઓનું | સાથે | ઇઝરાયેલ | અને-ગયો | દાઉદ | અને-તેના-સેવકો | તેની-સાથે |
| | H1961 | H5750 | H4421 | H6430 | H0854 | H3478 | H3381 | H1732 | H5650 | |

| וַיִּלָּחֲמ֥וּ | אֶת־ | פְּלִשְׁתִּ֖ים | וַיָּ֥עַף | דָּוִֽד׃ |
|---|---|---|---|---|
| અને-લડ્યા | — | પલિસ્તીઓ-સામે | અને-થાક્યો | દાઉદ |
| | H0854 | H6430 | | H1732 |

પછી પલિસ્તીઓ ફરીથી ઇઝરાયલ સાથે યુદ્ધ કરવા ગયા. તેથી દાઉદ તેના સૈન્ય સાથે જઈને પલિસ્તીઓની સામે લડ્યો. અને દાઉદ યુદ્ધ કરીને થાકી ગયો.

| 16 | בְּנֹב[וישבו] | בְּנֹ֜ב(וְיִשְׁבִּ֨י) | אֲשֶׁ֣ר | בִּילִידֵ֣י | הָרָפָ֗ה | וּמִשְׁקַל֙ | קֵינ֔וֹ | שְׁלֹ֤שׁ | מֵאוֹת֙ | מִשְׁקַ֣ל |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-યિશ્બી | નોબનો | જે | વંશજોમાંથી | રાફાહના | અને-વજન | તેના-ભાલાનું | ત્રણસો | — | શેકેલ |
| | H3430 | H3430 | | H3211 | | H4948 | H7013 | H7969 | H3967 | H4948 |

| נְחֹ֔שֶׁת | וְה֖וּא | חָג֣וּר | חֲדָשָׁ֑ה | וַיֹּ֖אמֶר | לְהַכּ֥וֹת | אֶת־ | דָּוִֽד׃ |
|---|---|---|---|---|---|---|---|
| કાંસાના | અને-તે | સજ્જ-હતો | નવી-તલવારથી | અને-કહ્યુ | મારવા | — | દાઉદને |
| | H1931 | H2296 | H2319 | H0559 | H5221 | H0853 | H1732 |

અને રફાહના વંશજોમાંનો એક યિશ્બી-બનોબ હતો. તેના ભાલાનું વજન પિત્તળના ત્રણસો શેકેલ ચોત્રીસ કિલો પાંચ ગ્રામ હતું તેણે નવી તલવાર કમરે બાંધી હતી, તેનો ઇરાદો દાઉદને મારી નાખવાનો હતો.

| 17 | וַיַּעֲזָר־ | ל֗וֹ | אֲבִישַׁי֙ | בֶּן־ | צְרוּיָ֔ה | וַיַּךְ֙ | אֶת־ | הַפְּלִשְׁתִּ֖י | וַיְמִיתֵ֑הוּ | אָ֣ז |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-મદદ-કરી | તેને | અબીશાઈએ | પુત્ર | સરૂયાહના | અને-માર્યો | — | પલિસ્તીને | અને-મારી-નાખ્યો | ત્યારે |
| | H5826 | | H0052 | | H6870 | H5221 | H0853 | H6430 | H4191 | |

| נִשְׁבְּעוּ֩ | אַנְשֵׁי־ | דָוִ֨ד | ל֜וֹ | לֵאמֹ֗ר | לֹא־ | תֵצֵ֨א | ע֤וֹד | אִתָּ֙נוּ֙ | לַמִּלְחָמָ֔ה | וְלֹ֥א |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સોગંદ-ખાધા | માણસોએ | દાઉદના | તેને | કહીને | નહીં | જશો | ફરીથી | અમારી-સાથે | યુદ્ધમાં | અને-નહીં |
| H7650 | H0376 | H1732 | | H0559 | H3808 | H3318 | H5750 | H0854 | H4421 | H3808 |

| תְכַבֶּ֖ה | אֶת־ | נֵ֥ר | יִשְׂרָאֵֽל׃ | פ |
|---|---|---|---|---|
| ઓલવો | — | દીવો | ઇઝરાયેલનો | — |
| H3518 | H0853 | | H3478 | |

પણ સરુયાના દીકરા અબિશાયે તેને બચાવ્યો અને પેલા પલિસ્તી પર હુમલો કરીને તેને મારી નાખ્યો. ત્યારે દાઉદના માણસોએ તેને સમ ખાઈને કહ્યુ, "તારે હવેથી અમારી સાથે યુદ્ધમાં આવવું નહિ, કે રખેને તું ઇઝરાયલનો દીવો હોલવી નાખે."

| 18 | וַֽיְהִי֙ | אַֽחֲרֵי־ | כֵ֔ן | וַתְּהִי־ | ע֧וֹד | הַמִּלְחָמָ֛ה | בְּג֖וֹב | עִם־ | פְּלִשְׁתִּ֑ים | אָ֣ז | הִכָּ֗ה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בַּבֹּקֶר | સવારે | H1242 |
| פ | — | |
| וּדְבַר־ | અને-વચન | H1697 |
| יְהוָה | યહોવાહનું | H3068 |
| הָיָה | આવ્યું-હતું | H1961 |
| אֶל־ | પ્રતિ | H0413 |
| גָּד | ગાદ | H1410 |
| הַנָּבִיא | પ્રબોધકને | H5030 |
| חֹזֵה | દ્રષ્ટા | H2374 |
| דָוִד | દાઉદનો | H1732 |
| לֵאמֹר׃ | કહીને | H0559 |

જયારે દાઉદ સવારે ઊઠયો, તે અગાઉ દાઉદ અને ઈશ્વર વચ્ચેના મધ્યસ્થ ગાદ પ્રબોધકની પાસે ઈશ્વરનું વચન આવ્યું કે

12

| | | |
|---|---|---|
| הָלוֹךְ | જા | H1980 |
| וְדִבַּרְתָּ | અને-કહે | H1696 |
| אֶל־ | — | H0413 |
| דָּוִד | દાઉદને | H1732 |
| כֹּה | આમ | H3541 |
| אָמַר | કહે-છે | H0559 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| שָׁלֹשׁ | ત્રણ | H7969 |
| אָנֹכִי | હું | H0595 |
| נוֹטֵל | મૂકું-છું | H5190 |
| עָלֶיךָ | તારા-પર | |
| בְּחַר־ | પસંદ-કરો | H0977 |
| לְךָ | તારા-માટે | |
| אַחַת־ | એકને | H0259 |
| מֵהֶם | તેમાંથી | H1992 |
| וְאֶעֱשֶׂה־ | અને-કરીશ | |
| לָּךְ׃ | તારા-માટે | |

તું દાઉદ પાસે જઈને તેને કહે 'ઈશ્વર એમ કહે છે કે: હું તારી આગળ ત્રણ વિકલ્પો મૂકું છું. તેમાંથી એક તું પસંદ કર કે તે પ્રમાણે હું તને કરું.

13 וַיָּבֹא־ גָד אֶל־ דָּוִד וַיַּגֶּד־ לוֹ וַיֹּאמֶר לוֹ הֲתָבוֹא לְךָ שֶׁבַע שָׁנִים
અને-આવ્યો ગાદ પાસે દાઉદને અને-જણાવ્યું તેને અને-કહ્યુ તેને આવશે-શું તારા-પર સાત વર્ષ
H0935 H1410 H0413 H1732 H5046 H0559 H0935 H7651 H8141

רָעָב בְּאַרְצֶךָ אִם־ שְׁלֹשָׁה חֳדָשִׁים נֻסְךָ לִפְנֵי־ צָרֶיךָ וְהוּא רֹדְפֶךָ וְאִם־
દુકાળ તારા-દેશમાં કે ત્રણ મહિના ભાગવું-પડશે સામેથી શત્રુઓને અને-તે તારો-પીછો-કરે કે
H7458 H0776 H7969 H2320 H5127 H6440 H1931 H7291

הֱיוֹת שְׁלֹשֶׁת יָמִים דֶּבֶר בְּאַרְצֶךָ עַתָּה דַּע וּרְאֵה מָה־ אָשִׁיב שֹׁלְחִי דָּבָר׃
હોવું ત્રણ દિવસ મરકી તારા-દેશમાં હવે જાણો અને-જુઓ શું ઉત્તર-આપું મોકલનારને વચન
H1961 H7969 H3117 H1698 H0776 H6258 H3045 H7200 H4100 H7725 H7971 H1697

ס
—

માટે ગાદે દાઉદ પાસે આવીને તેને કહ્યુ, "તારા અપરાધને લીધે દેશમાં સાત વર્ષ + 24:13 3 વર્ષ સુધી દુકાળ આવે? અથવા તારા શત્રુઓ તારી પાછળ લાગે અને તું ત્રણ મહિના સુધી તેઓની આગળ નાસી જાય? અથવા તારા દેશમાં ત્રણ દિવસ સુધી મરકી ચાલે? હવે આ ત્રણ બાબતોમાંથી કોઈ એકની પસંદગી કરીને જણાવ. તે પ્રમાણેનો જવાબ હું મને મોકલનાર ઈશ્વરને આપીશ."

14 וַיֹּאמֶר דָּוִד אֶל־ גָּד צַר־ לִי מְאֹד נִפְּלָה־ נָּא בְיַד־ יְהוָה כִּי־
અને-કહ્યુ દાઉદે — ગાદને સંકટ-છે મારા-માટે ઘણું પડીએ કૃપા-કરીને હાથમાં યહોવાહના કેમ-કે
H0559 H1732 H0413 H1410 H3966 H5307 H4994 H3027 H3068

רַבִּים [רחמו] (רַחֲמָיו) וּבְיַד־ אָדָם אַל־ אֶפֹּלָה׃
ઘણી-છે — તેમની-કરુણા અને-હાથમાં માણસના નહીં પડું
H3027 H0120 H0408 H5307

ત્યારે દાઉદે ગાદને કહ્યુ, "હું ઘણી મુશ્કેલીમાં છું. માણસનાં હાથમાં પડવા કરતાં આપણે ઈશ્વરના હાથમાં જ પડીએ એ સારું છે. કેમ કે તેમની દયા પુષ્કળ છે."

15 וַיִּתֵּן יְהוָה דֶּבֶר בְּיִשְׂרָאֵל מֵהַבֹּקֶר וְעַד־ עֵת מוֹעֵד וַיָּמָת מִן־ הָעָם
અને-આપી યહોવાહે મરકી ઇઝરાયેલમાં સવારથી તે-લઈને સમય નક્કી-કરેલા અને-મર્યા — લોકોમાંથી
H5414 H3068 H1698 H3478 H1242 H5704 H6256 H4150 H4191

מִדָּן וְעַד־ בְּאֵר שֶׁבַע שִׁבְעִים אֶלֶף אִישׁ׃
દાનથી તે-લઈને બેર-શેબા-સુધી સિત્તેર હજાર માણસો
H1835 H5704 H0884 H7657 H0505 H0376

તેથી ઈશ્વરે ઇઝરાયલમાં સવારથી તે ઠરાવેલા સમય સુધી મરકી મોકલી દાનથી તે બેરશેબા સુધી લોકોમાંથી સિત્તેર હજાર માણસો મરણ પામ્યા.

16 וַיִּשְׁלַח יָדוֹ הַמַּלְאָךְ יְרוּשָׁלַם לְשַׁחֲתָהּ וַיִּנָּחֶם יְהוָה אֶל־ הָרָעָה וַיֹּאמֶר
અને-લંબાવ્યો હાથનો દૂતે યરૂશાલેમ-પ્રતિ તેનો-નાશ-કરવા અને-પસ્તાવો યહોવાહે પ્રતિ આફતને અને-કહ્યુ
H7971 H3027 H4397 H3389 H7843 H5162 H3068 H0413 H0559

לַמַּלְאָךְ הַמַּשְׁחִית בָּעָם רַב עַתָּה הֶרֶף יָדֶךָ וּמַלְאַךְ יְהוָה הָיָה עִם־
દૂતને વિનાશ-કરનારને લોકોમાં બસ-છે હવે અટકાવો તારો-હાથ અને-દૂત યહોવાહનો હતો પાસે
H4397 H7843 H6258 H7503 H3027 H4397 H3068 H1961

גֹּרֶן [האורנה] (הָאֲרַוְנָה) הַיְבֻסִי׃ ס
ખળાંના — અરવ્નાહના યબૂસીના —
H1637 H0728 H0728 H2983

દૂતે યરુશાલેમનો નાશ કરવાને પોતાનો હાથ તેની તરફ લંબાવ્યો, ત્યારે ઈશ્વરે યરુશાલેમનું નુકસાન કરવાથી તેના મનને બદલી નાખ્યું જે દૂત લોકોનો નાશ કરતો હતો, તેને તેમણે કહ્યુ, "હવે બસ□ તારો હાથ પાછો લે." તે સમયે ઈશ્વરનો દૂત અરાવ્નાહ યબૂસીની ખળી પાસે ઊભો હતો.

17
וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | דָוִד દાઉદે H1732 | אֶל־ — H0413 | יְהוָה યહોવાહને H3068 | וּבִרְאֹתוֹ જોઈને H7200 | אֶת־ — H0853 | הַמַּלְאָךְ દૂતને H4397 | הַמַּכֶּה મારતા H5221 | בָעָם લોકોમાં | וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | הִנֵּה જુઓ H2009 | אָנֹכִי મેં H0595
חָטָאתִי પાપ-કર્યો-છે H2398 | וְאָנֹכִי અને-મેં H0595 | הֶעֱוֵיתִי ખોટું-કર્યું-છે | וְאֵלֶּה અને-આ H0428 | הַצֹּאן ઘેટાંએ H6629 | מֶה શું H4100 | עָשׂוּ કર્યું-છે | תְּהִי હોવો H1961 | נָא કૃપા-કરીને H4994 | יָדְךָ તારો-હાથ H3027 | בִּי મારી-વિરુદ્ધ
וּבְבֵית અને-મારી-ઘરની-વિરુદ્ધ | אָבִי׃ મારા-પિતાના H0001 | פ —

અને જે દૂત લોકોને મારતો હતો તેને જોઈને દાઉદે ઈશ્વરને કહ્યુ, “જો, મેં તો પાપ કર્યું છે તથા દુષ્ટ કામ પણ કર્યા છે. પણ આ ઘેટાંએ શું કર્યું છે? કૃપા કરી તમારો હાથ મારી વિરુદ્ધ તથા મારા પિતાના ઘરની વિરુદ્ધ કરો, ઘેટાંની વિરુદ્ધ નહિ.”

18
וַיָּבֹא־ અને-આવ્યો H0935 | גָד ગાદ H1410 | אֶל־ પાસે H0413 | דָּוִד દાઉદને H1732 | בַּיּוֹם તે-દિવસે H3117 | הַהוּא તે H1931 | וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | לוֹ તેને | עֲלֵה ઉપર-જા H5927 | הָקֵם ઉભી-કર | לַיהוָה યહોવાહ-માટે H3068 | מִזְבֵּחַ વેદી H4196
בְּגֹרֶן ખળામાં H1637 | [ארניה] — H0728 | (אֲרַוְנָה) અરવ્નાહના H0728 | הַיְבֻסִי׃ યબૂસીના H2983

તે દિવસે ગાદે દાઉદ પાસે આવીને કહ્યુ, “જા અરાવ્નાહ યબૂસીની ખળીમાં ઈશ્વરને માટે વેદી બાંધ.”

19
וַיַּעַל અને-ગયો H5927 | דָּוִד દાઉદ H1732 | כִּדְבַר־ વચન-પ્રમાણે H1697 | גָּד ગાદના H1410 | כַּאֲשֶׁר જેમ | צִוָּה આજ્ઞા-આપી-હતી H6680 | יְהוָה׃ યહોવાહે H3068

માટે ગાદના કહેવા પ્રમાણે, ઈશ્વરે આજ્ઞા કરી હતી તે મુજબ, દાઉદ ગયો.

20
וַיַּשְׁקֵף અને-જોયું H8259 | אֲרַוְנָה અરવ્નાહે H0728 | וַיַּרְא અને-જોયા H7200 | אֶת־ — H0853 | הַמֶּלֶךְ રાજાને H4428 | וְאֶת־ અને H0853 | עֲבָדָיו તેના-સેવકોને H5650 | עֹבְרִים પસાર-થતા | עָלָיו તેમની-તરફ | וַיֵּצֵא અને-બહાર-આવ્યો H3318
אֲרַוְנָה અરવ્નાહ H0728 | וַיִּשְׁתַּחוּ અને-નમ્યો H7812 | לַמֶּלֶךְ રાજાને H4428 | אַפָּיו મોં-પે H0639 | אָרְצָה׃ જમીન-પર H0776

અરાવ્નાહે બહાર નજર કરી, તો તેણે રાજાને તથા તેના ચાકરોને પોતાની નજીક આવતા જોયા. માટે અરાવ્નાહ તેઓની સામે ગયો. તેણે રાજાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

21
וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | אֲרַוְנָה અરવ્નાહે H0728 | מַדּוּעַ શા-માટે H4069 | בָּא આવ્યા-છે H0935 | אֲדֹנִי־ મારા-માલિક H0113 | הַמֶּלֶךְ રાજા H4428 | אֶל־ પાસે H0413 | עַבְדּוֹ તેના-સેવકને H5650 | וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | דָּוִד દાઉદે H1732 | לִקְנוֹת ખરીદવા H7069
מֵעִמְּךָ તારી-પાસેથી | אֶת־ — H0853 | הַגֹּרֶן ખળાને H1637 | לִבְנוֹת બાંધવા H1129 | מִזְבֵּחַ વેદી H4196 | לַיהוָה યહોવાહ-માટે H3068 | וְתֵעָצַר અને-અટકશે H6113 | הַמַּגֵּפָה મરકી H4046 | מֵעַל ઉપરથી | הָעָם׃ લોકોની

પછી અરાવ્નાહે કહ્યુ, “મારો માલિક રાજા પોતાના ચાકરની પાસે કેમ આવ્યો છે?” દાઉદે કહ્યુ, લોકોમાંથી મરકી બંધ થાય માટે ઈશ્વરને સારુ વેદી બાંધવા માટે તારી પાસેથી આ ખળી વેચાતી લેવાને હું આવ્યો છું.

22
וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | אֲרַוְנָה અરવ્નાહે H0728 | אֶל־ — H0413 | דָּוִד દાઉદને H1732 | יִקַּח લે H3947 | וְיַעַל અને-અર્પણ-કરે H5927 | אֲדֹנִי મારા-માલિક H0113 | הַמֶּלֶךְ રાજા H4428 | הַטּוֹב સારું-જે | [בעינו] —
(בְּעֵינָיו) તેમની-આખોમાં | רְאֵה જુઓ H7200 | הַבָּקָר બળદો H1241 | לְעֹלָה દહનાર્પણ-માટે | וְהַמֹּרִגִּים અને-ખળીઆના-ફળિયાં H4173 | וּכְלֵי અને-સાધનો H3627 | הַבָּקָר બળદોના H1241 | לְעֵצִים׃ લાકડાં-માટે H6086

અરાવ્નાહે દાઉદને કહ્યુ, “મારા માલિક રાજા, ખળી તારી પોતાની છે એમ સમજીને લે. તારી દ્રષ્ટિમાં જે સારું લાગે તે કર. જો, અહીં દહનીયાર્પણને માટે બળદો અને લાકડાને માટે ખળીના ઓજારો તથા બળદોનો સામાન છે.

23

| Hebrew | Gloss | Strong |
|---|---|---|
| הַכֹּל | બધું | H3605 |
| נָתַן | આપ્યું | H5414 |
| אֲרַוְנָה | અરવ્નાહે | H0728 |
| הַמֶּלֶךְ | રાજાએ | H4428 |
| לַמֶּלֶךְ | રાજાને | H4428 |
| ס | — | |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֲרַוְנָה | અરવ્નાહે | H0728 |
| אֶל־ | — | H0413 |
| הַמֶּלֶךְ | રાજાને | H4428 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| אֱלֹהֶיךָ | તારા-ઈશ્વર | H0430 |
| יִרְצֶךָ׃ | તને-સ્વીકારે | H7521 |

હે મારા રાજા, હું અરાવ્નાહ આ બધું તને આપું છું.” પછી અરાવ્નાહે રાજાને કહ્યુ, “તારા પ્રભુ ઈશ્વર તને માન્ય કરો.”

24

| Hebrew | Gloss | Strong |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הַמֶּלֶךְ | રાજાએ | H4428 |
| אֶל־ | — | H0413 |
| אֲרַוְנָה | અરવ્નાહને | H0728 |
| לֹא | નહીં | H3808 |
| כִּי־ | કેમ-કે | |
| קָנוֹ | ખરીદીને | H7069 |
| אֶקְנֶה | હું-ખરીદીશ | H7069 |
| מֵאוֹתְךָ | તારી-પાસેથી | H0854 |
| בִּמְחִיר | કિંમતે | H4242 |
| וְלֹא | અને-નહીં | H3808 |
| אַעֲלֶה | ચડાવીશ | H5927 |
| לַיהוָה | યહોવાહને | H3068 |
| אֱלֹהַי | મારા-ઈશ્વરને | H0430 |
| עֹלוֹת | દહનાર્પણો | |
| חִנָּם | મુફતમાં | H2600 |
| וַיִּקֶן | અને-ખરીદ્યું | H7069 |
| דָּוִד | દાઉદે | H1732 |
| אֶת־ | — | H0853 |
| הַגֹּרֶן | ખળાંને | H1637 |
| וְאֶת־ | અને | H0853 |
| הַבָּקָר | બળદોને | H1241 |
| בְּכֶסֶף | ચાંદીના | H3701 |
| שְׁקָלִים | શેકેલ | H8255 |
| חֲמִשִּׁים׃ | પચાસમાં | H2572 |

રાજાએ અરાવ્નાહને કહ્યુ, “એમ નહિ, હું નિશ્ચે મૂલ્ય આપીને તે તારી પાસેથી વેચાતું લઈશ. મેં જેની કિંમત ચૂકવી ન હોય તેનું હું મારા પ્રભુ ઈશ્વરની આગળ કેવી રીતે દહનીયાર્પણ કરું?” તેથી દાઉદે પચાસ શેકેલ 575 ગ્રામ ચાંદી આપીને ખળી તથા બળદોને ખરીદી લીધા.

25

| Hebrew | Gloss | Strong |
|---|---|---|
| וַיִּבֶן | અને-બાંધ્યું | H1129 |
| שָׁם | ત્યાં | H8033 |
| דָּוִד | દાઉદે | H1732 |
| מִזְבֵּחַ | વેદી | H4196 |
| לַיהוָה | યહોવાહ-માટે | H3068 |
| וַיַּעַל | અને-ચડાવ્યાં | H5927 |
| עֹלוֹת | દહનાર્પણો | |
| וּשְׁלָמִים | અને-શાંતિ-અર્પણો | H8002 |
| וַיֵּעָתֵר | અને-કૃપા-કરી | H6279 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| לָאָרֶץ | દેશ-પર | H0776 |
| וַתֵּעָצַר | અને-અટકી | H6113 |
| הַמַּגֵּפָה | મરકી | H4046 |
| מֵעַל | ઉપરથી | |
| יִשְׂרָאֵל׃ | ઇઝરાયેલની | H3478 |

દાઉદે ત્યાં ઈશ્વરને માટે વેદી બાંધી અને તેની ઉપર દહનીયાર્પણો તથા શાંત્યર્પણો ચઢાવ્યા. એમ ઈશ્વર દેશ ઉપર પ્રસન્ન થયા અને ઇઝરાયલમાંથી મરકી બંધ થઈ.

# ૧ રાજાઓ

## Chapter 1

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהַמֶּ֣לֶךְ | דָּוִד֙ | זָקֵ֔ן | בָּ֖א | בַּיָּמִ֑ים | וַיְכַסֻּ֙הוּ֙ | בַּבְּגָדִ֔ים | וְלֹ֥א | יִחַ֖ם | לֽוֹ׃ |
| અને-રાજા | દાઉદ | વૃદ્ધ-થયા | આવ્યા | દિવસોમાં | અને-તેમને-ઢાંક્યા | કપડાંથી | પણ-નહિ | ગરમ-થયા | તેમને |
| H4428 | H1732 | H2204 | H0935 | H3117 | H3680 | | H3808 | H3179 | |

હવે દાઉદ રાજા ઘણો વૃદ્ધ અને પ્રૌઢ ઉંમરનો થયો હોવાથી તેઓએ તેને વસ્ત્રો ઓઢાડ્યાં, પણ તેને હૂંફ મળી નહિ.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֧אמְרוּ | ל֣וֹ | עֲבָדָ֗יו | יְבַקְשׁ֞וּ | לַאדֹנִ֤י | הַמֶּ֙לֶךְ֙ | נַעֲרָ֣ה | בְתוּלָ֔ה | וְעָֽמְדָה֙ | |
| અને-કહ્યુ | તેમને | તેમના-સેવકોએ | શોધવામાં-આવે | અમારા-માલિક | રાજા-માટે | એક-યુવતી | કુંવારી | અને-ઊભી-રહે | |
| H0559 | | H5650 | H1245 | H0113 | H4428 | H5291 | H1330 | H5975 | |
| לִפְנֵ֣י | הַמֶּ֔לֶךְ | וּתְהִי־ | ל֖וֹ | סֹכֶ֑נֶת | וְשָׁכְבָ֣ה | בְחֵיקֶ֔ךָ | וְחַ֖ם | לַאדֹנִ֥י | הַמֶּֽלֶךְ׃ |
| સામે | રાજાની | અને-હોય | તેમની | સેવિકા | અને-સૂવે | તમારી-છાતીમાં | અને-ગરમ-થાય | અમારા-માલિક | રાજાને |
| H6440 | H4428 | H1961 | | H5532 | H7901 | H2436 | H2552 | H0113 | H4428 |

તેથી તેના સેવકોએ તેને કહ્યુ, "અમારા માલિક રાજાને માટે એક જુવાન કુમારિકા શોધી કાઢીએ. તે રાજાની હજૂરમાં ઊભી રહીને તેમની સેવા અને સારવાર કરે. આપની સાથે સૂઈ જાય જેથી આપનું શરીર ઉષ્માભર્યું રહે."

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְבַקְשׁוּ֙ | נַעֲרָ֣ה | יָפָ֔ה | בְּכֹ֖ל | גְּב֣וּל | יִשְׂרָאֵ֑ל | וַֽיִּמְצְא֗וּ | אֶת־ | אֲבִישַׁג֙ | הַשּׁ֣וּנַמִּ֔ית | וַיָּבִ֥אוּ |
| અને-શોધ્યું | એક-યુવતી | સુંદર | સમગ્ર | સીમામાં | ઇસ્રાએલની | અને-મળી | × | અબીશાગ | શૂનામ્મી | અને-લાવ્યા |
| H1245 | H5291 | H3303 | H3605 | H1366 | H3478 | H4672 | H0853 | H0049 | H7767 | H0935 |
| אֹתָ֖הּ | לַמֶּֽלֶךְ׃ | | | | | | | | | |
| તેને | રાજા-પાસે | | | | | | | | | |
| H0853 | H4428 | | | | | | | | | |

તેથી તેઓએ સુંદર કન્યા માટે આખા ઇઝરાયલમાં શોધ કરી. તેઓને શૂનામ્મી અબીશાગ નામે એક કન્યા મળી. તેને તેઓ રાજા પાસે લાવ્યા.

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהַנַּעֲרָ֖ה | יָפָ֣ה | עַד־ | מְאֹ֑ד | וַתְּהִ֨י | לַמֶּ֜לֶךְ | סֹכֶ֗נֶת | וַתְּשָׁ֣רְתֵ֔הוּ | וְהַמֶּ֖לֶךְ | לֹ֥א |
| અને-યુવતી | સુંદર-હતી | અત્યંત | ખૂબ | અને-થઈ | રાજાની | સેવિકા | અને-સેવા-કરી-તેની | પણ-રાજાએ | નહિ |
| H5291 | H3303 | H5704 | H3966 | H1961 | H4428 | H5532 | H8334 | H4428 | H3808 |
| יְדָעָֽהּ׃ | | | | | | | | | |
| જાણ્યું-તેને | | | | | | | | | |
| H3045 | | | | | | | | | |

તે કુમારિકા ઘણી સુંદર હતી. તેણે રાજાની સેવા કરી, પણ રાજાએ તેની સાથે શારીરિક સંબંધ રાખ્યો નહિ.

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַאֲדֹנִיָּ֧ה | בֶן־ | חַגִּ֛ית | מִתְנַשֵּׂ֥א | לֵאמֹ֖ר | אֲנִ֣י | אֶמְלֹ֑ךְ | וַיַּ֣עַשׂ | ל֗וֹ |
| અને-અદોનીયાએ | પુત્ર | હાગ્ગીથનો | પોતાને-ઊંચો-કર્યો | કહીને | હું | રાજ-કરીશ | અને-બનાવ્યા | પોતાના-માટે |
| H0138 | | H2294 | H4984 | H0559 | H0589 | | | |
| רֶ֚כֶב | וּפָ֣רָשִׁ֔ים | וַחֲמִשִּׁ֥ים | אִ֖ישׁ | רָצִ֥ים | לְפָנָֽיו׃ | | | |
| રથ | અને-ઘોડેસવારો | અને-પચાસ | માણસો | દોડનારા | તેની-આગળ | | | |
| H7393 | | H2572 | H0376 | H7323 | H6440 | | | |

તે સમયે હાગ્ગીથના દીકરા અદોનિયાએ અભિમાન કરતાં કહ્યુ કે, "હું રાજા થઈશ." તેણે પોતાને માટે રથો, ઘોડેસવારો તથા પોતાની આગળ દોડવા માટે પચાસ માણસો તૈયાર કર્યા.

6
וְלֹֽא־ અને-નહિ H3808
עֲצָבוֹ નારાજ-કર્યા
אָבִיו તેના-પિતાએ H0001
מִיָּמָיו કદી-પણ H3117
לֵאמֹר કહીને H0559
מַדּוּעַ કેમ H4069
כָּכָה આવું H3602
עָשִׂיתָ કર્યું-તેં
וְגַם־ અને-પણ H1571
הוּא તે H1931
טוֹב־ સુંદર
תֹּאַר દેખાવમાં H8389
מְאֹד ખૂબ H3966
וְאֹתוֹ અને-તેને H0853
יָלְדָה જન્મ-આપ્યો H3205
אַחֲרֵי પછી
אַבְשָׁלוֹם׃ અબશાલોમ H0053

"તેં આ પ્રમાણે કેમ કર્યુ?" એવું કહીને તેના પિતાએ તેને કોઈ વખત નારાજ કર્યો નહોતો. અદોનિયા ઘણો રૂપાળો હતો, તે આબ્શાલોમ પછી જનમ્યો હતો.

7
וַיִּהְיוּ અને-હતી H1961
דְבָרָיו તેની-વાતો H1697
עִם સાથે
יוֹאָב યોઆબ H3097
בֶּן־ પુત્ર
צְרוּיָה સરૂયાના H6870
וְעִם અને-સાથે
אֶבְיָתָר એબ્યાથાર H0054
הַכֹּהֵן યાજકના H3548
וַיַּעְזְרוּ અને-મદદ-કરી H5826
אַחֲרֵי પાછળ
אֲדֹנִיָּה׃ અદોનીયાની H0138

તેણે સરુયાના દીકરા યોઆબ તથા અબ્યાથાર યાજક પાસેથી સલાહ લીધી. તેઓએ અદોનિયાને અનુસરીને તેને સહાય કરી.

8
וְצָדוֹק પણ-સાદોક H6659
הַכֹּהֵן યાજક H3548
וּבְנָיָהוּ અને-બનાયા H1141
בֶן־ પુત્ર
יְהוֹיָדָע યહોયાદાનો H3077
וְנָתָן અને-નાથાન H5416
הַנָּבִיא પ્રબોધક H5030
וְשִׁמְעִי અને-શિમઈ H8096
וְרֵעִי અને-રેઈ H7472
וְהַגִּבּוֹרִים અને-વીરો H1368
אֲשֶׁר જે
לְדָוִד દાઉદના-હતા H1732
לֹא નહિ H3808
הָיוּ હતા H1961
עִם־ સાથે
אֲדֹנִיָּהוּ׃ અદોનીયાના H0138

પણ સાદોક યાજક, યહોયાદાનો દીકરો બનાયા, નાથાન પ્રબોધક, શિમઈ, રેઈ તથા દાઉદના યોદ્ધાઓ અદોનિયાના પક્ષે ગયા નહિ.

9
וַיִּזְבַּח અને-બલિદાન-કર્યું H2076
אֲדֹנִיָּהוּ અદોનીયાએ H0138
צֹאן ઘેટાં H6629
וּבָקָר અને-ગાયો H1241
וּמְרִיא અને-તાજાં-પશુઓ H4806
עִם પાસે
אֶבֶן પથ્થર H0068
הַזֹּחֶלֶת ઝોહેલેથના H2120
אֲשֶׁר־ જે
אֵצֶל નજીક H0681
עֵין ઝરણું H5883
רֹגֵל રોગેલનું H5883
וַיִּקְרָא અને-બોલાવ્યા H7121
אֶת־ × H0853
כָּל־ બધા H3605
אֶחָיו ભાઈઓને H0251
בְּנֵי પુત્રોને
הַמֶּלֶךְ રાજાના H4428
וּלְכָל־ અને-બધા H3605
אַנְשֵׁי માણસોને H0376
יְהוּדָה યહૂદાના H3063
עַבְדֵי સેવકોને H5650
הַמֶּלֶךְ׃ રાજાના H4428

અદોનિયાએ એન-રોગેલ પાસેના ઝોહેલેથના પથ્થરની બાજુએ ઘેટાં, બળદો તથા પુષ્ટ પશુઓનું અર્પણ કર્યું. તેણે પોતાના સર્વ ભાઈઓને, એટલે રાજાઓના દીકરાઓને તથા રાજાના સેવકોને એટલે યહૂદિયાના સર્વ માણસોને આમંત્રણ આપ્યું.

10
וְאֶת־ પણ H0853
נָתָן નાથાન H5416
הַנָּבִיא પ્રબોધકને H5030
וּבְנָיָהוּ અને-બનાયાને H1141
וְאֶת־ અને H0853
הַגִּבּוֹרִים વીરોને H1368
וְאֶת־ અને H0853
שְׁלֹמֹה સુલેમાન H8010
אָחִיו તેના-ભાઈને H0251
לֹא નહિ H3808
קָרָא׃ બોલાવ્યા H7121

પણ તેણે નાથાન પ્રબોધકને, બનાયાને, યોદ્ધાઓને તથા પોતાના ભાઈ સુલેમાનને આમંત્રણ આપ્યું નહિ.

11
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
נָתָן નાથાને H5416
אֶל־ × H0413
בַּת־שֶׁבַע બાથશેબાને H1339
אֵם־ માતા H0517
שְׁלֹמֹה સુલેમાનની H8010
לֵאמֹר કહીને H0559
הֲלוֹא શું-નહિ H3808
שָׁמַעַתְּ સાંભળ્યું-તેં H8085
כִּי કે
מָלַךְ રાજ-કર્યું
אֲדֹנִיָּהוּ અદોનીયાએ H0138
בֶן־ પુત્ર
חַגִּית હાગ્ગીથના H2294
וַאדֹנֵינוּ અને-અમારા-માલિક H0113
דָוִד દાઉદ H1732
לֹא નથી H3808
יָדָע׃ જાણતા H3045

પછી નાથાને સુલેમાનની માતા બાથશેબાને બોલાવીને પૂછ્યું, “શું તમે નથી સાંભળ્યું કે, હાગ્ગીથનો દીકરો અદોનિયા રાજા બન્યો છે અને આપણા માલિક દાઉદને ખબર નથી?

12

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְעַתָּה | અને-હવે | H6258 |
| לְכִי | આવ | H3212 |
| אִיעָצֵךְ | સલાહ-આપું-તને | H3289 |
| נָא | કૃપા-કરીને | H4994 |
| עֵצָה | સલાહ | H6098 |
| וּמַלְּטִי | અને-બચાવ | H4422 |
| אֶת־ | × | H0853 |
| נַפְשֵׁךְ | તારો-જીવ | H5315 |
| וְאֶת־ | અને | H0853 |
| נֶפֶשׁ | જીવ | H5315 |
| בְּנֵךְ | તારા-પુત્ર | |
| שְׁלֹמֹה׃ | સુલેમાનનો | H8010 |

હવે હું તમને એવી સલાહ આપું છું કે તમે તમારો પોતાનો જીવ તથા તમારા દીકરા સુલેમાનનો જીવ બચાવો.

13

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| לְכִי | જા | H3212 |
| וּבֹאִי | અને-પ્રવેશ-કર | H0935 |
| אֶל־ | × | H0413 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| דָּוִד | દાઉદ-પાસે | H1732 |
| וְאָמַרְתְּ | અને-કહે | H0559 |
| אֵלָיו | તેમને | H0413 |
| הֲלֹא־ | શું-નહિ | H3808 |
| אַתָּה | તમે | |
| אֲדֹנִי | મારા-માલિક | H0113 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| נִשְׁבַּעְתְּ | સોગંદ-ખાધા | H7650 |
| לַאֲמָתְךָ | તમારી-દાસીને | H0519 |
| לֵאמֹר | કહીને | H0559 |
| כִּי־ | ખરેખર | |
| שְׁלֹמֹה | સુલેમાન | H8010 |
| בְנֵךְ | તારો-પુત્ર | |
| יִמְלֹךְ | રાજ-કરશે | |
| אַחֲרַי | મારા-પછી | |
| וְהוּא | અને-તે | H1931 |
| יֵשֵׁב | બેસશે | H3427 |
| עַל־ | ઉપર | |
| כִּסְאִי | મારા-સિંહાસન | H3678 |
| וּמַדּוּעַ | તો-કેમ | H4069 |
| מָלַךְ | રાજ-કર્યું | |
| אֲדֹנִיָּהוּ׃ | અદોનીયાએ | H0138 |

તમે દાઉદ રાજા પાસે જઈને તેમને કહો કે, ‘મારા માલિક રાજા, તમે શું આ તમારી દાસી આગળ એવા સમ નથી ખાધા કે, “તારો દીકરો સુલેમાન ચોક્કસ મારા પછી રાજા થશે અને તે મારા રાજ્યાસન પર બેસશે?” તો પછી શા માટે અદોનિયા રાજ કરે છે?’

14

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| הִנֵּה | જુઓ | H2009 |
| עוֹדָךְ | હજુ-તું | H5750 |
| מְדַבֶּרֶת | બોલતી-હોય | H1696 |
| שָׁם | ત્યાં | H8033 |
| עִם־ | સાથે | |
| הַמֶּלֶךְ | રાજાની | H4428 |
| וַאֲנִי | અને-હું | H0589 |
| אָבוֹא | આવીશ | H0935 |
| אַחֲרַיִךְ | તારા-પછી | |
| וּמִלֵּאתִי | અને-પૂર્ણ-કરીશ | H4390 |
| אֶת־ | × | H0853 |
| דְּבָרָיִךְ׃ | તારી-વાતો | H1697 |

જયારે તમે રાજા સાથે વાત કરતા હશો, ત્યારે હું તમારી પાછળ આવીને તમારી વાતને સમર્થન આપીશ.”

15

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַתָּבֹא | અને-આવી | H0935 |
| בַת־שֶׁבַע | બાથશેબા | H1339 |
| אֶל־ | × | H0413 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| הַחַדְרָה | ખંડમાં-પાસે | H2315 |
| וְהַמֶּלֶךְ | અને-રાજા | H4428 |
| זָקֵן | વૃદ્ધ-હતા | H2204 |
| מְאֹד | ખૂબ | H3966 |
| וַאֲבִישַׁג | અને-અબીશાગ | H0049 |
| הַשּׁוּנַמִּית | શૂનામ્મી | H7767 |
| מְשָׁרַת | સેવા-કરતી-હતી | H8334 |
| אֶת־ | × | H0853 |
| הַמֶּלֶךְ׃ | રાજાની | H4428 |

તેથી બાથશેબા રાજાના ઓરડામાં ગઈ. રાજા ઘણો વૃદ્ધ થયો હતો અને શૂનામ્મી અબીશાગ રાજાની સેવા ચાકરી કરતી હતી.

16

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַתִּקֹּד | અને-નમી | H6915 |
| בַּת־שֶׁבַע | બાથશેબા | H1339 |
| וַתִּשְׁתַּחוּ | અને-દંડવત-કર્યું | H7812 |
| לַמֶּלֶךְ | રાજાને | H4428 |
| וַיֹּאמֶר | અને-પૂછ્યું | H0559 |
| הַמֶּלֶךְ | રાજાએ | H4428 |
| מַה־ | શું | H4100 |
| לָּךְ׃ | તારે | |

બાથશેબાએ રાજાની આગળ નમીને પ્રણામ કર્યા. અને રાજાએ પૂછ્યું, “તારી શી ઇચ્છા છે?”

17

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַתֹּאמֶר | અને-કહ્યું | H0559 |
| לוֹ | તેમને | |
| אֲדֹנִי | મારા-માલિક | H0113 |
| אַתָּה | તમે | |
| נִשְׁבַּעְתָּ | સોગંદ-ખાધા | H7650 |
| בַּיהוָה | યહોવાહના-નામે | H3068 |
| אֱלֹהֶיךָ | તમારા-ઈશ્વરના | H0430 |
| לַאֲמָתֶךָ | તમારી-દાસીને | H0519 |
| כִּי־ | ખરેખર | |
| שְׁלֹמֹה | સુલેમાન | H8010 |
| בְנֵךְ | તારો-પુત્ર | |
| יִמְלֹךְ | રાજ-કરશે | |
| אַחֲרָי | મારા-પછી | |
| וְהוּא | અને-તે | H1931 |
| יֵשֵׁב | બેસશે | H3427 |
| עַל־ | ઉપર | |
| כִּסְאִי׃ | મારા-સિંહાસન | H3678 |

તેણે તેને જવાબ આપ્યો, "મારા માલિક, તમે તમારી દાસી આગળ તમારા ઈશ્વર યહોવાહના સમ ખાધા હતા, 'ચોક્કસ તારો દીકરો સુલેમાન મારા પછી રાજ કરશે અને તે મારા રાજ્યાસન પર બેસશે.'"

18

| | | |
|---|---|---|
| וְעַתָּה | પણ-હવે | H6258 |
| הִנֵּה | જુઓ | H2009 |
| אֲדֹנִיָּה | અદોનીયાએ | H0138 |
| מָלָךְ | રાજ-કર્યું | |
| וְעַתָּה | અને-હવે | H6258 |
| אֲדֹנִי | મારા-માલિક | H0113 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| לֹא | નથી | H3808 |
| יָדָעְתָּ׃ | જાણતા | H3045 |

હવે જો, અદોનિયા રાજા બન્યો છે અને મારા માલિક રાજા, તમે તો એ જાણતા નથી.

19

| | | |
|---|---|---|
| וַיִּזְבַּח | અને-બલિદાન-કર્યું | H2076 |
| שׁוֹר | બળદ | H7794 |
| וּמְרִיא־ | અને-તાજાં-પશુઓ | H4806 |
| וְצֹאן | અને-ઘેટાં | H6629 |
| לָרֹב | ઘણાં | H7230 |
| וַיִּקְרָא | અને-બોલાવ્યા | H7121 |
| לְכָל־ | બધા | H3605 |
| בְּנֵי | પુત્રોને | |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| וּלְאֶבְיָתָר | અને-એબ્યાથાર | H0054 |
| הַכֹּהֵן | યાજકને | H3548 |
| וּלְיֹאָב | અને-યોઆબ | H3097 |
| שַׂר | સેનાપતિ | H8269 |
| הַצָּבָא | સૈન્યના | |
| וְלִשְׁלֹמֹה | પણ-સુલેમાન | H8010 |
| עַבְדְּךָ | તમારા-સેવકને | H5650 |
| לֹא | નહિ | H3808 |
| קָרָא׃ | બોલાવ્યો | H7121 |

તેણે બળદો, પુષ્ટ પશુઓ અને ઘેટાંનું અર્પણ કર્યું છે અને રાજાના સર્વ દીકરાઓને, અબ્યાથાર યાજકને તથા સેનાધિપતિ યોઆબને આમંત્રણ આપ્યાં છે, પણ તેણે તમારા સેવક સુલેમાનને આમંત્રણ આપ્યું નથી.

20

| | | |
|---|---|---|
| וְאַתָּה | અને-તમે | |
| אֲדֹנִי | મારા-માલિક | H0113 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| עֵינֵי | નજરો | |
| כָל־ | સર્વ | H3605 |
| יִשְׂרָאֵל | ઇસ્રાએલની | H3478 |
| עָלֶיךָ | તમારા-ઉપર-છે | |
| לְהַגִּיד | જણાવવા | H5046 |
| לָהֶם | તેમને | |
| מִי | કોણ | H4310 |
| יֵשֵׁב | બેસશે | H3427 |
| עַל־ | ઉપર | |
| כִּסֵּא | સિંહાસન | H3678 |
| אֲדֹנִי־ | મારા-માલિક | H0113 |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| אַחֲרָיו׃ | તેમના-પછી | |

મારા માલિક રાજા, સર્વ ઇઝરાયલની નજર તમારા પર છે, મારા માલિક રાજા પછી તમારા રાજ્યાસન પર કોણ બેસશે તે અમને જણાવો.

21

| | | |
|---|---|---|
| וְהָיָה | અને-થશે | H1961 |
| כִּשְׁכַב | સૂવે-ત્યારે | H7901 |
| אֲדֹנִי־ | મારા-માલિક | H0113 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| עִם־ | સાથે | |
| אֲבֹתָיו | પિતૃઓના | H0001 |
| וְהָיִיתִי | અને-થઈશું | H1961 |
| אֲנִי | હું | H0589 |
| וּבְנִי | અને-મારો-પુત્ર | |
| שְׁלֹמֹה | સુલેમાન | H8010 |
| חַטָּאִים׃ | અપરાધી | H2400 |

નહિ તો જયારે મારા માલિક રાજા પોતાના પિતૃઓની જેમ ઊંઘી જશે, ત્યારે એમ થશે કે હું તથા મારો દીકરો સુલેમાન અપરાધી ગણાઈશું."

22

| | | |
|---|---|---|
| וְהִנֵּה | અને-જુઓ | H2009 |
| עוֹדֶנָּה | હજુ | H5750 |
| מְדַבֶּרֶת | બોલતી-હતી | H1696 |
| עִם־ | સાથે | |
| הַמֶּלֶךְ | રાજાની | H4428 |
| וְנָתָן | અને-નાથાન | H5416 |
| הַנָּבִיא | પ્રબોધક | H5030 |
| בָּא׃ | આવ્યા | H0935 |

બાથશેબા હજી તો રાજાની સાથે વાત કરતી હતી, એટલામાં નાથાન પ્રબોધક અંદર આવ્યો.

23

| | | |
|---|---|---|
| וַיַּגִּידוּ | અને-કહ્યુ | H5046 |
| לַמֶּלֶךְ | રાજાને | H4428 |
| לֵאמֹר | કહીને | H0559 |
| הִנֵּה | જુઓ | H2009 |
| נָתָן | નાથાન | H5416 |
| הַנָּבִיא | પ્રબોધક | H5030 |
| וַיָּבֹא | અને-આવ્યા | H0935 |
| לִפְנֵי | સામે | H6440 |
| הַמֶּלֶךְ | રાજાની | H4428 |
| וַיִּשְׁתַּחוּ | અને-દંડવત-કર્યું | H7812 |
| לַמֶּלֶךְ | રાજાને | H4428 |
| עַל־ | ઉપર | |
| אַפָּיו | મુખ | H0639 |
| אָרְצָה׃ | ભૂમિ-પર | H0776 |

સેવકોએ રાજાને જણાવ્યું કે, "નાથાન પ્રબોધક અહીં છે." જયારે તે રાજાની આગળ આવ્યો, ત્યારે તેણે રાજાની આગળ નમીને પ્રણામ કર્યા.

24

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| נָתָן | નાથાને | H5416 |
| אֲדֹנִי | મારા-માલિક | H0113 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| אַתָּה | તમે | |
| אָמַרְתָּ | કહ્યુ | H0559 |
| אֲדֹנִיָּהוּ | અદોનીયા | H0138 |
| יִמְלֹךְ | રાજ-કરશે | |
| אַחֲרָי | મારા-પછી | |
| וְהוּא | અને-તે | H1931 |
| יֵשֵׁב | બેસશે | H3427 |
| עַל־ | ઉપર | |
| כִּסְאִי׃ | મારા-સિંહાસન | H3678 |

નાથાને કહ્યુ, “મારા માલિક રાજા, શું તમે એમ કહ્યુ છે કે, ‘મારા પછી અદોનિયા રાજ કરશે અને તે મારા રાજ્યાસન પર બેસશે?’

25

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֣י | יָרַ֣ד | הַיּ֗וֹם | וַיִּזְבַּ֞ח | שׁ֧וֹר | וּֽמְרִיא־ | וְצֹאן֮ | לָרֹב֒ | וַיִּקְרָא֙ | לְכָל־ |
| કારણ-કે | ગયો | આજે | અને-બલિદાન-કર્યું | બળદ | અને-તાજાં-પશુઓ | અને-ઘેટાં | ઘણાં | અને-બોલાવ્યા | બધા |
| | H3381 | H3117 | H2076 | H7794 | H4806 | H6629 | H7230 | H7121 | H3605 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בְּנֵ֨י | הַמֶּ֜לֶךְ | וּלְשָׂרֵ֤י | הַצָּבָא֙ | וּלְאֶבְיָתָ֣ר | הַכֹּהֵ֔ן | וְהִנָּ֛ם | אֹכְלִ֥ים | וְשֹׁתִ֖ים |
| પુત્રોને | રાજાના | અને-સેનાપતિઓને | સૈન્યના | અને-એબ્યાથાર | યાજકને | અને-જુઓ-તેઓ | ખાય-છે | અને-પીએ-છે |
| | H4428 | H8269 | | H0054 | H3548 | H2009 | H0398 | H8354 |

| | | | | |
|---|---|---|---|---|
| לְפָנָ֑יו | וַיֹּ֣אמְר֔וּ | יְחִ֖י | הַמֶּ֥לֶךְ | אֲדֹנִיָּֽהוּ׃ |
| તેની-આગળ | અને-કહે-છે | જીવો | રાજા | અદોનીયા |
| H6440 | H0559 | H2421 | H4428 | H0138 |

કેમ કે આજે જ તેણે જઈને પુષ્કળ બળદો, પુષ્ટ પશુઓ, તથા ઘેટાંનું અર્પણ કર્યું છે અને રાજાએ સર્વ દીકરાઓને, સેનાધિપતિઓ તથા અબ્યાથાર યાજકને આમંત્રણ આપ્યું છે. તેઓ તેની આગળ ખાય છે અને પીવે છે અને કહે છે, ‘રાજા અદોનિયા ઘણું જીવો’”

26

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלִ֣י | אֲנִֽי־ | עַבְדֶּ֡ךָ | וּלְצָדֹ֣ק | הַכֹּהֵ֡ן | וְלִבְנָיָ֧הוּ | בֶן־ | יְהוֹיָדָ֛ע | וְלִשְׁלֹמֹ֥ה | עַבְדְּךָ֖ |
| પણ-મને | હું | તમારો-સેવક | અને-સાદોક | યાજકને | અને-બનાયાને | પુત્ર | યહોયાદાના | અને-સુલેમાન | તમારા-સેવકને |
| | H0589 | H5650 | H6659 | H3548 | H1141 | | H3077 | H8010 | H5650 |

| | |
|---|---|
| לֹ֥א | קָרָֽא׃ |
| નહિ | બોલાવ્યા |
| H3808 | H7121 |

પણ મને, હા, મને આ તમારા સેવકને, સાદોક યાજકને, યહોયાદાના દીકરા બનાયાને તથા તમારા સેવક સુલેમાનને તેણે આમંત્રણ આપ્યું નથી.

27

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אִ֗ם | מֵאֵת֙ | אֲדֹנִ֣י | הַמֶּ֣לֶךְ | נִהְיָ֔ה | הַדָּבָ֖ר | הַזֶּ֑ה | וְלֹ֤א | הוֹדַ֙עְתָּ֙ | אֶת־ | [עבדיך] |
| શું | તરફથી | મારા-માલિક | રાજાની | થયું | આ-વાત | આ | અને-નહિ | જણાવ્યું | × | તમારા-સેવકોને |
| | H0854 | H0113 | H4428 | H1961 | H1697 | H2088 | H3808 | H3045 | H0853 | H5650 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (עַבְדְּךָ֔) | מִ֗י | יֵשֵׁ֛ב | עַל־ | כִּסֵּ֥א | אֲדֹנִֽי־ | הַמֶּ֖לֶךְ | אַחֲרָֽיו׃ | ס |
| × | કોણ | બેસશે | ઉપર | સિંહાસન | મારા-માલિક | રાજાના | તેમના-પછી | ¶ |
| H5650 | H4310 | H3427 | | H3678 | H0113 | H4428 | | |

શું એ કામ મારા માલિક રાજાએ કર્યું છે? જો એમ હોય તો મારા માલિક રાજાની પછી તેમના રાજ્યાસન પર કોણ બેસશે એ તમે આ તમારા દાસને તો જણાવ્યું નથી.”

28

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּ֨עַן | הַמֶּ֤לֶךְ | דָּוִד֙ | וַיֹּ֔אמֶר | קִרְאוּ־ | לִ֖י | לְבַת־שָׁ֑בַע | וַתָּבֹא֙ | לִפְנֵ֣י | הַמֶּ֔לֶךְ |
| અને-જવાબ-આપ્યો | રાજા | દાઉદે | અને-કહ્યુ | બોલાવો | મને | બાથશેબાને | અને-આવી | સામે | રાજાની |
| | H4428 | H1732 | H0559 | H7121 | | H1339 | H0935 | H6440 | H4428 |

| | | |
|---|---|---|
| וַֽתַּעֲמֹ֖ד | לִפְנֵ֥י | הַמֶּֽלֶךְ׃ |
| અને-ઊભી-રહી | સામે | રાજાની |
| H5975 | H6440 | H4428 |

પછી દાઉદ રાજાએ જવાબ આપ્યો, “બાથશેબાને મારી પાસે બોલાવો.” તે રાજાની હજૂરમાં આવીને તેની સંમુખ ઊભી રહી.

29

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשָּׁבַ֥ע | הַמֶּ֖לֶךְ | וַיֹּאמַ֑ר | חַי־ | יְהוָ֕ה | אֲשֶׁר־ | פָּדָ֥ה | אֶת־ | נַפְשִׁ֖י | מִכָּל־ | צָרָֽה׃ |
| અને-સોગંદ-ખાધા | રાજાએ | અને-કહ્યુ | જીવતા-છે | યહોવાહ | જેણે | છોડાવ્યો | × | મારો-જીવ | દરેક | સંકટથી |
| H7650 | H4428 | H0559 | | H3068 | | H6299 | H0853 | H5315 | H3605 | |

રાજાએ સમ ખાઈને કહ્યુ, “જે ઈશ્વરે મારો પ્રાણ વિપત્તિમાંથી બચાવ્યો તે જીવતા ઈશ્વરની હાજરીમાં કહું છું કે,

30
כִּי ખરેખર | כַּאֲשֶׁר જેમ | נִשְׁבַּעְתִּי સોગંદ-ખાધા-મેં H7650 | לָךְ તને | בַּיהוָה યહોવાહના-નામે H3068 | אֱלֹהֵי ઈશ્વર H0430 | יִשְׂרָאֵל ઇસ્રાએલના H3478 | לֵאמֹר કહીને H0559 | כִּי־ ખરેખર | שְׁלֹמֹה સુલેમાન H8010 | בְנֵךְ તારો-પુત્ર
יִמְלֹךְ રાજ-કરશે | אַחֲרַי મારા-પછી | וְהוּא અને-તે H1931 | יֵשֵׁב બેસશે H3427 | עַל־ ઉપર | כִּסְאִי મારા-સિંહાસન H3678 | תַּחְתָּי મારી-જગ્યાએ H8478 | כִּי ખરેખર | כֵּן એમ | אֶעֱשֶׂה કરીશ | הַיּוֹם આજે H3117
הַזֶּה׃ જ H2088

જેમ મેં તારી આગળ ઇઝરાયલના ઈશ્વર યહોવાહના સમ ખાઈને તેમની હાજરીમાં કહ્યુ છે કે, ‘મારા પછી તારો દીકરો સુલેમાન રાજ કરશે અને તે મારી જગ્યાએ રાજ્યાસન પર બેસશે,’ તે પ્રમાણે હું આજે ચોક્કસ કરીશ.”

31
וַתִּקֹּד અને-નમી H6915 | בַּת־שֶׁבַע બાથશેબા H1339 | אַפַּיִם મુખ H0639 | אֶרֶץ ભૂમિ-પર H0776 | וַתִּשְׁתַּחוּ અને-દંડવત-કર્યું H7812 | לַמֶּלֶךְ રાજાને H4428 | וַתֹּאמֶר અને-કહ્યુ H0559 | יְחִי જીવો H2421 | אֲדֹנִי મારા-માલિક H0113 | הַמֶּלֶךְ રાજા H4428 | דָּוִד દાઉદ H1732
לְעֹלָם׃ સદાકાળ H5769 | פ ¶

પછી બાથશેબાએ રાજાની આગળ જમીન સુધી નીચે નમીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને કહ્યુ, “મારા માલિક દાઉદ રાજા સદા જીવતા રહો!”

32
וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | הַמֶּלֶךְ રાજા H4428 | דָּוִד દાઉદ H1732 | קִרְאוּ־ બોલાવો H7121 | לִי મને | לְצָדוֹק સાદોક H6659 | הַכֹּהֵן યાજકને H3548 | וּלְנָתָן અને-નાથાન H5416 | הַנָּבִיא પ્રબોધકને H5030 | וְלִבְנָיָהוּ અને-બનાયાને H1141 | בֶּן־ પુત્ર
יְהוֹיָדָע યહોયાદાના H3077 | וַיָּבֹאוּ અને-આવ્યા H0935 | לִפְנֵי સામે H6440 | הַמֶּלֶךְ׃ રાજાની H4428

દાઉદ રાજાએ કહ્યુ, “સાદોક યાજકને, નાથાન પ્રબોધકને તથા યહોયાદાના દીકરા બનાયાને મારી પાસે બોલાવો.” તેથી તેઓ રાજાની સમક્ષ ઉપસ્થિત થયા.

33
וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | הַמֶּלֶךְ રાજાએ H4428 | לָהֶם તેમને | קְחוּ લો H3947 | עִמָּכֶם તમારી-સાથે | אֶת־ × H0853 | עַבְדֵי સેવકોને H5650 | אֲדֹנֵיכֶם તમારા-માલિકના H0113 | וְהִרְכַּבְתֶּם અને-બેસાડો H7392 | אֶת־ × H0853 | שְׁלֹמֹה સુલેમાનને H8010
בְנִי મારા-પુત્રને | עַל־ ઉપર | הַפִּרְדָּה ખચ્ચર H6506 | אֲשֶׁר־ જે | לִי મારું-છે | וְהוֹרַדְתֶּם અને-લઈ-જાઓ H3381 | אֹתוֹ તેને H0853 | אֶל־ × H0413 | גִּחוֹן׃ ગીહોન-પાસે H1521

રાજાએ તેઓને કહ્યુ, “તમે તમારા માલિકના સેવકોને તમારી સાથે લઈને મારા દીકરા સુલેમાનને મારા પોતાના ખચ્ચર પર સવારી કરાવીને તેને ગિહોન લઈ જાઓ.

34
וּמָשַׁח અને-અભિષેક-કરો H4886 | אֹתוֹ તેનો H0853 | שָׁם ત્યાં H8033 | צָדוֹק સાદોક H6659 | הַכֹּהֵן યાજક H3548 | וְנָתָן અને-નાથાન H5416 | הַנָּבִיא પ્રબોધક H5030 | לְמֶלֶךְ રાજા-તરીકે H4428 | עַל־ ઉપર | יִשְׂרָאֵל ઇસ્રાએલના H3478
וּתְקַעְתֶּם અને-ફૂંકો H8628 | בַּשּׁוֹפָר રણશિંગડું H7782 | וַאֲמַרְתֶּם અને-કહો H0559 | יְחִי જીવો H2421 | הַמֶּלֶךְ રાજા H4428 | שְׁלֹמֹה׃ સુલેમાન H8010

ત્યાં સાદોક યાજક તથા નાથાન પ્રબોધક તેને ઇઝરાયલ પર રાજા તરીકે અભિષિક્ત કરે અને રણશિંગડું વગાડીને જાહેર કરજો કે, ‘સુલેમાન રાજા ઘણું જીવો!’”

35
וַעֲלִיתֶם અને-ચઢો H5927
אַחֲרָיו તેની-પાછળ
וּבָא અને-આવે H0935
וְיָשַׁב અને-બેસે H3427
עַל־ ઉપર
כִּסְאִי મારા-સિંહાસન H3678
וְהוּא અને-તે H1931
יִמְלֹךְ રાજ-કરશે
תַּחְתָּי મારી-જગ્યાએ H8478
וְאֹתוֹ અને-તેને H0853
צִוִּיתִי ઠરાવ્યો-મેં H6680
לִהְיוֹת થવા H1961
נָגִיד આગેવાન H5057
עַל־ ઉપર
יִשְׂרָאֵל ઇસ્રાએલના H3478
וְעַל־ અને-ઉપર
יְהוּדָה׃ યહૂદાના H3063

પછી તમે તેની પાછળ આવજો અને તે આવીને મારા રાજ્યાસન પર બેસશે; કેમ કે તે મારી જગ્યાએ રાજા થશે. મેં તેને ઇઝરાયલ પર તથા યહૂદિયા પર આગેવાન નીમ્યો છે.”

36
וַיַּעַן અને-જવાબ-આપ્યો
בְּנָיָהוּ બનાયાએ H1141
בֶן־ પુત્ર
יְהוֹיָדָע યહોયાદાના H3077
אֶת־ × H0853
הַמֶּלֶךְ રાજાને H4428
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אָמֵן આમીન H0543
כֵּן એમ
יֹאמַר કહો H0559
יְהוָה યહોવાહ H3068
אֱלֹהֵי ઈશ્વર H0430
אֲדֹנִי મારા-માલિક H0113
הַמֶּלֶךְ׃ રાજાના H4428

યહોયાદાના દીકરા બનાયાએ રાજાને જવાબ આપ્યો, “એમ જ થાઓ□ મારા માલિક રાજાના ઈશ્વર યહોવાહ પણ એવું જ કહો.

37
כַּאֲשֶׁר જેમ
הָיָה હતા H1961
יְהוָה યહોવાહ H3068
עִם־ સાથે
אֲדֹנִי મારા-માલિક H0113
הַמֶּלֶךְ રાજાની H4428
כֵּן તેમ
[יהי] × H1961
(יִהְיֶה) હો H1961
עִם־ સાથે
שְׁלֹמֹה સુલેમાનની H8010
וִיגַדֵּל અને-મહાન-કરો H1431
אֶת־ × H0853
כִּסְאוֹ તેનું-સિંહાસન H3678
מִכִּסֵּא સિંહાસન-કરતાં H3678
אֲדֹנִי મારા-માલિક H0113
הַמֶּלֶךְ રાજા H4428
דָוִד׃ દાઉદના H1732

જેમ યહોવાહ મારા માલિક રાજાની સાથે રહેતા આવ્યા છે, તેમ જ તે સુલેમાન સાથે પણ રહો અને મારા માલિક દાઉદ રાજાના રાજ્યાસન કરતાં તેનું રાજ્યાસન મોટું કરો.”

38
וַיֵּרֶד અને-ગયા H3381
צָדוֹק સાદોક H6659
הַכֹּהֵן યાજક H3548
וְנָתָן અને-નાથાન H5416
הַנָּבִיא પ્રબોધક H5030
וּבְנָיָהוּ અને-બનાયા H1141
בֶּן־ પુત્ર
יְהוֹיָדָע યહોયાદાના H3077
וְהַכְּרֵתִי અને-કરેથીઓ H3774
וְהַפְּלֵתִי અને-પલેથીઓ H6432
וַיַּרְכִּבוּ અને-બેસાડ્યા H7392
אֶת־ × H0853
שְׁלֹמֹה સુલેમાનને H8010
עַל־ ઉપર
פִּרְדַּת ખચ્ચર H6506
הַמֶּלֶךְ રાજા H4428
דָּוִד દાઉદના H1732
וַיֹּלִכוּ અને-લઈ-ગયા H3212
אֹתוֹ તેને H0853
עַל־ ×
גִּחוֹן׃ ગીહોન-પાસે H1521

તેથી સાદોક યાજક, નાથાન પ્રબોધક, યહોયાદાનો દીકરો બનાયા તથા કરેથીઓ અને પલેથીઓએ જઈને સુલેમાનને દાઉદ રાજાના ખચ્ચર પર સવારી કરાવીને તેને ગિહોન લઈ આવ્યા.

39
וַיִּקַּח અને-લીધું H3947
צָדוֹק સાદોકે H6659
הַכֹּהֵן યાજકે H3548
אֶת־ × H0853
קֶרֶן શિંગડું
הַשֶּׁמֶן તેલનું H8081
מִן־ માંથી
הָאֹהֶל તંબૂ H0168
וַיִּמְשַׁח અને-અભિષેક-કર્યો H4886
אֶת־ × H0853
שְׁלֹמֹה સુલેમાનનો H8010
וַיִּתְקְעוּ અને-ફૂંક્યું H8628
בַּשּׁוֹפָר રણશિંગડું H7782
וַיֹּאמְרוּ અને-કહ્યુ H0559
כָּל־ સર્વ H3605
הָעָם લોકોએ
יְחִי જીવો H2421
הַמֶּלֶךְ રાજા H4428
שְׁלֹמֹה׃ સુલેમાન H8010

સાદોક યાજકે મંડપમાંથી તેલનું શિંગ લઈને સુલેમાનનો અભિષેક કર્યો. પછી તેઓએ રણશિંગડું વગાડ્યું અને સર્વ લોકો બોલી ઊઠ્યા, “સુલેમાન રાજા ઘણું જીવો□”

40
וַיַּעֲלוּ અને-ચઢ્યા H5927
כָל־ સર્વ H3605
הָעָם લોકો
אַחֲרָיו તેની-પાછળ
וְהָעָם અને-લોકો
מְחַלְּלִים વગાડતા-હતા
בַּחֲלִלִים વાંસળીઓ H2485
וּשְׂמֵחִים અને-આનંદ-કરતા-હતા H8056
שִׂמְחָה આનંદ H8057
גְדוֹלָה મોટો
וַתִּבָּקַע અને-ફાટી-ગઈ H1234
הָאָרֶץ ધરતી H0776
בְּקוֹלָם׃ તેમના-અવાજથી

પછી સર્વ લોકો તેની પાછળ ગયા અને વાંસળીઓ વગાડતા હતા. અને તેઓએ એવો આનંદ કર્યો કે તેઓના પોકારથી ભૂકંપ થયો.

| לֶאֱכֹל | כִּלּוּ | וְהֵם | אִתּוֹ | אֲשֶׁר | הַקְּרֻאִים | וְכָל־ | אֲדֹנִיָּהוּ | וַיִּשְׁמַע | 41 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ખાવાનું | ખાઈ-ચૂક્યા-હતા | અને-તેઓ | તેની-સાથે-હતા | જે | આમંત્રિતોએ | અને-બધા | અદોનીયાએ | અને-સાંભળ્યું | |
| H0398 | H3615 | H1992 | H0854 | | H7121 | H3605 | H0138 | H8085 | |

| הוֹמָה׃ | הַקִּרְיָה | קוֹל־ | מַדּוּעַ | וַיֹּאמֶר | הַשּׁוֹפָר | קוֹל | אֶת־ | יוֹאָב | וַיִּשְׁמַע |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગાજે-છે | નગરનો | અવાજ | કેમ | અને-કહ્યુ | રણશિંગડાનો | અવાજ | × | યોઆબે | અને-સાંભળ્યું |
| H1993 | H7151 | | H4069 | H0559 | H7782 | | H0853 | H3097 | H8085 |

અદોનિયા તથા તેની સાથેના સર્વ મહેમાનો ભોજન પૂરું કરી રહ્યા ત્યારે તેઓએ તે સાંભળ્યું. જયારે યોઆબે રણશિંગડાંનો અવાજ સાંભળ્યો, ત્યારે તેણે કહ્યુ, “શહેરમાં આ ઘોંઘાટ શાનો છે?”

| בֹּא | אֲדֹנִיָּהוּ | וַיֹּאמֶר | בָּא | הַכֹּהֵן | אֶבְיָתָר | בֶּן־ | יוֹנָתָן | וְהִנֵּה | מְדַבֵּר | עוֹדֶנּוּ | 42 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આવ | અદોનીયાએ | અને-કહ્યુ | આવ્યો | યાજકનો | એબ્યાથાર | પુત્ર | યોનાથાન | અને-જુઓ | બોલતો-હતો | હજુ | |
| H0935 | H0138 | H0559 | H0935 | H3548 | H0054 | | H3129 | H2009 | H1696 | H5750 | |

| תְּבַשֵּׂר׃ | וְטוֹב | אַתָּה | חַיִל | אִישׁ | כִּי |
|---|---|---|---|---|---|
| સમાચાર-લાવે-છે | અને-સારા | તું-છે | બહાદુર | માણસ | કારણ-કે |
| H1319 | | | H2428 | H0376 | |

તે હજી બોલતો હતો, એટલામાં જ, અબ્યાથાર યાજકનો દીકરો યોનાથાન ત્યાં આવ્યો. અદોનિયાએ કહ્યુ, “અદર આવ, કેમ કે તું પ્રામાણિક માણસ છે અને સારા સમાચાર લાવ્યો હશે.”

| אֶת־ | הִמְלִיךְ | דָּוִד | הַמֶּלֶךְ־ | אֲדֹנֵינוּ | אֲבָל | לַאֲדֹנִיָּהוּ | וַיֹּאמֶר | יוֹנָתָן | וַיַּעַן | 43 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| × | રાજા-બનાવ્યો | દાઉદે | રાજા | અમારા-માલિક | ખરેખર | અદોનીયાને | અને-કહ્યુ | યોનાથાને | અને-જવાબ-આપ્યો | |
| H0853 | | H1732 | H4428 | H0113 | H0061 | H0138 | H0559 | H3129 | | |

| שְׁלֹמֹה׃ |
|---|
| સુલેમાનને |
| H8010 |

યોનાથાને અદોનિયાને જવાબ આપ્યો, “આપણા માલિક દાઉદ રાજાએ સુલેમાનને રાજા બનાવ્યો છે.

| בֶּן־ | וּבְנָיָהוּ | הַנָּבִיא | נָתָן | וְאֶת־ | הַכֹּהֵן | צָדוֹק | אֶת־ | הַמֶּלֶךְ | אִתּוֹ־ | וַיִּשְׁלַח | 44 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પુત્ર | અને-બનાયા | પ્રબોધકને | નાથાન | અને | યાજકને | સાદોક | × | રાજાએ | તેની-સાથે | અને-મોકલ્યા | |
| | H1141 | H5030 | H5416 | H0853 | H3548 | H6659 | H0853 | H4428 | H0854 | H7971 | |

| הַמֶּלֶךְ׃ | פִּרְדַּת | עַל | אֹתוֹ | וַיַּרְכִּבוּ | וְהַפְּלֵתִי | וְהַכְּרֵתִי | יְהוֹיָדָע |
|---|---|---|---|---|---|---|---|
| રાજાના | ખચ્ચર | ઉપર | તેને | અને-બેસાડ્યા | અને-પલેથીઓને | અને-કરેથીઓ | યહોયાદાના |
| H4428 | H6506 | | H0853 | H7392 | H6432 | H3774 | H3077 |

અને રાજાએ તેની સાથે સાદોક યાજકને, નાથાન પ્રબોધકને, યહોયાદાના દીકરા બનાયાને તથા કરેથીઓ અને પલેથીઓને મોકલ્યા છે. તેઓએ તેને રાજાના ખચ્ચર પર સવારી કરાવી છે.

| מִשָּׁם | וַיַּעֲלוּ | בְּגִחוֹן | לְמֶלֶךְ | הַנָּבִיא | וְנָתָן | הַכֹּהֵן | צָדוֹק | אֹתוֹ | וַיִּמְשְׁחוּ | 45 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ત્યાંથી | અને-ચઢ્યા | ગીહોનમાં | રાજા-તરીકે | પ્રબોધકે | અને-નાથાન | યાજકે | સાદોક | તેનો | અને-અભિષેક-કર્યો | |
| H8033 | H5927 | H1521 | H4428 | H5030 | H5416 | H3548 | H6659 | H0853 | H4886 | |

| שְׁמַעְתֶּם׃ | אֲשֶׁר | הַקּוֹל | הוּא | הַקִּרְיָה | וַתֵּהֹם | שְׂמֵחִים |
|---|---|---|---|---|---|---|
| તમે-સાંભળ્યો | જે | અવાજ-છે | તે | નગર | અને-ગાજ્યું | આનંદ-કરતા |
| H8085 | | | H1931 | H7151 | H1949 | H8056 |

સાદોક યાજકે તથા નાથાન પ્રબોધકે તેને ગિહોનમાં રાજા તરીકે અભિષેક કર્યો છે અને ત્યાંથી તેઓ એવી રીતે આનંદ કરતા પાછા આવ્યા કે તે નગર ગાજી રહ્યુ છે. તમે જે જયપોકારો સાંભળ્યા છે તે એ જ છે.

| הַמְּלוּכָה׃ | כִּסֵּא | עַל | שְׁלֹמֹה | יָשַׁב | וְגַם | 46 |
|---|---|---|---|---|---|---|
| રાજ્યના | સિંહાસન | ઉપર | સુલેમાન | બેઠા | અને-પણ | |
| H4410 | H3678 | | H8010 | H3427 | H1571 | |

વળી રાજાના રાજ્યાસન પર સુલેમાન બિરાજમાન થયો છે.

47
וְגַם־ અને-પણ H1571
בָּאוּ આવ્યા H0935
עַבְדֵי સેવકો H5650
הַמֶּלֶךְ રાજાના H4428
לְבָרֵךְ આશીર્વાદ-આપવા H1288
אֶת־ × H0853
אֲדֹנֵינוּ અમારા-માલિક H0113
הַמֶּלֶךְ રાજા H4428
דָּוִד દાઉદને H1732
לֵאמֹר કહીને H0559
יֵיטֵב સારું-કરો H3190
]אלהיך[ × H0430
)אֱלֹהִים( ઈશ્વર H0430
אֶת־ × H0853
שֵׁם નામ H8034
שְׁלֹמֹה સુલેમાનનું H8010
מִשְּׁמֶךָ તમારા-નામ-કરતાં H8034
וִיגַדֵּל અને-મહાન-કરો H1431
אֶת־ × H0853
כִּסְאוֹ તેનું-સિંહાસન H3678
מִכִּסְאֶךָ તમારા-સિંહાસન-કરતાં H3678
וַיִּשְׁתַּחוּ અને-દંડવત-કર્યું H7812
הַמֶּלֶךְ રાજાએ H4428
עַל־ ઉપર
הַמִּשְׁכָּב׃ પથારીમાં H4904

રાજાના સેવકોએ આપણા માલિક દાઉદ રાજાને આશીર્વાદ આપવા અદર આવીને કહ્યુ, ‘તમારા ઈશ્વર તમારા નામ કરતાં સુલેમાનનું નામ શ્રેષ્ઠ કરો અને તમારા રાજ્યાસન કરતાં તેમનું રાજ્યાસન ઉન્નત બનાવો.’ અને રાજાએ પોતાના પલંગ પર બેઠા થઈને પ્રણામ કર્યા.

48
וְגַם־ અને-પણ H1571
כָּכָה આમ H3602
אָמַר કહ્યુ H0559
הַמֶּלֶךְ રાજાએ H4428
בָּרוּךְ ધન્ય-છે H1288
יְהוָה યહોવાહ H3068
אֱלֹהֵי ઈશ્વર H0430
יִשְׂרָאֵל ઇસ્રાએલના H3478
אֲשֶׁר જેણે
נָתַן આપ્યો H5414
הַיּוֹם આજે H3117
יֹשֵׁב બેસનાર H3427
עַל־ ઉપર
כִּסְאִי મારા-સિંહાસન H3678
וְעֵינַי અને-મારી-આખો
רֹאוֹת׃ જુએ-છે H7200

રાજાએ પણ કહ્યુ, ‘ઇઝરાયલના ઈશ્વર યહોવાહ જેમણે આ દિવસે મારા જોતાં મારા રાજ્યાસન પર બેસનાર દીકરો મને આપ્યો છે, તેઓ પ્રશંસાને યોગ્ય છે.’”

49
וַיֶּחֶרְדוּ અને-ડર્યા H2729
וַיָּקֻמוּ અને-ઊઠ્યા
כָּל־ બધા H3605
הַקְּרֻאִים આમંત્રિતો H7121
אֲשֶׁר જે
לַאֲדֹנִיָּהוּ અદોનીયાના-હતા H0138
וַיֵּלְכוּ અને-ગયા H3212
אִישׁ દરેક H0376
לְדַרְכּוֹ׃ પોતાના-માર્ગે H1870

પછી અદોનિયાના સર્વ મહેમાનો ગભરાયા; તેઓ ઊઠીને માણસ પોતપોતાને માર્ગે ગયા.

50
וַאֲדֹנִיָּהוּ અને-અદોનીયા H0138
יָרֵא ડર્યો H3372
מִפְּנֵי સામેથી H6440
שְׁלֹמֹה સુલેમાનની H8010
וַיָּקָם અને-ઊઠ્યો
וַיֵּלֶךְ અને-ગયો H3212
וַיַּחֲזֵק અને-પકડ્યા H2388
בְּקַרְנוֹת શિંગડાઓ
הַמִּזְבֵּחַ׃ વેદીના H4196

અદોનિયા સુલેમાનથી ગભરાઈને ઊઠ્યો અને જઈને તેણે વેદીનાં શિંગ પકડ્યાં + 1:50 અદોનિયાયા તંબુમાં તરત જ પહોંચી ગયો. તેથી કહેવામાં આવે છે કે, “તે પવિત્ર તંબુમાં દોડ્યો અને યજ્ઞવેદીના શિંગડાને પકડી રાખ્યો.” યજ્ઞવેદીના શિંગડાં યજ્ઞવેદીના ચાર ખૂણાઓને દર્શાવે છે. શિંગડાને પકડી રાખનાર કોઈપણ વ્યક્તિ સુરક્ષિત રહે છે (જુઓ નિર્ગ. 21:13 - 14)..

51
וַיֻּגַּד અને-કહેવાયું H5046
לִשְׁלֹמֹה સુલેમાનને H8010
לֵאמֹר કહીને H0559
הִנֵּה જુઓ H2009
אֲדֹנִיָּהוּ અદોનીયા H0138
יָרֵא ડરે-છે H3372
אֶת־ × H0853
הַמֶּלֶךְ રાજા H4428
שְׁלֹמֹה સુલેમાનથી H8010
וְהִנֵּה અને-જુઓ H2009
אָחַז પકડ્યા-છે H0270
בְּקַרְנוֹת શિંગડાઓ
הַמִּזְבֵּחַ વેદીના H4196
לֵאמֹר કહીને H0559
יִשָּׁבַע־ સોગંદ-ખાઓ H7650
לִי મને
כַיּוֹם આજે H3117
הַמֶּלֶךְ રાજા H4428
שְׁלֹמֹה સુલેમાન H8010
אִם־ નહિ
יָמִית મારશે H4191
אֶת־ × H0853
עַבְדּוֹ તેના-સેવકને H5650
בֶּחָרֶב׃ તલવારથી H2719

પછી સુલેમાનને કહેવામાં આવ્યું, “જો, અદોનિયા સુલેમાન રાજાથી ગભરાય છે, કેમ કે તે વેદીનાં શિંગ પકડીને કહે છે, ‘સુલેમાન રાજા આજે ઈશ્વરની આગળ સમ ખાય કે તે તલવારથી પોતાના સેવકને મારી નાખશે નહિ.’”

52

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֣אמֶר | שְׁלֹמֹ֔ה | אִ֚ם | יִהְיֶ֣ה | לְבֶן־ | חַ֔יִל | לֹֽא־ | יִפֹּ֥ל | מִשַּֽׂעֲרָת֖וֹ | אָ֑רְצָה | וְאִם־ | רָעָ֥ה | תִמָּֽצֵא־ | ב֖וֹ | וָמֵֽת׃ |
| અને-કહ્યુ | સુલેમાને | જો | થશે | યોગ્ય-માણસ | × | નહિ | પડશે | તેનો-એક-પણ-વાળ | ભૂમિ-પર | પણ-જો | દુષ્ટતા | મળશે | તેનામાં | તો-મરશે |
| H0559 | H8010 | | H1961 | | H2428 | H3808 | H5307 | H8185 | H0776 | | | H4672 | | H4191 |

સુલેમાને કહ્યુ, “જો તે યોગ્ય વર્તણૂક કરશે, તો તેનો એક પણ વાળ વાંકો કરવામાં આવશે નહિ. પણ જો તેનામાં દુષ્ટતા માલૂમ પડશે, તો તે માર્યો જશે.”

53

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁלַ֞ח | הַמֶּ֣לֶךְ | שְׁלֹמֹ֗ה | וַיֹּרִדֻ֙הוּ֙ | מֵעַ֣ל | הַמִּזְבֵּ֔חַ | וַיָּבֹ֕א | וַיִּשְׁתַּ֖חוּ | לַמֶּ֣לֶךְ | שְׁלֹמֹ֑ה | וַיֹּֽאמֶר־ | ל֥וֹ | שְׁלֹמֹ֖ה | לֵ֥ךְ | לְבֵיתֶֽךָ׃ | פ |
| અને-મોકલ્યો | રાજા | સુલેમાને | અને-ઉતાર્યો-તેને | ઉપરથી | વેદીની | અને-આવ્યો | અને-દંડવત-કર્યું | રાજા | સુલેમાનને | અને-કહ્યુ | તેને | સુલેમાને | જા | તારા-ઘરે | ¶ |
| H7971 | H4428 | H8010 | H3381 | | H4196 | H0935 | H7812 | H4428 | H8010 | H0559 | | H8010 | H3212 | | |

તેથી સુલેમાન રાજાએ માણસો મોકલ્યા, તેઓ તેને વેદી પરથી ઉતારી લાવ્યા. તેણે આવીને સુલેમાન રાજાને નમીને પ્રણામ કર્યા અને સુલેમાને તેને કહ્યુ, “તું તારે ઘરે જા.”

## Chapter 2

1

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְרְב֥וּ | יְמֵֽי־ | דָוִ֖ד | לָמ֑וּת | וַיְצַ֛ו | אֶת־ | שְׁלֹמֹ֥ה | בְנ֖וֹ | לֵאמֹֽר׃ |
| અને-નજીક-આવ્યા | દિવસો | દાઉદના | મરવાના | અને-આજ્ઞા-આપી | × | સુલેમાનને | તેના-પુત્રને | કહીને |
| H7126 | H3117 | H1732 | H4191 | H6680 | H0853 | H8010 | | H0559 |

દાઉદ રાજાના મરણના દિવસો નજીક હતા ત્યારે તેણે પોતાના દીકરા સુલેમાનને આજ્ઞા આપી,

2

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אָנֹכִ֣י | הֹלֵ֔ךְ | בְּדֶ֖רֶךְ | כָּל־ | הָאָ֑רֶץ | וְחָזַקְתָּ֖ | וְהָיִ֥יתָ | לְאִֽישׁ׃ |
| હું | જાઉં-છું | માર્ગે | સર્વ | પૃથ્વીના | અને-બળવાન-થા | અને-થા | પુરુષ |
| H0595 | H1980 | H1870 | H3605 | H0776 | H2388 | H1961 | H0376 |

“હું તો આખી દુનિયા જાય છે તે માર્ગે જાઉં છું. માટે તું બળવાન તથા પરાક્રમી થા.

3

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְשָׁמַרְתָּ֞ | אֶת־ | מִשְׁמֶ֣רֶת | יְהוָ֣ה | אֱלֹהֶ֗יךָ | לָלֶ֤כֶת | בִּדְרָכָיו֙ | לִשְׁמֹ֨ר | חֻקֹּתָ֤יו | מִצְוֹתַי֙ו | וּמִשְׁפָּטָ֣יו | וְעֵדְוֹתָ֔יו | כַּכָּת֖וּב | בְּתוֹרַ֣ת | מֹשֶׁ֑ה | לְמַ֣עַן | תַּשְׂכִּ֗יל | אֵ֚ת | כָּל־ | אֲשֶׁ֣ר | תַּֽעֲשֶׂ֔ה | וְאֵ֛ת | כָּל־ | אֲשֶׁ֥ר | תִּפְנֶ֖ה | שָֽׁם׃ |
| અને-પાળ | × | ફરજ | યહોવાહની | તારા-ઈશ્વરની | ચાલવા | તેમના-માર્ગોમાં | પાળવા | તેમના-નિયમો | તેમની-આજ્ઞાઓ | અને-તેમના-ન્યાયો | અને-તેમની-સાક્ષીઓ | લખ્યા-પ્રમાણે | નિયમશાસ્ત્રમાં | મૂસાના | જેથી | સફળ-થાય | × | બધું | જે | કરે | અને | બધે | જ્યાં | વળે | ત્યાં |
| H8104 | H0853 | H4931 | H3068 | H0430 | H3212 | H1870 | H8104 | H2708 | H4687 | H4941 | H5715 | H3789 | H8451 | H4872 | H4616 | | H0853 | H3605 | | | H0853 | H3605 | | H6437 | H8033 |

જેમ મૂસાના નિયમશાસ્ત્રમાં લખેલું છે તેમ તારા ઈશ્વર યહોવાહના માર્ગમાં ચાલીને, તેમના વિધિઓ, તેમની આજ્ઞાઓ, તેમના હુકમો તથા તેમનાં સાક્ષ્યો પાળીને તેમના ફરમાનનો અમલ કર; એ માટે કે જે તું કરે તેમાં તથા જ્યાં કહી તું જાય ત્યાં તું ફતેહ પામે.

4

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לְמַ֡עַן | יָקִים֩ | יְהוָ֨ה | אֶת־ | דְּבָר֜וֹ | אֲשֶׁ֨ר | דִּבֶּ֤ר | עָלַי֙ | לֵאמֹ֔ר | אִם־ | יִשְׁמְר֨וּ | בָנֶ֜יךָ | אֶת־ | דַּרְכָּ֗ם | לָלֶ֤כֶת | לְפָנַי֙ | בֶּאֱמֶ֔ת | בְּכָל־ | לְבָבָ֖ם | וּבְכָל־ | נַפְשָׁ֑ם | לֵאמֹ֕ר | לֹֽא־ | יִכָּרֵ֤ת | לְךָ֙ | אִ֔ישׁ | מֵעַ֖ל | כִּסֵּ֥א | יִשְׂרָאֵֽל׃ |
| જેથી | પૂર્ણ-કરે | યહોવાહ | × | તેમનું-વચન | જે | બોલ્યા | મારા-વિષે | કહીને | જો | પાળશે | તારા-પુત્રો | × | તેમનો-માર્ગ | ચાલવા | મારી-સામે | સત્યમાં | સર્વ | હૃદયથી | અને-સર્વ | આત્માથી | કહીને | નહિ | કાપી-નાખવામાં-આવશે | તારો | માણસ | ઉપરથી | સિંહાસન | ઇસ્રાએલના |
| H4616 | | H3068 | H0853 | H1697 | | H1696 | | H0559 | | H8104 | | H0853 | H1870 | H3212 | H6440 | H0571 | H3605 | H3824 | H3605 | H5315 | H0559 | H3808 | H3772 | | H0376 | | H3678 | H3478 |

જેથી ઈશ્વરે મારા સંબંધી પોતાનું જે વચન આપ્યું હતું તે તેઓ ફળીભૂત કરે, એટલે કે 'જો તારા દીકરાઓ પોતાના માર્ગ વિષે સંભાળ રાખીને પોતાના પૂરા હૃદયથી તથા પોતાના પૂરા જીવથી વિશ્વાસુપણે મારી સમક્ષ ચાલશે, તો ઇઝરાયલના રાજ્યાસન પર બેસનાર માણસની ખોટ તને પડશે નહિ.'"

5 וְגַם אַתָּה יָדַעְתָּ אֵת אֲשֶׁר־ עָשָׂה לִי יוֹאָב בֶּן־ צְרוּיָה אֲשֶׁר עָשָׂה
અને-પણ તું જાણે-છે × જે કર્યું મને યોઆબે પુત્ર સરૂયાના જે કર્યું
H1571 H3045 H0853 H3097 H6870

לִשְׁנֵי־ שָׂרֵי צִבְאוֹת יִשְׂרָאֵל לְאַבְנֵר בֶּן־ נֵר וְלַעֲמָשָׂא בֶן־ יֶתֶר
બે સેનાપતિઓને સૈન્યના ઇસ્રાએલના અબ્નેરને પુત્ર નેરના અને-અમાસાને પુત્ર યેથેરના
H8147 H8269 H3478 H0074 H5369 H6021 H3500

וַיַּהַרְגֵם וַיָּשֶׂם דְּמֵי־ מִלְחָמָה בְּשָׁלֹם וַיִּתֵּן דְּמֵי מִלְחָמָה בַּחֲגֹרָתוֹ אֲשֶׁר
અને-મારી-નાખ્યા અને-નાખ્યું લોહી યુદ્ધનું શાંતિમાં અને-લગાવ્યું લોહી યુદ્ધનું તેની-કમરબંધ-પર જે
H2026 H1818 H4421 H7965 H5414 H1818 H4421

בְּמָתְנָיו וּבְנַעֲלוֹ אֲשֶׁר בְּרַגְלָיו׃
તેની-કમર-પર અને-તેના-જૂતા-પર જે તેના-પગ-પર
H4975 H5275 H7272

સરુયાના દીકરા યોઆબે મને જે કર્યું, એટલે કે તેણે ઇઝરાયલનાં સૈન્યના બે અધિપતિઓને, એટલે નેરના દીકરા આબ્નેરને તથા યેથેરના દીકરા અમાસાને મારી નાખ્યા હતા, તે તું જાણે છે. તેણે શાંતિના સમયમાં યુદ્ધના જેવું લોહી પાડીને તે યુદ્ધનું લોહી પોતાની કમરે બાંધેલા કમરબંધને તથા પોતાના પગમાંનાં પગરખાંને લગાડ્યું.

6 וְעָשִׂיתָ כְּחָכְמָתֶךָ וְלֹא־ תוֹרֵד שֵׂיבָתוֹ בְּשָׁלֹם שְׁאֹל׃ ס
અને-કર તારી-બુદ્ધિ-પ્રમાણે અને-નહિ ઉતારવા-દે તેના-ધોળા-વાળ શાંતિથી શેઓલમાં ¶
H2451 H3808 H3381 H7872 H7965 H7585

તું તારા ડહાપણ અનુસાર યોઆબ સાથે વર્તજે, પણ તેનું પળિયાંવાળું માથું તું શાંતિએ કબરમાં ઊતરવા ન દેતો.

7 וְלִבְנֵי בַרְזִלַּי הַגִּלְעָדִי תַּעֲשֶׂה־ חֶסֶד וְהָיוּ בְּאֹכְלֵי שֻׁלְחָנֶךָ כִּי־ כֵן
અને-પુત્રોને બાર્ઝિલ્લાયના ગિલ્યાદી કર દયા અને-હોય ખાનારાઓમાં તારી-મેજ-પરના કારણ-કે એમ
H1271 H1569 H1961 H0398 H7979

קָרְבוּ אֵלַי בְּבָרְחִי מִפְּנֵי אַבְשָׁלוֹם אָחִיךָ׃
નજીક-આવ્યા મારી-પાસે ભાગતી-વખતે-મારા સામેથી અબશાલોમ તારા-ભાઈના
H7126 H0413 H1272 H6440 H0053 H0251

પણ ગિલ્યાદી બાર્ઝિલ્લાયના દીકરાઓ પર તું કૃપા રાખજે અને તેઓ તારી મેજ પર ભોજન કરનારાઓમાં સામેલ થાય, કેમ કે જયારે હું તારા ભાઈ આબ્શાલોમથી નાસતો ફરતો હતો, ત્યારે તેઓ મારી સાથે એવી રીતે વર્ત્યા હતા.

8 וְהִנֵּה עִמְּךָ שִׁמְעִי בֶן־ גֵּרָא בֶן־הַיְמִינִי מִבַּחֻרִים וְהוּא קִלְלַנִי קְלָלָה
અને-જો તારી-પાસે શિમઈ પુત્ર ગેરાના બિન્યામીની બાહુરીમનો અને-તેણે શાપ-આપ્યો-મને શાપ
H2009 H8096 H1617 H1145 H0980 H1931 H7043 H7045

נִמְרֶצֶת בְּיוֹם לֶכְתִּי מַחֲנָיִם וְהוּא־ יָרַד לִקְרָאתִי הַיַּרְדֵּן וָאֶשָּׁבַע לוֹ
ભયાનક દિવસે મારા-જવાના માહનાઈમ અને-તે આવ્યો મળવા-મારે યર્દન-નદી-પર અને-સોગંદ-ખાધા-મેં તેને
H4834 H3117 H3212 H4266 H1931 H3381 H7125 H3383 H7650

בַיהוָה לֵאמֹר אִם־ אֲמִיתְךָ בֶּחָרֶב׃
યહોવાહના-નામે કહીને નહિ મારી-નાખીશ-તને તલવારથી
H3068 H0559 H4191 H2719

જો, તારી પાસે ત્યાં બાહુરીમનો બિન્યામીની ગેરાનો દીકરો શિમઈ છે, હું માહનાઇમ ગયો તે દિવસે તેણે તો મને ભારે શાપ આપ્યો હતો. શિમઈ યર્દન પાસે મને મળવા આવ્યો અને મેં યહોવાહની હાજરીમાં તેને કહ્યુ, 'હું તને તલવારથી મારી નાખીશ નહિ.'

9 וְעַתָּה אַל־ תְּנַקֵּהוּ כִּי אִישׁ חָכָם אָתָּה וְיָדַעְתָּ אֵת אֲשֶׁר תַּעֲשֶׂה־
અને-હવે નહિ નિર્દોષ-ગણ-તેને કારણ-કે માણસ બુદ્ધિમાન છે-તું અને-જાણીશ × જે કરવું
H6258 H0408 H5352 H0376 H2450 H3045 H0853

לּוֹ וְהוֹרַדְתָּ אֶת־ שֵׂיבָתוֹ בְּדָם שְׁאוֹל׃
તેને અને-ઉતાર × તેના-ધોળા-વાળ લોહીમાં શેઓલમાં
H3381 H0853 H7872 H1818 H7585

પણ હવે તું તેને શિક્ષા કર્યા વગર જવા દેતો નહિ. તું બુદ્ધિમાન છે અને તારે તેને શું કરવું તે તને ખબર છે. તેનું પળિયાવાળું માથું તું લોહીલુહાણ સ્થિતિમાં કબરમાં ઉતારજે."

10

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁכַּב | דָּוִד | עִם־ | אֲבֹתָיו | וַיִּקָּבֵר | בְּעִיר | דָּוִד׃ | פ |
| અને-સૂઈ-ગયા | દાઉદ | સાથે | પિતૃઓના | અને-દફનાવાયા | નગરમાં | દાઉદના | ¶ |
| H7901 | H1732 | | H0001 | H6912 | | H1732 | |

પછી દાઉદ પોતાના પૂર્વજોની જેમ ઊંઘી ગયો અને તેને દાઉદનગરમાં દફનાવવામાં આવ્યો.

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהַיָּמִים | אֲשֶׁר | מָלַךְ | דָּוִד | עַל־ | יִשְׂרָאֵל | אַרְבָּעִים | שָׁנָה | בְּחֶבְרוֹן | מָלַךְ | שֶׁבַע |
| અને-દિવસો | જે | રાજ-કર્યું | દાઉદે | ઉપર | ઇસ્રાએલના | ચાળીસ | વર્ષ | હેબ્રોનમાં | રાજ-કર્યું | સાત |
| H3117 | | | H1732 | | H3478 | H0705 | H8141 | | | H7651 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| שָׁנִים | וּבִירוּשָׁלַםִ | מָלַךְ | שְׁלֹשִׁים | וְשָׁלֹשׁ | שָׁנִים׃ |
| વર્ષ | અને-યરૂશાલેમમાં | રાજ-કર્યું | ત્રીસ | અને-ત્રણ | વર્ષ |
| H8141 | H3389 | | H7970 | H7969 | H8141 |

દાઉદે ઇઝરાયલ પર ચાળીસ વર્ષ સુધી રાજ કર્યું. તેણે સાત વર્ષ હેબ્રોનમાં અને તેત્રીસ વર્ષ યરુશાલેમમાં રાજ કર્યું.

12

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּשְׁלֹמֹה | יָשַׁב | עַל־ | כִּסֵּא | דָּוִד | אָבִיו | וַתִּכֹּן | מַלְכֻתוֹ | מְאֹד׃ |
| અને-સુલેમાન | બેઠો | ઉપર | સિંહાસન | દાઉદના | તેના-પિતાના | અને-સ્થિર-થયું | તેનું-રાજ્ય | ખૂબ |
| H8010 | H3427 | | H3678 | H1732 | H0001 | | H4438 | H3966 |

પછી સુલેમાન પોતાના પિતા દાઉદના રાજ્યાસન પર બેઠો અને તેનું રાજ્ય ઘણું સ્થિર થયું.

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹא | אֲדֹנִיָּהוּ | בֶן־ | חַגִּית | אֶל־ | בַּת־שֶׁבַע | אֵם־ | שְׁלֹמֹה | וַתֹּאמֶר | הֲשָׁלוֹם |
| અને-આવ્યો | અદોનીયા | પુત્ર | હાગ્ગીથનો | × | બાથશેબા-પાસે | માતા | સુલેમાનની | અને-પૂછ્યું | શાંતિથી-છે |
| H0935 | H0138 | | H2294 | H0413 | H1339 | H0517 | H8010 | H0559 | H7965 |

| | | |
|---|---|---|
| בֹּאֶךָ | וַיֹּאמֶר | שָׁלוֹם׃ |
| તારું-આવવું | અને-કહ્યુ | શાંતિ |
| H0935 | H0559 | H7965 |

પછી હાગ્ગીથનો દીકરો અદોનિયા સુલેમાનની માતા બાથશેબા પાસે આવ્યો. બેથશેબાએ તેને પૂછ્યું, "શું તું શાંતિપૂર્વક આવ્યો છે?" તેણે જવાબ આપ્યો, "શાંતિપૂર્વક આવ્યો છું."

14

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | דָּבָר | לִי | אֵלָיִךְ | וַתֹּאמֶר | דַּבֵּר׃ |
| અને-કહ્યુ | વાત | મારી | તને | અને-કહ્યુ | બોલ |
| H0559 | H1697 | | H0413 | H0559 | H1696 |

પછી તેણે કહ્યુ, "મારે તમને કંઈક કહેવું છે." તેથી તેણે જવાબ આપ્યો "બોલ."

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אַתְּ | יָדַעַתְּ | כִּי־ | לִי | הָיְתָה | הַמְּלוּכָה | וְעָלַי | שָׂמוּ | כָל־ | יִשְׂרָאֵל |
| અને-કહ્યુ | તું | જાણે-છે | કે | મારું | હતું | રાજ્ય | અને-મારા-ઉપર | મૂક્યા | સર્વ | ઇસ્રાએલે |
| H0559 | | H3045 | | | H1961 | H4410 | | | H3605 | H3478 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| פְּנֵיהֶם | לִמְלֹךְ | וַתִּסֹּב | הַמְּלוּכָה | וַתְּהִי | לְאָחִי | כִּי | מֵיְהוָה | הָיְתָה | לוֹ׃ |
| ચહેરા-તેમના | રાજ-કરવા | અને-ફર્યું | રાજ્ય | અને-થયું | મારા-ભાઈનું | કારણ-કે | યહોવાહ-તરફથી | હતું | તેનું |
| H6440 | | H5437 | H4410 | H1961 | H0251 | | H3068 | H1961 | |

અદોનિયાએ કહ્યુ, "તમે જાણો છો કે રાજ્ય મારું છે અને સર્વ ઇઝરાયલીઓએ મને રાજા તરીકે ઊંચો કર્યો. પણ રાજ્ય તો બદલાઈને મારા ભાઈનું થયું છે, કેમ કે યહોવાહે તે તેને આપેલું હતું.

16

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | שְׁאֵלָה | אַחַת | אָנֹכִי | שֹׁאֶלֶת | מֵאִתָּךְ | אַל־ | תָּשִׁבִי | אֶת־ | פָּנָי | וַתֹּאמֶר | אֵלָיו |
| અને-હવે | માગણી | એક | હું | માગું-છું | તારી-પાસેથી | નહિ | ફેરવ | × | મારો-ચહેરો | અને-કહ્યુ | તેને |
| H6258 | H7596 | H0259 | H0595 | H7592 | H0854 | H0408 | H7725 | H0853 | H6440 | H0559 | H0413 |

| |
|---|
| דַּבֵּר׃ |
| બોલ |
| H1696 |

હવે મારે તમને એક વિનંતી કરવી છે. કૃપા કરીને તમે નકારશો નહિ." બાથશેબાએ તેને કહ્યુ, "બોલ."

17

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הַכֹּתָרֹת | אֲשֶׁר | עַל־ | רֹאשׁ | הָרִמֹּנִים | וְכֵן | עָשָׂה | לַכֹּתֶרֶת | הַשֵּׁנִית׃ |
| મુગટો | જે | ઉપર | માથા | દાડમો-ઉપર | અને-એવું-જ | બનાવ્યું | મુગટ-માટે | બીજાના |
| H3805 | | | | H7416 | | | H3805 | H8145 |

આ પ્રમાણે હુરામે બે સ્તંભો બનાવ્યા. હુરામે એક સ્તંભની ટોચ પરનો કળશ ઢાંકવાની જે જાળી તે પર ચારેબાજુ દાડમની બે હારમાળા બનાવી, બીજા કળશ માટે પણ તેણે એમ જ કર્યું.

19

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְכֹתָרֹת | אֲשֶׁר | עַל־ | רֹאשׁ | הָעַמּוּדִים | מַעֲשֵׂה | שׁוּשַׁן | בָּאוּלָם | אַרְבַּע | אַמּוֹת׃ |
| અને-મુગટો | જે | ઉપર | માથા | સ્તંભોના | બનાવટ | કમળની | ઓસરીમાં | ચાર | હાથ |
| H3805 | | | | H5982 | H4639 | H7799 | H0197 | H0702 | |

પરસાળમાંના સ્તંભની ટોચો પરના કળશ તે કમળના જેવા કોતરકામના હતા, તે ચાર હાથ લાંબા હતા.

20

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְכֹתָרֹת | עַל־ | שְׁנֵי | הָעַמּוּדִים | גַּם־ | מִמַּעַל | מִלְּעֻמַּת | הַבֶּטֶן | אֲשֶׁר | לְעֵבֶר | ]שבכה[ |
| અને-મુગટો | ઉપર | બે | સ્તંભો-ઉપર | પણ | ઉપર-થી | સામે | પેટ-ના | જે | બાજુ-પર | જાળીની |
| H3805 | | H8147 | H5982 | H1571 | H4605 | H5980 | H0990 | | H5676 | H7639 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| )הַשְּׂבָכָה( | וְהָרִמּוֹנִים | מָאתַיִם | טֻרִים | סָבִיב | עַל | הַכֹּתֶרֶת | הַשֵּׁנִית׃ |
| જાળીની | અને-દાડમો | બસો | હાર | ચારેબાજુ | ઉપર | મુગટ | બીજા-ઉપર |
| H7639 | H7416 | H3967 | H2905 | H5439 | | H3805 | H8145 |

એ બે સ્તંભની ટોચો પર પણ એટલે જાળીની છેક પાસેના ભાગે કળશ હતા અને બીજા કળશ પર ચારેબાજુ બસો દાડમ હારબંધ બનાવેલાં હતાં.

21

| וַיָּ֫קֶם | אֶת־ | הָֽעַמֻּדִים | לְאֻלָם | הַהֵיכָל | וַיָּ֫קֶם | אֶת־ | הָעַמּוּד | הַיְמָנִי |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-ઊભા-કર્યા | × | સ્તંભો | ઓસરી-માટે | મંદિરની | અને-ઊભો-કર્યો | × | સ્તંભ | જમણો |
| | H0853 | H5982 | H0197 | H1964 | | H0853 | H5982 | H3233 |

| וַיִּקְרָא | אֶת־ | שְׁמוֹ | יָכִין | וַיָּ֫קֶם | אֶת־ | הָעַמּוּד | הַשְּׂמָאלִי | וַיִּקְרָא | אֶת־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-નામ-આપ્યું | × | તેનું | યાખીન | અને-ઊભો-કર્યો | × | સ્તંભ | ડાબો | અને-નામ-આપ્યું | × |
| H7121 | H0853 | H8034 | H3199 | | H0853 | H5982 | H8042 | H7121 | H0853 |

| שְׁמוֹ | בֹּעַז׃ |
|---|---|
| તેનું | બોઆઝ |
| H8034 | H1162 |

તેણે સ્તંભો સભાસ્થાનની પરસાળ આગળ ઊભા કર્યા. જમણે હાથે આવેલા સ્તંભનું નામ યાખીન પાડ્યું અને ડાબે હાથે આવેલા સ્તંભનું નામ બોઆઝ પાડ્યું.

22

| וְעַל | רֹאשׁ | הָעַמּוּדִים | מַעֲשֵׂה | שׁוֹשָׁן | וַתִּתֹּם | מְלֶאכֶת | הָעַמּוּדִים׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-ઉપર | માથા | સ્તંભોના | બનાવટ | કમળની | અને-પૂર્ણ-થયું | કામ | સ્તંભોનું |
| | | H5982 | H4639 | H7799 | H8552 | H4399 | H5982 |

સ્તંભની ટોચ પર કમળનું કોતરકામ હતું. એમ સ્તંભો બાંધવાનું કામ પૂર્ણ થયું.

23

| וַיַּעַשׂ | אֶת־ | הַיָּם | מוּצָק | עֶשֶׂר | בָּאַמָּה | מִשְּׂפָתוֹ | עַד־ | שְׂפָתוֹ | וְעָגֹל | סָבִיב |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બનાવ્યો | × | સમુદ્ર | ઢાળેલો | દસ | હાથ | કિનારા-થી | સુધી | કિનારા-સુધી | ગોળ | ચારેબાજુ |
| | H0853 | H3220 | H4165 | H6235 | | H8193 | H5704 | H8145 | H5696 | H5439 |

| וְחָמֵשׁ | בָּאַמָּה | קוֹמָתוֹ | ]וקוה[ | )וְקָו( | שְׁלֹשִׁים | בָּאַמָּה | יָסֹב | אֹתוֹ | סָבִיב׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પાંચ | હાથ | ઊંચાઈ-તેની | અને-દોરી | દોરી | ત્રીસ | હાથ | ફરતી-હતી | તેને | ચારેબાજુ |
| H2568 | | H6967 | H6957 | H6957 | H7970 | | H5437 | H0853 | H5439 |

હુરામે ભરતરનો હોજ બનાવ્યો. તેનો વ્યાસ એક ધારથી તે સામી ધાર સુધી દસ હાથ હતો. તેનો આકાર ગોળાકાર હતો, તેની ઊંચાઈ પાંચ હાથ હતી. તેની આસપાસ ત્રીસ હાથની દોરી ફરી વળતી હતી.

24

| וּפְקָעִים | מִתַּחַת | לִשְׂפָתוֹ | סָבִיב | סֹבְבִים | אֹתוֹ | עֶשֶׂר | בָּאַמָּה | מַקִּפִים | אֶת־ | הַיָּם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ફૂલ-કળીઓ | નીચે | કિનારા-ના | ચારેબાજુ | ઘેરતી | તેને | દસ | હાથમાં | ફરતી | × | સમુદ્રને |
| H6497 | H8478 | H8193 | H5439 | H5437 | H0853 | H6235 | | | H0853 | H3220 |

| סָבִיב | שְׁנֵי | טוּרִים | הַפְּקָעִים | יְצֻקִים | בִּיצֻקָתוֹ׃ |
|---|---|---|---|---|---|
| ચારેબાજુ | બે | હાર | ફૂલ-કળીઓની | ઢાળેલી | ઢાળવામાં-તેના |
| H5439 | H8147 | H2905 | H6497 | H3332 | H3333 |

તેની ધારની નીચે ચારે તરફ ફરતી કળીઓ પાડેલી હતી, દર હાથે દસ કળીઓ પ્રમાણે હોજની આસપાસ પાડેલી હતી. એ કળીઓની બે હારો હોજની સાથે જ ઢાળવામાં આવી હતી.

25

| עֹמֵד | עַל־ | שְׁנֵי | עָשָׂר | בָּקָר | שְׁלֹשָׁה | פֹנִים | צָפוֹנָה | וּשְׁלֹשָׁה | פֹנִים | יָמָּה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઊભો | ઉપર | બાર | × | બળદો | ત્રણ | મોં-વાળા | ઉત્તર-તરફ | અને-ત્રણ | મોં-વાળા | પશ્ચિમ-તરફ |
| H5975 | | H8147 | H6240 | H1241 | H7969 | H6437 | H6828 | H7969 | H6437 | H3220 |

| וּשְׁלֹשָׁה | פֹנִים | נֶגְבָּה | וּשְׁלֹשָׁה | פֹנִים | מִזְרָחָה | וְהַיָּם | עֲלֵיהֶם | מִלְמָעְלָה | וְכָל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ત્રણ | મોં-વાળા | દક્ષિણ-તરફ | અને-ત્રણ | મોં-વાળા | પૂર્વ-તરફ | અને-સમુદ્ર | ઉપર-તેમના | ઉપર-થી | અને-સર્વ |
| H7969 | H6437 | H5045 | H7969 | H6437 | H4217 | H3220 | | H4605 | H3605 |

| אֲחֹרֵיהֶם | בָּיְתָה׃ |
|---|---|
| પાછળ-તેમની | અંદર-તરફ |
| H0268 | |

હોજ બાર બળદના શિલ્પ પર મૂકેલો હતો. એ બળદોનાં ત્રણનાં મુખ ઉત્તર તરફ, ત્રણનાં દક્ષિણ તરફ, ત્રણનાં પશ્ચિમ તરફ અને ત્રણનાં પૂર્વ તરફ હતાં. હોજ તેમના પર મૂકેલો હતો અને તે બધાની પૂઠો અંદરની બાજુએ હતી.

26

| | | |
|---|---|---|
| וְעָבְיוֹ | અને-જાડાઈ-તેની | H5672 |
| טֶפַח | મુઠ્ઠી | H2947 |
| וּשְׂפָתוֹ | અને-કિનારો-તેનો | H8193 |
| כְּמַעֲשֵׂה | બનાવટ-જેવી | H4639 |
| שְׂפַת־ | કિનારા | H8193 |
| כּוֹס | પ્યાલાના | |
| פֶּרַח | ફૂલ | H6525 |
| שׁוֹשָׁן | કમળનું | H7799 |
| אַלְפַּיִם | બે-હજાર | H0505 |
| בַּת | બાથ | H1324 |
| יָכִיל׃ | સમાતો-હતો | H3557 |
| פ | ¶ | |

હોજની જાડાઈ ચાર આગળ જેટલી હતી, તેની ધારની બનાવટ વાટકાની ધારની બનાવટની જેમ કમળના ફૂલ જેવી હતી. હોજ બે હજાર બાથ પાણી સમાઈ શકે એટલી ક્ષમતા ધરાવતો હતો.

27

| | | |
|---|---|---|
| וַיַּעַשׂ | અને-બનાવ્યા | |
| אֶת־ | × | H0853 |
| הַמְּכֹנוֹת | પાયાઓ | H4350 |
| עֶשֶׂר | દસ | H6235 |
| נְחֹשֶׁת | પિત્તળના | |
| אַרְבַּע | ચાર | H0702 |
| בָּאַמָּה | હાથ | |
| אֹרֶךְ | લંબાઈ | H0753 |
| הַמְּכוֹנָה | પાયો | H4350 |
| הָאֶחָת | એકનો | H0259 |
| וְאַרְבַּע | અને-ચાર | H0702 |
| בָּאַמָּה | હાથ | |
| רָחְבָּהּ | પહોળાઈ-તેની | H7341 |
| וְשָׁלֹשׁ | અને-ત્રણ | H7969 |
| בָּאַמָּה | હાથ | |
| קוֹמָתָהּ׃ | ઊંચાઈ-તેની | H6967 |

તેણે પિત્તળના દસ ચોતરા બનાવ્યા. દરેક ચોતરાની લંબાઈ ચાર હાથ અને તેની ઊંચાઈ ત્રણ હાથ હતી.

28

| | | |
|---|---|---|
| וְזֶה | અને-આ | H2088 |
| מַעֲשֵׂה | બનાવટ | H4639 |
| הַמְּכוֹנָה | પાયાની | H4350 |
| מִסְגְּרֹת | ચોકઠા | H4526 |
| לָהֶם | તેમના | H1992 |
| וּמִסְגְּרֹת | અને-ચોકઠા | H4526 |
| בֵּין | વચ્ચે | H0996 |
| הַשְׁלַבִּים׃ | પટ્ટીઓ | H7948 |

તે ચોતરાની બનાવટ આ પ્રમાણે હતી. તેઓને તકતીઓ હતી અને તકતીઓ ચોકઠાંની વચ્ચે હતી.

29

| | | |
|---|---|---|
| וְעַל־ | અને-ઉપર | |
| הַמִּסְגְּרוֹת | ચોકઠા-ઉપર | H4526 |
| אֲשֶׁר | જે | |
| בֵּין | વચ્ચે | H0996 |
| הַשְׁלַבִּים | પટ્ટીઓ | H7948 |
| אֲרָיוֹת | સિંહો | |
| בָּקָר | બળદો | H1241 |
| וּכְרוּבִים | અને-કરૂબો | H3742 |
| וְעַל־ | અને-ઉપર | |
| הַשְׁלַבִּים | પટ્ટીઓ | H7948 |
| כֵּן | એવું-જ | H3653 |
| מִמַּעַל | ઉપર-થી | H4605 |
| וּמִתַּחַת | અને-નીચે | H8478 |
| לַאֲרָיוֹת | સિંહો-નીચે | |
| וְלַבָּקָר | અને-બળદો-નીચે | H1241 |
| לֹיוֹת | માળાઓ | H3914 |
| מַעֲשֵׂה | બનાવટ | H4639 |
| מוֹרָד׃ | ઝૂલતી | H4174 |

ચોકઠાંની વચ્ચેની તકતીઓ પર, સિંહો, બળદો તથા કરુબો કોતરેલા હતા. ઉપલી કિનારીઓથી ઉપર બેસણી હતી. સિંહો તથા બળદોની નીચે ઝાલરો લટકતી હતી.

30

| | | |
|---|---|---|
| וְאַרְבָּעָה | અને-ચાર | H0702 |
| אוֹפַנֵּי | પૈડાં | H0212 |
| נְחֹשֶׁת | પિત્તળના | |
| לַמְּכוֹנָה | પાયા-માટે | H4350 |
| הָאַחַת | એકના | H0259 |
| וְסַרְנֵי | અને-ધરીઓ | |
| נְחֹשֶׁת | પિત્તળની | |
| וְאַרְבָּעָה | અને-ચાર | H0702 |
| פַעֲמֹתָיו | પગ-તેના | H6471 |
| כְּתֵפֹת | ટેકા | H3802 |
| לָהֶם | તેમને | |
| מִתַּחַת | નીચે | H8478 |
| לַכִּיֹּר | ગંગાળ-ના | H3595 |
| הַכְּתֵפֹת | ટેકા | H3802 |
| יְצֻקוֹת | ઢાળેલા | H3333 |
| מֵעֵבֶר | બાજુ-પર | H5676 |
| אִישׁ | દરેક | H0376 |
| לֹיוֹת׃ | માળાઓ | H3914 |

તે દરેક ચોતરાને પિત્તળનાં ચાર પૈડાં અને પિત્તળની ધરીઓ હતી. તેના ચાર પાયાને ટેકો હતો. એ ટેકા કૂંડાની નીચે ભરતરના બનાવેલા હતા અને દરેકની બાજુએ ઝાલરો હતી.

31

| | | |
|---|---|---|
| וּפִיהוּ | અને-મોં-તેનું | H6310 |
| מִבֵּית | અંદર | |
| לַכֹּתֶרֶת | મુગટ-ના | H3805 |
| וָמַעְלָה | અને-ઉપર | H4605 |
| בָּאַמָּה | હાથ | |
| וּפִיהָ | અને-મોં-તેનું | H6310 |
| עָגֹל | ગોળ | H5696 |
| מַעֲשֵׂה־ | બનાવટ | H4639 |
| כֵן | પાયા-જેવી | H3653 |
| אַמָּה | હાથ | |
| וַחֲצִי | અને-અડધો | H2677 |
| הָאַמָּה | હાથ | |
| וְגַם־ | અને-પણ | H1571 |
| עַל־ | ઉપર | |
| פִּיהָ | મોં-તેના | H6310 |
| מִקְלָעוֹת | કોતરણી | H4734 |
| וּמִסְגְּרֹתֵיהֶם | અને-ચોકઠા-તેમના | H4526 |
| מְרֻבָּעוֹת | ચોરસ | H7251 |
| לֹא | નહીં | H3808 |
| עֲגֻלּוֹת׃ | ગોળ | H5696 |

મથાળાનું ખામણું અંદરની તરફ ઉપર સુધી એક હાથનું હતું. અને તેનું ખામણું બેસણીની બનાવટ પ્રમાણે ગોળ તથા ઘેરાવામાં દોઢ હાથ હતું. તેના કાના પર કોતરકામ હતું અને તેમની તકતીઓ ગોળ નહિ પણ ચોરસ હતી.

32 וְאַרְבַּעַת અને-ચાર H0702 | הָאוֹפַנִּים પૈડાં H0212 | לְמִתַּחַת નીચે H8478 | לַמִּסְגְּרוֹת ચોકઠા-ના H4526 | וִידוֹת અને-ધરીઓ H3027 | הָאוֹפַנִּים પૈડાંની H0212 | בַּמְּכוֹנָה પાયામાં H4350 | וְקוֹמַת અને-ઊંચાઈ H6967 | הָאוֹפַן પૈડું H0212 | הָאֶחָד એકનું H0259 | אַמָּה હાથ | וַחֲצִי અને-અડધો H2677 | הָאַמָּה׃ હાથ

ચાર પૈડાં તકતીઓની નીચે હતાં. પૈડાંની ધરીઓ ચોતરામાં જડેલી હતી. દરેક પૈડાંની ઊંચાઈ દોઢ હાથ હતી.

33 וּמַעֲשֵׂה અને-બનાવટ H4639 | הָאוֹפַנִּים પૈડાંની H0212 | כְּמַעֲשֵׂה બનાવટ-જેવી H4639 | אוֹפַן પૈડું H0212 | הַמֶּרְכָּבָה રથનું H4818 | יְדוֹתָם ધરીઓ-તેમની H3027 | וְגַבֵּיהֶם અને-ધારો-તેમની H1354 | וְחִשֻּׁקֵיהֶם અને-આરાઓ-તેમના H2839 | וְחִשֻּׁרֵיהֶם અને-નાભિઓ-તેમની H2840 | הַכֹּל સર્વ H3605 | מוּצָק׃ ઢાળેલું H3332

પૈડાંની બનાવટ રથના પૈડાંની બનાવટ જેવી હતી. તેમની ધરીઓ, તેમની વાટો, તેમના આરા તથા તેમનાં નાભિચક્કરો એ બધા ઢાળેલાં હતાં.

34 וְאַרְבַּע અને-ચાર H0702 | כְּתֵפוֹת ટેકા H3802 | אֶל ઉપર H0413 | אַרְבַּע ચાર H0702 | פִּנּוֹת ખૂણા H6438 | הַמְּכֹנָה પાયા H4350 | הָאֶחָת એકના H0259 | מִן־ થી | הַמְּכֹנָה પાયા H4350 | כְּתֵפֶיהָ׃ ટેકા-તેના H3802

દરેક ચોતરાને ચાર ખૂણે ચાર ટેકાઓ હતા, તેના ટેકા ચોતરાની સાથે જ સળંગ બનાવેલા હતા.

35 וּבְרֹאשׁ અને-માથા-ઉપર | הַמְּכוֹנָה પાયાના H4350 | חֲצִי અડધો H2677 | הָאַמָּה હાથ | קוֹמָה ઊંચાઈ H6967 | עָגֹל ગોળ H5696 | סָבִיב ચારેબાજુ H5439 | וְעַל અને-ઉપર | רֹאשׁ માથા | הַמְּכֹנָה પાયાના H4350 | יְדֹתֶיהָ હાથા-તેના H3027 | וּמִסְגְּרֹתֶיהָ અને-ચોકઠા-તેના H4526 | מִמֶּנָּה׃ તેમાંથી

ચોતરાને મથાળે અડધો હાથ ઊંચો ઘુંમટ હતો. ચોતરાને મથાળે તેના ટેકા અને તેની તકતીઓ તેની સાથે સળંગ હતાં.

36 וַיְפַתַּח અને-કોતર્યા | עַל־ ઉપર | הַלֻּחֹת પટ્ટીઓ H3871 | יְדֹתֶיהָ હાથા-તેના H3027 | וְעַל અને-ઉપર | ]ומסגרתיה[ ચોકઠા-તેના H4526 | )מִסְגְּרֹתֶיהָ( ચોકઠા-તેના H4526 | כְּרוּבִים કરૂબો H3742 | אֲרָיוֹת સિંહો | וְתִמֹרֹת અને-ખજૂરી H8561 | כְּמַעַר־ ખુલ્લી-જગ્યા H4626 | אִישׁ દરેક H0376 | וְלֹיוֹת અને-માળાઓ H3914 | סָבִיב׃ ચારેબાજુ H5439

તે પાટિયાં પર જયાં ખાલી જગ્યા હતી ત્યાં કરુબ, સિંહો અને ખજૂરનાં વૃક્ષો કોતરેલાં હતાં અને તેની ફરતે ઝાલરો હતી.

37 כָּזֹאת આ-પ્રમાણે H2063 | עָשָׂה બનાવ્યા | אֵת × H0853 | עֶשֶׂר દસ H6235 | הַמְּכֹנוֹת પાયાઓ H4350 | מוּצָק ઢાળેલા H4165 | אֶחָד એક H0259 | מִדָּה માપ | אַחַת એક H0259 | קֶצֶב ઘાટ H7095 | אֶחָד એક H0259 | לְכֻלָּהְנָה׃ સર્વ-માટે H3605 | ס ×

આ રીતે તેણે દસ ચોતરા બનાવ્યા. તે બધા જ ઘાટમાં, માપમાં અને આકારમાં એક સરખા હતા.

38 וַיַּעַשׂ અને-બનાવ્યા | עֲשָׂרָה દસ H6235 | כִיֹּרוֹת ગંગાળો H3595 | נְחֹשֶׁת પિત્તળના | אַרְבָּעִים ચાળીસ H0705 | בַּת બાથ H1324 | יָכִיל સમાતું-હતું H3557 | הַכִּיּוֹר ગંગાળ H3595 | הָאֶחָד એક H0259 | אַרְבַּע ચાર H0702 | בָּאַמָּה હાથ | הַכִּיּוֹר ગંગાળ H3595 | הָאֶחָד એક H0259 | כִּיּוֹר ગંગાળ H3595 | אֶחָד એક H0259 | עַל־ ઉપર | הַמְּכוֹנָה પાયો H4350 | הָאַחַת એક H0259 | לְעֶשֶׂר દસ-માટે H6235 | הַמְּכֹנוֹת׃ પાયાઓ H4350

તેણે પિત્તળનાં દસ કૂંડાં બનાવ્યાં. દરેક કૂંડામાં ચાળીસ બાથ પાણી સમાતું હતું. તે દરેક કૂંડું ચાર હાથનું હતું. પેલા દશ ચોતરામાંના પ્રત્યેક પર એક કૂંડું હતું.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַבָּיִת | כֶּתֶף | עַל־ | וְחָמֵשׁ | מִיָּמִין | הַבַּיִת | כֶּתֶף | עַל־ | חָמֵשׁ | הַמְּכֹנוֹת | אֶת־ | וַיִּתֵּן | 39 |
| ઘરની | બાજુ | ઉપર | અને-પાંચ | જમણે | ઘરની | બાજુ | ઉપર | પાંચ | પાયાઓ | × | અને-મૂક્યા | |
| | H3802 | | H2568 | H3225 | | H3802 | | H2568 | H4350 | H0853 | H5414 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ס | נֶגְבָּה׃ | מִמּוּל | קֵדְמָה | הַיְמָנִית | הַבַּיִת | מִכֶּתֶף | נָתַן | הַיָּם | וְאֶת־ | מִשְּׂמֹאלוֹ |
| × | દક્ષિણ | સામે | પૂર્વ-તરફ | જમણી | ઘરની | બાજુ-થી | મૂક્યો | સમુદ્ર | અને | ડાબે |
| | H5045 | H4136 | | H3233 | | H3802 | H5414 | H3220 | H0853 | H8040 |

તેણે પાંચ કૂંડાં સભાસ્થાનની દક્ષિણ તરફ અને બીજા પાંચ કૂંડા ઉત્તર તરફ મૂક્યાં. તેણે હોજને સભાસ્થાનની જમણી દિશાએ અગ્નિખૂણા પર રાખ્યો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לַעֲשׂוֹת | חִירָם | וַיְכַל | הַמִּזְרָקוֹת | וְאֶת־ | הַיָּעִים | וְאֶת־ | הַכִּיֹּרוֹת | אֶת־ | חִירוֹם | וַיַּעַשׂ | 40 |
| કરવાનું | હીરામે | અને-પૂર્ણ-કર્યું | કટોરા | અને | પાવડા | અને | ગંગાળો | × | હીરામે | અને-બનાવ્યા | |
| | H2438 | H3615 | H4219 | H0853 | H3257 | H0853 | H3595 | H0853 | H2438 | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה׃ | בֵּית | שְׁלֹמֹה | לַמֶּלֶךְ | עָשָׂה | אֲשֶׁר | הַמְּלָאכָה | כָּל־ | אֶת־ |
| યહોવાનું | ઘર | સુલેમાનના | રાજા-માટે | કર્યું | જે | કામ | સર્વ | × |
| H3068 | | H8010 | H4428 | | | H4399 | H3605 | H0853 |

તે ઉપરાંત હીરામે કૂંડાં, પાવડા તથા છંટકાવ માટેના વાટકા બનાવ્યા. આ પ્રમાણે હુરામે સઘળું કામ પૂરું કર્યું કે જે તેણે સુલેમાન રાજાને માટે યહોવાહનું ભક્તિસ્થાનમાં કર્યું હતું.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שְׁתַּיִם | וְהַשְּׂבָכוֹת | שְׁתָּיִם | הָעַמֻּדִים | רֹאשׁ | עַל־ | אֲשֶׁר־ | הַכֹּתָרֹת | וְגֻלֹּת | שְׁנַיִם | עַמֻּדִים | 41 |
| બે | અને-જાળીઓ | બે | સ્તંભોના | માથા | ઉપર | જે | મુગટોના | અને-ગોળાઓ | બે | સ્તંભો | |
| H8147 | H7639 | H8147 | H5982 | | | | H3805 | H1543 | H8147 | H5982 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הָעַמּוּדִים׃ | רֹאשׁ | עַל־ | אֲשֶׁר | הַכֹּתָרֹת | גֻּלֹּת | שְׁתֵּי | אֶת־ | לְכַסּוֹת |
| સ્તંભોના | માથા | ઉપર | જે | મુગટોના | ગોળાઓ | બે | × | ઢાંકવા |
| H5982 | | | | H3805 | H1543 | H8147 | H0853 | H3680 |

એટલે બે સ્તંભો, સ્તંભોની ટોચ પરના કળશના બે ઘુંમટ તથા સ્તંભોની ટોચ પરના કળશના બે ઘુંમટ ઢાંકવા બે જાળી બનાવી હતી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הָאֶחָת | לַשְּׂבָכָה | רִמֹּנִים | טוּרִים | שְׁנֵי־ | הַשְּׂבָכוֹת | לִשְׁתֵּי | מֵאוֹת | אַרְבַּע | הָרִמֹּנִים | וְאֶת־ | 42 |
| એકની | જાળી-માટે | દાડમોના | હાર | બે | જાળીઓ | બે-માટે | સો | ચાર | દાડમો | અને | |
| H0259 | H7639 | H7416 | H2905 | H8147 | H7639 | H8147 | H3967 | H0702 | H7416 | H0853 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הָעַמּוּדִים׃ | פְּנֵי | עַל־ | אֲשֶׁר | הַכֹּתָרֹת | גֻּלֹּת | שְׁתֵּי | אֶת־ | לְכַסּוֹת |
| સ્તંભોના | આગળ | ઉપર | જે | મુગટોના | ગોળાઓ | બે | × | ઢાંકવા |
| H5982 | H6440 | | | H3805 | H1543 | H8147 | H0853 | H3680 |

તેણે તે બે જાળીને માટે ચારસો દાડમ; એટલે થાંભલાની ટોચ પરના બે કળશના બન્ને ઘુંમટ ઢાંકવાની પ્રત્યેક જાળીને માટે દાડમની બબ્બે હારો;

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הַמְּכֹנוֹת׃ | עַל־ | עֲשָׂרָה | הַכִּיֹּרֹת | וְאֶת־ | עָשֶׂר | הַמְּכֹנוֹת | וְאֶת־ | 43 |
| પાયાઓ | ઉપર | દસ | ગંગાળો | અને | દસ | પાયાઓ | અને | |
| H4350 | | H6235 | H3595 | H0853 | H6235 | H4350 | H0853 | |

દસ ચોતરા અને તેને માટે દસ કૂંડાં બનાવ્યાં.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַיָּם׃ | תַּחַת | עָשָׂר | שְׁנֵים־ | הַבָּקָר | וְאֶת־ | הָאֶחָד | הַיָּם | וְאֶת־ | 44 |
| સમુદ્રના | નીચે | × | બાર | બળદો | અને | એક | સમુદ્ર | અને | |
| H3220 | H8478 | H6240 | H8147 | H1241 | H0853 | H0259 | H3220 | H0853 | |

તેણે એક મોટો હોજ અને તેની નીચેના બાર બળદો બનાવ્યા.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| )הָאֵלֶּה( | ]האהל[ | הַכֵּלִים | כָּל־ | וְאֵת | הַמִּזְרָקוֹת | וְאֶת־ | הַיָּעִים | וְאֶת־ | הַסִּירוֹת | וְאֶת־ | 45 |
| આ | આ | વાસણો | સર્વ | અને | કટોરા | અને | પાવડા | અને | હાંડલાઓ | અને | |
| H0428 | H0168 | H3627 | H3605 | H0853 | H4219 | H0853 | H3257 | H0853 | | H0853 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מְמֹרָט׃ | נְחֹשֶׁת | יְהוָה | בֵּית | שְׁלֹמֹה | לַמֶּלֶךְ | חִירָם | עָשָׂה | אֲשֶׁר |
| ચકચકિત | પિત્તળ | યહોવાનું | ઘર | સુલેમાનના | રાજા-માટે | હીરામે | બનાવ્યા | જે |
| H4803 | | H3068 | | H8010 | H4428 | H2438 | | |

હીરામે દેગડા, પાવડા, વાસણો અને બીજા બધાં સાધનો યહોવાહનો ભક્તિસ્થાનના વપરાશ તથા રાજા સુલેમાન માટે ચળકતા પિત્તળનાં બનાવ્યાં હતાં.

46

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּכִכַּר | הַיַּרְדֵּן | יְצָקָם | הַמֶּלֶךְ | בְּמַעֲבֵה | הָאֲדָמָה | בֵּין | סֻכּוֹת | וּבֵין | צָרְתָן׃ |
| મેદાનમાં | યર્દનના | ઢાળ્યા | રાજાએ | ચીકણી-માટીમાં | જમીનની | વચ્ચે | સુક્કોથ | અને-વચ્ચે | સારતાન |
| H3603 | H3383 | H3332 | H4428 | H4568 | H0127 | H0996 | H5523 | H0996 | H6891 |

રાજાએ યર્દન નદીના સપાટ પ્રદેશમાં સુક્કોથ અને સારેથાનની વચ્ચે ચીકણી માટીમાં તેનો ઘાટ ઘડ્યો.

47

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּנַּח | שְׁלֹמֹה | אֶת־ | כָּל־ | הַכֵּלִים | מֵרֹב | מְאֹד | מְאֹד | לֹא | נֶחְקַר | מִשְׁקַל | הַנְּחֹשֶׁת׃ |
| અને-મૂક્યા | સુલેમાને | × | સર્વ | વાસણો | કારણે-અત્યંત | ઘણા | ઘણા | નહીં | તોળાયું | વજન | પિત્તળનું |
| H3240 | H8010 | H0853 | H3605 | H3627 | H7230 | H3966 | H3966 | H3808 | H2713 | H4948 | |

સુલેમાને એ સર્વ વજન કર્યા વિના રહેવા દીધાં, કારણ તેમની સંખ્યા ઘણી હતી. તેથી પિત્તળનું કુલ વજન જાણી શકાયું નહિ.

48

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַשׂ | שְׁלֹמֹה | אֵת | כָּל־ | הַכֵּלִים | אֲשֶׁר | בֵּית | יְהוָה | אֵת | מִזְבַּח | הַזָּהָב | וְאֶת־ |
| અને-બનાવ્યા | સુલેમાને | × | સર્વ | વાસણો | જે | ઘર | યહોવાના | × | વેદી | સોનાની | અને |
| | H8010 | H0853 | H3605 | H3627 | | | H3068 | H0853 | H4196 | H2091 | H0853 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| הַשֻּׁלְחָן | אֲשֶׁר | עָלָיו | לֶחֶם | הַפָּנִים | זָהָב׃ |
| મેજ | જે-ઉપર | તેના-ઉપર | રોટલી | હજૂરીની | સોનાનું |
| H7979 | | | H3899 | H6440 | H2091 |

સુલેમાને યહોવાહના ભક્તિસ્થાન માટે પાત્રો બનાવ્યાં એટલે સોનાની વેદી અને જેના પર અર્પિત રોટલી રહેતી હતી તે સોનાનો બાજઠ;

49

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | הַמְּנֹרוֹת | חָמֵשׁ | מִיָּמִין | וְחָמֵשׁ | מִשְּׂמֹאול | לִפְנֵי | הַדְּבִיר | זָהָב | סָגוּר | וְהַפֶּרַח | וְהַנֵּרֹת |
| અને | દીવીઓ | પાંચ | જમણે | અને-પાંચ | ડાબે | આગળ | ગર્ભગૃહના | સોનું | ચોખ્ખું | અને-ફૂલો | અને-દીવા |
| H0853 | H4501 | H2568 | H3225 | H2568 | H8040 | H6440 | H1687 | H2091 | H5462 | H6525 | |

| | |
|---|---|
| וְהַמֶּלְקַחַיִם | זָהָב׃ |
| અને-ચીપિયા | સોનાના |
| H4457 | H2091 |

તેણે શુદ્ધ સોનાનાં પાંચ દીપવૃક્ષ દક્ષિણ બાજુએ અને બીજાં પાંચ ઉત્તર બાજુએ પરમ પવિત્રસ્થાનની સામે મૂક્યાં. દરેક પર ફૂલો, દીવીઓ અને ચીપિયાઓ હતાં જે બધાં સોનાનાં બનેલાં હતાં.

50

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהַסִּפּוֹת | וְהַמְזַמְּרוֹת | וְהַמִּזְרָקוֹת | וְהַכַּפּוֹת | וְהַמַּחְתּוֹת | זָהָב | סָגוּר | וְהַפֹּתוֹת | לְדַלְתוֹת |
| અને-થાળીઓ | અને-કાતરો | અને-કટોરા | અને-ચમચા | અને-ધૂપદાનીઓ | સોનું | ચોખ્ખું | અને-મિજાગરા | બારણા-માટે |
| | H4212 | H4219 | H3709 | H4289 | H2091 | H5462 | H6596 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הַבַּיִת | הַפְּנִימִי | לְקֹדֶשׁ | הַקֳּדָשִׁים | לְדַלְתֵי | הַבַּיִת | לַהֵיכָל | זָהָב׃ | פ |
| ઘરના | અંદરના | પવિત્ર | પવિત્રોના | બારણા-માટે | ઘરના | મંદિરના | સોનાના | ¶ |
| | H6442 | H6944 | H6944 | | | H1964 | H2091 | |

શુદ્ધ સોનાના પ્યાલા, કાતરો, તપેલાં, વાટકા, અને ધૂપદાનીઓ; અને અંદરનાં ઘરનાં એટલે પરમપવિત્રસ્થાનના બારણાં માટે મિજાગરાં પણ સોનાનાં બનાવડાવ્યાં.

51

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתִּשְׁלַם | כָּל־ | הַמְּלָאכָה | אֲשֶׁר | עָשָׂה | הַמֶּלֶךְ | שְׁלֹמֹה | בֵּית | יְהוָה | וַיָּבֵא | שְׁלֹמֹה |
| અને-પૂર્ણ-થયું | સર્વ | કામ | જે | કર્યું | રાજા | સુલેમાને | ઘર | યહોવાનું | અને-લાવ્યો | સુલેમાન |
| | H3605 | H4399 | | | H4428 | H8010 | | H3068 | H0935 | H8010 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | קָדְשֵׁי | דָּוִד | אָבִיו | אֶת־ | הַכֶּסֶף | וְאֶת־ | הַזָּהָב | וְאֶת־ | הַכֵּלִים | נָתַן | בְּאֹצְרוֹת |
| × | પવિત્ર-વસ્તુઓ | દાઉદની | પિતા-તેના | × | ચાંદી | અને | સોનું | અને | વાસણો | મૂક્યા | ભંડારમાં |
| H0853 | H6944 | H1732 | H0001 | H0853 | H3701 | H0853 | H2091 | H0853 | H3627 | H5414 | H0214 |

| | | |
|---|---|---|
| בֵּית | יְהוָה׃ | פ |
| ઘર | યહોવાના | ¶ |
| | H3068 | |

આમ યહોવાહના સભાસ્થાનનું બાંધકામ પૂર્ણ થયું. અને સુલેમાન રાજાએ તેના પિતા દાઉદે અર્પણ કરેલાં સોનાનાં અને ચાંદીનાં પાત્રો લઈ જઈને યહોવાહના ભક્તિસ્થાનના ભંડારમાં મૂક્યાં.

## Chapter 8

1

| אָז | יַקְהֵל | שְׁלֹמֹה | אֶת־ | זִקְנֵי | יִשְׂרָאֵל | אֶת־ | כָּל־ | רָאשֵׁי | הַמַּטּוֹת | נְשִׂיאֵי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ત્યારે | ભેગા-કર્યા | સુલેમાને | × | વડીલોને | ઇઝરાયલના | × | સર્વ | મુખીઓ | કુળોના | આગેવાનો |
| | H6950 | H8010 | H0853 | H2205 | H3478 | H0853 | H3605 | | H4294 | |

| הָאָבוֹת | לִבְנֵי | יִשְׂרָאֵל | אֶל־ | הַמֶּלֶךְ | שְׁלֹמֹה | יְרוּשָׁלָ͏ִם | לְהַעֲלוֹת | אֶת־ | אֲרוֹן | בְּרִית־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પિતાઓના | સંતાનો-માટે | ઇઝરાયલના | પાસે | રાજા | સુલેમાનની | યરુશાલેમમાં | ઉપર-લાવવા | × | કોશ | કરાર-નો |
| H0001 | | H3478 | H0413 | H4428 | H8010 | H3389 | H5927 | H0853 | H0727 | H1285 |

| יְהוָה | מֵעִיר | דָּוִד | הִיא | צִיּוֹן׃ |
|---|---|---|---|---|
| યહોવાનો | શહેર-માંથી | દાઉદના | તે | સિયોન |
| H3068 | | H1732 | H1931 | H6726 |

પછી સુલેમાને ઇઝરાયલના સર્વ વડીલો તથા કુળોના સર્વ મુખ્ય માણસોને એટલે ઇઝરાયલના લોકોના કુટુંબોના સર્વ આગેવાનોને યરુશાલેમમાં તેની સમક્ષ એકત્ર કર્યા. જેથી તેઓ દાઉદના સિયોન નગરમાંથી ઈશ્વરનો કરારકોશ લાવે.

2

| וַיִּקָּהֲלוּ | אֶל־ | הַמֶּלֶךְ | שְׁלֹמֹה | כָּל־ | אִישׁ | יִשְׂרָאֵל | בְּיֶרַח | הָאֵתָנִים | בֶּחָג | הוּא |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ભેગા-થયા | પાસે | રાજા | સુલેમાનની | સર્વ | માણસો | ઇઝરાયલના | મહિનામાં | એથાનીમના | ઉત્સવમાં | તે |
| H6950 | H0413 | H4428 | H8010 | H3605 | H0376 | H3478 | H3391 | H0388 | H2282 | H1931 |

| הַחֹדֶשׁ | הַשְּׁבִיעִי׃ |
|---|---|
| મહિનો | સાતમો |
| H2320 | H7637 |

ઇઝરાયલીઓ બધા એથાનિમ માસ એટલે કે સાતમા માસમાં પર્વના સમયે રાજા સુલેમાન સમક્ષ ભેગા થયા.

3

| וַיָּבֹאוּ | כֹּל | זִקְנֵי | יִשְׂרָאֵל | וַיִּשְׂאוּ | הַכֹּהֲנִים | אֶת־ | הָאָרוֹן׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-આવ્યા | સર્વ | વડીલો | ઇઝરાયલના | અને-ઉપાડ્યો | યાજકોએ | × | કોશ |
| H0935 | H3605 | H2205 | H3478 | H5375 | H3548 | H0853 | H0727 |

ઇઝરાયલના બધા જ વડીલો આવ્યા અને યાજકોએ કરારકોશ ઊંચક્યો.

4

| וַיַּעֲלוּ | אֶת־ | אֲרוֹן | יְהוָה | וְאֶת־ | אֹהֶל | מוֹעֵד | וְאֶת־ | כָּל־ | כְּלֵי | הַקֹּדֶשׁ | אֲשֶׁר |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ઉપર-લાવ્યા | × | કોશ | યહોવાનો | અને | તંબુ | મુલાકાતનો | અને | સર્વ | વાસણો | પવિત્રનાં | જે |
| H5927 | H0853 | H0727 | H3068 | H0853 | H0168 | H4150 | H0853 | H3605 | H3627 | H6944 | |

| בָּאֹהֶל | וַיַּעֲלוּ | אֹתָם | הַכֹּהֲנִים | וְהַלְוִיִּם׃ |
|---|---|---|---|---|
| તંબુમાં | અને-ઉપર-લાવ્યા | તેમને | યાજકોએ | અને-લેવીઓએ |
| H0168 | H5927 | H0853 | H3548 | H3881 |

યાજકો અને લેવીઓ ઈશ્વરનો કરારકોશ, મુલાકાતમંડપ તથા તંબુમાંનાં બધાં પવિત્ર પાત્રો લઈ આવ્યા.

5

| וְהַמֶּלֶךְ | שְׁלֹמֹה | וְכָל־ | עֲדַת | יִשְׂרָאֵל | הַנּוֹעָדִים | עָלָיו | אִתּוֹ | לִפְנֵי | הָאָרוֹן |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-રાજા | સુલેમાન | અને-સર્વ | સભા | ઇઝરાયલની | ભેગા-થયેલા | તેની-સાથે | તેની-સાથે | આગળ | કોશની |
| H4428 | H8010 | H3605 | H5712 | H3478 | H3259 | | H0854 | H6440 | H0727 |

| מְזַבְּחִים | צֹאן | וּבָקָר | אֲשֶׁר | לֹא־ | יִסָּפְרוּ | וְלֹא | יִמָּנוּ | מֵרֹב׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| બલિદાન-આપતા | ઘેટાં | અને-બળદો | જે | ન | ગણાય | અને-ન | ગણી-શકાય | ઘણાશથી |
| H2076 | H6629 | H1241 | | H3808 | | H3808 | H4487 | H7230 |

રાજા સુલેમાન અને ઇઝરાયલના ભેગા થયેલા તમામ લોકો કરારકોશની સમક્ષ ઉપસ્થિત થયા અને તેઓએ અસંખ્ય ઘેટાં અને બળદોનાં અર્પણો ચઢાવ્યાં.

6

| | | |
|---|---|---|
| וַיָּבִאוּ | અને-લાવ્યા | H0935 |
| הַכֹּהֲנִים | યાજકોએ | H3548 |
| אֶת־ | × | H0853 |
| אֲרוֹן | કોશ | H0727 |
| בְּרִית־ | કરાર-નો | H1285 |
| יְהוָה | યહોવાનો | H3068 |
| אֶל־ | તરફ | H0413 |
| מְקוֹמוֹ | સ્થાન-તેના | H4725 |
| אֶל־ | તરફ | H0413 |
| דְּבִיר | ગર્ભગૃહ | H1687 |
| הַבַּיִת | ઘરના | |
| אֶל־ | તરફ | H0413 |
| קֹדֶשׁ | પવિત્ર | H6944 |
| הַקֳּדָשִׁים | પવિત્રોના | H6944 |
| אֶל־ | તરફ | H0413 |
| תַּחַת | નીચે | H8478 |
| כַּנְפֵי | પાંખો | H3671 |
| הַכְּרוּבִים׃ | કરૂબોની | H3742 |

યાજકો ઈશ્વરના કરારકોશને તેની જગ્યાએ એટલે સભાસ્થાનની અંદરના ખંડમાં, પરમ પવિત્રસ્થાનમાં કરુબોની પાંખો નીચે લાવ્યા.

7

| | | |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| הַכְּרוּבִים | કરૂબો | H3742 |
| פֹּרְשִׂים | ફેલાવતા-હતા | H6566 |
| כְּנָפַיִם | પાંખો | H3671 |
| אֶל־ | તરફ | H0413 |
| מְקוֹם | સ્થાન | H4725 |
| הָאָרוֹן | કોશના | H0727 |
| וַיָּסֹכּוּ | અને-છાયા-કર્યા | |
| הַכְּרֻבִים | કરૂબોએ | H3742 |
| עַל־ | ઉપર | |
| הָאָרוֹן | કોશ-ઉપર | H0727 |
| וְעַל־ | અને-ઉપર | |
| בַּדָּיו | દાંડીઓ-તેની | H0905 |
| מִלְמָעְלָה׃ | ઉપરથી | H4605 |

કેમ કે કરારકોશની જગ્યા પર કરુબોની પાંખો ફેલાયેલી હતી. કરારકોશ પર અને તેના દાંડા પર કરુબોએ આચ્છાદન કરેલું હતું.

8

| | | |
|---|---|---|
| וַיַּאֲרִכוּ | અને-લાંબી-હતી | H0748 |
| הַבַּדִּים | દાંડીઓ | H0905 |
| וַיֵּרָאוּ | અને-દેખાતા-હતા | H7200 |
| רָאשֵׁי | છેડા | |
| הַבַּדִּים | દાંડીઓના | H0905 |
| מִן־ | માંથી | |
| הַקֹּדֶשׁ | પવિત્ર-સ્થાન | H6944 |
| עַל־ | ઉપર | |
| פְּנֵי | આગળ | H6440 |
| הַדְּבִיר | ગર્ભગૃહના | H1687 |
| וְלֹא | અને-ન | H3808 |
| יֵרָאוּ | દેખાતા-હતા | H7200 |
| הַחוּצָה | બહારથી | H2351 |
| וַיִּהְיוּ | અને-છે | H1961 |
| שָׁם | ત્યાં | H8033 |
| עַד | સુધી | H5704 |
| הַיּוֹם | દિવસ | H3117 |
| הַזֶּה׃ | આ | H2088 |

તે દાંડાઓ એટલા લાંબા હતા કે તેમને પરમ ઈશ્વરવાણી આગળના પવિત્ર સ્થાનમાંથી જોઈ શકાતા હતા, પરંતુ તે બહાર દેખાતા નહોતા અને આજ સુધી તે ત્યાં છે.

9

| | | |
|---|---|---|
| אֵין | નથી | H0369 |
| בָּאָרוֹן | કોશમાં | H0727 |
| רַק | માત્ર | H7535 |
| שְׁנֵי | બે | H8147 |
| לֻחוֹת | પાટીઓ | H3871 |
| הָאֲבָנִים | પથ્થરની | H0068 |
| אֲשֶׁר | જે | |
| הִנִּחַ | મૂક્યા | H3240 |
| שָׁם | ત્યાં | H8033 |
| מֹשֶׁה | મૂસાએ | H4872 |
| בְּחֹרֵב | હોરેબમાં | H2722 |
| אֲשֶׁר | જ્યાં | |
| כָּרַת | કર્યો | H3772 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| עִם־ | સાથે | |
| בְּנֵי | સંતાનો | |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| בְּצֵאתָם | નીકળ્યા-પછી | H3318 |
| מֵאֶרֶץ | દેશ-માંથી | H0776 |
| מִצְרָיִם׃ | મિસરના | H4714 |

ઇઝરાયલી લોકો મિસરમાંથી બહાર આવ્યા તે વખતે ઈશ્વરે તેઓની સાથે કરાર કર્યો ત્યારે હોરેબમાં મૂસાએ જે બે શિલાપાટીઓ કરારકોશમાં મૂકી હતી તે સિવાય તેમાં બીજું કંઈ જ નહોતું.

10

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-થયું | H1961 |
| בְּצֵאת | નીકળ્યા-ત્યારે | H3318 |
| הַכֹּהֲנִים | યાજકો | H3548 |
| מִן־ | માંથી | |
| הַקֹּדֶשׁ | પવિત્ર-સ્થાન | H6944 |
| וְהֶעָנָן | અને-વાદળ | H6051 |
| מָלֵא | ભરાયું | H4390 |
| אֶת־ | × | H0853 |
| בֵּית | ઘર | |
| יְהוָה׃ | યહોવાનું | H3068 |

જયારે યાજકો પવિત્રસ્થાનમાંથી બહાર આવ્યા ત્યારે એમ બન્યું કે ઈશ્વરનું ભક્તિસ્થાન વાદળથી ભરાઈ ગયું.

11

| | | |
|---|---|---|
| וְלֹא־ | અને-ન | H3808 |
| יָכְלוּ | શક્યા | H3201 |
| הַכֹּהֲנִים | યાજકો | H3548 |
| לַעֲמֹד | ઊભા-રહેવા | H5975 |
| לְשָׁרֵת | સેવા-કરવા | H8334 |
| מִפְּנֵי | કારણે | H6440 |
| הֶעָנָן | વાદળના | H6051 |
| כִּי־ | કારણ-કે | |
| מָלֵא | ભરાયો | H4390 |
| כְבוֹד־ | મહિમા | H3519 |
| יְהוָה | યહોવાનો | H3068 |
| אֶת־ | × | H0853 |
| בֵּית | ઘર | |
| יְהוָה׃ | યહોવાનું | H3068 |
| פ | ¶ | |

તે વાદળના કારણે યાજકો સેવા કરવા ઊભા રહી શક્યા નહિ કેમ કે આખું ભક્તિસ્થાન ઈશ્વરના ગૌરવથી ભરાઈ ગયું હતું.

12

| | | |
|---|---|---|
| אָז | ત્યારે | |
| אָמַר | કહ્યુ | H0559 |
| שְׁלֹמֹה | સુલેમાને | H8010 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| אָמַר | કહ્યુ | H0559 |
| לִשְׁכֹּן | રહેવા | H7931 |
| בָּעֲרָפֶל׃ | ઘન-અધકારમાં | H6205 |

પછી સુલેમાને કહ્યુ, "ઈશ્વરે કહ્યુ છે કે, હું ગાઢ અધકારમાં રહીશ,

13

| | | |
|---|---|---|
| בָּנֹה | ખરેખર | H1129 |
| בָנִיתִי | બાંધ્યું-મેં | H1129 |
| בֵּית | ઘર | |
| זְבֻל | નિવાસ | H2073 |
| לָךְ | તારા-માટે | |
| מָכוֹן | સ્થિર | H4349 |
| לְשִׁבְתְּךָ | તારા-વસવાટ-માટે | H3427 |
| עוֹלָמִים׃ | સદા-માટે | H5769 |

પરંતુ તમારે માટે મેં એક ભક્તિસ્થાન બાંધ્યુ છે, જેમાં તમે સદાકાળ નિવાસ કરો."

14

| | | |
|---|---|---|
| וַיַּסֵּב | અને-ફેરવ્યું | H5437 |
| הַמֶּלֶךְ | રાજાએ | H4428 |
| אֶת־ | × | H0853 |
| פָּנָיו | મોં-તેનું | H6440 |
| וַיְבָרֶךְ | અને-આશીર્વાદ-આપ્યો | H1288 |
| אֵת | × | H0853 |
| כָּל־ | સર્વ | H3605 |
| קְהַל | સભા | H6951 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલની | H3478 |
| וְכָל־ | અને-સર્વ | H3605 |
| קְהַל | સભા | H6951 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલની | H3478 |
| עֹמֵד׃ | ઊભી-હતી | H5975 |

પછી રાજા ઇઝરાયલના લોકોની સભા તરફ ફર્યો, લોકો તેમની સમક્ષ ઊભા રહ્યા હતા, તેણે લોકોને આશીર્વાદ આપ્યા.

15

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| בָּרוּךְ | ધન્ય-હો | H1288 |
| יְהוָה | યહોવા | H3068 |
| אֱלֹהֵי | ઈશ્વર | H0430 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| אֲשֶׁר | જેમણે | |
| דִּבֶּר | બોલ્યા | H1696 |
| בְּפִיו | મોંએ-તેમના | H6310 |
| אֵת | × | H0854 |
| דָּוִד | દાઉદ | H1732 |
| אָבִי | પિતા-મારા | H0001 |
| וּבְיָדוֹ | અને-હાથે-તેમના | H3027 |
| מִלֵּא | પૂર્ણ-કર્યુ | H4390 |
| לֵאמֹר׃ | કહીને | H0559 |

તેણે કહ્યુ, "ઇઝરાયલના ઈશ્વર, પ્રભુની સ્તુતિ થાઓ, જેમણે મારા પિતા દાઉદને જે વચન આપ્યું હતું, તે તેમણે પોતાના હાથે પૂરું કર્યુ છે.

16

| | | |
|---|---|---|
| מִן־ | થી | |
| הַיּוֹם | દિવસ | H3117 |
| אֲשֶׁר | જ્યારે | |
| הוֹצֵאתִי | બહાર-લાવ્યા-મેં | H3318 |
| אֶת־ | × | H0853 |
| עַמִּי | પ્રજા-મારી | |
| אֶת־ | × | H0853 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલ | H3478 |
| מִמִּצְרַיִם | મિસ્રમાંથી | H4714 |
| לֹא־ | ન | H3808 |
| בָחַרְתִּי | પસંદ-કર્યુ | H0977 |
| בְעִיר | શહેર | |
| מִכֹּל | સર્વ-માંથી | H3605 |
| שִׁבְטֵי | કુળો | H7626 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| לִבְנוֹת | બાંધવા | H1129 |
| בַּיִת | ઘર | |
| לִהְיוֹת | હોવા | H1961 |
| שְׁמִי | નામ-મારું | H8034 |
| שָׁם | ત્યાં | H8033 |
| וָאֶבְחַר | અને-પસંદ-કર્યો | H0977 |
| בְּדָוִד | દાઉદને | H1732 |
| לִהְיוֹת | હોવા | H1961 |
| עַל־ | ઉપર | |
| עַמִּי | પ્રજા-મારી | |
| יִשְׂרָאֵל׃ | ઇઝરાયલ | H3478 |

એટલે, 'હું મારા લોકો ઇઝરાયલીઓને મિસરમાંથી બહાર લઈ આવ્યો, તે દિવસથી મેં ઇઝરાયલના કોઈ કુળસમૂહના નગરમાંથી મારા માટે ભક્તિસ્થાન નક્કી કર્યુ નહોતું. પરંતુ લોકોના આગેવાન થવા માટે મેં દાઉદની પસંદગી કરી હતી.'"

17

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-હતું | H1961 |
| עִם־ | સાથે | |
| לְבַב | હૃદય | H3824 |
| דָּוִד | દાઉદના | H1732 |
| אָבִי | પિતા-મારા | H0001 |
| לִבְנוֹת | બાંધવા | H1129 |
| בַּיִת | ઘર | |
| לְשֵׁם | નામ-માટે | H8034 |
| יְהוָה | યહોવાના | H3068 |
| אֱלֹהֵי | ઈશ્વર | H0430 |
| יִשְׂרָאֵל׃ | ઇઝરાયલના | H3478 |

"હવે મારા પિતા દાઉદના હૃદયમાં એમ હતું કે ઇઝરાયલના ઈશ્વર પ્રભુના નામ માટે એક ભક્તિસ્થાન બાંધવું.

18

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| אֶל־ | સાથે | H0413 |
| דָּוִד | દાઉદ | H1732 |
| אָבִי | પિતા-મારા | H0001 |
| יַעַן | કારણ-કે | H3282 |
| אֲשֶׁר | જે | |
| הָיָה | હતું | H1961 |
| עִם־ | સાથે | |
| לְבָבְךָ | હૃદય-તારા | H3824 |
| לִבְנוֹת | બાંધવા | H1129 |
| בַיִת | ઘર | |
| לִשְׁמִי | મારા-નામ-માટે | H8034 |
| הֱטִיבֹתָ | સારું-કર્યુ-તેં | H2895 |
| כִּי | કે | |
| הָיָה | હતું | H1961 |
| עִם־ | સાથે | |
| לְבָבֶךָ׃ | હૃદય-તારા | H3824 |

પરંતુ ઈશ્વરે મારા પિતા દાઉદને કહ્યુ, 'મારા નામને અર્થે ભક્તિસ્થાન બાંધવાનું તારા હૃદયમાં રાખ્યું હતું, એ તેં સારું કર્યુ હતું.

19

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| רַ֚ק | אַתָּ֔ה | לֹ֥א | תִבְנֶ֖ה | הַבָּ֑יִת | כִּ֤י | אִם־ | בִּנְךָ֙ | הַיֹּצֵ֣א | מֵחֲלָצֶ֔יךָ | הֽוּא־ | יִבְנֶ֥ה |
| પરંતુ | તું | ન | બાંધશે | ઘર | પણ | × | પુત્ર-તારો | જન્મેલો | કમર-તારી-માંથી | તે | બાંધશે |
| H7535 | | H3808 | H1129 | | | | | H3318 | H2504 | H1931 | H1129 |

| | |
|---|---|
| הַבַּ֖יִת | לִשְׁמִֽי׃ |
| ઘર | મારા-નામ-માટે |
| | H8034 |

પણ તે ભક્તિસ્થાન તું બનાવીશ નહિ, પણ તારા પછી જનમનાર તારો પુત્ર મારા નામ માટે ભક્તિસ્થાન બાંધશે.'"

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּ֣קֶם | יְהוָ֔ה | אֶת־ | דְּבָר֖וֹ | אֲשֶׁ֣ר | דִּבֵּ֑ר | וָאָקֻ֡ם | תַּחַת֩ | דָּוִ֨ד | אָבִ֜י |
| અને-પૂર્ણ-કર્યું | યહોવાએ | × | વચન-તેમનું | જે | બોલ્યા | અને-ઊભો-થયો-હું | જગ્યાએ | દાઉદની | પિતા-મારા |
| | H3068 | H0853 | H1697 | | H1696 | | H8478 | H1732 | H0001 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאֵשֵׁ֣ב | עַל־ | כִּסֵּ֣א | יִשְׂרָאֵ֗ל | כַּאֲשֶׁ֤ר | דִּבֶּר֙ | יְהוָ֔ה | וָאֶבְנֶ֣ה | הַבַּ֔יִת | לְשֵׁ֥ם | יְהוָ֖ה | אֱלֹהֵ֥י |
| અને-બેઠો | ઉપર | સિંહાસન | ઇઝરાયલના | જેમ | બોલ્યા | યહોવા | અને-બાંધ્યું | ઘર | નામ-માટે | યહોવાના | ઈશ્વર |
| H3427 | | H3678 | H3478 | | H1696 | H3068 | H1129 | | H8034 | H3068 | H0430 |

| |
|---|
| יִשְׂרָאֵֽל׃ |
| ઇઝરાયલના |
| H3478 |

"હવે ઈશ્વરે પોતાનું વચન પાળ્યું છે. ઈશ્વરે વચન આપ્યા પ્રમાણે, હું મારા પિતા દાઉદ પછી ઇઝરાયલના રાજ્યાસન પર બેઠો છું. મેં ઇઝરાયલના ઈશ્વરના નામને અર્થે ભક્તિસ્થાન બાંધ્યું છે.

21

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאָשִׂ֨ם | שָׁ֤ם | מָקוֹם֙ | לָֽאָר֔וֹן | אֲשֶׁר־ | שָׁ֖ם | בְּרִ֣ית | יְהוָ֑ה | אֲשֶׁ֤ר | כָּרַת֙ | עִם־ |
| અને-સ્થાપ્યું | ત્યાં | સ્થાન | કોશ-માટે | જ્યાં | ત્યાં | કરાર | યહોવાનો | જે | કર્યો | સાથે |
| | H8033 | H4725 | H0727 | | H8033 | H1285 | H3068 | | H3772 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֲבֹתֵ֔ינוּ | בְּהוֹצִיא֥וֹ | אֹתָ֖ם | מֵאֶ֥רֶץ | מִצְרָֽיִם׃ | ס |
| પૂર્વજો-આપણા | બહાર-લાવ્યા-તેમને | તેમને | દેશ-માંથી | મિસરના | × |
| H0001 | H3318 | H0853 | H0776 | H4714 | |

ત્યાં મેં કોશને માટે જગ્યા બનાવી, જે કોશમાં ઈશ્વરનો કરાર છે, એ કરાર તેમણે આપણા પિતૃઓની સાથે તેમને મિસર દેશમાંથી કાઢી લાવ્યા ત્યારે કર્યો હતો."

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲמֹ֣ד | שְׁלֹמֹ֗ה | לִפְנֵי֙ | מִזְבַּ֣ח | יְהוָ֔ה | נֶ֖גֶד | כָּל־ | קְהַ֣ל | יִשְׂרָאֵ֑ל | וַיִּפְרֹ֥שׂ | כַּפָּ֖יו |
| અને-ઊભા-રહ્યા | સુલેમાન | આગળ | વેદી | યહોવાની | સામે | સર્વ | સભા | ઇઝરાયલની | અને-ફેલાવ્યા | હાથો-તેના |
| H5975 | H8010 | H6440 | H4196 | H3068 | H5048 | H3605 | H6951 | H3478 | H6566 | H3709 |

| |
|---|
| הַשָּׁמָֽיִם׃ |
| આકાશ-તરફ |
| H8064 |

સુલેમાને ઈશ્વરની વેદી સમક્ષ ઇઝરાયલની સમગ્ર પ્રજા આગળ ઊભા રહીને પોતાના હાથ ઊંચા કર્યા.

23

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמַ֗ר | יְהוָ֞ה | אֱלֹהֵ֣י | יִשְׂרָאֵ֗ל | אֵין־ | כָּמ֙וֹךָ֙ | אֱלֹהִ֔ים | בַּשָּׁמַ֣יִם | מִמַּ֔עַל | וְעַל־ | הָאָ֖רֶץ |
| અને-કહ્યું | યહોવા | ઈશ્વર | ઇઝરાયલના | નથી | તારા-જેવો | ઈશ્વર | આકાશમાં | ઉપર | અને-ઉપર | પૃથ્વી |
| H0559 | H3068 | H0430 | H3478 | H0369 | H3644 | H0430 | H8064 | H4605 | | H0776 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מִתָּ֑חַת | שֹׁמֵ֤ר | הַבְּרִית֙ | וְהַחֶ֔סֶד | לַעֲבָדֶ֔יךָ | הַהֹלְכִ֥ים | לְפָנֶ֖יךָ | בְּכָל־ | לִבָּֽם׃ |
| નીચે | પાળનાર | કરાર | અને-કૃપા | સેવકો-તારા-માટે | ચાલનારા | તારી-આગળ | સમગ્ર | હૃદયથી |
| H8478 | H8104 | H1285 | | H5650 | H1980 | H6440 | H3605 | |

તેણે કહ્યુ, "હે ઇઝરાયલના પ્રભુ ઈશ્વર, ઉપર આકાશમાં તથા નીચે પૃથ્વી પર તમારા જેવા કોઈ ઈશ્વર નથી, એટલે તમારા જે સેવકો પોતાના સંપૂર્ણ હૃદયથી તમારી આગળ ચાલે છે તેઓની સાથે તમે કરાર કરો છો તથા તેઓ પર દયા રાખો છો.

24

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| אֲשֶׁר | જેમણે | |
| שָׁמַרְתָּ | પાળ્યું | H8104 |
| לְעַבְדְּךָ | સેવક-તારા | H5650 |
| דָּוִד | દાઉદ | H1732 |
| אָבִי | પિતા-મારા | H0001 |
| אֵת | × | H0853 |
| אֲשֶׁר־ | જે | |
| דִּבַּרְתָּ | બોલ્યા-તું | H1696 |
| לוֹ | તેને | |
| וַתְּדַבֵּר | અને-બોલ્યા | H1696 |
| בְּפִיךָ | મોંએ-તારા | H6310 |
| וּבְיָדְךָ | અને-હાથે-તારા | H3027 |
| מִלֵּאתָ | પૂર્ણ-કર્યું | H4390 |
| כַּיּוֹם | આજે | H3117 |
| הַזֶּה׃ | આ | H2088 |

તમે તમારા સેવક મારા પિતા દાઉદને જે વચન આપ્યું હતું, તે તમે તેની પ્રત્યે પાળ્યું છે. હા, તમે પોતાને મુખે બોલ્યા તથા તે તમે પોતાને હાથે પૂરું કર્યું છે, જેમ આજે થયું છે તેમ.

25

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְעַתָּה | અને-હવે | H6258 |
| יְהוָה | યહોવા | H3068 |
| אֱלֹהֵי | ઈશ્વર | H0430 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| שְׁמֹר | પાળ | H8104 |
| לְעַבְדְּךָ | સેવક-તારા | H5650 |
| דָוִד | દાઉદ | H1732 |
| אָבִי | પિતા-મારા | H0001 |
| אֵת | × | H0853 |
| אֲשֶׁר | જે | |
| דִּבַּרְתָּ | બોલ્યા-તું | H1696 |
| לּוֹ | તેને | |
| לֵאמֹר | કહીને | H0559 |
| לֹא־ | ન | H3808 |
| יִכָּרֵת | કપાશે | H3772 |
| לְךָ | તને | |
| אִישׁ | માણસ | H0376 |
| מִלְּפָנַי | મારી-આગળથી | H6440 |
| יֹשֵׁב | બેસનાર | H3427 |
| עַל־ | ઉપર | |
| כִּסֵּא | સિંહાસન | H3678 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| רַק | માત્ર | H7535 |
| אִם־ | જો | |
| יִשְׁמְרוּ | સાચવે | H8104 |
| בָנֶיךָ | પુત્રો-તારા | |
| אֶת־ | × | H0853 |
| דַּרְכָּם | માર્ગ-તેમનો | H1870 |
| לָלֶכֶת | ચાલવા | H3212 |
| לְפָנַי | મારી-આગળ | H6440 |
| כַּאֲשֶׁר | જેમ | |
| הָלַכְתָּ | ચાલ્યો-તું | H1980 |
| לְפָנָי׃ | મારી-આગળ | H6440 |

હવે પછી, હે ઇઝરાયલના પ્રભુ ઈશ્વર, તમારા સેવક મારા પિતા દાઉદને જે વચન તમે આપ્યું છે તે તેમના પ્રત્યે પાળો; એટલે કે, 'મારી આગળ તમને ઇઝરાયલના રાજ્યાસન પર બેસનાર માણસની ખોટ પડશે નહિ, જો જેમ તું મારી આગળ ચાલ્યો, તેમ મારી સમક્ષ ચાલવા તારા વંશજોએ સાવચેત રહેવું.'

26

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְעַתָּה | અને-હવે | H6258 |
| אֱלֹהֵי | ઈશ્વર | H0430 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| יֵאָמֶן | સત્ય-થાઓ | H0539 |
| נָא | કૃપા-કરીને | H4994 |
| ]דבריך[ | વચન-તારું | H1697 |
| )דְּבָרְךָ( | વચન-તારું | H1697 |
| אֲשֶׁר | જે | |
| דִּבַּרְתָּ | બોલ્યા | H1696 |
| לְעַבְדְּךָ | સેવક-તારા | H5650 |
| דָּוִד | દાઉદ | H1732 |
| אָבִי׃ | પિતા-મારા | H0001 |

હવે પછી, હે ઇઝરાયલના ઈશ્વર, હું પ્રાર્થના કરું છું કે તમારા સેવક મારા પિતા દાઉદને આપેલું તમારું વચન કૃપા કરીને સત્ય ઠરો.

27

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| הַאֻמְנָם | શું-ખરેખર | H0552 |
| יֵשֵׁב | રહેશે | H3427 |
| אֱלֹהִים | ઈશ્વર | H0430 |
| עַל־ | ઉપર | |
| הָאָרֶץ | પૃથ્વી | H0776 |
| הִנֵּה | જો | H2009 |
| הַשָּׁמַיִם | આકાશ | H8064 |
| וּשְׁמֵי | અને-આકાશના | H8064 |
| הַשָּׁמַיִם | આકાશો | H8064 |
| לֹא | ન | H3808 |
| יְכַלְכְּלוּךָ | સમાવી-શકે-તને | H3557 |
| אַף | તો | H0637 |
| כִּי־ | ખરેખર | |
| הַבַּיִת | ઘર | |
| הַזֶּה | આ | H2088 |
| אֲשֶׁר | જે | |
| בָּנִיתִי׃ | બાંધ્યું-મેં | H1129 |

પણ શું ઈશ્વર સાચે જ પૃથ્વી પર રહેશે? જુઓ, આકાશ તથા આકાશોનું આકાશ તમારો સમાવેશ કરી શકતું નથી; તો આ મારું બાંધેલું તમારા ભક્તિસ્થાનરૂપી ઘર તમારો સમાવેશ કરે એ કેટલું બધું અશક્ય છે

28

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וּפָנִיתָ | અને-ધ્યાન-આપ | H6437 |
| אֶל־ | તરફ | H0413 |
| תְּפִלַּת | પ્રાર્થના | H8605 |
| עַבְדְּךָ | સેવક-તારાની | H5650 |
| וְאֶל־ | અને-તરફ | H0413 |
| תְּחִנָּתוֹ | વિનંતી-તેની | H8467 |
| יְהוָה | યહોવા | H3068 |
| אֱלֹהָי | ઈશ્વર-મારા | H0430 |
| לִשְׁמֹעַ | સાંભળવા | H8085 |
| אֶל־ | તરફ | H0413 |
| הָרִנָּה | પોકાર | H7440 |
| וְאֶל־ | અને-તરફ | H0413 |
| הַתְּפִלָּה | પ્રાર્થના | H8605 |
| אֲשֶׁר | જે | |
| עַבְדְּךָ | સેવક-તારો | H5650 |
| מִתְפַּלֵּל | પ્રાર્થના-કરે-છે | H6419 |
| לְפָנֶיךָ | તારી-આગળ | H6440 |
| הַיּוֹם׃ | આજે | H3117 |

તેમ છતાં, હે મારા પ્રભુ ઈશ્વર, કૃપા કરીને આ તમારા સેવકની પ્રાર્થના પર તથા વિનંતિ પર લક્ષ આપીને આજે તમારો સેવક જે વિનંતિ તથા પ્રાર્થના તમારી આગળ કરે છે, તે સાંભળો.

29
לִהְיוֹת હોવા H1961
עֵינֶךָ આખો-તારી
פְתֻחוֹת ખુલ્લી
אֶל־ તરફ H0413
הַבַּיִת ઘર
הַזֶּה આ H2088
לַיְלָה રાત H3915
וָיוֹם અને-દિવસ H3117
אֶל־ તરફ H0413
הַמָּקוֹם સ્થાન H4725
אֲשֶׁר જ્યાં
אָמַרְתָּ કહ્યુ-તેં H0559
יִהְיֶה રહેશે H1961
שְׁמִי નામ-મારું H8034
שָׁם ત્યાં H8033
לִשְׁמֹעַ સાંભળવા H8085
אֶל־ તરફ H0413
הַתְּפִלָּה પ્રાર્થના H8605
אֲשֶׁר જે
יִתְפַּלֵּל પ્રાર્થના-કરે H6419
עַבְדְּךָ સેવક-તારો H5650
אֶל־ તરફ H0413
הַמָּקוֹם સ્થાન H4725
הַזֶּה׃ આ H2088

આ ભક્તિસ્થાન પર, એટલે જે જગ્યા વિષે તમે કહ્યુ છે કે ‘ત્યાં મારું નામ તથા હાજરી રહેશે.’ તે પર તમારી આખો રાત દિવસ રાખો કે, તમારો સેવક આ સ્થાન તરફ મુખ ફેરવીને જે પ્રાર્થના કરે તે તમે સાંભળો.

30
וְשָׁמַעְתָּ અને-સાંભળ H8085
אֶל־ તરફ H0413
תְּחִנַּת વિનંતી H8467
עַבְדְּךָ સેવક-તારાની H5650
וְעַמְּךָ અને-પ્રજા-તારી
יִשְׂרָאֵל ઇઝરાયલ H3478
אֲשֶׁר જે
יִתְפַּלְלוּ પ્રાર્થના-કરે H6419
אֶל־ તરફ H0413
הַמָּקוֹם સ્થાન H4725
הַזֶּה આ H2088
וְאַתָּה અને-તું
תִּשְׁמַע સાંભળ H8085
אֶל־ તરફ H0413
מְקוֹם સ્થાન H4725
שִׁבְתְּךָ વસવાટ-તારા H3427
אֶל־ તરફ H0413
הַשָּׁמַיִם આકાશ H8064
וְשָׁמַעְתָּ અને-સાંભળ H8085
וְסָלָחְתָּ׃ અને-માફ-કર H5545

તેથી જયારે તમારો સેવક તથા તમારા ઇઝરાયલી લોકો આ સ્થાન તરફ મુખ ફેરવીને પ્રાર્થના કરે, ત્યારે તમે તેઓની દરેક વિનંતિ સાંભળજો. હા, તમારા રહેઠાણ આકાશમાં તમે સંભાળજો અને જયારે તમે સાંભળો ત્યારે સાંભળીને ક્ષમા કરજો.

31
אֵת × H0853
אֲשֶׁר જો
יֶחֱטָא પાપ-કરે H2398
אִישׁ માણસ H0376
לְרֵעֵהוּ પડોશી-તેના-વિરુદ્ધ H7453
וְנָשָׁא־ અને-ઉઠાવે H5378
בוֹ તેના-ઉપર
אָלָה શાપ H0423
לְהַאֲלֹתוֹ શાપ-દેવા H0422
וּבָא અને-આવે H0935
אָלָה શાપ H0423
לִפְנֵי આગળ H6440
מִזְבַּחֲךָ વેદી-તારી H4196
בַּבַּיִת ઘરમાં
הַזֶּה׃ આ H2088

જો કોઈ માણસ પોતાના પડોશી વિરુદ્ધ પાપ કરે અને તેને સમ ખવડાવવા માટે તેને સોગંદ આપવામાં આવે અને જો તે આવીને આ ભક્તિસ્થાનમાં તમારી વેદીની સમક્ષ સમ ખાય,

32
וְאַתָּה અને-તું
תִּשְׁמַע સાંભળ H8085
הַשָּׁמַיִם આકાશમાંથી H8064
וְעָשִׂיתָ અને-કર
וְשָׁפַטְתָּ અને-ન્યાય-કર H8199
אֶת־ × H0853
עֲבָדֶיךָ સેવકો-તારા H5650
לְהַרְשִׁיעַ દોષિત-ઠેરવવા H7561
רָשָׁע દુષ્ટને H7563
לָתֵת આપવા H5414
דַּרְכּוֹ માર્ગ-તેનો H1870
בְּרֹאשׁוֹ માથે-તેના
וּלְהַצְדִּיק અને-નિર્દોષ-ઠેરવવા H6663
צַדִּיק ન્યાયીને H6662
לָתֶת આપવા H5414
לוֹ તેને
כְּצִדְקָתוֹ׃ ન્યાયીપણા-પ્રમાણે H6666
ס ×

તો તમે આકાશમાં સાંભળજો અને તે પ્રમાણે કરજો. તમારા સેવકનો ન્યાય કરીને અપરાધીને દોષિત ઠરાવી તેની વર્તણૂક તેને પોતાને માથે લાવજો. અને ન્યાયીને ન્યાયી ઠરાવી તેના ન્યાયીપણા પ્રમાણે તેને આપજો.

33
בְּהִנָּגֵף જ્યારે-હારે H5062
עַמְּךָ પ્રજા-તારી
יִשְׂרָאֵל ઇઝરાયલ H3478
לִפְנֵי આગળ H6440
אוֹיֵב શત્રુ H0341
אֲשֶׁר કારણ-કે
יֶחֶטְאוּ־ પાપ-કરે H2398
לָךְ તારી-વિરુદ્ધ
וְשָׁבוּ અને-ફરે H7725
אֵלֶיךָ તારી-તરફ H0413
וְהוֹדוּ અને-સ્વીકારે H3034
אֶת־ × H0853
שְׁמֶךָ નામ-તારું H8034
וְהִתְפַּלְלוּ અને-પ્રાર્થના-કરે H6419
וְהִתְחַנְּנוּ અને-વિનંતી-કરે
אֵלֶיךָ તારી-તરફ H0413
בַּבַּיִת ઘરમાં
הַזֶּה׃ આ H2088

જયારે તમારા ઇઝરાયલી લોકો તમારી વિરુદ્ધ પાપ કરવાને કારણે દુશ્મનોના હાથે માર્યા જાય, પણ જો તેઓ તમારી તરફ પાછા ફરે અને આ ભક્તિસ્થાનમાં તમારી આગળ વિનંતી કરીને ક્ષમા માગે,

34
וְאַתָּה અને-તું
תִּשְׁמַע સાંભળ H8085
הַשָּׁמַיִם આકાશમાંથી H8064
וְסָלַחְתָּ અને-માફ-કર H5545
לְחַטַּאת પાપ
עַמְּךָ પ્રજા-તારી
יִשְׂרָאֵל ઇઝરાયલનું H3478
וַהֲשֵׁבֹתָם અને-પાછા-લાવ H7725
אֶל־ તરફ H0413
הָאֲדָמָה ભૂમિ H0127
אֲשֶׁר જે
נָתַתָּ આપી H5414
לַאֲבוֹתָם׃ પૂર્વજો-તેમના-ને H0001
ס ×

તો તમે આકાશમાંથી સાંભળીને તમારા લોકો ઇઝરાયલનાં પાપોની ક્ષમા કરજો; જે દેશ તમે તેઓના પૂર્વજોને આપ્યો તેમાં તેઓને પાછા લાવજો.

35

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּהֵעָצֵר | שָׁמַיִם | וְלֹא־ | יִהְיֶה | מָטָר | כִּי | יֶחֶטְאוּ־ | לָךְ | וְהִתְפַּלְלוּ | אֶל־ |
| જ્યારે-બંધ-થાય | આકાશ | અને-ન | હોય | વરસાદ | કારણ-કે | પાપ-કરે | તારી-વિરુદ્ધ | અને-પ્રાર્થના-કરે | તરફ |
| H6113 | H8064 | H3808 | H1961 | H4306 | | H2398 | | H6419 | H0413 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הַמָּקוֹם | הַזֶּה | וְהוֹדוּ | אֶת־ | שְׁמֶךָ | וּמֵחַטָּאתָם | יְשׁוּבוּן | כִּי | תַעֲנֵם׃ |
| સ્થાન | આ | અને-સ્વીકારે | × | નામ-તારું | અને-પાપ-તેમના-થી | ફરે | કારણ-કે | શિક્ષા-આપે-તું |
| H4725 | H2088 | H3034 | H0853 | H8034 | | H7725 | | |

તેઓએ તમારી વિરુદ્ધ કરેલાં પાપને કારણે જયારે આકાશ બંધ થઈ જાય અને વરસાદ ન આવે, ત્યારે જો તેઓ આ સ્થાન તરફ મુખ ફેરવીને પ્રાર્થના કરે, તમારું નામ કબૂલ કરે અને તેઓ પર તમે વિપત્તિ મોકલી તેથી તેઓ પોતાના પાપથી ફરે,

36

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאַתָּה | תִּשְׁמַע | הַשָּׁמַיִם | וְסָלַחְתָּ | לְחַטַּאת | עֲבָדֶיךָ | וְעַמְּךָ | יִשְׂרָאֵל | כִּי | תוֹרֵם |
| અને-તું | સાંભળ | આકાશમાંથી | અને-માફ-કર | પાપ | સેવકો-તારાનું | અને-પ્રજા-તારી | ઇઝરાયલ | કારણ-કે | શીખવે-તું |
| | H8085 | H8064 | H5545 | | H5650 | | H3478 | | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | הַדֶּרֶךְ | הַטּוֹבָה | אֲשֶׁר | יֵלְכוּ־ | בָהּ | וְנָתַתָּה | מָטָר | עַל־ | אַרְצְךָ | אֲשֶׁר־ | נָתַתָּה |
| × | માર્ગ | સારો | જેમાં | ચાલે | તેમાં | અને-આપ | વરસાદ | ઉપર | ભૂમિ-તારી | જે | આપી |
| H0853 | H1870 | | | H3212 | | H5414 | H4306 | | H0776 | | H5414 |

| | | |
|---|---|---|
| לְעַמְּךָ | לְנַחֲלָה׃ | ס |
| પ્રજા-તારી-ને | વારસા-તરીકે | × |
| | H5159 | |

તો તમે આકાશમાં સાંભળીને તમારા સેવકોના તથા તમારા લોકો ઇઝરાયલનાં પાપની ક્ષમા કરજો, જયારે તમે તેઓને ક્યા માર્ગે ચાલવું જોઈએ તે તેઓને શીખવો, ત્યારે તમારો જે દેશ તમે તમારા લોકોને વારસા તરીકે આપ્યો છે તેમાં વરસાદ મોકલજો.

37

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| רָעָב | כִּי־ | יִהְיֶה | בָאָרֶץ | דֶּבֶר | כִּי־ | יִהְיֶה | שִׁדָּפוֹן | יֵרָקוֹן | אַרְבֶּה | חָסִיל | כִּי | יִהְיֶה |
| દુકાળ | જો | હોય | ભૂમિમાં | મરકી | જો | હોય | ઝાળ | કાટ | તીડ | કીડા | જો | હોય |
| H7458 | | H1961 | H0776 | H1698 | | H1961 | | H3420 | H0697 | H2625 | | H1961 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | יָצַר־ | לוֹ | אֹיְבוֹ | בְּאֶרֶץ | שְׁעָרָיו | כָּל־ | נֶגַע | כָּל־ | מַחֲלָה׃ |
| જો | ઘેરે | તેને | શત્રુ-તેનો | ભૂમિમાં | દરવાજા-તેના | કોઈ-પણ | મુસીબત | કોઈ-પણ | રોગ |
| | | | H0341 | H0776 | H8179 | H3605 | H5061 | H3605 | |

જો દેશમાં દુકાળ પડે, જો મરકી ફાટી નીકળે, જો લૂ, મસી, તીડ કે કાતરા પડે; જો તેઓના દુશ્મનો તેઓના દેશમાં પોતાનાં નગરોમાં તેઓના પર હુમલો કરે અથવા ગમે તે મરકી કે રોગ હોય,

38

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כָּל־ | תְּפִלָּה | כָל־ | תְּחִנָּה | אֲשֶׁר | תִהְיֶה | לְכָל־ | הָאָדָם | לְכֹל | עַמְּךָ | יִשְׂרָאֵל |
| કોઈ-પણ | પ્રાર્થના | કોઈ-પણ | વિનંતી | જે | હોય | કોઈ-પણ | માણસ-ને | સર્વ | પ્રજા-તારી | ઇઝરાયલ |
| H3605 | H8605 | H3605 | H8467 | | H1961 | H3605 | H0120 | H3605 | | H3478 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | יֵדְעוּן | אִישׁ | נֶגַע | לְבָבוֹ | וּפָרַשׂ | כַּפָּיו | אֶל־ | הַבַּיִת | הַזֶּה׃ |
| જે | જાણે | દરેક | પીડા | હૃદય-તેના | અને-ફેલાવે | હાથો-તેના | તરફ | ઘર | આ |
| | H3045 | H0376 | H5061 | H3824 | H6566 | H3709 | H0413 | | H2088 |

જો કોઈ માણસ કે તમારા બધા ઇઝરાયલી લોકો પોતપોતાના હૃદયના દુ:ખ જાણીને જે કંઈ પ્રાર્થના તથા વિનંતિ કરે અને પોતાના હાથ આ ભક્તિસ્થાન તરફ ફેલાવે.

39

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאַתָּה | תִּשְׁמַע | הַשָּׁמַיִם | מְכוֹן | שִׁבְתֶּךָ | וְסָלַחְתָּ | וְעָשִׂיתָ | וְנָתַתָּ | לָאִישׁ | כְּכָל־ |
| અને-તું | સાંભળ | આકાશમાંથી | સ્થિર | વસવાટ-તારા | અને-માફ-કર | અને-કર | અને-આપ | માણસ-ને | સર્વ |
| | H8085 | H8064 | H4349 | H3427 | H5545 | | H5414 | H0376 | H3605 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| דְּרָכָיו | אֲשֶׁר | תֵּדַע | אֶת־ | לְבָבוֹ | כִּי־ | אַתָּה | יָדַעְתָּ | לְבַדְּךָ | אֶת־ | לְבַב | כָּל־ |
| માર્ગો-તેના-પ્રમાણે | જેના | જાણે-તું | × | હૃદય-તેનું | કારણ-કે | તું | જાણે-છે | એકલા-તું | × | હૃદય | સર્વ |
| H1870 | | H3045 | H0853 | H3824 | | | H3045 | H0905 | H0853 | H3824 | H3605 |

| | |
|---|---|
| בְּנֵי | הָאָדָם׃ |
| સંતાનો | માણસોના |
| | H0120 |

તો તમે તમારા રહેઠાણ આકાશમાં તે સાંભળીને ક્ષમા આપજો; દરેક માણસનું હૃદય તમે જાણો છો માટે તેને તેના સર્વ માર્ગો પ્રમાણે ફળ આપજો, કેમ કે તમે અને ફક્ત તમે જ સર્વ મનુષ્યોનાં હૃદયો જાણો છો.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 40 | לְמַעַן | יִרָאוּךָ | כָּל־ | הַיָּמִים | אֲשֶׁר־ | הֵם | חַיִּים | עַל־ | פְּנֵי | הָאֲדָמָה | אֲשֶׁר | נָתַתָּה |
| | જેથી | ડરે-તારાથી | સર્વ | દિવસો | જે | તેઓ | જીવે | ઉપર | ભૂમિ | પૃથ્વીની | જે | આપી |
| | H4616 | H3372 | H3605 | H3117 | | H1992 | | | H6440 | H0127 | | H5414 |

| |
|---|
| לַאֲבֹתֵינוּ׃ |
| પૂર્વજો-આપણા-ને |
| H0001 |

જે દેશ તમે અમારા પૂર્વજોને આપ્યો છે તેમાં તેઓ જીવે તે બધા દિવસોમાં તેઓ તમારી બીક રાખે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 41 | וְגַם | אֶל־ | הַנָּכְרִי | אֲשֶׁר | לֹא־ | מֵעַמְּךָ | יִשְׂרָאֵל | הוּא | וּבָא | מֵאֶרֶץ | רְחוֹקָה |
| | અને-પણ | તરફ | વિદેશી | જે | ન | પ્રજા-તારી-માંથી | ઇઝરાયલ | તે | અને-આવે | દેશ-માંથી | દૂરના |
| | H1571 | H0413 | H5237 | | H3808 | | H3478 | H1931 | H0935 | H0776 | H7350 |

| | |
|---|---|
| לְמַעַן | שְׁמֶךָ׃ |
| ખાતર | નામ-તારા |
| H4616 | H8034 |

વળી વિદેશીઓ જે તમારા ઇઝરાયલ લોકોમાંના નથી: તે જયારે તમારા નામની ખાતર દૂર દેશથી આવે,

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 42 | כִּי | יִשְׁמְעוּן | אֶת־ | שִׁמְךָ | הַגָּדוֹל | וְאֶת־ | יָדְךָ | הַחֲזָקָה | וּזְרֹעֲךָ | הַנְּטוּיָה | וּבָא |
| | કારણ-કે | સાંભળશે | × | નામ-તારું | મહાન | અને | હાથ-તારો | બળવાન | અને-ભુજા-તારી | લંબાવેલી | અને-આવે |
| | | H8085 | H0853 | H8034 | | H0853 | H3027 | H2389 | H2220 | H5186 | H0935 |

| | | | |
|---|---|---|---|
| וְהִתְפַּלֵּל | אֶל־ | הַבַּיִת | הַזֶּה׃ |
| અને-પ્રાર્થના-કરે | તરફ | ઘર | આ |
| H6419 | H0413 | | H2088 |

કેમ કે તેઓ તમારા મોટા નામ વિષે, તમારા પરાક્રમી હાથ તથા લંબાવેલા બાહુ વિષે સાંભળે અને તે આવીને આ ભક્તિસ્થાન તરફ મુખ ફેરવીને પ્રાર્થના કરે,

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 43 | אַתָּה | תִּשְׁמַע | הַשָּׁמַיִם | מְכוֹן | שִׁבְתֶּךָ | וְעָשִׂיתָ | כְּכֹל | אֲשֶׁר־ | יִקְרָא | אֵלֶיךָ | הַנָּכְרִי |
| | તું | સાંભળ | આકાશમાંથી | સ્થિર | વસવાટ-તારા | અને-કર | સર્વ | જે | પોકારે | તારી-તરફ | વિદેશી |
| | | H8085 | H8064 | H4349 | H3427 | | H3605 | | H7121 | H0413 | H5237 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לְמַעַן | יֵדְעוּן | כָּל־ | עַמֵּי | הָאָרֶץ | אֶת־ | שְׁמֶךָ | לְיִרְאָה | אֹתְךָ | כְּעַמְּךָ | יִשְׂרָאֵל |
| જેથી | જાણે | સર્વ | પ્રજાઓ | પૃથ્વીની | × | નામ-તારું | ડરવા | તારાથી | પ્રજા-તારી-જેમ | ઇઝરાયલ |
| H4616 | H3045 | H3605 | | H0776 | H0853 | H8034 | H3372 | H0853 | | H3478 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְלָדַעַת | כִּי־ | שִׁמְךָ | נִקְרָא | עַל־ | הַבַּיִת | הַזֶּה | אֲשֶׁר | בָּנִיתִי׃ |
| અને-જાણવા | કે | નામ-તારું | રાખ્યું-છે | ઉપર | ઘર | આ | જે | બાંધ્યું-મેં |
| H3045 | | H8034 | H7121 | | | H2088 | | H1129 |

ત્યારે તમે તમારા રહેઠાણ આકાશમાં તે સાંભળીને જે સર્વ બાબત વિષે તે વિદેશીઓ તમારી પ્રાર્થના કરે, તે પ્રમાણે તમે કરજો, જેથી આખી પૃથ્વીના સર્વ લોકો તમારું નામ જાણે તથા તમારા ઇઝરાયલી લોકોની જેમ તેઓ તમારી બીક રાખે. એ પ્રમાણે તમે કરજો કે જેથી તેઓ જાણે કે આ મારું બાંધેલું ભક્તિસ્થાન તમારા નામથી ઓળખાય છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 44 | כִּי־ | יֵצֵא | עַמְּךָ | לַמִּלְחָמָה | עַל־ | אֹיְבוֹ | בַּדֶּרֶךְ | אֲשֶׁר | תִּשְׁלָחֵם | וְהִתְפַּלְלוּ | אֶל־ |
| | જ્યારે | જાય | પ્રજા-તારી | યુદ્ધમાં | વિરુદ્ધ | શત્રુ-તેના | માર્ગે | જે | મોકલે-તું | અને-પ્રાર્થના-કરે | તરફ |
| | | H3318 | | H4421 | | H0341 | H1870 | | H7971 | H6419 | H0413 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה | דֶּרֶךְ | הָעִיר | אֲשֶׁר | בָּחַרְתָּ | בָּהּ | וְהַבַּיִת | אֲשֶׁר־ | בָנִתִי | לִשְׁמֶךָ׃ |
| યહોવા | દિશામાં | શહેરની | જે | પસંદ-કર્યું-તેં | તેમાં | અને-ઘર | જે | બાંધ્યું-મેં | નામ-તારા-માટે |
| H3068 | H1870 | | | H0977 | | | | H1129 | H8034 |

જે રસ્તે તમે તમારા લોકોને મોકલો તે રસ્તે થઈને જો તેઓ પોતાના દુશ્મનની વિરુદ્ધ યુદ્ધ કરવા જાય અને જે નગર તમે પસંદ કર્યું છે તેની તરફ તથા જે ભક્તિસ્થાન મેં તમારા નામને અર્થે બાંધ્યું છે તેની તરફ મુખ ફેરવીને જો તેઓ ઈશ્વરની પ્રાર્થના કરે,

45

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְשָׁמַעְתָּ | અને-સાંભળ | H8085 |
| הַשָּׁמַיִם | આકાશમાંથી | H8064 |
| אֶת־ | × | H0853 |
| תְּפִלָּתָם | પ્રાર્થના-તેમની | H8605 |
| וְאֶת־ | અને | H0853 |
| תְּחִנָּתָם | વિનંતી-તેમની | H8467 |
| וְעָשִׂיתָ | અને-કર | |
| מִשְׁפָּטָם׃ | ન્યાય-તેમનો | H4941 |

તો આકાશમાં તેઓની પ્રાર્થના તથા તેઓની વિનંતિ તમે સાંભળજો અને તેમને મદદ કરજો.

46

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| כִּי | જો | |
| יֶחֶטְאוּ־ | પાપ-કરે | H2398 |
| לָךְ | તારી-વિરુદ્ધ | |
| כִּי | કારણ-કે | |
| אֵין | નથી | H0369 |
| אָדָם | માણસ | H0120 |
| אֲשֶׁר | જે | |
| לֹא־ | ન | H3808 |
| יֶחֱטָא | પાપ-કરે | H2398 |
| וְאָנַפְתָּ | અને-ક્રોધ-કરે-તું | H0599 |
| בָם | તેમના-ઉપર | |
| וּנְתַתָּם | અને-આપે-તું | H5414 |
| לִפְנֵי | આગળ | H6440 |
| אוֹיֵב | શત્રુના | H0341 |
| וְשָׁבוּם | અને-બંદી-બનાવે | H7617 |
| שֹׁבֵיהֶם | બંદીવાનો-તેમના | H7617 |
| אֶל־ | તરફ | H0413 |
| אֶרֶץ | દેશ | H0776 |
| הָאוֹיֵב | શત્રુના | H0341 |
| רְחוֹקָה | દૂરના | H7350 |
| אוֹ | અથવા | |
| קְרוֹבָה׃ | નજીકના | H7138 |

જો તેઓ તમારી વિરુદ્ધ પાપ કરે, કેમ કે પાપ ન કરે એવું કોઈ માણસ નથી અને તમે તેઓ પર કોપાયમાન થઈને તેઓને દુશ્મનોના હાથમાં સોંપો કે તેઓ તેમને બંદીવાન કરીને દૂરના કે નજીકના દુશ્મન દેશમાં લઈ જાય.

47

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְהֵשִׁיבוּ | અને-ફરે | H7725 |
| אֶל־ | તરફ | H0413 |
| לִבָּם | હૃદય-તેમના | |
| בָּאָרֶץ | દેશમાં | H0776 |
| אֲשֶׁר | જ્યાં | |
| נִשְׁבּוּ־ | બંદી-બન્યા | H7617 |
| שָׁם | ત્યાં | H8033 |
| וְשָׁבוּ | અને-ફરે | H7725 |
| וְהִתְחַנְּנוּ | અને-વિનંતી-કરે | |
| אֵלֶיךָ | તારી-તરફ | H0413 |
| בְּאֶרֶץ | દેશમાં | H0776 |
| שֹׁבֵיהֶם | બંદીવાનો-તેમના | H7617 |
| לֵאמֹר | કહીને | H0559 |
| חָטָאנוּ | પાપ-કર્યુ-અમે | H2398 |
| וְהֶעֱוִינוּ | અને-ખોટું-કર્યું | |
| רָשָׁעְנוּ׃ | દુષ્ટતા-કરી | H7561 |

પછી જે દેશમાં તેઓને બંદીવાન તરીકે લઈ જવામાં આવ્યા હોય, ત્યાં જો તેઓ વિચાર કરીને ફરે અને પોતાને બંદીવાન કરીને લઈ જનારાં દેશમાં તેઓ તમારી આગળ વિનંતી કરીને કહે 'અમે પાપ કર્યું છે અને અમે સ્વચ્છંદી રીતે વર્ત્યા છીએ. અમે દુષ્ટ કામ કર્યું છે.'"

48

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְשָׁבוּ | અને-ફરે | H7725 |
| אֵלֶיךָ | તારી-તરફ | H0413 |
| בְּכָל־ | સર્વ | H3605 |
| לְבָבָם | હૃદય-તેમના-થી | H3824 |
| וּבְכָל־ | અને-સર્વ | H3605 |
| נַפְשָׁם | જીવ-તેમના-થી | H5315 |
| בְּאֶרֶץ | દેશમાં | H0776 |
| אֹיְבֵיהֶם | શત્રુઓ-તેમના | H0341 |
| אֲשֶׁר־ | જેમણે | |
| שָׁבוּ | બંદી-બનાવ્યા | H7617 |
| אֹתָם | તેમને | H0853 |
| וְהִתְפַּלְלוּ | અને-પ્રાર્થના-કરે | H6419 |
| אֵלֶיךָ | તારી-તરફ | H0413 |
| דֶּרֶךְ | દિશામાં | H1870 |
| אַרְצָם | ભૂમિ-તેમની | H0776 |
| אֲשֶׁר | જે | |
| נָתַתָּה | આપી | H5414 |
| לַאֲבוֹתָם | પૂર્વજો-તેમના-ને | H0001 |
| הָעִיר | શહેર | |
| אֲשֶׁר | જે | |
| בָּחַרְתָּ | પસંદ-કર્યુ-તેં | H0977 |
| וְהַבַּיִת | અને-ઘર | |
| אֲשֶׁר־ | જે | |
| [בנית] | બાંધ્યું | H1129 |
| (בָּנִיתִי) | બાંધ્યું-મેં | H1129 |
| לִשְׁמֶךָ׃ | નામ-તારા-માટે | H8034 |

તેઓને બંદીવાન કરીને લઈ જનારાં તેઓના દુશ્મનોના દેશમાં જો તેઓ પોતાના સંપૂર્ણ હૃદયથી તથા પોતાના સંપૂર્ણ જીવથી તમારી તરફ પાછા ફરે અને તેઓનો જે દેશ તેઓના પૂર્વજોને તમે આપ્યો, વળી જે નગર તમે પસંદ કર્યું તથા જે ભક્તિસ્થાન તમારા નામને અર્થે મેં બાંધ્યું છે, તેમની તરફ મુખ ફેરવીને તમારી પ્રાર્થના કરે.

49

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְשָׁמַעְתָּ | અને-સાંભળ | H8085 |
| הַשָּׁמַיִם | આકાશમાંથી | H8064 |
| מְכוֹן | સ્થિર | H4349 |
| שִׁבְתְּךָ | વસવાટ-તારા | H3427 |
| אֶת־ | × | H0853 |
| תְּפִלָּתָם | પ્રાર્થના-તેમની | H8605 |
| וְאֶת־ | અને | H0853 |
| תְּחִנָּתָם | વિનંતી-તેમની | H8467 |
| וְעָשִׂיתָ | અને-કર | |
| מִשְׁפָּטָם׃ | ન્યાય-તેમનો | H4941 |

તો તમારા રહેઠાણ આકાશમાં તેઓની પ્રાર્થના, વિનંતિ તમે સાંભળજો અને તેમની મદદ કરજો.

50

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְסָלַחְתָּ | לְעַמְּךָ | אֲשֶׁר | חָטְאוּ־ | לָךְ | וּלְכָל־ | פִּשְׁעֵיהֶם | אֲשֶׁר | פָּשְׁעוּ־ |
| અને-માફ-કર | પ્રજા-તારી-ને | જેમણે | પાપ-કર્યું | તારી-વિરુદ્ધ | અને-સર્વ | અપરાધો-તેમના | જે | અપરાધ-કર્યા |
| H5545 | | | H2398 | | H3605 | H6588 | | H6586 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| בָךְ | וּנְתַתָּם | לְרַחֲמִים | לִפְנֵי | שֹׁבֵיהֶם | וְרִחֲמוּם׃ |
| તારી-વિરુદ્ધ | અને-આપ-તેમને | દયા-માટે | આગળ | બંદીવાનો-તેમના | અને-દયા-કરે |
| | H5414 | | H6440 | H7617 | H7355 |

તમારી વિરુદ્ધ તમારા જે લોકોએ પાપ કર્યું તેમને તથા તમારી વિરુદ્ધ તેઓએ જે ઉલ્લંઘનો કર્યા તે સર્વની ક્ષમા આપજો. તેઓને બંદીવાન કરીને લઈ જનારાના મનમાં તેઓ પ્રત્યે દયા ઉપજાવજો, કે જેથી તેઓના દુશ્મનો તેમના પર દયા રાખે.

51

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | עַמְּךָ | וְנַחֲלָתְךָ | הֵם | אֲשֶׁר | הוֹצֵאתָ | מִמִּצְרַיִם | מִתּוֹךְ | כּוּר | הַבַּרְזֶל׃ |
| કારણ-કે | પ્રજા-તારી | અને-વારસો-તારો | તેઓ | જેમને | બહાર-લાવ્યા-તેં | મિસ્રમાંથી | વચ્ચેથી | ભઠ્ઠી | લોખંડની |
| | | H5159 | H1992 | | H3318 | H4714 | H8432 | H3564 | H1270 |

તેઓ તમારા લોકો છે તેઓને તમે પસંદ કર્યા છે અને તમે મિસરમાંથી લોખંડની ભઠ્ઠી મધ્યેથી બહાર લાવ્યા છો.

52

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לִהְיוֹת | עֵינֶיךָ | פְתֻחוֹת | אֶל־ | תְּחִנַּת | עַבְדְּךָ | וְאֶל־ | תְּחִנַּת | עַמְּךָ | יִשְׂרָאֵל | לִשְׁמֹעַ |
| હોવા | આખો-તારી | ખુલ્લી | તરફ | વિનંતી | સેવક-તારાની | અને-તરફ | વિનંતી | પ્રજા-તારી | ઇઝરાયલ | સાંભળવા |
| H1961 | | | H0413 | H8467 | H5650 | H0413 | H8467 | | H3478 | H8085 |

| | | | |
|---|---|---|---|
| אֲלֵיהֶם | בְּכֹל | קָרְאָם | אֵלֶיךָ׃ |
| તેમને | દરેકમાં | પોકારે-તેઓ | તારી-તરફ |
| H0413 | H3605 | H7121 | H0413 |

હું પ્રાર્થના કરીશ કે તમારા સેવકની તથા તમારા ઇઝરાયલ લોકોની વિનંતિ પર તમારી આખો ખુલ્લી રહે, જયારે તેઓ તમને વિનંતિ કરે ત્યારે તમે તેઓનું સાંભળજો.

53

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | אַתָּה | הִבְדַּלְתָּם | לְךָ | לְנַחֲלָה | מִכֹּל | עַמֵּי | הָאָרֶץ | כַּאֲשֶׁר | דִּבַּרְתָּ | בְּיַד |
| કારણ-કે | તેં | અલગ-કર્યા | તારા-માટે | વારસા-તરીકે | સર્વ-માંથી | પ્રજાઓ | પૃથ્વીની | જેમ | બોલ્યા-તું | હાથે |
| | | H0914 | | H5159 | H3605 | | H0776 | | H1696 | H3027 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מֹשֶׁה | עַבְדֶּךָ | בְּהוֹצִיאֲךָ | אֶת־ | אֲבֹתֵינוּ | מִמִּצְרַיִם | אֲדֹנָי | יְהוִה׃ | פ |
| મૂસા | સેવક-તારા | બહાર-લાવ્યા-ત્યારે | × | પૂર્વજો-આપણા | મિસ્રમાંથી | પ્રભુ | યહોવા | ¶ |
| H4872 | H5650 | H3318 | H0853 | H0001 | H4714 | H0136 | H3069 | |

કેમ કે હે પ્રભુ ઈશ્વર, તમે અમારા પિતૃઓને મિસરમાંથી કાઢી લાવ્યા તે સમયે તમારા સેવક મૂસાની મારફતે બોલ્યા હતા, તેમ તેઓને તમારા વારસો થવા માટે પૃથ્વીના સર્વ લોકોથી જુદા કર્યા છે."

54

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | כְּכַלּוֹת | שְׁלֹמֹה | לְהִתְפַּלֵּל | אֶל־ | יְהוָה | אֵת | כָּל־ | הַתְּפִלָּה | וְהַתְּחִנָּה | הַזֹּאת |
| અને-થયું | પૂર્ણ-કરતાં | સુલેમાને | પ્રાર્થના-કરવાની | તરફ | યહોવા | × | સર્વ | પ્રાર્થના | અને-વિનંતી | આ |
| H1961 | H3615 | H8010 | H6419 | H0413 | H3068 | H0853 | H3605 | H8605 | H8467 | H2063 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| קָם | מִלִּפְנֵי | מִזְבַּח | יְהוָה | מִכְּרֹעַ | עַל־ | בִּרְכָּיו | וְכַפָּיו | פְּרֻשׂוֹת | הַשָּׁמָיִם׃ |
| ઊભા-થયા | આગળથી | વેદી | યહોવાની | ઘૂંટણે-પડવાથી | ઉપર | ઘૂંટણો-તેના | અને-હાથો-તેના | ફેલાવેલા | આકાશ-તરફ |
| | H6440 | H4196 | H3068 | H3766 | | H1290 | H3709 | H6566 | H8064 |

ઈશ્વરની વેદી સમક્ષ ઘૂંટણે પડીને તથા આકાશ તરફ હાથ લંબાવીને સુલેમાન આ બધી પ્રાર્થના તથા વિનંતીઓ પૂરી કરી રહ્યો પછી તે ત્યાંથી ઊભો થયો.

55

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲמֹד | וַיְבָרֶךְ | אֵת | כָּל־ | קְהַל | יִשְׂרָאֵל | קוֹל | גָּדוֹל | לֵאמֹר׃ |
| અને-ઊભા-રહ્યા | અને-આશીર્વાદ-આપ્યો | × | સર્વ | સભા | ઇઝરાયલની | અવાજે | મોટા | કહીને |
| H5975 | H1288 | H0853 | H3605 | H6951 | H3478 | | | H0559 |

તેણે ઊઠીને મોટે અવાજે ઇઝરાયલની આખી સભાને આશીર્વાદ આપતા કહ્યું,

56

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בָּרוּךְ | יְהוָה | אֲשֶׁר | נָתַן | מְנוּחָה | לְעַמּוֹ | יִשְׂרָאֵל | כְּכֹל | אֲשֶׁר | דִּבֵּר | לֹא־ | נָפַל |
| ધન્ય-હો | યહોવા | જેમણે | આપ્યો | આરામ | પ્રજા-તેમની | ઇઝરાયલ | સર્વ-પ્રમાણે | જે | બોલ્યા | ન | પડ્યું |
| H1288 | H3068 | | H5414 | H4496 | | H3478 | H3605 | | H1696 | H3808 | H5307 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| דָּבָר | אֶחָד | מִכֹּל | דְּבָרוֹ | הַטּוֹב | אֲשֶׁר | דִּבֶּר | בְּיַד | מֹשֶׁה | עַבְדּוֹ׃ |
| વચન | એક | સર્વ-માંથી | વચનો-તેમના | સારા | જે | બોલ્યા | હાથે | મૂસા | સેવક-તેમના |
| H1697 | H0259 | H3605 | H1697 | | | H1696 | H3027 | H4872 | H5650 |

"ઈશ્વરની સ્તુતિ થાઓ, જેમણે પોતાનાં આપેલા સર્વ વચનો પ્રમાણે પોતાના ઇઝરાયલી લોકોને વિશ્રામ આપ્યો છે. જે સર્વ વચનો તેમણે પોતાના સેવક મૂસાની મારફતે આપ્યાં હતાં તેમાંનો એક પણ શબ્દ વ્યર્થ ગયો નથી.

57

| יְהִי | יְהוָה | אֱלֹהֵינוּ | עִמָּנוּ | כַּאֲשֶׁר | הָיָה | עִם־ | אֲבֹתֵינוּ | אַל־ | יַעַזְבֵנוּ | וְאַל־ | יִטְּשֵׁנוּ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હો | યહોવા | ઈશ્વર-આપણા | આપણી-સાથે | જેમ | હતા | સાથે | પૂર્વજો-આપણા | ન | છોડે-આપણને | અને-ન | તજે-આપણને |
| H1961 | H3068 | H0430 | | | H1961 | | H0001 | H0408 | | H0408 | H5203 |

આપણા ઈશ્વર જેમ આપણા પિતૃઓની સાથે હતા તેમ આપણી સાથે સદા રહો, તે કદી આપણને તરછોડે નહિ, અથવા આપણો ત્યાગ ન કરે,

58

| לְהַטּוֹת | לְבָבֵנוּ | אֵלָיו | לָלֶכֶת | בְּכָל־ | דְּרָכָיו | וְלִשְׁמֹר | מִצְוֹתָיו | וְחֻקָּיו | וּמִשְׁפָּטָיו | אֲשֶׁר | צִוָּה | אֶת־ | אֲבֹתֵינוּ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નમાવવા | હૃદય-આપણું | તેમની-તરફ | ચાલવા | સર્વ | માર્ગો-તેમના | અને-પાળવા | આજ્ઞાઓ-તેમની | અને-નિયમો-તેમના | અને-ન્યાયો-તેમના | જે | આજ્ઞા-આપી | × | પૂર્વજો-આપણા-ને |
| H5186 | H3824 | H0413 | H3212 | H3605 | H1870 | H8104 | H4687 | H2706 | H4941 | | H6680 | H0853 | H0001 |

તે આપણાં હૃદયને તેઓની તરફ વાળે કે જેથી આપણે તેમના માર્ગમાં જીવીએ, તેમની આજ્ઞા પાળીએ અને તેમણે જે વિધિઓ તથા નિયમો આપણા પૂર્વજોને ફરમાવ્યા હતા તેનું પાલન કરીએ.

59

| וְיִהְיוּ | דְבָרַי | אֵלֶּה | אֲשֶׁר | הִתְחַנַּנְתִּי | לִפְנֵי | יְהוָה | קְרֹבִים | אֶל־ | יְהוָה | אֱלֹהֵינוּ | יוֹמָם | וָלָיְלָה | לַעֲשׂוֹת | מִשְׁפַּט | עַבְדּוֹ | וּמִשְׁפַּט | עַמּוֹ | יִשְׂרָאֵל | דְּבַר־ | יוֹם | בְּיוֹמוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-હો | વચનો-મારા | આ | જેનાથી | વિનંતી-કરી-મેં | આગળ | યહોવાની | નજીક | તરફ | યહોવા | ઈશ્વર-આપણા | દિવસે | અને-રાતે | કરવા | ન્યાય | સેવક-તેમના | અને-ન્યાય | પ્રજા-તેમની | ઇઝરાયલ | બાબત | દિવસ | દિવસે-ની |
| H1961 | H1697 | H0428 | | | H6440 | H3068 | H7138 | H0413 | H3068 | H0430 | H3119 | H3915 | | H4941 | H5650 | H4941 | | H3478 | H1697 | H3117 | H3117 |

મારા આ શબ્દો જે હું બોલ્યો છું, જે દ્વારા મેં ઈશ્વરની આગળ વિનંતી કરી છે તે રાત દિવસ ઈશ્વરની સમક્ષતામાં રહો જેથી તે રોજરોજ ઊભી થતી જરૂરિયાત પ્રમાણે પોતાના સેવક અને પોતાના ઇઝરાયલીઓ લોકોની મદદ કરે.

60

| לְמַעַן | דַּעַת | כָּל־ | עַמֵּי | הָאָרֶץ | כִּי | יְהוָה | הוּא | הָאֱלֹהִים | אֵין | עוֹד׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જેથી | જાણે | સર્વ | પ્રજાઓ | પૃથ્વીની | કે | યહોવા | તે | ઈશ્વર | નથી | બીજો |
| H4616 | H3045 | H3605 | | H0776 | | H3068 | H1931 | H0430 | H0369 | H5750 |

એમ આખી પૃથ્વીના લોકો જાણે કે, ઈશ્વર તે જ પ્રભુ છે અને તેમના સિવાય બીજા કોઈ ઈશ્વર નથી

61

| וְהָיָה | לְבַבְכֶם | שָׁלֵם | עִם | יְהוָה | אֱלֹהֵינוּ | לָלֶכֶת | בְּחֻקָּיו | וְלִשְׁמֹר | מִצְוֹתָיו | כַּיּוֹם | הַזֶּה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-હો | હૃદય-તમારું | સંપૂર્ણ | સાથે | યહોવા | ઈશ્વર-આપણા | ચાલવા | નિયમો-તેમના | અને-પાળવા | આજ્ઞાઓ-તેમની | આજે | આ |
| H1961 | H3824 | H8003 | | H3068 | H0430 | H3212 | H2706 | H8104 | H4687 | H3117 | H2088 |

તે માટે આપણા ઈશ્વરના વિધિઓ પ્રમાણે ચાલવા તથા તેમની આજ્ઞાઓ પાળવા તમારાં હૃદયો તેમની પ્રત્યે આજની માફક સંપૂર્ણ રહો."

62

| וְהַמֶּלֶךְ | וְכָל־ | יִשְׂרָאֵל | עִמּוֹ | זֹבְחִים | זֶבַח | לִפְנֵי | יְהוָה׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-રાજા | અને-સર્વ | ઇઝરાયલ | તેની-સાથે | બલિદાન-આપતા | બલિદાન | આગળ | યહોવાની |
| H4428 | H3605 | H3478 | | H2076 | H2077 | H6440 | H3068 |

પછી રાજાએ તથા તેની સાથે તમામ ઇઝરાયલી લોકોએ ઈશ્વરને બલિદાન ચઢાવ્યાં.

63
וַיִּזְבַּח અને-ચઢાવ્યો H2076
שְׁלֹמֹה સુલેમાને H8010
אֵת × H0853
זֶבַח બલિદાન H2077
הַשְּׁלָמִים શાંતિ-અર્પણ H8002
אֲשֶׁר જે
זָבַח ચઢાવ્યો H2076
לַיהוָה યહોવા-ને H3068
בָּקָר બળદો H1241
עֶשְׂרִים વીસ H6242
וּשְׁנַיִם અને-બે H8147
אֶלֶף હજાર H0505
וְצֹאן અને-ઘેટાં H6629
מֵאָה સો H3967
וְעֶשְׂרִים અને-વીસ H6242
אָלֶף હજાર H0505
וַיַּחְנְכוּ અને-પ્રતિષ્ઠા-કર્યું H2596
אֶת־ × H0853
בֵּית ઘર
יְהוָה યહોવાનું H3068
הַמֶּלֶךְ રાજા H4428
וְכָל־ અને-સર્વ H3605
בְּנֵי સંતાનો
יִשְׂרָאֵל׃ ઇઝરાયલના H3478

સુલેમાન રાજાએ બાવીસ હજાર બળદ અને એક લાખ વીસ હજાર ઘેટાં અને બકરાં ઈશ્વરને શાંત્યર્પણો તરીકે ચઢાવ્યાં. આમ રાજાએ અને ઇઝરાયલના લોકોએ ઈશ્વરના સભાસ્થાનને સમર્પિત કર્યું.

64
בַּיּוֹם દિવસે H3117
הַהוּא તે H1931
קִדַּשׁ પવિત્ર-કર્યું H6942
הַמֶּלֶךְ રાજાએ H4428
אֶת־ × H0853
תּוֹךְ મધ્ય H8432
הֶחָצֵר આગણાનું
אֲשֶׁר જે
לִפְנֵי આગળ H6440
בֵית־ ઘર
יְהוָה યહોવાનું H3068
כִּי־ કારણ-કે
עָשָׂה ચઢાવ્યું
שָׁם ત્યાં H8033
אֶת־ × H0853
הָעֹלָה દહનાર્પણ
וְאֶת־ અને H0853
הַמִּנְחָה ખાદ્યાર્પણ H4503
וְאֵת અને H0853
חֶלְבֵי ચરબી H2459
הַשְּׁלָמִים શાંતિ-અર્પણના H8002
כִּי־ કારણ-કે
מִזְבַּח વેદી H4196
הַנְּחֹשֶׁת પિત્તળની
אֲשֶׁר જે
לִפְנֵי આગળ H6440
יְהוָה યહોવાની H3068
קָטֹן નાની
מֵהָכִיל સમાવવા-માંથી H3557
אֶת־ × H0853
הָעֹלָה દહનાર્પણ
וְאֶת־ અને H0853
הַמִּנְחָה ખાદ્યાર્પણ H4503
וְאֵת અને H0853
חֶלְבֵי ચરબી H2459
הַשְּׁלָמִים׃ શાંતિ-અર્પણના H8002

તે જ દિવસે રાજાએ ભક્તિસ્થાનના આગળના ચોકના મધ્ય ભાગને પવિત્ર કરાવ્યો, કેમ કે ત્યાં તેણે દહનીયાર્પણ, ખાદ્યાર્પણો ઉપરાંત શાંત્યર્પણોમાં પશુઓના ચરબીવાળા ભાગો ચઢાવ્યા હતા, કેમ કે ઈશ્વરની આગળ જે પિત્તળની વેદી હતી તે ચરબીવાળા ભાગોને સમાવવા માટે નાની પડતી હતી.

65
וַיַּעַשׂ અને-ઊજવ્યો
שְׁלֹמֹה સુલેમાને H8010
בָעֵת־ સમયે H6256
הַהִיא તે H1931
אֶת־ × H0853
הֶחָג ઉત્સવ H2282
וְכָל־ અને-સર્વ H3605
יִשְׂרָאֵל ઇઝરાયલ H3478
עִמּוֹ તેની-સાથે
קָהָל સભા H6951
גָּדוֹל મોટી
מִלְּבוֹא પ્રવેશ-થી H0935
חֲמָת હમાથ H2574
עַד־ સુધી H5704
נַחַל નદી
מִצְרַיִם મિસરની H4714
לִפְנֵי આગળ H6440
יְהוָה યહોવા H3068
אֱלֹהֵינוּ ઈશ્વર-આપણા H0430
שִׁבְעַת સાત H7651
יָמִים દિવસ H3117
וְשִׁבְעַת અને-સાત H7651
יָמִים દિવસ H3117
אַרְבָּעָה ચૌદ H0702
עָשָׂר × H6240
יוֹם׃ દિવસ H3117

આમ, સુલેમાને અને તેની સાથે બધાં ઇઝરાયલીઓએ એટલે ઉત્તરમાં હમાથની ઘાટીથી તે મિસરની હદ સુધીના આખા સમુદાયે આપણા ઈશ્વરની આગળ સાત દિવસ અને બીજા સાત દિવસ એમ કુલ ચૌદ દિવસ સુધી ઉજવણી કરી.

66
בַּיּוֹם દિવસે H3117
הַשְּׁמִינִי આઠમા H8066
שִׁלַּח વિદાય-કર્યા H7971
אֶת־ × H0853
הָעָם લોકોને
וַיְבָרְכוּ અને-આશીર્વાદ-આપ્યો H1288
אֶת־ × H0853
הַמֶּלֶךְ રાજાને H4428
וַיֵּלְכוּ અને-ગયા H3212
לְאָהֳלֵיהֶם તંબુ-તેમના-તરફ H0168
שְׂמֵחִים આનંદિત H8056
וְטוֹבֵי અને-સારા
לֵב હૃદય
עַל માટે
כָּל־ સર્વ H3605
הַטּוֹבָה ભલાઈ
אֲשֶׁר જે
עָשָׂה કર્યું
יְהוָה યહોવાએ H3068
לְדָוִד દાઊદ-ને H1732
עַבְדּוֹ સેવક-તેમના H5650
וּלְיִשְׂרָאֵל અને-ઇઝરાયલ H3478
עַמּוֹ׃ પ્રજા-તેમની

આઠમે દિવસે રાજાએ લોકોને વિદાય કર્યા અને તેઓએ રાજાને આશીર્વાદ આપ્યો. જે સર્વ ભલાઈ પોતાના સેવક દાઉદ અને પોતાના ઇઝરાયલી લોકો પર ઈશ્વરે કરી હતી તેથી મનમાં હર્ષ તથા આનંદ કરતા તેઓ પોતપોતાને ઘરે ગયા.

## Chapter 9

1

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי׀ | כְּכַלּוֹת | שְׁלֹמֹה | לִבְנוֹת | אֶת־ | בֵּית־ | יְהוָה | וְאֶת־ | בֵּית | הַמֶּלֶךְ | וְאֵת | כָּל־ |
| અને-થયું | પૂરું-થયા-પછી | સુલેમાને | બાંધવાનું | — | ઘર | યહોવાનું | અને | ઘર | રાજાનું | અને | બધી |
| H1961 | H3615 | H8010 | H1129 | H0853 | | H3068 | H0853 | | H4428 | H0853 | H3605 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| חֵשֶׁק | שְׁלֹמֹה | אֲשֶׁר | חָפֵץ | לַעֲשׂוֹת׃ | פ |
| ઇચ્છા | સુલેમાનની | જે | ચાહતો-હતો | કરવાની | — |
| H2837 | H8010 | | | | |

સુલેમાન જયારે ઈશ્વરનું ભક્તિસ્થાન અને રાજમહેલ તથા અન્ય જે જે બાંધવાની તેની ઇચ્છા હતી તે બધું પૂરું કરી રહ્યો,

2

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּרָא | יְהוָה | אֶל־ | שְׁלֹמֹה | שֵׁנִית | כַּאֲשֶׁר | נִרְאָה | אֵלָיו | בְּגִבְעוֹן׃ |
| યહોવા-દેખાયા | યહોવા | — | સુલેમાનને | બીજી-વાર | જેમ | દેખાયા-હતા | તેને | ગિબયોનમાં |
| H7200 | H3068 | H0413 | H8010 | H8145 | | H7200 | H0413 | H1391 |

ત્યારે એમ થયું કે ઈશ્વરે સુલેમાનને અગાઉ જેમ ગિબ્યોનમાં દર્શન દીધું હતું, તેમ બીજી વાર દર્શન આપ્યું.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | יְהוָה | אֵלָיו | שָׁמַעְתִּי | אֶת־ | תְּפִלָּתְךָ | וְאֶת־ | תְּחִנָּתְךָ | אֲשֶׁר | הִתְחַנַּנְתָּה |
| અને-કહ્યુ | યહોવાએ | તેને | મેં-સાંભળી | — | તારી-પ્રાર્થના | અને | તારી-વિનંતી | જે | તેં-કરી |
| H0559 | H3068 | H0413 | H8085 | H0853 | H8605 | H0853 | H8467 | | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לְפָנַי | הִקְדַּשְׁתִּי | אֶת־ | הַבַּיִת | הַזֶּה | אֲשֶׁר | בָּנִתָה | לָשׂוּם־ | שְׁמִי | שָׁם | עַד־ | עוֹלָם |
| મારી-આગળ | મેં-પવિત્ર-કર્યું | — | આ-ઘર | આ | જે | તેં-બાંધ્યું | મૂકવા | મારું-નામ | ત્યાં | સદા | કાળ-માટે |
| H6440 | H6942 | H0853 | | H2088 | | H1129 | | H8034 | H8033 | H5704 | H5769 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְהָיוּ | עֵינַי | וְלִבִּי | שָׁם | כָּל־ | הַיָּמִים׃ |
| અને-રહેશે | મારી-આખો | અને-મારું-હ્રદય | ત્યાં | બધા | દિવસો |
| H1961 | | | H8033 | H3605 | H3117 |

ઈશ્વરે તેને કહ્યુ, “મારી આગળ કરેલી તારી પ્રાર્થના અને અરજ મેં સાંભળી છે, મારું નામ તેમાં રાખવા સારું તેં બંધાવેલા આ સભાસ્થાનને હું પવિત્ર કરું છું. મારું હ્રદય અને મારી દ્રષ્ટિ નિરંતર ત્યાં રહેશે.

4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאַתָּה | אִם־ | תֵּלֵךְ | לְפָנַי | כַּאֲשֶׁר | הָלַךְ | דָּוִד | אָבִיךָ | בְּתָם־ | לֵבָב | וּבְיֹשֶׁר |
| અને-તું | જો | ચાલે | મારી-આગળ | જેમ | ચાલ્યો | દાઉદ | તારો-પિતા | સીધાઈથી | હ્રદયની | અને-પ્રામાણિકતાથી |
| | | H3212 | H6440 | | H1980 | H1732 | H0001 | H8537 | H3824 | H3476 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לַעֲשׂוֹת | כְּכֹל | אֲשֶׁר | צִוִּיתִיךָ | חֻקַּי | וּמִשְׁפָּטַי | תִּשְׁמֹר׃ |
| કરવા | બધું | જે | મેં-આજ્ઞા-આપી | મારા-નિયમો | અને-ન્યાયો | પાળે |
| | H3605 | | H6680 | H2706 | H4941 | H8104 |

જો તું તારા પિતા દાઉદની જેમ તારું કામ નીતિમત્તાથી કરીશ અને પ્રામાણિકતાથી વર્તીશ અને મારા વિધિઓ, આજ્ઞાઓ તથા નિયમોને અનુસરીશ તો,

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַהֲקִמֹתִי | אֶת־ | כִּסֵּא | מַמְלַכְתְּךָ | עַל־ | יִשְׂרָאֵל | לְעֹלָם | כַּאֲשֶׁר | דִּבַּרְתִּי | עַל־ |
| તો-હું-સ્થાપીશ | — | રાજ્યાસન | તારા-રાજ્યનું | ઉપર | ઇઝરાયેલ | સદાકાળ | જેમ | મેં-વચન-આપ્યું | વિષે |
| | H0853 | H3678 | H4467 | | H3478 | H5769 | | H1696 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| דָּוִד | אָבִיךָ | לֵאמֹר | לֹא־ | יִכָּרֵת | לְךָ | אִישׁ | מֵעַל | כִּסֵּא | יִשְׂרָאֵל׃ |
| દાઉદ | તારા-પિતાને | કહીને | નહીં | કપાશે | તને | માણસ | ઉપરથી | રાજ્યાસન | ઇઝરાયેલનું |
| H1732 | H0001 | H0559 | H3808 | H3772 | | H0376 | | H3678 | H3478 |

જેમ મેં તારા પિતા દાઉદને જે વચન આપ્યું હતું કે ઇઝરાયલના રાજયાસન પર વારસની ખોટ પડશે નહિ તેમ હું તારા રાજયનું સિંહાસન ઇઝરાયલ પર કાયમ રાખીશ.

6
אִם־ જો
שׁוֹב ફરીને H7725
תְּשֻׁבוּן ફરો H7725
אַתֶּם તમે
וּבְנֵיכֶם અને-તમારા-દીકરાઓ
מֵאַחֲרַי મારી-પાછળથી
וְלֹא અને-નહીં H3808
תִשְׁמְרוּ પાળો H8104
מִצְוֹתַי મારી-આજ્ઞાઓ H4687
חֻקֹּתַי મારા-નિયમો H2708
אֲשֶׁר જે
נָתַתִּי મેં-આપ્યા H5414
לִפְנֵיכֶם તમારી-આગળ H6440
וַהֲלַכְתֶּם અને-ચાલો H1980
וַעֲבַדְתֶּם અને-સેવા-કરો H5647
אֱלֹהִים બીજા-દેવોની H0430
אֲחֵרִים અન્ય H0312
וְהִשְׁתַּחֲוִיתֶם અને-પૂજા-કરો H7812
לָהֶם׃ તેમની

"પણ તમે કે તમારા વંશજો મારાથી વિમુખ થઈ જશો અને તમારી સમક્ષ મૂકેલા મારા વિધિઓ અને આજ્ઞાઓનું પાલન નહિ કરો અને જો તમે અન્ય દેવોની પૂજા કરશો અને તેઓને દંડવત કરશો,

7
וְהִכְרַתִּי તો-હું-કાપી-નાખીશ H3772
אֶת־ — H0853
יִשְׂרָאֵל ઇઝરાયેલને H3478
מֵעַל ઉપરથી
פְּנֵי ભૂમિના-મુખ H6440
הָאֲדָמָה પરથી H0127
אֲשֶׁר જે
נָתַתִּי મેં-આપી H5414
לָהֶם તેમને
וְאֶת־ અને H0853
הַבַּיִת આ-ઘર
אֲשֶׁר જે
הִקְדַּשְׁתִּי મેં-પવિત્ર-કર્યું H6942
לִשְׁמִי મારા-નામ-માટે H8034
אֲשַׁלַּח દૂર-કરીશ H7971
מֵעַל મારી
פָּנָי નજર-આગળથી H6440
וְהָיָה અને-થશે H1961
יִשְׂרָאֵל ઇઝરાયેલ H3478
לְמָשָׁל કહેવત H4912
וְלִשְׁנִינָה અને-મહેણાંનું-વિષય H8148
בְּכָל־ બધા H3605
הָעַמִּים׃ લોકોમાં

તો ઇઝરાયલને જે દેશ મેં આપ્યો છે તેમાંથી તેમને કાઢી મૂકીશ; અને આ ભક્તિસ્થાન કે જેને મેં મારા નામ અર્થે પવિત્ર કર્યું છે તેને હું મારી દ્રષ્ટિથી દૂર કરીશ. અને સર્વ લોકો મધ્યે ઇઝરાયલ મજાકરૂપ અને કહેવતરૂપ થશે.

8
וְהַבַּיִת અને-આ-ઘર
הַזֶּה આ H2088
יִהְיֶה થશે H1961
עֶלְיוֹן ઉજ્જડ
כָּל־ દરેક H3605
עֹבֵר પસાર-થનાર
עָלָיו તેની-પાસેથી
יִשֹּׁם ચકિત-થશે H8074
וְשָׁרַק અને-સિસોટી-વગાડશે H8319
וְאָמְרוּ અને-કહેશે H0559
עַל־ —
מֶה શા-માટે H4100
עָשָׂה કર્યું
יְהוָה યહોવાએ H3068
כָּכָה આમ H3602
לָאָרֶץ આ-દેશને H0776
הַזֹּאת આ H2063
וְלַבַּיִת અને-આ-ઘરને
הַזֶּה׃ આ H2088

અને જો કે આ ભક્તિસ્થાન ઊંચું છે તો પણ જતા આવતા સૌ કોઈ તેને જોઈને આશ્ચર્ય પામીને ઉપહાસ કરશે, 'ઈશ્વરે આ દેશના અને આ ભક્તિસ્થાનના આવા હાલ શા માટે કર્યા?'

9
וְאָמְרוּ અને-કહેશે H0559
עַל કારણ-કે
אֲשֶׁר —
עָזְבוּ તેમણે-છોડ્યા
אֶת־ — H0853
יְהוָה યહોવા H3068
אֱלֹהֵיהֶם પોતાના-ઈશ્વરને H0430
אֲשֶׁר જેમણે
הוֹצִיא કાઢ્યા H3318
אֶת־ — H0853
אֲבֹתָם તેમના-પિતૃઓને H0001
מֵאֶרֶץ દેશમાંથી H0776
מִצְרַיִם મિસર H4714
וַיַּחֲזִקוּ અને-તેઓ-વળગ્યા H2388
בֵּאלֹהִים બીજા-દેવોને H0430
אֲחֵרִים અન્ય H0312
[וישתחו] — H7812
(וַיִּשְׁתַּחֲוּוּ) અને-પૂજા-કરી H7812
לָהֶם તેમની
וַיַּעַבְדֻם અને-સેવા-કરી H5647
עַל־ —
כֵּן તેથી
הֵבִיא લાવ્યા H0935
יְהוָה યહોવાએ H3068
עֲלֵיהֶם તેમના-ઉપર
אֵת — H0853
כָּל־ આ-બધી H3605
הָרָעָה આફત
הַזֹּאת׃ આ H2063
פ —

અને બીજા તેમને પ્રત્યુત્તર આપશે, 'તેઓના પિતૃઓને મિસરમાંથી બહાર લાવનાર ઈશ્વરને તેઓએ ત્યજી દીધા. અને બીજા દેવોનો સ્વીકાર કરીને તેમની પૂજા કરી. એ જ કારણથી ઈશ્વરે આ બધી વિપત્તિ તેઓના પર મોકલી છે.'"

10 וַיְהִ֗י અને-થયું H1961 | מִקְצֵה֙ અતે | עֶשְׂרִ֣ים વીસ H6242 | שָׁנָ֔ה વર્ષના H8141 | אֲשֶׁר־ જેમાં | בָּנָ֥ה બાંધ્યા H1129 | שְׁלֹמֹ֖ה સુલેમાને H8010 | אֶת־ — H0853 | שְׁנֵ֣י બે H8147 | הַבָּתִּ֑ים ઘરો | אֶת־ — H0853 | בֵּ֥ית ઘર | יְהוָ֖ה યહોવાનું H3068 | וְאֶת־ અને H0853 | בֵּ֥ית ઘર | הַמֶּֽלֶךְ׃ રાજાનું H4428

સુલેમાનને યહોવાહનું ભક્તિસ્થાન અને મહેલ બાંધતા વીસ વર્ષ લાગ્યાં હતાં.

11 חִירָ֣ם હીરામ H2438 | מֶֽלֶךְ־ રાજા H4428 | צֹ֠ר તૂરનો H6865 | נִשָּׂ֨א પૂરું-પાડ્યું H5375 | אֶת־ — H0853 | שְׁלֹמֹ֜ה સુલેમાનને H8010 | בַּעֲצֵ֨י દેવદારનાં-લાકડાં H6086 | אֲרָזִ֜ים દેવદારનાં H0730 | וּבַעֲצֵ֧י અને-સનોબર H6086 | בְרוֹשִׁ֛ים સનોબરનાં H1265 | וּבַזָּהָ֖ב અને-સોનું H2091 | לְכָל־ બધી H3605 | חֶפְצ֑וֹ ઇચ્છા-મુજબ H2656 | אָ֡ז ત્યારે | יִתֵּן֩ આપ્યાં H5414 | הַמֶּ֨לֶךְ રાજા H4428 | שְׁלֹמֹ֤ה સુલેમાને H8010 | לְחִירָם֙ હીરામને H2438 | עֶשְׂרִ֣ים વીસ H6242 | עִ֔יר શહેરો | בְּאֶ֖רֶץ દેશમાં H0776 | הַגָּלִֽיל׃ ગાલીલના H1551

તૂરના રાજા હીરામે સુલેમાનને દેવદારનાં લાકડાં, એરેજવૃક્ષનાં લાકડાં, સોનું અને બીજું જે કંઈ જોઈતું હોય તે આપ્યું, તેથી રાજા સુલેમાને હીરામને ગાલીલ પ્રદેશમાંના વીસ ગામો આપ્યાં.

12 וַיֵּצֵ֤א અને-નીકળ્યો H3318 | חִירָם֙ હીરામ H2438 | מִצֹּ֔ר તૂરથી H6865 | לִרְאוֹת֙ જોવા H7200 | אֶת־ — H0853 | הֶ֣עָרִ֔ים શહેરો | אֲשֶׁ֥ר જે | נָתַן־ આપ્યાં H5414 | ל֖וֹ તેને | שְׁלֹמֹ֑ה સુલેમાને H8010 | וְלֹ֥א અને-નહીં H3808 | יָשְׁר֖וּ ગમ્યાં H3474 | בְּעֵינָֽיו׃ તેની-નજરમાં

સુલેમાને આપેલાં ગામો જોવા માટે હીરામ તૂરથી ત્યાં આવ્યો પણ એ ગામો તેને ગમ્યાં નહિ.

13 וַיֹּ֕אמֶר અને-કહ્યુ H0559 | מָ֚ה શું-છે H4100 | הֶעָרִ֣ים આ-શહેરો | הָאֵ֔לֶּה આ H0428 | אֲשֶׁר־ જે | נָתַ֥תָּה તેં-આપ્યાં H5414 | לִּ֖י મને | אָחִ֑י મારા-ભાઈ H0251 | וַיִּקְרָ֣א અને-તેણે-નામ-પાડ્યું H7121 | לָהֶ֞ם તેમને | אֶ֣רֶץ દેશ H0776 | כָּב֔וּל કાબૂલ H3521 | עַ֖ד આજ H5704 | הַיּ֥וֹם દિવસ H3117 | הַזֶּֽה׃ સુધી H2088 | פ —

તેથી હીરામે કહ્યુ, "મારા ભાઈ, તમે મને આ તે કેવાં ગામો આપ્યાં છે?" અને તેથી તેણે એ પ્રદેશ નું નામ કાબૂલ રાખ્યું, તે પ્રદેશ આજે પણ તે જ નામે ઓળખાય છે.

14 וַיִּשְׁלַ֥ח અને-મોકલ્યું H7971 | חִירָ֖ם હીરામે H2438 | לַמֶּ֑לֶךְ રાજાને H4428 | מֵאָ֥ה એકસો H3967 | וְעֶשְׂרִ֖ים અને-વીસ H6242 | כִּכַּ֥ר તાલંત H3603 | זָהָֽב׃ સોનાના H2091

હીરામે સુલેમાન રાજાને તે ઉપરાંત એકસો વીસ તાલંત + 9:14 લગભગ 4,000 કિલોગ્રામ સોનું ભક્તિસ્થાનના બાંધકામ માટે મોકલી આપ્યું હતું.

15 וְזֶ֨ה અને-આ-છે H2088 | דְבַר־ હિસાબ H1697 | הַמַּ֜ס વેઠનો H4522 | אֲשֶׁר־ જે | הֶעֱלָ֣ה ઉઠાવ્યો H5927 | הַמֶּ֣לֶךְ રાજા H4428 | שְׁלֹמֹ֗ה સુલેમાને H8010 | לִבְנוֹת֙ બાંધવા H1129 | אֶת־ — H0853 | בֵּ֤ית ઘર | יְהוָה֙ યહોવાનું H3068 | וְאֶת־ અને H0853 | בֵּית֔וֹ પોતાનું-ઘર | וְאֶת־ અને H0853 | הַמִּלּ֔וֹא મિલ્લો H4407 | וְאֵ֖ת અને H0853 | חוֹמַ֣ת દીવાલ H2346 | יְרוּשָׁלִָ֑ם યરૂશાલેમની H3389 | וְאֶת־ અને H0853 | חָצֹ֥ר હાસોર H2674 | וְאֶת־ અને H0853 | מְגִדּ֖וֹ મગિદ્દો H4023 | וְאֶת־ અને H0853 | גָּֽזֶר׃ ગેઝેર H1507

સુલેમાને ઈશ્વરનું ભક્તિસ્થાન, પોતાનો મહેલ, મિલ્લોનો કિલ્લો, યરુશાલેમનો કોટ, હાસોર, મગિદ્દો તથા ગેઝેર બાંધવા માટે જે ભારે મજૂરી કરનારા મજૂરોને ભેગા કર્યા તેની વિગત આ પ્રમાણે હતી.

16

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| פַּרְעֹה | מֶֽלֶךְ־ | מִצְרַיִם | עָלָה | וַיִּלְכֹּד | אֶת־ | גֶּזֶר | וַיִּשְׂרְפָהּ | בָּאֵשׁ | וְאֶת־ | הַֽכְּנַעֲנִי | הַיֹּשֵׁב |
| ફારુન | રાજા | મિસરનો | ચઢ્યો | અને-જીત્યું | — | ગેઝેર | અને-બાળ્યું | આગથી | અને | કનાનીઓને | રહેતા |
| H6547 | H4428 | H4714 | H5927 | H3920 | H0853 | H1507 | H8313 | H0784 | H0853 | | H3427 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בָּעִיר | הָרָג | וַֽיִּתְּנָהּ | שִׁלֻּחִים | לְבִתּוֹ | אֵשֶׁת | שְׁלֹמֹה׃ |
| શહેરમાં | મારી-નાખ્યા | અને-આપ્યું | ભેટ-તરીકે | પોતાની-દીકરીને | પત્ની | સુલેમાનની |
| | H2026 | H5414 | H7964 | H1323 | H0802 | H8010 |

મિસરના રાજા ફારુને ગેઝેર પર ચઢાઈ કરી તેને કબજે કર્યું હતું અને બાળી મૂક્યું હતું. અને ત્યાં વસતા કનાનીઓની હત્યા કરી હતી. ત્યાર બાદ તેણે તે નગર પોતાની દીકરીને એટલે સુલેમાનની પત્નીને લગ્નની ભેટમાં આપ્યું.

17

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיִּבֶן | שְׁלֹמֹה | אֶת־ | גֶּזֶר | וְאֶת־ | בֵּית חֹרֹן | תַּחְתּֽוֹן׃ |
| અને-બાંધ્યું | સુલેમાને | — | ગેઝેર | અને | બેથ-હોરોન | નીચલું |
| H1129 | H8010 | H0853 | H1507 | H0853 | H1032 | H8481 |

તેથી સુલેમાને ગેઝેર, નીચાણનું બેથ-હોરોન,

18

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | בַּעֲלָת | וְאֶת־ | [תמר] | (תַּדְמֹר) | בַּמִּדְבָּר | בָּאָרֶץ׃ |
| અને | બાલાથ | અને | — | તાદમોર | અરણ્યમાં | દેશમાં |
| H0853 | H1191 | H0853 | H8559 | H8412 | | H0776 |

બાલાથ અને તામાર અરણ્યમાં આવેલું તાદમોર ફરી બાંધ્યાં.

19

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵת | כָּל־ | עָרֵי | הַמִּסְכְּנוֹת | אֲשֶׁר | הָיוּ | לִשְׁלֹמֹה | וְאֵת | עָרֵי | הָרֶכֶב | וְאֵת | עָרֵי |
| અને | બધાં | શહેરો | ભંડારનાં | જે | હતાં | સુલેમાનનાં | અને | શહેરો | રથનાં | અને | શહેરો |
| H0853 | H3605 | | H4543 | | H1961 | H8010 | H0853 | | H7393 | H0853 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַפָּרָשִׁים | וְאֵת | חֵשֶׁק | שְׁלֹמֹה | אֲשֶׁר | חָשַׁק | לִבְנוֹת | בִּירוּשָׁלִַם | וּבַלְּבָנוֹן | וּבְכֹל | אֶרֶץ |
| ઘોડેસવારોનાં | અને | ઇચ્છા | સુલેમાનની | જે | ચાહ્યુ | બાંધવા | યરૂશાલેમમાં | અને-લબાનોનમાં | અને-બધા | દેશમાં |
| | H0853 | H2837 | H8010 | | | H1129 | H3389 | H3844 | H3605 | H0776 |

| |
|---|
| מֶמְשַׁלְתּוֹ׃ |
| પોતાના-શાસનના |
| H4475 |

તેમ જ સુલેમાને પોતાના બધા ભંડારનાં નગરો, તેમ જ જે શહેરોમાં તે પોતાના રથ અને ઘોડાઓ રાખતો હતો તે પણ ફરી બંધાવ્યાં. અને યરુશાલેમ, લબાનોન અને તેના સમગ્ર સામ્રાજ્ય ફરતે તેણે જે કંઈ બંધાવવા વિચાર્યું હતું તે બધું પણ તેણે બંધાવ્યું.

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כָּל־ | הָעָם | הַנּוֹתָר | מִן־ | הָאֱמֹרִי | הַחִתִּי | הַפְּרִזִּי | הַחִוִּי | וְהַיְבוּסִי | אֲשֶׁר |
| બધા | લોકો | બાકી-રહેલા | — | અમોરીઓ | હિત્તીઓ | પરિઝ્ઝીઓ | હિવ્વીઓ | અને-યબૂસીઓમાંથી | જે |
| H3605 | | H3498 | | H0567 | H2850 | H6522 | H2340 | H2983 | |

| | | | |
|---|---|---|---|
| לֹא־ | מִבְּנֵי | יִשְׂרָאֵל | הֵמָּה׃ |
| નહોતા | ઇઝરાયેલના | સંતાનોમાંથી | તેઓ |
| H3808 | | H3478 | H1992 |

હજી કેટલાક અમોરીઓ, હિત્તીઓ, પરિઝીઓ, હિવ્વીઓ તથા યબૂસીઓ કે જેઓ ઇઝરાયલી નહોતા, તેઓ ઇઝરાયલીઓની વચ્ચે રહેતા હતા.

21

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּנֵיהֶם | אֲשֶׁר | נֹתְרוּ | אַחֲרֵיהֶם | בָּאָרֶץ | אֲשֶׁר | לֹא־ | יָכְלוּ | בְּנֵי | יִשְׂרָאֵל |
| તેમના-સંતાનો | જે | બાકી-રહ્યા | તેમના-પછી | દેશમાં | જેમને | નહોતા | શક્યા | ઇઝરાયેલના-સંતાનો | — |
| | | H3498 | | H0776 | | H3808 | H3201 | | H3478 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לְהַחֲרִימָם | וַיַּעֲלֵם | שְׁלֹמֹה | לְמַס־ | עֹבֵד | עַד | הַיּוֹם | הַזֶּה׃ |
| નાશ-કરવા | સુલેમાને-ઉઠાવ્યા | — | વેઠ | મજૂરી-માટે | આજ | દિવસ | સુધી |
| | H5927 | H8010 | H4522 | H5647 | H5704 | H3117 | H2088 |

જેઓનો સંપૂર્ણ નાશ ઇઝરાયલીઓ કરી શકયા નહોતા તેઓના વંશજો તેઓ હતા. સુલેમાને તેઓને બળજબરીથી ગુલામ બનાવી દીધા હતા, જે આજ દિન સુધી છે.

| 22 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | וּמִבְּנֵי | יִשְׂרָאֵל | לֹא־ | נָתַן | שְׁלֹמֹה | עָבֶד | כִּי־ | הֵם | אַנְשֵׁי |
| | પરંતુ-ઇઝરાયેલના-સંતાનોમાંથી | — | નહોતો-બનાવ્યો | — | સુલેમાને | ગુલામ | કારણ-કે | તેઓ | યોદ્ધાઓ |
| | | H3478 | H3808 | H5414 | H8010 | H5650 | | H1992 | H0376 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הַמִּלְחָמָה | וַעֲבָדָיו | וְשָׂרָיו | וְשָׁלִשָׁיו | וְשָׂרֵי | רִכְבּוֹ | וּפָרָשָׁיו׃ | ס |
| યુદ્ધના | અને-તેના-સેવકો | અને-સરદારો | અને-અધિકારીઓ | અને-સેનાપતિઓ | રથના | અને-ઘોડેસવારો-હતા | — |
| H4421 | H5650 | H8269 | | H8269 | H7393 | | |

સુલેમાને કોઈ ઇઝરાયલીઓને ગુલામ બનાવ્યા નહોતા. પણ તેના બદલે તેઓને તેના સૈનિકો, ચાકરો, અધિપતિઓ, અમલદારો, સેનાપતિઓ, રથસેના અને અશ્વસેનાના નાયકો બનાવ્યા હતા.

| 23 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | אֵלֶּה | שָׂרֵי | הַנִּצָּבִים | אֲשֶׁר | עַל־ | הַמְּלָאכָה | לִשְׁלֹמֹה | חֲמִשִּׁים | וַחֲמֵשׁ | מֵאוֹת |
| | આ-હતા | મુખ્ય-સરદારો | નિરીક્ષકો | જે | ઉપર | કામના | સુલેમાનના | પાંચસો | અને-પચાસ | — |
| | H0428 | H8269 | H5324 | | | H4399 | H8010 | H2572 | H2568 | H3967 |

| | | | |
|---|---|---|---|
| הָרֹדִים | בָּעָם | הָעֹשִׂים | בַּמְּלָאכָה׃ |
| જે-દેખરેખ-રાખતા | લોકો-ઉપર | કામ-કરતા | કામમાં |
| | | | H4399 |

સુલેમાનનાં બાંધકામોમાં કામ કરનારા કારીગરો પર દેખરેખ રાખનાર અધિકારીઓની સંખ્યા પાંચસો પચાસ હતી.

| 24 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | אַךְ | בַּת־ | פַּרְעֹה | עָלְתָה | מֵעִיר | דָּוִד | אֶל־ | בֵּיתָהּ | אֲשֶׁר | בָּנָה־ |
| | પરંતુ | ફારુનની-દીકરી | — | ચઢી-આવી | દાઉદના-શહેરમાંથી | — | — | પોતાના-ઘરમાં | જે | બાંધ્યું-હતું |
| | H0389 | H1323 | H6547 | H5927 | | H1732 | H0413 | | | H1129 |

| | | | | |
|---|---|---|---|---|
| לָהּ | אָז | בָּנָה | אֶת־ | הַמִּלּוֹא׃ |
| તેના-માટે | ત્યારે | બાંધ્યો | — | મિલ્લો |
| | | H1129 | H0853 | H4407 |

ફારુનની પુત્રી દાઉદ નગરથી સુલેમાને તેને માટે બંધાવેલા રાજમહેલમાં ગઈ અને ત્યાર પછી સુલેમાને મિલ્લોનગર + 9:24 મિલો કોઈ પ્રકારનું ખેડેલું જમીન છે, અને કેટલાક માને છે કે તે યરુશાલેમની પૂર્વીય તટની પૂર્વ બાજુ પર બાંધવામાં આવેલી ‘અગાશી’ છે. બંધાવ્યુ.

| 25 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | וְהֶעֱלָה | שְׁלֹמֹה | שָׁלֹשׁ | פְּעָמִים | בַּשָּׁנָה | עֹלוֹת | וּשְׁלָמִים | עַל־ | הַמִּזְבֵּחַ | אֲשֶׁר |
| | અને-ચઢાવતો | સુલેમાન | ત્રણ | વાર | વર્ષમાં | દહનાર્પણો | અને-શાંત્યર્પણો | — | વેદી-ઉપર | જે |
| | H5927 | H8010 | H7969 | H6471 | H8141 | | H8002 | | H4196 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בָּנָה | לַיהוָה | וְהַקְטֵיר | אִתּוֹ | אֲשֶׁר | לִפְנֵי | יְהוָה | וְשִׁלַּם | אֶת־ | הַבָּיִת׃ |
| બાંધી-હતી | યહોવા-માટે | અને-ધૂપ-બાળતો | તેની-સાથે | જે | યહોવાની-આગળ | — | અને-પૂરું-કર્યું | — | ઘર |
| H1129 | H3068 | | H0854 | | H6440 | H3068 | | H0853 | |

સભાસ્થાનનું કામ પૂરું કર્યા પછી સુલેમાને ઈશ્વરને અર્થે જે વેદી બંધાવી હતી. તેના પર તે વર્ષમાં ત્રણ વાર દહનીયાર્પણ અને શાંત્યર્પણોનાં બલિદાન ચઢાવતો હતો. તેવી જ રીતે તે વેદી પર ધૂપનું અર્પણ પણ ચઢાવતો હતો. મિલો કોઈ પ્રકારનું લેન્ડફિલ નો ઉલ્લેખ કરે છે, અને કેટલાક માને છે કે તે યરુશાલેમની પૂર્વીય તટની પૂર્વ બાજુ પર બાંધવામાં આવેલા ટેરેસનો ઉલ્લેખ કરે છે. તે પ્રમાણે તેણે ઈશ્વરના ઘરનું એટલે સભાસ્થાનનું કામ પૂરું કર્યું અને તેનો ઉપયોગ કર્યો.

| 26 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | וָאֳנִי | עָשָׂה | הַמֶּלֶךְ | שְׁלֹמֹה | בְּעֶצְיוֹן־גֶּבֶר | אֲשֶׁר | אֶת־ | אֵלוֹת | עַל־ | שְׂפַת |
| | અને-વહાણો | બનાવ્યાં | રાજા | સુલેમાને | એસ્યોન-ગેબેરમાં | જે | — | એલાથ-પાસે | — | કિનારે |
| | H0590 | | H4428 | H8010 | H6100 | | H0854 | | | H8193 |

| | | | |
|---|---|---|---|
| יַם־ | סוּף | בְּאֶרֶץ | אֱדוֹם׃ |
| લાલ-સમુદ્રના | — | દેશમાં | અદોમના |
| H3220 | H5488 | H0776 | H0123 |

સુલેમાને અદોમના પ્રદેશમાં લાલ સમુદ્રને કિનારે આવેલા એલોથની નજીકના એસ્યોન-ગેબેરમાં વહાણનો કાફલો બનાવ્યો.

| 27 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | וַיִּשְׁלַח | חִירָם | בָּאֳנִי | אֶת־ | עֲבָדָיו | אַנְשֵׁי | אֳנִיּוֹת | יֹדְעֵי | הַיָּם | עִם | עַבְדֵי |
| | અને-મોકલ્યા | હીરામે | વહાણોમાં | — | પોતાના-સેવકોને | નાવિકો | વહાણોના | જાણકાર | સમુદ્રના | સાથે | સેવકોના |
| | H7971 | H2438 | H0590 | H0853 | H5650 | H0376 | H0591 | H3045 | H3220 | | H5650 |

| |
|---|
| שְׁלֹמֹה׃ |
| સુલેમાનના |
| H8010 |

હીરામે પોતાના ચાકરોને એટલે જેઓ સમયના જાણકાર હતા તેવા વહાણવટીઓને વહાણો પર સુલેમાનના ચાકરોની સાથે મોકલ્યા.

28 וַיָּבֹאוּ אֹופִירָה וַיִּקְחוּ מִשָּׁם זָהָב אַרְבַּע־ מֵאֹות וְעֶשְׂרִים כִּכָּר וַיָּבִאוּ אֶל־
અને-તેઓ-ગયા ઓફીરમાં અને-લીધું ત્યાંથી સોનું ચારસો — અને-વીસ તાલંત અને-લાવ્યા —
H0935 H0211 H3947 H8033 H2091 H0702 H3967 H6242 H3603 H0935 H0413

הַמֶּלֶךְ שְׁלֹמֹה׃ פ
રાજા સુલેમાન-પાસે —
H4428 H8010

તેઓ ઓફીર જઈને ત્યાંથી ચારસો વીસ તાલંત + 9:28 14,000 કિલોગ્રામ સોનું લઈને સુલેમાન રાજા પાસે આવ્યા.

## Chapter 10

1 וּמַלְכַּת־ שְׁבָא שֹׁמַעַת אֶת־ שֵׁמַע שְׁלֹמֹה לְשֵׁם יְהוָה וַתָּבֹא לְנַסֹּתֹו בְּחִידֹות׃
અને-રાણી શેબાની સાંભળીને — ખ્યાતિ સુલેમાનની યહોવાના-નામે — અને-આવી પરખવા કોયડાઓથી
H4436 H7614 H8085 H0853 H8010 H8034 H3068 H0935 H5254 H2420

જયારે શેબાની રાણીએ યહોવાહના નામ સંબંધી સુલેમાનની કીર્તિ સાંભળી, ત્યારે તે અટપટા પ્રશ્નો વડે તેની કસોટી કરવા આવી.

2 וַתָּבֹא יְרוּשָׁלְַמָה בְּחַיִל כָּבֵד מְאֹד גְּמַלִּים נֹשְׂאִים בְּשָׂמִים וְזָהָב רַב־ מְאֹד
અને-આવી યરૂશાલેમમાં સૈન્ય-સાથે ઘણા ખૂબ ઊંટો ઉઠાવતાં સુગંધ અને-સોનું ઘણું ખૂબ
H0935 H3389 H2428 H3515 H3966 H1581 H5375 H1314 H2091 H3966

וְאֶבֶן יְקָרָה וַתָּבֹא אֶל־ שְׁלֹמֹה וַתְּדַבֵּר אֵלָיו אֵת כָּל־ אֲשֶׁר הָיָה עִם־
અને-રત્નો કીમતી અને-આવી — સુલેમાન-પાસે અને-બોલી તેને — બધું જે હતું પોતાના
H0068 H3368 H0935 H0413 H8010 H1696 H0413 H0853 H3605 H1961

לְבָבָהּ׃
હૃદયમાં
H3824

તે ઘણા અમલદારો અને ઊંટો લઈને સુગંધીદ્રવ્ય, પુષ્કળ સોનું તથા મૂલ્યવાન પાષાણો સાથે યરુશાલેમમાં આવી. તેણે સુલેમાન પાસે આવીને પોતાના મનમાં જે કંઈ હતું, તે સર્વ સંબંધી તેની સાથે વાત કરી.

3 וַיַּגֶּד־ לָהּ שְׁלֹמֹה אֶת־ כָּל־ דְּבָרֶיהָ לֹא־ הָיָה דָּבָר נֶעְלָם מִן־ הַמֶּלֶךְ
અને-કહ્યુ તેને સુલેમાને — બધા વચનો નહોતું કોઈ-વાત વચન છૂપાયેલું — રાજાથી
H5046 H8010 H0853 H3605 H1697 H3808 H1961 H1697 H5956 H4428

אֲשֶׁר לֹא הִגִּיד לָהּ׃
જે નહોતું કહ્યુ તેને
H3808 H5046

સુલેમાને તેના તમામ પ્રશ્નોના ઉત્તર આપ્યા. તેણે પૂછેલા તમામ પ્રશ્નોના જવાબો આપવાની જાણકારી સુલેમાન ધરાવતો હતો.

4 וַתֵּרֶא מַלְכַּת־ שְׁבָא אֵת כָּל־ חָכְמַת שְׁלֹמֹה וְהַבַּיִת אֲשֶׁר בָּנָה׃
અને-જોઈ રાણીએ શેબાની — બધી બુદ્ધિ સુલેમાનની અને-ઘર જે બાંધ્યું-હતું
H7200 H4436 H7614 H0853 H3605 H2451 H8010 H1129

જયારે શેબાની રાણીએ સુલેમાનનું સર્વ જ્ઞાન, તેનો બાંધેલો મહેલ,

5 וּמַאֲכַל שֻׁלְחָנֹו וּמֹושַׁב עֲבָדָיו וּמַעֲמַד [משרתו] (מְשָׁרְתָיו) וּמַלְבֻּשֵׁיהֶם
અને-ભોજન તેના-મેજનું અને-બેસવું સેવકોનું અને-ઉભા-રહેવું — સેવકોનું અને-તેમનાં-વસ્ત્રો
H3978 H7979 H4186 H5650 H4612 H8334 H8334 H4403

וּמַשְׁקָיו וְעֹלָתֹו אֲשֶׁר יַעֲלֶה בֵּית יְהוָה וְלֹא־ הָיָה בָהּ עֹוד רוּחַ׃
અને-પેયાંનાં અને-દહનાર્પણ જે ચઢાવતો ઘરમાં યહોવાના અને-નહોતો રહ્યો તેનામાં વધુ શ્વાસ
H5927 H3068 H3808 H1961 H5750 H7307

તેની મેજ પરનું ભોજન, તેના સેવકોનું બેસવું, તેના સેવકોનું કામ, તેઓનાં વસ્ત્રો, તેના પાત્રવાહકો તથા યહોવાહના ભક્તિસ્થાનમાં જે દહનીયાર્પણ તે ચઢાવતો હતો તે જોયાં, ત્યારે આભી બની ગઈ.

6

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַתֹּ֨אמֶר | અને-કહ્યુ | H0559 |
| אֶל־ | — | H0413 |
| הַמֶּ֔לֶךְ | રાજાને | H4428 |
| אֱמֶ֣ת | સાચી | H0571 |
| הָיָ֗ה | હતી | H1961 |
| הַדָּבָ֔ר | વાત | H1697 |
| אֲשֶׁ֥ר | જે | |
| שָׁמַ֖עְתִּי | મેં-સાંભળી | H8085 |
| בְּאַרְצִ֑י | મારા-દેશમાં | H0776 |
| עַל־ | — | |
| דְּבָרֶ֖יךָ | તારા-વચનો-વિષે | H1697 |
| וְעַל־ | અને | |
| חָכְמָתֶֽךָ׃ | તારી-બુદ્ધિ-વિષે | H2451 |

તેણે રાજાને કહ્યુ, "તમારાં કૃત્યો વિષે તથા તમારા જ્ઞાન વિષે થતી જે વાત મેં મારા પોતાના દેશમાં સાંભળી હતી તે સાચી છે.

7

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְלֹא־ | અને-નહોતી | H3808 |
| הֶאֱמַ֣נְתִּי | માની | H0539 |
| לַדְּבָרִ֗ים | વાતો | H1697 |
| עַ֤ד | જ્યાં-સુધી | H5704 |
| אֲשֶׁר־ | કે | |
| בָּ֙אתִי֙ | આવી | H0935 |
| וַתִּרְאֶ֣ינָה | અને-જોયું | H7200 |
| עֵינַ֔י | મારી-આખોએ | |
| וְהִנֵּ֥ה | અને-જુઓ | H2009 |
| לֹֽא־ | નહોતું | H3808 |
| הֻגַּד־ | કહેવાયું | H5046 |
| לִ֖י | મને | |
| הַחֵ֑צִי | અધું | H2677 |
| הוֹסַ֤פְתָּ | તેં-વધાર્યું | H3254 |
| חָכְמָה֙ | બુદ્ધિ | H2451 |
| וָט֔וֹב | અને-સારું | |
| אֶל־ | — | H0413 |
| הַשְּׁמוּעָ֖ה | ખબર-ઉપરાંત | H8052 |
| אֲשֶׁ֥ר | જે | |
| שָׁמָֽעְתִּי׃ | મેં-સાંભળી-હતી | H8085 |

મેં આવીને મારી પોતાની નજરે તે જોયું, ત્યાં સુધી હું તે વાત માનતી ન હતી. મને તો અડધું પણ કહેવામાં આવ્યું ન હતું. જે કીર્તિ મેં સાંભળી હતી તે કરતાં તમારું જ્ઞાન તથા તમારી સમૃદ્ધિ વિશેષ છે.

8

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| אַשְׁרֵ֣י | ધન્ય | H0835 |
| אֲנָשֶׁ֔יךָ | તારા-માણસો | H0376 |
| אַשְׁרֵ֖י | ધન્ય | H0835 |
| עֲבָדֶ֣יךָ | તારા-સેવકો | H5650 |
| אֵ֑לֶּה | આ | H0428 |
| הָעֹמְדִ֤ים | ઉભા-રહેનારા | H5975 |
| לְפָנֶ֙יךָ֙ | તારી-આગળ | H6440 |
| תָּמִ֔יד | સદા | H8548 |
| הַשֹּׁמְעִ֖ים | સાંભળનારા | H8085 |
| אֶת־ | — | H0853 |
| חָכְמָתֶֽךָ׃ | તારી-બુદ્ધિ | H2451 |

તમારા લોકો ઘણા આશીર્વાદિત છે અને તમારા સેવકો પણ ખૂબ આશીર્વાદિત છે, તેઓ નિત્ય તમારી સમક્ષ ઊભા રહીને તમારા ડહાપણનો લાભ લે છે

9

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| יְהִ֨י | હો | H1961 |
| יְהוָ֤ה | યહોવા | H3068 |
| אֱלֹהֶ֙יךָ֙ | તારો-ઈશ્વર | H0430 |
| בָּר֔וּךְ | ધન્ય | H1288 |
| אֲשֶׁר֙ | જેને | |
| חָפֵ֣ץ | આનંદ-હતો | |
| בְּךָ֔ | તારામાં | |
| לְתִתְּךָ֖ | મૂકવા | H5414 |
| עַל־ | ઉપર | |
| כִּסֵּ֣א | રાજ્યાસન | H3678 |
| יִשְׂרָאֵ֑ל | ઇઝરાયેલનું | H3478 |
| בְּאַהֲבַ֨ת | યહોવાના-પ્રેમથી | H0160 |
| יְהוָ֤ה | — | H3068 |
| אֶת־ | — | H0853 |
| יִשְׂרָאֵל֙ | ઇઝરાયેલને | H3478 |
| לְעֹלָ֔ם | સદાકાળ | H5769 |
| וַיְשִֽׂימְךָ֣ | અને-બેસાડ્યા | |
| לְמֶ֔לֶךְ | રાજા-તરીકે | H4428 |
| לַעֲשׂ֖וֹת | કરવા | |
| מִשְׁפָּ֥ט | ન્યાય | H4941 |
| וּצְדָקָֽה׃ | અને-ધાર્મિકતા | H6666 |

તમારા ઈશ્વર યહોવાહની સ્તુતિ થાઓ, તેમણે તમારા પર પ્રસન્ન થઈને તમને ઇઝરાયલના રાજ્યાસન પર બેસાડ્યા છે. કેમ કે યહોવાહે ઇઝરાયલ પરના પોતાના સતત પ્રેમને લીધે તમને ન્યાય તથા ઇનસાફ કરવા માટે રાજા બનાવ્યા છે"

10

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַתִּתֵּ֨ן | અને-આપ્યું | H5414 |
| לַמֶּ֜לֶךְ | રાજાને | H4428 |
| מֵאָ֣ה | એકસો | H3967 |
| וְעֶשְׂרִ֣ים | અને-વીસ | H6242 |
| כִּכַּ֣ר | તાલંત | H3603 |
| זָהָ֗ב | સોનાનું | H2091 |
| וּבְשָׂמִ֛ים | અને-સુગંધ | H1314 |
| הַרְבֵּ֥ה | ઘણાં | |
| מְאֹ֖ד | ખૂબ | H3966 |
| וְאֶ֣בֶן | અને-રત્નો | H0068 |
| יְקָרָ֑ה | કીમતી | H3368 |
| לֹא־ | નહોતું-આવ્યું | H3808 |
| בָא֩ | એવી | H0935 |
| כַבֹּ֨שֶׂם | સુગંધ | H1314 |
| הַה֥וּא | તે | H1931 |
| ע֜וֹד | વધુ | H5750 |
| לָרֹ֗ב | આટલી | H7230 |
| אֲשֶׁר־ | જે | |
| נָתְנָ֛ה | આપ્યું | H5414 |
| מַלְכַּת־ | રાણીએ | H4436 |
| שְׁבָ֖א | શેબાની | H7614 |
| לַמֶּ֥לֶךְ | રાજા | H4428 |
| שְׁלֹמֹֽה׃ | સુલેમાનને | H8010 |

શેબાની રાણીએ સુલેમાન રાજાને એકસો વીસ તાલંત સોનું + 10:10 4,000 કિલોગ્રામથી વધુ, પુષ્કળ સુગંધીદ્રવ્ય અને મૂલ્યવાન પાષાણો આપ્યાં. શેબાની રાણીએ જે સુગંધીદ્રવ્યો સુલેમાન રાજાને આપ્યાં તેટલાં બધાં કદી ફરીથી તેને મળ્યાં ન હતા.

11

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְגַ֗ם | અને-પણ | H1571 |
| אֳנִ֤י | વહાણો | H0590 |
| חִירָם֙ | હીરામનાં | H2438 |
| אֲשֶׁר־ | જે | |
| נָשָׂ֥א | લાવતાં-હતાં | H5375 |
| זָהָ֖ב | સોનું | H2091 |
| מֵאוֹפִ֑יר | ઓફીરથી | H0211 |
| הֵבִ֨יא | લાવ્યાં | H0935 |
| מֵאֹפִ֜יר | ઓફીરથી | H0211 |
| עֲצֵ֧י | લાકડાંનાં | H6086 |
| אַלְמֻגִּ֛ים | ચંદનનાં | H0484 |
| הַרְבֵּ֥ה | ઘણાં | |
| מְאֹ֖ד | ખૂબ | H3966 |
| וְאֶ֥בֶן | અને-રત્નો | H0068 |
| יְקָרָֽה׃ | કીમતી | H3368 |

હીરામનાં વહાણો ઓફીરથી સોનું લાવ્યાં હતાં, તે વહાણો પુષ્કળ પ્રમાણમાં સુખડનાં લાકડાં તથા મૂલ્યવાન પાષાણો પણ ઓફીરથી લાવ્યાં.

12

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּלְבֵית | יְהוָה | לְבֵית־ | מִסְעָד | הָאַלְמֻגִּים | עֲצֵי | אֶת־ | הַמֶּלֶךְ | וַיַּעַשׂ |
| અને-રાજાના-ઘર-માટે | — | યહોવાના-ઘર-માટે | આધાર | ચંદનના | લાકડાંનાં | — | રાજાએ | અને-બનાવ્યા |
| | H3068 | | H4552 | H0484 | H6086 | H0853 | H4428 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| נִרְאָה | וְלֹא | אַלְמֻגִּים | עֲצֵי | כֵּן | בָא־ | לֹא | לַשָּׁרִים | וּנְבָלִים | וְכִנֹּרוֹת | הַמֶּלֶךְ |
| જોવાયું | અને-નહોતું | ચંદનનું | લાકડું | એવું | આવ્યું | નહોતું | ગાયકો-માટે | અને-સિતારો | અને-વીણાઓ | — |
| H7200 | H3808 | H0484 | H6086 | | H0935 | H3808 | H7891 | | H3658 | H4428 |

| | | |
|---|---|---|
| הַזֶּה: | הַיּוֹם | עַד |
| સુધી | દિવસ | આજ |
| H2088 | H3117 | H5704 |

રાજાએ તે સુખડનાં + 10:12 ચંદનના લાકડા લાકડાંના યહોવાહના સભાસ્થાનને માટે તથા રાજાના મહેલને માટે સ્તંભો તથા ગાનારાઓને માટે વીણા અને તંબૂરા બનાવ્યા. એવાં મૂલ્યવાન સુખડનાં લાકડાં આજ દિવસ સુધી કદી આવ્યાં કે દેખાયાં નહોતાં.

13

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | מִלְּבַד | שָׁאָלָה | אֲשֶׁר | חֶפְצָהּ | כָּל־ | אֶת־ | שְׁבָא | לְמַלְכַּת־ | נָתַן | שְׁלֹמֹה | וְהַמֶּלֶךְ |
| જે | ઉપરાંત | માંગી | જે | ઇચ્છા | બધી | — | શેબાની | રાણીને | આપ્યું | સુલેમાને | અને-રાજા |
| | H0905 | H7592 | | H2656 | H3605 | H0853 | H7614 | H4436 | H5414 | H8010 | H4428 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ס | וַעֲבָדֶיהָ: | הִיא | לְאַרְצָהּ | וַתֵּלֶךְ | וַתֵּפֶן | שְׁלֹמֹה | הַמֶּלֶךְ | כְּיַד | לָהּ | נָתַן־ |
| — | અને-સેવકો | તે | પોતાના-દેશમાં | અને-ગઈ | અને-વળી | સુલેમાનના | રાજા | હાથથી | તેને | આપ્યું |
| | H5650 | H1931 | H0776 | H3212 | H6437 | H8010 | H4428 | H3027 | | H5414 |

શેબાની રાણીએ જે કંઈ માગ્યું તે તેની સર્વ ઇચ્છા પ્રમાણે સુલેમાન રાજાએ તેને આપ્યું, તે ઉપરાંત સુલેમાને પોતાની બક્ષિશો તેને આપી. પછી તે પછી વળીને પોતાના ચાકરો સાથે પરત પોતાના દેશમાં ગઈ.

14

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וָשֵׁשׁ | שִׁשִּׁים | מֵאוֹת | שֵׁשׁ | אֶחָת | בְּשָׁנָה | לִשְׁלֹמֹה | בָּא | אֲשֶׁר־ | הַזָּהָב | מִשְׁקַל | וַיְהִי |
| અને-છ | સાંઈઠ | સો | છ | એક | વર્ષમાં | સુલેમાનને | આવતું-હતું | જે | સોનાનું | વજન | અને-હતું |
| H8337 | H8346 | H3967 | H8337 | H0259 | H8141 | H8010 | H0935 | | H2091 | H4948 | H1961 |

| | |
|---|---|
| זָהָב: | כִּכַּר |
| સોનાના | તાલંત |
| H2091 | H3603 |

હવે દર વર્ષે સુલેમાનને ત્યાં જે સોનું આવતું હતું તેનું વજન છસો છાસઠ તાલંત + 10:14 લગભગ ત્રેવીસ હજાર કિલોગ્રામ હતું.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הָאָרֶץ: | וּפַחוֹת | הָעֶרֶב | מַלְכֵי | וְכָל־ | הָרֹכְלִים | וּמִסְחַר | הַתָּרִים | מֵאַנְשֵׁי | לְבַד |
| દેશના | અને-રાજ્યપાલો | અરબના | રાજાઓ | અને-બધા | વેપારીઓના | અને-વેપાર | માણસો | વ્યાપારીઓના | ઉપરાંત |
| H0776 | H6346 | | H4428 | H3605 | H7402 | H4536 | H8446 | H0376 | H0905 |

વળી મુસાફર લોકો લાવતા હતા તે અને વેપારીઓના વેપારથી તથા મિશ્ર લોકોના સર્વ રાજાઓ તરફથી તથા દેશના રાજ્યપાલો તરફથી જે મળતું હતું તે તો જુદું.

16

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יַעֲלֶה | זָהָב | מֵאוֹת | שֵׁשׁ־ | שָׁחוּט | זָהָב | צִנָּה | מָאתַיִם | שְׁלֹמֹה | הַמֶּלֶךְ | וַיַּעַשׂ |
| ચઢતું-હતું | સોનું | સો | છ | ઘડેલી | સોનાની | મોટી-ઢાલો | બસો | સુલેમાને | રાજા | અને-બનાવ્યાં |
| H5927 | H2091 | H3967 | H8337 | H7820 | H2091 | | H3967 | H8010 | H4428 | |

| | | |
|---|---|---|
| הָאֶחָת: | הַצִּנָּה | עַל־ |
| એક | ઢાલ | ઉપર |
| H0259 | | |

સુલેમાન રાજાએ ઘડેલા સોનાની બસો મોટી ઢાલ બનાવી. દરેક મોટી ઢાલમાં છસો શેકેલ સોનું વપરાયું હતું.

17

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הָאֶחָת | הַמָּגֵן | עַל־ | יַעֲלֶה | זָהָב | מָנִים | שְׁלֹשֶׁת | שָׁחוּט | זָהָב | מָגִנִּים | מֵאוֹת | וּשְׁלֹשׁ־ |
| એક | ઢાલ | ઉપર | ચઢતું-હતું | સોનું | મના | ત્રણ | ઘડેલી | સોનાની | નાની-ઢાલો | — | અને-ત્રણસો |
| H0259 | H4043 | | H5927 | H2091 | H4488 | H7969 | H7820 | H2091 | H4043 | H3967 | H7969 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| פ | הַלְּבָנוֹן: | יַעַר | בֵּית | הַמֶּלֶךְ | וַיִּתְּנֵם |
| — | લબાનોનના | વનના | ઘરમાં | રાજાએ | અને-મૂક્યાં |
| | H3844 | | | H4428 | H5414 |

તેણે ઘડેલા સોનાની બીજી ત્રણસો ઢાલ બનાવી. એ દરેક ઢાલમાં ત્રણ માનેહ + 10:17 લગભગ બે કિલોગ્રામ સોનું વપરાયું હતું; રાજાએ તે ઢાલ લબાનોનના વનગૃહમાં મૂકી.

18

| | | |
|---|---|---|
| וַיַּעַשׂ | અને-બનાવ્યું | |
| הַמֶּלֶךְ | રાજાએ | H4428 |
| כִסֵּא־ | રાજ્યાસન | H3678 |
| שֵׁן | હાથીદાંતનું | H8127 |
| גָּדוֹל | મોટું | |
| וַיְצַפֵּהוּ | અને-મઢ્યું | H6823 |
| זָהָב | શુદ્ધ-સોનાથી | H2091 |
| מוּפָז׃ | શોધેલું | H6338 |

પછી રાજાએ હાથીદાંતનું એક મોટું સિંહાસન બનાવ્યું અને તેના પર ચોખ્ખું સોનું મઢ્યું.

19

| | | |
|---|---|---|
| שֵׁשׁ | છ | H8337 |
| מַעֲלוֹת | પગથિયાં | |
| לַכִּסֵּה | રાજ્યાસનને | H3678 |
| וְרֹאשׁ־ | અને-ગોળાકાર | |
| עָגֹל | ટોચું | H5696 |
| לַכִּסֵּה | રાજ્યાસનને | H3678 |
| מֵאַחֲרָיו | પાછળથી | |
| וְיָדֹת | અને-હાથના-આધારો | H3027 |
| מִזֶּה | આ-બાજુથી | H2088 |

| | | |
|---|---|---|
| וּמִזֶּה | અને-તે-બાજુથી | H2088 |
| אֶל־ | — | H0413 |
| מְקוֹם | જગ્યાએ | H4725 |
| הַשָּׁבֶת | બેસવાની | H7675 |
| וּשְׁנַיִם | અને-બે | H8147 |
| אֲרָיוֹת | સિંહો | |
| עֹמְדִים | ઉભા-હતા | H5975 |
| אֵצֶל | પાસે | H0681 |
| הַיָּדוֹת׃ | હાથના-આધારોના | H3027 |

સિંહાસનને છ પગથિયાં હતાં અને સિંહાસનનો ઉપલો ભાગ પાછળથી ગોળ હતો. બેઠકની પાસે બન્ને બાજુએ હાથા હતા અને તે હાથાઓની બાજુએ બે સિંહ ઊભા હતા.

20

| | | |
|---|---|---|
| וּשְׁנֵים | અને-બાર | H8147 |
| עָשָׂר | સિંહો | H6240 |
| אֲרָיִים | — | |
| עֹמְדִים | ઉભા-હતા | H5975 |
| שָׁם | ત્યાં | H8033 |
| עַל־ | ઉપર | |
| שֵׁשׁ | છ | H8337 |
| הַמַּעֲלוֹת | પગથિયાં | |
| מִזֶּה | આ-બાજુથી | H2088 |
| וּמִזֶּה | અને-તે-બાજુથી | H2088 |
| לֹא־ | નહોતું | H3808 |

| | | |
|---|---|---|
| נַעֲשָׂה | બનાવાયું | |
| כֵן | એવું | |
| לְכָל־ | બધા | H3605 |
| מַמְלָכוֹת׃ | રાજ્યોમાં | H4467 |

છ પગથીયા પર આ બાજુએ તથા બીજી બાજુએ બાર સિંહો ઊભેલા હતા. આના જેવું સિંહાસન કોઈપણ રાજ્યમાં બનાવવામાં આવ્યું ન હતું.

21

| | | |
|---|---|---|
| וְכֹל | અને-બધા | H3605 |
| כְּלֵי | વાસણો | H3627 |
| מַשְׁקֵה | પીવાનાં | |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| שְׁלֹמֹה | સુલેમાનનાં | H8010 |
| זָהָב | સોનાના | H2091 |
| וְכֹל | અને-બધા | H3605 |
| כְּלֵי | વાસણો | H3627 |
| בֵּית־ | વનના-ઘરના | |
| יַעַר | — | |
| הַלְּבָנוֹן | લબાનોનના | H3844 |

| | | |
|---|---|---|
| זָהָב | સોનાન | H2091 |
| סָגוּר | શુદ્ધ | H5462 |
| אֵין | નહોતું | H0369 |
| כֶּסֶף | ચાંદી | H3701 |
| לֹא | નહોતું | H3808 |
| נֶחְשָׁב | ગણાતું | H2803 |
| בִּימֵי | દિવસોમાં | H3117 |
| שְׁלֹמֹה | સુલેમાનના | H8010 |
| לִמְאוּמָה׃ | કંઈપણ | H3972 |

સુલેમાન રાજાનાં પીવાનાં સર્વ પાત્રો સોનાનાં હતાં અને લબાનોન વનગૃહમાંનાં સર્વ પાત્રો ચોખ્ખા સોનાનાં હતાં. ચાંદીનું એક પણ પાત્ર જન હતું. કેમ કે સુલેમાનના સમયમાં ચાંદીની કશી વિસાત ન હતી.

22

| | | |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| אֳנִי | વહાણો | H0590 |
| תַרְשִׁישׁ | તારશીશના | H8659 |
| לַמֶּלֶךְ | રાજાના | H4428 |
| בַּיָּם | સમુદ્રમાં | H3220 |
| עִם | સાથે | |
| אֳנִי | વહાણો | H0590 |
| חִירָם | હીરામનાં | H2438 |
| אַחַת | એક-વાર | H0259 |
| לְשָׁלֹשׁ | ત્રણ | H7969 |
| שָׁנִים | વર્ષે | H8141 |
| תָּבוֹא | આવતું-હતું | H0935 |

| | | |
|---|---|---|
| אֳנִי | વહાણ | H0590 |
| תַרְשִׁישׁ | તારશીશનું | H8659 |
| נֹשְׂאֵת | લાવતું-હતું | H5375 |
| זָהָב | સોનું | H2091 |
| וָכֶסֶף | અને-ચાંદી | H3701 |
| שֶׁנְהַבִּים | હાથીદાંત | H8143 |
| וְקֹפִים | અને-વાંદરાઓ | H6971 |
| וְתֻכִּיִּים׃ | અને-મોર | H8500 |

રાજાનો તાર્શીશ વહાણનો એક કાફલો હીરામના કાફલા સાથે સમુદ્ર પર ફરતો હતો. દર ત્રણ વર્ષે એકવાર તાર્શીશનો કાફલો સોનું, ચાંદી, હાથીદાંત, વાનરો અને મોર લઈને આવતો હતો.

23

| | | |
|---|---|---|
| וַיִּגְדַּל | અને-મહાન-થયો | H1431 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| שְׁלֹמֹה | સુલેમાન | H8010 |
| מִכֹּל | બધા | H3605 |
| מַלְכֵי | રાજાઓથી | H4428 |
| הָאָרֶץ | પૃથ્વીના | H0776 |
| לְעֹשֶׁר | ધનમાં | H6239 |
| וּלְחָכְמָה׃ | અને-બુદ્ધિમાં | H2451 |

સુલેમાન રાજા પૃથ્વી પરના સર્વ રાજાઓ કરતાં દ્રવ્ય તથા જ્ઞાનમાં સૌથી શ્રેષ્ઠ હતો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| נָתַן | אֲשֶׁר־ | חָכְמָתוֹ | אֶת־ | לִשְׁמֹעַ | שְׁלֹמֹה | פְּנֵי | אֶת־ | מְבַקְשִׁים | הָאָרֶץ | וְכָל־ | 24 |
| આપી-હતી | જે | બુદ્ધિ | — | સાંભળવા | સુલેમાનનું | મુખ | — | શોધતી-હતી | પૃથ્વી | અને-બધી | |
| H5414 | | H2451 | H0853 | H8085 | H8010 | H6440 | H0853 | H1245 | H0776 | H3605 | |

| | |
|---|---|
| בְּלִבּוֹ׃ | אֱלֹהִים |
| તેના-હ્રદયમાં | ઈશ્વરે |
| | H0430 |

ઈશ્વરે સુલેમાનના હ્રદયમાં જે જ્ઞાન મૂક્યું હતું તે સાંભળવા આખી પૃથ્વી પરના લોકો સુલેમાનની સમક્ષ આવતા.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּשְׂלָמוֹת | זָהָב | וּכְלֵי | כֶסֶף | כְּלֵי | מִנְחָתוֹ | אִישׁ | מְבִאִים | וְהֵמָּה | 25 |
| અને-વસ્ત્રો | — | અને-સોનાના-વાસણો | — | ચાંદીનાં-વાસણો | ભેટો | પ્રત્યેક | લાવતા-હતા | અને-તેઓ | |
| H8008 | H2091 | H3627 | H3701 | H3627 | H4503 | H0376 | H0935 | H1992 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ס | בְּשָׁנָה׃ | שָׁנָה | דְּבַר־ | וּפְרָדִים | סוּסִים | וּבְשָׂמִים | וְנֶשֶׁק |
| — | — | વર્ષે-વર્ષે | પ્રમાણે | અને-ખચ્ચરો | ઘોડાઓ | અને-સુગંધ | અને-હથિયારો |
| | H8141 | H8141 | H1697 | H6505 | | H1314 | H5402 |

તે દરેક પોતપોતાની ભેટો, એટલે સોનાચાંદીનાં પાત્રો, વસ્ત્રો, શસ્ત્રો, સુગંધીદ્રવ્ય, ઘોડા તથા ખચ્ચરો, વાર્ષિક ખંડણી તરીકે લાવતા હતા.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| רֶכֶב | מֵאוֹת | וְאַרְבַּע־ | אֶלֶף | לוֹ | וַיְהִי־ | וּפָרָשִׁים | רֶכֶב | שְׁלֹמֹה | וַיֶּאֱסֹף | 26 |
| રથો | — | અને-ચારસો | હજાર | તેની-પાસે | અને-હતા | અને-ઘોડેસવારો | રથો | સુલેમાને | અને-એકઠા-કર્યા | |
| H7393 | H3967 | H0702 | H0505 | | H1961 | | H7393 | H8010 | H0622 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בִּירוּשָׁלִָם׃ | הַמֶּלֶךְ | וְעִם־ | הָרֶכֶב | בְּעָרֵי | וַיַּנְחֵם | פָּרָשִׁים | אֶלֶף | עָשָׂר | וּשְׁנֵים־ |
| યરૂશાલેમમાં | રાજા-સાથે | અને | રથન⬚ઃ | શહેરોમાં | અને-રાખ્યા | ઘોડેસવારો | — | — | અને-બાર-હજાર |
| H3389 | H4428 | | H7393 | | H5148 | | H0505 | H6240 | H8147 |

એલિયાનો ઝભ્ભો જે તેની પાસેથી પડ્યો તે લઈને એલિશાએ પાણી પર મારીને કહ્યુ, “એલિયાના ઈશ્વર યહોવાહ કયાં છે?” જયારે તેણે પાણી પર માર્યું ત્યારે તે પાણી બે ભાગમાં વહેંચાય ગયાં અને એલિશા નદીની પાર ગયો.

15
וַיִּרְאֻ֨הוּ અને-જોયો-તેને H7200
בְנֵֽי־ દીકરાઓએ
הַנְּבִיאִ֤ים પ્રબોધકોના H5030
אֲשֶׁר־ જે
בִּירִיחוֹ֙ યરીખોમાં-હતા H3405
מִנֶּ֔גֶד સામેથી H5048
וַיֹּ֣אמְר֔וּ અને-કહ્યુ H0559
נָ֥חָה ઊતર્યો H5117
ר֛וּחַ આત્મા H7307
אֵלִיָּ֖הוּ એલિયાનો H0452
עַל־ પર
אֱלִישָׁ֑ע અલીશા H0477
וַיָּבֹ֙אוּ֙ અને-આવ્યા H0935
לִקְרָאת֔וֹ તેને-મળવા H7125
וַיִּשְׁתַּחֲווּ־ અને-નમ્યા H7812
ל֖וֹ તેને
אָֽרְצָה׃ જમીન-સુધી H0776

જયારે યરીખોના પ્રબોધકોના દીકરાઓ તેની સામે ઊભેલા હતા તેઓએ તેને જોયો અને કહ્યુ, “એલિયાનો આત્મા એલિશા પર ઊતરેલો છે” માટે તેઓ તેને મળવા આવ્યા અને તેને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા.

16
וַיֹּאמְר֣וּ અને-કહ્યુ H0559
אֵ֠לָיו તેને H0413
הִנֵּֽה־ જુઓ H2009
נָ֨א કૃપા-કરીને H4994
יֵֽשׁ־ છે H3426
אֶת־ તે H0854
עֲבָדֶ֜יךָ તારા-સેવકો-પાસે H5650
חֲמִשִּׁ֣ים પચાસ H2572
אֲנָשִׁים֮ માણસો H0376
בְּנֵי־ દીકરાઓ
חַיִל֒ બળવાન H2428
יֵ֣לְכוּ જવા-દે H3212
נָ֗א કૃપા-કરીને H4994
וִיבַקְשׁ֣וּ અને-શોધે H1245
אֶת־ તે H0853
אֲדֹנֶ֔יךָ તારા-ગુરુને H0113
פֶּן־ કદાચ H6435
נְשָׂאוֹ֙ ઉઠાવ્યો-હોય H5375
ר֣וּחַ આત્માએ H7307
יְהוָ֔ה યહોવાહના H3068
וַיַּשְׁלִכֵ֙הוּ֙ અને-ફેંક્યો-હોય H7993
בְּאַחַ֣ד એક H0259
הֶהָרִ֔ים પર્વત-પર H2022
א֖וֹ અથવા
בְּאַחַ֣ת એક H0259
[הגיאות] ખીણમાં H1516
(הַגֵּאָי֑וֹת) ખીણોમાં H1516
וַיֹּ֖אמֶר અને-કહ્યુ H0559
לֹ֥א ના H3808
תִשְׁלָֽחוּ׃ મોકલશો H7971

તેઓએ એલિશાને કહ્યુ, “હવે જો, તારા દાસોની સાથે પચાસ મજબૂત માણસો છે. અમને જવા દે, કે અમે જઈને તારા ગુરુની શોધ કરીને જોઈએ, કદાચ ઈશ્વરના આત્માએ એલિયાને ઉઠાવીને કોઈ પર્વત પર કે ખીણમાં રાખ્યો હોય.” એલિશાએ કહ્યુ, “ના, તેઓને મોકલશો નહિ.”

17

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּפְצְרוּ־ | בוֹ | עַד־ | בֹּשׁ | וַיֹּאמֶר | שְׁלָחוּ | וַיִּשְׁלְחוּ | חֲמִשִּׁים | אִישׁ | וַיְבַקְשׁוּ | שְׁלֹשָׁה־ | יָמִים | וְלֹא | מְצָאֻהוּ׃ |
| અને-આગ્રહ-કર્યો | તેને | સુધી | શરમ | અને-કહ્યુ | મોકલો | અને-મોકલ્યા | પચાસ | માણસ | અને-શોધ્યા | ત્રણ | દિવસ | અને-નહિ | મળ્યો |
| H6484 | | H5704 | H0954 | H0559 | H7971 | H7971 | H2572 | H0376 | H1245 | H7969 | H3117 | H3808 | H4672 |

પણ જયાં સુધી એલિશા શરમાઈ ગયો ત્યાં સુધી તેઓએ તેને આગ્રહ કર્યો, તેણે કહ્યુ, તેઓને મોકલો.” પછી તેઓએ પચાસ માણસો મોકલ્યા, તેઓએ ત્રણ દિવસ સુધી શોધ કરી પણ તે મળ્યો નહિ.

18

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּשֻׁבוּ | אֵלָיו | וְהוּא | יֹשֵׁב | בִּירִיחוֹ | וַיֹּאמֶר | אֲלֵהֶם | הֲלוֹא־ | אָמַרְתִּי | אֲלֵיכֶם | אַל־ | תֵּלֵכוּ׃ |
| અને-પાછા-આવ્યા | તેની-પાસે | અને-તે | રહેતો-હતો | યરીખોમાં | અને-કહ્યુ | તેઓને | શું-નહિ | કહ્યુ-હતું | તમને | ના | જાઓ |
| H7725 | H0413 | H1931 | H3427 | H3405 | H0559 | H0413 | H3808 | H0559 | H0413 | H0408 | H3212 |

તે યરીખોમાં હતો, તે દરમિયાન તેઓ તેની પાસે પાછા આવ્યા. તેણે તેઓને કહ્યુ, “શું મેં તમને નહોતું કહ્યુ કે, જશો નહિ?”

19

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמְרוּ | אַנְשֵׁי | הָעִיר | אֶל־ | אֱלִישָׁע | הִנֵּה־ | נָא | מוֹשַׁב | הָעִיר | טוֹב | כַּאֲשֶׁר | אֲדֹנִי | רֹאֶה | וְהַמַּיִם | רָעִים | וְהָאָרֶץ | מְשַׁכָּלֶת׃ |
| અને-કહ્યુ | માણસોએ | શહેરના | ને | અલીશાને | જુઓ | કૃપા-કરીને | સ્થાન | શહેરનું | સારું-છે | જેમ | ગુરુ | જુએ-છે | અને-પાણી | ખરાબ-છે | અને-જમીન | વાંઝણી-છે |
| H0559 | H0376 | | H0413 | H0477 | H2009 | H4994 | H4186 | | | | H0113 | H7200 | H4325 | | H0776 | |

તે નગરના માણસોએ એલિશાને કહ્યુ, “કૃપા કરીને જો, જેમ મારા માલિક જુએ છે કે આ શહેર કેવું રમણીય છે, પણ અહીંનું પાણી સારું નથી અને દેશ ફળદ્રુપ નથી.”

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | קְחוּ־ | לִי | צְלֹחִית | חֲדָשָׁה | וְשִׂימוּ | שָׁם | מֶלַח | וַיִּקְחוּ | אֵלָיו׃ |
| અને-કહ્યુ | લાવો | મને | વાટકો | નવો | અને-નાખો | ત્યાં | મીઠું | અને-લાવ્યા | તેને |
| H0559 | H3947 | | H6746 | H2319 | | H8033 | H4417 | H3947 | H0413 |

એલિશાએ કહ્યુ, “મને એક નવો વાટકો લાવી આપો અને તેમાં થોડું મીઠું નાખો.” એટલે તેઓ તેની પાસે લાવ્યા.

21

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּצֵא | אֶל־ | מוֹצָא | הַמַּיִם | וַיַּשְׁלֶךְ־ | שָׁם | מֶלַח | וַיֹּאמֶר | כֹּה־ | אָמַר | יְהוָה | רִפִּאתִי | לַמַּיִם | הָאֵלֶּה | לֹא־ | יִהְיֶה | מִשָּׁם | עוֹד | מָוֶת | וּמְשַׁכָּלֶת׃ |
| અને-ગયો-બહાર | પાસે | ઝરણા | પાણીના | અને-નાખ્યું | ત્યાં | મીઠું | અને-કહ્યુ | આમ | કહે-છે | યહોવાહ | સાજા-કર્યા | આ-પાણીને | આ | નહિ | થાય | ત્યાંથી | ફરી | મૃત્યુ | કે-વાંઝણી |
| H3318 | H0413 | H4161 | H4325 | H7993 | H8033 | H4417 | H0559 | H3541 | H0559 | H3068 | H7495 | H4325 | H0428 | H3808 | H1961 | H8033 | H5750 | H4194 | |

એલિશાએ ઝરા પાસે જઈને તેમાં મીઠું નાખીને કહ્યુ, “ઈશ્વર એમ કહે છે, ‘મેં આ પાણીને નીરોગી કર્યા છે. હવે પછી તેમાં કોઈ મરણ થશે નહિ કે ફળ ખરી પડશે નહિ.’

22

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּרָפוּ | הַמַּיִם | עַד | הַיּוֹם | הַזֶּה | כִּדְבַר | אֱלִישָׁע | אֲשֶׁר | דִּבֵּר׃ | פ |
| અને-સાજાં-થયાં | પાણી | સુધી | આજના | દિવસ | વચન-પ્રમાણે | અલીશાના | જે | બોલ્યા | — |
| H7495 | H4325 | H5704 | H3117 | H2088 | H1697 | H0477 | | H1696 | |

માટે એલિશા જે વચન બોલ્યો તે પ્રમાણે આજ સુધી તે પાણી શુદ્ધ છે.

23

| וַיַּעַל | מִשָּׁם | בֵּית־אֵל | וְהוּא | עֹלֶה | בַדֶּרֶךְ | וּנְעָרִים | קְטַנִּים | יָצְאוּ | מִן־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ગયો-ઉપર | ત્યાંથી | બેથેલ | અને-તે | ચઢતો-હતો | રસ્તે | અને-છોકરાઓ | નાના | બહાર-આવ્યા | માંથી |
| H5927 | H8033 | H1008 | H1931 | H5927 | H1870 | H5288 | | H3318 | |

| הָעִיר | וַיִּתְקַלְּסוּ־ | בוֹ | וַיֹּאמְרוּ | לוֹ | עֲלֵה | קֵרֵחַ | עֲלֵה | קֵרֵחַ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| શહેરના | અને-મજાક-કરી | તેની | અને-કહ્યુ | તેને | ચઢ-ઉપર | ટાલિયા | ચઢ-ઉપર | ટાલિયા |
| | H7046 | | H0559 | | H5927 | H7142 | H5927 | H7142 |

પછી એલિશા ત્યાંથી બેથેલ જવા નીકળ્યો. અને તે રસ્તે ચાલતો હતો તેવામાં નાનાં બાળકો નગરમાંથી બહાર આવીને તેની મશ્કરી કરીને કહેવા લાગ્યા, "હે, ટાલવાળા આગળ જા ટાલવાળા આગળ જા"

24

| וַיִּפֶן | אַחֲרָיו | וַיִּרְאֵם | וַיְקַלְלֵם | בְּשֵׁם | יְהוָה | וַתֵּצֶאנָה | שְׁתַּיִם | דֻבִּים | מִן־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ફર્યો | પાછળ | અને-જોયા | અને-શાપ-આપ્યો | નામે | યહોવાહના | અને-બહાર-આવ્યાં | બે | રીંછ | માંથી |
| H6437 | | H7200 | H7043 | H8034 | H3068 | H3318 | H8147 | H1677 | |

| הַיַּעַר | וַתְּבַקַּעְנָה | מֵהֶם | אַרְבָּעִים | וּשְׁנֵי | יְלָדִים׃ |
|---|---|---|---|---|---|
| જંગલ | અને-ફાડી-નાખ્યા | તેઓમાંથી | બેતાળીસ | અને-બે | છોકરાઓ |
| | H1234 | H1992 | H0705 | H8147 | H3206 |

એલિશાએ પાછળ ફરી તેઓને જોયાં અને ઈશ્વરના નામે તેમને શાપ આપ્યો. પછી બે રીંછડીઓએ જંગલમાંથી આવીને તેઓમાંના બેતાળીસ બાળકોને ફાડી નાખ્યાં.

25

| וַיֵּלֶךְ | מִשָּׁם | אֶל־ | הַר | הַכַּרְמֶל | וּמִשָּׁם | שָׁב | שֹׁמְרוֹן׃ | פ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-ગયો | ત્યાંથી | ને | પર્વત | કાર્મેલ | અને-ત્યાંથી | પાછો-ફર્યો | સમરૂન | — |
| H3212 | H8033 | H0413 | H2022 | H3760 | H8033 | H7725 | H8111 | |

પછી એલિશા ત્યાંથી કાર્મેલ પર્વત પર ગયો અને ત્યાંથી તે સમરુન પાછો આવ્યો.

# Chapter 3

1

| וִיהוֹרָם | בֶּן־ | אַחְאָב | מָלַךְ | עַל־ | יִשְׂרָאֵל | בְּשֹׁמְרוֹן | בִּשְׁנַת | שְׁמֹנֶה | עֶשְׂרֵה | לִיהוֹשָׁפָט |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-યોરામ | દીકરા | આહાબના | રાજા-થયો | પર | ઇઝરાયેલ | સમરૂનમાં | વર્ષમાં | અઢાર | મા | યહોશાફાટના |
| H3088 | | H0256 | | | H3478 | H8111 | H8141 | H8083 | H6240 | H3092 |

| מֶלֶךְ | יְהוּדָה | וַיִּמְלֹךְ | שְׁתֵּים־ | עֶשְׂרֵה | שָׁנָה׃ |
|---|---|---|---|---|---|
| રાજા | યહૂદાના | અને-રાજ-કર્યું | બાર | મા | વર્ષ |
| H4428 | H3063 | | H8147 | H6240 | H8141 |

યહૂદિયાના રાજા યહોશાફાટના શાસનકાળના અઢારમા વર્ષે આહાબનો દીકરો યહોરામ સમરુનમાં ઇઝરાયલ પર રાજ કરવા લાગ્યો. તેણે બાર વર્ષ સુધી રાજ કર્યું.

2

| וַיַּעֲשֶׂה | הָרַע | בְּעֵינֵי | יְהוָה | רַק | לֹא | כְּאָבִיו | וּכְאִמּוֹ | וַיָּסַר | אֶת־ | מַצְּבַת |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કર્યું | ખરાબ | નજરમાં | યહોવાહની | પરંતુ | નહિ | પિતા-જેમ | અને-માતા-જેમ | અને-દૂર-કર્યો | તે | સ્તંભ |
| | | | H3068 | H7535 | H3808 | H0001 | H0517 | H5493 | H0853 | H4676 |

| הַבַּעַל | אֲשֶׁר | עָשָׂה | אָבִיו׃ |
|---|---|---|---|
| બઆલનો | જે | બનાવ્યો-હતો | પિતાએ |
| | | | H0001 |

તેણે યહોવાહની દ્રષ્ટિમાં જે ખરાબ હતું તે કર્યું, પણ તેના પિતાની કે માતાની જેમ નહિ, કેમ કે તેણે તેના પિતાએ બનાવેલો બઆલનો પવિત્ર સ્તંભ કાઢી નાખ્યો.

3

| רַק | בְּחַטֹּאות | יָרָבְעָם | בֶּן־ | נְבָט | אֲשֶׁר־ | הֶחֱטִיא | אֶת־ | יִשְׂרָאֵל | דָּבֵק | לֹא־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પરંતુ | પાપોમાં | યરોબઆમના | દીકરા | નબાટના | જે | પાપ-કરાવ્યું | તે | ઇઝરાયેલને | વળગી-રહ્યો | નહિ |
| H7535 | | H3379 | | H5028 | | H2398 | H0853 | H3478 | H1692 | H3808 |

| סָר | מִמֶּנָּה׃ | ס |
|---|---|---|
| દૂર-થયો | તેનાથી | — |
| H5493 | | |

તેમ છતાં તે નબાટના દીકરા યરોબામનાં પાપ કે જે વડે તેણે ઇઝરાયલ લોકો પાસે પાપ કરાવ્યું તેને વળગી રહ્યો. તેણે તેનો ત્યાગ કર્યો નહિ.

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמֵישַׁע | מֶֽלֶךְ־ | מוֹאָב | הָיָה | נֹקֵד | וְהֵשִׁיב | לְמֶֽלֶךְ־ | יִשְׂרָאֵל | מֵאָֽה־ | אֶלֶף |
| અને-મેશા | રાજા | મોઆબનો | હતો | ઘેટાંપાળક | અને-પાછા-આપતો | રાજાને | ઇઝરાયેલના | સો | હજાર |
| H4338 | H4428 | H4124 | H1961 | H5349 | H7725 | H4428 | H3478 | H3967 | H0505 |

| | | | | |
|---|---|---|---|---|
| כָּרִים | וּמֵאָה | אֶלֶף | אֵילִים | צָֽמֶר׃ |
| ઘેટાં | અને-સો | હજાર | ઘેટા | ઊનવાળા |
| | H3967 | H0505 | | H6785 |

હવે મોઆબનો રાજા મેશા ઘેટાં ઉછેરતો હતો. અને તે ઇઝરાયલના રાજાને એક લાખ ઘેટાંનું અને એક લાખ હલવાનનું ઊન ખંડણી તરીકે આપતો હતો.

5

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | כְּמוֹת | אַחְאָב | וַיִּפְשַׁע | מֶֽלֶךְ־ | מוֹאָב | בְּמֶלֶךְ | יִשְׂרָאֵֽל׃ |
| અને-થયું | મૃત્યુ-પછી | અહાબના | અને-બળવો-કર્યો | રાજા | મોઆબના | રાજા-વિરુદ્ધ | ઇઝરાયેલના |
| H1961 | H4194 | H0256 | H6586 | H4428 | H4124 | H4428 | H3478 |

પણ આહાબના મરણ પછી મોઆબના રાજાએ ઇઝરાયલના રાજાની વિરુદ્ધ બળવો કર્યો.

6

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּצֵא | הַמֶּלֶךְ | יְהוֹרָם | בַּיּוֹם | הַהוּא | מִשֹּׁמְרוֹן | וַיִּפְקֹד | אֶת־ | כָּל־ | יִשְׂרָאֵֽל׃ |
| અને-નીકળ્યો | રાજા | યોરામ | દિવસે-તે | તે | સમરૂનમાંથી | અને-ગણ્યા | તે | સર્વ | ઇઝરાયેલને |
| H3318 | H4428 | H3088 | H3117 | H1931 | H8111 | | H0853 | H3605 | H3478 |

તેથી યહોરામ રાજાએ તે જ સમયે સમરુનથી બહાર નીકળીને ઇઝરાયલના સૈનિકોને યુદ્ધને માટે એકત્ર કર્યા.

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּלֶךְ | וַיִּשְׁלַח | אֶל־ | יְהוֹשָׁפָט | מֶֽלֶךְ־ | יְהוּדָה | לֵאמֹר | מֶלֶךְ | מוֹאָב | פָּשַׁע |
| અને-ગયો | અને-મોકલ્યો | પાસે | યહોશાફાટ | રાજા | યહૂદાના | કહેવા | રાજા | મોઆબનો | બળવો-કર્યો-છે |
| H3212 | H7971 | H0413 | H3092 | H4428 | H3063 | H0559 | H4428 | H4124 | H6586 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בִּי | הֲתֵלֵךְ | אִתִּי | אֶל־ | מוֹאָב | לַמִּלְחָמָה | וַיֹּאמֶר | אֶעֱלֶה | כָּמוֹנִי | כָמוֹךָ | כְּעַמִּי |
| મારા-વિરુદ્ધ | શું-આવશે | મારી-સાથે | વિરુદ્ધ | મોઆબ | યુદ્ધમાં | અને-કહ્યુ | આવીશ | જેમ-હું | તેમ-તું | મારા-લોકો-જેમ |
| | H3212 | H0854 | H0413 | H4124 | H4421 | H0559 | H5927 | H3644 | H3644 | |

| | | |
|---|---|---|
| כְעַמֶּךָ | כְּסוּסַי | כְּסוּסֶֽיךָ׃ |
| તારા-લોકો | મારા-ઘોડા-જેમ | તારા-ઘોડા |

પછી તેણે યહૂદિયાના રાજા યહોશાફાટને સંદેશો મોકલ્યો કે, "મોઆબના રાજાએ મારી વિરુદ્ધ બળવો કર્યો છે. શું મોઆબની સામે યુદ્ધ કરવા તું મારી સાથે આવશે?" યહોશાફાટે કહ્યુ, "હું આવીશ. જેવા તમે તેવો હું છું, જેવા તમારા લોક તેવા મારા લોક, જેવા તમારા ઘોડેસવારો તેવા મારા ઘોડેસવારો છે."

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֵי־ | זֶה | הַדֶּרֶךְ | נַעֲלֶה | וַיֹּאמֶר | דֶּרֶךְ | מִדְבַּר | אֱדֽוֹם׃ |
| અને-કહ્યુ | ક્યા | આ | રસ્તે | ચઢીએ | અને-કહ્યુ | રસ્તે | રણ | અદોમના |
| H0559 | H0335 | H2088 | H1870 | H5927 | H0559 | H1870 | | H0123 |

પછી તેણે કહ્યુ, "આપણે કયા માર્ગેથી હુમલો કરીશું?" યહોરામે કહ્યુ, "અદોમના અરણ્યના માર્ગેથી."

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּלֶךְ | מֶלֶךְ | יִשְׂרָאֵל | וּמֶֽלֶךְ־ | יְהוּדָה | וּמֶלֶךְ | אֱדוֹם | וַיָּסֹבּוּ | דֶּרֶךְ | שִׁבְעַת | יָמִים |
| અને-ગયા | રાજા | ઇઝરાયેલના | અને-રાજા | યહૂદાના | અને-રાજા | અદોમના | અને-ફર્યા | રસ્તે | સાત | દિવસ |
| H3212 | H4428 | H3478 | H4428 | H3063 | H4428 | H0123 | H5437 | H1870 | H7651 | H3117 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְלֹא־ | הָיָה | מַיִם | לַֽמַּחֲנֶה | וְלַבְּהֵמָה | אֲשֶׁר | בְּרַגְלֵיהֶֽם׃ |
| અને-નહોતું | હતું | પાણી | છાવણી-માટે | અને-પશુઓ-માટે | જે | તેઓના-પગલે |
| H3808 | H1961 | H4325 | H4264 | H0929 | | H7272 |

તેથી ઇઝરાયલનો રાજા, યહૂદિયાનો રાજા તથા અદોમનો રાજા યુદ્ધ માટે આગળ વધ્યા. તેઓએ ચકરાવો મારીને સાત દિવસની કૂચ કરી, ત્યાં તેઓના સૈન્ય માટે, ઘોડા માટે તથા બીજાં પશુઓ માટે પાણી ન હતું.

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | מֶלֶךְ | יִשְׂרָאֵל | אֲהָהּ | כִּֽי־ | קָרָא | יְהוָה | לִשְׁלֹשֶׁת | הַמְּלָכִים | הָאֵלֶּה | לָתֵת |
| અને-કહ્યુ | રાજા | ઇઝરાયેલના | અરેરે | કારણ-કે | બોલાવ્યા | યહોવાહે | ત્રણ | રાજાઓ | આ | આપવા |
| H0559 | H4428 | H3478 | H0162 | | H7121 | H3068 | H7969 | H4428 | H0428 | H5414 |

| | | |
|---|---|---|
| אוֹתָם | בְּיַד־ | מוֹאָֽב׃ |
| તેઓને | હાથમાં | મોઆબના |
| H0853 | H3027 | H4124 |

ત્યારે ઇઝરાયલના રાજાએ કહ્યુ, “આ શું છે? યહોવાહે આપણને ત્રણ રાજાઓને ભેગા કરીને બોલાવ્યા છે કે જેથી મોઆબીઓ આપણને હરાવે?”

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | יְהוֹשָׁפָט | הַאֵין | פֹּה | נָבִיא | לַיהוָה | וְנִדְרְשָׁה | אֶת־ | יְהוָה | מֵאוֹתוֹ | |
| અને-કહ્યુ | યહોશાફાટે | શું-નથી | અહીં | પ્રબોધક | યહોવાહનો | કે-પૂછીએ | તે | યહોવાહને | તેનાથી | |
| H0559 | H3092 | H0369 | H6311 | H5030 | H3068 | H1875 | H0853 | H3068 | H0853 | |
| וַיַּעַן | אֶחָד | מֵעַבְדֵי | מֶלֶךְ־ | יִשְׂרָאֵל | וַיֹּאמֶר | פֹּה | אֱלִישָׁע | בֶּן־ | שָׁפָט | אֲשֶׁר־ |
| અને-જવાબ-આપ્યો | એક | માંથી-સેવકો | રાજા | ઇઝરાયેલના | અને-કહ્યુ | અહીં | અલીશા | દીકરો | શાફાટનો | જે |
| | H0259 | H5650 | H4428 | H3478 | H0559 | H6311 | H0477 | | H8202 | |
| יָצַק | מַיִם | עַל־ | יְדֵי | אֵלִיָּהוּ׃ | | | | | | |
| રેડતો-હતો | પાણી | પર | હાથ | એલિયાના | | | | | | |
| H3332 | H4325 | | H3027 | H0452 | | | | | | |

પણ યહોશાફાટે કહ્યુ, “શું અહીં યહોવાહનો કોઈ પ્રબોધક નથી કે, જેના દ્વારા આપણે યહોવાહને પૂછી જોઈએ?” ઇઝરાયલના રાજાના ચાકરોમાંના એકે કહ્યુ, “શાફાટનો દીકરો એલિશા જે એલિયાના હાથ પર પાણી રેડનારો હતો તે અહીં છે.”

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | יְהוֹשָׁפָט | יֵשׁ | אוֹתוֹ | דְּבַר־ | יְהוָה | וַיֵּרְדוּ | אֵלָיו | מֶלֶךְ | יִשְׂרָאֵל |
| અને-કહ્યુ | યહોશાફાટે | છે | તેની-પાસે | વચન | યહોવાહનું | અને-ગયા-નીચે | તેની-પાસે | રાજા | ઇઝરાયેલના |
| H0559 | H3092 | H3426 | H0853 | H1697 | H3068 | H3381 | H0413 | H4428 | H3478 |
| וִיהוֹשָׁפָט | וּמֶלֶךְ | אֱדוֹם׃ | | | | | | | |
| અને-યહોશાફાટ | અને-રાજા | અદોમના | | | | | | | |
| H3092 | H4428 | H0123 | | | | | | | |

યહોશાફાટે કહ્યુ, “યહોવાહનું વચન તેની પાસે છે.” તેથી ઇઝરાયલનો રાજા યહોશાફાટ તથા અદોમનો રાજા તેની પાસે ગયા.

13

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֱלִישָׁע | אֶל־ | מֶלֶךְ | יִשְׂרָאֵל | מַה־ | לִּי | וָלָךְ | לֵךְ | אֶל־ | נְבִיאֵי | אָבִיךָ |
| અને-કહ્યુ | અલીશાએ | ને | રાજા | ઇઝરાયેલના | શું-છે | મને | અને-તને | જા | પાસે | પ્રબોધકો | પિતાના |
| H0559 | H0477 | H0413 | H4428 | H3478 | H4100 | | | H3212 | H0413 | H5030 | H0001 |
| וְאֶל־ | נְבִיאֵי | אִמֶּךָ | וַיֹּאמֶר | לוֹ | מֶלֶךְ | יִשְׂרָאֵל | אַל | כִּי־ | קָרָא | יְהוָה | לִשְׁלֹשֶׁת |
| અને-પાસે | પ્રબોધકો | માતાના | અને-કહ્યુ | તેને | રાજા | ઇઝરાયેલના | ના | કારણ-કે | બોલાવ્યા | યહોવાહે | ત્રણ |
| H0413 | H5030 | H0517 | H0559 | | H4428 | H3478 | H0408 | | H7121 | H3068 | H7969 |
| הַמְּלָכִים | הָאֵלֶּה | לָתֵת | אוֹתָם | בְּיַד־ | מוֹאָב׃ | | | | | | |
| રાજાઓ | આ | આપવા | તેઓને | હાથમાં | મોઆબના | | | | | | |
| H4428 | H0428 | H5414 | H0853 | H3027 | H4124 | | | | | | |

એલિશાએ ઇઝરાયલના રાજાને કહ્યુ કે, “હું તમારી સાથે શું કરું? તમારી માતાના તથા પિતાના પ્રબોધકો પાસે જાઓ.” તેથી ઇઝરાયલના રાજાએ તેને કહ્યુ, “ના, કેમ કે યહોવાહે અમને ત્રણ રાજાઓને મોઆબના હાથમાં સોંપી દેવા માટે એકત્ર કર્યા છે.”

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֱלִישָׁע | חַי־ | יְהוָה | צְבָאוֹת | אֲשֶׁר | עָמַדְתִּי | לְפָנָיו | כִּי | לוּלֵי | |
| અને-કહ્યુ | અલીશાએ | જીવતા-છે | યહોવાહ | સૈન્યોના | જેમના | સામે-ઊભો-છું | હું | કારણ-કે | જો-નહીં-હોત | |
| H0559 | H0477 | | H3068 | | | H5975 | H6440 | | H3884 | |
| פְּנֵי | יְהוֹשָׁפָט | מֶלֶךְ־ | יְהוּדָה | אֲנִי | נֹשֵׂא | אִם־ | אַבִּיט | אֵלֶיךָ | וְאִם־ | אֶרְאֶךָּ׃ |
| ચહેરો | યહોશાફાટનો | રાજા | યહૂદાનો | હું | માન-આપતો | તો-નહીં | જોઉં | તને | અને-નહીં | દેખું-તને |
| H6440 | H3092 | H4428 | H3063 | H0589 | H5375 | | H5027 | H0413 | | H7200 |

એલિશાએ કહ્યુ, “સૈન્યોના યહોવાહ, જેમની સમક્ષ હું ઊભો રહું છું તેમના જીવના સમ, જો યહૂદિયાના રાજા યહોશાફાટ પ્રત્યે મને માન ન હોત, તો ખરેખર હું તમારી તરફ દ્રષ્ટિ પણ ન કરત.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | קְחוּ־ | לִי | מְנַגֵּן | וְהָיָה | כְּנַגֵּן | הַמְנַגֵּן | וַתְּהִי | עָלָיו | יַד־ |
| અને-હવે | લાવો | મને | વાજિંત્રવાદક | અને-થયું | જ્યારે-વગાડ્યું | વાજિંત્રવાદકે | અને-આવ્યો | તેના-પર | હાથ |
| H6258 | H3947 | | H5059 | H1961 | H5059 | H5059 | H1961 | | H3027 |
| יְהוָה׃ | | | | | | | | | |
| યહોવાહનો | | | | | | | | | |
| H3068 | | | | | | | | | |

પણ હવે મારી પાસે કોઈ વાજિંત્ર વગાડનારને લાવો." પછી વાજિંત્ર વગાડનારે આવીને વાજિંત્ર વગાડ્યું ત્યારે એમ બન્યું કે, યહોવાહનો હાથ એલિશા પર આવ્યો.

| 16 | וַיֹּ֕אמֶר | כֹּ֖ה | אָמַ֣ר | יְהוָ֑ה | עָשֹׂ֛ה | הַנַּ֥חַל | הַזֶּ֖ה | גֵּבִ֥ים | גֵּבִֽים׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-કહ્યુ | આમ | કહે-છે | યહોવાહ | ખોદો | નાળા | આ | ખાડા | ખાડા |
| | H0559 | H3541 | H0559 | H3068 | | | H2088 | | |

તેણે કહ્યુ, "યહોવાહ એમ કહે છે: આ સૂકી નદીની ખીણમાં બધી જગ્યાએ ખાઈઓ ખોદો.'

| 17 | כִּֽי־ | כֹ֣ה | אָמַ֣ר | יְהוָ֗ה | לֹֽא־ | תִרְא֥וּ | ר֙וּחַ֙ | וְלֹֽא־ | תִרְא֣וּ | גֶ֔שֶׁם | וְהַנַּ֥חַל | הַה֖וּא |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કારણ-કે | આમ | કહે-છે | યહોવાહ | નહિ | જોશો | પવન | અને-નહિ | જોશો | વરસાદ | અને-નાળો | આ |
| | | H3541 | H0559 | H3068 | H3808 | H7200 | H7307 | H3808 | H7200 | H1653 | | H1931 |

| | יִמָּ֣לֵא | מָ֑יִם | וּשְׁתִיתֶ֛ם | אַתֶּ֥ם | וּמִקְנֵיכֶ֖ם | וּבְהֶמְתְּכֶֽם׃ |
|---|---|---|---|---|---|---|
| | ભરાશે | પાણીથી | અને-પીશો | તમે | અને-ઢોર | અને-પશુઓ |
| | H4390 | H4325 | H8354 | | H4735 | H0929 |

કેમ કે યહોવાહ એવું કહે છે, તમે પવન જોશો નહિ, તેમ તમે વરસાદ જોશો નહિ, પણ આ ખીણ પાણીથી ભરાઈ જશે. અને તેમાં તમે, તેમ જ તમારાં જાનવર અને તમારાં પશુઓ પણ પાણી પીશે.

| 18 | וְנָקַ֥ל | זֹ֖את | בְּעֵינֵ֣י | יְהוָ֑ה | וְנָתַ֥ן | אֶת־ | מוֹאָ֖ב | בְּיֶדְכֶֽם׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | અને-સહેલું | આ | નજરમાં | યહોવાહની | અને-આપશે | તે | મોઆબને | તમારા-હાથમાં |
| | H7043 | H2063 | | H3068 | H5414 | H0853 | H4124 | H3027 |

આ તો યહોવાહની દ્રષ્ટિમાં નાની બાબત છે. વળી તે મોઆબીઓને પણ તમારા હાથમાં સોંપી દેશે.

| 19 | וְהִכִּיתֶ֞ם | כָּל־ | עִ֤יר | מִבְצָר֙ | וְכָל־ | עִ֣יר | מִבְח֔וֹר | וְכָל־ | עֵ֥ץ | ט֖וֹב | תַּפִּ֑ילוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-મારશો | દરેક | શહેર | કિલ્લેબંદ | અને-દરેક | શહેર | ઉત્તમ | અને-દરેક | વૃક્ષ | સારું | કાપશો |
| | H5221 | H3605 | | H4013 | H3605 | | H4004 | H3605 | H6086 | | H5307 |

| | וְכָל־ | מַעְיְנֵי־ | מַ֙יִם֙ | תִּסְתֹּ֔מוּ | וְכֹל֙ | הַחֶלְקָ֣ה | הַטּוֹבָ֔ה | תַּכְאִ֖בוּ | בָּאֲבָנִֽים׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-દરેક | ઝરણા | પાણીના | બંધ-કરશો | અને-દરેક | ખેતર | સારું | બગાડશો | પથ્થરોથી |
| | H3605 | H4599 | H4325 | | H3605 | | | H3510 | H0068 |

તમે તેઓના દરેક કિલ્લેબંધીવાળા નગર તથા દરેક સારા નગર પર હુમલો કરશો, દરેક સારા વૃક્ષોને કાપી નાખશો, દરેક પાણીના ઝરા બંધ કરી દેશો, દરેક સારી જમીનને પથ્થરો નાખીને બગાડી નાખશો."

| 20 | וַיְהִ֣י | בַבֹּ֗קֶר | כַּעֲל֣וֹת | הַמִּנְחָ֔ה | וְהִנֵּה־ | מַ֥יִם | בָּאִ֖ים | מִדֶּ֣רֶךְ | אֱד֑וֹם | וַתִּמָּלֵ֥א |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-થયું | સવારે | ચઢાવવાના-સમયે | અર્પણ | અને-જુઓ | પાણી | આવતું-હતું | દિશામાંથી | અદોમ | અને-ભરાયો |
| | H1961 | H1242 | H5927 | H4503 | H2009 | H4325 | H0935 | H1870 | H0123 | H4390 |

| | הָאָ֖רֶץ | אֶת־ | הַמָּֽיִם׃ |
|---|---|---|---|
| | દેશ | તે | પાણીથી |
| | H0776 | H0853 | H4325 |

સવારે બલિદાન અર્પણ કરવાના સમયે એમ થયું કે, અદોમ તરફથી પાણી આવ્યું અને દેશ પાણીથી ભરાઈ ગયો હતો.

| 21 | וְכָל־ | מוֹאָב֙ | שָֽׁמְע֔וּ | כִּֽי־ | עָל֥וּ | הַמְּלָכִ֖ים | לְהִלָּ֣חֶם | בָּ֑ם | וַיִּֽצָּעֲק֗וּ | מִכֹּ֨ל |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-સર્વ | મોઆબે | સાંભળ્યું | કે | આવ્યા | રાજાઓ | લડવા | તેઓ-વિરુદ્ધ | અને-બૂમ-પાડ્યા | સર્વમાંથી |
| | H3605 | H4124 | H8085 | | H5927 | H4428 | | | H6817 | H3605 |

| | חֹגֵ֤ר | חֲגֹרָה֙ | וָמַ֔עְלָה | וַיַּֽעַמְד֖וּ | עַֽל־ | הַגְּבֽוּל׃ |
|---|---|---|---|---|---|---|
| | જે-બાંધે | કમર | અને-ઉપર | અને-ઊભા-રહ્યા | પાસે | સીમા |
| | H2296 | | H4605 | H5975 | | H1366 |

જયારે બધા મોઆબીઓએ સાંભળ્યું કે, રાજાઓ તેઓની સાથે યુદ્ધ કરવા આવ્યા છે, ત્યારે શસ્ત્ર સજી શકે એવા માણસો એકત્ર થઈને સરહદ પર ઊભા રહ્યા.

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּשְׁכִּימוּ | בַבֹּקֶר | וְהַשֶּׁמֶשׁ | זָרְחָה | עַל־ | הַמָּיִם | וַיִּרְאוּ | מוֹאָב | מִנֶּגֶד | אֶת־ | הַמַּיִם |
| અને-વહેલા-ઊઠ્યા | સવારે | અને-સૂર્ય | ચમક્યો | પર | પાણી | અને-જોયું | મોઆબે | સામેથી | તે | પાણી |
| H7925 | H1242 | H8121 | H2224 | | H4325 | H7200 | H4124 | H5048 | H0853 | H4325 |
| אֲדֻמִּים | כַּדָּם׃ | | | | | | | | | |
| લાલ | લોહી-જેમ | | | | | | | | | |
| | H1818 | | | | | | | | | |

તેઓ વહેલી સવારે ઊઠ્યા અને સૂર્યનો પ્રકાશ પાણી પર પડવા લાગ્યો. ત્યારે મોઆબીઓને પાણી રક્ત જેવું લાલ દેખાયું.

23

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמְרוּ | דָּם | זֶה | הָחֳרֵב | נֶחֶרְבוּ | הַמְּלָכִים | וַיַּכּוּ | אִישׁ | אֶת־ | רֵעֵהוּ | וְעַתָּה |
| અને-કહ્યુ | લોહી | આ | ચોક્કસ | નાશ-થયા | રાજાઓનો | અને-માર્યા | એકબીજાએ | તે | સાથીને | અને-હવે |
| H0559 | H1818 | H2088 | | | H4428 | H5221 | H0376 | H0853 | H7453 | H6258 |
| לַשָּׁלָל | מוֹאָב׃ | | | | | | | | | |
| લૂંટ-માટે | મોઆબ | | | | | | | | | |
| H7998 | H4124 | | | | | | | | | |

તેઓએ કહ્યુ, “આ તો રક્ત છે. રાજાઓ નાશ પામ્યા છે, તેઓએ એકબીજાને મારી નાખ્યા છે. માટે હવે, હે મોઆબીઓ, તેઓને લૂંટવા માંડો.”

24

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹאוּ | אֶל־ | מַחֲנֵה | יִשְׂרָאֵל | וַיָּקֻמוּ | יִשְׂרָאֵל | וַיַּכּוּ | אֶת־ | מוֹאָב | וַיָּנֻסוּ |
| અને-આવ્યા | પાસે | છાવણી | ઇઝરાયેલની | અને-ઊઠ્યા | ઇઝરાયેલ | અને-માર્યા | તે | મોઆબને | અને-ભાગ્યા |
| H0935 | H0413 | H4264 | H3478 | | H3478 | H5221 | H0853 | H4124 | H5127 |
| מִפְּנֵיהֶם | [ויבו־] | (וַיַּכּוּ־) | בָהּ | וְהַכּוֹת | אֶת־ | מוֹאָב׃ | | | |
| તેઓ-સામેથી | — | અને-માર્યા | તેને | અને-મારતા-ગયા | તે | મોઆબને | | | |
| H6440 | H0935 | H5221 | H5221 | H5221 | H0853 | H4124 | | | |

પરંતુ જયારે મોઆબીઓ ઇઝરાયલની છાવણીમાં આવ્યા, ત્યારે ઇઝરાયલીઓએ ઊભા થઈને મોઆબીઓને એવા માર્યા કે તેઓ તેમની આગળથી નાસી ગયા. ઇઝરાયલીઓ મોઆબીઓને મારતાં મારતાં તેઓને દેશમાંથી દૂર લઈ ગયા.

25

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהֶעָרִים | יַהֲרֹסוּ | וְכָל־ | חֶלְקָה | טוֹבָה | יַשְׁלִיכוּ | אִישׁ־ | אַבְנוֹ | וּמִלְאוּהָ | וְכָל־ | מַעְיַן־ |
| અને-શહેરો | તોડી-પાડ્યા | અને-દરેક | ખેતર | સારું | ફેંક્યા | દરેક-માણસે | પથ્થર | અને-ભર્યું | અને-દરેક | ઝરણાં |
| | H2040 | H3605 | | | H7993 | H0376 | H0068 | H4390 | H3605 | H4599 |
| מַיִם | יִסְתֹּמוּ | וְכָל־ | עֵץ־ | טוֹב | יַפִּילוּ | עַד־ | הִשְׁאִיר | אֲבָנֶיהָ | חֲרֶשֶׂתבַקִּיר | וַיָּסֹבּוּ |
| પાણીના | બંધ-કર્યા | અને-દરેક | વૃક્ષ | સારું | કાપ્યા | સુધી | બાકી-રહ્યા | પથ્થરો | કીર-હારેસેથના | અને-ઘેર્યા |
| H4325 | | H3605 | H6086 | | H5307 | H5704 | H7604 | H0068 | H7025 | H5437 |
| הַקַּלָּעִים | וַיַּכּוּהָ׃ | | | | | | | | | |
| ગોફણીયાઓએ | અને-માર્યું | | | | | | | | | |
| H7051 | H5221 | | | | | | | | | |

ઇઝરાયલે નગરોનો નાશ કર્યો અને દરેક માણસે જમીનના દરેક સારા ભાગમાં પથ્થર નાખીને ખેતરોને ભરી દીધા. બધા ઝરાને તેમણે બંધ કરી દીધાં, બધાં જ સારાં વૃક્ષો કાપી નાખ્યાં. ફક્ત કીર-હરેસેથમાં તેઓએ પથ્થરો રહેવા દીધા. અને સૈનિકોએ ગોફણથી તેના પર હુમલો કર્યો.

26

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּרְא | מֶלֶךְ | מוֹאָב | כִּי־ | חָזַק | מִמֶּנּוּ | הַמִּלְחָמָה | וַיִּקַּח | אוֹתוֹ | שְׁבַע־ | מֵאוֹת |
| અને-જોયું | રાજા | મોઆબના | કે | મજબૂત-છે | તેના-કરતાં | યુદ્ધ | અને-લીધા | સાથે | સાત | સો |
| H7200 | H4428 | H4124 | | H2388 | | H4421 | H3947 | H0853 | H7651 | H3967 |
| אִישׁ | שֹׁלֵף | חֶרֶב | לְהַבְקִיעַ | אֶל־ | מֶלֶךְ | אֱדוֹם | וְלֹא | יָכֹלוּ׃ | | |
| માણસ | ખેંચનાર | તલવાર | તોડવા | તરફ | રાજા | અદોમના | અને-નહીં | શક્યા | | |
| H0376 | H8025 | H2719 | H1234 | H0413 | H4428 | H0123 | H3808 | H3201 | | |

જયારે મોઆબના રાજાએ જોયું કે, અમે યુદ્ધ હારી રહ્યા છીએ, ત્યારે તેણે અદોમના રાજાનો નાશ કરવાને પોતાની સાથે સાતસો તલવારધારી માણસોને લીધા, પણ તેઓ જઈ શક્યા નહિ.

27 וַיִּקַּח אֶת־ בְּנוֹ הַבְּכוֹר אֲשֶׁר־ יִמְלֹךְ תַּחְתָּיו וַיַּעֲלֵהוּ עֹלָה עַל־
અને-લીધો તે દીકરો પ્રથમજનિત જે રાજા-થાત તેની-જગ્યાએ અને-ચઢાવ્યો દહનાર્પણ પર
H3947 H0853 H1060 H8478 H5927

הַחֹמָה וַיְהִי קֶצֶף־ גָּדוֹל עַל־ יִשְׂרָאֵל וַיִּסְעוּ מֵעָלָיו וַיָּשֻׁבוּ לָאָרֶץ׃ פ
દીવાલ અને-થયો ક્રોધ મોટો વિરુદ્ધ ઇઝરાયેલ અને-ઊપડ્યા તેના-પરથી અને-પાછા-ફર્યા દેશમાં —
H2346 H1961 H3478 H5265 H7725 H0776

મોઆબના રાજાએ પોતાના જ્યેષ્ઠ દીકરાને દિવાલ ઉપર દહનીયાર્પણ ચઢાવ્યું જેના કારણે ઇઝરાયલીઓ ભયભીત થઈને પોતાનાં દેશમાં ચાલ્યા ગયાં. તેથી ઇઝરાયલ પર ઈશ્વરને ક્રોધ ચઢ્યો + 3:27 કારણ કે “ક્રોધ ચઢવું” એ અભિવ્યક્તિથી જૂના કરારમાં ઈશ્વર સાથે સંબંધિત છે, ઇઝરાયલીઓએ એવો ડર હતો કે ભગવાન આવા ભયાવહ ખતરાને ઉશ્કેરવા માટે તેમને સજા કરી શકે છે. અથવા તે મોઆબીઓ કે જેઓ તેમના બલિદાનના બાળકને જોતા હતા, તેઓ તેમના ગુસ્સે થઈ ગયા હતા જેથી તેઓ ઈઝરાયલીઓ વિરુદ્ધ દલીલ કરી શક્યા અને આ કારણે ઇઝરાયલીઓએ યુદ્ધ છોડી દેવાનું અને ઘરે જવાનો નિર્ણય કર્યો..

## Chapter 4

1 וְאִשָּׁה אַחַת מִנְּשֵׁי בְנֵי־ הַנְּבִיאִים צָעֲקָה אֶל־ אֱלִישָׁע לֵאמֹר עַבְדְּךָ אִישִׁי
અને-સ્ત્રી એક માંથી-પત્નીઓ દીકરાઓ પ્રબોધકોના પોકાર-કર્યો ને અલીશા કહેવા તારો-સેવક મારો-પતિ
H0802 H0259 H0802 H5030 H6817 H0413 H0477 H0559 H5650 H0376

מֵת וְאַתָּה יָדַעְתָּ כִּי עַבְדְּךָ הָיָה יָרֵא אֶת־ יְהוָה וְהַנֹּשֶׁה בָּא
મરી-ગયો અને-તું જાણે-છે કે તારો-સેવક હતો ડરતો તે યહોવાહથી અને-લેણદાર આવ્યો-છે
H4191 H3045 H5650 H1961 H3372 H0853 H3068 H5383 H0935

לָקַחַת אֶת־ שְׁנֵי יְלָדַי לוֹ לַעֲבָדִים׃
લેવા તે બે મારા-છોકરાઓ તેને ગુલામ-તરીકે
H3947 H0853 H8147 H3206 H5650

હવે પ્રબોધકોના દીકરાઓની પત્નીઓમાંની એક પત્નીએ આવીને એલિશાને આજીજી કરીને કહ્યુ, “તમારો સેવક મારો પતિ મરણ પામ્યો છે, તમે જાણો છો કે, તમારો સેવક યહોવાહનો ભય રાખતો હતો. હવે એક લેણદાર મારા બે દીકરાઓને તેના ગુલામ બનાવવા માટે લઈ જવા આવ્યો છે.”

2 וַיֹּאמֶר אֵלֶיהָ אֱלִישָׁע מָה אֶעֱשֶׂה־ לָּךְ הַגִּידִי לִי מַה־ יֶּשׁ־ [לכי] (לָךְ)
અને-કહ્યુ તેણીને અલીશાએ શું કરું તારા-માટે કહે મને શું છે — તારી-પાસે
H0559 H0413 H0477 H4100 H5046 H4100 H3426

בַּבָּיִת וַתֹּאמֶר אֵין לְשִׁפְחָתְךָ כֹל בַּבַּיִת כִּי אִם־ אָסוּךְ שָׁמֶן׃
ઘરમાં અને-કહ્યુ નથી તારી-દાસીની-પાસે કંઈ ઘરમાં સિવાય કે કૂંજી તેલની
H0559 H0369 H8198 H3605 H0610 H8081

એલિશાએ તેને કહ્યુ, “હું તારા માટે શું કરું? મને કહે તારી પાસે ઘરમાં શું છે?” તેણે કહ્યુ, “તારી દાસી પાસે વાટકી તેલ સિવાય બીજું કશું જ ઘરમાં નથી.”

3 וַיֹּאמֶר לְכִי שַׁאֲלִי־ לָךְ כֵּלִים מִן־ הַחוּץ מֵאֵת כָּל־ [שכנכי] (שְׁכֵנָיִךְ) כֵּלִים
અને-કહ્યુ જા માંગ તારા-માટે વાસણો માંથી બહાર પાસેથી બધા — પડોશીઓ વાસણો
H0559 H3212 H7592 H3627 H2351 H0854 H3605 H7934 H7934 H3627

רֵקִים אַל־ תַּמְעִיטִי׃
ખાલી ના ઓછા-લાવ
H7386 H0408 H4591

ત્યારે એલિશાએ કહ્યુ, “તું બહાર જઈને તારા બધા પડોશીઓ પાસેથી ખાલી વાસણો માગી લાવ. બની શકે તેટલાં ઉછીનાં વાસણ માગીને લાવ.

4 וּבָאת וְסָגַרְתְּ הַדֶּלֶת בַּעֲדֵךְ וּבְעַד־ בָּנַיִךְ וְיָצַקְתְּ עַל כָּל־ הַכֵּלִים
અને-જા અને-બંધ-કર દરવાજો તારી-પાછળ અને-પાછળ તારા-દીકરાઓ અને-રેડ પર બધા વાસણો
H0935 H5462 H1157 H1157 H3332 H3605 H3627

הָאֵלֶּה וְהַמָּלֵא תַּסִּיעִי׃
આ અને-ભરેલા ખસેડ
H0428 H4392 H5265

પછી તું તારા દીકરાઓ સાથે ઘરમાં અદર જઈને બારણું બંધ કરી દે. પછી તારી પાસે જે તેલ છે તેને પેલાં વાસણોમાં રેડ. અને જે જે વાસણ ભરાતું જાય તેને એક પછી એક બાજુએ મૂકતી જા.”

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֵּ֙לֶךְ֙ | מֵאִתּ֔וֹ | וַתִּסְגֹּ֣ר | הַדֶּ֔לֶת | בַּעֲדָ֖הּ | וּבְעַ֣ד | בָּנֶ֑יהָ | הֵ֛ם | מַגִּשִׁ֥ים | אֵלֶ֖יהָ |
| અને-ગઈ | તેની-પાસેથી | અને-બંધ-કર્યો | દરવાજો | પોતાની-પાછળ | અને-પાછળ | દીકરાઓના | તેઓ | આપતા-હતા | તેણીને |
| H3212 | H0854 | H5462 | | H1157 | H1157 | | H1992 | H5066 | H0413 |

| | | |
|---|---|---|
| וְהִ֥יא | [מיצקת] | (מוֹצָֽקֶת׃) |
| અને-તેણી | — | રેડતી-હતી |
| H1931 | H3332 | H3332 |

પછી તે સ્ત્રી એલિશા પાસેથી ગઈ અને તેણે તથા તેના દીકરાઓએ ઘરમાં જઈને બારણું બંધ કરી દીધું. તેઓ તેની પાસે વાસણો લાવતા ગયા અને તે વાસણોમાં તેલ રેડતી ગઈ.

6

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִ֣י | כִּמְלֹ֣את | הַכֵּלִ֗ים | וַתֹּ֤אמֶר | אֶל־ | בְּנָהּ֙ | הַגִּ֨ישָׁה | אֵלַ֥י | עוֹד֙ | כֶּ֔לִי | וַיֹּ֣אמֶר | אֵלֶ֔יהָ |
| અને-થયું | ભરાયા-ત્યારે | વાસણો | અને-કહ્યુ | ને | દીકરાને | લાવ | મને | હજુ | વાસણ | અને-કહ્યુ | તેણીને |
| H1961 | H4390 | H3627 | H0559 | H0413 | | H5066 | H0413 | H5750 | H3627 | H0559 | H0413 |

| | | | | |
|---|---|---|---|---|
| אֵ֥ין | ע֖וֹד | כֶּ֑לִי | וַֽיַּעֲמֹ֖ד | הַשָּֽׁמֶן׃ |
| નથી | વધુ | વાસણ | અને-અટક્યું | તેલ |
| H0369 | H5750 | H3627 | H5975 | H8081 |

જયારે બધાં વાસણો ભરાઈ ગયાં ત્યારે તેણે તેના દીકરાઓને કહ્યુ, “મારી પાસે બીજાં વાસણો લાવો.” પણ દીકરાએ કહ્યુ, “હવે બીજું એક પણ વાસણ નથી.” એટલે તેલ પડતું બંધ થયું.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתָּבֹ֗א | וַתַּגֵּד֙ | לְאִ֣ישׁ | הָאֱלֹהִ֔ים | וַיֹּ֗אמֶר | לְכִ֞י | מִכְרִ֤י | אֶת־ | הַשֶּׁ֙מֶן֙ | וְשַׁלְּמִ֣י | אֶת־ |
| અને-આવી | અને-કહ્યુ | ઈશ્વરના-માણસ | ઈશ્વરના | અને-કહ્યુ | જા | વેચ | તે | તેલ | અને-ચૂકવ | તે |
| H0935 | H5046 | H0376 | H0430 | H0559 | H3212 | H4376 | H0853 | H8081 | | H0853 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| [נשיכי] | (נִשְׁיֵ֑ךְ) | וְאַ֣תְּ | [בניכי] | (וּבָנַ֔יִךְ) | תְּֽחְיִ֖י | בַּנּוֹתָֽר׃ | פ |
| — | દેવું | અને-તું | — | અને-દીકરાઓ | જીવજો | બાકીના-પર | — |
| H5386 | H5386 | | | | H2421 | H3498 | |

પછી તે સ્ત્રીએ આવીને ઈશ્વરભક્તને આ વાત જણાવી. ઈશ્વરભક્તે કહ્યુ, “તું જઈને તે તેલ વેચીને તારું દેવું ભરપાઈ કર. જે નાણાં બાકી રહે તેનાથી તું અને તારા દીકરાઓ શાંતિથી ગુજરાન ચલાવો અને જીવો.”

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִ֨י | הַיּ֜וֹם | וַיַּעֲבֹ֧ר | אֱלִישָׁ֣ע | אֶל־ | שׁוּנֵ֗ם | וְשָׁם֙ | אִשָּׁ֣ה | גְדוֹלָ֔ה | וַתַּחֲזֶק־ | בּ֖וֹ |
| અને-થયું | એક-દિવસે | અને-ગયા | અલીશા | ને | શૂનેમ | અને-ત્યાં | સ્ત્રી | મોટી | અને-આગ્રહ-કર્યો | તેમને |
| H1961 | H3117 | | H0477 | H0413 | H7766 | H8033 | H0802 | | H2388 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לֶאֱכָל־ | לָ֑חֶם | וַיְהִי֙ | מִדֵּ֣י | עָבְר֔וֹ | יָסֻ֥ר | שָׁ֖מָּה | לֶאֱכָל־ | לָֽחֶם׃ |
| ખાવા | રોટલી | અને-થતું | જ્યારે-પણ | પસાર-થતા | ત્યાં-જતા | ત્યાં | ખાવા | રોટલી |
| H0398 | H3899 | H1961 | H1767 | | H5493 | H8033 | H0398 | H3899 |

એક દિવસ એવું બન્યું કે, એલિશા શુનેમ ગયો ત્યાં એક ધનવાન સ્ત્રી રહેતી હતી. તે સ્ત્રીએ તેને જમવા માટે આગ્રહ કર્યો. અને એમ થયું કે, એલિશા જેટલી વાર ત્યાંથી જતો, તેટલી વાર તે જમવા માટે ત્યાં રોકાતો હતો.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֹּ֙אמֶר֙ | אֶל־ | אִישָׁ֔הּ | הִנֵּה־ | נָ֣א | יָדַ֔עְתִּי | כִּ֛י | אִ֥ישׁ | אֱלֹהִ֖ים | קָד֣וֹשׁ | ה֑וּא |
| અને-કહ્યુ | ને | પોતાના-પતિને | જુઓ | કૃપા-કરીને | જાણું-છું | કે | ઈશ્વરનો-માણસ | ઈશ્વરનો | પવિત્ર | છે-તે |
| H0559 | H0413 | H0376 | H2009 | H4994 | H3045 | | H0376 | H0430 | H6918 | H1931 |

| | | |
|---|---|---|
| עֹבֵ֥ר | עָלֵ֖ינוּ | תָּמִֽיד׃ |
| પસાર-થાય-છે | આપણી-પાસેથી | નિયમિત |
| | | H8548 |

તે સ્ત્રીએ પોતાના પતિને કહ્યુ, “જુઓ, હવે મને ખાતરી થઈ છે કે જે માણસ હંમેશા આપણે ત્યાં આવીને જાય છે તે તો પવિત્ર ઈશ્વરભક્ત છે.

10

| | | |
|---|---|---|
| נַֽעֲשֶׂה־ | બનાવીએ | |
| נָּא | કૃપા-કરીને | H4994 |
| עֲלִיַּת־ | ઉપલી-ઓરડી | H5944 |
| קִיר | દીવાલનો | H7023 |
| קְטַנָּה | નાનો | |
| וְנָשִׂים | અને-મૂકીએ | |
| לוֹ | તેના-માટે | |
| שָׁם | ત્યાં | H8033 |
| מִטָּה | પથારી | H4296 |
| וְשֻׁלְחָן | અને-ટેબલ | H7979 |
| וְכִסֵּא | અને-ખુરશી | H3678 |
| וּמְנוֹרָה | અને-દીવો | H4501 |
| וְהָיָה | અને-થાય | H1961 |
| בְּבֹאוֹ | જ્યારે-આવે | H0935 |
| אֵלֵינוּ | આપણી-પાસે | H0413 |
| יָסוּר | ત્યાં-જાય | H5493 |
| שָׁמָּה׃ | ત્યાં | H8033 |

તો કૃપા કરી, આપણે તેને માટે એક નાની ઓરડી બનાવીએ અને તેમાં એક પલંગ, મેજ, ખુરશી તથા દીવો મૂકીએ. તેથી જયારે તે અહીં આપણી પાસે આવે ત્યારે તેમાં રહે."

11

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-થયું | H1961 |
| הַיּוֹם | એક-દિવસે | H3117 |
| וַיָּבֹא | અને-આવ્યા | H0935 |
| שָׁמָּה | ત્યાં | H8033 |
| וַיָּסַר | અને-ગયા | H5493 |
| אֶל־ | ને | H0413 |
| הָעֲלִיָּה | ઉપલા-ઓરડામાં | H5944 |
| וַיִּשְׁכַּב־ | અને-સૂઈ-ગયા | H7901 |
| שָׁמָּה׃ | ત્યાં | H8033 |

એક દિવસ એલિશા ફરીથી ત્યાં રોકાયો, તે ઘરમાં રહ્યો અને ત્યાં આરામ કર્યો.

12

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֶל־ | ને | H0413 |
| גֵּחֲזִי | ગેહઝી | H1522 |
| נַעֲרוֹ | સેવક | H5288 |
| קְרָא | બોલાવ | H7121 |
| לַשּׁוּנַמִּית | શૂનામી-સ્ત્રીને | H7767 |
| הַזֹּאת | આ | H2063 |
| וַיִּקְרָא־ | અને-બોલાવી | H7121 |
| לָהּ | તેણીને | |
| וַתַּעֲמֹד | અને-ઊભી-રહી | H5975 |
| לְפָנָיו׃ | તેમની-સામે | H6440 |

એલિશાએ પોતાના ચાકર ગેહઝીને કહ્યુ, "એ શુનામ્મીને બોલાવ." જયારે તેણે તેને બોલાવી, ત્યારે તે આવીને તેની આગળ ઊભી રહી.

13

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| לוֹ | તેને | |
| אֱמָר־ | કહે | H0559 |
| נָא | કૃપા-કરીને | H4994 |
| אֵלֶיהָ | તેણીને | H0413 |
| הִנֵּה | જુઓ | H2009 |
| חָרַדְתְּ | ચિંતા-કરી | H2729 |
| אֵלֵינוּ | અમારા-માટે | H0413 |
| אֶת־ | તે | H0853 |
| כָּל־ | બધી | H3605 |
| הַחֲרָדָה | ચિંતા | H2731 |
| הַזֹּאת | આ | H2063 |
| מֶה | શું | H4100 |
| לַעֲשׂוֹת | કરવા | |
| לָךְ | તારા-માટે | |
| הֲיֵשׁ | શું-છે | H3426 |
| לְדַבֶּר־ | વાત-કરવા | H1696 |
| לָךְ | તારા-માટે | |
| אֶל־ | ને | H0413 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| אוֹ | અથવા | |
| אֶל־ | ને | H0413 |
| שַׂר | સેનાપતિ | H8269 |
| הַצָּבָא | સૈન્યના | |
| וַתֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| בְּתוֹךְ | વચ્ચે | H8432 |
| עַמִּי | મારા-લોકોના | |
| אָנֹכִי | હું | H0595 |
| יֹשָׁבֶת׃ | રહું-છું | H3427 |

એલિશાએ ચાકરને કહ્યુ, "તેને પૂછ કે, 'તેં અમારી આટલી કાળજી કરીને ચિંતા રાખી છે. અમે તારા માટે શું કરીએ? શું તારી એવી ઇચ્છા છે કે રાજા કે સેનાપતિને તારા માટે ભલામણ કરીએ?" તે સ્રીએ કહ્યુ, "હું તો મારા પોતાના લોકો વચ્ચે રહું છું."

14

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| וּמֶה | અને-શું | H4100 |
| לַעֲשׂוֹת | કરવા | |
| לָהּ | તેના-માટે | |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| גֵּיחֲזִי | ગેહઝીએ | H1522 |
| אֲבָל | ખરેખર | H0061 |
| בֵּן | દીકરો | |
| אֵין־ | નથી | H0369 |
| לָהּ | તેણીને | |
| וְאִישָׁהּ | અને-પતિ | H0376 |
| זָקֵן׃ | વૃદ્ધ-છે | H2204 |

તેથી એલિશાએ ચાકર ગેહઝીને પૂછ્યું, "તો પછી આપણે તેને માટે શું કરીએ?" ગેહઝીએ જવાબ આપ્યો, "ખરેખર, તેને દીકરો નથી અને તેનો પતિ વૃદ્ધ છે."

15

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| קְרָא־ | બોલાવ | H7121 |
| לָהּ | તેણીને | |
| וַיִּקְרָא־ | અને-બોલાવી | H7121 |
| לָהּ | તેણીને | |
| וַתַּעֲמֹד | અને-ઊભી-રહી | H5975 |
| בַּפָּתַח׃ | દ્વારમાં | H6607 |

એલિશાએ કહ્યુ, "તેને બોલાવ." જયારે ચાકરે તેને બોલાવી ત્યારે તે આવીને બારણામાં ઊભી રહી.

16

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| לַמּוֹעֵד | નિયત-સમયે | H4150 |
| הַזֶּה | આ | H2088 |
| כָּעֵת | સમયે-જેવા | H6256 |
| חַיָּה | જીવંત | |
| ]אתי[ | — | |
| )אַתְּ( | તું | |
| חֹבֶקֶת | ભેટશે | H2263 |
| בֵּן | દીકરો | |
| וַתֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אַל־ | ના | H0408 |
| אֲדֹנִי | ગુરુ | H0113 |
| אִישׁ | ઈશ્વરના-માણસ | H0376 |
| הָאֱלֹהִים | ઈશ્વરના | H0430 |
| אַל־ | ના | H0408 |
| תְּכַזֵּב | છેતરો | H3576 |
| בְּשִׁפְחָתֶךָ׃ | તારી-દાસીને | H8198 |

એલિશાએ કહ્યું, “આવતા વર્ષના નિયત સમયે તને બાળક જન્મશે.” પણ તેણે કહ્યું, “ના, મારા માલિક ઈશ્વરભક્ત, તમારી દાસીને જૂઠું કહેશો નહિ.”

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 17 | וַתַּהַר | הָאִשָּׁה | וַתֵּלֶד | בֵּן | לַמּוֹעֵד | הַזֶּה | כָּעֵת | חַיָּה | אֲשֶׁר־ | דִּבֶּר | אֵלֶיהָ | אֱלִישָׁע׃ |
| | અને-ગર્ભવતી-થઈ | સ્ત્રી | અને-જન્મ-આપ્યો | દીકરો | નિયત-સમયે | તે | સમયે-જેવા | જીવંત | જે | કહ્યું-હતું | તેણીને | અલીશાએ |
| | H2029 | H0802 | H3205 | | H4150 | H2088 | H6256 | | | H1696 | H0413 | H0477 |

પણ તે સ્ત્રીને ગર્ભ રહ્યો. અને એલિશાએ કહ્યું હતું તે પ્રમાણે, બીજા વર્ષે તે જ સમયે તેને દીકરો જન્મ્યો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 18 | וַיִּגְדַּל | הַיָּלֶד | וַיְהִי | הַיּוֹם | וַיֵּצֵא | אֶל־ | אָבִיו | אֶל־ | הַקֹּצְרִים׃ |
| | અને-મોટો-થયો | બાળક | અને-થયું | એક-દિવસે | અને-ગયો | પાસે | પિતાના | પાસે | લણનારાઓના |
| | H1431 | H3206 | H1961 | H3117 | H3318 | H0413 | H0001 | H0413 | |

જ્યારે તે બાળક મોટો થયો, ત્યારે તે એક દિવસ તેના પિતા પાસે જ્યાં પાક લણનારા હતા ત્યાં ગયો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 19 | וַיֹּאמֶר | אֶל־ | אָבִיו | רֹאשִׁי׀ | רֹאשִׁי | וַיֹּאמֶר | אֶל־ | הַנַּעַר | שָׂאֵהוּ | אֶל־ | אִמּוֹ׃ |
| | અને-કહ્યું | ને | પિતાને | મારું-માથું | મારું-માથું | અને-કહ્યું | ને | સેવકને | ઉઠાવ-તેને | પાસે | માતાના |
| | H0559 | H0413 | H0001 | | | H0559 | H0413 | H5288 | H5375 | H0413 | H0517 |

બાળકે તેના પિતાને કહ્યું, મારું માથું, મારું માથું.” તેના પિતાએ પોતાના ચાકરને કહ્યું, “તેને ઊંચકીને તેની માતા પાસે લઈ જા.”

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 20 | וַיִּשָּׂאֵהוּ | וַיְבִיאֵהוּ | אֶל־ | אִמּוֹ | וַיֵּשֶׁב | עַל־ | בִּרְכֶּיהָ | עַד־ | הַצָּהֳרַיִם | וַיָּמֹת׃ |
| | અને-ઉઠાવ્યો | અને-લઈ-ગયો | પાસે | માતાના | અને-બેઠો | પર | ખોળામાં | સુધી | બપોર | અને-મરી-ગયો |
| | H5375 | H0935 | H0413 | H0517 | H3427 | | H1290 | H5704 | | H4191 |

તેથી ચાકર તે બાળકને ઊંચકીને તેની માતા પાસે લઈ ગયો. તે બાળક તેની માતાના ખોળામાં બપોર સુધી બેઠો અને પછી મરણ પામ્યો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 21 | וַתַּעַל | וַתַּשְׁכִּבֵהוּ | עַל־ | מִטַּת | אִישׁ | הָאֱלֹהִים | וַתִּסְגֹּר | בַּעֲדוֹ | וַתֵּצֵא׃ |
| | અને-ચઢી | અને-સુવાડ્યો | પર | પથારી | ઈશ્વરના-માણસ | ઈશ્વરના | અને-બંધ-કર્યો | પાછળ | અને-બહાર-ગઈ |
| | H5927 | H7901 | | H4296 | H0376 | H0430 | H5462 | H1157 | H3318 |

પછી તે સ્ત્રીએ બાળકને લઈને ઈશ્વરભક્તના પલંગમાં સુવાડ્યો અને તે બારણું બંધ કરીને બહાર ચાલી ગઈ.

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 22 | וַתִּקְרָא | אֶל־ | אִישָׁהּ | וַתֹּאמֶר | שִׁלְחָה | נָא | לִי | אֶחָד | מִן־ | הַנְּעָרִים | וְאַחַת | הָאֲתֹנוֹת | וְאָרוּצָה | עַד־ | אִישׁ | הָאֱלֹהִים | וְאָשׁוּבָה׃ |
| | અને-બોલાવ્યા | ને | પતિને | અને-કહ્યું | મોકલ | કૃપા-કરીને | મને | એક | માંથી | સેવકોમાંથી | અને-એક | ગધેડી | અને-દોડું | સુધી | ઈશ્વરના-માણસ | ઈશ્વરના | અને-પાછી-આવું |
| | H7121 | H0413 | H0376 | H0559 | H7971 | H4994 | | H0259 | | H5288 | H0259 | H0860 | H7323 | H5704 | H0376 | H0430 | H7725 |

તેણે પોતાના પતિને બોલાવીને કહ્યું, “કૃપા કરીને મને એક ગધેડો અને એક ચાકર મોકલી આપ કે, હું જલ્દીથી ઈશ્વરભક્ત પાસે જઈને પાછી આવી શકું.”

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 23 | וַיֹּאמֶר | מַדּוּעַ | [אתי] | (אַתְּ) | [הלכתי] | (הֹלֶכֶת) | אֵלָיו | הַיּוֹם | לֹא־ | חֹדֶשׁ | וְלֹא | שַׁבָּת | וַתֹּאמֶר | שָׁלוֹם׃ |
| | અને-કહ્યું | કેમ | — | તું | — | જાય-છે | તેની-પાસે | આજે | નથી | અમાસ | અને-નથી | વિશ્રામવાર | અને-કહ્યું | શાંતિ |
| | H0559 | H4069 | | | H1980 | H1980 | H0413 | H3117 | H3808 | H2320 | H3808 | H7676 | H0559 | H7965 |

તેના પતિએ પૂછ્યું, “તું આજે તેની પાસે કેમ જાય છે? આજે નથી અમાસ કે નથી વિશ્રામવાર.” સ્ત્રીએ કહ્યું “બધું સારું થશે.”

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 24 | וַתַּחֲבֹשׁ | הָאָתוֹן | וַתֹּאמֶר | אֶל־ | נַעֲרָהּ | נְהַג | וָלֵךְ | אַל־ | תַּעֲצָר־ | לִי | לִרְכֹּב | כִּי | אִם־ | אָמַרְתִּי | לָךְ׃ |
| | અને-પલાણી | ગધેડી | અને-કહ્યું | ને | સેવકને | ચલાવ | અને-જા | ના | અટકાવ | મને | સવારી-કરતાં | સિવાય | કે | કહું | તને |
| | H2280 | H0860 | H0559 | H0413 | H5288 | | H3212 | H0408 | H6113 | | H7392 | | | H0559 | |

પછી તેણે ગધેડા પર જીન બાંધ્યું અને ચાકરને કહ્યુ, “ઉતાવળથી હાંકીને ચલાવ; હું તને કહું તે સિવાય સવારી ધીમી પાડતો નહિ.”

25

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֵּלֶךְ | וַתָּבוֹא | אֶל־ | אִישׁ | הָאֱלֹהִים | אֶל־ | הַר | הַכַּרְמֶל | וַיְהִי | כִּרְאוֹת |
| અને-ગઈ | અને-આવી | પાસે | ઈશ્વરના-માણસ | ઈશ્વરના | ને | પર્વત | કાર્મેલ | અને-થયું | જ્યારે-જોયું |
| H3212 | H0935 | H0413 | H0376 | H0430 | H0413 | H2022 | H3760 | H1961 | H7200 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אִישׁ־ | הָאֱלֹהִים | אֹתָהּ | מִנֶּגֶד | וַיֹּאמֶר | אֶל־ | גֵּיחֲזִי | נַעֲרוֹ | הִנֵּה | הַשּׁוּנַמִּית | הַלָּז׃ |
| ઈશ્વરના-માણસે | ઈશ્વરના | તેણીને | દૂરથી | અને-કહ્યુ | ને | ગેહઝી | સેવક | જુઓ | શૂનામી-સ્ત્રી | તે |
| H0376 | H0430 | H0853 | H5048 | H0559 | H0413 | H1522 | H5288 | H2009 | H7767 | H1975 |

આમ તે ગઈ અને કાર્મેલ પર્વત પર ઈશ્વરભક્ત પાસે આવી પહોંચી. ઈશ્વરભક્તે તેને દૂરથી જોઈને તેના ચાકર ગેહઝીને કહ્યુ, “જો, શુનામ્મી સ્ત્રી અહીં આવી રહી છે.

26

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַתָּה | רוּץ־ | נָא | לִקְרָאתָהּ | וֶאֱמָר־ | לָהּ | הֲשָׁלוֹם | לָךְ | הֲשָׁלוֹם | לְאִישֵׁךְ | הֲשָׁלוֹם |
| હવે | દોડ | કૃપા-કરીને | તેણીને-મળવા | અને-કહે | તેણીને | શું-કુશળ-છે | તું | શું-કુશળ-છે | તારા-પતિ | શું-કુશળ-છે |
| H6258 | H7323 | H4994 | H7125 | H0559 | | H7965 | | H7965 | H0376 | H7965 |

| | | |
|---|---|---|
| לַיָּלֶד | וַתֹּאמֶר | שָׁלוֹם׃ |
| બાળક | અને-કહ્યુ | કુશળ |
| H3206 | H0559 | H7965 |

કૃપા કરી, દોડીને તેને મળવા જા અને પૂછ કે, ‘શું તું, તારો પતિ તથા તારો દીકરો ક્ષેમકુશળ તો છે ને?’” તે સ્ત્રીએ કહ્યુ, “ક્ષેમકુશળ છે.”

27

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתָּבֹא | אֶל־ | אִישׁ | הָאֱלֹהִים | אֶל־ | הָהָר | וַתַּחֲזֵק | בְּרַגְלָיו | וַיִּגַּשׁ | גֵּיחֲזִי |
| અને-આવી | પાસે | ઈશ્વરના-માણસ | ઈશ્વરના | ને | પર્વત | અને-પકડ્યા | પગ | અને-આવ્યો-નજીક | ગેહઝી |
| H0935 | H0413 | H0376 | H0430 | H0413 | H2022 | H2388 | H7272 | H5066 | H1522 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לְהָדְפָהּ | וַיֹּאמֶר | אִישׁ | הָאֱלֹהִים | הַרְפֵּה־ | לָהּ | כִּי־ | נַפְשָׁהּ | מָרָה־ | לָהּ |
| તેણીને-ધકેલવા | અને-કહ્યુ | ઈશ્વરના-માણસ | ઈશ્વરના | છોડી-દે | તેણીને | કારણ-કે | જીવ | દુઃખી-છે | તેનો |
| H1920 | H0559 | H0376 | H0430 | H7503 | | | H5315 | H4843 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיהוָה | הֶעְלִים | מִמֶּנִּי | וְלֹא | הִגִּיד | לִי׃ |
| અને-યહોવાહે | છુપાવ્યું-છે | મારાથી | અને-નહિ | જણાવ્યું | મને |
| H3068 | H5956 | | H3808 | H5046 | |

તે સ્ત્રીએ પર્વત પર ઈશ્વરભક્ત એલિશા પાસે આવીને તેના પગ પકડ્યા, ત્યારે ગેહઝી તેને દૂર કરવા આગળ આવ્યો પણ ઈશ્વરભક્તે તેને કહ્યુ, “તેને એકલી રહેવા દે, કેમ કે તે દુઃખી છે, યહોવાહે તે વાત મારાથી છુપાવીને મને કહ્યુ નથી.”

28

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֹּאמֶר | הֲשָׁאַלְתִּי | בֵן | מֵאֵת | אֲדֹנִי | הֲלֹא | אָמַרְתִּי | לֹא | תַשְׁלֶה | אֹתִי׃ |
| અને-કહ્યુ | શું-માંગ્યો-હતો | દીકરો | પાસેથી | ગુરુ | શું-નહીં | કહ્યુ-હતું | નહિ | છેતરો | મને |
| H0559 | H7592 | | H0854 | H0113 | H3808 | H0559 | H3808 | H7952 | H0853 |

પછી તે સ્ત્રી બોલી, “મારા માલિક□ શું મેં તમારી પાસે દીકરો માંગ્યો હતો? શું મેં નહોતું કહ્યુ કે, મને છેતરશો નહિ?”

29

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | לְגֵיחֲזִי | חֲגֹר | מָתְנֶיךָ | וְקַח | מִשְׁעַנְתִּי | בְּיָדְךָ | וָלֵךְ | כִּי־ | תִמְצָא | אִישׁ | לֹא |
| અને-કહ્યુ | ગેહઝીને | બાંધ | કમર | અને-લે | મારી-લાકડી | તારા-હાથમાં | અને-જા | જો | મળે | કોઈ | ના |
| H0559 | H1522 | H2296 | H4975 | H3947 | | H3027 | H3212 | | H4672 | H0376 | H3808 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| תְבָרְכֶנּוּ | וְכִי־ | יְבָרֶכְךָ | אִישׁ | לֹא | תַעֲנֶנּוּ | וְשַׂמְתָּ | מִשְׁעַנְתִּי | עַל־ | פְּנֵי | הַנָּעַר׃ |
| શુભેચ્છા-આપ | અને-જો | શુભેચ્છા-આપે | કોઈ | ના | જવાબ-આપ | અને-મૂક | મારી-લાકડી | પર | ચહેરા | બાળકના |
| H1288 | | H1288 | H0376 | H3808 | | | | | H6440 | H5288 |

ત્યારે એલિશાએ ગેહઝીને કહ્યુ, “ગેહઝી, કમર બાંધીને તથા મારી લાકડી તારા હાથમાં લઈને રસ્તો પકડ. તેના ઘરે જા. જો રસ્તામાં તને કોઈ મળે તો તેને સલામ કરતો નહિ અને જો કોઈ તને સલામ કરે તો, તેને સામે સલામ કરતો નહિ. મારી લાકડી તે બાળકના મુખ પર મૂકજે.”

30

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֹּאמֶר | אֵם | הַנַּעַר | חַי־ | יְהוָה | וְחֵי־ | נַפְשְׁךָ | אִם־ | אֶעֶזְבֶךָּ | וַיָּקָם |
| અને-કહ્યુ | માતા | બાળકની | જીવતા-છે | યહોવાહ | અને-જીવતો-છે | તારો-જીવ | હું-નહિ | છોડું-તને | અને-ઊઠ્યા |
| H0559 | H0517 | H5288 | | H3068 | | H5315 | | | |

| | |
|---|---|
| וַיֵּלֶךְ | אַחֲרֶיהָ׃ |
| અને-ગયા | તેણી-પાછળ |
| H3212 | |

પણ બાળકની માતાએ કહ્યુ, “યહોવાહના સમ, તમારા સમ, હું તમને છોડવાની નથી.” આથી એલિશા ઊઠયો અને તેની સાથે ગયો.

31

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְגֵחֲזִ֞י | עָבַ֣ר | לִפְנֵיהֶ֗ם | וַיָּ֤שֶׂם | אֶת־ | הַמִּשְׁעֶ֙נֶת֙ | עַל־ | פְּנֵ֣י | הַנַּ֔עַר | וְאֵ֥ין | ק֖וֹל |
| અને-ગેહઝી | ગયો | તેઓના-આગળ | અને-મૂકી | તે | લાકડી | પર | ચહેરા | બાળકના | અને-નહિ | અવાજ |
| H1522 | | H6440 | | H0853 | | | H6440 | H5288 | H0369 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵ֣ין | קָ֑שֶׁב | וַיָּ֤שָׁב | לִקְרָאתוֹ֙ | וַיַּגֶּד־ | ל֣וֹ | לֵאמֹ֔ר | לֹ֥א | הֵקִ֖יץ | הַנָּֽעַר׃ |
| અને-નહિ | ધ્યાન | અને-પાછો-ફર્યો | તેમને-મળવા | અને-કહ્યુ | તેમને | કહેવા | નહિ | જાગ્યો | બાળક |
| H0369 | H7182 | H7725 | H7125 | H5046 | | H0559 | H3808 | H6974 | H5288 |

ગેહઝી તેઓના કરતાં વહેલો પહોંચી ગયો હતો. તેણે બાળકના મુખ પર લાકડી મૂકી, પણ બાળક કશું બોલ્યો નહિ કે સાંભળ્યું નહિ. તેથી ગેહઝી તેને મળવા આવ્યો અને કહ્યુ, “બાળક હજુ જાગ્યો નથી.”

32

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹ֥א | אֱלִישָׁ֖ע | הַבָּ֑יְתָה | וְהִנֵּ֤ה | הַנַּ֙עַר֙ | מֵ֔ת | מֻשְׁכָּ֖ב | עַל־ | מִטָּתֽוֹ׃ |
| અને-આવ્યા | અલીશા | ઘરમાં | અને-જુઓ | બાળક | મરેલો | સુવાડેલો | પર | તેમની-પથારી |
| H0935 | H0477 | | H2009 | H5288 | H4191 | H7901 | | H4296 |

જયારે એલિશા ઘરમાં આવ્યો, ત્યારે બાળક મૃત અવસ્થામાં તેના પલંગ પર પડેલો હતો.

33

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹ֕א | וַיִּסְגֹּ֥ר | הַדֶּ֖לֶת | בְּעַ֣ד | שְׁנֵיהֶ֑ם | וַיִּתְפַּלֵּ֖ל | אֶל־ | יְהוָֽה׃ |
| અને-ગયા | અને-બંધ-કર્યો | દરવાજો | પાછળ | બંને | અને-પ્રાર્થના-કરી | ને | યહોવાહને |
| H0935 | H5462 | | H1157 | H8147 | H6419 | H0413 | H3068 |

તેથી એલિશાએ અંદર જઈને બારણું બંધ કર્યું, બાળક અને તે અંદર રહ્યા પછી તેણે યહોવાહને પ્રાર્થના કરી.

34

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּ֜עַל | וַיִּשְׁכַּ֣ב | עַל־ | הַיֶּ֗לֶד | וַיָּשֶׂם֩ | פִּ֨יו | עַל־ | פִּ֜יו | וְעֵינָ֤יו | עַל־ | עֵינָיו֙ |
| અને-ચઢ્યા | અને-સૂઈ-ગયા | પર | બાળક | અને-મૂક્યું | મોં | પર | મોં | અને-આંખો | પર | આંખો |
| H5927 | H7901 | | H3206 | | H6310 | | H6310 | | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְכַפָּ֣יו | עַל־ | [כפו] | (כַּפָּ֔יו) | וַיִּגְהַ֖ר | עָלָ֑יו | וַיָּ֖חָם | בְּשַׂ֥ר | הַיָּֽלֶד׃ |
| અને-હથેળીઓ | પર | — | હથેળીઓ | અને-ઝૂક્યા | તેના-પર | અને-ગરમ-થયું | શરીર | બાળકનું |
| H3709 | | H3709 | H3709 | H1457 | | H2552 | H1320 | H3206 |

પછી તે પલંગ પર જઈને બાળક પર સૂઈ ગયો, તેણે તેનું મુખ બાળકના મુખ પર, તેની આંખ બાળકની આંખ પર અને તેના હાથ બાળકના હાથ પર રાખ્યા. અને તે બાળક પર લાંબો થઈને સૂઈ ગયો એટલે બાળકના શરીરમાં ગરમાવો આવ્યો.

35

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּ֗שָׁב | וַיֵּ֤לֶךְ | בַּבַּ֙יִת֙ | אַחַ֥ת | הֵ֙נָּה֙ | וְאַחַ֣ת | הֵ֔נָּה | וַיַּ֖עַל | וַיִּגְהַ֣ר | עָלָ֑יו |
| અને-પાછા-ફર્યા | અને-ચાલ્યા | ઘરમાં | એક-વાર | આ-તરફ | અને-એક-વાર | તે-તરફ | અને-ચઢ્યા | અને-ઝૂક્યા | તેના-પર |
| H7725 | H3212 | | H0259 | H2008 | H0259 | H2008 | H5927 | H1457 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיְזוֹרֵ֤ר | הַנַּ֙עַר֙ | עַד־ | שֶׁ֣בַע | פְּעָמִ֔ים | וַיִּפְקַ֥ח | הַנַּ֖עַר | אֶת־ | עֵינָֽיו׃ |
| અને-છીંક્યો | બાળક | સુધી | સાત | વાર | અને-ખોલ્યા | બાળકે | તે | આંખો |
| H2237 | H5288 | H5704 | H7651 | H6471 | H6491 | H5288 | H0853 | |

પછી એલિશાએ ઊભા થઈને ઘરમાં ચારે બાજુ આંટા માર્યા પછી તે ફરીથી બાળક પર લાંબો થઈને સૂઈ ગયો. એટલે બાળકે સાત વખત છીંક ખાધી અને પોતાની આંખો ઉઘાડી.

36

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְרָ֣א | אֶל־ | גֵּיחֲזִ֗י | וַיֹּ֙אמֶר֙ | קְרָא֙ | אֶל־ | הַשֻּׁנַמִּ֣ית | הַזֹּ֔את | וַיִּקְרָאֶ֖הָ | וַתָּב֣וֹא |
| અને-બોલાવ્યા | ને | ગેહઝીને | અને-કહ્યુ | બોલાવ | ને | શૂનામી-સ્ત્રીને | આ | અને-બોલાવી | અને-આવી |
| H7121 | H0413 | H1522 | H0559 | H7121 | H0413 | H7767 | H2063 | H7121 | H0935 |

| | | | |
|---|---|---|---|
| אֵלָ֔יו | וַיֹּ֖אמֶר | שְׂאִ֥י | בְנֵֽךְ׃ |
| તેમની-પાસે | અને-કહ્યુ | ઉઠાવ | તારા-દીકરાને |
| H0413 | H0559 | H5375 | |

પછી એલિશાએ ગેહઝીને બોલાવીને કહ્યુ, “શુનામ્મીને બોલાવ એટલે તેણે તેને બોલાવી, જયારે તે ઘરમાં આવી ત્યારે એલિશાએ તેને કહ્યુ, “તારા દીકરાને ઊંચકી લે.”

37

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתָּבֹא֙ | וַתִּפֹּ֣ל | עַל־ | רַגְלָ֔יו | וַתִּשְׁתַּ֖חוּ | אָ֑רְצָה | וַתִּשָּׂ֥א | אֶת־ | בְּנָ֖הּ | וַתֵּצֵֽא׃ | פ |
| અને-આવી | અને-પડી | પર | પગ | અને-નમી | જમીન-સુધી | અને-ઉઠાવ્યો | તે | દીકરો | અને-ગઈ | — |
| H0935 | H5307 | | H7272 | H7812 | H0776 | H5375 | H0853 | | H3318 | |

પછી તે સ્ત્રીએ અંદર જઈને તેમને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. અને પછી પોતાના દીકરાને લઈને બહાર ચાલી ગઈ.

| 38 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וֶֽאֱלִישָׁ֞ע | שָׁ֣ב | הַגִּלְגָּ֗לָה | וְהָֽרָעָב֙ | בָּאָ֔רֶץ | וּבְנֵי֙ | הַנְּבִיאִ֔ים | יֹשְׁבִ֖ים | לְפָנָ֑יו | וַיֹּ֣אמֶר |
| અને-અલીશા | પાછા-ફર્યા | ગિલગાલ | અને-દુકાળ | દેશમાં | અને-દીકરાઓ | પ્રબોધકોના | બેઠા-હતા | તેમની-સામે | અને-કહ્યુ |
| H0477 | H7725 | H1537 | H7458 | H0776 | | H5030 | H3427 | H6440 | H0559 |
| לְנַעֲר֗וֹ | שְׁפֹת֙ | הַסִּ֣יר | הַגְּדוֹלָ֔ה | וּבַשֵּׁ֥ל | נָזִ֖יד | לִבְנֵ֥י | הַנְּבִיאִֽים׃ | | |
| સેવકને | ચઢાવ | હાંડલો | મોટો | અને-ઉકાળ | શાક | દીકરાઓ-માટે | પ્રબોધકોના | | |
| H5288 | H8239 | | | H1310 | H5138 | | H5030 | | |

એલિશા ફરી ગિલ્ગાલ આવ્યો. તે સમયે તે દેશમાં દુકાળ હતો. અને પ્રબોધકોના દીકરાઓ તેની આગળ બેઠા હતા. ત્યારે તેણે પોતાના ચાકરને કહ્યું, "એક મોટું તપેલું અગ્નિ પર ચઢાવીને પ્રબોધકોના દીકરાઓ માટે રસાવાળું શાક બનાવ."

| 39 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּצֵ֨א | אֶחָ֣ד | אֶל־ | הַשָּׂדֶה֮ | לְלַקֵּ֣ט | אֹרֹת֒ | וַיִּמְצָא֙ | גֶּ֣פֶן | שָׂדֶ֔ה | וַיְלַקֵּ֥ט | מִמֶּ֛נּוּ | פַּקֻּעֹ֥ת |
| અને-ગયો | એક | ને | ખેતરમાં | ચૂંટવા | શાકભાજી | અને-મળ્યો | વેલો | જંગલી | અને-ચૂંટ્યા | તેમાંથી | ફળો |
| H3318 | H0259 | H0413 | | H3950 | | H4672 | H1612 | | H3950 | | H6498 |
| שָׂדֶ֖ה | מְלֹ֣א | בִגְד֑וֹ | וַיָּבֹ֗א | וַיְפַלַּ֛ח | אֶל־ | סִ֥יר | הַנָּזִ֖יד | כִּי־ | לֹ֥א | יָדָֽעוּ׃ | |
| જંગલી | ભરીને | કપડાં | અને-આવ્યો | અને-સમારી-નાખ્યા | માં | હાંડલા | શાકના | કારણ-કે | નહિ | ઓળખતા-હતા | |
| | H4393 | | H0935 | H6398 | H0413 | | H5138 | | H3808 | H3045 | |

તેઓમાંથી એક જણ ખેતરમાં શાકભાજી લેવા માટે ગયો. તેણે એક જંગલી દ્રાક્ષવેલો જોયો, તે પરથી તેણે દૂધી તોડીને પોતાના ઝભ્ભામાં ખોળો ભરીને દૂધી ભેગી કરી. તેઓએ તેને કાપીને તે રસાવાળા શાકમાં નાખી. જો કે તેઓ તે જંગલી કડવી દૂધીને ઓળખતા નહોતા.

| 40 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּצְק֥וּ | לַאֲנָשִׁ֖ים | לֶאֱכ֑וֹל | וַיְהִ֗י | כְּאָכְלָם֙ | מֵהַנָּזִ֔יד | וְהֵ֣מָּה | צָעָ֗קוּ | וַיֹּֽאמְרוּ֙ | מָ֤וֶת | בַּסִּיר֙ |
| અને-પીરસ્યું | માણસોને | ખાવા | અને-થયું | ખાતાં-જ | શાકમાંથી | અને-તેઓ | બૂમ-પાડી | અને-કહ્યુ | મોત | હાંડલામાં |
| H3332 | H0376 | H0398 | H1961 | H0398 | H5138 | H1992 | H6817 | H0559 | H4194 | |
| אִ֣ישׁ | הָאֱלֹהִ֔ים | וְלֹ֥א | יָכְל֖וּ | לֶאֱכֹֽל׃ | | | | | | |
| ઈશ્વરના-માણસ | ઈશ્વરના | અને-નહિ | શક્યા | ખાવા | | | | | | |
| H0376 | H0430 | H3808 | H3201 | H0398 | | | | | | |

પછી તેઓએ તે માણસોને ખાવા માટે શાક પીરસ્યું. પછી, જેવું તેઓએ તે ખાધું તે સાથે જ તેઓએ બૂમ પાડીને કહ્યું, "હે ઈશ્વરભક્ત, આ તપેલામાં તો મોત છે" અને તેઓ તે ખાઈ શકયા નહિ.

| 41 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֙אמֶר֙ | וּקְחוּ־ | קֶ֔מַח | וַיַּשְׁלֵ֖ךְ | אֶל־ | הַסִּ֑יר | וַיֹּ֗אמֶר | צַ֤ק | לָעָם֙ | וְיֹאכֵ֔לוּ | וְלֹ֣א |
| અને-કહ્યુ | અને-લાવો | લોટ | અને-નાખ્યો | માં | હાંડલામાં | અને-કહ્યુ | પીરસ | લોકોને | અને-ખાય | અને-નહિ |
| H0559 | H3947 | H7058 | H7993 | H0413 | | H0559 | H3332 | | H0398 | H3808 |
| הָיָ֛ה | דָּבָ֥ר | רָ֖ע | בַּסִּֽיר׃ | ס | | | | | | |
| હતી | વસ્તુ | ખરાબ | હાંડલામાં | — | | | | | | |
| H1961 | H1697 | | | | | | | | | |

પણ એલિશાએ કહ્યુ, "તો થોડો લોટ લાવો." તે લોટ તેણે તપેલામાં નાખ્યો અને કહ્યુ, "હવે લોકોને ખાવાનું શાક પીરસો કે જેથી તેઓ ખાય." અને હવે તપેલામાં કશું નુકસાનકારક રહ્યુ ન હતું.

| 42 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְאִ֨ישׁ | בָּ֜א | מִבַּ֣עַל שָׁלִשָׁ֗ה | וַיָּבֵא֩ | לְאִ֨ישׁ | הָאֱלֹהִ֜ים | לֶ֤חֶם | בִּכּוּרִים֙ | עֶשְׂרִֽים־ |
| અને-માણસ | આવ્યો | બઆલ-શાલીશાથી | અને-લાવ્યો | ઈશ્વરના-માણસ-માટે | ઈશ્વરના | રોટલી | પ્રથમફળની | વીસ |
| H0376 | H0935 | H1190 | H0935 | H0376 | H0430 | H3899 | H1061 | H6242 |
| לֶ֣חֶם | שְׂעֹרִ֔ים | וְכַרְמֶ֖ל | בְּצִקְלֹנ֑וֹ | וַיֹּ֕אמֶר | תֵּ֥ן | לָעָ֖ם | וְיֹאכֵֽלוּ׃ | |
| રોટલી | જવની | અને-અનાજ | થેલીમાં | અને-કહ્યુ | આપ | લોકોને | અને-ખાય | |
| H3899 | H8184 | H3759 | H6861 | H0559 | H5414 | | H0398 | |

બાલ-શાલીશાથી એક માણસ ઈશ્વરભક્ત પાસે પ્રથમ ફળનું અન્ન, જવમાંથી બનાવેલી વીસ રોટલી અને ભરેલા દાણાવાળાં તાજા કણસલાં પોતાના થેલીમાં લઈને આવ્યો. એલિશાએ કહ્યુ, "આ લોકોને આપો કે તેઓ ખાય."

43 וַיֹּאמֶר מְשָׁרְתוֹ מָה אֶתֵּן זֶה לִפְנֵי מֵאָה אִישׁ וַיֹּאמֶר תֵּן לָעָם וְיֹאכֵלוּ
અને-કહ્યુ સેવકે શું આપું આ સામે સો માણસ અને-કહ્યુ આપ લોકોને અને-ખાય
H0559 H8334 H4100 H5414 H2088 H6440 H3967 H0376 H0559 H5414 H0398

כִּי כֹה אָמַר יְהוָה אָכֹל וְהוֹתֵר׃
કારણ-કે આમ કહે-છે યહોવાહ ખાશે અને-વધશે
H3541 H0559 H3068 H0398 H3498

તેના ચાકરે કહ્યુ, “શું, હું આ સો માણસોની આગળ મૂકું?” પણ એલિશાએ કહ્યુ, “તું આ લોકોને આપ કે તેઓ ખાય, કેમ કે યહોવાહ એવું કહે છે, ‘તેઓ ખાશે તોપણ તેમાંથી વધશે.’”

44 וַיִּתֵּן לִפְנֵיהֶם וַיֹּאכְלוּ וַיּוֹתִרוּ כִּדְבַר יְהוָה׃ פ
અને-આપ્યું તેઓ-સામે અને-ખાધું અને-વધ્યું વચન-પ્રમાણે યહોવાહના —
H5414 H6440 H0398 H3498 H1697 H3068

માટે તેના ચાકરે તેઓની આગળ મૂક્યું; યહોવાહના વચન પ્રમાણે તેઓએ ખાધું. તે ઉપરાંત તેમાંથી થોડું વધ્યું પણ ખરું.

## Chapter 5

1 וְנַעֲמָן שַׂר־ צְבָא מֶלֶךְ־ אֲרָם הָיָה אִישׁ גָּדוֹל לִפְנֵי אֲדֹנָיו וּנְשֻׂא
અને-નામાન સેનાપતિ સૈન્યનો રાજા અરામના હતો માણસ મોટો સામે માલિકના અને-માનીતો
H5283 H8269 H4428 H0758 H1961 H0376 H6440 H0113 H5375

פָּנִים כִּי־ בוֹ נָתַן־ יְהוָה תְּשׁוּעָה לַאֲרָם וְהָאִישׁ הָיָה גִּבּוֹר חַיִל
ચહેરાવાળો કારણ-કે તેના-દ્વારા આપ્યો-હતો યહોવાહે વિજય અરામને અને-તે-માણસ હતો શૂરવીર બળવાન
H6440 H5414 H3068 H8668 H0758 H0376 H1961 H1368 H2428

מְצֹרָע׃
કોઢી
H6879

અરામના રાજાનો સેનાપતિ નામાન તેના માલિકની આગળ મોટો અને આદરણીય માણસ હતો. કારણ કે, યહોવાહે તેની મારફતે અરામને વિજય અપાવ્યો હતો. તે બળવાન, હિંમતવાન માણસ હતો. પણ તેને કુષ્ઠ રોગની બીમારી હતી.

2 וַאֲרָם יָצְאוּ גְדוּדִים וַיִּשְׁבּוּ מֵאֶרֶץ יִשְׂרָאֵל נַעֲרָה קְטַנָּה וַתְּהִי לִפְנֵי
અને-અરામીઓ ગયા-હતા ટોળીઓમાં અને-બંદી-બનાવી દેશમાંથી ઇઝરાયેલના છોકરી નાની અને-હતી સામે
H0758 H3318 H1416 H7617 H0776 H3478 H5291 H1961 H6440

אֵשֶׁת נַעֲמָן׃
પત્ની નામાનની
H0802 H5283

અરામીઓનું સૈન્ય ઇઝરાયલમાં થઈને પાછું ફરતું હતું ત્યારે તેઓ એક નાની છોકરીને પકડી લાવ્યા હતા. નામાને પોતાની પત્નીની દાસી તરીકે રાખી હતી.

3 וַתֹּאמֶר אֶל־ גְּבִרְתָּהּ אַחֲלֵי אֲדֹנִי לִפְנֵי הַנָּבִיא אֲשֶׁר בְּשֹׁמְרוֹן אָז יֶאֱסֹף אֹתוֹ
અને-કહ્યુ ને માલકિનને કાશ મારા-ગુરુ સામે પ્રબોધક જે સમરૂનમાં-છે તો સાજો-કરે તેને
H0559 H0413 H1404 H0305 H0113 H6440 H5030 H8111 H0622 H0853

מִצָּרַעְתּוֹ׃
કોઢમાંથી
H6883

તેણે પોતાની શેઠાણીને કહ્યુ, “ઈશ્વર કરે ને મારા માલિક સમરુનમાં એક પ્રબોધક પાસે જાય તો કેવું સારું ત્યારે તેઓ તેમનો રોગ મટાડી શકે તેમ છે.”

4 וַיָּבֹא וַיַּגֵּד לַאדֹנָיו לֵאמֹר כָּזֹאת וְכָזֹאת דִּבְּרָה הַנַּעֲרָה אֲשֶׁר מֵאֶרֶץ יִשְׂרָאֵל׃
અને-ગયો અને-કહ્યુ માલિકને કહેવા આમ અને-આમ બોલી છોકરી જે દેશમાંથી ઇઝરાયેલના
H0935 H5046 H0113 H0559 H2063 H2063 H1696 H5291 H0776 H3478

નામાને ઇઝરાયલ દેશની નાની છોકરીએ જે કહ્યુ હતું, તે વાત પોતાના રાજાને જણાવી.

5 וַיֹּאמֶר מֶלֶךְ־ אֲרָם לֶךְ־ בֹּא וְאֶשְׁלְחָה סֵפֶר אֶל־ מֶלֶךְ יִשְׂרָאֵל וַיֵּלֶךְ וַיִּקַּח
અને-કહ્યુ રાજા અરામના જા જા અને-મોકલું પત્ર પાસે રાજા ઇઝરાયેલના અને-ગયો અને-લીધું
H0559 H4428 H0758 H3212 H0935 H7971 H0413 H4428 H3478 H3212 H3947

בְּיָדוֹ עֶשֶׂר כִּכְּרֵי־ כֶסֶף וְשֵׁשֶׁת אֲלָפִים זָהָב וְעֶשֶׂר חֲלִיפוֹת בְּגָדִים׃
હાથમાં દસ કિક્કર ચાંદી અને-છ હજાર સોનાના અને-દસ જોડ કપડાંના
H3027 H6235 H3603 H3701 H8337 H0505 H2091 H6235 H2487

તેથી અરામના રાજાએ કહ્યુ, "હવે તું ઇઝરાયલ દેશમાં જા. હું ત્યાંના રાજા પર પત્ર લખી આપું છું." આથી નામાન દસ તોલા ચાંદી, છ હજાર સોનામહોર, દસ જોડ વસ્ત્રો લઈને ત્યાંથી ઇઝરાયલમાં આવ્યો.

6 וַיָּבֵא הַסֵּפֶר אֶל־ מֶלֶךְ יִשְׂרָאֵל לֵאמֹר וְעַתָּה כְּבוֹא הַסֵּפֶר הַזֶּה אֵלֶיךָ הִנֵּה
અને-લાવ્યો પત્ર પાસે રાજા ઇઝરાયેલના કહેવા અને-હવે આવવાં પત્ર આ તારી-પાસે જુઓ
H0935 H0413 H4428 H3478 H0559 H6258 H0935 H2088 H0413 H2009

שָׁלַחְתִּי אֵלֶיךָ אֶת־ נַעֲמָן עַבְדִּי וַאֲסַפְתּוֹ מִצָּרַעְתּוֹ׃
મોકલ્યો-છે તારી-પાસે તે નામાન સેવક-મારો અને-સાજો-કરીશ કોઢમાંથી
H7971 H0413 H0853 H5283 H5650 H0622 H6883

તેણે એ પત્ર ઇઝરાયલના રાજાને આપીને કહ્યુ, "હવે આ પત્ર જયારે તમારી પાસે લાવ્યો છું, ત્યારે તમારે જાણવું કે મેં મારા ચાકર નામાનને તમારી પાસે મોકલ્યો છે, કે જેથી તમે તેનો કુષ્ઠ રોગ મટાડો."

7 וַיְהִי כִּקְרֹא מֶלֶךְ־ יִשְׂרָאֵל אֶת־ הַסֵּפֶר וַיִּקְרַע בְּגָדָיו וַיֹּאמֶר הַאֱלֹהִים אָנִי
અને-થયું વાંચતાં રાજા ઇઝરાયેલના તે પત્ર ફાડ્યા કપડાં અને-કહ્યુ શું-ઈશ્વર હું-છું
H1961 H7121 H4428 H3478 H0853 H7167 H0559 H0430 H0589

לְהָמִית וּלְהַחֲיוֹת כִּי־ זֶה שֹׁלֵחַ אֵלַי לֶאֱסֹף אִישׁ מִצָּרַעְתּוֹ כִּי אַךְ־
મારવા અને-જીવાડવા કે આ મોકલે-છે મને સાજો-કરવા માણસ કોઢમાંથી કારણ-કે ખરેખર
H4191 H2421 H2088 H7971 H0413 H0622 H0376 H6883 H0389

דְּעוּ־ נָא וּרְאוּ כִּי־ מִתְאַנֶּה הוּא לִי׃
જાણો કૃપા-કરીને અને-જુઓ કે ઝઘડો-શોધે-છે તે મારી-સાથે
H3045 H4994 H7200 H0579 H1931

જયારે ઇઝરાયલના રાજાએ પત્ર વાંચ્યો, ત્યારે તેણે ગભરાઈને પોતાનાં વસ્ત્ર ફાડીને કહ્યુ, "શું હું મારનાર કે જીવાડનાર ઈશ્વર છું કે, આ માણસ ઇચ્છે છે કે હું તેનો રોગ મટાડું? જુઓ તે કેવી રીતે મારી વિરુદ્ધ બહાનું શોધે છે?"

8 וַיְהִי כִּשְׁמֹעַ אֱלִישָׁע אִישׁ־ הָאֱלֹהִים כִּי־ קָרַע מֶלֶךְ־ יִשְׂרָאֵל אֶת־ בְּגָדָיו
અને-થયું સાંભળતાં અલીશાએ ઈશ્વરના માણસે કે ફાડ્યાં રાજા ઇઝરાયેલના તે કપડાં
H1961 H8085 H0477 H0376 H0430 H7167 H4428 H3478 H0853

וַיִּשְׁלַח אֶל־ הַמֶּלֶךְ לֵאמֹר לָמָּה קָרַעְתָּ בְּגָדֶיךָ יָבֹא־ נָא אֵלַי וְיֵדַע
અને-મોકલ્યો પાસે રાજાને કહેવા કેમ ફાડ્યાં કપડાં આવે કૃપા-કરીને મારી-પાસે અને-જાણશે
H7971 H0413 H4428 H0559 H4100 H7167 H0935 H4994 H0413 H3045

כִּי יֵשׁ נָבִיא בְּיִשְׂרָאֵל׃
કે છે પ્રબોધક ઇઝરાયેલમાં
H3426 H5030 H3478

પણ જયારે ઈશ્વરભક્ત એલિશાએ સાંભળ્યું કે ઇઝરાયલના રાજાએ પોતાનાં વસ્ત્ર ફાડયાં છે, ત્યારે તેણે રાજાને સંદેશો મોકલ્યો, "તેં શા માટે પોતાનાં વસ્ત્ર ફાડ્યાં છે? કૃપા કરીને તેને મારી પાસે મોકલ, એટલે તે જાણશે કે અહીં ઇઝરાયલમાં પ્રબોધક છે."

9 וַיָּבֹא נַעֲמָן ]בסוסו[ )בְּסוּסָיו( וּבְרִכְבּוֹ וַיַּעֲמֹד פֶּתַח־ הַבַּיִת לֶאֱלִישָׁע׃
અને-આવ્યો નામાન — ઘોડાઓથી અને-રથથી અને-ઊભો-રહ્યો દ્વારે ઘરના અલીશાના
H0935 H5283 H7393 H5975 H6607 H0477

તેથી નામાન પોતાના ઘોડા અને રથો સાથે એલિશા પ્રબોધકના ઘરના બારણા સામે આવીને ઊભો રહ્યો.

10

| | | |
|---|---|---|
| וַיִּשְׁלַח | અને-મોકલ્યો | H7971 |
| אֵלָיו | તેની-પાસે | H0413 |
| אֱלִישָׁע | અલીશાએ | H0477 |
| מַלְאָךְ | સંદેશવાહક | H4397 |
| לֵאמֹר | કહેવા | H0559 |
| הָלוֹךְ | જા | H1980 |
| וְרָחַצְתָּ | અને-નહા | H7364 |
| שֶׁבַע־ | સાત | H7651 |
| פְּעָמִים | વાર | H6471 |
| בַּיַּרְדֵּן | યર્દનમાં | H3383 |
| וְיָשֹׁב | અને-પાછું-આવશે | H7725 |
| בְּשָׂרְךָ | શરીર | H1320 |
| לְךָ | તારું | |
| וּטְהָר׃ | અને-શુદ્ધ-થશે | H2891 |

એલિશાએ તેની પાસે સંદેશાવાહક મોકલીને કહ્યુ, “તું જઈને યર્દન નદીમાં સાત વખત ડૂબકી માર, એટલે તને નવું માંસ આવશે અને તું શુદ્ધ થઈશ.”

11

| | | |
|---|---|---|
| וַיִּקְצֹף | અને-ગુસ્સે-થયો | H7107 |
| נַעֲמָן | નામાન | H5283 |
| וַיֵּלַךְ | અને-ગયો | H3212 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הִנֵּה | જુઓ | H2009 |
| אָמַרְתִּי | વિચાર્યુ-હતું | H0559 |
| אֵלַי | મારી-પાસે | H0413 |
| יֵצֵא | બહાર-આવશે | H3318 |
| יָצוֹא | બહાર-આવીને | H3318 |
| וְעָמַד | અને-ઊભો-રહેશે | H5975 |
| וְקָרָא | અને-પોકારે | H7121 |
| בְּשֵׁם־ | નામે | H8034 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| אֱלֹהָיו | ઈશ્વરના | H0430 |
| וְהֵנִיף | અને-ફેરવશે | |
| יָדוֹ | હાથ | H3027 |
| אֶל־ | પર | H0413 |
| הַמָּקוֹם | જગ્યા | H4725 |
| וְאָסַף | અને-સાજો-કરશે | H0622 |
| הַמְּצֹרָע׃ | કોઢીને | H6879 |

પણ નામાને ગુસ્સે થઈને કહ્યુ કે, “હું તો વિચારતો હતો કે, તે બહાર આવીને મારી પાસે ઊભો રહીને પોતાના ઈશ્વર યહોવાહને વિનંતી કરશે. અને મારા શરીર પર પોતાનો હાથ ફેરવશે અને મારો કુષ્ઠ રોગ મટી જશે.

12

| | | |
|---|---|---|
| הֲלֹא | શું-નથી | H3808 |
| טוֹב | સારી | |
| ]אבנה[ | — | H0071 |
| )אֲמָנָה( | અમાના | H0549 |
| וּפַרְפַּר | અને-ફરફાર | H6554 |
| נַהֲרוֹת | નદીઓ | H5104 |
| דַּמֶּשֶׂק | દમશકની | H1834 |
| מִכֹּל | બધા-કરતાં | H3605 |
| מֵימֵי | પાણીઓ | H4325 |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલના | H3478 |
| הֲלֹא־ | શું-નહિ | H3808 |
| אֶרְחַץ | નહાઉં | H7364 |
| בָּהֶם | તેમાં | |
| וְטָהָרְתִּי | અને-શુદ્ધ-થાઉં | H2891 |
| וַיִּפֶן | અને-ફર્યો | H6437 |
| וַיֵּלֶךְ | અને-ગયો | H3212 |
| בְּחֵמָה׃ | ગુસ્સામાં | H2534 |

શું દમસ્કસની નદીઓ અબાના અને ફાર્પાર ઇઝરાયલનાં બીજાં જળાશયો કરતાં વધારે સારી નથી? શું હું તેઓમાં સ્નાન કરીને શુદ્ધ ના થાઉં?” આમ તે ગુસ્સામાં પાછો ચાલવા લાગ્યો.

13

| | | |
|---|---|---|
| וַיִּגְּשׁוּ | અને-આવ્યા-નજીક | H5066 |
| עֲבָדָיו | સેવકો | H5650 |
| וַיְדַבְּרוּ | અને-બોલ્યા | H1696 |
| אֵלָיו | તેને | H0413 |
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| אָבִי | પિતા | H0001 |
| דָּבָר | વાત | H1697 |
| גָּדוֹל | મોટી | |
| הַנָּבִיא | પ્રબોધકે | H5030 |
| דִּבֶּר | કહી | H1696 |
| אֵלֶיךָ | તને | H0413 |
| הֲלוֹא | શું-નહિ | H3808 |
| תַעֲשֶׂה | કર | |
| וְאַף | અને-વળી | H0637 |
| כִּי־ | જ્યારે | |
| אָמַר | કહ્યુ | H0559 |
| אֵלֶיךָ | તને | H0413 |
| רְחַץ | નહા | H7364 |
| וּטְהָר׃ | અને-શુદ્ધ-થા | H2891 |

ત્યારે નામાનના ચાકરોએ તેની પાસે આવીને તેને કહ્યુ, “અમારા માલિક, જો પ્રબોધકે તને કોઈ મુશ્કેલ કામ કરવા માટે કહ્યુ હોત, તો શું તે તું કરત નહિ? તો જયારે તે તને કહે છે કે, સ્નાન કરીને શુદ્ધ થા. તો વિશેષ કરીને તે કરવું જ જોઈએ?”

14

| | | |
|---|---|---|
| וַיֵּרֶד | અને-ગયો-નીચે | H3381 |
| וַיִּטְבֹּל | અને-ડૂબકી-મારી | H2881 |
| בַּיַּרְדֵּן | યર્દનમાં | H3383 |
| שֶׁבַע | સાત | H7651 |
| פְּעָמִים | વાર | H6471 |
| כִּדְבַר | વચન-પ્રમાણે | H1697 |
| אִישׁ | ઈશ્વરના-માણસ | H0376 |
| הָאֱלֹהִים | ઈશ્વરના | H0430 |
| וַיָּשָׁב | અને-પાછું-આવ્યું | H7725 |
| בְּשָׂרוֹ | શરીર | H1320 |
| כִּבְשַׂר | જેમ-શરીર | H1320 |
| נַעַר | નાના | H5288 |
| קָטֹן | બાળકના | |
| וַיִּטְהָר׃ | અને-શુદ્ધ-થયો | H2891 |

પછી નામાને જઈને ઈશ્વરભક્ત એલિશાના કહ્યા પ્રમાણે યર્દન નદીમાં સાત વખત ડૂબકી મારી. એટલે તેનું માંસ નાના બાળકના માંસ જેવું થઈ ગયું, તે શુદ્ધ થઈ ગયો.

15

| וַיָּשָׁב | אֶל־ | אִישׁ | הָאֱלֹהִים | הוּא | וְכָל־ | מַחֲנֵהוּ | וַיָּבֹא | וַיַּעֲמֹד |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-પાછો-ફર્યો | પાસે | ઈશ્વરના-માણસ | ઈશ્વરના | તે | અને-સર્વ | તેના-લોકો | અને-આવ્યો | અને-ઊભો-રહ્યો |
| H7725 | H0413 | H0376 | H0430 | H1931 | H3605 | H4264 | H0935 | H5975 |

| לְפָנָיו | וַיֹּאמֶר | הִנֵּה־ | נָא | יָדַעְתִּי | כִּי | אֵין | אֱלֹהִים | בְּכָל־ | הָאָרֶץ | כִּי | אִם־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તેમની-સામે | અને-કહ્યુ | જુઓ | કૃપા-કરીને | જાણું-છું | કે | નથી | ઈશ્વર | સર્વ | પૃથ્વીમાં | સિવાય | કે |
| H6440 | H0559 | H2009 | H4994 | H3045 | | H0369 | H0430 | H3605 | H0776 | | |

| בְּיִשְׂרָאֵל | וְעַתָּה | קַח־ | נָא | בְרָכָה | מֵאֵת | עַבְדֶּךָ׃ |
|---|---|---|---|---|---|---|
| ઇઝરાયેલમાં | અને-હવે | લે | કૃપા-કરીને | ભેટ | પાસેથી | સેવકન |
| H3478 | H6258 | H3947 | H4994 | H1293 | H0854 | H5650 |

ત્યાર પછી નામાન પોતાની આખી ટુકડી સાથે ઈશ્વરભક્ત એલિશા પાસે પાછો જઈને તેની આગળ ઊભો રહ્યો. તેણે કહ્યુ, "જો, હવે મને ખાતરી થઈ કે ઇઝરાયલ સિવાય આખી પૃથ્વી પર બીજે ક્યાંય ઈશ્વર નથી. તો હવે કૃપા કરીને, આ તારા સેવક પાસેથી ભેટ લે."

16

| וַיֹּאמֶר | חַי־ | יְהוָה | אֲשֶׁר־ | עָמַדְתִּי | לְפָנָיו | אִם־ | אֶקָּח | וַיִּפְצַר־ | בּוֹ | לָקַחַת |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | જીવતા-છે | યહોવાહ | જેમની | સામે-ઊભો-છું | હું | નહિ | લઈશ | અને-આગ્રહ-કર્યો | તેને | લેવા |
| H0559 | | H3068 | | H5975 | H6440 | | H3947 | H6484 | | H3947 |

| וַיְמָאֵן׃ |
|---|
| અને-નકાર્યું |
| H3985 |

પણ એલિશાએ કહ્યુ, "જીવતા યહોવાહ કે જેમની આગળ હું ઊભો છું તેમના સમ ખાઈને કહું છું કે, હું કોઈ ભેટ લઈશ નહિ." નામાને તેને ભેટ લેવા માટે આગ્રહ કર્યો, પણ તેણે ના પાડી.

17

| וַיֹּאמֶר | נַעֲמָן | וָלֹא | יֻתַּן־ | נָא | לְעַבְדְּךָ | מַשָּׂא | צֶמֶד־ | פְּרָדִים | אֲדָמָה | כִּי | לוֹא־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | નામાને | અને-નહિ | આપો | કૃપા-કરીને | સેવકને | ભાર | જોડા | ખચ્ચરોનો | માટી | કારણ-કે | નહિ |
| H0559 | H5283 | H3808 | H5414 | H4994 | H5650 | | H6776 | H6505 | H0127 | | H3808 |

| יַעֲשֶׂה | עוֹד | עַבְדְּךָ | עֹלָה | וָזֶבַח | לֵאלֹהִים | אֲחֵרִים | כִּי | אִם־ | לַיהוָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કરશે | હવે | સેવક | દહનાર્પણ | અને-બલિદાન | દેવોને | અન્ય | સિવાય | કે | યહોવાહને |
| | H5750 | H5650 | | H2077 | H0430 | H0312 | | | H3068 |

માટે નામાને કહ્યુ, "જો ના લો, તો કૃપા કરી તમારા ચાકરને એટલે કે મને બે ખચ્ચરના બોજા જેટલી માટી અપાવ, કેમ કે, હું હવેથી યહોવાહ સિવાય બીજા કોઈ દેવને દહનીયાર્પણ કે યજ્ઞ ચઢાવીશ નહિ.

18

| לַדָּבָר | הַזֶּה | יִסְלַח | יְהוָה | לְעַבְדֶּךָ | בְּבוֹא | אֲדֹנִי | בֵית־ | רִמּוֹן | לְהִשְׁתַּחֲוֺת | שָׁמָּה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વાત-માં | આ | માફ-કરે | યહોવાહ | સેવકને | જ્યારે-જાય | માલિક | મંદિર | રિમ્મોનમાં | નમવા | ત્યાં |
| H1697 | H2088 | H5545 | H3068 | H5650 | H0935 | H0113 | | | H7812 | H8033 |

| וְהוּא | נִשְׁעָן | עַל־ | יָדִי | וְהִשְׁתַּחֲוֵיתִי | בֵּית | רִמֹּן | בְּהִשְׁתַּחֲוָיָתִי | בֵּית | רִמֹּן | יִסְלַח־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-તે | અઢિંગે-છે | પર | હાથ | અને-નમું | મંદિરમાં | રિમ્મોનના | નમવાં-કરતાં | મંદિરમાં | રિમ્મોનના | માફ-કરે |
| H1931 | H8172 | | H3027 | H7812 | | | H7812 | | | H5545 |

| ]נא[ | יְהוָה | לְעַבְדְּךָ | בַּדָּבָר | הַזֶּה׃ |
|---|---|---|---|---|
| — | યહોવાહ | સેવકને | વાતમાં | આ |
| H4994 | H3068 | H5650 | H1697 | H2088 |

પણ જ્યારે મારા રાજા મારા હાથ પર ટેકો દઈને રિમ્મોનના મંદિરમાં સેવા કરવા જાય છે, ત્યારે હું રિમ્મોનના મંદિરમાં નમું છું. કૃપા કરી તમારા ચાકરની આ બાબત યહોવાહ ક્ષમા કરો."

19

| וַיֹּאמֶר | לוֹ | לֵךְ | לְשָׁלוֹם | וַיֵּלֶךְ | מֵאִתּוֹ | כִּבְרַת־ | אָרֶץ׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | તેને | જા | શાંતિમાં | અને-ગયો | તેની-પાસેથી | કેટલુંક | અતર | — |
| H0559 | | H3212 | H7965 | H3212 | H0854 | H3530 | H0776 | |

એલિશાએ તેને કહ્યુ, "શાંતિએ જા." તેથી નામાન તેની પાસેથી રવાના થયો.

20

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֣אמֶר | גֵּיחֲזִ֗י | נַ֚עַר | אֱלִישָׁ֣ע | אִישׁ־ | הָאֱלֹהִ֔ים | הִנֵּ֣ה׀ | חָשַׂ֣ךְ | אֲדֹנִ֗י | אֶת־ | נַעֲמָ֤ן | הָֽאֲרַמִּי֙ |
| અને-કહ્યુ | ગેહઝીએ | સેવક | અલીશાના | ઈશ્વરના | માણસનો | જુઓ | છોડ્યું | ગુરુએ | તે | નામાન | અરામી |
| H0559 | H1522 | H5288 | H0477 | H0376 | H0430 | H2009 | H2820 | H0113 | H0853 | H5283 | H0761 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַזֶּ֔ה | מִקַּ֥חַת | מִיָּד֖וֹ | אֵ֣ת | אֲשֶׁר־ | הֵבִ֑יא | חַי־ | יְהוָה֙ | כִּֽי־ | אִם־ | רַ֣צְתִּי | אַחֲרָ֔יו |
| આ | લેવામાંથી | હાથમાંથી | તે | જે | લાવ્યું | જીવતા-છે | યહોવાહ | કે | જો | દોડું | તેની-પાછળ |
| H2088 | H3947 | H3027 | H0853 | | H0935 | | H3068 | | | H7323 | |

| | | |
|---|---|---|
| וְלָקַחְתִּ֥י | מֵאִתּ֖וֹ | מְאֽוּמָה׃ |
| અને-લઈશ | તેની-પાસેથી | કંઈ |
| H3947 | H0854 | H3972 |

પણ ઈશ્વરભક્ત એલિશાના ચાકર ગેહઝીએ કહ્યુ, “જો, મારા માલિકે આ અરામી નામાન જે લાવ્યો હતો તે તેની પાસેથી લીધા વગર તેને જવા દીધો છે. જીવતા યહોવાહના સમ, હું તેની પાછળ દોડીને તેની પાસેથી કંઈક તો લઈ લઈશ.”

21

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּרְדֹּ֥ף | גֵּיחֲזִ֖י | אַחֲרֵ֣י | נַעֲמָ֑ן | וַיִּרְאֶ֤ה | נַעֲמָן֙ | רָ֣ץ | אַחֲרָ֔יו | וַיִּפֹּ֞ל | מֵעַ֧ל | הַמֶּרְכָּבָ֛ה |
| અને-પીછો-કર્યો | ગેહઝીએ | પાછળ | નામાનની | અને-જોયું | નામાને | દોડતો | પાછળ | અને-ઉતર્યો | ઉપરથી | રથ |
| H7291 | H1522 | | H5283 | H7200 | H5283 | H7323 | | H5307 | | H4818 |

| | | |
|---|---|---|
| לִקְרָאת֖וֹ | וַיֹּ֥אמֶר | הֲשָׁלֽוֹם׃ |
| તેને-મળવા | અને-કહ્યુ | શું-કુશળ-છે |
| H7125 | H0559 | H7965 |

તેથી ગેહઝી નામાનની પાછળ ગયો. નામાને કોઈને તેની પાછળ દોડતો આવતો જોયો, ત્યારે તે તેને મળવા પોતાના રથ પરથી ઊતર્યો અને તેને પૂછ્યું, “બધું ક્ષેમકુશળ છે?”

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֣אמֶר ׀ | שָׁל֗וֹם | אֲדֹנִי֮ | שְׁלָחַ֣נִי | לֵאמֹר֒ | הִנֵּ֣ה | עַתָּ֗ה | זֶ֠ה | בָּ֣אוּ | אֵלַ֧י | שְׁנֵֽי־ |
| અને-કહ્યુ | કુશળ-છે | ગુરુએ | મોકલ્યો-છે-મને | કહેવા | જુઓ | હમણાં-જ | આ | આવ્યા | મારી-પાસે | બે |
| H0559 | H7965 | H0113 | H7971 | H0559 | H2009 | H6258 | H2088 | H0935 | H0413 | H8147 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| נְעָרִ֛ים | מֵהַ֥ר | אֶפְרַ֖יִם | מִבְּנֵ֣י | הַנְּבִיאִ֑ים | תְּנָה־ | נָּ֥א | לָהֶ֛ם | כִּכַּר־ | כֶּ֖סֶף | וּשְׁתֵּ֥י |
| યુવાનો | પહાડમાંથી | એફ્રાઇમના | માંથી-દીકરાઓ | પ્રબોધકોના | આપ | કૃપા-કરીને | તેઓને | કિક્કર | ચાંદી | અને-બે |
| H5288 | H2022 | H0669 | | H5030 | H5414 | H4994 | | H3603 | H3701 | H8147 |

| | |
|---|---|
| חֲלִפ֥וֹת | בְּגָדִֽים׃ |
| જોડ | કપડાંના |
| H2487 | |

ગેહઝીએ કહ્યુ, “બધું ક્ષેમકુશળ છે. મારા માલિકે મને મોકલ્યો છે. તેણે કહ્યુ કે, ‘જો, એફ્રાઇમના પહાડી પ્રદેશના પ્રબોધકોના દીકરાઓમાંથી બે જુવાનો હમણાં જ મારી પાસે આવ્યા છે. કૃપા કરી તેઓને માટે એક તાલંત ચાંદી + 5:22 લગભગ 34 કિલોગ્રામ અને બે જોડ વસ્ત્ર આપ.”

23

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֣אמֶר | נַעֲמָ֔ן | הוֹאֵ֖ל | קַ֣ח | כִּכָּרָ֑יִם | וַיִּפְרָץ־ | בּ֗וֹ | וַיָּ֨צַר | כִּכְּרַ֨יִם | כֶּ֜סֶף | בִּשְׁנֵ֣י |
| અને-કહ્યુ | નામાને | કૃપા-કરી | લે | બે-કિક્કર | અને-આગ્રહ-કર્યો | તેને | અને-બાંધ્યા | બે-કિક્કર | ચાંદી | બે |
| H0559 | H5283 | H2974 | H3947 | H3603 | H6555 | | | H3603 | H3701 | H8147 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| חֲרִטִ֗ים | וּשְׁתֵּי֙ | חֲלִפ֣וֹת | בְּגָדִ֔ים | וַיִּתֵּ֗ן | אֶל־ | שְׁנֵ֣י | נְעָרָ֔יו | וַיִּשְׂא֖וּ | לְפָנָֽיו׃ |
| કોથળીઓમાં | અને-બે | જોડ | કપડાંના | અને-આપ્યા | ને | બે | સેવકો | અને-ઉઠાવ્યા | તેમની-આગળ |
| H2754 | H8147 | H2487 | | H5414 | H0413 | H8147 | H5288 | H5375 | H6440 |

નામાને કહ્યુ, “હું તને બે તાલંત ચાંદી ખુશીથી આપું છું.” આ રીતે નામાને તેને આગ્રહ કરીને બે તાલંત ચાંદી અને બે જોડ વસ્ત્ર બે થેલીમાં બાંધીને તેના બે ચાકરોના માથે ચઢાવ્યાં, તેઓ તે ઊંચકીને ગેહઝીની આગળ ચાલવા લાગ્યા.

24

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹא֙ | אֶל־ | הָעֹ֔פֶל | וַיִּקַּ֥ח | מִיָּדָ֖ם | וַיִּפְקֹ֣ד | בַּבָּ֑יִת | וַיְשַׁלַּ֥ח | אֶת־ | הָאֲנָשִׁ֖ים |
| અને-આવ્યો | પાસે | ટેકરીના | અને-લીધું | હાથમાંથી | અને-સંઘર્યું | ઘરમાં | અને-વિદાય-કર્યા | તે | માણસોને |
| H0935 | H0413 | | H3947 | H3027 | | | H7971 | H0853 | H0376 |

| |
|---|
| וַיֵּלֵֽכוּ׃ |
| અને-ગયા |
| H3212 |

જયારે ગેહઝી, પહાડ પર પહોંચ્યો, ત્યારે તેણે ચાંદી ભરેલી થેલીઓ તેઓના હાથમાંથી લઈને ઘરમાં સંતાડી દીધી. અને નામાનના ચાકરોને પરત મોકલી દીધા. તેઓ વિદાય થયા.

25

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהוּא־ | בָא | וַיַּעֲמֹד | אֶל־ | אֲדֹנָיו | וַיֹּאמֶר | אֵלָיו | אֱלִישָׁע | [מאן] | (מֵאַיִן) | גֵּחֲזִי |
| અને-તે | આવ્યો | અને-ઊભો-રહ્યો | સામે | માલિકના | અને-કહ્યુ | તેને | અલીશાએ | — | ક્યાંથી | ગેહઝી |
| H1931 | H0935 | H5975 | H0413 | H0113 | H0559 | H0413 | H0477 | H0575 | H0370 | H1522 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | לֹא־ | הָלַךְ | עַבְדְּךָ | אָנֶה | וָאָנָה׃ |
| અને-કહ્યુ | નહિ | ગયો | સેવક | ક્યાંય | કે-ક્યાંય |
| H0559 | H3808 | H1980 | H5650 | H0575 | H0575 |

ગેહઝી અંદર જઈને પોતાના માલિકની આગળ ઊભો રહ્યો ત્યારે એલિશાએ તેને કહ્યુ, “ગેહઝી, તું કયાંથી આવે છે?” તેણે કહ્યુ, “તારો ચાકર ક્યાંય ગયો નહોતો.”

26

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֵלָיו | לֹא־ | לִבִּי | הָלַךְ | כַּאֲשֶׁר | הָפַךְ־ | אִישׁ | מֵעַל | מֶרְכַּבְתּוֹ | לִקְרָאתֶךָ |
| અને-કહ્યુ | તેને | નહિ | હ્રદય | ગયું | જ્યારે | ફર્યો | માણસ | ઉપરથી | રથમાંથી | તને-મળવા |
| H0559 | H0413 | H3808 | | H1980 | | H2015 | H0376 | | H4818 | H7125 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הַעֵת | לָקַחַת | אֶת־ | הַכֶּסֶף | וְלָקַחַת | בְגָדִים | וְזֵיתִים | וּכְרָמִים | וְצֹאן |
| શું-સમય-છે | લેવા | તે | ચાંદી | અને-લેવા | કપડાં | અને-જૈતૂનના-બગીચા | અને-દ્રાક્ષના-બગીચા | અને-ઘેટાં |
| H6256 | H3947 | H0853 | H3701 | H3947 | | H2132 | H3754 | H6629 |

| | | |
|---|---|---|
| וּבָקָר | וַעֲבָדִים | וּשְׁפָחוֹת׃ |
| અને-બળદો | અને-દાસો | અને-દાસીઓ |
| H1241 | H5650 | H8198 |

એલિશાએ ગેહઝીને કહ્યુ, “જયારે પેલો રથમાંથી ઊતરીને તને મળવા માટે આવ્યો, ત્યારે શું મારો આત્મા તારી સાથે નહોતો? શું આ પૈસા, વસ્ત્રો, જૈતૂનવાડીઓ, દ્રાક્ષવાડીઓ, ઘેટાં, બળદો, દાસો તથા દાસીઓ લેવાનો સમય છે?

27

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְצָרַעַת | נַעֲמָן | תִּדְבַּק־ | בְּךָ | וּבְזַרְעֲךָ | לְעוֹלָם | וַיֵּצֵא | מִלְּפָנָיו | מְצֹרָע | כַּשָּׁלֶג׃ |
| અને-કોઢ | નામાનનો | ચોંટશે | તને | અને-વંશને | સદાને-માટે | અને-બહાર-ગયો | તેની-સામેથી | કોઢી | બરફ-જેવો |
| H6883 | H5283 | H1692 | | H2233 | H5769 | H3318 | H6440 | H6879 | H7950 |

| |
|---|
| ס |
| — |

માટે હવે નામાનનો કુષ્ઠ રોગ તને તથા તારા વંશજોને લાગુ પડશે અને તે કાયમ રહેશે. “તેથી ગેહઝી હિમ જેવો કુષ્ઠ રોગી થઈ ગયો. અને તેની હજૂરમાંથી જતો રહ્યો.

## Chapter 6

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמְרוּ | בְנֵי־ | הַנְּבִיאִים | אֶל־ | אֱלִישָׁע | הִנֵּה־ | נָא | הַמָּקוֹם | אֲשֶׁר | אֲנַחְנוּ | יֹשְׁבִים |
| અને-કહ્યુ | દીકરાઓએ | પ્રબોધકોના | ને | અલીશા | જો | કૃપા-કરીને | જગ્યા | જ્યાં | અમે | રહીએ-છીએ |
| H0559 | | H5030 | H0413 | H0477 | H2009 | H4994 | H4725 | | H0587 | H3427 |

| | | | |
|---|---|---|---|
| שָׁם | לְפָנֶיךָ | צַר | מִמֶּנּוּ׃ |
| ત્યાં | તારી-સામે | સાંકડી | અમારા-માટે |
| H8033 | H6440 | | |

પ્રબોધકોના દીકરાઓએ એલિશાને કહ્યુ, “જો, જે જગ્યાએ અમે તારી સાથે રહીએ છે તે જગ્યા અમારા માટે ખૂબ સાંકડી છે.

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| נֵלְכָה־ | נָּא | עַד־ | הַיַּרְדֵּן | וְנִקְחָה | מִשָּׁם | אִישׁ | קוֹרָה | אֶחָת | וְנַעֲשֶׂה־ | לָּנוּ |
| ચાલો | કૃપા-કરીને | સુધી | યર્દન | અને-લઈએ | ત્યાંથી | દરેક | લાકડું | એક | અને-બનાવીએ | આપણા-માટે |
| H3212 | H4994 | H5704 | H3383 | H3947 | H8033 | H0376 | H6982 | H0259 | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| שָׁם | מָקוֹם | לָשֶׁבֶת | שָׁם | וַיֹּאמֶר | לֵכוּ׃ |
| ત્યાં | જગ્યા | રહેવા | ત્યાં | અને-તેણે-કહ્યુ | જાઓ |
| H8033 | H4725 | H3427 | H8033 | H0559 | H3212 |

કૃપા કરીને અમને યર્દન જવા દે, કે ત્યાંથી દરેક માણસ લાકડાં કાપી લાવીએ અને ત્યાં અમારે રહેવા માટે ઘર બાંધીએ." એલિશાએ કહ્યુ, "તમે જાઓ."

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | הָאֶחָד | הוֹאֶל | נָא | וְלֵךְ | אֶת־ | עֲבָדֶיךָ | וַיֹּאמֶר | אֲנִי | אֵלֵךְ׃ |
| અને-કહ્યુ | એકે | કૃપા-કરીને | ખુશી-રાખો | અને-આવો | સાથે | તારા-સેવકોના | અને-તેણે-કહ્યુ | હું | આવીશ |
| H0559 | H0259 | H2974 | H4994 | H3212 | H0854 | H5650 | H0559 | H0589 | H3212 |

તેઓમાંના એકે કહ્યુ, "કૃપા કરી તારા ચાકરો સાથે આવ." એલિશાએ કહ્યુ, "હું આવીશ."

4

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיֵּלֶךְ | אִתָּם | וַיָּבֹאוּ | הַיַּרְדֵּנָה | וַיִּגְזְרוּ | הָעֵצִים׃ |
| અને-ગયો | તેઓની-સાથે | અને-આવ્યા | યર્દન-પાસે | અને-કાપ્યાં | ઝાડ |
| H3212 | H0854 | H0935 | H3383 | H1504 | H6086 |

તેથી તે તેમની સાથે ગયો. યર્દન પહોંચીને તેઓએ લાકડાં કાપવા માંડયાં.

5

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | הָאֶחָד | מַפִּיל | הַקּוֹרָה | וְאֶת־ | הַבַּרְזֶל | נָפַל | אֶל־ | הַמָּיִם | וַיִּצְעַק | וַיֹּאמֶר | אֲהָהּ | אֲדֹנִי | וְהוּא | שָׁאוּל׃ |
| અને-થયું | એક | પાડતો-હતો | લાકડું | અને | લોખંડ | પડ્યું | માં | પાણી | અને-બૂમ-પાડી | અને-કહ્યુ | અરે | મારા-માલિક | અને-તે | ઉધાર-લીધેલું-હતું |
| H1961 | H0259 | H5307 | H6982 | H0855 | H1270 | H5307 | H0413 | H4325 | H6817 | H0559 | H0162 | H0113 | H1931 | H7592 |

પણ એક જણ લાકડાં કાપતો હતો, તેવામાં તેની કુહાડી પાણીમાં પડી ગઈ; તેણે બૂમ પાડીને કહ્યુ, "હે મારા ગુરુજી એ કુહાડી તો હું માંગી લાવ્યો હતો."

6

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אִישׁ־ | הָאֱלֹהִים | אָנָה | נָפָל | וַיַּרְאֵהוּ | אֶת־ | הַמָּקוֹם | וַיִּקְצָב־ | עֵץ | וַיַּשְׁלֶךְ־ | שָׁמָּה | וַיָּצֶף | הַבַּרְזֶל׃ |
| અને-કહ્યુ | ઈશ્વરના | માણસે | ક્યાં | પડ્યું | અને-બતાવ્યું | તેને | જગ્યા | અને-કાપ્યું | લાકડું | અને-ફેંક્યું | ત્યાં | અને-તર્યું | લોખંડ |
| H0559 | H0376 | H0430 | H0575 | H5307 | H7200 | H0853 | H4725 | H7094 | H6086 | H7993 | H8033 | H6687 | H1270 |

ઈશ્વરભક્ત એલિશાએ પૂછ્યું, "તે કયાં પડી છે?" એટલે તે માણસે એલિશાને જગ્યા બતાવી. પછી એલિશાએ એક લાકડું કાપીને પાણીમાં નાખ્યું. તેથી
કુહાડી સપાટી પર આવીને તરવા લાગી.

7

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | הָרֶם | לָךְ | וַיִּשְׁלַח | יָדוֹ | וַיִּקָּחֵהוּ׃ | פ |
| અને-કહ્યુ | ઉપાડ | તારા-માટે | અને-લંબાવ્યો | હાથ | અને-લઈ-લીધું | — |
| H0559 | | | H7971 | H3027 | H3947 | |

એલિશાએ કહ્યુ, "તે ઉઠાવી લે." માટે પેલા માણસે હાથ લંબાવીને કુહાડી લઈ લીધી.

8

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמֶלֶךְ | אֲרָם | הָיָה | נִלְחָם | בְּיִשְׂרָאֵל | וַיִּוָּעַץ | אֶל־ | עֲבָדָיו | לֵאמֹר | אֶל־ | מְקוֹם | פְּלֹנִי | אַלְמֹנִי | תַּחֲנֹתִי׃ |
| અને-રાજા | અરામનો | હતો | લડતો | ઇઝરાયેલ-સાથે | અને-મંત્રણા-કરી | સાથે | પોતાના-સેવકો | કહીને | આ | જગ્યાએ | ફલાણી | ઢીંકણી | મારો-છાવણી-રહેશે |
| H4428 | H0758 | H1961 | | H3478 | H3289 | H0413 | H5650 | H0559 | H0413 | H4725 | H6423 | H0492 | H8466 |

હવે અરામના રાજાએ ઇઝરાયલ સામે યુદ્ધ કર્યું. તેણે પોતાના ચાકરોની સલાહ લઈને કહ્યુ, "મારી છાવણી અમુક જગ્યાએ બનાવવામાં આવશે."

9

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁלַח | אִישׁ | הָאֱלֹהִים | אֶל־ | מֶלֶךְ | יִשְׂרָאֵל | לֵאמֹר | הִשָּׁמֶר | מֵעֲבֹר | הַמָּקוֹם | הַזֶּה | כִּי־ | שָׁם | אֲרָם | נְחִתִּים׃ |
| અને-મોકલ્યો | ઈશ્વરના | માણસે | પાસે | રાજા | ઇઝરાયેલના | કહીને | સાવધાન-રહો | પસાર-થતાં | જગ્યા | આ | કારણ-કે | ત્યાં | અરામીઓ | ઊતરેલા-છે |
| H7971 | H0376 | H0430 | H0413 | H4428 | H3478 | H0559 | H8104 | | H4725 | H2088 | | H8033 | H0758 | H5185 |

પણ ઈશ્વરભક્ત એલિશાએ ઇઝરાયલના રાજાને સંદેશો મોકલીને કહ્યું, “સાવધ રહેજે, અમુક જગ્યાએ જતો ના, કારણ કે, અરામીઓ ત્યાં આવવાના છે.”

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁלַ֞ח | מֶ֣לֶךְ | יִשְׂרָאֵ֗ל | אֶל־ | הַמָּק֞וֹם | אֲשֶׁ֨ר | אָֽמַר־ | ל֧וֹ | אִישׁ־ | הָאֱלֹהִ֛ים | ]והזהירה[ |
| અને-મોકલ્યું | રાજાએ | ઇઝરાયેલના | તે | જગ્યાએ | જ્યાં | કહ્યુ-હતું | તેને | ઈશ્વરના | માણસે | [ચેતવ્યો] |
| H7971 | H4428 | H3478 | H0413 | H4725 | | H0559 | | H0376 | H0430 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| )וְהִזְהִיר֖וֹ( | וְנִשְׁמַ֣ר | שָׁ֑ם | לֹ֥א | אַחַ֖ת | וְלֹ֥א | שְׁתָּֽיִם׃ |
| અને-ચેતવ્યો | અને-સાવધ-રહ્યો | ત્યાં | નહિ | એક-વાર | અને-નહિ | બે-વાર |
| | H8104 | H8033 | H3808 | H0259 | H3808 | H8147 |

ઈશ્વરભક્તે જે જગ્યા વિષે ઇઝરાયલના રાજાને ચેતવણી આપી હતી તે જગ્યાએ માણસો મોકલ્યા. આ ચેતવણીથી તે અનેક વાર બચી ગયો.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּסָּעֵר֙ | לֵ֣ב | מֶֽלֶךְ־ | אֲרָ֔ם | עַל־ | הַדָּבָ֖ר | הַזֶּ֑ה | וַיִּקְרָ֣א | אֶל־ | עֲבָדָיו֙ |
| અને-ક્રોધિત-થયું | હૃદય | રાજાનું | અરામના | વિશે | વાત | આ | અને-બોલાવ્યા | તેણે | પોતાના-સેવકોને |
| H5590 | | H4428 | H0758 | | H1697 | H2088 | H7121 | H0413 | H5650 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֣אמֶר | אֲלֵיהֶ֗ם | הֲלוֹא֙ | תַּגִּ֣ידוּ | לִ֔י | מִ֥י | מִשֶּׁלָּ֖נוּ | אֶל־ | מֶ֥לֶךְ | יִשְׂרָאֵֽל׃ |
| અને-કહ્યુ | તેઓને | શું-નહિ | જણાવો | મને | કોણ | આપણામાંથી | ને | રાજા | ઇઝરાયેલના |
| H0559 | H0413 | H3808 | H5046 | | H4310 | H7945 | H0413 | H4428 | H3478 |

આ ચેતવણી વિષે અરામનો રાજા ખૂબ ગભરાયો અને તેણે પોતાના ચાકરોને કહ્યું, “આપણામાંથી ઇઝરાયલના રાજાના પક્ષનો કોણ છે? તે તમે મને નહિ જણાવો?”

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֨אמֶר | אַחַ֤ד | מֵֽעֲבָדָיו֙ | ל֔וֹא | אֲדֹנִ֖י | הַמֶּ֑לֶךְ | כִּֽי־ | אֱלִישָׁ֤ע | הַנָּבִיא֙ | אֲשֶׁ֣ר |
| અને-કહ્યુ | એકે | તેના-સેવકોમાંથી | નહિ | મારા-માલિક | રાજા | પરંતુ | અલીશા | પ્રબોધક | જે |
| H0559 | H0259 | H5650 | H3808 | H0113 | H4428 | | H0477 | H5030 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּיִשְׂרָאֵ֔ל | יַגִּיד֙ | לְמֶ֣לֶךְ | יִשְׂרָאֵ֔ל | אֶת־ | הַדְּבָרִ֔ים | אֲשֶׁ֥ר | תְּדַבֵּ֖ר | בַּחֲדַ֥ר | מִשְׁכָּבֶֽךָ׃ |
| ઇઝરાયેલમાં-છે | જણાવે-છે | રાજાને | ઇઝરાયેલના | તે | વાતો | જે | તું-બોલે-છે | ઓરડામાં | તારા-સૂવાના |
| H3478 | H5046 | H4428 | H3478 | H0853 | H1697 | | H1696 | H2315 | H4904 |

ત્યારે તેના એક ચાકરે કહ્યું, “મારા માલિક રાજા, એવું નહિ પણ તમે તમારા શયનગૃહમાં જે વચનો બોલો છો તે ઇઝરાયલમાંનો પ્રબોધક એલિશા ઇઝરાયલના રાજાને કહી દે છે.”

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֗אמֶר | לְכ֤וּ | וּרְאוּ֙ | אֵיכֹ֣ה | ה֔וּא | וְאֶשְׁלַ֖ח | וְאֶקָּחֵ֑הוּ | וַיֻּגַּד־ | ל֥וֹ | לֵאמֹ֖ר | הִנֵּ֥ה |
| અને-કહ્યુ | જાઓ | અને-જુઓ | ક્યાં | તે-છે | અને-મોકલું | અને-પકડું | અને-જણાવ્યું | તેને | કહીને | જો |
| H0559 | H3212 | H7200 | H0351 | H1931 | H7971 | H3947 | H5046 | | H0559 | H2009 |

| |
|---|
| בְדֹתָֽן׃ |
| દોથાનમાં |
| H1886 |

રાજાએ કહ્યું, “જાઓ, અને જુઓ કે એલિશા કયાં છે, જેથી હું તેને માણસો મોકલીને પકડાવી લઉં.” તેને કહેવામાં આવ્યું કે, “જુઓ, તે દોથાનમાં છે.”

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁלַח־ | שָׁ֛מָּה | סוּסִ֥ים | וְרֶ֖כֶב | וְחַ֣יִל | כָּבֵ֑ד | וַיָּבֹ֣אוּ | לַ֔יְלָה | וַיַּקִּ֖פוּ | עַל־ | הָעִֽיר׃ |
| અને-મોકલ્યા | ત્યાં | ઘોડા | અને-રથો | અને-સૈન્ય | ભારે | અને-આવ્યા | રાત્રે | અને-ઘેરી-લીધું | ચારેબાજુ | શહેરને |
| H7971 | H8033 | | H7393 | H2428 | H3515 | H0935 | H3915 | | | |

માટે રાજાએ દોથાનમાં ઘોડા, રથો અને મોટું સૈન્ય મોકલ્યું. તેઓએ રાત્રે આવીને નગરને ઘેરી લીધું.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּשְׁכֵּ֞ם | מְשָׁרֵ֨ת | אִ֤ישׁ | הָֽאֱלֹהִים֙ | לָק֔וּם | וַיֵּצֵ֕א | וְהִנֵּה־ | חַ֛יִל | סוֹבֵ֥ב | אֶת־ |
| અને-વહેલો-ઊઠ્યો | સેવક | ઈશ્વરના | માણસનો | ઊઠવા | અને-બહાર-ગયો | અને-જો | સૈન્ય | ઘેરેલું-હતું | ચારેબાજુ |
| H7925 | H8334 | H0376 | H0430 | | H3318 | H2009 | H2428 | H5437 | H0853 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הָעִ֖יר | וְס֣וּס | וָרָ֑כֶב | וַיֹּ֨אמֶר | נַעֲר֥וֹ | אֵלָ֛יו | אֲהָ֥הּ | אֲדֹנִ֖י | אֵיכָ֥ה | נַעֲשֶֽׂה׃ |
| શહેરને | અને-ઘોડા | અને-રથો | અને-કહ્યુ | તેના-સેવક | તેને | અરે | મારા-માલિક | શું | કરીશું |
| | | H7393 | H0559 | H5288 | H0413 | H0162 | H0113 | | |

જ્યારે ઈશ્વરભક્ત એલિશાનો ચાકર વહેલો ઊઠીને બહાર ગયો, તો જુઓ, તેણે એક મોટા સૈન્યને રથદળ અને ઘોડેસવારો સહિત નગરને ઘેરી લીધેલું જોયું. તેના ચાકરે તેને કહ્યુ, “અરેરે મારા માલિક હવે આપણે શું કરીશું?”

16

| וַיֹּאמֶר | אַל־ | תִּירָא | כִּי | רַבִּים | אֲשֶׁר | אִתָּנוּ | מֵאֲשֶׁר | אוֹתָם׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | ના | ડર | કારણ-કે | વધારે-છે | જેઓ | આપણી-સાથે | તેઓ-કરતાં-જેઓ | તેઓની-સાથે |
| H0559 | H0408 | H3372 | | | | H0854 | | H0853 |

એલિશાએ કહ્યુ, “બીશ નહિ, કેમ કે, જેઓ આપણી સાથે છે તેઓ, તેમની સાથે જેઓ છે તેઓના કરતાં મહાન છે.”

17

| וַיִּתְפַּלֵּל | אֱלִישָׁע | וַיֹּאמַר | יְהוָה | פְּקַח־ | נָא | אֶת־ | עֵינָיו | וְיִרְאֶה | וַיִּפְקַח | יְהוָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પ્રાર્થના-કરી | અલીશાએ | અને-કહ્યુ | યહોવાહ | ખોલ | કૃપા-કરીને | તેની | આખો | કે-જુએ | અને-ખોલી | યહોવાહે |
| H6419 | H0477 | H0559 | H3068 | H6491 | H4994 | H0853 | | H7200 | H6491 | H3068 |

| אֶת־ | עֵינֵי | הַנַּעַר | וַיַּרְא | וְהִנֵּה | הָהָר | מָלֵא | סוּסִים | וְרֶכֶב | אֵשׁ | סְבִיבֹת | אֱלִישָׁע׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તે | આખો | જુવાનની | અને-જોયું | અને-જો | પહાડ | ભરેલો-હતો | ઘોડાઓથી | અને-રથોથી | અગ્નિના | ચારેબાજુ | અલીશાની |
| H0853 | | H5288 | H7200 | H2009 | H2022 | H4390 | | H7393 | H0784 | H5439 | H0477 |

પછી એલિશાએ પ્રાર્થના કરી કે, “હે યહોવાહ, કૃપા કરી તેની આખો ઉઘાડ કે તે જુએ.” ત્યારે યહોવાહે તે ચાકરની આખો ઉઘાડી અને તેણે જોયું. તો જુઓ એલિશાની આસપાસ અગ્નિરથોથી અને ઘોડાઓથી પર્વત ભરાઈ ગયો હતો.

18

| וַיֵּרְדוּ | אֵלָיו | וַיִּתְפַּלֵּל | אֱלִישָׁע | אֶל־ | יְהוָה | וַיֹּאמַר | הַךְ־ | נָא | אֶת־ | הַגּוֹי־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ઊતર્યા | તેની-પાસે | અને-પ્રાર્થના-કરી | અલીશાએ | ને | યહોવાહ | અને-કહ્યુ | માર | કૃપા-કરીને | તે | લોકોને |
| H3381 | H0413 | H6419 | H0477 | H0413 | H3068 | H0559 | H5221 | H4994 | H0853 | |

| הַזֶּה | בַּסַּנְוֵרִים | וַיַּכֵּם | בַּסַּנְוֵרִים | כִּדְבַר | אֱלִישָׁע׃ |
|---|---|---|---|---|---|
| આ | અધાપાથી | અને-માર્યા | અધાપાથી | વચન-મુજબ | અલીશાના |
| H2088 | H5575 | H5221 | H5575 | H1697 | H0477 |

જ્યારે અરામીઓ એલિશાની પાસે આવ્યા, ત્યારે એલિશાએ યહોવાહને પ્રાર્થના કરી, “હે યહોવાહ, આ લોકોને અધ બનાવી દો.” અને યહોવાહે એલિશાના કહ્યા પ્રમાણે તેઓને અધ કરી દીધાં.

19

| וַיֹּאמֶר | אֲלֵהֶם | אֱלִישָׁע | לֹא | זֶה | הַדֶּרֶךְ | וְלֹא | זֹה | הָעִיר | לְכוּ | אַחֲרַי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | તેઓને | અલીશાએ | નહિ | આ | માર્ગ | અને-નહિ | આ | શહેર | આવો | મારી-પાછળ |
| H0559 | H0413 | H0477 | H3808 | H2088 | H1870 | H3808 | H2090 | | H3212 | |

| וְאוֹלִיכָה | אֶתְכֶם | אֶל־ | הָאִישׁ | אֲשֶׁר | תְּבַקֵּשׁוּן | וַיֹּלֶךְ | אוֹתָם | שֹׁמְרוֹנָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-લઈ-જઈશ | તમને | પાસે | માણસ | જેને | તમે-શોધો-છો | અને-લઈ-ગયો | તેઓને | સમરૂન |
| H3212 | H0853 | H0413 | H0376 | | H1245 | H3212 | H0853 | H8111 |

પછી એલિશાએ અરામીઓને કહ્યુ, “તે માર્ગ આ નથી, તે નગર પણ આ નથી. પણ મારી પાછળ આવો અને જે માણસને તમે શોધો છો તેની પાસે હું તમને લઈ જઈશ.” પછી તે તેઓને સમરુન લઈ ગયો.

20

| וַיְהִי | כְּבֹאָם | שֹׁמְרוֹן | וַיֹּאמֶר | אֱלִישָׁע | יְהוָה | פְּקַח | אֶת־ | עֵינֵי־ | אֵלֶּה | וְיִרְאוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | જ્યારે-આવ્યા | સમરૂનમાં | અને-કહ્યુ | અલીશાએ | યહોવાહ | ખોલ | તેઓની | આખો | આ-લોકોની | કે-જુએ |
| H1961 | H0935 | H8111 | H0559 | H0477 | H3068 | H6491 | H0853 | | H0428 | H7200 |

| וַיִּפְקַח | יְהוָה | אֶת־ | עֵינֵיהֶם | וַיִּרְאוּ | וְהִנֵּה | בְּתוֹךְ | שֹׁמְרוֹן׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-ખોલી | યહોવાહે | તેઓની | આખો | અને-જોયું | અને-જો | વચ્ચે | સમરૂનના |
| H6491 | H3068 | H0853 | | H7200 | H2009 | H8432 | H8111 |

જ્યારે તેઓ સમરુન આવી પહોંચ્યા ત્યારે એમ થયું કે એલિશાએ કહ્યુ, “હે યહોવાહ, આ માણસોની આખો ઉઘાડો કે તેઓ જુએ.” પછી યહોવાહે તેઓની આખો ઉઘાડી અને તેઓએ જોયું, તો જુઓ, તેઓ સમરુન શહેરના મધ્ય ભાગમાં હતા.

21

| וַיֹּאמֶר | מֶלֶךְ־ | יִשְׂרָאֵל | אֶל־ | אֱלִישָׁע | כִּרְאֹתוֹ | אוֹתָם | הַאַכֶּה | אַכֶּה | אָבִי׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | રાજાએ | ઇઝરાયેલના | ને | અલીશા | જ્યારે-જોયા | તેઓને | શું-મારું | મારું | મારા-પિતા |
| H0559 | H4428 | H3478 | H0413 | H0477 | H7200 | H0853 | H5221 | H5221 | H0001 |

ઇઝરાયલના રાજાએ તેઓને જોયા ત્યારે તેણે એલિશાને કહ્યું, “મારા પિતાજી, શું હું તેઓને મારું? તેઓને મારું?”

22

| וַיֹּ֫אמֶר | לֹ֣א | תַכֶּ֔ה | הַאֲשֶׁ֥ר | שָׁבִ֛יתָ | בְּחַרְבְּךָ֥ | וּבְקַשְׁתְּךָ֖ | אַתָּ֣ה | מַכֶּ֑ה | שִׂים | לֶ֨חֶם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | ના | મારો | શું | પકડ્યા | તારી-તલવારથી | અને-ધનુષથી | તું | મારે-છે | મૂક | રોટલી |
| H0559 | H3808 | H5221 | | H7617 | H2719 | H7198 | | H5221 | | H3899 |

| וָמַ֜יִם | לִפְנֵיהֶ֗ם | וְיֹֽאכְלוּ֙ | וְיִשְׁתּ֔וּ | וְיֵלְכ֖וּ | אֶל־ | אֲדֹנֵיהֶֽם׃ |
|---|---|---|---|---|---|---|
| અને-પાણી | તેઓની-સામે | અને-ખાય | અને-પીએ | અને-જાય | પોતાના | માલિક-પાસે |
| H4325 | H6440 | H0398 | H8354 | H3212 | H0413 | H0113 |

એલિશાએ જવાબ આપ્યો, “તારે તેમને મારવા નહિ. જેઓને તેં તારી તલવારથી અને ધનુષથી કબજે કર્યાં નથી, તેઓને શું તું મારશે? તેઓની આગળ રોટલી અને પાણી મૂક કે, તેઓ ખાઈપીને પાછા પોતાના માલિક પાસે જાય.”

23

| וַיִּכְרֶ֨ה | לָהֶ֜ם | כֵּרָ֣ה | גְדוֹלָ֗ה | וַיֹּֽאכְלוּ֙ | וַיִּשְׁתּ֔וּ | וַֽיְשַׁלְּחֵ֔ם | וַיֵּֽלְכ֖וּ | אֶל־ | אֲדֹנֵיהֶ֑ם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-તૈયાર-કર્યું | તેઓ-માટે | ભોજન | મોટું | અને-ખાધું | અને-પીધું | અને-મોકલી-દીધા | અને-ગયા | પોતાના | માલિક-પાસે |
| | H1992 | H3740 | | H0398 | H8354 | H7971 | H3212 | H0413 | H0113 |

| וְלֹא־ | יָ֣סְפוּ | ע֗וֹד | גְּדוּדֵ֣י | אֲרָ֔ם | לָב֖וֹא | בְּאֶ֥רֶץ | יִשְׂרָאֵֽל׃ | פ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-નહિ | આવ્યા | ફરીથી | ટોળીઓ | અરામની | આવવા | દેશમાં | ઇઝરાયેલના | — |
| H3808 | H3254 | H5750 | H1416 | H0758 | H0935 | H0776 | H3478 | |

માટે રાજાએ તેઓને સારુ પુષ્કળ ખોરાક તૈયાર કરાવ્યો. તેઓ ખાઈ પી રહ્યા પછી તેઓને વિદાય કર્યા અને તેઓ પોતાના માલિક પાસે પાછા ગયા. ત્યાર પછી અરામનાં સૈન્યો ઘણાં લાંબા સમય સુધી ઇઝરાયલમાં પાછાં આવ્યાં નહિ.

24

| וַיְהִי֙ | אַחֲרֵי־ | כֵ֔ן | וַיִּקְבֹּ֛ץ | בֶּן־הֲדַ֥ד | מֶֽלֶךְ־ | אֲרָ֖ם | אֶת־ | כָּל־ | מַחֲנֵ֑הוּ | וַיַּ֕עַל |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | પછી | આ | અને-ભેગું-કર્યું | બેન-હદાદે | રાજાએ | અરામના | તે | સર્વ | સૈન્ય-પોતાનું | અને-ચઢ્યો |
| H1961 | | | H6908 | H1130 | H4428 | H0758 | H0853 | H3605 | H4264 | H5927 |

| וַיָּ֖צַר | עַל־ | שֹׁמְרֽוֹן׃ |
|---|---|---|
| અને-ઘેરો-ઘાલ્યો | ઉપર | સમરૂન |
| | | H8111 |

ત્યાર પછી એવું બન્યું કે, અરામના રાજા બેન-હદાદે પોતાનું સમગ્ર સૈન્ય એકત્ર કર્યું અને સમરુનને ઘેરી લીધું.

25

| וַיְהִ֨י | רָעָ֣ב | גָּדוֹל֮ | בְּשֹׁמְרוֹן֒ | וְהִנֵּ֤ה | צָרִים֙ | עָלֶ֔יהָ | עַ֥ד | הֱי֤וֹת | רֹאשׁ־ | חֲמוֹר֙ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયો | દુકાળ | મોટો | સમરૂનમાં | અને-જો | ઘેરાયેલું-હતું | તેના-ઉપર | ત્યાં-સુધી | કે-થયું | માથું | ગધેડાનું |
| H1961 | H7458 | | H8111 | H2009 | | | H5704 | H1961 | | H2543 |

| בִּשְׁמֹנִ֣ים | כֶּ֔סֶף | וְרֹ֧בַע | הַקַּ֛ב | ]חרייונים[ | )דִּבְיוֹנִים( | בַּחֲמִשָּׁה־ | כָֽסֶף׃ |
|---|---|---|---|---|---|---|---|
| એંસી | ચાંદીમાં | અને-ચોથા-ભાગ | કાબ | [મળ] | કબૂતરની-વિષ્ટા | પાંચ-ભાગ | ચાંદીના |
| H8084 | H3701 | H7255 | H6894 | H2755 | H1686 | H2568 | H3701 |

સમરુનમાં ભારે દુકાળ પડ્યો. અને જુઓ, ગધેડાનું માથું ચાંદીના એંશી સિક્કામાં વેચાતું હતું. કબૂતરની પા માપ વિષ્ટા ચાંદીના પાંચ સિક્કામાં વેચાતી હતી.

26

| וַיְהִי֙ | מֶ֣לֶךְ | יִשְׂרָאֵ֔ל | עֹבֵ֖ר | עַל־ | הַחֹמָ֑ה | וְאִשָּׁ֗ה | צָעֲקָ֤ה | אֵלָיו֙ | לֵאמֹ֔ר | הוֹשִׁ֖יעָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | રાજા | ઇઝરાયેલનો | જતો-હતો | ઉપર | દીવાલની | અને-સ્ત્રીએ | બૂમ-પાડી | તેને | કહીને | બચાવ |
| H1961 | H4428 | H3478 | | | H2346 | H0802 | H6817 | H0413 | H0559 | H3467 |

| אֲדֹנִ֥י | הַמֶּֽלֶךְ׃ |
|---|---|
| મારા-માલિક | રાજા |
| H0113 | H4428 |

ઇઝરાયલનો રાજા નગરના કોટ ઉપરથી પસાર થતો હતો, ત્યારે એક સ્ત્રીએ હાંક મારીને તેને કહ્યુ, “હે મારા માલિક રાજા, મદદ કરો.”

27

| וַיֹּ֗אמֶר | אַל־ | יוֹשִׁעֵ֣ךְ | יְהוָ֔ה | מֵאַ֖יִן | אוֹשִׁיעֵ֑ךְ | הֲמִן־ | הַגֹּ֖רֶן | א֥וֹ | מִן־ | הַיָּֽקֶב׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | ના | બચાવે | યહોવાહ | ક્યાંથી | બચાવું-તને | શું | ખળામાંથી | કે | માંથી | દ્રાક્ષ-કુંડથી |
| H0559 | H0408 | H3467 | H3068 | H0370 | H3467 | | H1637 | | | H3342 |

તેણે કહ્યુ, “જો યહોવાહ તને મદદ ન કરે, તો હું તને કયાંથી મદદ કરું? ખળીમાંથી કે દ્રાક્ષકુંડમાંથી?”

28 וַיֹּאמֶר־ לָהּ הַמֶּלֶךְ מַה־ לָּךְ וַתֹּאמֶר הָאִשָּׁה הַזֹּאת אָמְרָה אֵלַי תְּנִי אֶת־
અને-કહ્યુ તેને રાજાએ શું થયું-તને અને-કહ્યુ સ્ત્રી આ કહ્યુ મને આપ તારા
H0559 H4428 H4100 H0559 H0802 H2063 H0559 H0413 H5414 H0853

בְּנֵךְ וְנֹאכְלֶנּוּ הַיּוֹם וְאֶת־ בְּנִי נֹאכַל מָחָר׃
દીકરાને અને-ખાઈએ આજે અને મારો-દીકરો ખાઈશું કાલે
H0398 H3117 H0853 H0398 H4279

પછી રાજાએ તેને પૂછ્યું, “તને શું દુ:ખ છે?” પેલી સ્ત્રીએ કહ્યુ, “આ સ્ત્રીએ મને એમ કહ્યુ હતું કે, ‘તારો દીકરો આપ કે, આજે આપણે તેને ખાઈએ અને મારા દીકરાને આવતી કાલે ખાઈશું.’

29 וַנְּבַשֵּׁל אֶת־ בְּנִי וַנֹּאכְלֵהוּ וָאֹמַר אֵלֶיהָ בַּיּוֹם הָאַחֵר תְּנִי אֶת־ בְּנֵךְ
અને-રાંધ્યો તે મારો-દીકરો અને-ખાધો અને-કહ્યુ તેને દિવસે બીજે આપ તારો દીકરો
H1310 H0853 H0398 H0559 H0413 H3117 H0312 H5414 H0853

וְנֹאכְלֶנּוּ וַתַּחְבִּא אֶת־ בְּנָהּ׃
અને-ખાઈએ અને-છુપાવ્યો પોતાનો દીકરો
H0398 H2244 H0853

માટે અમે મારા દીકરાને રાંધીને ખાધો, બીજે દિવસે મેં જયારે તેને કહ્યુ, “તારો દીકરો આપ કે, આપણે તેને ખાઈએ. પણ તેણે તેના દીકરાને સંતાડી દીધો.”

30 וַיְהִי כִשְׁמֹעַ הַמֶּלֶךְ אֶת־ דִּבְרֵי הָאִשָּׁה וַיִּקְרַע אֶת־ בְּגָדָיו וְהוּא עֹבֵר
અને-થયું જ્યારે-સાંભળ્યા રાજાએ તે વચનો સ્ત્રીના અને-ફાડ્યાં પોતાના વસ્ત્રો અને-તે ચાલતો-હતો
H1961 H8085 H4428 H0853 H1697 H0802 H7167 H0853 H1931

עַל־ הַחֹמָה וַיַּרְא הָעָם וְהִנֵּה הַשַּׂק עַל־ בְּשָׂרוֹ מִבָּיִת׃
ઉપર દીવાલ અને-જોયું લોકોએ અને-જો ટાટ ઉપર શરીર અંદર
H2346 H7200 H2009 H8242 H1320

જ્યારે રાજાએ આ સ્ત્રીના શબ્દો સાંભળ્યા, ત્યારે તેણે પોતાનાં વસ્ત્રો ફાડ્યાં. હવે રાજા નગરના કોટ પરથી જતો હતો તો લોકોએ જોયું, કે રાજાએ તેના અંગ પર શોકનાં વસ્ત્રો પહેર્યાં હતાં.

31 וַיֹּאמֶר כֹּה־ יַעֲשֶׂה־ לִּי אֱלֹהִים וְכֹה יוֹסִף אִם־ יַעֲמֹד רֹאשׁ אֱלִישָׁע בֶּן־
અને-કહ્યુ આમ કરે મને ઈશ્વર અને-આમ વધારે જો ટકે માથું અલીશાનું દીકરા
H0559 H3541 H0430 H3541 H3254 H5975 H0477

שָׁפָט עָלָיו הַיּוֹם׃
શાફાટના તેના-ઉપર આજે
H8202 H3117

પછી તેણે કહ્યુ, “જો આજે શાફાટના દીકરા એલિશાનું માથું તેના ધડ પર રહેવા દઉં, તો યહોવાહ મને એવું અને એ કરતાં વધારે વિતાડો.”

32 וֶאֱלִישָׁע יֹשֵׁב בְּבֵיתוֹ וְהַזְּקֵנִים יֹשְׁבִים אִתּוֹ וַיִּשְׁלַח אִישׁ מִלְּפָנָיו
અને-અલીશા બેઠો-હતો પોતાના-ઘરમાં અને-વડીલો બેઠા-હતા તેની-સાથે અને-મોકલ્યો માણસ પોતાની-આગળથી
H0477 H3427 H2205 H3427 H0854 H7971 H0376 H6440

בְּטֶרֶם יָבֹא הַמַּלְאָךְ אֵלָיו וְהוּא אָמַר אֶל־ הַזְּקֵנִים הַרְאִיתֶם כִּי־ שִׁלַּח בֶּן־
પહેલાં આવે સંદેશવાહક તેની-પાસે અને-તે કહ્યુ ને વડીલોને જોયું-તમે કે મોકલ્યો-છે દીકરાએ
H2962 H0935 H4397 H0413 H1931 H0559 H0413 H2205 H7200 H7971

הַמְרַצֵּחַ הַזֶּה לְהָסִיר אֶת־ רֹאשִׁי רְאוּ כְּבֹא הַמַּלְאָךְ סִגְרוּ הַדֶּלֶת וּלְחַצְתֶּם
ખૂનીના આ કાપવા મારું માથું જુઓ જ્યારે-આવે સંદેશવાહક બંધ-કરો બારણું અને-દબાવો
H7523 H2088 H5493 H0853 H7200 H0935 H4397 H5462 H3905

אֹתוֹ בַּדֶּלֶת הֲלוֹא קוֹל רַגְלֵי אֲדֹנָיו אַחֲרָיו׃
તેને બારણામાં શું-નહિ અવાજ પગલાં તેના-માલિકના તેની-પાછળ
H0853 H3808 H7272 H0113

એલિશા પોતાના ઘરમાં બેઠો હતો અને તેની સાથે વડીલો બેઠા હતા. રાજાએ પોતાની પાસેથી તેની આગળ એક માણસ મોકલ્યો, પણ તે સંદેશવાહક આવી પહોંચ્યો તે પહેલાં જ એલિશાએ વડીલોને કહ્યુ હતું કે, "જો, એ ખૂનીના દીકરાએ મારું માથું કાપી નાખવાને માણસ મોકલ્યો છે. જુઓ જ્યારે સંદેશવાહક આવે ત્યારે તેને બહાર ઊભો રાખીને બારણું બંધ કરી દેજો. શું તેના માલિકના પગનો અવાજ તેની પાછળ નથી સંભળાતો?'

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הָֽרָעָה | זֹאת | הִנֵּה־ | וַיֹּאמֶר | אֵלָיו | יֹרֵד | הַמַּלְאָךְ | וְהִנֵּה | עִמָּם | מְדַבֵּר | עוֹדֶנּוּ | 33 |
| વિપત્તિ | આ | જો | અને-કહ્યુ | તેની-પાસે | ઊતરતો-હતો | સંદેશવાહક | અને-જો | તેઓની-સાથે | બોલતો-હતો | હજુ | |
| | H2063 | H2009 | H0559 | H0413 | H3381 | H4397 | H2009 | | H1696 | H5750 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ס | עוֹד׃ | לַיהוָה | אוֹחִיל | מָה־ | יְהוָה | מֵאֵת |
| — | વધુ | યહોવાહની | રાહ-જોઉં | શા-માટે | યહોવાહ | તરફથી |
| | H5750 | H3068 | H3176 | H4100 | H3068 | H0854 |

તે હજી તો તેમની વાત કરતો હતો, એટલામાં જુઓ, સંદેશવાહક તેની પાસે આવી પહોંચ્યો. તેણે કહ્યુ, "જુઓ, આ વિપત્તિ યહોવાહ તરફથી આવી છે. તો શા માટે હું હવે પછી યહોવાહની રાહ જોઉં?"

## Chapter 7

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| סֹלֶת | סְאָה־ | מָחָר | כָּעֵת | יְהוָה | אָמַר | כֹּה | יְהוָה | דְּבַר־ | שִׁמְעוּ | אֱלִישָׁע | וַיֹּאמֶר | 1 |
| મેંદો | સેઆ | આવતી | આવતી-કાલે | યહોવાહ | કહે-છે | આમ | યહોવાહનું | વચન | સાંભળો | અલીશાએ | અને-કહ્યુ | |
| H5560 | H5429 | H4279 | H6256 | H3068 | H0559 | H3541 | H3068 | H1697 | H8085 | H0477 | H0559 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| שֹׁמְרוֹן׃ | בְּשַׁעַר | בְּשֶׁקֶל | שְׂעֹרִים | וְסָאתַיִם | בְּשֶׁקֶל |
| સમરૂનના | દરવાજે-પાસે | શેકેલમાં | જવ | અને-બે-સેઆ | શેકેલમાં |
| H8111 | H8179 | H8255 | H8184 | H5429 | H8255 |

એલિશાએ કહ્યુ, "તમે યહોવાહનું વચન સાંભળો. યહોવાહ એવું કહે છે: "આવતી કાલે આ સમયે સમરુનની ભાગળમાં એક માપ મેંદો એક શેકેલે અને બે માપ જવ એક શેકેલે વેચાશે.'"

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הָאֱלֹהִים | אִישׁ | אֶת־ | יָדוֹ | עַל־ | נִשְׁעָן | לַמֶּלֶךְ | אֲשֶׁר־ | הַשָּׁלִישׁ | וַיַּעַן | 2 |
| માણસને | ઈશ્વરના | ને | હાથનો | ઉપર | ટેકેલો-હતો | રાજાના | જેના | સરદારે | અને-જવાબ-આપ્યો | |
| H0430 | H0376 | H0853 | H3027 | | H8172 | H4428 | | | | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| רֹאֶה | הִנְּכָה | וַיֹּאמֶר | הַזֶּה | הַדָּבָר | הֲיִהְיֶה | בַּשָּׁמַיִם | אֲרֻבּוֹת | עֹשֶׂה | יְהוָה | הִנֵּה | וַיֹּאמַר |
| જોઈશ | જોશે | અને-કહ્યુ | આ | વાત | શું-થશે | આકાશમાં | બારીઓ | બનાવે | યહોવાહ | જો | અને-કહ્યુ |
| H7200 | H2009 | H0559 | H2088 | H1697 | H1961 | H8064 | H0699 | | H3068 | H2009 | H0559 |

| | | | | |
|---|---|---|---|---|
| ס | תֹאכֵל׃ | לֹא | וּמִשָּׁם | בְּעֵינֶיךָ |
| — | ખાઈશ | નહિ | પરંતુ-ત્યાંથી | તારી-આખોથી |
| | H0398 | H3808 | H8033 | |

ત્યારે જે સરદારના હાથ પર રાજા અઢેલતો હતો તેણે ઈશ્વરભક્તને કહ્યુ, "જો, યહોવાહ આકાશમાં બારીઓ કરે તો પણ શું આ વાત શક્ય છે ખરી?" એલિશાએ કહ્યુ, "જો, તું તે તારી આખોથી જોશે, પણ તેમાંથી ખાવા પામશે નહિ."

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מָה | רֵעֵהוּ | אֶל־ | אִישׁ | וַיֹּאמְרוּ | הַשָּׁעַר | פֶּתַח | מְצֹרָעִים | הָיוּ | אֲנָשִׁים | וְאַרְבָּעָה | 3 |
| શા-માટે | સાથીને | બીજા-ને | એકે | અને-કહ્યુ | શહેરના | દરવાજા-પાસે | કોઢી | હતા | માણસો | અને-ચાર | |
| H4100 | H7453 | H0413 | H0376 | H0559 | H8179 | H6607 | H6879 | H1961 | H0376 | H0702 | |

| | | | | |
|---|---|---|---|---|
| מָתְנוּ׃ | עַד־ | פֹּה | יֹשְׁבִים | אֲנַחְנוּ |
| મરીએ | સુધી | અહીં | બેસીએ-છીએ | આપણે |
| H4191 | H5704 | H6311 | H3427 | H0587 |

હવે નગરના દરવાજા આગળ ચાર કુષ્ઠ રોગી બેઠેલા હતા. તેઓ એકબીજાને કહેતા હતા, "શા માટે આપણે અહીં બેસી રહીને મરી જઈએ?

4

| | | |
|---|---|---|
| אִם־ | જો | |
| אָמַרְנוּ | કહીએ | H0559 |
| נָבוֹא | જઈએ | H0935 |
| הָעִיר | શહેરમાં | |
| וְהָרָעָב | અને-દુકાળ | H7458 |
| בָּעִיר | શહેરમાં-છે | |
| וָמַתְנוּ | અને-મરીશું | H4191 |
| שָׁם | ત્યાં | H8033 |
| וְאִם־ | અને-જો | |
| יָשַׁבְנוּ | બેસીએ | H3427 |
| פֹּה | અહીં | H6311 |
| וָמָתְנוּ | અને-મરીએ | H4191 |
| וְעַתָּה | અને-હવે | H6258 |
| לְכוּ | ચાલો | H3212 |
| וְנִפְּלָה | અને-જઈએ | H5307 |
| אֶל־ | પાસે | H0413 |
| מַחֲנֵה | છાવણી | H4264 |
| אֲרָם | અરામની | H0758 |
| אִם־ | જો | |
| יְחַיֻּנוּ | જીવતા-રાખે | H2421 |
| נִחְיֶה | જીવીશું | H2421 |
| וְאִם־ | અને-જો | |
| יְמִיתֻנוּ | મારે | H4191 |
| וָמָתְנוּ׃ | મરીશું | H4191 |

જો આપણે નગરમાં જવાનું કરીએ તો નગરમાં દુકાળ છે, આપણે ત્યાં મરી જઈશું. જો આપણે અહીં રહીએ તોપણ આપણે મરી જઈશું. તો હવે ચાલો, આપણે અરામીઓની છાવણીમાં ચાલ્યા જઈએ. જો તેઓ આપણને જીવતા રહેવા દેશે, તો આપણે જીવતા રહીશું, જો તેઓ આપણને મારી નાખશે, તો આપણે મરી જઈશું."

5

| | | |
|---|---|---|
| וַיָּקוּמוּ | અને-ઊઠ્યા | |
| בַנֶּשֶׁף | સાંજે | H5399 |
| לָבוֹא | જવા | H0935 |
| אֶל־ | પાસે | H0413 |
| מַחֲנֵה | છાવણી | H4264 |
| אֲרָם | અરામની | H0758 |
| וַיָּבֹאוּ | અને-આવ્યા | H0935 |
| עַד־ | સુધી | H5704 |
| קְצֵה | છેડે | |
| מַחֲנֵה | છાવણીના | H4264 |
| אֲרָם | અરામની | H0758 |
| וְהִנֵּה | અને-જો | H2009 |
| אֵין־ | નહોતું | H0369 |
| שָׁם | ત્યાં | H8033 |
| אִישׁ׃ | કોઈ | H0376 |

માટે તેઓ સાંજના સમયે અરામીઓની છાવણીમાં જવા ઊઠ્યા; જ્યારે તેઓ અરામીઓની છાવણીની હદમાં પહોચ્યા, ત્યારે ત્યાં કોઈ નહોતું.

6

| | | |
|---|---|---|
| וַאדֹנָי | અને-પ્રભુએ | H0136 |
| הִשְׁמִיעַ | સંભળાવ્યો-હતો | H8085 |
| אֶת־ | તે | H0853 |
| מַחֲנֵה | છાવણી | H4264 |
| אֲרָם | અરામની | H0758 |
| קוֹל | અવાજ | |
| רֶכֶב | રથનો | H7393 |
| קוֹל | અવાજ | |
| סוּס | ઘોડાનો | |
| קוֹל | અવાજ | |
| חַיִל | સૈન્યનો | H2428 |
| גָּדוֹל | મોટો | |
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| אִישׁ | એકે | H0376 |
| אֶל־ | બીજા-ને | H0413 |
| אָחִיו | ભાઈને | H0251 |
| הִנֵּה | જો | H2009 |
| שָׂכַר־ | ભાડે-રાખ્યા-છે | |
| עָלֵינוּ | આપણી-વિરુદ્ધ | |
| מֶלֶךְ | રાજાએ | H4428 |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલના | H3478 |
| אֶת־ | તે | H0853 |
| מַלְכֵי | રાજાઓને | H4428 |
| הַחִתִּים | હિત્તીઓના | H2850 |
| וְאֶת־ | અને | H0853 |
| מַלְכֵי | રાજાઓને | H4428 |
| מִצְרַיִם | મિસરના | H4714 |
| לָבוֹא | આવવા | H0935 |
| עָלֵינוּ׃ | આપણી-વિરુદ્ધ | |

કેમ કે, પ્રભુ યહોવાહે અરામીઓના સૈન્યને રથોનો અવાજ, ઘોડાઓનો અવાજ અને મોટા સૈન્યનો અવાજ સંભળાવ્યો હતો, તેથી તેઓએ એકબીજાને કહ્યું, "ઇઝરાયલના રાજાએ હિત્તીઓના રાજાઓને અને મિસરના રાજાઓને નાણાં આપીને આપણા પર હુમલો કરવા મોકલ્યા છે."

7

| | | |
|---|---|---|
| וַיָּקוּמוּ | અને-ઊઠ્યા | |
| וַיָּנוּסוּ | અને-ભાગ્યા | H5127 |
| בַנֶּשֶׁף | સાંજે | H5399 |
| וַיַּעַזְבוּ | અને-છોડ્યા | |
| אֶת־ | તેઓના | H0853 |
| אָהֳלֵיהֶם | તંબૂઓ | H0168 |
| וְאֶת־ | અને | H0853 |
| סוּסֵיהֶם | ઘોડા | |
| וְאֶת־ | અને | H0853 |
| חֲמֹרֵיהֶם | ગધેડા | H2543 |
| הַמַּחֲנֶה | છાવણી | H4264 |
| כַּאֲשֶׁר־ | જેવી | |
| הִיא | હતી | H1931 |
| וַיָּנֻסוּ | અને-ભાગ્યા | H5127 |
| אֶל־ | પોતાના | H0413 |
| נַפְשָׁם׃ | જીવ-માટે | H5315 |

તેથી સાંજના સમયે સૈનિકો ઊઠીને તેમના ઘોડાઓ, તંબુઓ, ગધેડાંઓ અને છાવણી જેમ હતી એમની એમ મૂકીને પોતાના જીવ લઈને નાસી ગયા હતા.

8

| | | |
|---|---|---|
| וַיָּבֹאוּ | અને-આવ્યા | H0935 |
| הַמְצֹרָעִים | કોઢીઓ | H6879 |
| הָאֵלֶּה | આ | H0428 |
| עַד־ | સુધી | H5704 |
| קְצֵה | છેડે | |
| הַמַּחֲנֶה | છાવણીના | H4264 |
| וַיָּבֹאוּ | અને-આવ્યા | H0935 |
| אֶל־ | માં | H0413 |
| אֹהֶל | તંબૂ | H0168 |
| אֶחָד | એકમાં | H0259 |
| וַיֹּאכְלוּ | અને-ખાધું | H0398 |
| וַיִּשְׁתּוּ | અને-પીધું | H8354 |
| וַיִּשְׂאוּ | અને-લઈ-ગયા | H5375 |
| מִשָּׁם | ત્યાંથી | H8033 |
| כֶּסֶף | ચાંદી | H3701 |
| וְזָהָב | અને-સોનું | H2091 |
| וּבְגָדִים | અને-વસ્ત્રો | |
| וַיֵּלְכוּ | અને-ગયા | H3212 |
| וַיַּטְמִנוּ | અને-છુપાવ્યા | H2934 |
| וַיָּשֻׁבוּ | અને-પાછા-ફર્યા | H7725 |
| וַיָּבֹאוּ | અને-આવ્યા | H0935 |
| אֶל־ | માં | H0413 |
| אֹהֶל | તંબૂ | H0168 |
| אַחֵר | બીજામાં | H0312 |
| וַיִּשְׂאוּ | અને-લઈ-ગયા | H5375 |
| מִשָּׁם | ત્યાંથી | H8033 |
| וַיֵּלְכוּ | અને-ગયા | H3212 |
| וַיַּטְמִנוּ׃ | અને-છુપાવ્યા | H2934 |

જ્યારે કુષ્ઠ રોગીઓ છાવણીની હદમા આવ્યા ત્યારે તેઓએ એક તંબુમાં જઈને ત્યાં ખાધું-પીધું, વળી ત્યાંથી સોનું, ચાંદી અને વસ્ત્રો લઈ જઈને તે સંતાડી દીધું. પછી તેઓ પાછા આવીને બીજા તંબુમાં ગયા, ત્યાંથી પણ લૂંટી લઈને બધું સંતાડી દીધું.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמְרוּ | אִישׁ | אֶל־ | רֵעֵהוּ | לֹא־ | כֵן | אֲנַחְנוּ | עֹשִׂים | הַיּוֹם | הַזֶּה | יוֹם־ |
| અને-કહ્યુ | એકે | બીજા-ને | સાથીને | નહિ | યોગ્ય | આપણે | કરીએ-છીએ | આજે | આના | શુભ-સમાચારનો |
| H0559 | H0376 | H0413 | H7453 | H3808 | | H0587 | | H3117 | H2088 | H3117 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּשֹׂרָה | הוּא | וַאֲנַחְנוּ | מַחְשִׁים | וְחִכִּינוּ | עַד־ | אוֹר | הַבֹּקֶר | וּמְצָאָנוּ | עָוֺן | וְעַתָּה |
| ખબરનો | આ | અને-આપણે | ચૂપ-રહીએ | અને-રાહ-જોઈએ | સુધી | પ્રકાશ | સવારનો | અને-મળે | શિક્ષા | અને-હવે |
| H1309 | H1931 | H0587 | H2814 | H2442 | H5704 | H0216 | H1242 | H4672 | H5771 | H6258 |

| | | | | |
|---|---|---|---|---|
| לְכוּ | וְנָבֹאָה | וְנַגִּידָה | בֵּית | הַמֶּלֶךְ׃ |
| ચાલો | અને-જઈએ | અને-જણાવીએ | ઘરમાં | રાજાના |
| H3212 | H0935 | H5046 | | H4428 |

પછી તેઓએ એકબીજાને કહ્યુ, "આપણે આ બરાબર નથી કરતા. આ તો વધામણીનો દિવસ છે, પણ આપણે તો તે વિષે ચૂપ રહ્યા છીએ. જો આપણે સવાર સુધી રાહ જોઈશું, તો આપણા પર શિક્ષા આવી પડશે. તો હવે ચાલો, આપણે જઈને રાજાના કુટુંબીઓને કહીએ."

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹאוּ | וַיִּקְרְאוּ | אֶל־ | שֹׁעֵר | הָעִיר | וַיַּגִּידוּ | לָהֶם | לֵאמֹר | בָּאנוּ | אֶל־ | מַחֲנֵה |
| અને-આવ્યા | અને-બોલાવ્યા | ને | ચોકીદાર | શહેરના | અને-જણાવ્યું | તેઓને | કહીને | આવ્યા | માં | છાવણી |
| H0935 | H7121 | H0413 | H7778 | | H5046 | H1992 | H0559 | H0935 | H0413 | H4264 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲרָם | וְהִנֵּה | אֵין־ | שָׁם | אִישׁ | וְקוֹל | אָדָם | כִּי | אִם־ | הַסּוּס | אָסוּר | וְהַחֲמוֹר |
| અરામની | અને-જો | નહોતું | ત્યાં | કોઈ | અને-અવાજ | માણસનો | પરંતુ | ફક્ત | ઘોડો | બાંધેલો | અને-ગધેડો |
| H0758 | H2009 | H0369 | H8033 | H0376 | | H0120 | | | | H0631 | H2543 |

| | | | |
|---|---|---|---|
| אָסוּר | וְאֹהָלִים | כַּאֲשֶׁר־ | הֵמָּה׃ |
| બાંધેલો | અને-તંબૂઓ | જેવા | હતા-તેવા |
| H0631 | H0168 | | H1992 |

માટે તેઓએ આવીને નગરના ચોકીદારોને બૂમ પાડીને કહ્યુ, "અમે અરામીઓની છાવણીએ ગયા હતા, પણ ત્યાં કોઈ ન હતું, કોઈનો અવાજ ન હતો, ફક્ત ઘોડા અને ગધેડાં બાંધેલાં હતા, તંબૂઓ પણ જેમના તેમ ખાલી હતા."

11

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיִּקְרָא | הַשֹּׁעֲרִים | וַיַּגִּידוּ | בֵּית | הַמֶּלֶךְ | פְּנִימָה׃ |
| અને-બોલાવ્યા | દ્વારપાળોએ | અને-જણાવ્યું | ઘરમાં | રાજાના | અંદર |
| H7121 | H7778 | H5046 | | H4428 | H6441 |

પછી દરવાજાના ચોકીદારોએ બૂમ પાડીને રાજાના કુટુંબીઓને ખબર પહોંચાડી.

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּקָם | הַמֶּלֶךְ | לַיְלָה | וַיֹּאמֶר | אֶל־ | עֲבָדָיו | אַגִּידָה־ | נָּא | לָכֶם | אֵת | אֲשֶׁר־ |
| અને-ઊઠ્યો | રાજા | રાત્રે | અને-કહ્યુ | ને | પોતાના-સેવકોને | જણાવું-કૃપા-કરીને | તમને | તમને | તે | જે |
| | H4428 | H3915 | H0559 | H0413 | H5650 | H5046 | H4994 | | H0853 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עָשׂוּ | לָנוּ | אֲרָם | יָדְעוּ | כִּי־ | רְעֵבִים | אֲנַחְנוּ | וַיֵּצְאוּ | מִן־ | הַמַּחֲנֶה |
| કર્યુ-છે | આપણા-માટે | અરામીઓએ | જાણે-છે | કે | ભૂખ્યા | આપણે | અને-બહાર-આવ્યા-છે | માંથી | છાવણીમાંથી |
| | | H0758 | H3045 | | H7457 | H0587 | H3318 | | H4264 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לְהֵחָבֵה | [בהשדה] | (בַשָּׂדֶה) | לֵאמֹר | כִּי־ | יֵצְאוּ | מִן־ | הָעִיר | וְנִתְפְּשֵׂם | חַיִּים |
| છુપાવા | [ખેતરમાં] | ખેતરમાં | કહીને | કે-જ્યારે | બહાર-આવે | માંથી | શહેરમાંથી | અને-પકડીશું | જીવતા |
| H2247 | | | H0559 | | H3318 | | | H8610 | |

| | | |
|---|---|---|
| וְאֶל־ | הָעִיר | נָבֹא׃ |
| અને-માં | શહેર | પ્રવેશીશું |
| H0413 | | H0935 |

ત્યારે રાજાએ રાત્રે ઊઠીને પોતાના ચાકરોને કહ્યુ, "અરામીઓએ આપણને શું કર્યુ છે તે હું તમને કહીશ. તે લોકો જાણે છે કે આપણે ભૂખ્યા છીએ, તેથી તેઓ છાવણી છોડીને ખેતરમાં સંતાઈ ગયા હશે. તેઓ વિચારતા હતા કે, 'જયારે તેઓ નગરમાંથી બહાર આવશે ત્યારે આપણે તેઓને જીવતા પકડી લઈને નગરમાં જતા રહીશું.'"

13
וַיַּעַן אֶחָד מֵעֲבָדָיו וַיֹּאמֶר וְיִקְחוּ־ נָּא חֲמִשָּׁה מִן־ הַסּוּסִים
અને-જવાબ-આપ્યો એકે તેના-સેવકોમાંથી અને-કહ્યુ અને-લઈએ કૃપા-કરીને પાંચ માંથી ઘોડામાંથી
H0259 H5650 H0559 H3947 H4994 H2568

הַנִּשְׁאָרִים אֲשֶׁר נִשְׁאֲרוּ־ בָהּ הִנָּם כְּכָל־ [ההמון] (הֲמוֹן) יִשְׂרָאֵל אֲשֶׁר נִשְׁאֲרוּ־
બાકી-રહેલા જે બાકી-રહ્યા-છે તેમાં જો-છે સર્વ [ભીડ] સમૂહ ઇઝરાયેલના જે બાકી-રહ્યા-છે
H7604 H7604 H2009 H3605 H3478 H7604

בָּהּ הִנָּם כְּכָל־ הֲמוֹן יִשְׂרָאֵל אֲשֶׁר־ תָּמּוּ וְנִשְׁלְחָה וְנִרְאֶה׃
તેમાં જો-છે સર્વ સમૂહના ઇઝરાયેલના જે નાશ-પામ્યા-છે અને-મોકલીએ અને-જોઈએ
H2009 H3605 H3478 H8552 H7971 H7200

રાજાના ચાકરોમાંના એકે કહ્યુ, "હું તમને વિનંતી કરું છું કે, નગરમાં બાકી બચેલા ઘોડાઓમાંથી પાંચ ઘોડેસવારોને તપાસ માટે મોકલી આપવાની રજા આપો. જો તેઓ જીવતા પાછા આવશે તો તેઓની હાલત બચી ગયેલા ઇઝરાયલીઓના જેવી થશે, જો મરી જશે તો ઇઝરાયલના અત્યાર સુધીમાં નાશ પામેલાંઓની હાલત કરતાં તેઓની હાલત ખરાબ નહિ હોય."

14
וַיִּקְחוּ שְׁנֵי רֶכֶב סוּסִים וַיִּשְׁלַח הַמֶּלֶךְ אַחֲרֵי מַחֲנֵה־ אֲרָם לֵאמֹר לְכוּ
અને-લીધા બે રથના ઘોડા અને-મોકલ્યા રાજાએ પાછળ છાવણી અરામની કહીને જાઓ
H3947 H8147 H7393 H7971 H4428 H4264 H0758 H0559 H3212

וּרְאוּ׃
અને-જુઓ
H7200

માટે તેઓએ ઘોડા જોડેલા બે રથ લીધા. અને રાજાએ તેઓને અરામીઓના સૈન્યની પાછળ મોકલીને કહ્યુ, "જઈને જુઓ."

15
וַיֵּלְכוּ אַחֲרֵיהֶם עַד־ הַיַּרְדֵּן וְהִנֵּה כָל־ הַדֶּרֶךְ מְלֵאָה בְגָדִים וְכֵלִים
અને-ગયા તેઓની-પાછળ સુધી યર્દન અને-જો સર્વ માર્ગ ભરેલો-હતો વસ્ત્રોથી અને-વાસણોથી
H3212 H5704 H3383 H2009 H3605 H1870 H4392 H3627

אֲשֶׁר־ הִשְׁלִיכוּ אֲרָם [בהחפזם] (בְּחָפְזָם) וַיָּשֻׁבוּ הַמַּלְאָכִים וַיַּגִּדוּ לַמֶּלֶךְ׃
જે ફેંક્યા-હતા અરામીઓએ [ઉતાવળે] ઉતાવળે-પોતાની અને-પાછા-આવ્યા સંદેશવાહકો અને-જણાવ્યું રાજાને
H7993 H0758 H2648 H2648 H7725 H4397 H5046 H4428

તેઓ યર્દન સુધી તેઓની પાછળ ગયા, તો જુઓ આખો માર્ગ અરામીઓએ ઉતાવળમાં ફેંકી દીધેલાં તેઓનાં વસ્ત્રો અને પાત્રોથી ભરાઈ ગયેલો હતો. તેથી સંદેશાવાહકોએ પાછા આવીને રાજાને તે વિષે ખબર આપી.

16
וַיֵּצֵא הָעָם וַיָּבֹזּוּ אֵת מַחֲנֵה אֲרָם וַיְהִי סְאָה־ סֹלֶת בְּשֶׁקֶל וְסָאתַיִם
અને-બહાર-આવ્યા લોકો અને-લૂંટ્યું તે છાવણી અરામની અને-થયું સેઆ મેંદો શેકેલમાં અને-બે-સેઆ
H3318 H0962 H0853 H4264 H0758 H1961 H5429 H5560 H8255 H5429

שְׂעֹרִים בְּשֶׁקֶל כִּדְבַר יְהוָה׃
જવ શેકેલમાં વચન-મુજબ યહોવાહના
H8184 H8255 H1697 H3068

પછી લોકોએ બહાર જઈને અરામીઓની છાવણી લૂંટી લીધી. માટે યહોવાહના વચન પ્રમાણે એક માપ મેંદો એક શેકેલે અને બે માપ જવ એક શેકેલે વેચાયાં.

17
וְהַמֶּלֶךְ הִפְקִיד אֶת־ הַשָּׁלִישׁ אֲשֶׁר־ נִשְׁעָן עַל־ יָדוֹ עַל־ הַשַּׁעַר
અને-રાજાએ નીમ્યો-હતો તે સરદારને જેના ટેકેલો-હતો ઉપર હાથના ઉપર દરવાજાના
H4428 H0853 H8172 H3027 H8179

וַיִּרְמְסֻהוּ הָעָם בַּשַּׁעַר וַיָּמֹת כַּאֲשֶׁר דִּבֶּר אִישׁ הָאֱלֹהִים אֲשֶׁר דִּבֶּר
અને-કચડી-નાખ્યો લોકોએ દરવાજામાં અને-મર્યો જેમ કહ્યુ-હતું ઈશ્વરના માણસે જે કહ્યુ-હતું
H7429 H8179 H4191 H1696 H0376 H0430 H1696

בְּרֶדֶת הַמֶּלֶךְ אֵלָיו׃
જ્યારે-ઉતર્યો રાજા તેની-પાસે
H3381 H4428 H0413

જે સરદારના હાથ પર રાજા અઢેલતો હતો, તેને નગરના દરવાજાની ચોકી કરવાનું કામ સોંપ્યું. જ્યારે રાજા ઊતરીને તેની પાસે નીચે આવ્યો ત્યારે ઈશ્વરભક્તના કહ્યા પ્રમાણે તે માણસ લોકોના પગ નીચે કચડાઈને મરણ પામ્યો.

18

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִ֕י | כְּדַבֵּר֙ | אִ֣ישׁ | הָֽאֱלֹהִ֔ים | אֶל־ | הַמֶּ֖לֶךְ | לֵאמֹ֑ר | סָאתַ֨יִם | שְׂעֹרִ֜ים | בְּשֶׁ֗קֶל | וּֽסְאָה־ |
| અને-થયું | જેમ-કહ્યુ-હતું | ઈશ્વરના | માણસે | ને | રાજાને | કહીને | બે-સેઆ | જવ | શેકેલમાં | અને-સેઆ |
| H1961 | H1696 | H0376 | H0430 | H0413 | H4428 | H0559 | H5429 | H8184 | H8255 | H5429 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| סֹ֤לֶת | בְּשֶׁ֙קֶל֙ | יִֽהְיֶה֙ | כָּעֵ֣ת | מָחָ֔ר | בְּשַׁ֖עַר | שֹׁמְרֽוֹן׃ |
| મેંદો | શેકેલમાં | થશે | આવતી-કાલે | આવતી | દરવાજા-પાસે | સમરૂનના |
| H5560 | H8255 | H1961 | H6256 | H4279 | H8179 | H8111 |

ઈશ્વરભક્તે રાજાને કહ્યુ હતું "કાલે, આ સમયે સમરુનના દરવાજા પાસે એક માપ મેંદો એક શેકેલે અને બે માપ જવ એક શેકેલે વેચાશે" તેવું જ થયું.

19

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּ֨עַן | הַשָּׁלִ֜ישׁ | אֶת־ | אִ֣ישׁ | הָאֱלֹהִים֮ | וַיֹּאמַר֒ | וְהִנֵּ֣ה | יְהוָ֗ה | עֹשֶׂ֤ה | אֲרֻבּוֹת֙ |
| અને-જવાબ-આપ્યો | સરદારે | તે | ઈશ્વરના | માણસને | અને-કહ્યુ | અને-જો | યહોવાહ | બનાવે | બારીઓ |
| | | H0853 | H0376 | H0430 | H0559 | H2009 | H3068 | | H0699 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בַּשָּׁמַ֔יִם | הֲיִֽהְיֶ֖ה | כַּדָּבָ֣ר | הַזֶּ֑ה | וַיֹּ֗אמֶר | הִנְּכָ֤ה | רֹאֶה֙ | בְּעֵינֶ֔יךָ | וּמִשָּׁ֖ם | לֹ֥א | תֹאכֵֽל׃ |
| આકાશમાં | શું-થશે | વાત-જેવી | આ | અને-કહ્યુ | જોશે | જોઈશ | તારી-આખોથી | પરંતુ-ત્યાંથી | નહિ | ખાઈશ |
| H8064 | H1961 | H1697 | H2088 | H0559 | H2009 | H7200 | | H8033 | H3808 | H0398 |

ત્યારે એ સરદારે ઈશ્વરભક્તને કહ્યુ, "જો, યહોવાહ આકાશમાં બારીઓ કરે, તોપણ શું આ બાબત બની શકે ખરી?" એલિશાએ કહ્યુ હતું, "જો, તું તે તારી પોતાની આખે જોશે, પણ એમાંનું કશું ખાવા પામશે નહિ."

20

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַֽיְהִי־ | ל֖וֹ | כֵּ֑ן | וַיִּרְמְס֨וּ | אֹת֥וֹ | הָעָ֛ם | בַּשַּׁ֖עַר | וַיָּמֹֽת׃ | ס |
| અને-થયું | તેને | આમ | અને-કચડી-નાખ્યો | તેને | લોકોએ | દરવાજામાં | અને-મર્યો | — |
| H1961 | | | H7429 | H0853 | | H8179 | H4191 | |

અને એમ જ બન્યું, કેમ કે લોકોએ તેને દરવાજા આગળ જ પગ નીચે કચડી નાખ્યો અને તે મરણ પામ્યો.

## Chapter 8

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וֶֽאֱלִישָׁע | דִּבֶּ֡ר | אֶל־ | הָ֠אִשָּׁה | אֲשֶׁר־ | הֶחֱיָ֨ה | אֶת־ | בְּנָ֜הּ | לֵאמֹ֗ר | ק֤וּמִי | וּלְכִי֙ |
| અને-અલીશાએ | કહ્યુ-હતું | ને | સ્ત્રીને | જેના | જીવિત-કર્યો-હતો | તેના | દીકરાને | કહીને | ઊઠ | અને-જા |
| H0477 | H1696 | H0413 | H0802 | | H2421 | H0853 | | H0559 | | H3212 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ]אתי[ | )אַ֣תְּ( | וּבֵיתֵ֔ךְ | וְג֖וּרִי | בַּאֲשֶׁ֣ר | תָּג֑וּרִי | כִּֽי־ | קָרָ֤א | יְהוָה֙ | לָֽרָעָ֔ב | וְגַם־ |
| [તું] | તું | અને-તારુ-ઘર | અને-રહો | જ્યાં | રહી-શકો | કારણ-કે | બોલાવ્યો-છે | યહોવાહે | દુકાળને | અને-આવે-છે |
| | | | | | | | H7121 | H3068 | H7458 | H1571 |

| | | | | |
|---|---|---|---|---|
| בָּ֥א | אֶל־ | הָאָ֖רֶץ | שֶׁ֥בַע | שָׁנִֽים׃ |
| આવી-રહ્યો-છે | ઉપર | દેશ | સાત | વર્ષ |
| H0935 | H0413 | H0776 | H7651 | H8141 |

જે સ્ત્રીના દીકરાને એલિશાએ સજીવન કર્યો હતો તેને તેણે કહ્યુ, "ઊઠ, તું તારા કુટુંબનાં માણસોને લઈને ચાલી જા અને બીજા દેશમાં જ્યાં જઈને તારાથી રહેવાય ત્યાં રહે, કેમ કે, યહોવાહે દુકાળનો હુકમ કર્યો છે. દેશમાં સાત વર્ષ સુધી દુકાળ ચાલુ રહેશે."

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתָּ֣קָם | הָֽאִשָּׁ֔ה | וַתַּ֕עַשׂ | כִּדְבַ֖ר | אִ֣ישׁ | הָאֱלֹהִ֑ים | וַתֵּ֨לֶךְ | הִ֤יא | וּבֵיתָהּ֙ | וַתָּ֥גָר |
| અને-ઊઠી | સ્ત્રી | અને-કર્યું | વચન-મુજબ | ઈશ્વરના | માણસના | અને-ગઈ | તે | અને-તેનું-ઘર | અને-રહી |
| | H0802 | | H1697 | H0376 | H0430 | H3212 | H1931 | | |

| | | | |
|---|---|---|---|
| בְּאֶֽרֶץ־ | פְּלִשְׁתִּ֖ים | שֶׁ֥בַע | שָׁנִֽים׃ |
| દેશમાં | પલિશ્તીઓના | સાત | વર્ષ |
| H0776 | H6430 | H7651 | H8141 |

તેથી તે સ્ત્રીએ ઊઠીને ઈશ્વરભક્તના કહેવા પ્રમાણે કર્યું. તે તેના કુટુંબનાં માણસોને લઈને ચાલી નીકળી અને જઈને સાત વર્ષ સુધી પલિસ્તીઓના દેશમાં રહી.

3 וַיְהִ֗י અને-થયું H1961 | מִקְצֵה֙ અંતે | שֶׁ֣בַע સાત H7651 | שָׁנִ֔ים વર્ષના H8141 | וַתָּ֣שָׁב અને-પાછી-આવી H7725 | הָאִשָּׁ֔ה સ્ત્રી H0802 | מֵאֶ֖רֶץ દેશમાંથી H0776 | פְּלִשְׁתִּ֑ים પલિસ્તીઓના H6430 | וַתֵּצֵ֗א અને-બહાર-ગઈ H3318 | לִצְעֹ֥ק ફરિયાદ-કરવા H6817
אֶל־ પાસે H0413 | הַמֶּ֔לֶךְ રાજાને H4428 | אֶל־ વિશે H0413 | בֵּיתָ֖הּ પોતાનું-ઘર | וְאֶל־ અને-વિશે H0413 | שָׂדָֽהּ׃ પોતાનું-ખેતર

સાતમા વર્ષને અંતે તે સ્ત્રી પલિસ્તીઓના દેશમાંથી પાછી આવી. અને પોતાના ઘર અને જમીન માટે રાજા પાસે વિનંતી કરવા ગઈ.

4 וְהַמֶּ֗לֶךְ અને-રાજા H4428 | מְדַבֵּר֙ વાત-કરતો-હતો H1696 | אֶל־ સાથે H0413 | גֵּֽחֲזִ֔י ગેહઝી H1522 | נַ֥עַר સેવક H5288 | אִישׁ־ ઈશ્વરના H0376 | הָאֱלֹהִ֖ים માણસના H0430 | לֵאמֹ֑ר કહીને H0559 | סַפְּרָה־ કહો | נָּ֣א કૃપા-કરીને H4994 | לִ֔י મને
אֵ֥ת તે H0853 | כָּל־ સર્વ H3605 | הַגְּדֹל֖וֹת મહાન-કાર્યો | אֲשֶׁר־ જે | עָשָׂ֥ה કર્યા | אֱלִישָֽׁע׃ અલીશાએ H0477

હવે રાજા ઈશ્વરભક્તના ચાકર ગેહઝી સાથે એવી વાત કરતો હતો, “એલિશાએ જે મોટા કામો કર્યાં છે તે કૃપા કરીને મને કહે.”

5 וַֽיְהִ֨י અને-થયું H1961 | ה֜וּא તે H1931 | מְסַפֵּ֣ר કહેતો-હતો | לַמֶּ֗לֶךְ રાજાને H4428 | אֵ֣ת કે H0853 | אֲשֶׁר־ કેવી-રીતે | הֶחֱיָ֣ה જીવિત-કર્યો H2421 | אֶת־ તે H0853 | הַמֵּ֒ת મરેલાને H4191 | וְהִנֵּ֣ה અને-જો H2009 | הָאִשָּׁ֗ה સ્ત્રી H0802 | אֲשֶׁר־ જેના
הֶחֱיָ֤ה જીવિત-કર્યો H2421 | אֶת־ તેના H0853 | בְּנָהּ֙ દીકરાને | צֹעֶ֣קֶת ફરિયાદ-કરતી-હતી H6817 | אֶל־ પાસે H0413 | הַמֶּ֔לֶךְ રાજાને H4428 | עַל־ વિશે | בֵּיתָ֖הּ પોતાનું-ઘર | וְעַל־ અને-વિશે | שָׂדָ֑הּ પોતાનું-ખેતર
וַיֹּ֣אמֶר અને-કહ્યુ H0559 | גֵּיחֲזִ֗י ગેહઝીએ H1522 | אֲדֹנִ֤י મારા-માલિક H0113 | הַמֶּ֨לֶךְ֙ રાજા H4428 | זֹ֣את આ H2063 | הָֽאִשָּׁ֔ה સ્ત્રી-છે H0802 | וְזֶה־ અને-આ H2088 | בְּנָ֕הּ તેનો-દીકરો-છે | אֲשֶׁר־ જેને | הֶחֱיָ֖ה જીવિત-કર્યો H2421 | אֱלִישָֽׁע׃ અલીશાએ H0477

એલિશાએ મરણ પામેલાં બાળકને કેવી રીતે સજીવન કર્યો હતો, તે વાત ગેહઝી રાજાને કરતો હતો. ત્યારે જે સ્ત્રીના દીકરાને એલિશાએ સજીવન કર્યો હતો તેણે આવીને રાજાને પોતાના ઘર અને જમીન માટે વિનંતી કરી. ગેહઝીએ કહ્યુ, “મારા માલિક, રાજા, આ જ તે સ્ત્રી છે અને આ જ તેનો દીકરો છે, તેને એલિશાએ સજીવન કર્યો હતો.”

6 וַיִּשְׁאַ֥ל અને-પૂછ્યું H7592 | הַמֶּ֛לֶךְ રાજાએ H4428 | לָאִשָּׁ֖ה સ્ત્રીને H0802 | וַתְּסַפֶּר־ અને-કહ્યુ | ל֑וֹ તેને | וַיִּתֶּן־ અને-આપ્યો H5414 | לָ֨הּ તેને | הַמֶּ֜לֶךְ રાજાએ H4428 | סָרִ֣יס અધિકારી H5631 | אֶחָד֮ એક H0259 | לֵאמֹר֒ કહીને H0559
הָשֵׁ֣יב પાછું-આપ H7725 | אֶת־ તેનું H0853 | כָּל־ સર્વ H3605 | אֲשֶׁר־ જે | לָ֗הּ તેનું-છે | וְאֵת֙ અને H0853 | כָּל־ સર્વ H3605 | תְּבוּאֹ֣ת ઉપજ H8393 | הַשָּׂדֶ֔ה ખેતરની | מִיּ֛וֹם દિવસથી H3117 | עָזְבָ֥ה છોડ્યું | אֶת־ તેણે H0853 | הָאָ֖רֶץ દેશ H0776
וְעַד־ અને-સુધી H5704 | עָֽתָּה׃ હવે H6258 | פ —

રાજાએ તે સ્ત્રીને તેના દીકરા વિષે પૂછ્યું, તેણે તેને બધી વાત કહી. તેથી રાજાએ તેના માટે એક ખાસ અધિકારીને આજ્ઞા આપીને કહ્યુ, “તેનું જે હતું તે બધું અને તેણે દેશ છોડયો તે દિવસથી આજ સુધીની તેના ખેતરની બધી જ ઉપજ તેને પાછી આપ.”

7 וַיָּבֹ֤א અને-આવ્યો H0935 | אֱלִישָׁע֙ અલીશા H0477 | דַּמֶּ֔שֶׂק દમિશ્કમાં H1834 | וּבֶן־הֲדַ֥ד અને-બેન-હદદ H1130 | מֶֽלֶךְ־ રાજા H4428 | אֲרָ֖ם અરામનો H0758 | חֹלֶ֑ה બીમાર-હતો | וַיֻּגַּד־ અને-જણાવ્યું H5046 | ל֣וֹ તેને | לֵאמֹ֔ר કહીને H0559
בָּ֛א આવ્યો-છે H0935 | אִ֥ישׁ ઈશ્વરનો H0376 | הָאֱלֹהִ֖ים માણસ H0430 | עַד־ સુધી H5704 | הֵֽנָּה׃ અહીં H2008

પછી એલિશા દમસ્કસમાં ગયો તે સમયે અરામનો રાજા બેન-હદાદ બીમાર હતો. રાજાને એવી ખબર મળી કે, "ઈશ્વરભક્ત અહીં આવ્યો છે."

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הָאֱלֹהִים | אִישׁ | לִקְרַאת | וְלֵךְ | מִנְחָה | בְּיָדְךָ | קַח | חֲזָהאֵל | אֶל־ | הַמֶּלֶךְ | וַיֹּאמֶר |
| માણસને | ઈશ્વરના | મળવા | અને-જા | ભેટ | તારા-હાથમાં | લે | હઝાએલને | ને | રાજાએ | અને-કહ્યુ |
| H0430 | H0376 | H7125 | H3212 | H4503 | H3027 | H3947 | H2371 | H0413 | H4428 | H0559 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| זֶה׃ | מֵחֳלִי | הַאֶחְיֶה | לֵאמֹר | מֵאוֹתוֹ | יְהוָה | אֶת־ | וְדָרַשְׁתָּ |
| આ | આ-બીમારીથી | શું-સાજો-થઈશ | કહીને | તેની-પાસેથી | યહોવાહને | તે | અને-પૂછ |
| H2088 | H2483 | H2421 | H0559 | H0853 | H3068 | H0853 | H1875 |

રાજાએ હઝાએલને + 8:8 રાજાનો અધિકારી કહ્યુ, "તારા હાથમાં ભેટ લઈને ઈશ્વરભક્તને મળવા જા, તેની મારફતે યહોવાહને પુછાવ કે, 'શું હું આ બીમારીમાંથી સાજો થઈશ?'"

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַרְבָּעִים | מַשָּׂא | דַמֶּשֶׂק | טוּב | וְכָל־ | בְּיָדוֹ | מִנְחָה | וַיִּקַּח | לִקְרָאתוֹ | חֲזָאֵל | וַיֵּלֶךְ |
| ચાળીસ | ભાર | દમિશ્કનું | શ્રેષ્ઠ | અને-સર્વ | હાથમાં | ભેટ | અને-લીધી | તેને-મળવા | હઝાએલ | અને-ગયો |
| H0705 | | H1834 | H2898 | H3605 | H3027 | H4503 | H3947 | H7125 | H2371 | H3212 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| שְׁלָחַנִי | אֲרָם | מֶלֶךְ־ | בֶּן־הֲדַד | בִּנְךָ | וַיֹּאמֶר | לְפָנָיו | וַיַּעֲמֹד | וַיָּבֹא | גָמָל |
| મોકલ્યો-છે-મને | અરામના | રાજાએ | બેન-હદાદ | તારો-દીકરો | અને-કહ્યુ | તેની-સામે | અને-ઊભો-રહ્યો | અને-આવ્યો | ઊંટનો |
| H7971 | H0758 | H4428 | H1130 | | H0559 | H6440 | H5975 | H0935 | H1581 |

| | | | | |
|---|---|---|---|---|
| זֶה׃ | מֵחֳלִי | הַאֶחְיֶה | לֵאמֹר | אֵלֶיךָ |
| આ | આ-બીમારીથી | શું-સાજો-થઈશ | કહીને | તારી-પાસે |
| H2088 | H2483 | H2421 | H0559 | H0413 |

માટે હઝાએલ તેની સાથે દમસ્કસની સારી મૂલ્યવાન વસ્તુઓ ચાલીસ ઊંટો પર એ વસ્તુઓ ભેટ તરીકે લઈને તેને મળવા ગયો. હઝાએલે આવીને એલિશા આગળ આવીને કહ્યુ, "તારા દીકરા અરામના રાજા બેન-હદાદે મને તારી પાસે એવું પૂછવા મોકલ્યો છે કે, 'શું હું આ બીમારીમાંથી સાજો થઈશ?'"

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה | וְהִרְאַנִי | תִחְיֶה | חָיֹה | )לוֹ( | ]לא[ | אֱמָר־ | לֵךְ | אֱלִישָׁע | אֵלָיו | וַיֹּאמֶר |
| યહોવાહે | પરંતુ-બતાવ્યું-છે | સાજો-થઈશ | જીવતો-જીવતો | તેને | [નહિ] | કહે | જા | અલીશાએ | તેને | અને-કહ્યુ |
| H3068 | H7200 | H2421 | H2421 | | H3808 | H0559 | H3212 | H0477 | H0413 | H0559 |

| | | |
|---|---|---|
| יָמוּת׃ | מוֹת | כִּי־ |
| મરશે | મરતાં-મરતાં | કે |
| H4191 | H4191 | |

એલિશાએ તેને કહ્યુ, "જઈને બેન-હદાદને કહે કે, 'તું નિશ્ચે સાજો થશે.' પણ યહોવાહે તો મને એવું બતાવ્યું છે કે તે નિશ્ચે મરણ પામશે."

11

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הָאֱלֹהִים׃ | אִישׁ | וַיֵּבְךְּ | בֹּשׁ | עַד־ | וַיָּשֶׂם | פָּנָיו | אֶת־ | וַיַּעֲמֵד |
| માણસ | ઈશ્વરનો | અને-રડ્યો | શરમાવો | સુધી | અને-રાખ્યું | મુખ | પોતાનું | અને-સ્થિર-કર્યું |
| H0430 | H0376 | H1058 | H0954 | H5704 | | H6440 | H0853 | H5975 |

પછી હઝાએલ શરમાઈ ગયો. એલિશા તેની સામે જોઈ રહ્યો, હઝાએલ એટલો બધો શરમિંદો પડ્યો કે ઈશ્વરભક્ત રડી પડયો.

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| תַּעֲשֶׂה | אֲשֶׁר־ | אֵת | יָדַעְתִּי | כִּי־ | וַיֹּאמֶר | בֹכֶה | אֲדֹנִי | מַדּוּעַ | חֲזָאֵל | וַיֹּאמֶר |
| કરશે-તું | જે | તે | જાણું-છું | કારણ-કે | અને-કહ્યુ | રડે-છે | મારા-માલિક | શા-માટે | હઝાએલે | અને-કહ્યુ |
| | | H0853 | H3045 | | H0559 | H1058 | H0113 | H4069 | H2371 | H0559 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעֹלְלֵיהֶם | תַּהֲרֹג | בַּחֶרֶב | וּבַחֻרֵיהֶם | בָּאֵשׁ | תְּשַׁלַּח | מִבְצְרֵיהֶם | רָעָה | יִשְׂרָאֵל | לִבְנֵי |
| અને-બાળકોને | મારશે-તું | તલવારથી | અને-યુવાનોને | અગ્નિમાં | બાળશે-તું | તેઓના-કિલ્લાઓને | અનિષ્ટ | ઇઝરાયેલના | દીકરાઓને |
| H5768 | H2026 | H2719 | H0970 | H0784 | H7971 | H4013 | | H3478 | |

| | | |
|---|---|---|
| תְּבַקֵּעַ׃ | וְהָרֹתֵיהֶם | תְּרַטֵּשׁ |
| ચીરશે-તું | અને-ગર્ભવતીઓને | ચૂર-કરશે-તું |
| H1234 | | H7376 |

હઝાએલે પૂછ્યું, "મારા માલિક, તું કેમ રડે છે?" તેણે કહ્યુ, "કેમ કે, તું ઇઝરાયલી લોકો સાથે જે દુષ્ટતા કરવાનો છે તે હું જાણું છું માટે. તેઓના કિલ્લાઓને તું બાળી મૂકીશ, તેઓના જુવાનોની તું તલવારથી કતલ કરીશ, તેઓના બાળકોને તું જોરથી પછાડીને ટુકડાં કરીશ અને તેઓની ગર્ભવતી સ્ત્રીઓને તું ચીરી નાખીશ."

13 וַיֹּאמֶר અને-કહ્યુ H0559 · חֲזָהאֵל હઝાએલે H2371 · כִּי કારણ-કે · מָה શું H4100 · עַבְדְּךָ તારો-સેવક H5650 · הַכֶּלֶב કૂતરો H3611 · כִּי કે · יַעֲשֶׂה કરશે · הַדָּבָר વાત H1697 · הַגָּדוֹל મોટી · הַזֶּה આ H2088 · וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אֱלִישָׁע અલીશાએ H0477 · הִרְאַנִי બતાવ્યું-છે H7200 · יְהוָה યહોવાહે H3068 · אֹתְךָ તને H0853 · מֶלֶךְ રાજા H4428 · עַל־ ઉપર · אֲרָם׃ અરામના H0758

હઝાએલે કહ્યુ, “તારો સેવક એક કૂતરા તુલ્ય છે, તે કોણ છે કે આવાં કામ કરે?” એલિશાએ કહ્યુ, “યહોવાહે મને બતાવ્યું છે કે તું અરામનો રાજા થશે.”

14 וַיֵּלֶךְ અને-ગયો H3212 · מֵאֵת પાસેથી H0854 · אֱלִישָׁע અલીશાની H0477 · וַיָּבֹא અને-આવ્યો H0935 · אֶל־ પાસે H0413 · אֲדֹנָיו પોતાના-માલિક H0113 · וַיֹּאמֶר અને-કહ્યુ H0559 · לוֹ તેને · מָה־ શું H4100 · אָמַר કહ્યુ H0559 · לְךָ તને
אֱלִישָׁע અલીશાએ H0477 · וַיֹּאמֶר અને-કહ્યુ H0559 · אָמַר કહ્યુ H0559 · לִי મને · חָיֹה જીવતો-જીવતો H2421 · תִּחְיֶה׃ સાજો-થઈશ H2421

પછી હઝાએલ એલિશા પાસેથી રવાના થઈને પોતાના માલિક પાસે આવ્યો. તેણે તેને પૂછ્યું, “એલિશાએ તને શું કહ્યુ?” તેણે જવાબ આપ્યો, “તેણે મને કહ્યુ તું નિશ્ચે સાજો થશે.”

15 וַיְהִי અને-થયું H1961 · מִמָּחֳרָת બીજે-દિવસે H4283 · וַיִּקַּח અને-લીધું H3947 · הַמַּכְבֵּר જાડું-કપડું H4346 · וַיִּטְבֹּל અને-પલાળ્યું H2881 · בַּמַּיִם પાણીમાં H4325 · וַיִּפְרֹשׂ અને-ફેલાવ્યું H6566 · עַל־ ઉપર · פָּנָיו મુખના H6440 · וַיָּמֹת અને-મર્યો H4191
וַיִּמְלֹךְ અને-રાજ્ય-કર્યું · חֲזָהאֵל હઝાએલે H2371 · תַּחְתָּיו׃ તેની-જગ્યાએ H8478 · פ —

પછી બીજે દિવસે હઝાએલે ધાબળો લઈને તેને પાણીમાં પલાળીને રાજાના મોં પર ઓઢાડ્યો તેથી તે મરણ પામ્યો. અને તેની જગ્યાએ હઝાએલ રાજા થયો.

16 וּבִשְׁנַת અને-વર્ષમાં H8141 · חָמֵשׁ પાંચમાં H2568 · לְיוֹרָם યોરામના H3141 · בֶּן־ દીકરા · אַחְאָב અહાબના H0256 · מֶלֶךְ રાજા H4428 · יִשְׂרָאֵל ઇઝરાયેલના H3478 · וִיהוֹשָׁפָט અને-યહોશાફાટ H3092 · מֶלֶךְ રાજા H4428 · יְהוּדָה યહૂદાનો H3063 · מָלַךְ રાજ્ય-કર્યું
יְהוֹרָם યહોરામે H3088 · בֶּן־ દીકરા · יְהוֹשָׁפָט યહોશાફાટના H3092 · מֶלֶךְ રાજા H4428 · יְהוּדָה׃ યહૂદાનો H3063

ઇઝરાયલના રાજા આહાબના દીકરા યોરામના શાસનકાળના પાચમાં વર્ષે યહોરામ રાજ કરવા લાગ્યો. તે યહૂદિયાના રાજા યહોશાફાટનો દીકરો હતો. જ્યારે યહોશાફાટ યહૂદિયાનો રાજા હતો ત્યારે યહોરામ રાજ કરવા લાગ્યો.

17 בֶּן־ દીકરો · שְׁלֹשִׁים બત્રીસ H7970 · וּשְׁתַּיִם અને-બે H8147 · שָׁנָה વર્ષનો H8141 · הָיָה હતો H1961 · בְמָלְכוֹ રાજ્ય-કરતાં · וּשְׁמֹנֶה અને-આઠ H8083 · ]שנה[ [વર્ષ] H8141 · )שָׁנִים( વર્ષ H8141 · מָלַךְ રાજ્ય-કર્યું · בִּירוּשָׁלִָם׃ યરૂશાલેમમાં H3389

યહોરામ રાજા બન્યો ત્યારે તે બત્રીસ વર્ષનો હતો, તેણે યરુશાલેમમાં આઠ વર્ષ રાજ કર્યું.

18 וַיֵּלֶךְ અને-ચાલ્યો H3212 · בְּדֶרֶךְ માર્ગે H1870 · מַלְכֵי રાજાઓના H4428 · יִשְׂרָאֵל ઇઝરાયેલના H3478 · כַּאֲשֶׁר જેમ · עָשׂוּ કર્યું-હતું · בֵּית ઘરાનાએ · אַחְאָב અહાબના H0256 · כִּי કારણ-કે · בַת־ દીકરી H1323 · אַחְאָב અહાબની H0256
הָיְתָה־ હતી H1961 · לּוֹ તેને · לְאִשָּׁה પત્ની-તરીકે H0802 · וַיַּעַשׂ અને-કર્યું · הָרַע અનિષ્ટ · בְּעֵינֵי નજરમાં · יְהוָה׃ યહોવાહની H3068

આહાબના કુટુંબે જેમ કર્યું હતું તેમ તે ઇઝરાયલના રાજાઓને માર્ગે ચાલ્યો, કેમ કે તેણે આહાબની દીકરી સાથે લગ્ન કર્યું હતું. અને તેણે યહોવાહની દ્રષ્ટિમાં જે ખોટું હતું તે કર્યું.

19

| וְלֹא־ | אָבָה | יְהוָה | לְהַשְׁחִית | אֶת־ | יְהוּדָה | לְמַעַן | דָּוִד | עַבְדּוֹ | כַּאֲשֶׁר | אָמַר־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-નહોતું | ઇચ્છતો-હતો | યહોવાહ | નાશ-કરવા | તે | યહૂદાને | ખાતર | દાવિદ | પોતાના-સેવકના | જેમ | કહ્યુ-હતું |
| H3808 | H0014 | H3068 | H7843 | H0853 | H3063 | H4616 | H1732 | H5650 | | H0559 |

| לוֹ | לָתֵת | לוֹ | נִיר | לְבָנָיו | כָּל־ | הַיָּמִים׃ |
|---|---|---|---|---|---|---|
| તેને | આપવા | તેને | દીવો | તેના-દીકરાઓને | સર્વ | દિવસો |
| | H5414 | | | | H3605 | H3117 |

તો પણ પોતાના સેવક દાઉદને લીધે યહોવાહ યહૂદિયાનો નાશ કરવા ચાહતા નહોતા, કારણ કે તેઓએ તેને કહ્યુ હતું, તે હંમેશા તેઓને વારસો આપશે.

20

| בְּיָמָיו | פָּשַׁע | אֱדוֹם | מִתַּחַת | יַד־ | יְהוּדָה | וַיַּמְלִכוּ | עֲלֵיהֶם | מֶלֶךְ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| તેના-દિવસોમાં | બળવો-કર્યો | અદોમે | નીચેથી | હાથ-નીચેથી | યહૂદાન | અને-રાજા-બનાવ્યો | પોતાન-ઉપર | રાજા |
| H3117 | H6586 | H0123 | H8478 | H3027 | H3063 | | | H4428 |

યહોરામના દિવસોમાં અદોમે યહૂદિયાના હાથ નીચે બળવો કરીને પોતાના માટે એક રાજા ઠરાવ્યો.

21

| וַיַּעֲבֹר | יוֹרָם | צָעִירָה | וְכָל־ | הָרֶכֶב | עִמּוֹ | וַיְהִי־ | הוּא | קָם | לַיְלָה | וַיַּכֶּה | אֶת־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ગયો | યોરામ | સાઈરે | અને-સર્વ | રથો | તેની-સાથે | અને-થયું | તે | ઊઠ્યો | રાત્રે | અને-માર્યા | તે |
| | H3141 | H6811 | H3605 | H7393 | | H1961 | H1931 | | H3915 | H5221 | H0853 |

| אֱדוֹם | הַסֹּבֵיב | אֵלָיו | וְאֵת | שָׂרֵי | הָרֶכֶב | וַיָּנָס | הָעָם | לְאֹהָלָיו׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અદોમને | ઘેરનારાઓને | તેની-પાસે | અને | સરદારોને | રથના | અને-ભાગ્યા | લોકો | પોતાના-તંબૂઓમાં |
| H0123 | H5437 | H0413 | H0853 | H8269 | H7393 | H5127 | | H0168 |

ત્યારે યોરામ પોતાના બધા રથો અને સેનાપતિઓને લઈને સાઈર ગયો. અને તેણે રાત્રે ઊઠીને પોતાની આસપાસના અદોમીઓ તથા રથાધિપતિઓ પર હુમલો કર્યો. પછી યહોરામના સૈનિકો અને લોકો પોતાના ઘરે નાસી ગયા.

22

| וַיִּפְשַׁע | אֱדוֹם | מִתַּחַת | יַד־ | יְהוּדָה | עַד | הַיּוֹם | הַזֶּה | אָז | תִּפְשַׁע | לִבְנָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બળવો-કર્યો | અદોમે | નીચેથી | હાથ-નીચેથી | યહૂદાન | સુધી | આજના | દિવસ | ત્યારે | બળવો-કર્યો | લિબ્નાએ |
| H6586 | H0123 | H8478 | H3027 | H3063 | H5704 | H3117 | H2088 | | H6586 | H3841 |

| בָּעֵת | הַהִיא׃ |
|---|---|
| સમયમાં | તે |
| H6256 | H1931 |

આ રીતે અદોમે આજ સુધી યહૂદિયાની સત્તા સામે બળવો કરેલો છે. લિબ્નાહએ પણ તે જ સમયે બળવો કર્યો હતો.

23

| וְיֶתֶר | דִּבְרֵי | יוֹרָם | וְכָל־ | אֲשֶׁר | עָשָׂה | הֲלֹא־ | הֵם | כְּתוּבִים | עַל־ | סֵפֶר |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બાકીના | વચનો | યોરામના | અને-સર્વ | જે | કર્યું | શું-નહિ | તે | લખેલાં-છે | ઉપર | પુસ્તકમાં |
| | H1697 | H3141 | H3605 | | | H3808 | H1992 | H3789 | | |

| דִּבְרֵי | הַיָּמִים | לְמַלְכֵי | יְהוּדָה׃ |
|---|---|---|---|
| વચનોના | દિવસોના | રાજાઓના | યહૂદાના |
| H1697 | H3117 | H4428 | H3063 |

યોરામનાં બાકીનાં કાર્યો અને તેણે જે કંઈ કર્યું તે બધું યહૂદિયાના રાજાઓના કાળવૃત્તાંતના પુસ્તકમાં લખેલાં નથી શું?

24

| וַיִּשְׁכַּב | יוֹרָם | עִם־ | אֲבֹתָיו | וַיִּקָּבֵר | עִם־ | אֲבֹתָיו | בְּעִיר | דָּוִד | וַיִּמְלֹךְ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-સૂતો | યોરામ | સાથે | પિતરોના | અને-દફનાવ્યો | સાથે | પિતરોના | શહેરમાં | દાવિદના | અને-રાજ્ય-કર્યું |
| H7901 | H3141 | | H0001 | H6912 | | H0001 | | H1732 | |

| אֲחַזְיָהוּ | בְנוֹ | תַּחְתָּיו׃ | פ |
|---|---|---|---|
| અહઝયાહુએ | તેના-દીકરાએ | તેની-જગ્યાએ | — |
| H0274 | | H8478 | |

ત્યાર પછી યોરામ તેના પિતૃઓ સાથે ઊંઘી ગયો, તેને દાઉદનગરમાં તેના પિતૃઓ સાથે દફનાવવામાં આવ્યો. પછી તેનો દીકરો અહાઝયાહ તેની જગ્યાએ રાજા બન્યો.

25 בִּשְׁנַת વર્ષમાં H8141 · שְׁתֵּים־ બાર H8147 · עֶשְׂרֵה માંના H6240 · שָׁנָה વર્ષ H8141 · לְיוֹרָם યોરામના H3141 · בֶּן־ દીકરા · אַחְאָב અહાબન H0256 · מֶלֶךְ રાજા H4428 · יִשְׂרָאֵל ઇઝરાયેલન H3478 · מָלַךְ રાજ્ય-કર્યું · אֲחַזְיָהוּ અહઝયાહુએ H0274
בֶּן־ દીકરા · יְהוֹרָם યહોરામના H3088 · מֶלֶךְ રાજા H4428 · יְהוּדָה׃ યહૂદાનો H3063

ઇઝરાયલના રાજા આહાબના દીકરા યોરામના શાસનકાળના બારમા વર્ષે યહૂદિયાના રાજા યોરામનો દીકરો અહાઝયાહ રાજ કરવા લાગ્યો.

26 בֶּן־ દીકરો · עֶשְׂרִים વીસ H6242 · וּשְׁתַּיִם અને-બે H8147 · שָׁנָה વર્ષનો H8141 · אֲחַזְיָהוּ અહઝયાહુ H0274 · בְמָלְכוֹ રાજ્ય-કરતાં · וְשָׁנָה અને-વર્ષ H8141 · אַחַת એક H0259 · מָלַךְ રાજ્ય-કર્યું · בִּירוּשָׁלָ͏ִם યરૂશાલેમમાં H3389 · וְשֵׁם અને-નામ H8034
אִמּוֹ તેની-માતાનું H0517 · עֲתַלְיָהוּ અથલ્યાહુ H6271 · בַּת־ દીકરી H1323 · עָמְרִי આમ્રીની H6018 · מֶלֶךְ રાજા H4428 · יִשְׂרָאֵל׃ ઇઝરાયેલનો H3478

અહાઝયાહ રાજા થયો ત્યારે તે બાવીસ વર્ષનો હતો; તેણે યરુશાલેમમાં એક વર્ષ રાજ કર્યું. તેની માતાનું નામ અથાલ્યા હતું, તે ઇઝરાયલના રાજા ઓમ્રીની દીકરી હતી.

27 וַיֵּלֶךְ અને-ચાલ્યો H3212 · בְּדֶרֶךְ માર્ગે H1870 · בֵּית ઘરાનાએના · אַחְאָב અહાબના H0256 · וַיַּעַשׂ અને-કર્યું · הָרַע અનિષ્ટ · בְּעֵינֵי નજરમાં · יְהוָה યહોવાહની H3068 · כְּבֵית જેમ-ઘરાનાએ · אַחְאָב અહાબના H0256
כִּי કારણ-કે · חֲתַן જમાઈ H2860 · בֵּית־ ઘરાન-નો · אַחְאָב અહાબન H0256 · הוּא׃ તે H1931

અહાઝયાહ આહાબના કુટુંબને માર્ગે ચાલ્યો, જેમ આહાબના કુટુંબે કર્યું તેમ તેણે યહોવાહની દ્રષ્ટિમાં જે ખોટું હતું તે કર્યું. કેમ કે, તે આહાબના કુટુંબનો જમાઈ હતો.

28 וַיֵּלֶךְ અને-ગયો H3212 · אֶת־ સાથે H0854 · יוֹרָם યોરામન H3141 · בֶּן־ દીકરા · אַחְאָב અહાબન H0256 · לַמִּלְחָמָה યુદ્ધમાં H4421 · עִם־ વિરુદ્ધ · חֲזָהאֵל હઝાએલ H2371 · מֶלֶךְ־ રાજા-ના H4428 · אֲרָם અરામન H0758 · בְּרָמֹת રામોથમાં H7433
גִּלְעָד ગિલ્યાદન H1568 · וַיַּכּוּ અને-માર્યા H5221 · אֲרַמִּים અરામીઓએ H0761 · אֶת־ તે H0853 · יוֹרָם׃ યોરામને H3141

અહાઝયાહ આહાબના દીકરા યોરામ સાથે અરામના રાજા હઝાએલ સામે રામોથ ગિલ્યાદ આગળ યુદ્ધ કરવા ગયો. અરામીઓએ યોરામને ઘાયલ કર્યો.

29 וַיָּשָׁב અને-પાછો-આવ્યો H7725 · יוֹרָם યોરામ H3141 · הַמֶּלֶךְ રાજા H4428 · לְהִתְרַפֵּא સાજા-થવા H7495 · בְיִזְרְעֶאל યિઝ્રએલમાં H3157 · מִן־ તે · הַמַּכִּים ઘાઓથી H4347 · אֲשֶׁר જે · יַכֻּהוּ માર્યો-હતો H5221 · אֲרַמִּים અરામીઓએ H0761
בָּרָמָה રામામાં H7414 · בְּהִלָּחֲמוֹ લડતાં · אֶת־ વિરુદ્ધ H0854 · חֲזָהאֵל હઝાએલ H2371 · מֶלֶךְ રાજા H4428 · אֲרָם અરામન H0758 · וַאֲחַזְיָהוּ અને-અહઝયાહુ H0274 · בֶן־ દીકરા · יְהוֹרָם યહોરામના H3088 · מֶלֶךְ રાજા H4428 · יְהוּדָה યહૂદાનો H3063
יָרַד ઊતર્યો H3381 · לִרְאוֹת જોવા H7200 · אֶת־ તે H0853 · יוֹרָם યોરામને H3141 · בֶּן־ દીકરા · אַחְאָב અહાબન H0256 · בְּיִזְרְעֶאל યિઝ્રએલમાં H3157 · כִּי־ કારણ-કે · חֹלֶה બીમાર-હતો · הוּא׃ તે H1931 · פ —

અરામનો રાજા હઝાએલ સામે યુદ્ધ કરતો હતો, ત્યારે અરામીઓએ તેને રામા આગળ જે ઘા કર્યા હતા તે રુઝવવા માટે યોરામ રાજા પાછો યિઝ્રએલ આવ્યો. યહૂદિયાના રાજા યહોરામનો દીકરો અહાઝયાહ યિઝ્રએલમાં આહાબના દીકરા યોરામને જોવા આવ્યો, કેમ કે યોરામ ઘાયલ થયેલો હતો.

## Chapter 9

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וֶאֱלִישָׁע | הַנָּבִיא | קָרָא | לְאַחַד | מִבְּנֵי | הַנְּבִיאִים | וַיֹּאמֶר | לוֹ | חֲגֹר | מָתְנֶיךָ |
| અને-અલીશાએ | પ્રબોધકે | બોલાવ્યો | એક-ને | પ્રબોધકોના-પુત્રોમાંથી | પ્રબોધકોને | અને-કહ્યુ | તેને | બાંધ | તારી-કમર |
| H0477 | H5030 | H7121 | H0259 | | H5030 | H0559 | | H2296 | H4975 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְקַח | פַּךְ | הַשֶּׁמֶן | הַזֶּה | בְּיָדֶךָ | וְלֵךְ | רָמֹת | גִּלְעָד׃ |
| અને-લે | કૂપી | તેલની | આ | તારા-હાથમાં | અને-જા | રામોથ | ગિલયાદ |
| H3947 | H6378 | H8081 | H2088 | H3027 | H3212 | H7433 | H1568 |

એલિશા પ્રબોધકે પ્રબોધકોના દીકરાઓમાંના એકને બોલાવ્યો. અને તેને કહ્યુ, "તારી કમર બાંધ, તારા હાથમાં તેલની આ શીશી લે. અને રામોથ ગિલ્યાદ જા."

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבָאתָ | שָׁמָּה | וּרְאֵה־ | שָׁם | יֵהוּא | בֶן־ | יְהוֹשָׁפָט | בֶּן־ | נִמְשִׁי | וּבָאתָ |
| અને-જ્યારે-તું-પહોંચે | ત્યાં | અને-શોધ | ત્યાં | યેહૂને | પુત્ર | યહોશાફટનો | પુત્ર | નિમ્શીનો | અને-અદર-જા |
| H0935 | H8033 | H7200 | H8033 | H3058 | | H3092 | | H5250 | H0935 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַהֲקֵמֹתוֹ | מִתּוֹךְ | אֶחָיו | וְהֵבֵיאתָ | אֹתוֹ | חֶדֶר | בְּחָדֶר׃ |
| અને-તેને-ઊભો-કર | વચ્ચેથી | તેના-ભાઈઓના | અને-લઈ-જા | તેને | અદરના-ઓરડામાં | ઓરડાના |
| | H8432 | H0251 | H0935 | H0853 | H2315 | H2315 |

તું ત્યાં જઈને નિમ્શીના દીકરા યહોશાફાટના દીકરા યેહૂને શોધી કાઢજે. ઘરમાં જઈને તેને તેના ભાઈઓ મધ્યેથી ઉઠાડીને અદરની ઓરડીમાં લઈ જજે.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלָקַחְתָּ | פַךְ־ | הַשֶּׁמֶן | וְיָצַקְתָּ | עַל־ | רֹאשׁוֹ | וְאָמַרְתָּ | כֹּה־ | אָמַר | יְהוָה |
| અને-લે | કૂપી | તેલની | અને-રેડ | ઉપર | તેના-માથે | અને-કહે | આમ | કહે-છે | યહોવાહ |
| H3947 | H6378 | H8081 | H3332 | | | H0559 | H3541 | H0559 | H3068 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מְשַׁחְתִּיךָ | לְמֶלֶךְ | אֶל־ | יִשְׂרָאֵל | וּפָתַחְתָּ | הַדֶּלֶת | וְנַסְתָּה | וְלֹא | תְחַכֶּה׃ |
| મેં-તને-અભિષિક્ત-કર્યો-છે | રાજા-તરીકે | ઉપર | ઇઝરાયેલ | પછી-ખોલ | દરવાજો | અને-ભાગ | અને-નહિ | રાહ-જો |
| H4886 | H4428 | H0413 | H3478 | | | H5127 | H3808 | H2442 |

પછી આ તેલની શીશીનું તેલ તેના માથા પર રેડજે. અને કહેજે કે, "યહોવાહ એવું કહે છે કે, મેં તને ઇઝરાયલના રાજા તરીકે અભિષિક્ત કર્યો છે.' પછી દરવાજો ખોલીને તરત નાસી આવજે; વિલંબ કરીશ નહિ."

4

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיֵּלֶךְ | הַנַּעַר | הַנַּעַר | הַנָּבִיא | רָמֹת | גִּלְעָד׃ |
| અને-ગયો | યુવાન | સેવક | પ્રબોધકનો | રામોથ | ગિલયાદ |
| H3212 | H5288 | H5288 | H5030 | H7433 | H1568 |

તેથી તે જુવાન, એટલે જુવાન પ્રબોધક રામોથ ગિલ્યાદ ગયો.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹא | וְהִנֵּה | שָׂרֵי | הַחַיִל | יֹשְׁבִים | וַיֹּאמֶר | דָּבָר | לִי | אֵלֶיךָ | הַשָּׂר | וַיֹּאמֶר |
| અને-આવ્યો | અને-જુઓ | સેનાપતિઓ | સૈન્યના | બેઠેલા-હતા | અને-કહ્યુ | સંદેશો-છે | મારે | તમને | હે-સેનાપતિ | અને-કહ્યુ |
| H0935 | H2009 | H8269 | H2428 | H3427 | H0559 | H1697 | | H0413 | H8269 | H0559 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יֵהוּא | אֶל־ | מִי | מִכֻּלָּנוּ | וַיֹּאמֶר | אֵלֶיךָ | הַשָּׂר׃ |
| યેહૂએ | ને | કોને | અમારામાંથી | અને-કહ્યુ | તમને | હે-સેનાપતિ |
| H3058 | H0413 | H4310 | H3605 | H0559 | H0413 | H8269 |

જ્યારે તે ત્યાં આવ્યો, ત્યારે, સૈન્યના સરદારો બેઠેલા હતા. તે જુવાન પ્રબોધકે કહ્યુ, "હે સરદાર, હું તમારે માટે સંદેશ લાવ્યો છું." યેહૂએ પૂછ્યું, "અમારા બધામાંથી કોને માટે?" જુવાન પ્રબોધકે કહ્યુ, "હે સરદાર, તારા માટે."

6

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּקָם | וַיָּבֹא | הַבַּיְתָה | וַיִּצֹק | הַשֶּׁמֶן | אֶל־ | רֹאשׁוֹ | וַיֹּאמֶר | לוֹ | כֹּה־ | אָמַר | יְהוָה |
| અને-ઊઠ્યો | અને-ગયો | ઘરમાં | અને-રેડ્યું | તેલ | ઉપર | તેના-માથે | અને-કહ્યુ | તેને | આમ | કહે-છે | યહોવાહ |
| | H0935 | | H3332 | H8081 | H0413 | | H0559 | | H3541 | H0559 | H3068 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֱלֹהֵי | יִשְׂרָאֵל | מְשַׁחְתִּיךָ | לְמֶלֶךְ | אֶל־ | עַם | יְהוָה | אֶל־ | יִשְׂרָאֵל׃ |
| ઈશ્વર | ઇઝરાયેલના | મેં-તને-અભિષિક્ત-કર્યો-છે | રાજા-તરીકે | ઉપર | પ્રજા | યહોવાહની | ઉપર | ઇઝરાયેલ |
| H0430 | H3478 | H4886 | H4428 | H0413 | | H3068 | H0413 | H3478 |

પછી યેહૂ ઊઠીને ઘરમાં ગયો અને પ્રબોધકે તેના માથા પર તેલ રેડીને તેને કહ્યુ, "ઇઝરાયલના યહોવાહ એવું કહે છે, 'મેં તને યહોવાહના લોકો એટલે ઇઝરાયલ પર રાજા તરીકે અભિષિક્ત કર્યો છે.

7 וְהִכִּיתָ֗ה אֶת־ בֵּ֥ית אַחְאָ֖ב אֲדֹנֶ֑יךָ וְנִקַּמְתִּ֞י דְּמֵ֣י עֲבָדַ֣י הַנְּבִיאִ֗ים
અને-તું-મારશે ને ઘરાણું આહાબનું તારા-માલિકનું અને-હું-બદલો-લઈશ રક્તનો મારા-સેવકો પ્રબોધકોના
H5221 H0853 H0256 H0113 H5358 H1818 H5650 H5030

וּדְמֵ֛י כָּל־ עַבְדֵ֥י יְהוָ֖ה מִיַּ֥ד אִיזָֽבֶל׃
અને-રક્તનો બધા સેવકો યહોવાહના હાથમાંથી ઈઝેબેલના
H1818 H3605 H5650 H3068 H3027 H0348

તું તારા માલિક આહાબના કુટુંબનાંને મારશે કે, જેથી હું મારા સેવક પ્રબોધકોના રક્તનો બદલો અને યહોવાહના બધા સેવકોના રક્તનો બદલો ઇઝબેલ પર વાળું.

8 וְאָבַ֖ד כָּל־ בֵּ֣ית אַחְאָ֑ב וְהִכְרַתִּ֤י לְאַחְאָב֙ מַשְׁתִּ֣ין בְּקִ֔יר וְעָצ֥וּר
અને-નાશ-પામશે આખું ઘરાણું આહાબનું અને-હું-કાપી-નાખીશ આહાબના દરેક-પુરુષ દીવાલ-સામે બંધાયેલા-ને
H0006 H3605 H0256 H3772 H0256 H8366 H7023 H6113

וְעָז֖וּב בְּיִשְׂרָאֵֽל׃
છૂટા-ને ઇઝરાયેલમાં
H3478

કેમ કે આહાબનું આખું કુટુંબ નાશ પામશે, આહાબના દરેક નર બાળકને તથા જે બંદીવાન હોય તેને તેમ જ સ્વતંત્ર હોય તેને હું નાબૂદ કરીશ.

9 וְנָתַתִּי֙ אֶת־ בֵּ֣ית אַחְאָ֔ב כְּבֵ֖ית יָרָבְעָ֣ם בֶּן־ נְבָ֑ט וּכְבֵ֖ית בַּעְשָׁ֥א
અને-હું-બનાવીશ ને ઘરાણું આહાબનું ઘરાણા-જેવું યરોબઆમના પુત્ર નબાટના અને-ઘરાણા-જેવું બાશાના
H5414 H0853 H0256 H3379 H5028 H1201

בֶן־ אֲחִיָּֽה׃
પુત્ર અહિયાહના
H0281

આહાબના કુટુંબને હું નબાટના દીકરા યરોબામના કુટુંબની માફક અને અહિયાના દીકરા બાશાના કુટુંબની માફક કરી નાખીશ.

10 וְאֶת־ אִיזֶ֨בֶל יֹאכְל֧וּ הַכְּלָבִ֛ים בְּחֵ֥לֶק יִזְרְעֶ֖אל וְאֵ֣ין קֹבֵ֑ר וַיִּפְתַּ֥ח הַדֶּ֖לֶת
અને ઈઝેબેલને ખાશે કૂતરાઓ ભાગમાં યિઝ્રએલના અને-કોઈ-નહિ દફનાવનાર અને-ખોલ્યો દરવાજો
H0853 H0348 H0398 H3611 H3157 H0369 H6912

וַיָּנֹֽס׃
અને-ભાગ્યો
H5127

ઇઝબેલને યિઝ્રએલમાં કૂતરા ખાશે, તેને દફનાવનાર કોઈ હશે નહિ.' પછી તે બારણું ઉઘાડીને ઉતાવળે જતો રહ્યો.

11 וְיֵה֗וּא יָצָא֙ אֶל־ עַבְדֵ֣י אֲדֹנָ֔יו וַיֹּ֤אמֶר לוֹ֙ הֲשָׁל֔וֹם מַדּ֛וּעַ בָּֽא־ הַמְשֻׁגָּ֥ע
અને-યેહૂ બહાર-આવ્યો પાસે સેવકો તેના-માલિકના અને-કહ્યુ તેને શું-કુશળ-છે કેમ આવ્યો આ-ગાંડો
H3058 H3318 H0413 H5650 H0113 H0559 H7965 H4069 H0935 H7696

הַזֶּ֖ה אֵלֶ֑יךָ וַיֹּ֣אמֶר אֲלֵיהֶ֔ם אַתֶּ֛ם יְדַעְתֶּ֥ם אֶת־ הָאִ֖ישׁ וְאֶת־ שִׂיחֽוֹ׃
આ તારી-પાસે અને-કહ્યુ તેઓને તમે જાણો-છો તે માણસને અને-તેની વાત
H2088 H0413 H0559 H0413 H3045 H0853 H0376 H0853 H7879

ત્યાર પછી યેહૂ તેના માલિકના ચાકરોની પાસે બહાર આવ્યો, એકે તેને પૂછ્યું, "બધું ક્ષેમકુશળ છે? આ પાગલ માણસ શા માટે તારી પાસે આવ્યો હતો?" યેહૂએ તેઓને જવાબ આપ્યો, "તે માણસને તમે ઓળખો છો અને તેણે શી વાતો કરી તે તમે જાણો છો?"

12 וַיֹּאמְר֣וּ שֶׁ֔קֶר הַגֶּד־ נָ֖א לָ֑נוּ וַיֹּ֗אמֶר כָּזֹ֤את וְכָזֹאת֙ אָמַ֣ר אֵלַ֔י לֵאמֹ֔ר כֹּ֚ה אָמַ֣ר
અને-કહ્યુ જૂઠું કહો કૃપા-કરીને અમને અને-કહ્યુ આમ ને-આમ કહ્યુ મને કહેતાં આમ કહે-છે
H0559 H8267 H5046 H4994 H0559 H2063 H2063 H0559 H0413 H0559 H3541 H0559

יְהוָ֔ה מְשַׁחְתִּ֥יךָ לְמֶ֖לֶךְ אֶל־ יִשְׂרָאֵֽל׃
યહોવાહ મેં-તને-અભિષિક્ત-કર્યો-છે રાજા-તરીકે ઉપર ઇઝરાયેલ
H3068 H4886 H4428 H0413 H3478

તેઓએ કહ્યુ, “ના, અમે નથી જાણતા. તું અમને કહે.” ત્યારે યેહૂએ કહ્યુ, “તેણે મને આમ કહ્યુ, તેણે એ પણ કહ્યુ, યહોવાહ એમ કહે છે: મેં તને ઇઝરાયલ પર રાજા તરીકે અભિષિક્ત કર્યો છે.’

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַֽיִּתְקְעוּ | הַֽמַּעֲלֹ֑ות | גֶּ֣רֶם | אֶל־ | תַחְתָּ֖יו | וַיָּשִׂ֣ימוּ | בִּגְדֹ֔ו | אִ֣ישׁ | וַיִּקְח֗וּ | וַֽיְמַהֲר֗וּ |
| અને-ફૂંક્યું | સીડીનું | પગથિયું | ઉપર | તેની-નીચે | અને-મૂક્યું | પોતાનું-વસ્ત્ર | દરેકે | અને-લીધું | અને-ઉતાવળ-કરી |
| H8628 | | H1634 | H0413 | H8478 | | | H0376 | H3947 | |

| | | | |
|---|---|---|---|
| יֵהֽוּא׃ | מָלַ֥ךְ | וַיֹּאמְר֖וּ | בַּשֹּׁופָ֔ר |
| યેહૂ | રાજા-થયો | અને-કહ્યુ | રણશિંગડું |
| H3058 | | H0559 | H7782 |

ત્યારે તે દરેકે તરત જ પોતાનાં વસ્ત્ર ઉતારીને સીડીના પગથિયા પર યેહૂના પગ નીચે મૂક્યાં. તેઓએ રણશિંગડું વગાડીને કહ્યુ, “યેહૂ રાજા છે.”

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שֹׁמֵ֣ר | הָיָ֞ה | וְיֹורָ֡ם | יֹורָ֑ם | אֶל־ | נִמְשִׁ֖י | בֶּן־ | יְהֹושָׁפָ֛ט | בֶּן־ | יֵה֧וּא | וַיִּתְקַשֵּׁ֗ר |
| રક્ષક | હતો | અને-યોરામ | યોરામ | વિરુદ્ધ | નિમ્શીના | પુત્ર | યહોશાફાટના | પુત્ર | યેહૂએ | અને-કાવતરું-કર્યું |
| H8104 | H1961 | H3141 | H3141 | H0413 | H5250 | | H3092 | | H3058 | H7194 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֲרָֽם׃ | מֶֽלֶךְ־ | חֲזָאֵ֖ל | מִפְּנֵ֛י | יִשְׂרָאֵ֔ל | וְכָל־ | ה֣וּא | גִּלְעָ֗ד | בְּרָמֹ֣ת |
| અરામનો | રાજા | હઝાએલ | સામે | ઇઝરાયેલ | અને-સમગ્ર | તે | ગિલયાદમાં | રામોથ |
| H0758 | H4428 | H2371 | H6440 | H3478 | H3605 | H1931 | H1568 | H7433 |

આ રીતે નિમ્શીના દીકરા યહોશાફાટના દીકરા યેહૂએ યોરામ સામે બળવો કર્યો. હવે યોરામ અને સર્વ ઇઝરાયલ અરામના રાજા હઝાએલના કારણથી રામોથ ગિલ્યાદનો બચાવ કરતા હતા.

15

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יַכֻּ֣הוּ | אֲשֶׁ֨ר | הַמַּכִּ֜ים | מִן־ | בְיִזְרְעֶ֗אל | לְהִתְרַפֵּ֨א | הַמֶּ֡לֶךְ | יְהֹורָ֣ם | וַיָּשָׁב֩ |
| મારી-હતી-તેને | જે | ઘાવોથી | થી | યિઝ્રએલમાં | સાજા-થવા | રાજા | યહોરામ | અને-પાછો-ફર્યો-હતો |
| H5221 | | H4347 | | H3157 | H7495 | H4428 | H3088 | H7725 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַל־ | נַפְשְׁכֶ֔ם | יֵ֣שׁ | אִם־ | יֵה֗וּא | וַיֹּ֣אמֶר | אֲרָ֑ם | מֶ֣לֶךְ | חֲזָאֵ֖ל | אֶת־ | בְּהִלָּ֣חֲמֹ֔ו | אֲרַמִּ֔ים |
| ન | તમારું-મન | છે | જો | યેહૂએ | અને-કહ્યુ | અરામના | રાજા | હઝાએલ | ની-સાથે | લડતાં | અરામીઓએ |
| H0408 | H5315 | H3426 | | H3058 | H0559 | H0758 | H4428 | H2371 | H0854 | | H0761 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בְּיִזְרְעֶֽאל׃ | (לְהַגִּיד) | [לגיד] | לָלֶ֖כֶת | הָעִ֔יר | מִן־ | פָּלִ֜יט | יֵצֵ֨א |
| યિઝ્રએલમાં | ખબર-આપવા | [કહેવા] | જઈને | નગરમાંથી | થી | ભાગેડુ | જવા-દો |
| H3157 | H5046 | H5046 | H3212 | | | | H3318 |

પણ યોરામ રાજા તો અરામના રાજા હઝાએલ સામે યુદ્ધ કરતો હતો, ત્યારે અરામીઓએ જે ઘા કર્યા હતા તેથી સાજો થવા માટે યિઝ્રએલ પાછો આવ્યો હતો. યેહૂએ યોરામના ચાકરોને કહ્યુ, “જો તમારું મન એવું હોય, તો યિઝ્રએલમાં ખબર આપવા જવા માટે કોઈને નાસીને નગરમાંથી બહાર જવા દેશો નહિ.”

16

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מֶ֣לֶךְ | וַאֲחַזְיָה֙ | שָׁ֑מָּה | שֹׁכֵ֣ב | יֹורָ֖ם | כִּ֥י | יִזְרְעֶ֔אלָה | וַיֵּ֣לֶךְ | יֵהוּא֙ | וַיִּרְכַּ֤ב |
| રાજા | અને-અહઝ્યાહ | ત્યાં | સૂતો-હતો | યોરામ | કારણ-કે | યિઝ્રએલ-તરફ | અને-ગયો | યેહૂએ | અને-સવારી-કરી |
| H4428 | H0274 | H8033 | H7901 | H3141 | | H3157 | H3212 | H3058 | H7392 |

| | | | | |
|---|---|---|---|---|
| יֹורָֽם׃ | אֶת־ | לִרְאֹ֥ות | יָרַ֖ד | יְהוּדָ֔ה |
| યોરામને | ને | મળવા | ઊતર્યો-હતો | યહૂદાનો |
| H3141 | H0853 | H7200 | H3381 | H3063 |

માટે યેહૂ પોતાના રથમાં બેસીને યિઝ્રએલ જવા નીકળ્યો, કેમ કે, યોરામ ત્યાં આરામ કરતો હતો. હવે યહૂદિયાનો રાજા અહાઝયાહ યોરામને જોવા માટે ત્યાં આવ્યો હતો.

17

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֕אמֶר | בְּבֹאֹ֔ו | יֵהוּא֙ | שִׁפְעַ֤ת | אֶת־ | וַיַּ֞רְא | בְּיִזְרְעֶ֗אל | הַמִּגְדָּל֮ | עַל־ | עֹמֵ֣ד | וְהַצֹּפֶה֩ |
| અને-કહ્યુ | આવતાં | યેહૂનું | ટોળું | ને | અને-જોયું | યિઝ્રએલમાં | બુરજ | ઉપર | ઊભો-હતો | અને-ચોકીદાર |
| H0559 | H0935 | H3058 | H8229 | H0853 | H7200 | H3157 | H4026 | | H5975 | H6822 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הֲשָׁלֹֽום׃ | וְיֹאמַ֥ר | לִקְרָאתָ֖ם | וְשַׁלַּ֥ח | רַכָּ֛ב | קַ֥ח | יְהֹורָ֗ם | וַיֹּ֣אמֶר | רֹאֶ֔ה | אֲנִ֣י | שִׁפְעַ֤ת |
| શું-શાંતિ-છે | અને-પૂછે | તેઓને-મળવા | અને-મોકલ | ઘોડેસવાર | લે | યહોરામે | અને-કહ્યુ | જોઉં-છું | હું | ટોળું |
| H7965 | H0559 | H7125 | H7971 | H7395 | H3947 | H3088 | H0559 | H7200 | H0589 | H8229 |

યિઝ્રએલના બુરજ પર ચોકીદાર ઊભો હતો, તેણે ઘણે દૂરથી યેહૂની ટોળીને આવતી જોઈને કહ્યુ, "હું માણસોના ટોળાને આવતું જોઉં છું." યોરામે કહ્યુ, "એક ઘોડેસવારને તેઓને મળવા મોકલ. અને તે પૂછે છે કે, 'શું તમને સલાહશાંતિ છે?'"

18
וַיֵּלֶךְ רֹכֵב הַסּוּס לִקְרָאתוֹ וַיֹּאמֶר כֹּה־ אָמַר הַמֶּלֶךְ הֲשָׁלוֹם וַיֹּאמֶר יֵהוּא
અને-ગયો ઘોડેસવાર ઘોડા-પર તેને-મળવા અને-કહ્યુ આમ કહે-છે રાજા શું-શાંતિ-છે અને-કહ્યુ યેહૂએ
H3212 H7392 H7125 H0559 H3541 H0559 H4428 H7965 H0559 H3058

מַה־ לְּךָ וּלְשָׁלוֹם סֹב אֶל־ אַחֲרָי וַיַּגֵּד הַצֹּפֶה לֵאמֹר בָּא־ הַמַּלְאָךְ
શું-છે તને ને-શાંતિ-સાથે ફર ને મારી-પાછળ અને-જણાવ્યું ચોકીદારે કહેતાં પહોંચ્યો સંદેશાવાહક
H4100 H7965 H5437 H0413 H5046 H6822 H0559 H0935 H4397

עַד־ הֵם וְלֹא־ שָׁב׃
સુધી તેઓ પરંતુ-ન ફર્યો
H5704 H1992 H3808 H7725

તેથી ઘોડેસવાર યેહૂને મળ્યો અને કહ્યુ, "રાજા એમ પૂછે છે કે: 'શું તમને સલાહશાંતિ છે?'" માટે યેહૂએ કહ્યુ, "તારે શાંતિનું શું કામ છે? તું વળીને મારી પાછળ આવ." ત્યારે ચોકીદારે રાજાને કહ્યુ કે, "સંદેશાવાહક તેઓને મળવા ગયો તો ખરો, પણ તે પાછો આવ્યો નથી."

19
וַיִּשְׁלַח רֹכֵב סוּס שֵׁנִי וַיָּבֹא אֲלֵהֶם וַיֹּאמֶר כֹּה־ אָמַר הַמֶּלֶךְ שָׁלוֹם
અને-મોકલ્યો ઘોડેસવાર ઘોડા-પર બીજો અને-આવ્યો તેઓ-પાસે અને-કહ્યુ આમ કહે-છે રાજા શાંતિ
H7971 H7392 H8145 H0935 H0413 H0559 H3541 H0559 H4428 H7965

וַיֹּאמֶר יֵהוּא מַה־ לְּךָ וּלְשָׁלוֹם סֹב אֶל־ אַחֲרָי׃
અને-કહ્યુ યેહૂએ શું-છે તને ને-શાંતિ-સાથે ફર ને મારી-પાછળ
H0559 H3058 H4100 H7965 H5437 H0413

"પછી તેણે બીજો ઘોડેસવાર મોકલ્યો, તેણે ત્યાં આવીને તેઓને કહ્યુ, "રાજા એમ પુછાવે છે કે: 'શું સલાહ શાંતિ છે?'" યેહૂએ કહ્યુ, "તારે શાંતિનું શું કામ છે? તું પાછો વળીને મારી પાછળ આવ."

20
וַיַּגֵּד הַצֹּפֶה לֵאמֹר בָּא עַד־ אֲלֵיהֶם וְלֹא־ שָׁב וְהַמִּנְהָג כְּמִנְהַג
અને-જણાવ્યું ચોકીદારે કહેતાં પહોંચ્યો સુધી તેઓ-પાસે પરંતુ-ન ફર્યો અને-ચલાવવાની-રીત જેવી-રીત
H5046 H6822 H0559 H0935 H5704 H0413 H3808 H7725 H4491 H4491

יֵהוּא בֶן־ נִמְשִׁי כִּי בְשִׁגָּעוֹן יִנְהָג׃
યેહૂ પુત્ર નિમ્શીની કારણ-કે ઘેલા-જેવો ચલાવે-છે
H3058 H5250 H7697

ફરીથી ચોકીદારે ખબર આપી, "તે પણ તેઓને મળ્યો, પણ તે પાછો આવતો નથી. તેની રથની સવારીની પધ્ધતિ તો નિમ્શીના દીકરા યેહૂની સવારી જેવી લાગે છે, કેમ કે, તે ઝડપી સવારી કરી રહ્યો છે."

21
וַיֹּאמֶר יְהוֹרָם אֱסֹר וַיֶּאְסֹר רִכְבּוֹ וַיֵּצֵא יְהוֹרָם מֶלֶךְ־ יִשְׂרָאֵל וַאֲחַזְיָהוּ
અને-કહ્યુ યહોરામે જોડો અને-જોડ્યો તેનો-રથ અને-નીકળ્યો યહોરામ રાજા ઇઝરાયેલનો અને-અહઝ્યાહ
H0559 H3088 H0631 H0631 H7393 H3318 H3088 H4428 H3478 H0274

מֶלֶךְ־ יְהוּדָה אִישׁ בְּרִכְבּוֹ וַיֵּצְאוּ לִקְרַאת יֵהוּא וַיִּמְצָאֻהוּ בְּחֶלְקַת נָבוֹת
રાજા યહૂદાનો દરેક પોતાના-રથમાં અને-નીકળ્યા મળવા યેહૂને અને-મળ્યા-તેને ખેતરમાં નાબોથના
H4428 H3063 H0376 H7393 H3318 H7125 H3058 H4672 H5022

הַיִּזְרְעֵאלִי׃
યિઝ્રએલીના
H3158

યોરામે કહ્યુ, "મારો રથ તૈયાર કરો." તેઓએ તેનો રથ તૈયાર કર્યો. ઇઝરાયલનો રાજા યોરામ અને યહૂદિયાનો રાજા અહાઝયાહ પોતપોતાના રથમાં યેહૂને મળવા ગયા. તે તેઓને નાબોથ યિઝ્રએલીની ખડકી આગળ મળ્યો.

22
וַיְהִי כִּרְאוֹת יְהוֹרָם אֶת־ יֵהוּא וַיֹּאמֶר הֲשָׁלוֹם יֵהוּא וַיֹּאמֶר מָה הַשָּׁלוֹם
અને-થયું જ્યારે-જોયો યહોરામે ને યેહૂને અને-કહ્યુ શું-શાંતિ-છે યેહૂ અને-કહ્યુ શું શાંતિ
H1961 H7200 H3088 H0853 H3058 H0559 H7965 H3058 H0559 H4100 H7965

עַד־ זְנוּנֵי אִיזֶבֶל אִמְּךָ וּכְשָׁפֶיהָ הָרַבִּים׃
જ્યાં-સુધી વ્યભિચારો ઇઝેબેલ તારી-માતાના અને-તેના-જાદુ ઘણા-છે
H5704 H2183 H0348 H0517 H3785

યોરામે યેહૂને જોતાં જ કહ્યુ, “યેહૂ શું સલાહ શાંતિ છે?” તેણે કહ્યુ, “જ્યાં સુધી તારી માતા ઇઝબેલ વ્યભિચાર તથા તંત્રમંત્ર કર્યા કરતી હોય ત્યાં સુધી શાની શાંતિ હોય?”

23
וַיַּהֲפֹךְ અને-ફેરવ્યા H2015
יְהוֹרָם યહોરામે H3088
יָדָיו હાથ H3027
וַיָּנֹס અને-ભાગ્યો H5127
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אֶל־ ને H0413
אֲחַזְיָהוּ અહઝ્યાહને H0274
מִרְמָה દગો H4820
אֲחַזְיָה׃ અહઝ્યાહ H0274

તેથી યોરામ તેનો રથ ફેરવીને પાછો વળીને નાઠો અને અહાઝયાહને કહ્યુ, “વિશ્વાસઘાત છે, અહાઝયાહ.”

24
וְיֵהוּא અને-યેહૂએ H3058
מִלֵּא ભર્યો H4390
יָדוֹ હાથ H3027
בַקֶּשֶׁת ધનુષથી H7198
וַיַּךְ અને-માર્યો H5221
אֶת־ ને H0853
יְהוֹרָם યહોરામને H3088
בֵּין વચ્ચે H0996
זְרֹעָיו હાથોના H2220
וַיֵּצֵא અને-નીકળ્યું H3318
הַחֵצִי તીર H2678
מִלִּבּוֹ હૃદયમાંથી
וַיִּכְרַע અને-ઢળી-પડ્યો H3766
בְּרִכְבּוֹ׃ રથમાં H7393

પછી યેહૂએ પોતાના પૂરેપૂરા બળથી ધનુષ્ય ખેંચીને યોરામના ખભા વચ્ચે તીર માર્યું; એ તીર તેના હૃદયને વીંધીને પાર નીકળી ગયું અને તે રથમાં જ ઢળી પડયો.

25
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אֶל־ ને H0413
בִּדְקַר બિદકરને H0920
[שלשה] [તેના-સેનાપતિ]
(שָׁלִשׁוֹ) તેના-સેનાપતિને
שָׂא ઉપાડ H5375
הַשְׁלִכֵהוּ ફેંક-તેને H7993
בְּחֶלְקַת ખેતરમાં
שְׂדֵה જમીનના
נָבוֹת નાબોથ H5022
הַיִּזְרְעֵאלִי યિઝ્રએલીના H3158
כִּי־ કારણ-કે
זְכֹר યાદ-કર H2142
אֲנִי હું H0589
וָאַתָּה અને-તું
אֵת ને H0854
רֹכְבִים સવારી-કરતા-હતા H7392
צְמָדִים જોડીમાં H6776
אַחֲרֵי પાછળ
אַחְאָב આહાબ H0256
אָבִיו તેના-પિતાના H0001
וַיהוָה અને-યહોવાહે H3068
נָשָׂא ઉઠાવ્યો H5375
עָלָיו ઉપર-તેના
אֶת־ ને H0853
הַמַּשָּׂא ભાર
הַזֶּה׃ આ H2088

પછી યેહૂએ પોતાના સરદાર બિદકારને કહ્યુ, “તેને ઉઠાવીને નાબોથ યિઝ્રએલીના ખેતરમાં નાખી દે. જ્યારે તું અને હું બન્ને સાથે તેના પિતા આહાબની પાછળ સવારી કરીને આવતા હતા ત્યારે યહોવાહે તેની વિરુદ્ધ આ ભવિષ્યવાણી કરી હતી તે યાદ કર.

26
אִם־ જો
לֹא ના H3808
אֶת־ ને H0853
דְּמֵי રક્ત H1818
נָבוֹת નાબોથનું H5022
וְאֶת־ અને H0853
דְּמֵי રક્ત H1818
בָנָיו તેના-પુત્રોનું
רָאִיתִי જોયું-મેં H7200
אֶמֶשׁ ગઈ-કાલે H0570
נְאֻם־ ભાષણ H5002
יְהוָה યહોવાહનું H3068
וְשִׁלַּמְתִּי અને-હું-બદલો-આપીશ
לְךָ તને
בַּחֶלְקָה આ-ખેતરમાં
הַזֹּאת આ H2063
נְאֻם־ ભાષણ H5002
יְהוָה યહોવાહનું H3068
וְעַתָּה અને-હવે H6258
שָׂא ઉપાડ H5375
הַשְׁלִכֵהוּ ફેંક-તેને H7993
בַּחֶלְקָה આ-ખેતરમાં
כִּדְבַר વચન-પ્રમાણે H1697
יְהוָה׃ યહોવાહના H3068

યહોવાહ કહે છે, ‘ખરેખર ગઈકાલે મેં નાબોથનું અને તેના દીકરાઓનું રક્ત જોયું છે.’ યહોવાહ કહે છે કે, ‘આ જ ખેતરમાં હું તારી પાસેથી બદલો લઈશ.’ હવે ચાલો, યહોવાહના વચન પ્રમાણે તેને ઉઠાવી લઈને તે ખેતરમાં નાખી દો.”

27
וַאֲחַזְיָה અને-અહઝ્યાહ H0274
מֶלֶךְ־ રાજા H4428
יְהוּדָה યહૂદાનો H3063
רָאָה જોયું H7200
וַיָּנָס અને-ભાગ્યો H5127
דֶּרֶךְ રસ્તે H1870
בֵּית બાગના
הַגָּן ઘરના H1588
וַיִּרְדֹּף અને-પીછો-કર્યો H7291
אַחֲרָיו તેની-પાછળ
יֵהוּא યેહૂએ H3058
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
גַּם־ પણ H1571
אֹתוֹ તેને H0853
הַכֻּהוּ મારો-તેને H5221
אֶל־ ઉપર H0413
הַמֶּרְכָּבָה રથમાં H4818
בְמַעֲלֵה־ ચઢાણ-પર H4608
גוּר ગૂર H1483
אֲשֶׁר જે
אֶת־ પાસે H0854
יִבְלְעָם યિબ્લઆમ H2991
וַיָּנָס અને-ભાગ્યો H5127
מְגִדּוֹ મગિદ્દો H4023
וַיָּמָת અને-મરી-ગયો H4191
שָׁם׃ ત્યાં H8033

યહૂદિયાનો રાજા અહાઝયાહ આ જોઈને બેથ-હાગ્ગાનને માર્ગે નાસી ગયો. પણ યેહૂએ તેની પાછળ પડીને તેને કહ્યુ, “તેને પણ રથમાં મારી નાખો.” તેઓએ તેને યિબ્લામ પાસેના ગૂરના ઘાટ આગળ તેને મારીને ઘાયલ કર્યો. અહાઝયાહ મગિદ્દોમાં નાસી ગયો અને ત્યાં મરણ પામ્યો.

28

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּרְכִּ֨בוּ | אֹת֧וֹ | עֲבָדָ֖יו | יְרוּשָׁלָ֑מָה | וַיִּקְבְּר֨וּ | אֹת֧וֹ | בִקְבֻרָת֛וֹ | עִם־ | אֲבֹתָ֖יו | בְּעִ֥יר | דָּוִֽד׃ | פ |
| અને-લઈ-ગયા | તેને | તેના-સેવકો | યરૂશાલેમ | અને-દફનાવ્યો | તેને | તેની-કબરમાં | સાથે | તેના-પૂર્વજો | નગરમાં | દાઉદના | — |
| H7392 | H0853 | H5650 | H3389 | H6912 | H0853 | H6900 | | H0001 | | H1732 | |

તેના ચાકરો તેના શબને રથમાં યરુશાલેમ લાવ્યા અને દાઉદનગરમાં તેના પિતૃઓની સાથે તેની કબરમાં દફનાવ્યો.

29

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבִשְׁנַ֨ת | אַחַ֤ת | עֶשְׂרֵה֙ | שָׁנָ֔ה | לְיוֹרָ֖ם | בֶּן־ | אַחְאָ֑ב | מָלַ֥ךְ | אֲחַזְיָ֖ה | עַל־ | יְהוּדָֽה׃ |
| અને-વર્ષે | અગિયારમા | દસ | વર્ષ | યોરામના | પુત્ર | આહાબના | રાજ-કર્યું | અહઝ્યાહે | ઉપર | યહૂદા |
| H8141 | H0259 | H6240 | H8141 | H3141 | | H0256 | | H0274 | | H3063 |

આહાબના દીકરા યોરામના શાસનકાળના અગિયારમા વર્ષે અહાઝયાહ યહૂદિયા પર રાજ કરવા લાગ્યો.

30

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּב֥וֹא | יֵה֖וּא | יִזְרְעֶ֑אלָה | וְאִיזֶ֣בֶל | שָׁמְעָ֗ה | וַתָּ֨שֶׂם | בַּפּ֤וּךְ | עֵינֶ֔יהָ | וַתֵּ֖יטֶב | אֶת־ | רֹאשָׁ֑הּ | וַתַּשְׁקֵ֖ף | בְּעַ֥ד | הַחַלּֽוֹן׃ |
| અને-આવ્યો | યેહૂ | યિઝ્રએલ | અને-ઇઝેબેલ | સાંભળ્યું | અને-લગાડ્યો | કાજલ | તેની-આખોમાં | અને-સજાવ્યું | ને | તેનું-માથું | અને-બારીમાંથી-નીચે-જોયું | માંથી | બારી |
| H0935 | H3058 | H3157 | H0348 | H8085 | | H6320 | | H3190 | H0853 | | H8259 | H1157 | H2474 |

યેહૂ યિઝ્રએલ આવ્યો, ઇઝબેલ એ સાંભળ્યું, ત્યારે તેણે પોતાની આખોમાં કાજળ લગાવ્યું તથા માથું ઓળીને બારીમાંથી નજર કરી.

31

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְיֵה֖וּא | בָּ֣א | בַשָּׁ֑עַר | וַתֹּ֗אמֶר | הֲשָׁל֛וֹם | זִמְרִ֖י | הֹרֵ֥ג | אֲדֹנָֽיו׃ |
| અને-યેહૂ | આવ્યો | દરવાજે | અને-કહ્યુ | શું-શાંતિ-છે | ઝિમ્રી | હે-માલિક-મારનાર | તારા-માલિકના |
| H3058 | H0935 | H8179 | H0559 | H7965 | | H2026 | H0113 |

જેવો યેહૂ દરવાજામાં પ્રવેશ્યો કે ઇઝબેલે તેને કહ્યુ, “હે પોતાના માલિકનું ખૂન કરનાર, ઝિમ્રી તું શાંતિમાં આવ્યો છે?”

32

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשָּׂ֤א | פָנָיו֙ | אֶל־ | הַֽחַלּ֔וֹן | וַיֹּ֕אמֶר | מִ֥י | אִתִּ֖י | מִ֑י | וַיַּשְׁקִ֣יפוּ | אֵלָ֔יו | שְׁנַ֥יִם | שְׁלֹשָׁ֖ה | סָרִיסִֽים׃ |
| અને-ઊંચું-જોયું | તેનો-ચહેરો | તરફ | બારી | અને-કહ્યુ | કોણ | મારી-સાથે | કોણ | અને-નીચે-જોયું | તેના-તરફ | બે | ત્રણ | ખોજાઓએ |
| H5375 | H6440 | H0413 | H2474 | H0559 | H4310 | H0854 | H4310 | H8259 | H0413 | H8147 | H7969 | H5631 |

યેહૂએ બારી તરફ ઊંચું જોઈને કહ્યુ, “મારા પક્ષમાં કોણ છે? કોણ?” ત્યારે બે ત્રણ ખોજાઓએ બહાર જોયું.

33

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֥אמֶר | [שמטהו] | (שִׁמְטוּהָ) | וַֽיִּשְׁמְט֑וּהָ | וַיִּ֨ז | מִדָּמָ֧הּ | אֶל־ | הַקִּ֛יר | וְאֶל־ | הַסּוּסִ֖ים | וַֽיִּרְמְסֶֽנָּה׃ |
| અને-કહ્યુ | [ફેંકો-તેને] | ફેંકો-તેને | અને-ફેંકી-તેને | અને-છાંટ્યું | તેનું-રક્ત | ઉપર | દીવાલ | અને-ઉપર | ઘોડાઓ | અને-કચડી-નાખી |
| H0559 | H8058 | H8058 | H8058 | | H1818 | H0413 | H7023 | H0413 | | H7429 |

યેહૂએ કહ્યુ, “તેને નીચે ફેંકી દો.” તેથી તેઓએ ઇઝબેલને નીચે ફેંકી દીધી, તેના રક્તના છાંટા દીવાલ પર તથા ઘોડાઓ પર પડ્યા. અને યેહૂએ તેને પગ નીચે કચડી નાખી.

34

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹ֖א | וַיֹּ֣אכַל | וַיֵּ֑שְׁתְּ | וַיֹּ֗אמֶר | פִּקְדוּ־ | נָ֞א | אֶת־ | הָאֲרוּרָ֤ה | הַזֹּאת֙ | וְקִבְר֔וּהָ | כִּ֥י | בַת־ | מֶ֖לֶךְ | הִֽיא׃ |
| અને-ગયો | અને-ખાધું | અને-પીધું | અને-કહ્યુ | ધ્યાન-આપો | કૃપા-કરીને | ને | આ-શાપિત | સ્ત્રીની | અને-દફનાવો-તેને | કારણ-કે | પુત્રી | રાજાની | છે-તે |
| H0935 | H0398 | H8354 | H0559 | | H4994 | H0853 | H0779 | H2063 | H6912 | | H1323 | H4428 | H1931 |

પછી યેહૂએ મહેલમાં જઈને ખાધું અને પીધું. પછી તેણે કહ્યું, “હવે આ શાપિત સ્ત્રીને સંભાળીને દફનાવો, કેમ કે તે રાજાની દીકરી છે.”

35

| וַיֵּלְכוּ | לְקָבְרָהּ | וְלֹא־ | מָצְאוּ | בָּהּ | כִּי | אִם־ | הַגֻּלְגֹּלֶת | וְהָרַגְלַיִם | וְכַפּוֹת |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ગયા | દફનાવવા-તેને | પરંતુ-ના | મળ્યું | તેનું | સિવાય | કે | ખોપરી | અને-પગ | અને-હથેળીઓ |
| H3212 | H6912 | H3808 | H4672 | | | | H1538 | H7272 | H3709 |

| הַיָּדָיִם׃ |
|---|
| હાથોની |
| H3027 |

તેઓ તેને દફનાવવા ગયા, પણ તેની ખોપરી, પગ તથા હથેળીઓ સિવાય બીજું કંઈ તેમને મળ્યું નહિ.

36

| וַיָּשֻׁבוּ | וַיַּגִּידוּ | לוֹ | וַיֹּאמֶר | דְּבַר־ | יְהוָה | הוּא | אֲשֶׁר | דִּבֶּר | בְּיַד־ | עַבְדּוֹ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પાછા-ફર્યા | અને-કહ્યુ | તેને | અને-કહ્યુ | વચન | યહોવાહનું | છે-આ | જે | બોલ્યા-હતા | દ્વારા | સેવક-તેમના |
| H7725 | H5046 | | H0559 | H1697 | H3068 | H1931 | | H1696 | H3027 | H5650 |

| אֵלִיָּהוּ | הַתִּשְׁבִּי | לֵאמֹר | בְּחֵלֶק | יִזְרְעֶאל | יֹאכְלוּ | הַכְּלָבִים | אֶת־ | בְּשַׂר | אִיזָבֶל׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| એલિયાહ | તિશ્બીના | કહેતાં | ભાગમાં | યિઝ્રએલના | ખાશે | કૂતરાઓ | ને | માંસ | ઈઝેબેલનું |
| H0452 | H8664 | H0559 | | H3157 | H0398 | H3611 | H0853 | H1320 | H0348 |

માટે તેઓએ પાછા આવીને યેહૂને ખબર આપી. તેણે કહ્યુ, “યહોવાહે પોતાના સેવક તિશ્બી એલિયા દ્વારા જે વચન કહ્યુ હતું તે આ છે કે, ‘યિઝ્રએલની ભૂમિમાં કૂતરાઓ ઇઝબેલનું માંસ ખાશે,

37

| ]והית[ | )וְהָיְתָה( | נִבְלַת | אִיזֶבֶל | כְּדֹמֶן | עַל־ | פְּנֵי | הַשָּׂדֶה | בְּחֵלֶק | יִזְרְעֶאל | אֲשֶׁר |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| [અને-હશે] | અને-હશે | લાશ | ઈઝેબેલની | ખાતર-જેવી | ઉપર | સપાટી | ખેતરની | ભાગમાં | યિઝ્રએલના | જેથી |
| H1961 | H1961 | H5038 | H0348 | H1828 | | H6440 | | | H3157 | |

| לֹא־ | יֹאמְרוּ | זֹאת | אִיזָבֶל׃ | פ |
|---|---|---|---|---|
| ન | કહે | આ | ઈઝેબેલ-છે | — |
| H3808 | H0559 | H2063 | H0348 | |

અને ઇઝબેલનો મૃતદેહ યિઝ્રએલ ભૂમિના ખેતરોમાં ખાતરરૂપ થશે. જેથી કોઈ એવું નહિ કહે કે, “આ ઇઝબેલ છે.”

# Chapter 10

1

| וּלְאַחְאָב | שִׁבְעִים | בָּנִים | בְּשֹׁמְרוֹן | וַיִּכְתֹּב | יֵהוּא | סְפָרִים | וַיִּשְׁלַח | שֹׁמְרוֹן | אֶל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-આહાબને | સિત્તેર | પુત્રો-હતા | શોમરોનમાં | અને-લખ્યો | યેહૂએ | પત્રો | અને-મોકલ્યા | શોમરોન | ના |
| H0256 | H7657 | | H8111 | H3789 | H3058 | | H7971 | H8111 | H0413 |

| שָׂרֵי | יִזְרְעֶאל | הַזְּקֵנִים | וְאֶל־ | הָאֹמְנִים | אַחְאָב | לֵאמֹר׃ |
|---|---|---|---|---|---|---|
| સરદારો | યિઝ્રએલના | વડીલો | અને-ના | વાલીઓ | આહાબના | કહેતાં |
| H8269 | H3157 | H2205 | H0413 | H0539 | H0256 | H0559 |

હવે આહાબના સિત્તેર દીકરાઓ સમરુનમાં હતા. યેહૂએ સમરુનમાં યિઝ્રએલના અધિકારીઓ, વડીલો તથા આહાબના દીકરાઓની રક્ષા કરનારાઓ પર પત્રો લખી મોકલીને કહાવ્યું,

2

| וְעַתָּה | כְּבֹא | הַסֵּפֶר | הַזֶּה | אֲלֵיכֶם | וְאִתְּכֶם | בְּנֵי | אֲדֹנֵיכֶם | וְאִתְּכֶם |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-હવે | જ્યારે-આવે | પત્ર | આ | તમારી-પાસે | અને-તમારી-પાસે | પુત્રો-છે | તમારા-માલિકના | અને-તમારી-પાસે |
| H6258 | H0935 | | H2088 | H0413 | H0854 | | H0113 | H0854 |

| הָרֶכֶב | וְהַסּוּסִים | וְעִיר | מִבְצָר | וְהַנָּשֶׁק׃ |
|---|---|---|---|---|
| રથો | અને-ઘોડા | અને-કિલ્લેબંધ | નગર | અને-શસ્ત્રો |
| H7393 | | | H4013 | H5402 |

“તમારા માલિકના દીકરાઓ તમારી પાસે છે, વળી તમારી પાસે રથો, ઘોડા, કોટવાળું નગર તથા શસ્ત્રો પણ છે.

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּרְאִיתֶ֞ם | הַטּ֤וֹב | וְהַיָּשָׁר֙ | מִבְּנֵ֣י | אֲדֹנֵיכֶ֔ם | וְשַׂמְתֶּ֖ם | עַל־ | כִּסֵּ֣א | אָבִ֑יו | וְהִֽלָּחֲמ֖וּ |
| જુઓ | શ્રેષ્ઠ | અને-યોગ્ય | પુત્રોમાંથી | તમારા-માલિકના | અને-બેસાડો | ઉપર | રાજગાદી | તેના-પિતાની | અને-લડો |
| H7200 | | H3477 | | H0113 | | | H3678 | H0001 | |

| | | |
|---|---|---|
| עַל־ | בֵּ֥ית | אֲדֹנֵיכֶֽם׃ |
| માટે | ઘરાણું | તમારા-માલિકનું |
| | | H0113 |

તમારા માલિકના દીકરાઓમાંથી સૌથી સારા અને શ્રેષ્ઠને પસંદ કરીને તેને તેના પિતાના રાજયાસન પર બેસાડીને તમારા માલિકના ઘરને માટે યુદ્ધ કરજો."

4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּרְאוּ֙ | מְאֹ֣ד | מְאֹ֔ד | וַיֹּ֣אמְר֔וּ | הִנֵּה֙ | שְׁנֵ֣י | הַמְּלָכִ֔ים | לֹ֥א | עָמְד֖וּ | לְפָנָ֑יו | וְאֵ֖יךְ |
| અને-ડર્યા | ખૂબ | ખૂબ | અને-કહ્યુ | જુઓ | બે | રાજાઓ | ના | ટકી-શક્યા | તેની-સામે | અને-કેમ |
| H3372 | H3966 | H3966 | H0559 | H2009 | H8147 | H4428 | H3808 | H5975 | H6440 | |

| | |
|---|---|
| נַעֲמֹ֥ד | אֲנָֽחְנוּ׃ |
| ટકી-શકીશું | આપણે |
| H5975 | H0587 |

પણ તેઓએ અતિશય ગભરાઈને કહ્યુ, "જુઓ, બે રાજાઓ યેહૂની સામે ટકી ન શકયા, તો પછી આપણે કેમ કરીને ટકી શકીશું?"

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁלַ֣ח | אֲשֶׁר־ | עַל־ | הַבַּ֡יִת | וַאֲשֶׁ֣ר | עַל־ | הָעִ֩יר | וְהַזְּקֵנִ֨ים | וְהָאֹמְנִ֜ים | אֶל־ | יֵה֣וּא |
| અને-મોકલ્યો | જે | ઉપર | મહેલ | અને-જે | ઉપર | નગર | અને-વડીલો | અને-વાલીઓએ | ના | યેહૂ |
| H7971 | | | | | | | H2205 | H0539 | H0413 | H3058 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֵאמֹר֙ | עֲבָדֶ֣יךָ | אֲנַ֔חְנוּ | וְכֹ֛ל | אֲשֶׁר־ | תֹּאמַ֥ר | אֵלֵ֖ינוּ | נַעֲשֶׂ֑ה | לֹֽא־ | נַמְלִ֣יךְ | אִ֔ישׁ | הַטּ֥וֹב |
| કહેતાં | તારા-સેવકો | અમે | અને-બધું | જે | કહીશ | અમને | કરીશું | નહીં | રાજા-બનાવીએ | કોઈને | સારું |
| H0559 | H5650 | H0587 | H3605 | | H0559 | H0413 | | H3808 | | H0376 | |

| | |
|---|---|
| בְּעֵינֶ֖יךָ | עֲשֵֽׂה׃ |
| તારી-નજરમાં | કર |

આથી ઘરના કારભારીએ, નગરના અમલદારોએ, વડીલોએ તથા દીકરાઓના રક્ષકોએ યેહૂને સંદેશો મોકલ્યો કે, "અમે તમારા ચાકરો છીએ. તમે જે કંઈ કહેશો તે અમે કરીશું. અમે કોઈ માણસને રાજા બનાવીશું નહિ. તમારી દ્રષ્ટિમાં જે સારું લાગે તે કરો."

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּכְתֹּ֣ב | אֲלֵיהֶ֣ם | סֵ֣פֶר | שֵׁנִ֣ית | לֵאמֹ֡ר | אִם־ | לִ֣י | אַתֶּ֣ם | וּלְקֹלִ֣י | אַתֶּם֩ | שֹׁמְעִ֨ים |
| અને-લખ્યો | તેઓને | પત્ર | બીજો | કહેતાં | જો | મારા | તમે | અને-મારો-અવાજ | તમે | સાંભળો-છો |
| H3789 | H0413 | | H8145 | H0559 | | | | | | H8085 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| קְח֗וּ | אֶת־ | רָאשֵׁי֙ | אַנְשֵׁ֣י | בְנֵֽי־ | אֲדֹנֵיכֶ֔ם | וּבֹ֧אוּ | אֵלַ֛י | כָּעֵ֥ת | מָחָ֖ר |
| લો | ના | માથા | માણસોના | પુત્રો | તમારા-માલિકના | અને-આવો | મારી-પાસે | કાલે-આ-સમયે | આ-સમયે |
| H3947 | H0853 | | H0376 | | H0113 | H0935 | H0413 | H6256 | H4279 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יִזְרְעֶ֑אלָה | וּבְנֵ֨י | הַמֶּ֜לֶךְ | שִׁבְעִ֣ים | אִ֗ישׁ | אֶת־ | גְּדֹלֵ֥י | הָעִ֖יר | מְגַדְּלִ֥ים | אוֹתָֽם׃ |
| યિઝ્રએલ | અને-પુત્રો | રાજાના | સિત્તેર | માણસ | ના | મોટાં-લોકો | નગરના | ઉછેરતા-હતા | તેઓને |
| H3157 | | H4428 | H7657 | H0376 | H0854 | | | H1431 | H0853 |

પછી યેહૂએ તેઓને બીજો પત્ર લખ્યો અને જણાવ્યું, "જો તમે મારા પક્ષના હો, મારું સાંભળવા તૈયાર હો, તો આવતી કાલે આ સમયે તે માણસોના એટલે તમારા માલિકના દીકરાઓનાં માથાં લઈને યિઝ્રએલમાં મારી પાસે આવજો." એ સિત્તેર રાજકુમારો નગરના મુખ્ય માણસોની દેખરેખ નીચે હતા, તેઓ રાજકુમારોની સુખાકારી માટે જવાબદાર હતા.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִ֗י | כְּב֤וֹא | הַסֵּ֙פֶר֙ | אֲלֵיהֶ֔ם | וַיִּקְחוּ֙ | אֶת־ | בְּנֵ֣י | הַמֶּ֔לֶךְ | וַֽיִּשְׁחֲט֖וּ | שִׁבְעִ֣ים | אִ֑ישׁ |
| અને-થયું | જ્યારે-આવ્યો | પત્ર | તેઓ-પાસે | અને-લીધા | ને | પુત્રો | રાજાના | અને-કાપ્યા | સિત્તેર | માણસ |
| H1961 | H0935 | | H0413 | H3947 | H0853 | | H4428 | | H7657 | H0376 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיָּשִׂ֤ימוּ | אֶת־ | רָֽאשֵׁיהֶם֙ | בַּדּוּדִ֔ים | וַיִּשְׁלְח֥וּ | אֵלָ֖יו | יִזְרְעֶֽאלָה׃ |
| અને-મૂક્યા | ના | તેઓના-માથા | ટોપલામાં | અને-મોકલ્યા | તેની-પાસે | યિઝ્રએલ |
| | H0853 | | H1731 | H7971 | H0413 | H3157 |

જયારે આ પત્ર તેમને પહોંચ્યો ત્યારે તેમણે રાજાના સિત્તેર રાજકુમારોને મારી નાખ્યા, તેઓના માથાં ટોપલીઓમાં ભરીને યેહૂ પાસે યિઝ્રએલમાં મોકલ્યાં.

8

| | | |
|---|---|---|
| וַיָּבֹא | અને-આવ્યો | H0935 |
| הַמַּלְאָךְ | સંદેશાવાહક | H4397 |
| וַיַּגֶּד־ | અને-કહ્યુ | H5046 |
| לוֹ | તેને | |
| לֵאמֹר | કહેતાં | H0559 |
| הֵבִיאוּ | લાવ્યા-છે | H0935 |
| רָאשֵׁי | માથા | |
| בְנֵי־ | પુત્રોના | |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| שִׂימוּ | મૂકો | |
| אֹתָם | તેઓને | H0853 |
| שְׁנֵי | બે | H8147 |
| צִבֻּרִים | ઢગલામાં | H6652 |
| פֶּתַח | પ્રવેશદ્વારે | H6607 |
| הַשַּׁעַר | દરવાજાના | H8179 |
| עַד־ | સુધી | H5704 |
| הַבֹּקֶר׃ | સવાર | H1242 |

સંદેશાવાહકે આવીને યેહૂને ખબર આપી કે, "તેઓ રાજપુત્રોના માથાં લાવ્યા છે." ત્યારે તેણે કહ્યુ, "ભાગળના પ્રવેશદ્વાર આગળ બે ઢગલા કરીને તે માથાં આવતી કાલ સવાર સુધી ત્યાં રાખી મૂકો."

9

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-થયું | H1961 |
| בַבֹּקֶר | સવારે | H1242 |
| וַיֵּצֵא | અને-બહાર-ગયો | H3318 |
| וַיַּעֲמֹד | અને-ઊભો-રહ્યો | H5975 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֶל־ | ના | H0413 |
| כָּל־ | બધા | H3605 |
| הָעָם | લોકોને | |
| צַדִּקִים | ન્યાયી | H6662 |
| אַתֶּם | તમે | |
| הִנֵּה | જુઓ | H2009 |
| אֲנִי | હું | H0589 |
| קָשַׁרְתִּי | કાવતરું-કર્યું | H7194 |
| עַל־ | વિરુદ્ધ | |
| אֲדֹנִי | મારા-માલિકના | H0113 |
| וָאֶהְרְגֵהוּ | અને-માર્યો-તેને | H2026 |
| וּמִי | પણ-કોણે | H4310 |
| הִכָּה | માર્યા | H5221 |
| אֶת־ | ને | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| אֵלֶּה׃ | આ | H0428 |

સવારમાં યેહૂ બહાર આવ્યો. તેણે ઊભા રહીને બધા લોકને કહ્યુ, "તમે નિર્દોષ છો. જુઓ, મેં તો મારા માલિકની સામે કાવતરું રચીને તેને મારી નાખ્યો, પણ આ બધા રાજકુમારોને કોણે મારી નાખ્યા?

10

| | | |
|---|---|---|
| דְּעוּ | જાણો | H3045 |
| אֵפוֹא | એટલે | H0645 |
| כִּי | કે | |
| לֹא | ના | H3808 |
| יִפֹּל | પડશે | H5307 |
| מִדְּבַר | વચનમાંથી | H1697 |
| יְהוָה | યહોવાહના | H3068 |
| אַרְצָה | ભૂમિ-પર | H0776 |
| אֲשֶׁר־ | જે | |
| דִּבֶּר | બોલ્યા-હતા | H1696 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| עַל־ | વિરુદ્ધ | |
| בֵּית | ઘરાણું | |
| אַחְאָב | આહાબનું | H0256 |
| וַיהוָה | અને-યહોવાહે | H3068 |
| עָשָׂה | કર્યું | |
| אֵת | ને | H0853 |
| אֲשֶׁר | જે | |
| דִּבֶּר | બોલ્યા-હતા | H1696 |
| בְּיַד | દ્વારા | H3027 |
| עַבְדּוֹ | સેવક-તેમના | H5650 |
| אֵלִיָּהוּ׃ | એલિયાહ | H0452 |

હવે તમારે નિશ્ચે જાણવું કે, યહોવાહ આહાબના કુટુંબ વિષે જે કંઈ બોલ્યા છે, તેમાંથી એક પણ વચન નિષ્ફળ થનાર નથી. કેમ કે યહોવાહ પોતાના સેવક એલિયા દ્વારા જે બોલ્યા હતા તે તેમણે પૂરું કર્યું છે."

11

| | | |
|---|---|---|
| וַיַּךְ | અને-માર્યા | H5221 |
| יֵהוּא | યેહૂએ | H3058 |
| אֵת | ને | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| הַנִּשְׁאָרִים | બાકી-રહેલાને | H7604 |
| לְבֵית־ | ઘરાણાના | |
| אַחְאָב | આહાબના | H0256 |
| בְּיִזְרְעֶאל | યિઝ્રએલમાં | H3157 |
| וְכָל־ | અને-બધા | H3605 |
| גְּדֹלָיו | મોટાં-લોકો | |
| וּמְיֻדָּעָיו | અને-ઓળખીતાઓ | H3045 |
| וְכֹהֲנָיו | અને-યાજકો | H3548 |
| עַד־ | સુધી-કે | H5704 |
| בִּלְתִּי | ના | H1115 |
| הִשְׁאִיר־ | રાખ્યો | H7604 |
| לוֹ | તેનો | |
| שָׂרִיד׃ | બચેલો | H8300 |

યેહૂએ યિઝ્રએલમાં આહાબના કુટુંબનાં બાકી રહેલા સર્વને, તેના સર્વ મુખ્ય માણસોને, નજીકના મિત્રોને તથા તેના યાજકોને કોઈને પણ બાકી રાખ્યા સિવાય સર્વને મારી નાખ્યા.

12

| | | |
|---|---|---|
| וַיָּקָם | અને-ઊઠ્યો | |
| וַיָּבֹא | અને-ગયો | H0935 |
| וַיֵּלֶךְ | અને-ચાલ્યો | H3212 |
| שֹׁמְרוֹן | શોમરોન | H8111 |
| הוּא | તે | H1931 |
| בֵּית־ | ઘર | H1044 |
| עֵקֶד | એકેદ | H1044 |
| הָרֹעִים | ભરવાડોનું | |
| בַּדָּרֶךְ׃ | રસ્તે | H1870 |

પછી યેહૂ ઊઠીને ચાલ્યો ગયો. તે સમરુનમાં ભરવાડોના કાતરણીના ઘર બેથ એકેદ આગળ આવી પહોંચ્યો,

13

| | | |
|---|---|---|
| וְיֵהוּא | અને-યેહૂ | H3058 |
| מָצָא | મળ્યો | H4672 |
| אֶת־ | ને | H0853 |
| אֲחֵי | ભાઈઓ | H0251 |
| אֲחַזְיָהוּ | અહઝ્યાહના | H0274 |
| מֶלֶךְ־ | રાજા | H4428 |
| יְהוּדָה | યહૂદાના | H3063 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| מִי | કોણ | H4310 |
| אַתֶּם | તમે | |
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| אֲחֵי | ભાઈઓ | H0251 |
| אֲחַזְיָהוּ | અહઝ્યાહના | H0274 |
| אֲנַחְנוּ | અમે | H0587 |
| וַנֵּרֶד | અને-ઊતર્યા | H3381 |
| לִשְׁלוֹם | કુશળતા-માટે | H7965 |
| בְּנֵי־ | પુત્રો | |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| וּבְנֵי | અને-પુત્રો | |
| הַגְּבִירָה׃ | રાણીમાતાના | H1377 |

ત્યારે તેને યહૂદિયાના રાજા અહાઝયાહના ભાઈઓ મળ્યા. યેહૂએ તેમને પૂછ્યું, “તમે કોણ છો?” તેમણે જવાબ આપ્યો, “અમે અહાઝયાહના ભાઈઓ છીએ અને અમે રાજપુત્રોને તથા રાણી ઇઝબેલના દીકરાઓને મળવા જઈએ છીએ.”

14

| | | |
|---|---|---|
| וַיֹּ֙אמֶר֙ | અને-કહ્યુ | H0559 |
| תִּפְשׂ֣וּם | પકડો-તેઓને | H8610 |
| חַיִּ֔ים | જીવતા | |
| וַֽיִּתְפְּשׂ֖וּם | અને-પકડ્યા-તેઓને | H8610 |
| חַיִּ֑ים | જીવતા | |
| וַֽיִּשְׁחָט֗וּם | અને-કાપ્યા-તેઓને | |
| אֶל־ | પાસે | H0413 |
| בּ֣וֹר | ટાંકા | |
| בֵּית־עֵ֔קֶד | બેથ-એકેદના | H1044 |
| אַרְבָּעִ֤ים | બેતાળીસ | H0705 |
| וּשְׁנַ֙יִם֙ | અને-બે | H8147 |
| אִ֔ישׁ | માણસ | H0376 |
| וְלֹֽא־ | અને-ના | H3808 |
| הִשְׁאִ֥יר | રાખ્યો | H7604 |
| אִ֖ישׁ | કોઈ | H0376 |
| מֵהֶֽם׃ | તેઓમાંથી | H1992 |
| ס | — | |

યેહૂએ પોતાના માણસોને કહ્યુ, “તેમને જીવતા પકડો.” તેથી તેઓએ તેઓને જીવતા પકડી લીધા અને સર્વ બેતાળીસ માણસોને કાતરણીના બેથ એકેદ કૂવા આગળ મારી નાખ્યા. તેણે તેમાંના એકને પણ જીવતો રહેવા દીધો નહિ.

15

| | | |
|---|---|---|
| וַיֵּ֣לֶךְ | અને-ગયો | H3212 |
| מִשָּׁ֗ם | ત્યાંથી | H8033 |
| וַיִּמְצָ֞א | અને-મળ્યો | H4672 |
| אֶת־ | ને | H0853 |
| יְהוֹנָדָ֣ב | યહોનાદાબ | H3082 |
| בֶּן־ | પુત્ર | |
| רֵכָב֮ | રેકાબનો | H7394 |
| לִקְרָאתוֹ֒ | તેને-મળવા | H7125 |
| וַיְבָרְכֵ֗הוּ | અને-આશીર્વાદ-આપ્યો | H1288 |
| וַיֹּ֨אמֶר | અને-કહ્યુ | H0559 |
| אֵלָ֜יו | તેને | H0413 |
| הֲיֵ֧שׁ | શું-છે | H3426 |
| אֶת־ | ને | H0854 |
| לְבָבְךָ֣ | તારું-હૃદય | H3824 |
| יָשָׁ֗ר | ખરું | H3477 |
| כַּאֲשֶׁ֤ר | જેમ | |
| לְבָבִי֙ | મારું-હૃદય | H3824 |
| עִם־ | સાથે | |
| לְבָבֶ֔ךָ | તારા-હૃદયના | H3824 |
| וַיֹּ֨אמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוֹנָדָ֥ב | યહોનાદાબે | H3082 |
| יֵ֛שׁ | છે | H3426 |
| וָיֵ֖שׁ | અને-છે | H3426 |
| תְּנָ֣ה | આપ | H5414 |
| אֶת־ | ને | H0853 |
| יָדֶ֑ךָ | તારો-હાથ | H3027 |
| וַיִּתֵּ֣ן | અને-આપ્યો | H5414 |
| יָד֔וֹ | હાથ-તેનો | H3027 |
| וַיַּעֲלֵ֥הוּ | અને-ચડાવ્યો-તેને | H5927 |
| אֵלָ֖יו | પોતાની-પાસે | H0413 |
| אֶל־ | ના | H0413 |
| הַמֶּרְכָּבָֽה׃ | રથમાં | H4818 |

જ્યારે યેહૂ ત્યાંથી વિદાય થયો, ત્યારે તેને મળવા આવતા રેખાબના દીકરા યહોનાદાબને તે મળ્યો. યેહૂએ તેને સલામ કરીને તેને કહ્યુ, “જેમ મારું હૃદય તારા પ્રત્યે શુદ્ધ છે તેમ શું તારું હૃદય મારા પ્રત્યે શુદ્ધ છે?” યહોનાદાબે કહ્યુ, “હા છે.” પછી યેહૂએ કહ્યુ, “જો તેમ છે તો તારો હાથ મને આપ.” અને યહોનાદાબે તેને પોતાનો હાથ આપ્યો યેહૂએ તેને પોતાની પાસે રથમાં ખેંચી લીધો.

16

| | | |
|---|---|---|
| וַיֹּ֙אמֶר֙ | અને-કહ્યુ | H0559 |
| לְכָ֣ה | ચાલ | H3212 |
| אִתִּ֔י | મારી-સાથે | H0854 |
| וּרְאֵ֖ה | અને-જો | H7200 |
| בְּקִנְאָתִ֣י | મારી-ઉત્સાહ | H7068 |
| לַיהוָ֑ה | યહોવાહ-માટે | H3068 |
| וַיַּרְכִּ֥בוּ | અને-બેસાડ્યો | H7392 |
| אֹת֖וֹ | તેને | H0853 |
| בְּרִכְבּֽוֹ׃ | રથમાં-તેના | H7393 |

યેહૂએ કહ્યુ, “તું મારી સાથે આવ અને યહોવાહ પ્રત્યેની મારી આવેશ જો.” એમ તેણે યહોનાદાબને પોતાની સાથે રથમાં બેસાડી દીધો.

17

| | | |
|---|---|---|
| וַיָּבֹא֙ | અને-આવ્યો | H0935 |
| שֹֽׁמְר֔וֹן | શોમરોન | H8111 |
| וַיַּ֗ךְ | અને-માર્યા | H5221 |
| אֶת־ | ને | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| הַנִּשְׁאָרִ֛ים | બાકી-રહેલાને | H7604 |
| לְאַחְאָ֥ב | આહાબના | H0256 |
| בְּשֹׁמְר֖וֹן | શોમરોનમાં | H8111 |
| עַד־ | સુધી-કે | H5704 |
| הִשְׁמִיד֑וֹ | નાશ-કર્યો-તેનો | H8045 |
| כִּדְבַ֣ר | વચન-પ્રમાણે | H1697 |
| יְהוָ֔ה | યહોવાહના | H3068 |
| אֲשֶׁ֥ר | જે | |
| דִּבֶּ֖ר | બોલ્યા-હતા | H1696 |
| אֶל־ | ના | H0413 |
| אֵלִיָּֽהוּ׃ | એલિયાહને | H0452 |
| פ | — | |

સમરુનમાં આવીને યેહૂએ આહાબના કુટુંબનાં બાકી રહેલાઓને મારી નાખ્યા, જે પ્રમાણે યહોવાહનું વચન તેમની આગળ એલિયાએ કહ્યુ હતું તે પ્રમાણે તેણે આહાબના રાજપુત્રોનો નાશ કર્યો.

18

| | | |
|---|---|---|
| וַיִּקְבֹּ֤ץ | અને-ભેગા-કર્યા | H6908 |
| יֵהוּא֙ | યેહૂએ | H3058 |
| אֶת־ | ને | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| הָעָ֔ם | લોકોને | |
| וַיֹּ֣אמֶר | અને-કહ્યુ | H0559 |
| אֲלֵהֶ֔ם | તેઓને | H0413 |
| אַחְאָ֕ב | આહાબે | H0256 |
| עָבַ֥ד | સેવ્યો | H5647 |
| אֶת־ | ને | H0853 |
| הַבַּ֖עַל | બઆલને | |
| מְעָ֑ט | થોડો | H4592 |
| יֵה֖וּא | યેહૂ | H3058 |
| יַעַבְדֶ֥נּוּ | સેવશે-તેને | H5647 |
| הַרְבֵּֽה׃ | ઘણો | |

પછી યેહૂએ બધા લોકોને એકસાથે ભેગા કરીને કહ્યુ, “આહાબે તો બઆલની થોડી સેવા કરી હતી, પણ યેહૂ તેની વધારે સેવા કરશે.

19

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | כָל־ | נְבִיאֵי | הַבַּעַל | כָּל־ | עֲבָדָיו | וְכָל־ | כֹּהֲנָיו | קִרְאוּ | אֵלַי | אִישׁ |
| અને-હવે | બધા | પ્રબોધકો | બઆલના | બધા | સેવકો-તેના | અને-બધા | યાજકો-તેના | બોલાવો | મારી-પાસે | કોઈ |
| H6258 | H3605 | H5030 | | H3605 | H5647 | H3605 | H3548 | H7121 | H0413 | H0376 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַל־ | יִפָּקֵד | כִּי | זֶבַח | גָּדוֹל | לִי | לַבַּעַל | כֹּל | אֲשֶׁר־ | יִפָּקֵד | לֹא | יִחְיֶה |
| ના | રહી-જાય | કારણ-કે | યજ્ઞ | મોટો | મારે | બઆલ-માટે | દરેક | જે | રહી-જશે | ના | જીવશે |
| H0408 | | | H2077 | | | | H3605 | | | H3808 | H2421 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְיֵהוּא | עָשָׂה | בְעָקְבָּה | לְמַעַן | הַאֲבִיד | אֶת־ | עֹבְדֵי | הַבָּעַל׃ |
| અને-યેહૂએ | કર્યું | ચાલાકીથી | માટે | નાશ-કરવા | ને | સેવકોનો | બઆલના |
| H3058 | | H6122 | H4616 | H0006 | H0853 | H5647 | |

માટે હવે બઆલના તમામ પ્રબોધકો, યાજકો અને ભક્તોને મારી પાસે બોલાવો. એક પણ વ્યક્તિ બાકી રહેવી જોઈએ નહિ, કેમ કે, મારે બઆલને માટે મોટો યજ્ઞ કરવાનો છે. જે કોઈ નહિ આવે તે જીવતો રહેવા પામશે નહિ." જોકે યેહૂએ બઆલના સેવકોને મારી નાખવાના હેતુથી પક્કાઈથી આ કાવતરું કર્યું હતું.

20

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | יֵהוּא | קַדְּשׁוּ | עֲצָרָה | לַבַּעַל | וַיִּקְרָאוּ׃ |
| અને-કહ્યું | યેહૂએ | પવિત્ર-ઠેરવો | સભા | બઆલ-માટે | અને-જાહેર-કર્યું |
| H0559 | H3058 | H6942 | H6116 | | H7121 |

યેહૂએ કહ્યું. "બઆલને માટે એક પવિત્ર મેળો ભરો, તેના માટે દિવસ નક્કી કરો." માટે તેઓએ તેનો ઢંઢેરો પિટાવ્યો.

21

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁלַח | יֵהוּא | בְּכָל־ | יִשְׂרָאֵל | וַיָּבֹאוּ | כָּל־ | עֹבְדֵי | הַבַּעַל | וְלֹא־ | נִשְׁאַר | אִישׁ |
| અને-મોકલ્યો | યેહૂએ | સમગ્ર | ઇઝરાયેલમાં | અને-આવ્યા | બધા | સેવકો | બઆલના | અને-ના | રહ્યો | કોઈ |
| H7971 | H3058 | H3605 | H3478 | H0935 | H3605 | H5647 | | H3808 | H7604 | H0376 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | לֹא־ | בָא | וַיָּבֹאוּ | בֵּית | הַבַּעַל | וַיִּמָּלֵא | בֵית־ | הַבַּעַל | פֶּה | לָפֶה׃ |
| જે | ના | આવ્યો | અને-આવ્યા | મંદિર | બઆલના | અને-ભરાયું | મંદિર | બઆલનું | છેડેથી | છેડા-સુધી |
| | H3808 | H0935 | H0935 | | | H4390 | | | H6310 | H6310 |

પછી યેહૂએ સમગ્ર ઇઝરાયલમાં સંદેશાવાહકો મોકલ્યા. બઆલના બધા જ સેવકો આવ્યા, એક પણ માણસ આવ્યા વગર રહ્યો નહિ. તેઓ બઆલના મંદિરમાં આવ્યા, મંદિર એક છેડાથી તે બીજા છેડા સુધી ભરાઈ ગયું.

22

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | לַאֲשֶׁר | עַל־ | הַמֶּלְתָּחָה | הוֹצֵא | לְבוּשׁ | לְכֹל | עֹבְדֵי | הַבָּעַל | וַיֹּצֵא | לָהֶם | הַמַּלְבּוּשׁ׃ |
| અને-કહ્યું | જે-ઉપર | ની | વસ્ત્રાગાર | કાઢ | વસ્ત્ર | બધા-માટે | સેવકો | બઆલના | અને-કાઢ્યું | તેઓ-માટે | વસ્ત્ર |
| H0559 | | | H4458 | H3318 | H3830 | H3605 | H5647 | | H3318 | | H4403 |

પછી યેહૂએ યાજકનો વસ્ત્રભંડાર સંભાળનાર માણસને કહ્યુ, "બઆલના બધા ભક્તો માટે ઝભ્ભા કાઢી લાવ." એટલે તે માણસ તેઓને માટે ઝભ્ભા કાઢી લાવ્યો.

23

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹא | יֵהוּא | וִיהוֹנָדָב | בֶּן־ | רֵכָב | בֵּית | הַבָּעַל | וַיֹּאמֶר | לְעֹבְדֵי | הַבַּעַל | חַפְּשׂוּ |
| અને-ગયો | યેહૂ | અને-યહોનાદાબ | પુત્ર | રેકાબનો | મંદિર | બઆલના | અને-કહ્યુ | સેવકોને | બઆલના | તપાસો |
| H0935 | H3058 | H3082 | | H7394 | | | H0559 | H5647 | | H2664 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּרְאוּ | פֶּן־ | יֶשׁ־ | פֹּה | עִמָּכֶם | מֵעַבְדֵי | יְהוָה | כִּי | אִם־ | עֹבְדֵי | הַבַּעַל | לְבַדָּם׃ |
| અને-જુઓ | કદાચ-ના | હોય | અહીં | તમારી-સાથે | સેવકોમાંથી | યહોવાહના | કારણ-કે | ફક્ત | સેવકો | બઆલના | એકલા |
| H7200 | H6435 | H3426 | H6311 | | H5650 | H3068 | | | H5647 | | H0905 |

પછી યેહૂ અને રેખાબનો દીકરો યહોનાદાબ બઆલના મંદિરમાં ગયા. તેણે બઆલના ભક્તોને કહ્યુ, "બરાબર શોધ કરો અને જુઓ કે અહીં યહોવાહના સેવકોમાંનો કોઈ તમારી સાથે હોય નહિ, પણ ફક્ત બઆલના સેવકો જ હોય."

24 וַיָּבֹ֕אוּ અને-ગયા H0935 | לַעֲשׂ֥וֹת કરવા | זְבָחִ֖ים બલિદાનો H2077 | וְעֹל֑וֹת અને-દહનાર્પણ | וְיֵה֗וּא અને-યેહૂએ H3058 | שָׂם־ ગોઠવ્યા | ל֤וֹ પોતાના | בַח֨וּץ બહાર H2351 | שְׁמֹנִ֣ים એંસી H8084 | אִ֔ישׁ માણસ H0376 | וַיֹּ֗אמֶר અને-કહ્યુ H0559
הָאִ֞ישׁ માણસ H0376 | אֲשֶׁר־ જે | יִמָּלֵ֣ט છટકે H4422 | מִן־ થી | הָאֲנָשִׁ֗ים માણસોમાંથી H0376 | אֲשֶׁ֤ר જે | אֲנִי֙ હું H0589 | מֵבִ֣יא લાવું-છું H0935 | עַל־ ઉપર | יְדֵיכֶ֔ם તમારા-હાથે H3027 | נַפְשׁ֖וֹ જીવ-તેનો H5315 | תַּ֥חַת બદલે H8478
נַפְשֽׁוֹ׃ જીવ-તેના H5315

પછી તેઓ યજ્ઞો અને દહનીયાર્પણો ચઢાવવા અંદર ગયા. હવે યેહૂએ એંશી માણસોને બહાર ઊભા રાખ્યા હતા તેઓને કહ્યુ હતું કે, “જે માણસોને હું તમારા હાથમાં લાવી આપું, તેઓમાંનો જો કોઈ નાસી જશે તો તેના જીવને બદલે તમારો જીવ લેવાશે.”

25 וַיְהִ֞י અને-થયું H1961 | כְּכַלֹּת֣וֹ પૂરું-કરતાં H3615 | לַעֲשׂ֣וֹת ચડાવવું | הָעֹלָ֗ה દહનાર્પણ | וַיֹּ֣אמֶר અને-કહ્યુ H0559 | יֵה֡וּא યેહૂએ H3058 | לָרָצִ֣ים રક્ષકોને H7323 | וְלַשָּׁלִשִׁ֡ים અને-સેનાપતિઓને | בֹּ֨אוּ જાઓ H0935 | הַכּ֜וּם મારો-તેઓને H5221
אִ֣ישׁ કોઈ H0376 | אַל־ ના H0408 | יֵצֵ֔א નીકળે H3318 | וַיַּכּ֖וּם અને-માર્યા-તેઓને H5221 | לְפִי־ તલવારની-ધારે H6310 | חָ֑רֶב તલવારથી H2719 | וַיַּשְׁלִ֗כוּ અને-ફેંક્યા H7993 | הָרָצִים֙ રક્ષકોએ H7323 | וְהַשָּׁ֣לִשִׁ֔ים અને-સેનાપતિઓએ | וַיֵּלְכ֕וּ અને-ગયા H3212
עַד־ સુધી H5704 | עִ֖יר નગર | בֵּית־ મંદિર | הַבָּֽעַל׃ બઆલના

યેહૂ દહનીયાર્પણ ચઢાવી રહ્યો પછી તરત જ તેણે રક્ષકોને તથા સરદારોને કહ્યુ, “અંદર જઈને તેઓને મારી નાખો. કોઈને બહાર આવવા દેશો નહિ.” તેઓએ તેઓને તલવારની ધારથી મારી નાખ્યા. રક્ષકો અને સરદારો તેઓને બહાર ફેંકી દઈને બઆલના મંદિરના અંદરનાં ઓરડામાં ગયા.

26 וַיֹּצִ֛אוּ અને-કાઢ્યા H3318 | אֶת־ ને H0853 | מַצְּב֥וֹת સ્તંભો H4676 | בֵּית־ મંદિર | הַבַּ֖עַל બઆલના | וַֽיִּשְׂרְפֽוּהָ׃ અને-બાળ્યા H8313

બઆલના મંદિરમાં અશેરા દેવીની જે મૂર્તિ હતી તેને તેઓએ ત્યાંથી હઠાવી દઈને બાળી નાખી.

27 וַֽיִּתְּצ֔וּ અને-તોડ્યો H5422 | אֵ֖ת ને H0853 | מַצְּבַ֣ת સ્તંભ H4676 | הַבָּ֑עַל બઆલનો | וַֽיִּתְּצוּ֙ અને-તોડ્યું H5422 | אֶת־ ને H0853 | בֵּ֣ית મંદિર | הַבַּ֔עַל બઆલનું | וַיְשִׂמֻ֥הוּ અને-બનાવ્યું-તેને | ]למחראות[ [શૌચાલય] H4280
)לְמוֹצָא֖וֹת( શૌચાલય H4161 | עַד־ આજ H5704 | הַיּֽוֹם׃ દિવસ-સુધી H3117

તેઓએ બઆલના સ્તંભને તોડી નાખ્યો. અને બઆલના મંદિરનો નાશ કરીને તે જગ્યાને સંડાસ બનાવી દીધી. જે આજ સુધી છે.

28 וַיַּשְׁמֵ֥ד અને-નાશ-કર્યો H8045 | יֵה֛וּא યેહૂએ H3058 | אֶת־ ને H0853 | הַבַּ֖עַל બઆલનો | מִיִּשְׂרָאֵֽל׃ ઇઝરાયેલમાંથી H3478

આ રીતે યેહૂએ ઇઝરાયલમાંથી બઆલ અને તેના સેવકોને નષ્ટ કર્યા.

29 רַ֡ק ફક્ત H7535 | חֲטָאֵ֞י પાપો H2399 | יָרָבְעָ֣ם યરોબઆમના H3379 | בֶּן־ પુત્ર | נְבָ֗ט નબાટના H5028 | אֲשֶׁ֤ר જેણે | הֶחֱטִיא֙ પાપ-કરાવ્યું H2398 | אֶת־ ને H0853 | יִשְׂרָאֵ֔ל ઇઝરાયેલને H3478 | לֹא־ ના H3808 | סָ֥ר ખસ્યો H5493 | יֵה֖וּא યેહૂ H3058
מֵאַחֲרֵיהֶ֑ם તેમાંથી | עֶגְלֵי֙ સોનાના-વાછરડા H5695 | הַזָּהָ֔ב સોનાના H2091 | אֲשֶׁ֥ר જે | בֵּֽית־אֵ֖ל બેથેલમાં H1008 | וַאֲשֶׁ֥ר અને-જે | בְּדָֽן׃ દાનમાં H1835 | ס —

પણ નબાટના દીકરો યરોબામ જે પાપો કરીને ઇઝરાયલ પાસે દુરાચાર કરાવતો હતો, તેનું અનુકરણ કરીને યેહૂએ બેથેલમાંના તથા દાનમાંના સોનાના વાછરડાની પૂજા કરવાનું ચાલુ રાખ્યું.

30
וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | יְהוָה યહોવાહે H3068 | אֶל־ ને H0413 | יֵהוּא યેહૂને H3058 | יַעַן કારણ-કે H3282 | אֲשֶׁר־ જે | הֱטִיבֹתָ સારું-કર્યું H2895 | לַעֲשׂוֹת કરવું | הַיָּשָׁר ખરું H3477 | בְּעֵינַי મારી-નજરમાં | כְּכֹל બધા-પ્રમાણે H3605
אֲשֶׁר જે | בִּלְבָבִי મારા-હૃદયમાં H3824 | עָשִׂיתָ કર્યું-તેં | לְבֵית ઘરાણાને | אַחְאָב આહાબના H0256 | בְּנֵי પુત્રો | רְבִעִים ચોથી-પેઢી H7243 | יֵשְׁבוּ બેસશે H3427 | לְךָ તારા | עַל־ ઉપર | כִּסֵּא રાજગાદી H3678
יִשְׂרָאֵל׃ ઇઝરાયેલની H3478

પછી યહોવાહે યેહૂને કહ્યુ, "કેમ કે મારી દ્રષ્ટિમાં જે સારું હતું તે તેં કર્યું, જે બધું મારા હૃદયમાં હતું તે પ્રમાણે આહાબના કુટુંબને મારી નાખવાનું તેં કર્યું તે સારું કર્યું છે, તારી ચોથી પેઢી સુધીના તારા વંશજો ઇઝરાયલના રાજયાસન પર બેસશે."

31
וְיֵהוּא પણ-યેહૂ H3058 | לֹא ના H3808 | שָׁמַר રાખ્યું H8104 | לָלֶכֶת ચાલવું H3212 | בְּתוֹרַת־ નિયમ-માં H8451 | יְהוָה યહોવાહના H3068 | אֱלֹהֵי־ ઈશ્વર H0430 | יִשְׂרָאֵל ઇઝરાયેલના H3478 | בְּכָל־ પૂરા H3605 | לְבָבוֹ હૃદયથી H3824 | לֹא ના H3808 | סָר ખસ્યો H5493
מֵעַל થી | חַטֹּאות પાપો | יָרָבְעָם યરોબઆમના H3379 | אֲשֶׁר જેણે | הֶחֱטִיא પાપ-કરાવ્યું H2398 | אֶת־ ને H0853 | יִשְׂרָאֵל׃ ઇઝરાયેલને H3478

તો પણ યેહૂએ ઇઝરાયલના ઈશ્વર યહોવાહના નિયમ પ્રમાણે ચાલવાની તેના પૂરા હૃદયથી કાળજી રાખી નહિ. યરોબામ જે પાપો કરીને ઇઝરાયલ પાસે દુરાચાર કરાવતો હતો તે કરવાનું તેણે ચાલુ રાખ્યું.

32
בַּיָּמִים તે-દિવસોમાં H3117 | הָהֵם તે H1992 | הֵחֵל શરૂ-કર્યું | יְהוָה યહોવાહે H3068 | לְקַצּוֹת ઘટાડવું H7096 | בְּיִשְׂרָאֵל ઇઝરાયેલને H3478 | וַיַּכֵּם અને-માર્યા-તેઓને H5221 | חֲזָאֵל હઝાએલે H2371 | בְּכָל־ સમગ્ર H3605 | גְּבוּל સીમા H1366
יִשְׂרָאֵל׃ ઇઝરાયેલની H3478

તે દિવસોમાં યહોવાહે ઇઝરાયલના પ્રદેશનો નાશ કરવા માંડ્યો, હઝાએલે ઇઝરાયલીઓને તેઓની હદમાં હરાવ્યા.

33
מִן־ થી | הַיַּרְדֵּן યર્દન H3383 | מִזְרַח પૂર્વ H4217 | הַשֶּׁמֶשׁ સૂર્યનો H8121 | אֵת ને H0853 | כָּל־ સમગ્ર H3605 | אֶרֶץ ભૂમિ H0776 | הַגִּלְעָד ગિલયાદની H1568 | הַגָּדִי ગાદીઓ H1425 | וְהָרֻאוּבֵנִי અને-રેઉબેનીઓ H7206 | וְהַמְנַשִּׁי અને-મનાશ્શીઓ H4520
מֵעֲרֹעֵר અરોએરથી H6177 | אֲשֶׁר જે | עַל־ ઉપર | נַחַל નદી | אַרְנֹן આર્નોનની H0769 | וְהַגִּלְעָד અને-ગિલયાદ H1568 | וְהַבָּשָׁן׃ અને-બાશાન H1316

યર્દન નદીની પૂર્વ તરફ, આર્નોનની ખીણ પાસેના અરોએરથી ગિલ્યાદ તથા બાશાન સુધી આખા ગિલ્યાદ દેશને, ગાદીઓને, રુબેનીઓને તથા મનાશ્શીઓને હરાવ્યા.

34
וְיֶתֶר અને-બાકીના | דִּבְרֵי વૃત્તાંત H1697 | יֵהוּא યેહૂના H3058 | וְכָל־ અને-બધું H3605 | אֲשֶׁר જે | עָשָׂה કર્યું | וְכָל־ અને-બધી H3605 | גְּבוּרָתוֹ પરાક્રમ-તેનું H1369 | הֲלוֹא־ શું-ના H3808 | הֵם તે H1992 | כְּתוּבִים લખેલા-છે H3789
עַל־ માં | סֵפֶר પુસ્તક | דִּבְרֵי ઇતિહાસ H1697 | הַיָּמִים દિવસોના H3117 | לְמַלְכֵי રાજાઓના H4428 | יִשְׂרָאֵל׃ ઇઝરાયેલના H3478

યેહૂનાં બાકીનાં કૃત્યો અને તેણે જે સર્વ કર્યું તે, તેનાં પરાક્રમો ઇઝરાયલના રાજાઓના કાળવૃત્તાંતના પુસ્તકમાં લખેલાં નથી શું?

35

| וַיִּשְׁכַּב | יֵהוּא | עִם־ | אֲבֹתָיו | וַיִּקְבְּרוּ | אֹתוֹ | בְּשֹׁמְרוֹן | וַיִּמְלֹךְ | יְהוֹאָחָז | בְּנוֹ | תַּחְתָּיו׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ઊંઘી-ગયો | યેહૂ | સાથે | પૂર્વજો-તેના | અને-દફનાવ્યો | તેને | શોમરોનમાં | અને-રાજ-કર્યું | યહોઆહાઝ | પુત્ર-તેના | તેના-બદલે |
| H7901 | H3058 | | H0001 | H6912 | H0853 | H8111 | | H3059 | | H8478 |

પછી યેહૂ તેના પિતૃઓ સાથે ઊંઘી ગયો, તેઓએ તેને સમરુનમાં દફનાવ્યો. તેના દીકરા યહોઆહાઝે તેની જગ્યાએ રાજ કર્યું.

36

| וְהַיָּמִים | אֲשֶׁר | מָלַךְ | יֵהוּא | עַל־ | יִשְׂרָאֵל | עֶשְׂרִים | וּשְׁמֹנֶה־ | שָׁנָה | בְּשֹׁמְרוֹן׃ | פ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-દિવસો | જેટલા | રાજ-કર્યું | યેહૂએ | ઉપર | ઇઝરાયેલ | અઠ્ઠાવીસ | અને-આઠ | વર્ષ | શોમરોનમાં | — |
| H3117 | | | H3058 | | H3478 | H6242 | H8083 | H8141 | H8111 | |

યેહૂએ સમરુનમાં અઠ્ઠાવીસ વર્ષ સુધી ઇઝરાયલ પર રાજ કર્યું હતું.

## Chapter 11

1

| וַעֲתַלְיָה | אֵם | אֲחַזְיָהוּ | [וראתה] | (רָאֲתָה) | כִּי | מֵת | בְּנָהּ | וַתָּקָם | וַתְּאַבֵּד | אֵת | כָּל־ | זֶרַע | הַמַּמְלָכָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-અથાલ્યાહ | માતા | અહઝ્યાહની | [જોયું] | જોયું | કે | મરી-ગયો | તેનો-પુત્ર | અને-ઊઠી | અને-નાશ-કર્યો | ને | બધા | વંશજો | રાજવંશના |
| H6271 | H0517 | H0274 | H7200 | H7200 | | H4191 | | | H0006 | H0853 | H3605 | H2233 | H4467 |

હવે અહાઝયાહની માતા અથાલ્યાએ જોયું કે તેનો દીકરો મરણ પામ્યો છે, ત્યારે તેણે ઊઠીને બધા રાજપુત્રોને મારી નાખ્યા.

2

| וַתִּקַּח | יְהוֹשֶׁבַע | בַּת־ | הַמֶּלֶךְ־ | יוֹרָם | אֲחוֹת | אֲחַזְיָהוּ | אֶת־ | יוֹאָשׁ | בֶּן־ | אֲחַזְיָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-લીધો | યહોશેબાએ | પુત્રી | રાજા | યોરામની | બહેન | અહઝ્યાહની | ને | યોઆશને | પુત્ર | અહઝ્યાહનો |
| H3947 | H3089 | H1323 | H4428 | H3141 | H0269 | H0274 | H0853 | H3101 | | H0274 |

| וַתִּגְנֹב | אֹתוֹ | מִתּוֹךְ | בְּנֵי־ | הַמֶּלֶךְ | [הממותתים] | (הַמּוּמָתִים) | אֹתוֹ | וְאֶת־ | מֵינִקְתּוֹ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ચોરી-લીધો | તેને | વચ્ચેથી | પુત્રો | રાજાના | [મારી-નાખવાતા] | મારવામાં-આવતા | તેને | અને-ને | તેની-ધાત્રીને |
| H1589 | H0853 | H8432 | | H4428 | H4191 | H4191 | H0853 | H0853 | H3243 |

| בַּחֲדַר | הַמִּטּוֹת | וַיַּסְתִּרוּ | אֹתוֹ | מִפְּנֵי | עֲתַלְיָהוּ | וְלֹא | הוּמָת׃ |
|---|---|---|---|---|---|---|---|
| ઓરડામાં | પથારીઓના | અને-છુપાવ્યો | તેને | સામેથી | અથાલ્યાહના | અને-ના | મારવામાં-આવ્યો |
| H2315 | H4296 | H5641 | H0853 | H6440 | H6271 | H3808 | H4191 |

પણ યોરામ રાજાની દીકરી તથા અહાઝયાહની બહેન યહોશેબાએ અહાઝયાહના એક દીકરા યોઆશને રાજાના જે દીકરાઓ માર્યા ગયા હતા તેઓ મધ્યેથી લઈને તેને તથા તેની દાસીને શયનખંડમાં પૂરી દીધાં. તેઓએ તેને અથાલ્યાથી સંતાડ્યો કે જેથી તે તેને મારી નાખે નહિ.

3

| וַיְהִי | אִתָּהּ | בֵּית | יְהוָה | מִתְחַבֵּא | שֵׁשׁ | שָׁנִים | וַעֲתַלְיָה | מֹלֶכֶת | עַל־ | הָאָרֶץ׃ | פ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-રહ્યો | તેની-સાથે | મંદિર | યહોવાહના | છુપાઈને | છ | વર્ષ | અને-અથાલ્યાહ | રાજ-કરતી-હતી | ઉપર | દેશ | — |
| H1961 | H0854 | | H3068 | H2244 | H8337 | H8141 | H6271 | | | H0776 | |

તે યહોશેબાની સાથે છ વર્ષ સુધી યહોવાહના ઘરમાં સંતાઈ રહ્યો તે દરમિયાન અથાલ્યા દેશ પર રાજ કરતી રહી.

4 וּבַשָּׁנָה અને-વર્ષે H8141 | הַשְּׁבִיעִית સાતમા H7637 | שָׁלַח મોકલ્યો H7971 | יְהוֹיָדָע યહોયાદાએ H3077 | וַיִּקַּח અને-લીધા H3947 | אֶת־ ને H0853 | שָׂרֵי સરદારો H8269 | [המאיות] [સેંકડોના] H3967 | (הַמֵּאוֹת) સેંકડોના H3967 | לַכָּרִי કારી H3746
וְלָרָצִים અને-રક્ષકોના H7323 | וַיָּבֵא અને-લાવ્યો H0935 | אֹתָם તેઓને H0853 | אֵלָיו પોતાની-પાસે H0413 | בֵּית મંદિર | יְהוָה યહોવાહના H3068 | וַיִּכְרֹת અને-કર્યો H3772 | לָהֶם તેઓ-સાથે H1992 | בְּרִית કરાર H1285 | וַיַּשְׁבַּע અને-સોગંદ-લેવડાવ્યા H7650
אֹתָם તેઓને H0853 | בְּבֵית મંદિરમાં | יְהוָה યહોવાહના H3068 | וַיַּרְא અને-બતાવ્યો H7200 | אֹתָם તેઓને H0853 | אֶת־ ને H0853 | בֶּן־ પુત્ર | הַמֶּלֶךְ׃ રાજાનો H4428

સાતમે વર્ષે યહોયાદાએ સંદેશાવાહકો મોકલીને કારીઓના નાયકોના સરદારોના શતાધિપતિઓને તથા રક્ષકોને યહોવાહના ઘરમાં પોતાની પાસે બોલાવ્યા. તેણે યહોવાહના ઘરમાં તેઓની સાથે કરાર કર્યો અને સમ ખવડાવ્યા. પછી તેણે તેઓને રાજાનો દીકરો બતાવ્યો.

5 וַיְצַוֵּם અને-આજ્ઞા-આપી H6680 | לֵאמֹר કહેતાં H0559 | זֶה આ H2088 | הַדָּבָר વાત-છે H1697 | אֲשֶׁר જે | תַּעֲשׂוּן કરવાનું | הַשְּׁלִשִׁית ત્રીજો-ભાગ H7992 | מִכֶּם તમારામાંથી | בָּאֵי આવનારા H0935 | הַשַּׁבָּת વિશ્રામવારે H7676
וְשֹׁמְרֵי અને-ચોકીદારો H8104 | מִשְׁמֶרֶת ચોકી H4931 | בֵּית મહેલ | הַמֶּלֶךְ׃ રાજાના H4428

તેણે તેઓને આજ્ઞા કરીને કહ્યુ, “આ કામ તમારે કરવું. તમે જે વિશ્રામવારે અંદર આવો, તેઓમાંના ત્રીજા ભાગના લોકોએ રાજાના મહેલની ચોકી કરવી,

6 וְהַשְּׁלִשִׁית અને-ત્રીજો-ભાગ H7992 | בְּשַׁעַר દરવાજે H8179 | סוּר સૂરના H5495 | וְהַשְּׁלִשִׁית અને-ત્રીજો-ભાગ H7992 | בַּשַּׁעַר દરવાજે H8179 | אַחַר પાછળ | הָרָצִים રક્ષકોના H7323 | וּשְׁמַרְתֶּם અને-રાખો H8104 | אֶת־ ને H0853 | מִשְׁמֶרֶת ચોકી H4931
הַבַּיִת મંદિરની | מַסָּח׃ રક્ષા-માટે H4535

ત્રીજા ભાગના લોકો સૂરના દરવાજે અને બાકીના ત્રીજા ભાગના લોકો સલામતી રક્ષકોની પાછળ દરવાજે રહે.”

7 וּשְׁתֵּי અને-બે H8147 | הַיָּדוֹת ટુકડીઓ H3027 | בָּכֶם તમારામાંથી | כֹּל બધા H3605 | יֹצְאֵי જનારા H3318 | הַשַּׁבָּת વિશ્રામવારે H7676 | וְשָׁמְרוּ અને-રક્ષા-કરો H8104 | אֶת־ ને H0853 | מִשְׁמֶרֶת ચોકી H4931 | בֵּית־ મંદિર | יְהוָה યહોવાહની H3068
אֶל־ ની-પાસે H0413 | הַמֶּלֶךְ׃ રાજાના H4428

વિશ્રામવારે બહાર જનાર તમારા બધાની બે ટુકડીઓ રાજાની આસપાસ યહોવાહના સભાસ્થાનની ચોકી કરે.

8 וְהִקַּפְתֶּם અને-ઘેરો | עַל־ ને | הַמֶּלֶךְ રાજાને H4428 | סָבִיב ચારેબાજુ H5439 | אִישׁ દરેક H0376 | וְכֵלָיו અને-હથિયાર-તેનું H3627 | בְּיָדוֹ હાથમાં-તેના H3027 | וְהַבָּא અને-આવનાર H0935 | אֶל־ ની H0413 | הַשְּׂדֵרוֹת હરોળમાં H7713
יוּמָת માર-નાખો H4191 | וִהְיוּ અને-રહો H1961 | אֶת־ સાથે H0854 | הַמֶּלֶךְ રાજાના H4428 | בְּצֵאתוֹ બહાર-જતાં H3318 | וּבְבֹאוֹ׃ અને-અંદર-આવતાં H0935

દરેક માણસે પોતાના હાથમાં હથિયાર રાખીને રાજાની આસપાસ ગોઠવાઈને ઊભા રહેવું. જે કોઈ તમારી હારની અંદર પ્રવેશે તેને મારી નાખવો. રાજા બહાર જાય ત્યારે અને અંદર આવે ત્યારે તમારે તેની સાથે જ રહેવું.

9

| | | |
|---|---|---|
| וַֽיַּעֲשׂוּ | અને-કર્યું | |
| שָׂרֵי | સરદારોએ | H8269 |
| [המאיות] | [સેંકડોના] | H3967 |
| (הַמֵּאוֹת) | સેંકડોના | H3967 |
| כְּכֹל | બધા-પ્રમાણે | H3605 |
| אֲשֶׁר־ | જે | |
| צִוָּה | આજ્ઞા-કરી | H6680 |
| יְהוֹיָדָע | યહોયાદા | H3077 |
| הַכֹּהֵן | યાજક | H3548 |
| וַיִּקְחוּ | અને-લીધા | H3947 |
| אִישׁ | દરેક | H0376 |
| אֶת־ | ને | H0853 |
| אֲנָשָׁיו | પોતાના-માણસો | H0376 |
| בָּאֵי | આવનારા | H0935 |
| הַשַּׁבָּת | વિશ્રામવારે | H7676 |
| עִם | સાથે | |
| יֹצְאֵי | જનારા | H3318 |
| הַשַּׁבָּת | વિશ્રામવારે | H7676 |
| וַיָּבֹאוּ | અને-આવ્યા | H0935 |
| אֶל־ | પાસે | H0413 |
| יְהוֹיָדָע | યહોયાદા | H3077 |
| הַכֹּהֵן׃ | યાજક | H3548 |

તેથી યહોયાદા યાજકે જે આજ્ઞા કરી તે પ્રમાણે સરદારોના શતાધિપતિઓએ કર્યું. દરેક માણસે વિશ્રામવારે કામ કરતા તથા વિશ્રામવારે કામ ન કરતા પોતાના બધા માણસોને એકત્ર કર્યા અને તેઓને લઈને તેઓ યાજક યહોયાદા પાસે આવ્યા.

10

| | | |
|---|---|---|
| וַיִּתֵּן | અને-આપ્યા | H5414 |
| הַכֹּהֵן | યાજકે | H3548 |
| לְשָׂרֵי | સરદારોને | H8269 |
| [המאיות] | [સેંકડોના] | H3967 |
| (הַמֵּאוֹת) | સેંકડોના | H3967 |
| אֶת־ | ને | H0853 |
| הַחֲנִית | ભાલા | H2595 |
| וְאֶת־ | અને-ને | H0853 |
| הַשְּׁלָטִים | ઢાલો | H7982 |
| אֲשֶׁר | જે | |
| לַמֶּלֶךְ | રાજા | H4428 |
| דָּוִד | દાઉદના | H1732 |
| אֲשֶׁר | જે | |
| בְּבֵית | મંદિરમાં | |
| יְהוָה׃ | યહોવાહના | H3068 |

દાઉદના જે ભાલા તથા ઢાલો યહોવાહના ઘરમાં હતાં તે યાજક યહોયાદાએ શતાધિપતિઓના સરદારોને આપ્યાં.

11

| | | |
|---|---|---|
| וַיַּעַמְדוּ | અને-ઊભા-રહ્યા | H5975 |
| הָרָצִים | રક્ષકો | H7323 |
| אִישׁ | દરેક | H0376 |
| וְכֵלָיו | અને-હથિયાર-તેનું | H3627 |
| בְּיָדוֹ | હાથમાં-તેના | H3027 |
| מִכֶּתֶף | ખભાથી | H3802 |
| הַבַּיִת | મંદિરના | |
| הַיְמָנִית | જમણા | H3233 |
| עַד־ | સુધી | H5704 |
| כֶּתֶף | ખભા | H3802 |
| הַבַּיִת | મંદિરના | |
| הַשְּׂמָאלִית | ડાબા | H8042 |
| לַמִּזְבֵּחַ | વેદી-પાસે | H4196 |
| וְלַבָּיִת | અને-મંદિર-પાસે | |
| עַל־ | ફરતે | |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| סָבִיב׃ | ચારેબાજુ | H5439 |

તેથી દરેક રક્ષક સિપાઈ પોતાના હાથમાં હથિયાર લઈને સભાસ્થાનની જમણી બાજુથી તે સભાસ્થાનની ડાબી બાજુ સુધી, વેદી તથા સભાસ્થાન આગળ રાજાની આસપાસ ચોકી કરતા હતા.

12

| | | |
|---|---|---|
| וַיּוֹצִא | અને-બહાર-લાવ્યો | H3318 |
| אֶת־ | ને | H0853 |
| בֶּן־ | પુત્ર | |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| וַיִּתֵּן | અને-મૂક્યો | H5414 |
| עָלָיו | ઉપર-તેના | |
| אֶת־ | ને | H0853 |
| הַנֵּזֶר | મુગટ | H5145 |
| וְאֶת־ | અને-ને | H0853 |
| הָעֵדוּת | સાક્ષ્ય | H5715 |
| וַיַּמְלִכוּ | અને-રાજા-બનાવ્યો | |
| אֹתוֹ | તેને | H0853 |
| וַיִּמְשָׁחֻהוּ | અને-અભિષિક્ત-કર્યો | H4886 |
| וַיַּכּוּ־ | અને-તાળી-પાડી | H5221 |
| כָף | તાળી | H3709 |
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| יְחִי | જીવો | H2421 |
| הַמֶּלֶךְ׃ | રાજા | H4428 |
| ס | — | |

પછી યહોયાદાએ રાજપુત્ર યોઆશને બહાર લાવીને તેના માથા પર રાજમુગટ મૂક્યો તથા કરારનું હુકમનામું આપ્યું. પછી તેઓએ તેનો રાજા તરીકે અભિષેક કર્યો. તેઓએ તાળીઓ પાડીને કહ્યુ, "રાજા ઘણું જીવો"

13

| | | |
|---|---|---|
| וַתִּשְׁמַע | અને-સાંભળ્યો | H8085 |
| עֲתַלְיָה | અથાલ્યાહે | H6271 |
| אֶת־ | ને | H0853 |
| קוֹל | અવાજ | |
| הָרָצִין | રક્ષકોનો | H7323 |
| הָעָם | લોકોનો | |
| וַתָּבֹא | અને-આવી | H0935 |
| אֶל־ | પાસે | H0413 |
| הָעָם | લોકો | |
| בֵּית | મંદિર | |
| יְהוָה׃ | યહોવાહના | H3068 |

જ્યારે અથાલ્યાએ લોકોનો તથા રક્ષકોનો અવાજ સાંભળ્યો, ત્યારે તે લોકોની પાસે યહોવાહના ઘરમાં આવી.

14 וַתֵּרֶא અને-જોયું H7200 · וְהִנֵּה અને-જુઓ H2009 · הַמֶּלֶךְ રાજા H4428 · עֹמֵד ઊભો-હતો H5975 · עַל־ ઉપર · הָעַמּוּד સ્તંભ H5982 · כַּמִּשְׁפָּט રિવાજ-પ્રમાણે H4941 · וְהַשָּׂרִים અને-સરદારો H8269 · וְהַחֲצֹצְרוֹת અને-રણશિંગડા H2689 · אֶל־ પાસે H0413

הַמֶּלֶךְ રાજાના H4428 · וְכָל־ અને-બધા H3605 · עַם લોકો · הָאָרֶץ દેશના H0776 · שָׂמֵחַ આનંદ-કરતા H8056 · וְתֹקֵעַ અને-વગાડતા H8628 · בַּחֲצֹצְרוֹת રણશિંગડા H2689 · וַתִּקְרַע અને-ફાડ્યાં H7167 · עֲתַלְיָה અથાલ્યાહે H6271 · אֶת־ ને H0853

בְּגָדֶיהָ કપડાં-તેનાં · וַתִּקְרָא અને-બૂમ-પાડી H7121 · קֶשֶׁר ષડ્યંત્ર H7195 · קָשֶׁר׃ ષડ્યંત્ર H7195 · ס —

તેણે જોયું તો, જુઓ, રિવાજ પ્રમાણે રાજા તેના પાયાસન પર ઊભો હતો. સરદારો તથા રણશિંગડાં વગાડનારા રાજાની પાસે ઊભા હતા. દેશના બધા લોકો આનંદ કરતા અને રણશિંગડાં વગાડતા હતા. ત્યારે અથાલ્યાએ પોતાનાં વસ્ત્ર ફાડીને જોરથી બૂમ પાડી, “રાજદ્રોહ□ રાજદ્રોહ□”

15 וַיְצַו અને-આજ્ઞા-કરી H6680 · יְהוֹיָדָע યહોયાદા H3077 · הַכֹּהֵן યાજક H3548 · אֶת־ ને H0853 · שָׂרֵי સરદારો H8269 · [המאיות] [સેંકડોના] H3967 · (הַמֵּאוֹת) સેંકડોના H3967 · פְּקֻדֵי અધિકારીઓ · הַחַיִל સૈન્યના H2428 · וַיֹּאמֶר અને-કહ્યુ H0559

אֲלֵיהֶם તેઓને H0413 · הוֹצִיאוּ બહાર-લઈ-જાઓ H3318 · אֹתָהּ તેને H0853 · אֶל־ ની H0413 · מִבֵּית અદરથી · לַשְּׂדֵרֹת હરોળોની H7713 · וְהַבָּא અને-આવનાર H0935 · אַחֲרֶיהָ તેની-પાછળ · הָמֵת મારી-નાખો H4191 · בֶּחָרֶב તલવારથી H2719

כִּי કારણ-કે · אָמַר કહ્યુ H0559 · הַכֹּהֵן યાજકે H3548 · אַל־ ના H0408 · תּוּמַת મારો-તેને H4191 · בֵּית મંદિરમાં · יְהוָה׃ યહોવાહના H3068

યાજક યહોયાદાએ સૈન્યના ઉપરી શતાધિપતિઓને આજ્ઞા કરીને કહ્યુ, “તેને બહાર કાઢો. અને સિપાઈઓની હરોળોની વચ્ચે લાવો. જે કોઈ તેની પાછળ આવે તેને તલવારથી મારી નાખો.” કેમ કે યાજકે કહ્યુ, “તેને યહોવાહના ઘરમાં મારી નાખવી નહિ.”

16 וַיָּשִׂמוּ અને-પકડ્યા · לָהּ તેના · יָדַיִם હાથ H3027 · וַתָּבוֹא અને-આવી H0935 · דֶּרֶךְ־ રસ્તે H1870 · מְבוֹא પ્રવેશ H3996 · הַסּוּסִים ઘોડાઓના · בֵּית મહેલ · הַמֶּלֶךְ રાજાના H4428 · וַתּוּמַת અને-મારવામાં-આવી H4191 · שָׁם׃ ત્યાં H8033

ס —

તેથી તેઓએ અથાલ્યાને માટે રસ્તો કર્યો, તે ઘોડાને અદર આવવાના માર્ગેથી રાજમહેલ આગળ ગઈ. ત્યાં તેને મારી નાખવામાં આવી.

17 וַיִּכְרֹת અને-કર્યો H3772 · יְהוֹיָדָע યહોયાદાએ H3077 · אֶת־ ને H0853 · הַבְּרִית કરાર H1285 · בֵּין વચ્ચે H0996 · יְהוָה યહોવાહ H3068 · וּבֵין અને-વચ્ચે H0996 · הַמֶּלֶךְ રાજા H4428 · וּבֵין અને-વચ્ચે H0996 · הָעָם લોકો · לִהְיוֹת થવા H1961

לְעָם પ્રજા · לַיהוָה યહોવાહની H3068 · וּבֵין અને-વચ્ચે H0996 · הַמֶּלֶךְ રાજા H4428 · וּבֵין અને-વચ્ચે H0996 · הָעָם׃ લોકો

યહોયાદાએ યહોવાહ અને રાજા યોઆશ તથા લોકોની વચ્ચે કરાર કર્યો કે, તેઓએ યહોવાહના લોક થવું, તેણે રાજા અને લોકો વચ્ચે પણ કરાર કર્યો.

18 וַיָּבֹאוּ અને-ગયા H0935 · כָל־ બધા H3605 · עַם લોકો · הָאָרֶץ દેશના H0776 · בֵּית־ મંદિર · הַבַּעַל બઆલના · וַיִּתְּצֻהוּ અને-તોડ્યું H5422 · אֶת־ ને H0853 · [מזבחתו] [વેદીઓ] H4196 · (מִזְבְּחֹתָיו) વેદીઓ-તેની H4196 · וְאֶת־ અને-ને H0853

צְלָמָיו મૂર્તિઓ-તેની H6754 · שִׁבְּרוּ ભાંગી H7665 · הֵיטֵב સારી-રીતે H3190 · וְאֵת અને-ને H0853 · מַתָּן મત્તાનને H4977 · כֹּהֵן યાજક H3548 · הַבַּעַל બઆલના · הָרְגוּ મારી-નાખ્યો H2026 · לִפְנֵי સામે H6440 · הַמִּזְבְּחוֹת વેદીઓની H4196 · וַיָּשֶׂם અને-મૂક્યા

הַכֹּהֵן યાજકે H3548 · פְּקֻדּוֹת ચોકીદારો H6486 · עַל־ ઉપર · בֵּית મંદિર · יְהוָה׃ યહોવાહના H3068

પછી દેશના બધા લોકો બઆલના મંદિરે ગયા અને તેને તોડી નાખ્યું. તેઓએ તેની વેદીઓ તથા મૂર્તિઓના ટુકડે ટુકડાં કરી નાખ્યા. બઆલના યાજક માત્તાનને વેદીઓ આગળ મારી નાખ્યો. પછી યાજકે યહોવાહના સભાસ્થાનનું રક્ષણ કરવા માટે ચોકીદારો નીમ્યા.

19

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקַּח | אֶת־ | שָׂרֵי | הַמֵּאוֹת | וְאֶת־ | הַכָּרִי | וְאֶת־ | הָרָצִים | וְאֵת | כָּל־ | עַם | הָאָרֶץ |
| અને-લીધા | ને | સરદારો | સૅકડોના | અને-ને | કારી | અને-ને | રક્ષકો | અને-ને | બધા | લોકો | દેશના |
| H3947 | H0853 | H8269 | H3967 | H0853 | H3746 | H0853 | H7323 | H0853 | H3605 | | H0776 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּרִידוּ | אֶת־ | הַמֶּלֶךְ | מִבֵּית | יְהוָה | וַיָּבוֹאוּ | דֶּרֶךְ־ | שַׁעַר | הָרָצִים | בֵּית | הַמֶּלֶךְ |
| અને-ઉતાર્યો | ને | રાજાને | મંદિરમાંથી | યહોવાહના | અને-આવ્યા | રસ્તે | દ્વાર | રક્ષકોના | મહેલ | રાજાના |
| H3381 | H0853 | H4428 | | H3068 | H0935 | H1870 | H8179 | H7323 | | H4428 |

| | | | |
|---|---|---|---|
| וַיֵּשֶׁב | עַל־ | כִּסֵּא | הַמְּלָכִים׃ |
| અને-બેઠો | ઉપર | રાજગાદી | રાજાઓની |
| H3427 | | H3678 | H4428 |

યહોયાદાએ કારીઓના શતાધિપતિઓને, નાયકને, ચોકીદારોને તથા દેશના બધા લોકોને સાથે લીધા. તેઓ રાજાને યહોવાહના સભાસ્થાનમાંથી લઈને ચોકીદારોના દરવાજે થઈને રાજમહેલમાં આવ્યા. અને યોઆશને રાજાના સિંહાસન પર બેસાડયો.

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׂמַח | כָל־ | עַם־ | הָאָרֶץ | וְהָעִיר | שָׁקָטָה | וְאֶת־ | עֲתַלְיָהוּ | הֵמִיתוּ | בַחֶרֶב |
| અને-આનંદ-કર્યો | બધા | લોકો | દેશના | અને-નગર | શાંત-થયું | અને-ને | અથાલ્યાહને | મારી-નાખ્યા | તલવારથી |
| H8055 | H3605 | | H0776 | | H8252 | H0853 | H6271 | H4191 | H2719 |

| | | | |
|---|---|---|---|
| בֵּית | [מלך] | (הַמֶּלֶךְ׃) | ס |
| મહેલ | [રાજાના] | રાજાના | — |
| | H4428 | H4428 | |

તેથી દેશના સર્વ લોકોએ આનંદ કર્યો અને નગરમાં શાંતિ થઈ. તેઓએ અથાલ્યાને રાજમહેલમાં તલવારથી મારી નાખી.

21

| | | | | | |
|---|---|---|---|---|---|
| בֶּן־ | שֶׁבַע | שָׁנִים | יְהוֹאָשׁ | בְּמָלְכוֹ׃ | פ |
| પુત્ર | સાત | વર્ષનો | યહોઆશ | રાજ-કરતાં-તેના | — |
| | H7651 | H8141 | H3060 | | |

યોઆશ જયારે રાજ કરવા આવ્યો ત્યારે તે માત્ર સાત વર્ષનો હતો.

## Chapter 12

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בִּשְׁנַת־ | שֶׁבַע | לְיֵהוּא | מָלַךְ | יְהוֹאָשׁ | וְאַרְבָּעִים | שָׁנָה | מָלַךְ | בִּירוּשָׁלִָם | וְשֵׁם | אִמּוֹ |
| ના-વર્ષમાં | સાતમા | યેહૂના | રાજ્ય-કર્યું | યોઆશ | અને-ચાળીસ | વર્ષ | રાજ્ય-કર્યું | યરૂશાલેમમાં | અને-નામ | તેની-માનું |
| H8141 | H7651 | H3058 | | H3060 | H0705 | H8141 | | H3389 | H8034 | H0517 |

| | |
|---|---|
| צִבְיָה | מִבְּאֵר שָׁבַע׃ |
| ઝિબ્યાહ | બેરશેબાની-હતી |
| H6645 | H0884 |

યેહૂની કારકિર્દીને સાતમે વર્ષે યોઆશ રાજ કરવા લાગ્યો, તેણે યરુશાલેમમાં ચાળીસ વર્ષ સુધી રાજ કર્યું. તેની માતાનું નામ સિબ્યા હતું તે બેરશેબાની હતી.

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַשׂ | יְהוֹאָשׁ | הַיָּשָׁר | בְּעֵינֵי | יְהוָה | כָּל־ | יָמָיו | אֲשֶׁר | הוֹרָהוּ | יְהוֹיָדָע | הַכֹּהֵן׃ |
| અને-કર્યું | યોઆશે | સારું | ની-નજરમાં | યહોવાહની | બધા | દિવસો | જેમાં | તેને-શીખવ્યું | યહોયાદા | યાજકે |
| | H3060 | H3477 | | H3068 | H3605 | H3117 | | | H3077 | H3548 |

તે સર્વ દિવસોમાં યોઆશે યહોવાહની દ્રષ્ટિમાં જે સારું હતું તે કર્યું, કેમ કે, યહોયાદા યાજક તેને સલાહ આપતો હતો.

3

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| רַק | הַבָּמוֹת | לֹא־ | סָרוּ | עוֹד | הָעָם | מְזַבְּחִים | וּמְקַטְּרִים | בַּבָּמוֹת׃ |
| ફક્ત | ઊંચાં-સ્થાનો | નહોતાં | દૂર-થયાં | હજુ | લોકો | બલિદાન-ચઢાવતા-હતા | અને-ધૂપ-બાળતા-હતા | ઊંચાં-સ્થાનો-પર |
| H7535 | H1116 | H3808 | H5493 | H5750 | | H2076 | | H1116 |

પણ ઉચ્ચસ્થાનો કાઢી નાખવામાં આવ્યાં નહિ. લોકો હજી સુધી ત્યાં ધૂપ બાળતા અને યજ્ઞ કરતા હતા.

4

| וַיֹּאמֶר | יְהוֹאָשׁ | אֶל־ | הַכֹּהֲנִים | כֹּל | כֶּסֶף | הַקֳּדָשִׁים | אֲשֶׁר־ | יוּבָא | בֵית־ | יְהוָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | યોઆશે | ને | યાજકોને | બધું | ચાંદી | પવિત્ર-વસ્તુઓનું | જે | લાવવામાં-આવે | ઘરમાં | યહોવાહના |
| H0559 | H3060 | H0413 | H3548 | H3605 | H3701 | H6944 | | H0935 | | H3068 |

| כֶּסֶף | עוֹבֵר | אִישׁ | כֶּסֶף | נַפְשׁוֹת | עֶרְכּוֹ | כָּל־ | כֶּסֶף | אֲשֶׁר | יַעֲלֶה | עַל | לֶב־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ચાંદી | પસાર-થનારની | દરેક-વ્યક્તિની | ચાંદી | જીવોના | મૂલ્યાંકનની | બધી | ચાંદી | જે | ચઢે | પર | હૃદયમાં |
| H3701 | | H0376 | H3701 | H5315 | H6187 | H3605 | H3701 | | H5927 | | |

| אִישׁ | לְהָבִיא | בֵּית | יְהוָה׃ |
|---|---|---|---|
| માણસના | લાવવા | ઘરમાં | યહોવાહના |
| H0376 | H0935 | | H3068 |

યોઆશે યાજકોને કહ્યુ, "અર્પણ કરેલી વસ્તુઓના નાણાં, ચલણી નાણાં જે યહોવાહના ઘરમાં લાવવામાં છે તે, દરેક માણસ દીઠ ઠરાવેલી જકાત અને જે નાણાં લોકોને યહોવાહના ઘરમાં લાવવાનું મન થાય તે બધાં નાણાં,

5

| יִקְחוּ | לָהֶם | הַכֹּהֲנִים | אִישׁ | מֵאֵת | מַכָּרוֹ | וְהֵם | יְחַזְּקוּ | אֶת־ | בֶּדֶק |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લે | પોતાના-માટે | યાજકો | દરેક | પાસેથી | પોતાના-ઓળખીતાના | અને-તેઓ | સમારકામ-કરે | — | તૂટેલા-ભાગ |
| H3947 | | H3548 | H0376 | H0854 | H4378 | H1992 | H2388 | H0853 | H0919 |

| הַבַּיִת | לְכֹל | אֲשֶׁר־ | יִמָּצֵא | שָׁם | בָּדֶק׃ | פ |
|---|---|---|---|---|---|---|
| ઘરના | બધા-માટે | જ્યાં | મળે | ત્યાં | તૂટેલું | — |
| | H3605 | | H4672 | H8033 | H0919 | |

યાજકોએ તે દરેક કર ઉઘરાવનારા પાસેથી એકત્ર કરવાં, યાજકો તેમાંથી સભાસ્થાનને જ્યાં કહીં સમારકામ કરવાની જરૂર હોય ત્યાં ત્યાં સમારકામ કરવામાં વાપરે.

6

| וַיְהִי | בִּשְׁנַת | עֶשְׂרִים | וְשָׁלֹשׁ | שָׁנָה | לַמֶּלֶךְ | יְהוֹאָשׁ | לֹא־ | חִזְּקוּ | הַכֹּהֲנִים | אֶת־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | વર્ષમાં | ત્રેવીસમા | અને-ત્રણ | વર્ષ | રાજાના | યોઆશ | નહોતું | સમારકામ-કર્યું | યાજકોએ | — |
| H1961 | H8141 | H6242 | H7969 | H8141 | H4428 | H3060 | H3808 | H2388 | H3548 | H0853 |

| בֶּדֶק | הַבָּיִת׃ |
|---|---|
| તૂટેલા-ભાગનું | ઘરના |
| H0919 | |

પણ યોઆશ રાજાના ત્રેવીસમા વર્ષ સુધી યાજકોએ ઘરમાં કંઈ સમારકામ કરાવ્યું નહિ.

7

| וַיִּקְרָא | הַמֶּלֶךְ | יְהוֹאָשׁ | לִיהוֹיָדָע | הַכֹּהֵן | וְלַכֹּהֲנִים | וַיֹּאמֶר | אֲלֵהֶם | מַדּוּעַ | אֵינְכֶם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બોલાવ્યા | રાજા | યોઆશે | યહોયાદાને | યાજકને | અને-યાજકોને | અને-કહ્યુ | તેઓને | શા-માટે | તમે-નથી |
| H7121 | H4428 | H3060 | H3077 | H3548 | H3548 | H0559 | H0413 | H4069 | H0369 |

| מְחַזְּקִים | אֶת־ | בֶּדֶק | הַבָּיִת | וְעַתָּה | אַל־ | תִּקְחוּ־ | כֶסֶף | מֵאֵת | מַכָּרֵיכֶם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સમારકામ-કરતા | — | તૂટેલા-ભાગનું | ઘરના | અને-હવે | ના | લો | ચાંદી | પાસેથી | તમારા-ઓળખીતાઓ |
| H2388 | H0853 | H0919 | | H6258 | H0408 | H3947 | H3701 | H0854 | H4378 |

| כִּי־ | לְבֶדֶק | הַבַּיִת | תִּתְּנֻהוּ׃ |
|---|---|---|---|
| પણ | સમારકામ-માટે | ઘરના | આપો-તે |
| | H0919 | | H5414 |

ત્યારે યોઆશ રાજાએ યહોયાદા યાજક અને બીજા યાજકોને બોલાવીને તેમને કહ્યુ, "શા માટે તમે સભાસ્થાનનું સમારકામ કરાવતાં નથી? હવેથી તમારે તમારા કર ઉઘરાવનાર પાસેથી કોઈ નાણાં લેવાં નહિ, પણ જે નાણાં સભાસ્થાનના સમારકામ માટે ભેગાં કરેલાં છે તે, નાણાં જેઓ સમારકામ કરે તેને આપી દો."

8

| וַיֵּאֹתוּ | הַכֹּהֲנִים | לְבִלְתִּי | קְחַת־ | כֶסֶף | מֵאֵת | הָעָם | וּלְבִלְתִּי | חַזֵּק | אֶת־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-સંમત-થયા | યાજકો | નહિ | લેવા | ચાંદી | પાસેથી | લોકો | અને-નહિ | સમારકામ-કરવા | — |
| H0225 | H3548 | H1115 | H3947 | H3701 | H0854 | | H1115 | H2388 | H0853 |

| בֶּדֶק | הַבָּיִת׃ |
|---|---|
| તૂટેલા-ભાગનું | ઘરના |
| H0919 | |

યાજકો સંમત થયા કે અમે હવેથી લોકો પાસેથી નાણાં લઈશું નહિ તેમ જ સભાસ્થાનનું સમારકામ કરીશું નહિ.

9

| | | |
|---|---|---|
| וַיִּקַּח | અને-લીધો | H3947 |
| יְהוֹיָדָע | યહોયાદા | H3077 |
| הַכֹּהֵן | યાજકે | H3548 |
| אֲרוֹן | પેટી | H0727 |
| אֶחָד | એક | H0259 |
| וַיִּקֹּב | અને-કાણું-પાડ્યું | |
| חֹר | છિદ્ર | H2356 |
| בְּדַלְתּוֹ | તેના-ઢાંકણમાં | |
| וַיִּתֵּן | અને-મૂકી | H5414 |
| אֹתוֹ | તેને | H0853 |
| אֵצֶל | પાસે | H0681 |
| הַמִּזְבֵּחַ | વેદીની | H4196 |
| [בימין] | — | H3225 |
| (מִיָּמִין) | જમણી-બાજુ | H3225 |
| בְּבוֹא־ | આવતાં | H0935 |
| אִישׁ | માણસ | H0376 |
| בֵּית | ઘરમાં | |
| יְהוָה | યહોવાહના | H3068 |
| וְנָתְנוּ־ | અને-નાખતા-હતા | H5414 |
| שָׁמָּה | ત્યાં | H8033 |
| הַכֹּהֲנִים | યાજકો | H3548 |
| שֹׁמְרֵי | રક્ષકો | H8104 |
| הַסַּף | ઉંબરાના | |
| אֶת־ | — | H0853 |
| כָּל־ | બધી | H3605 |
| הַכֶּסֶף | ચાંદી | H3701 |
| הַמּוּבָא | લાવવામાં-આવેલી | H0935 |
| בֵית־ | ઘરમાં | |
| יְהוָה׃ | યહોવાહના | H3068 |

પછી યહોયાદા યાજકે એક મોટી પેટી લીધી, તેના ઢાંકણમાં છેદ પાડ્યો. અને તેને યહોવાહના ઘરમાં અંદરના ભાગે જમણી બાજુએ વેદીની પાસે મૂકી. લોકો જે નાણાં લાવતા હતા તે બધાં નાણાં સભાસ્થાનના દરવાજાની ચોકી કરતા યાજકો તે પેટીમાં નાખતા હતા.

10

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-થયું | H1961 |
| כִּרְאוֹתָם | જોયું-ત્યારે | H7200 |
| כִּי־ | કે | |
| רַב | ઘણી | |
| הַכֶּסֶף | ચાંદી | H3701 |
| בָּאָרוֹן | પેટીમાં | H0727 |
| וַיַּעַל | અને-આવ્યો | H5927 |
| סֹפֵר | મુનશી | |
| הַמֶּלֶךְ | રાજાનો | H4428 |
| וְהַכֹּהֵן | અને-યાજક | H3548 |
| הַגָּדוֹל | મુખ્ય | |
| וַיָּצֻרוּ | અને-બાંધ્યું | |
| וַיִּמְנוּ | અને-ગણી | H4487 |
| אֶת־ | — | H0853 |
| הַכֶּסֶף | ચાંદી | H3701 |
| הַנִּמְצָא | મળેલી | H4672 |
| בֵית־ | ઘરમાં | |
| יְהוָה׃ | યહોવાહના | H3068 |

જ્યારે તેઓએ જોયું કે પેટીમાં ઘણાં નાણાં ભેગાં થયાં છે, ત્યારે રાજાનો નાણામંત્રી અને મુખ્ય યાજક આવીને જે નાણાં યહોવાહના સભાસ્થાનમાંથી જમા થયેલાં હોય તેની ગણતરી કરતા.

11

| | | |
|---|---|---|
| וְנָתְנוּ | અને-આપતા-હતા | H5414 |
| אֶת־ | — | H0853 |
| הַכֶּסֶף | ચાંદી | H3701 |
| הַמְתֻכָּן | તોળેલી | H8505 |
| עַל־ | પર | |
| [ידי] | — | H3027 |
| (יְדֵי) | હાથોમાં | H3027 |
| עֹשֵׂי | કરનારાઓના | |
| הַמְּלָאכָה | કામ | H4399 |
| [הפקדים] | — | |
| (הַמֻּפְקָדִים) | નિરીક્ષકોના | |
| בֵּית | ઘરના | |
| יְהוָה | યહોવાહના | H3068 |
| וַיּוֹצִיאֻהוּ | અને-ખર્ચતા-હતા | H3318 |
| לְחָרָשֵׁי | સુથારોને | H2796 |
| הָעֵץ | લાકડાના | H6086 |
| וְלַבֹּנִים | અને-ચણનારાઓને | H1129 |
| הָעֹשִׂים | કામ-કરનારાઓ | |
| בֵּית | ઘરમાં | |
| יְהוָה׃ | યહોવાહના | H3068 |

પછી તે ગણેલાં નાણાં તેઓએ યહોવાહના સભાસ્થાનના સમારકામ પર દેખરેખ રાખનારાઓના હાથમાં આપ્યાં. તેઓએ આ નાણાં સુથાર અને કડિયા કે જેઓ યહોવાહના સભાસ્થાનનું સમારકામ કરતા હતા તેઓને આપ્યાં.

12

| | | |
|---|---|---|
| וְלַגֹּדְרִים | અને-દીવાલ-ચણનારાઓને | H1443 |
| וּלְחֹצְבֵי | અને-પથ્થર-કાપનારાઓને | H2672 |
| הָאֶבֶן | પથ્થરના | H0068 |
| וְלִקְנוֹת | અને-ખરીદવા | H7069 |
| עֵצִים | લાકડું | H6086 |
| וְאַבְנֵי | અને-પથ્થરો | H0068 |
| מַחְצֵב | કાપેલા | H4274 |
| לְחַזֵּק | સમારકામ-કરવા | H2388 |
| אֶת־ | — | H0853 |
| בֶּדֶק | તૂટેલા-ભાગનું | H0919 |
| בֵּית־ | ઘરના | |
| יְהוָה | યહોવાહના | H3068 |
| וּלְכֹל | અને-બધા-માટે | H3605 |
| אֲשֶׁר־ | જે | |
| יֵצֵא | ખર્ચાય | H3318 |
| עַל־ | પર | |
| הַבַּיִת | ઘરના | |
| לְחָזְקָה׃ | સમારકામ-માટે | H2394 |

લાકડાંના વેપારીઓને, પથ્થર ટાંકનારાઓને, યહોવાહના સભાસ્થાનના સમારકામ માટે લાકડું અને ટાંકેલા પથ્થર ખરીદવા માટે તથા સમારકામ માટે અન્ય જે બધો ખર્ચ થયો હતો તેને માટે ગણી આપ્યાં.

13

| | | |
|---|---|---|
| אַךְ | પરંતુ | H0389 |
| לֹא | નહિ | H3808 |
| יֵעָשֶׂה | બનાવાતાં-હતાં | |
| בֵּית | ઘર-માટે | |
| יְהוָה | યહોવાહના | H3068 |
| סִפּוֹת | ચાંદીના-પ્યાલા | |
| כֶּסֶף | ચાંદીના | H3701 |
| מְזַמְּרוֹת | કાતરો | H4212 |
| מִזְרָקוֹת | છાંટણા-પાત્રો | H4219 |
| חֲצֹצְרוֹת | રણશિંગડાં | H2689 |
| כָּל־ | કોઈ | H3605 |
| כְּלִי | વાસણ | H3627 |
| זָהָב | સોનાનું | H2091 |
| וּכְלִי־ | કે-વાસણ | H3627 |
| כָסֶף | ચાંદીનું | H3701 |
| מִן־ | માંથી | |
| הַכֶּסֶף | ચાંદી | H3701 |
| הַמּוּבָא | લાવવામાં-આવેલી | H0935 |
| בֵית־ | ઘરમાં | |
| יְהוָה׃ | યહોવાહના | H3068 |

પણ યહોવાહના ઘરમાં ભેગાં થયેલાં નાણાંથી તેઓએ ઘરમાં ચાંદીના પ્યાલા, કાતરો, વાસણો, રણશિંગડાં અથવા કોઈપણ જાતનાં સોના-ચાંદીનાં વાસણો બનાવ્યાં નહોતા.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה׃ | בֵּית | אֶת־ | בוֹ | וְחִזְּקוּ־ | יִתְּנֻהוּ | הַמְּלָאכָה | לְעֹשֵׂי | כִּי־ | 14 |
| યહોવાહના | ઘરનું | — | તેનાથી | અને-સમારકામ-કર્યું | આપતા-હતા-તે | કામ | કરનારાઓને | કારણ-કે | |
| H3068 | | H0853 | | H2388 | H5414 | H4399 | | | |

દાઉદે લેવીઓના આગેવાનોને વાજિંત્રો, એટલે સિતાર, વીણા, ઝાંઝ ઊંચે સ્વરે વગાડવા માટે તથા ઉત્સાહથી મોટી ગર્જના કરવા માટે પોતાના ગાયક ભાઈઓને નીમવાને કહ્યું.

17
וַיַּעֲמִידוּ અને-ઉભા-કર્યા H5975 | הַלְוִיִּם લેવીઓએ H3881 | אֵת — H0853 | הֵימָן હેમાનને H1968 | בֶּן־ પુત્ર | יוֹאֵל યોએલને H3100 | וּמִן־ અને | אֶחָיו તેને-ભાઈઓમાંથી H0251 | אָסָף આસાફને H0623 | בֶּן־ પુત્ર
בֶּרֶכְיָהוּ બરેખ્યાહુને H1296 | ס — | וּמִן־ અને | בְּנֵי પુત્રોમાંથી | מְרָרִי મરારીને H4847 | אֲחֵיהֶם તેમને-ભાઈઓ H0251 | אֵיתָן એતાનને H0387 | בֶּן־ પુત્ર | קוּשָׁיָהוּ׃ કુશાયાહુને H6984

માટે લેવીઓએ યોએલના પુત્ર હેમાનને, તેના ભાઈઓમાંના બેરેખ્યાના પુત્ર આસાફને તથા તેઓના ભાઈઓ, એટલે મરારીના વંશજોમાંના કૂશાયાના પુત્ર એથાનને નીમ્યા.

18
וְעִמָּהֶם અને-તેમની-સાથે | אֲחֵיהֶם તેમને-ભાઈઓ H0251 | הַמִּשְׁנִים બીજી-કક્ષાને H4932 | זְכַרְיָהוּ ઝખર્યાહુ | בֵּן બેન H1122 | וְיַעֲזִיאֵל અને-યાઅઝીએલ H3268 | וּשְׁמִירָמוֹת અને-શમીરામોથ H8070 | וִיחִיאֵל અને-યહીએલ H3171
וְעֻנִּי અને-ઉન્ની H6042 | אֱלִיאָב એલિઆબ H0446 | וּבְנָיָהוּ અને-બનાયાહુ H1141 | וּמַעֲשֵׂיָהוּ અને-મઅસેયાહુ H4641 | וּמַתִּתְיָהוּ અને-મત્તિથ્યાહુ H4993 | וֶאֱלִיפְלֵהוּ અને-એલીફલેહુ H0466 | וּמִקְנֵיָהוּ અને-મિક્નેયાહુ H4737 | וְעֹבֵד אֱדֹם અને-ઓબેદ-એદોમ H5654
וִיעִיאֵל અને-યઈએલ H3273 | הַשֹּׁעֲרִים׃ દ્વારપાળો H7778

તેઓની સાથે તેઓના બીજા યોદ્ધા ભાઈઓને, એટલે ઝર્ખાયા, બની, યઝીએલ, શમિરામોથ, યહીએલ, ઉન્ની, અલિયાબ, બનાયા, માસેયા, માત્તિથ્યા, અલિફલેહુ, મિકનેયા, ઓબેદ-અદોમ તથા યેઈએલને દ્વારપાળો તરીકે નીમ્યા.

19
וְהַמְשֹׁרְרִים અને-ગાયકો H7891 | הֵימָן હેમાન H1968 | אָסָף આસાફ H0623 | וְאֵיתָן અને-એતાન H0387 | בִּמְצִלְתַּיִם ઝાંઝોથી H4700 | נְחֹשֶׁת કાંસાને | לְהַשְׁמִיעַ׃ સંભળાવવું H8085

હેમાન, આસાફ તથા એથાન, એ ગાયકોને પિત્તળની ઝાંઝ મોટેથી વગાડવા સારુ નીમવામાં આવ્યા.

20
וּזְכַרְיָה અને-ઝખર્યાહ | וַעֲזִיאֵל અને-અઝીએલ H5815 | וּשְׁמִירָמוֹת અને-શમીરામોથ H8070 | וִיחִיאֵל અને-યહીએલ H3171 | וְעֻנִּי અને-ઉન્ની H6042 | וֶאֱלִיאָב અને-એલિઆબ H0446 | וּמַעֲשֵׂיָהוּ અને-મઅસેયાહુ H4641 | וּבְנָיָהוּ અને-બનાયાહુ H1141
בִּנְבָלִים સિતારોથી | עַל־ ઉપર | עֲלָמוֹת׃ આલામોથ H5961

સિતારો વગાડવા માટે ઝખાર્યા, અઝીએલ, શમિરામોથ, યહીએલ, ઉન્ની, અલિયાબ, માસેયા તથા બનાયાને પસંદ કર્યા.

21
וּמַתִּתְיָהוּ અને-મત્તિથ્યાહુ H4993 | וֶאֱלִיפְלֵהוּ અને-એલીફલેહુ H0466 | וּמִקְנֵיָהוּ અને-મિક્નેયાહુ H4737 | וְעֹבֵד אֱדֹם અને-ઓબેદ-એદોમ H5654 | וִיעִיאֵל અને-યઈએલ H3273 | וַעֲזַזְיָהוּ અને-અઝઝ્યાહુ H5812 | בְּכִנֹּרוֹת વીણાઓથી H3658 | עַל־ ઉપર
הַשְּׁמִינִית આટમી-સૂરમાં H8067 | לְנַצֵּחַ׃ આગેવાની-કરવું H5329

વીણા વગાડવા માટે માત્તિથ્યા, અલિફલેહુ, મિકનેયા, ઓબેદ-અદોમ, યેઈએલ તથા અઝાઝયાને નીમવામાં આવ્યા.

22

| | | |
|---|---|---|
| וּכְנַנְיָהוּ | અને-કનન્યાહુ | H3663 |
| שַׂר־ | મુખ્ય | H8269 |
| הַלְוִיִּם | લેવીઓનો | H3881 |
| בְּמַשָּׂא | ઉચકવામાં | |
| יָסֹר | શિક્ષણ-આપતો-હતો | H3256 |
| בַּמַּשָּׂא | ઉચકવામાં | |
| כִּי | કારણ-કે | |
| מֵבִין | સમજદાર | H0995 |
| הֽוּא׃ | તે-હતો | H1931 |

લેવીઓનો આગેવાન કનાન્યા ગાયક તરીકે પ્રવીણ હતો. તે ગાયકોને માર્ગદર્શન આપતો હતો.

23

| | | |
|---|---|---|
| וּבֶרֶכְיָה | અને-બરેખ્યાહ | H1296 |
| וְאֶלְקָנָה | અને-એલ્કાનાહ | H0511 |
| שֹׁעֲרִים | દ્વારપાળો | H7778 |
| לָאָרֽוֹן׃ | કોશને | H0727 |

બેરેખ્યા તથા એલ્કાના કોશના દ્વારપાળો હતા.

24

| | | |
|---|---|---|
| וּשְׁבַנְיָהוּ | અને-શબન્યાહુ | H7645 |
| וְיוֹשָׁפָט | અને-યોશાફાટ | H3146 |
| וּנְתַנְאֵל | અને-નથનએલ | H5417 |
| וַעֲמָשַׂי | અને-અમાસાય | H6022 |
| וּזְכַרְיָהוּ | અને-ઝખર્યાહુ | |
| וּבְנָיָהוּ | અને-બનાયાહુ | H1141 |
| וֶאֱלִיעֶזֶר | અને-એલીએઝેર | H0461 |
| הַכֹּהֲנִים | યાજકો | H3548 |
| [מחצצרים] | — | H2690 |
| (מַחְצְרִים) | રણશિંગાઓ-વગાડનારા | H2690 |
| בַּחֲצֹצְרוֹת | રણશિંગાઓથી | H2689 |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| אֲרוֹן | કોશ | H0727 |
| הָאֱלֹהִים | ઈશ્વરને | H0430 |
| וְעֹבֵד אֱדֹם | અને-ઓબેદ-એદોમ | H5654 |
| וִיחִיָּה | અને-યહીયાહ | H3174 |
| שֹׁעֲרִים | દ્વારપાળો | H7778 |
| לָאָרֽוֹן׃ | કોશને | H0727 |

શબાન્યા, યોશાફાટ, નથાનએલ, અમાસાય, ઝખાર્યા, બનાયા, એલિએઝેર યાજકો, ઈશ્વરના કોશની આગળ રણશિંગડાં વગાડનારા હતા. ઓબેદ-અદોમ તથા યહિયા કોશના દ્વારપાળો હતા.

25

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-હતો | H1961 |
| דָוִיד | દાઉદ | H1732 |
| וְזִקְנֵי | અને-વડીલો | H2205 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલને | H3478 |
| וְשָׂרֵי | અને-સરદારો | H8269 |
| הָאֲלָפִים | હજારોને | H0505 |
| הַהֹלְכִים | જનારે | H1980 |
| לְהַעֲלוֹת | ઉપર-લાવવ | H5927 |
| אֶת־ | — | H0853 |
| אֲרוֹן | કોશ | H0727 |
| בְּרִית־ | કરારનો | H1285 |
| יְהוָה | યહોવાનો | H3068 |
| מִן־ | — | |
| בֵּית | ઘરથી | |
| עֹבֵד־אֱדֹם | ઓબેદ-એદોમને | H5654 |
| בְּשִׂמְחָה׃ | આનંદથી | H8057 |
| ס | — | |

પછી દાઉદ તથા ઇઝરાયલના વડીલો અને સહસ્રાધિપતિઓ, આનંદથી ઓબેદ-અદોમના ઘરમાંથી ઈશ્વરનો કરારકોશ લઈ આવવા ગયા.

26

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-થયું | H1961 |
| בֶּעְזֹר | મદદ-કરતાં | H5826 |
| הָאֱלֹהִים | ઈશ્વરે | H0430 |
| אֶת־ | — | H0853 |
| הַלְוִיִּם | લેવીઓને | H3881 |
| נֹשְׂאֵי | ઉચકનારા | H5375 |
| אֲרוֹן | કોશ | H0727 |
| בְּרִית־ | કરારનો | H1285 |
| יְהוָה | યહોવાનો | H3068 |
| וַיִּזְבְּחוּ | અને-બલિદાન-ચડાવ્યા | H2076 |
| שִׁבְעָה־ | સાત | H7651 |
| פָרִים | બળદો | H6499 |
| וְשִׁבְעָה | અને-સાત | H7651 |
| אֵילִים׃ | ઘેટાં | |

જયારે ઈશ્વર યહોવાહનો કરારકોશ ઊંચકનારા લેવીઓને સહાય કરી, ત્યારે તેઓએ સાત બળદો તથા સાત ઘેટાંઓનું અર્પણ કર્યું.

27

| | | |
|---|---|---|
| וְדָוִיד | અને-દાઉદ | H1732 |
| מְכֻרְבָּל | વીંટાયેલો-હતો | H3736 |
| בִּמְעִיל | ઝભ્ભામાં | H4598 |
| בּוּץ | શણને | H0948 |
| וְכָל־ | અને-બધા | H3605 |
| הַלְוִיִּם | લેવીઓ | H3881 |
| הַנֹּשְׂאִים | ઉચકનારા | H5375 |
| אֶת־ | — | H0853 |
| הָאָרוֹן | કોશને | H0727 |
| וְהַמְשֹׁרְרִים | અને-ગાયકો | H7891 |
| וּכְנַנְיָה | અને-કનન્યાહ | H3663 |
| הַשַּׂר | મુખ્ય | H8269 |
| הַמַּשָּׂא | ઉચકવાનો | |
| הַמְשֹׁרְרִים | ગાયકોનો | H7891 |
| וְעַל־ | અને-ઉપર | |
| דָוִיד | દાઉદને | H1732 |
| אֵפוֹד | એફોદ-હતો | H0646 |
| בָּד׃ | શણનો | H0906 |

દાઉદે કોશ ઊંચકનારા સર્વ લેવીઓ, ગાયકો તથા ગાયકોના ઉપરી કનાન્યાની જેમ સુંદર શણનો એફોદ ઝભ્ભો પહેરેલો હતો. દાઉદે સુંદર શણનો એફોદ પહેરેલો હતો.

28 וְכָל־ અને-બધા H3605
יִשְׂרָאֵל ઇઝરાયલ H3478
מַעֲלִים ઉપર-લાવતા-હતા H5927
אֶת־ — H0853
אֲרוֹן કોશ H0727
בְּרִית־ કરારનો H1285
יְהוָה યહોવાનો H3068
בִּתְרוּעָה જયઘોષથી H8643
וּבְקוֹל અને-અવાજે
שׁוֹפָר શિંગડાને H7782
וּבַחֲצֹצְרוֹת અને-રણશિંગાઓથી H2689
וּבִמְצִלְתָּיִם અને-ઝાંઝોથી H4700
מַשְׁמִעִים સંભળાવતા H8085
בִּנְבָלִים સિતારોથી
וְכִנֹּרוֹת׃ અને-વીણાઓથી H3658

તેથી સર્વ ઇઝરાયલીઓ યહોવાહના કરારકોશને હર્ષનાદ સહિત તથા શરણાઈ, રણશિંગડાં, ઝાંઝ, સિતાર તથા વીણા વગાડી ઊંચા અવાજો સાથે લઈ આવ્યા.

29 וַיְהִי અને-થયું H1961
אֲרוֹן કોશ H0727
בְּרִית કરારનો H1285
יְהוָה યહોવાનો H3068
בָּא આવ્યો H0935
עַד־ સુધી H5704
עִיר નગરમાં
דָּוִיד દાઉદને H1732
וּמִיכַל અને-મીખલ H4324
בַּת־ પુત્રી H1323
שָׁאוּל શાઉલની H7586
נִשְׁקְפָה બારીમાંથી-જોતી-હતી H8259
בְּעַד માંથી H1157
הַחַלּוֹן બારી H2474
וַתֵּרֶא અને-જોયો H7200
אֶת־ — H0853
הַמֶּלֶךְ રાજા H4428
דָּוִיד દાઉદને H1732
מְרַקֵּד નાચતા H7540
וּמְשַׂחֵק અને-ઉજવટા H7832
וַתִּבֶז અને-તુચ્છો-કર્યો H0959
לוֹ તેને
בְּלִבָּהּ׃ તેને-હૃદયમાં
פ —

યહોવાહનો કરારકોશ દાઉદનગરમાં લાવવામાં આવ્યો, ત્યારે શાઉલની પુત્રી મિખાલે બારીમાંથી બહાર જોયું. તેણે દાઉદ રાજાને, નૃત્ય કરતો તથા ઉજવણી કરતો જોયો. તેથી તેણે પોતાના મનમાં તેને તુચ્છકાર્યો.

## Chapter 16

1 וַיָּבִיאוּ અને-તેઓએ-લાવ્યો H0935
אֶת־ એ H0853
אֲרוֹן કોશ H0727
הָאֱלֹהִים ઈશ્વરનો H0430
וַיַּצִּיגוּ અને-મૂક્યો H3322
אֹתוֹ તેને H0853
בְּתוֹךְ વચ્ચે H8432
הָאֹהֶל તંબૂના H0168
אֲשֶׁר જે
נָטָה־ તાણ્યો-હતો H5186
לוֹ તેના-માટે
דָּוִיד દાઉદે H1732
וַיַּקְרִיבוּ અને-તેઓએ-ચઢાવ્યાં H7126
עֹלוֹת દહનાર્પણો
וּשְׁלָמִים અને-શાંત્યર્પણો H8002
לִפְנֵי સમક્ષ H6440
הָאֱלֹהִים׃ ઈશ્વરની H0430

તેઓએ ઈશ્વરના કોશને અંદર લાવીને, તેને માટે દાઉદે બાંધેલા મંડપની વચ્ચે તેને મૂક્યો. તેઓએ ઈશ્વરની આગળ દહનીયાર્પણો તથા શાંત્યર્પણો ચઢાવ્યાં.

2 וַיְכַל અને-પૂરું-કર્યું H3615
דָּוִיד દાઉદ H1732
מֵהַעֲלוֹת ચઢાવવાનું H5927
הָעֹלָה દહનાર્પણ
וְהַשְּׁלָמִים અને-શાંત્યર્પણો H8002
וַיְבָרֶךְ અને-આશીર્વાદ-આપ્યો H1288
אֶת־ એ H0853
הָעָם પ્રજાને
בְּשֵׁם નામે H8034
יְהוָה׃ યહોવાના H3068

જયારે દાઉદ દહનીયાર્પણો તથા શાંત્યર્પણો ચઢાવી રહ્યો, ત્યારે તેણે યહોવાહને નામે લોકોને આશીર્વાદ આપ્યો.

3 וַיְחַלֵּק અને-વહેંચ્યું
לְכָל־ દરેક H3605
אִישׁ પુરુષને H0376
יִשְׂרָאֵל ઇઝરાયલના H3478
מֵאִישׁ પુરુષથી H0376
וְעַד־ તે-સુધી H5704
אִשָּׁה સ્ત્રી H0802
לְאִישׁ દરેકને H0376
כִּכַּר־ એક-રોટલી H3603
לֶחֶם રોટલીની H3899
וְאֶשְׁפָּר અને-એક-ભાગ H0829
וַאֲשִׁישָׁה׃ અને-દ્રાક્ષની-ટિક્કી H0809

તેણે ઇઝરાયલના દરેક પુરુષ તથા સ્ત્રીને, એક એક ભાખરી, માંસનો કટકો તથા સૂકી દ્રાક્ષનો એકેક ઝૂમખો વહેંચી આપ્યો.

4 וַיִּתֵּן અને-નીમ્યા H5414
לִפְנֵי સમક્ષ H6440
אֲרוֹן કોશની H0727
יְהוָה યહોવાના H3068
מִן־ માંથી
הַלְוִיִּם લેવીઓમાંથી H3881
מְשָׁרְתִים સેવા-કરનારા H8334
וּלְהַזְכִּיר અને-સ્મરણ-કરવા H2142
וּלְהוֹדוֹת અને-આભાર-માનવા H3034
וּלְהַלֵּל અને-સ્તુતિ-કરવા
לַיהוָה યહોવાની H3068
אֱלֹהֵי ઈશ્વરની H0430
יִשְׂרָאֵל׃ ઇઝરાયલના H3478
פ —

યહોવાહના કોશની આગળ સેવા કરવા તથા ઇઝરાયલના ઈશ્વર યહોવાહનાં ગીત ગાવા, આભાર માનવા, સ્તુતિ કરવા તથા તેમની સંમુખ ઉજવણી કરવા માટે દાઉદે કેટલાક લેવીઓને નીમ્યા.

5

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אָסָף | הָרֹאשׁ | וּמִשְׁנֵהוּ | זְכַרְיָה | יְעִיאֵל | וּשְׁמִירָמוֹת | וִיחִיאֵל | וּמַתִּתְיָה | וֶאֱלִיאָב | וּבְנָיָהוּ | וְעֹבֵד אֱדֹם | וִיעִיאֵל | בִּכְלֵי | נְבָלִים | וּבְכִנֹּרוֹת | וְאָסָף | בַּמְצִלְתַּיִם | מַשְׁמִיעַ׃ |
| આસાફ | મુખ્ય | અને-તેનો-ઉપરી | ઝખાર્યા | યેઈએલ | અને-શમીરામોથ | અને-યહીએલ | અને-મત્તિથ્યા | અને-અલીઆબ | અને-બનાયા | અને-ઓબેદ-એદોમ | અને-યેઈએલ | વાજિંત્રો-સાથે | સિતારો | અને-વીણાઓ | અને-આસાફ | ઝાંઝ-વડે | વગાડતો-હતો |
| H0623 | | H4932 | | H3273 | H8070 | H3171 | H4993 | H0446 | H1141 | H5654 | H3273 | H3627 | | H3658 | H0623 | H4700 | H8085 |

આસાફ આગેવાન હતો. તેનાથી ઊતરતે દરજ્જે ઝખાર્યા, યઝીએલ, શમિરામોથ, યહીએલ, માત્તિથ્યા, અલિયાબ, બનાયા, ઓબેદ-અદોમ તથા યેઈએલ હતા. તેઓ સિતાર અને વીણા વગાડતા હતા. આસાફ મોટેથી ઝાંઝ વગાડતો હતો.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּבְנָיָהוּ | וְיַחֲזִיאֵל | הַכֹּהֲנִים | בַּחֲצֹצְרוֹת | תָּמִיד | לִפְנֵי | אֲרוֹן | בְּרִית־ | הָאֱלֹהִים׃ |
| અને-બનાયા | અને-યહઝીએલ | યાજકો | રણશિંગડાં-વડે | સતત | સમક્ષ | કોશની | કરારની | ઈશ્વરના |
| H1141 | H3166 | H3548 | H2689 | H8548 | H6440 | H0727 | H1285 | H0430 |

બનાયા તથા યાહઝીએલ યાજકો ઈશ્વરના કરારકોશની આગળ નિયમિત રણશિંગડાં વગાડતા હતા.

7

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בַּיּוֹם | הַהוּא | אָז | נָתַן | דָּוִיד | בָּרֹאשׁ | לְהֹדוֹת | לַיהוָה | בְּיַד־ | אָסָף | וְאֶחָיו׃ | פ |
| તે-દિવસે | તે | ત્યારે | આપ્યું | દાઉદે | પ્રથમ | આભાર-માનવા | યહોવાની | હાથે | આસાફના | અને-તેના-ભાઈઓના | — |
| H3117 | H1931 | | H5414 | H1732 | | H3034 | H3068 | H3027 | H0623 | H0251 | |

પછી તે દિવસે દાઉદે આસાફ તથા તેના ભાઈઓની મારફતે યહોવાહની સ્તુતિ માટે નીમ્યા.

8

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הוֹדוּ | לַיהוָה | קִרְאוּ | בִשְׁמוֹ | הוֹדִיעוּ | בָעַמִּים | עֲלִילֹתָיו׃ |
| આભાર-માનો | યહોવાનો | પોકારો | તેમના-નામે | જણાવો | લોકોમાં | તેમનાં-કાર્યો |
| H3034 | H3068 | H7121 | H8034 | H3045 | | H5949 |

ઈશ્વરનો આભાર માનો, તેમના નામે પ્રાર્થના કરો; લોકોમાં તેમના અદ્દભુત કાર્યો જાહેર કરો.

9

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שִׁירוּ | לוֹ | זַמְּרוּ־ | לוֹ | שִׂיחוּ | בְּכָל־ | נִפְלְאֹתָיו׃ |
| ગાઓ | તેમને | સ્તુતિ-ગાઓ | તેમને | વર્ણન-કરો | તેમના-સર્વ | અદ્ભુત-કાર્યોનું |
| H7891 | | H2167 | | H7878 | H3605 | H6381 |

તેમના ગુણગાન ગાઓ, તેમનાં સ્તુતિગાન કરો; તેમનાં સર્વ અદ્દભુત કાર્યોનું મનન કરો.

10

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הִתְהַלְלוּ | בְּשֵׁם | קָדְשׁוֹ | יִשְׂמַח | לֵב | מְבַקְשֵׁי | יְהוָה׃ |
| અભિમાન-કરો | નામનું | તેમના-પવિત્ર | આનંદ-કરે | હૃદય | શોધનારાઓનું | યહોવાના |
| | H8034 | H6944 | H8055 | | H1245 | H3068 |

તમે તેમના પવિત્ર નામનું ગૌરવ જાળવો; યહોવાહના ભક્તોનાં હૃદયો આનંદમાં રહો.

11

| | | | | | |
|---|---|---|---|---|---|
| דִּרְשׁוּ | יְהוָה | וְעֻזּוֹ | בַּקְּשׁוּ | פָנָיו | תָּמִיד׃ |
| શોધો | યહોવાને | અને-તેમનું-સામર્થ્ય | શોધો | તેમનું-મુખ | સદા |
| H1875 | H3068 | H5797 | H1245 | H6440 | H8548 |

યહોવાહને તથા તેમના સામર્થ્યને તમે શોધો; સદાસર્વદા તેમના મુખને શોધો.

12

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| זִכְרוּ | נִפְלְאֹתָיו | אֲשֶׁר | עָשָׂה | מֹפְתָיו | וּמִשְׁפְּטֵי־ | פִיהוּ׃ |
| યાદ-કરો | તેમના-અદ્ભુત-કાર્યો | જે | તેમણે-કર્યા | તેમનાં-ચિહ્નો | અને-ન્યાયો | તેમના-મુખના |
| H2142 | H6381 | | | H4159 | H4941 | H6310 |

જે અદ્દભુત કામો તેમણે કર્યાં છે તે યાદ રાખો, તેમના ચમત્કારો તથા તેમના મુખનાં ન્યાયવચનો યાદ રાખો.

13

| בְּחִירָיו׃ | יַעֲקֹב | בְּנֵי | עַבְדּוֹ | יִשְׂרָאֵל | זֶרַע |
|---|---|---|---|---|---|
| તેમના-પસંદ-કરેલા | યાકોબના | સંતાનો | તેમના-સેવકનો | ઇઝરાયલ | વંશ |
| H0972 | H3290 | | H5650 | H3478 | H2233 |

તમે ઈશ્વરના સેવક ઇઝરાયલના + 16:13 ઇબ્રાહીમના વંશજો છો, તમે યાકૂબના લોકો, તેમના પસંદ કરેલા છો.

14

| מִשְׁפָּטָיו׃ | הָאָרֶץ | בְּכָל־ | אֱלֹהֵינוּ | יְהוָה | הוּא |
|---|---|---|---|---|---|
| તેમના-ન્યાયો-છે | પૃથ્વી-પર | સમગ્ર | આપણા-ઈશ્વર-છે | યહોવા | તે |
| H4941 | H0776 | H3605 | H0430 | H3068 | H1931 |

તે આપણા ઈશ્વર, યહોવાહ છે. તેમની સત્તા સમગ્ર પૃથ્વી પર છે.

15

| דּוֹר׃ | לְאֶלֶף | צִוָּה | דָּבָר | בְּרִיתוֹ | לְעוֹלָם | זִכְרוּ |
|---|---|---|---|---|---|---|
| પેઢીઓ-સુધી | હજાર | તેમણે-આજ્ઞા-આપી | વચન | તેમનો-કરાર | સદાને-માટે | યાદ-કરો |
| H1755 | H0505 | H6680 | H1697 | H1285 | H5769 | H2142 |

તેમના કરાર તમે સદાકાળ યાદ રાખો, એટલે હજારો પેઢીઓ સુધી કાયમ રાખવાનું જે વચન તેમણે આપ્યું, તે યાદ રાખો.

16

| לְיִצְחָק׃ | וּשְׁבוּעָתוֹ | אַבְרָהָם | אֶת־ | כָּרַת | אֲשֶׁר |
|---|---|---|---|---|---|
| ઇસહાકને | અને-તેમનું-સોગંદનામું | ઇબ્રાહીમ | સાથે | તેમણે-બાંધ્યો | જે |
| H3327 | H7621 | H0085 | H0854 | H3772 | |

ઇબ્રાહિમની સાથે જે કરાર તેમણે કર્યો અને ઇસહાકની સાથે જે પ્રતિજ્ઞા તેમણે કરી.

17

| עוֹלָם׃ | בְּרִית | לְיִשְׂרָאֵל | לְחֹק | לְיַעֲקֹב | וַיַּעֲמִידֶהָ |
|---|---|---|---|---|---|
| સનાતન | કરાર | ઇઝરાયલ-માટે | વિધિ-તરીકે | યાકોબ-માટે | અને-સ્થાપિત-કર્યો |
| H5769 | H1285 | H3478 | H2706 | H3290 | H5975 |

એ જ વચન યાકૂબને માટે નિયમ તરીકે અને ઇઝરાયલને માટે સદાકાળના કરાર તરીકે રહેશે.

18

| נַחֲלַתְכֶם׃ | חֶבֶל | כְּנָעַן | אֶרֶץ־ | אֶתֵּן | לְךָ | לֵאמֹר |
|---|---|---|---|---|---|---|
| તમારા-વારસાનો | ભાગ | કનાનનો | દેશ | હું-આપીશ | તને | કહીને |
| H5159 | | | H0776 | H5414 | | H0559 |

તેમણે કહ્યુ, "હું તને આ કનાન દેશ આપીશ, તે તારા વારસાનો ભાગ થશે."

19

| בָּהּ׃ | וְגָרִים | כִּמְעַט | מִסְפָּר | מְתֵי | בִּהְיוֹתְכֶם |
|---|---|---|---|---|---|
| તેમાં | અને-પરદેશી | ખૂબ-ઓછા | સંખ્યામાં | થોડા | જ્યારે-તમે-હતા |
| | | H4592 | H4557 | H4962 | H1961 |

જયારે મેં આ કહ્યુ ત્યારે તમે સંખ્યામાં થોડા જ હતા, તદ્દન થોડા જ અને તમે અજાણ્યા હતા.

20

| אַחֵר׃ | עַם | אֶל־ | וּמִמַּמְלָכָה | גּוֹי | אֶל־ | מִגּוֹי | וַיִּתְהַלְּכוּ |
|---|---|---|---|---|---|---|---|
| પાસે | લોકો | બીજા | અને-એક-રાજ્યમાંથી | પ્રજામાં | બીજી | એક-પ્રજામાંથી | અને-તેઓ-ભટકતા-રહ્યા |
| H0312 | | H0413 | H4467 | | H0413 | | H1980 |

તેઓ એક દેશથી બીજે દેશ અને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ભટક્યા કરતા હતા.

21

| מְלָכִים׃ | עֲלֵיהֶם | וַיּוֹכַח | לְעָשְׁקָם | לְאִישׁ | הִנִּיחַ | לֹא־ |
|---|---|---|---|---|---|---|
| રાજાઓને | તેઓને-લીધે | અને-ઠપકો-આપ્યો | દબાવવા | કોઈને | દીધું | તેમણે-ન |
| H4428 | | H3198 | H6231 | H0376 | H3240 | H3808 |

ત્યારે ઈશ્વરે તેઓ પર કોઈને જુલમ કરવા દીધો નહિ; તેઓને લીધે તેમણે રાજાઓને શિક્ષા કરી.

22

| פ | תָּרֵעוּ׃ | אַל־ | וּבִנְבִיאַי | בִּמְשִׁיחָי | תִּגְּעוּ | אַל־ |
|---|---|---|---|---|---|---|
| — | નુકસાન-કરો | ન | અને-મારા-પ્રબોધકોને | મારા-અભિષિક્તોને | અડો | ન |
| | | H0408 | H5030 | H4899 | H5060 | H0408 |

તેમણે કહ્યું, “મારા અભિષિક્તોને અડશો નહિ અને મારા પ્રબોધકોને નુકસાન પહોંચાડશો નહિ.”

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 23 | שִׁירוּ | לַיהוָה | כָּל־ | הָאָרֶץ | בַּשְּׂרוּ | מִיּוֹם־ | אֶל־ | יוֹם | יְשׁוּעָתוֹ׃ |
| | ગાઓ | યહોવાને | સમગ્ર | પૃથ્વી | જાહેર-કરો | દિવસે-દિવસે | થી | દિવસ | તેમનું-તારણ |
| | H7891 | H3068 | H3605 | H0776 | H1319 | H3117 | H0413 | H3117 | H3444 |

હે આખી પૃથ્વીના લોકો, યહોવાહના ગુણગાન કરો; દિનપ્રતિદિન તેમના તારણને જાહેર કરો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 24 | סַפְּרוּ | בַגּוֹיִם | אֶת־ | כְּבוֹדוֹ | בְּכָל־ | הָעַמִּים | נִפְלְאֹתָיו׃ |
| | વર્ણન-કરો | પ્રજાઓમાં | તેમનો | મહિમા | સર્વ | લોકોમાં | તેમનાં-અદ્ભુત-કાર્યો |
| | | | H0853 | H3519 | H3605 | | H6381 |

રાષ્ટ્રોમાં તેમનો મહિમા પ્રગટ કરો. સર્વ દેશજાતિઓમાં તેમનાં અદ્દ્ભુત કાર્યો જાહેર કરો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 25 | כִּי | גָדוֹל | יְהוָה | וּמְהֻלָּל | מְאֹד | וְנוֹרָא | הוּא | עַל־ | כָּל־ | אֱלֹהִים׃ |
| | કારણ-કે | મહાન | યહોવા | અને-સ્તુત્ય | અત્યંત | અને-ભયાવહ | તે | સર્વ | ઉપર | દેવતાઓ |
| | | | H3068 | | H3966 | H3372 | H1931 | | H3605 | H0430 |

કેમ કે યહોવાહ મહાન છે તથા અતિ વિશેષ સ્તુતિપાત્ર છે, અને બીજા દેવો કરતાં તેઓનું ભય રાખવું યોગ્ય છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 26 | כִּי | כָּל־ | אֱלֹהֵי | הָעַמִּים | אֱלִילִים | וַיהוָה | שָׁמַיִם | עָשָׂה׃ |
| | કારણ-કે | સર્વ | દેવતાઓ | લોકોના | મૂર્તિઓ-છે | પણ-યહોવાએ | આકાશો | બનાવ્યા |
| | | H3605 | H0430 | | H0457 | H3068 | H8064 | |

કેમ કે લોકોના સર્વ દેવો મૂર્તિઓ જ છે, પણ યહોવાહે તો આકાશો બનાવ્યાં છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 27 | הוֹד | וְהָדָר | לְפָנָיו | עֹז | וְחֶדְוָה | בִּמְקֹמוֹ׃ |
| | ગૌરવ | અને-પ્રતાપ | તેમની-સમક્ષ | બળ | અને-આનંદ | તેમના-સ્થાનમાં |
| | H1935 | H1926 | H6440 | H5797 | H2304 | H4725 |

તેમની સંમુખ ગૌરવ તથા મહિમા છે. તેમના ભક્તિસ્થાનમાં સામર્થ્ય તથા આનંદ છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 28 | הָבוּ | לַיהוָה | מִשְׁפְּחוֹת | עַמִּים | הָבוּ | לַיהוָה | כָּבוֹד | וָעֹז׃ |
| | આપો | યહોવાને | કુળો | લોકોનાં | આપો | યહોવાને | મહિમા | અને-બળ |
| | H3051 | H3068 | H4940 | | H3051 | H3068 | H3519 | H5797 |

હે લોકોનાં કુળો, તમે યહોવાહને, હા, યહોવાહને જ, ગૌરવ તથા સામર્થ્યનું માન આપો.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 29 | הָבוּ | לַיהוָה | כְּבוֹד | שְׁמוֹ | שְׂאוּ | מִנְחָה | וּבֹאוּ | לְפָנָיו | הִשְׁתַּחֲווּ | לַיהוָה | בְּהַדְרַת־ | קֹדֶשׁ׃ |
| | આપો | યહોવાને | મહિમા | તેમના-નામનો | લાવો | અર્પણ | અને-આવો | તેમની-સમક્ષ | દંડવત-કરો | યહોવાને | પવિત્રતાની-શોભામાં | પવિત્ર |
| | H3051 | H3068 | H3519 | H8034 | H5375 | H4503 | H0935 | H6440 | H7812 | H3068 | H1927 | H6944 |

યહોવાહના નામને ઘટિત ગૌરવ આપો. અર્પણ લઈને તેમની હજૂરમાં આવો. પવિત્ર વસ્ત્રો ધારણ કરીને યહોવાહની આગળ નમો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 30 | חִילוּ | מִלְּפָנָיו | כָּל־ | הָאָרֶץ | אַף־ | תִּכּוֹן | תֵּבֵל | בַּל־ | תִּמּוֹט׃ |
| | કંપો | તેમની-સમક્ષ | સમગ્ર | પૃથ્વી | નિશ્ચે | સ્થિર-રહેશે | જગત | નહીં | ડગે |
| | | H6440 | H3605 | H0776 | H0637 | | H8398 | H1077 | H4131 |

સમગ્ર પૃથ્વી તેમની સમક્ષ ધ્રૂજે. જગત પણ એવી રીતે સ્થપાયેલું છે કે, તેને હલાવી શકાય તેમ નથી.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 31 | יִשְׂמְחוּ | הַשָּׁמַיִם | וְתָגֵל | הָאָרֶץ | וְיֹאמְרוּ | בַגּוֹיִם | יְהוָה | מָלָךְ׃ |
| | આનંદ-કરે | આકાશો | અને-હર્ષ-કરે | પૃથ્વી | અને-કહે | પ્રજાઓમાં | યહોવા | રાજ-કરે-છે |
| | H8056 | H8064 | H1523 | H0776 | H0559 | | H3068 | |

આકાશો આનંદ કરે તથા પૃથ્વી હરખાય; વિદેશીઓ મધ્યે એવું કહેવાય કે, “યહોવાહ રાજ કરે છે.”

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 32 | יִרְעַם | הַיָּם | וּמְלוֹאוֹ | יַעֲלֹץ | הַשָּׂדֶה | וְכָל־ | אֲשֶׁר־ | בּוֹ׃ |
| | ગર્જના-કરે | સમુદ્ર | અને-તેની-સંપૂર્ણતા | ઉલ્લાસ-કરે | ખેતર | અને-સર્વ | જે | તેમાં-છે |
| | H7481 | H3220 | H4393 | H5970 | | H3605 | | |

સમુદ્ર તથા તેમા જે છે તે ગર્જના કરે છે. ખેતરો તથા તેઓમાં જે છે, તે સર્વ ઉત્સાહ કરે છે.

33

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אָז | יְרַנְּנוּ | עֲצֵי | הַיָּעַר | מִלִּפְנֵי | יְהוָה | כִּי־ | בָא | לִשְׁפּוֹט | אֶת־ | הָאָרֶץ׃ |
| ત્યારે | ગાશે | વૃક્ષો | જંગલના | સમક્ષ | યહોવાની | કારણ-કે | તે-આવે-છે | ન્યાય-કરવા | એ | પૃથ્વીનો |
| | | H6086 | | H6440 | H3068 | | H0935 | H8199 | H0853 | H0776 |

પછી જંગલનાં વૃક્ષો યહોવાહની આગળ હર્ષનાદ કરશે, કેમ કે તેઓ પૃથ્વીના લોકોનો ન્યાય કરવા આવે છે.

34

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הוֹדוּ | לַיהוָה | כִּי | טוֹב | כִּי | לְעוֹלָם | חַסְדּוֹ׃ |
| આભાર-માનો | યહોવાનો | કારણ-કે | ભલા-છે | કારણ-કે | સદાકાળ | તેમની-કૃપા-છે |
| H3034 | H3068 | | | | H5769 | |

યહોવાહનો આભાર માનો, કેમ કે તેઓ કૃપાળુ છે, કેમ કે તેમનું વિશ્વાસુપણું સદાકાળ રહે છે.

35

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְאִמְרוּ | הוֹשִׁיעֵנוּ | אֱלֹהֵי | יִשְׁעֵנוּ | וְקַבְּצֵנוּ | וְהַצִּילֵנוּ | מִן־ | הַגּוֹיִם |
| અને-કહો | બચાવો-અમને | ઈશ્વર | અમારા-તારણના | અને-એકઠા-કરો-અમને | અને-છોડાવો-અમને | થી | પ્રજાઓ |
| H0559 | H3467 | H0430 | H3468 | H6908 | H5337 | | |

| | | | | |
|---|---|---|---|---|
| לְהֹדוֹת | לְשֵׁם | קָדְשֶׁךָ | לְהִשְׁתַּבֵּחַ | בִּתְהִלָּתֶךָ׃ |
| આભાર-માનવા | નામનો | તમારા-પવિત્ર | અભિમાન-કરવા | તમારી-સ્તુતિમાં |
| H3034 | H8034 | H6944 | | H8416 |

બોલો, "હે અમારા ઉદ્ધારનાર ઈશ્વર અમારો ઉદ્ધાર કરો. બીજી પ્રજાઓથી અમારી રક્ષા કરો અને અમને એકત્રિત કરો, કે જેથી અમે તમારા પવિત્ર નામનો આભાર માનીએ અને તમારી સ્તુતિ ગાઈએ."

36

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בָּרוּךְ | יְהוָה | אֱלֹהֵי | יִשְׂרָאֵל | מִן־ | הָעוֹלָם | וְעַד | הָעֹלָם | וַיֹּאמְרוּ | כָל־ |
| ધન્ય | યહોવા | ઈશ્વર | ઇઝરાયલના | થી | સનાતનકાળ | અને-સુધી | સનાતનકાળ | અને-બધા-લોકોએ-કહ્યુ | સર્વ |
| H1288 | H3068 | H0430 | H3478 | | H5769 | H5704 | H5769 | H0559 | H3605 |

| | | | | |
|---|---|---|---|---|
| הָעָם | אָמֵן | וְהַלֵּל | לַיהוָה׃ | פ |
| લોકોએ | આમીન | અને-સ્તુતિ | યહોવાને | — |
| | H0543 | | H3068 | |

ઇઝરાયલના ઈશ્વર, યહોવાહ અનાદિકાળથી તે અનંતકાળ માટે સ્તુત્ય થાઓ. પછી સર્વ લોકોએ "આમીન" કહીને યહોવાહની સ્તુતિ કરી.

37

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲזָב־ | שָׁם | לִפְנֵי | אֲרוֹן | בְּרִית־ | יְהוָה | לְאָסָף | וּלְאֶחָיו | לְשָׁרֵת | לִפְנֵי |
| અને-છોડી-ગયો | ત્યાં | સમક્ષ | કોશની | કરારની | યહોવાના | આસાફને | અને-તેના-ભાઈઓને | સેવા-કરવા | સમક્ષ |
| | H8033 | H6440 | H0727 | H1285 | H3068 | H0623 | H0251 | H8334 | H6440 |

| | | | | |
|---|---|---|---|---|
| הָאָרוֹן | תָּמִיד | לִדְבַר־ | יוֹם | בְּיוֹמוֹ׃ |
| કોશની | સતત | દિવસના-કામ | દિવસ | દરરોજ |
| H0727 | H8548 | H1697 | H3117 | H3117 |

ત્યાર પછી દાઉદે ત્યાં યહોવાહના કરારકોશની સેવા કરવા માટે આસાફની તથા તેના ભાઈઓની, કોશની આગળ રોજના કામની જરૂરિયાત પ્રમાણે નિત્ય સેવા માટે નિમણૂક કરી.

38

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְעֹבֵד אֱדֹם | וַאֲחֵיהֶם | שִׁשִּׁים | וּשְׁמוֹנָה | וְעֹבֵד אֱדֹם | בֶן־ | יְדִיתוּן | וְחֹסָה |
| અને-ઓબેદ-એદોમ | અને-તેના-ભાઈઓ | અડસઠ | જણ | અને-ઓબેદ-એદોમ | પુત્ર | યદીથૂનનો | અને-હોસા |
| H5654 | H0251 | H8346 | H8083 | H5654 | | H3038 | H2621 |

| |
|---|
| לְשֹׁעֲרִים׃ |
| દ્વારપાળો-તરીકે |
| H7778 |

તેમ જ યદૂથૂનનો પુત્ર ઓબેદ-અદોમ તથા હોસા અને તેઓના અડસઠ સંબંધીઓને દ્વારપાળો તરીકે નીમ્યા.

39

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵת | צָדוֹק | הַכֹּהֵן | וְאֶחָיו | הַכֹּהֲנִים | לִפְנֵי | מִשְׁכַּן | יְהוָה | בַּבָּמָה | אֲשֶׁר | בְּגִבְעוֹן׃ |
| અને | સાદોક | યાજક | અને-તેના-ભાઈઓ | યાજકોને | સમક્ષ | મંડપની | યહોવાના | ઊંચા-સ્થાને | જે | ગિબ્યોનમાં |
| H0853 | H6659 | H3548 | H0251 | H3548 | H6440 | H4908 | H3068 | H1116 | | H1391 |

સાદોક યાજકને તથા તેના સાથી યાજકોને ગિબ્યોનમાંના ધર્મસ્થાનોમાં યહોવાહના મંડપની સેવા માટે પસંદ કર્યો.

40 לְֽהַעֲלוֹת ચઢાવવા H5927 | עֹלוֹת દહનાર્પણો | לַיהוָה યહોવાને H3068 | עַל־ ઉપર | מִזְבַּח વેદી H4196 | הָעֹלָה દહનાર્પણની | תָּמִיד સતત H8548 | לַבֹּקֶר સવારે H1242 | וְלָעָרֶב અને-સાંજે H6153 | וּלְכָל־ અને-બધા-પ્રમાણે H3605
הַכָּתוּב લખેલા H3789 | בְּתוֹרַת નિયમશાસ્ત્રમાં H8451 | יְהוָה યહોવાના H3068 | אֲשֶׁר જે | צִוָּה તેમણે-આજ્ઞા-આપી H6680 | עַל־ ઉપર | יִשְׂרָאֵל׃ ઇઝરાયલને H3478

યહોવાહે, ઇઝરાયલને ફરમાવેલા નિયમશાસ્ત્રમાં જે સર્વ લખેલું છે, તે પ્રમાણે દરરોજ સવારે તથા સાંજે દહનીયાર્પણની વેદી પર યહોવાહને દહનીયાર્પણો ચઢાવવા માટે તેઓને નીમ્યા.

41 וְעִמָּהֶם અને-તેઓની-સાથે | הֵימָן હેમાન H1968 | וִידוּתוּן અને-યદૂથૂન H3038 | וּשְׁאָר અને-બાકીના H7605 | הַבְּרוּרִים પસંદ-કરેલા H1305 | אֲשֶׁר જેઓ | נִקְּבוּ નિયુક્ત-થયા-હતા | בְּשֵׁמוֹת નામે H8034 | לְהֹדוֹת આભાર-માનવા H3034
לַיהוָה યહોવાનો H3068 | כִּי કારણ-કે | לְעוֹלָם સદાકાળ H5769 | חַסְדּוֹ׃ તેમની-કૃપા-છે

તેઓની સાથે તેણે હેમાન તથા યદૂથૂન તથા બાકીના પસંદ કરેલા અન્યો કે જેઓ નામવાર નોંધાયેલા હતા, તેઓને યહોવાહ કે જેમની કરુણા સર્વકાળ સુધી ટકે છે તેમની આભારસ્તુતિ કરવા માટે નીમ્યા.

42 וְעִמָּהֶם અને-તેઓની-સાથે | הֵימָן હેમાન H1968 | וִידוּתוּן અને-યદૂથૂન H3038 | חֲצֹצְרוֹת રણશિંગડાં H2689 | וּמְצִלְתַּיִם અને-ઝાંઝ H4700 | לְמַשְׁמִיעִים વગાડનારા H8085 | וּכְלֵי અને-વાજિંત્રો H3627 | שִׁיר ગીતના | הָאֱלֹהִים ઈશ્વરના H0430
וּבְנֵי અને-પુત્રો | יְדוּתוּן યદૂથૂનના H3038 | לַשָּׁעַר׃ દ્વાર-માટે H8179

હેમાન તથા યદૂથૂનને ગીતોને માટે રણશિંગડાં, ઝાંઝ તથા અન્ય વાજિંત્રો આપવામાં આવ્યાં. યદૂથૂનના પુત્રોને દ્વારપાળોનું કામ સોંપવામાં આવ્યું હતું.

43 וַיֵּלְכוּ અને-ગયા H3212 | כָל־ બધા H3605 | הָעָם લોકો | אִישׁ દરેક H0376 | לְבֵיתוֹ પોતાના-ઘરે | וַיִּסֹּב અને-ફર્યો H5437 | דָּוִיד દાઉદ H1732 | לְבָרֵךְ આશીર્વાદ-આપવા H1288 | אֶת־ એ H0853 | בֵּיתוֹ׃ પોતાના-ઘરને | פ —

પછી સર્વ લોકો પાછા પોતપોતાને ઘરે ગયા અને દાઉદ પોતાના કુટુંબનાં માણસોને આશીર્વાદ આપવા માટે પોતાના મહેલમાં પાછો ગયો.

## Chapter 17

1 וַיְהִי અને-થયું H1961 | כַּאֲשֶׁר જ્યારે | יָשַׁב બેઠો H3427 | דָּוִיד દાઉદ H1732 | בְּבֵיתוֹ પોતાના-ઘરમાં | וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | דָּוִיד દાઉદે H1732 | אֶל־ ને H0413 | נָתָן નાથાન H5416 | הַנָּבִיא પ્રબોધકને H5030 | הִנֵּה જુઓ H2009 | אָנֹכִי હું H0595
יוֹשֵׁב રહું-છું H3427 | בְּבֵית ઘરમાં | הָאֲרָזִים દેવદાર-લાકડાના H0730 | וַאֲרוֹן અને-કોશ H0727 | בְּרִית־ કરારનો H1285 | יְהוָה યહોવાના H3068 | תַּחַת નીચે H8478 | יְרִיעוֹת׃ પડદાઓના H3407

દાઉદ પોતાના મહેલમાં રહેવા ગયો, ત્યાર પછી તેણે નાથાન પ્રબોધકને કહ્યુ, "જો, હું દેવદારના મહેલમાં રહું છું, પરંતુ ઈશ્વરનો કરારકોશ મંડપમાં રહે છે."

2 וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | נָתָן નાથાને H5416 | אֶל־ ને H0413 | דָּוִיד દાઉદને H1732 | כֹּל બધું H3605 | אֲשֶׁר જે | בִּלְבָבְךָ તારા-હૃદયમાં-છે H3824 | עֲשֵׂה કર | כִּי કારણ-કે | הָאֱלֹהִים ઈશ્વર H0430 | עִמָּךְ׃ તારી-સાથે-છે
ס —

પછી નાથાને દાઉદને કહ્યુ, “જા, તારા મનમાં જે હોય તે કર, કેમ કે ઈશ્વર તારી સાથે છે.”

3

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-થયું | H1961 |
| בַּלַּיְלָה | રાત્રે | H3915 |
| הַהוּא | તે | H1931 |
| וַיְהִי | અને-આવ્યું | H1961 |
| דְּבַר־ | વચન | H1697 |
| אֱלֹהִים | ઈશ્વરનું | H0430 |
| אֶל־ | ને | H0413 |
| נָתָן | નાથાનને | H5416 |
| לֵאמֹר׃ | કહીને | H0559 |

પણ તે જ રાત્રે ઈશ્વરની વાણી નાથાનની પાસે આવી,

4

| | | |
|---|---|---|
| לֵךְ | જા | H3212 |
| וְאָמַרְתָּ | અને-કહે | H0559 |
| אֶל־ | ને | H0413 |
| דָּוִיד | દાઉદને | H1732 |
| עַבְדִּי | મારા-સેવકને | H5650 |
| כֹּה | આમ | H3541 |
| אָמַר | કહે-છે | H0559 |
| יְהוָה | યહોવા | H3068 |
| לֹא | નહીં | H3808 |
| אַתָּה | તું | |
| תִבְנֶה־ | બાંધશે | H1129 |
| לִּי | મારા-માટે | |
| הַבַּיִת | ઘર | |
| לָשָׁבֶת׃ | રહેવા-માટે | H3427 |

“જા અને મારા સેવક દાઉદને કહે કે, ‘યહોવાહ એવું કહે છે: તારે મારે માટે રહેવાનું ભક્તિસ્થાન બાંધવું નહિ.

5

| | | |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| לֹא | નહીં | H3808 |
| יָשַׁבְתִּי | હું-રહ્યો-છું | H3427 |
| בְּבַיִת | ઘરમાં | |
| מִן־ | થી | |
| הַיּוֹם | દિવસ | H3117 |
| אֲשֶׁר | જ્યારે | |
| הֶעֱלֵיתִי | હું-લાવ્યો | H5927 |
| אֶת־ | એ | H0853 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલને | H3478 |
| עַד | સુધી | H5704 |
| הַיּוֹם | દિવસ | H3117 |
| הַזֶּה | આ | H2088 |
| וָאֶהְיֶה | અને-હું-રહ્યો | H1961 |
| מֵאֹהֶל | તંબૂથી | H0168 |
| אֶל־ | ને | H0413 |
| אֹהֶל | તંબૂમાં | H0168 |
| וּמִמִּשְׁכָּן׃ | અને-મંડપમાંથી | H4908 |

કેમ કે હું ઇઝરાયલને કાઢી લાવ્યો તે દિવસથી તે આજ સુધી હું ભક્તિસ્થાનમાં રહ્યો નથી. પણ એક તંબુથી તે બીજા તંબુમાં તથા એક મંડપથી તે બીજા મંડપમાં ફરતો રહ્યો છું.

6

| | | |
|---|---|---|
| בְּכֹל | બધામાં | H3605 |
| אֲשֶׁר־ | જ્યાં | |
| הִתְהַלַּכְתִּי | હું-ચાલ્યો | H1980 |
| בְּכָל־ | સમગ્ર | H3605 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલમાં | H3478 |
| הֲדָבָר | શું-વચન | H1697 |
| דִּבַּרְתִּי | હું-બોલ્યો | H1696 |
| אֶת־ | એ | H0854 |
| אַחַד | એક | H0259 |
| שֹׁפְטֵי | ન્યાયાધીશોને | H8199 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| אֲשֶׁר | જેમને | |
| צִוִּיתִי | હું-આજ્ઞા-આપી | H6680 |
| לִרְעוֹת | ચરાવવા | |
| אֶת־ | એ | H0853 |
| עַמִּי | મારા-લોકોને | |
| לֵאמֹר | કહીને | H0559 |
| לָמָּה | કેમ | H4100 |
| לֹא־ | નહીં | H3808 |
| בְנִיתֶם | તમે-બાંધ્યું | H1129 |
| לִי | મારા-માટે | |
| בֵּית | ઘર | |
| אֲרָזִים׃ | દેવદારનું | H0730 |

જે બધી જગ્યાઓમાં હું સર્વ ઇઝરાયલીઓ સાથે ચાલ્યો છું, ત્યાં ઇઝરાયલના જે આગેવાનોને મેં મારા લોકોનું પોષણ કરવાની આજ્ઞા આપી હતી, તેઓમાંના કોઈને મેં કદી પૂછ્યું છે કે, “મારા માટે તમે દેવદારનું ભક્તિસ્થાન કેમ બાંધ્યું નથી?”

7

| | | |
|---|---|---|
| וְעַתָּה | અને-હવે | H6258 |
| כֹּה־ | આમ | H3541 |
| תֹאמַר | કહે | H0559 |
| לְעַבְדִּי | મારા-સેવકને | H5650 |
| לְדָוִיד | દાઉદને | H1732 |
| ס | — | |
| כֹּה | આમ | H3541 |
| אָמַר | કહે-છે | H0559 |
| יְהוָה | યહોવા | H3068 |
| צְבָאוֹת | સૈન્યોના | |
| אֲנִי | મેં | H0589 |
| לְקַחְתִּיךָ | તને-લીધો | H3947 |
| מִן־ | થી | |
| הַנָּוֶה | ચરાણ | |
| מִן־ | થી | |
| אַחֲרֵי | પાછળથી | |
| הַצֹּאן | ઘેટાંના | H6629 |
| לִהְיוֹת | થવા | H1961 |
| נָגִיד | આગેવાન | H5057 |
| עַל | ઉપર | |
| עַמִּי | મારા-લોકો | |
| יִשְׂרָאֵל׃ | ઇઝરાયલ | H3478 |

માટે હવે, મારા સેવક દાઉદને કહે, ‘સર્વસમર્થ યહોવાહનાં આ વચન છે: “તું ઘેટાંને ચરાવતો હતો ત્યાંથી મેં તને મારા ઇઝરાયલીઓનો ઉપરી થવા માટે બોલાવી લીધો.

8

| | | |
|---|---|---|
| וָאֶהְיֶה | અને-હું-હતો | H1961 |
| עִמְּךָ | તારી-સાથે | |
| בְּכֹל | બધામાં | H3605 |
| אֲשֶׁר | જ્યાં | |
| הָלַכְתָּ | તું-ચાલ્યો | H1980 |
| וָאַכְרִית | અને-હું-કાપી-નાખ્યા | H3772 |
| אֶת־ | એ | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| אוֹיְבֶיךָ | તારા-દુશ્મનો | H0341 |
| מִפָּנֶיךָ | તારી-સામેથી | H6440 |
| וְעָשִׂיתִי | અને-હું-બનાવીશ | |
| לְךָ | તને | |
| שֵׁם | નામ | H8034 |
| כְּשֵׁם | નામ-જેવું | H8034 |
| הַגְּדוֹלִים | મહાન-લોકોના | |
| אֲשֶׁר | જે | |
| בָּאָרֶץ׃ | પૃથ્વી-પર-છે | H0776 |

અને તું જ્યાં કહીં ગયો, ત્યાં હું તારી સાથે રહ્યો છું, તારી આગળથી તારા શત્રુઓનો મેં નાશ કર્યો છે. હવે પછી હું તને પૃથ્વીના મહાન પુરુષો જેવો વિખ્યાત બનાવીશ.

9

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְשַׂמְתִּי | מָקוֹם | לְעַמִּי | יִשְׂרָאֵל | וּנְטַעְתִּיהוּ | וְשָׁכַן | תַּחְתָּיו | וְלֹא | יִרְגַּז |
| અને-હું-રાખીશ | સ્થાન | મારા-લોકો-માટે | ઇઝરાયલ | અને-હું-રોપીશ-તેમને | અને-રહેશે | ત્યાં | અને-નહીં | તેઓ-કંપશે |
| | H4725 | | H3478 | H5193 | H7931 | H8478 | H3808 | H7264 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עוֹד | וְלֹא- | יוֹסִיפוּ | בְנֵי- | עַוְלָה | לְבַלֹּתוֹ | כַּאֲשֶׁר | בָּרִאשׁוֹנָה: |
| ફરીથી | અને-નહીં | ચાલુ-રાખશે | સંતાનો | દુષ્ટતાના | તેમને-ઘસવા | જેમ | પહેલાં |
| H5750 | H3808 | H3254 | | | H1086 | | H7223 |

હું મારા ઇઝરાયલી લોકોને માટે એક સ્થાન ઠરાવીને તેઓને ત્યાં ઠરીઠામ કરીશ કે જેથી તેઓ પોતાના સ્થળમાં રહે અને તેઓ મુશ્કેલીમાં ન આવે. ફરીથી તેમને કદી કોઈ ખસેડનાર નહિ હોય.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּלְמִיָּמִים | אֲשֶׁר | צִוִּיתִי | שֹׁפְטִים | עַל- | עַמִּי | יִשְׂרָאֵל | וְהִכְנַעְתִּי | אֶת- | כָּל- |
| અને-દિવસોથી | જ્યારે | મેં-આજ્ઞા-આપી | ન્યાયાધીશો | ઉપર | મારા-લોકો | ઇઝરાયલ | અને-હું-દબાવીશ | એ | બધા |
| H3117 | | H6680 | H8199 | | | H3478 | H3665 | H0853 | H3605 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אוֹיְבֶיךָ | וָאַגִּד | לָךְ | וּבַיִת | יִבְנֶה- | לְּךָ | יְהוָה: |
| તારા-દુશ્મનોને | અને-મેં-જણાવ્યું | તને | અને-ઘર | બાંધશે | તારા-માટે | યહોવા |
| H0341 | H5046 | | | H1129 | | H3068 |

અગાઉની માફક તથા જે સમયે મેં ન્યાયાધીશોને મારા ઇઝરાયલીઓ પર આધિપત્ય કરવાનો હુકમ કર્યો ત્યારથી થતું આવ્યું છે તેમ, હવે પછી દુષ્ટ માણસો તેમનો ક્ષય કરશે નહિ. હું તારા સર્વ શત્રુઓને વશ કરીશ. વળી હું તને કહું છું કે યહોવાહ તારું કુટુંબ કાયમ રાખશે.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָה | כִּי- | מָלְאוּ | יָמֶיךָ | לָלֶכֶת | עִם- | אֲבֹתֶיךָ | וַהֲקִימוֹתִי | אֶת- | זַרְעֲךָ |
| અને-થશે | જ્યારે | પૂરા-થશે | તારા-દિવસો | જવા | સાથે | તારા-પૂર્વજોની | અને-હું-ઊભો-કરીશ | એ | તારા-વંશને |
| H1961 | | H4390 | H3117 | H3212 | | H0001 | | H0853 | H2233 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אַחֲרֶיךָ | אֲשֶׁר | יִהְיֶה | מִבָּנֶיךָ | וַהֲכִינוֹתִי | אֶת- | מַלְכוּתוֹ: |
| તારા-પછી | જે | હશે | તારા-પુત્રોમાંથી | અને-હું-સ્થાપિશ | એ | તેનું-રાજ્ય |
| | | H1961 | | | H0853 | H4438 |

એમ થશે કે તારા દિવસો પૂરા થતાં તારે તારા પિતૃઓની સાથે જવું પડશે, ત્યારે હું તારા પછી તારા વંશજોને તારી જગ્યાએ સ્થાપિત કરીશ અને તારા વંશજોમાંથી જે રાજા થશે તેનું રાજ્ય હું કાયમ રાખીશ.

12

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הוּא | יִבְנֶה- | לִּי | בָּיִת | וְכֹנַנְתִּי | אֶת- | כִּסְאוֹ | עַד- | עוֹלָם: |
| તે | બાંધશે | મારા-માટે | ઘર | અને-હું-સ્થિર-કરીશ | એ | તેનું-સિંહાસન | સુધી | સનાતનકાળ |
| H1931 | H1129 | | | | H0853 | H3678 | H5704 | H5769 |

તે મારે માટે ભક્તિસ્થાન બાંધશે અને હું તેનું રાજ્યાસન સદાકાળ રાખીશ.

13

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲנִי | אֶהְיֶה- | לּוֹ | לְאָב | וְהוּא | יִהְיֶה- | לִּי | לְבֵן | וְחַסְדִּי | לֹא- | אָסִיר | מֵעִמּוֹ |
| હું | હું-થઈશ | તેને | પિતા | અને-તે | થશે | મને | પુત્ર | અને-મારી-કૃપા | નહીં | હું-દૂર-કરીશ | તેનાથી |
| H0589 | H1961 | | H0001 | H1931 | H1961 | | | | H3808 | H5493 | |

| | | | | |
|---|---|---|---|---|
| כַּאֲשֶׁר | הֲסִירוֹתִי | מֵאֲשֶׁר | הָיָה | לְפָנֶיךָ: |
| જેમ | મેં-દૂર-કરી | તેનાથી-જે | હતો | તારા-પહેલાં |
| | H5493 | | H1961 | H6440 |

હું તેનો પિતા થઈશ અને તે મારો પુત્ર થશે. તેની પાસેથી મારા કરારનું વિશ્વાસુપણું હું લઈ લઈશ નહિ જેમ મેં તારી અગાઉના શાસક, શાઉલ પ્રત્યેથી લઈ લીધું હતું તેમ.

14

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהַעֲמַדְתִּיהוּ | בְּבֵיתִי | וּבְמַלְכוּתִי | עַד- | הָעוֹלָם | וְכִסְאוֹ | יִהְיֶה | נָכוֹן | עַד- |
| અને-હું-સ્થાપિશ-તેને | મારા-ઘરમાં | અને-મારા-રાજ્યમાં | સુધી | સનાતનકાળ | અને-તેનું-સિંહાસન | હશે | સ્થિર | સુધી |
| H5975 | | H4438 | H5704 | H5769 | H3678 | H1961 | | H5704 |

| |
|---|
| עוֹלָם: |
| સનાતનકાળ |
| H5769 |

હું તેને મારા ઘર તથા મારા રાજ્યમાં સદાકાળ રાખીશ અને તેનું રાજ્યાસન સદાના માટે સ્થાપીશ.”

15

| | | |
|---|---|---|
| כְּכֹל | બધા-પ્રમાણે | H3605 |
| הַדְּבָרִים | વચનો | H1697 |
| הָאֵלֶּה | આ | H0428 |
| וּכְכֹל | અને-બધા-પ્રમાણે | H3605 |
| הֶחָזוֹן | દર્શન | H2377 |
| הַזֶּה | આ | H2088 |
| כֵּן | તેમ | |
| דִּבֶּר | બોલ્યો | H1696 |
| נָתָן | નાથાન | H5416 |
| אֶל־ | ને | H0413 |
| דָּוִיד׃ | દાઉદને | H1732 |

פ

નાથાને દાઉદને આ સર્વ વચનોનો અહેવાલ તથા સર્વ દર્શન સંબંધી કહ્યું.

16

| | | |
|---|---|---|
| וַיָּבֹא | અને-આવ્યો | H0935 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| דָּוִיד | દાઉદ | H1732 |
| וַיֵּשֶׁב | અને-બેઠો | H3427 |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| יְהוָה | યહોવાની | H3068 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| מִי־ | કોણ | H4310 |
| אֲנִי | હું-છું | H0589 |
| יְהוָה | યહોવા | H3068 |
| אֱלֹהִים | ઈશ્વર | H0430 |
| וּמִי | અને-કોણ | H4310 |
| בֵיתִי | મારું-ઘર | |
| כִּי | કે | |
| הֲבִיאֹתַנִי | તમે-મને-લાવ્યા | H0935 |
| עַד־ | સુધી | H5704 |
| הֲלֹם׃ | અહીં | H1988 |

પછી દાઉદ રાજા અદર જઈને યહોવાહની સમક્ષ બેઠો અને બોલ્યો, “હે ઈશ્વર યહોવાહ, હું કોણ અને મારું કુટુંબ કોણ કે, તમે મને આવા ઉચ્ચસ્થાને લાવ્યા છો?

17

| | | |
|---|---|---|
| וַתִּקְטַן | અને-નાનું-હતું | H6994 |
| זֹאת | આ | H2063 |
| בְּעֵינֶיךָ | તમારી-નજરમાં | |
| אֱלֹהִים | ઈશ્વર | H0430 |
| וַתְּדַבֵּר | અને-તમે-બોલ્યા | H1696 |
| עַל־ | વિશે | |
| בֵּית־ | ઘર | |
| עַבְדְּךָ | તમારા-સેવકના | H5650 |
| לְמֵרָחוֹק | દૂર-સુધી | H7350 |
| וּרְאִיתַנִי | અને-તમે-મને-જોયો | H7200 |
| כְּתוֹר | જેમ-ક્રમ | H8448 |
| הָאָדָם | માણસનો | H0120 |
| הַמַּעֲלָה | ઉચ્ચ | |
| יְהוָה | યહોવા | H3068 |
| אֱלֹהִים׃ | ઈશ્વર | H0430 |

હે ઈશ્વર એ પણ તમારી દ્રષ્ટિમાં ઓછું જણાયું, એટલે તમારા સેવકના કુટુંબ સંબંધીના ઉજળા ભાવિ વિષે તમે મને વચન આપ્યું છે. હે ઈશ્વર યહોવાહ, તમે મને ઉચ્ચ પદવીના માણસની પંક્તિમાં મૂક્યો છે.

18

| | | |
|---|---|---|
| מַה־ | શું | H4100 |
| יּוֹסִיף | ઉમેરે | H3254 |
| עוֹד | વધુ | H5750 |
| דָוִיד | દાઉદ | H1732 |
| אֵלֶיךָ | તમને | H0413 |
| לְכָבוֹד | મહિમા-માટે | H3519 |
| אֶת־ | એ | H0853 |
| עַבְדֶּךָ | તમારા-સેવકનો | H5650 |
| וְאַתָּה | અને-તમે | |
| אֶת־ | એ | H0853 |
| עַבְדְּךָ | તમારા-સેવકને | H5650 |
| יָדָעְתָּ׃ | ઓળખો-છો | H3045 |

તમે આ તમારા સેવક દાઉદને જે માન આપ્યું છે તે વિષે તો હું વધુ શું કહું? તમે તમારા સેવકને ખાસ ઓળખો છો.

19

| | | |
|---|---|---|
| יְהוָה | યહોવા | H3068 |
| בַּעֲבוּר | ખાતર | H5668 |
| עַבְדְּךָ | તમારા-સેવકના | H5650 |
| וּכְלִבְּךָ | અને-તમારા-હૃદય-પ્રમાણે | |
| עָשִׂיתָ | તમે-કર્યું | |
| אֵת | એ | H0853 |
| כָּל־ | સર્વ | H3605 |
| הַגְּדוּלָּה | મોટાઈ | H1420 |
| הַזֹּאת | આ | H2063 |
| לְהֹדִיעַ | જણાવવા | H3045 |
| אֶת־ | એ | H0853 |
| כָּל־ | સર્વ | H3605 |
| הַגְּדֻלּוֹת׃ | મહાન-કાર્યો | H1420 |

હે યહોવાહ, તમારા સેવકની ખાતર તમારા ઉદ્દેશ પૂરા કરો, તમારા અતઃકરણ પ્રમાણે તમે આ સર્વ મહાન કાર્યો પ્રગટ કર્યાં છે.

20

| | | |
|---|---|---|
| יְהוָה | યહોવા | H3068 |
| אֵין | નથી | H0369 |
| כָּמוֹךָ | તમારા-જેવું-કોઈ | H3644 |
| וְאֵין | અને-નથી | H0369 |
| אֱלֹהִים | ઈશ્વર | H0430 |
| זוּלָתֶךָ | તમારા-સિવાય | H2108 |
| בְּכֹל | બધા-પ્રમાણે | H3605 |
| אֲשֶׁר־ | જે | |
| שָׁמַעְנוּ | અમે-સાંભળ્યું | H8085 |
| בְּאָזְנֵינוּ׃ | અમારા-કાનોથી | H0241 |

હે યહોવાહ, અમારા સાંભળવા પ્રમાણે તમારા જેવા બીજા કોઈ નથી અને તમારા સિવાય અન્ય કોઈ ઈશ્વર નથી.

21

| וּמִי | כְּעַמְּךָ | יִשְׂרָאֵל | גּוֹי | אֶחָד | בָּאָרֶץ | אֲשֶׁר | הָלַךְ | הָאֱלֹהִים | לִפְדּוֹת |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કોણ | તમારા-લોકો-જેવું | ઇઝરાયલ | પ્રજા | એક | પૃથ્વી-પર | જેને | ગયા | ઈશ્વર | છોડાવવા |
| H4310 | | H3478 | | H0259 | H0776 | | H1980 | H0430 | H6299 |

| לוֹ | עָם | לָשׂוּם | לְךָ | שֵׁם | גְּדֻלּוֹת | וְנֹרָאוֹת | לְגָרֵשׁ | מִפְּנֵי | עַמְּךָ | אֲשֶׁר־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પોતાના-માટે | લોકોને | મૂકવા | તમારું | નામ | મહાન | અને-ભયાવહ | કાઢવા | સામેથી | તમારા-લોકોની | જેમને |
| | | | | H8034 | H1420 | H3372 | H1644 | H6440 | | |

| פָּדִיתָ | מִמִּצְרַיִם | גּוֹיִם: |
|---|---|---|
| તમે-છોડાવ્યા | મિસરમાંથી | પ્રજાઓ |
| H6299 | H4714 | |

પૃથ્વી પર તમારા લોક ઇઝરાયલ કે જેને તમે, ઈશ્વર, મહાન અને અદ્દભુત કૃત્યો કરીને, પોતાના નામના મહિમા સારુ મિસરમાંથી છોડાવ્યા હોય, તેના જેવી બીજી કઈ પ્રજા છે? તમારા લોક જેઓને તમે મિસરમાંથી છોડાવી લાવ્યા તેઓની આગળથી બીજી પ્રજાઓને હાંકી કાઢી.

22

| וַתִּתֵּן | אֶת־ | עַמְּךָ | יִשְׂרָאֵל | לְךָ | לְעָם | עַד־ | עוֹלָם | וְאַתָּה | יְהוָה |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-તમે-આપ્યા | એ | તમારા-લોકો | ઇઝરાયલને | તમારા-માટે | લોકો-તરીકે | સુધી | સનાતનકાળ | અને-તમે | યહોવા |
| H5414 | H0853 | | H3478 | | | H5704 | H5769 | | H3068 |

| הָיִיתָ | לָהֶם | לֵאלֹהִים: |
|---|---|---|
| થયા | તેમના-માટે | ઈશ્વર |
| H1961 | | H0430 |

તમે તમારા ઇઝરાયલ લોકોને સદાને માટે તમારા પોતાના લોક ગણ્યા છે અને હે યહોવાહ, તમે તેઓના ઈશ્વર બન્યા છો.

23

| וְעַתָּה | יְהוָה | הַדָּבָר | אֲשֶׁר | דִּבַּרְתָּ | עַל־ | עַבְדְּךָ | וְעַל־ | בֵּיתוֹ | יֵאָמֵן | עַד־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-હવે | યહોવા | વચન | જે | તમે-બોલ્યા | વિશે | તમારા-સેવકના | અને-વિશે | તેના-ઘરના | સ્થિર-રહે | સુધી |
| H6258 | H3068 | H1697 | | H1696 | | H5650 | | | H0539 | H5704 |

| עוֹלָם | וַעֲשֵׂה | כַּאֲשֶׁר | דִּבַּרְתָּ: |
|---|---|---|---|
| સનાતનકાળ | અને-કરો | જેમ | તમે-બોલ્યા |
| H5769 | | | H1696 |

તેથી હવે, હે યહોવાહ, તમે તમારા સેવક તથા તેના કુટુંબ સંબંધી જે બોલ્યા છો તે પૂરું કરો.

24

| וְיֵאָמֵן | וְיִגְדַּל | שִׁמְךָ | עַד־ | עוֹלָם | לֵאמֹר | יְהוָה | צְבָאוֹת | אֱלֹהֵי | יִשְׂרָאֵל |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-સ્થિર-રહે | અને-મોટું-થાય | તમારું-નામ | સુધી | સનાતનકાળ | કહીને | યહોવા | સૈન્યોના | ઈશ્વર | ઇઝરાયલના |
| H0539 | H1431 | H8034 | H5704 | H5769 | H0559 | H3068 | | H0430 | H3478 |

| אֱלֹהִים | לְיִשְׂרָאֵל | וּבֵית־ | דָּוִיד | עַבְדְּךָ | נָכוֹן | לְפָנֶיךָ: |
|---|---|---|---|---|---|---|
| ઈશ્વર-છે | ઇઝરાયલ-માટે | અને-ઘર | દાઉદ | તમારા-સેવકનું | સ્થિર | તમારી-સમક્ષ |
| H0430 | H3478 | | H1732 | H5650 | | H6440 |

જેથી સદાકાળ તમારા નામનો મહિમા થાય અને લોકો કહે કે, ‘સૈન્યોના યહોવાહ, ઇઝરાયલના ઈશ્વર છે’ હા, ઇઝરાયલના હકમાં તેઓ ઈશ્વર છે. અને તમારા સેવક દાઉદનું કુટુંબ તમારી આગળ સ્થાપિત થાઓ.

25

| כִּי | אַתָּה | אֱלֹהַי | גָּלִיתָ | אֶת־ | אֹזֶן | עַבְדְּךָ | לִבְנוֹת | לוֹ | בָּיִת | עַל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | તમે | મારા-ઈશ્વર | તમે-પ્રગટ-કર્યું | એ | કાન | તમારા-સેવકના | બાંધવા | તેના-માટે | ઘર | તેથી |
| | | H0430 | H1540 | H0853 | H0241 | H5650 | H1129 | | | |

| כֵּן | מָצָא | עַבְדְּךָ | לְהִתְפַּלֵּל | לְפָנֶיךָ: |
|---|---|---|---|---|
| તેથી | પામ્યો | તમારા-સેવકે | પ્રાર્થના-કરવા | તમારી-સમક્ષ |
| | H4672 | H5650 | H6419 | H6440 |

હે મારા ઈશ્વર, તમારા આ સેવકને તમે સ્પષ્ટ કહ્યુ છે કે તમે તેના કુટુંબને ટકાવી રાખશો. માટે આ તમારા સેવકે તમારી આગળ પ્રાર્થના કરવાની હિંમત કરી છે.

26

| וְעַתָּה | יְהוָה | אַתָּה־ | הוּא | הָאֱלֹהִים | וַתְּדַבֵּר | עַל־ | עַבְדְּךָ | הַטּוֹבָה | הַזֹּאת: |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-હવે | યહોવા | તમે | છો | ઈશ્વર | અને-તમે-બોલ્યા | વિશે | તમારા-સેવકના | ભલાઈ | આ |
| H6258 | H3068 | | H1931 | H0430 | H1696 | | H5650 | | H2063 |

હવે હે યહોવાહ, તમે જ ઈશ્વર છો અને તમે તમારા સેવકને ખાતરી દાયક વચન આપ્યું છે:

27

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | הוֹאַלְתָּ | לְבָרֵךְ | אֶת־ | בֵּית | עַבְדְּךָ | לִהְיוֹת | לְעוֹלָם | לְפָנֶיךָ |
| અને-હવે | તમે-પ્રસન્ન-થયા | આશીર્વાદ-આપવા | એ | ઘરને | તમારા-સેવકના | રહેવા | સદાકાળ | તમારી-સમક્ષ |
| H6258 | H2974 | H1288 | H0853 | | H5650 | H1961 | H5769 | H6440 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כִּי־ | אַתָּה | יְהוָה | בֵּרַכְתָּ | וּמְבֹרָךְ | לְעוֹלָם׃ | פ |
| કારણ-કે | તમે | યહોવા | આશીર્વાદ-આપ્યો | અને-ધન્ય-છે | સદાકાળ | — |
| | | H3068 | H1288 | H1288 | H5769 | |

હવે તમારા સેવકનું કુટુંબ તમારી આગળ સર્વકાળ ટકી રહે, માટે તેને આશીર્વાદ આપવાનું તમને સારું લાગ્યું. હે યહોવાહ, તમે તેને આશીર્વાદ આપ્યો છે અને તે સદાને માટે આશીર્વાદિત થયું છે."

# Chapter 18

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | אַחֲרֵי־ | כֵן | וַיַּךְ | דָּוִיד | אֶת־ | פְּלִשְׁתִּים | וַיַּכְנִיעֵם | וַיִּקַּח | אֶת־ |
| અને-થયું | પછી | આના | અને-હરાવ્યા | દાઉદે | એ | પલિશ્તીઓને | અને-દબાવ્યા-તેમને | અને-લીધું | એ |
| H1961 | | | H5221 | H1732 | H0853 | H6430 | H3665 | H3947 | H0853 |

| | | | |
|---|---|---|---|
| גַּת | וּבְנֹתֶיהָ | מִיַּד | פְּלִשְׁתִּים׃ |
| ગાથ | અને-તેના-ગામો | હાથમાંથી | પલિશ્તીઓના |
| H1661 | H1323 | H3027 | H6430 |

દાઉદે પલિસ્તીઓ પર હુમલો કરીને તેઓને હરાવ્યા અને તેઓના હાથમાંથી ગાથ નગર અને તેની આસપાસનાં ગામો પોતાના તાબે કરી લીધાં.

2

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיַּךְ | אֶת־ | מוֹאָב | וַיִּהְיוּ | מוֹאָב | עֲבָדִים | לְדָוִיד | נֹשְׂאֵי | מִנְחָה׃ |
| અને-હરાવ્યા | એ | મોઆબને | અને-થયા | મોઆબ | સેવકો | દાઉદના | ભેટ-લાવનારા | અર્પણના |
| H5221 | H0853 | H4124 | H1961 | H4124 | H5650 | H1732 | H5375 | H4503 |

તેણે મોઆબીઓને પણ હરાવ્યા, તેઓ દાઉદના દાસો બનીને તેને કર આપવા લાગ્યા.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּךְ | דָּוִיד | אֶת־ | הֲדַדְעֶזֶר | מֶלֶךְ־ | צוֹבָה | חֲמָתָה | בְּלֶכְתּוֹ | לְהַצִּיב | יָדוֹ |
| અને-હરાવ્યા | દાઉદે | એ | હદદેઝેરને | રાજા | સોબાના | હમાથ-તરફ | જ્યારે-તે-ગયો | સ્થાપવા | પોતાનો-અધિકાર |
| H5221 | H1732 | H0853 | H1909 | H4428 | H6678 | H2574 | H3212 | H5324 | H3027 |

| | |
|---|---|
| בִּנְהַר־ | פְּרָת׃ |
| ફ્રાત-નદી-પાસે | પરાત |
| H5104 | H6578 |

એ પછી દાઉદે સોબાહના રાજા હદાદેઝેરને હમાથ આગળ હરાવ્યો અને હદારએઝેર ફ્રાત નદીની આસપાસના જે પ્રદેશ પર પોતાનું નિયંત્રણ સ્થાપવા માગતો હતો તે પર દાઉદે કબજો કર્યો.

4

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּלְכֹּד | דָּוִיד | מִמֶּנּוּ | אֶלֶף | רֶכֶב | וְשִׁבְעַת | אֲלָפִים | פָּרָשִׁים | וְעֶשְׂרִים | אֶלֶף | אִישׁ | רַגְלִי |
| અને-પકડ્યા | દાઉદે | તેનાથી | હજાર | રથો | અને-સાત | હજાર | ઘોડેસવારો | અને-વીસ | હજાર | પાયદળ | સૈનિકો |
| H3920 | H1732 | | H0505 | H7393 | H7651 | H0505 | | H6242 | H0505 | H0376 | H7273 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיְעַקֵּר | דָּוִיד | אֶת־ | כָּל־ | הָרֶכֶב | וַיּוֹתֵר | מִמֶּנּוּ | מֵאָה | רָכֶב׃ |
| અને-કાપી-નાખ્યા | દાઉદે | એ | બધા | રથોના | અને-રાખ્યા | તેમાંથી | સો | રથ |
| | H1732 | H0853 | H3605 | H7393 | H3498 | | H3967 | H7393 |

દાઉદે તેની પાસેથી તેના એક હજાર રથો, સાત હજાર ઘોડેસવારો અને વીસ હજાર પાયદળ સૈનિકોને કબજે કર્યા. તેણે રથોના સર્વ ઘોડાના પગની નસો કાપી નાખી, પણ તેણે પોતાના સો રથોને માટે પૂરતા ઘોડાઓનો બચાવ કર્યો.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹא | אֲרַם | דַּרְמֶשֶׂק | לַעְזוֹר | לַהֲדַדְעֶזֶר | מֶלֶךְ | צוֹבָה | וַיַּךְ | דָּוִיד | בַּאֲרָם | עֶשְׂרִים־ |
| અને-આવ્યા | અરામ | દમિશ્કના | મદદ-કરવા | હદદેઝેરને | રાજા | સોબાના | અને-માર્યા | દાઉદે | અરામમાં | બાવીસ |
| H0935 | H0758 | H1834 | H5826 | H1909 | H4428 | H6678 | H5221 | H1732 | H0758 | H6242 |

| | | |
|---|---|---|
| וּשְׁנַיִם | אֶלֶף | אִישׁ׃ |
| અને-બે | હજાર | માણસો |
| H8147 | H0505 | H0376 |

દમસ્કસના અરામીઓ સોબાહના રાજા હદાદેઝેરની સહાય કરવા આવ્યા ત્યારે દાઉદે બાવીસ હજાર અરામી સૈનિકોને મારી નાખ્યા.

| 6 | וַיָּשֶׂם | דָּוִיד | בַּאֲרַם | דַּרְמֶּשֶׂק | וַיְהִי | אֲרָם | לְדָוִיד | עֲבָדִים | נֹשְׂאֵי | מִנְחָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-મૂક્યા | દાઉદે | અરામમાં | દમિશ્ક | અને-થયા | અરામ | દાઉદના | સેવકો | ભેટ-લાવનારા | અર્પણના |
| | | H1732 | H0758 | H1834 | H1961 | H0758 | H1732 | H5650 | H5375 | H4503 |

| וַיּוֹשַׁע | יְהוָה | לְדָוִיד | בְּכֹל | אֲשֶׁר | הָלָךְ׃ |
|---|---|---|---|---|---|
| અને-બચાવ્યા | યહોવાએ | દાઉદને | બધામાં | જ્યાં | તે-ગયો |
| H3467 | H3068 | H1732 | H3605 | | H1980 |

પછી દાઉદે દમસ્કસના અરામીઓના વિસ્તારમાં લશ્કરો ગોઠવ્યા. તેઓ દાઉદના દાસો બની ગયા અને તેઓ તેને કર આપવા લાગ્યા. દાઉદ જ્યાં કંઈ ગયો ત્યાં યહોવાહે તેને વિજય અપાવ્યો.

| 7 | וַיִּקַּח | דָּוִיד | אֵת | שִׁלְטֵי | הַזָּהָב | אֲשֶׁר | הָיוּ | עַל | עַבְדֵי | הֲדַדְעָזֶר | וַיְבִיאֵם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-લીધા | દાઉદે | એ | ઢાલો | સોનાની | જે | હતી | પર | સેવકોના | હદદેઝેરના | અને-લાવ્યા-તેમને |
| | H3947 | H1732 | H0853 | H7982 | H2091 | | H1961 | | H5650 | H1909 | H0935 |

| יְרוּשָׁלָם׃ |
|---|
| યરૂશાલેમમાં |
| H3389 |

દાઉદ હદાદેઝેર રાજાના સેવકોની સોનાની ઢાલો યરુશાલેમમાં લઈ આવ્યો.

| 8 | וּמִטִּבְחַת | וּמִכּוּן | עָרֵי | הֲדַדְעֶזֶר | לָקַח | דָּוִיד | נְחֹשֶׁת | רַבָּה | מְאֹד | בָּהּ | עָשָׂה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-ટિબહાથથી | અને-કૂનથી | શહેરો | હદદેઝેરના | લીધું | દાઉદે | કાંસું | ઘણું | ખૂબ | તેમાંથી | બનાવ્યું |
| | H2880 | H3560 | | H1909 | H3947 | H1732 | | | H3966 | | |

| שְׁלֹמֹה | אֶת־ | יָם | הַנְּחֹשֶׁת | וְאֶת־ | הָעַמּוּדִים | וְאֵת | כְּלֵי | הַנְּחֹשֶׁת׃ | פ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સોલોમને | એ | સમુદ્ર | કાંસાનું | અને-એ | સ્તંભો | અને-એ | વાસણો | કાંસાના | — |
| H8010 | H0853 | H3220 | | H0853 | H5982 | H0853 | H3627 | | |

વળી દાઉદે હદાદેઝેરના નગરો ટિબ્હાથ અને કૂનમાંથી પુષ્કળ પિત્તળ મેળવ્યું તેમાંથી સુલેમાને પિત્તળનો મોટો હોજ, સ્તંભો અને પિત્તળનાં વાસણો ભક્તિસ્થાન માટે તૈયાર કરાવ્યાં.

| 9 | וַיִּשְׁמַע | תֹּעוּ | מֶלֶךְ | חֲמָת | כִּי | הִכָּה | דָוִיד | אֶת־ | כָּל־ | חֵיל | הֲדַדְעֶזֶר | מֶלֶךְ־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-સાંભળ્યું | તોઉએ | રાજા | હમાથના | કે | હરાવ્યો | દાઉદે | એ | બધું | સૈન્ય | હદદેઝેરનું | રાજા |
| | H8085 | H8583 | H4428 | H2574 | | H5221 | H1732 | H0853 | H3605 | H2426 | H1909 | H4428 |

| צוֹבָה׃ |
|---|
| સોબાના |
| H6678 |

હમાથના રાજા તોઉએ સાંભળ્યું કે દાઉદે સોબાહના રાજા હદાદેઝેરને હરાવીને તેના સૈન્યનો સંહાર કર્યો છે,

| 10 | וַיִּשְׁלַח | אֶת־ | הֲדוֹרָם־ | בְּנוֹ | אֶל־ | הַמֶּלֶךְ־ | דָּוִיד | [לשאול־] | (לִשְׁאָל־) | לוֹ | לְשָׁלוֹם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-મોકલ્યો | એ | હદોરામને | તેના-પુત્રને | પાસે | રાજા | દાઉદને | — | પૂછવા | તેને | કુશળતા |
| | H7971 | H0853 | | | H0413 | H4428 | H1732 | H7592 | H7592 | H7592 | H7965 |

| וּלְבָרֲכוֹ | עַל | אֲשֶׁר | נִלְחַם | בַּהֲדַדְעֶזֶר | וַיַּכֵּהוּ | כִּי־ | אִישׁ | מִלְחֲמוֹת |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-આશીર્વાદ-આપવા | કારણે | જે | લડ્યો-હતો | હદદેઝેર-સામે | અને-હરાવ્યો-તેને | કારણ-કે | માણસ | યુદ્ધોનો |
| H1288 | | | | H1909 | H5221 | | H0376 | H4421 |

| תֹּעוּ | הָיָה | הֲדַדְעָזֶר | וְכֹל | כְּלֵי | זָהָב | וָכֶסֶף | וּנְחֹשֶׁת׃ |
|---|---|---|---|---|---|---|---|
| તોઉ | હતો | હદદેઝેર | અને-બધા | વાસણો | સોનાના | અને-ચાંદીના | અને-કાંસાના |
| H8583 | H1961 | H1909 | H3605 | H3627 | H2091 | H3701 | |

ત્યારે તેણે પોતાના પુત્ર હદોરામને દાઉદ પાસે સોનું, ચાંદી અને પિત્તળનાં વાસણો લઈને તેને સન્માનવા અને હદાદેઝેરને યુદ્ધમાં હરાવવા બદલ ધન્યવાદ આપવા મોકલ્યો. કારણ કે, હદાદેઝેરને તોઉ સાથે યુદ્ધ ચાલ્યા કરતું હતું.

11 גַּם־ אֹתָ֛ם הִקְדִּ֛ישׁ הַמֶּ֥לֶךְ דָּוִ֖יד לַֽיהוָ֑ה עִם־ הַכֶּ֙סֶף֙ וְהַזָּהָ֔ב אֲשֶׁ֣ר נָשָׂ֗א
તેમને-પણ તે સમર્પિત-કર્યા રાજા દાઉદે યહોવાને સાથે ચાંદી અને-સોનું જે તેમણે-લીધું-હતું
H1571 H0853 H6942 H4428 H1732 H3068 H3701 H2091 H5375

מִכָּל־ הַגּוֹיִ֑ם מֵאֱד֤וֹם וּמִמּוֹאָב֙ וּמִבְּנֵ֣י עַמּ֔וֹן וּמִפְּלִשְׁתִּ֖ים וּמֵעֲמָלֵֽק׃
બધી પ્રજાઓમાંથી અદોમથી અને-મોઆબથી અને-સંતાનોથી આમ્મોનના અને-પલિશ્તીઓથી અને-અમાલેકથી
H3605 H0123 H4124 H5983 H6430 H6002

દાઉદે તે બધાં પાત્રો યહોવાહના સભાસ્થાનની સેવા માટે અર્પણ કર્યા. તે જ રીતે, તેણે જીતેલી બધી પ્રજાઓ અદોમ, મોઆબીઓ, આમ્મોનીઓ, પલિસ્તીઓ અને અમાલેકીઓ પાસેથી મેળવેલું સોનું ચાંદી પણ તેણે ઈશ્વરને અર્પણ કર્યું.

12 וְאַבְשַׁ֙י בֶּן־ צְרוּיָ֔ה הִכָּ֥ה אֶת־ אֱד֖וֹם בְּגֵ֣יא הַמֶּ֑לַח שְׁמוֹנָ֥ה עָשָׂ֖ר אָֽלֶף׃
અને-અબિશાઈ પુત્ર સરૂયાનો માર્યા એ અદોમને ખીણમાં મીઠાની અઢાર દસ હજાર
H0052 H6870 H5221 H0853 H0123 H1516 H4417 H8083 H6240 H0505

સરુયાના પુત્ર અબિશાયે મીઠાની ખીણમાં અઢાર હજાર અદોમીઓને મારી નાખ્યા.

13 וַיָּ֨שֶׂם בֶּֽאֱד֜וֹם נְצִיבִ֗ים וַיִּהְי֥וּ כָל־ אֱד֖וֹם עֲבָדִ֣ים לְדָוִ֑יד וַיּ֤וֹשַׁע יְהוָה֙ אֶת־
અને-મૂક્યા અદોમમાં અધિકારીઓ અને-થયા બધા અદોમ સેવકો દાઉદના અને-બચાવ્યા યહોવાએ એ
H0123 H5333 H1961 H3605 H0123 H5650 H1732 H3467 H3068 H0853

דָּוִ֔יד בְּכֹ֖ל אֲשֶׁ֥ר הָלָֽךְ׃
દાઉદને બધામાં જ્યાં તે-ગયો
H1732 H3605 H1980

તેણે સમગ્ર અદોમ પ્રદેશમાં લશ્કરી છાવણીઓ ગોઠવી. બધા અદોમીઓ હવે દાઉદના દાસ બની ગયા. આમ, દાઉદ જ્યાં કંઈ ગયો, ત્યાં યહોવાહે તેને વિજય અપાવ્યો.

14 וַיִּמְלֹ֥ךְ דָּוִ֖יד עַל־ כָּל־ יִשְׂרָאֵ֑ל וַיְהִ֗י עֹשֶׂ֛ה מִשְׁפָּ֥ט וּצְדָקָ֖ה לְכָל־
અને-રાજ-કર્યું દાઉદે સમગ્ર બધા ઇઝરાયલ-પર અને-હતું કરતો-હતો ન્યાય અને-ધાર્મિકતા બધા-માટે
H1732 H3605 H3478 H1961 H4941 H6666 H3605

עַמּֽוֹ׃
તેના-લોકોના

દાઉદ આખા ઇઝરાયલ પર રાજ કરતો હતો અને તેના સર્વ લોકોનો ન્યાય કરીને તેમનો ઇનસાફ કરતો હતો.

15 וְיוֹאָ֣ב בֶּן־ צְרוּיָ֔ה עַל־ הַצָּבָ֑א וִיהוֹשָׁפָ֥ט בֶּן־ אֲחִיל֖וּד מַזְכִּֽיר׃
અને-યોઆબ પુત્ર સરૂયાનો સૈન્ય-પર સેનાનો અને-યહોશાફાટ પુત્ર અહીલૂદનો મુખ્ય-લેખક
H3097 H6870 H3092 H0286 H2142

સરુયાનો પુત્ર યોઆબ સૈન્યનો સેનાપતિ હતો. અહીલૂદનો પુત્ર યહોશાફાટ ઇતિહાસકાર હતો.

16 וְצָד֧וֹק בֶּן־ אֲחִיט֛וּב וַאֲבִימֶ֥לֶךְ בֶּן־ אֶבְיָתָ֖ר כֹּהֲנִ֑ים וְשַׁוְשָׁ֖א סוֹפֵֽר׃
અને-સાદોક પુત્ર અહીટૂબનો અને-અબીમેલેક પુત્ર અબ્યાથારનો યાજકો અને-શવશા લેખક
H6659 H0285 H0040 H0054 H3548 H7798

અહિટૂબનો પુત્ર સાદોક અને અબ્યાથારનો પુત્ર અબીમેલેખ યાજકો હતા. શાવ્શા શાસ્ત્રી હતો.

17 וּבְנָיָ֙הוּ֙ בֶּן־ יְה֣וֹיָדָ֔ע עַל־ הַכְּרֵתִ֖י וְהַפְּלֵתִ֑י וּבְנֵֽי־ דָוִ֛יד הָרִאשֹׁנִ֥ים לְיַ֥ד
અને-બનાયા પુત્ર યહોયાદાનો ઉપર કરેથીઓ અને-પલેથીઓ અને-પુત્રો દાઉદના પ્રથમ હાથમાં
H1141 H3077 H3774 H6432 H1732 H7223 H3027

הַמֶּֽלֶךְ׃ פ
રાજાના —
H4428

યહોયાદાનો પુત્ર બનાયા રાજાના અંગરક્ષકો કરેથીઓ અને પલેથીઓનો ઉપરી હતો. અને દાઉદના દીકરાઓ રાજાની સમક્ષ મુખ્ય સલાહકારો + 18:17 યાજકો હતા.

## Chapter 19

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| תַּחְתָּֽיו׃ | בְּנ֖וֹ | וַיִּמְלֹ֥ךְ | עַמּ֑וֹן | בְּנֵֽי־ | מֶ֣לֶךְ | נָחָ֖שׁ | וַיָּ֥מָת | כֵ֔ן | אַחֲרֵי־ | וַיְהִי֙ | 1 |
| તેની-જગ્યાએ | તેના-પુત્રે | અને-રાજ-કર્યું | આમ્મોનના | સંતાનોના | રાજા | નાહાશ | અને-મર્યો | આના | પછી | અને-થયું | |
| H8478 | | | H5983 | | H4428 | H5176 | H4191 | | | H1961 | |

આમ્મોનીઓનો રાજા નાહાશ મરણ પામ્યો. તેના પછી તેનો દીકરો ગાદીનશીન થયો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אָבִ֣יו | עָשָׂ֞ה | כִּי־ | נָחָ֗שׁ | בֶּן־ | חָנ֣וּן | עִם־ | חֶ֣סֶד | אֶֽעֱשֶׂה־ | דָוִ֡יד | וַיֹּ֣אמֶר | 2 |
| તેના-પિતાએ | કરી | કારણ-કે | નાહાશના | પુત્ર | હાનૂનને | સાથે | કૃપા | હું-કરીશ | દાઉદે | અને-કહ્યુ | |
| H0001 | | | H5176 | | H2586 | | | | H1732 | H0559 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עַבְדֵ֤י | וַיָּבֹ֨אוּ֙ | אָבִ֑יו | עַל־ | לְנַחֲמ֖וֹ | מַלְאָכִ֛ים | דָּוִ֧יד | וַיִּשְׁלַ֨ח | חֶ֔סֶד | עִמִּי֙ |
| સેવકો | અને-આવ્યા | તેના-પિતાના | વિશે | સાંત્વના-આપવા | સંદેશવાહકો | દાઉદે | અને-મોકલ્યા | કૃપા | મારી-સાથે |
| H5650 | H0935 | H0001 | | H5162 | H4397 | H1732 | H7971 | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לְנַחֲמֽוֹ׃ | חָנ֖וּן | אֶל־ | עַמּ֛וֹן | בְּנֵֽי־ | אֶ֧רֶץ | אֶל־ | דָּוִ֗יד |
| સાંત્વના-આપવા | હાનૂનને | પાસે | આમ્મોનના | સંતાનોના | દેશમાં | ને | દાઉદના |
| H5162 | H2586 | H0413 | H5983 | | H0776 | H0413 | H1732 |

દાઉદે કહ્યુ, “હું નાહાશના દીકરા હાનૂન પર દયા રાખીશ, કેમ કે તેના પિતાએ પણ મારા પ્રત્યે ભલાઈ રાખેલી હતી.” તેથી દાઉદે તેના પિતાના મરણ સંબંધી તેને દિલાસો આપવા સારુ સંદેશાવાહકોને આમ્મોનીઓના દેશમાં મોકલ્યા.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּעֵינֶ֗יךָ | אָבִ֜יךָ | אֶת־ | דָּוִ֨יד | הַֽמְכַבֵּ֨ד | לְחָנ֗וּן | עַמּוֹן֙ | בְנֵֽי־ | שָׂרֵ֙י | וַיֹּאמְר֙וּ | 3 |
| તારી-નજરમાં | તારા-પિતાને | એ | દાઉદ | શું-માન-આપે-છે | હાનૂનને | આમ્મોનના | સંતાનોના | સરદારોએ | અને-કહ્યુ | |
| | H0001 | H0853 | H1732 | H3513 | H2586 | H5983 | | H8269 | H0559 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּלְרַגֵּ֣ל | וְלַהֲפֹ֣ךְ | לַחְקֹ֨ר | בַּעֲב֡וּר | הֲלֹ֡א | מְנַחֲמִ֑ים | לְךָ֖ | שָׁ֥לַח | כִּֽי־ |
| અને-જાસૂસી-કરવા | અને-ઉલટાવવા | તપાસ-કરવા | ખાતર | શું-નહીં | સાંત્વના-આપનારા | તને | મોકલ્યા-છે | કે |
| H7270 | H2015 | H2713 | H5668 | H3808 | H5162 | | H7971 | |

| | | | | |
|---|---|---|---|---|
| פ | אֵלֶֽיךָ׃ | עֲבָדָ֖יו | בָּ֥אוּ | הָאָ֔רֶץ |
| — | તારી-પાસે | તેના-સેવકો | આવ્યા-છે | દેશની |
| | H0413 | H5650 | H0935 | H0776 |

ત્યારે આમ્મોની સરદારોએ હાનૂનને કહ્યુ, “તું શું એમ માને છે કે, તારા પિતાને માન આપવાના હેતુથી દાઉદે આ માણસોને આશ્વાસન આપવા મોકલ્યા છે? એ માણસો તો તેના જાસૂસો છે અને આ દેશને શી રીતે જીતી લેવો એની બાતમી મેળવવા આવ્યા છે.”

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַד־ | בַּחֵצִ֖י | מַדְוֵיהֶ֛ם | אֶת־ | וַיִּכְרֹ֧ת | וַֽיְגַלְּחֵ֔ם | דָוִיד֙ | עַבְדֵ֤י | אֶת־ | חָנ֜וּן | וַיִּקַּ֨ח | 4 |
| સુધી | અરધાથી | તેમના-વસ્ત્રો | એ | અને-કાપ્યા | અને-મૂંડ્યા-તેમને | દાઉદના | સેવકોને | એ | હાનૂને | અને-પકડ્યા | |
| H5704 | H2677 | H4063 | H0853 | H3772 | H1548 | H1732 | H5650 | H0853 | H2586 | H3947 | |

| | |
|---|---|
| וַֽיְשַׁלְּחֵֽם׃ | הַמִּפְשָׂעָ֑ה |
| અને-મોકલ્યા-તેમને | કમર-સુધી |
| H7971 | H4667 |

તેથી હાનૂને દાઉદ રાજાના સંદેશાવાહકોનું અપમાન કર્યું. તેઓની દાઢી અડધી મૂંડાવી નાખી, તેઓનાં વસ્ત્રો કમરથી મધ્યભાગ સુધી કાપી નાખ્યાં પછી તેણે તેઓને શરમજનક સ્થિતિમાં દાઉદ પાસે પાછા મોકલ્યા.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הָאֲנָשִׁ֑ים | הָי֥וּ | כִּֽי־ | לִקְרָאתָ֔ם | וַיִּשְׁלַ֣ח | הָאֲנָשִׁים֙ | עַל־ | לְדָוִ֤יד | וַיַּגִּ֨ידוּ | וַיֵּלְכ֞וּ | 5 |
| માણસો | હતા | કારણ-કે | તેમને-મળવા | અને-મોકલ્યા | માણસોના | વિશે | દાઉદને | અને-જણાવ્યું | અને-ગયા | |
| H0376 | H1961 | | H7125 | H7971 | H0376 | | H1732 | H5046 | H3212 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְשַׁבְתֶּֽם׃ | זְקַנְכֶ֖ם | יְצַמַּ֥ח | אֲשֶׁר־ | עַ֛ד | בִירֵח֗וֹ | שְׁב֣וּ | הַמֶּ֗לֶךְ | וַיֹּ֣אמֶר | מְאֹ֑ד | נִכְלָמִ֖ים |
| અને-પાછા-આવો | તમારી-દાઢી | ઉગે | જ્યારે | જ્યાં-સુધી | યરીહોમાં | રહો | રાજાએ | અને-કહ્યુ | ખૂબ | શરમિંદા |
| H7725 | H2206 | H6779 | | H5704 | H3405 | H3427 | H4428 | H0559 | H3966 | H3637 |

જ્યારે દાઉદને આ બાબતની ખબર મળી કે તેના માણસોના બૂરા હાલ કરવામાં આવ્યા છે, ત્યારે તેણે તેઓને મળવા માણસો મોકલ્યા, કારણ કે, તેઓ છોભીલા પડી ગયા હતા. દાઉદ રાજાએ તેઓને કહેવડાવ્યું કે, “તમારી દાઢી પાછી ઊગે ત્યાં સુધી યરીખોમાં રહેજો, પછી જ અહીં પાછા આવજો.

6

| | | |
|---|---|---|
| וַיִּרְאוּ | અને-જોયું | H7200 |
| בְּנֵי | સંતાનોએ | |
| עַמּוֹן | આમ્મોનના | H5983 |
| כִּי | કે | |
| הִתְבָּאֲשׁוּ | તેઓએ-દુર્ગંધ-કર્યો-હતો | H0887 |
| עִם־ | સાથે | |
| דָּוִיד | દાઉદની | H1732 |
| וַיִּשְׁלַח | અને-મોકલ્યા | H7971 |
| חָנוּן | હાનૂને | H2586 |
| וּבְנֵי | અને-સંતાનોએ | |
| עַמּוֹן | આમ્મોનના | H5983 |
| אֶלֶף | હજાર | H0505 |
| כִּכַּר־ | કિક્કાર | H3603 |
| כֶּסֶף | ચાંદીની | H3701 |
| לִשְׂכֹּר | ભાડે-રાખવા | |
| לָהֶם | તેમના-માટે | |
| מִן־ | થી | |
| נַהֲרַיִם‌אֲרָם | અરામ-નહરાયિમ | H0763 |
| וּמִן־ | અને-થી | |
| אֲרָם | અરામ | H0758 |
| מַעֲכָה | માખાના | H4601 |
| וּמִצּוֹבָה | અને-સોબાથી | H6678 |
| רֶכֶב | રથો | H7393 |
| וּפָרָשִׁים׃ | અને-ઘોડેસવારો | |

જ્યારે આમ્મોનીઓને ભાન થયું કે તેઓ દાઉદની નજરમાં ધિક્કારપાત્ર બન્યા છે, ત્યારે હાનૂને અને આમ્મોનીઓએ અરામ-નાહરાઈમમાંથી, માકામાંથી અને સોબાહમાંથી રથો તેમ જ ઘોડેસવારો ભાડેથી મેળવવા માટે ચોત્રીસ હજાર કિલો ચાંદી મોકલી આપી.

7

| | | |
|---|---|---|
| וַיִּשְׂכְּרוּ | અને-ભાડે-રાખ્યા | |
| לָהֶם | તેમના-માટે | |
| שְׁנַיִם | બત્રીસ | H8147 |
| וּשְׁלֹשִׁים | અને-ત્રીસ | H7970 |
| אֶלֶף | હજાર | H0505 |
| רֶכֶב | રથો | H7393 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| מֶלֶךְ | રાજાને | H4428 |
| מַעֲכָה | માખાના | H4601 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| עַמּוֹ | તેના-લોકોને | |
| וַיָּבֹאוּ | અને-આવ્યા | H0935 |
| וַיַּחֲנוּ | અને-છાવણી-નાખી | H2583 |
| לִפְנֵי | સામે | H6440 |
| מֵידְבָא | મેદેબાની | H4311 |
| וּבְנֵי | અને-સંતાનો | |
| עַמּוֹן | આમ્મોનના | H5983 |
| נֶאֶסְפוּ | એકઠા-થયા | H0622 |
| מֵעָרֵיהֶם | તેમના-શહેરોમાંથી | |
| וַיָּבֹאוּ | અને-આવ્યા | H0935 |
| לַמִּלְחָמָה׃ | યુદ્ધ-માટે | H4421 |
| פ | — | |

તેણે બત્રીસ હજાર રથો ભાડે રાખ્યા અને માકાના રાજા તથા તેના સમસ્ત સૈન્યનો પગાર ચૂકવી આપવા ગોઠવણ કરી. તેઓનાં સર્વ સૈન્યોએ મેદબા આગળ છાવણી નાખી. જે આમ્મોનીઓ પોતપોતાનાં નગરોમાંથી ભેગા થયા હતા તેઓ ત્યાં યુદ્ધ કરવાને તેઓની સાથે જોડાયાં.

8

| | | |
|---|---|---|
| וַיִּשְׁמַע | અને-સાંભળ્યું | H8085 |
| דָּוִיד | દાઉદે | H1732 |
| וַיִּשְׁלַח | અને-મોકલ્યા | H7971 |
| אֶת־ | એ | H0853 |
| יוֹאָב | યોઆબને | H3097 |
| וְאֵת | અને-એ | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| צָבָא | સૈન્ય | |
| הַגִּבּוֹרִים׃ | વીરોના | H1368 |

દાઉદને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તેણે યોઆબને તેના સર્વ સૈન્ય સાથે તેઓનો સામનો કરવા મોકલ્યા.

9

| | | |
|---|---|---|
| וַיֵּצְאוּ | અને-નીકળ્યા | H3318 |
| בְּנֵי | સંતાનો | |
| עַמּוֹן | આમ્મોનના | H5983 |
| וַיַּעַרְכוּ | અને-ગોઠવ્યા | |
| מִלְחָמָה | યુદ્ધમાં | H4421 |
| פֶּתַח | દરવાજા-પાસે | H6607 |
| הָעִיר | શહેરના | |
| וְהַמְּלָכִים | અને-રાજાઓ | H4428 |
| אֲשֶׁר־ | જે | |
| בָּאוּ | આવ્યા-હતા | H0935 |
| לְבַדָּם | અલગથી | H0905 |
| בַּשָּׂדֶה׃ | મેદાનમાં | |

આમ્મોનીઓ બહાર આવીને શહેરના દરવાજા આગળ યુદ્ધ કરવાને ગોઠવાઈ ગયા અને તેઓની મદદે આવેલા રાજાઓ એક બાજુ ખુલ્લાં મેદાનમાં ચાલ્યા ગયા.

10

| | | |
|---|---|---|
| וַיַּרְא | અને-જોયું | H7200 |
| יוֹאָב | યોઆબે | H3097 |
| כִּי־ | કે | |
| הָיְתָה | હતી | H1961 |
| פְנֵי־ | સામનો | H6440 |
| הַמִּלְחָמָה | યુદ્ધનો | H4421 |
| אֵלָיו | તેની-સામે | H0413 |
| פָּנִים | બંને-બાજુથી | H6440 |
| וְאָחוֹר | અને-પાછળથી | H0268 |
| וַיִּבְחַר | અને-પસંદ-કર્યા | H0977 |
| מִכָּל־ | બધામાંથી | H3605 |
| בָּחוּר | શ્રેષ્ઠ | H0977 |
| בְּיִשְׂרָאֵל | ઇઝરાયલમાં | H3478 |
| וַיַּעֲרֹךְ | અને-ગોઠવ્યા | |
| לִקְרַאת | સામે | H7125 |
| אֲרָם׃ | અરામની | H0758 |

જ્યારે યોઆબે જોયું કે, પોતાની સામે આગળ પાછળ બંન્ને બાજુએથી હુમલો થવાનો છે. ત્યારે તેણે ઇઝરાયલના પસંદ કરેલા લડવૈયાઓને અરામીઓની સામે ગોઠવી દીધાં.

11

| | | |
|---|---|---|
| וְאֵת | અને-એ | H0853 |
| יֶתֶר | બાકીના | |
| הָעָם | લોકોને | |
| נָתַן | આપ્યા | H5414 |
| בְּיַד | હાથમાં | H3027 |
| אַבְשַׁי | અબિશાઈના | H0052 |
| אָחִיו | તેના-ભાઈના | H0251 |
| וַיַּעַרְכוּ | અને-ગોઠવ્યા | |
| לִקְרַאת | સામે | H7125 |
| בְּנֵי | સંતાનોના | |
| עַמּוֹן: | આમ્મોન | H5983 |

બાકીનું સૈન્ય તેણે પોતાના ભાઈ અબિશાયની સરદારી હેઠળ મૂક્યું. અને તેઓએ આમ્મોનીઓની સામે યુદ્ધ કરવાની વ્યૂહરચના કરી.

12

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אִם־ | જો | |
| תֶּחֱזַק | બળવાન-થાય | H2388 |
| מִמֶּנִּי | મારાથી | |
| אֲרָם | અરામ | H0758 |
| וְהָיִיתָ | અને-થશે | H1961 |
| לִּי | મારા-માટે | |
| לִתְשׁוּעָה | બચાવનાર | H8668 |
| ס | — | |
| וְאִם־ | અને-જો | |
| בְּנֵי | સંતાનો | |
| עַמּוֹן | આમ્મોનના | H5983 |
| יֶחֶזְקוּ | બળવાન-થાય | H2388 |
| מִמְּךָ | તારાથી | |
| וְהוֹשַׁעְתִּיךָ: | અને-હું-બચાવીશ-તને | H3467 |

યોઆબે તેના ભાઈને કહ્યુ, "જો અરામીઓ મારા પર વિજયી થાય, તો તું આવીને મને મદદ કરજે અને જો આમ્મોનીઓ તારા પર વિજય પામે તો, હું આવીને તને મદદ કરીશ.

13

| | | |
|---|---|---|
| חֲזַק | બળવાન-બનો | H2388 |
| וְנִתְחַזְּקָה | અને-બળવાન-બનીએ | H2388 |
| בְּעַד־ | ખાતર | H1157 |
| עַמֵּנוּ | આપણા-લોકોના | |
| וּבְעַד | અને-ખાતર | H1157 |
| עָרֵי | શહેરોન□ | |
| אֱלֹהֵינוּ | આપણા-ઈશ્વરન□ | H0430 |
| וַיהוָה | અને-યહોવા | H3068 |
| הַטּוֹב | ભલું | |
| בְּעֵינָיו | તેમની-નજરમાં | |
| יַעֲשֶׂה: | કરશે | |

હિંમતવાન થા અને બળવાન થા, આપણે ઈશ્વરનાં નગરોને માટે બહાદુરી બતાવીએ, કેમ કે યહોવાહ, પોતાના ઇરાદાની પૂર્ણતા માટે સારું કરશે."

14

| | | |
|---|---|---|
| וַיִּגַּשׁ | અને-આગળ-વધ્યો | H5066 |
| יוֹאָב | યોઆબ | H3097 |
| וְהָעָם | અને-લોકો | |
| אֲשֶׁר־ | જે | |
| עִמּוֹ | તેની-સાથે-હતા | |
| לִפְנֵי | સામે | H6440 |
| אֲרָם | અરામની | H0758 |
| לַמִּלְחָמָה | યુદ્ધ-માટે | H4421 |
| וַיָּנוּסוּ | અને-ભાગ્યા | H5127 |
| מִפָּנָיו: | તેની-સામેથી | H6440 |

જ્યારે યોઆબ અને તેના સૈનિકો અરામીઓ સામે યુદ્ધ કરવા નજીક આવ્યા ત્યારે અરામીઓ તેઓની સામેથી પલાયન થઈ ગયા.

15

| | | |
|---|---|---|
| וּבְנֵי | અને-સંતાનોએ | |
| עַמּוֹן | આમ્મોનના | H5983 |
| רָאוּ | જોયું | H7200 |
| כִּי־ | કે | |
| נָס | ભાગ્યા | H5127 |
| אֲרָם | અરામ | H0758 |
| וַיָּנוּסוּ | અને-ભાગ્યા | H5127 |
| גַם־ | તેઓ-પણ | H1571 |
| הֵם | તેઓ | H1992 |
| מִפְּנֵי | સામેથી | H6440 |
| אַבְשַׁי | અબિશાઈની | H0052 |
| אָחִיו | તેના-ભાઈની | H0251 |
| וַיָּבֹאוּ | અને-પ્રવેશ્યા | H0935 |
| הָעִירָה | શહેરમાં | |
| וַיָּבֹא | અને-આવ્યો | H0935 |
| יוֹאָב | યોઆબ | H3097 |
| יְרוּשָׁלִָם: | યરૂશાલેમમાં | H3389 |
| פ | — | |

અને આમ્મોનીઓએ જોયું કે અરામીઓ નાસી ગયા છે ત્યારે તેઓ પણ યોઆબના ભાઈ અબિશાયથી નાસીને નગરમાં પાછા ફર્યા. પછી યોઆબ પણ આમ્મોની લોકો પાસેથી પાછો યરુશાલેમ આવી પહોંચ્યો.

16

| | | |
|---|---|---|
| וַיַּרְא | અને-જોયું | H7200 |
| אֲרָם | અરામે | H0758 |
| כִּי | કે | |
| נִגְּפוּ | હાર્યા-હતા | H5062 |
| לִפְנֵי | સામે | H6440 |
| יִשְׂרָאֵל | ઇઝરાયલની | H3478 |
| וַיִּשְׁלְחוּ | અને-મોકલ્યા | H7971 |
| מַלְאָכִים | સંદેશવાહકો | H4397 |
| וַיּוֹצִיאוּ | અને-બહાર-લાવ્યા | H3318 |
| אֶת־ | એ | H0853 |
| אֲרָם | અરામને | H0758 |
| אֲשֶׁר | જે | |
| מֵעֵבֶר | પેલે-પારથી | H5676 |
| הַנָּהָר | નદીની | H5104 |
| וְשׁוֹפַךְ | અને-શોપાક | H7780 |
| שַׂר־ | સેનાપતિ | H8269 |
| צְבָא | સૈન્યનો | |
| הֲדַדְעֶזֶר | હદદેઝેરનો | H1909 |
| לִפְנֵיהֶם: | તેમની-સામે | H6440 |

અરામીઓ સમજી ગયા કે પોતે ઇઝરાયલીઓથી પરાજિત થયા છે. એટલે તેમણે સંદેશાવાહકો મોકલીને નદી પારના બીજા અરામીઓને હદાદેઝેરના સેનાપતિ શોફાખની આગેવાની હેઠળ બોલાવી લીધા.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 17 | וַיֻּגַּד | לְדָוִיד | וַיֶּאֱסֹף | אֶת־ | כָּל־ | יִשְׂרָאֵל | וַיַּעֲבֹר | הַיַּרְדֵּן | וַיָּבֹא |
| | અને-જણાવવામાં-આવ્યું | દાઉદને | અને-એકઠા-કર્યા | એ | બધા | ઇઝરાયલને | અને-પાર-કર્યો | યર્દન | અને-આવ્યો |
| | H5046 | H1732 | H0622 | H0853 | H3605 | H3478 | | H3383 | H0935 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲלֵהֶם | וַיַּעֲרֹךְ | אֲלֵהֶם | וַיַּעֲרֹךְ | דָּוִיד | לִקְרַאת | אֲרָם | מִלְחָמָה | וַיִּלָּחֲמוּ | עִמּוֹ׃ |
| તેમની-પાસે | અને-ગોઠવ્યા | તેમની-સામે | અને-ગોઠવ્યા | દાઉદે | સામે | અરામની | યુદ્ધમાં | અને-લડ્યા | તેમની-સાથે |
| H0413 | | H0413 | | H1732 | H7125 | H0758 | H4421 | | |

આ સમાચાર મળતાં જ દાઉદે ઇઝરાયલનું આખું સૈન્ય ભેગું કર્યું અને યર્દન નદીને પાર કરી તેઓની સામે યુદ્ધની વ્યુહરચના કરી. ઇઝરાયલીઓએ અરામીઓને યુદ્ધમાં હરાવી દીધા.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 18 | וַיָּנָס | אֲרָם | מִלִּפְנֵי | יִשְׂרָאֵל | וַיַּהֲרֹג | דָּוִיד | מֵאֲרָם | שִׁבְעַת | אֲלָפִים | רֶכֶב | וְאַרְבָּעִים |
| | અને-ભાગ્યો | અરામ | સામેથી | ઇઝરાયલની | અને-માર્યા | દાઉદે | અરામમાંથી | સાત | હજાર | રથોના | અને-ચાળીસ |
| | H5127 | H0758 | H6440 | H3478 | H2026 | H1732 | H0758 | H7651 | H0505 | H7393 | H0705 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אֶלֶף | אִישׁ | רַגְלִי | וְאֵת | שׁוֹפַךְ | שַׂר־ | הַצָּבָא | הֵמִית׃ |
| હજાર | પાયદળ | સૈનિકો | અને-એ | શોપાકને | સેનાપતિ | સૈન્યના | માર્યો |
| H0505 | H0376 | H7273 | H0853 | H7780 | H8269 | | H4191 |

અરામીઓ ફરીથી ઇઝરાયલીઓ આગળથી નાસવા લાગ્યા. દાઉદે અરામના સાત હજાર ઘોડેસવારોને અને ચાલીસ હજાર બીજા લડવૈયાઓનો સંહાર કર્યો. અરામના સૈન્યના સેનાપતિ શોફાખને પણ તેણે મારી નાખ્યો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 19 | וַיִּרְאוּ | עַבְדֵי | הֲדַדְעֶזֶר | כִּי | נִגְּפוּ | לִפְנֵי | יִשְׂרָאֵל | וַיַּשְׁלִימוּ | עִם־ | דָּוִיד |
| | અને-જોયું | સેવકોએ | હદદેઝેરના | કે | હાર્યા-હતા | સામે | ઇઝરાયલની | અને-સંધિ-કરી | સાથે | દાઉદની |
| | H7200 | H5650 | H1909 | | H5062 | H6440 | H3478 | | | H1732 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַבְדֻהוּ | וְלֹא־ | אָבָה | אֲרָם | לְהוֹשִׁיעַ | אֶת־ | בְּנֵי־ | עַמּוֹן | עוֹד׃ | פ |
| અને-સેવા-કરી-તેમને | અને-નહીં | ઇચ્છયો | અરામે | બચાવવા | એ | સંતાનોને | આમ્મોનના | ફરીથી | — |
| H5647 | H3808 | H0014 | H0758 | H3467 | H0853 | | H5983 | H5750 | |

જ્યારે હદાદેઝેરના સેવકોએ જોયું કે તેઓ ઇઝરાયલીઓની સામે હારી ગયા છે, ત્યારે તેઓએ દાઉદ સાથે સુલેહ કરી અને તેની સેવા કરી. તે પછી અરામીઓ આમ્મોનીઓને મદદ કરતાં બીવા લાગ્યા. તેથી અરામીઓ આમ્મોનીઓની મદદ કરવા રાજી ન હતા.

## Chapter 20

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | וַיְהִי | לְעֵת | תְּשׁוּבַת | הַשָּׁנָה | לְעֵת | צֵאת | הַמְּלָכִים | וַיִּנְהַג | יוֹאָב | אֶת־ | חֵיל | הַצָּבָא |
| | અને-થયું | સમયે | ફરવાની | વર્ષની | સમયે | જવાના | રાજાઓના | અને-દોર્યા | યોઆબે | એ | બળ | સૈન્યનું |
| | H1961 | H6256 | H8666 | H8141 | H6256 | H3318 | H4428 | | H3097 | H0853 | H2426 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּשְׁחֵת | אֶת־ | אֶרֶץ | בְּנֵי־ | עַמּוֹן | וַיָּבֹא | וַיָּצַר | אֶת־ | רַבָּה | וְדָוִיד |
| અને-ઉજાડ્યો | એ | દેશ | સંતાનોન | આમ્મોનનો | અને-આવ્યો | અને-ઘેરો-કર્યો | એ | રબ્બાને | અને-દાઉદ |
| H7843 | H0853 | H0776 | | H5983 | H0935 | | H0853 | H7237 | H1732 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יֹשֵׁב | בִּירוּשָׁלִָם | וַיַּךְ | יוֹאָב | אֶת־ | רַבָּה | וַיֶּהֶרְסֶהָ׃ |
| રહેતો-હતો | યરૂશાલેમમાં | અને-હરાવ્યા | યોઆબે | એ | રબ્બાને | અને-તોડી-પાડ્યું-તેને |
| H3427 | H3389 | H5221 | H3097 | H0853 | H7237 | H2040 |

સામાન્ય રીતે વસંતઋતુ બેસતાં રાજાઓ યુદ્ધ કરવા જાય છે. તે વખતે યોઆબે સૈન્યની આગેવાની કરી અને આમ્મોનના પ્રદેશનો સંપૂર્ણ નાશ કરી નાખ્યો. પછી તેણે રાબ્બા આવીને તેને પણ પોતાને તાબે કર્યું. પણ દાઉદ યરુશાલેમમાં જ રહ્યો. યોઆબે રાબ્બા પર હુમલો કર્યો અને તેને જીતી લીધું.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקַּח | דָוִיד | אֶת־ | עֲטֶרֶת־ | מַלְכָּם | מֵעַל | רֹאשׁוֹ | וַיִּמְצָאֶהָ | מִשְׁקַל | כִּכַּר־ |
| અને-લીધો | દાઉદે | એ | મુકુટ | તેમના-રાજાનો | ઉપરથી | તેના-માથાથી | અને-જાણ્યું-તેને | વજન | કિક્કાર |
| H3947 | H1732 | H0853 | H5850 | H4428 | | | H4672 | H4948 | H3603 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| זָהָב | וּבָהּ | אֶבֶן | יְקָרָה | וַתְּהִי | עַל־ | רֹאשׁ | דָוִיד | וּשְׁלַל | הָעִיר | הוֹצִיא | הַרְבֵּה |
| સોનાનું | અને-તેમાં | રત્ન | કીમતી | અને-થયું | ઉપર | માથે | દાઉદના | અને-લૂંટ | શહેરની | બહાર-લાવ્યો | ઘણી |
| H2091 | | H0068 | H3368 | H1961 | | | H1732 | H7998 | | H3318 | |

| |
|---|
| מְאֹד׃ |
| ખૂબ |
| H3966 |

દાઉદે રાબ્બાના રાજા મિલ્કોમના મસ્તક પરથી મુગટ લઈ લીધો અને તેને તેના પોતાના મસ્તક પર મૂક્યો. આ મુગટ સોનાનો બનેલો હતો. અને તેમા રત્નો જડેલાં હતા. તેનું વજન એક તાલંત હતું. દાઉદે નગરમાંથી લૂંટનો પુષ્કળ માલ ભેગો કર્યો હતો.

3

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | הָעָם | אֲשֶׁר־ | בָּהּ | הוֹצִיא | וַיָּשַׂר | בַּמְּגֵרָה | וּבַחֲרִיצֵי | הַבַּרְזֶל |
| અને-એ | લોકોને | જે | તેમાં | બહાર-લાવ્યા | અને-કામે-લગાડ્યા | કરવત-વડે | અને-લોહડના-ઓજારો | લોહડના |
| H0853 | | | | H3318 | H7787 | H4050 | H2757 | H1270 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבַמְּגֵרוֹת | וְכֵן | יַעֲשֶׂה | דָוִיד | לְכֹל | עָרֵי | בְנֵי־ | עַמּוֹן | וַיָּשָׁב | דָוִיד |
| અને-કુહાડાઓ | અને-આમ | કર્યું | દાઉદ | બધા-માટે | શહેરોમાં | સંતાનોન□ | આમ્મોનના | અને-પાછો-ફર્યો | દાઉદ |
| H4050 | | | H1732 | H3605 | | | H5983 | H7725 | H1732 |

| | | | |
|---|---|---|---|
| וְכָל־ | הָעָם | יְרוּשָׁלִָם׃ | פ |
| અને-બધા | લોકો | યરૂશાલેમમાં | — |
| H3605 | | H3389 | |

તેણે નગરના લોકોને બહાર લાવીને તેઓની પાસે કરવતો, તીકમો અને કુહાડીઓથી કામ કરાવ્યું. દાઉદ આમ્મોનીઓના રાજા અને લોકો સાથે આ રીતે વર્તતો હતો. પછી દાઉદ અને તેનું આખું સૈન્ય યરુશાલેમમાં પાછું આવ્યું.

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | אַחֲרֵיכֵן | וַתַּעֲמֹד | מִלְחָמָה | בְּגֶזֶר | עִם־ | פְּלִשְׁתִּים | אָז | הִכָּה | סִבְּכַי |
| અને-થયું | તેના-પછી | અને-ઊભું-થયું | યુદ્ધ | ગેઝેરમાં | સાથે | પલિસ્તીઓની | ત્યારે | માર્યો | સિબ્બકાઈએ |
| H1961 | | H5975 | H4421 | H1507 | | H6430 | | H5221 | H5444 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| הַחֻשָׁתִי | אֶת־ | סִפַּי | מִילִדֵי | הָרְפָאִים | וַיִּכָּנֵעוּ׃ |
| હુશાથીએ | એ | સિપ્પાઈને | વંશજોમાંથી | રફાઈમોના | અને-દબાયા-ગયા |
| H2843 | H0853 | H5598 | H3211 | | H3665 |

ત્યાર બાદ પલિસ્તીઓની સાથે ગેઝેરમાં યુદ્ધ થયું. એ વખતે હુશાના સિબ્બખાયે, રફાઈમના એક વંશજ સિપ્પાયને મારી નાખ્યો. અને પલિસ્તીઓની હાર થઈ.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתְּהִי־ | עוֹד | מִלְחָמָה | אֶת־ | פְּלִשְׁתִּים | וַיַּךְ | אֶלְחָנָן | בֶּן־ | [יעור] | (יָעִיר) | אֶת־ |
| અને-થયું | ફરી | યુદ્ધ | સાથે | પલિસ્તીઓની | અને-માર્યો | અલ્હાનાને | પુત્ર | — | યાઈરન□ | એ |
| H1961 | H5750 | H4421 | H0854 | H6430 | H5221 | H0445 | | H3265 | H3265 | H0853 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לַחְמִי | אֲחִי | גָּלְיָת | הַגִּתִּי | וְעֵץ | חֲנִיתוֹ | כִּמְנוֹר | אֹרְגִים׃ |
| લહમીને | ભાઈ | ગોલ્યાથનો | ગિત્તીન□ | અને-લાકડું | તેના-ભાલાનું | વણકરના-બીમ-જેવું | વણકરોના |
| H3902 | H0251 | H1555 | H1663 | H6086 | H2595 | H4500 | H0707 |

પલિસ્તીઓ સાથે ફરી યુદ્ધ થયું. અને યાઈરના પુત્ર એલ્હાનાને, લાહમીને મારી નાખ્યો. તે ગાથના ગિત્તી ગોલ્યાથનો ભાઈ હતો અને તેના ભાલાનો હાથો વણકરની તોર જેવો હતો.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתְּהִי־ | עוֹד | מִלְחָמָה | בְּגַת | וַיְהִי | אִישׁ | מִדָּה | וְאֶצְבְּעֹתָיו | שֵׁשׁ־ | וָשֵׁשׁ | עֶשְׂרִים |
| અને-થયું | ફરી | યુદ્ધ | ગાથમાં | અને-હતો | માણસ | મોટા-કદનો | અને-તેની-આગળીઓ | છ | અને-છ | વીસ |
| H1961 | H5750 | H4421 | H1661 | H1961 | H0376 | | H0676 | H8337 | H8337 | H6242 |

| | | | | |
|---|---|---|---|---|
| וְאַרְבַּע | וְגַם־ | הוּא | נוּלַּד | לְהָרָפָא׃ |
| અને-ચાર | અને-તે-પણ | તે | જન્મ્યો-હતો | રફાને |
| H0702 | H1571 | H1931 | H3205 | |

ગાથમાં ફરી યુદ્ધ થયું. ત્યાં એક કદાવર માણસ હતો જેના હાથે છ આગળીઓ અને પગે પણ છ આગળી હતી. તે રફાઈમનો વંશજ હતો.

7

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיְחָרֵף | אֶת־ | יִשְׂרָאֵל | וַיַּכֵּהוּ | יְהוֹנָתָן | בֶּן־ | שִׁמְעָא | אֲחִי | דָוִיד׃ |
| અને-મહેણી-કરી | એ | ઇઝરાયલને | અને-માર્યો-તેને | યહોનાથાને | પુત્ર | શિમઆના | ભાઈ | દાઉદના |
| H0853 | | H3478 | H5221 | H3083 | | H8092 | H0251 | H1732 |

જ્યારે તેણે ઇઝરાયલના સૈન્યનો ધિક્કાર કર્યો, ત્યારે દાઉદના ભાઈ શિમઆના પુત્ર યોનાથાને તેને મારી નાખ્યો.

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֵל | נוּלְּדוּ | לְהָרָפָא | בְּגַת | וַיִּפְּלוּ | בְיַד־ | דָוִיד | וּבְיַד־ | עֲבָדָיו׃ | פ |
| આ | જન્મ્યા-હતા | રફાને | ગાથમાં | અને-પડ્યા | હાથે | દાઉદના | અને-હાથે | તેના-સેવકોના | — |
| H0411 | H3205 | | H1661 | H5307 | H3027 | H1732 | H3027 | H5650 | |

આ બધા ગાથના રફાઈમના વંશજો હતા. તેઓ દાઉદના અને તેના સૈનિકોના હાથે માર્યા ગયા.

## Chapter 21

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲמֹד | שָׂטָן | עַל־ | יִשְׂרָאֵל | וַיָּסֶת | אֶת־ | דָּוִיד | לִמְנוֹת | אֶת־ | יִשְׂרָאֵל׃ |
| અને-ઊભો-થયો | શેતાન | વિરુદ્ધ | ઇઝરાયલની | અને-ઉશ્કેર્યો | એ | દાઉદને | ગણવા | એ | ઇઝરાયલને |
| H5975 | H7854 | | H3478 | H5496 | H0853 | H1732 | H4487 | H0853 | H3478 |

ઇઝરાયલની વિરુદ્ધ ષડયંત્ર રચવા માટે શેતાને દાઉદને ઇઝરાયલની વસ્તી ગણતરી કરવાને લલચાવ્યો.

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | דָּוִיד | אֶל־ | יוֹאָב | וְאֶל־ | שָׂרֵי | הָעָם | לְכוּ | סִפְרוּ | אֶת־ | יִשְׂרָאֵל |
| અને-કહ્યુ | દાઉદે | ને | યોઆબને | અને-ને | સરદારોને | લોકોના | જાઓ | ગણો | એ | ઇઝરાયલને |
| H0559 | H1732 | H0413 | H3097 | H0413 | H8269 | | H3212 | | H0853 | H3478 |
| שֶׁבַעמִבְּאֵר | וְעַד־ | דָּן | וְהָבִיאוּ | אֵלַי | וְאֵדְעָה | אֶת־ | מִסְפָּרָם׃ | | | |
| બેએરશેબાથી | સુધી | દાન | અને-લાવો | મારી-પાસે | અને-હું-જાણીશ | એ | તેમની-સંખ્યા | | | |
| H0884 | H5704 | H1835 | H0935 | H0413 | H3045 | H0853 | H4557 | | | |

દાઉદે યોઆબ અને લશ્કરી વડા અધિકારીઓને કહ્યુ, “જાઓ, બેરશેબાથી તે દાન સુધી ઇઝરાયલ પ્રજાની વસ્તી ગણતરી કરો. અને પાછા આવીને મને અહેવાલ આપો કે, હું તેઓની સંખ્યા જાણું.”

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | יוֹאָב | יוֹסֵף | יְהוָה | עַל־ | עַמּוֹ | כָּהֵם | מֵאָה | פְּעָמִים | הֲלֹא | אֲדֹנִי |
| અને-કહ્યુ | યોઆબે | વધારે | યહોવા | ઉપર | તેમના-લોકોને | તેમના-જેવા | સો | ગણા | શું-નહીં | મારા-સ્વામી |
| H0559 | H3097 | H3254 | H3068 | | | H1992 | H3967 | H6471 | H3808 | H0113 |
| הַמֶּלֶךְ | כֻּלָּם | לַאדֹנִי | לַעֲבָדִים | לָמָּה | יְבַקֵּשׁ | זֹאת | אֲדֹנִי | לָמָּה | יִהְיֶה | לְאַשְׁמָה |
| રાજા | બધા | મારા-સ્વામીના | સેવકો-છે | કેમ | શોધે-છે | આ | મારા-સ્વામી | કેમ | થાય | અપરાધ-માટે |
| H4428 | H3605 | H0113 | H5650 | H4100 | H1245 | H2063 | H0113 | H4100 | H1961 | H0819 |
| לְיִשְׂרָאֵל׃ | | | | | | | | | | |
| ઇઝરાયલને | | | | | | | | | | |
| H3478 | | | | | | | | | | |

યોઆબે કહ્યુ, ઈશ્વર તેમના લોકને જેટલા છે તેના કરતા સોગણાં વધારો. પણ મારા માલિક રાજા, શું તેઓ સર્વ મારા માલિકની સેવા નથી કરતા? મારા માલિક કેમ આવું ઇચ્છે છે? શા માટે ઇઝરાયલ પર દોષ લાવવો?”

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּדְבַר־ | הַמֶּלֶךְ | חָזַק | עַל־ | יוֹאָב | וַיֵּצֵא | יוֹאָב | וַיִּתְהַלֵּךְ | בְּכָל־ | יִשְׂרָאֵל |
| પણ-વચન | રાજાનું | બળવાન-હતું | ઉપર | યોઆબના | અને-ગયો | યોઆબ | અને-ફર્યો | બધા | ઇઝરાયલમાં |
| H1697 | H4428 | H2388 | | H3097 | H3318 | H3097 | H1980 | H3605 | H3478 |
| וַיָּבֹא | יְרוּשָׁלָם׃ | | | | | | | | |
| અને-આવ્યો | યરૂશાલેમમાં | | | | | | | | |
| H0935 | H3389 | | | | | | | | |

પણ રાજાનું ફરમાન યોઆબને માનવું પડ્યું. તેથી યોઆબ ત્યાંથી નીકળીને આખા ઇઝરાયલ દેશમાં ફરીને તે યરુશાલેમમાં પાછો આવ્યો.

5 וַיִּתֵּן יוֹאָב אֶת־ מִסְפַּר מִפְקַד־ הָעָם אֶל־ דָּוִיד וַיְהִי כָל־ יִשְׂרָאֵל אֶלֶף
અને-આપ્યો યોઆબે એ સંખ્યા ગણતરીની લોકોની ને દાઉદને અને-હતો બધા ઇઝરાયલ હજાર
H5414 H3097 H0853 H4557 H4662 H0413 H1732 H1961 H3605 H3478 H0505

אֲלָפִים וּמֵאָה אֶלֶף אִישׁ שֹׁלֵף חֶרֶב וִיהוּדָה אַרְבַּע מֵאוֹת וְשִׁבְעִים אֶלֶף
હજારો અને-સો હજાર પુરુષો તલવાર-ખેંચનારા તલવારની અને-યહૂદા ચાર-સો લાખો અને-સિત્તેર હજાર
H0505 H3967 H0505 H0376 H8025 H2719 H3063 H0702 H3967 H7657 H0505

אִישׁ שֹׁלֵף חָרֶב׃
પુરુષો તલવાર-ખેંચનારા તલવારની
H0376 H8025 H2719

પછી યોઆબે લડવૈયા માણસોની ગણતરીનો કુલ આકડો દાઉદને જણાવ્યો. ઇઝરાયલમાં અગિયાર લાખ તલવાર ચલાવી શકે તેવા પુરુષો હતા. એકલા યહૂદિયામાં ચાર લાખ સિત્તેર હજાર સૈનિકો હતા.

6 וְלֵוִי וּבִנְיָמִן לֹא פָקַד בְּתוֹכָם כִּי־ נִתְעַב דְּבַר־ הַמֶּלֶךְ אֶת־ יוֹאָב׃
અને-લેવી અને-બિન્યામીનને નહીં ગણ્યા તેમનામાં કારણ-કે ઘૃણા-હતો વચન રાજાનું એ યોઆબને
H3878 H1144 H3808 H8432 H8581 H1697 H4428 H0854 H3097

પણ લેવી અને બિન્યામીનના વંશજોનો સમાવેશ ગણતરીમાં કર્યો નહોતો કેમ કે યોઆબને રાજાની આજ્ઞા ઘૃણાસ્પદ લાગી હતી.

7 וַיֵּרַע בְּעֵינֵי הָאֱלֹהִים עַל־ הַדָּבָר הַזֶּה וַיַּךְ אֶת־ יִשְׂרָאֵל׃ פ
અને-ખરાબ-લાગ્યું નજરમાં ઈશ્વરની ઉપર બાબત આ અને-માર્યો એ ઇઝરાયલને —
H0430 H1697 H2088 H5221 H0853 H3478

ઈશ્વર આ કામથી નારાજ થયા, તેથી તેમણે ઇઝરાયલને શિક્ષા કરી.

8 וַיֹּאמֶר דָּוִיד אֶל־ הָאֱלֹהִים חָטָאתִי מְאֹד אֲשֶׁר עָשִׂיתִי אֶת־ הַדָּבָר הַזֶּה
અને-કહ્યુ દાઉદે ને ઈશ્વરને મેં-પાપ-કર્યું-છે ખૂબ જે મેં-કર્યું એ બાબત આ
H0559 H1732 H0413 H0430 H2398 H3966 H0853 H1697 H2088

וְעַתָּה הַעֲבֶר־ נָא אֶת־ עֲווֹן עַבְדְּךָ כִּי נִסְכַּלְתִּי מְאֹד׃ פ
અને-હવે કૃપા-કરીને-□ેરવો કૃપા-કરીને એ અપરાધ તમારા-સેવકનો કારણ-કે મેં-મૂર્ખાઈ-કરી ખૂબ —
H6258 H4994 H0853 H5771 H5650 H5528 H3966

દાઉદે ઈશ્વરને કહ્યુ, "આ કામ કરી મેં મહા પાપ કર્યું છે. હવે તમારા સેવકનો અપરાધ દૂર કરો, કેમ કે મેં મોટી મૂર્ખાઈ કરી છે."

9 וַיְדַבֵּר יְהוָה אֶל־ גָּד חֹזֵה דָוִיד לֵאמֹר׃
અને-બોલ્યા યહોવાએ ને ગાદને દ્રષ્ટા દાઉદના કહીને
H1696 H3068 H0413 H1410 H2374 H1732 H0559

યહોવાહે, દાઉદના પ્રબોધક ગાદને કહ્યુ,

10 לֵךְ וְדִבַּרְתָּ אֶל־ דָּוִיד לֵאמֹר כֹּה אָמַר יְהוָה שָׁלוֹשׁ אֲנִי נֹטֶה עָלֶיךָ בְּחַר־
જા અને-કહે ને દાઉદને કહીને આમ કહે-છે યહોવા ત્રણ હું મૂકું-છું તારા-ઉપર પસંદ-કર
H3212 H1696 H0413 H1732 H0559 H3541 H0559 H3068 H7969 H0589 H5186 H0977

לְךָ אַחַת מֵהֵנָּה וְאֶעֱשֶׂה־ לָּךְ׃
તારા-માટે એક તેમાંથી અને-હું-કરીશ તને
H0259 H2007

"જા દાઉદને કહે કે: 'યહોવાહ એમ કહે છે કે: "હું તને ત્રણ વિકલ્પો આપું છું. તેમાંથી ગમે તે એક પસંદ કર."

11 וַיָּבֹא גָד אֶל־ דָּוִיד וַיֹּאמֶר לוֹ כֹּה־ אָמַר יְהוָה קַבֶּל־ לָךְ׃
અને-આવ્યો ગાદ પાસે દાઉદની અને-કહ્યુ તેને આમ કહે-છે યહોવા સ્વીકાર-કર તારા-માટે
H0935 H1410 H0413 H1732 H0559 H3541 H0559 H3068 H6901

તેથી ગાદ દાઉદ પાસે ગયો અને તેને કહ્યુ, "યહોવાહ આ મુજબ કહે છે: 'આ ત્રણમાંથી ગમે તે એક પસંદ કર.

12
אִם־ જો
שָׁל֣וֹשׁ ત્રણ H7969
שָׁנִ֡ים વર્ષ H8141
רָעָב֩ દુકાળ H7458
וְאִם־ અથવા-જો
שְׁלֹשָׁ֨ה ત્રણ H7969
חֳדָשִׁ֜ים મહિના H2320
נִסְפֶּ֣ה ભાગવું H5595
מִפְּנֵי־ સામેથી H6440
צָרֶ֣יךָ તારા-શત્રુઓની
וְחֶ֣רֶב અને-તલવાર H2719
וְאוֹיְבֶ֣יךָ તારા-દુશ્મનોની H0341
לְמַשֶּׂ֗גֶת પકડવા H5381
וְאִם־ અથવા-જો
שְׁלֹ֨שֶׁת ત્રણ H7969
יָמִ֜ים દિવસ H3117
חֶ֨רֶב તલવાર H2719
יְהוָ֤ה યહોવાની H3068
וְדֶ֙בֶר֙ અને-મરકી H1698
בָּאָ֔רֶץ દેશમાં H0776
וּמַלְאַ֣ךְ અને-દૂત H4397
יְהוָ֔ה યહોવાનો H3068
מַשְׁחִ֖ית વિનાશ-કરતો H7843
בְּכָל־ બધી H3605
גְּב֣וּל સીમામાં H1366
יִשְׂרָאֵ֑ל ઇઝરાયલની H3478
וְעַתָּ֣ה અને-હવે H6258
רְאֵ֗ה જુઓ H7200
מָֽה־ શું H4100
אָשִׁ֥יב હું-જવાબ-આપું H7725
אֶת־ એ H0854
שֹׁלְחִ֖י મોકલનારાને H7971
דָּבָֽר׃ વચન H1697
פ —

ત્રણ વર્ષ દુકાળ પડે અથવા ત્રણ મહિના સુધી તારા શત્રુઓ તારો પીછો કરે અને તેઓની તલવારથી તને પકડી પાડે અથવા ત્રણ દિવસ સુધી દેશમાં યહોવાહની તલવારરૂપી મરકી ચાલે એટલે યહોવાહનો દૂત ઇઝરાયલના આખા પ્રદેશમાં વિનાશ કરતો ફરે.' તો હવે, મને મોકલનારને મારે શો જવાબ આપવો તે વિષે તું નિર્ણય કર."

13
וַיֹּ֧אמֶר અને-કહ્યુ H0559
דָּוִ֛יד દાઉદે H1732
אֶל־ ને H0413
גָּ֖ד ગાદને H1410
צַר־ સંકટ-છે
לִ֣י મારા-માટે
מְאֹ֑ד ખૂબ H3966
אֶפְּלָה־ પડવા-દો H5307
נָּ֞א કૃપા-કરીને H4994
בְיַד־ હાથમાં H3027
יְהוָ֗ה યહોવાના H3068
כִּֽי־ કારણ-કે
רַבִּ֤ים ઘણી
רַחֲמָיו֙ તેમની-કરુણા
מְאֹ֔ד ખૂબ H3966
וּבְיַד־ પણ-હાથમાં H3027
אָדָ֖ם માનવન H0120
אַל־ ન H0408
אֶפֹּֽל׃ હું-પડું H5307

પછી દાઉદે ગાદને કહ્યુ, "હું ભારે દ્વિધામાં મુકાયો છું. મને માણસોના હાથમાં પડવા કરતાં યહોવાહના હાથમાં પડવું એ વધારે સારું લાગે છે, કેમ કે તેમની કૃપા અત્યંત છે."

14
וַיִּתֵּ֨ן અને-આપી H5414
יְהוָ֥ה યહોવાએ H3068
דֶּ֖בֶר મરકી H1698
בְּיִשְׂרָאֵ֑ל ઇઝરાયલમાં H3478
וַיִּפֹּל֙ અને-પડ્યા H5307
מִיִּשְׂרָאֵ֔ל ઇઝરાયલમાંથી H3478
שִׁבְעִ֥ים સિત્તેર H7657
אֶ֖לֶף હજાર H0505
אִֽישׁ׃ માણસો H0376

તેથી યહોવાહે, ઇઝરાયલમાં મરકી મોકલી અને સિત્તેર હજાર માણસો મરણ પામ્યા.

15
וַיִּשְׁלַח֩ અને-મોકલ્યો H7971
הָאֱלֹהִ֙ים׀ ઈશ્વરે H0430
מַלְאָ֥ךְ દૂત H4397
לִֽירוּשָׁלַ֮ם֮ યરૂશાલેમ-પર H3389
לְהַשְׁחִיתָהּ֒ તેનો-ઊજડ-કરવા H7843
וּכְהַשְׁחִ֗ית અને-ઊજડ-કરતાં H7843
רָאָ֤ה જોયું H7200
יְהוָה֙ યહોવાએ H3068
וַיִּנָּ֣חֶם અને-દયા-કરી H5162
עַל־ ઉપર
הָֽרָעָ֔ה આપત્તિની
וַ֠יֹּאמֶר અને-કહ્યુ H0559
לַמַּלְאָ֨ךְ દૂતને H4397
הַמַּשְׁחִ֜ית વિનાશ-કરનારાને H7843
רַ֕ב બસ
עַתָּ֖ה હવે H6258
הֶ֣רֶף થોભ H7503
יָדֶ֑ךָ તારો-હાથ H3027
וּמַלְאַ֤ךְ અને-દૂત H4397
יְהוָה֙ યહોવાનો H3068
עֹמֵ֔ד ઊભો-હતો H5975
עִם־ પાસે
גֹּ֖רֶן ખળાન H1637
אָרְנָ֥ן આર્નાનને H0771
הַיְבוּסִֽי׃ યબૂસીને H2983
ס —

ઈશ્વરે યરુશાલેમનો નાશ કરવા એક દૂતને મોકલ્યો. જયારે તે નાશ કરવાની તૈયારીમાં હતો ત્યારે યહોવાહે, નાશ જોઈ પોતાનો વિચાર બદલ્યો. તેમણે નાશ કરનાર દૂતને કહ્યુ, "બસ કર હવે તારો હાથ પાછો ખેંચી લે." એ વખતે યહોવાહનો દૂત ઓર્નાન યબૂસીની ખળી પાસે ઊભો હતો.

16
וַיִּשָּׂא — અને-ઊંચી-કરી — H5375
דָוִיד — દાઉદ — H1732
אֶת־ — એ — H0853
עֵינָיו — પોતાની-આંખો
וַיַּרְא — અને-જોયું — H7200
אֶת־ — એ — H0853
מַלְאַךְ — દૂતને — H4397
יְהוָה — યહોવાના — H3068
עֹמֵד — ઊભેલાને — H5975
בֵּין — વચ્ચે — H0996
הָאָרֶץ — પૃથ્વીની — H0776
וּבֵין — અને-વચ્ચે — H0996
הַשָּׁמַיִם — આકાશની — H8064
וְחַרְבּוֹ — અને-તેની-તલવાર — H2719
שְׁלוּפָה — ખેંચાયેલી — H8025
בְּיָדוֹ — તેના-હાથમાં — H3027
נְטוּיָה — લંબાવેલી — H5186
עַל־ — ઉપર
יְרוּשָׁלָ‍ִם — યરૂશાલેમ — H3389
וַיִּפֹּל — અને-પડ્યા — H5307
דָּוִיד — દાઉદ — H1732
וְהַזְּקֵנִים — અને-વડીલો — H2205
מְכֻסִּים — ઢંકાયેલા — H3680
בַּשַּׂקִּים — ટાટમાં — H8242
עַל־ — ઉપર
פְּנֵיהֶם׃ — તેમના-મુખો-પર — H6440

દાઉદે ઊંચે નજર કરીને જોયું તો, યહોવાહનો દૂત, આકાશ અને પૃથ્વી વચ્ચે ઉઘાડી તલવાર લઈને, યરુશાલેમ તરફ પોતાના હાથ લંબાવી ઊભો હતો. પછી દાઉદ અને વડીલોએ, ટાટ પહેરી, ભૂમિ પર લાંબા થઈ પ્રણામ કર્યા.

17
וַיֹּאמֶר — અને-કહ્યું — H0559
דָוִיד — દાઉદ — H1732
אֶל־ — ને — H0413
הָאֱלֹהִים — ઈશ્વરને — H0430
הֲלֹא — શું-નહીં — H3808
אֲנִי — મેં — H0589
אָמַרְתִּי — કહ્યું — H0559
לִמְנוֹת — ગણવા — H4487
בָּעָם — લોકોને
וַאֲנִי־ — અને-હું — H0589
הוּא — છું-તે — H1931
אֲשֶׁר־ — જેણે
חָטָאתִי — પાપ-કર્યું — H2398
וְהָרֵעַ — અને-ખરાબ-કરી
הֲרֵעוֹתִי — ખરાબ-કર્યું
וְאֵלֶּה — અને-આ — H0428
הַצֹּאן — ઘેટાં — H6629
מֶה — શું — H4100
עָשׂוּ — કર્યું-છે
יְהוָה — યહોવા — H3068
אֱלֹהַי — મારા-ઈશ્વર — H0430
תְּהִי — રહેવા-દો — H1961
נָא — કૃપા-કરીને — H4994
יָדְךָ — તમારો-હાથ — H3027
בִּי — મારા-ઉપર
וּבְבֵית — અને-ઘરમાં
אָבִי — મારા-પિતાના — H0001
וּבְעַמְּךָ — અને-તમારા-લોકો-ઉપર
לֹא — નહીં — H3808
לְמַגֵּפָה׃ — મરકી-માટે — H4046
ס — —

દાઉદે ઈશ્વરને કહ્યું, "સૈન્યની ગણતરી કરવાની આજ્ઞા આપનાર શું હું નથી? આ દુષ્ટતા મેં કરી છે. પણ આ ઘેટાંઓ, તેઓએ શું કર્યું છે? હે યહોવાહ, મારા ઈશ્વર, કૃપા કરી તમારા હાથે, મને અને મારા કુટુંબને શિક્ષા કરો, પણ આ મરકીથી તમારા લોકોનો નાશ ન કરો."

18
וּמַלְאַךְ — અને-દૂતે — H4397
יְהוָה — યહોવાના — H3068
אָמַר — કહ્યું — H0559
אֶל־ — ને — H0413
גָּד — ગાદને — H1410
לֵאמֹר — કહીને — H0559
לְדָוִיד — દાઉદને — H1732
כִּי — કે
יַעֲלֶה — ચઢે — H5927
דָוִיד — દાઉદ — H1732
לְהָקִים — સ્થાપવા
מִזְבֵּחַ — વેદી — H4196
לַיהוָה — યહોવાને — H3068
בְּגֹרֶן — ખળા-પર — H1637
אָרְנָן — આર્નાનને — H0771
הַיְבֻסִי׃ — યબૂસીને — H2983

તેથી યહોવાહના દૂતે ગાદને આજ્ઞા કરી કે, દાઉદને કહે કે, તે જઈને યબૂસી ઓર્નાનની ખળીમાં, યહોવાહને માટે એક વેદી બાંધે.

19
וַיַּעַל — અને-ચઢ્યો — H5927
דָּוִיד — દાઉદ — H1732
בִּדְבַר־ — વચન-પ્રમાણે — H1697
גָּד — ગાદન□ — H1410
אֲשֶׁר — જે
דִּבֶּר — બોલ્યો — H1696
בְּשֵׁם — નામે — H8034
יְהוָה׃ — યહોવાન□ — H3068

તેથી યહોવાહના નામે, જે સુચના ગાદે આપી હતી, તે અનુસાર કરવાને, દાઉદ ગયો.

20
וַיָּשָׁב — અને-ફર્યો — H7725
אָרְנָן — આર્નાન — H0771
וַיַּרְא — અને-જોયો — H7200
אֶת־ — એ — H0853
הַמַּלְאָךְ — દૂતને — H4397
וְאַרְבַּעַת — અને-ચાર — H0702
בָּנָיו — તેના-પુત્રો
עִמּוֹ — તેની-સાથે
מִתְחַבְּאִים — છુપાઈ-રહ્યા-હતા — H2244
וְאָרְנָן — અને-આર્નાન — H0771
דָּשׁ — ઘઉં-ડાંગરે-કરી-રહ્યો-હતો — H1758
חִטִּים׃ — ઘઉંને — H2406

જ્યારે ઓર્નાન ઘઉં મસળતો હતો, ત્યારે તેણે પાછળ નજર કરતાં દૂતને જોયો. તેથી તે તથા તેના ચાર પુત્રો સંતાઈ ગયા.

21
וַיָּבֹא — અને-આવ્યો — H0935
דָוִיד — દાઉદ — H1732
עַד־ — સુધી — H5704
אָרְנָן — આર્નાનની — H0771
וַיַּבֵּט — અને-જોયું — H5027
אָרְנָן — આર્નાને — H0771
וַיַּרְא — અને-જોયો — H7200
אֶת־ — એ — H0853
דָּוִיד — દાઉદને — H1732
וַיֵּצֵא — અને-આવ્યો — H3318
מִן־ — થી
הַגֹּרֶן — ખળામાંથી — H1637
וַיִּשְׁתַּחוּ — અને-દંડવત-કર્યા — H7812
לְדָוִיד — દાઉદને — H1732
אַפַּיִם — મોં-પર — H0639
אָרְצָה׃ — જમીન-પર — H0776

જ્યારે દાઉદ ઓર્નાનની પાસે આવ્યો ત્યારે ઓર્નાને દાઉદને જોયો. તે ખળીમાંથી બહાર આવ્યો અને તેણે દાઉદને સાષ્ટાંગ દંડવત્ત પ્રણામ કર્યા.

| 22 | וַיֹּאמֶר | דָּוִיד | אֶל־ | אָרְנָן | תְּנָה־ | לִּי | מְקוֹם | הַגֹּרֶן | וְאֶבְנֶה־ | בּוֹ | מִזְבֵּחַ | לַיהוָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-કહ્યુ | દાઉદે | ને | આર્નાનને | આપ | મને | જગ્યા | ખળાની | અને-હું-બાંધું | તેમાં | વેદી | યહોવાને |
| | H0559 | H1732 | H0413 | H0771 | H5414 | | H4725 | H1637 | H1129 | | H4196 | H3068 |

| | בְּכֶסֶף | מָלֵא | תְּנֵהוּ | לִי | וְתֵעָצַר | הַמַּגֵּפָה | מֵעַל | הָעָם׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | પૂરી-કિંમતે | પૂરી | આપ | મને | અને-અટકે | મરકી | ઉપરથી | લોકોની |
| | H3701 | H4392 | H5414 | | H6113 | H4046 | | |

ત્યારે દાઉદે ઓર્નાનને કહ્યુ, “આ ખળી મને આપ, જેથી હું ઈશ્વરને માટે વેદી બાંધુ. હું તેની પૂરેપૂરી કિંમત આપીશ, જેથી લોકોમાં પ્રસરેલી મરકી બંધ થાય.” હું તને એની પૂરેપૂરી કિંમત ચૂકવીશ.”

| 23 | וַיֹּאמֶר | אָרְנָן | אֶל־ | דָּוִיד | קַח־ | לָךְ | וְיַעַשׂ | אֲדֹנִי | הַמֶּלֶךְ | הַטּוֹב | בְּעֵינָיו |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-કહ્યુ | આર્નાને | ને | દાઉદને | લે | તારા-માટે | અને-કરે | મારા-સ્વામી | રાજા | ભલું | તેમની-નજરમાં |
| | H0559 | H0771 | H0413 | H1732 | H3947 | | | H0113 | H4428 | | |

| | רְאֵה | נָתַתִּי | הַבָּקָר | לָעֹלוֹת | וְהַמּוֹרִגִּים | לָעֵצִים | וְהַחִטִּים | לַמִּנְחָה | הַכֹּל | נָתָתִּי׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જુઓ | મેં-આપું-છું | બળદો | દહનાર્પણો-માટે | અને-□ળિયાં | લાકડાં-માટે | અને-ઘઉં | અન્નાર્પણ-માટે | બધું | મેં-આપું-છું |
| | H7200 | H5414 | H1241 | | H4173 | H6086 | H2406 | H4503 | H3605 | H5414 |

ઓર્નાને દાઉદને કહ્યુ, “મારા માલિક રાજા, તે તારું જ છે તેમ સમજીને તેને લઈ લે. તારી દ્રષ્ટિમાં જે સારું લાગે તે કર. જો હું દહનીયાર્પણો માટે બળદો, કણસલાં ઝૂડવા માટે લાકડાંનાં પાટિયાં અને ખાદ્યાર્પણ માટે ઘઉં, એ બધું તને આપીશ.”

| 24 | וַיֹּאמֶר | הַמֶּלֶךְ | דָּוִיד | לְאָרְנָן | לֹא | כִּי־ | קָנֹה | אֶקְנֶה | בְּכֶסֶף | מָלֵא | כִּי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-કહ્યુ | રાજા | દાઉદે | આર્નાનને | નહીં | કારણ-કે | ખરીદીને-જ | હું-ખરીદીશ | પૂરી-કિંમતે | પૂરી | કારણ-કે |
| | H0559 | H4428 | H1732 | H0771 | H3808 | | H7069 | H7069 | H3701 | H4392 | |

| | לֹא־ | אֶשָּׂא | אֲשֶׁר־ | לְךָ | לַיהוָה | וְהַעֲלוֹת | עוֹלָה | חִנָּם׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | અને-નહીં | લઈશ-હું | જે | તારું-છે | યહોવાને | અને-ચઢાવીશ | દહનાર્પણ | મુફતમાં |
| | H3808 | H5375 | | | H3068 | H5927 | | H2600 |

રાજા દાઉદે ઓર્નાનને કહ્યુ, “ના, હું તે પૂરેપૂરી કિંમત આપી ખરીદીશ. યહોવાહને દહનીયાર્પણ કરવા માટે, જે તારું છે, જેને માટે મેં કિંમત ચૂકવી નથી, તે અર્પણ હું નહિ લઉં.”

| 25 | וַיִּתֵּן | דָּוִיד | לְאָרְנָן | בַּמָּקוֹם | שִׁקְלֵי | זָהָב | מִשְׁקַל | שֵׁשׁ | מֵאוֹת׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-આપ્યા | દાઉદે | આર્નાનને | જગ્યા-માટે | શેકેલ | સોનાના | વજન | છ | સો |
| | H5414 | H1732 | H0771 | H4725 | H8255 | H2091 | H4948 | H8337 | H3967 |

દાઉદે એ જગ્યા માટે છસો શેકેલ સોનું આપ્યું.

| 26 | וַיִּבֶן | שָׁם | דָּוִיד | מִזְבֵּחַ | לַיהוָה | וַיַּעַל | עֹלוֹת | וּשְׁלָמִים | וַיִּקְרָא | אֶל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-બાંધ્યો | ત્યાં | દાઉદે | વેદી | યહોવાને | અને-ચઢાવ્યા | દહનાર્પણો | અને-શાંત્યર્પણો | અને-પોકાર્યો | ને |
| | H1129 | H8033 | H1732 | H4196 | H3068 | H5927 | | H8002 | H7121 | H0413 |

| | יְהוָה | וַיַּעֲנֵהוּ | בָאֵשׁ | מִן־ | הַשָּׁמַיִם | עַל | מִזְבַּח | הָעֹלָה׃ | פ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | યહોવાને | અને-ઉત્તર-આપ્યો-તેમને | અગ્નિ-વડે | થી | આકાશમાંથી | ઉપર | વેદી-પર | દહનાર્પણની | — |
| | H3068 | | H0784 | | H8064 | | H4196 | | |

દાઉદે ત્યાં યહોવાહને માટે વેદી બાંધી અને તેના પર દહનીયાર્પણો અને શાંત્યર્પણો ચઢાવ્યાં. તેણે યહોવાહને વિનંતી કરી, તેમણે દહનીયાર્પણની વેદી પર આકાશમાંથી અગ્નિ મોકલી તેને ઉત્તર આપ્યો.

| 27 | וַיֹּאמֶר | יְהוָה | לַמַּלְאָךְ | וַיָּשֶׁב | חַרְבּוֹ | אֶל־ | נְדָנָהּ׃ |
|---|---|---|---|---|---|---|---|
| | અને-કહ્યુ | યહોવાએ | દૂતને | અને-મૂકી | તેની-તલવાર | ને | મ્યાનમાં |
| | H0559 | H3068 | H4397 | H7725 | H2719 | H0413 | H5084 |

પછી યહોવાહે, દૂતને આજ્ઞા આપી અને દૂતે પોતાની તલવાર મ્યાન કરી.

28
בָּעֵת — તે-સમયે — H6256
הַהִיא — તે — H1931
בִּרְאוֹת — જોઈને-જોયું — H7200
דָּוִיד — દાઉદે — H1732
כִּי־ — કે
עָנָהוּ — ઉત્તર-આપ્યો-તેમને
יְהוָה — યહોવાએ — H3068
בְּגֹרֶן — ખળા-પર — H1637
אָרְנָן — આર્નાનને — H0771
הַיְבוּסִי — યબૂસીને — H2983
וַיִּזְבַּח — અને-બલિદાન-ચઢાવ્યું — H2076
שָׁם׃ — ત્યાં — H8033

જ્યારે દાઉદે જોયું કે ઓર્નાન યબૂસીની ખળીમાં યહોવાહે તેને ઉત્તર આપ્યો છે, ત્યારે તે જ સમયે, તેણે ત્યાં યજ્ઞ કર્યો.

29
וּמִשְׁכַּן — અને-મંડપ — H4908
יְהוָה — યહોવાનું — H3068
אֲשֶׁר־ — જે
עָשָׂה — બનાવ્યો-હતો
מֹשֶׁה — મૂસાએ — H4872
בַמִּדְבָּר — અરણ્યમાં
וּמִזְבַּח — અને-વેદી — H4196
הָעוֹלָה — દહનાર્પણની
בָּעֵת — સમયે — H6256
הַהִיא — તે — H1931
בַּבָּמָה — ઊંચા-સ્થાને — H1116
בְּגִבְעוֹן׃ — ગિબ્યોનમાં — H1391

કેમ કે મૂસાએ અરણ્યમાં બનાવેલો યહોવાહનો મુલાકાતમંડપ તથા દહનીયાર્પણની વેદી, તે સમયે ગિબ્યોનના ઉચ્ચપ્રદેશમાં હતી.

30
וְלֹא־ — અને-નહીં — H3808
יָכֹל — શક્યો — H3201
דָּוִיד — દાઉદ — H1732
לָלֶכֶת — જવા — H3212
לְפָנָיו — તેમની-સામે — H6440
לִדְרֹשׁ — પૂછવા — H1875
אֱלֹהִים — ઈશ્વરને — H0430
כִּי — કારણ-કે
נִבְעַת — ડર્યો-હતો — H1204
מִפְּנֵי — સામેથી — H6440
חֶרֶב — તલવારની — H2719
מַלְאַךְ — દૂતની — H4397
יְהוָה׃ — યહોવાન□ — H3068
ס — —

જોકે, દાઉદ ઈશ્વરના માર્ગદર્શન માટે ત્યાં જઈ શક્યો નહિ, કારણ કે તેને યહોવાહના દૂતની તલવારનો ડર હતો.

## Chapter 22

1
וַיֹּאמֶר — અને-કહ્યુ — H0559
דָּוִיד — દાઉદે — H1732
זֶה — આ — H2088
הוּא — છે — H1931
בֵּית — ઘર
יְהוָה — યહોવા — H3068
הָאֱלֹהִים — ઈશ્વરનું — H0430
וְזֶה־ — અને-આ — H2088
מִזְבֵּחַ — વેદી-છે — H4196
לְעֹלָה — દહનાર્પણની
לְיִשְׂרָאֵל׃ — ઇઝરાયલ-માટે — H3478
ס — —

પછી દાઉદે કહ્યુ, “અહીંયાં, ઈશ્વર યહોવાહનું ભક્તિસ્થાન, ઇઝરાયલ માટેની દહનીયાર્પણની વેદી સાથે થશે.”

2
וַיֹּאמֶר — અને-આજ્ઞા-આપી — H0559
דָּוִיד — દાઉદે — H1732
לִכְנוֹס — એકઠા-કરવા — H3664
אֶת־ — એ — H0853
הַגֵּרִים — પરદેશીઓને — H1616
אֲשֶׁר — જે
בְּאֶרֶץ — દેશમાં — H0776
יִשְׂרָאֵל — ઇઝરાયલના — H3478
וַיַּעֲמֵד — અને-ઊભા-કર્યા — H5975
חֹצְבִים — પત્થર-કાપનારા — H2672
לַחְצוֹב — કાપવા — H2672
אַבְנֵי — પત્થરો — H0068
גָזִית — ઘડેલા — H1496
לִבְנוֹת — બાંધવા — H1129
בֵּית — ઘર
הָאֱלֹהִים׃ — ઈશ્વરનું — H0430

દાઉદે ઇઝરાયલમાં રહેતા સર્વ વિદેશીઓને ભેગા કરવાની આજ્ઞા આપી. તેણે તેઓને, ઈશ્વરનું ભક્તિસ્થાન બાંધવા માટે પથ્થર કાપનારાઓ તરીકે નીમી, પથ્થરો કાપવાના કામે લગાડી દીધા.

3
וּבַרְזֶל — અને-લોહંડ — H1270
לָרֹב — પુષ્કળ — H7230
לַמִּסְמְרִים — ખીલીઓ-માટે — H4548
לְדַלְתוֹת — દરવાજાઓન□
הַשְּׁעָרִים — દ્વારોને — H8179
וְלַמְחַבְּרוֹת — અને-જોડાણો-માટે — H4226
הֵכִין — તૈયાર-કર્યું
דָּוִיד — દાઉદ — H1732
וּנְחֹשֶׁת — અને-કાંસું
לָרֹב — પુષ્કળ — H7230
אֵין — નહીં — H0369
מִשְׁקָל׃ — વજને — H4948

દાઉદે બારણાં માટે ખીલા અને મિજાગરા બનાવવા પુષ્કળ લોખંડ પૂરું પાડ્યું. તેણે વિપુલ પ્રમાણમાં પિત્તળ પણ પૂરું પાડ્યું,

4 וְעֲצֵי અને-લાકડાં H6086 · אֲרָזִים દેવદારના H0730 · לְאֵין અગણિત H0369 · מִסְפָּר સંખ્યામાં H4557 · כִּי કારણ-કે · הֵבִיאוּ લાવ્યા H0935 · הַצִּידֹנִים સીદોનીઓએ H6722 · וְהַצֹּרִים અને-સોરીઓએ H6876 · עֲצֵי લાકડાં H6086 · אֲרָזִים દેવદારના H0730 · לָרֹב પુષ્કળ H7230 · לְדָוִיד׃ દાઉદ-માટે H1732 · פ —

અને ઢગલાબંધ દેવદારવૃક્ષ પણ એકઠાં કર્યા. સિદોન અને તૂરના લોકો દાઉદ માટે એરેજવૃક્ષોનાં અસંખ્ય લાકડાં લાવ્યા હતા.

5 וַיֹּאמֶר અને-કહ્યુ H0559 · דָּוִיד દાઉદે H1732 · שְׁלֹמֹה સોલોમન H8010 · בְנִי મારો-પુત્ર · נַעַר યુવાન-છે H5288 · וָרָךְ અને-કોમળ H7390 · וְהַבַּיִת અને-ઘર · לִבְנוֹת બાંધવાનું H1129 · לַיהוָה યહોવા-માટે H3068 · לְהַגְדִּיל મહાન-બનાવવા H1431 · לְמַעְלָה ઊંચે H4605 · לְשֵׁם નામ-માટે H8034 · וּלְתִפְאֶרֶת અને-શોભા-માટે H8597 · לְכָל־ બધા H3605 · הָאֲרָצוֹת દેશોમાં H0776 · אָכִינָה હું-તૈયારી-કરીશ · נָּא કૃપા-કરીને H4994 · לוֹ તેના-માટે · וַיָּכֶן અને-તૈયાર-કર્યું · דָּוִיד દાઉદે H1732 · לָרֹב પુષ્કળ H7230 · לִפְנֵי પહેલાં H6440 · מוֹתוֹ׃ પોતાના-મરણન□ H4194

દાઉદે કહ્યુ, “મારો પુત્ર સુલેમાન યુવાન તથા બિનઅનુભવી છે અને યહોવાહ માટે જે ભક્તિસ્થાન બાંધવાનું છે તે ખૂબ ભવ્ય હોવું જોઈએ, જેથી બીજા સર્વ પ્રદેશોમાં તે વિખ્યાત અને શોભાયમાન થાય. તેથી હું તેની તૈયારી કરીશ.” તેથી દાઉદે, પોતાના મૃત્યુ અગાઉ પુષ્કળ તૈયારી કરી.

6 וַיִּקְרָא અને-બોલાવ્યો H7121 · לִשְׁלֹמֹה સોલોમનને H8010 · בְנוֹ તેના-પુત્રને · וַיְצַוֵּהוּ અને-આજ્ઞા-આપી-તેમને H6680 · לִבְנוֹת બાંધવા H1129 · בַּיִת ઘર · לַיהוָה યહોવા H3068 · אֱלֹהֵי ઈશ્વર H0430 · יִשְׂרָאֵל׃ ઇઝરાયલને H3478 · ס —

પછી તેણે પોતાના પુત્ર સુલેમાનને બોલાવ્યો અને ઇઝરાયલના ઈશ્વર યહોવાહના ભક્તિસ્થાન બાંધવા માટે તેને આજ્ઞા આપી.

7 וַיֹּאמֶר અને-કહ્યુ H0559 · דָּוִיד દાઉદે H1732 · לִשְׁלֹמֹה સોલોમનને H8010 · ]בנו[ — · (בְּנִי) મારા-પુત્ર · אֲנִי મારા H0589 · הָיָה હતું H1961 · עִם־ સાથે · לְבָבִי મારા-હૃદયમાં H3824 · לִבְנוֹת બાંધવા H1129 · בַּיִת ઘર · לְשֵׁם નામ-માટે H8034 · יְהוָה યહોવા H3068 · אֱלֹהָי׃ મારા-ઈશ્વરનું H0430

દાઉદે સુલેમાનને કહ્યુ “મારા પુત્ર, મારા ઈશ્વર યહોવાહના નામને માટે, ભક્તિસ્થાન બાંધવાનો મારો ઇરાદો હતો.

8 וַיְהִי પણ-આવ્યું H1961 · עָלַי મારા□-ઉપર · דְּבַר־ વચન H1697 · יְהוָה યહોવાનું H3068 · לֵאמֹר કહીને H0559 · דָּם લોહી H1818 · לָרֹב ઘણું H7230 · שָׁפַכְתָּ તેં-વહાવ્યું-છે H8210 · וּמִלְחָמוֹת અને-યુદ્ધો H4421 · גְדֹלוֹת મોટા · עָשִׂיתָ કર્યા-છે · לֹא־ નહીં H3808 · תִבְנֶה તું-બાંધશે H1129 · בַיִת ઘર · לִשְׁמִי મારા-નામ-માટે H8034 · כִּי કારણ-કે · דָמִים રક્ત H1818 · רַבִּים ઘણું · שָׁפַכְתָּ વહાવ્યું-છે H8210 · אַרְצָה જમીન-પર H0776 · לְפָנָי׃ મારી-સામે H6440

પણ યહોવાહે મારી પાસે આવીને કહ્યુ કે, ‘તેં ઘણું લોહી વહેવડાવ્યું છે અને તું ઘણાં યુદ્ધો લડ્યો છે. તું મારા નામને માટે ભક્તિસ્થાન બાંધશે નહિ કારણ કે તેં, પૃથ્વી પર, મારી નજર સમક્ષ, ઘણું લોહી વહેવડાવ્યું છે.

9 הִנֵּה־ જુઓ H2009 · בֵּן પુત્ર · נוֹלָד જન્મશે H3205 · לָךְ તને · הוּא તે H1931 · יִהְיֶה હશે H1961 · אִישׁ માણસ H0376 · מְנוּחָה શાંતિનો H4496 · וַהֲנִחוֹתִי અને-હું-આપીશ-તેને H5117 · לוֹ તેને · מִכָּל־ બધા H3605
אוֹיְבָיו તેન□-દુશ્મનોથી H0341 · מִסָּבִיב ચારે-બાજુથી H5439 · כִּי કારણ-કે · שְׁלֹמֹה સોલોમન H8010 · יִהְיֶה હશે H1961 · שְׁמוֹ તેનું-નામ H8034 · וְשָׁלוֹם અને-શાંતિ H7965 · וָשֶׁקֶט અને-સ્થિરતા H8253 · אֶתֵּן હું-આપીશ H5414 · עַל־ ઉપર
יִשְׂרָאֵל ઇઝરાયલને H3478 · בְּיָמָיו׃ તેના-દિવસોમાં H3117

જો કે, તને એક પુત્ર થશે જે શાંતિશીલ માણસ હશે. હું તેને ચારેતરફના શત્રુઓથી રાહત આપીશ. તેનું નામ સુલેમાન અપાશે અને તેના રાજ્યકાળ દરમિયાન ઇઝરાયલમાં સુલેહ તથા શાંતિ જળવાશે.

10 הוּא־ તે H1931 · יִבְנֶה બાંધશે H1129 · בַיִת ઘર · לִשְׁמִי મારા-નામ-માટે H8034 · וְהוּא અને-તે H1931 · יִהְיֶה־ હશે H1961 · לִּי મારો · לְבֵן પુત્ર · וַאֲנִי־ અને-હું H0589 · לוֹ તેને · לְאָב પિતા H0001
וַהֲכִינוֹתִי અને-હું-સ્થિર-કરીશ · כִּסֵּא સિંહાસન H3678 · מַלְכוּתוֹ રાજ્યનું-તેનં H4438 · עַל־ ઉપર · יִשְׂרָאֵל ઇઝરાયલ H3478 · עַד־ સુધી H5704 · עוֹלָם׃ સનાતનકાળ H5769

તે મારા નામને સારુ ભક્તિસ્થાન બાંધશે. તે મારો પુત્ર થશે અને હું તેનો પિતા થઈશ. હું ઇઝરાયલ પર તેનું રાજ્ય સર્વકાળ માટે સ્થાપિત કરીશ.'"

11 עַתָּה હવે H6258 · בְנִי મારા-પુત્ર · יְהִי રહે H1961 · יְהוָה યહોવા H3068 · עִמָּךְ તારી-સાથે · וְהִצְלַחְתָּ અને-સફળ-થાય · וּבָנִיתָ અને-બાંધ H1129 · בֵּית ઘર · יְהוָה યહોવા H3068 · אֱלֹהֶיךָ તાર□-ઈશ્વરનું H0430 · כַּאֲשֶׁר જેમ
דִּבֶּר બોલ્યા H1696 · עָלֶיךָ׃ તારે-વિશે

"હવે, મારા પુત્ર સુલેમાન, યહોવાહ તારી સાથે હો અને સફળ થવા માટે તને સહાય કરો. અને તેમના કહ્યા પ્રમાણે તું ભક્તિસ્થાન બાંધ.

12 אַךְ બસ H0389 · יִתֶּן־ આપે H5414 · לְךָ તને · יְהוָה યહોવા H3068 · שֵׂכֶל બુદ્ધિ H7922 · וּבִינָה અને-સમજણ H0998 · וִיצַוְּךָ અને-આજ્ઞા-આપે-તને H6680 · עַל־ ઉપર · יִשְׂרָאֵל ઇઝરાયલની H3478 · וְלִשְׁמוֹר અને-પાળવા H8104
אֶת־ એ H0853 · תּוֹרַת નિયમશાસ્ત્ર H8451 · יְהוָה યહોવા H3068 · אֱלֹהֶיךָ׃ તારે-ઈશ્વરનું H0430

યહોવાહે, તને ઇઝરાયલીઓ પર અધિકારી ઠરાવ્યો છે, માટે તે તને ડહાપણ અને વિવેકબુદ્ધિ આપે, જેથી તું તારા ઈશ્વર યહોવાહનો નિયમ પાળે.

13 אָז ત્યારે · תַּצְלִיחַ સફળ-થશે · אִם־ જો · תִּשְׁמוֹר તું-પાળશે H8104 · לַעֲשׂוֹת કરવા · אֶת־ એ H0853 · הַחֻקִּים વિધિઓ H2706 · וְאֶת־ અને-એ H0853 · הַמִּשְׁפָּטִים ન્યાયો H4941 · אֲשֶׁר જે · צִוָּה આજ્ઞા-આપી H6680
יְהוָה યહોવાએ H3068 · אֶת־ એ H0853 · מֹשֶׁה મૂસાને H4872 · עַל־ ઉપર · יִשְׂרָאֵל ઇઝરાયલની H3478 · חֲזַק બળવાન-થા H2388 · וֶאֱמָץ અને-હિંમતવાં H0553 · אַל־ ના H0408 · תִּירָא ડર H3372 · וְאַל־ અને-ના H0408 · תֵּחָת׃ નિરાશ-થા H2865

યહોવાહે, ઇઝરાયલને માટે મૂસાને જે નિયમો અને કાનૂનો આપ્યાં છે તેનું તું કાળજીપૂર્વક પાલન કરશે ત્યારે તું સફળ થશે. બળવાન તથા હિંમતવાન થા. બીશ નહિ કે ગભરાઈશ નહિ.

14
וְהִנֵּה אને-જુઓ H2009
בְעָנְיִי મારા-કષ્ટમાં H6040
הֲכִינוֹתִי હું-તૈયાર-કર્યું-છે
לְבֵית־ ઘર-માટે
יְהוָה યહોવાને H3068
זָהָב સોનું H2091
כִּכָּרִים કિક્કાર H3603
מֵאָה־ એક-લાખ H3967
אֶלֶף હજાર H0505
וְכֶסֶף અને-ચાંદી H3701
אֶלֶף હજાર H0505
אֲלָפִים હજારો H0505
כִּכָּרִים કિક્કાર H3603
וְלַנְּחֹשֶׁת અને-કાંસાન□
וְלַבַּרְזֶל અને-લોહડને H1270
אֵין નથી H0369
מִשְׁקָל વજને H4948
כִּי કારણ-કે
לָרֹב પુષ્કળ H7230
הָיָה હતું H1961
וְעֵצִים અને-લાકડાં H6086
וַאֲבָנִים અને-પથ્થરો H0068
הֲכִינוֹתִי તૈયાર-કર્યા-છે
וַעֲלֵיהֶם અને-તેમના-ઉપર
תּוֹסִיף׃ ઉમેરશે H3254

હવે, જો, મેં યહોવાહના ભક્તિસ્થાન માટે પુષ્કળ મહેનત કરીને એક લાખ તાલંત સોનું, દસ લાખ તાલંત ચાંદી, પિત્તળ અને લોખંડ પુષ્કળ પ્રમાણમાં એકત્ર કર્યા છે. લાકડાં અને પથ્થર એ બધું તને આપ્યું છે. તેમા તું વધારો કરી શકે છે.

15
וְעִמְּךָ અને-તારી-સાથે
לָרֹב પુષ્કળ H7230
עֹשֵׂי કારીગરો
מְלָאכָה કામન□ H4399
חֹצְבִים પથ્થર-કાપનારા H2672
וְחָרָשֵׁי અને-કારીગરો H2796
אֶבֶן પથ્થરને H0068
וָעֵץ અને-લાકડાને H6086
וְכָל־ અને-બધ□ H3605
חָכָם કુશળ H2450
בְּכָל־ બધી H3605
מְלָאכָה׃ કારીગરીમાં H4399

તારી પાસે ઘણાં પથ્થર કાપનારાઓ, કડિયાઓ, સુથારો અને દરેક કામમાં નિપુણ પુષ્કળ કારીગરો છે,

16
לַזָּהָב સોનાને H2091
לַכֶּסֶף ચાંદીને H3701
וְלַנְּחֹשֶׁת અને-કાંસાને
וְלַבַּרְזֶל અને-લોહડને H1270
אֵין નથી H0369
מִסְפָּר ગણતરી H4557
קוּם ઊઠ
וַעֲשֵׂה અને-કર
וִיהִי અને-રહે H1961
יְהוָה યહોવા H3068
עִמָּךְ׃ તારી-સાથે

તેઓ સોના, ચાંદી, કાંસા અને લોખંડના ઉપયોગવાળા કામ પણ કરી શકે છે. માટે હવે બાંધકામ શરૂ કરી દે અને યહોવાહ તારી સાથે હો."

17
וַיְצַו અને-આજ્ઞા-આપી H6680
דָוִיד દાઉદે H1732
לְכָל־ બધા H3605
שָׂרֵי સરદારોને H8269
יִשְׂרָאֵל ઇઝરાયલને H3478
לַעְזֹר મદદ-કરવા H5826
לִשְׁלֹמֹה સોલોમનને H8010
בְנוֹ׃ તેના-પુત્રને

પછી દાઉદે, પોતાના પુત્ર સુલેમાનને સહાય કરવાની આજ્ઞા, ઇઝરાયલના સર્વ આગેવાનોને કરીને કહ્યુ કે,

18
הֲלֹא શું-નહીં H3808
יְהוָה યહોવા H3068
אֱלֹהֵיכֶם તમારે-ઈશ્વર H0430
עִמָּכֶם તમારી-સાથે-છે
וְהֵנִיחַ અને-આપી-છે H5117
לָכֶם તમને
מִסָּבִיב ચારે-બાજુથી H5439
כִּי કારણ-કે
נָתַן આપ્યા-છે H5414
בְּיָדִי મારા□-હાથમાં H3027
אֵת એ H0853
יֹשְׁבֵי રહેવાસીઓને H3427
הָאָרֶץ દેશને H0776
וְנִכְבְּשָׁה અને-આધીન-થઈ-છે H3533
הָאָרֶץ દેશ H0776
לִפְנֵי સામે H6440
יְהוָה યહોવાની H3068
וְלִפְנֵי અને-સામે H6440
עַמּוֹ׃ તેમને-લોકોની

"યહોવાહ, તમારા ઈશ્વર તમારી સાથે છે અને તેમણે ચારેતરફ તમને શાંતિ આપી છે. પ્રદેશના રહેવાસીઓને મારા હાથમાં સોંપ્યા છે. યહોવાહ તથા તેમના લોકોની સામે, પ્રદેશ પરાજિત થયો છે.

19
עַתָּה હવે H6258
תְּנוּ આપો H5414
לְבַבְכֶם તમારે-હૃદય H3824
וְנַפְשְׁכֶם અને-તમારે-પ્રાણ H5315
לִדְרוֹשׁ શોધવા H1875
לַיהוָה યહોવા H3068
אֱלֹהֵיכֶם તમારે-ઈશ્વરને H0430
וְקוּמוּ અને-ઊઠો
וּבְנוּ અને-બાંધો H1129
אֶת־ એ H0853
מִקְדַּשׁ પવિત્ર-સ્થાન H4720
יְהוָה યહોવા H3068
הָאֱלֹהִים ઈશ્વરનું H0430
לְהָבִיא લાવવા H0935
אֶת־ એ H0853
אֲרוֹן કોશ H0727
בְּרִית־ કરારનો H1285
יְהוָה યહોવાનો H3068
וּכְלֵי અને-વાસણો H3627
קֹדֶשׁ પવિત્ર H6944
הָאֱלֹהִים ઈશ્વરને H0430
לַבַּיִת ઘરમાં
הַנִּבְנֶה બાંધેલે H1129
לְשֵׁם־ નામ-માટે H8034
יְהוָה׃ યહોવાને H3068
פ —

હવે પૂરા હૃદયથી યહોવાહ તમારા ઈશ્વરની ભક્તિમાં મન લગાડો. તૈયાર થઈ જાઓ અને યહોવાહ ઈશ્વર માટે પવિત્રસ્થાન બાંધો. પછી તમે યહોવાહના કરારકોશને અને ઈશ્વરનાં પવિત્ર પાત્રોને યહોવાહના નામે જે ભક્તિસ્થાન બાંધવામાં આવે છે તેમાં લાવો."

## Chapter 23

1

| וְדָוִ֥יד | זָקֵ֖ן | וְשָׂבַ֣ע | יָמִ֑ים | וַיַּמְלֵ֛ךְ | אֶת־ | שְׁלֹמֹ֥ה | בְנ֖וֹ | עַל־ | יִשְׂרָאֵֽל׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-દાઉદ | વૃદ્ધ-થયો | અને-તૃપ્ત-થયો | દિવસોથી | અને-તેણે-રાજા-બનાવ્યો | — | સુલેમાનને | તેના-પુત્રને | — | ઇઝરાયલ-ઉપર |
| H1732 | H2204 | H7646 | H3117 | | H0853 | H8010 | | | H3478 |

જયારે દાઉદ ઘણો વૃદ્ધ થયો. ત્યારે તેણે રાજપદેથી નિવૃત્તિ લીધી. અને તેણે તેના પુત્ર સુલેમાનને ઇઝરાયલ પર રાજા તરીકે નીમ્યો.

2

| וַיֶּאֱסֹף֙ | אֶת־ | כָּל־ | שָׂרֵ֣י | יִשְׂרָאֵ֔ל | וְהַכֹּהֲנִ֖ים | וְהַלְוִיִּֽם׃ |
|---|---|---|---|---|---|---|
| અને-તેણે-ભેગા-કર્યા | — | સર્વ | સરદારોને | ઇઝરાયલના | અને-યાજકોને | અને-લેવીઓને |
| H0622 | H0853 | H3605 | H8269 | H3478 | H3548 | H3881 |

દાઉદે ઇઝરાયલના સર્વ આગેવાનોને, યાજકોને અને લેવીઓને એકઠા કર્યા.

3

| וַיִּסָּֽפְרוּ֙ | הַלְוִיִּ֔ם | מִבֶּ֛ן | שְׁלֹשִׁ֥ים | שָׁנָ֖ה | וָמָ֑עְלָה | וַיְהִ֨י | מִסְפָּרָ֤ם | לְגֻלְגְּלֹתָם֙ | לִגְבָרִ֔ים | שְׁלֹשִׁ֥ים | וּשְׁמוֹנָ֖ה | אָֽלֶף׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ગણાયા | લેવીઓ | ઉંમરથી | ત્રીસ | વર્ષ | ને-ઉપર | અને-હતી | તેમની-ગણતરી | માથાદીઠ | પુરુષોમાં | આડત્રીસ | — | હજાર |
| | H3881 | | H7970 | H8141 | H4605 | H1961 | H4557 | H1538 | H1397 | H7970 | H8083 | H0505 |

ત્રીસ વર્ષના અને તેથી વધારે વય ધરાવતા લેવીઓની ગણતરી કરવામાં આવી. તેઓની સંખ્યા આડત્રીસ હજાર થઈ.

4

| מֵאֵ֗לֶּה | לְנַצֵּ֙חַ֙ | עַל־ | מְלֶ֣אכֶת | בֵּית־ | יְהוָ֔ה | עֶשְׂרִ֥ים | וְאַרְבָּעָ֖ה | אָ֑לֶף | וְשֹׁטְרִ֥ים | וְשֹׁפְטִ֖ים | שֵׁ֥שֶׁת | אֲלָפִֽים׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આમાંથી | દેખરેખ-રાખવા | — | કામ-ઉપર | ઘરના | યહોવાના | ચોવીસ | — | હજાર | અને-અધિકારીઓ | અને-ન્યાયાધીશો | છ | હજાર |
| H0428 | H5329 | | H4399 | | H3068 | H6242 | H0702 | H0505 | H7860 | H8199 | H8337 | H0505 |

તેઓમાંના ચોવીસ હજારને ઈશ્વરના ભક્તિસ્થાનના કામની દેખરેખ સોંપવામાં આવી અને છ હજારને અમલદારો અને ન્યાયાધીશો તરીકે નીમ્યા.

5

| וְאַרְבַּ֥עַת | אֲלָפִ֖ים | שֹׁעֲרִ֑ים | וְאַרְבַּ֨עַת | אֲלָפִ֜ים | מְהַלְלִ֣ים | לַֽיהוָ֔ה | בַּכֵּלִ֕ים | אֲשֶׁ֥ר | עָשִׂ֖יתִי | לְהַלֵּֽל׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ચાર | હજાર | દ્વારપાળો | અને-ચાર | હજાર | સ્તુતિ-કરનારા | યહોવાની | વાદ્યોથી | જે | મેં-બનાવ્યાં | સ્તુતિ-માટે |
| H0702 | H0505 | H7778 | H0702 | H0505 | | H3068 | H3627 | | | |

|---|---|---|---|
| וַיִּשְׁמְע֥וּ | אֵלָ֖יו | כָּל־ | יִשְׂרָאֵֽל׃ |
| અને-માન્યા | તેમને | બધા | ઇઝરાયલે |
| H8085 | H0413 | H3605 | H3478 |

પછી સુલેમાન પોતાના પિતા દાઉદના અનુગામી તરીકે યહોવાહે સ્થાપેલા સિંહાસન પર બિરાજયો. તે સમૃદ્ધ થયો અને સમગ્ર ઇઝરાયલ લોકો તેને આધીન થયા.

24

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְכָל־ | הַשָּׂרִים֙ | וְהַגִּבֹּרִ֔ים | וְגַ֕ם | כָּל־ | בְּנֵ֖י | הַמֶּ֣לֶךְ | דָּוִ֑יד | נָ֣תְנוּ | יָ֔ד | תַּ֖חַת | שְׁלֹמֹ֥ה |
| અને-બધા | અધિકારીઓ | અને-વીરો | અને-પણ | બધા | પુત્રો | રાજા | દાઉદના | આપ્યું | હાથ | નીચે | સુલેમાન |
| H3605 | H8269 | H1368 | H1571 | H3605 | | H4428 | H1732 | H5414 | H3027 | H8478 | H8010 |

| |
|---|
| הַמֶּֽלֶךְ׃ |
| રાજાના |
| H4428 |

તમામ અધિકારીઓએ અને યોદ્ધાઓએ તેમ જ રાજા દાઉદના બધા પુત્રોએ રાજા સુલેમાન પ્રત્યે વફાદારીના શપથ લીધાં.

25

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְגַדֵּ֨ל | יְהוָ֤ה | אֶת־ | שְׁלֹמֹה֙ | לְמַ֔עְלָה | לְעֵינֵ֖י | כָּל־ | יִשְׂרָאֵ֑ל | וַיִּתֵּ֤ן | עָלָיו֙ | ה֣וֹד |
| અને-મોટા-કર્યા | યહોવાહે | — | સુલેમાનને | ઉપર | નજરમાં | બધા | ઇઝરાયલની | અને-આપ્યું | તેના-ઉપર | ગૌરવ |
| H1431 | H3068 | H0853 | H8010 | H4605 | | H3605 | H3478 | H5414 | | H1935 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מַלְכ֔וּת | אֲשֶׁ֨ר | לֹא־ | הָיָ֧ה | עַל־ | כָּל־ | מֶ֛לֶךְ | לְפָנָ֖יו | עַל־ | יִשְׂרָאֵֽל׃ | פ |
| રાજ્યનું | જે | નહોતું | થયું | — | કોઈ | રાજા-ઉપર | તેના-પહેલા | — | ઇઝરાયલમાં | — |
| H4438 | | H3808 | H1961 | | H3605 | H4428 | H6440 | | H3478 | |

યહોવાહે, સુલેમાનને ઇઝરાયલની નજરમાં ખૂબ મહાન કર્યો અને ઇઝરાયલના કોઈ પણ રાજાએ પહેલાં કદી મેળવી ના હોય તેવી જાહોજલાલી તેને આપી.

26

| וְדָוִ֙יד | בֶּן־ | יִשָׁ֔י | מָלַ֖ךְ | עַל־ | כָּל־ | יִשְׂרָאֵֽל׃ |
|---|---|---|---|---|---|---|
| અને-દાઉદ | પુત્ર | યિશાઈના | રાજ-કર્યું | — | સમસ્ત | ઇઝરાયલ-પર |
| H1732 | | H3448 | | | H3605 | H3478 |

યિશાઈના પુત્ર દાઉદે આખા ઇઝરાયલ પર શાસન કર્યું.

27

| וְהַיָּמִ֗ים | אֲשֶׁ֤ר | מָלַךְ֙ | עַל־ | יִשְׂרָאֵ֔ל | אַרְבָּעִ֖ים | שָׁנָ֑ה | בְּחֶבְר֤וֹן | מָלַךְ֙ | שֶׁ֣בַע | שָׁנִ֔ים |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-દિવસો | જે | રાજ-કર્યું | — | ઇઝરાયલ-પર | ચાલીસ | વર્ષ | હેબ્રોનમાં | રાજ-કર્યું | સાત | વર્ષ |
| H3117 | | | | H3478 | H0705 | H8141 | | | H7651 | H8141 |

| וּבִירוּשָׁלִַ֣ם | מָלַ֔ךְ | שְׁלֹשִׁ֖ים | וְשָׁלֽוֹשׁ׃ |
|---|---|---|---|
| અને-યરુશાલેમમાં | રાજ-કર્યું | ત્રીસ | અને-ત્રણ |
| H3389 | | H7970 | H7969 |

તેણે ઇઝરાયલ પર ચાળીસ વર્ષ સુધી સત્તા ભોગવી. તેણે સાત વર્ષ હેબ્રોનમાં અને તેત્રીસ વર્ષ યરુશાલેમમાં રાજય કર્યુ હતું.

28

| וַיָּ֙מָת֙ | בְּשֵׂיבָ֣ה | טוֹבָ֔ה | שְׂבַ֥ע | יָמִ֖ים | עֹ֣שֶׁר | וְכָב֑וֹד | וַיִּמְלֹ֛ךְ | שְׁלֹמֹ֥ה | בְנ֖וֹ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-મૃત્યુ-પામ્યા | ઘડપણમાં | સારા | ભરપૂર | દિવસો | ધન | અને-માનથી | અને-રાજ-કર્યું | સુલેમાન | તેના-પુત્ર |
| H4191 | H7872 | | H7649 | H3117 | H6239 | H3519 | | H8010 | |

| תַּחְתָּֽיו׃ |
|---|
| તેના-સ્થાને |
| H8478 |

સંપત્તિ અને સન્માન સાથે દીર્ઘાયુથી પરિપૂર્ણ થઈને તે મૃત્યુ પામ્યો અને તેના પછી તેના પુત્ર સુલેમાને રાજય કર્યું.

29

| וְדִבְרֵי֙ | דָּוִ֣יד | הַמֶּ֔לֶךְ | הָרִאשֹׁנִ֖ים | וְהָאַחֲרֹנִ֑ים | הִנָּ֣ם | כְּתוּבִ֗ים | עַל־ | דִּבְרֵי֙ | שְׁמוּאֵ֣ל | הָרֹאֶ֔ה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-વાતો | દાઉદ | રાજાની | પ્રથમ | અને-છેલ્લી | જુઓ | લખેલી-છે | — | વાતોમાં | શમુએલ | દ્રષ્ટાના |
| H1697 | H1732 | H4428 | H7223 | H0314 | H2009 | H3789 | | H1697 | H8050 | H7200 |

| וְעַל־ | דִּבְרֵי֙ | נָתָ֣ן | הַנָּבִ֔יא | וְעַל־ | דִּבְרֵ֖י | גָּ֥ד | הַחֹזֶֽה׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને | વાતોમાં | નાથાન | પ્રબોધકના | અને | વાતોમાં | ગાદ | દ્રષ્ટાના |
| | H1697 | H5416 | H5030 | | H1697 | H1410 | H2374 |

રાજા દાઉદના શાસનમાં બનેલા બધા જ બનાવો પહેલેથી છેલ્લે સુધી પ્રબોધક શમુએલ, પ્રબોધક નાથાન અને પ્રબોધક ગાદના પુસ્તકોમાં લખેલા છે.

30

| עִ֥ם | כָּל־ | מַלְכוּת֖וֹ | וּגְבוּרָת֑וֹ | וְהָעִתִּ֗ים | אֲשֶׁ֨ר | עָבְר֤וּ | עָלָיו֙ | וְעַל־ | יִשְׂרָאֵ֔ל |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સાથે | બધા | રાજ્યના | અને-પરાક્રમના | અને-સમયો | જે | વીત્યા | તેના-ઉપર | અને | ઇઝરાયલ-ઉપર |
| | H3605 | H4438 | H1369 | H6256 | | | | | H3478 |

| וְעַ֖ל | כָּל־ | מַמְלְכ֥וֹת | הָאֲרָצֽוֹת׃ | פ |
|---|---|---|---|---|
| અને | બધા | રાજ્યો | દેશોના | — |
| | H3605 | H4467 | H0776 | |

તેની આખી કારકિર્દી, તેના પરાક્રમ તથા તેના ઉપર ઇઝરાયલ પર તેમ જ દેશોના સર્વ રાજ્યો ઊપર જે સમય ગુજર્યા તે સર્વ વિષે તેમાં લખેલું છે.

# ૨ કાળવૃત્તાંત

## Chapter 1

1

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּתְחַזֵּק | שְׁלֹמֹה | בֶן־ | דָּוִיד | עַל־ | מַלְכוּתוֹ | וַיהוָה | אֱלֹהָיו | עִמּוֹ |
| અને–મજબૂત–થયા | સુલેમાન | પુત્ર | દાવિદના | ઉપર | તેના–રાજ્યમાં | અને–યહોવાહ | તેના–ઈશ્વર | તેની–સાથે–હતા |
| H2388 | H8010 | | H1732 | | H4438 | H3068 | H0430 | |
| וַיְגַדְּלֵהוּ | לְמָעְלָה׃ | | | | | | | |
| અને–તેને–મહાન–કર્યા | અત્યંત | | | | | | | |
| H1431 | H4605 | | | | | | | |

દાઉદનો દીકરો સુલેમાન પોતાના રાજ્યમાં પરાક્રમી થયો કારણ કે તેના પ્રભુ ઈશ્વર તેની સાથે હતા અને તેમણે તેને ઘણો સામર્થ્યવાન બનાવ્યો હતો.

2

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | שְׁלֹמֹה | לְכָל־ | יִשְׂרָאֵל | לְשָׂרֵי | הָאֲלָפִים | וְהַמֵּאוֹת | וְלַשֹּׁפְטִים | וּלְכֹל |
| અને–કહ્યુ | સુલેમાને | સમગ્ર | ઇઝરાયલને | હજારોના–સરદારોને | હજારોના | અને–સોના | અને–ન્યાયાધીશોને | અને–દરેક |
| H0559 | H8010 | H3605 | H3478 | H8269 | H0505 | H3967 | H8199 | H3605 |
| נָשִׂיא | לְכָל־ | יִשְׂרָאֵל | רָאשֵׁי | הָאָבוֹת׃ | | | | |
| આગેવાનને | સમગ્ર | ઇઝરાયલના | કુળોના–વડીલોને | પિતાઓના | | | | |
| | H3605 | H3478 | | H0001 | | | | |

સુલેમાને સર્વ ઇઝરાયલને, સહસ્રાધિપતિઓને, શતાધિપતિઓને, ન્યાયાધીશોને, ઇઝરાયલના દરેક રાજકુમારોને તથા કુટુંબનાં મુખ્ય વડીલોને આજ્ઞા કરી.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּלְכוּ | שְׁלֹמֹה | וְכָל־ | הַקָּהָל | עִמּוֹ | לַבָּמָה | אֲשֶׁר | בְּגִבְעוֹן | כִּי־ | שָׁם |
| અને–ગયા | સુલેમાન | અને–સમગ્ર | સભા | તેની–સાથે | ઊંચા–સ્થાન–પર | જે | ગિબ્યોનમાં–હતું | કારણ–કે | ત્યાં |
| H3212 | H8010 | H3605 | H6951 | | H1116 | | H1391 | | H8033 |
| הָיָה | אֹהֶל | מוֹעֵד | הָאֱלֹהִים | אֲשֶׁר | עָשָׂה | מֹשֶׁה | עֶבֶד־ | יְהוָה | בַּמִּדְבָּר׃ |
| હતું | મંડપ | મુલાકાતનો | ઈશ્વરનો | જે | બનાવ્યો–હતો | મૂસાએ | સેવક | યહોવાહના | અરણ્યમાં |
| H1961 | H0168 | H4150 | H0430 | | | H4872 | H5650 | H3068 | |

પછી સુલેમાન પોતાની સાથે સમગ્ર પ્રજાને લઈને ગિબ્યોનના ઉચ્ચસ્થાનમાં ગયો; કેમ કે ત્યાં ઈશ્વરનો મુલાકાતમંડપ હતો, એ મુલાકાતમંડપ મૂસા અને ઈશ્વરના સેવકોએ અરણ્યમાં બનાવેલો હતો.

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲבָל | אֲרוֹן | הָאֱלֹהִים | הֶעֱלָה | דָוִיד | מִקִּרְיַת יְעָרִים | בַּהֵכִין | לוֹ | דָּוִיד | כִּי |
| પરંતુ | કોશ | ઈશ્વરનો | લાવ્યા–હતા | દાવિદ | કિર્યાથ–યઆરીમથી | તૈયાર–કર્યું–હતું | તેના–માટે | દાવિદે | કારણ–કે |
| H0061 | H0727 | H0430 | H5927 | H1732 | H7157 | | | H1732 | |
| נָטָה־ | לוֹ | אֹהֶל | בִּירוּשָׁלִָם׃ | | | | | | |
| તંબુ–ખડો–કર્યો–હતો | તેના–માટે | તંબુ | યરૂશાલેમમાં | | | | | | |
| H5186 | | H0168 | H3389 | | | | | | |

દાઉદ ઈશ્વરના કરારકોશને કિર્યાથ-યારીમથી યરુશાલેમમાં લાવ્યો હતો, ત્યાં તેણે તેને માટે તંબુ તૈયાર કર્યો હતો.

5

| | | |
|---|---|---|
| וּמִזְבַּח | અને-કાંસાની-વેદી | H4196 |
| הַנְּחֹשֶׁת | કાંસાની | |
| אֲשֶׁר | જે | |
| עָשָׂה | બનાવી-હતી | |
| בְּצַלְאֵל | બસાલએલે | H1212 |
| בֶּן־ | પુત્ર | |
| אוּרִי | ઊરીના | H0221 |
| בֶן־ | પુત્ર | |
| חוּר | હૂરના | H2354 |
| שָׂם | મૂકેલી-હતી | |
| לִפְנֵי | આગળ | H6440 |
| מִשְׁכַּן | નિવાસસ્થાનના | H4908 |
| יְהוָה | યહોવાહના | H3068 |
| וַיִּדְרְשֵׁהוּ | અને-તેની-પાસે-ગયા | H1875 |
| שְׁלֹמֹה | સુલેમાન | H8010 |
| וְהַקָּהָל׃ | અને-સભા | H6951 |

આ ઉપરાંત, હૂરના દીકરા, ઉરીના દીકરા, બસાલેલે પિત્તળની જે વેદી બનાવી હતી, તે ત્યાં ઈશ્વરના મંડપની આગળ હતી; સુલેમાન તથા આખી સભા ત્યાં ગયા.

6

| | | |
|---|---|---|
| וַיַּעַל | અને-ચડ્યા | H5927 |
| שְׁלֹמֹה | સુલેમાન | H8010 |
| שָׁם | ત્યાં | H8033 |
| עַל־ | પર | |
| מִזְבַּח | વેદી | H4196 |
| הַנְּחֹשֶׁת | કાંસાની | |
| לִפְנֵי | આગળ | H6440 |
| יְהוָה | યહોવાહની | H3068 |
| אֲשֶׁר | જે | |
| לְאֹהֶל | મુલાકાતના | H0168 |
| מוֹעֵד | મંડપ-પાસે-હતી | H4150 |
| וַיַּעַל | અને-ચડાવ્યાં | H5927 |
| עָלָיו | તેના-પર | |
| עֹלוֹת | દહનાર્પણો | |
| אָלֶף׃ | એક-હજાર | H0505 |

મુલાકાતમંડપમાં ઈશ્વરની આગળ જે પિત્તળની વેદી હતી, ત્યાં સુલેમાન ગયો. અને તેના પર એક હજાર દહનીયાર્પણો ચઢાવ્યાં.

7

| | | |
|---|---|---|
| בַּלַּיְלָה | તે-રાત્રે | H3915 |
| הַהוּא | તે | H1931 |
| נִרְאָה | દેખાયા | H7200 |
| אֱלֹהִים | ઈશ્વર | H0430 |
| לִשְׁלֹמֹה | સુલેમાનને | H8010 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| לוֹ | તેને | |
| שְׁאַל | માગ | H7592 |
| מָה | શું | H4100 |
| אֶתֶּן־ | આપું | H5414 |
| לָךְ׃ | તને | |

તે રાત્રે ઈશ્વરે સુલેમાનને દર્શન આપીને કહ્યુ, “માગ હું તને શું આપું?”

8

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| שְׁלֹמֹה | સુલેમાને | H8010 |
| לֵאלֹהִים | ઈશ્વરને | H0430 |
| אַתָּה | તેં | |
| עָשִׂיתָ | દર્શાવી | |
| עִם־ | સાથે | |
| דָּוִיד | દાવિદ | H1732 |
| אָבִי | મારા-પિતાની | H0001 |
| חֶסֶד | કૃપા | |
| גָּדוֹל | મહાન | |
| וְהִמְלַכְתַּנִי | અને-રાજા-બનાવ્યો-મને | |
| תַּחְתָּיו׃ | તેના-સ્થાને | H8478 |

સુલેમાને ઈશ્વરને કહ્યુ, “તમે મારા પિતા દાઉદ પ્રત્યે ઘણાં વિશ્વાસુ રહ્યા હતા. અને તેની જગ્યાએ મને રાજા બનાવ્યો છે.

9

| | | |
|---|---|---|
| עַתָּה | હવે | H6258 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| אֱלֹהִים | ઈશ્વર | H0430 |
| יֵאָמֵן | પૂરું-થાઓ | H0539 |
| דְּבָרְךָ | તારું-વચન | H1697 |
| עִם | સાથે | |
| דָּוִיד | દાવિદ | H1732 |
| אָבִי | મારા-પિતાનું | H0001 |
| כִּי | કારણ-કે | |
| אַתָּה | તેં | |
| הִמְלַכְתַּנִי | રાજા-બનાવ્યો-મને | |
| עַל־ | ઉપર | |
| עַם | પ્રજા | |
| רַב | મોટી | |
| כַּעֲפַר | પૃથ્વીની-ધૂળ-જેટલી | H6083 |
| הָאָרֶץ׃ | પૃથ્વીની | H0776 |

હવે, પ્રભુ ઈશ્વર, મારા પિતા દાઉદને જે વચન આપ્યું હતું તે ફળીભૂત કરો, કેમ કે તમે મને પૃથ્વીની ધૂળની રજ જેટલા અસંખ્ય લોકો પર રાજા બનાવ્યો છે.

10

| | | |
|---|---|---|
| עַתָּה | હવે | H6258 |
| חָכְמָה | જ્ઞાન | H2451 |
| וּמַדָּע | અને-સમજણ | H4093 |
| תֶּן־ | આપ | H5414 |
| לִי | મને | |
| וְאֵצְאָה | અને-હું-બહાર-જાઉં | H3318 |
| לִפְנֵי | આગળ | H6440 |
| הָעָם־ | આ-પ્રજાની | |
| הַזֶּה | આ | H2088 |
| וְאָבוֹאָה | અને-અંદર-આવું | H0935 |
| כִּי־ | કારણ-કે | |
| מִי | કોણ | H4310 |
| יִשְׁפֹּט | ન્યાય-કરી-શકે | H8199 |
| אֶת־ | આ | H0853 |
| עַמְּךָ | તારી-પ્રજાનો | |
| הַזֶּה | આ | H2088 |
| הַגָּדוֹל׃ | મહાન | |
| ס | — | |

હવે તમે મને ડહાપણ તથા જ્ઞાન આપો, કે જેથી હું આ લોકોનો ન્યાયાધીશ થઈ શકું. કારણ કે તમારી આ મહાન પ્રજાનો ન્યાય કોણ કરી શકે?”

11 וַיֹּאמֶר־ અને-કહ્યુ H0559 | אֱלֹהִים ઈશ્વરે H0430 | לִשְׁלֹמֹה સુલેમાનને H8010 | יַעַן કારણ-કે H3282 | אֲשֶׁר જે | הָיְתָה હતું H1961 | זֹאת આ H2063 | עִם־ સાથે | לְבָבֶךָ તારા-હૃદયમાં H3824 | וְלֹא־ અને-નહોતાં-માગ્યાં H3808
שָׁאַלְתָּ તેં H7592 | עֹשֶׁר ધન H6239 | נְכָסִים સંપત્તિ H5233 | וְכָבוֹד અને-મહિમા H3519 | וְאֵת અને-નહોતા-માગ્યા H0853 | נֶפֶשׁ જીવ H5315 | שֹׂנְאֶיךָ તારા-દુશ્મનોના H8130 | וְגַם־ અને-પણ H1571 | יָמִים દિવસો H3117 | רַבִּים ઘણા | לֹא નહોતા H3808
שָׁאָלְתָּ માગ્યા-તેં H7592 | וַתִּשְׁאַל־ અને-માગ્યાં H7592 | לְךָ તેં | חָכְמָה જ્ઞાન H2451 | וּמַדָּע અને-સમજણ H4093 | אֲשֶׁר જેથી | תִּשְׁפּוֹט ન્યાય-કરે H8199 | אֶת־ મારી H0853 | עַמִּי પ્રજાનો | אֲשֶׁר જેના-પર
הִמְלַכְתִּיךָ રાજા-બનાવ્યો-તને-મેં | עָלָיו: ઉપર

ઈશ્વરે સુલેમાનને કહ્યુ, “તારા હૃદયમાં આ મહાન બાબત છે. તેં ધન, સંપત્તિ, આદર અથવા તને જે ધિક્કારે છે તેઓના જીવ, તેમ જ પોતાના માટે લાંબુ આયુષ્ય માગ્યું નહિ; પણ તેં તારા માટે ડહાપણ તથા જ્ઞાન માગ્યું, કે જેથી તું મારા લોકો પર રાજ અને ન્યાય કરી શકે. જો કે એ માટે જ મેં તને રાજા બનાવ્યો છે.

12 הַחָכְמָה જ્ઞાન H2451 | וְהַמַּדָּע અને-સમજણ H4093 | נָתוּן આપવામાં-આવ્યાં H5414 | לָךְ તને | וְעֹשֶׁר અને-ધન H6239 | וּנְכָסִים અને-સંપત્તિ H5233 | וְכָבוֹד અને-મહિમા H3519 | אֶתֶּן־ આપીશ H5414 | לָּךְ તને | אֲשֶׁר જેવાં
לֹא־ ન-હતાં H3808 | הָיָה હતાં H1961 | כֵן એવાં | לַמְּלָכִים રાજાઓ-પાસે H4428 | אֲשֶׁר જે | לְפָנֶיךָ તારા-પહેલાં-હતા H6440 | וְאַחֲרֶיךָ અને-તારા-પછી | לֹא નહીં H3808 | יִהְיֶה־ હશે H1961 | כֵּן: એવાં

હવે તને ડહાપણ તથા જ્ઞાન બક્ષ્યાં છે; હું તને એટલું બધું ધન, સંપત્તિ અને આદર આપીશ કે તારી અગાઉ જે રાજાઓ થઈ ગયા તેઓની પાસે એટલું ન હતું. અને તારા પછીના કોઈને મળશે પણ નહિ.”

13 וַיָּבֹא અને-આવ્યા H0935 | שְׁלֹמֹה સુલેમાન H8010 | לַבָּמָה ઊંચા-સ્થાનથી H1116 | אֲשֶׁר־ જે | בְגִבְעוֹן ગિબ્યોનમાં-હતું H1391 | יְרוּשָׁלִַם યરૂશાલેમમાં H3389 | מִלִּפְנֵי આગળથી H6440 | אֹהֶל મંડપ H0168 | מוֹעֵד મુલાકાતના H4150
וַיִּמְלֹךְ અને-રાજ-કર્યું | עַל־ ઉપર | יִשְׂרָאֵל: ઇઝરાયલ H3478 | פ —

તેથી સુલેમાન ગિબ્યોનના ઉચ્ચસ્થાનમાંથી મુલાકાતમંડપ આગળથી યરુશાલેમ આવ્યો; અને તેણે ઇઝરાયલ ઉપર રાજ કર્યું.

14 וַיֶּאֱסֹף અને-એકઠા-કર્યા H0622 | שְׁלֹמֹה સુલેમાને H8010 | רֶכֶב રથો H7393 | וּפָרָשִׁים અને-ઘોડેસવારો | וַיְהִי־ અને-હતા H1961 | לוֹ તેની-પાસે | אֶלֶף એક-હજાર H0505 | וְאַרְבַּע־ અને-ચારસો H0702 | מֵאוֹת સો H3967 | רֶכֶב રથ H7393
וּשְׁנֵים־ અને-બાર H8147 | עָשָׂר હજાર H6240 | אֶלֶף હજાર H0505 | פָּרָשִׁים ઘોડેસવારો | וַיַּנִּיחֵם અને-રાખ્યા-તેમને H3240 | בְּעָרֵי રથોના-શહેરોમાં | הָרֶכֶב રથોના H7393 | וְעִם־ અને-સાથે | הַמֶּלֶךְ રાજાની H4428 | בִּירוּשָׁלָםִ: યરૂશાલેમમાં H3389

સુલેમાને રથો તથા ઘોડેસવારોને એકત્ર કર્યા: તેની પાસે એક હજાર ચારસો રથો તથા એક હજાર બસો ઘોડેસવારો હતા, તેમાંના કેટલાકને તેણે રથો રાખવાના નગરોમાં અને પોતાની પાસે યરુશાલેમમાં રાખ્યા.

15 וַיִּתֵּן અને-આપ્યાં H5414 | הַמֶּלֶךְ રાજાએ H4428 | אֶת־ ચાંદીને H0853 | הַכֶּסֶף ચાંદી H3701 | וְאֶת־ અને H0853 | הַזָּהָב સોનાને H2091 | בִּירוּשָׁלִַם યરૂશાલેમમાં H3389 | כָּאֲבָנִים પથ્થરો-જેવાં H0068 | וְאֵת અને H0853 | הָאֲרָזִים દેવદારના-લાકડાં H0730 | נָתַן આપ્યાં H5414
כַּשִּׁקְמִים ગુલર-વૃક્ષો-જેવાં H8256 | אֲשֶׁר־ જે | בַּשְּׁפֵלָה નીચાણના-પ્રદેશમાં-છે H8219 | לָרֹב: વિપુલ-પ્રમાણમાં H7230

રાજાએ યરુશાલેમમાં સોનું તથા ચાંદી એટલાં બધાં વધારી દીધાં કે તે પથ્થરની તોલે થઈ ગયાં. અને દેવદારનાં લાકડાં એટલા બધાં વધી ગયા કે તે નીચાણના પ્રદેશમાંનાં ગુલ્લર વૃક્ષોનાં લાકડા જેવા થઈ પડ્યાં.

| 16 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | וּמוֹצָא | הַסּוּסִים | אֲשֶׁר | לִשְׁלֹמֹה | מִמִּצְרָיִם | וּמִקְוֵא | סֹחֲרֵי | הַמֶּלֶךְ | מִקְוֵא |
| | અને-ઘોડા-આવતા-હતા | ઘોડાઓ | જે | સુલેમાનના-માટે | મિસરથી | અને-કુએથી | વેપારીઓ | રાજાના | કુએથી |
| | H4161 | | | H8010 | H4714 | | H5503 | H4428 | |

| | | |
|---|---|---|
| | יִקְחוּ | בִּמְחִיר׃ |
| | ખરીદતા-હતા | કિંમતે |
| | H3947 | H4242 |

સુલેમાનના ઘોડાને તેના વેપારીઓ મિસરમાંથી વેચાતા લાવ્યા હતા.

| 17 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | וַיַּעֲלוּ | וַיּוֹצִיאוּ | מִמִּצְרַיִם | מֶרְכָּבָה | בְּשֵׁשׁ | מֵאוֹת | כֶּסֶף | וְסוּס | בַּחֲמִשִּׁים |
| | અને-લાવતા | અને-નિકાસ-કરતા | મિસરથી | રથ | છસો | સો | ચાંદીમાં | અને-ઘોડો | એકસો-પચાસમાં |
| | H5927 | H3318 | H4714 | H4818 | H8337 | H3967 | H3701 | | H2572 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | וּמֵאָה | וְכֵן | לְכָל־ | מַלְכֵי | הַחִתִּים | וּמַלְכֵי | אֲרָם | בְּיָדָם | יוֹצִיאוּ׃ |
| | અને-પચાસ | અને-એ-રીતે | સર્વ | રાજાઓ-માટે | હિત્તીઓના | અને-રાજાઓ-માટે | અરામના | તેમના-દ્વારા | મોકલતા-હતા |
| | H3967 | | H3605 | H4428 | H2850 | H4428 | H0758 | H3027 | H3318 |

મિસરથી તેઓ દરેક રથ ચાંદીના છસો શેકેલ ચૂકવીને ખરીદી લાવતા હતા. એ જ પ્રમાણે હિત્તીઓના સર્વ રાજાઓને માટે તથા અરામના રાજાઓને માટે પણ તે સોદાગરો ઘોડા લઈ આવતા.

## Chapter 2

| 1 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | וַיֹּאמֶר | שְׁלֹמֹה | לִבְנוֹת | בַּיִת | לְשֵׁם | יְהוָה | וּבַיִת | לְמַלְכוּתוֹ׃ |
| | અને-કહ્યુ | સુલેમાને | બાંધવાનું | ઘર | નામ-માટે | યહોવાહનું | અને-ઘર | તેના-રાજ્ય-માટે |
| | H0559 | H8010 | H1129 | | H8034 | H3068 | | H4438 |

હવે સુલેમાને ઈશ્વરના માટે સભાસ્થાન તથા પોતાના રાજ્યને માટે રાજમહેલ બાંધવાનો હુકમ ફરમાવ્યો.

| 2 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | וַיִּסְפֹּר | שְׁלֹמֹה | שִׁבְעִים | אֶלֶף | אִישׁ | סַבָּל | וּשְׁמוֹנִים | אֶלֶף | אִישׁ | חֹצֵב | בָּהָר |
| | અને-ગણ્યા | સુલેમાને | સિત્તેર | હજાર | માણસ | ભારવાહક | અને-એંશી | હજાર | માણસ | પથ્થર-કાપનાર | પર્વતમાં |
| | | H8010 | H7657 | H0505 | H0376 | H5449 | H8084 | H0505 | H0376 | H2672 | H2022 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | וּמְנַצְּחִים | עֲלֵיהֶם | שְׁלֹשֶׁת | אֲלָפִים | וְשֵׁשׁ | מֵאוֹת׃ | פ |
| | અને-દેખરેખ-રાખનાર | તેમના-ઉપર | ત્રણ | હજાર | અને-છ | સો | — |
| | H5329 | | H7969 | H0505 | H8337 | H3967 | |

સુલેમાને સિત્તેર હજાર માણસોને ભાર ઊંચકવા માટે, એંશી હજાર માણસોને પર્વતોમાં લાકડાં કાપવા માટે તથા ત્રણ હજાર છસો માણસોને તેઓના પર દેખરેખ રાખવા મુકાદમ તરીકે કામે રાખ્યા.

| 3 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | וַיִּשְׁלַח | שְׁלֹמֹה | אֶל־ | חוּרָם | מֶלֶךְ־ | צֹר | לֵאמֹר | כַּאֲשֶׁר | עָשִׂיתָ | עִם־ | דָּוִיד |
| | અને-મોકલ્યો | સુલેમાને | તરફ | હૂરામ | રાજા | તૂરના | કહેવડાવ્યું | જેમ | કર્યુ-હતું | સાથે | દાવિદ |
| | H7971 | H8010 | H0413 | H2361 | H4428 | H6865 | H0559 | | | | H1732 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | אָבִי | וַתִּשְׁלַח־ | לוֹ | אֲרָזִים | לִבְנוֹת־ | לוֹ | בַיִת | לָשֶׁבֶת | בּוֹ׃ |
| | મારા-પિતાના | અને-મોકલ્યાં-હતાં | તેમને | દેવદારો | બાંધવા-માટે | તેમના-માટે | ઘર | રહેવા | તેમાં |
| | H0001 | H7971 | | H0730 | H1129 | | | H3427 | |

સુલેમાને તૂરના રાજા હીરામની + 2:3 હુરામ પાસે સંદેશો મોકલીને જણાવ્યું, “તું મારા પિતા દાઉદની સાથે જેમ વર્ત્યો અને તેને રાજમહેલ બાંધવા માટે દેવદારનાં લાકડાં મોકલી આપ્યાં હતાં, તેમ જ તું મારી સાથે વર્તજે.

4 הִנֵּה જુઓ H2009 · אֲנִי હું H0589 · בוֹנֶה־ બાંધું-છું H1129 · בַּיִת ઘર · לְשֵׁם નામ-માટે H8034 · יְהוָה યહોવાહ H3068 · אֱלֹהָי મારા-ઈશ્વરનું H0430 · לְהַקְדִּישׁ સમર્પિત-કરવા H6942 · לוֹ તેમને · לְהַקְטִיר ધૂપ-બાળવા · לְפָנָיו તેમની-આગળ H6440

קְטֹרֶת־ સુગંધી-ધૂપ H7004 · סַמִּים મસાલાઓના H5561 · וּמַעֲרֶכֶת અને-હારબંધ-રોટલી H4635 · תָּמִיד નિત્ય H8548 · וְעֹלוֹת અને-દહનાર્પણો · לַבֹּקֶר સવારના H1242 · וְלָעֶרֶב અને-સાંજના H6153 · לַשַּׁבָּתוֹת વિશ્રામવારો-માટે H7676

וְלֶחֳדָשִׁים અને-ચંદ્રમાસો-માટે H2320 · וּלְמוֹעֲדֵי અને-ઉત્સવો-માટે H4150 · יְהוָה યહોવાહ H3068 · אֱלֹהֵינוּ અમારા-ઈશ્વરના H0430 · לְעוֹלָם સદાકાળ H5769 · זֹאת આ H2063 · עַל־ ઉપર · יִשְׂרָאֵל׃ ઈઝરાયલ H3478

જુઓ, હું મારા ઈશ્વર યહોવાહ માટે ઘર બાંધવા માગું છું, ત્યાં તેમની સમક્ષ ખુશબુદાર સુગંધીઓનો ધૂપ બાળવાને, નિત્યની અર્પિત રોટલીને સારુ, વિશ્રામવારોએ, ચંદ્રદર્શનના દિવસોએ અને અમારા પ્રભુ ઈશ્વરનાં નક્કી કરેલાં પર્વોને માટે, સવાર તથા સાંજના દહનીયાર્પણોને સારુ તથા તેમના નામને સારુ, હું ઘર બાંધુ છું. ઇઝરાયલને માટે સર્વકાળને સારુ આ વિધિઓ ઠરાવેલા છે.

5 וְהַבַּיִת અને-ઘર · אֲשֶׁר־ જે · אֲנִי હું H0589 · בוֹנֶה બાંધું-છું H1129 · גָּדוֹל મોટું-છે · כִּי־ કારણ-કે · גָדוֹל મોટા-છે · אֱלֹהֵינוּ અમારા-ઈશ્વર H0430 · מִכָּל־ સર્વ-કરતાં H3605 · הָאֱלֹהִים׃ દેવતાઓ-કરતાં H0430

હું જે ઘર બાંધવાનો છું તે ઘણું મોટું છે, કારણ કે આપણા ઈશ્વર બીજા સર્વ દેવો કરતાં મહાન છે.

6 וּמִי અને-કોણ H4310 · יַעֲצָר־ રોકી-શકે H6113 · כֹּחַ શક્તિ · לִבְנוֹת־ બાંધવા-માટે H1129 · לוֹ તેમના-માટે · בַיִת ઘર · כִּי કારણ-કે · הַשָּׁמַיִם આકાશો H8064 · וּשְׁמֵי અને-આકાશોના-આકાશો H8064

הַשָּׁמַיִם આકાશો H8064 · לֹא નહીં H3808 · יְכַלְכְּלֻהוּ સમાવી-શકે-તેમને H3557 · וּמִי અને-કોણ H4310 · אֲנִי હું H0589 · אֲשֶׁר જે · אֶבְנֶה־ બાંધું H1129 · לּוֹ તેમને · בַיִת ઘર · כִּי પરંતુ · אִם־ ફક્ત

לְהַקְטִיר ધૂપ-બાળવા · לְפָנָיו׃ તેમની-આગળ H6440

તો પણ તેમને માટે સભાસ્થાન બાંધવાને કોણ સમર્થ છે? કારણ કે સમગ્ર વિશ્વમાં અને આકાશોના આકાશમાં તેમનો સમાવેશ થઈ શકે તેમ નથી. તો પછી હું કોણ કે તેમને માટે સભાસ્થાન બાંધું? એ તો માત્ર તેમની સમક્ષ અર્પણ કરવાને માટે જ છે.

7 וְעַתָּה અને-હવે H6258 · שְׁלַח־ મોકલ H7971 · לִי મને · אִישׁ־ માણસ H0376 · חָכָם કુશળ H2450 · לַעֲשׂוֹת કામ-કરવા · בַּזָּהָב સોનામાં H2091 · וּבַכֶּסֶף અને-ચાંદીમાં H3701 · וּבַנְּחֹשֶׁת અને-કાંસામાં · וּבַבַּרְזֶל અને-લોખંડમાં H1270

וּבָאַרְגְּוָן અને-જાંબુડિયામાં H0710 · וְכַרְמִיל અને-કિરમજીમાં H3758 · וּתְכֵלֶת અને-ભૂરામાં H8504 · וְיֹדֵעַ અને-જાણનાર H3045 · לְפַתֵּחַ કોતરવાનું · פִּתּוּחִים કોતરણીઓ H6603 · עִם־ સાથે · הַחֲכָמִים કુશળ-કારીગરોના H2450 · אֲשֶׁר જે

עִמִּי મારી-સાથે-છે · בִּיהוּדָה યહૂદામાં H3063 · וּבִירוּשָׁלִַם અને-યરૂશાલેમમાં H3389 · אֲשֶׁר જે · הֵכִין તૈયાર-કર્યા · דָּוִיד દાવિદ H1732 · אָבִי׃ મારા-પિતાએ H0001

તેથી સોનાના, ચાંદીના, પિત્તળના, લોખંડના, જાંબુડિયા, ઘાટા લાલ, આસમાની રંગના વસ્ત્રના કામમાં બાહોશ તથા કોતરણી કોતરવામાં નિપુણ એવા માણસોને મારી પાસે મોકલ. યહૂદિયામાં તથા યરુશાલેમમાં મારી પાસે જે કુશળ પુરુષો છે, તેઓને તો મારા પિતા દાઉદે પૂરા પાડ્યા છે. તું જેઓને મોકલે તેઓ તેઓની સાથે રહીને કામ કરશે.

8 וּשְׁלַח־ અને-મોકલ H7971 · לִי મને · עֲצֵי લાકડાં H6086 · אֲרָזִים દેવદારનાં H0730 · בְּרוֹשִׁים સરૂનાં H1265 · וְאַלְגּוּמִּים અને-ચંદનનાં H0418 · מֵהַלְּבָנוֹן લબાનોનથી H3844 · כִּי કારણ-કે · אֲנִי હું H0589 · יָדַעְתִּי જાણું-છું H3045 · אֲשֶׁר કે

עֲבָדֶיךָ તારા-દાસો H5650 · יוֹדְעִים જાણે-છે H3045 · לִכְרוֹת કાપવાનું H3772 · עֲצֵי લાકડાં H6086 · לְבָנוֹן લબાનોનનાં H3844 · וְהִנֵּה અને-જુઓ H2009 · עֲבָדַי મારા-દાસો H5650 · עִם־ સાથે · עֲבָדֶיךָ׃ તારા-દાસોની H5650

લબાનોનમાંથી એરેજવૃક્ષો, દેવદારનાં વૃક્ષો, ચંદનના વૃક્ષો મારા માટે મોકલી આપો; કેમ કે હું જાણું છું કે તારા ચાકરો લબાનોનમાં લાકડાં કાપવામાં કુશળ છે. જુઓ, મારા ચાકરો,

9

| וּלְהָכִ֥ין | לִ֛י | עֵצִ֖ים | לָרֹ֑ב | כִּ֥י | הַבַּ֛יִת | אֲשֶׁר־ | אֲנִ֥י | בוֹנֶ֖ה | גָּד֥וֹל | וְהַפְלֵֽא׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-તૈયાર-કરવા | મારા-માટે | લાકડાં | વિપુલ-પ્રમાણમાં | કારણ-કે | ઘર | જે | હું | બાંધું-છું | મોટું | અને-અદ્ભુત-છે |
| | | H6086 | H7230 | | | | H0589 | H1129 | | H6381 |

મારા માટે પુષ્કળ લાકડાં તૈયાર કરવા તમારા ચાકરોની સાથે રહેશે; કેમ કે જે સભાસ્થાન બનાવવા હું જઈ રહ્યો છું તે ઘણું અદ્ભુત અને ભવ્ય થશે.

10

| וְהִנֵּ֡ה | לַֽחֹטְבִ֣ים | לְכֹרְתֵ֪י | הָעֵצִ֟ים | נָתַ֣תִּי | חִטִּ֣ים | מַכּ֡וֹת | לַעֲבָדֶ֩יךָ֩ | כֹּרִ֨ים | עֶשְׂרִ֜ים | אֶ֔לֶף | וּשְׂעֹרִ֕ים | כֹּרִ֖ים | עֶשְׂרִ֣ים | אָ֑לֶף | וְיַ֗יִן | בַּתִּים֙ | עֶשְׂרִ֣ים | אֶ֔לֶף | וְשֶׁ֕מֶן | בַּתִּ֖ים | עֶשְׂרִ֥ים | אָֽלֶף׃ | פ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જુઓ | લાકડાં-કાપનારા | કાપનારા | ઝાડોનાં | આપ્યા-મેં | ઘઉં | કોર | તારા-દાસોને | કોર | વીસ | હજાર | અને-જવ | કોર | વીસ | હજાર | અને-દ્રાક્ષારસ | બાથ | વીસ | હજાર | અને-તેલ | બાથ | વીસ | હજાર | — |
| H2009 | H2404 | H3772 | H6086 | H5414 | H2406 | H4347 | H5650 | | H6242 | H0505 | H8184 | | H6242 | H0505 | H3196 | H1324 | H6242 | H0505 | H8081 | H1324 | H6242 | H0505 | |

જુઓ, હું તમારા ચાકરોને, એટલે લાકડાં કાપનારાઓને વીસ હજાર માપ ઝૂડેલા ઘઉં, વીસ હજાર ગૂણ જવ, વીસ હજાર બાથ એક લાખ એંશી હજાર ગેલન દ્રાક્ષારસ અને વીસ હજાર બાથ તેલ આપીશ."

11

| וַיֹּ֨אמֶר | חוּרָ֤ם | מֶֽלֶךְ־ | צֹר֙ | בִּכְתָ֔ב | וַיִּשְׁלַ֖ח | אֶל־ | שְׁלֹמֹ֑ה | בְּאַהֲבַ֤ת | יְהוָה֙ | אֶת־ | עַמּ֔וֹ | נְתָנְךָ֥ | עֲלֵיהֶ֖ם | מֶֽלֶךְ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | હૂરામે | રાજા | તૂરના | પત્રમાં | અને-મોકલ્યો | તરફ | સુલેમાનના | પ્રેમથી | યહોવાહના | તેમની | પ્રજા-પ્રત્યે | નીમ્યા-છે-તને | તેમના-ઉપર | રાજા |
| H0559 | H2361 | H4428 | H6865 | H3791 | H7971 | H0413 | H8010 | H0160 | H3068 | H0853 | | H5414 | | H4428 |

પછી તૂરના રાજા હીરામે સુલેમાનને જવાબ લખી મોકલ્યો: "ઈશ્વરને પોતાના લોકો પર પ્રેમ છે, માટે તેમણે તને તેઓના પર રાજા બનાવ્યો છે."

12

| וַיֹּאמֶר֮ | חוּרָם֒ | בָּר֤וּךְ | יְהוָה֙ | אֱלֹהֵ֣י | יִשְׂרָאֵ֔ל | אֲשֶׁ֣ר | עָשָׂ֔ה | אֶת־ | הַשָּׁמַ֖יִם | וְאֶת־ | הָאָ֑רֶץ | אֲשֶׁ֣ר | נָתַן֩ | לְדָוִ֨יד | הַמֶּ֜לֶךְ | בֵּ֣ן | חָכָ֗ם | יוֹדֵ֙עַ֙ | שֶׂ֣כֶל | וּבִינָ֔ה | אֲשֶׁ֤ר | יִבְנֶה־ | בַּ֙יִת֙ | לַיהוָ֔ה | וּבַ֖יִת | לְמַלְכוּתֽוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | હૂરામે | ધન્ય-છે | યહોવાહ | ઈશ્વર | ઈઝરાયલના | જેમણે | બનાવ્યાં | – | આકાશો | અને- | પૃથ્વી | જેમણે | આપ્યો | દાવિદ-રાજાને | રાજા | પુત્ર | ડાહ્યો | જાણનાર | બુદ્ધિ | અને-સમજણ | જે | બાંધશે | ઘર | યહોવાહ-માટે | અને-ઘર | તેના-રાજ્ય-માટે |
| H0559 | H2361 | H1288 | H3068 | H0430 | H3478 | | | H0853 | H8064 | H0853 | H0776 | | H5414 | H1732 | H4428 | | H2450 | H3045 | H7922 | H0998 | | H1129 | | H3068 | | H4438 |

આ ઉપરાંત, હીરામે કહ્યુ, "ઇઝરાયલના ઈશ્વર યહોવાહની પ્રશંસા હો! તેમણે આકાશ તથા પૃથ્વી બનાવ્યાં અને તેમણે દાઉદ રાજાને જ્ઞાની, બુદ્ધિશાળી તથા સમજણથી ભરપૂર એવો દીકરો આપ્યો છે, જે ઈશ્વરના નામે સભાસ્થાન અને પોતાના માટે રાજમહેલ બંધાવનાર છે.

13

| וְעַתָּ֗ה | שָׁלַ֧חְתִּי | אִישׁ־ | חָכָ֛ם | יוֹדֵ֥עַ | בִּינָ֖ה | לְחוּרָ֥ם | אָבִֽי׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-હવે | મોકલ્યો-છે-મેં | માણસ | કુશળ | જાણનાર | સમજણ | હૂરામ | મારા-પિતા |
| H6258 | H7971 | H0376 | H2450 | H3045 | H0998 | H2361 | H0001 |

હવે હું તારી પાસે મારો એક નિપુણ માણસ તે ઘણો હોશિયાર છે તેને હીરામ અબીને ભેટ તરીકે મોકલું છું,

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בֶּן־ | אִשָּׁה | מִן־ | בְּנוֹת | דָּן | וְאָבִיו | אִישׁ־ | צֹרִי | יוֹדֵעַ | לַעֲשׂוֹת | בַּזָּהָב־ |
| પુત્ર | સ્ત્રીનો | થી | દીકરીઓમાંથી | દાનની | અને-તેના-પિતા | માણસ | તૂરનો | જાણનાર | કામ-કરવાનું | સોનામાં |
| | H0802 | | H1323 | H1835 | H0001 | H0376 | H6876 | H3045 | | H2091 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּבַכֶּסֶף | בַּנְּחֹשֶׁת | בַּבַּרְזֶל | בָּאֲבָנִים | וּבָעֵצִים | בָּאַרְגָּמָן | בַּתְּכֵלֶת | וּבַבּוּץ | וּבַכַּרְמִיל |
| અને-ચાંદીમાં | કાંસામાં | લોખંડમાં | પથ્થરોમાં | અને-લાકડાંમાં | જાંબુડિયામાં | ભૂરામાં | અને-મલમલમાં | અને-કિરમજીમાં |
| H3701 | | H1270 | H0068 | H6086 | H0713 | H8504 | H0948 | H3758 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּלְפַתֵּחַ | כָּל־ | פִּתּוּחַ | וְלַחְשֹׁב | כָּל־ | מַחֲשָׁבֶת | אֲשֶׁר | יִנָּתֶן־ | לוֹ | עִם־ |
| અને-કોતરવા | દરેક | કોતરણી | અને-યોજવા | દરેક | યોજના | જે | આપવામાં-આવે | તેને | સાથે |
| | H3605 | H6603 | H2803 | H3605 | H4284 | | H5414 | | |

| | | | | |
|---|---|---|---|---|
| חֲכָמֶיךָ | וְחַכְמֵי | אֲדֹנִי | דָּוִיד | אָבִיךָ׃ |
| તારા-કુશળ-કારીગરોના | અને-કુશળ-કારીગરોના | પ્રભુ | દાવિદ | તારા-પિતાના |
| H2450 | H2450 | H0113 | H1732 | H0001 |

તે દાન કુળની એક સ્ત્રીનો દીકરો છે. તેનો પિતા તૂરનો માણસ હતો. તે સોનાચાંદીની, પિત્તળની, લોખંડની, કિંમતી પથ્થરની, લાકડાની તેમ જ જાંબુડિયા, કિરમજી, ભૂરા રંગની ઊન અને બારીક શણની કામગીરીમાં કુશળ છે. તે કોઈપણ પ્રકારનું કોતરકામ કરવામાં પણ હોશિયાર છે. તો મારા માલિક તથા તારા પિતા દાઉદના કારીગરોની સાથે તેની નિમણૂક કરજે.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | הַחִטִּים | וְהַשְּׂעֹרִים | הַשֶּׁמֶן | וְהַיַּיִן | אֲשֶׁר | אָמַר | אֲדֹנִי | יִשְׁלַח | לַעֲבָדָיו׃ |
| અને-હવે | ઘઉં | અને-જવ | તેલ | અને-દ્રાક્ષારસ | જે | કહ્યુ | મારા-પ્રભુએ | મોકલે | તેમના-દાસોને |
| H6258 | H2406 | H8184 | H8081 | H3196 | | H0559 | H0113 | H7971 | H5650 |

હવે, મારા માલિકે જણાવ્યાં મુજબ ઘઉં, જવ, તેલ અને દ્રાક્ષારસ તે સર્વ તારા ચાકરોને માટે તું મોકલી આપ.

16

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַאֲנַחְנוּ | נִכְרֹת | עֵצִים | מִן־ | הַלְּבָנוֹן | כְּכָל־ | צָרְכֶּךָ | וּנְבִיאֵם | לְךָ | רַפְסֹדוֹת |
| અને-અમે | કાપીશું | લાકડાં | થી | લબાનોનમાંથી | બધી | તારી-જરૂરિયાત-પ્રમાણે | અને-લાવીશું | તને | તરાપાઓ-પર |
| H0587 | H3772 | H6086 | | H3844 | H3605 | H6878 | H0935 | | H7513 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עַל־ | יָם | יָפוֹ | וְאַתָּה | תַּעֲלֶה | אֹתָם | יְרוּשָׁלִָם׃ | פ |
| ઉપર | સમુદ્ર | યાફોના | અને-તું | ચડાવજે | તેમને | યરૂશાલેમમાં | — |
| | H3220 | H3305 | | H5927 | H0853 | H3389 | |

તારે જોઈએ તેટલાં લાકડાં અમે લબાનોનમાંથી કાપીશું. અને તેના તરાપા બાંધીને અમે તે સમુદ્રના માર્ગે યાફામાં તારી પાસે લાવીશું અને ત્યાંથી તું તે યરુશાલેમ લઈ જજે."

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּסְפֹּר | שְׁלֹמֹה | כָּל־ | הָאֲנָשִׁים | הַגֵּירִים | אֲשֶׁר | בְּאֶרֶץ | יִשְׂרָאֵל | אַחֲרֵי | הַסְּפָר |
| અને-ગણ્યા | સુલેમાને | બધા | પરદેશી-માણસોને | પરદેશીઓને | જે | દેશમાં | ઈઝરાયલના | પછી | વસ્તી-ગણતરી |
| | H8010 | H3605 | H0376 | H1616 | | H0776 | H3478 | | H5610 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | סְפָרָם | דָּוִיד | אָבִיו | וַיִּמָּצְאוּ | מֵאָה | וַחֲמִשִּׁים | אֶלֶף | וּשְׁלֹשֶׁת | אֲלָפִים | וְשֵׁשׁ |
| જે | ગણ્યા-હતા | દાવિદ | તેમના-પિતાએ | અને-મળ્યા | એક-લાખ | અને-પચાસ | હજાર | અને-ત્રણ | હજાર | અને-છ |
| | | H1732 | H0001 | H4672 | H3967 | H2572 | H0505 | H7969 | H0505 | H8337 |

| |
|---|
| מֵאוֹת׃ |
| સો |
| H3967 |

જે વિદેશીઓ ઇઝરાયલના દેશમાં રહેતા હતા તેઓ સર્વની સુલેમાને, તેના પિતા દાઉદે ગણતરી કરી હતી. તે પ્રમાણે, તેઓની સંખ્યા એક લાખ ત્રેપન હજાર છસો હતી.

18

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַשׂ | מֵהֶם | שִׁבְעִים | אֶלֶף | סַבָּל | וּשְׁמֹנִים | אֶלֶף | חֹצֵב | בָּהָר | וּשְׁלֹשֶׁת | אֲלָפִים |
| અને-બનાવ્યા | તેમાંથી | સિત્તેર | હજાર | ભારવાહક | અને-એંશી | હજાર | પથ્થર-કાપનાર | પર્વતમાં | અને-ત્રણ | હજાર |
| | H1992 | H7657 | H0505 | H5449 | H8084 | H0505 | H2672 | H2022 | H7969 | H0505 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְשֵׁשׁ | מֵאוֹת | מְנַצְּחִים | לְהַעֲבִיד | אֶת־ | הָעָם׃ |
| અને-છ | સો | દેખરેખ-રાખનાર | કામ-કરાવનાર | - | લોકો-પાસે |
| H8337 | H3967 | H5329 | H5647 | H0853 | |

તેણે તેઓમાંના સિત્તેર હજારને ભાર ઊંચકવા માટે, એંસી હજારને પર્વતમાં લાકડાં કાપવા તથા ત્રણ હજાર છસોને આ કામ કરનારા લોકોની દેખરેખ રાખવા માટે મુકાદમ તરીકે નીમ્યા.

## Chapter 3

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּחֶל | שְׁלֹמֹה | לִבְנוֹת | אֶת־ | בֵּית־ | יְהוָה | בִּירוּשָׁלִַם | בְּהַר | הַמּוֹרִיָּה | אֲשֶׁר |
| અને-શરૂ-કર્યું | સુલેમાને | બાંધવાનું | – | ઘર | યહોવાહનું | યરૂશાલેમમાં | પર્વત-પર | મોરિયાહના | જ્યાં |
| | H8010 | H1129 | H0853 | | H3068 | H3389 | H2022 | H4179 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| נִרְאָה | לְדָוִיד | אָבִיהוּ | אֲשֶׁר | הֵכִין | בִּמְקוֹם | דָּוִיד | בְּגֹרֶן | אָרְנָן | הַיְבוּסִי׃ |
| દેખાયા-હતા | દાવિદને | તેમના-પિતાને | જે | તૈયાર-કર્યું-હતું | સ્થાને | દાવિદના | ખળામાં | ઓર્નાનના | યબૂસીના |
| H7200 | H1732 | H0001 | | | H4725 | H1732 | H1637 | H0771 | H2983 |

પછી સુલેમાને યરુશાલેમમાં મોરિયા પર્વત પર ઈશ્વરનું સભાસ્થાન બાંધવાની શરૂઆત કરી. ત્યાં તેના પિતા દાઉદને ઈશ્વરે દર્શન આપ્યું હતું. તેના પર જે જગ્યા દાઉદે યબૂસી ઓર્નાનની ઘઉં ઝૂડવાની ખળીમાં તૈયાર કરી હતી, ત્યાં ઈશ્વરનું સભાસ્થાન બાંધવાનો પ્રારંભ કર્યો.

2

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיָּחֶל | לִבְנוֹת | בַּחֹדֶשׁ | הַשֵּׁנִי | בַּשֵּׁנִי | בִּשְׁנַת | אַרְבַּע | לְמַלְכוּתוֹ׃ |
| અને-શરૂ-કર્યું | બાંધવાનું | મહિનામાં | બીજા | બીજામાં | વર્ષમાં | ચારમા | તેમના-રાજ્યના |
| | H1129 | H2320 | H8145 | H8145 | H8141 | H0702 | H4438 |

આ બાંધકામની શરૂઆત તેણે પોતાના શાસનના ચોથા વર્ષના બીજા માસના બીજા દિવસથી કરી.

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵלֶּה | הוּסַד | שְׁלֹמֹה | לִבְנוֹת | אֶת־ | בֵּית | הָאֱלֹהִים | הָאֹרֶךְ | אַמּוֹת | בַּמִּדָּה | הָרִאשׁוֹנָה |
| અને-આ | પાયો-નાંખ્યો | સુલેમાને | બાંધવાનો | – | ઘર | ઈશ્વરનું | લંબાઈ | હાથ | માપમાં | પહેલાના |
| H0428 | H3245 | H8010 | H1129 | H0853 | | H0430 | H0753 | | | H7223 |

| | | | | |
|---|---|---|---|---|
| אַמּוֹת | שִׁשִּׁים | וְרֹחַב | אַמּוֹת | עֶשְׂרִים׃ |
| હાથ | સાઠ | અને-પહોળાઈ | હાથ | વીસ |
| | H8346 | H7341 | | H6242 |

હવે સુલેમાન ઈશ્વરનું જે સભાસ્થાન બાંધવાનો હતો તેના પાયાનાં માપ આ પ્રમાણે હતાં. તેની લંબાઈ સાઠ હાથ તથા પહોળાઈ વીસ હાથ હતી.

4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָאוּלָם | אֲשֶׁר | עַל־ | פְּנֵי | הָאֹרֶךְ | עַל־ | פְּנֵי | רֹחַב־ | הַבַּיִת | אַמּוֹת | עֶשְׂרִים |
| અને-મંડપ | જે | પર | ભાગની | લંબાઈની | પર | ભાગની | પહોળાઈ | ઘરની | હાથ | વીસ |
| H0197 | | | H6440 | H0753 | | H6440 | H7341 | | | H6242 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְהַגֹּבַהּ | מֵאָה | וְעֶשְׂרִים | וַיְצַפֵּהוּ | מִפְּנִימָה | זָהָב | טָהוֹר׃ |
| અને-ઊંચાઈ | સો | અને-વીસ | અને-મઢ્યું | અંદરથી | સોનાથી | શુદ્ધ |
| H1363 | H3967 | H6242 | H6823 | H6441 | H2091 | H2889 |

સભાસ્થાનના આગળના દ્વારમંડપની લંબાઈ સભાસ્થાનની પહોળાઈ જેટલી વીસ હાથ હતી. તેની ઊંચાઈ પણ વીસ હાથ હતી અને સુલેમાને તેની અંદરના ભાગને શુદ્ધ સોનાથી મઢાવ્યો હતો.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵת | הַבַּיִת | הַגָּדוֹל | חִפָּה | עֵץ | בְּרוֹשִׁים | וַיְחַפֵּהוּ | זָהָב | טוֹב | וַיַּעַל | עָלָיו |
| અને- | ઘરને | મોટા | ઢાંક્યું | લાકડાથી | સરૂના | અને-મઢ્યું-તેને | સોનાથી | ઉત્તમ | અને-બનાવ્યાં | તેના-પર |
| H0853 | | | H2645 | H6086 | H1265 | H2645 | H2091 | | H5927 | |

| | |
|---|---|
| תִּמֹרִים | וְשַׁרְשְׁרוֹת׃ |
| ખજૂરીઓ | અને-સાંકળો |
| H8561 | H8333 |

તેણે મોટા ઓરડાની અંદરની દીવાલોને દેવદારના પાટિયાં જડી દીધાં, તેમને શુદ્ધ સોનાથી મઢ્યાં અને તેમના ઉપર ખજૂરીઓ તથા સાંકળીઓ કોતરાવી.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיְצַף | אֶת־ | הַבַּיִת | אֶבֶן | יְקָרָה | לְתִפְאָרֶת | וְהַזָּהָב | זְהַב | פַּרְוָיִם׃ |
| અને-મઢ્યું | – | ઘરને | પથ્થર | કિંમતી | સુંદરતા-માટે | અને-સોનું | સોનું | પાર્વાઈમનું |
| H6823 | H0853 | | H0068 | H3368 | H8597 | H2091 | H2091 | H6516 |

તેણે સભાસ્થાનને મૂલ્યવાન રત્નોથી શણગાર્યું; એ સોનું પાર્વાઈમથી લાવવામાં આવ્યું હતું.

7 וַיְחַף અને-મઢ્યું H2645 | אֶת־ – H0853 | הַבַּיִת ઘરને | הַקֹּרוֹת કડીઓ H6982 | הַסִּפִּים ઉંબરા | וְקִירוֹתָיו અને-તેની-દીવાલો H7023 | וְדַלְתוֹתָיו અને-તેના-દરવાજા | זָהָב સોનાથી H2091 | וּפִתַּח અને-કોતર્યાં | כְּרוּבִים કરૂબો H3742
עַל־ પર | הַקִּירוֹת׃ દીવાલો-પર H7023 | ס —

વળી તેણે સભાસ્થાનના મોભને, તેના ઊમરાઓને, તેની દીવાલોને અને તેનાં બારણાંઓને સોનાથી મઢાવ્યાં; દિવાલો પર કરુબો કોતરાવ્યા.

8 וַיַּעַשׂ અને-બનાવ્યું | אֶת־ – H0853 | בֵּית־ ઘર | קֹדֶשׁ પવિત્ર-સ્થાનનું H6944 | הַקֳּדָשִׁים પવિત્ર-સ્થાનોનું H6944 | אָרְכּוֹ તેની-લંબાઈ H0753 | עַל־ પર | פְּנֵי ભાગની H6440 | רֹחַב־ પહોળાઈ H7341 | הַבַּיִת ઘરની
אַמּוֹת હાથ | עֶשְׂרִים વીસ H6242 | וְרָחְבּוֹ અને-તેની-પહોળાઈ H7341 | אַמּוֹת હાથ | עֶשְׂרִים વીસ H6242 | וַיְחַפֵּהוּ અને-મઢ્યું-તેને H2645 | זָהָב સોનાથી H2091 | טוֹב ઉત્તમ | לְכִכָּרִים તોલા-છસો H3603 | שֵׁשׁ છ H8337
מֵאוֹת׃ સો H3967

તેણે પરમપવિત્રસ્થાન બનાવ્યું. તેનું માપ આ પ્રમાણે હતું: તેની લંબાઈ સભાસ્થાનની પહોળાઈ પ્રમાણે વીસ હાથ, પહોળાઈ પણ વીસ હાથ અને ઊંચાઈ વીસ હાથ હતી. તેણે તેને છસો તાલંત ચોખ્ખા સોનાથી મઢ્યું હતું.

9 וּמִשְׁקָל અને-વજન H4948 | לְמִסְמְרוֹת ખીલાઓનું H4548 | לִשְׁקָלִים શેકેલ H8255 | חֲמִשִּׁים પચાસ H2572 | זָהָב સોનાના H2091 | וְהָעֲלִיּוֹת અને-ઉપરના-ઓરડાઓ H5944 | חִפָּה મઢ્યાં H2645 | זָהָב׃ સોનાથી H2091

સોનાના ખીલાઓનું વજન પચાસ શેકેલ હતું. તેણે ઉપરના ઓરડાઓને પણ સોનાથી મઢાવ્યા.

10 וַיַּעַשׂ અને-બનાવ્યાં | בְּבֵית־ ઘરમાં | קֹדֶשׁ પવિત્ર-સ્થાનના H6944 | הַקֳּדָשִׁים પવિત્ર-સ્થાનોમાં H6944 | כְּרוּבִים કરૂબો H3742 | שְׁנַיִם બે H8147 | מַעֲשֵׂה કારીગરી H4639 | צַעֲצֻעִים ઘડેલાની H6816 | וַיְצַפּוּ અને-મઢ્યાં H6823 | אֹתָם તેમને H0853
זָהָב׃ સોનાથી H2091

તેણે પરમપવિત્રસ્થાનને માટે બે કરુબોની કલાકૃતિઓ બનાવી; તેઓને ચોખ્ખા સોનાથી મઢાવ્યાં.

11 וְכַנְפֵי અને-પાંખો H3671 | הַכְּרוּבִים કરૂબોની H3742 | אָרְכָּם તેમની-લંબાઈ H0753 | אַמּוֹת હાથ | עֶשְׂרִים વીસ H6242 | כְּנַף પાંખ H3671 | הָאֶחָד એકની H0259 | לְאַמּוֹת હાથ | חָמֵשׁ પાંચ H2568 | מַגַּעַת અડતી-હતી H5060 | לְקִיר દીવાલને H7023
הַבַּיִת ઘરની | וְהַכָּנָף અને-પાંખ H3671 | הָאַחֶרֶת બીજી H0312 | אַמּוֹת હાથ | חָמֵשׁ પાંચ H2568 | מַגִּיעַ અડતી-હતી H5060 | לִכְנַף પાંખને H3671 | הַכְּרוּב કરૂબ H3742 | הָאַחֵר׃ બીજા H0312

કરુબોની પાંખો વીસ હાથ લાંબી હતી; એક કરુબની એક પાંખ પાંચ હાથ લાંબી હતી, તે ફેલાઈને સભાસ્થાનની દીવાલ સુધી સ્પર્શતી હતી; બીજી પાંખ પણ પાંચ હાથ લાંબી હતી, તે પણ ફેલાઈને બીજા કરુબની પાંખને પહોંચતી હતી.

12 וּכְנַף અને-પાંખ H3671 | הַכְּרוּב કરૂબ H3742 | הָאֶחָד એકની H0259 | אַמּוֹת હાથ | חָמֵשׁ પાંચ H2568 | מַגִּיעַ અડતી-હતી H5060 | לְקִיר દીવાલને H7023 | הַבָּיִת ઘરની | וְהַכָּנָף અને-પાંખ H3671 | הָאַחֶרֶת બીજી H0312 | אַמּוֹת હાથ
חָמֵשׁ પાંચ H2568 | דְּבֵקָה જોડાયેલી H1695 | לִכְנַף પાંખને H3671 | הַכְּרוּב કરૂબ H3742 | הָאַחֵר׃ બીજા H0312

એ જ પ્રમાણે બીજા કરુબની એક પાંખ ફેલાઈને સભાસ્થાનની બીજી દિવાલને સ્પર્શતી હતી; બીજી પાંખ પણ પાંચ હાથ લાંબી હતી, તે પહેલા કરુબની પાંખ સુધી પહોંચતી હતી.

13

| כַּנְפֵי | הַכְּרוּבִים | הָאֵלֶּה | פֹּרְשִׂים | אַמּוֹת | עֶשְׂרִים | וְהֵם | עֹמְדִים | עַל־ | רַגְלֵיהֶם | וּפְנֵיהֶם | לַבָּיִת׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પાંખો | કરૂબોની | આ | ફેલાયેલી-હતી | હાથ | વીસ | અને-તેઓ | ઊભા-હતા | પર | તેમના-પગો | અને-તેમના-ચહેરા | ઘર-તરફ | — |
| H3671 | H3742 | H0428 | H6566 | | H6242 | H1992 | H5975 | | H7272 | H6440 | | |

આ પ્રમાણે કરુબોની પાંખો વીસ હાથ ફેલાયેલી હતી. કરુબો પોતાના પગો ઉપર ઊભા રહેલા અને તેઓનાં ચહેરા અંદરની બાજુએ હતા.

14

| וַיַּעַשׂ | אֶת־ | הַפָּרֹכֶת | תְּכֵלֶת | וְאַרְגָּמָן | וְכַרְמִיל | וּבוּץ | וַיַּעַל | עָלָיו | כְּרוּבִים׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બનાવ્યો | - | પડદો | ભૂરા | અને-જાંબુડિયા | અને-કિરમજી | અને-મલમલનો | અને-બનાવ્યાં | તેના-પર | કરૂબો | — |
| | H0853 | H6532 | H8504 | H0713 | H3758 | H0948 | H5927 | | H3742 | |

તેણે આસમાની, જાંબુડા, કિરમજી ઊનના અને લાલ રંગના શણના પડદા બનાવ્યા અને તેણે કરુબો બનાવ્યા.

15

| וַיַּעַשׂ | לִפְנֵי | הַבַּיִת | עַמּוּדִים | שְׁנַיִם | אַמּוֹת | שְׁלֹשִׁים | וְחָמֵשׁ | אֹרֶךְ | וְהַצֶּפֶת | אֲשֶׁר־ | עַל־ | רֹאשׁוֹ | אַמּוֹת | חָמֵשׁ׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બનાવ્યા | આગળ | ઘરના | સ્તંભો | બે | હાથ | પાંત્રીસ | અને-પાંચ | ઊંચાઈ | અને-કળશ | જે | પર | તેમના-માથા-પર | હાથ | પાંચ | — |
| | H6440 | | H5982 | H8147 | | H7970 | H2568 | H0753 | H6858 | | | | | H2568 | |

સુલેમાને સભાસ્થાન આગળ પાંત્રીસ હાથ ઊંચા બે સ્તંભ બનાવ્યા, દરેકની ટોચે કળશ મૂકાવ્યા હતા. તે પાંચ હાથ ઊંચા હતા.

16

| וַיַּעַשׂ | שַׁרְשְׁרוֹת | בַּדְּבִיר | וַיִּתֵּן | עַל־ | רֹאשׁ | הָעַמֻּדִים | וַיַּעַשׂ | רִמּוֹנִים | מֵאָה | וַיִּתֵּן | בַּשַּׁרְשְׁרוֹת׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બનાવ્યાં | સાંકળો | ગર્ભગૃહમાં | અને-મૂક્યાં | પર | માથા | સ્તંભોના | અને-બનાવ્યાં | દાડમો | સો | અને-મૂક્યાં | સાંકળોમાં |
| | H8333 | H1687 | H5414 | | | H5982 | | H7416 | H3967 | H5414 | H8333 |

તેણે સાંકળો બનાવીને સ્તંભોની ટોચે કળશો પર મૂકી; તેણે સો દાડમો બનાવ્યાં અને તેને સાંકળો પર લટકાવ્યાં.

17

| וַיָּקֶם | אֶת־ | הָעַמּוּדִים | עַל־ | פְּנֵי | הַהֵיכָל | אֶחָד | מִיָּמִין | וְאֶחָד | מֵהַשְּׂמֹאול | וַיִּקְרָא | שֵׁם־ | [הימיני] | (הַיְמָנִי) | יָכִין | וְשֵׁם | הַשְּׂמָאלִי | בֹּעַז׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ઊભા-કર્યા | - | સ્તંભોને | પર | ભાગ | મંદિરના | એક | જમણી-બાજુ | અને-એક | ડાબી-બાજુ | અને-નામ-રાખ્યું | નામ | — | જમણાનું | યાખીન | અને-નામ | ડાબાનું | બોઆઝ | — |
| | H0853 | H5982 | | H6440 | H1964 | H0259 | H3225 | H0259 | H8042 | H7121 | H8034 | | H3233 | H3199 | H8034 | H8040 | H1162 | |

તેણે તે સ્તંભો સભાસ્થાન આગળ ઊભા કર્યા, એક જમણે હાથે અને બીજો ડાબા હાથે; જમણા હાથ બાજુના સ્તંભનું નામ યાખીન સ્થાપના અને ડાબા હાથ બાજુના સ્તંભનું નામ બોઆઝ બળ રાખ્યું.

## Chapter 4

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַשׂ | מִזְבַּח | נְחֹשֶׁת | עֶשְׂרִים | אַמָּה | אָרְכּוֹ | וְעֶשְׂרִים | אַמָּה | רָחְבּוֹ | וְעֶשֶׂר | אַמּוֹת |
| અને-બનાવ્યું | વેદી | કાંસાની | વીસ | હાથ | લંબાઈમાં | અને-વીસ | હાથ | પહોળાઈમાં | અને-દસ | હાથ |
| | H4196 | | H6242 | | H0753 | H6242 | | H7341 | H6235 | |

| | |
|---|---|
| קוֹמָתוֹ׃ | ס |
| ઊંચાઈમાં | — |
| H6967 | |

આ ઉપરાંત તેણે પિત્તળની એક વેદી બનાવી; તેની લંબાઈ વીસ હાથ, તેની પહોળાઈ વીસ હાથ હતી અને તેની ઊંચાઈ દસ હાથ હતી.

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַשׂ | אֶת־ | הַיָּם | מוּצָק | עֶשֶׂר | בָּאַמָּה | מִשְּׂפָתוֹ | אֶל־ | שְׂפָתוֹ | וְעָגוֹל | סָבִיב |
| અને-બનાવ્યું | – | સમુદ્ર | ઢાળેલું | દસ | હાથમાં | કિનારીથી | કિનારી-સુધી | કિનારી | ગોળ | ચારે-બાજુ |
| | H0853 | H3220 | H3332 | H6235 | | H8193 | H0413 | H8193 | H5696 | H5439 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְחָמֵשׁ | בָּאַמָּה | קוֹמָתוֹ | וְקָו | שְׁלֹשִׁים | בָּאַמָּה | יָסֹב | אֹתוֹ | סָבִיב׃ |
| અને-પાંચ | હાથમાં | ઊંચાઈમાં | અને-દોરી | ત્રીસ | હાથમાં | ઘેરી-વળતી-હતી | તેને | ચારે-બાજુ |
| H2568 | | H6967 | | H7970 | | H5437 | H0853 | H5439 |

તેણે ઢાળેલી ધાતુનો કુંડ પણ બનાવ્યો, તેનો આકાર ગોળ હતો, તેનો વ્યાસ દસ હાથ હતો. તેની ઊંચાઈ પાંચ હાથ હતી અને કુંડનો ઘેરાવો ત્રીસ હાથનો હતો.

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּדְמוּת | בְּקָרִים | תַּחַת | לוֹ | סָבִיב | סָבִיב | סוֹבְבִים | אֹתוֹ | עֶשֶׂר | בָּאַמָּה | מַקִּיפִים |
| અને-આકાર | બળદોના | નીચે | તેની | ચારે-બાજુ | ચારે-બાજુ | ઘેરતા | તેને | દસ | હાથમાં | ઘેરતા |
| H1823 | H1241 | H8478 | | H5439 | H5439 | H5437 | H0853 | H6235 | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | הַיָּם | סָבִיב | שְׁנַיִם | טוּרִים | הַבָּקָר | יְצוּקִים | בְּמֻצַקְתּוֹ׃ |
| – | સમુદ્રને | ચારે-બાજુ | બે | હારો | બળદોના | ઢાળેલા | તેના-ઘાટમાં |
| H0853 | H3220 | H5439 | H8147 | H2905 | H1241 | H3332 | H4166 |

એ કુંડની નીચે ચારે તરફ ફરતી બળદના પૂતળાની કળીઓ હતી, એટલે દરેક હાથે દસ કળીઓ પડેલી હતી, કળીઓની જે હારો હતી તે કુંડની સાથે જ ઢાળવામાં આવી હતી.

4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עוֹמֵד | עַל־ | שְׁנֵים | עָשָׂר | בָּקָר | שְׁלֹשָׁה | פֹנִים | צָפוֹנָה | וּשְׁלוֹשָׁה | פֹנִים | יָמָּה |
| ઊભું-હતું | પર | બાર | હજાર | બળદો | ત્રણ | મુખ-કરતા | ઉત્તર-તરફ | અને-ત્રણ | મુખ-કરતા | પશ્ચિમ-તરફ |
| H5975 | | H8147 | H6240 | H1241 | H7969 | H6437 | H6828 | H7969 | H6437 | H3220 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּשְׁלֹשָׁה | פֹנִים | נֶגְבָּה | וּשְׁלֹשָׁה | פֹנִים | מִזְרָחָה | וְהַיָּם | עֲלֵיהֶם | מִלְמָעְלָה | וְכָל־ |
| અને-ત્રણ | મુખ-કરતા | દક્ષિણ-તરફ | અને-ત્રણ | મુખ-કરતા | પૂર્વ-તરફ | અને-સમુદ્ર | તેમના-ઉપર | ઉપરથી | અને-બધાંના |
| H7969 | H6437 | H5045 | H7969 | H6437 | H4217 | H3220 | | H4605 | H3605 |

| | |
|---|---|
| אֲחֹרֵיהֶם | בָּיְתָה׃ |
| પાછળના-ભાગ | અંદર-તરફ |
| H0268 | |

તે કુંડ બાર બળદની ઉપર ગોઠવેલો હતો. આ બળદોમાંથી ત્રણનાં મુખ ઉત્તર તરફ, ત્રણનાં મુખ પૂર્વ તરફ, ત્રણનાં મુખ પશ્ચિમ તરફ અને ત્રણનાં મુખ દક્ષિણ તરફ હતાં. કુંડ તેમના ઉપર ગોઠવેલો હતો અને તેમનો સર્વ પાછળનો ભાગ અંદરની બાજુએ હતો.

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְעָבְיוֹ | טֶפַח | וּשְׂפָתוֹ | כְּמַעֲשֵׂה | שְׂפַת־ | כּוֹס | פֶּרַח | שׁוֹשַׁנָּה | מַחֲזִיק |
| અને-તેની-જાડાઈ | એક-હથેળી | અને-તેની-કિનારી | કામ-જેવી | કિનારી | પ્યાલાની | ફૂલ | કમળનું | સમાવી-શકતું-હતું |
| H5672 | H2947 | H8193 | H4639 | H8193 | | H6525 | H7799 | H2388 |

| | | | | |
|---|---|---|---|---|
| בַּתִּים | שְׁלֹשֶׁת | אֲלָפִים | יָכִיל׃ | ס |
| બાથ | ત્રણ | હજાર | સમાવી-શકતું | — |
| H1324 | H7969 | H0505 | H3557 | |

તેની જાડાઈ ચાર આગળ હતી, તેના કાનાની બનાવટ વાટકાના કાનાની માફક કમળના ફૂલ જેવી હતી. તેમાં આશરે છ હજાર બેડાં પાણી સમાતાં હતાં.

6 וַיַּעַשׂ כִּיּוֹרִים עֲשָׂרָה וַיִּתֵּן חֲמִשָּׁה מִיָּמִין וַחֲמִשָּׁה מִשְּׂמֹאול לְרָחְצָה בָהֶם
અને-બનાવ્યાં કુંડો દસ અને-મૂક્યાં પાંચ જમણી-બાજુ અને-પાંચ ડાબી-બાજુ ધોવા-માટે તેમાં
H3595 H6235 H5414 H2568 H3225 H2568 H8040 H7364

אֶת־ מַעֲשֵׂה הָעוֹלָה יָדִיחוּ בָם וְהַיָּם לְרָחְצָה לַכֹּהֲנִים בּוֹ׃ ס
- કામનું દહનાર્પણનું ધોઈ-નાખતા તેમાં અને-સમુદ્ર ધોવા-માટે-હતું યાજકોના-માટે તેમાં —
H0853 H4639 H1740 H3220 H7364 H3548

તેણે વસ્તુઓ ધોવા માટે દસ કૂંડાં બનાવ્યાં; તેણે પાંચને જમણી તરફ અને પાંચને ડાબી તરફ મૂક્યાં; તેઓમાં દહનીયાર્પણને લગતા પદાર્થો ધોવામાં આવતા હતા. કુંડ તો યાજકોને માટે નાહવાધોવા માટે હતો.

7 וַיַּעַשׂ אֶת־ מְנֹרוֹת הַזָּהָב עֶשֶׂר כְּמִשְׁפָּטָם וַיִּתֵּן בְּהֵיכָל חָמֵשׁ מִיָּמִין
અને-બનાવ્યાં - દીવાદાનો સોનાના દસ નિયમ-પ્રમાણે અને-મૂક્યાં મંદિરમાં પાંચ જમણી-બાજુ
H0853 H4501 H2091 H6235 H4941 H5414 H1964 H2568 H3225

וְחָמֵשׁ מִשְּׂמֹאול׃ ס
અને-પાંચ ડાબી-બાજુ —
H2568 H8040

તેણે મળેલા વિધિ પ્રમાણે સોનાનાં દસ દીપવૃક્ષ બનાવ્યાં; તેણે તેમને ઘરમાં પાંચ જમણી તરફ અને પાંચ ડાબી તરફ મૂક્યાં.

8 וַיַּעַשׂ שֻׁלְחָנוֹת עֲשָׂרָה וַיַּנַּח בְּהֵיכָל חֲמִשָּׁה מִיָּמִין וַחֲמִשָּׁה מִשְּׂמֹאול וַיַּעַשׂ
અને-બનાવ્યા મેજો દસ અને-મૂક્યા મંદિરમાં પાંચ જમણી-બાજુ અને-પાંચ ડાબી-બાજુ અને-બનાવ્યા
H7979 H6235 H3240 H1964 H2568 H3225 H2568 H8040

מִזְרְקֵי זָהָב מֵאָה׃
છંટકાવનાં-વાસણો સોનાના સો
H4219 H2091 H3967

તેણે દસ મેજ બનાવીને ઘરમાં પાંચ મેજ જમણી બાજુએ અને પાંચ મેજ ડાબી બાજુએ મૂક્યાં. તેણે સોનાનાં સો કુંડાં બનાવ્યાં.

9 וַיַּעַשׂ חֲצַר הַכֹּהֲנִים וְהָעֲזָרָה הַגְּדוֹלָה וּדְלָתוֹת לָעֲזָרָה וְדַלְתוֹתֵיהֶם צִפָּה
અને-બનાવ્યું આગણું યાજકોનું અને-મોટું-આગણું મોટું અને-દરવાજા આગણાના અને-તેમના-દરવાજા મઢ્યાં
H3548 H5835 H5835 H6823

נְחֹשֶׁת׃
કાંસાથી

આ ઉપરાંત તેણે યાજકો માટેનો ચોક તથા મોટા ચોક બાંધ્યા અને ચોકના દરવાજા બનાવ્યા; તેણે દરવાજાને પિત્તળથી મઢ્યા.

10 וְאֶת־ הַיָּם נָתַן מִכֶּתֶף הַיְמָנִית קֵדְמָה מִמּוּל נֶגְבָּה׃
અને- સમુદ્રને મૂક્યું ખૂણાથી જમણી-બાજુ પૂર્વ-તરફ સામે દક્ષિણ-તરફ
H0853 H3220 H5414 H3802 H3233 H4136 H5045

તેણે કુંડને સભાસ્થાનની જમણી બાજુએ પૂર્વ તરફના, દક્ષિણની સામે મૂક્યો.

11 וַיַּעַשׂ חוּרָם אֶת־ הַסִּירוֹת וְאֶת־ הַיָּעִים וְאֶת־ הַמִּזְרָקוֹת ס וַיְכַל ]חירם[
અને-બનાવ્યા હૂરામે - હાંડાઓ અને- પછેડા અને- છંટકાવના-વાસણો — અને-પૂરું-કર્યું —
H2361 H0853 H0853 H3257 H0853 H4219 H3615 H2438

)חוּרָם( לַעֲשׂוֹת אֶת־ הַמְּלָאכָה אֲשֶׁר עָשָׂה לַמֶּלֶךְ שְׁלֹמֹה בְּבֵית הָאֱלֹהִים׃
હૂરામે કરવાનું - કામ જે કર્યું રાજા-માટે સુલેમાનના ઘરમાં ઈશ્વરના
H2461 H0853 H4399 H4428 H8010 H0430

હીરામે ઘડા, પાવડા અને ડોયા બનાવ્યા. હિરામ ઈશ્વરના ઘરમાં સુલેમાન રાજા માટે જે કામ કરતો હતો તે તેણે પૂરું કર્યું.

12

| עַמּוּדִים | שְׁנַיִם | וְהַגֻּלֹּת | וְהַכֹּתָרוֹת | עַל־ | רֹאשׁ | הָעַמּוּדִים | שְׁתָּיִם | וְהַשְּׂבָכוֹת | שְׁתַּיִם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્તંભો | બે | અને-ગોળા | અને-શિરોભૂષણો | પર | માથા | સ્તંભોના | બે | અને-જાળીઓ | બે |
| H5982 | H8147 | H1543 | H3805 | | | H5982 | H8147 | H7639 | H8147 |

| לְכַסּוֹת | אֶת־ | שְׁתֵּי | גֻּלּוֹת | הַכֹּתָרוֹת | אֲשֶׁר | עַל־ | רֹאשׁ | הָעַמּוּדִים׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| ઢાંકવા | – | બે | ગોળા | શિરોભૂષણોના | જે | પર | માથા | સ્તંભોના |
| H3680 | H0853 | H8147 | H1543 | H3805 | | | | H5982 |

તેણે બે સ્તંભો, વાટકા તથા સ્તંભોની ટોચો ઉપરના બે કળશ તથા સ્તંભોની ટોચો ઉપરના કળશોને ઢાંકવા સારુ બે જાળીઓ,

13

| וְאֶת־ | הָרִמּוֹנִים | אַרְבַּע | מֵאוֹת | לִשְׁתֵּי | הַשְּׂבָכוֹת | שְׁנַיִם | טוּרִים | רִמּוֹנִים | לַשְּׂבָכָה |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને- | દાડમો | ચારસો | સો | બે-જાળીઓ-માટે | જાળીઓના | બે | હારો | દાડમો | જાળી-માટે |
| H0853 | H7416 | H0702 | H3967 | H8147 | H7639 | H8147 | H2905 | H7416 | H7639 |

| הָאֶחָת | לְכַסּוֹת | אֶת־ | שְׁתֵּי | גֻּלּוֹת | הַכֹּתָרוֹת | אֲשֶׁר | עַל־ | פְּנֵי | הָעַמּוּדִים׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| એક | ઢાંકવા | – | બે | ગોળા | શિરોભૂષણોના | જે | પર | ભાગ | સ્તંભોના |
| H0259 | H3680 | H0853 | H8147 | H1543 | H3805 | | | H6440 | H5982 |

એ બે જાળીને માટે ચારસો દાડમ એટલે સ્તંભો ઉપરના કળશોને ઢાંકનાર દરેક જાળીને માટે દાડમની બબ્બે હારો બનાવી.

14

| וְאֶת־ | הַמְּכֹנוֹת | עָשָׂה | וְאֶת־ | הַכִּיֹּרוֹת | עָשָׂה | עַל־ | הַמְּכֹנוֹת׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને- | આધારો | બનાવ્યા | અને- | કુંડો | બનાવ્યા | પર | આધારોને |
| H0853 | H4350 | | H0853 | H3595 | | | H4350 |

તેણે બાજઠો તથા તેના પરનાં કુંડાં પણ બનાવ્યાં.

15

| אֶת־ | הַיָּם | אֶחָד | וְאֶת־ | הַבָּקָר | שְׁנֵים־ | עָשָׂר | תַּחְתָּיו׃ |
|---|---|---|---|---|---|---|---|
| – | સમુદ્ર | એક | અને- | બળદો | બાર | હજાર | તેની-નીચે |
| H0853 | H3220 | H0259 | H0853 | H1241 | H8147 | H6240 | H8478 |

અને એક કુંડ અને તેની નીચે બાર બળદ બનાવ્યા.

16

| וְאֶת־ | הַסִּירוֹת | וְאֶת־ | הַיָּעִים | וְאֶת־ | הַמִּזְלָגוֹת | וְאֶת־ | כָּל־ | כְּלֵיהֶם | עָשָׂה | חוּרָם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને- | હાંડાઓ | અને- | પછેડા | અને- | કાંટા | અને- | બધાં | તેમનાં-વાસણો | બનાવ્યાં | હૂરામ |
| H0853 | | H0853 | H3257 | H0853 | | H0853 | H3605 | H3627 | | H2361 |

| אָבִיו | לַמֶּלֶךְ | שְׁלֹמֹה | לְבֵית | יְהוָה | נְחֹשֶׁת | מָרוּק׃ |
|---|---|---|---|---|---|---|
| તેમના-પિતાએ | રાજા-માટે | સુલેમાનના | ઘર-માટે | યહોવાહના | કાંસા | ચમકેલી |
| H0001 | H4428 | H8010 | | H3068 | | H4838 |

આ ઉપરાંત હીરામે ઘડા, પાવડા, ત્રિપાંખીયું ઓજાર તથા તેને લગતાં બીજાં કેટલાંક ઓજારો ઈશ્વરના સભાસ્થાનને માટે તથા સુલેમાન રાજાને માટે ચળકતા પિત્તળના બનાવ્યાં.

17

| בְּכִכַּר | הַיַּרְדֵּן | יְצָקָם | הַמֶּלֶךְ | בַּעֲבִי | הָאֲדָמָה | בֵּין | סֻכּוֹת | וּבֵין | צְרֵדָתָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| યર્દનના-મેદાનમાં | યર્દનની | ઢાળ્યા | રાજાએ | જાડી-માટીમાં | જમીનની | વચ્ચે | સુક્કોથના | અને-વચ્ચે | સરેદાથાન |
| H3603 | H3383 | H3332 | H4428 | H5645 | H0127 | H0996 | H5523 | H0996 | H6868 |

રાજાએ તેમને યર્દનના સપાટ પ્રદેશમાં સુક્કોથ તથા ઝેરેદાહની વચ્ચેની ચીકણી માટીની જમીનમાં ઢાળ્યાં.

18

| וַיַּעַשׂ | שְׁלֹמֹה | כָּל־ | הַכֵּלִים | הָאֵלֶּה | לָרֹב | מְאֹד | כִּי | לֹא | נֶחְקַר | מִשְׁקַל |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બનાવ્યાં | સુલેમાને | બધાં | વાસણો | આ | અત્યંત-વિપુલ | ઘણાં | કારણ-કે | નહોતું | શોધી-શકાયું | વજન |
| | H8010 | H3605 | H3627 | H0428 | H7230 | H3966 | | H3808 | H2713 | H4948 |

| הַנְּחֹשֶׁת׃ | פ |
|---|---|
| કાંસાનું | — |

આ રીતે સુલેમાને ઘણાં પ્રમાણમાં સર્વ પાત્રો બનાવ્યાં; એમાં વપરાયેલા પિત્તળના વજનનો કોઈ હિસાબ નહોતો.

19 וַיַּעַשׂ שְׁלֹמֹה אֵת כָּל־ הַכֵּלִים אֲשֶׁר בֵּית הָאֱלֹהִים וְאֵת מִזְבַּח הַזָּהָב וְאֶת־
અને-બનાવ્યાં સુલેમાને – બધાં વાસણો જે ઘરમાં ઈશ્વરના વેદી સોનાની અને-
H8010 H0853 H3605 H3627 H0430 H0853 H4196 H2091 H0853

הַשֻּׁלְחָנוֹת וַעֲלֵיהֶם לֶחֶם הַפָּנִים׃
મેજો અને-તેમના-પર રોટી અર્પણની
H7979 H3899 H6440

સુલેમાને ઈશ્વરના સભાસ્થાનનાં સર્વ પાત્રો, સોનાની વેદી તથા અર્પિત રોટલીની મેજો પણ ચોખ્ખા સોનાની બનાવી.

20 וְאֶת־ הַמְּנֹרוֹת וְנֵרֹתֵיהֶם לְבַעֲרָם כַּמִּשְׁפָּט לִפְנֵי הַדְּבִיר זָהָב סָגוּר׃
અને- દીવાદાનો અને-તેમના-દીવા બાળવા નિયમ-પ્રમાણે આગળ ગર્ભગૃહના સોનાનું શુદ્ધ
H0853 H4501 H4941 H6440 H1687 H2091 H5462

સૌથી પવિત્ર સ્થળ આગળ સળગાવવા માટે દીપવૃક્ષોને ચોખ્ખા સોનાથી બનાવ્યાં;

21 וְהַפֶּרַח וְהַנֵּרוֹת וְהַמֶּלְקָחַיִם זָהָב הוּא מִכְלוֹת זָהָב׃
અને-ફૂલો અને-દીવા અને-ચિમટા સોનાના તે સંપૂર્ણ-સોનાનું સોનું-હતું
H6525 H4457 H2091 H1931 H4357 H2091

દીપવૃક્ષોનાં ફૂલો, દીવા, ચીપિયા.

22 וְהַמְזַמְּרוֹת וְהַמִּזְרָקוֹת וְהַכַּפּוֹת וְהַמַּחְתּוֹת זָהָב סָגוּר וּפֶתַח הַבַּיִת דַּלְתוֹתָיו
અને-કાતરો અને-છંટકાવના-વાસણો અને-વાટકા અને-ધૂપદાની સોનાનું શુદ્ધ અને-પ્રવેશદ્વાર ઘરના દરવાજા
H4212 H4219 H3709 H4289 H2091 H5462 H6607

הַפְּנִימִיּוֹת לְקֹדֶשׁ הַקֳּדָשִׁים וְדַלְתֵי הַבַּיִת לַהֵיכָל זָהָב׃
અદરના પવિત્ર-સ્થાનના પવિત્ર-સ્થાનોના અને-દરવાજા ઘરના મંદિર-માટે સોનાના
H6442 H6944 H6944 H1964 H2091

ઉપરાંત કાતરો, તપેલાં, ચમચા અને સગડીઓ પણ ચોખ્ખા સોનાનાં બનાવ્યાં. તેમ જ સભાસ્થાનનાં સર્વ પ્રવેશદ્વારો તથા અદરનું પરમપવિત્ર સ્થાન કે જે સભાસ્થાન છે તે સર્વ પણ ચોખ્ખા સોનાથી બનાવવામાં આવ્યાં હતાં.

# Chapter 5

1 וַתִּשְׁלַם כָּל־ הַמְּלָאכָה אֲשֶׁר־ עָשָׂה שְׁלֹמֹה לְבֵית יְהוָה ס וַיָּבֵא שְׁלֹמֹה
અને-પૂર્ણ-થયું બધું કામ જે કર્યું સુલેમાને ઘર-માટે યહોવાહના — અને-લાવ્યા સુલેમાને
H3605 H4399 H8010 H3068 H0935 H8010

אֶת־ קָדְשֵׁי דָּוִיד אָבִיו וְאֶת־ הַכֶּסֶף וְאֶת־ הַזָּהָב וְאֶת־ כָּל־ הַכֵּלִים נָתַן
– પવિત્ર-વસ્તુઓ દાવિદ તેમના-પિતાની અને- ચાંદી અને- સોનું અને- બધા વાસણો મૂક્યાં

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לֵאמֹר | אָבִיךָ | לְדָוִיד | כָּרַתִּי | כַּאֲשֶׁר | מַלְכוּתֶךָ | כִּסֵּא | אֵת | וַהֲקִימוֹתִי |
| કહીને | તારા-પિતા | દાવિદ-સાથે | કરાર-કર્યો-હતો-મેં | જેમ | તારા-રાજ્યનું | સિંહાસન | — | તો-હું-સ્થાપિત-કરીશ |
| H0559 | H0001 | H1732 | H3772 | | H4438 | H3678 | H0853 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| בְּיִשְׂרָאֵל׃ | מוֹשֵׁל | אִישׁ | לְךָ | יִכָּרֵת | לֹא־ |
| ઈઝરાયલ-ઉપર | શાસન-કરનાર | પુરુષ | તારા-માટે | કપાશે | નહીં |
| H3478 | H4910 | H0376 | | H3772 | H3808 |

તો જે કરાર મેં તારા પિતા દાઉદ સાથે કર્યો હતો ત્યારે મેં કહેલું, 'ઇઝરાયલમાં શાસક થવા માટે તારો વંશ કદી નિષ્ફળ જશે નહિ.' તે પ્રમાણે હું તારું રાજ્ય કાયમને માટે સ્થાપિત કરીશ.

19

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לִפְנֵיכֶם | נָתַתִּי | אֲשֶׁר | וּמִצְוֹתַי | חֻקּוֹתַי | וַעֲזַבְתֶּם | אַתֶּם | תְּשׁוּבוּן | וְאִם־ |
| તમારી-સમક્ષ | મેં-આપ્યાં-છે | જે | અને-મારી-આજ્ઞાઓ | મારા-વિધિઓ | અને-છોડો | તમે | તમે-ફરો | પણ-જો |
| H6440 | H5414 | | H4687 | H2708 | | | H7725 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| לָהֶם׃ | וְהִשְׁתַּחֲוִיתֶם | אֲחֵרִים | אֱלֹהִים | וַעֲבַדְתֶּם | וַהֲלַכְתֶּם |
| તેમને | અને-દંડવત-કરો | બીજા | દેવોની | અને-સેવા-કરો | અને-જાઓ |
| | H7812 | H0312 | H0430 | H5647 | H1980 |

પણ જો તું અને લોકો મારાથી ફરી જશો, મારા વિધિઓ અને મારી આજ્ઞાઓ જેને મેં તમારી આગળ મૂકી છે તેનો ત્યાગ કરી બીજા દેવોની પૂજા અને તેઓને દંડવત કરશો,

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | הַזֶּה | הַבַּיִת | וְאֶת־ | לָהֶם | נָתַתִּי | אֲשֶׁר | אַדְמָתִי | מֵעַל | וּנְתַשְׁתִּים |
| જે | આ | આ-ભવનને | અને | તેમને | આપી-છે-મેં | જે | મારી-ભૂમિ | ઉપરથી | તો-ઉખેડી-નાખીશ |
| | H2088 | | H0853 | | H5414 | | H0127 | | H5428 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בְּכָל־ | וְלִשְׁנִינָה | לְמָשָׁל | וְאֶתְּנֶנּוּ | פָּנָי | מֵעַל | אַשְׁלִיךְ | לִשְׁמִי | הִקְדַּשְׁתִּי |
| બધા | અને-ઉપહાસ | કહેવત | અને-કરીશ-તેને | મારી-દૃષ્ટિથી | દૂર | ફેંકી-દઈશ | મારા-નામ-માટે | પવિત્ર-કર્યું-છે-મેં |
| H3605 | H8148 | H4912 | H5414 | H6440 | | H7993 | H8034 | H6942 |

| |
|---|
| הָעַמִּים׃ |
| લોકોમાં |

તો મેં તમને જે દેશ આપ્યો છે તેમાંથી તમારો નાશ કરીશ અને મારા નામ માટે પવિત્ર કરેલા આ સભાસ્થાનનો હું ત્યાગ કરીશ. મારી સંમુખથી હું તેને દૂર કરીશ અને હું તેને સર્વ લોકોમાં કહેવતરૂપ તથા હાસ્યાસ્પદ કરીશ.

21

| וְהַבַּיִת | הַזֶּה | אֲשֶׁר | הָיָה | עֶלְיוֹן | לְכָל־ | עֹבֵר | עָלָיו | יִשֹּׁם | וְאָמַר |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-આ-ભવન | આ | જે | હતું | ઉચ્ચ | દરેક | પસાર-થનાર | તેની-પાસેથી | આશ્ચર્ય-પામશે | અને-કહેશે |
| | H2088 | | H1961 | | H3605 | | | H8074 | H0559 |

| בַּמֶּה | עָשָׂה | יְהוָה | כָּכָה | לָאָרֶץ | הַזֹּאת | וְלַבַּיִת | הַזֶּה׃ |
|---|---|---|---|---|---|---|---|
| શા-માટે | કર્યુ-છે | યહોવાહે | આમ | આ-ભૂમિ | આ | અને-આ-ભવનને | આ |
| H4100 | | H3068 | H3602 | H0776 | H2063 | | H2088 |

અને જોકે અત્યારે આ સભાસ્થાનનું ગૌરવ ઘણું છે તોપણ તે સમયે પસાર થનારાઓ આશ્ચર્ય પામીને પૂછશે, ‘ઈશ્વરે આ દેશ અને આ સભાસ્થાનની આવી દુર્દશા શા માટે કરી હશે?’

22

| וְאָמְרוּ | עַל | אֲשֶׁר | עָזְבוּ | אֶת־ | יְהוָה | אֱלֹהֵי | אֲבֹתֵיהֶם | אֲשֶׁר | הוֹצִיאָם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહેશે | કારણ-કે | કે | છોડ્યા | — | યહોવાહ | ઈશ્વરને | તેમના-પૂર્વજોના | જેમણે | બહાર-કાઢ્યા-તેમને |
| H0559 | | | | H0853 | H3068 | H0430 | H0001 | | H3318 |

| מֵאֶרֶץ | מִצְרַיִם | וַיַּחֲזִקוּ | בֵּאלֹהִים | אֲחֵרִים | וַיִּשְׁתַּחֲוּוּ | לָהֶם | וַיַּעַבְדוּם | עַל־ | כֵּן |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દેશમાંથી | મિસરના | અને-વળગી-રહ્યા | દેવોને | બીજા | અને-દંડવત-કર્યું | તેમને | અને-સેવા-કરી | તેથી | તેથી |
| H0776 | H4714 | H2388 | H0430 | H0312 | H7812 | | H5647 | | |

| הֵבִיא | עֲלֵיהֶם | אֵת | כָּל־ | הָרָעָה | הַזֹּאת׃ | פ |
|---|---|---|---|---|---|---|
| લાવ્યા-છે | તેમના-ઉપર | — | બધી | આ-વિપત્તિ | આ | — |
| H0935 | | H0853 | H3605 | | H2063 | |

તે લોકો જવાબ આપશે, ‘કેમ કે તેઓએ પોતાને મિસરમાંથી બહાર લાવનાર તેમના પિતૃઓના ઈશ્વર પ્રભુનો ત્યાગ કર્યો અને બીજા દેવોનો સ્વીકાર કર્યો. તેઓને દંડવત કરીને તેઓની પૂજા કરી. તેથી આ બધી આફતો ઈશ્વર તેઓના પર લાવ્યા છે.”

## Chapter 8

1

| וַיְהִי | מִקֵּץ | עֶשְׂרִים | שָׁנָה | אֲשֶׁר | בָּנָה | שְׁלֹמֹה | אֶת־ | בֵּית | יְהוָה | וְאֶת־ | בֵּיתוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | અંતે | વીસ | વર્ષના | જેમાં | બાંધ્યું | સુલેમાને | — | ભવન | યહોવાહનું | અને | તેનું-ભવન |
| H1961 | H7093 | H6242 | H8141 | | H1129 | H8010 | H0853 | | H3068 | H0853 | |

સુલેમાનને ઈશ્વરનું સભાસ્થાન અને પોતાનો રાજમહેલ બાંધતા વીસ વર્ષ લાગ્યા હતા,

2

| וְהֶעָרִים | אֲשֶׁר | נָתַן | חוּרָם | לִשְׁלֹמֹה | בָּנָה | שְׁלֹמֹה | אֹתָם | וַיּוֹשֶׁב | שָׁם | אֶת־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-શહેરો | જે | આપ્યાં-હતાં | હૂરામે | સુલેમાનને | બાંધ્યાં | સુલેમાને | તેમને | અને-વસાવ્યા | ત્યાં | — |
| | | H5414 | H2361 | H8010 | H1129 | H8010 | H0853 | H3427 | H8033 | H0853 |

| בְּנֵי | יִשְׂרָאֵל׃ |
|---|---|
| પુત્રોને | ઈઝરાયલના |
| | H3478 |

રાજા હીરામે સુલેમાનને જે નગરો આપ્યાં હતાં, તે નગરોને સુલેમાને ફરી બાંધ્યાં અને તેણે ઇઝરાયલના લોકોને ત્યાં વસાવ્યા.

3

| וַיֵּלֶךְ | שְׁלֹמֹה | חֲמָת | צוֹבָה | וַיֶּחֱזַק | עָלֶיהָ׃ |
|---|---|---|---|---|---|
| અને-ગયો | સુલેમાન | હમાથ-ઝોબાહ | ઝોબાહ | અને-જીત્યું | તેના-પર |
| H3212 | H8010 | H2578 | H2578 | H2388 | |

સુલેમાને હમાથ-સોબા પર હુમલો કર્યો અને તેને હરાવ્યું.

4

| וַיִּבֶן | אֶת־ | תַּדְמֹר | בַּמִּדְבָּר | וְאֵת | כָּל־ | עָרֵי | הַמִּסְכְּנוֹת | אֲשֶׁר | בָּנָה | בַּחֲמָת׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બાંધ્યું | — | તાદમોર | રણમાં | અને | બધાં | શહેરો | સંગ્રહનાં | જે | બાંધ્યાં | હમાથમાં |
| H1129 | H0853 | H8412 | | H0853 | H3605 | | H4543 | | H1129 | H2574 |

તેણે અરણ્યમાં આવેલા તાદમોરને ફરીથી બાંધ્યું અને હમાથમાં ભંડારના સર્વ નગરો બાંધ્યા.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּבֶן | אֶת־ | בֵּית חוֹרוֹן | הָעֶלְיוֹן | וְאֶת־ | בֵּית חוֹרוֹן | הַתַּחְתּוֹן | עָרֵי | מָצוֹר | חוֹמוֹת |
| અને-બાંધ્યું | — | ઉપલું-બેથ-હોરોન | ઉપલું | અને | નીચલું-બેથ-હોરોન | નીચલું | શહેરો | કિલ્લાનાં | દીવાલો |
| H1129 | H0853 | H1032 | | H0853 | H1032 | H8481 | | H4692 | H2346 |

| | |
|---|---|
| דְּלָתַיִם | וּבְרִיחַ׃ |
| બારણા | અને-સાંકળ |
| | H1280 |

વળી તેણે ઉપલું બેથ-હોરોન અને નીચલું બેથ-હોરોન પણ બાંધ્યાં અને તેણે સઘળાં નગરોને કોટ, દરવાજા અને સળિયાથી કિલ્લાબંધ કર્યું.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | בַּעֲלָת | וְאֵת | כָּל־ | עָרֵי | הַמִּסְכְּנוֹת | אֲשֶׁר | הָיוּ | לִשְׁלֹמֹה | וְאֵת | כָּל־ | עָרֵי |
| અને | બાઅલાથ | અને | બધાં | શહેરો | સંગ્રહનાં | જે | હતાં | સુલેમાનનાં | અને | બધાં | શહેરો |
| H0853 | H1191 | H0853 | H3605 | | H4543 | | H1961 | H8010 | H0853 | H3605 | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הָרֶכֶב | וְאֵת | עָרֵי | הַפָּרָשִׁים | וְאֵת | כָּל־ | חֵשֶׁק | שְׁלֹמֹה | אֲשֶׁר | חָשַׁק | לִבְנוֹת | בִּירוּשָׁלִַם |
| રથનાં | અને | શહેરો | ઘોડેસવારોનાં | અને | બધી | ઇચ્છા | સુલેમાનની | જે | ઇચ્છ્યું | બાંધવા | યરૂશાલેમમાં |
| H7393 | H0853 | | | H0853 | H3605 | H2837 | H8010 | | | H1129 | H3389 |

| | | | |
|---|---|---|---|
| וּבַלְּבָנוֹן | וּבְכֹל | אֶרֶץ | מֶמְשַׁלְתּוֹ׃ |
| અને-લેબાનોનમાં | અને-બધા | દેશમાં | તેના-રાજ્યના |
| H3844 | H3605 | H0776 | H4474 |

સુલેમાને બાલાથ અને ભંડારના સર્વ નગરો કે જે તેની માલિકીનાં હતાં તે, તેના રથોનાં સર્વ શહેરો, ઘોડેસવારોનાં શહેરો, તેની મોજમજા માટે યરુશાલેમમાં, લબાનોનમાં અને તેના શાસન હેઠળના સર્વ દેશોમાં જે શહેરો બાંધવાનું તેણે ઇચ્છ્યું તે સર્વ તેણે બાંધ્યાં.

7

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כָּל־ | הָעָם | הַנּוֹתָר | מִן־ | הַחִתִּי | וְהָאֱמֹרִי | וְהַפְּרִזִּי | וְהַחִוִּי | וְהַיְבוּסִי |
| બધા | લોકો | બાકી-રહેલા | માંથી | હિત્તીઓ | અને-અમોરીઓ | અને-પરિઝ્ઝીઓ | અને-હિવ્વીઓ | અને-યબૂસીઓ |
| H3605 | | H3498 | | H2850 | H0567 | H6522 | H2340 | H2983 |

| | | | |
|---|---|---|---|
| אֲשֶׁר | לֹא | מִיִּשְׂרָאֵל | הֵמָּה׃ |
| જે | નહોતા | ઈઝરાયલના | તેઓ |
| | H3808 | H3478 | H1992 |

હિત્તીઓ, અમોરીઓ, પરિઝીઓ, હિવ્વીઓ અને યબૂસીઓ જેઓ બિન ઇઝરાયલીઓ હતા, તે લોકોમાંના જે સઘળા બાકી રહ્યા હતા,

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִן־ | בְּנֵיהֶם | אֲשֶׁר | נוֹתְרוּ | אַחֲרֵיהֶם | בָּאָרֶץ | אֲשֶׁר | לֹא־ | כִלּוּם | בְּנֵי | יִשְׂרָאֵל |
| માંથી | તેમના-પુત્રો | જે | બાકી-રહ્યા | તેમના-પછી | દેશમાં | જેમને | નહોતા | નાશ-કર્યા | પુત્રોએ | ઈઝરાયલના |
| | | | H3498 | | H0776 | | H3808 | H3615 | | H3478 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיַּעֲלֵם | שְׁלֹמֹה | לְמַס | עַד | הַיּוֹם | הַזֶּה׃ |
| અને-લગાવ્યા | સુલેમાને | વેઠ-મજૂરીમાં | આજ | દિવસ | સુધીના |
| H5927 | H8010 | H4522 | H5704 | H3117 | H2088 |

તેઓના વંશજો જેઓ તેઓની પાછળ દેશમાં રહેલા હતા અને ઇઝરાયલ લોકોએ જેઓનો નાશ કર્યો નહોતો, તેઓ પાસે સુલેમાને ભારે મજૂરી કરાવી, જે આજે પણ એ જ મજૂરી કરે છે.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמִן־ | בְּנֵי | יִשְׂרָאֵל | אֲשֶׁר | לֹא־ | נָתַן | שְׁלֹמֹה | לַעֲבָדִים | לִמְלַאכְתּוֹ | כִּי־ | הֵמָּה |
| અને-માંથી | પુત્રો | ઈઝરાયલના | જેમને | નહોતા | આપ્યા | સુલેમાને | ગુલામો-માટે | તેમના-કામમાં | કારણ-કે | તેઓ |
| | | H3478 | | H3808 | H5414 | H8010 | H5650 | H4399 | | H1992 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אַנְשֵׁי | מִלְחָמָה | וְשָׂרֵי | שָׁלִישָׁיו | וְשָׂרֵי | רִכְבּוֹ | וּפָרָשָׁיו׃ | פ |
| યોદ્ધાઓ | યુદ્ધના | અને-સેનાપતિઓ | તેના-અધિકારીઓ | અને-સેનાપતિઓ | તેના-રથોના | અને-ઘોડેસવારોના□ | — |
| H0376 | H4421 | H8269 | | H8269 | H7393 | | |

પણ ઇઝરાયલના લોકો પાસે સુલેમાને ગુલામનું કામ કરાવ્યું નહિ. તેના બદલે તેઓ તેના યોદ્ધા, સેનાપતિઓ, અધિકારીઓ, રથસેનાના તથા ઘોડેસવારોના અધિકારી થયા.

10 וְאֵ֣לֶּה અને-આ H0428
שָׂרֵ֣י સરદારો H8269
]הנציבים[ — H5333
)הַנִּצָּבִ֔ים( હાકિમોના H5324
אֲשֶׁר־ જે
לַמֶּ֖לֶךְ રાજા-માટે H4428
שְׁלֹמֹ֑ה સુલેમાનના□ H8010
חֲמִשִּׁ֣ים બસો-પચાસ H2572
וּמָאתָ֑יִם અને-બસો H3967
הָרֹדִ֖ים લોકો-પર-અધિકાર-ચલાવનારા
בָּעָֽם׃ લોકો-પર

લોકો ઉપર અધિકાર ચલાવનાર, સુલેમાન રાજાના મુખ્ય અધિકારીઓ બસો પચાસ હતા.

11 וְאֶת־ અને H0853
בַּת־ પુત્રીને H1323
פַּרְעֹ֗ה ફરોહની H6547
הֶעֱלָ֤ה લઈ-આવ્યો H5927
שְׁלֹמֹה֙ સુલેમાન H8010
מֵעִ֣יר શહેરમાંથી
דָּוִ֔יד દાવિદના H1732
לַבַּ֖יִת ભવનમાં
אֲשֶׁ֣ר જે
בָּנָה־ બાંધ્યું-હતું H1129
לָ֑הּ તેના□-માટે
כִּ֣י કારણ-કે
אָמַ֗ר કહ્યુ H0559
לֹא־ નહીં H3808
תֵשֵׁ֨ב રહે H3427
אִשָּׁ֥ה સ્ત્રી H0802
לִי֙ મારી
בְּבֵית֙ ભવનમાં
דָּוִ֣יד દાવિદ H1732
מֶֽלֶךְ־ રાજાના□ H4428
יִשְׂרָאֵ֔ל ઈઝરાયલના H3478
כִּי־ કારણ-કે
קֹ֣דֶשׁ પવિત્ર H6944
הֵ֔מָּה છે H1992
אֲשֶׁר־ જ્યાં
בָּ֥אָה આવ્યો-છે H0935
אֲלֵיהֶ֖ם તેમની-પાસે H0413
אֲר֥וֹן કરાર H0727
יְהוָֽה׃ યહોવાહનો H3068
פ —

સુલેમાન ફારુનની દીકરીને દાઉદનગરમાંથી બહાર તેને માટે બંધાવેલ મહેલમાં લઈ આવ્યો; કેમ કે તેણે કહ્યુ, “ઇઝરાયલના રાજા દાઉદના મહેલમાં મારી પત્નીએ રહેવું જોઈએ નહિ, કારણ કે ત્યાં ઈશ્વરનો કરારકોશ આવ્યો હોવાથી તે સ્થાન પવિત્ર છે.”

12 אָ֣ז ત્યારે
הֶעֱלָ֧ה ચઢાવ્યાં H5927
שְׁלֹמֹ֛ה સુલેમાને H8010
עֹל֖וֹת દહનાર્પણો
לַיהוָ֑ה યહોવાહને H3068
עַ֚ל ઉપર
מִזְבַּ֣ח વેદી H4196
יְהוָ֔ה યહોવાહની H3068
אֲשֶׁ֥ר જે
בָּנָ֖ה બાંધી-હતી H1129
לִפְנֵ֥י સમક્ષ H6440
הָאוּלָֽם׃ ઓસરીના□ H0197

ત્યાર બાદ પરસાળની સામે સુલેમાને ઈશ્વરની જે વેદી બાંધી હતી તે વેદી ઉપર તે ઈશ્વરને દહનીયાર્પણો ચઢાવતો હતો.

13 וּבִדְבַר־ અને-નિયમમાં H1697
י֣וֹם દિવસે H3117
בְּי֗וֹם દિવસે H3117
לְֽהַעֲלוֹת֮ ચઢાવવા H5927
כְּמִצְוַ֣ת આજ્ઞા-મુજબ H4687
מֹשֶׁ֔ה મૂસાની H4872
לַשַּׁבָּתוֹת֙ વિશ્રામો-માટે H7676
וְלֶ֣חֳדָשִׁ֔ים અને-અમાસો-માટે H2320
וְלַמּ֣וֹעֲד֔וֹת અને-નિયમિત-પર્વો-માટે H4150
שָׁל֥וֹשׁ ત્રણ H7969
פְּעָמִ֖ים વખત H6471
בַּשָּׁנָ֑ה વર્ષમાં H8141
בְּחַ֧ג બેખમીરી-રોટલીના H2282
הַמַּצּ֛וֹת પર્વ H4682
וּבְחַ֥ג અને-સપ્તાહોના H2282
הַשָּׁבֻע֖וֹת પર્વ H7620
וּבְחַ֥ג અને-મંડપોના□ H2282
הַסֻּכּֽוֹת׃ પર્વ H5521

રોજબરોજના કાર્યક્રમ અનુસાર, વિશ્રામવારને દિવસે, ચંદ્રદર્શનને દિવસે, ઠરાવેલા પર્વોના દિવસે તથા વર્ષમાં ત્રણ વાર; એટલે કે બેખમીરી રોટલીના પર્વમાં, અઠવાડિયાનાં પર્વમાં, અને માંડવાપર્વોમાં તે મૂસાની આજ્ઞા પ્રમાણે અર્પણ કરતો હતો.

14 וַיַּעֲמֵ֡ד અને-ઊભા-કર્યા H5975
כְּמִשְׁפַּט֩ નિયમ-મુજબ H4941
דָּוִ֨יד־ દાવિદના□ H1732
אָבִ֜יו તેમના□-પિતાએ H0001
אֶת־ — H0853
מַחְלְק֨וֹת વિભાગો H4256
הַכֹּהֲנִ֜ים યાજકોના□ H3548
עַל־ ઉપર
עֲבֹדָתָ֗ם તેમની-સેવા H5656
וְהַלְוִיִּ֣ם અને-લેવીઓને H3881
עַל־ ઉપર
מִשְׁמְרוֹתָ֡ם તેમની-ફરજો H4931
לְהַלֵּ֣ל સ્તુતિ-કરવા
וּלְשָׁרֵ֣ת અને-સેવા-કરવા H8334
נֶ֤גֶד સામે H5048
הַכֹּהֲנִים֙ યાજકોની H3548
לִדְבַר־ નિયમ-મુજબ H1697
י֣וֹם દિવસે H3117
בְּיוֹמ֔וֹ દિવસે H3117
וְהַשּׁוֹעֲרִ֤ים અને-દ્વારપાળો H7778
בְּמַחְלְקוֹתָם֙ તેમની-વિભાગોમાં H4256
לְשַׁ֣עַר દરેક-દરવાજે-માટે H8179
וָשָׁ֑עַר અને-દરવાજે H8179
כִּ֣י કારણ-કે
כֵ֔ן આમ
מִצְוַ֖ת આજ્ઞા-હતી H4687
דָּוִ֥יד દાવિદની H1732
אִישׁ־ પુરુષ H0376
הָאֱלֹהִֽים׃ ઈશ્વરનો H0430

દૈનિક કાર્યક્રમ અનુસાર, તેના પિતા દાઉદની વિધિઓ પ્રમાણે, સુલેમાને યાજકોનાં કાર્યો માટે યાજકોની ટોળીને નિયુક્ત કરી, યાજકોની સેવા કરવા માટે અને ઈશ્વરનાં સ્તોત્ર ગાવા માટે લેવીઓને તેઓના કામ પ્રમાણે નિયુકત કર્યા. તેણે દરેક દરવાજે દરવાનોની પણ નિમણૂક કરી, કેમ કે દાઉદે ઈશ્વરના સેવકે, એ આજ્ઞા કરી હતી.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלֹ֣א | סָר֗וּ | מִצְוַ֤ת | הַמֶּ֙לֶךְ֙ | עַל־ | הַכֹּהֲנִ֣ים | וְהַלְוִיִּ֔ם | לְכָל־ | דָּבָ֖ר | וְלָאֹצָרֽוֹת׃ |
| અને-નહોતા | ખસ્યા | આજ્ઞા | રાજાની | વિષે | યાજકો | અને-લેવીઓની | કોઈપણ | વાતમાં | અને-ભંડારોની |
| H3808 | H5493 | H4687 | H4428 | | H3548 | H3881 | H3605 | H1697 | H0214 |

આ લોકો ભંડાર સંબંધી, યાજકો અને લેવીઓને રાજાએ જે આજ્ઞાઓ આપી હતી તેનું તેઓ ઉલ્લંઘન કરતા ન હતા.

16

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתִּכֹּן֙ | כָּל־ | מְלֶ֣אכֶת | שְׁלֹמֹ֔ה | עַד־ | הַיּ֛וֹם | מוּסַ֥ד | בֵּית־ | יְהוָ֖ה | וְעַד־ |
| અને-સિદ્ધ-થયું | બધું | કાર્ય | સુલેમાનનું | થી | દિવસ | પાયો-નાખવાથી | ભવનના | યહોવાહન□ | થી |
| | H3605 | H4399 | H8010 | H5704 | H3117 | H4143 | | H3068 | H5704 |

| | | | | |
|---|---|---|---|---|
| כְּלֹת֑וֹ | שָׁלֵ֖ם | בֵּ֥ית | יְהוָֽה׃ | ס |
| તેન□-પૂર્ણતા-સુધી | પૂર્ણ-થયું | ભવન | યહોવાહનું | — |
| H3615 | H8003 | | H3068 | |

હવે ઈશ્વરના સભાસ્થાનનો પાયો નંખાયો તે દિવસથી માંડીને તેની સમાપ્તિ સુધીનું બધું કામ સુલેમાને પૂર્ણ કર્યુ. આ રીતે, ઈશ્વરના સભાસ્થાનનું કામ સંપૂર્ણ થયું અને તેનો ઉપયોગ કરવાનું શરૂ કરાયું.

17

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אָ֣ז | הָלַ֧ךְ | שְׁלֹמֹ֛ה | לְעֶצְיוֹן־גֶּ֖בֶר | וְאֶל־ | אֵיל֑וֹת | עַל־ | שְׂפַ֥ת | הַיָּ֖ם | בְּאֶ֥רֶץ | אֱדֽוֹם׃ |
| ત્યારે | ગયો | સુલેમાન | એઝ્યોન-ગેબરમાં | અને | એલોતમાં | ઉપર | કિનારે | સમુદ્રના | દેશમાં | અદોમન□ |
| | H1980 | H8010 | H6100 | H0413 | | | H8193 | H3220 | H0776 | H0123 |

પછી સુલેમાન અદોમ દેશમાં દરિયાકિનારે આવેલા એસ્યોન-ગેબેર અને એલોથમાં ગયો.

18

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁלַח־ | ל֣וֹ | חוּרָ֡ם | בְּֽיַד־ | עֲבָדָ֡יו | [אוניות] | (אֳנִיּוֹת) | וַעֲבָדִים֩ | י֨וֹדְעֵ֜י | יָ֗ם |
| અને-મોકલ્યાં | તેને | હૂરામે | હાથે | તેન□-સેવકોન□ | — | વહાણો | અને-સેવકો | સમુદ્ર-જાણનારા | સમુદ્રની |
| H7971 | | H2361 | H3027 | H5650 | H0591 | H0591 | H5650 | H3045 | H3220 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹ֜אוּ | עִם־ | עַבְדֵ֤י | שְׁלֹמֹה֙ | אוֹפִ֔ירָה | וַיִּקְח֣וּ | מִשָּׁ֗ם | אַרְבַּע־ | מֵא֛וֹת | וַחֲמִשִּׁ֖ים | כִּכַּ֣ר |
| અને-આવ્યા | સાથે | સેવકો | સુલેમાનના | ઓફીરમાં | અને-લઈ-આવ્યા | ત્યાંથી | ચાર-સો | પચાસ | અને-પચાસ | તાલંત |
| H0935 | | H5650 | H8010 | H0211 | H3947 | H8033 | H0702 | H3967 | H2572 | H3603 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| זָהָ֑ב | וַיָּבִ֖יאוּ | אֶל־ | הַמֶּ֥לֶךְ | שְׁלֹמֹֽה׃ | פ |
| સોનાનું | અને-લાવ્યા | પાસે | રાજા | સુલેમાનને | — |
| H2091 | H0935 | H0413 | H4428 | H8010 | |

હીરામે દરિયાના જાણકાર અધિકારીઓ મારફતે તેને વહાણો મોકલી આપ્યાં; તેઓ સુલેમાનના માણસો સાથે ઓફીર ગયા. અને ત્યાંથી તેઓ ચારસો પચાસ તાલંત સોનું સુલેમાન રાજા માટે લાવ્યા.

## Chapter 9

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמַלְכַּת־ | שְׁבָ֡א | שָׁמְעָה֩ | אֶת־ | שֵׁ֨מַע | שְׁלֹמֹ֜ה | וַתָּב֣וֹא | לְנַסּ֣וֹת | אֶת־ | שְׁלֹמֹ֣ה | בְחִיד֣וֹת |
| અને-રાણી | શેબાની | સાંભળ્યું | — | ખ્યાતિ | સુલેમાનની | અને-આવી | પરીક્ષા-કરવા | — | સુલેમાનની | ફૂટપ્રશ્નોથી |
| H4436 | H7614 | H8085 | H0853 | | H8010 | H0935 | H5254 | H0853 | H8010 | H2420 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בִּירֽוּשָׁלִַ֡ם | בְּחַ֨יִל | כָּבֵ֜ד | מְאֹ֗ד | וּגְמַלִּ֞ים | נֹשְׂאִ֤ים | בְּשָׂמִים֙ | וְזָהָ֣ב | לָרֹ֔ב | וְאֶ֣בֶן | יְקָרָ֑ה |
| યરૂશાલેમમાં | સેના-સાથે | ભારે | ખૂબ | અને-ઊંટો | વહન-કરતાં | સુગંધો | અને-સોનું | પુષ્કળ | અને-રત્નો | મૂલ્યવાન |
| H3389 | H2428 | H3515 | H3966 | H1581 | H5375 | H1314 | H2091 | H7230 | H0068 | H3368 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתָּבוֹא֙ | אֶל־ | שְׁלֹמֹ֔ה | וַתְּדַבֵּ֣ר | עִמּ֔וֹ | אֵ֥ת | כָּל־ | אֲשֶׁ֥ר | הָיָ֖ה | עִם־ | לְבָבָֽהּ׃ |
| અને-આવી | પાસે | સુલેમાનને | અને-બોલી | તેમની-સાથે | — | બધું | જે | હતું | સાથે | તેના-હૃદયમાં |
| H0935 | H0413 | H8010 | H1696 | | H0853 | H3605 | | H1961 | | H3824 |

જયારે શેબાની રાણીએ સુલેમાનની કીર્તિ વિષે સાંભળ્યું ત્યારે તે તેની કસોટી કરવા માટે અટકટા પ્રશ્નો લઈને યરુશાલેમ આવી. તે મોટા રસાલા સહિત પોતાની સાથે સુગંધીઓથી લાદેલાં ઊંટો, પુષ્કળ સોનું, મૂલ્યવાન રત્નો લઈને યરુશાલેમમાં આવી. જયારે તે સુલેમાન પાસે આવી, ત્યારે તેણે પોતાના અત:કરણમાં જે કંઈ હતું તે સર્વ તેને કહ્યુ.

2

| | | |
|---|---|---|
| וַיַּגֶּד־ | અને-કહ્યુ | H5046 |
| לָהּ | તેને | |
| שְׁלֹמֹה | સુલેમાને | H8010 |
| אֶת־ | — | H0853 |
| כָּל־ | બધી | H3605 |
| דְּבָרֶיהָ | વાતો | H1697 |
| וְלֹא־ | અને-નહોતી | H3808 |
| נֶעְלַם | છુપાયેલી | H5956 |
| דָּבָר | વાત | H1697 |
| מִשְּׁלֹמֹה | સુલેમાનથી | H8010 |
| אֲשֶׁר | જે | |
| לֹא | નહોતું | H3808 |
| הִגִּיד | કહ્યુ | H5046 |
| לָהּ׃ | તેને | |

સુલેમાને તેના સર્વ પ્રશ્નોના જવાબ તેને આપ્યાં; સુલેમાન માટે કંઈ જ અઘરું હતું નહિ; જેનો જવાબ તેણે આપ્યો ના હોય એવો કોઈ જ પ્રશ્ન ન હતો.

3

| | | |
|---|---|---|
| וַתֵּרֶא | અને-જોયું | H7200 |
| מַלְכַּת־ | રાણીએ | H4436 |
| שְׁבָא | શેબાની | H7614 |
| אֵת | — | H0853 |
| חָכְמַת | બુદ્ધિ | H2451 |
| שְׁלֹמֹה | સુલેમાનની | H8010 |
| וְהַבַּיִת | અને-ભવન | |
| אֲשֶׁר | જે | |
| בָּנָה׃ | બાંધ્યું-હતું | H1129 |

જયારે શેબાની રાણીએ સુલેમાનનું જ્ઞાન અને તેણે બાંધેલો મહેલ,

4

| | | |
|---|---|---|
| וּמַאֲכַל | અને-ભોજન | H3978 |
| שֻׁלְחָנוֹ | તેમના-મેજનું | H7979 |
| וּמוֹשַׁב | અને-બેઠક | H4186 |
| עֲבָדָיו | તેમના-સેવકોની | H5650 |
| וּמַעֲמַד | અને-હાજરી | H4612 |
| מְשָׁרְתָיו | તેમ□-પરિચારકોની | H8334 |
| וּמַלְבּוּשֵׁיהֶם | અને-તેમનાં-વસ્ત્રો | H4403 |
| וּמַשְׁקָיו | અને-તેમના-પિરસો | |
| וּמַלְבּוּשֵׁיהֶם | અને-તેમનાં-વસ્ત્રો | H4403 |
| וַעֲלִיָּתוֹ | અને-સીડી | H5944 |
| אֲשֶׁר | જેથી | |
| יַעֲלֶה | ચઢતો-હતો | H5927 |
| בֵּית | ભવનમાં | |
| יְהוָה | યહોવાહના | H3068 |
| וְלֹא־ | અને-નહોતો | H3808 |
| הָיָה | રહ્યો | H1961 |
| עוֹד | હવે | H5750 |
| בָּהּ | તેનામાં | |
| רוּחַ׃ | નિશ્વાસ | H7307 |

તેના મેજ પરની વાનગીઓ, તેના ચાકરોનું બેસવું, તેના ચાકરોનું કામ, તેઓના વસ્ત્રો, તેના પાત્રવાહકો અને તેઓના વસ્ત્રો અને ઈશ્વરના ઘરમાં જે રીતથી તે દહનીયાર્પણ કરતો હતો તે સર્વ જોઈને તે સ્તબ્ધ થઈ ગઈ.

5

| | | |
|---|---|---|
| וַתֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֶל־ | — | H0413 |
| הַמֶּלֶךְ | રાજાને | H4428 |
| אֱמֶת | સાચી | H0571 |
| הַדָּבָר | વાત | H1697 |
| אֲשֶׁר | જે | |
| שָׁמַעְתִּי | સાંભળી-હતી-મેં | H8085 |
| בְּאַרְצִי | મારા-દેશમાં | H0776 |
| עַל־ | વિષે | |
| דְּבָרֶיךָ | તારી-વાતો | H1697 |
| וְעַל־ | અને-વિષે | |
| חָכְמָתֶךָ׃ | તારી-બુદ્ધિ | H2451 |

તેણે રાજાને કહ્યુ, “મેં મારા દેશમાં તારા વિષે તથા તારા જ્ઞાન વિષે જે સાંભળ્યું હતું તે બધું સાચું છે.

6

| | | |
|---|---|---|
| וְלֹא־ | અને-નહોતી | H3808 |
| הֶאֱמַנְתִּי | વિશ્વાસ-કર્યો-મેં | H0539 |
| לְדִבְרֵיהֶם | તેમની-વાતો-પર | H1697 |
| עַד | જ્યાં-સુધી | H5704 |
| אֲשֶׁר־ | કે | |
| בָּאתִי | આવી-મેં | H0935 |
| וַתִּרְאֶינָה | અને-જોયું | H7200 |
| עֵינַי | મારી-આખોએ | |
| וְהִנֵּה | અને-જુઓ | H2009 |
| לֹא | નહોતું | H3808 |
| הֻגַּד־ | કહેવાયું | H5046 |
| לִי | મને | |
| חֲצִי | અધું | H2677 |
| מַרְבִּית | વિપુલતા | H4768 |
| חָכְמָתֶךָ | તારી-બુદ્ધિની | H2451 |
| יָסַפְתָּ | વધારે-છે-તું | H3254 |
| עַל־ | થી | |
| הַשְּׁמוּעָה | પ્રસિદ્ધિ | H8052 |
| אֲשֶׁר | જે | |
| שָׁמָעְתִּי׃ | સાંભળી-હતી-મેં | H8085 |

અહીં આવીને મેં મારી આખોએ આ જોયું નહોતું ત્યાં સુધી હું તે માનતી નહોતી. તારા જ્ઞાન અને સંપત્તિ વિષે મને અડધું પણ કહેવામાં આવ્યું નહોતું□ મેં જે સાંભળ્યું હતું તેના કરતાં તારું જ્ઞાન અતિ વિશાળ છે.

7
אַשְׁרֵי ધન્ય H0835 | אֲנָשֶׁיךָ તારા-માણસો H0376 | וְאַשְׁרֵי અને-ધન્ય H0835 | עֲבָדֶיךָ તારા-સેવકો H5650 | אֵלֶּה આ H0428 | הָעֹמְדִים જે-ઊભા-છે H5975 | לְפָנֶיךָ તારી-સમક્ષ H6440 | תָּמִיד સદાકાળ H8548 | וְשֹׁמְעִים અને-સાંભળે-છે H8085 | אֶת־ — H0853
חָכְמָתֶךָ׃ તારી-બુદ્ધિ H2451

તારા લોકો કેટલા બધા આશીર્વાદિત છે અને સદા તારી આગળ ઊભા રહેનારા તારા ચાકરો પણ કેટલા આશીર્વાદિત છે કેમ કે તેઓ તારું જ્ઞાન સાંભળે છે▯

8
יְהִי હો H1961 | יְהוָה યહોવાહ H3068 | אֱלֹהֶיךָ તારો-ઈશ્વર H0430 | בָּרוּךְ ધન્ય H1288 | אֲשֶׁר જેમણે | חָפֵץ પ્રસન્ન-થયા | בְּךָ તારામાં | לְתִתְּךָ મૂકવા-તને H5414 | עַל־ ઉપર | כִּסְאוֹ તેમન▯-સિંહાસન-પર H3678
לְמֶלֶךְ રાજા-તરીકે H4428 | לַיהוָה યહોવાહના-માટે H3068 | אֱלֹהֶיךָ તારા-ઈશ્વર H0430 | בְּאַהֲבַת પ્રેમમાં H0160 | אֱלֹהֶיךָ તારા-ઈશ્વરના H0430 | אֶת־ — H0853 | יִשְׂרָאֵל ઈઝરાયલને H3478 | לְהַעֲמִידוֹ સ્થાપવા H5975 | לְעוֹלָם સદાકાળ-માટે H5769
וַיִּתֶּנְךָ અને-મૂક્યા-તને H5414 | עֲלֵיהֶם તેમન▯-ઉપર | לְמֶלֶךְ રાજા-તરીકે H4428 | לַעֲשׂוֹת કરવા | מִשְׁפָּט ન્યાય H4941 | וּצְדָקָה׃ અને-ધાર્મિકતા H6666

ઈશ્વર તારા પ્રભુની સ્તુતિ થાઓ કે જેમણે તારા પર પ્રસન્ન થઈને તારા પ્રભુ ઈશ્વરને માટે રાજા થવા સારુ તને સિંહાસન પર બેસાડ્યો છે. તેઓ ઇઝરાયલને પ્રેમ કરતા હોવાથી તેને કાયમ માટે સ્થાપિત કર્યું છે. તેથી તેમણે તને રાજા બનાવ્યો કે જેથી તું તેઓનો ન્યાય કરે."

9
וַתִּתֵּן અને-આપ્યું H5414 | לַמֶּלֶךְ રાજાને H4428 | מֵאָה સો-વીસ H3967 | וְעֶשְׂרִים અને-વીસ H6242 | כִּכַּר તાલંત H3603 | זָהָב સોનાનું H2091 | וּבְשָׂמִים અને-સુગંધો H1314 | לָרֹב પુષ્કળ H7230 | מְאֹד ખૂબ H3966 | וְאֶבֶן અને-રત્નો H0068 | יְקָרָה મૂલ્યવાન H3368
וְלֹא અને-નહોતું H3808 | הָיָה હતું H1961 | כַּבֹּשֶׂם એવું-સુગંધ H1314 | הַהוּא તે H1931 | אֲשֶׁר־ જે | נָתְנָה આપ્યું-હતું H5414 | מַלְכַּת־ રાણીએ H4436 | שְׁבָא શેબાની H7614 | לַמֶּלֶךְ રાજાને H4428 | שְׁלֹמֹה׃ સુલેમાનને H8010

રાણીએ એકસો વીસ તાલંત સોનું, પુષ્કળ માત્રામાં સુગંધીઓ અને કિંમતી રત્નો આપ્યાં. જે ભારે માત્રામાં શેબાની રાણીએ રાજા સુલેમાનને અત્તરો આપ્યાં હતા તેવાં અત્તર ફરી કદી કોઈએ તેને આપ્યાં નહોતાં.

10
וְגַם־ અને-પણ H1571 | עַבְדֵי સેવકો H5650 | ]חירם[ — H2438 | )חוּרָם( હૂરામન▯ H2361 | וְעַבְדֵי અને-સેવકો H5650 | שְׁלֹמֹה સુલેમાનન▯ H8010 | אֲשֶׁר־ જેમણે | הֵבִיאוּ લાવ્યું-હતું H0935 | זָהָב સોનું H2091 | מֵאוֹפִיר ઓફીરથી H0211 | הֵבִיאוּ લાવ્યાં H0935
עֲצֵי લાકડાંનાં H6086 | אַלְגּוּמִּים અલ્ગુમીમનાં H0418 | וְאֶבֶן અને-રત્નો H0068 | יְקָרָה׃ મૂલ્યવાન H3368

હીરામ રાજાના ચાકરો અને સુલેમાન રાજાના ચાકરો ઓફીરથી સોનું લાવ્યા, વળી સાથે ચંદનના લાકડાં અને મૂલ્યવાન રત્નો પણ લાવ્યા.

11
וַיַּעַשׂ અને-બનાવ્યાં | הַמֶּלֶךְ રાજાએ H4428 | אֶת־ — H0853 | עֲצֵי લાકડાંનાં H6086 | הָאַלְגּוּמִּים અલ્ગુમીમન▯ H0418 | מְסִלּוֹת સીડીઓ H4546 | לְבֵית־ ભવન-માટે | יְהוָה યહોવાહના H3068 | וּלְבֵית અને-ભવન-માટે | הַמֶּלֶךְ રાજાન▯ H4428
וְכִנֹּרוֹת અને-વીણાઓ H3658 | וּנְבָלִים અને-વાદ્યો | לַשָּׁרִים ગાયકો-માટે H7891 | וְלֹא־ અને-નહોતાં H3808 | נִרְאוּ જોવાયેલાં H7200 | כָהֵם એવાં H1992 | לְפָנִים પહેલાં H6440 | בְּאֶרֶץ દેશમાં H0776 | יְהוּדָה׃ યહૂદાહને H3063

તે ચંદનના લાકડામાંથી રાજાએ ઈશ્વરના સભાસ્થાનના અને તેના મહેલના પગથિયાં અને સંગીતકારો માટે સિતાર તથા વીણા બનાવ્યાં. યહૂદિયાના દેશમાં અગાઉ આવાં લાકડાં કદી પણ જોવામાં આવ્યાં નહોતાં.

12
| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהַמֶּלֶךְ | שְׁלֹמֹה | נָתַן | לְמַלְכַּת־ | שְׁבָא | אֶת־ | כָּל־ | חֶפְצָהּ | אֲשֶׁר | שָׁאָלָה | מִלְּבַד | אֲשֶׁר־ |
| અને-રાજા | સુલેમાને | આપ્યું | રાણીને | શેબાની | — | બધી | ઇચ્છા | જે | માગી-હતી | સિવાય | જે |
| H4428 | H8010 | H5414 | H4436 | H7614 | H0853 | H3605 | H2656 | | H7592 | H0905 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הֵבִיאָה | אֶל־ | הַמֶּלֶךְ | וַתַּהֲפֹךְ | וַתֵּלֶךְ | לְאַרְצָהּ | הִיא | וַעֲבָדֶיהָ: | פ |
| લાવી-હતી | પાસે | રાજાને | અને-વળી | અને-ગઈ | તેન□-દેશમાં | તે | અને-તેને-સેવકો | — |
| H0935 | H0413 | H4428 | H2015 | H3212 | H0776 | H1931 | H5650 | |

રાજા સુલેમાને શેબાની રાણીને તેણે જે જે માગ્યું હતું તે બધું આપ્યું. ઉપરાંત, રાણી સુલેમાન રાજાને માટે જે ભેટસોગાદ તે લઈ આવી હતી તેટલી જ કિંમતની સમી ભેટ સુલેમાને પણ તેને આપી. વળી તેણે તેની સર્વ ઇચ્છા તૃપ્ત કરી. તે પોતાના રસાલા સાથે પોતાને દેશ પાછી ગઈ.

13
| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | מִשְׁקַל | הַזָּהָב | אֲשֶׁר־ | בָּא | לִשְׁלֹמֹה | בְּשָׁנָה | אֶחָת | שֵׁשׁ | מֵאוֹת | וְשִׁשִּׁים | וָשֵׁשׁ |
| અને-હતું | વજન | સોનાનું | જે | આવતું-હતું | સુલેમાનને | વર્ષમાં | એક | છ | સો | અને-સાં□ | અને-છ |
| H1961 | H4948 | H2091 | | H0935 | H8010 | H8141 | H0259 | H8337 | H3967 | H8346 | H8337 |

| | |
|---|---|
| כִּכְּרֵי | זָהָב: |
| તાલંત | સોનાનું |
| H3603 | H2091 |

હવે દર વર્ષે સુલેમાન રાજાની પાસે છસો છાસઠ તાલંત સોનું આવતું હતું.

14
| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לְבַד | מֵאַנְשֵׁי | הַתָּרִים | וְהַסֹּחֲרִים | מְבִיאִים | וְכָל־ | מַלְכֵי | עֲרַב | וּפַחוֹת | הָאָרֶץ |
| સિવાય | વેપારીઓથી | મુસાફરોથી | અને-વેપારીઓથી | લાવતાં-હતાં | અને-બધા | રાજાઓ | અરબના | અને-રાજ્યપાલો | દેશન□ |
| H0905 | H0376 | H8446 | H5503 | H0935 | H3605 | H4428 | | H6346 | H0776 |

| | | | |
|---|---|---|---|
| מְבִיאִים | זָהָב | וָכֶסֶף | לִשְׁלֹמֹה: |
| લાવતાં-હતાં | સોનું | અને-ચાંદી | સુલેમાનને |
| H0935 | H2091 | H3701 | H8010 |

આ સોના ઉપરાંત વેપારીઓ પાસેથી કરવેરા તરીકે મળતું. અરબસ્તાનના સર્વ રાજાઓ તથા દેશના રાજ્યપાલ તરફથી સુલેમાન રાજાને જે સોનું અને ચાંદી મળતાં હતાં તે તો વધારાના હતાં.

15
| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַשׂ | הַמֶּלֶךְ | שְׁלֹמֹה | מָאתַיִם | צִנָּה | זָהָב | שָׁחוּט | שֵׁשׁ | מֵאוֹת | זָהָב | שָׁחוּט | יַעֲלֶה |
| અને-બનાવ્યાં | રાજા | સુલેમાને | બસો | મોટી-ઢાલો | સોનાની | ઘડેલી | છ | સો | સોનાની | ઘડેલી | ચઢે-છે |
| | H4428 | H8010 | H3967 | | H2091 | H7820 | H8337 | H3967 | H2091 | H7820 | H5927 |

| | | |
|---|---|---|
| עַל־ | הַצִּנָּה | הָאֶחָת: |
| ઉપર | ઢાલ | એકેક |
| | | H0259 |

રાજા સુલેમાને સોનાની બસો ઢાલો બનાવી. દરેક ઢાલમાં છ હજાર શેકેલ સોનું વપરાયું હતું.

16
| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּשְׁלֹשׁ־ | מֵאוֹת | מָגִנִּים | זָהָב | שָׁחוּט | שְׁלֹשׁ | מֵאוֹת | זָהָב | יַעֲלֶה | עַל־ | הַמָּגֵן | הָאֶחָת |
| અને-ત્રણ-સો | સો | નાની-ઢાલો | સોનાની | ઘડેલી | ત્રણ | સો | સોનાનું | ચઢે-છે | ઉપર | ઢાલ | એકેકની |
| H7969 | H3967 | H4043 | H2091 | H7820 | H7969 | H3967 | H2091 | H5927 | | H4043 | H0259 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיִּתְּנֵם | הַמֶּלֶךְ | בְּבֵית | יַעַר | הַלְּבָנוֹן: | פ |
| અને-મૂક્યાં | રાજાએ | ભવનમાં | વનને | લેબાનોનને | — |
| H5414 | H4428 | | | H3844 | |

વળી તેણે ઘડેલા સોનાની ત્રણસો નાની ઢાલો બનાવી. દરેક ઢાલ દસ તોલાના સોનાની બનેલી હતી; રાજાએ તેઓને લબાનોનના વનગૃહના મહેલમાં મૂકી.

17
| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַשׂ | הַמֶּלֶךְ | כִסֵּא־ | שֵׁן | גָּדוֹל | וַיְצַפֵּהוּ | זָהָב | טָהוֹר: |
| અને-બનાવ્યું | રાજાએ | સિંહાસન | હાથીદાંતનું | મોટું | અને-મઢ્યું-તેને | સોનાથી | શુદ્ધ |
| | H4428 | H3678 | H8127 | | H6823 | H2091 | H2889 |

પછી સુલેમાન રાજાએ હાથીદાંતનું એક મોટું સિંહાસન બનાવ્યું, તેને ચોખ્ખા સોનાથી મઢ્યું.

18

| וְשֵׁשׁ | מַעֲלוֹת | לַכִּסֵּא | וְכֶבֶשׁ | בַּזָּהָב | לַכִּסֵּא | מָאֳחָזִים | וְיָדוֹת | מִזֶּה | וּמִזֶּה |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-છ | પગથિયાં | સિંહાસન-માટે | અને-પગથિયું | સોનામાં | સિંહાસન-સાથે | જોડાયેલાં | અને-હાથા | આથી | અને-આથી |
| H8337 | | H3678 | H3534 | H2091 | H3678 | H0270 | H3027 | H2088 | H2088 |

| עַל־ | מְקוֹם | הַשָּׁבֶת | וּשְׁנַיִם | אֲרָיוֹת | עֹמְדִים | אֵצֶל | הַיָּדוֹת: |
|---|---|---|---|---|---|---|---|
| ઉપર | જગ્યા | બેસવાની | અને-બે | સિંહો | ઊભા-હતા | પાસે | હાથાંની |
| | H4725 | H3427 | H8147 | | H5975 | H0681 | H3027 |

સિંહાસનને છ પગથિયાં તથા સોનાનું એક પાયાસન હતું. તેઓ સિંહાસનની સાથે જડેલાં હતાં તથા બેઠકની જગ્યા પાસે બન્ને બાજુએ હાથા હતા અને હાથાઓની બન્ને બાજુએ બે ઊભેલા સિંહોની પ્રતિકૃતિ હતી.

19

| וּשְׁנֵים | עָשָׂר | אֲרָיוֹת | עֹמְדִים | שָׁם | עַל־ | שֵׁשׁ | הַמַּעֲלוֹת | מִזֶּה | וּמִזֶּה | לֹא־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બાર | સિંહો | સિંહો | ઊભા-હતા | ત્યાં | ઉપર | છ | પગથિયાંની | આથી | અને-આથી | નહોતું |
| H8147 | H6240 | | H5975 | H8033 | | H8337 | | H2088 | H2088 | H3808 |

| נַעֲשָׂה | כֵן | לְכָל־ | מַמְלָכָה: |
|---|---|---|---|
| બનાવાયેલું | એવું | કોઈપણ | રાજ્યમાં |
| | | H3605 | H4467 |

છ પગથિયાં પર દરેક બાજુએ બાર સિંહ ઊભા હતા. બીજા કોઈપણ રાજ્યમાં આવું સિંહાસન કદી બનાવવામાં આવ્યું ન હતું.

20

| וְכֹל | כְּלֵי | מַשְׁקֵה | הַמֶּלֶךְ | שְׁלֹמֹה | זָהָב | וְכֹל | כְּלֵי | בֵּית־ | יַעַר־ | הַלְּבָנוֹן | זָהָב |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બધાં | વાસણો | પીવાનાં | રાજાનાં | સુલેમાનનાં | સોનાનાં | અને-બધાં | વાસણો | ભવનનાં | વનનાં | લેબાનોનનાં | સોનાનાં |
| H3605 | H3627 | | H4428 | H8010 | H2091 | H3605 | H3627 | | | H3844 | H2091 |

| סָגוּר | אֵין | כֶּסֶף | נֶחְשָׁב | בִּימֵי | שְׁלֹמֹה | לִמְאוּמָה: |
|---|---|---|---|---|---|---|
| શુદ્ધ | નહોતી | ચાંદી | ગણાતી-હતી | દિવસોમાં | સુલેમાનનાં | કાંઈપણ-માટે |
| H5462 | H0369 | H3701 | H2803 | H3117 | H8010 | H3972 |

સુલેમાન રાજાનાં પીવાનાં સર્વ પાત્રો અને લબાનોન વનગૃહનાં સર્વ પાત્રો શુદ્ધ સોનાનાં હતાં. સુલેમાનના દિવસોમાં ચાંદીની કશી વિસાત ગણાતી ન હતી.

21

| כִּי־ | אֳנִיּוֹת | לַמֶּלֶךְ | הֹלְכוֹת | תַּרְשִׁישׁ | עִם | עַבְדֵי | חוּרָם | אַחַת | לְשָׁלוֹשׁ | שָׁנִים |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | વહાણો | રાજાનાં | જતાં-હતાં | તાર્શીશમાં | સાથે | સેવકો | હૂરામનાં | એક-વાર | ત્રણમાં | વર્ષે |
| | H0591 | H4428 | H1980 | H8659 | | H5650 | H2361 | H0259 | H7969 | H8141 |

| תָּבוֹאנָה | אֳנִיּוֹת | תַרְשִׁישׁ | נֹשְׂאוֹת | זָהָב | וָכֶסֶף | שֶׁנְהַבִּים | וְקוֹפִים | וְתוּכִּיִּים: | פ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| આવતાં-હતાં | વહાણો | તાર્શીશનાં | વહન-કરતાં | સોનું | અને-ચાંદી | હાથીદાંતનું | અને-વાંદરાઓ | અને-મોરનીઓ | — |
| H0935 | H0591 | H8659 | H5375 | H2091 | H3701 | H8143 | H6971 | H8500 | |

રાજાનાં વહાણો હીરામના નાવિકોની સાથે તાર્શીશ જતાં. દર ત્રણ વર્ષે વહાણો એકવાર તાર્શીશથી સોનું, ચાંદી, હાથીદાંત, વાનરો તથા મોર લઈને આવતાં હતાં.

22

| וַיִּגְדַּל | הַמֶּלֶךְ | שְׁלֹמֹה | מִכֹּל | מַלְכֵי | הָאָרֶץ | לְעֹשֶׁר | וְחָכְמָה: |
|---|---|---|---|---|---|---|---|
| અને-મોટો-થયો | રાજા | સુલેમાન | બધાંથી | રાજાઓ | પૃથ્વીનાં | ધનમાં | અને-બુદ્ધિમાં |
| H1431 | H4428 | H8010 | H3605 | H4428 | H0776 | H6239 | H2451 |

તેથી દ્રવ્ય તથા ડહાપણમાં પૃથ્વી પરના સર્વ રાજાઓ કરતાં સુલેમાન સૌથી શ્રેષ્ઠ રાજા હતો.

23

| וְכֹל | מַלְכֵי | הָאָרֶץ | מְבַקְשִׁים | אֶת־ | פְּנֵי | שְׁלֹמֹה | לִשְׁמֹעַ | אֶת־ | חָכְמָתוֹ | אֲשֶׁר־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બધા | રાજાઓ | પૃથ્વીનાં | શોધતાં-હતાં | — | મુખ | સુલેમાનનું | સાંભળવા | — | તેમની-બુદ્ધિ | જે |
| H3605 | H4428 | H0776 | H1245 | H0853 | H6440 | H8010 | H8085 | H0853 | H2451 | |

| נָתַן | הָאֱלֹהִים | בְּלִבּוֹ: |
|---|---|---|
| આપી-હતી | ઈશ્વરે | તેમના-હૃદયમાં |
| H5414 | H0430 | |

સમગ્ર દુનિયાના સર્વ રાજાઓ ઈશ્વરે સુલેમાનના હૃદયમાં જે જ્ઞાન મૂક્યું હતું તે સાંભળવા તેની પાસે આવતા.

24 וְהֵם מְבִאִים אִישׁ מִנְחָתוֹ כְּלֵי כֶסֶף וּכְלֵי זָהָב וּשְׂלָמוֹת נֵשֶׁק וּבְשָׂמִים
અને-તેઓ લાવત□ દરેક તેમની-ભેટ વાસણો ચાંદીનાં અને-વાસણો સોનાનાં અને-વસ્ત્રો શસ્ત્રો અને-સુગંધો
H1992 H0935 H0376 H4503 H3627 H3701 H3627 H2091 H8008 H5402 H1314

סוּסִים וּפְרָדִים דְּבַר־ שָׁנָה בְּשָׁנָה׃ פ
ઘોડાઓ અને-ખચ્ચરો વાત વર્ષ વર્ષ —
H6505 H1697 H8141 H8141

દર વર્ષે તેઓ પોતપોતાની ભેટ, એટલે સોનાચાંદીનાં પાત્રો, વસ્ત્રો, શસ્ત્રો, સુગંધીદ્રવ્યો, ઘોડાઓ અને ખચ્ચરો ખંડણી તરીકે લાવતા હતા.

25 וַיְהִי לִשְׁלֹמֹה אַרְבַּעַת אֲלָפִים אֻרְיוֹת סוּסִים וּמַרְכָּבוֹת וּשְׁנֵים־ עָשָׂר אֶלֶף
અને-હત□ સુલેમાનને ચાર-હજાર હજાર તબેલાઓ ઘોડાઓને અને-રથોને અને-બાર હજાર હજાર
H1961 H8010 H0702 H0505 H0723 H4818 H8147 H6240 H0505

פָרָשִׁים וַיַּנִּיחֵם בְּעָרֵי הָרֶכֶב וְעִם־ הַמֶּלֶךְ בִּירוּשָׁלִָם׃
ઘોડેસવારો અને-રાખ્યાં શહેરોમાં રથોને અને-સાથે રાજાને યરૂશાલેમમાં
H3240 H7393 H4428 H3389

સુલેમાનની પાસે ઘોડા અને રથોને માટે ચાર હજાર તબેલા હતા અને બાર હજાર ઘોડેસવારો હતા, તેણે તેઓને રથોનાં નગરોમાં તેમ જ યરુશાલેમમાં પોતાની પાસે રાખ્યા હતા.

26 וַיְהִי מוֹשֵׁל בְּכָל־ הַמְּלָכִים מִן־ הַנָּהָר וְעַד־ אֶרֶץ פְּלִשְׁתִּים וְעַד גְּבוּל
અને-હતો શાસક બધા-ઉપર રાજાઓને થી નદીથી થી દેશ પલિસ્તીઓનો અને-થી સરહદ
H1961 H4910 H3605 H4428 H5104 H5704 H0776 H6430 H5704 H1366

מִצְרָיִם׃
મિસરની
H4714

નદીથી તે પલિસ્તીઓના દેશ સુધી તથા મિસરની સરહદ સુધી સર્વ રાજાઓ ઉપર તેની હકૂમત વિસ્તરેલી હતી.

27 וַיִּתֵּן הַמֶּלֶךְ אֶת־ הַכֶּסֶף בִּירוּשָׁלִַם כָּאֲבָנִים וְאֵת הָאֲרָזִים נָתַן כַּשִּׁקְמִים
અને-આપ્યું રાજાએ — ચાંદી યરૂશાલેમમાં પથ્થરો-જેવી અને દેવદારોને આપ્યાં ગુલર□-વૃક્ષો-જેવા
H5414 H4428 H0853 H3701 H3389 H0068 H0853 H0730 H5414 H8256

אֲשֶׁר־ בַּשְּׁפֵלָה לָרֹב׃
જે નીચાણમાં પુષ્કળ
H8219 H7230

સુલેમાને યરુશાલેમમાં ચાંદી એટલી બધી વધારી દીધી કે તેનું મૂલ્ય જમીન પરના પથ્થરના જેવું થઈ પડ્યું. તેણે દેવદારનાં લાકડાંનું પ્રમાણ એટલું બધું વધારી દીધું કે તે નીચાણના પ્રદેશના ગુલ્લર વૃક્ષના લાકડાને તોલે થઈ પડ્યું.

28 וּמוֹצִיאִים סוּסִים מִמִּצְרַיִם לִשְׁלֹמֹה וּמִכָּל־ הָאֲרָצוֹת׃
અને-લાવતાં-હત□ ઘોડાઓ મિસરથી સુલેમાન-માટે અને-બધાંથી દેશોથી
H3318 H4714 H8010 H3605 H0776

લોકો સુલેમાનને માટે મિસરમાંથી તથા બીજા સર્વ દેશોમાંથી ઘોડા લાવતા હતા.

29 וּשְׁאָר דִּבְרֵי שְׁלֹמֹה הָרִאשֹׁנִים וְהָאַחֲרוֹנִים הֲלֹא־ הֵם כְּתוּבִים עַל־ דִּבְרֵי נָתָן
અને-બાકીની વાતો સુલેમાનની પહેલી અને-છેલ્લી શું-નહીં તે લખાયેલી-છે ઉપર વાતો નાથાન
H7605 H1697 H8010 H7223 H0314 H3808 H1992 H3789 H1697 H5416

הַנָּבִיא וְעַל־ נְבוּאַת אֲחִיָּה הַשִּׁילוֹנִי וּבַחֲזוֹת [יעדי] (יֶעְדּוֹ) הַחֹזֶה עַל־
પ્રબોધકની અને-ઉપર ભવિષ્યવાણી અહિયાહની શીલોનીની અને-દર્શનોમાં — યેઆદો દ્રષ્ટાની વિશે
H5030 H5016 H0281 H7888 H2378 H3260 H3260 H2374

יָרָבְעָם בֶּן־ נְבָט׃
યારોબોઆમ પુત્ર નેબાટની
H3379 H5028

સુલેમાનનાં અન્ય કૃત્યો તથા બીજી બાબતો વિષે પહેલેથી તે છેલ્લે સુધી નાથાન પ્રબોધકનાં ઇતિહાસમાં, શીલોની અહિયાના ભવિષ્યના પુસ્તકમાં અને નબાટના દીકરા યરોબામ સંબંધીના ઇદ્દો પ્રેરકને થયેલાં દર્શનોના પુસ્તકમાં લખવામાં આવેલું છે.

30

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיִּמְלֹךְ | שְׁלֹמֹה | בִירוּשָׁלִַם | עַל־ | כָּל־ | יִשְׂרָאֵל | אַרְבָּעִים | שָׁנָה׃ |
| અને-રાજ-કર્યું | સુલેમાને | યરૂશાલેમમાં | ઉપર | બધા | ઈઝરાયલને | ચાલીસ | વર્ષ |
| | H8010 | H3389 | | H3605 | H3478 | H0705 | H8141 |

સુલેમાને યરુશાલેમમાં સમગ્ર ઇઝરાયલ ઉપર ચાલીસ વર્ષ રાજ કર્યું.

31

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁכַּב | שְׁלֹמֹה | עִם־ | אֲבֹתָיו | וַיִּקְבְּרֻהוּ | בְּעִיר | דָּוִיד | אָבִיו | וַיִּמְלֹךְ | רְחַבְעָם | בְּנוֹ | תַּחְתָּיו׃ | פ |
| અને-શયન-કર્યું | સુલેમાન | સાથે | તેને-પૂર્વજોને | અને-દફનાવ્યો-તેને | શહેરમાં | દાવિદને | તેમને-પિતાને | અને-રાજ-કર્યું | રેહબોઆમ | તેમને-પુત્ર | તેની-જગ્યાએ | — |
| H7901 | H8010 | | H0001 | H6912 | | H1732 | H0001 | | H7346 | | H8478 | |

તે પોતાના પૂર્વજોની સાથે ઊંઘી ગયો અને તેને તેના પિતા દાઉદના નગરમાં દફનાવવામાં આવ્યો; તેના પછી તેનો દીકરો રહાબામ રાજા થયો.

## Chapter 10

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּלֶךְ | רְחַבְעָם | שְׁכֶמָה | כִּי | שְׁכֶם | בָּאוּ | כָל־ | יִשְׂרָאֵל | לְהַמְלִיךְ | אֹתוֹ׃ |
| અને-ગયો | રેહબોઆમ | શેખેમમાં | કારણ-કે | શેખેમમાં | આવ્યાં-હતાં | બધા | ઈઝરાયલ | રાજા-બનાવવા | તેને |
| H3212 | H7346 | H7927 | | H7927 | H0935 | H3605 | H3478 | | H0853 |

રહાબામ શખેમ ગયો, કેમ કે સર્વ ઇઝરાયલીઓ તેને રાજા બનાવવા શખેમમાં આવ્યા હતા.

2

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | כִּשְׁמֹעַ | יָרָבְעָם | בֶּן־ | נְבָט | וְהוּא | בְמִצְרַיִם | אֲשֶׁר | בָּרַח | מִפְּנֵי | שְׁלֹמֹה | הַמֶּלֶךְ | וַיָּשָׁב | יָרָבְעָם | מִמִּצְרָיִם׃ |
| અને-થયું | સાંભળતાં | યારોબોઆમે | પુત્ર | નેબાટનો | અને-તે | મિસરમાં-હતો | જ્યાં | ભાગી-ગયો-હતો | સામેથી | સુલેમાન | રાજાની | અને-પાછો-ફર્યો | યારોબોઆમ | મિસરથી |
| H1961 | H8085 | H3379 | | H5028 | H1931 | H4714 | | H1272 | H6440 | H8010 | H4428 | H7725 | H3379 | H4714 |

એમ બન્યું કે નબાટના પુત્ર યરોબામે આ વિષે સાંભળ્યું ત્યારે તે મિસરમાં હતો. તે સુલેમાન રાજાની પાસેથી મિસરમાં નાસી ગયો હતો; રહાબામ અંગે જાણીને યરોબામ મિસરમાંથી પાછો આવ્યો.

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁלְחוּ | וַיִּקְרְאוּ־ | לוֹ | וַיָּבֹא | יָרָבְעָם | וְכָל־ | יִשְׂרָאֵל | וַיְדַבְּרוּ | אֶל־ | רְחַבְעָם | לֵאמֹר׃ |
| અને-મોકલ્યા | અને-બોલાવ્યો | તેને | અને-આવ્યો | યારોબોઆમ | અને-બધા | ઈઝરાયલ | અને-બોલ્યા | — | રેહબોઆમને | કહીને |
| H7971 | H7121 | | H0935 | H3379 | H3605 | H3478 | H1696 | H0413 | H7346 | H0559 |

માણસ મોકલીને તેને મિસરમાંથી બોલાવવામાં આવ્યો હતો. યરોબામે તથા સર્વ ઇઝરાયલીઓએ આવીને રહાબામને વિનંતી કરી,

4

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אָבִיךָ | הִקְשָׁה | אֶת־ | עֻלֵּנוּ | וְעַתָּה | הָקֵל | מֵעֲבֹדַת | אָבִיךָ | הַקָּשָׁה | וּמֵעֻלּוֹ | הַכָּבֵד | אֲשֶׁר־ | נָתַן | עָלֵינוּ | וְנַעַבְדֶךָּ׃ |
| તારા-પિતાએ | ભારે-કર્યું | — | અમારું-ઝૂંસરું | અને-હવે | હળવું-કરો | સેવાથી | તારા-પિતાની | કઠોરી | અને-ઝૂંસરથી | ભારે | જે | મૂક્યું-હતું | અમાર□-ઉપર | અને-સેવા-કરીશું |
| H0001 | H7185 | H0853 | H5923 | H6258 | H7043 | H5656 | H0001 | H7186 | H5923 | H3515 | | H5414 | | H5647 |

“તારા પિતાએ અમારા પર ભારે ઝૂંસરી મૂકી હતી. માટે હવે, તારા પિતાની સખત મહેનત તથા તેણે મૂકેલો ભારે બોજ તું કંઈક હલકો કર, એટલે અમે તારી સેવા કરીશું.”

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֣אמֶר | אֲלֵהֶ֗ם | ע֛וֹד | שְׁלֹ֥שֶׁת | יָמִ֖ים | וְשׁ֣וּבוּ | אֵלָ֑י | וַיֵּ֖לֶךְ | הָעָֽם׃ | ס |
| અને-કહ્યુ | તેમને | હજી | ત્રણ | દિવસ | અને-પાછા-આવો | મારી-પાસે | અને-ગયા | લોકો | — |
| H0559 | H0413 | H5750 | H7969 | H3117 | H7725 | H0413 | H3212 | | |

રહાબામે તેઓને કહ્યુ, “ત્રણ દિવસ પછી તમે મારી પાસે પાછા આવજો.” તેથી લોકો ત્યાંથી પાછા ગયા.

6

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּוָּעַ֨ץ | הַמֶּ֜לֶךְ | רְחַבְעָ֗ם | אֶת־ | הַזְּקֵנִים֙ | אֲשֶׁר־ | הָי֣וּ | עֹמְדִ֗ים | לִפְנֵי֙ | שְׁלֹמֹ֣ה |
| અને-સલાહ-લીધી | રાજા | રેહબોઆમે | — | વડીલોની | જે | ઊભા-હતા | સમક્ષ | સુલેમાનને | તેમને |
| H3289 | H4428 | H7346 | H0854 | H2205 | | H1961 | H5975 | H6440 | H8010 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אָבִ֔יו | בִּֽהְיֹת֥וֹ | חַ֖י | לֵאמֹ֑ר | אֵ֣יךְ | אַתֶּ֣ם | נֽוֹעָצִ֗ים | לְהָשִׁ֛יב | לָֽעָם־ | הַזֶּ֖ה | דָּבָֽר׃ |
| પિતાને | જીવતં-હતં | જીવતો | કહીને | કેવી-રીતે | તમે | સલાહ-આપો-છો | પાછા-આપવા | આ-લોકોને | આ | વાત |
| H0001 | H1961 | | H0559 | | | H3289 | H7725 | | H2088 | H1697 |

રહાબામ રાજાએ, જયારે તેના પિતા સુલેમાન જીવતા હતા ત્યારે તેની હજૂરમાં જે વડીલો ઊભા રહેતા તેઓની સલાહ લેતાં તેઓને પૂછ્યું, “આ લોકોને શો જવાબ આપવો તેના વિષે તમે મને શી સલાહ આપો છો?”

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְדַבְּר֨וּ | אֵלָ֜יו | לֵאמֹ֗ר | אִם־ | תִּֽהְיֶ֣ה | לְט֞וֹב | לְהָעָ֤ם | הַזֶּה֙ | וּרְצִיתָ֔ם | וְדִבַּרְתָּ֥ | אֲלֵהֶ֖ם |
| અને-બોલ્યા | તેમને | કહીને | જો | થાઓ | ભલા-માટે | આ-લોકો | આ | અને-પ્રસન્ન-કરો | અને-બોલો | તેમને |
| H1696 | H0413 | H0559 | | H1961 | | | H2088 | H7521 | H1696 | H0413 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| דְּבָרִ֣ים | טוֹבִ֑ים | וְהָי֥וּ | לְךָ֛ | עֲבָדִ֖ים | כָּל־ | הַיָּמִֽים׃ |
| વાતો | સારી | અને-હશે | તારા-માટે | સેવકો | બધા | દિવસો |
| H1697 | | H1961 | | H5650 | H3605 | H3117 |

તેઓએ તેને કહ્યુ, “જો તું આ લોકો સાથે માયાળુપણે વર્તશે, તેઓને રાજીખુશીમાં રાખશે અને તેઓની સાથે મીઠાશથી વાત કરશે, તો તેઓ હંમેશા તારી આધીનતામાં રહેશે.”

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲזֹ֛ב | אֶת־ | עֲצַ֥ת | הַזְּקֵנִ֖ים | אֲשֶׁ֣ר | יְעָצֻ֑הוּ | וַיִּוָּעַ֗ץ | אֶת־ | הַיְלָדִים֙ | אֲשֶׁ֣ר |
| પણ-છોડી | — | સલાહ | વડીલોની | જે | આપી-હતી | અને-સલાહ-લીધી | — | યુવાનોની | જે |
| | H0853 | H6098 | H2205 | | H3289 | H3289 | H0854 | H3206 | |

| | | | |
|---|---|---|---|
| גָּדְל֣וּ | אִתּ֔וֹ | הָעֹמְדִ֖ים | לְפָנָֽיו׃ |
| મોટા-થયા-હતા | તેમની-સાથે | જે-ઊભા-હતા | તેમની-સમક્ષ |
| H1431 | H0854 | H5975 | H6440 |

પરંતુ વૃદ્ધ માણસોએ જે સલાહ આપી હતી તેની રહાબામે અવગણના કરીને તેની સાથે ઊભેલા જુવાનોની સલાહ લીધી.

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֣אמֶר | אֲלֵהֶ֗ם | מָ֤ה | אַתֶּם֙ | נֽוֹעָצִ֔ים | וְנָשִׁ֥יב | דָּבָ֖ר | אֶת־ | הָעָ֣ם | הַזֶּ֑ה |
| અને-કહ્યુ | તેમને | શું | તમે | સલાહ-આપો-છો | અને-પાછા-આપીએ | વાત | — | આ-લોકોને | આ |
| H0559 | H0413 | H4100 | | H3289 | H7725 | H1697 | H0853 | | H2088 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁ֨ר | דִּבְּר֤וּ | אֵלַי֙ | לֵאמֹ֔ר | הָקֵל֙ | מִן־ | הָעֹ֔ל | אֲשֶׁר־ | נָתַ֥ן | אָבִ֖יךָ | עָלֵֽינוּ׃ |
| જેમણે | બોલ્યા | મને | કહીને | હળવું-કરો | થી | ઝૂંસરું | જે | મૂક્યું | તારા-પિતાએ | અમારે-ઉપર |
| | H1696 | H0413 | H0559 | H7043 | | H5923 | | H5414 | H0001 | |

તેણે યુવાનોને પૂછ્યું, “આ લોકોએ મને એમ કહ્યુ છે કે, ‘તારા પિતાએ અમારા ઉપર જે બોજ મૂક્યો હતો તે કંઈક હલકો કર,’ હવે મારે તેઓને શો જવાબ આપવો તે વિષે તમે શી સલાહ આપો છો?”

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְדַבְּר֣וּ | אִתּ֗וֹ | הַיְלָדִים֙ | אֲשֶׁ֣ר | גָּדְל֣וּ | אִתּוֹ֮ | לֵאמֹר֒ | כֹּֽה־ | תֹאמַ֨ר | לָעָ֜ם |
| અને-બોલ્યા | તેમની-સાથે | યુવાનોએ | જે | મોટા-થયા-હત▯ | તેમની-સાથે | કહીને | આમ | કહે | લોકોને |
| H1696 | H0854 | H3206 | | H1431 | H0854 | H0559 | H3541 | H0559 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר־ | דִּבְּר֨וּ | אֵלֶ֜יךָ | לֵאמֹ֗ר | אָבִ֙יךָ֙ | הִכְבִּ֣יד | אֶת־ | עֻלֵּ֔נוּ | וְאַתָּ֖ה | הָקֵ֣ל | מֵעָלֵ֑ינוּ |
| જેમણે | બોલ્યા | તને | કહીને | તારે-પિતાએ | ભારે-કર્યું | — | અમારું-ઝૂંસરું | અને-તું | હળવું-કર | અમારે-ઉપરથી |
| | H1696 | H0413 | H0559 | H0001 | H3513 | H0853 | H5923 | | H7043 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כֹּ֤ה | תֹאמַר֙ | אֲלֵיהֶ֔ם | קָטָנִּ֥י | עָבָ֖ה | מִמָּתְנֵ֥י | אָבִֽי׃ |
| આમ | કહે | તેમને | મારી-ટચલી-આગળી | જાડી | મારે-પિતાની-કમરથી | મારે-પિતાની |
| H3541 | H0559 | H0413 | H6995 | H5666 | H4975 | H0001 |

જે જુવાનો રહાબામ સાથે મોટા થયા હતા તેઓએ કહ્યુ, “જે લોકોએ તારા પિતાએ મૂકેલો ભારે બોજો હલકો કરવાનું તને કહ્યુ હતું. તેઓને તું કહેજે કે, ‘મારી ટચલી આગળી મારા પિતાની કમર કરતાં જાડી છે.

| 11 | וְעַתָּה | אָבִי | הֶעְמִיס | עֲלֵיכֶם | עֹל | כָּבֵד | וַאֲנִי | אֹסִיף | עַל־ | עֻלְּכֶם | אָבִי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-હવે | તારે-પિતાએ | લાદ્યું | તમારે-ઉપર | ઝૂંસરું | ભારે | અને-હું | વધારીશ | ઉપર | તમારે-ઝૂંસરું | મારે-પિતાએ |
| | H6258 | H0001 | H6006 | | H5923 | H3515 | H0589 | H3254 | | H5923 | H0001 |

| יִסַּר | אֶתְכֶם | בַּשּׁוֹטִים | וַאֲנִי | בָּעַקְרַבִּים׃ | ס |
|---|---|---|---|---|---|
| શિક્ષા-આપી | તમને | ચાબુકોથી | અને-હું | વીછીઓથી | — |
| H3256 | H0853 | H7752 | H0589 | H6137 | |

તેથી હવે, મારા પિતાએ તમારા ઉપર જે ભારે બોજો મૂક્યો હતો, તે બોજાનો ભાર હલકો કરવાને બદલે હું તમારા પર વધારીશ. મારા પિતા તમને ચાબુકોથી શિક્ષા કરતા, પણ હું તો વીંછીઓથી શિક્ષા કરીશ.’”

| 12 | וַיָּבוֹא | יָרָבְעָם | וְכָל־ | הָעָם | אֶל־ | רְחַבְעָם | בַּיּוֹם | הַשְּׁלִשִׁי | כַּאֲשֶׁר | דִּבֶּר | הַמֶּלֶךְ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-આવ્યો | યારોબોઆમ | અને-બધા | લોકો | પાસે | રેહબોઆમને | દિવસે | ત્રીજામે | જેમ | બોલ્યું-હતું | રાજાએ |
| | H0935 | H3379 | H3605 | | H0413 | H7346 | H3117 | H7992 | | H1696 | H4428 |

| לֵאמֹר | שׁוּבוּ | אֵלַי | בַּיּוֹם | הַשְּׁלִשִׁי׃ |
|---|---|---|---|---|
| કહીને | પાછા-આવો | મારી-પાસે | દિવસે | ત્રીજામે |
| H0559 | H7725 | H0413 | H3117 | H7992 |

રાજાએ કહેલું હતું, “ત્રીજા દિવસે મારી પાસે પાછા આવજો.” તેથી યરોબામ અને સર્વ લોકો ત્રીજા દિવસે રહાબામ પાસે પાછા આવ્યા.

| 13 | וַיַּעֲנֵם | הַמֶּלֶךְ | קָשָׁה | וַיַּעֲזֹב | הַמֶּלֶךְ | רְחַבְעָם | אֵת | עֲצַת | הַזְּקֵנִים׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-જવાબ-આપ્યો | રાજાએ | કઠોરતાથી | અને-છોડી | રાજા | રેહબોઆમે | — | સલાહ | વડીલોની |
| | | H4428 | H7186 | | H4428 | H7346 | H0853 | H6098 | H2205 |

રહાબામ રાજાએ તેઓને ઉદ્ધતાઈથી જવાબ આપ્યો; અને વડીલોની સલાહને ગણકારી નહિ.

| 14 | וַיְדַבֵּר | אֲלֵהֶם | כַּעֲצַת | הַיְלָדִים | לֵאמֹר | אַכְבִּיד | אֶת־ | עֻלְּכֶם | וַאֲנִי | אֹסִיף |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-બોલ્યો | તેમને | યુવાનોની-સલાહ-મુજબ | યુવાનોની | કહીને | ભારે-કરીશ | — | તમારે-ઝૂંસરું | અને-હું | વધારીશ |
| | H1696 | H0413 | H6098 | H3206 | H0559 | H3513 | H0853 | H5923 | H0589 | H3254 |

| עָלָיו | אָבִי | יִסַּר | אֶתְכֶם | בַּשּׁוֹטִים | וַאֲנִי | בָּעַקְרַבִּים׃ |
|---|---|---|---|---|---|---|
| તેને-ઉપર | મારે-પિતાએ | શિક્ષા-આપી | તમને | ચાબુકોથી | અને-હું | વીછીઓથી |
| | H0001 | H3256 | H0853 | H7752 | H0589 | H6137 |

પણ જુવાનોની સલાહ પ્રમાણે તેણે તેઓ સાથે વાત કરી; તેણે કહ્યુ, “હું તમારા પરની ઝૂંસરી ભારે કરીશ; હું એ ઝૂંસરીનો ભાર વધારીશ. મારા પિતા તમને ચાબુકોથી સજા કરતા હતા, પણ હું તમને વીંછીઓથી સજા કરીશ.”

| 15 | וְלֹא־ | שָׁמַע | הַמֶּלֶךְ | אֶל־ | הָעָם | כִּי־ | הָיְתָה | נְסִבָּה | מֵעִם | הָאֱלֹהִים | לְמַעַן | הָקִים |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-નહોતું | સાંભળ્યું | રાજાએ | — | લોકોનું | કારણ-કે | હતી | વળાંક | ઈશ્વરથી | ઈશ્વર | જેથી | પૂર્ણ-કરે |
| | H3808 | H8085 | H4428 | H0413 | | | H1961 | H5252 | | H0430 | H4616 | |

| יְהוָה | אֶת־ | דְּבָרוֹ | אֲשֶׁר | דִּבֶּר | בְּיַד | אֲחִיָּהוּ | הַשִּׁילֹנִי | אֶל־ | יָרָבְעָם | בֶּן־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| યહોવાહ | — | તેમનું-વચન | જે | બોલ્યું-હતું | હાથે | અહિયાહુ | શીલોનીને | — | યારોબોઆમને | પુત્ર |
| H3068 | H0853 | H1697 | | H1696 | H3027 | H0281 | H7888 | H0413 | H3379 | |

| נְבָט׃ |
|---|
| નેબાટનો |
| H5028 |

આમ, રાજાએ લોકોની વાત સાંભળી નહિ, આ સર્વ ઈશ્વરની ઇચ્છાથી થયું હતું, કેમ કે ઈશ્વરે શીલોની અહિયા મારફતે નબાટના દીકરા યરોબામને જે વચન આપ્યું હતું તેને તે પૂર્ણ કરે.

16 וְכָל־ יִשְׂרָאֵל כִּי לֹא־ שָׁמַע הַמֶּלֶךְ לָהֶם וַיָּשִׁבוּ הָעָם אֶת־ הַמֶּלֶךְ
અને-બધા ઈઝરાયલે કે નહોતું સાંભળ્યું રાજાએ તેમનું અને-જવાબ-આપ્યો લોકોએ — રાજાને
H3605 H3478 H3808 H8085 H4428 H1992 H7725 H0853 H4428

לֵאמֹר מַה־ לָּנוּ חֵלֶק בְּדָוִיד וְלֹא־ נַחֲלָה בְּבֶן־ יִשַׁי אִישׁ לְאֹהָלֶיךָ יִשְׂרָאֵל
કહીને શું અમારો ભાગ દાવિદમાં અને-નહીં વારસો પુત્રમાં યિશાઈનો દરેક તારે-તંબૂમાં ઈઝરાયલ
H0559 H4100 H1732 H3808 H5159 H3448 H0376 H0168 H3478

עַתָּה רְאֵה בֵיתְךָ דָּוִיד וַיֵּלֶךְ כָּל־ יִשְׂרָאֵל לְאֹהָלָיו׃ ס
હવે જુઓ તારે-ઘરને દાવિદ અને-ગયા બધા ઈઝરાયલ તેમને-તંબૂઓમાં —
H6258 H7200 H1732 H3212 H3605 H3478 H0168

જ્યારે આખા ઇઝરાયલે જોયું કે રાજા તેઓનું સાંભળતો નથી ત્યારે લોકોએ તેને ઉત્તર આપ્યો, "દાઉદમાં અમારો શો ભાગ? યિશાઈના દીકરામાં અમારો શો વારસો? દરેક જણ પોતપોતાના ઘરે પાછા જાઓ. હે દાઉદ પુત્ર, હવે તારું પોતાનું ઘર તું સંભાળજે." એવું કહીને તમામ ઇઝરાયલી લોકો પોતપોતાને ઘરે પાછા ગયા.

17 וּבְנֵי יִשְׂרָאֵל הַיֹּשְׁבִים בְּעָרֵי יְהוּדָה וַיִּמְלֹךְ עֲלֵיהֶם רְחַבְעָם׃
અને-પુત્રો ઈઝરાયલને જે-રહેત□-હતે શહેરોમાં યહૂદાહને અને-રાજ-કર્યું તેમને-ઉપર રેહબોઆમે
H3478 H3427 H3063 H7346

પણ યહૂદિયાના નગરોમાં જે ઇઝરાયલી લોકો રહેતા હતા તેઓ પર રહાબામે રાજ કર્યું.

18 וַיִּשְׁלַח הַמֶּלֶךְ רְחַבְעָם אֶת־ הֲדֹרָם אֲשֶׁר עַל־ הַמַּס וַיִּרְגְּמוּ־ בוֹ
અને-મોકલ્યો રાજા રેહબોઆમે — હદોરામને જે ઉપર વેઠમજૂરીનો અને-પથ્થરથી-માર્યા તેને
H7971 H4428 H7346 H0853 H4522 H7275

בְנֵי־ יִשְׂרָאֵל אֶבֶן וַיָּמֹת וְהַמֶּלֶךְ רְחַבְעָם הִתְאַמֵּץ לַעֲלוֹת בַּמֶּרְכָּבָה לָנוּס
પુત્રોએ ઈઝરાયલને પથ્થર અને-મર્યો અને-રાજા રેહબોઆમ ઉતાવળે-ચઢ્યો ચઢવા રથમાં ભાગવા
H3478 H0068 H4191 H4428 H7346 H0553 H5927 H4818 H5127

יְרוּשָׁלִָם׃ ס
યરૂશાલેમ —
H3389

પછી રહાબામ રાજાએ હદોરામ, જે મજૂરોનો ઉપરી હતો અને જુલમથી કામ કરાવતો હતો તેને ઇઝરાયલના લોકો પાસે મોકલ્યો, પણ ઇઝરાયલના લોકોએ તેને પથ્થરે મારીને મારી નાખ્યો. તેથી રાજા તેના રથ પર બેસીને ઉતાવળે યરુશાલેમ નાસી ગયો.

19 וַיִּפְשְׁעוּ יִשְׂרָאֵל בְּבֵית דָּוִיד עַד הַיּוֹם הַזֶּה׃ ס
અને-બળવો-કર્યો ઈઝરાયલે ઘરાને-વિરુદ્ધ દાવિદને આજ દિવસ સુધી —
H6586 H3478 H1732 H5704 H3117 H2088

એમ, ઇઝરાયલે દાઉદના ઘર વિરુદ્ધ બળવો કર્યો, જે આજ દિવસ સુધી ચાલતો રહ્યો છે.

## Chapter 11

1 וַיָּבֹא רְחַבְעָם יְרוּשָׁלִַם וַיַּקְהֵל אֶת־ בֵּית יְהוּדָה וּבִנְיָמִן מֵאָה
અને-આવ્યો રેહબોઆમ યરૂશાલેમમાં અને-એકઠા-કર્યું — ઘરાને યહૂદાહને અને-બિન્યામીનને એક-લાખ
H0935 H7346 H3389 H6950 H0853 H3063 H1144 H3967

וּשְׁמוֹנִים אֶלֶף בָּחוּר עֹשֵׂה מִלְחָמָה לְהִלָּחֵם עִם־ יִשְׂרָאֵל לְהָשִׁיב אֶת־ הַמַּמְלָכָה
અને-એંશી હજાર ચૂંટાયેલા યુદ્ધ-કરનારા યુદ્ધના લડવા સાથે ઈઝરાયલને પાછું-લાવવા — રાજ્યને
H8084 H0505 H0977 H4421 H3478 H7725 H0853 H4467

לִרְחַבְעָם׃ פ
રેહબોઆમ-માટે —
H7346

જયારે રહાબામ યરુશાલેમ પહોંચ્યો ત્યારે તેણે પોતાનું રાજય પુન:સ્થાપિત કરવા માટે અને ઇઝરાયલ સામે યુદ્ધ કરવા માટે યહૂદા અને બિન્યામીનના કુળમાંથી પસંદ કરેલા કુલ એક લાખ એંશી હજાર યોદ્ધાઓને ભેગા કર્યા.

2

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי֙ | דְּבַר־ | יְהוָ֔ה | אֶל־ | שְׁמַֽעְיָ֖הוּ | אִ֥ישׁ־ | הָאֱלֹהִ֖ים | לֵאמֹֽר׃ |
| અને-આવ્યું | વચન | યહોવાહનું | — | શેમાઆયાહૂને | પુરુષ | ઈશ્વરનો | કહીને |
| H1961 | H1697 | H3068 | H0413 | H8098 | H0376 | H0430 | H0559 |

પરંતુ ઈશ્વરનું વચન ઈશ્વરભક્ત શમાયાની પાસે આવ્યું,

3

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֱמֹ֕ר | אֶל־ | רְחַבְעָ֥ם | בֶּן־ | שְׁלֹמֹ֖ה | מֶ֣לֶךְ | יְהוּדָ֑ה | וְאֶ֨ל | כָּל־ | יִשְׂרָאֵ֜ל | בִּֽיהוּדָ֥ה | וּבִנְיָמִ֖ן | לֵאמֹֽר׃ |
| કહો | — | રેહબોઆમને | પુત્ર | સુલેમાનનો | રાજા | યહૂદાહનો | અને | બધા | ઈઝરાયલને | યહૂદાહમાં | અને-બિન્યામીનમાં | કહીને |
| H0559 | H0413 | H7346 | | H8010 | H4428 | H3063 | H0413 | H3605 | H3478 | H3063 | H1144 | H0559 |

“યહૂદિયાના રાજા અને સુલેમાનના દીકરા રહાબામને, યહૂદિયા અને બિન્યામીનમાંના સર્વ ઇઝરાયલના લોકોને કહે;

4

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כֹּ֣ה | אָמַ֣ר | יְהוָ֡ה | לֹֽא־ | תַעֲל֩וּ | וְלֹֽא־ | תִלָּחֲמ֨וּ | עִם־ | אֲחֵיכֶ֜ם | שׁ֚וּבוּ | אִ֣ישׁ | לְבֵית֔וֹ | כִּ֧י | מֵאִתִּ֛י | נִהְיָ֖ה | הַדָּבָ֣ר | הַזֶּ֑ה | וַֽיִּשְׁמְעוּ֙ | אֶת־ | דִּבְרֵ֣י | יְהוָ֔ה | וַיָּשֻׁ֕בוּ | מִלֶּ֖כֶת | אֶל־ | יָרָבְעָֽם׃ | פ |
| આમ | કહે-છે | યહોવાહ | નહીં | ચઢો | અને-નહીં | લડો | સાથે | તમારે-ભાઈઓ | પાછે-ફરો | દરેક | તેમને-ઘરે | કારણ-કે | મારે-તરફથી | થયું-છે | આ-વાત | આ | અને-સાંભળ્યા | — | વચનો | યહોવાહને | અને-પાછે-ફર્યે | જવાથી | પાસે | યારોબોઆમને | — |
| H3541 | H0559 | H3068 | H3808 | H5927 | H3808 | | | H0251 | H7725 | H0376 | | | H0854 | H1961 | H1697 | H2088 | H8085 | H0853 | H1697 | H3068 | H7725 | H3212 | H0413 | H3379 | |

‘ઈશ્વર આમ કહે છે: તમારે તમારા ભાઈઓ તથા સંબંધીઓની + 11:4 ઉત્તર દેશ-યહૂદા વિરુદ્ધ હુમલો કે લડાઈ કરવી નહિ. દરેક માણસ પોતપોતાના ઘરે પાછા જાઓ, કેમ કે આ કામ મારાથી થયું છે.’” તેથી તેઓએ ઈશ્વરનું કહ્યુ માન્યું અને યરોબામની વિરુદ્ધ ન જતા તેઓ પોતપોતાને ઘરે પાછા ગયા.

5

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיֵּ֥שֶׁב | רְחַבְעָ֖ם | בִּירוּשָׁלִָ֑ם | וַיִּ֧בֶן | עָרִ֛ים | לְמָצ֖וֹר | בִּֽיהוּדָֽה׃ |
| અને-રહ્યો | રેહબોઆમ | યરૂશાલેમમાં | અને-બાંધ્યાં | શહેરો | કિલ્લાબંદી-માટે | યહૂદાહમાં |
| H3427 | H7346 | H3389 | H1129 | | H4692 | H3063 |

રહાબામ યરુશાલેમમાં રહ્યો અને યહૂદિયાની સુરક્ષા માટે નગરો બાંધ્યાં.

6

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיִּ֧בֶן | אֶת־ | בֵּֽית־לֶ֛חֶם | וְאֶת־ | עֵיטָ֖ם | וְאֶת־ | תְּקֽוֹעַ׃ |
| અને-બાંધ્યું | — | બેથલેહેમને | અને | એટામને | અને | તકોઆને |
| H1129 | H0853 | H1035 | H0853 | H5862 | H0853 | H8620 |

તેણે બેથલેહેમ, એટામ, તકોઆ,

7

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְאֶת־ | בֵּֽית־צ֥וּר | וְאֶת־ | שׂוֹכ֖וֹ | וְאֶת־ | עֲדֻלָּֽם׃ |
| અને | બેથ-ઝૂરને | અને | સોકોને | અને | અદુલ્લામને |
| H0853 | H1049 | H0853 | H7755 | H0853 | H5725 |

બેથ-સૂર, સોખો, અદુલ્લામ,

8

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְאֶת־ | גַּ֥ת | וְאֶת־ | מָרֵשָׁ֖ה | וְאֶת־ | זִֽיף׃ |
| અને | ગાથને | અને | મારેશાહને | અને | ઝીફને |
| H0853 | H1661 | H0853 | H4762 | H0853 | H2128 |

ગાથ, મારેશા, ઝીફ,

9

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְאֶת־ | אֲדוֹרַ֥יִם | וְאֶת־ | לָכִ֖ישׁ | וְאֶת־ | עֲזֵקָֽה׃ |
| અને | અદોરાઈમને | અને | લાકીશને | અને | અઝેકાહને |
| H0853 | H0115 | H0853 | H3923 | H0853 | H5825 |

અદોરાઈમ, લાખીશ, અઝેકા,

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | צָרְעָה | וְאֶת־ | אַיָּלוֹן | וְאֶת־ | חֶבְרוֹן | אֲשֶׁר | בִּיהוּדָה | וּבְבִנְיָמִן | עָרֵי | מְצֻרוֹת׃ |
| અને | ઝોરહને | અને | આયાલોનને | અને | હેબ્રોનને | જે | યહૂદાહમાં | અને-બિન્યામીનમાં | શહેરો | કિલ્લાબંદીને |
| H0853 | H6881 | H0853 | H0357 | H0853 | | | H3063 | H1144 | | H4694 |

સોરાહ, આયાલોન, અને હેબ્રોન નગરો બાંધ્યાં. એ યહૂદિયામાં અને બિન્યામીનમાં આવેલા કિલ્લાવાળાં નગરો છે.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְחַזֵּק | אֶת־ | הַמְּצֻרוֹת | וַיִּתֵּן | בָּהֶם | נְגִידִים | וְאֹצְרוֹת | מַאֲכָל | וְשֶׁמֶן | וָיָיִן׃ |
| અને-મજબૂત-કર્યાં | — | કિલ્લાઓને | અને-મૂક્યાં | તેમમાં | સેનાપતિઓ | અને-ભંડારો | ખોરાકન | અને-તેલ | અને-દ્રાક્ષારસ |
| H2388 | H0853 | H4694 | H5414 | | H5057 | H0214 | H3978 | H8081 | H3196 |

તેણે ત્યાં મજબૂત કિલ્લા બંધાવ્યા અને સેનાપતિઓને અનાજ, તેલ અને દ્રાક્ષારસના ભંડાર આગળ ચોકી કરવા મૂક્યા.

12

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבְכָל־ | עִיר | וָעִיר | צִנּוֹת | וּרְמָחִים | וַיְחַזְּקֵם | לְהַרְבֵּה | מְאֹד | וַיְהִי־ | לוֹ | יְהוּדָה | וּבִנְיָמִן׃ | ס |
| અને-દરેક | શહેરે | શહેરે | ઢાલો | અને-ભાલાઓ | અને-મજબૂત-કર્યાં | અત્યંત | ખૂબ | અને-હતું | તેમને-માટે | યહૂદાહ | અને-બિન્યામીન | — |
| H3605 | | | | H7420 | H2388 | | H3966 | H1961 | | H3063 | H1144 | |

દરેક નગરમાં તેણે ઢાલો અને ભાલાઓ મૂક્યા અને તે નગરોને મજબૂત કર્યાં. યહૂદિયા અને બિન્યામીન તેના તાબામાં હતાં.

13

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהַכֹּהֲנִים | וְהַלְוִיִּם | אֲשֶׁר | בְּכָל־ | יִשְׂרָאֵל | הִתְיַצְּבוּ | עָלָיו | מִכָּל־ | גְּבוּלָם׃ |
| અને-યાજકો | અને-લેવીઓ | જે | બધમાં | ઈઝરાયલને | આવી-મળ્યં | તેમને-પાસે | બધી-થી | સરહદોથી |
| H3548 | H3881 | | H3605 | H3478 | H3320 | | H3605 | H1366 |

યાજકો અને લેવીઓ કે જેઓ ઇઝરાયલમાં હતા તેઓ તેમના સ્થળોમાંથી તેની પાસે આવ્યા.

14

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | עָזְבוּ | הַלְוִיִּם | אֶת־ | מִגְרְשֵׁיהֶם | וַאֲחֻזָּתָם | וַיֵּלְכוּ | לִיהוּדָה | וְלִירוּשָׁלִָם | כִּי־ | הִזְנִיחָם | יָרָבְעָם | וּבָנָיו | מִכַּהֵן | לַיהוָה׃ |
| કારણ-કે | છોડ્યા | લેવીઓએ | — | તેમને-ચરણો | અને-સંપત્તિ | અને-ગયં | યહૂદાહમાં | અને-યરૂશાલેમમં | કારણ-કે | હટાવ્યં-હતં | યારોબોઆમે | અને-તેમને-પુત્રોએ | યાજકપદેથી | યહોવાહને |
| | | H3881 | H0853 | H4054 | H0272 | H3212 | H3063 | H3389 | | | H3379 | | H3547 | H3068 |

લેવીઓ પોતાના ગોચર અને મિલકત મૂકીને યહૂદિયા અને યરુશાલેમ આવ્યા હતા કેમ કે યરોબામે અને તેના દીકરાઓએ તેઓને નસાડી મૂક્યા હતા કે જેથી તેઓ ઈશ્વર માટે યાજકની જવાબદારી બજાવી ન શકે.

15

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲמֶד־ | לוֹ | כֹּהֲנִים | לַבָּמוֹת | וְלַשְּׂעִירִים | וְלָעֲגָלִים | אֲשֶׁר | עָשָׂה׃ |
| અને-નીમ્યં | તેમને-માટે | યાજકો | ઊચં-સ્થાનો-માટે | અને-બકરંઓ-માટે | અને-વાછરડંઓ-માટે | જે | બનાવ્યં-હતં |
| H5975 | | H3548 | H1116 | | H5695 | | |

યરોબામે સભાસ્થાનને માટે, પોતે બનાવેલા વાછરડાની અને બકરાની મૂર્તિની પૂજા માટે, તેઓના સ્થાને અન્ય યાજકો નિયુક્ત કર્યા.

16

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאַחֲרֵיהֶם | מִכֹּל | שִׁבְטֵי | יִשְׂרָאֵל | הַנֹּתְנִים | אֶת־ | לְבָבָם | לְבַקֵּשׁ | אֶת־ | יְהוָה | אֱלֹהֵי | יִשְׂרָאֵל | בָּאוּ | יְרוּשָׁלִַם | לִזְבּוֹחַ | לַיהוָה | אֱלֹהֵי | אֲבוֹתֵיהֶם׃ |
| અને-તેમને-પછી | બધેથી | કુળો | ઈઝરાયલને | જેમણે-આપતં-હતં | — | તેમને-હૃદય | શોધવા | — | યહોવાહને | ઈશ્વરને | ઈઝરાયલને | આવ્યં | યરૂશાલેમમં | યજ્ઞાર્પણ-ચઢાવવં | યહોવાહને | ઈશ્વરને | તેમને-પૂર્વજોને |
| | H3605 | H7626 | H3478 | H5414 | H0853 | H3824 | H1245 | H0853 | H3068 | H0430 | H3478 | H0935 | H3389 | H2076 | H3068 | H0430 | H0001 |

તેઓની પાછળ ઇઝરાયલનાં કુળોના સર્વ લોકો, જેઓએ પોતાનાં અંત:કરણ ઇઝરાયલના પ્રભુ, ઈશ્વરને શોધવામાં લગાવ્યાં હતાં તેઓ પોતાના પિતૃઓના પ્રભુ ઈશ્વરને યજ્ઞ કરવા યરુશાલેમ આવ્યા.

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְחַזְּקוּ | אֶת־ | מַלְכוּת | יְהוּדָה | וַיְאַמְּצוּ | אֶת־ | רְחַבְעָם | בֶּן־ | שְׁלֹמֹה | לְשָׁנִים |
| અને-મજબૂત-કર્યું | — | રાજ્યને | યહૂદાહનું | અને-બળવંત-કર્યું | — | રેહબોઆમને | પુત્ર | સુલેમાનનો | વર્ષો-માટે |
| H2388 | H0853 | H4438 | H3063 | H0553 | H0853 | H7346 | | H8010 | H8141 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שָׁלוֹשׁ | כִּי | הָלְכוּ | בְּדֶרֶךְ | דָּוִיד | וּשְׁלֹמֹה | לְשָׁנִים | שָׁלוֹשׁ׃ |
| ત્રણ | કારણ-કે | ચાલ્યું | માર્ગે | દાવિદને | અને-સુલેમાનને | વર્ષો-માટે | ત્રણ |
| H7969 | | H1980 | H1870 | H1732 | H8010 | H8141 | H7969 |

તે લોકોના કારણે યહૂદિયાનું રાજ્ય બળવાન થયું. તે ત્રણ વર્ષ દરમિયાન તેઓએ સુલેમાનના પુત્ર, રહાબામને બળવાન કર્યો, કેમ કે ત્રણ વર્ષ સુધી તેઓ દાઉદ અને સુલેમાનને પગલે ચાલ્યા હતા.

18

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקַּח־ | לוֹ | רְחַבְעָם | אִשָּׁה | אֶת־ | מָחֲלַת | ]בן־[ | )בַּת־( | יְרִימוֹת | בֶּן־ | דָּוִיד |
| અને-લીધી | તેમને-માટે | રેહબોઆમે | પત્ની | — | માહલતને | — | પુત્રી | યરીમોથની | પુત્ર | દાવિદનો |
| H3947 | | H7346 | H0802 | H0853 | H4258 | | H1323 | H3406 | | H1732 |

| | | | | |
|---|---|---|---|---|
| אֲבִיהַיִל | בַּת־ | אֱלִיאָב | בֶּן־ | יִשָׁי׃ |
| અબીહાઈલ | પુત્રી | અલીયાબની | પુત્ર | યિશાઈનો |
| H0032 | H1323 | H0446 | | H3448 |

રહાબામે માહાલાથની સાથે લગ્ન કર્યું. માહલાથ દાઉદના દીકરા યરિમોથની દીકરી હતી. યિશાઈના દીકરા અલિયાબની દીકરી અબિહાઈલ તેની માતા હતી.

19

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַתֵּלֶד | לוֹ | בָּנִים | אֶת־ | יְעוּשׁ | וְאֶת־ | שְׁמַרְיָה | וְאֶת־ | זָהַם׃ |
| અને-જન્મ્યા | તેમને | પુત્રો | — | યેઉશ | અને | શેમર્યાહ | અને | ઝાહમ |
| H3205 | | | H0853 | H3266 | H0853 | H8114 | H0853 | H2093 |

તેને ત્રણ પુત્રો થયા; યેઉશ, શમાર્યા અને ઝાહમ.

20

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאַחֲרֶיהָ | לָקַח | אֶת־ | מַעֲכָה | בַּת־ | אַבְשָׁלוֹם | וַתֵּלֶד | לוֹ | אֶת־ | אֲבִיָּה | וְאֶת־ |
| અને-તેને-પછી | લીધી | — | માઅખાહને | પુત્રી | અબ્શાલોમની | અને-જન્મ્યા | તેમને | — | અબીયાહ | અને |
| | H3947 | H0853 | H4601 | H1323 | H0053 | H3205 | | H0853 | H0029 | H0853 |

| | | | | |
|---|---|---|---|---|
| עַתַּי | וְאֶת־ | זִיזָא | וְאֶת־ | שְׁלֹמִית׃ |
| અત્તાઈ | અને | ઝીઝા | અને | શલોમીત |
| H6262 | H0853 | H2124 | H0853 | |

માહલાથ પછી રહાબામે આબ્શાલોમની પુત્રી માકા સાથે લગ્ન કર્યું. તેણે અબિયા, આત્તાય, ઝીઝાહ અને શલોમીથને જન્મ આપ્યો.

21

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיֶּאֱהַב | רְחַבְעָם | אֶת־ | מַעֲכָה | בַת־ | אַבְשָׁלוֹם | מִכָּל־ | נָשָׁיו | וּפִילַגְשָׁיו |
| અને-પ્રેમ-કર્યો | રેહબોઆમે | — | માઅખાહને | પુત્રી | અબ્શાલોમની | બધીથી | તેમની-પત્નીઓ | અને-ઉપપત્નીઓથી |
| H0157 | H7346 | H0853 | H4601 | H1323 | H0053 | H3605 | H0802 | H6370 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | נָשִׁים | שְׁמוֹנֶה־ | עֶשְׂרֵה | נָשָׂא | וּפִילַגְשִׁים | שִׁשִּׁים | וַיּוֹלֶד | עֶשְׂרִים | וּשְׁמוֹנָה |
| કારણ-કે | પત્નીઓ | અઢાર | અને-અઢાર | લીધી-હતી | અને-ઉપપત્નીઓ | સાઠ | અને-જન્મ્યા | અઠ્યાવીસ | અને-અઠ્યાવીસ |
| | H0802 | H8083 | H6240 | H5375 | H6370 | H8346 | H3205 | H6242 | H8083 |

| | | |
|---|---|---|
| בָּנִים | וְשִׁשִּׁים | בָּנוֹת׃ |
| પુત્રો | અને-સાઠ | પુત્રીઓ |
| | H8346 | H1323 |

પોતાની બધી પત્નીઓ અને ઉપપત્નીઓ કરતાં રહાબામ માકા ઉપર વધારે પ્રેમ રાખતો હતો. તેને બધી મળીને અઢાર પત્નીઓ અને સાઠ ઉપપત્નીઓ હતી. તેના અઠ્ઠાવીસ દીકરા અને સાઠ દીકરીઓ હતી.

22

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲמֵד | לָרֹאשׁ | רְחַבְעָם | אֶת־ | אֲבִיָּה | בֶן־ | מַעֲכָה | לְנָגִיד | בְּאֶחָיו |
| અને-ઊભો-કર્યો | મુખ્ય-તરીકે | રેહબોઆમે | — | અબીયાહને | પુત્ર | માઅખાહનો | અગુઆ-તરીકે | તેમને-ભાઈઓમાં |
| H5975 | | H7346 | H0853 | H0029 | | H4601 | H5057 | H0251 |

| | |
|---|---|
| כִּי | לְהַמְלִיכוֹ׃ |
| કારણ-કે | રાજા-બનાવવા-માટે |

રહાબામે માકાના દીકરા અબિયાને તેના બધા ભાઈઓમાં અધિકારી નીમ્યો; તે તેને રાજા બનાવવાનું વિચારતો હતો.

23

| וַיָּבֶן | וַיִּפְרֹץ | מִכָּל־ | בָּנָיו | לְכָל־ | אַרְצוֹת | יְהוּדָה | וּבִנְיָמִן | לְכֹל |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-બુદ્ધિપૂર્વક-વર્ત્યો | અને-વિસ્તાર્યા | બધાથી | તેમને-પુત્રોને | બધે | પ્રદેશોમાં | યહૂદાહને | અને-બિન્યામીનને | બધે |
| H0995 | H6555 | H3605 | | H3605 | H0776 | H3063 | H1144 | H3605 |

| עָרֵי | הַמְּצֻרוֹת | וַיִּתֵּן | לָהֶם | הַמָּזוֹן | לָרֹב | וַיִּשְׁאַל | הֲמוֹן | נָשִׁים׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| શહેરોમાં | કિલ્લાબંદીને | અને-આપ્યું | તેમને | ભોજન | પુષ્કળ | અને-માંગ્યું | ઘણી | સ્ત્રીઓ |
| | H4694 | H5414 | | H4202 | H7230 | H7592 | | H0802 |

રહાબામે કુશળતાપૂર્વક રાજ કર્યું; તેણે તેના બધા પુત્રોને યહૂદિયાના અને બિન્યામીનનાં સર્વ કિલ્લાવાળાં નગરોમાં મોકલી દીધા. તેણે તેઓને માટે ખાવાપીવાની સામગ્રી પુષ્કળ પ્રમાણમાં પૂરી પાડી. ઘણી સ્ત્રીઓ સાથે તેઓના લગ્ન કરાવ્યાં.

## Chapter 12

1

| וַיְהִי | כְּהָכִין | מַלְכוּת | רְחַבְעָם | וּכְחֶזְקָתוֹ | עָזַב | אֶת־ | תּוֹרַת |
|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | સ્થાપિત-થયું-ત્યારે | રાજ્ય | રેહબોઆમનું | અને-તે-બળવાન-થયો-ત્યારે | તેણે-છોડી-દીધો | — | નિયમ |
| H1961 | | H4438 | H7346 | H2393 | | H0853 | H8451 |

| יְהוָה | וְכָל־ | יִשְׂרָאֵל | עִמּוֹ׃ | פ |
|---|---|---|---|---|
| યહોવાહનો | અને-સર્વ | ઈઝરાયલે | તેની-સાથે | — |
| H3068 | H3605 | H3478 | | |

અને એમ થયું કે, જયારે રહાબામનું રાજય સ્થિર થયું અને તે બળવાન બન્યો, ત્યારે તેણે તથા તેની સાથેના સર્વ ઇઝરાયલે ઈશ્વરના નિયમનો ત્યાગ કર્યો.

2

| וַיְהִי | בַּשָּׁנָה | הַחֲמִישִׁית | לַמֶּלֶךְ | רְחַבְעָם | עָלָה | שִׁישַׁק | מֶלֶךְ־ | מִצְרַיִם | עַל־ | יְרוּשָׁלִַם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | વર્ષમાં | પાંચમા | રાજાના | રેહબોઆમના | ચડી-આવ્યો | શીશાક | રાજા | ઈજિપ્તનો | વિરુદ્ધ | યરૂશાલેમ |
| H1961 | H8141 | H2549 | H4428 | H7346 | H5927 | H7895 | H4428 | H4714 | | H3389 |

| כִּי | מָעֲלוּ | בַּיהוָה׃ |
|---|---|---|
| કારણ-કે | તેઓએ-વિશ્વાસઘાત-કર્યો | યહોવાહ-સાથે |
| | H4603 | H3068 |

એ તે લોકો ઈશ્વરને અવિશ્વાસુ બન્યા હોવાથી રહાબામ રાજાના શાસનના પાંચમાં વર્ષે, મિસરના રાજા શિશાકે યરુશાલેમ ઉપર હુમલો કર્યો.

3

| בְּאֶלֶף | וּמָאתַיִם | רֶכֶב | וּבְשִׁשִּׁים | אֶלֶף | פָּרָשִׁים | וְאֵין | מִסְפָּר | לָעָם | אֲשֶׁר־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બારસો | અને-બસો | રથો | અને-સાઠ | હજાર | ઘોડેસવારો-સાથે | અને-નહોતી | ગણતરી | લોકોની | જેઓ |
| H0505 | H3967 | H7393 | H8346 | H0505 | | H0369 | H4557 | | |

| בָּאוּ | עִמּוֹ | מִמִּצְרַיִם | לוּבִים | סֻכִּיִּים | וְכוּשִׁים׃ |
|---|---|---|---|---|---|
| આવ્યા-હતા | તેની-સાથે | ઈજિપ્તથી | લૂબીઓ | સુક્કીઓ | અને-કૂશીઓ |
| H0935 | | H4714 | H3864 | H5525 | H3569 |

તે બારસો રથો તથા સાઠ હજાર ઘોડેસવારો સહિત ચઢી આવ્યો. મિસરમાંથી તેની સાથે અસંખ્ય સૈનિકો આવ્યા હતા: તેઓમાં લૂબીઓ, સુક્કીઓ તથા કૂશીઓ હતા.

4

| וַיִּלְכֹּד | אֶת־ | עָרֵי | הַמְּצֻרוֹת | אֲשֶׁר | לִיהוּדָה | וַיָּבֹא | עַד־ | יְרוּשָׁלִָם׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-તેણે-કબજે-કર્યાં | — | શહેરો | કિલ્લેબંધ | જે | યહૂદાહનાં-હતાં | અને-તે-આવ્યો | સુધી | યરૂશાલેમ |
| H3920 | H0853 | | H4694 | | H3063 | H0935 | H5704 | H3389 |

| ס |
|---|
| — |

યહૂદિયા સાથે સંકળાયેલાં પિસ્તાળીસ નગરોનો કબજો કરીને તે યરુશાલેમ આવ્યો.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּֽשְׁמַֽעְיָ֤ה | הַנָּבִיא֙ | בָּ֣א | אֶל־ | רְחַבְעָ֔ם | וְשָׂרֵ֣י | יְהוּדָ֔ה | אֲשֶׁר־ | נֶאֶסְפ֥וּ | אֶל־ |
| અને-શેમાઆયાહ | પ્રબોધક | આવ્યો | પાસે | રેહબોઆમના | અને-આગેવાનો | યહૂદાહના | જેઓ | ભેગા-થયા-હતા | માં |
| H8098 | H5030 | H0935 | H0413 | H7346 | H8269 | H3063 | | H0622 | H0413 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יְרוּשָׁלִָ֖ם | מִפְּנֵ֣י | שִׁישָׁ֑ק | וַיֹּ֨אמֶר | לָהֶ֜ם | כֹּה־ | אָמַ֣ר | יְהוָ֗ה | אַתֶּם֙ | עֲזַבְתֶּ֣ם | אֹתִ֔י | וְאַף־ |
| યરૂશાલેમમાં | ભયથી | શીશાકના | અને-કહ્યુ | તેઓને | આમ | કહે-છે | યહોવાહ | તમે | મને-છોડ્યો | મને | તેથી-હું-પણ |
| H3389 | H6440 | H7895 | H0559 | | H3541 | H0559 | H3068 | | | H0853 | H0637 |

| | | | | |
|---|---|---|---|---|
| אֲנִ֛י | עָזַ֥בְתִּי | אֶתְכֶ֖ם | בְּיַד־ | שִׁישָֽׁק׃ |
| હું | છોડી-દઉં-છું | તમને | હાથમાં | શીશાકના |
| H0589 | | H0853 | H3027 | H7895 |

હવે રહાબામ તથા યહૂદાના આગેવાનો, જેઓ શિશાકને લીધે યરુશાલેમમાં એકત્ર થયા હતા, તેઓની પાસે શમાયા પ્રબોધકે આવીને તેઓને કહ્યુ, “ઈશ્વર આમ કહે છે: ‘તમે મને તજી દીધો છે, તેથી મેં પણ તમને શિશાકના હાથમાં સોંપી દીધાં છે.’”

6

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיִּכָּנְע֥וּ | שָׂרֵֽי־ | יִשְׂרָאֵ֖ל | וְהַמֶּ֑לֶךְ | וַיֹּאמְר֖וּ | צַדִּ֥יק | יְהוָֽה׃ |
| અને-નમ્ર-થયા | આગેવાનો | ઈઝરાયલના | અને-રાજા | અને-કહ્યુ | ન્યાયી-છે | યહોવાહ |
| H3665 | H8269 | H3478 | H4428 | H0559 | H6662 | H3068 |

પછી ઇઝરાયલના આગેવાનોએ તથા રાજાએ પોતાને નમ્ર બનાવીને કહ્યુ, “ઈશ્વર ન્યાયી છે.”

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבִרְא֣וֹת | יְהוָה֮ | כִּ֣י | נִכְנָעוּ֒ | הָיָה֩ | דְבַר־ | יְהוָ֨ה | אֶל־ | שְׁמַעְיָ֜ה | לֵאמֹ֗ר |
| અને-જોયું-ત્યારે | યહોવાહે | કે | તેઓ-નમ્ર-થયા | આવ્યું | વચન | યહોવાહનું | પાસે | શેમાઆયાહના | કહેતાં |
| H7200 | H3068 | | H3665 | H1961 | H1697 | H3068 | H0413 | H8098 | H0559 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| נִכְנְע֖וּ | לֹ֣א | אַשְׁחִיתֵ֑ם | וְנָתַתִּ֨י | לָהֶ֜ם | כִּמְעַ֗ט | לִפְלֵיטָ֔ה | וְלֹא־ | תִתַּ֧ךְ |
| તેઓ-નમ્ર-થયા-છે | નહિ | હું-તેઓનો-નાશ-કરીશ | અને-હું-આપીશ | તેઓને | થોડો | છુટકારો | અને-નહિ | રેડાશે |
| H3665 | H3808 | H7843 | H5414 | H1992 | H4592 | H6413 | H3808 | H5413 |

| | | | |
|---|---|---|---|
| חֲמָתִ֛י | בִּירוּשָׁלִַ֖ם | בְּיַד־ | שִׁישָֽׁק׃ |
| મારો-ક્રોધ | યરૂશાલેમ-ઉપર | હાથ-દ્વારા | શીશાકના |
| H2534 | H3389 | H3027 | H7895 |

ઈશ્વરે જયારે જોયું કે તેઓએ પોતાને નમ્ર બનાવ્યા છે, ત્યારે ઈશ્વરની વાણી શમાયાની પાસે આવી, “તેઓએ પોતાને નમ્ર બનાવ્યા છે. માટે હું તેમનો નાશ નહિ કરું; હું તેમને થોડીવારમાં છોડાવીશ અને હું મારો ક્રોધ શિશાકની મારફતે યરુશાલેમ પર નહિ ઉતારું.

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֥י | יִֽהְיוּ־ | ל֖וֹ | לַעֲבָדִ֑ים | וְיֵֽדְעוּ֙ | עֲב֣וֹדָתִ֔י | וַעֲבוֹדַ֖ת | מַמְלְכ֥וֹת | הָאֲרָצֽוֹת׃ | ס |
| પરંતુ | તેઓ-થશે | તેના | દાસો | અને-તેઓ-જાણશે | મારી-સેવા | અને-સેવા | રાજ્યોની | દેશોનાં | — |
| | H1961 | | H5650 | H3045 | H5656 | H5656 | H4467 | H0776 | |

તેમ છતાં, તેઓ તેના ગુલામો થશે, કે જેથી તેઓને સમજાય કે મારી સેવા કરવામાં તથા વિદેશી રાજાઓની સેવા કરવામાં કેટલો ફેર છે.”

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּ֨עַל | שִׁישַׁ֣ק | מֶֽלֶךְ־ | מִצְרַיִם֮ | עַל־ | יְרוּשָׁלִַם֒ | וַיִּקַּ֞ח | אֶת־ | אֹצְר֣וֹת | בֵּית־ |
| અને-ચડી-આવ્યો | શીશાક | રાજા | ઈજિપ્તનો | વિરુદ્ધ | યરૂશાલેમ | અને-લઈ-ગયો | — | ખજાનાઓ | ઘરના |
| H5927 | H7895 | H4428 | H4714 | | H3389 | H3947 | H0853 | H0214 | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָ֗ה | וְאֶת־ | אֹֽצְרוֹת֙ | בֵּ֣ית | הַמֶּ֔לֶךְ | אֶת־ | הַכֹּ֖ל | לָקָ֑ח | וַיִּקַּ֕ח | אֶת־ | מָגִנֵּ֣י | הַזָּהָ֔ב |
| યહોવાહના | અને | ખજાનાઓ | ઘરના | રાજાના | — | બધું | લઈ-ગયો | અને-લઈ-ગયો | — | ઢાલો | સોનાની |
| H3068 | H0853 | H0214 | | H4428 | H0853 | H3605 | H3947 | H3947 | H0853 | H4043 | H2091 |

| | | |
|---|---|---|
| אֲשֶׁ֥ר | עָשָׂ֖ה | שְׁלֹמֹֽה׃ |
| જે | બનાવી-હતી | સુલેમાને |
| | | H8010 |

મિસરના રાજા શિશાકે યરુશાલેમ ઉપર ચઢાઈ કરીને ઈશ્વરના સભાસ્થાનનો ખજાનો તથા રાજાના મહેલનો બધો ખજાનો લૂંટી લીધો. તેણે બધું જ લૂંટી લીધું; સુલેમાને સોનાની જે ઢાલો બનાવી હતી એ પણ તે લઈ ગયો.

10

| | | |
|---|---|---|
| וַיַּ֨עַשׂ | અને-બનાવી | |
| הַמֶּ֤לֶךְ | રાજા | H4428 |
| רְחַבְעָם֙ | રેહબોઆમે | H7346 |
| תַּחְתֵּיהֶם֙ | તેના-બદલે | H8478 |
| מָגִנֵּ֣י | ઢાલો | H4043 |
| נְח֔שֶׁת | કાંસાની | |
| וְהִפְקִ֗יד | અને-સોંપી | |
| עַל־ | ઉપર | |
| יַד֙ | હાથમાં | H3027 |
| שָׂרֵ֣י | ઉપરીઓના | H8269 |
| הָֽרָצִ֔ים | ચોકીદારોના | H7323 |
| הַשֹּׁ֣מְרִ֔ים | જેઓ-ચોકી-કરતા-હતા | H8104 |
| פֶּ֖תַח | દરવાજા-પર | H6607 |
| בֵּ֥ית | ઘરના | |
| הַמֶּֽלֶךְ׃ | રાજાના | H4428 |

રહાબામ રાજાએ તેમને સ્થાને પિત્તળની ઢાલો બનાવીને અંગરક્ષકોના ઉપરી અમલદારના, એટલે કે જેઓ રાજાના મહેલની ચોકી કરતા તેઓના હાથમાં સોંપી.

11

| | | |
|---|---|---|
| וַיְהִ֛י | અને-થતું-હતું | H1961 |
| מִדֵּי־ | જ્યારે-પણ | H1767 |
| ב֥וֹא | જતો-હતો | H0935 |
| הַמֶּ֖לֶךְ | રાજા | H4428 |
| בֵּ֣ית | ઘરમાં | |
| יְהוָ֑ה | યહોવાહના | H3068 |
| בָּ֤אוּ | આવતા-હતા | H0935 |
| הָֽרָצִים֙ | ચોકીદારો | H7323 |
| וּנְשָׂא֔וּם | અને-ઉઠાવતા-હતા | H5375 |
| וֶהֱשִׁב֖וּם | અને-પાછી-મૂકતા-હતા | H7725 |
| אֶל־ | માં | H0413 |
| תָּ֥א | ઓરડામાં | H8372 |
| הָרָצִֽים׃ | ચોકીદારોના | H7323 |

જયારે રાજા ઈશ્વરના ઘરમાં પ્રવેશ કરતો, ત્યારે રક્ષકો તે ઢાલોને ઊંચકી લેતા; પછી તેઓ તે ઢાલોને પરત લાવતા અને રક્ષકગૃહમાં મૂકી દેતા.

12

| | | |
|---|---|---|
| וּבְהִכָּנְעוֹ֙ | અને-નમ્ર-થયો-ત્યારે | H3665 |
| שָׁ֤ב | ફર્યો | H7725 |
| מִמֶּ֙נּוּ֙ | તેના-ઉપરથી | |
| אַף־ | ક્રોધ | H0639 |
| יְהוָ֔ה | યહોવાહનો | H3068 |
| וְלֹ֥א | અને-નહિ | H3808 |
| לְהַשְׁחִ֖ית | નાશ-કર્યો | H7843 |
| לְכָלָ֑ה | સંપૂર્ણપણે | H3617 |
| וְגַ֣ם | અને-વળી | H1571 |
| בִּֽיהוּדָ֔ה | યહૂદાહમાં | H3063 |
| הָיָ֖ה | હતી | H1961 |
| דְּבָרִ֥ים | બાબતો | H1697 |
| טוֹבִֽים׃ | સારી | |
| ס | — | |

જયારે રહાબામે પોતાને નમ્ર કર્યો ત્યારે ઈશ્વરનો ક્રોધ ઊતર્યો, કેમ કે તે તેનો સંપૂર્ણ નાશ કરવા ચાહતા નહોતા; આ ઉપરાંત, યહૂદિયામાં પણ કંઈક સારી વર્તણૂક માલૂમ પડી.

13

| | | |
|---|---|---|
| וַיִּתְחַזֵּ֞ק | અને-બળવાન-થયો | H2388 |
| הַמֶּ֧לֶךְ | રાજા | H4428 |
| רְחַבְעָ֛ם | રેહબોઆમ | H7346 |
| בִּירוּשָׁלִַ֖ם | યરૂશાલેમમાં | H3389 |
| וַיִּמְלֹ֑ךְ | અને-રાજ-કર્યું | |
| כִּ֣י | કારણ-કે | |
| בֶן־ | ઉંમરનો | |
| אַרְבָּעִ֨ים | એકતાલીસ | H0705 |
| וְאַחַ֤ת | અને-એક | H0259 |
| שָׁנָה֙ | વર્ષનો | H8141 |
| רְחַבְעָ֣ם | રેહબોઆમ-હતો | H7346 |
| בְּמָלְכ֔וֹ | રાજા-થયો-ત્યારે | |
| וּשְׁבַ֨ע | અને-સત્તર | H7651 |
| עֶשְׂרֵ֜ה | દસ | H6240 |
| שָׁנָ֣ה | વર્ષ | H8141 |
| מָלַ֣ךְ | રાજ-કર્યું | |
| בִּֽירוּשָׁלִַ֡ם | યરૂશાલેમમાં | H3389 |
| הָעִ֣יר | શહેર | |
| אֲשֶׁר־ | જે | |
| בָּ֣חַר | પસંદ-કર્યું-હતું | H0977 |
| יְהוָ֡ה | યહોવાહે | H3068 |
| לָשׂ֣וּם | રાખવા | |
| אֶת־ | — | H0853 |
| שְׁמ֣וֹ | પોતાનું-નામ | H8034 |
| שָׁם֩ | ત્યાં | H8033 |
| מִכֹּ֨ל | સર્વમાંથી | H3605 |
| שִׁבְטֵ֤י | કુળોમાંથી | H7626 |
| יִשְׂרָאֵל֙ | ઈઝરાયલના | H3478 |
| וְשֵׁ֣ם | અને-નામ | H8034 |
| אִמּ֔וֹ | તેની-માનું | H0517 |
| נַעֲמָ֖ה | નાઅમાહ | |
| הָעַמֹּנִֽית׃ | આમ્મોની-હતું | H5985 |

તેથી રહાબામ રાજાએ યરુશાલેમમાં બળવાન થઈને રાજ કર્યું. રહાબામ રાજા બન્યો ત્યારે તે એકતાળીસ વર્ષનો હતો. તેણે યરુશાલેમ નગર કે, જેને ઈશ્વરે પોતાનું નામ રાખવા માટે ઇઝરાયલનાં સર્વ કુળોમાંથી પસંદ કર્યું હતું, ત્યાં સત્તર વર્ષ સુધી રાજ કર્યું. તેની માતાનું નામ નાઅમાહ હતું, તે આમ્મોની સ્ત્રી હતી.

14

| | | |
|---|---|---|
| וַיַּ֖עַשׂ | અને-કર્યું | |
| הָרָ֑ע | ભૂંડું | |
| כִּ֣י | કારણ-કે | |
| לֹ֤א | નહિ | H3808 |
| הֵכִין֙ | તૈયાર-કર્યું | |
| לִבּ֔וֹ | પોતાનું-હૃદય | |
| לִדְר֖וֹשׁ | શોધવા | H1875 |
| אֶת־ | — | H0853 |
| יְהוָֽה׃ | યહોવાહને | H3068 |
| ס | — | |

તેણે દુષ્ટતા કરી, તેણે સાચા હૃદયથી ઈશ્વરની ભક્તિ કરવાનું મન લગાડ્યું નહિ.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְדִבְרֵ֣י | רְחַבְעָ֗ם | הָרִאשֹׁנִ֣ים | וְהָאַחֲרוֹנִ֔ים | הֲלֹא־ | הֵ֣ם | כְּתוּבִ֗ים | בְּדִבְרֵ֛י | שְׁמַֽעְיָ֥ה | הַנָּבִ֛יא |
| અને-કાર્યો | રેહબોઆમનાં | પહેલાં | અને-છેલ્લાં | શું-નથી | તે | લખેલાં | વૃત્તાંતમાં | શેમાઆયાહ | પ્રબોધકના |
| H1697 | H7346 | H7223 | H0314 | H3808 | H1992 | H3789 | H1697 | H8098 | H5030 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְעִדּ֥וֹ | הַחֹזֶ֖ה | לְהִתְיַחֵ֑שׂ | וּמִלְחֲמ֧וֹת | רְחַבְעָ֛ם | וְיָרָבְעָ֖ם | כָּל־ | הַיָּמִֽים׃ |
| અને-ઈદ્દોના | દ્રષ્ટાના | વંશાવળીમાં | અને-યુદ્ધો | રેહબોઆમ | અને-યારોબોઆમ-વચ્ચે | સર્વ | દિવસો |
| H5714 | H2374 | H3187 | H4421 | H7346 | H3379 | H3605 | H3117 |

રહાબામનાં કૃત્યો, પ્રથમથી તે છેલ્લે સુધી, શમાયા પ્રબોધકની તથા ઇદ્દો દ્રષ્ટાનાં લખાણોમાં વંશાવળીના અનુક્રમે નોંધેલા છે. રહાબામ તથા યરોબામ વચ્ચે સતત વિગ્રહ ચાલતો રહ્યો હતો.

16

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁכַּ֤ב | רְחַבְעָם֙ | עִם־ | אֲבֹתָ֔יו | וַיִּקָּבֵ֖ר | בְּעִ֣יר | דָּוִ֑יד | וַיִּמְלֹ֛ךְ | אֲבִיָּ֥ה |
| અને-ઊંઘી-ગયો | રેહબોઆમ | સાથે | પિતાઓ-સાથે | અને-દફનાવાયો | શહેરમાં | દાવિદના | અને-રાજા-થયો | અબીયાહ |
| H7901 | H7346 | | H0001 | H6912 | | H1732 | | H0029 |

| | | |
|---|---|---|
| בְנ֖וֹ | תַּחְתָּֽיו׃ | פ |
| તેનો-દીકરો | તેના-સ્થાને | — |
| | H8478 | |

રહાબામ પોતાના પૂર્વજોની સાથે ઊંઘી ગયો અને તેને દાઉદનગરમાં દફનાવવામાં આવ્યો; તેની જગ્યાએ તેનો દીકરો અબિયા રાજા થયો.

## Chapter 13

1

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בִּשְׁנַ֛ת | שְׁמוֹנֶ֥ה | עֶשְׂרֵ֖ה | לַמֶּ֣לֶךְ | יָרָבְעָ֑ם | וַיִּמְלֹ֥ךְ | אֲבִיָּ֖ה | עַל־ | יְהוּדָֽה׃ |
| વર્ષમાં | અઢાર | મા | રાજાના | યારોબઆમના | અને-રાજ-કર્યું | અબીયાહે | ઉપર | યહૂદાહ |
| H8141 | H8083 | H6240 | H4428 | H3379 | | H0029 | | H3063 |

રાજા યરોબામના અઢારમા વર્ષે, અબિયા યહૂદિયા પર રાજ કરવા લાગ્યો.

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שָׁל֣וֹשׁ | שָׁנִ֗ים | מָלַךְ֙ | בִּיר֣וּשָׁלִַ֔ם | וְשֵׁ֣ם | אִמּ֔וֹ | מִיכָיָ֥הוּ | בַת־ | אוּרִיאֵ֖ל | מִן־ | גִּבְעָ֑ה |
| ત્રણ | વર્ષ | રાજ-કર્યું | યરૂશાલેમમાં | અને-નામ | તેની-માનું | મીખાયાહુ | દીકરી | ઉરીએલની | થી | ગિબઆહ |
| H7969 | H8141 | | H3389 | H8034 | H0517 | H4322 | H1323 | H0222 | | H1390 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וּמִלְחָמָ֥ה | הָיְתָ֛ה | בֵּ֥ין | אֲבִיָּ֖ה | וּבֵ֥ין | יָרָבְעָֽם׃ |
| અને-યુદ્ધ | હતું | વચ્ચે | અબીયાહ | અને-વચ્ચે | યારોબઆમની |
| H4421 | H1961 | H0996 | H0029 | H0996 | H3379 |

તેણે ત્રણ વર્ષ યરુશાલેમમાં રાજ કર્યું; તેની માતાનું નામ મિખાયા હતું. તે ગિબયાના ઉરીએલની દીકરી હતી. અબિયા તથા યરોબામ વચ્ચે યુદ્ધ ચાલ્યું.

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֶּאְסֹ֨ר | אֲבִיָּ֜ה | אֶת־ | הַמִּלְחָמָ֗ה | בְּחַ֙יִל֙ | גִּבּוֹרֵ֣י | מִלְחָמָ֔ה | אַרְבַּע־ | מֵא֥וֹת | אֶ֖לֶף | אִ֣ישׁ |
| અને-ગોઠવ્યું | અબીયાહે | - | યુદ્ધ | સૈન્ય-સાથે | વીર | યોદ્ધાઓના | ચાર | સો | હજાર | માણસ |
| H0631 | H0029 | H0853 | H4421 | H2428 | H1368 | H4421 | H0702 | H3967 | H0505 | H0376 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בָּח֑וּר | ס | וְיָרָבְעָ֗ם | עָרַ֤ךְ | עִמּוֹ֙ | מִלְחָמָ֔ה | בִּשְׁמוֹנֶ֨ה | מֵא֥וֹת | אֶ֛לֶף | אִ֥ישׁ | בָּח֖וּר |
| પસંદ-કરેલા | — | અને-યારોબઆમે | ગોઠવ્યું | તેની-સામે | યુદ્ધ | આઠ-સો | સો | હજાર | માણસ | પસંદ-કરેલા |
| H0977 | | H3379 | | | H4421 | H8083 | H3967 | H0505 | H0376 | H0977 |

| | | |
|---|---|---|
| גִּבּ֥וֹר | חָֽיִל׃ | ס |
| શક્તિશાળી | બળવાન | — |
| H1368 | H2428 | |

અબિયાએ પસંદ કરેલા ચાર લાખ શૂરવીર યોદ્ધાઓને લઈને યુદ્ધમાં ગયો. યરોબામ આઠ લાખ પસંદ કરેલા શૂરવીર લડવૈયાઓને લઈને સામે ગયો.

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּ֣קָם | אֲבִיָּ֗ה | מֵעַל֙ | לְהַ֣ר | צְמָרַ֔יִם | אֲשֶׁ֖ר | בְּהַ֣ר | אֶפְרָ֑יִם | וַיֹּ֕אמֶר | שְׁמָע֕וּנִי |
| અને-ઊભો-થયો | અબીયાહ | ઉપર | પર્વત | સમારાયિમના | જે | પર્વતમાં | એફ્રાઈમના | અને-કહ્યુ | મને-સાંભળો |
| | H0029 | | H2022 | H6787 | | H2022 | H0669 | H0559 | H8085 |

| | | |
|---|---|---|
| יָרָבְעָ֖ם | וְכָל־ | יִשְׂרָאֵֽל׃ |
| યારોબઆમ | અને-સર્વ | ઇઝરાયલ |
| H3379 | H3605 | H3478 |

અબિયાએ એફ્રાઇમના પહાડી પ્રદેશમાં આવેલા સમારાઈમ પર્વત પર ઊભા રહીને કહ્યું, “યરોબામ તથા સર્વ ઇઝરાયલ મારું સાંભળો

5 הֲלֹא શું-નહિ H3808 | לָכֶם તમારે | לָדַעַת જાણવું H3045 | כִּי કે | יְהוָה યહોવાહ H3068 | אֱלֹהֵי ઈશ્વરે H0430 | יִשְׂרָאֵל ઇઝરાયલના H3478 | נָתַן આપ્યું H5414 | מַמְלָכָה રાજ્ય H4467 | לְדָוִיד દાવિદને H1732 | עַל־ ઉપર | יִשְׂרָאֵל ઇઝરાયલ H3478

לְעוֹלָם સદાકાળ-માટે H5769 | לוֹ તેને | וּלְבָנָיו અને-તેના-પુત્રોને | בְּרִית કરાર H1285 | מֶלַח׃ મીઠાનો H4417 | ס —

શું તમે નથી જાણતા કે પ્રભુ, ઇઝરાયલના ઈશ્વરે દાઉદને, એટલે તેને તથા તેના દીકરાઓને, ઇઝરાયલ પર સદા રાજ કરવાને માટે કરાર કરેલો છે?

6 וַיָּקָם અને-ઊઠ્યો | יָרָבְעָם યારોબઆમ H3379 | בֶּן־ પુત્ર | נְבָט નબાટનો H5028 | עֶבֶד સેવક H5650 | שְׁלֹמֹה સુલેમાનનો H8010 | בֶן־ પુત્ર | דָּוִיד દાવિદનો H1732 | וַיִּמְרֹד અને-બળવો-કર્યો H4775 | עַל־ વિરુદ્ધ

אֲדֹנָיו׃ તેના-માલિકના H0113

તેમ છતાં દાઉદના દીકરા સુલેમાનના સેવક નબાટના દીકરા યરોબામે પોતાના માલિક સામે બળવો કર્યો.

7 וַיִּקָּבְצוּ અને-એકત્ર-થયા H6908 | עָלָיו તેની-પાસે | אֲנָשִׁים માણસો H0376 | רֵקִים નકામા H7386 | בְּנֵי પુત્રો | בְלִיַּעַל દુષ્ટતાના H1100 | וַיִּתְאַמְּצוּ અને-મજબૂત-થયા H0553 | עַל־ વિરુદ્ધ | רְחַבְעָם રહાબઆમ H7346 | בֶּן־ પુત્ર

שְׁלֹמֹה સુલેમાનના H8010 | וּרְחַבְעָם અને-રહાબઆમ H7346 | הָיָה હતો H1961 | נַעַר જુવાન H5288 | וְרַךְ־ અને-કોમળ H7390 | לֵבָב હૃદયનો H3824 | וְלֹא અને-નહોતો H3808 | הִתְחַזַּק મજબૂત-થયો H2388 | לִפְנֵיהֶם׃ તેમની-સામે H6440

હલકા માણસો તથા અધમ માણસો તેની પાસે એકત્ર થયા. સુલેમાનનો દીકરો રહાબામ જુવાન તથા બિનઅનુભવી હોવાથી તેમની સામે લડવાને અશક્ત હતો, ત્યારે તેઓ તેની સામે લડવાને તૈયાર થયા.

8 וְעַתָּה અને-હવે H6258 | אַתֶּם તમે | אֹמְרִים કહો-છો H0559 | לְהִתְחַזֵּק મજબૂત-થવા H2388 | לִפְנֵי સામે H6440 | מַמְלֶכֶת રાજ્યની H4467 | יְהוָה યહોવાહની H3068 | בְּיַד હાથમાં H3027 | בְּנֵי પુત્રોના | דָוִיד દાવિદના H1732 | וְאַתֶּם અને-તમે

הָמוֹן ટોળું | רָב મોટું | וְעִמָּכֶם અને-તમારી-પાસે | עֶגְלֵי વાછરડાં H5695 | זָהָב સોનાનાં H2091 | אֲשֶׁר જે | עָשָׂה બનાવ્યાં | לָכֶם તમારા-માટે | יָרָבְעָם યારોબઆમે H3379 | לֵאלֹהִים׃ દેવો-તરીકે H0430

હવે તમે દાઉદના વંશજોના હાથમાં ઈશ્વરનું રાજ છે, તેની સામે થવાનો ઇરાદો રાખો છો. તમારું સૈન્ય બહુ મોટું છે અને યરોબામે જે સોનાના દેવો બનાવ્યા છે તે પણ તમારી પાસે છે.

9 הֲלֹא શું-નથી H3808 | הִדַּחְתֶּם કાઢી-મૂક્યા H5080 | אֶת־ - H0853 | כֹּהֲנֵי યાજકોને H3548 | יְהוָה યહોવાહના H3068 | אֶת־ - H0853 | בְּנֵי પુત્રોને | אַהֲרֹן હારુનના H0175 | וְהַלְוִיִּם અને-લેવીઓને H3881 | וַתַּעֲשׂוּ અને-બનાવ્યા

לָכֶם તમારા-માટે | כֹהֲנִים યાજકો H3548 | כְּעַמֵּי લોકોની-જેમ | הָאֲרָצוֹת દેશોના H0776 | כָּל־ દરેક H3605 | הַבָּא જે-આવે-છે H0935 | לְמַלֵּא ભરવા H4390 | יָדוֹ તેનો-હાથ H3027 | בְּפַר આખલા-સાથે H6499 | בֶּן־ જુવાન | בָּקָר ગાયનો H1241

וְאֵילִם અને-ઘેટાં | שִׁבְעָה સાત H7651 | וְהָיָה અને-થાય-છે H1961 | כֹהֵן યાજક H3548 | לְלֹא જે-નથી H3808 | אֱלֹהִים׃ દેવો H0430 | ס —

શું તમે ઈશ્વરના યાજકોને, એટલે હારુનના વંશજોને તથા લેવીઓને કાઢી મૂક્યા નથી? શું તમે બીજા દેશોના લોકોના રિવાજ પ્રમાણે પોતાને માટે મૂર્તિપૂજક યાજકો નીમ્યા નથી? તમારામાં તો કોઈપણ માણસ એક જુવાન બળદ તથા સાત ઘેટાં લઈને પોતાને પવિત્ર કરવા માટે આવે છે; તે પોતે, તમારા દેવો જેઓ દેવ નથી, તે તેઓનો યાજક થાય છે.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַאֲנַ֖חְנוּ | יְהוָ֣ה | אֱלֹהֵ֑ינוּ | וְלֹ֣א | עֲזַבְנֻ֑הוּ | וְכֹהֲנִ֗ים | מְשָׁרְתִ֤ים | לַֽיהוָה֙ | בְּנֵ֣י | אַהֲרֹ֔ן |
| અને-અમારા | યહોવાહ | અમારા-ઈશ્વર | અને-નથી | છોડ્યા-તેને | અને-યાજકો | સેવા-કરનારા | યહોવાહની | પુત્રો | હારુનના |
| H0587 | H3068 | H0430 | H3808 | | H3548 | H8334 | H3068 | | H0175 |

| | |
|---|---|
| וְהַלְוִיִּ֖ם | בַּמְלָֽאכֶת׃ |
| અને-લેવીઓ | કામમાં |
| H3881 | H4399 |

પરંતુ અમારા માટે તો પ્રભુ એ જ અમારા ઈશ્વર છે અને અમે તેમને તજી દીધા નથી. ઈશ્વરની સેવા કરનારા અમારા યાજકો તો હારુનના વંશજો છે તથા લેવીઓ પણ પોતપોતાનાં કામ કરે છે.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמַקְטִרִ֣ים | לַיהוָ֡ה | עֹל֣וֹת | בַּבֹּֽקֶר־ | בַּבֹּ֣קֶר | וּבָעֶֽרֶב־ | בָּעֶ֣רֶב | וּקְטֹֽרֶת־ | סַמִּ֗ים | וּמַעֲרֶ֨כֶת |
| અને-બાળે-છે | યહોવાહ-માટે | દહનાર્પણ | સવારે | સવારે | અને-સાંજે | સાંજે | અને-ધૂપ | સુગંધિત | અને-હાર |
| | H3068 | | H1242 | H1242 | H6153 | H6153 | H7004 | H5561 | H4635 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֶ֜חֶם | עַל־ | הַשֻּׁלְחָ֣ן | הַטָּה֗וֹר | וּמְנוֹרַ֨ת | הַזָּהָ֤ב | וְנֵרֹתֶ֙יהָ֙ | לְבָעֵר֙ | בָּעֶ֣רֶב | בָּעֶ֔רֶב | כִּֽי־ |
| રોટલીની | ઉપર | મેજ | શુદ્ધ | અને-દીવાદાની | સોનાની | અને-તેના-દીવા | પ્રગટાવવા | સાંજે | સાંજે | કારણ-કે |
| H3899 | | H7979 | H2889 | H4501 | H2091 | | | H6153 | H6153 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| שֹׁמְרִ֣ים | אֲנַ֔חְנוּ | אֶת־ | מִשְׁמֶ֖רֶת | יְהוָ֣ה | אֱלֹהֵ֑ינוּ | וְאַתֶּ֖ם | עֲזַבְתֶּ֥ם | אֹתֽוֹ׃ |
| રાખીએ-છીએ | અમે | – | ફરજ | યહોવાહની | અમારા-ઈશ્વરની | અને-તમે | છોડી-દીધા | તેને |
| H8104 | H0587 | H0853 | H4931 | H3068 | H0430 | | | H0853 |

તેઓ રોજ સવારે તથા સાંજે ઈશ્વરને માટે દહનીયાર્પણો તથા સુવાસિત ધૂપ બાળે છે. તેઓ અર્પિત રોટલી પણ શુદ્ધ મેજ પર ગોઠવે છે; દરરોજ સાંજે સોનાના દીપવૃક્ષ પર દીવા પણ સળગાવે છે. અમે તો અમારા પ્રભુ, ઈશ્વરની આજ્ઞાઓ પાળીએ છીએ, પણ તમે તો તેમને તજી દીધા છે.

12

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהִנֵּה֩ | עִמָּ֨נוּ | בָרֹ֜אשׁ | הָאֱלֹהִ֧ים | וְכֹהֲנָ֛יו | וַחֲצֹצְר֥וֹת | הַתְּרוּעָ֖ה | לְהָרִ֣יעַ | עֲלֵיכֶ֑ם |
| અને-જુઓ | અમારી-સાથે | આગળ | ઈશ્વર | અને-તેના-યાજકો | અને-રણશિંગડાં | જયનાદનાં | ફૂંકવા | તમારી-વિરુદ્ધ |
| H2009 | | | H0430 | H3548 | H2689 | H8643 | H7321 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּנֵ֣י | יִשְׂרָאֵ֗ל | אַל־ | תִּֽלָּחֲמ֛וּ | עִם־ | יְהוָ֥ה | אֱלֹהֵֽי־ | אֲבֹתֵיכֶ֖ם | כִּי־ | לֹ֥א | תַצְלִֽיחוּ׃ |
| પુત્રો | ઇઝરાયલના | ના | લડો | સાથે | યહોવાહ | ઈશ્વર | તમારા-પિતાઓના | કારણ-કે | નહિ | સફળ-થશો |
| | H3478 | H0408 | | | H3068 | H0430 | H0001 | | H3808 | |

જુઓ, ઈશ્વર અમારી સાથે છે તથા અમારા આગેવાન છે અને તેમના યાજકો ચેતવણીનાં રણશિંગડાં લઈને તમારી વિરુદ્ધ અમારી સાથે છે. તમે ઇઝરાયલના લોકોની સામે, તમારા પૂર્વજોના પ્રભુ, ઈશ્વરની સામે ન લડો, તેમાં તમે સફળ થવાના નથી.”

13

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְיָֽרָבְעָ֗ם | הֵסֵ֤ב | אֶת־ | הַמַּאְרָב֙ | לָב֣וֹא | מֵאַחֲרֵיהֶ֑ם | וַיִּֽהְיוּ֙ | לִפְנֵ֣י | יְהוּדָ֔ה |
| અને-યારોબઆમે | ફેરવ્યો | – | ઓચિંતો-હુમલો | આવવા | પાછળથી | અને-હતા | સામે | યહૂદાહની |
| H3379 | H5437 | H0853 | H3993 | H0935 | | H1961 | H6440 | H3063 |

| | |
|---|---|
| וְהַמַּאְרָ֖ב | מֵאַחֲרֵיהֶֽם׃ |
| અને-ઓચિંતો-હુમલો | પાછળથી |
| H3993 | |

યરોબામે તેઓની પાછળ છુપાઈને હુમલો કરનારા સૈનિકોની એક ટુકડીને તૈયાર કરી; તેનું સૈન્ય યહૂદાની આગળ હતું અને એ ટુકડી તેઓની પાછળ હતી.

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּפְנ֣וּ | יְהוּדָ֗ה | וְהִנֵּ֨ה | לָהֶ֤ם | הַמִּלְחָמָה֙ | פָּנִ֣ים | וְאָח֔וֹר | וַֽיִּצְעֲק֖וּ | לַֽיהוָ֑ה | וְהַכֹּ֣הֲנִ֔ים |
| અને-ફર્યા | યહૂદાહ | અને-જુઓ | તેમને | યુદ્ધ | આગળથી | અને-પાછળથી | અને-પોકાર્યા | યહોવાહને | અને-યાજકોએ |
| H6437 | H3063 | H2009 | | H4421 | H6440 | H0268 | H6817 | H3068 | H3548 |

| | | |
|---|---|---|
| [מחצצרים] | (מַחְצְרִ֖ים) | בַּחֲצֹצְרֽוֹת׃ |
| — | વગાડ્યાં | રણશિંગડાં |
| H2690 | H2690 | H2689 |

જયારે યહૂદાએ પાછળ જોયું, તો જુઓ, પોતાની આગળ તથા પાછળ યુદ્ધની તૈયારી કરી રાખી હતી. તેઓએ ઈશ્વરને પોકાર કર્યો અને યાજકોએ રણશિંગડાં વગાડ્યાં.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּרִיעוּ | אִישׁ | יְהוּדָה | וַיְהִי | בְּהָרִיעַ | אִישׁ | יְהוּדָה | וְהָאֱלֹהִים | נָגַף | אֶת־ |
| અને-જયનાદ-કર્યો | માણસોએ | યહૂદાહના | અને-થયું | જયનાદ-કરતાં | માણસોએ | યહૂદાહના | અને-ઈશ્વરે | માર્યા | – |
| H7321 | H0376 | H3063 | H1961 | H7321 | H0376 | H3063 | H0430 | H5062 | H0853 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| יָרָבְעָם | וְכָל־ | יִשְׂרָאֵל | לִפְנֵי | אֲבִיָּה | וִיהוּדָה׃ |
| યારોબઆમને | અને-સર્વ | ઇઝરાયલને | સામે | અબીયાહના | અને-યહૂદાહના |
| H3379 | H3605 | H3478 | H6440 | H0029 | H3063 |

પછી યહૂદાના માણસોએ ઊંચા સાદે પોકાર કર્યો; તેઓએ પોકાર કર્યો તે સાથે જ ઈશ્વરે યરોબામ અને ઇઝરાયલને અબિયા અને યહૂદાની આગળ માર્યા.

16

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיָּנוּסוּ | בְנֵי־ | יִשְׂרָאֵל | מִפְּנֵי | יְהוּדָה | וַיִּתְּנֵם | אֱלֹהִים | בְּיָדָם׃ |
| અને-ભાગ્યા | પુત્રો | ઇઝરાયલના | સામેથી | યહૂદાહના | અને-આપ્યા-તેમને | ઈશ્વરે | તેમના-હાથમાં |
| H5127 | | H3478 | H6440 | H3063 | H5414 | H0430 | H3027 |

ઇઝરાયલના લોકો યહૂદાની આગળથી નાસી ગયા અને ઈશ્વરે યહૂદાના હાથે યરોબામને તથા ઇઝરાયલને હરાવ્યા.

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּכּוּ | בָהֶם | אֲבִיָּה | וְעַמּוֹ | מַכָּה | רַבָּה | וַיִּפְּלוּ | חֲלָלִים | מִיִּשְׂרָאֵל | חֲמֵשׁ־ |
| અને-માર્યા | તેમને | અબીયાહે | અને-તેના-લોકોએ | સંહાર | મોટો | અને-પડ્યા | ઘાયલ | ઇઝરાયલમાંથી | પાંચ |
| H5221 | | H0029 | | H4347 | | H5307 | | H3478 | H2568 |

| | | | |
|---|---|---|---|
| מֵאוֹת | אֶלֶף | אִישׁ | בָּחוּר׃ |
| સો | હજાર | માણસ | પસંદ-કરેલા |
| H3967 | H0505 | H0376 | H0977 |

અબિયા અને તેના સૈન્યએ તેઓની ભારે ખુવારી કરીને તેઓનો સંહાર કર્યો; ઇઝરાયલના પાંચ લાખ ચુનંદા માણસો માર્યા ગયા.

18

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּכָּנְעוּ | בְנֵי־ | יִשְׂרָאֵל | בָּעֵת | הַהִיא | וַיֶּאֶמְצוּ | בְּנֵי | יְהוּדָה | כִּי | נִשְׁעֲנוּ |
| અને-નમ્ર-થયા | પુત્રો | ઇઝરાયલના | સમયે | તે | અને-મજબૂત-થયા | પુત્રો | યહૂદાહના | કારણ-કે | આધાર-રાખ્યો |
| H3665 | | H3478 | H6256 | H1931 | H0553 | | H3063 | | H8172 |

| | | | |
|---|---|---|---|
| עַל־ | יְהוָה | אֱלֹהֵי | אֲבוֹתֵיהֶם׃ |
| ઉપર | યહોવાહ | ઈશ્વર | તેમના-પિતાઓના |
| | H3068 | H0430 | H0001 |

આ રીતે, તે સમયે ઇઝરાયલીઓ હારી ગયા અને યહૂદિયાના લોકો જીતી ગયા યહૂદિયાના લોકોએ પોતાના પિતૃઓના ઈશ્વર, પ્રભુ પર આધાર રાખ્યો હતો.

19

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּרְדֹּף | אֲבִיָּה | אַחֲרֵי | יָרָבְעָם | וַיִּלְכֹּד | מִמֶּנּוּ | עָרִים | אֶת־ | בֵּית־אֵל | וְאֶת־ |
| અને-પીછો-કર્યો | અબીયાહે | પાછળ | યારોબઆમની | અને-કબજે-કર્યા | તેની-પાસેથી | નગરો | – | બેથ-એલ | અને |
| H7291 | H0029 | | H3379 | H3920 | | | H0853 | H1008 | H0853 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בְּנוֹתֶיהָ | וְאֶת־ | יְשָׁנָה | וְאֶת־ | בְּנוֹתֶיהָ | וְאֶת־ | [עפרון] | (עֶפְרַיִן) | וּבְנֹתֶיהָ׃ |
| તેનાં-ગામો | અને | યશાનાહ | અને | તેનાં-ગામો | અને | — | એફ્રાયિન | અને-તેનાં-ગામો |
| H1323 | H0853 | H3466 | H0853 | H1323 | H0853 | H6085 | H6085 | H1323 |

અબિયાએ યરોબામનો પીછો કર્યો; તેણે તેની પાસેથી બેથેલ, યશાના અને એફ્રોન નગરો તેના ગામો સહિત જીતી લીધાં.

20

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְלֹא־ | עָצַר | כֹּחַ־ | יָרָבְעָם | עוֹד | בִּימֵי | אֲבִיָּהוּ | וַיִּגְּפֵהוּ | יְהוָה |
| અને-નહોતી | રહી | શક્તિ | યારોબઆમની | વધુ | દિવસોમાં | અબીયાહના | અને-મારી-નાખ્યો-તેને | યહોવાહે |
| H3808 | H6113 | | H3379 | H5750 | H3117 | H0029 | H5062 | H3068 |

| | |
|---|---|
| וַיָּמֹת׃ | פ |
| અને-મરી-ગયો | — |
| H4191 | |

અબિયાના દિવસો દરમિયાન યરોબામ ફરી બળવાન થઈ શક્યો નહિ; ઈશ્વરે તેને સજા કરી અને તે મરણ પામ્યો.

21

| | | |
|---|---|---|
| וַיִּתְחַזֵּק | અને-મજબૂત-થયો | H2388 |
| אֲבִיָּהוּ | અબીયાહ | H0029 |
| וַיִּשָּׂא־ | અને-લીધી | H5375 |
| לוֹ | પોતાને | |
| נָשִׁים | પત્નીઓ | H0802 |
| אַרְבַּע | ચૌદ | H0702 |
| עֶשְׂרֵה | ચૌદ | H6240 |
| וַיּוֹלֶד | અને-જન્માવ્યા | H3205 |
| עֶשְׂרִים | વીસ | H6242 |
| וּשְׁנַיִם | અને-બે | H8147 |
| בָּנִים | પુત્રો | |
| וְשֵׁשׁ | અને-સોળ | H8337 |
| עֶשְׂרֵה | સોળ | H6240 |
| בָּנוֹת׃ | પુત્રીઓ | H1323 |
| ס | — | |

પરંતુ અબિયા બળવાન થતો ગયો; તેણે ચૌદ સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં. તેને બાવીસ દીકરા તથા સોળ દીકરીઓ હતી.

22

| | | |
|---|---|---|
| וְיֶתֶר | અને-બાકીના | |
| דִּבְרֵי | કાર્યો | H1697 |
| אֲבִיָּה | અબીયાહનાં | H0029 |
| וּדְרָכָיו | અને-તેના-માર્ગો | H1870 |
| וּדְבָרָיו | અને-તેના-વચનો | H1697 |
| כְּתוּבִים | લખેલાં-છે | H3789 |
| בְּמִדְרַשׁ | ભાષ્યમાં | H4097 |
| הַנָּבִיא | પ્રબોધક | H5030 |
| עִדּוֹ׃ | ઈદ્દોના | H5714 |

અબિયાના બાકીનાં કાર્યો, તેનું આચરણ અને તેનાં વચનો ઇદ્દો પ્રબોધકના ટીકાગ્રંથમાં લખેલાં છે.

## Chapter 14

1

| | | |
|---|---|---|
| וַיִּשְׁכַּב | અને-સૂઈ-ગયો | H7901 |
| אֲבִיָּה | અબીયાહ | H0029 |
| עִם־ | સાથે | |
| אֲבֹתָיו | તેના-પિતાઓ | H0001 |
| וַיִּקְבְּרוּ | અને-દફનાવ્યો | H6912 |
| אֹתוֹ | તેને | H0853 |
| בְּעִיר | નગરમાં | |
| דָּוִיד | દાવિદના | H1732 |
| וַיִּמְלֹךְ | અને-રાજ-કર્યું | |
| אָסָא | આસાએ | H0609 |
| בְנוֹ | તેના-પુત્ર | |
| תַּחְתָּיו | તેની-જગ્યાએ | H8478 |
| בְּיָמָיו | તેના-દિવસોમાં | H3117 |
| שָׁקְטָה | શાંત-હતી | H8252 |
| הָאָרֶץ | દેશ | H0776 |
| עֶשֶׂר | દસ | H6235 |
| שָׁנִים׃ | વર્ષ | H8141 |
| פ | — | |

પછી અબિયા તેના પિતૃઓની જેમ ઊંઘી ગયો. તેને દાઉદનગરમાં દફનાવવામાં આવ્યો. તેની જગ્યાએ તેનો દીકરો આસા ગાદીનશીન થયો. યહૂદિયાના રાજા આસાના શાસનકાળના દસ વર્ષ દરમિયાન દેશમાં શાંતિ હતી.

2

| | | |
|---|---|---|
| וַיַּעַשׂ | અને-કર્યું | |
| אָסָא | આસાએ | H0609 |
| הַטּוֹב | સારું | |
| וְהַיָּשָׁר | અને-યોગ્ય | H3477 |
| בְּעֵינֵי | નજરમાં | |
| יְהוָה | યહોવાહની | H3068 |
| אֱלֹהָיו׃ | તેના-ઈશ્વરની | H0430 |

આસાએ તેના ઈશ્વર, પ્રભુની નજરમાં જે સારું અને યોગ્ય હતું તે કર્યુ.

3

| | | |
|---|---|---|
| וַיָּסַר | અને-દૂર-કર્યાં | H5493 |
| אֶת־ | – | H0853 |
| מִזְבְּחוֹת | વેદીઓ | H4196 |
| הַנֵּכָר | પરદેશીની | H5236 |
| וְהַבָּמוֹת | અને-ઊચી-જગ્યાઓ | H1116 |
| וַיְשַׁבֵּר | અને-તોડી-નાખ્યા | H7665 |
| אֶת־ | – | H0853 |
| הַמַּצֵּבוֹת | સ્તંભો | H4676 |
| וַיְגַדַּע | અને-કાપી-નાખ્યા | H1438 |
| אֶת־ | – | H0853 |
| הָאֲשֵׁרִים׃ | અશેરાઓ | H0842 |

તેણે અન્ય દેવોની વેદીઓ અને ઉચ્ચસ્થાનો દૂર કર્યાં. તેણે તેઓના ભજનસ્તંભના પવિત્ર પથ્થરોને ભાંગી નાખ્યાં અને અશેરીમ મૂર્તિને કાપી નાખી.

4

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| לִיהוּדָה | યહૂદાહને | H3063 |
| לִדְרוֹשׁ | શોધવા | H1875 |
| אֶת־ | – | H0853 |
| יְהוָה | યહોવાહને | H3068 |
| אֱלֹהֵי | ઈશ્વર | H0430 |
| אֲבוֹתֵיהֶם | તેમના-પિતાઓના | H0001 |
| וְלַעֲשׂוֹת | અને-પાળવા | |
| הַתּוֹרָה | નિયમ | H8451 |
| וְהַמִּצְוָה׃ | અને-આજ્ઞા | H4687 |

તેણે યહૂદિયાના લોકોને, તેઓના પિતૃઓના ઈશ્વરને શોધવાનો, તેના વિધિઓ અને આજ્ઞાઓનું પાલન કરવાનો હુકમ કર્યો.

5

| | | |
|---|---|---|
| וַיָּסַר | અને-દૂર-કર્યાં | H5493 |
| מִכָּל־ | બધાં | H3605 |
| עָרֵי | નગરોમાંથી | |
| יְהוּדָה | યહૂદાહના | H3063 |
| אֶת־ | – | H0853 |
| הַבָּמוֹת | ઊચી-જગ્યાઓ | H1116 |
| וְאֶת־ | અને | H0853 |
| הַחַמָּנִים | ધૂપદાનો | H2553 |
| וַתִּשְׁקֹט | અને-શાંત-રહ્યુ | H8252 |
| הַמַּמְלָכָה | રાજ્ય | H4467 |
| לְפָנָיו׃ | તેની-સામે | H6440 |

તેણે યહૂદિયાના દરેક નગરમાંના ઉચ્ચસ્થાનો અને ધૂપવેદીઓને દૂર કર્યા. તેના શાસન દરમિયાન રાજયમાં શાંતિ પ્રવર્તેલી રહી.

6

| | | |
|---|---|---|
| וַיִּבֶן | અને-બાંધ્યાં | H1129 |
| עָרֵי | નગરો | |
| מְצוּרָה | કિલ્લેબંદીનાં | H4694 |
| בִּיהוּדָה | યહૂદાહમાં | H3063 |
| כִּי־ | કારણ-કે | |
| שָׁקְטָה | શાંત-હતી | H8252 |
| הָאָרֶץ | દેશ | H0776 |
| וְאֵין־ | અને-નહોતું | H0369 |
| עִמּוֹ | તેની-સાથે | |
| מִלְחָמָה | યુદ્ધ | H4421 |
| בַּשָּׁנִים | વર્ષોમાં | H8141 |
| הָאֵלֶּה | આ | H0428 |
| כִּי־ | કારણ-કે | |
| הֵנִיחַ | વિશ્રાંતિ-આપી | H5117 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| לוֹ׃ | તેને | |

તેણે યહૂદિયામાં કિલ્લાવાળાં નગરો બાંધ્યાં. તે વર્ષોમાં યુદ્ધ ન હોવાના કારણે તે દેશમાં શાંતિ વ્યાપેલી રહી હતી. કેમ કે ઈશ્વરે તેને શાંતિ આપી હતી.

7

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| לִיהוּדָה | યહૂદાહને | H3063 |
| נִבְנֶה | બાંધીએ | H1129 |
| אֶת־ | – | H0853 |
| הֶעָרִים | નગરો | |
| הָאֵלֶּה | આ | H0428 |
| וְנָסֵב | અને-ફરતે-વીંટીએ | H5437 |
| חוֹמָה | દીવાલ | H2346 |
| וּמִגְדָּלִים | અને-બુરજો | H4026 |
| דְּלָתַיִם | દરવાજા | |
| וּבְרִיחִים | અને-અર્ગળાઓ | H1280 |
| עוֹדֶנּוּ | હજી | H5750 |
| הָאָרֶץ | દેશ | H0776 |
| לְפָנֵינוּ | અમારી-સામે | H6440 |
| כִּי | કારણ-કે | |
| דָרַשְׁנוּ | શોધ્યો-છે | H1875 |
| אֶת־ | – | H0853 |
| יְהוָה | યહોવાહને | H3068 |
| אֱלֹהֵינוּ | અમારા-ઈશ્વરને | H0430 |
| דָּרַשְׁנוּ | શોધ્યો | H1875 |
| וַיָּנַח | અને-વિશ્રાંતિ-આપી | H5117 |
| לָנוּ | અમને | |
| מִסָּבִיב | ચોતરફથી | H5439 |
| וַיִּבְנוּ | અને-બાંધ્યાં | H1129 |
| וַיַּצְלִיחוּ׃ | અને-સફળ-થયા | |
| פ | — | |

આસાએ યહૂદિયાના લોકોને કહ્યુ, “ચાલો, આપણે આ નગરો બાંધીએ, તેમની ફરતે કોટ કરીએ. બુરજો, દરવાજા અને ભૂંગળો બાંધીએ; આ દેશ હજી પણ આપણો છે, કારણ કે, આપણે આપણા ઈશ્વરની પાસે માગ્યો છે. તેમણે આપણને ચારે બાજુએથી શાંતિ આપી છે.” તેથી તેમણે નગરો બાંધવા માંડ્યાં તેમાં તેઓ સફળ થયા.

8

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-હતું | H1961 |
| לְאָסָא | આસા-પાસે | H0609 |
| חַיִל | સૈન્ય | H2428 |
| נֹשֵׂא | ધારણ-કરનારા | H5375 |
| צִנָּה | ઢાલ | |
| וָרֹמַח | અને-ભાલા | H7420 |
| מִיהוּדָה | યહૂદાહમાંથી | H3063 |
| שְׁלֹשׁ | ત્રણ | H7969 |
| מֵאוֹת | સો | H3967 |
| אֶלֶף | હજાર | H0505 |
| ס | — | |
| וּמִבִּנְיָמִן | અને-બિન્યામીનમાંથી | H1144 |
| נֹשְׂאֵי | ધારણ-કરનારા | H5375 |
| מָגֵן | ઢાલ | H4043 |
| וְדֹרְכֵי | અને-ધનુષ-ખેંચનારા | H1869 |
| קֶשֶׁת | ધનુષ | H7198 |
| מָאתַיִם | બસો | H3967 |
| וּשְׁמוֹנִים | અને-એંશી | H8084 |
| אֶלֶף | હજાર | H0505 |
| כָּל־ | બધા | H3605 |
| אֵלֶּה | આ | H0428 |
| גִּבּוֹרֵי | શક્તિશાળી | H1368 |
| חָיִל׃ | બળવાન | H2428 |

આસા પાસે યહૂદા કુળના ઢાલ અને ભાલાથી સજ્જ ત્રણ લાખ પુરુષો અને હજાર ઢાલ તથા ધનુષ્યથી સજ્જ બિન્યામીન કુળના બે લાખ એંશી હજાર પુરુષો હતા. તેઓ બધા શક્તિશાળી શૂરવીર યોદ્ધાઓ હતા.

9

| | | |
|---|---|---|
| וַיֵּצֵא | અને-આવ્યો | H3318 |
| אֲלֵיהֶם | તેમની-વિરુદ્ધ | H0413 |
| זֶרַח | ઝેરાહ | H2226 |
| הַכּוּשִׁי | કૂશી | H3569 |
| בְּחַיִל | સૈન્ય-સાથે | H2428 |
| אֶלֶף | હજાર | H0505 |
| אֲלָפִים | હજારોના | H0505 |
| וּמַרְכָּבוֹת | અને-રથો | H4818 |
| שְׁלֹשׁ | ત્રણ | H7969 |
| מֵאוֹת | સો | H3967 |
| וַיָּבֹא | અને-આવ્યો | H0935 |
| עַד־ | સુધી | H5704 |
| מָרֵשָׁה׃ | મારેશાહ | H4762 |

કૂશ દેશનો ઝેરાહ દસ લાખ સૈનિકો અને ત્રણસો રથનું સૈન્ય લઈને તેઓ સામે યુદ્ધ કરવા આવ્યો; તે મારેશા સુધી આવી પહોંચ્યો.

10

| | | |
|---|---|---|
| וַיֵּצֵא | અને-નીકળ્યો | H3318 |
| אָסָא | આસા | H0609 |
| לְפָנָיו | તેની-સામે | H6440 |
| וַיַּעַרְכוּ | અને-ગોઠવ્યું | |
| מִלְחָמָה | યુદ્ધ | H4421 |
| בְּגֵיא | ખીણમાં | H1516 |
| צְפַתָה | સફાતાહની | H6859 |
| לְמָרֵשָׁה׃ | મારેશાહ-પાસે | H4762 |

પછી આસા તેની સામે ગયો અને તેઓએ મારેશા આગળ સફાથાના મેદાનમાં યુદ્ધ માટે વ્યૂહ રચ્યો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בֵּ֣ין | לַעְז֗וֹר | עִמְּךָ֞ | אֵין־ | יְהוָ֗ה | וַיֹּאמַר֮ | אֱלֹהָיו֒ | יְהוָ֣ה | אֶל־ | אָסָ֜א | וַיִּקְרָ֨א | 11 |
| વચ્ચે | મદદ-કરવી | તારી-માટે | નથી | યહોવાહ | અને-કહ્યુ | તેના-ઈશ્વરને | યહોવાહને | - | આસાએ | અને-પોકાર્યો | |
| H0996 | H5826 | | H0369 | H3068 | H0559 | H0430 | H3068 | H0413 | H0609 | H7121 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| נִשְׁעַ֔נּוּ | עָלֶ֣יךָ | כִּֽי־ | אֱלֹהֵ֙ינוּ֙ | יְהוָ֤ה | עָזְרֵ֜נוּ | כֹּ֑חַ | לְאֵ֣ין | רַב֙ |
| આધાર-રાખીએ-છીએ | તારા-ઉપર | કારણ-કે | અમારા-ઈશ્વર | યહોવાહ | મદદ-કર | શક્તિ | કે-નહિ | શક્તિશાળી |
| H8172 | | | H0430 | H3068 | H5826 | | H0369 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יַעְצֹ֥ר | אַל־ | אַתָּ֔ה | אֱלֹהֵ֣ינוּ | יְהוָ֤ה | הַזֶּ֑ה | הֶהָמ֣וֹן | עַל־ | בָ֙אנוּ֙ | וּבְשִׁמְךָ֤ |
| જીતે-માણસ | ના | તું | અમારા-ઈશ્વર | યહોવાહ | આ | ટોળું | વિરુદ્ધ | આવ્યા-છીએ | અને-તારા-નામે |
| H6113 | H0408 | | H0430 | H3068 | H2088 | | | H0935 | H8034 |

| | | |
|---|---|---|
| ס | אֱנֽוֹשׁ׃ | עִמְּךָ֖ |
| — | મનુષ્ય | તારી-વિરુદ્ધ |
| | H0582 | |

આસાએ તેના ઈશ્વરને પોકાર કર્યો, "ઈશ્વર, બળવાનની વિરુદ્ધમાં નિર્બળને સહાય કરનાર, તમારા સિવાય અમારો બીજો કોઈ આશ્રય નથી; હે ઈશ્વર, અમારા પ્રભુ, અમને સહાય કરો; કેમ કે અમે માત્ર તમારા પર જ આધાર રાખીએ છીએ અને તમારા નામના લીધે જ અમે આ મોટા સૈન્ય સામે આવ્યા છીએ; હે ઈશ્વર, તમે અમારા પ્રભુ છો; માણસો તમને હરાવી શકશે નહિ."

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַכּוּשִֽׁים׃ | וַיָּנֻ֖סוּ | יְהוּדָ֑ה | וְלִפְנֵ֣י | אָסָא֙ | לִפְנֵ֤י | הַכּוּשִׁ֔ים | אֶת־ | יְהוָה֙ | וַיִּגֹּ֤ף | 12 |
| કૂશીઓ | અને-ભાગ્યા | યહૂદાહના | અને-સામે | આસાના | સામે | કૂશીઓને | - | યહોવાહે | અને-માર્યા | |
| H3569 | H5127 | H3063 | H6440 | H0609 | H6440 | H3569 | H0853 | H3068 | H5062 | |

તેથી ઈશ્વરે આસા અને યહૂદિયાના સૈન્યની સામે કૂશીઓને હરાવ્યા અને તેઓ નાસી ગયા.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לְאֵ֣ין | מִכּוּשִׁים֙ | וַיִּפֹּ֤ל | לִגְרָר֒ | עַד־ | עִמּוֹ֮ | אֲשֶׁר־ | וְהָעָ֨ם | אָסָ֠א | וַֽיִּרְדְּפֵ֡ם | 13 |
| એટલા-કે-નહોતો | કૂશીઓમાંથી | અને-પડ્યા | ગરાર | સુધી | તેની-સાથે | જે | અને-લોકોએ | આસાએ | અને-પીછો-કર્યો | |
| H0369 | H3569 | H5307 | H1642 | H5704 | | | | H0609 | H7291 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| שָׁלָ֖ל | וַיִּשְׂא֥וּ | מַחֲנֵ֑הוּ | וְלִפְנֵ֣י | יְהוָ֖ה | לִפְנֵי־ | נִשְׁבְּר֥וּ | כִּֽי־ | מִחְיָ֔ה | לָהֶם֙ |
| લૂંટ | અને-લઈ-ગયા | તેના-છાવણીના | અને-સામે | યહોવાહના | સામે | ચકનાચૂર-થયા | કારણ-કે | જીવન | તેમને |
| H7998 | H5375 | H4264 | H6440 | H3068 | H6440 | H7665 | | H4241 | H1992 |

| | |
|---|---|
| מְאֹֽד׃ | הַרְבֵּ֥ה |
| ખૂબ | ઘણી |
| H3966 | |

આસા અને તેના સૈનિકોએ ગેરાર સુધી તેમનો પીછો કર્યો. ઈથિયોપિયાના કૂશી લોકોમાંથી એટલા બધા માણસો માર્યા ગયા કે તેઓમાંથી કોઈ બચ્યો નહિ, તેઓ સંપૂર્ણ રીતે ઈશ્વર અને તેમની સેના દ્વારા નષ્ટ થયા. સૈનિકોએ લૂંટ ચલાવીને પુષ્કળ પ્રમાણમાં સંપત્તિ મેળવી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עֲלֵיהֶ֑ם | יְהוָ֖ה | פַּחַד־ | הָיָ֥ה | כִּֽי־ | גְרָ֔ר | סְבִיב֣וֹת | הֶעָרִ֗ים | כָּל־ | אֵ֣ת | וַיַּכּ֗וּ | 14 |
| તેમના-ઉપર | યહોવાહનો | ભય | હતો | કારણ-કે | ગરારના | આસપાસના | નગરોને | બધાં | - | અને-માર્યા | |
| | H3068 | H6343 | H1961 | | H1642 | H5439 | | H3605 | H0853 | H5221 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בָהֶֽם׃ | הָיְתָ֥ה | רַבָּ֖ה | בִזָּ֥ה | כִּֽי־ | הֶעָרִ֔ים | כָּל־ | אֶת־ | וַיָּבֹ֙זּוּ֙ |
| તેમાં | હતી | ઘણી | લૂંટ | કારણ-કે | નગરો | બધાં | - | અને-લૂંટ્યા |
| | H1961 | | H0961 | | | H3605 | H0853 | H0962 |

યહૂદિયાના સૈનિકોએ ગેરારની આસપાસના બધાં નગરોનો નાશ કર્યો, ત્યાંના રહેવાસીઓને ઈશ્વરનો ભય લાગ્યો. તેઓએ બધાં ગામો લૂંટ્યાં અને તેઓ પાસે પુષ્કળ લૂંટ હતી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ס | יְרוּשָׁלִָֽם׃ | וַיָּשֻׁ֖בוּ | וּגְמַלִּ֔ים | לָרֹב֙ | צֹ֤אן | וַיִּשְׁבּ֨וּ | הִכּ֑וּ | מִקְנֶ֖ה | אָהֳלֵ֥י | וְגַם־ | 15 |
| — | યરૂશાલેમ | અને-પાછા-ફર્યા | અને-ઊંટ | ઘણાં | ઘેટાં | અને-લઈ-ગયા | માર્યા | પશુઓનાં | તંબૂઓ | અને-પણ | |
| | H3389 | H7725 | H1581 | H7230 | H6629 | H7617 | H5221 | H4735 | H0168 | H1571 | |

તેઓએ ઘેટાંપાળકોનાં જાનવર રાખવાના માંડવા તોડી નાખ્યા અને સંખ્યાબંધ ઘેટાં તથા ઊંટો લઈને પછી તેઓ યરુશાલેમ પાછા આવ્યા.

# Chapter 15

1

| וַעֲזַרְיָ֙הוּ֙ | בֶּן־ | עוֹדֵ֔ד | הָיְתָ֥ה | עָלָ֖יו | ר֥וּחַ | אֱלֹהִֽים׃ |
|---|---|---|---|---|---|---|
| અને-અઝાર્યાહ | પુત્ર | ઓદેદના | આવ્યો | તેના-ઉપર | આત્મા | ઈશ્વરનો |
| H5838 | | H5752 | H1961 | | H7307 | H0430 |

ઈશ્વરનો આત્મા ઓદેદના દીકરા અઝાર્યા પર આવ્યો.

2

| וַיֵּצֵא֮ | לִפְנֵ֣י | אָסָא֒ | וַיֹּ֣אמֶר | ל֗וֹ | שְׁמָע֕וּנִי | אָסָ֖א | וְכָל־ | יְהוּדָ֣ה | וּבִנְיָמִ֑ן |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-તે-બહાર-આવ્યો | સામે | આસાની | અને-કહ્યુ | તેને | મને-સાંભળો | આસા | અને-સર્વ | યહૂદા | અને-બિન્યામીન |
| H3318 | H6440 | H0609 | H0559 | | H8085 | H0609 | H3605 | H3063 | H1144 |

| יְהוָ֤ה | עִמָּכֶם֙ | בִּהְיֽוֹתְכֶ֣ם | עִמּ֔וֹ | וְאִם־ | תִּדְרְשֻׁ֙הוּ֙ | יִמָּצֵ֣א | לָכֶ֔ם | וְאִם־ | תַּעַזְבֻ֖הוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| યહોવા | તમારી-સાથે-છે | જ્યારે-તમે-હો | તેની-સાથે | અને-જો | તમે-તેને-શોધશો | તે-મળશે | તમને | પણ-જો | તમે-તેને-છોડશો |
| H3068 | | H1961 | | | H1875 | H4672 | | | |

| יַעֲזֹ֥ב | אֶתְכֶֽם׃ | ס |
|---|---|---|
| તે-છોડશે | તમને | — |
| | H0853 | |

તેથી તે આસાને મળીને બોલ્યો, "આસા તથા સમગ્ર યહૂદિયા અને બિન્યામીનના બધા લોકો, મારી વાત સાંભળો જ્યાં સુધી તમે ઈશ્વર સાથે રહેશો ત્યાં સુધી તેઓ તમારી સાથે રહેશે. તમે જો તેમને શોધશો તો તે તમને મળશે; પણ જો તમે તેમનો ત્યાગ કરશો, તો તે તમારો ત્યાગ કરશે.

3

| וְיָמִ֥ים | רַבִּ֖ים | לְיִשְׂרָאֵ֑ל | לְלֹ֣א | אֱלֹהֵ֣י | אֱמֶ֗ת | וּלְלֹ֛א | כֹּהֵ֥ן | מוֹרֶ֖ה | וּלְלֹ֥א |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ઘણા-દિવસો | ઘણા | ઇઝરાયેલ-માટે | વિના | ઈશ્વર | સાચા | અને-વિના | યાજક | શીખવનાર | અને-વિના |
| H3117 | | H3478 | H3808 | H0430 | H0571 | H3808 | H3548 | | H3808 |

| תוֹרָֽה׃ |
|---|
| નિયમશાસ્ત્ર |
| H8451 |

હવે ઘણાં લાંબા સમયથી, ઇઝરાયલીઓ ખરા ઈશ્વરની ભક્તિ કરતા ન હતા. તેઓ સદ્દબોધ આપનાર યાજક વિનાના અને નિયમશાસ્ત્ર વિનાના હતા.

4

| וַיָּ֙שָׁב֙ | בַּצַּר־ | ל֔וֹ | עַל־ | יְהוָ֖ה | אֱלֹהֵ֣י | יִשְׂרָאֵ֑ל | וַיְבַקְשֻׁ֖הוּ | וַיִּמָּצֵ֥א |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-તેઓ-પાછા-ફર્યા | સંકટમાં | તેમના | તરફ | યહોવા | ઈશ્વર | ઇઝરાયેલના | અને-તેમણે-તેને-શોધ્યો | અને-તે-મળ્યો |
| H7725 | | | | H3068 | H0430 | H3478 | H1245 | H4672 |

| לָהֶֽם׃ |
|---|
| તેમને |

પરંતુ સંકટના સમયે તેઓ ઇઝરાયલના ઈશ્વર, એટલે પોતાના પ્રભુ તરફ ફર્યા અને તેમનો પોકાર કર્યો ત્યારે ઈશ્વર તેમને મળ્યા.

5

| וּבָעִתִּ֣ים | הָהֵ֔ם | אֵ֥ין | שָׁל֖וֹם | לַיּוֹצֵ֣א | וְלַבָּ֑א | כִּ֚י | מְהוּמֹ֣ת | רַבּ֔וֹת | עַ֥ל | כָּל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-તે-સમયોમાં | તે | ન-હતી | શાંતિ | જનારને | અને-આવનારને | કારણ-કે | ગભરાટ | ઘણા | ઉપર | સર્વ |
| H6256 | H1992 | H0369 | H7965 | H3318 | H0935 | | H4103 | | | H3605 |

| יוֹשְׁבֵ֖י | הָאֲרָצֽוֹת׃ |
|---|---|
| રહેવાસીઓ | દેશોના |
| H3427 | H0776 |

તે દિવસોમાં ત્યાં કોઈ માણસમાં શાંતિ નહોતી, દેશના સર્વ રહેવાસીઓ બહુ દુઃખી હતા.

6

| וְכֻתְּת֥וּ | גוֹי־ | בְּג֖וֹי | וְעִ֣יר | בְּעִ֑יר | כִּֽי־ | אֱלֹהִ֥ים | הֲמָמָ֖ם | בְּכָל־ | צָרָֽה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ભાંગી-પડ્યા | પ્રજા | પ્રજા-સામે | અને-નગર | નગર-સામે | કારણ-કે | ઈશ્વરે | તેમને-ગભરાવ્યા | દરેક | સંકટથી |
| H3807 | | | | | | H0430 | H2000 | H3605 | |

પ્રજાઓ એકબીજાની વિરુદ્ધ અને નગરો એકબીજા વિરુદ્ધ લડીને પાયમાલ થતાં હતાં, તેઓ તૂટી ગયા હતા, કેમ કે ઈશ્વર તેઓને દરેક પ્રકારની આફતો વડે શિક્ષા કરતા હતા.

7

| | | |
|---|---|---|
| וְאַתֶּם | અને-તમે | |
| חִזְקוּ | મજબૂત-થાઓ | H2388 |
| וְאַל־ | અને-ન | H0408 |
| יִרְפּוּ | ઢીલા-પડે | H7503 |
| יְדֵיכֶם | તમારા-હાથ | H3027 |
| כִּי | કારણ-કે | |
| יֵשׁ | છે | H3426 |
| שָׂכָר | બદલો | H7939 |
| לִפְעֻלַּתְכֶם׃ | તમારા-કામનો | H6468 |
| ס | — | |

પણ તમે બળવાન થાઓ અને તમારા હાથોને ઢીલા પડવા ન દો, કેમ કે તમારી મહેનતનું ફળ તમને મળશે."

8

| | | |
|---|---|---|
| וְכִשְׁמֹעַ | અને-જ્યારે-સાંભળ્યું | H8085 |
| אָסָא | આસાએ | H0609 |
| הַדְּבָרִים | આ-વચનો | H1697 |
| הָאֵלֶּה | આ | H0428 |
| וְהַנְּבוּאָה | અને-ભવિષ્યવાણી | H5016 |
| עֹדֵד | ઓદેદ | H5752 |
| הַנָּבִיא | પ્રબોધકની | H5030 |
| הִתְחַזַּק | તે-મજબૂત-થયો | H2388 |
| וַיַּעֲבֵר | અને-તેણે-દૂર-કર્યા | |
| הַשִּׁקּוּצִים | ધિક્કારપાત્ર-મૂર્તિઓ | H8251 |
| מִכָּל־ | સમગ્ર | H3605 |
| אֶרֶץ | દેશ | H0776 |
| יְהוּדָה | યહૂદાના | H3063 |
| וּבִנְיָמִן | અને-બિન્યામીનના | H1144 |
| וּמִן־ | અને-માંથી | |
| הֶעָרִים | નગરો | |
| אֲשֶׁר | જે | |
| לָכַד | તેણે-જીત્યા-હતા | H3920 |
| מֵהַר | પર્વતમાંથી | H2022 |
| אֶפְרָיִם | એફ્રાઈમના | H0669 |
| וַיְחַדֵּשׁ | અને-તેણે-નવી-કરી | H2318 |
| אֶת־ | તે | H0853 |
| מִזְבַּח | વેદી | H4196 |
| יְהוָה | યહોવાની | H3068 |
| אֲשֶׁר | જે | |
| לִפְנֵי | સામે-હતી | H6440 |
| אוּלָם | ઓસરી | H0197 |
| יְהוָה׃ | યહોવાની | H3068 |

જયારે આસાએ પ્રબોધક ઓદેદની પ્રબોધવાણી સાંભળી ત્યારે હિંમત રાખીને યહૂદિયા તથા બિન્યામીનના સર્વ દેશમાંથી તથા જે નગરો એફ્રાઇમના પહાડી પ્રદેશમાં કબજે કરી લીધાં હતા, તે બધામાંથી ધિક્કારપાત્ર મૂર્તિઓને હઠાવી દીધી. અને તેણે ઈશ્વરના સભાસ્થાનના દ્વારમંડપ આગળની ઈશ્વરની વેદીને ફરીથી બાંધી.

9

| | | |
|---|---|---|
| וַיִּקְבֹּץ | અને-તેણે-ભેગા-કર્યા | H6908 |
| אֶת־ | તે | H0853 |
| כָּל־ | સર્વ | H3605 |
| יְהוּדָה | યહૂદા | H3063 |
| וּבִנְיָמִן | અને-બિન્યામીન | H1144 |
| וְהַגָּרִים | અને-પરદેશીઓ | |
| עִמָּהֶם | તેમની-સાથે | |
| מֵאֶפְרַיִם | એફ્રાઈમમાંથી | H0669 |
| וּמְנַשֶּׁה | અને-મનાશ્શેમાંથી | H4519 |
| וּמִשִּׁמְעוֹן | અને-શિમયોનમાંથી | H8095 |
| כִּי־ | કારણ-કે | |
| נָפְלוּ | આવ્યા-હતા | H5307 |
| עָלָיו | તેની-પાસે | |
| מִיִּשְׂרָאֵל | ઇઝરાયેલમાંથી | H3478 |
| לָרֹב | ઘણા | H7230 |
| בִּרְאֹתָם | જોઈને | H7200 |
| כִּי־ | કે | |
| יְהוָה | યહોવા | H3068 |
| אֱלֹהָיו | તેમના-ઈશ્વર | H0430 |
| עִמּוֹ׃ | તેમની-સાથે-હતા | |
| פ | — | |

તેણે આખા યહૂદિયા તથા બિન્યામીનને, તેમ જ જેઓ તેઓની સાથે રહેતા હતા તેઓમાં - એફ્રાઇમ, મનાશ્શા તથા શિમયોનમાંથી આવી વસેલાઓને એકત્ર કર્યા. જયારે તેઓએ જોયું કે પ્રભુ તેઓના ઈશ્વર તેની સાથે છે, ત્યારે ઇઝરાયલમાંથી ઘણાં લોકો તેના પક્ષમાં આવ્યા.

10

| | | |
|---|---|---|
| וַיִּקָּבְצוּ | અને-તેઓ-એકઠા-થયા | H6908 |
| יְרוּשָׁלַםִ | યરુશાલેમમાં | H3389 |
| בַּחֹדֶשׁ | ત્રીજા-મહિનામાં | H2320 |
| הַשְּׁלִישִׁי | ત્રીજા | H7992 |
| לִשְׁנַת | વર્ષમાં | H8141 |
| חֲמֵשׁ־ | પંદર | H2568 |
| עֶשְׂרֵה | મા | H6240 |
| לְמַלְכוּת | રાજ્યના | H4438 |
| אָסָא׃ | આસાના | H0609 |

આસાની કારકિર્દીના પંદરમા વર્ષે ત્રીજા મહિનામાં યરુશાલેમમાં તેઓ ભેગા થયા.

11

| | | |
|---|---|---|
| וַיִּזְבְּחוּ | અને-તેમણે-બલિદાન-આપ્યું | H2076 |
| לַיהוָה | યહોવાને | H3068 |
| בַּיּוֹם | તે-દિવસે | H3117 |
| הַהוּא | તે | H1931 |
| מִן־ | માંથી | |
| הַשָּׁלָל | લૂંટ | H7998 |
| הֵבִיאוּ | તેઓ-લાવ્યા | H0935 |
| בָּקָר | બળદ | H1241 |
| שְׁבַע | સાત | H7651 |
| מֵאוֹת | સો | H3967 |
| וְצֹאן | અને-ઘેટાં | H6629 |
| שִׁבְעַת | સાત | H7651 |
| אֲלָפִים׃ | હજાર | H0505 |

તેઓએ પોતાને મળેલી લૂંટમાંથી તે દિવસે ઈશ્વરને સાતસો બળદો તથા સાત હજાર ઘેટાંનું અર્પણ કર્યું.

12
וַיָּבֹאוּ અને-તેઓ-દાખલ-થયા H0935
בַבְּרִית કરારમાં H1285
לִדְרוֹשׁ શોધવા H1875
אֶת־ તે H0853
יְהוָה યહોવા H3068
אֱלֹהֵי ઈશ્વરને H0430
אֲבוֹתֵיהֶם તેમના-પૂર્વજોના H0001
בְּכָל־ પૂરા H3605
לְבָבָם હૃદયથી H3824
וּבְכָל־ અને-પૂરા H3605
נַפְשָׁם׃ જીવથી H5315

તેઓએ ઈશ્વરને શોધવાને માટે પોતાના પિતૃઓના પ્રભુ ઈશ્વરની સાચા હૃદયથી તથા સંપૂર્ણ ભાવથી સ્તુતિ કરવાનો કરાર કર્યો.

13
וְכֹל અને-દરેક H3605
אֲשֶׁר જે
לֹא־ ન H3808
יִדְרֹשׁ શોધે H1875
לַיהוָה યહોવા H3068
אֱלֹהֵי־ ઈશ્વર H0430
יִשְׂרָאֵל ઇઝરાયેલના H3478
יוּמָת મરણ-પામે H4191
לְמִן־ નાનાથી
קָטֹן નાના
וְעַד־ તેમજ H5704
גָּדוֹל મોટા
לְמֵאִישׁ પુરુષથી H0376
וְעַד־ તેમજ H5704
אִשָּׁה׃ સ્ત્રી H0802

નાનો હોય કે મોટો, સ્ત્રી હોય કે પુરુષ, જે કોઈ ઇઝરાયલના પ્રભુ ઈશ્વરની સ્તુતિ ન કરે તેને મૃત્યુદંડ આપવાને એકમત થયા.

14
וַיִּשָּׁבְעוּ અને-તેમણે-શપથ-લીધી H7650
לַיהוָה યહોવાની H3068
בְּקוֹל મોટા-અવાજે
גָּדוֹל મોટા
וּבִתְרוּעָה અને-જયનાદથી H8643
וּבַחֲצֹצְרוֹת અને-રણશિંગાથી H2689
וּבְשׁוֹפָרוֹת׃ અને-શિંગડાથી H7782

તેઓએ ઈશ્વરની આગળ ઊંચા અવાજે પોકારીને તથા રણશિંગડાં અને શરણાઈ વગાડીને સોગન ખાધા.

15
וַיִּשְׂמְחוּ અને-આનંદ-કર્યો H8055
כָל־ સર્વ H3605
יְהוּדָה યહૂદાએ H3063
עַל־ વિષે
הַשְּׁבוּעָה શપથની H7621
כִּי કારણ-કે
בְכָל־ પૂરા H3605
לְבָבָם હૃદયથી H3824
נִשְׁבָּעוּ તેમણે-શપથ-લીધી H7650
וּבְכָל־ અને-પૂરી H3605
רְצוֹנָם ઇચ્છાથી H7522
בִּקְשֻׁהוּ તેમણે-તેને-શોધ્યો H1245
וַיִּמָּצֵא અને-તે-મળ્યો H4672
לָהֶם તેમને
וַיָּנַח અને-આરામ-આપ્યો H5117
יְהוָה યહોવાએ H3068
לָהֶם તેમને
מִסָּבִיב׃ ચારેબાજુથી H5439

તે સોગનથી યહૂદિયાના સર્વ લોકો ખૂબ આનંદ પામ્યા, કારણ કે તેઓએ પોતાના પૂરા અત:કરણથી સોગન ખાધા હતા અને તેઓએ પોતાની સંપૂર્ણ ઇચ્છાથી ઈશ્વરને શોધ્યા અને તે તેઓને મળ્યા. ઈશ્વરે તેઓને ચારેતરફની શાંતિ આપી.

16
וְגַם־ અને-વળી H1571
מַעֲכָה માઅખાને H4601
אֵם માતા H0517
אָסָא આસાની H0609
הַמֶּלֶךְ રાજાની H4428
הֱסִירָהּ તેણે-દૂર-કરી H5493
מִגְּבִירָה રાજમાતા-પદેથી H1377
אֲשֶׁר־ કારણ-કે
עָשְׂתָה તેણીએ-બનાવી-હતી
לַאֲשֵׁרָה અશેરા-માટે H0842
מִפְלָצֶת ભયંકર-મૂર્તિ H4656
וַיִּכְרֹת અને-કાપી-નાખી H3772
אָסָא આસાએ H0609
אֶת־ તે H0853
מִפְלַצְתָּהּ તેણીની-ભયંકર-મૂર્તિ H4656
וַיָּדֶק અને-ભૂકો-કર્યો H1854
וַיִּשְׂרֹף અને-બાળી-નાખી H8313
בְּנַחַל ખીણમાં
קִדְרוֹן׃ કિદ્રોનની H6939

આસાએ પોતાની દાદી માકાને પણ રાજમાતાની પદવી પરથી દૂર કરી, કારણ કે તેણે અશેરાને માટે ધિક્કારપાત્ર મૂર્તિ બનાવી હતી. આસાએ તે મૂર્તિને કાપી નાખી, તેનો ભૂકો કરીને કિદ્રોન નાળાં આગળ તેને સળગાવી દીધી.

17
וְהַבָּמוֹת પણ-ઊંચી-જગ્યાઓ H1116
לֹא־ દૂર-ન-થઈ H3808
סָרוּ દૂર-થઈ H5493
מִיִּשְׂרָאֵל ઇઝરાયેલમાંથી H3478
רַק તોપણ H7535
לְבַב־ હૃદય H3824
אָסָא આસાનું H0609
הָיָה હતું H1961
שָׁלֵם સંપૂર્ણ H8003
כָּל־ સર્વ H3605
יָמָיו׃ દિવસોમાં-તેના H3117

જો કે ઇઝરાયલમાંથી ધર્મ સ્થાનો કાઢી નંખાયા નહિ. તોપણ આસાનું હૃદય તેના દિવસોમાં ઈશ્વર પ્રત્યે સંપૂર્ણ હતું.

18

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֵ֗א | אֶת־ | קָדְשֵׁ֣י | אָבִ֗יו | וְקֳדָשָׁ֛יו | בֵּ֣ית | הָאֱלֹהִ֑ים | כֶּ֥סֶף |
| અને-તેણે-લાવ્યા | તે | પવિત્ર-વસ્તુઓ | તેના-પિતાની | અને-પોતાની-પવિત્ર-વસ્તુઓ | ઘરમાં | ઈશ્વરના | ચાંદી |
| H0935 | H0853 | H6944 | H0001 | H6942 | | H0430 | H3701 |

| | |
|---|---|
| וְזָהָ֖ב | וְכֵלִֽים׃ |
| અને-સોનું | અને-વાસણો |
| H2091 | H3627 |

તેના પિતાની પવિત્ર વસ્તુઓ તથા તેની પોતાની પવિત્ર વસ્તુઓ, એટલે સોનું તથા ચાંદીની વસ્તુઓ તે ઈશ્વરના ઘરમાં લાવ્યો.

19

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמִלְחָמָ֖ה | לֹ֣א | הָיָ֑תָה | עַ֛ד | שְׁנַת־ | שְׁלֹשִׁ֥ים | וְחָמֵ֖שׁ | לְמַלְכ֥וּת | אָסָֽא׃ | ס |
| અને-યુદ્ધ | ન | હતું | સુધી | વર્ષ | પાંત્રીસમા | અને-પાંચ | રાજ્યના | આસાના | — |
| H4421 | H3808 | H1961 | H5704 | H8141 | H7970 | H2568 | H4438 | H0609 | |

આસાની કારકિર્દીના પાંત્રીસમા વર્ષ સુધી ત્યાં એક પણ યુદ્ધ થયું નહિ.

## Chapter 16

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בִּשְׁנַ֨ת | שְׁלֹשִׁ֜ים | וָשֵׁ֗שׁ | לְמַלְכ֣וּת | אָסָ֔א | עָלָ֞ה | בַּעְשָׁ֤א | מֶֽלֶךְ־ | יִשְׂרָאֵל֙ | עַל־ | יְהוּדָ֔ה |
| વર્ષમાં | ત્રીસમા | અને-છમા | રાજ્યના | આસાના | આવ્યો | બાશા | રાજા | ઇઝરાયેલનો | વિરુદ્ધ | યહૂદા |
| H8141 | H7970 | H8337 | H4438 | H0609 | H5927 | H1201 | H4428 | H3478 | | H3063 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּ֖בֶן | אֶת־ | הָֽרָמָ֑ה | לְבִלְתִּ֗י | תֵּ֤ת | יוֹצֵא֙ | וָבָ֔א | לְאָסָ֖א | מֶ֥לֶךְ | יְהוּדָֽה׃ |
| અને-તેણે-બાંધ્યું | તે | રામાને | જેથી-ન | જવા-દે | જનારને | અને-આવનારને | આસા | રાજા | યહૂદાના |
| H1129 | H0853 | H7414 | H1115 | H5414 | H3318 | H0935 | H0609 | H4428 | H3063 |

આસાની કારકિર્દીના છત્રીસમા વર્ષમાં, ઇઝરાયલના રાજા બાશાએ યહૂદિયા વિરુદ્ધ આક્રમણ કર્યું. યહૂદિયાના રાજા આસાની મદદે બીજા કોઈને આવતા અટકાવી દેવા સારુ તેણે રામાનો કિલ્લો બાંધ્યો.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּצֵ֨א | אָסָ֜א | כֶּ֣סֶף | וְזָהָ֗ב | מֵאֹֽצְרוֹת֙ | בֵּ֣ית | יְהוָ֔ה | וּבֵ֣ית | הַמֶּ֑לֶךְ | וַיִּשְׁלַ֗ח |
| અને-આસાએ-કાઢ્યું | આસાએ | ચાંદી | અને-સોનું | ખજાનામાંથી | ઘરના | યહોવાના | અને-ઘરના | રાજાના | અને-મોકલ્યું |
| H3318 | H0609 | H3701 | H2091 | H0214 | | H3068 | | H4428 | H7971 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֶל־ | בֶּן־הֲדַד֙ | מֶ֣לֶךְ | אֲרָ֔ם | הַיּוֹשֵׁ֥ב | בְּדַרְמֶ֖שֶׂק | לֵאמֹֽר׃ |
| પાસે | બેન-હદદ | રાજા | અરામના | જે-રહેતો-હતો | દમેસકમાં | કહેતાં |
| H0413 | H1130 | H4428 | H0758 | H3427 | H1834 | H0559 |

પછી આસાએ ઈશ્વરના સભાસ્થાનના તથા રાજાના મહેલના ભંડારોમાંથી સોનુંચાંદી લઈને દમસ્કસમાં રહેનાર અરામના રાજા બેન-હદાદ પર મોકલીને તેને કહેવડાવ્યું,

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּרִית֙ | בֵּינִ֣י | וּבֵינֶ֔ךָ | וּבֵ֥ין | אָבִ֖י | וּבֵ֣ין | אָבִ֑יךָ | הִנֵּ֨ה | שָׁלַ֤חְתִּֽי | לְךָ֙ |
| કરાર | મારી-વચ્ચે | અને-તારી-વચ્ચે | અને-વચ્ચે | મારા-પિતા | અને-વચ્ચે | તારા-પિતાના-છે | જુઓ | મેં-મોકલ્યું-છે | તને |
| H1285 | H0996 | H0996 | H0996 | H0001 | H0996 | H0001 | H2009 | H7971 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כֶּ֣סֶף | וְזָהָ֗ב | לֵ֞ךְ | הָפֵ֣ר | בְּרִיתְךָ֗ | אֶת־ | בַּעְשָׁא֙ | מֶ֣לֶךְ | יִשְׂרָאֵ֔ל | וְיַעֲלֶ֖ה | מֵעָלָֽי׃ |
| ચાંદી | અને-સોનું | જા | તોડ | તારો-કરાર | તે | બાશા | રાજા | ઇઝરાયેલના-સાથેનો | અને-તે-જાય | મારાથી |
| H3701 | H2091 | H3212 | | H1285 | H0854 | H1201 | H4428 | H3478 | H5927 | |

“જેમ તારા પિતા તથા મારા પિતા વચ્ચે સંપ હતો, તેમ મારી તથા તારી વચ્ચે છે. આ ચાંદી તથા સોનું મેં તારા માટે મોકલ્યું છે. ઇઝરાયલના રાજા બાશાની સાથે તારો સંબંધ તોડી નાખ, કે જેથી તે અહીંથી ચાલ્યો જાય.”

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁמַע | בֶּן־הֲדַד | אֶל־ | הַמֶּלֶךְ | אָסָא | וַיִּשְׁלַח | אֶת־ | שָׂרֵי | הַחֲיָלִים | אֲשֶׁר־ |
| અને-સાંભળ્યું | બેન-હદાદે | તે | રાજા | આસાનું | અને-મોકલ્યા | તે | સેનાપતિઓને | સૈન્યના | જે |
| H8085 | H1130 | H0413 | H4428 | H0609 | H7971 | H0853 | H8269 | H2428 | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לוֹ | אֶל־ | עָרֵי | יִשְׂרָאֵל | וַיַּכּוּ | אֶת־ | עִיּוֹן | וְאֶת־ | דָּן | וְאֵת | אָבֵל | מָיִם |
| તેના-હતા | વિરુદ્ધ | નગરો | ઇઝરાયેલના | અને-તેમણે-માર્યા | તે | ઇયોન | અને-તે | દાન | અને-તે | આબેલ | માઈમ |
| | H0413 | | H3478 | H5221 | H0853 | H5859 | H0853 | H1835 | H0853 | H0066 | H0066 |

| | | | | |
|---|---|---|---|---|
| וְאֵת | כָּל־ | מִסְכְּנוֹת | עָרֵי | נַפְתָּלִי׃ |
| અને-તે | સર્વ | ભંડાર-નગરો | નગરો | નફતાલીના |
| H0853 | H3605 | H4543 | | H5321 |

બેન-હદાદે આસા રાજાનું સાંભળીને પોતાના સૈન્યના સેનાપતિઓને ઇઝરાયલનાં નગરો પર ચઢાઈ કરવા મોકલી આપ્યાં. તેઓએ ઇયોન, દાન, આબેલ-માઈમ તથા નફતાલીનાં સર્વ ભંડાર નગરો પર હુમલો કર્યો.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | כִּשְׁמֹעַ | בַּעְשָׁא | וַיֶּחְדַּל | מִבְּנוֹת | אֶת־ | הָרָמָה | וַיַּשְׁבֵּת | אֶת־ | מְלַאכְתּוֹ׃ |
| અને-થયું | જ્યારે-સાંભળ્યું | બાશાએ | અને-તેણે-બંધ-કર્યું | બાંધવાથી | તે | રામાને | અને-બંધ-કર્યું | તે | તેનું-કામ |
| H1961 | H8085 | H1201 | H2308 | H1129 | H0853 | H7414 | | H0853 | H4399 |

ס
—

જ્યારે બાશાએ આ સાંભળ્યું, ત્યારે તેણે રામાનો કિલ્લો બાંધવાનું કામ બંધ કરાવી દીધું.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאָסָא | הַמֶּלֶךְ | לָקַח | אֶת־ | כָּל־ | יְהוּדָה | וַיִּשְׂאוּ | אֶת־ | אַבְנֵי | הָרָמָה | וְאֶת־ |
| અને-આસા | રાજાએ | લીધા | તે | સર્વ | યહૂદાને | અને-તેમણે-ઉચક્યા | તે | પથ્થરો | રામાના | અને-તે |
| H0609 | H4428 | H3947 | H0853 | H3605 | H3063 | H5375 | H0853 | H0068 | H7414 | H0853 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עֵצֶיהָ | אֲשֶׁר | בָּנָה | בַּעְשָׁא | וַיִּבֶן | בָּהֶם | אֶת־ | גֶּבַע | וְאֶת־ | הַמִּצְפָּה׃ | ס |
| લાકડાં | જે | બાંધ્યા-હતા | બાશાએ | અને-બાંધ્યું | તેનાથી | તે | ગેબા | અને-તે | મિઝ્પાહ | — |
| H6086 | | H1129 | H1201 | H1129 | | H0853 | H1387 | H0853 | H4709 | |

પછી આસા રાજાએ યહૂદિયાના લોકોને સાથે લીધા. તેઓ જે પથ્થરો તથા જે લાકડાં બાશાએ રામાના કિલ્લાના બાંધકામમાં વાપરવા માટે તૈયાર કર્યાં હતાં તે લઈ ગયા. પછી તે વડે આસા રાજાએ ગેબા તથા મિસ્પા બાંધ્યાં.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבָעֵת | הַהִיא | בָּא | חֲנָנִי | הָרֹאֶה | אֶל־ | אָסָא | מֶלֶךְ | יְהוּדָה | וַיֹּאמֶר | אֵלָיו |
| અને-તે-સમયે | તે | આવ્યો | હનાની | દ્રષ્ટા | પાસે | આસા | રાજા | યહૂદાના | અને-કહ્યુ | તેને |
| H6256 | H1931 | H0935 | H2607 | H7200 | H0413 | H0609 | H4428 | H3063 | H0559 | H0413 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּהִשָּׁעֶנְךָ | עַל־ | מֶלֶךְ | אֲרָם | וְלֹא | נִשְׁעַנְתָּ | עַל־ | יְהוָה | אֱלֹהֶיךָ | עַל־ |
| તારા-આધાર-રાખવામાં | ઉપર | રાજા | અરામના | અને-નહીં | આધાર-રાખ્યો | ઉપર | યહોવા | તારા-ઈશ્વરના | તેથી |
| H8172 | | H4428 | H0758 | H3808 | H8172 | | H3068 | H0430 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| כֵּן | נִמְלַט | חֵיל | מֶלֶךְ־ | אֲרָם | מִיָּדֶךָ׃ |
| કારણે | બચી-ગયું | સૈન્ય | રાજાનું | અરામનું | તારા-હાથમાંથી |
| | H4422 | H2426 | H4428 | H0758 | H3027 |

તે જ સમયે હનાની પ્રબોધક યહૂદિયાના આસા રાજા પાસે આવીને તેને કહ્યુ, "તમે પ્રભુ ઈશ્વરને બદલે અરામના રાજા ઉપર ભરોસો રાખ્યો છે, માટે અરામના રાજાનું સૈન્ય તમારા હાથમાંથી છટકી જઈ શક્યું છે.

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הֲלֹא | הַכּוּשִׁים | וְהַלּוּבִים | הָיוּ | לְחַיִל | לָרֹב | לְרֶכֶב | וּלְפָרָשִׁים | לְהַרְבֵּה | מְאֹד |
| શું-નહોતા | કૂશીઓ | અને-લૂબીઓ | હતા | સૈન્ય-માટે | ઘણાં | રથો-માટે | અને-ઘોડેસવારો-માટે | અત્યંત | ઘણાં |
| H3808 | H3569 | H3864 | H1961 | H2428 | H7230 | H7393 | | | H3966 |

| | | | | |
|---|---|---|---|---|
| וּבְהִשָּׁעֶנְךָ | עַל־ | יְהוָה | נְתָנָם | בְּיָדֶךָ׃ |
| અને-તારો-આધાર-રાખવામાં | ઉપર | યહોવાના | તેણે-આપ્યા | તારા-હાથમાં |
| H8172 | | H3068 | H5414 | H3027 |

શું તને યાદ નથી કે કૂશીઓ તથા લૂબીઓના સૈન્યની સાથે અસંખ્ય રથો તથા ઘોડેસવારો હતા છતાં તેઓની શી હાલત થઈ હતી? પણ તે સમયે તેં ઈશ્વર પર ભરોસો રાખ્યો હતો, એટલે તેમણે તને તેઓ પર વિજય અપાવ્યો હતો.

9

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| כִּ֣י | કારણ-કે | |
| יְהוָ֗ה | યહોવાની | H3068 |
| עֵינָ֞יו | આખો | |
| מְשֹׁטְט֤וֹת | શોધે-છે | |
| בְּכָל־ | સમગ્ર | H3605 |
| הָאָ֙רֶץ֙ | પૃથ્વી-ઉપર | H0776 |
| לְהִתְחַזֵּ֔ק | મજબૂત-કરવા | H2388 |
| עִם־ | તેમના-સાથે-જેમનું | |
| לְבָבָ֥ם | હૃદય | H3824 |
| שָׁלֵ֖ם | સંપૂર્ણ-છે | H8003 |
| אֵלָ֑יו | તેમના-તરફ | H0413 |
| נִסְכַּ֣לְתָּ | તું-મૂર્ખામી-કરી | H5528 |
| עַל־ | આ-બાબતમાં | |
| זֹ֑את | આ | H2063 |
| כִּ֚י | કારણ-કે | |
| מֵעַ֔תָּה | હવેથી | H6258 |
| יֵ֥שׁ | હશે | H3426 |
| עִמְּךָ֖ | તારી-સાથે | |
| מִלְחָמֽוֹת׃ | યુદ્ધો | H4421 |

કેમ કે ઈશ્વરની દ્રષ્ટિ સમગ્ર પૃથ્વીનું નિરીક્ષણ કર્યા કરે છે. અને જેઓનું અંત:કરણ તેમના પ્રત્યે સંપૂર્ણ છે, તેઓને સહાય કરીને તે પોતે બળવાન છે એમ બતાવી આપે છે. પણ તેં તેમની બાબતમાં મૂર્ખાઈ કરી છે. હવેથી તારે યુદ્ધો લડવાં પડશે."

10

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיִּכְעַ֨ס | અને-ગુસ્સે-થયો | H3707 |
| אָסָ֜א | આસા | H0609 |
| אֶל־ | તે-દ્રષ્ટા-પર | H0413 |
| הָרֹאֶ֗ה | દ્રષ્ટા | H7200 |
| וַֽיִּתְּנֵ֙הוּ֙ | અને-તેને-નાખ્યો | H5414 |
| בֵּ֣ית | ઘરમાં | |
| הַמַּהְפֶּ֔כֶת | બંદીખાનાના | H4115 |
| כִּֽי־ | કારણ-કે | |
| בְזַ֥עַף | ક્રોધમાં | H2197 |
| עִמּ֖וֹ | તેની-સાથે | |
| עַל־ | આ-બાબતમાં | |
| זֹ֑את | આ | H2063 |
| וַיְרַצֵּ֥ץ | અને-હેરાન-કરી | H7533 |
| אָסָ֛א | આસાએ | H0609 |
| מִן־ | કેટલાકને | |
| הָעָ֖ם | લોકોમાંથી | |
| בָּעֵ֥ת | તે-સમયે | H6256 |
| הַהִֽיא׃ | તે | H1931 |

એ સાંભળીને આસા તે પ્રબોધક પર ગુસ્સે થયો; તેણે તેને જેલમાં પૂરી દીધો, કેમ કે તે આ બધી બાબતોને લઈને તે તેના પર કોપાયમાન થયો હતો. એ જ સમયે આસાએ કેટલાક લોકો પર ત્રાસ વર્તાવ્યો.

11

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְהִנֵּה֙ | અને-જુઓ | H2009 |
| דִּבְרֵ֣י | બાબતો | H1697 |
| אָסָ֔א | આસાની | H0609 |
| הָרִאשׁוֹנִ֖ים | પ્રથમની | H7223 |
| וְהָאַחֲרוֹנִ֑ים | અને-છેલ્લીની | H0314 |
| הִנָּ֣ם | જુઓ | H2009 |
| כְּתוּבִ֗ים | લખાયેલી-છે | H3789 |
| עַל־ | ઉપર | |
| סֵ֙פֶר֙ | પુસ્તક | |
| הַמְּלָכִ֔ים | રાજાઓના | H4428 |
| לִֽיהוּדָ֖ה | યહૂદાના | H3063 |
| וְיִשְׂרָאֵֽל׃ | અને-ઇઝરાયેલના | H3478 |

જુઓ, આસાનાં કૃત્યો, પ્રથમથી તે છેલ્લે સુધી, યહૂદિયાના રાજાઓના તથા ઇઝરાયલના પુસ્તકમાં લખેલાં છે.

12

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֶּחֱלֶ֣א | અને-બીમાર-પડ્યો | H2456 |
| אָסָ֡א | આસા | H0609 |
| בִּשְׁנַת֩ | વર્ષમાં | H8141 |
| שְׁלוֹשִׁ֨ים | ઓગણત્રીસમા | H7970 |
| וָתֵ֤שַׁע | અને-ઓગણત્રીસમા | H8672 |
| לְמַלְכוּתוֹ֙ | તેના-રાજ્યના | H4438 |
| בְּרַגְלָ֔יו | પગમાં | H7272 |
| עַד־ | અત્યંત | H5704 |
| לְמַ֖עְלָה | ગંભીર | H4605 |
| חָלְי֑וֹ | તેનો-રોગ | H2483 |
| וְגַם־ | અને-પણ | H1571 |
| בְּחָלְיוֹ֙ | તેની-બીમારીમાં | H2483 |
| לֹא־ | નહીં | H3808 |
| דָרַ֣שׁ | શોધ્યા | H1875 |
| אֶת־ | તે | H0853 |
| יְהוָ֔ה | યહોવાને | H3068 |
| כִּ֖י | પણ | |
| בָּרֹפְאִֽים׃ | વૈદોમાં | H7495 |

તેના રાજ્યના ઓગણચાળીસમા વર્ષમાં આસાના પગમાં કોઈ રોગ થયો, તે રોગની પીડા ત્રાસજનક હતી. તોપણ તેણે બીમારીમાં ઈશ્વરની નહિ, પણ વૈદોની સહાય લીધી.

13

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיִּשְׁכַּ֥ב | અને-સૂઈ-ગયો | H7901 |
| אָסָ֖א | આસા | H0609 |
| עִם־ | પોતાના-સાથે | |
| אֲבֹתָ֑יו | પૂર્વજોના | H0001 |
| וַיָּ֕מָת | અને-મર્યો | H4191 |
| בִּשְׁנַ֛ת | વર્ષમાં | H8141 |
| אַרְבָּעִ֥ים | એકતાળીસમા | H0705 |
| וְאַחַ֖ת | અને-એકમા | H0259 |
| לְמָלְכֽוֹ׃ | તેના-રાજ્યના | |

આસા પોતાના પૂર્વજોની સાથે ઊંઘી ગયો; તેની કારકિર્દીના એકતાળીસમા વર્ષે તે મરણ પામ્યો.

14

| וַיִּקְבְּרֻהוּ | בְקִבְרֹתָיו | אֲשֶׁר | כָּרָה־ | לֹו | בְּעִיר | דָּוִיד | וַיַּשְׁכִּיבֻהוּ | בַּמִּשְׁכָּב |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-તેને-દફનાવ્યો | તેની-કબરોમાં | જે | ખોદી-હતી | તેના-માટે | નગરમાં | દાવિદના | અને-તેને-સુવાડ્યો | પલંગમાં |
| H6912 | H6913 | | | | | H1732 | H7901 | H4904 |

| אֲשֶׁר | מִלֵּא | בְּשָׂמִים | וּזְנִים | מְרֻקָּחִים | בְּמִרְקַחַת | מַעֲשֶׂה | וַיִּשְׂרְפוּ־ | לֹו |
|---|---|---|---|---|---|---|---|---|
| જે | ભર્યો-હતો | સુગંધીથી | અને-મસાલાઓથી | મિશ્રિત | મિશ્રણ-કલાથી | બનાવેલા | અને-બાળ્યા | તેના-માટે |
| | H4390 | H1314 | H2177 | H7543 | H4842 | H4639 | H8313 | |

| שְׂרֵפָה | גְּדוֹלָה | עַד־ | לִמְאֹד׃ | פ |
|---|---|---|---|---|
| અગ્નિસંસ્કાર | મોટો | અત્યંત | ઘણો | — |
| H8316 | | H5704 | H3966 | |

દાઉદનગરમાં તેણે પોતાને માટે જે કબર ખોદાવી હતી તેમાં તેને દફનાવવામાં આવ્યો. તેના કફનમાં સુગંધીઓ તથા ગાંધીએ તૈયાર કરેલાં વિવિધ પ્રકારનાં સુગંધીદ્રવ્યો ભરીને તેઓએ તેમાં તેને સુવાડ્યો. પછી તેઓએ મોટા પ્રમાણમાં સુગંધીદ્રવ્યોનું દહન કર્યું.

## Chapter 17

1

| וַיִּמְלֹךְ | יְהוֹשָׁפָט | בְּנוֹ | תַּחְתָּיו | וַיִּתְחַזֵּק | עַל־ | יִשְׂרָאֵל׃ |
|---|---|---|---|---|---|---|
| અને-રાજ-કર્યું | યહોશાફાટે | તેના-પુત્રે | તેની-જગ્યાએ | અને-મજબૂત-થયો | વિરુદ્ધ | ઇઝરાયેલ |
| | H3092 | | H8478 | H2388 | | H3478 |

તેની જગ્યાએ તેનો દીકરો યહોશાફાટ ગાદીએ બેઠો. તેણે ઇઝરાયલની સામે યુદ્ધ કર્યું.

2

| וַיִּתֶּן־ | חַיִל | בְּכָל־ | עָרֵי | יְהוּדָה | הַבְּצֻרוֹת | וַיִּתֵּן | נְצִיבִים | בְּאֶרֶץ | יְהוּדָה |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-તેણે-મૂક્યું | સૈન્ય | સર્વ | નગરોમાં | યહૂદાનાં | કિલ્લેબંધ | અને-મૂક્યા | ચોકીદારો | દેશમાં | યહૂદાના |
| H5414 | H2428 | H3605 | | H3063 | H1219 | H5414 | H5333 | H0776 | H3063 |

| וּבְעָרֵי | אֶפְרַיִם | אֲשֶׁר | לָכַד | אָסָא | אָבִיו׃ |
|---|---|---|---|---|---|
| અને-નગરોમાં | એફ્રાઈમના | જે | જીત્યા-હતા | આસાએ | તેના-પિતાએ |
| | H0669 | | H3920 | H0609 | H0001 |

યહૂદિયાના કિલ્લાવાળાં બધાં નગરોમાં લશ્કર તહેનાત કર્યું અને યહૂદિયા દેશમાં તેમ જ તેના પિતા આસાએ કબજે કરેલાં એફ્રાઇમના નગરોમાં થાણાં સ્થાપિત કર્યાં.

3

| וַיְהִי | יְהוָה | עִם־ | יְהוֹשָׁפָט | כִּי | הָלַךְ | בְּדַרְכֵי | דָּוִיד | אָבִיו | הָרִאשֹׁנִים | וְלֹא |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-હતા | યહોવા | સાથે | યહોશાફાટ | કારણ-કે | ચાલ્યો | માર્ગોમાં | દાવિદના | તેના-પિતાના | પ્રથમના | અને-નહીં |
| H1961 | H3068 | | H3092 | | H1980 | H1870 | H1732 | H0001 | H7223 | H3808 |

| דָרַשׁ | לַבְּעָלִים׃ |
|---|---|
| શોધ્યા | બઆલોને |
| H1875 | |

ઈશ્વર યહોશાફાટની સાથે હતા, કેમ કે તેના પિતૃ દાઉદ શરૂઆતના વર્ષોમાં જે માર્ગે ચાલ્યા હતા તે જ માર્ગ પર યહોશાફાટ ચાલ્યો અને તે બઆલિમ તરફ ફર્યો ન હતો.

4

| כִּי | לֵאלֹהֵי | אָבִיו | דָּרָשׁ | וּבְמִצְוֹתָיו | הָלָךְ | וְלֹא | כְּמַעֲשֵׂה | יִשְׂרָאֵל׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | ઈશ્વરને | તેના-પિતાના | શોધ્યા | અને-તેમની-આજ્ઞાઓમાં | ચાલ્યો | અને-નહીં | કાર્યો-પ્રમાણે | ઇઝરાયેલનાં |
| | H0430 | H0001 | H1875 | H4687 | H1980 | H3808 | H4639 | H3478 |

પણ તેના બદલે તે તેના પિતાના ઈશ્વર પર આધાર રાખતો અને તેમની આજ્ઞાઓ પ્રમાણે ચાલતો હતો, ઇઝરાયલના લોકો કરતાં તેનું જીવન જુદા જ પ્રકારનું હતું; તેણે ઇઝરાયલનું ખોટું અનુસરણ કર્યું નહિ.

5

| וַיָּכֶן | יְהוָה | אֶת־ | הַמַּמְלָכָה | בְּיָדוֹ | וַיִּתְּנוּ | כָל־ | יְהוּדָה | מִנְחָה | לִיהוֹשָׁפָט |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-સ્થાપ્યું | યહોવાએ | તે | રાજ્ય | તેના-હાથમાં | અને-આપ્યા | સર્વ | યહૂદાએ | ભેટો | યહોશાફાટને |
| | H3068 | H0853 | H4467 | H3027 | H5414 | H3605 | H3063 | H4503 | H3092 |

| וַיְהִי־ | לוֹ | עֹשֶׁר־ | וְכָבוֹד | לָרֹב׃ |
|---|---|---|---|---|
| અને-હતું | તેને | ધન | અને-સન્માન | ઘણું |
| H1961 | | H6239 | H3519 | H7230 |

તેથી ઈશ્વરે તેના હાથમાં રાજ સ્થિર કર્યું; આખું યહૂદા યહોશાફાટને ખંડણી આપતું હતું. તે પુષ્કળ માન અને સંપત્તિ પામ્યો.

6
וַיִּגְבַּהּ અને-ઊંચું-થયું H1361
לִבּוֹ તેનું-હૃદય
בְּדַרְכֵי માર્ગોમાં H1870
יְהוָה યહોવાના H3068
וְעוֹד અને-વળી H5750
הֵסִיר દૂર-કર્યા H5493
אֶת־ તે H0853
הַבָּמוֹת ઊંચી-જગ્યાઓ H1116
וְאֶת־ અને-તે H0853
הָאֲשֵׁרִים અશેરાઓ H0842
מִיהוּדָה׃ યહૂદામાંથી H3063
פ —

ઈશ્વરના માર્ગોમાં તેનું અંત:કરણ લાગેલું હતું. તેણે યહૂદિયામાંથી ઉચ્ચસ્થાનો તેમ જ અશેરીમ મૂર્તિના સ્તંભોનો પણ નાશ કર્યો.

7
וּבִשְׁנַת અને-વર્ષમાં H8141
שָׁלוֹשׁ ત્રીજા H7969
לְמָלְכוֹ તેના-રાજ્યના
שָׁלַח મોકલ્યા H7971
לְשָׂרָיו તેના-સરદારોને H8269
לְבֶן־חַיִל બેન-ખાઈલને H1134
וּלְעֹבַדְיָה અને-ઓબાદ્યાને H5662
וְלִזְכַרְיָה અને-ઝખાર્યાને
וְלִנְתַנְאֵל અને-નથાનેલને H5417
וּלְמִיכָיָהוּ અને-મીખાયાહને H4322
לְלַמֵּד શીખવવા H3925
בְּעָרֵי નગરોમાં
יְהוּדָה׃ યહૂદાનાં H3063

તેના શાસનકાળના ત્રીજા વર્ષે તેણે પોતાના અધિકારીઓ બેન-હાયિલ, ઓબાદ્યા, ઝખાર્યા, નથાનએલ અને મિખાયાને યહૂદિયાના નગરોમાં બોધ કરવાને મોકલ્યા.

8
וְעִמָּהֶם અને-તેમની-સાથે
הַלְוִיִּם લેવીઓ H3881
שְׁמַעְיָהוּ શમાયાહ H8098
וּנְתַנְיָהוּ અને-નથાન્યાહ H5418
וּזְבַדְיָהוּ અને-ઝબાદ્યાહ H2069
וַעֲשָׂהאֵל અને-અસાહએલ H6214
]ושמרימות[ — H8070
)וּשְׁמִירָמוֹת( અને-શમીરામોથ H8070
וִיהוֹנָתָן અને-યહોનાથાન H3083
וַאֲדֹנִיָּהוּ અને-અદોનીયાહ H0138
וְטוֹבִיָּהוּ અને-ટોબીયાહ H2900
אֲדוֹנִיָּהוְטוֹב અને-ટોબ-અદોનીયાહ H2899
הַלְוִיִּם લેવીઓ H3881
וְעִמָּהֶם અને-તેમની-સાથે
אֱלִישָׁמָע અલીશામા H0476
וִיהוֹרָם અને-યહોરામ H3088
הַכֹּהֲנִים׃ યાજકો H3548

વળી તેઓની સાથે લેવીઓને એટલે શમાયા, નાથાન્યા, ઝબાદ્યા, અસાહેલ, શમિરામોથ, યોનાથાન, અદોનિયા, ટોબિયા અને ટોબ-અદોનિયાને તેમ જ યાજકોને એટલે અલિશામા અને યહોરામને પણ મોકલ્યા.

9
וַיְלַמְּדוּ અને-તેમણે-શીખવ્યું H3925
בִּיהוּדָה યહૂદામાં H3063
וְעִמָּהֶם અને-તેમની-સાથે
סֵפֶר પુસ્તક
תּוֹרַת નિયમશાસ્ત્રનું H8451
יְהוָה યહોવાનું H3068
וַיָּסֹבּוּ અને-ફર્યા H5437
בְּכָל־ સર્વ H3605
עָרֵי નગરોમાં
יְהוּדָה યહૂદાનાં H3063
וַיְלַמְּדוּ અને-શીખવ્યું H3925
בָּעָם׃ લોકોમાં

તેઓએ યહૂદિયામાં શિક્ષણ આપ્યું. તેઓની પાસે ઈશ્વરનું નિયમશાસ્ત્ર હતું. યહૂદાનાં સર્વ નગરોમાં જઈને તેઓએ નિયમશાસ્ત્ર અનુસાર લોકોને શિક્ષણ આપ્યું.

10
וַיְהִי અને-આવ્યો H1961
פַּחַד ભય H6343
יְהוָה યહોવાનો H3068
עַל ઉપર
כָּל־ સર્વ H3605
מַמְלְכוֹת રાજ્યો H4467
הָאֲרָצוֹת દેશોનાં H0776
אֲשֶׁר જે
סְבִיבוֹת આસપાસ H5439
יְהוּדָה યહૂદાની H3063
וְלֹא અને-નહીં H3808
נִלְחֲמוּ લડ્યા
עִם־ સાથે
יְהוֹשָׁפָט׃ યહોશાફાટ H3092

આથી યહૂદિયાની આસપાસના બધા પ્રદેશોનાં રાજ્યોને ઈશ્વરનો ભય લાગ્યો તેથી તેઓએ યહોશાફાટ સાથે યુદ્ધ કર્યું નહિ.

11 וּמִן־ פְּלִשְׁתִּים מְבִיאִים לִיהוֹשָׁפָט מִנְחָה וְכֶסֶף מַשָּׂא גַּם הָעַרְבִיאִים מְבִיאִים
અને-માંથી પલિસ્તીઓ લાવતા-હતા યહોશાફાટને ભેટો અને-ચાંદી ભાર પણ આરબો લાવતા-હતા
H6430 H0935 H3092 H4503 H3701 H1571 H0935

לוֹ צֹאן אֵילִים שִׁבְעַת אֲלָפִים וּשְׁבַע מֵאוֹת וּתְיָשִׁים שִׁבְעַת אֲלָפִים וּשְׁבַע מֵאוֹת׃
તેને ઘેટાં ઘેટા સાત હજાર અને-સાત સો અને-બકરા સાત હજાર અને-સાત સો
H6629 H7651 H0505 H7651 H3967 H8495 H7651 H0505 H7651 H3967

פ
—

કેટલાક પલિસ્તીઓ યહોશાફાટ પાસે ઉપહાર અને ખંડણી તરીકે ચાંદી લાવ્યા. આરબો પણ પશુઓ એટલે સાત હજાર સાતસો બકરો અને સાત હજાર સાતસો ઘેટાં ભેટ તરીકે લાવ્યા.

12 וַיְהִי יְהוֹשָׁפָט הֹלֵךְ וְגָדֵל עַד־ לְמָעְלָה וַיִּבֶן בִּיהוּדָה בִּירָנִיּוֹת וְעָרֵי
અને-હતા યહોશાફાટ જતા અને-મોટા-થતા સુધી ઉપર અને-બાંધ્યા યહૂદામાં કિલ્લાઓ અને-નગરો
H1961 H3092 H1980 H1432 H5704 H4605 H1129 H3063 H1003

מִסְכְּנוֹת׃
ભંડાર-નગરો
H4543

યહોશાફાટ ક્રમે ક્રમે વધારે બળવાન થતો ગયો. તેણે યહૂદિયામાં કિલ્લાઓ અને ભંડાર માટે નગરો બાંધ્યાં.

13 וּמְלָאכָה רַבָּה הָיָה לוֹ בְּעָרֵי יְהוּדָה וְאַנְשֵׁי מִלְחָמָה גִּבּוֹרֵי חַיִל בִּירוּשָׁלִָם׃
અને-કામ ઘણું હતું તેનું નગરોમાં યહૂદાનાં અને-માણસો યુદ્ધના શૂરવીર પરાક્રમી યરુશાલેમમાં
H4399 H1961 H3063 H0376 H4421 H1368 H2428 H3389

તેની પાસે યહૂદિયાના નગરોમાં પુષ્કળ સામગ્રી તેમ જ યરુશાલેમમાં ઘણાં સૈનિકો તથા પરાક્રમી અને શક્તિશાળી પુરુષો હતા.

14 וְאֵלֶּה פְקֻדָּתָם לְבֵית אֲבוֹתֵיהֶם לִיהוּדָה שָׂרֵי אֲלָפִים עַדְנָה הַשָּׂר וְעִמּוֹ
અને-આ તેમની-ગણતરી પિતૃગૃહ તેમના-પૂર્વજોનાં યહૂદા-માટે સરદારો હજારોના આદ્નાહ સરદાર અને-તેની-સાથે
H0428 H6486 H0001 H3063 H8269 H0505 H5734 H8269

גִּבּוֹרֵי חַיִל שְׁלֹשׁ מֵאוֹת אָלֶף׃ ס
શૂરવીર પરાક્રમી ત્રણ સો હજાર —
H1368 H2428 H7969 H3967 H0505

તેઓના પિતૃઓના ઘરનાં નામ પ્રમાણે તેઓની યાદી આ પ્રમાણે છે: યહૂદિયાના હજારો સેનાપતિઓનો મુખ્ય સેનાપતિ આદના હતો. તેની પાસે ત્રણ લાખ લડવૈયા પુરુષો હતા;

15 וְעַל־ יָדוֹ יְהוֹחָנָן הַשָּׂר וְעִמּוֹ מָאתַיִם וּשְׁמוֹנִים אָלֶף׃ ס
અને-તેની-બાજુમાં તેની-પછી યહોખાનાન સરદાર અને-તેની-સાથે બસો અને-એંશી હજાર —
H3027 H3076 H8269 H3967 H8084 H0505

તેનાથી ઊતરતા દરજ્જાનો સેનાપતિ યહોહાનાન હતો. તેની હકૂમતમાં બે લાખ એંશી હજાર લડવૈયા હતા;

16 וְעַל־ יָדוֹ עֲמַסְיָה בֶן־ זִכְרִי הַמִּתְנַדֵּב לַיהוָה וְעִמּוֹ
અને-તેની-બાજુમાં તેની-પછી અમાસ્યાહ પુત્ર ઝિખ્રીનો જે-સ્વેચ્છાએ-આવ્યો-હતો યહોવા-માટે અને-તેની-સાથે
H3027 H6007 H2147 H5068 H3068

מָאתַיִם אֶלֶף גִּבּוֹר חָיִל׃ ס
બસો હજાર શૂરવીર પરાક્રમી —
H3967 H0505 H1368 H2428

તેના હાથ નીચે સ્વેચ્છાથી ઈશ્વરની સેવા કરનાર ઝિખ્રીનો દીકરો અમાસ્યા હતો; તેની પાસે બે લાખ લડવૈયા હતા.

17

| וּמִן־ | בִּנְיָמִן | גִּבּוֹר | חַיִל | אֶלְיָדָע | וְעִמּוֹ | נֹשְׁקֵי־ | קֶשֶׁת | וּמָגֵן | מָאתַיִם | אָלֶף׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-માંથી | બિન્યામીન | શૂરવીર | પરાક્રમી | એલ્યાદા | અને-તેની-સાથે | ધનુષ-ધારીઓ | ધનુષ | અને-ઢાલ | બસો | હજાર | — |
| | H1144 | H1368 | H2428 | H0450 | | | H7198 | H4043 | H3967 | H0505 | |

એલ્યાદા બિન્યામીનના કુળનો શૂરવીર માણસ હતો અને તેની પાસે બે લાખ ધનુષ્ય અને ઢાલથી સજ્જ સૈનિકો હતા;

18

| וְעַל־ | יָדוֹ | יְהוֹזָבָד | וְעִמּוֹ | מֵאָה־ | וּשְׁמוֹנִים | אֶלֶף | חֲלוּצֵי | צָבָא׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-તેની-બાજુમાં | તેની-પછી | યહોઝાબાદ | અને-તેની-સાથે | એકસો | અને-એંશી | હજાર | સજ્જ | સેવા-માટે | — |
| | H3027 | H3075 | | H3967 | H8084 | H0505 | | | |

તેનાથી ઊતરતો દરજ્જો યહોઝાબાદ હતો અને તેની પાસે યુદ્ધ માટે સજ્જ એવા એક લાખ એંશી હજાર યોદ્ધાઓ હતા.

19

| אֵלֶּה | הַמְשָׁרְתִים | אֶת־ | הַמֶּלֶךְ | מִלְּבַד | אֲשֶׁר־ | נָתַן | הַמֶּלֶךְ | בְּעָרֵי | הַמִּבְצָר | בְּכָל־ | יְהוּדָה׃ | פ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આ | સેવા-કરનારા | તે | રાજાની | સિવાય | જેમને | મૂક્યા-હતા | રાજાએ | નગરોમાં | કિલ્લાનાં | સમગ્ર | યહૂદામાં | — |
| H0428 | H8334 | H0853 | H4428 | H0905 | | H5414 | H4428 | | H4013 | H3605 | H3063 | |

આખા યહૂદિયામાં કિલ્લાવાળાં સર્વ નગરોમાં જેઓને રાજાએ રાખ્યા હતા. તે ઉપરાંત આ લોકો પણ રાજાની સેવામાં તત્પર રહેતા હતા.

## Chapter 18

1

| וַיְהִי | לִיהוֹשָׁפָט | עֹשֶׁר | וְכָבוֹד | לָרֹב | וַיִּתְחַתֵּן | לְאַחְאָב׃ |
|---|---|---|---|---|---|---|
| અને-હતું | યહોશાફાટને | ધન | અને-સન્માન | ઘણું | અને-વળી-વહેવારો-જોડ્યા | અહાબ-સાથે |
| H1961 | H3092 | H6239 | H3519 | H7230 | | H0256 |

યહોશાફાટ રાજાની પાસે પુષ્કળ પ્રમાણમાં સંપત્તિ હતી અને તે ઘણો લોકપ્રિય હતો. તેણે પોતાના દીકરાનું લગ્ન આહાબની પુત્રી સાથે કરીને તેની સાથે આહાબની સાથે સગાઈના સંબંધ બાંધ્યો.

2

| וַיֵּרֶד | לְקֵץ | שָׁנִים | אֶל־ | אַחְאָב | לְשֹׁמְרוֹן | וַיִּזְבַּח־ | לוֹ | אַחְאָב | צֹאן | וּבָקָר | לָרֹב |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ગયો | અંતે | વર્ષોના | પાસે | અહાબ | સમરિયામાં | અને-વધ્યાં | તેના-માટે | અહાબે | ઘેટાં | અને-બળદ | ઘણાં |
| H3381 | H7093 | H8141 | H0413 | H0256 | H8111 | H2076 | | H0256 | H6629 | H1241 | H7230 |

| וּלְעָם | אֲשֶׁר | עִמּוֹ | וַיְסִיתֵהוּ | לַעֲלוֹת | אֶל־ | רָמוֹת | גִּלְעָד׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-લોકો-માટે | જે | તેની-સાથે-હતા | અને-તેને-ઉકસાવ્યો | જવા | વિરુદ્ધ | રામોથ | ગિલયાદ |
| | | | H5496 | H5927 | H0413 | H7433 | H1568 |

થોડાં વર્ષો પછી, તે આહાબને મળવા સમરુન ગયો. આહાબે તેની અને તેની સાથે જે માણસો હતા તેઓની મોટી સંખ્યામાં ઘેટાં અને બળદોની મિજબાની આપી. અને પોતાની સાથે રામોથ ગિલ્યાદ પર ચઢાઈ કરવા આહાબને સમજાવ્યો. તેથી રામોથ ગિલ્યાદ પરની ચઢાઈમાં આહાબે પણ યહોશાફાટને સાથ આપ્યો.

3

| וַיֹּאמֶר | אַחְאָב | מֶלֶךְ־ | יִשְׂרָאֵל | אֶל־ | יְהוֹשָׁפָט | מֶלֶךְ | יְהוּדָה | הֲתֵלֵךְ | עִמִּי | רָמֹת |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યું | અહાબે | રાજા | ઇઝરાયેલના | તે | યહોશાફાટને | રાજા | યહૂદાના | શું-આવશો | મારી-સાથે | રામોથ |
| H0559 | H0256 | H4428 | H3478 | H0413 | H3092 | H4428 | H3063 | H3212 | | H7433 |

| גִּלְעָד | וַיֹּאמֶר | לוֹ | כָּמוֹנִי | כָמוֹךָ | וּכְעַמְּךָ | עַמִּי | וְעִמְּךָ | בַּמִּלְחָמָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| ગિલયાદ | અને-કહ્યું | તેને | જેમ-હું | તેમ-તું | અને-તારા-લોકો-જેમ | મારા-લોકો | અને-તારી-સાથે | યુદ્ધમાં |
| H1568 | H0559 | | H3644 | H3644 | | | | H4421 |

ઇઝરાયલના રાજા આહાબે યહૂદિયાના રાજા યહોશાફાટને કહ્યું, "તમે મારી સાથે રામોથ ગિલ્યાદ પર ચઢાઈમાં આવશો?" યહોશાફાટે ઉત્તર આપ્યો, "હું તારા જેવો છું અને મારા લોકો પણ તારા લોકો છે; અમે તારી સાથે યુદ્ધમાં રહીશું."

4

| וַיֹּאמֶר | יְהוֹשָׁפָט | אֶל־ | מֶלֶךְ | יִשְׂרָאֵל | דְּרָשׁ־ | נָא | כַיּוֹם | אֶת־ | דְּבַר | יְהוָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યું | યહોશાફાટે | તે | રાજાને | ઇઝરાયેલના | પહેલાં-પૂછો | કૃપા-કરી | આજે | તે | વચન | યહોવાનું |
| H0559 | H3092 | H0413 | H4428 | H3478 | H1875 | H4994 | H3117 | H0853 | H1697 | H3068 |

યહોશાફાટે ઇઝરાયલના રાજાને કહ્યુ, “તમારા ઉત્તર માટે પ્રથમ તમે ઈશ્વરની ઇચ્છાને શોધો.”

5

| | | |
|---|---|---|
| וַיִּקְבֹּץ | અને-એકત્રિત-કર્યા | H6908 |
| מֶלֶךְ־ | રાજાએ | H4428 |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલના | H3478 |
| אֶת־ | તે | H0853 |
| הַנְּבִאִים | પ્રબોધકોને | H5030 |
| אַרְבַּע | ચાર | H0702 |
| מֵאוֹת | સો | H3967 |
| אִישׁ | માણસો | H0376 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֲלֵהֶם | તેમને | H0413 |
| הֲנֵלֵךְ | શું-જઈએ | H3212 |
| אֶל־ | વિરુદ્ધ | H0413 |
| רָמֹת | રામોથ | H7433 |
| גִּלְעָד | ગિલયાદ | H1568 |
| לַמִּלְחָמָה | યુદ્ધ-માટે | H4421 |
| אִם־ | કે | |
| אֶחְדָּל | રોકાઈ-જઈએ | H2308 |
| וַיֹּאמְרוּ | અને-તેમણે-કહ્યુ | H0559 |
| עֲלֵה | જાઓ | H5927 |
| וְיִתֵּן | અને-આપશે | H5414 |
| הָאֱלֹהִים | ઈશ્વર | H0430 |
| בְּיַד | હાથમાં | H3027 |
| הַמֶּלֶךְ׃ | રાજાના | H4428 |

પછી ઇઝરાયલના રાજાએ ચારસો પ્રબોધકોને ભેગા કર્યા અને તેઓને પૂછ્યું, “અમારે રામોથ ગિલ્યાદ ઉપર ચઢાઈ કરવી કે નહિ?” તેઓએ કહ્યુ, “હુમલો કરો, કેમ કે ઈશ્વર રાજાને વિજય આપશે.”

6

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוֹשָׁפָט | યહોશાફાટે | H3092 |
| הַאֵין | શું-નથી | H0369 |
| פֹּה | અહીં | H6311 |
| נָבִיא | પ્રબોધક | H5030 |
| לַיהוָה | યહોવાનો | H3068 |
| עוֹד | હજી | H5750 |
| וְנִדְרְשָׁה | અને-પૂછીએ | H1875 |
| מֵאוֹתוֹ׃ | તેની-પાસેથી | H0853 |

પણ યહોશાફાટે પૂછ્યું, “અહીં ઈશ્વરનો બીજો કોઈ પ્રબોધક નથી કે જેની આપણે સલાહ પૂછીએ?”

7

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| מֶלֶךְ־ | રાજાએ | H4428 |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલના | H3478 |
| אֶל־ | તે | H0413 |
| יְהוֹשָׁפָט | યહોશાફાટને | H3092 |
| עוֹד | હજી | H5750 |
| אִישׁ־ | એક | H0376 |
| אֶחָד | માણસ | H0259 |
| לִדְרוֹשׁ | પૂછવા | H1875 |
| אֶת־ | તે | H0853 |
| יְהוָה | યહોવાને | H3068 |
| מֵאֹתוֹ | તેની-પાસેથી | H0853 |
| וַאֲנִי | પણ-હું | H0589 |
| שְׂנֵאתִיהוּ | તેને-ધિક્કારું-છું | H8130 |
| כִּי־ | કારણ-કે | |
| אֵינֶנּוּ | તે-નથી | H0369 |
| מִתְנַבֵּא | ભવિષ્યવાણી-કરતો | H5012 |
| עָלַי | મારા-વિશે | |
| לְטוֹבָה | સારું | |
| כִּי | પણ | |
| כָל־ | સર્વ | H3605 |
| יָמָיו | દિવસોમાં-તેના | H3117 |
| לְרָעָה | ખરાબ | |
| הוּא | તે | H1931 |
| מִיכָיְהוּ | મીખાયાહુ | H4321 |
| בֶן־ | પુત્ર | |
| יִמְלָא | યિમ્લાનો | H3229 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| יְהוֹשָׁפָט | યહોશાફાટે | H3092 |
| אַל־ | ન | H0408 |
| יֹאמַר | કહે | H0559 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| כֵּן׃ | એવું | |

ઇઝરાયલનો રાજાએ તેને કહ્યુ, “હજી એક માણસ છે જેની મારફતે આપણે ઈશ્વરની સલાહ પૂછી શકીએ, પણ હું તેનો તિરસ્કાર કરું છું, કારણ કે તેણે કદી મારા વિષે સારું ભવિષ્ય કહ્યુ નથી, પણ ફક્ત માઠું જ કહ્યુ છે, તે તો ઈમલાહનો પુત્ર મિખાયા છે.” પણ યહોશાફાટે કહ્યુ, “રાજાએ એવું ન બોલવું જોઈએ, આપણે તેનું પણ સાંભળીએ.”

8

| | | |
|---|---|---|
| וַיִּקְרָא | અને-બોલાવ્યો | H7121 |
| מֶלֶךְ | રાજાએ | H4428 |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલના | H3478 |
| אֶל־ | તે | H0413 |
| סָרִיס | ખોજા | H5631 |
| אֶחָד | એકને | H0259 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| מַהֵר | જલદી | |
| [מיכהו] | — | H4318 |
| (מִיכָיְהוּ) | મીખાયાહુને | H4321 |
| בֶן־ | પુત્ર | |
| יִמְלָא׃ | યિમ્લાનો | H3229 |

પછી ઇઝરાયલના રાજાએ એક અધિકારીને બોલાવીને કહ્યુ, “ઈમલાહના દીકરા મિખાયાને જલ્દી બોલાવી લાવો.”

9

| | | |
|---|---|---|
| וּמֶלֶךְ | અને-રાજા | H4428 |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલનો | H3478 |
| וִיהוֹשָׁפָט | અને-યહોશાફાટ | H3092 |
| מֶלֶךְ־ | રાજા | H4428 |
| יְהוּדָה | યહૂદાનો | H3063 |
| יוֹשְׁבִים | બેસી-રહ્યા-હતા | H3427 |
| אִישׁ | પ્રત્યેક | H0376 |
| עַל־ | ઉપર | |
| כִּסְאוֹ | તેના-સિંહાસન | H3678 |
| מְלֻבָּשִׁים | વસ્ત્રો-પહેરેલા | H3847 |
| בְּגָדִים | વસ્ત્રો | |
| וְיֹשְׁבִים | અને-બેસી-રહ્યા | H3427 |
| בְּגֹרֶן | ખળામાં | H1637 |
| פֶּתַח | દરવાજા-પાસે | H6607 |
| שַׁעַר | દરવાજા | H8179 |
| שֹׁמְרוֹן | સમરિયાના | H8111 |
| וְכָל־ | અને-સર્વ | H3605 |
| הַנְּבִיאִים | પ્રબોધકો | H5030 |
| מִתְנַבְּאִים | ભવિષ્યવાણી-કરતા-હતા | H5012 |
| לִפְנֵיהֶם׃ | તેમની-સામે | H6440 |

હવે, ઇઝરાયલનો રાજા આહાબ અને યહૂદાનો રાજા યહોશાફાટ રાજપોશાક પહેરીને સમરુનના દરવાજાની આગળ ખુલ્લી જગ્યામાં પોતપોતાનાં સિંહાસન પર બેઠા અને બધા પ્રબોધકો તેઓની આગળ પોતપોતાની પ્રબોધવાણીઓ સંભળાવતા હતા.

10
וַיַּעַשׂ અને-બનાવ્યા
לוֹ તેના-માટે
צִדְקִיָּהוּ સિદકીયાહુએ H6667
בֶן־ પુત્ર
כְּנַעֲנָה કનઆનાનો H3668
קַרְנֵי શિંગડા
בַרְזֶל લોખંડના H1270
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
כֹּה־ આમ H3541
אָמַר કહે-છે H0559
יְהוָה યહોવા H3068
בְּאֵלֶּה આનાથી H0428
תְּנַגַּח તું-મારશે H5055
אֶת־ તે H0853
אֲרָם અરામને H0758
עַד־ સુધી H5704
כַּלּוֹתָם׃ તેમનો-નાશ H3615

કેનાહના દીકરા સિદકિયાએ પોતાને માટે લોખંડનાં શિંગડાં બનાવડાવ્યા હતાં. તે બતાવીને બોલ્યો, “ઈશ્વર એવું કહે છે, ‘અરામીઓનો નાશ થતાં સુધી આવાં શિંગ વડે તમે તેમને હઠાવશો.’”

11
וְכָל־ અને-સર્વ H3605
הַנְּבִאִים પ્રબોધકો H5030
נִבְּאִים ભવિષ્યવાણી-કરતા-હતા H5012
כֵּן એવી-રીતે
לֵאמֹר કહેતા H0559
עֲלֵה જાઓ H5927
רָמֹת રામોથ H7433
גִּלְעָד ગિલયાદ H1568
וְהַצְלַח અને-સફળ-થાઓ
וְנָתַן અને-આપશે H5414
יְהוָה યહોવા H3068
בְּיַד હાથમાં H3027
הַמֶּלֶךְ׃ રાજાના H4428

સર્વ પ્રબોધકોએ એવો જ પ્રબોધ કર્યો હતો, “રામોથ ગિલ્યાદ પર ચઢાઈ કરીને વિજયી થાઓ; કારણ કે ઈશ્વરે તેને રાજાના હાથમાં આપી દીધું છે.”

12
וְהַמַּלְאָךְ અને-સંદેશવાહક H4397
אֲשֶׁר־ જે
הָלַךְ ગયો-હતો H1980
לִקְרֹא બોલાવવા H7121
לְמִיכָיְהוּ મીખાયાહુને H4321
דִּבֶּר બોલ્યો H1696
אֵלָיו તેને H0413
לֵאמֹר કહેતા H0559
הִנֵּה જુઓ H2009
דִּבְרֵי વચનો H1697
הַנְּבִאִים પ્રબોધકોના H5030
פֶּה־ એક-મોંએ H6310
אֶחָד એક H0259
טוֹב સારાં-છે
אֶל־ તે H0413
הַמֶּלֶךְ રાજાને H4428
וִיהִי־ અને-હોય H1961
נָא કૃપા-કરી H4994
דְבָרְךָ તારું-વચન H1697
כְּאַחַד જેમ-એક H0259
מֵהֶם તેમનામાંથી H1992
וְדִבַּרְתָּ અને-બોલો H1696
טוֹב׃ સારું

જે સંદેશવાહક મિખાયાને બોલાવવા ગયો હતો તેણે મિખાયાને કહ્યુ, “હવે જો, બધા પ્રબોધકો એક સાથે રાજાને માટે સારું ભવિષ્ય કહે છે. કૃપા કરી તારું કહેવું પણ તેમના જેવું જ હોય તો સારું.”

13
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
מִיכָיְהוּ મીખાયાહુએ H4321
חַי־ જીવતા-છે
יְהוָה યહોવા H3068
כִּי કે
אֶת־ તે H0853
אֲשֶׁר־ જે
יֹאמַר કહેશે H0559
אֱלֹהַי મારા-ઈશ્વર H0430
אֹתוֹ તે H0853
אֲדַבֵּר׃ હું-બોલીશ H1696

મિખાયાએ જવાબ આપ્યો, “જીવતા ઈશ્વરના સમ કે, મારા પ્રભુ મને જે કહેશે તે જ હું બોલીશ.”

14
וַיָּבֹא અને-આવ્યો H0935
אֶל־ પાસે H0413
הַמֶּלֶךְ રાજાના H4428
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
הַמֶּלֶךְ રાજાએ H4428
אֵלָיו તેને H0413
מִיכָה મીખાહ H4318
הֲנֵלֵךְ શું-જઈએ H3212
אֶל־ વિરુદ્ધ H0413
רָמֹת રામોથ H7433
גִּלְעָד ગિલયાદ H1568
לַמִּלְחָמָה યુદ્ધ-માટે H4421
אִם־ કે
אֶחְדָּל રોકાઈ-જઈએ H2308
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
עֲלוּ જાઓ H5927
וְהַצְלִיחוּ અને-સફળ-થાઓ
וְיִנָּתְנוּ અને-આપવામાં-આવશે H5414
בְּיֶדְכֶם׃ તમારા-હાથમાં H3027

જયારે તે રાજા પાસે આવ્યો, ત્યારે રાજાએ તેને કહ્યુ, “મિખાયા, અમે રામોથ ગિલ્યાદ પર ચઢાઈ કરીએ કે ન કરીએ?” મિખાયાએ જવાબ આપ્યો, “ચઢાઈ કરીને વિજય પામો કેમ કે એ મોટો વિજય હશે.”

15 וַיֹּאמֶר אֵלָיו הַמֶּלֶךְ עַד־ כַּמֶּה פְעָמִים אֲנִי מַשְׁבִּיעֶךָ אֲשֶׁר לֹא־ תְדַבֵּר
અને-કહ્યુ તેને રાજાએ સુધી કેટલી વાર હું શપથ-અપાવું-છું-તને કે નહીં બોલશો
H0559 H0413 H4428 H5704 H4100 H6471 H0589 H7650 H3808 H1696

אֵלַי רַק־ אֱמֶת בְּשֵׁם יְהוָה׃
મને ફક્ત સત્ય નામે યહોવાના
H0413 H7535 H0571 H8034 H3068

પછી રાજાએ તેને કહ્યુ, “ઈશ્વરને નામે મને કેવળ સત્ય જ કહેવા માટે મારે તારી પાસે કેટલી વાર સમ લેવડાવવા?”

16 וַיֹּאמֶר רָאִיתִי אֶת־ כָל־ יִשְׂרָאֵל נְפוֹצִים עַל־ הֶהָרִים כַּצֹּאן אֲשֶׁר אֵין־ לָהֶן
અને-કહ્યુ મેં-જોયું તે સર્વ ઇઝરાયેલને વેરવિખેર ઉપર પહાડો જેમ-ઘેટાં જેમના નથી તેમને
H0559 H7200 H0853 H3605 H3478 H2022 H6629 H0369

רֹעֶה וַיֹּאמֶר יְהוָה לֹא־ אֲדֹנִים לָאֵלֶּה יָשׁוּבוּ אִישׁ־ לְבֵיתוֹ בְּשָׁלוֹם׃
ઘેટાંપાળક અને-કહ્યુ યહોવાએ નથી માલિકો આમને પાછા-ફરે પ્રત્યેક પોતાને-ઘરે શાંતિમાં
H0559 H3068 H3808 H0113 H0428 H7725 H0376 H7965

તેથી મિખાયાએ કહ્યુ, “મેં સર્વ ઇઝરાયલીઓને પાળક વગરનાં ઘેટાંની જેમ પર્વતો ઉપર વિખેરાઈ ગયેલા જોયા અને ઈશ્વરે કહ્યુ, ‘એમનો કોઈ પાળક નથી. તેઓ દરેક પોતપોતાને ઘરે શાંતિથી પાછા જાય.’”

17 וַיֹּאמֶר מֶלֶךְ־ יִשְׂרָאֵל אֶל־ יְהוֹשָׁפָט הֲלוֹא אָמַרְתִּי אֵלֶיךָ לֹא־ יִתְנַבֵּא עָלַי
અને-કહ્યુ રાજાએ ઇઝરાયેલના તે યહોશાફાટને શું-નહોતું કહ્યુ-હતું તને નહીં ભવિષ્યવાણી-કરે મારા-વિશે
H0559 H4428 H3478 H0413 H3092 H3808 H0559 H0413 H3808 H5012

טוֹב כִּי אִם־ לְרָע׃ ס
સારું પણ સિવાય ખરાબ —

તેથી ઇઝરાયલના રાજાએ યહોશાફાટને કહ્યુ, “શું મેં તને નહોતું કહ્યુ કે તે મારા સંબંધી સારું નહિ, પણ માઠું ભવિષ્ય ભાખશે?”

18 וַיֹּאמֶר לָכֵן שִׁמְעוּ דְבַר־ יְהוָה רָאִיתִי אֶת־ יְהוָה יוֹשֵׁב עַל־ כִּסְאוֹ
અને-કહ્યુ તેથી સાંભળો વચન યહોવાનું મેં-જોયું તે યહોવાને બેસી-રહેલા ઉપર તેમના-સિંહાસન
H0559 H8085 H1697 H3068 H7200 H0853 H3068 H3427 H3678

וְכָל־ צְבָא הַשָּׁמַיִם עֹמְדִים עַל־ יְמִינוֹ וּשְׂמֹאלוֹ׃
અને-સર્વ સેના આકાશની ઊભી-રહી-હતી ઉપર તેમની-જમણી-બાજુએ અને-તેમની-ડાબી-બાજુએ
H3605 H8064 H5975 H3225 H8040

પછી મિખાયાએ કહ્યુ, “તમે સર્વ ઈશ્વરનું વચન સાંભળો મેં ઈશ્વરને તેમના સિંહાસન પર બેઠેલા જોયા છે અને આકાશનું આખું સૈન્ય તેમને જમણે હાથે તથા ડાબે હાથે ઊભેલું હતું.

19 וַיֹּאמֶר יְהוָה מִי יְפַתֶּה אֶת־ אַחְאָב מֶלֶךְ־ יִשְׂרָאֵל וְיַעַל וְיִפֹּל בְּרָמוֹת
અને-કહ્યુ યહોવાએ કોણ લલચાવશે તે અહાબને રાજા ઇઝરાયેલના અને-જાય અને-પડે રામોથમાં
H0559 H3068 H4310 H0853 H0256 H4428 H3478 H5927 H5307 H7433

גִּלְעָד וַיֹּאמֶר זֶה אֹמֵר כָּכָה וְזֶה אֹמֵר כָּכָה׃
ગિલયાદ અને-કહ્યુ આ કહે-છે આમ અને-આ કહે-છે આમ
H1568 H0559 H2088 H0559 H3602 H2088 H0559 H3602

ઈશ્વરે કહ્યુ, ‘કોણ ઇઝરાયલના રાજા આહાબને ફોસલાવીને રામોથ ગિલ્યાદ લઈ જાય કે ત્યાં તે માર્યો જાય?’ ત્યારે એકે આમ કહ્યુ અને બીજાએ તેમ કહ્યુ.

20 וַיֵּצֵא הָרוּחַ וַיַּעֲמֹד לִפְנֵי יְהוָה וַיֹּאמֶר אֲנִי אֲפַתֶּנּוּ וַיֹּאמֶר יְהוָה
અને-બહાર-આવ્યો આત્મા અને-ઊભો-રહ્યો સામે યહોવાની અને-કહ્યુ હું તેને-લલચાવીશ અને-કહ્યુ યહોવાએ
H3318 H7307 H5975 H6440 H3068 H0559 H0589 H0559 H3068

אֵלָיו בַּמָּה׃
તેને કેવી-રીતે
H0413 H4100

પછી એક આત્માએ આગળ આવીને ઈશ્વરની સમક્ષ ઊભા રહીને કહ્યુ, 'હું તેને ફોસલાવીશ.' ઈશ્વરે તેને પૂછ્યું, 'કેવી રીતે?'

21

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֵצֵא | וְהָיִיתִי | לְרוּחַ | שֶׁקֶר | בְּפִי | כָּל־ | נְבִיאָיו | וַיֹּאמֶר | תְּפַתֶּה |
| અને-કહ્યુ | હું-બહાર-જઈશ | અને-હોઈશ | આત્મા | જૂઠી | મોંમાં | સર્વ | તેના-પ્રબોધકોના | અને-કહ્યુ | તું-લલચાવીશ |
| H0559 | H3318 | H1961 | H7307 | H8267 | H6310 | H3605 | H5030 | H0559 | |

| | | | | |
|---|---|---|---|---|
| וְגַם־ | תּוּכָל | צֵא | וַעֲשֵׂה־ | כֵן׃ |
| અને-પણ | સફળ-થઈશ | જા | અને-આમ-કર | એમ |
| H1571 | H3201 | H3318 | | |

આત્માએ જવાબ આપ્યો, 'ત્યાં જઈને હું તેના બધા પ્રબોધકોના મુખમાં જૂઠું બોલનાર આત્મા થઈશ.' ઈશ્વરે જવાબ આપ્યો, 'તું તેને ફોસલાવશે અને તું સફળ પણ થશે. હવે જઈને એમ કર.'"

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | הִנֵּה | נָתַן | יְהוָה | רוּחַ | שֶׁקֶר | בְּפִי | נְבִיאֶיךָ | אֵלֶּה | וַיהוָה | דִּבֶּר |
| અને-હવે | જુઓ | મૂક્યો-છે | યહોવાએ | આત્મા | જૂઠી | મોંમાં | તારા-પ્રબોધકોના | આ | અને-યહોવાએ | કહ્યુ-છે |
| H6258 | H2009 | H5414 | H3068 | H7307 | H8267 | H6310 | H5030 | H0428 | H3068 | H1696 |

| | | |
|---|---|---|
| עָלֶיךָ | רָעָה׃ | ס |
| તારા-વિરુદ્ધ | ખરાબ | — |

હવે જો, ઈશ્વરે આ તારા પ્રબોધકોના મુખમાં જૂઠું બોલનાર આત્મા મૂક્યો છે અને ઈશ્વર તારા સંબંધી અશુભ બોલ્યા છે."

23

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּגַּשׁ | צִדְקִיָּהוּ | בֶן־ | כְּנַעֲנָה | וַיַּךְ | אֶת־ | מִיכָיְהוּ | עַל־ | הַלֶּחִי | וַיֹּאמֶר |
| અને-પાસે-આવ્યો | સિદકીયાહુ | પુત્ર | કનઆનાનો | અને-માર્યો | તે | મીખાયાહુને | ઉપર | ગાલે | અને-કહ્યુ |
| H5066 | H6667 | | H3668 | H5221 | H0853 | H4321 | | H3895 | H0559 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֵי | זֶה | הַדֶּרֶךְ | עָבַר | רוּחַ־ | יְהוָה | מֵאִתִּי | לְדַבֵּר | אֹתָךְ׃ |
| ક્યાં | આ | માર્ગે | ગયો | આત્મા | યહોવાનો | મારાથી | બોલવા | તને |
| H0335 | H2088 | H1870 | | H7307 | H3068 | H0854 | H1696 | H0853 |

ત્યારે કેનાહના દીકરા સિદકિયાએ ઉપર આવીને મિખાયાને તેના ગાલ પર તમાચો મારીને કહ્યુ, "ઈશ્વરનો આત્મા તારી સાથે બોલવાને મારી પાસેથી ક્યા માર્ગે થઈને ગયો?"

24

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | מִיכָיְהוּ | הִנְּךָ | רֹאֶה | בַּיּוֹם | הַהוּא | אֲשֶׁר | תָּבוֹא | חֶדֶר | בְּחֶדֶר | לְהֵחָבֵא׃ |
| અને-કહ્યુ | મીખાયાહુએ | જુઓ-તું | જોશે | તે-દિવસે | તે | જ્યારે | તું-જઈશ | ઓરડામાં | ઓરડામાં | છુપાવા |
| H0559 | H4321 | H2009 | H7200 | H3117 | H1931 | | H0935 | H2315 | H2315 | H2244 |

મિખાયાએ કહ્યુ, "જો, જે દિવસે તું સંતાવાને અંદરના ઓરડામાં ભરાઈ જશે તે દિવસે તું તે જોશે."

25

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | מֶלֶךְ | יִשְׂרָאֵל | קְחוּ | אֶת־ | מִיכָיְהוּ | וַהֲשִׁיבֻהוּ | אֶל־ | אָמוֹן | שַׂר־ |
| અને-કહ્યુ | રાજાએ | ઇઝરાયેલને | પકડો | તે | મીખાયાહુને | અને-તેને-પાછા-મોકલો | પાસે | આમોન | સરદાર |
| H0559 | H4428 | H3478 | H3947 | H0853 | H4321 | H7725 | H0413 | H0526 | H8269 |

| | | | | |
|---|---|---|---|---|
| הָעִיר | וְאֶל־ | יוֹאָשׁ | בֶּן־ | הַמֶּלֶךְ׃ |
| નગરનો | અને-પાસે | યોઆશ | પુત્ર | રાજાનો |
| | H0413 | H3101 | | H4428 |

ઇઝરાયલના રાજાએ કેટલાક ચાકરોને કહ્યુ, "મિખાયાને પકડીને તેને નગરના રાજ્યપાલ આમોનની પાસે તથા મારા દીકરા યોઆશની પાસે પાછો લઈ જાઓ.

26

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַאֲמַרְתֶּם | כֹּה | אָמַר | הַמֶּלֶךְ | שִׂימוּ | זֶה | בֵּית | הַכֶּלֶא | וְהַאֲכִלֻהוּ | לֶחֶם | לַחַץ |
| અને-કહો | આમ | કહે-છે | રાજા | મૂકો | આને | ઘરમાં | બંદીખાનાને | અને-ખવડાવો | રોટી | કષ્ટની |
| H0559 | H3541 | H0559 | H4428 | | H2088 | | H3608 | H0398 | H3899 | H3906 |

| | | | | |
|---|---|---|---|---|
| וּמַיִם | לַחַץ | עַד | שׁוּבִי | בְשָׁלוֹם׃ |
| અને-પાણી | કષ્ટનું | સુધી | હું-પાછો-ફરું | શાંતિથી |
| H4325 | H3906 | H5704 | H7725 | H7965 |

તમે તેમને કહેજો કે, 'રાજા કહે છે, આને જેલમાં પૂરો અને હું સુરક્ષિત પાછો આવું ત્યાં સુધી તેને થોડી જ રોટલી તથા થોડું જ પાણી આપજો.'"

27

| וַיֹּאמֶר | מִיכָ֫יְהוּ | אִם־ | שׁ֤וֹב | תָּשׁוּב֙ | בְּשָׁל֔וֹם | לֹֽא־ | דִבֶּ֥ר | יְהוָ֖ה | בִּ֑י | וַיֹּ֕אמֶר |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | મીખાયાહુએ | જો | ખરેખર | પાછા-ફરશો | શાંતિમાં | નહીં | બોલ્યા-છે | યહોવા | મારા-દ્વારા | અને-કહ્યુ |
| H0559 | H4321 | | H7725 | H7725 | H7965 | H3808 | H1696 | H3068 | | H0559 |

| שִׁמְע֖וּ | עַמִּ֥ים | כֻּלָּֽם׃ | פ |
|---|---|---|---|
| સાંભળો | લોકો | સર્વ | — |
| H8085 | | H3605 | |

પછી મિખાયાએ કહ્યુ, "જો તું સુરક્ષિત પાછો ફરે તો ઈશ્વર મારા દ્વારા બોલ્યા નથી એમ સમજવું." વળી તેણે કહ્યુ, "હે સર્વ લોકો તમે આ સાંભળો."

28

| וַיַּ֧עַל | מֶֽלֶךְ־ | יִשְׂרָאֵ֛ל | וִיהוֹשָׁפָ֥ט | מֶֽלֶךְ־ | יְהוּדָ֖ה | אֶל־ | רָמֹ֥ת | גִּלְעָֽד׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-ગયા | રાજા | ઇઝરાયેલનો | અને-યહોશાફાટ | રાજા | યહૂદાનો | વિરુદ્ધ | રામોથ | ગિલયાદ |
| H5927 | H4428 | H3478 | H3092 | H4428 | H3063 | H0413 | H7433 | H1568 |

તેથી ઇઝરાયલના રાજા આહાબે તથા યહૂદિયાના યહોશાફાટે રામોથ ગિલ્યાદ પર ચઢાઈ કરી.

29

| וַיֹּ֩אמֶר֩ | מֶ֨לֶךְ | יִשְׂרָאֵ֜ל | אֶל־ | יְהוֹשָׁפָ֗ט | הִתְחַפֵּ֞שׂ | וָבוֹא֙ | בַמִּלְחָמָ֔ה | וְאַתָּ֖ה | לְבַ֣שׁ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | રાજાએ | ઇઝરાયેલના | તે | યહોશાફાટને | હું-વેશ-બદલીશ | અને-જઈશ | યુદ્ધમાં | અને-તું | પહેર |
| H0559 | H4428 | H3478 | H0413 | H3092 | H2664 | H0935 | H4421 | | H3847 |

| בְּגָדֶ֑יךָ | וַיִּתְחַפֵּשׂ֙ | מֶ֣לֶךְ | יִשְׂרָאֵ֔ל | וַיָּבֹ֖אוּ | בַּמִּלְחָמָֽה׃ |
|---|---|---|---|---|---|
| તારાં-વસ્ત્રો | અને-વેશ-બદલ્યો | રાજાએ | ઇઝરાયેલન◌ે | અને-ગયા | યુદ્ધમાં |
| | H2664 | H4428 | H3478 | H0935 | H4421 |

ઇઝરાયલના રાજાએ યહોશાફાટને કહ્યુ, "હું મારો વેશ બદલીને યુદ્ધમાં જઈશ, પણ તમે તમારો રાજપોષાક પહેરી રાખજો." તેથી ઇઝરાયલના રાજાએ વેશ બદલ્યો અને તેઓ યુદ્ધમાં ગયા.

30

| וּמֶ֣לֶךְ | אֲרָ֗ם | צִוָּ֞ה | אֶת־ | שָׂרֵ֨י | הָרֶ֤כֶב | אֲשֶׁר־ | ל֙וֹ֙ | לֵאמֹ֔ר | לֹ֣א | תִּֽלָּחֲמ֔וּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-રાજાએ | અરામના | આજ્ઞા-આપી | તે | સરદારોને | રથન◌ે | જે | તેન◌ે-હત◌ે | કહેતા | નહીં | લડશો |
| H4428 | H0758 | H6680 | H0853 | H8269 | H7393 | | | H0559 | H3808 | |

| אֶת־ | הַקָּטֹ֖ן | אֶת־ | הַגָּד֑וֹל | כִּ֛י | אִם־ | אֶת־ | מֶ֥לֶךְ | יִשְׂרָאֵ֖ל | לְבַדּֽוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તે | નાના | કે-તે | મોટા-સાથે | પણ | સિવાય | તે | રાજાને | ઇઝરાયેલન◌ે | એકલાને |
| H0854 | | H0854 | | | | H0854 | H4428 | H3478 | H0905 |

હવે અરામના રાજાએ પોતાના રથાધિપતિઓને એવી આજ્ઞા આપી હતી કે, "તમારે ઇઝરાયલના રાજા સિવાય બીજા કોઈની પર હુમલો કરવો નહિ."

31

| וַיְהִ֡י | כִּרְא֞וֹת | שָׂרֵ֣י | הָרֶ֡כֶב | אֶת־ | יְהוֹשָׁפָ֗ט | וְהֵ֤מָּה | אָֽמְרוּ֙ | מֶ֣לֶךְ | יִשְׂרָאֵ֣ל | ה֔וּא |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | જ્યારે-જોયા | સરદારોએ | રથના | તે | યહોશાફાટને | અને-તેઓએ | કહ્યુ | રાજા | ઇઝરાયેલનો | આ-છે |
| H1961 | H7200 | H8269 | H7393 | H0853 | H3092 | H1992 | H0559 | H4428 | H3478 | H1931 |

| וַיָּסֹ֥בּוּ | עָלָ֖יו | לְהִלָּחֵ֑ם | וַיִּזְעַ֤ק | יְהוֹשָׁפָט֙ | וַֽיהוָ֣ה | עֲזָר֔וֹ | וַיְסִיתֵ֥ם | אֱלֹהִ֖ים |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-ફર્યા | તેની-ઉપર | લડવા | અને-બૂમો-પાડી | યહોશાફાટે | અને-યહોવાએ | તેને-મદદ-કરી | અને-વાળ્યા | ઈશ્વરે |
| H5437 | | | H2199 | H3092 | H3068 | H5826 | H5496 | H0430 |

| מִמֶּֽנּוּ׃ |
|---|
| તેમનાથી |

અને એમ થયું કે જયારે રથાધિપતિઓએ યહોશાફાટને જોયો ત્યારે તેઓએ કહ્યુ કે, "આ ઇઝરાયલનો રાજા છે." માટે તેઓ તેની સાથે લડવાને આવ્યા, પણ યહોશાફાટે બૂમ પાડી અને ઈશ્વરે તેને મદદ કરી. ઈશ્વરે તેઓનાં મન ફેરવ્યાં.

32

| וַיְהִ֗י | כִּרְאוֹת֙ | שָׂרֵ֣י | הָרֶ֔כֶב | כִּ֥י | לֹא־ | הָיָ֖ה | מֶ֣לֶךְ | יִשְׂרָאֵ֑ל | וַיָּשֻׁ֖בוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | જ્યારે-જોયું | સરદારોએ | રથન◌ે | કે | નહોતો | હતો | રાજા | ઇઝરાયેલનો | અને-પાછા-ફર્યા |
| H1961 | H7200 | H8269 | H7393 | | H3808 | H1961 | H4428 | H3478 | H7725 |

| מֵאַחֲרָֽיו׃ |
|---|
| તેની-પાછળથી |

અને એમ થયું કે જયારે રથાધિપતિઓએ જોયું કે એ તો ઇઝરાયલનો રાજા નથી, ત્યારે તેઓ તેની પાછળ ન પડતાં પાછા ફર્યા.

33

| | | |
|---|---|---|
| וְאִישׁ | અને-એક-માણસે | H0376 |
| מָשַׁךְ | ખેંચ્યું | H4900 |
| בַּקֶּשֶׁת | ધનુષમાં | H7198 |
| לְתֻמּוֹ | સહજમાં | H8537 |
| וַיַּךְ | અને-માર્યો | H5221 |
| אֶת־ | તે | H0853 |
| מֶלֶךְ | રાજાને | H4428 |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલને | H3478 |
| בֵּין | વચ્ચે | H0996 |
| הַדְּבָקִים | જોડાણો | H1694 |
| וּבֵין | અને-વચ્ચે | H0996 |
| הַשִּׁרְיָן | બખ્તર | |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| לְרַכָּב | રથચાલકને | H7395 |
| הֲפֹךְ | વાળ | H2015 |
| ]ידיך[ | — | H3027 |
| )יָדְךָ( | તારો-હાથ | H3027 |
| וְהוֹצֵאתַנִי | અને-મને-લઈ-જા | H3318 |
| מִן־ | માંથી | |
| הַמַּחֲנֶה | છાવણી | H4264 |
| כִּי | કારણ-કે | |
| הָחֳלֵיתִי׃ | હું-ઘાયલ-થયો-છું | |

પણ એક માણસે અનાયાસે ધનુષ્ય ખેંચીને ઇઝરાયલના રાજાને કવચના સાંધાની વચમાં બાણ માર્યું. પછી આહાબે પોતાના સારથિને કહ્યુ, “રથ ફેરવીને મને યુદ્ધમાંથી બહાર લઈ જા, કેમ કે હું બહુ ખરાબ રીતે ઘવાયો છું.”

34

| | | |
|---|---|---|
| וַתַּעַל | અને-વધ્યું | H5927 |
| הַמִּלְחָמָה | યુદ્ધ | H4421 |
| בַּיּוֹם | તે-દિવસે | H3117 |
| הַהוּא | તે | H1931 |
| וּמֶלֶךְ | અને-રાજા | H4428 |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલનો | H3478 |
| הָיָה | હતો | H1961 |
| מַעֲמִיד | ટેકવાયેલો | H5975 |
| בַּמֶּרְכָּבָה | રથમાં | H4818 |
| נֹכַח | સામે | H5227 |
| אֲרָם | અરામ | H0758 |
| עַד־ | સુધી | H5704 |
| הָעָרֶב | સાંજ | H6153 |
| וַיָּמָת | અને-મર્યો | H4191 |
| לְעֵת | સમયે | H6256 |
| בּוֹא | આવવાને | H0935 |
| הַשָּׁמֶשׁ׃ | સૂર્યાસ્ત | H8121 |

તે દિવસે ભીષણ યુદ્ધ ખેલાયું અને ઇઝરાયલના રાજાને ટેકો આપીને અરામીઓની સામે રથમાં સાંજ સુધી ટટ્ટાર બેસાડી રાખ્યો હતો. આશરે સૂર્યાસ્ત થતાં તે મરણ પામ્યો.

# Chapter 19

1

| | | |
|---|---|---|
| וַיָּשָׁב | અને-પાછો-ફર્યો | H7725 |
| יְהוֹשָׁפָט | યહોશાફાટ | H3092 |
| מֶלֶךְ־ | રાજા | H4428 |
| יְהוּדָה | યહૂદાનો | H3063 |
| אֶל־ | તે | H0413 |
| בֵּיתוֹ | તેને-ઘરે | |
| בְּשָׁלוֹם | શાંતિથી | H7965 |
| לִירוּשָׁלִָם׃ | યરુશાલેમમાં | H3389 |

યહૂદિયાનો રાજા યહોશાફાટ સુરક્ષિત રીતે યરુશાલેમમાં પોતાના ઘરે પાછો ફર્યો.

2

| | | |
|---|---|---|
| וַיֵּצֵא | અને-બહાર-આવ્યો | H3318 |
| אֶל־ | તે | H0413 |
| פָּנָיו | તેની-સામે | H6440 |
| יֵהוּא | યેહૂ | H3058 |
| בֶן־ | પુત્ર | |
| חֲנָנִי | હનાનીનો | H2607 |
| הַחֹזֶה | દ્રષ્ટા | H2374 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֶל־ | તે | H0413 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| יְהוֹשָׁפָט | યહોશાફાટને | H3092 |
| הֲלָרָשָׁע | શું-દુષ્ટને | H7563 |
| לַעְזֹר | મદદ-કરવી | H5826 |
| וּלְשֹׂנְאֵי | અને-ધિક્કારનારાઓને | H8130 |
| יְהוָה | યહોવાને | H3068 |
| תֶּאֱהָב | તું-પ્રેમ-કરે-છે | H0157 |
| וּבָזֹאת | અને-આને-કારણે | H2063 |
| עָלֶיךָ | તારે-ઉપર | |
| קֶּצֶף | ક્રોધ | |
| מִלִּפְנֵי | સામેથી | H6440 |
| יְהוָה׃ | યહોવાનો | H3068 |

ત્યારે પ્રબોધક હનાનીનો દીકરો યેહૂ યહોશાફાટ રાજાને મળવા ગયો અને તેને કહ્યુ, “શું તારે દુર્જનોને મદદ કરવી જોઈએ? અને જેઓ ઈશ્વરને ધિક્કારે છે તેઓ પર શું તારે પ્રેમ કરવો જોઈએ? એને લીધે ઈશ્વરનો કોપ તારા પર પ્રગટ થયો છે.

3

| | | |
|---|---|---|
| אֲבָל | તોપણ | H0061 |
| דְּבָרִים | બાબતો | H1697 |
| טוֹבִים | સારી | |
| נִמְצְאוּ | મળી-છે | H4672 |
| עִמָּךְ | તારી-માં | |
| כִּי־ | કારણ-કે | |
| בִעַרְתָּ | દૂર-કર્યા | |
| הָאֲשֵׁרוֹת | અશેરાઓ | H0842 |
| מִן־ | માંથી | |
| הָאָרֶץ | દેશમાંથી | H0776 |
| וַהֲכִינוֹתָ | અને-તૈયાર-કર્યું | |
| לְבָבְךָ | તારું-હૃદય | H3824 |
| לִדְרֹשׁ | શોધવા | H1875 |
| הָאֱלֹהִים׃ | ઈશ્વરને | H0430 |

તોપણ તારામાં કંઈક સારી બાબતો માલૂમ પડી છે, કેમ કે તેં દેશમાંથી અશેરોથ મૂર્તિને હઠાવી દીધી છે. અને ઈશ્વર પ્રત્યે વિશ્વાસુ રહેવામાં તારું મન વાળ્યું છે."

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּשֶׁב | יְהוֹשָׁפָט | בִּירוּשָׁלִָם | ס | וַיָּשָׁב | וַיֵּצֵא | בָּעָם | מִבְּאֵר שֶׁבַע | עַד־ |
| અને-રહ્યો | યહોશાફાટ | યરુશાલેમમાં | — | અને-ફરી-બહાર-ગયો | અને-નીકળ્યો | લોકોમાં | બેરશેબાથી | સુધી |
| H3427 | H3092 | H3389 | | H7725 | H3318 | | H0884 | H5704 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הַר | אֶפְרַיִם | וַיְשִׁיבֵם | אֶל־ | יְהוָה | אֱלֹהֵי | אֲבוֹתֵיהֶם׃ |
| પર્વત | એફ્રાઈમના | અને-પાછા-લાવ્યા | તરફ | યહોવા | ઈશ્વર | તેમના-પૂર્વજોને |
| H2022 | H0669 | H7725 | H0413 | H3068 | H0430 | H0001 |

યહોશાફાટ યરુશાલેમમાં રહ્યો; અને ફરીથી બેરશેબાથી માંડીને એફ્રાઇમના પહાડી પ્રદેશ સુધી લોકોમાં ફરીને તેણે તેઓના પિતૃઓના પ્રભુ ઈશ્વર તરફ તેઓનાં મન ફેરવ્યાં.

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲמֵד | שֹׁפְטִים | בָּאָרֶץ | בְּכָל־ | עָרֵי | יְהוּדָה | הַבְּצֻרוֹת | לְעִיר | וָעִיר׃ |
| અને-નીમ્યા | ન્યાયાધીશો | દેશમાં | સર્વ | નગરોમાં | યહૂદાનાં | કિલ્લેબંધ | નગરે-નગર | માં |
| H5975 | H8199 | H0776 | H3605 | | H3063 | H1219 | | |

તેણે દેશમાં, એટલે યહૂદિયાના સર્વ કિલ્લાવાળાં નગરોમાંના પ્રત્યેક નગરમાં, ન્યાયાધીશો નીમ્યા.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֶל־ | הַשֹּׁפְטִים | רְאוּ | מָה־ | אַתֶּם | עֹשִׂים | כִּי | לֹא | לְאָדָם | תִּשְׁפְּטוּ |
| અને-કહ્યુ | તે | ન્યાયાધીશોને | જુઓ | શું | તમે | કરો-છો | કારણ-કે | નહીં | માણસ-માટે | ન્યાય-કરો-છો |
| H0559 | H0413 | H8199 | H7200 | H4100 | | | | H3808 | H0120 | H8199 |

| | | | | |
|---|---|---|---|---|
| כִּי | לַיהוָה | וְעִמָּכֶם | בִּדְבַר | מִשְׁפָּט׃ |
| પણ | યહોવા-માટે | અને-તમારી-સાથે-છે | બાબતમાં | ન્યાયની |
| | H3068 | | H1697 | H4941 |

તેણે ન્યાયાધીશોને કહ્યુ, "તમે જે ન્યાય કરો તે વિચારીને કરજો કેમ કે તમે માણસો તરફથી ન્યાય કરતા નથી પણ ઈશ્વરના નામે ન્યાય કરો છો; યાદ રાખજો કે તમે જ્યારે ઇનસાફ કરો ત્યારે ઈશ્વર તમારી સાથે હોય છે.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | יְהִי | פַחַד־ | יְהוָה | עֲלֵיכֶם | שִׁמְרוּ | וַעֲשׂוּ | כִּי־ | אֵין | עִם־ | יְהוָה |
| અને-હવે | હોય | ભય | યહોવાનો | તમારે-ઉપર | સાચવો | અને-કરો | કારણ-કે | નથી | સાથે | યહોવા |
| H6258 | H1961 | H6343 | H3068 | | H8104 | | | H0369 | | H3068 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֱלֹהֵינוּ | עַוְלָה | וּמַשֹּׂא | פָנִים | וּמִקַּח־ | שֹׁחַד׃ |
| આપણા-ઈશ્વરના | અન્યાય | કે-પક્ષપાત | મુખનો | કે-લાંચ | લેવાની |
| H0430 | | H4856 | H6440 | H4727 | H7810 |

માટે હવે ઈશ્વરનો ડર રાખીને ચાલજો. જયારે તમે ન્યાય કરો ત્યારે સાંભળીને કરજો, કેમ કે આપણા પ્રભુ, ઈશ્વરને અન્યાય, પક્ષપાત અને લાંચ રુશવત પસંદ નથી."

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְגַם | בִּירוּשָׁלִַם | הֶעֱמִיד | יְהוֹשָׁפָט | מִן־ | הַלְוִיִּם | וְהַכֹּהֲנִים | וּמֵרָאשֵׁי | הָאָבוֹת |
| અને-પણ | યરુશાલેમમાં | નીમ્યા | યહોશાફાટે | માંથી | લેવીઓ | અને-યાજકો | અને-પિતૃગૃહના-વડીલો | પૂર્વજોને |
| H1571 | H3389 | H5975 | H3092 | | H3881 | H3548 | | H0001 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| לְיִשְׂרָאֵל | לְמִשְׁפַּט | יְהוָה | וְלָרִיב | וַיָּשֻׁבוּ | יְרוּשָׁלִָם׃ |
| ઇઝરાયેલ-માટે | ન્યાય-માટે | યહોવાને | અને-વિવાદો-માટે | અને-પાછે-આવ્યે | યરુશાલેમમાં |
| H3478 | H4941 | H3068 | H7379 | H7725 | H3389 |

ઉપરાંત, યહોશાફાટે ઈશ્વરના નિયમ સંબંધી ન્યાય ચૂકવવા માટે અને તકરારો માટે યરુશાલેમમાં લેવીઓ, યાજકો અને ઇઝરાયલના કુટુંબોના વડીલોમાંથી કેટલાકને નિયુક્ત કર્યા. તેઓ યરુશાલેમમાં આવ્યા.

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְצַו | עֲלֵיהֶם | לֵאמֹר | כֹּה | תַעֲשׂוּן | בְּיִרְאַת | יְהוָה | בֶּאֱמוּנָה | וּבְלֵבָב | שָׁלֵם׃ |
| અને-આજ્ઞા-આપી | તેમને | કહેતા | આમ | કરો | ભયમાં | યહોવાને | વિશ્વાસપૂર્વક | અને-હૃદયથી | સંપૂર્ણ |
| H6680 | | H0559 | H3541 | | H3374 | H3068 | H0530 | H3824 | H8003 |

તેણે તેઓને સૂચનો આપ્યાં, "ઈશ્વરને આદર આપતા તમારે વિશ્વાસુપણાથી અને સંપૂર્ણ હૃદયથી વર્તવું.

10

| וְכָל־ | רִיב | אֲשֶׁר־ | יָבוֹא | עֲלֵיכֶם | מֵאֲחֵיכֶם׀ | הַיֹּשְׁבִים | בְּעָרֵיהֶם | בֵּין־ | דָּם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-દરેક | વિવાદ | જે | આવે | તમારા-પાસે | તમાર◌ે-ભાઈઓથી | જે-રહે-છે | તેમના-નગરોમાં | વચ્ચે | રક્ત |
| H3605 | H7379 | | H0935 | | H0251 | H3427 | | H0996 | H1818 |

| לְדָם | בֵּין־ | תּוֹרָה | לְמִצְוָה | לְחֻקִּים | וּלְמִשְׁפָּטִים | וְהִזְהַרְתֶּם | אֹתָם | וְלֹא |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-રક્તનો | વચ્ચે | નિયમશાસ્ત્ર | અને-આજ્ઞાનો | વિધિઓનો | અને-ન્યાયનો | અને-ચેતવણી-આપો | તેમને | અને-નહીં |
| H1818 | H0996 | H8451 | H4687 | H2706 | H4941 | | H0853 | H3808 |

| יֶאְשְׁמוּ | לַיהוָה | וְהָיָה־ | קֶצֶף | עֲלֵיכֶם | וְעַל־ | אֲחֵיכֶם | כֹּה | תַעֲשׂוּן | וְלֹא |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દોષી-થાય | યહોવા-સામે | અને-હશે | ક્રોધ | તમાર◌ે-ઉપર | અને-ઉપર | તમારા-ભાઈઓ | આમ | કરો | અને-નહીં |
| H0816 | H3068 | H1961 | | | | H0251 | H3541 | | H3808 |

| תֶאְשָׁמוּ׃ |
|---|
| દોષી-થશો |
| H0816 |

જયારે પોતાનાં નગરોમાં રહેતા તમારા ભાઈઓના ખૂન, નિયમો અને આજ્ઞાઓ, મૂર્તિઓ અથવા વ્યવસ્થા સંબંધી કોઈપણ તકરાર તમારી પાસે આવે ત્યારે તમારે લોકોને ચેતવણી આપવી કે, તેઓ ઈશ્વરની વિરુદ્ધ પાપ ન કરે અને તેથી ઈશ્વરનો કોપ તમારા ઉપર અને તમારા ભાઈઓ ઊપર ઊતરે નહિ. જો તમે આ પ્રમાણે વર્તશો તો તમે દોષિત ઠરશો નહિ.

11

| וְהִנֵּה | אֲמַרְיָהוּ | כֹהֵן | הָרֹאשׁ | עֲלֵיכֶם | לְכֹל | דְּבַר־ | יְהוָה | וּזְבַדְיָהוּ | בֶן־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જુઓ | અમાર્યાહ | યાજક | મુખ્ય | તમાર◌ે-ઉપર-છે | સર્વ | બાબતો | યહોવાની | અને-ઝબાદ્યાહ | પુત્ર |
| H2009 | H0568 | H3548 | | | H3605 | H1697 | H3068 | H2069 | |

| יִשְׁמָעֵאל | הַנָּגִיד | לְבֵית־ | יְהוּדָה | לְכֹל | דְּבַר־ | הַמֶּלֶךְ | וְשֹׁטְרִים | הַלְוִיִּם | לִפְנֵיכֶם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઇશ્માએલનો | અધિકારી | ઘરનો | યહૂદાનો | સર્વ | બાબતો | રાજાની | અને-અધિકારીઓ | લેવીઓ | તમારા-સામે-છે |
| H3458 | H5057 | | H3063 | H3605 | H1697 | H4428 | H7860 | H3881 | H6440 |

| חִזְקוּ | וַעֲשׂוּ | וִיהִי | יְהוָה | עִם־ | הַטּוֹב׃ | פ |
|---|---|---|---|---|---|---|
| મજબૂત-થાઓ | અને-કરો | અને-હશે | યહોવા | સાથે | સારાના | — |
| H2388 | | H1961 | H3068 | | | |

જુઓ, તે મુખ્ય યાજક અમાર્યા, ઈશ્વર સંબંધી બધી બાબતોમાં તમારો અધિકારી છે. રાજાને લગતી તમામ બાબતોમાં યહૂદા કુળનો આગેવાન ઇશ્માએલનો પુત્ર ઝબાદ્યા તમારો અધિકારી થશે. લેવીઓ પણ તમારા અધિકારીઓની સેવા માટે હશે. હિંમતપૂર્વક વર્તજો. નિર્દોષનું રક્ષણ કરવા માટે ઈશ્વર તમારો ઉપયોગ કરો."

## Chapter 20

1

| וַיְהִי | אַחֲרֵיכֵן | בָּאוּ | בְנֵי־ | מוֹאָב | וּבְנֵי | עַמּוֹן | וְעִמָּהֶם | מֵהָעַמּוֹנִים | עַל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | પછીથી | આવ્યા | પુત્રો | મોઆબના | અને-પુત્રો | આમ્મોનના | અને-તેમની-સાથે | આમ્મોનીઓમાંથી | વિરુદ્ધ |
| H1961 | | H0935 | | H4124 | | H5983 | | H5984 | |

| יְהוֹשָׁפָט | לַמִּלְחָמָה׃ |
|---|---|
| યહોશાફાટ | યુદ્ધ-માટે |
| H3092 | H4421 |

આ પછી એવું બન્યું કે, મોઆબીઓ અને આમ્મોનીઓ અને તેઓની સાથે કેટલાક મેઉનીઓ યહોશાફાટ સામે લડવા આવ્યા.

2

| וַיָּבֹאוּ | וַיַּגִּידוּ | לִיהוֹשָׁפָט | לֵאמֹר | בָּא | עָלֶיךָ | הָמוֹן | רָב | מֵעֵבֶר | לַיָּם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-આવ્યા | અને-ખબર-આપી | યહોશાફાટને | કહેતા | આવે-છે | તાર◌ે-ઉપર | ટોળું | મોટું | પારથી | સમુદ્રના |
| H0935 | H5046 | H3092 | H0559 | H0935 | | | | H5676 | H3220 |

| מֵאֲרָם | וְהִנָּם | בְּחַצְצוֹן תָּמָר | הִיא | עֵין | גֶּדִי׃ |
|---|---|---|---|---|---|
| અરામમાંથી | અને-જુઓ-તેઓ-છે | હઝઝોન-તામારમાં | તે-છે | એન | ગેદી |
| H0758 | H2009 | H2688 | H1931 | H5872 | H5872 |

કેટલાકે યહોશાફાટને ખબર આપી, “એક મોટું લશ્કર મૃતસમુદ્રને સામે કિનારે આવેલા અરામથી તારી વિરુદ્ધ આવી રહ્યુ છે,” તે લોકો હાસસોન-તામાર એટલે કે એન-ગેદીમાં છે.

3

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּרָ֕א | וַיִּתֵּ֧ן | יְהוֹשָׁפָ֛ט | אֶת־ | פָּנָ֖יו | לִדְר֣וֹשׁ | לַיהוָ֑ה | וַיִּקְרָא־ | צ֖וֹם | עַל־ | כָּל־ | יְהוּדָֽה׃ |
| અને-ડર્યા | અને-આપ્યું | યહોશાફાટે | તે | તેનું-મુખ | શોધવા | યહોવાને | અને-જાહેર-કર્યો | ઉપવાસ | ઉપર | સમગ્ર | યહૂદા |
| H3372 | H5414 | H3092 | H0853 | H6440 | H1875 | H3068 | H7121 | H6685 | | H3605 | H3063 |

યહોશાફાટ ગભરાઈ ગયો અને તેણે પોતે ઈશ્વરની સહાય માગી. તેણે આખા યહૂદિયામાં ઉપવાસ જાહેર કર્યો.

4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקָּבְצ֣וּ | יְהוּדָ֔ה | לְבַקֵּ֖שׁ | מֵיְהוָ֑ה | גַּ֚ם | מִכָּל־ | עָרֵ֣י | יְהוּדָ֔ה | בָּ֖אוּ | לְבַקֵּ֥שׁ | אֶת־ | יְהוָֽה׃ |
| અને-એકત્રિત-થયા | યહૂદા | શોધવા | યહોવાને | પણ | સર્વ | નગરોમાંથી | યહૂદાન◌ં | આવ્યા | શોધવા | તે | યહોવાને |
| H6908 | H3063 | H1245 | H3068 | H1571 | H3605 | | H3063 | H0935 | H1245 | H0853 | H3068 |

યહૂદિયાવાસીઓ ઈશ્વરની મદદ માગવા ભેગા થયા. તેનાં સર્વ નગરોમાંથી તેઓ ઈશ્વરની પ્રાર્થના કરવા આવ્યા.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲמֹ֣ד | יְהוֹשָׁפָ֗ט | בִּקְהַ֧ל | יְהוּדָ֛ה | וִירוּשָׁלַ֖͏ִם | בְּבֵ֣ית | יְהוָ֑ה | לִפְנֵ֖י | הֶחָצֵ֥ר | הַחֲדָשָֽׁה׃ |
| અને-ઊભો-રહ્યો | યહોશાફાટ | સભામાં | યહૂદાની | અને-યરુશાલેમની | ઘરમાં | યહોવાન◌ં | સામે | આંગણાની | નવી |
| H5975 | H3092 | H6951 | H3063 | H3389 | | H3068 | H6440 | | H2319 |

યહોશાફાટ ઈશ્વરના સભાસ્થાનની સામે નવા ચોક સામે યરુશાલેમ અને યહૂદિયાની લોકોની સભામાં ઊભો થયો.

6

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמַ֗ר | יְהוָ֞ה | אֱלֹהֵ֤י | אֲבֹתֵ֙ינוּ֙ | הֲלֹ֨א | אַתָּה־ | ה֤וּא | אֱלֹהִים֙ | בַּשָּׁמַ֔יִם | וְאַתָּ֣ה | מוֹשֵׁ֔ל | בְּכֹ֖ל | מַמְלְכ֣וֹת | הַגּוֹיִ֑ם | וּבְיָֽדְךָ֙ | כֹּ֣חַ | וּגְבוּרָ֔ה | וְאֵ֥ין | עִמְּךָ֖ | לְהִתְיַצֵּֽב׃ |
| અને-કહ્યુ | યહોવા | ઈશ્વર | અમારા-પૂર્વજોન◌ં | શું-નથી | તું | તે-જ | ઈશ્વર | આકાશમાં | અને-તું | શાસક-છે | સર્વ | રાજ્યોમાં | પ્રજાઓનાં | અને-તારા-હાથમાં-છે | શક્તિ | અને-પરાક્રમ | અને-નથી | તારી-સામે | ટકવાને |
| H0559 | H3068 | H0430 | H0001 | H3808 | | H1931 | H0430 | H8064 | | H4910 | H3605 | H4467 | | H3027 | | H1369 | H0369 | | H3320 |

તેણે કહ્યુ, “હે ઈશ્વર, અમારા પિતૃઓના પ્રભુ, શું તમે સ્વર્ગમાંના ઈશ્વર નથી? શું બધી પ્રજાઓના રાજ્યો ઉપર તમે અધિકારી નથી? બળ અને પરાક્રમ તમારા હાથમાં છે. તેથી કોઈ તમારી સામે ટકી શકતું નથી.

7

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הֲלֹ֣א | אַתָּ֣ה | אֱלֹהֵ֗ינוּ | הוֹרַ֙שְׁתָּ֙ | אֶת־ | יֹשְׁבֵי֙ | הָאָ֣רֶץ | הַזֹּ֔את | מִלִּפְנֵ֖י | עַמְּךָ֣ | יִשְׂרָאֵ֑ל | וַֽתִּתְּנָ֗הּ | לְזֶ֛רַע | אַבְרָהָ֥ם | אֹֽהַבְךָ֖ | לְעוֹלָֽם׃ |
| શું-નહોતા | તું | અમારા-ઈશ્વર | કાઢી-મૂક્યા | તે | રહેવાસીઓને | દેશન◌ં | આ | સામેથી | તારી-પ્રજા | ઇઝરાયેલની | અને-આપી | વંશને | અબ્રાહામન◌ં | તાર◌ં-મિત્રને | સદાકાળ-માટે |
| H3808 | | H0430 | H3423 | H0853 | H3427 | H0776 | H2063 | H6440 | | H3478 | H5414 | H2233 | H0085 | H0157 | H5769 |

અમારા ઈશ્વર, શું તમે જ આ દેશના રહેવાસીઓને નસાડી મૂકીને ઇબ્રાહિમના વંશજોને, ઇઝરાયલના લોકોને એ દેશ આપ્યો નહોતો?

8

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיֵּשְׁבוּ־ | בָ֑הּ | וַיִּבְנ֨וּ | לְךָ֤ | בָּהּ֙ | מִקְדָּ֔שׁ | לְשִׁמְךָ֖ | לֵאמֹֽר׃ |
| અને-વસ્યા | તેમાં | અને-બાંધ્યું | તાર◌ં-માટે | તેમાં | પવિત્ર-સ્થાન | તાર◌ં-નામ-માટે | કહેતાં |
| H3427 | | H1129 | | | H4720 | H8034 | H0559 |

તમારા લોકો એ દેશમાં રહ્યા અને તેઓએ તમારા નામ માટે એક પવિત્રસ્થાન બાંધ્યું અને કહ્યુ,

9 אִם־ תָּבוֹא עָלֵינוּ רָעָה חֶרֶב שְׁפוֹט וְדֶבֶר וְרָעָב נַעַמְדָה לִפְנֵי
જો આવે અમારે-ઉપર આફત તલવાર ન્યાયની અને-મરકી અને-દુકાળ અમે-ઊભા-રહીશું સામે
H0935 H2719 H8196 H1698 H7458 H5975 H6440

הַבַּיִת הַזֶּה וּלְפָנֶיךָ כִּי שִׁמְךָ בְּבַיִת הַזֶּה וְנִזְעַק אֵלֶיךָ מִצָּרָתֵנוּ
આ-ઘરને આ અને-તારે-સામે કારણ-કે તારું-નામ આ-ઘરમાં આ અને-પોકારીશું તને અમારે-સંકટમાંથી
H2088 H6440 H8034 H2088 H2199 H0413

וְתִשְׁמַע וְתוֹשִׁיעַ׃
અને-સાંભળશે અને-બચાવશે
H8085 H3467

'આ પવિત્રસ્થાનમાં તમારો વાસ છે. એટલે જો અમારા પર કોઈ આફત આવે, એટલે ન્યાયાસનની તલવાર, મરકી કે દુકાળ આવે તો અમે આ સભાસ્થાનની સમક્ષ ઊભા રહીને તમારું નામ આ ઘરમાં છે માટે તે સંકટ સમયે અમે તમને પ્રાર્થના કરીશું અને તમે અમને સાંભળજો અને બચાવી લેજો.'"

10 וְעַתָּה הִנֵּה בְנֵי־ עַמּוֹן וּמוֹאָב וְהַר־ שֵׂעִיר אֲשֶׁר לֹא־ נָתַתָּה לְיִשְׂרָאֵל
અને-હવે જુઓ પુત્રો આમ્મોનના અને-મોઆબને અને-પર્વત સેઈરને જેમને નહોતી આપી ઇઝરાયેલને
H6258 H2009 H5983 H4124 H2022 H3808 H5414 H3478

לָבוֹא בָהֶם בְּבֹאָם מֵאֶרֶץ מִצְרָיִם כִּי סָרוּ מֵעֲלֵיהֶם וְלֹא הִשְׁמִידוּם׃
આવવા તેમને-માં જ્યારે-આવ્યા દેશમાંથી મિસરને કારણ-કે વળ્યા તેમનાથી અને-નહીં નાશ-કર્યો
H0935 H0935 H0776 H4714 H5493 H3808 H8045

અગાઉ જો, આ આમ્મોનીઓ, મોઆબીઓ અને સેઈર પર્વત પરના લોકો પર ઇઝરાયલીઓ મિસરમાંથી બહાર આવતા હતા ત્યારે તમે હલ્લો કરવા દીધો ન હતો પણ તેના બદલે ઇઝરાયલ તેઓ દૂર વળી ગયા અને એ લોકોનો નાશ થવા દીધો નહિ.

11 וְהִנֵּה־ הֵם גֹּמְלִים עָלֵינוּ לָבוֹא לְגָרְשֵׁנוּ מִיְּרֻשָּׁתְךָ אֲשֶׁר
અને-જુઓ તેઓ બદલો-આપે-છે અમારે-ઉપર આવવા અમને-કાઢવા તારે-વારસામાંથી જે
H2009 H1992 H1580 H0935 H1644 H3425

הוֹרַשְׁתָּנוּ׃
તેં-આપી-હતી-અમને
H3423

હવે જુઓ, તેઓ અમને કેવો બદલો આપે છે? તમે અમને જે દેશ વારસા તરીકે આપ્યો છે તેમાંથી અમને કાઢી મૂકવાને તેઓ આવ્યા છે.

12 אֱלֹהֵינוּ הֲלֹא תִשְׁפָּט־ בָּם כִּי אֵין בָּנוּ כֹּחַ לִפְנֵי הֶהָמוֹן הָרָב
અમારે-ઈશ્વર શું-નહીં ન્યાય-કરશો તેમનો કારણ-કે નથી અમારે-માં શક્તિ સામે આ-ટોળાંને મોટે
H0430 H3808 H8199 H0369 H6440

הַזֶּה הַבָּא עָלֵינוּ וַאֲנַחְנוּ לֹא נֵדַע מַה־ נַּעֲשֶׂה כִּי עָלֶיךָ
આ જે-આવે-છે અમારે-ઉપર અને-અમે નથી જાણતા શું કરવું પણ તારે-ઉપર-છે
H2088 H0935 H0587 H3808 H3045 H4100

עֵינֵינוּ׃
અમારે-આખો

અમારા ઈશ્વર, શું તમે તેઓનો ન્યાય નહિ કરો? કેમ કે અમારી સામે જે મોટું સૈન્ય ધસી આવી રહ્યુ છે તેનો સામનો કરવાને અમારામાં શક્તિ નથી. શું કરવું એની અમને સમજ પડતી નથી, પણ અમે તો તમારા તરફ જોઈએ છીએ."

13 וְכָל־ יְהוּדָה עֹמְדִים לִפְנֵי יְהוָה גַּם־ טַפָּם נְשֵׁיהֶם וּבְנֵיהֶם׃
અને-સર્વ યહૂદા ઊભા-રહ્યા-હતા સામે યહોવાને પણ તેમને-નાના તેમની-પત્નીઓ અને-તેમને-પુત્રો
H3605 H3063 H5975 H6440 H3068 H1571 H2945 H0802

פ

યહૂદિયાના બધા લોકો, નાનામોટાં સર્વ, તેઓની પત્નીઓ અને તેઓનાં બાળકો ઈશ્વર સમક્ષ ઊભા રહ્યાં.

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַחֲזִיאֵל | בֶּן | זְכַרְיָהוּ | בֶּן | בְּנָיָה | בֶּן | יְעִיאֵל | בֶּן | מַתַּנְיָה | הַלֵּוִי | מִן |
| અને-યહઝીએલ | પુત્ર | ઝખાર્યાહનો | પુત્ર | બનાયાહનો | પુત્ર | યઈએલનો | પુત્ર | મત્તન્યાહનો | લેવી | માંથી |
| H3166 | | | | H1141 | | H3273 | | H4983 | H3881 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בְּנֵי | אָסָף | הָיְתָה | עָלָיו | רוּחַ | יְהוָה | בְּתוֹךְ | הַקָּהָל׃ |
| પુત્રો | આસાફને | આવ્યો | તેને-ઉપર | આત્મા | યહોવાનો | વચ્ચે | સભાની |
| | H0623 | H1961 | | H7307 | H3068 | H8432 | H6951 |

પછી તે સભાની વચ્ચે યાહઝીએલ, જે લેવી આસાફના પુત્ર, માત્તાન્યાના પુત્ર, યેઈએલના પુત્ર, બનાયાના પુત્ર, ઝખાર્યાનાં પુત્ર હતો તેના ઉપર ઈશ્વરનો આત્મા આવ્યો.

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | הַקְשִׁיבוּ | כָל | יְהוּדָה | וְיֹשְׁבֵי | יְרוּשָׁלִַם | וְהַמֶּלֶךְ | יְהוֹשָׁפָט | כֹּה | אָמַר | יְהוָה |
| અને-કહ્યુ | કાન-ધરો | સર્વ | યહૂદા | અને-રહેવાસીઓ | યરુશાલેમને | અને-રાજા | યહોશાફાટ | આમ | કહે-છે | યહોવા |
| H0559 | H7181 | H3605 | H3063 | H3427 | H3389 | H4428 | H3092 | H3541 | H0559 | H3068 |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לָכֶם | אַתֶּם | אַל | תִּירְאוּ | וְאַל | תֵּחַתּוּ | מִפְּנֵי | הֶהָמוֹן | הָרָב | הַזֶּה | כִּי | לֹא | לָכֶם |
| તમને | તમે | ન | ડરો | અને-ન | ગભરાઓ | આ-સામેથી | ટોળે | મોટે | આ | કારણ-કે | નહીં | તમારું |
| | | H0408 | H3372 | H0408 | H2865 | H6440 | | | H2088 | | H3808 | |

| | | |
|---|---|---|
| הַמִּלְחָמָה | כִּי | לֵאלֹהִים׃ |
| યુદ્ધ | પણ | ઈશ્વરનું-છે |
| H4421 | | H0430 |

યાહઝીએલે કહ્યુ, "સમગ્ર યહૂદિયાના તથા યરુશાલેમના બધા રહેવાસીઓ અને રાજા યહોશાફાટ સાંભળો ઈશ્વર તમને કહે છે: 'ડરશો નહિ; આ મોટા સૈન્યથી નાહિંમત થશો નહિ. કેમ કે આ યુદ્ધ તમારું નહિ પણ ઈશ્વરનું છે.

16

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מָחָר | רְדוּ | עֲלֵיהֶם | הִנָּם | עֹלִים | בְּמַעֲלֵה | הַצִּיץ | וּמְצָאתֶם | אֹתָם | בְּסוֹף |
| આવતી-કાલે | ઉતરો | તેમને-વિરુદ્ધ | જુઓ-તેઓ-છે | ચઢે-છે | ચઢાણમાં | હઝીઝને | અને-મળશો | તેમને | છેડે |
| H4279 | H3381 | | H2009 | H5927 | H4608 | H6732 | H4672 | H0853 | H5490 |

| | | | |
|---|---|---|---|
| הַנַּחַל | פְּנֵי | מִדְבַּר | יְרוּאֵל׃ |
| ખીણને | સામે | રણને | યરુએલને |
| | H6440 | | H3385 |

આવતી કાલે તમે તેઓની સામે લડવા નીકળી પડો. જુઓ, તેઓ સીસના ઢોળાવ પર થઈને આવે છે, યરુએલના અરણ્યની સામે ખીણના છેડે તેઓ તમને સામે મળશે.

17

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא | לָכֶם | לְהִלָּחֵם | בָּזֹאת | הִתְיַצְּבוּ | עִמְדוּ | וּרְאוּ | אֶת | יְשׁוּעַת | יְהוָה | עִמָּכֶם |
| નહીં | તમારે | લડવાનું | આમાં | ઊભે-રહો | ઊભા-રહો | અને-જુઓ | તે | ઉદ્ધાર | યહોવાનો | તમારે-સાથે-છે |
| H3808 | | | H2063 | H3320 | H5975 | H7200 | H0853 | H3444 | H3068 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוּדָה | וִירוּשָׁלִַם | אַל | תִּירְאוּ | וְאַל | תֵּחַתּוּ | מָחָר | צְאוּ | לִפְנֵיהֶם | וַיהוָה |
| યહૂદા | અને-યરુશાલેમ | ન | ડરો | અને-ન | ગભરાઓ | આવતી-કાલે | જાઓ | તેમને-સામે | અને-યહોવા |
| H3063 | H3389 | H0408 | H3372 | H0408 | H2865 | H4279 | H3318 | H6440 | H3068 |

| |
|---|
| עִמָּכֶם׃ |
| તમારે-સાથે-છે |

આ યુદ્ધમાં તમારે લડવાની જરૂર નથી. હે યહૂદિયા અને યરુશાલેમના લોકો તમે તમારા સ્થાને જ ઊભા રહેજો અને જોજો કે ઈશ્વર તમને કઈ રીતે બચાવી લે છે. ગભરાશો નહિ કે નાહિંમત થશો નહિ. આવતીકાલે તેમનો સામનો કરવા બહાર જજો, ઈશ્વર તમારી સાથે છે.'"

18

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקֹּד | יְהוֹשָׁפָט | אַפַּיִם | אַרְצָה | וְכָל | יְהוּדָה | וְיֹשְׁבֵי | יְרוּשָׁלִַם | נָפְלוּ | לִפְנֵי |
| અને-નમ્યો | યહોશાફાટે | મુખ | ભૂમિ-તરફ | અને-સર્વ | યહૂદા | અને-રહેવાસીઓ | યરુશાલેમને | પડ્યા | સામે |
| H6915 | H3092 | H0639 | H0776 | H3605 | H3063 | H3427 | H3389 | H5307 | H6440 |

| | | |
|---|---|---|
| יְהוָה | לְהִשְׁתַּחֲוֺת | לַיהוָה׃ |
| યહોવાને | ભજવા | યહોવાને |
| H3068 | H7812 | H3068 |

રાજા યહોશાફાટે સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને યહૂદિયા તથા યરુશાલેમના સર્વ લોકોએ પણ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને ઈશ્વરની આરાધના કરી.

| 19 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | וַיָּקֻמוּ | הַלְוִיִּם | מִן־ | בְּנֵי | הַקְּהָתִים | וּמִן־ | בְּנֵי | הַקָּרְחִים | לְהַלֵּל | לַיהוָה |
| | અને-ઊભ્યા | લેવીઓ | માંથી | પુત્રો | કહાતીઓને | અને-માંથી | પુત્રો | કોરહીઓને | સ્તુતિ-કરવા | યહોવાને |
| | | H3881 | | | H6956 | | | H7145 | | H3068 |

| | | | | |
|---|---|---|---|---|
| אֱלֹהֵי | יִשְׂרָאֵל | בְּקוֹל | גָּדוֹל | לְמָעְלָה׃ |
| ઈશ્વર | ઇઝરાયેલને | મોટે-અવાજે | મોટે | ઊંચેથી |
| H0430 | H3478 | | | H4605 |

કહાથ અને કોરાહના કુળના લેવીઓ ઇઝરાયલના ઈશ્વરની ઊંચા સ્વરે સ્તુતિ કરવા ઊભા થયા.

| 20 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | וַיַּשְׁכִּימוּ | בַבֹּקֶר | וַיֵּצְאוּ | לְמִדְבַּר | תְקוֹעַ | וּבְצֵאתָם | עָמַד | יְהוֹשָׁפָט | וַיֹּאמֶר |
| | અને-વહેલે-ઊઠ્યે | સવારે | અને-ગયે | રણમાં | તકોઆને | અને-નીકળતે | ઊભે-રહે | યહોશાફાટ | અને-કહ્યુ |
| | H7925 | H1242 | H3318 | | H8620 | H3318 | H5975 | H3092 | H0559 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שְׁמָעוּנִי | יְהוּדָה | וְיֹשְׁבֵי | יְרוּשָׁלִַם | הַאֲמִינוּ | בַּיהוָה | אֱלֹהֵיכֶם | וְתֵאָמֵנוּ |
| મને-સાંભળો | યહૂદા | અને-રહેવાસીઓ | યરુશાલેમને | વિશ્વાસ-રાખો | યહોવામાં | તમારે-ઈશ્વરમાં | અને-સ્થિર-રહેશો |
| H8085 | H3063 | H3427 | H3389 | H0539 | H3068 | H0430 | H0539 |

| | | |
|---|---|---|
| הַאֲמִינוּ | בִנְבִיאָיו | וְהַצְלִיחוּ׃ |
| વિશ્વાસ-રાખો | તેમને-પ્રબોધકોમે | અને-સફળ-થશો |
| H0539 | H5030 | |

બીજે દિવસે તેઓ સવારમાં વહેલા ઊઠયા અને તકોઆના અરણ્યમાં ગયા. તેઓ જતા હતા ત્યારે યહોશાફાટે ઊભા થઈને કહ્યુ, "યહૂદિયા અને યરુશાલેમના રહેવાસીઓ મને ધ્યાનથી સાંભળો તમારા પ્રભુ ઈશ્વર ઉપર વિશ્વાસ રાખો અને તમે સ્થિર થશો. તેના પ્રબોધકો ઉપર વિશ્વાસ રાખો. તમે સફળ થશો."

| 21 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | וַיִּוָּעַץ | אֶל־ | הָעָם | וַיַּעֲמֵד | מְשֹׁרְרִים | לַיהוָה | וּמְהַלְלִים | לְהַדְרַת־ |
| | અને-સલાહ-લીધી | તે | લોકોની | અને-નીમ્યે | ગાયકો | યહોવા-માટે | અને-સ્તુતિ-કરનારે | પવિત્રતાને-શોભ |
| | H3289 | H0413 | | H5975 | H7891 | H3068 | | H1927 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| קֹדֶשׁ | בְּצֵאת | לִפְנֵי | הֶחָלוּץ | וְאֹמְרִים | הוֹדוּ | לַיהוָה | כִּי | לְעוֹלָם | חַסְדּוֹ׃ |
| પવિત્રતા | જ્યારે-નીકળતે | સામે | સૈન્યને | અને-કહેતે | આભાર-માનો | યહોવાનો | કારણ-કે | સદાકાળ-છે | તેમની-કૃપા |
| H6944 | H3318 | H6440 | | H0559 | H3034 | H3068 | | H5769 | |

જ્યારે તેણે લોકોને બોધ શિક્ષા આપવાનું પૂરું કર્યું ત્યારપછી સૈન્યની આગળ ચાલતાં ચાલતાં ઈશ્વરની સમક્ષ ગાયન કરનારાઓને, પવિત્ર વસ્ત્રો ધારણ કરીને તેમની સ્તુતિ કરનારાઓને તથા 'ઈશ્વરનો આભાર માનો કેમ કે તેમની કૃપા સદાકાળ ટકે છે' એ સ્તોત્ર ગાનારાઓને નિયુક્ત કર્યા."

| 22 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | וּבְעֵת | הֵחֵלּוּ | בְרִנָּה | וּתְהִלָּה | נָתַן | יְהוָה | מְאָרְבִים | עַל־ | בְּנֵי | עַמּוֹן | מוֹאָב |
| | અને-સમયે | શરૂ-કર્યા | આનંદથી | અને-સ્તુતિથી | મૂક્યા | યહોવાએ | ઓચિંતાઓ | વિરુદ્ધ | પુત્રો | આમ્મોનને | મોઆબને |
| | H6256 | | H7440 | H8416 | H5414 | H3068 | H0693 | | | H5983 | H4124 |

| | | | | |
|---|---|---|---|---|
| וְהַר־ | שֵׂעִיר | הַבָּאִים | לִיהוּדָה | וַיִּנָּגֵפוּ׃ |
| અને-પર્વત | સેઈરને | જે-આવતે-હતે | યહૂદે-વિરુદ્ધ | અને-હાર્યે |
| H2022 | | H0935 | H3063 | H5062 |

તેઓએ ગાયન ગાવાનું અને સ્તુતિ કરવાનું શરૂ કર્યુ, ત્યારે ઈશ્વરે જેઓ યહૂદિયાની સામે ચઢી આવ્યા હતા તેઓએ એટલે આમ્મોનીઓ, મોઆબીઓ અને સેઈર પર્વતના લોકો વિરુદ્ધ ઓચિંતો હુમલો કરાવ્યો અને તેઓને હરાવ્યા.

| 23 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | וַיַּעַמְדוּ | בְּנֵי | עַמּוֹן | וּמוֹאָב | עַל־ | יֹשְׁבֵי | הַר־ | שֵׂעִיר | לְהַחֲרִים |
| | અને-ઊઠ્યે | પુત્રો | આમ્મોનને | અને-મોઆબને | વિરુદ્ધ | રહેવાસીઓ | પર્વત | સેઈરને | સંપૂર્ણ-નાશ-કરવા |
| | H5975 | | H5983 | H4124 | | H3427 | H2022 | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וּלְהַשְׁמִיד | וּכְכַלּוֹתָם | בְּיוֹשְׁבֵי | שֵׂעִיר | עָזְרוּ | אִישׁ־ | בְּרֵעֵהוּ | לְמַשְׁחִית׃ |
| અને-નષ્ટ-કરવા | અને-જ્યારે-પૂરું-કર્યું | રહેવાસીઓમાં | સેઈરને | મદદ-કરી | પ્રત્યેક | પોતાને-મિત્રને | વિનાશ-માટે |
| H8045 | H3615 | H3427 | | H5826 | H0376 | H7453 | H4889 |

આમ્મોન અને મોઆબના સૈન્યોએ સેઈર પર્વતના સૈન્યની વિરુદ્ધ લડીને તેનો સંપૂર્ણ નાશ કર્યો, તેમ કર્યા પછી તેઓએ માંહોમાંહે યુદ્ધ કરીને એકબીજાનો સંહાર કર્યો.

24

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וִיהוּדָה | בָּא | עַל־ | הַמִּצְפֶּה | לַמִּדְבָּר | וַיִּפְנוּ | אֶל־ | הֶהָמוֹן | וְהִנָּם | פְּגָרִים |
| અને-યહૂદે | આવ્યે | ઉપર | ચોકી | રણને | અને-જોયું | તરફ | ટોળેની | અને-જુઓ-તેઓ-હતે | શબો |
| H3063 | H0935 | | H4707 | | H6437 | H0413 | | H2009 | H6297 |

| | | | |
|---|---|---|---|
| נֹפְלִים | אַרְצָה | וְאֵין | פְּלֵיטָה׃ |
| પડેલે | જમીન-ઉપર | અને-નહોતો | બચેલો |
| H5307 | H0776 | H0369 | H6413 |

યહૂદિયાના માણસો જયારે અરણ્ય તરફ નજર કરી શકાય તેવી જગ્યાએ આવી પહોંચ્યા, ત્યારે તેમણે શત્રુઓના સૈન્ય તરફ ફરીને જોયું અને તેમણે ચારે બાજુ ભૂમિ ઉપર મૃતદેહો પડેલા જોયા. એક પણ માણસ જીવતો રહ્યો નહોતો.

25

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹא | יְהוֹשָׁפָט | וְעַמּוֹ | לָבֹז | אֶת־ | שְׁלָלָם | וַיִּמְצְאוּ | בָהֶם | לָרֹב | וּרְכוּשׁ |
| અને-આવ્યો | યહોશાફાટ | અને-તેને-લોકો | લૂંટવ□ે | તે | તેમનો-લૂંટ | અને-મળ્યું | તેમને-માં | ઘણું | અને-સંપત્તિ |
| H0935 | H3092 | | H0962 | H0853 | H7998 | H4672 | | H7230 | H7399 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּפְגָרִים | וּכְלֵי | חֲמֻדוֹת | וַיְנַצְּלוּ | לָהֶם | לְאֵין | מַשָּׂא | וַיִּהְיוּ | יָמִים |
| અને-શબો | અને-વાસણો | કીમતીને | અને-એકટ્રિત-કર્યે | તેમને-માટે | ઉચકવે-ન | શકાય-એટલો | અને-હતે | દિવસો |
| H6297 | H3627 | | H5337 | | H0369 | | H1961 | H3117 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שְׁלוֹשָׁה | בֹּזְזִים | אֶת־ | הַשָּׁלָל | כִּי | רַב־ | הוּא׃ |
| ત્રણ | લૂંટતે-રહ્યે | તે | લૂંટને | કારણ-કે | ઘણો-હતો | તે |
| H7969 | H0962 | H0853 | H7998 | | | H1931 |

જયારે યહોશાફાટ રાજા અને તેના લોકો તેઓ પાસેથી લૂંટ એકત્ર કરવા લાગ્યા ત્યારે તેઓને પુષ્કળ દ્રવ્ય, પોશાક, કિંમતી દાગીનાઓ મળ્યા તેઓ ઊંચકી ના શકે તેટલું બધું તેઓએ પોતાના માટે ઉતારી લીધું. આ લૂંટ એટલી બધી હતી કે તે બધી લઈ જવા માટે તેઓને ત્રણ દિવસ લાગ્યા.

26

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבַיּוֹם | הָרְבִעִי | נִקְהֲלוּ | לְעֵמֶק | בְּרָכָה | כִּי־ | שָׁם | בֵּרֲכוּ | אֶת־ | יְהוָה |
| અને-ચોથે-દિવસે | ચોથે | એકટ્રિત-થયે | ખીણમે | આશીર્વાદને | કારણ-કે | ત્યાં | આશીર્વાદ-આપ્યો | તે | યહોવાને |
| H3117 | H7243 | H6950 | H6010 | H1294 | | H8033 | H1288 | H0853 | H3068 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַל־ | כֵּן | קָרְאוּ | אֶת־ | שֵׁם | הַמָּקוֹם | הַהוּא | עֵמֶק | בְּרָכָה | עַד־ | הַיּוֹם׃ |
| તેથી | કારણે | બોલાવ્યું | તે | નામ | સ્થળનું | તે | ખીણ | આશીર્વાદનું | આજ-સુધી | તે-દિવસ |
| | | H7121 | H0853 | H8034 | H4725 | H1931 | H6010 | H1294 | H5704 | H3117 |

ચોથે દિવસે તેઓ બરાખાની ખીણમાં ભેગા થયા અને ત્યાં તેમણે ઈશ્વરની સ્તુતિ કરી તેથી તે જગ્યાનું નામ બરાખા આશીર્વાદની ખીણ પાડવામાં આવ્યું અને આજે પણ તે એ જ નામે ઓળખાય છે.

27

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּשֻׁבוּ | כָּל־ | אִישׁ | יְהוּדָה | וִירוּשָׁלִַם | וִיהוֹשָׁפָט | בְּרֹאשָׁם | לָשׁוּב | אֶל־ |
| અને-પાછે-ફર્યે | સર્વ | પ્રત્યેક | યહૂદે | અને-યરુશાલેમને | અને-યહોશાફાટ | તેમને-આગળમાં | પાછે-ફરવે | તરફ |
| H7725 | H3605 | H0376 | H3063 | H3389 | H3092 | | H7725 | H0413 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| יְרוּשָׁלִַם | בְּשִׂמְחָה | כִּי־ | שִׂמְּחָם | יְהוָה | מֵאוֹיְבֵיהֶם׃ |
| યરુશલેમ | આનંદમાં | કારણ-કે | આનંદિત-કર્યે | યહોવાએ | તેમને-શત્રુઓથી |
| H3389 | H8057 | | H8055 | H3068 | H0341 |

પછી યહૂદિયા તથા યરુશાલેમના તમામ માણસો આનંદ સાથે યરુશાલેમ પાછા આવ્યા. યહોશાફાટ તેઓને આગેવાની આપતો હતો; ઈશ્વરે તેઓના શત્રુઓનો પરાજય કરીને તેઓને હર્ષ પમાડ્યો હતો.

28

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹאוּ | יְרוּשָׁלִַם | בִּנְבָלִים | וּבְכִנֹּרוֹת | וּבַחֲצֹצְרוֹת | אֶל־ | בֵּית | יְהוָה׃ |
| અને-આવ્યે | યરુશાલેમમાં | વીણે-સાથે | અને-વીણે-સાથે | અને-રણશિંગે-સાથે | તરફ | ઘર | યહોવાને |
| H0935 | H3389 | | H3658 | H2689 | H0413 | | H3068 |

તેઓ સિતાર, વીણા તથા રણશિંગડાં વગાડતા વગાડતા યરુશાલેમમાં ઈશ્વરના ઘરમાં આવ્યા.

29

| וַיְהִי | פַּחַד | אֱלֹהִים | עַל | כֹּל־ | מַמְלְכוֹת | הָאֲרָצוֹת | בְּשָׁמְעָם | כִּי | נִלְחַם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-આવ્યો | ભય | ઈશ્વરનો | ઉપર | સર્વ | રાજ્યો | દેશોને | જ્યારે-સાંભળ્યું | કે | લડ્યો-હતો |
| H1961 | H6343 | H0430 | | H3605 | H4467 | H0776 | H8085 | | |

| יְהוָה | עִם | אוֹיְבֵי | יִשְׂרָאֵל׃ |
|---|---|---|---|
| યહોવા | સાથે | શત્રુઓ | ઇઝરાયેલને |
| H3068 | | H0341 | H3478 |

ઈશ્વરે ઇઝરાયલના શત્રુઓ સામે જે કર્યું તે જયારે આસપાસના સર્વ રાજ્યોએ સાંભળ્યું ત્યારે તેઓ ઈશ્વરથી ભયભીત થઈ ગયા.

30

| וַתִּשְׁקֹט | מַלְכוּת | יְהוֹשָׁפָט | וַיָּנַח | לוֹ | אֱלֹהָיו | מִסָּבִיב׃ | פ |
|---|---|---|---|---|---|---|---|
| અને-શાંત-રહ્યુ | રાજ્ય | યહોશાફાટનું | અને-આરામ-આપ્યો | તેને | તેમને-ઈશ્વરે | ચારેબાજુથી | — |
| H8252 | H4438 | H3092 | H5117 | | H0430 | H5439 | |

તેથી યહોશાફાટના રાજ્યમાં શાંતિ થઈ, તેને ઈશ્વરે સંપૂર્ણ વિશ્રામ આપ્યો હતો.

31

| וַיִּמְלֹךְ | יְהוֹשָׁפָט | עַל־ | יְהוּדָה | בֶּן־ | שְׁלֹשִׁים | וְחָמֵשׁ | שָׁנָה | בְּמָלְכוֹ | וְעֶשְׂרִים |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-રાજ-કર્યું | યહોશાફાટે | ઉપર | યહૂદા | પુત્ર | પાંત્રીસ | અને-પાંચ | વર્ષનો | જ્યારે-રાજ-કર્યું | અને-વીસ |
| | H3092 | | H3063 | | H7970 | H2568 | H8141 | | H6242 |

| וְחָמֵשׁ | שָׁנָה | מָלַךְ | בִּירוּשָׁלִָם | וְשֵׁם | אִמּוֹ | עֲזוּבָה | בַּת־ | שִׁלְחִי׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-પાંચ | વર્ષ | રાજ-કર્યું | યરુશાલેમમાં | અને-નામ | તેમની-માતાનું | અઝુબાહ | પુત્રી | શિલ્હીની |
| H2568 | H8141 | | H3389 | H8034 | H0517 | H5806 | H1323 | H7977 |

યહોશાફાટ યહૂદિયા પર રાજ કરવા લાગ્યો: જ્યારે તે રાજ કરવા લાગ્યો ત્યારે તેની ઉંમર પાંત્રીસ વર્ષની હતી. તેણે યરુશાલેમમાં પચીસ વર્ષ સુધી રાજ કર્યું. તેની માતાનું નામ અઝૂબાહ હતું, એ શિલ્હીની દીકરી હતી.

32

| וַיֵּלֶךְ | בְּדֶרֶךְ | אָבִיו | אָסָא | וְלֹא־ | סָר | מִמֶּנָּה | לַעֲשׂוֹת | הַיָּשָׁר | בְּעֵינֵי | יְהוָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ચાલ્યો | માર્ગે | તેમને-પિતા | આસાને | અને-નહીં | વળ્યો | તેથી | કરવાને | સારું | આખોમાં | યહોવાની |
| H3212 | H1870 | H0001 | H0609 | H3808 | H5493 | | | H3477 | | H3068 |

તે પોતાના પિતા આસાને માર્ગે ચાલ્યો; તે તેના માર્ગેથી જરા પણ આડોઅવળો ગયો નહિ; ઈશ્વરની દ્રષ્ટિમાં જે સારું હતું તે તેણે કર્યું.

33

| אַךְ | הַבָּמוֹת | לֹא־ | סָרוּ | וְעוֹד | הָעָם | לֹא־ | הֵכִינוּ | לְבָבָם | לֵאלֹהֵי |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પરંતુ | ઊંચી-જગ્યાઓ | દૂર-ન | થઈ | અને-હજી | લોકોએ | નહોતો | તૈયાર-કર્યો | તેમને-હૃદય | ઈશ્વર-તરફ |
| H0389 | H1116 | H3808 | H5493 | H5750 | | H3808 | | H3824 | H0430 |

| אֲבֹתֵיהֶם׃ |
|---|
| તેમને-પૂર્વજોને |
| H0001 |

પણ દેવદેવીઓનાં ઉચ્ચસ્થાનો નષ્ટ કરવામાં આવ્યાં નહિ. લોકો હજુ સુધી પોતાના પિતૃઓના ઈશ્વર પર ખરા અંત:કરણથી ભરોસો રાખતા થયા ન હતા.

34

| וְיֶתֶר | דִּבְרֵי | יְהוֹשָׁפָט | הָרִאשֹׁנִים | וְהָאַחֲרֹנִים | הִנָּם | כְּתוּבִים | בְּדִבְרֵי | יֵהוּא | בֶן־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બાકીને | બાબતો | યહોશાફાટની | પ્રથમની | અને-છેલ્લીની | જુઓ-તેઓ-છે | લખાયેલી | વચનોમાં | યેહૂ | પુત્ર |
| | H1697 | H3092 | H7223 | H0314 | H2009 | H3789 | H1697 | H3058 | |

| חֲנָנִי | אֲשֶׁר | הֹעֲלָה | עַל־ | סֵפֶר | מַלְכֵי | יִשְׂרָאֵל׃ |
|---|---|---|---|---|---|---|
| હનાનીને | જે | સમાવિષ્ટ-થયેલો-છે | ઉપર | પુસ્તક | રાજાઓને | ઇઝરાયેલને |
| H2607 | | H5927 | | | H4428 | H3478 |

યહોશાફાટ સંબંધી બાકીના બનાવો પ્રથમથી તે છેલ્લે સુધી હનાનીના પુત્ર યેહૂની તવારિખમાં કે જે ઇઝરાયલના રાજાઓના પુસ્તકમાં દાખલ કરેલી છે, તેમાં નોંધેલા છે.

35

| וְאַחֲרֵיכֵן | אֶתְחַבַּר | יְהוֹשָׁפָט | מֶלֶךְ־ | יְהוּדָה | עִם | אֲחַזְיָה | מֶלֶךְ־ | יִשְׂרָאֵל | הוּא | הִרְשִׁיעַ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પછીથી | જોડાયો | યહોશાફાટે | રાજા | યહૂદાનો | સાથે | અહઝ્યાહ | રાજા | ઇઝરાયેલનો | તે | દુષ્ટતા-કરી |
| | H2266 | H3092 | H4428 | H3063 | | H0274 | H4428 | H3478 | H1931 | H7561 |

| לַעֲשׂוֹת׃ |
|---|
| કરવામાં |

ત્યાર પછી યહૂદિયાના રાજા યહોશાફાટે ઇઝરાયલના રાજા અહાઝયાહની સાથે સંપ કર્યો, તે તો ઘણો દુરાચારી હતો.

36
| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיְחַבְּרֵהוּ | עִמּוֹ | לַעֲשׂוֹת | אֳנִיּוֹת | לָלֶכֶת | תַּרְשִׁישׁ | וַיַּעֲשׂוּ | אֳנִיּוֹת | בְּעֶצְיוֹן גָּבֶר׃ |
| અને-જોડાયો | તેની-સાથે | બનાવવા | વહાણો | જવા | તારશીશ | અને-બનાવ્યાં | વહાણો | એઝયોન-ગેબરમાં |
| H2266 | | | H0591 | H3212 | H8659 | | H0591 | H6100 |

તેણે તેની સાથે મળી જઈને તાર્શીશ જવા માટે એસ્યોન-ગેબેરમાં વહાણો બનાવ્યાં.

37
| | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּתְנַבֵּא | אֱלִיעֶזֶר | בֶן־ | דֹּדָוָהוּ | מִמָּרֵשָׁה | עַל־ | יְהוֹשָׁפָט | לֵאמֹר | כְּהִתְחַבֶּרְךָ | עִם־ | אֲחַזְיָהוּ | פָּרַץ | יְהוָה | אֶת־ | מַעֲשֶׂיךָ | וַיִּשָּׁבְרוּ | אֳנִיּוֹת | וְלֹא | עָצְרוּ | לָלֶכֶת | אֶל־ | תַּרְשִׁישׁ׃ |
| અને-ભવિષ્યવાણી-કરી | અલીએઝેરે | પુત્ર | દોદાવાહુનો | મારેશાથી | વિરુદ્ધ | યહોશાફાટ | કહેતા | તારે-જોડાવે-કારણે | સાથે | અહઝ્યાહ | તોડ્યું-છે | યહોવાએ | તે | તારે-કામો | અને-તૂટ્યે | વહાણો | અને-નહોતે-શક્યે | શક્યે | જવે | તરફ | તારશીશ |
| H5012 | H0461 | | H1735 | H4762 | | H3092 | H0559 | H2266 | | H0274 | H6555 | H3068 | H0853 | H4639 | H7665 | H0591 | H3808 | H6113 | H3212 | H0413 | H8659 |

પછી મારેશાના વતની દોદાવાહુના પુત્ર અલીએઝેરે યહોશાફાટની વિરુદ્ધમાં પ્રબોધ કરીને કહ્યુ, “તેં અહાઝયાહની સાથે સંપ કર્યો છે, માટે ઈશ્વરે તારાં કામોનો નાશ કર્યો છે.” એ વહાણો ભાંગી ગયાં અને તેથી તેઓ તાર્શીશ જઈ શક્યા નહિ.

# Chapter 21

1
| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁכַּב | יְהוֹשָׁפָט | עִם־ | אֲבֹתָיו | וַיִּקָּבֵר | עִם־ | אֲבֹתָיו | בְּעִיר | דָּוִיד | וַיִּמְלֹךְ | יְהוֹרָם | בְּנוֹ | תַּחְתָּיו׃ |
| અને-સૂઈ-ગયા | યહોશાફાટ | સાથે | તેના-પિતૃઓ | અને-દફનાવવામાં-આવ્યા | સાથે | તેના-પિતૃઓ | નગરમાં | દાઉદના | અને-રાજ-કર્યું | યહોરામે | તેના-પુત્રે | તેની-જગ્યાએ |
| H7901 | H3092 | | H0001 | H6912 | | H0001 | | H1732 | | H3088 | | H8478 |

યહોશાફાટ પોતાના પિતૃઓની સાથે ઊંઘી ગયો અને તેને દાઉદનગરમાં તેના પૂર્વજો સાથે દફનાવવામાં આવ્યો; તેની જગ્યાએ તેનો પુત્ર યહોરામ ગાદી પર બિરાજમાન થયો.

2
| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלוֹ־ | אַחִים | בְּנֵי | יְהוֹשָׁפָט | עֲזַרְיָה | וִיחִיאֵל | וּזְכַרְיָהוּ | וַעֲזַרְיָהוּ | וּמִיכָאֵל | וּשְׁפַטְיָהוּ | כָּל־ | אֵלֶּה | בְּנֵי | יְהוֹשָׁפָט | מֶלֶךְ־ | יִשְׂרָאֵל׃ |
| અને-તેને | ભાઈઓ-હતા | પુત્રો | યહોશાફાટના | અઝાર્યાહ | અને-યહીએલ | અને-ઝખાર્યાહ | અને-અઝાર્યાહુ | અને-મીખાએલ | અને-શફાટ્યાહુ | આ-બધા | એ | પુત્રો-હતા | યહોશાફાટના | રાજાના | ઇઝરાયલના |
| | H0251 | | H3092 | H5838 | H3171 | | H5838 | H4317 | H8203 | H3605 | H0428 | | H3092 | H4428 | H3478 |

યહોરામના ભાઈઓ, એટલે ઇઝરાયલના રાજા યહોશાફાટના દીકરાઓ: અઝાર્યા, યહીએલ, ઝખાર્યા, અઝાર્યા, મિખાએલ તથા શફાટયા હતા.

3
| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּתֵּן | לָהֶם | אֲבִיהֶם | מַתָּנוֹת | רַבּוֹת | לְכֶסֶף | וּלְזָהָב | וּלְמִגְדָּנוֹת | עִם־ | עָרֵי | מְצֻרוֹת | בִּיהוּדָה | וְאֶת־ | הַמַּמְלָכָה | נָתַן | לִיהוֹרָם | כִּי־ | הוּא | הַבְּכוֹר׃ | פ |
| અને-આપ્યાં | તેમને | તેમના-પિતાએ | દાન | ઘણાં | ચાંદીનાં | અને-સોનાનાં | અને-કિંમતી-વસ્તુઓ | સાથે | નગરો | કિલ્લેબંધ | યહૂદામાં | પણ | રાજ્ય | આપ્યું | યહોરામને | કારણ-કે | તે | જયેષ્ઠ-હતો | — |
| H5414 | H1992 | H0001 | H4979 | | H3701 | H2091 | H4030 | | | H4694 | H3063 | H0853 | H4467 | H5414 | H3088 | | H1931 | H1060 | |

તેઓના પિતાએ તેઓને પુષ્કળ પ્રમાણમાં સોનું, ચાંદી તથા કિંમતી વસ્તુઓ ભેટમાં આપી. તે ઉપરાંત યહૂદિયામાં કિલ્લાવાળાં નગરો પણ આપ્યાં. પણ રાજગાદી તો તેણે યહોરામને આપી હતી, કારણ કે તે જયેષ્ઠ પુત્ર હતો.

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּקָם | יְהוֹרָם | עַל־ | מַמְלֶכֶת | אָבִיו | וַיִּתְחַזַּק | וַיַּהֲרֹג | אֶת־ | כָּל־ |
| અને-ઊભો-થયો | યહોરામ | ઉપર | રાજ્યમાં | તેના-પિતાના | અને-બળવાન-થયો | અને-મારી-નાખ્યા | — | બધા |
| | H3088 | | H4467 | H0001 | H2388 | H2026 | H0853 | H3605 |

| | | | | |
|---|---|---|---|---|
| אֶחָיו | בֶּחָרֶב | וְגַם | מִשָּׂרֵי | יִשְׂרָאֵל׃ |
| તેના-ભાઈઓને | તલવારથી | અને-તેમ-જ | સરદારોને-પણ | ઇઝરાયલના |
| H0251 | H2719 | H1571 | H8269 | H3478 |

હવે યહોરામ પોતાના પિતાના રાજયાસન પર બેઠો. પછી જયારે તે બળવાન થયો ત્યારે પોતાના સર્વ ભાઈઓને તથા ઇઝરાયલના કેટલાક સરદારોને તલવારથી મારી નાખ્યા.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בֶּן־ | שְׁלֹשִׁים | וּשְׁתַּיִם | שָׁנָה | יְהוֹרָם | בְּמָלְכוֹ | וּשְׁמוֹנֶה | שָׁנִים | מָלַךְ | בִּירוּשָׁלִָם׃ |
| પુત્ર | બત્રીસ | — | વર્ષનો | યહોરામ-હતો | જ્યારે-તેણે-રાજ-કર્યું | અને-આઠ | વર્ષ | રાજ-કર્યું | યરુશાલેમમાં |
| | H7970 | H8147 | H8141 | H3088 | | H8083 | H8141 | | H3389 |

જયારે યહોરામ રાજ કરવા લાગ્યો, ત્યારે તે બત્રીસ વર્ષનો હતો અને તેણે યરુશાલેમમાં આઠ વર્ષ સુધી રાજ કર્યું.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּלֶךְ | בְּדֶרֶךְ | מַלְכֵי | יִשְׂרָאֵל | כַּאֲשֶׁר | עָשׂוּ | בֵּית | אַחְאָב | כִּי | בַת־ | אַחְאָב |
| અને-ચાલ્યો | માર્ગમાં | રાજાઓના | ઇઝરાયલના | જેમ | કર્યું-હતું | ઘરે | આહાબના | કારણ-કે | પુત્રી | આહાબની |
| H3212 | H1870 | H4428 | H3478 | | | | H0256 | | H1323 | H0256 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הָיְתָה | לּוֹ | אִשָּׁה | וַיַּעַשׂ | הָרַע | בְּעֵינֵי | יְהוָה׃ |
| હતી | તેની | પત્ની | અને-કર્યું | ભૂંડું | નજરમાં | યહોવાહની |
| H1961 | | H0802 | | | | H3068 |

જેમ આહાબના કુટુંબીઓએ કર્યું તેમ તે પણ ઇઝરાયલના રાજાઓના માર્ગે ચાલ્યો; તેણે આહાબની દીકરી સાથે લગ્ન કર્યું હતું; અને ઈશ્વરની દ્રષ્ટિમાં જે ખરાબ હતું તે તેણે કર્યું.

7

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלֹא־ | אָבָה | יְהוָה | לְהַשְׁחִית | אֶת־ | בֵּית | דָּוִיד | לְמַעַן | הַבְּרִית | אֲשֶׁר | כָּרַת | לְדָוִיד |
| પણ-ન | ચાહ્યું | યહોવાહે | નાશ-કરવા | — | ઘરને | દાઉદના | ખાતર | કરારના | જે | કર્યો-હતો | દાઉદ-સાથે |
| H3808 | H0014 | H3068 | H7843 | H0853 | | H1732 | H4616 | H1285 | | H3772 | H1732 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְכַאֲשֶׁר | אָמַר | לָתֵת | לוֹ | נִיר | וּלְבָנָיו | כָּל־ | הַיָּמִים׃ |
| અને-જેમ | કહ્યું-હતું | આપવા | તેને | દીવો | અને-તેના-પુત્રોને | બધા | દિવસો-સુધી |
| | H0559 | H5414 | | | | H3605 | H3117 |

તોપણ ઈશ્વરે દાઉદની સાથે જે કરાર કર્યો હતો અને તેને તથા તેના વંશજો તેઓનું રાજય કાયમ રાખવાનું પ્રભુએ જે વચન આપ્યું હતું તેને લીધે તે દાઉદના કુટુંબનો નાશ કરવા ઇચ્છતો ન હતો.

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בְּיָמָיו | פָּשַׁע | אֱדוֹם | מִתַּחַת | יַד־ | יְהוּדָה | וַיַּמְלִיכוּ | עֲלֵיהֶם | מֶלֶךְ׃ |
| તેના-દિવસોમાં | બળવો-કર્યો | અદોમે | નીચેથી | હાથ | યહૂદાના | અને-રાજા-બનાવ્યો | પોતા-ઉપર | રાજા |
| H3117 | H6586 | H0123 | H8478 | H3027 | H3063 | | | H4428 |

યહોરામના દિવસોમાં, અદોમે યહૂદિયાની વિરુદ્ધ બળવો કરીને પોતાના પર રાજ કરવા માટે એક બીજો રાજા નિયુક્ત કર્યો.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲבֹר | יְהוֹרָם | עִם־ | שָׂרָיו | וְכָל־ | הָרֶכֶב | עִמּוֹ | וַיְהִי | קָם | לַיְלָה | וַיַּךְ |
| અને-ગયો | યહોરામ | સાથે | તેના-સરદારો | અને-બધા | રથો | તેની-સાથે | અને-થયું | ઊઠ્યો | રાત્રે | અને-માર્યા |
| | H3088 | | H8269 | H3605 | H7393 | | H1961 | | H3915 | H5221 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֶת־ | אֱדוֹם | הַסּוֹבֵב | אֵלָיו | וְאֵת | שָׂרֵי | הָרָכֶב׃ |
| — | અદોમને | ઘેરનારાઓને | તેની-આસપાસ | અને | સરદારોને | રથોના |
| H0853 | H0123 | H5437 | H0413 | H0853 | H8269 | H7393 |

પછી યહોરામે તેના સેનાપતિઓ તથા પોતાની સાથે સર્વ રથો લઈને તેઓના પર ચઢાઈ કરી. તેણે રાત્રે ઊઠીને પોતાની આસપાસ ઘેરો કરનાર અદોમીઓને તથા રથાધિપતિઓને મારી નાખ્યા.

10

| וַיִּפְשַׁע | אֱדוֹם | מִתַּחַת | יַד־ | יְהוּדָה | עַד | הַיּוֹם | הַזֶּה | אָז | תִּפְשַׁע | לִבְנָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બળવો-કર્યો | અદોમે | નીચેથી | હાથ | યહૂદાના | આજ | દિવસ | સુધી | ત્યારે | બળવો-કર્યો | લિબ્નાહે |
| H6586 | H0123 | H8478 | H3027 | H3063 | H5704 | H3117 | H2088 | | H6586 | H3841 |

| בָּעֵת | הַהִיא | מִתַּחַת | יָדוֹ | כִּי | עָזַב | אֶת־ | יְהוָה | אֱלֹהֵי | אֲבֹתָיו׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સમયે | તે | નીચેથી | તેના-હાથ | કારણ-કે | છોડ્યા-હતા | — | યહોવાહ | ઈશ્વરને | તેના-પિતૃઓના |
| H6256 | H1931 | H8478 | H3027 | | | H0853 | H3068 | H0430 | H0001 |

તેથી અદોમ બળવો કરીને યહૂદિયાના તાબા નીચેથી જતો રહ્યો. પછી તે જ સમયે લિબ્નાહએ પણ યહૂદિયા સામે બળવો કર્યો, કારણ કે યહોરામે તેના પિતૃઓના પ્રભુ, ઈશ્વરનો ત્યાગ કર્યો હતો.

11

| גַּם־ | הוּא | עָשָׂה־ | בָמוֹת | בְּהָרֵי | יְהוּדָה | וַיֶּזֶן | אֶת־ | יֹשְׁבֵי | יְרוּשָׁלִַם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તેમ-જ | તેણે | બનાવ્યાં | ઊંચાં-સ્થાનો | પર્વતો-પર | યહૂદાના | અને-ભટકાવ્યા | — | રહેવાસીઓને | યરુશાલેમના |
| H1571 | H1931 | | H1116 | H2022 | H3063 | H2181 | H0853 | H3427 | H3389 |

| וַיַּדַּח | אֶת־ | יְהוּדָה׃ | פ |
|---|---|---|---|
| અને-ભ્રષ્ટ-કર્યું | — | યહૂદાને | — |
| H5080 | H0853 | H3063 | |

આ ઉપરાંત યહોરામે યહૂદિયાના પર્વતોમાં ધર્મસ્થાનો પણ બનાવ્યાં; તેણે યરુશાલેમના રહેવાસીઓની પાસે મૂર્તિપૂજા કરાવી અને યહૂદિયાના લોકોને વ્યભિચારની માર્ગે દોર્યા.

12

| וַיָּבֹא | אֵלָיו | מִכְתָּב | מֵאֵלִיָּהוּ | הַנָּבִיא | לֵאמֹר | כֹּה | אָמַר | יְהוָה | אֱלֹהֵי | דָּוִיד |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-આવ્યો | તેની-પાસે | પત્ર | એલિયાહ | પ્રબોધકની-પાસેથી | કહેતો | આમ | કહે-છે | યહોવાહ | ઈશ્વર | દાઉદના |
| H0935 | H0413 | H4385 | H0452 | H5030 | H0559 | H3541 | H0559 | H3068 | H0430 | H1732 |

| אָבִיךָ | תַּחַת | אֲשֶׁר | לֹא־ | הָלַכְתָּ | בְּדַרְכֵי | יְהוֹשָׁפָט | אָבִיךָ | וּבְדַרְכֵי | אָסָא | מֶלֶךְ־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તારા-પિતાના | કારણ-કે | જે | ન | ચાલ્યો | માર્ગોમાં | યહોશાફાટ | તારા-પિતાના | અને-માર્ગોમાં | આસા | રાજાના |
| H0001 | H8478 | | H3808 | H1980 | H1870 | H3092 | H0001 | H1870 | H0609 | H4428 |

| יְהוּדָה׃ |
|---|
| યહૂદાના |
| H3063 |

એલિયા પ્રબોધક તરફથી યહોરામ ઉપર એક એવો પત્ર આવ્યો કે, "તારા પિતા દાઉદના પ્રભુ, ઈશ્વર કહે છે: તું તારા પિતા યહોશાફાટને માર્ગે કે યહૂદિયાના રાજા આસાને માર્ગે ન ચાલતાં,

13

| וַתֵּלֶךְ | בְּדֶרֶךְ | מַלְכֵי | יִשְׂרָאֵל | וַתַּזְנֶה | אֶת־ | יְהוּדָה | וְאֶת־ | יֹשְׁבֵי |
|---|---|---|---|---|---|---|---|---|
| પણ-ચાલ્યો | માર્ગમાં | રાજાઓના | ઇઝરાયલના | અને-વ્યભિચાર-કરાવ્યો | — | યહૂદાને | અને | રહેવાસીઓને |
| H3212 | H1870 | H4428 | H3478 | H2181 | H0853 | H3063 | H0853 | H3427 |

| יְרוּשָׁלִַם | כְּהַזְנוֹת | בֵּית | אַחְאָב | וְגַם | אֶת־ | אַחֶיךָ | בֵית־ | אָבִיךָ | הַטּוֹבִים |
|---|---|---|---|---|---|---|---|---|---|
| યરુશાલેમના | વ્યભિચાર-જેવો | ઘરના | આહાબના | અને-તેમ-જ | — | તારા-ભાઈઓને | ઘરના | તારા-પિતાના | સારા |
| H3389 | H2181 | | H0256 | H1571 | H0853 | H0251 | | H0001 | |

| מִמְּךָ | הָרָגְתָּ׃ |
|---|---|
| તારા-કરતાં | મારી-નાખ્યા |
| | H2026 |

ઇઝરાયલના રાજાઓને માર્ગે ચાલ્યો છે અને આહાબના કુટુંબની જેમ તેં યહૂદિયા તથા યરુશાલેમના રહેવાસીઓની પાસે વ્યભિચાર કરાવી છે અને તારા પિતાના કુટુંબનાં તારા ભાઈઓ જે તારા કરતા સારા હતા, તેઓને તેં મારી નાખ્યા છે.

14

| הִנֵּה | יְהוָה | נֹגֵף | מַגֵּפָה | גְדוֹלָה | בְּעַמֶּךָ | וּבְבָנֶיךָ | וּבְנָשֶׁיךָ | וּבְכָל־ |
|---|---|---|---|---|---|---|---|---|
| જુઓ | યહોવાહ | મારશે | મરકી | મોટી | તારા-લોકોમાં | અને-તારા-પુત્રોમાં | અને-તારી-પત્નીઓમાં | અને-બધી |
| H2009 | H3068 | H5062 | H4046 | | | | H0802 | H3605 |

| רְכוּשֶׁךָ׃ |
|---|
| તારી-સંપત્તિમાં |
| H7399 |

તે માટે, ઈશ્વર તારા લોકોને, તારાં બાળકોને, તારી પત્નીઓને તથા તારી બધી સંપત્તિ પર મોટી મરકી લાવશે.

15 | | |
--- | --- | ---
וְאַתָּה | અને-તું | 
בָּחֳלָיִים | રોગોમાં | H2483
רַבִּים | ઘણા | 
בְּמַחֲלֵה | રોગથી | 
מֵעֶיךָ | તારા-આતરડાંના | H4578
עַד־ | જ્યાં-સુધી | H5704
יֵצְאוּ | નીકળે | H3318
מֵעֶיךָ | તારા-આતરડાં | H4578
מִן־ | — | 
הַחֹלִי | રોગથી | H2483
יָמִים | દિવસો | H3117
עַל־ | પછી | 
יָמִים׃ | દિવસો | H3117

તને પોતાને આતરડાંના રોગની ભારે બીમારી લાગુ પડશે અને એ રોગ એટલો બધો વ્યાપી જશે કે તેથી તારાં આતરડાં બહાર આવી જશે."

16 | | |
--- | --- | ---
וַיָּעַר | અને-ઉશ્કેર્યા | H5782
יְהוָה | યહોવાહે | H3068
עַל־ | વિરુદ્ધ | 
יְהוֹרָם | યહોરામના | H3088
אֵת | — | H0853
רוּחַ | ભાવના | H7307
הַפְּלִשְׁתִּים | પલિસ્તીઓની | H6430
וְהָעַרְבִים | અને-આરબોની | 
אֲשֶׁר | જે | 
עַל־ | પાસે | 
יַד | હાથે | H3027
כּוּשִׁים׃ | કૂશીઓના | H3569

ઈશ્વરે પલિસ્તીઓ તથા કૂશીઓની પડોશમાં રહેતા આરબોને યહોરામની વિરુદ્ધ ઉશ્કેર્યા.

17 | | |
--- | --- | ---
וַיַּעֲלוּ | અને-ચડી-આવ્યા | H5927
בִיהוּדָה | યહૂદામાં | H3063
וַיִּבְקָעוּהָ | અને-તોડી-પાડ્યું | H1234
וַיִּשְׁבּוּ | અને-બંદી-બનાવ્યું | H7617
אֵת | — | H0853
כָּל־ | બધી | H3605
הָרְכוּשׁ | સંપત્તિ | H7399
הַנִּמְצָא | મળેલી | H4672
לְבֵית־ | ઘરમાં | 
הַמֶּלֶךְ | રાજાના | H4428
וְגַם־ | અને-તેમ-જ | H1571
בָּנָיו | તેના-પુત્રોને | 
וְנָשָׁיו | અને-તેની-પત્નીઓને | H0802
וְלֹא | અને-ન | H3808
נִשְׁאַר־ | બચ્યો | H7604
לוֹ | તેને | 
בֵּן | પુત્ર | 
כִּי | સિવાય | 
אִם־ | — | 
יְהוֹאָחָז | યહોઆહાઝ | H3059
קְטֹן | સૌથી-નાનો | 
בָּנָיו׃ | તેના-પુત્રોમાં | 

તેઓએ યહૂદિયા દેશ પર આક્રમણ કર્યું અને દેશમાં ઘૂસી આવ્યા. તેઓ રાજાના મહેલમાં જે સર્વ સંપત્તિ હતી તેને લૂંટી લીધી. અને તેના દીકરાઓનું તથા તેની પત્નીઓનું હરણ કર્યું. તેના દીકરાઓમાં સૌથી નાના દીકરા યહોઆહાઝ સિવાય તેને એકે દીકરો રહ્યો નહિ.

18 | | |
--- | --- | ---
וְאַחֲרֵי | અને-પછી | 
כָּל־ | આ-બધા | H3605
זֹאת | પછી | H2063
נְגָפוֹ | માર્યો | H5062
יְהוָה | યહોવાહે | H3068
בְּמֵעָיו | તેના-આતરડાંમાં | H4578
לָחֳלִי | રોગથી | H2483
לְאֵין | જેનો-ન-હતો | H0369
מַרְפֵּא׃ | ઉપાય | H4832

આ સર્વ બનાવો બન્યા પછી, ઈશ્વરે તેને આતરડાંનો અસાધ્ય રોગ લાગુ કર્યો.

19 | | |
--- | --- | ---
וַיְהִי | અને-થયું | H1961
לְיָמִים | દિવસો | H3117
מִיָּמִים | પછી-દિવસો | H3117
וּכְעֵת | અને-સમયે | H6256
צֵאת | નીકળવાના | H3318
הַקֵּץ | અતના | H7093
לְיָמִים | દિવસો | H3117
שְׁנַיִם | બે | H8147
יָצְאוּ | નીકળ્યાં | H3318
מֵעָיו | તેના-આતરડાં | H4578
עִם־ | સાથે | 
חָלְיוֹ | તેના-રોગ | H2483
וַיָּמָת | અને-મૃત્યુ-પામ્યો | H4191
בְּתַחֲלֻאִים | પીડાઓમાં | H8463
רָעִים | ભયંકર | 
וְלֹא־ | અને-ન | H3808
עָשׂוּ | કર્યો | 
לוֹ | તેના-માટે | 
עַמּוֹ | તેના-લોકોએ | 
שְׂרֵפָה | અગ્નિદાહ | H8316
כִּשְׂרֵפַת | અગ્નિદાહ-જેવો | H8316
אֲבֹתָיו׃ | તેના-પિતૃઓનો | H0001

કેટલોક સમય પસાર થયા પછી, એટલે બે વર્ષને અતે, તે રોગને કારણે તેનાં આતરડાં ખરી પડ્યાં. એવા દુ:ખદાયક રોગથી તે મરણ પામ્યો. તેના લોકોએ તેના પિતૃઓને માટે જેવો દફનવિધિ કર્યો હતો, તેવો તેનો દફનવિધિ કર્યો નહિ.

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בֶּן־ | שְׁלֹשִׁים | וּשְׁתַּיִם | הָיָה | בְמָלְכוֹ | וּשְׁמוֹנֶה | שָׁנִים | מָלַךְ | בִּירוּשָׁלִָם | וַיֵּלֶךְ |
| પુત્ર | બત્રીસ | — | હતો | જ્યારે-તેણે-રાજ-કર્યું | અને-આઠ | વર્ષ | રાજ-કર્યું | યરુશાલેમમાં | અને-ગયો |
| | H7970 | H8147 | H1961 | | H8083 | H8141 | | H3389 | H3212 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בְּלֹא | חֶמְדָּה | וַיִּקְבְּרֻהוּ | בְּעִיר | דָּוִיד | וְלֹא | בְּקִבְרוֹת | הַמְּלָכִים׃ |
| વિના | ઇચ્છાના | અને-દફનાવ્યો | નગરમાં | દાઉદના | પણ-નહિ | કબરોમાં | રાજાઓની |
| H3808 | | H6912 | | H1732 | H3808 | H6913 | H4428 |

જયારે તે રાજપદે નિયુક્ત થયો, ત્યારે તે બત્રીસ વર્ષનો હતો; તેણે યરુશાલેમમાં આઠ વર્ષ સુધી રાજ કર્યું. અને તે મૃત્યુ પામ્યો ત્યારે તે લોકોમાં અપ્રિય થઈ પડ્યો હતો. તેઓએ તેને દાઉદનગરમાં દફનાવ્યો ખરો, પણ રાજાઓની કબરોમાં નહિ.

## Chapter 22

1

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּמְלִיכוּ | יוֹשְׁבֵי | יְרוּשָׁלִַם | אֶת־ | אֲחַזְיָהוּ | בְנוֹ | הַקָּטֹן | תַּחְתָּיו | כִּי |
| અને-રાજા-બનાવ્યો | રહેવાસીઓએ | યરુશાલેમના | — | અહઝ્યાહુને | તેના-પુત્ર | સૌથી-નાના | તેની-જગ્યાએ | કારણ-કે |
| | H3427 | H3389 | H0853 | H0274 | | | H8478 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כָל־ | הָרִאשֹׁנִים | הָרַג | הַגְּדוּד | הַבָּא | בָעַרְבִים | לַמַּחֲנֶה | וַיִּמְלֹךְ | אֲחַזְיָהוּ | בֶּן־ |
| બધા | મોટાઓને | મારી-નાખ્યા-હતા | ટોળાએ | આવેલા | આરબો-સાથે | છાવણીમાં | અને-રાજ-કર્યું | અહઝ્યાહુએ | પુત્ર |
| H3605 | H7223 | H2026 | H1416 | H0935 | | H4264 | | H0274 | |

| | | | |
|---|---|---|---|
| יְהוֹרָם | מֶלֶךְ | יְהוּדָה׃ | פ |
| યહોરામનો | રાજા | યહૂદાનો | — |
| H3088 | H4428 | H3063 | |

યરુશાલેમના રહેવાસીઓએ તેના સ્થાને યહોરામના સૌથી નાના દીકરા અહાઝયાહને રાજા તરીકે નિયુક્ત કર્યો; કેમ કે આરબો સાથે જે માણસો છાવણીમાં આવ્યા હતા, તેઓએ તેના બધા મોટા દીકરાઓને મારી નાખ્યા હતા. તેથી યહોરામનો દીકરો અહાઝયાહ યહૂદાનો રાજા બન્યો.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בֶּן־ | אַרְבָּעִים | וּשְׁתַּיִם | שָׁנָה | אֲחַזְיָהוּ | בְמָלְכוֹ | וְשָׁנָה | אַחַת | מָלַךְ | בִּירוּשָׁלִָם |
| પુત્ર | બેતાળીસ | — | વર્ષનો | અહઝ્યાહુ-હતો | જ્યારે-તેણે-રાજ-કર્યું | અને-એક | વર્ષ | રાજ-કર્યું | યરુશાલેમમાં |
| | H0705 | H8147 | H8141 | H0274 | | H8141 | H0259 | | H3389 |

| | | | | |
|---|---|---|---|---|
| וְשֵׁם | אִמּוֹ | עֲתַלְיָהוּ | בַּת־ | עָמְרִי׃ |
| અને-નામ | તેની-માતાનું | અતલ્યાહુ-હતું | પુત્રી | ઓમ્રીની |
| H8034 | H0517 | H6271 | H1323 | H6018 |

અહાઝયાહ રાજા થયો ત્યારે તે બેતાળીસ વર્ષનો હતો; તેણે યરુશાલેમમાં એક વર્ષ રાજય કર્યું. તેની માતાનું નામ અથાલ્યા હતું. તે ઓમ્રીની દીકરી હતી.

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| גַּם־ | הוּא | הָלַךְ | בְּדַרְכֵי | בֵּית | אַחְאָב | כִּי | אִמּוֹ | הָיְתָה | יוֹעַצְתּוֹ | לְהַרְשִׁיעַ׃ |
| તેમ-જ | તે | ચાલ્યો | માર્ગોમાં | ઘરના | આહાબના | કારણ-કે | તેની-માતા | હતી | તેની-સલાહકાર | દુષ્ટતા-માટે |
| H1571 | H1931 | H1980 | H1870 | | H0256 | | H0517 | H1961 | H3289 | H7561 |

તે પણ આહાબના કુટુંબનાં માર્ગમાં ચાલ્યો કેમ કે તેની માતા તેને ખોટા કાર્યો કરવાની સલાહ આપતી હતી.

4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַשׂ | הָרַע | בְּעֵינֵי | יְהוָה | כְּבֵית | אַחְאָב | כִּי־ | הֵמָּה | הָיוּ־ | לוֹ | יוֹעֲצִים |
| અને-કર્યું | ભૂંડું | નજરમાં | યહોવાહની | જેમ | આહાબના-ઘરના | કારણ-કે | તેઓ | હતા | તેના | સલાહકારો |
| | | | H3068 | | H0256 | | H1992 | H1961 | | H3289 |

| | | | | |
|---|---|---|---|---|
| אַחֲרֵי | מוֹת | אָבִיו | לְמַשְׁחִית | לוֹ׃ |
| પછી | મૃત્યુ | તેના-પિતાન□ | નાશ-માટે | તેના |
| | H4194 | H0001 | H4889 | |

આહાબના કુટુંબની જેમ અહાઝયાહએ ઈશ્વરની દ્રષ્ટિમાં જે ખોટું હતું તે કર્યું, કારણ કે તેના પિતાના મૃત્યુ પછી તેઓ તેનો નાશ થાય એવાં સલાહસૂચનો આપતા હતા.

5
גַּם תેમ-જ H1571 | בַּעֲצָתָם તેમની-સલાહમાં H6098 | הָלַךְ ચાલ્યો H1980 | וַיֵּלֶךְ અને-ગયો H3212 | אֶת־ સાથે H0854 | יְהוֹרָם યહોરામ H3088 | בֶּן־ પુત્ર | אַחְאָב આહાબના H0256 | מֶלֶךְ રાજા H4428 | יִשְׂרָאֵל ઇઝરાયલના H3478 | לַמִּלְחָמָה યુદ્ધ-માટે H4421
עַל־ વિરુદ્ધ | חֲזָאֵל હઝાએલ H2371 | מֶלֶךְ־ રાજાના H4428 | אֲרָם અરામના H0758 | בְּרָמוֹת રામોતમાં H7433 | גִּלְעָד ગિલ્યાદન H1568 | וַיַּכּוּ અને-માર્યા H5221 | הָרַמִּים અરામીઓએ H7421 | אֶת־ — H0853 | יוֹרָם׃ યોરામને H3141

અને તે તેઓની ખોટી સલાહ માનતો હતો; રામોથ ગિલ્યાદ તરફ હઝાએલની વિરુદ્ધ યુદ્ધ કરવા માટે તે ઇઝરાયલના રાજા, આહાબના દીકરા યોરામ સાથે ગયો. અરામીઓએ યોરામને ઘાયલ કર્યો.

6
וַיָּשָׁב અને-પાછો-આવ્યો H7725 | לְהִתְרַפֵּא સાજા-થવા H7495 | בְיִזְרְעֶאל યિઝ્રેએલમાં H3157 | כִּי કારણ-કે | הַמַּכִּים ઘાઓ H4347 | אֲשֶׁר જે | הִכֻּהוּ માર્યા-હતા H5221 | בָּרָמָה રામાહમાં H7414 | בְּהִלָּחֲמוֹ લડતાં | אֶת־ — H0854
חֲזָהאֵל હઝાએલ H2371 | מֶלֶךְ રાજા H4428 | אֲרָם અરામના H0758 | וַעֲזַרְיָהוּ અને-અઝાર્યાહુ H5838 | בֶן־ પુત્ર | יְהוֹרָם યહોરામનો H3088 | מֶלֶךְ રાજા H4428 | יְהוּדָה યહૂદાનો H3063 | יָרַד ઉતર્યો H3381 | לִרְאוֹת જોવા H7200 | אֶת־ — H0853 | יְהוֹרָם યહોરામ H3088
בֶּן־ પુત્ર | אַחְאָב આહાબના H0256 | בְּיִזְרְעֶאל યિઝ્રેએલમાં H3157 | כִּי־ કારણ-કે | חֹלֶה બીમાર | הוּא׃ તે-હતો H1931

રામા આગળ અરામના રાજા હઝાએલ વિરુદ્ધ લડતાં જે ઘા થયેલો તેમાંથી સાજો થવા માટે યહોરામ યિઝ્રએલ પાછો ગયો. તેથી યરોહામનો દીકરો અહાઝયાહ જે યહૂદાનો રાજા હતો, યોરામની ખબર કાઢવા યિઝ્રએલ ગયો. યોરામ અરામના સૈન્યથી ઘવાયેલો હતો.

7
וּמֵאֱלֹהִים અને-ઈશ્વરની-તરફથી H0430 | הָיְתָה હતી H1961 | תְּבוּסַת પતન H8395 | אֲחַזְיָהוּ અહઝ્યાહુનું H0274 | לָבוֹא આવવા H0935 | אֶל־ પાસે H0413 | יוֹרָם યોરામન H3141 | וּבְבֹאוֹ અને-આવતાં H0935 | יָצָא નીકળ્યો H3318 | עִם־ સાથે
יְהוֹרָם યહોરામ H3088 | אֶל־ પાસે H0413 | יֵהוּא યેહૂ H3058 | בֶן־ પુત્ર | נִמְשִׁי નિમ્શીન H5250 | אֲשֶׁר જેને | מְשָׁחוֹ અભિષિક્ત-કર્યો-હતો H4886 | יְהוָה યહોવાહે H3068 | לְהַכְרִית નાશ-કરવા H3772 | אֶת־ — H0853 | בֵּית ઘરને
אַחְאָב׃ આહાબન H0256

હવે અહાઝયાહ યોરામને ત્યાં ગયો માટે ઈશ્વર અહાઝયાહ પર નાશ લાવવાના હતા. જ્યારે તે ત્યાં પહોંચ્યો ત્યારે તે યહોરામ સાથે નિમ્શીના દીકરા યેહૂ કે જેને ઈશ્વરે આહાબના કુટુંબનો નાશ કરવા અભિષિક્ત કર્યો હતો, તેની સામે ગયો.

8
וַיְהִי અને-થયું H1961 | כְּהִשָּׁפֵט ન્યાય-કરતાં H8199 | יֵהוּא યેહૂ H3058 | עִם־ સાથે | בֵּית ઘરના | אַחְאָב આહાબના H0256 | וַיִּמְצָא અને-મળ્યા H4672 | אֶת־ — H0853 | שָׂרֵי સરદારોને H8269 | יְהוּדָה યહૂદાના H3063 | וּבְנֵי અને-પુત્રોને
אֲחֵי ભાઈઓન H0251 | אֲחַזְיָהוּ અહઝ્યાહુન H0274 | מְשָׁרְתִים સેવા-કરનારા H8334 | לַאֲחַזְיָהוּ અહઝ્યાહુના H0274 | וַיַּהַרְגֵם׃ અને-મારી-નાખ્યા H2026

એવું બન્યું કે જયારે યેહૂ આહાબના કુટુંબ પર ઈશ્વરના ન્યાયાસનનો અમલ કરતો હતો ત્યારે તે યહૂદાના આગેવાનો અને અહાઝયાહની સેવામાં રહેતા તેના ભાઈઓને મળ્યો. યેહૂએ તેઓને મારી નાખ્યા.

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְבַקֵּשׁ | אֶת־ | אֲחַזְיָהוּ | וַיִּלְכְּדֻהוּ | וְהוּא | מִתְחַבֵּא | בְשֹׁמְרוֹן | וַיְבִאֻהוּ | אֶל־ | יֵהוּא |
| અને-શોધ્યો | — | અહઝ્યાહુને | અને-પકડ્યો | અને-તે | છુપાયેલો-હતો | શોમ્રોનમાં | અને-લાવ્યો | પાસે | યેહૂન□ |
| H1245 | H0853 | H0274 | H3920 | H1931 | H2244 | H8111 | H0935 | H0413 | H3058 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְמִתֻהוּ | וַיִּקְבְּרֻהוּ | כִּי | אָמְרוּ | בֶּן־ | יְהוֹשָׁפָט | הוּא | אֲשֶׁר־ | דָּרַשׁ | אֶת־ |
| અને-મારી-નાખ્યો | અને-દફનાવ્યો | કારણ-કે | કહ્યુ | પુત્ર | યહોશાફાટનો | તે-છે | જેણે | શોધ્યો-હતો | — |
| H4191 | H6912 | | H0559 | | H3092 | H1931 | | H1875 | H0853 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה | בְּכָל־ | לְבָבוֹ | וְאֵין | לְבֵית | אֲחַזְיָהוּ | לַעְצֹר | כֹּחַ | לְמַמְלָכָה׃ |
| યહોવાહને | બધા | હૃદયથી | અને-એમાં-ન-હતું | ઘરમાં | અહઝ્યાહુના | રાખવા | શક્તિ | રાજ્ય-માટે |
| H3068 | H3605 | H3824 | H0369 | | H0274 | H6113 | | H4467 |

યેહૂએ અહાઝયાહને શોધ્યો. તે સમરુનમાં સંતાઈ ગયો હતો, પણ યેહૂના માણસો તેને ત્યાંથી પકડીને યેહૂ પાસે લાવ્યા અને તેઓએ તેને મારી નાખ્યો. પછી તેઓએ તેને દફનાવ્યો. કેમ કે, તેઓએ કહ્યુ, "યહોશાફાટ કે જે ખરા હૃદયથી ઈશ્વરની શોધ કરતો હતો તેનો તે દીકરો છે." તેથી અહાઝયાહ પછી તેના કુટુંબમાં યોઆશ વિના રાજય ચલાવી શકે એવો કોઈ સામર્થ્ય રહ્યો ન હતો.

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַעֲתַלְיָהוּ | אֵם | אֲחַזְיָהוּ | רָאֲתָה | כִּי | מֵת | בְּנָהּ | וַתָּקָם | וַתְּדַבֵּר | אֶת־ | כָּל־ |
| અને-અતલ્યાહુ | માતા | અહઝ્યાહુની | જોયું | કે | મરી-ગયો | તેનો-પુત્ર | અને-ઊઠી | અને-નાશ-કર્યું | — | બધા |
| H6271 | H0517 | H0274 | H7200 | | H4191 | | | H1696 | H0853 | H3605 |

| | | | |
|---|---|---|---|
| זֶרַע | הַמַּמְלָכָה | לְבֵית | יְהוּדָה׃ |
| વંશને | રાજ્યના | ઘરના | યહૂદાના |
| H2233 | H4467 | | H3063 |

હવે જ્યારે અહાઝયાહની માતા અથાલ્યાએ જોયું કે તેનો દીકરો મૃત્યુ પામ્યો છે. તેણે ત્યારે ઊઠીને યહૂદિયાના રાજ કુટુંબનાં સર્વ રાજકુંવરોને મારી નાખ્યા.

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתִּקַּח | יְהוֹשַׁבְעַת | בַּת־ | הַמֶּלֶךְ | אֶת־ | יוֹאָשׁ | בֶּן־ | אֲחַזְיָהוּ | וַתִּגְנֹב | אֹתוֹ | מִתּוֹךְ |
| પણ-લીધો | યહોશબ્યતે | પુત્રીએ | રાજાની | — | યોઆશને | પુત્ર | અહઝ્યાહુન□ | અને-ચોરી-કરી | તેને | વચ્ચેથી |
| H3947 | H3090 | H1323 | H4428 | H0853 | H3101 | | H0274 | H1589 | H0853 | H8432 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּנֵי־ | הַמֶּלֶךְ | הַמּוּמָתִים | וַתִּתֵּן | אֹתוֹ | וְאֶת־ | מֵינִקְתּוֹ | בַּחֲדַר | הַמִּטּוֹת | וַתַּסְתִּירֵהוּ |
| પુત્રોમાંથી | રાજાના | મારી-નાખવામાં-આવેલા | અને-મૂક્યો | તેને | અને | તેની-ધાવમાતાને | ઓરડામાં | પલંગોન□ | અને-છુપાવ્યો |
| | H4428 | H4191 | H5414 | H0853 | H0853 | H3243 | H2315 | H4296 | H5641 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוֹשַׁבְעַת | בַּת־ | הַמֶּלֶךְ | יְהוֹרָם | אֵשֶׁת | יְהוֹיָדָע | הַכֹּהֵן | כִּי | הִיא | הָיְתָה | אֲחוֹת | אֲחַזְיָהוּ |
| યહોશબ્યતે | પુત્રીએ | રાજા | યહોરામની | પત્ની | યહોયાદા | યાજકની | કારણ-કે | તે | હતી | બહેન | અહઝ્યાહુની |
| H3090 | H1323 | H4428 | H3088 | H0802 | H3077 | H3548 | | H1931 | H1961 | H0269 | H0274 |

| | | | |
|---|---|---|---|
| מִפְּנֵי | עֲתַלְיָהוּ | וְלֹא | הֱמִיתָתְהוּ׃ |
| સામેથી | અતલ્યાહુના | અને-ન | માર્યો-તેને |
| H6440 | H6271 | H3808 | H4191 |

પણ રાજાની દીકરી યહોશાબાથ અહાઝયાહના દીકરા યોઆશને જે રાજાના દીકરાઓને મારી નાખવામાં આવતા હતા તેઓની વચ્ચેથી સંતાડીને તેની દાઈના શયનખંડમાં લઈ ગઈ. યહોશાબાથ, રાજા યહોરામની દીકરી અને યાજક યહોયાદાની પત્ની હતી. તે અહાઝયાહની બહેન પણ હતી. તેણે યોઆશને અથાલ્યાથી સંતાડી દીધો હતો, તેથી અથાલ્યા તેને મારી શકી નહિ.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | אִתָּם | בְּבֵית | הָאֱלֹהִים | מִתְחַבֵּא | שֵׁשׁ | שָׁנִים | וַעֲתַלְיָה | מֹלֶכֶת | עַל־ |
| અને-રહ્યો | તેમની-સાથે | ઘરમાં | ઈશ્વરન□ | છુપાયેલો | છ | વર્ષ | અને-અતલ્યાહુ | રાજ-કરતી-હતી | ઉપર |
| H1961 | H0854 | | H0430 | H2244 | H8337 | H8141 | H6271 | | |

| | |
|---|---|
| הָאָרֶץ׃ | פ |
| દેશમાં | — |
| H0776 | |

રાજકુંવર યોઆશ તેઓની સાથે છ વરસ સુધી ઈશ્વરના ઘરમાં સંતાઈ રહ્યો. તે સમય દરમિયાન દેશ ઉપર અથાલ્યા રાજય કરતી હતી.

## Chapter 23

1

| וּבַשָּׁנָה | הַשְּׁבִעִית | הִתְחַזַּק | יְהוֹיָדָע | וַיִּקַּח | אֶת־ | שָׂרֵי | הַמֵּאוֹת | לַעֲזַרְיָהוּ | בֶן־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-વર્ષમાં | સાતમાં | બળવાન-થયો | યહોયાદા | અને-લીધા | — | સરદારોને | સૌના | અઝાર્યાહુ | પુત્ર |
| H8141 | H7637 | H2388 | H3077 | H3947 | H0853 | H8269 | H3967 | H5838 | |

| יְרֹחָם | וּלְיִשְׁמָעֵאל | בֶּן־ | יְהוֹחָנָן | וְלַעֲזַרְיָהוּ | בֶן־ | עוֹבֵד | וְאֶת־ | מַעֲשֵׂיָהוּ | בֶן־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| યરોહામનો | અને-યિશ્માએલ | પુત્ર | યહોહાનાનનો | અને-અઝાર્યાહુ | પુત્ર | ઓબેદનો | અને | માસેયાહુ | પુત્ર |
| H3395 | H3458 | | H3076 | H5838 | | H5744 | H0853 | H4641 | |

| עֲדָיָהוּ | וְאֶת־ | אֱלִישָׁפָט | בֶּן־ | זִכְרִי | עִמּוֹ | בַבְּרִית׃ |
|---|---|---|---|---|---|---|
| અદાયાહુનો | અને | એલિશાફાટ | પુત્ર | ઝિખ્રીનો | તેની-સાથે | કરારમાં |
| H5718 | H0853 | H0478 | | H2147 | | H1285 |

સાતમે વર્ષે યહોયાદા બળવાન થયો. તેણે શતાધિપતિ એટલે યરોહામનો દીકરો અઝાર્યા, યહોહાનાનનો દીકરો ઇશ્માએલ, ઓબેદનો દીકરો અઝાર્યા, અદાયાનો દીકરો માસેયા તથા ઝિખ્રીનો દીકરો અલીશાફાટને લઈને તેઓની સાથે કોલકરાર કર્યા.

2

| וַיָּסֹבּוּ | בִּיהוּדָה | וַיִּקְבְּצוּ | אֶת־ | הַלְוִיִּם | מִכָּל־ | עָרֵי | יְהוּדָה | וְרָאשֵׁי | הָאָבוֹת |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ફર્યા | યહૂદામાં | અને-એકઠા-કર્યા | — | લેવીઓને | બધાં | નગરોમાંથી | યહૂદાના | અને-આગેવાનોને | પિતૃઓના |
| H5437 | H3063 | H6908 | H0853 | H3881 | H3605 | | H3063 | | H0001 |

| לְיִשְׂרָאֵל | וַיָּבֹאוּ | אֶל־ | יְרוּשָׁלִָם׃ |
|---|---|---|---|
| ઇઝરાયલના | અને-આવ્યા | પાસે | યરુશાલેમ |
| H3478 | H0935 | H0413 | H3389 |

તેઓએ સમગ્ર યહૂદિયામાં ફરીને ત્યાંના બધાં નગરોમાંથી લેવીઓને તેમ જ ઇઝરાયલી કુટુંબોના વડીલોને એકઠા કર્યા અને તેઓ યરુશાલેમ આવ્યા.

3

| וַיִּכְרֹת | כָּל־ | הַקָּהָל | בְּרִית | בְּבֵית | הָאֱלֹהִים | עִם־ | הַמֶּלֶךְ | וַיֹּאמֶר | לָהֶם | הִנֵּה | בֶן־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કર્યો | બધી | સભાએ | કરાર | ઘરમાં | ઈશ્વરના | સાથે | રાજાની | અને-કહ્યુ | તેમને | જુઓ | પુત્ર |
| H3772 | H3605 | H6951 | H1285 | | H0430 | | H4428 | H0559 | H1992 | H2009 | |

| הַמֶּלֶךְ | יִמְלֹךְ | כַּאֲשֶׁר | דִּבֶּר | יְהוָה | עַל־ | בְּנֵי | דָוִיד׃ |
|---|---|---|---|---|---|---|---|
| રાજાનો | રાજ-કરશે | જેમ | કહ્યુ-હતું | યહોવાહે | વિષે | પુત્રોના | દાઉદના |
| H4428 | | | H1696 | H3068 | | | H1732 |

તે આખી સભાએ ઘરમાં રાજા સાથે કોલકરાર કર્યો. યહોયાદાએ તેઓને કહ્યુ, "જે પ્રમાણે ઈશ્વરે દાઉદનાં સંતાનો સંબંધી વચન આપ્યું હતું કે તેના વંશજો રાજ કરશે તેમ જુઓ, રાજાનો દીકરો રાજ કરશે.

4

| זֶה | הַדָּבָר | אֲשֶׁר | תַּעֲשׂוּ | הַשְּׁלִשִׁית | מִכֶּם | בָּאֵי | הַשַּׁבָּת | לַכֹּהֲנִים | וְלַלְוִיִּם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| આ | વાત-છે | જે | કરશો | ત્રીજો-ભાગ | તમારામાંથી | આવનારા | શાબ્બાતે | યાજકોના | અને-લેવીઓના |
| H2088 | H1697 | | | H7992 | | H0935 | H7676 | H3548 | H3881 |

| לְשֹׁעֲרֵי | הַסִּפִּים׃ |
|---|---|
| દરવાજાઓના | ઉંબરાઓના |
| H7778 | |

તમારે આ પ્રમાણે કામ કરવાનું છે: વિશ્રામવારે સેવા કરનાર તમારે એટલે યાજકો અને લેવીઓ ત્રીજા ભાગે દરવાજા આગળ દ્વારપાળ તરીકે ઊભા રહેવું.

5

| וְהַשְּׁלִשִׁית | בְּבֵית | הַמֶּלֶךְ | וְהַשְּׁלִשִׁית | בְּשַׁעַר | הַיְסוֹד | וְכָל־ | הָעָם | בְּחַצְרוֹת |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-ત્રીજો-ભાગ | ઘરમાં | રાજાના | અને-ત્રીજો-ભાગ | દરવાજે-પાસે | પાયાના | અને-બધા | લોકો | આગણાઓમાં |
| H7992 | | H4428 | H7992 | H8179 | H3247 | H3605 | | |

| בֵּית | יְהוָה׃ |
|---|---|
| ઘરના | યહોવાહના |
| | H3068 |

અને બીજા એક તૃતીયાંશ ભાગે રાજાના મહેલ આગળ ખડા રહેવું; બાકીના ત્રીજા ભાગે ઘોડાના દરવાજા આગળ ઊભા રહેવું. બધા લોકોએ ઈશ્વરના સભાસ્થાનના આગણામાં રહેવું.

6

| | | |
|---|---|---|
| וְאַל־ | અને-ન | H0408 |
| יָבוֹא | પ્રવેશે | H0935 |
| בֵית־ | ઘરમાં | |
| יְהוָה | યહોવાહના | H3068 |
| כִּי | સિવાય | |
| אִם־ | — | |
| הַכֹּהֲנִים | યાજકો | H3548 |
| וְהַמְשָׁרְתִים | અને-સેવકો | H8334 |
| לַלְוִיִּם | લેવીઓના | H3881 |
| הֵמָּה | તેઓ | H1992 |
| יָבֹאוּ | પ્રવેશે | H0935 |
| כִּי־ | કારણ-કે | |
| קֹדֶשׁ | પવિત્ર | H6944 |
| הֵמָּה | તેઓ-છે | H1992 |
| וְכָל־ | અને-બધા | H3605 |
| הָעָם | લોકો | |
| יִשְׁמְרוּ | પાળશે | H8104 |
| מִשְׁמֶרֶת | ફરજ | H4931 |
| יְהוָה׃ | યહોવાહની | H3068 |

યાજકો તથા લેવીઓ જે સેવા કરતા હોય તેઓના સિવાય કોઈને પણ ઘરમાં પ્રવેશ કરવા દેવો નહિ; માત્ર તેઓએ જ અંદર જવું, કેમ કે તેઓ પવિત્ર હોઈને આજના દિવસના કામ માટે તેઓને નિયત કરાયા છે. સર્વ લોકોએ ઈશ્વરની આજ્ઞા પાળવી.

7

| | | |
|---|---|---|
| וְהִקִּיפוּ | અને-ઘેરશે | |
| הַלְוִיִּם | લેવીઓ | H3881 |
| אֶת־ | — | H0853 |
| הַמֶּלֶךְ | રાજાને | H4428 |
| סָבִיב | ચારેબાજુ | H5439 |
| אִישׁ | પ્રત્યેક | H0376 |
| וְכֵלָיו | અને-તેના-હથિયાર | H3627 |
| בְּיָדוֹ | હાથમાં | H3027 |
| וְהַבָּא | અને-આવનાર | H0935 |
| אֶל־ | પાસે | H0413 |
| הַבַּיִת | ઘરના | |
| יוּמָת | મારી-નાખવામાં-આવશે | H4191 |
| וִהְיוּ | અને-રહેશે | H1961 |
| אֶת־ | — | H0854 |
| הַמֶּלֶךְ | રાજાની-સાથે | H4428 |
| בְּבֹאוֹ | આવતાં | H0935 |
| וּבְצֵאתוֹ׃ | અને-જતાં | H3318 |

લેવીઓએ પોતપોતાની તલવાર હાથમાં રાખીને રાજાની આસપાસ ઊભા રહેવું. જે કોઈ ઘરમાં પ્રવેશે તેને મારી નાખવો. રાજા અંદર આવે કે બહાર જાય ત્યારે તમારે તેની સાથે રહેવું."

8

| | | |
|---|---|---|
| וַיַּעֲשׂוּ | અને-કર્યું | |
| הַלְוִיִּם | લેવીઓએ | H3881 |
| וְכָל־ | અને-બધા | H3605 |
| יְהוּדָה | યહૂદાએ | H3063 |
| כְּכֹל | બધું | H3605 |
| אֲשֶׁר־ | જે | |
| צִוָּה | આજ્ઞા-આપી-હતી | H6680 |
| יְהוֹיָדָע | યહોયાદા | H3077 |
| הַכֹּהֵן | યાજકે | H3548 |
| וַיִּקְחוּ | અને-લીધા | H3947 |
| אִישׁ | પ્રત્યેકે | H0376 |
| אֶת־ | — | H0853 |
| אֲנָשָׁיו | તેના-માણસોને | H0376 |
| בָּאֵי | આવનારા | H0935 |
| הַשַּׁבָּת | શાબ્બાતે | H7676 |
| עִם | સાથે | |
| יוֹצְאֵי | જનારાઓને | H3318 |
| הַשַּׁבָּת | શાબ્બાતના | H7676 |
| כִּי | કારણ-કે | |
| לֹא | ન | H3808 |
| פָטַר | છોડ્યા | H6362 |
| יְהוֹיָדָע | યહોયાદા | H3077 |
| הַכֹּהֵן | યાજકે | H3548 |
| אֶת־ | — | H0853 |
| הַמַּחְלְקוֹת׃ | વિભાગોને | H4256 |

તેથી યહોયાદા યાજકે જે જે આજ્ઞા કરી તે સર્વનો લેવીઓએ તથા યહૂદિયાના બધાં લોકોએ પાલન કર્યુ. તેઓએ પોતપોતાનાં માણસોને એટલે વિશ્રામવારે અંદર આવનાર અને બહાર જનારને ભેગા કર્યા; કેમ કે યહોયાદા યાજકે વારા પ્રમાણે પાછા જનારાઓને જવા દીધાં નહોતા.

9

| | | |
|---|---|---|
| וַיִּתֵּן | અને-આપ્યાં | H5414 |
| יְהוֹיָדָע | યહોયાદા | H3077 |
| הַכֹּהֵן | યાજકે | H3548 |
| לְשָׂרֵי | સરદારોને | H8269 |
| הַמֵּאוֹת | સૌન | H3967 |
| אֶת־ | — | H0853 |
| הַחֲנִיתִים | ભાલાઓ | H2595 |
| וְאֶת־ | અને | H0853 |
| הַמָּגִנּוֹת | ઢાલો | H4043 |
| וְאֶת־ | અને | H0853 |
| הַשְּׁלָטִים | પરસાળો | H7982 |
| אֲשֶׁר | જે | |
| לַמֶּלֶךְ | રાજાના-હત | H4428 |
| דָּוִיד | દાઉદના | H1732 |
| אֲשֶׁר | જે | |
| בֵּית | ઘરમાં-હતાં | |
| הָאֱלֹהִים׃ | ઈશ્વરના | H0430 |

યાજક યહોયાદાએ ઈશ્વરના ઘરમાં દાઉદ રાજાની જે નાનીમોટી ઢાલો અને ભાલા હતા તે શતાધિપતિ અધિકારીઓને આપ્યાં.

10

| | | |
|---|---|---|
| וַיַּעֲמֵד | અને-ઊભા-કર્યા | H5975 |
| אֶת־ | — | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| הָעָם | લોકોને | |
| וְאִישׁ | અને-પ્રત્યેક | H0376 |
| שִׁלְחוֹ | તેના-હથિયાર | H7973 |
| בְּיָדוֹ | હાથમાં | H3027 |
| מִכֶּתֶף | બાજુથી | H3802 |
| הַבַּיִת | ઘરની | |
| הַיְמָנִית | જમણી-બાજુ | H3233 |
| עַד־ | થી | H5704 |
| כֶּתֶף | બાજુ | H3802 |
| הַבַּיִת | ઘરની | |
| הַשְּׂמָאלִית | ડાબી-બાજુ | H8042 |
| לַמִּזְבֵּחַ | વેદી-પાસે | H4196 |
| וְלַבָּיִת | અને-ઘર-પાસે | |
| עַל־ | આસપાસ | |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| סָבִיב׃ | ચારેબાજુ | H5439 |

યહોયાદાએ લોકોના હાથમાં હથિયાર આપીને સભાસ્થાનની જમણી બાજુ અને ડાબી બાજુ સુધી વેદી અને સભાસ્થાનને ઘેરીને રાજાનું રક્ષણ કરવા તેઓને ગોઠવી દીધા.

11 וַיּוֹצִאוּ אֶת־ בֶּן־ הַמֶּלֶךְ וַיִּתְּנוּ עָלָיו אֶת־ הַנֵּזֶר וְאֶת־ הָעֵדוּת
અને-બહાર-લાવ્યા — પુત્રને રાજાના અને-મૂક્યો તેના-ઉપર — મુકુટ અને શાસ્ત્ર
H3318 H0853 H4428 H5414 H0853 H5145 H0853 H5715

וַיַּמְלִכוּ אֹתוֹ וַיִּמְשָׁחֻהוּ יְהוֹיָדָע וּבָנָיו וַיֹּאמְרוּ יְחִי הַמֶּלֶךְ׃ ס
અને-રાજા-બનાવ્યો તેને અને-અભિષિક્ત-કર્યો યહોયાદાએ અને-તેના-પુત્રોએ અને-કહ્યુ જીવો રાજા —
H0853 H4886 H3077 H0559 H2421 H4428

પછી યહોયાદા રાજાના દીકરાને લઈ આવ્યો. અને તેના માથા ઉપર મુગટ પહેરાવ્યો. તેણે તેને નિયમશાસ્ત્રના ગ્રંથની નકલ આપી. પછી તેને રાજા તરીકે જાહેર કર્યો. યહોયાદા અને તેના પુત્રોએ તેનો રાજ્યાભિષેક કર્યો. પછી તેઓએ કહ્યુ, “રાજા ઘણું જીવો.”

12 וַתִּשְׁמַע עֲתַלְיָהוּ אֶת־ קוֹל הָעָם הָרָצִים וְהַמְהַלְלִים אֶת־ הַמֶּלֶךְ
અને-સાંભળ્યો અતલ્યાહુએ — અવાજ લોકોનો દોડનારાઓનો અને-સ્તુતિ-કરનારાઓનો — રાજાનો
H8085 H6271 H0853 H7323 H0853 H4428

וַתָּבוֹא אֶל־ הָעָם בֵּית יְהוָה׃
અને-આવી પાસે લોકોન□ ઘરમાં યહોવાહના
H0935 H0413 H3068

જયારે અથાલ્યાએ લોકોની ભાગદોડનો અવાજ અને રાજાની સ્તુતિનો અવાજ સાંભળ્યો ત્યારે તે યહોવાહના ઘરમાં આવી.

13 וַתֵּרֶא וְהִנֵּה הַמֶּלֶךְ עוֹמֵד עַל־ עַמּוּדוֹ בַּמָּבוֹא וְהַשָּׂרִים וְהַחֲצֹצְרוֹת עַל־
અને-જોયું અને-જુઓ રાજા ઊભો-હતો ઉપર તેના-સ્તંભે પ્રવેશમાં અને-સરદારો અને-રણશિંગાઓ પાસે
H7200 H2009 H4428 H5975 H5982 H3996 H8269 H2689

הַמֶּלֶךְ וְכָל־ עַם הָאָרֶץ שָׂמֵחַ וְתוֹקֵעַ בַּחֲצֹצְרוֹת וְהַמְשׁוֹרְרִים בִּכְלֵי
રાજાના અને-બધા લોકો દેશના આનંદિત અને-રણશિંગાઓ-વગાડતા રણશિંગાઓથી અને-ગાયકો વાજિંત્રો-સાથે
H4428 H3605 H0776 H8056 H8628 H2689 H7891 H3627

הַשִּׁיר וּמוֹדִיעִים לְהַלֵּל וַתִּקְרַע עֲתַלְיָהוּ אֶת־ בְּגָדֶיהָ וַתֹּאמֶר קֶשֶׁר קָשֶׁר׃ ס
ગીતના અને-જાણનારા સ્તુતિ-કરવા અને-ફાડ્યાં અતલ્યાહુએ — તેનાં-વસ્ત્રો અને-બોલી કાવત્રું કાવત્રું —
H3045 H7167 H6271 H0853 H0559 H7195 H7195

અને તેણે જોયું કે રાજા સ્તંભ પાસે દરવાજા આગળ ઊભો હતો. તેની પાસે લશ્કરી અધિકારીઓ અને રણશિંગડાં વગાડનારાઓ ઊભા હતા. દેશના બધા લોકો આનંદ કરતા હતા અને રણશિંગડાં વગાડતા હતા. ગાયકો વાજિંત્રો સાથે ગીતો ગાઈને ઈશ્વરની સ્તુતિ કરતા હતા. તે જોઈને અથાલ્યાએ પોતાનાં વસ્ત્રો ફાડ્યાં અને તેણે મોટે સાદે બૂમ પાડી, “રાજદ્રોહ, રાજદ્રોહ□”

14 וַיּוֹצֵא יְהוֹיָדָע הַכֹּהֵן אֶת־ שָׂרֵי הַמֵּאוֹת פְּקֻדֵי הַחַיִל וַיֹּאמֶר אֲלֵהֶם
અને-બહાર-લાવ્યો યહોયાદા યાજક — સરદારોને સૌના અધિકારીઓને સૈન્યના અને-કહ્યુ તેમને
H3318 H3077 H3548 H0853 H8269 H3967 H2428 H0559 H0413

הוֹצִיאוּהָ אֶל־ מִבֵּית הַשְּׂדֵרוֹת וְהַבָּא אַחֲרֶיהָ יוּמַת בֶּחָרֶב
બહાર-લઈ-જાઓ પાસે હારોની-બહાર હારોમાંથી અને-આવનાર તેની-પાછળ મારી-નાખવામાં-આવશે તલવારથી
H3318 H0413 H7713 H0935 H4191 H2719

כִּי אָמַר הַכֹּהֵן לֹא תְמִיתוּהָ בֵּית יְהוָה׃
કારણ-કે કહ્યુ-હતું યાજક ન મારશો ઘરમાં યહોવાહના
H0559 H3548 H3808 H4191 H3068

પછી યાજક યહોયાદાએ સૈન્યના ઉપરી સેનાધિપતિઓને બોલાવીને કહ્યુ, “તેને સૈનિકોની હરોળની વચમાં થઈને બહાર લાવો; જે કોઈ તેની પાછળ જાય તેને મારી નાખો.” યાજકે ચેતવણી આપતા કહ્યુ, “ઈશ્વરના ઘરમાં તેને મારી નાખવી નહિ.”

15 וַיָּשִׂימוּ לָהּ יָדַיִם וַתָּבוֹא אֶל־ מְבוֹא שַׁעַר־ הַסּוּסִים בֵּית הַמֶּלֶךְ וַיְמִיתוּהָ
અને-મૂક્યા તેના-ઉપર હાથો અને-આવી પાસે પ્રવેશન□ દરવાજે ઘોડાઓના ઘરમાં રાજાન□ અને-મારી-નાખી
H3027 H0935 H0413 H3996 H8179 H4428 H4191

שָׁם׃ פ
ત્યાં —
H8033

તેથી તેઓએ તેને રસ્તો આપ્યો અને તે ઘોડા-દરવાજાના પ્રવેશદ્વાર પાસેથી પસાર થઈને તે રાજમહેલ પાસે આવી. ત્યાં તેઓએ તેને મારી નાખી.

16

| | | |
|---|---|---|
| וַיִּכְרֹ֣ת | અને-કર્યો | H3772 |
| יְהוֹיָדָ֗ע | યહોયાદાએ | H3077 |
| בְּרִ֔ית | કરાર | H1285 |
| בֵּינ֕וֹ | પોતાની | H0996 |
| וּבֵ֥ין | અને-વચ્ચે | H0996 |
| כָּל־ | બધા | H3605 |
| הָעָ֖ם | લોકો | |
| וּבֵ֣ין | અને-વચ્ચે | H0996 |
| הַמֶּ֑לֶךְ | રાજાનો | H4428 |
| לִהְי֥וֹת | હોવા | H1961 |
| לְעָ֖ם | પ્રજા | |
| לַיהוָֽה׃ | યહોવાહની | H3068 |

પછી યહોયાદાએ પોતે, સર્વ લોકો અને રાજાની વચ્ચે કરેલ કરાર કર્યો કે, તેઓ ઈશ્વરના લોકો જ બનીને રહેશે.

17

| | | |
|---|---|---|
| וַיָּבֹ֨אוּ | અને-આવ્યા | H0935 |
| כָל־ | બધા | H3605 |
| הָעָ֤ם | લોકો | |
| בֵּית־ | ઘરમાં | |
| הַבַּ֙עַל֙ | બાલન | |
| וַֽיִּתְּצֻ֔הוּ | અને-તોડી-પાડ્યું | H5422 |
| וְֽאֶת־ | અને | H0853 |
| מִזְבְּחֹתָ֤יו | તેની-વેદીઓને | H4196 |
| וְאֶת־ | અને | H0853 |
| צְלָמָיו֙ | તેની-મૂર્તિઓને | H6754 |
| שִׁבֵּ֔רוּ | તોડી-નાખ્યાં | H7665 |
| וְאֵ֗ת | અને | H0853 |
| מַתָּן֙ | માત્તાન | H4977 |
| כֹּהֵ֣ן | યાજકને | H3548 |
| הַבַּ֔עַל | બાલના | |
| הָרְג֖וּ | મારી-નાખ્યો | H2026 |
| לִפְנֵ֥י | આગળ | H6440 |
| הַֽמִּזְבְּחֽוֹת׃ | વેદીઓના | H4196 |

તેથી બધા લોકોએ જઈને બઆલના મંદિરને તોડી નાખ્યું; તેઓએ બઆલની વેદીઓ અને મૂર્તિઓને ભાંગીને તેના ટુકડાં કરી નાખ્યા. અને બઆલના યાજક માત્તાનને તે વેદીઓની સામે જ મારી નાખ્યો.

18

| | | |
|---|---|---|
| וַיָּשֶׂם֩ | અને-મૂક્યો | |
| יְהוֹיָדָ֨ע | યહોયાદાએ | H3077 |
| פְּקֻדֹּ֜ת | અધિકારીઓને | H6486 |
| בֵּ֣ית | ઘરના | |
| יְהוָ֗ה | યહોવાહના | H3068 |
| בְּיַ֨ד | હાથમાં | H3027 |
| הַכֹּהֲנִ֜ים | યાજકોન | H3548 |
| הַלְוִיִּ֗ם | લેવીઓન | H3881 |
| אֲשֶׁ֨ר | જે | |
| חָלַ֣ק | વહેંચ્યા-હતા | |
| דָּוִיד֮ | દાઉદે | H1732 |
| עַל־ | ઉપર | |
| בֵּ֣ית | ઘરના | |
| יְהוָה֒ | યહોવાહના | H3068 |
| לְֽהַעֲל֞וֹת | ચડાવવા | H5927 |
| עֹל֣וֹת | દહનાર્પણો | |
| יְהוָ֗ה | યહોવાહના | H3068 |
| כַּכָּת֛וּב | લખેલા-મુજબ | H3789 |
| בְּתוֹרַ֥ת | નિયમમાં | H8451 |
| מֹשֶׁ֖ה | મૂસાના | H4872 |
| בְּשִׂמְחָ֣ה | આનંદથી | H8057 |
| וּבְשִׁ֑יר | અને-ગીતથી | |
| עַ֖ל | અનુસાર | |
| יְדֵ֥י | હાથે | H3027 |
| דָוִֽיד׃ | દાઉદના | H1732 |

મૂસાના નિયમશાસ્ત્ર પ્રમાણે ઈશ્વરને દહનીયાર્પણ ચઢાવવા માટે દાઉદ રાજાએ જે લેવી યાજકોની ઈશ્વરના ઘરમાં સેવા આપવા નિમણૂક કરી હતી તેઓના હાથ નીચે આનંદ તથા કિર્તન કરવાને દાઉદના સંચાલન મુજબ યહોયાદાએ સભાસ્થાન માટે કારભારીઓ નીમ્યા.

19

| | | |
|---|---|---|
| וַֽיַּעֲמֵד֙ | અને-ઊભા-કર્યા | H5975 |
| הַשּׁ֣וֹעֲרִ֔ים | દરવાનોને | H7778 |
| עַל־ | ઉપર | |
| שַׁעֲרֵ֖י | દરવાજાઓએ | H8179 |
| בֵּ֣ית | ઘરના | |
| יְהוָ֑ה | યહોવાહના | H3068 |
| וְלֹֽא־ | અને-ન | H3808 |
| יָב֥וֹא | પ્રવેશે | H0935 |
| טָמֵ֖א | અશુદ્ધ | H2931 |
| לְכָל־ | કોઈપણ | H3605 |
| דָּבָֽר׃ | બાબતમાં | H1697 |

તેણે ઈશ્વરના સભાસ્થાનના દરવાજાઓ આગળ દ્વારપાળો ગોઠવી દીધા જેથી કોઈ પણ રીતે અશુદ્ધ હોય એવો માણસ તેમાં દાખલ ન થાય.

20

| | | |
|---|---|---|
| וַיִּקַּ֣ח | અને-લીધા | H3947 |
| אֶת־ | — | H0853 |
| שָׂרֵ֣י | સરદારોને | H8269 |
| הַ֠מֵּאוֹת | સૌન | H3967 |
| וְֽאֶת־ | અને | H0853 |
| הָאַדִּירִ֨ים | શ્રેષ્ઠોને | H0117 |
| וְאֶת־ | અને | H0853 |
| הַמּוֹשְׁלִ֜ים | શાસકોને | H4910 |
| בָּעָ֗ם | લોકોમાંના | |
| וְאֵ֣ת׀ | અને | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| עַ֣ם | લોકોને | |
| הָאָ֗רֶץ | દેશન | H0776 |
| וַיּ֤וֹרֶד | અને-ઉતાર્યો | H3381 |
| אֶת־ | — | H0853 |
| הַמֶּ֙לֶךְ֙ | રાજાને | H4428 |
| מִבֵּ֣ית | ઘરમાંથી | |
| יְהוָ֔ה | યહોવાહન | H3068 |
| וַיָּבֹ֛אוּ | અને-આવ્યા | H0935 |
| בְּתוֹךְ־ | વચ્ચેથી | H8432 |
| שַׁ֥עַר | દરવાજે | H8179 |
| הָעֶלְי֖וֹן | ઉપરના | |
| בֵּ֣ית | ઘરમાં | |
| הַמֶּ֑לֶךְ | રાજાન | H4428 |
| וַיּוֹשִׁ֙יבוּ֙ | અને-બેસાડ્યો | H3427 |
| אֶת־ | — | H0853 |
| הַמֶּ֔לֶךְ | રાજાને | H4428 |
| עַ֖ל | ઉપર | |
| כִּסֵּ֥א | સિંહાસને | H3678 |
| הַמַּמְלָכָֽה׃ | રાજ્યના | H4467 |

યહોયાદા પોતાની સાથે શાતાધિપતિઓને, કુલીન પુરુષોને, લોકોના અધિકારીઓને તથા દેશના બધા લોકોને લઈને રાજાને સભાસ્થાનથી નીચે લઈ આવ્યો અને પછી ઈશ્વરના સભાસ્થાનના 'ઉપલા દરવાજાથી' તેને રાજમહેલમાં લઈ ગયો અને તેને રાજસિંહાસન ઉપર બેસાડ્યો.

21

| | | |
|---|---|---|
| וַיִּשְׂמְח֥וּ | અને-આનંદિત-થયા | H8055 |
| כָל־ | બધા | H3605 |
| עַם־ | લોકો | |
| הָאָ֖רֶץ | દેશના | H0776 |
| וְהָעִ֣יר | અને-નગર | |
| שָׁקָ֑טָה | શાંત-થયું | H8252 |
| וְאֶת־ | અને | H0853 |
| עֲתַלְיָ֖הוּ | અતલ્યાહુને | H6271 |
| הֵמִ֥יתוּ | મારી-નાખી | H4191 |
| בֶחָֽרֶב׃ | તલવારથી | H2719 |
| ס | — | |

દેશના સર્વ લોકો ખૂબ આનંદ પામ્યા અને નગરમાં સર્વત્ર શાંતિ વ્યાપી ગઈ. કેમ કે તેઓએ અથાલ્યાને તલવારથી મારી નાંખી હતી.

## Chapter 24

1

| וְשֵׁם | בִּירוּשָׁלִָם | מָלַךְ | שָׁנָה | וְאַרְבָּעִים | בְּמָלְכוֹ | יֹאָשׁ | שָׁנִים | שֶׁבַע | בֶּן־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-નામ | યરુશાલેમમાં | રાજ-કર્યું | વર્ષ | અને-ચાળીસ | જ્યારે-તેણે-રાજ-કર્યું | યોઆશ-હતો | વર્ષનો | સાત | પુત્ર |
| H8034 | H3389 | | H8141 | H0705 | | H3101 | H8141 | H7651 | |

| שָׁבַע׃מִבְּאֵר | צִבְיָה | אִמּוֹ |
|---|---|---|
| બેર્શેબાની | સિબ્યાહ-હતું | તેની-માતાનું |
| H0884 | H6645 | H0517 |

જયારે યોઆશ રાજ કરવા લાગ્યો ત્યારે તેની ઉંમર સાત વર્ષની હતી; તેણે યરુશાલેમમાં ચાળીસ વર્ષ સુધી રાજ કર્યું. તેની માતાનું નામ સિબ્યાહ હતું, તે બેરશેબાની હતી.

2

| הַכֹּהֵן׃ | יְהוֹיָדָע | יְמֵי | כָּל־ | יְהוָה | בְּעֵינֵי | הַיָּשָׁר | יוֹאָשׁ | וַיַּעַשׂ |
|---|---|---|---|---|---|---|---|---|
| યાજકના | યહોયાદા | દિવસો | બધા | યહોવાહની | નજરમાં | સારું | યોઆશે | અને-કર્યું |
| H3548 | H3077 | H3117 | H3605 | H3068 | | H3477 | H3101 | |

યોઆશે યહોયાદા યાજકના દિવસોમાં ઈશ્વરની દ્રષ્ટિમાં જે સારું હતું તે કર્યું.

3

| וּבָנוֹת׃ | בָּנִים | וַיּוֹלֶד | שְׁתָּיִם | נָשִׁים | יְהוֹיָדָע | לוֹ | וַיִּשָּׂא־ |
|---|---|---|---|---|---|---|---|
| અને-પુત્રીઓ | પુત્રો | અને-જન્માવ્યાં | બે | પત્નીઓ | યહોયાદાએ | તેને-માટે | અને-પરણાવ્યાં |
| H1323 | | H3205 | H8147 | H0802 | H3077 | | H5375 |

યહોયાદાએ બે સ્ત્રીઓ સાથે તેના લગ્ન કરાવ્યાં અને તેને દીકરા તથા દીકરીઓ થયાં.

4

| יְהוָה׃ | בֵּית | אֶת־ | לְחַדֵּשׁ | יוֹאָשׁ | לֵב | עִם־ | הָיָה | אַחֲרֵיכֵן | וַיְהִי |
|---|---|---|---|---|---|---|---|---|---|
| યહોવાહના | ઘરને | — | નવીનિકરણ-કરવા | યોઆશના | હૃદય | સાથે | હતું | પછીથી | અને-થયું |
| H3068 | | H0853 | H2318 | H3101 | | | H1961 | | H1961 |

એ પછી એમ થયું કે યોઆશે ઈશ્વરના ઘરને પુન:સ્થાપિત કરવાનું નક્કી કર્યું.

5

| וְקִבְצוּ | יְהוּדָה | לְעָרֵי | צְאוּ | לָהֶם | וַיֹּאמֶר | וְהַלְוִיִּם | הַכֹּהֲנִים | אֶת־ | וַיִּקְבֹּץ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-એકઠ□-કરો | યહૂદાન□ | નગરોમાં | જાઓ | તેમને | અને-કહ્યુ | અને-લેવીઓને | યાજકોને | — | અને-એકઠા-કર્યા |
| H6908 | H3063 | | H3318 | | H0559 | H3881 | H3548 | H0853 | H6908 |

| וְאַתֶּם | בְּשָׁנָה | שָׁנָה | מִדֵּי | אֱלֹהֵיכֶם | בֵּית | אֶת־ | לְחַזֵּק | כֶּסֶף | יִשְׂרָאֵל | מִכָּל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-તમે | વર્ષ | વર્ષ | દર-વર્ષે | તમારા-ઈશ્વરન□ | ઘરને | — | મજબૂત-કરવા | ચાંદી | ઇઝરાયલ | બધાંમાંથી |
| | H8141 | H8141 | H1767 | H0430 | | H0853 | H2388 | H3701 | H3478 | H3605 |

| הַלְוִיִּם׃ | מִהֲרוּ | וְלֹא | לַדָּבָר | תְּמַהֲרוּ |
|---|---|---|---|---|
| લેવીઓએ | જલદી-કરી | પણ-ન | આ-બાબતમાં | જલદી-કરો |
| H3881 | | H3808 | H1697 | |

તેણે યાજકોને તથા લેવીઓને ભેગા કરીને તેઓને કહ્યુ, “યહૂદિયાના નગરોમાં જાઓ. અને સર્વ ઇઝરાયલીઓ પાસેથી તમારા પ્રભુ, ઈશ્વરના ઘરને પુન:સ્થાપિત કરવા માટે નાણાં ઉઘરાવી લાવો. આ કામ કાળજી રાખીને ઉતાવળથી કરજો.” તોપણ લેવીઓએ તે ઉતાવળથી કર્યું નહિ.

6

| הַלְוִיִּם | עַל־ | דָרַשְׁתָּ | לֹא־ | מַדּוּעַ | לוֹ | וַיֹּאמֶר | הָרֹאשׁ | לִיהוֹיָדָע | הַמֶּלֶךְ | וַיִּקְרָא |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| લેવીઓન□ | વિષે | માંગ્યું | ન | શા-માટે | તેને | અને-કહ્યુ | મુખ્યને | યહોયાદા | રાજાએ | અને-બોલાવ્યો |
| H3881 | | H1875 | H3808 | H4069 | | H0559 | | H3077 | H4428 | H7121 |

| לְיִשְׂרָאֵל | וְהַקָּהָל | יְהוָה | עֶבֶד־ | מֹשֶׁה | מַשְׂאַת | אֶת־ | וּמִירוּשָׁלִַם | מִיהוּדָה | לְהָבִיא |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઇઝરાયલ-માટે | અને-સભાનો | યહોવાહનો | સેવકનો | મૂસાનો | કર | — | અને-યરુશાલેમમાંથી | યહૂદામાંથી | લાવવા |
| H3478 | H6951 | H3068 | H5650 | H4872 | H4864 | H0853 | H3389 | H3063 | H0935 |

| הָעֵדוּת׃ | לְאֹהֶל |
|---|---|
| સાક્ષીનો | તંબૂ-માટે |
| H5715 | H0168 |

તેથી રાજાએ પ્રમુખ યાજક યહોયાદાને બોલાવીને કહ્યુ, “સાક્ષ્યમંડપને માટે ઈશ્વરના સેવક મૂસાએ તથા ઇઝરાયલી લોકોએ ઠરાવેલો ફાળો યહૂદિયામાંથી તથા યરુશાલેમમાંથી ઉઘરાવવાને તેં લેવીઓને શા માટે ફરમાવ્યું નહિ?”

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | עֲתַלְיָ֫הוּ | הַמִּרְשַׁ֫עַת | בָּנֶ֫יהָ | פָּרְצוּ | אֶת־ | בֵּית | הָאֱלֹהִים | וְגַם | כָּל־ |
| કારણ-કે | અતલ્યાહુ | દુષ્ટની | તેના-પુત્રોએ | તોડ્યું-હતું | — | ઘરને | ઈશ્વરના | અને-તેમ-જ | બધી |
| | H6271 | H4849 | | H6555 | H0853 | | H0430 | H1571 | H3605 |

| | | | | |
|---|---|---|---|---|
| קָדְשֵׁי | בֵית־ | יְהוָה | עָשׂוּ | לַבְּעָלִים׃ |
| પવિત્ર-વસ્તુઓ | ઘરની | યહોવાહની | વાપરી | બાલો-માટે |
| H6944 | | H3068 | | |

કેમ કે પેલી દુષ્ટ સ્ત્રી અથાલ્યાના પુત્રોએ ઈશ્વરનું ઘર ભાંગી નાખ્યું હતું અને તેઓએ ઈશ્વરના ઘરની સર્વ અર્પિત વસ્તુઓ પણ બઆલ દેવોની પૂજાના કામમાં લઈ લીધી હતી.

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | הַמֶּלֶךְ | וַיַּעֲשׂוּ | אֲרוֹן | אֶחָד | וַיִּתְּנֻהוּ | בְּשַׁעַר | בֵּית־ | יְהוָה | חוּצָה׃ |
| અને-આજ્ઞા-આપી | રાજાએ | અને-બનાવ્યું | પેટી | એક | અને-મૂક્યું | દરવાજે-પાસે | ઘરન□ | યહોવાહને | બહાર |
| H0559 | H4428 | | H0727 | H0259 | H5414 | H8179 | | H3068 | H2351 |

તેથી રાજાએ આજ્ઞા કરી તે પ્રમાણે તેઓએ એક પેટી બનાવીને તેને ઈશ્વરના ઘરના પ્રવેશદ્વારે મુકાવી.

9

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּתְּנוּ־ | קוֹל | בִּיהוּדָה | וּבִירוּשָׁלִַם | לְהָבִיא | לַיהוָה | מַשְׂאַת | מֹשֶׁה | עֶבֶד־ |
| અને-જાહેરાત-કર્યું | અવાજથી | યહૂદામાં | અને-યરુશાલેમમાં | લાવવા | યહોવાહ-માટે | કર | મૂસાનો | સેવકનો |
| H5414 | | H3063 | H3389 | H0935 | H3068 | H4864 | H4872 | H5650 |

| | | | |
|---|---|---|---|
| הָאֱלֹהִים | עַל־ | יִשְׂרָאֵל | בַּמִּדְבָּר׃ |
| ઈશ્વરનો | ઉપર | ઇઝરાયલ | અરણ્યમાં |
| H0430 | | H3478 | |

પછી ઈશ્વરના સેવક મૂસાએ અરણ્યમાં ઇઝરાયલ પર જે ફાળો નાખ્યો હતો તે ઈશ્વરને માટે ભરી જવાને તેઓએ આખા યહૂદિયામાં તથા યરુશાલેમમાં જાહેરાત કરી.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׂמְחוּ | כָל־ | הַשָּׂרִים | וְכָל־ | הָעָם | וַיָּבִיאוּ | וַיַּשְׁלִיכוּ | לָאָרוֹן | עַד־ | לְכַלֵּה׃ |
| અને-આનંદિત-થયા | બધા | સરદારો | અને-બધા | લોકો | અને-લાવ્યા | અને-નાખ્યા | પેટીમાં | જ્યાં-સુધી | ભરાયું |
| H8055 | H3605 | H8269 | H3605 | | H0935 | H7993 | H0727 | H5704 | H3615 |

સર્વ આગેવાનો તથા સર્વ લોકો ઉત્સાહપૂર્વક તે કરના પૈસા ત્યાં લાવવા લાગ્યા અને પેટીમાં નાખવા લાગ્યા.

11

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | בְּעֵת | יָבִיא | אֶת־ | הָאָרוֹן | אֶל־ | פְּקֻדַּת | הַמֶּלֶךְ | בְּיַד | הַלְוִיִּם | וְכִרְאוֹתָם | כִּי־ |
| અને-થતું | સમયે | લાવતા | — | પેટીને | પાસે | અધિકારીન□ | રાજાને | હાથે | લેવીઓને | અને-જોતાં | કે |
| H1961 | H6256 | H0935 | H0853 | H0727 | H0413 | H6486 | H4428 | H3027 | H3881 | H7200 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| רַב | הַכֶּסֶף | וּבָא | סוֹפֵר | הַמֶּלֶךְ | וּפְקִיד | כֹּהֵן | הָרֹאשׁ | וִיעָרוּ | אֶת־ | הָאָרוֹן |
| ઘણી | ચાંદી | અને-આવતો | લહિયો | રાજાનો | અને-અધિકારી | યાજકનો | મુખ્યનો | અને-ખાલી-કરતા | — | પેટીને |
| | H3701 | H0935 | | H4428 | H6496 | H3548 | | H6168 | H0853 | H0727 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְיִשָּׂאֻהוּ | וִישִׁיבֻהוּ | אֶל־ | מְקֹמוֹ | כֹּה | עָשׂוּ | לְיוֹם | בְּיוֹם | וַיַּאַסְפוּ־ | כֶסֶף |
| અને-ઉચકતા | અને-પાછી-મૂકતા | પાસે | તેની-જગ્યાએ | આમ | કરતા | દિવસે | દિવસે | અને-એકઠી-કર્યું | ચાંદી |
| H5375 | H7725 | H0413 | H4725 | H3541 | | H3117 | H3117 | H0622 | H3701 |

| |
|---|
| לָרֹב׃ |
| ઘણી |
| H7230 |

જ્યારે પણ પેટી ભરાઈ જતી ત્યારે લેવીઓની મારફતે તે પેટી રાજાની કચેરીમાં લાવવામાં આવતી અને જ્યારે પણ તેઓ જોતા કે તેમાં ઘણાં પૈસા જમા થયા છે, ત્યારે રાજાનો પ્રધાન તથા મુખ્ય યાજકનો અધિકારી આવીને તે પેટીને ખાલી કરતા અને તેને ઉપાડીને પાછી તેની જગ્યાએ લઈ જઈને મૂકતા. દરરોજ આ પ્રમાણે કરવામાં આવતું અને તેઓએ પુષ્કળ પૈસા એકત્ર કર્યા.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּתְּנֵהוּ | הַמֶּלֶךְ | וִיהוֹיָדָע | אֶל־ | עוֹשֵׂה | מְלֶאכֶת | עֲבוֹדַת | בֵּית־ | יְהוָה | וַיִּהְיוּ |
| અને-આપ્યું | રાજાએ | અને-યહોયાદાએ | પાસે | કરનારાઓને | કામનું | સેવાનું | ઘરને | યહોવાહનું | અને-રાખતા |
| H5414 | H4428 | H3077 | H0413 | | H4399 | H5656 | | H3068 | H1961 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| שֹׂכְרִים | חֹצְבִים | וְחָרָשִׁים | לְחַדֵּשׁ | בֵּית | יְהוָה | וְגַם | לְחָרָשֵׁי | בַרְזֶל |
| ભાડે-રાખતા | પત્થર-કાપનારા | અને-સુતારો | નવીનિકરણ-કરવા | ઘરને | યહોવાહનું | અને-તેમ-જ | કારીગરોને | લોહાના |
| | H2672 | H2796 | H2318 | | H3068 | H1571 | H2796 | H1270 |

| | | | | |
|---|---|---|---|---|
| וּנְחֹשֶׁת | לְחַזֵּק | אֶת־ | בֵּית | יְהוָה׃ |
| અને-કાંસાના | મજબૂત-કરવા | — | ઘરને | યહોવાહનું |
| | H2388 | H0853 | | H3068 |

રાજાએ તથા યહોયાદાએ ઈશ્વરના ઘરની સેવાનું કામ કરનારાઓને તે આપ્યાં. ઈશ્વરના ઘરને પુનઃસ્થાપિત કરવા માટે કડિયા તથા સુથારોને તેઓએ કામે રાખ્યા અને લોખંડનું તથા પિત્તળનું કામ કરનાર કારીગરોને પણ પુનઃસ્થાપિત કરવા માટે રાખ્યા.

13

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲשׂוּ | עֹשֵׂי | הַמְּלָאכָה | וַתַּעַל | אֲרוּכָה | לַמְּלָאכָה | בְּיָדָם | וַיַּעֲמִידוּ |
| અને-કર્યું | કામ-કરનારાઓએ | કામ | અને-આગળ-વધ્યું | સાજાપણું | કામનું | તેમના-હાથે | અને-પુનઃસ્થાપિત-કર્યું |
| | | H4399 | H5927 | H0724 | H4399 | H3027 | H5975 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֶת־ | בֵּית | הָאֱלֹהִים | עַל־ | מַתְכֻּנְתּוֹ | וַיְאַמְּצֻהוּ׃ |
| — | ઘરને | ઈશ્વરનું | ઉપર | તેની-રચનાનું | અને-મજબૂત-કર્યું |
| H0853 | | H0430 | | H4971 | H0553 |

તેથી કારીગરો કામે લાગી ગયા અને તેઓના હાથથી કામ સંપૂર્ણ થયું; તેઓએ ઈશ્વરના ઘરને પહેલાંના જેવું જ મજબૂત બનાવી દીધું.

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּכְכַלּוֹתָם | הֵבִיאוּ | לִפְנֵי | הַמֶּלֶךְ | וִיהוֹיָדָע | אֶת־ | שְׁאָר | הַכֶּסֶף | וַיַּעֲשֵׂהוּ | כֵלִים | לְבֵית־ |
| અને-પૂરું-કરતાં | લાવ્યા | આગળ | રાજાને | અને-યહોયાદાને | — | બાકી | ચાંદી | અને-બનાવ્યાં | વાસણો | ઘર-માટે |
| H3615 | H0935 | H6440 | H4428 | H3077 | H0853 | H7605 | H3701 | | H3627 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה | כְּלֵי | שָׁרֵת | וְהַעֲלוֹת | וְכַפּוֹת | וּכְלֵי | זָהָב | וָכָסֶף | וַיִּהְיוּ |
| યહોવાહને | વાસણો | સેવાના | અને-ચડાવવાનાં | અને-વાટકાઓનાં | અને-વાસણો | સોનાના | અને-ચાંદીના | અને-ચડાવતા-રહ્યા |
| H3068 | H3627 | H8335 | H5927 | H3709 | H3627 | H2091 | H3701 | H1961 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מַעֲלִים | עֹלוֹת | בְּבֵית־ | יְהוָה | תָּמִיד | כֹּל | יְמֵי | יְהוֹיָדָע׃ | פ |
| ચડાવતા | દહનાર્પણો | ઘરમાં | યહોવાહને | સદા | બધા | દિવસો | યહોયાદાના | — |
| H5927 | | | H3068 | H8548 | H3605 | H3117 | H3077 | |

તેઓ તે કામ સમાપ્ત કરી રહ્યા, ત્યારે તેઓ બાકીના પૈસા રાજા તથા યહોયાદાની પાસે લાવ્યા. તેમાંથી ઈશ્વરના ઘરને માટે સેવાના તથા અર્પણનાં પાત્રો, ચમચાઓ તથા સોના ચાંદીની બીજી વસ્તુઓ બનાવવામાં આવી. યહોયાદાના દિવસો સુધી તેઓ ઈશ્વરના ઘરમાં નિત્ય દહનીયાર્પણ ચઢાવતા હતા.

15

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּזְקַן | יְהוֹיָדָע | וַיִּשְׂבַּע | יָמִים | וַיָּמֹת | בֶּן־ | מֵאָה | וּשְׁלֹשִׁים | שָׁנָה |
| અને-વૃદ્ધ-થયો | યહોયાદા | અને-તૃપ્ત-થયો | દિવસોથી | અને-મૃત્યુ-પામ્યો | પુત્ર | સો | અને-ત્રીસ | વર્ષનો-હતો |
| H2204 | H3077 | H7646 | H3117 | H4191 | | H3967 | H7970 | H8141 |

| |
|---|
| בְּמוֹתוֹ׃ |
| મૃત્યુ-સમયે |
| H4194 |

યહોયાદા વૃદ્ધ થયો અને પાકી ઉંમરે તે મરણ પામ્યો; જયારે તે મરણ પામ્યો, ત્યારે તે એકસો ત્રીસ વર્ષનો હતો.

16

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְבְּרֻהוּ | בְעִיר־ | דָּוִיד | עִם־ | הַמְּלָכִים | כִּי־ | עָשָׂה | טוֹבָה | בְּיִשְׂרָאֵל | וְעִם | הָאֱלֹהִים |
| અને-દફનાવ્યો | નગરમાં | દાઉદના | સાથે | રાજાઓને | કારણ-કે | કર્યું-હતું | સારું | ઇઝરાયલમાં | અને | ઈશ્વર-સાથે |
| H6912 | | H1732 | | H4428 | | | | H3478 | | H0430 |

| | |
|---|---|
| וּבֵיתוֹ׃ | ס |
| અને-તેના-ઘર-સાથે | — |

તેઓએ તેને રાજાઓની સાથે દાઉદનગરમાં દફનાવ્યો, કેમ કે તેણે ઇઝરાયલમાં તથા ઈશ્વરના અને ઈશ્વરના ઘરના સંબંધમાં સારી સેવા બજાવી હતી.

| 17 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאַחֲרֵי | מוֹת | יְהוֹיָדָע | בָּאוּ | שָׂרֵי | יְהוּדָה | וַיִּשְׁתַּחֲווּ | לַמֶּלֶךְ | אָז | שָׁמַע | הַמֶּלֶךְ |
| અને-પછી | મૃત્યુ | યહોયાદાના | આવ્યા | સરદારો | યહૂદાના | અને-પ્રણામ-કર્યું | રાજાને | ત્યારે | સાંભળ્યું | રાજાએ |
| | H4194 | H3077 | H0935 | H8269 | H3063 | H7812 | H4428 | | H8085 | H4428 |
| אֲלֵיהֶם׃ | | | | | | | | | | |
| તેમને | | | | | | | | | | |
| H0413 | | | | | | | | | | |

હવે યહોયાદાના મૃત્યુ પછી યહૂદિયાના સરદારોએ આવીને રાજાને વિનંતી કરી. પછી રાજાએ તેઓનું સાંભળ્યું.

| 18 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַזְבוּ | אֶת־ | בֵּית | יְהוָה | אֱלֹהֵי | אֲבוֹתֵיהֶם | וַיַּעַבְדוּ | אֶת־ | הָאֲשֵׁרִים | וְאֶת־ |
| અને-છોડ્યું | — | ઘરને | યહોવાહનું | ઈશ્વરનું | તેમના-પિતૃઓનું | અને-સેવા-કર્યું | — | અશેરાઓને | અને |
| | H0853 | | H3068 | H0430 | H0001 | H5647 | H0853 | H0842 | H0853 |
| הָעֲצַבִּים | וַיְהִי־ | קֶצֶף | עַל־ | יְהוּדָה | וִירוּשָׁלִַם | בְּאַשְׁמָתָם | זֹאת׃ | | |
| મૂર્તિઓને | અને-આવ્યો | ક્રોધ | ઉપર | યહૂદા | અને-યરુશાલેમ | તેમન□-અપરાધને-કારણે | આ | | |
| H6091 | H1961 | | | H3063 | H3389 | H0819 | H2063 | | |

તેઓએ તેમના પિતૃઓના પ્રભુ, ઈશ્વરના ઘરને તજી દીધું અને અશેરીમની તથા મૂર્તિઓની પૂજા કરવા લાગ્યા. તેઓના આ અપરાધને કારણે યહૂદિયા તથા યરુશાલેમ ઉપર ઈશ્વર કોપાયમાન થયા.

| 19 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁלַח | בָּהֶם | נְבִאִים | לַהֲשִׁיבָם | אֶל־ | יְהוָה | וַיָּעִידוּ | בָם | וְלֹא | הֶאֱזִינוּ׃ | ס |
| અને-મોકલ્યા | તેમમાં | પ્રબોધકોને | પાછા-લાવવા | પાસે | યહોવાહને | અને-ચેતવ્યા | તેમને | પણ-ન | કાન-ધર્યું | — |
| H7971 | | H5030 | H7725 | H0413 | H3068 | | | H3808 | H0238 | |

તોપણ તેઓને પોતાની તરફ પાછા લાવવાને ઈશ્વરે તેઓની પાસે પ્રબોધકોને મોકલ્યા; પ્રબોધકોએ લોકોને ચેતવણી આપી, પણ તેઓએ તેઓનું કંઈ સાંભળ્યું નહિ.

| 20 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְרוּחַ | אֱלֹהִים | לָבְשָׁה | אֶת־ | זְכַרְיָה | בֶּן־ | יְהוֹיָדָע | הַכֹּהֵן | וַיַּעֲמֹד | מֵעַל | לָעָם |
| અને-આત્મા | ઈશ્વરનો | આવ્યો | ઉપર | ઝખર્યાહ | પુત્ર | યહોયાદા | યાજકનો | અને-ઊભો-થયો | ઉપરથી | લોકોન□ |
| H7307 | H0430 | H3847 | H0853 | | | H3077 | H3548 | H5975 | | |
| וַיֹּאמֶר | לָהֶם | כֹּה | אָמַר | הָאֱלֹהִים | לָמָה | אַתֶּם | עֹבְרִים | אֶת־ | מִצְוֹת | יְהוָה |
| અને-કહ્યુ | તેમને | આમ | કહે-છે | ઈશ્વર | શા-માટે | તમે | ઉલ્લંઘન-કરો-છો | — | આજ્ઞાઓને | યહોવાહની |
| H0559 | | H3541 | H0559 | H0430 | H4100 | | | H0853 | H4687 | H3068 |
| וְלֹא | תַצְלִיחוּ | כִּי־ | עֲזַבְתֶּם | אֶת־ | יְהוָה | וַיַּעֲזֹב | אֶתְכֶם׃ | | | |
| અને-ન | સફળ-થશો | કારણ-કે | છોડ્યો-છે | — | યહોવાહને | અને-છોડશે | તમને | | | |
| H3808 | | | | H0853 | H3068 | | H0853 | | | |

યહોયાદા યાજકના પુત્ર ઝખાર્યા પર ઈશ્વરનો આત્મા આવ્યો; ઝખાર્યાએ લોકોની સમક્ષ ઊભા થઈને કહ્યુ, “ઈશ્વર એમ કહે છે: ‘શા માટે તમે ઈશ્વરની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને પોતાને માથે આફત લાવો છો? તમે ઈશ્વરને તજ્યા છે, માટે તેમણે તમને તજ્યા છે.’”

| 21 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְשְׁרוּ | עָלָיו | וַיִּרְגְּמֻהוּ | אֶבֶן | בְּמִצְוַת | הַמֶּלֶךְ | בַּחֲצַר | בֵּית | יְהוָה׃ |
| અને-કાવત્રું-કર્યું | તેની-વિરુદ્ધ | અને-પથ્થરમાર-કર્યો | પત્થરથી | આજ્ઞાથી | રાજાની | આગણામાં | ઘરનં | યહોવાહને |
| H7194 | | H7275 | H0068 | H4687 | H4428 | | | H3068 |

પણ તેઓએ તેની વિરુદ્ધમાં કાવતરું કરીને રાજાની આજ્ઞાથી ઈશ્વરના ઘરના ચોકમાં તેને પથ્થરા મારીને મારી નાખ્યો.

| 22 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלֹא־ | זָכַר | יוֹאָשׁ | הַמֶּלֶךְ | הַחֶסֶד | אֲשֶׁר | עָשָׂה | יְהוֹיָדָע | אָבִיו | עִמּוֹ |
| અને-ન | યાદ-કર્યો | યોઆશ | રાજાએ | કૃપા | જે | કરી-હતી | યહોયાદાએ | તેન□-પિતાએ | તેની-સાથે |
| H3808 | H2142 | H3101 | H4428 | | | | H3077 | H0001 | |
| וַיַּהֲרֹג | אֶת־ | בְּנוֹ | וּכְמוֹתוֹ | אָמַר | יֵרֶא | יְהוָה | וְיִדְרֹשׁ׃ | פ | |
| અને-મારી-નાખ્યો | — | તેન□-પુત્રને | અને-મરતાં | કહ્યુ | જુએ | યહોવાહ | અને-ચુકાદો-આપે | — | |
| H2026 | H0853 | | H4191 | H0559 | H7200 | H3068 | H1875 | | |

એ પ્રમાણે, યોઆશ રાજાએ ઝર્ખાયાના પિતા યહોયાદાએ તેના પર જે કૃપા કરી હતી, તે ન સંભારતા તેના પુત્રને મારી નાખ્યો. મરતા સમયે ઝખાર્યાએ કહ્યુ, "ઈશ્વર આ કૃત્ય ધ્યાનમાં લઈને તેનો જવાબ આપશે."

23

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | לִתְקוּפַת | הַשָּׁנָה | עָלָה | עָלָיו | חֵיל | אֲרָם | וַיָּבֹאוּ | אֶל־ | יְהוּדָה | וִירוּשָׁלַ͏ִם |
| અને-થયું | વર્ષના-વળાંકે | વર્ષને | ચડ્યું | તેની-વિરુદ્ધ | સૈન્ય | અરામનું | અને-આવ્યા | પાસે | યહૂદા | અને-યરુશાલેમ |
| H1961 | H8622 | H8141 | H5927 | | H2426 | H0758 | H0935 | H0413 | H3063 | H3389 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּשְׁחִיתוּ | אֶת־ | כָּל־ | שָׂרֵי | הָעָם | מֵעָם | וְכָל־ | שְׁלָלָם | שִׁלְּחוּ | לְמֶלֶךְ | דַּרְמָשֶׂק׃ |
| અને-નાશ-કર્યા | — | બધા | સરદારોને | લોકોમાંથી | લોકોમાંથી | અને-બધી | લૂંટને | મોકલી | રાજાને | દમસકને |
| H7843 | H0853 | H3605 | H8269 | | | H3605 | H7998 | H7971 | H4428 | H1834 |

વર્ષના અંતે એમ બન્યું કે અરામીઓનું સૈન્ય યોઆશ ઉપર ચઢી આવ્યું. તેઓએ યહૂદિયા તથા યરુશાલેમ આવીને લોકોના બધા આગેવાનોને મારી નાખ્યા અને તેઓની માલમિલકત લૂંટી લઈને તેઓએ દમસ્કસના રાજાની પાસે તે મોકલી આપી.

24

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | בְמִצְעַר | אֲנָשִׁים | בָּאוּ | חֵיל | אֲרָם | וַיהוָה | נָתַן | בְיָדָם | חַיִל | לָרֹב |
| કારણ-કે | થોડા | માણસો-સાથે | આવ્યું | સૈન્ય | અરામનું | અને-યહોવાહે | આપ્યું | તેમના-હાથમાં | સૈન્યને | ઘણું |
| | H4705 | H0376 | H0935 | H2426 | H0758 | H3068 | H5414 | H3027 | H2428 | H7230 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מְאֹד | כִּי | עָזְבוּ | אֶת־ | יְהוָה | אֱלֹהֵי | אֲבוֹתֵיהֶם | וְאֶת־ | יוֹאָשׁ | עָשׂוּ | שְׁפָטִים׃ |
| ઘણું | કારણ-કે | છોડ્યું-હતું | — | યહોવાહને | ઈશ્વરને | તેમના-પિતૃઓને | અને | યોઆશને | કર્યો | ન્યાય |
| H3966 | | | H0853 | H3068 | H0430 | H0001 | H0854 | H3101 | | H8201 |

અરામીઓનું સૈન્ય ઘણું નાનું હતું, પણ ઈશ્વરે તેઓને ઘણાં મોટા સૈન્ય પર વિજય આપ્યો, કેમ કે યહૂદિયાએ પોતાના પિતૃઓના પ્રભુ ઈશ્વરનો ત્યાગ કર્યો હતો. આ રીતે અરામીઓએ યોઆશને શિક્ષા કરી.

25

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבְלֶכְתָּם | מִמֶּנּוּ | כִּי־ | עָזְבוּ | אֹתוֹ | [במחליים] | (בְּמַחֲלוּיִם) | רַבִּים | הִתְקַשְּׁרוּ | עָלָיו |
| અને-જતાં | તેની-પાસેથી | કારણ-કે | છોડ્યો | તેને | — | રોગોમાં | ઘણાં | કાવત્રું-કર્યું | તેની-વિરુદ્ધ |
| H3212 | | | | H0853 | H4251 | H4251 | | H7194 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עֲבָדָיו | בִּדְמֵי | בְּנֵי | יְהוֹיָדָע | הַכֹּהֵן | וַיַּהַרְגֻהוּ | עַל־ | מִטָּתוֹ | וַיָּמֹת |
| તેના-સેવકોએ | લોહીને-કારણે | પુત્રોને | યહોયાદા | યાજકને | અને-મારી-નાખ્યો | ઉપર | તેની-પથારી-ઉપર | અને-મૃત્યુ-પામ્યો |
| H5650 | H1818 | | H3077 | H3548 | H2026 | | H4296 | H4191 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְבְּרֻהוּ | בְּעִיר | דָּוִיד | וְלֹא | קְבָרֻהוּ | בְּקִבְרוֹת | הַמְּלָכִים׃ | ס |
| અને-દફનાવ્યો | નગરમાં | દાઉદને | પણ-ન | દફનાવ્યો | કબરોમાં | રાજાઓની | — |
| H6912 | | H1732 | H3808 | H6912 | H6913 | H4428 | |

જે સમયે અરામીઓ પાછા ગયા, તેઓ તો યોઆશને ગંભીર બીમારીની હાલતમાં મૂકી ગયા. તેના પોતાના સેવકોએ યહોયાદા યાજકના પુત્રના ખૂનને લીધે તેની વિરુદ્ધ કાવતરું રચીને તેને તેના બિછાનામાં મારી નાખ્યો, એ પ્રમાણે તે મરણ પામ્યો. તેઓએ તેને દાઉદનગરમાં દફનાવ્યો, તેને રાજાઓના કબ્રસ્તાનમાં દફનાવ્યો નહિ.

26

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֵלֶּה | הַמִּתְקַשְּׁרִים | עָלָיו | זָבָד | בֶּן־ | שִׁמְעָת | הָעַמּוֹנִית | וִיהוֹזָבָד | בֶּן־ | שִׁמְרִית |
| અને-આ | કાવત્રું-કરનારા | તેની-વિરુદ્ધ | ઝાબાદ | પુત્ર | શિમ્આતનો | આમ્મોનીનો | અને-યહોઝાબાદ | પુત્ર | શિમ્રીતનો |
| H0428 | H7194 | | H2066 | | H8100 | H5985 | H3075 | | H8116 |

| |
|---|
| הַמּוֹאָבִית׃ |
| મોઆબીનો |
| H4125 |

ત્યાં એવા કેટલાક લોકો હતા કે જેઓ તેની વિરુદ્ધ કાવતરું રચનારા હતા: આમ્મોની મહિલા શિમાથનો દીકરો ઝાબાદ, મોઆબણ શિમ્રીથનો દીકરો યહોઝાબાદ એ બે કાવતરાખોર હતા.

27

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבָנָיו | [ורב] | (יִרֶב) | הַמַּשָּׂא | עָלָיו | וִיסוֹד | בֵּית | הָאֱלֹהִים | הִנָּם | כְּתוּבִים | עַל־ |
| અને-તેના-પુત્રો | — | વધતી | ભાર | તેની-ઉપર | અને-પાયો | ઘરનો | ઈશ્વરનો | જુઓ | લખેલાં-છે | ઉપર |
| | H7230 | H7235 | | | H3247 | | H0430 | H2009 | H3789 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מִדְרַשׁ | סֵפֶר | הַמְּלָכִים | וַיִּמְלֹךְ | אֲמַצְיָהוּ | בְנוֹ | תַּחְתָּיו׃ | פ |
| અર્થઘટનમાં | પુસ્તકને | રાજાઓને | અને-રાજ-કર્યું | અમાઝ્યાહુએ | તેના-પુત્ર | તેની-જગ્યાએ | — |
| H4097 | | H4428 | | H0558 | | H8478 | |

હવે તેના દીકરાઓ ના વૃતાંત, તેના માટે બોલાયેલી ભવિષ્યવાણી તથા ઈશ્વરના ઘરનું પુનઃસ્થાપન એ સર્વ રાજાઓના પુસ્તકના ટીકાગ્રંથમાં લખેલાં છે. અને તેને સ્થાને તેનો દીકરો અમાસ્યા રાજા બન્યો.

## Chapter 25

1
בֶּן־ પુત્ર–
עֶשְׂרִ֨ים વીસ H6242
וְחָמֵ֤שׁ અને-પચીસ H2568
שָׁנָה֙ વર્ષનો H8141
מָלַ֣ךְ રાજ-કર્યું
אֲמַצְיָ֔הוּ અમાસ્યાએ H0558
וְעֶשְׂרִ֣ים અને-વીસ H6242
וָתֵ֔שַׁע ને-નવ H8672
שָׁנָ֔ה વર્ષ H8141
מָלַ֖ךְ રાજ-કર્યું
בִּירוּשָׁלִָ֑ם યરૂશાલેમમાં H3389
וְשֵׁם֙ અને-નામ H8034
אִמּ֔וֹ તેની-માનું H0517
יְהוֹעַדָּ֖ן યહોઅદ્દાન H3086
מִירוּשָׁלִָֽם׃ યરૂશાલેમથી H3389

અમાસ્યા રાજ કરવા લાગ્યો ત્યારે તેની ઉંમર પચીસ વર્ષની હતી; તેણે યરુશાલેમમાં ઓગણત્રીસ વર્ષ સુધી રાજ કર્યું. તેની માતાનું નામ યહોઆદ્દીન હતું અને તે યરુશાલેમની હતી.

2
וַיַּ֥עַשׂ અને-તેણે-કર્યું
הַיָּשָׁ֖ר જે-સારું-હતું H3477
בְּעֵינֵ֣י ની-નજરમાં
יְהוָ֑ה યહોવાહ H3068
רַ֕ק પરંતુ H7535
לֹ֖א નહિ H3808
בְּלֵבָ֥ב સંપૂર્ણ-હૃદયથી H3824
שָׁלֵֽם׃ પૂર્ણ H8003

તેણે ઈશ્વરની દ્રષ્ટિમાં જે સારું હતું તે કર્યું, પણ પૂરા હૃદયથી નહિ.

3
וַיְהִ֕י અને-થયું H1961
כַּאֲשֶׁ֛ר જ્યારે
חָזְקָ֥ה મજબૂત-થયું H2388
הַמַּמְלָכָ֖ה રાજ્ય H4467
עָלָ֑יו તેના-ઉપર
וַיַּהֲרֹג֙ અને-તેણે-મારી-નાખ્યા H2026
אֶת־ — H0853
עֲבָדָ֔יו તેના-ચાકરોને H5650
הַמַּכִּ֖ים જેમણે-માર્યા-હતા H5221
אֶת־ — H0853
הַמֶּ֥לֶךְ રાજાને H4428
אָבִֽיו׃ તેના-પિતાને H0001

જયારે રાજ તેના હાથમાં સ્થિર થયું, ત્યારે તેના જે ચાકરોએ તેના પિતાને મારી નાખ્યો હતો તેઓને તેણે મારી નાખ્યા.

4
וְאֶת־ અને– H0853
בְּנֵיהֶ֖ם તેમના-પુત્રોને
לֹ֣א નહિ H3808
הֵמִ֑ית મારી-નાખ્યા H4191
כִּ֣י કારણ-કે
כַכָּת֣וּב લખેલા-પ્રમાણે H3789
בַתּוֹרָ֣ה નિયમશાસ્ત્રમાં H8451
בְסֵ֣פֶר પુસ્તકમાં
מֹשֶׁ֡ה મૂસાના H4872
אֲשֶׁר־ જેમાં–
צִוָּ֣ה આજ્ઞા-આપી H6680
יְהוָ֡ה યહોવાહે H3068
לֵאמֹר֩ કહીને H0559
לֹא־ નહિ– H3808
יָמ֨וּתוּ મરે H4191
אָב֜וֹת પિતાઓ H0001
עַל־ ને-લીધે–
בָּנִ֗ים પુત્રોને
וּבָנִים֙ અને-પુત્રો
לֹא־ નહિ– H3808
יָמ֣וּתוּ મરે H4191
עַל־ ને-લીધે–
אָב֔וֹת પિતાઓના H0001
כִּ֛י પણ
אִ֥ישׁ દરેક-માણસ H0376
בְּחֶטְא֖וֹ પોતાના-પાપને-લીધે H2399
יָמֽוּתוּ׃ મરે H4191
פ —

પણ તેણે તેઓનાં બાળકોને મારી નાખ્યાં નહિ, પણ મૂસાના નિયમશાસ્ત્રમાં જેમ લખેલું છે તેમ કર્યું, એમાં ઈશ્વરે એવી આજ્ઞા આપી હતી, “બાળકોના કારણે પિતાઓને મારી નાખવાં નહિ, તેમ જ પિતાઓને કારણે બાળકોને મારી નાખવા નહિ. તેના બદલે, દરેક વ્યક્તિ પોતાનાં જ પાપનાં કારણે માર્યો જાય.”

5

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְבֹּ֣ץ | אֲמַצְיָ֨הוּ֙ | אֶת־ | יְהוּדָ֗ה | וַיַּעֲמִידֵ֤ם | לְבֵית־ | אָבוֹת֙ | לְשָׂרֵ֤י |
| અને-ભેગા-કર્યા | અમાસ્યાએ | — | યહૂદાને | અને-ગોઠવ્યા-તેમને | કુટુંબોના-ઘરો-પ્રમાણે- | પિતાઓના | હજારોના-સરદારો |
| H6908 | H0558 | H0853 | H3063 | H5975 | | H0001 | H8269 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הָאֲלָפִים֙ | וּלְשָׂרֵ֣י | הַמֵּא֔וֹת | לְכָל־ | יְהוּדָ֖ה | וּבִנְיָמִ֑ן | וַֽיִּפְקְדֵ֗ם | לְמִבֶּ֨ן | עֶשְׂרִ֣ים |
| હજારોના | અને-સોના-સરદારો | સોના | સમગ્ર- | યહૂદા | અને-બિન્યામીન | અને-ગણત્રી-કરી-તેમની | થી-ઉપર- | વીસ |
| H0505 | H8269 | H3967 | H3605 | H3063 | H1144 | | | H6242 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שָׁנָה֮ | וָמַ֒עְלָה֒ | וַיִּמְצָאֵ֗ם | שְׁלֹשׁ־ | מֵא֨וֹת | אֶ֤לֶף | בָּחוּר֙ | יוֹצֵ֣א | צָבָ֔א | אֹחֵ֖ז | רֹ֥מַח |
| વર્ષ | અને-તેથી-ઉપરના | અને-ગણ્યા-તેમને | ત્રણ- | લાખ | હજાર | પસંદ-કરેલા | જનારા | યુદ્ધમાં | પકડનારા | ભાલા |
| H8141 | H4605 | H4672 | H7969 | H3967 | H0505 | H0977 | H3318 | | H0270 | H7420 |

| |
|---|
| וְצִנָּֽה׃ |
| અને-ઢાલ |

પછી, અમાસ્યાએ યહૂદિયાના લોકોને એકત્ર કર્યા અને તેઓના પૂર્વજોના કુટુંબો પ્રમાણે તેઓને, એટલે સર્વ યહૂદિયાના લોકોને તથા બિન્યામીનીઓને સહસ્રાધિપતિઓ તથા શતાધિપતિઓના હાથ નીચે નીમ્યા. તેણે તેઓમાંના વીસ વર્ષના તેથી ઉપરની વય ધરાવનારાઓની ગણતરી કરી. તો ભાલા તથા ઢાલ વાપરી શકે તેવા તથા યુદ્ધમાં જઈ શકે તેવા પસંદ કરેલા એવા ત્રણ લાખ માણસો મળી આવ્યા.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׂכֹּ֤ר | מִיִּשְׂרָאֵל֙ | מֵאָ֥ה | אֶ֛לֶף | גִּבּ֥וֹר | חָ֖יִל | בְּמֵאָ֥ה | כִכַּר־ | כָּֽסֶף׃ |
| અને-ભાડે-રાખ્યા | ઇઝરાયલમાંથી | એક-લાખ | હજાર | શૂરવીર | બળવાન | સો | તાલંત- | ચાંદીમાં |
| | H3478 | H3967 | H0505 | H1368 | H2428 | H3967 | H3603 | H3701 |

તેણે એકસો તાલંત ચાંદી ત્રણ હજાર ચારસો કિલો ચાંદી આપવાનું કહીને ઇઝરાયલમાંથી એક લાખ લડવૈયાઓને નીમ્યા.

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִ֣ישׁ | הָאֱלֹהִ֗ים | בָּ֤א | אֵלָיו֙ | לֵאמֹ֔ר | הַמֶּ֕לֶךְ | אַל־ | יָב֥וֹא | עִמְּךָ֖ | צְבָ֣א |
| અને-એક-માણસ | ઈશ્વરનો | આવ્યો | તેની-પાસે | કહેવા | હે-રાજા | ન- | જવા-દો | તમારી-સાથે | સૈન્ય |
| H0376 | H0430 | H0935 | H0413 | H0559 | H4428 | H0408 | H0935 | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יִשְׂרָאֵ֑ל | כִּ֣י | אֵ֤ין | יְהוָה֙ | עִם־ | יִשְׂרָאֵ֔ל | כֹּ֖ל | בְּנֵ֥י | אֶפְרָֽיִם׃ |
| ઇઝરાયલનું | કારણ-કે | નથી | યહોવાહ | ની-સાથે- | ઇઝરાયલ | બધા | પુત્રો | એફ્રાઈમના |
| H3478 | | H0369 | H3068 | | H3478 | H3605 | | H0669 |

પણ એવામાં એક ઈશ્વરભક્તે આવીને તેને કહ્યુ, "હે રાજા, ઇઝરાયલી સૈન્યને તારી સાથે આવવા ન દઈશ, કેમ કે ઇઝરાયલીઓ એટલે એફ્રાઇમીઓની સાથે ઈશ્વર નથી.

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֚י | אִם־ | בֹּ֣א | אַתָּ֔ה | עֲשֵׂ֖ה | חֲזַ֣ק | לַמִּלְחָמָ֑ה | יַכְשִֽׁילְךָ֤ | הָאֱלֹהִים֙ | לִפְנֵ֣י |
| કારણ-કે | જો- | જશો | તમે | કરો | બળવાન | યુદ્ધ-માટે | ઠોકર-ખવડાવશે-તમને | ઈશ્વર | આગળ |
| | | H0935 | | | H2388 | H4421 | H3782 | H0430 | H6440 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אוֹיֵ֔ב | כִּ֠י | יֶשׁ־ | כֹּ֧חַ | בֵּאלֹהִ֛ים | לַעְז֖וֹר | וּלְהַכְשִֽׁיל׃ |
| શત્રુની | કારણ-કે | છે- | સામર્થ્ય | ઈશ્વરમાં | મદદ-કરવાનું | અને-ઠોકર-ખવડાવવાનું |
| H0341 | | H3426 | | H0430 | H5826 | H3782 |

પણ તેમ છતાં જો તમે જશો અને તમે ગમે તેટલી નીડરતાથી લડશો, તો પણ ઈશ્વર તમને દુશ્મનો આગળ પરાજય અપાવશે. કેમ કે, સહાય કરવાને તથા પાડી નાખવાને પણ ઈશ્વર સમર્થ છે."

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֤אמֶר | אֲמַצְיָ֨הוּ֙ | לְאִ֣ישׁ | הָאֱלֹהִ֔ים | וּמַה־ | לַּעֲשׂוֹת֙ | לִמְאַ֣ת | הַכִּכָּ֔ר | אֲשֶׁ֥ר | נָתַ֖תִּי |
| અને-કહ્યુ | અમાસ્યાએ | ઈશ્વરના-માણસને | ઈશ્વરના | અને-શું- | કરવું | સો | તાલંતનું | જે | મેં-આપ્યા |
| H0559 | H0558 | H0376 | H0430 | H4100 | | H3967 | H3603 | | H5414 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לִגְד֣וּד | יִשְׂרָאֵ֑ל | וַיֹּ֨אמֶר֙ | אִ֣ישׁ | הָאֱלֹהִ֔ים | יֵ֚שׁ | לַֽיהוָ֔ה | לָ֥תֶת | לְךָ֖ | הַרְבֵּ֥ה | מִזֶּֽה׃ |
| ટુકડીને | ઇઝરાયલની | અને-કહ્યુ | માણસે | ઈશ્વરના | છે | યહોવાહ-પાસે | આપવાનું | તમને | ઘણું-વધારે | આ-કરતાં |
| H1416 | H3478 | H0559 | H0376 | H0430 | H3426 | H3068 | H5414 | | | H2088 |

અમાસ્યાએ તે ઈશ્વરભક્તે કહ્યુ, "પણ ઇઝરાયલના સૈન્ય માટે જે એકસો તાલંત ચાંદી મેં આપી છે તેનું આપણે શું કરવું?" તેણે ઉત્તર આપ્યો, "ઈશ્વર તને એથી પણ વિશેષ આપવાને સમર્થ છે."

10

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּבְדִּילֵם | אֲמַצְיָהוּ | לְהַגְּדוּד | אֲשֶׁר־ | בָּא | אֵלָיו | מֵאֶפְרַיִם | לָלֶכֶת | לִמְקוֹמָם |
| અને-અલગ-કર્યા-તેમને | અમાસ્યાએ | ટુકડીને | જે- | આવી-હતી | તેની-પાસે | એફ્રાઈમથી | જવા-માટે | તેમના-સ્થાને |
| H0914 | H0558 | H1416 | | H0935 | H0413 | H0669 | H3212 | H4725 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּחַר | אַפָּם | מְאֹד | בִּיהוּדָה | וַיָּשׁוּבוּ | לִמְקוֹמָם | בָּחֳרִי־ | אָף׃ | פ |
| અને-સળગ્યો | ક્રોધ-તેમનો | ખૂબ | યહૂદા-વિરુદ્ધ | અને-પાછા-ફર્યા | તેમના-સ્થાને | ભારે- | ક્રોધમાં | — |
| H2734 | H0639 | H3966 | H3063 | H7725 | H4725 | H2750 | H0639 | |

તેથી અમાસ્યાએ એફ્રાઇમમાંથી જે સૈનિકો આવ્યા હતા તેઓને પોતાના સૈન્યથી જુદા પાડીને ઘરે પાછા મોકલી દીધા; તેથી તે લોકો યહૂદિયા પર ઘણાં નારાજ થયા અને ક્રોધાયમાન થઈને પોતાના ઘરે ચાલ્યા ગયા.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַאֲמַצְיָהוּ | הִתְחַזַּק | וַיִּנְהַג | אֶת־ | עַמּוֹ | וַיֵּלֶךְ | גֵּיא | הַמֶּלַח | וַיַּךְ | אֶת־ |
| અને-અમાસ્યાએ | હિંમત-કરી | અને-દોર્યું | — | પોતાના-લોકોને | અને-ગયો | ખીણમાં | મીઠાની | અને-માર્યા | — |
| H0558 | H2388 | | H0853 | | H3212 | H1516 | H4417 | H5221 | H0853 |

| | | | |
|---|---|---|---|
| בְּנֵי־ | שֵׂעִיר | עֲשֶׂרֶת | אֲלָפִים׃ |
| પુત્રોને- | સેઈરના | દસ | હજાર |
| | | H6235 | H0505 |

અમાસ્યા પોતાના સૈન્યને હિંમતપૂર્વક મીઠાની ખીણમાં લઈ ગયો અને ત્યાં તેણે સેઈરના દસ હજાર માણસોને હરાવ્યા.

12

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַעֲשֶׂרֶת | אֲלָפִים | חַיִּים | שָׁבוּ | בְּנֵי | יְהוּדָה | וַיְבִיאוּם | לְרֹאשׁ | הַסָּלַע | 
| અને-દસ | હજાર | જીવતા | પકડ્યા | પુત્રોએ | યહૂદાના | અને-લઈ-ગયા-તેમને | ટોચ-ઉપર | ખડકની |
| H6235 | H0505 | | H7617 | | H3063 | H0935 | | H5553 |

| |
|---|
| וַיַּשְׁלִיכוּם |
| અને-ફેંકી-દીધા-તેમને |
| H7993 |

| | | | | |
|---|---|---|---|---|
| מֵרֹאשׁ־ | הַסֶּלַע | וְכֻלָּם | נִבְקָעוּ׃ | ס |
| ટોચ-ઉપરથી- | ખડકની | અને-બધા | ફાટી-ગયા | — |
| | H5553 | H3605 | H1234 | |

યહૂદિયાના સૈન્યએ બીજા દસ હજારને જીવતા પકડીને તેઓને ખડકની ટોચ પરથી નીચે ફેંકી દીધાં. તેથી તેઓ બધાના ટુકડે ટુકડાં થઈ ગયા.

13

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּבְנֵי | הַגְּדוּד | אֲשֶׁר | הֵשִׁיב | אֲמַצְיָהוּ | מִלֶּכֶת | עִמּוֹ | לַמִּלְחָמָה | וַיִּפְשְׁטוּ |
| અને-પુત્રો | ટુકડીના | જેમને | પાછા-મોકલ્યા-હતા | અમાસ્યાએ | જવાથી | તેની-સાથે | યુદ્ધમાં | અને-ત્રાટક્યા |
| | H1416 | | H7725 | H0558 | H3212 | | H4421 | H6584 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בְּעָרֵי | יְהוּדָה | מִשֹּׁמְרוֹן | וְעַד־ | בֵּית חוֹרוֹן | וַיַּכּוּ | מֵהֶם | שְׁלֹשֶׁת | אֲלָפִים | וַיָּבֹזּוּ |
| શહેરો-ઉપર | યહૂદાના | સમરૂનથી | થી- | બેથ-હોરોન-સુધી | અને-માર્યા | તેમનામાંથી | ત્રણ | હજાર | અને-લૂંટ્યું |
| | H3063 | H8111 | H5704 | H1032 | H5221 | | H7969 | H0505 | H0962 |

| | | |
|---|---|---|
| בִּזָּה | רַבָּה׃ | ס |
| લૂંટ | ઘણી | — |
| H0961 | | |

તે દરમિયાન અમાસ્યાએ જે સૈન્યના સૈનિકોને પાછા મોકલી દીધા હતા કે જેથી તેઓ તેની સાથે યુદ્ધમાં ના જાય, તેઓએ સમરુનથી બેથ-હોરોન સુધીના યહૂદિયાના નગરો પર હુમલો કરીને ત્રણ હજાર માણસોને મારી નાખ્યા અને મોટી લૂંટ એકત્ર કરીને ચાલ્યા ગયા.

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | אַחֲרֵי | בוֹא | אֲמַצְיָהוּ | מֵהַכּוֹת | אֶת־ | אֲדוֹמִים | וַיָּבֵא | אֶת־ | אֱלֹהֵי | בְּנֵי |
| અને-થયું | પછી | આવ્યા | અમાસ્યા | માર્યા-પછી | — | અદોમીઓને | અને-લાવ્યો | — | દેવોને | પુત્રોના |
| H1961 | | H0935 | H0558 | H5221 | H0853 | H0130 | H0935 | H0853 | H0430 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שֵׂעִיר | וַיַּעֲמִידֵם | לוֹ | לֵאלֹהִים | וְלִפְנֵיהֶם | יִשְׁתַּחֲוֶה | וְלָהֶם | יְקַטֵּר׃ |
| સેઈરના | અને-સ્થાપ્યા-તેમને | પોતાના-માટે | દેવો-તરીકે | અને-તેમની-આગળ | નમન-કર્યું | અને-તેમને | ધૂપ-ચઢાવ્યો |
| | H5975 | | H0430 | H6440 | H7812 | | |

તે પછી અદોમીઓની કતલ કરીને અમાસ્યા પાછો આવ્યો અને સેઈરના લોકોના દેવોને સાથે લઈ આવ્યો, તેણે પોતાના દેવો તરીકે તેઓની સ્થાપના કરી. તેણે તેઓની પૂજા કરી અને તેઓની આગળ ધૂપ બાળ્યો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לָמָּה | לוֹ | וַיֹּאמֶר | נָבִיא | אֵלָיו | וַיִּשְׁלַח | בַּאֲמַצְיָהוּ | יְהוָה | אַף | וַיִּחַר־ | 15 |
| શા-માટે | તેને | અને-કહ્યુ | પ્રબોધક | તેની-પાસે | અને-મોકલ્યો | અમાસ્યા-ઉપર | યહોવાહનો | ક્રોધ | અને-સળગ્યો- | |
| H4100 | | H0559 | H5030 | H0413 | H7971 | H0558 | H3068 | H0639 | H2734 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מִיָּדֶךָ׃ | עַמָּם | אֶת־ | הִצִּילוּ | לֹא־ | אֲשֶׁר | הָעָם | אֱלֹהֵי | אֶת־ | דָרַשְׁתָּ |
| તમારા-હાથમાંથી | પોતાના-લોકોને | — | બચાવ્યા | નહિ- | જેમણે | લોકોના | દેવોને | — | શોધ્યા-છે-તેં |
| H3027 | | H0853 | H5337 | H3808 | | | H0430 | H0853 | H1875 |

તેથી ઈશ્વરનો રોષ તેના ઉપર સળગી ઊઠ્યો. તેમણે એક પ્રબોધકને તેની પાસે મોકલ્યો. તેણે અમાસ્યાને કહ્યુ, “જે લોકોના દેવોએ પોતાના લોકોને તારા હાથમાંથી બચાવ્યા નથી તે દેવોની પૂજા તેં શા માટે કરી?”

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לְךָ | חֲדַל־ | נְתַנּוּךָ | לַמֶּלֶךְ | הַלְיוֹעֵץ | לוֹ | וַיֹּאמֶר | אֵלָיו | בְּדַבְּרוֹ | וַיְהִי | 16 |
| מְרָרִי | મરારીને | H4847 |
| וּזְכַרְיָה | અને-ઝખર્યા | |
| וּמְשֻׁלָּם | અને-મશુલ્લામ | H4918 |
| מִן־ | માંથી | |
| בְּנֵי | પુત્રોને | |
| הַקְּהָתִים | કહાથીઓને | H6956 |
| לְנַצֵּחַ | દેખરેખ-કરવા | H5329 |
| וְהַלְוִיִּם | અને-લેવીઓ | H3881 |
| כָּל־ | સર્વ | H3605 |
| מֵבִין | જે-જાણતા-હતા | H0995 |
| בִּכְלֵי־ | વાદ્યો | H3627 |
| שִׁיר׃ | ગીતને | |

તે માણસો વિશ્વાસુપણે કામ કરતા હતા. મરારીના પુત્રોમાંના લેવીઓ યાહાથ અને ઓબાદ્યા તથા કહાથીઓના પુત્રોમાંના ઝખાર્યા અને મશુલ્લામ તેઓના પર દેખરેખ રાખતા હતા. બીજા લેવીઓ પણ હતા જેઓ કુશળ સંગીતકાર હતા તેઓ પણ કામદારોને નિર્દેશ કરતા હતા.

13
וְעַל અને-ઉપર
הַסַּבָּלִים ભારવાહકો H5449
וּמְנַצְּחִים અને-દેખરેખ-કરનારા H5329
לְכֹל સર્વ H3605
עֹשֵׂה કરનારાઓને
מְלָאכָה કામને H4399
לַעֲבוֹדָה સેવા-માટે H5656
וַעֲבוֹדָה અને-સેવા H5656
וּמֵהַלְוִיִּם અને-લેવીઓમાંથી H3881
סוֹפְרִים લેખકો
וְשֹׁטְרִים અને-અધિકારીઓ H7860
וְשׁוֹעֲרִים׃ અને-દ્વારપાળો H7778

આ લેવીઓ ભાર ઊંચકનારાઓ તેમ જ જુદાં જુદાં કામોના કારીગરો પર પણ દેખરેખ રાખતા હતા. વળી કેટલાક લેવીઓ સચિવ, કારભારીઓ અને દ્વારપાળો તરીકે ફરજ બજાવતા હતા.

14
וּבְהוֹצִיאָם અને-જ્યારે-કાઢતા-હતા H3318
אֶת־ — H0853
הַכֶּסֶף ચાંદી H3701
הַמּוּבָא જે-લાવવામાં-આવી-હતી H0935
בֵּית ઘરમાં
יְהוָה પ્રભુને H3068
מָצָא મળ્યો H4672
חִלְקִיָּהוּ હિલ્કિયાહૂને H2518
הַכֹּהֵן યાજકે H3548
אֶת־ — H0853
סֵפֶר પુસ્તક
תּוֹרַת־ નિયમશાસ્ત્રને H8451
יְהוָה પ્રભુને H3068
בְּיַד־ હાથ-દ્વારા H3027
מֹשֶׁה׃ મૂસાને H4872

ઈશ્વરના ઘરમાં સંગ્રહ કરેલાં નાણાંને જયારે તેઓ બહાર કાઢતાં હતા ત્યારે મૂસા દ્વારા આપવામાં આવેલું ઈશ્વરના નિયમોનું પુસ્તક હિલ્કિયા યાજકને હાથ લાગ્યું.

15
וַיַּעַן અને-જવાબ-આપ્યો
חִלְקִיָּהוּ હિલ્કિયાહૂએ H2518
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אֶל־ પ્રત્યે H0413
שָׁפָן શાફાન
הַסּוֹפֵר લેખકારને
סֵפֶר પુસ્તક
הַתּוֹרָה નિયમશાસ્ત્રને H8451
מָצָאתִי મળ્યો-છે-મને H4672
בְּבֵית ઘરમાં
יְהוָה પ્રભુને H3068
וַיִּתֵּן અને-આપ્યો H5414
חִלְקִיָּהוּ હિલ્કિયાહૂએ H2518
אֶת־ — H0853
הַסֵּפֶר પુસ્તક
אֶל־ પ્રત્યે H0413
שָׁפָן׃ શાફાનને

તે બતાવતાં હિલ્કિયાએ શાફાન શાસ્ત્રીને કહ્યુ, “ઈશ્વરના સભાસ્થાનમાંથી મને નિયમનું આ પુસ્તક મળ્યું છે.” હિલ્કિયાએ તે પુસ્તક શાફાનને આપી દીધું.

16
וַיָּבֵא અને-લાવ્યો H0935
שָׁפָן શાફાને
אֶת־ — H0853
הַסֵּפֶר પુસ્તક
אֶל־ પ્રત્યે H0413
הַמֶּלֶךְ રાજા H4428
וַיָּשֶׁב અને-આપ્યું H7725
עוֹד વધુ H5750
אֶת־ — H0853
הַמֶּלֶךְ રાજાને H4428
דָּבָר વચન H1697
לֵאמֹר કહેતા H0559
כֹּל સર્વ H3605
אֲשֶׁר־ જે
נִתַּן સોંપાયું-હતું H5414
בְּיַד־ હાથમાં H3027
עֲבָדֶיךָ તારા-સેવકોને H5650
הֵם તેઓ H1992
עֹשִׂים׃ કરી-રહ્યા-છે

શાફાન તે પુસ્તક રાજા પાસે લઈ ગયો અને કહ્યુ, “તારા સેવકો તેમને સોંપેલું કામ વિશ્વાસપૂર્વક કરી રહ્યા છે.

17
וַיַּתִּיכוּ અને-ઓગાળ્યા H5413
אֶת־ — H0853
הַכֶּסֶף ચાંદી H3701
הַנִּמְצָא જે-મળી-હતી H4672
בְּבֵית־ ઘરમાં
יְהוָה પ્રભુને H3068
וַיִּתְּנוּהוּ અને-આપ્યું H5414
עַל־ હાથમાં
יַד־ હાથ H3027
הַמֻּפְקָדִים નિયુક્ત-કરાયેલાઓને
וְעַל־ અને-હાથમાં
יַד־ હાથ H3027
עוֹשֵׂי કરનારાઓને
הַמְּלָאכָה׃ કામને H4399

જે નાણાં ઈશ્વરના ઘરમાં હતાં તે તેઓએ બહાર કાઢી લીધા છે અને તેને મુકાદમોને અને કારીગરોને સોંપી દીધાં છે.”

18
וַיַּגֵּד અને-જણાવ્યું H5046
שָׁפָן શાફાને
הַסּוֹפֵר લેખકારે
לַמֶּלֶךְ રાજાને H4428
לֵאמֹר કહેતા H0559
סֵפֶר પુસ્તક
נָתַן આપ્યું-છે H5414
לִי મને
חִלְקִיָּהוּ હિલ્કિયાહૂએ H2518
הַכֹּהֵן યાજકે H3548
וַיִּקְרָא־ અને-વાંચ્યું H7121
בוֹ તેમાંથી
שָׁפָן શાફાને
לִפְנֵי સામે H6440
הַמֶּלֶךְ׃ રાજાને H4428

શાસ્ત્રી શાફાને રાજાને એ પણ કહ્યુ કે, “યાજક હિલ્કિયાએ મને એક પુસ્તક આપ્યું છે.” પછી તેણે તે પુસ્તક રાજા સમક્ષ વાંચ્યું.

19
וַיְהִי અને-થયું H1961
כִּשְׁמֹעַ જ્યારે-સાંભળ્યા H8085
הַמֶּלֶךְ રાજાએ H4428
אֵת — H0853
דִּבְרֵי વચનો H1697
הַתּוֹרָה નિયમશાસ્ત્રનાં H8451
וַיִּקְרַע ફાડ્યા H7167
אֶת־ — H0853
בְּגָדָיו׃ તેનાં-વસ્ત્રો

રાજાએ જયારે નિયમશાસ્ત્રનાં વચનો સાંભળ્યાં ત્યારે તેણે પોતાનાં વસ્ત્રો ફાડી નાખ્યાં.

20
וַיְצַו અને-આજ્ઞા-આપી H6680
הַמֶּלֶךְ રાજાએ H4428
אֶת־ — H0853
חִלְקִיָּהוּ હિલ્કિયાહૂને H2518
וְאֶת־ અને H0853
אֲחִיקָם અહીકામને H0296
בֶּן־ પુત્ર
שָׁפָן શાફાનને
וְאֶת־ અને H0853
עַבְדּוֹן અબ્દોનને H5658
בֶּן־ પુત્ર
מִיכָה મીકાને H4318
וְאֵת અને H0853
שָׁפָן શાફાનને
הַסֹּפֵר લેખકાર
וְאֵת અને H0853
עֲשָׂיָה અસાયાને H6222
עֶבֶד־ સેવક H5650
הַמֶּלֶךְ રાજાને H4428
לֵאמֹר׃ કહેતા H0559

હિલ્કિયાને, શાફાનના પુત્ર અહિકામને, મિખાના પુત્ર આબ્દોનને, શાસ્ત્રી શાફાનને તથા રાજાના સેવક અસાયાને રાજાએ હુકમ કર્યો કે,

21
לְכוּ જાઓ H3212
דִרְשׁוּ પૂછો H1875
אֶת־ — H0853
יְהוָה પ્રભુને H3068
בַּעֲדִי મારે-માટે H1157
וּבְעַד અને-માટે H1157
הַנִּשְׁאָר બાકીને H7604
בְּיִשְׂרָאֵל ઇઝરાયેલમ□ H3478
וּבִיהוּדָה અને-યહૂદામાં H3063
עַל־ વિષે
דִּבְרֵי વચનો H1697
הַסֵּפֶר પુસ્તકને
אֲשֶׁר જે
נִמְצָא મળ્યું-છે H4672
כִּי־ કારણ-કે
גְדוֹלָה મોટી-છે
חֲמַת־ ક્રોધ H2534
יְהוָה પ્રભુનો H3068
אֲשֶׁר જે
נִתְּכָה રેડાયો-છે H5413
בָּנוּ આપણ□-ઉપર
עַל કારણ-કે
אֲשֶׁר કારણ-કે
לֹא־ નહિ H3808
שָׁמְרוּ પાળ્યા H8104
אֲבוֹתֵינוּ આપણાં-પિતાઓએ H0001
אֶת־ — H0853
דְּבַר વચન H1697
יְהוָה પ્રભુનાં H3068
לַעֲשׂוֹת કરવા
כְּכָל־ બધું-પ્રમાણે H3605
הַכָּתוּב લખેલું H3789
עַל־ ઉપર
הַסֵּפֶר પુસ્તકમાં
הַזֶּה׃ આ H2088
פ —

“તમે જાઓ અને મારી ખાતર તેમ જ ઇઝરાયલમાં તથા યહૂદામાં બાકી રહેલાઓને ખાતર મળી આવેલા આ પુસ્તકનાં વચનો સંબંધી ઈશ્વરની ઇચ્છા પૂછો. ઈશ્વરનો રોષ આપણા ઉપર થયો છે, તે ભયંકર છે, કારણ કે આ પુસ્તકમાં જે જે લખેલું છે તે પ્રમાણે આપણા પિતૃઓએ ઈશ્વરનું વચન પાળ્યું નથી.”

22
וַיֵּלֶךְ અને-ગયો H3212
חִלְקִיָּהוּ હિલ્કિયાહૂ H2518
וַאֲשֶׁר અને-જેઓને-મોકલ્યા-હતા
הַמֶּלֶךְ રાજાએ H4428
אֶל־ પાસે H0413
חֻלְדָּה હુલ્દા H2468
הַנְּבִיאָה પ્રબોધિકા H5031
אֵשֶׁת પત્ની H0802
שַׁלֻּם શાલ્લુમને H7967
בֶּן־ પુત્ર
[תוקהת] તોકહ□તને H8445
(תָּקְהַת) તોકહાતને H8445
בֶּן־ પુત્ર
חַסְרָה હાસ્રાહને H2641
שׁוֹמֵר રક્ષક H8104
הַבְּגָדִים વસ્ત્રોનો
וְהִיא અને-તે H1931
יוֹשֶׁבֶת રહેતી-હતી H3427
בִּירוּשָׁלִַם યરુશાલેમમાં H3389
בַּמִּשְׁנֶה બીજા-વિભાગમાં H4932
וַיְדַבְּרוּ અને-બોલ્યા H1696
אֵלֶיהָ તેને H0413
כָּזֹאת׃ આ-રીતે H2063
ס —

તેથી હિલ્કિયા અને રાજાએ જે માણસોને આજ્ઞા આપી હતી તે સર્વ પોશાકખાતાના ઉપરી, હાસ્રાના પુત્ર, તોક્હાથના પુત્ર, શાલ્લુમની પત્ની હુલ્દા પ્રબોધિકા પાસે ગયા. તે તો યરુશાલેમના બીજા વિભાગમાં રહેતી હતી. તેઓએ તેની સાથે આ રીતે વાત કરી.

23
וַתֹּאמֶר અને-કહ્યુ H0559
לָהֶם તેમને
כֹּה־ આમ H3541
אָמַר કહે-છે H0559
יְהוָה પ્રભુ H3068
אֱלֹהֵי ઈશ્વર H0430
יִשְׂרָאֵל ઇઝરાયેલને H3478
אִמְרוּ કહો H0559
לָאִישׁ માણસને H0376
אֲשֶׁר־ જેએ
שָׁלַח મોકલ્યું H7971
אֶתְכֶם તમને H0853
אֵלָי׃ મારી-પાસે H0413
ס —

તેણે તેઓને કહ્યુ, “ઇઝરાયલના ઈશ્વર કહે છે કે, “જે માણસે તમને મોકલ્યા છે તેને આમ કહો,

24

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כֹּה | אָמַר | יְהוָה | הִנְנִי | מֵבִיא | רָעָה | עַל־ | הַמָּקוֹם | הַזֶּה | וְעַל־ | יוֹשְׁבָיו |
| આમ | કહે-છે | પ્રભુ | જુઓ | હું-લાવી-રહ્યો-છું | વિપત્તિ | ઉપર | આ-સ્થાન | આ | અને-ઉપર | તેના-રહેવાસીઓ |
| H3541 | H0559 | H3068 | H2009 | H0935 | | | H4725 | H2088 | | H3427 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֵת | כָּל־ | הָאָלוֹת | הַכְּתוּבוֹת | עַל־ | הַסֵּפֶר | אֲשֶׁר | קָרְאוּ | לִפְנֵי | מֶלֶךְ | יְהוּדָה׃ |
| — | સર્વ | શાપો | લખેલી | ઉપર | પુસ્તકમાં | જે | વાંચ્યું | સામે | રાજા | યહૂદાને |
| H0853 | H3605 | H0423 | H3789 | | | | H7121 | H6440 | H4428 | H3063 |

“ઈશ્વર કહે છે કે, ‘જુઓ, હું આ જગ્યા પર અને એના રહેવાસીઓ પર આફત ઉતારનાર છું, યહૂદિયાના રાજા સમક્ષ વાંચવામાં આવેલા પુસ્તકમાં લખેલા બધા શાપો અમલમાં હું લાવનાર છું.

25

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| תַּחַת | אֲשֶׁר | עֲזָבוּנִי | ]ויקטירו[ | )וַיְקַטְּרוּ( | לֵאלֹהִים | אֲחֵרִים | לְמַעַן | הַכְעִיסֵנִי |
| કારણ-કે | કારણ-કે | છોડી-દીધા-મને | અને-ધૂપ-બાળ્યા | અને-ધૂપ-બાળ્યો | દેવોને | બીજાને | જેથી | ક્રોધિત-કરે-મને |
| H8478 | | | | | H0430 | H0312 | H4616 | H3707 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בְּכֹל | מַעֲשֵׂה | יְדֵיהֶם | וְתִתַּךְ | חֲמָתִי | בַּמָּקוֹם | הַזֶּה | וְלֹא | תִכְבֶּה׃ |
| બધા | કાર્યો | તેમને-હાથોને | અને-રેડાશે | મારો-ક્રોધ | આ-સ્થાન-પર | આ | અને-નહિ | હોલવાશે |
| H3605 | H4639 | H3027 | H5413 | H2534 | H4725 | H2088 | H3808 | H3518 |

કારણ, તે લોકોએ મને છોડી દઈને અન્ય દેવોની આગળ ધૂપ બાળ્યો છે. અને પોતાનાં બધાં કૃત્યોથી તેઓએ મને રોષ ચઢાવ્યો છે. તેથી મારો રોષ આ જગ્યા પર સળગશે અને હોલવાશે નહિ.’”

26

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶל־ | מֶלֶךְ | יְהוּדָה | הַשֹּׁלֵחַ | אֶתְכֶם | לִדְרוֹשׁ | בַּיהוָה | כֹּה | תֹאמְרוּ | אֵלָיו | ס | כֹּה־ |
| અને-પ્રત્યે | રાજા | યહૂદાને | જેએ-મોકલ્યું-છે | તમને | પૂછવા | પ્રભુને | આમ | કહો | તેને | — | આમ |
| H0413 | H4428 | H3063 | H7971 | H0853 | H1875 | H3068 | H3541 | H0559 | H0413 | | H3541 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אָמַר | יְהוָה | אֱלֹהֵי | יִשְׂרָאֵל | הַדְּבָרִים | אֲשֶׁר | שָׁמָעְתָּ׃ |
| કહે-છે | પ્રભુ | ઈશ્વર | ઇઝરાયેલને | વચનો | જે | તેં-સાંભળ્યા-છે |
| H0559 | H3068 | H0430 | H3478 | H1697 | | H8085 |

પણ આ બાબતમાં ઈશ્વરને પૂછવા માટે તમને મોકલનાર યહૂદિયાના રાજાને કહી દો: “ઇઝરાયલના ઈશ્વર કહે છે કે જે વાતો તેં સાંભળી છે તે વિષે

27

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יַעַן | רַךְ־ | לְבָבְךָ | וַתִּכָּנַע | מִלִּפְנֵי | אֱלֹהִים | בְּשָׁמְעֲךָ | אֶת־ | דְּבָרָיו | עַל־ |
| કારણ-કે | કોમળ | તારું-હૃદય-છે | અને-નમ્ર-થયા | સામેથી | ઈશ્વરને | સાંભળતાં | — | તેમને-વચનો | વિષે |
| H3282 | H7401 | H3824 | H3665 | H6440 | H0430 | H8085 | H0853 | H1697 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַמָּקוֹם | הַזֶּה | וְעַל־ | יֹשְׁבָיו | וַתִּכָּנַע | לְפָנַי | וַתִּקְרַע | אֶת־ | בְּגָדֶיךָ | וַתֵּבְךְּ |
| આ-સ્થાન | આ | અને-ઉપર | તેને-રહેવાસીઓ | અને-નમ્ર-થયા | મારી-સામે | અને-ફાડ્યા | — | તારા-વસ્ત્રો | અને-રડ્યા |
| H4725 | H2088 | | H3427 | H3665 | H6440 | H7167 | H0853 | | H1058 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| לְפָנַי | וְגַם־ | אֲנִי | שָׁמַעְתִּי | נְאֻם־ | יְהוָה׃ |
| મારી-સામે | અને-પણ | મેં | સાંભળ્યું-છે | વચન | પ્રભુને |
| H6440 | H1571 | H0589 | H8085 | H5002 | H3068 |

જયારે આ જગ્યા અને તેના રહેવાસીઓ વિરુદ્ધમાં મારાં વચનો તેં સાંભળ્યાં ત્યારે તારું હૃદય પીગળી ગયું હતું અને મારી આગળ તું દીન બન્યો હતો. તેં તારાં વસ્ત્ર ફાડ્યાં અને મારી સમક્ષ તું રડ્યો તેથી મેં તારી અરજ સાંભળી છે - એમ ઈશ્વર કહે છે.

28

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הִנְנִי | אֹסִפְךָ | אֶל־ | אֲבֹתֶיךָ | וְנֶאֱסַפְתָּ | אֶל־ | קִבְרֹתֶיךָ | בְּשָׁלוֹם | וְלֹא־ |
| જુઓ | હું-તને-લઈ-જઈશ | પાસે | તારા-પિતાઓ | અને-એકઠું-થશે | પાસે | તારી-કબરોમાં | શાંતિમાં | અને-નહિ |
| H2009 | H0622 | H0413 | H0001 | H0622 | H0413 | H6913 | H7965 | H3808 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| תִרְאֶינָה | עֵינֶיךָ | בְּכֹל | הָרָעָה | אֲשֶׁר | אֲנִי | מֵבִיא | עַל־ | הַמָּקוֹם | הַזֶּה | וְעַל־ |
| જોશે | તારી-આંખો | સર્વમાં | વિપત્તિ | જે | હું | લાવી-રહ્યો-છું | ઉપર | આ-સ્થાન | આ | અને-ઉપર |
| H7200 | | H3605 | | | H0589 | H0935 | | H4725 | H2088 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| יֹשְׁבָיו | וַיָּשִׁיבוּ | אֶת־ | הַמֶּלֶךְ | דָּבָר׃ | פ |
| તેને-રહેવાસીઓ | અને-પાછું-આપ્યો | — | રાજાને | વચન | — |
| H3427 | H7725 | H0853 | H4428 | H1697 | |

'જો, હું આ જગ્યા અને તેના રહેવાસીઓ ઉપર જે આફતો ઉતારનારો છું તે તું તારી નજરે જોઈશ નહિ, તે પહેલાં તું તારા પિતૃઓ સાથે ઊંઘી જશે અને શાંતિથી કબરમાં જશે.''' આ જવાબ લઈને તેઓ રાજા પાસે પાછા ગયા.

29

| | | |
|---|---|---|
| וַיִּשְׁלַח | અને-મોકલ્યો | H7971 |
| הַמֶּלֶךְ | રાજાએ | H4428 |
| וַיֶּאֱסֹף | અને-ભેગા-કર્યા | H0622 |
| אֶת־ | — | H0853 |
| כָּל־ | સર્વ | H3605 |
| זִקְנֵי | વડીલોને | H2205 |
| יְהוּדָה | યહૂદાને | H3063 |
| וִירוּשָׁלִָם׃ | અને-યરુશાલેમને | H3389 |

પછી રાજાએ સંદેશાવાહકોને મોકલીને યહૂદિયા અને યરુશાલેમના સર્વ વડીલોને એકત્ર થવાની આજ્ઞા કરી.

30

| | | |
|---|---|---|
| וַיַּעַל | અને-ગયો | H5927 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| בֵּית־ | ઘરમેં | |
| יְהוָה | પ્રભુને | H3068 |
| וְכָל־ | અને-સર્વ | H3605 |
| אִישׁ | માણસ | H0376 |
| יְהוּדָה | યહૂદાને | H3063 |
| וְיֹשְׁבֵי | અને-રહેવાસીઓ | H3427 |
| יְרוּשָׁלִַם | યરુશાલેમને | H3389 |
| וְהַכֹּהֲנִים | અને-યાજકો | H3548 |
| וְהַלְוִיִּם | અને-લેવીઓ | H3881 |
| וְכָל־ | અને-સર્વ | H3605 |
| הָעָם | લોકો | |
| מִגָּדוֹל | મોટાથી | |
| וְעַד־ | અને-સુધી | H5704 |
| קָטָן | નાના | |
| וַיִּקְרָא | અને-વાંચ્યા | H7121 |
| בְאָזְנֵיהֶם | તેમને-કાનમેં | H0241 |
| אֶת־ | — | H0853 |
| כָּל־ | સર્વ | H3605 |
| דִּבְרֵי | વચનો | H1697 |
| סֵפֶר | પુસ્તક | |
| הַבְּרִית | કરારને | H1285 |
| הַנִּמְצָא | જે-મળ્યું-હતું | H4672 |
| בֵּית | ઘરમેં | |
| יְהוָה׃ | પ્રભુને | H3068 |

પછી રાજાએ, યહૂદિયાના સર્વ માણસો તથા યરુશાલેમના સર્વ રહેવાસીઓ, યાજકો, લેવીઓ અને નાનામોટાં સર્વ લોકોને પોતાની સાથે યહોવાહના ઘરમાં એકત્ર કર્યા. રાજાએ તેઓને સભાસ્થાનમાંથી મળી આવેલા કરારના પુસ્તકમાંથી વચનો વાંચી સંભળાવ્યાં.

31

| | | |
|---|---|---|
| וַיַּעֲמֹד | અને-ઊભો-રહ્યો | H5975 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| עַל־ | ઉપર | |
| עָמְדוֹ | તેને-સ્થાને | H5977 |
| וַיִּכְרֹת | અને-કર્યો | H3772 |
| אֶת־ | — | H0853 |
| הַבְּרִית | કરાર | H1285 |
| לִפְנֵי | સામે | H6440 |
| יְהוָה | પ્રભુને | H3068 |
| לָלֶכֶת | ચાલવા | H3212 |
| אַחֲרֵי | પાછળ | |
| יְהוָה | પ્રભુને | H3068 |
| וְלִשְׁמוֹר | અને-પાળવા | H8104 |
| אֶת־ | — | H0853 |
| מִצְוֹתָיו | તેમને-આજ્ઞાઓ | H4687 |
| וְעֵדְוֹתָיו | અને-તેમને-સાક્ષીઓ | H5715 |
| וְחֻקָּיו | અને-તેમને-વિધો | H2706 |
| בְּכָל־ | પૂરે | H3605 |
| לְבָבוֹ | હૃદયથી | H3824 |
| וּבְכָל־ | અને-પૂરે | H3605 |
| נַפְשׁוֹ | આત્માથી | H5315 |
| לַעֲשׂוֹת | કરવા | |
| אֶת־ | — | H0853 |
| דִּבְרֵי | વચનો | H1697 |
| הַבְּרִית | કરારને | H1285 |
| הַכְּתֻבִים | લખેલા | H3789 |
| עַל־ | ઉપર | |
| הַסֵּפֶר | પુસ્તકમેં | |
| הַזֶּה׃ | આ | H2088 |

રાજાએ તેની જગાએ ઊભા રહીને ઈશ્વર સમક્ષ એ વચનો પ્રમાણે અનુસરવાની, તેમની બધી આજ્ઞાઓ, તેમના સાક્ષ્યો અને વિધિઓનું પૂર્ણ હૃદયથી પાલન કરવાની અને પુસ્તકમાં લખેલા કરારના બધા વચનો પાળવાની પ્રતિજ્ઞા લીધી.

32

| | | |
|---|---|---|
| וַיַּעֲמֵד | અને-ઊભા-કર્યા | H5975 |
| אֵת | — | H0853 |
| כָּל־ | સર્વને | H3605 |
| הַנִּמְצָא | જેઓ-હાજર-હતા | H4672 |
| בִירוּשָׁלִַם | યરુશાલેમમેં | H3389 |
| וּבִנְיָמִן | અને-બિન્યામીનમેં | H1144 |
| וַיַּעֲשׂוּ | અને-કર્યું | |
| יֹשְׁבֵי | રહેવાસીઓએ | H3427 |
| יְרוּשָׁלִַם | યરુશાલેમને | H3389 |
| כִּבְרִית | કરાર-પ્રમાણે | H1285 |
| אֱלֹהִים | ઈશ્વરને | H0430 |
| אֱלֹהֵי | ઈશ્વર | H0430 |
| אֲבוֹתֵיהֶם׃ | તેમને-પિતાઓને | H0001 |

બિન્યામીનના લોકો અને યરુશાલેમમાં જેઓ હાજર હતા તેઓની તેણે તેમાં સંમતિ લીધી. યરુશાલેમના રહેવાસીઓએ ઈશ્વરના એટલે પોતાના પિતૃઓના ઈશ્વરના કરાર પ્રમાણે કર્યું.

33

| | | |
|---|---|---|
| וַיָּסַר | અને-હટાવ્યા | H5493 |
| יֹאשִׁיָּהוּ | યોશિયાહૂએ | H2977 |
| אֶת־ | — | H0853 |
| כָּל־ | સર્વ | H3605 |
| הַתּוֹעֵבוֹת | ધૃણાસ્પદ-વસ્તુઓ | H8441 |
| מִכָּל־ | સર્વ-દેશોમાંથી | H3605 |
| הָאֲרָצוֹת | દેશોમેં | H0776 |
| אֲשֶׁר | જે | |
| לִבְנֵי | પુત્રોને | |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલને | H3478 |
| וַיַּעֲבֵד | અને-સેવા-કરાવી | H5647 |
| אֵת | — | H0853 |
| כָּל־ | સર્વને | H3605 |
| הַנִּמְצָא | જેઓ-હાજર-હતા | H4672 |
| בְּיִשְׂרָאֵל | ઇઝરાયેલમેં | H3478 |
| לַעֲבוֹד | સેવા-કરવા | H5647 |
| אֶת־ | — | H0853 |
| יְהוָה | પ્રભુને | H3068 |
| אֱלֹהֵיהֶם | તેમને-ઈશ્વરને | H0430 |
| כָּל־ | સર્વ | H3605 |
| יָמָיו | તેને-દિવસોમેં | H3117 |
| לֹא | નહિ | H3808 |
| סָרוּ | વળ્યા | H5493 |
| מֵאַחֲרֵי | પાછળથી | |
| יְהוָה | પ્રભુને | H3068 |
| אֱלֹהֵי | ઈશ્વર | H0430 |
| אֲבוֹתֵיהֶם׃ | તેમને-પિતાઓને | H0001 |
| פ | — | |

યોશિયાએ ઇઝરાયલી લોકોના તાબામાં જે પ્રદેશ હતા ત્યાંથી સર્વ પ્રકારની ઘૃણાસ્પદ વસ્તુઓને દૂર કરી. તેણે તેમના ઈશ્વર પ્રભુની આરાધના કરવાની આજ્ઞા કરી. તેના બાકીના જીવનકાળ દરમિયાન સર્વ લોકો તેઓના પિતૃઓના ઈશ્વરના માર્ગમાંથી પાછા ફર્યા નહિ.

## Chapter 35

1
וַיַּעַשׂ અને-કર્યો
יֹאשִׁיָּהוּ યોશિયાહુએ H2977
בִירוּשָׁלַ͏ִם યરુશાલેમમાં H3389
פֶּסַח પાસ્ખા H6453
לַיהוָה યહોવાહ-માટે H3068
וַיִּשְׁחֲטוּ અને-કાપ્યું
הַפֶּסַח પાસ્ખાનું H6453
בְּאַרְבָּעָה ચૌદમા H0702
עָשָׂר દસ H6240
לַחֹדֶשׁ મહિનાના H2320
הָרִאשׁוֹן׃ પ્રથમ H7223

યોશિયાએ યરુશાલેમમાં યહોવાહના માટે પાસ્ખાપર્વ પાળ્યું; અને યોશિયા સહિત લોકોએ પ્રથમ મહિનાના ચૌદમા દિવસે પાસ્ખાનું હલવાન કાપ્યું.

2
וַיַּעֲמֵד અને-ઊભા-કર્યા H5975
הַכֹּהֲנִים યાજકોને H3548
עַל־ —
מִשְׁמְרוֹתָם તેમના-ફરજો-પર H4931
וַיְחַזְּקֵם અને-ઉત્તેજન-આપ્યું H2388
לַעֲבוֹדַת સેવા-માટે H5656
בֵּית ઘરની
יְהוָה׃ યહોવાહના H3068

તેણે યાજકોને પોતપોતાને સ્થાને ફરી નિયુક્ત કર્યા અને તેઓને ઈશ્વરના ઘરમાં પોતાની ફરજ બજાવવા માટે ઉત્તેજન આપ્યું.

3
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
לַלְוִיִּם લેવીઓને H3881
]המבונים[ — H0995
)הַמְּבִינִים( શીખવનારાઓ H0995
לְכָל־ બધા H3605
יִשְׂרָאֵל ઈઝરાયલના H3478
הַקְּדוֹשִׁים પવિત્ર H6918
לַיהוָה યહોવાહ-માટે H3068
תְּנוּ મૂકો H5414
אֶת־ — H0853
אֲרוֹן־ કોશ H0727
הַקֹּדֶשׁ પવિત્ર H6944
בַּבַּיִת ઘરમાં
אֲשֶׁר જે
בָּנָה બાંધ્યું H1129
שְׁלֹמֹה સુલેમાને H8010
בֶן־ પુત્ર
דָּוִיד દાઉદના H1732
מֶלֶךְ રાજા H4428
יִשְׂרָאֵל ઈઝરાયલના H3478
אֵין־ નથી H0369
לָכֶם તમારા-માટે
מַשָּׂא ભાર
בַּכָּתֵף ખભા-પર H3802
עַתָּה હવે H6258
עִבְדוּ સેવા-કરો H5647
אֶת־ — H0853
יְהוָה યહોવાહ H3068
אֱלֹהֵיכֶם તમારા-ઈશ્વરની H0430
וְאֵת અને H0853
עַמּוֹ તેના-લોકો
יִשְׂרָאֵל׃ ઈઝરાયલની H3478

તેણે ઈશ્વરને માટે પવિત્ર થયેલા અને ઇઝરાયલને બોધ કરનાર લેવીઓને કહ્યુ કે, “ઇઝરાયલના રાજા દાઉદના પુત્ર સુલેમાને બંધાવેલા ઘરમાં પવિત્ર કોશને મૂકો. તમારે તેને ખભા પર ઊંચકવો નહિ. હવે તમે ઈશ્વર તમારા પ્રભુની અને તેમના લોકો, ઇઝરાયલીઓની સેવા કરો;

4
וְהָכִינוּ અને-તૈયાર-થાઓ
לְבֵית־ ઘર-પ્રમાણે
אֲבוֹתֵיכֶם તમારા-પિતૃઓના H0001
כְּמַחְלְקוֹתֵיכֶם તમારા-વિભાગો-પ્રમાણે H4256
בִּכְתָב લખાણ-પ્રમાણે H3791
דָּוִיד દાઉદ H1732
מֶלֶךְ રાજા H4428
יִשְׂרָאֵל ઈઝરાયલના H3478
וּבְמִכְתַּב અને-લખાણ-પ્રમાણે H4385
שְׁלֹמֹה સુલેમાન H8010
בְנוֹ׃ તેના-પુત્રના

ઇઝરાયલના રાજા દાઉદ અને તેના પુત્ર સુલેમાનની સૂચનાઓમાં લખ્યા પ્રમાણે તમે તમારા પિતૃઓના કુટુંબો પોતપોતાના વિભાગોમાં ગોઠવાઈ જાઓ.

5
וְעִמְדוּ અને-ઊભા-રહો H5975
בַקֹּדֶשׁ પવિત્ર-સ્થાનમાં H6944
לִפְלֻגּוֹת વિભાગો-પ્રમાણે H6391
בֵּית ઘરના
הָאָבוֹת પિતૃઓના H0001
לַאֲחֵיכֶם તમારા-ભાઈઓ-માટે H0251
בְּנֵי પુત્રો
הָעָם લોકોના
וַחֲלֻקַּת અને-ભાગ H2515
בֵּית־ ઘરનો
אָב પિતાનો H0001
לַלְוִיִּם׃ લેવીઓ-માટે H3881

તમારા ભાઈઓના પિતૃઓના કુટુંબોના વિભાગો અને વંશજો પ્રમાણે પવિત્ર સ્થાનમાં ઊભા રહો. અને લેવીઓના પિતૃઓના જુદાં જુદાં કુટુંબોના વિભાગ પ્રમાણે તમારું સ્થાન લો.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְשַׁחֲטוּ | הַפָּסַח | וְהִתְקַדְּשׁוּ | וְהָכִינוּ | לַאֲחֵיכֶם | לַעֲשׂוֹת | כִּדְבַר־ | יְהוָה | בְּיַד־ |
| અને-કાપો | પાસ્ખાનું | અને-પવિત્ર-કરો | અને-તૈયાર-કરો | તમારા-ભાઈઓ-માટે | કરવા | વચન-પ્રમાણે | યહોવાહના | હાથ-દ્વારા |
| | H6453 | H6942 | | H0251 | | H1697 | H3068 | H3027 |

| | |
|---|---|
| מֹשֶׁה׃ | פ |
| મૂસાના | — |
| H4872 | |

પાસ્ખાનું હલવાન કાપો; અને પોતાને પવિત્ર કરો. મૂસા દ્વારા અપાયેલા ઈશ્વરના વચન પ્રમાણે તમારા ઇઝરાયલી ભાઈઓ માટે પાસ્ખાની તૈયારી કરો.”

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּרֶם | יֹאשִׁיָּהוּ | לִבְנֵי | הָעָם | צֹאן | כְּבָשִׂים | וּבְנֵי־ | עִזִּים | הַכֹּל | לַפְּסָחִים | לְכָל־ |
| અને-આપ્યું | યોશિયાહુએ | પુત્રો-માટે | લોકોના | ઘેટાં | ઘેટાંઓ | અને-બકરાંના | બચ્ચાં | બધું | પાસ્ખા-માટે | બધા |
| | H2977 | | | H6629 | H3532 | | H5795 | H3605 | H6453 | H3605 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַנִּמְצָא | לְמִסְפַּר | שְׁלֹשִׁים | אֶלֶף | וּבָקָר | שְׁלֹשֶׁת | אֲלָפִים | אֵלֶּה | מֵרְכוּשׁ | הַמֶּלֶךְ׃ | ס |
| હાજર | ગણતરીમાં | ત્રીસ | હજાર | અને-બળદો | ત્રણ | હજાર | આ | સંપત્તિમાંથી | રાજાના | — |
| H4672 | H4557 | H7970 | H0505 | H1241 | H7969 | H0505 | H0428 | H7399 | H4428 | |

પાસ્ખાનાં અર્પણો માટે યોશિયાએ લોકોને ત્રીસ હજાર ઘેટાંબકરાંના હલવાનો અને લવારાં આપ્યાં. વળી તેણે ત્રણ હજાર બળદો પણ આપ્યાં. તે સર્વ રાજાની સંપત્તિમાંથી પાસ્ખાના અર્પણોને માટે આપવામાં આવ્યા હતાં.

8

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְשָׂרָיו | לִנְדָבָה | לָעָם | לַכֹּהֲנִים | וְלַלְוִיִּם | הֵרִימוּ | חִלְקִיָּה | וּזְכַרְיָהוּ |
| અને-તેના-અધિકારીઓએ | સ્વેચ્છાએ | લોકો-માટે | યાજકો-માટે | અને-લેવીઓ-માટે | આપ્યું | હિલ્કિયાહ | અને-ઝખાર્યાહ |
| H8269 | H5071 | | H3548 | H3881 | | H2518 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וִיחִיאֵל | נְגִידֵי | בֵּית | הָאֱלֹהִים | לַכֹּהֲנִים | נָתְנוּ | לַפְּסָחִים | אַלְפַּיִם | וְשֵׁשׁ | מֵאוֹת |
| અને-યહીએલ | અધિપતિઓ | ઘરના | ઈશ્વરના | યાજકો-માટે | આપ્યા | પાસ્ખા-માટે | બે-હજાર | અને-છ | સો |
| H3171 | H5057 | | H0430 | H3548 | H5414 | H6453 | H0505 | H8337 | H3967 |

| | | |
|---|---|---|
| וּבָקָר | שְׁלֹשׁ | מֵאוֹת׃ |
| અને-બળદો | ત્રણ | સો |
| H1241 | H7969 | H3967 |

તેના અધિકારીઓએ યાજકોને, લેવીઓને અને બાકીના લોકોને ઐચ્છિકાર્પણો આપ્યાં. ઈશ્વરના સભાસ્થાનના અધિકારીઓ હિલ્કિયા, ઝખાર્યા અને યહીએલ યાજકોને પાસ્ખાનાં અર્પણો તરીકે બે હજાર છસો ઘેટાંબકરાં તથા ત્રણસો બળદો આપ્યાં.

9

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| [וכונניהו] | (וְכָנַנְיָהוּ) | וּשְׁמַעְיָהוּ | וּנְתַנְאֵל | אֶחָיו | וַחֲשַׁבְיָהוּ | וִיעִיאֵל | וְיוֹזָבָד |
| — | અને-કનાન્યાહ | અને-શમાયાહ | અને-નથાનેલ | તેના-ભાઈઓ | અને-હશાબ્યાહ | અને-યઈએલ | અને-યોઝાબાદ |
| H3562 | H3562 | H8098 | H5417 | H0251 | H2811 | H3273 | H3107 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| שָׂרֵי | הַלְוִיִּם | הֵרִימוּ | לַלְוִיִּם | לַפְּסָחִים | חֲמֵשֶׁת | אֲלָפִים | וּבָקָר | חֲמֵשׁ | מֵאוֹת׃ |
| અધિકારીઓ | લેવીઓના | આપ્યું | લેવીઓ-માટે | પાસ્ખા-માટે | પાંચ | હજાર | અને-બળદો | પાંચ | સો |
| H8269 | H3881 | | H3881 | H6453 | H2568 | H0505 | H1241 | H2568 | H3967 |

કોનાન્યાએ તથા તેના ભાઈઓએ, એટલે શમાયા તથા નથાનએલે અને લેવીઓના આગેવાનો હશાબ્યા, યેઈએલ તથા યોઝાબાદે લેવીઓને પાસ્ખાર્પણને માટે પાંચ હાજર ઘેટાંબકરાં તથા પાંચસો બળદો આપ્યાં.

10

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַתִּכּוֹן | הָעֲבוֹדָה | וַיַּעַמְדוּ | הַכֹּהֲנִים | עַל־ | עָמְדָם | וְהַלְוִיִּם | עַל־ |
| અને-તૈયાર-થઈ | સેવા | અને-ઊભા-રહ્યા | યાજકો | — | તેમના-સ્થાન-પર | અને-લેવીઓ | — |
| | H5656 | H5975 | H3548 | | H5977 | H3881 | |

| | | |
|---|---|---|
| מַחְלְקוֹתָם | כְּמִצְוַת | הַמֶּלֶךְ׃ |
| તેમના-વિભાગો-પર | આજ્ઞા-પ્રમાણે | રાજાની |
| H4256 | H4687 | H4428 |

એમ પાસ્ખાવિધિ સેવાની પૂર્વ વ્યવસ્થા પૂરી થઈ અને રાજાની આજ્ઞા પ્રમાણે યાજકો પોતાને સ્થાને અને લેવીઓ પણ પોતપોતાનાં વર્ગો પ્રમાણે નિયત સ્થાને ઊભા રહ્યા.

11

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁחֲטוּ | הַפָּסַח | וַיִּזְרְקוּ | הַכֹּהֲנִים | מִיָּדָם | וְהַלְוִיִּם | מַפְשִׁיטִים׃ |
| અને-કાપ્યું | પાસ્ખાનું | અને-છાંટ્યું | યાજકોએ | તેમના-હાથમાંથી | અને-લેવીઓ | ચામડું-ઉતારતા-હતા |
| | H6453 | H2236 | H3548 | H3027 | H3881 | H6584 |

તેઓએ પાસ્ખાનાં પશુઓને કાપ્યાં અને યાજકોએ તેઓના હાથમાંથી તેમનું લોહી લઈને છાંટ્યું અને લેવીઓએ તે પશુઓનાં ચર્મ ઉતાર્યાં.

12

| | | |
|---|---|---|
| וַיָּסִ֫ירוּ | અને-અલગ-કર્યા | H5493 |
| הָעֹלָה | દહનાર્પણો | |
| לְתִתָּם | આપવા-માટે | H5414 |
| לְמִפְלַגּוֹת | વિભાગો-પ્રમાણે | H4653 |
| לְבֵית־ | ઘર-પ્રમાણે | |
| אָבוֹת | પિતૃઓના | H0001 |
| לִבְנֵי | પુત્રો-માટે | |
| הָעָם | લોકોના | |
| לְהַקְרִיב | ચઢાવવા | H7126 |
| לַיהוָה | યહોવાહ-માટે | H3068 |
| כַּכָּתוּב | લખ્યા-પ્રમાણે | H3789 |
| בְּסֵפֶר | પુસ્તકમાં | |
| מֹשֶׁה | મૂસાના | H4872 |
| וְכֵן | અને-એવી-જ-રીતે | |
| לַבָּקָר׃ | બળદો-માટે | H1241 |

મૂસાના પુસ્તકમાં લખ્યા પ્રમાણે ઈશ્વરને ચઢાવવા સારુ, લોકોનાં કુટુંબોના વિભાગો પ્રમાણે તેઓને આપવા માટે તેઓએ દહનીયાર્પણોને અલગ કર્યાં. બળદોનું પણ તેઓએ એમ જ કર્યું.

13

| | | |
|---|---|---|
| וַיְבַשְּׁלוּ | અને-શેક્યું | H1310 |
| הַפֶּסַח | પાસ્ખાનું | H6453 |
| בָּאֵשׁ | અગ્નિમાં | H0784 |
| כַּמִּשְׁפָּט | નિયમ-પ્રમાણે | H4941 |
| וְהַקֳּדָשִׁים | અને-પવિત્ર-અર્પણો | H6944 |
| בִּשְּׁלוּ | રાંધ્યા | H1310 |
| בַּסִּירוֹת | વાસણોમાં | |
| וּבַדְּוָדִים | અને-કડાઈઓમાં | H1731 |
| וּבַצֵּלָחוֹת | અને-તપેલીઓમાં | H6745 |
| וַיָּרִיצוּ | અને-દોડાવીને-આપ્યા | H7323 |
| לְכָל־ | બધા | H3605 |
| בְּנֵי | પુત્રો-ને | |
| הָעָם׃ | લોકોના | |

તેઓએ પાસ્ખાનાં હલવાનો અગ્નિમાં શેક્યાં. તેઓ પવિત્ર અર્પણોને તપેલાંમાં, કઢાઈઓ તથા તાવડાઓમાં બાફીને, તેમને લોકોની પાસે ઉતાવળે લઈ ગયા.

14

| | | |
|---|---|---|
| וְאַחַר | અને-પછી | |
| הֵכִינוּ | તૈયાર-કર્યું | |
| לָהֶם | તેમના-માટે | H1992 |
| וְלַכֹּהֲנִים | અને-યાજકો-માટે | H3548 |
| כִּי | કારણ-કે | |
| הַכֹּהֲנִים | યાજકો | H3548 |
| בְּנֵי | પુત્રો | |
| אַהֲרֹן | આહરોનના | H0175 |
| בְּהַעֲלוֹת | ચઢાવવામાં | H5927 |
| הָעוֹלָה | દહનાર્પણ | |
| וְהַחֲלָבִים | અને-ચરબી | H2459 |
| עַד־ | સુધી | H5704 |
| לָיְלָה | રાત્રે | H3915 |
| וְהַלְוִיִּם | અને-લેવીઓએ | H3881 |
| הֵכִינוּ | તૈયાર-કર્યું | |
| לָהֶם | તેમના-માટે | H1992 |
| וְלַכֹּהֲנִים | અને-યાજકો-માટે | H3548 |
| בְּנֵי | પુત્રો | |
| אַהֲרֹן׃ | આહરોનના | H0175 |

પછી તેઓએ પોતાને માટે તેમ જ યાજકોને માટે તૈયાર કર્યું, કેમ કે યાજકો જે હારુનના વંશજો હતા તેઓ આખીરાત દહનીયાર્પણ તથા મેંદાર્પણ કરવામાં ખૂબ વ્યસ્ત હતા, તેથી લેવીઓએ પોતાને સારુ તથા યાજકો જે હારુનના વંશજો હતા તેઓને સારુ પાસ્ખા તૈયાર કર્યું.

15

| | | |
|---|---|---|
| וְהַמְשֹׁרְרִים | અને-ગાયકો | H7891 |
| בְּנֵי־ | પુત્રો | |
| אָסָף | આસાફના | H0623 |
| עַל־ | — | |
| מַעֲמָדָם | તેમના-સ્થાન-પર | H4612 |
| כְּמִצְוַת | આજ્ઞા-પ્રમાણે | H4687 |
| דָּוִיד | દાઉદ | H1732 |
| וְאָסָף | અને-આસાફ | H0623 |
| וְהֵימָן | અને-હેમાન | H1968 |
| וִידֻתוּן | અને-યદુથૂન | H3038 |
| חוֹזֵה | દ્રષ્ટા | H2374 |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| וְהַשֹּׁעֲרִים | અને-દ્વારપાળો | H7778 |
| לְשַׁעַר | દરવાજે | H8179 |
| וָשָׁעַר | દરવાજે | H8179 |
| אֵין | નહોતી | H0369 |
| לָהֶם | તેમને | |
| לָסוּר | છોડવાની-જરૂર | H5493 |
| מֵעַל | — | |
| עֲבֹדָתָם | તેમની-સેવામાંથી | H5656 |
| כִּי־ | કારણ-કે | |
| אֲחֵיהֶם | તેમના-ભાઈઓ | H0251 |
| הַלְוִיִּם | લેવીઓએ | H3881 |
| הֵכִינוּ | તૈયાર-કર્યું | |
| לָהֶם׃ | તેમના-માટે | |

દાઉદ, આસાફ, હેમાન તથા રાજાના પ્રબોધકો યદૂથૂનની આજ્ઞા પ્રમાણે આસાફના વંશજો, એટલે ગાનારાઓ, પોતપોતાની જગ્યાએ ઊભા હતા. દ્વારપાળો દરેક દરવાજે ઊભા હતા; તેઓને પોતાનાં સેવાસ્થાનેથી પાસ્ખા તૈયાર કરવા જવાની જરૂર નહોતી, કારણ કે તેઓના ભાઈ લેવીઓ તેઓને માટે તૈયાર કરતા હતા.

16

| | | |
|---|---|---|
| וַתִּכּוֹן | અને-તૈયાર-થઈ | |
| כָּל־ | બધી | H3605 |
| עֲבוֹדַת | સેવા | H5656 |
| יְהוָה | યહોવાહની | H3068 |
| בַּיּוֹם | દિવસે | H3117 |
| הַהוּא | તે | H1931 |
| לַעֲשׂוֹת | કરવા | |
| הַפֶּסַח | પાસ્ખા | H6453 |
| וְהַעֲלוֹת | અને-ચઢાવવા | H5927 |
| עֹלוֹת | દહનાર્પણો | |
| עַל | પર | |
| מִזְבַּח | વેદી | H4196 |
| יְהוָה | યહોવાહની | H3068 |
| כְּמִצְוַת | આજ્ઞા-પ્રમાણે | H4687 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| יֹאשִׁיָּהוּ׃ | યોશિયાહુની | H2977 |

તેથી તે સમયે યોશિયા રાજાની આજ્ઞા પ્રમાણે પાસ્ખા પાળવાને લગતી તથા ઈશ્વરની વેદી ઉપર દહનીયાર્પણ ચઢાવવાને લગતી ઈશ્વરની સર્વ સેવા સમાપ્ત થઈ.

17

| | | |
|---|---|---|
| וַיַּעֲשׂוּ | અને-કર્યું | |
| בְנֵי־ | પુત્રોએ | |
| יִשְׂרָאֵל | ઈઝરાયલના | H3478 |
| הַנִּמְצְאִים | હાજર | H4672 |
| אֶת־ | — | H0853 |
| הַפֶּסַח | પાસ્ખા | H6453 |
| בָּעֵת | સમયે | H6256 |
| הַהִיא | તે | H1931 |
| וְאֶת־ | અને | H0853 |
| חַג | ઉત્સવ | H2282 |
| הַמַּצּוֹת | બેખમીર-રોટલીનો | H4682 |
| שִׁבְעַת | સાત | H7651 |
| יָמִים׃ | દિવસ | H3117 |

તે સમયે હાજર રહેલા ઇઝરાયલી લોકોએ પાસ્ખાનું પર્વ તથા બેખમીરી રોટલીનું પર્વ સાત દિવસ સુધી પાળ્યું.

18

| | | |
|---|---|---|
| וְלֹא־ | અને-નહોતું | H3808 |
| נַעֲשָׂה | થયું | |
| פֶסַח | પાસ્ખા | H6453 |
| כָּמֹהוּ | તેના-જેવું | H3644 |
| בְּיִשְׂרָאֵל | ઈઝરાયલમાં | H3478 |
| מִימֵי | દિવસોથી | H3117 |
| שְׁמוּאֵל | શમુએલ | H8050 |
| הַנָּבִיא | પ્રબોધકના | H5030 |
| וְכָל־ | અને-કોઈ | H3605 |
| מַלְכֵי | રાજાઓએ | H4428 |
| יִשְׂרָאֵל | ઈઝરાયલના | H3478 |
| לֹא־ | નહોતું | H3808 |
| עָשׂוּ | કર્યું | |
| כַּפֶּסַח | પાસ્ખા-જેવું | H6453 |
| אֲשֶׁר־ | જે | |
| עָשָׂה | કર્યું | |
| יֹאשִׁיָּהוּ | યોશિય્યાહુએ | H2977 |
| וְהַכֹּהֲנִים | અને-યાજકોએ | H3548 |
| וְהַלְוִיִּם | અને-લેવીઓએ | H3881 |
| וְכָל־ | અને-બધા | H3605 |
| יְהוּדָה | યહુદાએ | H3063 |
| וְיִשְׂרָאֵל | અને-ઈઝરાયલે | H3478 |
| הַנִּמְצָא | હાજર | H4672 |
| וְיוֹשְׁבֵי | અને-રહેવાસીઓએ | H3427 |
| יְרוּשָׁלִָם׃ | યરુશાલેમના | H3389 |
| ס | — | |

શમુએલ પ્રબોધકના સમયથી આજ સુધી ઇઝરાયલમાં તેના જેવું પાસ્ખાપર્વ આ રીતે ઊજવાયું નહોતું. તેમ જ આ જેવું પાસ્ખાપર્વ યોશિયાએ, યાજકોએ, લેવીઓએ, યહૂદિયાના લોકોએ, હાજર રહેલા ઇઝરાયલીઓએ તથા યરુશાલેમના વતનીઓએ પાળ્યું તેવું પાસ્ખાપર્વ ઇઝરાયલના રાજાઓમાંના કોઈએ પણ અગાઉ પાળ્યું નહોતું.

19

| | | |
|---|---|---|
| בִּשְׁמוֹנֶה | અઢારમા | H8083 |
| עֶשְׂרֵה | દસ | H6240 |
| שָׁנָה | વર્ષે | H8141 |
| לְמַלְכוּת | રાજ્યના | H4438 |
| יֹאשִׁיָּהוּ | યોશિય્યાહુના | H2977 |
| נַעֲשָׂה | થયું | |
| הַפֶּסַח | પાસ્ખા | H6453 |
| הַזֶּה׃ | આ | H2088 |

યોશિયાના રાજ્યને અઢારમે વર્ષે આ પાસ્ખાપર્વ ઊજવવામાં આવ્યું હતું.

20

| | | |
|---|---|---|
| אַחֲרֵי | પછી | |
| כָל־ | બધા | H3605 |
| זֹאת | આના | H2063 |
| אֲשֶׁר | જ્યારે | |
| הֵכִין | તૈયાર-કર્યું | |
| יֹאשִׁיָּהוּ | યોશિય્યાહુએ | H2977 |
| אֶת־ | — | H0853 |
| הַבַּיִת | ઘર | |
| עָלָה | ચઢ્યો | H5927 |
| נְכוֹ | નખો | H5224 |
| מֶלֶךְ־ | રાજા | H4428 |
| מִצְרַיִם | મિસરનો | H4714 |
| לְהִלָּחֵם | લડવા | |
| בְּכַרְכְּמִישׁ | કાર્કમીશ-પર | H3751 |
| עַל־ | — | |
| פְּרָת | ફ્રાત-નદી-પાસે | H6578 |
| וַיֵּצֵא | અને-ગયો | H3318 |
| לִקְרָאתוֹ | સામે | H7125 |
| יֹאשִׁיָּהוּ׃ | યોશિય્યાહુ | H2977 |

આ બધું બન્યા પછી, જ્યારે યોશિયા સભાસ્થાન તૈયાર કરી રહ્યો, ત્યારે મિસરનો રાજા નકોએ યુદ્ધ કરવા માટે ફ્રાતના કાંઠા પરના કાર્કમીશ ઉપર ચઢી આવ્યો. યોશિયા તેનો સામનો કરવા ગયો.

21

| | | |
|---|---|---|
| וַיִּשְׁלַח | અને-મોકલ્યા | H7971 |
| אֵלָיו | તેની-પાસે | H0413 |
| מַלְאָכִים | સંદેશવાહકો | H4397 |
| לֵאמֹר | કહેવા | H0559 |
| מַה־ | શું | H4100 |
| לִּי | મારે | |
| וָלָךְ | અને-તારે | |
| מֶלֶךְ | રાજા | H4428 |
| יְהוּדָה | યહુદાના | H3063 |
| לֹא־ | નથી | H3808 |
| עָלֶיךָ | તારી-સામે | |
| אַתָּה | તું | |
| הַיּוֹם | આજે | H3117 |
| כִּי | કારણ-કે | |
| אֶל־ | — | H0413 |
| בֵּית | ઘર-સામે | |
| מִלְחַמְתִּי | મારા-યુદ્ધના | H4421 |
| וֵאלֹהִים | અને-ઈશ્વરે | H0430 |
| אָמַר | કહ્યું | H0559 |
| לְבַהֲלֵנִי | ઉતાવળ-કરવા-મને | H0926 |
| חֲדַל־ | દૂર-રહે | H2308 |
| לְךָ | તું | |
| מֵאֱלֹהִים | ઈશ્વરથી | H0430 |
| אֲשֶׁר־ | જે | |
| עִמִּי | મારી-સાથે-છે | |
| וְאַל־ | અને-નહિ | H0408 |
| יַשְׁחִיתֶךָ׃ | તને-નાશ-કરે | H7843 |

પરંતુ નખોએ તેની પાસે એલચીઓ મોકલીને કહેવડાવ્યું કે, “ઓ યહૂદિયાના રાજા, મારે અને તારે શું છે? આજે હું તારી સાથે લડવા નથી આવ્યો, પણ જેની સાથે મારી દુશ્મનાવટ છે તે રાજા સાથે લડવા આવ્યો છું. ઈશ્વરે મને ઉતાવળ કરવાની આજ્ઞા આપી છે, જે ઈશ્વર મારી સાથે છે તેમની ઇચ્છાની વિરુદ્ધ દખલગીરી કરીશ નહિ, રખેને તે તારો પણ નાશ કરે.”

22
וְלֹֽא־ અને-નહીં H3808
הֵסֵב ફેરવ્યું H5437
יֹאשִׁיָּהוּ યોશિયાહુએ H2977
פָנָיו મોઢું H6440
מִמֶּנּוּ તેનાથી
כִּי કારણ-કે
לְהִלָּֽחֵם־ લડવા
בּוֹ તેની-સાથે
הִתְחַפֵּשׂ વેશ-બદલ્યો H2664
וְלֹא અને-નહીં H3808
שָׁמַע સાંભળ્યું H8085
אֶל־ — H0413
דִּבְרֵי વચનો H1697
נְכוֹ નખોના H5224
מִפִּי મુખમાંથી H6310
אֱלֹהִים ઈશ્વરના H0430
וַיָּבֹא અને-આવ્યો H0935
לְהִלָּחֵם લડવા
בְּבִקְעַת ખીણમાં H1237
מְגִדּוֹ׃ મગિદ્દોના H4023

પણ યોશિયાએ તેનું સાંભળ્યું નહિ અને તેની સાથે લડવા માટે ગુપ્તવેશ ધારણ કરીને ગયો. ઈશ્વરના મુખમાંથી આવેલા નકોનાં વચન તેણે કાન પર લીધાં નહિ અને મગિદ્દોના મેદાનમાં તે યુદ્ધ કરવા ગયો.

23
וַיֹּרוּ અને-માર્યું
הַיֹּרִים તીરંદાજોએ
לַמֶּלֶךְ રાજા H4428
יֹאשִׁיָּהוּ યોશિયાહુને H2977
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
הַמֶּלֶךְ રાજાએ H4428
לַעֲבָדָיו તેના-સેવકોને H5650
הַעֲבִירוּנִי લઈ-જાઓ-મને
כִּי કારણ-કે
הָחֳלֵיתִי ઘાયલ-થયો-છું
מְאֹד׃ ખૂબ H3966

નખોના ધનુર્ધારીઓ સૈનિકોએ યોશિયા રાજાને બાણ માર્યાં. તેથી રાજાએ તેના ચાકરોને કહ્યુ, “મને લઈ જાઓ, કેમ કે હું સખત ઘવાયો છું.”

24
וַיַּעֲבִירֻהוּ અને-કાઢ્યો
עֲבָדָיו તેના-સેવકોએ H5650
מִן־ —
הַמֶּרְכָּבָה રથમાંથી H4818
וַיַּרְכִּיבֻהוּ અને-બેસાડ્યો H7392
עַל પર
רֶכֶב રથ H7393
הַמִּשְׁנֶה બીજા H4932
אֲשֶׁר־ જે
לוֹ તેનો-હતો
וַיּוֹלִיכֻהוּ અને-લાવ્યા H3212
יְרוּשָׁלִַם યરુશાલેમ H3389
וַיָּמָת અને-મૃત્યુ-પામ્યો H4191
וַיִּקָּבֵר અને-દફનાવાયો H6912
בְּקִבְרוֹת કબરોમાં H6913
אֲבֹתָיו તેના-પૂર્વજોના H0001
וְכָל־ અને-બધા H3605
יְהוּדָה યહુદાએ H3063
וִירוּשָׁלִַם અને-યરુશાલેમે H3389
מִֽתְאַבְּלִים શોક-કર્યો H0056
עַל־ —
יֹאשִׁיָּהוּ׃ યોશિયાહુ-માટે H2977
פ —

તેના ચાકરો તેને તેના રથમાંથી ઉપાડીને બીજા રથમાં મૂકીને યરુશાલેમ લઈ ગયા. ત્યાં તે મરણ પામ્યો. તેને તેના પૂર્વજોની કબરોમાં દફનાવવામાં આવ્યો. સમગ્ર યહૂદિયા તથા યરુશાલેમે યોશિયાને માટે વિલાપ કર્યો.

25
וַיְקוֹנֵן અને-વિલાપ-કર્યો H6969
יִרְמְיָהוּ યિર્મયાહે H3414
עַל־ —
יֹאשִׁיָּהוּ યોશિયાહુ-માટે H2977
וַיֹּאמְרוּ અને-બોલ્યા H0559
כָל־ બધા H3605
הַשָּׁרִים ગાયકો H7891
וְהַשָּׁרוֹת અને-ગાયિકાઓ H7891
בְּקִינוֹתֵיהֶם તેમના-વિલાપોમાં H7015
עַל־ —
יֹאשִׁיָּהוּ યોશિયાહુ-વિશે H2977
עַד־ આજ H5704
הַיּוֹם દિવસ-સુધી H3117
וַיִּתְּנוּם અને-બનાવ્યા H5414
לְחֹק રિવાજ H2706
עַל־ —
יִשְׂרָאֵל ઈઝરાયલ-પર H3478
וְהִנָּם અને-જુઓ H2009
כְּתוּבִים લખેલા-છે H3789
עַל־ —
הַקִּינוֹת׃ વિલાપોમાં H7015

યર્મિયાએ યોશિયા માટે વિલાપ કર્યો; સર્વ ગાનારાઓએ તથા ગાનારીઓએ યોશિયા સંબંધી આજ પર્યંત સુધી વિલાપનાં ગીતો ગાતા રહેલાં છે. ઇઝરાયલમાં આ ગીતો ગાવાનો રિવાજ હતો. આ ગીતો વિલાપના પુસ્તકમાં લખેલાં છે.

26
וְיֶתֶר અને-બાકી
דִּבְרֵי વાતો H1697
יֹאשִׁיָּהוּ યોશિયાહુની H2977
וַחֲסָדָיו અને-તેની-ભલાઈઓ
כַּכָּתוּב લખ્યા-પ્રમાણે H3789
בְּתוֹרַת નિયમશાસ્ત્રમાં H8451
יְהוָה׃ યહોવાહના H3068

યોશિયાનાં બાકીનાં કૃત્યો તથા ઈશ્વરના નિયમશાસ્ત્રમાં લખ્યા પ્રમાણે તેણે કરેલાં તેનાં સુકૃત્યો તથા

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וִיהוּדָה׃ | יִשְׂרָאֵל | מַלְכֵי־ | סֵפֶר | עַל־ | כְּתוּבִים | הִנָּם | וְהָאַחֲרֹנִים | הָרִאשֹׁנִים | וּדְבָרָיו | 27 |
| અને-યહુદાના | ઈઝરાયલ | રાજાઓના | પુસ્તકમાં | — | લખેલી-છે | જુઓ | અને-છેલ્લી | પ્રથમ | અને-તેની-વાતો | |
| H3063 | H3478 | H4428 | | | H3789 | H2009 | H0314 | H7223 | H1697 | |

તેના બીજાં સેવાકાર્યો વિષે પહેલેથી તે છેલ્લે સુધી ઇઝરાયલ તથા યહૂદિયાના રાજાઓના પુસ્તકમાં લખેલાં છે.

## Chapter 36

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אָבִיו | תַּחַת־ | וַיַּמְלִיכֻהוּ | יֹאשִׁיָּהוּ | בֶּן־ | יְהוֹאָחָז | אֶת־ | הָאָרֶץ | עַם־ | וַיִּקְחוּ | 1 |
| તેના-પિતાના | સ્થાને | અને-રાજા-બનાવ્યો | યોશિયાહુના | પુત્ર | યહોઆચાઝને | — | દેશના | લોકોએ | અને-લીધા | |
| H0001 | H8478 | | H2977 | | H3059 | H0853 | H0776 | | H3947 | |

| |
|---|
| בִּירוּשָׁלִָם׃ |
| યરુશાલેમમાં |
| H3389 |

પછી દેશના લોકોએ યોશિયાના પુત્ર યહોઆહાઝને તેના પિતાની જગ્યાએ યરુશાલેમમાં રાજા તરીકે પસંદ કર્યો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בִּירוּשָׁלִָם׃ | מָלַךְ | חֳדָשִׁים | וּשְׁלֹשָׁה | בְּמָלְכוֹ | יוֹאָחָז | שָׁנָה | וְעֶשְׂרִים | שָׁלוֹשׁ | בֶּן־ | 2 |
| યરુશાલેમમાં | રાજ-કર્યું | મહિના | અને-ત્રણ | ગાદી-પર-બેસતાં | યોઆચાઝ | વર્ષનો | અને-વીસ | ત્રેવીસ | પુત્ર | |
| H3389 | | H2320 | H7969 | | H3099 | H8141 | H6242 | H7969 | | |

યોઆહાઝ જ્યારે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર ત્રેવીસ વર્ષની હતી અને તેણે યરુશાલેમમાં માત્ર ત્રણ મહિના સુધી રાજ કર્યું.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְכִכַּר | כֶּסֶף | כִּכַּר־ | מֵאָה | הָאָרֶץ | אֶת־ | וַיַּעֲנֹשׁ | בִּירוּשָׁלִָם | מִצְרַיִם | מֶלֶךְ־ | וַיְסִירֵהוּ | 3 |
| અને-તાલંત | ચાંદીના | તાલંત | સો | દેશને | — | અને-દંડ-કર્યો | યરુશાલેમમાં | મિસરના | રાજાએ | અને-હટાવ્યો | |
| H3603 | H3701 | H3603 | H3967 | H0776 | H0853 | H6064 | H3389 | H4714 | H4428 | H5493 | |

| |
|---|
| זָהָב׃ |
| સોનાનું |
| H2091 |

મિસરના રાજાએ તેને યરુશાલેમમાં પદભ્રષ્ટ કર્યો. અને દેશ ઉપર સો તાલંત ચાંદીનો 3,400 કિલોગ્રામ ચાંદી અને એક તાલંત સોનાનો 34 કિલોગ્રામ સોનું કર ઝીંક્યો. એ રીતે દેશને દંડ કર્યો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וִירוּשָׁלִַם | יְהוּדָה | עַל־ | אָחִיו | אֶלְיָקִים | אֶת־ | מִצְרַיִם | מֶלֶךְ־ | וַיַּמְלֵךְ | 4 |
| અને-યરુશાલેમ-પર | યહુદાહ | — | તેના-ભાઈને | એલ્યાકીમને | — | મિસરના | રાજાએ | અને-રાજા-બનાવ્યો | |
| H3389 | H3063 | | H0251 | H0471 | H0853 | H4714 | H4428 | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִצְרָיְמָה׃ | וַיְבִיאֵהוּ | נְכוֹ | לָקַח | אָחִיו | יוֹאָחָז | וְאֶת־ | יְהוֹיָקִים | שְׁמוֹ | אֶת־ | וַיַּסֵּב |
| મિસરમાં | અને-લાવ્યો | નખોએ | લઈ-ગયો | તેના-ભાઈને | યોઆચાઝને | અને | યહોયાકીમ | તેનું-નામ | — | અને-બદલ્યું |
| H4714 | H0935 | H5224 | H3947 | H0251 | H3099 | H0853 | H3079 | H8034 | H0853 | H5437 |

| |
|---|
| פ |
| — |

મિસરના રાજા નકોએ તેના ભાઈ એલ્યાકીમને યહૂદિયાનો તથા યરુશાલેમનો રાજા બનાવ્યો અને તેનું નામ બદલીને યહોયાકીમ રાખ્યું. પછી તે એલ્યાકીમના ભાઈ યોઆહાઝને મિસર લઈ ગયો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מָלַךְ | שָׁנָה | עֶשְׂרֵה | וְאַחַת | בְּמָלְכוֹ | יְהוֹיָקִים | שָׁנָה | וְחָמֵשׁ | עֶשְׂרִים | בֶּן־ | 5 |
| રાજ-કર્યું | વર્ષ | દસ | અને-અગિયાર | ગાદી-પર-બેસતાં | યહોયાકીમ | વર્ષનો | અને-પચ્ચીસ | વીસ | પુત્ર | |
| | H8141 | H6240 | H0259 | | H3079 | H8141 | H2568 | H6242 | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֱלֹהָיו׃ | יְהוָה | בְּעֵינֵי | הָרַע | וַיַּעַשׂ | בִּירוּשָׁלִַם |
| તેના-ઈશ્વરની | યહોવાહ | નજરમાં | દુષ્ટ | અને-કર્યું | યરુશાલેમમાં |
| H0430 | H3068 | | | | H3389 |

યહોયાકીમ રાજા બન્યો ત્યારે તે પચીસ વર્ષનો હતો અને તેણે યરુશાલેમમાં અગિયાર વર્ષ સુધી રાજય કર્યુ. તેણે ઈશ્વરની દ્રષ્ટિમાં જે ખરાબ હતું તે કર્યુ.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עָלָיו | עָלָה | נְבוּכַדְנֶאצַּר | מֶלֶךְ | בָּבֶל | וַיַּאַסְרֵהוּ | בַּנְחֻשְׁתַּיִם | לְהֹלִיכוֹ | בָּבֶלָה׃ |
| તેની-વિરુદ્ધ | ચઢ્યો | નબુખદનેસ્સર | રાજા | બાબેલનો | અને-બાંધ્યો | કાંસાની-બેડીઓથી | લઈ-જવા | બાબેલમાં |
| | H5927 | H5019 | H4428 | H0894 | H0631 | | H3212 | H0894 |

પછી બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર તેના ઉપર ચઢી આવ્યો અને તેને સાંકળથી બાંધીને બાબિલ લઈ ગયો.

7

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּמִכְּלֵי | בֵּית | יְהוָה | הֵבִיא | נְבוּכַדְנֶאצַּר | לְבָבֶל | וַיִּתְּנֵם | בְּהֵיכָלוֹ | בְּבָבֶל׃ |
| અને-વાસણોમાંથી | ઘરના | યહોવાહના | લાવ્યા | નબુખદનેસ્સરે | બાબેલમાં | અને-મૂક્યા | તેના-મંદિરમાં | બાબેલમાં |
| H3627 | | H3068 | H0935 | H5019 | H0894 | H5414 | H1964 | H0894 |

વળી નબૂખાદનેસ્સાર ઈશ્વરના સભાસ્થાનની કેટલીક સામગ્રી પણ બાબિલ લઈ ગયો અને તેને પોતાના મહેલમાં રાખી.

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְיֶתֶר | דִּבְרֵי | יְהוֹיָקִים | וְתֹעֲבֹתָיו | אֲשֶׁר־ | עָשָׂה | וְהַנִּמְצָא | עָלָיו | הִנָּם | כְּתוּבִים |
| અને-બાકી | વાતો | યહોયાકીમની | અને-તેની-ઘૃણાઓ | જે | કર્યું | અને-જે-મળ્યું | તેના-પર | જુઓ | લખેલી-છે |
| | H1697 | H3079 | H8441 | | | H4672 | | H2009 | H3789 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עַל־ | סֵפֶר | מַלְכֵי | יִשְׂרָאֵל | וִיהוּדָה | וַיִּמְלֹךְ | יְהוֹיָכִין | בְּנוֹ | תַּחְתָּיו׃ | פ |
| — | પુસ્તકમાં | રાજાઓના | ઈઝરાયલ | અને-યહુદાના | અને-રાજ-કર્યું | યહોયાકીન | તેના-પુત્ર | તેના-સ્થાને | — |
| | | H4428 | H3478 | H3063 | | H3078 | | H8478 | |

યહોયાકીમ સંબંધીના બનાવો, તેણે કરેલાં ઘૃણાજનક કાર્યો અને જેને માટે તેને ગુનેગાર ઠરાવવાંમાં આવ્યો હતો તે વિષે બધું વિગતવાર ઇઝરાયલના અને યહૂદિયાના રાજાઓનાં પુસ્તકમાં લખેલું છે. તેના પછી તેનો પુત્ર યહોયાખીન રાજા થયો.

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בֶּן־ | שְׁמוֹנֶה | שָׁנִים | יְהוֹיָכִין | בְּמָלְכוֹ | וּשְׁלֹשָׁה | חֳדָשִׁים | וַעֲשֶׂרֶת | יָמִים | מָלַךְ |
| પુત્ર | આઠ | વર્ષનો | યહોયાકીન | ગાદી-પર-બેસતાં | અને-ત્રણ | મહિના | અને-દસ | દિવસ | રાજ-કર્યું |
| | H8083 | H8141 | H3078 | | H7969 | H2320 | H6235 | H3117 | |

| | | | | |
|---|---|---|---|---|
| בִּירוּשָׁלִָם | וַיַּעַשׂ | הָרַע | בְּעֵינֵי | יְהוָה׃ |
| યરુશાલેમમાં | અને-કર્યું | દુષ્ટ | નજરમાં | યહોવાહની |
| H3389 | | | | H3068 |

યહોયાખીન જયારે રાજા બન્યો ત્યારે તે આઠ વર્ષનો હતો. તેણે માત્ર ત્રણ માસ અને દસ દિવસ સુધી યરુશાલેમમાં રાજય કર્યુ. તેણે ઈશ્વરની દ્રષ્ટિમાં જે ખરાબ હતું તે કર્યુ.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלִתְשׁוּבַת | הַשָּׁנָה | שָׁלַח | הַמֶּלֶךְ | נְבוּכַדְנֶאצַּר | וַיְבִאֵהוּ | בָבֶלָה | עִם־ | כְּלֵי | חֶמְדַּת |
| અને-વર્ષના-વળાંકે | વર્ષના | મોકલ્યો | રાજાએ | નબુખદનેસ્સરે | અને-લાવ્યો | બાબેલમાં | સાથે | વાસણો | કીમતી |
| H8666 | H8141 | H7971 | H4428 | H5019 | H0935 | H0894 | | H3627 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בֵּית־ | יְהוָה | וַיַּמְלֵךְ | אֶת־ | צִדְקִיָּהוּ | אָחִיו | עַל־ | יְהוּדָה | וִירוּשָׁלִָם׃ | פ |
| ઘરના | યહોવાહના | અને-રાજા-બનાવ્યો | — | સિદકિયાહને | તેના-ભાઈને | — | યહુદાહ | અને-યરુશાલેમ-પર | — |
| | H3068 | | H0853 | H6667 | H0251 | | H3063 | H3389 | |

વસંતઋતુમાં નબૂખાદનેસ્સાર રાજાએ યરુશાલેમમાં માણસો મોકલ્યા. ત્યાંના ઈશ્વરના સભાસ્થાનની કિંમતી વસ્તુઓ લૂંટી લીધી. તે સાથે યહોયાખીનને પણ પકડીને બાબિલમાં લઈ જવાયો. અને તેના ભાઈ + 36:10 તેના ચચેરો ભાઈ સિદકિયાને યહૂદિયા અને યરુશાલેમના રાજા તરીકે નિયુક્ત કર્યો.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בֶּן־ | עֶשְׂרִים | וְאַחַת | שָׁנָה | צִדְקִיָּהוּ | בְמָלְכוֹ | וְאַחַת | עֶשְׂרֵה | שָׁנָה | מָלַךְ |
| પુત્ર | વીસ | અને-એકવીસ | વર્ષનો | સિદકિયાહ | ગાદી-પર-બેસતાં | અને-અગિયાર | દસ | વર્ષ | રાજ-કર્યું |
| | H6242 | H0259 | H8141 | H6667 | | H0259 | H6240 | H8141 | |

| |
|---|
| בִּירוּשָׁלִָם׃ |
| યરુશાલેમમાં |
| H3389 |

સિદકિયા રાજા બન્યો ત્યારે તે એકવીસ વર્ષનો હતો અને તેણે યરુશાલેમમાં અગિયાર વર્ષ સુધી રાજય કર્યુ.

12
וַיַּעַשׂ અને-કર્યું
הָרַע દુષ્ટ
בְּעֵינֵי નજરમાં
יְהוָה યહોવાહ H3068
אֱלֹהָיו તેના-ઈશ્વરની H0430
לֹא નહીં H3808
נִכְנַע નમ્ર-થયો H3665
מִלִּפְנֵי સામે H6440
יִרְמְיָהוּ યિર્મેયાહ H3414
הַנָּבִיא પ્રબોધકના H5030
מִפִּי મુખમાંથી H6310
יְהוָה׃ યહોવાહના H3068

તેણે તેના ઈશ્વર પ્રભુની દ્રષ્ટિમાં જે ખરાબ હતું તે કર્યું. ઈશ્વરનાં વચન બોલનાર પ્રબોધક યર્મિયાની આગળ તે દીન થયો નહિ.

13
וְגַם અને-પણ H1571
בַּמֶּלֶךְ રાજા H4428
נְבוּכַדְנֶאצַּר નબુખદનેસ્સર H5019
מָרָד બળવો-કર્યો H4775
אֲשֶׁר જેણે
הִשְׁבִּיעוֹ સોગંદ-લેવડાવ્યો-હતો H7650
בֵּאלֹהִים ઈશ્વરના-નામે H0430
וַיֶּקֶשׁ અને-કઠોર-કર્યો H7185
אֶת־ — H0853
עָרְפּוֹ તેની-ગરદન H6203
וַיְאַמֵּץ અને-મજબૂત-કર્યું H0553
אֶת־ — H0853
לְבָבוֹ તેનું-હૃદય H3824
מִשּׁוּב ફરવાથી H7725
אֶל־ — H0413
יְהוָה યહોવાહ H3068
אֱלֹהֵי ઈશ્વર H0430
יִשְׂרָאֵל׃ ઈઝરાયલના H3478

વળી નબૂખાદનેસ્સાર રાજાએ તેને વફાદાર રહેવાને ઈશ્વરના સમ ખવડાવ્યા હતા છતાં તેણે તેની સામે બળવો કર્યો. તેણે તેની ગરદન અક્કડ કરી અને ઇઝરાયલના ઈશ્વર વિરુદ્ધ તેનું હૃદય કઠણ કર્યું.

14
גַּם પણ H1571
כָּל־ બધા H3605
שָׂרֵי અધિકારીઓ H8269
הַכֹּהֲנִים યાજકોના H3548
וְהָעָם અને-લોકોએ
הִרְבּוּ વધાર્યું
לִמְעָול־ વિશ્વાસઘાત H4603
מַעַל અપરાધ H4603
כְּכֹל બધા-પ્રમાણે H3605
תֹּעֲבוֹת ઘૃણાઓ H8441
הַגּוֹיִם પ્રજાઓની
וַיְטַמְּאוּ અને-અશુદ્ધ-કર્યું
אֶת־ — H0853
בֵּית ઘર
יְהוָה યહોવાહનું H3068
אֲשֶׁר જે
הִקְדִּישׁ પવિત્ર-કર્યું-હતું H6942
בִּירוּשָׁלִָם׃ યરુશાલેમમાં H3389

તે ઉપરાંત યાજકોના સર્વ આગેવાનો અને લોકોએ પણ બીજા લોકોની જેમ ધિક્કારપાત્ર કાર્યો કરીને પાપ કર્યું. તેઓએ યરુશાલેમમાં આવેલા ઈશ્વરે પવિત્ર કરેલા સભાસ્થાનને ભ્રષ્ટ કર્યું.

15
וַיִּשְׁלַח અને-મોકલ્યા H7971
יְהוָה યહોવાહે H3068
אֱלֹהֵי ઈશ્વર H0430
אֲבוֹתֵיהֶם તેમના-પૂર્વજોના H0001
עֲלֵיהֶם તેમની-પાસે
בְּיַד હાથ-દ્વારા H3027
מַלְאָכָיו તેના-સંદેશવાહકો H4397
הַשְׁכֵּם વહેલાથી H7925
וְשָׁלוֹחַ અને-મોકલતા H7971
כִּי־ કારણ-કે
חָמַל દયા-કરી H2550
עַל־ —
עַמּוֹ તેના-લોકો-પર
וְעַל־ અને
מְעוֹנוֹ׃ તેના-નિવાસસ્થાન-પર H4583

તેઓના પિતૃઓના ઈશ્વરે વારંવાર પોતાના પ્રબોધકો મોકલીને તેઓની મારફતે તેઓને ચેતવણી આપી, કારણ કે પોતાના લોકો પર અને પોતાના નિવાસ પર તેને દયા આવતી હતી.

16
וַיִּהְיוּ પણ-તેઓ H1961
מַלְעִבִים મશ્કરી-કરતા-હતા H3931
בְּמַלְאֲכֵי સંદેશવાહકોની H4397
הָאֱלֹהִים ઈશ્વરના H0430
וּבוֹזִים અને-તુચ્છને-ગણતા-હતા H0959
דְּבָרָיו તેના-વચનો H1697
וּמִתַּעְתְּעִים અને-ઉપહાસ-કરતા-હતા H8591
בִּנְבִאָיו તેના-પ્રબોધકોની H5030
עַד જ્યાં-સુધી H5704
עֲלוֹת ચઢ્યો H5927
חֲמַת־ ક્રોધ H2534
יְהוָה યહોવાહનો H3068
בְּעַמּוֹ તેના-લોકો-પર
עַד־ જ્યાં-સુધી H5704
לְאֵין કોઈ-નહોતું H0369
מַרְפֵּא׃ ઉપચાર H4832

પણ તેઓએ ઈશ્વરના સંદેશવાહકોની મશ્કરી કરી, તેના વચનોની ઉપેક્ષા કરી અને પ્રબોધકોને હસી કાઢ્યાં, તેથી ઈશ્વરને તેના લોકો પર એટલો બધો રોષ ચઢ્યો કે આખરે કોઈ જ ઉપાય રહ્યો નહિ.

17
וַיַּעַל અને-મોકલ્યા H5927
עֲלֵיהֶם તેમની-ઉપર
אֶת־ — H0853
מֶלֶךְ રાજાને H4428
]כשדיים[ — H3778
)כַּשְׂדִּים( ખાલદીઓને H3778
וַיַּהֲרֹג અને-માર્યા H2026
בַּחוּרֵיהֶם તેમના-યુવાનોને H0970
בַּחֶרֶב તલવારથી H2719
בְּבֵית ઘરમાં
מִקְדָּשָׁם પવિત્રસ્થાનના H4720
וְלֹא અને-નહિ H3808
חָמַל દયા-કરી H2550
עַל־ —
בָּחוּר યુવાન H0970
וּבְתוּלָה અને-કુંવારી H1330
זָקֵן વૃદ્ધ H2205
וְיָשֵׁשׁ અને-વયોવૃદ્ધ H3486
הַכֹּל બધું H3605
נָתַן આપ્યું H5414
בְּיָדוֹ׃ તેના-હાથમાં H3027

તેથી ઈશ્વરે ખાલદીઓના રાજાને તેમના ઉપર ચઢાઈ કરવા મોકલ્યો. તેણે પવિત્રસ્થાનમાં તેઓના જુવાન માણસોને મારી નાખ્યા. તેણે યુવાન, યુવતી, વૃદ્ધ કે પ્રૌઢ કોઈનાં પર દયા રાખી નહિ. ઈશ્વરે તેઓ સર્વને તેના હાથમાં સોંપી દીધાં.

18
וְכֹל અને-બધા H3605
כְּלֵי વાસણો H3627
בֵּית ઘરના
הָאֱלֹהִים ઈશ્વરન□ H0430
הַגְּדֹלִים મોટા
וְהַקְּטַנִּים અને-નાના
וְאֹצְרוֹת અને-ભંડારો H0214
בֵּית ઘરના
יְהוָה યહોવાહના H3068
וְאֹצְרוֹת અને-ભંડારો H0214
הַמֶּלֶךְ રાજાના H4428
וְשָׂרָיו અને-તેના-અધિકારીઓન□ H8269
הַכֹּל બધું H3605
הֵבִיא લાવ્યા H0935
בָּבֶל׃ બાબેલમાં H0894

ઈશ્વરના સભાસ્થાનની નાનીમોટી બધી જ સામગ્રી તથા તેના ખજાના અને રાજા તેમ જ તેના અધિકારીઓનાં ખજાના, એ બધું તે બાબિલમાં લઈ ગયો.

19
וַיִּשְׂרְפוּ અને-બાળ્યું H8313
אֶת־ — H0853
בֵּית ઘર
הָאֱלֹהִים ઈશ્વરનું H0430
וַיְנַתְּצוּ અને-તોડ્યો H5422
אֵת — H0853
חוֹמַת દીવાલ H2346
יְרוּשָׁלִָם યરુશાલેમની H3389
וְכָל־ અને-બધા H3605
אַרְמְנוֹתֶיהָ તેના-મહેલો H0759
שָׂרְפוּ બાળ્યા H8313
בָאֵשׁ અગ્નિથી H0784
וְכָל־ અને-બધા H3605
כְּלֵי વાસણો H3627
מַחֲמַדֶּיהָ કીમતીના H4261
לְהַשְׁחִית׃ નાશ-કર્યા H7843
ס —

તેઓએ ઈશ્વરના સભાસ્થાન બાળી નાખ્યું. યરુશાલેમનો કોટ તોડી પાડીને જમીનદોસ્ત કરી નાખ્યો. તેના મહેલોને બાળીને ભસ્મ કર્યા. બધી જ કિંમતી વસ્તુઓનો નાશ કર્યો.

20
וַיֶּגֶל અને-દેશવટો-કર્યા H1540
הַשְּׁאֵרִית બાકીને H7611
מִן־ —
הַחֶרֶב તલવારથી H2719
אֶל־ — H0413
בָּבֶל બાબેલમાં H0894
וַיִּהְיוּ־ અને-થયા H1961
לוֹ તેને
וּלְבָנָיו અને-તેના-પુત્રોને
לַעֲבָדִים ગુલામો H5650
עַד־ જ્યાં-સુધી H5704
מְלֹךְ રાજ-કર્યું
מַלְכוּת રાજ્ય H4438
פָּרָס׃ ફારસનું H6539

જે લોકો તલવારની ધારથી બચી ગયા હતા, તે લોકોને તે બાબિલ લઈ ગયો. ઇરાનના રાજ્યના અમલ સુધી તેઓ તેના તથા તેના વંશજોના ગુલામ થઈને રહ્યા.

21
לְמַלֹּאות પૂરું-કરવા H4390
דְּבַר־ વચન H1697
יְהוָה યહોવાહનું H3068
בְּפִי મુખે H6310
יִרְמְיָהוּ યિર્મયાહના H3414
עַד־ જ્યાં-સુધી H5704
רָצְתָה ભોગવી H7521
הָאָרֶץ દેશે H0776
אֶת־ — H0853
שַׁבְּתוֹתֶיהָ તેના-વિશ્રામો H7676
כָּל־ બધા H3605
יְמֵי દિવસો H3117
הָשַּׁמָּה ઉજ્જડના H8074
שָׁבָתָה વિશ્રામ-કર્યું
לְמַלֹּאות પૂરું-કરવા H4390
שִׁבְעִים સત્તર H7657
שָׁנָה׃ વર્ષ H8141
פ —

આ રીતે યર્મિયાના મુખથી બોલાયેલું ઈશ્વરનું વચન પૂરું થાય માટે દેશે પોતાના સાબ્બાથો ભોગવ્યા ત્યાં સુધી એટલે કે સિત્તેર વર્ષ સુધી દેશ ઉજ્જડ રહ્યો, તેટલાં સમય સુધી દેશે વિશ્રામ પાળ્યો□

22
וּבִשְׁנַת અને-વર્ષમાં H8141
אַחַת પ્રથમ H0259
לְכוֹרֶשׁ કોરેશના H3566
מֶלֶךְ રાજા H4428
פָּרַס ફારસન□ H6539
לִכְלוֹת પૂરું-કરવા H3615
דְּבַר־ વચન H1697
יְהוָה યહોવાહનું H3068
בְּפִי મુખે H6310
יִרְמְיָהוּ યિર્મયાહન□ H3414
הֵעִיר જગાડ્યો H5782
יְהוָה યહોવાહે H3068
אֶת־ — H0853
רוּחַ આત્મા H7307
כּוֹרֶשׁ કોરેશના H3566
מֶלֶךְ־ રાજા H4428
פָּרַס ફારસન□ H6539
וַיַּעֲבֶר־ અને-ફેરવ્યું
קוֹל અવાજ
בְּכָל־ બધા H3605
מַלְכוּתוֹ રાજ્યમાં H4438
וְגַם־ અને-પણ H1571
בְּמִכְתָּב લખાણમાં H4385
לֵאמֹר׃ કહેતાં H0559
ס —

હવે યર્મિયા પ્રબોધક દ્વારા આપવામાં આવેલ યહોવાહનું વચન પૂર્ણ થાય માટે ઇરાનના રાજા કોરેશના પહેલા વર્ષમાં ઈશ્વરે કોરેશને પ્રેરણા કરી. કોરેશને થયેલી ઈશ્વરીય પ્રેરણા પ્રમાણે તેણે લિખિત જાહેરાત કરાવી કે,

23

| כֹּה־ | אָמַ֞ר | כּ֣וֹרֶשׁ | מֶ֣לֶךְ | פָּרַ֗ס | כָּל־ | מַמְלְכ֤וֹת | הָאָ֙רֶץ֙ | נָ֤תַן | לִי֙ | יְהוָה֙ | אֱלֹהֵ֣י |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આમ | કહે-છે | કોરેશ | રાજા | ફારસનો | બધા | રાજ્યો | પૃથ્વીના | આપ્યા-છે | મને | યહોવાહે | ઈશ્વર |
| H3541 | H0559 | H3566 | H4428 | H6539 | H3605 | H4467 | H0776 | H5414 | | H3068 | H0430 |

| הַשָּׁמַ֔יִם | וְהֽוּא־ | פָקַ֤ד | עָלַי֙ | לִבְנֽוֹת־ | ל֣וֹ | בַּ֔יִת | בִּירוּשָׁלִַ֖ם | אֲשֶׁ֣ר | בִּיהוּדָ֑ה | מִֽי־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આકાશના | અને-તેણે | સોંપ્યું-છે | મને | બાંધવા | તેન□-માટે | ઘર | યરુશાલેમમાં | જે | યહુદાહમાં-છે | જે-કોઈ |
| H8064 | H1931 | | | H1129 | | | H3389 | | H3063 | H4310 |

| בָכֶ֣ם | מִכָּל־ | עַמּ֗וֹ | יְהוָ֧ה | אֱלֹהָ֛יו | עִמּ֖וֹ | וְיָֽעַל׃ |
|---|---|---|---|---|---|---|
| તમારામાં | બધામાંથી | તેન□-લોકો | યહોવાહ | તેના-ઈશ્વર | તેની-સાથે-છે | અને-ઉપર-જાય |
| | H3605 | | H3068 | H0430 | | H5927 |

“ઇરાનનો રાજા કોરેશ એમ કહે છે કે, આકાશના ઈશ્વર પ્રભુએ મને પૃથ્વીના સર્વ રાજ્યો આપ્યાં છે. યહૂદિયામાં આવેલા યરુશાલેમમાં સભાસ્થાન બાંધવાની તેમણે મને આજ્ઞા આપી છે, તેમના લોકમાંનો જે કોઈ તમારામાં હોય, તે ત્યાં જાય. તેમના ઈશ્વર પ્રભુ તેમની સાથે હોજો.”

# એઝરા

## Chapter 1

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | וּבִשְׁנַת | אַחַת | לְכוֹרֶשׁ | מֶלֶךְ | פָּרַס | לִכְלוֹת | דְּבַר־ | יְהוָה | מִפִּי | יִרְמְיָה | הֵעִיר |
| | અને-પ્રથમ-વર્ષમાં | એક | કોરેશના | રાજા | પારસના | પૂર્ણ-કરવા | વચન | યહોવાહનું | મુખથી | યિર્મેયાના | જગાડ્યો |
| | H8141 | H0259 | H3566 | H4428 | H6539 | H3615 | H1697 | H3068 | H6310 | H3414 | H5782 |
| | יְהוָה | אֶת־ | רוּחַ | כֹּרֶשׁ | מֶלֶךְ־ | פָּרַס | וַיַּעֲבֶר־ | קוֹל | בְּכָל־ | מַלְכוּתוֹ | וְגַם־ |
| | યહોવાહે | — | આત્મા | કોરેશના | રાજા | પારસના | અને-જાહેર-કર્યું | ઘોષણા | સમગ્ર | રાજ્યમાં-તેના | અને-પણ |
| | H3068 | H0853 | H7307 | H3566 | H4428 | H6539 | | | H3605 | H4438 | H1571 |
| | בְּמִכְתָּב | לֵאמֹר׃ | | | | | | | | | |
| | લેખિતમાં | કહેતાં | | | | | | | | | |
| | H4385 | H0559 | | | | | | | | | |

ઇરાનના રાજા કોરેશની કારકિર્દીના પહેલા વર્ષે, ઈશ્વરે, યર્મિયાના મુખેથી આપેલાં પોતાના વચનને પૂર્ણ કરતાં, કોરેશ રાજાના મનમાં પ્રેરણા કરી. તેથી કોરેશે પોતાના આખા રાજ્યમાં લેખિત અને શાબ્દિક ફરમાન જારી કર્યું:

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | כֹּה | אָמַר | כֹּרֶשׁ | מֶלֶךְ | פָּרַס | כֹּל | מַמְלְכוֹת | הָאָרֶץ | נָתַן | לִי | יְהוָה | אֱלֹהֵי |
| | આ-રીતે | કહે-છે | કોરેશ | રાજા | પારસનો | સર્વ | રાજ્યો | પૃથ્વીનાં | આપ્યાં-છે | મને | યહોવાહ | ઈશ્વરે |
| | H3541 | H0559 | H3566 | H4428 | H6539 | H3605 | H4467 | H0776 | H5414 | | H3068 | H0430 |
| | הַשָּׁמַיִם | וְהוּא־ | פָקַד | עָלַי | לִבְנוֹת־ | לוֹ | בַיִת | בִּירוּשָׁלַםִ | אֲשֶׁר | בִּיהוּדָה׃ | | |
| | આકાશના | અને-તેમણે | ઠરાવ્યું-છે | મારા-પર | બાંધવા | તેમને | મંદિર | યરુશાલેમમાં | જે | યહૂદામાં-છે | | |
| | H8064 | H1931 | | | H1129 | | | H3389 | | H3063 | | |

“ઇરાનના રાજા કોરેશ જાહેર કરે છે કે: યહોવાહ, આકાશવાસી પ્રભુએ મને પૃથ્વી પરનાં સર્વ રાજ્યો આપ્યાં છે અને તેમણે મને યહૂદિયાના યરુશાલેમમાં ભક્તિસ્થાન બાંધવાને નીમ્યો છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | מִי־ | בָכֶם | מִכָּל־ | עַמּוֹ | יְהִי | אֱלֹהָיו | עִמּוֹ | וְיַעַל | לִירוּשָׁלַםִ | אֲשֶׁר | |
| | જે-કોઈ | તમારામાં | સર્વમાંથી | તેની-પ્રજામાંથી | હોય | તેનો-ઈશ્વર | તેની-સાથે | અને-ચઢી-જાય | યરુશાલેમ | જે | |
| | H4310 | | H3605 | | H1961 | H0430 | | H5927 | H3389 | | |
| | בִּיהוּדָה | וְיִבֶן | אֶת־ | בֵּית | יְהוָה | אֱלֹהֵי | יִשְׂרָאֵל | הוּא | הָאֱלֹהִים | אֲשֶׁר | בִּירוּשָׁלָםִ׃ |
| | યહૂદામાં-છે | અને-બાંધે | — | મંદિર | યહોવાહનું | ઈશ્વરનું | ઇઝરાયેલના | તે-જ | ઈશ્વર-છે | જે | યરુશાલેમમાં-છે |
| | H3063 | H1129 | H0853 | | H3068 | H0430 | H3478 | H1931 | H0430 | | H3389 |

તેના સર્વ લોકોમાંના જે કોઈ તમારામાં હોય, તેઓની સાથે, તેમના ઈશ્વર હો અને તે યહૂદિયામાંના યરુશાલેમમાં જઈને ઇઝરાયલના ઈશ્વર પ્રભુનું ભક્તિસ્થાન બાંધે.

4

| וְכָל־ | הַנִּשְׁאָר | מִכָּל־ | הַמְּקֹמוֹת | אֲשֶׁר | הוּא | גָר־ | שָׁם | יְנַשְּׂאוּהוּ | אַנְשֵׁי |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-દરેક | બાકી-રહેલાને | સર્વ | સ્થળોમાંથી | જ્યાં | તે | પરદેશી-તરીકે-રહેતો | હોય | મદદ-કરે | લોકો |
| H3605 | H7604 | H3605 | H4725 | | H1931 | | H8033 | H5375 | H0376 |

| וּמִבְּנֵי | עֵילָם | מַתַּנְיָה | זְכַרְיָה | וִיחִיאֵל | וְעַבְדִּי | וִירֵמוֹת | וְאֵלִיָּה׃ | ס |
| અને-પુત્રોમાંથી | એલામને | મત્તન્યાહ | ઝકર્યાહ | અને-યહીએલ | અને-અબ્દી | અને-યેરેમોત | અને-એલિયાહ | (blank) |
| | | H4983 | | H3171 | H5660 | H3406 | H0452 | |

એલામી વંશજોમાંથી માત્તાન્યા, ઝખાર્યા, યહીએલ, આબ્દી, યેરેમોથ તથા એલિયા હતા.

27

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּמִבְּנֵי | זַתּוּא | אֶלְיוֹעֵנַי | אֶלְיָשִׁיב | מַתַּנְיָה | וִירֵמוֹת | וְזָבָד | וַעֲזִיזָא׃ | ס |
| અને-પુત્રોમાંથી | ઝાત્તૂને | એલ્યોએનાઈ | એલ્યાશીબ | મત્તન્યાહ | અને-યેરેમોત | અને-ઝાબાદ | અને-અઝીઝા | (blank) |
| | H2240 | | H0475 | H4983 | H3406 | H2066 | H5819 | |

ઝાત્તૂના વંશજોમાંથી: એલ્યોએનાય, એલ્યાશીબ, માત્તાન્યા, યેરેમોથ, ઝાબાદ તથા અઝીઝા.

28

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וּמִבְּנֵי | בֵּבָי | יְהוֹחָנָן | חֲנַנְיָה | זַבַּי | עַתְלָי׃ | ס |
| અને-પુત્રોમાંથી | બેબાયને | યહોહાનાન | હનન્યાહ | ઝાબ્બાઈ | અને-અતલાઈ | (blank) |
| | H0893 | H3076 | | H2079 | H6270 | |

બેબાયના વંશજોમાંથી; યહોહાનાન, હનાન્યા, ઝાબ્બાય તથા આથલાય.

29

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמִבְּנֵי | בָּנִי | מְשֻׁלָּם | מַלּוּךְ | וַעֲדָיָה | יָשׁוּב | וּשְׁאָל | [ירמות] | (וְרָמוֹת׃) | ס |
| અને-પુત્રોમાંથી | બાનીને | મેશુલ્લામ | માલ્લૂખ | અને-અદાયાહ | યાશૂબ | અને-શેઆલ | યેરેમોત | અને-રામોત | (blank) |
| | H1137 | H4918 | | H5718 | H3437 | H7594 | H3406 | H3406 | |

બાનીના વંશજોમાંથી: મશુલ્લામ, માલ્લૂખ, અદાયા, યાશૂબ, શેઆલ તથા યરિમોથ.

30

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמִבְּנֵי | פַּחַת | מוֹאָב | עַדְנָא | וּכְלָל | בְּנָיָה | מַעֲשֵׂיָה | מַתַּנְיָה | בְּצַלְאֵל | וּבִנּוּי | וּמְנַשֶּׁה׃ | ס |
| અને-પુત્રોમાંથી | પહત-મોઆબ | મોઆબને | અદ્ના | અને-કેલાલ | બેનાયાહ | માઅસેયાહ | મત્તન્યાહ | બસાલએલ | અને-બિન્નૂઈ | અને-મનાશ્શેહ | (blank) |
| | H6355 | H6355 | H5733 | H3636 | H1141 | H4641 | H4983 | H1212 | H1131 | H4519 | |

પાહાથ મોઆબના વંશજોમાંથી; આદના, કલાલ, બનાયા, માસેયા, માત્તાન્યા, બસાલેલ, બિન્નૂઇ તથા મનાશ્શા.

31

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וּבְנֵי | חָרִם | אֱלִיעֶזֶר | יִשִּׁיָּה | מַלְכִּיָּה | שְׁמַעְיָה | שִׁמְעוֹן׃ |
| અને-પુત્રોને | હારીમને | એલીએઝેર | યિશ્શિયાહ | માલકિયાહ | શેમાઅયાહ | શિમોન |
| | H2766 | H0461 | H3449 | H4441 | H8098 | H8095 |

હારીમના વંશજોમાંથી: એલિએઝેર, યિશ્શિયા, માલ્કિયા, શમાયા, શિમયોન,

32

| | | | |
|---|---|---|---|
| בִּנְיָמִן | מַלּוּךְ | שְׁמַרְיָה׃ | ס |
| બિન્યામીન | માલ્લૂખ | શેમર્યાહ | (blank) |
| H1144 | | H8114 | |

બિન્યામીન, માલ્લૂખ તથા શમાર્યા.

33

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מִבְּנֵי | חָשֻׁם | מַתְּנַי | מַתַּתָּה | זָבָד | אֱלִיפֶלֶט | יְרֵמַי | מְנַשֶּׁה | שִׁמְעִי׃ | ס |
| પુત્રોમાંથી | હાશૂમને | મત્તનાઈ | મત્તાત્તાહ | ઝાબાદ | એલીફેલેટ | યેરેમાઈ | મનાશ્શેહ | શિમઅી | (blank) |
| | H2828 | H4982 | H4992 | H2066 | H0467 | H3413 | H4519 | H8096 | |

હાશુમના વંશજોમાંથી; માત્તનાય, માત્તાત્તા, ઝાબાદ, અલિફેલેટ, યરેમાઇ, મનાશ્શા તથા શિમઇ,

34

| | | | | | |
|---|---|---|---|---|---|
| מִבְּנֵי | בָנִי | מַעֲדַי | עַמְרָם | וְאוּאֵל׃ | ס |
| પુત્રોમાંથી | બાનીને | માઅદાઈ | અમ્રામ | અને-ઊએલ | (blank) |
| | H1137 | H4572 | H6019 | H0177 | |

બાનીના વંશજોમાંથી; માઅદાય, આમ્રામ, ઉએલ;

35

| | | | |
|---|---|---|---|
| בְּנָיָה | בֵדְיָה | [כלהי] | (כְּלוּהוּ׃) |
| બેનાયાહ | બેદ્યાહ | કેલૂહૂ | (blank) |
| H1141 | H0912 | H3622 | H3622 |

બનાયા, બેદયા, કલૂહી;

36

| | | |
|---|---|---|
| וַנְיָה | מְרֵמוֹת | אֶלְיָשִׁיב׃ |
| વન્યાહ | મેરેમોત | એલ્યાશીબ |
| H2057 | H4822 | H0475 |

વાન્યા, મરેમોથ, એલ્યાશીબ.

37

| | | | |
|---|---|---|---|
| מַתַּנְיָה | מַתְּנַי | [ויעשו] | (וְיַעֲשָׂי׃) |
| મત્તન્યાહ | મત્તનાઈ | અને-યાઅસાઈ | (blank) |
| H4983 | H4982 | H3299 | H3299 |

માત્તાન્યા, માત્તનાય, યાસુ;

38

| | | |
|---|---|---|
| וּבָנִי | וּבִנּוּי | שִׁמְעִי׃ |
| અને-બાની | અને-બિન્નૂઈ | શિમઅી |
| H1137 | H1131 | H8096 |

બાની, બિન્નૂઈ, શિમઇ,

39

| | | |
|---|---|---|
| וְשֶׁלֶמְיָה | וְנָתָן | וַעֲדָיָה׃ |
| અને-શેલેમ્યાહ | અને-નાથાન | અને-અદાયાહ |
| H8018 | H5416 | H5718 |

નાથાન, શેલેમ્યા, અદાયા,

40

| | | |
|---|---|---|
| מַכְנַדְבַי | שָׁשַׁי | שָׁרָי׃ |
| મખ્નદ્બાઈ | શાશાઈ | શારાઈ |
| H4367 | H8343 | H8298 |

માખ્નાદબાય, શાશાય, શારાય.

| 41 | | | |
|---|---|---|---|
| עֲזַרְאֵ֥ל | וְשֶֽׁלֶמְיָ֖הוּ | שְׁמַרְיָֽה׃ | |
| અઝરેલ | અને-શેલેમ્યાહૂ | શેમર્યાહ | |
| H5832 | H8018 | H8114 | |

અઝારેલ, શેલેમ્યા, શમાર્યા,

| 42 | | | | |
|---|---|---|---|---|
| שַׁלּ֥וּם | אֲמַרְיָ֖ה | יוֹסֵֽף׃ | ס | |
| શાલ્લૂમ | અમર્યાહ | યોસેફ | (blank) | |
| H7967 | H0568 | H3130 | | |

શાલ્લુમ, અમાર્યા અને યૂસફ;

| 43 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִבְּנֵ֣י | נְב֑וֹ | יְעִיאֵ֡ל | מַתִּתְיָ֨ה | זָבָ֤ד | זְבִינָא֙ | [ידו] | (יַדַּ֔י) | וְיוֹאֵ֖ל | בְּנָיָֽה׃ | |
| પુત્રોમાંથી | નેબોને | યેઅીએલ | મત્તિત્યાહ | ઝાબાદ | ઝેબીના | યદ્દાઈ | (blank) | અને-યોએલ | બેનાયાહ | |
| | | H3273 | H4993 | H2066 | H2081 | H3035 | H3035 | H3100 | H1141 | |

નબોના વંશજોમાંના; યેઈએલ, માત્તિથ્યા, ઝાબાદ, ઝબીના, યિદ્દો, યોએલ તથા બનાયા.

| 44 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כָּל־ | אֵ֔לֶּה | [נשאי] | (נָשְׂא֖וּ) | נָשִׁ֣ים | נָכְרִיּ֑וֹת | וְיֵ֣שׁ | מֵהֶ֔ם | נָשִׁ֖ים | וַיָּשִׂ֥ימוּ | בָּנִֽים׃ | |
| બધાં | આ | પરણ્યાં-હતાં | (blank) | સ્ત્રીઓ | વિદેશી | અને-હતાં | તેમાંથી | સ્ત્રીઓ | અને-જન્માવી | પુત્રોને | |
| H3605 | H0428 | H5375 | H5375 | H0802 | H5237 | H3426 | H1992 | H0802 | | | |
| פ | | | | | | | | | | | |
| (blank) | | | | | | | | | | | |

આ બધાએ વિદેશી સ્ત્રીઓ સાથે લગ્ન કર્યા હતા અને તેઓમાંના કેટલાકને તે સ્ત્રીઓથી + 10:44 તેઓ પોતાના વિદેશી સ્ત્રીઓ તથા તેમનાથી જન્મેલા બાળકોને દૂર મોકળી દીધા બાળકો પણ થયાં હતાં.

# નહેમ્યા

## Chapter 1

1

| | | |
|---|---|---|
| דִּבְרֵי | વાતો | H1697 |
| נְחֶמְיָה | નહેમ્યાહની | H5166 |
| בֶּן־ | પુત્ર | |
| חֲכַלְיָה | હખાલ્યાહના | H2446 |
| וַיְהִי | અને-થયું | H1961 |
| בְחֹֽדֶשׁ־ | મહિનામાં | H2320 |
| [כסלו] | કિસ્લેવ | H3691 |
| (כִסְלֵיו) | કિસ્લેવના | H3691 |
| שְׁנַת | વર્ષ | H8141 |
| עֶשְׂרִים | વીસમા | H6242 |
| וַאֲנִי | અને-હું | H0589 |
| הָיִיתִי | હતો | H1961 |
| בְּשׁוּשַׁן | શૂશનમાં | H7800 |
| הַבִּירָה׃ | રાજમહેલમાં | H1002 |

હખાલ્યાના પુત્ર નહેમ્યાનું + 1:1 બી. સી. 465-425 ના વર્ષોમાં પર્શિયા સામ્રાજ્ય પર પ્રથમ આર્તાહશાસ્તા રાજાના શાસનકાળ દરમિયાન, નહેમ્યા સુસાનના મહેલમાં રહેતો હતો જે એલામ દેશનું રાજધાની હતું. વૃતાંત આ પ્રમાણે છે. વીસમા વર્ષના કિસ્લેવ + 1:1 ચિસ્લેવ અથવા “કિસ્લેવ” મહિનાનો સમયગાળો બાબિલના તારીખિયામાં નવમો મહિનો હતો, હિબ્રૂ તારીખિયામાં તે મધ્ય નવેમ્બરથી મધ્ય ડિસેમ્બર સુધીનો સમય છે. માસમાં હું સૂસાના કિલ્લામાં રહેતો હતો ત્યારે એવું બન્યું કે,

2

| | | |
|---|---|---|
| וַיָּבֹא | અને-આવ્યો | H0935 |
| חֲנָנִי | હનાની | H2607 |
| אַחַד | એક | H0259 |
| מֵאַחַי | મારા-ભાઈઓમાંથી | H0251 |
| הוּא | તે | H1931 |
| וַאֲנָשִׁים | અને-માણસો | H0376 |
| מִיהוּדָה | યહૂદાહમાંથી | H3063 |
| וָאֶשְׁאָלֵם | અને-મેં-પૂછ્યું-તેમને | H7592 |
| עַל־ | વિષે | |
| הַיְּהוּדִים | યહૂદીઓ | H3064 |
| הַפְּלֵיטָה | બચેલાઓ | H6413 |
| אֲשֶׁר־ | જેઓ | |
| נִשְׁאֲרוּ | બચી-ગયા-હતા | H7604 |
| מִן־ | માંથી | |
| הַשֶּׁבִי | બંદીવાસમાંથી | |
| וְעַל־ | અને-વિષે | |
| יְרוּשָׁלִָם׃ | યરૂશાલેમ | H3389 |

મારા ભાઈઓમાંનો એક, હનાની, યહૂદિયામાંના કેટલાક માણસો સાથે ત્યાં આવ્યો. મેં તેઓને બંદીવાસમાંથી મુક્ત થયેલાઓમાંના તથા બચેલાઓમાંના યહૂદીઓ તથા યરુશાલેમ વિષે પૂછ્યું.

3

| | | |
|---|---|---|
| וַיֹּאמְרוּ | અને-તેઓએ-કહ્યુ | H0559 |
| לִי | મને | |
| הַנִּשְׁאָרִים | બચેલાઓ | H7604 |
| אֲשֶׁר־ | જેઓ | |
| נִשְׁאֲרוּ | બચી-ગયા-છે | H7604 |
| מִן־ | માંથી | |
| הַשְּׁבִי | બંદીવાસમાંથી | |
| שָׁם | ત્યાં | H8033 |
| בַּמְּדִינָה | પ્રાંતમાં | H4082 |
| בְּרָעָה | મોટી-વિપત્તિમાં | |
| גְדֹלָה | ભારે | |
| וּבְחֶרְפָּה | અને-અપમાનમાં | H2781 |
| וְחוֹמַת | અને-દીવાલ | H2346 |
| יְרוּשָׁלִַם | યરૂશાલેમની | H3389 |
| מְפֹרָצֶת | તૂટેલી-છે | H6555 |
| וּשְׁעָרֶיהָ | અને-તેના-દરવાજા | H8179 |
| נִצְּתוּ | બળી-ગયા-છે | H3341 |
| בָאֵשׁ׃ | આગથી | H0784 |

તેઓએ મને કહ્યુ કે, “બંદીવાસમાંથી છૂટીને જેઓ ત્યાં બાકી રહેલા છે તેઓ ખૂબ મુશ્કેલી તથા કરુણ સ્થિતિમાં આવી પડેલા છે. યરુશાલેમનો કોટ તોડી પાડવામાં આવેલો છે અને તેના દરવાજા બાળી નાખવામાં આવ્યા છે.”

4

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-થયું | H1961 |
| כְּשָׁמְעִי | જ્યારે-મેં-સાંભળ્યું | H8085 |
| אֶת־ | — | H0853 |
| הַדְּבָרִים | વાતો | H1697 |
| הָאֵלֶּה | આ | H0428 |
| יָשַׁבְתִּי | હું-બેઠો | H3427 |
| וָאֶבְכֶּה | અને-રડ્યો | H1058 |
| וָאֶתְאַבְּלָה | અને-શોક-કર્યો | H0056 |
| יָמִים | દિવસો-સુધી | H3117 |
| וָאֱהִי | અને-હું-હતો | H1961 |
| צָם | ઉપવાસ-કરતો | H6684 |
| וּמִתְפַּלֵּל | અને-પ્રાર્થના-કરતો | H6419 |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| אֱלֹהֵי | ઈશ્વરના | H0430 |
| הַשָּׁמָיִם׃ | આકાશના | H8064 |

જયારે એ સમાચાર મેં સાંભળ્યાં ત્યારે હું નીચે બેસીને રડ્યો. કેટલાક દિવસો સુધી મેં શોક પાળ્યો અને ઉપવાસ કરીને આકાશના ઈશ્વર સમક્ષ મેં પ્રાર્થના કરી.

5

| | | |
|---|---|---|
| וָאֹמַ֗ר | અને-મેં-કહ્યુ | H0559 |
| אָנָּ֤א | અરે | H0577 |
| יְהוָה֙ | યહોવાહ | H3068 |
| אֱלֹהֵ֣י | ઈશ્વર | H0430 |
| הַשָּׁמַ֔יִם | આકાશના | H8064 |
| הָאֵ֕ל | ઈશ્વર | H0410 |
| הַגָּד֖וֹל | મહાન | |
| וְהַנּוֹרָ֑א | અને-ભયાવહ | H3372 |
| שֹׁמֵ֤ר | જે-રાખે-છે | H8104 |
| הַבְּרִית֙ | કરાર | H1285 |
| וָחֶ֔סֶד | અને-કૃપા | |
| לְאֹהֲבָ֖יו | તેમને-પ્રેમ-કરનારા-માટે | H0157 |
| וּלְשֹׁמְרֵ֥י | અને-પાળનારા-માટે | H8104 |
| מִצְוֹתָֽיו׃ | તેમની-આજ્ઞાઓ | H4687 |

મેં કહ્યુ, “હે યહોવાહ આકાશના ઈશ્વર, મહાન અને ભયાવહ ઈશ્વર, જેઓ તમારા પર પ્રેમ રાખે છે અને તમારી આજ્ઞા પાળે છે તેઓની સાથે કરેલો કરાર તમે દયાથી પાળો છો.

6

| | | |
|---|---|---|
| תְּהִ֣י | થાઓ | H1961 |
| נָ֣א | કૃપા-કરી | H4994 |
| אָזְנְךָֽ־ | તમારા-કાન | H0241 |
| קַשֶּׁ֡בֶת | ધ્યાન-દેતા | |
| וְעֵינֶ֣יךָ | અને-તમારી-આખો | |
| פְתוּח֣וֹת | ખુલ્લી | |
| לִשְׁמֹ֜עַ | સાંભળવા | H8085 |
| אֶל־ | તરફ | H0413 |
| תְּפִלַּ֣ת | પ્રાર્થના | H8605 |
| עַבְדְּךָ֗ | તમારા-સેવકની | H5650 |
| אֲשֶׁ֨ר | જે | |
| אָנֹכִ֜י | હું | H0595 |
| מִתְפַּלֵּ֤ל | પ્રાર્થના-કરું-છું | H6419 |
| לְפָנֶ֙יךָ֙ | તમારી-સમક્ષ | H6440 |
| הַיּ֔וֹם | આજ | H3117 |
| יוֹמָ֥ם | દિવસે | H3119 |
| וָלָ֖יְלָה | અને-રાત્રે | H3915 |
| עַל־ | વિષે | |
| בְּנֵ֣י | પુત્રો | |
| יִשְׂרָאֵ֣ל | ઇઝરાયેલના | H3478 |
| עֲבָדֶ֑יךָ | તમારા-સેવકો | H5650 |
| וּמִתְוַדֶּ֗ה | અને-કબૂલ-કરું-છું | H3034 |
| עַל־ | વિષે | |
| חַטֹּ֤אות | પાપો | |
| בְּנֵֽי־ | પુત્રોના | |
| יִשְׂרָאֵל֙ | ઇઝરાયેલના | H3478 |
| אֲשֶׁ֣ר | જે | |
| חָטָ֣אנוּ | અમે-પાપ-કર્યું-છે | H2398 |
| לָ֔ךְ | તમારી-વિરુદ્ધ | |
| וַאֲנִ֥י | અને-હું | H0589 |
| וּבֵית־ | અને-ઘર | |
| אָבִ֖י | મારા-પિતાનું | H0001 |
| חָטָֽאנוּ׃ | પાપ-કર્યું-છે | H2398 |

“મારી પ્રાર્થના સાંભળો અને તમારી દ્રષ્ટિ મારા પર રાખો. તમારો આ સેવક જે પ્રાર્થના કરે છે તે સાંભળો; “તમારા સેવકો ઇઝરાયલીઓ માટે રાતદિવસ હું તમને પ્રાર્થના કરું છું. તેઓએ તમારી વિરુદ્ધ જે પાપ કર્યાં છે તે તથા મેં તેમ જ મારા પૂર્વજોએ જે પાપ કર્યાં છે તેની હું કબૂલાત કરું છું.

7

| | | |
|---|---|---|
| חֲבֹ֖ל | ખરેખર | |
| חָבַ֣לְנוּ | ભ્રષ્ટ-રીતે-વર્ત્યા-છીએ | |
| לָ֑ךְ | તમારી-સાથે | |
| וְלֹֽא־ | અને-નથી | H3808 |
| שָׁמַ֨רְנוּ | પાળ્યા | H8104 |
| אֶת־ | — | H0853 |
| הַמִּצְוֹ֜ת | આજ્ઞાઓ | H4687 |
| וְאֶת־ | અને | H0853 |
| הַחֻקִּים֙ | વિધિઓ | H2706 |
| וְאֶת־ | અને | H0853 |
| הַמִּשְׁפָּטִ֔ים | ન્યાયચુકાદાઓ | H4941 |
| אֲשֶׁ֥ר | જે | |
| צִוִּ֖יתָ | તમે-આજ્ઞા-આપી-હતી | H6680 |
| אֶת־ | — | H0853 |
| מֹשֶׁ֥ה | મૂસા | H4872 |
| עַבְדֶּֽךָ׃ | તમારા-સેવકને | H5650 |

અમે તમારી વિરુદ્ધ ઘણું ખરાબ વર્તન કર્યું છે. તમારા સેવક મૂસા મારફતે જે આજ્ઞાઓ, નિયમો તથા વિધિઓ અમને અપાયાં હતાં તે અમે પાળ્યાં નથી.

8

| | | |
|---|---|---|
| זְכָר־ | યાદ-કરો | H2142 |
| נָ֙א | કૃપા-કરી | H4994 |
| אֶת־ | — | H0853 |
| הַדָּבָ֔ר | વચન | H1697 |
| אֲשֶׁ֥ר | જે | |
| צִוִּ֖יתָ | તમે-આજ્ઞા-આપી-હતી | H6680 |
| אֶת־ | — | H0853 |
| מֹשֶׁ֥ה | મૂસા | H4872 |
| עַבְדְּךָ֖ | તમારા-સેવકને | H5650 |
| לֵאמֹ֑ר | કહીને | H0559 |
| אַתֶּ֣ם | તમે | |
| תִּמְעָ֔לוּ | વિશ્વાસઘાત-કરશો | H4603 |
| אֲנִ֕י | હું | H0589 |
| אָפִ֥יץ | વિખેરી-નાખીશ | |
| אֶתְכֶ֖ם | તમને | H0853 |
| בָּעַמִּֽים׃ | પ્રજાઓમાં | |

જે શબ્દો તમે તમારા સેવક મૂસા મારફતે ફરમાવ્યાં હતાં તેને સંભારો, તમે કહ્યુ હતું કે, ‘જો તમે અવિશ્વાસુપણે વર્તશો તો હું તમને વિદેશીઓમાં વિખેરી નાખીશ,

9
וְשַׁבְתֶּם અને-પાછા-ફરશો H7725
אֵלַי מારી-પાસે H0413
וּשְׁמַרְתֶּם અને-પાળશો H8104
מִצְוֺתַי મારી-આજ્ઞાઓ H4687
וַעֲשִׂיתֶם અને-કરશો
אֹתָם તેમને H0853
אִם־ જો
יִהְיֶה હોય H1961
נִדַּחֲכֶם તમારા-હાંકી-કાઢેલા H5080
בִּקְצֵה છેડે
הַשָּׁמַיִם આકાશના H8064
מִשָּׁם ત્યાંથી H8033
אֲקַבְּצֵם હું-ભેગા-કરીશ-તેમને H6908
[והבואתים] અને-લાવીશ-તેમને H0935
(וַהֲבִיאוֹתִים) અને-લાવીશ-તેમને H0935
אֶל־ તરફ H0413
הַמָּקוֹם સ્થાન H4725
אֲשֶׁר જે
בָּחַרְתִּי મેં-પસંદ-કર્યું-છે H0977
לְשַׁכֵּן વસાવવા H7931
אֶת־ — H0853
שְׁמִי મારું-નામ H8034
שָׁם׃ ત્યાં H8033

પરંતુ જો તમે મારી પાસે પાછા આવશો અને મારી આજ્ઞાઓનું પાલન કરશો અને તેનો અમલ કરશો, તો તમારા વંશજો આકાશના છેડા સુધી વેરવિખેર થઈ ગયા હશે તો પણ હું તેમને મારા નામ માટે મેં જે સ્થાન પસંદ કર્યુ છે ત્યાં પાછા લાવીશ.'"

10
וְהֵם અને-તેઓ H1992
עֲבָדֶיךָ તમારા-સેવકો H5650
וְעַמֶּךָ અને-તમારી-પ્રજા
אֲשֶׁר જેમને
פָּדִיתָ તમે-છોડાવ્યા H6299
בְּכֹחֲךָ તમારા-મહાન-સામર્થ્યથી
הַגָּדוֹל મોટા
וּבְיָדְךָ અને-તમારા-બળવાન-હાથથી H3027
הַחֲזָקָה׃ શક્તિશાળી H2389

"તેઓ તમારા સેવકો અને તમારા લોક છે, જેઓને તમે તમારા મહાન સામર્થ્ય વડે અને તમારા બળવાન હાથ વડે મુક્ત કર્યા છે.

11
אָנָּא અરે H0577
אֲדֹנָי પ્રભુ H0136
תְּהִי થાઓ H1961
נָא કૃપા-કરી H4994
אָזְנְךָ־ તમારા-કાન H0241
קַשֶּׁבֶת ધ્યાન-દેતા
אֶל־ તરફ H0413
תְּפִלַּת પ્રાર્થના H8605
עַבְדְּךָ તમારા-સેવકની H5650
וְאֶל־ અને-તરફ H0413
תְּפִלַּת પ્રાર્થના H8605
עֲבָדֶיךָ તમારા-સેવકોની H5650
הַחֲפֵצִים જેઓ-ઇચ્છે-છે H2655
לְיִרְאָה ભય-રાખવા H3372
אֶת־ — H0853
שְׁמֶךָ તમારા-નામની H8034
וְהַצְלִיחָה־ અને-સફળ-કરો
נָּא કૃપા-કરી H4994
לְעַבְדְּךָ તમારા-સેવકને H5650
הַיּוֹם આજ H3117
וּתְנֵהוּ અને-આપો-તેને H5414
לְרַחֲמִים દયા
לִפְנֵי સમક્ષ H6440
הָאִישׁ માણસ H0376
הַזֶּה આ H2088
וַאֲנִי અને-હું H0589
הָיִיתִי હતો H1961
מַשְׁקֶה પાત્રવાહક
לַמֶּלֶךְ׃ રાજાનો H4428
פ —

હે યહોવાહ, હું વિનંતી કરું છું, તમારા સેવકની પ્રાર્થના અને જેઓ તમારો આદર કરવામાં ભયસહિત આનંદ માને છે, તેવા તમારા સેવકોની પ્રાર્થના પણ સાંભળો. આજે તમે તમારા સેવકને આબાદી બક્ષો. અને આ માણસની તેના પર કૃપાદ્રષ્ટિ થાય એમ તમે કરો." મેં રાજાની પાત્રવાહકની જેમ સેવા કરી.

## Chapter 2

1
וַיְהִי અને-થયું H1961
בְּחֹדֶשׁ મહિનામાં H2320
נִיסָן નીસાનના H5212
שְׁנַת વર્ષ H8141
עֶשְׂרִים વીસમા H6242
לְאַרְתַּחְשַׁסְתְּא આર્તાહશાસ્તા
הַמֶּלֶךְ રાજાના H4428
יַיִן દ્રાક્ષારસ H3196
לְפָנָיו તેમની-સમક્ષ H6440
וָאֶשָּׂא અને-મેં-ઉઠાવ્યો H5375
אֶת־ — H0853
הַיַּיִן દ્રાક્ષારસ H3196
וָאֶתְּנָה અને-આપ્યો H5414
לַמֶּלֶךְ રાજાને H4428
וְלֹא־ અને-નહોતો H3808
הָיִיתִי હું-હતો H1961
רַע ઉદાસ
לְפָנָיו׃ તેમની-સમક્ષ H6440

આર્તાહશાસ્તા રાજાની કારકિર્દીના વીસમા વર્ષે નીસાન માસમાં + 2:1 આ માસ માર્ચ મહિના મધ્યથી અપ્રેલ મહિનાની મધ્ય સુધી હોય છે તેણે દ્રાક્ષારસ પસંદ કર્યો. મેં તે દ્રાક્ષારસ લઈને તેને આપ્યો. હું ઉદાસ હતો. આ પહેલાં તેની હજૂરમાં હું કદી ઉદાસ થયો નહોતો.

2
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
לִי મને
הַמֶּלֶךְ રાજાએ H4428
מַדּוּעַ શા-માટે H4069
פָּנֶיךָ તારું-મુખ H6440
רָעִים ઉદાસ-છે
וְאַתָּה અને-તું
אֵינְךָ નથી H0369
חוֹלֶה બીમાર
אֵין નથી H0369
זֶה આ H2088
כִּי־ સિવાય
אִם કે
רֹעַ દુ:ખ H7455
לֵב હૃદયનું
וָאִירָא અને-હું-ડર્યો H3372
הַרְבֵּה ઘણું
מְאֹד׃ ખૂબ H3966

તેથી રાજાએ મને પૂછ્યું, "તું કેમ આવો ઉદાસ દેખાય છે? તું બીમાર તો લાગતો નથી. જરૂર તારા મનમાં કોઈ ભારે ખેદ હોવો જોઈએ." આ સાંભળી હું બહુ ગભરાઈ ગયો.

| 3 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | וָאֹמַר | לַמֶּלֶךְ | הַמֶּלֶךְ | לְעוֹלָם | יִחְיֶה | מַדּוּעַ | לֹא־ | יֵרְעוּ | פָנַי | אֲשֶׁר | הָעִיר |
| | અને-મેં-કહ્યુ | રાજાને | રાજા | સદાકાળ | જીવો | શા-માટે | ના | ઉદાસ-હોય | મારું-મુખ | જ્યારે | શહેર |
| | H0559 | H4428 | H4428 | H5769 | H2421 | H4069 | H3808 | | H6440 | | |
| | בֵּית־ | קִבְרוֹת | אֲבֹתַי | חֲרֵבָה | וּשְׁעָרֶיהָ | אֻכְּלוּ | בָאֵשׁ׃ | ס | | | |
| | ઘર | કબરોનું | મારા-પિતાઓનું | ઉજ્જડ-છે | અને-તેના-દરવાજા | ખવાઈ-ગયા-છે | આગથી | — | | | |
| | | H6913 | H0001 | | H8179 | H0398 | H0784 | | | | |

મેં રાજાને જવાબ આપ્યો, "રાજા, ચિરંજીવ રહો; કારણ કે જે નગરમાં મારા પિતૃઓને દફનાવવામાં આવ્યા છે તે ખંડિયર થઈ ગયું છે અને તેના દરવાજા અગ્નિથી બળીને ભસ્મ થઈ ગયા છે. એટલે હું ઉદાસ થયેલો છું."

| 4 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | וַיֹּאמֶר | לִי | הַמֶּלֶךְ | עַל־ | מַה־ | זֶּה | אַתָּה | מְבַקֵּשׁ | וָאֶתְפַּלֵּל | אֶל־ | אֱלֹהֵי |
| | અને-કહ્યુ | મને | રાજાએ | વિષે | શું | આ | તું | માગે-છે | અને-મેં-પ્રાર્થના-કરી | તરફ | ઈશ્વરના |
| | H0559 | | H4428 | | H4100 | H2088 | | H1245 | H6419 | H0413 | H0430 |
| | הַשָּׁמָיִם׃ | | | | | | | | | | |
| | આકાશના | | | | | | | | | | |
| | H8064 | | | | | | | | | | |

પછી રાજાએ મને પૂછ્યું, "તું મારી પાસેથી શું ઇચ્છે છે?" ત્યારે મેં આકાશના ઈશ્વરને પ્રાર્થના કરી.

| 5 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | וָאֹמַר | לַמֶּלֶךְ | אִם־ | עַל־ | הַמֶּלֶךְ | טוֹב | וְאִם־ | יִיטַב | עַבְדְּךָ | לְפָנֶיךָ | אֲשֶׁר |
| | અને-મેં-કહ્યુ | રાજાને | જો | માટે | રાજાને | સારું-લાગે | અને-જો | પ્રસન્ન-હોય | તારો-સેવક | તારી-સમક્ષ | કે |
| | H0559 | H4428 | | | H4428 | H2895 | | H3190 | H5650 | H6440 | |
| | תִּשְׁלָחֵנִי | אֶל־ | יְהוּדָה | אֶל־ | עִיר | קִבְרוֹת | אֲבֹתַי | וְאֶבְנֶנָּה׃ | | | |
| | તું-મોકલે-મને | તરફ | યહૂદાહ | તરફ | શહેર | કબરોના | મારા-પિતાઓના | અને-હું-બાંધું-તેને | | | |
| | H7971 | H0413 | H3063 | H0413 | | H6913 | H0001 | H1129 | | | |

પછી મેં રાજાને કહ્યુ, "આપને ઠીક લાગે તો મને યહૂદિયા જવાની રજા આપો. કારણ કે જ્યાં મારા પૂર્વજોને દફનાવ્યા હતા, તે શહેરનો હું ફરીથી જીર્ણોધ્ધાર કરી શકું."

| 6 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | וַיֹּאמֶר | לִי | הַמֶּלֶךְ | וְהַשֵּׁגַל | יוֹשֶׁבֶת | אֶצְלוֹ | עַד־ | מָתַי | יִהְיֶה | מַהֲלָכְךָ | וּמָתַי |
| | અને-કહ્યુ | મને | રાજાએ | અને-રાણી | બેઠેલી-હતી | તેમની-પાસે | સુધી | ક્યારે | હશે | તારી-મુસાફરી | અને-ક્યારે |
| | H0559 | | H4428 | H7694 | H3427 | H0681 | H5704 | H4970 | H1961 | H4109 | H4970 |
| | תָּשׁוּב | וַיִּיטַב | לִפְנֵי־ | הַמֶּלֶךְ | וַיִּשְׁלָחֵנִי | וָאֶתְּנָה | לוֹ | זְמָן׃ | | | |
| | પાછો-આવીશ | અને-સારું-લાગ્યું | સમક્ષ | રાજાની | અને-તેણે-મોકલ્યો-મને | અને-મેં-આપ્યો | તેમને | સમય | | | |
| | H7725 | H3190 | H6440 | H4428 | H7971 | H5414 | | H2165 | | | |

રાજાની સાથે રાણી પણ હાજર હતી, રાજાએ મને કહ્યુ, "ત્યાં તારે કેટલો સમય લાગશે અને તું ક્યારે પાછો આવશે?" મેં તેમની સાથે મારો જવાનો સમય નક્કી કર્યો। તેથી મને જવા માટે રજા મળી ગઈ।

| 7 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | וָאוֹמַר | לַמֶּלֶךְ | אִם־ | עַל־ | הַמֶּלֶךְ | טוֹב | אִגְּרוֹת | יִתְּנוּ־ | לִי | עַל־ | פַּחֲווֹת |
| | અને-મેં-કહ્યુ | રાજાને | જો | માટે | રાજાને | સારું-લાગે | પત્રો | આપવામાં-આવે | મને | માટે | રાજ્યપાલોને |
| | H0559 | H4428 | | | H4428 | H2895 | H0107 | H5414 | | | H6346 |
| | עֵבֶר | הַנָּהָר | אֲשֶׁר | יַעֲבִירוּנִי | עַד | אֲשֶׁר־ | אָבוֹא | אֶל־ | יְהוּדָה׃ | | |
| | પાર | નદીના | કે | તેઓ-પસાર-કરાવે-મને | સુધી | જ્યાં | હું-પહોંચું | તરફ | યહૂદાહ | | |
| | H5676 | H5104 | | | H5704 | | H0935 | H0413 | H3063 | | |

પછી મેં રાજાને કહ્યુ, "જો આપની ઇચ્છા હોય તો નદી પારના રાજકર્તાઓ ઉપર મને એવા પત્ર અપાવજો કે, હું યહૂદિયામાં પહોંચું ત્યાં સુધી તેઓ મને ત્યાં જતો અટકાવે નહિ.

8 וְאִגֶּרֶת אֶל־ אָסָף שֹׁמֵר הַפַּרְדֵּס אֲשֶׁר לַמֶּלֶךְ אֲשֶׁר יִתֶּן־ לִי עֵצִים לְקָרוֹת
અને-પત્ર તરફ આસાફને રક્ષક વનનો જે રાજાનો-છે કે તે-આપે મને લાકડાં છત-માટે
H0107 H0413 H0623 H8104 H6508 H4428 H5414 H6086

אֶת־ שַׁעֲרֵי הַבִּירָה אֲשֶׁר־ לַבַּיִת וּלְחוֹמַת הָעִיר וְלַבַּיִת אֲשֶׁר־ אָבוֹא
— દરવાજાઓના કિલ્લાના જે મંદિરનો-છે અને-દીવાલ-માટે શહેરની અને-ઘર-માટે જેમાં હું-જઈશ
H0853 H8179 H1002 H2346 H0935

אֵלָיו וַיִּתֶּן־ לִי הַמֶּלֶךְ כְּיַד־ אֱלֹהַי הַטּוֹבָה עָלָי׃
તેમાં અને-આપ્યું મને રાજાએ હાથ-પ્રમાણે મારા-ઈશ્વરના ભલા મારા-પર
H0413 H5414 H4428 H3027 H0430

વળી રાજાના વનરક્ષક આસાફ પર પણ એવો એક પત્ર અપાવજો કે ભક્તિસ્થાનના કિલ્લાના દરવાજાઓના મોભ બનાવવા માટે નગરના કોટને તથા જે ઘરમાં હું રહું તેને માટે મને લાકડાં આપે." મારા પર મારા ઈશ્વરની કૃપા હોવાથી રાજાએ મારી અરજ માન્ય કરી.

9 וָאָבוֹא אֶל־ פַּחֲווֹת עֵבֶר הַנָּהָר וָאֶתְּנָה לָהֶם אֵת אִגְּרוֹת הַמֶּלֶךְ
અને-હું-આવ્યો પાસે રાજ્યપાલોની પાર નદીના અને-આપ્યા તેમને — પત્રો રાજાના
H0935 H0413 H6346 H5676 H5104 H5414 H0853 H0107 H4428

וַיִּשְׁלַח עִמִּי הַמֶּלֶךְ שָׂרֵי חַיִל וּפָרָשִׁים׃ פ
અને-મોકલ્યા-હતા મારી-સાથે રાજાએ સરદારો સૈન્યના અને-ઘોડેસવારો —
H7971 H4428 H8269 H2428

હું નદી પારના રાજ્યપાલો પાસે આવ્યો અને મેં તેઓને રાજાના પત્રો આપ્યા. હવે રાજાએ તો મારી સાથે સૈન્યના અધિકારીઓ તથા ઘોડેસવારો મોકલ્યા હતા.

10 וַיִּשְׁמַע סַנְבַלַּט הַחֹרֹנִי וְטוֹבִיָּה הָעֶבֶד הָעַמֹּנִי וַיֵּרַע לָהֶם רָעָה גְדֹלָה
અને-સાંભળ્યું સાનબાલ્લાટે હોરોનીએ અને-ટોબીયાહે સેવક આમ્મોનીએ અને-ખિન્ન-થયા તેઓ ખિન્નતા મોટી
H8085 H5571 H2772 H2900 H5650 H5984 H1992

אֲשֶׁר־ בָּא אָדָם לְבַקֵּשׁ טוֹבָה לִבְנֵי יִשְׂרָאֵל׃
કે આવ્યો-છે માણસ શોધવા ભલાઈ પુત્રો-માટે ઇઝરાયેલના
H0935 H0120 H1245 H3478

જ્યારે હોરોનવાસી સાન્બાલ્લાટે + 2:10 તે સમારિયા પ્રદેશનો અધિકારી હતો તથા આમ્મોની ચાકર ટોબિયાએ આ વિષે સાંભળ્યું કે, ઇઝરાયલી લોકોને મદદ કરવાને એક માણસ ત્યાં આવ્યો છે ત્યારે તેઓને ઘણું ખોટું લાગ્યું.

11 וָאָבוֹא אֶל־ יְרוּשָׁלִָם וָאֱהִי־ שָׁם יָמִים שְׁלֹשָׁה׃
અને-હું-આવ્યો તરફ યરૂશાલેમ અને-રહ્યો ત્યાં દિવસો ત્રણ
H0935 H0413 H3389 H1961 H8033 H3117 H7969

તેથી હું યરુશાલેમ આવ્યો અને ત્રણ દિવસ ત્યાં રહ્યો.

12 וָאָקוּם לַיְלָה אֲנִי וַאֲנָשִׁים מְעַט עִמִּי וְלֹא־ הִגַּדְתִּי לְאָדָם מָה
અને-ઊઠ્યો-હું રાત્રે હું અને-માણસો થોડા મારી-સાથે અને-નહોતું જણાવ્યું-મેં કોઈને શું
H3915 H0589 H0376 H4592 H3808 H5046 H0120 H4100

אֱלֹהַי נֹתֵן אֶל־ לִבִּי לַעֲשׂוֹת לִירוּשָׁלִָם וּבְהֵמָה אֵין עִמִּי כִּי אִם־
મારા-ઈશ્વર મૂકતા-હતા માં મારા-હૃદયમાં કરવા યરૂશાલેમ-માટે અને-પ્રાણી નહોતું મારી-સાથે સિવાય કે
H0430 H5414 H0413 H3389 H0929 H0369

הַבְּהֵמָה אֲשֶׁר אֲנִי רֹכֵב בָּהּ׃
પ્રાણી જેના-પર હું સવાર-હતો તેના-પર
H0929 H0589 H7392

મેં રાત્રે ઊઠીને મારી સાથે થોડા માણસોને લીધા. યરુશાલેમને માટે જે કરવાની મારા ઈશ્વરે મારા મનમાં પ્રેરણા કરી હતી, તે વિષે મેં કોઈને કંઈ કહ્યુ નહિ. જે જાનવર પર હું સવારી કરતો હતો તે સિવાય બીજું કોઈ જાનવર મારી સાથે ન હતું.

13

| | | |
|---|---|---|
| וָאֵצְאָה | અને-હું-નીકળ્યો | H3318 |
| בְשַׁעַר־ | દરવાજાથી | H8179 |
| הַגַּיְא | ખીણના | H1516 |
| לַיְלָה | રાત્રે | H3915 |
| וְאֶל־ | અને-તરફ | H0413 |
| פְּנֵי | સામે | H6440 |
| עֵין | ઝરણા | |
| הַתַּנִּין | અજગરના | |
| וְאֶל־ | અને-તરફ | H0413 |
| שַׁעַר | દરવાજા | H8179 |
| הָאַשְׁפֹּת | કચરાના | H0830 |
| וָאֱהִי | અને-હું-હતો | H1961 |
| שֹׂבֵר | તપાસતો | |
| בְחוֹמֹת | દીવાલોને | H2346 |
| יְרוּשָׁלִַם | યરૂશાલેમની | H3389 |
| אֲשֶׁר־ | જે | |
| ]המפרוצים[ | તૂટેલી-હતી | H6555 |
| ו)הֵם( | તે | H1992 |
| )פְּרוּצִים( | તૂટેલી | H6555 |
| וּשְׁעָרֶיהָ | અને-તેના-દરવાજા | H8179 |
| אֻכְּלוּ | ખવાઈ-ગયા-હતા | H0398 |
| בָאֵשׁ: | આગથી | H0784 |

હું રાત્રે ખીણને દરવાજેથી બહાર નીકળીને અજગર કૂંડ તરફ છેક કચરાના દરવાજા સુધી ગયો. યરુશાલેમના કોટનું મેં અવલોકન કર્યું, તે તૂટી પડેલો હતો અને તેના દરવાજા અગ્નિથી ભસ્મ થઈ ગયેલા હતા.

14

| | | |
|---|---|---|
| וָאֶעֱבֹר | અને-આગળ-ગયો | |
| אֶל־ | તરફ | H0413 |
| שַׁעַר | દરવાજા | H8179 |
| הָעַיִן | ઝરણાના | |
| וְאֶל־ | અને-તરફ | H0413 |
| בְּרֵכַת | તળાવ | H1295 |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| וְאֵין־ | અને-નહોતી | H0369 |
| מָקוֹם | જગ્યા | H4725 |
| לַבְּהֵמָה | પ્રાણી-માટે | H0929 |
| לַעֲבֹר | પસાર-થવા | |
| תַּחְתָּי: | મારી-નીચે | H8478 |

પછી ત્યાંથી આગળ ચાલીને હું કચરાના દરવાજા સુધી તથા રાજાના તળાવ સુધી ગયો. હું જે જાનવર પર સવારી કરતો હતો તેને પસાર થવા માટે પૂરતી જગ્યા ન હતી.

15

| | | |
|---|---|---|
| וָאֱהִי | અને-હું-હતો | H1961 |
| עֹלֶה | ચડતો | H5927 |
| בַנַּחַל | નાળામાં | |
| לַיְלָה | રાત્રે | H3915 |
| וָאֱהִי | અને-હું-હતો | H1961 |
| שֹׂבֵר | તપાસતો | |
| בַּחוֹמָה | દીવાલને | H2346 |
| וָאָשׁוּב | અને-ફર્યો | H7725 |
| וָאָבוֹא | અને-આવ્યો | H0935 |
| בְּשַׁעַר | દરવાજાથી | H8179 |
| הַגַּיְא | ખીણના | H1516 |
| וָאָשׁוּב: | અને-પાછો-ફર્યો | H7725 |

તેથી હું રાત્રે નાળાં તરફ ગયો અને કોટનું અવલોકન કર્યું. ત્યાંથી પાછો વળીને ખીણના દરવાજામાં થઈને હું પાછો વળ્યો.

16

| | | |
|---|---|---|
| וְהַסְּגָנִים | અને-અધિકારીઓ | H5461 |
| לֹא | નહોતું | H3808 |
| יָדְעוּ | જાણતા | H3045 |
| אָנָה | ક્યાં | H0575 |
| הָלַכְתִּי | હું-ગયો-હતો | H1980 |
| וּמָה | અને-શું | H4100 |
| אֲנִי | હું | H0589 |
| עֹשֶׂה | કરતો-હતો | |
| וְלַיְּהוּדִים | અને-યહૂદીઓને | H3064 |
| וְלַכֹּהֲנִים | અને-યાજકોને | H3548 |
| וְלַחֹרִים | અને-ઉમરાવોને | H2715 |
| וְלַסְּגָנִים | અને-અધિકારીઓને | H5461 |
| וּלְיֶתֶר | અને-બાકીના | |
| עֹשֵׂה | કરનારાઓ | |
| הַמְּלָאכָה | કામના | H4399 |
| עַד־ | સુધી | H5704 |
| כֵּן | ત્યાં-સુધી | |
| לֹא | નહોતું | H3808 |
| הִגַּדְתִּי: | જણાવ્યું-મેં | H5046 |

હું ક્યાં ગયો હતો કે, મેં શું કર્યું હતું, તે અધિકારીઓનાં જાણવામાં આવ્યું નહિ. મેં યહૂદીઓને, યાજકોને, અમીરોને, અધિકારીઓને કે બાકીના કામદારોને આ અગે કશું પણ કહ્યુ ન હતું.

17

| | | |
|---|---|---|
| וָאוֹמַר | અને-મેં-કહ્યુ | H0559 |
| אֲלֵהֶם | તેમને | H0413 |
| אַתֶּם | તમે | |
| רֹאִים | જુઓ-છો | H7200 |
| הָרָעָה | વિપત્તિ | |
| אֲשֶׁר | જેમાં | |
| אֲנַחְנוּ | આપણે | H0587 |
| בָהּ | છીએ | |
| אֲשֶׁר | કે | |
| יְרוּשָׁלִַם | યરૂશાલેમ | H3389 |
| חֲרֵבָה | ઉજ્જડ-છે | |
| וּשְׁעָרֶיהָ | અને-તેના-દરવાજા | H8179 |
| נִצְּתוּ | બળી-ગયા-છે | H3341 |
| בָאֵשׁ | આગથી | H0784 |
| לְכוּ | ચાલો | H3212 |
| וְנִבְנֶה | અને-બાંધીએ | H1129 |
| אֶת־ | — | H0853 |
| חוֹמַת | દીવાલ | H2346 |
| יְרוּשָׁלִַם | યરૂશાલેમની | H3389 |
| וְלֹא־ | અને-ના | H3808 |
| נִהְיֶה | રહીએ | H1961 |
| עוֹד | વધુ | H5750 |
| חֶרְפָּה: | અપમાનમાં | H2781 |

મેં તેઓને કહ્યુ, "આપણે કેવી દુર્દશામાં છીએ તે તમે જુઓ છો, યરુશાલેમ ઉજ્જડ થયેલું છે. તેના દરવાજા અગ્નિથી ભસ્મ થયેલા છે. ચાલો, આપણે યરુશાલેમનો કોટ બાંધીએ, જેથી આપણે નિંદા કે ટીકારૂપ ન થઈએ."

18
וָאַגִּיד અને-જણાવ્યું-મેં H5046
לָהֶם તેમને
אֶת־ — H0853
יַד હાથ H3027
אֱלֹהַי મારા-ઈશ્વરનો H0430
אֲשֶׁר־ જે
הִיא તે H1931
טוֹבָה ભલો-હતો
עָלַי મારા-પર
וְאַף־ અને-પણ H0637
דִּבְרֵי વાતો H1697
הַמֶּלֶךְ રાજાની H4428
אֲשֶׁר જે
אָמַר־ કહી-હતી H0559
לִי મને
וַיֹּאמְרוּ અને-તેઓએ-કહ્યુ H0559
נָקוּם ઊઠીએ
וּבָנִינוּ અને-બાંધીએ H1129
וַיְחַזְּקוּ અને-મજબૂત-કર્યા H2388
יְדֵיהֶם તેમના-હાથો H3027
לַטּוֹבָה׃ ભલાઈ-માટે
פ —

મારા ઈશ્વરની કૃપાદ્રષ્ટિ મારા પર હતી. તે વિષે તથા રાજાએ મને જે વચનો આપ્યાં હતાં તે વિષે પણ મેં તેઓને કહ્યુ. તેઓએ કહ્યુ, "ઊઠો અને આપણે બાંધીએ." તેથી તેઓએ એ સારું કાર્ય ઉમંગથી શરૂ કર્યું.

19
וַיִּשְׁמַע અને-સાંભળ્યું H8085
סַנְבַלַּט સાનબાલ્લાટે H5571
הַחֹרֹנִי હોરોનીએ H2772
וְטֹבִיָּה અને-ટોબીયાહે H2900
הָעֶבֶד સેવક H5650
הָעַמּוֹנִי આમ્મોનીએ H5984
וְגֶשֶׁם અને-ગેશેમે H1654
הָעַרְבִי આરબે
וַיַּלְעִגוּ અને-ઠઠ્ઠા-કર્યા H3932
לָנוּ અમારા-પર
וַיִּבְזוּ અને-તુચ્છ-ગણ્યા H0959
עָלֵינוּ અમને
וַיֹּאמְרוּ અને-કહ્યુ H0559
מָה־ શું H4100
הַדָּבָר વાત-છે H1697
הַזֶּה આ H2088
אֲשֶׁר જે
אַתֶּם તમે
עֹשִׂים કરો-છો
הַעַל શું-વિરુદ્ધ
הַמֶּלֶךְ રાજાની H4428
אַתֶּם તમે
מֹרְדִים׃ બળવો-કરો-છો H4775

પણ હોરોની સાન્બાલ્લાટે, આમ્મોની ચાકર ટોબિયાએ તથા અરબી ગેશેમે આ સાંભળીને અમારી હાંસી ઉડાવી અને અમારો તિરસ્કાર કરીને કહ્યુ, "તમે આ શું કરો છો? શું તમે રાજાની સામે બંડ કરવા ઇચ્છો છો?"

20
וָאָשִׁיב અને-મેં-જવાબ-આપ્યો H7725
אוֹתָם તેમને H0853
דָּבָר વાત H1697
וָאוֹמַר અને-કહ્યુ H0559
לָהֶם તેમને
אֱלֹהֵי ઈશ્વર H0430
הַשָּׁמַיִם આકાશના H8064
הוּא તે H1931
יַצְלִיחַ સફળ-કરશે
לָנוּ અમને
וַאֲנַחְנוּ અને-અમે H0587
עֲבָדָיו તેમના-સેવકો H5650
נָקוּם ઊઠીશું
וּבָנִינוּ અને-બાંધીશું H1129
וְלָכֶם અને-તમારો
אֵין־ નથી H0369
חֵלֶק ભાગ
וּצְדָקָה અને-અધિકાર H6666
וְזִכָּרוֹן અને-સ્મરણ H2146
בִּירוּשָׁלִָם׃ યરૂશાલેમમાં H3389

પછી મેં તેઓને જવાબ આપ્યો, "આકાશના ઈશ્વર અમને સફળતા આપશે. અમે તેમના સેવકો છીએ અને અમે બાંધકામ શરૂ કરીશું. પણ તમારો કંઈ હિસ્સો, હક કે સ્મારક યરુશાલેમમાં નથી, એ સમજી લેજો."

## Chapter 3

1
וַיָּקָם અને-ઊઠ્યો
אֶלְיָשִׁיב એલ્યાશીબ H0475
הַכֹּהֵן યાજક H3548
הַגָּדוֹל મોટો
וְאֶחָיו અને-તેના-ભાઈઓ H0251
הַכֹּהֲנִים યાજકોએ H3548
וַיִּבְנוּ અને-બાંધ્યો H1129
אֶת־ — H0853
שַׁעַר દરવાજો H8179
הַצֹּאן ઘેટાંનો H6629
הֵמָּה તેઓએ H1992
קִדְּשׁוּהוּ પવિત્ર-કર્યો-તેને H6942
וַיַּעֲמִידוּ અને-ઊભા-કર્યા H5975
דַּלְתֹתָיו તેના-બારણાં
וְעַד־ અને-સુધી H5704
מִגְדַּל બુરજ H4026
הַמֵּאָה સોનો H3968
קִדְּשׁוּהוּ પવિત્ર-કર્યો-તેને H6942
עַד સુધી H5704
מִגְדַּל બુરજ H4026
חֲנַנְאֵל׃ હનાનેલનો H2606
ס —

પછી એલ્યાશીબ મુખ્ય યાજકે તથા તેના યાજક ભાઈઓએ ઊઠીને ઘેટાંનો દરવાજો બાંધ્યો. તેઓએ તેને પવિત્ર કર્યા પછી તેનાં સ્થાને બારણાં બેસાડ્યાં. તેઓએ હામ્મેઆહના બુરજ સુધી અને છેક હનાનએલના બુરજ સુધી તેની પ્રતિષ્ઠા કરી.

2

| אִמְרִֽי׃ | בֶּן־ | זַכּ֖וּר | בָּנָ֥ה | יָד֖וֹ | וְעַל־ | ס | יְרֵח֑וֹ | אַנְשֵׁ֣י | בָנ֥וּ | יָד֖וֹ | וְעַל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઈમ્રીનો | પુત્ર | ઝાક્કૂરે | બાંધ્યું | તેના-હાથ | અને-પાસે | — | યરીખોના | માણસોએ | બાંધ્યું | તેના-હાથ | અને-પાસે |
| H0566 | | H2139 | H1129 | H3027 | | | H3405 | H0376 | H1129 | H3027 | |

| ס |
|---|
| — |

તેની પાસે યરીખોના માણસો બાંધકામ કરતા હતા. તેઓની પાસે ઈમ્રીનો દીકરો ઝાક્કૂર બાંધકામ કરતો હતો.

3

| דַּלְתֹתָ֔יו | וַֽיַּעֲמִ֨ידוּ֙ | קֵר֗וּהוּ | הֵ֣מָּה | הַסְּנָאָ֑ה | בְּנֵ֣י | בָּנ֔וּ | הַדָּגִ֔ים | שַׁ֣עַר | וְאֵת֙ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તેના-બારણાં | અને-ઊભા-કર્યા | ઢાંક્યો-તેને | તેઓએ | સનઆહના | પુત્રોએ | બાંધ્યો | માછલીનો | દરવાજો | અને |
| | H5975 | | H1992 | H5570 | | H1129 | H1709 | H8179 | H0853 |

| ס | וּבְרִיחָֽיו׃ | מַנְעוּלָ֖יו |
|---|---|---|
| — | અને-તેની-ભૂગળો | તેના-તાળાં |
| | H1280 | H4514 |

હસ્સેનાના દીકરાઓએ મચ્છીદરવાજો બાંધ્યો. તેઓએ તેના મોભ ગોઠવ્યા અને તેના દરવાજા બેસાડ્યા. મિજાગરાં જડ્યાં અને ભૂંગળો બેસાડી.

4

| וְעַל־ | ס | הַקּ֔וֹץ | בֶּן־ | אוּרִיָּה֙ | בֶּן־ | מְרֵמ֤וֹת | הֶחֱזִ֗יק | יָדָ֣ם | וְעַל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પાસે | — | હાક્કોસનો | પુત્ર | ઊરિય્યાહનો | પુત્ર | મરેમોથે | મરામત-કર્યું | તેમના-હાથ | અને-પાસે |
| | | H6976 | | | | H4822 | H2388 | H3027 | |

| יָדָ֣ם | וְעַל־ | ס | מְשֵׁיזַבְאֵ֑ל | בֶּן־ | בֶּרֶכְיָ֖ה | בֶּן־ | מְשֻׁלָּם֙ | הֶחֱזִ֗יק | יָדָ֣ם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તેમના-હાથ | અને-પાસે | — | મશેઝાબએલનો | પુત્ર | બેરેખ્યાહનો | પુત્ર | મશુલ્લામે | મરામત-કર્યું | તેમના-હાથ |
| H3027 | | | H4898 | | H1296 | | H4918 | H2388 | H3027 |

| ס | בַּעֲנָֽא׃ | בֶּן־ | צָד֖וֹק | הֶחֱזִ֔יק |
|---|---|---|---|---|
| — | બાઅનાનો | પુત્ર | સાદોકે | મરામત-કર્યું |
| | H1195 | | H6659 | H2388 |

તેઓની પાસે હાક્કોસનો દીકરો, ઊરિયાનો દીકરો, મરેમોથ મરામત કરતો હતો. તેની પાસે મશેઝાબએલનો દીકરો બેરેખ્યાનો દીકરો મશુલ્લામ મરામત કરતો હતો. તેની પાસે બાનાહનો દીકરો સાદોક સમારકામ કરતો હતો.

5

| בַּעֲבֹדַ֥ת | צַוָּרָ֔ם | הֵבִ֣יאוּ | לֹא־ | וְאַדִּירֵיהֶם֙ | הַתְּקוֹעִ֑ים | הֶחֱזִ֖יקוּ | יָדָ֣ם | וְעַל־ |
|---|---|---|---|---|---|---|---|---|
| સેવામાં | તેમની-ગરદન | લાવ્યા | ના | અને-તેમના-આગેવાનો | તકોઈઓએ | મરામત-કર્યું | તેમના-હાથ | અને-પાસે |
| H5656 | | H0935 | H3808 | H0117 | H8621 | H2388 | H3027 | |

| ס | אֲדֹנֵיהֶֽם׃ |
|---|---|
| — | તેમના-પ્રભુની |
| | H0113 |

તેની પછી તકોઈઓ મરામત કરતા હતા, પણ તેઓના આગેવાનોએ પોતાના માલિકના કામમાં મદદ કરી નહિ.

6

| הֵ֣מָּה | בְּסוֹדְיָ֑ה | בֶּן־ | וּמְשֻׁלָּם֙ | פָּסֵ֔חַ | בֶּן־ | יוֹיָדָ֣ע | הֶחֱזִ֗יקוּ | הַיְשָׁנָ֜ה | שַׁ֨עַר | וְאֵת֩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તેઓએ | બસોદ્યાહનો | પુત્ર | અને-મશુલ્લામે | પાસેઆહનો | પુત્ર | યોયાદાએ | મરામત-કર્યું | જૂનો | દરવાજો | અને |
| H1992 | H1152 | | H4918 | H6454 | | H3111 | H2388 | H3465 | H8179 | H0853 |

| ס | וּבְרִיחָֽיו׃ | וּמַנְעֻלָ֖יו | דַּלְתֹתָ֔יו | וַֽיַּעֲמִ֨ידוּ֙ | קֵר֗וּהוּ |
|---|---|---|---|---|---|
| — | અને-તેની-ભૂગળો | અને-તેના-તાળાં | તેના-બારણાં | અને-ઊભા-કર્યા | ઢાંક્યો-તેને |
| | H1280 | H4514 | | H5975 | |

જૂના દરવાજાનું સમારકામ પાસેઆનો દીકરો યોયાદા તથા બસોદ્યાનો દીકરો મશુલ્લામ કરતા હતા. તેઓએ તેના પાટડા ગોઠવ્યા, તેના દરવાજા બેસાડ્યા અને મિજાગરાં જડીને ભૂંગળો બેસાડી.

7

| | | |
|---|---|---|
| וְעַל־ | અને-પાસે | |
| יָדָם | તેમના-હાથ | H3027 |
| הֶחֱזִיק | મરામત-કર્યું | H2388 |
| מְלַטְיָה | મલાટ્યાહે | H4424 |
| הַגִּבְעֹנִי | ગિબ્યોની | H1393 |
| וְיָדוֹן | અને-યાદોને | H3036 |
| הַמֵּרֹנֹתִי | મેરોનોથી | H4824 |
| אַנְשֵׁי | માણસોએ | H0376 |
| גִבְעוֹן | ગિબ્યોનના | H1391 |
| וְהַמִּצְפָּה | અને-મિસ્પાહના | H4709 |
| לְכִסֵּא | આસન-માટે | H3678 |
| פַּחַת | રાજ્યપાલના | H6346 |
| עֵבֶר | પાર | H5676 |
| הַנָּהָר׃ | નદીના | H5104 |
| ס | — | |

તેઓની પાસે મલાટયા ગિબ્યોની તથા યાદોન મેરોનોથી હતા. ગિબ્યોન તથા મિસ્પાના માણસો મિસ્પા નદીની પેલે પારના રાજ્યપાલને આધીન હતા. તેઓ સમારકામ કરતા હતા.

8

| | | |
|---|---|---|
| עַל־ | પાસે | |
| יָדוֹ | તેના-હાથ | H3027 |
| הֶחֱזִיק | મરામત-કર્યું | H2388 |
| עֻזִּיאֵל | ઉઝ્ઝીએલે | H5816 |
| בֶּן־ | પુત્ર | |
| חַרְהֲיָה | હરહયાહનો | H2736 |
| צוֹרְפִים | સોનીઓના | H6884 |
| ס | — | |
| וְעַל־ | અને-પાસે | |
| יָדוֹ | તેના-હાથ | H3027 |
| הֶחֱזִיק | મરામત-કર્યું | H2388 |
| חֲנַנְיָה | હનાન્યાહે | |
| בֶּן־ | પુત્ર | |
| הָרַקָּחִים | અત્તરીઓના | H7546 |
| וַיַּעַזְבוּ | અને-તેઓએ-છોડ્યું | |
| יְרוּשָׁלִַם | યરૂશાલેમ | H3389 |
| עַד | સુધી | H5704 |
| הַחוֹמָה | દીવાલ | H2346 |
| הָרְחָבָה׃ | પહોળી | H7342 |
| ס | — | |

તેઓની પાસે હાર્હયાનો દીકરો ઉઝિયેલ સમારકામ કરતો હતો, તે સોની હતો. તેની પાસે હનાન્યા નામનો એક ગાંધી મરામત કરતો હતો. તેઓએ પહોળા કોટ સુધી યરુશાલેમનો કોટ બાંધ્યો.

9

| | | |
|---|---|---|
| וְעַל־ | અને-પાસે | |
| יָדָם | તેમના-હાથ | H3027 |
| הֶחֱזִיק | મરામત-કર્યું | H2388 |
| רְפָיָה | રફાયાહે | H7509 |
| בֶן־ | પુત્ર | |
| חוּר | હૂરનો | H2354 |
| שַׂר | અધિકારી | H8269 |
| חֲצִי | અડધા | H2677 |
| פֶּלֶךְ | જિલ્લાનો | H6418 |
| יְרוּשָׁלִָם׃ | યરૂશાલેમના | H3389 |
| ס | — | |

તેઓની બાજુમાં હૂરનો દીકરો રફાયા સમારકામ કરતો હતો. તે યરુશાલેમના અર્ધા વિભાગનો અધિકારી હતો.

10

| | | |
|---|---|---|
| וְעַל־ | અને-પાસે | |
| יָדָם | તેમના-હાથ | H3027 |
| הֶחֱזִיק | મરામત-કર્યું | H2388 |
| יְדָיָה | યદાયાહે | H3042 |
| בֶן־ | પુત્ર | |
| חֲרוּמַף | હરૂમાફનો | H2739 |
| וְנֶגֶד | અને-સામે | H5048 |
| בֵּיתוֹ | તેના-ઘરના | |
| ס | — | |
| וְעַל־ | અને-પાસે | |
| יָדוֹ | તેના-હાથ | H3027 |
| הֶחֱזִיק | મરામત-કર્યું | H2388 |
| חַטּוּשׁ | હટ્ટૂશે | H2407 |
| בֶּן־ | પુત્ર | |
| חֲשַׁבְנְיָה׃ | હશબન્યાહનો | H2813 |

તેની બાજુમાં હરુમાફનો દીકરો યદાયા પોતાના ઘરની સામે મરામત કરતો હતો. તેની પાસે હશાબ્નયાનો દીકરો હાટ્ટુશ મરામત કરતો હતો.

11

| | | |
|---|---|---|
| מִדָּה | ભાગ | |
| שֵׁנִית | બીજો | H8145 |
| הֶחֱזִיק | મરામત-કર્યું | H2388 |
| מַלְכִּיָּה | માલ્કિય્યાહે | H4441 |
| בֶן־ | પુત્ર | |
| חָרִם | હારીમનો | H2766 |
| וְחַשּׁוּב | અને-હાશ્શૂબે | H2815 |
| בֶּן־ | પુત્ર | |
| פַּחַת | રાજ્યપાલ | H6355 |
| מוֹאָב | મોઆબનો | H6355 |
| וְאֵת | અને | H0853 |
| מִגְדַּל | બુરજ | H4026 |
| הַתַּנּוּרִים׃ | ભઠ્ઠીઓનો | H8574 |
| ס | — | |

હારીમનો દીકરો માલ્કિયા તથા પાહાથ-મોઆબનો દીકરો હાશ્શૂબ બીજા એક ભાગની તથા ભઠ્ઠીઓના બુરજની મરામત કરતા હતા.

12

| | | |
|---|---|---|
| וְעַל־ | અને-પાસે | |
| יָדוֹ | તેના-હાથ | H3027 |
| הֶחֱזִיק | મરામત-કર્યું | H2388 |
| שַׁלּוּם | શાલ્લુમે | H7967 |
| בֶּן־ | પુત્ર | |
| הַלּוֹחֵשׁ | હાલ્લોહેશનો | H3873 |
| שַׂר | અધિકારી | H8269 |
| חֲצִי | અડધા | H2677 |
| פֶּלֶךְ | જિલ્લાનો | H6418 |
| יְרוּשָׁלִָם | યરૂશાલેમના | H3389 |
| הוּא | તે | H1931 |
| וּבְנוֹתָיו׃ | અને-તેની-દીકરીઓ | H1323 |
| ס | — | |

તેઓની બાજુમાં હાલ્લોહેશનો દીકરો શાલ્લુમ, જે યરુશાલેમના અર્ધા વિભાગનો અધિકારી હતો, તે તથા તેની દીકરીઓ સમારકામ કરતાં હતાં.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַֽיַּעֲמִידוּ֙ | בְּנ֗וּהוּ | הֵ֣מָּה | זָנ֔וֹחַ | וְיֹשְׁבֵ֣י | חָנ֜וּן | הֶחֱזִ֨יק | הַגַּ֗יְא | שַׁ֣עַר | אֵת֩ | 13 |
| અને-ઊભા-કર્યા | બાંધ્યો-તેને | તેઓએ | ઝાનોઆહના | અને-રહેવાસીઓએ | હાનૂને | મરામત-કર્યું | ખીણનો | દરવાજો | — | |
| H5975 | H1129 | H1992 | H2182 | H3427 | H2586 | H2388 | H1516 | H8179 | H0853 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הָשְׁפֽוֹת׃ | שַׁ֥עַר | עַ֖ד | בַּחוֹמָ֔ה | אַמָּה֙ | וְאֶ֤לֶף | וּבְרִיחָ֑יו | מַנְעֻלָ֖יו | דַּלְתֹתָ֔יו |
| કચરાનો | દરવાજો | સુધી | દીવાલમાં | હાથ | અને-હજાર | અને-તેની-ભૂગળો | તેના-તાળાં | તેના-બારણાં |
| H0830 | H8179 | H5704 | H2346 | | H0505 | H1280 | H4514 | |

હાનૂન તથા ઝાનોઆના રહેવાસીઓ ખીણના દરવાજાનું સમારકામ કરતા હતા. તેઓએ તે કામ પૂરું કરીને તેના દરવાજા બેસાડ્યા અને તેને મિજાગરાં જડ્યાં તથા ભૂંગળો બેસાડી. તેઓએ કચરાના દરવાજા સુધી એક હજાર હાથ જેટલી લાંબી દીવાલનું સમારકામ કર્યું હતું.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הוּא | בֵּית־הַכָּ֑רֶם | פֶּ֣לֶךְ | שַׂ֖ר | רֵכָ֔ב | בֶּן־ | מַלְכִּיָּ֣ה | הֶחֱזִ֗יק | הָאַשְׁפּ֜וֹת | שַׁ֨עַר | וְאֵ֣ת | 14 |
| તેણે | બેથ-હાક્કેરેમનો | જિલ્લાનો | અધિકારી | રેખાબનો | પુત્ર | માલ્કિય્યાહે | મરામત-કર્યું | કચરાનો | દરવાજો | અને | |
| H1931 | H1021 | H6418 | H8269 | H7394 | | H4441 | H2388 | H0830 | H8179 | H0853 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ס | וּבְרִיחָֽיו׃ | מַנְעֻלָ֖יו | דַּלְתֹתָ֔יו | וְיַעֲמִיד֙ | יִבְנֶ֗נּוּ |
| — | અને-તેની-ભૂગળો | તેના-તાળાં | તેના-બારણાં | અને-ઊભા-કર્યા | બાંધ્યો-તેને |
| | H1280 | H4514 | | H5975 | H1129 |

કચરાના દરવાજાનું સમારકામ રેખાબનો દીકરો માલ્કિયા કરતો હતો, તે બેથ-હાકકેરેમના જિલ્લાનો અધિકારી હતો. તેણે તેનું સમારકામ પૂરું કરીને તેના દરવાજા બેસાડ્યા. તેને મિજાગરાં જડ્યાં તથા ભૂંગળો બેસાડી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ה֣וּא | הַמִּצְפָּה֒ | פֶּ֣לֶךְ | שַׂ֚ר | כָּל־חֹזֶה֙ | בֶּן־ | שַׁלּ֨וּן | הֶחֱזִ֜יק | הָעַ֡יִן | שַׁ֣עַר | וְאֵת֩ | 15 |
| તેણે | મિસ્પાહનો | જિલ્લાનો | અધિકારી | કોલ-હોઝેહનો | પુત્ર | શાલ્લૂને | મરામત-કર્યું | ઝરણાનો | દરવાજો | અને | |
| H1931 | H4709 | H6418 | H8269 | H3626 | | H7968 | H2388 | | H8179 | H0853 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| חוֹמַ֞ת | וְאֵ֡ת | וּבְרִיחָ֑יו | מַנְעֻלָ֣יו | דַּלְתֹתָ֗יו | (וְיַֽעֲמִידוּ) | [ויעמידו] | וִיטַֽלְלֶ֗נּוּ | יִבְנֶ֗נּוּ |
| દીવાલ | અને | અને-તેની-ભૂગળો | તેના-તાળાં | તેના-બારણાં | અને-ઊભા-કર્યા | અને-ઊભા-કર્યા | અને-છાપર્યા-તેને | બાંધ્યો-તેને |
| H2346 | H0853 | H1280 | H4514 | | H5975 | H5975 | H2926 | H1129 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ס | דָּוִֽיד׃ | מֵעִ֥יר | הַיּֽוֹרְד֖וֹת | הַֽמַּעֲל֔וֹת | וְעַד־ | הַמֶּ֔לֶךְ | לְגַן־ | הַשֶּׁ֜לַח | בְּרֵכַ֨ת |
| — | દાવિદના | શહેરથી | ઊતરતાં | પગથિયાં | અને-સુધી | રાજાના | બાગ-માટે | શેલાહની | તળાવની |
| | H1732 | | H3381 | | H5704 | H4428 | H1588 | | H1295 |

કારંજાના દરવાજાની મરામત કોલ-હોઝેહનો દીકરો શાલ્લુમ, જે મિસ્પાના જિલ્લાનો અધિકારી હતો, તે કરતો હતો. તેણે તે સમારકામ કરી તેનાં બારણા બેસાડ્યા. તેમને મિજાગરાં જડ્યાં અને ભૂંગળો બેસાડી. રાજાના બગીચા પાસેના શેલાના તળાવની દીવાલ પણ છેક દાઉદનગરમાંથી ઊતરવાની સીડી સુધી બાંધ્યો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| נֶ֙גֶד֙ | עַד־ | בֵּֽית־צ֑וּר | פֶּ֖לֶךְ | חֲצִ֥י | שַׂ֛ר | עַזְבּ֗וּק | בֶּן־ | נְחֶמְיָ֣ה | הֶחֱזִ֞יק | אַחֲרָ֣יו | 16 |
| સામે | સુધી | બેથ-સૂરનો | જિલ્લાનો | અડધા | અધિકારી | અઝબૂકનો | પુત્ર | નહેમ્યાહે | મરામત-કર્યું | તેની-પછી | |
| H5048 | H5704 | H1049 | H6418 | H2677 | H8269 | H5802 | | H5166 | H2388 | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ס | הַגִּבֹּרִֽים׃ | בֵּ֥ית | וְעַ֖ד | הָעֲשׂוּיָ֔ה | הַבְּרֵכָה֙ | וְעַד־ | דָוִ֔יד | קִבְרֵ֣י |
| — | વીરોનું | ઘર | અને-સુધી | બનાવેલા | તળાવ | અને-સુધી | દાવિદની | કબરો |
| | H1368 | | H5704 | | H1295 | H5704 | H1732 | H6913 |

તેની બાજુમાં આઝબૂકનો દીકરો નહેમ્યા, જે બેથ-સૂરના અર્ધા જીલ્લાનો અધિકારી હતો, તેણે દાઉદની કબરોની સામેની જગ્યા સુધી તથા ખોદીને બનાવેલા તળાવ સુધી અને શૂરવીરોના ઘર સુધીના ભાગનું સમારકામ કરાવ્યું.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שַׂר־ | חֲשַׁבְיָ֥ה | הֶחֱזִ֛יק | יָד֗וֹ | עַל־ | בָּנִ֑י | בֶּן־ | רְח֣וּם | הַלְוִיִּ֔ם | הֶחֱזִ֙יקוּ֙ | אַחֲרָ֗יו | 17 |
| અધિકારી | હશાબ્યાહે | મરામત-કર્યું | તેના-હાથ | પાસે | બાનીનો | પુત્ર | રહૂમે | લેવીઓએ | મરામત-કર્યું | તેની-પછી | |
| H8269 | H2811 | H2388 | H3027 | | H1137 | | | H3881 | H2388 | | |

| | | | | |
|---|---|---|---|---|
| ס | לְפִלְכּֽוֹ׃ | קְעִילָ֖ה | פֶּ֥לֶךְ | חֲצִי־ |
| — | તેના-જિલ્લા-માટે | કઈલાહનો | જિલ્લાનો | અડધા |
| | H6418 | H7084 | H6418 | H2677 |

તેના પછી લેવીઓ સમારકામ કરતા હતા, એટલે બાનીના દીકરો રહૂમ. તેની પાસે હશાબ્યા, જે કઈલાના અર્ધા જિલ્લાનો અધિકારી, તે પોતાના ભાગની મરામત કરતો હતો.

18

| אַחֲרָיו | הֶחֱזִיקוּ | אֲחֵיהֶם | בַּוַּי | בֶּן־ | חֵנָדָד | שַׂר | חֲצִי | פֶּלֶךְ | קְעִילָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તેની-પછી | મરામત-કર્યું | તેમના-ભાઈઓએ | બાવ્વાઈએ | પુત્ર | હેનાદાદનો | અધિકારી | અડધા | જિલ્લાનો | કઈલાહનો |
| | H2388 | H0251 | H0942 | | H2582 | H8269 | H2677 | H6418 | H7084 |

| ס |
|---|
| — |

તેની બાજુમાં તેઓના દેશના માણસો, એટલે હેનાદાદનો દીકરો બાવ્વાય + 3:18 બીનૂયી, જે કઈલાના અર્ધા જિલ્લાનો કારભારી હતો. તે સમારકામ કરતો હતો.

19

| וַיְחַזֵּק | עַל־ | יָדוֹ | עֵזֶר | בֶּן־ | יֵשׁוּעַ | שַׂר | הַמִּצְפָּה | מִדָּה | שֵׁנִית | מִנֶּגֶד |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-મરામત-કર્યું | પાસે | તેના-હાથ | એઝેરે | પુત્ર | યેશૂઆનો | અધિકારી | મિસ્પાહનો | ભાગ | બીજો | સામેથી |
| H2388 | | H3027 | H5829 | | H3442 | H8269 | H4709 | | H8145 | H5048 |

| עֲלֹת | הַנֶּשֶׁק | הַמִּקְצֹעַ׃ | ס |
|---|---|---|---|
| ચઢાણ | શસ્ત્રાગારનો | ખૂણા-પરનો | — |
| H5927 | H5402 | H4740 | |

તેના પછી યેશૂઆનો દીકરો એઝેર, જે મિસ્પાનો અધિકારી હતો, તે કોટના ખાંચા આગળના શસ્ત્રાલયના ચઢાવ સામે બીજા એક ભાગની મરામત કરાવતો હતો.

20

| אַחֲרָיו | הֶחֱרָה | הֶחֱזִיק | בָּרוּךְ | בֶּן־ | [זבי] | (זַכַּי) | מִדָּה | שֵׁנִית | מִן־ | הַמִּקְצוֹעַ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તેની-પછી | ઉત્સાહથી | મરામત-કર્યું | બારૂખે | પુત્ર | ઝાબ્બાઈનો | ઝાક્કાઈનો | ભાગ | બીજો | થી | ખૂણા |
| | H2734 | H2388 | H1263 | | H2079 | H2140 | | H8145 | | H4740 |

| עַד־ | פֶּתַח | בֵּית | אֶלְיָשִׁיב | הַכֹּהֵן | הַגָּדוֹל׃ | ס |
|---|---|---|---|---|---|---|
| સુધી | દ્વાર | ઘર | એલ્યાશીબનું | યાજક | મોટા | — |
| H5704 | H6607 | | H0475 | H3548 | | |

તેની બાજુમાં ઝાકકાયનો દીકરો બારુખ કોટના ખાંચાથી તે એલ્યાશીબ મુખ્ય યાજકના ઘરના બારણાં સુધી બીજા એક ભાગની મરામત ચીવટપૂર્વક કરતો હતો.

21

| אַחֲרָיו | הֶחֱזִיק | מְרֵמוֹת | בֶּן־ | אוּרִיָּה | בֶּן־ | הַקּוֹץ | מִדָּה | שֵׁנִית | מִפֶּתַח | בֵּית |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તેની-પછી | મરામત-કર્યું | મરેમોથે | પુત્ર | ઊરિય્યાહનો | પુત્ર | હાક્કોસનો | ભાગ | બીજો | દ્વારથી | ઘર |
| | H2388 | H4822 | | | | H6976 | | H8145 | H6607 | |

| אֶלְיָשִׁיב | וְעַד־ | תַּכְלִית | בֵּית | אֶלְיָשִׁיב׃ | ס |
|---|---|---|---|---|---|
| એલ્યાશીબનું | અને-સુધી | છેડો | ઘર | એલ્યાશીબનું | — |
| H0475 | H5704 | H8503 | | H0475 | |

તેની બાજુમાં હાક્કોસના પુત્ર ઉરિયાના પુત્ર મરેમોથ એલ્યાશીબના ઘરના બારણાથી તે એલ્યાશીબના ઘરના બીજા છેડા સુધી બીજા એક ભાગની મરામત કરતો હતો.

22

| וְאַחֲרָיו | הֶחֱזִיקוּ | הַכֹּהֲנִים | אַנְשֵׁי | הַכִּכָּר׃ |
|---|---|---|---|---|
| અને-તેની-પછી | મરામત-કર્યું | યાજકોએ | માણસોએ | મેદાનના |
| | H2388 | H3548 | H0376 | H3603 |

તેની બાજુમાં યરુશાલેમની આસપાસના પ્રદેશમાં રહેતા યાજકોએ મરામત કરતા હતા.

23

| אַחֲרָיו | הֶחֱזִיק | בִּנְיָמִן | וְחַשּׁוּב | נֶגֶד | בֵּיתָם | ס | אַחֲרָיו | הֶחֱזִיק | עֲזַרְיָה |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તેની-પછી | મરામત-કર્યું | બિન્યામીને | અને-હાશ્શૂબે | સામે | તેમના-ઘરના | — | તેની-પછી | મરામત-કર્યું | અઝાર્યાહે |
| | H2388 | H1144 | H2815 | H5048 | | | | H2388 | H5838 |

| בֶּן־ | מַעֲשֵׂיָה | בֶּן־ | עֲנַנְיָה | אֵצֶל | בֵּיתוֹ׃ | ס |
|---|---|---|---|---|---|---|
| પુત્ર | માઅસેયાહનો | પુત્ર | અનાન્યાહનો | પાસે | તેના-ઘરના | — |
| | H4641 | | H6055 | H0681 | | |

તેઓની બાજુમાં બિન્યામીન તથા હાશ્શૂબ પોતપોતાના ઘરની સામે મરામત કરતા હતા. તેઓની બાજુમાં અનાન્યાનો પુત્ર માસેયાનો પુત્ર અઝાર્યા તેના પોતાના ઘર આગળ મરામત કરતો હતો.

| 24 | אַחֲרָיו | הֶחֱזִיק | בִּנּוּי | בֶּן־ | חֵנָדָד | מִדָּה | שֵׁנִית | מִבֵּית | עֲזַרְיָה | עַד־ | הַמִּקְצוֹעַ | וְעַד־ | הַפִּנָּה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | તેની-પછી | મરામત-કર્યું | બિન્નૂઈએ | પુત્ર | હેનાદાદનો | ભાગ | બીજો | ઘરથી | અઝાર્યાહના | સુધી | ખૂણા | અને-સુધી | ખૂણો |
| | | H2388 | H1131 | | H2582 | | H8145 | | H5838 | H5704 | H4740 | H5704 | H6438 |

તેના પછી હેનાદાદનો પુત્ર બિન્નૂઈ અઝાર્યાના ઘરથી તે કોટના ખાંચા સુધી, બીજા ભાગની મરામત કરતો હતો.

| 25 | פָּלָל | בֶּן־ | אוּזַי | מִנֶּגֶד | הַמִּקְצוֹעַ | וְהַמִּגְדָּל | הַיּוֹצֵא | מִבֵּית | הַמֶּלֶךְ | הָעֶלְיוֹן | אֲשֶׁר | לַחֲצַר | הַמַּטָּרָה | אַחֲרָיו | פְּדָיָה | בֶן־ | פַּרְעֹשׁ׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પાલાલે | પુત્ર | ઉઝાઈનો | સામેથી | ખૂણાના | અને-બુરજ | બહાર-નીકળતો | ઘરથી | રાજાના | ઉપરનો | જે | આગણાનો-છે | ચોકીદારનો | તેની-પછી | પદાયાહે | પુત્ર | પારોશનો | — |
| | H6420 | | H0186 | H5048 | H4740 | H4026 | H3318 | | H4428 | | | | H4307 | | H6305 | | H6551 | |

ઉઝાયનો પુત્ર પાલાલ કોટના ખાંચા સામે તથા જે બુરજ રાજાના ઉપલા મહેલ પાસે ચોકીદારોના આગણા આગળ હતો, તેની સામે મરામત કરતો હતો. તેની બાજુમાં પારોશનો પુત્ર પદાયા મરામત કરતો હતો.

| 26 | וְהַנְּתִינִים | הָיוּ | יֹשְׁבִים | בָּעֹפֶל | עַד | נֶגֶד | שַׁעַר | הַמַּיִם | לַמִּזְרָח | וְהַמִּגְדָּל | הַיּוֹצֵא׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-મંદિરના-સેવકો | રહેતા-હતા | વસતા | ઓફેલમાં | સુધી | સામે | દરવાજો | પાણીનો | પૂર્વ-તરફ | અને-બુરજ | બહાર-નીકળતો | — |
| | H5411 | H1961 | H3427 | H6077 | H5704 | H5048 | H8179 | H4325 | H4217 | H4026 | H3318 | |

હવે ભક્તિસ્થાનના સેવકો ઓફેલમાં રહેતા હતા, તેઓ પૂર્વની બાજુ પાણીના દરવાજાથી તે બહાર પડતા બુરજ સુધીના ખૂણાની મરામત કરતા હતા.

| 27 | אַחֲרָיו | הֶחֱזִיקוּ | הַתְּקֹעִים | מִדָּה | שֵׁנִית | מִנֶּגֶד | הַמִּגְדָּל | הַגָּדוֹל | הַיּוֹצֵא | וְעַד | חוֹמַת | הָעֹפֶל׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | તેની-પછી | મરામત-કર્યું | તકોઈઓએ | ભાગ | બીજો | સામેથી | બુરજ | મોટો | બહાર-નીકળતો | અને-સુધી | દીવાલ | ઓફેલની |
| | | H2388 | H8621 | | H8145 | H5048 | H4026 | | H3318 | H5704 | H2346 | H6077 |

તેની બાજુમાં તકોઈઓ બહાર પડતા મોટા બુરજ સામેથી તે છેક ઓફેલના કોટ સુધી બીજા એક ભાગની મરામત કરતા હતા.

| 28 | מֵעַל | שַׁעַר | הַסּוּסִים | הֶחֱזִיקוּ | הַכֹּהֲנִים | אִישׁ | לְנֶגֶד | בֵּיתוֹ׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઉપરથી | દરવાજો | ઘોડાઓનો | મરામત-કર્યું | યાજકોએ | દરેક | સામે | તેના-ઘરના | — |
| | | H8179 | | H2388 | H3548 | H0376 | H5048 | | |

અશ્વભાગળ ઉપર યાજકો પોતપોતાના ઘરની સામે મરામત કરતા હતા.

| 29 | אַחֲרָיו | הֶחֱזִיק | צָדוֹק | בֶּן־ | אִמֵּר | נֶגֶד | בֵּיתוֹ | ס | וְאַחֲרָיו | הֶחֱזִיק | שְׁמַעְיָה | בֶן־ | שְׁכַנְיָה | שֹׁמֵר | שַׁעַר | הַמִּזְרָח׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | તેની-પછી | મરામત-કર્યું | સાદોક | પુત્ર | ઈમ્મેરનો | સામે | તેના-ઘરના | — | અને-તેની-પછી | મરામત-કર્યું | શમાયાહે | પુત્ર | શખાન્યાહનો | રક્ષક | દરવાજાનો | પૂર્વનો | — |
| | | H2388 | H6659 | | H0564 | H5048 | | | | H2388 | H8098 | | H7935 | H8104 | H8179 | H4217 | |

તેઓના બાજુમાં ઈમ્મેરનો પુત્ર સાદોક પોતાના ઘરની સામેના ભાગની મરામત કરતો હતો. તેની બાજુમાં પૂર્વ ભાગળનો રક્ષક શખાન્યાનો પુત્ર શમાયા મરામત કરતો હતો.

30

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| [אחרי] | (אַחֲרָיו) | הֶחֱזִיק | חֲנַנְיָה | בֶּן־ | שֶׁלֶמְיָה | וְחָנוּן | בֶּן־ | צָלָף | הַשִּׁשִּׁי | מִדָּה |
| તેની-પછી | તેની-પછી | મરામત-કર્યું | હનાન્યાહે | પુત્ર | શેલેમ્યાહનો | અને-હાનૂને | પુત્ર | સાલાફનો | છઠ્ઠો | ભાગ |
| | | H2388 | | | H8018 | H2586 | | H6764 | H8345 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| שֵׁנִי | ס | אַחֲרָיו | הֶחֱזִיק | מְשֻׁלָּם | בֶּן־ | בֶּרֶכְיָה | נֶגֶד | נִשְׁכָּתוֹ׃ | ס |
| બીજો | — | તેની-પછી | મરામત-કર્યું | મશુલ્લામે | પુત્ર | બેરેખ્યાહનો | સામે | તેના-ઓરડાના | — |
| H8145 | | | H2388 | H4918 | | H1296 | H5048 | H5393 | |

તેની બાજુમાં શેલેમ્યાનો પુત્ર હનાન્યા અને સાલાફનો છઠ્ઠો પુત્ર હાનૂન બીજા એક ભાગની મરામત કરતો હતો. તેની બાજુમાં બેરેખ્યાનો પુત્ર મશુલ્લામ તેની ઓરડીના સામે વાળા ભાગની મરામત કરતો હતો.

31

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| [אחרי] | (אַחֲרָיו) | הֶחֱזִיק | מַלְכִּיָּה | בֶּן־ | הַצֹּרְפִי | עַד־ | בֵּית | הַנְּתִינִים | וְהָרֹכְלִים |
| તેની-પછી | તેની-પછી | મરામત-કર્યું | માલ્કિયાહે | પુત્ર | સોનીનો | સુધી | ઘર | મંદિરના-સેવકોનું | અને-વેપારીઓનું |
| | | H2388 | H4441 | | H6885 | H5704 | | H5411 | H7402 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| נֶגֶד | שַׁעַר | הַמִּפְקָד | וְעַד | עֲלִיַּת | הַפִּנָּה׃ |
| સામે | દરવાજો | નિરીક્ષણનો | અને-સુધી | માળિયું | ખૂણાનું |
| H5048 | H8179 | H4663 | H5704 | H5944 | H6438 |

તેની બાજુમાં માલ્કિયા નામનો સોની ભક્તિસ્થાનના સેવકો અને વેપારીઓના ઘરો સુધી, હામ્મિફકાદના દરવાજાની સામે તથા ખૂણા ઉપરની ઓરડીની મરામત કરતો હતો.

32

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּבֵין | עֲלִיַּת | הַפִּנָּה | לְשַׁעַר | הַצֹּאן | הֶחֱזִיקוּ | הַצֹּרְפִים | וְהָרֹכְלִים׃ | פ |
| અને-વચ્ચે | માળિયું | ખૂણાનું | અને-દરવાજા | ઘેટાંના | મરામત-કર્યું | સોનીઓએ | અને-વેપારીઓએ | — |
| H0996 | H5944 | H6438 | H8179 | H6629 | H2388 | H6884 | H7402 | |

ખૂણાની બાજુની ઓરડી તથા ઘેટાં ભાગળની વચ્ચેના ભાગની મરામત સોનીઓ તથા વેપારીઓ કરતા હતા.

## Chapter 4

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | כַּאֲשֶׁר | שָׁמַע | סַנְבַלַּט | כִּי־ | אֲנַחְנוּ | בוֹנִים | אֶת־ | הַחוֹמָה | וַיִּחַר |
| અને-થયું | જ્યારે | સાંભળ્યું | સાનબાલ્લાટે | કે | અમે | બાંધીએ-છીએ | — | દીવાલ | અને-ગુસ્સો-આવ્યો |
| H1961 | | H8085 | H5571 | | H0587 | H1129 | H0853 | H2346 | H2734 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| לוֹ | וַיִּכְעַס | הַרְבֵּה | וַיַּלְעֵג | עַל־ | הַיְּהוּדִים׃ |
| તેને | અને-ખિજાયો | ઘણો | અને-મજાક-કર્યું | વિરુદ્ધ | યહૂદીઓના |
| | H3707 | | H3932 | | H3064 |

હવે જયારે સાન્બાલ્લાટે સાંભળ્યું કે અમે કોટ બાંધીએ છીએ, ત્યારે તે ઉગ્ર થયો. અને રોષે ભરાયો. તેણે યહૂદીઓની હાંસી ઉડાવી.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | לִפְנֵי | אֶחָיו | וְחֵיל | שֹׁמְרוֹן | וַיֹּאמֶר | מָה | הַיְּהוּדִים | הָאֲמֵלָלִים | עֹשִׂים |
| અને-કહ્યુ | સમક્ષ | તેના-ભાઈઓના | અને-સૈન્ય | શોમરોનનું | અને-કહ્યુ | શું | યહૂદીઓ | નબળા | કરે-છે |
| H0559 | H6440 | H0251 | H2426 | H8111 | H0559 | H4100 | H3064 | H0537 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הֲיַעַזְבוּ | לָהֶם | הֲיִזְבָּחוּ | הַיְכַלּוּ | בַיּוֹם | הַיְחַיּוּ | אֶת־ | הָאֲבָנִים | מֵעֲרֵמוֹת |
| શું-છોડશે | તેમના-માટે | શું-બલિદાન-આપશે | શું-પૂરું-કરશે | એક-દિવસમાં | શું-જીવિત-કરશે | — | પથ્થરોને | ઢગલાંમાંથી |
| | H1992 | H2076 | H3615 | H3117 | H2421 | H0853 | H0068 | H6194 |

| | | |
|---|---|---|
| הֶעָפָר | וְהֵמָּה | שְׂרוּפוֹת׃ |
| માટીના | અને-તે | બળેલા-છે |
| H6083 | H1992 | H8313 |

તેના ભાઈઓ અને સમરુનના સૈન્યની હાજરીમાં તે બોલ્યો, “આ નિર્બળ યહૂદીઓ શું કરી રહ્યા છે? શું તેઓ પોતાને માટે ફરીથી નગર બાંધશે? શું તેઓ યજ્ઞ ચઢાવશે? શું તેઓ આ કામ એક દિવસમાં પૂરું કરી શકશે? શું બળી ગયેલી ઈમારતોના ધૂળઢેફાંના ઢગલામાંથી તેઓ પુન:નિર્માણ કરશે?

3
וְטוֹבִיָּה અને-ટોબીયાહ H2900
הָעַמֹּנִי આમ્મોની H5984
אֶצְלוֹ તેની-પાસે H0681
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
גַּם પણ H1571
אֲשֶׁר־ જે
הֵם તેઓ H1992
בּוֹנִים બાંધે-છે H1129
אִם־ જો
יַעֲלֶה ચડે H5927
שׁוּעָל શિયાળ H7776
וּפָרַץ અને-તોડશે H6555
חוֹמַת દીવાલ H2346
אַבְנֵיהֶם׃ તેમના-પત્થરોની H0068
פ —

| H8055 | H0430 | | H8055 | | H2077 | H1931 | H3117 | H2076 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מֵרָחֽוֹק׃ | יְרוּשָׁלִַם | שִׂמְחַת | וַתִּשָּׁמַע | שָׂמֵחוּ | וְהַיְלָדִים | הַנָּשִׁים | וְגַם | גְדוֹלָה | שִׂמְחָה |
| દૂરથી | યરૂશાલેમનો | આનંદ | અને-સંભળાયો | આનંદ-કર્યો | અને-બાળકોએ | સ્ત્રીઓએ | અને-પણ | મોટા | આનંદથી |
| H7350 | H3389 | H8057 | H8085 | H8055 | H3206 | H0802 | H1571 | | H8057 |

અને તે દિવસે તેમણે પુષ્કળ બલિદાન આપ્યાં તથા આનંદોત્સવ કર્યો; કેમ કે ઈશ્વરે તેઓને આનંદથી ભરપૂર કર્યા હતા. વળી સ્ત્રીઓએ તથા બાળકોએ પણ આનંદ કર્યો. તે આનંદ એટલો મોટો હતો કે તેનો અવાજ યરુશાલેમથી ઘણે દૂર સુધી સંભળાતો હતો.

44

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לָרֵאשִׁית | לַתְּרוּמוֹת | לָאוֹצָרוֹת | הַנְּשָׁכוֹת | עַל־ | אֲנָשִׁים | הַהוּא | בַיּוֹם | וַיִּפָּקְדוּ |
| પ્રથમ-ફળો-માટે | અર્પણો-માટે | ખજાનાઓ-માટે | ઓરડાઓ-ઉપર | (blank) | પુરુષોને | તે | દિવસે | અને-નીમાયા |
| H7225 | H8641 | H0214 | H5393 | | H0376 | H1931 | H3117 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לַכֹּהֲנִים | הַתּוֹרָה | מְנָאוֹת | הֶעָרִים | לִשְׂדֵי | בָהֶם | לִכְנוֹס | וְלַמַּעַשְׂרוֹת |
| યાજકો-માટે | નિયમ-પ્રમાણેના | ભાગો | શહેરોન | ખેતરોમાંથી | તેમાં | એકઠ્ઠા-કરવા | અને-દસમ-ભાગો-માટે |
| H3548 | H8451 | H4521 | | | | H3664 | H4643 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הָעֹמְדִים׃ | הַלְוִיִּם | וְעַל־ | הַכֹּהֲנִים | עַל־ | יְהוּדָה | שִׂמְחַת | כִּי | וְלַלְוִיִּם |
| જે-ઊભા-હતા | લેવીઓ-ઉપર | અને | યાજકો-ઉપર | (blank) | યહૂદાનો | આનંદ | કારણ-કે | અને-લેવીઓ-માટે |
| H5975 | H3881 | | H3548 | | H3063 | H8057 | | H3881 |

તે દિવસે ભંડારો, ઉચ્છાલીયાર્પણ, પ્રથમફળો તથા દશાંશોના ભંડારો ઓરડીઓ પર કારભારીઓ ઠરાવવામાં આવ્યા. જેથી તેઓ નગરોના ખેતરો પ્રમાણે યાજકોને તથા લેવીઓને સારુ નિયમશાસ્ત્ર પ્રમાણે ઠરાવેલા હિસ્સા ભેગા કરે. કેમ કે સેવામાં હાજર રહેનાર યાજકો અને લેવીઓના લીધે યહૂદિયાના લોકોએ આનંદ કર્યો.

45

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כְּמִצְוַת | וְהַשֹּׁעֲרִים | וְהַמְשֹׁרְרִים | הַטָּהֳרָה | וּמִשְׁמֶרֶת | אֱלֹהֵיהֶם | מִשְׁמֶרֶת | וַיִּשְׁמְרוּ |
| આજ્ઞા-પ્રમાણે | અને-દ્વારપાળોએ | અને-ગાયકોએ | શુદ્ધિકરણની | અને-સેવા | તેમન-ઈશ્વરની | સેવા | અને-પાળ્યા |
| H4687 | H7778 | H7891 | H2893 | H4931 | H0430 | H4931 | H8104 |

| | | |
|---|---|---|
| בְנֽוֹ׃ | שְׁלֹמֹה | דָוִיד |
| તેના-પુત્રની | સુલેમાનની | દાવિદની |
| | H8010 | H1732 |

તેઓએ, ગાનારાઓએ તથા દ્વારપાળોએ પોતાના ઈશ્વરની સેવા કરી તથા દાઉદ તથા તેના પુત્ર સુલેમાનની આજ્ઞા પ્રમાણે શુદ્ધિકરણની સેવા બજાવી.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 46 | כִּֽי־ | בִימֵ֥י | דָוִ֛יד | וְאָסָ֖ף | מִקֶּ֑דֶם | ]ראש[ | )רָאשֵׁ֣י( | הַמְשֹׁ֣רְרִ֔ים | וְשִׁיר־ | תְּהִלָּ֥ה |
| | કારણ-કે | દિવસોમાં | દાવિદના | અને-આસાફના | પ્રાચીન-કાળથી | (blank) | આગેવાનો | ગાયકોના | અને-ગીત | સ્તુતિનું |
| | | H3117 | H1732 | H0623 | | | | H7891 | | H8416 |

| | |
|---|---|
| וְהֹד֖וֹת | לֵאלֹהִֽים׃ |
| અને-આભારો | ઈશ્વરને |
| H3034 | H0430 |

કારણ કે પ્રાચીનકાળમાં દાઉદના અને આસાફના સમયમાં આસાફ ગાયકોનો મુખ્ય આગેવાન હતો. વળી ઈશ્વરના સ્તવનના તથા આભારસ્તુતિનાં ગીતો પણ હતાં.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 47 | וְכָל־ | יִשְׂרָאֵ֡ל | בִּימֵ֣י | זְרֻבָּבֶל֩ | וּבִימֵ֨י | נְחֶמְיָ֜ה | נֹתְנִ֞ים | מְנָי֧וֹת | הַמְשֹׁרְרִ֛ים |
| | અને-બધા | ઇઝરાયલે | દિવસોમાં | ઝરુબ્બાબેલના | અને-દિવસોમાં | નહેમ્યાના | આપતા-હતા | ભાગો | ગાયકોના |
| | H3605 | H3478 | H3117 | H2216 | H3117 | H5166 | H5414 | H4521 | H7891 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְהַשֹּׁעֲרִ֖ים | דְּבַר־ | י֣וֹם | בְּיוֹמ֑וֹ | וּמַקְדִּשִׁ֣ים | לַלְוִיִּ֔ם | וְהַלְוִיִּ֔ם | מַקְדִּשִׁ֖ים |
| અને-દ્વારપાળોના | વાત | દિવસ | તેન□-દિવસમાં | અને-અલગ-કરતા-હતા | લેવીઓ-માટે | અને-લેવીઓ | અલગ-કરતા-હતા |
| H7778 | H1697 | H3117 | H3117 | H6942 | H3881 | H3881 | H6942 |

| | | |
|---|---|---|
| לִבְנֵ֥י | אַהֲרֹֽן׃ | פ |
| પુત્રો-માટે | અહરોનન□ | (blank) |
| | H0175 | |

ઝરુબ્બાબેલના તથા નહેમ્યાના સમયમાં સર્વ ઇઝરાયલીઓ ગાનારાઓના તથા દ્વારપાળો હિસ્સા તેઓને દરરોજની જરૂરિયાત પ્રમાણે આપતા હતા. તેઓ લેવીઓ માટે અલગ રાખતા હતા અને લેવીઓ હારુનના પુત્રો માટે અલગ હિસ્સો રાખતા હતા.

## Chapter 13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | בַּיּ֣וֹם | הַה֗וּא | נִקְרָ֛א | בְּסֵ֥פֶר | מֹשֶׁ֖ה | בְּאָזְנֵ֣י | הָעָ֑ם | וְנִמְצָ֤א | כָּת֣וּב | בּ֔וֹ |
| | તે-દિવસે | તે | વાંચવામાં-આવ્યું | મૂસાના-પુસ્તકમાં | (blank) | લોકોના-કાનમાં | (blank) | અને-તેમાં-મળ્યું | લખેલું | તેમાં |
| | H3117 | H1931 | H7121 | | H4872 | H0241 | | H4672 | H3789 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר֩ | לֹא־ | יָב֨וֹא | עַמֹּנִ֧י | וּמֹאָבִ֛י | בִּקְהַ֥ל | הָאֱלֹהִ֖ים | עַד־ | עוֹלָֽם׃ |
| કે | ન | આવે | આમ્મોની | અને-મોઆબી | ઈશ્વરની-સભામાં | (blank) | કદી-પણ | (blank) |
| | H3808 | H0935 | H5984 | H4125 | H6951 | H0430 | H5704 | H5769 |

તે દિવસે મૂસાનું નિયમશાસ્ત્ર લોકોને વાંચી સંભળાવવામાં આવ્યું. તેમાં તેઓને એવું લખાણ મળ્યું કે, આમ્મોનીઓને કે મોઆબીઓને ઈશ્વરની મંડળીમાં કદી દાખલ કરવા નહિ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | כִּ֣י | לֹ֥א | קִדְּמ֛וּ | אֶת־ | בְּנֵ֥י | יִשְׂרָאֵ֖ל | בַּלֶּ֣חֶם | וּבַמָּ֑יִם | וַיִּשְׂכֹּ֨ר |
| | કારણ-કે | નહોતું | સ્વાગત-કર્યું | (blank) | ઇઝરાયલના-પુત્રોને | (blank) | રોટલીથી | અને-પાણીથી | અને-ભાડે-રાખ્યો |
| | | H3808 | H6923 | H0853 | | H3478 | H3899 | H4325 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עָלָ֤יו | אֶת־ | בִּלְעָם֙ | לְקַֽלְל֔וֹ | וַיַּהֲפֹ֧ךְ | אֱלֹהֵ֛ינוּ | הַקְּלָלָ֖ה | לִבְרָכָֽה׃ |
| તેમની-વિરુદ્ધ | (blank) | બિલઆમને | શાપ-આપવા | પણ-ફેરવ્યું | આપણા-ઈશ્વરે | શાપને | આશીર્વાદમાં |
| | H0853 | | H7043 | H2015 | H0430 | H7045 | H1293 |

કેમ કે તે લોકો ઇઝરાયલીઓને માટે અન્ન તથા પાણી લઈને સામે મળવા આવ્યા નહોતા, પણ તેઓએ ઇઝરાયલીઓને શાપ આપવા માટે લાંચ આપીને બલામને રોક્યો હતો. તેમ છતાં આપણા ઈશ્વરે તે શાપને આશીર્વાદમાં ફેરવી નાખ્યો હતો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | וַיְהִ֖י | כְּשָׁמְעָ֣ם | אֶת־ | הַתּוֹרָ֑ה | וַיַּבְדִּ֥ילוּ | כָל־ | עֵ֖רֶב | מִיִּשְׂרָאֵֽל׃ |
| | અને-થયું | જ્યારે-સાંભળ્યું | (blank) | નિયમશાસ્ત્ર | તેઓએ-અલગ-કર્યા | બધા | વિદેશીઓને | ઇઝરાયલમાંથી |
| | H1961 | H8085 | H0853 | H8451 | H0914 | H3605 | | H3478 |

જ્યારે લોકોએ આ નિયમશાસ્ત્ર સાંભળ્યું ત્યારે સર્વ વિદેશીઓને ઇઝરાયલમાંથી જુદા કરવામાં આવ્યા.

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְלִפְנֵי | מִזֶּה | אֶלְיָשִׁיב | הַכֹּהֵן | נָתוּן | בְּלִשְׁכַּת | בֵּית־ | אֱלֹהֵינוּ | קָרוֹב |
| અને-આ-પહેલાં | (blank) | એલ્યાશીબ | યાજક | નિયુક્ત-હતો | ઓરડા-ઉપર | ઈશ્વરના-ઘરના | (blank) | સંબંધી |
| H6440 | H2088 | H0475 | H3548 | H5414 | H3957 | | H0430 | H7138 |

| |
|---|
| לְטוֹבִיָּה׃ |
| ટોબિયાનો |
| H2900 |

પરંતુ આ અગાઉ, યાજક એલ્યાશીબ જેને ઈશ્વરના ભક્તિસ્થાનના ભંડારનો કારભારી નીમ્યો હતો, તે ટોબિયાના સગો હતો.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַשׂ | לוֹ | לִשְׁכָּה | גְדוֹלָה | וְשָׁם | הָיוּ | לְפָנִים | נֹתְנִים | אֶת־ | הַמִּנְחָה |
| અને-બનાવ્યો | તેને-માટે | મોટો-ઓરડો | (blank) | અને-ત્યાં | હતા | પહેલાં | રાખતા | (blank) | ખાદ્ય-અર્પણ |
| | | H3957 | | H8033 | H1961 | H6440 | H5414 | H0853 | H4503 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הַלְּבוֹנָה | וְהַכֵּלִים | וּמַעְשַׂר | הַדָּגָן | הַתִּירוֹשׁ | וְהַיִּצְהָר | מִצְוַת | הַלְוִיִּם | וְהַמְשֹׁרְרִים |
| લોબાન | અને-વાસણો | અને-દશમો-ભાગ | અનાજનો | નવા-દ્રાક્ષારસનો | અને-તેલનો | આજ્ઞા-મુજબ | લેવીઓની | અને-ગાયકોની |
| H3828 | H3627 | H4643 | H1715 | H8492 | H3323 | H4687 | H3881 | H7891 |

| | | |
|---|---|---|
| וְהַשֹּׁעֲרִים | וּתְרוּמַת | הַכֹּהֲנִים׃ |
| અને-દ્વારપાળોની | અને-ઉપહાર | યાજકોનો |
| H7778 | H8641 | H3548 |

એલ્યાશીબે ટોબિયા માટે એક વિશાળ રૂમ તૈયાર કરી તેમાં અગાઉ ખાદ્યાર્પણો, ધૂપ, વાસણો, અનાજ, નવો દ્રાક્ષારસ અને જૈતતેલના દશાંશ રાખવામાં આવતા હતા. અને તેમાંથી નિયમ પ્રમાણે લેવીઓ, ગાનારાઓ તથા દ્વારપાળોને આપવામાં આવતું હતું. તેમ જ યાજકોનાં ઉચ્છાલીયાર્પણો પણ તેમાં રાખવામાં આવતાં હતાં.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּבְכָל־ | זֶה | לֹא | הָיִיתִי | בִּירוּשָׁלָם | כִּי | בִּשְׁנַת | שְׁלֹשִׁים | וּשְׁתַּיִם |
| અને-આ-બધા-દરમિયાન | (blank) | ન | હતો | યરૂશાલેમમાં | કારણ-કે | વર્ષમાં | બત્રીસમા | (blank) |
| H3605 | H2088 | H3808 | H1961 | H3389 | | H8141 | H7970 | H8147 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לְאַרְתַּחְשַׁסְתְּא | מֶלֶךְ־ | בָּבֶל | בָּאתִי | אֶל־ | הַמֶּלֶךְ | וּלְקֵץ | יָמִים | נִשְׁאַלְתִּי | מִן־ |
| આર્તાહશાસ્તાના | રાજાના | બાબિલના | ગયો-હતો | (blank) | રાજા-પાસે | અને-સમય-પછી | (blank) | રજા-માગી | (blank) |
| | H4428 | H0894 | H0935 | H0413 | H4428 | H7093 | H3117 | H7592 | |

| |
|---|
| הַמֶּלֶךְ׃ |
| રાજા-પાસેથી |
| H4428 |

પણ તે સમયે હું યરુશાલેમમાં નહોતો, કારણ, બાબિલના રાજા આર્તાહશાસ્તાના બત્રીસમા વર્ષે હું રાજા પાસે ગયો હતો. થોડા સમય પછી મેં રાજા પાસે જવાની પરવાનગી માંગી.

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאָבוֹא | לִירוּשָׁלָם | וָאָבִינָה | בָרָעָה | אֲשֶׁר | עָשָׂה | אֶלְיָשִׁיב | לְטוֹבִיָּה | לַעֲשׂוֹת | לוֹ |
| અને-આવ્યો | યરૂશાલેમમાં | અને-સમજ્યો | દુષ્ટતા | જે | કર્યું-હતું | એલ્યાશીબે | ટોબિયા-માટે | બનાવીને | તેને |
| H0935 | H3389 | H0995 | | | | H0475 | H2900 | | |

| | | | |
|---|---|---|---|
| נִשְׁכָּה | בְּחַצְרֵי | בֵּית | הָאֱלֹהִים׃ |
| ઓરડો | આગણાઓમાં | ઈશ્વરના-ઘરના | (blank) |
| H5393 | | | H0430 |

હું યરુશાલેમ પાછો આવ્યો. એલ્યાશીબે ટોબિયાને માટે ઈશ્વરના સભાસ્થાનની પરસાળમાં રૂમ બાંધીને જે દુષ્કર્મ કર્યું હતું તેની મને ખબર પડી.

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּרַע | לִי | מְאֹד | וָאַשְׁלִיכָה | אֶת־ | כָּל־ | כְּלֵי | בֵית־ | טוֹבִיָּה |
| અને-ખૂબ-ખરાબ-લાગ્યું | મને | ઘણું | અને-ફેંકી-દીધી | (blank) | બધી | ટોબિયાના-ઘરની-વસ્તુઓ | (blank) | (blank) |
| | | H3966 | H7993 | H0853 | H3605 | H3627 | | H2900 |

| | | |
|---|---|---|
| הַחוּץ | מִן־ | הַלִּשְׁכָּה׃ |
| બહાર | (blank) | ઓરડામાંથી |
| H2351 | | H3957 |

ત્યારે હું ઘણો ક્રોધિત થયો અને મેં તે રૂમમાંથી ટોબિયાનો સર્વ સામાન બહાર ફેંકી દીધો.

9

| וָאֹמְרָה | וַיְטַהֲרוּ | הַלְּשָׁכוֹת | וָאָשִׁיבָה | שָּׁם | כְּלֵי | בֵּית | הָאֱלֹהִים |
|---|---|---|---|---|---|---|---|
| અને-આજ્ઞા-આપી | અને-શુદ્ધ-કર્યા | ઓરડાઓ | અને-પાછા-મૂક્યા | ત્યાં | ઈશ્વરના-ઘરના-વાસણો | (blank) | (blank) |
| H0559 | H2891 | H3957 | H7725 | H8033 | H3627 | | H0430 |

| אֶת־ | הַמִּנְחָה | וְהַלְּבוֹנָה: | פ |
|---|---|---|---|
| (blank) | ખાદ્ય-અર્પણ | અને-લોબાન | (blank) |
| H0854 | H4503 | H3828 | |

તેને શુદ્ધ કરવાનો મેં હુકમ કર્યો અને પછી ઈશ્વરના ભક્તિસ્થાનનાં પાત્રો, ખાદ્યાર્પણો તથા લોબાન હું તેમાં પાછાં લાવ્યો.

10

| וָאֵדְעָה | כִּי־ | מְנָיוֹת | הַלְוִיִּם | לֹא | נִתָּנָה | וַיִּבְרְחוּ | אִישׁ־ | לְשָׂדֵהוּ | הַלְוִיִּם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જાણ્યું | કે | ભાગ | લેવીઓનો | નહોતો | આપવામાં-આવ્યો | અને-ભાગી-ગયા | દરેક | પોતાના-ખેતરમાં | લેવીઓ |
| H3045 | | H4521 | H3881 | H3808 | H5414 | H1272 | H0376 | | H3881 |

| וְהַמְשֹׁרְרִים | עֹשֵׂי | הַמְּלָאכָה: |
|---|---|---|
| અને-ગાયકો | કામ-કરનારા | (blank) |
| H7891 | | H4399 |

મને એ પણ ખબર પડી કે લેવીઓના હિસ્સા તેઓને આપવામાં આવતા ન હતા. તેથી લેવીઓ તથા ગાનારાઓ પોતપોતાના ખેતરોમાં ચાલ્યા ગયા હતા.

11

| וָאָרִיבָה | אֶת־ | הַסְּגָנִים | וָאֹמְרָה | מַדּוּעַ | נֶעֱזַב | בֵּית־ | הָאֱלֹהִים | וָאֶקְבְּצֵם |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-ઠપકો-આપ્યો | (blank) | અધિકારીઓને | અને-કહ્યુ | શા-માટે | ત્યજી-દીધું-છે | ઈશ્વરનું-ઘર | (blank) | અને-એકઠા-કર્યા |
| H7378 | H0854 | H5461 | H0559 | H4069 | | | H0430 | H6908 |

| וָאַעֲמִדֵם | עַל־ | עָמְדָם: |
|---|---|---|
| અને-ઊભા-રાખ્યા | (blank) | તેમના-સ્થાને |
| H5975 | | H5977 |

તેથી મેં આગેવાનોની સાથે ઉગ્ર થઈને પૂછ્યું, “શા માટે ઈશ્વરના સભાસ્થાનને તુચ્છકારવામાં આવે છે? મેં લેવીઓને એકત્ર કરીને તેઓને પોતપોતાની જગ્યા પર રાખ્યા.

12

| וְכָל־ | יְהוּדָה | הֵבִיאוּ | מַעְשַׂר | הַדָּגָן | וְהַתִּירוֹשׁ | וְהַיִּצְהָר | לָאוֹצָרוֹת: |
|---|---|---|---|---|---|---|---|
| અને-સમગ્ર | યહૂદાએ | લાવ્યો | દશમો-ભાગ | અનાજનો | અને-નવા-દ્રાક્ષારસનો | અને-તેલનો | ભંડારોમાં |
| H3605 | H3063 | H0935 | H4643 | H1715 | H8492 | H3323 | H0214 |

પછી યહૂદિયાના સર્વ લોકો અનાજનો, દ્રાક્ષારસનો તથા તેલનો દસમો ભાગ ભંડારમાં લાવવા લાગ્યા.

13

| וָאוֹצְרָה | עַל־ | אוֹצָרוֹת | שֶׁלֶמְיָה | הַכֹּהֵן | וְצָדוֹק | הַסּוֹפֵר | וּפְדָיָה | מִן־ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-ભંડારી-નીમ્યા | (blank) | ભંડારો-ઉપર | શેલેમ્યા | યાજક | અને-સાદોક | શાસ્ત્રી | અને-પદાયા | (blank) |
| H0686 | | H0214 | H8018 | H3548 | H6659 | | H6305 | |

| הַלְוִיִּם | וְעַל־ | יָדָם | חָנָן | בֶּן־ | זַכּוּר | בֶּן־ | מַתַּנְיָה | כִּי |
|---|---|---|---|---|---|---|---|---|
| લેવીઓમાંથી | અને-તેમના-હાથ-નીચે | (blank) | હાનાન | ઝાક્કૂરનો-પુત્ર | (blank) | મત્તાન્યાનો-પુત્ર | (blank) | કારણ-કે |
| H3881 | | H3027 | H2605 | | H2139 | | H4983 | |

| נֶאֱמָנִים | נֶחְשָׁבוּ | וַעֲלֵיהֶם | לַחֲלֹק | לַאֲחֵיהֶם: | פ |
|---|---|---|---|---|---|
| વિશ્વાસુ | ગણાતા-હતા | અને-તેમના-ઉપર | વહેંચવાનું-હતું | તેમના-ભાઈઓને | (blank) |
| H0539 | H2803 | | | H0251 | |

તે ભંડારો ઉપર મેં ખજાનચીઓ નીમ્યા તેઓ આ છે: શેલેમ્યા યાજક, સાદોક શાસ્ત્રી તથા લેવીઓમાંનો પદાયા. તેઓના પછી માત્તાન્યાનો દીકરો ઝાક્કૂરનો દીકરો હાનાન હતો, કેમ કે તેઓ વિશ્વાસુ ગણાતા હતા. પોતાના ભાઈઓને વહેંચી આપવું, એ તેઓનું કામ હતું.

14

| זָכְרָה־ | לִּי | אֱלֹהַי | עַל־ | זֹאת | וְאַל־ | תֶּמַח | חֲסָדַי | אֲשֶׁר | עָשִׂיתִי |
|---|---|---|---|---|---|---|---|---|---|
| યાદ-કર | મને | મારા-ઈશ્વર | આ-માટે | (blank) | અને-ન-ભૂંસ | (blank) | મારા-ભક્તિભાવના-કાર્યો | જે | મેં-કર્યા |
| H2142 | | H0430 | | H2063 | H0408 | | | | |

| בְּבֵית | אֱלֹהַי | וּבְמִשְׁמָרָיו: |
|---|---|---|
| ઈશ્વરના-ઘરમાં | (blank) | અને-તેની-સેવાઓમાં |
| | H0430 | H4929 |

મેં પ્રાર્થના કરી, હે મારા ઈશ્વર, આ મારાં સારાં કાર્યોને યાદ રાખજો અને ઈશ્વરના સભાસ્થાનને માટે તથા તેની સેવાને માટે મેં જે સારા કામ કર્યાં છે તેને નષ્ટ થવા દેશો નહિ.

15

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בַּיָּמִים | הָהֵמָּה | רָאִיתִי | בִיהוּדָה | דֹרְכִים־ | גִּתּוֹת | בַּשַּׁבָּת | וּמְבִיאִים | הָעֲרֵמוֹת |
| તે-દિવસોમાં | તે | મેં-જોયું | યહૂદામાં | કચડનારાઓ | દ્રાક્ષકુંડો | વિશ્રામવારે | અને-લાવનારા | ઢગલા |
| H3117 | H1992 | H7200 | H3063 | H1869 | H1660 | H7676 | H0935 | H6194 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְעֹמְסִים | עַל־ | הַחֲמֹרִים | וְאַף־ | יַיִן | עֲנָבִים | וּתְאֵנִים | וְכָל־ | מַשָּׂא |
| અને-લાદનારા | (blank) | ગધેડાં-ઉપર | અને-પણ | દ્રાક્ષારસ | દ્રાક્ષ | અને-અજીર | અને-દરેક-પ્રકારનો | ભાર |
| H6006 | | H2543 | H0637 | H3196 | H6025 | H8384 | H3605 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וּמְבִיאִים | יְרוּשָׁלִַם | בְּיוֹם | הַשַּׁבָּת | וָאָעִיד | בְּיוֹם | מִכְרָם | צָיִד׃ |
| અને-લાવતા-હતા | યરૂશાલેમમાં | દિવસે | વિશ્રામવારના | અને-ચેતવ્યા | દિવસે | તેમના-વેચાણના | ખોરાક |
| H0935 | H3389 | H3117 | H7676 | | H3117 | H4376 | |

તે સમયે યહૂદિયામાં મેં કેટલાક લોકોને વિશ્રામવારના દિવસે દ્રાક્ષચક્કીમાં દ્રાક્ષ પીલતા તથા અનાજની ગૂણો અંદર લાવી ગધેડા પર લાદતા અને દ્રાક્ષારસ, દ્રાક્ષો, અજીર તથા સર્વ પ્રકારના ભાર યરુશાલેમમાં લાવતા જોયા. તેઓને અન્ન વેચતા પણ મેં જોયા, ત્યારે મેં તે દિવસે તેઓની સામે વાંધો લીધો.

16

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהַצֹּרִים | יָשְׁבוּ | בָהּ | מְבִיאִים | דָאג | וְכָל־ | מֶכֶר | וּמֹכְרִים | בַּשַּׁבָּת |
| અને-સોરના-લોકો | રહેતા-હતા | તેમાં | લાવતા-હતા | માછલી | અને-બધા-પ્રકારનો | માલ | અને-વેચતા-હતા | વિશ્રામવારે |
| H6876 | H3427 | | H0935 | H1709 | H3605 | H4377 | H4376 | H7676 |

| | | |
|---|---|---|
| לִבְנֵי | יְהוּדָה | וּבִירוּשָׁלִָם׃ |
| યહૂદાના-લોકોને | (blank) | અને-યરૂશાલેમમાં |
| | H3063 | H3389 |

યરુશાલેમમાં તૂરના માણસો પણ રહેતા હતા, જેઓ માછલી તથા બીજી બધી જાતનો માલ લાવતા અને વિશ્રામવારના દિવસે યહૂદિયાના લોકોને તે વેચતા.

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאָרִיבָה | אֵת | חֹרֵי | יְהוּדָה | וָאֹמְרָה | לָהֶם | מָה־ | הַדָּבָר | הָרָע | הַזֶּה |
| અને-ઠપકો-આપ્યો | (blank) | યહૂદાના-આગેવાનોને | (blank) | અને-કહ્યુ | તેમને | શું-છે | આ-વાત | ખરાબ | આ |
| H7378 | H0854 | H2715 | H3063 | H0559 | | H4100 | H1697 | | H2088 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | אַתֶּם | עֹשִׂים | וּמְחַלְּלִים | אֶת־ | יוֹם | הַשַּׁבָּת׃ |
| જે | તમે | કરો-છો | અને-અપવિત્ર-કરો-છો | (blank) | દિવસ | વિશ્રામવારનો |
| | | | | H0853 | H3117 | H7676 |

પછી મેં યહૂદિયાના આગેવાનોની સામે ફરિયાદ કરીને કહ્યુ, "તમે આ કેવું ખરાબ કામ કરો છો અને વિશ્રામવારના દિવસને ભ્રષ્ટ કરો છો?

18

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הֲלוֹא | כֹה | עָשׂוּ | אֲבֹתֵיכֶם | וַיָּבֵא | אֱלֹהֵינוּ | עָלֵינוּ | אֵת | כָּל־ | הָרָעָה |
| શું-નહોતું | આમ | કર્યું | તમારા-પિતાઓએ | અને-લાવ્યું | આપણા-ઈશ્વરે | આપણા-ઉપર | (blank) | આ-બધી | આફત |
| H3808 | H3541 | | H0001 | H0935 | H0430 | | H0853 | H3605 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַזֹּאת | וְעַל | הָעִיר | הַזֹּאת | וְאַתֶּם | מוֹסִיפִים | חָרוֹן | עַל־ | יִשְׂרָאֵל | לְחַלֵּל |
| આ | અને-ઉપર | આ-નગર | (blank) | અને-તમે | વધારો-છો | ક્રોધ | (blank) | ઇઝરાયલ-ઉપર | અપવિત્ર-કરીને |
| H2063 | | | H2063 | | H0935 | H2740 | | H3478 | |

| | | |
|---|---|---|
| אֶת־ | הַשַּׁבָּת׃ | פ |
| (blank) | વિશ્રામવાર | (blank) |
| H0853 | H7676 | |

શું તમારા પિતૃઓ એમ નહોતા કરતા? અને તેથી આપણા ઈશ્વરે આપણા પર તથા આ નગર પર શું આ બધાં દુઃખો વરસાવ્યાં નથી? હવે તમે વિશ્રામવારના દિવસને ભ્રષ્ટ કરીને ઇઝરાયલ પર ઈશ્વરનો વધારે કોપ લાવો છો."

19

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | כַּאֲשֶׁר | צָלֲלוּ | שַׁעֲרֵי | יְרוּשָׁלִַם | לִפְנֵי | הַשַּׁבָּת | וָאֹמְרָה | וַיִּסָּגְרוּ |
| અને-થયું | જ્યારે | છાયા-પડી | દરવાજાઓ-ઉપર | યરૂશાલેમના | પહેલાં | વિશ્રામવારના | મેં-આજ્ઞા-આપી | અને-બંધ-કરાવ્યા |
| H1961 | | H6751 | H8179 | H3389 | H6440 | H7676 | H0559 | H5462 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַדְּלָתוֹת | וָאֹמְרָה | אֲשֶׁר | לֹא | יִפְתָּחוּם | עַד | אַחַר | הַשַּׁבָּת | וּמִנְּעָרַי | הֶעֱמַדְתִּי |
| દરવાજા | અને-કહ્યુ | કે | ન | ખોલવા | સુધી | પછી | વિશ્રામવાર | અને-મારા-સેવકોને | ઊભા-રાખ્યા |
| | H0559 | | H3808 | | H5704 | | H7676 | H5288 | H5975 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עַל־ | הַשְּׁעָרִים | לֹא־ | יָבוֹא | מַשָּׂא | בְּיוֹם | הַשַּׁבָּת׃ |
| (blank) | દરવાજાઓ-ઉપર | ન | આવે | કોઈ-ભાર | દિવસે | વિશ્રામવારના |
| | H8179 | H3808 | H0935 | | H3117 | H7676 |

વિશ્રામવારને આગલે દિવસે સૂર્ય અસ્ત થાય ત્યારે યરુશાલેમના દરવાજા બંધ કરવાની અને સાબ્બાથ પહેલાં તેઓને નહિ ઉઘાડવાની મેં આજ્ઞા આપી. મેં મારા ચાકરોમાંના કેટલાકને દરવાજા પર ગોઠવ્યા, જેથી શહેરમાં સાબ્બાથને દિવસે કોઈપણ જાતનો માલ અદર લાવવામાં ન આવે.

20

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּלִינוּ | הָרֹכְלִים | וּמֹכְרֵי | כָל־ | מִמְכָּר | מִחוּץ | לִירוּשָׁלִָם | פַּעַם | וּשְׁתָּיִם׃ |
| અને-રોકાયા | વેપારીઓ | અને-વેચનારા | દરેક-પ્રકારના | માલના | બહાર | યરૂશાલેમની | એકદ | બે-વાર |
| | H7402 | H4376 | H3605 | H4465 | H2351 | H3389 | H6471 | H8147 |

વેપારીઓ તથા સર્વ પ્રકારનો માલ વેચનારાઓએ એક બે વખત યરુશાલેમની બહાર મુકામ કર્યો.

21

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאָעִידָה | בָהֶם | וָאֹמְרָה | אֲלֵיהֶם | מַדּוּעַ | אַתֶּם | לֵנִים | נֶגֶד | הַחוֹמָה | אִם־ |
| અને-ચેતવ્યા | તેમને | અને-કહ્યુ | તેમને | શા-માટે | તમે | રાત-વિતાવો-છો | સામે | દીવાલના | જો |
| | | H0559 | H0413 | H4069 | | | H5048 | H2346 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| תִּשְׁנוּ | יָד | אֶשְׁלַח | בָּכֶם | מִן־ | הָעֵת | הַהִיא | לֹא־ | בָאוּ | בַּשַּׁבָּת׃ | ס |
| ફરીથી-કરશો-તો | હાથ | ઉઠાવીશ | તમારા-ઉપર | તે-સમયથી | (blank) | (blank) | ન | આવ્યા | વિશ્રામવારે | (blank) |
| | H3027 | H7971 | | | H6256 | H1931 | H3808 | H0935 | H7676 | |

પણ મેં તેમને ચેતવણી આપી, "તમે દીવાલની બહાર કેમ છાવણી નાખો છો? જો તમે ફરી એ પ્રમાણે કરશો તો હું તમારી સામે પગલાં લઈશ" ત્યાર પછી તે સમયથી તેઓ વિશ્રામવારના દિવસે ક્યારેય આવ્યા નહિ.

22

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאֹמְרָה | לַלְוִיִּם | אֲשֶׁר | יִהְיוּ | מִטַּהֲרִים | וּבָאִים | שֹׁמְרִים | הַשְּׁעָרִים | לְקַדֵּשׁ | אֶת־ |
| અને-કહ્યુ | લેવીઓને | કે | પોતાને-શુદ્ધ-કરે | (blank) | અને-આવે | રક્ષકો-બનીને | દરવાજાના | પવિત્ર-કરવા | (blank) |
| H0559 | H3881 | | H1961 | H2891 | H0935 | H8104 | H8179 | H6942 | H0853 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יוֹם | הַשַּׁבָּת | גַּם־ | זֹאת | זָכְרָה־ | לִּי | אֱלֹהַי | וְחוּסָה | עָלַי | כְּרֹב | חַסְדֶּךָ׃ |
| દિવસ | વિશ્રામવારનો | પણ | આ | યાદ-કર | મને | મારા-ઈશ્વર | અને-દયા-કર | મારા-ઉપર | તારી-મહાન | કૃપા-મુજબ |
| H3117 | H7676 | H1571 | H2063 | H2142 | | H0430 | H2347 | | H7230 | |

| |
|---|
| פ |
| (blank) |

મેં લેવીઓને આજ્ઞા કરી કે વિશ્રામવારના દિવસે તેઓ પોતાને પવિત્ર રાખવા માટે પોતે શુદ્ધ થાય અને દરવાજાઓની સંભાળ રાખે. મેં પ્રાર્થના કરી, હે મારા ઈશ્વર, મારા લાભમાં આનું પણ સ્મરણ કરો કેમ કે તમારી કૃપાને લીધે મારી પર કરુણા કરો.

23

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְגַם | בַּיָּמִים | הָהֵם | רָאִיתִי | אֶת־ | הַיְּהוּדִים | הֹשִׁיבוּ | נָשִׁים | [אשדודיות] |
| અને | તે-દિવસોમાં | (blank) | મેં-જોયું | (blank) | યહૂદીઓ-કે-જેઓએ | પરણ્યા-હતા | સ્ત્રીઓ | (blank) |
| H1571 | H3117 | H1992 | H7200 | H0853 | H3064 | H3427 | H0802 | H0796 |

| | | | |
|---|---|---|---|
| (אַשְׁדֳּדִיּוֹת) | [עמוניות] | (עַמֳּנִיּוֹת) | מוֹאֲבִיּוֹת׃ |
| આશ્દોદી | (blank) | આમ્મોની | મોઆબી |
| H0796 | H5984 | H5984 | H4125 |

તે સમયે જે યહૂદીઓએ આશ્દોદી, આમ્મોની તથા મોઆબી સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં હતાં તેઓને મેં જોયા.

24 וּבְנֵיהֶם અને–તેમનાં–બાળકો
חֲצִי અડધા H2677
מְדַבֵּר બોલતાં–હતાં H1696
אַשְׁדּוֹדִית આશ્દોદી–ભાષા H0797
וְאֵינָם અને–જાણતાં–નહોતાં H0369
מַכִּירִים (blank)
לְדַבֵּר બોલવા H1696
יְהוּדִית યહૂદી–ભાષા H3066
וְכִלְשׁוֹן અને–ભાષા–મુજબ H3956
עַם પ્રજા
וָעָם׃ દરેકની

તેઓનાં બાળકો અર્ધું આશ્દોદી ભાષામાં બોલતાં હતાં અને તેઓને યહૂદીઓની ભાષા આવડતી ન હતી, પણ પોતપોતાના લોકોની મિશ્ર ભાષા બોલતાં હતાં.

25 וָאָרִיב અને–ઝઘડ્યો H7378
עִמָּם તેમની–સાથે
וָאֲקַלְלֵם અને–શાપ–આપ્યો H7043
וָאַכֶּה અને–માર્યા H5221
מֵהֶם તેમાંથી–કેટલાકને H1992
אֲנָשִׁים (blank) H0376
וָאֶמְרְטֵם અને–વાળ–ખેંચ્યા H4803
וָאַשְׁבִּיעֵם અને–સોગંદ–લેવડાવ્યા H7650
בֵּאלֹהִים ઈશ્વરના–નામે H0430
אִם־ કે–ન
תִּתְּנוּ આપશો H5414
בְנֹתֵיכֶם તમારી–દીકરીઓ H1323
לִבְנֵיהֶם તેમના–દીકરાઓને
וְאִם־ અને–ન
תִּשְׂאוּ લેશો H5375
מִבְּנֹתֵיהֶם તેમની–દીકરીઓ H1323
לִבְנֵיכֶם તમારા–દીકરાઓ–માટે
וְלָכֶם׃ અને–તમારા–માટે

મેં તેઓની વિરુદ્ધ થઈને તેઓનો તિરસ્કાર કર્યો, તેઓમાંના કેટલાકને માર્યા, તેઓના વાળ ખેંચી કાઢ્યા અને તેઓ પાસે ઈશ્વરના સમ ખવડાવ્યા કે, "અમે અમારી પોતાની દીકરીઓના લગ્ન તેઓના દીકરાઓ સાથે કરાવીશું નહિ અને તેઓની દીકરીઓ સાથે અમારા દીકરાઓના લગ્ન પણ કરાવીશું નહિ.

26 הֲלוֹא શું–નહોતું H3808
עַל־ આ–બાબતમાં
אֵלֶּה (blank) H0428
חָטָא־ પાપ–કર્યું H2398
שְׁלֹמֹה સુલેમાને H8010
מֶלֶךְ રાજા H4428
יִשְׂרָאֵל ઇઝરાયલના H3478
וּבַגּוֹיִם અને–ઘણી–પ્રજાઓમાં
הָרַבִּים (blank)
לֹא־ ન H3808
הָיָה હતો H1961
מֶלֶךְ રાજા H4428
כָּמֹהוּ તેના–જેવો H3644
וְאָהוּב અને–પ્રિય H0157
לֵאלֹהָיו ઈશ્વરનો H0430
הָיָה હતો H1961
וַיִּתְּנֵהוּ અને–બનાવ્યો–તેને H5414
אֱלֹהִים ઈશ્વરે H0430
מֶלֶךְ રાજા H4428
עַל־ (blank)
כָּל־ સમગ્ર H3605
יִשְׂרָאֵל ઇઝરાયલ–ઉપર H3478
גַּם־ તોપણ H1571
אוֹתוֹ તેને H0853
הֶחֱטִיאוּ પાપ–કરાવ્યું H2398
הַנָּשִׁים વિદેશી–સ્ત્રીઓએ H0802
הַנָּכְרִיּוֹת׃ (blank) H5237

ઇઝરાયલના રાજા સુલેમાને શું એ બાબતો વિષે પાપ નહોતું કર્યું? જો કે ઘણા રાષ્ટ્રોમાં તેના જેટલો મહાન રાજા કોઈ નહોતો, તે પોતાના ઈશ્વરનો વહાલો હતો. અને ઈશ્વરે તેને સર્વ ઇઝરાયલીઓ પર રાજા ઠરાવ્યો હતો. તેમ છતાં તેની વિદેશી પત્નીઓએ તેને પાપ કરવા પ્રેર્યો હતો.

27 וְלָכֶם અને–તમારા–માટે
הֲנִשְׁמַע શું–સાંભળીએ H8085
לַעֲשֹׂת કરવા
אֵת (blank) H0853
כָּל־ આ–બધું H3605
הָרָעָה મહાન–દુષ્ટતા
הַגְּדוֹלָה (blank)
הַזֹּאת આ H2063
לִמְעֹל વિશ્વાસઘાત–કરવો H4603
בֵּאלֹהֵינוּ આપણા–ઈશ્વરનો H0430
לְהֹשִׁיב પરણીને H3427
נָשִׁים સ્ત્રીઓ H0802
נָכְרִיּוֹת׃ વિદેશી H5237

તો શું અમે તમારું સાંભળીને વિદેશી સ્ત્રીઓ સાથે લગ્ન કરીને આપણા ઈશ્વરની વિરુદ્ધ ઉલ્લંઘન કરીને આવું મોટું પાપ કરીએ?"

28 וּמִבְּנֵי અને–દીકરાઓમાંથી
יוֹיָדָע યોયાદાના H3111
בֶּן־ પુત્ર
אֶלְיָשִׁיב એલ્યાશીબના H0475
הַכֹּהֵן યાજક H3548
הַגָּדוֹל મુખ્ય
חָתָן જમાઈ–હતો H2860
לְסַנְבַלַּט સાન્બાલ્લાટનો H5571
הַחֹרֹנִי હોરોની H2772
וָאַבְרִיחֵהוּ અને–ભગાડ્યો–તેને H1272
מֵעָלָי׃ મારી–પાસેથી

મુખ્ય યાજક એલ્યાશીબનો દીકરો યોયાદાના દીકરાઓમાંના એક હોરોની સાન્બાલ્લાટનો જમાઈ હતો. તેથી મેં તેને મારી આગળથી કાઢી મૂક્યો.

29

| | | |
|---|---|---|
| זָכְרָה | યાદ-કર | H2142 |
| לָהֶם | તેમને-વિરુદ્ધ | H1992 |
| אֱלֹהָי | મારા-ઈશ્વર | H0430 |
| עַל | (blank) | |
| גָּאֳלֵי | અપવિત્ર-કરનારાઓ | H1352 |
| הַכְּהֻנָּה | યાજકપદના | H3550 |
| וּבְרִית | અને-કરાર | H1285 |
| הַכְּהֻנָּה | યાજકપદનો | H3550 |
| וְהַלְוִיִּם׃ | અને-લેવીઓનો | H3881 |

હે મારા ઈશ્વર, તેઓનું સ્મરણ કરો, કેમ કે તેઓએ યાજકપદને અને યાજકપદના તથા લેવીઓના કરારને અપવિત્ર કર્યાં છે.

30

| | | |
|---|---|---|
| וְטִהַרְתִּים | અને-શુદ્ધ-કર્યા | H2891 |
| מִכָּל־ | બધા-વિદેશીઓથી | H3605 |
| נֵכָר | (blank) | H5236 |
| וָאַעֲמִידָה | અને-નિયુક્ત-કર્યા | H5975 |
| מִשְׁמָרוֹת | ફરજો | H4931 |
| לַכֹּהֲנִים | યાજકોની | H3548 |
| וְלַלְוִיִּם | અને-લેવીઓની | H3881 |
| אִישׁ | દરેકને | H0376 |
| בִּמְלַאכְתּוֹ׃ | પોતાના-કામમાં | H4399 |

આ રીતે મેં સર્વ વિદેશીઓના સંબંધમાંથી તેઓને શુદ્ધ કર્યા અને યાજકોને તથા લેવીઓને પોતપોતાના કામના ક્રમ ઠરાવી આપ્યા.

31

| | | |
|---|---|---|
| וּלְקֻרְבַּן | અને-લાકડાંના-અર્પણ-માટે | |
| הָעֵצִים | (blank) | H6086 |
| בְּעִתִּים | નિયત-સમયે | H6256 |
| מְזֻמָּנוֹת | (blank) | H2163 |
| וְלַבִּכּוּרִים | અને-પ્રથમ-ફળો-માટે | H1061 |
| זָכְרָה־ | યાદ-કર | H2142 |
| לִּי | મને | |
| אֱלֹהַי | મારા-ઈશ્વર | H0430 |
| לְטוֹבָה׃ | ભલાઈ-માટે | |

મેં ઠરાવેલા સમયે કાષ્ટાર્પણ માટે તથા પ્રથમ ફળોને માટે પણ ક્રમ ઠરાવી આપ્યો. હે મારા ઈશ્વર, મારા હિતને માટે તેનું સ્મરણ કરો.

# એસ્તેર

## Chapter 1

1

| וַיְהִי | בִּימֵי | אֲחַשְׁוֵרוֹשׁ | הוּא | אֲחַשְׁוֵרוֹשׁ | הַמֹּלֵךְ | מֵהֹדּוּ | וְעַד־ | כּוּשׁ | שֶׁבַע |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું | દિવસોમાં | અહાશ્વેરોશના | તે | અહાશ્વેરોશ | જે-રાજ-કરતો-હતો | હિન્દુસ્તાનથી | અને-સુધી | કૂશ | સાત |
| H1961 | H3117 | H0325 | H1931 | H0325 | | H1912 | H5704 | | H7651 |

| וְעֶשְׂרִים | וּמֵאָה | מְדִינָה׃ |
|---|---|---|
| અને-વીસ | અને-સો | પ્રાંતો-પર |
| H6242 | H3967 | H4082 |

અહાશ્વેરોશ રાજા જે ભારત દેશથી કૂશ + 1:1 ઈથિયોપિયા સુધીના એકસો સત્તાવીસ પ્રાંતો પર રાજ કરતો હતો તેના સમયમાં એવું બન્યું કે,

2

| בַּיָּמִים | הָהֵם | כְּשֶׁבֶת | הַמֶּלֶךְ | אֲחַשְׁוֵרוֹשׁ | עַל | כִּסֵּא | מַלְכוּתוֹ | אֲשֶׁר | בְּשׁוּשַׁן |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તે-દિવસોમાં | તે | જ્યારે-બેઠો | રાજા | અહાશ્વેરોશ | પર | રાજગાદી | તેના-રાજ્યની | જે | શૂશનમાં |
| H3117 | H1992 | H3427 | H4428 | H0325 | | H3678 | H4438 | | H7800 |

| הַבִּירָה׃ |
|---|
| રાજમહેલમાં |
| H1002 |

રાજા અહાશ્વેરોશ સૂસાના મહેલમાં પોતાના સિંહાસન પર બિરાજમાન હતો તે દરમિયાન.

3

| בִּשְׁנַת | שָׁלוֹשׁ | לְמָלְכוֹ | עָשָׂה | מִשְׁתֶּה | לְכָל־ | שָׂרָיו | וַעֲבָדָיו | חֵיל | פָּרַס |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ત્રીજા-વર્ષે | ત્રણ | તેના-રાજ્યના | તેણે-કર્યું | મિજબાની | બધા | તેના-સરદારો | અને-સેવકો-માટે | સેના | પારસની |
| H8141 | H7969 | | | H4960 | H3605 | H8269 | H5650 | H2428 | H6539 |

| וּמָדַי | הַפַּרְתְּמִים | וְשָׂרֵי | הַמְּדִינוֹת | לְפָנָיו׃ |
|---|---|---|---|---|
| અને-માદીની | ઉમરાવો | અને-સરદારો | પ્રાંતોના | તેની-સામે |
| H4074 | H6579 | H8269 | H4082 | H6440 |

તેની કારકિર્દીને ત્રીજે વર્ષે તેણે પોતાના સર્વ સરદારો અને તેના સેવકોને મિજબાની આપી. ત્યારે ઇરાન તથા માદાયના અમલદારો, પ્રાંતોના અમીર ઉમરાવો તથા સરદારો તેની સમક્ષ ઉપસ્થિત હતા.

4

| בְּהַרְאֹתוֹ | אֶת־ | עֹשֶׁר | כְּבוֹד | מַלְכוּתוֹ | וְאֶת־ | יְקָר | תִּפְאֶרֶת | גְּדוּלָּתוֹ | יָמִים | רַבִּים |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બતાવતાં | - | ધન | ગૌરવ | તેના-રાજ્યનું | અને | મહિમા | શોભા | તેની-મહાનતાનું | દિવસો | ઘણા |
| H7200 | H0853 | H6239 | H3519 | H4438 | H0853 | H3366 | H8597 | H1420 | H3117 | |

| שְׁמוֹנִים | וּמְאַת | יוֹם׃ |
|---|---|---|
| એંશી | અને-સો | દિવસ |
| H8084 | H3967 | H3117 |

ત્યારથી તેણે પોતાના વિખ્યાત રાજ્યનું ગૌરવ અને પોતાના મહાપ્રતાપનો વૈભવ સતત એકસો એંશી દિવસ પ્રદર્શિત કર્યા.

5

| וּבִמְלוֹאת | הַיָּמִים | הָאֵלֶּה | עָשָׂה | הַמֶּלֶךְ | לְכָל־ | הָעָם | הַנִּמְצְאִים | בְּשׁוּשַׁן |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-પૂરા-થયા-પછી | આ-દિવસો | આ | રાજાએ-કર્યું | રાજાએ | બધા | લોકો-માટે | જે-હાજર-હતા | શૂશનમાં |
| H4390 | H3117 | H0428 | | H4428 | H3605 | | H4672 | H7800 |

| הַבִּירָה | לְמִגָּדוֹל | וְעַד־ | קָטָן | מִשְׁתֶּה | שִׁבְעַת | יָמִים | בַּחֲצַר | גִּנַּת | בִּיתַן | הַמֶּלֶךְ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રાજમહેલમાં | મોટાથી | અને-સુધી | નાના-સુધી | મિજબાની | સાત | દિવસ | આગણામાં | બાગના | મહેલના | રાજાના |
| H1002 | | H5704 | | H4960 | H7651 | H3117 | | H1594 | H1055 | H4428 |

એ દિવસો પછી રાજાએ સૂસાના મહેલમાં જેઓ હાજર હતા તે નાનામોટાં સર્વ લોકોને, સાત દિવસ સુધી મહેલના બાગના ચોકમાં મિજબાની આપી.

6

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| חוּר | כַּרְפַּס | וּתְכֵלֶת | אָחוּז | בְּחַבְלֵי־ | בוּץ | וְאַרְגָּמָן | עַל־ | גְּלִילֵי | כֶסֶף |
| સફેદ | કાપડ | અને-ભૂરા-રંગનું | બાંધેલું | દોરીઓથી | શણના | અને-જાંબલી | ઉપર | ગોળ-કડાંથી | ચાંદીના |
| H2353 | H3768 | H8504 | H0270 | | H0948 | H0713 | | | H3701 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַמּוּדֵי | שֵׁשׁ | מִטּוֹת | זָהָב | וָכֶסֶף | עַל | רִצְפַת | בַּהַט־ | וָשֵׁשׁ | וְדַר | וְסֹחָרֶת׃ |
| અને-સ્તંભો | આરસના | પલંગો | સોનાના | અને-ચાંદીના | ઉપર | ફરશ | સંગેમરમર | અને-આરસ | અને-મોતી | અને-રત્નોના |
| H5982 | | H4296 | H2091 | H3701 | | | H0923 | | H1858 | H5508 |

ત્યાં સફેદ, ભૂરા તથા જાંબુડી રંગના વસ્ત્રના પડદા ચાંદીની કડીઓવાળા તથા આરસપહાણના સ્તંભો સાથે જાંબુડી તથા બારીક શણની સૂતળી વડે બાંધવામાં આવ્યા હતા. સોનાચાંદીના પલંગો લાલ, ધોળા, પીળા તથા કાળાં આરસપહાણની ફરસબંધી પર સજાવેલા હતા.

7

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהַשְׁקוֹת | בִּכְלֵי | זָהָב | וְכֵלִים | מִכֵּלִים | שׁוֹנִים | וְיֵין | מַלְכוּת | רָב |
| અને-પીવાનું | સોનાના-વાસણોમાં | સોનાના | અને-વાસણો | વાસણોથી | જુદા-જુદા | અને-દ્રાક્ષારસ | રાજ્યનો | પુષ્કળ |
| H8248 | H3627 | H2091 | H3627 | H3627 | | H3196 | H4438 | |

| | |
|---|---|
| כְּיַד | הַמֶּלֶךְ׃ |
| રાજાના-હાથ-પ્રમાણે | રાજાના |
| H3027 | H4428 |

તેઓને પીવા માટેના પ્યાલા સોનાના હતા. એ પ્યાલા વિશિષ્ઠ પ્રકારના હતા. અને રાજાની ઉદારતા પ્રમાણે ત્યાં પુષ્કળ પ્રમાણમાં મદીરા હતો.

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהַשְּׁתִיָּה | כַדָּת | אֵין | אֹנֵס | כִּי־ | כֵן | יִסַּד | הַמֶּלֶךְ | עַל | כָּל־ |
| અને-પીવાનું | નિયમ-પ્રમાણે | કોઈ-નહોતું | ફરજ-પાડનાર | કારણ-કે | એમ | ઠરાવ્યું-હતું | રાજાએ | દરેક | દરેક |
| H8360 | H1881 | H0369 | H0597 | | | H3245 | H4428 | | H3605 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| רַב | בֵּיתוֹ | לַעֲשׂוֹת | כִּרְצוֹן | אִישׁ־ | וָאִישׁ׃ |
| મોટા | તેના-ઘરના | કરવા-માટે | ઇચ્છા-પ્રમાણે | દરેક | મનુષ્યની |
| | | | H7522 | H0376 | H0376 |

તે માપસર પીવામાં આવતો હતો, જોકે કોઈને પીવા માટે દબાણ કરી શકાતું ન હતું. કેમ કે રાજાએ પોતાના મહેલના સર્વ કારભારીઓને હુકમ કર્યો હતો કે, “તમારે પ્રત્યેક માણસની મરજી પ્રમાણે મદીરા પીરસવો.”

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| גַּם | וַשְׁתִּי | הַמַּלְכָּה | עָשְׂתָה | מִשְׁתֵּה | נָשִׁים | בֵּית | הַמַּלְכוּת | אֲשֶׁר | לַמֶּלֶךְ | אֲחַשְׁוֵרוֹשׁ׃ |
| પણ | વાશ્તી | રાણીએ | કરી | મિજબાની | સ્ત્રીઓ-માટે | ઘરમાં | રાજ્યના | જે | રાજા | અહાશ્વેરોશનું |
| H1571 | H2060 | H4436 | | H4960 | H0802 | | H4438 | | H4428 | H0325 |

ס
—

રાજાની રાણી વાશ્તીએ પણ અહાશ્વેરોશ રાજાના રાજમહેલમાં ભવ્ય મિજબાની આપી.

10

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בַּיּוֹם | הַשְּׁבִיעִי | כְּטוֹב | לֵב־ | הַמֶּלֶךְ | בַּיָּיִן | אָמַר | לִמְהוּמָן | בִּזְּתָא |
| સાતમા-દિવસે | સાતમા | જ્યારે-આનંદિત-હતું | હૃદય | રાજાનું | દ્રાક્ષારસથી | તેણે-કહ્યુ | મહૂમાનને | બિઝથાને |
| H3117 | H7637 | | | H4428 | H3196 | H0559 | H4104 | H0968 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| חַרְבוֹנָא | בִּגְתָא | וַאֲבַגְתָא | זֵתַר | וְכַרְכַּס | שִׁבְעַת | הַסָּרִיסִים | הַמְשָׁרְתִים | אֶת־ | פְּנֵי |
| હાર્બોનાને | બિગ્થાને | અને-અબગ્થાને | ઝેથારને | અને-કાર્કસને | સાત | ખોજાઓને | જે-સેવા-કરતા-હતા | - | સમક્ષ |
| H2726 | H0903 | H0005 | H2242 | H3752 | H7651 | H5631 | H8334 | H0854 | H6440 |

| | |
|---|---|
| הַמֶּלֶךְ | אֲחַשְׁוֵרוֹשׁ׃ |
| રાજા | અહાશ્વેરોશના |
| H4428 | H0325 |

સાતમે દિવસે જયારે રાજા દ્રાક્ષારસમાં મગ્ન હતો ત્યારે તેણે મહૂમાન, બિઝથા, હાર્બોના, બિગ્થા, અબાગ્થા, ઝેથાર અને કાર્કાસ એ સાત ખોજા + 1:10 પૌરુષહીન પુરુષો જેઓ મહત્વપૂર્ણ અધિકારીઓ હતા. જેઓ તેના હજૂરિયા ચાકર હતા, તેઓને આજ્ઞા કરી

11

| | | |
|---|---|---|
| לְהָבִיא | લાવવા | H0935 |
| אֶת־ | – | H0853 |
| וַשְׁתִּי | વાશ્તી | H2060 |
| הַמַּלְכָּה | રાણીને | H4436 |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| הַמֶּלֶךְ | રાજાની | H4428 |
| בְּכֶתֶר | રાજ-મુકુટ-સાથે | H3804 |
| מַלְכוּת | રાજ્યના | H4438 |
| לְהַרְאוֹת | દેખાડવા-માટે | H7200 |
| הָעַמִּים | લોકોને | |
| וְהַשָּׂרִים | અને-સરદારોને | H8269 |
| אֶת־ | – | H0853 |
| יָפְיָהּ | તેની-સુંદરતા | H3308 |
| כִּי־ | કારણ-કે | |
| טוֹבַת | સુંદર | |
| מַרְאֶה | દેખાવમાં | H4758 |
| הִיא׃ | તે-હતી | H1931 |

“વાશ્તી રાણીને રાજમુગટ પહેરાવીને તેનું સૌંદર્ય લોકો તથા સરદારો સમક્ષ પ્રદર્શિત કરવા માટે મારી સમક્ષ હાજર કરો. તે દેખાવમાં ખૂબ રૂપાળી હતી.

12

| | | |
|---|---|---|
| וַתְּמָאֵן | પણ-ઇનકાર-કર્યો | H3985 |
| הַמַּלְכָּה | રાણી | H4436 |
| וַשְׁתִּי | વાશ્તીએ | H2060 |
| לָבוֹא | આવવાનો | H0935 |
| בִּדְבַר | હુકમ-પ્રમાણે | H1697 |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| אֲשֶׁר | જે | |
| בְּיַד | હાથે | H3027 |
| הַסָּרִיסִים | ખોજાઓના | H5631 |
| וַיִּקְצֹף | અને-ગુસ્સે-થયો | H7107 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| מְאֹד | ખૂબ | H3966 |
| וַחֲמָתוֹ | અને-તેનો-ક્રોધ | H2534 |
| בָּעֲרָה | સળગ્યો | |
| בוֹ׃ | તેનામાં | |

પણ રાજાએ પોતાના ખોજાઓની મારફતે જે આજ્ઞા કરી હતી તે પ્રમાણે રાજાની સમક્ષ ઉપસ્થિત થવાની વાશ્તી રાણીએ ચોખ્ખી ના પાડી દીધી. આથી રાજા એટલો બધો ઉગ્ર થયો કે તે ક્રોધથી તપી ગયો.

13

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הַמֶּלֶךְ | રાજાએ | H4428 |
| לַחֲכָמִים | જ્ઞાનીઓને | H2450 |
| יֹדְעֵי | જાણનારા | H3045 |
| הָעִתִּים | સમયના | H6256 |
| כִּי־ | કારણ-કે | |
| כֵן | એવો | |
| דְּבַר | રિવાજ-હતો | H1697 |
| הַמֶּלֶךְ | રાજાનો | H4428 |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| כָּל־ | બધા | H3605 |
| יֹדְעֵי | જાણનારાઓની | H3045 |
| דָּת | કાયદો | H1881 |
| וָדִין׃ | અને-ન્યાય | H1779 |

તેથી રાજાએ સમયો પારખનાર જ્ઞાનીઓને પૂછ્યું. કેમ કે તે સમયે નિયમ તથા રૂઢી જાણનાર સર્વને પૂછવાનો રાજાનો રિવાજ હતો.

14

| | | |
|---|---|---|
| וְהַקָּרֹב | અને-નજીક | H7138 |
| אֵלָיו | તેની | H0413 |
| כַּרְשְׁנָא | કાર્શના | H3771 |
| שֵׁתָר | શેથાર | H8369 |
| אַדְמָתָא | અદમાથા | H0133 |
| תַרְשִׁישׁ | તાર્શીશ | H8659 |
| מֶרֶס | મેરેસ | H4825 |
| מַרְסְנָא | માર્સના | H4826 |
| מְמוּכָן | મમૂકાન | H4462 |
| שִׁבְעַת | સાત | H7651 |
| שָׂרֵי | સરદારો | H8269 |
| פָּרַס | પારસના | H6539 |
| וּמָדַי | અને-માદીના | H4074 |
| רֹאֵי | જે-જોતા-હતા | H7200 |
| פְּנֵי | મુખ | H6440 |
| הַמֶּלֶךְ | રાજાનું | H4428 |
| הַיֹּשְׁבִים | જે-બેસતા-હતા | H3427 |
| רִאשֹׁנָה | પ્રથમ | H7223 |
| בַּמַּלְכוּת׃ | રાજ્યમાં | H4438 |

હવે જેઓ રાજાની ખૂબ જ નિકટ હતા તેઓ કાર્શના, શેથાર આદમાથા, તાર્શીશ, મેરેસ, માર્સના, અને મમૂખાન હતા. તેઓ સાત ઇરાનના અને માદાયના સરદારો હતા. તેઓ રાજાની હજૂરમાં આવજા કરી શકતા હતા, અને રાજ્યમાં પ્રથમ હરોળની બેઠકોના હકદાર હતા.

15

| | | |
|---|---|---|
| כְּדָת | કાયદા-પ્રમાણે | H1881 |
| מַה־ | શું | H4100 |
| לַעֲשׂוֹת | કરવું-જોઈએ | |
| בַּמַּלְכָּה | રાણી | H4436 |
| וַשְׁתִּי | વાશ્તી-સાથે | H2060 |
| עַל | કારણ-કે | |
| אֲשֶׁר | તેણે | |
| לֹא־ | નહોતું-માન્યું | H3808 |
| עָשְׂתָה | નહોતું-પાળ્યું | |
| אֶת־ | – | H0853 |
| מַאֲמַר | આદેશ | H3982 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| אֲחַשְׁוֵרוֹשׁ | અહાશ્વેરોશનો | H0325 |
| בְּיַד | હાથે | H3027 |
| הַסָּרִיסִים׃ | ખોજાઓના | H5631 |
| ס | — | |

અહાશ્વેરોશ રાજાએ પૂછ્યું “કાયદા પ્રમાણે વાશ્તી રાણીને આપણે શું કરવું? કેમ કે તેણે ખોજાઓ મારફતે આપેલી મારી આજ્ઞાની અવગણના કરી છે.”

16

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | [מומכן] | (מְמוּכָן) | לִפְנֵי | הַמֶּלֶךְ | וְהַשָּׂרִים | לֹא | עַל־ | הַמֶּלֶךְ | לְבַדּוֹ |
| અને-કહ્યુ | — | મમૂકાને | સમક્ષ | રાજા | અને-સરદારોની | નહીં | માત્ર | રાજાનો | એકલાનો |
| H0559 | H4462 | H4462 | H6440 | H4428 | H8269 | H3808 | | H4428 | H0905 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עָוְתָה | וַשְׁתִּי | הַמַּלְכָּה | כִּי | עַל־ | כָּל־ | הַשָּׂרִים | וְעַל־ | כָּל־ | הָעַמִּים |
| અપરાધ-કર્યો-છે | વાશ્તીએ | રાણીએ | પણ | બધા | બધા | સરદારો-વિરુદ્ધ | અને-બધા | બધા | લોકો-વિરુદ્ધ |
| | H2060 | H4436 | | | H3605 | H8269 | | H3605 | |

| | | | | |
|---|---|---|---|---|
| אֲשֶׁר | בְּכָל־ | מְדִינוֹת | הַמֶּלֶךְ | אֲחַשְׁוֵרוֹשׁ׃ |
| જે | બધા | પ્રાંતોમાં | રાજા | અહાશ્વેરોશના |
| | H3605 | H4082 | H4428 | H0325 |

પછી રાજા અને તેના સરદારો સમક્ષ મમૂખાને જણાવ્યું કે, "વાશ્તી રાણીએ કેવળ અહાશ્વેરોશ રાજાની વિરુદ્ધ જ નહિ પરંતુ રાજ્યના સર્વ પ્રાંતોના સર્વ સરદારો તથા તમામ લોકો વિરુદ્ધ પણ અપરાધ કર્યો છે.

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | יֵצֵא | דְבַר־ | הַמַּלְכָּה | עַל־ | כָּל־ | הַנָּשִׁים | לְהַבְזוֹת | בַּעְלֵיהֶן | בְּעֵינֵיהֶן |
| કારણ-કે | પ્રસરશે | વાત | રાણીની | બધી | બધી | સ્ત્રીઓમાં | તુચ્છ-ગણવા | પોતાના-પતિઓને | પોતાની-નજરમાં |
| | H3318 | H1697 | H4436 | | H3605 | H0802 | H0959 | H1167 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּאָמְרָם | הַמֶּלֶךְ | אֲחַשְׁוֵרוֹשׁ | אָמַר | לְהָבִיא | אֶת־ | וַשְׁתִּי | הַמַּלְכָּה | לְפָנָיו | וְלֹא־ |
| જ્યારે-કહેશે | રાજા | અહાશ્વેરોશે | કહ્યુ | લાવવા | – | વાશ્તી | રાણીને | તેની-સમક્ષ | અને-નહોતી-આવી |
| H0559 | H4428 | H0325 | H0559 | H0935 | H0853 | H2060 | H4436 | H6440 | H3808 |

| |
|---|
| בָאָה׃ |
| તે |
| H0935 |

જો રાણીએ કરેલું આ વર્તન સર્વ સ્ત્રીઓમાં જાહેર થશે, તો સર્વત્ર એવી વાત પ્રસરી જશે કે, 'અહાશ્વેરોશ રાજાએ વાશ્તી રાણીને પોતાની સમક્ષ આવવાની આજ્ઞા કરી પણ તે આવી નહિ.' એથી દેશની સ્ત્રીઓ પોતાના પતિઓને તુચ્છકારપાત્ર ગણશે.

18

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהַיּוֹם | הַזֶּה | תֹּאמַרְנָה | שָׂרוֹת | פָּרַס־ | וּמָדַי | אֲשֶׁר | שָׁמְעוּ | אֶת־ | דְּבַר |
| અને-આજે | આ | કહેશે | ઉમરાવ-સ્ત્રીઓ | પારસની | અને-માદીની | જેમણે | સાંભળ્યું-છે | – | વાત |
| H3117 | H2088 | H0559 | H8282 | H6539 | H4074 | | H8085 | H0853 | H1697 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הַמַּלְכָּה | לְכֹל | שָׂרֵי | הַמֶּלֶךְ | וּכְדַי | בִּזָּיוֹן | וָקָצֶף׃ |
| રાણીની | બધા | સરદારોને | રાજાના | અને-ઘણો | તિરસ્કાર | અને-ક્રોધ-થશે |
| H4436 | H3605 | H8269 | H4428 | H1767 | H0963 | |

જો ઇરાન તથા માદીના સરદારોની સ્ત્રીઓએ રાણીના આ કૃત્ય વિષે સાંભળ્યું હશે તો તેઓ પણ પોતાના પતિઓને એવા જ ગણશે. અને તેથી પુષ્કળ તિરસ્કાર તથા ક્રોધ ઉત્પન્ન થશે.

19

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אִם־ | עַל־ | הַמֶּלֶךְ | טוֹב | יֵצֵא | דְבַר־ | מַלְכוּת | מִלְּפָנָיו | וְיִכָּתֵב |
| જો | – | રાજાને | યોગ્ય-લાગે | તો-જાહેર-થાય | રાજ-ફરમાન | રાજ્યનું | તેની-હાજરીથી | અને-લખાય |
| | | H4428 | H2895 | H3318 | H1697 | H4438 | H6440 | H3789 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּדָתֵי | פָרַס־ | וּמָדַי | וְלֹא | יַעֲבוֹר | אֲשֶׁר | לֹא־ | תָבוֹא | וַשְׁתִּי | לִפְנֵי | הַמֶּלֶךְ |
| કાયદાઓમાં | પારસ | અને-માદીના | અને-ન-બદલાય | ન-ફરે | કે | ન | આવે | વાશ્તી | સમક્ષ | રાજા |
| H1881 | H6539 | H4074 | H3808 | | | H3808 | H0935 | H2060 | H6440 | H4428 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֲחַשְׁוֵרוֹשׁ | וּמַלְכוּתָהּ | יִתֵּן | הַמֶּלֶךְ | לִרְעוּתָהּ | הַטּוֹבָה | מִמֶּנָּה׃ |
| અહાશ્વેરોશની | અને-તેનું-રાજ્યપદ | આપે | રાજા | તેની-પડોશણને | વધુ-સારી | તેનાથી |
| H0325 | H4438 | H5414 | H4428 | H7468 | | |

જો રાજાની સંમતિ હોય તો એક કડક બાદશાહી ફરમાન બહાર પાડવામાં આવે અને તે બદલાય નહિ માટે ઇરાન તથા માદીના કાયદાઓમાં તે નોંધાવું જોઈએ કે, 'વાશ્તીએ હવે પછી અહાશ્વેરોશ રાજાની હજૂરમાં કદી ન આવવું.' અને રાજાએ તેનું રાણીપદ તેના કરતાં કોઈ સારી રાણીને આપવું.

20 וְנִשְׁמַע פִּתְגָם הַמֶּלֶךְ אֲשֶׁר־ יַעֲשֶׂה בְּכָל־ מַלְכוּתוֹ כִּי רַבָּה הִיא וְכָל־
અને-સંભળાય ફરમાન રાજાનું જે તે-બનાવે સમગ્ર તેના-રાજ્યમાં કારણ-કે મોટું-છે તે અને-બધી
H8085 H6599 H4428 H3605 H4438 H1931 H3605

הַנָּשִׁים יִתְּנוּ יְקָר לְבַעְלֵיהֶן לְמִגָּדוֹל וְעַד־ קָטָן׃
સ્ત્રીઓ આપશે માન પોતાના-પતિઓને મોટાથી અને-સુધી નાના-સુધી
H0802 H5414 H3366 H1167 H5704

રાજા જે હુકમ કરશે તે જયારે તેના આખા સામ્રાજ્યમાં જાહેર થશે, ત્યારે સર્વ સ્ત્રીઓ પોતાના પતિઓને પછી ભલે તે નાના હોય કે મોટા પણ તેઓને માન આપશે.”

21 וַיִּיטַב הַדָּבָר בְּעֵינֵי הַמֶּלֶךְ וְהַשָּׂרִים וַיַּעַשׂ הַמֶּלֶךְ כִּדְבַר מְמוּכָן׃
અને-સારું-લાગ્યું આ-વાત નજરમાં રાજાની અને-સરદારોની અને-કર્યું રાજાએ વાત-પ્રમાણે મમૂકાનની
H3190 H1697 H4428 H8269 H4428 H1697 H4462

એ સલાહ રાજા તથા તેના સરદારોને સારી લાગી. તેથી રાજાએ મમૂખાનના કહેવા પ્રમાણે કર્યું.

22 וַיִּשְׁלַח סְפָרִים אֶל־ כָּל־ מְדִינוֹת הַמֶּלֶךְ אֶל־ מְדִינָה וּמְדִינָה כִּכְתָבָהּ וְאֶל־
અને-મોકલ્યા પત્રો બધા બધા પ્રાંતોમાં રાજાના દરેક પ્રાંતમાં અને-પ્રાંતમાં તેની-લિપિમાં અને-દરેક
H7971 H0413 H3605 H4082 H4428 H0413 H4082 H4082 H3791 H0413

עַם וָעָם כִּלְשׁוֹנוֹ לִהְיוֹת כָּל־ אִישׁ שֹׂרֵר בְּבֵיתוֹ וּמְדַבֵּר כִּלְשׁוֹן עַמּוֹ׃
લોકને અને-લોકને તેની-ભાષામાં કે-હોય દરેક પુરુષ શાસક પોતાના-ઘરમાં અને-બોલે ભાષામાં પોતાના-લોકોની
H3956 H1961 H3605 H0376 H8323 H1696 H3956

פ

રાજાએ તેના સર્વ પ્રાંતોમાં દરેક પ્રાંતની લિપિ પ્રમાણે તથા દરેક દેશની ભાષા પ્રમાણે પત્રો મોકલ્યા કે, પ્રત્યેક પુરુષ પોતાના ઘરમાં અધિકાર ચલાવે.” અને એ હુકમ તે પોતાના લોકોની ભાષામાં જાહેર કરે.

## Chapter 2

1 אַחַר הַדְּבָרִים הָאֵלֶּה כְּשֹׁךְ חֲמַת הַמֶּלֶךְ אֲחַשְׁוֵרוֹשׁ זָכַר אֶת־ וַשְׁתִּי וְאֵת
પછી વાતો આ જ્યારે-શાંત-થયો ક્રોધ રાજા અહાશ્વેરોશનો યાદ-કર્યું – વાશ્તીને અને
H1697 H0428 H7918 H2534 H4428 H0325 H2142 H0853 H2060 H0853

אֲשֶׁר־ עָשָׂתָה וְאֵת אֲשֶׁר־ נִגְזַר עָלֶיהָ׃
જે તેણે-કર્યું-હતું અને જે ઠરાવાયું-હતું તેના-વિરુદ્ધ
H0853 H1504

જયારે અહાશ્વેરોશ રાજાનો ક્રોધ શમી ગયો, ત્યારે વાશ્તી રાણીએ જે કર્યું હતું તે અને તેની વિરુદ્ધ જે હુકમ જાહેર કરવામાં આવ્યો હતો તે તેને યાદ આવ્યાં.

2 וַיֹּאמְרוּ נַעֲרֵי־ הַמֶּלֶךְ מְשָׁרְתָיו יְבַקְשׁוּ לַמֶּלֶךְ נְעָרוֹת בְּתוּלוֹת טוֹבוֹת מַרְאֶה׃
અને-કહ્યુ સેવકોએ રાજાના તેના-પરિચારકોએ શોધવામાં-આવે રાજા-માટે કન્યાઓ કુંવારી સુંદર દેખાવમાં
H0559 H5288 H4428 H8334 H1245 H4428 H5291 H1330 H4758

ત્યારે રાજાની ખિજમત કરનારા તેના માણસોએ કહ્યુ, “રાજાને સારુ સુંદર જુવાન કુમારિકાઓની શોધ કરવી.

3

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְיַפְקֵד | અને-નીમે | |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| פְּקִידִים | અધિકારીઓને | H6496 |
| בְּכָל־ | બધા | H3605 |
| מְדִינוֹת | પ્રાંતોમાં | H4082 |
| מַלְכוּתוֹ | તેના-રાજ્યના | H4438 |
| וְיִקְבְּצוּ | અને-એકઠી-કરે | H6908 |
| אֶת־ | – | H0853 |
| כָּל־ | બધી | H3605 |
| נַעֲרָה־ | કન્યાઓને | H5291 |
| בְתוּלָה | કુંવારી | H1330 |
| טוֹבַת | સુંદર | |
| מַרְאֶה | દેખાવમાં | H4758 |
| אֶל־ | તરફ | H0413 |
| שׁוּשַׁן | શૂશન | H7800 |
| הַבִּירָה | રાજમહેલમાં | H1002 |
| אֶל־ | તરફ | H0413 |
| בֵּית | ઘર | |
| הַנָּשִׁים | સ્ત્રીઓના | H0802 |
| אֶל־ | તરફ | H0413 |
| יַד | હાથ | H3027 |
| הֵגֶא | હેગાઈના | H1896 |
| סְרִיס | ખોજા | H5631 |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| שֹׁמֵר | રક્ષક | H8104 |
| הַנָּשִׁים | સ્ત્રીઓના | H0802 |
| וְנָתוֹן | અને-આપવામાં-આવે | H5414 |
| תַּמְרוּקֵיהֶן׃ | તેમના-શૃંગાર-પ્રસાધનો | H8562 |

રાજાએ પોતાના રાજ્યના દરેક પ્રાંતોમાં આ કામને માટે અમલદારોને નીમવા જોઈએ. તેઓ સર્વ સૌંદર્યવાન જુવાન કુમારિકાઓને પસંદ કરીને સૂસાના મહેલના જનાનખાનામાં રાજાના ખોજા હેગેના હવાલામાં હાજર કરે. અને તેઓને જોઈએ એવાં સુંગધી દ્રવ્યો પૂરા પાડવામાં આવે.

4

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְהַנַּעֲרָה | અને-જે-કન્યા | H5291 |
| אֲשֶׁר | જે | |
| תִּיטַב | ગમે | H3190 |
| בְּעֵינֵי | નજરમાં | |
| הַמֶּלֶךְ | રાજાની | H4428 |
| תִּמְלֹךְ | રાણી-બને | |
| תַּחַת | બદલે | H8478 |
| וַשְׁתִּי | વાશ્તીની | H2060 |
| וַיִּיטַב | અને-સારું-લાગ્યું | H3190 |
| הַדָּבָר | આ-વાત | H1697 |
| בְּעֵינֵי | નજરમાં | |
| הַמֶּלֶךְ | રાજાની | H4428 |
| וַיַּעַשׂ | અને-કર્યું | |
| כֵּן׃ | એમ | |
| ס | — | |

તેઓમાંની જે કન્યા રાજાને સૌથી વધુ પસંદ પડે તે કુમારિકાને વાશ્તીને સ્થાને રાણીપદ આપવામાં આવે.” આ સલાહ રાજાને ગમી, તેણે તરત જ આ યોજનાનો અમલ કર્યો.

5

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| אִישׁ | માણસ | H0376 |
| יְהוּדִי | યહૂદી | H3064 |
| הָיָה | હતો | H1961 |
| בְּשׁוּשַׁן | શૂશનમાં | H7800 |
| הַבִּירָה | રાજમહેલમાં | H1002 |
| וּשְׁמוֹ | અને-તેનું-નામ | H8034 |
| מָרְדֳּכַי | મોર્દખાય | H4782 |
| בֶּן | પુત્ર | |
| יָאִיר | યાઈરનો | H2971 |
| בֶּן־ | પુત્ર | |
| שִׁמְעִי | શિમઈનો | H8096 |
| בֶּן־ | પુત્ર | |
| קִישׁ | કીશનો | H7027 |
| אִישׁ | માણસ | H1145 |
| יְמִינִי׃ | બિન્યામીનનો | H1145 |

મોર્દખાય નામનો એક યહૂદી સૂસાના મહેલમાં રહેતો હતો. તે કીશના પુત્ર શિમઈના પુત્ર યાઈરનો પુત્ર હતો. તે બિન્યામીની હતો.

6

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| אֲשֶׁר | જેને | |
| הָגְלָה | બંદી-બનાવાયું-હતું | H1540 |
| מִירוּשָׁלַיִם | યરૂશાલેમથી | H3389 |
| עִם־ | સાથે | |
| הַגֹּלָה | બંદીઓના | H1473 |
| אֲשֶׁר | જેમને | |
| הָגְלְתָה | બંદી-બનાવાયું-હતું | H1540 |
| עִם | સાથે | |
| יְכָנְיָה | યકોન્યા | H3204 |
| מֶלֶךְ־ | રાજા | H4428 |
| יְהוּדָה | યહૂદાના | H3063 |
| אֲשֶׁר | જેને | |
| הֶגְלָה | બંદી-બનાવ્યું-હતું | H1540 |
| נְבוּכַדְנֶאצַּר | નેબુકાદનેસ્સારે | H5019 |
| מֶלֶךְ | રાજા | H4428 |
| בָּבֶל׃ | બાબિલના | H0894 |

બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર યહૂદિયાના રાજા યકોન્યાની સાથે યરુશાલેમથી જે બંદીવાનોને લઈ ગયો હતો તેમાંનો તે પણ એક હતો.

7

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיְהִי | અને-તે-હતો | H1961 |
| אֹמֵן | પાલક | H0539 |
| אֶת־ | - | H0853 |
| הֲדַסָּה | હદાસ્સાની | H1919 |
| הִיא | એટલે | H1931 |
| אֶסְתֵּר | એસ્તેરનો | H0635 |
| בַּת־ | પુત્રી | H1323 |
| דֹּדוֹ | તેના-કાકાની | H1730 |
| כִּי | કારણ-કે | |
| אֵין | નહોતાં | H0369 |
| לָהּ | તેને | |
| אָב | પિતા | H0001 |
| וָאֵם | કે-માતા | H0517 |
| וְהַנַּעֲרָה | અને-આ-કન્યા | H5291 |
| יְפַת־ | સુંદર | H3303 |
| תֹּאַר | આકારમાં | H8389 |
| וְטוֹבַת | અને-સુંદર | |
| מַרְאֶה | દેખાવમાં | H4758 |
| וּבְמוֹת | અને-મૃત્યુ-પછી | H4194 |
| אָבִיהָ | તેના-પિતાના | H0001 |
| וְאִמָּהּ | અને-માતાના | H0517 |
| לְקָחָהּ | લઈને-અપનાવી | H3947 |
| מָרְדֳּכַי | મોર્દખાયે | H4782 |
| לוֹ | તેને | |
| לְבַת׃ | પુત્રી-તરીકે | H1323 |

મોર્દખાયે પોતાના કાકાની દીકરી હદાસ્સા એટલે એસ્તેરને ઉછેરીને મોટી કરી હતી. કેમ કે તેને માતાપિતા નહોતાં. કુમારિકા એસ્તેર સુંદર કાંતિની તથા સ્વરૂપવાન હતી. તેનાં માતાપિતાના મૃત્યુ પછી મોર્દખાયે તેને પોતાની દીકરી તરીકે અપનાવી લીધી હતી.

8

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-થયું | H1961 |
| בְּהִשָּׁמַע | જ્યારે-સંભળાયું | H8085 |
| דְּבַר־ | હુકમ | H1697 |
| הַמֶּלֶךְ | રાજાનું | H4428 |
| וְדָתוֹ | અને-તેનો-કાયદો | H1881 |
| וּבְהִקָּבֵץ | અને-એકઠી-કરાઈ | H6908 |
| נְעָרוֹת | કન્યાઓ | H5291 |
| רַבּוֹת | ઘણી | |
| אֶל־ | તરફ | H0413 |
| שׁוּשַׁן | શૂશન | H7800 |
| הַבִּירָה | રાજમહેલમાં | H1002 |
| אֶל־ | તરફ | H0413 |
| יַד־ | હાથ | H3027 |
| הֵגָי | હેગાઈના | H1896 |
| וַתִּלָּקַח | અને-લઈ-જવાઈ | H3947 |
| אֶסְתֵּר | એસ્તેર | H0635 |
| אֶל־ | તરફ | H0413 |
| בֵּית | ઘર | |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| אֶל־ | તરફ | H0413 |
| יַד | હાથ | H3027 |
| הֵגַי | હેગાઈના | H1896 |
| שֹׁמֵר | રક્ષક | H8104 |
| הַנָּשִׁים׃ | સ્ત્રીઓના | H0802 |

રાજાનો હુકમ તથા ઠરાવ બહાર પડ્યા પછી ઘણી કુમારિકાઓને સૂસાના મહેલમાં લાવીને હેગેના હવાલામાં સોંપવામાં આવી હતી. એસ્તેરને પણ રાજાના મહેલમાં હેગે ખોજાના હવાલામાં સોંપવામાં આવી.

9

| | | |
|---|---|---|
| וַתִּיטַב | અને-ગમી | H3190 |
| הַנַּעֲרָה | આ-કન્યા | H5291 |
| בְעֵינָיו | તેની-નજરમાં | |
| וַתִּשָּׂא | અને-મળી | H5375 |
| חֶסֶד | કૃપા | |
| לְפָנָיו | તેની-સમક્ષ | H6440 |
| וַיְבַהֵל | અને-જલ્દી-આપ્યા | H0926 |
| אֶת־ | – | H0853 |
| תַּמְרוּקֶיהָ | તેના-શૃંગાર-પ્રસાધનો | H8562 |
| וְאֶת־ | અને | H0853 |
| מָנוֹתֶהָ | તેના-ભોજનના-ભાગો | H4490 |
| לָתֵת | આપવા | H5414 |
| לָהּ | તેને | |
| וְאֵת | અને | H0853 |
| שֶׁבַע | સાત | H7651 |
| הַנְּעָרוֹת | દાસીઓ | H5291 |
| הָרְאֻיוֹת | યોગ્ય | H7200 |
| לָתֶת־ | આપવા-માટે | H5414 |
| לָהּ | તેને | |
| מִבֵּית | ઘરમાંથી | |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| וַיְשַׁנֶּהָ | અને-બદલી-આપી | |
| וְאֶת־ | અને | H0853 |
| נַעֲרוֹתֶיהָ | તેની-દાસીઓને | H5291 |
| לְטוֹב | સારા | |
| בֵּית | ઘર | |
| הַנָּשִׁים׃ | સ્ત્રીઓના | H0802 |

તે કુમારિકા તેને પસંદ પડી. તેથી તેના પર તેની મહેરબાની થઈ. તેણે એસ્તેર માટે તરત જ તેને જોઈએ તેવાં સુંગધીદ્રવ્યો, ઉત્તમ ભોજન તથા તેના મોભા પ્રમાણે સાત દાસીઓ પણ આપી, ઉપરાંત તેને અને તેની દાસીઓને રાજાના જનાનખાનામાં સહુથી ઉત્તમ ખંડો પણ આપ્યા.

10

| | | |
|---|---|---|
| לֹא־ | નહોતું | H3808 |
| הִגִּידָה | જણાવ્યું | H5046 |
| אֶסְתֵּר | એસ્તેરે | H0635 |
| אֶת־ | – | H0853 |
| עַמָּהּ | પોતાના-લોકોને | |
| וְאֶת־ | કે | H0853 |
| מוֹלַדְתָּהּ | પોતાના-કુળને | H4138 |
| כִּי | કારણ-કે | |
| מָרְדֳּכַי | મોર્દખાયે | H4782 |
| צִוָּה | આદેશ-આપ્યો-હતો | H6680 |
| עָלֶיהָ | તેને | |
| אֲשֶׁר | કે | |
| לֹא־ | નહીં | H3808 |
| תַגִּיד׃ | જણાવે | H5046 |

એસ્તેરે પોતાની જાત તથા ગોત્ર કે વંશની ખબર પડવા દીધી નહિ; કારણ કે મોર્દખાયે તેને તેમ કરવાની ના પાડી હતી.

11

| | | |
|---|---|---|
| וּבְכָל־ | અને-દરરોજ | H3605 |
| יוֹם | દિવસ | H3117 |
| וָיוֹם | અને-દિવસ | H3117 |
| מָרְדֳּכַי | મોર્દખાય | H4782 |
| מִתְהַלֵּךְ | ચાલતો-હતો | H1980 |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| חֲצַר | આગણા | |
| בֵּית־ | ઘર | |
| הַנָּשִׁים | સ્ત્રીઓના | H0802 |
| לָדַעַת | જાણવા | H3045 |
| אֶת־ | – | H0853 |
| שְׁלוֹם | કુશળતા | H7965 |
| אֶסְתֵּר | એસ્તેરની | H0635 |
| וּמַה־ | અને-શું | H4100 |
| יֵּעָשֶׂה | કરાશે | |
| בָּהּ׃ | તેના-વિશે | |

એસ્તેરની શી હાલત છે અને તેનું શું થશે એ જાણવા માટે મોર્દખાય પ્રતિદિન જનાનખાનાના આગણા સામે આવજા કરતો હતો.

12
וּבְהַגִּיעַ અને-જ્યારે-આવી H5060
תֹר વારો H8447
נַעֲרָה કન્યા H5291
וְנַעֲרָה અને-કન્યાનો H5291
לָבוֹא જવાનો H0935
אֶל־ તરફ H0413
הַמֶּלֶךְ રાજા H4428
אֲחַשְׁוֵרוֹשׁ અહાશ્વેરોશની H0325
מִקֵּץ અંતે H7093
הֱיוֹת થયા-પછી H1961
לָהּ તેને
כְּדָת કાયદા-પ્રમાણે H1881
הַנָּשִׁים સ્ત્રીઓના H0802
שְׁנֵים બાર H8147
עָשָׂר બાર H6240
חֹדֶשׁ મહિના H2320
כִּי કારણ-કે
כֵּן એમ
יִמְלְאוּ પૂરા-થતા H4390
יְמֵי દિવસો H3117
מְרוּקֵיהֶן તેમના-શૃંગારના H4795
שִׁשָּׁה છ H8337
חֳדָשִׁים મહિના H2320
בְּשֶׁמֶן તેલથી H8081
הַמֹּר ગંધરસના H4753
וְשִׁשָּׁה અને-છ H8337
חֳדָשִׁים મહિના H2320
בַּבְּשָׂמִים સુગંધોથી H1314
וּבְתַמְרוּקֵי અને-શૃંગાર-પ્રસાધનોથી H8562
הַנָּשִׁים׃ સ્ત્રીઓના H0802

સ્ત્રીઓની રીત પ્રમાણે દરેક કુમારિકાઓની માવજત બાર માસ સુધી કરાતી હતી. તેઓને તૈયાર કરવાના દિવસો આ પ્રમાણે પૂરા થતાં એટલે છ માસ બોળના તેલથી અને છ માસ સુગંધી પદાર્થો વડે તથા સ્ત્રીઓને પાવન કરનાર પદાર્થોથી કાળજી લઈ કન્યાઓને તૈયાર કરવામાં આવતી. પછી અહાશ્વેરોશ રાજાની હજૂરમાં જવાનો તેનો વારો આવતો,

13
וּבָזֶה અને-આ-રીતે H2088
הַנַּעֲרָה કન્યા H5291
בָּאָה આવતી-હતી H0935
אֶל־ તરફ H0413
הַמֶּלֶךְ રાજાની H4428
אֵת જે-કંઈ H0853
כָּל־ બધું H3605
אֲשֶׁר જે
תֹּאמַר તે-કહે H0559
יִנָּתֵן આપવામાં-આવતું H5414
לָהּ તેને
לָבוֹא આવવા H0935
עִמָּהּ તેની-સાથે
מִבֵּית ઘરમાંથી
הַנָּשִׁים સ્ત્રીઓના H0802
עַד־ સુધી H5704
בֵּית ઘર
| הַמַּלְכוּת | રાજ્યના | H4438 |
| וְתֵעָשׂ׃ | અને-કરવામાં-આવશે | |

બીજે દિવસે પણ દ્રાક્ષારસ પીતી વખતે રાજાએ એસ્તેરને પૂછ્યું; "એસ્તેર રાણી, તારી શી અરજ છે? તે તને આપવામાં આવશે; તારી વિનંતી શી છે? અર્ધા રાજ્ય સુધી તે મંજૂર થશે."

3

| | | |
|---|---|---|
| וַתַּעַן | અને-જવાબ-આપ્યો | |
| אֶסְתֵּר | એસ્તેર | H0635 |
| הַמַּלְכָּה | રાણીએ | H4436 |
| וַתֹּאמַר | અને-કહ્યુ | H0559 |
| אִם־ | જો | |
| מָצָאתִי | મને-મળી-છે | H4672 |
| חֵן | કૃપા | H2580 |
| בְּעֵינֶיךָ | તમારી-નજરમાં | |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| וְאִם־ | અને-જો | |
| עַל־ | તે | |
| הַמֶּלֶךְ | રાજાને | H4428 |
| טוֹב | સારું-લાગે | H2895 |
| תִּנָּתֶן־ | આપવામાં-આવે | H5414 |
| לִי | મને | |
| נַפְשִׁי | મારો-જીવ | H5315 |
| בִּשְׁאֵלָתִי | મારી-વિનંતીમાં | H7596 |
| וְעַמִּי | અને-મારા-લોકો | |
| בְּבַקָּשָׁתִי׃ | મારી-અરજમાં | H1246 |

ત્યારે એસ્તેર રાણીએ કહ્યુ, "હે રાજા જો મારા પર આપની કૃપાદ્રષ્ટિ હોય અને જો આપની મરજી હોય, તો મને જીવતદાન આપો એ મારી અરજ છે અને મને મારા લોક આપો તેઓને જીવતા રહેવા દો. એટલી મારી વિનંતી છે.

4

| | | |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| נִמְכַּרְנוּ | અમે-વેચાઈ-ગયા-છીએ | H4376 |
| אֲנִי | હું | H0589 |
| וְעַמִּי | અને-મારા-લોકો | |
| לְהַשְׁמִיד | નાશ-કરવા | H8045 |
| לַהֲרוֹג | મારી-નાખવા | H2026 |
| וּלְאַבֵּד | અને-ખતમ-કરવા | H0006 |
| וְאִלּוּ | અને-જો | H0432 |
| לַעֲבָדִים | દાસ | H5650 |
| וְלִשְׁפָחוֹת | અને-દાસીઓ-તરીકે | H8198 |
| נִמְכַּרְנוּ | વેચાયા-હોત | H4376 |
| הֶחֱרַשְׁתִּי | મેં-ચુપ-રહ્યા-હોત | |
| כִּי | કારણ-કે | |
| אֵין | નથી | H0369 |
| הַצָּר | દુશ્મન | |
| שֹׁוֶה | યોગ્ય | |
| בְּנֵזֶק | નુકસાનમાં | H5143 |
| הַמֶּלֶךְ׃ | રાજાના | H4428 |

ס

કારણ કે અમે એટલે હું તથા મારા લોક, મારી નંખાવા માટે અને કતલ થઈ જવા માટે વેચાયાં છીએ જો અમને ફક્ત ગુલામ તથા ગુલામડીઓ તરીકે વેચી દેવામાં આવ્યાં હોત તો મેં કંઈ પણ માગ્યું ન હોત, પણ જે ખલેલ રાજાને થશે તેને સરખામણીમાં અમારું દુઃખ કંઈ વિસાતમાં નથી."

5

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| אֲחַשְׁוֵרוֹשׁ | અહાશ્વેરોશે | H0325 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| לְאֶסְתֵּר | એસ્તેર | H0635 |
| הַמַּלְכָּה | રાણીને | H4436 |
| מִי | કોણ | H4310 |
| הוּא | છે | H1931 |
| זֶה | આ | H2088 |
| וְאֵי־ | અને-ક્યાં | H0335 |
| זֶה | આ | H2088 |
| הוּא | છે | H1931 |
| אֲשֶׁר־ | જેણે | |
| מְלָאוֹ | ભર્યું-છે | H4390 |
| לִבּוֹ | તેનું-હૃદય | |
| לַעֲשׂוֹת | આવું-કરવા | |
| כֵּן׃ | માટે | |

ત્યારે અહાશ્વેરોશ રાજાએ એસ્તેર રાણીને પૂછ્યું જેણે આવું કરવાની હીંમત ધરી છે, તે કોણ છે અને તે ક્યાં છે?"

| 6 | וַתֹּ֣אמֶר־ | אֶסְתֵּ֗ר | אִ֚ישׁ | צַ֣ר | וְאוֹיֵ֔ב | הָמָ֥ן | הָרָ֖ע | הַזֶּ֑ה | וְהָמָ֣ן | נִבְעַ֔ת | מִלִּפְנֵ֥י |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-કહ્યુ | એસ્તેરે | માણસ | વિરોધી | અને-દુશ્મન | હામાન | દુષ્ટ | આ | અને-હામાન | ગભરાઈ-ગયો | આગળથી |
| | H0559 | H0635 | H0376 | | H0341 | H2001 | | H2088 | H2001 | H1204 | H6440 |

| הַמֶּ֖לֶךְ | וְהַמַּלְכָּֽה׃ |
|---|---|
| રાજા | અને-રાણીના |
| H4428 | H4436 |

એસ્તેરે કહ્યુ, “તે વેરી તથા વિરોધી તો આ દુષ્ટ હામાન જ છે” આ સાંભળીને રાજા અને રાણીની સામે હામાન ગભરાયો.

| 7 | וְהַמֶּ֜לֶךְ | קָ֤ם | בַּחֲמָתוֹ֙ | מִמִּשְׁתֵּ֣ה | הַיַּ֔יִן | אֶל־ | גִּנַּ֖ת | הַבִּיתָ֑ן | וְהָמָ֣ן | עָמַ֗ד |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-રાજા | ઊભો-થયો | ક્રોધમાં | દારૂના-ભોજનમાંથી | દારૂના | તરફ | બગીચામાં | મહેલના | અને-હામાન | ઊભો-રહ્યો |
| | H4428 | | H2534 | H4960 | H3196 | H0413 | H1594 | H1055 | H2001 | H5975 |

| לְבַקֵּ֤שׁ | עַל־ | נַפְשׁוֹ֙ | מֵאֶסְתֵּ֣ר | הַמַּלְכָּ֔ה | כִּ֣י | רָאָ֔ה | כִּֽי־ | כָלְתָ֥ה | אֵלָ֛יו |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વિનંતી-કરવા | પોતાના | જીવ-માટે | એસ્તેર | રાણી-પાસે | કારણ-કે | તેણે-જોયું | કે | નક્કી-થઈ-ગઈ-હતી | તેના-પર |
| H1245 | | H5315 | H0635 | H4436 | | H7200 | | H3615 | H0413 |

| הָרָעָ֖ה | מֵאֵ֥ת | הַמֶּֽלֶךְ׃ |
|---|---|---|
| આફત | તરફથી | રાજાના |
| | H0854 | H4428 |

રાજા પોતાના ક્રોધમાં મદ્યપાન છોડીને રાજમહેલના બગીચામાં ગયો. હામાન પોતાનો જીવ બચાવવા એસ્તેર રાણીને વિનંતી કરવા ઊભો રહ્યો. કેમ કે તે સમજી ગયો હતો કે મારી પાયમાલી કરવાનો રાજાએ નિશ્ચય કર્યો છે.

| 8 | וְהַמֶּ֡לֶךְ | שָׁב֩ | מִגִּנַּ֨ת | הַבִּיתָ֜ן | אֶל־ | בֵּ֣ית | מִשְׁתֵּ֣ה | הַיַּ֗יִן | וְהָמָן֙ | נֹפֵ֗ל |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-રાજા | પાછો-આવ્યો | બગીચામાંથી | મહેલના | તરફ | ઘરમાં | દારૂના-ભોજનના | દારૂના | અને-હામાન | પડ્યો-હતો |
| | H4428 | H7725 | H1594 | H1055 | H0413 | | H4960 | H3196 | H2001 | H5307 |

| עַל־ | הַמִּטָּה֙ | אֲשֶׁ֣ר | אֶסְתֵּ֣ר | עָלֶ֔יהָ | וַיֹּ֣אמֶר | הַמֶּ֔לֶךְ | הֲ‍ַגַ֛ם | לִכְבּ֧וֹשׁ | אֶת־ | הַמַּלְכָּ֛ה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પર | પલંગ-પર | જ્યાં | એસ્તેર | હતી-તેના-પર | અને-કહ્યુ | રાજાએ | શું | બળાત્કાર-કરવો-છે | – | રાણી-પર |
| | H4296 | | H0635 | | H0559 | H4428 | H1571 | H3533 | H0853 | H4436 |

| עִמִּ֖י | בַּבָּ֑יִת | הַדָּבָ֗ר | יָצָא֙ | מִפִּ֣י | הַמֶּ֔לֶךְ | וּפְנֵ֥י | הָמָ֖ן | חָפֽוּ׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મારી-સાથે | ઘરમાં | વાત | નીકળી | મોંમાંથી | રાજાના | અને-ચહેરો | હામાનનો | ઢંકાઈ-ગયો | — |
| | | H1697 | H3318 | H6310 | H4428 | H6440 | H2001 | H2645 | |

જ્યારે રાજા મહેલના બગીચામાં મદ્યપાન કરવાની જગ્યાએ પાછો આવ્યો, ત્યારે જે પલંગ પર એસ્તેર સૂતી હતી તે પર હામાન પડી રહ્યો હતો. રાજાએ કહ્યુ “શું મારા મહેલમાં મારા દેખતાં જ હામાન રાણી પર બળાત્કાર કરશે?” રાજાના મુખમાંથી આ શબ્દો નીકળતાં જ રાજાના સેવકોએ હામાનનો ચહેરો ઢાંકી દીધો.

| 9 | וַיֹּ֣אמֶר | חַ֠רְבוֹנָה | אֶחָ֨ד | מִן־ | הַסָּרִיסִ֜ים | לִפְנֵ֣י | הַמֶּ֗לֶךְ | גַּ֣ם | הִנֵּה־ | הָעֵ֣ץ | אֲשֶׁר־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-કહ્યુ | હર્બોનાએ | એક | માંથી | ખોજાઓમાંથી | સામે | રાજાના | પણ | જુઓ | થાંભલો | જે |
| | H0559 | H2726 | H0259 | | H5631 | H6440 | H4428 | H1571 | H2009 | H6086 | |

| עָשָׂ֣ה | הָמָ֡ן | לְמָרְדֳּכַ֞י | אֲשֶׁ֧ר | דִּבֶּר־ | ט֣וֹב | עַל־ | הַמֶּ֗לֶךְ | עֹמֵד֙ | בְּבֵ֣ית | הָמָ֔ן | גָּבֹ֖הַּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બનાવ્યો-છે | હામાને | મોર્દખાય-માટે | જેણે | કહ્યુ-હતું | સારું | વિશે | રાજાના | ઊભો-છે | ઘરમાં | હામાનના | ઊંચો |
| | H2001 | H4782 | | H1696 | | | H4428 | H5975 | | H2001 | H1364 |

| חֲמִשִּׁ֣ים | אַמָּ֑ה | וַיֹּ֥אמֶר | הַמֶּ֖לֶךְ | תְּלֻ֥הוּ | עָלָֽיו׃ |
|---|---|---|---|---|---|
| પચાસ | હાથ | અને-કહ્યુ | રાજાએ | લટકાવો-તેને | તેના-પર |
| H2572 | | H0559 | H4428 | H8518 | |

જે ખોજાઓ રાજાની હજૂરમાં તે વખતે હાજર હતા, તેઓમાંના એક, જેનું નામ હાર્બોના હતું તેને રાજાએ કહ્યુ કે, “મોર્દખાય જેણે રાજાની ઉત્તમ સેવા બજાવી છે તેને જ માટે પચાસ હાથ ઊંચી ફાંસી હામાને તૈયાર કરાવી છે. તે તેના ઘરમાં ઊભી કરેલી છે. “હામાનને તેના પર ફાંસી આપો.”

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּתְלוּ | אֶת־ | הָמָן | עַל־ | הָעֵץ | אֲשֶׁר־ | הֵכִין | לְמָרְדֳּכָי | וַחֲמַת | הַמֶּלֶךְ |
| અને-લટકાવ્યો | – | હામાનને | પર | થાંભલા-પર | જે | તૈયાર-કર્યો-હતો | મોર્દખાય-માટે | અને-ક્રોધ | રાજાનો |
| H8518 | H0853 | H2001 | | H6086 | | | H4782 | H2534 | H4428 |

| | |
|---|---|
| שָׁכָכָה׃ | פ |
| શાંત-થયો | — |
| H7918 | |

એટલે હામાનને પોતાને મોર્દખાયને માટે તૈયાર કરેલી ફાંસી પર ચઢાવી દેવામાં આવ્યો. ત્યાર પછી રાજાનો ક્રોધ શમી ગયો.

## Chapter 8

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בַּיּוֹם | הַהוּא | נָתַן | הַמֶּלֶךְ | אֲחַשְׁוֵרוֹשׁ | לְאֶסְתֵּר | הַמַּלְכָּה | אֶת־ | בֵּית | הָמָן | צֹרֵר |
| દિવસે | તે | આપ્યું | રાજા | અહાશ્વેરોશે | એસ્તેરને | રાણીને | – | ઘર | હામાનનું | દુશ્મન |
| H3117 | H1931 | H5414 | H4428 | H0325 | H0635 | H4436 | H0853 | | H2001 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ]היהודיים[ | )הַיְּהוּדִים( | וּמָרְדֳּכַי | בָּא | לִפְנֵי | הַמֶּלֶךְ | כִּי־ | הִגִּידָה | אֶסְתֵּר | מַה | הוּא־ |
| — | યહૂદીઓના | અને-મોર્દખાય | આવ્યો | સામે | રાજાના | કારણ-કે | જણાવ્યું-હતું | એસ્તેરે | શું | તે |
| H3064 | H3064 | H4782 | H0935 | H6440 | H4428 | | H5046 | H0635 | H4100 | H1931 |

| |
|---|
| לָהּ׃ |
| તેનો-હતો |

તે જ દિવસે અહાશ્વેરોશ રાજાએ એસ્તેર રાણીને યહૂદીઓના શત્રુ હામાનનું ઘરબાર આપી દીધાં. અને એસ્તેરે યહૂદી મોર્દખાય સાથે સગપણ જણાવ્યું. એટલે મોર્દખાયને રાજા સમક્ષ તેડવામાં આવ્યો.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּסַר | הַמֶּלֶךְ | אֶת־ | טַבַּעְתּוֹ | אֲשֶׁר | הֶעֱבִיר | מֵהָמָן | וַיִּתְּנָהּ | לְמָרְדֳּכָי | וַתָּשֶׂם |
| અને-કાઢી | રાજાએ | – | તેની-વીંટી | જે | લઈ-લીધી-હતી | હામાન-પાસેથી | અને-આપી | મોર્દખાયને | અને-મૂક્યો |
| H5493 | H4428 | H0853 | H2885 | | | H2001 | H5414 | H4782 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֶסְתֵּר | אֶת־ | מָרְדֳּכַי | עַל־ | בֵּית | הָמָן׃ | פ |
| એસ્તેરે | – | મોર્દખાયને | ઉપર | ઘર | હામાનના | — |
| H0635 | H0853 | H4782 | | | H2001 | |

રાજાએ હામાન પાસેથી પાછી લીધેલી મુદ્રિકા કાઢીને મોર્દખાયને આપી અને એસ્તેરે મોર્દખાયને હામાનના ઘરબારનો કારભારી ઠરાવ્યો.

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתּוֹסֶף | אֶסְתֵּר | וַתְּדַבֵּר | לִפְנֵי | הַמֶּלֶךְ | וַתִּפֹּל | לִפְנֵי | רַגְלָיו | וַתֵּבְךְּ | וַתִּתְחַנֶּן־ | לוֹ |
| અને-ફરીથી | એસ્તેરે | અને-બોલી | સામે | રાજાના | અને-પડી | આગળ | તેના-પગ | અને-રડી | અને-વિનંતી-કરી | તેને |
| H3254 | H0635 | H1696 | H6440 | H4428 | H5307 | H6440 | H7272 | H1058 | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לְהַעֲבִיר | אֶת־ | רָעַת | הָמָן | הָאֲגָגִי | וְאֵת | מַחֲשַׁבְתּוֹ | אֲשֶׁר | חָשַׁב | עַל־ | הַיְּהוּדִים׃ |
| દૂર-કરવા | – | દુષ્ટતા | હામાનની | આગાગી | અને | તેની-યોજના | જે | ઘડી-હતી | વિરુદ્ધ | યહૂદીઓની |
| | H0853 | | H2001 | H0091 | H0853 | H4284 | | H2803 | | H3064 |

એસ્તેર રાણી ફરીથી એકવાર રાજાના દરબારમાં આવી અને રાજાના પગમાં પડીને તેણે આખમાં આસુ સાથે અગાગી હામાને યહૂદીઓની વિરુદ્ધ ઘડેલું કાવતરું રદ કરવા કાલાવાલા કર્યા.

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיּוֹשֶׁט | הַמֶּלֶךְ | לְאֶסְתֵּר | אֵת | שַׁרְבִט | הַזָּהָב | וַתָּקָם | אֶסְתֵּר | וַתַּעֲמֹד | לִפְנֵי |
| અને-લંબાવ્યો | રાજાએ | એસ્તેર-તરફ | – | રાજદંડ | સોનાનો | અને-ઊઠી | એસ્તેર | અને-ઊભી-રહી | સામે |
| H3447 | H4428 | H0635 | H0853 | H8275 | H2091 | | H0635 | H5975 | H6440 |

| |
|---|
| הַמֶּלֶךְ׃ |
| રાજાના |
| H4428 |

પછી રાજાએ એસ્તેર તરફ સોનાનો રાજદંડ ધર્યો, એટલે તે ઊઠીને રાજાની સમક્ષ ઊભી રહી.

5

| | | |
|---|---|---|
| וַתֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אִם־ | જો | |
| עַל־ | તે | |
| הַמֶּלֶךְ | રાજાને | H4428 |
| טוֹב | સારું-લાગે | |
| וְאִם־ | અને-જો | |
| מָצָאתִי | મળી-છે-મને | H4672 |
| חֵן | કૃપા | H2580 |
| לְפָנָיו | તેમની-આગળ | H6440 |
| וְכָשֵׁר | અને-યોગ્ય-છે | H3787 |
| הַדָּבָר | વાત | H1697 |
| לִפְנֵי | સામે | H6440 |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| וְטוֹבָה | અને-સારી | |
| אֲנִי | હું | H0589 |
| בְּעֵינָיו | તેમની-નજરમાં | |
| יִכָּתֵב | લખવામાં-આવે | H3789 |
| לְהָשִׁיב | પાછા-લેવા | H7725 |
| אֶת־ | – | H0853 |
| הַסְּפָרִים | પત્રો | |
| מַחֲשֶׁבֶת | યોજના | H4284 |
| הָמָן | હામાનની | H2001 |
| בֶּן | પુત્ર | |
| הַמְּדָתָא | હમ્મદાથાના | H4099 |
| הָאֲגָגִי | આગાગીની | H0091 |
| אֲשֶׁר | જે | |
| כָּתַב | લખ્યા-હતા | H3789 |
| לְאַבֵּד | નાશ-કરવા | H0006 |
| אֶת־ | – | H0853 |
| הַיְּהוּדִים | યહૂદીઓનો | H3064 |
| אֲשֶׁר | જે | |
| בְּכָל־ | બધા | H3605 |
| מְדִינוֹת | પ્રાંતોમાં | H4082 |
| הַמֶּלֶךְ׃ | રાજાના | H4428 |

એસ્તેરે કહ્યુ, “જો આપની મરજી હોય અને જો આપની મારા પર કૃપાદૃષ્ટિ હોય અને જો આ વિચાર આપને સારો લાગે તો અને આપની આંખોને હું ગમતી હોઉં તો અગાગી હામ્મદાથાના પુત્ર હામાને યહૂદીઓનો નાશ કરવાનો જે પત્ર રાજાના સર્વ પ્રાંતોમાં મોકલી આપ્યો છે તેને રદ કરતો આદેશ તમે મોકલી આપો.

6

| | | |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| אֵיכָכָה | કેવી-રીતે | |
| אוּכַל | સહન-કરું | H3201 |
| וְרָאִיתִי | અને-જોઉં | H7200 |
| בָּרָעָה | આફત | |
| אֲשֶׁר־ | જે | |
| יִמְצָא | આવે | H4672 |
| אֶת־ | – | H0853 |
| עַמִּי | મારા-લોકો-પર | |
| וְאֵיכָכָה | અને-કેવી-રીતે | |
| אוּכַל | સહન-કરું | H3201 |
| וְרָאִיתִי | અને-જોઉં | H7200 |
| בְּאָבְדַן | નાશ | H0013 |
| מוֹלַדְתִּי׃ | મારા-કુળનો | H4138 |
| ס | — | |

કેમ કે મારા લોકો પર જે વિપત્તિ આવી પડવાની છે તે મારાથી શી રીતે જોઈ શકાય? અથવા મારા સગાંનો નાશ મારાથી શી રીતે જોઈ શકાય?”

7

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| אֲחַשְׁוֵרֹשׁ | અહાશ્વેરોશે | H0325 |
| לְאֶסְתֵּר | એસ્તેરને | H0635 |
| הַמַּלְכָּה | રાણીને | H4436 |
| וּלְמָרְדֳּכַי | અને-મોર્દખાયને | H4782 |
| הַיְּהוּדִי | યહૂદીને | H3064 |
| הִנֵּה | જુઓ | H2009 |
| בֵית־ | ઘર | |
| הָמָן | હામાનનું | H2001 |
| נָתַתִּי | આપ્યું-છે-મેં | H5414 |
| לְאֶסְתֵּר | એસ્તેરને | H0635 |
| וְאֹתוֹ | અને-તેને | H0853 |
| תָּלוּ | લટકાવ્યો | H8518 |
| עַל־ | પર | |
| הָעֵץ | થાંભલા | H6086 |
| עַל | કારણ-કે | |
| אֲשֶׁר־ | જે | |
| שָׁלַח | ઉઠાવ્યો-હતો | H7971 |
| יָדוֹ | હાથ | H3027 |
| ]ביהודיים[ | — | H3064 |
| )בַּיְּהוּדִים׃( | યહૂદીઓ-સામે | H3064 |

ત્યારે અહાશ્વેરોશ રાજાએ યહૂદી મોર્દખાય તથા એસ્તેર રાણીને કહ્યુ, “જુઓ, હામાનનાં ઘરબાર મેં એસ્તેરને સોંપ્યાં છે તથા તેને તેઓએ ફાંસી પર લટકાવ્યો છે, કેમ કે તેણે યહૂદીઓનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો.

8

| | | |
|---|---|---|
| וְאַתֶּם | અને-તમે | |
| כִּתְבוּ | લખો | H3789 |
| עַל־ | વિશે | |
| הַיְּהוּדִים | યહૂદીઓ-વિશે | H3064 |
| כַּטּוֹב | જે-સારું-લાગે | |
| בְּעֵינֵיכֶם | તમારી-નજરમાં | |
| בְּשֵׁם | નામથી | H8034 |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| וְחִתְמוּ | અને-મહોર-લગાવો | H2856 |
| בְּטַבַּעַת | વીંટીથી | H2885 |
| הַמֶּלֶךְ | રાજાની | H4428 |
| כִּי־ | કારણ-કે | |
| כְתָב | લખાણ | H3791 |
| אֲשֶׁר־ | જે | |
| נִכְתָּב | લખવામાં-આવ્યું-છે | H3789 |
| בְּשֵׁם־ | નામથી | H8034 |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| וְנַחְתּוֹם | અને-મહોર-લગાવ્યું-છે | H2856 |
| בְּטַבַּעַת | વીંટીથી | H2885 |
| הַמֶּלֶךְ | રાજાની | H4428 |
| אֵין | નથી-શકાતું | H0369 |
| לְהָשִׁיב׃ | રદ-કરી | H7725 |

તમને યોગ્ય લાગે તે પ્રમાણે તમે યહૂદીઓ પર રાજાના નામથી લખાણ કરો અને રાજાની મુદ્રિકાથી તે મુદ્રિત કરો કેમ કે રાજાના નામથી લખાયેલો તથા રાજાની મુદ્રિકાથી મુદ્રિત થયેલો લેખ કોઈથી રદ થતો નથી.”

9

| | | |
|---|---|---|
| וַיִּקָּרְאוּ | અને-બોલાવવામાં-આવ્યા | H7121 |
| סֹפְרֵי־ | લહિયાઓ | |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| בָּעֵת־ | સમયે | H6256 |
| הַהִיא | તે | H1931 |
| בַּחֹדֶשׁ | મહિનામાં | H2320 |
| הַשְּׁלִישִׁי | ત્રીજા | H7992 |
| הוּא־ | એટલે-કે | H1931 |
| חֹדֶשׁ | મહિનો | H2320 |
| סִיוָן | સીવાન | H5510 |
| בִּשְׁלוֹשָׁה | ત્રેવીસમી | H7969 |
| וְעֶשְׂרִים | ત્રેવીસમી | H6242 |
| בּוֹ | તારીખે | |
| וַיִּכָּתֵב | અને-લખવામાં-આવ્યું | H3789 |
| כְּכָל־ | બધું | H3605 |
| אֲשֶׁר־ | જે | |
| צִוָּה | આદેશ-આપ્યો | H6680 |
| מָרְדֳּכַי | મોર્દખાયે | H4782 |
| אֶל־ | તરફ | H0413 |
| הַיְּהוּדִים | યહૂદીઓ | H3064 |
| וְאֶל | અને-તરફ | H0413 |
| הָאֲחַשְׁדַּרְפְּנִים־ | ક્ષત્રપો | H0323 |
| וְהַפַּחוֹת | અને-રાજ્યપાલો | H6346 |
| וְשָׂרֵי | અને-અધિકારીઓ | H8269 |
| הַמְּדִינוֹת | પ્રાંતોના | H4082 |
| אֲשֶׁר | જે | |
| מֵהֹדּוּ | ભારતથી | H1912 |
| וְעַד־ | લઈને | H5704 |
| כּוּשׁ | કૂશ-સુધી | |
| שֶׁבַע | સાત | H7651 |
| וְעֶשְׂרִים | વીસ | H6242 |
| וּמֵאָה | અને-સો | H3967 |
| מְדִינָה | પ્રાંત | H4082 |
| מְדִינָה | દરેક-પ્રાંતને | H4082 |
| וּמְדִינָה | અને-દરેક-પ્રાંતને | H4082 |
| כִּכְתָבָהּ | તેની-લિપિમાં | H3791 |
| וְעַם | અને-દરેક-લોકોને | |
| וָעָם | અને-લોકોને | |
| כִּלְשֹׁנוֹ | તેમની-ભાષામાં | H3956 |
| וְאֶל־ | અને-તરફ | H0413 |
| הַיְּהוּדִים | યહૂદીઓને | H3064 |
| כִּכְתָבָם | તેમની-લિપિમાં | H3789 |
| וְכִלְשׁוֹנָם׃ | અને-તેમની-ભાષામાં | H3956 |

ત્યારે ત્રીજા મહિનાના એટલે સીવાન મહિનાના ત્રેવીસમા દિવસે રાજાના મંત્રીઓને બોલાવવામાં આવ્યા અને મોર્દખાયની આજ્ઞા પ્રમાણે યહૂદીઓને લગતો એક હુકમ ભારત દેશથી તે કૂશ સુધીના એકસો સત્તાવીશ પ્રાંતના સૂબાઓ, રાજ્યપાલો અને અમલદારોને તે પ્રાંતની ભાષાઓમાં અને લિપિમાં, તેમ જ યહૂદીઓની ભાષા અને લિપિમાં લખાવવામાં આવ્યો.

10

| | | |
|---|---|---|
| וַיִּכְתֹּב | અને-લખ્યું | H3789 |
| בְּשֵׁם | નામથી | H8034 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| אֲחַשְׁוֵרֹשׁ | અહાશ્વેરોશના | H0325 |
| וַיַּחְתֹּם | અને-મહોર-લગાવી | H2856 |
| בְּטַבַּעַת | વીંટીથી | H2885 |
| הַמֶּלֶךְ | રાજાની | H4428 |
| וַיִּשְׁלַח | અને-મોકલ્યા | H7971 |
| סְפָרִים | પત્રો | |
| בְּיַד | હાથે | H3027 |
| הָרָצִים | સંદેશવાહકોના | H7323 |
| בַּסּוּסִים | ઘોડા-પર | |
| רֹכְבֵי | સવારો | H7392 |
| הָרֶכֶשׁ | ઝડપી-ઘોડાના | H7409 |
| הָאֲחַשְׁתְּרָנִים | શાહી-ઘોડાના | H0327 |
| בְּנֵי | સંતાનો | |
| הָרַמָּכִים׃ | ઘોડીઓના | H7424 |

મોર્દખાયે આ હુકમ રાજાના નામે લખાવ્યો. અને રાજાની મુદ્રિકાથી મુદ્રિત કરીને ઘોડેસવાર ખેપિયાઓની એટલે રાજાની સેવામાં વપરાતા તથા રાજાની અશ્વશાળાના ઘોડાઓ પર સવારી કરતા સંદેશાવાહકો મારફતે સર્વ જગ્યાઓએ આ પત્રો મોકલી આપવામાં આવ્યા.

11

| | | |
|---|---|---|
| אֲשֶׁר | જેમાં | |
| נָתַן | આપ્યો-હતો | H5414 |
| הַמֶּלֶךְ | રાજાએ | H4428 |
| לַיְּהוּדִים׀ | યહૂદીઓને | H3064 |
| אֲשֶׁר | જે | |
| בְּכָל־ | બધા | H3605 |
| עִיר־ | શહેરે | |
| וָעִיר | શહેરે | |
| לְהִקָּהֵל | ભેગા-થવા | H6950 |
| וְלַעֲמֹד | અને-ઊભા-થવા | H5975 |
| עַל־ | માટે | |
| נַפְשָׁם | પોતાના-જીવ | H5315 |
| לְהַשְׁמִיד | નાશ-કરવા | H8045 |
| וְלַהֲרֹג | અને-મારવા | H2026 |
| וּלְאַבֵּד | અને-ખતમ-કરવા | H0006 |
| אֶת־ | - | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| חֵיל | સૈન્ય | H2428 |
| עַם | લોકો | |
| וּמְדִינָה | અને-પ્રાંતોના | H4082 |
| הַצָּרִים | દુશ્મનોનો-જે | |
| אֹתָם | તેમના | H0853 |
| טַף | બાળકો | H2945 |
| וְנָשִׁים | અને-સ્ત્રીઓ | H0802 |
| וּשְׁלָלָם | અને-તેમની-મિલકત | H7998 |
| לָבוֹז׃ | લૂંટવા | H0962 |

એ પત્રોમાં રાજાએ પ્રત્યેક નગરના યહૂદીઓ તેઓ એકત્ર થઈને પોતાના જીવના રક્ષણને માટે એટલે સુધી સામનો કરે કે જે લોક તથા પ્રાંત તેઓના પર હુમલો કરે તો કોઈ પણ પ્રાંતની સતાનો, બાળકોનો તથા સ્ત્રીઓને મારી નાખવાની તથા લૂંટી લેવાની પરવાનગી આપવામાં આવી.

12

| | | |
|---|---|---|
| בְּיוֹם | દિવસે | H3117 |
| אֶחָד | એક | H0259 |
| בְּכָל־ | બધા | H3605 |
| מְדִינוֹת | પ્રાંતોમાં | H4082 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| אֲחַשְׁוֵרוֹשׁ | અહાશ્વેરોશના | H0325 |
| בִּשְׁלוֹשָׁה | તેરમી | H7969 |
| עָשָׂר | તેરમી | H6240 |
| לְחֹדֶשׁ | તારીખે-મહિનાની | H2320 |
| שְׁנֵים־ | બારમા | H8147 |
| עָשָׂר | બારમા | H6240 |
| הוּא־ | એટલે-કે | H1931 |
| חֹדֶשׁ | મહિનો | H2320 |
| אֲדָר׃ | આદાર | H0143 |

આ હુકમ રાજા અહાશ્વેરોશના સર્વ પ્રાંતોમાં એક જ દિવસે એટલે કે બારમેં મહિને એટલે અદાર મહિનાના, તેરમા દિવસે અમલમાં આવવાનો હતો.

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| פַּתְשֶׁגֶן | הַכְּתָב | לְהִנָּתֵן | דָּת | בְּכָל־ | מְדִינָה | וּמְדִינָה | גָּלוּי | לְכָל־ | הָעַמִּים | וְלִהְיוֹת |
| નકલ | લખાણની | આપવામાં-આવે | કાયદો | બધા | પ્રાંતે | પ્રાંતે | જાહેર | બધા | લોકોને | અને-હોય |
| | H3791 | H5414 | H1881 | H3605 | H4082 | H4082 | H1540 | H3605 | | H1961 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ]היהודיים[ | )הַיְּהוּדִים( | ]עתודים[ | )עֲתִידִים( | לַיּוֹם | הַזֶּה | לְהִנָּקֵם | מֵאֹיְבֵיהֶם׃ |
| — | યહૂદીઓ | — | તૈયાર | દિવસ-માટે | આ | વેર-વાળવા | દુશ્મનો-પાસેથી |
| H3064 | H3064 | H6259 | H6264 | H3117 | H2088 | H5358 | H0341 |

એ હુકમ સર્વ પ્રાંતોમાં પ્રગટ કરવામાં આવે એટલા માટે તેની એક એક નકલ બધી પ્રજાઓમાં મોકલવામાં આવી તે જ દિવસે યહૂદીઓએ પોતાના શત્રુઓ પર વેર વાળવાને તૈયાર રહેવાનું હતું.

14

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הָרָצִים | רֹכְבֵי | הָרֶכֶשׁ | הָאֲחַשְׁתְּרָנִים | יָצְאוּ | מְבֹהָלִים | וּדְחוּפִים | בִּדְבַר | הַמֶּלֶךְ |
| સંદેશવાહકો | સવારો | ઝડપી-ઘોડાના | શાહી-ઘોડાના | નીકળ્યા | ઉતાવળા | અને-દબાણમાં | આદેશથી | રાજાના |
| H7323 | H7392 | H7409 | H0327 | H3318 | H0926 | H1765 | H1697 | H4428 |

| | | | | |
|---|---|---|---|---|
| וְהַדָּת | נִתְּנָה | בְּשׁוּשַׁן | הַבִּירָה׃ | פ |
| અને-કાયદો | આપવામાં-આવ્યો | શૂશાનમાં | રાજધાનીમાં | — |
| H1881 | H5414 | H7800 | H1002 | |

રાજાની સેવામાં વપરાતા ઘોડાઓ પર સવાર થયેલા ખેપિયાઓને રાજાની આજ્ઞાથી તાકીદ કરવામાં આવી હતી તેથી તેઓ જલ્દી ચાલી નીકળ્યા. આ હુકમ સૂસાના મહેલમાં પણ પ્રગટ કરવામાં આવ્યો.

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמָרְדֳּכַי | יָצָא | מִלִּפְנֵי | הַמֶּלֶךְ | בִּלְבוּשׁ | מַלְכוּת | תְּכֵלֶת | וָחוּר | וַעֲטֶרֶת | זָהָב | גְּדוֹלָה |
| અને-મોર્દખાય | નીકળ્યો | સામેથી | રાજાના | પોશાકમાં | શાહી | ભૂરા | અને-સફેદ | અને-મુગટ | સોનાનો | મોટો |
| H4782 | H3318 | H6440 | H4428 | H3830 | H4438 | H8504 | H2353 | H5850 | H2091 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְתַכְרִיךְ | בּוּץ | וְאַרְגָּמָן | וְהָעִיר | שׁוּשָׁן | צָהֲלָה | וְשָׂמֵחָה׃ |
| અને-ઝભ્ભો | ઝીણા-કાપડનો | અને-જાંબલી | અને-શહેર | શૂશાન | જયજયકાર-કર્યો | અને-આનંદ-થયો |
| H8509 | H0948 | H0713 | | H7800 | | H8055 |

મોર્દખાય ભૂરા અને સફેદ રાજપોશાક તથા માથે મોટો સોનાનો મુગટ મૂકી અને બારીક શણનો જાંબુડી રંગનો ઝભ્ભો પહેરીને રાજાની હજૂરમાંથી નીકળ્યો. અને સૂસા નગરમાં હર્ષનો પોકાર થઈ રહ્યો.

16

| | | | | | |
|---|---|---|---|---|---|
| לַיְּהוּדִים | הָיְתָה | אוֹרָה | וְשִׂמְחָה | וְשָׂשֹׂן | וִיקָר׃ |
| યહૂદીઓ-માટે | હતું | પ્રકાશ | અને-આનંદ | અને-ઉલ્લાસ | અને-સન્માન |
| H3064 | H1961 | | H8057 | H8342 | H3366 |

યહૂદીઓએ ખૂબ આનંદ અને ખુશીથી ઉજવણી કરી. અને તેઓને માન પણ આપવામાં આવ્યું.

17

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבְכָל־ | מְדִינָה | וּמְדִינָה | וּבְכָל־ | עִיר | וָעִיר | מְקוֹם | אֲשֶׁר | דְּבַר־ | הַמֶּלֶךְ | וְדָתוֹ |
| અને-દરેક | પ્રાંતે | પ્રાંતે | અને-દરેક | શહેરે | શહેરે | જગ્યાએ | જ્યાં | વાત | રાજાની | અને-તેનો-કાયદો |
| H3605 | H4082 | H4082 | H3605 | | | H4725 | | H1697 | H4428 | H1881 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מַגִּיעַ | שִׂמְחָה | וְשָׂשׂוֹן | לַיְּהוּדִים | מִשְׁתֶּה | וְיוֹם | טוֹב | וְרַבִּים | מֵעַמֵּי | הָאָרֶץ |
| પહોંચ્યો | આનંદ | અને-ઉલ્લાસ | યહૂદીઓ-માટે | ભોજન | અને-દિવસ | સારો | અને-ઘણા | લોકોમાંથી | દેશના |
| H5060 | H8057 | H8342 | H3064 | H4960 | H3117 | | | | H0776 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| מִתְיַהֲדִים | כִּי־ | נָפַל | פַּחַד־ | הַיְּהוּדִים | עֲלֵיהֶם׃ |
| યહૂદી-બન્યા | કારણ-કે | પડ્યો-હતો | ભય | યહૂદીઓનો | તેમના-પર |
| H3054 | | H5307 | H6343 | H3064 | |

સર્વ નગર તથા સર્વ પ્રાંતોમાં રાજાનો આદેશ પહોંચ્યો ત્યાં યહૂદીઓમાં આનંદ વ્યાપી ગયો અને હર્ષ પ્રદર્શિત કરવા માટે તે ઉત્સવનો દિવસ બની રહ્યો અને તેઓએ તે મહાઆનંદપૂર્વક ઊજવ્યો. ઘણાં લોકોએ પોતાને યહૂદી તરીકે ઓળખાવ્યા કારણ કે તે લોકોને યહૂદીઓનો ડર લાગ્યો.

## Chapter 9

1

| וּבִשְׁנֵים | עָשָׂר | חֹדֶשׁ | הוּא־ | חֹדֶשׁ | אֲדָר | בִּשְׁלוֹשָׁה | עָשָׂר | יוֹם | בּוֹ | אֲשֶׁר | הִגִּיעַ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બારમા | બારમા | મહિનામાં | એટલે-કે | મહિનો | આદાર | તેરમી | તેરમી | દિવસે | તારીખે | જ્યારે | પહોંચ્યો-હતો |
| H8147 | H6240 | H2320 | H1931 | H2320 | H0143 | H7969 | H6240 | H3117 | | | H5060 |

| דְּבַר־ | הַמֶּלֶךְ | וְדָתוֹ | לְהֵעָשׂוֹת | בַּיּוֹם | אֲשֶׁר | שִׂבְּרוּ | אֹיְבֵי | הַיְּהוּדִים |
|---|---|---|---|---|---|---|---|---|
| વાત | રાજાની | અને-તેનો-કાયદો | અમલમાં-આવવા | દિવસે | જ્યારે | આશા-રાખતા-હતા | દુશ્મનો | યહૂદીઓના |
| H1697 | H4428 | H1881 | | H3117 | | | H0341 | H3064 |

| לִשְׁלוֹט | בָּהֶם | וְנַהֲפוֹךְ | הוּא | אֲשֶׁר | יִשְׁלְטוּ | הַיְּהוּדִים | הֵמָּה | בְּשֹׂנְאֵיהֶם׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| શાસન-કરવા | તેમના-પર | અને-ઉલટું-થયું | તે | કે | શાસન-કર્યું | યહૂદીઓએ | તેઓએ | તેમના-દુશ્મનો-પર |
| H7980 | | H2015 | H1931 | | H7980 | H3064 | H1992 | H8130 |

હવે બારમા મહિને એટલે કે અદાર મહિનાના, તેરમા દિવસે રાજાનો હુકમ અમલમાં આવવાનો હતો, તે દિવસે તો યહૂદીઓના શત્રુઓને તેઓ ઉપર સત્તા મેળવવાની આશા હતી. પણ તેથી ઉલટું એવું બન્યું કે યહૂદીઓએ જ પોતાના વેરીઓ પર સત્તા મેળવી.

2

| נִקְהֲלוּ | הַיְּהוּדִים | בְּעָרֵיהֶם | בְּכָל־ | מְדִינוֹת | הַמֶּלֶךְ | אֲחַשְׁוֵרוֹשׁ | לִשְׁלֹחַ | יָד |
|---|---|---|---|---|---|---|---|---|
| ભેગા-થયા | યહૂદીઓ | તેમના-શહેરોમાં | બધા | પ્રાંતોમાં | રાજા | અહાશ્વેરોશના | હાથ-ઉચકવા | હાથ |
| H6950 | H3064 | | H3605 | H4082 | H4428 | H0325 | H7971 | H3027 |

| בִּמְבַקְשֵׁי | רָעָתָם | וְאִישׁ | לֹא־ | עָמַד | לִפְנֵיהֶם | כִּי־ | נָפַל | פַּחְדָּם |
|---|---|---|---|---|---|---|---|---|
| ખરાબ-શોધનારાઓ-વિરુદ્ધ | તેમની-ખરાબ | અને-કોઈ | નહીં | ઊભો-રહ્યો | તેમની-સામે | કારણ-કે | પડ્યો-હતો | તેમનો-ડર |
| H1245 | | H0376 | H3808 | H5975 | H6440 | | H5307 | H6343 |

| עַל־ | כָּל־ | הָעַמִּים׃ |
|---|---|---|
| ઉપર | બધા | લોકોના |
| | H3605 | |

તે દિવસે અહાશ્વેરોશ રાજાના સર્વ પ્રાંતોમાં યહૂદીઓ પોતપોતાનાં નગરોમાં એકત્ર થયા, જેથી તેઓનું નુકસાન કરવાની જે લોકો કોશિશ કરતા હતા, તેઓના પર તેઓ હુમલો કરે. પણ તેઓની વિરુદ્ધ કોઈ ઊભું રહી શક્યું નહિ કારણ કે તે સર્વ લોકોને તેઓનો ભય લાગ્યો હતો.

3

| וְכָל־ | שָׂרֵי | הַמְּדִינוֹת | וְהָאֲחַשְׁדַּרְפְּנִים | וְהַפַּחוֹת | וְעֹשֵׂי | הַמְּלָאכָה | אֲשֶׁר | לַמֶּלֶךְ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-બધા | અધિકારીઓ | પ્રાંતોના | અને-ક્ષત્રપો | અને-રાજ્યપાલો | અને-કાર્યકરો | કામના | જે | રાજાના |
| H3605 | H8269 | H4082 | H0323 | H6346 | | H4399 | | H4428 |

| מְנַשְּׂאִים | אֶת־ | הַיְּהוּדִים | כִּי־ | נָפַל | פַּחַד־ | מָרְדֳּכַי | עֲלֵיהֶם׃ |
|---|---|---|---|---|---|---|---|
| સહાય-કરતા-હતા | – | યહૂદીઓને | કારણ-કે | પડ્યો-હતો | ડર | મોર્દખાયનો | તેમના-પર |
| H5375 | H0853 | H3064 | | H5307 | H6343 | H4782 | |

અને પ્રાંતોના બધા અમલદારો, સૂબાઓ, રાજ્યપાલો, અને રાજાના વહીવટકર્તાઓએ યહૂદીઓને મદદ કરી; કારણ કે તેઓ બધા હવે મોર્દખાયથી બીતા હતા.

4

| כִּי־ | גָדוֹל | מָרְדֳּכַי | בְּבֵית | הַמֶּלֶךְ | וְשָׁמְעוֹ | הוֹלֵךְ | בְּכָל־ | הַמְּדִינוֹת | כִּי־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | મહાન-હતો | મોર્દખાય | મહેલમાં | રાજાના | અને-તેની-ખ્યાતિ | વધતી-જતી-હતી | બધા | પ્રાંતોમાં | કારણ-કે |
| | | H4782 | | H4428 | H8089 | H1980 | H3605 | H4082 | |

| הָאִישׁ | מָרְדֳּכַי | הוֹלֵךְ | וְגָדוֹל׃ | פ |
|---|---|---|---|---|
| માણસ | મોર્દખાય | વધતો-જતો-હતો | અને-મહાન | — |
| H0376 | H4782 | H1980 | | |

મોર્દખાય રાજાના મહેલમાં ઉચ્ચ પદ પર નિમાયેલો હતો. એની કીર્તિ સર્વ પ્રાંતોમાં પ્રસરી ગઈ હતી. તેની સત્તા દિવસે દિવસે વધતી ગઈ.

5

| וַיַּכּוּ | הַיְּהוּדִים | בְּכָל־ | אֹיְבֵיהֶם | מַכַּת־ | חֶרֶב | וְהֶרֶג | וְאַבְדָן | וַיַּעֲשׂוּ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-માર્યા | યહૂદીઓએ | બધા | તેમના□-દુશ્મનોને | મારથી | તલવારની | અને-હત્યા | અને-વિનાશ | અને-કર્યું |
| H5221 | H3064 | H3605 | H0341 | H4347 | H2719 | H2027 | H0012 | |

| בְשֹׂנְאֵיהֶם | כִּרְצוֹנָם׃ |
|---|---|
| તેમના-દુશ્મનો-સાથે | તેમની-ઇચ્છા-પ્રમાણે |
| H8130 | H7522 |

યહૂદીઓએ પોતાના સર્વ શત્રુઓનો તલવારથી સંહાર કરીને તેઓનો નાશ કર્યો અને પોતાના વિરોધીઓ સાથે તેઓએ પોતાની મરજીમાં આવે તેવું વર્તન કર્યું.

6

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וּבְשׁוּשַׁן | הַבִּירָה | הָרְגוּ | הַיְּהוּדִים | וְאַבֵּד | חֲמֵשׁ | מֵאוֹת | אִישׁ׃ |
| અને-શૂશાનમાં | રાજધાનીમાં | માર્યા | યહૂદીઓએ | અને-નાશ-કર્યા | પાંચ | સો | માણસો |
| H7800 | H1002 | H2026 | H3064 | H0006 | H2568 | H3967 | H0376 |

સૂસાના મહેલમાં યહૂદીઓએ પાંચસો માણસોને મારીને તેઓનો નાશ કર્યો.

7

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְאֵת | פַּרְשַׁנְדָּתָא | וְאֵת | דַּלְפוֹן | וְאֵת | אַסְפָּתָא׃ |
| અને | પર્શંદાતાને | અને | દલ્ફોનને | અને | અસ્પાથાને |
| H0853 | H6577 | H0853 | H1813 | H0853 | H0630 |

વળી તેઓએ પાર્શાન્દાથાને, દાલ્ફોનને, આસ્પાથાને,

8

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְאֵת | פּוֹרָתָא | וְאֵת | אֲדַלְיָא | וְאֵת | אֲרִידָתָא׃ |
| અને | પોરાથાને | અને | અદલ્યાને | અને | અરિદાથાને |
| H0853 | H6334 | H0853 | H0118 | H0853 | H0743 |

પોરાથાને, અદાલ્યાને, અરિદાથાને,

9

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְאֵת | פַּרְמַשְׁתָּא | וְאֵת | אֲרִיסַי | וְאֵת | אֲרִדַי | וְאֵת | וַיְזָתָא׃ |
| અને | પર્મશ્તાને | અને | અરિસાયને | અને | અરિદાયને | અને | વય્ઝાથાને |
| H0853 | H6534 | H0853 | H0747 | H0853 | H0742 | H0853 | H2055 |

પાર્માશતાને, અરિસાયને, અરિદાયને તથા વાઈઝાથાને,

10

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עֲשֶׂרֶת | בְּנֵי | הָמָן | בֶּן־ | הַמְּדָתָא | צֹרֵר | הַיְּהוּדִים | הָרָגוּ | וּבַבִּזָּה | לֹא | שָׁלְחוּ | אֶת־ | יָדָם׃ |
| દસ | પુત્રો | હામાનના | પુત્ર | હમ્મદાથાના | દુશ્મન | યહૂદીઓના | માર્યા | પરંતુ-લૂંટમાં | નહીં | લંબાવ્યો | – | હાથ |
| H6235 | | H2001 | | H4099 | | H3064 | H2026 | H0961 | H3808 | H7971 | H0853 | H3027 |

એટલે યહૂદીઓના શત્રુ હામ્મદાથાના પુત્ર હામાનનો દસે પુત્રોને મારી નાખ્યા; પણ લૂંટ પર તેઓએ હાથ નાખ્યો નહિ.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בַּיּוֹם | הַהוּא | בָּא | מִסְפַּר | הַהֲרוּגִים | בְּשׁוּשַׁן | הַבִּירָה | לִפְנֵי | הַמֶּלֶךְ׃ | ס |
| દિવસે | તે | આવી | સંખ્યા | માર્યા-ગયેલાઓની | શૂશાનમાં | રાજધાનીમાં | સામે | રાજાન | — |
| H3117 | H1931 | H0935 | H4557 | H2026 | H7800 | H1002 | H6440 | H4428 | |

સૂસામાં મારી નાખવામાં આવેલા માણસોની સંખ્યા તે જ દિવસે રાજાને જાહેર કરવામાં આવી.

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | הַמֶּלֶךְ | לְאֶסְתֵּר | הַמַּלְכָּה | בְּשׁוּשַׁן | הַבִּירָה | הָרְגוּ | הַיְּהוּדִים | וְאַבֵּד | חֲמֵשׁ | מֵאוֹת |
| અને-કહ્યુ | રાજાએ | એસ્તેરને | રાણીને | શૂશાનમાં | રાજધાનીમાં | માર્યા | યહૂદીઓએ | અને-નાશ-કર્યા | પાંચ | સો |
| H0559 | H4428 | H0635 | H4436 | H7800 | H1002 | H2026 | H3064 | H0006 | H2568 | H3967 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אִישׁ | וְאֵת | עֲשֶׂרֶת | בְּנֵי־ | הָמָן | בִּשְׁאָר | מְדִינוֹת | הַמֶּלֶךְ | מֶה | עָשׂוּ | וּמַה־ | שְּׁאֵלָתֵךְ |
| માણસો | અને | દસ | પુત્રો | હામાનન | બાકીના | પ્રાંતોમાં | રાજાના | શું | કર્યું-હશે | અને-શું | તારી-વિનંતી |
| H0376 | H0853 | H6235 | | H2001 | H7605 | H4082 | H4428 | H4100 | | H4100 | H7596 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְיִנָּתֵן | לָךְ | וּמַה־ | בַּקָּשָׁתֵךְ | עוֹד | וְתֵעָשׂ׃ |
| અને-આપવામાં-આવશે | તને | અને-શું | તારી-અરજ | વધુ | અને-કરવામાં-આવશે |
| H5414 | | H4100 | H1246 | H5750 | |

રાજાએ એસ્તેર રાણીને કહ્યુ, “સૂસાના મહેલમાં યહૂદીઓએ પાંચસો માણસો અને હામાનના દસ પુત્રોને મારી નાખ્યા છે, તો પછી તેઓએ રાજ્યના બીજા પ્રાંતોમાં કોણ જાણે શું કર્યું હશે? હવે તારી શી અરજ છે? તે પ્રમાણે તને બક્ષવામાં આવશે. તારી બીજી શી વિનંતી છે? તે પણ મંજૂર થશે.”

13

| וַתֹּאמֶר | אֶסְתֵּר | אִם־ | עַל־ | הַמֶּלֶךְ | טוֹב | יִנָּתֵן | גַּם־ | מָחָר | לַיְּהוּדִים |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | એસ્તેરે | જો | તે | રાજાને | સારું-લાગે | આપવામાં-આવે | પણ | આવતી-કાલે | યહૂદીઓને |
| H0559 | H0635 | | | H4428 | | H5414 | H1571 | H4279 | H3064 |

| אֲשֶׁר | בְּשׁוּשָׁן | לַעֲשׂוֹת | כְּדָת | הַיּוֹם | וְאֵת | עֲשֶׂרֶת | בְּנֵי־ | הָמָן | יִתְלוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જે | શૂશાનમાં | કરવા | આજના-કાયદા-પ્રમાણે | દિવસન□ | અને | દસ | પુત્રો | હામાનના | લટકાવવામાં-આવે |
| | H7800 | | H1881 | H3117 | H0853 | H6235 | | H2001 | H8518 |

| עַל־ | הָעֵץ: |
|---|---|
| પર | થાંભલા |
| | H6086 |

ત્યારે એસ્તેરે તેને કહ્યુ કે, "જો રાજા આપની મરજી હોય તો સૂસામાં જે યહૂદીઓ છે તેઓને આજના હુકમ પ્રમાણે કાલે કરવા દેવું જોઈએ અને હામાનના દસે પુત્રોને ફાંસીએ લટકાવવા જોઈએ."

14

| וַיֹּאמֶר | הַמֶּלֶךְ | לְהֵעָשׂוֹת | כֵּן | וַתִּנָּתֵן | דָּת | בְּשׁוּשָׁן | וְאֵת | עֲשֶׂרֶת | בְּנֵי־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | રાજાએ | કરવામાં-આવે | એમ | અને-આપવામ□-આવ્યો | કાયદો | શૂશાનમાં | અને | દસ | પુત્રો |
| H0559 | H4428 | | | H5414 | H1881 | H7800 | H0853 | H6235 | |

| הָמָן | תָּלוּ: |
|---|---|
| હામાનના | લટકાવાયા |
| H2001 | H8518 |

રાજાએ તે પ્રમાણે કરવાની આજ્ઞા આપી અને સૂસામાં એવો હુકમ જાહેર કરવામાં આવ્યો. અને હામાનના દશે પુત્રોને તેઓએ ફાંસી પર લટકાવ્યા.

15

| וַיִּקָּהֲלוּ | ]היהודיים[ | )הַיְּהוּדִים( | אֲשֶׁר־ | בְּשׁוּשָׁן | גַּם | בְּיוֹם | אַרְבָּעָה | עָשָׂר | לְחֹדֶשׁ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ભેગા-થયા | — | યહૂદીઓ | જે | શૂશાનમાં-હતા | પણ | દિવસે | ચૌદમી | ચૌદમી | મહિનાન□ |
| H6950 | H3064 | H3064 | | H7800 | H1571 | H3117 | H0702 | H6240 | H2320 |

| אֲדָר | וַיַּהַרְגוּ | בְשׁוּשָׁן | שְׁלֹשׁ | מֵאוֹת | אִישׁ | וּבַבִּזָּה | לֹא | שָׁלְחוּ | אֶת־ | יָדָם: |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આદાર | અને-માર્યા | શૂશાનમાં | ત્રણ | સો | માણસો | પરંતુ-લૂંટમાં | નહીં | લંબાવ્યો | - | હાથ |
| H0143 | H2026 | H7800 | H7969 | H3967 | H0376 | H0961 | H3808 | H7971 | H0853 | H3027 |

સૂસામાંના યહૂદીઓ અદાર મહિનાને ચૌદમે દિવસે પણ એકત્ર થયા. તેઓએ સૂસામાં ત્રણસો માણસોને મારી નાખ્યા. પણ લૂંટ પર તેઓએ હાથ નાખ્યો નહિ.

16

| וּשְׁאָר | הַיְּהוּדִים | אֲשֶׁר | בִּמְדִינוֹת | הַמֶּלֶךְ | נִקְהֲלוּ | וְעָמֹד | עַל־ | נַפְשָׁם |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-બાકીન□ | યહૂદીઓ | જે | પ્રાંતોમાં | રાજાન□ | ભેગા-થયા | અને-ઊભા-રહ્યા | માટે | પોતાન□-જીવ |
| H7605 | H3064 | | H4082 | H4428 | H6950 | H5975 | | H5315 |

| וְנוֹחַ | מֵאֹיְבֵיהֶם | וְהָרֹג | בְּשֹׂנְאֵיהֶם | חֲמִשָּׁה | וְשִׁבְעִים | אָלֶף | וּבַבִּזָּה | לֹא |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-આરામ-પામ્યા | દુશ્મનો-પાસેથી | અને-માર્યા | તેમના-દુશ્મનોમાંથી | પંચોતેર | અને-પંચાસી | હજાર | પરંતુ-લૂંટમાં | નહીં |
| H5118 | H0341 | H2026 | H8130 | H2568 | H7657 | H0505 | H0961 | H3808 |

| שָׁלְחוּ | אֶת־ | יָדָם: |
|---|---|---|
| લંબાવ્યો | - | હાથ |
| H7971 | H0853 | H3027 |

રાજાના પ્રાંતોમાં વસતા બાકીના યહૂદીઓ પણ પોતાનો બચાવ કરવા અને શત્રુઓથી છુટકારો મેળવવા માટે ભેગા થયા. પોતાના શત્રુઓ પર તેઓએ વેર વાળ્યું. તેઓએ પંચોતેર હજારને મારી નાખ્યા. પણ લૂંટફાટ ચલાવી નહિ.

17

| בְּיוֹם־ | שְׁלֹשָׁה | עָשָׂר | לְחֹדֶשׁ | אֲדָר | וְנוֹחַ | בְּאַרְבָּעָה | עָשָׂר | בּוֹ | וְעָשֹׂה |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દિવસે | તેરમી | તેરમી | મહિ□ન□ | આદારન□ | અને-આરામ-કર્યો | ચૌદમી | ચૌદમી | તારીખે | અને-બનાવ્યો |
| H3117 | H7969 | H6240 | H2320 | H0143 | H5117 | H0702 | H6240 | | |

| אֹתוֹ | יוֹם | מִשְׁתֶּה | וְשִׂמְחָה: |
|---|---|---|---|
| તેને | દિવસ | ભોજનનો | અને-આનંદનો |
| H0853 | H3117 | H4960 | H8057 |

અદાર મહિનાના તેરમા દિવસે એવું બન્યું: ચૌદમે દિવસે તેઓએ વિશ્રાંતી લીધી. અને તેને મિજબાનીના તથા આનંદના દિવસ તરીકે ઊજવ્યો.

| 18 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | והיהודיים] | )וְהַיְּהוּדִים( | אֲשֶׁר־ | בְשׁוּשָׁן | נִקְהֲלוּ | בִּשְׁלֹשָׁה | עָשָׂר | בּוֹ | וּבְאַרְבָּעָה | עָשָׂר |
| | — | અને-યહૂદીઓ | જે | શૂશાનમાં-હતા | ભેગા-થયા | તેરમી | તેરમી | તારીખે | અને-ચૌદમી | ચૌદમી |
| | H3064 | H3064 | | H7800 | H6950 | H7969 | H6240 | | H0702 | H6240 |
| | בּוֹ | וְנוֹחַ | בַּחֲמִשָּׁה | עָשָׂר | בּוֹ | וְעָשֹׂה | אֹתוֹ | יוֹם | מִשְׁתֶּה | וְשִׂמְחָה׃ |
| | તારીખે | અને-આરામ-કર્યો | પંદરમી | પંદરમી | તારીખે | અને-બનાવ્યો | તેને | દિવસ | ભોજનનો | અને-આનંદનો |
| | | H5117 | H2568 | H6240 | | | H0853 | H3117 | H4960 | H8057 |

પણ સૂસામાંના યહૂદીઓ અદાર મહિનાના તેરમા તથા તેના ચૌદમા દિવસે એકત્ર થયા. પંદરમીએ તેઓએ આરામ ભોગવીને તેને મિજબાનીના તથા આનંદના દિવસ તરીકે ઊજવ્યો.

| 19 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | עַל־ | כֵּן | הַיְּהוּדִים | הפרוזים] | )הַפְּרָזִים( | הַיֹּשְׁבִים | בְּעָרֵי | הַפְּרָזוֹת | עֹשִׂים | אֵת | |
| | તે | કારણે | યહૂદીઓ | — | ગામોમાં□ | રહેનારા | શહેરોમાં□ | ખુલ્લ□-ગામોન□ | ઉજવે-છે | – | |
| | | | H3064 | H6521 | H6521 | H3427 | | H6519 | | H0853 | |
| | יוֹם | אַרְבָּעָה | עָשָׂר | לְחֹדֶשׁ | אֲדָר | שִׂמְחָה | וּמִשְׁתֶּה | וְיוֹם | טוֹב | וּמִשְׁלוֹחַ | מָנוֹת |
| | દિવસ | ચૌદમી | ચૌદમી | મહિના□ | આદાર□ | આનંદ | અને-ભોજન | અને-દિવસ | સારો | અને-મોકલવા | ભાગ |
| | H3117 | H0702 | H6240 | H2320 | H0143 | H8057 | H4960 | H3117 | | | H4490 |
| | אִישׁ | לְרֵעֵהוּ׃ | פ | | | | | | | | |
| | દરેક | તેન□-પડોશીને | — | | | | | | | | |
| | H0376 | H7453 | | | | | | | | | |

આ કારણથી જે ગ્રામ્ય યહૂદીઓ કોટ વિનાનાં ગામોમાં રહે છે, તેઓ અદાર મહીનાના ચૌદમા દિવસને ઉત્સવના દિવસ તરીકે અને એકબીજાને ભેટો મોકલવાના દિવસ તરીકે ઊજવે છે.

| 20 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | וַיִּכְתֹּב | מָרְדֳּכַי | אֶת־ | הַדְּבָרִים | הָאֵלֶּה | וַיִּשְׁלַח | סְפָרִים | אֶל־ | כָּל־ | הַיְּהוּדִים | אֲשֶׁר |
| | અને-લખ્યું | મોર્દખાયે | - | વાતો | આ | અને-મોકલ્યા | પત્રો | તરફ | બધા | યહૂદીઓને | જે |
| | H3789 | H4782 | H0853 | H1697 | H0428 | H7971 | | H0413 | H3605 | H3064 | |
| | בְּכָל־ | מְדִינוֹת | הַמֶּלֶךְ | אֲחַשְׁוֵרוֹשׁ | הַקְּרוֹבִים | וְהָרְחוֹקִים׃ | | | | | |
| | બધ□ | પ્રાંતોમ□ | રાજા | અહાશ્વેરોશન□ | નજીકન□ | અને-દૂરને | | | | | |
| | H3605 | H4082 | H4428 | H0325 | H7138 | H7350 | | | | | |

મોર્દખાયે અહાશ્વેરોશ રાજાના નજીકના તેમ જ દૂરના પ્રાંતોના સર્વ યહૂદીઓ પર પત્રો મોકલ્યા.

| 21 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | לְקַיֵּם | עֲלֵיהֶם | לִהְיוֹת | עֹשִׂים | אֵת | יוֹם | אַרְבָּעָה | עָשָׂר | לְחֹדֶשׁ | אֲדָר | וְאֵת |
| | સ્થાપિત-કરવા | તેમના-પર | ઉજવવા | ઉજવવા | - | દિવસ | ચૌદમી | ચૌદમી | મહિન□ન□ | આદારને | અને |
| | | | H1961 | | H0853 | H3117 | H0702 | H6240 | H2320 | H0143 | H0853 |
| | יוֹם־ | חֲמִשָּׁה | עָשָׂר | בּוֹ | בְּכָל־ | שָׁנָה | וְשָׁנָה׃ | | | | |
| | દિવસ | પંદરમી | પંદરમી | તારીખેને | દરેક | વર્ષે | અને-વર્ષે | | | | |
| | H3117 | H2568 | H6240 | | H3605 | H8141 | H8141 | | | | |

તેણે જણાવ્યું કે, અદાર મહિનાને ચૌદમે અને પંદરમે દિવસે તમારે વરસોવરસ તહેવાર ઊજવવા.

| 22 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | כַּיָּמִים | אֲשֶׁר־ | נָחוּ | בָהֶם | הַיְּהוּדִים | מֵאֹיְבֵיהֶם | וְהַחֹדֶשׁ | אֲשֶׁר | נֶהְפַּךְ | לָהֶם | |
| | દિવસો-જેવે | જ્યારે | આરામ-પામ્યા□ | તેમાં | યહૂદીઓએ | દુશ્મનો-પાસેથી | અને-મહિનો | જે | બદલાયો | તેમના-માટે | |
| | H3117 | | H5117 | | H3064 | H0341 | H2320 | | H2015 | H1992 | |
| | מִיָּגוֹן | לְשִׂמְחָה | וּמֵאֵבֶל | לְיוֹם | טוֹב | לַעֲשׂוֹת | אוֹתָם | יְמֵי | מִשְׁתֶּה | וְשִׂמְחָה | וּמִשְׁלוֹחַ |
| | દુ:ખથી | આનંદમ□ | અને-શોકથી | દિવસમ□ | સારે | ઉજવવે | તેમને | દિવસો | ભોજનને | અને-આનંદને | અને-મોકલવે |
| | H3015 | H8057 | H0060 | H3117 | | | H0853 | H3117 | H4960 | H8057 | |
| | מָנוֹת | אִישׁ | לְרֵעֵהוּ | וּמַתָּנוֹת | לָאֶבְיוֹנִים׃ | | | | | | |
| | ભાગ | દરેક | તેને-પડોશીને | અને-ભેટો | ગરીબોને | | | | | | |
| | H4490 | H0376 | H7453 | H4979 | H0034 | | | | | | |

કેમ કે તે દિવસોમાં યહૂદીઓને તેઓના શત્રુઓ તરફથી નિરાંત મળી હતી. અને તે મહિનો તેઓને માટે દુ:ખને બદલે આનંદનો તથા શોકને બદલે હર્ષનો થઈ ગયો હતો. તમારે તે દિવસોને મિજબાનીના, આનંદના, એકબીજાને ભેટ આપવાના તથા ગરીબોને દાન આપવાના દિવસો ગણવા.

23

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְקִבֵּל֙ | הַיְּהוּדִ֔ים | אֵ֥ת | אֲשֶׁר־ | הֵחֵ֖לּוּ | לַעֲשׂ֑וֹת | וְאֵ֛ת | אֲשֶׁר־ | כָּתַ֥ב | מָרְדֳּכַ֖י |
| અને-સ્વીકાર્યું | યહૂદીઓએ | – | જે | શરૂ-કર્યું-હતું | કરવંને | અને-તેને | જે | લખ્યું-હતું | મોર્દખાયે |
| H6901 | H3064 | H0853 | | | | H0853 | | H3789 | H4782 |

| |
|---|
| אֲלֵיהֶֽם׃ |
| તેમને |
| H0413 |

તેઓએ પોતે જે કરવા માંડ્યું હતું તથા મોર્દખાયે તેઓ ઉપર જે લખ્યું હતું તે પ્રમાણે કરવાનું યહૂદીઓએ સ્વીકાર્યું.

24

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֡י | הָ֠מָן | בֶּֽן־ | הַמְּדָ֨תָא | הָאֲגָגִ֜י | צֹרֵר֙ | כָּל־ | הַיְּהוּדִ֔ים | חָשַׁ֥ב | עַל־ | הַיְּהוּדִ֖ים |
| કારણ-કે | હામાન | પુત્ર | હમ્મદાથાનં | આગાગી | દુશ્મન | બધું | યહૂદીઓનં | યોજનં-ઘડી-હતી | વિરુદ્ધ | યહૂદીઓનં |
| | H2001 | | H4099 | H0091 | | H3605 | H3064 | H2803 | | H3064 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לְאַבְּדָ֑ם | וְהִפִּ֥ל | פּוּר֙ | ה֣וּא | הַגּוֹרָ֔ל | לְהֻמָּ֖ם | וּֽלְאַבְּדָֽם׃ |
| નાશ-કરવું | અને-નાખ્યો-હતો | પૂર | એટલે-કે | ચિઠ્ઠી | ગભરાવવું | અને-નાશ-કરવું |
| H0006 | H5307 | H6332 | H1931 | H1486 | H2000 | H0006 |

કેમ કે સર્વ યહૂદીઓના શત્રુ અગાગી હામ્મદાથાના પુત્ર હામાને યહૂદીઓનો નાશ કરવાની પેરવી કરી હતી. અને તેઓનો સંહાર કરીને તેઓનો વિનાશ કરવા માટે ચિઠ્ઠીઓ એટલે “પૂર” નાખી હતી.

25

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבְבֹאָהּ֮ | לִפְנֵ֣י | הַמֶּלֶךְ֒ | אָמַ֣ר | עִם־ | הַסֵּ֔פֶר | יָשׁ֞וּב | מַחֲשַׁבְתּ֧וֹ | הָרָעָ֛ה | אֲשֶׁר־ | חָשַׁ֥ב |
| અને-જ્યારે-આવી | સામે | રાજાનં | કહ્યુ | સાથે | પત્ર | પાછી-ફરે | તેની-યોજનં | દુષ્ટ | જે | ઘડી-હતી |
| H0935 | H6440 | H4428 | H0559 | | | H7725 | H4284 | | | H2803 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עַל־ | הַיְּהוּדִ֖ים | עַל־ | רֹאשׁ֑וֹ | וְתָל֥וּ | אֹת֛וֹ | וְאֶת־ | בָּנָ֖יו | עַל־ | הָעֵֽץ׃ |
| વિરુદ્ધ | યહૂદીઓનં | ઉપર | તેનં-માથં-પર | અને-લટકાવ્યં | તેને | અને-તેનં | પુત્રોને | પર | થાંભલં |
| | H3064 | | | H8518 | H0853 | H0853 | | | H6086 |

પરંતુ જ્યારે તે વાતની રાજાને ખબર પડી, ત્યારે તેણે પોતાના પત્રો દ્વારા આજ્ઞા કરી કે, હામાને જે દુષ્ટ યોજના યહૂદીઓ વિરુદ્ધ યોજી હતી તેનો તેના કુટુંબીઓ જ ભોગ બને અને હામાનને તેના સંતાનો સાથે ફાંસીએ લટકાવવો જોઈએ.

26

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַל־ | כֵּ֡ן | קָֽרְא֞וּ | לַיָּמִ֨ים | הָאֵ֤לֶּה | פוּרִים֙ | עַל־ | שֵׁ֣ם | הַפּ֔וּר | עַל־ | כֵּ֕ן |
| તે | કારણે | બોલાવ્યં | દિવસો | આ | પૂરીમ | પરથી | નામ | પૂરનં | તે | કારણે |
| | | H7121 | H3117 | H0428 | H6332 | | H8034 | H6332 | | |

| |
|---|
| עַל־ |
| પરથી |
| |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כָּל־ | דִּבְרֵ֖י | הָאִגֶּ֣רֶת | הַזֹּ֑את | וּמָֽה־ | רָא֣וּ | עַל־ | כָּ֔כָה | וּמָ֥ה | הִגִּ֖יעַ | אֲלֵיהֶֽם׃ |
| બધું | વાતો | પત્રનં | આ | અને-શું | જોયું | વિશે | આવું-વાત | અને-શું | પહોંચ્યું | તેમને |
| H3605 | H1697 | H0107 | H2063 | H4100 | H7200 | | H3602 | H4100 | H5060 | H0413 |

આ કારણથી તેઓએ એ દિવસોનું ‘પૂર’ ઉપરથી પૂરીમ નામ પાડ્યું છે. એથી એ પત્રના સર્વ વચનોને લીધે તથા આ બાબત વિષે જે તેઓએ જોયું હતું તથા તેઓ પર જે આવી પડ્યું હતું,

27

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| קִיְּמ֣וּ | ]וקבל[ | )וְקִבְּל֣וּ( | הַיְּהוּדִים֩ | ׀ עֲלֵיהֶ֨ם | וְעַל־ | זַרְעָ֜ם | וְעַ֨ל | כָּל־ |
| સ્થાપિત-કર્યું | — | અને-સ્વીકાર્યું | યહૂદીઓએ | પોતંનં-પર | અને-ઉપર | તેમનં-સંતાનો | અને-ઉપર | બધું |
| | H6901 | H6901 | H3064 | | | H2233 | | H3605 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַנִּלְוִ֤ים | עֲלֵיהֶם֙ | וְלֹ֣א | יַעֲב֔וֹר | לִהְי֣וֹת | עֹשִׂ֗ים | אֵ֣ת | שְׁנֵ֤י | הַיָּמִים֙ | הָאֵ֔לֶּה | כִּכְתָבָ֖ם |
| જોડાયેલંઓનં | તેમનં-સાથે | અને-નહીં | તોડશે | ઉજવવું | ઉજવવું | – | બે | દિવસો | આ | તેમનં-લિખિત-પ્રમાણે |
| | | H3808 | | H1961 | | H0853 | H8147 | H3117 | H0428 | H3791 |

| | | | |
|---|---|---|---|
| וְכִזְמַנָּ֑ם | בְּכָל־ | שָׁנָ֖ה | וְשָׁנָֽה׃ |
| અને-તેમનં-સમયે | દરેક | વર્ષે | અને-વર્ષે |
| H2165 | H3605 | H8141 | H8141 |

તેને લીધે યહૂદીઓએ પોતાના તરફથી, પોતાના વંશજો તરફથી અને યહૂદીધર્મ પાળનારાઓ તરફથી પ્રતિવર્ષ આ બે દિવસો લેખ પ્રમાણે ઠરાવેલ સમયે અને મોર્દખાયની સૂચના મુજબ અચૂક ઊજવવાનું માન્ય રાખ્યું.

28

| | | |
|---|---|---|
| וְהַיָּמִים | અને-દિવસો | H3117 |
| הָאֵלֶּה | આ | H0428 |
| נִזְכָּרִים | યાદ-રાખવામાં-આવે | H2142 |
| וְנַעֲשִׂים | અને-ઉજવવામાં-આવે | |
| בְּכָל־ | દરેક | H3605 |
| דּוֹר | પેઢીમાં | H1755 |
| וָדוֹר | અને-પેઢીમાં | H1755 |
| מִשְׁפָּחָה | કુટુંબે | H4940 |
| וּמִשְׁפָּחָה | અને-કુટુંબે | H4940 |
| מְדִינָה | પ્રાંતે | H4082 |
| וּמְדִינָה | અને-પ્રાંતે | H4082 |
| וְעִיר | અને-શહેરે | |
| וָעִיר | શહેરે | |
| וִימֵי | અને-દિવસો | H3117 |
| הַפּוּרִים | પૂરીમને | H6332 |
| הָאֵלֶּה | આ | H0428 |
| לֹא | નહીં | H3808 |
| יַעַבְרוּ | લોપ-થાય | |
| מִתּוֹךְ | વચ્ચેથી | H8432 |
| הַיְּהוּדִים | યહૂદીઓને | H3064 |
| וְזִכְרָם | અને-તેમની-યાદ | H2143 |
| לֹא־ | નહીં | H3808 |
| יָסוּף | વિસરાય | H5486 |
| מִזַּרְעָם׃ | તેમનાં-સંતાનોમાંથી | H2233 |
| ס | — | |

એ દિવસોને વંશપરંપરાગત પ્રત્યેક કુટુંબમાં, પ્રત્યેક પ્રાંતમાં, તથા પ્રત્યેક નગરમાં ઊજવ્યાં, જેથી એ પૂરીમના દિવસો યહૂદીઓ દ્વારા ઊજવવાનું બંધ ન થાય. અને તેઓના વંશજોમાંથી તેઓનો નાશ તથા વિસ્મરણ ન થાય.

29

| | | |
|---|---|---|
| וַתִּכְתֹּב | અને-લખ્યું | H3789 |
| אֶסְתֵּר | એસ્તેર | H0635 |
| הַמַּלְכָּה | રાણી | H4436 |
| בַת־ | દીકરી | H1323 |
| אֲבִיחַיִל | અબીહાયિલને | H0032 |
| וּמָרְדֳּכַי | અને-મોર્દખાય | H4782 |
| הַיְּהוּדִי | યહૂદીએ | H3064 |
| אֶת־ | – | H0854 |
| כָּל־ | બધી | H3605 |
| תֹּקֶף | શક્તિથી | H8633 |
| לְקַיֵּם | પુષ્ટિ-કરવે | |
| אֵת | – | H0853 |
| אִגֶּרֶת | પત્ર | H0107 |
| הַפֻּרִים | પૂરીમને | H6332 |
| הַזֹּאת | આ | H2063 |
| הַשֵּׁנִית׃ | બીજો | H8145 |

ત્યાર બાદ પૂરીમ વિષે આ બીજો પત્ર મંજૂર થાય માટે અબિહાઈલની પુત્રી એસ્તેર રાણીએ અને યહૂદી મોર્દખાયે સંપૂર્ણ અધિકારથી પત્ર લખ્યો.

30

| | | |
|---|---|---|
| וַיִּשְׁלַח | અને-મોકલ્યું | H7971 |
| סְפָרִים | પત્રો | |
| אֶל־ | તરફ | H0413 |
| כָּל־ | બધું | H3605 |
| הַיְּהוּדִים | યહૂદીઓને | H3064 |
| אֶל־ | તરફ | H0413 |
| שֶׁבַע | સાત | H7651 |
| וְעֶשְׂרִים | વીસ | H6242 |
| וּמֵאָה | અને-સો | H3967 |
| מְדִינָה | પ્રાંત | H4082 |
| מַלְכוּת | રાજ્ય | H4438 |
| אֲחַשְׁוֵרוֹשׁ | અહાશ્વેરોશને | H0325 |
| דִּבְרֵי | વાતો | H1697 |
| שָׁלוֹם | શાંતિને | H7965 |
| וֶאֱמֶת׃ | અને-સત્યને | H0571 |

મોર્દખાયે અહાશ્વેરોશના રાજ્યના એકસો સત્તાવીસ પ્રાંતોમાંના સર્વ યહૂદીઓને સત્ય અને સલામતીના પ્રમાણભૂત પત્રો મોકલ્યા.

31

| | | |
|---|---|---|
| לְקַיֵּם | પુષ્ટિ-કરવે | |
| אֶת־ | – | H0853 |
| יְמֵי | દિવસો | H3117 |
| הַפֻּרִים | પૂરીમને | H6332 |
| הָאֵלֶּה | આ | H0428 |
| בִּזְמַנֵּיהֶם | તેમને-સમયે | H2165 |
| כַּאֲשֶׁר | જેમ | |
| קִיַּם | સ્થાપિત-કર્યું | |
| עֲלֵיהֶם | તેમને-પર | |
| מָרְדֳּכַי | મોર્દખાયે | H4782 |
| הַיְּהוּדִי | યહૂદીએ | H3064 |
| וְאֶסְתֵּר | અને-એસ્તેર | H0635 |
| הַמַּלְכָּה | રાણીએ | H4436 |
| וְכַאֲשֶׁר | અને-જેમ | |
| קִיְּמוּ | સ્થાપિત-કર્યું-હતું | |
| עַל־ | ઉપર | |
| נַפְשָׁם | પોતેને-જીવ | H5315 |
| וְעַל־ | અને-ઉપર | |
| זַרְעָם | તેમને-સંતાનો | H2233 |
| דִּבְרֵי | વાતો | H1697 |
| הַצֹּמוֹת | ઉપવાસોને | H6685 |
| וְזַעֲקָתָם׃ | અને-પુકારોને | H2201 |

તે પત્રો એ જાણવા માટે મોકલવામાં આવ્યા હતા કે પૂરીમના દિવસો યહૂદી મોર્દખાય અને એસ્તેર રાણીએ આપેલા આદેશ પ્રમાણે અને જેમ તેઓએ પોતાને માટે તથા પોતાના સંતાનોને માટે ઉપવાસની તથા પોતાના વિલાપની બાબતમાં ઠરાવ કર્યો હતો, તે પ્રમાણે ઠરાવેલ સમયે પાળવાનો નિયમ કાયમ કરવામાં આવે.

32

| | | |
|---|---|---|
| וּמַאֲמַר | અને-આદેશ | H3982 |
| אֶסְתֵּר | એસ્તેરનો | H0635 |
| קִיַּם | પુષ્ટિ-કર્યો | |
| דִּבְרֵי | વાતો | H1697 |
| הַפֻּרִים | પૂરીમને | H6332 |
| הָאֵלֶּה | આ | H0428 |
| וְנִכְתָּב | અને-લખવામાં-આવ્યું | H3789 |
| בַּסֵּפֶר׃ | પુસ્તકમાં | |
| פ | — | |

એસ્તેરની આજ્ઞાથી પૂરીમની આ બાબતો કાયમ કરવામાં આવી. અને પુસ્તકમાં તેની નોંધ કરવામાં આવી.

## Chapter 10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַיָּם׃ | וְאִיֵּי | הָאָרֶץ | עַל־ | מַס | אֲחַשְׁוֵרֹוש()׀ | ]אחשרש[ | הַמֶּלֶךְ | וַיָּשֶׂם | 1 |
| સમુદ્રના | અને-ટાપુઓ | ભૂમિ | પર | કર | (blank) | અહાશ્વેરોશ | રાજાએ | અને-લાદ્યો | |
| H3220 | H0339 | H0776 | | H4522 | H0325 | H0325 | H4428 | | |

અહાશ્વેરોશ રાજાએ દેશ ઉપર તથા સમુદ્રના ટાપુઓ ઉપર કર નાખ્યો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| גִּדְּלֹו | אֲשֶׁר | מָרְדֳּכַי | גְּדֻלַּת | וּפָרָשַׁת | וּגְבוּרָתֹו | תָקְפֹּו | מַעֲשֵׂה | וְכָל־ | 2 |
| મહાન-બનાવ્યો | જેને | મોર્દખાયનું | મહાનતાનું | અને-વિવરણ | અને-તેને-પરાક્રમન□ | તેન□-શક્તિના | કાર્યો | અને-બધાં | |
| H1431 | | H4782 | H1420 | H6575 | H1369 | H8633 | H4639 | H3605 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּפָרָס׃ | מָדַי | לְמַלְכֵי | הַיָּמִים | דִּבְרֵי | סֵפֶר | עַל־ | כְּתוּבִים | הֵם | הֲלוֹא־ | הַמֶּלֶךְ |
| અને-ફારસને | માદી | રાજાઓને | દિવસોન□ | વાતોના | પુસ્તક | માં | લખેલાં | તે | શું | રાજાએ |
| H6539 | H4074 | H4428 | H3117 | H1697 | | | H3789 | H1992 | H3808 | H4428 |

તેના પરાક્રમના તથા તેના સાર્મથ્યનાં સર્વ કૃત્યો તથા જે ઉચ્ચ પદવીએ રાજાએ મોર્દખાયને સ્થાન આપ્યું હતું, તેની સંપૂર્ણ માહિતી ઇરાનના તથા માદાયના રાજાઓનાં કાળવૃત્તાંતોના પુસ્તકમાં લખેલી છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לָרֹב | וְרָצוּי | לַיְּהוּדִים | וְגָדֹול | אֲחַשְׁוֵרוֹשׁ | לַמֶּלֶךְ | מִשְׁנֶה | הַיְּהוּדִי | מָרְדֳּכַי | כִּי | 3 |
| મોટાભાગમાં | અને-માન્ય | યહૂદીઓમાં | અને-મહાન | અહાશ્વેરોશને | રાજાને | બીજો | યહૂદી | મોર્દખાય | કારણ-કે | |
| H7230 | H7521 | H3064 | | H0325 | H4428 | H4932 | H3064 | H4782 | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| זַרְעֹו׃ | לְכָל־ | שָׁלֹום | וְדֹבֵר | לְעַמֹּו | טֹוב | דֹּרֵשׁ | אֶחָיו |
| તેને-વંશને | બધાં-માટે | શાંતિ | અને-બોલતો-હતો | તેને-પ્રજા-માટે | ભલાઈ | શોધતો-હતો | તેને-ભાઈઓમાં |
| H2233 | H3605 | H7965 | H1696 | | | H1875 | H0251 |

કેમ કે યહૂદી મોર્દખાય અહાશ્વેરોશ રાજાથી બીજા દરજ્જાનો તથા યહૂદીઓમાં મહાન પુરુષ ગણાતો હતો. તે પોતાના દેશબંધુઓનો માનીતો હતો, કારણ કે તે પોતાના લોકોનું હિત જાળવતો હતો. અને તેઓ વધારે સફળ થાય માટે યત્ન કરતો હતો.

# અયૂબ

## Chapter 1

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | אִ֛ישׁ | הָיָ֥ה | בְאֶֽרֶץ־ | ע֖וּץ | אִיּ֣וֹב | שְׁמ֑וֹ | וְהָיָ֣ה ׀ | הָאִ֣ישׁ | הַה֗וּא | תָּ֧ם | וְיָשָׁ֛ר |
| | એક-માણસ | હતો | ઉસ-દેશમાં | ઉસ | અય્યૂબ | તેનું-નામ | અને-હતો | તે-માણસ | તે | ખરો | અને-સીધો |
| | H0376 | H1961 | H0776 | H5780 | H0347 | H8034 | H1961 | H0376 | H1931 | H8535 | H3477 |

| | | | |
|---|---|---|---|
| וִירֵ֥א | אֱלֹהִ֖ים | וְסָ֥ר | מֵרָֽע׃ |
| અને-ડરનારો | ઈશ્વરથી | અને-દૂર-રહેનારો | દુષ્ટતાથી |
| H3373 | H0430 | H5493 | |

ઉસ દેશમાં એક માણસ હતો તેનું નામ અયૂબ હતું. તે નિર્દોષ, પ્રામાણિક, ઈશ્વરની બીક રાખનાર તથા દુષ્ટતાથી દૂર રહેનાર હતો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 2 | וַיִּוָּ֥לְדוּ | ל֛וֹ | שִׁבְעָ֥ה | בָנִ֖ים | וְשָׁל֥וֹשׁ | בָּנֽוֹת׃ |
| | અને-જન્મ્યા | તેને | સાત | દીકરા | અને-ત્રણ | દીકરીઓ |
| | H3205 | | H7651 | | H7969 | H1323 |

તેને સાત દીકરાઓ અને ત્રણ દીકરીઓ હતી.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | וַיְהִ֣י | מִ֠קְנֵהוּ | שִֽׁבְעַ֨ת | אַלְפֵי־ | צֹ֜אן | וּשְׁלֹ֧שֶׁת | אַלְפֵ֣י | גְמַלִּ֗ים | וַחֲמֵ֨שׁ | מֵא֤וֹת |
| | અને-હતી | તેની-સંપત્તિ | સાત-હજાર | હજાર | ઘેટાં | અને-ત્રણ-હજાર | હજાર | ઊંટ | અને-પાંચસો | સો |
| | H1961 | H4735 | H7651 | H0505 | H6629 | H7969 | H0505 | H1581 | H2568 | H3967 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| צֶֽמֶד־ | בָּקָר֙ | וַחֲמֵ֣שׁ | מֵא֣וֹת | אֲתוֹנ֔וֹת | וַעֲבֻדָּ֖ה | רַבָּ֣ה | מְאֹ֑ד | וַיְהִי֙ | הָאִ֣ישׁ | הַה֔וּא |
| જોડી | બળદ | અને-પાંચસો | સો | ગધેડી | અને-નોકર-ચાકર | ઘણા | ખૂબ | અને-હતો | તે-માણસ | તે |
| H6776 | H1241 | H2568 | H3967 | H0860 | H5657 | | H3966 | H1961 | H0376 | H1931 |

| | | | |
|---|---|---|---|
| גָּד֖וֹל | מִכָּל־ | בְּנֵי־ | קֶֽדֶם׃ |
| મહાન | બધા-કરતાં | લોકોમાં | પૂર્વના |
| | H3605 | | |

તેની પાસે સાત હજાર ઘેટાં, ત્રણ હજાર ઊંટ, પાંચસો જોડ બળદ, પાંચસો ગધેડીઓ હતી. વળી ઘણા નોકર-ચાકર હતા. તેથી તે સમગ્ર પૂર્વના લોકમાં સૌથી મહાન પુરુષ ગણાતો હતો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 4 | וְהָלְכ֤וּ | בָנָיו֙ | וְעָשׂ֣וּ | מִשְׁתֶּ֔ה | בֵּ֖ית | אִ֣ישׁ | יוֹמ֑וֹ | וְשָׁלְח֗וּ | וְקָרְאוּ֙ | לִשְׁלֹ֣שֶׁת |
| | અને-જતા | તેના-દીકરાઓ | અને-કરતા | મિજબાની | ઘરમાં | દરેકના | તેના-દિવસે | અને-મોકલીને | અને-બોલાવતા | ત્રણેય |
| | H1980 | | | H4960 | | H0376 | H3117 | H7971 | H7121 | H7969 |

| | | | | |
|---|---|---|---|---|
| [אחיתיהם] | (אַחְיוֹתֵיהֶ֔ם) | לֶאֱכֹ֥ל | וְלִשְׁתּ֖וֹת | עִמָּהֶֽם׃ |
| . | બહેનોને | ખાવા | અને-પીવા | તેમની-સાથે |
| H0269 | H0269 | H0398 | H8354 | |

તેના દીકરાઓમાંનો દરેક પોતપોતાના ઘરે મિજબાની આપતો; અને પોતાની ત્રણેય બહેનોને ખાવાપીવા માટે નિમંત્રણ આપતો.

5
וַיְהִ֡י અને-થતું H1961
כִּ֤י કે
הִקִּיפ֙וּ પૂરા-થતા
יְמֵ֣י દિવસો H3117
הַמִּשְׁתֶּ֗ה મિજબાનીના H4960
וַיִּשְׁלַ֣ח ત્યારે-મોકલતો H7971
אִיּ֣וֹב અય્યૂબ H0347
וַֽיְקַדְּשֵׁם֮ અને-શુદ્ધ-કરતો H6942
וְהִשְׁכִּ֣ים અને-વહેલા-ઊઠીને H7925
בַּבֹּ֒קֶר֒ સવારે H1242
וְהֶעֱלָ֣ה અને-ચઢાવતો H5927
עֹלוֹת֮ દહનાર્પણ
מִסְפַּ֣ר સંખ્યા-પ્રમાણે H4557
כֻּלָּם֒ બધાના H3605
כִּ֚י કારણ-કે
אָמַ֣ר કહ્યુ H0559
אִיּ֔וֹב અય્યૂબે H0347
אוּלַי֙ કદાચ H0194
חָטְא֣וּ પાપ-કર્યુ-હોય H2398
בָנַ֔י મારા-દીકરાઓએ
וּבֵרֲכ֥וּ અને-શાપ-દીધો-હોય H1288
אֱלֹהִ֖ים ઈશ્વરને H0430
בִּלְבָבָ֑ם તેમના-હૃદયમાં H3824
כָּ֛כָה આ-રીતે H3602
יַעֲשֶׂ֥ה કરતો
אִיּ֖וֹב અય્યૂબ H0347
| અથવા | વાત-કરો | પૃથ્વી-સાથે | અને-તે-શીખવશે-તમને | અને-કહેશે | તમને | માછલીઓ | સમુદ્રની |
| | H7878 | H0776 | | | | H1709 | H3220 |

અથવા પૃથ્વીને પૂછો અને તે તમને શીખવશે; સમુદ્રમાંની માછલીઓને પૂછો તો તે તમને માહિતી આપશે.

9

| מִי | לֹא־ | יָדַע | בְּכָל־ | אֵלֶּה | כִּי | יַד־ | יְהוָה | עָשְׂתָה | זֹּאת׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કોણ | નથી | જાણતું | આ-બધામાં | આ | કે | હાથે | યહોવાહના | કર્યું-છે | આ |
| H4310 | H3808 | H3045 | H3605 | H0428 | | H3027 | H3068 | | H2063 |

દરેક વ્યક્તિ જાણે છે કે આ સર્વનું યહોવાહે સર્જન કર્યું છે.

10

| אֲשֶׁר | בְּיָדוֹ | נֶפֶשׁ | כָּל־ | חָי | וְרוּחַ | כָּל־ | בְּשַׂר־ | אִישׁ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| જેના | હાથમાં | પ્રાણ | દરેક | જીવતનો | અને-આત્મા | દરેક | માનવી-શરીરનો | શ્વાસ |
| | H3027 | H5315 | H3605 | | H7307 | H3605 | H1320 | H0376 |

બધા જ જીવો તથા મનુષ્યનો આત્મા પણ ઈશ્વરના જ હાથમાં છે.

11

| הֲלֹא־ | אֹזֶן | מִלִּין | תִּבְחָן | וְחֵךְ | אֹכֶל | יִטְעַם־ | לוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|
| શું-નહિ | કાન | શબ્દોને | પરખે-છે | અને-તાળવું | ભોજનને | ચાખે-છે | પોતાના-માટે |
| H3808 | H0241 | H4405 | H0974 | H2441 | H0400 | H2938 | |

જેમ જીભ અન્નનો સ્વાદ પારખે છે, તે જ રીતે શું કાન શબ્દોની પરીક્ષા નથી કરતા?

12

| בִּישִׁישִׁים | חָכְמָה | וְאֹרֶךְ | יָמִים | תְּבוּנָה׃ |
|---|---|---|---|---|
| વૃદ્ધોમાં | જ્ઞાન-છે | અને-લાંબા-આયુષ્યમાં | દિવસોમાં | સમજ |
| H3453 | H2451 | H0753 | H3117 | H8394 |

વૃદ્ધ પુરુષોમાં ડહાપણ હોય છે; અને પાકી વયમાં સમજણ હોય છે.

13

| עִמּוֹ | חָכְמָה | וּגְבוּרָה | לוֹ | עֵצָה | וּתְבוּנָה׃ |
|---|---|---|---|---|---|
| તેમની-પાસે | જ્ઞાન-છે | અને-શક્તિ | તેમની-પાસે | સલાહ-છે | અને-સમજ |
| | H2451 | H1369 | | H6098 | H8394 |

પરંતુ જ્ઞાન તથા બળ તો ઈશ્વરનાં જ છે. સમજ અને સત્તા તો તેમની પાસે જ છે.

14

| הֵן | יַהֲרוֹס | וְלֹא | יִבָּנֶה | יִסְגֹּר | עַל־ | אִישׁ | וְלֹא | יִפָּתֵחַ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| જુઓ | તે-તોડે-છે | અને-નથી | બંધાય-છે | બંધ-કરે-છે | ઉપર | માણસને | અને-નથી | ખોલાય-છે |
| H2005 | H2040 | H3808 | H1129 | H5462 | | H0376 | H3808 | |

ઈશ્વર જે તોડી નાખે છે તેને કોઈ ફરીથી બાંધી શકતું નથી; જ્યારે તે માણસને કેદ કરે છે, ત્યારે કોઈ તેને છોડાવી શકતું નથી.

15

| הֵן | יַעְצֹר | בַּמַּיִם | וְיִבָשׁוּ | וִישַׁלְּחֵם | וְיַהַפְכוּ | אָרֶץ׃ |
|---|---|---|---|---|---|---|
| જુઓ | રોકે-છે | પાણીને | અને-સૂકાઈ-જાય-છે | અને-છોડે-છે-તેમને | અને-ઊથલાવે-છે | ધરતીને |
| H2005 | H6113 | H4325 | H3001 | H7971 | H2015 | H0776 |

જુઓ, જો તે વરસાદને અટકાવે છે, એટલે જમીન સુકાઈ જાય છે; અને જ્યારે તે તેને છોડી દે છે, ત્યારે તે ભૂમિ પર ફરી વળે છે.

16

| עִמּוֹ | עֹז | וְתוּשִׁיָּה | לוֹ | שֹׁגֵג | וּמַשְׁגֶּה׃ |
|---|---|---|---|---|---|
| તેમની-પાસે | શક્તિ-છે | અને-બુદ્ધિ | તેમની-પાસે-છે | ભૂલો-કરનાર | અને-ભૂલાવનાર |
| | H5797 | H8454 | | H7683 | H7686 |

તેમની પાસે બળ અને બુદ્ધિ છે; છેતરનારા અને છેતરાયેલા બન્ને તેમના હાથમાં જ છે.

17

| מוֹלִיךְ | יוֹעֲצִים | שׁוֹלָל | וְשֹׁפְטִים | יְהוֹלֵל׃ |
|---|---|---|---|---|
| લઈ-જાય-છે | સલાહકારોને | લૂંટાયેલા | અને-ન્યાયાધીશોને | ગાંડા-બનાવે-છે |
| H3212 | H3289 | H7758 | H8199 | |

તે રાજમંત્રીઓની બુદ્ધિ લૂંટી લે છે અને તે ન્યાયકર્તાઓને મૂર્ખ બનાવે છે.

18

| מוּסַר | מְלָכִים | פִּתֵּחַ | וַיֶּאְסֹר | אֵזוֹר | בְּמָתְנֵיהֶם׃ |
|---|---|---|---|---|---|
| બંધનો | રાજાઓના | ખોલે-છે | અને-બાંધે-છે | પટ્ટો | તેમની-કમરે |
| H4148 | H4428 | | H0631 | H0232 | H4975 |

રાજાઓનાં બંધન તે તોડી પાડે છે. અને તેમની કમરે સાંકળ બાંધે છે.

19

| מוֹלִיךְ | כֹּהֲנִים | שׁוֹלָל | וְאֵתָנִים | יְסַלֵּף׃ |
|---|---|---|---|---|
| લઈ-જાય-છે | યાજકોને | લૂંટાયેલા | અને-બળવાનોને | ફેરવે-છે |
| H3212 | H3548 | H7758 | H0386 | H5557 |

તે યાજકોને લૂંટાવીને તેઓને લઈ જાય છે, અને બળવાનનો પરાજય કરે છે.

20

| מֵסִיר | שָׂפָה | לְנֶאֱמָנִים | וְטַעַם | זְקֵנִים | יִקָּח׃ |
|---|---|---|---|---|---|
| હટાવે-છે | વાણી | વિશ્વાસુઓની | અને-વિવેક | વડીલોનો | લઈ-લે-છે |
| H5493 | H8193 | H0539 | H2940 | H2205 | H3947 |

વક્તાઓની વાણી તે લઈ લે છે. અને વડીલોનું ડહાપણ લઈ લે છે.

21

| שׁוֹפֵךְ | בּוּז | עַל־ | נְדִיבִים | וּמְזִיחַ | אֲפִיקִים | רִפָּה׃ |
|---|---|---|---|---|---|---|
| રેડે-છે | તિરસ્કાર | ઉપર | અમીરોના | અને-બળવાનોનો | પટ્ટો | ઢીલો-કરે-છે |
| H8210 | H0937 | | H5081 | | H0650 | H7503 |

રાજાઓ ઉપર તે તિરસ્કાર કરે છે. તે શકિતશાળીઓની સત્તા આચકી લે છે.

22

| מְגַלֶּה | עֲמֻקוֹת | מִנִּי־ | חֹשֶׁךְ | וַיֹּצֵא | לָאוֹר | צַלְמָוֶת׃ |
|---|---|---|---|---|---|---|
| પ્રગટ-કરે-છે | ઊંડી-વાતો | અધકારમાંથી | અધકાર | અને-બહાર-લાવે-છે | પ્રકાશમાં | મૃત્યુની-છાયાને |
| H1540 | H6013 | | H2822 | H3318 | H0216 | H6757 |

તેઓ અધકારમાંથી ગુપ્ત રહસ્ય પ્રગટ કરે છે, તે મૃત્યુછાયા પર પ્રકાશ લાવે છે.

23

| מַשְׂגִּיא | לַגּוֹיִם | וַיְאַבְּדֵם | שֹׁטֵחַ | לַגּוֹיִם | וַיַּנְחֵם׃ |
|---|---|---|---|---|---|
| વધારે-છે | પ્રજાઓને | અને-નાશ-કરે-છે | ફેલાવે-છે | પ્રજાઓને | અને-માર્ગદર્શન-કરે-છે |
| H7679 | | H0006 | H7849 | | H5148 |

તે પ્રજાઓને બળવાન બનાવે છે, તે તેઓનો નાશ પણ કરે છે.

24

| מֵסִיר | לֵב | רָאשֵׁי | עַם־ | הָאָרֶץ | וַיַּתְעֵם | בְּתֹהוּ | לֹא־ | דָרֶךְ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| હટાવે-છે | બુદ્ધિ | વડાઓની | લોકો | પૃથ્વીના | અને-ભટકાવે-છે | શૂન્યતામાં | રસ્તા-વિનાની | રસ્તો |
| H5493 | | | | H0776 | H8582 | H8414 | H3808 | H1870 |

તે પૃથ્વીના લોકોના આગેવાનોની સમજશકિત હણી લે છે; અને તેઓને દિશા-વિહોણા અરણ્યમાં રખડતા કરી મૂકે છે.

25

| יְמַשְׁשׁוּ־ | חֹשֶׁךְ | וְלֹא־ | אוֹר | וַיַּתְעֵם | כַּשִּׁכּוֹר׃ |
|---|---|---|---|---|---|
| અધકારમાં-તતોળે-છે | અધકારમાં | અને-નથી | પ્રકાશ | અને-ભટકાવે-છે-તેમને | નશાખોર-જેવા |
| H4959 | H2822 | H3808 | H0216 | H8582 | H7910 |

તેઓ અજવાળા વગર અંધકારમાં અથડાય છે અને તે તેઓને વ્યસની માણસની જેમ લથડતા કરી મૂકે છે.

## Chapter 13

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | הֶן | כֹּל | רָאֲתָה | עֵינִי | שָׁמְעָה | אָזְנִי | וַתָּבֶן | לָהּ׃ |
| | જુઓ | આ-બધું | જોયું-છે | મારી-આખે | સાંભળ્યું-છે | મારા-કાને | અને-સમજ્યું | તે |
| | H2005 | H3605 | H7200 | | H8085 | H0241 | H0995 | |

જુઓ, મારી આખોએ તે સર્વ જોયું છે; મારા કાનેથી એ સાંભળ્યું છે અને હું સમજ્યો છું.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | כְּדַעְתְּכֶם | יָדַעְתִּי | גַּם־ | אָנִי | לֹא־ | נֹפֵל | אָנֹכִי | מִכֶּם׃ |
| | તમારા-જ્ઞાન-જેટલું | જાણું-છું | પણ | હું | નથી | ઊતરતો | હું | તમારાથી |
| | H1847 | H3045 | H1571 | H0589 | H3808 | H5307 | H0595 | |

તમે જે બધું જાણો છો તે હું પણ જાણું છું; તમારાથી હું કંઈ કાચો નથી.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | אוּלָם | אֲנִי | אֶל־ | שַׁדַּי | אֲדַבֵּר | וְהוֹכֵחַ | אֶל־ | אֵל | אֶחְפָּץ׃ |
| | પરંતુ | હું | સાથે | સર્વશક્તિમાન | બોલવા-ઇચ્છું | અને-દલીલ-કરવા | સાથે | ઈશ્વર | ઇચ્છું-છું |
| | H0199 | H0589 | H0413 | H7706 | H1696 | H3198 | H0413 | H0410 | |

નિશ્ચે, સર્વશક્તિમાનની સાથે વાત કરવા હું ઇચ્છું છું, હું ઈશ્વરની સાથે વાદ કરવા માગું છું.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 4 | וְאוּלָם | אַתֶּם | טֹפְלֵי־ | שָׁקֶר | רֹפְאֵי | אֱלִל | כֻּלְּכֶם׃ |
| | પણ | તમે | જૂઠાણું-ઘડનારા | જૂઠ | નકામા-વૈદ | વ્યર્થ | તમે-બધા |
| | H0199 | | H2950 | H8267 | H7495 | H0457 | H3605 |

પણ તમે સત્યને જૂઠાણાથી છુપાવવાની કોશિશ કરો છો; તમે બધા ઊંટવૈદ જેવા છો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 5 | מִי־ | יִתֵּן | הַחֲרֵשׁ | תַּחֲרִישׁוּן | וּתְהִי | לָכֶם | לְחָכְמָה׃ |
| | ભલે | થાય | ચૂપ-રહો | મૌન-રહો | અને-તે-થાય | તમારા-માટે | બુદ્ધિ |
| | H4310 | H5414 | | | H1961 | | H2451 |

તમે તદ્દન મૂંગા રહ્યા હોત તો સારું હતું□ કેમ કે એમાં તમારું ડહાપણ જણાત.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 6 | שִׁמְעוּ־ | נָא | תוֹכַחְתִּי | וְרִבוֹת | שְׂפָתַי | הַקְשִׁיבוּ׃ |
| | સાંભળો | કૃપા-કરીને | મારી-દલીલ | અને-મારા-હોઠોની-વિનંતી | મારા-હોઠોની | ધ્યાનથી-સાંભળો |
| | H8085 | H4994 | | H7379 | H8193 | H7181 |

હવે મારી દલીલો સાંભળો; મારા મુખની અરજ પર ધ્યાન આપો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 7 | הַלְאֵל | תְּדַבְּרוּ | עַוְלָה | וְלוֹ | תְּדַבְּרוּ | רְמִיָּה׃ |
| | શું-ઈશ્વર-માટે | તમે-બોલો-છો | અન્યાય | અને-તેના-માટે | તમે-બોલો-છો | છળકપટ |
| | H0410 | H1696 | | | H1696 | |

શું તમે ઈશ્વરનો પક્ષ રાખી અન્યાયથી બોલશો, અને તેમના પક્ષના થઈને ઠગાઈયુક્ત વાત કરશો?

| | | | | | |
|---|---|---|---|---|---|
| 8 | הֲפָנָיו | תִּשָּׂאוּן | אִם־ | לָאֵל | תְּרִיבוּן׃ |
| | શું-તેનો-પક્ષ | તમે-લેશો | શું | ઈશ્વર-માટે | તમે-દલીલ-કરશો |
| | H6440 | H5375 | | H0410 | H7378 |

શું તમે તેમની સાથેના સંબંધમાં રહેશો? શું તમે ઈશ્વરના પક્ષમાં બોલશો?

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | הֲטוֹב | כִּי־ | יַחְקֹר | אֶתְכֶם | אִם־ | כְּהָתֵל | בֶּאֱנוֹשׁ | תְּהָתֵלּוּ | בוֹ׃ |
| | શું-સારું-થશે | જ્યારે | તે-તપાસે | તમને | શું | જેમ-છેતરાય | માણસ | તમે-છેતરશો | તેને |
| | | | H2713 | H0853 | | | H0582 | | |

તે તમારી ઝડતી લે તો સારું, અથવા જેમ મનુષ્ય એકબીજાને છેતરે તેમ શું તમે તેમને છેતરશો?

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 10 | הוֹכֵחַ | יוֹכִיחַ | אֶתְכֶם | אִם־ | בַּסֵּתֶר | פָּנִים | תִּשָּׂאוּן׃ |
| | ખરેખર | તે-ઠપકો-આપશે | તમને | જો | છુપી-રીતે | પક્ષપાત | તમે-કરો |
| | H3198 | H3198 | H0853 | | | H6440 | H5375 |

તમે જો ગુપ્ત રીતે કોઈ વ્યક્તિનો પક્ષ રાખો, તો ઈશ્વર તમને ઠપકો આપશે.

| 11 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הֲלֹא | שְׂאֵתוֹ | תְּבַעֵת | אֶתְכֶם | וּפַחְדּוֹ | יִפֹּל | עֲלֵיכֶם׃ |
| શું-નહિ | તેનો-મહિમા | ભયભીત-કરે | તમને | અને-તેનો-ભય | પડે | તમારા-પર |
| H3808 | H7613 | H1204 | H0853 | H6343 | H5307 | |

શું ઈશ્વરની મહાનતા તમને નહિ ડરાવે? અને તેમનો ભય તમારા પર નહિ આવે?

| 12 | | | | | |
|---|---|---|---|---|---|
| זִכְרֹנֵיכֶם | מִשְׁלֵי־ | אֵפֶר | לְגַבֵּי־ | חֹמֶר | גַּבֵּיכֶם׃ |
| તમારી-યાદો | કહેવતો-જેવી | રાખની | ઢગલા-જેવા | માટીના | તમારા-ગઢ |
| H2146 | H4912 | H0665 | H1354 | | H1354 |

તમારી સ્મરણીય વાતો રાખ જેવી છે; અને તમારી બધી દલીલો માટીના કિલ્લાઓ સમાન છે.

| 13 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הַחֲרִישׁוּ | מִמֶּנִּי | וַאֲדַבְּרָה־ | אָנִי | וְיַעֲבֹר | עָלַי | מָה׃ |
| ચૂપ-રહો | મારાથી-દૂર | અને-હું-બોલું | હું | અને-આવી-પડે | મારા-પર | ગમે-તે |
| | | H1696 | H0589 | | | H4100 |

છાના રહો, મને નિરાંતે બોલવા દો, મારા પર જે થવાનું હોય તે થવા દો.

| 14 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עַל־ | מָה | אֶשָּׂא | בְשָׂרִי | בְשִׁנָּי | וְנַפְשִׁי | אָשִׂים | בְּכַפִּי׃ |
| શા-માટે | શું | હું-ઉપાડું | મારું-માંસ | મારા-દાંતમાં | અને-મારો-જીવ | હું-મૂકું | મારા-હાથમાં |
| | H4100 | H5375 | H1320 | H8127 | H5315 | | H3709 |

મારું પોતાનું માંસ મારા દાંતમાં લઈશ. હું મારો જીવ મારા હાથોમાં લઈશ.

| 15 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הֵן | יִקְטְלֵנִי | [לא] | (לוֹ) | אֲיַחֵל | אַךְ־ | דְּרָכַי | אֶל־ | פָּנָיו | אוֹכִיחַ׃ |
| જુઓ | તે-મને-મારી-નાખે | નથી | તેમાં | હું-આશા-રાખીશ | ફક્ત | મારા-માર્ગો | સમક્ષ | તેના-મુખ | હું-રજૂ-કરીશ |
| H2005 | H6991 | H3808 | | H3176 | H0389 | H1870 | H0413 | H6440 | H3198 |

જુઓ, ભલે તે મને મારી નાખે, તોપણ હું તેમની રાહ જોઈશ; તેમ છતાં હું તેમની સમક્ષ મારો બચાવ જરૂર રજૂ કરીશ.

| 16 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| גַּם־ | הוּא־ | לִי | לִישׁוּעָה | כִּי־ | לֹא | לְפָנָיו | חָנֵף | יָבוֹא׃ |
| એ-પણ | તે-જ | મારા-માટે | ઉદ્ધાર-છે | કારણ-કે | નહિ | તેની-સમક્ષ | ઢોંગી | આવી-શકે |
| H1571 | H1931 | | H3444 | | H3808 | H6440 | H2611 | H0935 |

ફક્ત એ જ મારું તારણ થઈ પડશે. કેમ કે દુષ્ટ માણસથી તેમની આગળ ઊભા રહી શકાય નહિ.

| 17 | | | | |
|---|---|---|---|---|
| שִׁמְעוּ | שָׁמוֹעַ | מִלָּתִי | וְאַחֲוָתִי | בְּאָזְנֵיכֶם׃ |
| સાંભળો | ધ્યાનથી-સાંભળો | મારું-વચન | અને-મારું-નિવેદન | તમારા-કાનમાં |
| H8085 | H8085 | H4405 | H0262 | H0241 |

મારી વાત તમે ધ્યાનથી સાંભળો. મારા બોલવા પર કાન દો.

| 18 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הִנֵּה־ | נָא | עָרַכְתִּי | מִשְׁפָּט | יָדַעְתִּי | כִּי־ | אֲנִי | אֶצְדָּק׃ |
| જુઓ | હવે | મેં-ગોઠવ્યો-છે | મુકદ્દમો | હું-જાણું-છું | કે | હું | નિર્દોષ-ઠરીશ |
| H2009 | H4994 | | H4941 | H3045 | | H0589 | H6663 |

હવે જુઓ, મારી દલીલો મેં નિયમસર ગોઠવી છે. અને હું જાણું છું કે હું નિર્દોષ છું.

| 19 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מִי־ | הוּא | יָרִיב | עִמָּדִי | כִּי־ | עַתָּה | אַחֲרִישׁ | וְאֶגְוָע׃ |
| કોણ | છે-તે | જે-દલીલ-કરે | મારી-સાથે | કારણ-કે | હવે | હું-ચૂપ-રહીશ | અને-મરી-જઈશ |
| H4310 | H1931 | H7378 | H5978 | | H6258 | | H1478 |

મને કોણ ખોટો ઠરાવી શકે એમ છે? જો કોઈ પણ હોય તો હું ચૂપ રહીશ અને મારો પ્રાણ છોડીશ.

| 20 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אַךְ־ | שְׁתַּיִם | אַל־ | תַּעַשׂ | עִמָּדִי | אָז | מִפָּנֶיךָ | לֹא | אֶסָּתֵר׃ |
| ફક્ત | બે-વસ્તુ | ના | કરો | મારી-સાથે | પછી | તમારા-મુખથી | નહિ | હું-છુપાઈશ |
| H0389 | H8147 | H0408 | | H5978 | | H6440 | H3808 | H5641 |

હે ઈશ્વર, માત્ર બે બાબતોથી તમે મને મુકત કરો, અને પછી હું તમારાથી મારું મુખ સંતાડીશ નહિ;

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| תִּֽבַעֲתַֽנִּי׃ | אַל־ | וְ֝אֵמָתְךָ | הַרְחַ֑ק | מֵעָלַ֣י | כַּ֭פְּךָ | 21 |
| મને-ડરાવો | ના | અને-તમારો-ત્રાસ | દૂર-કરો | મારા-પરથી | તમારો-હાથ | |
| H1204 | H0408 | H0367 | H7368 | | H3709 | |

તમારો હાથ મારા પરથી ખેંચી લો, અને તમારા ભયથી મને ન ગભરાવો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַהֲשִׁיבֵֽנִי׃ | אֲ֝דַבֵּ֗ר | אוֹ־ | אֶֽעֱנֶ֑ה | וְאָנֹכִ֣י | וּ֭קְרָא | 22 |
| અને-મને-ઉત્તર-આપો | હું-બોલું | અથવા | જવાબ-આપીશ | અને-હું | અને-બોલાવો | |
| H7725 | H1696 | | | H0595 | H7121 | |

પછી તમે મને બોલાવો કે, હું તમને ઉત્તર આપું; અથવા મને બોલવા દો અને તમે ઉત્તર આપો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הֹדִיעֵֽנִי׃ | וְ֝חַטָּאתִ֗י | פִּשְׁעִ֥י | וְחַטָּא֑וֹת | עֲוֺנ֣וֹת | לִ֣י | כַּמָּ֣ה | 23 |
| મને-જણાવો | અને-મારું-પાપ | મારો-દ્રોહ | અને-પાપો-છે | અપરાધો | મારા | કેટલા | |
| H3045 | | H6588 | | H5771 | | H4100 | |

મારાં પાપો અને અન્યાયો કેટલા છે? મારા અપરાધો અને મારું પાપ મને જણાવો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לָֽךְ׃ | לְאוֹיֵ֣ב | וְתַחְשְׁבֵ֖נִי | תַסְתִּ֑יר | פָּנֶ֣יךָ | לָֽמָּה־ | 24 |
| તમારો | શત્રુ-તરીકે | અને-મને-ગણો-છો | છુપાવો-છો | તમારું-મુખ | શા-માટે | |
| | H0341 | H2803 | H5641 | H6440 | H4100 | |

શા માટે તમે મારાથી તમારું મુખ ફેરવી લો છો? શા માટે તમે મને તમારો દુશ્મન ગણો છો?

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| תִרְדֹּֽף׃ | יָבֵ֥שׁ | קַ֖שׁ | וְאֶת־ | תַּעֲר֑וֹץ | נִדָּ֣ף | הֶעָלֶ֣ה | 25 |
| તમે-પીછો-કરશો | સૂકું | ભૂસું | અને | તમે-ભયભીત-કરશો | ઉડી-જતા | શું-પાંદડાને | |
| H7291 | H3002 | H7179 | H0853 | H6206 | H5086 | H5929 | |

શું તમે પવનથી ખરી પડેલા પાંદડાને હેરાન કરશો? શું તમે સૂકા તણખલાનો પીછો કરશો?

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| נְעוּרָֽי׃ | עֲוֺנ֣וֹת | וְ֝תוֹרִישֵׁ֗נִי | מְרֹר֑וֹת | עָלַ֣י | תִכְתֹּ֣ב | כִּֽי־ | 26 |
| મારી-જુવાનીના | અપરાધો | અને-મને-વારસામાં-આપો-છો | કડવી-વાતો | મારા-વિરુદ્ધ | તમે-લખો-છો | કારણ-કે | |
| | H5771 | H3423 | H4846 | | H3789 | | |

તમે મારી વિરુદ્ધ સખત ઝેરી શબ્દો લખો છો; અને મારી યુવાવસ્થાના અન્યાયનો મને બદલો આપો છો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| רַגְלַ֗י | שָׁ֝רְשֵׁ֥י | עַל־ | אָרְחֹתָ֑י | כָּל־ | וְתִשְׁמ֣וֹר | רַגְלַ֗י | בַּסַּ֨ד | וְתָשֵׂ֤ם | 27 |
| મારા-પગના | તળિયા | ઉપર | મારા-માર્ગો | બધા | અને-તમે-નિરીક્ષણ-કરો-છો | મારા-પગ | બેડીઓમાં | અને-તમે-મૂકો-છો | |
| H7272 | H8328 | | H0734 | H3605 | H8104 | H7272 | H5465 | | |

| |
|---|
| תִּתְחַקֶּֽה׃ |
| તમે-નિશાન-કરો-છો |
| H2707 |

તમે મારા પગમાં બેડીઓ બાંધો છો; તમે મારા બધા રસ્તાઓ ધ્યાનમાં રાખો છો, તમે મારાં પગલાં તપાસો છો;

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עָֽשׁ׃ | אֲכָ֣לוֹ | כְּ֝בֶ֗גֶד | יִבְלֶ֑ה | כְּרָקָ֣ב | וְ֭הוּא | 28 |
| જીવાત | જેને-ખાઈ-ગયો | વસ્ત્ર-જેમ | ક્ષીણ-થાય-છે | સડી-ગયેલા-જેમ | અને-તે | |
| | H0398 | | H1086 | H7538 | H1931 | |

જો કે હું નાશ પામતી સડી ગયેલ વસ્તુના જેવો છું, તથા ઉધાઈએ ખાઈ નાખેલા વસ્ત્ર જેવો છું.

## Chapter 14

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| רֹֽגֶז׃ | וּֽשְׂבַע־ | יָ֝מִ֗ים | קְצַ֥ר | אִשָּׁ֑ה | יְל֣וּד | אָ֭דָם | 1 |
| તકલીફથી | અને-ભરેલો | દિવસોનો | ટૂંકા | સ્ત્રીથી | જન્મેલો | માણસ | |
| H7267 | H7649 | H3117 | H7116 | H0802 | H3205 | H0120 | |

સ્ત્રીજન્ય મનુષ્યનું આયુષ્ય અલ્પ છે, અને તે સંકટથી ભરપૂર છે.

2

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כְּצִ֣יץ | יָ֭צָא | וַיִּמָּ֑ל | וַיִּבְרַ֥ח | כַּ֝צֵּ֗ל | וְלֹ֣א | יַעֲמֽוֹד׃ |
| ફૂલ-જેમ | તે-આવે-છે | અને-કરમાય-છે | અને-ભાગે-છે | છાયા-જેમ | અને-નહિ | ટકે-છે |
| | H3318 | | H1272 | H6738 | H3808 | H5975 |

તે ફૂલની જેમ ખીલે છે અને તેને કાપી નાખવામાં આવે છે; વળી તે છાયાની જેમ જતું રહે છે અને સ્થિર રહેતું નથી.

3

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אַף־ | עַל־ | זֶ֭ה | פָּקַ֣חְתָּ | עֵינֶ֑ךָ | וְאֹתִ֨י | תָבִ֖יא | בְמִשְׁפָּ֣ט | עִמָּֽךְ׃ |
| છતાં-પણ | આવા-પર | આવા | તેં-ખોલી-છે | તમારી-આખ | અને-મને | લાવો-છો | ન્યાયમાં | તમારી-સાથે |
| H0637 | | H2088 | H6491 | | H0853 | H0935 | H4941 | |

શું એવા પર તમે લક્ષ આપો છો? શું મને તમારો પ્રતિવાદી બનાવો છો?

4

| | | | | | |
|---|---|---|---|---|---|
| מִֽי־ | יִתֵּ֣ן | טָ֭הוֹר | מִטָּמֵ֗א | לֹ֣א | אֶחָֽד׃ |
| કોણ | આપી-શકે | શુદ્ધ | અશુદ્ધમાંથી | નહિ | કોઈ-પણ |
| H4310 | H5414 | H2889 | H2931 | H3808 | H0259 |

જો અશુદ્ધ વસ્તુમાંથી શુદ્ધ ઉત્પન્ન થાય તો કેવું સારું? પણ એવું બનવું અશક્ય છે.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אִ֤ם | חֲרוּצִ֨ים | יָמָ֗יו | מִֽסְפַּר־ | חֳדָשָׁ֥יו | אִתָּ֑ךְ | [חקו] | (חֻקָּ֥יו) | עָ֝שִׂ֗יתָ | וְלֹ֣א | יַעֲבֹֽור׃ |
| જો | નક્કી-છે | તેના-દિવસો | સંખ્યા | તેના-મહિના | તમારી-પાસે | તેની-હદ | તેના-નિયમો | તેં-બનાવ્યા-છે | અને-નહિ | તે-ઓળંગે |
| | H2782 | H3117 | H4557 | H2320 | H0854 | H2706 | H2706 | | H3808 | |

તેના આયુષ્યની મર્યાદા નક્કી કરેલી છે, તેના મહિનાઓની ગણતરી તમારા હાથમાં છે. તમે તેની હદ નક્કી કરી છે તેને તે ઓળંગી શકે નહિ.

6

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שְׁעֵ֣ה | מֵעָלָ֣יו | וְיֶחְדָּ֑ל | עַד־ | יִ֝רְצֶ֗ה | כְּשָׂכִ֥יר | יוֹמֽוֹ׃ |
| નજર-ફેરવો | તેનાથી | અને-તે-આરામ-કરે | જ્યાં-સુધી | તે-સંતોષ-પામે | મજૂર-જેમ | તેનો-દિવસ |
| H8159 | | H2308 | H5704 | H7521 | H7916 | H3117 |

તમારી નજર તેમની ઉપરથી ઉઠાવી લો, જેથી તેને નિરાંત રહે. જેથી મજૂરની જેમ તે પોતાનો દિવસ પૂરો ભરે ત્યારે તે આનંદ કરે.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֤י | יֵ֥שׁ | לָעֵ֗ץ | תִּ֫קְוָ֥ה | אִֽם־ | יִ֭כָּרֵת | וְע֣וֹד | יַחֲלִ֑יף | וְ֝יֹנַקְתּ֗וֹ | לֹ֣א | תֶחְדָּֽל׃ |
| કારણ-કે | છે | વૃક્ષને | આશા | જો | તે-કપાય | તો-ફરીથી | તે-અકુરિત-થાય | અને-તેની-કૂંપળ | નહિ | અટકે |
| | H3426 | H6086 | | | H3772 | H5750 | H2498 | H3127 | H3808 | H2308 |

ઝાડને માટે પણ આશા છે; જો કે તે કપાઈ ગયું હોય, પણ તે પાછું ફૂટી શકે છે, અને તેની કુમળી ડાળીઓનો અંત આવશે નહિ.

8

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אִם־ | יַזְקִ֣ין | בָּאָ֣רֶץ | שָׁרְשׁ֑וֹ | וּ֝בֶעָפָ֗ר | יָמ֥וּת | גִּזְעֽוֹ׃ |
| જો | જૂનું-થાય | જમીનમાં | તેનું-મૂળ | અને-ધૂળમાં | મરી-જાય | તેનું-થડ |
| | H2204 | H0776 | H8328 | H6083 | H4191 | H1503 |

જો કે તેનું મૂળ જમીનમાં જૂનું થાય, અને તેનું થડ જમીનમાં સુકાઈ જાય.

9

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מֵרֵ֣יחַ | מַ֣יִם | יַפְרִ֑חַ | וְעָשָׂ֖ה | קָצִ֣יר | כְּמוֹ־ | נָֽטַע׃ |
| પાણીની-સુગંધથી | પાણી | તે-ખીલે-છે | અને-ઉગાડે-છે | ડાળીઓ | જેમ-કે | નવા-રોપા |
| H7381 | H4325 | | | | H3644 | H5194 |

છતાંપણ તેને પાણી મળવાથી તે ખીલશે, અને રોપાની જેમ તેને ડાળીઓ ફૂટશે.

10

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְגֶ֣בֶר | יָ֭מוּת | וַיֶּחֱלָ֑שׁ | וַיִּגְוַ֖ע | אָדָ֣ם | וְאַיּֽוֹ׃ |
| પણ-માણસ | મરે-છે | અને-નિર્બળ-થાય-છે | અને-પ્રાણ-ત્યાગે-છે | માણસ | અને-ક્યાં-છે-તે |
| H1397 | H4191 | H2522 | H1478 | H0120 | H0346 |

પરંતુ માણસ મૃત્યુ પામે છે અને તે ક્ષય પામે છે; હા, માણસ પ્રાણ છોડે છે અને તે ક્યાં છે?

11

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אָֽזְלוּ־ | מַ֭יִם | מִנִּי־ | יָ֑ם | וְ֝נָהָ֗ר | יֶחֱרַ֥ב | וְיָבֵֽשׁ׃ |
| ઓસરે-છે | પાણી | માંથી | સમુદ્ર | અને-નદી | સૂકાઈ-જાય-છે | અને-સુકાઈ-જાય-છે |
| H0235 | H4325 | | H3220 | H5104 | | H3001 |

જેમ સાગરમાંથી પાણી ઊડી જાય છે, અને નદી ક્ષીણ થઈને સુકાઈ જાય છે

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יָעִ֑רוּ | וְלֹֽא־ | יָ֝קִ֗יצוּ | לֹ֣א | שָׁ֭מַיִם | בִּלְתִּ֣י | עַד־ | יָ֫קוּם | וְלֹא־ | שָׁכַ֗ב | וְאִ֥ישׁ | 12 |
| જાગશે | અને-નહિ | જાગશે | નહિ | આકાશો | નહિ | જ્યાં-સુધી | ઊઠે-છે | અને-નહિ | સૂઈ-જાય-છે | અને-માણસ | |
| H5782 | H3808 | H6974 | H3808 | H8064 | H1115 | H5704 | | H3808 | H7901 | H0376 | |

| |
|---|
| מִשְּׁנָתָֽם׃ |
| તેમની-ઊંઘમાંથી |
| H8142 |

તેમ માણસ સૂઈ જઈને પાછો ઊઠતો નથી આકાશોનું અસ્તિત્વ ન રહે ત્યાં સુધી તે જાગશે નહિ.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לִ֣י | תָּשִׁ֖ית | אַפֶּ֑ךָ | שׁ֣וּב | עַד־ | תַּ֭סְתִּירֵנִי | תַּצְפִּנֵ֗נִי | בִּשְׁא֬וֹל | יִתֵּ֨ן | מִ֤י | 13 |
| મારા-માટે | તમે-નક્કી-કરો | તમારો-ક્રોધ | ફરે-નહિ | જ્યાં-સુધી | મને-સંતાડો | તમે-મને-છુપાવો | શેઓલમાં | થાય-કે | કાશ-કે | |
| | H7896 | H0639 | H7725 | H5704 | H5641 | H6845 | H7585 | H5414 | H4310 | |

| | |
|---|---|
| וְתִזְכְּרֵֽנִי׃ | חֹ֣ק |
| અને-મને-યાદ-કરો | સમય |
| H2142 | H2706 |

તમે મને સંકટોથી દૂર શેઓલમાં સંતાડો, અને તમારો ક્રોધ શમી જાય ત્યાં સુધી છુપાવી રાખો; અને મને ઠરાવેલો સમય નક્કી કરી આપીને યાદ રાખો તો કેવું સારું

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בּ֝֗וֹא | עַד־ | אֲיַחֵ֑ל | צְבָאִ֥י | יְמֵ֣י | כָּל־ | הֲיִֽחְיֶ֥ה | גֶּ֗בֶר | יָמ֥וּת | אִם־ | 14 |
| આવે-નહિ | જ્યાં-સુધી | હું-રાહ-જોઈશ | મારી-સેવાના | દિવસો | બધા | શું-તે-જીવશે | પુરુષ | માણસ-મરે | જો | |
| H0935 | H5704 | H3176 | | H3117 | H3605 | H2421 | H1397 | H4191 | | |

| |
|---|
| חֲלִיפָתִֽי׃ |
| મારી-મુક્તિ |
| H2487 |

જો માણસ મૃત્યુ પામે, તો પછી શું તે ફરીથી સજીવન થશે? જો એમ હોય તો, મારો છૂટકો થાય ત્યાં સુધી હું મારા યુદ્ધના સર્વ દિવસો પર્યંત રાહ જોઈશ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| תִכְסֹֽף׃ | יָדֶ֣יךָ | לְמַעֲשֵׂ֖ה | אֶעֱנֶ֑ךָּ | וְאָנֹכִ֣י | תִּ֭קְרָא | 15 |
| તમે-ઇચ્છા-કરશો | તમારા-હાથોના | તમારા-હાથના-કાર્યો-માટે | જવાબ-આપીશ | અને-હું | તમે-બોલાવો | |
| H3700 | H3027 | H4639 | | H0595 | H7121 | |

તમે મને બોલાવો અને હું તમને ઉત્તર આપીશ. તમારા હાથનાં કામો પર તમે મમતા રાખત.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| חַטָּאתִֽי׃ | עַל־ | תִ֝שְׁמ֗וֹר | לֹֽא־ | תִּסְפּ֑וֹר | צְעָדַ֣י | עַ֭תָּה | כִּֽי־ | 16 |
| મારા-પાપને | ઉપર | તમે-જોઈ-રાખો-છો | નહિ | તમે-ગણો-છો | મારાં-પગલાં | હવે | કારણ-કે | |
| | | H8104 | H3808 | | H6806 | H6258 | | |

તમે મારાં પગલાંને ગણો છો; શું તમે મારા પાપની તપાસ નથી રાખતા?

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עֲוֹנִֽי׃ | עַל־ | וַ֝תִּטְפֹּ֗ל | פִּשְׁעִ֑י | בִּצְר֣וֹר | חָתֻ֣ם | 17 |
| મારા-અપરાધ | ઉપર | અને-તેં-જોડ્યું-છે | મારો-દ્રોહ | બંધનમાં | મોહર-છે | |
| H5771 | | H2950 | H6588 | | H2856 | |

મારાં પાપોને એક કોથળીમાં બંધ કરીને ઉપર મહોર મારવામાં આવી છે. તમે મારા અન્યાયને ઢાંકી દો છો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מִמְּקֹמֽוֹ׃ | יֶעְתַּ֥ק | וְ֝צ֗וּר | יִבּ֑וֹל | נוֹפֵ֥ל | הַר־ | וְֽאוּלָ֗ם | 18 |
| તેની-જગ્યાથી | ખસે-છે | અને-ખડક | નાશ-થાય-છે | તૂટતો | પર્વત | પરંતુ-ખરેખર | |
| H4725 | H6275 | H6697 | | H5307 | H2022 | H0199 | |

નિશ્ચે પર્વતો પડીને નષ્ટ થાય છે, અને ખડકો પોતાની જગાએથી ચળી જાય છે.

19

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲבָנִ֨ים | שָׁ֘חֲק֤וּ | מַ֗יִם | תִּשְׁטֹֽף־ | סְפִיחֶ֥יהָ | עֲפַר־ | אָ֑רֶץ | וְתִקְוַ֖ת | אֱנ֣וֹשׁ | הֶאֱבַֽדְתָּ׃ |
| પથ્થરોને | ઘસે-છે | પાણી | તેના-પૂરને-વહાવી-લે-છે | તેની-ઉપજ | ધૂળ | પૃથ્વીની | અને-આશા | માણસની | તેં-નષ્ટ-કરી-છો |
| H0068 | H7833 | H4325 | H7857 | | H6083 | H0776 | | H0582 | H0006 |

પાણી પથ્થરોને ઘસી નાખે છે; પાણીના પૂર જમીન પરની ધૂળ ઘસડી જાય છે. અને તેવી જ રીતે તમે મનુષ્યની આશાનો નાશ કરો છો.

20

| | | | | | |
|---|---|---|---|---|---|
| תִּתְקְפֵ֣הוּ | לָ֭נֶצַח | וַיַּהֲלֹ֑ךְ | מְשַׁנֶּ֥ה | פָ֝נָ֗יו | וַתְּשַׁלְּחֵֽהוּ׃ |
| તમે-તેને-હરાવો-છો | સદા-માટે | અને-તે-જતો-રહે-છે | બદલી-નાખો-છો | તેનો-ચહેરો | અને-તેને-મોકલો-છો |
| H8630 | H5331 | H1980 | | H6440 | H7971 |

તમે હમેશાં તેઓની પર જય મેળવો છો. અને પછી તે મૃત્યુ પામે છે; તમે તેને ઉદાસ ચહેરે મોકલી દો છો.

21

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יִכְבְּד֣וּ | בָ֭נָיו | וְלֹ֣א | יֵדָ֑ע | וְ֝יִצְעֲר֗וּ | וְֽלֹא־ | יָבִ֥ין | לָֽמוֹ׃ |
| માન-પામે-છે | તેના-દીકરાઓ | પણ-નહિ | જાણે | અને-તેઓ-તુચ્છ-થાય | પણ-નહિ | સમજે | તેમના-વિષે |
| H3513 | | H3808 | H3045 | H6819 | H3808 | H0995 | |

તેના દીકરાઓ માનવંત પદે ચઢે છે, પણ તે પોતે જાણતો નથી; તેઓ દીનાવસ્થામાં આવી પડે એ વિષે પણ તે અજાણ છે.

22

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אַךְ־ | בְּ֭שָׂרוֹ | עָלָ֣יו | יִכְאָ֑ב | וְ֝נַפְשׁ֗וֹ | עָלָ֥יו | תֶּאֱבָֽל׃ | פ |
| ફક્ત | તેનું-શરીર | તેના-પર | દુખે-છે | અને-તેનો-આત્મા | તેના-માટે | શોક-કરે-છે | — |
| H0389 | H1320 | | H3510 | H5315 | | H0056 | |

તેના શરીરમાં વેદના થાય છે; તેનો અતરઆત્મા તેને સારુ શોક કરે છે."

# Chapter 15

1

| | | | |
|---|---|---|---|
| וַ֭יַּעַן | אֱלִיפַ֥ז | הַֽתֵּימָנִ֗י | וַיֹּאמַֽר׃ |
| પછી-જવાબ-આપ્યો | અલીફાઝે | તેમાનીએ | અને-કહ્યુ |
| | H0464 | H8489 | H0559 |

પછી અલિફાઝ તેમાનીએ ઉત્તર આપીને કહ્યુ કે,

2

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הֶֽחָכָ֗ם | יַעֲנֶ֥ה | דַֽעַת־ | ר֑וּחַ | וִימַלֵּ֖א | קָדִ֣ים | בִּטְנֽוֹ׃ |
| શું-બુદ્ધિમાન | ઉત્તર-આપે | હવા-જેવા | જ્ઞાન | અને-ભરે | પૂર્વ-પવનથી | તેનું-પેટ |
| H2450 | | H1847 | H7307 | H4390 | H6921 | H0990 |

"શું કોઈ જ્ઞાની માણસ ખાલી શબ્દોથી દલીલ કરે અને પોતાનું પેટ પૂર્વના પવનથી ભરે?

3

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הוֹכֵ֣חַ | בְּ֭דָבָר | לֹ֣א | יִסְכּ֑וֹן | וּ֝מִלִּ֗ים | לֹא־ | יוֹעִ֥יל | בָּֽם׃ |
| કશું-દલીલ-આપવી | શબ્દોથી | જેનો | કોઈ-લાભ-નથી | અને-વાતોથી | કોઈ | ફાયદો-નથી | તેમનાથી |
| H3198 | H1697 | H3808 | H5532 | H4405 | H3808 | H3276 | |

શું તે નિરર્થક વાત વડે કે, હિત ન કરી શકે એવા ભાષણ વડે દલીલ કરે?

4

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אַף־ | אַ֭תָּה | תָּפֵ֣ר | יִרְאָ֑ה | וְתִגְרַ֥ע | שִׂ֝יחָ֗ה | לִפְנֵי־ | אֵֽל׃ |
| ઉપરાંત-તું | તું | તોડે-છે | ભક્તિને | અને-ઘટાડે-છે | ધ્યાનને | ઈશ્વર-સમક્ષ | — |
| H0637 | | | H3374 | H1639 | H7881 | H6440 | H0410 |

હા, તું ઈશ્વરના ભયનો પણ ત્યાગ કરે છે. તથા તું ઈશ્વરભક્તિને અટકાવે છે,

5

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כִּ֤י | יְאַלֵּ֣ף | עֲוֺנְךָ֣ | פִ֑יךָ | וְ֝תִבְחַ֗ר | לְשׁ֣וֹן | עֲרוּמִֽים׃ |
| કારણ-કે | શીખવાડે-છે | તારો-અપરાધ | તારું-મોં | અને-તું-પસંદ-કરે-છે | જીભ | ચતુરોની |
| | H0502 | H5771 | H6310 | H0977 | H3956 | H6175 |

કેમ કે તારો અન્યાય તારા મુખને શીખવે છે. અને તું કપટીઓની જીભને પસંદ કરે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בָֽךְ׃ | יַֽעֲנוּ־ | וּשְׂפָתֶיךָ | אָ֑נִי | וְלֹא־ | פִּיךָ | יַרְשִׁיעֲךָ | 6 |
| તારી-વિરુદ્ધમાં | સાક્ષી-આપે-છે | અને-તારા-હોઠો | હું | અને-નહિ | તારું-મોં | તારું-મોં-જ-દોષ-દે-છે | |
| | | H8193 | H0589 | H3808 | H6310 | H7561 | |

મારા નહિ, પણ તારા પોતાના જ શબ્દો તને દોષિત ઠરાવે છે; હા, તારી વાણી જ તારી વિરુદ્ધ સાક્ષી પૂરે છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| חוֹלָֽלְתָּ׃ | גְּבָע֣וֹת | וְלִפְנֵ֖י | תִּוָּלֵ֑ד | אָ֭דָם | הֲרִאישׁ֣וֹן | 7 |
| તું-રચાયો | ટેકરીઓથી | અને-પહેલાં | તું-જન્મ્યો | માણસ | શું-પહેલો | |
| | H1389 | H6440 | H3205 | H0120 | H7223 | |

શું તું આદિ પુરુષ છે? શું પર્વતો ઉત્પન્ન થયા તે પહેલાં તું જન્મ્યો હતો?

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| חָכְמָֽה׃ | אֵלֶ֣יךָ | וְתִגְרַ֖ע | תִּשְׁמָ֑ע | אֱל֣וֹהַּ | הַבְס֣וֹד | 8 |
| પ્રજ્ઞાને | તારી-પાસે | અને-મર્યાદિત-કરે-છે | તું-સાંભળે-છે | ઈશ્વરનું | શું-ઈશ્વરની-સભામાં | |
| H2451 | H0413 | H1639 | H8085 | H0433 | H5475 | |

શું તેં ઈશ્વરના ગૂઢ ડહાપણ વિષે સાંભળ્યું છે ખરું? શું તેં બધી બુદ્ધિ તારા પોતાનામાં સમાવી રાખી છે?

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הֽוּא׃ | עִמָּ֣נוּ | וְלֹא־ | תָ֝בִ֗ין | נֵדָ֑ע | וְלֹ֣א | יָּ֭דַעְתָּ | מַה־ | 9 |
| તે | અમારી-પાસે | જે-નહિ | તું-સમજે-છે | અમે-જાણીએ | જે-નહિ | તું-જાણે-છે | શું | |
| H1931 | | H3808 | H0995 | H3045 | H3808 | H3045 | H4100 | |

અમે ન જાણતા હોઈએ એવું તું શું જાણે છે? અમારા કરતાં તારામાં કઈ વિશેષ સમજદારી છે?

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יָמִֽים׃ | מֵאָבִ֣יךָ | כַּבִּ֖יר | בָּ֑נוּ | יָשִׁ֣ישׁ | גַּם־ | שָׂ֭ב | גַּם־ | 10 |
| દિવસોમાં | તારા-પિતાથી | મહાન | અમારામાં-છે | વૃદ્ધ | પણ | વિધૂર | પણ | |
| H3117 | H0001 | H3524 | | H3453 | H1571 | H7867 | H1571 | |

અમારામાં પળીયાંવાળા તથા વૃદ્ધ માણસો છે, જેઓ તારા પિતા કરતાં પણ મોટી ઉંમરના પુરુષો છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עִמָּֽךְ׃ | לָאַ֣ט | וְ֝דָבָ֗ר | אֵ֑ל | תַּנְחֻמ֣וֹת | מִ֭מְּךָ | הַמְעַ֣ט | 11 |
| તારી-સાથે | કોમળ | અને-વચન | ઈશ્વરના | ઈશ્વરની-આશ્વાસનો | તારા-માટે | શું-ઓછાં | |
| | | H1697 | H0410 | H8575 | | H4592 | |

શું ઈશ્વરના દિલાસા, તથા તારી પ્રત્યેના અમારા નમ્ર વચનો તારી નજરમાં કંઈ વિસાતમાં નથી.?

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עֵינֶֽיךָ׃ | יִרְזְמ֗וּן | וּֽמַה־ | לִבֶּ֑ךָ | יִקָּחֲךָ֣ | מַה־ | 12 |
| તારી-આખો | ઇશારા-કરે-છે | અને-શું | તારું-હૃદય | તારું-હૃદય-તને-લઈ-જાય-છે | શું | |
| | H7335 | H4100 | | H3947 | H4100 | |

તારું હૃદય તને કેમ દૂર લઈ જાય છે? તારી આખો કેમ મિચાય છે?

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מִלִּֽין׃ | מִפִּ֣יךָ | וְהֹצֵ֖אתָ | רוּחֶ֑ךָ | אֵ֣ל | אֶל־ | תָשִׁ֣יב | כִּֽי־ | 13 |
| વચનો | તારા-મોંથી | અને-બોલે-છે | તારો-આત્મા | ઈશ્વરની | વિરુદ્ધ | તું-વાળે-છે | કારણ-કે | |
| H4405 | H6310 | H3318 | H7307 | H0410 | H0413 | H7725 | | |

તેથી તું તારું હૃદય ઈશ્વરની વિરુદ્ધ કરે છે. અને શા માટે એવા શબ્દો તારા મુખમાંથી નીકળવા દે છે?

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אִשָּֽׁה׃ | יְל֣וּד | יִ֝צְדַּ֗ק | וְכִֽי־ | יִזְכֶּ֑ה | כִּֽי־ | אֱנ֥וֹשׁ | מָֽה־ | 14 |
| સ્ત્રીથી | જન્મેલો | નિર્દોષ-ઠરે | અને-કેમ | શુદ્ધ-ઠરે | કે-તે | માણસ | શું-છે | |
| H0802 | H3205 | H6663 | | H2135 | | H0582 | H4100 | |

શું માણસ પવિત્ર હોઈ શકે? સ્ત્રીજન્ય માનવી ન્યાયી હોઈ શકે?

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְעֵינָֽיו׃ | זַכּ֥וּ | לֹא־ | וְ֝שָׁמַ֗יִם | יַאֲמִ֑ין | לֹ֣א | )בִּקְדֹשָׁ֣יו( | ]בקדשו[ | הֵ֣ן | 15 |
| તેની-નજરમાં | શુદ્ધ-છે | નહિ | અને-આકાશો | તે-વિશ્વાસ-કરે | નહિ | તેના-પવિત્રો | તેના-પવિત્રોમાં | જુઓ | |
| H2141 | H3808 | H8064 | H0539 | H3808 | H6918 | H6918 | H2005 | | |

જો, તે પોતાના સંત પુરુષોનો પણ ભરોસો કરતો નથી. હા, તેમની દ્રષ્ટિમાં તો આકાશો પણ શુદ્ધ નથી;

16

| אַף | כִּי־ | נִתְעָב | וְנֶאֱלָח | אִישׁ־ | שֹׁתֶה | כַמַּיִם | עַוְלָה׃ |
|---|---|---|---|---|---|---|---|
| તો-વળી | કેટલો | ઘૃણાસ્પદ | અને-ભ્રષ્ટ | માણસ-જે | પીવે-છે | પાણી-જેમ | અન્યાય |
| H0637 | | H8581 | H0444 | H0376 | H8354 | H4325 | |

તો જે ધિક્કારપાત્ર, અધમ, તથા પાણીની જેમ અન્યાયને પી જાય છે તો તે કેટલા વિશેષ ગણાય□

17

| אֲחַוְךָ | שְׁמַע־ | לִי | וְזֶה־ | חָזִיתִי | וַאֲסַפֵּרָה׃ |
|---|---|---|---|---|---|
| હું-તને-બતાવું | સાંભળો | મને | અને-આ | મેં-જોયું-છે | અને-કહીશ |
| H2331 | H8085 | | H2088 | H2372 | |

હું તમને બતાવીશ; મારું સાંભળો; મેં જે જોયું છે તે હું તમને કહી સંભળાવીશ.

18

| אֲשֶׁר־ | חֲכָמִים | יַגִּידוּ | וְלֹא | כִחֲדוּ | מֵאֲבוֹתָם׃ |
|---|---|---|---|---|---|
| જે | બુદ્ધિમાનોએ | કહે-છે | અને-નહિ | છુપાવ્યું | તેમના-પિતાઓથી |
| | H2450 | H5046 | H3808 | H3582 | H0001 |

તે જ્ઞાની પુરુષોએ પોતાના પિતૃઓ પાસેથી સાંભળીને પ્રગટ કર્યું છે, તેઓએ કંઈ પણ છુપાવ્યું નથી.

19

| לָהֶם | לְבַדָּם | נִתְּנָה | הָאָרֶץ | וְלֹא־ | עָבַר | זָר | בְּתוֹכָם׃ |
|---|---|---|---|---|---|---|---|
| તેમને | એકલાને | અપાઈ-હતી | આ-ભૂમિ | અને-નહિ | પસાર-થયો | પરદેશી | તેમની-વચ્ચે |
| | H0905 | H5414 | H0776 | H3808 | | | H8432 |

કેવળ આ તેઓના પિતૃઓને જ ભૂમિ આપવામાં આવી હતી. અને તેઓમાં કોઈ વિદેશી જવા પામતો નથી.

20

| כָּל־ | יְמֵי | רָשָׁע | הוּא | מִתְחוֹלֵל | וּמִסְפַּר | שָׁנִים | נִצְפְּנוּ | לֶעָרִיץ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| બધા | દિવસો | દુષ્ટ | તે | પીડાય-છે | અને-સંખ્યા | વર્ષો | સંગ્રહિત-છે | અત્યાચારી-માટે |
| H3605 | H3117 | H7563 | H1931 | | H4557 | H8141 | H6845 | H6184 |

દુર્જન તેના આખા જીવન પર્યંત પીડા ભોગવે છે, તે પોતાનાં નિયત કરેલાં વર્ષો દરમ્યાન કષ્ટથી પીડાય છે.

21

| קוֹל־ | פְּחָדִים | בְּאָזְנָיו | בַּשָּׁלוֹם | שׁוֹדֵד | יְבוֹאֶנּוּ׃ |
|---|---|---|---|---|---|
| અવાજ | ભયનો | તેના-કાનમાં | શાંતિમાં | લૂંટારો | તેના-પર-આવે-છે |
| | H6343 | H0241 | H7965 | H7703 | H0935 |

તેનાં કાનમાં ભયનો અવાજ ગૂંજે છે; આબાદીને સમયે લૂંટનાર તેના પર હુમલો કરશે.

22

| לֹא־ | יַאֲמִין | שׁוּב | מִנִּי־ | חֹשֶׁךְ | [וצפו] | (וְצָפוּי) | הוּא | אֱלֵי־ | חָרֶב׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| નહિ | તે-વિશ્વાસ-કરે | પાછા-આવવાનું | અધકારમાંથી | અધારામાં | અને-નક્કી | તે | છે | તલવાર-માટે | તલવાર |
| H3808 | H0539 | H7725 | | H2822 | H6822 | H6822 | H1931 | H0413 | H2719 |

તે માનતો નથી કે હું અધકારમાંથી પાછો આવીશ; તે માને છે કે તલવાર તેની રાહ જોઈ રહી છે.

23

| נֹדֵד | הוּא | לַלֶּחֶם | אַיֵּה | יָדַע | כִּי־ | נָכוֹן | בְיָדוֹ | יוֹם־ | חֹשֶׁךְ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ભટકે-છે | તે | રોટી-માટે | ક્યાં | જાણે-છે | કે | તૈયાર-છે | તેના-હાથમાં | દિવસ | અધકારનો |
| H5074 | H1931 | H3899 | H0346 | H3045 | | | H3027 | H3117 | H2822 |

તે ખોરાક માટે એમ કહીને ભટકે છે કે, તે ક્યાં છે? તે જાણે છે કે અધકારનાં દિવસો નજીક છે.

24

| יְבַעֲתֻהוּ | צַר | וּמְצוּקָה | תִּתְקְפֵהוּ | כְּמֶלֶךְ | עָתִיד | לַכִּידוֹר׃ |
|---|---|---|---|---|---|---|
| તેને-ભયભીત-કરે-છે | સંકટ | અને-તંગી | તેને-દબાવે-છે | રાજા-જેમ | તૈયાર | યુદ્ધ-માટે |
| H1204 | | H4691 | H8630 | H4428 | H6264 | H3593 |

સંકટ તથા વેદના તેને ભયભીત કરે છે; યુદ્ધને માટે સજ્જ થયેલા રાજાની જેમ તેઓ તેના પર વિજય મેળવે છે.

25

| כִּי־ | נָטָה | אֶל־ | אֵל | יָדוֹ | וְאֶל־ | שַׁדַּי | יִתְגַּבָּר׃ |
|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | તેણે-લંબાવ્યો | વિરુદ્ધ | ઈશ્વરનો | હાથ | અને-વિરુદ્ધ | સર્વશક્તિમાન | તે-અભિમાન-કરે-છે |
| | H5186 | H0413 | H0410 | H3027 | H0413 | H7706 | H1396 |

કેમ કે તેણે ઈશ્વરની સામે પોતાનો હાથ ઉઠાવ્યો છે અને સર્વશક્તિમાન ઈશ્વરની સામે તે અહંકારથી વર્તે છે.

26

| | | | | | |
|---|---|---|---|---|---|
| מָֽגִנָּיו׃ | גַּבֵּי | בַּעֲבִי | בְּצַוָּאר | אֵלָיו | יָרוּץ |
| તેની-ઢાલોની | ઉચ્ચી-ી□◌ાલો | જાડાઈ-પાછળ | ગરદન-ચૂકવી-કરી | તેની-વિરુદ્ધ | તે-દોડે-છે |
| H4043 | H1354 | H5672 | | H0413 | H7323 |

દુષ્ટ માણસ ગરદન અક્કડ રાખીને, મજબૂત ઢાલથી સજ્જ થઈને ઈશ્વર તરફ દોડે છે

27

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כָּֽסֶל׃ | עֲלֵי־ | פִימָה | וַיַּעַשׂ | בְחֶלְבּוֹ | פָנָיו | כִסָּה | כִּֽי־ |
| કમર | ઉપર | મોટાપો | અને-કર્યું | તેની-ચરબીથી | તેનું-મુખ | તેણે-ઢાંક્યું | કારણ-કે |
| H3689 | | H6371 | | H2459 | H6440 | H3680 | |

આ સાચું છે, જો કે તેણે પોતાનું મુખ તેના શરીરની ચરબીથી ઢાંક્યું છે અને તેની કૂખો પર ચરબીનાં પડ બાઝ્યાં છે.

28

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לְגַלִּים׃ | הִתְעַתְּדוּ | אֲשֶׁר | לָמוֹ | יֵשְׁבוּ | לֹא־ | בָּתִּים | נִכְחָדוֹת | עָרִים | וַיִּשְׁכּוֹן |
| ઢગલા-માટે | ખંડેર-થવાના-હતા | જે | તેમાં | વસે-છે | કોઈ-નહિ | ઘરોમાં | નષ્ટ-થયેલા | નગરોમાં | અને-તે-વસ્યો |
| H1530 | H6257 | | | H3427 | H3808 | | H3582 | | H7931 |

તે ઉજ્જડ નગરોમાં જે ઘરમાં કોઈ રહે નહિ એવાં, તથા જીર્ણ થઈ ગયેલાં ઘરોમાં રહે છે.

29

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מִנְלָם׃ | לָאָרֶץ | יִטֶּה | וְלֹא־ | חֵילוֹ | יָקוּם | וְלֹא־ | יֶעְשַׁר | לֹא־ |
| તેનું-ફળ | પૃથ્વી-પર | ફેલાશે | અને-નહિ | તેની-સંપત્તિ | ઊભી-રહેશે | અને-નહિ | તે-ધનવાન-થશે | નહિ |
| H4512 | H0776 | H5186 | H3808 | H2428 | | H3808 | H6238 | H3808 |

તે ધનવાન થશે નહિ તેની સમૃદ્ધિ ટકશે નહિ. તેનાં વતનો પૃથ્વી પર વિસ્તાર પામશે નહિ.

30

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| פִּֽיו׃ | בְּרוּחַ | וְיָסוּר | שַׁלְהֶבֶת | תְּיַבֵּשׁ | יֹנַקְתּוֹ | חֹשֶׁךְ | מִנִּי־ | יָסוּר | לֹא־ |
| તેના-મોંના | શ્વાસથી | અને-તે-જશે | જ્વાળા | સૂકવે-છે | તેની-કૂંપળને | અધકાર | અધકારમાંથી | તે-છૂટશે | નહિ |
| H6310 | H7307 | H5493 | H7957 | H3001 | H3127 | H2822 | | H5493 | H3808 |

તે અધકારમાંથી બચશે નહિ; જ્વાળાઓ તેની ડાળીઓને સૂકવી નાખશે; અને ઈશ્વરના શ્વાસથી નાશ પામશે.

31

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| תְמוּרָתוֹ׃ | תִּהְיֶה | שָׁוְא | כִּי־ | נִתְעָה | (בַּשָּׁיו) | [בשו] | יַאֲמֵן | אַל־ |
| તેનો-બદલો | થશે | વ્યર્થ | કારણ-કે | ભૂલો-ના-પડે | વ્યર્થતા | વ્યર્થતામાં | તે-વિશ્વાસ-કરે | ના |
| H8545 | H1961 | H7723 | | H8582 | H7723 | H7723 | H0539 | H0408 |

તેણે નિરર્થક બાબતોમાં વિશ્વાસ કરીને પોતાને મૂર્ખ બનાવવો જોઈએ નહિ; કેમ કે તેને કંઈ મળશે નહિ.

32

| | | | | | |
|---|---|---|---|---|---|
| רַעֲנָנָה׃ | לֹא | וְכִפָּתוֹ | תִּמָּלֵא | יוֹמוֹ | בְּלֹא־ |
| લીલી-હશે | નહિ | અને-તેની-ડાળી | ભરાશે | દિવસે | તેના-નહિ |
| | H3808 | H3712 | H4390 | H3117 | H3808 |

તેના જીવનનો અંત આવે તે પહેલાં ભરપૂરી પામશે, અને તેની ડાળીઓ લીલી નહિ રહેશે.

33

| | | | | | |
|---|---|---|---|---|---|
| נִצָּתוֹ׃ | כַּזַּיִת | וְיַשְׁלֵךְ | בִּסְרוֹ | כַּגֶּפֶן | יַחְמֹס |
| તેનાં-ફૂલ | જૈતૂનના-ઝાડ-જેમ | અને-તે-ખેરવશે | કાચાં-ફળ | દ્રાક્ષની-વેલ-જેમ | તે-તોડશે |
| H5328 | H2132 | H7993 | H1154 | H1612 | H2554 |

દ્રાક્ષના વેલાની જેમ તે પોતાની કાચી દ્રાક્ષો પાડી નાખશે; અને જૈતૂનના વૃક્ષની જેમ તેનાં ફૂલ ખરી પડશે.

34

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שֹׁחַד׃ | אָהֳלֵי־ | אָכְלָה | וְאֵשׁ | גַּלְמוּד | חָנֵף | עֲדַת | כִּי־ |
| લાંચન□ | તંબૂઓ | ભસ્મ-કરે-છે | અને-અગ્નિ | વાંઝ્યું-છે | ઢોંગીઓનો | સમૂહ | કારણ-કે |
| H7810 | H0168 | H0398 | H0784 | H1565 | H2611 | H5712 | |

કેમ કે ઢોંગી લોકોનો સંગ નિષ્ફળ થશે; રુશવતખોરોનાં ઘરો અગ્નિથી નાશ પામશે.

35

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ס | מִרְמָה׃ | תָּכִין | וּבִטְנָם | אָוֶן | וְיָלֹד | עָמָל | הָרֹה |
| — | છળકપટ | તૈયાર-કરે-છે | અને-તેમનું-પેટ | અનર્થ | અને-જન્મ-આપે-છે | કષ્ટ | ગર્ભ-ધારણ-કરે-છે |
| | H4820 | | H0990 | H0205 | H3205 | H5999 | H2029 |

દુષ્ટ લોકો નુકસાનનો ગર્ભ ધારણ કરે છે. અને અન્યાયને જન્મ આપે છે; તેઓનું પેટ ઠગાઈને સિદ્ધ કરે છે.”

## Chapter 16

| 1 | וַיַּעַן | אִיּוֹב | וַיֹּאמַר׃ |
|---|---|---|---|
| | પછી-જવાબ-આપ્યો | અય્યૂબે | અને-કહ્યુ |
| | | H0347 | H0559 |

ત્યારે અયૂબે ઉત્તર આપ્યો અને કહ્યુ કે,

| 2 | שָׁמַעְתִּי | כְאֵלֶּה | רַבּוֹת | מְנַחֲמֵי | עָמָל | כֻּלְּכֶם׃ |
|---|---|---|---|---|---|---|
| | સાંભળી-છે | આવું-બધું | ઘણું | આશ્વાસન-આપનારા | કષ્ટના | તમે-બધા |
| | H8085 | H0428 | | H5162 | H5999 | H3605 |

“મેં એવી ઘણી વાતો સાંભળી છે; તમે સર્વ કંટાળો ઊપજે એવું આશ્વાસન આપનારા છો.

| 3 | הֲקֵץ | לְדִבְרֵי־ | רוּחַ | אוֹ | מַה־ | יַּמְרִיצְךָ | כִּי | תַעֲנֶה׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | શું-અંત-છે | વચનોનો | હવાના | અથવા | શું | તને-ઉશ્કેરે-છે | કે | તું-જવાબ-આપે-છે |
| | H7093 | H1697 | H7307 | | H4100 | H4834 | | |

શું તમારા નકામા શબ્દોનો અંત નથી? તમારી સાથે શું ખોટું થયું છે કે તમે આ પ્રમાણે દલીલો કરો છો.

| 4 | גַּם | אָנֹכִי | כָּכֶם | אֲדַבֵּרָה | לוּ־ | יֵשׁ | נַפְשְׁכֶם | תַּחַת | נַפְשִׁי | אַחְבִּירָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પણ | હું | તમારી-જેમ | બોલી-શકતો | જો | હોત | તમારો-આત્મા | જગ્યાએ | મારા-આત્માની | હું-શબ્દો-ગોઠવતો |
| | H1571 | H0595 | | H1696 | H3863 | H3426 | H5315 | H8478 | H5315 | H2266 |

| עֲלֵיכֶם | בְּמִלִּים | וְאָנִיעָה | עֲלֵיכֶם | בְּמוֹ | רֹאשִׁי׃ |
|---|---|---|---|---|---|
| તમારી-વિરુદ્ધ | વચનોથી | અને-હલાવતો | તમારા-પર | મારું | માથું |
| | H4405 | H5128 | | H1119 | |

તમારી જેમ હું પણ બોલી શકું છું; જો તમારો આત્મા મારા આત્માની જગ્યાએ હોત, તો હું તમારી સામે ડાહી વાતો કરત, અને મેં તમારી સામે માથું હલાવ્યું હોત.

| 5 | אֲאַמִּצְכֶם | בְמוֹ־ | פִי | וְנִיד | שְׂפָתַי | יַחְשֹׂךְ׃ |
|---|---|---|---|---|---|---|
| | હું-તમને-બળ-આપતો | મારા | મોંથી | અને-મારા-હોઠનું-હલવું | મારા-હોઠોનું | તમારું-દુખ-હળવું-કરશે |
| | H0553 | H1119 | H6310 | H5205 | H8193 | H2820 |

અરે, મારા મુખથી હું તમને હિંમત આપી શક્યો હોત□ મારા હોઠનો દિલાસો તમને આશ્વાસન આપત□

| 6 | אִם־ | אֲדַבְּרָה | לֹא־ | יֵחָשֵׂךְ | כְּאֵבִי | וְאַחְדְּלָה | מַה־ | מִנִּי | יַהֲלֹךְ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | જો | હું-બોલું | નહિ | હળવું-થાય-છે | મારું-દુખ | અને-ચૂપ-રહું | શું | મારાથી | જતું-રહેશે |
| | | H1696 | H3808 | H2820 | H3511 | H2308 | H4100 | | H1980 |

જો કે હું બોલું તો પણ મારું દુઃખ દૂર થવાનું નથી; અને જો હું ચૂપ રહું તો મને કેવી રીતે આરામ મળે?

| 7 | אַךְ־ | עַתָּה | הֶלְאָנִי | הֲשִׁמּוֹתָ | כָּל־ | עֲדָתִי׃ |
|---|---|---|---|---|---|---|
| | ખરેખર | હવે | તેં-મને-થકવી-દીધો | તેં-ઉજ્જડ-કરી | બધી | મારી-મંડળીને |
| | H0389 | H6258 | H3811 | H8074 | H3605 | H5712 |

પણ હવે, હે ઈશ્વર, તમે મારી શક્તિ લઈ લીધી છે; તમે મારા આખા કુટુંબનો નાશ કર્યો છે.

| 8 | וַתִּקְמְטֵנִי | לְעֵד | הָיָה | וַיָּקָם | בִי | כַחֲשִׁי | בְּפָנַי | יַעֲנֶה׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | અને-તેં-મને-કરચલી-પાડ્યો | સાક્ષી-તરીકે | થયું-છે | અને-ઊઠે-છે | મારામાં | મારી-કૃશતા | મારા-મુખ-સામે | સાક્ષી-આપે-છે |
| | H7059 | H5707 | H1961 | | | H3585 | H6440 | |

તમે મને કરમાવી નાખ્યો છે, તે જ મારી વિરુદ્ધ સાક્ષી છે; અને મારા શરીરની દુર્બળતા મારી વિરુદ્ધ ઊઠીને સાક્ષી પૂરે છે.

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אַפּוֹ | טָרַף | וַיִּשְׂטְמֵנִי | חָרַק | עָלַי | בְּשִׁנָּיו | צָרִי | יִלְטוֹשׁ | עֵינָיו | לִי׃ |
| તેના-ક્રોધે | ફાડી-નાખ્યો | અને-મારો-વેર | કચકચાવે-છે | મારા-પર | તેના-દાંતોથી | મારો-શત્રુ | તીક્ષ્ણ-નજરે-કરે-છે | આંખો | મારી-તરફ |
| H0639 | H2963 | H7852 | H2786 | | H8127 | | H3913 | | |

ઈશ્વરે તેમના કોપથી મને ચીરી નાખ્યો છે અને મને સતાવ્યો છે; તેમણે મારી સામે તેમના દાંત પીસ્યા છે. મારા દુશ્મનોએ પોતાની આંખો મારી સામે કરડી કરી છે.

10

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| פָּעֲרוּ | עָלַי | בְּפִיהֶם | בְּחֶרְפָּה | הִכּוּ | לְחָיָי | יַחַד | עָלַי | יִתְמַלָּאוּן׃ |
| પહોળા-કરે-છે | મારી-વિરુદ્ધ | તેમના-મોંથી | તિરસ્કારથી | તેમણે-માર્યું | મારા-ગાલો | સાથે-મળીને | મારી-વિરુદ્ધ | તેઓ-એકઠા-થાય-છે |
| H6473 | | H6310 | H2781 | H5221 | H3895 | | | H4390 |

લોકોએ મારી વિરુદ્ધ પોતાનું મુખ પહોળું કર્યું છે. તેઓ મારા મોં પર તમાચો મારે છે; તેઓ મારી વિરુદ્ધ એકત્ર થાય છે.

11

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יַסְגִּירֵנִי | אֵל | אֶל | עֲוִיל | וְעַל־ | יְדֵי | רְשָׁעִים | יִרְטֵנִי׃ |
| ઈશ્વરે-મને-સોંપ્યો | ઈશ્વરે | દુષ્ટને | અન્યાયીને | અને-ઉપર | હાથો | દુષ્ટોના | મને-ફેંક્યો |
| H5462 | H0410 | H0413 | H5760 | | H3027 | H7563 | |

ઈશ્વર મને અધર્મીઓને સોંપી દે છે; અને મને દુર્જનોના હાથમાં ફેંકી દે છે.

12

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| שָׁלֵו | הָיִיתִי | וַיְפַרְפְּרֵנִי | וְאָחַז | בְּעָרְפִּי | וַיְפַצְפְּצֵנִי | וַיְקִימֵנִי | לוֹ | לְמַטָּרָה׃ |
| શાંતિમાં | હું-હતો | અને-તેણે-મને-તોડી-નાખ્યો | અને-પકડ્યો | મારી-ગરદનથી | અને-મને-ચકનાચૂર-કર્યો | અને-મને-ઊભો-કર્યો | તેના-માટે | નિશાન-તરીકે |
| H7961 | H1961 | | H0270 | H6203 | | | | H4307 |

હું સુખચેનમાં હતો, ત્યારે તેમણે મને કચડી નાખ્યો; હા, તેમણે મને ગરદનથી પકડ્યો અને મારા ટુકડેટુકડા કરી નાખ્યા. તેમણે મારા પર નિશાન તાકી રાખ્યું છે.

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יָסֹבּוּ | עָלַי | רַבָּיו | יְפַלַּח | כִּלְיוֹתַי | וְלֹא | יַחְמוֹל | יִשְׁפֹּךְ | לָאָרֶץ | מְרֵרָתִי׃ |
| ઘેરી-વળે-છે | મારી-ફરતે | તેના-તીરંદાજો | વીંધે-છે | મારી-કિડનીઓ | અને-નહિ | દયા-કરે-છે | રેડે-છે | જમીન-પર | મારું-પિત્ત |
| H5437 | | H7228 | H6398 | H3629 | H3808 | H2550 | H8210 | H0776 | H4845 |

તેમના ધનુર્ધારીઓએ મને ચારેબાજુથી ઘેરી લીધો છે; તે મારું હૃદય ફાડી નાખે છે અને તે દયા રાખતા નથી; તે મારું પિત્ત જમીન પર ઢોળે છે.

14

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יִפְרְצֵנִי | פֶרֶץ | עַל־ | פְּנֵי־ | פָרֶץ | יָרֻץ | עָלַי | כְּגִבּוֹר׃ |
| તે-મને-તોડે-છે | તોડ | ઉપર | મોં-પર | તોડ | દોડે-છે | મારી-ઉપર | યોદ્ધા-જેમ |
| H6555 | H6556 | | H6440 | H6556 | H7323 | | H1368 |

તે વારંવાર મને કચડી નાખે છે; તે યોદ્ધાની જેમ મારા પર તૂટી પડે છે.

15

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שַׂק | תָּפַרְתִּי | עֲלֵי | גִלְדִּי | וְעֹלַלְתִּי | בֶעָפָר | קַרְנִי׃ |
| ટાટ | સીવી-છે | મારી | ચામડી-પર | અને-ગંદકી-કરી-છે | ધૂળમાં | મારું-શિંગ |
| H8242 | H8609 | | H1539 | | H6083 | |

મેં શોકના વસ્ત્રો પહેર્યા છે, અને મારું શિંગ ધૂળમાં રગદોળ્યું છે.

16

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| פָּנַי | [חמרמרה] | (חֳמַרְמְרוּ) | מִנִּי־ | בֶכִי | וְעַל | עַפְעַפַּי | צַלְמָוֶת׃ |
| મારું-મુખ | લાલ-થઈ-ગયેલું-છે | લાલ-થયેલું-છે | રડવાથી | રડવાને-કારણે | અને-ઉપર | મારી-પાંપણો-પર | મૃત્યુનો-પડછાયો |
| H6440 | | | | H1065 | | H6079 | H6757 |

રુદન કરીને મારું મોં લાલ થઈ ગયું છે. મારાં પોપચાં પર મોતની છાયા છવાયેલી છે.

17

| עַל | לֹא־ | חָמָס | בְּכַפָּי | וּתְפִלָּתִי | זַכָּה׃ |
|---|---|---|---|---|---|
| છતાં-પણ | નહિ | હિંસા | મારા-હાથમાં | અને-મારી-પ્રાર્થના | શુદ્ધ-છે |
| | H3808 | H2555 | H3709 | H8605 | H2134 |

જો કે મારા હાથથી કંઈ અન્યાય થયો નથી, અને મારી પ્રાર્થના શુદ્ધ છે.

18

| אֶרֶץ | אַל־ | תְּכַסִּי | דָמִי | וְאַל־ | יְהִי | מָקוֹם | לְזַעֲקָתִי׃ |
|---|---|---|---|---|---|---|---|
| પૃથ્વી | ના | ઢાંકો | મારું-લોહી | અને-ના | હો | જગ્યા | મારી-પુકાર-માટે |
| H0776 | H0408 | H3680 | H1818 | H0408 | H1961 | H4725 | H2201 |

હે પૃથ્વી, મારા લોહીને તું ઢાંકી દઈશ નહિ + 16:18 મારા વિરુદ્ધ કરેલા ખટી બાબતોને છુપવી દેશો નહિ. મારા અવાજને તું દાટી દઈશ નહિ.

19

| גַּם־ | עַתָּה | הִנֵּה־ | בַשָּׁמַיִם | עֵדִי | וְשָׂהֲדִי | בַּמְּרוֹמִים׃ |
|---|---|---|---|---|---|---|
| પણ | હવે | જુઓ | આકાશમાં | મારો-સાક્ષી | અને-મારો-ગવાહ | ઊંચાઈઓમાં |
| H1571 | H6258 | H2009 | H8064 | H5707 | H7717 | H4791 |

જુઓ, હમણાં જ, મારો સાક્ષી આકાશમાં છે મારો શાહેદ ઉચ્ચસ્થાને છે.

20

| מְלִיצַי | רֵעָי | אֶל־ | אֱלוֹהַּ | דָּלְפָה | עֵינִי׃ |
|---|---|---|---|---|---|
| મારા-મધ્યસ્થીઓ | મારા-મિત્રો | વિરુદ્ધ | ઈશ્વરને | આસુ-વહાવે-છે | મારી-આખ |
| H3887 | H7453 | H0413 | H0433 | H1811 | |

મારા મિત્રો મારો તિરસ્કાર કરે છે, પણ મારી આખ ઈશ્વર આગળ આસુ રેડે છે.

21

| וְיוֹכַח | לְגֶבֶר | עִם־ | אֱלוֹהַּ | וּבֶן־ | אָדָם | לְרֵעֵהוּ׃ |
|---|---|---|---|---|---|---|
| અને-તે-દલીલ-કરે | માણસ-માટે | સાથે | ઈશ્વરની | અને-માણસનો-દીકરો | માણસ | તેના-પડોશી-માટે |
| H3198 | H1397 | | H0433 | | H0120 | H7453 |

એ સારુ કે ઈશ્વર માણસનાં વાજબી હકને, તથા પોતાના પડોશી સાથે મનુષ્યના હકને જાળવી રાખે

22

| כִּי־ | שְׁנוֹת | מִסְפָּר | יֶאֱתָיוּ | וְאֹרַח | לֹא־ | אָשׁוּב | אֶהֱלֹךְ׃ |
|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | ગણ્યાં | વર્ષો | આવશે | અને-માર્ગે | નહિ | પાછો-આવીશ | હું-જઈશ |
| | H8141 | H4557 | H0857 | H0734 | H3808 | H7725 | H1980 |

કેમ કે થોડાં વર્ષો પૂરાં થશે, ત્યારે જ્યાંથી હું પાછો આવી શકું નહિ તે માર્ગે હું જઈશ.

## Chapter 17

1

| רוּחִי | חֻבָּלָה | יָמַי | נִזְעָכוּ | קְבָרִים | לִי׃ |
|---|---|---|---|---|---|
| મારો-આત્મા | ભાંગી-પડ્યો-છે | મારા-દિવસો | ઓલવાઈ-ગયા | કબરો | મારા-માટે-છે |
| H7307 | | H3117 | H2193 | H6913 | |

મારો આત્મા ક્ષીણ થયો છે + 17:1 મારો આત્મા તુટી ગયો છે અને મારું આયુષ્ય સમાપ્ત થયું છે; મારા માટે કબર તૈયાર છે.

2

| אִם־ | לֹא | הֲתֻלִים | עִמָּדִי | וּבְהַמְּרוֹתָם | תָּלַן | עֵינִי׃ |
|---|---|---|---|---|---|---|
| જો | નથી | ઠેકડી-કરનારા | મારી-સાથે | અને-તેમના-ઉશ્કેરવામાં | ટકી-રહે-છે | મારી-આખ |
| | H3808 | H2049 | H5978 | H4784 | | |

નિશ્ચે મારી પાસે તો હાંસી કરનારાઓ જ છે; અને તેમની ખીજવણી પર મારી નજર હંમેશાં રહે છે.

3

| שִׂימָה־ | נָּא | עָרְבֵנִי | עִמָּךְ | מִי | הוּא | לְיָדִי | יִתָּקֵעַ׃ |
|---|---|---|---|---|---|---|---|
| મૂકો | કૃપા-કરીને | મારા-જામીન-થાઓ | તમારી-પાસે | કોણ | તે | મારા-હાથમાં | હાથ-મિલાવે |
| | H4994 | H6148 | | H4310 | H1931 | H3027 | H8628 |

હવે મને કોલ આપો અને મારા જામીન તમે જ થાઓ; બીજું કોણ છે જે મારી મદદ કરે?

4

| כִּי־ | לִבָּם | צָפַנְתָּ | מִשָּׂכֶל | עַל־ | כֵּן | לֹא | תְרֹמֵם׃ |
|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | તેમનું-હૃદય | તેં-છુપાવ્યું-છે | સમજણથી | તેથી | તેથી | નહિ | તું-ઊંચા-કરીશ |
| | | H6845 | H7922 | | | H3808 | |

હે ઈશ્વર, તમે જ, તેઓના હ્રદયને સમજણ પડવા દેતા નથી; તેથી તમે તેઓને ઉચ્ચ પદવીએ ચઢાવશો નહિ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| תִּכְלֶֽנָה׃ | בָּנָ֣יו | וְעֵינֵ֖י | רֵעִ֑ים | יַגִּ֣יד | לְ֭חֵלֶק | 5 |
| ક્ષીણ-થશે | તેના-દીકરાઓની | અને-આખો | મિત્રોને | કહે-છે | ભાગ-માટે | |
| H3615 | | | H7453 | H5046 | | |

જે લાંચ ખાઈને પોતાના મિત્રોની નિંદા કરે છે. તેનાં સંતાનોની આખો ક્ષીણ થશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֶֽהְיֶֽה׃ | לְפָנִ֣ים | וְתֹ֖פֶת | עַמִּ֑ים | לִמְשֹׁ֣ל | וְ֭הִצִּגַנִי | 6 |
| હું-બન્યો-છું | સામે | અને-થૂંકવા | લોકોમાં | કહેવત-માટે | અને-તેણે-મને-ઠેરવ્યો | |
| H1961 | H6440 | H8611 | | H4914 | H3322 | |

તેમણે મને લોકોમાં હાંસીપાત્ર બનાવ્યો છે; તેઓ મારા મોઢા પર થૂંકે છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כֻּלָּֽם׃ | כַצֵּ֣ל | וִיצֻרַ֖י | עֵינִ֑י | מִכַּ֣עַשׂ | וַתֵּ֣כַהּ | 7 |
| બધા | પડછાયા-જેવા | અને-મારા-અગો | મારી-આખ | દુ:ખથી | અને-ઝાંખી-પડી | |
| H3605 | H6738 | H3338 | | | | |

દુ:ખથી મારી આખો ઝાંખી થઈ છે; અને મારાં બધાં અગો પડછાયા જેવાં બની ગયા છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יִתְעֹרָֽר׃ | חָנֵ֥ף | עַל־ | וְ֝נָקִ֗י | זֹ֑את | עַל־ | יְשָׁרִ֣ים | יָשֹׁ֣מּוּ | 8 |
| જાગી-ઊઠશે | ઢોંગીના | વિરુદ્ધ | અને-નિર્દોષ | વિશે | આ | સીધા-લોકો | ચોંકી-ઊઠશે | |
| H5782 | H2611 | | | H2063 | | H3477 | H8074 | |

ન્યાયી લોકો આને લીધે વિસ્મય પામશે; નિર્દોષ લોકો અધર્મીની વિરુદ્ધ ઉશ્કેરાશે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אֹֽמֶץ׃ | יֹסִ֥יף | יָ֝דַ֗יִם | וּֽטֳהָר־ | דַּרְכּ֑וֹ | צַדִּ֣יק | וְיֹאחֵ֣ז | 9 |
| બળ | વધારશે | હાથવાળો | અને-શુદ્ધ | પોતાનો-માર્ગ | ન્યાયી | અને-પકડી-રાખશે | |
| H0555 | H3254 | H3027 | H2891 | H1870 | H6662 | H0270 | |

છતાંય સજ્જન પુરુષો પોતાના માર્ગમાં ટકી રહેશે અને શુદ્ધ હાથવાળો અધિકાધિક બળવાન થતો રહેશે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| חָכָֽם׃ | בָכֶ֣ם | אֶמְצָ֖א | וְלֹֽא־ | נָ֑א | וּבֹ֣אוּ | תָּ֭שֻׁבוּ | כֻּלָּ֗ם | וְֽאוּלָ֗ם | 10 |
| ડાહ્યો-માણસ | તમારામાં | હું-શોધીશ | પણ-નહિ | કૃપા-કરીને | અને-આવો | પાછા-આવો | તમે-બધા | પરંતુ | |
| H2450 | | H4672 | H3808 | H4994 | H0935 | H7725 | H3605 | H0199 | |

પરંતુ તમે બધા, પાછા વળીને આવો; મને તો તમારામાં એકપણ બુદ્ધિમાન પુરુષ મળતો નથી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לְבָבִֽי׃ | מ֖וֹרָשֵׁ֣י | נִתְּק֑וּ | זִמֹּתַ֣י | עָ֭בְרוּ | יָמַ֣י | 11 |
| મારા-હ્રદયની | ઇચ્છાઓ | તૂટી-ગયા | મારા-ઇરાદાઓ | વીતી-ગયા | મારા-દિવસો | |
| H3824 | H4180 | H5423 | H2154 | | H3117 | |

મારું જીવન પસાર થતું જાય છે. મારી યોજનાઓ નષ્ટ થઈ ગઈ છે. મારા હ્રદયની ઇચ્છાઓ પણ પૂરી થઈ ગઈ છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| חֹֽשֶׁךְ׃ | מִפְּנֵי־ | קָ֝ר֗וֹב | א֥וֹר | יָשִׂ֑ימוּ | לְי֣וֹם | לַ֭יְלָה | 12 |
| અધકારની | સામે | નજીક-છે | પ્રકાશ | તેઓ-ગણે-છે | દિવસ-તરીકે | રાતને | |
| H2822 | H6440 | H7138 | H0216 | | H3117 | H3915 | |

આ લોકો, રાતને દિવસ માને છે, તેઓ કહે છે કે અધકાર હવે જતો રહેશે, અજવાળું પાસે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יְצוּעָֽי׃ | רִפַּ֥דְתִּי | בַּ֝חֹ֗שֶׁךְ | בֵּיתִ֑י | שְׁא֣וֹל | אֲ֭קַוֶּה | אִם־ | 13 |
| મારું-પથારી | મેં-પાથર્યું | અધકારમાં | મારું-ઘર-છે | શેઓલ | હું-રાહ-જોઉં | જો | |
| | H7502 | H2822 | | H7585 | | | |

જો શેઓલ મારું ઘર થશે એવી મેં આશા રાખી હોત, જો અધકારમાં મેં મારી પથારી બિછાવી હોત;

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לָֽרִמָּֽה׃ | וַ֝אֲחֹתִ֗י | אִמִּ֥י | אָ֑תָּה | אָ֣בִי | קָ֭רָאתִי | לַשַּׁ֣חַת | 14 |
| કીડાને | અને-મારી-બહેન | મારી-માતા | તું-છે | મારા-પિતા | મેં-કહ્યુ | ખાડાને | |
| H7415 | H0269 | H0517 | | H0001 | H7121 | H7845 | |

મેં ભ્રષ્ટાચારને એમ કહ્યુ હોય કે, 'તું મારો પિતા છે;' મેં કીડાઓને એમ કહ્યુ હોત, તમે મારી મા અને બહેન છે;'

| 15 | | | | | |
|---|---|---|---|---|---|
| וְאַיֵּה | אֵפוֹ | תִקְוָתִי | וְתִקְוָתִי | מִי | יְשׁוּרֶנָּה׃ |
| અને-ક્યાં-છે | તો | મારી-આશા | અને-મારી-આશાને | કોણ | જોશે |
| H0346 | H0645 | | | H4310 | H7789 |

તો પછી મારી આશા ક્યાં રહી? અને મારી આબાદીને કોણ જોશે?

| 16 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בַּדֵּי | שְׁאֹל | תֵּרַדְנָה | אִם־ | יַחַד | עַל־ | עָפָר | נָחַת׃ | ס |
| સળિયા | શેઓલના | ઊતરશે | જ્યારે | સાથે | ઉપર | ધૂળ | આરામ-મળશે | — |
| H0905 | H7585 | H3381 | | | | H6083 | | |

જ્યારે આપણે ધૂળમાં ભળી જઈશું ત્યારે, આશા મારી સાથે શેઓલના દરવાજાઓ સુધી ઊતરી જશે?"

# Chapter 18

| 1 | | | |
|---|---|---|---|
| וַיַּעַן | בִּלְדַּד | הַשֻּׁחִי | וַיֹּאמַר׃ |
| પછી-ઉત્તર-આપ્યો | બિલ્દાદ | શૂહી | અને-કહ્યુ |
| | H1085 | H7747 | H0559 |

એટલે બિલ્દાદ શૂહીએ જવાબ આપ્યો અને કહ્યુ કે,

| 2 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עַד־ | אָנָה | תְּשִׂימוּן | קִנְצֵי | לְמִלִּין | תָּבִינוּ | וְאַחַר | נְדַבֵּר׃ |
| ક્યાં-સુધી | ક્યારે | તમે-રાખશો | અંત | વાતોનો | સમજો | અને-પછી | આપણે-બોલીશું |
| H5704 | H0575 | | H7078 | H4405 | H0995 | | H1696 |

"તારા શબ્દોનો અંત લાવ. વિચાર કરો અને પછી અમે વાત કરીશું.

| 3 | | | | |
|---|---|---|---|---|
| מַדּוּעַ | נֶחְשַׁבְנוּ | כַבְּהֵמָה | נִטְמִינוּ | בְּעֵינֵיכֶם׃ |
| શા-માટે | અમને-ગણવામાં-આવે-છે | પશુઓ-જેવા | અશુદ્ધ-ગણાઈએ-છીએ | તમારી-નજરમાં |
| H4069 | H2803 | H0929 | H2933 | |

અમે પશુઓની માફક કેમ ગણાઈએ છીએ? અને શા માટે તારી નજરમાં મૂર્ખ થયા છીએ?

| 4 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| טֹרֵף | נַפְשׁוֹ | בְּאַפּוֹ | הַלְמַעַנְךָ | תֵּעָזַב | אָרֶץ | וְיֶעְתַּק־ | צוּר | מִמְּקֹמוֹ׃ |
| પોતાના-આત્માને-ફાડનાર | પોતાના-પ્રાણને | પોતાના-ક્રોધમાં | શું-તારા-ખાતર | ત્યજી-દેવાશે | પૃથ્વી | અને-ખસેડશે | ખડક | પોતાની-જગ્યાએથી |
| H2963 | H5315 | H0639 | H4616 | | H0776 | H6275 | H6697 | H4725 |

તું જ તારા ક્રોધથી તારી જાતને દુ:ખ પહોંચાડી રહ્યો છે. શું તારા માટે પૃથ્વીનો ત્યાગ કરવામાં આવશે? અથવા શું ખડકને પોતાને સ્થાનેથી ખસેડવામાં આવશે?

| 5 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| גַּם | אוֹר | רְשָׁעִים | יִדְעָךְ | וְלֹא־ | יִגַּהּ | שְׁבִיב | אִשּׁוֹ׃ |
| હા | પ્રકાશ | દુષ્ટોનો | હોલવાશે | અને-નહિ | ચમકશે | તણખો | તેના-અગ્નિનો |
| H1571 | H0216 | H7563 | H1846 | H3808 | H5050 | H7632 | H0784 |

હા, દુષ્ટ લોકોનો દીવો હોલવી નાખવામાં આવશે; તેનો અગ્નિ બળતો બંધ થઈ જશે.

| 6 | | | | | |
|---|---|---|---|---|---|
| אוֹר | חָשַׁךְ | בְּאָהֳלוֹ | וְנֵרוֹ | עָלָיו | יִדְעָךְ׃ |
| પ્રકાશ | અંધકાર-થશે | તેના-તંબૂમાં | અને-તેનો-દીવો | તેના-ઉપર | બુઝાશે |
| H0216 | H2821 | H0168 | | | H1846 |

તેના ઘરમાં અજવાળું અંધકારરૂપ થશે; તેની પાસેનો તેનો દીવો હોલવી નાખવામાં આવશે.

| 7 | | | | |
|---|---|---|---|---|
| יֵצְרוּ | צַעֲדֵי | אוֹנוֹ | וְתַשְׁלִיכֵהוּ | עֲצָתוֹ׃ |
| સંકુચિત-થશે | પગલાં | તેના-બળનાં | અને-તેને-નીચે-પાડશે | તેની-યોજના |
| H3334 | H6806 | H0202 | H7993 | H6098 |

તેનાં પગલાં મંદ પડી જશે. તેની પોતાની યોજનાઓ તેને નીચે પાડશે.

| 8 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כִּי־ | שֻׁלַּח | בְרֶשֶׁת | בְּרַגְלָיו | וְעַל־ | שְׂבָכָה | יִתְהַלָּךְ׃ |
| કારણ-કે | નંખાયો-છે | જાળમાં | તેના-પગે | અને-ઉપર | જાળી | તે-ચાલે-છે |
| | H7971 | H7568 | H7272 | | H7639 | H1980 |

તેના પોતાના પગોએ તેને જાળમાં નાખ્યો છે; તે જાળમાં ગૂંચવાયા કરે છે.

| 9 | | | | | |
|---|---|---|---|---|---|
| יֹאחֵז | בְּעָקֵב | פָּח | יַחֲזֵק | עָלָיו | צַמִּים׃ |
| પકડશે | તેની-એડીને | ફંદો | જકડશે | તેના-ઉપર | ફાંસો |
| H0270 | H6119 | | H2388 | | H6782 |

ફાંદો તેના પગની પાની પકડી લેશે + 18:9 નાશ કરશે, કબજો કરશે, અને ફાંદો તેને ફસાવશે.

| 10 | | | | | |
|---|---|---|---|---|---|
| טָמוּן | בָּאָרֶץ | חַבְלוֹ | וּמַלְכֻּדְתּוֹ | עֲלֵי | נָתִיב׃ |
| છુપાવેલું-છે | જમીનમાં | તેનું-દોરડું | અને-તેની-જાળ | ઉપર | રસ્તામાં |
| H2934 | H0776 | | H4434 | | |

જમીનમાં તેને સારુ જાળ; અને માર્ગમાં તેને ફસાવવાને સારુ ખાડો ખોદાયેલો છે.

| 11 | | | | |
|---|---|---|---|---|
| סָבִיב | בִּעֲתֻהוּ | בַלָּהוֹת | וֶהֱפִיצֻהוּ | לְרַגְלָיו׃ |
| ચારે-બાજુ | તેને-ડરાવે-છે | ભયંકર-બાબતો | અને-તેને-વિખેરે-છે | તેના-પગલે |
| H5439 | H1204 | H1091 | | H7272 |

ચારેકોર ભય તેને ગભરાવશે; તે તેની પાછળ પડશે.

| 12 | | | | | |
|---|---|---|---|---|---|
| יְהִי־ | רָעֵב | אֹנוֹ | וְאֵיד | נָכוֹן | לְצַלְעוֹ׃ |
| હશે | ભૂખ્યો | તેનું-બળ | અને-વિપત્તિ | તૈયાર-છે | તેની-બાજુમાં |
| H1961 | H7457 | H0202 | H0343 | | H6763 |

ભૂખથી તેનું બળ ક્ષીણ થઈ જશે. વિનાશ તેની પડખે તૈયાર રહેશે.

| 13 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יֹאכַל | בַּדֵּי | עוֹרוֹ | יֹאכַל | בַּדָּיו | בְּכוֹר | מָוֶת׃ |
| ખાશે | અગો | તેની-ચામડીના | ખાશે | તેના-અગોને | પહેલોત્પન્ન | મૃત્યુનો |
| H0398 | H0905 | H5785 | H0398 | H0905 | H1060 | H4194 |

તે તેના શરીરની ચામડીને કોરી ખાશે. ભયંકર રોગ તે અવયવોને નાશ કરશે.

| 14 | | | | | |
|---|---|---|---|---|---|
| יִנָּתֵק | מֵאָהֳלוֹ | מִבְטַחוֹ | וְתַצְעִדֵהוּ | לְמֶלֶךְ | בַּלָּהוֹת׃ |
| ઉખેડાશે | તેના-તંબૂમાંથી | તેનો-આશરો | અને-તેને-લઈ-જશે | ભયંકરના-રાજા-પાસે | ભયોના |
| H5423 | H0168 | H4009 | H6805 | H4428 | H1091 |

પોતાનો તંબુ કે જેના પર તે વિશ્વાસ રાખે છે તેમાંથી તેને ઉખેડી નાખવામાં આવશે; અને તેને ભયના રાજાની હજૂરમાં લાવવામાં આવશે.

| 15 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| תִּשְׁכּוֹן | בְּאָהֳלוֹ | מִבְּלִי־ | לוֹ | יְזֹרֶה | עַל־ | נָוֵהוּ | גָפְרִית׃ |
| વસશે | તેના-તંબૂમાં | કોઈ-નહિ | તેનું | વેરાશે | ઉપર | તેના-નિવાસપર | ગંધક |
| H7931 | H0168 | H1097 | | H2219 | | | H1614 |

જેઓ તેનાં નથી તેઓ તેના તંબુમાં વસશે; એના તંબુ પર ગંધક છાંટવામાં આવશે.

| 16 | | | | | |
|---|---|---|---|---|---|
| מִתַּחַת | שָׁרָשָׁיו | יִבָשׁוּ | וּמִמַּעַל | יִמַּל | קְצִירוֹ׃ |
| નીચેથી | તેના-મૂળિયાં | સૂકાશે | અને-ઉપરથી | કપાશે | તેની-ડાળી |
| H8478 | H8328 | H3001 | H4605 | | |

તેની નીચેથી મુળિયાં સુકાઈ જશે; તેની ઉપરની ડાળીઓ કાપી નંખાશે.

| 17 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| זִכְרוֹ־ | אָבַד | מִנִּי־ | אֶרֶץ | וְלֹא־ | שֵׁם | לוֹ | עַל־ | פְּנֵי־ | חוּץ׃ |
| તેની-યાદ | નાશ-પામશે | પૃથ્વી-પરથી | પૃથ્વી | અને-નહિ | નામ | તેનું | ઉપર | સપાટી | બહારની |
| H2143 | H0006 | | H0776 | H3808 | H8034 | | | H6440 | H2351 |

તેનું સ્મરણ પૃથ્વીમાંથી નાશ પામશે. અને ગલીઓમાં તેનું નામનિશાન રહેશે નહિ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 18 | יֶהְדְּפֻהוּ | מֵאוֹר | אֶל־ | חֹשֶׁךְ | וּמִתֵּבֵל | יְנִדֻהוּ׃ |
| | તેને-ધકેલશે | પ્રકાશમાંથી | તરફ | અધકારની | અને-જગતમાંથી | તેને-હાંકી-કાઢશે |
| | H1920 | H0216 | H0413 | H2822 | H8398 | H5074 |

પ્રકાશમાંથી તેને અધકારમાં ધકેલી દેવામાં આવશે અને જગતમાંથી તેને હાંકી કાઢવામાં આવશે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 19 | לֹא | נִין | לוֹ | וְלֹא־ | נֶכֶד | בְּעַמּוֹ | וְאֵין | שָׂרִיד | בִּמְגוּרָיו׃ |
| | નહિ | વંશજ | તેનું | અને-નહિ | પૌત્ર | તેના-લોકોમાં | અને-નહિ | બચેલો | તેના-નિવાસોમાં |
| | H3808 | H5209 | | H3808 | H5220 | | H0369 | H8300 | H4033 |

તેને કોઈ સંતાન કે પૌત્ર, પૌત્રીઓ હશે નહિ. તેના કુટુંબમાંથી કોઈ જીવતું નહિ રહે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 20 | עַל־ | יוֹמוֹ | נָשַׁמּוּ | אַחֲרֹנִים | וְקַדְמֹנִים | אָחֲזוּ | שָׂעַר׃ |
| | ઉપર | તેના-દિવસે | ચોંક્યા | પછીના-લોકો | અને-આગળના-લોકોએ | પકડ્યો | ભય |
| | | H3117 | H8074 | H0314 | H6931 | H0270 | |

જેઓ પશ્ચિમમાં રહે છે તેઓ તેનાં દુર્દશાના દિવસ જોઈને આશ્ચર્ય પામશે. અને પૂર્વમાં રહેનારા પણ ભયભીત થશે + 18:20 તેના પહેલા અને તેના પછી રહેનાર લોકો ભયભીત થશે. .

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 21 | אַךְ־ | אֵלֶּה | מִשְׁכְּנוֹת | עַוָּל | וְזֶה | מְקוֹם | לֹא־ | יָדַע־ | אֵל׃ | ס |
| | ખરેખર | આવાં | નિવાસો-છે | અન્યાયીના | અને-આ | સ્થાન-છે | નહિ | ઓળખતા-ને | ઈશ્વર | — |
| | H0389 | H0428 | H4908 | H5767 | H2088 | H4725 | H3808 | H3045 | H0410 | |

નિશ્ચે દુષ્ટ લોકોનાં ઘર એવાં જ છે. જેને ઈશ્વરનું ડહાપણ નથી તેની દશા એવી જ છે.

## Chapter 19

| | | | |
|---|---|---|---|
| 1 | וַיַּעַן | אִיּוֹב | וַיֹּאמַר׃ |
| | પછી-ઉત્તર-આપ્યો | અય્યૂબે | અને-કહ્યુ |
| | | H0347 | H0559 |

ત્યારે અયૂબે જવાબ આપ્યો અને કહ્યુ,

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 2 | עַד־ | אָנָה | תּוֹגְיוּן | נַפְשִׁי | וּתְדַכְּאוּנַנִי | בְמִלִּים׃ |
| | ક્યાં-સુધી | ક્યારે | તમે-પીડા-આપશો | મારા-આત્માને | અને-મને-કચડશો | શબ્દોથી |
| | H5704 | H0575 | H3013 | H5315 | H1792 | H4405 |

“તમે ક્યાં સુધી મારા જીવને ત્રાસ આપશો? અને શબ્દોથી મને કચડ્યા કરશો?

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | זֶה | עֶשֶׂר | פְּעָמִים | תַּכְלִימוּנִי | לֹא־ | תֵבֹשׁוּ | תַּהְכְּרוּ־ | לִי׃ |
| | આ | દસ | વખત | તમે-મને-અપમાનિત-કરો-છો | નહિ | શરમાતા | તમે-મારા-પ્રત્યે-કઠોર-થાઓ-છો | મારી-પ્રત્યે |
| | H2088 | H6235 | H6471 | H3637 | H3808 | H0954 | H1970 | |

આ દસ વખત તમે મને મહેણાં માર્યાં છે; મારી સાથે નિર્દય રીતે વર્તતાં તમને શરમ આવતી નથી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 4 | וְאַף־ | אָמְנָם | שָׁגִיתִי | אִתִּי | תָּלִין | מְשׁוּגָתִי׃ |
| | અને-જો | ખરેખર | મેં-ભૂલ-કરી-હોય | મારી-સાથે | રહે-છે | મારી-ભૂલ |
| | H0637 | H0551 | H7686 | H0854 | | H4879 |

જો મેં પાપ કર્યુ પણ હોય, તો તે મારી ભૂલ મારી પાસે રહી.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 5 | אִם־ | אָמְנָם | עָלַי | תַּגְדִּילוּ | וְתוֹכִיחוּ | עָלַי | חֶרְפָּתִי׃ |
| | જો | ખરેખર | મારી-વિરુદ્ધ | તમે-મોટાઈ-કરો-છો | અને-મને-દોષિત-કરો-છો | મારી-વિરુદ્ધ | મારી-અપમાનજનક-સ્થિતિ |
| | | H0551 | | H1431 | H3198 | | H2781 |

જો તમારે મારી વિરુદ્ધ અભિમાન કરવું જ હોય, અને મારી વિરુદ્ધ દલીલ રજૂ કરીને મારું અપમાન કરવું હોય;

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | דְּעוּ־ | אֵפוֹ | כִּי־ | אֱלוֹהַּ | עִוְּתָנִי | וּמְצוּדוֹ | עָלַי | הִקִּיף׃ |
| | જાણો | તો | કે | ઈશ્વરે | મને-અન્યાય-કર્યો-છે | અને-તેની-જાળ | મારી-વિરુદ્ધ | ઘેરી-વળેલી-છે |
| | H3045 | H0645 | | H0433 | H5791 | | | |

તો હવે સમજી લો કે ઈશ્વરે મને ઊથલાવી પાડ્યો છે તેમણે મને ફાંસલામાં પકડી લીધો છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | הֵן | אֶצְעַק | חָמָס | וְלֹא | אֵעָנֶה | אֲשַׁוַּע | וְאֵין | מִשְׁפָּט׃ |
| | જુઓ | હું-બૂમો-પાડું-છું | અન્યાય | પણ-નહિ | ઉત્તર-મળે-છે | હું-પોકારું-છું | અને-નથી | ન્યાય |
| | H2005 | H6817 | H2555 | H3808 | | H7768 | H0369 | H4941 |

જુઓ, અન્યાયને લીધે હું બૂમો પાડું છું પણ મારી દાદ સાંભળવામાં આવતી નથી; હું મદદને માટે પોકાર કરું છું પણ મને ન્યાય મળતો નથી.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | אָרְחִי | גָדַר | וְלֹא | אֶעֱבוֹר | וְעַל | נְתִיבוֹתַי | חֹשֶׁךְ | יָשִׂים׃ |
| | મારો-માર્ગ | તેણે-બંધ-કર્યો-છે | અને-નહિ | હું-પસાર-થઈ-શકું | અને-ઉપર | મારા-માર્ગોમાં | અધકાર | મૂક્યો-છે |
| | H0734 | H1443 | H3808 | | | | H2822 | |

ઈશ્વરે મારો માર્ગ એવો બંધ કરી દીધો છે કે હું આગળ ચાલી શકતો નથી, તેમણે મારા રસ્તાઓને અધકારથી ઢાંકી દીધા છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 9 | כְּבוֹדִי | מֵעָלַי | הִפְשִׁיט | וַיָּסַר | עֲטֶרֶת | רֹאשִׁי׃ |
| | મારું-ગૌરવ | મારી-ઉપરથી | ઉતાર્યું-છે | અને-દૂર-કર્યું | મુકુટ | મારા-માથાનો |
| | H3519 | | H6584 | H5493 | H5850 | |

તેમણે મારો વૈભવ છીનવી લીધો છે, મારા માથા પરનો મુગટ ઉતારી નાંખ્યો છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 10 | יִתְּצֵנִי | סָבִיב | וָאֵלַךְ | וַיַּסַּע | כָּעֵץ | תִּקְוָתִי׃ |
| | તેણે-મને-તોડ્યો-છે | ચારે-બાજુથી | અને-હું-ચાલ્યો-ગયો | અને-ઉખેડ્યો-છે | વૃક્ષની-જેમ | મારી-આશાને |
| | H5422 | H5439 | H3212 | H5265 | H6086 | |

તેમણે ચારે બાજુથી મને તોડી પાડ્યો છે અને મારું આવી બન્યું છે; મારી આશાઓ ઝાડની જેમ મૂળમાંથી ઉખેડી નાખી છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 11 | וַיַּחַר | עָלַי | אַפּוֹ | וַיַּחְשְׁבֵנִי | לוֹ | כְצָרָיו׃ |
| | અને-તેણે-સળગાવ્યો | મારી-વિરુદ્ધ | તેનો-ક્રોધ | અને-મને-ગણ્યો | તેના-માટે | તેના-શત્રુઓ-જેવો |
| | H2734 | | H0639 | H2803 | | |

વળી તેમણે પોતાનો રોષ મારી વિરુદ્ધ પ્રગટ કર્યો છે; તેઓ મને પોતાના શત્રુ જેવો ગણે છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | יַחַד | יָבֹאוּ | גְדוּדָיו | וַיָּסֹלּוּ | עָלַי | דַּרְכָּם | וַיַּחֲנוּ | סָבִיב | לְאָהֳלִי׃ |
| | સાથે | આવે-છે | તેના-સૈન્યો | અને-બંધાવ્યો | મારી-વિરુદ્ધ | તેમનો-માર્ગ | અને-ફેલાવ્યા | ચારે-બાજુ | મારા-તંબૂને |
| | | H0935 | H1416 | H5549 | | H1870 | H2583 | H5439 | H0168 |

તેનું આખું સૈન્ય મારી સામે આવે છે; તેઓ મારી વિરુદ્ધ પોતાનો માર્ગ બાંધે છે. અને મારા તંબુની આસપાસ છાવણી નાખે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 13 | אַחַי | מֵעָלַי | הִרְחִיק | וְיֹדְעַי | אַךְ־ | זָרוּ | מִמֶּנִּי׃ |
| | મારા-ભાઈઓ | મારાથી | દૂર-કર્યા | અને-મારા-ઓળખીતાઓ | ખરેખર | અજાણ્યા-થયા | મારાથી |
| | H0251 | | H7368 | H3045 | H0389 | | |

તેમણે મારા ભાઈઓને મારાથી દૂર કર્યા છે; મારા સ્વજનોમાં હું અજાણ્યા જેવો થઈ ગયો છું.

| | | | | |
|---|---|---|---|---|
| 14 | חָדְלוּ | קְרוֹבָי | וּמְיֻדָּעַי | שְׁכֵחוּנִי׃ |
| | છોડી-દીધા | મારા-સગાંઓએ | અને-મારા-પરિચિતોએ | મને-ભૂલી-ગયા |
| | H2308 | H7138 | H3045 | H7911 |

સગાં વહાલાંઓએ મને તજી દીધો છે. મારા દિલોજાન મિત્રો પણ મને ભૂલી ગયા છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 15 | גָּרֵי | בֵיתִי | וְאַמְהֹתַי | לְזָר | תַּחְשְׁבֻנִי | נָכְרִי | הָיִיתִי | בְעֵינֵיהֶם׃ |
| | મારા-ઘરના-મહેમાનો | મારા-ઘરના | અને-મારી-દાસીઓ | પરદેશી-જેવો | મને-ગણે-છે | વિદેશી | હું-બન્યો-છું | તેમની-નજરમાં |
| | | | H0519 | | H2803 | H5237 | H1961 | |

મારા ઘરમાં રહેનારાઓ તથા મારી દાસીઓ પણ મને પારકા જેવો ગણે છે. તેઓની નજરમાં હું એક વિદેશી જેવો છું.

| 16 | לְעַבְדִּי | קָרָאתִי | וְלֹא | יַעֲנֶה | בְּמוֹ־ | פִי | אֶתְחַנֶּן־ | לוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | મારા–દાસને | મેં–બોલાવ્યો | પણ–નહિ | તે–ઉત્તર–આપે–છે | મારા–પોતાના | મોં | હું–વિનંતી–કરું–છું | તેને |
| | H5650 | H7121 | H3808 | | H1119 | H6310 | | |

હું મારા નોકરને બોલાવું છું પણ તે મને ઉત્તર આપતો નથી જો કે હું મદદ માટે આજીજી કરું છું તોપણ તે જવાબ આપતો નથી.

| 17 | רוּחִי | זָרָה | לְאִשְׁתִּי | וְחַנֹּתִי | לִבְנֵי | בִטְנִי׃ |
|---|---|---|---|---|---|---|
| | મારો–શ્વાસ | અસહ્ય–છે | મારી–પત્ની–માટે | અને–મેં–કરગરી–કરી | મારા–ગર્ભના–દીકરાઓને | મારા–પેટના |
| | H7307 | | H0802 | | | H0990 |

મારો શ્વાસ મારી પત્નીને ધિક્કારજનક લાગે છે; મારા સગા ભાઈઓ અને બહેનો + 19:17 મારા સંતાનોમારે આજીજી કરવી પડે છે.

| 18 | גַּם־ | עֲוִילִים | מָאֲסוּ | בִי | אָקוּמָה | וַיְדַבְּרוּ־ | בִי׃ |
|---|---|---|---|---|---|---|---|
| | હા–પણ | બાળકોએ | તિરસ્કાર–કર્યો | મને | હું–ઊઠું–છું | અને–તેઓ–બોલે–છે | મારી–વિરુદ્ધ |
| | H1571 | H5759 | | | | H1696 | |

નાનાં બાળકો પણ મારો તિરસ્કાર કરે છે; જ્યારે હું ઊઠું છું ત્યારે તેઓ મારી વિરુદ્ધ બોલે છે.

| 19 | תִּעֲבוּנִי | כָּל־ | מְתֵי | סוֹדִי | וְזֶה־ | אָהַבְתִּי | נֶהְפְּכוּ־ | בִי׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ધિક્કારે–છે–મને | બધા | લોકો | મારી–ગોપ્ય–સભાના | અને–જેને | હું–પ્રેમ–કરતો–હતો | ફરી–ગયા | મારી–વિરુદ્ધ |
| | H8581 | H3605 | H4962 | H5475 | H2088 | H0157 | H2015 | |

મારા ગાઢ મિત્રો જેમને હું પ્રેમ કરતો હતો મારો તિરસ્કાર કરે છે; મારા સૌ પ્રિયજનો મારી વિરુદ્ધ થઈ ગયા છે.

| 20 | בְּעוֹרִי | וּבִבְשָׂרִי | דָּבְקָה | עַצְמִי | וָאֶתְמַלְּטָה | בְעוֹר | שִׁנָּי׃ |
|---|---|---|---|---|---|---|---|
| | મારી–ચામડીમાં | અને–મારા–માંસમાં | ચોંટી–છે | મારા–હાડકાંને | અને–હું–બચ્યો–છું | મારા–દાંતની–ચામડીથી | મારા–દાંતના |
| | H5785 | H1320 | H1692 | H6106 | H4422 | H5785 | H8127 |

મારું માંસ તથા ચામડી મારા હાડકાંને ચોંટી ગયા છે. માંડમાંડ મારો જીવ બચ્યો છે.

| 21 | חָנֻּנִי | חָנֻּנִי | אַתֶּם | רֵעָי | כִּי | יַד־ | אֱלוֹהַּ | נָגְעָה | בִּי׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | દયા–કરો | દયા–કરો | તમે | મારા–મિત્રો | કારણ–કે | હાથ | ઈશ્વરનો | મને–સ્પર્શ્યો–છે | મને |
| | | | | H7453 | | H3027 | H0433 | H5060 | |

હે મારા મિત્રો, મારા પર દયા કરો, કેમ કે ઈશ્વરના હાથે મારો સ્પર્શ કર્યો છે.

| 22 | לָמָּה | תִּרְדְּפֻנִי | כְמוֹ־ | אֵל | וּמִבְּשָׂרִי | לֹא | תִשְׂבָּעוּ׃ |
|---|---|---|---|---|---|---|---|
| | શા–માટે | તમે–મારો–પીછો–કરો–છો | ઈશ્વર–જેવા | ઈશ્વર | અને–મારા–માંસથી | નહિ | તમે–તૃપ્ત–થાઓ–છો |
| | H4100 | H7291 | H3644 | H0410 | H1320 | H3808 | H7646 |

શા માટે ઈશ્વરની જેમ તમે મને સતાવો છો; મારા શરીરથી પણ તમને સંતોષ નથી થતો શું?

| 23 | מִי־ | יִתֵּן | אֵפוֹ | וְיִכָּתְבוּן | מִלָּי | מִי־ | יִתֵּן | בַסֵּפֶר | וְיֻחָקוּ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કોણ–છે | જે–આપે | કે | અને–લખાય | મારા–વચનો | કોણ–છે | જે–આપે | પુસ્તકમાં | અને–કોતરાય |
| | H4310 | H5414 | H0645 | H3789 | H4405 | H4310 | H5414 | | H2710 |

અરે, મારા શબ્દો હમણાં જ લખવામાં આવે અરે, પુસ્તકમાં તે નોંધી લેવામાં આવે તો કેવું સારું

| 24 | בְּעֵט־ | בַּרְזֶל | וְעֹפָרֶת | לָעַד | בַּצּוּר | יֵחָצְבוּן׃ |
|---|---|---|---|---|---|---|
| | લોહની–કલમથી | લોહંડ | અને–સીસાથી | સદા–માટે | ખડકમાં | કોતરાય |
| | H5842 | H1270 | H5777 | H5703 | H6697 | H2672 |

અરે, તે લોખંડની કલમથી તથા સીસાથી, સદાને માટે ખડક પર કોતરવામાં આવે તો તે કેવું સારું

| 25 | וַאֲנִי | יָדַעְתִּי | גֹּאֲלִי | חָי | וְאַחֲרוֹן | עַל־ | עָפָר | יָקוּם׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | અને–હું | જાણું–છું | મારો–ઉદ્ધારક | જીવિત–છે | અને–છેલ્લે | ઉપર | ધૂળ | ઊભો–થશે |
| | H0589 | H3045 | | | H0314 | | H6083 | |

હું જાણું છું કે મારો ઉદ્ધાર કરનાર જીવે છે. અને આખરે તે પૃથ્વી + 19:25 માટી, કબર પર ઊભા રહેશે;

26

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְאַחַר | עוֹרִי | נִקְּפוּ־ | זֹאת | וּמִבְּשָׂרִי | אֶחֱזֶה | אֱלוֹהַּ׃ |
| અને-પછી | મારી-ચામડી | નાશ-પામ્યા-પછી | આને | અને-મારા-શરીરમાંથી | હું-જોઈશ | ઈશ્વરને |
| | H5785 | | H2063 | H1320 | H2372 | H0433 |

મારા શરીરનો આવી રીતે નાશ થયા પછી પણ, હું મારા ઈશ્વરને જોઈશ.

27

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | אֲנִי | אֶחֱזֶה־ | לִּי | וְעֵינַי | רָאוּ | וְלֹא־ | זָר | כָּלוּ | כִלְיֹתַי | בְּחֵקִי׃ |
| જેને | હું | જોઈશ | મારે-માટે | અને-મારી-આખો | જોશે | અને-કોઈ-નહિ | અજાણ્યો | ખલાસ-પંડે-છે | મારા-અતર | મારા-હૃદયમાં |
| | H0589 | H2372 | | | H7200 | H3808 | | H3615 | H3629 | H2436 |

તેમને હું પોતાની જાતે જોઈશ; મારી આખો તેમને જોશે, અજાણ્યાની નહિ મારું હૃદય નિર્બળ થાય છે.

28

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | תֹאמְרוּ | מַה־ | נִּרְדָּף־ | לוֹ | וְשֹׁרֶשׁ | דָּבָר | נִמְצָא־ | בִי׃ |
| કારણ-કે | તમે-કહો-છો | શા | આપણે-તેનો-પીછો-કરીએ | તેને | અને-મૂળ | વાતનું | મળ્યું-છે | મારામાં |
| | H0559 | H4100 | H7291 | | H8328 | H1697 | H4672 | |

જો તમે કહો, 'અમે તેને કેવો સતાવીશું,' કેમ કે તેનામાં આ બાબતનું મૂળ મળ્યું છે,'

29

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| גּוּרוּ | לָכֶם | מִפְּנֵי־ | חֶרֶב | כִּי־ | חֵמָה | עֲוֺנוֹת | חָרֶב | לְמַעַן | תֵּדְעוּן | ]שדין[ | (שַׁדּוּן)׃ | ס |
| ડરો | તમે | તલવારથી | તલવારને | કારણ-કે | ક્રોધ | અપરાધોનો | તલવારનો-છે | જેથી | તમે-જાણો | કે-ન્યાય | છે | — |
| | | H6440 | H2719 | | H2534 | H5771 | H2719 | H4616 | H3045 | H1779 | H1779 | |

તો તલવારથી તમે બીહો, કેમ કે કોપ તલવારની શિક્ષા લાવે છે, તેથી તમને ખબર પડશે કે ત્યાં ન્યાય છે."

## Chapter 20

1

| | | | |
|---|---|---|---|
| וַיַּעַן | צֹפַר | הַנַּעֲמָתִי | וַיֹּאמַר׃ |
| પછી-ઉત્તર-આપ્યો | સોફરે | નઅમાથીએ | અને-કહ્યુ |
| | H6691 | H5284 | H0559 |

ત્યારે સોફાર નાઅમાથીએ પ્રત્યુત્તર આપ્યો અને કહ્યુ,

2

| | | | | | |
|---|---|---|---|---|---|
| לָכֵן | שְׂעִפַּי | יְשִׁיבוּנִי | וּבַעֲבוּר | חוּשִׁי | בִי׃ |
| તેથી | મારા-વિચારો | મને-પ્રત્યુત્તર-આપે-છે | અને-કારણે | મારી-ઉતાવળ | મારામાં |
| | | H7725 | H5668 | | |

"મારા વિચારો મને ઉત્તર આપવાને સૂચવે છે. ચિંતાને લીધે હું અધીરો બની ગયો છું.

3

| | | | | | |
|---|---|---|---|---|---|
| מוּסַר | כְּלִמָּתִי | אֶשְׁמָע | וְרוּחַ | מִבִּינָתִי | יַעֲנֵנִי׃ |
| શિખામણ | મારી-અપમાનની | હું-સાંભળું-છું | અને-આત્મા | મારી-સમજણનો | મને-ઉત્તર-આપે-છે |
| H4148 | H3639 | H8085 | H7307 | H0998 | |

મને શરમાવે એવો ઠપકો મેં સાંભળ્યો છે, અને મારી પ્રેરકબુદ્ધિ મને ઉત્તર આપે છે.

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הֲזֹאת | יָדַעְתָּ | מִנִּי־ | עַד | מִנִּי | שִׂים | אָדָם | עֲלֵי־ | אָרֶץ׃ |
| શું-આ | તું-જાણે-છે | પુરાતન-કાળથી | સદાથી | જ્યારથી | મૂકવામાં-આવ્યો | માનવને | ઉપર | પૃથ્વીની |
| H2063 | H3045 | | H5703 | | | H0120 | | H0776 |

શું તને ખબર નથી કે, પ્રાચીન કાળથી, એટલે કે મનુષ્ય પૃથ્વી પર આવીને વસ્યો ત્યારથી,

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| רָ֣גַע׃ | עֲדֵי־ | חָנֵ֣ף | וְשִׂמְחַ֖ת | מִקָּר֑וֹב | רְ֭שָׁעִים | רִנְנַ֣ת | כִּ֤י | 5 |
| ક્ષણનો-છે | માત્ર-એક | ઢોંગીનો | અને-આનંદ | ટૂંકો-છે | દુષ્ટોનો | જયઘોષ | કે | |
| H7281 | H5704 | H2611 | H8057 | H7138 | H7563 | H7445 | | |

દુષ્ટ લોકોની કીર્તિ ક્ષણભંગુર છે, તથા અધર્મીઓનો આનંદ ક્ષણિક છે?

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יַגִּֽיעַ׃ | לָעָ֥ב | וְ֝רֹאשׁ֗וֹ | שִׂיא֑וֹ | לַשָּׁמַ֣יִם | יַעֲלֶ֣ה | אִם־ | 6 |
| અડે | વાદળોને | અને-તેનું-માથું | તેની-ઊંચાઈ | આકાશમાં | ચઢે | જો | |
| H5060 | H5645 | | H7863 | H8064 | H5927 | | |

તેનો યશ આકાશ સુધી પહોંચે, અને તેનું મસ્તક આભ સુધી પહોંચે,

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אַיּֽוֹ׃ | יֹאמְר֣וּ | רֹ֝אָ֗יו | יֹאבֵ֑ד | לָנֶ֣צַח | כְּ֭גֶלֲלוֹ | 7 |
| ક્યાં-છે-તે | કહેશે | જોનારા | તે-નાશ-પામશે | સદા-માટે | તેના-છાણા-જેવો | |
| H0335 | H0559 | H7200 | H0006 | H5331 | H1561 | |

તોપણ તે પોતાની જ વિષ્ટાની જેમ હંમેશને માટે નાશ પામે છે. જેમણે એને જોયો છે તેઓ પૂછે છે, ‘તે ક્યાં છે?’

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לָֽיְלָה׃ | כְּחֶזְי֥וֹן | וְ֝יֻדַּ֗ד | יִמְצָא֑וּהוּ | וְלֹ֣א | יָ֭עוּף | כַּחֲל֣וֹם | 8 |
| રાત્રિનું | રાત્રિના-દર્શન-જેવો | અને-ઊડી-જશે | તેને-શોધશે | અને-નહિ | ઉડી-જશે | સ્વપ્ન-જેવો | |
| H3915 | H2384 | H5074 | H4672 | H3808 | | H2472 | |

સ્વપ્નની જેમ તે ઊડી જશે અને તેનો પત્તો લાગશે નહિ; રાત્રિના સંદર્શનની જેમ તે અદ્રશ્ય થઈ જશે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מְקוֹמֽוֹ׃ | תְּשׁוּרֶ֥נּוּ | ע֝֗וֹד | וְלֹא־ | תוֹסִ֑יף | וְלֹ֣א | שְׁ֭זָפַתּוּ | עַ֣יִן | 9 |
| તેની-જગ્યા | તેને-જોશે | ફરી | અને-નહિ | ફરીથી-જોશે | અને-નહિ | જે-જોતી-હતી | આંખ | |
| H4725 | H7789 | H5750 | H3808 | H3254 | H3808 | H7805 | | |

જેણે તેને જોયો છે તે તને ફરી કદી જોઈ શકશે નહિ. તેનું સ્થળ તેને ક્યારેય જોવા પામશે નહિ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אוֹנֽוֹ׃ | תָּשֵׁ֥בְנָה | וְ֝יָדָ֗יו | דַלִּ֑ים | יְרַצּ֣וּ | בָּ֭נָיו | 10 |
| તેનું-બળ | પાછા-આપશે | અને-તેના-હાથ | ગરીબોને | આજીજી-કરશે | તેના-દીકરાઓ | |
| H0202 | H7725 | H3027 | H1800 | H7521 | | |

તેનાં સંતાનો ગરીબોની મહેરબાની શોધશે, અને તેના હાથો + 20:10 તેના પુત્રોના હાથ તેનું ધન પાછું આપશે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| תִּשְׁכָּֽב׃ | עָפָ֥ר | עַל־ | וְ֝עִמּ֗וֹ | (עֲלוּמָ֑יו) | [עלומו] | מָלְא֣וּ | עַ֭צְמוֹתָיו | 11 |
| સૂશે | ધૂળમાં | ઉપર | અને-તેની-સાથે | તેની-યૌવનથી | તેના-યૌવનથી | ભરેલાં-હતાં | તેનાં-હાડકાં | |
| H7901 | H6083 | | | H5934 | H5934 | H4390 | H6106 | |

તેનામાં યુવાનીનું જોર છે. પણ તે તેની સાથે ધૂળમાં મળી જશે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לְשׁוֹנֽוֹ׃ | תַּ֣חַת | יַ֝כְחִידֶ֗נָּה | רָעָ֑ה | בְּפִ֣יו | תַּמְתִּ֣יק | אִם־ | 12 |
| તેની-જીભની | નીચે | તે-છુપાવે-છે | દુષ્ટતા | તેના-મોંમાં | મીઠી-લાગે | જો | |
| H3956 | H8478 | H3582 | | H6310 | H4985 | | |

જો કે દુષ્ટતા તેના મુખને મીઠી લાગે છે. જો કે તે તેને પોતાની જીભ નીચે છુપાવી રાખે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| חִכּֽוֹ׃ | בְּת֣וֹךְ | וְ֝יִמְנָעֶ֗נָּה | יַעַזְבֶ֑נָּה | וְלֹ֣א | עָ֭לֶיהָ | יַחְמֹ֣ל | 13 |
| તેના-તાળવાની | વચ્ચે | અને-તેને-રાખે-છે | તેને-છોડે-છે | અને-નહિ | તેના-ઉપર | તે-તેને-જાળવે-છે | |
| H2441 | H8432 | H4513 | | H3808 | | H2550 | |

જો કે તે તેને પાછી રાખીને જવા ન દે, પણ પોતાના મોમાં જ રાખી મૂકે છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בְּקִרְבּֽוֹ׃ | פְּתָנִ֣ים | מְרוֹרַ֖ת | נֶהְפָּ֑ךְ | בְּמֵעָ֣יו | לַ֭חְמוֹ | 14 |
| તેના-અંદર | સાપોનું | વિષેલું | બદલાઈ-જશે | તેના-આંતરડામાં | તેનું-ખોરાક | |
| H7130 | H6620 | H4846 | H2015 | H4578 | H3899 | |

પરંતુ ખોરાક તેના પેટમાં કડવો થઈ ગયો છે; તે તેની અંદર સાપના ઝેર સમાન થઈ ગયો છે.

15 חַיִל בָּלַע וַיְקִאֶנּוּ מִבִּטְנוֹ יֹרִשֶׁנּוּ אֵל׃
ધન તેણે-ગળ્યું અને-તે-ઓકશે તેના-પેટમાંથી ઈશ્વર-કાઢશે ઈશ્વર
H2428 H1104 H6958 H0990 H3423 H0410

તે જે ધનસંપતિ ગળી ગયો છે તે તેણે ઓકી નાખવી પડશે; ઈશ્વર તેના પેટમાંથી તેને ઓકી કઢાવશે.

16 רֹאשׁ־פְּתָנִים יִינָק תַּהַרְגֵהוּ לְשׁוֹן אֶפְעֶה׃
વિષ સાપોનું તે-ચૂસશે તેને-મારશે જીભ પહાડી-સાપની
H7219 H6620 H3243 H2026 H3956 H0660

તે સર્પનું ઝેર ચૂસશે; નાગનો ડંખ તેને મારી નાખશે.

17 אַל־יֵרֶא בִפְלַגּוֹת נַהֲרֵי נַחֲלֵי דְּבַשׁ וְחֶמְאָה׃
નહિ તે-જોશે નદીઓના-પ્રવાહો નદીઓના ઝરણાઓના મધ અને-માખણના
H0408 H7200 H6390 H5104 H1706

તે નદીઓ, માખણ તથા મધની વહેતી ધારાઓ જોવા પામશે નહિ.

18 מֵשִׁיב יָגָע וְלֹא יִבְלָע כְּחֵיל תְּמוּרָתוֹ וְלֹא יַעֲלֹס׃
પાછું-આપશે મહેનતનું અને-નહિ ગળશે તેના-વેપારના-બદલામાં તેનું-બદલો અને-નહિ આનંદ-માણશે
H7725 H3022 H3808 H1104 H2428 H8545 H3808 H5965

જેને માટે તેણે મહેનત કરી હશે; તે તેને પાછું આપવું પડશે; અને તે તેને ભોગવવા પામશે નહિ; તે જે ધનસંપત્તિ કમાયો હશે તેથી તેને આનંદ થશે નહિ.

19 כִּי־רִצַּץ עָזַב דַּלִּים בַּיִת גָּזַל וְלֹא יִבְנֵהוּ׃
કારણ-કે તેણે-કચડ્યા ત્યજ્યા ગરીબોને ઘર છીનવ્યું અને-નહિ તે-બાંધશે
H7533 H1800 H1497 H3808 H1129

કેમ કે તેણે ગરીબો પર જુલમ કર્યો છે, તથા તેઓને તરછોડ્યા છે, તેણે જે ઘર બાંધ્યું નહોતું તે તેણે જુલમથી લઈ લીધું છે.

20 כִּי לֹא־יָדַע שָׁלֵו בְּבִטְנוֹ בַּחֲמוּדוֹ לֹא יְמַלֵּט׃
કારણ-કે નહિ તેણે-જાણ્યું શાંતિ તેના-પેટમાં તેની-ઈચ્છાઓમાં નહિ બચાવશે
H3808 H3045 H7961 H0990 H3808 H4422

તેના મનમાં કંઈ શાંતિ નહોતી, માટે જેમાં તે આનંદ માને છે તેમાંનું તે કંઈ પણ બચાવી શકશે નહિ.

21 אֵין־שָׂרִיד לְאָכְלוֹ עַל־כֵּן לֹא־יָחִיל טוּבוֹ׃
કશું-નહિ બચેલું તેના-ખાવામાંથી તેથી તેથી નહિ ટકશે તેની-સમૃદ્ધિ
H0369 H8300 H0400 H3808 H2898

તેણે ખાઈ જવામાં કંઈ બાકી રાખ્યું નથી; તેની સફળતા ટકશે નહીં.

22 בִּמְלֹאות שִׂפְקוֹ יֵצֶר לוֹ כָּל־יַד עָמֵל תְּבוֹאֶנּוּ׃
તેની-પૂર્ણતામાં તેની-પૂર્ણતાની તેને-કષ્ટ-થશે તેને બધા હાથ કષ્ટ-ભોગવનારના તેના-ઉપર-આવશે
H4390 H3334 H3605 H3027 H0935

તેની સંપત્તિ પુષ્કળ હોવા છતાં તે તંગીમાં આવી પડશે, દરેક દુઃખી જનનો હાથ તેની વિરુદ્ધ થશે.

23 יְהִי לְמַלֵּא בִטְנוֹ יְשַׁלַּח־בּוֹ חֲרוֹן אַפּוֹ וְיַמְטֵר עָלֵימוֹ בִּלְחוּמוֹ׃
થશે તેનું-પેટ-ભરવા-માટે તેનું-પેટ મોકલશે તેના-ઉપર સળગતો તેનો-ક્રોધ અને-વરસાવશે તેના-ઉપર તેન◌ી-યુદ્ધમાં
H1961 H4390 H0990 H7971 H2740 H0639 H4305 H3894

જ્યારે તેનું પેટ ભરવાની તૈયારીમાં હશે એટલામાં, ઈશ્વરનો ક્રોધ તેના પર ઊતરશે; તે ખાતો હશે એટલામાં તેના પર તે કોપ વરસાવશે.

24 יִבְרַח מִנֵּשֶׁק בַּרְזֶל תַּחְלְפֵהוּ קֶשֶׁת נְחוּשָׁה׃
તે-ભાગશે લોહંડન◌ી-હથિયારથી લોહંડન◌ી તેને-વીંધશે ધનુષ કાંસાનું
H1272 H5402 H1270 H2498 H7198 H5154

જો કે લોઢાના શસ્ત્રથી તે ભાગશે, તો પિત્તળનું બાણ એને વીંધી નાખશે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֲמִים׃ | עָלָיו | יַהֲלֹךְ | מִמְּרֹרָתוֹ | וּבָרָק | מִגֵּוָה | וַיֵּצֵא | שָׁלַף | 25 |
| ભયો | તેના-ઉપર | ચાલે-છે | તેન□ી-પિત્તાશયમાંથી | અને-વીજળી | શરીરમાંથી | અને-નીકળ્યું | ખેંચ્યું | |
| H0367 | | H1980 | H4846 | | H1465 | H3318 | H8025 | |

તેના પેટમાંથી બાણ આરપાર નીકળી જશે; અને પીઠમાંથી ભોંકાઈને બહાર આવશે; તેની ચળકતી ધાર તેના પિત્તાશયને વીંધી નાખશે. તેના પર ભય આવી પડશે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שָׂרִיד | יֵרַע | נֻפָּח | לֹא־ | אֵשׁ | תְּאָכְלֵהוּ | לִצְפּוּנָיו | טָמוּן | חֹשֶׁךְ | כָּל־ | 26 |
| બચેલું | ખરાબ-હાલમાં-આવશે | ફૂંકાયેલો | જે-નહિ | અગ્નિ | તેને-ખાશે | તેના-ખજાના-માટે | છુપાવેલો-છે | અંધકાર | બધો | |
| H8300 | H3415 | H5301 | H3808 | H0784 | H0398 | H6845 | H2934 | H2822 | H3605 | |
| | | | | | | | | | בְּאָהֳלוֹ׃ | |
| | | | | | | | | | તેના-તંબૂમાં | |
| | | | | | | | | | H0168 | |

તેના ખજાનાની જગ્યાએ કેવળ અંધકાર તેને માટે રાખી મૂક્યો છે. પ્રચંડ અગ્નિ કે જેને કોઈ માનવે સળગાવ્યો નથી તે તેને ભસ્મીભૂત કરી નાખશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לוֹ׃ | מִתְקוֹמָמָה | וְאֶרֶץ | עֲוֺנוֹ | שָׁמַיִם | יְגַלּוּ | 27 |
| તેની-વિરુદ્ધ | તેની-વિરુદ્ધ-ઊઠશે | અને-પૃથ્વી | તેનો-અપરાધ | આકાશ | પ્રકટ-કરશે | |
| | | H0776 | H5771 | H8064 | H1540 | |

આકાશ તેનો અન્યાય પ્રગટ કરશે, પૃથ્વી તેની વિરુદ્ધ સાક્ષી પૂરશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אַפּוֹ׃ | בְּיוֹם | נִגָּרוֹת | בֵּיתוֹ | יְבוּל | יִגֶל | 28 |
| તેના-ક્રોધનો | તેના-ક્રોધના-દિવસે | વહી-જશે | તેના-ઘરની | ઊપજ | વહી-જશે | |
| H0639 | H3117 | H5064 | | H2981 | H1540 | |

તેના ઘરની સંપત્તિ + 20:28 આખો ઘર નાશ પામશે, તે ઈશ્વરના કોપને દિવસે વહી જશે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| פ | מֵאֵל׃ | אִמְרוֹ | וְנַחֲלַת | מֵאֱלֹהִים | רָשָׁע | אָדָם | חֵלֶק־ | זֶה | 29 |
| — | ઈશ્વર-તરફથી | તેના-વચનનો | અને-વારસો | ઈશ્વર-તરફથી | દુષ્ટ | દુષ્ટ-માણસનો | ભાગ-છે | આ | |
| | H0410 | H0561 | H5159 | H0430 | H7563 | H0120 | | H2088 | |

દુષ્ટ લોકોને ઈશ્વર તરફથી મળેલો હિસ્સો, તથા ઈશ્વરે તને ઠરાવી આપેલું વતન આ જ છે."

# Chapter 21

| | | | |
|---|---|---|---|
| וַיֹּאמַר׃ | אִיּוֹב | וַיַּעַן | 1 |
| અને-કહ્યુ | અય્યૂબે | અને-જવાબ-આપ્યો | |
| H0559 | H0347 | | |

પછી અયૂબે જવાબ આપ્યો અને કહ્યુ;

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| תַּנְחוּמֹתֵיכֶם׃ | זֹאת | וּתְהִי־ | מִלָּתִי | שָׁמוֹעַ | שִׁמְעוּ | 2 |
| તમારી-દિલાસો | આ | અને-આ-થાય | મારી-વાત | ધ્યાનથી | સાંભળો | |
| H8575 | H2063 | H1961 | H4405 | H8085 | H8085 | |

"હું જે કહું તે ધ્યાનથી સાંભળો, અને મને દિલાસો આપો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| תַלְעִיג׃ | דַבְּרִי | וְאַחַר | אֲדַבֵּר | וְאָנֹכִי | שָׂאוּנִי | 3 |
| મશ્કરી-કરો | મારા-બોલ્યા-પછી | અને-પછી | બોલીશ | અને-હું | મને-સહન-કરો | |
| H3932 | H1696 | | H1696 | H0595 | H5375 | |

મારા બોલી રહ્યા પછી ભલે તમે મારી હાંસી ઉડાવજો; પણ હું બોલું છું ત્યાં સુધી ધીરજ રાખજો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| רוּחִי׃ | תִקְצַר | לֹא־ | מַדּוּעַ | וְאִם־ | שִׂיחִי | לְאָדָם | הֶאָנֹכִי | 4 |
| મારું-ધૈર્ય | ટૂંકું-થાય | નહિ | શા-માટે | અને-જો | ફરિયાદ-કરું-છું | માણસ-આગળ | શું-હું | |
| H7307 | | H3808 | H4069 | | H7879 | H0120 | H0595 | |

શું મારી ફરિયાદ માણસ સામે છે? હું શા માટે અધીરો ના થાઉં?

5

| פְּנוּ־ | אֵלַי | וְהָשַׁמּוּ | וְשִׂימוּ | יָד | עַל־ | פֶּה׃ |
|---|---|---|---|---|---|---|
| જુઓ | મારી-તરફ | અને-વિસ્મિત-થાઓ | અને-મૂકો | હાથ | ઉપર | મોં |
| H6437 | H0413 | H8074 | | H3027 | | H6310 |

મારી સામે જોઈને આશ્ચર્ય પામો, અને તમારો હાથ તમારા મુખ પર મૂકો.

6

| וְאִם־ | זָכַרְתִּי | וְנִבְהָלְתִּי | וְאָחַז | בְּשָׂרִי | פַּלָּצוּת׃ |
|---|---|---|---|---|---|
| અને-જ્યારે | હું-યાદ-કરું-છું | તો-ગભરાઈ-જાઉં-છું | અને-પકડે-છે | મારા-શરીરને | ધ્રુજારી |
| | H2142 | H0926 | H0270 | H1320 | H6427 |

હું યાદ કરું છું ત્યારે ગભરાઈ જાઉં છું, હું ભયથી ધ્રૂજી ઊઠું છું.

7

| מַדּוּעַ | רְשָׁעִים | יִחְיוּ | עָתְקוּ | גַּם־ | גָּבְרוּ | חָיִל׃ |
|---|---|---|---|---|---|---|
| શા-માટે | દુષ્ટો | જીવે-છે | વૃદ્ધ-થાય-છે | વળી | શક્તિશાળી-થાય-છે | બળમાં |
| H4069 | H7563 | H2421 | H6275 | H1571 | H1396 | H2428 |

શા માટે દુર્જનો લાંબુ જીવે છે? શા માટે તેઓ વૃદ્ધ થાય છે અને સફળ રહે છે?

8

| זַרְעָם | נָכוֹן | לִפְנֵיהֶם | עִמָּם | וְצֶאֱצָאֵיהֶם | לְעֵינֵיהֶם׃ |
|---|---|---|---|---|---|
| તેમનાં-સંતાનો | સ્થિર-છે | તેમની-સામે | તેમની-સાથે | અને-તેમનાં-વંશજો | તેમની-નજર-સામે |
| H2233 | | H6440 | | H6631 | |

દુર્જનો તેઓનાં સંતાનોને મોટાં થતાં જુએ છે. દુર્જનો પોતાનાં પૌત્ર-પૌત્રીઓને જોવા માટે જીવે છે.

9

| בָּתֵּיהֶם | שָׁלוֹם | מִפָּחַד | וְלֹא | שֵׁבֶט | אֱלוֹהַּ | עֲלֵיהֶם׃ |
|---|---|---|---|---|---|---|
| તેમનાં-ઘરો | શાંતિમાં-છે | ભયથી | અને-નથી | લાકડી | ઈશ્વરની | તેમના-ઉપર |
| | H7965 | H6343 | H3808 | H7626 | H0433 | |

તેઓનાં ઘર ભય વગર સુરક્ષિત હોય છે; અને ઈશ્વરની સોટી તેઓ પર પડતી નથી.

10

| שׁוֹרוֹ | עִבַּר | וְלֹא | יַגְעִל | תְּפַלֵּט | פָּרָתוֹ | וְלֹא | תְשַׁכֵּל׃ |
|---|---|---|---|---|---|---|---|
| તેમનો-બળદ | ફળદ્રુપ-કરે-છે | અને-નથી | નિષ્ફળ-થતો | વિયાય-છે | તેમની-ગાય | અને-નથી | ગર્ભપાત-થતો |
| H7794 | | H3808 | H1602 | H6403 | H6510 | H3808 | |

તેઓનો સાંઢ ગાયો સાથેના સંવનનમાં નિષ્ફળ થતો નથી; તેઓની ગાયો જન્મ આપે છે, મૃત વાછરડાઓ જન્મતા નથી.

11

| יְשַׁלְּחוּ | כַצֹּאן | עֲוִילֵיהֶם | וְיַלְדֵיהֶם | יְרַקֵּדוּן׃ |
|---|---|---|---|---|
| તેઓ-મોકલે-છે | ઘેટાંની-જેમ | તેમનાં-બાળકોને | અને-તેમનાં-છોકરાં | કૂદે-છે |
| H7971 | H6629 | H5759 | H3206 | H7540 |

તેઓ પોતાનાં સંતાનોને ઘેટાંનાં બચ્ચાંઓની જેમ બહાર રમવા મોકલે છે. તેઓનાં સંતાનો નાચે છે.

12

| יִשְׂאוּ | כְּתֹף | וְכִנּוֹר | וְיִשְׂמְחוּ | לְקוֹל | עוּגָב׃ |
|---|---|---|---|---|---|
| તેઓ-ગાય-છે | ખંજરી-સાથે | અને-વીણા | અને-આનંદ-કરે-છે | અવાજ-પર | વાંસળીના |
| H5375 | H8596 | H3658 | H8055 | | H5748 |

તેઓ ખંજરી તથા વીણા સાથે ગાય છે, અને વાંસળીના અવાજથી આનંદ પામે છે.

13

| ]יבלו[ | )יְכַלּוּ( | בַטּוֹב | יְמֵיהֶם | וּבְרֶגַע | שְׁאוֹל | יֵחָתּוּ׃ |
|---|---|---|---|---|---|---|
| તેઓ-વિતાવે-છે | તેઓ-પૂરા-કરે-છે | સુખમાં | તેમના-દિવસો | અને-એક-ક્ષણમાં | શેઓલમાં | ઊતરે-છે |
| H1086 | H3615 | | H3117 | H7281 | H7585 | H5181 |

તેઓ પોતાના દિવસો સમૃદ્ધિમાં વિતાવે છે, અને એક પળમાં + 21:13 શાંતિમાં તેઓ શેઓલમાં ઊતરી જાય છે.

14

| וַיֹּאמְרוּ | לָאֵל | סוּר | מִמֶּנּוּ | וְדַעַת | דְּרָכֶיךָ | לֹא | חָפָצְנוּ׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-તેઓ-કહે-છે | ઈશ્વરને | દૂર-જા | અમારાથી | અને-જ્ઞાન | તારા-માર્ગોનું | નથી | અમે-ઇચ્છતા |
| H0559 | H0410 | H5493 | | H1847 | H1870 | H3808 | |

તેઓ ઈશ્વરને કહે છે, ‘અમારાથી દૂર જાઓ કેમ કે અમે તમારા માર્ગોનું ડહાપણ મેળવવા ઇચ્છતા નથી.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | מַה־ | שַׁדַּי | כִּֽי־ | נַעַבְדֶנּוּ | וּמַה־ | נּוֹעִיל | כִּי | נִפְגַּע־ | בֽוֹ׃ |
| | કોણ-છે | સર્વશક્તિમાન | કે | અમે-તેમની-સેવા-કરીએ | અને-શું | લાભ-થાય | કે | અમે-પ્રાર્થના-કરીએ | તેમને |
| | H4100 | H7706 | | H5647 | H4100 | H3276 | | H6293 | |

તેઓ કહે છે, સર્વશક્તિમાન ઈશ્વર કોણ છે કે, અમે તેમની સેવા કરીએ? તેમને પ્રાર્થના કરવાથી અમને શો લાભ થાય?

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 16 | הֵן | לֹא | בְיָדָם | טוּבָם | עֲצַת | רְשָׁעִים | רָחֲקָה | מֶנִּי׃ |
| | જુઓ | નથી | તેમના-હાથમાં | તેમની-સમૃદ્ધિ | સલાહ | દુષ્ટોની | દૂર-છે | મારાથી |
| | H2005 | H3808 | H3027 | H2898 | H6098 | H7563 | H7368 | |

જુઓ, તેઓની સમૃદ્ધિ તેઓના પોતાના હાથમાં નથી? દુષ્ટોની સલાહ મારાથી દૂર છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 17 | כַּמָּה | נֵר־ | רְשָׁעִים | יִדְעָךְ | וְיָבֹא | עָלֵימוֹ | אֵידָם | חֲבָלִים | יְחַלֵּק | בְּאַפּוֹ׃ |
| | કેટલીવાર | દીવો | દુષ્ટોનો | હોલવાય-છે | અને-આવે-છે | તેમના-ઉપર | તેમનો-વિનાશ | પીડાઓ | તે-વહેંચે-છે | પોતાના-ક્રોધમાં |
| | H4100 | | H7563 | H1846 | H0935 | | H0343 | | | H0639 |

દુષ્ટ લોકોનો દીવો કેટલીવાર ઓલવી નાખવામાં આવે છે? અને કેટલીવાર વિપત્તિ તેઓ પર આવી પડે છે? ઈશ્વર તેમના કોપથી કેટલીવાર તેમના ઉપર દુઃખો મોકલે છે?

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 18 | יִהְיוּ | כְּתֶבֶן | לִפְנֵי־ | רוּחַ | וּכְמֹץ | גְּנָבַתּוּ | סוּפָה׃ |
| | તેઓ-થાય-છે | ભૂસાની-જેમ | સામે | પવનની | અને-ફોતરાની-જેમ | ઉડાવે-છે | વાવાઝોડું |
| | H1961 | H8401 | H6440 | H7307 | H4671 | H1589 | |

તેઓ કેટલીવાર હવામાં ઊડી જતા ખૂંપરા જેવા વંટોળિયામાં ઊડતાં ફોતરા જેવા હોય છે?

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 19 | אֱלוֹהַ | יִצְפֹּן־ | לְבָנָיו | אוֹנוֹ | יְשַׁלֵּם | אֵלָיו | וְיֵדָע׃ |
| | ઈશ્વર | સંગ્રહ-કરે-છે | તેના-સંતાનો-માટે | તેનું-દુઃખ | તે-ચૂકવે | તેને | કે-તે-જાણે |
| | H0433 | H6845 | | H0205 | | H0413 | H3045 |

તમે કહો છો કે, ‘ઈશ્વર તેઓના પાપની સજા તેઓનાં સંતાનોને કરે છે;’ તેમણે તેનો બદલો તેને જ આપવો જોઈએ કે, તેને જ ખબર પડે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 20 | יִרְאוּ | ]עינו[ | )עֵינָיו( | כִּידוֹ | וּמֵחֲמַת | שַׁדַּי | יִשְׁתֶּה׃ |
| | જુએ | તેની-આખો | તેની-આખોથી | તેનો-વિનાશ | અને-કોપમાંથી | સર્વશક્તિમાનના | તે-પીએ |
| | H7200 | | | H3589 | H2534 | H7706 | H8354 |

તેની પોતાની જ આખો તેનો પોતાનો નાશ જુએ, અને સર્વશક્તિમાન ઈશ્વરના કોપનો પ્યાલો તેને જ પીવા દો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 21 | כִּי | מַה־ | חֶפְצוֹ | בְּבֵיתוֹ | אַחֲרָיו | וּמִסְפַּר | חֳדָשָׁיו | חֻצָּצוּ׃ |
| | કારણ-કે | શું | રસ-છે-તેને | પોતાના-ઘરમાં | પોતાના-પછી | અને-સંખ્યા | તેના-મહિનાઓની | કપાઈ-ગઈ-છે |
| | | H4100 | H2656 | | | H4557 | H2320 | |

તેના મૃત્યુ પછી એટલે તેના આયુષ્યની મર્યાદા અધવચથી કપાઈ ગયા પછી, તે કુટુંબમાં શો આનંદ રહે છે?

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 22 | הַלְאֵל | יְלַמֶּד־ | דָּעַת | וְהוּא | רָמִים | יִשְׁפּוֹט׃ |
| | શું-ઈશ્વરને | શીખવાય | જ્ઞાન | જ્યારે-તે | ઉચ્ચોનો | ન્યાય-કરે-છે |
| | H0410 | H3925 | H1847 | H1931 | | H8199 |

શું કોઈ ઈશ્વરને ડહાપણ શીખવી શકે? ઈશ્વર મહાન પુરુષોનો પણ ન્યાય કરે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 23 | זֶה | יָמוּת | בְּעֶצֶם | תֻּמּוֹ | כֻּלּוֹ | שַׁלְאֲנַן | וְשָׁלֵיו׃ |
| | આ-એક | મરે-છે | પૂર્ણ | સંપૂર્ણતામાં | સંપૂર્ણપણે | નિશ્ચિંત | અને-શાંત |
| | H2088 | H4191 | H6106 | H8537 | H3605 | H7946 | H7961 |

માણસ પૂરજોરમાં, તથા પૂરા સુખચેનમાં હોય ત્યારે મૃત્યુ પામે છે.

24

| | | | | | |
|---|---|---|---|---|---|
| עֲטִינָיו | מָלְאוּ | חָלָב | וּמֹחַ | עַצְמוֹתָיו | יְשֻׁקֶּה׃ |
| તેના-વાસણો | ભરેલાં-છે | દૂધથી | અને-મજ્જા | તેનાં-હાડકાંની | ભીની-છે |
| H5845 | H4390 | H2461 | H4221 | H6106 | H8248 |

તેનું શરીર દૂધથી ભરપૂર હોય છે. અને તેનાં હાડકાં મજબૂત હોય ત્યારે તે મૃત્યુ પામે છે.

25

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְזֶה | יָמוּת | בְּנֶפֶשׁ | מָרָה | וְלֹא־ | אָכַל | בַּטּוֹבָה׃ |
| અને-બીજો | મરે-છે | કડવાશમાં | આત્માની | અને-નથી | ચાખ્યું | સુખ |
| H2088 | H4191 | H5315 | H4751 | H3808 | H0398 | |

પરંતુ બીજો તો પોતાના જીવનમાં કષ્ટ ભોગવતો મૃત્યુ પામે છે, અને કદી સુખનો અનુભવ કરતો નથી.

26

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יַחַד | עַל־ | עָפָר | יִשְׁכָּבוּ | וְרִמָּה | תְּכַסֶּה | עֲלֵיהֶם׃ |
| એકસાથે | ઉપર | ધૂળમાં | તેઓ-સૂએ-છે | અને-કીડા | ઢાંકે-છે | તેમને |
| | | H6083 | H7901 | H7415 | H3680 | |

તેઓ સરખી રીતે ધૂળમાં સૂઈ જાય છે. અને કીડાઓ તેઓને ઢાંકી દે છે.

27

| | | | | | |
|---|---|---|---|---|---|
| הֵן | יָדַעְתִּי | מַחְשְׁבוֹתֵיכֶם | וּמְזִמּוֹת | עָלַי | תַּחְמֹסוּ׃ |
| જુઓ | હું-જાણું-છું | તમારા-વિચારો | અને-યોજનાઓ | મારી-વિરુદ્ધ | તમે-ઘડો-છો |
| H2005 | H3045 | H4284 | H4209 | | H2554 |

જુઓ, હું તમારા વિચારો જાણું છું અને હું જાણું છું તમે મારું ખોટું કરવા માગો છો.

28

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | תֹאמְרוּ | אַיֵּה | בֵית־ | נָדִיב | וְאַיֵּה | אֹהֶל | מִשְׁכְּנוֹת | רְשָׁעִים׃ |
| કારણ-કે | તમે-કહો-છો | ક્યાં-છે | ઘર | શ્રીમંતનું | અને-ક્યાં-છે | તંબુ | નિવાસો | દુષ્ટોના |
| | H0559 | H0346 | | H5081 | H0346 | H0168 | H4908 | H7563 |

માટે તમે કહો છો, હવે રાજકુમારનું ઘર ક્યાં છે? દુષ્ટ માણસ રહે છે તે તંબુ ક્યાં છે?'

29

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הֲלֹא | שְׁאֶלְתֶּם | עוֹבְרֵי | דָרֶךְ | וְאֹתֹתָם | לֹא | תְנַכֵּרוּ׃ |
| શું-નથી | તમે-પૂછ્યું | મુસાફરોને | માર્ગના | અને-તેમની-નિશાનીઓ | નથી | તમે-ઓળખતા |
| H3808 | H7592 | | H1870 | H0226 | H3808 | |

શું તમે કદી રસ્તે જનારાઓને પૂછ્યું? તમે તેઓના અનુભવની વાતો જાણતા નથી કે,

30

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כִּי | לְיוֹם | אֵיד | יֵחָשֶׂךְ | רָע | לְיוֹם | עֲבָרוֹת | יוּבָלוּ׃ |
| કારણ-કે | વિનાશના-દિવસે | આફત | બચાવાય-છે | દુષ્ટ | ક્રોધના-દિવસે | કોપ | તેઓ-દોરાય-છે |
| | H3117 | H0343 | H2820 | | H3117 | H5678 | H2986 |

ભૂંડો માણસ સંકટના સમયે બચી જાય છે, અને તેઓને કોપને દિવસે બચાવવામાં આવે છે?

31

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מִי־ | יַגִּיד | עַל־ | פָּנָיו | דַּרְכּוֹ | וְהוּא־ | עָשָׂה | מִי | יְשַׁלֶּם־ | לוֹ׃ |
| કોણ | જાહેર-કરે | તેના | મોં-પર | તેનો-માર્ગ | અને-તેણે | કર્યું | કોણ | બદલો-આપે | તેને |
| H4310 | H5046 | | H6440 | H1870 | H1931 | | H4310 | | |

તેનો માર્ગ દુષ્ટ માણસને મોં પર કોણ કહી બતાવશે? તેણે જે કર્યું છે તેનો બદલો તેને કોણ આપશે?

32

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְהוּא | לִקְבָרוֹת | יוּבָל | וְעַל־ | גָּדִישׁ | יִשְׁקוֹד׃ |
| અને-તે | કબર-તરફ | લઈ-જવાય-છે | અને-ઉપર | ઢગલા | ચોકી-કરે-છે |
| H1931 | H6913 | H2986 | | | H8245 |

તોપણ તેને કબર આગળ ઊંચકી જવામાં આવશે, અને તેની કબર પર પહેરો મૂકવામાં આવશે.

33

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מָתְקוּ־ | לוֹ | רִגְבֵי | נָחַל | וְאַחֲרָיו | כָּל־ | אָדָם | יִמְשׁוֹךְ | וּלְפָנָיו | אֵין | מִסְפָּר׃ |
| મીઠા-લાગે-છે | તેને | ઢેફાં | ખીણના | અને-તેની-પાછળ | બધા | માણસો | ચાલે-છે | અને-તેની-આગળ | અસંખ્ય | હતા |
| H4985 | | H7263 | | | H3605 | H0120 | H4900 | H6440 | H0369 | H4557 |

ખીણની માટીનાં ઢેફાં પણ તેને મીઠાં લાગશે, જેમ તેની અગાઉ અગણિત માણસો લઈ જવામાં આવ્યા હતા, તેમ સઘળાં માણસો તેની પાછળ જશે.

| 34 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְאֵיךְ | תְּנַחֲמוּנִי | הָבֶל | וּתְשׁוּבֹתֵיכֶם | נִשְׁאַר־ | מָעַל׃ | ס |
| તો-કેવી-રીતે | તમે-મને-દિલાસો-આપો-છો | વ્યર્થ | અને-તમારા-જવાબોમાં | રહ્યો-છે | વિશ્વાસઘાત | — |
| | H5162 | H1892 | H8666 | H7604 | H4604 | |

તમે શા માટે મને નકામું આશ્વાસન આપો છો? કેમ કે તમારા ઉત્તરો જોતાં તો તેમાં જુઠાણું જ રહેલું છે."

## Chapter 22

| 1 | | | | |
|---|---|---|---|---|
| וַיַּעַן | אֱלִיפַז | הַתֵּימָנִי | וַיֹּאמַר׃ | |
| અને-જવાબ-આપ્યો | અલીફાઝે | તેમાનીએ | અને-કહ્યુ | |
| | H0464 | H8489 | H0559 | |

ત્યારે અલિફાઝ તેમાનીએ જવાબ આપતાં કહ્યુ કે,

| 2 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הַלְאֵל | יִסְכָּן־ | גָּבֶר | כִּי־ | יִסְכֹּן | עָלֵימוֹ | מַשְׂכִּיל׃ |
| શું-ઈશ્વરને | લાભ-પહોંચાડે-છે | માણસ | કારણ-કે | લાભ-કરે-છે | તેના-ઉપર | બુદ્ધિમાન |
| H0410 | H5532 | H1397 | | H5532 | | |

"શું માણસ ઈશ્વરને લાભકારક હોઈ શકે? શું ડાહ્યો માણસ પોતાને જ લાભકારક હોય એ સાચું છે?

| 3 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הַחֵפֶץ | לְשַׁדַּי | כִּי | תִצְדָּק | וְאִם־ | בֶּצַע | כִּי־ | תַתֵּם | דְּרָכֶיךָ׃ |
| શું-રસ-છે | સર્વશક્તિમાનને | કે | તું-ધાર્મિક-થાય | અને-શું | લાભ-છે | કે | તું-સંપૂર્ણ-કરે | તારા-માર્ગો |
| H2656 | H7706 | | H6663 | | H1215 | | H8552 | H1870 |

તું ન્યાયી હોય તોપણ સર્વશક્તિમાનને શો આનંદ થાય? તું તારા રસ્તા સીધા રાખે તેમાં તેમને શો ફાયદો?

| 4 | | | | |
|---|---|---|---|---|
| הֲמִיִּרְאָתְךָ | יֹכִיחֶךָ | יָבוֹא | עִמְּךָ | בַּמִּשְׁפָּט׃ |
| શું-તારા-ભયને-કારણે | તે-તને-ઠપકો-આપે | તે-આવે | તારી-સાથે | ન્યાયમાં |
| H3374 | H3198 | H0935 | | H4941 |

શું તે તારાથી ડરે છે કે તે તને ઠપકો આપે છે અને તે તને તેમના ન્યાયાસન આગળ ઊભો કરે છે?

| 5 | | | | | |
|---|---|---|---|---|---|
| הֲלֹא | רָעָתְךָ | רַבָּה | וְאֵין־ | קֵץ | לַעֲוֺנֹתֶיךָ׃ |
| શું-નથી | તારી-દુષ્ટતા | મોટી-છે | અને-નથી | અંત | તારા-પાપોનો |
| H3808 | | | H0369 | H7093 | H5771 |

શું તારી દુષ્ટતા ઘણી નથી? તારા અન્યાય તો પાર વિનાના છે.

| 6 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כִּי־ | תַחְבֹּל | אַחֶיךָ | חִנָּם | וּבִגְדֵי | עֲרוּמִּים | תַּפְשִׁיט׃ |
| કારણ-કે | તેં-ગિરવે-રાખ્યું | તારા-ભાઈઓના | વિના-કારણે | અને-વસ્ત્રો | નગ્નોના | તેં-છોડાવ્યાં |
| | | H0251 | H2600 | | H6174 | H6584 |

કેમ કે તેં તારા ભાઈની થાપણ મફતમાં લીધી છે; અને તારા દેણદારોનાં વસ્ત્રો કાઢી લઈને તેઓને નિર્વસ્ત્ર કરી દીધા છે.

| 7 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לֹא־ | מַיִם | עָיֵף | תַּשְׁקֶה | וּמֵרָעֵב | תִּמְנַע־ | לָחֶם׃ |
| નથી | પાણી | થાકેલાને | તેં-પિવડાવ્યું | અને-ભૂખ્યાને | તેં-આપવાની-મનાઈ-કરી | રોટી |
| H3808 | H4325 | H5889 | H8248 | H7457 | H4513 | H3899 |

તમે થાકેલાને પીવાને પાણી આપ્યું નથી; તમે ભૂખ્યાને રોટલી આપી નથી,

| 8 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְאִישׁ | זְרוֹעַ | לוֹ | הָאָרֶץ | וּנְשׂוּא | פָנִים | יֵשֶׁב | בָּהּ׃ |
| અને-માણસ | બાહુનો | તેનો | ભૂમિ | અને-માનવંતો | ચહેરાઓવાળો | રહે-છે | તેમાં |
| H0376 | H2220 | | H0776 | H5375 | H6440 | H3427 | |

જો કે શક્તિશાળી માણસ તો ભૂમિનો માલિક હતો. અને સન્માનિત પુરુષ તેમાં વસતો હતો.

| 9 | | | | | |
|---|---|---|---|---|---|
| אַלְמָנוֹת | שִׁלַּחְתָּ | רֵיקָם | וּזְרֹעוֹת | יְתֹמִים | יְדֻכָּא׃ |
| વિધવાઓને | તેં-ખાલી-હાથે-મોકલી | ખાલી-હાથે | અને-બાહુઓ | અનાથોના | છૂંદાયા |
| H0490 | H7971 | H7387 | H2220 | H3490 | H1792 |

તેં વિધવાઓને ખાલી હાથે પાછી વાળી છે; અને અનાથોના હાથ ભાંગી નાખ્યા છે.

10

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עַל־ | כֵּן | סְבִיבוֹתֶיךָ | פַחִים | וִיבַהֶלְךָ | פַּחַד | פִּתְאֹם׃ |
| તેથી | તેથી | તારી-ચારે-તરફ | ફાંસલા-છે | અને-ગભરાવે-છે-તને | ભય | અચાનક |
| | | H5439 | | H0926 | H6343 | H6597 |

તેથી તારી ચારેતરફ ફાંસલો છે, અને અણધારી આફત તને ડરાવી મૂકે છે;

11

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אוֹ־ | חֹשֶׁךְ | לֹא־ | תִרְאֶה | וְשִׁפְעַת־ | מַיִם | תְּכַסֶּךָּ׃ |
| અથવા | અધારું | નથી | તું-જોઈ-શકે | અને-પૂર | પાણીનાં | તને-ઢાંકે-છે |
| | H2822 | H3808 | H7200 | H8229 | H4325 | H3680 |

જેને તું જોઈ શકતો નથી, એવો અધકાર તને ગભરાવે છે, અને પૂરનાં પાણીએ તને ઢાંકી દીધો છે.

12

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הֲלֹא־ | אֱלוֹהַּ | גֹּבַהּ | שָׁמָיִם | וּרְאֵה | רֹאשׁ | כּוֹכָבִים | כִּי־ | רָמּוּ׃ |
| શું-નથી | ઈશ્વર | આકાશની-ઉંચાઈએ-છે | આકાશમાં | અને-જુઓ | શિખર | તારાઓનું | કેવા-ઉંચાં-છે | તેઓ |
| H3808 | H0433 | H1363 | H8064 | H7200 | | H3556 | | |

શું ઈશ્વર આકાશના ઉચ્ચસ્થાનમાં નથી? તારાઓની ઊંચાઈ જો, તેઓ કેટલા ઊંચા છે?

13

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְאָמַרְתָּ | מַה־ | יָּדַע | אֵל | הַבְעַד | עֲרָפֶל | יִשְׁפּוֹט׃ |
| અને-તું-કહે-છે | શું | જાણે-છે | ઈશ્વર | શું-ગાઢ-વાદળની-પાછળથી | અધારામાંથી | તે-ન્યાય-કરે |
| H0559 | H4100 | H3045 | H0410 | H1157 | H6205 | H8199 |

તું કહે છે, ઈશ્વર શું જાણે છે? શું તે ઘોર અધકારની આરપાર જોઈને ન્યાય કરી શકે?

14

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עָבִים | סֵתֶר־ | לּוֹ | וְלֹא | יִרְאֶה | וְחוּג | שָׁמַיִם | יִתְהַלָּךְ׃ |
| વાદળો | આવરણ-છે | તેના-માટે | અને-નથી | તે-જુએ-છે | અને-ગોળાકાર | આકાશનો | તે-ચાલે-છે |
| H5645 | | | H3808 | H7200 | H2329 | H8064 | H1980 |

ગાઢ વાદળ તેને એવી રીતે ઢાંકી દે છે કે તે જોઈ શકતો નથી; અને આકાશના ઘુંમટ પર તે ચાલે છે.’

15

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הַאֹרַח | עוֹלָם | תִּשְׁמֹר | אֲשֶׁר | דָּרְכוּ | מְתֵי־ | אָוֶן׃ |
| શું-જૂના-માર્ગે | પુરાણા | તું-ચાલીશ | જે-ઉપર | ચાલ્યા | દુષ્ટ-માણસો | પાપના |
| H0734 | H5769 | H8104 | | H1869 | H4962 | H0205 |

જે પ્રાચીન માર્ગ પર દુષ્ટ લોકો ચાલ્યા હતા, તેને શું તું વળગી રહીશ?

16

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר־ | קֻמְּטוּ | וְלֹא־ | עֵת | נָהָר | יוּצַק | יְסוֹדָם׃ |
| જેઓ | છિનવાયા-હતા | અને-નહિ | સમયે | નદી | રેડાયું-હતું | તેમનો-પાયો |
| | H7059 | H3808 | H6256 | H5104 | H3332 | H3247 |

તેઓનો સમય પૂરો થયા અગાઉ તેઓને ઝડપી લેવામાં આવ્યા હતા, તેઓનો પાયો રેલમાં તણાઈ ગયો હતો.

17

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הָאֹמְרִים | לָאֵל | סוּר | מִמֶּנּוּ | וּמַה־ | יִּפְעַל | שַׁדַּי | לָמוֹ׃ |
| તેઓ-કહેતા-હતા | ઈશ્વરને | દૂર-જા | અમારાથી | અને-શું | કરે-છે | સર્વશક્તિમાન | તેમના-માટે |
| H0559 | H0410 | H5493 | | H4100 | H6466 | H7706 | |

તેઓ ઈશ્વરને કહેતા હતા કે, ‘અમારાથી દૂર ચાલ્યા જાઓ;’ તેઓ કહેતા કે, સર્વશક્તિમાન અમને શું કરી શકવાના છે?’

18

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְהוּא | מִלֵּא | בָתֵּיהֶם | טוֹב | וַעֲצַת | רְשָׁעִים | רָחֲקָה | מֶנִּי׃ |
| અને-તેણે | ભર્યાં-હતાં | તેમનાં-ઘરો | સુખથી | પરંતુ-સલાહ | દુષ્ટોની | દૂર-છે | મારાથી |
| H1931 | H4390 | | | H6098 | H7563 | H7368 | |

તેમ છતાં પણ ઈશ્વરે તેઓનાં ઘર સારી વસ્તુઓથી ભર્યાં; પણ દુષ્ટ લોકોના વિચાર મારાથી દૂર છે.

19

| | | | | | |
|---|---|---|---|---|---|
| יִרְאוּ | צַדִּיקִים | וְיִשְׂמָחוּ | וְנָקִי | יִלְעַג־ | לָמוֹ׃ |
| જુએ-છે | ધાર્મિકો | અને-આનંદ-પામે-છે | અને-નિર્દોષ | મશ્કરી-કરે-છે | તેમના-ઉપર |
| H7200 | H6662 | H8055 | | H3932 | |

ન્યાયીઓ તેમને જોઈને ખુશ થાય છે; અને નિર્દોષ તુચ્છકાર સહિત તેમના પર હસશે.

20

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אִם־ | לֹ֣א | נִכְחַ֣ד | קִימָ֑נוּ | וְ֝יִתְרָ֗ם | אָ֣כְלָה | אֵֽשׁ׃ |
| જો | નથી | નાશ-પામ્યું | અમારું-વિરોધી | અને-તેમની-શેષ | ખાઈ-ગયું | અગ્નિએ |
| | H3808 | H3582 | H7009 | | H0398 | H0784 |

તેઓ કહે છે, અમારી સામે ઊઠનારા નિશ્ચે કપાઈ ગયા છે; અને તેઓમાંથી બચેલાને અગ્નિએ ભસ્મ કર્યા છે.'

21

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הַסְכֶּן־ | נָ֣א | עִמּ֑וֹ | וּשְׁלם | בָּ֝הֶ֗ם | תְּֽבוֹאַתְךָ֥ | טוֹבָֽה׃ |
| હવે-પરિચિત-થા | કૃપા-કરીને | તેમની-સાથે | અને-શાંતિ-કર | તેમના-દ્વારા | તારી-પરત-આવશે | સુખ |
| H5532 | H4994 | | | | H0935 | |

હવે ઈશ્વરની સાથે સુલેહ કર અને શાંતિમાં રહે; જેથી તારું ભલું થશે.

22

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| קַח־ | נָ֣א | מִפִּ֣יו | תּוֹרָ֑ה | וְשִׂ֥ים | אֲ֝מָרָ֗יו | בִּלְבָבֶֽךָ׃ |
| લે | કૃપા-કરીને | તેમના-મુખથી | બોધ | અને-મૂક | તેમના-વચનો | તારા-હૃદયમાં |
| H3947 | H4994 | H6310 | H8451 | | H0561 | H3824 |

કૃપા કરીને તેમના મુખથી બોધ સાંભળ અને તેમની વાણી તારા હૃદયમાં સંઘરી રાખ.

23

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אִם־ | תָּשׁ֣וּב | עַד־ | שַׁ֭דַּי | תִּבָּנֶ֑ה | תַּרְחִ֥יק | עַ֝וְלָ֗ה | מֵאָהֳלֶֽךָ׃ |
| જો | તું-પાછો-વળે | તરફ | સર્વશક્તિમાનની | તું-બંધાઈશ | દૂર-કર | અન્યાય | તારા-તંબૂથી |
| | H7725 | H5704 | H7706 | H1129 | H7368 | | H0168 |

જો તું સર્વશક્તિમાન ઈશ્વરની પાસે પાછો વળે તો તું સ્થિર થશે, અને જો તું તારા તંબુમાંથી અન્યાય દૂર કરશે તો તું સ્થિર થશે.

24

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְשִׁית־ | עַל־ | עָפָ֥ר | בָּ֑צֶר | וּבְצ֖וּר | נְחָלִ֣ים | אוֹפִֽיר׃ |
| અને-મૂક | ઉપર | ધૂળમાં | સોનું | અને-ખડકમાં | નદીઓના | ઓફીરનું |
| H7896 | | H6083 | H1220 | H6697 | | H0211 |

જો તું તારું ધન ધૂળમાં ફેંકી દે, અને ઓફીરનું સોનું નાળાંના પાણીમાં ફેંકી દે.

25

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְהָיָ֣ה | שַׁדַּ֣י | בְּצָרֶ֑יךָ | וְכֶ֖סֶף | תּוֹעָפ֣וֹת | לָֽךְ׃ |
| અને-થશે | સર્વશક્તિમાન | તારું-રક્ષણ | અને-ચાંદી | પુષ્કળ | તારા-માટે |
| H1961 | H7706 | H1220 | H3701 | H8443 | |

તો સર્વશક્તિમાન તારો ખજાનો થશે, અને તને મૂલ્યવાન ચાંદી પ્રાપ્ત થશે.

26

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | אָ֭ז | עַל־ | שַׁדַּ֣י | תִּתְעַנָּ֑ג | וְתִשָּׂ֖א | אֶל־ | אֱל֣וֹהַּ | פָּנֶֽיךָ׃ |
| કારણ-કે | ત્યારે | ઉપર | સર્વશક્તિમાનમાં | તું-આનંદ-પામીશ | અને-ઊંચું-કરીશ | તરફ | ઈશ્વરની | તારું-મુખ |
| | | | H7706 | H6026 | H5375 | H0413 | H0433 | H6440 |

તું સર્વશક્તિમાન ઈશ્વરમાં આનંદ માનશે; અને તું ઈશ્વર તરફ તારું મુખ ઊંચું કરશે.

27

| | | | | |
|---|---|---|---|---|
| תַּעְתִּ֣יר | אֵ֭לָיו | וְיִשְׁמָעֶ֑ךָּ | וּנְדָרֶ֥יךָ | תְשַׁלֵּֽם׃ |
| તું-પ્રાર્થના-કરીશ | તેમને | અને-તે-તને-સાંભળશે | અને-તારી-માનતાઓ | તું-પૂરી-કરીશ |
| H6279 | H0413 | H8085 | H5088 | |

તું તેમને પ્રાર્થના કરશે, એટલે તે તારું સાંભળશે; અને પછી તું તારી પ્રતિજ્ઞાઓ પૂરી કરીશ.

28

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְֽתִגְזַר־ | א֭וֹמֶר | וְיָ֣קָם | לָ֑ךְ | וְעַל־ | דְּ֝רָכֶ֗יךָ | נָ֣גַהּ | אֽוֹר׃ |
| અને-તું-ઠરાવીશ | વાત | અને-તે-સ્થાપિત-થશે | તારા-માટે | અને-ઉપર | તારા-માર્ગો-પર | પ્રકાશીત-થશે | પ્રકાશ |
| H1504 | H0562 | | | | H1870 | H5050 | H0216 |

વળી તું કોઈ બાબત વિષે ઠરાવ કરશે તો તે સફળ થશે; તારા માર્ગમાં પ્રકાશ પડશે.

29

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | הִ֭שְׁפִּילוּ | וַתֹּ֣אמֶר | גֵּוָ֑ה | וְשַׁ֖ח | עֵינַ֣יִם | יוֹשִֽׁעַ׃ |
| કારણ-કે | તેઓ-નીચા-કરે-છે | અને-તું-કહીશ | ઊંચાઈ | અને-નમ્ર | આખોવાળાને | તે-બચાવશે |
| | H8213 | H0559 | H1466 | H7807 | | H3467 |

ઈશ્વર અભિમાનીને પાડે છે, અને નમ્રને તેઓ બચાવે છે.

| 30 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | יְמַלֵּט | אִי־ | נָקִי | וְנִמְלַט | בְּבֹר | כַּפֶּיךָ׃ | פ |
| | તે-છોડાવશે | નિર્દોષ | નહિં-હોય-તેને-પણ | અને-તે-છોડાશે | શુદ્ધતાથી | તારા-હાથોની | — |
| | H4422 | H0336 | | H4422 | H1252 | H3709 | |

જેઓ નિર્દોષ નથી તેઓને પણ તેઓ ઉગારે છે, તારા હાથની શુદ્ધતાને લીધે તેઓ તને ઉગારશે.”

# Chapter 23

| 1 | | | |
|---|---|---|---|
| | וַיַּעַן | אִיּוֹב | וַיֹּאמַר׃ |
| | અને-જવાબ-આપ્યો | અય્યૂબે | અને-કહ્યુ |
| | | H0347 | H0559 |

ત્યારે અયૂબે જવાબ આપ્યો અને કહ્યુ કે,

| 2 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | גַּם־ | הַיּוֹם | מְרִי | שִׂחִי | יָדִי | כָּבְדָה | עַל־ | אַנְחָתִי׃ |
| | આજે-પણ | આજે | બળવાખોરી-છે | મારી-ફરિયાદ | મારો-હાથ | ભારે-છે | ઉપર | મારા-નિસાસાના |
| | H1571 | H3117 | H4805 | H7879 | H3027 | H3513 | | H0585 |

“આજે પણ મારી ફરિયાદ કડવી છે; મારાં દુઃખો કરતાં મારો ઘા ભારે છે.

| 3 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અને-જો | બુદ્ધિ-હોય | સાંભળ | આ | કાન-ધર | અવાજને | મારા-શબ્દોના |
| | H0998 | H8085 | H2063 | H0238 | | H4405 |

જો તમારામાં સમજશક્તિ હોય તો, મને સાંભળો; મારા શબ્દો ધ્યાનમાં રાખો.

17

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הַאַף | שׂוֹנֵא | מִשְׁפָּט | יַחֲבוֹשׁ | וְאִם־ | צַדִּיק | כַּבִּיר | תַּרְשִׁיעַ׃ |
| શું-ખરેખર | ધિક્કારનારો | ન્યાયનો | શાસન-કરે | અને-જો | ન્યાયી | મહાન | દોષી-ઠરાવીશ |
| H0637 | H8130 | H4941 | H2280 | | H6662 | H3524 | H7561 |

જે ન્યાયને ધિક્કારે, તે શું કદી રાજ કરી શકે? ઈશ્વર જે ન્યાયી અને પરાક્રમી છે, તેમને શું તું દોષિત ઠરાવીશ?

18

| | | | | | |
|---|---|---|---|---|---|
| הַאֲמֹר | לְמֶלֶךְ | בְּלִיָּעַל | רָשָׁע | אֶל־ | נְדִיבִים׃ |
| કહેવાય | રાજાને | નકામા | દુષ્ટ | સામે | ઉમરાવોના |
| H0559 | H4428 | H1100 | H7563 | H0413 | H5081 |

ઈશ્વર કદી રાજાને કહે છે કે, 'તું નકામો છે,' અથવા રાજકુમારોને કહે છે કે, 'તમે દુષ્ટ છો?'

19

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | לֹא־ | נָשָׂא | פְּנֵי | שָׂרִים | וְלֹא | נִכַּר־ | שׁוֹעַ | לִפְנֵי־ | דָל |
| જે | નથી | પક્ષપાત-કરતા | ચહેરાનો | શાસકોનો | અને-નથી | ઓળખતા | ધનવાનને | સામે | ગરીબના |
| | H3808 | H5375 | H6440 | H8269 | H3808 | | | H6440 | H1800 |

| | | | |
|---|---|---|---|
| כִּי־ | מַעֲשֵׂה | יָדָיו | כֻּלָּם׃ |
| કારણ-કે | કાર્ય | તેમના-હાથોનું | બધા |
| | H4639 | H3027 | H3605 |

ઈશ્વર અધિકારીઓ પર પક્ષપાત કરતા નથી અને ધનવાનોને ગરીબ લોકો કરતાં વધારે ગણતા નથી, કારણ કે તેઓ સર્વ તેમના હાથે સર્જાયેલા છે.

20

| וְרֶ֣גַע | יָ֭מֻתוּ | וַחֲצ֣וֹת | לָ֑יְלָה | יְגֹעֲשׁ֣וּ | עָ֣ם | וְיַעֲבֹ֑רוּ | וְיָסִ֥ירוּ | אַ֝בִּ֗יר | לֹ֣א | בְּיָֽד׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્ષણમાં | મરે-છે | અને-મધ્યરાત્રે | રાતના | ધ્રૂજે-છે | પ્રજા | અને-જાય-છે | અને-દૂર-કરે-છે | શક્તિશાળીને | નહિ | હાથ-વડે |
| H7281 | H4191 | H2676 | H3915 | H1607 | | | H5493 | H0047 | H3808 | H3027 |

એક ક્ષણમાં તેઓ મૃત્યુ પામશે; મધરાતે લોકો ધ્રૂજશે અને નાશ પામશે; મહાન લોકો અદ્રશ્ય થઈ જાય છે, પણ માણસોના હાથથી નહિ.

21

| כִּי־ | עֵ֭ינָיו | עַל־ | דַּרְכֵי־ | אִ֑ישׁ | וְֽכָל־ | צְעָדָ֥יו | יִרְאֶֽה׃ |
|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | તેમની-આખો | ઉપર-છે | માર્ગો-ઉપર | માણસના | અને-સર્વ | તેના-ડગલાં | જુએ-છે |
| | | | H1870 | H0376 | H3605 | H6806 | H7200 |

કારણ કે, ઈશ્વરની નજર માણસની ચાલચલગત પર હોય છે; તે તેની સઘળી વર્તણૂક જુએ છે.

22

| אֵֽין־ | חֹ֭שֶׁךְ | וְאֵ֣ין | צַלְמָ֑וֶת | לְהִסָּ֥תֶר | שָׁ֝ם | פֹּ֣עֲלֵי | אָֽוֶן׃ |
|---|---|---|---|---|---|---|---|
| નથી | અધારું | અને-નથી | મૃત્યુની-છાયા | છુપાવા-માટે | ત્યાં | કરનારાઓ | અનિષ્ટના |
| H0369 | H2822 | H0369 | H6757 | H5641 | H8033 | H6466 | H0205 |

દુષ્ટ માણસને સંતાડી શકે એવો કોઈ પડદો કે અધકાર નથી.

23

| כִּ֤י | לֹ֣א | עַל־ | אִ֭ישׁ | יָשִׂ֣ים | ע֑וֹד | לַהֲלֹ֥ךְ | אֶל־ | אֵ֝֗ל | בַּמִּשְׁפָּֽט׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | નથી | ઉપર | માણસ | નક્કી-કરતા | વધુ | જવા-માટે | પાસે | ઈશ્વરના | ન્યાયમાં |
| | H3808 | | H0376 | | H5750 | H1980 | H0413 | H0410 | H4941 |

કેમ કે ઈશ્વરને લોકોની પરીક્ષા કરવાની જરૂર નથી; કોઈ માણસને તેમના ન્યાયાસન સમક્ષ જવાની જરૂર નથી.

24

| יָרֹ֣עַ | כַּבִּירִ֣ים | לֹא־ | חֵ֑קֶר | וַיַּעֲמֵ֖ד | אֲחֵרִ֣ים | תַּחְתָּֽם׃ |
|---|---|---|---|---|---|---|
| તોડે-છે | શક્તિશાળીઓને | વિના | તપાસ | અને-ઊભા-કરે-છે | બીજાઓને | તેમની-જગ્યાએ |
| | H3524 | H3808 | H2714 | H5975 | H0312 | H8478 |

ઈશ્વર શક્તિશાળી લોકોને પણ ભાંગે છે કેમ કે તેઓના માર્ગો એવા છે કે તેને માટે વધારાની તપાસ કરવાની જરૂર નથી; તેઓ તેમને સ્થાને અન્યને નિયુક્ત કરે છે.

25

| לָ֭כֵן | יַכִּ֣יר | מַעְבָּדֵיהֶ֑ם | וְהָ֥פַךְ | לַ֝֗יְלָה | וְיִדַּכָּֽאוּ׃ |
|---|---|---|---|---|---|
| તેથી | ઓળખે-છે | તેમના-કર્મોને | અને-ઊલટાવે-છે | રાતમાં | અને-કચડાય-છે |
| | | H4566 | H2015 | H3915 | H1792 |

આ પ્રમાણે તેઓનાં કામોને પારખે છે; તેઓ રાતોરાત એવા પાયમાલ થાય છે કે તેઓ નાશ પામે છે.

26

| תַּֽחַת־ | רְשָׁעִ֥ים | סְפָקָ֗ם | בִּמְק֥וֹם | רֹאִֽים׃ |
|---|---|---|---|---|
| તળે | દુષ્ટોને | મારે-છે | સ્થળમાં | જોનારાઓના |
| H8478 | H7563 | | H4725 | H7200 |

દુષ્ટ લોકો તરીકે તેઓને તેઓનાં દુષ્ટકૃત્યોને લીધે ખુલ્લી રીતે સજા કરે છે

27

| אֲשֶׁ֣ר | עַל־ | כֵּ֭ן | סָ֣רוּ | מֵאַחֲרָ֑יו | וְכָל־ | דְּ֝רָכָ֗יו | לֹ֣א | הִשְׂכִּֽילוּ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | ઉપર | તેથી | ફર્યા | તેમની-પાછળથી | અને-સર્વ | તેમના-માર્ગોને | નથી | સમજ્યા |
| | | | H5493 | | H3605 | H1870 | H3808 | |

કેમ કે તેઓ તેમને અનુસરવાને બદલે પાછા હઠી ગયા છે અને તેમના માર્ગને અનુસરવાનો ઇનકાર કરે છે.

28

| לְהָבִ֣יא | עָ֭לָיו | צַעֲקַת־ | דָּ֑ל | וְצַעֲקַ֖ת | עֲנִיִּ֣ים | יִשְׁמָֽע׃ |
|---|---|---|---|---|---|---|
| લાવવા-માટે | ઉપર-તેમના | પોકાર | ગરીબનો | અને-પોકાર | દીનોનો | સાંભળે-છે |
| H0935 | | H6818 | H1800 | H6818 | H6041 | H8085 |

આ પ્રમાણે તેઓએ ગરીબોનો પોકાર ઈશ્વર સુધી પહોંચાડ્યો છે; તેમણે દુ:ખીઓનું રુદન સાંભળ્યું છે.

29

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְה֤וּא | וַיַּשְׁקִ֨ט | וּמִ֪י | יַרְשִׁ֗עַ | וְיַסְתֵּ֣ר | פָּ֭נִים | וּמִ֣י | יְשׁוּרֶ֑נּוּ | וְעַל־ | גּ֖וֹי | וְעַל־ | אָדָ֣ם | יָֽחַד׃ |
| અને-તે | શાંતિ-આપે | અને-કોણ | દોષી-ઠરાવે | અને-છુપાવે | મુખ | અને-કોણ | જુએ-તેને | અને-ઉપર | પ્રજા | અને-ઉપર | માણસ | એકસાથે |
| H1931 | H8252 | H4310 | H7561 | H5641 | H6440 | H4310 | H7789 | | | | H0120 | |

જયારે તે શાંત રહે છે ત્યારે કોણ તેમને દોષિત ઠરાવી શકે છે? પણ જો તે પોતાનું મુખ સંતાડે તો કોણ તેમને જોઈ શકે? તે પ્રજા અને રાષ્ટ્ર પર સમાન રીતે રાજ કરે છે,

30

| | | | | |
|---|---|---|---|---|
| מִ֭מְּלֹךְ | אָדָ֥ם | חָנֵ֗ף | מִמֹּ֥קְשֵׁי | עָֽם׃ |
| રાજ-કરવાથી | માણસ | ઢોંગી | ફાંદાઓથી | પ્રજાના |
| | H0120 | H2611 | H4170 | |

કે જેથી અધર્મી માણસ સત્તા ચલાવે નહિ, એટલે લોકોને જાળમાં ફસાવનાર કોઈ હોય નહિ.

31

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | אֶל־ | אֵ֭ל | הֶאָמַ֥ר | נָשָׂ֗אתִי | לֹ֣א | אֶחְבֹּֽל׃ |
| કારણ-કે | પ્રત્યે | ઈશ્વરના | કહેવાયું-છે | સહન-કર્યું-મેં | નહિ | ભ્રષ્ટાચાર-કરીશ |
| | H0413 | H0410 | H0559 | H5375 | H3808 | |

શું કોઈએ ઈશ્વરને એમ કહ્યુ છે કે, ‘હું નિશ્ચે ગુનેગાર છું, પણ હવેથી હું પાપ કરીશ નહિ;

32

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בִּלְעֲדֵ֣י | אֶ֭חֱזֶה | אַתָּ֣ה | הֹרֵ֑נִי | אִם־ | עָ֥וֶל | פָּ֝עַ֗לְתִּי | לֹ֣א | אֹסִֽיף׃ |
| સિવાય | જે-જોઉં-છું | તું | શીખવ-મને | જો | અન્યાય | કર્યો-મેં | નહિ | કરીશ-ફરી |
| H1107 | H2372 | | | | | H6466 | H3808 | H3254 |

હું જે સમજતો નથી તેનું મને શિક્ષણ આપ; મેં પાપ કર્યું છે પણ હવેથી હું પાપ કરીશ નહિ.’

33

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הֲמֵעִמְּךָ֬ | יְשַׁלְּמֶ֨נָּה | כִּֽי־ | מָאַ֗סְתָּ | כִּֽי־ | אַתָּ֣ה | תִבְחַ֣ר | וְלֹא־ | אָ֑נִי | וּמַה־ | יָּדַ֥עְתָּ | דַבֵּֽר׃ |
| શું-તારા-તરફથી | ચૂકવે-તે | કારણ-કે | નકાર્યું-તેં | કારણ-કે | તું | પસંદ-કર | અને-નહિ | હું | અને-શું | જાણે-છે | બોલ |
| | | | | | | H0977 | H3808 | H0589 | H4100 | H3045 | H1696 |

તું ઈશ્વરનો ઇનકાર કરે છે એટલે શું તને લાગે છે કે ઈશ્વર તે માણસનાં પાપને બદલે તેને સજા કરશે? એ નિર્ણય તારે લેવાનો છે, મારે નહિ. માટે જે કંઈ તું જાણે છે તે કહે.

34

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אַנְשֵׁ֣י | לֵ֭בָב | יֹ֣אמְרוּ | לִ֑י | וְגֶ֥בֶר | חָ֝כָ֗ם | שֹׁמֵ֥עַ | לִֽי׃ |
| માણસો | સમજના | કહેશે | મને | અને-પુરુષ | જ્ઞાની | સાંભળનારો | મારું |
| H0376 | H3824 | H0559 | | H1397 | H2450 | H8085 | |

ડાહ્યો માણસ મને કહેશે, ખરેખર, દરેક જ્ઞાની માણસ મને સાંભળે છે તે કહેશે,

35

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אִ֭יּוֹב | לֹא־ | בְדַ֣עַת | יְדַבֵּ֑ר | וּ֝דְבָרָ֗יו | לֹ֣א | בְהַשְׂכֵּֽיל׃ |
| અય્યૂબ | નથી | જ્ઞાનથી | બોલતો | અને-તેના-શબ્દો | નથી | સમજદારીથી |
| H0347 | H3808 | H1847 | H1696 | H1697 | H3808 | |

‘અયૂબ જ્ઞાન વગર બોલે છે; તેના શબ્દો ડહાપણ વિનાના છે.’

36

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אָבִ֗י | יִבָּחֵ֣ן | אִיּ֣וֹב | עַד־ | נֶ֑צַח | עַל־ | תְּ֝שֻׁבֹ֗ת | בְּאַנְשֵׁי־ | אָֽוֶן׃ |
| મારા-પિતા | પારખાય | અય્યૂબ | સુધી | અત | ઉપર | જવાબો | અનિષ્ટના-માણસોના | અનિષ્ટના |
| H0015 | H0974 | H0347 | H5704 | H5331 | | H8666 | H0376 | H0205 |

દુષ્ટ માણસ જેવો જવાબ આપવાને લીધે અયૂબની અત સુધી કસોટી કરવામાં આવે તો કેવું સારું

37

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | יֹסִיף | עַל־ | חַטָּאתוֹ | פֶשַׁע | בֵּינֵינוּ | יִסְפּוֹק | וְיֶרֶב | אֲמָרָיו |
| કારણ-કે | ઉમેરે-છે | ઉપર | તેના-પાપ-ઉપર | અપરાધ | આપણી-વચ્ચે | તાળી-પાડે-છે | અને-વધારે-છે | તેના-શબ્દો |
| | H3254 | | | H6588 | H0996 | | | H0561 |
| לָאֵל׃ | ס | | | | | | | |
| ઈશ્વર-સામે | [ખંડ] | | | | | | | |
| H0410 | | | | | | | | |

"કેમ કે તે પોતાનાં પાપોમાં બળવાખોરીનો ઉમેરો કરે છે; તે આપણી મધ્યે અપમાન કરીને તાળીઓ પાડે છે; તે ઈશ્વરની વિરુદ્ધ લાંબી વાતો કરે છે."

## Chapter 35

1

| | | |
|---|---|---|
| וַיַּעַן | אֱלִיהוּ | וַיֹּאמַר׃ |
| અને-જવાબ-આપ્યો | અલીહૂએ | અને-કહ્યુ |
| | H0453 | H0559 |

અલીહૂએ બોલવાનું ચાલુ રાખતા કહ્યુ કે,

2

| | | | | | |
|---|---|---|---|---|---|
| הֲזֹאת | חָשַׁבְתָּ | לְמִשְׁפָּט | אָמַרְתָּ | צִדְקִי | מֵאֵל׃ |
| શું-આને | માન્યું-તેં | ન્યાય-માટે | કહ્યુ-છે | મારી-ન્યાયીપણું | ઈશ્વર-કરતાં |
| H2063 | H2803 | H4941 | H0559 | H6664 | H0410 |

તું એમ ધારે છે કે, તું નિર્દોષ છે? તું એમ કહે છે કે, 'ઈશ્વર કરતા મારું ન્યાયીપણું અધિક છે?'

3

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | תֹאמַר | מַה־ | יִּסְכָּן־ | לָךְ | מָה־ | אֹעִיל | מֵחַטָּאתִי׃ |
| કારણ-કે | કહે-છે-તું | શું | લાભ-થશે | તને | શું | ફાયદો-થશે | મારા-પાપથી |
| | H0559 | H4100 | H5532 | | H4100 | H3276 | |

તું એમ માને છે કે, 'હું ન્યાયી છું તો તેનાથી મને શો ફાયદો? મેં પાપ કર્યું હોત તો તેના કરતા વધારે મને શો ફાયદો?'

4

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֲנִי | אֲשִׁיבְךָ | מִלִּין | וְאֶת־ | רֵעֶיךָ | עִמָּךְ׃ |
| હું | જવાબ-આપીશ-તને | વચનો | અને-તારા | મિત્રોને | તારી-સાથે |
| H0589 | H7725 | H4405 | H0853 | H7453 | |

હું તને તથા તારા મિત્રોને, જવાબ આપીશ.

5

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הַבֵּט | שָׁמַיִם | וּרְאֵה | וְשׁוּר | שְׁחָקִים | גָּבְהוּ | מִמֶּךָּ׃ |
| જો | આકાશ-તરફ | અને-જો | અને-નિહાળ | વાદળોને | ઊંચા-છે | તારાથી |
| H5027 | H8064 | H7200 | H7789 | H7834 | H1361 | |

ઊંચે આકાશમાં જો; વાદળાં જો, જે તારા કરતાં કેટલા ઊંચા છે?

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אִם־ | חָטָאתָ | מַה־ | תִּפְעָל־ | בּוֹ | וְרַבּוּ | פְשָׁעֶיךָ | מַה־ | תַּעֲשֶׂה־ | לּוֹ׃ |
| જો | પાપ-કર્યાં-તેં | શું | કરી-શકે-છે | તેમને | અને-ઘણા-છે | તારા-અપરાધો | શું | કરી-શકે-છે | તેમને |
| | H2398 | H4100 | H6466 | | H7231 | H6588 | H4100 | | |

જો તમે પાપ કર્યું છે, તો તેમાં તમે ઈશ્વરને કેવી રીતે નુકશાન પહોંચાડો છો? જો તારા અપરાધો પુષ્કળ વધી જાય, તો તેની વિરુદ્ધ તું શું કરે છે?

7

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אִם־ | צָדַקְתָּ | מַה־ | תִּתֶּן־ | לוֹ | אוֹ | מַה־ | מִיָּדְךָ | יִקָּח׃ |
| જો | નેક-હોયે-તેં | શું | આપે-છે | તેમને | અથવા | શું | તારા-હાથમાંથી | લે-છે |
| | H6663 | H4100 | H5414 | | | H4100 | H3027 | H3947 |

જો તું ન્યાયી હોય, તો તું તેમને શું આપી દે છે? તેઓને તારી પાસેથી શું મળવાનું છે?

8

| | | | | | |
|---|---|---|---|---|---|
| לְאִישׁ־ | כָּמוֹךָ | רִשְׁעֶךָ | וּלְבֶן־ | אָדָם | צִדְקָתֶךָ׃ |
| માણસને | તારા-જેવાને | તારી-દુષ્ટતા | અને-માણસના-પુત્રને | મનુષ્યના | તારી-ન્યાયીપણું |
| H0376 | H3644 | H7562 | | H0120 | H6666 |

તારી દુષ્ટતા બીજા માણસને નુકશાન કરે છે, જેમ તું પણ માણસ છે તેમ. પણ તારા ન્યાયીપણાથી બીજા માણસનાં + 35:8 લોક દીકરાને ફાયદો થાય છે.

9

| | | | | | |
|---|---|---|---|---|---|
| מֵרֹב | עֲשׁוּקִים | יַזְעִיקוּ | יְשַׁוְּעוּ | מִזְּרוֹעַ | רַבִּים׃ |
| ઘણાં | અત્યાચારોથી | બૂમો-પાડે-છે | રોએ-છે | શક્તિશાળીઓના-હાથથી | ઘણાંના |
| H7230 | H6217 | H2199 | H7768 | H2220 | |

જુલમની વૃદ્ધિથી લોકો રુદન કરે છે; તેઓ બળવાન લોકો પાસે મદદને માટે બૂમ પાડે છે

10

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְלֹא־ | אָמַר | אַיֵּה | אֱלוֹהַּ | עֹשָׂי | נֹתֵן | זְמִרוֹת | בַּלָּיְלָה׃ |
| અને-નથી | કહેતા | ક્યાં-છે | ઈશ્વર | મારા-સર્જક | આપનારા | ગીતો | રાતમાં |
| H3808 | H0559 | H0335 | H0433 | | H5414 | H2158 | H3915 |

પણ કોઈ એમ કહેતું નથી, ‘મારા સર્જનહાર ઈશ્વર ક્યાં છે, જે મને રાત્રે ગાયન આપે છે,

11

| | | | | | |
|---|---|---|---|---|---|
| מַלְּפֵנוּ | מִבַּהֲמוֹת | אָרֶץ | וּמֵעוֹף | הַשָּׁמַיִם | יְחַכְּמֵנוּ׃ |
| શીખવનારા-આપણા | પશુઓ-કરતાં | પૃથ્વીના | અને-પક્ષીઓ-કરતાં | આકાશના | જ્ઞાની-બનાવે-છે-આપણને |
| H0502 | H0929 | H0776 | H5775 | H8064 | H2449 |

જેમણે આપણને પૃથ્વી પરના પશુઓ કરતાં, અને આકાશના પક્ષીઓ કરતા વધારે સમજદાર બનાવ્યા છે?’

12

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שָׁם | יִצְעֲקוּ | וְלֹא | יַעֲנֶה | מִפְּנֵי | גְּאוֹן | רָעִים׃ |
| ત્યાં | બૂમો-પાડે-છે | પણ | જવાબ-આપતા-નથી | કારણે | અહંકાર | દુષ્ટોના |
| H8033 | H6817 | H3808 | | H6440 | H1347 | |

તેઓ પોકાર કરે છે, પણ દુષ્ટ માણસનાં અભિમાનને કારણે કોઈ તેમને સાંભળતું નથી.

13

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אַךְ־ | שָׁוְא | לֹא־ | יִשְׁמַע | אֵל | וְשַׁדַּי | לֹא | יְשׁוּרֶנָּה׃ |
| ખરેખર | વ્યર્થતા | નથી | સાંભળતા | ઈશ્વર | અને-સર્વશક્તિમાન | નથી | જોતા-તેને |
| H0389 | H7723 | H3808 | H8085 | H0410 | H7706 | H3808 | H7789 |

નિશ્ચે ઈશ્વર દંભીઓની માંગણીઓ સાંભળશે નહિ; સર્વશક્તિમાન ઈશ્વર તેઓ તરફ ધ્યાન આપશે નહિ.

14

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אַף | כִּי־ | תֹאמַר | לֹא | תְשׁוּרֶנּוּ | דִּין | לְפָנָיו | וּתְחוֹלֵל | לוֹ׃ |
| વળી | જો | કહે-છે-તું | નથી | જોતો-તેને | ન્યાય | તેમની-સામે-છે | અને-રાહ-જો | તેમની |
| H0637 | | H0559 | H3808 | H7789 | H1779 | H6440 | | |

તું કહે છે કે, તું તેમને જોતો નથી, ત્યારે તેઓ તારું સાંભળશે નહિ. એ કેટલું શક્ય છે, તારી સર્વ બાબતો તેમની સમક્ષ છે માટે તું તેમની રાહ જો

15

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | כִּי־ | אַיִן | פָּקַד | אַפּוֹ | וְלֹא־ | יָדַע | בַּפַּשׁ | מְאֹד׃ |
| અને-હવે | કારણ-કે | નથી | સજા-કર્યો | તેમનો-ક્રોધ | અને-નથી | જાણ્યું | ઉચ્છૃંખલતામાં | ઘણું |
| H6258 | | H0369 | | H0639 | H3808 | H3045 | H6580 | H3966 |

તું કહે છે કે, ઈશ્વર કોઈને ક્રોધમાં સજા કરતા નથી ત્યારે તેઓ તારું સાંભળશે નહિ. એ કેટલું શક્ય છે. અને તેઓ લોકોના અભિમાનની કદર કરતા નથી.

16

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְאִיּוֹב | הֶבֶל | יִפְצֶה־ | פִּיהוּ | בִּבְלִי־ | דַעַת | מִלִּין | יַכְבִּר׃ | פ |
| અને-અય્યૂબ | વ્યર્થતામાં | ખોલે-છે | પોતાનું-મોં | વિના | જ્ઞાન | શબ્દો | વધારે-છે | [ખંડ] |
| H0347 | H1892 | H6475 | H6310 | H1097 | H1847 | H4405 | H3527 | |

“તેથી અયૂબ, તેની અર્થ વગરની વાતો કરે છે; અને તે અજ્ઞાની શબ્દો ઉચ્ચારે છે.”

# Chapter 36

1

| | | |
|---|---|---|
| וַיֹּסֶף | אֱלִיהוּא | וַיֹּאמַר׃ |
| અને-આગળ-કહ્યુ | અલીહૂએ | અને-કહ્યુ |
| H3254 | H0453 | H0559 |

અલીહૂએ બોલવાનું ચાલુ રાખતાં કહ્યુ કે,

2

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כַּתַּר־ | לִי | זְעֵיר | וַאֲחַוֶּךָּ | כִּי | עוֹד | לֶאֱלוֹהַּ | מִלִּים׃ |
| રાહ-જો | મને | થોડું | અને-બતાવીશ-તને | કારણ-કે | હજી | ઈશ્વર-માટે | વચનો-છે |
| H3803 | | H2191 | H2331 | | H5750 | H0433 | H4405 |

“મને થોડો વધારે સમય બોલવા દો, અને હું તને બતાવીશ કારણ કે હું ઈશ્વરના પક્ષમાં થોડા વધુ શબ્દો કહેવા માગું છું.”

3

| צֶֽדֶק׃ | אֶתֵּֽן־ | וּֽלְפֹעֲלִ֗י | לְמֵרָח֑וֹק | דֵּ֭עִי | אֶשָּׂ֣א |
|---|---|---|---|---|---|
| ન્યાય | આપીશ | અને-મારા-સર્જકને | દૂરથી | મારું-જ્ઞાન | લઈશ |
| H6664 | H5414 | H6466 | H7350 | H1843 | H5375 |

હું દુરથી ડહાપણ લાવીને; મારા સર્જનહાર ઈશ્વર ન્યાયી છે તે હું સાબિત કરીશ.

4

| עִמָּֽךְ׃ | דֵּע֣וֹת | תְּמִ֖ים | מִלָּ֑י | שֶׁ֣קֶר | לֹא־ | אָ֭מְנָם | כִּֽי־ |
|---|---|---|---|---|---|---|---|
| તારી-સાથે-છે | જ્ઞાનમાં | પૂર્ણ | મારા-વચનો | જૂઠા | નથી | ખરેખર | કારણ-કે |
| | H1844 | H8549 | H4405 | H8267 | H3808 | H0551 | |

હું તને જણાવું છું કે તે ખરેખર સત્ય છે કેમ કે જે સંપૂર્ણ જ્ઞાની છે તે તારી સાથે છે.

5

| לֵֽב׃ | כֹּ֣חַ | כַּבִּ֗יר | יִמְאָ֑ס | וְלֹ֣א | כַּ֭בִּיר | אֵ֣ל | הֶן־ |
|---|---|---|---|---|---|---|---|
| હૃદયના | સામર્થ્યમાં | શક્તિશાળી | તુચ્છ-કરતા | અને-નથી | શક્તિશાળી-છે | ઈશ્વર | જો |
| | | H3524 | | H3808 | H3524 | H0410 | H2005 |

જુઓ, ઈશ્વર સર્વશક્તિમાન છે, અને તે કોઈનો પણ તિરસ્કાર કરતા નથી; તે મહા બુદ્ધિમાન અને વિદ્વાન છે.

6

| יִתֵּֽן׃ | עֲנִיִּ֣ים | וּמִשְׁפַּ֖ט | רָשָׁ֑ע | יְחַיֶּ֣ה | לֹא־ |
|---|---|---|---|---|---|
| આપે-છે | ગરીબોને | અને-ન્યાય | દુષ્ટને | જીવાડતા | નથી |
| H5414 | H6041 | H4941 | H7563 | H2421 | H3808 |

તેઓ દુષ્ટોને સાચવતા નથી, પણ ગરીબોના હિતમાં સારું કરે છે.

7

| לָ֝נֶ֗צַח | וַיֹּשִׁיבֵ֥ם | לַכִּסֵּ֑א | מְלָכִ֥ים | וְאֶת־ | עֵינָ֥יו | מִצַּדִּ֗יק | יִגְרַ֥ע | לֹא־ |
|---|---|---|---|---|---|---|---|---|
| સદા-માટે | અને-બેસાડે-છે-તેમને | સિંહાસન-ઉપર | રાજાઓને | અને-સાથે | પોતાની-આંખો | નેકથી | હટાવતા | નથી |
| H5331 | H3427 | H3678 | H4428 | H0854 | | H6662 | H1639 | H3808 |

| וַיִּגְבָּֽהוּ׃ |
|---|
| અને-ઊંચા-કરે-છે |
| H1361 |

ન્યાયી માણસ પરથી તેઓની દ્રષ્ટિ દૂર કરતા નથી, પણ તેથી વિપરીત, તે તેઓને રાજાઓની સાથે સિંહાસન પર બેસાડે છે, અને તેઓ સદા ઉચ્ચસ્થાન પર રહે છે.

8

| עֹֽנִי׃ | בְּחַבְלֵי־ | יִ֝לָּכְד֗וּן | בַּזִּקִּ֑ים | אֲסוּרִ֣ים | וְאִם־ |
|---|---|---|---|---|---|
| વિપત્તિના | દોરડાં-વડે | પકડાય-છે | સાંકળોમાં | બંધકો-છે | અને-જો |
| H6040 | | H3920 | | H0631 | |

જો, જેથી કરીને તેઓને સાંકળોએ બાંધવામાં આવ્યા છે, અને તેઓ વિપત્તિમાં સપડાયા છે,

9

| יִתְגַּבָּֽרוּ׃ | כִּ֣י | וּ֝פִשְׁעֵיהֶ֗ם | פָּעֳלָ֑ם | לָהֶ֣ם | וַיַּגֵּ֣ד |
|---|---|---|---|---|---|
| બળવાન-થયા-હતા | કે | અને-તેમના-અપરાધો | તેમના-કર્મો | તેમને | અને-જણાવે-છે |
| H1396 | | H6588 | H6467 | H1992 | H5046 |

તેઓએ શું કર્યું છે તે તેઓને જણાવશે, કે તેઓએ કરેલા અપરાધો અને કેવી રીતે અહંકારથી વર્ત્યા છે.

10

| מֵאָֽוֶן׃ | יְשֻׁב֥וּן | כִּֽי־ | וַ֝יֹּ֗אמֶר | לַמּוּסָ֑ר | אָ֭זְנָם | וַיִּ֣גֶל |
|---|---|---|---|---|---|---|
| અનિષ્ટથી | ફરે | કે | અને-કહે-છે | શિખામણ-માટે | તેમના-કાન | અને-ખોલે-છે |
| H0205 | H7725 | | H0559 | H4148 | H0241 | H1540 |

તે તેઓના અપરાધોથી પાછા ફરવાનો આદેશ આપશે, અને શિક્ષણ તરફ તેઓના કાન ઉઘાડશે.

11

| בַּנְּעִימִֽים׃ | וּ֝שְׁנֵיהֶ֗ם | בַּטּ֑וֹב | יְמֵיהֶ֣ם | יְכַלּ֣וּ | וְֽיַ֫עֲבֹ֥דוּ | יִשְׁמְע֗וּ | אִם־ |
|---|---|---|---|---|---|---|---|
| આનંદમાં | અને-તેમનાં-વર્ષો | સુખમાં | તેમના-દિવસો | પૂરા-કરે | અને-સેવા-કરે | સાંભળે | જો |
| | H8141 | | H3117 | H3615 | H5647 | H8085 | |

જો તેઓ તેમનું સાંભળીને તેમની સેવા કરશે તો, તેઓ આયુષ્યના દિવસો સમૃદ્ધિમાં પસાર કરશે, તેઓના જીવનનાં વર્ષો સંતોષથી ભરેલાં થશે.

12

| | | |
|---|---|---|
| וְאִם־ | અને-જો | |
| לֹ֣א | નથી | H3808 |
| יִ֭שְׁמְעוּ | સાંભળે | H8085 |
| בְּשֶׁ֣לַח | ભાલાવડે | H7973 |
| יַעֲבֹ֑רוּ | પાર-કરે | |
| וְ֝יִגְוְע֗וּ | અને-મરે-છે | H1478 |
| כִּבְלִי־ | વિના | H1097 |
| דָֽעַת׃ | જ્ઞાન | H1847 |

પરંતુ જો, તેઓ તેમનું સાંભળશે નહિ તો, તેઓ અજ્ઞાનતામાં જ મરણ પામશે અને તેઓનો નાશ થશે.

13

| | | |
|---|---|---|
| וְֽחַנְפֵי־ | અને-અધર્મીઓ | H2611 |
| לֵ֭ב | હૃદયના | |
| יָשִׂ֣ימוּ | રાખે-છે | |
| אָ֑ף | ક્રોધ | H0639 |
| לֹ֥א | નથી | H3808 |
| יְ֝שַׁוְּע֗וּ | બૂમો-પાડે-છે | H7768 |
| כִּ֣י | જ્યારે | |
| אֲסָרָֽם׃ | બાંધે-છે-તેમને | H0631 |

જેઓ પોતાના હૃદયથી ઈશ્વર પર ભરોસા રાખતા નથી + 36:13 હૃદયમાં કપટ રાખનારાઓ તેઓ પોતાના હૃદયમાં ગુસ્સો ભેગો કરે છે; ઈશ્વર તેઓને શિક્ષા કરે છે તેમ છતાં તેઓ મદદને માટે પ્રાર્થના કરતા નથી.

14

| | | |
|---|---|---|
| תָּמֹ֣ת | મરે-છે | H4191 |
| בַּנֹּ֣עַר | યુવાનીમાં | H5290 |
| נַפְשָׁ֑ם | તેમનો-આત્મા | H5315 |
| וְ֝חַיָּתָ֗ם | અને-તેમનું-જીવન | |
| בַּקְּדֵשִֽׁים׃ | વેશ્યાઓમાં | H6945 |

તેઓ તરુણાવસ્થામાં મરણ પામશે; અને કૃપા વિના તેઓના જીવનો નાશ પામશે.

15

| | | |
|---|---|---|
| יְחַלֵּ֣ץ | છોડાવે-છે | |
| עָנִ֣י | ગરીબને | H6041 |
| בְעָנְי֑וֹ | તેની-વિપત્તિમાં | H6040 |
| וְיִ֖גֶל | અને-ખોલે-છે | H1540 |
| בַּלַּ֣חַץ | કષ્ટમાં | H3906 |
| אָזְנָֽם׃ | તેમના-કાન | H0241 |

ઈશ્વર દુ:ખીઓને તેઓના દુ:ખમાંથી છોડાવે છે; અને તે તેઓને જુલમ દ્વારા સાંભળતા કરે છે.

16

| | | |
|---|---|---|
| וְאַ֤ף | અને-વળી | H0637 |
| הֲסִיתְךָ֨ | બોલાવ્યા-છે-તને | H5496 |
| מִפִּי־ | મોંથી | H6310 |
| צָ֗ר | તંગીના | |
| רַ֭חַב | વિશાળમાં | H7338 |
| לֹא־ | નહિ | H3808 |
| מוּצָ֣ק | સંકુચિત | H4164 |
| תַּחְתֶּ֑יהָ | તેના-તળે | H8478 |
| וְנַ֥חַת | અને-આરામ | |
| שֻׁ֝לְחָנְךָ֗ | તારા-મેજનો | H7979 |
| מָ֣לֵא | ભરપૂર | H4390 |
| דָֽשֶׁן׃ | ઢશન-વડે | H1880 |

નિશ્ચે, તે તને વિપત્તિમાંથી બહાર લાવ્યા છે. જ્યાં સંકટ ન હોય તેવી વિશાળ જગ્યામાં લઈ જાય છે અને તને ખાવાને માટે પુષ્કળ પ્રમાણમાં ખોરાક પીરસ્યો છે.

17

| | | |
|---|---|---|
| וְדִין־ | અને-ન્યાય | H1779 |
| רָשָׁ֥ע | દુષ્ટનો | H7563 |
| מָלֵ֑אתָ | ભર્યો-છે | H4390 |
| דִּ֖ין | ન્યાય | H1779 |
| וּמִשְׁפָּ֣ט | અને-નિર્ણય | H4941 |
| יִתְמֹֽכוּ׃ | ટકાવી-રાખે-છે | H8551 |

તને એક દુષ્ટ વ્યક્તિની જેમ સજા થઈ છે; ન્યાયાસન અને ન્યાયે તને પકડ્યો છે.

18

| | | |
|---|---|---|
| כִּֽי־ | કારણ-કે | |
| חֵ֭מָה | ક્રોધ | H2534 |
| פֶּן־ | કદાચ | H6435 |
| יְסִֽיתְךָ֣ | લલચાવે-તને | H5496 |
| בְסָ֑פֶק | તાળી-વડે | |
| וְרָב־ | અને-મોટી | |
| כֹּ֝֗פֶר | ખંડણી | |
| אַל־ | નહિ | H0408 |
| יַטֶּֽךָּ׃ | વાળે-તને | H5186 |

હવે તમે સાવધ રહેજો, જેથી સમૃદ્ધિ તમને ફોસલાવે નહિ; અને મોટી લાંચ તને ન્યાય કરવાથી પાછો રાખે નહિ.

19

| | | |
|---|---|---|
| הֲיַעֲרֹ֣ךְ | શું-ગોઠવશે | |
| שׁ֭וּעֲךָ | તારી-પોકાર | H7769 |
| לֹ֣א | નહિ | H3808 |
| בְצָ֑ר | તંગીમાં | H1222 |
| וְ֝כֹ֗ל | અને-સર્વ | H3605 |
| מַאֲמַצֵּי־ | શક્તિના-પ્રયત્નો | H3981 |
| כֹֽחַ׃ | સામર્થ્યના | |

શું તારી અઢળક સંપત્તિ તને સંકટથી દૂર રાખી શકે છે, અથવા તારી બધી શક્તિ તને મદદ કરી શકે છે?

20

| | | |
|---|---|---|
| אַל־ | નહિ | H0408 |
| תִּשְׁאַ֥ף | ઇચ્છા-રાખ | |
| הַלָּ֑יְלָה | રાતની | H3915 |
| לַעֲל֖וֹת | ઊંચકવા-માટે | H5927 |
| עַמִּ֣ים | લોકોને | |
| תַּחְתָּֽם׃ | તેમની-જગ્યાએથી | H8478 |

અન્યની વિરુદ્ધ પાપ કરવાને રાત્રીની ઇચ્છા ન કર, કે જ્યારે લોકો પોતાની જગ્યાએ નાશ પામે છે.

| 21 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | הִשָּׁמֶר | אַל־ | תֵּפֶן | אֶל־ | אָוֶן | כִּי־ | עַל־ | זֶה | בָּחַרְתָּ | מֵעֹנִי׃ |
| | સાવધાન-રાખ | નહિ | વળ | તરફ | અનિષ્ટ□ | કારણ-કે | ઉપર | આને | પસંદ-કર્યું-છે | વિપત્તિ-કરતાં |
| | H8104 | H0408 | H6437 | H0413 | H0205 | | | H2088 | H0977 | H6040 |

સાવધ રહેજે, પાપ કરવા તરફ ન ફર, કારણ કે તને સંકટમાંથી પસાર કરાવ્યો છે કે જેથી તું પાપ કરવાથી દૂર રહે.

| 22 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | הֶן־ | אֵל | יַשְׂגִּיב | בְּכֹחוֹ | מִי | כָמֹהוּ | מוֹרֶה׃ |
| | જો | ઈશ્વર | ઉચ્ચો-કરે-છે | પોતાના-સામર્થ્યથી | કોણ | તેમના-જેવો | શિક્ષક-છે |
| | H2005 | H0410 | H7682 | | H4310 | H3644 | |

જુઓ, ઈશ્વર તેમનાં સામર્થ્ય દ્વારા મહિમાવાન થાય છે; તેમના જેવો ગુરુ કોઈ છે?

| 23 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | מִי־ | פָקַד | עָלָיו | דַּרְכּוֹ | וּמִי־ | אָמַר | פָּעַלְתָּ | עַוְלָה׃ |
| | કોણે | નક્કી-કર્યો | તેમના-ઉપર | તેમનો-માર્ગ | અને-કોણે | કહ્યું | કર્યું-છે | અન્યાય |
| | H4310 | | | H1870 | H4310 | H0559 | H6466 | |

તેમણે શું કરવું એ કોઈ તેમને કહી શકે ખરું? અથવા કોણ તેમને કહી શકે છે કે, 'તમે અન્યાય કર્યો છે?'

| 24 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | זְכֹר | כִּי־ | תַשְׂגִּיא | פָעֳלוֹ | אֲשֶׁר | שֹׁרְרוּ | אֲנָשִׁים׃ |
| | યાદ-રાખ | કે | મહિમા-કર | તેમના-કાર્યને | જેના-વિષે | ગાયું-છે | માણસોએ |
| | H2142 | | H7679 | H6467 | | H7891 | H0376 |

તેમનાં કાર્યોની સ્તુતિ કરવાનું યાદ રાખ, લોકોએ ગાયનો મારફતે તેમની સ્તુતિ કરી છે.

| 25 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | כָּל־ | אָדָם | חָזוּ־ | בוֹ | אֱנוֹשׁ | יַבִּיט | מֵרָחוֹק׃ |
| | સર્વ | માણસોએ | જોયું-છે | તેને | મનુષ્ય | જુએ-છે | દૂરથી |
| | H3605 | H0120 | H2372 | | H0582 | H5027 | H7350 |

ઈશ્વરે જે કંઈ કર્યું છે તે સર્વએ નિહાળ્યું છે, પણ તેઓએ તે કાર્યો દૂરથી જ જોયાં છે.

| 26 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | הֶן־ | אֵל | שַׂגִּיא | וְלֹא | נֵדָע | מִסְפַּר | שָׁנָיו | וְלֹא־ | חֵקֶר׃ |
| | જો | ઈશ્વર | મહાન-છે | અને-નથી | જાણી-શકતા-આપણે | સંખ્યા | તેમના-વર્ષોની | અને-નથી | તપાસ-યોગ્ય |
| | H2005 | H0410 | H7689 | H3808 | H3045 | H4557 | H8141 | H3808 | H2714 |

જુઓ, ઈશ્વર મહાન છે, આપણે તેમને સંપૂર્ણપણે સમજી શક્તા નથી; તેમનાં વર્ષોની સંખ્યા અગણિત છે.

| 27 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | כִּי | יְגָרַע | נִטְפֵי־ | מָיִם | יָזֹקּוּ | מָטָר | לְאֵדוֹ׃ |
| | કારણ-કે | ખેંચે-છે | ટીપાંના | પાણીના | શુદ્ધ-કરે-છે | વરસાદને | તેમની-વાષ્પમાંથી |
| | | H1639 | | H4325 | H2212 | H4306 | H0108 |

તેઓ પાણીનાં ટીંપાં ઊંચે લઈ જાય છે અને તેનું ઝાકળ અને વરાળ વરસાદમાં રૂપાંતર કરે છે,

| 28 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | אֲשֶׁר־ | יִזְּלוּ | שְׁחָקִים | יִרְעֲפוּ | עֲלֵי | אָדָם | רָב׃ |
| | જે | વરસાવે-છે | વાદળોમાંથી | ટપકે-છે | ઉપર | માણસો | ઘણાં |
| | | H5140 | H7834 | H7491 | | H0120 | |

તે વાદળોમાંથી પૃથ્વી પર વર્ષે છે, અને મનુષ્યો પર પુષ્કળતામાં વરસાવે છે.

| 29 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | אַף | אִם־ | יָבִין | מִפְרְשֵׂי־ | עָב | תְּשֻׁאוֹת | סֻכָּתוֹ׃ |
| | વળી | શું-કોઈ | સમજે-છે | વાદળોનું-પસરાવું | વાદળ | ગરજનાઓ | તેમના-મંડપની |
| | H0637 | | H0995 | H4666 | H5645 | H8663 | H5521 |

ખરેખર, વાદળોનો વિસ્તાર કેટલો છે અને તેનાં ગગનમંડપમાં ગર્જનાઓ કેવી રીતે થાય છે તેને કોણ સમજી શકે?

| 30 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | הֶן־ | פָּרַשׂ | עָלָיו | אוֹרוֹ | וְשָׁרְשֵׁי | הַיָּם | כִּסָּה׃ |
| | જો | ફેલાવે-છે | તેમના-ઉપર | તેમનો-પ્રકાશ | અને-મૂળોને | સમુદ્રના | ઢાંક્યા-છે |
| | H2005 | H6566 | | H0216 | H8328 | H3220 | H3680 |

જુઓ, તેઓ પૃથ્વી પર વીજળી ફેલાવે છે અને મહાસાગરને અંધકારથી ઢાંકી દે છે.

31

| כִּי־ | בָם | יָדִין | עַמִּים | יִתֶּן־ | אֹכֶל | לְמַכְבִּיר׃ |
|---|---|---|---|---|---|---|
| કારણ-કે | તેમના-વડે | ન્યાય-કરે-છે | લોકોનો | આપે-છે | આહાર | પુષ્કળપણે |
| | | H1777 | | H5414 | H0400 | H4342 |

આ રીતે ઈશ્વર લોકોને ખવડાવે છે, અને તેઓને ભરપૂર ખોરાક પૂરો પાડે છે.

32

| עַל־ | כַּפַּיִם | כִּסָּה־ | אוֹר | וַיְצַו | עָלֶיהָ | בְמַפְגִּיעַ׃ |
|---|---|---|---|---|---|---|
| ઉપર | હાથોમાં | ઢાંક્યું-છે | પ્રકાશને | અને-આજ્ઞા-આપે-છે | તેના-ઉપર | નિશાન-વડે |
| | H3709 | H3680 | H0216 | H6680 | | H6293 |

તેઓ પોતાના હાથથી વીજળીને પકડે છે, અને તેને પાડવાની હોય ત્યાં પડવાને આજ્ઞા કરે છે.

33

| יַגִּיד | עָלָיו | רֵעוֹ | מִקְנֶה | אַף | עַל־ | עוֹלֶה׃ |
|---|---|---|---|---|---|---|
| જણાવે-છે | તેમના-વિષે | તેમનો-ગરજનો | પશુઓએ | પણ | ઉપર | આવનારા-વિષે |
| H5046 | | H7452 | H4735 | H0637 | | H5927 |

તેઓની ગર્જના લોકોને આવનાર તોફાન વિષે ચેતવણી આપે છે: તે જાનવર દ્વારા પણ સમાચાર પહોંચાડે છે કે તોફાન નજીક આવી રહ્યુ છે.

## Chapter 37

1

| אַף־ | לְזֹאת | יֶחֱרַד | לִבִּי | וְיִתַּר | מִמְּקוֹמוֹ׃ |
|---|---|---|---|---|---|
| વળી | આનાથી | કંપે-છે | મારું-હૃદય | અને-ટળે-છે | પોતાની-જગ્યાએથી |
| H0637 | H2063 | H2729 | | | H4725 |

નિશ્ચે મારું હૃદય ધ્રૂજે છે; તે તેની જગ્યાએથી ખસી જાય છે.

2

| שִׁמְעוּ | שָׁמוֹעַ | בְּרֹגֶז | קֹלוֹ | וְהֶגֶה | מִפִּיו | יֵצֵא׃ |
|---|---|---|---|---|---|---|
| સાંભળો | ધ્યાનથી | ગરજનામાં | તેમનો-અવાજ | અને-ગુંજન | તેમના-મોંથી | નીકળે-છે |
| H8085 | H8085 | H7267 | | H1899 | H6310 | H3318 |

તેમના + 37:2 ઈશ્વરના મુખમાંથી નીકળતા અવાજ, ધ્યાનથી સાંભળો.

3

| תַּחַת־ | כָּל־ | הַשָּׁמַיִם | יִשְׁרֵהוּ | וְאוֹרוֹ | עַל־ | כַּנְפוֹת | הָאָרֶץ׃ |
|---|---|---|---|---|---|---|---|
| તળે | સર્વ | આકાશ | છોડે-છે-તેને | અને-તેમનો-પ્રકાશ | ઉપર | છેડાઓ | પૃથ્વીન□ |
| H8478 | H3605 | H8064 | H3474 | H0216 | | H3671 | H0776 |

આખા આકાશને તે વીજળીથી ઝળકાવે છે, અને પૃથ્વીની દરેક દિશાઓ સુધી મોકલે છે.

4

| אַחֲרָיו | יִשְׁאַג־ | קוֹל | יַרְעֵם | בְּקוֹל | גְּאוֹנוֹ | וְלֹא | יְעַקְּבֵם | כִּי־ | יִשָּׁמַע | קוֹלוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તેની-પાછળ | ગરજે-છે | અવાજ | ગજવે-છે | અવાજે | તેમના-મહિમાનો | અને-નથી | રોકતા-તેમને | જ્યારે | સંભળાય-છે | તેમનો-અવાજ |
| | H7580 | | H7481 | | H1347 | H3808 | H6117 | | H8085 | |

તેમની પાછળ અવાજ થાય છે; તે ગર્જનાથી તેમની ભવ્યતાનો અવાજ કરે છે; જ્યારે વીજળી ચમકે છે, ત્યારે તેમનો અવાજ સંભળાય છે.

5

| יַרְעֵם | אֵל | בְּקוֹלוֹ | נִפְלָאוֹת | עֹשֶׂה | גְדֹלוֹת | וְלֹא | נֵדָע׃ |
|---|---|---|---|---|---|---|---|
| ગરજે-છે | ઈશ્વર | પોતાના-અવાજે | અદ્ભુત-રીતે | કરે-છે | મહાન-કાર્યો | અને-નથી | જાણી-શકતા-આપણે |
| H7481 | H0410 | | H6381 | | | H3808 | H3045 |

ઈશ્વર અદ્દભુત રીતે તેમનો અવાજ કરે છે; તેમનાં મહાન કૃત્યો આપણે સમજી શકતા નથી.

6

| כִּי | לַשֶּׁלֶג | יֹאמַר | הֱוֵא | אָרֶץ | וְגֶשֶׁם | מָטָר | וְגֶשֶׁם | מִטְרוֹת | עֻזּוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | બરફને | કહે-છે | થા | પૃથ્વી-ઉપર | અને-વરસાદને | વરસો | અને-વરસાદને | વરસો | તેમના-શક્તિન□ |
| | H7950 | H0559 | | H0776 | H1653 | H4306 | H1653 | H4306 | H5797 |

તેમણે બરફને કહ્યુ, ‘પૃથ્વી પર પડો’ તે જ રીતે વરસાદને વરસવાનું, અને ‘પૃથ્વી પર મુશળધાર વરસાદ આપવાની આજ્ઞા કરે છે.’

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מַעֲשֵׂהוּ׃ | אַנְשֵׁי | כָּל־ | לָדַעַת | יַחְתּוֹם | אָדָם | כָּל־ | בְּיַד־ | 7 |
| તેમનું–કાર્ય | માણસોને | સર્વ | જાણવા–માટે | મહોર–મારે–છે | માણસોના | સર્વ | હાથ–ઉપર | |
| H4639 | H0376 | H3605 | H3045 | H2856 | H0120 | H3605 | H3027 | |

આ રીતે તેઓ સર્વ માણસોને કામ કરતા અટકાવે છે, કે જેથી તેમનું સર્જન કરેલા લોકો તેમનું પરાક્રમ સમજે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| תִשְׁכֹּן׃ | וּבִמְעוֹנֹתֶיהָ | אָרֶב | בְמוֹ־ | חַיָּה | וַתָּבֹא | 8 |
| રહે–છે | અને–પોતાની–ગુફાઓમાં | આશ્રયમાં | પોતાના | પ્રાણી | અને–જાય–છે | |
| H7931 | H4585 | H0695 | H1119 | | H0935 | |

ત્યારે પશુઓ સંતાઈ જાય છે અને તેઓની ગુફામાં ભરાઈ જાય છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| קָרָה׃ | וּמִמְזָרִים | סוּפָה | תָּבוֹא | הַחֶדֶר | מִן־ | 9 |
| ટાઢક | અને–વક્રવાતોથી | વાવાઝોડું | આવે–છે | કોઠડી | ખૂણામાંથી | |
| H7135 | H4215 | | H0935 | H2315 | | |

દક્ષિણ દિશામાંથી ચક્રવાત આવે છે, અને ઉત્તર દિશામાંથી ઠંડા પવન સાથે ઠંડી આવે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בְּמוּצָק׃ | מָיִם | וְרֹחַב | קָרַח | יִתֶּן־ | אֵל | מִנִּשְׁמַת־ | 10 |
| જમાવતમાં | પાણીની | અને–પહોળાઈ | બરફ | આપે–છે | ઈશ્વરન□ | શ્વાસથી | |
| H4164 | H4325 | H7341 | H7140 | H5414 | H0410 | H5397 | |

ઈશ્વરના શ્વાસથી હિમ થાય છે; અને સમુદ્રો ધાતુની માફક થીજી જાય છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אוֹרוֹ׃ | עֲנָן | יָפִיץ | עָב | יַטְרִיחַ | בְרִי | אַף־ | 11 |
| તેમના–પ્રકાશનો | વાદળ | વિખેરે–છે | વાદળને | ભારે–કરે–છે | ભેજથી | વળી | |
| H0216 | H6051 | | H5645 | H2959 | H7377 | H0637 | |

ખરેખર, તે ભારે વાદળોને પાણીથી ભરી દે છે; અને વાદળોમાં તે વીજળીઓને ચમકાવે છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | כֹּל | לְפָעֳלָם | )בְּתַחְבּוּלֹתָיו( | ]בתחבולתו[ | מִתְהַפֵּךְ | מְסִבּוֹת | וְהוּא | 12 |
| જે | સર્વ | કાર્ય–કરવા | તેમની–યોજનાઓથી | [તેમની–યોજનાઓથી] | ફરે–છે | ફરતાં–રહે–છે | અને–તે | |
| | H3605 | H6467 | H8458 | H8458 | H2015 | H4524 | H1931 | |

| | | | | |
|---|---|---|---|---|
| אָרְצָה׃ | תֵבֵל | פְּנֵי | עַל־ | וַיְצַוֵּם |
| જમીન–ઉપર | પૃથ્વીન□ | મુખ–ઉપર | ઉપર | આજ્ઞા–આપે–છે–તેમને |
| H0776 | H8398 | H6440 | | H6680 |

તેઓ વાદળોને આખી પૃથ્વી પર ચારેતરફ વિખેરી નાખે છે, જેમ તેઓને આજ્ઞા આપવામાં આવે છે તે પ્રમાણે કરે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יַמְצִאֵהוּ׃ | לְחֶסֶד | אִם־ | לְאַרְצוֹ | אִם־ | לְשֵׁבֶט | אִם־ | 13 |
| મોકલે–છે–તેને | કૃપા–માટે | જો | તેમની–પૃથ્વી–માટે | જો | સજા–માટે | જો | |
| H4672 | | | H0776 | | H7626 | | |

લોકોને શિક્ષા કરવા સારુ, તો કોઈ સમયે તેમની પૃથ્વીને માટે, અને કોઈ સમયે કરારના વિશ્વાસુપણાના કાર્યને માટે, ઈશ્વર આ પ્રમાણે સર્વ થવા દે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אֵל׃ | נִפְלְאוֹת | וְהִתְבּוֹנֵן | עֲמֹד | אִיּוֹב | זֹאת | הַאֲזִינָה | 14 |
| ઈશ્વરના | અદ્ભુત–કાર્યો | અને–વિચાર–કર | ઊભો–રહે | અય્યૂબ | આ | કાન–ધર | |
| H0410 | H6381 | H0995 | H5975 | H0347 | H2063 | H0238 | |

હે અયૂબ, આ વાત પર લક્ષ આપ; જરા થોભ અને ઈશ્વરનાં આશ્ચર્યકારક કાર્યોનો વિચાર કર.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עֲנָנוֹ׃ | אוֹר | וְהוֹפִיעַ | עֲלֵיהֶם | אֱלוֹהַ | בְּשׂוּם־ | הֲתֵדַע | 15 |
| તેમન□–વાદળનો | પ્રકાશ | અને–ચમકાવે–છે | તેમન□–ઉપર | ઈશ્વર | જ્યારે–મૂકે–છે | શું–જાણે–છે | |
| H6051 | H0216 | H3313 | | H0433 | | H3045 | |

ઈશ્વર વાદળોને કેવી રીતે નિયંત્રણમાં રાખે છે, અને વાદળોમાંથી વીજળીને કેવી રીતે ચમકાવે છે એ શું તું જાણતો નથી?

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| דֵּעִים׃ | תְּמִים | מִפְלְאוֹת | עָב | מִפְלְשֵׂי־ | עַל־ | הֲתֵדַע | 16 |
| જ્ઞાનવાળાના | પૂર્ણ | અદ્ભુત–કાર્યો | વાદળ | વાદળોનું–તોલવું | વિષે | શું–જાણે–છે | |
| H1843 | H8549 | H4652 | H5645 | H4657 | | H3045 | |

વાદળો કેવી રીતે હવામાં સમતોલ રહે છે, જે ડહાપણમાં સંપૂર્ણ છે અને ઈશ્વરનાં આશ્ચર્યકારક કાર્યો, તે શું તું જાણે છે?

17

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֲשֶׁר־ | בְּגָדֶיךָ | חַמִּים | בְּהַשְׁקִט | אֶרֶץ | מִדָּרוֹם׃ |
| જેના | વસ્ત્રો | ગરમ-છે | જ્યારે-શાંત-કરે-છે | પૃથ્વીને | દક્ષિણથી |
| | | H2525 | H8252 | H0776 | H1864 |

તને જ્યારે પરસેવો થાય ત્યારે તારાં વસ્ત્રો તારી ચામડીને ચોંટી જાય છે. અને જ્યારે દક્ષિણ દિશામાંથી હૂંફાળો પવન વાય છે ત્યારે બધું શાંત અને સૂમસામ થઈ જાય છે તે શું તું સમજે છે?

18

| | | | | | |
|---|---|---|---|---|---|
| תַּרְקִיעַ | עִמּוֹ | לִשְׁחָקִים | חֲזָקִים | כִּרְאִי | מוּצָק׃ |
| પસારી-છે | તેમની-સાથે | આકાશને | મજબૂત | ઢાળેલા-દર્પણ-જેવા | ઘડેલા |
| H7554 | | H7834 | H2389 | H7209 | H3332 |

જેમ તેમણે આકાશ વિસ્તાર્યાં છે તેમ, તમે કરી શકો છો? આકાશને ચમકતા કરેલા પિત્તળની જેમ ચમકીલુ બનાવી શકો છો?

19

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הוֹדִיעֵנוּ | מַה־ | נֹּאמַר | לוֹ | לֹא־ | נַעֲרֹךְ | מִפְּנֵי־ | חֹשֶׁךְ׃ |
| જણાવ-અમને | શું | કહીએ | તેમને | નથી | ગોઠવી-શકતા-આપણે | કારણે | અધકારના |
| H3045 | H4100 | H0559 | | H3808 | | H6440 | H2822 |

અમારે શું કહેવું તે અમને શીખવ, કારણ કે અમે અમારા મનના અધકારને લીધે તેમની સાથે દલીલો કરી શકતા નથી.

20

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הַיְסֻפַּר־ | לוֹ | כִּי | אֲדַבֵּר | אִם־ | אָמַר | אִישׁ | כִּי | יְבֻלָּע׃ |
| શું-કહેવાશે | તેમને | કે | બોલીશ-હું | શું | કહે-છે | માણસ | કે | ગળી-જાય |
| | | | H1696 | | H0559 | H0376 | | H1104 |

શું હું ઈશ્વરને કહીશ કે મારી ઇચ્છા તેની સાથે વાત કરવાની હતી? શું કોઈ માણસ ઇચ્છે કે તેનો નાશ થાય?

21

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | לֹא | רָאוּ | אוֹר | בָּהִיר | הוּא | בַּשְּׁחָקִים | וְרוּחַ | עָבְרָה | וַתְּטַהֲרֵם׃ |
| અને-હવે | નથી | જોઈ-શકતો | પ્રકાશ | તેજસ્વી | છે-તે | આકાશમાં | અને-પવન | પસાર-થયો | અને-શુદ્ધ-કર્યું-તેમને |
| H6258 | H3808 | H7200 | H0216 | H0925 | H1931 | H7834 | H7307 | | H2891 |

જ્યારે પવન આકાશને ચોખ્ખું કરે છે ત્યારે એટલું બધું અજવાળું થાય છે કે લોકો સૂર્ય સામે જોઈ શક્તા નથી.

22

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מִצָּפוֹן | זָהָב | יֶאֱתֶה | עַל־ | אֱלוֹהַּ | נוֹרָא | הוֹד׃ |
| ઉત્તરથી | સોનેરી-તેજ | આવે-છે | ઉપર | ઈશ્વર | ભયંકર | ગૌરવ-છે |
| H6828 | H2091 | H0857 | | H0433 | H3372 | H1935 |

તે જ રીતે આકાશમાંથી આપણી ઉપર આવતા અને આખોને આજી દેતા ઈશ્વરની ભવ્યતા સામે પણ આપણે જોઈ શક્તા નથી.

23

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| שַׁדַּי | לֹא־ | מְצָאנֻהוּ | שַׂגִּיא־ | כֹחַ | וּמִשְׁפָּט | וְרֹב־ | צְדָקָה | לֹא | יְעַנֶּה׃ |
| સર્વશક્તિમાન | નથી | શોધી-શકતા-આપણે-તેમને | મહાન | સામર્થ્યમાં | અને-ન્યાય | અને-ઘણી | ધાર્મિકતા | નથી | જુલમ-કરતા |
| H7706 | H3808 | H4672 | H7689 | | H4941 | H7230 | H6666 | H3808 | |

સર્વશક્તિમાન ઈશ્વર મહાન છે આપણે તેમને સમજી શકતા નથી; તેઓ મહા પરાક્રમી અને ન્યાયી છે. તેઓ આપણને નુકસાન પહોંચાડતા નથી.

24

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לָכֵן | יְרֵאוּהוּ | אֲנָשִׁים | לֹא־ | יִרְאֶה | כָּל־ | חַכְמֵי־ | לֵב׃ | פ |
| તેથી | ભય-રાખે-છે-તેમનાથી | માણસો | નથી | જોતા | કોઈને-પણ | જ્ઞાનીઓ | હૃદયના | [ખંડ] |
| | H3372 | H0376 | H3808 | H7200 | H3605 | H2450 | | |

તેથી લોકો તેમનાથી ડરે છે. "પણ જેઓ પોતાની જાતને જ્ઞાની માને છે, તેવા લોકોને ઈશ્વર ગણકારતા નથી."

## Chapter 38

1

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַן־ | יְהוָה | אֶת־ | אִיּוֹב | [מנ] | [הסערה] | (מִן) | (הַסְּעָרָה) | וַיֹּאמַר׃ |
| અને-જવાબ-આપ્યો | યહોવાહે | ને | અય્યૂબને | માંથી | વાવાઝોડાંમાંથી | માંથી | વાવાઝોડાંમાંથી | અને-કહ્યુ |
| | H3068 | H0853 | H0347 | | | H4480 | H5591 | H0559 |

પછી યહોવાહે વંટોળિયામાંથી અયૂબને જવાબ આપતાં કહ્યુ કે,

| 2 | מִ֤י | זֶ֨ה׀ | מַחְשִׁ֖יךְ | עֵצָ֥ה | בְמִלִּ֗ין | בְּלִי־ | דָֽעַת׃ |
|---|---|---|---|---|---|---|---|
| | કોણ | આ | અધારું-કરે-છે | યોજનાને | શબ્દોથી | વિના | જ્ઞાનના |
| | H4310 | H2088 | H2821 | H6098 | H4405 | H1097 | H1847 |

“અજ્ઞાની શબ્દોથી ઈશ્વરની યોજનાને પડકારનાર આ માણસ કોણ છે?

| 3 | אֱזָר־ | נָ֣א | כְגֶ֣בֶר | חֲלָצֶ֑יךָ | וְ֝אֶשְׁאָלְךָ֗ | וְהוֹדִיעֵֽנִי׃ |
|---|---|---|---|---|---|---|
| | બાંધ | હવે | પુરુષની-જેમ | તારી-કમર | અને-હું-તને-પૂછીશ | અને-મને-જણાવ |
| | H0247 | H4994 | H1397 | H2504 | H7592 | H3045 |

બળવાનની માફક તારી કમર બાંધ; કારણ કે હું તને પ્રશ્ન પૂછીશ, અને તારે મને જવાબ આપવાનો છે.

| 4 | אֵיפֹ֣ה | הָ֭יִיתָ | בְּיָסְדִי־ | אָ֑רֶץ | הַ֝גֵּ֗ד | אִם־ | יָדַ֥עְתָּ | בִינָֽה׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ક્યાં | હતો-તું | જ્યારે-મેં-સ્થાપ્યો | પૃથ્વીનો-પાયો | કહે | જો | તું-જાણે-છે | સમજણ |
| | H0375 | H1961 | H3245 | H0776 | H5046 | | H3045 | H0998 |

જ્યારે મેં પૃથ્વીના પાયા નાખ્યા ત્યારે તું ક્યાં હતો? તું બહુ સમજે છે તો આ મને જણાવ.

| 5 | מִי־ | שָׂ֣ם | מְ֭מַדֶּיהָ | כִּ֣י | תֵדָ֑ע | א֤וֹ | מִֽי־ | נָטָ֖ה | עָלֶ֣יהָ | קָּֽו׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કોણે | નક્કી-કર્યાં | તેનાં-માપ | કારણ-કે | તું-જાણે-છે | અથવા | કોણે | ખેંચ્યો | તેના-ઉપર | દોરો |
| | H4310 | | H4461 | | H3045 | | H4310 | H5186 | | |

પૃથ્વીને ઘડવા માટે તેની લંબાઈ કોણે નક્કી કરી? જો તું જાણતો હોય તો કહે. અને તેને માપપટ્ટીથી કોણે માપી હતી?

| 6 | עַל־ | מָ֭ה | אֲדָנֶ֣יהָ | הָטְבָּ֑עוּ | א֥וֹ | מִֽי־ | יָ֝רָ֗ה | אֶ֣בֶן | פִּנָּתָֽהּ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | શાના-ઉપર | શું | તેનાં-પાયા | રોપાયા | અથવા | કોણે | મૂક્યો | ખૂણાનો-પથ્થર | તેનો |
| | | H4100 | H0134 | H2883 | | H4310 | | H0068 | H6438 |

શાના પર તેના પાયા સજ્જડ કરવામાં આવ્યા છે? તે જગ્યામાં મુખ્ય પથ્થર કોણે મૂક્યો છે?

| 7 | בְּרָן־ | יַ֭חַד | כּ֣וֹכְבֵי | בֹ֑קֶר | וַ֝יָּרִ֗יעוּ | כָּל־ | בְּנֵ֥י | אֱלֹהִֽים׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ગાતાં-હતાં-જ્યારે | સાથે-મળીને | તારાઓ | પ્રભાતના | અને-જયજયકાર-કર્યો | બધા | દીકરાઓએ | ઈશ્વરના |
| | | | H3556 | H1242 | H7321 | H3605 | | H0430 |

કે જ્યારે પ્રભાતના તારાઓએ સાથે ગીત ગાયું, અને સર્વ ઈશ્વરના પુત્રો આનંદથી પોકાર કર્યો?

| 8 | וַיָּ֣סֶךְ | בִּדְלָתַ֣יִם | יָ֑ם | בְּ֝גִיח֗וֹ | מֵרֶ֥חֶם | יֵצֵֽא׃ |
|---|---|---|---|---|---|---|
| | અને-બંધ-કર્યો | દરવાજાઓથી | સમુદ્રને | જ્યારે-ફૂટી-નીકળ્યો | ગર્ભમાંથી | તે-બહાર-આવ્યો |
| | | | H3220 | H1518 | H7358 | H3318 |

જાણે ગર્ભસ્થાનમાંથી નીકળ્યો હોય તેવા સમુદ્રને રોકવા તેના દરવાજાઓ કોણે બંધ કર્યા?

| 9 | בְּשׂוּמִ֣י | עָנָ֣ן | לְבֻשׁ֑וֹ | וַ֝עֲרָפֶ֗ל | חֲתֻלָּתֽוֹ׃ |
|---|---|---|---|---|---|
| | જ્યારે-મેં-બનાવ્યું | વાદળને | તેનું-વસ્ત્ર | અને-ગાઢ-અધકારને | તેનું-પોટલું |
| | | H6051 | H3830 | H6205 | H2854 |

જ્યારે મેં વાદળાંઓને તેનું વસ્ત્ર બનાવ્યું, અને ગાઢ અધકારથી તેને વીંટાળી દીધો.

| 10 | וָאֶשְׁבֹּ֣ר | עָלָ֣יו | חֻקִּ֑י | וָ֝אָשִׂ֗ים | בְּרִ֣יחַ | וּדְלָתָֽיִם׃ |
|---|---|---|---|---|---|---|
| | અને-મેં-ઠરાવી | તેના-ઉપર | મારી-સીમા | અને-મૂક્યાં | ભૂંગળ | અને-દરવાજા |
| | H7665 | | H2706 | | H1280 | |

મેં તેની બાજુઓની હદ બનાવી, અને જ્યારે તેને દરવાજાઓની સીમાઓ મૂકી,

| 11 | וָאֹמַ֗ר | עַד־ | פֹּ֣ה | תָ֭בוֹא | וְלֹ֣א | תֹסִ֑יף | וּפֹ֥א־ | יָ֝שִׁ֗ית | בִּגְא֥וֹן | גַּלֶּֽיךָ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-કહ્યુ | અહીં-સુધી | અહીં | આવ | અને-નહીં | આગળ-વધ | અને-અહીં | થંભી-જશે | ગર્વભર્યા | તારાં-મોજાં |
| | H0559 | H5704 | H6311 | H0935 | H3808 | H3254 | H6311 | H7896 | H1347 | H1530 |

મેં સમુદ્રને કહ્યુ, ‘તું અહીં સુધી આવી શકે છે પણ અહીંથી આગળ નહિ; અહીંથી આગળ ઉલ્લંઘન કરીશ નહિ. તારાં પ્રચંડ મોજા અહીં અટકી જશે.’

12

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הֲמִיָּמֶיךָ | צִוִּיתָ | בֹּקֶר | [ידעתה] | [שחר] | (יִדַּעְתָּה) | (הַשַּׁחַר) | מְקֹמוֹ: |
| તારા-જીવનમાં-ક્યારેય | આજ્ઞા-આપી-છે | સવારને | જણાવ્યું-છે | પ્રભાતને | જણાવ્યું-છે | પ્રભાતને | તેનું-સ્થાન |
| H3117 | H6680 | H1242 | H3045 | H7837 | H3045 | H7837 | H4725 |

શું તેં કદી પ્રભાત આદેશ આપ્યો છે? સવારે સૂર્યના કિરણોએ કઈ દિશામાં ઊગવું તે શું તમે નક્કી કરો છો?

13

| | | | | | |
|---|---|---|---|---|---|
| לֶאֱחֹז | בְּכַנְפוֹת | הָאָרֶץ | וְיִנָּעֲרוּ | רְשָׁעִים | מִמֶּנָּה: |
| પકડવા-માટે | છેડાઓ | પૃથ્વીના | અને-ખંખેરી-નાખવા | દુષ્ટોને | તેમાંથી |
| H0270 | H3671 | H0776 | H5287 | H7563 | |

માટે તે પૃથ્વીની દિશાઓને પકડે છે, તેથી દુર્જનોને ત્યાંથી નાસી જવું પડે છે.

14

| | | | | | |
|---|---|---|---|---|---|
| תִּתְהַפֵּךְ | כְּחֹמֶר | חוֹתָם | וְיִתְיַצְּבוּ | כְּמוֹ | לְבוּשׁ: |
| બદલાય-છે | માટીની-જેમ | મહોર-નીચે | અને-ઊભાં-રહે-છે | જેમ | વસ્ત્ર |
| H2015 | | H2368 | H3320 | H3644 | H3830 |

જેમ બીબા પ્રમાણે માટીના આકારો બદલાય છે તેમ પૃથ્વીનો પ્રકાશ બદલાય છે; સર્વ વસ્તુઓ વસ્ત્રોની જેમ બહાર દેખાય છે અને બદલાય છે.

15

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְיִמָּנַע | מֵרְשָׁעִים | אוֹרָם | וּזְרוֹעַ | רָמָה | תִּשָּׁבֵר: |
| અને-અટકાવાય-છે | દુષ્ટોનું | અજવાળું | અને-ઊંચો-ભુજ | ઊંચો | ભાંગી-જશે |
| H4513 | H7563 | H0216 | H2220 | | H7665 |

દુર્જનો પાસેથી તેઓનો પ્રકાશ લઈ લેવામાં આવ્યો છે; અહંકારીઓના હાથ ભાંગી નાખવામાં આવે છે.

16

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הֲבָאתָ | עַד־ | נִבְכֵי־ | יָם | וּבְחֵקֶר | תְּהוֹם | הִתְהַלָּכְתָּ: |
| શું-તું-ગયો-છે | સુધી | ઊંડાણો | સમુદ્રનાં | અને-તળિયે | ઊંડાણના | ચાલ્યો-છે |
| H0935 | H5704 | H5033 | H3220 | H2714 | H8415 | H1980 |

તું કદી સમુદ્રના મૂળસ્થાનની સપાટીએ ગયો છે? તું ક્યારેય મહાસાગરના ઊંડાણમાં ચાલ્યો છે?

17

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הֲנִגְלוּ | לְךָ | שַׁעֲרֵי־ | מָוֶת | וְשַׁעֲרֵי | צַלְמָוֶת | תִּרְאֶה: |
| શું-ખુલ્લાં-થયાં-છે | તારા-માટે | દ્વાર | મૃત્યુનાં | અને-દ્વાર | મૃત્યુછાયાનાં | જોયાં-છે |
| H1540 | | H8179 | H4194 | H8179 | H6757 | H7200 |

શું મરણદ્વારો તારી સમક્ષ જાહેર થયાં છે? શું તેં કદી મરણછાયાનાં દ્વાર જોયાં છે?

18

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הִתְבֹּנַנְתָּ | עַד־ | רַחֲבֵי־ | אָרֶץ | הַגֵּד | אִם־ | יָדַעְתָּ | כֻלָּהּ: |
| શું-તેં-વિચાર્યું-છે | સુધી | પહોળાઈ | પૃથ્વીની | કહે | જો | તું-જાણે-છે | એ-બધું |
| H0995 | H5704 | H7338 | H0776 | H5046 | | H3045 | H3605 |

તું જાણે છે કે પૃથ્વી કેટલી વિશાળ છે? આવું જ્ઞાન તારી પાસે હોય તો તે મને કહે.

19

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֵי־ | זֶה | הַדֶּרֶךְ | יִשְׁכָּן־ | אוֹר | וְחֹשֶׁךְ | אֵי־ | זֶה | מְקֹמוֹ: |
| ક્યાં | છે | માર્ગ | જ્યાં-વસે-છે | પ્રકાશ | અને-અધકાર | ક્યાં | છે | તેનું-સ્થાન |
| H0335 | H2088 | H1870 | H7931 | H0216 | H2822 | H0335 | H2088 | H4725 |

પ્રકાશનું ઉદ્દ્ગમસ્થાન ક્યાં છે? અધકારનું સ્થાન ક્યાં છે?

20

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כִּי | תִקָּחֶנּוּ | אֶל־ | גְּבוּלוֹ | וְכִי־ | תָבִין | נְתִיבוֹת | בֵּיתוֹ: |
| કે | તું-લઈ-જાય | તેની | સીમા-સુધી | અને-કે | તું-સમજે | રસ્તાઓ | તેના-ઘરના |
| | H3947 | H0413 | H1366 | | H0995 | | |

શું તું પ્રકાશ અને અધકારને તેમના કાર્યને સ્થાને પાછા લઈ જઈ શકે છે? શું તું તેમના ઘર તરફનો માર્ગ શોધી શકે છે?

21

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יָדַעְתָּ | כִּי־ | אָז | תִּוָּלֵד | וּמִסְפַּר | יָמֶיךָ | רַבִּים: |
| તું-જાણે-છે | કારણ-કે | ત્યારે | તું-જન્મ્યો-હતો | અને-સંખ્યા | તારા-દિવસોની | ઘણી-છે |
| H3045 | | | H3205 | H4557 | H3117 | |

આ બધું તો તું જાણે છે, કારણ કે ત્યારે તારો જન્મ થઈ ચૂક્યો હતો; અને તારા આયુષ્યના દિવસો લાંબા છે

22

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הֲבָאתָ | אֶל־ | אֹצְרוֹת | שָׁלֶג | וְאֹצְרוֹת | בָּרָד | תִּרְאֶה׃ |
| શું-તું-ગયો-છે | માં | ભંડારોમાં | બરફના | અને-ભંડારો | કરાના | જોયા-છે |
| H0935 | H0413 | H0214 | H7950 | H0214 | H1259 | H7200 |

શું તું બરફના ભંડારોમાં ગયો છે, અથવા તેના સંગ્રહસ્થાન શું તેં જોયાં છે,

23

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר־ | חָשַׂכְתִּי | לְעֶת־ | צָר | לְיוֹם | קְרָב | וּמִלְחָמָה׃ |
| જે | મેં-સાચવી-રાખ્યાં-છે | સમય-માટે | સંકટના | દિવસ-માટે | યુદ્ધના | અને-લડાઈના |
| | H2820 | H6256 | | H3117 | H7128 | H4421 |

આ સર્વ બાબતો આફતના સમયને માટે, અને લડાઈ અને યુદ્ધના દિવસો માટે રાખી છે.

24

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֵי־ | זֶה | הַדֶּרֶךְ | יֵחָלֶק | אוֹר | יָפֵץ | קָדִים | עֲלֵי־ | אָרֶץ׃ |
| ક્યાં | છે | માર્ગ | જ્યાં-વહેંચાય-છે | પ્રકાશ | ફેલાય-છે | પૂર્વનો-પવન | ઉપર | પૃથ્વી-ઉપર |
| H0335 | H2088 | H1870 | | H0216 | | H6921 | | H0776 |

જે માર્ગે અજવાળાની વહેંચણી થાય છે તેં જોયા છે તથા જ્યાં પૂર્વ તરફના પવનને આખી પૃથ્વી પર ફેલાવે છે તે સ્થળે તું ગયો છે?

25

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מִי־ | פִלַּג | לַשֶּׁטֶף | תְּעָלָה | וְדֶרֶךְ | לַחֲזִיז | קֹלוֹת׃ |
| કોણે | ચીર્યો | પૂર-માટે | નાળો | અને-રસ્તો | ગર્જના-માટે | વાદળની |
| H4310 | H6385 | H7858 | | H1870 | H2385 | |

વરસાદના પ્રચંડ પ્રવાહ માટે નાળાં અને ખીણો કોણે ખોદ્યા છે? ગર્જના કરતો વીજળીનો માર્ગ કોણે બનાવ્યો છે?

26

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לְהַמְטִיר | עַל־ | אֶרֶץ | לֹא־ | אִישׁ | מִדְבָּר | לֹא־ | אָדָם | בּוֹ׃ |
| વરસાવવા | ઉપર | દેશ | જ્યાં-નથી | કોઈ-માણસ | રણમાં | જ્યાં-નથી | કોઈ-મનુષ્ય | ત્યાં |
| H4305 | | H0776 | H3808 | H0376 | | H3808 | H0120 | |

જ્યાં માનવીએ પગ પણ નથી મૂક્યો, એવી સૂકી અને ઉજ્જડ ધરતી પર તે ભરપૂર વરસાદ વરસાવે છે,

27

| | | | | | |
|---|---|---|---|---|---|
| לְהַשְׂבִּיעַ | שֹׁאָה | וּמְשֹׁאָה | וּלְהַצְמִיחַ | מֹצָא | דֶשֶׁא׃ |
| તૃપ્ત-કરવા | ઉજ્જડ | અને-વેરાન-ભૂમિને | અને-ઉગાડવા | અંકુર | ઘાસના |
| H7646 | | H4875 | H6779 | H4161 | H1877 |

જેથી ઉજ્જડ તથા વેરાન જમીન તૃપ્ત થાય, જેથી ત્યાં લીલોછમ ઘાસચારો ફૂટી નીકળે.

28

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הֲיֵשׁ־ | לַמָּטָר | אָב | אוֹ | מִי־ | הוֹלִיד | אֶגְלֵי־ | טָל׃ |
| શું-છે | વરસાદનો | પિતા | અથવા | કોણે | જન્માવ્યાં | બિંદુઓ | ઝાકળનાં |
| H3426 | H4306 | H0001 | | H4310 | H3205 | H0096 | H2919 |

શું વરસાદનો કોઈ પિતા છે? ઝાકળનાં બિંદુઓ ક્યાંથી આવે છે?

29

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מִבֶּטֶן | מִי | יָצָא | הַקָּרַח | וּכְפֹר | שָׁמַיִם | מִי | יְלָדוֹ׃ |
| ગર્ભમાંથી | કોના | નીકળ્યો | બરફ | અને-હિમ | આકાશનું | કોણે | જન્માવ્યું |
| H0990 | H4310 | H3318 | H7140 | | H8064 | H4310 | H3205 |

કોના ગર્ભમાંથી હિમ આવે છે? આકાશમાં ઠરી ગયેલું સફેદ ઝાકળ કોણે ઉત્પન્ન કર્યું છે?

30

| | | | | | |
|---|---|---|---|---|---|
| כָּאֶבֶן | מַיִם | יִתְחַבָּאוּ | וּפְנֵי | תְהוֹם | יִתְלַכָּדוּ׃ |
| પથ્થરની-જેમ | પાણી | થીજી-જાય-છે | અને-સપાટી | ઊંડાણની | જામી-જાય-છે |
| H0068 | H4325 | H2244 | H6440 | H8415 | H3920 |

પાણી ઠરીને પથ્થરના જેવું થઈ જાય છે; અને મહાસાગરની ઊંડી સપાટી પણ થીજી જાય છે.

31

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הַתְקַשֵּׁר | מַעֲדַנּוֹת | כִּימָה | אוֹ־ | מֹשְׁכוֹת | כְּסִיל | תְּפַתֵּחַ׃ |
| શું-તું-બાંધી-શકે | સાંકળો | કૃત્તિકાની | અથવા | બંધનો | મૃગશીર્ષનાં | છોડી-શકે |
| H7194 | H4575 | H3598 | | H4189 | H3685 | |

આકાશના તારાઓને શું તું પકડમાં રાખી શકે છે? શું તું કૃતિકા અથવા મૃગશીર્ષનાં બંધ નક્ષત્રોને છોડી શકે છે?

32

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| תַנְחֵם׃ | בָּנֶיהָ | עַל־ | וְעַיִשׁ | בְּעִתּוֹ | מַזָּרוֹת | הֲתֹצִיא |
| દોરી-શકે | તેનાં-બાળકો | સાથે | અને-સપ્તર્ષિને | તેની-ઋતુમાં | નક્ષત્રોને | શું-તું-બહાર-લાવે |
| H5148 | | | H5906 | H6256 | H4216 | H3318 |

શું તું તારાઓના સમૂહને નક્કી કરેલા સમયો અનુસાર પ્રગટ કરી શકે છે? શું તું સપ્તર્ષિને તેના મંડળ સહિત દોરી શકે છે?

33

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בָאָרֶץ׃ | מִשְׁטָרוֹ | תָּשִׂים | אִם־ | שָׁמָיִם | חֻקּוֹת | הֲיָדַעְתָּ |
| પૃથ્વી-ઉપર | તેનું-શાસન | તું-સ્થાપી-શકે | શું | આકાશના | નિયમો | શું-તું-જાણે-છે |
| H0776 | H4896 | | | H8064 | H2708 | H3045 |

શું તું આકાશને અંકુશમાં લેવાના સિદ્ધાંતો જાણે છે? શું તું આકાશોને પૃથ્વી પર સત્તા ચલાવવા સ્થાપી શકે છે?

34

| | | | | | |
|---|---|---|---|---|---|
| תְּכַסֶּךָּ׃ | מָיִם | וְשִׁפְעַת־ | קוֹלֶךָ | לָעָב | הֲתָרִים |
| તને-ઢાંકી-દે | પાણી | અને-પુષ્કળ | તારો-અવાજ | વાદળો-તરફ | શું-તું-ઊંચો-કરી-શકે |
| H3680 | H4325 | H8229 | | H5645 | |

શું તું તારો અવાજ વાદળાં સુધી પહોંચાડી શકે છે, કે જેથી પુષ્કળ વરસાદ આવે?

35

| | | | | | |
|---|---|---|---|---|---|
| הִנֵּנוּ׃ | לְךָ | וְיֹאמְרוּ | וְיֵלֵכוּ | בְרָקִים | הַתְשַׁלַּח |
| અહીં-છીએ-અમે | તને | અને-કહે | અને-તેઓ-જાય | વીજળીઓ | શું-તું-મોકલી-શકે |
| H2009 | | H0559 | H3212 | | H7971 |

શું તું વીજળીને આજ્ઞા કરી શકે છે કે, તે તારી પાસે આવીને કહે કે, 'અમે અહીં છીએ?'

36

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בִינָה׃ | לַשֶּׂכְוִי | נָתַן | מִי־ | אוֹ | חָכְמָה | בַּטֻּחוֹת | שָׁת | מִי־ |
| સમજણ | મનને | આપ્યું | કોણે | અથવા | ડહાપણ | અતરમાં | મૂક્યું | કોણે |
| H0998 | H7907 | H5414 | H4310 | | H2451 | H2910 | H7896 | H4310 |

વાદળાંઓમાં ડહાપણ કોણે મૂક્યું છે? અથવા ધુમ્મસને કોણે સમજણ આપી છે?

37

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יַשְׁכִּיב׃ | מִי | שָׁמַיִם | וְנִבְלֵי | בְּחָכְמָה | שְׁחָקִים | יְסַפֵּר | מִי־ |
| ઢાળી-શકે | કોણ | આકાશની | અને-મશકો | ડહાપણથી | વાદળોને | ગણી-શકે | કોણ |
| H7901 | H4310 | H8064 | | H2451 | H7834 | | H4310 |

કોણ પોતાની કુશળતાથી વાદળોની ગણતરી કરી શકે? કે, આકાશોની પાણી ભરેલી મશકોને કોણ રેડી શકે

38

| | | | | |
|---|---|---|---|---|
| יְדֻבָּקוּ׃ | וּרְגָבִים | לַמּוּצָק | עָפָר | בְּצֶקֶת |
| ચોંટી-જાય-છે | અને-માટીના-ઢેફાં | ઢેફાંમાં | ધૂળ | જ્યારે-રેડાય-છે |
| H1692 | H7263 | H4165 | H6083 | H3332 |

જેથી ધરતી પર સર્વત્ર ધૂળ અને માટી પાણીથી પલળીને એકબીજા સાથે ચોંટી જાય છે?

39

| | | | | | |
|---|---|---|---|---|---|
| תְּמַלֵּא׃ | כְּפִירִים | וְחַיַּת | טָרֶף | לְלָבִיא | הֲתָצוּד |
| ભરે-છે | જુવાન-સિંહોની | અને-ભૂખ | શિકાર | સિંહણ-માટે | શું-તું-શિકાર-કરે-છે |
| H4390 | | | H2964 | | |

શું તું સિંહણને માટે શિકાર પકડી શકે, અથવા તો શું તમે તેના જુવાન સિંહણના બચ્ચાના ભૂખને સંતોષી શકે છે?

40

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אָרֶב׃ | לְמוֹ־ | בַסֻּכָּה | יֵשְׁבוּ | בַמְּעוֹנוֹת | יָשֹׁחוּ | כִּי־ |
| ઓચિંતા-માટે | માં | ઝાડીમાં | બેસે-છે | ગુફાઓમાં | તેઓ-સંતાય-છે | જ્યારે |
| H0695 | H3926 | H5521 | H3427 | H4585 | H7817 | |

જ્યારે તેઓ તેમની ગુફામાં લપાઈને બેઠા હોય ત્યારે અથવા ઝાડીમાં સંતાઈને તેઓના શિકાર પર તરાપ મારવા તૈયાર બેઠા હોય ત્યારે?

41

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יְשַׁוֵּעוּ | אֵל | אֶל־ | )יְלָדָיו( | ]ילדו[ | כִּי־ | צֵידוֹ | לָעֹרֵב | יָכִין | מִי |
| પોકાર-કરે-છે | ઈશ્વર | તરફ | તેનાં-બચ્ચાં | તેનાં-બચ્ચાં | જ્યારે | તેનો-ખોરાક | કાગડા-માટે | તૈયાર-કરે-છે | કોણ |
| H7768 | H0410 | H0413 | H3206 | H3206 | | | H6158 | | H4310 |

| | | |
|---|---|---|
| אֹכֶל׃ | לִבְלִי־ | יִתְעוּ |
| ખોરાક | વિના | ભટકે-છે |
| H0400 | H1097 | H8582 |

જ્યારે કાગડા અને તેમનાં બચ્ચાં ખોરાકને માટે ભટકે છે અને ઈશ્વરને પોકાર કરે છે ત્યારે તેઓને ખોરાક કોણ પૂરો પાડે છે?

## Chapter 39

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| תִּשְׁמֹר׃ | אַיָּל֣וֹת | חֹלֵ֣ל | סָ֑לַע | יַעֲלֵי־ | לֶ֣דֶת | עֵ֭ת | הֲיָדַ֗עְתָּ | 1 |
| જોઈ-શકે-છે | હરણીઓની | પ્રસૂતિ-પીડા | ખડકના | પર્વતના-બકરાંઓની | જન્મવાનો | સમય | શું-તું-જાણે-છે | |
| H8104 | H0355 | | H5553 | H3277 | H3205 | H6256 | H3045 | |

ડુંગર પરની જંગલી બકરીઓ કેવી રીતે બચ્ચાંને જન્મ આપે છે તે શું તું જાણે છે? શું તું જાણી શકે છે કે જંગલી હરણીઓ બચ્ચાંને જન્મ કેવી રીતે આપે છે?

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לִדְתָּֽנָה׃ | עֵ֣ת | וְ֝יָדַ֗עְתָּ | תְּמַלֶּ֑אנָה | יְרָחִ֣ים | תִּסְפֹּ֣ר | 2 |
| જન્મવાનો | સમય | અને-જાણે-છે | પૂરા-થાય | મહિનાઓ | ગણી-શકે-છે | |
| H3205 | H6256 | H3045 | H4390 | H3391 | | |

તેઓના ગર્ભના પૂરા મહિનાની સંખ્યા તું જાણે છે? શું તું જાણે છે કે તેઓ ક્યારે પોતાનાં બચ્ચાંને જન્મ આપે છે?

| | | | | | |
|---|---|---|---|---|---|
| | તમને | તેઓ-પોકાર્યા | અને-છૂટ્યા | તમારા-પર | ભરોસો-રાખ્યો | અને-નહિ | શરમાયા |
| | H0413 | H2199 | H4422 | | H0982 | H3808 | H0954 |

તેઓએ તમને પ્રાર્થના કરી અને તેઓ બચી ગયા. તેઓએ તમારા પર ભરોસો રાખ્યો અને નિરાશ થયા નહિ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | וְאָנֹכִי | תוֹלַעַת | וְלֹא־ | אִישׁ | חֶרְפַּת | אָדָם | וּבְזוּי | עָם׃ |
| | પણ-હું | કીડો | અને-નહિ | માણસ | લોકોનું-મહેણું | માનવજાતનું | અને-ધિક્કારાયેલો | લોકોનો |
| | H0595 | | H3808 | H0376 | H2781 | H0120 | H0959 | |

પણ હું તો માત્ર કીડો છું, માણસ નથી, માણસોથી ધિક્કાર પામેલો અને લોકોથી તુચ્છ ગણાયેલો છું.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | כָּל־ | רֹאַי | יַלְעִגוּ | לִי | יַפְטִירוּ | בְשָׂפָה | יָנִיעוּ | רֹאשׁ׃ |
| | બધા | મને-જોનારા | મારી-મશ્કરી-કરે-છે | મારી | હોઠ-ખોલે-છે | હોઠથી | હલાવે-છે | માથું |
| | H3605 | H7200 | H3932 | | H6362 | H8193 | H5128 | |

જેઓ મને જુએ છે તેઓ બધા મારી હાંસી કરે છે; તેઓ મોં ફેરવીને માથું ધુણાવીને કહે છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | גֹּל | אֶל־ | יְהוָה | יְפַלְּטֵהוּ | יַצִּילֵהוּ | כִּי | חָפֵץ | בּוֹ׃ |
| | સોંપ | તરફ | યહોવાહને | તે-છોડાવે | તે-બચાવે | કારણ-કે | તે-પ્રસન્ન-છે | તેનાથી |
| | H1556 | H0413 | H3068 | H6403 | H5337 | | | |

તેઓ કહે છે, “તું યહોવાહ પર ભરોસો રાખ; યહોવાહ તને છોડાવશે. તે તારા પર રાજી છે, માટે તે બચાવશે.”

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | כִּי־ | אַתָּה | גֹחִי | מִבָּטֶן | מַבְטִיחִי | עַל־ | שְׁדֵי | אִמִּי׃ |
| | કારણ-કે | તમે | મને-ગર્ભમાંથી-કાઢ્યો | ઉદરમાંથી | મને-ભરોસો-આપ્યો | પર | સ્તનો | મારી-માતાના |
| | | | H1518 | H0990 | H0982 | | | H0517 |

તમે મને ઉદરમાંથી બહાર લાવનાર છો; જ્યારે હું મારી માતાનું દૂધ પીતો હતો, ત્યારે તમે મારામાં ભરોસો ઉપજાવ્યો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 10 | עָלֶיךָ | הָשְׁלַכְתִּי | מֵרָחֶם | מִבֶּטֶן | אִמִּי | אֵלִי | אָתָּה׃ |
| | તમારા-પર | હું-નાખવામાં-આવ્યો | ગર્ભથી | ઉદરમાંથી | મારી-માતાના | મારા-ઈશ્વર | તમે-છો |
| | | H7993 | H7358 | H0990 | H0517 | H0410 | |

હું જન્મથી જ તમારા હાથમાં સોંપાયેલો છું મારી માતાના ગર્ભમાં હતો ત્યારથી તમે મારા ઈશ્વર છો

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 11 | אַל־ | תִּרְחַק | מִמֶּנִּי | כִּי־ | צָרָה | קְרוֹבָה | כִּי־ | אֵין | עוֹזֵר׃ |
| | દૂર-ન | રહો | મારાથી | કારણ-કે | સંકટ | નજીક-છે | કારણ-કે | કોઈ-નથી | મદદગાર |
| | H0408 | H7368 | | | | H7138 | | H0369 | H5826 |

તમે મારાથી દૂર ન જાઓ, કેમ કે સંકટ પાસે છે; મને સહાય કરનાર કોઈ નથી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 12 | סְבָבוּנִי | פָּרִים | רַבִּים | אַבִּירֵי | בָשָׁן | כִּתְּרוּנִי׃ |
| | મને-ઘેરી-લીધો | ખૂંઢોએ | ઘણા | બળવાન | બાશાનના | મને-ઘેર્યો |
| | H5437 | H6499 | | H0047 | H1316 | H3803 |

ઘણા સાંઢોએ મને ઘેરી લીધો છે; બાશાનના બળવંત સાંઢ મારી આસપાસ ફરી વળ્યા છે.

13

| | | | | | |
|---|---|---|---|---|---|
| פָּצ֣וּ | עָלַ֣י | פִּיהֶ֑ם | אַ֝רְיֵ֗ה | טֹרֵ֥ף | וְשֹׁאֵֽג׃ |
| ફાડ્યું | મારા-પર | તેમનું-મોં | સિંહ-જેવા | ફાડનારા | અને-ગર્જનારા |
| H6475 | | H6310 | | H2963 | H7580 |

ફાડી ખાનાર તથા ગર્જનાર સિંહની જેમ તેઓ મારી સામે પોતાનું મોં ઉઘાડે છે.

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כַּמַּ֥יִם | נִשְׁפַּכְתִּי֮ | וְהִתְפָּֽרְד֗וּ | כָּֽל־ | עַצְמ֫וֹתָ֥י | הָיָ֣ה | לִ֭בִּי | כַּדּוֹנָ֑ג | נָ֝מֵ֗ס | בְּת֣וֹךְ | מֵעָֽי׃ |
| પાણીની-જેમ | હું-રેડાઈ-ગયો | અને-છૂટી-ગયાં | બધાં | મારાં-હાડકાં | થયું-છે | મારું-હૃદય | મીણ-જેવું | પીગળી-ગયું | વચ્ચે | મારા-અતરના |
| H4325 | H8210 | H6504 | H3605 | H6106 | H1961 | | H1749 | H4549 | H8432 | H4578 |

જેમ પાણી વહી જાય તેમ, મારી શક્તિ ચાલી ગઈ છે અને મારાં સર્વ હાડકાં ઢીલાં થઈ ગયાં છે. મારું હૃદય મીણના જેવું બની ગયું છે; તે મારાં આતરડાંમાં પીગળી ગયું છે.

15

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יָבֵ֤שׁ | כַּחֶ֨רֶשׂ | כֹּחִ֗י | וּ֭לְשׁוֹנִי | מֻדְבָּ֣ק | מַלְקוֹחָ֑י | וְֽלַעֲפַר־ | מָ֥וֶת | תִּשְׁפְּתֵֽנִי׃ |
| સુકાઈ-ગયું | ઠીકરા-જેવું | મારું-બળ | અને-મારી-જીભ | ચોંટી-ગઈ | મારા-તાળવે | અને-ધૂળમાં | મૃત્યુની | તમે-મને-મૂક્યો |
| H3001 | H2789 | | H3956 | H1692 | | H6083 | H4194 | H8239 |

મારું બળ + 22:15 મારું ગળું વાસણના એક તૂટેલા ટુકડા જેવું સુકું થઈ ગયું છે; મારી જીભ મારા મુખના તાળવે ચોંટી જાય છે. તમે મને મરણની ધૂળમાં બેસાડી દીધો છે.

16

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֥י | סְבָב֗וּנִי | כְּלָ֫בִ֥ים | עֲדַ֣ת | מְ֭רֵעִים | הִקִּיפ֑וּנִי | כָּ֝אֲרִ֗י | יָדַ֥י | וְרַגְלָֽי׃ |
| કારણ-કે | મને-ઘેરી-લીધો | કૂતરાઓએ | ટોળી | દુષ્ટોની | મને-વીંટળી-લીધો | સિંહ-જેવા | મારા-હાથ | અને-મારા-પગ |
| | H5437 | H3611 | H5712 | | | | H3027 | H7272 |

કારણ કે મારી આસપાસ કૂતરા ફરી વળ્યા છે; મને દુષ્ટોની ટોળીએ ઘેરી લીધો છે તેઓએ મારા હાથપગ વીંધી નાખ્યા છે.

17

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֲסַפֵּ֥ר | כָּל־ | עַצְמוֹתָ֑י | הֵ֥מָּה | יַ֝בִּ֗יטוּ | יִרְאוּ־ | בִֽי׃ |
| હું-ગણી-શકું-છું | બધાં | મારાં-હાડકાં | તેઓ | તાકી-રહે-છે | જુએ-છે | મને |
| | H3605 | H6106 | H1992 | H5027 | H7200 | |

હું મારા શરીરનાં સર્વ હાડકાં ગણી શકું છું. તેઓ મને ધારીને જુએ છે;

18

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יְחַלְּק֣וּ | בְגָדַ֣י | לָהֶ֑ם | וְעַל־ | לְ֝בוּשִׁ֗י | יַפִּ֥ילוּ | גוֹרָֽל׃ |
| વહેંચે-છે | મારાં-વસ્ત્રો | તેમની-વચ્ચે | અને-પર | મારા-ઝભ્ભા | નાખે-છે | ચિઠ્ઠી |
| | | H1992 | | H3830 | H5307 | H1486 |

તેઓ મારાં વસ્ત્રો અદરોઅદર વહેંચી લે છે, તેઓ મારા ઝભ્ભાને માટે ચિઠ્ઠી નાખે છે.

19

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְאַתָּ֣ה | יְ֭הוָה | אַל־ | תִּרְחָ֑ק | אֱ֝יָלוּתִ֗י | לְעֶזְרָ֥תִי | חֽוּשָׁה׃ |
| પણ-તમે | યહોવાહ | ન | દૂર-રહો | મારું-બળ | મારી-સહાય-માટે | ઉતાવળ-કરો |
| | H3068 | H0408 | H7368 | H0360 | H5833 | |

હે યહોવાહ, મારાથી દૂર ન જાઓ; હે મારા સામર્થ્ય, મારી મદદે આવો.

20

| | | | | | |
|---|---|---|---|---|---|
| הַצִּ֣ילָה | מֵחֶ֣רֶב | נַפְשִׁ֑י | מִיַּד־ | כֶּ֝֗לֶב | יְחִידָתִֽי׃ |
| બચાવો | તલવારથી | મારો-જીવ | હાથમાંથી | કૂતરાના | મારો-એકમાત્ર-જીવ |
| H5337 | H2719 | H5315 | H3027 | H3611 | H3173 |

મને આ તલવારથી બચાવો, મારા મૂલ્યવાન જીવનને આ કૂતરાના કબજામાંથી છોડાવો.

21

| | | | | | |
|---|---|---|---|---|---|
| ה֭וֹשִׁיעֵנִי | מִפִּ֣י | אַרְיֵ֑ה | וּמִקַּרְנֵ֖י | רֵמִ֣ים | עֲנִיתָֽנִי׃ |
| બચાવો-મને | મોંમાંથી | સિંહના | અને-શિંગડાંઓથી | જંગલી-ખૂંઢોના | તમે-મને-જવાબ-આપ્યો |
| H3467 | H6310 | | | H7214 | |

મને સિંહોનાં મોંમાંથી બચાવો; તમે જંગલી સાંઢોના શિંગડાંઓથી મને બચાવશે + 22:21 ઈશ્વર સંભાળશે.

| 22 | | | | | |
|---|---|---|---|---|---|
| אֲסַפְּרָה | שִׁמְךָ | לְאֶחָי | בְּתוֹךְ | קָהָל | אֲהַלְלֶךָּ׃ |
| હું-પ્રગટ-કરીશ | તમારું-નામ | મારા-ભાઈઓને | વચ્ચે | સભાની | હું-તમારી-સ્તુતિ-કરીશ |
| | H8034 | H0251 | H8432 | H6951 | |

હું મારા ભાઈઓમાં તમારું નામ પ્રગટ કરીશ; હું ભરી સભામાં તમારી સ્તુતિ કરીશ.

| 23 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יִרְאֵי | יְהוָה | הַלְלוּהוּ | כָּל־ | זֶרַע | יַעֲקֹב | כַּבְּדוּהוּ | וְגוּרוּ | מִמֶּנּוּ | כָּל־ | זֶרַע | יִשְׂרָאֵל׃ |
| ડરનારાઓ | યહોવાહથી | તેમની-સ્તુતિ-કરો | બધા | વંશજો | યાકૂબના | તેમનો-મહિમા-કરો | અને-ભય-રાખો | તેમનાથી | બધા | વંશજો | ઇઝરાયલના |
| H3373 | H3068 | | H3605 | H2233 | H3290 | H3513 | | | H3605 | H2233 | H3478 |

હે યહોવાહનો ભય રાખનારાઓ, તેમનાં ગુણગાન ગાઓ□ તમે બધા યાકૂબના વંશજો, તેમને માન આપો□ હે ઇઝરાયલના સર્વ વંશજો, તમે તેમનું ભય રાખો.

| 24 | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | לֹא־ | בָזָה | וְלֹא | שִׁקַּץ | עֱנוּת | עָנִי | וְלֹא־ | הִסְתִּיר | פָּנָיו | מִמֶּנּוּ | וּבְשַׁוְּעוֹ | אֵלָיו | שָׁמֵעַ׃ |
| કારણ-કે | નહિ | ધિક્કાર્યું | અને-નહિ | ઘૃણા-કરી | દુઃખ | દુઃખીનું | અને-નહિ | છુપાવ્યું | પોતાનું-મુખ | તેનાથી | અને-જ્યારે-પોકાર્યું | તેમને | સાંભળ્યું |
| | H3808 | H0959 | H3808 | H8262 | H6039 | H6041 | H3808 | H5641 | H6440 | | H7768 | H0413 | H8085 |

કેમ કે તેમણે દુઃખીઓના દુઃખને તુચ્છ ગણ્યું નથી અને તેનાથી કંટાળ્યા નથી; યહોવાહે તેનાથી પોતાનું મુખ ફેરવ્યું નથી; જ્યારે તેણે મદદને માટે અરજ કરી, ત્યારે તેમણે તેનું સાંભળ્યું.

| 25 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מֵאִתְּךָ | תְּהִלָּתִי | בְּקָהָל | רָב | נְדָרַי | אֲשַׁלֵּם | נֶגֶד | יְרֵאָיו׃ |
| તમારા-તરફથી | મારી-સ્તુતિ | સભામાં | મોટી | મારી-માનતાઓ | હું-પૂરી-કરીશ | સામે | તેમનાથી-ડરનારાઓના |
| H0854 | H8416 | H6951 | | H5088 | | H5048 | H3373 |

હું તમારી કૃપાથી મોટી મંડળીમાં તમારી સ્તુતિ કરું છું; તેમનું ભય રાખનારાઓની આગળ હું મારી પ્રતિજ્ઞાઓ પૂરી કરીશ.

| 26 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יֹאכְלוּ | עֲנָוִים | וְיִשְׂבָּעוּ | יְהַלְלוּ | יְהוָה | דֹּרְשָׁיו | יְחִי | לְבַבְכֶם | לָעַד׃ |
| ખાશે | નમ્ર-લોકો | અને-તૃપ્ત-થશે | સ્તુતિ-કરશે | યહોવાહની | તેમના-શોધનારાઓ | જીવે | તમારાં-હૃદયો | સદાકાળ |
| H0398 | H6035 | H7646 | | H3068 | H1875 | H2421 | H3824 | H5703 |

દરિદ્રીઓ ખાઈને તૃપ્ત થશે; જેઓ યહોવાહને શોધે છે, તેઓ તેમની સ્તુતિ કરશે. તેઓનો + 22:26 અમારું હૃદય સર્વકાળ જીવો.

| 27 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְיִזְכְּרוּ | וְיָשֻׁבוּ | אֶל־ | יְהוָה | כָּל־ | אַפְסֵי־ | אָרֶץ | וְיִשְׁתַּחֲווּ | לְפָנֶיךָ | כָּל־ | מִשְׁפְּחוֹת | גּוֹיִם׃ |
| યાદ-કરશે | અને-ફરશે | તરફ | યહોવાહ | બધા | છેડાઓ | પૃથ્વીના | અને-નમન-કરશે | તમારી-આગળ | બધા | કુળો | દેશોનાં |
| H2142 | H7725 | H0413 | H3068 | H3605 | | H0776 | H7812 | H6440 | H3605 | H4940 | |

પૃથ્વીના સર્વ લોકો યહોવાહને સંભારીને તેમની તરફ ફરશે; વિદેશીઓનાં સર્વ કુટુંબો તેમની + 22:27 તમારી આગળ આવીને પ્રણામ કરશે.

| 28 | | | | |
|---|---|---|---|---|
| כִּי | לַיהוָה | הַמְּלוּכָה | וּמֹשֵׁל | בַּגּוֹיִם׃ |
| કારણ-કે | યહોવાહનું-છે | રાજ્ય | અને-તે-શાસન-કરે-છે | દેશો-પર |
| | H3068 | H4410 | H4910 | |

કારણ કે રાજ્ય યહોવાહનું છે; તે સર્વ પ્રજા પર રાજ કરે છે.

29
אָכְלוּ ખાધું H0398
וַיִּשְׁתַּחֲווּ અને-નમન-કર્યું H7812
כָּל־ બધા H3605
דִּשְׁנֵי־ સમૃદ્ધ H1879
אֶרֶץ પૃથ્વીના H0776
לְפָנָיו તેમની-આગળ H6440
יִכְרְעוּ ઘૂંટણિયે-પડશે H3766
כָּל־ બધા H3605
יוֹרְדֵי ઊતરનારાઓ H3381
עָפָר ધૂળમાં H6083
וְנַפְשׁוֹ અને-તેનો-જીવ H5315
לֹא નહિ H3808
חִיָּה׃ જીવાડી-શકે H2421

પૃથ્વીના સર્વ મોટા લોકો પ્રણામ કરશે + 22:29 તથા ભોજન કરશે; જેઓ ધૂળમાં જનારા છે, એટલે જેઓ પોતાના જીવને બચાવી શકતા નથી, તેઓ સર્વ ઈશ્વરની આગળ નમશે.

30
זֶרַע વંશ H2233
יַעַבְדֶנּוּ તેમની-સેવા-કરશે H5647
יְסֻפַּר કહેવાશે
לַאדֹנָי પ્રભુ-વિશે H0136
לַדּוֹר׃ પેઢી-દર-પેઢી H1755

તેઓના વંશજો પ્રભુ ઈશ્વરની સેવા કરશે; આવતી પેઢીની આગળ તેઓને તેનું ન્યાયીપણું પ્રગટ કરવામાં આવશે.

31
יָבֹאוּ તેઓ-આવશે H0935
וְיַגִּידוּ અને-જાહેર-કરશે H5046
צִדְקָתוֹ તેમનું-ન્યાયીપણું H6666
לְעַם લોકોને
נוֹלָד જન્મનારા H3205
כִּי કારણ-કે
עָשָׂה׃ તેમણે-કર્યું

તેઓ આવશે અને હવે પછી જન્મનારા લોકોને; તેઓનું ન્યાયીપણું પ્રગટ કરીને કહેશે કે, તેમણે તે કર્યું છે

## Chapter 23

1
מִזְמוֹר ગીત H4210
לְדָוִד દાવિદનું H1732
יְהוָה યહોવાહ H3068
רֹעִי મારા-ઘેટાંપાળક-છે
לֹא નહિ H3808
אֶחְסָר׃ મને-ખૂટશે H2637

યહોવાહ મારા પાળક છે; તેથી મને કશી ખોટ પડશે નહિ.

2
בִּנְאוֹת લીલા H4999
דֶּשֶׁא ઘાસચારામાં H1877
יַרְבִּיצֵנִי તે-મને-સુવાડે-છે H7257
עַל־ પાસે
מֵי પાણી H4325
מְנֻחוֹת શાંત H4496
יְנַהֲלֵנִי׃ તે-મને-દોરે-છે H5095

તે મને લીલાં ઘાસમાં સુવાડે છે તે મને શાંત પાણીની પાસે દોરી જાય છે.

3
נַפְשִׁי મારા-જીવને H5315
יְשׁוֹבֵב તે-તાજો-કરે-છે H7725
יַנְחֵנִי તે-મને-દોરે-છે H5148
בְמַעְגְּלֵי־ માર્ગોમાં H4570
צֶדֶק ન્યાયના H6664
לְמַעַן ખાતર H4616
שְׁמוֹ׃ પોતાના-નામના H8034

તે મારા આત્માને તાજગી આપે છે; પોતાના નામની ખાતર તે મને ન્યાયીપણાને માર્ગે ચલાવે છે.

4
גַּם ભલે H1571
כִּי־ જો
אֵלֵךְ હું-ચાલું H3212
בְּגֵיא ખીણમાં H1516
צַלְמָוֶת મૃત્યુની-છાયાની H6757
לֹא־ નહિ H3808
אִירָא હું-ડરીશ H3372
רָע ભૂંડાઈથી
כִּי־ કારણ-કે
אַתָּה તમે
עִמָּדִי મારી-સાથે-છો H5978
שִׁבְטְךָ તમારી-લાકડી H7626
וּמִשְׁעַנְתֶּךָ અને-તમારી-છડી
הֵמָּה તે H1992
יְנַחֲמֻנִי׃ મને-દિલાસો-આપે-છે H5162

જો કે હું મૃત્યુની છાયાની ખીણમાં ચાલું, તોય હું કંઈપણ દુષ્ટતાથી બીશ નહિ, કેમ કે તમે મારી સાથે છો; તમારી લાકડી તથા તમારી છડી મને દિલાસો આપે છે.

5
תַּעֲרֹךְ તમે-ગોઠવો-છો
לְפָנַי મારી-આગળ H6440
שֻׁלְחָן ભોજન H7979
נֶגֶד સામે H5048
צֹרְרָי મારા-દુશ્મનોની
דִּשַּׁנְתָּ તમે-અભિષેક-કર્યો H1878
בַשֶּׁמֶן તેલથી H8081
רֹאשִׁי મારું-માથું
כּוֹסִי મારો-પ્યાલો
רְוָיָה׃ છલકાય-છે H7310

તમે મારા દુશ્મનોની સામે મારે માટે ભોજન પીરસો છો તમે મારા માથા પર તેલ રેડ્યું છે; મારો પ્યાલો છલકાઈ જાય છે + 23:5 જુઓ લૂક 7:46.

| 6 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַ֤ךְ | ט֤וֹב | וָחֶ֣סֶד | יִ֭רְדְּפוּנִי | כָּל־ | יְמֵ֣י | חַיָּ֑י | וְשַׁבְתִּ֥י | בְּבֵית־ | יְ֝הוָ֗ה | לְאֹ֣רֶךְ | יָמִֽים׃ |
| ખરેખર | ભલાઈ | અને-કૃપા | મારી-પાછળ-આવશે | બધા | દિવસો | મારા-જીવનના | અને-હું-વસીશ | ઘરમાં | યહોવાહના | લાંબા-સમય-સુધી | દિવસોના |
| H0389 | | | H7291 | H3605 | H3117 | | H3427 | | H3068 | H0753 | H3117 |

નિશ્ચે મારી જિંદગીના સર્વ દિવસો દરમ્યાન ભલાઈ તથા દયા મારી સાથે આવશે; અને હું સદા સર્વકાળ સુધી યહોવાહના ઘરમાં રહીશ.

## Chapter 24

| 1 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לְדָוִ֗ד | מִ֫זְמ֥וֹר | לַֽ֭יהוָה | הָאָ֣רֶץ | וּמְלוֹאָ֑הּ | תֵּ֝בֵ֗ל | וְיֹ֣שְׁבֵי | בָֽהּ׃ |
| દાવિદનું | ગીત | યહોવાહની-છે | પૃથ્વી | અને-તેમાંની-પૂર્ણતા | વિશ્વ | અને-તેમાં-વસનારાઓ | તેમાં |
| H1732 | H4210 | H3068 | H0776 | H4393 | H8398 | H3427 | |

પૃથ્વી તથા તેનું સર્વસ્વ યહોવાહનાં છે, જગત અને તેમાં વસનારાં પણ તેમનાં છે.

| 2 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | ה֭וּא | עַל־ | יַמִּ֣ים | יְסָדָ֑הּ | וְעַל־ | נְ֝הָר֗וֹת | יְכוֹנְנֶֽהָ׃ |
| કારણ-કે | તેમણે | પર | સમુદ્રો | તેની-સ્થાપના-કરી | અને-પર | નદીઓ | તેને-દૃઢ-કરી |
| | H1931 | | H3220 | H3245 | | H5104 | |

કેમ કે તેમણે સમુદ્રો પર તેનો પાયો નાખ્યો છે અને નદીઓ પર તેને સ્થાપન કરી છે.

| 3 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מִי־ | יַעֲלֶ֥ה | בְהַר־ | יְהוָ֑ה | וּמִי־ | יָ֝קוּם | בִּמְק֥וֹם | קָדְשֽׁוֹ׃ |
| કોણ | ચડશે | પર્વત-પર | યહોવાહના | અને-કોણ | ઊભા-રહેશે | જગ્યામાં | પવિત્રતાના |
| H4310 | H5927 | H2022 | H3068 | H4310 | | H4725 | H6944 |

યહોવાહના પર્વત + 24:3 આ પર્વત પર મંદિર બાંધવામાં આવ્યું હતું. લોકો સિયોન પર્વત ચઢીને મંદિરમાં પ્રવેશતા હતા અને ઈશ્વરની ઉપાસના કરતા હતા. પર કોણ ચઢી શકશે? તેમના પવિત્રસ્થાનમાં કોણ પ્રવેશ કરશે?

| 4 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| נְקִ֥י | כַפַּ֗יִם | וּֽבַר־ | לֵ֫בָ֥ב | אֲשֶׁ֤ר | לֹא־ | נָשָׂ֣א | לַשָּׁ֣וְא | נַפְשִׁ֑י | וְלֹ֖א | נִשְׁבַּ֣ע | לְמִרְמָֽה׃ |
| શુદ્ધ | હાથવાળો | અને-પવિત્ર | હૃદયવાળો | જેણે | નહિ | ઉચક્યું | જૂઠાણું-માટે | પોતાનો-જીવ | અને-નહિ | શપથ-લીધો | છળથી |
| | H3709 | H1249 | H3824 | | H3808 | H5375 | H7723 | H5315 | H3808 | H7650 | H4820 |

જેના હાથ શુદ્ધ છે અને જેનું હૃદય પવિત્ર છે; જેણે પોતાનું મન અસત્યમાં લગાડ્યું નથી અને જે જૂઠા સમ ખાતો નથી તે જ ઊભો રહી શકશે.

| 5 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יִשָּׂ֣א | בְ֭רָכָה | מֵאֵ֣ת | יְהוָ֑ה | וּ֝צְדָקָ֗ה | מֵאֱלֹהֵ֥י | יִשְׁעֽוֹ׃ |
| તે-પામશે | આશીર્વાદ | તરફથી | યહોવાહ | અને-ન્યાયીપણું | તેના-ઉદ્ધારક-ઈશ્વરથી | તેની-મુક્તિના |
| H5375 | H1293 | H0854 | H3068 | H6666 | H0430 | H3468 |

તે યહોવાહનો આશીર્વાદ પ્રાપ્ત કરશે અને પોતાના ઉદ્ધાર કરનાર ઈશ્વરથી ન્યાયીપણું પામશે.

| 6 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| זֶ֭ה | דּ֣וֹר | (דרשו) | [דֹּרְשָׁ֑יו] | מְבַקְשֵׁ֨י | פָנֶ֖יךָ | יַעֲקֹ֣ב | סֶֽלָה׃ |
| આ | પેઢી | છે-(તેને-શોધનારી) | તેના-શોધનારી | તમારું-મુખ-શોધનારી | તમારું-મુખ | યાકૂબ | સેલાહ |
| H2088 | H1755 | H1875 | H1875 | H1245 | H6440 | H3290 | H5542 |

હે યાકૂબના ઈશ્વર, જેઓ તમારું મુખ શોધે છે તેઓની પેઢી આ છે. સેલાહ.

| 7 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| שְׂא֤וּ | שְׁעָרִ֨ים | רָֽאשֵׁיכֶ֗ם | וְֽ֭הִנָּשְׂאוּ | פִּתְחֵ֣י | עוֹלָ֑ם | וְ֝יָב֗וֹא | מֶ֣לֶךְ | הַכָּבֽוֹד׃ |
| ઊંચા-કરો | દ્વારો | તમારાં-માથાં | અને-ઊંચા-કરો | પ્રવેશદ્વારો | સનાતનના | અને-આવે | રાજા | ગૌરવનો |
| H5375 | H8179 | | H5375 | H6607 | H5769 | H0935 | H4428 | H3519 |

હે પ્રવેશદ્વારો, તમારાં માથા ઊંચાં કરો; હે પ્રાચીન પ્રવેશદ્વારો, તમે ઊંચાં થાઓ, કે જેથી ગૌરવવાન રાજા અદર આવશે

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מִ֥י | זֶה֮ | מֶ֤לֶךְ | הַכָּ֫בוֹד | יְ֭הוָה | עִזּ֣וּז | וְגִבּ֑וֹר | יְ֝הוָ֗ה | גִּבּ֥וֹר | מִלְחָמָֽה׃ |
| કોણ | છે-આ | રાજા | ગૌરવનો | યહોવાહ | શક્તિશાળી | અને-પરાક્રમી | યહોવાહ | યુદ્ધમાં-પરાક્રમી | યુદ્ધનો |
| H4310 | H2088 | H4428 | H3519 | H3068 | H5808 | H1368 | H3068 | H1368 | H4421 |

ગૌરવવાન રાજા તે કોણ છે? યહોવાહ, જે બળવાન તથા યુદ્ધમાં પરાક્રમી છે, તે જ.

9

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| שְׂא֤וּ | שְׁעָרִ֨ים | רָֽאשֵׁיכֶ֗ם | וּ֭שְׂאוּ | פִּתְחֵ֣י | עוֹלָ֑ם | וְ֝יָבֹ֗א | מֶ֣לֶךְ | הַכָּבֽוֹד׃ |
| ઊંચા-કરો | દ્વારો | તમારાં-માથાં | અને-ઊંચા-કરો | પ્રવેશદ્વારો | સનાતનના | અને-આવે | રાજા | ગૌરવનો |
| H5375 | H8179 | | H5375 | H6607 | H5769 | H0935 | H4428 | H3519 |

હે પ્રવેશદ્વારો, તમારાં માથાં ઊંચાં કરો; હે પ્રાચીન પ્રવેશદ્વારો, તમે પણ ઊંચાં થાઓ, કે જેથી ગૌરવવાન રાજા અદર આવશે

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִ֤י | ה֣וּא | זֶה֮ | מֶ֤לֶךְ | הַכָּ֫בוֹד | יְהוָ֥ה | צְבָא֑וֹת | ה֤וּא | מֶ֖לֶךְ | הַכָּב֣וֹד | סֶֽלָה׃ |
| કોણ | છે | આ | રાજા | ગૌરવનો | યહોવાહ | સેનાઓનો | તે-છે | રાજા | ગૌરવનો | સેલાહ |
| H4310 | H1931 | H2088 | H4428 | H3519 | H3068 | | H1931 | H4428 | H3519 | H5542 |

આ ગૌરવવાન રાજા તે કોણ છે? યહોવાહ આકાશોના સર્વ સૈન્યોના માલિક એ જ ગૌરવવાન રાજા છે. સેલાહ.

## Chapter 25

1

| | | | | |
|---|---|---|---|---|
| לְדָוִ֡ד | אֵלֶ֥יךָ | יְ֝הוָ֗ה | נַפְשִׁ֥י | אֶשָּֽׂא׃ |
| દાવિદનું | તમારી-તરફ | યહોવાહ | મારો-જીવ | હું-ઊંચો-કરું-છું |
| H1732 | H0413 | H3068 | H5315 | H5375 |

હે યહોવાહ, હું તમારામાં મારું અતઃકરણ લગાડું છું

2

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֱֽלֹהַ֗י | בְּךָ֣ | בָ֭טַחְתִּי | אַל־ | אֵב֑וֹשָׁה | אַל־ | יַעַלְצ֖וּ | אֹיְבַ֣י | לִֽי׃ |
| મારા-ઈશ્વર | તમારા-પર | મેં-ભરોસો-રાખ્યો | મને-ન | શરમાવો | મને-ન | આનંદ-કરવા-દો | મારા-શત્રુઓને | મારા-પર |
| H0430 | | H0982 | H0408 | H0954 | H0408 | H5970 | H0341 | |

હે મારા ઈશ્વર, હું તમારા પર ભરોસો રાખું છું. મને અપમાનિત ન થવા દો; મારા શત્રુઓને મારા પર વિજય મેળવીને આનંદિત થવા ન દો.

3

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| גַּ֣ם | כָּל־ | קֹ֭וֶיךָ | לֹ֣א | יֵבֹ֑שׁוּ | יֵ֝בֹ֗שׁוּ | הַבּוֹגְדִ֥ים | רֵיקָֽם׃ |
| ખરેખર | બધા | તમારી-રાહ-જોનારાઓ | નહિ | શરમાશે | શરમાશે | વિશ્વાસઘાતી-કરનારા | ખાલી-હાથે |
| H1571 | H3605 | | H3808 | H0954 | H0954 | H0898 | H7387 |

જેઓ તમારામાં આશા રાખે છે તેઓમાંનો કોઈ શરમાશે નહિ, પણ જેઓ વગર કારણે કપટ કરે છે તેઓ બદનામ થશે

4

| | | | | |
|---|---|---|---|---|
| דְּרָכֶ֣יךָ | יְ֭הוָה | הוֹדִיעֵ֑נִי | אֹ֖רְחוֹתֶ֣יךָ | לַמְּדֵֽנִי׃ |
| તમારા-માર્ગો | યહોવાહ | મને-જણાવો | તમારા-રસ્તાઓ | મને-શીખવો |
| H1870 | H3068 | H3045 | H0734 | H3925 |

હે યહોવાહ, મને તમારા માર્ગ બતાવો; તમારા રસ્તા વિષે મને શીખવો.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַדְרִ֘יכֵ֤נִי | בַאֲמִתֶּ֨ךָ | וְֽלַמְּדֵ֗נִי | כִּֽי־ | אַ֭תָּה | אֱלֹהֵ֣י | יִשְׁעִ֑י | אוֹתְךָ֥ | קִ֝וִּ֗יתִי | כָּל־ | הַיּֽוֹם׃ |
| મને-દોરો | તમારા-સત્યમાં | અને-શીખવો-મને | કારણ-કે | તમે | ઈશ્વર-છો | મારા-ઉદ્ધારના | તમારી | હું-રાહ-જોઈ-છું | બધો | દિવસ |
| H1869 | H0571 | H3925 | | | H0430 | H3468 | H0853 | | H3605 | H3117 |

તમારા સત્યમાં મને દોરો અને મને શીખવો, કેમ કે તમે મારો ઉદ્ધાર કરનાર ઈશ્વર છો; હું આખો દિવસ તમારામાં આશા રાખું છું.

6

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| זְכֹר־ | רַחֲמֶ֣יךָ | יְ֭הוָה | וַחֲסָדֶ֑יךָ | כִּ֖י | מֵעוֹלָ֣ם | הֵֽמָּה׃ |
| યાદ-કરો | તમારી-કરુણાઓ | યહોવાહ | અને-તમારી-કૃપાઓ | કારણ-કે | સનાતનથી | તે-છે |
| H2142 | | H3068 | | | H5769 | H1992 |

હે યહોવાહ, તમારી કૃપા તથા તમારા વાત્સલ્યનું સ્મરણ કરો; કારણ કે તેઓ હંમેશાં સનાતન છે.

7

| | | |
|---|---|---|
| חַטֹּאות | પાપો | |
| נְעוּרַי | મારી-યુવાનીના | |
| וּפְשָׁעַי | અને-મારા-અપરાધો | H6588 |
| אַל־ | યાદ-ન | H0408 |
| תִּזְכֹּר | કરો | H2142 |
| כְּחַסְדְּךָ | તમારી-કૃપા-પ્રમાણે | |
| זְכָר־ | યાદ-કરો | H2142 |
| לִי־ | મને | |
| אַתָּה | તમે | |
| לְמַעַן | ખાતર | H4616 |
| טוּבְךָ | તમારી-ભલાઈને | H2898 |
| יְהוָה׃ | યહોવાહ | H3068 |

મારી જુવાનીનાં પાપ અને મારા અપરાધનું સ્મરણ ન કરો; હે યહોવાહ, તમારી ભલાઈ અને તમારી કૃપા પ્રમાણે મને સંભારો

8

| | | |
|---|---|---|
| טוֹב־ | ભલા | |
| וְיָשָׁר | અને-ન્યાયી | H3477 |
| יְהוָה | છે-યહોવાહ | H3068 |
| עַל־ | તેથી | |
| כֵּן | તેથી | |
| יוֹרֶה | તે-શીખવે-છે | |
| חַטָּאִים | પાપીઓને | H2400 |
| בַּדָּרֶךְ׃ | માર્ગમાં | H1870 |

યહોવાહ ઉત્તમ અને ન્યાયી છે; તેથી તે પાપીઓને સાચા માર્ગ વિષે શીખવશે.

9

| | | |
|---|---|---|
| יַדְרֵךְ | તે-ચલાવે-છે | H1869 |
| עֲנָוִים | નમ્રોને | H6035 |
| בַּמִּשְׁפָּט | ન્યાયમાં | H4941 |
| וִילַמֵּד | અને-શીખવે-છે | H3925 |
| עֲנָוִים | નમ્રોને | H6035 |
| דַּרְכּוֹ׃ | પોતાનો-માર્ગ | H1870 |

તે નમ્ર લોકોને ન્યાયી બનવા માટે દોરે છે અને તે તેઓને તેઓના માર્ગે ચાલવાનું શીખવશે.

10

| | | |
|---|---|---|
| כָּל־ | બધા | H3605 |
| אָרְחוֹת | માર્ગો | H0734 |
| יְהוָה | યહોવાહના | H3068 |
| חֶסֶד | કૃપા | |
| וֶאֱמֶת | અને-સત્ય-છે | H0571 |
| לְנֹצְרֵי | જે-પાળે-છે | H5341 |
| בְרִיתוֹ | તેમનો-કરાર | H1285 |
| וְעֵדֹתָיו׃ | અને-તેમના-સાક્ષીઓ-માટે | |

જેઓ તેમનો કરાર તથા તેમના સાક્ષ્યો પાળે છે, તેઓને માટે યહોવાહના સર્વ માર્ગો કૃપા તથા સત્યતાથી ભરેલા છે.

11

| | | |
|---|---|---|
| לְמַעַן־ | ખાતર | H4616 |
| שִׁמְךָ | તમારા-નામને | H8034 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| וְסָלַחְתָּ | અને-માફ-કરો | H5545 |
| לַעֲוֹנִי | મારા-અપરાધોને | H5771 |
| כִּי | કારણ-કે | |
| רַב־ | મોટા | |
| הוּא׃ | તે-છે | H1931 |

હે યહોવાહ, તમારા નામની ખાતર, મારા પાપની ક્ષમા કરો, કેમ કે તે ઘણા છે.

12

| | | |
|---|---|---|
| מִי־ | કોણ | H4310 |
| זֶה | છે-આ | H2088 |
| הָאִישׁ | માણસ | H0376 |
| יְרֵא | જે-ડરે-છે | H3373 |
| יְהוָה | યહોવાહથી | H3068 |
| יוֹרֶנּוּ | તેને-શીખવશે | |
| בְּדֶרֶךְ | માર્ગમાં | H1870 |
| יִבְחָר׃ | જે-તે-પસંદ-કરે | H0977 |

યહોવાહથી બીહે એવું માણસ કયું છે? કયો માર્ગ પસંદ કરવો તે તેને પ્રભુ શીખવે છે.

13

| | | |
|---|---|---|
| נַפְשׁוֹ | તેનો-જીવ | H5315 |
| בְּטוֹב | ભલાઈમાં | |
| תָּלִין | વસશે | |
| וְזַרְעוֹ | અને-તેનો-વંશ | H2233 |
| יִירַשׁ | વારસો-પામશે | H3423 |
| אָרֶץ׃ | પૃથ્વી | H0776 |

તેનો જીવ સુખમાં રહેશે; અને તેના વંશજો દેશનો વારસો પામશે.

14

| | | |
|---|---|---|
| סוֹד | રહસ્ય | H5475 |
| יְהוָה | યહોવાહનું | H3068 |
| לִירֵאָיו | તેમના-માટે-છે-જે-તેમનાથી-ડરે-છે | H3373 |
| וּבְרִיתוֹ | અને-તેમનો-કરાર | H1285 |
| לְהוֹדִיעָם׃ | તેમને-જણાવવા | H3045 |

યહોવાહનો મર્મ તેમના ભક્તોની પાસે છે અને તેઓને તે પોતાનો કરાર જણાવે છે.

15

| | | |
|---|---|---|
| עֵינַי | મારી-આંખો | |
| תָּמִיד | હંમેશાં | H8548 |
| אֶל־ | તરફ | H0413 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| כִּי | કારણ-કે | |
| הוּא־ | તે | H1931 |
| יוֹצִיא | છોડાવશે | H3318 |
| מֵרֶשֶׁת | જાળમાંથી | H7568 |
| רַגְלָי׃ | મારા-પગ | H7272 |

મારી દ્રષ્ટિ સદા યહોવાહ તરફ છે, કારણ કે તે મારા પગને જાળમાંથી મુક્ત કરશે.

16

| | | |
|---|---|---|
| פְּנֵה־ | જુઓ | H6437 |
| אֵלַי | મારી-તરફ | H0413 |
| וְחָנֵּנִי | અને-કૃપા-કરો-મારા-પર | |
| כִּי־ | કારણ-કે | |
| יָחִיד | એકલો | H3173 |
| וְעָנִי | અને-ગરીબ | H6041 |
| אָנִי׃ | છું-હું | H0589 |

તમે મારી તરફ ફરો અને મારા પર દયા કરો; કેમ કે હું નિરાશ્રિત અને દુ:ખી છું.

| | | | | | |
|---|---|---|---|---|---|
| הוֹצִיאֵנִי׃ | מִמְּצוּקוֹתַי | הִרְחִיבוּ | לְבָבִי | צָרוֹת | 17 |
| મને-બહાર-કાઢો | મારી-મુશ્કેલીઓમાંથી | વધ્યા-છે | મારા-હૃદયના | સંકટો | |
| H3318 | H4691 | H7337 | H3824 | | |

મારા મનનું દુ:ખ વધી ગયું છે; તમે મને મારા સંકટમાંથી છોડાવો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| חַטֹּאותָי׃ | לְכָל־ | וְשָׂא | וַעֲמָלִי | עָנְיִי | רְאֵה | 18 |
| મારાં-પાપોને | બધા | અને-માફ-કરો | અને-મારી-મહેનત | મારું-દુ:ખ | જુઓ | |
| | H3605 | H5375 | H5999 | H6040 | H7200 | |

મારાં દુ:ખ તથા વેદના પર નજર કરો; મારાં સર્વ પાપની ક્ષમા કરો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שְׂנֵאוּנִי׃ | חָמָס | וְשִׂנְאַת | רָבּוּ | כִּי־ | אוֹיְבַי | רְאֵה־ | 19 |
| મને-ધિક્કારે-છે | હિંસાની | અને-ધિક્કારી | તેઓ-વધ્યા-છે | કારણ-કે | મારા-શત્રુઓને | જુઓ | |
| H8130 | H2555 | H8135 | H7231 | | H0341 | H7200 | |

મારા શત્રુઓને જુઓ, કેમ કે તેઓ ઘણા છે; તેઓ કેટલી ક્રૂરતાથી મારી ઘૃણા કરે છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בָךְ׃ | חָסִיתִי | כִּי־ | אֵבוֹשׁ | אַל־ | וְהַצִּילֵנִי | נַפְשִׁי | שָׁמְרָה | 20 |
| તમારામાં | મેં-આશરો-લીધો-છે | કારણ-કે | શરમાવો | મને-ન | અને-મને-છોડાવો | મારો-જીવ | રક્ષા-કરો | |
| | H2620 | | H0954 | H0408 | H5337 | H5315 | H8104 | |

મારા જીવનું રક્ષણ કરો અને મને છોડાવો; મારી લાજ જવા દેતા નહિ, કારણ કે હું તમારા પર ભરોસો રાખું છું.

| | | | | | |
|---|---|---|---|---|---|
| קִוִּיתִיךָ׃ | כִּי | יִצְּרוּנִי | וָיֹשֶׁר | תֹּם־ | 21 |
| હું-તમારી-રાહ-જોઈ-છું | કારણ-કે | મારી-રક્ષા-કરે | અને-પ્રામાણિકતા | સચ્ચાઈ | |
| | | H5341 | H3476 | H8537 | |

પ્રામાણિકપણું તથા ન્યાયીપણું મારું રક્ષણ કરો, કારણ કે હું તમારા પર આશા રાખું છું.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| צָרוֹתָיו׃ | מִכֹּל | יִשְׂרָאֵל | אֶת־ | אֱלֹהִים | פְּדֵה | 22 |
| તેની-મુશ્કેલીઓમાંથી | બધી | ઇઝરાયલને | ઇઝરાયલને | ઈશ્વર | છોડાવો | |
| | H3605 | H3478 | H0853 | H0430 | H6299 | |

હે ઈશ્વર, ઇઝરાયલને તેનાં સર્વ સંકટોમાંથી છોડાવો.

## Chapter 26

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּבַיהוָה | הָלַכְתִּי | בְּתֻמִּי | אֲנִי | כִּי־ | יְהוָה | שָׁפְטֵנִי | לְדָוִד | 1 |
| અને-યહોવાહ-પર | ચાલ્યો-છું | મારી-પ્રામાણિકતામાં | હું | કારણ-કે | યહોવાહ | મારો-ન્યાય-કરો | દાવિદનું | |
| H3068 | H1980 | H8537 | H0589 | | H3068 | H8199 | H1732 | |
| | | | | | אֶמְעָד׃ | לֹא | בָטַחְתִּי | |
| | | | | | હું-ડગમગીશ | નહિ | મેં-ભરોસો-રાખ્યો-છે | |
| | | | | | H4571 | H3808 | H0982 | |

હે યહોવાહ, મારો ન્યાય કરો, કેમ કે હું પ્રામાણિકપણે ચાલ્યો છું; મેં યહોવાહ પર ભરોસો રાખ્યો છે અને હું ડગ્યો નથી.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְלִבִּי׃ | )כִלְיוֹתַי( | ]צָרְפָה[ | צרופה | וְנַסֵּנִי | יְהוָה | בְּחָנֵנִי | 2 |
| અને-મારું-હૃદય | મારી-અતરિંદ્રિયો | શુદ્ધ-કરો | (શુદ્ધ-કરો) | અને-કસોટી-કરો-મને | યહોવાહ | મને-પરખો | |
| | H3629 | H6884 | H6884 | H5254 | H3068 | H0974 | |

હે યહોવાહ, મારી કસોટી કરીને મારી પરીક્ષા કરો; મારા અત:કરણની તથા મારા હૃદયની શુદ્ધતાની કસોટી કરો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בַּאֲמִתֶּךָ׃ | וְהִתְהַלַּכְתִּי | עֵינָי | לְנֶגֶד | חַסְדְּךָ | כִּי־ | 3 |
| તમારા-સત્યમાં | અને-હું-ચાલ્યો-છું | મારી-આખોની | સામે | તમારી-કૃપા | કારણ-કે | |
| H0571 | H1980 | | H5048 | | | |

કારણ કે તમારી કૃપા હું નજરે નિહાળું છું અને હું તમારા સત્ય માર્ગે ચાલતો આવ્યો છું.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אָבוֹא׃ | לֹא | נַעֲלָמִים | וְעִם | שָׁוְא | מְתֵי־ | עִם־ | יָשַׁבְתִּי | לֹא־ | 4 |
| જાઉં | નહિ | ઢોંગીઓની | અને-સાથે | જૂઠાઓની | વ્યર્થ | સાથે | હું-બેઠો | નહિ | |
| H0935 | H3808 | H5956 | | H7723 | H4962 | | H3427 | H3808 | |

મેં ક્યારેય દુરાચારીઓની સંગત કરી નથી હું ક્યારેય કપટીઓની સાથે જોડાયો નથી.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אֵשֵׁב׃ | לֹא | רְשָׁעִים | וְעִם־ | מְרֵעִים | קְהַל | שָׂנֵאתִי | 5 |
| બેસીશ | નહિ | દુષ્ટોની | અને-સાથે | દુષ્ટોની | સભા | હું-ધિક્કારું-છું | |
| H3427 | H3808 | H7563 | | | H6951 | H8130 | |

હું દુષ્ટોની સંગતને ધિક્કારું છું અને હું તેઓની સાથે બેસીશ નહિ.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יְהוָה׃ | מִזְבַּחֲךָ | אֶת־ | וַאֲסֹבְבָה | כַּפָּי | בְּנִקָּיוֹן | אֶרְחַץ | 6 |
| યહોવાહ | વેદીને | તમારી | અને-હું-ફરીશ | મારા-હાથ | નિર્દોષતામાં | હું-ધોઈશ | |
| H3068 | H4196 | H0853 | H5437 | H3709 | | H7364 | |

હું નિર્દોષપણામાં મારા હાથ ધોઈશ અને હે યહોવાહ, એ જ પ્રમાણે હું વેદીની પ્રદક્ષિણા કરીશ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| נִפְלְאוֹתֶיךָ׃ | כָּל־ | וּלְסַפֵּר | תּוֹדָה | בְּקוֹל | לַשְׁמִעַ | 7 |
| તમારાં-આશ્ચર્યો | બધાં | અને-કહેવા | આભારનો | અવાજે | સંભળાવવા | |
| H6381 | H3605 | | H8426 | | H8085 | |

જેથી હું આભારસ્તુતિનાં ગીત ગાઉં અને તમારાં સર્વ ચમત્કારી કામો પ્રગટ કરું.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כְּבוֹדֶךָ׃ | מִשְׁכַּן | וּמְקוֹם | בֵּיתֶךָ | מְעוֹן | אָהַבְתִּי | יְהוָה | 8 |
| તમારા-ગૌરવનું | નિવાસસ્થાન | અને-જગ્યા | તમારા-ઘરનો | નિવાસ | હું-પ્રેમ-કરું-છું | યહોવાહ | |
| H3519 | H4908 | H4725 | | H4583 | H0157 | H3068 | |

હે યહોવાહ, તમે જે ઘરમાં રહો છો તે અને તે જગ્યા કે જ્યાં તમારું ગૌરવ છે, તે મને પ્રિય છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| חַיָּי׃ | דָמִים | אַנְשֵׁי | וְעִם־ | נַפְשִׁי | חַטָּאִים | עִם־ | תֶּאֱסֹף | אַל־ | 9 |
| મારું-જીવન | લોહીના | માણસોના | અને-સાથે | મારો-જીવ | પાપીઓના | સાથે | ગુમાવો | ન | |
| | H1818 | H0376 | | H5315 | H2400 | | H0622 | H0408 | |

પાપીઓની સાથે મારો સર્વનાશ કરશો નહિ ઘાતકી માણસોની સાથે મને મારી નાખશો નહિ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שֹּׁחַד׃ | מָלְאָה | וִימִינָם | זִמָּה | בִּידֵיהֶם | אֲשֶׁר־ | 10 |
| લાંચથી | ભરેલો-છે | અને-જમણો | દુષ્ટતા | હાથમાં | જેમના | |
| H7810 | H4390 | H3225 | H2154 | H3027 | | |

તેઓને હાથે ઉપદ્રવ થાય છે અને તેઓના જમણા હાથ લાંચથી ભરેલા છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְחָנֵּנִי׃ | פְּדֵנִי | אֵלֵךְ | בְּתֻמִּי | וַאֲנִי | 11 |
| અને-કૃપા-કરો-મારા-પર | મને-છોડાવો | ચાલીશ | પ્રામાણિકતામાં | પણ-હું | |
| | H6299 | H3212 | H8537 | H0589 | |

પણ હું તો પ્રામાણિકપણે વર્તીશ; મારા પર દયા કરીને મને છોડાવો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יְהוָה׃ | אֲבָרֵךְ | בְּמַקְהֵלִים | בְמִישׁוֹר | עָמְדָה | רַגְלִי | 12 |
| યહોવાહને | હું-આશીર્વાદ-આપીશ | સભાઓમાં | સમતલ-જગ્યામાં | ઊભો-છે | મારો-પગ | |
| H3068 | H1288 | H4721 | H4334 | H5975 | H7272 | |

મારો પગ મેં સપાટ જગ્યા પર મૂકેલો છે; જનસમૂહમાં હું યહોવાહની સ્તુતિ કરીશ.

## Chapter 27

1
לְדָוִ֨ד — દાવિદનું — H1732
יְהוָ֤ה — યહોવાહ — H3068
אוֹרִ֣י — મારું-અજવાળું-છે — H0216
וְ֭יִשְׁעִי — અને-મારો-ઉદ્ધાર — H3468
מִמִּ֣י — કોનાથી — H4310
אִירָ֑א — હું-ડરું — H3372
יְהוָ֥ה — યહોવાહ — H3068
מָֽעוֹז־ — આશ્રય — H4581
חַ֝יַּ֗י — મારા-જીવનનો
מִמִּ֥י — કોનાથી — H4310
אֶפְחָֽד׃ — હું-ભય-પામું — H6342

યહોવાહ મારા ઉદ્ધારનાર તથા પ્રકાશ છે; હું કોનાથી બીહું? યહોવાહ મારા જીવનનું સામર્થ્ય છે; મને કોનો ભય લાગે?

2
בִּקְרֹ֤ב — જ્યારે-નજીક-આવે — H7126
עָלַ֨י — મારી-પર
מְרֵעִים֮ — દુષ્ટો
לֶאֱכֹ֪ל — ખાવા — H0398
אֶת־ — મારું — H0853
בְּשָׂ֫רִ֥י — માંસ — H1320
צָרַ֣י — મારા-શત્રુઓ
וְאֹיְבַ֣י — અને-મારા-વેરીઓ — H0341
לִ֑י — મને
הֵ֖מָּה — તેઓ — H1992
כָשְׁל֣וּ — લથડ્યા — H3782
וְנָפָֽלוּ׃ — અને-પડ્યા — H5307

જ્યારે દુરાચારીઓ અને મારા શત્રુઓ મારો સંહાર કરવા આવશે, ત્યારે તેઓ ઠોકર ખાઈને નીચે પડશે.

3
אִם־ — જો
תַּחֲנֶ֬ה — ઘેરો-ઘાલે — H2583
עָלַ֨י — મારી-પર
מַחֲנֶה֮ — સેના — H4264
לֹֽא־ — નહિ — H3808
יִירָ֪א — ડરશે — H3372
לִ֫בִּ֥י — મારું-હૃદય
אִם־ — જો
תָּק֣וּם — ઊઠે
עָ֭לַי — મારી-વિરુદ્ધ
מִלְחָמָ֑ה — યુદ્ધ — H4421
בְּ֝זֹ֗את — આમાં — H2063
אֲנִ֣י — હું — H0589
בוֹטֵֽחַ׃ — ભરોસો-રાખું-છું — H0982

જો કે સૈન્ય મારી સામે છાવણી નાખે, તોપણ હું મનમાં ડરીશ નહિ; જો કે મારી વિરુદ્ધ યુદ્ધ ઊઠે, તોપણ હું ઈશ્વર પર ભરોસો રાખીશ.

4
אַחַ֤ת — એક — H0259
שָׁאַ֣לְתִּי — વસ્તુ-માગી-છું-હું — H7592
מֵֽאֵת־ — તરફથી — H0854
יְהוָה֮ — યહોવાહ — H3068
אוֹתָ֪הּ — તેને — H0853
אֲבַ֫קֵּ֥שׁ — હું-શોધું-છું — H1245
שִׁבְתִּ֣י — વસવાટ — H3427
בְּבֵית־ — ઘરમાં
יְ֭הוָה — યહોવાહના — H3068
כָּל־ — બધા — H3605
יְמֵ֣י — દિવસો — H3117
חַיַּ֑י — મારા-જીવનના
לַחֲז֥וֹת — દર્શન-કરવા — H2372
בְּנֹֽעַם־ — સુંદરતા — H5278
יְ֝הוָ֗ה — યહોવાહની — H3068
וּלְבַקֵּ֥ר — અને-પૂછપરછ-કરવા — H1239
בְּהֵיכָלֽוֹ׃ — તેમના-મંદિરમાં — H1964

યહોવાહ પાસે મેં એક વરદાન માગ્યું છે: કે યહોવાહનું ઘર મારી જિંદગીના સર્વ દિવસો દરમ્યાન મારું નિવાસસ્થાન થાય, જેથી હું યહોવાહના સૌંદર્યનું અવલોકન કર્યા કરું અને તેમના પવિત્રસ્થાનમાં તેમનું ધ્યાન ધરું.

5
כִּ֤י — કારણ-કે
יִצְפְּנֵ֨נִי — તે-મને-છુપાવશે — H6845
בְּסֻכֹּה֮ — પોતાના-મંડપમાં — H5520
בְּי֪וֹם — દિવસે — H3117
רָ֫עָ֥ה — ભૂંડાઈના
יַ֭סְתִּרֵנִי — તે-મને-છુપાવશે — H5641
בְּסֵ֣תֶר — ગુપ્ત-જગ્યામાં
אָהֳל֑וֹ — પોતાના-તંબૂના — H0168
בְּ֝צ֗וּר — ખડક-પર — H6697
יְרוֹמְמֵֽנִי׃ — તે-મને-ઊંચા-કરશે

કેમ કે સંકટના સમયે તેઓ મને પોતાના મંડપમાં ગુપ્ત રાખશે; તે પોતાના મંડપને આશ્રયે મને સંતાડશે. તે મને ખડક પર ચઢાવશે

6
וְעַתָּ֨ה — અને-હવે — H6258
יָר֪וּם — ઊંચું-થશે
רֹאשִׁ֡י — મારું-માથું
עַ֤ל — પર
אֹֽיְבַ֬י — મારા-શત્રુઓ — H0341
סְֽבִיבוֹתַ֗י — આજુબાજુના — H5439
וְאֶזְבְּחָ֣ה — અને-હું-અર્પણ-કરીશ — H2076
בְ֭אָהֳלוֹ — તેમના-તંબૂમાં — H0168
זִבְחֵ֣י — અર્પણો — H2077
תְרוּעָ֑ה — આનંદના — H8643
אָשִׁ֥ירָה — હું-ગાઈશ — H7891
וַ֝אֲזַמְּרָ֗ה — અને-ગીત-ગાઈશ — H2167
לַיהוָֽה׃ — યહોવાહને — H3068

પછી મારી આસપાસના શત્રુઓ પર મારું માથું ઊંચું કરવામાં આવશે અને હું તેમના મંડપમાં હર્ષનાદનાં અર્પણ ચઢાવીશ। હું ગાઈશ અને યહોવાહનાં સ્તોત્રો ગાઈશ।

7

| | | | | | |
|---|---|---|---|---|---|
| שְׁמַע־ | יְהוָה | קוֹלִי | אֶקְרָא | וְחָנֵּנִי | וַעֲנֵנִי׃ |
| સાંભળો | યહોવાહ | મારો-અવાજ | હું-પોકારું-છું | અને-કૃપા-કરો-મારા-પર | અને-મને-જવાબ-આપો |
| H8085 | H3068 | | H7121 | | |

હે યહોવાહ, જ્યારે હું વિનંતી કરું, ત્યારે તે સાંભળો। મારા પર દયા કરીને મને ઉત્તર આપો।

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לְךָ | אָמַר | לִבִּי | בַּקְּשׁוּ | פָנָי | אֶת־ | פָּנֶיךָ | יְהוָה | אֲבַקֵּשׁ׃ |
| તમારા-માટે | કહ્યુ-છે | મારા-હૃદયે | શોધો | મારું-મુખ | તમારું | મુખ | યહોવાહ | હું-શોધીશ |
| | H0559 | | H1245 | H6440 | H0853 | H6440 | H3068 | H1245 |

મારું હૃદય તમારા વિષે કહે છે કે, "તેમનું મુખ શોધો।" હે યહોવાહ, હું તમારું મુખ શોધીશ।

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אַל־ | תַּסְתֵּר | פָּנֶיךָ | מִמֶּנִּי | אַל־ | תַּט־ | בְּאַף | עַבְדֶּךָ | עֶזְרָתִי | הָיִיתָ |
| છુપાવો-ન | તમારું-મુખ | મારાથી | મારાથી | ફેરવો-ન | ક્રોધમાં | તમારા-સેવકને | મારા-મદદગાર | તમે-રહ્યા-છો | હતા |
| H0408 | H5641 | H6440 | | H0408 | H5186 | H0639 | H5650 | H5833 | H1961 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אַל־ | תִּטְּשֵׁנִי | וְאַל־ | תַּעַזְבֵנִי | אֱלֹהֵי | יִשְׁעִי׃ |
| મને-ત્યજો-ન | અને-ન | મને-છોડી | ઈશ્વર | મારા-ઉદ્ધારના | — |
| H0408 | H5203 | H0408 | | H0430 | H3468 |

તમે તમારું મુખ મારાથી ફેરવશો નહિ; કોપ કરીને તમે તમારા સેવકને તજી દેશો નહિ। તમે મારા સહાયકારી થયા છો; હે મારા ઉદ્ધારનાર ઈશ્વર, મને દૂર ન કરો અને મને તજી ન દો।

10

| | | | | | |
|---|---|---|---|---|---|
| כִּי־ | אָבִי | וְאִמִּי | עֲזָבוּנִי | וַיהוָה | יַאַסְפֵנִי׃ |
| કારણ-કે | મારા-પિતા | અને-મારી-માતા | મને-છોડી-દે | પણ-યહોવાહ | મને-અપનાવશે |
| | H0001 | H0517 | | H3068 | H0622 |

જો કે મારા માતાપિતાએ મને તજી દીધો છે, તોપણ યહોવાહ મને સંભાળશે.

11

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הוֹרֵנִי | יְהוָה | דַּרְכֶּךָ | וּנְחֵנִי | בְּאֹרַח | מִישׁוֹר | לְמַעַן | שׁוֹרְרָי׃ |
| શીખવો-મને | યહોવાહ | તમારો-માર્ગ | અને-મને-દોરો | સીધા-રસ્તા-પર | સમતલ | ખાતર | મારા-શત્રુઓને |
| | H3068 | H1870 | H5148 | H0734 | H4334 | H4616 | H8324 |

હે યહોવાહ, મને તમારો માર્ગ શીખવો। મારા શત્રુઓને લીધે મને સરળ માર્ગે દોરી જાઓ.

12

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אַל־ | תִּתְּנֵנִי | בְּנֶפֶשׁ | צָרָי | כִּי | קָמוּ־ | בִי | עֵדֵי־ | שֶׁקֶר |
| ન | મને-સોંપો | ઇચ્છામાં | મારા-શત્રુઓના | કારણ-કે | ઊઠ્યા-છે | મારી-વિરુદ્ધ | જૂઠા | સાક્ષીઓ |
| H0408 | H5414 | H5315 | | | | | H5707 | H8267 |

| | |
|---|---|
| וִיפֵחַ | חָמָס׃ |
| અને-હિંસા-શ્વાસ-લેનારાઓ | હિંસાની |
| H3307 | H2555 |

મને મારા શત્રુઓના હાથમાં ન સોંપો, કારણ કે જૂઠા સાક્ષીઓ તથા જુલમના ફૂંફાડા મારનારા મારી વિરુદ્ધ ઊઠ્યા છે।

13

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לוּלֵא | הֶאֱמַנְתִּי | לִרְאוֹת | בְּטוּב־ | יְהוָה | בְּאֶרֶץ | חַיִּים׃ |
| જો | મેં-વિશ્વાસ-ના-કર્યો-હોત | જોવાને | ભલાઈ | યહોવાહની | પૃથ્વીમાં | જીવંતોની |
| H3884 | H0539 | H7200 | H2898 | H3068 | H0776 | |

આ જીવનમાં હું યહોવાહની દયાનો અનુભવ કરીશ, એવો જો મેં વિશ્વાસ કર્યો ન હોત તો હું નિર્બળ થઈ જાત।

14

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| קַוֵּה | אֶל־ | יְהוָה | חֲזַק | וְיַאֲמֵץ | לִבֶּךָ | וְקַוֵּה | אֶל־ | יְהוָה׃ |
| રાહ-જુઓ | યહોવાહ-માટે | યહોવાહ | મજબૂત-બનો | અને-દૃઢ-બનો | તમારું-હૃદય | અને-રાહ-જુઓ | યહોવાહ-માટે | યહોવાહ |
| | H0413 | H3068 | H2388 | H0553 | | | H0413 | H3068 |

યહોવાહની રાહ જો; બળવાન થા અને હિંમત રાખ□ હા, યહોવાહની રાહ જો□

## Chapter 28

1
לְדָוִד દાવિદનું H1732
אֵלֶיךָ તમને H0413
יְהוָה યહોવાહ H3068
אֶקְרָא હું-પોકારું-છું H7121
צוּרִי મારા-ખડક H6697
אַל־ ચૂપ-ન H0408
תֶּחֱרַשׁ રહો
מִמֶּנִּי મારાથી
פֶּן־ કદાચ H6435
תֶּחֱשֶׁה મૌન-રહો H2814
מִמֶּנִּי મારાથી
וְנִמְשַׁלְתִּי અને-હું-જેવો-થઈ-જાઉં
עִם־ જેવા
יוֹרְדֵי ઊતરનારાઓ H3381
בוֹר׃ ખાડામાં

હે યહોવાહ, હું તમને વિનંતિ કરીશ; હે મારા ખડક, મને તરછોડશો નહિ. જો તમે મારી સાથે મૌન ધારણ કરશો, તો હું કબરમાં ઊતરી જનારા જેવો થઈ જઈશ.

2
שְׁמַע સાંભળો H8085
קוֹל અવાજ
תַּחֲנוּנַי મારી-વિનંતીઓનો H8469
בְּשַׁוְּעִי જ્યારે-હું-પોકારું-છું H7768
אֵלֶיךָ તમને H0413
בְּנָשְׂאִי જ્યારે-હું-ઊંચા-કરું-છું H5375
יָדַי મારા-હાથ H3027
אֶל־ તરફ H0413
דְּבִיר પવિત્ર-સ્થાનના H1687
קָדְשֶׁךָ׃ તમારા-પવિત્ર-સ્થાનના H6944

જ્યારે હું તમને વિનંતી કરું, ત્યારે મારા કાલાવાલા સાંભળજો, જ્યારે હું મારા હાથ તમારા પરમપવિત્રસ્થાન તરફ જોડું, ત્યારે મારી યાચનાના કાલાવાલા સાંભળજો.

3
אַל־ મને-ન H0408
תִּמְשְׁכֵנִי ખેંચો H4900
עִם־ સાથે
רְשָׁעִים દુષ્ટોની H7563
וְעִם־ અને-સાથે
פֹּעֲלֵי અનિષ્ટના H6466
אָוֶן કરનારાઓની H0205
דֹּבְרֵי શાંતિ-બોલનારાઓ H1696
שָׁלוֹם શાંતિ H7965
עִם־ સાથે
רֵעֵיהֶם પોતાના-પડોશીઓની H7453
וְרָעָה પણ-દુષ્ટતા
בִּלְבָבָם׃ તેમના-હૃદયમાં H3824

જેઓ મુખ પર શાંતિ અને હૃદયમાં પાપ રાખીને પોતાના પડોશી સાથે બોલે છે, તે દુષ્ટ અને કુકર્મીઓની સાથે મને ધકેલી દેશો નહિ.

4
תֶּן־ આપો H5414
לָהֶם તેમને H1992
כְּפָעֳלָם તેમના-કામો-પ્રમાણે H6467
וּכְרֹעַ અને-દુષ્ટતા H7455
מַעַלְלֵיהֶם તેમન□ા-કામોની H4611
כְּמַעֲשֵׂה કામો-પ્રમાણે H4639
יְדֵיהֶם તેમન□ા-હાથોના H3027
תֵּן આપો H5414
לָהֶם તેમને H1992
הָשֵׁב પાછા-આપો H7725
גְּמוּלָם તેમનું-બદલો H1576
לָהֶם׃ તેમને H1992

તેઓનાં કૃત્ય પ્રમાણે અને તેઓનાં કર્મોની દુષ્ટતા પ્રમાણે તેઓને ફળ આપો; તેઓના હાથનાં કામ પ્રમાણે તેઓને ફળ આપો; તેઓને યોગ્ય બદલો આપો.

5
כִּי કારણ-કે
לֹא તેઓ-નહિ H3808
יָבִינוּ સમજતા H0995
אֶל־ કામોને H0413
פְּעֻלֹּת યહોવાહના H6468
יְהוָה યહોવાહ H3068
וְאֶל־ અને-કામોને H0413
מַעֲשֵׂה કામોને H4639
יָדָיו તેમન□ા-હાથોન□ા H3027
יֶהֶרְסֵם તે-તોડી-પાડશે-તેમને H2040
וְלֹא અને-નહિ H3808
יִבְנֵם׃ બાંધશે-તેમને H1129

કેમ કે તેઓ યહોવાહના માર્ગો તથા તેમના હાથનાં કામો સમજતા નથી, તે તેઓને તોડી પાડશે અને કદી તેઓને સ્થિર કરશે નહિ.

6
בָּרוּךְ ધન્ય H1288
יְהוָה યહોવાહ H3068
כִּי־ કારણ-કે
שָׁמַע તેમણે-સાંભળ્યો H8085
קוֹל અવાજ
תַּחֲנוּנָי׃ મારી-વિનંતીઓનો H8469

યહોવાહની સ્તુતિ થાઓ, કારણ કે તેમણે મારા કાલાવાલા સાંભળ્યા છે

| 7 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָ֤ה | עֻזִּ֥י | וּמָגִנִּי֮ | בּ֤וֹ | בָטַ֪ח | לִבִּ֗י | וְֽנֶעֱזָ֗רְתִּי | וַיַּעֲלֹ֥ז | לִבִּ֑י | וּֽמִשִּׁירִ֥י | אֲהוֹדֶֽנּוּ׃ |
| યહોવાહ | મારું-બળ | અને-મારી-ઢાલ | તેમના-પર | ભરોસો-રાખ્યો | મારા-હૃદયે | અને-મને-સહાય-મળી | અને-આનંદિત-થયું | મારું-હૃદય | અને-મારા-ગીતથી | હું-તેમની-સ્તુતિ-કરીશ |
| H3068 | H5797 | H4043 | | H0982 | | H5826 | H5937 | | | H3034 |

યહોવાહ મારું સામર્થ્ય અને મારી ઢાલ છે; મારા હૃદયે તેમના ઉપર ભરોસો રાખ્યો છે અને મને તેમની સહાય મળી છે. માટે મારા હૃદયમાં અત્યંત આનંદ થાય છે અને તેમની સ્તુતિ ગાઈને હું તેમનો આભાર માનીશ.

| 8 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יְהוָ֥ה | עֹֽז־ | לָ֑מוֹ | וּמָע֤וֹז | יְשׁוּע֖וֹת | מְשִׁיח֣וֹ | הֽוּא׃ |
| યહોવાહ | બળ-છે | તેમનું | અને-આશ્રય | ઉદ્ધારોનો | તેમના-અભિષિક્તનો | તે-છે |
| H3068 | H5797 | | H4581 | H3444 | H4899 | H1931 |

યહોવાહ પોતાના અભિષિક્ત લોકોનું સામર્થ્ય છે તે તેમના ઉદ્ધાર માટેનો કિલ્લો છે.

| 9 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הוֹשִׁ֤יעָה ׀ | אֶת־ | עַמֶּ֗ךָ | וּבָרֵ֥ךְ | אֶת־ | נַחֲלָתֶ֑ךָ | וּֽרְעֵ֥ם | וְ֝נַשְּׂאֵ֗ם | עַד־ | הָעוֹלָֽם׃ |
| બચાવો | તમારા | લોકોને | અને-આશીર્વાદ-આપો | તમારા | વારસાને | અને-તેમને-પાળો | અને-ઊંચી-લે-તેમને | સદાકાળ | સુધી |
| H3467 | H0853 | | H1288 | H0853 | H5159 | | H5375 | H5704 | H5769 |

તમારા લોકોનો બચાવ કરો અને તમારા વારસાને આશીર્વાદ આપો. વળી તેઓનું પાલનપોષણ કરીને સદા તેઓને ઊંચકી રાખો.

## Chapter 29

| 1 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מִזְמ֗וֹר | לְדָ֫וִ֥ד | הָב֣וּ | לַ֭יהוָה | בְּנֵ֣י | אֵלִ֑ים | הָב֥וּ | לַ֝יהוָ֗ה | כָּב֥וֹד | וָעֹֽז׃ |
| ગીત | દાવિદનું | આપો | યહોવાહને | સંતાનો | સ્વર્ગીય-પ્રાણીઓ | આપો | યહોવાહને | ગૌરવ | અને-શક્તિ |
| H4210 | H1732 | H3051 | H3068 | | H0410 | H3051 | H3068 | H3519 | H5797 |

હે પરાક્રમી યહોવાહના દીકરાઓ, તમે તેમની સ્તુતિ કરો; ગૌરવ તથા સામર્થ્ય યહોવાહને આપો.

| 2 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הָב֣וּ | לַ֭יהוָה | כְּב֣וֹד | שְׁמ֑וֹ | הִשְׁתַּחֲו֥וּ | לַ֝יהוָ֗ה | בְּהַדְרַת־ | קֹֽדֶשׁ׃ |
| આપો | યહોવાહને | ગૌરવ | તેમના-નામનો | નમન-કરો | યહોવાહને | પવિત્રતાની-શોભામાં | પવિત્રતાની |
| H3051 | H3068 | H3519 | H8034 | H7812 | H3068 | H1927 | H6944 |

યહોવાહના નામનું ગૌરવ તેમને આપો; પવિત્રતાની શોભા ધારણ કરીને યહોવાહની સ્તુતિ કરો.

| 3 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ק֥וֹל | יְהוָ֗ה | עַל־ | הַ֫מָּ֥יִם | אֵֽל־ | הַכָּב֥וֹד | הִרְעִ֑ים | יְ֝הוָ֗ה | עַל־ | מַ֣יִם | רַבִּֽים׃ |
| અવાજ | યહોવાહનો | પર | પાણીઓ | ઈશ્વર | ગૌરવનો | ગગડ્યો | યહોવાહ | પર | પાણીઓ | ઘણાં |
| | H3068 | | H4325 | H0410 | H3519 | H7481 | H3068 | | H4325 | |

યહોવાહનો સાદ સાગરો પર ગાજે છે; ગૌરવવાન ઈશ્વર ગર્જના કરે છે, યહોવાહ ઘણા પાણી પર ગર્જના કરે છે.

| 4 | | | | | |
|---|---|---|---|---|---|
| קוֹל־ | יְהוָ֥ה | בַּכֹּ֑חַ | ק֥וֹל | יְ֝הוָ֗ה | בֶּהָדָֽר׃ |
| અવાજ | યહોવાહનો | શક્તિમાં | અવાજ | યહોવાહનો | પ્રતાપમાં |
| | H3068 | | | H3068 | H1926 |

યહોવાહનો અવાજ સમર્થ છે; યહોવાહનો અવાજ માહાત્મ્યથી ભરપૂર છે.

| 5 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ק֣וֹל | יְ֭הוָה | שֹׁבֵ֣ר | אֲרָזִ֑ים | וַיְשַׁבֵּ֥ר | יְ֝הוָ֗ה | אֶת־ | אַרְזֵ֥י | הַלְּבָנֽוֹן׃ |
| અવાજ | યહોવાહનો | તોડે-છે | દેવદારોને | અને-તોડ્યા | યહોવાહે | દેવદારોને | લેબાનોનના | લેબાનોનના |
| | H3068 | H7665 | H0730 | H7665 | H3068 | H0853 | H0730 | H3844 |

યહોવાહનો અવાજ દેવદારોને ભાંગી નાખે છે; યહોવાહ લબાનોનનાં દેવદારોના ટુકડેટુકડા કરી નાખે છે.

6

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיַּרְקִידֵם | כְּמוֹ־ | עֵגֶל | לְבָנוֹן | וְשִׂרְיֹן | כְּמוֹ | בֶן־ | רְאֵמִים׃ |
| અને-તે-નચાવે-છે-તેમને | જેમ | વાછરડું | લેબાનોન | અને-શિર્યોન | જેમ | જેવું | જંગલી-ખૂંડના |
| H7540 | H3644 | H5695 | H3844 | H8303 | H3644 | | H7214 |

તે તેઓને વાછરડાની જેમ કુદાવે છે, જંગલી બળદની જેમ લબાનોન તથા સીર્યોનને કુદાવે છે.

7

| | | | | |
|---|---|---|---|---|
| קוֹל־ | יְהוָה | חֹצֵב | לַהֲבוֹת | אֵשׁ׃ |
| અવાજ | યહોવાહનો | કાપે-છે | અગ્નિની | જ્વાળાઓને |
| | H3068 | H2672 | H3852 | H0784 |

યહોવાહનો અવાજ અગ્નિની જ્વાળાને ભેદે છે.

8

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| קוֹל | יְהוָה | יָחִיל | מִדְבָּר | יָחִיל | יְהוָה | מִדְבַּר | קָדֵשׁ׃ |
| અવાજ | યહોવાહનો | કંપાવે-છે | વગડાને | કંપાવે-છે | યહોવાહ | વગડાને | કાદેશન◌ા |
| | H3068 | | | | H3068 | | H6946 |

યહોવાહનો અવાજ અરણ્યને ધ્રૂજાવે છે; યહોવાહ કાદેશના અરણ્યને ધ્રૂજાવે છે.

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| קוֹל | יְהוָה | יְחוֹלֵל | אַיָּלוֹת | וַיֶּחֱשֹׂף | יְעָרוֹת | וּבְהֵיכָלוֹ | כֻּלּוֹ | אֹמֵר | כָּבוֹד׃ |
| અવાજ | યહોવાહનો | પ્રસવવેદના-કરાવે-છે | હરિણીઓને | અને-ઉઘાડે-છે | વનોને | અને-તેમન◌ા-મંદિરમાં | બધું | કહે-છે | ગૌરવ |
| | H3068 | | H0355 | H2834 | | H1964 | H3605 | H0559 | H3519 |

યહોવાહના અવાજથી હરણીઓના ગર્ભ ગળી જાય છે + 29:9 યહોવાહના અવાજથી ઓક વૃક્ષ પવનથી હાલે છે; ઝાડીઓનાં ડાળાપાંખડાં તૂટી પડે છે; પણ તેમના પવિત્રસ્થાનમાં સર્વ લોકો કહે છે, “તેમને મહિમા હો◌”

10

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יְהוָה | לַמַּבּוּל | יָשָׁב | וַיֵּשֶׁב | יְהוָה | מֶלֶךְ | לְעוֹלָם׃ |
| યહોવાહ | પ્રલય-પર | બિરાજ્યા | અને-બેઠા | યહોવાહ | રાજા-તરીકે | સદાકાળ |
| H3068 | H3999 | H3427 | H3427 | H3068 | H4428 | H5769 |

યહોવાહ જળપ્રલય સમયે બિરાજમાન હતા; યહોવાહ સદા સર્વકાળ રાજા તરીકે બિરાજનાર છે.

11

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה | עֹז | לְעַמּוֹ | יִתֵּן | יְהוָה | יְבָרֵךְ | אֶת־ | עַמּוֹ | בַשָּׁלוֹם׃ |
| યહોવાહ | શક્તિ | પોતાન◌ા-લોકોને | આપશે | યહોવાહ | આશીર્વાદ-આપશે | પોતાન◌ા | લોકોને | શાંતિથી |
| H3068 | H5797 | | H5414 | H3068 | H1288 | H0853 | | H7965 |

યહોવાહ પોતાના લોકોને સામર્થ્ય આપશે; યહોવાહ પોતાના લોકોને શાંતિનો આશીર્વાદ આપશે.

## Chapter 30

1

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִזְמוֹר | שִׁיר־ | חֲנֻכַּת | הַבַּיִת | לְדָוִד׃ | אֲרוֹמִמְךָ | יְהוָה | כִּי | דִלִּיתָנִי | וְלֹא־ | שִׂמַּחְתָּ | אֹיְבַי | לִי׃ |
| ગીત | ગીત | સમર્પણનું | ઘરનું | દાવિદનું | હું-તમને-ઊંચા-કરીશ | યહોવાહ | કારણ-કે | તમે-મને-ઊંચક્યો | અને-નહિ | આનંદિત-કર્યા | મારા-શત્રુઓને | મારા-પર |
| H4210 | | H2598 | | H1732 | | H3068 | | H1802 | H3808 | H8055 | H0341 | |

હે યહોવાહ, હું તમને મોટા માનીશ, કારણ કે તમે મને ઊંચો કર્યો છે અને તમે મારા શત્રુઓને મારા પર હર્ષ પામવા દીધા નથી.

2

| | | | | |
|---|---|---|---|---|
| יְהוָה | אֱלֹהָי | שִׁוַּעְתִּי | אֵלֶיךָ | וַתִּרְפָּאֵנִי׃ |
| યહોવાહ | મારા-ઈશ્વર | હું-પોકાર્યો | તમને | અને-તમે-મને-સાજા-કર્યો |
| H3068 | H0430 | H7768 | H0413 | H7495 |

હે યહોવાહ, મારા ઈશ્વર, મેં તમને સહાયને માટે અરજ કરી અને તમે મને સાજો કર્યો છે.

3

| יְהוָה | הֶעֱלִיתָ | מִן־ | שְׁאוֹל | נַפְשִׁי | חִיִּיתַנִי | ]מיורדי־[ | )מִיָּרְדִי־( | בוֹר׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| યહોવાહ | તમે-ઉંચક્યો | માંથી | શેઓલમાંથી | મારો-જીવ | તમે-મને-જીવિત-કર્યો | (ખાડામાં-ઊતરનારાઓથી) | ખાડામાં-ઊતરનારાઓથી | ખાડામાં |
| H3068 | H5927 | | H7585 | H5315 | H2421 | H3381 | H3381 | |

હે યહોવાહ, તમે મારા જીવને શેઓલમાંથી કાઢી લાવ્યા છો; તમે મને જીવતો રાખ્યો છે અને મને કબરમાં પડવા દીધો નથી.

4

| זַמְּרוּ | לַיהוָה | חֲסִידָיו | וְהוֹדוּ | לְזֵכֶר | קָדְשׁוֹ׃ |
|---|---|---|---|---|---|
| ગાઓ | યહોવાહને | તેમના-ભક્તો | અને-આભાર-આપો | યાદગીરી-માટે | તેમની-પવિત્રતાનો |
| H2167 | H3068 | H2623 | H3034 | H2143 | H6944 |

હે યહોવાહના વિશ્વાસુ ભક્તો, તેમનાં સ્તોત્ર ગાઓ□ તેમના પવિત્ર નામની આભારસ્તુતિ કરો.

5

| כִּי | רֶגַע | בְּאַפּוֹ | חַיִּים | בִּרְצוֹנוֹ | בָּעֶרֶב | יָלִין | בֶּכִי | וְלַבֹּקֶר | רִנָּה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | ક્ષણભર | તેમન□ો-ક્રોધમાં | જીવન | તેમની-પ્રસન્નતામાં | સાંજે | રહે-છે | રુદન | અને-સવારે | આનંદ |
| | H7281 | H0639 | | H7522 | H6153 | | H1065 | H1242 | H7440 |

તેમનો કોપ તો કેવળ ક્ષણિક છે; પણ તેમની કૃપા જીવનભર છે. રુદન રાત પર્યંત રહે છે, પણ સવારમાં હર્ષાનંદ થાય છે.

6

| וַאֲנִי | אָמַרְתִּי | בְשַׁלְוִי | בַּל־ | אֶמּוֹט | לְעוֹלָם׃ |
|---|---|---|---|---|---|
| અને-હું | કહ્યુ-હતું | મારી-સુખાકારીમાં | ક્યારેય-નહિ | હું-ડગીશ | ક્યારેય |
| H0589 | H0559 | H7959 | H1077 | H4131 | H5769 |

હું નિર્ભય હતો, ત્યારે મેં કહ્યુ હતું, “હું કદી ડગીશ નહિ.”

7

| יְהוָה | בִּרְצוֹנְךָ | הֶעֱמַדְתָּה | לְהַרְרִי | עֹז | הִסְתַּרְתָּ | פָנֶיךָ | הָיִיתִי | נִבְהָל׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| યહોવાહ | તમારી-પ્રસન્નતામાં | તમે-મજબૂત-બનાવ્યો-હતો | મારા-પર્વતને | શક્તિ | તમે-છુપાવ્યું | તમારું-મુખ | હું-ઘબરાઈ-ગયો | ગભરાઈ-ગયો |
| H3068 | H7522 | H5975 | H2042 | H5797 | H5641 | H6440 | H1961 | H0926 |

હે યહોવાહ, તમે મારા પર કૃપા કરીને મને પર્વતની જેમ સ્થિર બનાવ્યો છે; પણ જ્યારે તમે મારાથી મુખ ફેરવ્યું, ત્યારે હું ભયભીત થયો.

8

| אֵלֶיךָ | יְהוָה | אֶקְרָא | וְאֶל־ | אֲדֹנָי | אֶתְחַנָּן׃ |
|---|---|---|---|---|---|
| તમને | યહોવાહ | હું-પોકારું-છું | અને-તરફ | પ્રભુ | હું-વિનંતી-કરીશ |
| H0413 | H3068 | H7121 | H0413 | H0136 | |

હે યહોવાહ, મેં તમને પોકાર કર્યો અને મેં મારા પ્રભુને વિનંતી કરી□

9

| מַה־ | בֶּצַע | בְּדָמִי | בְּרִדְתִּי | אֶל־ | שָׁחַת | הֲיוֹדְךָ | עָפָר | הֲיַגִּיד | אֲמִתֶּךָ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શું | લાભ | મારા-લોહીમાં | મારા-ઊતરવામાં | તરફ | ખાડામાં | શું-ધૂળ-કબૂલ-કરશે | ધૂળ | શું-જાહેર-કરશે | તમારું-સત્ય |
| H4100 | H1215 | H1818 | H3381 | H0413 | H7845 | H3034 | H6083 | H5046 | H0571 |

જો હું કબરમાં જાઉં તો મારા મરણથી તમને શો લાભ થાય? શું ધૂળ તમારી સ્તુતિ કરશે? શું તે તમારું સત્ય પ્રગટ કરશે?

10

| שְׁמַע־ | יְהוָה | וְחָנֵּנִי | יְהוָה | הֱיֵה־ | עֹזֵר | לִי׃ |
|---|---|---|---|---|---|---|
| સાંભળો | યહોવાહ | અને-કૃપા-કરો-માર□ી-પર | યહોવાહ | માર□ી-સહાયક | બનો | મને |
| H8085 | H3068 | | H3068 | H1961 | H5826 | |

હે યહોવાહ, સાંભળો અને મારા પર દયા કરો હે યહોવાહ, તમે મારા સહાયકારી થાઓ.

11

| הָפַכְתָּ | מִסְפְּדִי | לְמָחוֹל | לִי | פִּתַּחְתָּ | שַׂקִּי | וַתְּאַזְּרֵנִי | שִׂמְחָה׃ |
|---|---|---|---|---|---|---|---|
| તમે-બદલ્યું | મારું-શોક | નૃત્યમાં | મારા-માટે | તમે-ખોલ્યું | મારું-શોકનું-વસ્ત્ર | અને-મને-પહેરાવ્યું | આનંદ |
| H2015 | H4553 | H4234 | | | H8242 | H0247 | H8057 |

તમે મારા શોકને નૃત્યમાં ફેરવ્યું છે; તમે મારા શોકનાં વસ્ત્રો ઉતારી લઈને મને ઉત્સાહ રૂપી વસ્ત્રો પહેરાવી દીધાં.

12

| לְמַעַן | יְזַמֶּרְךָ | כָבוֹד | וְלֹא | יִדֹּם | יְהוָה | אֱלֹהַי | לְעוֹלָם | אוֹדֶךָּ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| જેથી | તમારી-સ્તુતિ-ગાશે | ગૌરવ | અને-નહિ | મૌન-રહે | યહોવાહ | મારા-ઈશ્વર | સદાકાળ | હું-તમનો-આભાર-માનીશ |
| H4616 | H2167 | H3519 | H3808 | | H3068 | H0430 | H5769 | H3034 |

જેથી મારું ગૌરવી હૃદય તમારાં સ્તોત્ર ગાય અને શાંત રહે નહિ; હું આનંદપૂર્વક, યહોવાહ મારા ઈશ્વરની સદાકાળ આભારસ્તુતિ કરીશ

## Chapter 31

1

| לַמְנַצֵּחַ | מִזְמוֹר | לְדָוִד׃ | בְּךָ | יְהוָה | חָסִיתִי | אַל־ | אֵבוֹשָׁה | לְעוֹלָם | בְּצִדְקָתְךָ | פַלְּטֵנִי׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સંગીત-નિર્દેશક-માટે | ગીત | દાવિદનું | તમારામાં | યહોવાહ | મેં-આશરો-લીધો-છે | ક્યારેય-ન | મને-શરમાવો | ક્યારેય-પણ | તમારી-ન્યાયીપણામાં | મને-છોડાવો |
| H5329 | H4210 | H1732 | | H3068 | H2620 | H0408 | H0954 | H5769 | H6666 | H6403 |

હે યહોવાહ, હું તમારા ઉપર આધાર રાખું છું; મારી જરા પણ બદનામી થવા દેતા નહિ. તમારા ન્યાયીપણાથી મારું રક્ષણ કરો.

2

| הַטֵּה | אֵלַי | אָזְנְךָ | מְהֵרָה | הַצִּילֵנִי | הֱיֵה | לִי | לְצוּר־ | מָעוֹז | לְבֵית | מְצוּדוֹת | לְהוֹשִׁיעֵנִי׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નમાવો | મારી-તરફ | તમારો-કાન | જલ્દી | મને-છોડાવો | થાઓ | મારા-માટે | ખડક-આશ્રય | મજબૂત | ઘર | ગઢોનું | મને-બચાવવા |
| H5186 | H0413 | H0241 | H4120 | H5337 | H1961 | | H6697 | H4581 | | | H3467 |

મારું સાંભળો; ઉતાવળથી મને છોડાવો; તમે મારે માટે મજબૂત ગઢ તથા મારા બચાવને માટે કિલ્લો થાઓ.

3

| כִּי־ | סַלְעִי | וּמְצוּדָתִי | אָתָּה | וּלְמַעַן | שִׁמְךָ | תַּנְחֵנִי | וּתְנַהֲלֵנִי׃ |
|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | મારો-ખડક | અને-મારો-ગઢ | છો-તમે | અને-ખાતર | તમારા-નામને | તમે-મને-દોરશો | અને-ચલાવશો |
| | H5553 | | | H4616 | H8034 | H5148 | H5095 |

કેમ કે તમે મારા ખડક અને કિલ્લો છો; માટે તમારા નામની ખાતર મને દોરવણી આપો અને મને ચલાવો.

4

| תּוֹצִיאֵנִי | מֵרֶשֶׁת | זוּ | טָמְנוּ | לִי | כִּי־ | אַתָּה | מָעוּזִּי׃ |
|---|---|---|---|---|---|---|---|
| મને-કાઢશો | જાળમાંથી | આ | તેમણે-છુપાવી-છે | મારા-માટે | કારણ-કે | તમે | મારો-આશ્રય-છો |
| H3318 | H7568 | H2098 | H2934 | | | | H4581 |

મારા શત્રુઓએ પાથરેલી ગુપ્ત જાળમાંથી મને બચાવો, કારણ કે તમે મારો આશ્રય છો.

5

| בְּיָדְךָ | אַפְקִיד | רוּחִי | פָּדִיתָה | אוֹתִי | יְהוָה | אֵל | אֱמֶת׃ |
|---|---|---|---|---|---|---|---|
| તમારા-હાથમાં | હું-સોંપું-છું | મારો-આત્મા | તમે-છોડાવ્યો-છે | મને | યહોવાહ | ઈશ્વર | સત્યના |
| H3027 | | H7307 | H6299 | H0853 | H3068 | H0410 | H0571 |

હું મારો આત્મા તમારા હાથમાં સોંપુ છું; હે યહોવાહ, સત્યના ઈશ્વર, તમે મારો ઉદ્ધાર કર્યો છે.

6

| שָׂנֵאתִי | הַשֹּׁמְרִים | הַבְלֵי־ | שָׁוְא | וַאֲנִי | אֶל־ | יְהוָה | בָּטָחְתִּי׃ |
|---|---|---|---|---|---|---|---|
| હું-ધિક્કારું-છું | જે-પકડે-છે | વ્યર્થ | જૂઠાણાંને | અને-હું | તરફ | યહોવાહ | ભરોસો-કરું-છું |
| H8130 | H8104 | H1892 | H7723 | H0589 | H0413 | H3068 | H0982 |

જુઠા દેવોની પૂજા કરનારને હું ધિક્કારું છું, પણ હું યહોવાહ પર ભરોસો રાખું છું.

7

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| אָגִילָה | હું-આનંદિત-થઈશ | H1523 |
| וְאֶשְׂמְחָה | અને-આનંદ-મનાવીશ | H8055 |
મૂર્ખ પોતાના મનમાં કહે છે કે, “ઈશ્વર છે જ નહિ.” તેઓએ ભ્રષ્ટ થઈને ધિક્કારવા લાયક દુષ્ટતા કરી છે; ભલું કરનાર કોઈ નથી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | דֹּרֵשׁ | מַשְׂכִּיל | הֲיֵשׁ | לִרְאוֹת | אָדָם | בְּנֵי | עַל־ | הִשְׁקִיף | מִשָּׁמַיִם | אֱלֹהִים | 2 |
| તે | શોધક | સમજદાર | કે-છે-કોઈ | જોવા-માટે | મનુષ્યો | મનુષ્યોન□ | તે | નીચે-જોયું | આકાશમાંથી | ઈશ્વરે | |
| H0853 | H1875 | | H3426 | H7200 | H0120 | | | H8259 | H8064 | H0430 | |

| |
|---|
| אֱלֹהִים׃ |
| ઈશ્વરનો |
| H0430 |

સમજણો કે ઈશ્વરને શોધનાર માણસ છે કે નહિ, તે જોવાને ઈશ્વરે આકાશમાંથી મનુષ્યજાત પર દ્રષ્ટિ કરી.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶחָד׃ | גַּם־ | אֵין | טוֹב | עֹשֵׂה־ | אֵין | נֶאֱלָחוּ | יַחְדָּו | סָג | כֻּלּוֹ | 3 |
| એક | એક-પણ | નથી | સારું | જે-કરે-છે | કોઈ-નથી | બગડ્યા-છે | સાથે-મળીને | ભટક્યા-છે | બધા | |
| H0259 | H1571 | H0369 | | | H0369 | H0444 | | H5472 | H3605 | |

તેઓમાંનો દરેક માર્ગભ્રષ્ટ થયો છે; તેઓ સર્વ અશુદ્ધ થયા છે; ભલું કરનાર કોઈ રહ્યો નથી, ના, એક પણ નહિ.

4 הֲלֹא શું-નહિ H3808 | יָדְעוּ જાણે-છે H3045 | פֹּעֲלֵי અધર્મ-કરનારા H6466 | אָוֶן અધર્મ H0205 | אֹכְלֵי ખાનારા H0398 | עַמִּי મારે-પ્રજાના | אָכְלוּ ખાઈ-જાય-છે H0398 | לֶחֶם રોટલી-જેમ H3899 | אֱלֹהִים ઈશ્વરને H0430 | לֹא નહિ H3808 | קָרָאוּ׃ બોલાવ્યા H7121

શું ખોટું કરનારને કંઈ સમજણ નથી? તેઓ રોટલા ખાતા હોય તેમ મારા લોકોને ખાઈ જાય છે + 53:4 તેઓ મારા લોકોને લૂટી લેશે પણ તેઓ કોઈ ઈશ્વરને પોકારતા નથી.

5 שָׁם ત્યાં H8033 | פָּחֲדוּ־ બીય□ H6342 | פַחַד ભય H6343 | לֹא־ જ્યાં-નહોતો H3808 | הָיָה હતો H1961 | פָחַד ભય H6343 | כִּי־ કારણ-કે | אֱלֹהִים ઈશ્વરે H0430 | פִּזַּר વિખેર્યાં-છે H6340 | עַצְמוֹת હાડકાં H6106 | חֹנָךְ તારા-ઘેર□-કરનારાના H2583 | הֱבִשֹׁתָה લજ્જિત-કર્યા-છે-તમે H0954 | כִּי־ કારણ-કે | אֱלֹהִים ઈશ્વરે H0430 | מְאָסָם׃ તિરસ્કાર્યા-છે-તેમને

જ્યાં ભય ન હતો ત્યાં તેઓ ઘણા ભયભીત થયા; કેમ કે જે તમારી સામે છાવણી નાખે છે તેઓનાં હાડકાં ઈશ્વરે વિખેરી નાખ્યાં છે + 53:5 ઈશ્વર ભક્તિહીન લોકોના હાડકાંને વિખેરી નાખશે; તમે તેઓને બદનામ કર્યા છે કેમ કે ઈશ્વરે તેઓને નકાર્યા છે + 53:5 ઈશ્વરે તેઓને લજ્જિત કર્યા છે.

6 מִי કોણ H4310 | יִתֵּן આપશે H5414 | מִצִּיּוֹן સિયોનમાંથી H6726 | יְשֻׁעוֹת ઉદ્ધાર H3444 | יִשְׂרָאֵל ઇઝરાયલનો H3478 | בְּשׁוּב જ્યારે-પાછા-લાવશે H7725 | אֱלֹהִים ઈશ્વર H0430 | שְׁבוּת બંધન H7622 | עַמּוֹ તેમની-પ્રજાનું | יָגֵל આનંદ-કરશે H1523 | יַעֲקֹב યાકૂબ H3290 | יִשְׂמַח હર્ષ-પામશે H8055 | יִשְׂרָאֵל׃ ઇઝરાયલ H3478

સિયોનમાંથી ઇઝરાયલના ઉદ્ધારકર્તા વહેલા આવે□ જ્યારે ઈશ્વર પોતાના લોકોને બંદીવાસમાંથી છોડાવીને આબાદ કરશે, ત્યારે યાકૂબ હરખાશે અને ઇઝરાયલ આનંદિત થશે.

## Chapter 54

1 לַמְנַצֵּחַ મુખ્ય-ગાયક-માટે H5329 | בִּנְגִינֹת તારવાળા-વાજિંત્રો-સાથે H5058 | מַשְׂכִּיל બોધક-ગીત H4905 | לְדָוִד׃ દાઉદનું H1732 | בְּבוֹא જ્યારે-આવ્યા H0935 | הַזִּיפִים ઝીફીઓ H2130 | וַיֹּאמְרוּ અને-કહ્યુ H0559 | לְשָׁאוּל શાઉલને H7586 | הֲלֹא શું-નહિ H3808 | דָוִד દાઉદ H1732 | מִסְתַּתֵּר છુપાયેલો-છે H5641 | עִמָּנוּ׃ અમારી-વચ્ચે | אֱלֹהִים ઈશ્વર H0430 | בְּשִׁמְךָ તમારા-નામે H8034 | הוֹשִׁיעֵנִי બચાવો-મને H3467 | וּבִגְבוּרָתְךָ અને-તમારી-શક્તિથી H1369 | תְדִינֵנִי׃ ન્યાય-કરો-મારો H1777

હે ઈશ્વર, તમારા નામે મને બચાવો અને તમારા પરાક્રમથી મારો ન્યાય કરો.

2 אֱלֹהִים ઈશ્વર H0430 | שְׁמַע સાંભળો H8085 | תְּפִלָּתִי મારી-પ્રાર્થના H8605 | הַאֲזִינָה કાન-ધરો H0238 | לְאִמְרֵי־ માર□-મુખન□ H0561 | פִי׃ વચનો H6310

હે ઈશ્વર, મારી પ્રાર્થના સાંભળો; મારા મુખની વાતો પર કાન ધરો.

3 כִּי કારણ-કે | זָרִים પરકીયો | קָמוּ ઊંચક્યા-છે | עָלַי મારી-વિરુદ્ધ | וְעָרִיצִים અને-જુલમીઓ H6184 | בִּקְשׁוּ શોધે-છે H1245 | נַפְשִׁי મારો-જીવ H5315 | לֹא નહિ H3808 | שָׂמוּ મૂક્યો-છે | אֱלֹהִים ઈશ્વરને H0430 | לְנֶגְדָּם તેમની-સામે H5048 | סֶלָה׃ સેલાહ H5542

કેમ કે વિદેશીઓ મારી વિરુદ્ધ થયા છે અને જુલમગારો મારો જીવ લેવા મથે છે; તેઓએ ઈશ્વરને પોતાની આગળ રાખ્યા નથી.

4 הִנֵּה אֱלֹהִים עֹזֵר לִי אֲדֹנָי בְּסֹמְכֵי נַפְשִׁי׃
જુઓ ઈશ્વર સહાયક-છે મારે પ્રભુ ટેકો-આપનારામાં મારે-જીવનને
H2009 H0430 H5826 H0136 H5564 H5315

જુઓ, ઈશ્વર મારા મદદગાર છે; પ્રભુ જ મારા આત્માનાં આધાર છે + 54:4 જેઓ મારી જિંદગી જાળવી રહ્યાં છે તેમની સાથે ઈશ્વર છે.

5 ישוב [יָשִׁיב] (הָרַע) לְשֹׁרְרָי בַּאֲמִתְּךָ הַצְמִיתֵם׃
પાછું-વાળશે પાછું-વાળશે ભૂંડાઈ મારા-શત્રુઓને તમારી-સચ્ચાઈથી નાશ-કરો-તેમને
H7725 H7725 H8324 H0571 H6789

તે મારા શત્રુઓને દુષ્ટતાનો બદલો આપશે; તમારાં સત્ય વચનો પ્રમાણે દુષ્ટોનો નાશ કરો.

6 בִּנְדָבָה אֶזְבְּחָה־לָּךְ אוֹדֶה שִּׁמְךָ יְהוָה כִּי־טוֹב׃
સ્વેચ્છાથી બલિદાન-અર્પિશ-હું તમને આભાર-માનીશ-હું તમારે-નામનો યહોવા કારણ-કે સારું-છે-તે
H5071 H2076 H3034 H8034 H3068

હું રાજીખુશીથી મારાં અર્પણો ચઢાવીશ; હે યહોવાહ, હું તમારા નામની સ્તુતિ કરીશ, કેમ કે તે ઉત્તમ છે.

7 כִּי מִכָּל־צָרָה הִצִּילָנִי וּבְאֹיְבַי רָאֲתָה עֵינִי׃
કારણ-કે સર્વ મુશ્કેલીથી છોડાવ્યો-મને અને-મારા-શત્રુઓ-પર જોઈ-છે મારી-આખ
H3605 H5337 H0341 H7200

કેમ કે તેમણે મને સર્વ સંકટમાંથી છોડાવ્યો છે; મારી ઇચ્છા પ્રમાણે મારા શત્રુઓને થયું, તે મેં નજરે જોયું છે.

## Chapter 55

1 לַמְנַצֵּחַ בִּנְגִינֹת מַשְׂכִּיל לְדָוִד׃ הַאֲזִינָה אֱלֹהִים תְּפִלָּתִי וְאַל־ תִּתְעַלַּם מִתְּחִנָּתִי׃
મુખ્ય-ગાયક-માટે તારવાળા-વાજિંત્રો-સાથે બોધક-ગીત દાઉદનું કાન-ધરો ઈશ્વર મારી-પ્રાર્થના અને-નહિ આખ-આડો મારી-વિનંતીથી
H5329 H5058 H4905 H1732 H0238 H0430 H8605 H0408 H5956 H8467

હે ઈશ્વર, મારી પ્રાર્થના સાંભળવાને તમારા કાન ધરો; અને મારી વિનંતિ સાંભળવાથી સંતાઈ ન જાઓ.

2 הַקְשִׁיבָה לִּי וַעֲנֵנִי אָרִיד בְּשִׂיחִי וְאָהִימָה׃
ધ્યાન-આપો મને અને-ઉત્તર-આપો-મને વિલાપ-કરું-છું-હું મારી-ચિંતામાં અને-કરગું-છું
H7181 H7300 H7879 H1949

મારી વાત પર ધ્યાન આપીને મને ઉત્તર આપો; હું શોકને કારણે અશાંત છું અને વિલાપ કરું છું.

3 מִקּוֹל אוֹיֵב מִפְּנֵי עָקַת רָשָׁע כִּי־ יָמִיטוּ עָלַי אָוֶן וּבְאַף יִשְׂטְמוּנִי׃
અવાજથી શત્રુના કારણે-કે જુલમ દુષ્ટોનું કારણ-કે નાખે-છે માર□-પર અન્યાય અને-ક્રોધમાં ધિક્કારે-છે-મને
H0341 H6440 H6125 H7563 H4131 H0205 H0639 H7852

દુશ્મનોના અવાજને લીધે અને દુષ્ટોના જુલમને લીધે, હું વિલાપ કરું છું; કેમ કે તેઓ મારા પર અન્યાય કરવાનો દોષ મૂકે છે અને ક્રોધથી મને સતાવે છે.

4 לִבִּי יָחִיל בְּקִרְבִּי וְאֵימוֹת מָוֶת נָפְלוּ עָלָי׃
મારું-હૃદય કાંપે-છે મારી-અંદર અને-ભયો મૃત્યુ□ પડ્યા-છે માર□-પર
H7130 H0367 H4194 H5307

મારા હૃદયમાં મને ઘણી વેદના થાય છે અને મૃત્યુનો ભય મારા પર આવી પડ્યો છે.

5 יִרְאָה וָרַעַד יָבֹא בִי וַתְּכַסֵּנִי פַּלָּצוּת׃
ભય અને-કંપન આવે-છે મારે-પર અને-ઢાંકી-દીધી-મને થરથરાટ
H3374 H0935 H3680 H6427

મને ત્રાસથી ધ્રૂજારી આવે છે અને ભયથી ઘેરાયેલો છું.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | וָאֹמַר | מִי־ | יִתֶּן־ | לִּי | אֵבֶר | כַּיּוֹנָה | אָעוּפָה | וְאֶשְׁכֹּנָה׃ |
| | અને-હું-કહ્યુ | કોણ | આપશે | મને | પાંખો | કબૂતર-જેવી | ઉડી-જાઉં | અને-વસી-જાઉં |
| | H0559 | H4310 | H5414 | | H0083 | H3123 | | H7931 |

મેં કહ્યું, “જો મને કબૂતરની જેમ પાંખ હોત, તો કેવું સારું તો હું દૂર ઊડી જઈને વિશ્રામ લેત.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 7 | הִנֵּה | אַרְחִיק | נְדֹד | אָלִין | בַמִּדְבָּר | סֶלָה׃ |
| | જુઓ | હું-દૂર-ભાગીશ | ભટકતી-કરતી | રહીશ | વગડામાં | સેલાહ |
| | H2009 | H7368 | H5074 | | | H5542 |

હું અરણ્યમાં દૂર સુધી ઊડી જાત અને ત્યાં મુકામ કરત. સેલાહ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 8 | אָחִישָׁה | מִפְלָט | לִי | מֵרוּחַ | סֹעָה | מִסָּעַר׃ |
| | ઉતાવળીશ-હું | આશ્રય-માટે | મારે | પવનથી | તોફાની | વાવાઝોડાથી |
| | | H4655 | | H7307 | H5584 | |

પવનના સુસવાટાથી તથા તોફાનથી નાસીને ઉતાવળે આશ્રયસ્થાને જઈ પહોંચત.”

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | בַּלַּע | אֲדֹנָי | פַּלַּג | לְשׁוֹנָם | כִּי־ | רָאִיתִי | חָמָס | וְרִיב | בָּעִיר׃ |
| | ગૂંચવમાં-નાખો | પ્રભુ | વહેંચો | તેમની-જિહ્વા | કારણ-કે | હું-જોઈ-છે | હિંસા | અને-ઝઘડો | શહેરમાં |
| | H1104 | H0136 | H6385 | H3956 | | H7200 | H2555 | H7379 | |

હે પ્રભુ, તેઓનો નાશ કરો અને તેઓની ભાષાઓ બદલી નાખો, કેમ કે મેં નગરમાં બળાત્કાર તથા ઝઘડા જોયા છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 10 | יוֹמָם | וָלַיְלָה | יְסוֹבְבֻהָ | עַל־ | חוֹמֹתֶיהָ | וְאָוֶן | וְעָמָל | בְּקִרְבָּהּ׃ |
| | દિવસે | અને-રાત્રે | ફરે-છે-તેઓ | તે | તેની-દીવાલો-પર | અને-અન્યાય | અને-કષ્ટ | તેની-વચ્ચે |
| | H3119 | H3915 | H5437 | | H2346 | H0205 | H5999 | H7130 |

તેઓ રાતદિવસ તેના કોટ પર આંટા મારે છે; અને તેની મધ્યે દુષ્ટતા તથા હાનિ ચાલુ રહી છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 11 | הַוּוֹת | בְּקִרְבָּהּ | וְלֹא־ | יָמִישׁ | מֵרְחֹבָהּ | תֹּךְ | וּמִרְמָה׃ |
| | વિનાશ | તેની-વચ્ચે-છે | અને-નહિ | ખસે-છે | તેની-શેરીઓથી | છેતરપિંડી | અને-છળકપટ |
| | H1942 | H7130 | H3808 | H4185 | H7339 | H8496 | H4820 |

તેની વચ્ચે બૂરાઈ છે; જુલમ તથા ઠગાઈ તેના રસ્તા પરથી ખસતાં નથી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | כִּי | לֹא־ | אוֹיֵב | יְחָרְפֵנִי | וְאֶשָּׂא | לֹא־ | מְשַׂנְאִי | עָלַי | הִגְדִּיל | וְאֶסָּתֵר | מִמֶּנּוּ׃ |
| | કારણ-કે | નહિ-છે-કોઈ | શત્રુ | જે-મહેણાં-કરે-મને | સહન-કરી-શકત | નહિ-છે-કોઈ | મને-ધિક્કારનાર | મારી-વિરુદ્ધ | ઊંચક્યો | હું-છુપાઈ-જત | તેનાથી |
| | | H3808 | H0341 | | H5375 | H3808 | H8130 | | H1431 | H5641 | |

કેમ કે મને જે ઠપકો આપનારો હતો તે મારો શત્રુ ન હતો, એ તો મારાથી સહન કરી શકાત; મારી વિરુદ્ધ વડાઈ કરનારો તે મારો શત્રુ ન હતો, એવાથી તો હું સંતાઈ રહી શકત.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 13 | וְאַתָּה | אֱנוֹשׁ | כְּעֶרְכִּי | אַלּוּפִי | וּמְיֻדָּעִי׃ |
| | પરંતુ-તું | મનુષ્ય | મારી-સમકક્ષનો | મારો-અંગત-મિત્ર | અને-મારો-પરિચિત |
| | | H0582 | H6187 | | H3045 |

પણ તે તું જ છે, તું જે મારા સરખો, મારો સાથી અને મારો ખાસ મિત્ર.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 14 | אֲשֶׁר | יַחְדָּו | נַמְתִּיק | סוֹד | בְּבֵית | אֱלֹהִים | נְהַלֵּךְ | בְּרָגֶשׁ׃ |
| | જેમની-સાથે | સાથે-મળીને | મીઠી-સલાહ-માણતા | વાતચીત | ઘરમાં | ઈશ્વર | ચાલતા-હતા | ટોળામાં |
| | | | H4985 | H5475 | | H0430 | H1980 | |

આપણે એકબીજાની સાથે મીઠી સંગત કરતા હતા; આપણે જનસમુદાય સાથે ઈશ્વરના ઘરમાં જતા હતા.

15

| | | |
|---|---|---|
| ]ישִׁימוֹת[ | મૃત્યુ-આવે | H3451 |
| )יַשִּׁי( | મૃત્યુ-આવે | H5377 |
| מָ֫וֶת()׀ | મૃત્યુ | H4194 |
| עָלֵימוֹ | તેમના-પર | |
| יֵרְדוּ | ઉતરે | H3381 |
| שְׁאוֹל | શેઓલમાં | H7585 |
| חַיִּים | જીવતા | |
| כִּי־ | કારણ-કે | |
| רָעוֹת | ભૂંડાઈઓ | |
| בִּמְגוּרָם | તેમને-નિવાસોમાં | H4033 |
| בְּקִרְבָּם׃ | તેમની-વચ્ચે-છે | H7130 |

એકાએક તેમના પર મોત આવી પડો; તેઓ જીવતા જ શેઓલમાં ઊતરી પડો, કેમ કે ભૂંડાઈ તેઓનાં ઘરોમાં, હા, તેઓનાં અતરમાં છે.

16

| | | |
|---|---|---|
| אֲנִי | હું | H0589 |
| אֶל־ | તે | H0413 |
| אֱלֹהִים | ઈશ્વરને | H0430 |
| אֶקְרָא | બોલાવીશ | H7121 |
| וַיהוָה | અને-યહોવા | H3068 |
| יוֹשִׁיעֵנִי׃ | બચાવશે-મને | H3467 |

હું તો ઈશ્વરને પોકાર કરીશ અને યહોવાહ મારો બચાવ કરશે.

17

| | | |
|---|---|---|
| עֶרֶב | સાંજ | H6153 |
| וָבֹקֶר | અને-સવાર | H1242 |
| וְצָהֳרַיִם | અને-બપોરે | |
| אָשִׂיחָה | ફરિયાદ-કરીશ-હું | H7878 |
| וְאֶהֱמֶה | અને-કરગું-છું | H1993 |
| וַיִּשְׁמַע | અને-સાંભળશે | H8085 |
| קוֹלִי׃ | મારો-અવાજ | |

હું મારા દુ:ખમાં સવારે, બપોરે અને સાંજે ઈશ્વરને ફરિયાદ કરીશ અને તે મારો અવાજ સાંભળશે.

18

| | | |
|---|---|---|
| פָּדָה | છોડાવ્યો-છે | H6299 |
| בְשָׁלוֹם | શાંતિમાં | H7965 |
| נַפְשִׁי | મારો-આત્મા | H5315 |
| מִקְּרָב־ | યુદ્ધથી | H7128 |
| לִי | મારી-વિરુદ્ધ | |
| כִּי־ | કારણ-કે | |
| בְרַבִּים | ઘણાં | |
| הָיוּ | હત□ | H1961 |
| עִמָּדִי׃ | મારી-સાથે | H5978 |

કોઈ મારી પાસે આવે નહિ, માટે તેમણે છોડાવીને મારા આત્માને શાંતિ આપી છે કેમ કે મારી સામે લડનારા ઘણા છે.

19

| | | |
|---|---|---|
| יִשְׁמַע | સાંભળશે | H8085 |
| אֵל׀ | ઈશ્વર | H0410 |
| וְיַעֲנֵם | અને-ઉત્તર-આપશે-તેમને | |
| וְיֹשֵׁב | અને-બેસે-છે-જે | H3427 |
| קֶדֶם | પ્રાચીનકાળથી | |
| סֶלָה | સેલાહ | H5542 |
| אֲשֶׁר | જેમને | |
| אֵין | નથી | H0369 |
| חֲלִיפוֹת | બદલાવ | H2487 |
| לָמוֹ | તેમનો | |
| וְלֹא | અને-નહિ | H3808 |
| יָרְאוּ | બીશે-છે | H3372 |
| אֱלֹהִים׃ | ઈશ્વરથી | H0430 |

ઈશ્વર જે અનાદિકાળથી ન્યાયાસન પર બિરાજમાન છે, તે તેઓને સાંભળશે અને જવાબ આપશે. સેલાહ જે માણસોમાં કંઈ ફેરફાર થતો નથી; તેઓ ઈશ્વરથી બીતા નથી.

20

| | | |
|---|---|---|
| שָׁלַח | પસાર્યા-છે | H7971 |
| יָדָיו | તેના-હાથો | H3027 |
| בִּשְׁלֹמָיו | મિત્રો-વિરુદ્ધ | H7965 |
| חִלֵּל | ભંગ-કર્યો-છે | |
| בְּרִיתוֹ׃ | તેનો-કરાર | H1285 |

મારા મિત્રો કે જેઓ તેની સાથે સમાધાન રાખતા હતા તેણે તેમના પર હાથ ઉગામ્યો છે; તેણે પોતાનો કરેલો કરાર તોડ્યો છે.

21

| | | |
|---|---|---|
| חָלְקוּ׀ | લળી-હતી | |
| מַחְמָאֹת | માખણ-જેવી | H4260 |
| פִּיו | તેન□-મુખની | H6310 |
| וּקֲרָב־ | પરંતુ-યુદ્ધ-હતો | H7128 |
| לִבּוֹ | તેના-હૃદયમાં | |
| רַכּוּ | કોમળ-હતા | H7401 |
| דְבָרָיו | તેના-વચનો | H1697 |
| מִשֶּׁמֶן | તેલથી-વધુ | H8081 |
| וְהֵמָּה | પરંતુ-તેઓ | H1992 |
| פְתִחוֹת׃ | ઉઘાડેલી-તલવારો-હતી | H6609 |

તેના મુખના શબ્દો માખણ જેવા સુંવાળા છે, પણ તેનું હૃદય યુદ્ધના વિચારોથી ભરેલું છે; તેના શબ્દો તેલ કરતાં વધારે મુલાયમ છે, પણ તે શબ્દો ખરેખર તલવારની જેમ કાપે છે.

22 הַשְׁלֵךְ નાખો H7993 · עַל־ તે · יְהוָה યહોવા-પર H3068 · יְהָבְךָ તમારો-ભાર H3053 · וְהוּא અને-તે H1931 · יְכַלְכְּלֶךָ સંભાળ-રાખશે-તમને H3557 · לֹא־ કદી-નહિ H3808 · יִתֵּן આપશે H5414 · לְעוֹלָם કદી H5769 · מוֹט ડગમગવા H4131 · לַצַּדִּיק׃ ન્યાયીને H6662

તમારી ચિંતાઓ યહોવાહને સોંપી દો અને તે તમને નિભાવી રાખશે; તે ક્યારેય ન્યાયી વ્યક્તિને પરાજિત થવા દેતા નથી.

23 וְאַתָּה પરંતુ-તમે · אֱלֹהִים ઈશ્વર H0430 · תּוֹרִדֵם ઉતારશો-તેમને H3381 · לִבְאֵר ખાડામાં H0875 · שַׁחַת વિનાશના H7845 · אַנְשֵׁי લોહીના-માણસો H0376 · דָמִים લોહી H1818 · וּמִרְמָה અને-છેતરપિંડીના□ H4820 · לֹא־ અર્ધા-પણ-નહિ H3808 · יֶחֱצוּ જીવશે H2673 · יְמֵיהֶם તેમના□-દિવસો H3117 · וַאֲנִי પરંતુ-હું H0589 · אֶבְטַח־ ભરોસો-રાખીશ H0982 · בָּךְ׃ તમારામાં

પણ, હે ઈશ્વર, તમે મારા શત્રુઓને વિનાશની ખાઈમાં ધકેલી દો છો; ખૂની કે કપટી પોતાનું અડધું આયુષ્ય પણ ભોગવી નથી શકતા, પણ હું તો તમારા પર ભરોસો રાખીશ.

## Chapter 56

1 לַמְנַצֵּחַ મુખ્ય-ગાયક-માટે H5329 · עַל־ ઉપર · יוֹנַת કબૂતર H3123 · אֵלֶם મૂંગું H0482 · רְחֹקִים દૂરના H7350 · לְדָוִד દાઉદનું H1732 · מִכְתָּם મિક્તામ H4387 · בֶּאֱחֹז જ્યારે-પકડ્યો H0270 · אֹתוֹ તેને H0853 · פְלִשְׁתִּים પલિસ્તીઓએ H6430 · בְּגַת׃ ગાથમાં H1661 · חָנֵּנִי દયા-કરો · אֱלֹהִים હે-ઈશ્વર H0430 · כִּי־ કેમ-કે · שְׁאָפַנִי ગળી-જવા-ચાહે-છે · אֱנוֹשׁ માણસ H0582 · כָּל־ આખો H3605 · הַיּוֹם દિવસ H3117 · לֹחֵם લડનાર · יִלְחָצֵנִי׃ મને-દબાવે-છે H3905

હે ઈશ્વર, તમે મારા પર દયા કરો, કેમ કે માણસ તો મને ગળી જાય છે; તે આખો દિવસ લડીને મારા પર જુલમ કરે છે.

2 שָׁאֲפוּ ગળી-જવા-ચાહે-છે · שׁוֹרְרַי મારા-શત્રુઓ H8324 · כָּל־ આખો H3605 · הַיּוֹם દિવસ H3117 · כִּי־ કેમ-કે · רַבִּים ઘણા · לֹחֲמִים લડનારા · לִי મારી-સામે · מָרוֹם׃ ઘમંડથી H4791

મારા શત્રુઓ તો આખો દિવસ મને ગળી જાય છે; કેમ કે જેઓ મારી સામે અહંકારથી લડે છે તેઓ ઘણા છે.

3 יוֹם દિવસે H3117 · אִירָא હું-બીઉં-છું H3372 · אֲנִי હું H0589 · אֵלֶיךָ તમારા-પર H0413 · אֶבְטָח׃ ભરોસો-રાખીશ H0982

જ્યારે મને બીક લાગશે, ત્યારે હું તમારા પર ભરોસો રાખીશ.

4 בֵּאלֹהִים ઈશ્વરમાં H0430 · אֲהַלֵּל હું-વખાણ-કરીશ · דְּבָרוֹ તેમના-વચનની H1697 · בֵּאלֹהִים ઈશ્વરમાં H0430 · בָּטַחְתִּי મેં-ભરોસો-રાખ્યો-છે H0982 · לֹא નહીં H3808 · אִירָא હું-બીઉં H3372 · מַה־ શું H4100 · יַּעֲשֶׂה કરી-શકે · בָשָׂר માંસ H1320 · לִי׃ મને

હું ઈશ્વરની મદદથી તેમના વચનની પ્રશંસા કરીશ, ઈશ્વર પર મેં ભરોસો રાખ્યો છે; હું બીવાનો નથી; મનુષ્યમાત્ર મને શું કરનાર છે?

5 כָּל־ આખો H3605 · הַיּוֹם દિવસ H3117 · דְּבָרַי મારા-શબ્દોને H1697 · יְעַצֵּבוּ તેઓ-વિકૃત-કરે-છે · עָלַי મારી-વિરુદ્ધ · כָּל־ તેમના-બધા H3605 · מַחְשְׁבֹתָם વિચારો H4284 · לָרָע׃ અનિષ્ટ-માટે

તેઓ આખો દિવસ મારા શબ્દોનો અનર્થ કરે છે; તેઓના વિચારો મારું ખરાબ કરવાના છે.

6

| | | |
|---|---|---|
| יָגוּרוּ׀ | તેઓ-ભેગા-થાય-છે | |
| [יצפינו] | તેઓ-સંતાય-છે | H6845 |
| (יִצְפּוֹנוּ) | તેઓ-છુપાય-છે | H6845 |
| הֵמָּה | તેઓ | H1992 |
| עֲקֵבַי | મારાં-પગલાં | H6119 |
| יִשְׁמֹרוּ | જોતા-રહે-છે | H8104 |
| כַּאֲשֶׁר | જેમ | |
| קִוּוּ | તેઓ-રાહ-જુએ-છે | |
| נַפְשִׁי׃ | મારા-જીવની | H5315 |

તેઓ એકઠા થાય છે, તેઓ સંતાઈ રહે છે અને તેઓ મારાં પગલાંને ધ્યાનમાં રાખે છે, તેઓ મારો જીવ લેવાની રાહ જુએ છે.

7

| | | |
|---|---|---|
| עַל־ | માટે | |
| אָוֶן | દુષ્ટતા | H0205 |
| פַּלֶּט־ | છટકવા-દો | H6405 |
| לָמוֹ | તેમને | |
| בְּאַף | ક્રોધમાં | H0639 |
| עַמִּים | લોકોને | |
| הוֹרֵד | નીચે-પાડો | H3381 |
| אֱלֹהִים׃ | હે-ઈશ્વર | H0430 |

તેઓની દુષ્ટતાથી તેમને બચાવશો નહિ. હે ઈશ્વર, તમારા ગુસ્સાથી લોકોને નીચે પાડી નાખો.

8

| | | |
|---|---|---|
| נֹדִי | મારી-ભટકવાની | H5112 |
| סָפַרְתָּה | તમે-ગણી-છે | |
| אָתָּה | તમે | |
| שִׂימָה | મૂકો | |
| דִמְעָתִי | મારાં-આસુ | H1832 |
| בְנֹאדֶךָ | તમારી-કૂપીમાં | H4997 |
| הֲלֹא | શું-નહીં | H3808 |
| בְּסִפְרָתֶךָ׃ | તમારા-ચોપડામાં | |

તમે મારું ભટકવું જાણો છો અને મારાં આસુઓ તમારી કુપ્પીમાં રાખો; શું તેઓ તમારા પુસ્તકમાં નોંધેલાં નથી?

9

| | | |
|---|---|---|
| אָז | ત્યારે | |
| יָשׁוּבוּ | પાછા-ફરશે | H7725 |
| אוֹיְבַי | મારા-શત્રુઓ | H0341 |
| אָחוֹר | પાછા | H0268 |
| בְּיוֹם | જે-દિવસે | H3117 |
| אֶקְרָא | હું-પોકારું | H7121 |
| זֶה־ | આ | H2088 |
| יָדַעְתִּי | હું-જાણું-છું | H3045 |
| כִּי־ | કે | |
| אֱלֹהִים | ઈશ્વર | H0430 |
| לִי׃ | મારા-પક્ષે-છે | |

જે સમયે હું વિનંતી કરું, તે સમયે મારા શત્રુઓ પાછા ફરશે; હું જાણું છું કે ઈશ્વર મારા પક્ષમાં છે + 56:9 હું આ જાણું છું, કેમ કે યહોવાહ મારા પક્ષમાં છે.

10

| | | |
|---|---|---|
| בֵּאלֹהִים | ઈશ્વરમાં | H0430 |
| אֲהַלֵּל | હું-વખાણ-કરીશ | |
| דָּבָר | વચનની | H1697 |
| בַּיהוָה | યહોવાહમાં | H3068 |
| אֲהַלֵּל | હું-વખાણ-કરીશ | |
| דָּבָר׃ | વચનની | H1697 |

ઈશ્વરની મદદથી હું તેમનાં વચનની સ્તુતિ કરીશ, યહોવાહની મદદથી હું તેમનાં વચનની સ્તુતિ કરીશ.

11

| | | |
|---|---|---|
| בֵּאלֹהִים | ઈશ્વરમાં | H0430 |
| בָּטַחְתִּי | મેં-ભરોસો-રાખ્યો-છે | H0982 |
| לֹא | નહીં | H3808 |
| אִירָא | હું-બીઉં | H3372 |
| מַה־ | શું | H4100 |
| יַּעֲשֶׂה | કરી-શકે | |
| אָדָם | માણસ | H0120 |
| לִי׃ | મને | |

ઈશ્વર પર મેં ભરોસો રાખ્યો છે; હું બીવાનો નથી; માણસ મને શું કરનાર છે?

12

| | | |
|---|---|---|
| עָלַי | મારા-પર | |
| אֱלֹהִים | હે-ઈશ્વર | H0430 |
| נְדָרֶיךָ | તમારી-માનતાઓ-છે | H5088 |
| אֲשַׁלֵּם | હું-ચૂકવીશ | |
| תּוֹדֹת | આભારસ્તુતિની-અર્પણો | H8426 |
| לָךְ׃ | તમને | |

હે ઈશ્વર, મેં તમારી સમક્ષ સંકલ્પો કરેલા છે; હું તમને આભારસ્તુતિનાં અર્પણ ચઢાવીશ.

13

| | | |
|---|---|---|
| כִּי | કેમ-કે | |
| הִצַּלְתָּ | તમે-છોડાવ્યો-છે | H5337 |
| נַפְשִׁי | મારા-જીવને | H5315 |
| מִמָּוֶת | મૃત્યુથી | H4194 |
| הֲלֹא | શું-નહીં | H3808 |
| רַגְלַי | મારા-પગને | H7272 |
| מִדֶּחִי | ઠોકરથી | H1762 |
| לְהִתְהַלֵּךְ | ચાલવા-માટે | H1980 |
| לִפְנֵי | સમક્ષ | H6440 |
| אֱלֹהִים | ઈશ્વરના | H0430 |
| בְּאוֹר | પ્રકાશમાં | H0216 |
| הַחַיִּים׃ | જીવનના | |

કારણ કે તમે મારા આત્માને મરણથી બચાવ્યો છે; તમે મારા પગને લથડવાથી બચાવ્યા છે, કે જેથી હું ઈશ્વરની સમક્ષ, જીવતાઓના અજવાળામાં ચાલું.

## Chapter 57

1
לַמְנַצֵּחַ મુખ્ય-ગાયક-માટે H5329
אַל־ નાશ H0516
תַּשְׁחֵת કરો-નહીં H0516
לְדָוִד દાઉદનું H1732
מִכְתָּם મિક્તામ H4387
בְּבָרְחוֹ જ્યારે-તે-ભાગ્યો H1272
מִפְּנֵי־ શાઉલના-મુખથી H6440
שָׁאוּל શાઉલ H7586
בַּמְּעָרָה׃ ગુફામાં H4631
חָנֵּנִי દયા-કરો
אֱלֹהִים હે-ઈશ્વર H0430
חָנֵּנִי દયા-કરો
כִּי કેમ-કે
בְךָ તમારામાં
חָסָיָה આશરો-લીધો-છે H2620
נַפְשִׁי મારા-આત્માએ H5315
וּבְצֵל־ તમારી-પાંખોના H6738
כְּנָפֶיךָ છાંયામાં H3671
אֶחְסֶה હું-આશરો-લઈશ H2620
עַד જ્યાં-સુધી H5704
יַעֲבֹר પસાર-ન-થાય
הַוּוֹת׃ વિપત્તિઓ H1942

હે ઈશ્વર, મારા પર દયા કરો, મારા પર દયા કરો, કેમ કે મારો આત્મા તમારા પર ભરોસો રાખે છે જ્યાં સુધી આ વિપત્તિઓ થઈ રહે.

2
אֶקְרָא હું-પુકારું H7121
לֵאלֹהִים પરમ-ઈશ્વરને H0430
עֶלְיוֹן સર્વોચ્ચ
לָאֵל ઈશ્વરને H0410
גֹּמֵר જે-પૂર્ણ-કરે-છે H1584
עָלָי׃ મારા-માટે

હું પરાત્પર ઈશ્વરને પ્રાર્થના કરીશ, ઈશ્વર જે મારું પૂરું કરનાર છે, તેમની હું પ્રાર્થના કરીશ.

3
יִשְׁלַח તે-મોકલશે H7971
מִשָּׁמַיִם આકાશમાંથી H8064
וְיוֹשִׁיעֵנִי અને-મને-બચાવશે H3467
חֵרֵף તિરસ્કાર-કરે-છે
שֹׁאֲפִי ગળી-જવા-ચાહનાર
סֶלָה સેલાહ H5542
יִשְׁלַח ઈશ્વર-મોકલશે H7971
אֱלֹהִים ઈશ્વર H0430
חַסְדּוֹ તેમની-કૃપા
וַאֲמִתּוֹ׃ અને-સત્ય H0571

જ્યારે માણસ મને ગળી જવા ચાહે છે, તે મારી નિંદા કરે છે, ત્યારે ઈશ્વર આકાશમાંથી સહાય મોકલીને મને બચાવશે; સેલાહ તે પોતાનાં કરારનું વિશ્વાસુપણું અને તેની સત્યતા ને મારા પર મોકલશે.

4
נַפְשִׁי મારો-આત્મા H5315
בְּתוֹךְ વચ્ચે H8432
לְבָאִם સિંહોના
אֶשְׁכְּבָה હું-સૂઈશ H7901
לֹהֲטִים બળતા H3857
בְּנֵי־ માણસોના
אָדָם સંતાનો H0120
שִׁנֵּיהֶם તેમના-દાંત H8127
חֲנִית ભાલા H2595
וְחִצִּים અને-બાણ-છે H2671
וּלְשׁוֹנָם અને-તેમની-જીભ H3956
חֶרֶב તલવાર H2719
חַדָּה׃ તીક્ષ્ણ-છે H2299

મારો આત્મા સિંહોની મધ્યે છે + 57:4 મારો આત્મા ઈર્ષ્યાળુ લોકો મધ્યે છે; અગ્નિથી સળગેલા સાથે મારે સૂઈ રહેવું પડે છે, માણસોના દીકરાઓ, જેઓના દાંત ભાલા તથા બાણ જેવા છે અને તેઓની જીભ તીક્ષ્ણ તલવાર જેવી છે.

5
רוּמָה ઉચ્ચ-કરો
עַל־ આકાશો-ઉપર
הַשָּׁמַיִם આકાશો H8064
אֱלֹהִים હે-ઈશ્વર H0430
עַל ઉપર
כָּל־ સમગ્ર H3605
הָאָרֶץ પૃથ્વી-પર H0776
כְּבוֹדֶךָ׃ તમારો-મહિમા H3519

હે ઈશ્વર, તમે આકાશો કરતાં ઊંચા મનાઓ; તમારો મહિમા આખી પૃથ્વી કરતાં મોટો થાઓ.

6
רֶשֶׁת જાળ H7568
הֵכִינוּ તેમણે-તૈયાર-કરી
לִפְעָמַי મારા-પગલાં-માટે H6471
כָּפַף નમાવી-દીધું H3721
נַפְשִׁי મારા-આત્માને H5315
כָּרוּ ખોદ્યો
לְפָנַי મારી-આગળ H6440
שִׁיחָה ખાડો H7882
נָפְלוּ તેઓ-પડ્યા H5307
בְתוֹכָהּ તેમાં H8432
סֶלָה׃ સેલાહ H5542

તેઓએ મારા પગને સારુ જાળ બિછાવી છે; મારો આત્મા નમી ગયો છે; તેઓએ મારી આગળ ખાડો ખોદ્યો છે, પણ તેઓ પોતે જ તેમાં પડી ગયા છે. સેલાહ

7
| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| נָכ֣וֹן | לִבִּ֣י | אֱ֭לֹהִים | נָכ֣וֹן | לִבִּ֑י | אָ֝שִׁ֗ירָה | וַאֲזַמֵּֽרָה׃ |
| સ્થિર-છે | મારું-હૃદય | હે-ઈશ્વર | સ્થિર-છે | મારું-હૃદય | હું-ગાઈશ | અને-સ્તુતિ-કરીશ |
| | | H0430 | | | H7891 | H2167 |

હે ઈશ્વર, મારું હૃદય સ્થિર છે, મારું હૃદય સ્થિર છે; હું ગાયન કરીશ, હા, હું સ્તોત્રો ગાઈશ.

8
| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ע֤וּרָה | כְבוֹדִ֗י | ע֭וּרָה | הַנֵּ֣בֶל | וְכִנּ֑וֹר | אָעִ֥ירָה | שָּֽׁחַר׃ |
| જાગો | મારા-ગૌરવ | જાગો | વીણા | અને-વીણા | હું-જગાડીશ | પ્રભાતને |
| H5782 | H3519 | H5782 | | H3658 | H5782 | H7837 |

હે મારા આત્મા; મારી વીણા અને તંબુરા; તમે જાગો; હું તો પ્રભાતમાં વહેલો ઊઠીશ.

9
| | | | | | |
|---|---|---|---|---|---|
| אוֹדְךָ֖ | בָעַמִּ֥ים | אֲדֹנָ֑י | אֲ֝זַמֶּרְךָ֗ | בַּל־ | אֻמִּֽים׃ |
| હું-તમને-આભાર-માનીશ | લોકોમાં | હે-પ્રભુ | હું-સ્તુતિ-કરીશ | પ્રજાઓમાં | રાષ્ટ્રોમાં |
| H3034 | | H0136 | H2167 | H1077 | H3816 |

હે પ્રભુ, હું લોકોમાં તમારી આભારસ્તુતિ કરીશ; વિદેશીઓમાં હું તમારાં સ્તોત્ર ગાઈશ.

10
| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | גָדֹ֣ל | עַד־ | שָׁמַ֣יִם | חַסְדֶּ֑ךָ | וְֽעַד־ | שְׁחָקִ֣ים | אֲמִתֶּֽךָ׃ |
| કેમ-કે | મહાન-છે | આકાશ-સુધી | આકાશો | તમારી-કૃપા | અને-વાદળો-સુધી | વાદળો | તમારું-સત્ય |
| | | H5704 | H8064 | | H5704 | H7834 | H0571 |

કેમ કે તમારી કૃપા સ્વર્ગ કરતાં મોટી છે અને તમારી સત્યતા આકાશમાં પહોંચે છે.

11
| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ר֣וּמָה | עַל־ | שָׁמַ֣יִם | אֱלֹהִ֑ים | עַ֖ל | כָּל־ | הָאָ֣רֶץ | כְּבוֹדֶֽךָ׃ |
| ઉચ્ચ-કરો | આકાશો-ઉપર | આકાશો | હે-ઈશ્વર | ઉપર | સમગ્ર | પૃથ્વી-પર | તમારો-મહિમા |
| | | H8064 | H0430 | | H3605 | H0776 | H3519 |

હે ઈશ્વર, તમે સ્વર્ગ કરતાં ઊંચા મનાઓ; આખી પૃથ્વી કરતાં તમારો મહિમા મોટો થાઓ.

## Chapter 58

1
| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לַמְנַצֵּ֥חַ | אַל־ | תַּשְׁחֵ֗ת | לְדָוִ֥ד | מִכְתָּֽם׃ | הַאֻמְנָ֗ם | אֵ֣לֶם | צֶ֣דֶק | תְּדַבֵּר֑וּן | מֵישָׁרִ֥ים | תִּ֝שְׁפְּט֗וּ | בְּנֵ֣י | אָדָֽם׃ |
| મુખ્ય-ગાયક-માટે | નાશ | કરો-નહીં | દાઉદનું | મિક્તામ | શું-ખરેખર | મૂંગા | ન્યાયીઓ | તમે-બોલો-છો | ન્યાયથી | તમે-ન્યાય-કરો-છો | હે-માણસોના | સંતાનો |
| H5329 | H0516 | H0516 | H1732 | H4387 | H0552 | H0482 | H6664 | H1696 | H4339 | H8199 | | H0120 |

શું તમે ખરેખર ન્યાયીપણાથી બોલો છો + 58:1 ઈશ્વર જેવા અથવા મૂંગા માણસ? હે માણસોના દીકરાઓ, શું તમે અદલ ઇનસાફ કરો છો?

2
| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אַף־ | בְּלֵב֮ | עוֹלֹ֪ת | תִּפְעָ֫לוּן | בָּאָ֗רֶץ | חֲמַ֥ס | יְ֝דֵיכֶ֗ם | תְּפַלֵּסֽוּן׃ |
| ઉલટું | હૃદયમાં | અન્યાય | તમે-કરો-છો | પૃથ્વી-પર | હિંસા | તમારા-હાથ | તોળે-છે |
| H0637 | | | H6466 | H0776 | H2555 | H3027 | H6424 |

ના, તમે તમારા મનમાં દુષ્ટતા યોજો છો; પૃથ્વી પર તમે તમારા હાથથી જુલમ તોળી આપો છો.

3
| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| זֹ֣רוּ | רְשָׁעִ֣ים | מֵרָ֑חֶם | תָּע֥וּ | מִ֝בֶּ֗טֶן | דֹּבְרֵ֥י | כָזָֽב׃ |
| ભટકી-ગયા-છે | દુષ્ટો | ગર્ભથી | ભૂલા-પડ્યા-છે | કોખથી | જૂઠું-બોલનારા | અસત્ય |
| | H7563 | H7358 | H8582 | H0990 | H1696 | H3577 |

દુષ્ટો જન્મથી જ ખોટા માર્ગે વળી ગયેલા હોય છે; તેઓ જન્મે છે કે તરત જ જૂઠું બોલે છે અને ખોટે રસ્તે ચઢી જાય છે.

4
| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| חֲמַת־ | לָ֗מוֹ | כִּדְמ֥וּת | חֲמַת־ | נָחָ֑שׁ | כְּמוֹ־ | פֶ֥תֶן | חֵ֝רֵ֗שׁ | יַאְטֵ֥ם | אָזְנֽוֹ׃ |
| તેમનું-ઝેર | છે-તેમને | સમાન | ઝેરના | સાપના | જેમ | નાગ | બહેરા | જે-બંધ-કરે-છે | તેનો-કાન |
| H2534 | | H1823 | H2534 | H5175 | H3644 | H6620 | H2795 | H0331 | H0241 |

તેઓનું વિષ સાપના વિષ જેવું છે; તેઓ કાન બંધ કરી રાખનાર બહેરા સાપ જેવા છે.

5

| | | |
|---|---|---|
| אֲשֶׁר | જે | |
| לֹא־ | નહીં | H3808 |
| יִשְׁמַע | સાંભળે | H8085 |
| לְקוֹל | અવાજને | |
| מְלַחֲשִׁים | મંત્ર-મંત્રનારોનો | H3907 |
| חוֹבֵר | નિપુણ | H2266 |
| חֲבָרִים | મંત્રમંત્રક | H2267 |
| מְחֻכָּם׃ | કુશળનો | H2449 |

કે જે ઘણી જ ચાલાકીથી મોરલી વગાડનાર મદારીનો પણ અવાજ સાંભળતો નથી.

6

| | | |
|---|---|---|
| אֱלֹהִים | હે-ઈશ્વર | H0430 |
| הֲרָס־ | તોડી-નાખો | H2040 |
| שִׁנֵּימוֹ | તેમના-દાંત | H8127 |
| בְּפִימוֹ | તેમના-મોંમાં | H6310 |
| מַלְתְּעוֹת | દાઢો | H4459 |
| כְּפִירִים | સિંહના-બચ્ચાનો | |
| נְתֹץ | ભાંગી-નાખો | H5422 |
| יְהוָה׃ | હે-યહોવાહ | H3068 |

હે ઈશ્વર, તમે તેઓના દાંત તોડી નાખો; હે યહોવાહ, તમે યુવાન સિંહોના મોટા દાંત તોડી પાડો.

7

| | | |
|---|---|---|
| יִמָּאֲסוּ | તેઓ-ઓગળી-જાઓ | |
| כְמוֹ־ | જેમ | H3644 |
| מַיִם | પાણી | H4325 |
| יִתְהַלְּכוּ־ | વહી-જાય-છે | H1980 |
| לָמוֹ | તેમને | |
| יִדְרֹךְ | જ્યારે-તે-તાકે | H1869 |
| חצו | તેનાં-બાણ | H2671 |
| )חִצָּיו( | તેના-બાણો | H2671 |
| כְּמוֹ | જેમ | H3644 |
| יִתְמֹלָלוּ׃ | કાપી-નખાય | |

તેઓ ઝડપથી વહેતા પાણીની જેમ વહી જાઓ; જ્યારે તેઓ પોતાનાં બાણ તાકે, ત્યારે તેઓ બૂઠાં થઈ જાઓ.

8

| | | |
|---|---|---|
| כְּמוֹ | જેમ | H3644 |
| שַׁבְּלוּל | ગોકળગાય | H7642 |
| תֶּמֶס | ઓગળી-જાય | H8557 |
| יַהֲלֹךְ | ચાલે | H1980 |
| נֵפֶל | અકાળ-જન્મ | H5309 |
| אֵשֶׁת | સ્ત્રીનું | H0802 |
| בַּל־ | જેણે-નહીં | H1077 |
| חָזוּ | જોયું | H2372 |
| שָׁמֶשׁ׃ | સૂર્ય | H8121 |

ગોકળગાય જે ચાલતા ચાલતા પીગળી જાય છે તેના જેવા અથવા જેણે સૂર્ય જોયો નથી, એવા સ્ત્રીને અધૂરે ગયેલા ગર્ભ જેવા તેઓ થાઓ.

9

| | | |
|---|---|---|
| בְּטֶרֶם | પહેલાં | H2962 |
| יָבִינוּ | સમજે | H0995 |
| סִּירֹתֵיכֶם | તમારા-વાસણો | |
| אָטָד | કાંટાળી | H0329 |
| כְּמוֹ־ | જેમ-કાચા | H3644 |
| חַי | જીવતા | |
| כְּמוֹ־ | જેમ-ક્રોધ | H3644 |
| חָרוֹן | જવાળા | H2740 |
| יִשְׂעָרֶנּוּ׃ | તેમને-ઉડાવી-લેશે | |

તમારા હાંલ્લાંને કાંટાનો તાપ લાગે તે પહેલાં, પછી તે લીલા હોય કે સૂકા હોય, તો પણ, તેમને વંટોળિયો ઘસડી લઈ જશે.

10

| | | |
|---|---|---|
| יִשְׂמַח | આનંદ-પામશે | H8055 |
| צַדִּיק | નેકી | H6662 |
| כִּי־ | જ્યારે-તે-જુએ | |
| חָזָה | બદલો | H2372 |
| נָקָם | બદલો | H5359 |
| פְּעָמָיו | તેનાં-પગ | H6471 |
| יִרְחַץ | ધોશે | H7364 |
| בְּדַם | દુષ્ટના-લોહીમાં | H1818 |
| הָרָשָׁע׃ | દુષ્ટના | H7563 |

જ્યારે તે ઈશ્વરનો બદલો જોશે, ત્યારે ન્યાયી માણસ હરખાશે; તે દુષ્ટોના લોહીમાં પોતાના પગ ધોશે,

11

| | | |
|---|---|---|
| וְיֹאמַר | અને-કહેશે | H0559 |
| אָדָם | માણસ | H0120 |
| אַךְ־ | ખરેખર | H0389 |
| פְּרִי | ફળ-છે | H6529 |
| לַצַּדִּיק | નેકી-માટે | H6662 |
| אַךְ | ખરેખર | H0389 |
| יֵשׁ־ | છે-જ | H3426 |
| אֱלֹהִים | ઈશ્વર | H0430 |
| שֹׁפְטִים | ન્યાય-કરનારા | H8199 |
| בָּאָרֶץ׃ | પૃથ્વી-પર | H0776 |

કે જેથી માણસો કહેશે કે, "ન્યાયી માણસને ચોક્કસ બદલો મળશે; નિશ્ચે પૃથ્વીમાં ન્યાય કરનાર ઈશ્વર છે."

## Chapter 59

1

| | | |
|---|---|---|
| לַמְנַצֵּחַ | મુખ્ય-ગાયક-માટે | H5329 |
| אַל־ | નાશ | H0516 |
| תַּשְׁחֵת | કરો-નહીં | H0516 |
| לְדָוִד | દાઉદનું | H1732 |
| מִכְתָּם | મિક્તામ | H4387 |
| בִּשְׁלֹחַ | જ્યારે-મોકલ્યો | H7971 |
| שָׁאוּל | શાઉલે | H7586 |
| וַיִּשְׁמְרוּ | અને-તેઓએ-જોયું | H8104 |
| אֶת־ | - | H0853 |
| הַבַּיִת | ઘરને | |
| לַהֲמִיתוֹ׃ | તેને-મારવા-માટે | H4191 |
| הַצִּילֵנִי | છોડાવો | H5337 |
| מֵאֹיְבַי | મારા-શત્રુઓથી | H0341 |
| אֱלֹהָי | મારા-ઈશ્વર | H0430 |
| מִמִּתְקוֹמְמַי | જેઓ-મારી-વિરુદ્ધ-ઊઠે-છે | |
| תְּשַׂגְּבֵנִי׃ | મને-રક્ષા-આપો | H7682 |

હે મારા ઈશ્વર, મારા શત્રુઓથી મને છોડાવો; મારી વિરુદ્ધ જેઓ ઊઠે છે, તેઓથી તમે મને ઉગારો.

2

| | | |
|---|---|---|
| הַצִּילֵנִי | છોડાવો-મને | H5337 |
| מִפֹּעֲלֵי | અનિષ્ટ-કરનારાઓથી | H6466 |
| אָוֶן | દુષ્ટતા | H0205 |
| וּמֵאַנְשֵׁי | અને-લોહીના | H0376 |
| דָמִים | માણસોથી | H1818 |
| הוֹשִׁיעֵנִי׃ | બચાવો-મને | H3467 |

દુષ્ટતા કરનારાઓથી મને દૂર રાખો અને ખૂની માણસોથી મને બચાવો.

3

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | הִנֵּה | אָרְבוּ | לְנַפְשִׁי | יָגוּרוּ | עָלַי | עַזִּים | לֹא־ | פִשְׁעִי |
| કેમ-કે | જુઓ | ઓચિંતામાં-છે | મારા-જીવન-માટે | ભેગા-થાય-છે | મારી-વિરુદ્ધ | બળવાનો | નહીં | મારો-અપરાધ |
| | H2009 | H0693 | H5315 | | | H5794 | H3808 | H6588 |

| | | |
|---|---|---|
| וְלֹא־ | חַטָּאתִי | יְהוָה׃ |
| અને-નહીં | મારું-પાપ | હે-યહોવાહ |
| H3808 | | H3068 |

કેમ કે, જુઓ, તેઓ મારો પ્રાણ લેવા સંતાઈ રહ્યા છે; શક્તિશાળી દુષ્ટો મારી સામે એકત્ર થાય છે, પણ, હે યહોવાહ, મારા ઉલ્લંઘન કે મારાં પાપને લીધે આ થાય છે, એમ નથી.

4

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בְּלִי־ | עָוֺן | יְרוּצוּן | וְיִכּוֹנָנוּ | עוּרָה | לִקְרָאתִי | וּרְאֵה׃ |
| કોઈ-અપરાધ | વિના | તેઓ-દોડે-છે | અને-તૈયાર-થાય-છે | જાગો | મને-મળવા-આવો | અને-જુઓ |
| H1097 | H5771 | H7323 | | H5782 | H7125 | H7200 |

જો કે મારો કંઈ પણ દોષ ન હોવા છતાં તેઓ દોડી આવીને તૈયારી કરે છે; મને સહાય કરવાને જાગો અને જુઓ.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאַתָּה | יְהוָה־ | אֱלֹהִים | צְבָאוֹת | אֱלֹהֵי | יִשְׂרָאֵל | הָקִיצָה | לִפְקֹד | כָּל־ | הַגּוֹיִם | אַל־ |
| અને-તમે | હે-યહોવાહ | ઈશ્વર | સેનાઓના | ઈશ્વર | ઇસ્રાએલના | જાગો | સજા-કરવા | બધા | પ્રજાઓને | દયા |
| | H3068 | H0430 | | H0430 | H3478 | H6974 | | H3605 | | H0408 |

| | | | | |
|---|---|---|---|---|
| תָּחֹן | כָּל־ | בֹּגְדֵי | אָוֶן | סֶלָה׃ |
| કરો-નહીં | કોઈપણ | વિશ્વાસઘાતી | અનિષ્ટના | સેલાહ |
| | H3605 | H0898 | H0205 | H5542 |

તમે, હે સૈન્યોના ઈશ્વર યહોવાહ, ઇઝરાયલના ઈશ્વર, તમે સર્વ દેશોને શિક્ષા કરવાને ઊઠો; કોઈ પણ દુષ્ટ અપરાધીઓ પર તમે દયા કરશો નહિ. સેલાહ

6

| | | | | | |
|---|---|---|---|---|---|
| יָשׁוּבוּ | לָעֶרֶב | יֶהֱמוּ | כַכָּלֶב | וִיסוֹבְבוּ | עִיר׃ |
| તેઓ-પાછા-ફરે-છે | સાંજે | તેઓ-ગરજે-છે | કૂતરાની-જેમ | અને-શહેરમાં-ફરે-છે | શહેર |
| H7725 | H6153 | H1993 | H3611 | H5437 | |

તેઓ સાંજના સમયે પાછા આવે છે, અને તેઓ કૂતરાની જેમ ઘૂરકે છે; અને નગરની આસપાસ ફરે છે.

7

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הִנֵּה | יַבִּיעוּן | בְּפִיהֶם | חֲרָבוֹת | בְּשִׂפְתוֹתֵיהֶם | כִּי־ | מִי | שֹׁמֵעַ׃ |
| જુઓ | તેઓ-ઉગળે-છે | તેમના-મોંમાંથી | તલવારો | તેમના-હોઠો-પર | કેમ-કે | કોણ | સાંભળે-છે |
| H2009 | H5042 | H6310 | H2719 | H8193 | | H4310 | H8085 |

જુઓ, તેઓ પોતાના મુખથી ઓડકાર લે છે; તેઓના હોઠોમાં તલવારો છે, કેમ કે તેઓ કહે છે કે, “અમારું સાંભળનાર કોણ છે?”

8

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְאַתָּה | יְהוָה | תִּשְׂחַק־ | לָמוֹ | תִּלְעַג | לְכָל־ | גּוֹיִם׃ |
| પણ-તમે | હે-યહોવાહ | હસો-છો | તેમના-પર | તમે-મશ્કરી-કરો-છો | બધા-પ્રજાઓની | પ્રજાઓની |
| | H3068 | H7832 | | H3932 | H3605 | |

પણ, હે યહોવાહ, તમે તેઓને હસી કાઢશો; તમે સર્વ દેશોની મજાક ઉડાવો છો.

9

| | | | | | |
|---|---|---|---|---|---|
| עֻזּוֹ | אֵלֶיךָ | אֶשְׁמֹרָה | כִּי־ | אֱלֹהִים | מִשְׂגַּבִּי׃ |
| તેમનું-બળ | તમારી-તરફ | હું-જોઈશ | કેમ-કે | ઈશ્વર | મારો-ગઢ-છે |
| H5797 | H0413 | H8104 | | H0430 | |

હે ઈશ્વર, મારા સામર્થ્ય, હું તમારી તરફ લક્ષ રાખીશ; તમે મારો ઊંચો ગઢ છો.

10

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֱלֹהֵי | [חסדו] | (חַסְדִּי) | יְקַדְּמֵנִי | אֱלֹהִים | יַרְאֵנִי | בְשֹׁרְרָי׃ |
| મારા-ઈશ્વરની | કૃપા | તેમની-કૃપા | મારી-આગળ-જશે | ઈશ્વર | મને-બતાવશે | મારા-શત્રુઓને |
| H0430 | | | H6923 | H0430 | H7200 | H8324 |

મારા ઈશ્વર તેમની કૃપાથી મને મળવા આવશે; ઈશ્વર મારા શત્રુઓ ઉપર મને મારી ઇચ્છા પૂરી કરવા દેશે.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אַל־ | תַּהַרְגֵם | פֶּן־ | יִשְׁכְּחוּ | עַמִּי | הֲנִיעֵמוֹ | בְחֵילְךָ | וְהוֹרִידֵמוֹ | מָגִנֵּנוּ | אֲדֹנָי׃ |
| મારો-નહીં | તેમને-મારો | રખે-નહીં | મારા-લોકો-ભૂલે | મારા-લોકો | તેમને-હલાવો | તમારા-સામર્થ્યથી | અને-નીચે-પાડો | અમારી-ઢાલ | હે-પ્રભુ |
| H0408 | H2026 | H6435 | H7911 | | H5128 | H2428 | H3381 | H4043 | H0136 |

તેઓનો સંહાર કરશો નહિ, નહિ તો મારા લોકો ભૂલી જશે; હે પ્રભુ, અમારી ઢાલ, તમારી શક્તિ વડે તેઓને વિખેરીને નીચે પાડી નાખો.

12

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| חַטַּאת־ | פִּימוֹ | דְּבַר־ | שְׂפָתֵימוֹ | וְיִלָּכְדוּ | בִגְאוֹנָם | וּמֵאָלָה | וּמִכַּחַשׁ | יְסַפֵּרוּ׃ |
| તેમના-મોંનું-પાપ | તેમના-મોંનું | શબ્દોનું-પાપ | તેમના-હોઠોનું | અને-તેઓ-પકડાય | તેમના-અહંકારમાં | અને-શાપ | અને-જૂટાણું | તેઓ-કહે-છે |
| | H6310 | H1697 | H8193 | H3920 | H1347 | H0423 | H3585 | |

કેમ કે તેઓના મુખના પાપને લીધે અને તેઓના હોઠોના શબ્દોને લીધે, તેઓ જે શાપ દે છે અને જે જૂઠું બોલે છે, તેને લીધે તેઓને પોતાના જ અભિમાનમાં ફસાઈ જવા દો.

13

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כַּלֵּה | בְחֵמָה | כַּלֵּה | וְאֵינֵמוֹ | וְיֵדְעוּ | כִּי־ | אֱלֹהִים | מֹשֵׁל | בְּיַעֲקֹב | לְאַפְסֵי | הָאָרֶץ | סֶלָה׃ |
| નાશ-કરો | ક્રોધમાં | નાશ-કરો | અને-તેઓ-રહે-નહીં | અને-તેઓ-જાણે | કે | ઈશ્વર | રાજ-કરે-છે | યાકૂબમાં | પૃથ્વીના-છેડા | પૃથ્વીના | સેલાહ |
| H3615 | H2534 | H3615 | H0369 | H3045 | | H0430 | H4910 | H3290 | | H0776 | H5542 |

કોપથી તેઓનો નાશ કરો, નાશ કરો, કે જેથી તેઓ રહે જ નહિ; તેઓને જણાવો કે ઈશ્વર યાકૂબમાં + 59:13 ઇઝરાયલ દેશ રાજ કરે છે અને પૃથ્વીના અંત સુધી પણ રાજ કરે છે. સેલાહ

14

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְיָשֻׁבוּ | לָעֶרֶב | יֶהֱמוּ | כַכָּלֶב | וִיסוֹבְבוּ | עִיר׃ |
| અને-તેઓ-પાછા-ફરે | સાંજે | તેઓ-ગરજે-છે | કૂતરાની-જેમ | અને-શહેરમાં-ફરે-છે | શહેર |
| H7725 | H6153 | H1993 | H3611 | H5437 | |

સાંજે તેઓ પાછા આવો; તેઓ કૂતરાની જેમ ઘૂરકો અને નગરની આસપાસ ફરો.

15

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הֵמָּה | [ינועון] | (יְנִיעוּן) | לֶאֱכֹל | אִם־ | לֹא | יִשְׂבְּעוּ | וַיָּלִינוּ׃ |
| તેઓ | ભટકે-છે | ભટકે-છે | ખાવા-માટે | જો | નહીં | તૃપ્ત-થાય | તો-કુરકુરે-છે |
| H1992 | H5128 | H5128 | H0398 | | H3808 | H7646 | |

તેઓ અહીંતહીં ખાવા માટે ફરતા ફરશે અને જો તેઓ સંતોષી ન હોય તો આખી રાત તેઓ રાહ જોશે + 59:15 આખી રાત કચકચ કરશે.

16

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַאֲנִי | אָשִׁיר | עֻזֶּךָ | וַאֲרַנֵּן | לַבֹּקֶר | חַסְדֶּךָ | כִּי־ | הָיִיתָ | מִשְׂגָּב | לִי | וּמָנוֹס | בְּיוֹם | צַר־ | לִי׃ |
| પણ-હું | ગાઈશ | તમારું-બળ | અને-આનંદથી-બોલીશ | સવારે | તમારી-કૃપા | કેમ-કે | તમે-છો | ગઢ | મારા-માટે | અને-આશ્રય | સંકટના-દિવસે | કષ્ટના | મારા-માટે |
| H0589 | H7891 | H5797 | | H1242 | | | H1961 | | | H4498 | H3117 | | |

પણ હું તો તમારા સામર્થ્યનું ગીત ગાઈશ; અને મારા સંકટના સમયે ભરોસો રાખીશ, કેમ કે તમે મારે માટે ઊંચો ગઢ છો.

17

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עֻזִּי | אֵלֶיךָ | אֲזַמֵּרָה | כִּי־ | אֱלֹהִים | מִשְׂגַּבִּי | אֱלֹהֵי | חַסְדִּי׃ |
| મારું-બળ | તમારા-માટે | હું-ગાઈશ | કેમ-કે | ઈશ્વર | મારો-ગઢ-છે | મારા-ઈશ્વરની | કૃપા |
| H5797 | H0413 | H2167 | | H0430 | | H0430 | |

હે મારા સામર્થ્ય, હું તમારાં સ્તોત્રો ગાઈશ; કેમ કે ઈશ્વર મારે માટે ઊંચો ગઢ અને મારા પર કૃપા કરનાર ઈશ્વર છે.

## Chapter 60

1
לַמְנַצֵּחַ મુખ્ય-ગાયક-માટે H5329 | עַל־ ઉપર | שׁוּשַׁן લિલીની H7802 | עֵדוּת સાક્ષી H7802 | מִכְתָּם મિક્તામ H4387 | לְדָוִד દાઉદનું H1732 | לְלַמֵּד׃ શિખવવા-માટે H3925 | בְּהַצּוֹתוֹ જ્યારે-તેણે-લડ્યું | אֶת - H0853
נַהֲרַיִםאֲרַם અરામ-નહરાઇમ-સામે H0763 | וְאֶת־ અને H0853 | צוֹבָהאֲרַם અરામ-સોબાહ-સામે H0760 | וַיָּשָׁב અને-પાછો-ફર્યો H7725 | יוֹאָב યોઆબ H3097 | וַיַּךְ અને-માર્યું H5221 | אֶת־ - H0853 | אֱדוֹם અદોમને H0123 | בְּגֵיא־ મીટની-ખીણમાં H1516
מֶלַח મીટ H4417 | שְׁנֵים બાર H8147 | עָשָׂר હજાર H6240 | אָלֶף׃ હજાર H0505 | אֱלֹהִים હે-ઈશ્વર H0430 | זְנַחְתָּנוּ તમે-અમને-ત્યજી-દીધા | פְרַצְתָּנוּ તમે-અમને-તોડી-નાખ્યા H6555 | אָנַפְתָּ તમે-ક્રોધિત-હતા H0599 | תְּשׁוֹבֵב પાછા-ફરો H7725
לָנוּ׃ અમારી-તરફ

હે ઈશ્વર, તમે અમને તજી દીધા છે; તમે અમને પાયમાલ કર્યા છે; તમે કોપાયમાન થયા છો; અમને ફરીથી સ્થાપો.

2
הִרְעַשְׁתָּה તમે-ધ્રૂજાવી H7493 | אֶרֶץ પૃથ્વીને H0776 | פְּצַמְתָּהּ તમે-તેને-તોડી H6480 | רְפָה સાજો-કરો H7495 | שְׁבָרֶיהָ તેના-ભાંગાને H7667 | כִי־ કેમ-કે | מָטָה׃ તે-ડોલે-છે H4131

તમે દેશને ધ્રૂજાવ્યો છે; તમે તેને ચીરીને અલગ કર્યો છે; તેના વિભાગોને તમે સમારો, કેમ કે તે કાંપે છે.

3
הִרְאִיתָה તમે-બતાવ્યું H7200 | עַמְּךָ તમારા-લોકોને | קָשָׁה કટોરું H7186 | הִשְׁקִיתָנוּ તમે-અમને-પાયું H8248 | יַיִן દ્રાક્ષારસ H3196 | תַּרְעֵלָה׃ ટલમલાવનારો H8653

તમે તમારા લોકોને અતિ વિકટ સમયમાં લઈ ગયા છો; તમે અમને લથડિયાં ખવડાવનારો દ્રાક્ષારસ પીવડાવ્યો છે.

4
נָּתַתָּה તમે-આપ્યું H5414 | לִּירֵאֶיךָ તમારા-ભક્તોને H3373 | נֵּס ⬚ંડો H5251 | לְהִתְנוֹסֵס પ્રગટ-કરવા-માટે H5127 | מִפְּנֵי સત્યને-ખાતર H6440 | קֹשֶׁט સત્ય | סֶלָה׃ સેલાહ H5542

તમે તમારી બીક રાખનારાઓને ધ્વજા આપી છે, કે જેથી તે સત્યને અર્થે પ્રદર્શિત કરાય + 60:4 જેથી તેઓ ધનુષ્યમાંથી છટકી શકાય.

5
לְמַעַן જેથી H4616 | יֵחָלְצוּן છોડાય | יְדִידֶיךָ તમારા-વહાલાઓ | הוֹשִׁיעָה બચાવો H3467 | יְמִינְךָ તમારા-જમણા-હાથે H3225 | [ועננו] અને-મને-ઉત્તર-આપો H6032 | (וַעֲנֵנִי׃) અને-મને-ઉત્તર-આપો H6032

કે જેથી જેઓ તમને પ્રેમ કરે છે, તેઓ છૂટી જાય, તમારા જમણા હાથથી અમને છોડાવો અને મને જવાબ આપો.

6
אֱלֹהִים ઈશ્વરે H0430 | דִּבֶּר બોલ્યું-છે H1696 | בְּקָדְשׁוֹ તેમની-પવિત્રતામાં H6944 | אֶעְלֹזָה હું-ઉલ્લાસ-કરીશ H5937 | אֲחַלְּקָה હું-વહેંચીશ | שְׁכֶם શેખેમ H7927 | וְעֵמֶק અને-ખીણ H6010 | סֻכּוֹת સુક્કોથની H5523 | אֲמַדֵּד׃ હું-માપીશ H4058

ઈશ્વર પોતાની પવિત્રસ્થાનમાંથી + 60:6 પવિત્રતાથી બોલ્યા છે, "હું હરખાઈશ; હું શખેમના ભાગ પાડીશ અને સુક્કોથની ખીણ વહેંચી આપીશ.

7
לִי મારું-છે | גִלְעָד ગિલઆદ H1568 | וְלִי અને-મારું-છે | מְנַשֶּׁה મનાશ્શેહ H4519 | וְאֶפְרַיִם અને-એફ્રાઇમ H0669 | מָעוֹז ગઢ-છે H4581 | רֹאשִׁי મારા-માથાનો | יְהוּדָה યહૂદાહ H3063 | מְחֹקְקִי׃ મારો-રાજદંડ H2710

ગિલ્યાદ મારું છે અને મનાશ્શા પણ મારું છે; એફ્રાઇમ પણ મારા માથાનો ટોપ છે. યહૂદિયા મારો રાજદંડ છે.

8
מוֹאָב મોઆબ H4124 | סִיר વાસણ-છે | רַחְצִי મારા-ધોવાનું H7366 | עַל־ પર | אֱדוֹם અદોમ H0123 | אַשְׁלִיךְ હું-ફેંકીશ H7993 | נַעֲלִי મારો-જૂતો H5275 | עָלַי મારા-ઉપર | פְּלֶשֶׁת પલિસ્તી H6429 | הִתְרֹעָעִי׃ જયઘોષ-કર H7321

મોઆબ મારો કળશિયો છે; અદોમ ઉપર હું મારું પગરખું નાખીશ; હું પલિસ્તીઓને કારણે હું જય પોકાર કરીશ + 60:8 ઓ પલિસ્તીઓના દેશ, તું મારા વિષે જય પોકાર કરીશ.

9 מִי יֹבִלֵנִי עִיר מָצוֹר מִי נָחַנִי עַד־ אֱדוֹם׃
કોણ મને-લઈ-જશે કિલ્લેબંદ-શહેરમાં મજબૂત કોણ મને-દોરશે સુધી અદોમ-સુધી
H4310 H2986 H4692 H4310 H5148 H5704 H0123

મજબૂત શહેરમાં મને કોણ લાવશે? અદોમમાં મને કોણ દોરવણી આપશે?”

10 הֲלֹא־ אַתָּה אֱלֹהִים זְנַחְתָּנוּ וְלֹא־ תֵצֵא אֱלֹהִים בְּצִבְאוֹתֵינוּ׃
શું-નહીં તમે-જ હે-ઈશ્વર અમને-ત્યજી-દીધા અને-નહીં નીકળો હે-ઈશ્વર અમારી-સેનાઓ-સાથે
H3808 H0430 H3808 H3318 H0430

પણ, હે ઈશ્વર, તમે શું અમને તજી દીધા નથી? તમે અમારા સૈન્યોની સાથે યુદ્ધમાં આવતા નથી.

11 הָבָה־ לָּנוּ עֶזְרָת מִצָּר וְשָׁוְא תְּשׁוּעַת אָדָם׃
આપો અમને સહાય શત્રુ-સામે અને-વ્યર્થ-છે માણસનું-તારણ માણસનું
H3051 H5833 H7723 H8668 H0120

અમારા શત્રુઓ વિરુદ્ધ અમારી સહાય કરો, કારણ કે માણસોની સહાય વ્યર્થ છે.

12 בֵּאלֹהִים נַעֲשֶׂה־ חָיִל וְהוּא יָבוּס צָרֵינוּ׃
ઈશ્વરમાં અમે-પરાક્રમ-કરીશું શક્તિ અને-તે કચડી-નાખશે અમારા-શત્રુઓને
H0430 H2428 H1931 H0947

ઈશ્વરની સહાયથી અમે જીત મેળવીશું; તે અમારા શત્રુઓને કચડી નાખશે.

## Chapter 61

1 לַמְנַצֵּחַ עַל־ נְגִינַת לְדָוִד׃ שִׁמְעָה אֱלֹהִים רִנָּתִי הַקְשִׁיבָה תְּפִלָּתִי׃
સંગીત-નિર્દેશક-માટે પર તારવાળા-વાદ્ય દાવિદનું સાંભળો ઈશ્વર મારી-પોકાર ધ્યાન-આપો મારી-પ્રાર્થનાને
H5329 H5058 H1732 H8085 H0430 H7440 H7181 H8605

હે ઈશ્વર, મારો પોકાર સાંભળો; મારી પ્રાર્થના પર ધ્યાન આપો.

2 מִקְצֵה הָאָרֶץ אֵלֶיךָ אֶקְרָא בַּעֲטֹף לִבִּי בְּצוּר־ יָרוּם מִמֶּנִּי תַנְחֵנִי׃
છેડાથી પૃથ્વીના તમને હું-પોકારું-છું નિર્બળ-થતાં મારા-હૃદયના ખડક-પર ઊંચા મારાથી મને-દોરો
H0776 H0413 H7121 H6697 H5148

જ્યારે મારું હૃદય વ્યાકુળ થશે, ત્યારે પૃથ્વીને છેડેથી હું તમને અરજ કરીશ; જે ખડક પર હું મારી જાતે ચઢી શકતો નથી તે પર તમે મને લઈ જજો.

3 כִּי־ הָיִיתָ מַחְסֶה לִי מִגְדַּל־ עֹז מִפְּנֵי אוֹיֵב׃
કારણ-કે તમે-રહ્યા-છો આશ્રય મારો મજબૂત-ગઢ બળનો સામે શત્રુના
H1961 H4268 H4026 H5797 H6440 H0341

કેમ કે તમે મારા આશ્રય છો, મારા શત્રુઓ સામે મારો મજબૂત બુરજ છો.

4 אָגוּרָה בְאָהָלְךָ עוֹלָמִים אֶחֱסֶה בְסֵתֶר כְּנָפֶיךָ סֶּלָה׃
હું-રહીશ તમારા-તંબુમાં સદાકાળ આશ્રય-લઈશ છુપાવમાં તમારી-પાંખોના સેલાહ
H0168 H5769 H2620 H3671 H5542

હું સદાકાળ તમારા મંડપમાં રહીશ; તમારી પાંખોના આશ્રયે હું રહીશ. સેલાહ

5 כִּי־ אַתָּה אֱלֹהִים שָׁמַעְתָּ לִנְדָרָי נָתַתָּ יְרֻשַּׁת יִרְאֵי שְׁמֶךָ׃
કારણ-કે તમે ઈશ્વર સાંભળ્યા-છે મારી-માનતાઓ આપ્યો-છે વારસો ડરનારાઓને તમારા-નામથી
H0430 H8085 H5088 H5414 H3425 H3373 H8034

કેમ કે, હે ઈશ્વર, મારી પ્રતિજ્ઞાઓ તમે સાંભળી છે; જેઓ તમારા નામનો આદર કરે છે તેઓને તમે વારસો આપ્યો છે.

6

| יָמִים | עַל־ | יְמֵי־ | מֶלֶךְ | תּוֹסִיף | שְׁנוֹתָיו | כְּמוֹ־ | דֹר | וָדֹר׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| દિવસો | પર | દિવસોના | રાજાના | ઉમેરો | તેનાં-વર્ષો | જેમ | પેઢી | દર-પેઢી |
| H3117 | | H3117 | H4428 | H3254 | H8141 | H3644 | H1755 | H1755 |

તમે રાજાનું આયુષ્ય વધારશો; તેઓનાં વર્ષો ઘણી પેઢીઓ જેટલાં થશે.

7

| יֵשֵׁב | עוֹלָם | לִפְנֵי | אֱלֹהִים | חֶסֶד | וֶאֱמֶת | מַן | יִנְצְרֻהוּ׃ |
|---|---|---|---|---|---|---|---|
| બેસશે | સદાકાળ | સમક્ષ | ઈશ્વરના | કૃપા | અને-સત્ય | કોણ | તેને-રક્ષશે |
| H3427 | H5769 | H6440 | H0430 | | H0571 | H4487 | H5341 |

તે ઈશ્વરની સંમુખ સર્વદા રહેશે; તેઓનું રક્ષણ કરવાને તમારી કૃપા અને સત્યને તૈયાર રાખજો.

8

| כֵּן | אֲזַמְּרָה | שִׁמְךָ | לָעַד | לְשַׁלְּמִי | נְדָרַי | יוֹם | יוֹם׃ |
|---|---|---|---|---|---|---|---|
| એમ | હું-ગાઈશ | તમારા-નામના-સ્તુતિ | સદાકાળ | પૂરી-કરવા | મારી-માનતાઓ | દિવસ | પ્રતિદિન |
| | H2167 | H8034 | H5703 | | H5088 | H3117 | H3117 |

હું નિરંતર તમારા નામની સ્તુતિ ગાઈશ કે જેથી હું દરરોજ મારી પ્રતિજ્ઞા પૂરી કરું.

## Chapter 62

1

| לַמְנַצֵּחַ | עַל־ | יְדוּתוּן | מִזְמוֹר | לְדָוִד׃ | אַךְ | אֶל־ | אֱלֹהִים | דּוּמִיָּה | נַפְשִׁי | מִמֶּנּוּ | יְשׁוּעָתִי׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સંગીત-નિર્દેશક-માટે | પર | યદૂથૂન | ગીત | દાવિદનું | ખરેખર | માટે | ઈશ્વર | શાંતિ-છે | મારા-આત્માને | તેમના-તરફથી | મારું-ઉદ્ધાર |
| H5329 | | H3038 | H4210 | H1732 | H0389 | H0413 | H0430 | H1747 | H5315 | | H3444 |

મારો આત્મા શાંતિથી ઈશ્વરની રાહ જુએ છે; કેમ કે તેમનાથી મારો ઉદ્ધાર છે.

2

| אַךְ־ | הוּא | צוּרִי | וִישׁוּעָתִי | מִשְׂגַּבִּי | לֹא־ | אֶמּוֹט | רַבָּה׃ |
|---|---|---|---|---|---|---|---|
| ખરેખર | તે-જ | મારો-ખડક-છે | અને-મારું-ઉદ્ધાર | મારો-ઊંચો-ગઢ | નહીં | ડગમગીશ | ઘણું |
| H0389 | H1931 | H6697 | H3444 | | H3808 | H4131 | |

તે એકલા જ મારો ખડક તથા મારા ઉદ્ધારક છે; તે મારો ગઢ છે; હું પડી જનાર નથી.

3

| עַד־ | אָנָה | תְּהוֹתְתוּ | עַל | אִישׁ | תְּרָצְּחוּ | כֻלְּכֶם | כְּקִיר | נָטוּי | גָּדֵר | הַדְּחוּיָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્યાં-સુધી | તમે | હુમલો-કરશો | પર | માણસ-પર | હત્યા-કરશો | તમે-સર્વ | જેમ-નમેલી-દીવાલ | ઢળેલી | વાડ | ધકેલાયેલી |
| H5704 | H0575 | H2050 | | H0376 | H7523 | H3605 | H7023 | H5186 | H1447 | |

જે માણસ નમી ગયેલી ભીંત કે ખસી ગયેલી વાડના જેવો છે, તેને મારી નાખવાને તમે સર્વ ક્યાં સુધી તેના પર હુમલો કરશો?

4

| אַךְ | מִשְּׂאֵתוֹ | יָעֲצוּ | לְהַדִּיחַ | יִרְצוּ | כָזָב | בְּפִיו | יְבָרֵכוּ | וּבְקִרְבָּם | יְקַלְלוּ־ | סֶלָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખરેખર | તેના-ઉચ્ચ-સ્થાનેથી | સલાહ-આપે-છે | પાડી-નાખવા | આનંદ-માને-છે | જૂઠાણામાં | મોઢેથી | આશીર્વાદ-આપે-છે | પણ-અંદરથી | શ્રાપ-આપે-છે | સેલાહ |
| H0389 | H7613 | H3289 | H5080 | H7521 | H3577 | H6310 | H1288 | H7130 | H7043 | H5542 |

તેઓ તેને તેના શ્રેષ્ઠ સ્થાનેથી નીચે પાડી નાખવા સલાહ લે છે; તેઓને જૂઠું બોલવું ગમે છે; તેઓ મુખેથી આશીર્વાદ આપે છે, પણ તેઓના હ્રદયમાં તેઓ શાપ આપે છે.

5

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אַךְ | לֵֽאלֹהִים | דּ֣וֹמִּי | נַפְשִׁ֑י | כִּֽי־ | מִ֝מֶּ֗נּוּ | תִּקְוָתִֽי׃ |
| ખરેખર | ઈશ્વર-માટે | શાંત-રહે | મારા-આત્મા | કારણ-કે | તેમના-તરફથી | મારી-આશા-છે |
| H0389 | H0430 | | H5315 | | | |

હે મારો આત્મા, તું શાંતિથી ઈશ્વરની રાહ જો; કેમ કે મારી આશા તેમના પર જ છે.

6

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אַךְ־ | ה֣וּא | צ֭וּרִי | וִֽישׁוּעָתִ֑י | מִ֝שְׂגַּבִּ֗י | לֹ֣א | אֶמּֽוֹט׃ |
| ખરેખર | તે-જ | મારો-ખડક-છે | અને-મારું-ઉદ્ધાર | મારો-ઊંચો-ગઢ | નહીં | ડગમગીશ |
| H0389 | H1931 | H6697 | H3444 | | H3808 | H4131 |

તે એકલા જ મારા ખડક તથા મારા ઉદ્ધારક છે; તે મારા ગઢ છે; હું પડી જનાર નથી.

7

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עַל־ | אֱ‍ֽלֹהִ֗ים | יִשְׁעִ֥י | וּכְבוֹדִ֑י | צוּר־ | עֻזִּ֥י | מַ֝חְסִ֗י | בֵּאלֹהִֽים׃ |
| પર | ઈશ્વર | મારો-ઉદ્ધાર-છે | અને-મારો-મહિમા | મારો-બળવાન-ખડક | મારું-બળ | મારો-આશ્રય | ઈશ્વરમાં-છે |
| | H0430 | H3468 | H3519 | H6697 | H5797 | H4268 | H0430 |

ઈશ્વરમાં મારો ઉદ્ધાર તથા ગૌરવ છે; મારા સામર્થ્યનો ખડક તથા મારો આશ્રય ઈશ્વરમાં છે.

8

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בִּטְח֘וּ | ב֤וֹ | בְכָל־ | עֵ֨ת | עָ֗ם | שִׁפְכֽוּ־ | לְפָנָ֥יו | לְבַבְכֶ֑ם | אֱלֹהִ֖ים | מַחֲסֶה־ | לָּ֣נוּ | סֶֽלָה׃ |
| ભરોસો-રાખો | તેમનામાં | દરેક | સમયે | લોકો | રેડો | તેમની-સમક્ષ | તમારા-હૃદય | ઈશ્વર | આશ્રય-છે | આપણો | સેલાહ |
| H0982 | | H3605 | H6256 | | H8210 | H6440 | H3824 | H0430 | H4268 | | H5542 |

હે લોકો, તમે સર્વ સમયે તેમના પર ભરોસો રાખો; તેમની આગળ તમારું હૃદય ખુલ્લું કરો; ઈશ્વર આપણો આશ્રય છે. સેલાહ

9

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַ֤ךְ | הֶ֥בֶל | בְּֽנֵי־ | אָדָם֮ | כָּזָ֪ב | בְּנֵ֫י | אִ֥ישׁ | בְּמֹאזְנַ֥יִם | לַעֲל֑וֹת | הֵ֝֗מָּה | מֵהֶ֥בֶל | יָֽחַד׃ |
| ખરેખર | નિરર્થક-છે | સામાન્ય-માણસોના | સંતાનો | જૂઠા-છે | ઉચ્ચ-વર્ગના | માણસોના | ત્રાજવામાં | ઊંચા-જાય-છે | તેઓ | નિરર્થકતાથી | મળીને |
| H0389 | H1892 | | H0120 | H3577 | | H0376 | H3976 | H5927 | H1992 | H1892 | |

નિશ્ચે નિમ્ન પંક્તિના માણસો વ્યર્થ છે અને ઉચ્ચ પંક્તિના માણસો જૂઠા છે; તોલતી વેળાએ તેઓનું પલ્લું ઊંચું જશે; તેઓ બધા મળીને હવા કરતાં હલકા છે.

10

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַל־ | תִּבְטְח֣וּ | בְעֹשֶׁק֮ | וּבְגָזֵ֪ל | אַל־ | תֶּ֫הְבָּ֥לוּ | חַ֤יִל | כִּֽי־ | יָנ֑וּב | אַל־ | תָּשִׁ֥יתוּ | לֵֽב׃ |
| ભરોસો-ન-રાખો | ન-રાખો | જુલમમાં | અને-લૂંટમાં | ન | ખોટા-થાઓ | ધન | જો | વધે | ન | લગાવો | હૃદય |
| H0408 | H0982 | H6233 | H1498 | H0408 | H1891 | H2428 | | H5107 | H0408 | H7896 | |

જુલમ અથવા લૂંટ પર ભરોસો કરશો નહિ; અને સમૃદ્ધિમાં નકામી આશા રાખશો નહિ, કેમ કે તેઓ ફળ આપશે નહિ; તેઓ પર મન ન લગાડો.

11

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אַחַ֤ת | דִּבֶּ֬ר | אֱלֹהִ֗ים | שְׁתַּֽיִם־ | ז֥וּ | שָׁמָ֑עְתִּי | כִּ֥י | עֹ֝֗ז | לֵאלֹהִֽים׃ |
| એક-વાર | બોલ્યા-છે | ઈશ્વર | બે-વાર | આ | સાંભળ્યું-છે-મેં | કે | સામર્થ્ય | ઈશ્વરનું-છે |
| H0259 | H1696 | H0430 | H8147 | H2098 | H8085 | | H5797 | H0430 |

ઈશ્વર એક વાર બોલ્યા છે, આ વાત મેં બે વાર સાંભળી છે: સામર્થ્ય ઈશ્વરનું જ છે.

12

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וּלְךָֽ־ | אֲדֹנָ֥י | חָ֑סֶד | כִּֽי־ | אַתָּ֨ה | תְשַׁלֵּ֖ם | לְאִ֣ישׁ | כְּֽמַעֲשֵֽׂהוּ׃ |
| અને-તમારી | પ્રભુ | કૃપા-છે | કારણ-કે | તમે | બદલો-આપો-છો | દરેક-માણસને | તેના-કર્મ-પ્રમાણે |
| | H0136 | | | | | H0376 | H4639 |

વળી, હે પ્રભુ, કૃપા પણ તમારી જ છે, કેમ કે તમે દરેક માણસને તેના કામ પ્રમાણે બદલો વાળી આપો છો.

## Chapter 63

| צְמְאָה | אֲשַׁחֲרֶךָּ | אַתָּה | אֵלִי | אֱלֹהִים | יְהוּדָה׃ | בְּמִדְבַּר | בִּהְיוֹתוֹ | לְדָוִד | מִזְמוֹר | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તરસે-છે | હું-તમને-શોધું-છું | તમે-છો | મારા-પરમેશ્વર | ઈશ્વર | યહૂદાના | રણમાં | જ્યારે-તે | દાવિદનું | ગીત | |
| H6770 | H7836 | | H0410 | H0430 | H3063 | | H1961 | H1732 | H4210 | |

| מָיִם׃ | בְּלִי־ | וְעָיֵף | צִיָּה | בְּאֶרֶץ־ | בְשָׂרִי | לְךָ | כָּמַהּ | נַפְשִׁי | לְךָ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પાણી | વિના | અને-થાકેલી | સૂકી | શુષ્ક-ભૂમિમાં | મારું-શરીર | તમારા-માટે | વાંછે-છે | મારો-આત્મા | તમારા-માટે |
| H4325 | H1097 | H5889 | H6723 | H0776 | H1320 | | H3642 | H5315 | |

હે ઈશ્વર, તમે મારા ઈશ્વર છો; હું ગંભીરતાપૂર્વક તમારી શોધ કરીશ; જ્યાં પાણી હોતું નથી, એવા સૂકા તથા ખેદજનક દેશમાં મારો આત્મા તમારે માટે તલસે છે અને મારો દેહ તમારે માટે તલપે છે.

| וּכְבוֹדֶךָ׃ | עֻזְּךָ | לִרְאוֹת | חֲזִיתִיךָ | בַקֹּדֶשׁ | כֵּן | 2 |
|---|---|---|---|---|---|---|
| અને-તમારો-મહિમા | તમારું-સામર્થ્ય | જોવા | મેં-તમને-જોયા-છે | પવિત્ર-સ્થાનમાં | એમ | |
| H3519 | H5797 | H7200 | H2372 | H6944 | | |

તેથી તમારું સામર્થ્ય તથા ગૌરવ જોવાને માટે મેં પવિત્રસ્થાનમાં તમારી તરફ જોયું છે.

| יְשַׁבְּחוּנְךָ׃ | שְׂפָתַי | מֵחַיִּים | חַסְדְּךָ | טוֹב | כִּי־ | 3 |
|---|---|---|---|---|---|---|
| તમારી-સ્તુતિ-કરશે | મારા-હોઠ | જીવન-કરતાં | તમારી-કૃપા | સારી-છે | કારણ-કે | |
| | H8193 | | | | | |

કારણ કે તમારી કૃપા જીવન કરતાં ઉત્તમ છે, મારા હોઠો તમારી સ્તુતિ કરશે.

| כַפָּי׃ | אֶשָּׂא | בְּשִׁמְךָ | בְחַיָּי | אֲבָרֶכְךָ | כֵּן | 4 |
|---|---|---|---|---|---|---|
| મારા-હાથ | ઉંચા-કરીશ | તમારા-નામે | મારા-જીવનમાં | હું-તમને-આશીર્વાદ-આપીશ | એમ | |
| H3709 | H5375 | H8034 | | H1288 | | |

હું આવી રીતે મરણ પર્યંત તમને ધન્યવાદ આપીશ; હું તમારે નામે મારા હાથ જોડીને ઊંચા કરીશ.

| פִי׃ | יְהַלֶּל־ | רְנָנוֹת | וְשִׂפְתֵי | נַפְשִׁי | תִּשְׂבַּע | וָדֶשֶׁן | חֵלֶב | כְּמוֹ | 5 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મારું-મોં | સ્તુતિ-કરશે | આનંદના | અને-હોઠોથી | મારો-આત્મા | તૃપ્ત-થશે | અને-મેદ | ચરબી | જેમ | |
| H6310 | | H7445 | H8193 | H5315 | H7646 | H1880 | H2459 | H3644 | |

હું મારી પથારીમાં તમારા વિષે વિચારું છું; અને રાતના સમયે હું તમારું મનન કરું છું

| בָךְ׃ | אֶהְגֶּה־ | בְּאַשְׁמֻרוֹת | יְצוּעָי | עַל־ | זְכַרְתִּיךָ | אִם־ | 6 |
|---|---|---|---|---|---|---|---|
| તમારામાં | ધ્યાન-કરું-છું | રાતના-પહોરમાં | મારી-પથારી | પર | હું-તમને-યાદ-કરું | જો | |
| | H1897 | H0821 | | | H2142 | | |

મજ્જા તથા મેદથી મારો આત્મા તૃપ્ત થશે અને હર્ષિત હોઠોથી મારું મુખ તમારું સ્તવન કરશે.

| אֲרַנֵּן׃ | כְּנָפֶיךָ | וּבְצֵל | לִּי | עֶזְרָתָה | הָיִיתָ | כִּי־ | 7 |
|---|---|---|---|---|---|---|---|
| આનંદ-ગાઈશ | તમારી-પાંખોના | અને-છાયામાં | મારી | સહાય | તમે-રહ્યા-છો | કારણ-કે | |
| | H3671 | H6738 | | H5833 | H1961 | | |

કેમ કે તમે મારા સહાયકારી થયા છો અને હું તમારી પાંખોની છાયામાં હરખાઈશ.

| יְמִינֶךָ׃ | תָּמְכָה | בִּי | אַחֲרֶיךָ | נַפְשִׁי | דָּבְקָה | 8 |
|---|---|---|---|---|---|---|
| તમારો-જમણો-હાથ | ટેકવે-છે | મને | તમારી-પાછળ | મારો-આત્મા | વળગે-છે | |
| H3225 | H8551 | | | H5315 | H1692 | |

મારો આત્મા તમને વળગી રહે છે; તમારો જમણો હાથ મને ઊંચકી રાખે છે.

| הָאָרֶץ׃ | בְּתַחְתִּיּוֹת | יָבֹאוּ | נַפְשִׁי | יְבַקְשׁוּ | לְשׁוֹאָה | וְהֵמָּה | 9 |
|---|---|---|---|---|---|---|---|
| પૃથ્વીના | પૃથ્વીના-ઊંડાણમાં | જશે | મારો-આત્માને | શોધે-છે | વિનાશ-માટે | અને-તેઓ | |
| H0776 | H8482 | H0935 | H5315 | H1245 | | H1992 | |

પણ જેઓ મારા આત્માનો નાશ કરવા મથે છે, તેઓ પૃથ્વીના ઊંડાણમાં ધકેલાઈ જશે.

10

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יַגִּירֻהוּ | עַל־ | יְדֵי־ | חָרֶב | מְנָת | שֻׁעָלִים | יִהְיוּ׃ |
| પડશે-તેઓ | ના | હાથો-વડે | તલવારના | ભાગ | શિયાળોનો | થશે |
| H5064 | | H3027 | H2719 | H4521 | H7776 | H1961 |

તેઓ તલવારને સ્વાધીન થશે; તેઓ શિયાળોનું ભક્ષ થઈ જશે.

11

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהַמֶּלֶךְ | יִשְׂמַח | בֵּאלֹהִים | יִתְהַלֵּל | כָּל־ | הַנִּשְׁבָּע | בּוֹ | כִּי | יִסָּכֵר | פִּי | דוֹבְרֵי־ | שָׁקֶר׃ |
| અને-રાજા | આનંદ-કરશે | ઈશ્વરમાં | અભિમાન-કરશે | દરેક | જે-સોગંદ-ખાય-છે | તેમનાથી | કારણ-કે | બંધ-થશે | મોં | જૂઠું-બોલનારાઓના | જૂઠાણું |
| קֶדֶם׃ | מִנִּי־ | חִידוֹת | אַבִּיעָה | פִי | בְמָשָׁל | אֶפְתְּחָה | 2 |
| પૂર્વકાળના | પ્રાચીન-કાળથી | કોયડાઓ | હું-બોલીશ | મારું-મુખ | દૃષ્ટાંતમાં | હું-ખોલીશ | |
| | | H2420 | H5042 | H6310 | H4912 | | |

હું ડહાપણ વિશેનું ગીત ગાઈશ; હું ભૂતકાળનાં રહસ્યોની વાત સમજાવીશ કે,

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לָנוּ׃ | סִפְּרוּ־ | וַאֲבוֹתֵינוּ | וַנֵּדָעֵם | שָׁמַעְנוּ | אֲשֶׁר | 3 |
| અમને | કહ્યા | અને-અમારા-પિતાઓએ | અને-જાણ્યા | અમે-સાંભળ્યા | જે | |
| | | H0001 | H3045 | H8085 | | |

જે વાત આપણે સાંભળી છે તથા શીખ્યા છીએ જે આપણા પૂર્વજોએ આપણને કહી છે.

4

| | | |
|---|---|---|
| לֹא | નહીં | H3808 |
| נְכַחֵד | છુપાવીશું | H3582 |
| מִבְּנֵיהֶם | તેમનાં-સંતાનોથી | |
| לְדוֹר | આવનારી | H1755 |
| אַחֲרוֹן | પેઢીને | H0314 |
| מְסַפְּרִים | કહેતાં | |
| תְּהִלּוֹת | સ્તુતિ | H8416 |
| יְהוָה | યહોવાહની | H3068 |
| וֶעֱזוּזוֹ | અને-તેમનું-બળ | H5807 |
| וְנִפְלְאוֹתָיו | અને-તેમનાં-ચમત્કારો | H6381 |
| אֲשֶׁר | જે | |
| עָשָׂה׃ | તેમણે-કર્યા | |

યહોવાહનાં સ્તોત્ર, તેમનું સામર્થ્ય તથા તેમનાં કરેલાં આશ્ચર્યકારક કામો આવતી પેઢીને જાહેર કરીને તેઓના વંશજોથી આપણે તે સંતાડીશું નહિ.

5

| | | |
|---|---|---|
| וַיָּקֶם | અને-તેમણે-સ્થાપ્યું | |
| עֵדוּת | સાક્ષી | H5715 |
| בְּיַעֲקֹב | યાકૂબમાં | H3290 |
| וְתוֹרָה | અને-નિયમ | H8451 |
| שָׂם | મૂક્યો | |
| בְּיִשְׂרָאֵל | ઇઝરાયેલમાં | H3478 |
| אֲשֶׁר | જે | |
| צִוָּה | તેમણે-આજ્ઞા-આપી | H6680 |
| אֶת־ | — | H0853 |
| אֲבוֹתֵינוּ | અમારા-પિતાઓને | H0001 |
| לְהוֹדִיעָם | જણાવવા | H3045 |
| לִבְנֵיהֶם׃ | તેમનાં-સંતાનોને | |

કારણ કે તેમણે યાકૂબ સાથે તેમનો કરાર કર્યો અને ઇઝરાયલમાં નિયમ ઠરાવ્યો. તેમણે આપણા પૂર્વજોને આજ્ઞા કરી કે તેઓ પોતાનાં બાળકોને પણ શીખવે.

6

| | | |
|---|---|---|
| לְמַעַן | જેથી | H4616 |
| יֵדְעוּ | જાણે | H3045 |
| דּוֹר | પેઢી | H1755 |
| אַחֲרוֹן | આવનારી | H0314 |
| בָּנִים | સંતાનો | |
| יִוָּלֵדוּ | જન્મે | H3205 |
| יָקֻמוּ | ઊભા-થાય | |
| וִיסַפְּרוּ | અને-કહે | |
| לִבְנֵיהֶם׃ | તેમનાં-સંતાનોને | |

જેથી આવતી પેઢીનાં જે બાળકો જન્મે તેઓ તે જાણે, તેઓ મોટાં થઈને પોતાનાં સંતાનોને તે જણાવે, માટે તેમણે આજ્ઞા આપી છે.

7

| | | |
|---|---|---|
| וְיָשִׂימוּ | અને-મૂકે | |
| בֵאלֹהִים | ઈશ્વરમાં | H0430 |
| כִּסְלָם | તેમનો-વિશ્વાસ | H3689 |
| וְלֹא | અને-નહીં | H3808 |
| יִשְׁכְּחוּ | ભૂલે | H7911 |
| מַעַלְלֵי־ | કાર્યો | H4611 |
| אֵל | ઈશ્વરના | H0410 |
| וּמִצְוֹתָיו | અને-તેમની-આજ્ઞાઓ | H4687 |
| יִנְצֹרוּ׃ | પાળે | H5341 |

જેથી તેઓ સહુ ઈશ્વરની આશા રાખે અને તેમનાં અદ્દભુત કાર્યોને વીસરી જાય નહિ, પણ તેમની આજ્ઞાઓને પાળે.

8

| | | |
|---|---|---|
| וְלֹא | અને-નહીં | H3808 |
| יִהְיוּ | થાય | H1961 |
| כַּאֲבוֹתָם | તેમનાં-પિતાઓ-જેવા | H0001 |
| דּוֹר | પેઢી | H1755 |
| סוֹרֵר | બંડખોર | H5637 |
| וּמֹרֶה | અને-બળવાખોર | H4784 |
| דּוֹר | પેઢી | H1755 |
| לֹא־ | નહીં | H3808 |
| הֵכִין | તૈયાર-કર્યું | |
| לִבּוֹ | તેમનું-હૃદય | |
| וְלֹא־ | અને-નહીં | H3808 |
| נֶאֶמְנָה | વિશ્વાસુ-હતી | H0539 |
| אֶת־ | — | H0854 |
| אֵל | ઈશ્વર-પ્રત્યે | H0410 |
| רוּחוֹ׃ | તેમનો-આત્મા | H7307 |

પછી તેઓ પોતાના પૂર્વજોના જેવા ન થાય, કે જેઓ હઠીલા તથા બંડખોર પેઢીના છે, એવી પેઢી કે જેઓનાં હૃદય સ્થિર નથી અને જેઓનો આત્મા સમર્પિત કે ઈશ્વરને વિશ્વાસુ નથી.

9

| | | |
|---|---|---|
| בְּנֵי־ | સંતાનો | |
| אֶפְרַיִם | એફ્રાઇમના | H0669 |
| נוֹשְׁקֵי | સશસ્ત્ર | |
| רוֹמֵי־ | ધનુષ્ય-ચલાવનારા | |
| קָשֶׁת | ધનુષ્યના | H7198 |
| הָפְכוּ | પાછા-વળ્યા | H2015 |
| בְּיוֹם | યુદ્ધના-દિવસે | H3117 |
| קְרָב׃ | લડાઈના | H7128 |

એફ્રાઇમના લોકો શસ્ત્રસજ્જિત ધનુર્ધારી હોવા છતાં પણ લડાઈના દિવસમાં પાછા હઠી ગયા.

10

| | | |
|---|---|---|
| לֹא | નહીં | H3808 |
| שָׁמְרוּ | પાળ્યો | H8104 |
| בְּרִית | કરાર | H1285 |
| אֱלֹהִים | ઈશ્વરનો | H0430 |
| וּבְתוֹרָתוֹ | અને-તેમના-નિયમમાં | H8451 |
| מֵאֲנוּ | ઇનકાર-કર્યો | H3985 |
| לָלֶכֶת׃ | ચાલવા | H3212 |

તેઓએ ઈશ્વરનો કરાર પાળ્યો નહિ અને તેમના નિયમ પ્રમાણે વર્તવાની ના પાડી.

11

| | | |
|---|---|---|
| וַיִּשְׁכְּחוּ | અને-ભૂલી-ગયા | H7911 |
| עֲלִילוֹתָיו | તેમનાં-કાર્યો | H5949 |
| וְנִפְלְאוֹתָיו | અને-તેમનાં-ચમત્કારો | H6381 |
| אֲשֶׁר | જે | |
| הֶרְאָם׃ | તેમણે-બતાવ્યા | H7200 |

તેમણે કરેલાં અદ્દભુત કાર્યો, ચમત્કારો તેમણે તેઓને બતાવ્યા હતા તે તેઓ ભૂલી ગયા.

12
נֶגֶד સામે H5048
אֲבוֹתָם તેમનાં-પિતાઓના H0001
עָשָׂה કર્યા
פֶלֶא ચમત્કારો H6382
בְּאֶרֶץ મિસરની-ભૂમિમાં H0776
מִצְרַיִם મિસરમાં H4714
שְׂדֵה־ સોઆનના-મેદાનમાં
צֹעַן׃ સોઆન H6814

મિસર દેશમાં, સોઆનનાં ક્ષેત્રમાં, તેઓના પૂર્વજોની આગળ તેમણે આશ્ચર્યકારક કૃત્યો કર્યાં.

13
בָּקַע તેમણે-ચીર્યું H1234
יָם સમુદ્ર H3220
וַיַּעֲבִירֵם અને-પાર-ઉતાર્યા
וַיַּצֶּב־ અને-ઊભા-કર્યા H5324
מַיִם પાણી H4325
כְּמוֹ־ જેમ H3644
נֵד׃ ઢેર H5067

તેમણે સમુદ્રના બે ભાગ કરીને તેઓને પાર બહાર લાવ્યા; તેમણે દીવાલની જેમ પાણીને સ્થિર રાખ્યાં.

14
וַיַּנְחֵם અને-દોર્યા H5148
בֶּעָנָן વાદળ-વડે H6051
יוֹמָם દિવસે H3119
וְכָל־ અને-આખી H3605
הַלַּיְלָה રાત્રે H3915
בְּאוֹר અગ્નિના-પ્રકાશ-વડે H0216
אֵשׁ׃ અગ્નિ H0784

તે તેઓને દિવસે મેઘથી અને આખી રાત અગ્નિના પ્રકાશથી દોરતા.

15
יְבַקַּע તેમણે-ચીર્યા H1234
צֻרִים ખડકો H6697
בַּמִּדְבָּר રણમાં
וַיַּשְׁקְ અને-પાયું H8248
כִּתְהֹמוֹת ઊંડાણો-જેવું H8415
רַבָּה׃ પુષ્કળ

તેમણે અરણ્યમાં ખડકને તોડીને અને ઊંડાણમાંથી વહેતું હોય તેમ પુષ્કળ પાણી તેઓને આપ્યું.

16
וַיּוֹצִא અને-કાઢ્યા H3318
נוֹזְלִים ઝરણાં H5140
מִסָּלַע ખડકમાંથી H5553
וַיּוֹרֶד અને-વહેવડાવ્યા H3381
כַּנְּהָרוֹת નદીઓ-જેમ H5104
מָיִם׃ પાણી H4325

તેમણે ખડકમાંથી પાણીની ધારો કાઢી અને વહેતી નદીની જેમ પ્રવાહ વહેવડાવ્યો.

17
וַיּוֹסִיפוּ અને-વધુ-કરતા-રહ્યા H3254
עוֹד હજુ H5750
לַחֲטֹא־ પાપ-કરવા H2398
לוֹ તેમની-વિરુદ્ધ
לַמְרוֹת બળવાન-કરવા H4784
עֶלְיוֹן પરાત્પરની-વિરુદ્ધ
בַּצִּיָּה׃ રણમાં H6723

તેમ છતાં તેઓએ તેમની વિરુદ્ધ પાપ કરવાનું ચાલુ જ રાખ્યું, અરણ્યમાં પરાત્પરની વિરુદ્ધ તેઓ બંડ કરતા રહ્યા.

18
וַיְנַסּוּ־ અને-પરીક્ષા-કરી H5254
אֵל ઈશ્વરની H0410
בִּלְבָבָם તેમનાં-હૃદયમાં H3824
לִשְׁאָל־ માગવા H7592
אֹכֶל ખોરાક H0400
לְנַפְשָׁם׃ તેમના-આત્મા-માટે H5315

પોતાના ખાઉધરાપણાને વશ થઈને ખોરાક માગીને તેઓએ પોતાના હૃદયથી ઈશ્વરની પરીક્ષા કરી.

19
וַיְדַבְּרוּ અને-બોલ્યા H1696
בֵּאלֹהִים ઈશ્વર-વિરુદ્ધ H0430
אָמְרוּ કહ્યુ H0559
הֲיוּכַל શું-શકે H3201
אֵל ઈશ્વર H0410
לַעֲרֹךְ પીરસવા
שֻׁלְחָן મેજ H7979
בַּמִּדְבָּר׃ રણમાં

તેઓ ઈશ્વરની વિરુદ્ધ બોલ્યા; તેઓએ કહ્યુ, “શું અરણ્યમાં ઈશ્વર મેજ તૈયાર કરી શકે?

20
הֵן જુઓ H2005
הִכָּה־ તેમણે-માર્યો H5221
צוּר ખડક H6697
וַיָּזוּבוּ અને-વહ્યા H2100
מַיִם પાણી H4325
וּנְחָלִים અને-પ્રવાહો
יִשְׁטֹפוּ વહ્યા H7857
הֲגַם־ શું-પણ H1571
לֶחֶם રોટી H3899
יוּכַל શકે H3201
תֵּת આપવા H5414
אִם־ શું
יָכִין તૈયાર-કરી-શકે
שְׁאֵר માંસ H7607
לְעַמּוֹ׃ તેમના-લોકો-માટે

જુઓ, જ્યારે તેમણે ખડકને લાકડી મારી, ત્યારે પાણી વહી આવ્યું અને પાણીનાં ઝરણાં વહેવા માંડ્યાં. પણ શું તે આપણને રોટલી આપી શકે છે? શું તે પોતાના લોકોને માટે માંસ પૂરું પાડી શકશે?”

21

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לָכֵן | שָׁמַע | יְהוָה | וַיִּתְעַבָּר | וְאֵשׁ | נִשְּׂקָה | בְיַעֲקֹב | וְגַם־ | אַף | עָלָה | בְיִשְׂרָאֵל׃ |
| તેથી | સાંભળ્યું | યહોવાહે | અને-ક્રોધિત-થયા | અને-અગ્નિ | સળગી | યાકૂબમાં | અને-પણ | ક્રોધ | ચઢ્યો | ઇઝરાયેલમાં |
| | H8085 | H3068 | | H0784 | H5400 | H3290 | H1571 | H0639 | H5927 | H3478 |

જ્યારે યહોવાહે આ સાંભળ્યું, ત્યારે તેઓ ગુસ્સે થયા; તેથી યાકૂબની વિરુદ્ધ તેમનો અગ્નિ ઊઠ્યો અને ઇઝરાયલ પર તેમનો કોપ ભભૂક્યો,

22

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כִּי | לֹא | הֶאֱמִינוּ | בֵּאלֹהִים | וְלֹא | בָטְחוּ | בִּישׁוּעָתוֹ׃ |
| કારણ-કે | નહીં | વિશ્વાસ-કર્યો | ઈશ્વરમાં | અને-નહીં | ભરોસો-રાખ્યો | તેમના-ઉદ્ધારમાં |
| | H3808 | H0539 | H0430 | H3808 | H0982 | H3444 |

કારણ કે તેઓએ ઈશ્વર પર વિશ્વાસ કર્યો નહિ અને તેમના દ્વારા મળતા ઉદ્ધાર પર ભરોસો રાખ્યો નહિ.

23

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיְצַו | שְׁחָקִים | מִמָּעַל | וְדַלְתֵי | שָׁמַיִם | פָּתָח׃ |
| અને-આજ્ઞા-આપી | આકાશોને | ઉપરથી | અને-દરવાજા | આકાશના | ખોલ્યા |
| H6680 | H7834 | H4605 | | H8064 | |

છતાં તેમણે વાદળાંને આજ્ઞા આપી અને આકાશના દ્વાર ખોલી નાખ્યાં.

24

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיַּמְטֵר | עֲלֵיהֶם | מָן | לֶאֱכֹל | וּדְגַן־ | שָׁמַיִם | נָתַן | לָמוֹ׃ |
| અને-વરસાવ્યો | તેમના-ઉપર | માન્ના | ખાવા | અને-આકાશી | આકાશનું | અનાજ | આપ્યું-તેમને |
| H4305 | | | H0398 | H1715 | H8064 | H5414 | |

તેઓના ખોરાક માટે માન્નાની વૃષ્ટિ કરી અને તેમણે સ્વર્ગમાંથી ધાન્ય આપ્યું.

25

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לֶחֶם | אַבִּירִים | אָכַל | אִישׁ | צֵידָה | שָׁלַח | לָהֶם | לָשֹׂבַע׃ |
| રોટી | બળવાનોની | ખાધી | માણસે | ભોજન | મોકલ્યું | તેમને | તૃપ્તિ-માટે |
| H3899 | H0047 | H0398 | H0376 | H6720 | H7971 | H1992 | H7648 |

લોકોએ દૂતોનો ખોરાક ખાધો. અને તેઓ તૃપ્ત થયા ત્યાં સુધી તેમણે ભોજન આપ્યું.

26

| | | | | | |
|---|---|---|---|---|---|
| יַסַּע | קָדִים | בַּשָּׁמָיִם | וַיְנַהֵג | בְּעֻזּוֹ | תֵימָן׃ |
| ચલાવ્યો | પૂર્વનો-પવન | આકાશમાં | અને-ચલાવ્યો | તેમના-બળે | દક્ષિણનો-પવન |
| H5265 | H6921 | H8064 | | H5797 | H8486 |

તેમણે આકાશમાં પૂર્વ તરફથી પવન ફુંકાવ્યો અને પોતાના સામર્થ્યથી દક્ષિણ તરફથી પવન ફુંકાવ્યો.

27

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיַּמְטֵר | עֲלֵיהֶם | כֶּעָפָר | שְׁאֵר | וּכְחוֹל | יַמִּים | עוֹף | כָּנָף׃ |
| અને-વરસાવ્યા | તેમના-ઉપર | ધૂળ-જેમ | માંસ | અને-સમુદ્રની-રેતી-જેમ | સમુદ્રના | પંખીઓ | પાંખોવાળા |
| H4305 | | H6083 | H7607 | H2344 | H3220 | H5775 | H3671 |

તેમણે ધૂળની જેમ માંસ અને સમુદ્રની રેતીની જેમ પીંછાવાળા પક્ષીઓ તેઓના પર વરસાવ્યાં.

28

| | | | | |
|---|---|---|---|---|
| וַיַּפֵּל | בְּקֶרֶב | מַחֲנֵהוּ | סָבִיב | לְמִשְׁכְּנֹתָיו׃ |
| અને-પાડ્યા | વચ્ચે | તેમની-છાવણીમાં | ચારે-બાજુ | તેમનાં-નિવાસોની |
| H5307 | H7130 | H4264 | H5439 | H4908 |

તેમણે તેઓની છાવણી મધ્યે અને તેઓના તંબુઓની ચારેબાજુએ તે પાડ્યાં.

29

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיֹּאכְלוּ | וַיִּשְׂבְּעוּ | מְאֹד | וְתַאֲוָתָם | יָבִא | לָהֶם׃ |
| અને-ખાધું | અને-તૃપ્ત-થયા | ખૂબ | અને-તેમની-ઇચ્છા | લાવ્યો | તેમને |
| H0398 | H7646 | H3966 | H8378 | H0935 | H1992 |

લોકો ધરાઈ રહ્યા ત્યાં સુધી ખાધું. તેઓના માગ્યા પ્રમાણે તેમણે આપ્યું.

30

| | | | | | |
|---|---|---|---|---|---|
| לֹא־ | זָרוּ | מִתַּאֲוָתָם | עוֹד | אָכְלָם | בְּפִיהֶם׃ |
| નહીં | છોડી-હતી | તેમની-ઇચ્છા | હજુ | તેમનું-ભોજન | તેમના-મુખમાં |
| H3808 | | H8378 | H5750 | H0400 | H6310 |

પણ તેઓ તેમની ભૂખનું નિયંત્રણ કરી શક્યા નહિ; તેઓનો ખોરાક તેઓના મુખમાં જ હતો,

31

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְאַף | אֱלֹהִים | עָלָה | בָהֶם | וַיַּהֲרֹג | בְּמִשְׁמַנֵּיהֶם | וּבַחוּרֵי | יִשְׂרָאֵל | הִכְרִיעַ׃ |
| અને-ક્રોધ | ઈશ્વરનો | ચઢ્યો | તેમના-માં | અને-માર્યા | તેમનાં-હૃષ્ટપુષ્ટોમાં | અને-યુવાનો | ઇઝરાયેલના | ઢાળી-પાડ્યા |
| H0639 | H0430 | H5927 | | H2026 | | H0970 | H3478 | H3766 |

એટલામાં, ઈશ્વરનો કોપ તેઓ પર પ્રગટ્યો અને તેઓમાંના હુષ્ટપુષ્ટોને મારી નાખ્યા. તેમણે ઇઝરાયલના શ્રેષ્ઠ યુવાનોને મારી નાખ્યાં.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 32 | בְּכָל־ | זֹאת | חָטְאוּ־ | עוֹד | וְלֹא־ | הֶאֱמִינוּ | בְּנִפְלְאוֹתָיו׃ |
| | આ-બધા | છતાં | પાપ-કર્યું | હજુ | અને-નહીં | વિશ્વાસ-કર્યો | તેમનાં-ચમત્કારોમાં |
| | H3605 | H2063 | H2398 | H5750 | H3808 | H0539 | H6381 |

આમ છતાં, તેઓ પાપ કરતા રહ્યા અને તેમના ચમત્કારો પર ભરોસો કર્યો નહિ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 33 | וַיְכַל־ | בַּהֶבֶל | יְמֵיהֶם | וּשְׁנוֹתָם | בַּבֶּהָלָה׃ |
| | અને-સમાપ્ત-કર્યા | વ્યર્થતામાં | તેમના-દિવસો | અને-તેમનાં-વર્ષો | ભયમાં |
| | H3615 | H1892 | H3117 | H8141 | H0928 |

માટે ઈશ્વરે તેઓના દિવસો વ્યર્થપણામાં સમાપ્ત કર્યા; અને તેઓનાં વર્ષોને ત્રાસથી ભર્યાં.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 34 | אִם־ | הֲרָגָם | וּדְרָשׁוּהוּ | וְשָׁבוּ | וְשִׁחֲרוּ־ | אֵל׃ |
| | જ્યારે | તેમણે-માર્યા | ત્યારે-શોધ્યા | અને-પાછા-ફર્યા | અને-ફરી-શોધ્યા | ઈશ્વરને |
| | | H2026 | H1875 | H7725 | H7836 | H0410 |

જ્યારે જ્યારે ઈશ્વરે તેઓને દુઃખી કર્યા, ત્યારે તેઓએ તેમને શોધ્યા અને તેઓ પાછા ફરીને આતુરતાથી તેમને શરણે આવ્યા.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 35 | וַיִּזְכְּרוּ | כִּי־ | אֱלֹהִים | צוּרָם | וְאֵל | עֶלְיוֹן | גֹּאֲלָם׃ |
| | અને-યાદ-કર્યું | કે | ઈશ્વર | તેમનો-ખડક | અને-ઈશ્વર | પરાત્પર | તેમનો-ઉદ્ધારક |
| | H2142 | | H0430 | H6697 | H0410 | | |

તેઓએ યાદ કર્યું કે ઈશ્વર તેઓના ખડક છે અને પરાત્પર ઈશ્વર તે જ તેઓના છોડાવનાર છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 36 | וַיְפַתּוּהוּ | בְּפִיהֶם | וּבִלְשׁוֹנָם | יְכַזְּבוּ־ | לוֹ׃ |
| | પણ-છેતર્યા | તેમના-મુખે | અને-તેમની-જીભે | જૂઠું-બોલ્યા | તેમને |
| | | H6310 | H3956 | H3576 | |

પણ તેઓએ પોતાના મુખે તેમની પ્રશંસા કરી અને પોતાની જીભે તેમની સમક્ષ જૂઠું બોલ્યા.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 37 | וְלִבָּם | לֹא־ | נָכוֹן | עִמּוֹ | וְלֹא | נֶאֶמְנוּ | בִּבְרִיתוֹ׃ |
| | અને-તેમનું-હૃદય | નહીં | સ્થિર-હતું | તેમની-સાથે | અને-નહીં | વિશ્વાસુ-હતા | તેમના-કરારમાં |
| | | H3808 | | | H3808 | H0539 | H1285 |

કેમ કે તેઓનાં હૃદય તેમના પ્રત્યે વિશ્વાસુ નહોતાં અને તેઓ તેમના કરાર પ્રત્યે વફાદાર નહોતા.

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 38 | וְהוּא | רַחוּם | יְכַפֵּר | עָוֹן | וְלֹא־ | יַשְׁחִית | וְהִרְבָּה | לְהָשִׁיב | אַפּוֹ | וְלֹא־ | יָעִיר | כָּל־ | חֲמָתוֹ׃ |
| | પણ-તે | કરુણાળુ | ક્ષમા-કરે-છે | પાપ | અને-નહીં | નાશ-કરે | અને-ઘણીવાર | પાછો-વાળે | તેમનો-ક્રોધ | અને-નહીં | જગાડે | સર્વ | તેમનો-ક્રોધ |
| | H1931 | H7349 | | H5771 | H3808 | H7843 | | H7725 | H0639 | H3808 | H5782 | H3605 | H2534 |

તેમ છતાં તેમણે, દયા દર્શાવી, તેઓનાં પાપોની ક્ષમા આપી અને તેઓનો નાશ ન કર્યો. હા, ઘણીવાર તેમણે પોતાનો ક્રોધ સમાવી દીધો અને પોતાનો પૂરો કોપ પ્રગટ કર્યો નહિ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 39 | וַיִּזְכֹּר | כִּי־ | בָשָׂר | הֵמָּה | רוּחַ | הוֹלֵךְ | וְלֹא | יָשׁוּב׃ |
| | અને-યાદ-કર્યું | કે | માંસ | છે-તેઓ | પવન | જતો | અને-નહીં | પાછો-આવે |
| | H2142 | | H1320 | H1992 | H7307 | H1980 | H3808 | H7725 |

તેમણે સંભાર્યું કે તેઓ દેહથી બનેલા છે એક ક્ષણમાં પસાર થતાં વાયુ જેવા છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 40 | כַּמָּה | יַמְרוּהוּ | בַמִּדְבָּר | יַעֲצִיבוּהוּ | בִּישִׁימוֹן׃ |
| | કેટલી-વાર | બળવાન-કર્યા | રણમાં | દુખી-કર્યા | ઉજ્જડ-ભૂમિમાં |
| | H4100 | H4784 | | | H3452 |

તેઓએ કેટલી વાર અરણ્યમાં તેમની વિરુદ્ધ બંડ કર્યું અને રાનમાં તેમને દુઃખી કર્યા

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 41 | וַיָּשׁוּבוּ | וַיְנַסּוּ | אֵל | וּקְדוֹשׁ | יִשְׂרָאֵל | הִתְווּ׃ |
| | અને-પાછા-ફર્યા | અને-પરીક્ષા-કરી | ઈશ્વરની | અને-પવિત્ર | ઇઝરાયેલના | સીમા-બાંધી |
| | H7725 | H5254 | H0410 | H6918 | H3478 | H8428 |

વારંવાર તેઓએ ઈશ્વરની કસોટી કરી અને ઇઝરાયલના પવિત્રને દુઃખી કર્યા.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 42 | לֹא־ | זָכְרוּ | אֶת־ | יָדוֹ | יוֹם | אֲשֶׁר־ | פָּדָם | מִנִּי־ | צָר׃ |
| | નહીં | યાદ-કર્યું | — | તેમનો-હાથ | દિવસ | જ્યારે | છોડાવ્યા | શત્રુ-પાસેથી | વિપત્તિ |
| | H3808 | H2142 | H0853 | H3027 | H3117 | | H6299 | | |

તેઓ તેમનાં મહાન સામર્થ્યનો વિચાર કર્યો નહિ, તેમણે કેવી રીતે તેઓને શત્રુઓથી છોડાવ્યા, તે પણ યાદ કર્યું નહિ.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 43 | אֲשֶׁר־ | שָׂם | בְּמִצְרַיִם | אֹתוֹתָיו | וּמוֹפְתָיו | בִּשְׂדֵה־ | צֹעַן׃ |
| | જ્યારે | મૂક્યા | મિસરમાં | તેમનાં-ચિહ્નો | અને-તેમનાં-ચમત્કારો | સોઆનના-મેદાનમાં | સોઆન |
| | | | H4714 | H0226 | H4159 | | H6814 |

મિસરમાં તેમણે જે ચમત્કારિક ચિહ્નો અને સોઆનના મેદાનમાં આશ્ચર્યકર્મો કર્યાં હતાં તે પણ ભૂલી ગયા.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 44 | וַיַּהֲפֹךְ | לְדָם | יְאֹרֵיהֶם | וְנֹזְלֵיהֶם | בַּל־ | יִשְׁתָּיוּן׃ |
| | અને-ફેરવ્યા | લોહીમાં | તેમની-નદીઓ | અને-તેમનાં-ઝરણાં | નહીં | પી-શક્યા |
| | H2015 | H1818 | H2975 | H5140 | H1077 | H8354 |

તેમણે તેઓની નદીઓને તથા તેઓના વહેળાઓને લોહી વહેતાં બનાવી દીધાં જેથી તેઓ તે ઝરણામાંથી પી શકે નહિ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 45 | יְשַׁלַּח | בָּהֶם | עָרֹב | וַיֹּאכְלֵם | וּצְפַרְדֵּעַ | וַתַּשְׁחִיתֵם׃ |
| | મોકલ્યા | તેમના-માં | માખીઓ | અને-ખાઈ-ગઈ | અને-દેડકાઓ | અને-નાશ-કર્યા |
| | H7971 | | H6157 | H0398 | H6854 | H7843 |

તેમણે મધમાખીઓનું મોટું ઝૂંડ મોકલ્યું, તે મધમાખીઓ તેઓને કરડી અને દેડકાંઓએ બધી વસ્તુઓનો નાશ કર્યો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 46 | וַיִּתֵּן | לֶחָסִיל | יְבוּלָם | וִיגִיעָם | לָאַרְבֶּה׃ |
| | અને-આપ્યું | તિડ્ડીને | તેમની-ઉપજ | અને-તેમનો-પરિશ્રમ | તિડ્ડોને |
| | H5414 | H2625 | H2981 | H3018 | H0697 |

તેઓની ફસલ તેમણે કાતરાઓને આપી અને તેઓની મહેનતનું ફળ તીડને આપી દીધું.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 47 | יַהֲרֹג | בַּבָּרָד | גַּפְנָם | וְשִׁקְמוֹתָם | בַּחֲנָמַל׃ |
| | માર્યા | કરા-વડે | તેમની-દ્રાક્ષાવેલો | અને-તેમનાં-અજીરનાં-વૃક્ષો | હિમવર્ષા-વડે |
| | H2026 | H1259 | H1612 | H8256 | H2602 |

તેમણે કરાથી તેઓની દ્રાક્ષવાડીઓ અને હિમથી તેઓનાં ગુલ્લરવૃક્ષોનો નાશ કર્યો હતો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 48 | וַיַּסְגֵּר | לַבָּרָד | בְּעִירָם | וּמִקְנֵיהֶם | לָרְשָׁפִים׃ |
| | અને-સોંપ્યા | કરા-વડે | તેમનાં-ઢોર | અને-તેમનાં-ટોળાં | વીજળીને |
| | H5462 | H1259 | H1165 | H4735 | H7565 |

તેમણે તેઓનાં જાનવર કરાને અને તેઓનાં ટોળાં વીજળીને સ્વાધીન કર્યા.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 49 | יְשַׁלַּח־ | בָּם | חֲרוֹן | אַפּוֹ | עֶבְרָה | וָזַעַם | וְצָרָה | מִשְׁלַחַת | מַלְאֲכֵי | רָעִים׃ |
| | મોકલ્યા | તેમના-માં | ભયંકર | ક્રોધ | રોષ | અને-આક્રોશ | અને-સંકટ | મોકલવું | દૂતો | અનિષ્ટના |
| | H7971 | | H2740 | H0639 | H5678 | H2195 | | H4917 | H4397 | |

તેમણે પોતાનો કોપ તેઓ પર પ્રગટ કર્યો, તેમણે રોષ, ગુસ્સો અને તિરસ્કાર તેઓની વિરુદ્ધ સંહારક દૂતોની માફક મોકલ્યા.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 50 | יְפַלֵּס | נָתִיב | לְאַפּוֹ | לֹא־ | חָשַׂךְ | מִמָּוֶת | נַפְשָׁם | וְחַיָּתָם | לַדֶּבֶר | הִסְגִּיר׃ |
| | માર્ગ-બનાવ્યો | રસ્તો | તેમના-ક્રોધ-માટે | નહીં | બચાવ્યા | મૃત્યુથી | તેમના-પ્રાણ | અને-તેમના-પશુઓ | મહામારીને | સોંપ્યા |
| | H6424 | | H0639 | H3808 | H2820 | H4194 | H5315 | | H1698 | H5462 |

તેમણે પોતાના કોપ માટે રસ્તો ખુલ્લો કર્યો; તેમણે મરણથી તેઓના પ્રાણ બચાવ્યા નહિ પણ તેઓના પર મરકી મોકલી.

51

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיַּךְ | כָּל־ | בְּכוֹר | בְּמִצְרָיִם | רֵאשִׁית | אוֹנִים | בְּאָהֳלֵי־ | חָם׃ |
| અને-માર્યા | બધા | પ્રથમજનિત | મિસરમાં | પ્રથમફળ | શક્તિના | તંબૂઓમાં | હામ |
| H5221 | H3605 | H1060 | H4714 | H7225 | H0202 | H0168 | H2526 |

તેમણે મિસરમાં સર્વ પ્રથમજનિતને મારી નાખ્યા; હામના તંબુઓમાં + 78:51 હામના તંબુ મિસર દેશને માનવામાં આવે છે (જુઓ 105.23, 27; 106.22, જ્યાં મિસરને “હામની ભૂમિ” કહેવામાં આવે છે). નૂહનો પુત્રમાનો એક હામને, મિસરવાસીઓના પૂર્વજ તરીકે જોવામાં આવે છે (જુઓ ઉ. 10.6) તેઓના પ્રથમ પ્રથમજનિત નરબાળકોને માર્યા.

52

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיַּסַּע | כַּצֹּאן | עַמּוֹ | וַיְנַהֲגֵם | כַּעֵדֶר | בַּמִּדְבָּר׃ |
| અને-ચલાવ્યા | ઘેટાં-જેમ | તેમના-લોકોને | અને-દોર્યા | ટોળાં-જેમ | રણમાં |
| H5265 | H6629 | | | H5739 | |

તે પોતાના લોકોને ઘેટાંનાં ટોળાંની જેમ બહાર લાવ્યાં અને તેમણે અરણ્યમાં થઈને તેઓને ટોળાંની જેમ દોર્યા.

53

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיַּנְחֵם | לָבֶטַח | וְלֹא | פָחָדוּ | וְאֶת־ | אוֹיְבֵיהֶם | כִּסָּה | הַיָּם׃ |
| અને-દોર્યા | સલામતીથી | અને-નહીં | ડર્યા | અને | તેમના-શત્રુઓને | ઢાંક્યા | સમુદ્રે |
| H5148 | H0983 | H3808 | H6342 | H0853 | H0341 | H3680 | H3220 |

તેમણે તેઓને એવા સુરક્ષિત ચલાવ્યા કે તેઓ બીધા નહિ, પણ સમુદ્રના પાણી શત્રુઓ પર ફરી વળ્યાં.

54

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיְבִיאֵם | אֶל־ | גְּבוּל | קָדְשׁוֹ | הַר־ | זֶה | קָנְתָה | יְמִינוֹ׃ |
| અને-લાવ્યા | સુધી | સીમા | તેમની-પવિત્રતાની | પર્વત | આ | મેળવ્યો | તેમના-જમણા-હાથે |
| H0935 | H0413 | H1366 | H6944 | H2022 | H2088 | H7069 | H3225 |

અને તેમણે તેઓને તેની પવિત્ર ભૂમિમાં, એટલે તેમને જમણે હાથે ખરીદાયેલા આ પહાડી દેશમાં પોતાના લોકોને લાવ્યા.

55

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְגָרֶשׁ | מִפְּנֵיהֶם | גּוֹיִם | וַיַּפִּילֵם | בְּחֶבֶל | נַחֲלָה | וַיַּשְׁכֵּן | בְּאָהֳלֵיהֶם | שִׁבְטֵי | יִשְׂרָאֵל׃ |
| અને-કાઢ્યા | તેમની-આગળથી | પ્રજાઓને | અને-પાડ્યા | દોરડા-વડે | વારસો | અને-વસાવ્યા | તેમનાં-તંબૂઓમાં | કુળો | ઇઝરાયેલના |
| H1644 | H6440 | | H5307 | | H5159 | H7931 | H0168 | H7626 | H3478 |

તેમણે તેઓની આગળથી વિદેશીઓને કાઢી મૂક્યા અને જમીન માપીને ઇઝરાયલનાં કુળોને વારસાના ભાગ પાડી આપ્યા અને તેમને તેઓના તંબુઓમાં વસાવ્યા.

56

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיְנַסּוּ | וַיַּמְרוּ | אֶת־ | אֱלֹהִים | עֶלְיוֹן | וְעֵדוֹתָיו | לֹא | שָׁמָרוּ׃ |
| પણ-પરીક્ષા-કરી | અને-બળવાન-કર્યું | — | ઈશ્વર-વિરુદ્ધ | પરાત્પરના | અને-તેમની-સાક્ષીઓ | નહીં | પાળી |
| H5254 | H4784 | H0853 | H0430 | | | H3808 | H8104 |

તોપણ તેઓએ પરાત્પર ઈશ્વરની કસોટી કરવાનું તથા તેમની વિરુદ્ધ બંડ કરવાનું ચાલુ રાખ્યું અને તેમની આજ્ઞાઓ પાળી નહિ.

57

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיִּסֹּגוּ | וַיִּבְגְּדוּ | כַּאֲבוֹתָם | נֶהְפְּכוּ | כְּקֶשֶׁת | רְמִיָּה׃ |
| અને-પાછા-વળ્યા | અને-વિશ્વાસઘાત-કર્યો | તેમનાં-પિતાઓ-જેમ | વળ્યા | છેતરપિંડી-ધનુષ્ય-જેમ | છળકપટી |
| H5472 | H0898 | H0001 | H2015 | H7198 | |

તેઓ તેમના પૂર્વજોની જેમ પાછા ફરી જઈને અવિશ્વાસુઓની જેમ વર્તવા લાગ્યા; વાંકા ધનુષ્યના બાણની જેમ તેઓ આડે રસ્તે ચઢ્યા.

58

| | | | |
|---|---|---|---|
| וַיַּכְעִיסוּהוּ | בְּבָמוֹתָם | וּבִפְסִילֵיהֶם | יַקְנִיאוּהוּ׃ |
| અને-ગુસ્સો-કર્યા | તેમનાં-ઊંચાં-સ્થાનો | અને-તેમની-મૂર્તિઓ-વડે | ઈર્ષ્યા-ઉપજાવ્યા |
| H3707 | H1116 | H6456 | H7065 |

કેમ કે તેઓએ પોતાનાં ઉચ્ચસ્થાનો બનાવીને અને પોતાની કોરેલી મૂર્તિઓ વડે તેમને ઈર્ષ્યા ઉત્પન્ન કર્યો.

59

| | | | | | |
|---|---|---|---|---|---|
| שָׁמַע | אֱלֹהִים | וַיִּתְעַבָּר | וַיִּמְאַס | מְאֹד | בְּיִשְׂרָאֵל׃ |
| સાંભળ્યું | ઈશ્વરે | અને-ક્રોધિત-થયા | અને-તિરસ્કાર-કર્યો | ખૂબ | ઇઝરાયેલને |
| H8085 | H0430 | | | H3966 | H3478 |

જ્યારે ઈશ્વરે એ સાંભળ્યું, ત્યારે તે ગુસ્સે થયા અને ઇઝરાયલનો પૂરેપૂરો નકાર કર્યો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בְּאָדָֽם׃ | שִׁכֵּ֥ן | אֹ֝֗הֶל | שִׁל֑וֹ | מִשְׁכַּ֣ן | וַ֭יִּטֹּשׁ | 60 |
| મનુષ્યોમાં | વસાવ્યું | તંબૂ | શીલોનું | મંડપ | અને-છોડી-દીધું | |
| H0120 | H7931 | H0168 | H7887 | H4908 | H5203 | |

તેથી તેમણે શીલોહ + 78:60 શીલોહ એ એફ્રાઇમના કુળના પ્રદેશમાંનું એક શહેર હતું, જે યરુશાલેમના 32 કિલોમીટરના ઉત્તરે છે, જ્યાં કરારકોશને ઇઝરાયલનાં ઇતિહાસના પ્રારંભિક દિવસોમાં રાખવામાં આવ્યો હતો (જુઓ યહો. 18.1; 1 શમુ 1. 3). નગરનો માંડવો એટલે જે તંબુ + 78:60 નિવાસસ્થાન તેમણે માણસોમાં ઊભો કર્યો હતો, તેનો ત્યાગ કર્યો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| צָֽר׃ | בְּיַד־ | וְֽתִפְאַרְתּ֥וֹ | עֻזּ֑וֹ | לַשְּׁבִ֣י | וַיִּתֵּ֣ן | 61 |
| વિપત્તિ | શત્રુના-હાથમાં | અને-તેમની-શોભા | તેમનું-સામર્થ્ય | બંદીવાસમાં | અને-આપ્યું | |
| | H3027 | H8597 | H5797 | | H5414 | |

તેમણે પોતાનું સામર્થ્ય બંધનમાં અને પોતાનું ગૌરવ શત્રુના હાથમાં સોંપ્યા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| הִתְעַבָּֽר׃ | וּ֝בְנַחֲלָת֗וֹ | עַמּ֑וֹ | לַחֶ֣רֶב | וַיַּסְגֵּ֣ר | 62 |
| ક્રોધિત-થયા | અને-તેમના-વારસા-પર | તેમના-લોકોને | તલવારને | અને-સોંપ્યા | |
| | H5159 | | H2719 | H5462 | |

તેમણે પોતાના લોકોને તલવારને સ્વાધીન કર્યા અને પોતાના વારસા પર તે કોપાયમાન થયા.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הוּלָּֽלוּ׃ | לֹ֣א | וּ֝בְתוּלֹתָ֗יו | אֵ֑שׁ | אָֽכְלָה־ | בַּחוּרָ֥יו | 63 |
| ગવાયાં | નહીં | અને-તેમની-કુંવારીઓના | અગ્નિ | ગળી-ગયું | તેમના-યુવાનોને | |
| | H3808 | H1330 | H0784 | H0398 | H0970 | |

તેઓના યુવાનો અગ્નિથી નાશ પામ્યા અને તેઓની કન્યાઓના લગ્નમાં ગીત ગાવામાં આવ્યાં નહિ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| תִבְכֶּֽינָה׃ | לֹ֣א | וְ֝אַלְמְנֹתָ֗יו | נָפָ֑לוּ | בַּחֶ֣רֶב | כֹּ֭הֲנָיו | 64 |
| રોઈ | નહીં | અને-તેમની-વિધવાઓ | પડ્યા | તલવારે | તેમના-યાજકો | |
| H1058 | H3808 | H0490 | H5307 | H2719 | H3548 | |

તેઓના યાજકો તલવારથી માર્યા ગયા અને તેઓની વિધવાઓએ કંઈ રુદન કર્યું નહિ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מִיָּֽיִן׃ | מִתְרוֹנֵ֥ן | כְּ֝גִבּ֗וֹר | אֲדֹנָ֑י | כְּיָשֵׁ֥ן | וַיִּקַ֣ץ | 65 |
| દ્રાક્ષારસથી | જયઘોષ-કરતો | બળવાન-જેમ | પ્રભુ | સૂતા-જેમ | અને-જાગ્યા | |
| H3196 | | H1368 | H0136 | H3463 | H3364 | |

જેમ કોઈ ઊંઘમાંથી જાગે, તેમ, દ્રાક્ષારસના કેફથી શૂરવીર પુરુષની જેમ પ્રભુ ઊઠ્યા.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לָֽמוֹ׃ | נָ֣תַן | ע֝וֹלָ֗ם | חֶרְפַּ֥ת | אָח֑וֹר | צָרָ֥יו | וַיַּךְ־ | 66 |
| તેમને | આપી | સદાકાળની | શરમ | પાછળ | તેમના-શત્રુઓને | અને-માર્યા | |
| | H5414 | H5769 | H2781 | H0268 | | H5221 | |

તેમણે પાછળથી પોતાના શત્રુઓને માર્યા; તેમણે તેઓને સદાને માટે શરમિંદા કર્યા.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בָחָֽר׃ | לֹ֣א | אֶ֝פְרַ֗יִם | וּבְשֵׁ֥בֶט | יוֹסֵ֑ף | בְּאֹ֣הֶל | וַ֭יִּמְאַס | 67 |
| પસંદ-કર્યું | નહીં | એફ્રાઇમનું | અને-કુળ | યૂસુફનું | તંબૂ | અને-તિરસ્કાર-કર્યો | |
| H0977 | H3808 | H0669 | H7626 | H3130 | H0168 | | |

તેમણે યૂસફના તંબુનો નકાર કર્યો અને એફ્રાઇમના કુળનો સ્વીકાર કર્યો નહિ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אָהֵֽב׃ | אֲשֶׁ֣ר | צִיּ֝֗וֹן | הַ֥ר | אֶֽת־ | יְהוּדָ֑ה | שֵׁ֣בֶט | אֶת־ | וַ֭יִּבְחַר | 68 |
| પ્રેમ-કર્યો | જેને | સિયોનનો | પર્વત | — | યહૂદાનું | કુળ | — | પણ-પસંદ-કર્યું | |
| H0157 | | H6726 | H2022 | H0853 | H3063 | H7626 | H0853 | H0977 | |

તેમણે યહૂદાના કુળને અને પોતાના પ્રિય સિયોન પર્વતને, પસંદ કર્યા.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לְעוֹלָֽם׃ | יְסָדָ֥הּ | כְּ֝אֶ֗רֶץ | מִקְדָּשׁ֑וֹ | רָמִ֣ים | כְּמוֹ־ | וַיִּ֣בֶן | 69 |
| સદા-માટે | સ્થાપ્યું | પૃથ્વી-જેમ | તેમનું-પવિત્ર-સ્થાન | ઊંચા | ઊંચાઈઓ-જેમ | અને-બાંધ્યું | |
| H5769 | H3245 | H0776 | H4720 | | H3644 | H1129 | |

તેમણે પર્વત જેવું ઉન્નત અને સદા માટે સ્થાપન કરેલી પૃથ્વી જેવું અચળ પોતાનું પવિત્રસ્થાન બાંધ્યું.

70

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיִּבְחַר | בְּדָוִד | עַבְדּוֹ | וַיִּקָּחֵהוּ | מִמִּכְלְאֹת | צֹאן׃ |
| અને-પસંદ-કર્યા | દાવિદને | તેમના-સેવકને | અને-લીધા | ઘેટાંન□ા-વાડામાંથી | ઘેટાં |
| H0977 | H1732 | H5650 | H3947 | H4356 | H6629 |

તેમણે વાડામાંથી ઘેટાંની સંભાળ રાખનાર દાઉદને પોતાના સેવક તરીકે પસંદ કર્યો.

71

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מֵאַחַר | עָלוֹת | הֱבִיאוֹ | לִרְעוֹת | בְּיַעֲקֹב | עַמּוֹ | וּבְיִשְׂרָאֵל | נַחֲלָתוֹ׃ |
| પાછળથી | ધાવતી | લાવ્યા | ચરાવવા | યાકૂબને | તેમના-લોકોને | અને-ઇઝરાયેલને | તેમનો-વારસો |
| | H5763 | H0935 | | H3290 | | H3478 | H5159 |

દૂઝણી ઘેટીઓની પાછળ ફરતો હતો, ત્યાંથી તેમના લોકો યાકૂબના સંતાનનું તથા તેમના વારસા ઇઝરાયલનું પાલન કરવા તે તેને લાવ્યા.

72

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיִּרְעֵם | כְּתֹם | לְבָבוֹ | וּבִתְבוּנוֹת | כַּפָּיו | יַנְחֵם׃ |
| અને-ચરાવ્યા | શુદ્ધતાથી | તેમના-હૃદયની | અને-કુશળતાથી | તેમના-હાથના | દોર્યા |
| | H8537 | H3824 | H8394 | H3709 | H5148 |

દાઉદે તેમને શુદ્ધ હૃદયથી અને કૌશલ્યસભર શાણપણથી દોર્યા.

## Chapter 79

1

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִזְמוֹר | לְאָסָף | אֱלֹהִים | בָּאוּ | גוֹיִם | בְּנַחֲלָתֶךָ | טִמְּאוּ | אֶת־ | הֵיכַל | קָדְשֶׁךָ | שָׂמוּ | אֶת־ | יְרוּשָׁלִַם | לְעִיִּים׃ |
| ગીત | આસાફનું | હે-ઈશ્વર | આવ્યા-છે | પ્રજાઓ | તમારા-વારસામાં | અશુદ્ધ-કર્યું | — | મંદિર | તમારી-પવિત્રતાનું | બનાવ્યું | — | યરૂશાલેમને | ખંડેરો |
| H4210 | H0623 | H0430 | H0935 | | H5159 | | H0853 | H1964 | H6944 | | H0853 | H3389 | H5856 |

હે ઈશ્વર, વિદેશીઓ તમારા વતનમાં આવ્યા છે; તેઓએ તમારા પવિત્રસ્થાનને અશુદ્ધ કર્યું છે; તેઓએ યરુશાલેમને ખંડિયેર કરી નાખ્યું છે.

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| נָתְנוּ | אֶת־ | נִבְלַת | עֲבָדֶיךָ | מַאֲכָל | לְעוֹף | הַשָּׁמָיִם | בְּשַׂר | חֲסִידֶיךָ | לְחַיְתוֹ־ | אָרֶץ׃ |
| આપ્યા | — | શબ | તમારા-સેવકોના | ખોરાક | આકાશના-પંખીઓ-માટે | આકાશન□ા | માંસ | તમારા-ભક્તોનું | પૃથ્વીના-જંગલી | પ્રાણીઓ-માટે |
| H5414 | H0853 | H5038 | H5650 | H3978 | H5775 | H8064 | H1320 | H2623 | | H0776 |

તેઓએ તમારા સેવકોના મૃતદેહોને જંગલી પક્ષીઓને ખાવા માટે આપ્યા છે તેઓએ તમારા ભક્તોના મૃતદેહોને ખાવા માટે જંગલી પશુઓને આપ્યા છે.

3

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שָׁפְכוּ | דָמָם | כַּמַּיִם | סְבִיבוֹת | יְרוּשָׁלָםִ | וְאֵין | קוֹבֵר׃ |
| રેડ્યું | તેમનું-લોહી | પાણી-જેમ | ચારે-બાજુ | યરૂશાલેમની | અને-કોઈ-નહીં | દફનાવનાર |
| H8210 | H1818 | H4325 | H5439 | H3389 | H0369 | H6912 |

તેઓએ યરુશાલેમની આસપાસ પાણીની જેમ લોહી વહેવડાવ્યું છે અને તેઓને દફનાવનાર કોઈ નથી.

4

| | | | | | |
|---|---|---|---|---|---|
| הָיִינוּ | חֶרְפָּה | לִשְׁכֵנֵינוּ | לַעַג | וָקֶלֶס | לִסְבִיבוֹתֵינוּ׃ |
| અમે-થયા | નિંદા | અમારા-પાડોશીઓ-માટે | મજાક | અને-ઉપહાસ | અમારી-આસપાસન□ા-માટે |
| H1961 | H2781 | H7934 | H3933 | H7047 | H5439 |

અમે અમારા પડોશીઓને નિંદારૂપ થયા છીએ, જેઓ અમારી આસપાસ છે તેઓની આગળ તિરસ્કારરૂપ તથા મશ્કરીપાત્ર થયા છીએ.

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עַד־ | מָה | יְהוָה | תֶּאֱנַף | לָנֶצַח | תִּבְעַר | כְּמוֹ־ | אֵשׁ | קִנְאָתֶךָ׃ |
| ક્યાં-સુધી | શું | હે-યહોવાહ | ગુસ્સો-કરશો | સદા-માટે | બળશે | જેમ | અગ્નિ | તમારી-ઈર્ષ્યા |
| H5704 | H4100 | H3068 | H0599 | H5331 | | H3644 | H0784 | H7068 |

હે યહોવાહ, ક્યાં સુધી? શું તમે સદાને માટે કોપાયમાન રહેશો? શું તમારો રોષ અગ્નિની જેમ સળગી ઊઠશે?

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 6 | שְׁפֹךְ | חֲמָתְךָ | אֶל־ | הַגּוֹיִם | אֲשֶׁר | לֹא־ | יְדָעוּךָ | וְעַל | מַמְלָכוֹת | אֲשֶׁר |
| | રેડો | તમારો-ક્રોધ | ઉપર | પ્રજાઓ-ઉપર | જે | નહીં | ઓળખે-છે-તમને | અને-ઉપર | રાજ્યો | જે |
| | H8210 | H2534 | H0413 | | | H3808 | H3045 | | H4467 | |
| | בְּשִׁמְךָ | לֹא | קָרָאוּ׃ | | | | | | | |
| | તમારા-નામે | નહીં | પોકાર્યું | | | | | | | |
| | H8034 | H3808 | H7121 | | | | | | | |

જે વિદેશીઓ તમને જાણતા નથી અને જે રાજ્યની પ્રજાઓ તમારા નામે અરજ કરતી નથી, તેઓ પર તમારો કોપ રેડો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 7 | כִּי | אָכַל | אֶת־ | יַעֲקֹב | וְאֶת־ | נָוֵהוּ | הֵשַׁמּוּ׃ |
| | કારણ-કે | ગળી-ખાધું | — | યાકૂબને | અને | તેમનું-નિવાસસ્થાન | ઉજ્જડ-કર્યું |
| | | H0398 | H0853 | H3290 | H0853 | | H8074 |

કારણ કે તેઓ યાકૂબને ગળી ગયા છે અને તેનું રહેઠાણ ઉજ્જડ કર્યું છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 8 | אַל־ | תִּזְכָּר־ | לָנוּ | עֲוֺנֹת | רִאשֹׁנִים | מַהֵר | יְקַדְּמוּנוּ | רַחֲמֶיךָ | כִּי | דַלּוֹנוּ |
| | નહીં | યાદ-કરો | અમારી-વિરુદ્ધ | પાપો | પૂર્વજોના | જલદી | મળે-અમને | તમારી-કરુણા | કારણ-કે | અમે-દીન-છીએ |
| | H0408 | H2142 | | H5771 | H7223 | | H6923 | | | H1809 |
| | מְאֹד׃ | | | | | | | | | |
| | ખૂબ | | | | | | | | | |
| | H3966 | | | | | | | | | |

અમારા પૂર્વજોનાં પાપોને લીધે અમને દોષિત ઠરાવશો નહિ; અમારા પર તમારી દયા કરવામાં વિલંબ કરશો નહિ, કારણ કે અમે બહુ દુર્દશામાં આવી પડ્યા છીએ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | עָזְרֵנוּ | אֱלֹהֵי | יִשְׁעֵנוּ | עַל־ | דְּבַר | כְּבוֹד־ | שְׁמֶךָ | וְהַצִּילֵנוּ |
| | મદદ-કરો-અમને | હે-ઈશ્વર | અમારા-ઉદ્ધારના | કારણે | વાત | મહિમા | તમારા-નામની | અને-છોડાવો-અમને |
| | H5826 | H0430 | H3468 | | H1697 | H3519 | H8034 | H5337 |
| | וְכַפֵּר | עַל־ | חַטֹּאתֵינוּ | לְמַעַן | שְׁמֶךָ׃ | | | |
| | અને-પ્રાયશ્ચિત-કરો | કારણે | અમારાં-પાપોના | ખાતર | તમારા-નામની | | | |
| | | | | H4616 | H8034 | | | |

હે અમારા ઉદ્ધારનાર ઈશ્વર, તમારા નામના મહિમાને માટે, અમારી સહાય કરો; તમારા નામની ખાતર અમને અમારાં પાપોથી બચાવો અને માફ કરો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 10 | לָמָּה | יֹאמְרוּ | הַגּוֹיִם | אַיֵּה | אֱלֹהֵיהֶם | יִוָּדַע | [בגיים] | (בַּגּוֹיִם) | לְעֵינֵינוּ |
| | શા-માટે | કહે | પ્રજાઓ | ક્યાં-છે | તેમનો-ઈશ્વર | જાણીતો-થાઓ | [પ્રજાઓમાં] | પ્રજાઓમાં | અમારી-આંખો-આગળ |
| | H4100 | H0559 | | H0346 | H0430 | H3045 | | | |
| | נִקְמַת | דַּם־ | עֲבָדֶיךָ | הַשָּׁפוּךְ׃ | | | | | |
| | બદલો | લોહી | તમારા-સેવકોનું | રેડાયેલું | | | | | |
| | H5360 | H1818 | H5650 | H8210 | | | | | |

વિદેશીઓ શા માટે એવું કહે છે કે, “તેઓના ઈશ્વર ક્યાં છે?” અમે નજરે જોઈએ એવી રીતે તમારા સેવકોના વહેવડાવેલા લોહીનો બદલો વિદેશીઓને આપો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 11 | תָּבוֹא | לְפָנֶיךָ | אֶנְקַת | אָסִיר | כְּגֹדֶל | זְרוֹעֲךָ | הוֹתֵר | בְּנֵי | תְמוּתָה׃ |
| | આવે | તમારી-સામે | નિસાસો | કેદીના | મહાનતા-પ્રમાણે | તમારી-ભુજાની | બચાવો | સંતાનો | મૃત્યુના |
| | H0935 | H6440 | H0603 | H0616 | H1433 | H2220 | H3498 | | H8546 |

બંદીવાનોના નિસાસા તમારી આગળ પહોંચો; જેઓ મરણને માટે નિર્મિત થયેલા છે તેઓનું, તમારા મહાન સામર્થ્ય પ્રમાણે, રક્ષણ કરો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 12 | וְהָשֵׁב | לִשְׁכֵנֵינוּ | שִׁבְעָתַיִם | אֶל־ | חֵיקָם | חֶרְפָּתָם | אֲשֶׁר |
| | અને-પાછા-આપો | અમાર□ા-પાડોશીઓને | સાત-ગણું | તેમન□ા-ખોળામાં | તેમની-નિંદા | જેનાવડે | તેમણે-નિંદા-કરી |
| | H7725 | H7934 | H7659 | H0413 | H2436 | H2781 | |
| | חֵרְפוּךָ | אֲדֹנָי׃ | | | | | |
| | તમને | હે-પ્રભુ | | | | | |
| | | H0136 | | | | | |

હે પ્રભુ, અમારા પડોશી જે રીતે તમારું અપમાન કરે છે, તે જ રીતે તેઓને તમે સાતગણી સજા તેઓના ખોળે આપો.

13

| | | |
|---|---|---|
| וַאֲנַחְנוּ | અને-અમે | H0587 |
| עַמְּךָ | તમારા-લોકો | |
| וְצֹאן | અને-ઘેટાં | H6629 |
| מַרְעִיתֶךָ | તમારી-ચરાણના | H4830 |
| נוֹדֶה | આભાર-માનીશું | H3034 |
| לְּךָ | તમને | |
| לְעוֹלָם | સદા-માટે | H5769 |
| לְדֹר | પેઢી | H1755 |
| וָדֹר | દર-પેઢી | H1755 |
| נְסַפֵּר | કહેશું | |
| תְּהִלָּתֶךָ׃ | તમારી-સ્તુતિ | H8416 |

જેથી અમે અમારા લોકો તથા તમારા ચારના ઘેટાં નિરંતર તમારી આભારસ્તુતિ કરીશું. પેઢી દરપેઢી અમે તમારું સ્તવન કરીશું.

## Chapter 80

1

| | | |
|---|---|---|
| לַמְנַצֵּחַ | સંગીત-નિર્દેશક-માટે | H5329 |
| אֶל־ | ઉપર | H0413 |
| שֹׁשַׁנִּים | કમળો | H7802 |
| עֵדוּת | સાક્ષી | H7802 |
| לְאָסָף | આસાફનું | H0623 |
| מִזְמוֹר׃ | ગીત | H4210 |
| רֹעֵה | હે-પાળક | |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલના | H3478 |
| הַאֲזִינָה | કાન-ધરો | H0238 |
| נֹהֵג | દોરનારા | |
| כַּצֹּאן | ઘેટાં-જેમ | H6629 |
| יוֹסֵף | યૂસુફને | H3130 |
| יֹשֵׁב | બિરાજમાન | H3427 |
| הַכְּרוּבִים | કરૂબો-ઉપર | H3742 |
| הוֹפִיעָה׃ | પ્રકાશિત-થાઓ | H3313 |

હે ઇઝરાયલનાં પાળક, અમારી પ્રાર્થના સાંભળો; જેમણે યૂસફના લોકોને ઘેટાંની જેમ દોર્યા હતા; કરુબો પર બિરાજમાન અમારા પર પ્રકાશ પાડો

2

| | | |
|---|---|---|
| לִפְנֵי | આગળ | H6440 |
| אֶפְרַיִם | એફ્રાઇમ | H0669 |
| וּבִנְיָמִן | અને-બિન્યામીન | H1144 |
| וּמְנַשֶּׁה | અને-મનાશ્શેના | H4519 |
| עוֹרְרָה | જગાડો | H5782 |
| אֶת־ | — | H0853 |
| גְּבוּרָתֶךָ | તમારું-સામર્થ્ય | H1369 |
| וּלְכָה | અને-આવો | H3212 |
| לִישֻׁעָתָה | ઉદ્ધાર-માટે | H3444 |
| לָּנוּ׃ | અમારા | |

એફ્રાઇમ, બિન્યામીન તથા મનાશ્શાની આગળ, તમારું સામર્થ્ય પ્રગટ કરો; આવીને અમને બચાવો.

3

| | | |
|---|---|---|
| אֱלֹהִים | હે-ઈશ્વર | H0430 |
| הֲשִׁיבֵנוּ | અમને-પુનઃસ્થાપિત-કરો | H7725 |
| וְהָאֵר | અને-પ્રકાશિત-કરો | H0215 |
| פָּנֶיךָ | તમારું-મુખ | H6440 |
| וְנִוָּשֵׁעָה׃ | અને-અમે-બચીશું | H3467 |

હે ઈશ્વર, અમને પાછા ફેરવો; તમારા મુખનો પ્રકાશ અમારા પર પાડો એટલે અમારો બચાવ થાય.

4

| | | |
|---|---|---|
| יְהוָה | યહોવાહ | H3068 |
| אֱלֹהִים | ઈશ્વર | H0430 |
| צְבָאוֹת | સેનાઓના | |
| עַד־ | ક્યાં-સુધી | H5704 |
| מָתַי | ક્યારે | H4970 |
| עָשַׁנְתָּ | ગુસ્સો-કરશો | H6225 |
| בִּתְפִלַּת | પ્રાર્થના-પર | H8605 |
| עַמֶּךָ׃ | તમારા-લોકોની | |

હે સૈન્યોના ઈશ્વર યહોવાહ, તમારા લોકો તમારી પ્રાર્થના કરે છે, છતાં તમારો કોપ ક્યાં સુધી સળગતો રહેશે.

5

| | | |
|---|---|---|
| הֶאֱכַלְתָּם | તમે-ખવડાવ્યું | H0398 |
| לֶחֶם | રોટી | H3899 |
| דִּמְעָה | આસૂઓની | H1832 |
| וַתַּשְׁקֵמוֹ | અને-પાયું | H8248 |
| בִּדְמָעוֹת | આસૂઓ | H1832 |
| שָׁלִישׁ׃ | પુષ્કળ | |

તમે તમારા લોકોને આસુવાળી રોટલી ખવડાવી છે અને તેઓને પુષ્કળ આસુઓ પાયાં છે.

6

| | | |
|---|---|---|
| תְּשִׂימֵנוּ | તમે-બનાવો-છો | |
| מָדוֹן | ઝઘડો | H4066 |
| לִשְׁכֵנֵינוּ | અમારા-પાડોશીઓ-માટે | H7934 |
| וְאֹיְבֵינוּ | અને-અમારા-શત્રુઓ | H0341 |
| יִלְעֲגוּ־ | ઉપહાસ-કરે-છે | H3932 |
| לָמוֹ׃ | અમને | |

તમે અમને અમારા પડોશીઓને લડવા માટે યુદ્ધના નિશાન બનાવ્યાં છે; અને અમારા શત્રુઓ અંદરોઅંદર અમારી હાંસી કરે છે.

7

| | | |
|---|---|---|
| אֱלֹהִים | હે-ઈશ્વર | H0430 |
| צְבָאוֹת | સેનાઓના | |
| הֲשִׁיבֵנוּ | અમને-પુનઃસ્થાપિત-કરો | H7725 |
| וְהָאֵר | અને-પ્રકાશિત-કરો | H0215 |
| פָּנֶיךָ | તમારું-મુખ | H6440 |
| וְנִוָּשֵׁעָה׃ | અને-અમે-બચીશું | H3467 |

હે સૈન્યોના ઈશ્વર, અમને પાછા ફેરવો; તમારા મુખનો પ્રકાશ અમારા પર પાડો, જેથી અમારો બચાવ થાય.

8

| גֶּפֶן | מִמִּצְרַיִם | תַּסִּיעַ | תְּגָרֵשׁ | גּוֹיִם | וַתִּטָּעֶהָ׃ |
|---|---|---|---|---|---|
| દ્રાક્ષાવેલ | મિસરમાંથી | કાઢી | તમે-કાઢ્યા | પ્રજાઓને | અને-રોપી |
| H1612 | H4714 | H5265 | H1644 | | H5193 |

તમે મિસરમાંથી દ્રાક્ષાવેલો લાવ્યા; તમે વિદેશીઓને હાંકી કાઢીને તેને રોપ્યો.

9

| פִּנִּיתָ | לְפָנֶיהָ | וַתַּשְׁרֵשׁ | שָׁרָשֶׁיהָ | וַתְּמַלֵּא־ | אָרֶץ׃ |
|---|---|---|---|---|---|
| તમે-સાફ-કર્યું | તેની-આગળ | અને-મૂળ-નાખ્યા | તેના-મૂળ | અને-ભરી-દીધી | પૃથ્વીને |
| H6437 | H6440 | H8327 | H8328 | H4390 | H0776 |

તમે તેને માટે જગ્યા સાફ કરી; તેમાં મૂળ નાંખ્યા અને તેનાથી દેશ ભરપૂર થયો.

10

| כָּסּוּ | הָרִים | צִלָּהּ | וַעֲנָפֶיהָ | אַרְזֵי־ | אֵל׃ |
|---|---|---|---|---|---|
| ઢાંક્યા | પર્વતો | તેનો-પડછાયો | અને-તેની-શાખાઓ | ઈશ્વરન□ા-દેવદારો | જેવી |
| H3680 | H2022 | H6738 | H6057 | H0730 | H0410 |

તેની છાયાથી પર્વતો ઢકાઈ ગયા, તેની વિશાળ લાંબી ડાળીઓ ઈશ્વરના દેવદારો જેવી હતી.

11

| תְּשַׁלַּח | קְצִירֶהָ | עַד־ | יָם | וְאֶל־ | נָהָר | יוֹנְקוֹתֶיהָ׃ |
|---|---|---|---|---|---|---|
| તેણે-ફેલાવી | તેની-શાખાઓ | સમુદ્ર-સુધી | સમુદ્ર | અને-સુધી | નદી | તેની-કૂંપળો |
| H7971 | | H5704 | H3220 | H0413 | H5104 | H3127 |

તેણે પોતાની ડાળીઓ સમુદ્ર સુધી પ્રસારી અને તેની ડાળખીઓ ફ્રાત નદી સુધી પ્રસારી.

12

| לָמָּה | פָּרַצְתָּ | גְדֵרֶיהָ | וְאָרוּהָ | כָּל־ | עֹבְרֵי | דָרֶךְ׃ |
|---|---|---|---|---|---|---|
| શા-માટે | તોડ્યા | તેની-વાડો | અને-તેને-ચૂંટે-છે | બધા | મુસાફરો | રસ્તાન□ા |
| H4100 | H6555 | H1447 | H0717 | H3605 | | H1870 |

તમે તેનો દિવાલ એવી રીતે કેમ તોડી છે કે જેથી રસ્તે જતાં મુસાફરો તેની દ્રાક્ષો ચૂંટી લે છે?

13

| יְכַרְסְמֶנָּה | חֲזִיר | מִיָּעַר | וְזִיז | שָׂדַי | יִרְעֶנָּה׃ |
|---|---|---|---|---|---|
| ખોદે-છે | જંગલી-સૂવર | જંગલમાંથી | અને-મેદાનના-જીવો | ખેતરના | ચરે-છે |
| H3765 | H2386 | | | | |

જંગલમાંથી ડુક્કરો આવીને તેને બગાડે છે અને રાની પશુઓ તેને ખાઈ જાય છે.

14

| אֱלֹהִים | צְבָאוֹת | שׁוּב־ | נָא | הַבֵּט | מִשָּׁמַיִם | וּרְאֵה | וּפְקֹד | גֶּפֶן | זֹאת׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| હે-ઈશ્વર | સેનાઓના | પાછા-ફરો | કૃપા-કરીને | જુઓ | આકાશમાંથી | અને-જુઓ | અને-ધ્યાન-આપો | દ્રાક્ષાવેલ | આ |
| H0430 | | H7725 | H4994 | H5027 | H8064 | H7200 | | H1612 | H2063 |

હે સૈન્યોના ઈશ્વર, તમે પાછા આવો, આકાશમાંથી નીચે દ્રષ્ટિ કરો અને ધ્યાનમાં લો તથા આ દ્રાક્ષાવેલાની રક્ષા કરો.

15

| וְכַנָּה | אֲשֶׁר־ | נָטְעָה | יְמִינֶךָ | וְעַל־ | בֵּן | אִמַּצְתָּה | לָּךְ׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-શાખા | જે | રોપી | તમારા-જમણ□ા-હાથે | અને-ઉપર | પુત્ર | જેને-બળવાન-કર્યો | તમારા-માટે |
| H3657 | | H5193 | H3225 | | | H0553 | |

તમે તમારા જમણા હાથે જેને રોપી છે, જે ડાળીને તમે તમારે માટે બળવાન કરી છે, તેનું રક્ષણ કરો.

16

| שְׂרֻפָה | בָאֵשׁ | כְּסוּחָה | מִגַּעֲרַת | פָּנֶיךָ | יֹאבֵדוּ׃ |
|---|---|---|---|---|---|
| બળી-ગયેલી | અગ્નિમાં | કાપેલી | તમારા-મુખની-ધમકીથી | તમારા-ચહેરાની | નાશ-થશે |
| H8313 | H0784 | H3683 | H1606 | H6440 | H0006 |

તેને કાપીને બાળવામાં આવી; તમારા ઠપકાથી તમારા શત્રુઓ નાશ પામે છે.

17

| תְּהִי־ | יָדְךָ | עַל־ | אִישׁ | יְמִינֶךָ | עַל־ | בֶּן־ | אָדָם | אִמַּצְתָּ | לָּךְ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| રહે | તમારો-હાથ | ઉપર | માણસ | તમારા-જમણા-હાથનો | ઉપર | પુત્ર | મનુષ્યનો | જેને-બળવાન-કર્યો | તમાર□-માટે |
| H1961 | H3027 | | H0376 | H3225 | | | H0120 | H0553 | |

તમારા જમણા હાથના માણસ પર, એટલે જે માણસના દીકરાને તમે પોતાને માટે બળવાન કરેલો છે તેના પર તમારો હાથ રાખો.

| נִקְרָא׃ | וּבְשִׁמְךָ | תְּחַיֵּנוּ | מִמֶּךָּ | נָסוֹג | וְלֹא־ | 18 |
|---|---|---|---|---|---|---|
| બોલાવીશું | અને-તમારા-નામે | અમને-જીવાડો | તમાર□થી | પાછા-હટીશું | અને-અમે-નહીં | |
| H7121 | H8034 | H2421 | | H5472 | H3808 | |

એટલે અમે તમારાથી વિમુખ થઈશું નહિ; અમને પુનર્જીવન આપો અને અમે તમારા નામમાં પ્રાર્થના કરીશું.

| וְנִוָּשֵׁעָה׃ | פָּנֶיךָ | הָאֵר | הֲשִׁיבֵנוּ | צְבָאוֹת | אֱלֹהִים | יְהוָה | 19 |
|---|---|---|---|---|---|---|---|
| અને-અમે-બચીશું | તમારું-મુખ | પ્રકાશિત-કરો | અમને-પુન:સ્થાપિત-કરો | સેનાઓન□ | ઈશ્વર | યહોવાહ | |
| H3467 | H6440 | H0215 | H7725 | | H0430 | H3068 | |

હે સૈન્યોના ઈશ્વર યહોવાહ, અમને પાછા ફેરવો; તમારા મુખનો પ્રકાશ અમારા પર પાડો, જેથી અમારો બચાવ થાય.

## Chapter 81

| לֵאלֹהֵי | הָרִיעוּ | עוּזֵּנוּ | לֵאלֹהִים | הַרְנִינוּ | לְאָסָף׃ | הַגִּתִּית | עַל־ | לַמְנַצֵּחַ | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઈશ્વરને | જયઘોષ-કરો | અમાર□-બળને | ઈશ્વરને | આનંદથી-ગાઓ | આસાફનું | ગિત્તીત | ઉપર | સંગીત-નિર્દેશક-માટે | |
| H0430 | H7321 | H5797 | H0430 | | H0623 | H1665 | | H5329 | |

| יַעֲקֹב׃ |
|---|
| યાકૂબન□ |
| H3290 |

ઈશ્વર જે આપણું સામર્થ્ય છે, તેમની સમક્ષ મોટેથી ગાઓ; યાકૂબના ઈશ્વર સમક્ષ હર્ષનાદ કરો.

| נָבֶל׃ | עִם־ | נָעִים | כִּנּוֹר | תֹּף | וּתְנוּ־ | זִמְרָה | שְׂאוּ־ | 2 |
|---|---|---|---|---|---|---|---|---|
| સિતાર | સાથે | મધુર | વીણા | ઢોલ | અને-આપો | ગીત | ઊઠાવો | |
| | | | H3658 | H8596 | H5414 | H2172 | H5375 | |

ગીત ગાઓ અને ઢોલક વગાડો, સિતાર અને મધુર વીણા સાથે વગાડો.

| חַגֵּנוּ׃ | לְיוֹם | בַּכֵּסֶה | שׁוֹפָר | בַחֹדֶשׁ | תִּקְעוּ | 3 |
|---|---|---|---|---|---|---|
| અમાર□-પર્વન□ | દિવસે | પૂર્ણિમાએ | રણશિંગું | નવા-ચંદ્રે | વગાડો | |
| H2282 | H3117 | H3677 | H7782 | H2320 | H8628 | |

ચંદ્રદર્શન તેમ જ પૂનમના દિવસે એટલે આપણા પવિત્ર પર્વને દિવસે, રણશિંગડું વગાડો.

| יַעֲקֹב׃ | לֵאלֹהֵי | מִשְׁפָּט | הוּא | לְיִשְׂרָאֵל | חֹק | כִּי | 4 |
|---|---|---|---|---|---|---|---|
| યાકૂબના | ઈશ્વરની | આજ્ઞા | આ-છે | ઇઝરાયેલ-માટે | નિયમ | કારણ-કે | |
| H3290 | H0430 | H4941 | H1931 | H3478 | H2706 | | |

કેમ કે એમ કરવું એ ઇઝરાયલને માટે વિધિ છે, તે યાકૂબના ઈશ્વરનો હુકમ છે.

| אֶשְׁמָע׃ | יָדַעְתִּי | לֹא־ | שְׂפַת | מִצְרָיִם | אֶרֶץ | עַל־ | בְּצֵאתוֹ | שָׂמוֹ | בִּיהוֹסֵף | עֵדוּת | 5 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાંભળી | જાણતો-હતો | જે-નહીં | ભાષા | મિસરની | ભૂમિ | ઉપર | જ્યારે-નીકળ્યા | મૂકી | યૂસુફમાં | સાક્ષી | |
| H8085 | H3045 | H3808 | H8193 | H4714 | H0776 | | H3318 | | H3084 | H5715 | |

જ્યારે તે મિસર દેશની સામે નીકળ્યા ત્યારે તેમણે યૂસફમાં એ સાક્ષી ઠરાવી; હું ઓળખતો નહોતો એવાની વાણી મેં ત્યાં સાંભળી,

| תַּעֲבֹרְנָה׃ | מִדּוּד | כַּפָּיו | שִׁכְמוֹ | מִסֵּבֶל | הֲסִירוֹתִי | 6 |
|---|---|---|---|---|---|---|
| મુક્ત-થયા | ટોપલીથી | તેમન□-હાથ | તેમનો-ખંધો | બોજથી | હટાવ્યો | |
| | H1731 | H3709 | H7926 | H5447 | H5493 | |

"મેં તમારા ખભાનો ભાર ઉતાર્યો; તેના હાથ વજનદાર ટોપલાથી મુક્ત થયા.

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בַּצָּרָה | קָרָאתָ | וָאֲחַלְּצֶךָּ | אֶעֶנְךָ | בְּסֵתֶר | רַעַם | אֶבְחָנְךָ | עַל־ | מֵי | מְרִיבָה |
| વિપત્તિમાં | બોલાવ્ય□ | અને-છોડાવ્ય□ | ઉત્તર-આપ્યો | છુપાયેલાં | ગર્જનાન□ | પરીક્ષા-કરી | ઉપર | પાણી | મરીબાહનાં |
| | H7121 | | | | H7482 | H0974 | | H4325 | H4809 |

| |
|---|
| סֶלָה׃ |
| સેલાહ |
| H5542 |

સંકટમાં તમે મને પોકાર કર્યો, તેથી મેં તમને છોડાવ્યા; ગુપ્તસ્થાનમાંથી ગર્જના દ્વારા મેં તમને પ્રત્યુત્તર આપ્યો. મરીબાહનાં પાણી આગળ મેં તારી પરીક્ષા કરી. સેલાહ.

8

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שְׁמַע | עַמִּי | וְאָעִידָה | בָּךְ | יִשְׂרָאֵל | אִם־ | תִּשְׁמַע־ | לִי׃ |
| સાંભળો | મારા-લોકો | અને-હું-સાક્ષી-આપીશ | તમને | ઇઝરાયેલ | જો | સાંભળો | મને |
| H8085 | | | | H3478 | | H8085 | |

હે મારા લોકો, સાંભળો, કેમ કે આ મારી ચેતવણી છે, હે ઇઝરાયલ, જો તમે મારું સાંભળો, તો કેવું સારું□

9

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | יִהְיֶה | בְךָ | אֵל | זָר | וְלֹא | תִשְׁתַּחֲוֶה | לְאֵל | נֵכָר׃ |
| નહીં | હોવો-જોઈએ | તમારામાં | ઈશ્વર | પરાયો | અને-નહીં | પૂજા-કરો | ઈશ્વરને | વિદેશીના |
| H3808 | H1961 | | H0410 | | H3808 | H7812 | H0410 | H5236 |

તારામાં કોઈ અન્ય દેવ ન હોવો જોઈએ; તું કોઈ પારકા દેવની પૂજા કરીશ નહિ.

10

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אָנֹכִי | יְהוָה | אֱלֹהֶיךָ | הַמַּעַלְךָ | מֵאֶרֶץ | מִצְרָיִם | הַרְחֶב־ | פִּיךָ | וַאֲמַלְאֵהוּ׃ |
| હું-છું | યહોવાહ | તમારો-ઈશ્વર | જે-ઉપર-લાવ્ય□ | ભૂમિથી | મિસરની | પહોળું-કરો | તમારું-મુખ | અને-હું-ભરીશ |
| H0595 | H3068 | H0430 | H5927 | H0776 | H4714 | H7337 | H6310 | H4390 |

તને મિસર દેશમાંથી બહાર કાઢી લાવનાર તારો ઈશ્વર યહોવાહ હું છું. તારું મુખ ઉઘાડ અને હું તેને ભરી દઈશ.

11

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְלֹא־ | שָׁמַע | עַמִּי | לְקוֹלִי | וְיִשְׂרָאֵל | לֹא־ | אָבָה | לִי׃ |
| પણ-નહીં | સાંભળ્યું | માર□-લોકોએ | મારો-અવાજ | અને-ઇઝરાયેલે | નહીં | ઇચ્છ્યું | મને |
| H3808 | H8085 | | | H3478 | H3808 | H0014 | |

પણ મારા લોકોએ મારી વાણી સાંભળી નહિ; ઇઝરાયલે મારો આદર કર્યો નહિ.

12

| | | | | |
|---|---|---|---|---|
| וָאֲשַׁלְּחֵהוּ | בִּשְׁרִירוּת | לִבָּם | יֵלְכוּ | בְּמוֹעֲצוֹתֵיהֶם׃ |
| તેથી-મેં-છોડી-દીધા | તેમન□-હૃદયની-જિદમાં | તેમના-હૃદયની | ચાલે | તેમની-યોજનાઓમાં |
| H7971 | H8307 | | H3212 | H4156 |

તેથી મેં તેઓને તેઓનાં હૃદયની હઠ પ્રમાણે ચાલવા દીધા કે જેથી તેઓ પોતાની યોજનાઓ પ્રમાણે વર્તે.

13

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לוּ | עַמִּי | שֹׁמֵעַ | לִי | יִשְׂרָאֵל | בִּדְרָכַי | יְהַלֵּכוּ׃ |
| જો | મારા-લોકો | સાંભળતા | મને | ઇઝરાયેલ | માર□-માર્ગોમાં | ચાલતા |
| H3863 | | H8085 | | H3478 | H1870 | H1980 |

મારા લોકો મારું સાંભળે અને મારા લોકો મારા માર્ગોમાં ચાલે, તો કેવું સારું□

14

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כִּמְעַט | אוֹיְבֵיהֶם | אַכְנִיעַ | וְעַל | צָרֵיהֶם | אָשִׁיב | יָדִי׃ |
| ઝડપથી | તેમના-શત્રુઓને | નમાવીશ | અને-ઉપર | તેમન□-વિરોધીઓના | ફેરવીશ | મારો-હાથ |
| H4592 | H0341 | H3665 | | | H7725 | H3027 |

તો હું તેઓના શત્રુઓને પરાજિત કરું અને તેઓના વૈરીઓ વિરુદ્ધ મારો હાથ ઉપાડું.

15

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מְשַׂנְאֵי | יְהוָה | יְכַחֲשׁוּ־ | לוֹ | וִיהִי | עִתָּם | לְעוֹלָם׃ |
| ધિક્કારનારા | યહોવાહના | જૂઠું-બોલશે | તેમને | અને-રહેશે | તેમનો-સમય | સદા-માટે |
| H8130 | H3068 | H3584 | | H1961 | H6256 | H5769 |

જેઓ યહોવાહને ધિક્કારે છે તેઓ તેમની સામે ભયથી સંકોચાશે□ તેઓનું અપમાન સદાને માટે રહેશે.

16

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיַּאֲכִילֵהוּ | מֵחֵלֶב | חִטָּה | וּמִצּוּר | דְּבַשׁ | אַשְׂבִּיעֶךָ׃ |
| અને-ખવડાવીશ | શ્રેષ્ઠથી | ઘઉંની | અને-ખડકમાંથી | મધ | તૃપ્ત-કરીશ |
| H0398 | H2459 | H2406 | H6697 | H1706 | H7646 |

હું શ્રેષ્ઠ ઘઉંથી તેઓને તૃપ્ત કરીશ; ખડકમાંના મધથી હું તને સંતોષ પમાડીશ.”

## Chapter 82

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | מִזְמ֗וֹר | לְאָ֫סָ֥ף | אֱֽלֹהִ֗ים | נִצָּ֥ב | בַּעֲדַת־ | אֵ֑ל | בְּקֶ֖רֶב | אֱלֹהִ֣ים | יִשְׁפֹּֽט׃ |
| | ગીત | આસાફનું | ઈશ્વર | ઊભા-છે | સભામાં | ઈશ્વરની | વચ્ચે | ઈશ્વરો | ન્યાય-કરે-છે |
| | H4210 | H0623 | H0430 | H5324 | H5712 | H0410 | H7130 | H0430 | H8199 |

ઈશ્વર પવિત્ર સભામાં ઊભા રહે છે; તે દેવો + 82:1 દૂતો અથવા જે ઈશ્વર પાસે ગયેલા લોકો મધ્યે ન્યાય કરે છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | עַד־ | מָתַ֥י | תִּשְׁפְּטוּ־ | עָ֑וֶל | וּפְנֵ֥י | רְ֝שָׁעִ֗ים | תִּשְׂאוּ־ | סֶֽלָה׃ |
| | ક્યાં-સુધી | ક્યારે | ન્યાય-કરશો | અન્યાયી | અને-ચહેરા | દુષ્ટોના | પક્ષ-કરશો | સેલાહ |
| | H5704 | H4970 | H8199 | | H6440 | H7563 | H5375 | H5542 |

તમે ક્યાં સુધી ગેરઇનસાફ કરશો? અને ક્યાં સુધી તમે દુષ્ટો ઉપર વિશેષ કૃપા કરવાનું ચાલુ રાખશો? સેલાહ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 3 | שִׁפְטוּ־ | דַ֥ל | וְיָת֑וֹם | עָנִ֥י | וָרָ֣שׁ | הַצְדִּֽיקוּ׃ |
| | ન્યાય-કરો | ગરીબનો | અને-અનાથનો | દીનને | અને-ગરીબને | ન્યાય-આપો |
| | H8199 | H1800 | H3490 | H6041 | H7326 | H6663 |

ગરીબ તથા અનાથનો ન્યાય કરો; દુ:ખિત અને લાચારને ઇનસાફ આપો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 4 | פַּלְּטוּ־ | דַ֥ל | וְאֶבְי֑וֹן | מִיַּ֖ד | רְשָׁעִ֣ים | הַצִּֽילוּ׃ |
| | છોડાવો | ગરીબને | અને-જરૂરિયાતમંદને | હાથમાંથી | દુષ્ટોન□ | બચાવો |
| | H6403 | H1800 | H0034 | H3027 | H7563 | H5337 |

ગરીબ તથા જરૂરિયાતમંદોને છોડાવો; તેઓને દુષ્ટોની પકડમાંથી મુક્ત કરો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 5 | לֹ֤א | יָֽדְע֨וּ | וְלֹ֢א | יָבִ֗ינוּ | בַּחֲשֵׁכָ֥ה | יִתְהַלָּ֑כוּ | יִ֝מּ֗וֹטוּ | כָּל־ | מ֥וֹסְדֵי | אָֽרֶץ׃ |
| | નહીં | જાણે-છે | અને-નહીં | સમજે-છે | અંધકારમાં | ચાલે-છે | હલે-છે | બધા | પાયા | પૃથ્વીન□ |
| | H3808 | H3045 | H3808 | H0995 | H2825 | H1980 | H4131 | H3605 | H4144 | H0776 |

તેઓ જાણતા નથી કે સમજતા નથી; તેઓ અંધકારમાં ભટકતા ફરે છે; પૃથ્વીના તમામ પાયા હાલી ઊઠ્યા છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 6 | אֲֽנִי־ | אָ֭מַרְתִּי | אֱלֹהִ֣ים | אַתֶּ֑ם | וּבְנֵ֖י | עֶלְי֣וֹן | כֻּלְּכֶֽם׃ |
| | મેં | કહ્યુ | ઈશ્વરો-છો | તમે | અને-સંતાનો | પરાત્પરના | તમે-બધા |
| | H0589 | H0559 | H0430 | | | | H3605 |

મેં કહ્યુ કે, “તમે દેવો છો અને તમે સર્વ પરાત્પરના દીકરાઓ છો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 7 | אָ֭כֵן | כְּאָדָ֣ם | תְּמוּת֑וּן | וּכְאַחַ֖ד | הַשָּׂרִ֣ים | תִּפֹּֽלוּ׃ |
| | પરંતુ | મનુષ્યો-જેમ | મરશો | અને-એક-જેમ | રાજકુમારો | પડશો |
| | H0403 | H0120 | H4191 | H0259 | H8269 | H5307 |

તોપણ તમે માણસની જેમ મૃત્યુ પામશો અને રાજકુમારની જેમ પડશો.”

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 8 | קוּמָ֣ה | אֱ֭לֹהִים | שָׁפְטָ֣ה | הָאָ֑רֶץ | כִּֽי־ | אַתָּ֥ה | תִ֝נְחַ֗ל | בְּכָל־ | הַגּוֹיִֽם׃ |
| | ઊઠો | હે-ઈશ્વર | ન્યાય-કરો | પૃથ્વીનો | કારણ-કે | તમે | વારસો-લેશો | બધી | પ્રજાઓને |
| | | H0430 | H8199 | H0776 | | | H5157 | H3605 | |

હે ઈશ્વર, ઊઠો, પૃથ્વીનો ન્યાય કરો, કારણ કે તમે સર્વ વિદેશીઓને વારસા તરીકે પામશો.

## Chapter 83

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | שִׁ֥יר | מִזְמ֗וֹר | לְאָסָֽף׃ | אֱלֹהִ֥ים | אַל־ | דֳּמִי־ | לָ֑ךְ | אַל־ | תֶּחֱרַ֖שׁ | וְאַל־ | תִּשְׁקֹ֣ט | אֵֽל׃ |
| | ગીત | ગીત | આસાફનું | હે-ઈશ્વર | નહીં | ચૂપ | રહો | નહીં | મૌન-રહો | અને-નહીં | શાંત-રહો | હે-ઈશ્વર |
| | | H4210 | H0623 | H0430 | H0408 | H1824 | | H0408 | | H0408 | H8252 | H0410 |

હે ઈશ્વર, તમે છાના ન રહો હે ઈશ્વર, અમારી અવગણના ના કરશો અને સ્થિર રહો.

| 2 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | הִנֵּ֣ה | א֭וֹיְבֶיךָ | יֶהֱמָי֑וּן | וּ֝מְשַׂנְאֶ֗יךָ | נָ֣שְׂאוּ | רֹֽאשׁ׃ |
| કારણ-કે | જુઓ | તમાર-શત્રુઓ | ઘોંઘાટ-કરે-છે | અને-તમને-ધિક્કારનારા | માથું-ઊંચક્યું-છે | માથું |
| | H2009 | H0341 | H1993 | H8130 | H5375 | |

જુઓ, તમારા શત્રુઓ હુલ્લડ મચાવે છે અને જેઓ તમને ધિક્કારે છે તેમણે તમારી સામે માથું ઊંચું કર્યું છે.

| 3 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עַל־ | עַ֭מְּךָ | יַעֲרִ֣ימוּ | ס֑וֹד | וְ֝יִתְיָעֲצ֗וּ | עַל־ | צְפוּנֶֽיךָ׃ |
| તમારા-વિરુદ્ધ | તમારા-લોકો-વિરુદ્ધ | ચાલાકીથી-યોજના-ઘડે-છે | કાવતરું | અને-સલાહ-આપે-છે | ઉપર | તમારા-છુપાયેલાઓની |
| | | H6191 | H5475 | H3289 | | H6845 |

તેઓ તમારા લોકો વિરુદ્ધ કપટભરી યોજનાઓ કરે છે અને તમારા લોક જેઓ તમને મૂલ્યવાન છે, તેઓની વિરુદ્ધ પ્રપંચ રચે છે.

| 4 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אָמְר֗וּ | לְ֭כוּ | וְנַכְחִידֵ֣ם | מִגּ֑וֹי | וְלֹֽא־ | יִזָּכֵ֖ר | שֵֽׁם־ | יִשְׂרָאֵ֣ל | עֽוֹד׃ |
| કહ્યુ | આવો | અને-નાશ-કરીએ | પ્રજાતરીકેથી | અને-નહીં | યાદ-કરાય | નામ | ઇઝરાયેલનું | વધુ |
| H0559 | H3212 | H3582 | | H3808 | H2142 | H8034 | H3478 | H5750 |

તેઓએ કહ્યુ છે, "ચાલો, પ્રજા તરીકેના તેમના અસ્તિત્વનો આપણે સંપૂર્ણ નાશ કરીએ. જેથી ઇઝરાયલના નામનું સ્મરણ હવે પછી કદી રહે નહિ."

| 5 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כִּ֤י | נוֹעֲצ֣וּ | לֵ֣ב | יַחְדָּ֑ו | עָ֝לֶ֗יךָ | בְּרִ֣ית | יִכְרֹֽתוּ׃ |
| કારણ-કે | યોજના-કરી | હૃદયથી | સાથે | તમારી-વિરુદ્ધ | કરાર | કરે-છે |
| | H3289 | | | | H1285 | H3772 |

તેઓએ એકસાથે મસલત કરી છે; તેઓ તમારી વિરુદ્ધ કરાર કરે છે.

| 6 | | | | |
|---|---|---|---|---|
| אָהֳלֵ֣י | אֱ֭דוֹם | וְיִשְׁמְעֵאלִ֗ים | מוֹאָ֥ב | וְהַגְרִֽים׃ |
| તંબૂઓ | અદોમન | અને-ઇશ્માએલીઓન | મોઆબ | અને-હાગરીઓ |
| H0168 | H0123 | H3459 | H4124 | H1905 |

તંબુમાં રહેનાર અદોમીઓ, ઇશ્માએલીઓ, મોઆબીઓ તથા હાગ્રીઓ,

| 7 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| גְּבָ֣ל | וְ֭עַמּוֹן | וַעֲמָלֵ֑ק | פְּ֝לֶ֗שֶׁת | עִם־ | יֹ֣שְׁבֵי | צֽוֹר׃ |
| ગેબાલ | અને-આમ્મોન | અને-અમાલેક | ફિલિસ્તીન | સાથે | વસનારાઓ | સોરન |
| H1381 | H5983 | H6002 | H6429 | | H3427 | H6865 |

ગબાલ, આમ્મોન, અમાલેક; તૂર દેશના લોકો અને પલિસ્તીઓ પણ કરાર કરે છે.

| 8 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| גַּם־ | אַ֭שּׁוּר | נִלְוָ֣ה | עִמָּ֑ם | הָי֥וּ | זְר֨וֹעַ | לִבְנֵי־ | ל֣וֹט | סֶֽלָה׃ |
| પણ | આશ્શૂર | જોડાયો-છે | તેમની-સાથે | થયા-છે | ભુજા | સંતાનો-માટે | લોતન | સેલાહ |
| H1571 | H0804 | | | H1961 | H2220 | | H3876 | H5542 |

તેઓની સાથે આશ્શૂર પણ સામેલ થાય છે; તેઓએ લોતના વંશજોને સહાય કરી છે. સેલાહ

| 9 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עֲשֵׂה־ | לָהֶ֥ם | כְּמִדְיָ֑ן | כְּֽסִֽיסְרָ֥א | כְ֝יָבִ֗ין | בְּנַ֣חַל | קִישֽׁוֹן׃ |
| કરો | તેમને | મિદ્યાન-જેમ | સીસરા-જેમ | યાબીન-જેમ | નદીમાં | કીશોનની |
| | H1992 | H4080 | H5516 | H2985 | | H7028 |

તમે જે મિદ્યાન સાથે કર્યું, જેમ કીશોન નદી પર સીસરા તથા યાબીન સાથે કર્યું, તેમ તેઓની સાથે કરો.

| 10 | | | | |
|---|---|---|---|---|
| נִשְׁמְד֥וּ | בְעֵֽין־ דֹּ֑אר | הָ֥יוּ | דֹּ֝֗מֶן | לָאֲדָמָֽה׃ |
| નાશ-થયા | એન-દોરમાં | થયા | ખાતર | ભૂમિ-માટે |
| H8045 | H5874 | H1961 | H1828 | H0127 |

એન-દોરમાં તેઓ નાશ પામ્યા અને ભૂમિના ખાતર જેવા થઈ ગયા.

| 11 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שִׁיתֵ֣מוֹ | נְ֭דִיבֵמוֹ | כְּעֹרֵ֣ב | וְכִזְאֵ֑ב | וּכְזֶ֥בַח | וּ֝כְצַלְמֻנָּ֗ע | כָּל־ | נְסִיכֵֽמוֹ׃ |
| બનાવો | તેમને-શ્રેષ્ઠોને | ઓરેબ-જેમ | અને-ઝેએબ-જેમ | અને-ઝેબહ-જેમ | અને-સાલ્મુન્ના-જેમ | બધા | તેમને-રાજકુમારોને |
| H7896 | H5081 | H6159 | H2062 | H2078 | H6759 | H3605 | |

તેઓના સરદારોને ઓરેબ તથા ઝએબના જેવા અને તેઓના સર્વ રાજકુમારોને ઝેબાહ તથા સાલ્મુન્ના જેવા કરો.

12

| אֲשֶׁר | אָמְרוּ | נִירֲשָׁה | לָּנוּ | אֵת | נְאוֹת | אֱלֹהִים׃ |
|---|---|---|---|---|---|---|
| જેમણે | કહ્યુ | અમે-કબ્જો-કરીએ | અમારા□-માટે | — | ચરાણો | ઈશ્વરને |
| | H0559 | H3423 | | H0853 | H4999 | H0430 |

તેઓએ કહ્યુ, "ચાલો આપણે પોતાને માટે ઈશ્વરના નિવાસસ્થાનને પ્રાપ્ત કરીએ."

13

| אֱלֹהַי | שִׁיתֵמוֹ | כַגַּלְגַּל | כְּקַשׁ | לִפְנֵי־ | רוּחַ׃ |
|---|---|---|---|---|---|
| મારે-ઈશ્વર | બનાવો-તેમને | વંટોળ-જેમ | ભૂસા-જેમ | પવન-આગળ | પવન |
| H0430 | H7896 | H1534 | H7179 | H6440 | H7307 |

હે મારા ઈશ્વર, તેઓને વંટોળિયાની ધૂળ જેવા, પવનથી ઊડતાં ફોતરાં જેવા કરો.

14

| כְּאֵשׁ | תִּבְעַר־ | יָעַר | וּכְלֶהָבָה | תְּלַהֵט | הָרִים׃ |
|---|---|---|---|---|---|
| અગ્નિ-જેમ | બળે-છે | જંગલને | અને-જ્વાળા-જેમ | સળગાવે-છે | પર્વતોને |
| H0784 | | | H3852 | H3857 | H2022 |

જેમ અગ્નિ જંગલોને ભસ્મ કરે છે અને આગ પર્વતોને સળગાવે તેમ વિનાશ કરો.

15

| כֵּן | תִּרְדְּפֵם | בְּסַעֲרֶךָ | וּבְסוּפָתְךָ | תְבַהֲלֵם׃ |
|---|---|---|---|---|
| તેમ | પીછો-કરો | તમારે-વાવાઝોડા-વડે | અને-તમારે-તોફાન-વડે | ગભરાવો-તેમને |
| | H7291 | | | H0926 |

તમારા વંટોળિયાઓથી અને તમારા તોફાનોથી તેમનો પીછો કરો અને તેમને ત્રાસ પમાડો.

16

| מַלֵּא | פְנֵיהֶם | קָלוֹן | וִיבַקְשׁוּ | שִׁמְךָ | יְהוָה׃ |
|---|---|---|---|---|---|
| ભરો | તેમને-ચહેરા | શરમથી | અને-શોધે | તમારું-નામ | હે-યહોવાહ |
| H4390 | H6440 | H7036 | H1245 | H8034 | H3068 |

બદનામીથી તેઓ પોતાનાં મુખ સંતાડે કે જેથી, હે યહોવાહ, તેઓ તમારું નામ શોધે.

17

| יֵבֹשׁוּ | וְיִבָּהֲלוּ | עֲדֵי־ | עַד | וְיַחְפְּרוּ | וְיֹאבֵדוּ׃ |
|---|---|---|---|---|---|
| શરમિંદા-થાઓ | અને-ગભરાઓ | સદા-માટે | સદા | અને-લજ્જિત-થાઓ | અને-નાશ-થાઓ |
| H0954 | H0926 | H5703 | H5704 | H2659 | H0006 |

તેઓ હંમેશા લજ્જિત થાઓ અને ગૂંચવાઈ જાઓ; તેઓ અપમાનિત થાઓ અને નાશ પામો.

18

| וְיֵדְעוּ | כִּי־ | אַתָּה | שִׁמְךָ | יְהוָה | לְבַדֶּךָ | עֶלְיוֹן | עַל־ | כָּל־ | הָאָרֶץ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જાણે | કે | તમે | જેમનું-નામ | યહોવાહ-છે | એકલા-તમે | પરાત્પર | ઉપર | સમગ્ર | પૃથ્વીના |
| H3045 | | | H8034 | H3068 | H0905 | | | H3605 | H0776 |

જેથી તેઓ જાણે કે તમે એકલા જ યહોવાહ છો, તમે એકલા જ સમગ્ર પૃથ્વી પર પરાત્પર ઈશ્વર છો.

## Chapter 84

1

| לַמְנַצֵּחַ | עַל־ | הַגִּתִּית | לִבְנֵי־ | קֹרַח | מִזְמוֹר׃ | מַה־ | יְּדִידוֹת | מִשְׁכְּנוֹתֶיךָ | יְהוָה | צְבָאוֹת׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સંગીત-નિર્દેશક-માટે | ઉપર | ગિત્તીત | સંતાનો-માટે | કોરાહના□ | ગીત | કેવાં | પ્રિય | તમારાં-નિવાસો | યહોવાહ | સેનાઓના |
| H5329 | | H1665 | | H7141 | H4210 | H4100 | | H4908 | H3068 | |

હે સૈન્યોના યહોવાહ, તમારું નિવાસસ્થાન કેવું મનોહર છે□

2

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| נִכְסְפָה | וְגַם־ | כָּלְתָה | נַפְשִׁי | לְחַצְרוֹת | יְהוָה | לִבִּי | וּבְשָׂרִי | יְרַנְּנוּ |
| ફૂટાઈ-છે | અને-પણ | તડપે-છે | મારો-આત્મા | આગણાઓ-માટે | યહોવાહના | મારું-હૃદય | અને-મારું-શરીર | આનંદથી-ગાય-છે |
| H3700 | H1571 | H3615 | H5315 | | H3068 | | H1320 | |

| | | |
|---|---|---|
| אֶל־ | אֵל־ | חָי: |
| તરફ | ઈશ્વર | જીવતા |
| H0413 | H0410 | |

મારો આત્મા યહોવાહના આગણાની અભિલાષા રાખે છે; જીવતા જાગતા ઈશ્વર માટે મારું હૃદય તથા મારો દેહ હર્ષનાદ કરશે.

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| גַּם־ | צִפּוֹר | מָצְאָה | בַיִת | וּדְרוֹר | קֵן | לָהּ | אֲשֶׁר־ | שָׁתָה | אֶפְרֹחֶיהָ | אֶת־ |
| પણ | ચકલીએ | શોધ્યું | ઘર | અને-અબાબિલે | માળો | તેન-માટે | જ્યાં | મૂક્યા | તેન-બચ્ચાં | — |
| H1571 | H6833 | H4672 | | H1866 | H7064 | | | H7896 | H0667 | H0853 |

| | | | | |
|---|---|---|---|---|
| מִזְבְּחוֹתֶיךָ | יְהוָה | צְבָאוֹת | מַלְכִּי | וֵאלֹהָי: |
| તમારી-વેદીઓ-પાસે | યહોવાહ | સેનાઓન | મારા-રાજા | અને-મારા-ઈશ્વર |
| H4196 | H3068 | | H4428 | H0430 |

ચકલીઓને ઘર મળ્યું છે અને અબાબીલને પોતાનાં બચ્ચાં રાખવા માટે માળો મળ્યો છે એટલે તમારી વેદીઓ આગળ, હે સૈન્યોના યહોવાહ, મારા રાજા તથા મારા ઈશ્વર.

4

| | | | | | |
|---|---|---|---|---|---|
| אַשְׁרֵי | יוֹשְׁבֵי | בֵיתֶךָ | עוֹד | יְהַלְלוּךָ | סֶּלָה: |
| ધન્ય | વસનારા | તમારા-ઘરમાં | સદા | સ્તુતિ-કરે-છે-તમને | સેલાહ |
| H0835 | H3427 | | H5750 | | H5542 |

તમારા ઘરમાં રહેનારાઓ આશીર્વાદિત છે; તેઓ સદા તમારાં સ્તુતિગાન ગાશે. સેલાહ

5

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אַשְׁרֵי | אָדָם | עוֹז־ | לוֹ | בָךְ | מְסִלּוֹת | בִּלְבָבָם: |
| ધન્ય | માણસ | બળ | જેનું | તમારામાં | માર્ગો | તેમન-હૃદયમાં |
| H0835 | H0120 | H5797 | | | H4546 | H3824 |

જે માણસનું સામર્થ્ય તમારામાં છે, જેઓનાં હૃદય સિયોનના માર્ગો ધ્યાનમાં રાખે છે, તેઓ આશીર્વાદિત છે.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עֹבְרֵי | בְּעֵמֶק | הַבָּכָא | מַעְיָן | יְשִׁיתוּהוּ | גַּם־ | בְּרָכוֹת | יַעְטֶה | מוֹרֶה: |
| પસાર-થતાં | ખીણમાં | બાકાન | ઝરણું | બનાવે-છે | પણ | આશીર્વાદો | ઢાંકે-છે | વરસાદ |
| | H6010 | H1056 | H4599 | H7896 | H1571 | H1293 | | H4175 |

રુદનના નીચાણને ઓળંગતા તેઓ તેને ઝરાની જગ્યા બનાવે છે. પ્રથમ વરસાદ તેને આશીર્વાદથી ભરપૂર કરશે.

7

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יֵלְכוּ | מֵחַיִל | אֶל־ | חָיִל | יֵרָאֶה | אֶל־ | אֱלֹהִים | בְּצִיּוֹן: |
| ચાલે-છે | બળથી | વધુ | બળ-તરફ | દેખાય-છે | આગળ | ઈશ્વર | સિયોનમાં |
| H3212 | H2428 | H0413 | H2428 | H7200 | H0413 | H0430 | H6726 |

તેઓ વધારે અને વધારે સામર્થ્યવાન થતાં જાય છે; તેઓમાંનો દરેક જણ સિયોનમાં ઈશ્વરની સમક્ષ હાજર થાય છે.

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה | אֱלֹהִים | צְבָאוֹת | שִׁמְעָה | תְפִלָּתִי | הַאֲזִינָה | אֱלֹהֵי | יַעֲקֹב | סֶלָה: |
| યહોવાહ | ઈશ્વર | સેનાઓન | સાંભળો | મારી-પ્રાર્થના | કાન-ધરો | ઈશ્વર | યાકૂબન | સેલાહ |
| H3068 | H0430 | | H8085 | H8605 | H0238 | H0430 | H3290 | H5542 |

હે સૈન્યોના ઈશ્વર યહોવાહ, મારી પ્રાર્થના સાંભળો; હે યાકૂબના ઈશ્વર, હું જે પ્રાર્થના કરું, તે પર ધ્યાન આપો સેલાહ

9

| | | | | | |
|---|---|---|---|---|---|
| מָגִנֵּנוּ | רְאֵה | אֱלֹהִים | וְהַבֵּט | פְּנֵי | מְשִׁיחֶךָ: |
| અમારી-ઢાલ | જુઓ | હે-ઈશ્વર | અને-જુઓ | ચહેરો | તમારા-અભિષિક્તનો |
| H4043 | H7200 | H0430 | H5027 | H6440 | H4899 |

હે ઈશ્વર, અમારી ઢાલને જુઓ; તમારા અભિષિક્ત માટે કાળજી રાખો.

10

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֱלֹהַי | בְּבֵית | הִסְתּוֹפֵף | בָּחַרְתִּי | מֵאָלֶף | בַּחֲצֵרֶיךָ | יוֹם | טוֹב־ | כִּי |
| મારે-ઈશ્વરના | ઘરમાં | ઉંબરે-ઊભા-રહેવું | મેં-પસંદ-કરું-છું | હજારથી | તમારે-આગણાઓમાં | દિવસ | સારો-છે | કારણ-કે |
| H0430 | | H5605 | H0977 | H0505 | | H3117 | | |

| | | |
|---|---|---|
| רֶשַׁע׃ | בְּאָהֳלֵי־ | מִדּוּר |
| દુષ્ટતાને | તંબૂઓમાં-વસવા | કરતાં |
| H7562 | H0168 | H1752 |

કારણ કે હજાર દિવસ કરતાં તમારા આગણામાંનો એક દિવસ શ્રેષ્ઠ છે. દુષ્ટોના તંબુમાં રહેવું તે કરતાં મારા ઈશ્વરના ઘરના દરવાન થવું, તે મને વધારે પસંદ છે.

11

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| טוֹב | יִמְנַע־ | לֹא | יְהוָה | יִתֵּן | וְכָבוֹד | חֵן | אֱלֹהִים | יְהוָה | וּמָגֵן | שֶׁמֶשׁ ׀ | כִּי |
| સારું | રોકે | નહીં | યહોવાહ | આપે-છે | અને-મહિમા | કૃપા | ઈશ્વર | યહોવાહ | અને-ઢાલ | સૂર્ય | કારણ-કે |
| | H4513 | H3808 | H3068 | H5414 | H3519 | H2580 | H0430 | H3068 | H4043 | H8121 | |

| | |
|---|---|
| בְּתָמִים׃ | לַהֹלְכִים |
| સંપૂર્ણતામાં | ચાલનારાઓને |
| H8549 | H1980 |

કારણ કે યહોવાહ ઈશ્વર આપણા સૂર્ય તથા ઢાલ છે; યહોવાહ કૃપા તથા ગૌરવ આપશે; ન્યાયથી વર્તનારને માટે તે કંઈ પણ શ્રેષ્ઠ બાબત બાકી રાખશે નહિ.

12

| | | | | | |
|---|---|---|---|---|---|
| בָּךְ׃ | בֹּטֵחַ | אָדָם | אַשְׁרֵי | צְבָאוֹת | יְהוָה |
| તમારામાં | ભરોસો-રાખનારો | માણસ | ધન્ય | સેનાઓના | યહોવાહ |
| | H0982 | H0120 | H0835 | | H3068 |

હે સૈન્યોના યહોવાહ, જે માણસ તમારા પર ભરોસો રાખે છે તે આશીર્વાદિત છે.

## Chapter 85

1

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ]שבות[ | שַׁבְתָּ | אַרְצֶךָ | יְהוָה | רָצִיתָ | מִזְמוֹר׃ | קֹרַח | לִבְנֵי־ | לַמְנַצֵּחַ ׀ |
| [બંદીવાસ] | પાછા-લાવ્યા | તમારી-ભૂમિથી | યહોવાહ | તમે-પ્રસન્ન-થયા | ગીત | કોરાહના | સંતાનો-માટે | સંગીત-નિર્દેશક-માટે |
| H7622 | H7725 | H0776 | H3068 | H7521 | H4210 | H7141 | | H5329 |

| | |
|---|---|
| יַעֲקֹב׃ | )שְׁבִית( |
| યાકૂબનો | બંદીવાસ |
| H3290 | H7622 |

હે યહોવાહ, તમારા દેશ પર તમે તમારી કૃપા દર્શાવી છે. અને તમે યાકૂબના બંદીઓને આ દેશમાં પાછા મોકલી આપ્યા છે.

2

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| סֶלָה׃ | חַטָּאתָם | כָל־ | כִּסִּיתָ | עַמֶּךָ | עֲוֹן | נָשָׂאתָ |
| સેલાહ | તેમનં-પાપો | બધાં | ઢાંક્યું | તમારે-લોકોનું | પાપ | માફ-કર્યું |
| H5542 | | H3605 | H3680 | | H5771 | H5375 |

તમારા લોકોનાં પાપો તમે માફ કર્યા છે; અને તમે તેઓનાં બધાં પાપોનું પ્રાયશ્ચિત કર્યુ છે.

3

| | | | | | |
|---|---|---|---|---|---|
| אַפֶּךָ׃ | מֵחֲרוֹן | הֱשִׁיבוֹתָ | עֶבְרָתֶךָ | כָל־ | אָסַפְתָּ |
| તમારો-ક્રોધ | ભયંકરથી | ફેરવ્યો | તમારો-ક્રોધ | બધો | પાછું-લીધું |
| H0639 | H2740 | H7725 | H5678 | H3605 | H0622 |

તેથી હવે તમારા કોપનો; ભસ્મ કરનારા ક્રોધનો અંત આવ્યો છે.

4

| | | | | | |
|---|---|---|---|---|---|
| עִמָּנוּ׃ | כַּעַסְךָ | וְהָפֵר | יִשְׁעֵנוּ | אֱלֹהֵי | שׁוּבֵנוּ |
| અમારે-ઉપરથી | તમારો-ગુસ્સો | અને-દૂર-કરો | અમારે-ઉદ્ધારને | હે-ઈશ્વર | પુનઃસ્થાપિત-કરો-અમને |
| | | | H3468 | H0430 | H7725 |

હે મારા ઈશ્વર, અમારા ઉદ્ધારનાર, તમારા પર પ્રેમ કરવામાં તમે અમને સંસ્થાપિત કરો. જેથી ફરી કદી તમારે અમારા ઉપર ક્રોધિત ન થવું પડે.

5

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וָדֹר׃ | לְדֹר | אַפְּךָ | תִּמְשֹׁךְ | בָּנוּ | תֶּאֱנַף־ | הַלְעוֹלָם |
| દર-પેઢી | પેઢી | તમારો-ક્રોધ | લંબાવશો | અમારે-ઉપર | ગુસ્સો-કરશો | શું-સદા-માટે |
| H1755 | H1755 | H0639 | H4900 | | H0599 | H5769 |

શું તમે સદા અમારા પર કોપાયમાન રહેશો? શું તમારો કોપ પેઢી દર પેઢી લંબાવાશો?

6

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בָּךְ׃ | יִשְׂמְחוּ־ | וְעַמְּךָ | תְּחַיֵּנוּ | תָּשׁוּב | אַתָּה | הֲלֹא־ |
| તમારામાં | આનંદ-કરે | અને-તમારે-લોકો | જીવાડશો-અમને | ફરી | તમે | શું-નહીં |
| | H8055 | | H2421 | H7725 | | H3808 |

શું તમે અમને ફરી પુનર્જીવિત નહિ કરો? ત્યારે તમારા લોકો તમારામાં આનંદ કરશે.

7

| | | | | | |
|---|---|---|---|---|---|
| לָנוּ׃ | תִּתֶּן־ | וְיֶשְׁעֲךָ | חַסְדֶּךָ | יְהוָה | הַרְאֵנוּ |
| અમને | આપો | અને-તમારો-ઉદ્ધાર | તમારી-કૃપા | યહોવાહ | બતાવો-અમને |
| | H5414 | H3468 | | H3068 | H7200 |

તમારો પ્રેમ અને દયા, અમારા ઉપર રેડી દો. અને યહોવાહ અમારો ઉદ્ધાર કરો.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶל־ | עַמּוֹ | אֶל־ | שָׁלוֹם | יְדַבֵּר | כִּי | יְהוָה | הָאֵל | יְדַבֵּר | מַה־ | אֶשְׁמְעָה |
| અને-તેમને | તેમને-લોકો | તેમને-તરફ | શાંતિ | બોલે-છે | કારણ-કે | યહોવાહ | ઈશ્વર | બોલે-છે | શું | હું-સાંભળીશ |
| H0413 | | H0413 | H7965 | H1696 | | H3068 | H0410 | H1696 | H4100 | H8085 |

| | | | |
|---|---|---|---|
| לְכִסְלָה׃ | יָשׁוּבוּ | וְאַל־ | חֲסִידָיו |
| મૂર્ખતા-તરફ | પાછે-વળે | અને-નહીં | ભક્તોને |
| H3690 | H7725 | H0408 | H2623 |

યહોવાહ ઈશ્વર જે કહે છે તે હું કાળજી પૂર્વક સાંભળું છું, કેમ કે તે પોતાના લોકોની સાથે તથા તેમના વફાદાર અનુયાયીઓની સાથે શાંતિથી વર્તે. પરંતુ તેઓ મૂર્ખાઈ તરફ પાછા ફરી ન જાય.

9

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בְּאַרְצֵנוּ׃ | כָּבוֹד | לִשְׁכֹּן | יִשְׁעוֹ | לִירֵאָיו | קָרוֹב | אַךְ |
| અમારે-ભૂમિમાં | મહિમા | વસવા | તેમનો-ઉદ્ધાર | તેમને-ડરનારને | નજીક | ખરેખર |
| H0776 | H3519 | H7931 | H3468 | H3373 | H7138 | H0389 |

જેઓ તેમનો ભય રાખે છે તેઓનો ઈશ્વર ઉદ્ધાર કરે છે; બહુ જલદી અમારી ભૂમિ પર અમે માનપૂર્વક રહીશું.

10

| | | | | | |
|---|---|---|---|---|---|
| נָשָׁקוּ׃ | וְשָׁלוֹם | צֶדֶק | נִפְגָּשׁוּ | וֶאֱמֶת | חֶסֶד־ |
| ચૂમ્યા | અને-શાંતિ | ન્યાય | મળ્યા | અને-સત્ય | કૃપા |
| | H7965 | H6664 | H6298 | H0571 | |

કૃપા અને સત્યતા એકબીજાની સાથે મળેલી છે; ન્યાયીપણાએ તથા શાંતિએ એકબીજાને ચુંબન કર્યુ છે.

11

| | | | | | |
|---|---|---|---|---|---|
| נִשְׁקָף׃ | מִשָּׁמַיִם | וְצֶדֶק | תִצְמָח | מֵאֶרֶץ | אֱמֶת |
| નજર-કરશે | આકાશમાંથી | અને-ન્યાય | અકુરિત-થશે | પૃથ્વીમાંથી | સત્ય |
| H8259 | H8064 | H6664 | H6779 | H0776 | H0571 |

પૃથ્વીમાંથી સત્ય ઉપર ઊંચે જાય છે. અને ન્યાયીપણું આકાશમાંથી વરસશે.

12

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יְבוּלָהּ׃ | תִּתֵּן | וְאַרְצֵנוּ | הַטּוֹב | יִתֵּן | יְהוָה | גַּם־ |
| તેની-ઉપજ | આપશે | અને-અમારી-ભૂમિ | સારું | આપશે | યહોવાહ | પણ |
| H2981 | H5414 | H0776 | | H5414 | H3068 | H1571 |

હા, યહોવાહ સારા આશીર્વાદ આપશે; અને આપણો દેશ મબલખ પાક ઉપજાવશે.

13

| | | | | | |
|---|---|---|---|---|---|
| פְּעָמָיו׃ | לְדֶרֶךְ | וְיָשֵׂם | יְהַלֵּךְ | לְפָנָיו | צֶדֶק |
| તેમને-પગલાં | માર્ગ-ઉપર | અને-મૂકશે | ચાલશે | તેમને-આગળ | ન્યાય |
| H6471 | H1870 | | H1980 | H6440 | H6664 |

તેમનું ન્યાયીપણું આગળ ચાલશે, અને તેમનાં પગલાં આપણે માટે માર્ગ તૈયાર કરે છે.

## Chapter 86

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | תְּפִלָּה | לְדָוִד | הַטֵּה־ | יְהוָה | אָזְנְךָ | עֲנֵנִי | כִּי־ | עָנִי | וְאֶבְיוֹן | אָנִי׃ |
| | પ્રાર્થના | દાવિદની | નમાવો | યહોવાહ | તમારો-કાન | ઉત્તર-આપો-મને | કારણ-કે | ગરીબ | અને-જરૂરિયાતમંદ | છું-હું |
| | H8605 | H1732 | H5186 | H3068 | H0241 | | | H6041 | H0034 | H0589 |

હે યહોવાહ, સાંભળીને મને ઉત્તર આપો, કારણ કે હું દીન તથા દરિદ્રી છું.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | שָׁמְרָה | נַפְשִׁי | כִּי־ | חָסִיד | אָנִי | הוֹשַׁע | עַבְדְּךָ | אַתָּה | אֱלֹהַי | הַבּוֹטֵחַ |
| | સાચવો | મારો-આત્મા | કારણ-કે | ભક્ત | છું-હું | બચાવો | તમારે-સેવકને | તમે | મારે-ઈશ્વર | ભરોસો-રાખનારો |
| | H8104 | H5315 | | H2623 | H0589 | H3467 | H5650 | | H0430 | H0982 |
| | אֵלֶיךָ׃ | | | | | | | | | |
| | તમારેમાં | | | | | | | | | |
| | H0413 | | | | | | | | | |

મારું રક્ષણ કરો, કેમ કે હું વફાદાર છું; હે મારા ઈશ્વર, તમારા પર ભરોસો રાખનાર તમારા સેવકને બચાવો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 3 | חָנֵּנִי | אֲדֹנָי | כִּי | אֵלֶיךָ | אֶקְרָא | כָּל־ | הַיּוֹם׃ |
| | કૃપા-કરો | હે-પ્રભુ | કારણ-કે | તમને | બોલાવું-છું | આખો | દિવસ |
| | | H0136 | | H0413 | H7121 | H3605 | H3117 |

હે પ્રભુ, મારા પર દયા કરો, કારણ કે આખો દિવસ હું તમને અરજ કરું છું.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | שַׂמֵּחַ | נֶפֶשׁ | עַבְדֶּךָ | כִּי | אֵלֶיךָ | אֲדֹנָי | נַפְשִׁי | אֶשָּׂא׃ |
| | આનંદિત-કરો | આત્મા | તમારે-સેવકનો | કારણ-કે | તમારે-તરફ | હે-પ્રભુ | મારો-આત્મા | ઊંચકું-છું |
| | H8055 | H5315 | H5650 | | H0413 | H0136 | H5315 | H5375 |

તમારા સેવકને આનંદ આપો, કેમ કે, હે પ્રભુ, હું તમારા પર મારું અંતઃકરણ લગાડું છું.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 5 | כִּי־ | אַתָּה | אֲדֹנָי | טוֹב | וְסַלָּח | וְרַב־ | חֶסֶד | לְכָל־ | קֹרְאֶיךָ׃ |
| | કારણ-કે | તમે | હે-પ્રભુ | સારા | અને-ક્ષમાશીલ | અને-પુષ્કળ | કૃપામાં | બધા-માટે | બોલાવનારાઓને |
| | | | H0136 | | H5546 | | | H3605 | H7121 |

હે પ્રભુ, તમે ઉત્તમ અને ક્ષમા કરનાર છો અને સહાયને માટે તમને પ્રાર્થના કરનારા પર તમે ઘણા કૃપાળુ છો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 6 | הַאֲזִינָה | יְהוָה | תְּפִלָּתִי | וְהַקְשִׁיבָה | בְּקוֹל | תַּחֲנוּנוֹתָי׃ |
| | કાન-ધરો | હે-યહોવાહ | મારી-પ્રાર્થના | અને-ધ્યાન-આપો | અવાજ | મારી-વિનંતીઓનો |
| | H0238 | H3068 | H8605 | H7181 | | H8469 |

હે યહોવાહ, મારી પ્રાર્થના સાંભળો; મારી વિનંતી સાંભળો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 7 | בְּיוֹם | צָרָתִי | אֶקְרָאֶךָּ | כִּי | תַעֲנֵנִי׃ |
| | દિવસે | મારી-વિપત્તિને | બોલાવીશ | કારણ-કે | ઉત્તર-આપશો |
| | H3117 | | H7121 | | |

મારા સંકટના સમયે હું તમને પોકાર કરીશ, કેમ કે તમે મને ઉત્તર આપશો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 8 | אֵין־ | כָּמוֹךָ | בָאֱלֹהִים | אֲדֹנָי | וְאֵין | כְּמַעֲשֶׂיךָ׃ |
| | કોઈ-નહીં | તમારે-જેવો | ઈશ્વરોમાં | હે-પ્રભુ | અને-કોઈ-નહીં | તમારે-કાર્યો-જેવા |
| | H0369 | H3644 | H0430 | H0136 | H0369 | H4639 |

હે પ્રભુ, દેવોમાં તમારા જેવો કોઈ નથી. તમારા જેવા પરાક્રમો કોઈનાં નથી.

9

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| כָּל־ | બધી | H3605 |
| גּוֹיִם | પ્રજાઓ | |
| אֲשֶׁר | જે | |
| עָשִׂיתָ | તમે-બનાવી | |
| יָבוֹאוּ | આવશે | H0935 |
| וְיִשְׁתַּחֲווּ | અને-પૂજા-કરશે | H7812 |
| לְפָנֶיךָ | તમારી-આગળ | H6440 |
| אֲדֹנָי | હે-પ્રભુ | H0136 |
| וִיכַבְּדוּ | અને-મહિમા-આપશે | H3513 |
| לִשְׁמֶךָ׃ | તમારે-નામને | H8034 |

હે પ્રભુ, જે સર્વ પ્રજાઓને તમે ઉત્પન્ન કરી છે, તેઓ આવીને તમારી આગળ નમશે. તેઓ તમારા નામનો મહિમા ગાશે.

10

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| כִּי־ | કારણ-કે | |
| גָדוֹל | મહાન | |
| אַתָּה | છો-તમે | |
| וְעֹשֵׂה | અને-કરનાર□ | |
| נִפְלָאוֹת | ચમત્કારો | H6381 |
| אַתָּה | તમે | |
| אֱלֹהִים | ઈશ્વર | H0430 |
| לְבַדֶּךָ׃ | એકલા | H0905 |

કારણ કે તમે મહાન છો અને અદ્દભુત કાર્યો કરનાર છો; તમે જ એકલા ઈશ્વર છો.

11

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| הוֹרֵנִי | શીખવાડો-મને | |
| יְהוָה | યહોવાહ | H3068 |
| דַּרְכֶּךָ | તમારો-માર્ગ | H1870 |
| אֲהַלֵּךְ | ચાલીશ | H1980 |
| בַּאֲמִתֶּךָ | તમારે-સત્યમાં | H0571 |
| יַחֵד | એક-કરો | H3161 |
| לְבָבִי | મારું-હૃદય | H3824 |
| לְיִרְאָה | ડરવા | H3372 |
| שְׁמֶךָ׃ | તમારે-નામથી | H8034 |

હે યહોવાહ, તમે તમારા માર્ગ શીખવો. પછી હું તમારા સત્ય માર્ગ પર ચાલીશ. તમારો આદર કરવાને મારા હૃદયને એકાગ્ર કરો.

12

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| אוֹדְךָ | હું-આભાર-માનીશ | H3034 |
| אֲדֹנָי | હે-પ્રભુ | H0136 |
| אֱלֹהַי | મારે-ઈશ્વર | H0430 |
| בְּכָל־ | બધું | H3605 |
| לְבָבִי | હૃદયથી | H3824 |
| וַאֲכַבְּדָה | અને-મહિમા-આપીશ | H3513 |
| שִׁמְךָ | તમારે-નામને | H8034 |
| לְעוֹלָם׃ | સદા-માટે | H5769 |

હે પ્રભુ, મારા ઈશ્વર, મારા પૂરા હૃદયથી હું તમારી સ્તુતિ કરીશ; હું તમારા નામને સર્વદા મહિમા આપીશ.

13

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| כִּי־ | કારણ-કે | |
| חַסְדְּךָ | તમારી-કૃપા | |
| גָּדוֹל | મહાન-છે | |
| עָלָי | મારે-ઉપર | |
| וְהִצַּלְתָּ | અને-છોડાવ્યો | H5337 |
| נַפְשִׁי | મારો-આત્મા | H5315 |
| מִשְּׁאוֹל | અધોલોકમાંથી | H7585 |
| תַּחְתִּיָּה׃ | ઊંડાણમાંથી | H8482 |

કારણ કે મારા પર તમારી કૃપા પુષ્કળ છે; તમે શેઓલનાં ઊંડાણથી મારી રક્ષા કરી છે.

14

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| אֱלֹהִים | હે-ઈશ્વર | H0430 |
| זֵדִים | અભિમાનીઓ | H2086 |
| קָמוּ־ | ઊઠ્યા-છે | |
| עָלַי | મારી-વિરુદ્ધ | |
| וַעֲדַת | અને-ટોળું | H5712 |
| עָרִיצִים | જુલમીઓનું | H6184 |
| בִּקְשׁוּ | શોધે-છે | H1245 |
| נַפְשִׁי | મારો-આત્મા | H5315 |
| וְלֹא | અને-નહીં | H3808 |
| שָׂמוּךָ | મૂક્ય□-છે-તમને | |
| לְנֶגְדָּם׃ | તેમની-આગળ | H5048 |

હે ઈશ્વર, ઘમંડી માણસો મારી સામા ઊઠ્યા છે. અને ક્રૂર માણસો મારો સંહાર કરવા માટે મારી પાછળ પડ્યા છે. તેઓ તમારું સન્માન કરતા નથી.

15

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְאַתָּה | પણ-તમે | |
| אֲדֹנָי | હે-પ્રભુ | H0136 |
| אֵל־ | ઈશ્વર | H0410 |
| רַחוּם | કરુણાળુ | H7349 |
| וְחַנּוּן | અને-કૃપાળુ | H2587 |
| אֶרֶךְ | ધીરજ | H0750 |
| אַפַּיִם | ક્રોધમાં | H0639 |
| וְרַב־ | અને-પુષ્કળ | |
| חֶסֶד | કૃપામાં | |
| וֶאֱמֶת׃ | અને-સત્યમાં | H0571 |

પણ, હે પ્રભુ, તમે તો દયાથી તથા કરુણાથી ભરપૂર, ક્રોધ કરવામાં ધીમા અને કૃપા તથા સત્યતાથી પરિપૂર્ણ, એવા ઈશ્વર છો.

16

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| פְּנֵה | ફરો | H6437 |
| אֵלַי | મારી-તરફ | H0413 |
| וְחָנֵּנִי | અને-કૃપા-કરો | |
| תְּנָה־ | આપો | H5414 |
| עֻזְּךָ | તમારું-બળ | H5797 |
| לְעַבְדֶּךָ | તમારે-સેવકને | H5650 |
| וְהוֹשִׁיעָה | અને-બચાવો | H3467 |
| לְבֶן־ | પુત્રને | |
| אֲמָתֶךָ׃ | તમારી-દાસીનો | H0519 |

મારી તરફ ફરો અને મારા પર દયા કરો; તમારા આ દાસને તમારું સામર્થ્ય આપો; તમારી દાસીના દીકરાને બચાવો.

17

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| עֲשֵׂה־ | બતાવો | |
| עִמִּי | મારી-સાથે | |
| אוֹת | ચિહ્ન | H0226 |
| לְטוֹבָה | સારાનું | |
| וְיִרְאוּ | અને-જુએ | H7200 |
| שֹׂנְאַי | મારે-ધિક્કારનારે | H8130 |
| וְיֵבֹשׁוּ | અને-શરમિંદે-થાઓ | H0954 |
| כִּי־ | કારણ-કે | |
| אַתָּה | તમે | |
| יְהוָה | યહોવાહ | H3068 |
| עֲזַרְתַּנִי | મદદ-કરી | H5826 |
| וְנִחַמְתָּנִי׃ | અને-દિલાસો-આપ્યો | H5162 |

તમારી ભલાઈનું ચિહ્ન મને આપો. પછી જેઓ મને ધિક્કારે છે તેઓ જોઈને શરમાઈ જશે કેમ કે, હે યહોવાહ, તમે મને મદદ કરી છે અને દિલાસો આપ્યો છે.

## Chapter 87

| קֹֽדֶשׁ׃ | בְּהַרְרֵי־ | יְסוּדָת֑וֹ | שִׁ֥יר | מִזְמ֥וֹר | קֹ֫רַח | לִבְנֵי־ | 1 |
|---|---|---|---|---|---|---|---|
| પવિત્રતાને | પવિત્ર-પર્વતો-ઉપર | તેનો-પાયો | સ્તુતિગાન | ગીત | કોરાહને | સંતાનો-માટે | |
| H6944 | H2042 | H3248 | | H4210 | H7141 | | |

નગરનો પાયો પવિત્ર પર્વત પર સ્થાપેલો છે.

| יַעֲקֹֽב׃ | מִשְׁכְּנ֥וֹת | מִ֝כֹּ֗ל | צִיּ֑וֹן | שַׁעֲרֵ֣י | יְ֭הוָה | אֹהֵ֣ב | 2 |
|---|---|---|---|---|---|---|---|
| યાકૂબને | નિવાસો | બધું-કરતં◌ | સિયોનને | દરવાજા | યહોવાહ | પ્રેમ-કરે-છે | |
| H3290 | H4908 | H3605 | H6726 | H8179 | H3068 | H0157 | |

યાકૂબના સર્વ તંબુઓ કરતાં, સિયોનના દરવાજાઓ યહોવાહને વધુ પ્રિય છે.

| סֶֽלָה׃ | הָאֱלֹהִ֣ים | עִ֖יר | בָּ֑ךְ | מְדֻבָּ֣ר | נִ֭כְבָּדוֹת | 3 |
|---|---|---|---|---|---|---|
| સેલાહ | ઈશ્વરનું | શહેર | તારે-વિષે | કહેવાય-છે | મહિમાવાન-વાતો | |
| H5542 | H0430 | | | H1696 | H3513 | |

હે ઈશ્વરના નગર, તારા વિષે ગૌરવની વાતો કહેવાય છે. સેલાહ

| זֶ֗ה | כּ֥וּשׁ | עִם־ | וְצ֣וֹר | פְלֶ֣שֶׁת | הִנֵּ֤ה | לְֽיֹדְעָ֗י | וּבָבֶ֥ל | רַ֣הַב | אַזְכִּ֤יר | 4 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આ | કૂશ | સાથે | અને-સોર | ફિલિસ્તીન | જુઓ | ઓળખનારેમાં | અને-બાબિલોન | રાહાબ | હું-ઉલ્લેખ-કરીશ | |
| H2088 | | | H6865 | H6429 | H2009 | H3045 | H0894 | H7294 | H2142 | |

| שָֽׁם׃ | יֻלַּד־ |
|---|---|
| ત્યાં | જન્મ્યો |
| H8033 | H3205 |

હું મારા અનુયાયીઓમાં રાહાબ + 87:4 મિસર દેશ તથા બાબિલનો ઉલ્લેખ કરું છું. જુઓ, ત્યાં પલિસ્તી અને તૂર, કૂશ સાથે છે. આનો જન્મ ત્યાં થયો હતો.

| עֶלְיֽוֹן׃ | יְכוֹנְנֶ֣הָ | וְה֖וּא | בָ֑הּ | יֻלַּד־ | וְאִ֣ישׁ | אִ֣ישׁ | יֵאָמַ֗ר | וּֽלְצִיּ֨וֹן | 5 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પરાત્પર | સ્થાપિત-કરશે | અને-તે | તેમાં | જન્મ્યો | અને-માણસ | માણસ | કહેવાશે | અને-સિયોન-વિષે | |
| | | H1931 | | H3205 | H0376 | H0376 | H0559 | H6726 | |

વળી સિયોન વિષે કહેવાશે કે, "દરેકનો સિયોનમાં જન્મ થયો; અને પરાત્પર પોતે તેને સ્થિર રાખશે."

| סֶֽלָה׃ | שָׁ֣ם | יֻלַּד־ | זֶ֖ה | עַמִּ֑ים | בִּכְת֣וֹב | יִ֭סְפֹּר | יְֽהוָ֗ה | 6 |
|---|---|---|---|---|---|---|---|---|
| સેલાહ | ત્યાં | જન્મ્યો | આ | લોકોને | લખતં◌ | ગણશે | યહોવાહ | |
| H5542 | H8033 | H3205 | H2088 | | H3789 | | H3068 | |

યહોવાહ લોકોને નોંધશે ત્યારે તે ગણશે કે, "આનો જન્મ ત્યાં થયો." સેલાહ

| בָּֽךְ׃ | מַעְיָנַ֣י | כָּל־ | כְּחֹלְלִ֑ים | וְשָׁרִ֥ים | 7 |
|---|---|---|---|---|---|
| તારેમાં | મારે-ઝરણં◌ | બધું | નર્તકો-જેમ | અને-ગાયકો | |
| | H4599 | H3605 | | H7891 | |

વળી સર્વ ગાનારાઓ તથા નાચનારાઓ કહેશે, "મારા સર્વ ઝરાઓ તમારામાં છે."

## Chapter 88

1

| | | |
|---|---|---|
| שִׁיר | ગીત | |
| מִזְמוֹר | ગીત | H4210 |
| לִבְנֵי | સંતાનો–માટે | |
| קֹרַח | કોરાહને | H7141 |
| לַמְנַצֵּחַ | સંગીત–નિર્દેશક–માટે | H5329 |
| עַל־ | ઉપર | |
| מָחֲלַת | માંદગી | H4257 |
| לְעַנּוֹת | દુખભરી–માટે | |
| מַשְׂכִּיל | મશ્કીલ | H4905 |
| לְהֵימָן | હેમાનનું | H1968 |
| הָאֶזְרָחִי׃ | એઝરાહીનું | H0250 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| אֱלֹהֵי | ઈશ્વર | H0430 |
| יְשׁוּעָתִי | મારે–ઉદ્ધારને | H3444 |
| יוֹם־ | દિવસે | H3117 |
| צָעַקְתִּי | પોકાર્યું | H6817 |
| בַלַּיְלָה | રાત્રે | H3915 |
| נֶגְדֶּךָ׃ | તમારી–આગળ | H5048 |

હે યહોવાહ, મારો ઉદ્ધારકરનાર ઈશ્વર, મેં રાતદિવસ તમારી આગળ વિનંતી કરી છે.

2

| | | |
|---|---|---|
| תָּבוֹא | આવે | H0935 |
| לְפָנֶיךָ | તમારી–આગળ | H6440 |
| תְּפִלָּתִי | મારી–પ્રાર્થના | H8605 |
| הַטֵּה־ | નમાવો | H5186 |
| אָזְנְךָ | તમારો–કાન | H0241 |
| לְרִנָּתִי׃ | મારી–પુકાર–તરફ | H7440 |

મારી પ્રાર્થના સાંભળો; મારા પોકાર પર ધ્યાન આપો.

3

| | | |
|---|---|---|
| כִּי־ | કારણ–કે | |
| שָׂבְעָה | ભરાઈ–ગયો–છે | H7646 |
| בְרָעוֹת | વિપત્તિઓથી | |
| נַפְשִׁי | મારો–આત્મા | H5315 |
| וְחַיַּי | અને–મારું–જીવન | |
| לִשְׁאוֹל | અધોલોકમાં | H7585 |
| הִגִּיעוּ׃ | પહોંચ્યું–છે | H5060 |

કારણ કે મારો જીવ ઘણો દુ:ખી છે અને મારો પ્રાણ શેઓલ તરફ ખેંચાઈ જાય છે.

4

| | | |
|---|---|---|
| נֶחְשַׁבְתִּי | ગણાયો–છું | H2803 |
| עִם־ | સાથે | |
| יוֹרְדֵי | ઊતરનારાઓ | H3381 |
| בוֹר | ખાડામાં | |
| הָיִיתִי | થયો–છું | H1961 |
| כְּגֶבֶר | માણસ–જેમ | H1397 |
| אֵין־ | કોઈ–નહીં | H0369 |
| אֱיָל׃ | શક્તિ | H0353 |

કબરમાં ઊતરનાર ભેગો હું ગણાયેલો છું; હું નિરાધાર માણસના જેવો છું.

5

| | | |
|---|---|---|
| בַּמֵּתִים | મૃતોમાં | H4191 |
| חָפְשִׁי | મુક્ત | H2670 |
| כְּמוֹ | જેમ | H3644 |
| חֲלָלִים ׀ | વધેરાયેલ | |
| שֹׁכְבֵי | સૂતેલ | H7901 |
| קֶבֶר | કબરમાં | H6913 |
| אֲשֶׁר | જેમને | |
| לֹא | નહીં | H3808 |
| זְכַרְתָּם | યાદ–કરો–છો | H2142 |
| עוֹד | વધુ | H5750 |
| וְהֵמָּה | અને–તેઓ | H1992 |
| מִיָּדְךָ | તમારે–હાથથી | H3027 |
| נִגְזָרוּ׃ | કાપી–નખાયે | H1504 |

મને તજીને મૃત્યુ પામેલાઓની સાથે ગણી લીધો છે; મારી નંખાયેલા, કબરમાં સૂતેલા કે, જેઓનું તમે સ્મરણ કરતા નથી, જેઓ તમારા હાથથી દૂર થયેલા છે, તેમના જેવો હું છું.

6

| | | |
|---|---|---|
| שַׁתַּנִי | મૂક્યો–છો | H7896 |
| בְּבוֹר | ખાડામાં | |
| תַּחְתִּיּוֹת | ઊંડાં | H8482 |
| בְּמַחֲשַׁכִּים | અંધકારમાં | H4285 |
| בִּמְצֹלוֹת׃ | ઊંડાણોમાં | H4688 |

તમે મને છેક નીચલા ખાડામાં ધકેલી દીધો છે, તે સ્થળો અંધકારથી ભરેલાં અને ઊંડાં છે.

7

| | | |
|---|---|---|
| עָלַי | મારે–ઉપર | |
| סָמְכָה | ટેકવાયેલો–છે | H5564 |
| חֲמָתֶךָ | તમારો–ક્રોધ | H2534 |
| וְכָל־ | અને–બધું | H3605 |
| מִשְׁבָּרֶיךָ | તમારે–મોજાઓથી | H4867 |
| עִנִּיתָ | દબાવ્યો | |
| סֶּלָה׃ | સેલાહ | H5542 |

મારા પર તમારો કોપ અતિ ભારે છે અને તમારાં સર્વ મોજાં મારા પર ફરી વળ્યાં છે.

8

| | | |
|---|---|---|
| הִרְחַקְתָּ | દૂર–કર્યે | H7368 |
| מְיֻדָּעַי | મારે–ઓળખીતાને | H3045 |
| מִמֶּנִּי | મારેથી | |
| שַׁתַּנִי | બનાવ્યો–છો | H7896 |
| תוֹעֵבוֹת | ઘૃણા | H8441 |
| לָמוֹ | તેમને–માટે | |
| כָּלֻא | કેદ–છું | H3607 |
| וְלֹא | અને–નહીં | H3808 |
| אֵצֵא׃ | નીકળી–શકતો | H3318 |

કેમ કે તમે મારા ઓળખીતાઓને મારી પાસેથી દૂર કર્યા છે. તેઓ મારાથી આચકો પામે એવો તમે મને કર્યો છે. હું ફાંદામાં ફસાઈ ગયો છું અને તેમાંથી બહાર નીકળી શકતો નથી.

9

| | | |
|---|---|---|
| עֵינִי | મારી–આંખો | |
| דָאֲבָה | ક્ષીણ–થઈ | H1669 |
| מִנִּי | કારણે | |
| עֹנִי | દુખને | H6040 |
| קְרָאתִיךָ | બોલાવ્યો | H7121 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| בְּכָל־ | બધે | H3605 |
| יוֹם | દિવસ | H3117 |
| שִׁטַּחְתִּי | ફેલાવ્યે | H7849 |
| אֵלֶיךָ | તમારી–તરફ | H0413 |
| כַפָּי׃ | મારે–હાથ | H3709 |

દુ:ખને લીધે મારી આંખો ક્ષીણ થાય છે; હે યહોવાહ, મેં દરરોજ તમને અરજ કરી છે; તમારી સંમુખ મેં મારા હાથ જોડ્યા છે.

10

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| סֶלָה׃ | יוֹדוּךָ | יָקוּמוּ | רְפָאִים | אִם־ | פֶּלֶא | תַּעֲשֶׂה־ | הֲלַמֵּתִים |
| સેલાહ | સ્તુતિ-કરશે-તમને | ઊઠશે | મૃતોને-આત્માઓ | શું | ચમત્કારો | કરશો | શું-મૃતો-માટે |
| H5542 | H3034 | | H7496 | | H6382 | | H4191 |

શું તમે મરણ પામેલાઓને ચમત્કાર બતાવશો? શું મરણ પામેલા ઊઠીને તમારી આભારસ્તુતિ કરશે? સેલાહ

11

| | | | | |
|---|---|---|---|---|
| בָּאֲבַדּוֹן׃ | אֱמוּנָתְךָ | חַסְדֶּךָ | בַּקֶּבֶר | הַיְסֻפַּר |
| વિનાશમાં | તમારી-વિશ્વાસુતા | તમારી-કૃપા | કબરમાં | શું-કહેવાશે |
| H0011 | H0530 | | H6913 | |

શું કબરમાં તમારી કૃપા કે, વિનાશમાં તમારું વિશ્વાસપણું જાહેર કરવામાં આવશે?

12

| | | | | | |
|---|---|---|---|---|---|
| נְשִׁיָּה׃ | בְּאֶרֶץ | וְצִדְקָתְךָ | פִלְאֶךָ | בַחֹשֶׁךְ | הֲיִוָּדַע |
| વિસ્મૃતિને | ભૂમિમાં | અને-તમારો-ન્યાય | તમારે-ચમત્કારો | અધકારમાં | શું-જાણીતો-થશે |
| H5388 | H0776 | H6666 | H6382 | H2822 | H3045 |

શું અધકારમાં તમારાં આશ્ચર્યકારક કૃત્યો અને વિસ્મરણના દેશમાં તમારા ન્યાયીપણાનાં કૃત્યો વિષે જણાવવામાં આવશે?

13

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| תְקַדְּמֶךָּ׃ | תְּפִלָּתִי | וּבַבֹּקֶר | שִׁוַּעְתִּי | יְהוָה | אֵלֶיךָ | וַאֲנִי |
| તમારી-પાસે-આવે | મારી-પ્રાર્થના | અને-સવારે | પોકાર્યું | યહોવાહ | તમને | અને-હું |
| H6923 | H8605 | H1242 | H7768 | H3068 | H0413 | H0589 |

પણ, હે યહોવાહ, હું પોકાર કરીશ; સવારે મારી પ્રાર્થના તમારી સમક્ષ આવશે.

14

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מִמֶּנִּי׃ | פָּנֶיךָ | תַּסְתִּיר | נַפְשִׁי | תִּזְנַח | יְהוָה | לָמָה |
| મારેથી | તમારું-મુખ | છુપાવો-છો | મારે-આત્માને | તજો-છો | યહોવાહ | શા-માટે |
| | H6440 | H5641 | H5315 | | H3068 | H4100 |

હે યહોવાહ, તમે મને કેમ તજી દીધો છે? શા માટે તમે તમારું મુખ મારાથી ફેરવો છો?

15

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אָפוּנָה׃ | אֵמֶיךָ | נָשָׂאתִי | מִנֹּעַר | וְגֹוֵעַ | אֲנִי | עָנִי |
| બેચેન-છું | તમારે-ભય | સહન-કર્યું | યુવાનીથી | અને-મરણાસન્ન | છું-હું | ગરીબ |
| H6323 | H0367 | H5375 | H5290 | H1478 | H0589 | H6041 |

મારી યુવાવસ્થાથી મારા પર દુ:ખ આવી પડ્યાં છે અને હું મરણતોલ થઈ ગયો છું. તમારો ત્રાસ વેઠતાં હું ગભરાઈ ગયો, હું કંઈ કરી શકતો નથી.

16

| | | | | |
|---|---|---|---|---|
| צִמְּתוּתֻנִי׃ | בִּעוּתֶיךָ | חֲרוֹנֶיךָ | עָבְרוּ | עָלַי |
| ખતમ-કર્યો | તમારે-ભયોએ | તમારો-ભયંકર-ક્રોધ | પસાર-થયો | મારે-ઉપર |
| H6789 | H1161 | H2740 | | |

તમારો ઉગ્ર કોપ મારા પર આવી પડ્યો છે અને તમારા ત્રાસે મારો નાશ કર્યો છે.

17

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יָחַד׃ | עָלָי | הִקִּיפוּ | הַיּוֹם | כָּל־ | כַמַּיִם | סַבּוּנִי |
| સાથે | મારે-ઉપર | ઘેરી-વળ્યાં | દિવસ | આખો | પાણી-જેમ | ઘેરી-વળ્યાં |
| | | | H3117 | H3605 | H4325 | H5437 |

તેઓએ પાણીની જેમ દરરોજ મને ઘેર્યો છે; તેઓ ભેગા થઈને મારી આસપાસ ફરી વળ્યા છે.

18

| | | | | | |
|---|---|---|---|---|---|
| מַחְשָׁךְ׃ | מְיֻדָּעַי | וָרֵעַ | אֹהֵב | מִמֶּנִּי | הִרְחַקְתָּ |
| અધકાર | મારે-ઓળખીતો | અને-મિત્ર | પ્રેમી | મારેથી | દૂર-કર્યો |
| H4285 | H3045 | H7453 | H0157 | | H7368 |

તમે મારા મિત્રોને અને સંબંધીઓને મારાથી દૂર કર્યા છે. મારા સંબંધીઓમાં હવે તો અધકાર જ રહ્યો છે.

## Chapter 89

1

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מַשְׂכִּיל | לְאֵיתָן | הָאֶזְרָחִי׃ | חַסְדֵי | יְהוָה | עוֹלָם | אָשִׁירָה | לְדֹר | וָדֹר | אוֹדִיעַ | אֱמוּנָתְךָ | בְּפִי׃ |
| બોધકથા | એથાનની | એઝ્રાહી | કૃપા | યહોવાહની | સદાકાળ | હું-ગાઈશ | પેઢી-દર | પેઢી | હું-જાહેર-કરીશ | તારી-વિશ્વાસુતા | મારા-મુખથી |
| H4905 | H0387 | H0250 | | H3068 | H5769 | H7891 | H1755 | H1755 | H3045 | H0530 | H6310 |

હું નિરંતર યહોવાહની કૃપા વિષે ગાઈશ. હું મારે મુખે પેઢી દરપેઢી તમારું વિશ્વાસુપણું પ્રગટ કરીશ.

2

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | אָמַרְתִּי | עוֹלָם | חֶסֶד | יִבָּנֶה | שָׁמַיִם | תָּכִן | אֱמוּנָתְךָ | בָהֶם׃ |
| કારણ-કે | મેં-કહ્યુ | સદાકાળ | કૃપા | બંધાશે | આકાશોમાં | તું-સ્થાપિત-કરે-છે | તારી-વિશ્વાસુતા | તેમાં |
| | H0559 | H5769 | | H1129 | H8064 | | H0530 | |

કેમ કે મેં કહ્યુ છે, “કૃપા સદાને માટે સ્થાપન કરવામાં આવશે; આકાશોમાં જ તમે તમારું વિશ્વાસુપણું સ્થાપજો.”

3

| | | | | | |
|---|---|---|---|---|---|
| כָּרַתִּי | בְרִית | לִבְחִירִי | נִשְׁבַּעְתִּי | לְדָוִד | עַבְדִּי׃ |
| મેં-કરાર-કર્યો | કરાર | મારા-પસંદ-કરેલા-સાથે | મેં-સોગંદ-ખાધા | દાવિદને | મારા-દાસને |
| H3772 | H1285 | H0972 | H7650 | H1732 | H5650 |

યહોવાહે કહ્યુ, “મેં મારા પસંદ કરેલાની સાથે કરાર કર્યો છે, મેં મારા સેવક દાઉદને વચન આપ્યું છે.

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עַד־ | עוֹלָם | אָכִין | זַרְעֶךָ | וּבָנִיתִי | לְדֹר־ | וָדוֹר | כִּסְאֲךָ | סֶלָה׃ |
| સદા | સર્વકાળ | હું-સ્થાપિત-કરીશ | તારા-વંશને | અને-બાંધીશ | પેઢી-દર | પેઢી | તારું-રાજ્યાસન | સેલાહ |
| H5704 | H5769 | | H2233 | H1129 | H1755 | H1755 | H3678 | H5542 |

તારા વંશજોને હું સદા ટકાવી રાખીશ અને વંશપરંપરા હું તારું રાજ્યાસન સ્થિર રાખીશ.” સેલાહ

5

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְיוֹדוּ | שָׁמַיִם | פִּלְאֲךָ | יְהוָה | אַף־ | אֱמוּנָתְךָ | בִּקְהַל | קְדֹשִׁים׃ |
| અને-વખાણશે | આકાશો | તારાં-અદ્ભુત-કાર્યો | હે-યહોવાહ | હા | તારી-વિશ્વાસુતા | પવિત્રોની-સભામાં | પવિત્રો |
| H3034 | H8064 | H6382 | H3068 | H0637 | H0530 | H6951 | H6918 |

હે યહોવાહ, આકાશો તમારા ચમત્કારોની સ્તુતિ કરશે; સંતોની સભામાં તમારું વિશ્વાસુપણું વખાણવામાં આવશે.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | מִי | בַשַּׁחַק | יַעֲרֹךְ | לַיהוָה | יִדְמֶה | לַיהוָה | בִּבְנֵי | אֵלִים׃ |
| કારણ-કે | કોણ | આકાશમાં | તુલના-કરી-શકે | યહોવાહ-સાથે | સમાન-છે | યહોવાહને | દેવપુત્રોમાં | દેવો |
| | H4310 | H7834 | | H3068 | H1819 | H3068 | | H0410 |

કેમ કે આકાશમાં એવો કોણ છે કે જેની તુલના યહોવાહ સાથે થાય? ઈશ્વરના દીકરાઓમાં યહોવાહ જેવો કોણ છે?

7

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֵל | נַעֲרָץ | בְּסוֹד־ | קְדֹשִׁים | רַבָּה | וְנוֹרָא | עַל־ | כָּל־ | סְבִיבָיו׃ |
| ઈશ્વર | ભય-પામવા-યોગ્ય-છે | પવિત્રોની-સભામાં | પવિત્રોની | મહાન | અને-ભયાવહ | ઉપર | સર્વ | તેમની-આસપાસના |
| H0410 | H6206 | H5475 | H6918 | | H3372 | | H3605 | H5439 |

સંતોની સભામાં તે ઘણા ભયાવહ ઈશ્વર છે અને જેઓ તેમની આસપાસ છે તે સર્વ કરતાં તે વધારે ભયાવહ છે.

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה | אֱלֹהֵי | צְבָאוֹת | מִי־ | כָמוֹךָ | חֲסִין | יָהּ | וֶאֱמוּנָתְךָ | סְבִיבוֹתֶיךָ׃ |
| હે-યહોવાહ | સૈન્યોના-ઈશ્વર | સૈન્યોના | કોણ | તારા-જેવું | સામર્થ્યવાન-છે | હે-યાહ | અને-તારી-વિશ્વાસુતા | તારી-ચારેબાજુ-છે |
| H3068 | H0430 | | H4310 | H3644 | H2626 | H3050 | H0530 | H5439 |

હે સૈન્યોના ઈશ્વર યહોવાહ, હે યહોવાહ, તમારા જેવો પરાક્રમી કોણ છે? તમારી આસપાસ તમારું વિશ્વાસુપણું છે.

9

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אַתָּה | מוֹשֵׁל | בְּגֵאוּת | הַיָּם | בְּשׂוֹא | גַלָּיו | אַתָּה | תְשַׁבְּחֵם׃ |
| તું | શાસન-કરે-છે | ગર્વ-ઉપર | સમુદ્રના | જ્યારે-ઊછળે | તેના-મોજાં | તું | તેમને-શાંત-કરે-છે |
| | H4910 | H1348 | H3220 | H7721 | H1530 | | |

સમુદ્રના ગર્વ પર તમે અધિકાર ચલાવો છો; જ્યારે તેનાં મોજાંઓ ઊછળે છે, ત્યારે તેઓને તમે શાંત પાડો છો.

10

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אַתָּה | דִכִּאתָ | כֶחָלָל | רָהַב | בִּזְרוֹעַ | עֻזְּךָ | פִּזַּרְתָּ | אוֹיְבֶיךָ׃ |
| તેં | કચડી-નાખ્યો | ઘાયલની-જેમ | રાહાબને | તારા-ભુજબળથી | તારા-સામર્થ્યથી | તેં-વિખેર્યા | તારા-શત્રુઓને |
| | H1792 | | H7294 | H2220 | H5797 | H6340 | H0341 |

મારી નંખાયેલાની જેમ તમે રાહાબ + 89:10 એક કાલ્પનિક સમુદ્રના રાક્ષસ જે અયૂબ 9.13; 26.12 અને યશા. 51. 9 માં જોવા મળે છે. રહાબ અહીં પૌરાણિક સમુદ્ર સર્પનો ઉલ્લેખ કરે છે.ને છૂંદી નાખ્યો છે. તમારા બાહુબળથી તમે તમારા શત્રુઓને વિખેરી નાખ્યા છે.

11

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לְךָ | שָׁמַיִם | אַף־ | לְךָ | אָרֶץ | תֵּבֵל | וּמְלֹאָהּ | אַתָּה | יְסַדְתָּם׃ |
| તારાં-છે | આકાશો | હા | તારી-છે | પૃથ્વી | જગત | અને-તેની-પૂર્ણતા | તેં | તેમને-સ્થાપિત-કર્યા |
| | H8064 | H0637 | | H0776 | H8398 | H4393 | | H3245 |

આકાશો તમારાં છે અને પૃથ્વી પણ તમારી છે. તમે જગત તથા તેના સર્વસ્વને સ્થાપન કર્યાં છે.

12

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| צָפוֹן | וְיָמִין | אַתָּה | בְרָאתָם | תָּבוֹר | וְחֶרְמוֹן | בְּשִׁמְךָ | יְרַנֵּנוּ׃ |
| ઉત્તર | અને-દક્ષિણ | તેં | તેમને-સર્જ્યાં | તાબોર | અને-હેર્મોન | તારા-નામે | આનંદથી-ગાય-છે |
| H6828 | H3225 | | | H8396 | H2768 | H8034 | |

ઉત્તર તથા દક્ષિણ તમારાથી ઉત્પન્ન થયાં છે. તાબોર + 89:12 તાબોર દક્ષિણી ગાલીલના તળાવના પશ્ચિમ ભાગનો પર્વતમાળા છે.જે 555 મીટરની ઊંચાઈએ પહોંચ્યો હતો. અને હેર્મોન + 89:12 હર્મન પર્વત ગાલીલતળાવના 75 કિલોમીટર (45 માઇલ) ઉત્તરપૂર્વે છે, જે 2,750 મીટર (8,940 ફીટ) ની ઊંચાઇએ પહોંચે છે. તમારા નામે હર્ષનાદ કરે છે.

13

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לְךָ | זְרוֹעַ | עִם־ | גְּבוּרָה | תָּעֹז | יָדְךָ | תָּרוּם | יְמִינֶךָ׃ |
| તારો-છે | ભુજ | સાથે | પરાક્રમ | સામર્થ્યવાન-છે | તારો-હાથ | ઊંચો-છે | તારો-જમણો-હાથ |
| | H2220 | | H1369 | H5810 | H3027 | | H3225 |

તમારો હાથ બળવાન છે અને તમારો હાથ મજબૂત તથા તમારો જમણો હાથ ઊંચો છે.

14

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| צֶדֶק | וּמִשְׁפָּט | מְכוֹן | כִּסְאֶךָ | חֶסֶד | וֶאֱמֶת | יְקַדְּמוּ | פָנֶיךָ׃ |
| ન્યાયીપણું | અને-ન્યાય | પાયો-છે | તારા-રાજ્યાસનનો | કૃપા | અને-સત્ય | આગળ-ચાલે-છે | તારી-સમક્ષ |
| H6664 | H4941 | H4349 | H3678 | | H0571 | H6923 | H6440 |

ન્યાયીપણું તથા ઇનસાફ તમારા રાજ્યાસનનો પાયો છે. તમારી હજૂરમાં કૃપા તથા સત્યતા હોય છે.

15

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אַשְׁרֵי | הָעָם | יוֹדְעֵי | תְרוּעָה | יְהוָה | בְּאוֹר־ | פָּנֶיךָ | יְהַלֵּכוּן׃ |
| ધન્ય-છે | તે-પ્રજા | જે-જાણે-છે | જયનાદ | હે-યહોવાહ | તારા-મુખના-પ્રકાશમાં | તારા-મુખના | તેઓ-ચાલશે |
| H0835 | | H3045 | H8643 | H3068 | H0216 | H6440 | H1980 |

જેઓ તમારી સ્તુતિ + 89:15 ઈશ્વર માટે ઉજવણીનો અવાજ કરે છે, તેઓ આશીર્વાદિત છે હે યહોવાહ, તેઓ તમારા મુખના પ્રકાશમાં ચાલે છે.

16

| | | | | | |
|---|---|---|---|---|---|
| בְּשִׁמְךָ | יְגִילוּן | כָּל־ | הַיּוֹם | וּבְצִדְקָתְךָ | יָרוּמוּ׃ |
| તારા-નામે | તેઓ-હર્ષ-પામે-છે | આખો | દિવસ | અને-તારા-ન્યાયીપણામાં | તેઓ-ઊંચા-થાય-છે |
| H8034 | H1523 | H3605 | H3117 | H6666 | |

તેઓ આખો દિવસ તમારા નામમાં આનંદ કરે છે અને તમારા ન્યાયીપણાથી તેઓને ઊંચા કરવામાં આવે છે.

17

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | תִפְאֶרֶת | עֻזָּמוֹ | אָתָּה | וּבִרְצֹנְךָ | [תרים] | (תָּרוּם) | קַרְנֵנוּ׃ |
| કારણ-કે | ગૌરવ | તેમના-બળનું | તું-છે | અને-તારી-કૃપાથી | ઊંચું-થશે | ઊંચું-થશે | અમારું-શિંગ |
| | H8597 | H5797 | | H7522 | | | |

તમે તેઓના સામર્થ્યનો મહિમા છો અને તમારી ઇચ્છા પ્રમાણે અમે વિજયવંત છીએ.

18

| | | | | | |
|---|---|---|---|---|---|
| כִּי | לַיהוָה | מָגִנֵּנוּ | וְלִקְדוֹשׁ | יִשְׂרָאֵל | מַלְכֵּנוּ׃ |
| કારણ-કે | યહોવાહનું-છે | અમારું-રક્ષણ | અને-ઇઝરાયેલના-પવિત્ર | ઇઝરાયેલના | અમારો-રાજા |
| | H3068 | H4043 | H6918 | H3478 | H4428 |

કેમ કે અમારી ઢાલ તો યહોવાહ છે; ઇઝરાયલના પવિત્ર અમારા રાજા છે.

19

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אָז | דִּבַּרְתָּ־ | בְחָזוֹן | לַחֲסִידֶיךָ | וַתֹּאמֶר | שִׁוִּיתִי | עֵזֶר | עַל־ | גִּבּוֹר | הֲרִימוֹתִי | בָחוּר | מֵעָם׃ |
| ત્યારે | તેં-વાત-કરી | દર્શનમાં | તારા-ભક્તોને | અને-કહ્યુ | મેં-મૂક્યો-છે | સહાય | ઉપર | વીર-ઉપર | મેં-ઊંચો-કર્યો-છે | પસંદ-કરેલાને | પ્રજામાંથી |
| | H1696 | H2377 | H2623 | H0559 | | H5828 | | H1368 | | H0970 | |

ઘણા સમયો પહેલાં તમારા ભક્તોને તમે દર્શનમાં કહ્યુ હતું; “જે પરાક્રમી છે તેને મેં સહાય કરી છે; લોકોમાંથી મેં એક યુવાનને પસંદ કરીને ઊંચો કર્યો છે.

20 מָצָאתִי דָּוִד עַבְדִּי בְּשֶׁמֶן קָדְשִׁי מְשַׁחְתִּיו׃
મેં-શોધ્યો દાવિદને મારા-દાસ મારા-પવિત્ર તેલથી મેં-અભિષિક્ત-કર્યો
H4672 H1732 H5650 H8081 H6944 H4886

મેં મારા સેવક દાઉદને પસંદ કર્યો છે; મેં તેને મારા પવિત્ર તેલથી અભિષિક્ત કર્યો છે.

21 אֲשֶׁר יָדִי תִּכּוֹן עִמּוֹ אַף־ זְרוֹעִי תְאַמְּצֶנּוּ׃
જેની-સાથે મારો-હાથ સ્થિર-રહેશે તેની-સાથે હા મારો-ભુજ તેને-બળવાન-કરશે
H3027 H0637 H2220 H0553

મારો હાથ તેને ટકાવી રાખશે; મારો બાહુ તેને સામર્થ્ય આપશે.

22 לֹא־ יַשִּׁא אוֹיֵב בּוֹ וּבֶן־ עַוְלָה לֹא יְעַנֶּנּוּ׃
નહીં છેતરશે શત્રુ તેને અને-અન્યાયનો-પુત્ર અન્યાયનો નહીં તેને-દુઃખ-આપશે
H3808 H5378 H0341 H3808

શત્રુ તેનું નુકસાન કરી શકશે નહિ; અને દુષ્ટ લોકો તેને દુઃખ આપશે નહિ.

23 וְכַתּוֹתִי מִפָּנָיו צָרָיו וּמְשַׂנְאָיו אֶגּוֹף׃
અને-હું-કચડીશ તેની-સામેથી તેના-વિરોધીઓને અને-તેના-ધિક્કારનારાઓને હું-મારીશ
H3807 H6440 H8130 H5062

તેની આગળ હું તેના શત્રુઓને પાડી નાખીશ; જેઓ તેનો ધિક્કાર કરે છે તેઓની ઉપર હું મરકી લાવીશ.

24 וֶאֱמוּנָתִי וְחַסְדִּי עִמּוֹ וּבִשְׁמִי תָּרוּם קַרְנוֹ׃
અને-મારી-વિશ્વાસુતા અને-મારી-કૃપા તેની-સાથે-છે અને-મારા-નામમાં ઊંચું-થશે તેનું-શિંગ
H0530 H8034

મારું વિશ્વાસપણું તથા મારી કૃપા તેની સાથે નિરંતર રહેશે; મારા નામે તેનું શિંગ ઊંચું કરવામાં આવશે.

25 וְשַׂמְתִּי בַיָּם יָדוֹ וּבַנְּהָרוֹת יְמִינוֹ׃
અને-હું-મૂકીશ સમુદ્ર-ઉપર તેનો-હાથ અને-નદીઓ-ઉપર તેનો-જમણો-હાથ
H3220 H3027 H5104 H3225

હું તેના હાથ સમુદ્ર પર સ્થાપન કરીશ અને નદીઓ પર તેનો જમણો હાથ સ્થાપન કરીશ.

26 הוּא יִקְרָאֵנִי אָבִי אָתָּה אֵלִי וְצוּר יְשׁוּעָתִי׃
તે મને-પોકારશે મારા-પિતા તું-છે મારા-ઈશ્વર અને-ખડક મારા-ઉદ્ધારનો
H1931 H7121 H0001 H0410 H6697 H3444

તે મને પોકારીને કહેશે, ‘તમે મારા પિતા છો, મારા ઈશ્વર અને મારા તારણના ખડક છો.’

27 אַף־ אָנִי בְּכוֹר אֶתְּנֵהוּ עֶלְיוֹן לְמַלְכֵי־ אָרֶץ׃
હા હું જ્યેષ્ઠ-પુત્ર તેને-ઠરાવીશ સર્વોચ્ચ પૃથ્વીના-રાજાઓ-ઉપર પૃથ્વીના
H0637 H0589 H1060 H5414 H4428 H0776

વળી હું તેને મારા પ્રથમજનિત પુત્રની જેમ, પૃથ્વીના રાજાઓમાં શ્રેષ્ઠ બનાવીશ.

28 לְעוֹלָם ]אשמור־[ )אֶשְׁמָר־( לוֹ חַסְדִּי וּבְרִיתִי נֶאֱמֶנֶת לוֹ׃
સદાકાળ હું-જાળવીશ જાળવીશ તેના-માટે મારી-કૃપા અને-મારો-કરાર વિશ્વાસુ-છે તેને
H5769 H8104 H8104 H1285 H0539

હું તેના ઉપર મારી કૃપા સદા રાખીશ; અને તેની સાથે મારો કરાર દ્રઢ રહેશે.

29 וְשַׂמְתִּי לָעַד זַרְעוֹ וְכִסְאוֹ כִּימֵי שָׁמָיִם׃
અને-હું-સ્થાપિશ સદા-માટે તેના-વંશને અને-તેનું-રાજ્યાસન આકાશના-દિવસો-જેવું આકાશના
H5703 H2233 H3678 H3117 H8064

તેના વંશજો સદા રહે એવું પણ હું કરીશ અને તેનાં સિંહાસન ઉપર તેના સંતાનને આકાશોની જેમ સ્થાયી કરીશ.

| יֵלֵכוּן׃ | לֹא | וּבְמִשְׁפָּטַי | תּוֹרָתִי | בָנָיו | יַעַזְבוּ | אִם־ | 30 |
|---|---|---|---|---|---|---|---|
| ચાલે | ન | અને-મારા-ન્યાયોમાં | મારી-શિક્ષા | તેના-પુત્રો | છોડી-દે | જો | |
| H3212 | H3808 | H4941 | H8451 | | | | |

જો તેનાં સંતાનો મારા નિયમોનો ભંગ કરશે અને મારા હુકમોને આધીન નહિ રહે,

| יִשְׁמֹרוּ׃ | לֹא | וּמִצְוֹתַי | יְחַלֵּלוּ | חֻקֹּתַי | אִם־ | 31 |
|---|---|---|---|---|---|---|
| પાળે | ન | અને-મારી-આજ્ઞાઓ | તેઓ-ભંગ-કરે | મારા-નિયમો | જો | |
| H8104 | H3808 | H4687 | | H2708 | | |

જો તેઓ મારા વિધિઓને તોડશે અને મારી આજ્ઞાઓ નહિ પાળે,

| עֲוֺנָם׃ | וּבִנְגָעִים | פִּשְׁעָם | בְשֵׁבֶט | וּפָקַדְתִּי | 32 |
|---|---|---|---|---|---|
| તેમના-પાપની | અને-માર-લગાવીને | તેમના-અપરાધની | દંડથી | તો-હું-શિક્ષા-કરીશ | |
| H5771 | H5061 | H6588 | H7626 | | |

તો હું સોટીથી તેઓના અપરાધોની અને ફટકાથી તેઓના અન્યાયની શિક્ષા કરીશ.

| בֶּאֱמוּנָתִי׃ | אֲשַׁקֵּר | וְלֹא־ | מֵעִמּוֹ | אָפִיר | לֹא־ | וְחַסְדִּי | 33 |
|---|---|---|---|---|---|---|---|
| મારી-વિશ્વાસુતામાં | હું-જૂઠો-ઠરું | અને-નહીં | તેનાથી | હું-હટાવું | નહીં | પરંતુ-મારી-કૃપા | |
| H0530 | H8266 | H3808 | | H6331 | H3808 | | |

પણ હું તેઓની પાસેથી મારી કૃપા લઈ લઈશ નહિ અને હું તેઓને અવિશ્વાસુ નહિ બનું.

| אֲשַׁנֶּה׃ | לֹא | שְׂפָתַי | וּמוֹצָא | בְרִיתִי | אֲחַלֵּל | לֹא־ | 34 |
|---|---|---|---|---|---|---|---|
| હું-બદલું | નહીં | મારા-હોઠોથી | અને-જે-નીકળ્યું | મારો-કરાર | હું-ભંગ-કરું | નહીં | |
| | H3808 | H8193 | H4161 | H1285 | | H3808 | |

હું મારો કરાર નહિ તોડું અને મારા હોઠોથી નીકળેલી વાત ફેરવીશ નહિ.

| אֲכַזֵּב׃ | לְדָוִד | אִם־ | בְקָדְשִׁי | נִשְׁבַּעְתִּי | אַחַת | 35 |
|---|---|---|---|---|---|---|
| હું-જૂઠું-બોલીશ | દાવિદ-પ્રત્યે | શું | મારી-પવિત્રતામાં | મેં-સોગંદ-ખાધા | એક-વાર | |
| H3576 | H1732 | | H6944 | H7650 | H0259 | |

એકવાર મેં મારી પવિત્રતાના સમ ખાધા છે હું દાઉદ સાથે જૂઠું બોલીશ નહિ.

| נֶגְדִּי׃ | כַשֶּׁמֶשׁ | וְכִסְאוֹ | יִהְיֶה | לְעוֹלָם | זַרְעוֹ | 36 |
|---|---|---|---|---|---|---|
| મારી-સામે | સૂર્ય-સમાન | અને-તેનું-રાજ્યાસન | રહેશે | સદાકાળ | તેનો-વંશ | |
| H5048 | H8121 | H3678 | H1961 | H5769 | H2233 | |

તેના વંશજો સર્વકાળ ટકશે અને મારી આગળ સૂર્યની જેમ તેનું રાજ્યાસન ટકશે.

| סֶלָה׃ | נֶאֱמָן | בַּשַּׁחַק | וְעֵד | עוֹלָם | יִכּוֹן | כְּיָרֵחַ | 37 |
|---|---|---|---|---|---|---|---|
| સેલાહ | વિશ્વાસુ | આકાશમાં | અને-સાક્ષી | સદાકાળ | સ્થાપિત-થશે | ચંદ્ર-સમાન | |
| H5542 | H0539 | H7834 | H5707 | H5769 | | H3394 | |

ચંદ્રની જેમ તે સદા અચળ રહેશે, આકાશમાંના વિશ્વાસુ સાક્ષી જેવું થશે.” સેલાહ.

| מְשִׁיחֶךָ׃ | עִם־ | הִתְעַבַּרְתָּ | וַתִּמְאָס | זָנַחְתָּ | וְאַתָּה | 38 |
|---|---|---|---|---|---|---|
| અભિષિક્ત-પ્રત્યે | તારા | તેં-ક્રોધ-કર્યો | અને-ધિક્કાર્યો | તજી-દીધો | પરંતુ-તેં | |
| H4899 | | | | | | |

પણ તમે તમારા અભિષિક્ત રાજાને તજીને તેને તુચ્છ ગણ્યો છે; તેના પર કોપાયમાન થયા છો.

| נִזְרוֹ׃ | לָאָרֶץ | חִלַּלְתָּ | עַבְדֶּךָ | בְּרִית | נֵאַרְתָּה | 39 |
|---|---|---|---|---|---|---|
| તેનો-મુગટ | ભૂમિ-ઉપર | તેં-અપવિત્ર-કર્યો | તારા-દાસનો | કરાર | તેં-તોડ્યો | |
| H5145 | H0776 | | H5650 | H1285 | H5010 | |

તમે તમારા સેવક સાથે કરેલા કરારને તોડ્યો છે. તમે તેના મુગટને કચરામાં ફેંકી દીધો હતો.

40

| | | | | | |
|---|---|---|---|---|---|
| פָּרַצְתָּ | כָל־ | גְּדֵרֹתָיו | שַׂמְתָּ | מִבְצָרָיו | מְחִתָּה׃ |
| તેં-તોડી-નાખી | સર્વ | તેની-દીવાલો | તેં-બનાવ્યા | તેના-ગઢો | ખંડેર |
| H6555 | H3605 | H1448 | | H4013 | H4288 |

તેનું રક્ષણ કરનાર દીવાલોને તમે તોડી પાડી છે, તેના દરેક કિલ્લાને તમે ખંડેર બનાવ્યા છે.

41

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שַׁסֻּהוּ | כָּל־ | עֹבְרֵי | דָרֶךְ | הָיָה | חֶרְפָּה | לִשְׁכֵנָיו׃ |
| લૂંટી-લીધો-તેને | સર્વ | રસ્તે-પસાર-થનારાઓએ | માર્ગના | તે-બન્યો | નિંદા | તેના-પડોશીઓ-માટે |
| H8155 | H3605 | | H1870 | H1961 | H2781 | H7934 |

માર્ગે જનારા સર્વ તેને લૂંટી લે છે. તે પોતાના પડોશીઓથી અપમાન પામે છે.

42

| | | | | | |
|---|---|---|---|---|---|
| הֲרִימוֹתָ | יְמִין | צָרָיו | הִשְׂמַחְתָּ | כָּל־ | אוֹיְבָיו׃ |
| તેં-ઊંચો-કર્યો | જમણો-હાથ | તેના-વિરોધીઓનો | તેં-આનંદિત-કર્યા | સર્વ | તેના-શત્રુઓને |
| | H3225 | | H8055 | H3605 | H0341 |

તમે તેના વૈરીઓને તેમની વિરુદ્ધ બળવાન કર્યા છે; અને તમે તેના સર્વ શત્રુઓને આનંદિત કર્યા છે.

43

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אַף־ | תָּשִׁיב | צוּר | חַרְבּוֹ | וְלֹא | הֲקֵימֹתוֹ | בַּמִּלְחָמָה׃ |
| હા | તેં-પાછી-ફેરવી | ધાર | તેની-તલવારની | અને-નહીં | તેં-ટકાવ્યો | યુદ્ધમાં |
| H0637 | H7725 | H6697 | H2719 | H3808 | | H4421 |

તમે તેની તલવારની ધાર વાળી દો છો અને તમે તેને યુદ્ધમાં ઊભો રાખ્યો નથી.

44

| | | | | |
|---|---|---|---|---|
| הִשְׁבַּתָּ | מִטְּהָרוֹ | וְכִסְאוֹ | לָאָרֶץ | מִגַּרְתָּה׃ |
| તેં-સમાપ્ત-કર્યું | તેનું-તેજ | અને-તેનું-રાજ્યાસન | ભૂમિ-ઉપર | તેં-પછાડ્યું |
| | | H3678 | H0776 | H4048 |

તમે તેનું તેજ + 89:44 રાજદંડ લઈ લીધું છે અને તેનું રાજ્યાસન જમીનદોસ્ત કરી નાખ્યું છે.

45

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הִקְצַרְתָּ | יְמֵי | עֲלוּמָיו | הֶעֱטִיתָ | עָלָיו | בּוּשָׁה | סֶלָה׃ |
| તેં-ટૂંકા-કર્યા | દિવસો | તેની-યુવાનીના | તેં-ઢાંક્યો | તેના-ઉપર | શરમ | સેલાહ |
| | H3117 | H5934 | | | H0955 | H5542 |

તમે તેની યુવાનીના દિવસો ટૂંકા કર્યા છે. તમે તેને શરમિંદો કરી દીધો છે.

46

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עַד־ | מָה | יְהוָה | תִּסָּתֵר | לָנֶצַח | תִּבְעַר | כְּמוֹ־ | אֵשׁ | חֲמָתֶךָ׃ |
| ક્યાં-સુધી | શું | હે-યહોવાહ | તું-છુપાઈશ | સદાકાળ | બળશે | અગ્નિ-સમાન | અગ્નિ | તારો-કોપ |
| H5704 | H4100 | H3068 | H5641 | H5331 | | H3644 | H0784 | H2534 |

હે યહોવાહ, તે ક્યાં સુધી? શું તમે સદાકાળ સુધી સંતાઈ રહેશો? તમારો કોપ ક્યાં સુધી અગ્નિની જેમ સળગતો રહેશે?

47

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| זְכָר־ | אֲנִי | מֶה־ | חָלֶד | עַל־ | מַה־ | שָּׁוְא | בָּרָאתָ | כָל־ | בְּנֵי־ | אָדָם׃ |
| યાદ-કર | હું | શું | આયુષ્ય | શા-માટે | શું | વ્યર્થ | તેં-સર્જ્યા | સર્વ | માનવ | સંતાનોને |
| H2142 | H0589 | H4100 | H2465 | | H4100 | H7723 | | H3605 | | H0120 |

મારું આયુષ્ય કેટલું ટુંકું છે, તે વિષે વિચારો અને તમે માનવજાતને કેવી વ્યર્થતાને માટે ઉત્પન્ન કરી છે

48

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִי | גֶבֶר | יִחְיֶה | וְלֹא | יִרְאֶה־ | מָּוֶת | יְמַלֵּט | נַפְשׁוֹ | מִיַּד־ | שְׁאוֹל | סֶלָה׃ |
| કોણ | પુરુષ | જીવશે | અને-નહીં | જોશે | મૃત્યુ | છોડાવશે | પોતાના-જીવને | હાથમાંથી | શેઓલના | સેલાહ |
| H4310 | H1397 | H2421 | H3808 | H7200 | H4194 | H4422 | H5315 | H3027 | H7585 | H5542 |

એવું કોણ છે કે જે જીવશે અને મરણ પામશે નહિ? શેઓલના કબજામાંથી પોતાનો આત્મા કોણ છોડાવશે? સેલાહ

49

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אַיֵּה | חֲסָדֶיךָ | הָרִאשֹׁנִים | אֲדֹנָי | נִשְׁבַּעְתָּ | לְדָוִד | בֶּאֱמוּנָתֶךָ׃ |
| ક્યાં-છે | તારી-પહેલાંની-કૃપા | પહેલાંની | હે-પ્રભુ | તેં-સોગંદ-ખાધા-હતા | દાવિદને | તારી-વિશ્વાસુતામાં |
| H0346 | | H7223 | H0136 | H7650 | H1732 | H0530 |

હે પ્રભુ, જેને વિષે તમે તમારા વિશ્વાસુપણાએ દાઉદ પ્રત્યે સમ ખાધા, તે તમારી અગાઉની કૃપા ક્યાં છે?

50

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| זְכֹר | אֲדֹנָי | חֶרְפַּת | עֲבָדֶיךָ | שְׂאֵתִי | בְחֵיקִי | כָּל־ | רַבִּים | עַמִּים׃ |
| યાદ-કર | હે-પ્રભુ | નિંદા | તારા-દાસોની | મેં-ઉઠાવી-છે | મારા-ખોળામાં | સર્વ | ઘણી | પ્રજાઓની |
| H2142 | H0136 | H2781 | H5650 | H5375 | H2436 | H3605 | | |

હે પ્રભુ, તમારા સેવકોનું અપમાન સંભારો અને હું કેવી રીતે મારા હૃદયમાં બધા પરાક્રમી લોકોનો તિરસ્કાર સહન કરું છું.

51

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | חֵרְפוּ | אוֹיְבֶיךָ | יְהוָה | אֲשֶׁר | חֵרְפוּ | עִקְּבוֹת | מְשִׁיחֶךָ׃ |
| જેણે | નિંદા-કરી | તારા-શત્રુઓએ | હે-યહોવાહ | જેણે | નિંદા-કરી | પગલે-પગલે | તારા-અભિષિક્તના |
| | | H0341 | H3068 | | | H6119 | H4899 |

હે યહોવાહ, તમારા શત્રુઓએ અપમાન કર્યું છે; તેઓ તમારા અભિષિક્તનાં પગલાની મશ્કરી કરે છે, તે પણ તમે સંભારો.

52

| | | | | |
|---|---|---|---|---|
| בָּרוּךְ | יְהוָה | לְעוֹלָם | אָמֵן | וְאָמֵן׃ |
| ધન્ય-હો | યહોવાહ | સદાકાળ | આમેન | અને-આમેન |
| H1288 | H3068 | H5769 | H0543 | H0543 |

નિરંતર યહોવાહને ધન્યવાદ આપો. આમીન તથા આમીન.

## Chapter 90

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| תְּפִלָּה | לְמֹשֶׁה | אִישׁ־ | הָאֱלֹהִים | אֲדֹנָי | מָעוֹן | אַתָּה | הָיִיתָ | לָּנוּ | בְּדֹר | וָדֹר׃ |
| પ્રાર્થના | મૂસાની | માણસ | ઈશ્વરના | પ્રભુ | આશ્રય | તું | રહ્યો-છે | અમારો | પેઢી-દર | પેઢી |
| H8605 | H4872 | H0376 | H0430 | H0136 | H4583 | | H1961 | | H1755 | H1755 |

હે ઈશ્વર, પેઢી દરપેઢી તમે અમારું નિવાસસ્થાન થયા છો.

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבְטֶרֶם | הָרִים | יֻלָּדוּ | וַתְּחוֹלֵל | אֶרֶץ | וְתֵבֵל | וּמֵעוֹלָם | עַד־ | עוֹלָם | אַתָּה | אֵל׃ |
| પહેલાં | પર્વતો | જન્મ્યા | અને-તેં-રચી | પૃથ્વી | અને-જગત | અને-અનાદિકાળથી | તે | અનંતકાળ-સુધી | તું | ઈશ્વર-છે |
| H2962 | H2022 | H3205 | | H0776 | H8398 | H5769 | H5704 | H5769 | | H0410 |

પર્વતો ઉત્પન્ન થયા હતા, અને તમે પૃથ્વી અને જગતને રચ્યાં હતાં, તે પહેલાંથી, એટલે અનાદિકાળથી તે અનંતકાળ સુધી, તમે ઈશ્વર છો.

3

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| תָּשֵׁב | אֱנוֹשׁ | עַד־ | דַּכָּא | וַתֹּאמֶר | שׁוּבוּ | בְנֵי־ | אָדָם׃ |
| તું-ફેરવે-છે | માણસને | પાછા | ધૂળમાં | અને-કહે-છે | પાછા-ફરો | સંતાનો | આદમનાં |
| H7725 | H0582 | H5704 | | H0559 | H7725 | | H0120 |

તમે મનુષ્યોને ધૂળમાં પાછા મેળવી દો છો અને તમે કહો છો, "હે મનુષ્યપુત્રો પાછા ફરો."

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | אֶלֶף | שָׁנִים | בְּעֵינֶיךָ | כְּיוֹם | אֶתְמוֹל | כִּי | יַעֲבֹר | וְאַשְׁמוּרָה | בַלָּיְלָה׃ |
| કારણ-કે | હજાર | વર્ષ | તારી-નજરમાં | ગઈ-કાલના-દિવસ-જેવાં-છે | ગઈ-કાલ | જ્યારે | વીતી-જાય | અને-રાતના-એક-પહોર | જેવાં-છે |
| | H0505 | H8141 | | H3117 | H0865 | | | H0821 | H3915 |

કારણ કે તમારી દ્રષ્ટિમાં હજાર વર્ષો વીતી ગયેલી કાલના જેવાં છે અને રાતના એક પહોર જેવાં છે.

5

| | | | | | |
|---|---|---|---|---|---|
| זְרַמְתָּם | שֵׁנָה | יִהְיוּ | בַּבֹּקֶר | כֶּחָצִיר | יַחֲלֹף׃ |
| તું-તેમને-તાણી-જાય-છે | ઊંઘ-જેવાં | તેઓ-થાય-છે | સવારે | ઘાસ-જેવાં | બદલાય-છે |
| H2229 | H8142 | H1961 | H1242 | | H2498 |

તમે તેઓને પૂરની જેમ તાણી જાઓ છો અને તેઓ નિંદ્રા જેવાં છે; તેઓ સવારમાં ઊગતાં ઘાસ જેવા છે.

| 6 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | בַּבֹּקֶר | יָצִיץ | וְחָלָף | לָעֶרֶב | יְמוֹלֵל | וְיָבֵשׁ׃ |
| | સવારે | ખીલે-છે | અને-ઊગે-છે | સાંજે | કરમાય-છે | અને-સુકાય-છે |
| | H1242 | | H2498 | H6153 | | H3001 |

તે સવારે ખીલે છે અને વધે છે; સાંજે સુકાઈ જાય છે અને ચીમળાય છે.

| 7 | | | | | |
|---|---|---|---|---|---|
| | כִּי־ | כָלִינוּ | בְאַפֶּךָ | וּבַחֲמָתְךָ | נִבְהָלְנוּ׃ |
| | કારણ-કે | અમે-નાશ-પામીએ-છીએ | તારા-ક્રોધથી | અને-તારા-રોષથી | ગભરાઈ-જઈએ-છીએ |
| | | H3615 | H0639 | H2534 | H0926 |

ખરેખર, તમારા કોપથી અમારો નાશ થાય છે અને તમારા રોષથી અમને ત્રાસ થાય છે.

| 8 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ]שת[ | )שַׁתָּה( | עֲוֺנֹתֵינוּ | לְנֶגְדֶּךָ | עֲלֻמֵנוּ | לִמְאוֹר | פָּנֶיךָ׃ |
| | તેં-મૂક્યાં | તેં-મૂક્યાં | અમારાં-અપરાધો | તારી-સામે | અમારાં-ગુપ્ત-પાપો | પ્રકાશમાં | તારા-મુખના |
| | H7896 | H7896 | H5771 | H5048 | H5956 | H3974 | H6440 |

તમે અમારા અન્યાય તમારી સમક્ષ, અમારાં ગુપ્ત પાપો તમારા મુખના પ્રકાશમાં મૂક્યાં છે.

| 9 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | כִּי | כָל־ | יָמֵינוּ | פָּנוּ | בְעֶבְרָתֶךָ | כִּלִּינוּ | שָׁנֵינוּ | כְמוֹ־ | הֶגֶה׃ |
| | કારણ-કે | બધા | અમારા-દિવસો | વીતી-ગયા | તારા-કોપમાં | અમે-પૂરાં-કરીએ-છીએ | અમારાં-વર્ષો | એક-નિસાસા | જેમ |
| | | H3605 | H3117 | H6437 | H5678 | H3615 | H8141 | H3644 | H1899 |

તમારા રોષમાં અમારા સર્વ દિવસો વીતી જાય છે; નિસાસાની જેમ અમે અમારા વર્ષો પૂરાં કરીએ છીએ.

| 10 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | יְמֵי־ | שְׁנוֹתֵינוּ | בָהֶם | שִׁבְעִים | שָׁנָה | וְאִם | בִּגְבוּרֹת | שְׁמוֹנִים | שָׁנָה | וְרָהְבָּם |
| | દિવસો | અમારાં-વર્ષોના | તેમાં | સિત્તેર | વર્ષ-છે | અને-જો | બળથી | એંશી | વર્ષ | તોપણ-તેમનું-ગર્વ |
| | H3117 | H8141 | | H7657 | H8141 | | H1369 | H8084 | H8141 | H7296 |
| | עָמָל | וָאָוֶן | כִּי־ | גָז | חִישׁ | וַנָּעֻפָה׃ | | | | |
| | શ્રમ | અને-દુ:ખ-છે | કારણ-કે | જલદી-કપાય-છે | ઝડપથી | અને-અમે-ઊડી-જઈએ-છીએ | | | | |
| | H5999 | H0205 | | H1468 | H2440 | | | | | |

અમારી ઉંમરના દિવસો સિત્તેર વર્ષ જેટલા છે, અથવા બળના + 90:10 અભિમાન કારણથી તેઓ એંસી વર્ષ થાય; પણ તેઓનો ગર્વ, શ્રમ તથા દુ:ખમાત્ર છે. હા, તે ઝડપથી પસાર થઈ જાય છે અને અમે ઊડી જઈએ છીએ.

| 11 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | מִי־ | יוֹדֵעַ | עֹז | אַפֶּךָ | וּכְיִרְאָתְךָ | עֶבְרָתֶךָ׃ |
| | કોણ | જાણે-છે | સામર્થ્ય | તારા-ક્રોધનું | અને-તારા-ભયને-યોગ્ય | તારો-રોષ |
| | H4310 | H3045 | H5797 | H0639 | H3374 | H5678 |

તમારા ક્રોધના બળને તથા તમારો રોષ ધ્યાનમાં લઈને તે પ્રમાણે તમારી બીક રાખવી તે કોણ જાણે છે?

| 12 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | לִמְנוֹת | יָמֵינוּ | כֵּן | הוֹדַע | וְנָבִא | לְבַב | חָכְמָה׃ |
| | ગણવા | અમારા-દિવસો | એ-રીતે | શીખવ | કે-અમે-પામીએ | હૃદય | જ્ઞાનનું |
| | H4487 | H3117 | | H3045 | H0935 | H3824 | H2451 |

તમે અમને અમારું જીવન એવી રીતે ગણવાને શીખવો કે જેથી અમને ડહાપણવાળું હૃદય પ્રાપ્ત થાય.

| 13 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | שׁוּבָה | יְהוָה | עַד־ | מָתָי | וְהִנָּחֵם | עַל־ | עֲבָדֶיךָ׃ |
| | પાછો-આવ | હે-યહોવા | ક્યાં | સુધી | અને-દયા-કર | તારા | સેવકો-પર |
| | H7725 | H3068 | H5704 | H4970 | H5162 | | H5650 |

હે યહોવાહ, પાછા આવો; ક્યાં સુધી? તમારા સેવકો પર કરુણા કરો.

| 14 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | שַׂבְּעֵנוּ | בַבֹּקֶר | חַסְדֶּךָ | וּנְרַנְּנָה | וְנִשְׂמְחָה | בְּכָל־ | יָמֵינוּ׃ |
| | તૃપ્ત-કર-અમને | સવારે | તારી-કૃપાથી | કે-અમે-ગાઈએ | અને-આનંદ-કરીએ | બધા | અમારા-દિવસોમાં |
| | H7646 | H1242 | | | H8055 | H3605 | H3117 |

સવારે અમને તમારી કૃપાથી ભરી દો, કે જેથી અમે અમારા સર્વ દિવસો હર્ષ તથા આનંદમાં ગુજારીએ.

15
שַׂ֭מְּחֵנוּ આનંદિત-કર-અમને H8055
כִּימ֣וֹת દિવસો-જેટલા H3117
עִנִּיתָ֑נוּ તેં-દુઃખ-આપ્યું
שְׁ֝נ֗וֹת વર્ષો-જેટલાં H8141
רָאִ֥ינוּ અમે-જોયું H7200
רָעָֽה׃ દુઃખ

જે દિવસોમાં તમે અમને દુઃખી કર્યા છે અને જે વર્ષોમાં અમે પીડા ભોગવી છે, તે પ્રમાણે અમને આનંદ પમાડો.

16
יֵרָאֶ֣ה પ્રગટ-થાય H7200
אֶל־ તારા H0413
עֲבָדֶ֣יךָ સેવકોને H5650
פָעֳלֶ֑ךָ તારું-કાર્ય H6467
וַ֝הֲדָרְךָ֗ અને-તારો-મહિમા H1926
עַל־ તેમનાં
בְּנֵיהֶֽם׃ સંતાનો-પર

તમારા સેવકોને તમારાં કૃત્યો અને તેઓના દીકરાઓ પર તમારો મહિમા દેખાઓ.

17
וִיהִ֤י અને-હોય H1961
נֹ֤עַם કૃપા H5278
אֲדֹנָ֥י પ્રભુ H0136
אֱלֹהֵ֗ינוּ અમારા-ઈશ્વરની H0430
עָ֫לֵ֥ינוּ અમારા-પર
וּמַעֲשֵׂ֣ה અને-કાર્ય H4639
יָ֭דֵינוּ અમારા-હાથોનું H3027
כּוֹנְנָ֣ה સ્થિર-કર
עָלֵ֑ינוּ અમારા-પર
וּֽמַעֲשֵׂ֥ה અને-કાર્ય H4639
יָ֝דֵ֗ינוּ અમારા-હાથોનું H3027
כּוֹנְנֵֽהוּ׃ સ્થિર-કર-તે

અમારા પર અમારા પ્રભુ ઈશ્વરની કૃપા થાઓ; તમે અમારા હાથનાં કામ અમારે માટે સ્થાપન કરો; હા, અમારા હાથનાં કામ તમે સ્થાપન કરો.

# Chapter 91

1
יֹ֭שֵׁב જે-વસે-છે H3427
בְּסֵ֣תֶר ગુપ્ત-સ્થાનમાં
עֶלְי֑וֹן પરાત્પરના
בְּצֵ֥ל છાયામાં H6738
שַׁ֝דַּ֗י સર્વશક્તિમાનના H7706
יִתְלוֹנָֽן׃ રહેશે

પરાત્પર ઈશ્વરના આશ્રયસ્થાનમાં જે વસે છે, તે સર્વસમર્થની છાયામાં રહેશે.

2
אֹמַ֗ר હું-કહીશ H0559
לַ֭יהוָה યહોવાને H3068
מַחְסִ֣י મારો-આશ્રય H4268
וּמְצוּדָתִ֑י અને-મારો-કિલ્લો
אֱ֝לֹהַ֗י મારા-ઈશ્વર H0430
אֶבְטַח־ હું-ભરોસો-કરીશ H0982
בּֽוֹ׃ તેમનામાં

હું યહોવાહ વિષે કહીશ કે, "તે મારા આશ્રય અને ગઢ છે, એ જ મારા ઈશ્વર છે, તેમના પર હું ભરોસો રાખું છું."

3
כִּ֤י કારણ-કે
ה֣וּא તે H1931
יַ֭צִּילְךָ તને-છોડાવશે H5337
מִפַּ֥ח શિકારીના-ફંદામાંથી
יָק֗וּשׁ પંખીના H3353
מִדֶּ֥בֶר વિનાશકારી H1698
הַוּֽוֹת׃ રોગમાંથી H1942

કારણ કે તે તને શિકારીના સર્વ ફાંદાઓથી અને નાશકારક મરકીથી બચાવશે.

4
בְּאֶבְרָת֤וֹ તેમની-પાંખોથી H0084
יָ֣סֶךְ તે-ઢાંકશે
לָ֭ךְ તને
וְתַֽחַת־ અને-તેમની H8478
כְּנָפָ֣יו પાંખો-નીચે H3671
תֶּחְסֶ֑ה તું-આશ્રય-લેશે H2620
צִנָּ֖ה ઢાલ
וְֽסֹחֵרָ֣ה અને-રક્ષણ H5507
אֲמִתּֽוֹ׃ તેમની-સત્યતા H0571

તે પોતાનાં પીંછાથી તને ઢાંકશે અને તેમની પાંખો નીચે આશ્રય મળશે. તેમની સત્યતા ઢાલ તથા બખતર છે.

5
לֹא־ નહીં H3808
תִ֭ירָא તું-ડરીશ H3372
מִפַּ֣חַד રાતના-ભયથી H6343
לָ֑יְלָה રાતે H3915
מֵ֝חֵ֗ץ કે-તીરથી H2671
יָע֥וּף જે-ઊડે-છે
יוֹמָֽם׃ દિવસે H3119

રાત્રે જે ભય લાગે છે તેથી અથવા તો દિવસે ઊડનાર તીરથી,

6
מִ֭דֶּבֶר રોગમાંથી H1698
בָּאֹ֣פֶל અંધારામાં H0652
יַהֲלֹ֑ךְ જે-ચાલે-છે H1980
מִ֝קֶּ֗טֶב વિનાશથી H6986
יָשׁ֥וּד જે-નાશ-કરે-છે H7736
צָהֳרָֽיִם׃ બપોરે

અથવા અંધકારમાં ચાલનાર મરકીથી કે, બપોરે મહામારીથી તું બીશ નહિ.

| 7 | יִפֹּ֬ל | מִצִּדְּךָ֨ ׀ | אֶ֗לֶף | וּרְבָבָ֥ה | מִימִינֶ֑ךָ | אֵ֝לֶ֗יךָ | לֹ֣א | יִגָּֽשׁ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | પડશે | તારી-બાજુમાં | હજાર | અને-દસ-હજાર | તારી-જમણી-બાજુમાં | તારી-પાસે | નહીં | આવશે |
| | H5307 | H6654 | H0505 | H7233 | H3225 | H0413 | H3808 | H5066 |

તારી બાજુએ હજાર અને તારે જમણે હાથે દશ હજાર માણસો પડશે, પણ તે તારી પાસે આવશે નહિ.

| 8 | רַ֭ק | בְּעֵינֶ֣יךָ | תַבִּ֑יט | וְשִׁלֻּמַ֖ת | רְשָׁעִ֣ים | תִּרְאֶֽה׃ |
|---|---|---|---|---|---|---|
| | ફક્ત | તારી-આંખોથી | તું-જોશે | અને-દુષ્ટોની-સજા | દુષ્ટોની | તું-જોશે |
| | H7535 | | H5027 | H8011 | H7563 | H7200 |

તું માત્ર નજરે જોશે અને તું દુષ્ટોને મળેલો બદલો જોશે.

| 9 | כִּֽי־ | אַתָּ֣ה | יְהוָ֣ה | מַחְסִ֑י | עֶ֝לְי֗וֹן | שַׂ֣מְתָּ | מְעוֹנֶֽךָ׃ |
|---|---|---|---|---|---|---|---|
| | કારણ-કે | તું | યહોવા | મારો-આશ્રય-છે | પરાત્પરને | તેં-બનાવ્યો-છે | તારો-નિવાસ |
| | | | H3068 | H4268 | | | H4583 |

કારણ કે યહોવાહ મારા આધાર છે તેં પરાત્પરને તારો આશ્રય કર્યો છે.

| 10 | לֹֽא־ | תְאֻנֶּ֣ה | אֵלֶ֣יךָ | רָעָ֑ה | וְ֝נֶ֗גַע | לֹא־ | יִקְרַ֥ב | בְּאָהֳלֶֽךָ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | નહીં | આવશે | તને | કોઈ-આફત | અને-કોઈ-રોગ | નહીં | નજીક-આવશે | તારા-તંબૂમાં |
| | H3808 | H0579 | H0413 | | H5061 | H3808 | H7126 | H0168 |

તારા પર કંઈ દુઃખ આવી પડશે નહિ; મરકી તારા ઘરની પાસે આવશે નહિ.

| 11 | כִּ֣י | מַ֭לְאָכָיו | יְצַוֶּה־ | לָּ֑ךְ | לִ֝שְׁמָרְךָ֗ | בְּכָל־ | דְּרָכֶֽיךָ׃ |
|---|---|---|---|---|---|---|---|
| | કારણ-કે | તેમના-દૂતોને | આજ્ઞા-આપશે | તારા-વિશે | તને-સાચવવા | તારા-બધા | માર્ગોમાં |
| | | H4397 | H6680 | | H8104 | H3605 | H1870 |

કારણ કે તને તારા સર્વ માર્ગમાં સંભાળવાને માટે, તે પોતાના દૂતોને આજ્ઞા આપશે.

| 12 | עַל־ | כַּפַּ֥יִם | יִשָּׂא֑וּנְךָ | פֶּן־ | תִּגֹּ֖ף | בָּאֶ֣בֶן | רַגְלֶֽךָ׃ |
|---|---|---|---|---|---|---|---|
| | તેમના | હાથો-પર | તને-ઊંચકશે | કે-ક્યાંક | તારો-પગ-અથડાય | પથ્થર-સાથે | તારો-પગ |
| | | H3709 | H5375 | H6435 | H5062 | H0068 | H7272 |

તેઓ તને પોતાના હાથોમાં ધરી રાખશે, કે જેથી તારો પગ માર્ગમાં ખડકો સાથે અફળાય નહિ.

| 13 | עַל־ | שַׁ֣חַל | וָפֶ֣תֶן | תִּדְרֹ֑ךְ | תִּרְמֹ֖ס | כְּפִ֣יר | וְתַנִּֽין׃ |
|---|---|---|---|---|---|---|---|
| | તું-ચાલશે | સિંહ-પર | અને-સાપ-પર | તું-ચાલશે | કચડશે | યુવાન-સિંહને | અને-અજગરને |
| | | H7826 | H6620 | H1869 | H7429 | | |

તું સિંહ તથા સાપ પર પગ મૂકશે; સિંહનાં બચ્ચાંને તથા સાપને તું છૂંદી નાખશે.

| 14 | כִּ֤י | בִ֣י | חָ֭שַׁק | וַאֲפַלְּטֵ֑הוּ | אֲ֝שַׂגְּבֵ֗הוּ | כִּֽי־ | יָדַ֥ע | שְׁמִֽי׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | કારણ-કે | મારામાં | તેણે-પ્રેમ-કર્યો | હું-તેને-છોડાવીશ | હું-તેને-ઊંચો-કરીશ | કારણ-કે | તે-જાણે-છે | મારું-નામ |
| | | | | H6403 | H7682 | | H3045 | H8034 |

કારણ કે તે મને સમર્પિત છે, માટે હું તેને બચાવીશ. તેણે મારું નામ જાણ્યું છે, માટે હું તેને ઊંચો કરીશ.

| 15 | יִקְרָאֵ֨נִי | וְֽאֶעֱנֵ֗הוּ | עִמּֽוֹ־ | אָנֹכִ֥י | בְצָרָ֑ה | אֲ֝חַלְּצֵ֗הוּ | וַאֲכַבְּדֵֽהוּ׃ |
|---|---|---|---|---|---|---|---|
| | તે-મને-બોલાવશે | અને-હું-ઉત્તર-આપીશ | તેમની-સાથે | હું | સંકટમાં | હું-તેને-મુક્ત-કરીશ | અને-મહિમા-આપીશ |
| | H7121 | | | H0595 | | | H3513 |

જ્યારે તે મને પોકારશે, ત્યારે હું તેને ઉત્તર આપીશ. હું સંકટસમયે તેની સાથે રહીશ; હું તેને વિજય અપાવીને માન આપીશ.

| 16 | אֹ֣רֶךְ | יָ֭מִים | אַשְׂבִּיעֵ֑הוּ | וְ֝אַרְאֵ֗הוּ | בִּישׁוּעָתִֽי׃ |
|---|---|---|---|---|---|
| | દીર્ઘ | આયુષ્યથી | હું-તેને-તૃપ્ત-કરીશ | અને-બતાવીશ | મારો-ઉદ્ધાર |
| | H0753 | H3117 | H7646 | H7200 | H3444 |

હું તેને લાંબા આયુષ્યથી વેષ્ટિત કરીશ અને તેને મારા તરફથી મળતો ઉદ્ધાર દેખાડીશ.

## Chapter 92

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מִזְמ֥וֹר | שִׁ֗יר | לְי֣וֹם | הַשַּׁבָּֽת׃ | ט֗וֹב | לְהֹד֣וֹת | לַיהוָ֑ה | וּלְזַמֵּ֖ר | לְשִׁמְךָ֣ | עֶלְיֽוֹן׃ |
| ગીત | ગાન | વિશ્રામના-દિવસ-માટે | શાબ્બાતના | સારું-છે | આભાર-માનવું | યહોવાનો | અને-ગાવું | તારા-નામનાં | પરાત્પરના |
| H4210 | | H3117 | H7676 | | H3034 | H3068 | H2167 | H8034 | |

યહોવાહની સ્તુતિ કરવી અને હે પરાત્પર તમારા નામનાં સ્તોત્ર ગાવાં, તે સારું છે.

2

| | | | | |
|---|---|---|---|---|
| לְהַגִּ֣יד | בַּבֹּ֣קֶר | חַסְדֶּ֑ךָ | וֶ֝אֱמ֥וּנָתְךָ֗ | בַּלֵּילֽוֹת׃ |
| જાહેર-કરવું | સવારે | તારી-કૃપા | અને-તારી-વિશ્વાસપાત્રતા | રાતોમાં |
| H5046 | H1242 | | H0530 | H3915 |

સવારે તમારી કૃપા અને રાત્રે તમારું વિશ્વાસુપણું પ્રગટ કરો.

3

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עֲֽלֵי־ | עָ֭שׂוֹר | וַעֲלֵי־ | נָ֑בֶל | עֲלֵ֖י | הִגָּי֣וֹן | בְּכִנּֽוֹר׃ |
| દસ-તારવાળા | વીણાથી | અને-વીણાથી | વીણા | ઊપર | ધ્યાન | વીણાથી |
| | H6218 | | | | H1902 | H3658 |

દશ તારવાળાં વાજાં સાથે અને સિતાર સાથે વીણાના મધુર સ્વરથી તેમની સ્તુતિ કરો.

4

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כִּ֤י | שִׂמַּחְתַּ֣נִי | יְהוָ֣ה | בְּפָעֳלֶ֑ךָ | בְּֽמַעֲשֵׂ֖י | יָדֶ֣יךָ | אֲרַנֵּֽן׃ |
| કારણ-કે | તેં-મને-આનંદિત-કર્યાં | યહોવા | તારા-કાર્યોથી | તારા-હાથોનાં-કાર્યોમાં | તારા-હાથોના | હું-ગાઈશ |
| | H8055 | H3068 | H6467 | H4639 | H3027 | |

કેમ કે, હે યહોવાહ, તમે તમારા કૃત્યોથી મને આનંદ પમાડ્યો છે. તમારા હાથે થયેલાં કામને લીધે હું હર્ષનાદ કરીશ.

5

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מַה־ | גָּדְל֣וּ | מַעֲשֶׂ֣יךָ | יְהוָ֑ה | מְ֝אֹ֗ד | עָמְק֥וּ | מַחְשְׁבֹתֶֽיךָ׃ |
| કેટલાં | મહાન-છે | તારાં-કાર્યો | યહોવા | ઘણાં | ગહન-છે | તારા-વિચારો |
| H4100 | H1431 | H4639 | H3068 | H3966 | H6009 | H4284 |

હે યહોવાહ, તમારાં કૃત્યો કેવાં મહાન છે તમારા વિચારો બહુ ગહન છે.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אִֽישׁ־ | בַּ֭עַר | לֹ֣א | יֵדָ֑ע | וּ֝כְסִ֗יל | לֹא־ | יָבִ֥ין | אֶת־ | זֹֽאת׃ |
| મૂર્ખ | માણસ | નથી | જાણતો | અને-મૂર્ખ | નથી | સમજતો | આ | વાત |
| H0376 | H1198 | H3808 | H3045 | H3684 | H3808 | H0995 | H0853 | H2063 |

અજ્ઞાની માણસ તે જાણતો નથી, મૂર્ખ પણ તે સમજી શકતો નથી.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בִּפְרֹ֤חַ | רְשָׁעִ֨ים ׀ | כְּמ֥וֹ | עֵ֗שֶׂב | וַ֭יָּצִיצוּ | כָּל־ | פֹּ֣עֲלֵי | אָ֑וֶן | לְהִשָּֽׁמְדָ֥ם | עֲדֵי־ | עַֽד׃ |
| જ્યારે-ઊગે-છે | દુષ્ટો | જેમ | ઘાસ | અને-ખીલે-છે | બધા | અન્યાય-કરનારા | દુષ્ટતા | તેમના-નાશ-માટે | સદાને | માટે |
| | H7563 | H3644 | H6212 | | H3605 | H6466 | H0205 | H8045 | H5703 | H5704 |

જ્યારે દુષ્ટો ઘાસની જેમ વધે છે અને જ્યારે સર્વ અન્યાય કરનારાઓની ચઢતી થાય છે, ત્યારે તે તેઓનો સર્વકાલિક નાશ થવાને માટે છે.

8

| | | | |
|---|---|---|---|
| וְאַתָּ֥ה | מָר֗וֹם | לְעֹלָ֥ם | יְהוָֽה׃ |
| પણ-તું | ઊંચામાં | સદાકાળ-છે | યહોવા |
| | H4791 | H5769 | H3068 |

પણ, હે યહોવાહ, તમે સર્વકાળ રાજ કરશો.

9

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | הִנֵּה | אֹיְבֶיךָ | יְהוָה | כִּי־ | הִנֵּה | אֹיְבֶיךָ | יֹאבֵדוּ | יִתְפָּרְדוּ | כָּל־ | פֹּעֲלֵי | אָוֶן׃ |
| કારણ-કે | જુઓ | તારા-શત્રુઓ | યહોવા | કારણ-કે | જુઓ | તારા-શત્રુઓ | નાશ-પામશે | વિખેરાશે | બધા | અન્યાય-કરનારા | દુષ્ટતા |
| | H2009 | H0341 | H3068 | | H2009 | H0341 | H0006 | H6504 | H3605 | H6466 | H0205 |

તેમ છતાં, હે યહોવાહ, તમારા શત્રુઓ તરફ જુઓ; સર્વ દુષ્ટો વિખેરાઈ જશે.

10

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַתָּרֶם | כִּרְאֵים | קַרְנִי | בַּלֹּתִי | בְּשֶׁמֶן | רַעֲנָן׃ |
| પણ-તેં-ઊંચું-કર્યું | જંગલી-બેલના-શિંગડા-જેમ | મારું-શિંગડું | મને-અભિષિક્ત-કર્યા | તાજા-તેલથી | લીલા |
| | H7214 | | | H8081 | |

તમે મારું શિંગ + 92:10 બળ જંગલી બળદના શિંગ જેવું ઊંચું કર્યું છે; તાજા તેલથી મારો અભિષેક કરવામાં આવ્યો છે + 92:10 તમે મને આનંદથી ભરપૂર કર્યો છે.

11

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַתַּבֵּט | עֵינִי | בְּשׁוּרָי | בַּקָּמִים | עָלַי | מְרֵעִים | תִּשְׁמַעְנָה | אָזְנָי׃ |
| અને-જોયું | મારી-આખે | મારા-શત્રુઓને | દુષ્ટો-જે-મારી-વિરુદ્ધ-ઊઠે-છે | મારી-વિરુદ્ધ | દુષ્ટોની | મારા-કાનોએ-સાંભળ્યું | મારા-કાનો |
| H5027 | | H7790 | | | | H8085 | H0241 |

મારા શત્રુઓને મારી ઇચ્છા પ્રમાણે થયેલ મેં મારી નજરે જોયું છે; મારી સામે ઊઠનારા દુષ્કર્મીઓને મારી ઇચ્છા પ્રમાણે ફળ મળ્યું એ મેં મારે કાને સાંભળ્યું છે.

12

| | | | | | |
|---|---|---|---|---|---|
| צַדִּיק | כַּתָּמָר | יִפְרָח | כְּאֶרֶז | בַּלְּבָנוֹן | יִשְׂגֶּה׃ |
| નેક | ખજૂરના-વૃક્ષ-જેમ | ખીલશે | દેવદાર-જેમ | લેબાનોનમાં | વધશે |
| H6662 | H8558 | | H0730 | H3844 | |

ન્યાયી માણસ ખજૂરના વૃક્ષની જેમ ખીલશે; તે લબાનોનના દેવદારની જેમ વધશે.

13

| | | | | | |
|---|---|---|---|---|---|
| שְׁתוּלִים | בְּבֵית | יְהוָה | בְּחַצְרוֹת | אֱלֹהֵינוּ | יַפְרִיחוּ׃ |
| રોપાયેલા | યહોવાના-ઘરમાં | યહોવા | અમારા-ઈશ્વરના-આગણામાં | અમારા-ઈશ્વરના | તેઓ-ફૂલશે |
| H8362 | | H3068 | | H0430 | |

જેઓને યહોવાહના ઘરમાં રોપવામાં આવેલા છે; તેઓ આપણા ઈશ્વરનાં આગણામાં ખીલી ઊઠશે.

14

| | | | | | |
|---|---|---|---|---|---|
| עוֹד | יְנוּבוּן | בְּשֵׂיבָה | דְּשֵׁנִים | וְרַעֲנַנִּים | יִהְיוּ׃ |
| હજી | તેઓ-ફળ-આપશે | વૃદ્ધાવસ્થામાં | રસભર્યા | અને-લીલાં | રહેશે |
| H5750 | H5107 | H7872 | H1879 | | H1961 |

વૃદ્ધાવસ્થામાં પણ તેઓ ફળ આપશે; તેઓ તાજા અને લીલા રહેશે.

15

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לְהַגִּיד | כִּי־ | יָשָׁר | יְהוָה | צוּרִי | וְלֹא־ | [עלתה] | (עַוְלָתָה) | בּוֹ׃ |
| જાહેર-કરવા | કે | ન્યાયી-છે | યહોવા | મારો-ખડક | અને-નથી | કેરી | અન્યાય | તેમનામાં |
| H5046 | | H3477 | H3068 | H6697 | H3808 | | | |

જેથી પ્રગટ થાય કે યહોવાહ યથાર્થ છે. તે મારા ખડક છે અને તેમનામાં કંઈ અન્યાય નથી.

## Chapter 93

1

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָ֣ה | מָלָךְ֮ | גֵּא֪וּת | לָ֫בֵ֥שׁ | לָבֵ֣שׁ | יְ֭הוָה | עֹ֣ז | הִתְאַזָּ֑ר | אַף־ | תִּכּ֥וֹן | תֵּ֝בֵ֗ל | בַּל־ | תִּמּֽוֹט׃ |
| યહોવા | રાજ-કરે-છે | મહાનતા | પહેરી-છે | પહેરી-છે | યહોવાએ | સામર્થ્ય | બાંધ્યું-છે | ખરેખર | સ્થિર-છે | જગત | નહીં | □ળશે |
| H3068 | | H1348 | H3847 | H3847 | H3068 | H5797 | H0247 | H0637 | | H8398 | H1077 | H4131 |

યહોવાહ રાજ કરે છે; તેમણે મહત્વ ધારણ કર્યું છે; યહોવાહે પોતાની કમરે પરાક્રમ બાંધ્યું છે. ખસેડાય નહિ તેમ જગત સ્થિર કરવામાં આવ્યું છે.

2

| | | | | |
|---|---|---|---|---|
| נָכ֣וֹן | כִּסְאֲךָ֣ | מֵאָ֑ז | מֵעוֹלָ֣ם | אָֽתָּה׃ |
| સ્થિર-છે | તારું-સિંહાસન | પ્રાચીન-કાળથી | અનાદિકાળથી | તું-છે |
| | H3678 | | H5769 | |

તમારું રાજ્યાસન પુરાતન કાળથી સ્થપાયેલું છે; તમે અનાદિકાળથી છો.

3

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| נָשְׂא֤וּ | נְהָר֨וֹת | יְֽהוָ֗ה | נָשְׂא֣וּ | נְהָר֣וֹת | קוֹלָ֑ם | יִשְׂא֖וּ | נְהָר֣וֹת | דָּכְיָֽם׃ |
| ઊંચકી | નદીઓએ | યહોવા | ઊંચકી | નદીઓએ | તેમનો-અવાજ | ઊંચકી | નદીઓએ | તેમનાં-મોજાં |
| H5375 | H5104 | H3068 | H5375 | H5104 | | H5375 | H5104 | H1796 |

હે યહોવાહ, પ્રવાહોએ ઊંચો કર્યો છે; તેઓએ પોતાનો અવાજ ઊંચો કર્યો છે; પ્રવાહો પોતાનાં મોજાં ઊંચાં કરે છે.

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מִקֹּל֨וֹת | מַ֤יִם | רַבִּ֗ים | אַדִּירִ֣ים | מִשְׁבְּרֵי־ | יָ֑ם | אַדִּ֖יר | בַּמָּר֣וֹם | יְהוָֽה׃ |
| અવાજો-કરતાં | પાણીઓનાં | પુષ્કળ | શક્તિશાળી | સમુદ્રના-મોજાં | સમુદ્રના | મહાન-છે | ઊંચામાં | યહોવા |
| | H4325 | | H0117 | H4867 | H3220 | H0117 | H4791 | H3068 |

ઘણા પાણીઓના ખળખળાટ કરતાં, સમુદ્રનાં પરાક્રમી મોજાં કરતાં, યહોવાહ પરમ ઊંચામાં પરાક્રમી છે.

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עֵֽדֹתֶ֨יךָ | נֶאֶמְנ֬וּ | מְאֹ֗ד | לְבֵיתְךָ֥ | נַאֲוָה־ | קֹ֑דֶשׁ | יְ֝הוָ֗ה | לְאֹ֣רֶךְ | יָמִֽים׃ |
| તારી-સાક્ષીઓ | વિશ્વાસપાત્ર-છે | ઘણી | તારા-ઘરને | શોભે-છે | પવિત્રતા | યહોવા | સદાકાળ-માટે | દિવસો-સુધી |
| | H0539 | H3966 | | H4998 | H6944 | H3068 | H0753 | H3117 |

તમારી પવિત્ર આજ્ઞાઓ અતિ વિશ્વાસયોગ્ય છે; હે યહોવાહ, સર્વકાળ પવિત્રતા તમારા ઘરને શોભે છે.

## Chapter 94

1

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֵל־ | נְקָמ֥וֹת | יְהוָ֑ה | אֵ֖ל | נְקָמ֣וֹת | הוֹפִֽיעַ׃ |
| ઈશ્વર | બદલાના | યહોવા | ઈશ્વર | બદલાના | પ્રકાશિત-થા |
| H0410 | H5360 | H3068 | H0410 | H5360 | H3313 |

હે બદલો વાળનાર ઈશ્વર, યહોવાહ, હે બદલો વાળનાર ઈશ્વર, અમારા પર પ્રકાશ પાડો + 94:1 તમારા રોષ બતાવો.

2

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הִ֭נָּשֵׂא | שֹׁפֵ֣ט | הָאָ֑רֶץ | הָשֵׁ֥ב | גְּ֝מ֗וּל | עַל־ | גֵּאִֽים׃ |
| ઊંચા-થા | ન્યાયાધીશ | પૃથ્વીના | ફેરવો-આપ | બદલો | અભિમાનીઓ-ને | અભિમાનીઓને |
| H5375 | H8199 | H0776 | H7725 | H1576 | | H1343 |

હે પૃથ્વીના ન્યાયાધીશ, ઊઠો, ગર્વિષ્ઠોને બદલો વાળી આપો.

3

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עַד־ | מָתַ֣י | רְשָׁעִ֣ים | יְהוָ֑ה | עַד־ | מָ֝תַ֗י | רְשָׁעִ֥ים | יַעֲלֹֽזוּ׃ |
| ક્યાં | સુધી | દુષ્ટો | યહોવા | ક્યાં | સુધી | દુષ્ટો | ઉલ્લાસ-કરશે |
| H5704 | H4970 | H7563 | H3068 | H5704 | H4970 | H7563 | H5937 |

હે યહોવાહ, દુષ્ટો ક્યાં સુધી, ક્યાં સુધી દુષ્ટો જીત પ્રાપ્ત કરશે?

4

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יַבִּ֣יעוּ | יְדַבְּר֣וּ | עָתָ֑ק | יִ֝תְאַמְּר֗וּ | כָּל־ | פֹּ֥עֲלֵי | אָֽוֶן׃ |
| તેઓ-બોલે-છે | તેઓ-બોલે-છે | અહંકારથી | બડાઈ-મારે-છે | બધા | અન્યાય-કરનારા | દુષ્ટતા |
| H5042 | H1696 | H6277 | H0559 | H3605 | H6466 | H0205 |

તેઓ અભિમાની અને ઉગ્ર વાતો કરે છે અને તેઓ સર્વ બડાઈ મારે છે.

5

| | | | | |
|---|---|---|---|---|
| עַמְּךָ | יְהוָה | יְדַכְּאוּ | וְנַחֲלָתְךָ | יְעַנּוּ׃ |
| તારા-પ્રજાને | યહોવા | તેઓ-કચડે-છે | અને-તારા-વારસાને | દુઃખ-આપે-છે |
| | H3068 | H1792 | H5159 | |

હે યહોવાહ, તેઓ તમારા લોકો પર જુલમ કરે છે; તેઓ તમારા વારસાને દુઃખ આપે છે.

6

| | | | | |
|---|---|---|---|---|
| אַלְמָנָה | וְגֵר | יַהֲרֹגוּ | וִיתוֹמִים | יְרַצֵּחוּ׃ |
| વિધવાને | અને-પરદેશીને | તેઓ-મારે-છે | અને-અનાથોને | હત્યા-કરે-છે |
| H0490 | H1616 | H2026 | H3490 | H7523 |

તેઓ વિધવાને અને વિદેશીઓને મારી નાખે છે અને તેઓ અનાથની હત્યા કરે છે.

7

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמְרוּ | לֹא | יִרְאֶה־ | יָּהּ | וְלֹא־ | יָבִין | אֱלֹהֵי | יַעֲקֹב׃ |
| અને-તેઓ-કહે-છે | નહીં | જુએ-છે | યાહ | અને-નહીં | સમજે-છે | ઈશ્વર | યાકૂબના |
| H0559 | H3808 | H7200 | H3050 | H3808 | H0995 | H0430 | H3290 |

તેઓ કહે છે, "યહોવાહ જોશે નહિ, યાકૂબના ઈશ્વર ધ્યાન આપશે નહિ."

8

| | | | | | |
|---|---|---|---|---|---|
| בִּינוּ | בֹּעֲרִים | בָּעָם | וּכְסִילִים | מָתַי | תַּשְׂכִּילוּ׃ |
| સમજો | મૂર્ખ-લોકો | પ્રજામાં | અને-મૂર્ખો | ક્યારે | બુદ્ધિમાન-થશો |
| H0995 | | | H3684 | H4970 | |

હે અજ્ઞાની લોકો, તમે ધ્યાન આપો; મૂર્ખો, તમે ક્યારે બુદ્ધિમાન થશો?

9

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הֲנֹטַע | אֹזֶן | הֲלֹא | יִשְׁמָע | אִם־ | יֹצֵר | עַיִן | הֲלֹא | יַבִּיט׃ |
| જેણે-રોપ્યું | કાન | શું-નહીં | સાંભળશે | કે-જેણે-બનાવી | આંખ | આંખ | શું-નહીં | જોશે |
| H5193 | H0241 | H3808 | H8085 | | H3335 | | H3808 | H5027 |

જે કાનનો બનાવનાર છે, તે શું નહિ સાંભળે? જે આંખના રચનાર છે, તે શું નહિ જુએ?

10

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הֲיֹסֵר | גּוֹיִם | הֲלֹא | יוֹכִיחַ | הַמְלַמֵּד | אָדָם | דָּעַת׃ |
| જે-શિખવે-છે | પ્રજાઓને | શું-નહીં | તે-વિચકશે | જે-શીખવે-છે | માણસને | જ્ઞાન |
| H3256 | | H3808 | H3198 | H3925 | H0120 | H1847 |

જે દેશોને શિસ્તમાં રાખે છે, તે શું તમને સુધારશે નહિ? તે જ એક છે કે જે માણસને ડહાપણ આપે છે.

11

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יְהוָה | יֹדֵעַ | מַחְשְׁבוֹת | אָדָם | כִּי־ | הֵמָּה | הָבֶל׃ |
| યહોવા | જાણે-છે | વિચારો | માણસના | કે | તે | વ્યર્થ-છે |
| H3068 | H3045 | H4284 | H0120 | | H1992 | H1892 |

યહોવાહ માણસોના વિચારો જાણે છે, કે તે વ્યર્થ છે.

12

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אַשְׁרֵי | הַגֶּבֶר | אֲשֶׁר־ | תְּיַסְּרֶנּוּ | יָּהּ | וּמִתּוֹרָתְךָ | תְלַמְּדֶנּוּ׃ |
| ધન્ય-છે | તે-માણસ | જેને | તું-શિખવે-છે | યાહ | અને-તારા-નિયમમાંથી | તેને-શીખવે-છે |
| H0835 | H1397 | | H3256 | H3050 | H8451 | H3925 |

હે યહોવાહ, તમે જેને શિસ્તમાં રાખો છો, જેને તમે તમારા નિયમશાસ્ત્રમાંથી શીખવો છો, તે દરેક આશીર્વાદિત છે.

13

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לְהַשְׁקִיט | לוֹ | מִימֵי | רָע | עַד | יִכָּרֶה | לָרָשָׁע | שָׁחַת׃ |
| શાંતિ-આપવા | તેને | દિવસોમાંથી | દુઃખના | જ્યાં-સુધી | ખોદાય | દુષ્ટ-માટે | ખાડો |
| H8252 | | H3117 | | H5704 | | H7563 | H7845 |

દુષ્ટને માટે ખાડો ખોદાય ત્યાં સુધી તમે તેને સંકટના દિવસોમાંથી શાંતિ આપશો.

14

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כִּי | לֹא־ | יִטֹּשׁ | יְהוָה | עַמּוֹ | וְנַחֲלָתוֹ | לֹא | יַעֲזֹב׃ |
| કારણ-કે | નહીં | ત્યાગશે | યહોવા | તેમની-પ્રજાને | અને-તેમના-વારસાને | નહીં | છોડશે |
| | H3808 | H5203 | H3068 | | H5159 | H3808 | |

કેમ કે યહોવાહ પોતાના લોકોને તરછોડશે નહિ તે પોતાના વારસાનો ત્યાગ કરશે નહિ.

15

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | עַד־ | צֶדֶק | יָשׁוּב | מִשְׁפָּט | וְאַחֲרָיו | כָּל־ | יִשְׁרֵי־ | לֵב׃ |
| કારણ-કે | તે | ન્યાય | પાછો-આવશે | નિર્ણય | અને-તેના-પછી | બધા | સીધા-હૃદયના | લોકો |
| | H5704 | H6664 | H7725 | H4941 | | H3605 | H3477 | |

કારણ કે ન્યાયીકરણ ન્યાયીપણા તરફ પાછું વળશે; અને સર્વ યથાર્થ હૃદયવાળા તેને અનુસરશે.

16

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִֽי־ | יָקוּם | לִי | עִם־ | מְרֵעִים | מִֽי־ | יִתְיַצֵּב | לִי | עִם־ | פֹּעֲלֵי | אָֽוֶן׃ |
| કોણ | ઊઠશે | મારા-માટે | દુષ્ટો-વિરુદ્ધ | દુષ્ટોની | કોણ | ઊભા-રહેશે | મારા-માટે | અન્યાય-કરનારાઓ-વિરુદ્ધ | અન્યાય-કરનારા | દુષ્ટતા |
| H4310 | | | | | H4310 | H3320 | | | H6466 | H0205 |

મારા બચાવમાં મારે માટે દુષ્કર્મીઓની સામે કોણ ઊઠશે? મારે માટે દુષ્ટની વિરુદ્ધ કોણ ઊભો રહેશે?

17

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לוּלֵי | יְהוָה | עֶזְרָתָה | לִּי | כִּמְעַט | שָׁכְנָה | דוּמָה | נַפְשִׁי׃ |
| જો | યહોવા | મદદ | મારી | લગભગ | વસ્યો-હોત | મૌનમાં | મારો-આત્મા |
| H3884 | H3068 | H5833 | | H4592 | H7931 | H1745 | H5315 |

જો યહોવાહે મારી સહાય કરી ન હોત તો મારો આત્મા વહેલો છાનો થઈ જાત.

18

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אִם־ | אָמַרְתִּי | מָטָה | רַגְלִי | חַסְדְּךָ | יְהוָה | יִסְעָדֵנִי׃ |
| જો | મેં-કહ્યુ | લપસ્યો | મારો-પગ | તારી-કૃપા | યહોવા | મને-ટેકો-આપી |
| | H0559 | H4131 | H7272 | | H3068 | H5582 |

જ્યારે મેં કહ્યુ કે, “મારો પગ લપસી જાય છે,” ત્યારે, હે યહોવાહ, તમારી કૃપાએ મને પકડી લીધો છે.

19

| | | | | | |
|---|---|---|---|---|---|
| בְּרֹב | שַׂרְעַפַּי | בְּקִרְבִּי | תַּנְחוּמֶיךָ | יְשַׁעַשְׁעוּ | נַפְשִׁי׃ |
| ઘણી | ચિંતાઓમાં | મારા-અદર | તારાં-સાંત્વનાઓએ | આનંદિત-કરે-છે | મારા-આત્માને |
| H7230 | H8312 | H7130 | H8575 | | H5315 |

જ્યારે મારા અતરમાં પુષ્કળ ચિંતા થાય છે, ત્યારે તમારા દિલાસાઓ મારા આત્માને ખુશ કરે છે.

20

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הַיְחָבְרְךָ | כִּסֵּא | הַוּוֹת | יֹצֵר | עָמָל | עֲלֵי־ | חֹק׃ |
| શું-જોડાશે-કે-તારી-સાથે | સિંહાસન | વિનાશનું | જે-રચે-છે | કષ્ટ | કાયદા-દ્વારા | નિયમ |
| H2266 | H3678 | H1942 | H3335 | H5999 | | H2706 |

દુષ્ટ અધિકારીઓ નિયમસર ઉપદ્રવ યોજે છે, તેઓ શું તારી સાથે મેળાપ રાખશે?

21

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יָגוֹדּוּ | עַל־ | נֶפֶשׁ | צַדִּיק | וְדָם | נָקִי | יַרְשִׁיעוּ׃ |
| તેઓ-એકઠા-થાય-છે | નેકના-જીવન | જીવન | નેકના | અને-લોહી | નિર્દોષનું | દોષી-□રવે-છે |
| H1413 | | H5315 | H6662 | H1818 | | H7561 |

તેઓ ન્યાયીઓની વિરુદ્ધ કાવતરાં રચે છે અને નિર્દોષને દોષિત ઠરાવીને તેઓને મૃત્યદંડ આપે છે.

22

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיְהִי | יְהוָה | לִי | לְמִשְׂגָּב | וֵאלֹהַי | לְצוּר | מַחְסִי׃ |
| પણ-થયો | યહોવા | મારા-માટે | ઊંચો-ગઢ | અને-મારા-ઈશ્વર | આશ્રયનો-ખડક | મારો |
| H1961 | H3068 | | | H0430 | H6697 | H4268 |

પણ યહોવાહ મારો ઊંચો ગઢ છે અને મારા ઈશ્વર મારા આશ્રયના ખડક છે.

23

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּשֶׁב | עֲלֵיהֶם | אֶת־ | אוֹנָם | וּבְרָעָתָם | יַצְמִיתֵם | יַצְמִיתֵם | יְהוָה | אֱלֹהֵינוּ׃ |
| અને-ફેરવશે | તેમના-પર | તેમની | દુષ્ટતા | અને-તેમની-દુષ્ટતામાં | તેમને-નાશ-કરશે | તેમને-નાશ-કરશે | યહોવા | અમારા-ઈશ્વર |
| H7725 | | H0853 | H0205 | | H6789 | H6789 | H3068 | H0430 |

તેમણે તેઓને તેઓનો અન્યાય વાળી આપ્યો છે અને તે તેઓની દુષ્ટતાને માટે તેઓનો સંહાર કરશે. યહોવાહ આપણા ઈશ્વર તેઓનો સંહાર કરશે.

## Chapter 95

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | לְכוּ | נְרַנְּנָה | לַיהוָה | נָרִיעָה | לְצוּר | יִשְׁעֵנוּ׃ |
| | આવો | આપણે-ગાઈએ | યહોવાને | જયઘોષ-કરીએ | ખડકને | અમારા-ઉદ્ધારના |
| | H3212 | | H3068 | H7321 | H6697 | H3468 |

આવો, આપણે યહોવાહની સમક્ષ ગાઈએ; આપણા ઉદ્ધારક ખડકની આગળ હર્ષનાદ કરીએ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 2 | נְקַדְּמָה | פָנָיו | בְּתוֹדָה | בִּזְמִרוֹת | נָרִיעַ | לוֹ׃ |
| | આપણે-આવીએ | તેમની-સામે | આભારથી | ગીતોથી | જયઘોષ-કરીએ | તેમને |
| | H6923 | H6440 | H8426 | H2158 | H7321 | |

આભારસ્તુતિ સાથે તેમની હજૂરમાં આવીએ; આવો આપણે ગીતોથી તેમની સમક્ષ હર્ષનાદ કરીએ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | כִּי | אֵל | גָּדוֹל | יְהוָה | וּמֶלֶךְ | גָּדוֹל | עַל־ | כָּל־ | אֱלֹהִים׃ |
| | કારણ-કે | ઈશ્વર | મહાન-છે | યહોવા | અને-રાજા | મહાન | બધા | બધા | દેવો-ઉપર |
| | | H0410 | | H3068 | H4428 | | | H3605 | H0430 |

કારણ કે યહોવાહ મહાન ઈશ્વર છે અને તે સર્વ દેવો પર મોટા રાજા છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 4 | אֲשֶׁר | בְּיָדוֹ | מֶחְקְרֵי־ | אָרֶץ | וְתוֹעֲפוֹת | הָרִים | לוֹ׃ |
| | જેમના | હાથમાં | પૃથ્વીનાં-ગહન | સ્થાનો-છે | અને-પર્વતોની-ઊંચાઈઓ | પર્વતો | તેમનાં-છે |
| | | H3027 | H4278 | H0776 | H8443 | H2022 | |

તેમનાં હાથમાં પૃથ્વીનાં ઊંડાણો છે; પર્વતોનાં શિખરો પણ તેમનાં છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | אֲשֶׁר־ | לוֹ | הַיָּם | וְהוּא | עָשָׂהוּ | וְיַבֶּשֶׁת | יָדָיו | יָצָרוּ׃ |
| | જેમનું | તેમનું | સમુદ્ર-છે | અને-તેમણે | તે-બનાવ્યું | અને-સૂકી-ભૂમિને | તેમના-હાથે | ઘડી |
| | | | H3220 | H1931 | | H3006 | H3027 | H3335 |

સમુદ્ર તેમનો છે, કેમ કે તેમણે તે બનાવ્યો છે અને તેમના હાથોએ કોરી ભૂમિ રચી.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 6 | בֹּאוּ | נִשְׁתַּחֲוֶה | וְנִכְרָעָה | נִבְרְכָה | לִפְנֵי־ | יְהוָה | עֹשֵׂנוּ׃ |
| | આવો | આપણે-નમીએ | અને-ઘૂંટણિએ-કરીએ | આપણે-ઘૂંટણિએ | સામે | યહોવા | અમારા-સર્જનહારના |
| | H0935 | H7812 | H3766 | H1288 | H6440 | H3068 | |

આવો, આપણે તેમની સ્તુતિ કરીએ અને નમીએ; આવો આપણે આપણા કર્તા યહોવાહની આગળ ઘૂંટણિયે પડીએ.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 7 | כִּי | הוּא | אֱלֹהֵינוּ | וַאֲנַחְנוּ | עַם | מַרְעִיתוֹ | וְצֹאן | יָדוֹ | הַיּוֹם | אִם־ |
| | કારણ-કે | તે | અમારા-ઈશ્વર-છે | અને-અમે | પ્રજા-છીએ | તેમની-ગોચરની | અને-ઘેટાં | તેમના-હાથનાં | આજે | જો |
| | | H1931 | H0430 | H0587 | | H4830 | H6629 | H3027 | H3117 | |

| | |
|---|---|
| בְּקֹלוֹ | תִשְׁמָעוּ׃ |
| તેમનો-અવાજ | તમે-સાંભળો |
| | H8085 |

કારણ કે તે આપણા ઈશ્વર છે અને આપણે તેમના ચારાના લોક તથા તેમના હાથનાં ઘેટાં છીએ. આજે, જો તમે તેમની વાણી સાંભળો તો કેવું સારું□

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 8 | אַל־ | תַּקְשׁוּ | לְבַבְכֶם | כִּמְרִיבָה | כְּיוֹם | מַסָּה | בַּמִּדְבָּר׃ |
| | ક□-કરો | તમારાં-હૃદયો | તમારાં-હૃદયોને | મરીબાં-જેમ | દિવસ-જેમ | માસાં-માં | વગડામાં |
| | H0408 | H7185 | H3824 | H4808 | H3117 | | |

“મરીબાહ + 95:8 સંઘર્ષમાં કર્યાં હતાં તેમ, તમારા હૃદય કઠણ ન કરો, અને જેમ અરણ્યમાં માસ્સા + 95:8 પરીક્ષણ ને દિવસે,

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 9 | אֲשֶׁר | נִסּוּנִי | אֲבוֹתֵיכֶם | בְּחָנוּנִי | גַּם־ | רָאוּ | פָעֳלִי׃ |
| | જ્યાં | મને-પરખ્યા | તમારા-પિતૃઓએ | મને-કસોટ્યા | અને-જોયું | જોયું | મારું-કાર્ય |
| | | H5254 | H0001 | H0974 | H1571 | H7200 | H6467 |

જ્યાં તમારા પિતૃઓએ મારી કસોટી કરી અને તેઓએ મને પારખ્યો તથા મારું કૃત્ય જોયું.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | וְהֵם | הֵם | לֵבָב | תֹּעֵי | עַם | וָאֹמַר | בְּדוֹר | אָקוּט | שָׁנָה | אַרְבָּעִים | 10 |
| નહીં | અને-તેઓએ | તેઓ-છે | હૃદય | ભૂલેલા-હૃદયના | પ્રજા | અને-કહ્યુ | તે-પેઢીથી | હું-કંટાળ્યો | વર્ષ | ચાળીસ | |
| H3808 | H1992 | H1992 | H3824 | H8582 | | H0559 | H1755 | H6962 | H8141 | H0705 | |

| | |
|---|---|
| דְרָכָי׃ | יָדְעוּ |
| મારા-માર્ગો | જાણ્યા |
| H1870 | H3045 |

કેમ કે ચાળીસ વર્ષ સુધી હું તે પેઢીથી કંટાળી જતો હતો અને કહ્યુ, ‘તે આ જ લોકો છે, કે જેઓનાં હૃદયો કુમાર્ગે ભટકી ગયાં છે; તેઓ મારા માર્ગો જાણતા નથી + 95:10 તેઓ મારા આજ્ઞાઓ પાળ્યા નહિ.’

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מְנוּחָתִי׃ | אֶל־ | יְבֹאוּן | אִם־ | בְאַפִּי | נִשְׁבַּעְתִּי | אֲשֶׁר־ | 11 |
| વિશ્રામમાં | મારા | તેઓ-પ્રવેશે | જો | મારા-ક્રોધમાં | મેં-સોગંદ-ખાધો | તેથી | |
| H4496 | H0413 | H0935 | | H0639 | H7650 | | |

માટે મેં મારા ક્રોધમાં સમ ખાધા કે તેઓ મારા વિશ્રામમાં પ્રવેશ કરશે નહિ.”

# Chapter 96

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הָאָרֶץ׃ | כָּל־ | לַיהוָה | שִׁירוּ | חָדָשׁ | שִׁיר | לַיהוָה | שִׁירוּ | 1 |
| પૃથ્વી | સમગ્ર | યહોવાને | ગાઓ | નવું | ગીત | યહોવાને | ગાઓ | |
| H0776 | H3605 | H3068 | H7891 | H2319 | | H3068 | H7891 | |

યહોવાહની આગળ નવું ગીત ગાઓ; આખી પૃથ્વી, યહોવાહની આગળ ગાઓ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יְשׁוּעָתוֹ׃ | לְיוֹם | מִיּוֹם־ | בַּשְּׂרוּ | שְׁמוֹ | בָּרְכוּ | לַיהוָה | שִׁירוּ | 2 |
| તેમનો-ઉદ્ધાર | દિવસે | દિવસે-દિવસે | સુવાર્તા-સંભળાવો | તેમનું-નામ | ધન્ય-કરો | યહોવાને | ગાઓ | |
| H3444 | H3117 | H3117 | H1319 | H8034 | H1288 | H3068 | H7891 | |

યહોવાહની આગળ ગાઓ, તેમના નામની પ્રશંસા કરો; તેમના દ્વારા મળતો ઉદ્ધાર દિનપ્રતિદિન પ્રગટ કરો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| נִפְלְאוֹתָיו׃ | הָעַמִּים | בְּכָל־ | כְּבוֹדוֹ | בַגּוֹיִם | סַפְּרוּ | 3 |
| તેમનાં-અદ્ભુત-કાર્યો | લોકોમાં | બધા | તેમનો-મહિમા | પ્રજાઓમાં | જાહેર-કરો | |
| H6381 | | H3605 | H3519 | | | |

વિદેશીઓમાં તેમનો મહિમા પ્રગટ કરો, સર્વ લોકોમાં તેમના ચમત્કાર, જાહેર કરો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֱלֹהִים׃ | כָּל־ | עַל־ | הוּא | נוֹרָא | מְאֹד | וּמְהֻלָּל | יְהוָה | גָדוֹל | כִּי | 4 |
| દેવો-ઉપર | બધા | બધા | તે | ભયાવહ | ઘણા | અને-સ્તુતિને-યોગ્ય | યહોવા | મહાન-છે | કારણ-કે | |
| H0430 | H3605 | | H1931 | H3372 | H3966 | | H3068 | | | |

કારણ કે યહોવાહ મહાન છે અને બહુ સ્તુત્ય છે. સર્વ દેવો કરતાં તે ભયાવહ છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עָשָׂה׃ | שָׁמַיִם | וַיהוָה | אֱלִילִים | הָעַמִּים | אֱלֹהֵי | כָּל־ | כִּי | 5 |
| બનાવ્યાં | આકાશો | પણ-યહોવાએ | મૂર્તિઓ-છે | લોકોના | દેવો | બધા | કારણ-કે | |
| | H8064 | H3068 | H0457 | | H0430 | H3605 | | |

કેમ કે લોકોના સર્વ દેવો મૂર્તિઓ જ છે, પણ યહોવાહે, આકાશોને ઉત્પન્ન કર્યાં.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בְּמִקְדָּשׁוֹ׃ | וְתִפְאֶרֶת | עֹז | לְפָנָיו | וְהָדָר | הוֹד־ | 6 |
| તેમના-પવિત્ર-સ્થાનમાં | અને-સૌંદર્ય | શક્તિ | તેમની-સામે-છે | અને-શોભા | ગૌરવ | |
| H4720 | H8597 | H5797 | H6440 | H1926 | H1935 | |

ભવ્યતા અને મહિમા તેમની હજૂરમાં છે. સામર્થ્ય તથા સૌંદર્ય તેમના પવિત્રસ્થાનમાં છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וָעֹז׃ | כָּבוֹד | לַיהוָה | הָבוּ | עַמִּים | מִשְׁפְּחוֹת | לַיהוָה | הָבוּ | 7 |
| અને-સામર્થ્ય | મહિમા | યહોવાને | આપો | લોકોના | લોકોનાં-કુળો | યહોવાને | આપો | |
| H5797 | H3519 | H3068 | H3051 | | H4940 | H3068 | H3051 | |

લોકોનાં કુળો, યહોવાહની સ્તુતિ કરો, ગૌરવ તથા સામર્થ્ય યહોવાહને આપો.

| 8 | הָבוּ | לַיהוָה | כְּבוֹד | שְׁמוֹ | שְׂאוּ־ | מִנְחָה | וּבֹאוּ | לְחַצְרוֹתָיו׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | આપો | યહોવાને | મહિમા | તેમના-નામની | અર્પણ-લઈ-આવો | અર્પણ | અને-આવો | તેમના-આગણામાં |
| | H3051 | H3068 | H3519 | H8034 | H5375 | H4503 | H0935 | |

યહોવાહના નામને શોભતું ગૌરવ તેમને આપો. અર્પણ લઈને તેમના આગણામાં આવો.

| 9 | הִשְׁתַּחֲווּ | לַיהוָה | בְּהַדְרַת־ | קֹדֶשׁ | חִילוּ | מִפָּנָיו | כָּל־ | הָאָרֶץ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | નમો | યહોવાને | પવિત્ર-શોભામાં | પવિત્રતાના | કાંપો | તેમની-સામે | સમગ્ર | પૃથ્વી |
| | H7812 | H3068 | H1927 | H6944 | | H6440 | H3605 | H0776 |

પવિત્રતાની સુંદરતાએ યહોવાહને ભજો. આખી પૃથ્વી, તેમની આગળ કંપો.

| 10 | אִמְרוּ | בַגּוֹיִם | יְהוָה | מָלָךְ | אַף־ | תִּכּוֹן | תֵּבֵל | בַּל־ | תִּמּוֹט | יָדִין | עַמִּים | בְּמֵישָׁרִים׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કહો | પ્રજાઓમાં | યહોવા | રાજ-કરે-છે | ખરેખર | સ્થિર-છે | જગત | નહીં | □ળશે | તે-ન્યાય-કરશે | લોકોનો | સમાનતાથી |
| | H0559 | | H3068 | | H0637 | | H8398 | H1077 | H4131 | H1777 | | H4339 |

વિદેશીઓમાં કહો, "યહોવાહ રાજ કરે છે." જગત પણ એવી રીતે સ્થાપન કરવામાં આવ્યું છે કે તે ખસેડી શકાય નહિ. તે યથાર્થપણે લોકોનો ન્યાય કરશે.

| 11 | יִשְׂמְחוּ | הַשָּׁמַיִם | וְתָגֵל | הָאָרֶץ | יִרְעַם | הַיָּם | וּמְלֹאוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|
| | આનંદ-કરે | આકાશો | અને-ઉલ્લાસ-કરે | પૃથ્વી | ગરજે | સમુદ્ર | અને-તેમાં-જે-છે-તે-બધું |
| | H8055 | H8064 | H1523 | H0776 | H7481 | H3220 | H4393 |

આકાશો આનંદ કરો અને પૃથ્વી હરખાઓ; સમુદ્ર તથા તેનું ભરપૂરીપણું ગાજો.

| 12 | יַעֲלֹז | שָׂדַי | וְכָל־ | אֲשֶׁר־ | בּוֹ | אָז | יְרַנְּנוּ | כָּל־ | עֲצֵי־ | יָעַר׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | આનંદ-કરે | ખેતરો | અને-બધું | જે | તેમાં-છે | ત્યારે | આનંદથી-ગાશે | બધાં | વૃક્ષો | વનના |
| | H5937 | | H3605 | | | | | H3605 | H6086 | |

ખેતરો અને તેમાં જે કંઈ છે, તે સર્વ આનંદ કરો. વનનાં સર્વ વૃક્ષો હર્ષ સાથે

| 13 | לִפְנֵי | יְהוָה | כִּי | בָא | כִּי | בָא | לִשְׁפֹּט | הָאָרֶץ | יִשְׁפֹּט־ | תֵּבֵל | בְּצֶדֶק | וְעַמִּים | בֶּאֱמוּנָתוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સામે | યહોવાના | કારણ-કે | તે-આવે-છે | કારણ-કે | તે-આવે-છે | ન્યાય-કરવા | પૃથ્વીનો | તે-ન્યાય-કરશે | જગતનો | નેકીથી | અને-લોકોનો | વિશ્વાસપાત્રતાથી |
| | H6440 | H3068 | | H0935 | | H0935 | H8199 | H0776 | H8199 | H8398 | H6664 | | H0530 |

યહોવાહની આગળ ગાઓ, કેમ કે તે આવે છે. તે પૃથ્વીનો ન્યાય કરવા આવે છે. તે પ્રમાણિકપણે જગતનો અને વિશ્વાસુપણે લોકોનો ન્યાય કરશે.

## Chapter 97

| 1 | יְהוָה | מָלָךְ | תָּגֵל | הָאָרֶץ | יִשְׂמְחוּ | אִיִּים | רַבִּים׃ |
|---|---|---|---|---|---|---|---|
| | યહોવા | રાજ-કરે-છે | ઉલ્લાસ-કરે | પૃથ્વી | આનંદિત-થાય | ટાપુઓ | ઘણાં |
| | H3068 | | H1523 | H0776 | H8055 | H0339 | |

યહોવાહ રાજ કરે છે; પૃથ્વી હરખાઓ; ટાપુઓનો સમૂહ આનંદ પામો.

| 2 | עָנָן | וַעֲרָפֶל | סְבִיבָיו | צֶדֶק | וּמִשְׁפָּט | מְכוֹן | כִּסְאוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|
| | વાદળ | અને-અધારું | તેમની-આસપાસ-છે | નેકી | અને-ન્યાય | પાયો-છે | તેમના-સિંહાસનના |
| | H6051 | H6205 | H5439 | H6664 | H4941 | H4349 | H3678 |

વાદળો અને અધકાર તેમની આસપાસ છે. ન્યાયીપણું તથા ન્યાય તેમના રાજ્યાસનનો પાયો છે + 97:2 યહોવાહ ન્યાયીપણું તથા ન્યાય સાથે રાજ્ય કરે છે.

| צָרָיו: | סָבִיב | וּתְלַהֵט | תֵּלֵךְ | לְפָנָיו | אֵשׁ | 3 |
|---|---|---|---|---|---|---|
| તેમના-શત્રુઓને | ચારે-તરફ | અને-બાળે-છે | ચાલે-છે | તેમની-આગળ-જાય-છે | અગ્નિ | |
| | H5439 | H3857 | H3212 | H6440 | H0784 | |

અગ્નિ તેમની આગળ ચાલે છે અને તે તેમની આસપાસના તેમના શત્રુઓને ભસ્મ કરે છે.

| הָאָרֶץ: | וַתָּחֵל | רָאֲתָה | תֵּבֵל | בְרָקָיו | הֵאִירוּ | 4 |
|---|---|---|---|---|---|---|
| પૃથ્વી | અને-કાંપી | જોયું | જગતને | તેમની-વીજળીઓએ | પ્રકાશિત-કરી | |
| H0776 | | H7200 | H8398 | | H0215 | |

તેમની વીજળીઓએ જગતને પ્રકાશિત કર્યું છે; તે જોઈને પૃથ્વી કાંપી.

| הָאָרֶץ: | כָּל־ | אֲדוֹן | מִלִּפְנֵי | יְהוָה | מִלִּפְנֵי | נָמַסּוּ | כַּדּוֹנַג | הָרִים | 5 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પૃથ્વીના | સમગ્ર | પ્રભુ | સામેથી | યહોવા | યહોવાની-સામેથી | પિઘળી-ગયા | મીણ-જેમ | પર્વતો | |
| H0776 | H3605 | H0113 | H6440 | H3068 | H6440 | H4549 | H1749 | H2022 | |

યહોવાહની સમક્ષ, આખી પૃથ્વીના પ્રભુની સમક્ષ, પર્વતો મીણની જેમ પીગળી ગયા.

| כְּבוֹדוֹ: | הָעַמִּים | כָל־ | וְרָאוּ | צִדְקוֹ | הַשָּׁמַיִם | הִגִּידוּ | 6 |
|---|---|---|---|---|---|---|---|
| તેમનો-મહિમા | લોકોએ | બધા | અને-જોયું | તેમની-નેકી | આકાશો | જાહેર-કરે-છે | |
| H3519 | | H3605 | H7200 | H6664 | H8064 | H5046 | |

આકાશો તેમનું ન્યાયીપણું પ્રગટ કરે છે અને સર્વ લોકોએ તેમનો મહિમા જોયો છે.

| אֱלֹהִים: | כָּל־ | לוֹ | הִשְׁתַּחֲווּ־ | בָּאֱלִילִים | הַמִּתְהַלְלִים | פֶסֶל | עֹבְדֵי | כָּל־ | יֵבֹשׁוּ | 7 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દેવો | બધા | તેમને | નમો-કરો | મૂર્તિઓમાં | જે-બડાઈ-મારે-છે | મૂર્તિઓના | સેવકો | બધા | શરમિંદા-થાય | |
| H0430 | H3605 | | H7812 | H0457 | | H6459 | H5647 | H3605 | H0954 | |

મૂર્તિઓની પૂજા કરનારાઓ, મૂર્તિઓમાં અભિમાન કરનારાઓ, ઓ બધી દેવતાઓ□ તેમની આગળ પ્રણામ કરો.

| יְהוָה: | מִשְׁפָּטֶיךָ | לְמַעַן | יְהוּדָה | בְּנוֹת | וַתָּגֵלְנָה | צִיּוֹן | וַתִּשְׂמַח | שָׁמְעָה | 8 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| યહોવા | તારા-ન્યાયો | કારણે | યહૂદાની | પુત્રીઓએ | અને-ઉલ્લાસ-કરી | સિયોન | અને-આનંદિત-થયું | સાંભળ્યું | |
| H3068 | H4941 | H4616 | H3063 | H1323 | H1523 | H6726 | H8055 | H8085 | |

હે યહોવાહ, તમારાં ન્યાયનાં કાર્યો વિષે સાંભળીને સિયોન આનંદ પામ્યું અને યહૂદિયાની દીકરીઓ હરખાઈ.

| אֱלֹהִים: | כָּל־ | עַל־ | נַעֲלֵיתָ | מְאֹד | הָאָרֶץ | כָּל־ | עַל־ | עֶלְיוֹן | יְהוָה | אַתָּה | כִּי־ | 9 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દેવો-ઉપર | બધા | બધા | ઊંચા-છે | ઘણું | પૃથ્વી-ઉપર | બધી | બધી | પરાત્પર-છે | યહોવા | તું | કારણ-કે | |
| H0430 | H3605 | | H5927 | H3966 | H0776 | H3605 | | | H3068 | | | |

કેમ કે, હે યહોવાહ, તમે સમગ્ર પૃથ્વી પર પરાત્પર છો. તમે સર્વ દેવો કરતાં શ્રેષ્ઠ છો.

| רְשָׁעִים | מִיַּד | חֲסִידָיו | נַפְשׁוֹת | שֹׁמֵר | רָע | שִׂנְאוּ | יְהוָה | אֹהֲבֵי | 10 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દુષ્ટોના | હાથમાંથી | તેમના-ભક્તોના | જીવો | તે-સાચવે-છે | દુષ્ટતાને | ધિક્કારો | યહોવા | યહોવાને-પ્રેમ-કરનારાઓ | |
| H7563 | H3027 | H2623 | H5315 | H8104 | | H8130 | H3068 | H0157 | |
| | | | | | | | | יַצִּילֵם: | |
| | | | | | | | | તેમને-છોડાવે-છે | |
| | | | | | | | | H5337 | |

હે યહોવાહ પર પ્રેમ કરનારાઓ, તમે દુષ્ટતાને ધિક્કારો + 97:10 યહોવાહ દુષ્ટતાને ધિક્કારનારાઓને પ્રેમ કરે છે□ તે પોતાના ભક્તોના આત્માઓનું રક્ષણ કરે છે અને તે તેઓને દુષ્ટોના હાથમાંથી છોડાવે છે.

| שִׂמְחָה: | לֵב | וּלְיִשְׁרֵי־ | לַצַּדִּיק | זָרֻעַ | אוֹר | 11 |
|---|---|---|---|---|---|---|
| આનંદ | હૃદય-માટે | અને-સીધા-હૃદયના | નેક-માટે | વવાયેલો-છે | પ્રકાશ | |
| H8057 | | H3477 | H6662 | H2232 | H0216 | |

ન્યાયીઓને અજવાળાથી અને જેઓનાં હૃદય શુદ્ધ છે તેઓને સુખથી ભરપૂર કરવામાં આવે છે.

| 12 | | | | | |
|---|---|---|---|---|---|
| שִׂמְחוּ | צַדִּיקִים | בַּיהוָה | וְהוֹדוּ | לְזֵכֶר | קָדְשׁוֹ׃ |
| આનંદિત-થાઓ | નેકો | યહોવામાં | અને-આભાર-માનો | સ્મરણ-કરો | તેમના-પવિત્ર-નામનું |
| H8055 | H6662 | H3068 | H3034 | H2143 | H6944 |

હે ન્યાયીઓ, તમે યહોવાહમાં આનંદ કરો; અને તેમના પવિત્ર નામની સ્તુતિ કરો + 97:12 આભાર માનો.

## Chapter 98

| 1 | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִזְמוֹר | שִׁירוּ | לַיהוָה | שִׁיר | חָדָשׁ | כִּי־ | נִפְלָאוֹת | עָשָׂה | הוֹשִׁיעָה־ | לּוֹ | יְמִינוֹ | וּזְרוֹעַ | קָדְשׁוֹ׃ |
| ગીત | ગાઓ | યહોવાને | ગીત | નવું | કારણ-કે | અદ્ભુત-કાર્યો | કર્યાં-છે | ઉદ્ધાર-કર્યો | તેમને | તેમના-જમણા-હાથે | અને-પવિત્ર-ભુજાએ | પવિત્રતાની |
| H4210 | H7891 | H3068 | | H2319 | | H6381 | | H3467 | | H3225 | H2220 | H6944 |

યહોવાહની સમક્ષ, એક નવું ગીત ગાઓ, કેમ કે તેમણે અદ્દભુત કૃત્યો કર્યાં છે; તેમના જમણા હાથે તથા તેમના પવિત્ર બાહુએ પોતાને માટે વિજય મેળવ્યો છે.

| 2 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הוֹדִיעַ | יְהוָה | יְשׁוּעָתוֹ | לְעֵינֵי | הַגּוֹיִם | גִּלָּה | צִדְקָתוֹ׃ |
| જાણીતો-કર્યો | યહોવાએ | તેમનો-ઉદ્ધાર | પ્રજાઓની-આંખો-સામે | પ્રજાઓના | પ્રકટ-કર્યું | તેમની-નેકી |
| H3045 | H3068 | H3444 | | | H1540 | H6666 |

યહોવાહે પોતાનું તારણ બતાવ્યું છે; તેમણે પોતાનું ન્યાયીપણું વિદેશીઓની દ્રષ્ટિમાં પ્રગટ કર્યું છે.

| 3 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| זָכַר | חַסְדּוֹ | וֶאֱמוּנָתוֹ | לְבֵית | יִשְׂרָאֵל | רָאוּ | כָל־ | אַפְסֵי־ | אָרֶץ | אֵת | יְשׁוּעַת | אֱלֹהֵינוּ׃ |
| યાદ-કર્યો | તેમની-કૃપા | અને-વિશ્વાસપાત્રતા | ઇઝરાએલના-ઘર | ઇઝરાએલના | જોયું | બધા | છેડાંની | પૃથ્વીના | તે | ઉદ્ધાર | અમારા-ઈશ્વરનો |
| H2142 | | H0530 | | H3478 | H7200 | H3605 | | H0776 | H0853 | H3444 | H0430 |

તેમણે પોતાની કૃપા તથા વિશ્વાસુપણું ઇઝરાયલના લોકોને માટે સંભાર્યાં છે; આખી પૃથ્વીએ આપણા ઈશ્વરનો વિજય જોયો છે.

| 4 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הָרִיעוּ | לַיהוָה | כָּל־ | הָאָרֶץ | פִּצְחוּ | וְרַנְּנוּ | וְזַמֵּרוּ׃ |
| જયઘોષ-કરો | યહોવાને | સમગ્ર | પૃથ્વી | આનંદથી-ગાઓ | અને-ગાઓ | અને-ગીત-ગાઓ |
| H7321 | H3068 | H3605 | H0776 | H6476 | | H2167 |

હે પૃથ્વીના લોકો, યહોવાહની આગળ હર્ષનાદ કરો; આનંદ અને ઉત્સાહથી તેમની સ્તુતિ ગાઓ, હા, સ્તોત્રો ગાઓ.

| 5 | | | | | |
|---|---|---|---|---|---|
| זַמְּרוּ | לַיהוָה | בְּכִנּוֹר | בְּכִנּוֹר | וְקוֹל | זִמְרָה׃ |
| ગીત-ગાઓ | યહોવાને | વીણાથી | વીણાથી | અને-સ્વર | ગીતના |
| H2167 | H3068 | H3658 | H3658 | | H2172 |

વીણાસહિત, વીણા તથા ગાયનસહિત યહોવાહનાં સ્તોત્રો ગાઓ.

| 6 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בַּחֲצֹצְרוֹת | וְקוֹל | שׁוֹפָר | הָרִיעוּ | לִפְנֵי | הַמֶּלֶךְ | יְהוָה׃ |
| રણશિંગાઓથી | અને-શિંગડાના-અવાજે | રણશિંગાના | જયઘોષ-કરો | સામે | રાજા | યહોવાના |
| H2689 | | H7782 | H7321 | H6440 | H4428 | H3068 |

તૂરી તથા રણશિંગડાંના અવાજથી યહોવાહ રાજાની આગળ હર્ષનાદ કરો.

| 7 | | | | | |
|---|---|---|---|---|---|
| יִרְעַם | הַיָּם | וּמְלֹאוֹ | תֵּבֵל | וְיֹשְׁבֵי | בָהּ׃ |
| ગરજે | સમુદ્ર | અને-તેમાં-જે-છે-તે-બધું | જગત | અને-તેમાંના-વસનારાઓ | તેમાં |
| H7481 | H3220 | H4393 | H8398 | H3427 | |

સમુદ્ર તથા તેનું સર્વસ્વ, જગત અને તેમાંના સર્વ રહેવાસીઓ, ગાજો.

| | | | |
|---|---|---|---|
| 8 | נְהָרוֹת | નદીઓ | H5104 |
| | יִמְחֲאוּ־ | તાળી-પાડે | H4222 |
| | כָף | હાથ | H3709 |
| | יַחַד | સાથે | |
| | הָרִים | પર્વતો | H2022 |
| | יְרַנֵּנוּ׃ | આનંદથી-ગાએ | |

નદીઓના પ્રવાહો તાળી પાડો અને પર્વતો હર્ષનાદ કરો.

| | | | |
|---|---|---|---|
| 9 | לִפְנֵי־ | સામે | H6440 |
| | יְהוָה | યહોવાન | H3068 |
| | כִּי | કારણ-કે | |
| | בָא | તે-આવે-છે | H0935 |
| | לִשְׁפֹּט | ન્યાય-કરવા | H8199 |
| | הָאָרֶץ | પૃથ્વીનો | H0776 |
| | יִשְׁפֹּט־ | તે-ન્યાય-કરશે | H8199 |
| | תֵּבֵל | જગતનો | H8398 |
| | בְּצֶדֶק | નેકીથી | H6664 |
| | וְעַמִּים | અને-લોકોનો | |
| | בְּמֵישָׁרִים׃ | સમાનતાથી | H4339 |

યહોવાહ પૃથ્વીનો ન્યાય કરવાને આવે છે; તે ન્યાયીપણાએ પૃથ્વીનો અને યથાર્થપણાએ લોકોનો ન્યાય કરશે.

## Chapter 99

| | | | |
|---|---|---|---|
| 1 | יְהוָה | યહોવા | H3068 |
| | מָלָךְ | રાજ-કરે-છે | |
| | יִרְגְּזוּ | કાંપે | H7264 |
| | עַמִּים | લોકો | |
| | יֹשֵׁב | તે-બેઠા-છે | H3427 |
| | כְּרוּבִים | કરૂબો-પર | H3742 |
| | תָּנוּט | કાંપે | H5120 |
| | הָאָרֶץ׃ | પૃથ્વી | H0776 |

યહોવાહ રાજ કરે છે; લોકો કાંપો. તે કરુબો પર બિરાજે છે; પૃથ્વી કાંપો.

| | | | |
|---|---|---|---|
| 2 | יְהוָה | યહોવા | H3068 |
| | בְּצִיּוֹן | સિયોનમાં | H6726 |
| | גָּדוֹל | મહાન-છે | |
| | וְרָם | અને-ઊંચા-છે | |
| | הוּא | તે | H1931 |
| | עַל־ | બધા | |
| | כָּל־ | બધા | H3605 |
| | הָעַמִּים׃ | લોકો-ઉપર | |

યહોવાહ સિયોનમાં મહાન છે; તે સર્વ લોકો કરતાં ઊંચા છે.

| | | | |
|---|---|---|---|
| 3 | יוֹדוּ | સ્તુતિ-કરે | H3034 |
| | שִׁמְךָ | તારું-નામ | H8034 |
| | גָּדוֹל | મહાન-અને | |
| | וְנוֹרָא | ભયાવહ | H3372 |
| | קָדוֹשׁ | પવિત્ર-છે | H6918 |
| | הוּא׃ | તે | H1931 |

તેઓ તમારા મહાન અને ભયાવહ નામની સ્તુતિ કરો; તે પવિત્ર છે.

| | | | |
|---|---|---|---|
| 4 | וְעֹז | અને-શક્તિ | H5797 |
| | מֶלֶךְ | રાજાની | H4428 |
| | מִשְׁפָּט | ન્યાયને | H4941 |
| | אָהֵב | પ્રેમ-કરે-છે | H0157 |
| | אַתָּה | તેં | |
| | כּוֹנַנְתָּ | સ્થાપિત-કર્યું-છે | |
| | מֵישָׁרִים | સમાનતા | H4339 |
| | מִשְׁפָּט | ન્યાય | H4941 |
| | וּצְדָקָה | અને-નેકી | H6666 |
| | בְּיַעֲקֹב | યાકૂબમાં | H3290 |
| | אַתָּה | તેં | |
| | עָשִׂיתָ׃ | કર્યું-છે | |

રાજા પરાક્રમી છે અને તે ન્યાયને ચાહે છે + 99:4 યહોવાહ જે રાજા છે ન્યાયને ચાહે છે. તમે ન્યાયને સ્થાપન કરો છો; તમે યાકૂબમાં ન્યાયીપણાને ઉત્પન્ન કરો છો.

| | | | |
|---|---|---|---|
| 5 | רוֹמְמוּ | ઊંચો-કરો | |
| | יְהוָה | યહોવા | H3068 |
| | אֱלֹהֵינוּ | અમારા-ઈશ્વરને | H0430 |
| | וְהִשְׁתַּחֲווּ | અને-નમો-કરો | H7812 |
| | לַהֲדֹם | તેમન-પગની-ચૌકી-પાસે | H1916 |
| | רַגְלָיו | તેમન-પગોના | H7272 |
| | קָדוֹשׁ | પવિત્ર-છે | H6918 |
| | הוּא׃ | તે | H1931 |

આપણા ઈશ્વર યહોવાહ મોટા મનાઓ અને તેમના પાયાસન પાસે ભજન કરો. તે પવિત્ર છે.

6 מֹשֶׁה וְאַהֲרֹן בְּכֹהֲנָיו וּשְׁמוּאֵל בְּקֹרְאֵי שְׁמוֹ קֹרְאִים אֶל־ יְהוָה וְהוּא יַעֲנֵם׃

મૂસા અને-અહરોન તેમન□-યાજકોમાં અને-શમુએલ તેમનું-નામ-પુકારનારાઓમાં તેમનું-નામ બોલાવતા-હતા યહોવાને યહોવા અને-તે તેમને-ઉત્તર-આપતા

H4872 H0175 H3548 H8050 H7121 H8034 H7121 H0413 H3068 H1931

તેમના યાજકોમાં મૂસાએ તથા હારુને અને તેમના નામને હાંક મારનારાઓમાં શમુએલે પણ યહોવાહને વિનંતિ કરી અને તેમણે તેઓને ઉત્તર આપ્યો.

7 בְּעַמּוּד עָנָן יְדַבֵּר אֲלֵיהֶם שָׁמְרוּ עֵדֹתָיו וְחֹק נָתַן־ לָמוֹ׃

વાદળના-સ્તંભમાં વાદળ તે-બોલતા તેમને તેઓએ-પાળ્યાં તેમની-સાક્ષીઓ અને-નિયમ આપ્યો તેમને

H5982 H6051 H1696 H0413 H8104 H2706 H5414

તેમણે મેઘસ્તંભમાંથી તેઓની સાથે વાત કરી. તેઓએ તેમની પવિત્ર આજ્ઞાઓ અને તેમણે આપેલા વિધિઓ પાળ્યા.

8 יְהוָה אֱלֹהֵינוּ אַתָּה עֲנִיתָם אֵל נֹשֵׂא הָיִיתָ לָהֶם וְנֹקֵם עַל־ עֲלִילוֹתָם׃

યહોવા અમારા-ઈશ્વર તેં તેમને-ઉત્તર-આપ્યા ઈશ્વર ક્ષમા-કરનારા હતા તેમના-માટે પણ-બદલો-આપનારા તેમન□ કૃત્યો-પર

H3068 H0430 H0410 H5375 H1961 H1992 H5358 H5949

હે યહોવાહ, અમારા ઈશ્વર, તમે તેઓને ઉત્તર આપો. જો કે તમે તેઓને તેઓના પાપોની શિક્ષા કરી, તોપણ તેઓને ક્ષમા કરનાર ઈશ્વર તો તમે જ હતા.

9 רוֹמְמוּ יְהוָה אֱלֹהֵינוּ וְהִשְׁתַּחֲווּ לְהַר קָדְשׁוֹ כִּי־ קָדוֹשׁ יְהוָה אֱלֹהֵינוּ׃

ઊંચો-કરો યહોવા અમારા-ઈશ્વરને અને-નમો-કરો તેમના-પવિત્ર-પર્વત-પર તેમની-પવિત્રતાના કારણ-કે પવિત્ર-છે યહોવા અમારા-ઈશ્વર

H3068 H0430 H7812 H2022 H6944 H6918 H3068 H0430

આપણા ઈશ્વર યહોવાહને મોટા માનો અને તેમના પવિત્ર પર્વત પર ભજન કરો, કેમ કે આપણા ઈશ્વર યહોવાહ પવિત્ર છે.

## Chapter 100

1 מִזְמוֹר לְתוֹדָה הָרִיעוּ לַיהוָה כָּל־ הָאָרֶץ׃

ગીત આભારનું જયઘોષ-કરો યહોવાને સમગ્ર પૃથ્વી

H4210 H8426 H7321 H3068 H3605 H0776

હે પૃથ્વીના લોકો, યહોવાહની સમક્ષ ગાઓ.

2 עִבְדוּ אֶת־ יְהוָה בְּשִׂמְחָה בֹּאוּ לְפָנָיו בִּרְנָנָה׃

સેવા-કરો યહોવાની યહોવા આનંદથી આવો તેમની-સામે ગીતો-સાથે

H5647 H0853 H3068 H8057 H0935 H6440 H7445

આનંદથી યહોવાહની સેવા કરો; ગાતાં ગાતાં તેમની આગળ આવો.

3 דְּעוּ כִּי־ יְהוָה הוּא אֱלֹהִים הוּא־ עָשָׂנוּ [ולא] (וְלוֹ) אֲנַחְנוּ עַמּוֹ וְצֹאן מַרְעִיתוֹ׃

જાણો કે યહોવા તે ઈશ્વર-છે તેમણે અમને-બનાવ્યાં કેરી અને-તેમના અમે-છીએ તેમની-પ્રજા અને-ઘેટાં તેમની-ગોચરન□

H3045 H3068 H1931 H0430 H1931 H3808 H0587 H6629 H4830

જાણો કે યહોવાહ તે જ ઈશ્વર છે; તેમણે આપણને ઉત્પન્ન કર્યા છે અને આપણે તેમના જ છીએ. આપણે તેમના લોક અને તેમના ચારાનાં ઘેટાં છીએ.

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בֹּאוּ | שְׁעָרָיו | בְּתוֹדָה | חֲצֵרֹתָיו | בִּתְהִלָּה | הוֹדוּ־ | לוֹ | בָּרְכוּ | שְׁמוֹ׃ |
| પ્રવેશો-કરો | તેમન□-દ્વારોમાં | આભારથી | તેમનાં-આગણામાં | સ્તુતિથી | આભાર-માનો | તેમને | ધન્ય-કરો | તેમનું-નામ |
| H0935 | H8179 | H8426 | | H8416 | H3034 | | H1288 | H8034 |

આભારસ્તુતિ સાથે તેમના દ્વારમાં પ્રવેશો અને સ્તવન કરતાં તેમના આગણામાં આવો. આભાર માનીને તેમના નામની પ્રશંસા કરો.

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | טוֹב | יְהוָה | לְעוֹלָם | חַסְדּוֹ | וְעַד־ | דֹּר | וָדֹר | אֱמוּנָתוֹ׃ |
| કારણ-કે | સારા-છે | યહોવા | સદાકાળ-સુધી | તેમની-કૃપા | અને-પેઢી | દર | પેઢી-સુધી | તેમની-વિશ્વાસપાત્રતા |
| | | H3068 | H5769 | | H5704 | H1755 | H1755 | H0530 |

કારણ કે યહોવાહ ઉત્તમ છે; તેમની કૃપા સર્વકાળ અને તેમનું ન્યાયીપણું પેઢી દરપેઢી ટકી રહે છે.

# Chapter 101

1

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לְדָוִד | מִזְמוֹר | חֶסֶד־ | וּמִשְׁפָּט | אָשִׁירָה | לְךָ | יְהוָה | אֲזַמֵּרָה׃ |
| દાવિદનું | ગીત | કૃપા | અને-ન્યાય | હું-ગાઈશ | તને | યહોવા | હું-સ્તુતિ-કરીશ |
| H1732 | H4210 | | H4941 | H7891 | | H3068 | H2167 |

કૃપા તથા ન્યાય વિષે હું ગાયન કરીશ; હે યહોવાહ, હું તમારી સ્તુતિ કરીશ.

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַשְׂכִּילָה | בְּדֶרֶךְ | תָּמִים | מָתַי | תָּבוֹא | אֵלָי | אֶתְהַלֵּךְ | בְּתָם־ | לְבָבִי | בְּקֶרֶב | בֵּיתִי׃ |
| હું-સમજીશ | માર્ગમાં | સંપૂર્ણતાના | ક્યારે | તું-આવીશ | મારી-પાસે | હું-ચાલીશ | નિષ્કપટતામાં | મારા-હૃદયની | અદર | મારા-ઘરની |
| | H1870 | H8549 | H4970 | H0935 | H0413 | H1980 | H8537 | H3824 | H7130 | |

હું સીધા માર્ગમાં ચાલીશ. તમે મારી પાસે ક્યારે આવશો? હું ખરા અંત:કરણથી મારા ઘરમાં વર્તીશ.

3

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | אָשִׁית | לְנֶגֶד | עֵינַי | דְּבַר־ | בְּלִיָּעַל | עֲשֹׂה־ | סֵטִים | שָׂנֵאתִי | לֹא | יִדְבַּק | בִּי׃ |
| નહિ | હું-રાખીશ | સામે | મારી-આખોની | કોઈ-વાત | નકામી | કરનારાઓનું | પાપી-કામ | મેં-ધિક્કાર્યું | નહિ | ચોંટશે | મને |
| H3808 | H7896 | H5048 | | H1697 | H1100 | | H7750 | H8130 | H3808 | H1692 | |

હું કંઈ ખોટું કાર્ય મારી દ્રષ્ટિમાં રાખીશ નહિ; પીછેહઠ કરનારાનાં કામથી હું કંટાળું છું; તેમની કંઈ અસર મને થશે નહિ.

4

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לֵבָב | עִקֵּשׁ | יָסוּר | מִמֶּנִּי | רָע | לֹא | אֵדָע׃ |
| હૃદય | વાંકું | દૂર-થશે | મારાથી | દુષ્ટતા | નહિ | હું-જાણીશ |
| H3824 | H6141 | H5493 | | | H3808 | H3045 |

અનુચિત લોકોને હું મારાથી દૂર રાખીશ; હું કોઈ દુષ્ટની ઓળખાણ રાખીશ નહિ.

5

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (מלושני) | [מְלָשְׁנִי] | בַסֵּתֶר | רֵעֵהוּ | אוֹתוֹ | אַצְמִית | גְּבַהּ־ | עֵינַיִם | וּרְחַב | לֵבָב | אֹתוֹ | לֹא | אוּכָל׃ |
| જે | છૂપીથી-નિંદે | ગુપ્ત-રીતે | પોતાના-પડોશીની | તેને | હું-નાશ-કરીશ | ઊંચી | આખોવાળા | અને-ગર્વિષ્ઠ | હૃદયવાળાને | તેને | નહિ | હું-સહન-કરીશ |
| H3960 | H3960 | | H7453 | H0853 | H6789 | H1362 | | H7342 | H3824 | H0853 | H3808 | H3201 |

જે કોઈ પોતાના પાડોશીની છાની ચાડી કરે છે તેનો હું નાશ કરીશ. જેની દ્રષ્ટિ અભિમાની અને જેનું હૃદય ગર્વિષ્ઠ છે તેનું હું સહન કરીશ નહિ.

6

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עֵינַי | בְּנֶאֶמְנֵי־ | אֶרֶץ | לָשֶׁבֶת | עִמָּדִי | הֹלֵךְ | בְּדֶרֶךְ | תָּמִים | הוּא | יְשָׁרְתֵנִי׃ |
| મારી-આખો | વિશ્વાસુ-લોકો-પર | દેશના | બેસવા-માટે | મારી-સાથે | ચાલનાર | માર્ગમાં | સંપૂર્ણતાના | તે | મારી-સેવા-કરશે |
| | H0539 | H0776 | H3427 | H5978 | H1980 | H1870 | H8549 | H1931 | H8334 |

દેશમાંના વિશ્વાસુઓ મારી પાસે વાસો કરે તે માટે હું તેઓ પર રહેમ નજર રાખીશ. જે કોઈ સીધા માર્ગમાં ચાલે છે તે મારી સેવા કરશે.

7
לֹא־ નહિ H3808
יֵשֵׁב રહેશે H3427
בְּקֶרֶב અંદર H7130
בֵּיתִי મારા-ઘરમાં
עֹשֵׂה કરનાર
רְמִיָּה છળકપટ
דֹּבֵר બોલનાર H1696
שְׁקָרִים જૂઠ H8267
לֹא־ નહિ H3808
יִכּוֹן ટકશે
לְנֶגֶד સામે H5048
עֵינָי׃ મારી-આખોના

કપટી લોકો મારા ઘરમાં રહી શકશે નહિ; જૂઠું બોલનારા કોઈ મારી આખ આગળ રહેશે નહિ.

8
לַבְּקָרִים દરરોજ-સવારે H1242
אַצְמִית હું-નાશ-કરીશ H6789
כָּל־ સર્વ H3605
רִשְׁעֵי־ દુષ્ટોને H7563
אָרֶץ દેશના H0776
לְהַכְרִית કાપી-નાખવા H3772
מֵעִיר־ શહેરમાંથી
יְהוָה યહોવાના H3068
כָּל־ સર્વ H3605
פֹּעֲלֵי પાપ-કરનારાઓને H6466
אָוֶן׃ અન્યાયના H0205

આ દેશમાં રહેતા દુષ્ટ લોકોનો હું દરરોજ નાશ કરીશ; સર્વ દુષ્ટ કરનારાઓને યહોવાહના નગરમાંથી કાપી નાખીશ.

## Chapter 102

1
תְּפִלָּה પ્રાર્થના H8605
לְעָנִי દુ:ખી-માણસની H6041
כִי־ જ્યારે
יַעֲטֹף તે-ઢીલો-પડે
וְלִפְנֵי અને-પ્રભુ-સમક્ષ H6440
יְהוָה યહોવા H3068
יִשְׁפֹּךְ તે-રેડે H8210
שִׂיחוֹ׃ પોતાની-ફરિયાદ H7879
יְהוָה હે-યહોવા H3068
שִׁמְעָה સાંભળ H8085
תְפִלָּתִי મારી-પ્રાર્થના H8605
וְשַׁוְעָתִי અને-મારો-પોકાર H7775
אֵלֶיךָ તારી-પાસે H0413
תָבוֹא׃ આવે H0935

હે યહોવાહ, મારી પ્રાર્થના સાંભળો; મારા પોકારને તમારી પાસે આવવા દો.

2
אַל־ ના H0408
תַּסְתֵּר છુપાવ H5641
פָּנֶיךָ તારું-મુખ H6440
מִמֶּנִּי મારાથી
בְּיוֹם દિવસે H3117
צַר સંકટના
לִי મારા
הַטֵּה־ ઢાળ H5186
אֵלַי મારી-તરફ H0413
אָזְנֶךָ તારો-કાન H0241
בְּיוֹם દિવસે H3117
אֶקְרָא હું-પોકારું H7121
מַהֵר જલ્દી
עֲנֵנִי׃ જવાબ-આપ

મારા સંકટના દિવસે તમારું મુખ મારાથી ન ફેરવો. મારું સાંભળો. જ્યારે હું તમને પોકારું, ત્યારે તમે મને વહેલો ઉત્તર આપો.

3
כִּי־ કારણકે
כָלוּ સમાપ્ત-થયા H3615
בְעָשָׁן ધુમાડામાં H6227
יָמָי મારા-દિવસો H3117
וְעַצְמוֹתַי અને-મારાં-હાડકાં H6106
כְּמוֹ־ જેમ H3644
קֵד અગારાની-જેમ H4168
נִחָרוּ׃ બળી-ગયાં H2787

કારણ કે મારા દિવસો તો ધુમાડાની જેમ વીતી જાય છે અને મારાં હાડકાં અગ્નિની જેમ બળી જાય છે.

4
הוּכָּה־ ઘાસની-જેમ-માર-ખાધો H5221
כָעֵשֶׂב ઘાસ-જેવું H6212
וַיִּבַשׁ અને-સુકાઈ-ગયું H3001
לִבִּי મારું-હૃદય
כִּי־ કારણકે
שָׁכַחְתִּי હું-ભૂલી-ગયો H7911
מֵאֲכֹל ખાવાનું-પણ H0398
לַחְמִי׃ મારી-રોટલી H3899

મારું હૃદય તો ઘાસના જેવું કપાયેલું અને ચીમળાયેલું છે. એટલે સુધી કે રોટલી ખાવાનું પણ હું ભૂલી જાઉં છું.

5
מִקּוֹל અવાજથી
אַנְחָתִי મારા-નિસાસાના H0585
דָּבְקָה ચોંટ્યાં H1692
עַצְמִי મારાં-હાડકાં H6106
לִבְשָׂרִי׃ મારા-માંસને H1320

મારા નિસાસાને કારણે હું ઘણો સુકાઈ ગયો છું.

| חֳרָבוֹת׃ | כְּכוֹס | הָיִיתִי | מִדְבָּר | לִקְאַת | דָּמִיתִי | 6 |
|---|---|---|---|---|---|---|
| ખંડેરોનો | ઘુવડ-જેવો | હું-બન્યો | અરણ્યનો | રણના-પક્ષી-જેવો | હું-જેવો-થયો | |
| H2723 | | H1961 | | H6893 | H1819 | |

હું રાનની જળકૂકડી + 102:6 ગરુડ અથવા ઘુવડ જેવો થઈ ગયો છું; અરણ્યના ઘુવડ જેવો થઈ ગયો છું.

| גָּג׃ | עַל־ | בּוֹדֵד | כְּצִפּוֹר | וָאֶהְיֶה | שָׁקַדְתִּי | 7 |
|---|---|---|---|---|---|---|
| છાપરાના | છાપરા-ઉપર | એકલું | પક્ષી-જેવો | અને-થયો | હું-જાગતો-રહ્યો | |
| H1406 | | H0909 | H6833 | H1961 | H8245 | |

હું જાગૃત રહું છું, હું અગાસી પર એકલી પડેલી ચકલી જેવો થઈ ગયો છો.

| נִשְׁבָּעוּ׃ | בִּי | מְהוֹלָלַי | אוֹיְבָי | חֵרְפוּנִי | הַיּוֹם | כָּל־ | 8 |
|---|---|---|---|---|---|---|---|
| શપથ-ખાય-છે | મારા-નામે | મારા-ઠઠ્ઠા-કરનારા | મારા-શત્રુઓ | મને-મહેણાં-મારે | દિવસ | આખો | |
| H7650 | | | H0341 | | H3117 | H3605 | |

મારા શત્રુ આખો દિવસ મને મહેણાં મારે છે; જેઓ મારી મજાક ઉડાવે છે તેઓ બીજાને શાપ આપવા મારા નામનો ઉપયોગ કરે છે.

| מָסָכְתִּי׃ | בִּבְכִי | וְשִׁקֻּוַי | אָכָלְתִּי | כַּלֶּחֶם | אֵפֶר | כִּי־ | 9 |
|---|---|---|---|---|---|---|---|
| મેં-મેળવ્યું | આસુઓ-સાથે | અને-મારું-પાણી | મેં-ખાધી | રોટલીની-જેમ | રાખ | કારણકે | |
| H4537 | H1065 | H8249 | H0398 | H3899 | H0665 | | |

રોટલીને બદલે હું રાખ ખાઉં છું મારાં આસુ વહીને મારા પ્યાલામાં પડે છે.

| וַתַּשְׁלִיכֵנִי׃ | נְשָׂאתַנִי | כִּי | וְקִצְפֶּךָ | זַעַמְךָ | מִפְּנֵי־ | 10 |
|---|---|---|---|---|---|---|
| અને-ફેંકી-દીધો | તેં-મને-ઉઠાવ્યો | કારણકે | અને-ગુસ્સાને-લીધે | તારા-રોષ | તારા-ક્રોધને-લીધે | |
| H7993 | H5375 | | | H2195 | H6440 | |

તે તમારા રોષને કારણે છે, કેમ કે તમે મને ઊંચો કરીને નીચે ફેંકી દીધો છે.

| אִיבָשׁ׃ | כָּעֵשֶׂב | וַאֲנִי | נָטוּי | כְּצֵל | יָמַי | 11 |
|---|---|---|---|---|---|---|
| સુકાઈ-ગયો | ઘાસ-જેમ | અને-હું | ઢળી-ગયા | છાયા-જેવા | મારા-દિવસો | |
| H3001 | H6212 | H0589 | H5186 | H6738 | H3117 | |

મારા દિવસો નમતી છાયા જેવા છે અને હું ઘાસની જેમ કરમાઈ ગયો છું.

| וָדֹר׃ | לְדֹר | וְזִכְרְךָ | תֵּשֵׁב | לְעוֹלָם | יְהוָה | וְאַתָּה | 12 |
|---|---|---|---|---|---|---|---|
| પેઢી-છે | પેઢી-દર | અને-તારું-સ્મરણ | બેઠેલો-છે | સદાકાળ | યહોવા | પણ-તું | |
| H1755 | H1755 | H2143 | H3427 | H5769 | H3068 | | |

પણ, હે યહોવાહ, તમે સર્વકાળ ટકનાર છો અને તમારું સ્મરણ પેઢી દરપેઢી રહેશે.

| מוֹעֵד׃ | בָא | כִּי־ | לְחֶנְנָהּ | עֵת | כִּי־ | צִיּוֹן | תְּרַחֵם | תָקוּם | אַתָּה | 13 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નિયત-સમય | આવ્યો-છે | કારણકે | કૃપા-કરવાનો | સમય | કારણકે | સિયોન-પર | દયા-કરીશ | ઊઠીશ | તું | |
| H4150 | H0935 | | | H6256 | | H6726 | H7355 | | | |

તમે ઊભા થઈને સિયોન પર દયા કરશો. તેના પર દયા કરવાનો સમય, એટલે ઠરાવેલો સમય, આવ્યો છે.

| יְחֹנֵנוּ׃ | עֲפָרָהּ | וְאֶת־ | אֲבָנֶיהָ | אֶת־ | עֲבָדֶיךָ | רָצוּ | כִּי־ | 14 |
|---|---|---|---|---|---|---|---|---|
| દયા-કરે-છે | ધૂળ-પર | અને-તેની | પથ્થરોને | તેના | તારા-સેવકો | પ્રેમ-કરે-છે | કારણકે | |
| | H6083 | H0853 | H0068 | H0853 | H5650 | H7521 | | |

કારણ કે તમારા સેવકોને તેના પથ્થરો વહાલા છે અને તેની ધૂળ પર તેઓને દયા આવે છે.

| כְּבוֹדֶךָ׃ | אֶת־ | הָאָרֶץ | מַלְכֵי | וְכָל־ | יְהוָה | שֵׁם | אֶת־ | גוֹיִם | וְיִירְאוּ | 15 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગૌરવથી | તારા | પૃથ્વીના | રાજાઓ | અને-સર્વ | યહોવાના | નામ | નામથી | પ્રજાઓ | અને-ડરશે | |
| H3519 | H0853 | H0776 | H4428 | H3605 | H3068 | H8034 | H0853 | | H3372 | |

હે યહોવાહ, વિદેશીઓ તમારા નામનો આદર કરશે અને પૃથ્વીના સર્વ રાજાઓ તમારા ગૌરવનો આદર કરશે.

16

| | | | | | |
|---|---|---|---|---|---|
| כִּֽי־ | בָנָ֣ה | יְהוָ֣ה | צִיּ֑וֹן | נִ֝רְאָ֗ה | בִּכְבוֹדֽוֹ׃ |
| કારણકે | બાંધ્યું-છે | યહોવાએ | સિયોન | તે-દેખાયો | પોતાના-ગૌરવમાં |
| | H1129 | H3068 | H6726 | H7200 | H3519 |

યહોવાહે સિયોનને ફરીથી બાંધ્યું છે અને તે પોતાના ગૌરવથી પ્રગટ થયા છે.

17

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| פָּ֭נָה | אֶל־ | תְּפִלַּ֣ת | הָעַרְעָ֑ר | וְלֹֽא־ | בָ֝זָ֗ה | אֶת־ | תְּפִלָּתָֽם׃ |
| તેણે-ધ્યાન-આપ્યું | તરફ | પ્રાર્થનાની | નિરાધારની | અને-નહિ | તિરસ્કારી | તેમની | પ્રાર્થનાને |
| H6437 | H0413 | H8605 | H6199 | H3808 | H0959 | H0853 | H8605 |

તે જ સમયે, તેમણે લાચારની પ્રાર્થના પર લક્ષ લગાડ્યું છે; તે તેઓની પ્રાર્થના નકારશે નહિ.

18

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| תִּכָּ֣תֶב | זֹ֭את | לְד֣וֹר | אַחֲר֑וֹן | וְעַ֥ם | נִ֝בְרָ֗א | יְהַלֶּל־ | יָֽהּ׃ |
| લખી-રાખો | આ-વાત | આવનારી-પેઢી-માટે | ભવિષ્યની | અને-પ્રજા | સર્જાયેલી | સ્તુતિ-કરશે | યાહની |
| H3789 | H2063 | H1755 | H0314 | | | | H3050 |

આ વાતો તો આવનાર પેઢી માટે લખવામાં આવી છે અને જે લોકો હજી સુધી જન્મ્યા નથી, તેઓ પણ યહોવાહની સ્તુતિ કરશે.

19

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | הִ֭שְׁקִיף | מִמְּר֣וֹם | קָדְשׁ֑וֹ | יְ֝הוָ֗ה | מִשָּׁמַ֥יִם | אֶל־ | אֶ֥רֶץ | הִבִּֽיט׃ |
| કારણકે | તેણે-જોયું | ઊંચાઈથી | પોતાના-પવિત્રાલયની | યહોવાએ | આકાશમાંથી | પૃથ્વી-તરફ | પૃથ્વી | નજર-કરી |
| | H8259 | H4791 | H6944 | H3068 | H8064 | H0413 | H0776 | H5027 |

કેમ કે તેમણે પોતાના ઉચ્ચ પવિત્રસ્થાનમાંથી જોયું છે; આકાશમાંથી યહોવાહે પૃથ્વીને નિહાળી,

20

| | | | | | |
|---|---|---|---|---|---|
| לִ֭שְׁמֹעַ | אֶנְקַ֣ת | אָסִ֑יר | לְ֝פַתֵּ֗חַ | בְּנֵ֣י | תְמוּתָֽה׃ |
| સાંભળવા | કણસાટ | કેદીનો | છોડાવવા | સંતાનોને | મૃત્યુના |
| H8085 | H0603 | H0615 | | | H8546 |

જેથી તે બંદીવાનોના નિસાસા સાંભળી શકે, જેઓ મરણના સપાટામાં સપડાયેલા છે તેઓને તે છોડાવે.

21

| | | | | | |
|---|---|---|---|---|---|
| לְסַפֵּ֣ר | בְּ֭צִיּוֹן | שֵׁ֣ם | יְהוָ֑ה | וּ֝תְהִלָּת֗וֹ | בִּירוּשָׁלִָֽם׃ |
| જાહેર-કરવા | સિયોનમાં | નામ | યહોવાનું | અને-તેમની-સ્તુતિ | યરૂશાલેમમાં |
| | H6726 | H8034 | H3068 | H8416 | H3389 |

પછી માણસો સિયોનમાં યહોવાહનું નામ અને યરુશાલેમમાં તેમની સ્તુતિ જાહેર કરે.

22

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בְּהִקָּבֵ֣ץ | עַמִּ֣ים | יַחְדָּ֑ו | וּ֝מַמְלָכ֗וֹת | לַעֲבֹ֥ד | אֶת־ | יְהוָֽה׃ |
| જ્યારે-એકઠા-થશે | પ્રજાઓ | સાથે | અને-રાજ્યો | સેવા-કરવા | યહોવાની | યહોવાની |
| H6908 | | | H4467 | H5647 | H0853 | H3068 |

જ્યારે લોકો અને રાજ્યો ભેગા થાય છે, ત્યારે તેઓ યહોવાહની સેવા કરે છે.

23

| | | | | | |
|---|---|---|---|---|---|
| עִנָּ֣ה | בַדֶּ֣רֶךְ | ]כחו[ | )כֹּחִ֑י( | קִ֝צַּ֗ר | יָמָֽי׃ |
| તેણે-થકાવી-દીધો | માર્ગમાં | મારા | મારા-બળને | ટૂંકા-કર્યા | મારા-દિવસો |
| | H1870 | | | | H3117 |

તેમણે માર્ગમાં + 102:23 મારી જુવાનીમાં મારી શક્તિ ઘટાડી છે. તેમણે મારા દિવસો ટૂંકા કર્યા છે.

24

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֹמַ֗ר | אֵלִ֗י | אַל־ | תַּ֭עֲלֵנִי | בַּחֲצִ֣י | יָמָ֑י | בְּד֖וֹר | דּוֹרִ֣ים | שְׁנוֹתֶֽיךָ׃ |
| હું-કહું-છું | મારા-ઈશ્વર | ના | લઈ-જા-મને | અડધા | મારા-દિવસોમાં | પેઢી-દર | પેઢીઓ-સુધી | તારાં-વર્ષો-છે |
| H0559 | H0410 | H0408 | H5927 | H2677 | H3117 | H1755 | H1755 | H8141 |

મેં કહ્યુ, “હે મારા ઈશ્વર, મારા દિવસો પૂરા થયા અગાઉ તમે મને ન લઈ જાઓ; તમે અહીંયાં પેઢી દરપેઢી સુધી છો.

25

| | | | | | |
|---|---|---|---|---|---|
| לְ֭פָנִים | הָאָ֣רֶץ | יָסַ֑דְתָּ | וּֽמַעֲשֵׂ֖ה | יָדֶ֣יךָ | שָׁמָֽיִם׃ |
| પ્રાચીન-કાળમાં | પૃથ્વીનો | તેં-પાયો-નાખ્યો | અને-તારા-હાથનું | તારા-હાથનું | આકાશ-કાર્ય-છે |
| H6440 | H0776 | H3245 | H4639 | H3027 | H8064 |

પૂર્વે તમે પૃથ્વીનો પાયો નાખ્યો; આકાશો તમારા હાથનું કામ છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| תַּחֲלִיפֵ֣ם | כַּלְּב֖וּשׁ | יִבְל֑וּ | כַּבֶּ֣גֶד | וְ֭כֻלָּם | תַֽעֲמֹ֫ד | וְאַתָּ֪ה | יֹאבֵ֗דוּ | הֵ֤מָּה׀ | 26 |
| તું-બદલી-નાખીશ | વસ્ત્રની-જેમ | જૂનાં-થશે | વસ્ત્ર-જેમ | અને-તે-બધાં | ટકી-રહીશ | પણ-તું | નાશ-પામશે | તેઓ | |
| H2498 | H3830 | H1086 | | H3605 | H5975 | | H0006 | H1992 | |

| |
|---|
| וְֽיַחֲלֹֽפוּ׃ |
| અને-તે-બદલાશે |
| H2498 |

તેઓ નાશ પામશે, પણ તમે ટકી રહેશો; તેઓ સર્વ વસ્ત્રની જેમ જીર્ણ થઈ જશે; વસ્ત્રની જેમ તમે તેઓને બદલશો અને તેઓ બદલાઈ જશે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| יִתָּֽמּוּ׃ | לֹ֣א | וּ֝שְׁנוֹתֶ֗יךָ | ה֑וּא | וְאַתָּה־ | 27 |
| સમાપ્ત-થશે | નહિ | અને-તારાં-વર્ષો | તે-જ-છે | પણ-તું | |
| H8552 | H3808 | H8141 | H1931 | | |

પણ તમે તો એવા અને એવા જ રહેશો તમારાં વર્ષોનો અંત આવશે નહિ.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יִכּֽוֹן׃ | לְפָנֶ֥יךָ | וְ֝זַרְעָ֗ם | יִשְׁכּ֑וֹנוּ | עֲבָדֶ֣יךָ | בְּנֵֽי־ | 28 |
| સ્થિર-રહેશે | તારી-સમક્ષ | અને-તેમનું-વંશ | વસશે | તારા-સેવકોનાં | સંતાનો | |
| | H6440 | H2233 | H7931 | H5650 | | |

તમારા સેવકોનાં બાળકો અહીં વસશે અને તેઓનાં વંશજો તમારી હજૂરમાં રહેશે."

## Chapter 103

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| קָדְשֽׁוֹ׃ | שֵׁ֥ם | אֶת־ | קְ֝רָבַ֗י | וְכָל־ | יְהוָ֑ה | אֶת־ | נַ֭פְשִׁי | בָּרְכִ֣י | לְדָוִ֨ד׀ | 1 |
| પવિત્રતાના | પવિત્ર-નામને | તેમના | મારાં-અતરના | અને-સર્વ | યહોવાની | યહોવાને | મારા-આત્મા | સ્તુતિ-કર | દાવિદનું | |
| H6944 | H8034 | H0853 | H7130 | H3605 | H3068 | H0853 | H5315 | H1288 | H1732 | |

હે મારા આત્મા, યહોવાહને સ્તુત્ય માન અને મારા ખરા અતઃકરણ, તેમના પવિત્ર નામને સ્તુત્ય માન.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| גְּמוּלָֽיו׃ | כָּל־ | תִּ֝שְׁכְּחִ֗י | וְאַל־ | יְהוָ֑ה | אֶת־ | נַ֭פְשִׁי | בָּרְכִ֣י | 2 |
| તેમનાં-ઉપકારોને | સર્વ | ભૂલ | અને-ના | યહોવાની | યહોવાને | મારા-આત્મા | સ્તુતિ-કર | |
| H1576 | H3605 | H7911 | H0408 | H3068 | H0853 | H5315 | H1288 | |

હે મારા આત્મા, યહોવાહને સ્તુત્ય માન, અને તેમના સર્વ ઉપકારો તું ભૂલી ન જા.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| תַּחֲלֻאָֽיְכִי׃ | לְכָל־ | הָ֝רֹפֵ֗א | עֲוֺנֵ֑כִי | לְכָל־ | הַסֹּלֵ֥חַ | 3 |
| તારા-રોગોને | સર્વ | જે-સાજો-કરે-છે | તારા-અપરાધોને | સર્વ | જે-માફ-કરે-છે | |
| H8463 | H3605 | H7495 | H5771 | H3605 | H5545 | |

તે તારાં સઘળાં પાપ માફ કરે છે; અને તારા સર્વ રોગ મટાડે છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְרַחֲמִֽים׃ | חֶ֣סֶד | הַ֝מְעַטְּרֵ֗כִי | חַיָּ֑יְכִי | מִשַּׁ֣חַת | הַגּוֹאֵ֣ל | 4 |
| અને-કરુણાથી | કૃપા | જે-મુકુટ-પહેરાવે-છે | તારું-જીવન | વિનાશમાંથી | જે-છોડાવે-છે | |
| | | | | H7845 | | |

તે તારો જીવ નાશથી બચાવે છે; તને કૃપા તથા દયાનો મુગટ પહેરાવે છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| נְעוּרָֽיְכִי׃ | כַּ֝נֶּ֗שֶׁר | תִּתְחַדֵּ֥שׁ | עֶדְיֵ֑ךְ | בַּטּ֣וֹב | הַמַּשְׂבִּ֣יַע | 5 |
| તારી-યુવાની | ગરુડ-જેવું | નવીન-થાય-છે | તારી-આભૂષણને | સારાથી | જે-તૃપ્ત-કરે-છે | |
| | H5404 | H2318 | H5716 | | H7646 | |

તે તારા જીવને ઉત્તમ વસ્તુઓથી તૃપ્ત કરે છે જેથી ગરુડની જેમ તારી જુવાની તાજી કરાય છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עֲשׁוּקִֽים׃ | לְכָל־ | וּ֝מִשְׁפָּטִ֗ים | יְהוָ֑ה | צְדָק֣וֹת | עֹשֵׂ֣ה | 6 |
| પીડિતો-માટે | સર્વ | અને-ન્યાય | યહોવા | ન્યાયનાં-કાર્યો | કરે-છે | |
| H6231 | H3605 | H4941 | H3068 | H6666 | | |

યહોવાહ જે ઉચિત છે તે કરે છે, અને તે સર્વ જુલમથી લદાયેલાને માટે ન્યાયનાં કૃત્યો કરે છે.

7

| | | | | | |
|---|---|---|---|---|---|
| יוֹדִיעַ | דְּרָכָיו | לְמֹשֶׁה | לִבְנֵי | יִשְׂרָאֵל | עֲלִילוֹתָיו׃ |
| જણાવ્યા | પોતાના-માર્ગો | મૂસાને | ઇસ્રાએલનાં-સંતાનોને | ઇસ્રાએલ | પોતાનાં-કાર્યો |
| H3045 | H1870 | H4872 | | H3478 | H5949 |

તેમણે પોતાના માર્ગો મૂસાને અને પોતાનાં કૃત્યો ઇઝરાયલના વંશજોને જણાવ્યાં.

8

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| רַחוּם | וְחַנּוּן | יְהוָה | אֶרֶךְ | אַפַּיִם | וְרַב־ | חָסֶד׃ |
| દયાળુ | અને-કૃપાળુ | યહોવા-છે | ધીરજ | ક્રોધમાં | અને-વિપુલ | કૃપામાં |
| H7349 | H2587 | H3068 | H0750 | H0639 | | |

યહોવાહ દયાળુ તથા કરુણાળુ છે; તે ધીરજ રાખનાર છે; તે કૃપા કરવામાં મોટા છે.

9

| | | | | | |
|---|---|---|---|---|---|
| לֹא־ | לָנֶצַח | יָרִיב | וְלֹא | לְעוֹלָם | יִטּוֹר׃ |
| નહિ | હંમેશાં | તે-તકરાર-કરશે | અને-નહિ | સદાકાળ | તે-ગુસ્સો-રાખશે |
| H3808 | H5331 | H7378 | H3808 | H5769 | H5201 |

તે હંમેશાં શિક્ષા કરશે નહિ; તે હંમેશા ગુસ્સે રહેતા નથી.

10

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לֹא | כַחֲטָאֵינוּ | עָשָׂה | לָנוּ | וְלֹא | כַעֲוֹנֹתֵינוּ | גָּמַל | עָלֵינוּ׃ |
| નહિ | આપણાં-પાપો-પ્રમાણે | તેણે-કર્યું | આપણને | અને-નહિ | આપણાં-અપરાધો-પ્રમાણે | બદલો-આપ્યો | આપણને |
| H3808 | H2399 | | | H3808 | H5771 | H1580 | |

તેઓ આપણાં પાપ પ્રમાણે આપણી સાથે વર્ત્યા નથી અથવા આપણા પાપના પ્રમાણમાં તેમણે આપણને બદલો વાળ્યો નથી.

11

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | כִגְבֹהַּ | שָׁמַיִם | עַל־ | הָאָרֶץ | גָּבַר | חַסְדּוֹ | עַל־ | יְרֵאָיו׃ |
| કારણકે | આકાશની-ઊંચાઈ-જેટલી | આકાશ | પૃથ્વી-પર | પૃથ્વીની | મહાન-છે | તેમની-કૃપા | તેમનાથી-પર | ડરનારાઓને |
| | H1361 | H8064 | | H0776 | H1396 | | | H3373 |

કારણ કે જેમ પૃથ્વીથી આકાશ ઊંચું છે, તેમ તેમનો આદર કરનાર પર તેમની કૃપા વિશાળ છે.

12

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כִּרְחֹק | מִזְרָח | מִמַּעֲרָב | הִרְחִיק | מִמֶּנּוּ | אֶת־ | פְּשָׁעֵינוּ׃ |
| પૂર્વની-દૂરી-જેટલી | પૂર્વ | પશ્ચિમથી | દૂર-કર્યાં-છે | આપણાથી | આપણાં | અપરાધોને |
| H7368 | H4217 | H4628 | H7368 | | H0853 | H6588 |

પૂર્વ જેટલું પશ્ચિમથી દૂર છે, તેટલાં તેમણે આપણા અપરાધો આપણાથી દૂર કર્યાં છે.

13

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כְּרַחֵם | אָב | עַל־ | בָּנִים | רִחַם | יְהוָה | עַל־ | יְרֵאָיו׃ |
| જેમ-દયા-કરે-છે | પિતા | સંતાનો-પર | સંતાનોને | દયા-કરે-છે | યહોવા | તેમનાં-પર | ડરનારાઓને |
| H7355 | H0001 | | | H7355 | H3068 | | H3373 |

જેમ પિતા પોતાનાં સંતાનો પર દયાળુ છે, તેમ યહોવાહ પોતાના ભક્તો પર દયાળુ છે.

14

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | הוּא | יָדַע | יִצְרֵנוּ | זָכוּר | כִּי־ | עָפָר | אֲנָחְנוּ׃ |
| કારણકે | તે | જાણે-છે | આપણી-રચનાને | યાદ-છે | કે | ધૂળ | આપણે-છીએ |
| | H1931 | H3045 | H3336 | H2142 | | H6083 | H0587 |

કારણ કે તે આપણું બંધારણ જાણે છે; આપણે ધૂળ છીએ એવું તે જાણે છે.

15

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֱנוֹשׁ | כֶּחָצִיר | יָמָיו | כְּצִיץ | הַשָּׂדֶה | כֵּן | יָצִיץ׃ |
| માણસ | ઘાસ-જેવાં-છે | તેના-દિવસો | ફૂલ-જેવું | ખેતરનું | એવી-રીતે | તે-ખીલે-છે |
| H0582 | | H3117 | | | | |

માણસના દિવસો ઘાસ જેવા છે; ખેતરમાંના ફૂલની જેમ તે ખીલે છે.

16

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | רוּחַ | עָבְרָה־ | בּוֹ | וְאֵינֶנּוּ | וְלֹא־ | יַכִּירֶנּוּ | עוֹד | מְקוֹמוֹ׃ |
| કારણકે | પવન | વાય-છે | તેના-પર | અને-તે-નથી | અને-નહિ | ઓળખે-છે | ફરી | તેનું-સ્થાન |
| | H7307 | | | H0369 | H3808 | | H5750 | H4725 |

પવન તેના પર થઈને વાય છે અને તે ઊડી જાય છે અને તે ક્યાં હતું એ કોઈને માલૂમ પડતું નથી.

| 17 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | וְחֶסֶד | יְהוָה | מֵעוֹלָם | וְעַד־ | עוֹלָם | עַל־ | יְרֵאָיו | וְצִדְקָתוֹ |
| | પણ-કૃપા | યહોવાની | સનાતનથી | અને-સનાતન-સુધી | સનાતન | તેમના-ઉપર | ડરનારાઓને | અને-તેમની-ધાર્મિકતા |
| | | H3068 | H5769 | H5704 | H5769 | | H3373 | H6666 |
| | לִבְנֵי | בָנִים׃ | | | | | | |
| | સંતાનોનાં-સંતાનો-માટે | સંતાનોને | | | | | | |

પણ યહોવાહની કૃપા તેમના ભક્તો પર અનાદિકાળથી તે અનંતકાળ સુધી છે. તેમનું ન્યાયીપણું તેમના વંશજોને માટે છે.

| 18 | | | | | |
|---|---|---|---|---|---|
| | לְשֹׁמְרֵי | בְרִיתוֹ | וּלְזֹכְרֵי | פִקֻּדָיו | לַעֲשׂוֹתָם׃ |
| | પાળનારાઓ-માટે | તેમના-કરારના | અને-યાદ-કરનારાઓ-માટે | તેમની-આજ્ઞાઓના | પાળવા-માટે |
| | H8104 | H1285 | H2142 | H6490 | |

તેઓ તેમનો કરાર માને છે અને તેમની સૂચનાઓનું પાલન કરે છે.

| 19 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | יְהוָה | בַּשָּׁמַיִם | הֵכִין | כִּסְאוֹ | וּמַלְכוּתוֹ | בַּכֹּל | מָשָׁלָה׃ |
| | યહોવાએ | આકાશમાં | સ્થાપિત-કર્યું | પોતાનું-સિંહાસન | અને-તેમનું-રાજ્ય | સર્વ-પર | રાજ-કરે-છે |
| | H3068 | H8064 | | H3678 | H4438 | H3605 | H4910 |

યહોવાહે પોતાનું રાજ્યાસન આકાશમાં સ્થાપ્યું છે અને તેમના રાજ્યની સત્તા સર્વ ઉપર છે.

| 20 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | בָּרֲכוּ | יְהוָה | מַלְאָכָיו | גִּבֹּרֵי | כֹחַ | עֹשֵׂי | דְבָרוֹ | לִשְׁמֹעַ | בְּקוֹל | דְּבָרוֹ׃ |
| | સ્તુતિ-કરો | યહોવાની | તેમના-દૂતો | બળવાન | શક્તિવાળા | કરનારા | તેમના-વચનનું | સાંભળવા | અવાજને | તેમના-વચનના |
| | H1288 | H3068 | H4397 | H1368 | | | H1697 | H8085 | | H1697 |

હે બળમાં પરાક્રમી, યહોવાહનું વચન પાળનારા તથા તેમની આજ્ઞાઓ પાળનારા તેમના દૂતો, તમે યહોવાહની સ્તુતિ કરો.

| 21 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | בָּרֲכוּ | יְהוָה | כָּל־ | צְבָאָיו | מְשָׁרְתָיו | עֹשֵׂי | רְצוֹנוֹ׃ |
| | સ્તુતિ-કરો | યહોવાની | સર્વ | તેમની-સેનાઓ | તેમના-સેવકો | કરનારા | તેમની-ઇચ્છાન□ |
| | H1288 | H3068 | H3605 | | H8334 | | H7522 |

હે યહોવાહનાં સર્વ સૈન્યો, તેમની ઇચ્છાને અનુસરનારા તેમના સેવકો, તમે તેમને સ્તુત્ય માનો.

| 22 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | בָּרֲכוּ | יְהוָה | כָּל־ | מַעֲשָׂיו | בְּכָל־ | מְקֹמוֹת | מֶמְשַׁלְתּוֹ | בָּרֲכִי | נַפְשִׁי | אֶת־ |
| | સ્તુતિ-કરો | યહોવાની | સર્વ | તેમની-રચનાઓ | સર્વ-સ્થળોએ | સ્થાનોમાં | તેમના-રાજ્યના | સ્તુતિ-કર | મારા-આત્મા | યહોવાને |
| | H1288 | H3068 | H3605 | H4639 | H3605 | H4725 | H4475 | H1288 | H5315 | H0853 |
| | יְהוָה׃ | | | | | | | | | |
| | યહોવાની | | | | | | | | | |
| | H3068 | | | | | | | | | |

યહોવાહના રાજ્યમાં સર્વ સ્થળોમાં તેમનાં સૌ કૃત્યો તેમને સ્તુત્ય માનો; હે મારા આત્મા, તું યહોવાહને સ્તુત્ય માન.

# Chapter 104

| 1 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | בָּרֲכִי | נַפְשִׁי | אֶת־ | יְהוָה | יְהוָה | אֱלֹהַי | גָּדַלְתָּ | מְאֹד | הוֹד | וְהָדָר |
| | સ્તુતિ-કર | મારા-આત્મા | યહોવાને | યહોવા | યહોવા | મારા-ઈશ્વર | તું-ઘણો-મહાન-છો | ઘણો | પ્રતાપ | અને-ગૌરવ |
| | H1288 | H5315 | H0853 | H3068 | H3068 | H0430 | H1431 | H3966 | H1935 | H1926 |
| | לָבָשְׁתָּ׃ | | | | | | | | | |
| | તેં-પહેર્યાં-છે | | | | | | | | | |
| | H3847 | | | | | | | | | |

હે મારા આત્મા, યહોવાહને સ્તુત્ય માન. હે યહોવાહ મારા ઈશ્વર, તમે અતિ મહાન છો; તમે વૈભવ તથા ગૌરવ ધારણ કર્યાં છે.

| 2 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | עֹטֶה־ | אוֹר | כַּשַּׂלְמָה | נוֹטֶה | שָׁמַיִם | כַּיְרִיעָה׃ |
| | વીંટનાર | પ્રકાશને | વસ્ત્ર-જેમ | ફેલાવનાર | આકાશને | તંબૂ-જેમ |
| | | H0216 | H8008 | H5186 | H8064 | H3407 |

તમે વસ્ત્રની જેમ અજવાળું પહેર્યું છે; પડદાની જેમ તમે આકાશને વિસ્તારો છો.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַֽמְקָרֶ֥ה | בַמַּ֗יִם | עֲלִיּ֫וֹתָ֥יו | הַשָּׂם־ | עָבִ֥ים | רְכוּב֑וֹ | הַֽ֝מְהַלֵּ֗ךְ | עַל־ | כַּנְפֵי־ | ר֥וּחַ׃ |
| રચનાર | પાણીમાં | પોતાની-ઊપરની-ઓરડીઓ | બનાવનાર | વાદળોને | પોતાનો-રથ | ચાલનાર | પવનની-પાંખો-પર | પાંખો-પર | પવનની |
| | H4325 | H5944 | | H5645 | H7398 | H1980 | | H3671 | H7307 |

તમારા આકાશી ઘરનો પાયો તમે અતરિક્ષનાં પાણી પર નાખ્યો છે; તમે વાદળાંને તમારા રથ બનાવ્યા છે; તમે પવનની પાંખો પર સવારી કરો છો.

4

| | | | | | |
|---|---|---|---|---|---|
| עֹשֶׂ֣ה | מַלְאָכָ֣יו | ר֑וּחוֹת | מְ֝שָׁרְתָ֗יו | אֵ֣שׁ | לֹהֵֽט׃ |
| બનાવનાર | પોતાના-દૂતોને | પવનો | પોતાના-સેવકોને | અગ્નિ | બળતી |
| | H4397 | H7307 | H8334 | H0784 | H3857 |

તમે પવનોને તમારા દૂત બનાવો છો + 104:4 ઈશ્વર પવનને દૂતો તરીકે બનાવે છે અને તમારા સેવકો અગ્નિના ભડકા છે.

5

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יָֽסַד־ | אֶ֭רֶץ | עַל־ | מְכוֹנֶ֑יהָ | בַּל־ | תִּ֝מּ֗וֹט | עוֹלָ֥ם | וָעֶֽד׃ |
| સ્થાપિત-કરી | પૃથ્વીને | તેના-પાયા-પર | તેની-ભૂમિની | ક્યારેય-નહિ | તે-હલશે | સદાકાળ | સુધી |
| H3245 | H0776 | | H4349 | H1077 | H4131 | H5769 | H5703 |

તમે પૃથ્વીને તેના પાયા પર સ્થિર કરી છે જેથી તે ખસે નહિ.

6

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| תְּ֭הוֹם | כַּלְּב֣וּשׁ | כִּסִּית֑וֹ | עַל־ | הָ֝רִ֗ים | יַֽעַמְדוּ־ | מָֽיִם׃ |
| ઊંડાણને | વસ્ત્ર-જેમ | તેં-આવર્યું | પર્વતો-ઉપર | પર્વતોના | ઊભાં-રહ્યાં | પાણી |
| H8415 | H3830 | H3680 | | H2022 | H5975 | H4325 |

તમે પૃથ્વીને વસ્ત્રની જેમ જળના ભંડારોથી આચ્છાદિત કરો છો; પાણીએ પર્વતોને આચ્છાદિત કર્યાં છે.

7

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מִן־ | גַּעֲרָתְךָ֣ | יְנוּס֑וּן | מִן־ | ק֥וֹל | רַֽ֝עַמְךָ֗ | יֵחָפֵזֽוּן׃ |
| તારી-ડાંટથી | તારી-ડાંટની | તે-ભાગ્યાં | તારી-ગર્જનાના | અવાજથી | તારા-ગગડાટના | તે-ઉતાવળે-દોડ્યાં |
| | H1606 | H5127 | | | H7482 | H2648 |

તમારી ધમકીથી તેઓ નાસી ગયાં; તમારી ગર્જનાથી તેઓ જતાં રહ્યાં.

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יַעֲל֣וּ | הָ֭רִים | יֵרְד֣וּ | בְקָע֑וֹת | אֶל־ | מְ֝ק֗וֹם | זֶ֤ה | יָסַ֬דְתָּ | לָהֶֽם׃ |
| ચડ્યાં | પર્વતો | ઊતર્યાં | ખીણોમાં | એ-સ્થાને | સ્થાન | આ | તેં-નક્કી-કર્યું | તેમના-માટે |
| H5927 | H2022 | H3381 | H1237 | H0413 | H4725 | H2088 | H3245 | H1992 |

પહાડો ચઢી ગયા અને ખીણો ઊતરી ગઈ જે સ્થળ તમે પાણીને માટે મુકરર કર્યું હતું, ત્યાં સુધી તે પ્રસરી ગયાં.

9

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| גְּבוּל־ | שַׂ֭מְתָּ | בַּל־ | יַעֲבֹר֑וּן | בַּל־ | יְ֝שׁוּב֗וּן | לְכַסּ֥וֹת | הָאָֽרֶץ׃ |
| સીમા | તેં-મૂકી | ક્યારેય-નહિ | તે-ઓળંગશે | ક્યારેય-નહિ | તે-પાછા-ફરશે | આવરવા | પૃથ્વીને |
| H1366 | | H1077 | | H1077 | H7725 | H3680 | H0776 |

તેઓ ફરીથી પૃથ્વીને ઢાંકે નહિ માટે તમે તેઓને માટે હદ બાંધી છે કે જેથી તેઓ તે પાર ન કરી શકે;

10

| | | | | | |
|---|---|---|---|---|---|
| הַֽמְשַׁלֵּ֣חַ | מַ֭עְיָנִים | בַּנְּחָלִ֑ים | בֵּ֥ין | הָ֝רִ֗ים | יְהַלֵּכֽוּן׃ |
| મોકલનાર | ઝરણાંઓને | ખીણોમાં | વચ્ચે | પર્વતોના | તે-વહે-છે |
| H7971 | H4599 | | H0996 | H2022 | H1980 |

તેમણે ખીણોમાં વહેતાં ઝરણાં બનાવ્યાં; તે પર્વતોની વચ્ચે વહે છે.

11

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יַ֭שְׁקוּ | כָּל־ | חַיְת֣וֹ | שָׂדָ֑י | יִשְׁבְּר֖וּ | פְרָאִ֣ים | צְמָאָֽם׃ |
| પાણી-પીવે-છે | સર્વ | જંગલી-પ્રાણીઓ | ખેતરના | છીપાવે-છે | જંગલી-ગધેડા | તેમની-તરસ |
| H8248 | H3605 | | | H7665 | H6501 | H6772 |

તે સર્વ પશુઓને પાણી પૂરું પાડે છે; રાની ગધેડાંઓ પણ પોતાની તરસ છિપાવે છે.

12

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עֲ֭לֵיהֶם | עוֹף־ | הַשָּׁמַ֣יִם | יִשְׁכּ֑וֹן | מִבֵּ֥ין | עֳ֝פָאיִ֗ם | יִתְּנוּ־ | קֽוֹל׃ |
| તેમની-પાસે | આકાશના-પખીઓ | આકાશના | વસે-છે | ડાળીઓ-વચ્ચેથી | ડાળોની | અવાજ-આપે-છે | સ્વર |
| | H5775 | H8064 | H7931 | H0996 | H6073 | H5414 | |

આકાશના પક્ષીઓ ઝરણાંઓને કિનારે માળા બાંધે છે; વૃક્ષોની ડાળીઓ મધ્યે ગાયન કરે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הָאָרֶץ׃ | תִּשְׂבַּע | מַעֲשֶׂיךָ | מִפְּרִי | מֵעֲלִיּוֹתָיו | הָרִים | מַשְׁקֶה | 13 |
| પૃથ્વી | તૃપ્ત-થાય-છે | ફળથી | તારાં-કાર્યોના | પોતાની-ઊપરની-ઓરડીઓમાંથી | પર્વતોને | સિંચનાર | |
| H0776 | H7646 | H4639 | H6529 | H5944 | H2022 | H8248 | |

તે ઓરડામાંથી + 104:13 આકાશમાંથી પર્વતો પર પાણી સિંચે છે. પૃથ્વી તેમનાં કામના ફળથી તૃપ્ત થાય છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הָאָרֶץ׃ | מִן־ | לֶחֶם | לְהוֹצִיא | הָאָדָם | לַעֲבֹדַת | וְעֵשֶׂב | לַבְּהֵמָה | חָצִיר | מַצְמִיחַ | 14 |
| પૃથ્વીની | પૃથ્વીમાંથી | રોટલી | કાઢવા | માણસની | માણસની-સેવા-માટે | અને-વનસ્પતિ | પશુઓ-માટે | ઘાસને | ઉગાડનાર | |
| H0776 | | H3899 | H3318 | H0120 | H5656 | H6212 | H0929 | | H6779 | |

તે જાનવરને માટે ઘાસ ઉપજાવે છે અને માણસના માટે શાકભાજી ઉપજાવે છે કે જેથી માણસ ભૂમિમાંથી અન્ન ઉપજાવે છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֱנוֹשׁ | לְבַב־ | וְלֶחֶם | מִשָּׁמֶן | פָּנִים | לְהַצְהִיל | אֱנוֹשׁ | לְבַב־ | יְשַׂמַּח | וְיַיִן | 15 |
| માણસનું | હૃદયને | અને-રોટલી | તેલથી | મુખને | ચમકાવવા | માણસનું | હૃદયને | આનંદિત-કરે-છે | અને-દ્રાક્ષારસ | |
| H0582 | H3824 | H3899 | H8081 | H6440 | | H0582 | H3824 | H8055 | H3196 | |

| |
|---|
| יִסְעָד׃ |
| બળ-આપે-છે |
| H5582 |

તે માણસને આનંદ આપનાર દ્રાક્ષારસ, તેના મુખને તેજસ્વી કરનાર તેલ અને તેના જીવનને બળ આપનાર રોટલી તે નિપજાવે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| נָטָע׃ | אֲשֶׁר | לְבָנוֹן | אַרְזֵי | יְהוָה | עֲצֵי | יִשְׂבְּעוּ | 16 |
| તેણે-રોપ્યાં | જે | લેબાનોનના | દેવદારો | યહોવાના | વૃક્ષો | તૃપ્ત-થાય-છે | |
| H5193 | | H3844 | H0730 | H3068 | H6086 | H7646 | |

યહોવાહનાં વૃક્ષો, એટલે લબાનોનનાં દેવદારો; જે તેમણે રોપ્યાં હતાં, તેઓ પાણીથી ભરપૂર છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בֵּיתָהּ׃ | בְּרוֹשִׁים | חֲסִידָה | יְקַנֵּנוּ | צִפֳּרִים | שָׁם | אֲשֶׁר־ | 17 |
| તેનું-ઘર | સરુ-વૃક્ષોમાં | બગલા | માળો-બાંધે-છે | પખીઓ | ત્યાં | જ્યાં | |
| | H1265 | H2624 | H7077 | H6833 | H8033 | | |

ત્યાં પક્ષીઓ પોતાના માળા બાંધે છે. વળી દેવદાર વૃક્ષ બગલાઓનું રહેઠાણ છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לַשְׁפַנִּים׃ | מַחְסֶה | סְלָעִים | לַיְּעֵלִים | הַגְּבֹהִים | הָרִים | 18 |
| ખિસકોલીઓ-માટે | આશ્રય | ખડકો | જંગલી-બકરીઓ-માટે | ઊંચા | ઊંચા-પર્વતો | |
| | H4268 | H5553 | H3277 | H1364 | H2022 | |

ઊંચા પર્વતો પર રાની બકરાઓને અને ખડકોમાં સસલાને રક્ષણ અને આશ્રય મળે છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מְבוֹאוֹ׃ | יָדַע | שֶׁמֶשׁ | לְמוֹעֲדִים | יָרֵחַ | עָשָׂה | 19 |
| પોતાનું-અસ્ત | જાણે-છે | સૂર્ય | સમયો-માટે | ચંદ્રને | બનાવ્યો | |
| H3996 | H3045 | H8121 | H4150 | H3394 | | |

ઋતુઓને માટે તેમણે ચંદ્રનું સર્જન કર્યું; સૂર્ય પોતાનો અસ્તકાળ જાણે છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יָעַר׃ | חַיְתוֹ־ | כָּל־ | תִרְמֹשׂ | בּוֹ־ | לָיְלָה | וִיהִי | חֹשֶׁךְ | תָּשֶׁת־ | 20 |
| જંગલના | જંગલીનાં-પ્રાણીઓ | સર્વ | ફરે-છે | તેમાં | રાત | અને-થાય-છે | અધારું | તું-મૂકે-છે | |
| | | H3605 | H7430 | | H3915 | H1961 | H2822 | H7896 | |

તમે અધારું કરો છો એટલે રાત થાય છે ત્યારે જંગલનાં પશુઓ બહાર આવે છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אָכְלָם׃ | מֵאֵל | וּלְבַקֵּשׁ | לַטָּרֶף | שֹׁאֲגִים | הַכְּפִירִים | 21 |
| તેમની-ખોરાક | ઈશ્વર-પાસેથી | અને-શોધવા | શિકાર-માટે | ગર્જે-છે | સિંહનાં-બચ્ચાં | |
| H0400 | H0410 | H1245 | H2964 | H7580 | | |

સિંહનાં બચ્ચાં શિકાર માટે ગર્જના કરે છે અને તેઓ ઈશ્વર પાસે પોતાનું ભોજન માગે છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יִרְבָּצוּן׃ | מְעוֹנֹתָם | וְאֶל־ | יֵאָסֵפוּן | הַשֶּׁמֶשׁ | תִּזְרַח | 22 |
| સૂઈ-જાય-છે | ગુફાઓમાં | અને-પોતાની | તે-એકઠા-થાય-છે | સૂર્ય | ઊગે-છે | |
| H7257 | H4585 | H0413 | H0622 | H8121 | H2224 | |

સૂર્ય ઊગે કે તરત તેઓ જતાં રહે છે અને પોતાના કોતરોમાં સૂઈ જાય છે.

23

| | | | | | |
|---|---|---|---|---|---|
| יֵצֵא | אָדָם | לְפָעֳלוֹ | וְלַעֲבֹדָתוֹ | עֲדֵי־ | עָרֶב׃ |
| નીકળે-છે | માણસ | પોતાન□-કામ-પર | અને-પોતાની-મહેનતની | સાંજ-સુધી | સાંજની |
| H3318 | H0120 | H6467 | H5656 | H5704 | H6153 |

માણસ પોતાના કામકાજ કરવા બહાર આવે છે અને સાંજ સુધી પોતાનો ઉદ્યોગ ચલાવે છે.

24

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מָה־ | רַבּוּ | מַעֲשֶׂיךָ | יְהוָה | כֻּלָּם | בְּחָכְמָה | עָשִׂיתָ | מָלְאָה | הָאָרֶץ | קִנְיָנֶךָ׃ |
| કેટલાં | અનેક-છે | તારાં-કાર્યો | યહોવા | ◌-બધાં | બુદ્ધિથી | તેં-બનાવ્યાં | ભરેલી-છે | પૃથ્વી | તારી-સંપત્તિથી |
| H4100 | H7231 | H4639 | H3068 | H3605 | H2451 | | H4390 | H0776 | H7075 |

હે યહોવાહ, તમારાં કામ કેવાં તરેહતરેહનાં છે□ તમે તે સર્વને બુદ્ધિપૂર્વક બનાવ્યાં છે; તમારી બનાવેલી વસ્તુઓથી પૃથ્વી ભરપૂર છે.

25

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| זֶה | הַיָּם | גָּדוֹל | וּרְחַב | יָדָיִם | שָׁם־ | רֶמֶשׂ | וְאֵין | מִסְפָּר | חַיּוֹת |
| આ | સમુદ્ર | મોટો | અને-પહોળો | હાથોવાળો | ત્યાં | પ્રાણીઓ | અને-ગણતરી-વિનાના | ગણતરી-વિના | જીવો |
| H2088 | H3220 | | H7342 | H3027 | H8033 | H7431 | H0369 | H4557 | |

| | | |
|---|---|---|
| קְטַנּוֹת | עִם־ | גְּדֹלוֹת׃ |
| નાનાં | મોટાં-સાથે | મોટાં |

જુઓ આ વિશાળ તથા ઊંડા સમુદ્રમાં, અસંખ્ય જીવજંતુઓ, નાનાંમોટાં જળચરો છે.

26

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שָׁם | אֳנִיּוֹת | יְהַלֵּכוּן | לִוְיָתָן | זֶה־ | יָצַרְתָּ | לְשַׂחֶק־ | בּוֹ׃ |
| ત્યાં | વહાણો | ચાલે-છે | લવ્યાતાન | આ-જે | તેં-રચ્યો | રમવા-માટે | તેમાં |
| H8033 | H0591 | H1980 | H3882 | H2088 | H3335 | H7832 | |

વહાણો તેમાં આવજા કરે છે અને જે મગરમચ્છ + 104:26 જુઓ ગીત શાસ્ત્ર : 74:14 તેમાં રમવા માટે તમે ઉત્પન્ન કર્યાં છે તે સમુદ્રમાં રહે છે.

27

| | | | | | |
|---|---|---|---|---|---|
| כֻּלָּם | אֵלֶיךָ | יְשַׂבֵּרוּן | לָתֵת | אָכְלָם | בְּעִתּוֹ׃ |
| ◌-બધાં | તારી-તરફ | જુએ-છે | આપવા | તેમનો-ખોરાક | યોગ્ય-સમયે |
| H3605 | H0413 | | H5414 | H0400 | H6256 |

તમે તેઓને યોગ્ય સમયે ખાવાનું આપો છો, તેથી આ સર્વ તમારી રાહ જુએ છે.

28

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| תִּתֵּן | לָהֶם | יִלְקֹטוּן | תִּפְתַּח | יָדְךָ | יִשְׂבְּעוּן | טוֹב׃ |
| તું-આપે-છે | તેમને | તે-વીણે-છે | ખોલે-છે | તારો-હાથ | તે-તૃપ્ત-થાય-છે | સારાથી |
| H5414 | H1992 | H3950 | | H3027 | H7646 | |

જ્યારે તમે તેઓને આપો છો, ત્યારે તેઓ ભેગા થાય છે; જ્યારે તમે તમારો હાથ ખોલો છો, ત્યારે તેઓ તૃપ્ત થાય છે.

29

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| תַּסְתִּיר | פָּנֶיךָ | יִבָּהֵלוּן | תֹּסֵף | רוּחָם | יִגְוָעוּן | וְאֶל־ | עֲפָרָם | יְשׁוּבוּן׃ |
| છુપાવે-છે | તારો-ચહેરો | તે-ગભરાય-છે | પાછો-લે-છે | તેમનો-શ્વાસ | તે-મરે-છે | અને-પોતાની | ધૂળમાં | પાછા-ફરે-છે |
| H5641 | H6440 | H0926 | H0622 | H7307 | H1478 | H0413 | H6083 | H7725 |

જ્યારે તમે તમારું મુખ ફેરવો છો, ત્યારે તેઓ ગભરાઈ જાય છે; જો તમે તેઓનો પ્રાણ લઈ લો છો, તો તેઓ મરણ પામે છે અને પાછાં ધૂળમાં મળી જાય છે.

30

| | | | | | |
|---|---|---|---|---|---|
| תְּשַׁלַּח | רוּחֲךָ | יִבָּרֵאוּן | וּתְחַדֵּשׁ | פְּנֵי | אֲדָמָה׃ |
| મોકલે-છે | તારો-આત્મા | તે-સર્જાય-છે | અને-નવીન-કરે-છે | પૃથ્વીનું-મુખ | ભૂમિનું |
| H7971 | H7307 | | H2318 | H6440 | H0127 |

જ્યારે તમે તમારો આત્મા મોકલો છો, ત્યારે તેઓ ઉત્પન્ન થાય છે અને તમે દેશભરનું નવીકરણ કરો છો.

31

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יְהִי | כְבוֹד | יְהוָה | לְעוֹלָם | יִשְׂמַח | יְהוָה | בְּמַעֲשָׂיו׃ |
| રહો | ગૌરવ | યહોવાનો | સદાકાળ | આનંદ-પામે | યહોવા | પોતાન□-કાર્યોમાં |
| H1961 | H3519 | H3068 | H5769 | H8055 | H3068 | H4639 |

યહોવાહનો મહિમા સદાકાળ ટકી રહો; પોતાના સર્જનથી યહોવાહ આનંદ પામો.

| 32 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | הַמַּבִּיט | לָאָרֶץ | וַתִּרְעָד | יִגַּע | בֶּהָרִים | וְיֶעֱשָׁנוּ׃ |
| | જોનાર | પૃથ્વી-તરફ | અને-તે-કાંપે-છે | સ્પર્શે-છે | પર્વતોને | અને-તે-ધૂમાડો-ઉચ્છાળે |
| | H5027 | H0776 | H7460 | H5060 | H2022 | H6225 |

તે પૃથ્વી પર દ્રષ્ટિ કરે છે અને તે કંપે છે; તે પર્વતોને સ્પર્શે છે અને તેઓમાંથી ધુમાડો નીકળે છે.

| 33 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | אָשִׁירָה | לַיהוָה | בְּחַיָּי | אֲזַמְּרָה | לֵאלֹהַי | בְּעוֹדִי׃ |
| | હું-ગાઈશ | યહોવાને | માર□-જીવનભર | સ્તુતિ-કરીશ | મારા-ઈશ્વરની | જ્યાં-સુધી-હું-છું |
| | H7891 | H3068 | | H2167 | H0430 | H5750 |

હું જીવનપર્યંત યહોવાહની પ્રશંસાનાં ગીતો ગાઈશ; હું મારા છેલ્લાં શ્વાસ સુધી યહોવાહની સ્તુતિ કરીશ.

| 34 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | יֶעֱרַב | עָלָיו | שִׂיחִי | אָנֹכִי | אֶשְׂמַח | בַּיהוָה׃ |
| | મધુર-હો | તેમને | મારું-ધ્યાન | હું | આનંદ-કરીશ | યહોવામાં |
| | H6149 | | H7879 | H0595 | H8055 | H3068 |

તેમના માટેના મારા શબ્દો વડે તે પ્રસન્ન થાઓ; હું યહોવાહમાં આનંદ કરીશ.

| 35 | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | יִתַּמּוּ | חַטָּאִים | מִן־ | הָאָרֶץ | וּרְשָׁעִים | עוֹד | אֵינָם | בָּרְכִי | נַפְשִׁי | אֶת־ | יְהוָה | הַלְלוּ־ | יָהּ׃ |
| | નાશ-પામે | પાપીઓ | પૃથ્વી-પરથી | પૃથ્વીના | અને-દુષ્ટો | વધુ | ન-રહે | સ્તુતિ-કર | મારા-આત્મા | યહોવાને | યહોવાની | સ્તુતિ-કરો | યાહની |
| | H8552 | H2400 | | H0776 | H7563 | H5750 | H0369 | H1288 | H5315 | H0853 | H3068 | | H3050 |

પૃથ્વીમાંથી સર્વ પાપીઓ નાશ પામો અને દુષ્ટોનો અંત આવો. હે મારા આત્મા, યહોવાહને સ્તુત્ય માન. યહોવાહની સ્તુતિ કરો.

## Chapter 105

| 1 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | הוֹדוּ | לַיהוָה | קִרְאוּ | בִּשְׁמוֹ | הוֹדִיעוּ | בָעַמִּים | עֲלִילוֹתָיו׃ |
| | આભાર-માનો | યહોવાનો | પોકારો | તેમના-નામે | જણાવો | પ્રજાઓ-વચ્ચે | તેમનાં-કાર્યો |
| | H3034 | H3068 | H7121 | H8034 | H3045 | | H5949 |

યહોવાહનો આભાર માનો, તેમના નામને વિનંતિ કરો; તેમનાં કૃત્યો લોકોમાં પ્રસિદ્ધ કરો.

| 2 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | שִׁירוּ־ | לוֹ | זַמְּרוּ־ | לוֹ | שִׂיחוּ | בְּכָל־ | נִפְלְאוֹתָיו׃ |
| | ગાઓ | તેમને | સ્તુતિ-કરો | તેમને | વાત-કરો | સર્વ | તેમનાં-અદ્ભુત-કાર્યોની |
| | H7891 | | H2167 | | H7878 | H3605 | H6381 |

તેમની આગળ ગાઓ, તેમનાં સ્તોત્ર ગાઓ; તેમનાં સર્વ આશ્ચર્યકારક કામોનું મનન કરો.

| 3 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | הִתְהַלְלוּ | בְּשֵׁם | קָדְשׁוֹ | יִשְׂמַח | לֵב | מְבַקְשֵׁי | יְהוָה׃ |
| | ગૌરવ-લો | તેમના-પવિત્ર | નામનું | આનંદ-પામે | હૃદય | શોધનારાઓનું | યહોવાને |
| | | H8034 | H6944 | H8055 | | H1245 | H3068 |

તેમના પવિત્ર નામને લીધે તમે ગૌરવ અનુભવો; યહોવાહને શોધનારનાં હૃદય આનંદ પામો.

| 4 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | דִּרְשׁוּ | יְהוָה | וְעֻזּוֹ | בַּקְּשׁוּ | פָנָיו | תָּמִיד׃ |
| | શોધો | યહોવાને | અને-તેમની-શક્તિ | શોધો | તેમનું-મુખ | સદાકાળ |
| | H1875 | H3068 | H5797 | H1245 | H6440 | H8548 |

યહોવાહને તથા તેમના સામર્થ્યને શોધો; સતત તેમની હાજરીનો અનુભવ કરો.

| 5 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | זִכְרוּ | נִפְלְאוֹתָיו | אֲשֶׁר־ | עָשָׂה | מֹפְתָיו | וּמִשְׁפְּטֵי־ | פִיו׃ |
| | યાદ-કરો | તેમનાં-અદ્ભુત-કાર્યો | જે | તેમણે-કર્યાં | તેમનાં-ચિહ્નો | અને-તેમના-મુખનાં-ન્યાયો | ન્યાયો |
| | H2142 | H6381 | | | H4159 | H4941 | H6310 |

તેમણે જે આશ્ચર્યકારક કામો કર્યાં છે, તે તથા તેમના ચમત્કારો અને તેમના મુખમાંથી નીકળતા ન્યાયચુકાદા યાદ રાખો.

| 6 | זֶרַע | אַבְרָהָם | עַבְדּוֹ | בְּנֵי | יַעֲקֹב | בְּחִירָיו׃ |
|---|---|---|---|---|---|---|
| | વંશ | અબ્રાહામના | તેમના-સેવક | સંતાનો | યાકૂબના | તેમના-પસંદ-કરેલા |
| | H2233 | H0085 | H5650 | | H3290 | H0972 |

તેમના સેવક ઇબ્રાહિમના વંશજો, તમે યાકૂબના વંશજો છો, તેમના પસંદ કરેલા, તમે તેમને યાદ કરો.

| 7 | הוּא | יְהוָה | אֱלֹהֵינוּ | בְּכָל־ | הָאָרֶץ | מִשְׁפָּטָיו׃ |
|---|---|---|---|---|---|---|
| | તે | યહોવા | આપણા-ઈશ્વર-છે | સર્વ | પૃથ્વી-પર | તેમના-ન્યાયો-છે |
| | H1931 | H3068 | H0430 | H3605 | H0776 | H4941 |

તે યહોવાહ, આપણા ઈશ્વર છે. આખી પૃથ્વીમાં તેમનાં ન્યાયનાં કૃત્યો પ્રસિદ્ધ છે.

| 8 | זָכַר | לְעוֹלָם | בְּרִיתוֹ | דָּבָר | צִוָּה | לְאֶלֶף | דּוֹר׃ |
|---|---|---|---|---|---|---|---|
| | યાદ-રાખ્યો | સદાકાળ | પોતાનો-કરાર | વચન | આજ્ઞા-આપી | હજાર | પેઢીઓ-માટે |
| | H2142 | H5769 | H1285 | H1697 | H6680 | H0505 | H1755 |

તે પોતાનો કરાર સર્વદા યાદ રાખે છે, હજાર પેઢીઓને આપેલું વચન પાળે છે.

| 9 | אֲשֶׁר | כָּרַת | אֶת־ | אַבְרָהָם | וּשְׁבוּעָתוֹ | לְיִשְׂחָק׃ |
|---|---|---|---|---|---|---|
| | જે | કરાર-કર્યો | અબ્રાહામ-સાથે | અબ્રાહામ | અને-સોગંદ | ઈસહાક-માટે |
| | | H3772 | H0854 | H0085 | H7621 | H3446 |

જે કરાર તેમણે ઇબ્રાહિમ સાથે કર્યો હતો અને ઇસહાક પ્રત્યેની પ્રતિજ્ઞા કરી હતી.

| 10 | וַיַּעֲמִידֶהָ | לְיַעֲקֹב | לְחֹק | לְיִשְׂרָאֵל | בְּרִית | עוֹלָם׃ |
|---|---|---|---|---|---|---|
| | અને-સ્થાપિત-કર્યો | યાકૂબ-માટે | નિયમ-તરીકે | ઈસ્રાએલ-માટે | કરાર | સનાતન |
| | H5975 | H3290 | H2706 | H3478 | H1285 | H5769 |

તેમણે યાકૂબ માટેના નિયમ તરીકે તેનું સ્થાપન કર્યું તેને તેમણે ઇઝરાયલ માટે સર્વકાળનો કરાર બનાવ્યો.

| 11 | לֵאמֹר | לְךָ | אֶתֵּן | אֶת־ | אֶרֶץ־ | כְּנָעַן | חֶבֶל | נַחֲלַתְכֶם׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | કહેતાં | તને | હું-આપીશ | આ | દેશ | કનાનનો | ભાગ | તમારા-વારસાનો |
| | H0559 | | H5414 | H0853 | H0776 | | | H5159 |

તેમણે કહ્યુ, “આ કનાન દેશ હું તમને આપીશ તે સર્વદા તમારું પોતાનું વતન થશે.”

| 12 | בִּהְיוֹתָם | מְתֵי | מִסְפָּר | כִּמְעַט | וְגָרִים | בָּהּ׃ |
|---|---|---|---|---|---|---|
| | જ્યારે-હતા | થોડા | સંખ્યામાં | ખૂબ-ઓછા | અને-પરદેશી | ત્યાં |
| | H1961 | H4962 | H4557 | H4592 | | |

તેમણે આમ પણ કહ્યુ જ્યારે તેઓ અલ્પ સંખ્યામાં હતા, ત્યારે તેઓની વસ્તી ઘણી ઓછી હતી અને તેઓ દેશમાં પ્રવાસીઓ હતા.

| 13 | וַיִּתְהַלְּכוּ | מִגּוֹי | אֶל־ | גּוֹי | מִמַּמְלָכָה | אֶל־ | עַם | אַחֵר׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | અને-ફર્યા | એક-પ્રજાથી | બીજી-તરફ | પ્રજા | એક-રાજ્યથી | બીજા-તરફ | લોક | બીજા |
| | H1980 | | H0413 | | H4467 | H0413 | | H0312 |

તેઓ એક દેશથી બીજે દેશ અને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ફરતા.

| 14 | לֹא־ | הִנִּיחַ | אָדָם | לְעָשְׁקָם | וַיּוֹכַח | עֲלֵיהֶם | מְלָכִים׃ |
|---|---|---|---|---|---|---|---|
| | નહિ | થવા-દીધું | કોઈને | તેમને-દબાવવા | અને-ઠપકો-આપ્યો | તેમના-માટે | રાજાઓને |
| | H3808 | H3240 | H0120 | H6231 | H3198 | | H4428 |

તેમણે તેઓ પર કોઈને જુલમ કરવા દીધો નહિ; તેઓને લીધે તેમણે રાજાઓને શિક્ષા કરી.

| 15 | אַל־ | תִּגְּעוּ | בִמְשִׁיחָי | וְלִנְבִיאַי | אַל־ | תָּרֵעוּ׃ |
|---|---|---|---|---|---|---|
| | ના | સ્પર્શો | મારા-અભિષિક્તોને | અને-મારા-પ્રબોધકોને | ના | હાનિ-પહોંચાડો |
| | H0408 | H5060 | H4899 | H5030 | H0408 | |

તેમણે કહ્યુ, “મારા અભિષિક્તોને અડશો નહિ અને મારા પ્રબોધકોને નુકસાન પહોંચાડશો નહિ.”

16

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְרָא | רָעָב | עַל־ | הָאָרֶץ | כָּל־ | מַטֵּה־ | לֶחֶם | שָׁבָר׃ |
| અને-બોલાવ્યો | દુકાળ | દેશ-પર | દેશ | સર્વ | લાકડી | રોટલીની | ભાંગી-નાખી |
| H7121 | H7458 | | H0776 | H3605 | H4294 | H3899 | H7665 |

તેમણે કનાનની ભૂમિમાં + 105:16 મિસર દેશમાં દુકાળ આવવા દીધો; તેમણે અન્નનો આધાર તોડી નાખ્યો + 105:16 તેમના ભંડાર તોડી નાખ્યો.

17

| | | | | | |
|---|---|---|---|---|---|
| שָׁלַח | לִפְנֵיהֶם | אִישׁ | לְעֶבֶד | נִמְכַּר | יוֹסֵף׃ |
| મોકલ્યો | તેમની-આગળ | માણસ | ગુલામ-તરીકે | વેચાયો | યૂસફ |
| H7971 | H6440 | H0376 | H5650 | H4376 | H3130 |

તેમણે તેઓની પહેલાં યૂસફને કે જે ગુલામ તરીકે વેચાઈ ગયો હતો તેને મોકલ્યો.

18

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עִנּוּ | בַכֶּבֶל | [רגליו] | (רַגְלוֹ) | בַּרְזֶל | בָּאָה | נַפְשׁוֹ׃ |
| દુઃખ-આપ્યું | બેડીઓથી | તેના | તેના-પગોને | લોખંડ | આવ્યું | તેના-આત્મામાં |
| | H3525 | H7272 | H7272 | H1270 | H0935 | H5315 |

બંદીખાનામાં તેઓએ તેના પગોએ સાંકળો બાંધી અને તેઓએ લોખંડનાં બંધનો તેના ગળે બાંધ્યાં.

19

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עַד־ | עֵת | בֹּא־ | דְבָרוֹ | אִמְרַת | יְהוָה | צְרָפָתְהוּ׃ |
| જ્યાં-સુધી | સમય | આવવાનો | તેમના-વચનનો | કથન | યહોવાનું | તેને-ચકાસ્યો |
| H5704 | H6256 | H0935 | H1697 | | H3068 | H6884 |

યહોવાહના શબ્દે પુરવાર કર્યુ કે તે સાચો હતો, ત્યાં સુધી યૂસફ જેલમાં રહ્યો.

20

| | | | | | |
|---|---|---|---|---|---|
| שָׁלַח | מֶלֶךְ | וַיַּתִּירֵהוּ | מֹשֵׁל | עַמִּים | וַיְפַתְּחֵהוּ׃ |
| મોકલ્યો | રાજાએ | અને-છોડાવ્યો | શાસકે | પ્રજાઓના | અને-મુક્ત-કર્યો |
| H7971 | H4428 | | H4910 | | |

રાજાએ માણસો મોકલીને તેને છોડાવ્યો; લોકોના અધિપતિઓએ તેનો છુટકારો કર્યો.

21

| | | | | | |
|---|---|---|---|---|---|
| שָׂמוֹ | אָדוֹן | לְבֵיתוֹ | וּמֹשֵׁל | בְּכָל־ | קִנְיָנוֹ׃ |
| ઠરાવ્યો | સ્વામી | પોતાના-ઘરનો | અને-શાસક | સર્વ | પોતાની-સંપત્તિનો |
| | H0113 | | H4910 | H3605 | H7075 |

તેણે તેને પોતાના મહેલનો કારભારી અને પોતાની સર્વ મિલકતનો વહીવટદાર ઠરાવ્યો.

22

| | | | | |
|---|---|---|---|---|
| לֶאְסֹר | שָׂרָיו | בְּנַפְשׁוֹ | וּזְקֵנָיו | יְחַכֵּם׃ |
| બાંધવા | તેમના-સરદારોને | પોતાની-ઈચ્છાથી | અને-વડીલોને | બુદ્ધિ-શીખવવા |
| H0631 | H8269 | H5315 | H2205 | H2449 |

કે તે રાજકુમારોને નિયંત્રણમાં રાખે અને પોતાના વડીલોને ડહાપણ શીખવે.

23

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיָּבֹא | יִשְׂרָאֵל | מִצְרָיִם | וְיַעֲקֹב | גָּר | בְּאֶרֶץ־ | חָם׃ |
| અને-આવ્યો | ઈસ્રાએલ | મિસર | અને-યાકૂબ | રહ્યો | દેશમાં | હામના |
| H0935 | H3478 | H4714 | H3290 | | H0776 | H2526 |

પછી ઇઝરાયલ મિસરમાં આવ્યો અને ત્યાં હામનાં દેશમાં યાકૂબે મુકામ કર્યો.

24

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיֶּפֶר | אֶת־ | עַמּוֹ | מְאֹד | וַיַּעֲצִמֵהוּ | מִצָּרָיו׃ |
| અને-વધાર્યા | પોતાના | લોકોને | ખૂબ | અને-બળવાન-કર્યા | તેમના-શત્રુઓ-કરતાં |
| H6509 | H0853 | | H3966 | | |

ઈશ્વરે પોતાના લોકોને ઘણા આબાદ કર્યા અને તેમના દુશ્મનો કરતાં વધારે બળવાન કર્યા.

25

| | | | | | |
|---|---|---|---|---|---|
| הָפַךְ | לִבָּם | לִשְׂנֹא | עַמּוֹ | לְהִתְנַכֵּל | בַּעֲבָדָיו׃ |
| ફેરવ્યું | તેમનું-હૃદય | ધિક્કારવા | પોતાના-લોકોને | કપટ-કરવા | પોતાના-સેવકો-સાથે |
| H2015 | | H8130 | | H5230 | H5650 |

તેમણે પોતાના લોકો પર દ્વ્રેષ રાખવાને તથા પોતાના સેવકોની સાથે કપટથી વર્તવાને તેઓની બુદ્ધિ ફેરવી નાખી.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בּוֹ׃ | בָּחַר־ | אֲשֶׁר | אַהֲרֹן | עַבְדּוֹ | מֹשֶׁה | שָׁלַח | 26 |
| તેમણે | પસંદ-કર્યો | જેને | અહારોન | પોતાના-સેવક | મૂસાને | મોકલ્યા | |
| | H0977 | | H0175 | H5650 | H4872 | H7971 | |

તેમણે પોતાના સેવક મૂસાને અને તેમના પસંદ કરેલા, હારુનને મોકલ્યા.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| חָם׃ | בְּאֶרֶץ | וּמֹפְתִים | אֹתוֹתָיו | דִּבְרֵי | בָם | שָׂמוּ־ | 27 |
| હામના | દેશમાં | અને-ચમત્કારો | તેમનાં-ચિહ્નોનાં | વચનો | તેમાં | કર્યાં | |
| H2526 | H0776 | H4159 | H0226 | H1697 | | | |

તેઓએ મિસરના લોકોમાં તેમનાં ચિહ્નો બતાવ્યાં, વળી હામના દેશમાં ચમત્કારો પ્રગટ કર્યા.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| )דְּבָרוֹ׃( | ]דברוו[ | אֶת־ | מָרוּ | וְלֹא־ | וַיַּחְשִׁךְ | חֹשֶׁךְ | שָׁלַח | 28 |
| વચન-સામે | તેમના | તેમના | બળવો-કર્યો | અને-નહિ | અને-અંધારું-કર્યું | અંધારું | મોકલ્યું | |
| H1697 | H1697 | H0853 | H4784 | H3808 | H2821 | H2822 | H7971 | |

તેમણે પૃથ્વી પર ગાઢ અંધકાર મોકલ્યો, પણ તે લોકોએ તેમની વાતને માની નહિ + 105:28 મિસરીઓ તેમની વાત માની નહિ.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| דְּגָתָם׃ | אֶת־ | וַיָּמֶת | לְדָם | מֵימֵיהֶם | אֶת־ | הָפַךְ | 29 |
| તેમની-માછલીઓને | તેમનાં | અને-માર્યાં | લોહીમાં | તેમનાં-પાણી | તેમનાં | ફેરવ્યાં | |
| H1710 | H0853 | H4191 | H1818 | H4325 | H0853 | H2015 | |

તેમણે તેઓનું પાણી લોહી કરી નાખ્યું અને તેઓનાં માછલાં મારી નાખ્યાં.

| | | | | | |
|---|---|---|---|---|---|
| מַלְכֵיהֶם׃ | בְּחַדְרֵי | צְפַרְדְּעִים | אַרְצָם | שָׁרַץ | 30 |
| તેમના-રાજાઓના | ઓરડાઓમાં | દેડકાંઓથી | તેમનો-દેશ | ઊભરાઈ | |
| H4428 | H2315 | H6854 | H0776 | H8317 | |

તેઓના દેશ પર અસંખ્ય દેડકાં ચઢી આવ્યાં, હા, તેઓ છેક રાજમહેલના ઓરડા સુધી ભરાયાં.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| גְּבוּלָם׃ | בְּכָל־ | כִּנִּים | עָרֹב | וַיָּבֹא | אָמַר | 31 |
| તેમની-સીમાઓમાં | સર્વ | જૂ | માખીઓ | અને-આવ્યાં | કહ્યું | |
| H1366 | H3605 | H3654 | H6157 | H0935 | H0559 | |

તે બોલ્યા અને માખીઓ તથા જૂનાં ટોળાં આવ્યાં અને તેઓના આખા દેશમાં ફેલાઈ ગયાં.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בְּאַרְצָם׃ | לֶהָבוֹת | אֵשׁ | בָּרָד | גִּשְׁמֵיהֶם | נָתַן | 32 |
| તેમના-દેશમાં | જ્વાળાઓ | અગ્નિ | કરા | તેમનાં-વરસાદ-બદલે | આપ્યો | |
| H0776 | H3852 | H0784 | H1259 | H1653 | H5414 | |

તેમણે વરસાદ અને કરા મોકલ્યા, તેઓના દેશમાં ભડભડતો અગ્નિ સળગાવ્યો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| גְּבוּלָם׃ | עֵץ | וַיְשַׁבֵּר | וּתְאֵנָתָם | גַּפְנָם | וַיַּךְ | 33 |
| તેમની-સીમાઓનાં | વૃક્ષો | અને-ભાંગ્યાં | અને-અંજીરનાં-વૃક્ષો | તેમની-દ્રાક્ષાવેલો | અને-માર્યાં | |
| H1366 | H6086 | H7665 | H8384 | H1612 | H5221 | |

તેમણે તેઓના દ્રાક્ષવેલાઓ તથા અંજીરનાં ઝાડોનો નાશ કર્યો તેમણે તેઓના દેશનાં બધાં વૃક્ષો તોડી પાડ્યાં.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מִסְפָּר׃ | וְאֵין | וְיֶלֶק | אַרְבֶּה | וַיָּבֹא | אָמַר | 34 |
| સંખ્યા-વિના | અને-ગણતરી-વિના | અને-પાંખડીઓ | તીડ | અને-આવી | કહ્યું | |
| H4557 | H0369 | H3218 | H0697 | H0935 | H0559 | |

તે બોલ્યા અને અગણિત, તીડો આવ્યા.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אַדְמָתָם׃ | פְּרִי | וַיֹּאכַל | בְּאַרְצָם | עֵשֶׂב | כָּל־ | וַיֹּאכַל | 35 |
| તેમની-ભૂમિનાં | ફળ | અને-ખાધાં | તેમના-દેશની | વનસ્પતિ | સર્વ | અને-ખાધાં | |
| H0127 | H6529 | H0398 | H0776 | H6212 | H3605 | H0398 | |

તીડો તેઓના દેશની સર્વ વનસ્પતિ ખાઈ ગયાં; જમીનનાં બધાં ફળ ભક્ષ કરી ગયાં.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אוֹנָֽם׃ | לְכָל־ | רֵאשִׁית | בְּאַרְצָ֑ם | בְּכוֹר | כָּל־ | וַיַּךְ | 36 |
| તેમની-શક્તિનાં | સર્વ | પ્રથમ-ફળ | તેમના-દેશનાં | પ્રથમજનિત | સર્વ | અને-માર્યાં | |
| H0202 | H3605 | H7225 | H0776 | H1060 | H3605 | H5221 | |

તેઓના દેશમાંના સર્વ પ્રથમજનિતને મારી નાખ્યા, તેઓના મુખ્ય બળવાનોને તેમણે મારી નાખ્યા.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כּוֹשֵֽׁל׃ | בִּשְׁבָטָיו | וְאֵין | וְזָהָ֑ב | בְּכֶסֶף | וַיּוֹצִיאֵם | 37 |
| નબળો | તેમના-કુળોમાં | અને-નહોતો | અને-સોનાથી | ચાંદી | અને-બહાર-કાઢ્યા | |
| H3782 | H7626 | H0369 | H2091 | H3701 | H3318 | |

તે ઇઝરાયલીઓને તેમના સોના તથા ચાંદી સાથે બહાર લાવ્યા; તેઓના કુળોમાં કોઈ પણ નિર્બળ ન હતું.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עֲלֵיהֶֽם׃ | פַּחְדָּם | נָפַל | כִּֽי־ | בְּצֵאתָ֑ם | מִצְרַיִם | שָׂמַח | 38 |
| તેમના-પર | તેમનો-ભય | પડ્યો-હતો | કારણકે | તેમના-જવાથી | મિસર | આનંદ-પામ્યું | |
| | H6343 | H5307 | | H3318 | H4714 | H8055 | |

જ્યારે તેઓ ગયા ત્યારે મિસરના લોકો આનંદ પામ્યા, કારણ કે મિસરના લોકો તેમનાથી ગભરાઈ ગયા હતા.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לָֽיְלָה׃ | לְהָאִיר | וְאֵשׁ | לְמָסָ֑ךְ | עָנָן | פָּרַשׂ | 39 |
| રાત્રે | પ્રકાશ-આપવા | અને-અગ્નિ | છત્ર-તરીકે | વાદળ | ફેલાવ્યું | |
| H3915 | H0215 | H0784 | H4539 | H6051 | H6566 | |

તેમણે આચ્છાદનને માટે વાદળું પ્રસાર્યું અને રાત્રે પ્રકાશ આપવા માટે અગ્નિસ્તંભ આપ્યો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יַשְׂבִּיעֵֽם׃ | שָׁמַיִם | וְלֶחֶם | שְׂלָ֑ו | וַיָּבֵא | שָׁאַל | 40 |
| તૃપ્ત-કર્યા | આકાશની | અને-આકાશની-રોટલીથી | લાવા-પક્ષીઓ | અને-લાવ્યાં | માગ્યું | |
| H7646 | H8064 | H3899 | H7958 | H0935 | H7592 | |

ઇઝરાયલીઓએ ખોરાક માગ્યો, તો તેમણે લાવરીઓ આપી અને આકાશમાંની રોટલીઓથી તેઓને તૃપ્ત કર્યા.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| נָהָֽר׃ | בַּצִּיּוֹת | הָלְכוּ | מָ֑יִם | וַיָּזוּבוּ | צוּר | פָּתַח | 41 |
| નદી-તરીકે | સૂકા-સ્થાનોમાં | ચાલ્યાં | પાણી | અને-વહ્યાં | ખડક | ખોલ્યો | |
| H5104 | H6723 | H1980 | H4325 | H2100 | H6697 | | |

તેમણે ખડક તોડ્યો એટલે ત્યાં પાણી નીકળ્યું; તે નદી થઈને સૂકી ભૂમિમાં વહેવા લાગ્યું.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עַבְדּֽוֹ׃ | אַבְרָהָם | אֶת־ | קָדְשׁ֑וֹ | דְּבַר | אֶת־ | זָכַר | כִּֽי־ | 42 |
| પોતાના-સેવક | અબ્રાહમ | અબ્રાહમ-માટે | પવિત્રતાનું | પવિત્ર-વચન | પોતાના | યાદ-રાખ્યું | કારણકે | |
| H5650 | H0085 | H0853 | H6944 | H1697 | H0853 | H2142 | | |

તેમણે પોતાના સેવક ઇબ્રાહિમને આપેલા પોતાના વચનનું સ્મરણ કર્યું.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בְּחִירָֽיו׃ | אֶת־ | בְּרִנָּ֗ה | בְשָׂשׂוֹן | עַמּוֹ | וַיּוֹצִא | 43 |
| પસંદ-કરેલાઓને | પોતાના | ગીતથી | આનંદથી | પોતાના-લોકોને | અને-બહાર-કાઢ્યા | |
| H0972 | H0853 | H7440 | H8342 | | H3318 | |

તે પોતાના લોકોને, પોતાના પસંદ કરેલાઓને, ખુશીથી પાછા લઈ આવ્યા.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יִירָֽשׁוּ׃ | לְאֻמִּים | וַעֲמַל | גּוֹיִ֑ם | אַרְצוֹת | לָהֶם | וַיִּתֵּן | 44 |
| વારસામાં-મળ્યો | લોકોનો | અને-પરિશ્રમ | પ્રજાઓના | દેશો | તેમને | અને-આપ્યા | |
| H3423 | H3816 | H5999 | | H0776 | H1992 | H5414 | |

તેમણે તેઓને વિદેશીઓની ભૂમિ આપી; તે લોકોએ કરેલા શ્રમના ફળનો વારસો તેમને મળ્યો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יָֽהּ׃ | הַֽלְלוּ־ | יִנְצֹ֑רוּ | וְתוֹרֹתָיו | חֻקָּיו | יִשְׁמְרוּ | בַּעֲבוּר | 45 |
| યાહની | સ્તુતિ-કરો | જાળવે | અને-તેમની-શિક્ષાઓ | તેમના-નિયમો | તેઓ-પાળે | કે-જેથી | |
| H3050 | | H5341 | H8451 | H2706 | H8104 | H5668 | |

કે જેથી તેઓ તેમના વિધિઓનું પાલન કરે અને તેમના નિયમોને પાળે. યહોવાહની સ્તુતિ કરો.

## Chapter 106

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| חַסְדּוֹ׃ | לְעוֹלָם | כִּי | טוֹב | כִּי־ | לַיהוָה | הוֹדוּ | הַלְלוּיָהּ | 1 |
| તેમની-કૃપા-છે | સદાકાળ | કારણકે | સારા | કારણકે | યહોવાની | આભાર-માનો | હલ્લેલૂયાહ | |
| | H5769 | | | | H3068 | H3034 | | |

યહોવાહની સ્તુતિ કરો. યહોવાહનો આભાર માનો, કારણ કે તે ઉત્તમ છે, કેમ કે તેમની કૃપા સદાકાળ ટકે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| תְּהִלָּתוֹ׃ | כָּל־ | יַשְׁמִיעַ | יְהוָה | גְּבוּרוֹת | יְמַלֵּל | מִי | 2 |
| તેમની-સ્તુતિ | સર્વ | સંભળાવી-શકે | યહોવાના | પરાક્રમો | વર્ણવી-શકે | કોણ | |
| H8416 | H3605 | H8085 | H3068 | H1369 | | H4310 | |

યહોવાહનાં મહાન કૃત્યો કોણ વર્ણવી શકે? અથવા તેમની સંપૂર્ણ સ્તુતિ કોણ કરી શકે?

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עֵת׃ | בְכָל־ | צְדָקָה | עֹשֵׂה | מִשְׁפָּט | שֹׁמְרֵי | אַשְׁרֵי | 3 |
| સમયે | સર્વ | ધાર્મિકતા | કરનારા | ન્યાયના | પાળનારાઓ | ધન્ય-છે | |
| H6256 | H3605 | H6666 | | H4941 | H8104 | H0835 | |

જેઓ ન્યાયને અનુસરે છે અને જેઓના કામો હંમેશાં ન્યાયી છે તે આશીર્વાદિત છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בִּישׁוּעָתֶךָ׃ | פָּקְדֵנִי | עַמֶּךָ | בִּרְצוֹן | יְהוָה | זָכְרֵנִי | 4 |
| તારા-ઉદ્ધારથી | મને-મળવા-આવ | તારા-લોકોની | કૃપાથી | યહોવા | યાદ-કર | |
| H3444 | | | H7522 | H3068 | H2142 | |

હે યહોવાહ, જ્યારે તમે તમારા લોકો પર કૃપા કરો, ત્યારે મને યાદ રાખજો; જ્યારે તમે તેઓને બચાવો ત્યારે મને સહાય કરજો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| נַחֲלָתֶךָ׃ | עִם־ | לְהִתְהַלֵּל | גּוֹיֶךָ | בְּשִׂמְחַת | לִשְׂמֹחַ | בְחִירֶיךָ | בְּטוֹבַת | לִרְאוֹת | 5 |
| તારા-વારસાના | સાથે | ગૌરવ-લેવા | તારી-પ્રજાન□ | આનંદમાં | આનંદ-પામવા | તારા-પસંદોની | સારાથી | જોવા | |
| H5159 | | | | H8057 | H8055 | H0972 | | H7200 | |

જેથી હું તમારા પસંદ કરેલાઓનું ભલું જોઉં, તમારી પ્રજાના આનંદમાં હું આનંદ માણું અને તમારા વારસાની સાથે હું હર્ષનાદ કરું.

| | | | | | |
|---|---|---|---|---|---|
| הִרְשָׁעְנוּ׃ | הֶעֱוִינוּ | אֲבוֹתֵינוּ | עִם־ | חָטָאנוּ | 6 |
| દુષ્ટતા-કરી | અન્યાય-કર્યું | પૂર્વજોની-સાથે | અમારાં | પાપ-કર્યું | |
| H7561 | | H0001 | | H2398 | |

અમારા પિતૃઓની જેમ અમે પણ પાપ કર્યું છે; અમે અન્યાય કર્યા છે અને અમે દુષ્ટતા કરી છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| חֲסָדֶיךָ | רֹב | אֶת־ | זָכְרוּ | לֹא | נִפְלְאוֹתֶיךָ | הִשְׂכִּילוּ | לֹא־ | בְמִצְרַיִם | אֲבוֹתֵינוּ | 7 |
| કૃપાઓની | વિપુલતા | તારી | યાદ-કર્યું | નહિ | તારાં-અદ્ભુત-કાર્યોને | સમજ્યાં | નહિ | મિસરમાં | અમારાં-પૂર્વજોએ | |
| | H7230 | H0853 | H2142 | H3808 | H6381 | | H3808 | H4714 | H0001 | |

| | | | | |
|---|---|---|---|---|
| סוּף׃ | בְּיַם־ | יָם | עַל־ | וַיַּמְרוּ |
| સૂફના | લાલ-સમુદ્ર-પાસે | સમુદ્ર | સમુદ્ર-પાસે | અને-બળવો-કર્યો |
| H5488 | H3220 | H3220 | | H4784 |

નીતિમાન ન્યાયી રાજા દેશને સ્થિરતા આપે છે, પણ જે લાંચ મેળવવાનું ચાહે છે તે તેનો નાશ કરે છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | גֶּבֶר | מַחֲלִיק | עַל־ | רֵעֵהוּ | רֶשֶׁת | פּוֹרֵשׂ | עַל־ | פְּעָמָיו׃ |
| | માણસ-જે | ખુશામત-કરે-છે | — | પોતાના-પડોશીની | જાળ | પાથરે-છે | — | તેના-પગલાં-પર |
| | H1397 | | | H7453 | H7568 | H6566 | | H6471 |

જે માણસ પોતાના પડોશીનાં ખોટાં વખાણ કરે છે તે તેને ફસાવવા જાળ પાથરે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 6 | בְּפֶשַׁע | אִישׁ | רָע | מוֹקֵשׁ | וְצַדִּיק | יָרוּן | וְשָׂמֵחַ׃ |
| | અપરાધમાં | માણસ | દુષ્ટ | ફાંસો-છે | પણ-નેક | આનંદ-કરે-છે | અને-ખુશ-થાય-છે |
| | H6588 | H0376 | | H4170 | H6662 | | H8055 |

દુષ્ટ માણસ પોતાના પાપના ફાંદામાં ફસાય છે, પણ નેકીવાન માણસ ગીતો ગાય છે અને આનંદ કરે છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | יֹדֵעַ | צַדִּיק | דִּין | דַּלִּים | רָשָׁע | לֹא־ | יָבִין | דָּעַת׃ |
| | જાણે-છે | નેક | અધિકાર | ગરીબોનો | દુષ્ટ | નથી | સમજતો | જ્ઞાન |
| | H3045 | H6662 | H1779 | H1800 | H7563 | H3808 | H0995 | H1847 |

નેકીવાન માણસ ગરીબોના હિતની ચિંતા રાખે છે; દુષ્ટ માણસ તે જાણવાની દરકાર પણ કરતો નથી.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 8 | אַנְשֵׁי | לָצוֹן | יָפִיחוּ | קִרְיָה | וַחֲכָמִים | יָשִׁיבוּ | אָף׃ |
| | માણસો | મશ્કરી-કરનારા | સળગાવે-છે | શહેરને | પણ-ડાહ્યા | શાંત-કરે-છે | ક્રોધ |
| | H0376 | H3944 | H6315 | H7151 | H2450 | H7725 | H0639 |

તિરસ્કાર કરનાર માણસો શહેર સળગાવે છે, પણ ડાહ્યા માણસો રોષને સમાવે છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | אִישׁ־ | חָכָם | נִשְׁפָּט | אֶת־ | אִישׁ | אֱוִיל | וְרָגַז | וְשָׂחַק | וְאֵין | נָחַת׃ |
| | માણસ | ડાહ્યો | ન્યાય-કરે-છે | — | માણસ-સાથે | મૂર્ખ | અને-ગુસ્સે-થાય-છે | અને-હસે-છે | અને-નથી | શાંતિ |
| | H0376 | H2450 | H8199 | H0854 | H0376 | H0191 | H7264 | H7832 | H0369 | |

જ્યારે ડાહ્યો માણસ મૂર્ખ સાથે વાદવિવાદમાં ઊતરે છે, ત્યારે કાં તો તે ગુસ્સે થાય છે અગર તે હસે છે, પણ તેને કંઈ નિરાંત વળતી નથી.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 10 | אַנְשֵׁי | דָמִים | יִשְׂנְאוּ־ | תָם | וִישָׁרִים | יְבַקְשׁוּ | נַפְשׁוֹ׃ |
| | માણસો | લોહીતરસ્યા | ધિક્કારે-છે | નિર્દોષને | પણ-પ્રામાણિકો | શોધે-છે | તેનો-જીવ |
| | H0376 | H1818 | H8130 | H8535 | H3477 | H1245 | H5315 |

લોહીના તરસ્યા માણસો પ્રામાણિક માણસો પર વૈર રાખે છે તેઓ પ્રામાણિકનો જીવ લેવા મથે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 11 | כָּל־ | רוּחוֹ | יוֹצִיא | כְסִיל | וְחָכָם | בְּאָחוֹר | יְשַׁבְּחֶנָּה׃ |
| | આખો | ગુસ્સો | બહાર-કાઢે-છે | મૂર્ખ | પણ-ડાહ્યો | પાછળથી | શાંત-કરે-છે |
| | H3605 | H7307 | H3318 | H3684 | H2450 | H0268 | |

મૂર્ખ માણસ પોતાનો ક્રોધ બહાર ઠાલવે છે, પણ ડાહ્યો માણસ પોતાની જાતને કાબૂમાં રાખે છે અને ક્રોધ સમાવી દે છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 12 | מֹשֵׁל | מַקְשִׁיב | עַל־ | דְּבַר־ | שָׁקֶר | כָּל־ | מְשָׁרְתָיו | רְשָׁעִים׃ |
| | શાસક-જે | ધ્યાન-આપે-છે | — | વાત | જૂઠી | બધા | તેના-સેવકો | દુષ્ટ-થાય-છે |
| | H4910 | H7181 | | H1697 | H8267 | H3605 | H8334 | H7563 |

જો કોઈ શાસનકર્તા જૂઠી વાતો સાંભળવા માટે ધ્યાન આપે, તો તેના સર્વ સેવકો ખરાબ થઈ જાય છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 13 | רָשׁ | וְאִישׁ | תְּכָכִים | נִפְגָּשׁוּ | מֵאִיר־ | עֵינֵי | שְׁנֵיהֶם | יְהוָה׃ |
| | ગરીબ | અને-માણસ | જુલમગાર | મળે-છે | પ્રકાશ-આપે-છે | આંખો | બંનેની | યહોવાહ |
| | H7326 | H0376 | H8501 | H6298 | H0215 | | H8147 | H3068 |

ગરીબ માણસ તથા જુલમગાર માણસ ભેગા થાય છે; અને તે બન્નેની આંખોને યહોવાહ પ્રકાશ આપે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 14 | מֶלֶךְ | שׁוֹפֵט | בֶּאֱמֶת | דַּלִּים | כִּסְאוֹ | לָעַד | יִכּוֹן׃ |
| | રાજા-જે | ન્યાય-કરે-છે | સત્યથી | ગરીબોનો | તેનું-સિંહાસન | સદાકાળ | સ્થિર-રહેશે |
| | H4428 | H8199 | H0571 | H1800 | H3678 | H5703 | |

જે રાજા વિશ્વાસુપણાથી ગરીબોનો ન્યાય કરે છે, તેનું રાજ્યાસન સદાને માટે સ્થિર રહેશે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 15 | שֵׁבֶט | וְתוֹכַחַת | יִתֵּן | חָכְמָה | וְנַעַר | מְשֻׁלָּח | מֵבִישׁ | אִמּוֹ׃ |
| | લાકડી | અને-ઠપકો | આપે-છે | ડહાપણ | પણ-બાળક | છૂટો-મૂકેલો | શરમાવે-છે | માતાને |
| | H7626 | | H5414 | H2451 | H5288 | H7971 | H0954 | H0517 |

સોટી તથા ઠપકો ડહાપણ આપે છે; પણ સ્વતંત્ર મૂકેલું બાળક પોતાની માતાને બદનામ કરે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 16 | בִּרְבוֹת | רְשָׁעִים | יִרְבֶּה־ | פָּשַׁע | וְצַדִּיקִים | בְּמַפַּלְתָּם | יִרְאוּ׃ |
| | જ્યારે-વધે-છે | દુષ્ટો | વધે-છે | અપરાધ | પણ-નેકો | તેમના-પતનમાં | જોશે |
| | | H7563 | | H6588 | H6662 | H4658 | H7200 |

જ્યારે દુષ્ટોની વૃદ્ધિ થાય છે, ત્યારે પાપ વધે છે; પણ નેકીવાનો તેઓની પડતી થતી જોશે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 17 | יַסֵּר | בִּנְךָ | וִינִיחֶךָ | וְיִתֵּן | מַעֲדַנִּים | לְנַפְשֶׁךָ׃ | פ |
| | શિક્ષા-આપ | તારા-પુત્રને | અને-તે-આરામ-આપશે-તને | અને-આપશે | આનંદ | તારા-જીવને | — |
| | H3256 | | H5117 | H5414 | H4574 | H5315 | |

તું તારા દીકરાને શિક્ષા કરીશ તો તે તારા માટે આશીર્વાદરૂપ હશે અને તે તારા આત્માને આનંદ આપશે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 18 | בְּאֵין | חָזוֹן | יִפָּרַע | עָם | וְשֹׁמֵר | תּוֹרָה | אַשְׁרֵהוּ׃ |
| | જ્યાં-નથી | દર્શન | છૂટા-પડે-છે | પ્રજા | પણ-પાળનાર | નિયમશાસ્ત્ર | ધન્ય-છે |
| | H0369 | H2377 | | | H8104 | H8451 | H0835 |

જ્યાં સંદર્શન નથી, ત્યાં લોકો મર્યાદા છોડી દે છે, પણ નિયમના પાળનાર આશીર્વાદિત છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 19 | בִּדְבָרִים | לֹא־ | יִוָּסֶר | עָבֶד | כִּי־ | יָבִין | וְאֵין | מַעֲנֶה׃ |
| | શબ્દોથી | નથી | શિખવાડાતો | દાસ | કારણ-કે | સમજે-છે | પણ-નથી | જવાબ-આપતો |
| | H1697 | H3808 | H3256 | H5650 | | H0995 | H0369 | H4617 |

માત્ર શબ્દોથી ગુલામોને સુધારી શકાશે નહિ, કારણ કે તે સમજશે તો પણ ગણકારશે નહિ.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 20 | חָזִיתָ | אִישׁ | אָץ | בִּדְבָרָיו | תִּקְוָה | לִכְסִיל | מִמֶּנּוּ׃ |
| | જો-તું-જુએ | માણસને | ઉતાવળો | તેના-શબ્દોમાં | વધારે-આશા-છે | મૂર્ખ-માટે | તેના-કરતાં |
| | H2372 | H0376 | H0213 | H1697 | | H3684 | |

શું તેં ઉતાવળે બોલનાર માણસને જોયો છે? તેના કરતાં કોઈ મૂર્ખ તરફથી વધારે આશા રાખી શકાય.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 21 | מְפַנֵּק | מִנֹּעַר | עַבְדּוֹ | וְאַחֲרִיתוֹ | יִהְיֶה | מָנוֹן׃ |
| | લાડ-લડાવનાર | બાળપણથી | પોતાના-દાસને | અને-છેવટે | તે-બનશે | અકૃતજ્ઞ |
| | H6445 | H5290 | H5650 | H0319 | H1961 | H4497 |

જે માણસ પોતાના ચાકરને નાનપણથી વહાલપૂર્વક ઉછેરે છે, આખરે તે તેનો દીકરો થઈ બેસશે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 22 | אִישׁ־ | אַף | יְגָרֶה | מָדוֹן | וּבַעַל | חֵמָה | רַב־ | פָּשַׁע׃ |
| | માણસ | ક્રોધી | ઉશ્કેરે-છે | ઝઘડો | અને-માલિક | ગુસ્સાનો | ઘણા-છે | અપરાધો |
| | H0376 | H0639 | H1624 | H4066 | H1167 | H2534 | | H6588 |

ક્રોધી માણસ ઝઘડા સળગાવે છે અને ગુસ્સાવાળો માણસ ઘણા ગુના કરે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 23 | גַּאֲוַת | אָדָם | תַּשְׁפִּילֶנּוּ | וּשְׁפַל־ | רוּחַ | יִתְמֹךְ | כָּבוֹד׃ |
| | ઘમંડ | માણસનો | નીચો-પાડશે-તેને | પણ-નમ્ર | આત્માનો | પામશે | માન |
| | H1346 | H0120 | H8213 | H8217 | H7307 | H8551 | H3519 |

અભિમાન માણસને અપમાનિત કરે છે, પણ નમ્ર વ્યક્તિ સન્માન મેળવે છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 24 | חוֹלֵק | עִם־ | גַּנָּב | שׂוֹנֵא | נַפְשׁוֹ | אָלָה | יִשְׁמַע | וְלֹא | יַגִּיד׃ |
| | ભાગીદાર | — | ચોર-સાથેનો | ધિક્કારે-છે | પોતાના-જીવને | શપથ | સાંભળે-છે | પણ-નથી | કહેતો |
| | | | H1590 | H8130 | H5315 | H0423 | H8085 | H3808 | H5046 |

ચોરનો ભાગીદાર તેનો પોતાનો જ દુશ્મન છે; તે સોગન ખાય છે, પણ કંઈ જાહેર કરતો નથી.

25

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| חֶרְדַּת | אָדָם | יִתֵּן | מוֹקֵשׁ | וּבוֹטֵחַ | בַּיהוָה | יְשֻׂגָּב׃ |
| ભય | માણસનો | નાખે-છે | ફાંસો | પણ-વિશ્વાસ-કરનાર | યહોવાહ-પર | સુરક્ષિત-રહેશે |
| H2731 | H0120 | H5414 | H4170 | H0982 | H3068 | H7682 |

માણસની બીક ફાંદારૂપ છે; પણ જે કોઈ યહોવાહ પર વિશ્વાસ રાખે છે તે સુરક્ષિત છે.

26

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| רַבִּים | מְבַקְשִׁים | פְנֵי־ | מוֹשֵׁל | וּמֵיְהוָה | מִשְׁפַּט־ | אִישׁ׃ |
| ઘણા | શોધે-છે | ચહેરો | શાસકનો | પણ-યહોવાહ-તરફથી | ન્યાય-મળે-છે | માણસને |
| | H1245 | H6440 | H4910 | H3068 | H4941 | H0376 |

ઘણા માણસો અધિકારીની કૃપા શોધે છે, પણ ન્યાય તો યહોવાહ પાસેથી જ મળી શકે છે.

27

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| תּוֹעֲבַת | צַדִּיקִים | אִישׁ | עָוֶל | וְתוֹעֲבַת | רָשָׁע | יְשַׁר־ | דָּרֶךְ׃ | פ |
| ધિક્કારપાત્ર-છે | નેકો-માટે | માણસ | અન્યાયી | અને-ધિક્કારપાત્ર-છે | દુષ્ટ-માટે | સીધા | માર્ગનો | — |
| H8441 | H6662 | H0376 | | H8441 | H7563 | H3477 | H1870 | |

અન્યાયી માણસ નેકીવાનને કંટાળાજનક છે, અને નેકીવાન દુષ્ટોને કંટાળાજનક છે.

## Chapter 30

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּדִבְרֵי | אָגוּר | בִּן־ | יָקֶה | הַמַּשָּׂא | נְאֻם | הַגֶּבֶר | לְאִיתִיאֵל | לְאִיתִיאֵל | וְאֻכָל׃ |
| વાતો | આગૂરના | પુત્ર | યાકેના | ભવિષ્યવાણી | વચન | માણસનું | ઈતીએલને | ઈતીએલને | અને-ઉકાલને |
| H1697 | H0094 | | H3348 | | H5002 | H1397 | H0384 | H0384 | H0401 |

યાકેના દીકરા આગૂરનાં વચનો છે, જે ઈશ્વરવાણી છે: કોઈ માણસ ઇથિયેલને, ઇથિયેલ + 30:1 ઓ દેવ હું થાકેલો છું તથા ઉક્કાલને + 30:1 હું સંપૂર્ણપણે થાકેલો છું આ પ્રમાણે કહે છે:

2

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כִּי | בַעַר | אָנֹכִי | מֵאִישׁ | וְלֹא־ | בִינַת | אָדָם | לִי׃ |
| કારણ-કે | અજ્ઞાની-છું | હું | માણસો-કરતાં | અને-નથી | સમજ | માણસની | મારામાં |
| | H1198 | H0595 | H0376 | H3808 | H0998 | H0120 | |

નિશ્ચે હું કોઈ પણ માણસ કરતાં અધિક પશુવત છું અને મારામાં માણસ જેવી બુદ્ધિ નથી.

3

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְלֹא־ | לָמַדְתִּי | חָכְמָה | וְדַעַת | קְדֹשִׁים | אֵדָע׃ |
| અને-નથી | શીખ્યું | ડહાપણ | અને-જ્ઞાન | પવિત્રનું | જાણું-છું |
| H3808 | H3925 | H2451 | H1847 | H6918 | H3045 |

હું ડહાપણ શીખ્યો નથી કે નથી મારામાં પવિત્ર ઈશ્વરનું ડહાપણ.

4

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִי | עָלָה־ | שָׁמַיִם | וַיֵּרַד | מִי | אָסַף־ | רוּחַ | בְּחָפְנָיו | מִי | צָרַר־ | מַיִם | בַּשִּׂמְלָה |
| કોણે | ચડ્યું | આકાશમાં | અને-ઉતર્યું | કોણે | સમેટ્યો | પવનને | પોતાની-મુઠ્ઠીમાં | કોણે | બાંધ્યાં | પાણીને | વસ્ત્રમાં |
| H4310 | H5927 | H8064 | H3381 | H4310 | H0622 | H7307 | H2651 | H4310 | | H4325 | H8071 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִי | הֵקִים | כָּל־ | אַפְסֵי־ | אָרֶץ | מַה־ | שְּׁמוֹ | וּמַה־ | שֶּׁם־ | בְּנוֹ | כִּי |
| કોણે | સ્થાપિત-કર્યા | બધી | સીમાઓ | પૃથ્વીની | શું-છે | તેનું-નામ | અને-શું-છે | નામ | તેના-પુત્રનું | જો |
| H4310 | | H3605 | | H0776 | H4100 | H8034 | H4100 | H8034 | | |

| |
|---|
| תֵדָע׃ |
| તું-જાણતો-હોય |
| H3045 |

આકાશમાં કોણ ચઢ્યો છે અને પાછો નીચે ઊતર્યો છે? કોણે હવાને પોતાની મુઠ્ઠીમાં બાંધી રાખી છે? કોણે પોતાનાં વસ્ત્રમાં પાણી બાંધી લીધાં છે? પૃથ્વીની સર્વ સીમાઓ કોણે સ્થાપી છે? જો તું ખરેખર જાણતો હોય, તો કહે તેનું નામ શું છે? અને તેના દીકરાનું નામ શું છે?

5

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כָּל־ | אִמְרַת | אֱלוֹהַּ | צְרוּפָה | מָגֵן | הוּא | לַחֹסִים | בּוֹ׃ |
| દરેક | વચન | ઈશ્વરનું | શુદ્ધ-છે | ઢાલ-છે | તે | તેમાં-આશરો-લેનારા-માટે | તેમાં |
| H3605 | | H0433 | H6884 | H4043 | H1931 | H2620 | |

ઈશ્વરનું દરેક વચન પરખેલું છે, જેઓ ઈશ્વર પર ભરોસો રાખે છે તેઓના માટે તે ઢાલ છે.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אַל־ | תּוֹסְףְּ | עַל־ | דְּבָרָיו | פֶּן | יוֹכִיחַ | בְךָ | וְנִכְזָבְתָּ׃ | פ |
| ના | ઉમેર | — | તેન઼-વચનોમાં | રખેને | તે-ટકોરે | તને | અને-જૂઠા-ઠરશે | — |
| H0408 | H3254 | | H1697 | H6435 | H3198 | | H3576 | |

તેમનાં વચનોમાં તું કશો ઉમેરો કરીશ નહિ, નહિ તો તે તને ઠપકો આપશે અને તું જૂઠો પુરવાર થઈશ.

7

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שְׁתַּיִם | שָׁאַלְתִּי | מֵאִתָּךְ | אַל־ | תִּמְנַע | מִמֶּנִּי | בְּטֶרֶם | אָמוּת׃ |
| બે-વસ્તુઓ | માગી-છે-મેં | તારી-પાસેથી | ના | રોક | મારાથી | મરતા-પહેલાં | મરું |
| H8147 | H7592 | H0854 | H0408 | H4513 | | H2962 | H4191 |

હું તમારી પાસે બે વરદાન માગું છું, મારા મૃત્યુ અગાઉ મને તેની ના પાડશો નહિ.

8

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שָׁוְא | וּדְבַר־ | כָּזָב | הַרְחֵק | מִמֶּנִּי | רֵאשׁ | וָעֹשֶׁר | אַל־ | תִּתֶּן־ | לִי | הַטְרִיפֵנִי | לֶחֶם | חֻקִּי׃ |
| જૂઠ | અને-વાત | અસત્યની | દૂર-રાખ | મારાથી | ગરીબી | અને-ધન | ના | આપ | મને | ખવડાવ | રોટી | નક્કી-કરેલી |
| H7723 | H1697 | H3577 | H7368 | | | H6239 | H0408 | H5414 | | H2963 | H3899 | H2706 |

અસત્ય અને વ્યર્થતાને મારાથી દૂર રાખજો, મને દરિદ્રતા કે દ્રવ્ય પણ ન આપશો; મને જરૂર જેટલી રોટલી આપજો.

9

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| פֶּן | אֶשְׂבַּע | וְכִחַשְׁתִּי | וְאָמַרְתִּי | מִי | יְהוָה | וּפֶן־ | אִוָּרֵשׁ | וְגָנַבְתִּי | וְתָפַשְׂתִּי | שֵׁם | אֱלֹהָי׃ | פ |
| રખેને | ધરાઈ-જાઉં | અને-નકારું | અને-કહું | કોણ-છે | યહોવાહ | અને-રખેને | ગરીબ-થઈ-જાઉં | અને-ચોરી-કરું | અને-લું | નામ | મારા-ઈશ્વરનું | — |
| H6435 | H7646 | H3584 | H0559 | H4310 | H3068 | H6435 | H3423 | H1589 | H8610 | H8034 | H0430 | |

નહિ તો કદાચ હું વધારે છલકાઈ જાઉં અને તમારો નકાર કરીને કહું કે, “ઈશ્વર તે વળી કોણ છે?” અથવા હું કદાચ ગરીબ થઈને ચોરી કરું અને મારા ઈશ્વરના નામની નિંદા કરું.

10

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אַל־ | תַּלְשֵׁן | עֶבֶד | אֶל־ | ]אדנו[ | )אֲדֹנָיו( | פֶּן־ | יְקַלֶּלְךָ | וְאָשָׁמְתָּ׃ |
| ના | નિંદા-કર | દાસની | — | — | તેના-માલિક-પાસે | રખેને | તે-શાપ-આપે-તને | અને-તું-દોષી-ઠરે |
| H0408 | H3960 | H5650 | H0413 | H0113 | H0113 | H6435 | H7043 | H0816 |

નોકરની ખરાબ વાતો જે ખોટી છે તે તેના માલિક આગળ ન કર રખેને તે તને શાપ આપે અને તેણે જે કર્યુ હતું તેને માટે તું દોષપાત્ર ઠરે.

11

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| דּוֹר | אָבִיו | יְקַלֵּל | וְאֶת־ | אִמּוֹ | לֹא | יְבָרֵךְ׃ |
| પેઢી-છે-જે | પિતાને | શાપ-આપે-છે | અને | માતાને | નથી | આશીર્વાદ-આપતી |
| H1755 | H0001 | H7043 | H0853 | H0517 | H3808 | H1288 |

એવી પણ એક પેઢી છે કે જે પોતાનાં પિતાને શાપ આપે છે અને પોતાની માતાને આશીર્વાદ આપતી નથી.

12

| | | | | | |
|---|---|---|---|---|---|
| דּוֹר | טָהוֹר | בְּעֵינָיו | וּמִצֹּאָתוֹ | לֹא | רֻחָץ׃ |
| પેઢી-છે-જે | શુદ્ધ-છે | પોતાની-નજરમાં | પણ-પોતાની-અશુદ્ધિથી | નથી | ધોવાયેલી |
| H1755 | H2889 | | H6675 | H3808 | H7364 |

એવી પણ એક પેઢી છે જે પોતાને પવિત્ર માને છે, પણ તે પોતાની મલિનતામાંથી સ્વચ્છ થતી નથી.

13

| | | | | | |
|---|---|---|---|---|---|
| דּוֹר | מָה־ | רָמוּ | עֵינָיו | וְעַפְעַפָּיו | יִנָּשֵׂאוּ׃ |
| પેઢી-છે-જે | કેવી | ઊંચી-છે | આખો | અને-પોપચાં | ઊંચકાય-છે |
| H1755 | H4100 | | | H6079 | H5375 |

એવી પણ એક પેઢી છે કે જેના ઘમંડનો પાર નથી અને તેનાં પોપચાં ઊંચા કરેલાં છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 14 | דּ֤וֹר | חֲרָב֪וֹת | שִׁנָּ֡יו | וּֽמַאֲכָל֬וֹת | מְתַלְּעֹ֫תָ֥יו | לֶאֱכֹ֣ל | עֲנִיִּ֣ים | מֵאֶ֑רֶץ | וְ֝אֶבְיוֹנִ֗ים |
| | પેઢી-છે-જેના | તલવારો-છે | તેમના-દાંત | અને-તેમના-દાઢ | જબડાં | ખાવા-માટે | ગરીબોને | પૃથ્વીમાંથી | અને-જરૂરિયાતમંદોને |
| | H1755 | H2719 | H8127 | H3979 | H4973 | H0398 | H6041 | H0776 | H0034 |

| | |
|---|---|
| מֵאָדָֽם׃ | פ |
| માનવજાતમાંથી | — |
| H0120 | |

એવી પણ એક પેઢી છે કે જેના દાંત તલવાર જેવા અને તેની દાઢો ચપ્પુ જેવી છે; એ પેઢીના લોકો પૃથ્વી પરથી કંગાલોને અને માનવજાતમાંથી જરૂરિયાતમંદોને ખાઈ જાય છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | לַֽעֲלוּקָ֨ה | שְׁתֵּ֪י | בָנ֡וֹת | הַ֤ב | הַ֗ב | שָׁל֣וֹשׁ | הֵ֭נָּה | לֹ֣א | תִשְׂבַּ֑עְנָה | אַ֝רְבַּ֗ע |
| | જળોને | બે | પુત્રીઓ-છે | આપ | આપ | ત્રણ | આ-વસ્તુઓ | ક્યારેય-નથી | તૃપ્ત-થતી | ચાર |
| | H5936 | H8147 | H1323 | H3051 | H3051 | H7969 | H2007 | H3808 | H7646 | H0702 |

| | | |
|---|---|---|
| לֹא־ | אָ֣מְרוּ | הֽוֹן׃ |
| ક્યારેય-નથી | કહેતી | બસ |
| H3808 | H0559 | H1952 |

જળોને બે દીકરીઓ છે, તેઓ પોકારીને કહે છે, “આપો અને આપો.” કદી તૃપ્ત થતાં નથી એવી ત્રણ બાબતો છે, “બસ,” એમ ન કહેનાર એવી ચાર બાબતો છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 16 | שְׁא֗וֹל | וְעֹ֫צֶ֥ר | רָ֥חַם | אֶ֭רֶץ | לֹא־ | שָׂ֣בְעָה | מַּ֑יִם | וְ֝אֵ֗שׁ | לֹא־ |
| | પાતાળ | અને-વાંઝીયું | ગર્ભ | પૃથ્વી-જે-ક્યારેય-નથી | ધરાતી | તૃપ્ત | પાણીથી | અને-આગ-જે-ક્યારેય-નથી | — |
| | H7585 | H6115 | | H0776 | H3808 | H7646 | H4325 | H0784 | H3808 |

| | |
|---|---|
| אָ֣מְרָה | הֽוֹן׃ |
| કહેતી | બસ |
| H0559 | H1952 |

એટલે શેઓલ; નિઃસંતાન મહિલાનું ગર્ભસ્થાન; પાણીથી તૃપ્ત નહિ થતી જમીન; અને કદી “બસ” ના કહેનાર અગ્નિ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 17 | עַ֤יִן ׀ | תִּֽלְעַ֣ג | לְאָב֮ | וְתָב֪וּז | לִֽיקֲּהַת־ | אֵ֥ם | יִקְּר֣וּהָ | עֹרְבֵי־ | נַ֑חַל |
| | આંખ-જે | મશ્કરી-કરે-છે | પિતાની | અને-તિરસ્કાર-કરે-છે | આજ્ઞાપાલનની | માતાની | ખોદી-કાઢશે-તેને | કાગડા | ખીણના |
| | | H3932 | H0001 | H0936 | H3349 | H0517 | H5365 | H6158 | |

| | | | |
|---|---|---|---|
| וְיֹאכְל֥וּהָ | בְנֵי־ | נָֽשֶׁר׃ | פ |
| અને-ખાશે-તેને | બચ્ચાંઓ | ગરુડના | — |
| H0398 | | H5404 | |

જે આંખ તેના પિતાની મશ્કરી કરે છે અને તેની માતાની આજ્ઞા માનવાની ના પાડે છે, તેને ખીણના કાગડા કોચી કાઢશે અને ગીધનાં બચ્ચાં તેને ખાઈ જશે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 18 | שְׁלֹ֣שָׁה | הֵ֭מָּה | נִפְלְא֣וּ | מִמֶּ֑נִּי | ]וארבע[ | )וְ֝אַרְבָּעָ֗ה( | לֹ֣א | יְדַעְתִּֽים׃ |
| | ત્રણ | વસ્તુઓ-છે-જે | અદ્ભુત-છે | મારા-માટે | — | અને-ચાર | નથી | જાણી-શકતો |
| | H7969 | H1992 | H6381 | | H0702 | H0702 | H3808 | H3045 |

ત્રણ બાબતો મને એવી આશ્ચર્યજનક લાગે છે કે તેઓ મારી સમજમાં આવતી નથી, અરે, ચાર બાબતો હું જાણતો નથી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 19 | דֶּ֤רֶךְ | הַנֶּ֨שֶׁר ׀ | בַּשָּׁמַ֗יִם | דֶּ֣רֶךְ | נָ֭חָשׁ | עֲלֵ֣י | צ֑וּר | דֶּֽרֶךְ־ | אֳנִיָּ֥ה | בְלֶב־ | יָ֑ם | וְדֶ֖רֶךְ |
| | માર્ગ | ગરુડનો | આકાશમાં | માર્ગ | સાપનો | ઉપર | ખડકના | માર્ગ | વહાણનો | હૃદયમાં | સમુદ્રના | અને-માર્ગ |
| | H1870 | H5404 | H8064 | H1870 | H5175 | | H6697 | H1870 | H0591 | | H3220 | H1870 |

| | |
|---|---|
| גֶּ֣בֶר | בְּעַלְמָֽה׃ |
| પુરુષનો | કુંવારી-સાથેનો |
| H1397 | H5959 |

આકાશમાં ઊડતા ગરુડનું ઉડ્ડયન; ખડક ઉપર સરકતા સાપની ચાલ; ભરસમુદ્રમાં વહાણનો માર્ગ; અને કુમારી તથા યુવાન વચ્ચે ઉદ્‌ભવતો પ્રેમ.

| 20 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כֵּן | דֶּרֶךְ | אִשָּׁה | מְנָאָפֶת | אָכְלָה | וּמָחֲתָה | פִיהָ | וְאָמְרָה | לֹא־ | פָעַלְתִּי | אָוֶן׃ |
| તેવો-છે | માર્ગ | સ્ત્રીનો | વ્યભિચારિણી | ખાય-છે | અને-લૂછે-છે | મોં | અને-કહે-છે | નથી | કર્યું-મેં | અન્યાય |
| | H1870 | H0802 | H5003 | H0398 | | H6310 | H0559 | H3808 | H6466 | H0205 |
| פ | | | | | | | | | | |
| — | | | | | | | | | | |

વ્યભિચારી સ્ત્રીની રીત આવી હોય છે - તે ખાય છે અને પોતાનું મુખ લૂછી નાખે છે અને કહે છે કે, "મેં કશું ખોટું કર્યું નથી."

| 21 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| תַּחַת | שָׁלוֹשׁ | רָגְזָה | אֶרֶץ | וְתַחַת | אַרְבַּע | לֹא־ | תוּכַל | שְׂאֵת׃ |
| નીચે | ત્રણથી | ધ્રૂજે-છે | પૃથ્વી | અને-નીચે | ચારથી | નથી | સહન-કરી-શકતી | સહન |
| H8478 | H7969 | H7264 | H0776 | H8478 | H0702 | H3808 | H3201 | H5375 |

ત્રણ વસ્તુઓથી પૃથ્વી કાંપે છે, અરે, ચાર બાબતોને તે સહન કરી શકતી નથી.

| 22 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| תַּחַת־ | עֶבֶד | כִּי | יִמְלוֹךְ | וְנָבָל | כִּי | יִשְׂבַּע־ | לָחֶם׃ |
| નીચે | દાસ-જે | જ્યારે | રાજા-બને | અને-મૂર્ખ-જે | જ્યારે | ધરાઈ-જાય-છે | રોટીથી |
| H8478 | H5650 | | | H5036 | | H7646 | H3899 |

રાજગાદીએ બેઠેલો ગુલામ; અન્નથી તૃપ્ત થયેલો મૂર્ખ;

| 23 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| תַּחַת | שְׂנוּאָה | כִּי | תִבָּעֵל | וְשִׁפְחָה | כִּי־ | תִירַשׁ | גְּבִרְתָּהּ׃ | פ |
| નીચે | ધિક્કારાયેલી-જે | જ્યારે | પરણાય-છે | અને-દાસી-જે | જ્યારે | વારસો-બને-છે | પોતાની-માલકિનની | — |
| H8478 | H8130 | | H1166 | H8198 | | H3423 | H1404 | |

લગ્ન કરેલી દાસી; અને પોતાની શેઠાણીની જગ્યાએ આવેલી દાસી.

| 24 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אַרְבָּעָה | הֵם | קְטַנֵּי־ | אָרֶץ | וְהֵמָּה | חֲכָמִים | מְחֻכָּמִים׃ |
| ચાર | છે-જે | છોટા-છે | પૃથ્વી-પર | પણ-તે | ડાહ્યા-છે | બુદ્ધિશાળીમાં |
| H0702 | H1992 | | H0776 | H1992 | H2450 | H2449 |

પૃથ્વી પર ચાર વસ્તુ નાની છે, પણ તે અત્યંત શાણી છે:

| 25 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הַנְּמָלִים | עַם | לֹא־ | עָז | וַיָּכִינוּ | בַקַּיִץ | לַחְמָם׃ |
| કીડીઓ | પ્રજા-છે-જે | નથી | શક્તિશાળી | પણ-તૈયાર-કરે-છે | ઉનાળામાં | પોતાનો-ખોરાક |
| H5244 | | H3808 | H5794 | | H7019 | H3899 |

કીડી કંઈ બળવાન પ્રજા નથી, પણ તેઓ ઉનાળામાં પોતાનો ખોરાક ભેગો કરે છે;

| 26 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שְׁפַנִּים | עַם | לֹא־ | עָצוּם | וַיָּשִׂימוּ | בַסֶּלַע | בֵּיתָם׃ |
| ખરગોશ | પ્રજા-છે-જે | નથી | શક્તિશાળી | પણ-બનાવે-છે | ખડકમાં | પોતાનો-ઘર |
| | | H3808 | H6099 | | H5553 | |

ખડકમાં રહેતાં સસલાં નિર્બળ પ્રજા છે, તો પણ તેઓ સર્વ પોતાનાં રહેઠાણ ખડકોમાં બનાવે છે.

| 27 | | | | | |
|---|---|---|---|---|---|
| מֶלֶךְ | אֵין | לָאַרְבֶּה | וַיֵּצֵא | חֹצֵץ | כֻּלּוֹ׃ |
| રાજા-નથી | કોઈ | તિડકોને | પણ-નીકળે-છે | હારબંધ-બંધાઈને | બધા |
| H4428 | H0369 | H0697 | H3318 | | H3605 |

તીડોનો કોઈ રાજા હોતો નથી, પણ તેઓ બધાં ટોળાબંધ નીકળે છે;

| 28 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שְׂמָמִית | בְּיָדַיִם | תְּתַפֵּשׂ | וְהִיא | בְּהֵיכְלֵי | מֶלֶךְ׃ | פ |
| કરોળિયો | હાથોથી | પકડાય-છે | પણ-તે | મહેલોમાં-છે | રાજાના | — |
| H8079 | H3027 | H8610 | H1931 | H1964 | H4428 | |

ગરોળીને + 30:28 કરોળિયો જે પોતાના હાથ જાળને બીને છે તમે તમારાં હાથમાં પકડી શકો છે, છતાં તે રાજાઓના મહેલમાં પણ હરેફરે છે.

| 29 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שְׁלֹשָׁה | הֵמָּה | מֵיטִיבֵי | צָעַד | וְאַרְבָּעָה | מֵיטִבֵי | לָכֶת׃ |
| ત્રણ | છે-જે | શોભાયમાન-ચાલે-છે | પગલાં | અને-ચાર-છે-જે | શોભાયમાન-ચાલે-છે | ચાલમાં |
| H7969 | H1992 | H3190 | H6806 | H0702 | H3190 | H3212 |

ત્રણ પ્રાણીઓનાં પગલાં રુઆબદાર હોય છે, અરે, ચારની ચાલ દમામદાર હોય છે:

30

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כֹּל׃ | מִפְּנֵי־ | יָשׁוּב | וְלֹא־ | בַּבְּהֵמָה | גִּבּוֹר | לַיִשׁ |
| પણ | કોઈની-સામે | પાછો-હટતો | અને-નથી | પ્રાણીઓમાં | શક્તિશાળી-છે | સિંહ |
| H3605 | H6440 | H7725 | H3808 | H0929 | H1368 | H3918 |

એટલે સિંહ, જે પશુઓમાં સૌથી બળવાન છે અને કોઈને લીધે પોતાનો માર્ગ બદલતો નથી;

31

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עִמּוֹ׃ | אַלְקוּם | וּמֶלֶךְ | תָיִשׁ | אוֹ־ | מָתְנַיִם | זַרְזִיר |
| તેની-સાથે | સામે-કોઈ-નથી-ઊભું-છે | અને-રાજા-જેની | બકરો | અથવા | કમરબંધનો | મોર |
| | H0510 | H4428 | H8495 | | H4975 | H2223 |

વળી શિકારી કૂકડો; તથા બકરો; તેમ જ પોતાની પ્રજાને દોરતો રાજા કે જેની સામે થઈ શકાય નહિ.

32

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לְפֶה׃ | יָד | זַמּוֹתָ | וְאִם־ | בְהִתְנַשֵּׂא | נָבַלְתָּ | אִם־ |
| મોં-પર-મૂક | હાથ | યોજના-કરી-હોય | અને-જો | ઉંચા-કરવામાં | મૂર્ખાઈથી-વર્ત્યો-હોય | જો |
| H6310 | H3027 | H2161 | | H5375 | | |

જો તેં ગર્વ કરવાની બેવકૂફી કરી હોય અથવા કોઈ ખોટો વિચાર તેં કર્યો હોય, તો તારો હાથ તારા મુખ પર મૂક.

33

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַפַּיִם | וּמִיץ | דָם | יוֹצִיא | אַף | וּמִיץ־ | חֶמְאָה | יוֹצִיא | חָלָב | מִיץ | כִּי |
| ગુસ્સાનું | અને-મથવાથી | લોહી | નીકળે-છે | નાકનું | અને-મથવાથી | માખણ | નીકળે-છે | દૂધનું | મથવાથી | કારણ-કે |
| H0639 | H4330 | H1818 | H3318 | H0639 | H4330 | | H3318 | H2461 | H4330 | |

| | | |
|---|---|---|
| פ | רִיב׃ | יוֹצִיא |
| — | ઝઘડો | નીકળે-છે |
| | H7379 | H3318 |

કારણ કે દૂધ વલોવ્યાથી માખણ નીપજે છે અને નાક મચડ્યાથી લોહી નીકળે છે, તેમ જ ક્રોધને છંછેડવાથી ઝઘડો ઊભો થાય છે.

# Chapter 31

1

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אִמּוֹ׃ | יִסְּרַתּוּ | אֲשֶׁר־ | מַשָּׂא | מֶלֶךְ | לְמוּאֵל | דִּבְרֵי |
| તેની-માતાએ | શીખવાડી-છે | જે | ભવિષ્યવાણી | રાજા | લમૂએલના | વાતો |
| H0517 | H3256 | | | H4428 | H3927 | H1697 |

લમૂએલ રાજાની માતાએ જે ઈશ્વરવાણી તેને શીખવી હતી તે આ છે.

2

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| נְדָרָי׃ | בַר־ | וּמֶה | בִטְנִי | בַר־ | וּמַה־ | בְּרִי | מַה־ |
| મારી-માનતાઓના | પુત્ર | અને-શું | માર□-ગર્ભના | પુત્ર | અને-શું | મારા-પુત્ર | શું |
| H5088 | H1248 | H4100 | H0990 | H1248 | H4100 | H1248 | H4100 |

હે મારા દીકરા? ઓ મારા દીકરા? હે મારી માનતાઓના દીકરા?

3

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מְלָכִין׃ | לַמְחוֹת | וּדְרָכֶיךָ | חֵילֶךָ | לַנָּשִׁים | תִּתֵּן | אַל־ |
| રાજાઓના | નાશ-કરનારાઓને | અને-તારા-માર્ગો | તારી-શક્તિ | સ્ત્રીઓને | આપ | ના |
| H4428 | | H1870 | H2428 | H0802 | H5414 | H0408 |

તારી શક્તિ સ્ત્રીઓ પાછળ વેડફીશ નહિ, અને તારા માર્ગો રાજાઓનો નાશ કરનારની પાછળ વેડફીશ નહિ.

4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שֵׁכָר׃ | )אֵי( | ]או[ | וּלְרוֹזְנִים | יָיִן | שְׁתוֹ־ | לַמְלָכִים | אַל | לְמוֹאֵל | לַמְּלָכִים | אַל |
| મદિરા | ક્યાં-છે | — | અને-શાસકો-માટે | દારૂ | પીવવું | રાજાઓ-માટે | નહીં | લમૂએલ | રાજાઓ-માટે | નહીં |
| H7941 | H0335 | | H7336 | H3196 | H8354 | H4428 | H0408 | H3927 | H4428 | H0408 |

દીકરા લમૂએલ, દ્રાક્ષારસ પીવો તે રાજાને શોભતું નથી, વળી “દ્રાક્ષાસવ ક્યાં છે?” તે રાજ્યના હાકેમોએ પૂછવું યોગ્ય નથી.

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עֹנִי׃ | בְנֵי־ | כָּל־ | דִּין | וִישַׁנֶּה | מְחֻקָּק | וְיִשְׁכַּח | יִשְׁתֶּה | פֶּן־ |
| દુઃખીઓના | સંતાનોનો | બધા | ન્યાય | અને-બદલી-નાખે | કાયદાઓ | અને-ભૂલી-જાય | પીવે | રખેને |
| H6040 | | H3605 | H1779 | | H2710 | H7911 | H8354 | H6435 |

કારણ કે પીવાને લીધે તેઓ પોતાના નિયમો ભૂલી જાય છે, અને દુ:ખીઓને નિષ્પક્ષ ન્યાય આપી શકતા નથી.

6

| תְּנוּ־ | שֵׁכָר | לְאוֹבֵד | וְיַיִן | לְמָרֵי | נָפֶשׁ׃ |
|---|---|---|---|---|---|
| આપો | મદિરા | નાશ-થતાંને | અને-દારૂ | કડવા-આત્માવાળાઓને | જીવમાં |
| H5414 | H7941 | H0006 | H3196 | H4751 | H5315 |

જેઓ મરવાની અણી પર હોય તેને દ્રાક્ષાસવ અને જેઓ દુભાયેલા હોય તેને દ્રાક્ષારસ આપ.

7

| יִשְׁתֶּה | וְיִשְׁכַּח | רִישׁוֹ | וַעֲמָלוֹ | לֹא | יִזְכָּר־ | עוֹד׃ |
|---|---|---|---|---|---|---|
| પીવે | અને-ભૂલી-જાય | પોતાની-ગરીબી | અને-પોતાની-મહેનત | નહીં | યાદ-કરે | વધુ |
| H8354 | H7911 | | H5999 | H3808 | H2142 | H5750 |

ભલે તેઓ પીને પોતાની ગરીબીને વિસારે પડે, અને તેઓને પોતાનાં દુ:ખો યાદ આવે નહિ.

8

| פְּתַח־ | פִּיךָ | לְאִלֵּם | אֶל־ | דִּין | כָּל־ | בְּנֵי | חֲלוֹף׃ |
|---|---|---|---|---|---|---|---|
| ખોલ | તારું-મોં | મૂંગા-માટે | — | ન્યાય | બધા | સંતાનોન□ | જંત□-જન□ોને |
| | H6310 | H0483 | H0413 | H1779 | H3605 | | H2475 |

જે પોતાના માટે બોલી શકતા નથી તેઓને માટે તું બોલ અને તું નિરાધારોના હક માટે સહાય કર.

9

| פְּתַח־ | פִּיךָ | שְׁפָט־ | צֶדֶק | וְדִין | עָנִי | וְאֶבְיוֹן׃ | פ |
|---|---|---|---|---|---|---|---|
| ખોલ | તારું-મોં | ન્યાયથી-ન્યાય-કર | સચ્ચો | અને-ન્યાય-આપ | ગરીબને | અને-જરૂરિયાતમંદને | — |
| | H6310 | H8199 | H6664 | H1777 | H6041 | H0034 | |

તારું મુખ ઉઘાડીને અદલ ઇનસાફ કર અને ગરીબ તથા દરિદ્રીને માન આપ.

10

| אֵשֶׁת־ | חַיִל | מִי | יִמְצָא | וְרָחֹק | מִפְּנִינִים | מִכְרָהּ׃ |
|---|---|---|---|---|---|---|
| સ્ત્રી | યોગ્ય | કોણ-શોધી-શકે | શોધી | અને-દૂર-છે | મોતીઓ-કરતાં | તેની-કિંમત |
| H0802 | H2428 | H4310 | H4672 | H7350 | H6443 | H4377 |

સદગુણી પત્ની કોને મળે? કેમ કે તેનું મૂલ્ય તો રત્નો કરતાં વધારે છે.

11

| בָּטַח | בָּהּ | לֵב | בַּעְלָהּ | וְשָׁלָל | לֹא | יֶחְסָר׃ |
|---|---|---|---|---|---|---|
| વિશ્વાસ-કરે-છે | તેનામાં | હૃદય | તેન□-પતિનું | અને-લાભની | કોઈ-નથી | ખોટ |
| H0982 | | | H1167 | H7998 | H3808 | H2637 |

તેનો પતિ તેના પર પૂરો વિશ્વાસ રાખે છે, અને તેને સંપત્તિની કોઈ ખોટ પડશે નહિ.

12

| גְּמָלַתְהוּ | טוֹב | וְלֹא־ | רָע | כֹּל | יְמֵי | חַיֶּיהָ׃ |
|---|---|---|---|---|---|---|
| કરે-છે-તેને | સારું | અને-નહીં | ભૂંડું | બધા | દિવસો | તેના-જીવનના |
| H1580 | | H3808 | | H3605 | H3117 | |

પોતાના આયુષ્યનાં સર્વ દિવસો પર્યંત, તે તેનું ભલું જ કરે છે અને કદી ખોટું કરતી નથી.

13

| דָּרְשָׁה | צֶמֶר | וּפִשְׁתִּים | וַתַּעַשׂ | בְּחֵפֶץ | כַּפֶּיהָ׃ |
|---|---|---|---|---|---|
| શોધે-છે | ઊન | અને-શણ | અને-કામ-કરે-છે | આનંદથી | પોતાના-હાથોથી |
| H1875 | H6785 | H6593 | | H2656 | H3709 |

તે ઊન અને શણ ભેગું કરે છે, અને ખંતથી પોતાના હાથે કામ કરવામાં આનંદ માણે છે.

14

| הָיְתָה | כָּאֳנִיּוֹת | סוֹחֵר | מִמֶּרְחָק | תָּבִיא | לַחְמָהּ׃ |
|---|---|---|---|---|---|
| હોય-છે-તે | વહાણો-જેવી | વેપારીની | દૂરથી | લાવે-છે | પોતાનો-ખોરાક |
| H1961 | H0591 | H5503 | H4801 | H0935 | H3899 |

તે દૂરથી પોતાનું અન્ન લઈ આવનાર, વેપારીના વહાણ જેવી છે.

15

| וַתָּקָם | בְּעוֹד | לַיְלָה | וַתִּתֵּן | טֶרֶף | לְבֵיתָהּ | וְחֹק | לְנַעֲרֹתֶיהָ׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-ઉઠે-છે | હજુ-છે | રાતે | અને-આપે-છે | ખોરાક | પોતાન□-ઘરને | અને-કામ | પોતાની-દાસીઓને |
| | H5750 | H3915 | H5414 | H2964 | | H2706 | H5291 |

ઘરનાં સર્વને માટે ખાવાનું તૈયાર કરવા તે પરોઢ થતાં પહેલાં ઊઠી જાય છે અને તેની દાસીઓ માટે દિવસભરના કામનું આયોજન કરે છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כָּֽרֶם׃ | (נָֽטְעָה) | [נטע] | כַּפֶּיהָ | מִפְּרִי | וַתִּקָּחֵהוּ | שָׂדֶה | זָמְמָה | 16 |
| દ્રાક્ષાવાડી | રોપે-છે | — | પોતાના-હાથોના | ફળથી | અને-ખરીદે-છે-તે | ખેતર-વિશે | વિચારે-છે | |
| H3754 | H5193 | H5193 | H3709 | H6529 | H3947 | | H2161 | |

તે કોઈ ખેતરનો વિચાર કરીને તેને ખરીદે છે, પોતાના નફામાંથી તે પોતાને હાથે દ્રાક્ષવાડીઓ રોપે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| זְרֹועֹתֶֽיהָ׃ | וַתְּאַמֵּץ | מָתְנֶיהָ | בְעוֹז | חָגְרָה | 17 |
| પોતાન□-બાહુઓને | અને-મજબૂત-કરે-છે | પોતાની-કમર | શક્તિથી | બાંધે-છે | |
| H2220 | H0553 | H4975 | H5797 | H2296 | |

પોતાની કમરે તે ખડતલ અને ભારે ઉદ્યમી છે, તે પોતાના હાથ બળવાન કરે છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| נֵרָֽהּ׃ | (בַלַּיְלָה) | [בליל] | יִכְבֶּה | לֹא־ | סַחְרָהּ | טוֹב | כִּי־ | טָֽעֲמָה | 18 |
| તેનો-દીવો | રાતે | — | બુઝાતો | નથી | તેનો-વેપાર | સારો-છે | — | અનુભવે-છે-કે | |
| | H3915 | H3915 | H3518 | H3808 | H5504 | | | H2938 | |

તે પોતાના વેપારના નફાનો ખ્યાલ રાખે છે; તેથી રાતભર તેનો દીવો હોલવાતો નથી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| פָֽלֶךְ׃ | תָּמְכוּ | וְכַפֶּיהָ | בַכִּישׁוֹר | שִׁלְּחָה | יָדֶיהָ | 19 |
| ચરખો | પકડે-છે | અને-તેની-હથેળીઓ | તકલી-તરફ | લંબાવે-છે | પોતાન□-હાથો | |
| H6418 | H8551 | H3709 | H3601 | H7971 | H3027 | |

તે એક હાથે પૂણી પકડે છે અને બીજે હાથે રેંટિયો ચલાવે છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לָֽאֶבְיֽוֹן׃ | שִׁלְּחָה | וְיָדֶיהָ | לֶעָנִי | פָּרְשָׂה | כַּפָּהּ | 20 |
| જરૂરિયાતમંદ-માટે | લંબાવે-છે | અને-પોતાના-હાથો | ગરીબ-માટે | ખોલે-છે | તેની-હથેળી | |
| H0034 | H7971 | H3027 | H6041 | H6566 | H3709 | |

તે ગરીબોને ઉદારતાથી આપે છે; અને જરૂરિયાતમંદોને છૂટે હાથે મદદ કરે છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| שָׁנִֽים׃ | לָבֻשׁ | בֵּיתָהּ | כָל־ | כִּי | מִשָּׁלֶג | לְבֵיתָהּ | תִירָא | לֹא־ | 21 |
| કિરમજી | પહેરેલા-છે | તેના-ઘરના | બધા | કારણ-કે | બરફથી | પોતાના-ઘર-માટે | ડરતી | નથી-બીક | |
| H8144 | H3847 | | H3605 | | H7950 | | H3372 | H3808 | |

તેના કુટુંબના સભ્યોને માટે તે શિયાળાની કશી બીક રહેવા દેતી નથી, તેના આખા કુટુંબે ઊનનાં કિરમજી વસ્ત્ર પહેરેલાં છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לְבוּשָֽׁהּ׃ | וְאַרְגָּמָן | שֵׁשׁ | לָּהּ | עָשְׂתָה־ | מַרְבַדִּים | 22 |
| તેનો-પોશાક | અને-જાંબુડી-રંગનું | શણનું-કાપડ | પોતાના-માટે | બનાવે-છે | ઓઢકણો | |
| H3830 | H0713 | | | | H4765 | |

તે પોતાને માટે બુટ્ટાદાર રજાઈઓ બનાવે છે, તેના વસ્ત્રો ઝીણા શણનાં તથા જાંબુડા રંગનાં છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אָֽרֶץ׃ | זִקְנֵי־ | עִם־ | בְּשִׁבְתּוֹ | בַּעְלָהּ | בַּשְּׁעָרִים | נוֹדָע | 23 |
| દેશન□ | વડીલો-સાથે | — | જ્યારે-બેસે-છે | તેનો-પતિ | દરવાજામાં | ઓળખાય-છે | |
| H0776 | H2205 | | H3427 | H1167 | H8179 | H3045 | |

તેનો પતિ નગર દરવાજે આદર પામે છે, અને દેશનાં મુખ્ય આગેવાનોમાં તે પ્રતિષ્ઠિત છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לַֽכְּנַעֲנִי׃ | נָתְנָה | וַחֲגוֹר | וַתִּמְכֹּר | עָשְׂתָה | סָדִין | 24 |
| વેપારીને | આપે-છે | અને-કમરબંધ | અને-વેચે-છે | બનાવે-છે | શણનું-કાપડ | |
| | H5414 | H2289 | H4376 | | H5466 | |

તે શણનાં વસ્ત્રો બનાવીને વેપારીઓને વેચે છે અને તેઓને કમરબંધ બનાવી આપે છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אַחֲרֽוֹן׃ | לְיוֹם | וַתִּשְׂחַק | לְבוּשָׁהּ | וְהָדָר | עֹז־ | 25 |
| આખરના | આવનારા-દિવસે-માટે | અને-હસે-છે | તેનો-પોશાક-છે | અને-મહિમા | શક્તિ | |
| H0314 | H3117 | H7832 | H3830 | H1926 | H5797 | |

શક્તિ અને સન્માન તેનો પોશાક છે. અને તે ભવિષ્ય વિષેની ચિંતાને હસી કાઢે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לְשׁוֹנָֽהּ׃ | עַל־ | חֶסֶד | וְתֽוֹרַת־ | בְחָכְמָה | פָּתְחָה | פִּיהָ | 26 |
| તેની-જીભ-પર-છે | — | દયાનું | અને-નિયમશાસ્ત્ર | ડહાપણથી | ખોલે-છે | તેનું-મોં | |
| H3956 | | | H8451 | H2451 | | H6310 | |

તેના મોંમાંથી ડહાપણની વાતો નીકળે છે, તેના જીભનો નિયમ માયાળુપણું છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| תֹאכֵֽל׃ | לֹא | עַצְלוּת | וְלֶחֶם | בֵּיתָהּ | הֲלִיכוֹת | צוֹפִיָּה | 27 |
| ખાતી | નથી | આળસની | અને-રોટી | પોતાન□-ઘરની | ચાલ-પર | ધ્યાન-રાખે-છે | |
| H0398 | H3808 | H6104 | H3899 | | H1979 | H6822 | |

તે પોતાના ઘરમાં બધા કામની દેખરેખ રાખે છે અને તે કદી આળસની રોટલી ખાતી નથી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַֽיְהַלְלָהּ׃ | בַּעְלָהּ | וַֽיְאַשְּׁרוּהָ | בָנֶיהָ | קָמוּ | 28 |
| અને-વખાણે-છે-તેને | તેનો-પતિ | અને-ધન્ય-કહે-છે-તેને | તેન□-સંતાનો | ઉઠે-છે | |
| | H1167 | H0833 | | | |

તે પોતાના ઘરના માણસોની વર્તનની બરાબર તપાસ રાખે છે; અને તેના પતિ તેના વખાણ કરે છે અને પ્રશંસા કરતાં કહે છે કે,

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כֻּלָּֽנָה׃ | עַל־ | עָלִית | וְאַתְּ | חָיִל | עָשׂוּ | בָּנוֹת | רַבּוֹת | 29 |
| બધાથી-ઉપર | — | ચડી-છે | પણ-તું | યોગ્યતાથી | કર્યું-છે | સ્ત્રીઓએ | ઘણી | |
| H3605 | | H5927 | | H2428 | | H1323 | | |

“જગતમાં ઘણી સદાચારી સ્ત્રીઓ છે, પણ તું તે સર્વ કરતાં ઉત્તમ છે.”

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| תִתְהַלָּֽל׃ | הִיא | יְהוָה | יִרְאַת־ | אִשָּׁה | הַיֹּפִי | וְהֶבֶל | הַחֵן | שֶׁקֶר | 30 |
| વખાણાશે | તે | યહોવાહની | બીક-રાખે-છે | સ્ત્રી-જે | સુંદરતા | અને-વ્યર્થ | લાવણ્ય | છળ | |
| | H1931 | H3068 | H3373 | H0802 | H3308 | H1892 | H2580 | H8267 | |

લાવણ્ય ઠગારું છે અને સૌંદર્ય વ્યર્થ છે, પરંતુ યહોવાહનો ડર રાખનાર સ્ત્રીની પ્રંશસા થશે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מַעֲשֶֽׂיהָ׃ | בַשְּׁעָרִים | וִֽיהַלְלוּהָ | יָדֶיהָ | מִפְּרִי | לָהּ | תְּנוּ־ | 31 |
| તેના-કાર્યો | દરવાજામાં | અને-વખાણે | તેના-હાથોના | ફળથી | તેને | આપો | |
| H4639 | H8179 | | H3027 | H6529 | | H5414 | |

તેના હાથની પેદાશમાંથી તેને આપો અને તેના કામોને માટે ભાગળોમાં તેની પ્રશંસા કરો.

# સભાશિક્ષક

## Chapter 1

1 דִּבְרֵי קֹהֶלֶת בֶּן־ דָּוִד מֶלֶךְ בִּירוּשָׁלִָם׃
શબ્દો ઉપદેશકનાં પુત્ર દાઉદના રાજા યરૂશાલેમમાં
H1697 H6953 H1732 H4428 H3389

યરુશાલેમના રાજા દાઉદના પુત્ર સભાશિક્ષકનાં વચનો.

2 הֲבֵל הֲבָלִים אָמַר קֹהֶלֶת הֲבֵל הֲבָלִים הַכֹּל הָבֶל׃
વ્યર્થ વ્યર્થતાઓ કહે-છે ઉપદેશક વ્યર્થ વ્યર્થતાઓ બધું વ્યર્થ-છે
H1892 H1892 H0559 H6953 H1892 H1892 H3605 H1892

સભાશિક્ષક કહે છે કે. “વ્યર્થતાની વ્યર્થતા, વ્યર્થતાની વ્યર્થતા સઘળું વ્યર્થ છે. સઘળું પવનને મૂઠ્ઠીમાં ભરવા જેવું છે.

3 מַה־ יִּתְרוֹן לָאָדָם בְּכָל־ עֲמָלוֹ שֶׁיַּעֲמֹל תַּחַת הַשָּׁמֶשׁ׃
શું લાભ-છે માણસને તેના-બધા પરિશ્રમમાં જે-તે-કરે-છે નીચે સૂર્યની
H4100 H3504 H0120 H3605 H5999 H5998 H8478 H8121

જે સર્વ પ્રકારનાં શ્રમ મનુષ્ય પૃથ્વી પર કરે છે, તેથી તેને શો લાભ છે?

4 דּוֹר הֹלֵךְ וְדוֹר בָּא וְהָאָרֶץ לְעוֹלָם עֹמָדֶת׃
પેઢી જાય-છે અને-પેઢી આવે-છે પણ-પૃથ્વી સદા ટકે-છે
H1755 H1980 H1755 H0935 H0776 H5769 H5975

એક પેઢી જાય છે અને બીજી આવે છે પરંતુ દુનિયા સદા ટકી રહે છે.

5 וְזָרַח הַשֶּׁמֶשׁ וּבָא הַשָּׁמֶשׁ וְאֶל־ מְקוֹמוֹ שׁוֹאֵף זוֹרֵחַ הוּא שָׁם׃
અને-ઊગે-છે સૂર્ય અને-આથમે-છે સૂર્ય અને-તેના સ્થાને ઝડપથી-જાય-છે ઊગવા તે ત્યાં
H2224 H8121 H0935 H8121 H0413 H4725 H2224 H1931 H8033

સૂર્ય ઊગે છે પછી અસ્ત થઈને ફરી તેને ઊગવાની જગ્યાએ સત્વરે જાય છે.

6 הוֹלֵךְ אֶל־ דָּרוֹם וְסוֹבֵב אֶל־ צָפוֹן סוֹבֵב סֹבֵב הוֹלֵךְ הָרוּחַ וְעַל־ סְבִיבֹתָיו שָׁב הָרוּחַ׃
જાય-છે તરફ દક્ષિણ અને-ફરે-છે તરફ ઉત્તર ફરતો ફરતો જાય-છે પવન અને-પોતાના ચક્કરો-પર પાછો-ફરે-છે પવન
H1980 H0413 H1864 H5437 H0413 H6828 H5437 H5437 H1980 H7307 H5439 H7725 H7307

પવન દક્ષિણ તરફ વાય છે અને ઉત્તર તરફ પણ વળે છે તે પોતાની ગતિમાં આમતેમ નિરંતર ફર્યા કરે છે. અને તે પોતાના માર્ગમાં પાછો આવે છે.

7 כָּל־ הַנְּחָלִים הֹלְכִים אֶל־ הַיָּם וְהַיָּם אֵינֶנּוּ מָלֵא אֶל־ מְקוֹם שֶׁהַנְּחָלִים הֹלְכִים שָׁם הֵם שָׁבִים לָלָכֶת׃
બધી નદીઓ વહે-છે તરફ સમુદ્રમાં પણ-સમુદ્ર નથી ભરાતો જે સ્થાને નદીઓ વહે-છે ત્યાં તેઓ પાછી-ફરે-છે વહેવા
H3605 H1980 H0413 H3220 H3220 H0369 H4392 H0413 H4725 H1980 H8033 H1992 H7725 H3212

સર્વ નદીઓ વહીને સમુદ્રમાં સમાય છે તો પણ સમુદ્ર તેઓનાથી ભરાઈ જતો નથી જે જગાએ નદીઓ જાય છે ત્યાંથી તેઓ પાછી આવે છે.

8

כָּל־ બધી H3605
הַדְּבָרִים વાતો H1697
יְגֵעִים થકવનારી-છે H3023
לֹא־ નથી-શકતો H3808
יוּכַל કોઈ H3201
אִישׁ માણસ H0376
לְדַבֵּר કહી-શકતો H1696
לֹא־ નથી-ધરાતી H3808
תִשְׂבַּע આંખ H7646
עַיִן આંખ
לִרְאוֹת જોવાથી H7200
וְלֹא־ અને-નથી H3808
תִמָּלֵא ભરાતો H4390
אֹזֶן કાન H0241
מִשְּׁמֹעַ׃ સાંભળવાથી H8085

બધી જ વસ્તુઓ કંટાળાજનક છે તેનું પૂરું વર્ણન મનુષ્ય કરી શકે તેમ નથી. ગમે તેટલું જોવાથી આંખો થાકતી નથી અને સાંભળવાથી કાન સંતુષ્ટ થતા નથી.

9

מַה־ જે H4100
שֶּׁהָיָה થઈ-ચૂક્યું-છે H1961
הוּא તે-જ H1931
שֶׁיִּהְיֶה થશે H1961
וּמַה־ અને-જે H4100
שֶּׁנַּעֲשָׂה કરાયું-છે
הוּא તે-જ H1931
שֶׁיֵּעָשֶׂה કરાશે
וְאֵין અને-નથી H0369
כָּל־ કંઈ H3605
חָדָשׁ નવું H2319
תַּחַת નીચે H8478
הַשָּׁמֶשׁ׃ સૂર્યની H8121

જે થઈ ગયું છે તે જ થવાનું છે અને જે કરવામાં આવ્યું છે તે જ કરવામાં આવશે પૃથ્વી પર કશું જ નવું નથી.

10

יֵשׁ છે H3426
דָּבָר કોઈ-વાત H1697
שֶׁיֹּאמַר જે-કહે H0559
רְאֵה־ જુઓ H7200
זֶה આ H2088
חָדָשׁ નવું H2319
הוּא છે H1931
כְּבָר પહેલેથી H3528
הָיָה હતું H1961
לְעֹלָמִים યુગોથી H5769
אֲשֶׁר જે
הָיָה હતું H1961
מִלְּפָנֵנוּ׃ આપણા-પહેલાં H6440

શું એવું કંઈ છે કે જેના વિષે લોકો કહી શકે કે “જુઓ, તે નવું છે”? તોપણ જાણવું કે આપણી અગાઉના, જમાનામાં તે બન્યું હતું.

11

אֵין નથી H0369
זִכְרוֹן સ્મરણ H2146
לָרִאשֹׁנִים પૂર્વજોનું H7223
וְגַם અને-પણ H1571
לָאַחֲרֹנִים ભવિષ્યનાં H0314
שֶׁיִּהְיוּ જે-હશે H1961
לֹא־ નહીં H3808
יִהְיֶה રહેશે H1961
לָהֶם તેમનું H1992
זִכָּרוֹן સ્મરણ H2146
עִם સાથે
שֶׁיִּהְיוּ જેઓ-આવશે H1961
לָאַחֲרֹנָה׃ પછીથી H0314
פ —

ભૂતકાળની પેઢીઓનું સ્મરણ નથી; અને ભવિષ્યમાં આવનારી પેઢીઓનું, કંઈ પણ સ્મરણ પણ હવે પછી થનાર પેઢીઓમાં રહેશે નહિ.

12

אֲנִי હું H0589
קֹהֶלֶת ઉપદેશક H6953
הָיִיתִי હતો H1961
מֶלֶךְ રાજા H4428
עַל־ ઉપર
יִשְׂרָאֵל ઇઝરાયલના H3478
בִּירוּשָׁלִָם׃ યરૂશાલેમમાં H3389

હું સભાશિક્ષક યરુશાલેમમાં ઇઝરાયલનો રાજા હતો.

13

וְנָתַתִּי અને-મેં-લગાવ્યું H5414
אֶת־ - H0853
לִבִּי મારું-હૃદય
לִדְרוֹשׁ શોધવા H1875
וְלָתוּר અને-તપાસવા H8446
בַּחָכְמָה પ્રજ્ઞાથી H2451
עַל વિશે
כָּל־ બધું-જે H3605
אֲשֶׁר જે
נַעֲשָׂה કરાય-છે
תַּחַת નીચે H8478
הַשָּׁמָיִם આકાશની H8064
הוּא ׀ તે H1931
עִנְיַן દુ:ખદાયક-કાર્ય H6045
רָע ખરાબ
נָתַן આપ્યું-છે H5414
אֱלֹהִים ઈશ્વરે H0430
לִבְנֵי સંતાનોને
הָאָדָם માણસનાં H0120
לַעֲנוֹת વ્યસ્ત-રહેવા
בּוֹ׃ તેમાં

પૃથ્વી પર જે કંઈ બને છે તેની શોધ કરવા અને સમજવા મેં મારા ડહાપણને લગાડ્યું તો એ સમજાયું કે કષ્ટમય શ્રમ ઈશ્વરે માણસને કેળવવાના સાધન તરીકે આપ્યો છે.

| 14 | רָאִיתִי | אֶת־ | כָּל־ | הַמַּעֲשִׂים | שֶׁנַּעֲשׂוּ | תַּחַת | הַשָּׁמֶשׁ | וְהִנֵּה | הַכֹּל | הֶבֶל | וּרְעוּת |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મેં-જોયાં | બધાં | – | કાર્યો | જે-કરાય-છે | નીચે | સૂર્યની | અને-જુઓ | બધું | વ્યર્થ-છે | અને-પવન-પાછળ |
| | H7200 | H0853 | H3605 | H4639 | | H8478 | H8121 | H2009 | H3605 | H1892 | H7469 |

| | |
|---|---|
| רוּחַ׃ | |
| દોડવું | |
| H7307 | |

પૃથ્વી પર જે સર્વ થાય છે તે બાબતો મેં જોઈ છે. એ સર્વ વ્યર્થ તથા પવનને મૂઠીમાં ભરવા જેવું છે.

| 15 | מְעֻוָּת | לֹא־ | יוּכַל | לִתְקֹן | וְחֶסְרוֹן | לֹא־ | יוּכַל | לְהִמָּנוֹת׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| | વાંકું | નથી-શકતું | કરી-શકાતું | સીધું | અને-ખામી | નથી-શકાતી | કરી-શકાતી | ગણાતી |
| | H5791 | H3808 | H3201 | H8626 | H2642 | H3808 | H3201 | H4487 |

જે વાંકું છે તેને સીધું કરી શકાતું નથી અને જે ખૂટતું હોય તે બધાની ગણતરી કરી શકાતી નથી

| 16 | דִּבַּרְתִּי | אֲנִי | עִם־ | לִבִּי | לֵאמֹר | אֲנִי | הִנֵּה | הִגְדַּלְתִּי | וְהוֹסַפְתִּי | חָכְמָה | עַל | כָּל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | વિચાર્યું | મેં | મારા | હૃદયમાં | કહેતાં | મેં | જુઓ | વધાર્યું-છે | અને-ઉમેર્યું-છે | પ્રજ્ઞા | ઉપર | બધા-જે |
| | H1696 | H0589 | | | H0559 | H0589 | H2009 | H1431 | H3254 | H2451 | | H3605 |

| אֲשֶׁר־ | הָיָה | לְפָנַי | עַל־ | יְרוּשָׁלִָם | וְלִבִּי | רָאָה | הַרְבֵּה | חָכְמָה | וָדָעַת׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જે | હતા | મારા-પહેલાં | ઉપર | યરૂશાલેમમાં | અને-મારા-હૃદયે | જોયું | ઘણું | પ્રજ્ઞા | અને-જ્ઞાન |
| | H1961 | H6440 | | H3389 | | H7200 | | H2451 | H1847 |

મેં સ્વયં પોતાને કહ્યું કે, "જુઓ, યરુશાલેમમાં મારી અગાઉ થઈ ગયેલા અન્ય રાજાઓ કરતાં મેં વધારે જ્ઞાન મેળવ્યું છે. મારા મનને જ્ઞાન અને વિદ્યાનો ઘણો અનુભવ થયેલો છે."

| 17 | וָאֶתְּנָה | לִבִּי | לָדַעַת | חָכְמָה | וְדַעַת | הוֹלֵלוֹת | וְשִׂכְלוּת | יָדַעְתִּי | שֶׁגַּם־ | זֶה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-લગાવ્યું-મેં | મારું-હૃદય | જાણવા | પ્રજ્ઞા | અને-જાણવા | ગાંડપણ | અને-મૂર્ખતા | મેં-જાણ્યું | કે-આ-પણ | આ |
| | H5414 | | H3045 | H2451 | H3045 | H1947 | | H3045 | H1571 | H2088 |

| הוּא | רַעְיוֹן | רוּחַ׃ |
|---|---|---|
| છે | પવન-પાછળ | દોડવું |
| H1931 | H7475 | H7307 |

પછી મેં મારું મન જ્ઞાન સમજવામાં તથા પાગલપણું અને મૂર્ખતા સમજવામાં લગાડ્યું. ત્યારે મને સમજાયું કે આ પણ પવનને મૂઠીમાં ભરવા જેવું છે.

| 18 | כִּי | בְּרֹב | חָכְמָה | רָב־ | כָּעַס | וְיוֹסִיף | דַּעַת | יוֹסִיף | מַכְאוֹב׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કારણ-કે | વધુ | પ્રજ્ઞામાં | વધુ | દુઃખ-છે | અને-વધારે | જ્ઞાન | વધારે | પીડા |
| | | H7230 | H2451 | | | H3254 | H1847 | H3254 | H4341 |

કેમ કે અધિક ડહાપણથી અધિક શોક થાય છે. અને વિદ્યા વધારનાર શોક વધારે છે.

# Chapter 2

| 1 | אָמַרְתִּי | אֲנִי | בְלִבִּי | לְכָה־ | נָּא | אֲנַסְּכָה | בְשִׂמְחָה | וּרְאֵה | בְטוֹב | וְהִנֵּה | גַם־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મેં-કહ્યું | મેં | મારા-હૃદયમાં | ચાલ-તો | હવે | પરખું-હું | આનંદથી | અને-જો | સારું | પણ-જુઓ | પણ |
| | H0559 | H0589 | | H3212 | H4994 | H5254 | H8057 | H7200 | | H2009 | H1571 |

| הוּא | הָבֶל׃ |
|---|---|
| આ | વ્યર્થ-છે |
| H1931 | H1892 |

તેથી મેં સ્વયં પોતાને કહ્યુ કે, "ચાલ ત્યારે, આનંદથી હું તારી પરીક્ષા કરીશ; માટે મોજશોખ કરી લે "પણ જુઓ, એ પણ વ્યર્થ છે.

| 2 | לִשְׂחוֹק | אָמַרְתִּי | מְהוֹלָל | וּלְשִׂמְחָה | מַה־ | זֹּה | עֹשָׂה׃ |
|---|---|---|---|---|---|---|---|
| | હાસ્યને | મેં-કહ્યું | ગાંડપણ | અને-આનંદને | શું | આ | કરે-છે |
| | H7814 | H0559 | | H8057 | H4100 | H2090 | |

મેં વિનોદ કરવા વિષે કહ્યુ કે “તે મૂર્ખાઈ છે,” મોજશોખથી શો લાભ થાય?

3 תַּרְתִּי શોધ્યું H8446 | בְלִבִּי મારા-હૃદયમાં | לִמְשׁוֹךְ આકર્ષવા H4900 | בַּיַּיִן દ્રાક્ષારસથી H3196 | אֶת־ – H0853 | בְּשָׂרִי મારા-શરીરને H1320 | וְלִבִּי અને-મારું-હૃદય | נֹהֵג દોરતું-હતું | בַּחָכְמָה પ્રજ્ઞાથી H2451 | וְלֶאֱחֹז અને-પકડવા H0270
בְּסִכְלוּת મૂર્ખતાને | עַד જ્યાં-સુધી H5704 | אֲשֶׁר־ જે | אֶרְאֶה હું-જોઉં H7200 | אֵי־ ક્યાં H0335 | זֶה આ H2088 | טוֹב સારું-છે | לִבְנֵי સંતાનો-માટે | הָאָדָם માણસના H0120 | אֲשֶׁר જે | יַעֲשׂוּ કરે-છે | תַּחַת નીચે H8478
הַשָּׁמַיִם આકાશની H8064 | מִסְפַּר ગણેલા H4557 | יְמֵי દિવસો H3117 | חַיֵּיהֶם׃ તેમના-જીવનના

પછી મેં મારા અંત:કરણમાં શોધ કરી કે હું મારા શરીરને દ્રાક્ષારસથી મગ્ન કરું, તેમ છતાં મારા અંત:કરણનું ડહાપણ તેવું ને તેવું જ રહે છે. વળી માણસોએ પૃથ્વી ઉપર પોતાના પૂરા આયુષ્યપર્યંત શું કરવું સારું છે તે મને સમજાય ત્યાં સુધી હું મૂર્ખાઈ ગ્રહણ કરું.

4 הִגְדַּלְתִּי મોટાં-કાર્યો-કર્યાં H1431 | מַעֲשָׂי મારાં-કાર્યો H4639 | בָּנִיתִי બાંધ્યાં H1129 | לִי મારા-માટે | בָּתִּים ઘરો | נָטַעְתִּי રોપ્યા H5193 | לִי મારા-માટે | כְּרָמִים׃ દ્રાક્ષાવાડીઓ H3754

પછી મેં મારે પોતાને માટે મોટાં કામ ઉપાડયાં. મેં પોતાને માટે મહેલો બંધાવ્યા મેં પોતાને માટે દ્રાક્ષવાડીઓ રોપાવી.

5 עָשִׂיתִי બનાવ્યાં | לִי મારા-માટે | גַּנּוֹת બગીચાઓ H1593 | וּפַרְדֵּסִים અને-બગીચાઓ H6508 | וְנָטַעְתִּי અને-રોપ્યાં H5193 | בָהֶם તેમાં | עֵץ વૃક્ષો H6086 | כָּל־ બધા-પ્રકારનાં H3605 | פֶּרִי׃ ફળોના H6529

મેં પોતાને માટે બગીચા બનાવડાવ્યા; અને સર્વ પ્રકારનાં ફળઝાડ રોપ્યાં.

6 עָשִׂיתִי બનાવ્યાં | לִי મારા-માટે | בְּרֵכוֹת તળાવો H1295 | מָיִם પાણીના H4325 | לְהַשְׁקוֹת સીંચવા H8248 | מֵהֶם તેમાંથી H1992 | יַעַר વન | צוֹמֵחַ ઊગતાં H6779 | עֵצִים׃ વૃક્ષોના H6086

મેં મારાં માટે જળાશયો ખોદાવ્યાં જેનાથી વનમાં ઊછરતાં વૃક્ષોને પણ પાણી સિંચી શકાય.

7 קָנִיתִי ખરીદ્યા H7069 | עֲבָדִים ગુલામો H5650 | וּשְׁפָחוֹת અને-દાસીઓ H8198 | וּבְנֵי־ અને-ઘરમાં-જન્મેલા | בַיִת ઘર | הָיָה હતા H1961 | לִי મારે | גַּם પણ H1571 | מִקְנֶה પશુઓ H4735 | בָקָר ગાયો H1241 | וָצֹאן અને-ઘેટાં H6629
הַרְבֵּה ઘણાં | הָיָה હતાં H1961 | לִי મારે | מִכֹּל બધા-કરતાં H3605 | שֶׁהָיוּ જેઓ-હતા H1961 | לְפָנַי મારા-પહેલાં H6440 | בִּירוּשָׁלִָם׃ યરૂશાલેમમાં H3389

મેં દાસદાસીઓ ખરીદ્યા. અને મારા ઘરમાં જન્મેલા ચાકરો પણ મારી પાસે હતા. જેઓ મારી અગાઉ યરુશાલેમમાં થઈ ગયા તે સર્વના કરતાં પણ મારી પાસે ગાય-બળદોનાં તથા ઘેટાં-બકરાનાં ટોળાંની સંપત્તિ વધારે હતી.

8 כָּנַסְתִּי એકઠું-કર્યું H3664 | לִי મારા-માટે | גַּם־ પણ H1571 | כֶּסֶף ચાંદી H3701 | וְזָהָב અને-સોનું H2091 | וּסְגֻלַּת અને-ખજાનો H5459 | מְלָכִים રાજાઓનો H4428 | וְהַמְּדִינוֹת અને-પ્રાંતોનો H4082 | עָשִׂיתִי બનાવ્યું | לִי મારા-માટે | שָׁרִים ગાયકો H7891
וְשָׁרוֹת અને-ગાયિકાઓ H7891 | וְתַעֲנוּגֹת અને-સુખો H8588 | בְּנֵי સંતાનોના | הָאָדָם માણસના H0120 | שִׁדָּה રાણી H7705 | וְשִׁדּוֹת׃ અને-રાણીઓ H7705

મેં મારા માટે ઘણું સોનું, ચાંદી અને રાજાઓનું તથા પ્રાંતોનું ખાનગી દ્રવ્ય પણ ભેગું કર્યું. મેં પોતાને માટે ગવૈયા, ગાનારીઓ તથા જેમાં પુરુષો આનંદ માણે છે, તે એટલે અતિ ઘણી ઉપપત્નીઓ મેળવી.

9 וְגָדַלְתִּי અને-મોટો-થયો H1431 | וְהוֹסַפְתִּי અને-વધાર્યો H3254 | מִכֹּל બધા-કરતાં H3605 | שֶׁהָיָה જે-હતા H1961 | לְפָנַי મારા-પહેલાં H6440 | בִּירוּשָׁלִָם યરૂશાલેમમાં H3389 | אַף ખરેખર H0637 | חָכְמָתִי મારી-પ્રજ્ઞા H2451 | עָמְדָה ટકી-રહી H5975 | לִי׃ મારી-સાથે

એમ હું પ્રતાપી થયો. અને જેઓ યરુશાલેમમાં મારી અગાઉ થઈ ગયા હતા તે સર્વ કરતાં હું વધારે સમૃદ્ધિ પામ્યો. મારું જ્ઞાન પણ મારામાં કાયમ રહ્યું.

10
וְכֹל અને-બધું H3605
אֲשֶׁר જે
שָׁאֲלוּ ઇચ્છ્યા H7592
עֵינַי મારી-આખોએ
לֹא નહોતું H3808
אָצַלְתִּי રોક્યું H0680
מֵהֶם તેમને H1992
לֹא־ નહોતું H3808
מָנַעְתִּי વંચિત-કર્યું H4513
אֶת־ - H0853
לִבִּי મારા-હૃદયને
מִכָּל־ કોઈ-પણ H3605
שִׂמְחָה આનંદથી H8057
כִּי־ કારણ-કે
לִבִּי મારું-હૃદય
שָׂמֵחַ આનંદિત-હતું H8056
מִכָּל־ બધા H3605
עֲמָלִי મારા-પરિશ્રમથી H5999
וְזֶה־ અને-આ-હતો H2088
הָיָה હતો H1961
חֶלְקִי મારો-ભાગ
מִכָּל־ બધા H3605
עֲמָלִי׃ મારા-પરિશ્રમથી H5999

મને જે કંઈ મારી નજરમાં પ્રાપ્ત કરવા જેવું લાગ્યું તેનાથી હું પાછો પડયો નહિ. મેં મારા હૃદયને કોઈ પણ પ્રકારના આનંદથી રોક્યું નહિ, કેમ કે મારી સર્વ મહેનતનું ફળ જોઈને મારું મન પ્રસન્નતા પામ્યું, મારા સઘળા પરિશ્રમનો એ બદલો હતાં.

11
וּפָנִיתִי અને-વળ્યો H6437
אֲנִי હું H0589
בְּכָל־ બધાં H3605
מַעֲשַׂי મારાં-કાર્યો-તરફ H4639
שֶׁעָשׂוּ જે-કર્યાં
יָדַי મારા-હાથે H3027
וּבֶעָמָל અને-પરિશ્રમમાં H5999
שֶׁעָמַלְתִּי જે-મેં-મહેનત-કર્યો H5998
לַעֲשׂוֹת કરવા-માટે
וְהִנֵּה પણ-જુઓ H2009
הַכֹּל બધું H3605
הֶבֶל વ્યર્થ-છે H1892
וּרְעוּת અને-પવન-પાછળ H7469
רוּחַ દોડવું H7307
וְאֵין અને-નથી H0369
יִתְרוֹן લાભ H3504
תַּחַת નીચે H8478
הַשָּׁמֶשׁ׃ સૂર્યની H8121

જયારે જે બધાં કામો મેં મારે હાથે કર્યાં હતા, તે પર અને જે મહેનત કરવાનો મેં શ્રમ ઉઠાવ્યો હતો તે પર મેં નજર કરી તો એ સઘળું વ્યર્થ તથા પવનને મૂઠ્ઠી ભરવા જેવું દેખાયું અને પૃથ્વી પર મને કઈ લાભ દેખાયો નહિ.

12
וּפָנִיתִי અને-વળ્યો H6437
אֲנִי હું H0589
לִרְאוֹת જોવા H7200
חָכְמָה પ્રજ્ઞા H2451
וְהוֹלֵלוֹת અને-ગાંડપણ H1947
וְסִכְלוּת અને-મૂર્ખતા
כִּי કારણ-કે
מֶה શું H4100
הָאָדָם માણસ H0120
שֶׁיָּבוֹא જે-આવે H0935
אַחֲרֵי પછી
הַמֶּלֶךְ રાજાન□ H4428
אֵת જે H0853
אֲשֶׁר־ જે
כְּבָר પહેલેથી H3528
עָשׂוּהוּ׃ કરાઈ-ચૂક્યું-છે

હવે મેં જ્ઞાન, પાગલપણું અને મૂર્ખતા જોવાને લક્ષ આપ્યું. કેમ કે રાજાની પાછળ આવનાર માણસ શું કરી શકે છે? અગાઉ જે કરવામાં આવ્યું હોય તે જ તે કરી શકે છે.

13
וְרָאִיתִי અને-જોયું H7200
אָנִי મેં H0589
שֶׁיֵּשׁ કે-છે H3426
יִתְרוֹן લાભ H3504
לַחָכְמָה પ્રજ્ઞાનો H2451
מִן־ ઉપર
הַסִּכְלוּת મૂર્ખતાથી
כִּיתְרוֹן જેમ-લાભ H3504
הָאוֹר પ્રકાશનો H0216
מִן־ ઉપર
הַחֹשֶׁךְ׃ અધકારથી H2822

પછી મેં જોયું કે જેટલે દરજ્જે અજવાળું અધકારથી શ્રેષ્ઠ છે, તેટલે દરજ્જે જ્ઞાન મૂર્ખાઈથી શ્રેષ્ઠ છે.

14
הֶחָכָם પ્રજ્ઞાનીની H2450
עֵינָיו આખો
בְרֹאשׁוֹ તેન□-માથામાં
וְהַכְּסִיל પણ-મૂર્ખ H3684
בַּחֹשֶׁךְ અધકારમાં H2822
הוֹלֵךְ ચાલે-છે H1980
וְיָדַעְתִּי અને-મેં-જાણ્યું H3045
גַם־ પણ H1571
אָנִי મેં H0589
שֶׁמִּקְרֶה કે-ભાગ્ય H4745
אֶחָד એક H0259
יִקְרֶה આવે-છે
אֶת־ - H0853
כֻּלָּם׃ બધાને H3605

જ્ઞાની માણસની આખો તેનાં માથામાં હોય છે. અને મૂર્ખ અધકારમાં ચાલે છે એમ છતાં મને માલૂમ પડ્યું કે, તે સર્વનાં પરિણામ સરખાં જ આવે છે.

15
וְאָמַרְתִּי અને-કહ્યુ H0559
אֲנִי મેં H0589
בְּלִבִּי મારા-હૃદયમાં
כְּמִקְרֵה મૂર્ખના-ભાગ્ય-જેવું H4745
הַכְּסִיל મૂર્ખનું H3684
גַּם־ પણ H1571
אֲנִי મારું H0589
יִקְרֵנִי આવશે
וְלָמָּה અને-શા-માટે H4100
חָכַמְתִּי પ્રજ્ઞા-મેળવી H2449
אֲנִי મેં H0589
אָז તો
יוֹתֵר વધુ H3148
וְדִבַּרְתִּי અને-કહ્યુ H1696
בְלִבִּי મારા-હૃદયમાં
שֶׁגַּם־ કે-પણ H1571
זֶה આ H2088
הָבֶל׃ વ્યર્થ-છે H1892

ત્યારે મેં મારા મનમાં વિચાર્યું કે, જેમ મૂર્ખને થાય છે તેવું મને પણ થવાનું જ છે. તો મને તેના કરતાં વધારે બુદ્ધિમાન હોવામાં શો લાભ?" ત્યારે મેં મારા મનમાં કહ્યુ કે, "એ પણ વ્યર્થતા છે."

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 16 | כִּי | אֵין | זִכְרוֹן | לֶחָכָם | עִם־ | הַכְּסִיל | לְעוֹלָם | בְּשֶׁכְּבָר | הַיָּמִים | הַבָּאִים | הַכֹּל |
| | કારણ-કે | નથી | સ્મરણ | પ્રજ્ઞાનીનું | સાથે | મૂર્ખના | સદા-માટે | કારણ-કે-પહેલેથી | દિવસો | આવનારા | બધું |
| | | H0369 | H2146 | H2450 | | H3684 | H5769 | H3528 | H3117 | H0935 | H3605 |
| | נִשְׁכָּח | וְאֵיךְ | יָמוּת | הֶחָכָם | עִם־ | הַכְּסִיל׃ | | | | | |
| | ભૂલાઈ-જાય-છે | અને-કેવી-રીતે | મરે-છે | પ્રજ્ઞાની | સાથે | મૂર્ખના | | | | | |
| | H7911 | | H4191 | H2450 | | H3684 | | | | | |

મૂર્ખ કરતાં જ્ઞાનીનું સ્મરણ વધારે રહેતું નથી અને જે હાલમાં છે તેઓ આવનાર દિવસોમાં ભૂલાઈ જશે. મૂર્ખની જેમ જ જ્ઞાની પણ મરે છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 17 | וְשָׂנֵאתִי | אֶת־ | הַחַיִּים | כִּי | רַע | עָלַי | הַמַּעֲשֶׂה | שֶׁנַּעֲשָׂה | תַּחַת | הַשָּׁמֶשׁ | כִּי־ |
| | અને-ધિક્કાર્યું | – | જીવનને | કારણ-કે | ખરાબ-છે | મારા-ઉપર | કાર્ય | જે-કરાય-છે | નીચે | સૂર્યની | કારણ-કે |
| | H8130 | H0853 | | | | | H4639 | | H8478 | H8121 | |
| | הַכֹּל | הֶבֶל | וּרְעוּת | רוּחַ׃ | | | | | | | |
| | બધું | વ્યર્થ-છે | અને-પવન-પાછળ | દોડવું | | | | | | | |
| | H3605 | H1892 | H7469 | H7307 | | | | | | | |

તેથી મને જિંદગી પર ધિક્કાર ઊપજ્યો કેમ કે પૃથ્વી પર જે કામ કરવામાં આવે છે તે મને દુ:ખદાયક લાગ્યું. માટે સઘળું વ્યર્થ તથા પવનને મૂઠ્ઠીમાં ભરવા જેવું છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 18 | וְשָׂנֵאתִי | אֲנִי | אֶת־ | כָּל־ | עֲמָלִי | שֶׁאֲנִי | עָמֵל | תַּחַת | הַשָּׁמֶשׁ | שֶׁאַנִּיחֶנּוּ | לָאָדָם |
| | અને-ધિક્કાર્યું | મેં | – | બધા | મારા-પરિશ્રમને | જે-હું | મહેનત-કરું-છું | નીચે | સૂર્યની | કે-છોડીશ | માણસને |
| | H8130 | H0589 | H0853 | H3605 | H5999 | H0589 | | H8478 | H8121 | H3240 | H0120 |
| | שֶׁיִּהְיֶה | אַחֲרָי׃ | | | | | | | | | |
| | જે-હશે | માર□-પછી | | | | | | | | | |
| | H1961 | | | | | | | | | | |

તેથી પૃથ્વી પર જે સર્વ કામ મેં શ્રમ વેઠીને ઉપાડ્યાં તેથી મને ધિક્કાર ઊપજ્યો. કેમ કે મારા પછી થનાર માણસને માટે તે સર્વ મૂકીને જવું પડશે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 19 | וּמִי | יוֹדֵעַ | הֶחָכָם | יִהְיֶה | אוֹ | סָכָל | וְיִשְׁלַט | בְּכָל־ | עֲמָלִי | שֶׁעָמַלְתִּי | |
| | અને-કોણ | જાણે-છે | પ્રજ્ઞાની | હશે | કે | મૂર્ખ | અને-શાસન-કરશે | બધા | માર□-પરિશ્રમને | જે-મેં-મહેનત-કર્યો | |
| | H4310 | H3045 | H2450 | H1961 | | H5530 | H7980 | H3605 | H5999 | H5998 | |
| | וְשֶׁחָכַמְתִּי | תַּחַת | הַשָּׁמֶשׁ | גַּם־ | זֶה | הָבֶל׃ | | | | | |
| | અને-પ્રજ્ઞા-મેળવી | નીચે | સૂર્યની | પણ | આ | વ્યર્થ-છે | | | | | |
| | H2449 | H8478 | H8121 | H1571 | H2088 | H1892 | | | | | |

વળી તે માણસ જ્ઞાની થશે કે મૂર્ખ તે કોણ જાણે છે? છતાં જેના માટે મેં પરિશ્રમ કર્યો અને પૃથ્વી પર જેના માટે મારા ડહાપણનો ઉપયોગ કર્યો તે સર્વ પર તે અધિકાર ભોગવશે. આ પણ વ્યર્થતા છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 20 | וְסַבּוֹתִי | אֲנִי | לְיַאֵשׁ | אֶת־ | לִבִּי | עַל | כָּל־ | הֶעָמָל | שֶׁעָמַלְתִּי | תַּחַת |
| | અને-વળ્યો | હું | નિરાશ-કરવા | – | મારા-હૃદયને | વિશે | બધા | પરિશ્રમને | જે-મેં-મહેનત-કર્યો | નીચે |
| | H5437 | H0589 | H2976 | H0853 | | | H3605 | H5999 | H5998 | H8478 |
| | הַשָּׁמֶשׁ׃ | | | | | | | | | |
| | સૂર્યની | | | | | | | | | |
| | H8121 | | | | | | | | | |

તેથી હું ફર્યો, અને પૃથ્વી પર જે સર્વ કામો માટે મેં પરિશ્રમ કર્યો હતો તે પ્રત્યે મેં મારા મનને નિરાશ કર્યું.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 21 | כִּי־ | יֵשׁ | אָדָם | שֶׁעֲמָלוֹ | בְּחָכְמָה | וּבְדַעַת | וּבְכִשְׁרוֹן | וּלְאָדָם | שֶׁלֹּא | |
| | કારણ-કે | છે | માણસ | જેનો-પરિશ્રમ | પ્રજ્ઞાથી | અને-જ્ઞાનથી | અને-કુશળતાથી | પણ-માણસને | જેણે | |
| | | H3426 | H0120 | H5999 | H2451 | H1847 | H3788 | H0120 | H3808 | |
| | עָמַל־ | בּוֹ | יִתְּנֶנּוּ | חֶלְקוֹ | גַּם־ | זֶה | הֶבֶל | וְרָעָה | רַבָּה׃ | |
| | મહેનત-નથી-કરી | તેમાં | આપશે | તેનો-ભાગ | પણ | આ | વ્યર્થ-છે | અને-મોટી | બુરાઈ | |
| | H5998 | | H5414 | | H1571 | H2088 | H1892 | | | |

કોઈ એવું મનુષ્ય હોય છે કે જેનું કામ ડહાપણ, જ્ઞાન તથા કુશળતાથી કરેલું હોય છે. તોપણ તેમાં જેણે મહેનત નહિ કરી હોય એવા વ્યક્તિને વારસામાં આપી જશે. આ વ્યર્થતા તથા મોટો અનર્થ છે.

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | מֶה־ | הֹוֶה | לָֽאָדָם | בְּכָל־ | עֲמָלֹו | וּבְרַעְיֹון | לִבֹּו | שֶׁהוּא | עָמֵל | |
| કારણ-કે | શું | મળે-છે | માણસને | બધા | તેના-પરિશ્રમમાં | અને-ચિંતામાં | તેના-હૃદયના | જે-તે | મહેનત-કરે-છે | |
| | H4100 | | H0120 | H3605 | H5999 | H7475 | | H1931 | | |
| תַּחַת | הַשָּׁמֶשׁ׃ | | | | | | | | | |
| નીચે | સૂર્યની | | | | | | | | | |
| H8478 | H8121 | | | | | | | | | |

પોતાનું સર્વ કામ સફળતાથી કરવા માટે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને માણસ દુનિયામાં પરિશ્રમ કરે છે પણ તેમાંથી તેને શું ફળ પ્રાપ્ત થાય છે?

23

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | כָל־ | יָמָיו | מַכְאֹבִים | וָכַעַס | עִנְיָנֹו | גַּם־ | בַּלַּיְלָה | לֹא־ | שָׁכַב | לִבֹּו |
| કારણ-કે | બધા | તેના-દિવસો | પીડા-છે | અને-ક્રોધ | તેના-કામનો | પણ | રાતે | નથી-સૂતું | હૃદય | તેનું |
| | H3605 | H3117 | H4341 | | H6045 | H1571 | H3915 | H3808 | H7901 | |
| גַּם־ | זֶה | הֶבֶל | הוּא׃ | | | | | | | |
| પણ | આ | વ્યર્થ | છે | | | | | | | |
| H1571 | H2088 | H1892 | H1931 | | | | | | | |

કેમ કે તેના બધા દિવસો શોકમય તથા તેનો સઘળો પરિશ્રમ દુ:ખરૂપ છે, રાત્રે પણ તેનું મન વિશ્રાંતિ ભોગવતું નથી. એ પણ વ્યર્થતા છે.

24

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֵין־ | טֹוב | בָּאָדָם | שֶׁיֹּאכַל | וְשָׁתָה | וְהֶרְאָה | אֶת־ | נַפְשֹׁו | טֹוב | בַּעֲמָלֹו |
| નથી | સારું | માણસમાં | ખાવા-કરતાં | અને-પીવતાં | અને-માણવા-દેવું | - | પોતાન□-જીવને | સારું | પરિશ્રમમાં |
| H0369 | | H0120 | H0398 | H8354 | H7200 | H0853 | H5315 | | H5999 |
| גַּם־ | זֹה | רָאִיתִי | אָנִי | כִּי | מִיַּד | הָאֱלֹהִים | הִיא׃ | | |
| પણ | આ | જોયું | મેં | કે | હાથથી | ઈશ્વરના□ | આ-છે | | |
| H1571 | H2090 | H7200 | H0589 | | H3027 | H0430 | H1931 | | |

ખાવું, પીવું અને પોતાના કામમાં આનંદ માણવો તેનાં કરતાં વધારે સારું મનુષ્ય માટે બીજું કશું નથી. પછી મને માલૂમ પડ્યું કે આ ઈશ્વરના હાથથી જ મળે છે.

25

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כִּי | מִי | יֹאכַל | וּמִי | יָחוּשׁ | חוּץ | מִמֶּנִּי׃ |
| કારણ-કે | કોણ | ખાશે | અને-કોણ | આનંદ-માણશે | સિવાય | મારા-વિના |
| | H4310 | H0398 | H4310 | | H2351 | |

પરંતુ ઈશ્વરની કૃપા વિના કોણ ખાઈ શકે અથવા સુખ ભોગવી શકે?

26

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | לְאָדָם | שֶׁטֹּוב | לְפָנָיו | נָתַן | חָכְמָה | וְדַעַת | וְשִׂמְחָה | וְלַחֹוטֶא | נָתַן | |
| કારણ-કે | માણસને | જે-સારો-છે | તેની-સમક્ષ | આપ્યું-છે | પ્રજ્ઞા | અને-જ્ઞાન | અને-આનંદ | પણ-પાપીને | આપ્યું-છે | |
| | H0120 | | H6440 | H5414 | H2451 | H1847 | H8057 | H2398 | H5414 | |
| עִנְיָן | לֶאֱסֹוף | וְלִכְנֹוס | לָתֵת | לְטֹוב | לִפְנֵי | הָאֱלֹהִים | גַּם־ | זֶה | הֶבֶל | וּרְעוּת |
| કાર્ય | એકઠું-કરવાનું | અને-સંગ્રહવાનું | આપવા | સારાને | સમક્ષ | ઈશ્વરની | પણ | આ | વ્યર્થ-છે | અને-પવન-પાછળ |
| H6045 | H0622 | H3664 | H5414 | | H6440 | H0430 | H1571 | H2088 | H1892 | H7469 |
| רוּחַ׃ | | | | | | | | | | |
| દોડવું | | | | | | | | | | |
| H7307 | | | | | | | | | | |

કેમ કે જે માણસો પર ઈશ્વર પ્રસન્ન છે તેઓને તે બુદ્ધિ જ્ઞાન તથા આનંદ આપે છે. પણ પાપીને તે ફોગટ પરિશ્રમ આપે છે જેથી ઈશ્વરને પ્રસન્ન કરનારને માટે તે ઢગલેઢગલા સંગ્રહ કરીને આપે, એ પણ વ્યર્થ તથા પવનથી મુઠ્ઠી ભરવા જેવું છે.

## Chapter 3

1

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לַכֹּל | זְמָן | וְעֵת | לְכָל־ | חֵפֶץ | תַּחַת | הַשָּׁמָיִם׃ | ס |
| બધા-માટે | સમય-છે | અને-સમય | દરેક | બાબત-માટે | નીચે | આકાશની | — |
| H3605 | H2165 | H6256 | H3605 | H2656 | H8478 | H8064 | |

પૃથ્વી ઉપર પ્રત્યેક વસ્તુને માટે યોગ્ય ઋતુ અને પ્રત્યેક પ્રયોજનો માટે યોગ્ય સમય હોય છે.

2

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עֵת | לָלֶדֶת | וְעֵת | לָמוּת | עֵת | לָטַעַת | וְעֵת | לַעֲקוֹר | נָטוּעַ׃ |
| સમય | જન્મવાનો | અને-સમય | મરવાનો | સમય | રોપવાનો | અને-સમય | ઉખેડવાનો | રોપેલું |
| H6256 | H3205 | H6256 | H4191 | H6256 | H5193 | H6256 | | H5193 |

જન્મ લેવાનો સમય અને મૃત્યુ પામવાનો સમય, છોડ રોપવાનો સમય અને રોપેલાને ઉખેડી નાખવાનો સમય;

3

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עֵת | לַהֲרוֹג | וְעֵת | לִרְפּוֹא | עֵת | לִפְרוֹץ | וְעֵת | לִבְנוֹת׃ |
| સમય | મારવાનો | અને-સમય | સાજા-કરવાનો | સમય | તોડવાનો | અને-સમય | બાંધવાનો |
| H6256 | H2026 | H6256 | H7495 | H6256 | H6555 | H6256 | H1129 |

મારી નાખવાનો સમય અને જીવાડવાનો સમય, તોડી પાડવાનો સમય અને બાંધવાનો સમય.

4

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עֵת | לִבְכּוֹת | וְעֵת | לִשְׂחוֹק | עֵת | סְפוֹד | וְעֵת | רְקוֹד׃ |
| સમય | રડવાનો | અને-સમય | હસવાનો | સમય | શોક-કરવાનો | અને-સમય | નાચવાનો |
| H6256 | H1058 | H6256 | H7832 | H6256 | H5594 | H6256 | H7540 |

રડવાનો સમય અને હસવાનો સમય; શોક કરવાનો સમય અને નૃત્ય કરવાનો સમય.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עֵת | לְהַשְׁלִיךְ | אֲבָנִים | וְעֵת | כְּנוֹס | אֲבָנִים | עֵת | לַחֲבוֹק | וְעֵת | לִרְחֹק | מֵחַבֵּק׃ |
| સમય | પથ્થરો-ફેંકવાનો | પથ્થરો | અને-સમય | પથ્થરો-એકઠા-કરવાનો | પથ્થરો | સમય | આલિંગન-આપવાનો | અને-સમય | દૂર-રહેવાનો | આલિંગનથી |
| H6256 | H7993 | H0068 | H6256 | H3664 | H0068 | H6256 | H2263 | H6256 | H7368 | H2263 |

પથ્થરો ફેંકી દેવાનો સમય અને પથ્થરો એકઠા કરવાનો સમય; આલિંગન કરવાનો સમય તથા આલિંગન કરવાથી દૂર રહેવાનો સમય.

6

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עֵת | לְבַקֵּשׁ | וְעֵת | לְאַבֵּד | עֵת | לִשְׁמוֹר | וְעֵת | לְהַשְׁלִיךְ׃ |
| સમય | શોધવાનો | અને-સમય | ખોવાનો | સમય | સાચવવાનો | અને-સમય | ફેંકવાનો |
| H6256 | H1245 | H6256 | H0006 | H6256 | H8104 | H6256 | H7993 |

શોધવાનો સમય અને ગુમાવવાનો સમય, રાખવાનો સમય અને ફેંકી દેવાનો સમય;

7

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עֵת | לִקְרוֹעַ | וְעֵת | לִתְפּוֹר | עֵת | לַחֲשׁוֹת | וְעֵת | לְדַבֵּר׃ |
| સમય | ફાડવાનો | અને-સમય | સીવવાનો | સમય | ચૂપ-રહેવાનો | અને-સમય | બોલવાનો |
| H6256 | H7167 | H6256 | H8609 | H6256 | H2814 | H6256 | H1696 |

ફાડવાનો સમય અને સીવવાનો સમય, શાંત રહેવાનો સમય અને બોલવાનો સમય.

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עֵת | לֶאֱהֹב | וְעֵת | לִשְׂנֹא | עֵת | מִלְחָמָה | וְעֵת | שָׁלוֹם׃ | ס |
| સમય | પ્રેમ-કરવાનો | અને-સમય | ધિક્કારવાનો | સમય | યુદ્ધનો | અને-સમય | શાંતિનો | — |
| H6256 | H0157 | H6256 | H8130 | H6256 | H4421 | H6256 | H7965 | |

પ્રેમ કરવાનો સમય અને ધિક્કારવાનો સમય યુદ્ધનો સમય અને સલાહ શાંતિનો સમય.

9

| | | | | | |
|---|---|---|---|---|---|
| מַה־ | יִּתְרוֹן | הָעוֹשֶׂה | בַּאֲשֶׁר | הוּא | עָמֵל׃ |
| શું | લાભ-છે | કામ-કરનારને | જેમાં | તે | મહેનત-કરે-છે |
| H4100 | H3504 | | | H1931 | |

જે વિષે તે સખત પરિશ્રમ કરે છે તેથી માણસને શું ફળ પ્રાપ્ત થાય છે?

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| רָאִיתִי | אֶת־ | הָעִנְיָן | אֲשֶׁר | נָתַן | אֱלֹהִים | לִבְנֵי | הָאָדָם | לַעֲנוֹת | בּוֹ׃ |
| જોયું | – | કાર્ય | જે | આપ્યું-છે | ઈશ્વરે | સંતાનોને | માણસના | વ્યસ્ત-રહેવા | તેમાં |
| H7200 | H0853 | H6045 | | H5414 | H0430 | | H0120 | | |

જે કષ્ટમય શ્રમ ઈશ્વરે મનુષ્યોને કેળવવાના સાધન તરીકે આપ્યો છે તે મેં જોયો છે.

11
אֶת־ – H0853
הַכֹּל બધું H3605
עָשָׂה કર્યું-છે
יָפֶה સુંદર H3303
בְעִתּוֹ તેન□-સમયે H6256
גַּם પણ H1571
אֶת־ – H0853
הָעֹלָם અનંતતા H5769
נָתַן મૂક્યું-છે H5414
בְּלִבָּם તેમના-હૃદયમાં
מִבְּלִי વિના H1097
אֲשֶׁר જે
לֹא־ નથી-શોધી-શકતો H3808
יִמְצָא શોધી-શકે H4672
הָאָדָם માણસ H0120
אֶת־ – H0853
הַמַּעֲשֶׂה કાર્ય H4639
אֲשֶׁר־ જે
עָשָׂה કર્યું-છે
הָאֱלֹהִים ઈશ્વરે H0430
מֵרֹאשׁ શરૂથી
וְעַד־ અને-સુધી H5704
סוֹף׃ અંત H5490

યહોવાહે પ્રત્યેક વસ્તુને તેના યોગ્ય સમયમાં સુંદર બનાવી છે. જો કે ઈશ્વરે મનુષ્યના હૃદયમાં સનાતનપણું મૂક્યું છે. છતાં શરૂઆતથી તે અંત સુધી ઈશ્વરનાં કાર્યો મનુષ્ય સમજી શકતો નથી.

12
יָדַעְתִּי મેં-જાણ્યું H3045
כִּי કે
אֵין નથી H0369
טוֹב સારું
בָּם તેમનામાં
כִּי સિવાય
אִם־ માત્ર
לִשְׂמוֹחַ આનંદ-કરવાનો H8055
וְלַעֲשׂוֹת અને-કરવ□નું
טוֹב સારું
בְּחַיָּיו׃ પોતાન□-જીવનમાં

હું જાણું છું કે, પોતાના જીવન પર્યંત આનંદ કરવો અને ભલું કરવું તે કરતાં તેના માટે બીજું કંઈ શ્રેષ્ઠ નથી.

13
וְגַם અને-પણ H1571
כָּל־ દરેક H3605
הָאָדָם માણસ H0120
שֶׁיֹּאכַל ખાય-અને H0398
וְשָׁתָה અને-પીવે H8354
וְרָאָה અને-માણે H7200
טוֹב સારું
בְּכָל־ બધા H3605
עֲמָלוֹ પરિશ્રમમાં H5999
מַתַּת ભેટ H4991
אֱלֹהִים ઈશ્વરની H0430
הִיא׃ આ-છે H1931

વળી તેણે ખાવું, પીવું અને પોતાની સર્વ મહેનતથી સંતોષ અનુભવવો. આ તેને ઈશ્વર તરફથી પ્રાપ્ત થયેલું કૃપાદાન છે.

14
יָדַעְתִּי મેં-જાણ્યું H3045
כִּי કે
כָּל־ બધું-જે H3605
אֲשֶׁר જે
יַעֲשֶׂה કરે-છે
הָאֱלֹהִים ઈશ્વર H0430
הוּא તે H1931
יִהְיֶה રહેશે H1961
לְעוֹלָם સદા-માટે H5769
עָלָיו તેમાં
אֵין નથી H0369
לְהוֹסִיף ઉમેરવાનું H3254
וּמִמֶּנּוּ અને-તેમાંથી
אֵין નથી H0369
לִגְרֹעַ ઘટાડવાનું H1639
וְהָאֱלֹהִים અને-ઈશ્વરે H0430
עָשָׂה કર્યું-છે
שֶׁיִּרְאוּ કે-ડરે H3372
מִלְּפָנָיו׃ તેની-સમક્ષ H6440

હું જાણું છું કે ઈશ્વર જે કંઈ કરે છે તે સર્વ સદાને માટે રહેશે. તેમાં કશો વધારો કે ઘટાડો કરી શકાય નહિ, અને મનુષ્યો તેનો ડર રાખે તે હેતુથી ઈશ્વરે તે કર્યું છે.

15
מַה־ જે H4100
שֶּׁהָיָה થઈ-ચૂક્યું-છે H1961
כְּבָר પહેલેથી H3528
הוּא છે H1931
וַאֲשֶׁר અને-જે
לִהְיוֹת હોવાનું-છે H1961
כְּבָר પહેલેથી H3528
הָיָה હતું H1961
וְהָאֱלֹהִים અને-ઈશ્વર H0430
יְבַקֵּשׁ શોધે-છે H1245
אֶת־ – H0853
נִרְדָּף׃ વીતેલુંને H7291

જે હાલમાં છે તે અગાઉ થઈ ગયું છે; અને જે થવાનું છે તે પણ અગાઉ થઈ ગયેલું છે. અને જે વીતી ગયું છે તેને ઈશ્વર પાછું શોધી કાઢે છે.

16
וְעוֹד અને-વ□ુ H5750
רָאִיתִי જોયું H7200
תַּחַת નીચે H8478
הַשָּׁמֶשׁ સૂર્યની H8121
מְקוֹם સ્થાન H4725
הַמִּשְׁפָּט ન્યાયનું H4941
שָׁמָּה ત્યાં H8033
הָרֶשַׁע દુષ્ટતા H7562
וּמְקוֹם અને-સ્થાન H4725
הַצֶּדֶק ધાર્મિકતાનું H6664
שָׁמָּה ત્યાં H8033
הָרָשַׁע׃ દુષ્ટતા H7562

વળી મેં પૃથ્વી પર જોયું કે સદાચારની જગાએ દુષ્ટતા અને નેકીની જગ્યાએ અનિષ્ટ છે.

17
אָמַרְתִּי કહ્યું H0559
אֲנִי મેં H0589
בְּלִבִּי મારા-હૃદયમાં
אֶת־ – H0853
הַצַּדִּיק ધાર્મિકને H6662
וְאֶת־ અને H0853
הָרָשָׁע દુષ્ટને H7563
יִשְׁפֹּט ન્યાય-કરશે H8199
הָאֱלֹהִים ઈશ્વર H0430
כִּי־ કારણ-કે
עֵת સમય-છે H6256
לְכָל־ દરેક H3605
חֵפֶץ બાબત-માટે H2656
וְעַל અને-દરેક
כָּל־ દરેક H3605
הַמַּעֲשֶׂה કાર્ય-માટે H4639
שָׁם׃ ત્યાં H8033

મેં મારી જાતને કહ્યુ કે, “યહોવાહ ન્યાયી અને દુષ્ટનો ન્યાય કરશે કેમ કે પ્રત્યેક પ્રયોજનને માટે અને પ્રત્યેક કાર્ય માટે યોગ્ય સમય હોય છે.”

18 אָמַרְתִּי કહ્યુ H0559 · אֲנִי મેં H0589 · בְּלִבִּי મારા-હૃદયમાં · עַל־ વિશે · דִּבְרַת બાબત H1700 · בְּנֵי સંતાનોની · הָאָדָם માણસની H0120 · לְבָרָם પરખવા H1305 · הָאֱלֹהִים ઈશ્વરે H0430 · וְלִרְאוֹת અને-જોવા H7200 · שְׁהֶם־ કે-તેઓ H1992

בְּהֵמָה પશુઓ-જેવા H0929 · הֵמָּה તેઓ H1992 · לָהֶם׃ તેમના-માટે H1992

પછી મેં મારા મનમાં વિચાર્યું કે, “ઈશ્વર મનુષ્યની કસોટી કરે છે. તેથી તેઓ સમજે કે તેઓ પશુ સમાન છે.”

19 כִּי કારણ-કે · מִקְרֶה ભાગ્ય H4745 · בְנֵי־ સંતાનોનું · הָאָדָם માણસનું H0120 · וּמִקְרֶה અને-ભાગ્ય H4745 · הַבְּהֵמָה પશુઓનું H0929 · וּמִקְרֶה અને-ભાગ્ય H4745 · אֶחָד એક H0259 · לָהֶם તેમનું · כְּמוֹת મૃત્યુ-જેવું H4194 · זֶה આનું H2088

כֵּן એવું · מוֹת મૃત્યુ H4194 · זֶה તેનું H2088 · וְרוּחַ અને-શ્વાસ H7307 · אֶחָד એક H0259 · לַכֹּל બધાનો H3605 · וּמוֹתַר અને-શ્રેષ્ઠતા H4195 · הָאָדָם માણસની H0120 · מִן־ ઉપર · הַבְּהֵמָה પશુઓથી H0929 · אָיִן નથી H0369 · כִּי કારણ-કે

הַכֹּל બધું H3605 · הָבֶל׃ વ્યર્થ-છે H1892

કેમ કે માણસોને જે થાય છે તે જ પશુઓને થાય છે. તેઓની એક જ સ્થિતિ થાય છે. જેમ એક મરે છે. તેમ બીજું પણ મરે છે. તે સર્વને એક જ પ્રાણ હોય છે તેથી મનુષ્ય પશુઓ કરતાં જરાય શ્રેષ્ઠ નથી. શું તે સઘળું વ્યર્થ નથી?

20 הַכֹּל બધું H3605 · הוֹלֵךְ જાય-છે H1980 · אֶל־ તરફ H0413 · מָקוֹם સ્થાન H4725 · אֶחָד એક H0259 · הַכֹּל બધું H3605 · הָיָה હતું H1961 · מִן־ માંથી · הֶעָפָר ધૂળનું H6083 · וְהַכֹּל અને-બધું H3605 · שָׁב પાછું-ફરે-છે H7725 · אֶל־ તરફ H0413

הֶעָפָר׃ ધૂળની H6083

એક જ જગાએ સર્વ જાય છે સર્વ ધૂળના છીએ અને અતે સર્વ ધૂળમાં જ મળી જાય છે.

21 מִי કોણ H4310 · יוֹדֵעַ જાણે-છે H3045 · רוּחַ આત્મા H7307 · בְּנֵי સંતાનોનો · הָאָדָם માણસનો H0120 · הָעֹלָה જાય-છે-કે H5927 · הִיא તે H1931 · לְמָעְלָה ઉપર H4605 · וְרוּחַ અને-આત્મા H7307 · הַבְּהֵמָה પશુઓનો H0929 · הַיֹּרֶדֶת ઉતરે-છે-કે H3381

הִיא તે H1931 · לְמַטָּה નીચે H4295 · לָאָרֶץ׃ પૃથ્વી-તરફ H0776

મનુષ્યનો આત્મા ઉપર જાય છે અને પશુનો આત્મા નીચે પૃથ્વીમાં જાય છે તેની ખબર કોને છે?

22 וְרָאִיתִי અને-જોયું H7200 · כִּי કે · אֵין નથી H0369 · טוֹב સારું-જેવું · מֵאֲשֶׁר કરતાં · יִשְׂמַח આનંદ-માણે H8055 · הָאָדָם માણસ H0120 · בְּמַעֲשָׂיו પોતાને-કાર્યોમાં H4639 · כִּי־ કારણ-કે · הוּא તે H1931 · חֶלְקוֹ તેનો-ભાગ

כִּי કારણ-કે · מִי કોણ H4310 · יְבִיאֶנּוּ લાવશે H0935 · לִרְאוֹת જોવા H7200 · בְּמֶה શુંમાં H4100 · שֶׁיִּהְיֶה થશે H1961 · אַחֲרָיו׃ તેને-પછી

તેથી મેં જોયું કે, માણસે પોતાના કામમાં મગ્ન રહેવું તેથી વધારે સારું બીજું કશું નથી. કેમ કે એ જ તેનો હિસ્સો છે. ભવિષ્યમાં શું બનવાનું છે તે તેને કોણ દેખાડશે?

## Chapter 4

1
וְשַׁבְתִּי અને-પાછો-ફર્યો H7725
אֲנִי હું H0589
וָאֶרְאֶה અને-જોયું H7200
אֶת־ — H0853
כָּל־ બધા H3605
הָעֲשֻׁקִים દબાયેલાઓને H6217
אֲשֶׁר જે
נַעֲשִׂים થાય-છે
תַּחַת નીચે H8478
הַשָּׁמֶשׁ સૂર્યની H8121
וְהִנֵּה અને-જુઓ H2009
דִּמְעַת આસુ H1832
הָעֲשֻׁקִים દબાયેલાઓનાં H6217
וְאֵין અને-નહોતો H0369
לָהֶם તેમને
מְנַחֵם દિલાસો-આપનાર H5162
וּמִיַּד અને-હાથમાંથી H3027
עֹשְׁקֵיהֶם દબાવનારાઓનાં H6231
כֹּחַ બળ
וְאֵין અને-નહોતો H0369
לָהֶם તેમને
מְנַחֵם: દિલાસો-આપનાર H5162

ત્યારબાદ મેં પાછા ફરીને વિચાર કર્યો, અને પૃથ્વી પર જે જુલમ કરવામાં આવે છે. તે સર્વ મેં નિહાળ્યા. જુલમ સહન કરનારાઓનાં આસુ પડતાં હતાં. પણ તેમને સાંત્વના આપનાર કોઈ નહોતું, તેઓના પર ત્રાસ કરનારાઓ શક્તિશાળી હતાં.

2
וְשַׁבֵּחַ અને-વખાણ્યા
אֲנִי મેં H0589
אֶת־ — H0853
הַמֵּתִים મૃતકોને H4191
שֶׁכְּבָר જેઓ-પહેલાં H3528
מֵתוּ મરી-ગયા H4191
מִן־ કરતાં
הַחַיִּים જીવતાઓ
אֲשֶׁר જેઓ
הֵמָּה તેઓ H1992
חַיִּים જીવતા
עֲדֶנָה: હજુ-છે H5728

તેથી મને લાગ્યું કે જેઓ હજી જીવતાં છે તેઓ કરતાં જેઓ મૃત્યુ પામ્યા છે તેઓ વધારે સુખી છે

3
וְטוֹב અને-સારું
מִשְּׁנֵיהֶם બંનેથી H8147
אֵת — H0853
אֲשֶׁר־ જે
עֲדֶן હજુ H5728
לֹא નથી H3808
הָיָה થયો H1961
אֲשֶׁר જેણે
לֹא־ નથી H3808
רָאָה જોયું H7200
אֶת־ — H0853
הַמַּעֲשֶׂה કાર્ય H4639
הָרָע દુષ્ટ
אֲשֶׁר જે
נַעֲשָׂה થાય-છે
תַּחַת નીચે H8478
הַשָּׁמֶשׁ: સૂર્યની H8121

વળી તે બન્ને કરતાં જેઓ હજી જન્મ્યા જ નથી અને જેઓએ પૃથ્વી પર થતાં ખરાબ કૃત્યો જોયા નથી તેઓ વધારે સુખી છે.

4
וְרָאִיתִי અને-જોયું H7200
אֲנִי મેં H0589
אֶת־ — H0853
כָּל־ બધું H3605
עָמָל પરિશ્રમ H5999
וְאֵת અને H0853
כָּל־ બધી H3605
כִּשְׁרוֹן કુશળતા H3788
הַמַּעֲשֶׂה કાર્યની H4639
כִּי કે
הִיא તે H1931
קִנְאַת־ ઈર્ષ્યા-છે H7068
אִישׁ માણસની H0376
מֵרֵעֵהוּ પાડોશી-પ્રત્યે H7453
גַּם־ પણ H1571
זֶה આ H2088
הֶבֶל વ્યર્થ-છે H1892
וּרְעוּת અને-પવનને H7469
רוּחַ: પકડવા-જેવું H7307

વળી મેં સઘળી મહેનત અને ચતુરાઈનું દરેક કામ જોયું અને એ પણ જોયું કે તેના લીધે માણસ ઉપર તેનો પડોશી ઈર્ષ્યા કરે છે. એ પણ વ્યર્થ તથા પવનથી મુઠી ભરવા જેવું છે.

5
הַכְּסִיל મૂર્ખ H3684
חֹבֵק વાળે-છે H2263
אֶת־ — H0853
יָדָיו પોતાના-હાથ H3027
וְאֹכֵל અને-ખાય-છે H0398
אֶת־ — H0853
בְּשָׂרוֹ: પોતાનું-માંસ H1320

મૂર્ખ કામ કરતો નથી, અને પોતાની જાત પર બરબાદી લાવે છે.

6
טוֹב સારી
מְלֹא ભરેલી H4393
כַף મૂઠ H3709
נָחַת શાંતિની
מִמְּלֹא કરતાં-ભરેલા H4393
חָפְנַיִם બે-હાથ H2651
עָמָל પરિશ્રમમાં H5999
וּרְעוּת અને-પવનને H7469
רוּחַ: પકડવા-જેવું H7307

અતિ પરિશ્રમ કરવા દ્વારા પવનમાં ફાંફાં મારીને પુષ્કળ કમાણી કરવી તેના કરતાં શાંતિસહિત થોડું મળે તે વધારે સારું છે.

7
וְשַׁבְתִּי અને-પાછો-ફર્યો H7725
אֲנִי હું H0589
וָאֶרְאֶה અને-જોયું H7200
הֶבֶל વ્યર્થતા H1892
תַּחַת નીચે H8478
הַשָּׁמֶשׁ: સૂર્યની H8121

પછી હું પાછો ફર્યો અને મેં પૃથ્વી ઉપર વ્યર્થતા જોઈ.

8

| | | |
|---|---|---|
| יֵשׁ | છે | H3426 |
| אֶחָד | એકલો | H0259 |
| וְאֵין | અને-નથી | H0369 |
| שֵׁנִי | બીજો | H8145 |
| גַּם | પણ | H1571 |
| בֵּן | દીકરો | |
| וָאָח | કે-ભાઈ | H0251 |
| אֵין־ | નથી | H0369 |
| לוֹ | તેને | |
| וְאֵין | અને-નથી | H0369 |
| קֵץ | અંત | H7093 |
| לְכָל־ | બધા | H3605 |
| עֲמָלוֹ | પરિશ્રમનો | H5999 |
| גַּם־ | પણ | H1571 |
| [עינו] | — | |
| (עֵינָו) | આંખ | |
| לֹא־ | નથી | H3808 |
| תִשְׂבַּע | ધરાતી | H7646 |
| עֹשֶׁר | ધનથી | H6239 |
| וּלְמִי | અને-કોના-માટે | H4310 |
| אֲנִי | હું | H0589 |
| עָמֵל | પરિશ્રમ-કરું-છું | |
| וּמְחַסֵּר | અને-વંચિત-કરું-છું | H2637 |
| אֶת־ | — | H0853 |
| נַפְשִׁי | મારા-જીવને | H5315 |
| מִטּוֹבָה | સુખથી | |
| גַּם־ | પણ | H1571 |
| זֶה | આ | H2088 |
| הֶבֶל | વ્યર્થ-છે | H1892 |
| וְעִנְיַן | અને-દુ:ખદ | H6045 |
| רָע | ખરાબ | |
| הוּא׃ | છે | H1931 |

જો માણસ એકલો હોય અને તેને બીજું કોઈ સગુંવહાલું ન હોય, તેને દીકરો પણ ન હોય કે ભાઈ પણ ન હોય છતાંય તેના પરિશ્રમનો પાર હોતો નથી. અને દ્રવ્યથી તેને સંતોષ નથી તે વિચારતો નથી કે "હું આ પરિશ્રમ કોના માટે કરું છું" અને મારા જીવને દુ:ખી કરું છું? આ પણ વ્યર્થતા છે હા, મોટું દુ:ખ છે.

9

| | | |
|---|---|---|
| טוֹבִים | સારા | |
| הַשְּׁנַיִם | બે | H8147 |
| מִן־ | કરતાં | |
| הָאֶחָד | એકથી | H0259 |
| אֲשֶׁר | જેમને | |
| יֵשׁ־ | છે | H3426 |
| לָהֶם | તેમને | H1992 |
| שָׂכָר | ફળ | H7939 |
| טוֹב | સારું | |
| בַּעֲמָלָם׃ | પરિશ્રમમાં | H5999 |

એક કરતાં બે ભલા; કેમ કે તેઓએ કરેલી મહેનતનું ફળ તેઓને મળે છે.

10

| | | |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| אִם־ | જો | |
| יִפֹּלוּ | પડે | H5307 |
| הָאֶחָד | એક | H0259 |
| יָקִים | ઊભો-કરશે | |
| אֶת־ | — | H0853 |
| חֲבֵרוֹ | સાથીને | H2270 |
| וְאִילוֹ | પરંતુ-અફસોસ | H0337 |
| הָאֶחָד | એકલાને | H0259 |
| שֶׁיִּפּוֹל | જે-પડે | H5307 |
| וְאֵין | અને-નથી | H0369 |
| שֵׁנִי | બીજો | H8145 |
| לַהֲקִימוֹ׃ | ઉઠાવનાર | |

જો બેમાંથી એક પડે તો બીજો તેને ઉઠાડશે. પરંતુ માણસ એકલો હોય, અને તેની પડતી થાય તો તેને મદદ કરનાર કોઈ જ ન હોય તો તેને અફસોસ છે.

11

| | | |
|---|---|---|
| גַּם | પણ | H1571 |
| אִם־ | જો | |
| יִשְׁכְּבוּ | સૂએ | H7901 |
| שְׁנַיִם | બે | H8147 |
| וְחַם | ગરમ-થાય | H2552 |
| לָהֶם | તેમને | |
| וּלְאֶחָד | પરંતુ-એકલાને | H0259 |
| אֵיךְ | કેવી-રીતે | |
| יֵחָם׃ | ગરમ-થાય | H3179 |

જો બે જણા સાથે સૂઈ જાય તો તેઓને એક બીજાથી હૂંફ મળે છે. પણ એકલો માણસ હૂંફ કેવી રીતે મેળવી શકે?

12

| | | |
|---|---|---|
| וְאִם־ | અને-જો | |
| יִתְקְפוֹ | હુમલો-કરે | H8630 |
| הָאֶחָד | એકલાને | H0259 |
| הַשְּׁנַיִם | બે | H8147 |
| יַעַמְדוּ | ટકી-શકે | H5975 |
| נֶגְדּוֹ | સામે | H5048 |
| וְהַחוּט | અને-દોરી | H2339 |
| הַמְשֻׁלָּשׁ | ત્રેવડી | H8027 |
| לֹא | નહીં | H3808 |
| בִמְהֵרָה | જલ્દી | H4120 |
| יִנָּתֵק׃ | તૂટે | H5423 |

એકલા માણસને હરકોઈ હરાવે પણ બે જણ તેને જીતી શકે છે ત્રેવડી વણેલી દોરી સહેલાઈથી તૂટતી નથી.

13

| | | |
|---|---|---|
| טוֹב | સારો | |
| יֶלֶד | છોકરો | H3206 |
| מִסְכֵּן | ગરીબ | H4542 |
| וְחָכָם | અને-ડાહ્યો | H2450 |
| מִמֶּלֶךְ | કરતાં-રાજા | H4428 |
| זָקֵן | વૃદ્ધ | H2205 |
| וּכְסִיל | અને-મૂર્ખ | H3684 |
| אֲשֶׁר | જે | |
| לֹא־ | નથી | H3808 |
| יָדַע | જાણતો | H3045 |
| לְהִזָּהֵר | ચેતવણી-લેવી | |
| עוֹד׃ | હવે | H5750 |

કોઈ વૃદ્ધ અને મૂર્ખ રાજા કે જે કોઈની સલાહ સાંભળતો ન હોય તેના કરતાં ગરીબ પણ જ્ઞાની યુવાન સારો હોય છે.

14

| | | |
|---|---|---|
| כִּי־ | કારણ-કે | |
| מִבֵּית | જેલમાંથી | |
| הָסוּרִים | બંદીખાનામાંથી | H0631 |
| יָצָא | નીકળ્યો | H3318 |
| לִמְלֹךְ | રાજ-કરવા | |
| כִּי | કારણ-કે | |
| גַּם | પણ | H1571 |
| בְּמַלְכוּתוֹ | રાજ્યમાં | H4438 |
| נוֹלַד | જન્મ્યો | H3205 |
| רָשׁ׃ | ગરીબ | H7326 |

કેમ કે જો તેના રાજ્યમાં દરિદ્રી જન્મ્યો હોય તોપણ તે જેલમાંથી મુકત થઈને રાજા થયો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | הַשֵּׁנִי | הַיֶּלֶד | עִם | הַשָּׁמֶשׁ | תַּחַת | הַמְהַלְּכִים | הַחַיִּים | כָּל־ | אֶת־ | רָאִיתִי | 15 |
| જે | બીજા | યુવાનનાં | સાથે | સૂર્યની | નીચે | ચાલનારાઓ | જીવતાઓને | બધા | — | જોયા | |
| | H8145 | H3206 | | H8121 | H8478 | H1980 | | H3605 | H0853 | H7200 | |
| | | | | | | | | | תַּחְתָּיו׃ | יַעֲמֹד | |
| | | | | | | | | | તેની-જગ્યાએ | ઊભો-થશે | |
| | | | | | | | | | H8478 | H5975 | |

પૃથ્વી પરના સર્વ મનુષ્યોને મેં જોયા તો તેઓ બધા પોતાની જગ્યાએ ઊભા થનાર પેલા બીજા યુવાનની સાથે હતા.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא | הָאַחֲרוֹנִים | גַּם | לִפְנֵיהֶם | הָיָה | אֲשֶׁר־ | לְכֹל | הָעָם | לְכָל־ | קֵץ | אֵין־ | 16 |
| નહીં | પછીનાઓ | પણ | તેમની-આગળ | હતા | જે | બધાનો | લોકોનો | બધા | અંત | નથી | |
| H3808 | H0314 | H1571 | H6440 | H1961 | | H3605 | | H3605 | H7093 | H0369 | |
| | | | רוּחַ׃ | וְרַעְיוֹן | הֶבֶל | זֶה | גַם־ | כִּי־ | בוֹ | יִשְׂמְחוּ־ | |
| | | | પવનની | અને-ઝંખના | વ્યર્થ-છે | આ | પણ | કારણ-કે | તેમાં | આનંદ-માને | |
| | | | H7307 | H7475 | H1892 | H2088 | H1571 | | | H8055 | |

જે સર્વ લોકો ઉપર તે રાજા હતો તેઓનો પાર નહોતો તોપણ તેની પછીની પેઢીના લોકો તેનાથી ખુશ નહોતા. નિશ્ચે એ પણ વ્યર્થ અને પવનથી મુઠી ભરવા જેવું છે.

# Chapter 5

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִתֵּת | לִשְׁמֹעַ | וְקָרוֹב | הָאֱלֹהִים | בֵּית | אֶל־ | תֵּלֵךְ | כַּאֲשֶׁר | )רַגְלְךָ( | ]רגליך[ | שְׁמֹר | 1 |
| કરતાં-આપવા | સાંભળવા | અને-નજીક | ઈશ્વરના | ઘર | પર | જાય-છે | જ્યારે | પગ-તારો | — | સાચવ | |
| H5414 | H8085 | H7138 | H0430 | | H0413 | H3212 | | H7272 | H7272 | H8104 | |
| | | | | רָע׃ | לַעֲשׂוֹת | יוֹדְעִים | אֵינָם | כִּי־ | זָבַח | הַכְּסִילִים | |
| | | | | ખરાબ | કરવું | જાણતા | નથી | કારણ-કે | બલિદાન | મૂર્ખો | |
| | | | | | | H3045 | H0369 | | H2077 | H3684 | |

ઈશ્વરના ઘરમાં તું જાય ત્યારે તારાં પગલાં સંભાળ કેમ કે મૂર્ખો ખોટા કામ કરે એવું તેઓ જાણતા નથી. તેથી તેમના યજ્ઞાર્પણ કરતાં શ્રવણ કરવા પાસે જવું તે વધારે ઉચિત છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | לִפְנֵי | דָבָר | לְהוֹצִיא | יְמַהֵר | אַל־ | וְלִבְּךָ | פִּיךָ | עַל־ | תְּבַהֵל | אַל־ | 2 |
| | આગળ | શબ્દ | બોલવા | ઉતાવળ-કરે | ન | અને-હૃદય-તારું | મોઢા-તારા | પર | ઉતાવળ-કર | ન | |
| | H6440 | H1697 | H3318 | | H0408 | | H6310 | | H0926 | H0408 | |
| דְבָרֶיךָ | יִהְיוּ | כֵּן | עַל־ | הָאָרֶץ | עַל־ | וְאַתָּה | בַשָּׁמַיִם | הָאֱלֹהִים | כִּי | הָאֱלֹהִים | |
| શબ્દો-તારા | હોય | તેથી | માટે | પૃથ્વીની | પર | અને-તું | આકાશમાં | ઈશ્વર | કારણ-કે | ઈશ્વરની | |
| H1697 | H1961 | | | H0776 | | | H8064 | H0430 | | H0430 | |
| | | | | | | | | | | מְעַטִּים׃ | |
| | | | | | | | | | | ઓછા | |
| | | | | | | | | | | H4592 | |

તારા મુખેથી અવિચારી વાત કરીશ નહિ અને ઈશ્વરની સંમુખ કંઈપણ બોલવા માટે તારું અંત:કરણને ઉતાવળું ન થવા દે. કેમ કે ઈશ્વર આકાશમાં છે અને તું તો પૃથ્વી પર છે માટે તારા શબ્દો થોડા જ હોય.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| דְּבָרִים׃ | בְּרֹב | כְּסִיל | וְקוֹל | עִנְיָן | בְּרֹב | הַחֲלוֹם | בָּא | כִּי | 3 |
| શબ્દોથી | ઘણા | મૂર્ખનો | અને-અવાજ | ચિંતાથી | ઘણી | સ્વપ્ન | આવે-છે | કારણ-કે | |
| H1697 | H7230 | H3684 | | H6045 | H7230 | H2472 | H0935 | | |

અતિશય શ્રમની ચિંતાથી સ્વપ્નો આવે છે. અને બહુ બોલવાથી મૂર્ખની મૂર્ખાઇ ઉઘાડી પડી જાય છે.

4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כַּאֲשֶׁר | תִּדֹּר | נֶדֶר | לֵאלֹהִים | אַל־ | תְּאַחֵר | לְשַׁלְּמוֹ | כִּי | אֵין | חֵפֶץ | בַּכְּסִילִים |
| જ્યારે | લે-છે | માનતા | ઈશ્વર-આગળ | ન | વિલંબ-કર | પૂરી-કરવામાં | કારણ-કે | નથી | ખુશી | મૂર્ખોમાં |
| | H5087 | H5088 | H0430 | H0408 | H0309 | | | H0369 | H2656 | H3684 |

| | | | |
|---|---|---|---|
| אֵת | אֲשֶׁר־ | תִּדֹּר | שַׁלֵּם׃ |
| — | જે | માનતા-લે-છે | પૂરી-કર |
| H0853 | | H5087 | |

જ્યારે તમે ઈશ્વર સમક્ષ માનતા લો તો તે પૂર્ણ કરવામાં વિલંબ ન કરો. કેમ કે ઈશ્વર મૂર્ખો પર રાજી હોતા નથી તારી માનતા પૂરી કર.

5

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| טוֹב | אֲשֶׁר | לֹא־ | תִדֹּר | מִשֶּׁתִּדּוֹר | וְלֹא | תְשַׁלֵּם׃ |
| સારું | છે-કે | ન | માનતા-લે | કરતાં-માનતા-લઈને | અને-ન | પૂરી-કરે |
| | | H3808 | H5087 | H5087 | H3808 | |

તમે માનતા માનીને તે ન પાળો તેના કરતાં માનતા ન લો તે વધારે ઉચિત છે.

6

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַל־ | תִּתֵּן | אֶת־ | פִּיךָ | לַחֲטִיא | אֶת־ | בְּשָׂרֶךָ | וְאַל־ | תֹּאמַר | לִפְנֵי | הַמַּלְאָךְ | כִּי |
| ન | દે | — | મોઢા-તારા | પાપ-કરાવવા | — | શરીર-તારા | અને-ન | કહે | આગળ | દૂતની | કે |
| H0408 | H5414 | H0853 | H6310 | H2398 | H0853 | H1320 | H0408 | H0559 | H6440 | H4397 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שְׁגָגָה | הִיא | לָמָּה | יִקְצֹף | הָאֱלֹהִים | עַל־ | קוֹלֶךָ | וְחִבֵּל | אֶת־ | מַעֲשֵׂה | יָדֶיךָ׃ |
| ભૂલ | હતી | શા-માટે | ક્રોધ-કરે | ઈશ્વર | પર | અવાજ-તારા | અને-નાશ-કરે | — | કાર્ય | હાથ-તારા |
| H7684 | H1931 | H4100 | H7107 | H0430 | | | | H0853 | H4639 | H3027 |

તારા મુખને લીધે તારા શરીર પાસે પાપ કરાવવા ન દે, તેમ જ ઈશ્વરના દૂતની સમક્ષ તું એમ કહેતો નહિ કે મારાથી એ ભૂલ થઈ ગઈ. શા માટે તારા બોલવાથી ઈશ્વર કોપાયમાન થાય અને તારા હાથનાં કામનો નાશ કરે?

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | בְרֹב | חֲלֹמוֹת | וַהֲבָלִים | וּדְבָרִים | הַרְבֵּה | כִּי | אֶת־ | הָאֱלֹהִים | יְרָא׃ |
| કારણ-કે | ઘણા | સ્વપ્નોમાં | અને-વ્યર્થતામાં | અને-શબ્દો | ઘણા | પરંતુ | — | ઈશ્વરથી | ડર |
| | H7230 | H2472 | H1892 | H1697 | | | H0853 | H0430 | H3372 |

કેમ કે અતિશય સ્વપ્નોથી, વ્યર્થ વિચારો કરવાથી અને ઝાઝું બોલવાથી એમ થાય છે માટે તું ઈશ્વરનો ડર રાખ.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אִם־ | עֹשֶׁק | רָשׁ | וְגֵזֶל | מִשְׁפָּט | וָצֶדֶק | תִּרְאֶה | בַמְּדִינָה | אַל־ | תִּתְמַהּ | עַל־ |
| જો | દમન | ગરીબનું | અને-લૂંટ | ન્યાયની | અને-ધર્મની | જુએ-છે | પ્રાંતમાં | ન | આશ્ચર્ય-કર | પર |
| | H6233 | H7326 | H1499 | H4941 | H6664 | H7200 | H4082 | H0408 | H8539 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הַחֵפֶץ | כִּי | גָבֹהַּ | מֵעַל | גָּבֹהַּ | שֹׁמֵר | וּגְבֹהִים | עֲלֵיהֶם׃ |
| વાતની | કારણ-કે | ઊંચો | ઉપર | ઊંચા-પર | નજર-રાખે-છે | અને-ઊંચા | તેમના-ઉપર |
| H2656 | | H1364 | | H1364 | H8104 | H1364 | |

જો ગરીબો પર થતા અત્યાચાર અને દેશમાં ન્યાયને ઊંધા વાળતા તું જુએ તો તે વાતથી આશ્ચર્ય પામીશ નહિ, કેમ કે ઉચ્ચ કરતાં જે સર્વોચ્ચ છે તે લક્ષ આપે છે.

9

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְיִתְרוֹן | אֶרֶץ | בַּכֹּל | [הִיא] | (הוּא) | מֶלֶךְ | לְשָׂדֶה | נֶעֱבָד׃ |
| અને-ફાયદો | ભૂમિનો | બધામાં | — | છે | રાજા | ખેતર-માટે | ખેડાય-છે |
| H3504 | H0776 | H3605 | H1931 | H1931 | H4428 | | H5647 |

પૃથ્વીની ઊપજ તો સર્વને માટે છે. અને રાજાને પણ તેના ખેતરથી મદદ મળે છે.

10

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֹהֵב | כֶּסֶף | לֹא־ | יִשְׂבַּע | כֶּסֶף | וּמִי־ | אֹהֵב | בֶּהָמוֹן | לֹא | תְבוּאָה | גַּם־ | זֶה |
| પ્રેમ-કરનાર | ચાંદીને | નથી | ધરાતો | ચાંદીથી | અને-જે | પ્રેમ-કરે | વિપુલતામાં | નથી | ઊપજ | પણ | આ |
| H0157 | H3701 | H3808 | H7646 | H3701 | H4310 | H0157 | | H3808 | H8393 | H1571 | H2088 |

| |
|---|
| הָבֶל׃ |
| વ્યર્થ |
| H1892 |

રૂપાનો લોભી ચાંદીથી સંતુષ્ટ થશે નહિ. સમૃદ્ધિનો લોભી સમૃદ્ધિથી સંતોષ પામશે નહિ.

11

| בִּרְבוֹת | הַטּוֹבָה | רַבּוּ | אוֹכְלֶיהָ | וּמַה־ | כִּשְׁרוֹן | לִבְעָלֶיהָ | כִּי | אִם־ | ]רְאִית[ | )רְאוּת( | עֵינָיו׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વધતાં | સંપત્તિ | વધે-છે | ખાનારા | અને-શું | ફાયદો | માલિક-માટે | સિવાય | કે | — | જોવું | આંખોથી |
| | | | H0398 | H4100 | H3788 | H1167 | | | H7212 | H7212 | |

દોલત વધે છે ત્યારે તેને ખાનારા પણ વધે છે. અને તેથી તેના માલિકને, નજરે જોયા સિવાય બીજો શો લાભ થાય છે?

12

| מְתוּקָה | שְׁנַת | הָעֹבֵד | אִם־ | מְעַט | וְאִם־ | הַרְבֵּה | יֹאכֵל | וְהַשָּׂבָע | לֶעָשִׁיר | אֵינֶנּוּ | מַנִּיחַ | לוֹ | לִישׁוֹן׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મીઠી | ઊંઘ | મજૂરની | ભલે | ઓછું | અને-ભલે | ઘણું | ખાય | પરંતુ-તૃપ્તિ | ધનવાનની | નથી | દેતી | તેને | ઊંઘવા |
| H4966 | H8142 | H5647 | | H4592 | | | H0398 | H7647 | H6223 | H0369 | H3240 | | H3462 |

મજૂર ગમે તો ઓછું ખાય કે વધારે ખાય તોપણ તે શાંતિથી ઊંઘી શકે છે. પણ દ્રવ્યવાનની સમૃદ્ધિ તેને ઊંઘવા દેતી નથી.

13

| יֵשׁ | רָעָה | חוֹלָה | רָאִיתִי | תַּחַת | הַשָּׁמֶשׁ | עֹשֶׁר | שָׁמוּר | לִבְעָלָיו | לְרָעָתוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| છે | દુ:ખદ | ભારે | જોયું | નીચે | સૂર્યની | ધન | સાચવેલું | માલિક-માટે | હાનિ-માટે |
| H3426 | | | H7200 | H8478 | H8121 | H6239 | H8104 | H1167 | |

મેં પૃથ્વી પર એક ભારે દુ:ખ જોયું છે. એટલે દ્રવ્યનો માલિક પોતાના નુકસાનને માટે જ દ્રવ્ય-સંગ્રહ કરી રાખે છે તે.

14

| וְאָבַד | הָעֹשֶׁר | הַהוּא | בְּעִנְיַן | רָע | וְהוֹלִיד | בֵּן | וְאֵין | בְּיָדוֹ | מְאוּמָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-નાશ-પામ્યું | ધન | તે | ખરાબ-પ્રસંગમાં | ખરાબ | અને-જન્માવ્યો | દીકરો | અને-નથી | હાથમાં | કંઈ-પણ |
| H0006 | H6239 | H1931 | H6045 | | H3205 | | H0369 | H3027 | H3972 |

પરંતુ તે દ્રવ્ય અવિચારી સાહસને કારણે ચાલ્યું જાય છે અને જો તેને પોતાનો દીકરો હોય તો તેના હાથમાં પણ કશું રહેતું નથી

15

| כַּאֲשֶׁר | יָצָא | מִבֶּטֶן | אִמּוֹ | עָרוֹם | יָשׁוּב | לָלֶכֶת | כְּשֶׁבָּא | וּמְאוּמָה | לֹא־ | יִשָּׂא | בַעֲמָלוֹ | שֶׁיֹּלֵךְ | בְּיָדוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જેવો | આવ્યો | ગર્ભમાંથી | માતાના | નગ્ન | પાછો-જશે | જવા | જેમ-આવ્યો | અને-કંઈ-પણ | નહીં | લઈ-જશે | પરિશ્રમમાંથી | જે-લઈ-જાય | હાથમાં |
| | H3318 | H0990 | H0517 | H6174 | H7725 | H3212 | H0935 | H3972 | H3808 | H5375 | H5999 | H3212 | H3027 |

જેવો તે પોતાની માતાના ગર્ભમાંથી નિવસ્ત્રસ્થિતિમાં + 5:15 ખાલી હાથ બહાર હતો એ જ સ્થિતિમાં તે પાછો જાય છે. તે પોતાના પરિશ્રમ બદલ તેમાંથી કંઈ પણ સાથે લઈ જવા પામશે નહી.

16

| וְגַם־ | זֹה | רָעָה | חוֹלָה | כָּל־ | עֻמַּת | שֶׁבָּא | כֵּן | יֵלֵךְ | וּמַה־ | יִּתְרוֹן | לוֹ | שֶׁיַּעֲמֹל | לָרוּחַ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પણ | આ | દુ:ખદ | ભારે | બધું | જેવું | આવ્યો | તેવો | જશે | અને-શું | ફાયદો | તેને | જે-પરિશ્રમ-કરે | પવન-માટે |
| H1571 | H2090 | | | H3605 | H5980 | H0935 | | H3212 | H4100 | H3504 | | H5998 | H7307 |

આ પણ એક ભારે દુ:ખ છે કે, સર્વ બાબતોમાં જેવો તે આવ્યો હતો તે જ સ્થિતિમાં તેને પાછા જવું પડે છે પવનને માટે પરિશ્રમ કરવાથી તેને શો લાભ થાય છે?

17

| גַּם | כָּל־ | יָמָיו | בַּחֹשֶׁךְ | יֹאכֵל | וְכָעַס | הַרְבֵּה | וְחָלְיוֹ | וָקָצֶף׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| પણ | બધા | દિવસો | અધકારમાં | ખાય-છે | અને-ગુસ્સો | ઘણો | અને-બીમારી | અને-રોષ |
| H1571 | H3605 | H3117 | H2822 | H0398 | H3707 | | H2483 | |

વળી તેનું સમગ્ર આયુષ્ય અંધકારમાં જાય છે, અને શોક, રોગ અને ક્રોધથી તે હેરાન થાય છે.

18

| הִנֵּה | אֲשֶׁר־ | רָאִיתִי | אָנִי | טוֹב | אֲשֶׁר־ | יָפֶה | לֶאֱכוֹל־ | וְלִשְׁתּוֹת | וְלִרְאוֹת | טוֹבָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જુઓ | જે | જોયું | મેં | સારું | જે | ઉચિત-છે | ખાવું | અને-પીવું | અને-માણવું | સુખ |
| H2009 | | H7200 | H0589 | | | H3303 | H0398 | H8354 | H7200 | |

| בְּכָל־ | עֲמָלוֹ | שֶׁיַּעֲמֹל | תַּחַת־ | הַשֶּׁמֶשׁ | מִסְפַּר | יְמֵי־ | [חיו] | (חַיָּיו) | אֲשֶׁר־ | נָתַן־ | לוֹ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બધા | પરિશ્રમમાં | જે-પરિશ્રમ-કરે | નીચે | સૂર્યની | ગણતરી | દિવસો | — | જીવનના | જે | આપ્યા | તેને |
| H3605 | H5999 | H5998 | H8478 | H8121 | H4557 | H3117 | | | | H5414 | |

| הָאֱלֹהִים | כִּי־ | הוּא | חֶלְקוֹ׃ |
|---|---|---|---|
| ઈશ્વરે | કારણ-કે | તે | ભાગ-તેનો |
| H0430 | | H1931 | |

જુઓ, મનુષ્ય માટે જે સારી અને શોભતી બાબત મેં જોઈ છે તે એ છે કે, ઈશ્વરે તેને આપેલા આયુષ્યના સર્વ દિવસોમાં ખાવું, પીવું અને દુનિયામાં જે સઘળો શ્રમ કરે છે તેમાં મોજમજા માણવી કેમ કે એ જ તેનો હિસ્સો છે.

19

| גַּם | כָל־ | הָאָדָם | אֲשֶׁר | נָתַן־ | לוֹ | הָאֱלֹהִים | עֹשֶׁר | וּנְכָסִים | וְהִשְׁלִיטוֹ | לֶאֱכֹל |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પણ | દરેક | માણસને | જેને | આપ્યું | તેને | ઈશ્વરે | ધન | અને-સંપત્તિ | અને-સમર્થ-બનાવ્યો | ખાવા |
| H1571 | H3605 | H0120 | | H5414 | | H0430 | H6239 | H5233 | H7980 | H0398 |

| מִמֶּנּוּ | וְלָשֵׂאת | אֶת־ | חֶלְקוֹ | וְלִשְׂמֹחַ | בַּעֲמָלוֹ | זֹה | מַתַּת | אֱלֹהִים | הִיא׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તેમાંથી | અને-લેવા | — | ભાગ-તેનો | અને-આનંદ-માણવા | પરિશ્રમમાં | આ | ભેટ | ઈશ્વરની | છે |
| | H5375 | H0853 | | H8055 | H5999 | H2090 | H4991 | H0430 | H1931 |

અને જો ઈશ્વરે તેને દ્રવ્ય તથા ધન આપ્યું છે અને તેનો ઉપભોગ કરવાની, પોતાનો હિસ્સો લેવાની તથા તેને પોતાની મહેનતથી આનંદ માણવાની શક્તિ આપી છે. એવા દરેક માણસે જાણવું કે તે ઈશ્વર તરફથી મળતી ભેટ છે.

20

| כִּי | לֹא | הַרְבֵּה | יִזְכֹּר | אֶת־ | יְמֵי | חַיָּיו | כִּי | הָאֱלֹהִים | מַעֲנֶה | בְּשִׂמְחַת |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | નહીં | ઘણું | યાદ-કરશે | — | દિવસો | જીવનના | કારણ-કે | ઈશ્વર | ઉત્તર-આપે-છે | આનંદમાં |
| | H3808 | | H2142 | H0853 | H3117 | | | H0430 | | H8057 |

| לִבּוֹ׃ |
|---|
| હૃદયના |

તેના જીવનના દિવસોનું તેને બહુ સ્મરણ રહેશે નહિ કેમ કે તેના અંત:કરણનો આનંદ એ તેને ઈશ્વરે આપેલો ઉત્તર છે.

## Chapter 6

1

| יֵשׁ | רָעָה | אֲשֶׁר | רָאִיתִי | תַּחַת | הַשָּׁמֶשׁ | וְרַבָּה | הִיא | עַל־ | הָאָדָם׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| છે | દુ:ખદ | જે | જોયું | નીચે | સૂર્યની | અને-ઘણું | છે-તે | પર | માણસ-પર |
| H3426 | | | H7200 | H8478 | H8121 | | H1931 | | H0120 |

મેં પૃથ્વી પર માણસોને માથે એક સામાન્ય ભારે દુ:ખ નિહાળ્યું છે.

2

| אִישׁ | אֲשֶׁר | יִתֶּן־ | לוֹ | הָאֱלֹהִים | עֹשֶׁר | וּנְכָסִים | וְכָבוֹד | וְאֵינֶנּוּ | חָסֵר | לְנַפְשׁוֹ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| માણસ | જેને | આપે-છે | તેને | ઈશ્વરે | ધન | અને-સંપત્તિ | અને-માન | અને-નથી | ઓછું | જીવન-માટે |
| H0376 | | H5414 | | H0430 | H6239 | H5233 | H3519 | H0369 | H2638 | H5315 |

| מִכֹּל | אֲשֶׁר־ | יִתְאַוֶּה | וְלֹא־ | יַשְׁלִיטֶנּוּ | הָאֱלֹהִים | לֶאֱכֹל | מִמֶּנּוּ | כִּי | אִישׁ | נָכְרִי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બધામાંથી | જે | ઇચ્છે-છે | અને-નથી | સમર્થ-બનાવે-છે | ઈશ્વર | ખાવા | તેમાંથી | કારણ-કે | માણસ | પરદેશી |
| H3605 | | H0183 | H3808 | H7980 | H0430 | H0398 | | | H0376 | H5237 |

| יֹאכְלֶנּוּ | זֶה | הֶבֶל | וָחֳלִי | רָע | הוּא׃ |
|---|---|---|---|---|---|
| ખાશે-તે | આ | વ્યર્થ-છે | અને-બીમારી | ખરાબ | છે |
| H0398 | H2088 | H1892 | H2483 | | H1931 |

એટલે જેને ઈશ્વરે ધન-સંપત્તિ અને સન્માન આપ્યા છે કે જે કંઈ તે ઇચ્છે છે તે સર્વમાં તેના મનને કશી ખોટ પડશે નહિ. પરંતુ તેનો ઉપભોગ કરવાની શક્તિ તેને આપતા નથી. પણ બીજો કોઈ તેનો ઉપભોગ કરે છે. આ પણ વ્યર્થતા તથા ભારે દુઃખ છે.

3

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אִם־ | יוֹלִ֣יד | אִ֣ישׁ | מֵאָ֡ה | וְשָׁנִ֣ים | רַבּוֹת֩ | יִֽחְיֶ֨ה | וְרַ֜ב | שֶׁיִּהְי֣וּ | יְמֵֽי־ | שָׁנָ֗יו | וְנַפְשׁוֹ֙ |
| જો | જન્માવે | માણસ | સો | અને-વર્ષો | ઘણા | જીવે | અને-ઘણા | હોય | દિવસો | વર્ષોના | અને-જીવન-તેનું |
| | H3205 | H0376 | H3967 | H8141 | | H2421 | | H1961 | H3117 | H8141 | H5315 |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | תִשְׂבַּ֣ע | מִן־ | הַטּוֹבָ֔ה | וְגַם־ | קְבוּרָ֖ה | לֹא־ | הָ֣יְתָה | לּ֑וֹ | אָמַ֕רְתִּי | ט֥וֹב | מִמֶּ֖נּוּ | הַנָּֽפֶל׃ |
| નથી | ધરાતું | થી | સુખથી | અને-પણ | દફન | નથી | થયું | તેને | કહું-છું | સારું | તેના-કરતાં | મરેલું-બાળક |
| H3808 | H7646 | | | H1571 | H6900 | H3808 | H1961 | | H0559 | | | H5309 |

જો કોઈ મનુષ્યને સો સંતાનો હોય અને તે પોતે દીર્ઘાયુષ્ય ભોગવે પણ જો તે સુખી ન હોય અને તેનું દફન પણ ન થાય તો હું કહું છું કે, એના કરતાં ગર્ભપાતથી તે મૃતાવસ્થામાં જન્મ્યો હોત તો સારો થાત.

4

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | בַהֶ֥בֶל | בָּ֖א | וּבַחֹ֣שֶׁךְ | יֵלֵ֑ךְ | וּבַחֹ֖שֶׁךְ | שְׁמ֥וֹ | יְכֻסֶּֽה׃ |
| કારણ-કે | વ્યર્થતામાં | આવે-છે | અને-અધકારમાં | જાય-છે | અને-અધકારમાં | નામ-તેનું | ઢકાય-છે |
| | H1892 | H0935 | H2822 | H3212 | H2822 | H8034 | H3680 |

કેમ કે તે વ્યર્થતારૂપ આવે છે અને અધકારમાં જતો રહે છે. અને તેનું નામ પણ અધકારથી ઢકાઈ જાય છે.

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| גַּם־ | שֶׁ֥מֶשׁ | לֹא־ | רָאָ֖ה | וְלֹ֣א | יָדָ֑ע | נַ֥חַת | לָזֶ֖ה | מִזֶּֽה׃ |
| પણ | સૂર્ય | નથી | જોયો | અને-નથી | જાણ્યું | શાંતિ | આને-આ | કરતાં-તે |
| H1571 | H8121 | H3808 | H7200 | H3808 | H3045 | | H2088 | H2088 |

વળી તેણે સૂર્યને જોયો નથી અને તેણે કશું જાણ્યું પણ નથી પેલાના કરતાં તો તેને વધારે નિરાંત છે.

6

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִלּ֣וּ | חָיָ֗ה | אֶ֤לֶף | שָׁנִים֙ | פַּעֲמַ֔יִם | וְטוֹבָ֖ה | לֹ֣א | רָאָ֑ה | הֲלֹ֛א | אֶל־ | מָק֥וֹם | אֶחָ֖ד | הַכֹּ֥ל |
| અને-જો | જીવે | હજાર | વર્ષ | બે-વખત | અને-સુખ | નથી | જોયું | શું-નથી | પર | સ્થળ | એક | બધા |
| H0432 | H2421 | H0505 | H8141 | H6471 | | H3808 | H7200 | H3808 | H0413 | H4725 | H0259 | H3605 |

| |
|---|
| הוֹלֵֽךְ׃ |
| જાય-છે |
| H1980 |

જો તેનું આયુષ્ય હજાર વર્ષ કરતાં પણ બમણું હોય અને છતાંય તે કંઈ સુખ ભોગવે નહિ, શું બધાં એક જ ઠેકાણે નથી જતાં?

7

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כָּל־ | עֲמַ֥ל | הָאָדָ֖ם | לְפִ֑יהוּ | וְגַם־ | הַנֶּ֖פֶשׁ | לֹ֥א | תִמָּלֵֽא׃ |
| બધો | પરિશ્રમ | માણસનો | મોઢા-માટે-છે | અને-પણ | જીવન | નથી | ભરાતું |
| H3605 | H5999 | H0120 | H6310 | H1571 | H5315 | H3808 | H4390 |

મનુષ્યની સર્વ મહેનત તેના પોતાના પેટ માટે છે. છતાં તેની ક્ષુધા તૃપ્ત થતી નથી.

8

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֛י | מַה־ | יּוֹתֵ֥ר | לֶחָכָ֖ם | מִֽן־ | הַכְּסִ֑יל | מַה־ | לֶּעָנִ֣י | יוֹדֵ֔עַ | לַהֲלֹ֖ךְ | נֶ֥גֶד | הַחַיִּֽים׃ |
| કારણ-કે | શું | વધારે-છે | બુદ્ધિમાનને | કરતાં | મૂર્ખના | શું | ગરીબ-માટે | જાણવું | ચાલવું | સામે | જીવન |
| | H4100 | H3148 | H2450 | | H3684 | H4100 | H6041 | H3045 | H1980 | H5048 | |

વળી મૂર્ખ કરતાં જ્ઞાનીને કયો વધારે લાભ મળે છે? અથવા જીવતાઓની આગળ વર્તવાની રીત સમજનાર ગરીબ માણસને શું મળે છે?

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ט֛וֹב | מַרְאֵ֥ה | עֵינַ֖יִם | מֵֽהֲלָךְ־ | נָ֑פֶשׁ | גַּם־ | זֶ֥ה | הֶ֖בֶל | וּרְע֥וּת | רֽוּחַ׃ |
| સારું | દેખવું | આંખોથી | ઇચ્છાં-કરતાં | જીવનના | પણ | આ | વ્યર્થ-છે | અને-પવનને | પકડવા-જેવું |
| | H4758 | | H1980 | H5315 | H1571 | H2088 | H1892 | H7469 | H7307 |

ભટકતી ઇચ્છાઓ કરતાં આંખે જોવું તે વધારે ઇષ્ટ છે. એ પણ વ્યર્થ તથા પવનને મૂઠ્ઠીમાં ભરવાં જેવું છે.

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מַה־ | שֶּֽׁהָיָה | כְּבָר | נִקְרָא | שְׁמוֹ | וְנוֹדָע | אֲשֶׁר־ | הוּא | אָדָם | וְלֹא־ | יוּכַל |
| જે | થયું-છે | પહેલેથી | બોલાવાયું-છે | નામ-તેનું | અને-જાણીતું-છે | જે | તે | માનવ-છે | અને-નથી | શકતો |
| H4100 | H1961 | H3528 | H7121 | H8034 | H3045 | | H1931 | H0120 | H3808 | H3201 |

| | | | | |
|---|---|---|---|---|
| לָדִין | עִם | ]שהתקיף[ | )שֶׁתַּקִּיף( | מִמֶּנּוּ׃ |
| વાદ-કરવા | સાથે | — | જે-શક્તિશાળી-છે | તેનાં-કરતાં |
| H1777 | | H8630 | H8623 | |

હાલ જે કંઈ છે તેનું નામ પહેલેથી પાડવામાં આવ્યું છે. તે મનુષ્ય છે એ વાત જાણવામાં આવેલી છે. જે તેના કરતાં વધારે બળવાન છે તેની સામે તે બાથ ભીડી શકતો નથી.

11

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּֽי | יֵשׁ־ | דְּבָרִים | הַרְבֵּה | מַרְבִּים | הָבֶל | מַה־ | יֹּתֵר | לָאָדָם׃ |
| કારણ-કે | છે | શબ્દો | ઘણા | જે-વધારે-છે | વ્યર્થતાને | શું | વધારે-છે | માણસ-માટે |
| | H3426 | H1697 | | | H1892 | H4100 | H3148 | H0120 |

વ્યર્થતાની વૃદ્ધિ કરનારી ઘણી વાતો છે, તેથી માણસને શો ફાયદો થયો છે?

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | מִֽי־ | יוֹדֵעַ | מַה־ | טּוֹב | לָֽאָדָם | בַּֽחַיִּים | מִסְפַּר | יְמֵי־ | חַיֵּי | הֶבְלוֹ |
| કારણ-કે | કોણ | જાણે-છે | શું | સારું-છે | માણસ-માટે | જીવનમાં | ગણતરી | દિવસો | જીવનના | વ્યર્થતાના |
| | H4310 | H3045 | H4100 | | H0120 | | H4557 | H3117 | | H1892 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְיַעֲשֵׂם | כַּצֵּל | אֲשֶׁר | מִֽי־ | יַגִּיד | לָֽאָדָם | מַה־ | יִּהְיֶה | אַחֲרָיו | תַּחַת | הַשָּׁמֶשׁ׃ |
| અને-વિતાવે-છે | છાયા-જેમ | કારણ-કે | કોણ | કહી-શકશે | માણસને | શું | હશે | પછી-તેનાં | નીચે | સૂર્યની |
| | H6738 | | H4310 | H5046 | H0120 | H4100 | H1961 | | H8478 | H8121 |

કારણ કે મનુષ્ય છાયાની જેમ પોતાનું જીવન વ્યર્થ ગુમાવે છે, તેના જીવનના સર્વ દિવસોમાં તેને માટે શું સારું છે તે કોણ જાણે છે? કેમ કે કોઈ માણસની પાછળ દુનિયામાં શું થવાનું છે તે તેને કોણ કહી શકે?

## Chapter 7

1

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| טוֹב | שֵׁם | מִשֶּׁמֶן | טוֹב | וְיוֹם | הַמָּוֶת | מִיּוֹם | הִוָּלְדוֹ׃ |
| સારું | નામ | સુગંધી-તેલ-કરતાં | સારું | અને-દિવસ | મૃત્યુનો | દિવસ-કરતાં | જન્મના |
| | H8034 | H8081 | | H3117 | H4194 | H3117 | H3205 |

સારી શાખ મૂલ્યવાન અત્તર કરતાં વધારે સારી છે. જન્મના દિવસ કરતાં મૃત્યુનો દિવસ સારો છે.

2

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| טּוֹב | לָלֶכֶת | אֶל־ | בֵּית־ | אֵבֶל | מִלֶּכֶת | אֶל־ | בֵּית | מִשְׁתֶּה | בַּאֲשֶׁר | הוּא | סוֹף |
| સારું-છે | જવું | તરફ | ઘરમાં | શોકના | જવા-કરતાં | તરફ | ઘરમાં | ભોજનના | કારણ-કે | તે | અત-છે |
| | H3212 | H0413 | | H0060 | H3212 | H0413 | | H4960 | | H1931 | H5490 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| כָּל־ | הָאָדָם | וְהַחַי | יִתֵּן | אֶל־ | לִבּוֹ׃ |
| દરેક | માણસનો | અને-જીવતો | રાખે | તે | હૃદયમાં |
| H3605 | H0120 | | H5414 | H0413 | |

ઉજવણીના ઘરમાં જવા કરતાં શોકના ઘરમાં જવું સારું છે. કેમ કે પ્રત્યેક મનુષ્યની જિંદગીનો અત મૃત્યુ જ છે. જીવતો માણસ તે વાત પોતાના હૃદયમાં ઠસાવી રાખશે.

3

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| טוֹב | כַּעַס | מִשְּׂחֹק | כִּי־ | בְרֹעַ | פָּנִים | יִיטַב | לֵב׃ |
| સારું-છે | દુઃખ | હાસ્ય-કરતાં | કારણ-કે | ઉદાસી-થકી | ચહેરાની | સુધરે-છે | હૃદય |
| | | H7814 | | H7455 | H6440 | H3190 | |

હાસ્ય કરતાં ખેદ સારો છે. કેમ કે ચહેરાના ઉદાસીપણાથી અત:કરણ આનંદ પામે છે.

4

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לֵב | חֲכָמִים | בְּבֵית | אֵבֶל | וְלֵב | כְּסִילִים | בְּבֵית | שִׂמְחָה׃ |
| હૃદય | જ્ઞાનીઓનું | ઘરમાં-હોય-છે | શોકના | અને-હૃદય | મૂર્ખોનું | ઘરમાં-હોય-છે | આનંદના |
| | H2450 | | H0060 | | H3684 | | H8057 |

જ્ઞાનીનું અંતઃકરણ શોકના ઘરમાં હોય છે પણ મૂર્ખનું અંતઃકરણ હર્ષના ઘરમાં હોય છે.

5

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| טוֹב | לִשְׁמֹעַ | גַּעֲרַת | חָכָם | מֵאִישׁ | שֹׁמֵעַ | שִׁיר | כְּסִילִים׃ |
| સારું-છે | સાંભળવું | ઠપકો | જ્ઞાનીનો | માણસ-કરતાં | સાંભળતા | ગીત | મૂર્ખોનું |
| | H8085 | H1606 | H2450 | H0376 | H8085 | | H3684 |

કોઈ માણસે મૂર્ખનું ગીત સાંભળવું તેના કરતાં જ્ઞાનીનો ઠપકો સાંભળવો તે સારું છે

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | כְקוֹל | הַסִּירִים | תַּחַת | הַסִּיר | כֵּן | שְׂחֹק | הַכְּסִיל | וְגַם־ | זֶה | הָבֶל׃ |
| કારણ-કે | જેમ-અવાજ | કાંટાઓનો | નીચે | વાસણના | તેમ | હાસ્ય | મૂર્ખનું | અને-આ-પણ | એ | વ્યર્થ-છે |
| | | | H8478 | | | H7814 | H3684 | H1571 | H2088 | H1892 |

કેમ કે જેમ સગડી પરના પાત્રની નીચે કાંટાનો ભડભડાટ હોય છે તેમ મૂર્ખનું હાસ્ય છે એ પણ વ્યર્થતા છે.

7

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כִּי | הָעֹשֶׁק | יְהוֹלֵל | חָכָם | וִיאַבֵּד | אֶת־ | לֵב | מַתָּנָה׃ |
| કારણ-કે | જુલમ | ગાંડો-બનાવે-છે | જ્ઞાનીને | અને-બગાડે-છે | – | હૃદયને | ભેટનું |
| | H6233 | | H2450 | H0006 | H0853 | | H4979 |

નિશ્ચે જુલમ મનુષ્યને મૂર્ખ બનાવે છે, તે તેની સમજશક્તિનો નાશ કરે છે.

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| טוֹב | אַחֲרִית | דָּבָר | מֵרֵאשִׁיתוֹ | טוֹב | אֶרֶךְ־ | רוּחַ | מִגְּבַהּ־ | רוּחַ׃ |
| સારો-છે | અંત | બાબતનો | શરૂઆત-કરતાં | સારું-છે | ધીરજવાન | ભાવના | ઘમંડી-કરતાં | ભાવના |
| | H0319 | H1697 | H7225 | | H0750 | H7307 | H1362 | H7307 |

કોઈ બાબતના આરંભ કરતાં તેનો અંત સારો છે, અને અભિમાની મનુષ્ય કરતાં ધૈર્યવાન મનવાળો મનુષ્ય સારો છે.

9

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אַל־ | תְּבַהֵל | בְּרוּחֲךָ | לִכְעוֹס | כִּי | כַעַס | בְּחֵיק | כְּסִילִים | יָנוּחַ׃ |
| ન | ઉતાવળો-થા | તારા-આત્મામાં | ગુસ્સે-થવા | કારણ-કે | ક્રોધ | ખોળામાં | મૂર્ખોના | રહે-છે |
| H0408 | H0926 | H7307 | H3707 | | | H2436 | H3684 | H5117 |

ક્રોધ કરવામાં ઉતાવળો ન થા કેમ કે ક્રોધ મૂર્ખોના હૃદયમાં રહે છે.

10

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַל־ | תֹּאמַר | מֶה | הָיָה | שֶׁהַיָּמִים | הָרִאשֹׁנִים | הָיוּ | טוֹבִים | מֵאֵלֶּה | כִּי | לֹא | מֵחָכְמָה | שָׁאַלְתָּ | עַל־ | זֶה׃ |
| ન | કહે | શું | હતું | કે-દિવસો | પહેલાંના | હતા | સારા | આના-કરતાં | કારણ-કે | નથી | જ્ઞાનથી | પૂછ્યું | વિશે | આના |
| H0408 | H0559 | H4100 | H1961 | H3117 | H7223 | H1961 | | H0428 | | H3808 | H2451 | H7592 | | H2088 |

“અગાઉના દિવસો હાલનાં કરતાં વધારે સારા હતા એનું કારણ શું છે?” એવું તું ન પૂછ કારણ કે આ વિશે પૂછવું તે ડહાપણ ભરેલું નથી.

11

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| טוֹבָה | חָכְמָה | עִם־ | נַחֲלָה | וְיֹתֵר | לְרֹאֵי | הַשָּׁמֶשׁ׃ |
| સારી-છે | પ્રજ્ઞા | સાથે | વારસાની | અને-લાભકારી | જોનારાઓ-માટે | સૂર્યના |
| | H2451 | | H5159 | H3148 | H7200 | H8121 |

બુદ્ધિ વારસા જેવી ઉત્તમ છે અને સૂર્ય જોનારાઓ માટે તે વધુ ઉત્તમ છે.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | בְּצֵל | הַחָכְמָה | בְּצֵל | הַכָּסֶף | וְיִתְרוֹן | דַּעַת | הַחָכְמָה | תְּחַיֶּה | בְעָלֶיהָ׃ |
| કારણ-કે | છાયામાં | પ્રજ્ઞાની | છાયામાં | ધનની | અને-ફાયદો | જ્ઞાનનો | પ્રજ્ઞા | જીવાડે-છે | તેના-માલિકોને |
| | H6738 | H2451 | H6738 | H3701 | H3504 | H1847 | H2451 | H2421 | H1167 |

દ્રવ્ય આશ્રય છે તેમ બુદ્ધિ પણ આશ્રય છે, પરંતુ જ્ઞાનની ઉત્તમતા એ છે કે, તે પોતાના માલિકના જીવની રક્ષા કરે છે.

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| רְאֵה | אֶת־ | מַעֲשֵׂה | הָאֱלֹהִים | כִּי | מִי | יוּכַל | לְתַקֵּן | אֵת | אֲשֶׁר | עִוְּתוֹ׃ |
| જો | – | કાર્ય | ઈશ્વરનું | કારણ-કે | કોણ | સમર્થ-છે | સીધું-કરવા | તેને | જેને | વાંકું-કર્યું-છે |
| H7200 | H0853 | H4639 | H0430 | | H4310 | H3201 | H8626 | H0853 | | H5791 |

ઈશ્વરનાં કામનો વિચાર કરો; તેમણે જેને વાંકુ કર્યું છે તેને સીધું કોણ કરી શકશે?

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּי֣וֹם | טוֹבָה֙ | הֱיֵ֣ה | בְט֔וֹב | וּבְי֥וֹם | רָעָ֖ה | רְאֵ֑ה | גַּ֣ם | אֶת־ | זֶ֤ה |
| સારા-દિવસમાં | સારાના | રહે | આનંદમાં | અને-ખરાબ-દિવસમાં | મુસીબતના | વિચાર-કર | પણ | – | આ |
| H3117 | | H1961 | | H3117 | | H7200 | H1571 | H0853 | H2088 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לְעֻמַּת־ | זֶה֙ | עָשָׂ֣ה | הָאֱלֹהִ֔ים | עַל־ | דִּבְרַ֗ת | שֶׁלֹּ֨א | יִמְצָ֧א | הָאָדָ֛ם | אַחֲרָ֖יו | מְאֽוּמָה׃ |
| સામે | તેના | બનાવ્યું-છે | ઈશ્વરે | તે-માટે | હેતુથી | કે-ન | શોધી-શકે | માણસ | ભવિષ્ય-પોતાનું | કંઈ-પણ |
| H5980 | H2088 | | H0430 | | H1700 | H3808 | H4672 | H0120 | | H3972 |

ઉન્નતિના સમયે આનંદ કર. પણ વિપત્તિકાળે વિચાર કર; ઈશ્વરે એ બન્નેને એકબીજાના સાથી બનાવ્યા છે. જેથી ભવિષ્યમાં શું થશે તેમાંનું કશું જ માણસ શોધી શકતો નથી.

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | הַכֹּ֥ל | רָאִ֖יתִי | בִּימֵ֣י | הֶבְלִ֑י | יֵ֤שׁ | צַדִּיק֙ | אֹבֵ֣ד | בְּצִדְק֔וֹ | וְיֵ֣שׁ | רָשָׁ֔ע |
| બધું | બધું | જોયું-છે-મેં | દિવસોમાં | મારા-વ્યર્થના | છે | ન્યાયી | નાશ-થતો | ન્યાયીપણામાં | અને-છે | દુષ્ટ |
| H0853 | H3605 | H7200 | H3117 | H1892 | H3426 | H6662 | H0006 | H6664 | H3426 | H7563 |

| | |
|---|---|
| מַאֲרִ֖יךְ | בְּרָעָתֽוֹ׃ |
| લાંબું-જીવતો | દુષ્ટતામાં |
| H0748 | |

આ બધું મેં મારા વ્યર્થપણાના દિવસોમાં જોયું છે. એટલે નેક પોતાની નેકીમાં મૃત્યુ પામે છે, અને દુષ્ટ માણસ પોતાની દુષ્ટતા હોવા છતાં લાંબુ આયુષ્ય ભોગવે છે.

16

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אַל־ | תְּהִ֤י | צַדִּיק֙ | הַרְבֵּ֔ה | וְאַל־ | תִּתְחַכַּ֖ם | יוֹתֵ֑ר | לָ֖מָּה | תִּשּׁוֹמֵֽם׃ |
| ન | થા | અતિ-ન્યાયી | ઘણો | અને-ન | થા-અતિ-જ્ઞાની | વધુ-પડતો | શા-માટે | નાશ-પામે |
| H0408 | H1961 | H6662 | | H0408 | H2449 | H3148 | H4100 | H8074 |

પોતાની નજરમાં વધારે નેક ન થા. કે વધારે દોઢડાહ્યો ન થા એમ કરીને શા માટે પોતાનો વિનાશ નોતરે છે?

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אַל־ | תִּרְשַׁ֥ע | הַרְבֵּ֖ה | וְאַל־ | תְּהִ֣י | סָכָ֑ל | לָ֥מָּה | תָמ֖וּת | בְּלֹ֥א | עִתֶּֽךָ׃ |
| ન | થા-અતિ-દુષ્ટ | ઘણો | અને-ન | થા | મૂર્ખ | શા-માટે | મરે | પહેલાં | સમય-કરતાં |
| H0408 | H7561 | | H0408 | H1961 | H5530 | H4100 | H4191 | H3808 | H6256 |

અતિશય દુષ્ટ ન થા તેમ જ મૂર્ખ પણ ન થા. તેમ કરીને શા માટે તું અકાળે મૃત્યુ પામે?

18

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ט֚וֹב | אֲשֶׁ֣ר | תֶּאֱחֹ֣ז | בָּזֶ֔ה | וְגַם־ | מִזֶּ֖ה | אַל־ | תַּנַּ֣ח | אֶת־ | יָדֶ֑ךָ | כִּֽי־ |
| સારું-છે | કે | પકડી-રાખે | આને | અને-પણ | આમાંથી | ન | છોડે | – | તારો-હાથ | કારણ-કે |
| | | H0270 | H2088 | H1571 | H2088 | H0408 | H3240 | H0853 | H3027 | |

| | | | | |
|---|---|---|---|---|
| יְרֵ֥א | אֱלֹהִ֖ים | יֵצֵ֥א | אֶת־ | כֻּלָּֽם׃ |
| ઈશ્વરથી-ડરનાર | ઈશ્વરથી | બહાર-આવશે | – | બધામાંથી |
| H3373 | H0430 | H3318 | H0853 | H3605 |

દુષ્ટતાને તું વળગી ન રહે, પણ નેકીમાંથી તારો હાથ પાછો ખેંચી ન લેતો. કેમ કે જે માણસ ઈશ્વરનો ડર રાખે તે એ સર્વમાંથી મુક્ત થશે.

19

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הַֽחָכְמָ֖ה | תָּעֹ֣ז | לֶחָכָ֑ם | מֵעֲשָׂרָה֙ | שַׁלִּיטִ֔ים | אֲשֶׁ֥ר | הָי֖וּ | בָּעִֽיר׃ |
| પ્રજ્ઞા | બળવાન-બનાવે-છે | જ્ઞાનીને | દસ-કરતાં | શાસકો | જે | હતા | શહેરમાં |
| H2451 | H5810 | H2450 | H6235 | H7989 | | H1961 | |

દશ અમલદારો નગરમાં હોય તેના કરતાં જ્ઞાની માણસને બુદ્ધિ વધારે શક્તિશાળી બનાવે છે.

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֣י | אָדָ֔ם | אֵ֥ין | צַדִּ֖יק | בָּאָ֑רֶץ | אֲשֶׁ֥ר | יַעֲשֶׂה־ | טּ֖וֹב | וְלֹ֥א | יֶחֱטָֽא׃ |
| કારણ-કે | માણસ | કોઈ-નથી | ન્યાયી | પૃથ્વી-પર | જે | કરે | સારું | અને-ન | પાપ-કરે |
| | H0120 | H0369 | H6662 | H0776 | | | | H3808 | H2398 |

જે હંમેશા સારું જ કરે છે અને પાપ કરતો જ નથી એવો એક પણ નેક માણસ પૃથ્વી પર નથી.

21

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| גַּ֤ם | לְכָל־ | הַדְּבָרִים֙ | אֲשֶׁ֣ר | יְדַבֵּ֔רוּ | אַל־ | תִּתֵּ֖ן | לִבֶּ֑ךָ | אֲשֶׁ֛ר | לֹֽא־ | תִשְׁמַ֥ע | אֶֽת־ |
| પણ | બધી | વાતો-પર | જે | બોલવામાં-આવે | ન | આપ | ધ્યાન | જેથી | ન | સાંભળે | – |
| H1571 | H3605 | H1697 | | H1696 | H0408 | H5414 | | | H3808 | H8085 | H0853 |

| | |
|---|---|
| עַבְדְּךָ֖ | מְקַלְלֶֽךָ׃ |
| તારા-નોકરને | તને-શ્રાપ-દેતો |
| אֶת־ | — | H0853 |
| כָּל־ | દરેક | H3605 |
| מַעֲשֶׂה | કાર્ય | H4639 |
| הָאֱלֹהִים | ઈશ્વર | H0430 |
| יָבִא | લાવશે | H0935 |
| בְמִשְׁפָּט | ન્યાયમાં | H4941 |
| עַל | છુપાયેલી | |
| כָּל־ | દરેક | H3605 |
| נֶעְלָם | વસ્તુને | H5956 |
| אִם־ | ભલે | |
| טוֹב | સારી | |
| וְאִם־ | ભલે | |
| רָע׃ | ભૂંડી | |

કેમ કે દરેક ભલી કે ભૂંડી, પ્રત્યેક ગુપ્ત બાબત સહિતનાં કામોનો, ન્યાય ઈશ્વર કરશે.

# શ્રેષ્ઠગીત

## Chapter 1

| | | | | |
|---|---|---|---|---|
| 1 | שִׁיר | הַשִּׁירִים | אֲשֶׁר | לִשְׁלֹמֹה׃ |
| | ગીત | ગીતોનું | જે | શલોમોનનું-છે |
| | | | | H8010 |

સુલેમાનનું આ સર્વોત્તમ ગીત.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 2 | יִשָּׁקֵנִי | מִנְּשִׁיקוֹת | פִּיהוּ | כִּי־ | טוֹבִים | דֹדֶיךָ | מִיָּיִן׃ |
| | તે-મને-ચુંબન-કરે | ચુંબનોથી | તેના-મુખનાં | કારણ-કે | વધુ-સારો-છે | તારો-પ્રેમ | દ્રાક્ષારસ-કરતાં |
| | | H5390 | H6310 | | | H1730 | H3196 |

તારા મુખના ચુંબનોથી તું મને ચુંબન કર, કેમ કે તારો પ્રેમ દ્રાક્ષારસથી ઉત્તમ છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | לְרֵיחַ | שְׁמָנֶיךָ | טוֹבִים | שֶׁמֶן | תּוּרַק | שְׁמֶךָ | עַל־ | כֵּן | עֲלָמוֹת | אֲהֵבוּךָ׃ |
| | સુગંધમાં | તારા-અત્તરો | સારા-છે | અત્તર | રેડાયેલું | તારું-નામ | તેથી | જ | કન્યાઓ | તને-ચાહે-છે |
| | H7381 | H8081 | | H8081 | H7324 | H8034 | | | H5959 | H0157 |

તારા અત્તરની ખુશબો કેવી સરસ છે તારું નામ અત્તર જેવું મહાન છે તેથી જ બધી કુમારિકાઓ તને પ્રેમ કરે છે

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 4 | מָשְׁכֵנִי | אַחֲרֶיךָ | נָּרוּצָה | הֱבִיאַנִי | הַמֶּלֶךְ | חֲדָרָיו | נָגִילָה | וְנִשְׂמְחָה | בָּךְ |
| | ખેંચ-મને | તારી-પાછળ | દોડીએ | લઈ-ગયો-મને | રાજાએ | તેના-ખંડોમાં | આનંદ-કરીએ | અને-ખુશ-થઈએ | તારામાં |
| | H4900 | | H7323 | H0935 | H4428 | H2315 | H1523 | H8055 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| נַזְכִּירָה | דֹדֶיךָ | מִיַּיִן | מֵישָׁרִים | אֲהֵבוּךָ׃ | ס |
| યાદ-કરીએ | તારો-પ્રેમ | દ્રાક્ષારસ-કરતાં | સીધાઈથી | તને-ચાહે-છે | — |
| H2142 | H1730 | H3196 | H4339 | H0157 | |

મને તારી સાથે લઈ જા, આપણે જતાં રહીએ. રાજા મને પોતાના ઓરડામાં લાવ્યો છે. હું પ્રસન્ન છું; હું તારા માટે આનંદ કરું છું; મને તારા પ્રેમની ઉજવણી કરવા દે; તે દ્રાક્ષારસ કરતાં પણ વધારે સારો છે. બીજી યુવતીઓ તને પ્રેમ કરે તે વાજબી છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 5 | שְׁחוֹרָה | אֲנִי | וְנָאוָה | בְּנוֹת | יְרוּשָׁלִָם | כְּאָהֳלֵי | קֵדָר | כִּירִיעוֹת | שְׁלֹמֹה׃ |
| | શ્યામ-છું | હું | પણ-સુંદર | પુત્રીઓ | યરૂશાલેમની | તંબુઓ-જેવી | કેદારના | પડદા-જેવી | શલોમોનના |
| | H7838 | H0589 | H5000 | H1323 | H3389 | H0168 | H6938 | H3407 | H8010 |

હું શ્યામ છું પણ સુંદર છું, હે યરુશાલેમની દીકરીઓ, કેદારના + 1:5 કેદાર આરબ સાથે સંકળાયેલા ઇશ્માએલી જાતિઓમાંનો એક છે. આ જાતિઓ કાળો તંબુઓમાં વસે છે. તે યુવાન સ્ત્રીની કાળો ચામડીનો પણ ઉલ્લેખ કરે છે. તંબુઓની માફક શ્યામ, સુલેમાનના પડદાઓની માફક સુંદર છું.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 6 | אַל־ | תִּרְאוּנִי | שֶׁאֲנִי | שְׁחַרְחֹרֶת | שֶׁשְּׁזָפַתְנִי | הַשָּׁמֶשׁ | בְּנֵי | אִמִּי | נִחֲרוּ־ | בִי |
| | જોશો-ના | મને | કે-હું | શ્યામ-છું | કારણ-કે-તપાવ્યું-મને | સૂર્યે | પુત્રો | મારી-માના | ગુસ્સે-થયા | મારા-પર |
| | H0408 | H7200 | H0589 | H7840 | H7805 | H8121 | | H0517 | H2787 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שָׂמֻנִי | נֹטֵרָה | אֶת־ | הַכְּרָמִים | כַּרְמִי | שֶׁלִּי | לֹא | נָטָרְתִּי׃ |
| રાખ્યું-મને | ચોકીદાર | – | દ્રાક્ષાવાડીઓની | મારી-પોતાની-દ્રાક્ષાવાડી | મારી | નથી | સાચવી |
| | H5201 | H0853 | H3754 | H3754 | | H3808 | H5201 |

હું શ્યામ છું તેથી મારી સામે એકીટશે જોશો નહિ. કેમ કે સૂર્યએ મને બાળી નાખી છે. મારી માતાના દીકરાઓ મારા પર કોપાયમાન થયા હતા; તેઓએ મને દ્રાક્ષવાડીની + 1:6 દ્રાક્ષવાડી યુવાન સ્ત્રીનો પણ ઉલ્લેખ કરે છે. રક્ષક બનાવી. પણ મારી પોતાની દ્રાક્ષવાડી મેં સંભાળી નથી.

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַגִּ֣ידָה | לִּ֗י | שֶֽׁאָהֲבָה֙ | נַפְשִׁ֔י | אֵיכָ֣ה | תִרְעֶ֔ה | אֵיכָ֖ה | תַּרְבִּ֣יץ | בַּֽצָּהֳרָ֑יִם | שַׁלָּמָ֤ה |
| કહે-મને | મને | જેને-ચાહે-છે | મારો-જીવ | ક્યાં | ચરાવે-છે-તું | ક્યાં | આરામ-કરાવે-છે | બપોરે | શા-માટે |
| H5046 | | H0157 | H5315 | | | | H7257 | | H4100 |

| | | | | |
|---|---|---|---|---|
| אֶֽהְיֶה֙ | כְּעֹ֣טְיָ֔ה | עַ֖ל | עֶדְרֵ֥י | חֲבֵרֶֽיךָ׃ |
| હોઉં-હું | ભટકનારી-જેવી | પાસે | ટોળાંઓના | તારા-સાથીઓનાં |
| H1961 | | | H5739 | H2270 |

જેને મારો આત્મા પ્રેમ કરે છે તે, તું મને કહે, તું તારા ઘેટાં-બકરાંને ક્યાં ચરાવે છે? તેમને બપોરે ક્યાં વિસામો આપે છે? શા માટે હું તારા સાથીદારોના ટોળાંની પાછળ, ભટકનારની માફક ફરું?

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אִם־ | לֹ֤א | תֵֽדְעִי֙ | לָ֔ךְ | הַיָּפָ֖ה | בַּנָּשִׁ֑ים | צְֽאִי־ | לָ֞ךְ | בְּעִקְבֵ֣י | הַצֹּ֗אן | וּרְעִי֙ |
| જો | નથી-જાણતી | તું-જાણતી | તું | સૌથી-સુંદર | સ્ત્રીઓમાં | નીકળ | તું | પગલે-પગલે | ઘેટાંઓના | અને-ચરાવ |
| | H3808 | H3045 | | H3303 | H0802 | H3318 | | H6119 | H6629 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֶת־ | גְּדִיֹּתַ֔יִךְ | עַ֖ל | מִשְׁכְּנ֥וֹת | הָרֹעִֽים׃ | ס |
| - | તારાં-બકરાં | પાસે | તંબુઓ | ભરવાડોના | — |
| H0853 | H1429 | | H4908 | | |

યુવતીઓમાં અતિ સુંદર, જો તું જાણતી ના હોય તો, મારા ટોળાંની પાછળ ચાલ, તારી બકરીના બચ્ચાંને ભરવાડોના તંબુઓ પાસે ચરાવ.

9

| | | | | |
|---|---|---|---|---|
| לְסֻסָתִי֙ | בְּרִכְבֵ֣י | פַרְעֹ֔ה | דִּמִּיתִ֖יךְ | רַעְיָתִֽי׃ |
| મારી-ઘોડી-જેવી | રથોમાં | ફારુનના | તને-સરખાવું-છું | મારી-પ્રિયા |
| H5484 | H7393 | H6547 | H1819 | H7474 |

મારી પ્રિયતમા, ફારુનના રથોના ઘોડાઓની મધ્યેની ઘોડીની સાથે, મેં તને સરખાવી છે.

10

| | | | | |
|---|---|---|---|---|
| נָאו֤וּ | לְחָיַ֙יִךְ֙ | בַּתֹּרִ֔ים | צַוָּארֵ֖ךְ | בַּחֲרוּזִֽים׃ |
| સુંદર-છે | તારા-ગાલ | આભૂષણોમાં | તારી-ગરદન | મોતીઓની-માળામાં |
| H4998 | H3895 | H8447 | | H2737 |

તારા ગાલ તારા આભૂષણોથી, તારી ગરદન રત્નથી સુંદર લાગે છે.

11

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| תּוֹרֵ֤י | זָהָב֙ | נַֽעֲשֶׂה־ | לָּ֔ךְ | עִ֖ם | נְקֻדּ֥וֹת | הַכָּֽסֶף׃ |
| આભૂષણો | સોનાનાં | બનાવીએ | તારા-માટે | સાથે | ટપકાંઓ | ચાંદીનાં |
| H8447 | H2091 | | | | H5351 | H3701 |

હું તારા માટે ચાંદી જડેલા સોનાના આભૂષણો બનાવીશ.

12

| | | | | | |
|---|---|---|---|---|---|
| עַד־ | שֶׁהַמֶּ֙לֶךְ֙ | בִּמְסִבּ֔וֹ | נִרְדִּ֖י | נָתַ֥ן | רֵיחֽוֹ׃ |
| જ્યાં-સુધી | રાજા | તેના-ટેબલ-પર-છે | મારો-જટામાંસી | આપે-છે | તેની-સુગંધ |
| H5704 | H4428 | H4524 | H5373 | H5414 | H7381 |

જ્યારે રાજા પોતાના પલંગ પર સૂતો હતો, ત્યારે મારી જટામાસીની ખુશબો મહેકી રહી હતી.

13

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| צְר֨וֹר | הַמֹּ֤ר ׀ | דּוֹדִי֙ | לִ֔י | בֵּ֥ין | שָׁדַ֖י | יָלִֽין׃ |
| થેલી | ગંધરસની | મારો-પ્રિય-છે | મને | વચ્ચે | મારાં-સ્તનોની | રાત-રહે-છે |
| | H4753 | H1730 | | H0996 | | |

મારો પ્રીતમ બોળની કોથળી જેવો મને લાગે છે જે મારા સ્તનોની વચ્ચે રાત્રી વિતાવે છે.

14

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אֶשְׁכֹּ֨ל | הַכֹּ֤פֶר ׀ | דּוֹדִי֙ | לִ֔י | בְּכַרְמֵ֖י | עֵ֣ין | גֶּ֑דִי׃ | ס |
| ગુચ્છો | મહેંદીનો | મારો-પ્રિય-છે | મારા-માટે | દ્રાક્ષાવાડીઓમાં | ઝરણાં | એન-ગેદીનાં | — |
| H0811 | | H1730 | | H3754 | H5872 | H5872 | |

મારો પ્રીતમ, એન-ગેદીની + 1:14 દક્ષિણીપશ્ચિમનો એક રણદ્વીપ. આ પ્રદેશ ફળદ્રુપ અને પાણીયુક્ત છે. દ્રાક્ષવાડીમાં, મેંદીના ફૂલના ગુચ્છો જેવો લાગે છે.

15

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הִנָּךְ | יָפָה | רַעְיָתִי | הִנָּךְ | יָפָה | עֵינַיִךְ | יוֹנִים׃ |
| જો | સુંદર-છે | મારી-પ્રિયા | જો | સુંદર-છે | તારી-આખો | કબૂતરો-જેવી |
| H2009 | H3303 | H7474 | H2009 | H3303 | | H3123 |

જો, મારી પ્રિયતમા, તું સુંદર છે, જો, તું સુંદર છે; તારી આખો હોલાના જેવી છે.

16

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הִנְּךָ | יָפֶה | דוֹדִי | אַף | נָעִים | אַף־ | עַרְשֵׂנוּ | רַעֲנָנָה׃ |
| જો | સુંદર-છે | મારા-પ્રિય | ખરેખર | મનોહર | ખરેખર | આપણો-પલંગ | લીલોછમ-છે |
| H2009 | H3303 | H1730 | H0637 | | H0637 | H6210 | |

જો, તું સુંદર છે મારા પ્રીતમ, તું કેવો મનોહર છે. આપણો પલંગ કૂણા છોડના જેવો છે.

17

| | | | | | |
|---|---|---|---|---|---|
| קֹרוֹת | בָּתֵּינוּ | אֲרָזִים | [רחיטנו] | (רַהִיטֵנוּ) | בְּרוֹתִים׃ |
| થાંભલા | આપણા-ઘરના | દેવદાર-છે | — | આપણાં-છાપરાં | સાયપ્રસ-છે |
| H6982 | | H0730 | H7351 | H7351 | H1266 |

આપણા ઘરના મોભ એરેજ વૃક્ષની ડાળીઓ જેવા અને આપણી છતની વળીઓ દેવદાર વૃક્ષની ડાળીઓની છે.

## Chapter 2

1

| | | | | |
|---|---|---|---|---|
| אֲנִי | חֲבַצֶּלֶת | הַשָּׁרוֹן | שׁוֹשַׁנַּת | הָעֲמָקִים׃ |
| હું-છું | ગુલાબ | શારોનનું | કમળ | ખીણોનું |
| H0589 | H2261 | H8289 | H7799 | H6010 |

હું શારોનનું + 2:1 ભૂમધ્ય સમુદ્રના દરિયા કિનારાના પ્રદેશનો એક સ્થળ. બાઇબલના સમયમાં તે ઓક વૃક્ષોથી ઘેરાયેલો હતો. શારોન શબ્દનો અર્થ ‘સપાટ’ અથવા એક વિશાળ સપાટ પ્રદેશ. ગુલાબ છું, અને ખીણોની ગુલછડી છું.

2

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כְּשׁוֹשַׁנָּה | בֵּין | הַחוֹחִים | כֵּן | רַעְיָתִי | בֵּין | הַבָּנוֹת׃ |
| કમળ-જેવી | વચ્ચે | કાંટાઓના | એવી | મારી-પ્રિયા | વચ્ચે | કન્યાઓના |
| H7799 | H0996 | H2336 | | H7474 | H0996 | H1323 |

કાંટાઓ મધ્યે જેમ ગુલછડી હોય છે, તે જ પ્રમાણે કુમારિકાઓમાં મારી પ્રિયતમા છે.

3

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כְּתַפּוּחַ | בַּעֲצֵי | הַיַּעַר | כֵּן | דּוֹדִי | בֵּין | הַבָּנִים | בְּצִלּוֹ | חִמַּדְתִּי | וְיָשַׁבְתִּי | וּפִרְיוֹ | מָתוֹק | לְחִכִּי׃ |
| સેબ-જેવું | વૃક્ષોમાં | વનના□ | એવો | મારો-પ્રિય | વચ્ચે | યુવાનોના | તેની-છાયામાં | ઇચ્છ્યું | અને-બેઠી | અને-તેનું-ફળ | મીઠું-છે | મારા-તાળવાને |
| H8598 | H6086 | | | H1730 | H0996 | | H6738 | | H3427 | H6529 | H4966 | H2441 |

જેમ જંગલના ઝાડમાં સફરજનનું વૃક્ષ હોય, તેમ જુવાનો વચ્ચે મારો પ્રીતમ છે. હું તેની છાયા નીચે બેસીને ઘણો આનંદ પામી, અને તેના ફળનો સ્વાદ મને મીઠો લાગ્યો.

4

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הֱבִיאַנִי | אֶל־ | בֵּית | הַיָּיִן | וְדִגְלוֹ | עָלַי | אַהֲבָה׃ |
| લઈ-ગયો-મને | તરફ | ઘર | દ્રાક્ષારસના□ | અને-તેની-ધ્વજા | મારા-ઉપર | પ્રેમ-છે |
| H0935 | H0413 | | H3196 | H1714 | | H0160 |

તે મને ભોજન કરવાને ઘરે લાવ્યો, અને તેની પ્રીતિરૂપી ધ્વજા મારા પર હતી.

5

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| סַמְּכוּנִי | בָּאֲשִׁישׁוֹת | רַפְּדוּנִי | בַּתַּפּוּחִים | כִּי־ | חוֹלַת | אַהֲבָה | אָנִי׃ |
| ટેકો-આપો-મને | કિસમિસથી | સહારો-આપો-મને | સેબોથી | કારણ-કે | બીમાર-છું | પ્રેમથી | હું |
| H5564 | H0809 | H7502 | H8598 | | | H0160 | H0589 |

સૂકી દ્રાક્ષોથી મને હોશમાં રાખો અને સફરજનથી મને તાજી કરો; કેમ કે હું પ્રેમપીડિત છું.

6

| | | | | |
|---|---|---|---|---|
| שְׂמֹאלוֹ | תַּחַת | לְרֹאשִׁי | וִימִינוֹ | תְּחַבְּקֵנִי׃ |
| તેનો-ડાબો-હાથ | નીચે | મારા□-માથે | અને-તેનો-જમણો-હાથ | મને-આલિંગન-આપે |
| H8040 | H8478 | | H3225 | H2263 |

તેનો ડાબો હાથ મારા માથા નીચે છે, અને તેનો જમણો હાથ આલિંગન કરે છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 7 | הִשְׁבַּעְתִּי | אֶתְכֶם | בְּנוֹת | יְרוּשָׁלִַם | בִּצְבָאוֹת | אוֹ | בְּאַיְלוֹת | הַשָּׂדֶה | אִם־ | תָּעִירוּ |
| | સોગંદ-આપું-છું | તમને | પુત્રીઓ | યરૂશાલેમની | હરણોથી | કે | હરણીઓથી | મેદાનની | જો | જગાડશો-નહીં |
| | H7650 | H0853 | H1323 | H3389 | | | H0355 | | | H5782 |
| | וְאִם־ | תְּעוֹרְרוּ | אֶת־ | הָאַהֲבָה | עַד | שֶׁתֶּחְפָּץ׃ | ס | | | |
| | અને-નહીં | ઉત્તેજિત-કરશો | - | પ્રેમને | જ્યાં-સુધી | તે-ઇચ્છે | — | | | |
| | | H5782 | H0853 | H0160 | H5704 | | | | | |

હે યરુશાલેમની દીકરીઓ, હરણીઓના તથા જંગલી સાબરીઓના સમ દઈને કહું છું કે, મારા પ્રીતમની મરજી થાય ત્યાં સુધી તમે તેને ઢંઢોળીને ઉઠાડશો નહિ કે જગાડશો નહિ. બીજું ગીત

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 8 | קוֹל | דּוֹדִי | הִנֵּה־ | זֶה | בָּא | מְדַלֵּג | עַל־ | הֶהָרִים | מְקַפֵּץ | עַל־ | הַגְּבָעוֹת׃ |
| | અવાજ | મારા-પ્રિયનો | જુઓ | આ | આવે-છે | કૂદતો | ઉપર | પર્વતોના | કૂદતો | ઉપર | ટેકરીઓન□ |
| | | H1730 | H2009 | H2088 | H0935 | H1801 | | H2022 | H7092 | | H1389 |

આ અવાજ તો મારા પ્રીતમનો છે□ જુઓ તે, પર્વતો પર કૂદતો, ડુંગરો પર ઠેકડા મારતો અહીં આવે છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | דּוֹמֶה | דוֹדִי | לִצְבִי | אוֹ | לְעֹפֶר | הָאַיָּלִים | הִנֵּה־ | זֶה | עוֹמֵד | אַחַר |
| | સમાન-છે | મારો-પ્રિય | હરણને | કે | બચ્ચા-હરણને | હરણોના | જુઓ | આ | ઊભો-છે | પાછળ |
| | H1819 | H1730 | | | H6082 | H0354 | H2009 | H2088 | H5975 | |
| | כָּתְלֵנוּ | מַשְׁגִּיחַ | מִן־ | הַחַלֹּנוֹת | מֵצִיץ | מִן־ | הַחֲרַכִּים׃ | | | |
| | આપણી-દીવાલની | જુએ-છે | માંથી | બારીઓથી | ડોકિયું-કરે-છે | માંથી | જાળીઓથી | | | |
| | H3796 | H7688 | | H2474 | | | H2762 | | | |

મારો પ્રીતમ હરણ અને મૃગના બચ્ચા જેવો છે. જુઓ, તે આપણી દીવાલ પાછળ ઊભો છે, તે બારીમાંથી જોયા કરે છે, તે જાળીમાંથી દેખાય છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 10 | עָנָה | דוֹדִי | וְאָמַר | לִי | קוּמִי | לָךְ | רַעְיָתִי | יָפָתִי | וּלְכִי־ | לָךְ׃ |
| | બોલ્યા | મારા-પ્રિયે | અને-કહ્યુ | મને | ઊઠ | તું | મારી-પ્રિયા | સુંદરી | અને-ચાલ | આવ |
| | | H1730 | H0559 | | | | H7474 | H3303 | H3212 | |

મારા પ્રીતમે મને કહ્યુ, “મારી પ્રિયતમા, મારી સુંદરી, ઊઠ અને મારી સાથે બહાર આવ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 11 | כִּי־ | הִנֵּה | [הסתו] | (הַסְּתָיו) | עָבָר | הַגֶּשֶׁם | חָלַף | הָלַךְ | לוֹ׃ |
| | કારણ-કે | જુઓ | — | શિયાળો | વીતી-ગયો | વરસાદ | વીત્યો | ગયો | તે |
| | | H2009 | H5638 | H5638 | | H1653 | H2498 | H1980 | |

જો, શિયાળો સમાપ્ત થયો છે; વરસાદ પણ પૂરો થયો છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | הַנִּצָּנִים | נִרְאוּ | בָאָרֶץ | עֵת | הַזָּמִיר | הִגִּיעַ | וְקוֹל | הַתּוֹר | נִשְׁמַע | בְּאַרְצֵנוּ׃ |
| | ફૂલો | દેખાયાં | પૃથ્વી-પર | સમય | ગીતોનો | આવ્યો-છે | અને-અવાજ | હોલાનો | સંભળાય-છે | આપણા-દેશમાં |
| | H5339 | H7200 | H0776 | H6256 | H2159 | H5060 | | H8449 | H8085 | H0776 |

ફૂલો જમીન પર ખીલવા લાગ્યાં છે; કાપણીનો તથા પક્ષીઓના કલરવનો સમય આવ્યો છે, આપણા દેશમાં કબૂતરોનો સ્વર સંભળાય છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 13 | הַתְּאֵנָה | חָנְטָה | פַגֶּיהָ | וְהַגְּפָנִים | סְמָדַר | נָתְנוּ | רֵיחַ | קוּמִי | [לכי] | (לָךְ) |
| | અજીરના-વૃક્ષે | પકવ્યાં-છે | તેનાં-ફળો | અને-દ્રાક્ષાવેલોએ | કળીઓ | આપી-છે | સુગંધ | ઊઠ | — | તું |
| | H8384 | | H6291 | H1612 | H5563 | H5414 | H7381 | | H3212 | |
| | רַעְיָתִי | יָפָתִי | וּלְכִי־ | לָךְ׃ | ס | | | | | |
| | મારી-પ્રિયા | સુંદરી | અને-ચાલ | આવ | — | | | | | |
| | H7474 | H3303 | H3212 | | | | | | | |

અજીરના ઝાડ પર લીલાં અજીર પાકે છે, અને દ્રાક્ષાવેલામાં ફૂલો ખીલ્યાં છે, તેઓ પોતાની ખુશબો ફેલાવે છે. મારી પ્રિયતમા, મારી સુંદરી, ઊઠીને બહાર નીકળી આવ.

14 יוֹנָתִי בְּחַגְוֵי הַסֶּלַע בְּסֵתֶר הַמַּדְרֵגָה הַרְאִינִי אֶת־ מַרְאַיִךְ הַשְׁמִיעִינִי אֶת־
મારી-કબૂતર ખડકોની-તરાડોમાં ખડકના છૂપી-જગ્યામાં પગથિયાંના બતાવ – તારું-મુખ સંભળાવ –
H3123 H2288 H5553 H4095 H7200 H0853 H4758 H8085 H0853

קוֹלֵךְ כִּי־ קוֹלֵךְ עָרֵב וּמַרְאֵיךְ נָאוֶה׃ ס
તારો-અવાજ કારણ-કે તારો-અવાજ મધુર-છે અને-તારું-મુખ મનોહર-છે —
H6156 H4758 H5000

હે ખડકની ફાટોમાં, પર્વતની ગુપ્ત ફાટોમાં રહેનારી મારી હોલી, મને તારો ચહેરો જોવા દે, તારો અવાજ સાંભળવા દે. કેમ કે તારો અવાજ મીઠો છે અને તારો ચહેરો ખૂબસૂરત છે."

15 אֱחֱזוּ־ לָנוּ שׁוּעָלִים שׁוּעָלִים קְטַנִּים מְחַבְּלִים כְּרָמִים וּכְרָמֵינוּ
પકડો અમાર□-માટે શિયાળો શિયાળો નાના બગાડનારા દ્રાક્ષાવાડીઓના અને-આપણી-દ્રાક્ષાવાડીઓ
H0270 H7776 H7776 H3754 H3754

סְמָדַר׃
કળીઓવાળી-છે
H5563

શિયાળવાં + 2:15 યુવાન સ્ત્રીના પ્રેમ માટે સ્પર્ધા કરતી અન્ય પુરુષોનો ઉલ્લેખ કરે છે., નાનાં શિયાળવાંને મારા માટે પકડો, તે દ્રાક્ષવાડીઓને બગાડે છે, અમારી દ્રાક્ષવાડી ફૂલોથી ખીલી રહી છે.

16 דּוֹדִי לִי וַאֲנִי לוֹ הָרֹעֶה בַּשּׁוֹשַׁנִּים׃
મારો-પ્રિય મારો-છે અને-હું તેની ચરાવે-છે કમળોમાં
H1730 H0589 H7799

મારો પ્રીતમ મારો છે, હું તેની છું; તે પોતાનાં ટોળાં ગુલછડીઓમાં ચરાવે છે.

17 עַד שֶׁיָּפוּחַ הַיּוֹם וְנָסוּ הַצְּלָלִים סֹב דְּמֵה־ לְךָ דוֹדִי לִצְבִי אוֹ
જ્યાં-સુધી વહે દિવસ અને-ભાગે પડછાયાઓ વળ સમાન તું મારા-પ્રિય હરણને કે
H5704 H6315 H3117 H5127 H6752 H5437 H1819 H1730

לְעֹפֶר הָאַיָּלִים עַל־ הָרֵי בָתֶר׃ ס
બચ્ચા-હરણને હરણોના ઉપર પર્વતો બેતેરના —
H6082 H0354 H2022 H1336

હે મારા પ્રીતમ ચાલ્યો જા, પરોઢિયાનો શીતળ પવન વહે તે પહેલાં અને તારો પડછાયો પડે તે પહેલાં, ચાલ્યો જા; પર્વતો પરનાં ચપળ હરણાં અને મૃગનાં બચ્ચા જેવો થા.

## Chapter 3

1 עַל־ מִשְׁכָּבִי בַּלֵּילוֹת בִּקַּשְׁתִּי אֵת שֶׁאָהֲבָה נַפְשִׁי בִּקַּשְׁתִּיו וְלֹא מְצָאתִיו׃
ઉપર મારી-પથારીમાં રાતોમાં શોધ્યું જેને ચાહે-છે મારો-જીવ શોધ્યો-તેને પણ-નહોતું મળ્યો
H4904 H3915 H1245 H0853 H0157 H5315 H1245 H3808 H4672

મેં રાત્રે મારા પ્રાણપ્રિયને પલંગમાં શોધ્યો, મેં તેને શોધ્યો પણ તે મને મળ્યો નહિ.

2 אָקוּמָה נָּא וַאֲסוֹבְבָה בָעִיר בַּשְּׁוָקִים וּבָרְחֹבוֹת אֲבַקְשָׁה אֵת שֶׁאָהֲבָה נַפְשִׁי
ઊઠું હવે અને-ફરું શહેરમાં બજારોમાં અને-ચોકોમાં શોધું જેને ચાહે-છે મારો-જીવ
H4994 H5437 H7784 H7339 H1245 H0853 H0157 H5315

בִּקַּשְׁתִּיו וְלֹא מְצָאתִיו׃
શોધ્યો-તેને પણ-નહોતું મળ્યો
H1245 H3808 H4672

મેં કહ્યુ, હું તો ઊઠીને નગરમાં, ગલીઓમાં તથા સરિયામ રસ્તાઓમાં ફરીને; મારા પ્રાણપ્રિયને શોધીશ." મેં તેને શોધ્યો, પણ તે મને મળ્યો નહિ.

3 מְצָאוּנִי הַשֹּׁמְרִים הַסֹּבְבִים בָּעִיר אֵת שֶׁאָהֲבָה נַפְשִׁי רְאִיתֶם׃
મળ્યા-મને ચોકીદારોએ જે-ફરે-છે શહેરમાં જેને ચાહે-છે મારો-જીવ જોયું-છે
H4672 H8104 H5437 H0853 H0157 H5315 H7200

નગરમાં ચોકી માટે ફરતા ચોકીદારોનો મને ભેટો થયો; મેં તેઓને પૂછ્યું, “મારા પ્રાણપ્રિયને તમે જોયો?”

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּמְעַט | שֶׁעָבַרְתִּי | מֵהֶם | עַד | שֶׁמָּצָאתִי | אֵת | שֶׁאָהֲבָה | נַפְשִׁי | אֲחַזְתִּיו | וְלֹא |
| થોડાક-વારમાં | વીતી-ગઈ-હું | તેમન▯થી | જ્યાં-સુધી | મળ્યો | જેને | ચાહે-છે | મારો-જીવ | પકડ્યો-તેને | અને-નહોતું |
| H4592 | | H1992 | H5704 | H4672 | H0853 | H0157 | H5315 | H0270 | H3808 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אַרְפֶּנּוּ | עַד־ | שֶׁהֲבֵיאתִיו | אֶל־ | בֵּית | אִמִּי | וְאֶל־ | חֶדֶר | הוֹרָתִי׃ |
| છોડું-તેને | જ્યાં-સુધી | લઈ-ગઈ-તેને | તરફ | ઘર | મારી-માન▯ | અને-તરફ | ખંડ | જેણે-ગર્ભ-ધર્યો |
| H7503 | H5704 | H0935 | H0413 | | H0517 | H0413 | H2315 | H2029 |

તેમનાંથી ફક્ત થોડે જ દૂર હું ગઈ એટલે મારો પ્રાણપ્રિય મને મળ્યો, જ્યાં સુધી હું તેને મારી માના ઘરમાં, મારી માતાના ઓરડામાં લાવી, ત્યાં સુધી મેં તેને પકડી રાખ્યો, તેને છોડ્યો નહિ.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הִשְׁבַּעְתִּי | אֶתְכֶם | בְּנוֹת | יְרוּשָׁלִַם | בִּצְבָאוֹת | אוֹ | בְּאַיְלוֹת | הַשָּׂדֶה | אִם־ | תָּעִירוּ |
| સોગંદ-આપું-છું | તમને | પુત્રીઓ | યરૂશાલેમની | હરણોથી | કે | હરણીઓથી | મેદાનની | જો | જગાડશો-નહીં |
| H7650 | H0853 | H1323 | H3389 | | | H0355 | | | H5782 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְאִם־ | תְּעוֹרְרוּ | אֶת־ | הָאַהֲבָה | עַד | שֶׁתֶּחְפָּץ׃ | ס |
| અને-નહીં | ઉત્તેજિત-કરશો | - | પ્રેમને | જ્યાં-સુધી | તે-ઇચ્છે | — |
| | H5782 | H0853 | H0160 | H5704 | | |

હે યરુશાલેમની યુવતીઓ, હરણીઓના તથા જંગલી સાબરીઓના સમ આપીને કહું છું કે તેની મરજી થાય ત્યાં સુધી, તમે મારા પ્રીતમને જગાડશો નહિ.
ત્રીજું ગીત

6

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מִי | זֹאת | עֹלָה | מִן־ | הַמִּדְבָּר | כְּתִימְרוֹת | עָשָׁן | מְקֻטֶּרֶת | מוֹר | וּלְבוֹנָה |
| કોણ-છે | આ | આવતી | માંથી | રણન▯ | ધૂમાડાને-સ્તંભો-જેવી | ધૂમાડાને | સુગંધિત | ગંધરસથી | અને-લોબાનથી |
| H4310 | H2063 | H5927 | | | H8490 | H6227 | | H4753 | H3828 |

| | | |
|---|---|---|
| מִכֹּל | אַבְקַת | רוֹכֵל׃ |
| બધા | ભૂકો | વેપારીના |
| H3605 | H0081 | H7402 |

ધુમાડાના સ્તંભ જેવો, બોળ, લોબાન તથા વેપારીઓના સઘળાં સુગંધી દ્રવ્યોથી મહેકતો, આ જે અરણ્યમાં આવતો દેખાય છે તે કોણ છે?

7

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הִנֵּה | מִטָּתוֹ | שֶׁלִּשְׁלֹמֹה | שִׁשִּׁים | גִּבֹּרִים | סָבִיב | לָהּ | מִגִּבֹּרֵי | יִשְׂרָאֵל׃ |
| જુઓ | તેની-પાલખી | શલોમોનની | સાઠ | યોદ્ધાઓ | ફરતે | તેની | યોદ્ધાઓમાંથી | ઇઝરાયલને |
| H2009 | H4296 | H8010 | H8346 | H1368 | H5439 | | H1368 | H3478 |

જુઓ, આ તો સુલેમાનની પાલખી છે; તેની આસપાસ સાઠ યોદ્ધાઓ, સાઠ ઇઝરાયલી સૈનિકો છે.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כֻּלָּם | אֲחֻזֵי | חֶרֶב | מְלֻמְּדֵי | מִלְחָמָה | אִישׁ | חַרְבּוֹ | עַל־ | יְרֵכוֹ | מִפַּחַד | בַּלֵּילוֹת׃ |
| બધા | ધારક | તલવારને | શિખેલ▯ | યુદ્ધને | દરેક | તેની-તલવાર | ઉપર | તેની-જાંઘે | ભયથી | રાતોને |
| H3605 | H0270 | H2719 | H3925 | H4421 | H0376 | H2719 | | H3409 | H6343 | H3915 |

| |
|---|
| ס |
| — |

તેઓ તલવારબાજીમાં તથા યુદ્ધમાં કુશળ છે. રાત્રીના ભયને કારણે, તે દરેક માણસની તલવાર તેની જાંઘે હોય છે.

9

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אַפִּרְיוֹן | עָשָׂה | לוֹ | הַמֶּלֶךְ | שְׁלֹמֹה | מֵעֲצֵי | הַלְּבָנוֹן׃ |
| પાલખી | બનાવી | પોતાને-માટે | રાજા | શલોમોને | લાકડામાંથી | લેબનોનને |
| H0668 | | | H4428 | H8010 | H6086 | H3844 |

સુલેમાન રાજાએ પોતાના માટે લબાનોનના લાકડામાંથી રથ બનાવ્યો.

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַמּוּדָיו | עָשָׂה | כֶסֶף | רְפִידָתוֹ | זָהָב | מֶרְכָּבוֹ | אַרְגָּמָן | תּוֹכוֹ | רָצוּף | אַהֲבָה | מִבְּנוֹת |
| તેને-સ્તંભો | બનાવ્યા | ચાંદીને | તેની-આસન | સોનાને | તેની-બેઠક | જાંબલીને | તેની-અદર | જડેલી | પ્રેમથી | પુત્રીઓ-દ્વારા |
| H5982 | | H3701 | H7507 | H2091 | H4817 | H0713 | H8432 | H7528 | H0160 | H1323 |

| |
|---|
| יְרוּשָׁלִָם׃ |
| યરૂશાલેમને |
| H3389 |

તેના સ્તંભ ચાંદીના, તેનું તળિયું સોનાનું તથા તેનું આસન જાંબુડા રંગનું બનાવ્યું છે. તેમાં યરુશાલેમની દીકરીઓ માટેનાં પ્યારરૂપી ચિત્રવિચિત્ર ભરત ભરેલું છે.

11

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| צְאֶינָה | નીકળો | H3318 |
| וּרְאֶינָה | અને-જુઓ | H7200 |
| בְּנוֹת | પુત્રીઓ | H1323 |
| צִיּוֹן | સિયોનની | H6726 |
| בַּמֶּלֶךְ | રાજા | H4428 |
| שְׁלֹמֹה | શલોમોનને | H8010 |
| בָּעֲטָרָה | મુકુટ-સાથે | H5850 |
| שֶׁעִטְּרָה־ | જે-મુકુટ-મૂક્યો | |
| לּוֹ | તેને | |
| אִמּוֹ | તેની-માએ | H0517 |
| בְּיוֹם | દિવસે | H3117 |
| חֲתֻנָּתוֹ | તેનં-લગ્નનં | H2861 |
| וּבְיוֹם | અને-દિવસે | H3117 |
| שִׂמְחַת | આનંદ | H8057 |
| לִבּוֹ׃ | તેનં-હૃદયનં | |
| ס | — | |

હે સિયોનની દીકરીઓ, નીકળી આવો, જુઓ સુલેમાન રાજાને, તેના આનંદના દિવસે એટલે તેના લગ્નના દિવસે જે મુગટ તેની માતાએ તેને પહેરાવ્યો છે, તે મુગટ સહિત તેને નિહાળો.

## Chapter 4

1

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| הִנָּךְ | જો | H2009 |
| יָפָה | સુંદર-છો | H3303 |
| רַעְיָתִי | મારી-પ્રિયા | H7474 |
| הִנָּךְ | જો | H2009 |
| יָפָה | સુંદર-છો | H3303 |
| עֵינַיִךְ | તારી-આંખો | |
| יוֹנִים | કબૂતરો-જેવી | H3123 |
| מִבַּעַד | પાછળથી | H1157 |
| לְצַמָּתֵךְ | ઘૂંઘટની | H6777 |
| שַׂעְרֵךְ | તારા-વાળ | H8181 |
| כְּעֵדֶר | ટોળાં-જેવા | H5739 |
| הָעִזִּים | બકરાંનાં | H5795 |
| שֶׁגָּלְשׁוּ | જે-ઊતરે-છે | H1570 |
| מֵהַר | પર્વત-પરથી | H2022 |
| גִּלְעָד׃ | ગિલ્યાદનાં | H1568 |

મારી પ્રિયતમા તું કેવી સુંદર છે તું મનોહર છે; મારી પ્રિયતમા□ તારા બુરખા પાછળ તારી આંખો કબૂતર જેવી છે; તારા કેશ ગિલ્યાદ પર્વતના ઢાળ પરથી નીચે આવતાં, બકરાનાં ટોળાં જેવા લાગે છે.

2

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| שִׁנַּיִךְ | તારા-દાંત | H8127 |
| כְּעֵדֶר | ટોળાં-જેવા | H5739 |
| הַקְּצוּבוֹת | ઊન-કાતરેલાંનાં | H7094 |
| שֶׁעָלוּ | જે-ચડે-છે | H5927 |
| מִן־ | થી | |
| הָרַחְצָה | ધોવાણમાંથી | H7367 |
| שֶׁכֻּלָּם | જે-બધાં | H3605 |
| מַתְאִימוֹת | જોડિયાં | H8382 |
| וְשַׁכֻּלָה | અને-વાંઝણી | H7909 |
| אֵין | નથી | H0369 |
| בָּהֶם׃ | તેમાં | |

તારા દાંત તરત કતરાયેલ તથા ધોયેલ ઘેટીના જેવા સફેદ છે. પ્રત્યેક ઘેટીને બબ્બે બચ્ચાં છે, તેઓમાંની કોઈ વાંઝણી નથી.

3

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| כְּחוּט | લાલ-દોરા-જેવા | H2339 |
| הַשָּׁנִי | કિરમજી | H8144 |
| שִׂפְתֹתַיִךְ | તારા-હોઠ | H8193 |
| וּמִדְבָּרֵיךְ | અને-તારું-બોલવું | |
| נָאוֶה | મનોહર | H5000 |
| כְּפֶלַח | દાડમનાં-ફાડા-જેવા | H6400 |
| הָרִמּוֹן | દાડમનાં | H7416 |
| רַקָּתֵךְ | તારા-ગાલ | H7541 |
| מִבַּעַד | પાછળથી | H1157 |
| לְצַמָּתֵךְ׃ | ઘૂંઘટની | H6777 |

તારા હોઠ જાંબલી રંગના દોરા જેવા છે; તારું મુખ ખૂબસૂરત છે□ તારા બુરખાની પાછળ, તારા બુરખાની પાછળ તારા ગાલ દાડમના અડધિયા જેવા દેખાય છે.

4

| Hebrew | Gujarati | Strong's |
|---|---|---|
| כְּמִגְדַּל | બુરજ-જેવી | H4026 |
| דָּוִיד | દાઉદનાં | H1732 |
| צַוָּארֵךְ | તારી-ડોક | |
| בָּנוּי | બાંધેલો | H1129 |
| לְתַלְפִּיּוֹת | શસ્ત્રાગાર-માટે | H8530 |
| אֶלֶף | હજાર | H0505 |
| הַמָּגֵן | ઢાલો | H4043 |
| תָּלוּי | લટકે-છે | H8518 |
| עָלָיו | તેના-પર | |
| כֹּל | બધી | H3605 |
| שִׁלְטֵי | નાની-ઢાલો | H7982 |
| הַגִּבּוֹרִים׃ | વીરોની | H1368 |

શસ્ત્રગૃહ થવા માટે બાંધેલો દાઉદનો બુરજ, જેમાં હજારો ઢાલો લટકાવેલી છે એટલે યોદ્ધાઓની સર્વ ઢાલો લટકાવેલી તેના જેવી તારી ગરદન છે.

5

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שְׁנֵי | שָׁדַיִךְ | כִּשְׁנֵי | עֳפָרִים | תְּאוֹמֵי | צְבִיָּה | הָרוֹעִים | בַּשּׁוֹשַׁנִּים׃ |
| તારા-બે | સ્તન | જેવા-બે | હરણીયાં | જોડિયાં | હરિણીનાં | ચરતાં | કમળોમાં |
| H8147 | | H8147 | H6082 | H8380 | H6646 | | H7799 |

હરણીનાં જોડકાં બચ્ચાં ગુલછડીઓમાં ચરતાં હોય, તેવા તારા બન્ને સ્તન છે.

6

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַד | שֶׁיָּפוּחַ | הַיּוֹם | וְנָסוּ | הַצְּלָלִים | אֵלֶךְ | לִי | אֶל־ | הַר | הַמּוֹר | וְאֶל־ | גִּבְעַת | הַלְּבוֹנָה׃ |
| જ્યાં-સુધી | ફૂંકાય | દિવસ | અને-ભાગે | છાયાઓ | જઈશ | હું | પર | પર્વત | ગંધરસનાં | અને-પર | ટેકરી | ધૂપની |
| H5704 | H6315 | H3117 | H5127 | H6752 | H3212 | | H0413 | H2022 | H4753 | H0413 | H1389 | H3828 |

સવાર થાય અને અંધારું દૂર થાય ત્યાં સુધી, હું બોળના પર્વત પર તથા લોબાનના ડુંગર પર જઈશ.

7

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כֻּלָּךְ | יָפָה | רַעְיָתִי | וּמוּם | אֵין | בָּךְ׃ | ס |
| સંપૂર્ણ | સુંદર-છો | મારી-પ્રિયા | અને-ખામી | નથી | તારામાં | — |
| H3605 | H3303 | H7474 | | H0369 | | |

મારી પ્રિયતમા, સર્વ બાબતોમાં તું અતિ સુંદર છે તારામાં કોઈ ખોડ નથી.

8

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אִתִּי | מִלְּבָנוֹן | כַּלָּה | אִתִּי | מִלְּבָנוֹן | תָּבוֹאִי | תָּשׁוּרִי | מֵרֹאשׁ | אֲמָנָה | מֵרֹאשׁ | שְׂנִיר | וְחֶרְמוֹן | מִמְּעֹנוֹת | אֲרָיוֹת | מֵהַרְרֵי | נְמֵרִים׃ |
| મારી-સાથે | લબાનોનથી | વહુ | મારી-સાથે | લબાનોનથી | આવ | જો | ટોચ-પરથી | અમાનાની | ટોચ-પરથી | શેનીરની | અને-હેર્મોનની | ગુફાઓમાંથી | સિંહોની | પર્વતો-પરથી | ચિત્તાઓનાં |
| H0854 | H3844 | H3618 | H0854 | H3844 | H0935 | H7789 | | H0549 | | H8149 | H2768 | H4585 | | H2042 | H5246 |

હે મારી નવવધૂ, લબાનોનથી તું મારી સાથે આવ. લબાનોનથી મારી સાથે આવ; આમાનાહના શિખર પરથી, સનીર તથા હેર્મોન શિખર પરથી, સિંહોની ગુફામાંથી, દીપડાઓના પર્વતોની ગુફામાંથી આવ.

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לִבַּבְתִּנִי | אֲחֹתִי | כַלָּה | לִבַּבְתִּינִי | [באחד] | (בְּאַחַת) | מֵעֵינַיִךְ | בְּאַחַד | עֲנָק | מִצַּוְּרֹנָיִךְ׃ |
| મોહિત-કર્યો | મારી-બહેન | વહુ | મોહિત-કર્યો | — | એક | આંખથી | એક | હાર | ગળાની |
| | H0269 | H3618 | | H0259 | H0259 | | H0259 | | |

હે મારી પ્રાણપ્રિયા, મારી નવવધૂ, તેં મારું હૃદય મોહી લીધું છે તારા એક જ નજરથી, તારા ગળાના હારના એક મણકાથી તેં મારું મન મોહી લીધું છે.

10

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מַה־ | יָּפוּ | דֹדַיִךְ | אֲחֹתִי | כַלָּה | מַה־ | טֹּבוּ | דֹדַיִךְ | מִיַּיִן | וְרֵיחַ | שְׁמָנַיִךְ | מִכָּל־ | בְּשָׂמִים׃ |
| કેવા | સુંદર-છે | પ્રેમ-તારો | મારી-બહેન | વહુ | કેટલા | ઉત્તમ-છે | પ્રેમ-તારા | દ્રાક્ષારસ-કરતાં | અને-સુગંધ | તેલની-તારી | બધા-કરતાં | મસાલાઓ |
| H4100 | H3302 | H1730 | H0269 | H3618 | H4100 | H2895 | H1730 | H3196 | H7381 | H8081 | H3605 | H1314 |

મારી પ્રાણપ્રિયા, મારી નવવધૂ, તારો પ્રેમ કેવો મધુર છે દ્રાક્ષારસ કરતાં તારો પ્રેમ કેટલો ઉત્તમ છે? તથા તારા અત્તરની ખુશ્બો સર્વ પ્રકારના સુગંધીઓ કરતાં કેટલી ઉત્તમ છે.

11

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| נֹפֶת | תִּטֹּפְנָה | שִׂפְתוֹתַיִךְ | כַּלָּה | דְּבַשׁ | וְחָלָב | תַּחַת | לְשׁוֹנֵךְ | וְרֵיחַ | שַׂלְמֹתַיִךְ | כְּרֵיחַ | לְבָנוֹן׃ | ס |
| મધપૂડાંનું | ટપકે-છે | તારા-હોઠ | વહુ | મધ | અને-દૂધ | નીચે | તારી-જીભની | અને-સુગંધ | તારાં-વસ્ત્રોની | સુગંધ-જેવી | લબાનોનની | — |
| H5317 | H5197 | H8193 | H3618 | H1706 | H2461 | H8478 | H3956 | H7381 | H8008 | H7381 | H3844 | |

મારી નવવધૂ, મધપૂડાની જેમ તારા હોઠમાંથી મીઠાશ ટપકે છે; તારી જીભ નીચે મધ તથા દૂધ છે; તારા વસ્રોની ખુશ્બો લબાનોનની ખુશ્બો જેવી છે.

12

| | | |
|---|---|---|
| גַּן | બાગ | H1588 |
| נָעוּל | બંધ | |
| אֲחֹתִי | મારી-બહેન | H0269 |
| כַלָּה | વહુ | H3618 |
| גַּל | ઝરણું | H1530 |
| נָעוּל | બંધ | |
| מַעְיָן | ફુવારો | H4599 |
| חָתוּם׃ | સીલ-કરેલો | H2856 |

મારી પ્રાણપ્રિયા, મારી નવવધૂ, બંધ કરેલી વાડી; બાંધી દીધેલો ઝરો, બંધ કરી દીધેલો કૂવા જેવી છે.

13

| | | |
|---|---|---|
| שְׁלָחַיִךְ | તારાં-ફળો | H7973 |
| פַּרְדֵּס | બાગ | H6508 |
| רִמּוֹנִים | દાડમનો | H7416 |
| עִם | સાથે | |
| פְּרִי | ફળ | H6529 |
| מְגָדִים | ઉત્તમ | H4022 |
| כְּפָרִים | મહેંદી | |
| עִם־ | સાથે | |
| נְרָדִים׃ | જટામાંસી | H5373 |

તારી મોહિનીઓ જાણે કે દાડમડીઓના છોડ જેવી છે જેને મૂલ્યવાન ફળ લાગેલાં છે. જેમાં મેંદી અને જટામાસીના છોડવાઓ છે,

14

| | | |
|---|---|---|
| נֵרְדְּ | જટામાંસી | H5373 |
| וְכַרְכֹּם | અને-કેસર | H3750 |
| קָנֶה | શેરડી | H7070 |
| וְקִנָּמוֹן | અને-તજ | H7076 |
| עִם | સાથે | |
| כָּל־ | બધાં | H3605 |
| עֲצֵי | વૃક્ષો | H6086 |
| לְבוֹנָה | ધૂપનાં | H3828 |
| מֹר | ગંધરસ | H4753 |
| וַאֲהָלוֹת | અને-અગર | H0174 |
| עִם | સાથે | |
| כָּל־ | બધા | H3605 |
| רָאשֵׁי | શ્રેષ્ઠ | |
| בְשָׂמִים׃ | મસાલાઓ | H1314 |

જટામાસી અને કેસર, મધુર સુગંધી બરુ, તજ અને સર્વ પ્રકારના લોબાનનાં વૃક્ષો, બોળ, અગર તથા સર્વ મુખ્ય સુગંધી દ્રવ્યો છે.

15

| | | |
|---|---|---|
| מַעְיַן | ફુવારો | H4599 |
| גַּנִּים | બાગોનો | H1588 |
| בְּאֵר | કૂવો | H0875 |
| מַיִם | પાણીનો | H4325 |
| חַיִּים | જીવતા | |
| וְנֹזְלִים | અને-વહેતાં | H5140 |
| מִן־ | થી | |
| לְבָנוֹן׃ | લબાનોનથી | H3844 |

તું બાગમાંના ફુવારા જેવી, જીવંતજળનાં પાણી જેવી, લબાનોનના વહેતા ઝરણાં જેવી છે.

16

| | | |
|---|---|---|
| עוּרִי | જાગ | H5782 |
| צָפוֹן | ઉત્તર-પવન | H6828 |
| וּבוֹאִי | અને-આવ | H0935 |
| תֵימָן | દક્ષિણ-પવન | H8486 |
| הָפִיחִי | ફૂંક-મારો | H6315 |
| גַנִּי | મારા-બાગ-પર | H1588 |
| יִזְּלוּ | વહે | H5140 |
| בְשָׂמָיו | સુગંધ-તેની | H1314 |
| יָבֹא | આવે | H0935 |
| דוֹדִי | મારો-પ્રિય | H1730 |
| לְגַנּוֹ | પોતાના-બાગમાં | H1588 |
| וְיֹאכַל | અને-ખાય | H0398 |
| פְּרִי | ફળ | H6529 |
| מְגָדָיו׃ | ઉત્તમ-તેનાં | H4022 |

હે ઉત્તરના વાયુ, તું જાગૃત થા, અને હે દક્ષિણના વાયુ, તું આવ, મારા બગીચામાં તું વા કે જેથી તેની સુગંધીઓના સુવાસ સર્વત્ર ફેલાય, મારો પ્રીતમ પોતાના બગીચામાં આવે અને પોતાનાં મનોહર ફળો ખાય.

## Chapter 5

1

| | | |
|---|---|---|
| בָּאתִי | આવ્યો | H0935 |
| לְגַנִּי | બાગમાં-મારા | H1588 |
| אֲחֹתִי | મારી-બહેન | H0269 |
| כַלָּה | વહુ | H3618 |
| אָרִיתִי | વીણ્યો | H0717 |
| מוֹרִי | ગંધરસ-મારો | H4753 |
| עִם־ | સાથે | |
| בְּשָׂמִי | મસાલા-મારા | H1313 |
| אָכַלְתִּי | ખાધો | H0398 |
| יַעְרִי | મધપૂડો-મારો | |
| עִם־ | સાથે | |
| דִּבְשִׁי | મધ-મારા | H1706 |
| שָׁתִיתִי | પીધો | H8354 |
| יֵינִי | દ્રાક્ષારસ-મારો | H3196 |
| עִם־ | સાથે | |
| חֲלָבִי | દૂધ-મારા | H2461 |
| אִכְלוּ | ખાઓ | H0398 |
| רֵעִים | મિત્રો | H7453 |
| שְׁתוּ | પીઓ | H8354 |
| וְשִׁכְרוּ | અને-છાકો-થાઓ | H7937 |
| דּוֹדִים׃ | પ્રિયજનો | H1730 |

ס

મારી બહેન, મારી નવોઢા હું મારા બાગમાં આવ્યો છું; મેં મારા બોળ તથા સુગંધી દ્રવ્યો એકત્ર કર્યા છે. મેં મારાં મધપૂડામાંથી મધ ખાધું છે; મેં મારો દ્રાક્ષારસ મારા દૂધની સાથે પીધો છે. મિત્ર, ખા. મારા પ્રિય મિત્ર ખા; મફત પી. ચોથું ગીત

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲנִי | יְשֵׁנָה | וְלִבִּי | עֵר | קוֹל | דּוֹדִי | דוֹפֵק | פִּתְחִי־ | לִי | אֲחֹתִי |
| હું | ઊંઘતી–હતી | અને–હૃદય–મારું | જાગતું–હતું | અવાજ | પ્રિય–મારા | ખટખટાવે–છે | ખોલ | મને | મારી–બહેન |
| H0589 | H3463 | | H5782 | | H1730 | H1849 | | | H0269 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| רַעְיָתִי | יוֹנָתִי | תַמָּתִי | שֶׁרֹּאשִׁי | נִמְלָא־ | טָל | קְוֻצּוֹתַי | רְסִיסֵי | לָיְלָה׃ |
| પ્રિયા–મારી | કબૂતર–મારું | નિર્દોષ–મારી | કારણ–કે–માથું–મારું | ભરાયું–છે | ઝાકળથી | વાળ–મારા | ટીપાંઓથી | રાતના |
| H7474 | H3123 | H8535 | | H4390 | H2919 | H6977 | | H3915 |

હું સૂતી હોઉં છું પણ મારું હૃદય સ્વપ્નમાં જાગૃત હોય છે. એ મારા પ્રીતમનો સાદ છે તે દ્વાર ઠોકે છે અને કહે છે કે, "મારી બહેન, મારી પ્રિયતમા, મારી હોલી, મારી ગુણિયલ, મારે માટે દ્વાર ઉઘાડ, મારું માથું રાત્રીના ઝાકળથી ભીંજાયેલું છે મારા વાળ રાતનાં ટીપાંથી પલળી ગયા છે."

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| פָּשַׁטְתִּי | אֶת־ | כֻּתָּנְתִּי | אֵיכָכָה | אֶלְבָּשֶׁנָּה | רָחַצְתִּי | אֶת־ | רַגְלַי | אֵיכָכָה | אֲטַנְּפֵם׃ |
| ઉતાર્યો | — | ઝભ્ભો–મારો | કેવી–રીતે | પહેરું | ધોયા | — | પગ–મારા | કેવી–રીતે | મેલા–કરું |
| H6584 | H0853 | H3801 | | H3847 | H7364 | H0853 | H7272 | | H2936 |

"મેં મારું વસ્ત્ર કાઢયું છે; તેથી હું કેવી રીતે ફરી પહેરું? મેં મારા પગ ધોયા છે; હું તેમને શા માટે મેલા કરું?"

4

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| דּוֹדִי | שָׁלַח | יָדוֹ | מִן־ | הַחֹר | וּמֵעַי | הָמוּ | עָלָיו׃ |
| પ્રિય–મારા | નાખ્યો | હાથ–તેનો | થી | છિદ્રમાંથી | અને–અંદર–મારું | ધડક્યું | તેના–માટે |
| H1730 | H7971 | H3027 | | H2356 | H4578 | H1993 | |

મારા પ્રીતમે બારણાના બાકામાંથી તેનો હાથ અંદર નાખ્યો, અને મારું હૃદય તેના માટે ધડકી ઊઠયું.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| קַמְתִּי | אֲנִי | לִפְתֹּחַ | לְדוֹדִי | וְיָדַי | נָטְפוּ־ | מוֹר | וְאֶצְבְּעֹתַי | מוֹר | עֹבֵר |
| ઊઠી | હું | ખોલવા | પ્રિય–માટે | અને–હાથ–મારા | ટપક્યા | ગંધરસથી | અને–આગળીઓ–મારી | ગંધરસ | વહેતો |
| | H0589 | | H1730 | H3027 | H5197 | H4753 | H0676 | H4753 | |

| | | |
|---|---|---|
| עַל | כַּפּוֹת | הַמַּנְעוּל׃ |
| પર | હાથા | સાંકળના |
| | H3709 | H4514 |

હું મારા પ્રીતમ માટે દ્વાર ઉઘાડવાને ઊઠી; દ્વારની સાંકળ પર, અને મારા હાથમાંથી બોળ અને મારી આગળીઓમાંથી બોળનો અર્ક ટપકતા હતાં.

6

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| פָּתַחְתִּי | אֲנִי | לְדוֹדִי | וְדוֹדִי | חָמַק | עָבָר | נַפְשִׁי | יָצְאָה | בְדַבְּרוֹ | בִּקַּשְׁתִּיהוּ |
| ખોલ્યું | મેં | પ્રિય–માટે | અને–પ્રિય–મારો | ચાલ્યો–ગયો | વીતી–ગયો | જીવ–મારો | નીકળ્યો | બોલતાં–તેના | શોધ્યો |
| | H0589 | H1730 | H1730 | H2559 | | H5315 | H3318 | H1696 | H1245 |

| | | | | |
|---|---|---|---|---|
| וְלֹא | מְצָאתִיהוּ | קְרָאתִיו | וְלֹא | עָנָנִי׃ |
| અને–ન | મળ્યો | બોલાવ્યો | અને–ન | ઉત્તર–આપ્યો |
| H3808 | H4672 | H7121 | H3808 | |

મેં મારા પ્રીતમને માટે દ્વાર ઉઘાડ્યું, પણ મારો પ્રીતમ ત્યાંથી ખસી ગયો હતો; મારું હૃદય શોકમાં ડૂબી ગયું, હું ઉદાસ થઈ ગઈ. મેં તેને શોધ્યો, પણ મને જડ્યો નહિ; મેં તેને બોલાવ્યો, પણ તેણે મને ઉત્તર આપ્યો નહિ.

7

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| מְצָאֻנִי | הַשֹּׁמְרִים | הַסֹּבְבִים | בָּעִיר | הִכּוּנִי | פְצָעוּנִי | נָשְׂאוּ | אֶת־ | רְדִידִי |
| મળ્યા–મને | ચોકીદારો | ફરતા | નગરમાં | માર્યું–મને | ઘાયલ–કર્યું–મને | ઉઠાવી–લીધો | — | ઓઢણી–મારો |
| H4672 | H8104 | H5437 | | H5221 | H6481 | H5375 | H0853 | H7289 |

| | | |
|---|---|---|
| מֵעָלַי | שֹׁמְרֵי | הַחֹמוֹת׃ |
| મારા–ઉપરથી | ચોકીદારો | દીવાલોના |
| | H8104 | H2346 |

નગરની ચોકી કરતા ચોકીદારોએ મને જોઈ; તેમણે મને મારી અને ઘાયલ કરી; કોટરક્ષકોએ મારો બુરખો મારા અંગ પરથી લઈ લીધો.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הִשְׁבַּעְתִּי | אֶתְכֶם | בְּנוֹת | יְרוּשָׁלָםִ | אִם־ | תִּמְצְאוּ | אֶת־ | דּוֹדִי | מַה־ | תַּגִּידוּ | לוֹ |
| શપથ–આપું–છું | તમને | દીકરીઓ | યરૂશાલેમની | જો | મળે | — | પ્રિય–મારા | શું | કહેજો | તેને |
| H7650 | H0853 | H1323 | H3389 | | H4672 | H0853 | H1730 | H4100 | H5046 | |

| | | |
|---|---|---|
| שֶׁחוֹלַת | אַהֲבָה | אָנִי׃ |
| કે–બીમાર–છું | પ્રેમથી | હું |
| | H0160 | H0589 |

હે યરુશાલેમની દીકરીઓ, હું તમને આજીજી કરું છું કે, જો તમને મારો પ્રીતમ મળે, તો તેને કહેજો કે હું પ્રેમપીડિત છું.

9

| מַה־ | דּוֹדֵךְ | מִדּוֹד | הַיָּפָה | בַּנָּשִׁים | מַה־ | דּוֹדֵךְ | מִדּוֹד | שֶׁכָּכָה | הִשְׁבַּעְתָּנוּ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શું-છે | પ્રિય-તારો | કરતાં-પ્રિય | સુંદર | સ્ત્રીઓમાં | શું-છે | પ્રિય-તારો | કરતાં-પ્રિય | કે-એવી-રીતે | શપથ-આપ્યો-અમને |
| H4100 | H1730 | H1730 | H3303 | H0802 | H4100 | H1730 | H1730 | H3602 | H7650 |

તારો પ્રીતમ બીજી કોઈ યુવતીના પ્રીતમ કરતાં શું વિશેષ છે? ઓ યુવતીઓમાં શ્રેષ્ઠ સુંદરી, તારો પ્રીતમ બીજી કોઈ યુવતીના પ્રીતમ કરતાં શું વિશેષ છે. કે તું અમને આ મુજબ કરવા સોગન દે છે?

10

| דּוֹדִי | צַח | וְאָדוֹם | דָּגוּל | מֵרְבָבָה׃ |
|---|---|---|---|---|
| પ્રિય-મારો | ઉજ્જવળ | અને-રાતો | અલગ-તરી-આવે | દસ-હજારમાંથી |
| H1730 | H6703 | | | H7233 |

મારો પ્રીતમ તેજસ્વી અને લાલચોળ છે, દશ હજાર પુરુષોમાં તે શ્રેષ્ઠ છે.

11

| רֹאשׁוֹ | כֶּתֶם | פָּז | קְוּצּוֹתָיו | תַּלְתַּלִּים | שְׁחֹרוֹת | כָּעוֹרֵב׃ |
|---|---|---|---|---|---|---|
| માથું-તેનું | સોનું-શુદ્ધ | ઉત્તમ | વાળ-તેના | ઘૂંઘરાળા | કાળા | કાગડા-જેવા |
| | H3800 | H6337 | H6977 | H8534 | H7838 | H6158 |

તેનું માથું ઉત્તમ પ્રકારના સોના જેવું છે; તેના વાળ ગુચ્છાદાર છે અને તે કાગડાના રંગ જેવી શ્યામ છે.

12

| עֵינָיו | כְּיוֹנִים | עַל־ | אֲפִיקֵי | מָיִם | רֹחֲצוֹת | בֶּחָלָב | יֹשְׁבוֹת | עַל־ | מִלֵּאת׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| આંખો-તેની | કબૂતરો-જેવી | પર | ઝરણા | પાણીના | ધોવાતી | દૂધમાં | બેઠેલી | પર | ભરપૂરતા |
| | H3123 | | H0650 | H4325 | H7364 | H2461 | H3427 | | H4402 |

તેની આંખો નદી પાસે ઊભેલા શુદ્ધ શ્વેત હોલા જેવી છે, તે દૂધમાં ધોયેલી તથા યોગ્ય રીતે બેસાડેલી છે.

13

| לְחָיָו | כַּעֲרוּגַת | הַבֹּשֶׂם | מִגְדְּלוֹת | מֶרְקָחִים | שִׂפְתוֹתָיו | שׁוֹשַׁנִּים | נֹטְפוֹת | מוֹר | עֹבֵר׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગાલ-તેના | ક્યારી-જેવા | મસાલાની | બુરજો | સુગંધીના | હોઠ-તેના | કમળો | ટપકતા | ગંધરસ | વહેતો |
| H3895 | H6170 | H1314 | H4026 | H4840 | H8193 | H7799 | H5197 | H4753 | |

તેના ગાલ સુગંધી દ્રવ્યના પલંગ જેવા, તથા મધુર સુગંધવાળાં ફૂલો જેવા છે. જેમાંથી બોળનો અર્ક ટપકતો હોય તેવા ગુલછડીઓ જેવા તેના હોઠ છે.

14

| יָדָיו | גְּלִילֵי | זָהָב | מְמֻלָּאִים | בַּתַּרְשִׁישׁ | מֵעָיו | עֶשֶׁת | שֵׁן | מְעֻלֶּפֶת | סַפִּירִים׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| હાથ-તેના | ગોળાકાર | સોનાના | જડેલા | પોખરાજથી | શરીર-તેનું | પટ્ટી | હાથીદાંતની | મઢેલી | નીલમણિથી |
| H3027 | | H2091 | H4390 | H8658 | H4578 | H6247 | H8127 | H5968 | H5601 |

તેના હાથ પીરોજથી જડેલી સોનાની વીંટીઓ જેવા છે; નીલમથી જડેલા હાથીદાંતના કામ જેવું તેનું અંગ છે.

15

| שׁוֹקָיו | עַמּוּדֵי | שֵׁשׁ | מְיֻסָּדִים | עַל־ | אַדְנֵי־ | פָז | מַרְאֵהוּ | כַּלְּבָנוֹן | בָּחוּר | כָּאֲרָזִים׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પગ-તેના | સ્તંભો | આરસના | સ્થાપિત | પર | પાયા | ઉત્તમ-સોનાના | દેખાવ-તેનો | લબાનોન-જેવો | પસંદ-કરેલો | દેવદારો-જેવો |
| H7785 | H5982 | | H3245 | | H0134 | H6337 | H4758 | H3844 | H0977 | H0730 |

તેના પગ ચોખ્ખા સોનાની કૂંભીઓ પર ઊભા કરેલા સંગેમરમરના સ્તંભો જેવા છે; તેનો દેખાવ ભવ્ય લબાનોન અને દેવદાર વૃક્ષો જેવો ઉત્તમ છે.

16

| חִכּוֹ | מַמְתַקִּים | וְכֻלּוֹ | מַחֲמַדִּים | זֶה | דוֹדִי | וְזֶה | רֵעִי | בְּנוֹת | יְרוּשָׁלִָם׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મોઢું-તેનું | મીઠાશો | અને-સંપૂર્ણ-તે | ઇચ્છનીય | આ-છે | પ્રિય-મારો | અને-આ-છે | સખા-મારો | દીકરીઓ | યરૂશાલેમની |
| H2441 | H4477 | H3605 | H4261 | H2088 | H1730 | H2088 | H7453 | H1323 | H3389 |

તેનું મુખ અતિ મધુર છે; તે અતિ મનોહર છે. હે યરુશાલેમની દીકરીઓ, આ મારો પ્રીતમ અને આ મારો મિત્ર.

## Chapter 6

1

| אָנָה | הָלַךְ | דּוֹדֵךְ | הַיָּפָה | בַּנָּשִׁים | אָנָה | פָּנָה | דוֹדֵךְ | וּנְבַקְשֶׁנּוּ | עִמָּךְ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્યાં | ગયો | પ્રિય-તારો | સુંદર | સ્ત્રીઓમાં | ક્યાં | વળ્યો | પ્રિય-તારો | અને-શોધીશું | તારી-સાથે |
| H0575 | H1980 | H1730 | H3303 | H0802 | H0575 | H6437 | H1730 | H1245 | |

હે સ્ત્રીઓમાં શ્રેષ્ઠ સુંદરી તારો પ્રીતમ કઈ તરફ ગયો છે? તારો પ્રીતમ કઈ દિશા તરફ ગયો છે, અમને કહે જેથી અમે તારી સાથે તેને શોધીએ?

2

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| דּוֹדִי | יָרַד | לְגַנּוֹ | לַעֲרוּגוֹת | הַבֹּשֶׂם | לִרְעוֹת | בַּגַּנִּים | וְלִלְקֹט | שׁוֹשַׁנִּים׃ |
| પ્રિય-મારો | ગયો | બાગમાં-તેનાં | ક્યારીઓમાં | મસાલાની | ચરવા | બાગોમાં | અને-વીણવા | કમળો |
| H1730 | H3381 | H1588 | H6170 | H1314 | | H1588 | H3950 | H7799 |

મારો પ્રીતમ પોતાના બાગમાં ગયો છે, સુગંધીઓના ક્યારામાં, બાગોમાં આનંદ કરવા ગુલછડી વીણવા ગયો છે.

3

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֲנִי | לְדוֹדִי | וְדוֹדִי | לִי | הָרֹעֶה | בַּשּׁוֹשַׁנִּים׃ | ס |
| હું | પ્રિયની-છું | અને-પ્રિય | મારો-છે | જે-ચરે-છે | કમળોમાં | — |
| H0589 | H1730 | H1730 | | | H7799 | |

હું મારા પ્રીતમની છું અને મારો પ્રીતમ મારો જ છે; તે ગુલછડીઓમાં પોતાને આનંદિત કરે છે. પાંચમું ગીત

4

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יָפָה | אַתְּ | רַעְיָתִי | כְתִרְצָה | נָאוָה | כִּירוּשָׁלָם | אֲיֻמָּה | כַּנִּדְגָּלוֹת׃ |
| સુંદર-છો | તું | પ્રિયા-મારી | તિર્સા-જેવી | મનોહર | યરૂશાલેમ-જેવી | ભયંકર | ધ્વજાઓ-જેવી |
| H3303 | | H7474 | H8656 | H5000 | H3389 | H0366 | |

સ્ત્રીનો પ્રીતમ તેને કહે છે, મારી પ્રિયતમા તું તિર્સા જેવી સુંદર, યરુશાલેમ જેવી ખૂબસૂરત, અને ધ્વજાઓ સહિતના સૈન્ય જેવી ભયાવહ છે.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הָסֵבִּי | עֵינַיִךְ | מִנֶּגְדִּי | שֶׁהֵם | הִרְהִיבֻנִי | שַׂעְרֵךְ | כְּעֵדֶר | הָעִזִּים | שֶׁגָּלְשׁוּ | מִן־ | הַגִּלְעָד׃ |
| ફેરવ | આંખો-તારી | મારાથી | કારણ-કે-તે | મોહિત-કરે-છે-મને | વાળ-તારા | ટોળાં-જેવા | બકરાંન□ | જે-ઊતરે-છે | થી | ગિલ્યાદના |
| H5437 | | H5048 | H1992 | H7292 | H8181 | H5739 | H5795 | H1570 | | H1568 |

તારાં નેત્ર મારી તરફથી ફેરવી લે, કેમ કે તેઓએ મારો પરાજય કર્યો છે. ગિલ્યાદની બાજુએ બેઠેલા, બકરાંના ટોળાં જેવા તારા કેશ છે.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שִׁנַּיִךְ | כְּעֵדֶר | הָרְחֵלִים | שֶׁעָלוּ | מִן־ | הָרַחְצָה | שֶׁכֻּלָּם | מַתְאִימוֹת | וְשַׁכֻּלָה | אֵין | בָּהֶם׃ |
| દાંત-તારા | ટોળાં-જેવા | ઘેટાંના | જે-ચડે-છે | થી | ધોવાણમાંથી | જે-બધાં | જોડિયાં | અને-વાંઝણી | નથી | તેમાં |
| H8127 | H5739 | H7353 | H5927 | | H7367 | H3605 | H8382 | H7909 | H0369 | |

ધોવાઇને બહાર નીકળેલી ઘેટીઓના ટોળાં જેવા તારા દાંત છે જેઓમાંની દરેક બબ્બે બચ્ચાં જણે છે અને તેઓમાંના કોઈએ પોતાના બચ્ચાં ગુમાવ્યાં નથી.

7

| | | | | |
|---|---|---|---|---|
| כְּפֶלַח | הָרִמּוֹן | רַקָּתֵךְ | מִבַּעַד | לְצַמָּתֵךְ׃ |
| દાડમનાં-ફાડા-જેવા | દાડમનાં | ગાલ-તારા | પાછળથી | ઘૂંઘટની |
| H6400 | H7416 | H7541 | H1157 | H6777 |

તારા બુરખા પાછળ તારા ગાલ દાડમની ફાડ જેવા છે.

8

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שִׁשִּׁים | הֵמָּה | מְלָכוֹת | וּשְׁמֹנִים | פִּילַגְשִׁים | וַעֲלָמוֹת | אֵין | מִסְפָּר׃ |
| સા□ | છે | રાણીઓ | અને-એંશી | ઉપપત્નીઓ | અને-કુમારિકાઓ | નથી | ગણતરી |
| H8346 | H1992 | H4436 | H8084 | H6370 | H5959 | H0369 | H4557 |

રાણીઓ તો સાઠ છે અને એંસી ઉપપત્નીઓ છે; અને બીજી અસંખ્ય કુમારિકાઓ છે.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַחַת | הִיא | יוֹנָתִי | תַמָּתִי | אַחַת | הִיא | לְאִמָּהּ | בָּרָה | הִיא | לְיוֹלַדְתָּהּ | רָאוּהָ |
| એક | છે-તે | કબૂતર-મારી | નિર્દોષ-મારી | એક | છે-તે | માતાની | પસંદગી | છે-તે | જન્મદાતાની | જોઈ-તેને |
| H0259 | H1931 | H3123 | H8535 | H0259 | H1931 | H0517 | H1249 | H1931 | H3205 | H7200 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| בָנוֹת | וַיְאַשְּׁרוּהָ | מְלָכוֹת | וּפִילַגְשִׁים | וַיְהַלְלוּהָ׃ | ס |
| દીકરીઓએ | અને-ધન્ય-કહી | રાણીઓએ | અને-ઉપપત્નીઓએ | અને-વખાણી | — |
| H1323 | H0833 | H4436 | H6370 | | |

અને મારી હોલી, મારી નિષ્કલંક તો એક જ છે; તે પોતાની માતાની એકની એક છે; તે પોતાની જનેતાની માનીતી છે. પુત્રીઓએ તેને જોઈને કહ્યુ કે તું પ્રશંસાપાત્ર છે; રાણીઓ અને ઉપપત્નીઓ તેને જોઈને તેની પ્રશંસા કરે છે.

10

| | | |
|---|---|---|
| מִי־ | કોણ-છે | H4310 |
| זֹאת | આ | H2063 |
| הַנִּשְׁקָפָה | જે-દેખાય-છે | H8259 |
| כְּמוֹ־ | જેવી | H3644 |
| שָׁחַר | પ્રભાત | H7837 |
| יָפָה | સુંદર | H3303 |
| כַלְּבָנָה | ચંદ્રમા-જેવી | H3842 |
| בָּרָה | ઉજ્જવળ | H1249 |
| כַּחַמָּה | સૂર્ય-જેવી | H2535 |
| אֲיֻמָּה | ભયંકર | H0366 |
| כַּנִּדְגָּלוֹת׃ | ધ્વજાઓ-જેવી | |
| ס | — | |

પ્રભાતના જેવી પ્રકાશિત કાંતિવાળી, ચંદ્ર જેવી સુંદર, સૂર્ય જેવી ડાઘ વગરની, ધ્વજાઓ સહિતના સૈન્ય જેવી ભયંકર એ કોણ છે?

11

| | | |
|---|---|---|
| אֶל־ | પર | H0413 |
| גִּנַּת | બાગમાં | H1594 |
| אֱגוֹז | અખરોટના | H0093 |
| יָרַדְתִּי | ઉતર્યો | H3381 |
| לִרְאוֹת | જોવા | H7200 |
| בְּאִבֵּי | કૂંપળો | H0003 |
| הַנָּחַל | ખીણના | |
| לִרְאוֹת | જોવા | H7200 |
| הֲפָרְחָה | ફૂલ્યો-કે-કેમ | |
| הַגֶּפֶן | દ્રાક્ષાવેલો | H1612 |
| הֵנֵצוּ | ખીલ્યાં-કે-કેમ | |
| הָרִמֹּנִים׃ | દાડમનાં | H7416 |

વસંતઋતુ ખીલી છે તે જોવા દ્રાક્ષવેલાને કૂંપળો ફૂટી છે કે કેમ; દાડમોને મોર આવ્યો છે કે કેમ; તે જોવા માટે હું અખરોટના બગીચામાં ગયો.

12

| | | |
|---|---|---|
| לֹא | નથી | H3808 |
| יָדַעְתִּי | જાણતી-હતી | H3045 |
| נַפְשִׁי | જીવ-મારો | H5315 |
| שָׂמַתְנִי | મૂક્યો-મને | |
| מַרְכְּבוֹת | રથો-પર | H4818 |
| עַמִּי־ | પ્રજાન□ | |
| נָדִיב׃ | ઉદારના | H5081 |

હું કંઈ સમજુ તે પહેલા તો મારા આત્માએ મને રાજવંશી રથમાં બેસાડ્યો.

13

| | | |
|---|---|---|
| שׁוּבִי | પાછી-આવ | H7725 |
| שׁוּבִי | પાછી-આવ | H7725 |
| הַשּׁוּלַמִּית | શૂલામ્મીત | H7759 |
| שׁוּבִי | પાછી-આવ | H7725 |
| שׁוּבִי | પાછી-આવ | H7725 |
| וְנֶחֱזֶה־ | અને-અમે-જોઈએ | H2372 |
| בָּךְ | તને | |
| מַה־ | શું | H4100 |
| תֶּחֱזוּ | જોશો | H2372 |
| בַּשּׁוּלַמִּית | શૂલામ્મીતમાં | H7759 |
| כִּמְחֹלַת | જેમ-કે-નૃત્ય | H4246 |
| הַמַּחֲנָיִם׃ | બે-છાવણીઓનું | H4264 |

પાછી આવ, હે શૂલ્લામી; પાછી આવ; પાછી આવ કે અમે તને નિહાળીએ. માહનાઇમના નૃત્યની જેમ તમે શૂલ્લામીને કેમ જુઓ છો?

## Chapter 7

1

| | | |
|---|---|---|
| מַה־ | કેટલા | H4100 |
| יָּפוּ | સુંદર-છે | H3303 |
| פְעָמַיִךְ | તારા-પગલાં | H6471 |
| בַּנְּעָלִים | ચંપલોમાં | H5275 |
| בַּת־ | દીકરી | H1323 |
| נָדִיב | ઉમદા-વ્યક્તિની | H5081 |
| חַמּוּקֵי | વળાંકો | H2542 |
| יְרֵכַיִךְ | તારા-સાથળોના | H3409 |
| כְּמוֹ | જેવા | H3644 |
| חֲלָאִים | આભૂષણો | H2481 |
| מַעֲשֵׂה | બનાવટ | H4639 |
| יְדֵי | હાથોની | H3027 |
| אָמָּן׃ | કારીગરના | H0542 |

હે શાહજાદી, ચંપલોમાં તારા પગ કેવા સુંદર દેખાય છે□ તારી જાંઘોના સાંધા, કુશળ કારીગરે હાથે જડેલા ઝવેરાત જેવા છે.

2

| | | |
|---|---|---|
| שָׁרְרֵךְ | તારી-નાભિ | H8326 |
| אַגַּן | ગોળ-પ્યાલો | H0101 |
| הַסַּהַר | ચંદ્ર-આકારનો | H5469 |
| אַל־ | ન | H0408 |
| יֶחְסַר | ખૂટે | H2637 |
| הַמָּזֶג | મિશ્ર-દારૂ | H4197 |
| בִּטְנֵךְ | તારું-પેટ | H0990 |
| עֲרֵמַת | ઢગલો | H6194 |
| חִטִּים | ઘઉંનો | H2406 |
| סוּגָה | ઘેરાયેલો | H5473 |
| בַּשּׁוֹשַׁנִּים׃ | કમળોથી | H7799 |

તારી નાભિ સુંદર ગોળાકાર પ્યાલા જેવી છે; કે જેમાં મિશ્રિત દ્રાક્ષારસ કદી ખૂટતો નથી. તારું પેટ ગુલછડીથી શણગારેલી, ઘઉંની ઢગલીના જેવું છે.

3

| | | |
|---|---|---|
| שְׁנֵי | તારા-બે | H8147 |
| שָׁדַיִךְ | સ્તન | |
| כִּשְׁנֵי | જેવા-બે | H8147 |
| עֳפָרִים | હરણાંના-બચ્ચાં | H6082 |
| תָּאֳמֵי | જોડિયા | H8380 |
| צְבִיָּה׃ | હરણીના | H6646 |

તારાં બે સ્તન જાણે હરણીના, મનોહર જોડકાં બચ્ચાં જેવા છે.

| 4 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | צַוָּארֵךְ | כְּמִגְדַּל | הַשֵּׁן | עֵינַיִךְ | בְּרֵכוֹת | בְּחֶשְׁבּוֹן | עַל־ | שַׁעַר | בַּת־רַבִּים | אַפֵּךְ |
| | તારી-ડોક | જેવી-મિનારો | હાથીદાંતનો | તારી-આખો | તળાવો | હેશ્બોનમાંના | પાસે | દરવાજાના | બાથ-રબ્બીમના | તારું-નાક |
| | | H4026 | H8127 | | H1295 | H2809 | | H8179 | H1337 | H0639 |
| | כְּמִגְדַּל | הַלְּבָנוֹן | צוֹפֶה | פְּנֵי | דַמָּשֶׂק׃ | | | | | |
| | જેવું-મિનારો | લબાનોનનો | જોતું | તરફ | દમાસ્કસની | | | | | |
| | H4026 | H3844 | H6822 | H6440 | H1834 | | | | | |

તારી ગરદન હાથીદાંતના બુરજ જેવી છે; તારી આખો હેશ્બોનમાં બાથ-રાબ્બીમના દરવાજા પાસે આવેલા કુંડ જેવી છે. તારું નાક જાણે દમસ્કસ તરફના લબાનોનના બુરજ જેવું છે.

| 5 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | רֹאשֵׁךְ | עָלַיִךְ | כַּכַּרְמֶל | וְדַלַּת | רֹאשֵׁךְ | כָּאַרְגָּמָן | מֶלֶךְ | אָסוּר | בָּרְהָטִים׃ |
| | તારું-માથું | તારા-પર | કાર્મેલ-જેવું | અને-વાળ | તારા-માથાના | જાંબલી-જેવા | રાજા | બંધાયેલો | લટોમાં |
| | | | H3760 | | | H0713 | H4428 | H0631 | |

તારું શિર કાર્મેલ પર્વત જેવું છે; તારા શિરના કેશ જાંબુડા રંગના છે. રાજા તારી લટોમાં પોતે બંદીવાન બની ગયો છે.

| 6 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | מַה־ | יָּפִית | וּמַה־ | נָּעַמְתְּ | אַהֲבָה | בַּתַּעֲנוּגִים׃ |
| | કેટલી | સુંદર-છે | અને-કેટલી | મનોહર | પ્રેમ | આનંદોમાં |
| | H4100 | H3302 | H4100 | H5276 | H0160 | H8588 |

મારી પ્રિયતમા તું કેવી પ્રેમાળ અને અતિ સુંદર છે, તથા વિનોદ કરવા લાયક અને આનંદદાયક છે

| 7 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | זֹאת | קוֹמָתֵךְ | דָּמְתָה | לְתָמָר | וְשָׁדַיִךְ | לְאַשְׁכֹּלוֹת׃ |
| | આ | તારું-કદ | સમાન-છે | ખજૂરના-ઝાડ-સાથે | અને-તારા-સ્તન | ગુચ્છાઓ-જેવા |
| | H2063 | H6967 | H1819 | H8558 | | H0811 |

તારું કદ ખજૂરીના વૃક્ષ જેવું છે, અને તારાં સ્તનો દ્રાક્ષાની લૂમો જેવા છે.

| 8 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | אָמַרְתִּי | אֶעֱלֶה | בְתָמָר | אֹחֲזָה | בְּסַנְסִנָּיו | וְיִהְיוּ־ | נָא | שָׁדַיִךְ | כְּאֶשְׁכְּלוֹת |
| | મેં-કહ્યું | ચડીશ-હું | ખજૂરના-ઝાડ-પર | પકડીશ | તેની-ડાળીઓને | અને-હોય | કૃપા-કરીને | તારા-સ્તન | ગુચ્છાઓ-જેવા |
| | H0559 | H5927 | H8558 | H0270 | H5577 | H1961 | H4994 | | H0811 |
| | הַגֶּפֶן | וְרֵיחַ | אַפֵּךְ | כַּתַּפּוּחִים׃ | | | | | |
| | દ્રાક્ષના | અને-સુગંધ | તારા-નાકની | સફરજન-જેવી | | | | | |
| | H1612 | H7381 | H0639 | H8598 | | | | | |

મેં વિચાર્યું કે, “હું ખજૂરીના વૃક્ષ પર ચઢીશ; હું તેની ડાળીઓ પકડીશ.” તારાં સ્તન દ્રાક્ષની લૂમો જેવાં થાય, તારા શ્વાસની સુગંધ સફરજન જેવી થાય.

| 9 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | וְחִכֵּךְ | כְּיֵין | הַטּוֹב | הוֹלֵךְ | לְדוֹדִי | לְמֵישָׁרִים | דּוֹבֵב | שִׂפְתֵי | יְשֵׁנִים׃ |
| | અને-તારું-તાળવું | જેવું-દારૂ | સારો | વહેતો | મારા-પ્રિય-માટે | સરળતાથી | ખસેડતો | હોઠોને | ઊંઘતાઓના |
| | H2441 | H3196 | | H1980 | H1730 | H4339 | H1680 | H8193 | H3462 |

તારું મુખ ઉત્તમ દ્રાક્ષારસ જેવું થાય, જે દ્રાક્ષારસ મારા પ્રીતમ માટે છે, અને તેના હોઠો તથા દાંત ઉપર થઈને સરળતાથી પેટમાં ઊતરી જાય છે.

| 10 | | | | | |
|---|---|---|---|---|---|
| | אֲנִי | לְדוֹדִי | וְעָלַי | תְּשׁוּקָתוֹ׃ | ס |
| | હું | મારા-પ્રિયની-છું | અને-મારા-પર | તેની-ઇચ્છા-છે | — |
| | H0589 | H1730 | | H8669 | |

હું મારા પ્રીતમની છું અને તે મારા માટે ઇચ્છા રાખે છે.

| 11 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | לְכָה | דוֹדִי | נֵצֵא | הַשָּׂדֶה | נָלִינָה | בַּכְּפָרִים׃ |
| | ચાલ | મારા-પ્રિય | નીકળીએ | ખેતરમાં | રાત-ગાળીએ | ગામડાઓમાં |
| | H3212 | H1730 | H3318 | | | H3723 |

હે મારા પ્રીતમ, ચાલ, આપણે નગરમાં જઈએ; અને આપણે ગામોમાં ઉતારો કરીએ.

| 12 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| נַשְׁכִּ֙ימָה֙ | לַכְּרָמִ֔ים | נִרְאֶ֞ה | אִם | פָּֽרְחָ֤ה | הַגֶּ֙פֶן֙ | פִּתַּ֣ח | הַסְּמָדַ֔ר | הֵנֵ֖צוּ | הָרִמּוֹנִ֑ים |
| વહેલા-ઊઠીએ | દ્રાક્ષાવાડીઓમાં | જોઈએ | શું | ફૂલી-છે | દ્રાક્ષ | ખુલ્યા-છે | ફૂલો | ખીલ્યા-છે | દાડમ |
| H7925 | H3754 | H7200 | | | H1612 | | H5563 | | H7416 |

| | | | | |
|---|---|---|---|---|
| שָׁ֛ם | אֶתֵּ֥ן | אֶת־ | דֹּדַ֖י | לָֽךְ׃ |
| ત્યાં | આપીશ-હું | – | મારો-પ્રેમ | તને |
| H8033 | H5414 | H0853 | H1730 | |

આપણે વહેલા ઊઠીને દ્રાક્ષવાડીઓમાં જઈએ; દ્રાક્ષવેલાને મોર આવ્યો છે કે નહિ તે જોઈએ, તેનાં ફૂલ ખીલ્યાં છે કે નહિ, અને દાડમડીઓને ફૂલ બેઠાં છે કે નહિ, તે આપણે જોઈએ. ત્યાં હું તને મારી પ્રીતિનો અનુભવ કરાવીશ.

| 13 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַדּוּדָאִ֣ים | נָֽתְנוּ־ | רֵ֗יחַ | וְעַל־ | פְּתָחֵ֙ינוּ֙ | כָּל־ | מְגָדִ֔ים | חֲדָשִׁ֖ים | גַּם־ | יְשָׁנִ֑ים |
| પ્રેમફળોએ | આપી-છે | સુગંધ | અને-ઉપર | આપણા-દરવાજાઓ-પર | સર્વ | ઉત્તમ-ફળો | નવા | અને | જૂના |
| H1736 | H5414 | H7381 | | H6607 | H3605 | H4022 | H2319 | H1571 | H3465 |

| | | |
|---|---|---|
| דּוֹדִ֖י | צָפַ֥נְתִּי | לָֽךְ׃ |
| મારા-પ્રિય | સાચવી-રાખ્યા-છે-મેં | તારા-માટે |
| עֵצוֹת | מֵרָחוֹק | אֱמוּנָה | אֹמֶן׃ |
| યોજનાઓ | દૂરથી | વિશ્વાસપાત્ર | સત્ય |
| H6098 | H7350 | H0530 | H0544 |

હે યહોવાહ, તમે મારા ઈશ્વર છો; હું તમને મોટા માનીશ, હું તમારા નામની સ્તુતિ કરીશ; કેમ કે તમે અદ્દભુત કાર્યો કર્યાં છે; તમે વિશ્વાસુપણે કરેલી પુરાતનકાળની યોજનાઓ પૂરી કરી છે.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | שַׂמְתָּ | מֵעִיר | לַגָּל | קִרְיָה | בְצוּרָה | לְמַפֵּלָה | אַרְמוֹן | זָרִים | מֵעִיר |
| કારણ-કે | તેં-બનાવ્યું | નગરને | કાટમાળમાં | કિલ્લેબંધ-નગરને | મજબૂત | ખંડેરમાં | મહેલ | પરદેશીઓનો | નગરમાંથી |
| | | | H1530 | H7151 | H1219 | | H0759 | | |

| | | |
|---|---|---|
| לְעוֹלָם | לֹא | יִבָּנֶה׃ |
| કદી | નહિ | બંધાય |
| H5769 | H3808 | H1129 |

કેમ કે તમે નગરનો ઢગલો કરી નાખ્યો છે; મોરચાબંધ નગરને ખંડિયેર કર્યું છે, પરદેશીઓના ગઢને તમે નગરની પંક્તિમાંથી કાઢી નાખ્યો છે.

3

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עַל־ | כֵּן | יְכַבְּדוּךָ | עַם־ | עָז | קִרְיַת | גּוֹיִם | עָרִיצִים | יִירָאוּךָ׃ |
| તેથી | કારણે | તને-મહિમા-આપશે | લોકો | બળવાન | નગર | પ્રજાઓનું | ભયંકર | તારાથી-ડરશે |
| | | H3513 | | H5794 | H7151 | | H6184 | H3372 |

તેથી સામર્થ્યવાન લોકો તમારો મહિમા ગાશે; દુષ્ટ દેશોનું નગર તમારાથી બીશે.

4

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | הָיִיתָ | מָעוֹז | לַדָּל | מָעוֹז | לָאֶבְיוֹן | בַּצַּר־ | לוֹ | מַחְסֶה | מִזֶּרֶם | צֵל | מֵחֹרֶב |
| કારણ-કે | તું-રહ્યો-છે | ગઢ | ગરીબ-માટે | ગઢ | દરિદ્ર-માટે | સંકટમાં | તેના | આશ્રય | તોફાનથી | છાંયો | ગરમીથી |
| | H1961 | H4581 | H1800 | H4581 | H0034 | | | H4268 | H2230 | H6738 | |

| | | | | |
|---|---|---|---|---|
| כִּי | רוּחַ | עָרִיצִים | כְּזֶרֶם | קִיר׃ |
| કારણ-કે | શ્વાસ | ભયંકરોનો | તોફાન-જેવો | દીવાલ-વિરુદ્ધ |
| | H7307 | H6184 | H2230 | H7023 |

જ્યારે દુષ્ટ લોકોનો વિસ્ફોટ કોટ પરના તોફાન જેવો થશે, ત્યારે તમે ગરીબોના રક્ષક, સંકટ સમયે દીનોના આધાર, તોફાનની સામે આશ્રય અને તડકાની સામે છાયા થશો.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כְּחֹרֶב | בְּצָיוֹן | שְׁאוֹן | זָרִים | תַּכְנִיעַ | חֹרֶב | בְּצֵל | עָב | זְמִיר | עָרִיצִים |
| જેમ-ગરમી | સૂકી-ભૂમિમાં | ઘોંઘાટ | પરદેશીઓનો | તું-દબાવશે | ગરમી | વાદળની-છાયામાં | — | ગીત | ભયંકરોનું |
| | H6724 | H7588 | | H3665 | | H6738 | H5645 | H2158 | H6184 |

| | |
|---|---|
| יַעֲנֶה׃ | פ |
| શાંત-થશે | — |

સૂકી જગામાં તડકાની જેમ, તમે અજાણ્યાના અવાજને દબાવી દેશો; જેમ વાદળની છાયાથી તડકો ઓછો લાગે છે તેમ દુષ્ટોનું ગાયન મંદ કરવામાં આવશે.

6

| | | |
|---|---|---|
| וְעָשָׂה | અને-કરશે | |
| יְהוָה | યહોવા | H3068 |
| צְבָאוֹת | સૈન્યોના | |
| לְכָל־ | સર્વ | H3605 |
| הָעַמִּים | લોકો-માટે | |
| בָּהָר | આ-પર્વત-પર | H2022 |
| הַזֶּה | — | H2088 |
| מִשְׁתֵּה | ભોજન | H4960 |
| שְׁמָנִים | ચરબીવાળું | H8081 |
| מִשְׁתֵּה | ભોજન | H4960 |
| שְׁמָרִים | દ્રાક્ષારસનું | H8105 |
| שְׁמָנִים | ચરબીવાળું | H8081 |
| מְמֻחָיִם | મજ્જાથી-ભરપૂર | |
| שְׁמָרִים | દ્રાક્ષારસ | H8105 |
| מְזֻקָּקִים׃ | શુદ્ધ-કરેલો | H2212 |

આ પર્વત પર સૈન્યોના યહોવાહ સર્વ લોકો માટે મેદવાળી વાનગીની ઉજવણી કરાવશે, ઉત્તમ દ્રાક્ષારસની, કુમળા માંસની મિજબાની આપશે.

7

| | | |
|---|---|---|
| וּבִלַּע | અને-ગળી-જશે | H1104 |
| בָּהָר | આ-પર્વત-પર | H2022 |
| הַזֶּה | — | H2088 |
| פְּנֵי־ | ચહેરા | H6440 |
| הַלּוֹט | ઢાંકણ | H3875 |
| הַלּוֹט | ઢાંકેલું | H3874 |
| עַל־ | ઉપર | |
| כָּל־ | સર્વ | H3605 |
| הָעַמִּים | લોકો-પરથી | |
| וְהַמַּסֵּכָה | અને-પડદો | |
| הַנְּסוּכָה | ઢંકાયેલો | H5259 |
| עַל־ | ઉપર | |
| כָּל־ | સર્વ | H3605 |
| הַגּוֹיִם׃ | પ્રજાઓ-પરથી | |

જે ઘૂંઘટ સઘળી પ્રજાઓ પર ઓઢાડેલો છે તેના પૃષ્ઠનો તથા જે આચ્છાદન સર્વ પ્રજાઓ પર પસારેલું છે, તેનો આ પર્વત પર તે નાશ કરશે.

8

| | | |
|---|---|---|
| בִּלַּע | ગળી-જશે | H1104 |
| הַמָּוֶת | મૃત્યુને | H4194 |
| לָנֶצַח | સદાને-માટે | H5331 |
| וּמָחָה | અને-લૂછશે | |
| אֲדֹנָי | પ્રભુ | H0136 |
| יְהוִה | યહોવા | H3069 |
| דִּמְעָה | આંસુ | H1832 |
| מֵעַל | ઉપરથી | |
| כָּל־ | સર્વ | H3605 |
| פָּנִים | ચહેરાઓ-પરથી | H6440 |
| וְחֶרְפַּת | અને-અપમાન | H2781 |
| עַמּוֹ | તેના-લોકોનું | |
| יָסִיר | દૂર-કરશે | H5493 |
| מֵעַל | ઉપરથી | |
| כָּל־ | સર્વ | H3605 |
| הָאָרֶץ | પૃથ્વી-પરથી | H0776 |
| כִּי | કારણ-કે | |
| יְהוָה | યહોવાએ | H3068 |
| דִּבֵּר׃ | કહ્યુ-છે | H1696 |
| פ | — | |

તે સદાને માટે મરણને ગળી જશે અને પ્રભુ યહોવાહ સર્વના મુખ પરથી આંસુ લૂછી નાખશે; આખી પૃથ્વી પરથી તે પોતાના લોકોનું મહેણું દૂર કરશે, કેમ કે યહોવાહ એવું બોલ્યા છે.

9

| | | |
|---|---|---|
| וְאָמַר | અને-કહેશે | H0559 |
| בַּיּוֹם | તે-દિવસે | H3117 |
| הַהוּא | — | H1931 |
| הִנֵּה | જુઓ | H2009 |
| אֱלֹהֵינוּ | અમારા-ઈશ્વર | H0430 |
| זֶה | આ-છે | H2088 |
| קִוִּינוּ | અમે-રાહ-જોઈ | |
| לוֹ | તેમની | |
| וְיוֹשִׁיעֵנוּ | અને-તે-બચાવશે-અમને | H3467 |
| זֶה | આ | H2088 |
| יְהוָה | યહોવા-છે | H3068 |
| קִוִּינוּ | અમે-રાહ-જોઈ | |
| לוֹ | તેમની | |
| נָגִילָה | આપણે-આનંદ-કરીશું | H1523 |
| וְנִשְׂמְחָה | અને-હર્ષ-પામીશું | H8055 |
| בִּישׁוּעָתוֹ׃ | તેમના-ઉદ્ધારમાં | H3444 |

તે દિવસે એવું કહેવામાં આવશે, "જુઓ, આ આપણા ઈશ્વર છે; આપણે તેમની રાહ જોતા આવ્યા છીએ અને તે આપણો ઉદ્ધાર કરશે; આ યહોવાહ છે; આપણે તેમની રાહ જોતા આવ્યા છીએ, તેમણે કરેલા ઉદ્ધારથી આપણે હરખાઈને આનંદ કરીશું."

10

| | | |
|---|---|---|
| כִּי־ | કારણ-કે | |
| תָנוּחַ | રહેશે | H5117 |
| יַד־ | હાથ | H3027 |
| יְהוָה | યહોવાનો | H3068 |
| בָּהָר | આ-પર્વત-પર | H2022 |
| הַזֶּה | — | H2088 |
| וְנָדוֹשׁ | અને-કચડાશે | H1758 |
| מוֹאָב | મોઆબ | H4124 |
| תַּחְתָּיו | તેની-નીચે | H8478 |
| כְּהִדּוֹשׁ | જેમ-કચડાય-છે | H1758 |
| מַתְבֵּן | ઘાસ | H4963 |
| [במי] | — | H4325 |
| (בְּמוֹ) | ખાતરના | H1119 |
| מַדְמֵנָה׃ | ખાડામાં | H4087 |

કેમ કે યહોવાહનો હાથ આ પર્વત પર થોભશે; અને જેમ ઉકરડાનાં પાણીમાં ઘાસ ખુંદાય છે, તેમ મોઆબ પોતાને સ્થળે ખુંદાશે.

11

| | | |
|---|---|---|
| וּפֵרַשׂ | અને-ફેલાવશે | H6566 |
| יָדָיו | તેના-હાથ | H3027 |
| בְּקִרְבּוֹ | તેમાં | H7130 |
| כַּאֲשֶׁר | જેમ | |
| יְפָרֵשׂ | ફેલાવે-છે | H6566 |
| הַשֹּׂחֶה | તરનાર | H7811 |
| לִשְׂחוֹת | તરવા-માટે | H7811 |
| וְהִשְׁפִּיל | અને-નીચું-કરશે | H8213 |
| גַּאֲוָתוֹ | તેનો-ગર્વ | H1346 |
| עִם | સાથે | |
| אָרְבּוֹת | ચાલાકી | H0698 |
| יָדָיו׃ | તેના-હાથોની | H3027 |

જેમ તરનાર તરવા માટે પોતાના હાથ પ્રસારે છે, તે પ્રમાણે તેઓ પોતાના હાથ પ્રસારશે; અને તેના હાથની ચાલાકી છતાં યહોવાહ તેના ગર્વને ઉતારી નાખશે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ס | עָפָר׃ | עַד־ | לָאָרֶץ | הִגִּיעַ | הִשְׁפִּיל | הֵשַׁח | חוֹמֹתֶיךָ | מִשְׂגַּב | וּמִבְצַר | 12 |
| — | ધૂળની | સુધી | જમીન-પર | પહોંચાડ્યો | નીચે-પાડ્યો | નીચો-કર્યો | તારી-દીવાલોનો | ઊંચી | અને-કિલ્લો | |
| | H6083 | H5704 | H0776 | H5060 | H8213 | H7817 | H2346 | | H4013 | |

તારા કોટની ઊંચી કિલ્લેબંદીને પાડી નાખીને તેને જમીનદોસ્ત કરશે, તેને ધૂળભેગી કરી નાખશે.

## Chapter 26

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יָשִׁית | יְשׁוּעָה | לָנוּ | עָז־ | עִיר | יְהוּדָה | בְּאֶרֶץ | הַזֶּה | הַשִּׁיר־ | יוּשַׁר | הַהוּא | בַּיּוֹם | 1 |
| મૂકશે | ઉદ્ધાર | અમારું | મજબૂત | નગર | યહૂદાના | દેશમાં | — | આ-ગીત | ગવાશે | — | તે-દિવસે | |
| H7896 | H3444 | | H5794 | | H3063 | H0776 | H2088 | | H7891 | H1931 | H3117 | |
| | | | | | | | | | | וָחֵל׃ | חוֹמוֹת | |
| | | | | | | | | | | અને-કિલ્લો | દીવાલો | |
| | | | | | | | | | | H2426 | H2346 | |

તે દિવસે યહૂદિયા દેશમાં આ ગીત ગવાશે: “અમારું એક મજબૂત નગર છે; ઈશ્વરે ઉદ્ધારને અર્થે તેના કોટ તથા મોરચા ઠરાવી આપ્યા છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אֱמֻנִים׃ | שֹׁמֵר | צַדִּיק | גּוֹי־ | וְיָבֹא | שְׁעָרִים | פִּתְחוּ | 2 |
| વિશ્વાસ | જે-રાખે-છે | ન્યાયી | પ્રજા | અને-આવે | દરવાજાઓ | ખોલો | |
| H0529 | H8104 | H6662 | | H0935 | H8179 | | |

દરવાજા ઉઘાડો, વિશ્વાસ રાખનાર ન્યાયી પ્રજા તેમાં પ્રવેશે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בָּטוּחַ׃ | בְּךָ | כִּי | שָׁלוֹם | שָׁלוֹם | תִּצֹּר | סָמוּךְ | יֵצֶר | 3 |
| ભરોસો-રાખે-છે | તારામાં | કારણ-કે | સંપૂર્ણ-શાંતિમાં | શાંતિમાં | તું-જાળવશે | ટકાવી-રાખેલાને | દૃઢ-મનવાળાને | |
| H0982 | | | H7965 | H7965 | H5341 | H5564 | H3336 | |

તમારામાં જે દૃઢ મનવાળા છે તેઓને, તમે સંપૂર્ણ શાંતિમાં રાખો, કેમ કે તે તમારા પર ભરોસો કરે છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עוֹלָמִים׃ | צוּר | יְהוָה | בְּיָהּ | כִּי | עַד | עֲדֵי־ | בַיהוָה | בִּטְחוּ | 4 |
| સનાતન | ખડક-છે | યહોવા | યાહ | કારણ-કે | સર્વદા | સદા | યહોવામાં | ભરોસો-રાખો | |
| H5769 | H6697 | H3068 | H3050 | | H5703 | H5704 | H3068 | H0982 | |

યહોવાહ પર સદા ભરોસો રાખો; કેમ કે, યહોવાહ આપણો સનાતન ખડક છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עַד־ | יַשְׁפִּילָהּ | יַשְׁפִּילֶנָּה | נִשְׂגָּבָה | קִרְיָה | מָרוֹם | יֹשְׁבֵי | הֵשַׁח | כִּי | 5 |
| સુધી | નીચું-કરે-છે | તે-નીચું-લાવે-છે | — | ઊંચા-નગરને | ઊંચાઈના | રહેવાસીઓને | તેમણે-નીચા-કર્યા | કારણ-કે | |
| H5704 | H8213 | H8213 | H7682 | H7151 | H4791 | H3427 | H7817 | | |
| | | | | | עָפָר׃ | עַד־ | יַגִּיעֶנָּה | אֶרֶץ | |
| | | | | | ધૂળ-સુધી | સુધી | પહોંચાડે-છે | જમીન-પર | |
| | | | | | H6083 | H5704 | H5060 | H0776 | |

કેમ કે તે ગર્વથી રહેનારને નીચા નમાવશે, કિલ્લાવાળા ગર્વિષ્ઠ નગરને તે જમીનદોસ્ત કરી નાખશે; તે તેને ધૂળભેગું કરશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| דַלִּים׃ | פַּעֲמֵי | עָנִי | רַגְלֵי | רָגֶל | תִּרְמְסֶנָּה | 6 |
| દરિદ્રોનાં | પગલાં | ગરીબના | પગ | પગ | કચડશે-તેને | |
| H1800 | H6471 | H6041 | H7272 | H7272 | H7429 | |

પગથી તે ખૂંદાશે; હા દીનોના પગથી અને જરૂરતમંદોના પગથી તે ખૂંદાશે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| תְּפַלֵּס׃ | צַדִּיק | מַעְגַּל | יָשָׁר | מֵישָׁרִים | לַצַּדִּיק | אֹרַח | 7 |
| તું-સમતળ-કરે-છે | ન્યાયીનો | રસ્તો | સીધા-કરનાર | સીધો-છે | ન્યાયી-માટે | માર્ગ | |
| H6424 | H6662 | H4570 | H3477 | H4339 | H6662 | H0734 | |

ન્યાયીનો માર્ગ સીધો છે, તમે ન્યાયીનો રસ્તો સરળ કરી બતાવો છો.

8
אַף હા H0637
אֹרַח માર્ગમાં H0734
מִשְׁפָּטֶיךָ તારા-ન્યાયોના H4941
יְהוָה યહોવા H3068
קִוִּינוּךָ અમે-રાહ-જોઈ-તારી
לְשִׁמְךָ તારા-નામ-માટે H8034
וּלְזִכְרְךָ અને-તારી-સ્મૃતિ-માટે H2143
תַּאֲוַת־ ઝંખના H8378
נָפֶשׁ׃ આત્માની H5315

હે યહોવાહ, અમે તમારા ન્યાયના માર્ગોમાં, તમારી રાહ જોતા આવ્યા છીએ; તમારું નામ અને તમારું સ્મરણ એ અમારા પ્રાણની ઝંખના છે.

9
נַפְשִׁי મારો-આત્મા H5315
אִוִּיתִךָ તારી-ઝંખના-કરે-છે H0183
בַּלַּיְלָה રાત્રે H3915
אַף־ હા H0637
רוּחִי મારો-આત્મા H7307
בְקִרְבִּי મારી-અંદર H7130
אֲשַׁחֲרֶךָּ તને-વહેલો-શોધે-છે H7836
כִּי કારણ-કે
כַּאֲשֶׁר જ્યારે
מִשְׁפָּטֶיךָ તારા-ન્યાયો H4941
לָאָרֶץ પૃથ્વી-પર H0776
צֶדֶק ન્યાય H6664
לָמְדוּ શીખે-છે H3925
יֹשְׁבֵי રહેવાસીઓ H3427
תֵבֵל׃ જગતના H8398

રાત્રે હું તમારે માટે આતુર બની રહું છું; હા, મારા અતરાત્માથી આગ્રહપૂર્વક હું તમને શોધીશ. કેમ કે પૃથ્વી પર તમારો ન્યાય આવે છે, ત્યારે જગતના રહેવાસીઓ ન્યાયીપણું શીખે છે.

10
יֻחַן દયા-કરાય
רָשָׁע દુષ્ટ-પર H7563
בַּל־ પણ-નહિ H1077
לָמַד શીખે H3925
צֶדֶק ન્યાય H6664
בְּאֶרֶץ દેશમાં H0776
נְכֹחוֹת સત્યના H5229
יְעַוֵּל અન્યાય-કરે-છે H5765
וּבַל־ અને-નહિ H1077
יִרְאֶה જોશે H7200
גֵּאוּת મહિમા H1348
יְהוָה׃ યહોવાનો H3068
ס —

દુષ્ટ ઉપર કૃપા કરવામાં આવે, પણ તે ન્યાયીપણું નહિ શીખે. પવિત્ર ભૂમિમાં પણ તે અધર્મ કરે છે અને તે યહોવાહનો મહિમા જોશે નહિ.

11
יְהוָה યહોવા H3068
רָמָה ઊંચો-છે
יָדְךָ તારો-હાથ H3027
בַּל־ પણ-નહિ H1077
יֶחֱזָיוּן જોતા H2372
יֶחֱזוּ જોશે H2372
וְיֵבֹשׁוּ અને-શરમાશે H0954
קִנְאַת־ ઈર્ષ્યા H7068
עָם લોકો-માટેની
אַף־ હા H0637
אֵשׁ અગ્નિ H0784
צָרֶיךָ તારા-શત્રુઓને
תֹאכְלֵם׃ ભસ્મ-કરશે H0398
ס —

હે યહોવાહ, તમારો હાથ ઉગામેલો છે, પણ તેઓ ધ્યાન આપતા નથી. પણ તેઓ તમારા લોકોની ઉત્કંઠા જોઈને શરમાશે, કારણ કે તમારા વેરીઓ માટેનો જે અગ્નિ છે તે તેઓને ગળી જશે.

12
יְהוָה યહોવા H3068
תִּשְׁפֹּת નક્કી-કરશે H8239
שָׁלוֹם શાંતિ H7965
לָנוּ અમારા-માટે
כִּי કારણ-કે
גַּם પણ H1571
כָּל־ સર્વ H3605
מַעֲשֵׂינוּ અમારાં-કાર્યો H4639
פָּעַלְתָּ તેં-કર્યાં-છે H6466
לָּנוּ׃ અમારા-માટે

હે યહોવાહ, તમે અમને શાંતિ આપશો; કેમ કે અમારાં સર્વ કામ પણ તમે અમારે માટે કર્યાં છે.

13
יְהוָה યહોવા H3068
אֱלֹהֵינוּ અમારા-ઈશ્વર H0430
בְּעָלוּנוּ અમારા-પર-રાજ-કર્યું H1166
אֲדֹנִים પ્રભુઓએ H0113
זוּלָתֶךָ તારા-સિવાય H2108
לְבַד־ ફક્ત H0905
בְּךָ તારામાં
נַזְכִּיר અમે-સ્મરણ-કરીએ-છીએ H2142
שְׁמֶךָ׃ તારા-નામનું H8034

હે યહોવાહ અમારા ઈશ્વર, તમારા સિવાય બીજા માલિકોએ અમારા પર રાજ કર્યું છે; પરંતુ અમે ફક્ત તમારા નામની સ્તુતિ કરીએ છીએ.

14
מֵתִים મૃતકો H4191
בַּל־ નહિ H1077
יִחְיוּ જીવે H2421
רְפָאִים છાયાઓ H7496
בַּל־ નહિ H1077
יָקֻמוּ ઊઠે
לָכֵן તેથી
פָּקַדְתָּ તેં-સજા-કરી
וַתַּשְׁמִידֵם અને-નાશ-કર્યા-તેમને H8045
וַתְּאַבֵּד અને-મિટાવી-દીધું H0006
כָּל־ સર્વ H3605
זֵכֶר સ્મરણ H2143
לָמוֹ׃ તેમનું

તેઓ મરણ પામ્યા છે, તેઓ જીવશે નહિ; તેઓ મરણ પામ્યા છે, તેઓ પાછા ઊઠશે નહિ. તે જ માટે તમે તેઓનો ન્યાય કરીને તેઓનો નાશ કર્યો છે અને તેઓની સર્વ યાદગીરી નષ્ટ કરી છે.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יָסַפְתָּ | לַגּוֹי | יְהוָה | יָסַפְתָּ | לַגּוֹי | נִכְבָּדְתָּ | רִחַקְתָּ | כָּל־ | קַצְוֵי־ | אָרֶץ׃ |
| તેં-વધાર્યું | પ્રજાને | યહોવા | તેં-વધાર્યું | પ્રજાને | તેં-મહિમા-પામ્યો | તેં-વિસ્તાર્યું | સર્વ | સીમાઓ | દેશની |
| H3254 | | H3068 | H3254 | | H3513 | H7368 | H3605 | H7099 | H0776 |

તમે દેશની પ્રજા વધારી છે, હે યહોવાહ, તમે પ્રજા વધારી છે; તમારો મહિમા પ્રગટ કર્યો છે; તમે પૃથ્વીનાં છેડા સુધી સર્વ સીમાઓ વિસ્તારી છે.

16

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יְהוָה | בַּצַּר | פְּקָדוּךָ | צָקוּן | לַחַשׁ | מוּסָרְךָ | לָמוֹ׃ |
| યહોવા | સંકટમાં | તેઓ-તને-શોધ્યો | ઢાળ્યું | ધીમી-પ્રાર્થના | તારી-શિસ્ત | તેમના-પર |
| H3068 | | | H6694 | H3908 | H4148 | |

હે યહોવાહ, સંકટ સમયે તેઓ તમારી તરફ ફર્યા છે; તમારી શિક્ષા તેઓને લાગી ત્યારે તેઓએ તમારી પ્રાર્થના કરી છે.

17

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כְּמוֹ | הָרָה | תַּקְרִיב | לָלֶדֶת | תָּחִיל | תִּזְעַק | בַּחֲבָלֶיהָ | כֵּן | הָיִינוּ | מִפָּנֶיךָ | יְהוָה׃ |
| જેમ | સગર્ભા | નજીક-આવે-છે | પ્રસૂતિની | પીડાય-છે | ચીસો-પાડે-છે | તેની-પ્રસૂતિ-પીડામાં | એમ | અમે-હતા | તારી-સામે | યહોવા |
| H3644 | | H7126 | H3205 | | H2199 | | | H1961 | H6440 | H3068 |

જેમ ગર્ભવતી સ્ત્રી જ્યારે પ્રસવનો સમય પાસે આવે, ત્યારે પ્રસૂતિની વેદનામાં ચીસો પાડે છે; તે પ્રમાણે, હે પ્રભુ અમે તમારી સંમુખ હતા.

18

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הָרִינוּ | חַלְנוּ | כְּמוֹ | יָלַדְנוּ | רוּחַ | יְשׁוּעֹת | בַּל־ | נַעֲשֶׂה | אֶרֶץ | וּבַל־ | יִפְּלוּ | יֹשְׁבֵי | תֵבֵל׃ |
| અમે-ગર્ભવતી-હતા | અમે-પીડાયા | જાણે | અમે-જન્મ-આપ્યો | પવનને | ઉદ્ધાર | નહિ | કર્યો-અમે | પૃથ્વી-પર | અને-નહિ | પડ્યા | રહેવાસીઓ | જગતના |
| H2029 | | H3644 | H3205 | H7307 | H3444 | H1077 | | H0776 | H1077 | H5307 | H3427 | H8398 |

અમે ગર્ભ ધર્યો હતો, અમે પ્રસવ પીડામાં હતા, પણ અમે જાણે વાયુને જન્મ આપ્યો છે. પૃથ્વીનો ઉદ્ધાર અમારાથી થયો નથી અને દુનિયાના રહેવાસીઓ પડ્યા નથી.

19

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יִחְיוּ | מֵתֶיךָ | נְבֵלָתִי | יְקוּמוּן | הָקִיצוּ | וְרַנְּנוּ | שֹׁכְנֵי | עָפָר | כִּי | טַל | אוֹרֹת | טַלֶּךָ | וָאָרֶץ | רְפָאִים | תַּפִּיל׃ | ס |
| જીવશે | તારા-મૃતકો | મારાં-શબ | ઊઠશે | જાગો | અને-ગાઓ | ધૂળમાં-વસનારાઓ | — | કારણ-કે | ઝાકળ | પ્રકાશનું | તારું-ઝાકળ-છે | અને-પૃથ્વી | છાયાઓને | બહાર-લાવશે | — |
| H2421 | H4191 | H5038 | | H6974 | | H7931 | H6083 | | H2919 | | H2919 | H0776 | H7496 | H5307 | |

તમારાં મૃતજનો જીવશે; આપણા મૃત શરીરો ઊઠશે. હે ધૂળમાં રહેનારા, તમે જાગૃત થાઓ અને હર્ષનાદ કરો; કેમ કે તમારું ઝાકળ પ્રકાશનું ઝાકળ છે અને પૃથ્વી મૂએલાંને બહાર કાઢશે.

20

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֵךְ | עַמִּי | בֹּא | בַחֲדָרֶיךָ | וּסְגֹר | [דלתיך] | (דְּלָתְךָ) | בַּעֲדֶךָ | חֲבִי | כִמְעַט־ | רֶגַע | עַד־ | [יעבור־] | (יַעֲבָר־) | זָעַם׃ |
| જા | મારા-લોકો | પ્રવેશ-કર | તારા-ઓરડાઓમાં | અને-બંધ-કર | — | તારા-દરવાજા | તારી-પાછળ | છુપાઈ-જા | થોડી-ક્ષણ | — | જ્યાં-સુધી | — | પસાર-થાય | ક્રોધ |
| H3212 | | H0935 | H2315 | H5462 | | | H1157 | H2247 | H4592 | H7281 | H5704 | | | H2195 |

જાઓ, મારી પ્રજા, તમારી ઓરડીમાં પેસો અને અદર જઈને બારણાં બંધ કરો; જ્યાં સુધી કોપ બંધ પડે નહિ ત્યાં સુધી સંતાઈ રહો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עָלָיו | הָאָרֶץ | יֹשֵׁב־ | עֲוֹן | לִפְקֹד | מִמְּקוֹמוֹ | יֹצֵא | יְהוָה | הִנֵּה | כִּי־ | 21 |
| તેના-પર | પૃથ્વીના | રહેવાસીનો | અપરાધ | સજા-કરવા | તેમના-સ્થાનેથી | નીકળે-છે | યહોવા | જુઓ | કારણ-કે | |
| | H0776 | H3427 | H5771 | | H4725 | H3318 | H3068 | H2009 | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ס | הֲרוּגֶיהָ: | עַל־ | עוֹד | תְכַסֶּה | וְלֹא־ | דָּמֶיהָ | אֶת־ | הָאָרֶץ | וְגִלְּתָה | |
| — | તેના-વધ-કરાયેલાઓને | ઉપર | વધારે | ઢાંકશે | અને-નહિ | તેનું-લોહી | — | પૃથ્વી | અને-પ્રગટ-કરશે | |
| | H2026 | | H5750 | H3680 | H3808 | H1818 | H0853 | H0776 | H1540 | |

કેમ કે જુઓ, પૃથ્વી પરના રહેવાસીઓના અપરાધને માટે, તેમને સજા આપવાને માટે યહોવાહ પોતાના સ્થાનમાંથી બહાર આવે છે; પૃથ્વીએ પોતે શોષી લીધેલું રક્ત તે પ્રગટ કરશે અને ત્યાર પછી પોતાના માર્યા ગયેલાઓને ઢાંકી રાખશે નહિ.

## Chapter 27

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לִוְיָתָן | עַל | וְהַחֲזָקָה | וְהַגְּדוֹלָה | הַקָּשָׁה | בְּחַרְבּוֹ | יְהוָה | יִפְקֹד | הַהוּא | בַּיּוֹם | 1 |
| લિવ્યાથાન | ઉપર | અને-બળવાન | અને-મોટી | કઠોર | તેમની-તલવારથી | યહોવા | સજા-કરશે | — | તે-દિવસે | |
| H3882 | | H2389 | | H7186 | H2719 | H3068 | | H1931 | H3117 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בַּיָּם: | אֲשֶׁר | הַתַּנִּין | אֶת־ | וְהָרַג | עֲקַלָּתוֹן | נָחָשׁ | לִוְיָתָן | וְעַל | בָּרִחַ | נָחָשׁ |
| સમુદ્રમાં-છે | જે | મોટા-જળચરને | — | અને-મારશે | વાંકો-ચૂંકો | સાપ | લિવ્યાથાન | અને-ઉપર | ભાગતો-વાળો | સાપ |
| H3220 | | | H0853 | H2026 | H6129 | H5175 | H3882 | | H1281 | H5175 |

ס
—

તે દિવસે યહોવાહ પોતાની સખત, મહાન અને સમર્થ તલવારથી વેગવાન સર્પ લિવિયાથાનને, એટલે ગૂંછળિયા સર્પ લિવિયાથાનને શિક્ષા કરશે. અને જે અજગર સમુદ્રમાં રહે છે તેને તે મારી નાંખશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לָהּ: | עֱנוּ־ | חֶמֶד | כֶּרֶם | הַהוּא | בַּיּוֹם | 2 |
| તેના-વિશે | ગાઓ | મનોહર | દ્રાક્ષાવાટિકા | — | તે-દિવસે | |
| | | H2531 | H3754 | H1931 | H3117 | |

તે દિવસે, દ્રાક્ષવાડીના દ્રાક્ષારસ માટે ગીત ગાઓ.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וָיוֹם | לַיְלָה | עָלֶיהָ | יִפְקֹד | פֶּן | אַשְׁקֶנָּה | לִרְגָעִים | נֹצְרָהּ | יְהוָה | אֲנִי | 3 |
| અને-દિવસે | રાતે | તેને | કોઈ-નુકસાન-કરે | રખે | હું-તેને-સીંચીશ | ક્ષણે-ક્ષણે | તેનો-રખવાળ | યહોવા | હું | |
| H3117 | H3915 | | | H6435 | H8248 | H7281 | H5341 | H3068 | H0589 | |

אֶצֳּרֶנָּה:
હું-તેની-રક્ષા-કરીશ
H5341

“હું યહોવાહ, તેનો રક્ષક છું, પળે પળે હું તેને સિંચું છું; હું રાત તથા દિવસે તેનું રક્ષણ કરું છું રખેને કોઈ તેને ઈજા પહોંચાડે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בָהּ | אֶפְשְׂעָה | בַּמִּלְחָמָה | שַׁיִת | שָׁמִיר | יִתְּנֵנִי | מִי־ | לִי | אֵין | חֵמָה | 4 |
| તેમાં | હું-તેની-વિરુદ્ધ-આગળ-વધીશ | યુદ્ધમાં | અને-ઝાડી | કાંટા | મને-આપે | કોણ | મને | નથી | ક્રોધ | |
| | H6585 | H4421 | H7898 | H8068 | H5414 | H4310 | | H0369 | H2534 | |

| | |
|---|---|
| יָחַד: | אֲצִיתֶנָּה |
| સાથે | હું-તેને-બાળીશ |
| | H6702 |

હું હવે ગુસ્સે નથી, અરે, ત્યાં ઝાંખરાં અને કાંટા મારી સામે હોત તો કેવું સારું યુદ્ધમાં હું તેમની સામે કૂચ કરીને હું તેઓને એકસાથે બાળી નાખત.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לִי: | יַעֲשֶׂה־ | שָׁלוֹם | לִי | שָׁלוֹם | יַעֲשֶׂה | בְמָעוּזִּי | יַחֲזֵק | אוֹ | 5 |
| મારી-સાથે | કરે | શાંતિ | મારી-સાથે | શાંતિ | કરે | મારા-આશ્રયને | તે-પકડે | અથવા | |
| | | H7965 | | H7965 | | H4581 | H2388 | | |

તેઓએ મારા રક્ષણમાં આવવું અને મારી સાથે સમાધાન કરવું; હા, તેઓએ મારી સાથે સમાધાન કરવું.

6

| | | |
|---|---|---|
| הַבָּאִים | આવનારા–દિવસોમાં | H0935 |
| יַשְׁרֵשׁ | મૂળ–નાખશે | H8327 |
| יַעֲקֹב | યાકોબ | H3290 |
| יָצִיץ | ફૂલશે | |
| וּפָרַח | અને–ખીલશે | |
| יִשְׂרָאֵל | ઈસ્રાએલ | H3478 |
| וּמָלְאוּ | અને–ભરશે | H4390 |
| פְנֵי־ | સપાટી | H6440 |
| תֵבֵל | જગતને | H8398 |
| תְּנוּבָה׃ | ફળથી | H8570 |
| ס | — | |

આવનાર દિવસોમાં, યાકૂબની જડ ઊગશે, ઇઝરાયલને ફૂલ અને કળીઓ ખીલશે; અને તેઓ ફળથી પૃથ્વીની સપાટી ભરપૂર કરશે.”

7

| | | |
|---|---|---|
| הַכְמַכַּת | શું–માર–જેવો | H4347 |
| מַכֵּהוּ | મારનારે | H5221 |
| הִכָּהוּ | માર્યો–તેને | H5221 |
| אִם־ | અથવા | |
| כְּהֶרֶג | જેમ–વધ | H2027 |
| הֲרֻגָיו | વધેરાયેલાઓના | H2026 |
| הֹרָג׃ | વધેરાયો | H2026 |

યહોવાહે યાકૂબ તથા ઇઝરાયલના શત્રુઓને જેવો માર માર્યો છે શું તેવો માર એને માર્યો છે? શત્રુઓની જેવી કતલ કરી છે તે પ્રમાણે શું યાકૂબ તથા ઇઝરાયલનો સંહાર કર્યો છે?

8

| | | |
|---|---|---|
| בְּסַאסְּאָה | માપએ–માપીને | H5432 |
| בְּשַׁלְחָהּ | મોકલતી–વખતે | H7971 |
| תְּרִיבֶנָּה | તું–તેની–સાથે–વાદ–કરે–છે | H7378 |
| הָגָה | તે–હટાવી–દીધી | H1898 |
| בְּרוּחוֹ | તેમના–પવનથી | H7307 |
| הַקָּשָׁה | કટોર | H7186 |
| בְּיוֹם | દિવસે | H3117 |
| קָדִים׃ | પૂર્વના–પવનના | H6921 |

ચોક્કસ માપમાં તમે દલીલ કરી છે, જેમ યાકૂબ તથા ઇઝરાયલને તજી દઈને, તેને પૂર્વના વાયુને દિવસે તેમણે પોતાના તોફાની વાયુથી તેમને દૂર કર્યા છે.

9

| | | |
|---|---|---|
| לָכֵן | તેથી | |
| בְּזֹאת | આ–રીતે | H2063 |
| יְכֻפַּר | પ્રાયશ્ચિત–થશે | |
| עֲוֹן־ | અપરાધ | H5771 |
| יַעֲקֹב | યાકોબનો | H3290 |
| וְזֶה | અને–આ | H2088 |
| כָּל־ | સર્વ | H3605 |
| פְּרִי | ફળ | H6529 |
| הָסִר | દૂર–કરવાનું | H5493 |
| חַטָּאתוֹ | તેના–પાપનું | |
| בְּשׂוּמוֹ | જ્યારે–તે–બનાવે | |
| כָּל־ | સર્વ | H3605 |
| אַבְנֵי | પથ્થરો | H0068 |
| מִזְבֵּחַ | વેદીના | H4196 |
| כְּאַבְנֵי־ | જેમ–પથ્થરો | H0068 |
| גִר | ચૂનાના | H1615 |
| מְנֻפָּצוֹת | તોડેલા | |
| לֹא־ | નહિ | H3808 |
| יָקֻמוּ | ઊઠશે | |
| אֲשֵׁרִים | અશેરા | H0842 |
| וְחַמָּנִים׃ | અને–સૂર્ય–સ્તંભો | H2553 |

તેથી આ રીતે, યાકૂબના અપરાધનું માફ કરવામાં આવશે, કેમ કે તેનાં પાપ દૂર કરવાનાં તમામ ફળ આ છે: તે વેદીના સર્વ પથ્થરને પીસીને ચુનાના પથ્થર જેવા કરી નાખશે અને અશેરાના સ્તંભો અને કોઈ ધૂપવેદી ઊભી રહેશે નહિ.

10

| | | |
|---|---|---|
| כִּי | કારણ–કે | |
| עִיר | કિલ્લેબંધ | |
| בְּצוּרָה | ગઢવાળું | H1219 |
| בָּדָד | એકલું | H0910 |
| נָוֶה | ચરાણ | |
| מְשֻׁלָּח | છોડી–દેવાયેલું | H7971 |
| וְנֶעֱזָב | અને–ત્યજી–દેવાયેલું | |
| כַּמִּדְבָּר | રણની–જેમ | |
| שָׁם | ત્યાં | H8033 |
| יִרְעֶה | ચરશે | |
| עֵגֶל | વાછરડું | H5695 |
| וְשָׁם | અને–ત્યાં | H8033 |
| יִרְבָּץ | સૂશે | H7257 |
| וְכִלָּה | અને–ખાઈ–જશે | H3615 |
| סְעִפֶיהָ׃ | તેની–[illegible]ળો | H5585 |

કેમ કે મોરચાબંધ નગર ઉજ્જડ, રહેઠાણ અરણ્ય સમાન થયેલું અને ત્યાગ કરેલું રહેશે. ત્યાં વાછરડું ચરશે, ત્યાં તે બેસશે અને તેની ડાળીઓ ખાશે.

11

| | | |
|---|---|---|
| בִּיבֹשׁ | જ્યારે–સૂકાશે | H3001 |
| קְצִירָהּ | તેની–લણણી | |
| תִּשָּׁבַרְנָה | તૂટશે | H7665 |
| נָשִׁים | સ્ત્રીઓ | H0802 |
| בָּאוֹת | આવશે | H0935 |
| מְאִירוֹת | પ્રકાશિત–કરતી | H0215 |
| אוֹתָהּ | તેને | H0853 |
| כִּי | કારણ–કે | |
| לֹא | નથી | H3808 |
| עַם־ | પ્રજા | |
| בִּינוֹת | સમજુ | H0998 |
| הוּא | આ | H1931 |
| עַל־ | તેથી | |
| כֵּן | કારણે | |
| לֹא־ | નહિ | H3808 |
| יְרַחֲמֶנּוּ | દયા–કરશે | H7355 |
| עֹשֵׂהוּ | તેમના–સર્જક | |
| וְיֹצְרוֹ | અને–તેમના–રચનાર | H3335 |
| לֹא | નહિ | H3808 |
| יְחֻנֶּנּוּ׃ | કૃપા–કરશે | |
| ס | — | |

તેની ડાળીઓ સુકાશે ત્યારે તેઓને ભાંગી નાખવામાં આવશે. સ્ત્રીઓ આવીને તેમનું બળતણ કરશે, કેમ કે, આ લોક સમજણા નથી. તેથી તેઓના સર્જનહાર તેઓના પર દયા કરશે નહિ અને તેઓના પર કૃપા કરશે નહિ.

12

| וְהָיָה | בַּיּוֹם | הַהוּא | יַחְבֹּט | יְהוָה | מִשִּׁבֹּלֶת | הַנָּהָר | עַד־ | נַחַל | מִצְרָיִם | וְאַתֶּם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થશે-એમ | તે-દિવસે | — | ઝાડશે | યહોવા | ડૂંડીથી | નદીની | સુધી | ખીણ | મિસરની | અને-તમે |
| H1961 | H3117 | H1931 | H2251 | H3068 | | H5104 | H5704 | | H4714 | |

| תְּלֻקְּטוּ | לְאַחַד | אֶחָד | בְּנֵי | יִשְׂרָאֵל׃ | ס |
|---|---|---|---|---|---|
| વીણાશો | એક | એક | સંતાનો | ઈસ્રાએલના | — |
| H3950 | H0259 | H0259 | | H3478 | |

તે દિવસે યહોવાહ ફ્રાત નદીના પ્રવાહથી તે મિસરની નદી સુધી અનાજને ઝૂડશે અને હે ઇઝરાયલીઓ તમને એકએકને એકત્ર કરવામાં આવશે.

13

| וְהָיָה | בַּיּוֹם | הַהוּא | יִתָּקַע | בְּשׁוֹפָר | גָּדוֹל | וּבָאוּ | הָאֹבְדִים | בְּאֶרֶץ | אַשּׁוּר |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થશે-એમ | તે-દિવસે | — | વાગશે | રણશિંગું | મોટું | અને-આવશે | ખોવાયેલા | દેશમાં | આશ્શૂરના |
| H1961 | H3117 | H1931 | H8628 | H7782 | | H0935 | H0006 | H0776 | H0804 |

| וְהַנִּדָּחִים | בְּאֶרֶץ | מִצְרָיִם | וְהִשְׁתַּחֲווּ | לַיהוָה | בְּהַר | הַקֹּדֶשׁ | בִּירוּשָׁלִָם׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-હાંકી-કઢાયેલા | દેશમાં | મિસરના | અને-દંડવત-કરશે | યહોવાને | પર્વત-પર | પવિત્ર | યરુશાલેમમાં |
| H5080 | H0776 | H4714 | H7812 | H3068 | H2022 | H6944 | H3389 |

તે દિવસે મોટું રણશિંગડું વગાડવામાં આવશે; અને આશ્શૂર દેશમાં જેઓ નાશ પામનાર હતા, તેઓ તથા મિસરમાં જેઓને તજી દેવામાં આવ્યા હતા, તેઓ આવશે, તેઓ યરુશાલેમમાં પવિત્ર પર્વત પર યહોવાહની ઉપાસના કરશે.

## Chapter 28

1

| הוֹי | עֲטֶרֶת | גֵּאוּת | שִׁכֹּרֵי | אֶפְרַיִם | וְצִיץ | נֹבֵל | צְבִי | תִפְאַרְתּוֹ | אֲשֶׁר | עַל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અરે | મુગટ | ગર્વની | દારૂડિયાઓની | એફ્રાઇમના | અને-ફૂલ | કરમાતા | ગૌરવ | તેમની-શોભાનો | જે | ઉપર |
| H1945 | H5850 | H1348 | H7910 | H0669 | | | | H8597 | | |

| רֹאשׁ | גֵיא־ | שְׁמָנִים | הֲלוּמֵי | יָיִן׃ |
|---|---|---|---|---|
| માથે | ખીણ | ફળદ્રૂપ-છે | દ્રાક્ષાથી-મારેલા | દ્રાક્ષારસથી |
| | H1516 | H8081 | H1986 | H3196 |

એફ્રાઇમના ભાન ભૂલેલા વ્યસનીઓના માળાને, તેની તેજસ્વી સુંદરતાનાં લુપ્ત થતાં ફૂલોને, રસાળ ખીણના મથાળા પરના તેના મહાન શોભા આપનારાં ચીમળાનાર ફૂલોને અફસોસ છે.

2

| הִנֵּה | חָזָק | וְאַמִּץ | לַאדֹנָי | כְּזֶרֶם | בָּרָד | שַׂעַר | קָטֶב | כְּזֶרֶם | מַיִם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જુઓ | બળવાન | અને-શક્તિશાળી | પ્રભુના | કરા-તોફાન-જેવો | કરાનો | વિનાશક-વાવાઝોડું | — | જેમ-પૂર | પાણીનું |
| H2009 | H2389 | H0533 | H0136 | H2230 | H1259 | | H6986 | H2230 | H4325 |

| כַּבִּירִים | שֹׁטְפִים | הִנִּיחַ | לָאָרֶץ | בְּיָד׃ |
|---|---|---|---|---|
| મહાકાય | ધોધમાર-વહેતું | નાખ્યું | જમીન-પર | હાથથી |
| H3524 | H7857 | H3240 | H0776 | H3027 |

જુઓ, પ્રભુનો એક પરાક્રમી અને સમર્થ વીર છે; તે કરાની આંધી, નાશ કરનાર તોફાન, જબરાં ઊભરાતાં પાણીના પૂરની જેમ પૃથ્વીને પોતાના હાથના જોરથી પછાડશે.

3

| בְּרַגְלַיִם | תֵּרָמַסְנָה | עֲטֶרֶת | גֵּאוּת | שִׁכּוֹרֵי | אֶפְרָיִם׃ |
|---|---|---|---|---|---|
| પગો-નીચે | કચડાશે | મુગટ | ગર્વની | દારૂડિયાઓની | એફ્રાઇમના |
| H7272 | H7429 | H5850 | H1348 | H7910 | H0669 |

એફ્રાઇમના ભાન ભૂલેલા વ્યસનીઓના માળાને તે પગ નીચે પછાડાશે.

4

| וְהָיְתָה | צִיצַת | נֹבֵל | צְבִי | תִפְאַרְתּוֹ | אֲשֶׁר | עַל־ | רֹאשׁ | גֵּיא | שְׁמָנִים |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થશે-એમ | ફૂલ | કરમાતું | ગૌરવ | તેમની-શોભાનો | જે | ઉપર | માથે | ખીણ | ફળદ્રૂપ-થી |
| H1961 | H6733 | | | H8597 | | | | H1516 | H8081 |

| כְּבִכּוּרָה | בְּטֶרֶם | קַיִץ | אֲשֶׁר | יִרְאֶה | הָרֹאֶה | אוֹתָהּ | בְּעוֹדָהּ | בְּכַפּוֹ | יִבְלָעֶנָּה׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પહેલી-અંજીર-જેવી | પહેલાં | ઉનાળા | જે | જુએ-છે | જોનાર | તેને | હજુ-તે | તેના-હાથમાં | ગળી-જાય-છે | — |
| H1061 | H2962 | H7019 | | H7200 | H7200 | H0853 | H5750 | H3709 | H1104 | |

અને મોસમ આવે તે અગાઉનાં પાકેલાં, પ્રથમ અજીરને જોનાર જુએ છે અને તેના હાથ માં આવતાં જ ગળી જાય છે, તેના જેવી ગતિ રસાળ ખીણને મથાળે આવેલા તેના મહાન શોભા આપનાર ચીમળાનાર ફૂલોની થશે.

5

| בַּיּ֣וֹם | הַה֗וּא | יִֽהְיֶה֙ | יְהוָ֣ה | צְבָא֔וֹת | לַעֲטֶ֣רֶת | צְבִ֔י | וְלִצְפִירַ֖ת | תִּפְאָרָ֑ה | לִשְׁאָ֖ר | עַמּֽוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તે-દિવસે | — | થશે | યહોવા | સૈન્યોના | મુગટ-બનશે | ગૌરવનો | અને-શોભાનો-ફૂલ-બનશે | — | બાકી-રહેલા-માટે | તેમન-લોકોન |
| H3117 | H1931 | H1961 | H3068 | | H5850 | | H6843 | H8597 | H7605 | |

તે દિવસે સૈન્યોના યહોવાહ પોતાના લોકના શેષને માટે મહિમાનો મુગટ તથા સૌંદર્યનો તાજ થશે.

6

| וּלְר֣וּחַ | מִשְׁפָּ֑ט | לַיּוֹשֵׁב֙ | עַל־ | הַמִּשְׁפָּ֔ט | וְלִ֨גְבוּרָ֔ה | מְשִׁיבֵ֥י | מִלְחָמָ֖ה | שָֽׁעְרָה׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-આત્મા | ન્યાયનો | જે-બેસે-છે | ઉપર | ન્યાયાસન-પર | અને-શક્તિ-બનશે | પાછા-વાળનારાઓ-માટે | યુદ્ધને | દરવાજે-પર | — |
| H7307 | H4941 | H3427 | | H4941 | H1369 | H7725 | H4421 | H8179 | |

જે ન્યાય કરવા બેસે છે તેને માટે ન્યાયનો આત્મા થશે અને શત્રુઓને દરવાજામાંથી પાછા મોકલનારને માટે સામર્થ્યરૂપ થશે.

7

| וְגַם־ | אֵ֙לֶּה֙ | בַּיַּ֣יִן | שָׁג֔וּ | וּבַשֵּׁכָ֖ר | תָּע֑וּ | כֹּהֵ֤ן | וְנָבִיא֙ | שָׁג֣וּ | בַשֵּׁכָ֔ר |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-આ | પણ | દ્રાક્ષારસમાં | ભૂલા-પડ્યા-છે | અને-મદિરામાં | ભટક્યા-છે | યાજક | અને-પ્રબોધક | ભૂલા-પડ્યા-છે | મદિરામાં |
| H1571 | H0428 | H3196 | H7686 | H7941 | H8582 | H3548 | H5030 | H7686 | H7941 |

| נִבְלְע֣וּ | מִן־ | הַיַּ֗יִן | תָּעוּ֙ | מִן־ | הַשֵּׁכָ֔ר | שָׁגוּ֙ | בָּֽרֹאֶ֔ה | פָּק֖וּ | פְּלִילִיָּֽה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગળી-ગયા-છે | દ્રાક્ષારસમાં | — | ભટક્યા-છે | મદિરામાં | — | ભૂલા-પડ્યા-છે | દર્શનમાં | લથડ્યા-છે | ન્યાયમાં |
| H1104 | | H3196 | H8582 | | H7941 | H7686 | | H6328 | H6417 |

પરંતુ તેઓએ પણ દ્રાક્ષારસને લીધે ઠોકર ખાધી છે અને દારૂને લીધે તેઓ ભૂલા પડ્યા છે. યાજકે તથા પ્રબોધકે દારૂને લીધે અથડાયા કર્યા છે, તેઓ દ્રાક્ષારસમાં મગ્ન થયા છે. તેઓ દારૂના સેવનને લીધે ભૂલા પડ્યા છે, દર્શન વિષે તેઓ ભૂલથાપ ખાય છે અને ઇનસાફ આપવામાં ઠોકર ખાય છે.

8

| כִּ֚י | כָּל־ | שֻׁלְחָנ֔וֹת | מָלְא֖וּ | קִ֣יא | צֹאָ֑ה | בְּלִ֖י | מָקֽוֹם׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | સર્વ | મેજો | ભરાયા-છે | ઊલટીથી | મળથી | કોઈ | જગ્યા-નથી | — |
| | H3605 | H7979 | H4390 | | H6675 | H1097 | H4725 | |

ખરેખર, ઊલટીથી સર્વ મેજો ભરપૂર છે, તેથી કોઈ પણ જગા સ્વચ્છ રહી નથી.

9

| אֶת־ | מִי֙ | יוֹרֶ֣ה | דֵעָ֔ה | וְאֶת־ | מִ֖י | יָבִ֣ין | שְׁמוּעָ֑ה | גְּמוּלֵי֙ | מֵֽחָלָ֔ב | עַתִּיקֵ֖י | מִשָּׁדָֽיִם׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| — | કોને | શીખવશે | જ્ઞાન | અને | કોને | સમજાવશે | સંદેશ | ધાવણ-છોડેલાં-બાળકોને | દૂધથી | સ્તનથી-દૂર-કરેલા-બાળકોને | — |
| H0853 | H4310 | | H1844 | H0853 | H4310 | H0995 | H8052 | H1580 | H2461 | H6267 | |

તે કોને ડહાપણ શીખવશે અને કોને સંદેશો સમજાવશે? શું તે ધાવણ મુકાવેલાઓને તથા સ્તનપાન છોડાવેલાઓને સમજાવશે?

10

| כִּ֣י | צַ֤ו | לָצָו֙ | צַ֣ו | לָצָ֔ו | קַ֥ו | לָקָ֖ו | קַ֣ו | לָקָ֑ו | זְעֵ֥יר | שָׁ֖ם | זְעֵ֥יר | שָֽׁם׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | આજ્ઞા | પર-આજ્ઞા | આજ્ઞા | પર-આજ્ઞા | નિયમ | પર-નિયમ | નિયમ | પર-નિયમ | થોડું | અહીં | થોડું | અહીં |
| | H6673 | H6673 | H6673 | H6673 | | | | | H2191 | H8033 | H2191 | H8033 |

કેમ કે આજ્ઞા પર આજ્ઞા, આજ્ઞા પર આજ્ઞા; નિયમ પર નિયમ, નિયમ પર નિયમ; થોડું આમ, થોડું તેમ એ પ્રમાણે તેઓ બોલે છે.

11

| | | |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| בְּלַעֲגֵי | તોતડાતા-હોઠોથી | H3934 |
| שָׂפָה | અને | H8193 |
| וּבְלָשׁוֹן | અને-પરદેશી-ભાષામાં | H3956 |
| אַחֶרֶת | — | H0312 |
| יְדַבֵּר | બોલશે | H1696 |
| אֶל־ | વિરુદ્ધ | H0413 |
| הָעָם | આ-લોકોને | |
| הַזֶּה׃ | — | H2088 |

કેમ કે ઉપહાસ કરનાર હોઠોથી અને અન્ય ભાષામાં તે આ લોકો સાથે વાત કરશે.

12

| | | |
|---|---|---|
| אֲשֶׁר | જેમને | |
| אָמַר | કહ્યુ-હતું | H0559 |
| אֲלֵיהֶם | તેમને | H0413 |
| זֹאת | આ-છે | H2063 |
| הַמְּנוּחָה | વિશ્રાંતિ | H4496 |
| הָנִיחוּ | આપો | H5117 |
| לֶעָיֵף | થાકેલાઓને | H5889 |
| וְזֹאת | અને-આ-છે | H2063 |
| הַמַּרְגֵּעָה | શાંતિની-જગ્યા | H4774 |
| וְלֹא | પણ-તેઓ | H3808 |
| אָבוּא | ઇચ્છ્યા-નહિ | H0014 |
| שְׁמוֹעַ׃ | સાંભળવા | H8085 |

પાછલા દિવસોમાં તેમણે તેઓને કહ્યુ હતું, "આ વિશ્રામ છે, થાકેલાઓને વિશ્રામ આપો; અને આ તાજગી છે," પણ તેઓએ સંભાળવા ચાહ્યુ નહિ.

13

| | | |
|---|---|---|
| וְהָיָה | અને-થશે-એમ | H1961 |
| לָהֶם | તેમને | H1992 |
| דְּבַר־ | વચન | H1697 |
| יְהוָה | યહોવાનું | H3068 |
| צַו | આજ્ઞા | H6673 |
| לָצָו | પર-આજ્ઞા | H6673 |
| צַו | આજ્ઞા | H6673 |
| לָצָו | પર-આજ્ઞા | H6673 |
| קַו | નિયમ | |
| לָקָו | પર-નિયમ | |
| קַו | નિયમ | |
| לָקָו | પર-નિયમ | |
| זְעֵיר | થોડું | H2191 |
| שָׁם | અહીં | H8033 |
| זְעֵיר | થોડું | H2191 |
| שָׁם | અહીં | H8033 |
| לְמַעַן | જેથી | H4616 |
| יֵלְכוּ | જાય | H3212 |
| וְכָשְׁלוּ | અને-પાછળ-પડે | H3782 |
| אָחוֹר | — | H0268 |
| וְנִשְׁבָּרוּ | અને-તૂટે | H7665 |
| וְנוֹקְשׁוּ | અને-ફસાય | H3369 |
| וְנִלְכָּדוּ׃ | અને-પકડાય | H3920 |
| פ | — | |

તેથી યહોવાહના શબ્દો તેઓને માટે આજ્ઞા પર આજ્ઞા, આજ્ઞા પર આજ્ઞા; નિયમ પર નિયમ, નિયમ પર નિયમ; થોડું આમ, થોડું તેમ એવા થશે; તેથી તેઓ રસ્તે ચાલતાં ઠોકર ખાઈને પાછા પડે, તૂટી જાય, ફસાઈ અને પકડાય.

14

| | | |
|---|---|---|
| לָכֵן | તેથી | |
| שִׁמְעוּ | સાંભળો | H8085 |
| דְבַר־ | વચન | H1697 |
| יְהוָה | યહોવાનું | H3068 |
| אַנְשֵׁי | માણસો | H0376 |
| לָצוֹן | મશ્કરીના | H3944 |
| מֹשְׁלֵי | શાસકો | H4910 |
| הָעָם | આ-લોકોના | |
| הַזֶּה | — | H2088 |
| אֲשֶׁר | જેઓ | |
| בִּירוּשָׁלִָם׃ | યરુશાલેમમાં-છે | H3389 |

એ માટે યરુશાલેમમાંના લોકો પર અધિકાર ચલાવનાર, તિરસ્કાર કરનાર તમે યહોવાહનાં વચન સાંભળો:

15

| | | |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| אֲמַרְתֶּם | તમે-કહ્યુ | H0559 |
| כָּרַתְנוּ | અમે-કરાર-કર્યો-છે | H3772 |
| בְרִית | કરાર | H1285 |
| אֶת־ | — | H0854 |
| מָוֶת | મૃત્યુ-સાથે | H4194 |
| וְעִם־ | અને | |
| שְׁאוֹל | શેઓલ-સાથે | H7585 |
| עָשִׂינוּ | અમે-કર્યુ-છે | |
| חֹזֶה | કરાર | H2374 |
| [שׁיט] | — | H7885 |
| (שׁוֹט) | કોરડો | H7752 |
| שׁוֹטֵף | વહેતો | H7857 |
| כִּי־ | જ્યારે | |
| [עבר] | — | |
| (יַעֲבֹר) | પસાર-થશે | |
| לֹא | નહિ | H3808 |
| יְבוֹאֵנוּ | અમારા-સુધી-પહોંચશે | H0935 |
| כִּי | કારણ-કે | |
| שַׂמְנוּ | અમે-બનાવ્યું-છે | |
| כָזָב | જૂઠાણું | H3577 |
| מַחְסֵנוּ | અમારો-આશ્રય | H4268 |
| וּבַשֶּׁקֶר | અને-જૂઠમાં | H8267 |
| נִסְתָּרְנוּ׃ | અમે-છુપાયાં-છીએ | H5641 |
| ס | — | |

કેમ કે તમે કહ્યુ છે, "અમે મૃત્યુ સાથે કરાર કર્યો છે; અમે શેઓલની સાથે સમજૂતી કરી છે. જ્યારે ન્યાય ઊભરાઈને દેશમાં થઈને પાર જશે, ત્યારે તે અમારા સુધી પહોંચશે નહિ, કેમ કે અમે જૂઠાણાને અમારો આશ્રય બનાવ્યો છે અને અસત્યતામાં અમે છુપાઈ ગયા છીએ."

16

| | | |
|---|---|---|
| לָכֵן | તેથી | |
| כֹּה | આમ | H3541 |
| אָמַר | કહે-છે | H0559 |
| אֲדֹנָי | પ્રભુ | H0136 |
| יְהוִה | યહોવા | H3069 |
| הִנְנִי | જુઓ | H2009 |
| יִסַּד | હું-મૂકી-રહ્યો-છું | H3245 |
| בְּצִיּוֹן | સિયોનમાં | H6726 |
| אָבֶן | પથ્થર | H0068 |
| אֶבֶן | પથ્થર | H0068 |
| בֹּחַן | પરખાયેલો | H0976 |
| פִּנַּת | ખૂણાનો | H6438 |
| יִקְרַת | મૂલ્યવાન | H3368 |
| מוּסָד | પાયો | H4143 |
| מוּסָּד | દૃઢ-પાયો | H3245 |
| הַמַּאֲמִין | જે-ભરોસો-કરે-છે | H0539 |
| לֹא | નહિ | H3808 |
| יָחִישׁ׃ | ઉતાવળ-કરે | |

તેથી પ્રભુ યહોવાહ કહે છે કે, “જુઓ: સિયોનમાં હું પાયાનો પથ્થર મૂકુ છું, તે કસી જોયેલો પથ્થર, મૂલ્યવાન ખૂણાનો પથ્થર, મૂળ પાયો છે. જે વિશ્વાસ રાખે છે તે લજ્જિત થશે નહિ.

17 וְשַׂמְתִּי અને-મૂકીશ | מִשְׁפָּט ન્યાય H4941 | לְקָו દોરી-વડે | וּצְדָקָה અને-ધાર્મિકતા H6666 | לְמִשְׁקָלֶת તોલ-વડે H4949 | וְיָעָה અને-વહેતું-લશે H3261 | בָרָד કરા H1259 | מַחְסֵה આશ્રય H4268 | כָזָב જૂઠાણાનો H3577
וְסֵתֶר અને-છુપાવની-જગ્યા | מַיִם પાણી H4325 | יִשְׁטֹפוּ׃ ધોઈ-જશે H7857

હું ઇનસાફને દોરી અને ન્યાયીપણાને ઓળંબો કરીશ. જૂઠાણાનો આશ્રય કરાનાં તોફાનથી તણાઈ જશે અને સંતાવાની જગા પર પાણીનું પૂર ફરી વળશે.

18 וְכֻפַּר અને-રદ-થશે | בְּרִיתְכֶם તમારો-કરાર H1285 | אֶת־ — H0854 | מָוֶת મૃત્યુ-સાથેનો H4194 | וְחָזוּתְכֶם અને-તમારો-કરાર H2380 | אֶת־ — H0854 | שְׁאוֹל શેઓલ-સાથેનો H7585 | לֹא નહિ H3808 | תָקוּם ટકશે | שׁוֹט કોરડો H7752
שׁוֹטֵף વહેતો H7857 | כִּי જ્યારે | יַעֲבֹר પસાર-થશે | וִהְיִיתֶם અને-તમે-થશો H1961 | לוֹ તેને | לְמִרְמָס׃ કચડાવા-માટે H4823

મૃત્યુ સાથેનો તમારો કરાર રદ કરવામાં આવશે અને શેઓલ સાથેની તમારી સમજૂતી ટકશે નહિ. વળી સંકટની રેલ જ્યારે ચઢી આવશે ત્યારે તમે તેમાં તણાઈ જશો.

19 מִדֵּי જ્યારે-પણ H1767 | עָבְרוֹ તે-પસાર-થશે | יִקַּח તે-પકડશે H3947 | אֶתְכֶם તમને H0853 | כִּי־ કારણ-કે | בַבֹּקֶר સવારે H1242 | בַבֹּקֶר સવારે H1242 | יַעֲבֹר પસાર-થશે | בַּיּוֹם દિવસે H3117 | וּבַלָּיְלָה અને-રાત્રે H3915
וְהָיָה અને-થશે-એમ H1961 | רַק־ શુદ્ધ H7535 | זְוָעָה ધ્રૂજારી H2113 | הָבִין સમજવામાં H0995 | שְׁמוּעָה׃ સંદેશ H8052

તે જેટલી વાર પાર જાય તેટલી વાર તે તમને ડુબાડશે અને સવાર દર સવાર તથા રાતદિવસ તે પસાર થશે. જ્યારે સંદેશો સમજાઈ જશે ત્યારે તે ત્રાસનું કારણ બનશે.

20 כִּי־ કારણ-કે | קָצַר ટૂંકી-છે | הַמַּצָּע પાથરણું H4702 | מֵהִשְׂתָּרֵעַ લાંબા-કરવા-માટે H8311 | וְהַמַּסֵּכָה અને-ઓઢણી | צָרָה સાંકડી-છે | כְּהִתְכַּנֵּס׃ વીંટાળવા-માટે H3664

કેમ કે પથારી એટલી ટૂંકી છે કે તેના પર પગ લાંબો થઈ શકશે નહિ અને ચાદર એટલી સાંકડી છે કે તેનાથી શરીર ઢાંકી શકાશે નહિ.”

21 כִּי કારણ-કે | כְהַר־ જેમ-પર્વત H2022 | פְּרָצִים પરાસીમનો H6559 | יָקוּם ઊઠશે | יְהוָה યહોવા H3068 | כְּעֵמֶק જેમ-ખીણમાં H6010 | בְּגִבְעוֹן ગિબ્યોનના H1391 | יִרְגָּז ગુસ્સે-થશે H7264 | לַעֲשׂוֹת કરવા-માટે | מַעֲשֵׂהוּ તેમનું-કાર્ય H4639 | זָר અજીબ
מַעֲשֵׂהוּ તેમનું-કાર્ય H4639 | וְלַעֲבֹד અને-કરવા-માટે H5647 | עֲבֹדָתוֹ તેમની-સેવા H5656 | נָכְרִיָּה પરદેશી H5237 | עֲבֹדָתוֹ׃ તેમની-સેવા H5656

કેમ કે જેમ પરાસીમ પર્વત પર થયું; તેમ ગિબ્યોનની ખીણમાં યહોવાહ ઊઠશે અને તે પોતાનાં કામ, અસાધારણ તથા અદ્દભુત કૃત્ય કરશે.

22 וְעַתָּה અને-હવે H6258 | אַל־ નહિ H0408 | תִּתְלוֹצָצוּ મશ્કરી-કરો H3887 | פֶּן־ રખે H6435 | יֶחְזְקוּ મજબૂત-થાય H2388 | מוֹסְרֵיכֶם તમારાં-બંધનો H4147 | כִּי־ કારણ-કે | כָלָה વિનાશ H3617 | וְנֶחֱרָצָה અને-નક્કી H2782 | שָׁמַעְתִּי સાંભળ્યું-મેં H8085 | מֵאֵת તરફથી H0854
אֲדֹנָי પ્રભુ H0136 | יְהוִה યહોવા H3069 | צְבָאוֹת સૈન્યોના | עַל־ ઉપર | כָּל־ સમગ્ર H3605 | הָאָרֶץ׃ પૃથ્વી-પર H0776

તો હવે તમે ઉપહાસ ના કરશો, રખેને તમારાં બંધન મજબૂત કરવામાં આવે. કેમ કે આખી પૃથ્વી પર આવનાર વિનાશની ખબર મેં પ્રભુ, સૈન્યોના યહોવાહ પાસેથી સાંભળી છે.

23

| | | | | | |
|---|---|---|---|---|---|
| הַאֲזִינוּ | וְשִׁמְעוּ | קוֹלִי | הַקְשִׁיבוּ | וְשִׁמְעוּ | אִמְרָתִי׃ |
| કાન-ધરો | અને-સાંભળો | મારો-અવાજ | ધ્યાન-આપો | અને-સાંભળો | મારી-વાત |
| H0238 | H8085 | | H7181 | H8085 | |

કાન ધરીને મારી વાણી સાંભળો; ધ્યાનથી મારું વચન સાંભળો.

24

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הֲכֹל | הַיּוֹם | יַחֲרֹשׁ | הַחֹרֵשׁ | לִזְרֹעַ | יְפַתַּח | וִישַׂדֵּד | אַדְמָתוֹ׃ |
| શું-આખો | દિવસ | ખેડે-છે | ખેડૂત | વાવવા-માટે | ખોલે-છે | અને-સમતળ-કરે-છે | તેની-જમીનને |
| H3605 | H3117 | | | H2232 | | H7702 | H0127 |

શું ખેડૂત વાવણી માટે ખેતર ખેડ્યા જ કરે છે? તે શું પોતાનું ખેતર ખોદીને ઢેફાં ભાંગ્યા જ કરે છે?

25

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הֲלוֹא | אִם־ | שִׁוָּה | פָנֶיהָ | וְהֵפִיץ | קֶצַח | וְכַמֹּן | יִזְרֹק | וְשָׂם | חִטָּה | שׂוֹרָה |
| શું-નહિ | જ્યારે | સમતળ-કરે-છે | તેની-સપાટીને | વેરે-છે | કળોંજી | અને-જીરું | નાખે-છે | અને-મૂકે-છે | ઘઉં | હારમાં |
| H3808 | | | H6440 | | H7100 | H3646 | H2236 | | H2406 | H7795 |

| | | | |
|---|---|---|---|
| וּשְׂעֹרָה | נִסְמָן | וְכֻסֶּמֶת | גְּבֻלָתוֹ׃ |
| અને-જવ | નક્કી-કરેલ | અને-જુવાર | તેની-સીમામાં |
| H8184 | H5567 | H3698 | H1367 |

જ્યારે તે ખેતર તૈયાર કરી દે છે, ત્યારે શું તે તેમાં સૂવા કે જીરું વાવતો નથી, અને ચાસમાં ઘઉં, ઠરાવેલ જગાએ જવ અને મોસમમાં બાજરી તે વાવતો નથી શું?

26

| | | | |
|---|---|---|---|
| וְיִסְּרוֹ | לַמִּשְׁפָּט | אֱלֹהָיו | יוֹרֶנּוּ׃ |
| અને-શિસ્ત-આપે-છે | ન્યાય-માટે | તેમના-ઈશ્વર | શીખવે-છે-તેને |
| H3256 | H4941 | H0430 | |

કેમ કે તેનો ઈશ્વર તેને યોગ્ય રીત શીખવીને તેને ડહાપણ આપે છે.

27

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | לֹא | בֶחָרוּץ | יוּדַשׁ | קֶצַח | וְאוֹפַן | עֲגָלָה | עַל־ | כַּמֹּן | יוּסָּב |
| કારણ-કે | નહિ | તીક્ષ્ણ-સાધનથી | છૂંદાય-છે | કળોંજી | અને-ગાડાનું-પહીયું | — | ઉપર | જીરાને | ફેરવાય-છે |
| | H3808 | | H1758 | H7100 | H0212 | H5699 | | H3646 | H5437 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| כִּי | בַמַּטֶּה | יֵחָבֶט | קֶצַח | וְכַמֹּן | בַּשָּׁבֶט׃ |
| કારણ-કે | દંડાથી | છૂંદાય-છે | કળોંજી | અને-જીરું | લાકડીથી |
| | H4294 | H2251 | H7100 | H3646 | H7626 |

વળી, સૂવા અણીદાર સાધનથી મસળાતા નથી કે જીરા પર ગાડાનું પૈડું ફેરવાતું નથી; પણ સૂવા લાકડીથી અને જીરું સોટીથી સાફ કરાય છે.

28

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לֶחֶם | יוּדָק | כִּי | לֹא | לָנֶצַח | אָדוֹשׁ | יְדוּשֶׁנּוּ | וְהָמַם | גַּלְגַּל | עֶגְלָתוֹ |
| અનાજ | છૂંદાય-છે | કારણ-કે | નહિ | સદા-માટે | ચગદતાં | તે-ચગદે-છે | અને-ફેરવે-છે | પહીયું | તેની-ગાડાનું |
| H3899 | H1854 | | H3808 | H5331 | H0156 | H1758 | H2000 | H1536 | H5699 |

| | | |
|---|---|---|
| וּפָרָשָׁיו | לֹא־ | יְדֻקֶּנּוּ׃ |
| અને-તેના-ઘોડેસવારો | નહિ | છૂંદે-છે-તેને |
| | H3808 | H1854 |

રોટલીનું ધાન્ય પિલાય છે શું? અને પોતાના ગાડાનું પૈડું તથા પોતાના ઘોડાઓને તેના પર સતત ફેરવ્યા કરીને તે તેનો ભૂકો કરશે નહિ.

29

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| גַּם־ | זֹאת | מֵעִם | יְהוָה | צְבָאוֹת | יָצָאָה | הִפְלִיא | עֵצָה | הִגְדִּיל | תּוּשִׁיָּה׃ | ס |
| અને-આ-પણ | — | તરફથી | યહોવા | સૈન્યોના | આવે-છે | અદ્ભુત-કર્યું-છે | યોજના | મહાન-કર્યું-છે | બુદ્ધિ | — |
| H1571 | H2063 | | H3068 | | H3318 | H6381 | H6098 | H1431 | H8454 | |

આ જ્ઞાન પણ સૈન્યોના યહોવાહ પાસેથી મળે છે, જે સલાહ આપવામાં અદ્દ્ભુત છે અને બુદ્ધિમાં ઉત્તમ છે.

## Chapter 29

1

| | | |
|---|---|---|
| הוֹי | અરે | H1945 |
| אֲרִיאֵל | અરીએલ | H0740 |
| אֲרִיאֵל | અરીએલ | H0740 |
| קִרְיַת | નગર | H7151 |
| חָנָה | જ્યાં-પડાવ-નાખ્યો | H2583 |
| דָוִד | દાવીદે | H1732 |
| סְפוּ | ઉમેરો | H5595 |
| שָׁנָה | વર્ષ | H8141 |
| עַל־ | ઉપર | |
| שָׁנָה | વર્ષ | H8141 |
| חַגִּים | પર્વો | H2282 |
| יִנְקֹפוּ׃ | પૂરા-કરો | |

અરે અરીએલ, અરીએલ, દાઉદની છાવણીના નગર, તને અફસોસ એક પછી એક વર્ષ વીતી જવા દો; વારાફરતી પર્વો આવ્યા કરો.

2

| | | |
|---|---|---|
| וַהֲצִיקוֹתִי | અને-હું-સંકટમાં-મૂકીશ | H6693 |
| לַאֲרִיאֵל | અરીએલને | H0740 |
| וְהָיְתָה | અને-થશે | H1961 |
| תַאֲנִיָּה | શોક | H8386 |
| וַאֲנִיָּה | અને-વિલાપ | H0592 |
| וְהָיְתָה | અને-થશે-તે | H1961 |
| לִּי | મારા-માટે | |
| כַּאֲרִיאֵל׃ | અરીએલ-જેવું | H0740 |

પછી હું અરીએલને સંકટમાં નાખીશ, ત્યાં શોક અને વિલાપ થઈ રહેશે; અને તે મારી આગળ વેદી જેવું જ થશે.

3

| | | |
|---|---|---|
| וְחָנִיתִי | અને-હું-છાવણી-નાખીશ | H2583 |
| כַדּוּר | ગોળાકારે | |
| עָלָיִךְ | તારી-વિરુદ્ધ | |
| וְצַרְתִּי | અને-ઘેરો-ઘાલીશ | |
| עָלַיִךְ | તારી-વિરુદ્ધ | |
| מֻצָּב | છાવણીથી | H4674 |
| וַהֲקִימֹתִי | અને-ઊભી-કરીશ | |
| עָלַיִךְ | તારી-વિરુદ્ધ | |
| מְצֻרֹת׃ | કિલ્લાઓ | H4694 |

હું તારી આસપાસ ફરતી છાવણી રાખીશ અને કિલ્લા બાંધી તને ઘેરો નાખીશ અને તારી સામે મોરચા ઊભા કરીશ.

4

| | | |
|---|---|---|
| וְשָׁפַלְתְּ | અને-નીચી-પડશે-તું | H8213 |
| מֵאֶרֶץ | જમીનમાંથી | H0776 |
| תְּדַבֵּרִי | બોલશે-તું | H1696 |
| וּמֵעָפָר | અને-ધૂળમાંથી | H6083 |
| תִּשַּׁח | નીચી-થશે | H7817 |
| אִמְרָתֵךְ | તારી-વાણી | |
| וְהָיָה | અને-થશે-એમ | H1961 |
| כְּאוֹב | ભૂત-જેવો | H0178 |
| מֵאֶרֶץ | જમીનમાંથી | H0776 |
| קוֹלֵךְ | તારો-અવાજ | |
| וּמֵעָפָר | અને-ધૂળમાંથી | H6083 |
| אִמְרָתֵךְ | તારી-વાણી | |
| תְּצַפְצֵף׃ | કુસકુસશે | H6850 |

તને નીચે પાડવામાં આવશે અને તું ભૂમિમાંથી બોલશે; ધૂળમાંથી તારી ધીમી વાણી સંભળાશે. તારો અવાજ ભૂમિમાંથી સાધેલા અશુદ્ધ આત્માનાં જેવો આવશે અને તારો બોલ ધીમે સ્વરે ધૂળમાંથી આવશે.

5

| | | |
|---|---|---|
| וְהָיָה | અને-થશે-એમ | H1961 |
| כְּאָבָק | બારીક-ધૂળ-જેવી | H0080 |
| דַּק | સૂક્ષ્મ | H1851 |
| הֲמוֹן | ટોળું | |
| זָרָיִךְ | તારા-શત્રુઓનું | |
| וּכְמֹץ | અને-ભૂસું-જેવું | H4671 |
| עֹבֵר | ઉડતું | |
| הֲמוֹן | ટોળું | |
| עָרִיצִים | ભયંકરોનું | H6184 |
| וְהָיָה | અને-થશે-એમ | H1961 |
| לְפֶתַע | અચાનક | H6621 |
| פִּתְאֹם׃ | અચાનકમાં | H6597 |

વળી તારા પર ચઢાઈ કરનારાઓ ઝીણી ધૂળના જેવા અને દુષ્ટોનું સમુદાય પવનમાં ઊડી જતાં ફોતરાંના જેવો થશે. હા, તે અચાનક અને પળવારમાં થશે.

6

| | | |
|---|---|---|
| מֵעִם | તરફથી | |
| יְהוָה | યહોવા | H3068 |
| צְבָאוֹת | સૈન્યોના | |
| תִּפָּקֵד | ભેટ-કરાશે-તેને | |
| בְּרַעַם | ગર્જના-સાથે | H7482 |
| וּבְרַעַשׁ | અને-ધરતીકંપ-સાથે | H7494 |
| וְקוֹל | અને-અવાજ | |
| גָּדוֹל | મોટો | |
| סוּפָה | વાવાઝોડું | |
| וּסְעָרָה | અને-તોફાન | |
| וְלַהַב | અને-જ્વાળા | H3851 |
| אֵשׁ | અગ્નિના | H0784 |
| אוֹכֵלָה׃ | ભસ્મ-કરનારા | H0398 |

સૈન્યોના યહોવાહ મેઘગર્જના, ધરતીકંપ, મોટા અવાજ, વંટોળિયા, આંધી અને ગળી જનાર અગ્નિની જ્વાળાઓ મારફતે તને સજા કરશે.

7

| | | |
|---|---|---|
| וְהָיָה | અને-થશે-એમ | H1961 |
| כַּחֲלוֹם | સ્વપ્ન-જેવું | H2472 |
| חֲזוֹן | દર્શન | H2377 |
| לַיְלָה | રાતનું | H3915 |
| הֲמוֹן | ટોળું | |
| כָּל־ | સર્વ | H3605 |
| הַגּוֹיִם | પ્રજાઓનું | |
| הַצֹּבְאִים | લડનારું | H6633 |
| עַל־ | વિરુદ્ધ | |
| אֲרִיאֵל | અરીએલની | H0740 |
| וְכָל־ | અને-સર્વ | H3605 |
| צֹבֶיהָ | તેના-લડવૈયા | H6633 |
| וּמְצֹדָתָהּ | અને-કિલ્લો | |
| וְהַמְּצִיקִים | અને-સંકટ-આપનારા | H6693 |
| לָהּ׃ | તેને | |

જે સર્વ પ્રજાઓ અરીએલની સામે લડે છે; એટલે જે સર્વ તેની તથા તેના કિલ્લાની સામે લડીને તેને સંકટમાં નાખે છે, તેઓનો સમુદાય સ્વપ્ન જેવો અને રાત્રીના આભાસ જેવો થઈ જશે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 8 | וְהָיָה | כַּאֲשֶׁר | יַחֲלֹם | הָרָעֵב | וְהִנֵּה | אוֹכֵל | וְהֵקִיץ | וְרֵיקָה | נַפְשׁוֹ |
| | અને-થશે-એમ | જેમ | સ્વપ્ન-જુએ-છે | ભૂખ્યો | અને-જુઓ | ખાઈ-રહ્યો-છે | પણ-જાગે-છે | અને-ખાલી-છે | તેનો-આત્મા |
| | H1961 | | | H7457 | H2009 | H0398 | H6974 | H7386 | H5315 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְכַאֲשֶׁר | יַחֲלֹם | הַצָּמֵא | וְהִנֵּה | שֹׁתֶה | וְהֵקִיץ | וְהִנֵּה | עָיֵף | וְנַפְשׁוֹ |
| અને-જેમ | સ્વપ્ન-જુએ-છે | તરસ્યો | અને-જુઓ | પી-રહ્યો-છે | પણ-જાગે-છે | અને-જુઓ | થાકેલો | અને-તેનો-આત્મા |
| | | H6771 | H2009 | H8354 | H6974 | H2009 | H5889 | H5315 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שׁוֹקֵקָה | כֵּן | יִהְיֶה | הֲמוֹן | כָּל־ | הַגּוֹיִם | הַצֹּבְאִים | עַל־ | הַר | צִיּוֹן׃ | ס |
| તરસ્યો | એમ | થશે | ટોળું | સર્વ | પ્રજાઓનું | લડનારું | વિરુદ્ધ | પર્વત | સિયોનના | — |
| H8264 | | H1961 | | H3605 | | H6633 | | H2022 | H6726 | |

જેમ ભૂખ્યા માણસને સ્વપ્ન આવે છે કે તે ખાય છે; પણ જ્યારે તે જાગે છે ત્યારે તો તે ભૂખ્યો ને ભૂખ્યો જ હોય છે. જેમ તરસ્યાને સ્વપ્ન આવે છે, તેમાં તે પાણી પીએ છે; પણ જ્યારે તે જાગે છે ત્યારે હજી તે તરસને કારણે બેભાન જેવી અવસ્થામાં હોય છે. તે પ્રમાણે સિયોન પર્વતની સામે લડનારી સર્વ પ્રજાઓના સમુદાયને થશે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 9 | הִתְמַהְמְהוּ | וּתְמָהוּ | הִשְׁתַּעַשְׁעוּ | וָשֹׁעוּ | שָׁכְרוּ | וְלֹא־ | יַיִן |
| | અચંબા-પામો | અને-આશ્ચર્ય-પામો | તમારી-જાતને-બંધ-કરો | અને-આંધળા-બનો | તમે-મતવાળા-થયા-છો | પણ-નહિ | દ્રાક્ષારસથી |
| | H4102 | H8539 | | | H7937 | H3808 | H3196 |

| | | |
|---|---|---|
| נָעוּ | וְלֹא | שֵׁכָר׃ |
| તમે-લથડ્યા-છો | અને-નહિ | મદિરાથી |
| H5128 | H3808 | H7941 |

વિસ્મિત થઈને અચંબો પામો; પોતાને અધ કરીને દૃષ્ટિહીન થઈ જાઓ ભાન ભૂલેલા થાઓ, પણ દ્રાક્ષારસથી નહિ; લથડિયાં ખાઓ પણ દારૂથી નહિ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 10 | כִּי־ | נָסַךְ | עֲלֵיכֶם | יְהוָה | רוּחַ | תַּרְדֵּמָה | וַיְעַצֵּם | אֶת־ | עֵינֵיכֶם | אֶת־ |
| | કારણ-કે | રેડ્યો-છે | તમારા-પર | યહોવાએ | આત્મા | ગાઢ-નીંદરનો | અને-બંધ-કર્યા-છે | — | તમારી-આંખો | — |
| | | | | H3068 | H7307 | H8639 | | H0853 | | H0853 |

| | | | | |
|---|---|---|---|---|
| הַנְּבִיאִים | וְאֶת־ | רָאשֵׁיכֶם | הַחֹזִים | כִּסָּה׃ |
| પ્રબોધકોને | અને | તમારાં-મુખિયાઓને | દર્શકોને | ઢાંક્યા-છે |
| H5030 | H0853 | | H2374 | H3680 |

કેમ કે યહોવાહે ભર ઊંઘનો આત્મા તમારી પર રેડ્યો છે. તેમણે તમારી આખો એટલે પ્રબોધકોને બંધ કર્યા છે અને તમારાં શિર એટલે દ્રષ્ટાઓને ઢાંકી દીધા છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 11 | וַתְּהִי | לָכֶם | חָזוּת | הַכֹּל | כְּדִבְרֵי | הַסֵּפֶר | הֶחָתוּם | אֲשֶׁר־ | יִתְּנוּ | אֹתוֹ | אֶל־ |
| | અને-થયું-છે | તમાર-માટે | દર્શન | સર્વનું | શબ્દો-જેવા | પુસ્તકના | સીલ-કરેલાના | જેને | આપે-છે | તેને | — |
| | H1961 | | H2380 | H3605 | H1697 | | H2856 | | H5414 | H0853 | H0413 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יוֹדֵעַ | ]הספר[ | )סֵפֶר( | לֵאמֹר | קְרָא | נָא־ | זֶה | וְאָמַר | לֹא | אוּכַל | כִּי |
| જાણકારને | — | પુસ્તકના | કહેતાં | વાંચ | કૃપા-કરીને | આને | અને-તે-કહે-છે | નહિ | હું-કરી-શકું | કારણ-કે |
| H3045 | | | H0559 | H7121 | H4994 | H2088 | H0559 | H3808 | H3201 | |

| | |
|---|---|
| חָתוּם | הוּא׃ |
| સીલ-છે | તે |
| H2856 | H1931 |

આ સર્વનું દર્શન તમારી આગળ મહોરથી બંધ કરેલા પુસ્તકના જેવું છે; લોકો જે ભણેલા છે તેને તે આપીને કહે છે, "આ વાંચ." તે કહે છે, "હું તે વાંચી શકતો નથી, કારણ કે તે પર મહોર મારેલી છે."

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | וְנִתַּן | הַסֵּפֶר | עַל | אֲשֶׁר | לֹא־ | יָדַע | סֵפֶר | לֵאמֹר | קְרָא | נָא־ | זֶה |
| | અને-આપાય-છે | પુસ્તક | જેને | જે | નહિ | જાણે-છે | પુસ્તકને | કહેતાં | વાંચ | કૃપા-કરીને | આને |
| | H5414 | | | | H3808 | H3045 | | H0559 | H7121 | H4994 | H2088 |

| | | | | |
|---|---|---|---|---|
| וְאָמַר | לֹא | יָדַעְתִּי | סֵפֶר׃ | ס |
| અને-તે-કહે-છે | નહિ | હું-જાણું-છું | પુસ્તકને | — |
| H0559 | H3808 | H3045 | | |

પછી તે પુસ્તક અભણને આપવામાં આવે છે અને તેને કહે છે, “આ વાંચ,” તે કહે છે, “મને વાંચતા આવડતું નથી.”

13

| Hebrew | ગુજરાતી | Strong |
|---|---|---|
| וַיֹּ֣אמֶר | અને-કહ્યુ | H0559 |
| אֲדֹנָ֗י | પ્રભુએ | H0136 |
| יַ֚עַן | કારણ-કે | H3282 |
| כִּ֚י | કારણ-કે | |
| נִגַּשׁ֙ | નજીક-આવે-છે | H5066 |
| הָעָ֣ם | આ-પ્રજા | |
| הַזֶּ֔ה | — | H2088 |
| בְּפִ֤יו | તેમન□-મોંમાં | H6310 |
| וּבִשְׂפָתָיו֙ | અને-ઓઠોથી | H8193 |
| כִּבְּד֔וּנִי | માં-આપ્યાં-છે-મને | H3513 |
| וְלִבּ֖וֹ | પણ-તેમનું-હૃદય | |
| רִחַ֣ק | દૂર-છે | H7368 |
| מִמֶּ֑נִּי | મારાથી | |
| וַתְּהִ֤י | અને-થઈ-છે | H1961 |
| יִרְאָתָם֙ | તેમનો-ભય | H3373 |
| אֹתִ֔י | મારા-પ્રત્યેનો | H0853 |
| מִצְוַ֥ת | આજ્ઞા | H4687 |
| אֲנָשִׁ֖ים | માણસોની | H0376 |
| מְלֻמָּדָֽה׃ | શીખવેલી | H3925 |

પ્રભુ કહે છે, “આ લોકો તેમના મુખથી જ મારી પાસે આવે છે અને કેવળ હોઠોથી મને માન આપે છે, પરંતુ તેઓએ પોતાનું હૃદય મારાથી દૂર રાખ્યું છે. તેઓ મારો જે આદર કરે છે તે માત્ર માણસોએ શીખવેલી આજ્ઞા છે.

14

| Hebrew | ગુજરાતી | Strong |
|---|---|---|
| לָכֵ֗ן | તેથી | |
| הִנְנִ֥י | જુઓ | H2009 |
| יוֹסִ֛ף | હું-આગળ-પણ-કરીશ | H3254 |
| לְהַפְלִ֥יא | અદ્ભુત-કાર્ય-કરવા | H6381 |
| אֶת־ | — | H0853 |
| הָעָם־ | આ-લોકોને | |
| הַזֶּ֖ה | — | H2088 |
| הַפְלֵ֣א | અદ્ભુત-રીતે | H6381 |
| וָפֶ֑לֶא | અને-અજાયબી | H6382 |
| וְאָֽבְדָה֙ | અને-આમ-થશે | H0006 |
| חָכְמַ֣ת | બુદ્ધિ | H2451 |
| חֲכָמָ֔יו | બુદ્ધિમાનોની | H2450 |
| וּבִינַ֥ת | અને-સમજ | H0998 |
| נְבֹנָ֖יו | સમજુઓની | H0995 |
| תִּסְתַּתָּֽר׃ | છુપાઈ-જશે | H5641 |
| ס | — | |

તેથી, જુઓ, આ લોકમાં અદ્દભુત કામ, હા, મહાન તથા અજાયબ કામ ફરીથી કરવાનો છું. તેઓના જ્ઞાનીઓનું ડહાપણ નષ્ટ થશે અને તેઓના બુદ્ધિમાનોની બુદ્ધિનો લોપ થઈ જશે.

15

| Hebrew | ગુજરાતી | Strong |
|---|---|---|
| ה֛וֹי | અરે | H1945 |
| הַמַּעֲמִיקִ֥ים | જેઓ-ઊંડાં-જાય-છે | H6009 |
| מֵיהוָ֖ה | યહોવાથી | H3068 |
| לַסְתִּ֣ר | છુપાવવા | H5641 |
| עֵצָ֑ה | યોજના | H6098 |
| וְהָיָ֤ה | અને-છે | H1961 |
| בְמַחְשָׁךְ֙ | અધારામાં | H4285 |
| מַֽעֲשֵׂיהֶ֔ם | તેમનાં-કાર્યો | H4639 |
| וַיֹּ֣אמְר֔וּ | અને-તેઓ-કહે-છે | H0559 |
| מִ֥י | કોણ | H4310 |
| רֹאֵ֖נוּ | અમને-જુએ-છે | H7200 |
| וּמִ֥י | અને-કોણ | H4310 |
| יוֹדְעֵֽנוּ׃ | અમને-જાણે-છે | H3045 |

જેઓ યહોવાહથી પોતાની યોજનાઓ સંતાડવાને ઊંડો વિચાર કરે છે અને જેઓ અધકારમાં કામ કરે છે. તેઓ કહે છે, “અમને કોણ જુએ છે, અમારા વિષે કોણ જાણે છે? તેઓને અફસોસ□

16

| Hebrew | ગુજરાતી | Strong |
|---|---|---|
| הַפְכְּכֶ֔ם | ઉલટાવો-તમારો | H2017 |
| אִם־ | શું | |
| כְּחֹ֥מֶר | જેમ-માટી | |
| הַיֹּצֵ֖ר | કુંભારને | H3335 |
| יֵחָשֵׁ֑ב | ગણાશે | H2803 |
| כִּֽי־ | શું | |
| יֹאמַ֨ר | કહે | H0559 |
| מַעֲשֶׂ֤ה | રચના | H4639 |
| לְעֹשֵׂ֙הוּ֙ | તેના-રચનારને | |
| לֹ֣א | નહિ | H3808 |
| עָשָׂ֔נִי | બનાવ્યો-મેં | |
| וְיֵ֤צֶר | અને-ઘડતર | H3336 |
| אָמַר֙ | કહે | H0559 |
| לְיוֹצְר֔וֹ | તેના-રચનારને | H3335 |
| לֹ֥א | નહિ | H3808 |
| הֵבִֽין׃ | સમજ્યો | H0995 |

| מִהֲרוּ | בָּנָיִךְ | מְהָרְסַיִךְ | וּמַחֲרִבַיִךְ | מִמֵּךְ | יֵצֵאוּ׃ |
|---|---|---|---|---|---|
| જલ્દી-આવશે | તારા-પુત્રો | તારા-નાશ-કરનારા | અને-ઉજાડનારા | તારાથી | નીકળશે |
| | | H2040 | | | H3318 |

જ્યારે તારો નાશ કરનાર દૂર જાય છે, ત્યારે તારા છોકરાં ઉતાવળથી પાછાં ફરે છે.

18

| שְׂאִי־ | סָבִיב | עֵינַיִךְ | וּרְאִי | כֻּלָּם | נִקְבְּצוּ | בָאוּ־ | לָךְ | חַי־ | אָנִי | נְאֻם־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉંચી-કરો | ચારે-બાજુ | તારી-આંખો | અને-જુઓ | બધા | ભેગા-થયા-છે | આવ્યા | તારી-પાસે | જીવતો-છું | હું | વચન |
| H5375 | H5439 | | H7200 | H3605 | H6908 | H0935 | | | H0589 | H5002 |

| יְהוָה | כִּי | כֻלָּם | כַּעֲדִי | תִלְבָּשִׁי | וְתְקַשְּׁרִים | כַּכַּלָּה׃ |
|---|---|---|---|---|---|---|
| યહોવાહનું | કે | બધાને | આભૂષણ-જેમ | પહેરશે-તું | અને-બાંધશે | કન્યા-જેમ |
| H3068 | | H3605 | H5716 | H3847 | H7194 | H3618 |

તારી દૃષ્ટિ ઊંચી કરીને ચારે તરફ જો, તેઓ સર્વ એકઠા થઈને તારી પાસે આવે છે. યહોવાહ કહે છે, “મારા જીવના સમ” તું તે સર્વને આભૂષણની જેમ પહેરશે; કન્યાની જેમ તારી જાતને શણગારશે.

19

| כִּי | חָרְבֹתַיִךְ | וְשֹׁמְמֹתַיִךְ | וְאֶרֶץ | הֲרִסֻתֵךְ | כִּי | עַתָּה | תֵּצְרִי |
|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | તારા-ખંડેરો | અને-ઉજ્જડ-જગ્યાઓ | અને-દેશ | તારા-ભાંગેલાનો | કારણ-કે | હવે | ઘણી-ઝાંખી-છે-તું |
| | H2723 | H8074 | H0776 | H2035 | | H6258 | H3334 |

| מִיּוֹשֵׁב | וְרָחֲקוּ | מְבַלְּעָיִךְ׃ |
|---|---|---|
| વસનાર□ી-માટે | અને-દૂર-થયા | તારા-ગળનારાઓ |
| H3427 | H7368 | H1104 |

જો કે તારી ઉજ્જડ તથા વસ્તી વિનાની જગાઓ, તારો પાયમાલ થયેલો દેશ, હવે તારા રહેવાસીઓ માટે તું ખૂબ નાનો હશે અને તને ગળી જનારા દૂર રહેશે.

20

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עוֹד | יֹאמְרוּ | בְאָזְנַיִךְ | בְּנֵי | שִׁכֻּלָיִךְ | צַר־ | לִי | הַמָּקוֹם | גְּשָׁה־ |
| હજી | કહેશે | તાર□ી-કાનમાં | પુત્રો | તારી-સંતાન-હારીન□ી | સંકુચિત-છે | મ□ી-માટે | જગ્યા | નજીક-આવો |
| H5750 | H0559 | H0241 | | H7923 | | | H4725 | H5066 |

| | |
|---|---|
| לִי | וְאֵשֵׁבָה׃ |
| મ□ી-પાસે | અને-હું-વસીશ |
| | H3427 |

તારા વિરહના સમયમાં જન્મેલા બાળકો તારા સાંભળતાં કહેશે, ‘આ જગા અમારે માટે ખૂબ સાંકડી છે, અમારે માટે જગા કર કે અમે રહી શકીએ.’

21

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאָמַרְתְּ | בִּלְבָבֵךְ | מִי | יָלַד־ | לִי | אֶת־ | אֵלֶּה | וַאֲנִי | שְׁכוּלָה | וְגַלְמוּדָה | גֹּלָה |
| અને-કહેશે-તું | તારા-હૃદયમાં | કોણે | જન્માવ્□ | મ□ી-માટે | — | આને | અને-હું | વંચિત-હતી | અને-એકલી | દેશવટી |
| H0559 | H3824 | H4310 | H3205 | | H0853 | H0428 | H0589 | | H1565 | H1540 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְסוּרָה | וְאֵלֶּה | מִי | גִדֵּל | הֵן | אֲנִי | נִשְׁאַרְתִּי | לְבַדִּי | אֵלֶּה | אֵיפֹה | הֵם׃ |
| અને-કાઢી-મૂકેલી | અને-આને | કોણે | મોટા-કર્યા | જુઓ | હું | એકલી-રહી-હતી | એકલી | આ | ક્યાંથી | છે-તેઓ |
| H5493 | H0428 | H4310 | H1431 | H2005 | H0589 | H7604 | H0905 | H0428 | H0375 | H1992 |

פ
—

પછી તું તારા મનમાં કહેશે, ‘મારે માટે આ બાળકોને કોણે જન્મ આપ્યો છે? હું તો નિરાધાર તથા નિ:સંતાન, બંદીવાન તથા છૂટાછેડા પામેલી છું. આ બાળકોને કોણે ઉછેર્યાં છે? જુઓ, હું એકલી રહેતી હતી; આ બાળકો ક્યાંથી આવ્યાં?”

22

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כֹּה־ | אָמַר | אֲדֹנָי | יְהוִה | הִנֵּה | אֶשָּׂא | אֶל־ | גּוֹיִם | יָדִי | וְאֶל־ | עַמִּים | אָרִים |
| આમ | કહે-છે | પ્રભુ | યહોવાહ | જુઓ | ઊંચીશ | તરફ | પ્રજાઓન□ી | મારો-હાથ | અને-તરફ | પ્રજાઓન□ી | ઊંચીશ |
| H3541 | H0559 | H0136 | H3069 | H2009 | H5375 | H0413 | | H3027 | H0413 | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| נִסִּי | וְהֵבִיאוּ | בָנַיִךְ | בְּחֹצֶן | וּבְנֹתַיִךְ | עַל־ | כָּתֵף | תִּנָּשֶׂאנָה׃ |
| મારી-પતાકા | અને-લાવશે | તાર□ી-પુત્રોને | ગોદમાં | અને-તારી-પુત્રીઓને | ઉપર | ખભાઓ | ઉઠાવશે |
| H5251 | H0935 | | H2684 | H1323 | | H3802 | H5375 |

પ્રભુ યહોવાહ એવું કહે છે: “જુઓ, હું વિદેશીઓની તરફ મારો હાથ ઊંચો કરીશ; લોકોની તરફ મારી ધ્વજા ઊંચી કરીશ. તેઓ તારા દીકરાઓને તેમના હાથમાં ઊંચકીને અને તારી દીકરીઓને ખભા પર બેસાડીને લાવશે.

23

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיוּ | מְלָכִים | אֹמְנַיִךְ | וְשָׂרוֹתֵיהֶם | מֵינִיקֹתַיִךְ | אַפַּיִם | אֶרֶץ | יִשְׁתַּחֲווּ | לָךְ |
| અને-હશે | રાજાઓ | તાર□ી-પાલકો | અને-તેમની-રાણીઓ | ત□ી-ધાવમાતાઓ | મુખો | જમીન-પર | નમશે | તને |
| H1961 | H4428 | H0539 | H8282 | H3243 | H0639 | H0776 | H7812 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַעֲפַר | רַגְלַיִךְ | יְלַחֵכוּ | וְיָדַעַתְּ | כִּי־ | אֲנִי | יְהוָה | אֲשֶׁר | לֹא־ | יֵבֹשׁוּ |
| અને-ધૂળ | તાર□ી-પગોની | ચાટશે | અને-જાણશે-તું | કે | હું | યહોવાહ-છું | જેમાં | નહિ | શરમાશે |
| H6083 | H7272 | H3897 | H3045 | | H0589 | H3068 | | H3808 | H0954 |

| | |
|---|---|
| קֹוָי׃ | ס |
| માર□ી-રાહ-જોનારા | — |

રાજાઓ તારા વાલી અને તેઓની રાણીઓ તારી સંભાળ રાખનાર થશે; તેઓ તને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરશે અને તારા પગની ધૂળ ચાટશે; અને ત્યારે તું જાણશે કે, હું યહોવાહ છું; જેઓ મારી વાટ જુએ છે તેઓ કદી લજવાશે નહિ.”

24

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הֲיֻקַּח | מִגִּבּוֹר | מַלְקוֹחַ | וְאִם־ | שְׁבִי | צַדִּיק | יִמָּלֵט׃ |
| શું-લઈ-શકાય | શક્તિશાળીમાંથી | લૂંટ | અને-શું | કેદીઓ | ન્યાયીન□ી | છોડાવશે |
| H3947 | H1368 | | | | H6662 | H4422 |

શું શૂરવીર પાસેથી લૂંટ છીનવી શકાય અથવા શું જુલમીના હાથમાંથી બંદીવાનોને છોડાવી શકાય?

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יְמָּלֵט | עָרִיץ | וּמַלְקוֹחַ | יֻקָּח | גִבּוֹר | שְׁבִי | גַּם־ | יְהוָה | אָמַר | כֹּה | כִּי־ | 25 |
| છોડાવશે | જુલમીન◌ી | અને-લૂંટ | છોડાવશે | શક્તિશાળીને◌ી | કેદીઓ | હા | યહોવાહ | કહે-છે | આમ | કારણ-કે | |
| H4422 | H6184 | | H3947 | H1368 | | H1571 | H3068 | H0559 | H3541 | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| :אוֹשִׁיעַ | אָנֹכִי | בָּנַיִךְ | וְאֶת־ | אָרִיב | אָנֹכִי | יְרִיבֵךְ | וְאֶת־ |
| બચાવીશ | હું | તારે◌ી-સંતાનોને | અને | લડીશ | હું | તારે◌ી-વિરુદ્ધ-લડનારાઓએ | અને |
| H3467 | H0595 | | H0853 | H7378 | H0595 | H3401 | H0854 |

પણ યહોવાહ એવું કહે છે કે: "હા, શૂરવીર પાસેથી બંદીવાનોને લઈ લેવાશે અને લૂંટ છીનવી લેવાશે; કેમ કે હું તારા દુષ્ટોનો વિરોધ કરીશ અને તારાં બાળકોને બચાવીશ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יִשְׁכָּרוּן | דָּמָם | וְכֶעָסִיס | בְּשָׂרָם | אֶת־ | מוֹנַיִךְ | אֶת־ | וְהַאֲכַלְתִּי | 26 |
| મદમત્ત-થશે | તેમનું-લોહી | અને-મીટા-રસ-જેમ | તેમનું-પોતાનું-માંસ | — | તારે◌ી-જુલમીઓને | — | અને-ખવડાવીશ | |
| H7937 | H1818 | H6071 | H1320 | H0853 | H3238 | H0853 | H0398 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| :יַעֲקֹב | אֲבִיר | וְגֹאֲלֵךְ | מוֹשִׁיעֵךְ | יְהוָה | אֲנִי | כִּי | בָשָׂר | כָל־ | וְיָדְעוּ |
| યાકૂબનો | શક્તિશાળી | અને-તારો-છોડાવનાર-છું | તારો-ઉદ્ધારક-છું | યહોવાહ | હું | કે | શરીર | સર્વ | અને-જાણશે |
| H3290 | H0046 | | H3467 | H3068 | H0589 | | H1320 | H3605 | H3045 |

| |
|---|
| ס |
| — |

અને હું તારા પર જુલમ કરનારાઓને તેઓનું પોતાનું જ માંસ ખવડાવીશ; અને જાણે દ્રાક્ષારસ પીધો હોય, તેમ તેઓ પોતાનું જ રક્ત પીને છાકટા થશે; અને ત્યારે સર્વ માનવજાત જાણશે કે હું, યહોવાહ, તારો ઉદ્ધારનાર અને તારો બચાવ કરનાર છું, હું યાકૂબનો સમર્થ ઈશ્વર છું."

## Chapter 50

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אוֹ | שִׁלַּחְתִּיהָ | אֲשֶׁר | אִמְּכֶם | כְּרִיתוּת | סֵפֶר | זֶה | אֵי | יְהוָה | אָמַר | כֹּה | 1 |
| અથવા | મેં-કાઢી-મૂકી-તેને | જેથી | તમારી-માતાનો | પત્ર | છૂટાછેડાનો | છે | ક્યાં | યહોવાહ | કહે-છે | આમ | |
| | H7971 | | H0517 | H3748 | | H2088 | H0335 | H3068 | H0559 | H3541 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| נִמְכַּרְתֶּם | בַּעֲוֹנֹתֵיכֶם | הֵן | לוֹ | אֶתְכֶם | מָכַרְתִּי | אֲשֶׁר־ | מִנּוֹשַׁי | מִי |
| વેચાયા-તમે | તમાર◌ી-અધર્મોમાં | જુઓ | તેને | તમને | વેચ્યા | જેને | માર◌ી-લેણદારોમાંથી | કોણ |
| H4376 | H5771 | H2005 | | H0853 | H4376 | | H5383 | H4310 |

| | | |
|---|---|---|
| :אִמְּכֶם | שֻׁלְּחָה | וּבְפִשְׁעֵיכֶם |
| તમારી-માતા | કાઢી-મૂકાયી | અને-તમારે◌ી-અપરાધોમાં |
| H0517 | H7971 | H6588 |

યહોવાહ પૂછે છે કે, "છૂટાછેડાનો પત્ર ક્યાં છે જેનાથી મેં તારી માને છૂટાછેડા આપ્યા? અને મારા લેણદારોમાંના કોને ત્યાં મેં તમને વેચી દીધા હતા? જો, તમારાં પાપોને લીધે તમે વેચાયા હતા અને તમારા બળવાને કારણે તમારી માને મેં તજી દીધી હતી.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| קָצְרָה | הֲקָצוֹר | עוֹנֶה | וְאֵין | קָרָאתִי | אִישׁ | וְאֵין | בָּאתִי | מַדּוּעַ | 2 |
| ટૂંકો-છે | શું-ટૂંકો-છે | ઉત્તર-આપનારું | અને-નહિ-હતો | બોલાવ્યું | કોઈ-માણસ | અને-નહિ-હતો | હું-આવ્યો | શા-માટે | |
| | | | H0369 | H7121 | H0376 | H0369 | H0935 | H4069 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יָם | אַחֲרִיב | בְּגַעֲרָתִי | הֵן | לְהַצִּיל | כֹחַ | בִי | אֵין־ | וְאִם־ | מִפְּדוּת | יָדִי |
| સમુદ્ર | સૂકવી-નાખું | મારે◌ી-ડાંટથી | જુઓ | બચાવવા | શક્તિ | માર◌ી-માં | નથી | અને-શું-નથી | છોડાવવાથી | મારો-હાથ |
| H3220 | | H1606 | H2005 | H5337 | | | H0369 | | H6304 | H3027 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| :בַּצָּמָא | וְתָמֹת | מַיִם | מֵאֵין | דְּגָתָם | תִּבְאַשׁ | מִדְבָּר | נְהָרוֹת | אָשִׂים |
| તરસથી | અને-મરશે | પાણી | કારણ-કે-નથી | તેમની-માછલીઓ | સડશે | રણ | નદીઓને | બનાવીશ |
| H6772 | H4191 | H4325 | H0369 | H1710 | H0887 | | H5104 | |

હું શા માટે આવ્યો પણ ત્યાં કોઈ હતું નહિ? મેં શા માટે પોકાર કર્યો પણ કોઈએ જવાબ આપ્યો નહિ? શું મારો હાથ એટલો બધો ટૂંકો થઈ ગયો છે કે તમને છોડાવી શકે નહિ? શું તમને બચાવવા માટે મારામાં શક્તિ નથી? જુઓ, મારા ઠપકાથી હું સમુદ્રને સૂકવી નાખું છું; હું નદીઓને રણ કરી નાખું છું; તેમાંની માછલીઓ પાણી વિના મરી જાય છે અને ગંધાઈ ઊઠે છે.

3
אַלְבִּישׁ પહેરાવીશ H3847
שָׁמַיִם આકાશોને H8064
קַדְרוּת કાળાશ H6940
וְשַׂק અને-ટાટ H8242
אָשִׂים બનાવીશ
כְּסוּתָם׃ તેમનું-આવરણ H3682
ס —

હું આકાશને અંધકારથી ઢાકું છું; હું ટાટથી તેનું આચ્છાદન કરું છું."

4
אֲדֹנָי પ્રભુ H0136
יְהוִה યહોવાહે H3069
נָתַן આપ્યું-છે H5414
לִי મને
לְשׁוֹן જીભ H3956
לִמּוּדִים શિખેલાઓની H3928
לָדַעַת જાણવા H3045
לָעוּת ટેકો-આપવા H5790
אֶת־ — H0853
יָעֵף થાકેલાને H3287
דָּבָר વચન H1697
יָעִיר જગાડે-છે H5782
בַּבֹּקֶר સવારે H1242
בַּבֹּקֶר સવારે H1242
יָעִיר જગાડે-છે H5782
לִי મ◌ી-માટે
אֹזֶן કાન H0241
לִשְׁמֹעַ સાંભળવા H8085
כַּלִּמּוּדִים׃ શિખેલાઓ-જેમ H3928

હું થાકેલાઓને આશ્વાસનના શબ્દો બોલી શકું માટે, પ્રભુ યહોવાહે મને શીખેલાની જીભ આપી છે. તે દર સવારે મને જગાડે છે અને મારા કાનને ઉઘાડે છે કે હું શીખેલાની જેમ સાંભળું.

5
אֲדֹנָי પ્રભુ H0136
יְהוִה યહોવાહે H3069
פָּתַח־ ખોલ્યું-છે
לִי મ◌ી-માટે
אֹזֶן કાન H0241
וְאָנֹכִי અને-હું H0595
לֹא નહિ H3808
מָרִיתִי બંડખોર-થયો H4784
אָחוֹר પાછળ H0268
לֹא નહિ H3808
נְסוּגֹתִי׃ હટ્યો H5472

પ્રભુ યહોવાહે મારા કાન ઉઘાડ્યાં છે અને મેં બંડ કર્યું નથી કે, પાછો હટ્યો નથી.

6
גֵּוִי મારી-પીઠ
נָתַתִּי આપી H5414
לְמַכִּים મારનારાઓને H5221
וּלְחָיַי અને-માર◌ી-ગાલો H3895
לְמֹרְטִים વાળ-ખેંચનારાઓને H4803
פָּנַי મારું-મુખ H6440
לֹא નહિ H3808
הִסְתַּרְתִּי છુપાવ્યું H5641
מִכְּלִמּוֹת અપમાનોથી H3639
וָרֹק׃ અને-થૂંક◌ી H7536

મેં મારા મારનારની આગળ મારી પીઠ તથા વાળ ખેંચી કાઢનારની આગળ મારા ગાલ ધર્યા; અપમાનિત તથા થૂંકાવા છતાં મેં મારું મુખ સંતાડ્યું નહિ.

7
וַאדֹנָי અને-પ્રભુ H0136
יְהוִה યહોવાહ H3069
יַעֲזָר־ સહાય-કરશે H5826
לִי મને
עַל־ તેથી
כֵּן તેથી
לֹא નહિ H3808
נִכְלָמְתִּי અપમાનિત-થયો H3637
עַל־ તેથી
כֵּן તેથી
שַׂמְתִּי બનાવ્યું
פָּנַי મારું-મુખ H6440
כַּחַלָּמִישׁ ચકમક-જેવું H2496
וָאֵדַע અને-જાણતો-હતો H3045
כִּי־ કે
לֹא નહિ H3808
אֵבוֹשׁ׃ શરમાઈશ H0954

કેમ કે પ્રભુ યહોવાહ મારી સહાય કરશે; તેથી હું ફજેત થનાર નથી; તેથી મેં મારું મુખ ચકમકના પથ્થર જેવું કર્યું છે, કેમ કે હું જાણું છું કે હું લજ્જિત થઈશ નહિ.

8
קָרוֹב નજીક-છે H7138
מַצְדִּיקִי મ◌ી-ન્યાયી-ઓળખાવનાર H6663
מִי־ કોણ H4310
יָרִיב વિવાદ-કરશે H7378
אִתִּי મ◌ી-સાથે H0854
נַעַמְדָה સાથે-ઊભા-રહીએ H5975
יָּחַד સાથે
מִי־ કોણ H4310
בַעַל વાદી H1167
מִשְׁפָּטִי મ◌ી-કેસનો H4941
יִגַּשׁ આવે H5066
אֵלָי׃ મ◌ી-પાસે H0413

મને ન્યાયી ઠરાવનાર પાસે છે. કોણ મારો વિરોધ કરશે? આવો આપણે સાથે ઊભા રહીને એક બીજાની સરખામણી કરીએ. મારા પર આરોપ મૂકનાર કોણ છે? તેને મારી પાસે આવવા દો.

9

| הֵן | אֲדֹנָי | יְהוִה | יַעֲזָר־ | לִי | מִי־ | הוּא | יַרְשִׁיעֵנִי | הֵן | כֻּלָּם | כַּבֶּגֶד |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જુઓ | પ્રભુ | યહોવાહ | સહાય-કરશે | મને | કોણ | તે | મને-ોષી-ઠરાવશે | જુઓ | તે-બધા | કપડાં-જેમ |
| H2005 | H0136 | H3069 | H5826 | | H4310 | H1931 | H7561 | H2005 | H3605 | |

| יִבְלוּ | עָשׁ | יֹאכְלֵם׃ |
|---|---|---|
| જૂના-થશે | જીવાત | ખાશે-તેમને |
| H1086 | | H0398 |

જુઓ, પ્રભુ યહોવાહ મને સહાય કરશે. મને અપરાધી ઠરાવનાર કોણ છે? જુઓ, તેઓ સર્વ વસ્ત્રની જેમ જીર્ણ થઈ જશે; ઉધાઈ તેઓને ખાઈ જશે.

10

| מִי | בָכֶם | יְרֵא | יְהוָה | שֹׁמֵעַ | בְּקוֹל | עַבְדּוֹ | אֲשֶׁר | הָלַךְ | חֲשֵׁכִים |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કોણ | તમારાી-માં | બીક-છે | યહોવાહથી | સાંભળનારો | અવાજ | તેમનાી-સેવકનો | જે | ચાલે-છે | અધારામાં |
| H4310 | | H3373 | H3068 | H8085 | | H5650 | | H1980 | H2825 |

| וְאֵין | נֹגַהּ | לוֹ | יִבְטַח | בְּשֵׁם | יְהוָה | וְיִשָּׁעֵן | בֵּאלֹהָיו׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-નથી | પ્રકાશ | તેને | ભરોસો-કરે | નામ-પર | યહોવાહની | અને-આધાર-રાખે | પોતાી-ઈશ્વર-પર |
| H0369 | H5051 | | H0982 | H8034 | H3068 | H8172 | H0430 |

તમારામાં યહોવાહની બીક રાખનાર કોણ છે? કોણ પોતાના સેવકની વાણી સાંભળે છે? કોણ ઘોર અધકારમાં પ્રકાશ વિના ચાલે છે? તેણે યહોવાહના નામ પર ભરોસો રાખવો અને તેના ઈશ્વર પર આધાર રાખવો.

11

| הֵן | כֻּלְּכֶם | קֹדְחֵי | אֵשׁ | מְאַזְּרֵי | זִיקוֹת | לְכוּ | בְּאוּר | אֶשְׁכֶם |
|---|---|---|---|---|---|---|---|---|
| જુઓ | તમે-બધા | અગ્નિ-સળગાવનારા | અગ્નિની | જ્વાળા-બાંધનારા | ફુલઝડીઓનેી | જાઓ | પ્રકાશમાં | તમારેી-અગ્નિનેી |
| H2005 | H3605 | H6919 | H0784 | H0247 | | H3212 | | H0784 |

| וּבְזִיקוֹת | בְּעַרְתֶּם | מִיָּדִי | הָיְתָה־ | זֹּאת | לָכֶם | לְמַעֲצֵבָה | תִּשְׁכָּבוּן׃ | פ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-ફુલઝડીઓમાં | સળગાવેલી | મારેી-હાથથી | આવ્યું-છે | આ | તમાી-માટે | પીડામાં | સૂઈ-જશો | — |
| | | H3027 | H1961 | H2063 | | H4620 | H7901 | |

જુઓ, તમે સર્વ અગ્નિ સળગાવનારા, જે મશાલોથી સજ્જ છો: તમારી સળગાવેલ જ્યોતમાં અને તમારી મશાલોના પ્રકાશમાં ચાલો. યહોવાહ કહે છે, 'મારા હાથથી,' 'આ તમારી પાસે આવશે: તમે વિપત્તિના સ્થાનમાં પડી રહેશો.'"

## Chapter 51

1

| שִׁמְעוּ | אֵלַי | רֹדְפֵי | צֶדֶק | מְבַקְשֵׁי | יְהוָה | הַבִּיטוּ | אֶל־ | צוּר |
|---|---|---|---|---|---|---|---|---|
| સાંભળો | મને | ન્યાયીપણાની-અનુસરનારા | ન્યાયીપણું | શોધકો | યહોવાહની | જુઓ | તરફ | ખડક |
| H8085 | H0413 | H7291 | H6664 | H1245 | H3068 | H5027 | H0413 | H6697 |

| חֻצַּבְתֶּם | וְאֶל־ | מַקֶּבֶת | בּוֹר | נֻקַּרְתֶּם׃ |
|---|---|---|---|---|
| જેમાંથી-કાપાયેલા-છો-તમે | અને-તરફ | ખોદાયેલા | કૂવાની | કાપાયેલા-છો-તમે |
| H2672 | H0413 | | | H5365 |

તમે જેઓ ન્યાયીપણાને અનુસરો છો, તમે જેઓ યહોવાહને શોધો છો, તમે મારું સાંભળો: જે ખડકમાંથી તમને કોતરી કાઢવામાં આવ્યા છે અને જે ખાણમાંથી તમને ખોદી કાઢવામાં આવ્યા છે તેની તરફ જુઓ.

2

| הַבִּיטוּ | אֶל־ | אַבְרָהָם | אֲבִיכֶם | וְאֶל־ | שָׂרָה | תְּחוֹלֶלְכֶם | כִּי־ | אֶחָד |
|---|---|---|---|---|---|---|---|---|
| જુઓ | તરફ | અબ્રાહમ | તમારાી-પિતા | અને-તરફ | સારાહ | જેણે-તમને-જન્મ-આપ્યો | કારણ-કે | એકલાને |
| H5027 | H0413 | H0085 | H0001 | H0413 | H8283 | | | H0259 |

| קְרָאתִיו | וַאֲבָרְכֵהוּ | וְאַרְבֵּהוּ׃ | ס |
|---|---|---|---|
| બોલાવ્યો-તેને | અને-આશીર્વાદ-આપ્યો-તેને | અને-વધાર્યો-તેને | — |
| H7121 | H1288 | | |

તમારા પિતા ઇબ્રાહિમને અને તમારી જનેતા સારાને નિહાળો; તે એકલો જ હતો ત્યારે મેં તેને બોલાવ્યો, મેં તેને આશીર્વાદ આપીને તેની વૃદ્ધિ કરી.

3

| כִּֽי־ | נִחַ֨ם | יְהוָ֜ה | צִיּ֗וֹן | נִחַם֙ | כָּל־ | חָרְבֹתֶ֔יהָ | וַיָּ֤שֶׂם | מִדְבָּרָהּ֙ |
|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | દિલાસા-આપ્યું-છે | યહોવાહે | સિયોનને | દિલાસ◌ી-આપ્યું | તેની-સર્વ | ખંડેરોને | અને-બનાવ્યું | તેનું-રણ |
| | H5162 | H3068 | H6726 | H5162 | H3605 | H2723 | | |

| כְּעֵ֔דֶן | וְעַרְבָתָ֖הּ | כְּגַן־ | יְהוָ֑ה | שָׂשׂ֤וֹן | וְשִׂמְחָה֙ | יִמָּ֣צֵא | בָ֔הּ | תּוֹדָ֖ה |
|---|---|---|---|---|---|---|---|---|
| એદેન-જેવું | અને-તેનું-મેદાન | યહોવાહની-બગીચા-જેવું | યહોવાહની | આનંદ | અને-ખુશી | મળશે | તેમાં | આભાર |
| | H6160 | H1588 | H3068 | H8342 | H8057 | H4672 | | H8426 |

| וְק֥וֹל | זִמְרָֽה׃ | ס |
|---|---|---|
| અને-અવાજ | ગીતનો | — |
| | H2172 | |

હા, યહોવાહ સિયોનને દિલાસો આપશે; તેની સર્વ ઉજ્જડ જગાઓને દિલાસો આપશે; તેના અરણ્યને એદન સરખું અને રણને યર્દન નદીની ખીણની બાજુમાં યહોવાહના ઉપવન સરખું કર્યું છે; આનંદ અને ઉત્સવ તેનામાં મળી આવશે, ત્યાં આભારસ્તુતિ તથા ગીતોનો અવાજ સંભળાશે.

4

| הַקְשִׁ֤יבוּ | אֵלַי֙ | עַמִּ֔י | וּלְאוּמִּ֖י | אֵלַ֣י | הַאֲזִ֑ינוּ | כִּ֤י | תוֹרָה֙ | מֵאִתִּ֣י | תֵצֵ֔א |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ધ્યાન-આપો | મને | મારી-પ્રજા | અને-મારી-કોમ | મને | કાન-આપો | કારણ-કે | નિયમ | મારી-પાસેથી | નીકળશે |
| H7181 | H0413 | | H3816 | H0413 | H0238 | | H8451 | H0854 | H3318 |

| וּמִשְׁפָּטִ֕י | לְא֥וֹר | עַמִּ֖ים | אַרְגִּֽיעַ׃ |
|---|---|---|---|
| અને-મારો-ન્યાય | પ્રકાશ-તરીકે | પ્રજાઓની | સ્થિર-કરીશ |
| H4941 | H0216 | | |

“હે મારા લોકો, મારી વાત પર ધ્યાન આપો; હે મારી પ્રજા, મારી વાત સાંભળો કેમ કે નિયમ મારી પાસેથી નીકળશે અને હું મારો ન્યાયચુકાદો દેશોના અજવાળાંને માટે સ્થાપિત કરીશ.

5

| קָר֤וֹב | צִדְקִי֙ | יָצָ֣א | יִשְׁעִ֔י | וּזְרֹעַ֖י | עַמִּ֣ים | יִשְׁפֹּ֑טוּ | אֵלַי֙ | אִיִּ֣ים |
|---|---|---|---|---|---|---|---|---|
| નજીક-છે | મારી-ન્યાયીપણા | નીકળી-છે | મારો-ઉદ્ધાર | અને-મારી-ભુજાઓ | પ્રજાઓનો | ન્યાય-કરશે | મ◌ી-પર | ટાપુઓ |
| H7138 | H6664 | H3318 | H3468 | H2220 | | H8199 | H0413 | H0339 |

| יְקַוּ֔וּ | וְאֶל־ | זְרֹעִ֖י | יְיַחֵלֽוּן׃ |
|---|---|---|---|
| આશા-રાખશે | અને | મ◌ી-ભુજા-પર | આશા-રાખશે |
| | H0413 | H2220 | H3176 |

મારું ન્યાયીપણું પાસે છે; હું જે ઉદ્ધાર કરવાનો છું તે બહાર પ્રગટ થશે અને મારા ભુજ દેશોનો ન્યાય કરશે; દ્વીપો મારી પ્રતિક્ષા કરશે, મારા ભુજની તેઓ આતુરતાથી રાહ જોશે.

6

| שְׂא֨וּ | לַשָּׁמַ֜יִם | עֵינֵיכֶ֗ם | וְהַבִּ֣יטוּ | אֶל־ | הָאָ֘רֶץ֮ | מִתַּ֒חַת֒ | כִּֽי־ | שָׁמַ֜יִם | כֶּעָשָׁ֣ן |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઊંચી-કરો | આકાશો-તરફ | તમારી-આખો | અને-જુઓ | તરફ | ધરતીની | નીચે | કારણ-કે | આકાશો | ધૂમાડા-જેમ |
| H5375 | H8064 | | H5027 | H0413 | H0776 | H8478 | | H8064 | H6227 |

| נִמְלָ֗חוּ | וְהָאָ֙רֶץ֙ | כַּבֶּ֣גֶד | תִּבְלֶ֔ה | וְיֹשְׁבֶ֖יהָ | כְּמוֹ־ | כֵ֣ן | יְמוּת֑וּן | וִישׁוּעָתִי֙ | לְעוֹלָ֣ם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓગળશે | અને-ધરતી | કપડાં-જેમ | જૂની-થશે | અને-તેની-વસંતો | તેમ-જેમ | એમ | મરશે | પણ-મારો-ઉદ્ધાર | સદાકાળ-માટે |
| | H0776 | | H1086 | H3427 | H3644 | H3654 | H4191 | H3444 | H5769 |

| תִּֽהְיֶ֔ה | וְצִדְקָתִ֖י | לֹ֥א | תֵחָֽת׃ | ס |
|---|---|---|---|---|
| રહેશે | અને-મારી-ન્યાયીપણા | નહિ | તૂટશે | — |
| H1961 | H6666 | H3808 | H2865 | |

તમારી દૃષ્ટિ આકાશ તરફ ઊંચી કરો અને નીચે પૃથ્વી તરફ નજર કરો, કેમ કે આકાશ ધુમાડાની જેમ જતું રહેશે, પૃથ્વી વસ્ત્રની જેમ જીર્ણ થશે અને તેના રહેવાસીઓ માખીઓની જેમ મરણ પામશે. પણ મેં કરેલો ઉદ્ધાર સદાકાળ રહેશે અને મારું ન્યાયીપણું ક્યારેય કામ કરવાનું બંધ કરશે નહિ.

7

| שִׁמְע֤וּ | אֵלַי֙ | יֹ֣דְעֵי | צֶ֔דֶק | עַ֖ם | תּוֹרָתִ֣י | בְלִבָּ֑ם | אַל־ | תִּֽירְאוּ֙ | חֶרְפַּ֣ת | אֱנ֔וֹשׁ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાંભળો | મને | જાણનારા | ન્યાયીપણું | પ્રજા | મારો-નિયમ | હૃદયમાં | નહિ | બીકો | નિંદાથી | માણસની |
| H8085 | H0413 | H3045 | H6664 | | H8451 | | H0408 | H3372 | H2781 | H0582 |

| וּמִגִּדֻּפֹתָ֖ם | אַל־ | תֵּחָֽתּוּ׃ |
|---|---|---|
| અને-તેમની-ગાળોથી | નહિ | ગભરાશો |
| H1421 | H0408 | H2865 |

જેઓ જાણે છે કે સાચું શું છે અને જેઓના હૃદયમાં મારો નિયમ છે, તેઓ મારું સાંભળો: માણસોની નિંદાથી બીશો નહિ કે તેઓના મહેણાંથી ડરશો નહિ.

8
כִּי કારણ-કે
כַבֶּגֶד કપડાં-જેમ
יֹאכְלֵם ખાશે-તેમને H0398
עָשׁ જીવાત
וְכַצֶּמֶר અને-ઊન-જેમ H6785
יֹאכְלֵם ખાશે-તેમને H0398
סָס જીવડું H5580
וְצִדְקָתִי પણ-મારી-ન્યાયીપણા H6666
לְעוֹלָם સદાકાળ-માટે H5769
תִּהְיֶה રહેશે H1961
וִישׁוּעָתִי અને-મારો-ઉદ્ધાર H3444
לְדוֹר પેઢી-દર-પેઢી H1755
דּוֹרִים׃ પેઢીઓનંી H1755
ס —

કેમ કે ઉધાઈ તેઓને વસ્ત્રની જેમ ખાઈ જશે અને કીડા તેઓને ઊનને જેમ કોતરી ખાશે; પણ મારું ન્યાયીપણું સદાકાળ ટકશે અને મેં કરેલો ઉદ્ધાર પેઢી દરપેઢી રહેશે."

9
עוּרִי જાગો H5782
עוּרִי જાગો H5782
לִבְשִׁי־ પહેરો H3847
עֹז શક્તિ H5797
זְרוֹעַ ભુજા H2220
יְהוָה યહોવાહનંી H3068
עוּרִי જાગો H5782
כִּימֵי પ્રાચીન-દિવસો-જેમ H3117
קֶדֶם પેઢીઓમાં
דֹּרוֹת સનાતનનંી H1755
עוֹלָמִים શું-નહિ H5769
הֲלוֹא તું-જ H3808
אַתְּ־ તે
הִיא હતી H1931
הַמַּחְצֶבֶת કાપનારી H2672
רַהַב રહાબને H7294
מְחוֹלֶלֶת વિંધનંી
תַּנִּין׃ અજગરને

હે યહોવાહના ભુજ, જાગૃત થા, જાગૃત થા, સામર્થ્યના વસ્ત્રો પહેરી લો. પૂર્વકાળની જેમ, પુરાતન કાળની પેઢીઓમાં થયું તેમ જાગૃત થા. જેણે રાહાબના + 51:9 કનાની પૌરાણિક કથામાં રાહાબને પાણી સાથે ઉલ્લેખ કર્યો છે જે સર્જનમાં સ્થપાયેલાં વળતરને ધમકી આપે છે. તે સમુદ્ર અને સમુદ્રિય અજગર સાથે સંકળાયેલ છે (જુઓ 27.1 પરની ટિપ્પણીઓ). હીબ્રુ સંસ્કરણનાં વાર્તામાં, રાહાબ અને અજગર સમુદ્રના રાક્ષસ પણ છે. ટુકડેટુકડા કરી નાખ્યા, જેણે અજગરને વીંધ્યો, તે જ તમે નથી?

10
הֲלוֹא શું-નહિ H3808
אַתְּ־ તું-જ
הִיא તે H1931
הַמַּחֲרֶבֶת સુકવનારી
יָם સમુદ્રને H3220
מֵי પાણીઓ H4325
תְּהוֹם અગાધનંી H8415
רַבָּה ગહનનંી
הַשָּׂמָה બનાવનારી
מַעֲמַקֵּי־ ઊંડાઈઓનંી H4615
יָם સમુદ્રનંી H3220
דֶּרֶךְ માર્ગ H1870
לַעֲבֹר પાર-કરવા
גְּאוּלִים׃ છોડાવાયેલાઓનંી

જેણે સમુદ્રને, તેનાં અતિ ઊંડાં પાણીને સૂકવી નાખ્યાં અને ઉદ્ધાર પામેલાઓને પાર ઉતારવાને અર્થે સમુદ્રનાં ઊંડાણોમાં થઈને માર્ગ કરી આપ્યો, તે જ તમે નથી?

11
וּפְדוּיֵי અને-છોડાવાયેલાઓ H6299
יְהוָה યહોવાહનંી H3068
יְשׁוּבוּן પાછા-ફરશે H7725
וּבָאוּ અને-આવશે H0935
צִיּוֹן સિયોનમાં H6726
בְּרִנָּה આનંદથી H7440
וְשִׂמְחַת અને-ખુશી H8057
עוֹלָם સનાતનનંી H5769
עַל־ ઉપર
רֹאשָׁם તેમનંી-માથે
שָׂשׂוֹן આનંદ H8342
וְשִׂמְחָה અને-ખુશી H8057
יַשִּׂיגוּן પ્રાપ્ત-કરશે H5381
נָסוּ ભાગશે H5127
יָגוֹן શોક H3015
וַאֲנָחָה׃ અને-નિસાસો H0585
ס —

યહોવાહથી ઉદ્ધાર પામેલાઓ પાછા આવીને હર્ષનાદસહિત સિયોન પહોંચશે અને તેઓના માથે સદાકાળ આનંદ રહેશે; તેઓને હર્ષ તથા આનંદ પ્રાપ્ત થશે અને દુ:ખ તથા શોક જતાં રહેશે.

12
אָנֹכִי હું-જ H0595
אָנֹכִי હું-જ H0595
הוּא તે H1931
מְנַחֶמְכֶם તમારો-દિલાસા-આપનાર H5162
מִי־ કોણ-છે H4310
אַתְּ તું
וַתִּירְאִי કે-બીક-છે H3372
מֵאֱנוֹשׁ મરણશીલ-માણસથી H0582
יָמוּת મરશે H4191
וּמִבֶּן־ અને-માણસનંી-પુત્રથી
אָדָם માણસનંી H0120
חָצִיר ઘાસ-જેમ
יִנָּתֵן׃ આપવામાં-આવે H5414

હું, હું જ છું, હું તને દિલાસો આપું છું. જે માણસ મરનાર છે તે, મનુષ્યના સંતાનોને, ઘાસની જેમ બનાવવામાં આવ્યાં છે, તું શા માટે માણસની બીક રાખે છે?

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 13 | וַתִּשְׁכַּח | יְהוָה | עֹשֶׂךָ | נוֹטֶה | שָׁמַיִם | וְיֹסֵד | אָרֶץ | וַתְּפַחֵד |
| | અને-ભૂલી-ગયા | યહોવાહને | તારંી-ઘડનારને | ફેલાવનાર | આકાશોનંી | અને-પાયો-નાખનાર | ધરતીનંી | અને-બીક-છે-તું |
| | H7911 | H3068 | | H5186 | H8064 | H3245 | H0776 | H6342 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| תָּמִיד | כָּל־ | הַיּוֹם | מִפְּנֵי | חֲמַת | הַמֵּצִיק | כַּאֲשֶׁר | כּוֹנֵן | לְהַשְׁחִית | וְאַיֵּה | חֲמַת |
| હંમેશા | સર્વ | દિવસ | સામેથી | ક્રોધ | જુલમીનંી | જ્યારે | તૈયાર-કરે-છે | નાશ-કરવા | અને-ક્યાં-છે | ક્રોધ |
| H8548 | H3605 | H3117 | H6440 | H2534 | H6693 | | | H7843 | H0346 | H2534 |

| |
|---|
| הַמֵּצִיק׃ |
| જુલમીનંી |
| H6693 |

તું કેમ તારા કર્તા યહોવાહને ભૂલી ગયો, તેમણે આકાશો પ્રસાર્યાં છે અને પૃથ્વીનો પાયો નાખ્યો છે? જુલમગાર વિનાશ કરવાને તૈયારી કરે છે ત્યારે તું આખો દિવસ તેના ક્રોધને લીધે બીએ છે. જુલમીનો ક્રોધ ક્યાં છે?

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 14 | מִהַר | צֹעֶה | לְהִפָּתֵחַ | וְלֹא־ | יָמוּת | לַשַּׁחַת | וְלֹא | יֶחְסַר | לַחְמוֹ׃ |
| | જલ્દી | બંદીવાન | છૂટકારો-થશે | અને-નહિ | મરશે | ખાડામાં | અને-નહિ | ઓછી-પડશે | રોટીનંી |
| | | H6808 | | H3808 | H4191 | H7845 | H3808 | H2637 | H3899 |

જે દબાયેલા છે તે જલદીથી મુકત થશે, યહોવાહ ઉતાવળે તેને છોડાવશે; તે મરશે નહિ અને કબરમાં ઊતરશે નહિ, વળી તેનું અન્ન ખૂટશે નહિ.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | וְאָנֹכִי | יְהוָה | אֱלֹהֶיךָ | רֹגַע | הַיָּם | וַיֶּהֱמוּ | גַּלָּיו | יְהוָה | צְבָאוֹת | שְׁמוֹ׃ |
| | અને-હું | યહોવાહ | તારો-ઈશ્વર | શાંત-કરનાર | સમુદ્રનો | અને-ગરજે-છે | તેનંી-મોજાં | યહોવાહ | સૈન્યોનો | તેમનું-નામ |
| | H0595 | H3068 | H0430 | | H3220 | H1993 | H1530 | H3068 | | H8034 |

કેમ કે હું યહોવાહ તમારો ઈશ્વર છું, જે સમુદ્રને ખળભળાવે છે, તેથી તેનાં મોજાંઓ ગર્જના કરે છે; સૈન્યોના ઈશ્વર યહોવાહ તેમનું નામ છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 16 | וָאָשִׂים | דְבָרַי | בְּפִיךָ | וּבְצֵל | יָדִי | כִּסִּיתִיךָ | לִנְטֹעַ | שָׁמַיִם | וְלִיסֹד |
| | અને-મૂક્યા | મારંી-વાતો | તારંી-મુખમાં | અને-છાયામાં | મ□ી-હાથનંી | ઢાંક્યું-તને | રોપવા | આકાશો | અને-પાયો-નાખવા |
| | | H1697 | H6310 | H6738 | H3027 | H3680 | H5193 | H8064 | H3245 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אֶרֶץ | וְלֵאמֹר | לְצִיּוֹן | עַמִּי־ | אָתָּה׃ | ס |
| ધરતી | અને-કહેવા | સિયોનને | મારંી-પ્રજા | તું-છે | — |
| H0776 | H0559 | H6726 | | | |

મેં મારાં વચનો તારા મુખમાં મૂક્યાં છે અને મારા હાથની છાયામાં તને ઢાંક્યો છે, જેથી હું આકાશોને સ્થાપું, પૃથ્વીનો પાયો નાખું અને સિયોનને કહું કે, 'તું મારી પ્રજા છે.'"

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 17 | הִתְעוֹרְרִי | הִתְעוֹרְרִי | קוּמִי | יְרוּשָׁלַםִ | אֲשֶׁר | שָׁתִית | מִיַּד | יְהוָה | אֶת־ | כּוֹס |
| | જાગો | જાગો | ઊઓ | યરુશાલેમ | જેણે | પીધું | હાથમાંથી | યહોવાહનંી | — | પ્યાલો |
| | H5782 | H5782 | | H3389 | | H8354 | H3027 | H3068 | H0853 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| חֲמָתוֹ | אֶת־ | קֻבַּעַת | כּוֹס | הַתַּרְעֵלָה | שָׁתִית | מָצִית׃ |
| તેમનંી-કોપનો | — | તળીયું | પ્યાલો | બેહોશીનો | પીધું | નિચોવી-નાખ્યું |
| H2534 | H0853 | H6907 | | H8653 | H8354 | H4680 |

હે યરુશાલેમ જાગૃત થા, જાગૃત થા, ઊભું થા, તેં યહોવાહના હાથથી તેમના કોપનો કટોરો પીધો છે; તેં એ કટોરો પીધો છે, તેં લથડિયાં ખવડાવનારો કટોરો પીને ખાલી કર્યો છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 18 | אֵין־ | מְנַהֵל | לָהּ | מִכָּל־ | בָּנִים | יָלָדָה | וְאֵין | מַחֲזִיק | בְּיָדָהּ | מִכָּל־ |
| | કોઈ-નથી | માર્ગદર્શક | તેને | સર્વ-માંથી | પુત્રો | જન્માવ્યા-તેણે | અને-કોઈ-નથી | પકડનારો | હાથ-પકડીને | સર્વ-માંથી |
| | H0369 | H5095 | | H3605 | | H3205 | H0369 | H2388 | H3027 | H3605 |

| | |
|---|---|
| בָּנִים | גִּדֵּלָה׃ |
| પુત્રો | મોટ□ી-કર્ય□ી-તેણે |
| | H1431 |

જે સર્વ દીકરાઓને તેણે જન્મ આપ્યો છે તેઓમાંનો કોઈ તેને દોરી લઈ જનાર નથી; જે સર્વ દીકરાઓને તેણે મોટા કર્યા છે તેઓમાંનો કોઈ તેનો હાથ પકડીને લઈ જાય એવો નથી.

19

| שְׁתַּיִם | הֵ֣נָּה | קֹֽרְאֹתַ֔יִךְ | מִ֖י | יָנ֣וּד | לָ֑ךְ | הַשֹּׁ֧ד | וְהַשֶּׁ֛בֶר | וְהָרָעָ֥ב | וְהַחֶ֖רֶב |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બે | આ | બનત□ી-છે-તને | કોણ | દિલાસ□ી-આપે | તને | વિનાશ | અને-ભાંગફોડ | દુકાળ | અને-તલવાર |
| H8147 | H2007 | H7122 | H4310 | H5110 | | H7701 | H7667 | H7458 | H2719 |

| מִ֥י | אֲנַחֲמֵֽךְ׃ |
|---|---|
| કોણ | તને-દિલાસ□ી-આપે |
| H4310 | H5162 |

તારા પર આ બે દુ:ખ આવી પડશે - કોણ તારે લીધે શોક કરશે? - પાયમાલી તથા વિનાશ, દુકાળ તથા તલવાર. કોણ તને સાંત્વના આપશે?

20

| בָּנַ֜יִךְ | עֻלְּפ֨וּ | שָׁכְב֛וּ | בְּרֹ֥אשׁ | כָּל־ | חוּצ֖וֹת | כְּת֣וֹא | מִכְמָ֑ר | הַֽמְלֵאִ֥ים |
|---|---|---|---|---|---|---|---|---|
| ત□ી-પુત્રો | બેહોશ-થઈ-છે | પડ્યા□ી-છે | માથે | સર્વ | શેરીઓમાં | જંગલી-સાંઢ-જેમ | જાળમાં-ફસાયેલ□ી | ભરેલ□ી |
| | H5968 | H7901 | | H3605 | H2351 | H8377 | | H4392 |

| חֲמַת־ | יְהוָ֖ה | גַּעֲרַ֥ת | אֱלֹהָֽיִךְ׃ |
|---|---|---|---|
| ક્રોધથી | યહોવાહન□ી | ઠપકાથી | ત□ી-ઈશ્વરન□ી |
| H2534 | H3068 | H1606 | H0430 |

તારા દીકરાઓ બેહોશ થઈ ગયા છે; તેઓ જાળમાં ફસાયેલા હરણની જેમ, ગલીના દરેક ખૂણામાં પડી રહે છે. તેઓ યહોવાહના કોપથી અને તારા ઈશ્વરના ઠપકાથી ભરપૂર.

21

| לָכֵ֛ן | שִׁמְעִי־ | נָ֥א | זֹ֖את | עֲנִיָּ֑ה | וּשְׁכֻרַ֖ת | וְלֹ֥א | מִיָּֽיִן׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|
| તેથી | સાંભળો | હવે | આ | પીડિત | અને-મદમત્ત | અને-નહિ | દારૂથી | — |
| | H8085 | H4994 | H2063 | H6041 | H7937 | H3808 | H3196 | |

માટે હે દુ:ખી તથા પીધેલી, પરંતુ દ્રાક્ષારસથી નહિ, તું આ સાંભળ:

22

| כֹּֽה־ | אָמַ֞ר | אֲדֹנַ֣יִךְ | יְהוָ֗ה | וֵאלֹהַ֙יִךְ֙ | יָרִ֣יב | עַמּ֔וֹ | הִנֵּ֥ה | לָקַ֛חְתִּי |
|---|---|---|---|---|---|---|---|---|
| આમ | કહે-છે | ત□ી-પ્રભુ | યહોવાહ | અને-ત□ી-ઈશ્વર | લડે-છે | પોત□ી-પ્રજાન□ી | જુઓ | લઈદિધો-છે-મેં |
| H3541 | H0559 | H0113 | H3068 | H0430 | H7378 | | H2009 | H3947 |

| מִיָּדֵ֖ךְ | אֶת־ | כּ֣וֹס | הַתַּרְעֵלָ֑ה | אֶת־ | קֻבַּ֙עַת֙ | כּ֣וֹס | חֲמָתִ֔י | לֹא־ | תוֹסִ֥יפִי | לִשְׁתּוֹתָ֖הּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ત□ી-હાથમાંથી | — | પ્યાલો | બેહોશીનો | — | તળીયું | પ્યાલો | મ□ી-કોપનો | નહિ | ફરીથી | પીશો-તેને |
| H3027 | H0853 | | H8653 | H0853 | H6907 | | H2534 | H3808 | H3254 | H8354 |

| עֽוֹד׃ |
|---|
| ફરી |
| H5750 |

તમારા પ્રભુ યહોવાહ, તમારા ઈશ્વર, જે પોતાના લોકો માટે વાદ કરનાર છે, તે એવું કહે છે: "જો, લથડિયાં ખવડાવનારો પ્યાલો મેં તારા હાથમાંથી લઈ લીધો છે, મારા કોપનો કટોરો હવે પછી તું કદી પીનાર નથી.

23

| וְשַׂמְתִּ֙יהָ֙ | בְּיַד־ | מוֹגַ֔יִךְ | אֲשֶׁר־ | אָמְר֥וּ | לְנַפְשֵׁ֖ךְ | שְׁחִ֣י | וְנַעֲבֹ֑רָה |
|---|---|---|---|---|---|---|---|
| અને-મૂકીશ-તેને | હાથમાં | ત□ી-પીડા-આપનારાઓન□ી | જેઓ | કહ્યુ | ત□ી-જીવને | ઝૂકો | અને-અમે-પાર-કરીએ |
| | H3027 | H3013 | | H0559 | H5315 | H7812 | |

| וַתָּשִׂ֤ימִי | כָאָ֙רֶץ֙ | גֵּוֵ֔ךְ | וְכַח֖וּץ | לַעֹבְרִֽים׃ | ס |
|---|---|---|---|---|---|
| અને-તેં-બનાવી | ધરતી-જેમ | ત□ી-પીઠ | અને-રસ્ત□ી-જેમ | પાર-કરનાર□ી-માટે | — |
| | H0776 | | H2351 | | |

હું તેને તારા પર જુલમ કરનારાઓનાં હાથમાં મૂકીશ, જેઓ તને કહેતાં હતાં કે, 'ઊંધો પડ કે, અમે તારા ઉપર થઈને ચાલીએ;' તેં તારી પીઠ જમીન જેવી અને તેઓને ચાલવાના રસ્તા જેવી બનાવી દીધી હતી."

## Chapter 52

1

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| עוּרִי | જાગો | H5782 |
| עוּרִי | જાગો | H5782 |
| לִבְשִׁי | પહેરો | H3847 |
| עֻזֵּךְ | ત□ી-શક્તિ | H5797 |
| צִיּוֹן | સિયોન | H6726 |
| לִבְשִׁי | પહેરો | H3847 |
| בִּגְדֵי | વસ્ત્રો | |
| תִפְאַרְתֵּךְ | ત□ી-શોભાન□ી | H8597 |
| יְרוּשָׁלִַם | યરુશાલેમ | H3389 |
| עִיר | નગર | |
| הַקֹּדֶשׁ | પવિત્રનું | H6944 |
| כִּי | કારણ-કે | |
| לֹא | નહિ | H3808 |
| יוֹסִיף | ફરીથી | H3254 |
| יָבֹא־ | આવશે | H0935 |
| בָךְ | ત□ી-માં | |
| עוֹד | ફરી | H5750 |
| עָרֵל | બેસુન્નત-કરાયેલ□ી | H6189 |
| וְטָמֵא׃ | અને-અશુદ્ધ | H2931 |

હે સિયોન, જાગૃત થા, જાગૃત થા, તારા સામર્થ્યથી વેષ્ટિત થા; હે યરુશાલેમ, પવિત્ર નગર, તારાં સુંદર વસ્ત્રો પહેરી લે; કેમ કે હવે પછી બેસુન્નતી તથા અશુદ્ધ કદી તારામાં પ્રવેશ કરશે નહિ.

2

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| הִתְנַעֲרִי | ઝાટકો | H5287 |
| מֵעָפָר | ધૂળમાંથી | H6083 |
| קוּמִי | ઊઠો | |
| שְׁבִי | બેસો | H3427 |
| יְרוּשָׁלִָם | યરુશાલેમ | H3389 |
| [התפתחו] | — | |
| (הִתְפַּתְּחִי) | ખોલો | |
| מוֹסְרֵי | બંધનો | H4147 |
| צַוָּארֵךְ | ત□ી-ગરદન□ી | |
| שְׁבִיָּה | બંદીવાન | |
| בַּת־ | પુત્રી | H1323 |
| צִיּוֹן׃ | સિયોન□ી | H6726 |
| ס | — | |

હે યરુશાલેમ, તારા પરની ધૂળ ખંખેરી નાખ, ઊઠ અને બેસ: હે સિયોનની બંદીવાન દીકરી, તારી ગરદન પરની સાંકળ કાઢી નાખ.

3

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| כִּי־ | કારણ-કે | |
| כֹה | આમ | H3541 |
| אָמַר | કહે-છે | H0559 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| חִנָּם | મુફતમાં | H2600 |
| נִמְכַּרְתֶּם | વેચાયા-હત□ | H4376 |
| וְלֹא | અને-નહિ | H3808 |
| בְכֶסֶף | ચાંદીથી | H3701 |
| תִּגָּאֵלוּ׃ | છોડાવાશો | |

કેમ કે યહોવાહ કહે છે, "તમે મફત વેચાયા હતા અને નાણાં વિના તમે છોડાવી લેવામાં આવશો."

4

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| כֹה | આમ | H3541 |
| אָמַר | કહે-છે | H0559 |
| אֲדֹנָי | પ્રભુ | H0136 |
| יְהוִה | યહોવાહ | H3069 |
| מִצְרַיִם | મિસરમાં | H4714 |
| יָרַד־ | ગય□ | H3381 |
| עַמִּי | મ□ી-પ્રજા | |
| בָרִאשֹׁנָה | પહેલાં | H7223 |
| לָגוּר | રહેવા | |
| שָׁם | ત્યાં | H8033 |
| וְאַשּׁוּר | અને-અશ્શૂરે | H0804 |
| בְּאֶפֶס | કારણ-વિના | |
| עֲשָׁקוֹ׃ | જુલમ-કર્યું-તેને | H6231 |

કેમ કે પ્રભુ યહોવાહ એવું કહે છે, "શરૂઆતમાં મારા લોકો મિસરમાં અસ્થાયી વસવાટ કરવા માટે ગયા હતા; આશ્શૂરે હમણાં જ તેમના ઉપર જુલમ કર્યો."

5

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְעַתָּה | અને-હવે | H6258 |
| [מי־] | — | H4100 |
| [לי־] | — | |
| (מַה־) | શું-છે | H4100 |
| (לִּי־) | મ□ી-માટે | |
| פֹה | અહિં | H6311 |
| נְאֻם־ | વચન | H5002 |
| יְהוָה | યહોવાહનું | H3068 |
| כִּי־ | કારણ-કે | |
| לֻקַּח | લેવાય□ી-છે | H3947 |
| עַמִּי | મ□ી-પ્રજા | |
| חִנָּם | મુફતમાં | H2600 |
| [משלו] | — | H4910 |
| (מֹשְׁלָיו) | તેમન□ી-શાસકો | H4910 |
| יְהֵילִילוּ | વિલાપ-કરે-છે | H3213 |
| נְאֻם־ | વચન | H5002 |
| יְהוָה | યહોવાહનું | H3068 |
| וְתָמִיד | અને-સતત | H8548 |
| כָּל־ | સર્વ | H3605 |
| הַיּוֹם | દિવસ | H3117 |
| שְׁמִי | મ□ી-નામ | H8034 |
| מִנֹּאָץ׃ | અપમાનિત-થાય-છે | H5006 |

આ યહોવાહની ઘોષણા છે: "હવે અહીં મારે શું કરવું, કેમ કે મારા લોકને વિના કારણે લઈ જવામાં આવ્યા છે? તેઓના અધિકારીઓ બૂમ પાડે છે અને મારા નામની સતત આખો દિવસ નિંદા કરે છે." આ યહોવાહની ઘોષણા છે.

6

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| לָכֵן | તેથી | |
| יֵדַע | જાણશે | H3045 |
| עַמִּי | મ□ી-પ્રજા | |
| שְׁמִי | મ□ું-નામ | H8034 |
| לָכֵן | તેથી | |
| בַּיּוֹם | તે-દિવસે | H3117 |
| הַהוּא | તે | H1931 |
| כִּי־ | કે | |
| אֲנִי־ | હું-જ | H0589 |
| הוּא | તે | H1931 |
| הַמְדַבֵּר | બોલનારો-છું | H1696 |
| הִנֵּנִי׃ | હું-અહિં-છું | H2009 |

તેથી મારા લોકો મારું નામ જાણશે; તેઓ તે દિવસે જાણશે કે મેં જ આ કહ્યુ હતું. હું જ તે છું□”

7

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| מַה־ | કેવા | H4100 |
| נָּאווּ | સુંદર-છે | H4998 |
| עַל־ | ઉપર | |
| הֶהָרִים | પહાડો-પર | H2022 |
| רַגְלֵי | પગો | H7272 |
| מְבַשֵּׂר | શુભ-સંદેશા-લાવનારન□ી | H1319 |
| מַשְׁמִיעַ | સંભળાવનાર | H8085 |
| שָׁלוֹם | શાંતિ | H7965 |
| מְבַשֵּׂר | શુભ-સંદેશા-લાવનાર | H1319 |
| טוֹב | સારું | |
| מַשְׁמִיעַ | સંભળાવનાર | H8085 |
| יְשׁוּעָה | ઉદ્ધાર | H3444 |
| אֹמֵר | કહેનાર | H0559 |
| לְצִיּוֹן | સિયોનને | H6726 |
| מָלַךְ | રાજ-કરે-છે | |
| אֱלֹהָיִךְ׃ | ત□ી-ઈશ્વર | H0430 |

સુવાર્તાનો સંદેશ લાવનારનાં પગલાં પર્વતો પર કેવાં શોભાયમાન છે, જે શાંતિની જાહેરાત કરે છે, જે વધામણીના સમાચાર લાવે છે, જે ઉદ્ધારની વાત જાહેર કરે છે, જે સિયોનને કહે છે, “તારા ઈશ્વર રાજ કરે છે□”

8

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| קוֹל | અવાજ | |
| צֹפַיִךְ | ત□ી-ચોકિદારોનો | H6822 |
| נָשְׂאוּ | ઊંચો-કરે-છે | H5375 |
| קוֹל | અવાજ | |
| יַחְדָּו | સાથે-મળીને | |
| יְרַנֵּנוּ | ગાય-છે | |
| כִּי | કારણ-કે | |
| עַיִן | આખે | |
| בְּעַיִן | આખ | |
| יִרְאוּ | જોશે | H7200 |
| בְּשׁוּב | પાછા-ફરત□ી | H7725 |
| יְהוָה | યહોવાહન□ી | H3068 |
| צִיּוֹן׃ | સિયોનમાં | H6726 |

સાંભળ, તારા ચોકીદારો પોકારે છે, તેઓ સાથે હર્ષનાદ કરે છે, કેમ કે યહોવાહ કેવી રીતે સિયોનમાં પાછા આવે છે, તે તેઓ નજરોનજર જોશે.

9

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| פִּצְחוּ | આનંદ-કરો | H6476 |
| רַנְּנוּ | ગાઓ | |
| יַחְדָּו | સાથે-મળીને | |
| חָרְבוֹת | ખંડેરો | H2723 |
| יְרוּשָׁלָםִ | યરુશાલેમન□ી | H3389 |
| כִּי־ | કારણ-કે | |
| נִחַם | દિલાસ□ી-આપ્યું-છે | H5162 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| עַמּוֹ | પોત□ી-પ્રજાને | |
| גָּאַל | છોડાવ્યું-છે | |
| יְרוּשָׁלָםִ׃ | યરુશાલેમને | H3389 |

હે યરુશાલેમનાં ખંડિયેર, તમે સર્વ હર્ષનાદ કરી ગાયન કરો; કેમ કે યહોવાહે પોતાના લોકોને દિલાસો આપ્યો છે; તેમણે યરુશાલેમનો ઉદ્ધાર કર્યો છે.

10

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| חָשַׂף | ખુલ્લો-છે | H2834 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| אֶת־ | — | H0853 |
| זְרוֹעַ | ભુજા | H2220 |
| קָדְשׁוֹ | પવિત્રન□ી | H6944 |
| לְעֵינֵי | નજરે | |
| כָּל־ | સર્વ | H3605 |
| הַגּוֹיִם | પ્રજાઓન□ી | |
| וְרָאוּ | અને-જોશે | H7200 |
| כָּל־ | સર્વ | H3605 |
| אַפְסֵי־ | છેડાઓ | |
| אָרֶץ | ધરતીન□ી | H0776 |
| אֵת | — | H0853 |
| יְשׁוּעַת | ઉદ્ધાર | H3444 |
| אֱלֹהֵינוּ׃ | અમ□ી-ઈશ્વરનો | H0430 |
| ס | — | |

યહોવાહે સર્વ દેશોને જોતાં પોતાનો પવિત્ર ભુજ ઉઘાડો કર્યો છે; આખી પૃથ્વી આપણા ઈશ્વરે કરેલો ઉદ્ધાર નિહાળશે.

11

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| סוּרוּ | દૂર-રહો | H5493 |
| סוּרוּ | દૂર-રહો | H5493 |
| צְאוּ | નીકળો | H3318 |
| מִשָּׁם | ત્યાંથી | H8033 |
| טָמֵא | અશુદ્ધને | H2931 |
| אַל־ | નહિ | H0408 |
| תִּגָּעוּ | અડો | H5060 |
| צְאוּ | નીકળો | H3318 |
| מִתּוֹכָהּ | તેમાંથી | H8432 |
| הִבָּרוּ | શુદ્ધ-કરો | H1305 |
| נֹשְׂאֵי | ઉઠાવનારા | H5375 |
| כְּלֵי | પાત્રો | H3627 |
| יְהוָה׃ | યહોવાહન□ી | H3068 |

જાઓ, જાઓ ત્યાંથી બહાર જાઓ; કોઈ અશુદ્ધ વસ્તુને અડકશો નહિ; તેઓની મધ્યેથી બહાર જાઓ; તમે જેઓ યહોવાહનાં પાત્રો ઊંચકનારા છો તે, તમે શુદ્ધ થાઓ.

12

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| לֹא | નહિ | H3808 |
| בְחִפָּזוֹן | ઉતાવળમાં | H2649 |
| תֵצֵאוּ | નીકળશો | H3318 |
| וּבִמְנוּסָה | અને-ભાગવામાં | H4499 |
| לֹא | નહિ | H3808 |
| תֵלֵכוּן | જશો | H3212 |
| כִּי־ | કારણ-કે | |
| הֹלֵךְ | ચાલે-છે | H1980 |
| לִפְנֵיכֶם | તમ□ી-આગળ | H6440 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| וּמְאַסִּפְכֶם | અને-તમ□ી-પાછળ-રક્ષક | H0622 |
| אֱלֹהֵי | ઈશ્વર | H0430 |
| יִשְׂרָאֵל׃ | ઇઝરાયલનો | H3478 |
| ס | — | |

કેમ કે તમારે ઉતાવળથી નીકળવાનું નથી કે ગભરાટમાં છોડવાનું નથી; કેમ કે યહોવાહ તમારી આગળ જાય છે; અને ઇઝરાયલના ઈશ્વર તમારા પીઠરક્ષક થશે.

13
הִנֵּה יַשְׂכִּיל עַבְדִּי יָרוּם וְנִשָּׂא וְגָבַהּ מְאֹד׃
જુઓ બુદ્ધિપૂર્વક-કરશે મ□ી-સેવક ઊંચો-કરાશે અને-મહાન-થશે અને-ઊંચો-કરાશે ઘણું
H2009 H5650 H5375 H1361 H3966

જુઓ, મારો સેવક ડહાપણથી વર્તશે અને સફળ થશે; તે ઊંચો અને ઉન્નત થશે, તે અતિ ગૌરવશાળી થશે.

14
כַּאֲשֶׁר שָׁמְמוּ עָלֶיךָ רַבִּים כֵּן־ מִשְׁחַת מֵאִישׁ מַרְאֵהוּ וְתֹאֲרוֹ
જેમ ચકિત-થયા તે□ી-વિશે ઘણા એવી-જ વિકૃત-હતી માણસથી-પણ તેમને□ી-દેખાવ અને-તેમનો-આકાર
H8074 H0376 H4758 H8389
מִבְּנֵי אָדָם׃
માણસોને□ી-પુત્રોથી માણસનો
H0120

જે પ્રમાણે લોકો તને જોઈને ભયભીત થયા - તેનું રૂપ માણસનાં રૂપ કરતા અલગ હતું, તેથી તેનો દેખાવ એવો હતો કે માણસ જ ન લાગે.

15
כֵּן יַזֶּה גּוֹיִם רַבִּים עָלָיו יִקְפְּצוּ מְלָכִים פִּיהֶם כִּי אֲשֶׁר לֹא־
એમ-જ છાંટશે પ્રજાઓ-પર ઘણાં તેમને□ી-આગળ બંધ-કરશે રાજાઓ મોંઢા કારણ-કે જે નહિ
H7092 H4428 H6310 H3808
סֻפַּר לָהֶם רָאוּ וַאֲשֶׁר לֹא־ שָׁמְעוּ הִתְבּוֹנָנוּ׃
કહેવાયું-હતું તેમને જોશે અને-જે નહિ સાંભળ્યું-હતું સમજશે
H7200 H3808 H8085 H0995

તેથી ઘણા દેશો તેને જોઈને આશ્ચર્યચકિત થશે; રાજાઓ તેને કારણે પોતાના મુખ બંધ રાખશે. કારણ કે તેઓને જે કહેવામાં આવ્યું નહોતું તે તેઓ જોશે અને જે તેઓએ સાંભળ્યું નહોતું તે તેઓ સમજશે.

# Chapter 53

1
מִי הֶאֱמִין לִשְׁמֻעָתֵנוּ וּזְרוֹעַ יְהוָה עַל־ מִי נִגְלָתָה׃
કોણે વિશ્વાસ-કર્યો અમારા-સંદેશમાં અને-ભુજા યહોવાની — કોને પ્રગટ-થઈ
H4310 H0539 H8052 H2220 H3068 H4310 H1540

આપણે જે સાંભળ્યું તે કોણે માન્યું છે? અને યહોવાહનો ભુજ, તે કોની આગળ પ્રગટ થયેલો છે?

2
וַיַּעַל כַּיּוֹנֵק לְפָנָיו וְכַשֹּׁרֶשׁ מֵאֶרֶץ צִיָּה לֹא־ תֹאַר לוֹ
અને-તે-ઊગ્યો કુમળા-છોડની-જેમ તેમની-સામે અને-મૂળની-જેમ સૂકી-ભૂમિમાંથી રણની નહોતું રૂપ તેનું
H5927 H3126 H6440 H8328 H0776 H6723 H3808 H8389
וְלֹא הָדָר וְנִרְאֵהוּ וְלֹא־ מַרְאֶה וְנֶחְמְדֵהוּ׃
અને-નહોતું ગૌરવ અને-આપણે-તેને-જોયો અને-નહોતું દેખાવ કે-આપણે-તેને-ચાહીએ
H3808 H1926 H7200 H3808 H4758

તે યહોવાહની સમક્ષ રોપાની જેમ ઊગી નીકળ્યો અને સૂકી ભૂમિમાં ફણગાની જેમ ફૂટી નીકળ્યો; તેની પાસે કોઈ સૌંદર્ય કે વૈભવ ન હતા; જયારે આપણે તેને જોયો, તેનામાં આપણને આકર્ષી શકે તેવી સુંદરતા નહોતી.

3
נִבְזֶה וַחֲדַל אִישִׁים אִישׁ מַכְאֹבוֹת וִידוּעַ חֹלִי וּכְמַסְתֵּר פָּנִים מִמֶּנּוּ
ધિક્કારાયેલો અને-ત્યજેલો માણસોથી માણસ દુઃખોનો અને-પરિચિત રોગનો અને-સંતાડવા-જેવો ચહેરો તેનાથી
H0959 H2310 H0376 H0376 H4341 H3045 H2483 H4564 H6440
נִבְזֶה וְלֹא חֲשַׁבְנֻהוּ׃
ધિક્કારાયેલો અને-નહોતો આપણે-ગણ્યો
H0959 H3808 H2803

તે માણસોથી ધિક્કારાયેલો તથા નકારાયેલો હતો; દુ:ખી પુરુષ અને દર્દનો અનુભવી. જેને જોઈને માણસો પોતાનું મુખ ફેરવી લે, એવો ધિક્કાર પામેલો તે હતો; અને આપણે તેની કદર કરી નહિ.

4

| | | |
|---|---|---|
| אָכֵן | ખરેખર | H0403 |
| חֳלָיֵנוּ | આપણા-રોગો | H2483 |
| הוּא | તેણે | H1931 |
| נָשָׂא | ઉઠાવ્યા | H5375 |
| וּמַכְאֹבֵינוּ | અને-આપણાં-દુ:ખો | H4341 |
| סְבָלָם | સહન-કર્યાં | H5445 |
| וַאֲנַחְנוּ | અને-આપણે | H0587 |
| חֲשַׁבְנֻהוּ | ગણ્યો-તેને | H2803 |
| נָגוּעַ | ઈશ્વરે-માર્યો | H5060 |
| מֻכֵּה | હણાયેલો | H5221 |
| אֱלֹהִים | ઈશ્વરથી | H0430 |
| וּמְעֻנֶּה׃ | અને-પીડાયેલો | |

પણ નિશ્ચે તેણે આપણી માંદગી માથે લીધી અને આપણાં દુ:ખ વેઠ્યાં છે; પણ આપણે તો તેને ઈશ્વરથી શિક્ષા પામેલો, ઈશ્વર દ્વારા મારવામાં આવેલો તથા પીડિત થયેલો માન્યો.

5

| | | |
|---|---|---|
| וְהוּא | અને-તે | H1931 |
| מְחֹלָל | વીંધાયો | |
| מִפְּשָׁעֵנוּ | આપણા-અપરાધોને-લીધે | H6588 |
| מְדֻכָּא | કચડાયો | H1792 |
| מֵעֲוֺנֹתֵינוּ | આપણા-પાપોને-લીધે | H5771 |
| מוּסַר | શિક્ષા | H4148 |
| שְׁלוֹמֵנוּ | આપણી-શાંતિની | H7965 |
| עָלָיו | તેના-પર-હતી | |
| וּבַחֲבֻרָתוֹ | અને-તેના-ઘાથી | H2250 |
| נִרְפָּא־ | સાજા-થયા | H7495 |
| לָנוּ׃ | આપણે | |

પણ આપણા અપરાધોને લીધે તે વીંધાયો; આપણા પાપોને લીધે તે કચડાયો. આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ અને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે.

6

| | | |
|---|---|---|
| כֻּלָּנוּ | આપણે-સહુ | H3605 |
| כַּצֹּאן | ઘેટાંની-જેમ | H6629 |
| תָּעִינוּ | ભટક્યાં | H8582 |
| אִישׁ | દરેક | H0376 |
| לְדַרְכּוֹ | પોતાના-માર્ગે | H1870 |
| פָּנִינוּ | ફર્યા | H6437 |
| וַיהוָה | અને-યહોવાએ | H3068 |
| הִפְגִּיעַ | નાખ્યો | H6293 |
| בּוֹ | તેના-પર | |
| אֵת | — | H0853 |
| עֲוֺן | અધર્મ | H5771 |
| כֻּלָּנוּ׃ | આપણા-સહુનો | H3605 |

આપણે સર્વ ઘેટાંની જેમ ભટકી ગયા છીએ; આપણે દરેક પોતપોતાને માર્ગે વળી ગયા છીએ અને યહોવાહે તેના પર આપણા સર્વના પાપનો ભાર મૂક્યો છે.

7

| | | |
|---|---|---|
| נִגַּשׂ | સતાવાયો | H5065 |
| וְהוּא | અને-તે | H1931 |
| נַעֲנֶה | દબાયો | |
| וְלֹא | અને-નહોતું | H3808 |
| יִפְתַּח־ | ખોલ્યું | |
| פִּיו | મોં-તેનું | H6310 |
| כַּשֶּׂה | ઘેટાની-જેમ | H7716 |
| לַטֶּבַח | કતલ-માટે | H2874 |
| יוּבָל | લઈ-જવાયો | H2986 |
| וּכְרָחֵל | અને-ઘેટીની-જેમ | H7353 |
| לִפְנֵי | ઊન-કાતરનારાઓ-સામે | H6440 |
| גֹזְזֶיהָ | તેના | H1494 |
| נֶאֱלָמָה | મૂંગી-રહી | H0481 |
| וְלֹא | અને-નહોતું | H3808 |
| יִפְתַּח | ખોલ્યું | |
| פִּיו׃ | મોં-તેનું | H6310 |

તેના પર જુલમ ગુજારવામાં આવ્યો; તો પણ તેણે નમ્ર થઈને પોતાનું મુખ ઉઘાડ્યું નહિ; જેમ હલવાનને વધ કરવા માટે લઈ જવામાં આવે છે અને જેમ ઘેટું પોતાના કાતરનારની આગળ મૂંગું રહે છે, તેમ તેણે પોતાનું મુખ ખોલ્યું નહિ.

8

| | | |
|---|---|---|
| מֵעֹצֶר | જુલમથી | H6115 |
| וּמִמִּשְׁפָּט | અને-ન્યાયથી | H4941 |
| לֻקָּח | લઈ-લેવાયો | H3947 |
| וְאֶת־ | અને | H0853 |
| דּוֹרוֹ | તેની-પેઢી-વિશે | H1755 |
| מִי | કોણ | H4310 |
| יְשׂוֹחֵחַ | વિચારશે | H7878 |
| כִּי | કારણ-કે | |
| נִגְזַר | કાપી-નાખાયો | H1504 |
| מֵאֶרֶץ | જીવતાઓની-ભૂમિમાંથી | H0776 |
| חַיִּים | — | |
| מִפֶּשַׁע | અપરાધને-લીધે | H6588 |
| עַמִּי | મારા-લોકોના | |
| נֶגַע | માર | H5061 |
| לָמוֹ׃ | તેને-પડ્યો | |

જુલમથી તથા ન્યાયચુકાદાથી તેને અપરાધી ઠરાવવામાં આવ્યો; તેની પેઢીનાં માણસોમાંથી કોણે તેના વિષે કંઈ વિચાર કર્યો? પણ તેને જીવતાઓની ભૂમિમાંથી કાપી નાખવામાં આવ્યો; મારા લોકોના અપરાધોને લીધે તેને શિક્ષા થઈ.

9 וַיִּתֵּן અને-આપ્યું H5414 | אֶת־ — H0854 | רְשָׁעִים દુષ્ટો-સાથે H7563 | קִבְרוֹ કબર-તેની H6913 | וְאֶת־ અને H0854 | עָשִׁיר ધનવાન-સાથે H6223 | בְּמֹתָיו મરણમાં-તેના H4194 | עַל છતાં | לֹא־ કોઈ H3808 | חָמָס હિંસા H2555 | עָשָׂה કરી-નહોતી | וְלֹא અને-કોઈ H3808 | מִרְמָה છળ-નહોતું H4820 | בְּפִיו׃ તેના-મોંમાં H6310

તેની કબર ગુનેગારોની સાથે ઠરાવેલી હતી, તેની મરણાવસ્થામાં તે ધનિકની સાથે હતો, તેમ છતાં તેણે કોઈ હિંસા કરી નહિ કે તેના મુખમાં કોઈ કપટ નહોતું.

10 וַיהוָה અને-યહોવાએ H3068 | חָפֵץ ઇચ્છ્યું | דַּכְּאוֹ કચડવાનું-તેને H1792 | הֶחֱלִי રોગ-દેવાનું | אִם־ જો | תָּשִׂים ચઢાવે | אָשָׁם દોષાર્પણ H0817 | נַפְשׁוֹ પોતાનો-જીવ H5315 | יִרְאֶה જોશે-તે H7200 | זֶרַע સંતાન H2233 | יַאֲרִיךְ લંબાશે H0748 | יָמִים દિવસો H3117 | וְחֵפֶץ અને-ઇચ્છા H2656 | יְהוָה યહોવાની H3068 | בְּיָדוֹ તેના-હાથથી H3027 | יִצְלָח׃ સફળ-થશે

તોપણ યહોવાહની મરજી તેને ઘાયલ કરીને કચરવાની હતી; જો તમે લોકો તેના જીવનને પાપનું બલિદાન બનાવો, તો તે પોતાનાં સંતાન જોશે, તે દીર્ઘાયુ થશે અને યહોવાહનો હેતુ તેના દ્વારા સફળ થશે.

11 מֵעֲמַל તેના-આત્માના-દુ:ખથી H5999 | נַפְשׁוֹ — H5315 | יִרְאֶה જોશે-તે H7200 | יִשְׂבָּע તૃપ્ત-થશે H7646 | בְּדַעְתּוֹ પોતાના-જ્ઞાનથી H1847 | יַצְדִּיק ન્યાયી-ઠરાવશે H6663 | צַדִּיק ન્યાયી H6662 | עַבְדִּי મારો-સેવક H5650 | לָרַבִּים ઘણાઓને | וַעֲוֺנֹתָם અને-તેઓના-પાપો H5771 | הוּא તે H1931 | יִסְבֹּל׃ ઉઠાવશે H5445

તે પોતાના આત્માનાં કષ્ટનું ફળ જોશે અને તેના ડહાપણથી સંતોષ પામશે. મારો ન્યાયી સેવક ઘણાનો ઇનસાફ કરશે; અને તેઓના અપરાધો પોતાને માથે લઈ લેશે.

12 לָכֵן તેથી | אֲחַלֶּק־ વહેંચીશ-હું | לוֹ તેને | בָרַבִּים ઘણાઓમાં | וְאֶת־ અને H0854 | עֲצוּמִים બળવાનો-સાથે H6099 | יְחַלֵּק વહેંચશે-તે | שָׁלָל લૂંટ H7998 | תַּחַת કારણ-કે H8478 | אֲשֶׁר તેણે | הֶעֱרָה રેડ્યો H6168 | לַמָּוֶת મરણ-સુધી H4194 | נַפְשׁוֹ પોતાનો-જીવ H5315 | וְאֶת־ અને H0854 | פֹּשְׁעִים અપરાધીઓમાં H6586 | נִמְנָה ગણાયો H4487 | וְהוּא અને-તેણે H1931 | חֵטְא־ પાપ H2399 | רַבִּים ઘણાઓનું | נָשָׂא ઉઠાવ્યું H5375 | וְלַפֹּשְׁעִים અને-અપરાધીઓ-માટે H6586 | יַפְגִּיעַ׃ મધ્યસ્થી-કરી H6293 | ס —

તેથી હું તેને મહાન પુરુષોની સાથે તેનો હિસ્સો વહેંચી આપીશ અને તે લૂંટ ઘણાની સાથે લૂંટ વહેંચશે, કારણ કે તેણે પોતાનો આત્મા મરણ પામતાં સુધી રેડી દીધો અને તેની ગણતરી અપરાધીઓમાં થઈ. તેણે ઘણાંઓનાં પાપ માથે લીધાં અને અપરાધીઓને માટે મધ્યસ્થી કરી.

## Chapter 54

1 רָנִּי ગાઓ | עֲקָרָה વાંઝણી H6135 | לֹא જેણે-નહોતું H3808 | יָלָדָה જન્મ-આપ્યું H3205 | פִּצְחִי ફાટી-પડો H6476 | רִנָּה આનંદના-ગીતમાં H7440 | וְצַהֲלִי અને-હર્ષ-કરો | לֹא־ નહોતી H3808 | חָלָה પ્રસૂતિ-થઈ | כִּי־ કારણ-કે | רַבִּים વધારે-છે | בְנֵי־ સંતાનો | שׁוֹמֵמָה ત્યક્તાના H8074 | מִבְּנֵי સંતાનો-કરતાં | בְעוּלָה પરિણીતાના H1166 | אָמַר કહ્યુ H0559 | יְהוָה׃ યહોવાએ H3068

"હે સંતાન વિનાની, જેણે બાળકને જન્મ આપ્યો નથી; જેણે પ્રસૂતિની પીડા સહન કરી નથી તે, તું હર્ષનાદ અને જયઘોષ કર. કેમ કે યહોવાહ કહે છે, તજાયેલીનાં છોકરાં પરણેલીનાં છોકરાં કરતાં વધારે છે.

2
הַרְחִ֣יבִי વિસ્તાર-કરો H7337
מְק֣וֹם જગ્યા H4725
אָהֳלֵ֗ךְ તમારા-તંબુની H0168
וִירִיע֧וֹת અને-પડદાઓ H3407
מִשְׁכְּנוֹתַ֛יִךְ તમારા-નિવાસોના H4908
יַטּ֖וּ તાણો H5186
אַל־ ના H0408
תַּחְשֹׂ֑כִי રોકો H2820
הַאֲרִ֙יכִי֙ લંબાવો H0748
מֵיתָרַ֔יִךְ તમારી-દોરીઓ H4340
וִיתֵדֹתַ֖יִךְ અને-તમારી-ખીલીઓ H3489
חַזֵּֽקִי׃ મજબૂત-કરો H2388

તારા તંબુની જગા વિશાળ કર અને તારા તંબુના પડદા પ્રસાર, રોક નહિ; તારાં દોરડાં લાંબા કર અને ખીલા મજબૂત કર.

3
כִּי־ કારણ-કે
יָמִ֥ין જમણે H3225
וּשְׂמֹ֖אול અને-ડાબે H8040
תִּפְרֹ֑צִי ફેલાશો-તમે H6555
וְזַרְעֵךְ֙ અને-તમારા-વંશજો H2233
גּוֹיִ֣ם પ્રજાઓ-પર
יִירָ֔שׁ અધિકાર-કરશે H3423
וְעָרִ֥ים અને-નગરો
נְשַׁמּ֖וֹת ઉજ્જડ H8074
יוֹשִֽׁיבוּ׃ વસાવશે H3427

કેમ કે તું જમણે તથા ડાબે હાથે ફેલાઈ જશે અને તારાં સંતાનો દેશો પર કબજો કરશે અને ઉજ્જડ નગરોને ફરીથી વસાવશે.

4
אַל־ ના H0408
תִּירְאִי֙ ડરો H3372
כִּי־ કારણ-કે
לֹ֣א નહીં H3808
תֵב֔וֹשִׁי શરમાશો H0954
וְאַל־ અને-ના H0408
תִּכָּלְמִ֖י લજ્જા-પામો H3637
כִּ֣י કારણ-કે
לֹ֣א નહીં H3808
תַחְפִּ֑ירִי અપમાન-થશે H2659
כִּ֣י કારણ-કે
בֹ֤שֶׁת શરમ H1322
עֲלוּמַ֙יִךְ֙ તમારી-યુવાનીની H5934
תִּשְׁכָּ֔חִי ભૂલી-જશો H7911
וְחֶרְפַּ֥ת અને-નિંદા H2781
אַלְמְנוּתַ֖יִךְ તમારી-વિધવાપણાની H0491
לֹ֥א નહીં H3808
תִזְכְּרִי־ યાદ-કરશો H2142
עֽוֹד׃ ફરી H5750

તું બીશ નહિ કેમ કે તું લજ્જિત થનાર નથી, ગભરાઈશ નહિ કેમ કે તારી બદનામી થનાર નથી; તારી યુવાવસ્થાની શરમ અને તને તજી દેવાયેલીનું કલંક તું ભૂલી જઈશ.

5
כִּ֤י કારણ-કે
בֹעֲלַ֙יִךְ֙ તમારા-પતિ-છે H1166
עֹשַׂ֔יִךְ તમારા-સર્જનહાર
יְהוָ֥ה યહોવા H3068
צְבָא֖וֹת સૈન્યોના
שְׁמ֑וֹ નામ-તેમનું H8034
וְגֹאֲלֵךְ֙ અને-તમારા-છોડાવનાર
קְד֣וֹשׁ પવિત્ર H6918
יִשְׂרָאֵ֔ל ઇઝરાયલના H3478
אֱלֹהֵ֥י ઈશ્વર H0430
כָל־ સમગ્ર H3605
הָאָ֖רֶץ પૃથ્વીના H0776
יִקָּרֵֽא׃ કહેવાશે H7121

કેમ કે તારા કર્તા જ તારા છે; તેમનું નામ સૈન્યોના ઈશ્વર યહોવાહ છે. ઇઝરાયલના પવિત્રએ તારા ઉદ્ધારકર્તા છે; તે આખી પૃથ્વીના ઈશ્વર કહેવાય છે.

6
כִּֽי־ કારણ-કે
כְאִשָּׁ֧ה સ્ત્રી-જેમ H0802
עֲזוּבָ֛ה ત્યક્તા
וַעֲצ֥וּבַת અને-દુ:ખી
ר֖וּחַ આત્માની H7307
קְרָאָ֣ךְ બોલાવ્યાં-તમને H7121
יְהוָ֑ה યહોવાએ H3068
וְאֵ֧שֶׁת અને-યુવાનીની-પત્ની H0802
נְעוּרִ֛ים —
כִּ֥י કે-શું
תִמָּאֵ֖ס તિરસ્કાર-થાય
אָמַ֥ר કહ્યુ H0559
אֱלֹהָֽיִךְ׃ તમારા-ઈશ્વરે H0430

તારા ઈશ્વર કહે છે, તજેલી તથા આત્મામાં ઉદાસ રહેનાર પત્નીની જેમ, એટલે જુવાનીમાં પરણેલી સ્ત્રી અને પછી નકારાયેલી પત્નીની જેમ, યહોવાહે તને બોલાવી છે.

7
בְּרֶ֥גַע થોડી-ક્ષણ-માટે H7281
קָטֹ֖ן નાની
עֲזַבְתִּ֑יךְ ત્યજ્યાં-તમને
וּבְרַחֲמִ֥ים અને-મહાન-દયાથી
גְּדֹלִ֖ים —
אֲקַבְּצֵֽךְ׃ એકત્ર-કરીશ-તમને H6908

“મેં ક્ષણવાર તને તજી હતી, પણ હવે પુષ્કળ દયાથી હું તને સ્વીકારીશ.

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בְּשֶׁצֶף | קֶצֶף | הִסְתַּרְתִּי | פָנַי | רֶגַע | מִמֵּךְ | וּבְחֶסֶד | עוֹלָם | רִחַמְתִּיךְ |
| ક્રોધના-ઉભરામાં | — | છુપાવ્યું | ચહેરો-મારો | ક્ષણ-માટે | તમારાથી | અને-અનંત-કૃપાથી | — | દયા-કરી-તમને |
| H8241 | | H5641 | H6440 | H7281 | | | H5769 | H7355 |

| | | | |
|---|---|---|---|
| אָמַר | גֹּאֲלֵךְ | יְהוָה׃ | ס |
| કહ્યું | તમારા-છોડાવનારે | યહોવાએ | — |
| H0559 | | H3068 | |

ક્રોધના આવેશમાં મેં પળવાર તારાથી મારું મુખ ફેરવ્યું હતું; પણ અનંતકાળિક કરારના વિશ્વાસુપણાથી હું તારા પર દયા કરીશ,” તારા બચાવનાર યહોવાહ એમ કહે છે.

9

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | מֵי | נֹחַ | זֹאת | לִי | אֲשֶׁר | נִשְׁבַּעְתִּי | מֵעֲבֹר | מֵי־ | נֹחַ | עוֹד | עַל־ |
| કારણ-કે | પાણી | નૂહના | આ-છે | મારા-માટે | જેમ-કે | શપથ-લીધા | ફરી-વહેવાનું | પાણી | નૂહના | ફરી | — |
| | H4325 | H5146 | H2063 | | | H7650 | | H4325 | H5146 | H5750 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הָאָרֶץ | כֵּן | נִשְׁבַּעְתִּי | מִקְּצֹף | עָלַיִךְ | וּמִגְּעָר־ | בָּךְ׃ |
| પૃથ્વી-પર | તેવી-રીતે | શપથ-લીધા | ક્રોધ-કરવાનું | તમારા-પર | અને-ઠપકો-આપવાનું-નહીં | તમને |
| H0776 | | H7650 | H7107 | | H1605 | |

“કેમ કે મારે માટે તો એ નૂહના જળપ્રલય જેવું છે: જે પ્રમાણે મેં સમ ખાધા હતા કે, નૂહનો જળપ્રલય ફરી પૃથ્વી પર થનાર નથી, તેથી મેં સમ ખાધા છે કે હું તારા પર ફરીથી કદી ક્રોધાયમાન થઈશ નહીં, કે તને ઠપકો દઈશ નહિ.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | הֶהָרִים | יָמוּשׁוּ | וְהַגְּבָעוֹת | תְּמוּטֶנָה | וְחַסְדִּי | מֵאִתֵּךְ | לֹא־ | יָמוּשׁ | וּבְרִית |
| કારણ-કે | પર્વતો | ખસી-જાય | અને-ટેકરીઓ | ડગમગે | પણ-મારી-કૃપા | તમારાથી | નહીં | ખસે | અને-કરાર |
| | H2022 | H4185 | H1389 | H4131 | | H0854 | H3808 | H4185 | H1285 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שְׁלוֹמִי | לֹא | תָמוּט | אָמַר | מְרַחֲמֵךְ | יְהוָה׃ | ס |
| મારી-શાંતિનો | નહીં | ડગમગે | કહ્યું | તમારા-પર-દયા-કરનારે | યહોવાએ | — |
| H7965 | H3808 | H4131 | H0559 | H7355 | H3068 | |

છતાં જો પર્વતો ખસી જાય અને ડુંગરો હચમચી જાય, તોપણ મારા કરારનું વિશ્વાસુપણું તારી પાસેથી ફરશે નહિ, કે મારો શાંતિનો કરાર ટળશે નહિ,” તારા પર કૃપા રાખનાર યહોવાહ એવું કહે છે.

11

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עֲנִיָּה | סֹעֲרָה | לֹא | נֻחָמָה | הִנֵּה | אָנֹכִי | מַרְבִּיץ | בַּפּוּךְ | אֲבָנָיִךְ |
| દુ:ખી | તોફાનમાં-ઝોલાતી | નહીં | દિલાસો-પામેલી | જુઓ | હું | જડીશ | સુરમામાં | તમારા-પથ્થરો |
| H6041 | H5590 | H3808 | H5162 | H2009 | H0595 | H7257 | H6320 | H0068 |

| | |
|---|---|
| וִיסַדְתִּיךְ | בַּסַּפִּירִים׃ |
| અને-નાખીશ-પાયો-તમારો | નીલમણિઓથી |
| H3245 | H5601 |

હે દુ:ખી, ઝંઝાવાતની થપાટો ખાતી, દિલાસા વગરની, જુઓ, હું તારા પથ્થરો પીરોજમાં બેસાડીશ અને તારા પાયા નીલમના કરીશ.

12

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְשַׂמְתִּי | כַּדְכֹד | שִׁמְשֹׁתַיִךְ | וּשְׁעָרַיִךְ | לְאַבְנֵי | אֶקְדָּח | וְכָל־ | גְּבוּלֵךְ |
| અને-બનાવીશ | માણેકના | તમારા-કાંગરા | અને-તમારા-દરવાજા | ચળકતા-પથ્થરોના | — | અને-સમગ્ર | સીમા-તમારી |
| | H3539 | H8121 | H8179 | H0068 | H0688 | H3605 | H1366 |

| | |
|---|---|
| לְאַבְנֵי־ | חֵפֶץ׃ |
| કીમતી-પથ્થરોની | — |
| H0068 | H2656 |

તારા બુરજોને હું માણેકના અને તારા દરવાજા લાલ પથ્થરના અને તારી બહારની દીવાલો રત્ન જડિત કરીશ.

13

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְכָל־ | בָּנַיִךְ | לִמּוּדֵי | יְהוָה | וְרַב | שְׁלוֹם | בָּנָיִךְ׃ |
| અને-સર્વ | સંતાનો-તમારાં | શીખવાડેલાં | યહોવાથી | અને-મહાન | શાંતિ | તમારાં-સંતાનોની |
| H3605 | | H3928 | H3068 | | H7965 | |

અને તારાં સંતાનોને યહોવાહ દ્વારા શીખવવામાં આવશે; અને તારાં સંતાનોને ઘણી શાંતિ મળશે.

14

| ס | — | |

યહોવાહ કહે છે, તે સમયે' "હું ઇઝરાયલના સર્વ કુળનો ઈશ્વર થઈશ અને તેઓ મારા લોક થશે."

2

| | | |
|---|---|---|
| כֹּה | આમ | H3541 |
| אָמַר | કહ્યુ | H0559 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| מָצָא | મળી | H4672 |
| חֵן | કૃપા | H2580 |
| בַּמִּדְבָּר | અરણ્યમાં | |
| עַם | પ્રજાએ | |
| שְׂרִידֵי | બચેલાઓએ | H8300 |
| חָרֶב | તલવારના | H2719 |
| הָלוֹךְ | ગયા-છે | H1980 |
| לְהַרְגִּיעוֹ | વિશ્રામ-આપવા | |
| יִשְׂרָאֵל׃ | ઈસ્રાએલને | H3478 |

યહોવાહ આ પ્રમાણે કહે છે કે; “જ્યારે હું ઇઝરાયલને વિશ્રાંતિ આપવા ગયો ત્યારે જે લોકો તલવારથી બચી ગયા છે, તેઓ અરણ્યમાં કૃપા પામ્યા.

3

| מֵרָחוֹק | יְהוָה | נִרְאָה | לִי | וְאַהֲבַת | עוֹלָם | אֲהַבְתִּיךְ | עַל־ | כֵּן | מְשַׁכְתִּיךְ | חָסֶד׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દૂરથી | યહોવાહ | દર્શન-આપ્યા | મને | અને-પ્રેમથી | સનાતનના | પ્રેમ-કર્યો-તને-મેં | તેથી- | આથી | ખેંચ્યા-છે-તને | કૃપાથી |
| H7350 | H3068 | H7200 | | H0160 | H5769 | H0157 | | | H4900 | |

યહોવાહે દૂર દેશમાં મને દર્શન આપી કહ્યુ કે, મેં તારા પર અખંડ પ્રેમ રાખ્યો છે. માટે મેં મારી કૃપા તારા પર રાખીને તને મારા તરફ ખેંચી છે.

4

| עוֹד | אֶבְנֵךְ | וְנִבְנֵית | בְּתוּלַת | יִשְׂרָאֵל | עוֹד | תַּעְדִּי | תֻפַּיִךְ | וְיָצָאת | בִּמְחוֹל | מְשַׂחֲקִים׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ફરી- | બંધીશ-તને | અને-બંધાશે | કુંવારી | ઈસ્રાએલ | ફરી- | શૃંગારીશ | તારાં-ડફો | અને-નીકળશે | નૃત્યમાં | આનંદ-કરનારાઓના |
| H5750 | H1129 | H1129 | H1330 | H3478 | H5750 | | H8596 | H3318 | H4234 | H7832 |

હે ઇઝરાયલની કુમારી હું તને ફરીથી બાંધીશ અને તું પાછી બંધાઈશ. ફરીથી તું કુમારિકાની જેમ ઝાંઝરથી પોતાને શણગારીશ અને આનંદથી નાચતા બહાર જઈશ.

5

| עוֹד | תִּטְּעִי | כְרָמִים | בְּהָרֵי | שֹׁמְרוֹן | נָטְעוּ | נֹטְעִים | וְחִלֵּלוּ׃ |
|---|---|---|---|---|---|---|---|
| ફરી- | વાવશે | દ્રાક્ષાવાડીઓ | પહાડો-પર | શોમરોનના | વાવ્યું | વાવનારાઓએ | અને-આનંદ-માણ્યું |
| H5750 | H5193 | H3754 | H2022 | H8111 | H5193 | H5193 | |

તું ફરીથી સમરુનના પર્વતો પર દ્રાક્ષવાડીઓ રોપશે. અને રોપનારાઓ એનાં ફળ ખાવા પામશે.

6

| כִּי | יֶשׁ־ | יוֹם | קָרְאוּ | נֹצְרִים | בְּהַר | אֶפְרָיִם | קוּמוּ | וְנַעֲלֶה | צִיּוֹן | אֶל־ | יְהוָה | אֱלֹהֵינוּ׃ | פ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે- | આવશે- | દિવસ | બોલાવશે | ચોકીદારો | પહાડ-પર | એફ્રાઇમના | ઊઠો | અને-ચડીએ | સિયોનમાં | પ્રત્યે- | યહોવાહ | અમારા-ઈશ્વરને | — |
| | H3426 | H3117 | H7121 | H5341 | H2022 | H0669 | | H5927 | H6726 | H0413 | H3068 | H0430 | |

કેમ કે એવો દિવસ આવી રહ્યો છે, જ્યારે એફ્રાઇમના પર્વતો પરથી ચોકીદારો પોકાર કરશે કે, ‘ચાલો, આપણે આપણા ઈશ્વર યહોવાહની પાસે સિયોનમાં ચઢી જઈએ.’”

7

| כִּי־ | כֹה | אָמַר | יְהוָה | רָנּוּ | לְיַעֲקֹב | שִׂמְחָה | וְצַהֲלוּ | בְּרֹאשׁ | הַגּוֹיִם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે- | આમ | કહ્યુ | યહોવાહે | ગાઓ | યાકૂબ-માટે | આનંદથી | અને-જયકાર-કરો | આગળ- | પ્રજાઓમાં |
| | H3541 | H0559 | H3068 | | H3290 | H8057 | | | |

| הַשְׁמִיעוּ | הַלְלוּ | וְאִמְרוּ | הוֹשַׁע | יְהוָה | אֶת־ | עַמְּךָ | אֵת | שְׁאֵרִית | יִשְׂרָאֵל׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સંભળાવો | સ્તુતિ-કરો | અને-કહો | બચાવ | યહોવાહ | -ને | તારી-પ્રજાને | -ને | બાકી | ઈસ્રાએલને |
| H8085 | | H0559 | H3467 | H3068 | H0853 | | H0853 | H7611 | H3478 |

યહોવાહ કહે છે કે; “યાકૂબને માટે આનંદપૂર્વક ગાઓ પ્રજાઓમાં જે મુખ્ય છે તેને માટે હર્ષનાદ કરો. પ્રગટ કરીને સ્તુતિગાન કરીને કહો, યહોવાહ તમારા લોકોને ઇઝરાયલના બાકી રહેલાને બચાવો.’

8

| הִנְנִי | מֵבִיא | אוֹתָם | מֵאֶרֶץ | צָפוֹן | וְקִבַּצְתִּים | מִיַּרְכְּתֵי־ | אָרֶץ | בָּם | עִוֵּר |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જુઓ-હું | લાવું-છું | તેમને | દેશમાંથી | ઉત્તરના | અને-એકત્રિત-કરીશ-તેમને | છેડાથી- | પૃથ્વીના | તેમનામાં | આંધળા |
| H2009 | H0935 | H0853 | H0776 | H6828 | H6908 | H3411 | H0776 | | H5787 |

| וּפִסֵּחַ | הָרָה | וְיֹלֶדֶת | יַחְדָּו | קָהָל | גָּדוֹל | יָשׁוּבוּ | הֵנָּה׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-લંગડા | ગર્ભવતી | અને-પ્રસૂતા | સાથે-મળીને | મંડળી | મોટી | પાછા-આવશે | અહીં |
| H6455 | | H3205 | | H6951 | | H7725 | H2008 |

જુઓ, હું તેઓને ઉત્તરમાંથી લાવીશ અને પૃથ્વીના છેડાઓથી તેઓને એકત્ર કરીશ. તેઓમાં અધજનો અને અપંગો હશે; ગર્ભવતી તથા જન્મ આપનારી સર્વ એકઠાં થશે. તેઓનો મોટો સમુદાય અહીં પાછો ફરશે.

9

| | | |
|---|---|---|
| בִּבְכִי | રુદનમાં | H1065 |
| יָבֹאוּ | આવશે | H0935 |
| וּבְתַחֲנוּנִים | અને-વિનંતીઓમાં | H8469 |
| אוֹבִילֵם | દોરીશ-તેમને | H2986 |
| אוֹלִיכֵם | લઈ-જઈશ | H3212 |
| אֶל־ | પ્રત્યે- | H0413 |
| נַחֲלֵי | નદીઓ | |
| מַיִם | પાણીની | H4325 |
| בְּדֶרֶךְ | માર્ગે | H1870 |
| יָשָׁר | સીધા | H3477 |
| לֹא | નહીં | H3808 |
| יִכָּשְׁלוּ | લથડશે | H3782 |
| בָּהּ | તેમાં | |
| כִּי־ | કારણ-કે- | |
| הָיִיתִי | હતો-હું | H1961 |
| לְיִשְׂרָאֵל | ઈસ્રાએલ-માટે | H3478 |
| לְאָב | પિતા | H0001 |
| וְאֶפְרַיִם | અને-એફ્રાઇમ | H0669 |
| בְּכֹרִי | મારો-જ્યેષ્ટ-પુત્ર | H1060 |
| הוּא׃ | છે | H1931 |
| ס | — | |

તેઓ રડતાંકકળતાં વિનંતીઓ કરતાં આવશે. હું તેમને ઠોકર ન વાગે એવા સપાટ રસ્તે વહેતાં ઝરણાં આગળ ચલાવીશ. કેમ કે હું ઇઝરાયલનો પિતા છું, એફ્રાઇમ મારો જયેષ્ઠ દીકરો છે.”

10

| | | |
|---|---|---|
| שִׁמְעוּ | સાંભળો | H8085 |
| דְבַר־ | વચન- | H1697 |
| יְהוָה | યહોવાહનું | H3068 |
| גּוֹיִם | પ્રજાઓ | |
| וְהַגִּידוּ | અને-જાહેર-કરો | H5046 |
| בָאִיִּים | ટાપુઓ-પર | H0339 |
| מִמֶּרְחָק | દૂરથી | H4801 |
| וְאִמְרוּ | અને-કહો | H0559 |
| מְזָרֵה | જેણે-વિખેર્યો | H2219 |
| יִשְׂרָאֵל | ઈસ્રાએલને | H3478 |
| יְקַבְּצֶנּוּ | એકત્રિત-કરશે-તેને | H6908 |
| וּשְׁמָרוֹ | અને-રક્ષા-કરશે-તેને | H8104 |
| כְּרֹעֶה | પાળક-જેવા | |
| עֶדְרוֹ׃ | તેના-ટોળાને | H5739 |

હે પ્રજાઓ, તમે યહોવાહના વચન સાંભળો અને દૂર દૂરના દ્વીપોને તે પ્રગટ કરો. જેણે ઇઝરાયલના લોકોને વેરવિખેર કરી નાખ્યા હતા તે પોતે જ તેઓને એકત્ર કરશે. અને પોતાનાં ટોળાંની ઘેટાંપાળકની જેમ સંભાળ લેશે.

11

| | | |
|---|---|---|
| כִּי־ | કારણ-કે- | |
| פָדָה | છોડાવ્યો | H6299 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| אֶת־ | -ને | H0853 |
| יַעֲקֹב | યાકૂબને | H3290 |
| וּגְאָלוֹ | અને-છોડાવ્યો-તેને | |
| מִיַּד | હાથમાંથી | H3027 |
| חָזָק | શક્તિશાળીના | H2389 |
| מִמֶּנּוּ׃ | તેનાથી | |

કારણ કે યહોવાહે યાકૂબને બચાવ્યો છે. અને તેના કરતાં બળવાનના હાથમાંથી તેને છોડાવ્યો છે.

12

| | | |
|---|---|---|
| וּבָאוּ | અને-આવશે | H0935 |
| וְרִנְּנוּ | અને-ગાશે | |
| בִמְרוֹם־ | ઊંચાઈ-પર- | H4791 |
| צִיּוֹן | સિયોનની | H6726 |
| וְנָהֲרוּ | અને-દોડશે | |
| אֶל־ | પ્રત્યે- | H0413 |
| טוּב | ભલાઈ | H2898 |
| יְהוָה | યહોવાહની | H3068 |
| עַל־ | વિષે- | |
| דָּגָן | અનાજ | H1715 |
| וְעַל־ | અને-વિષે- | |
| תִּירֹשׁ | નવી-દ્રાક્ષારસ | H8492 |
| וְעַל־ | અને-વિષે- | |
| יִצְהָר | તેલ | H3323 |
| וְעַל־ | અને-વિષે- | |
| בְּנֵי־ | બચ્ચાં- | |
| צֹאן | ઘેટાંના | H6629 |
| וּבָקָר | અને-ગાયોના | H1241 |
| וְהָיְתָה | અને-હશે | H1961 |
| נַפְשָׁם | તેમનો-આત્મા | H5315 |
| כְּגַן | બગીચા-જેવો | H1588 |
| רָוֶה | સિંચિત | H7302 |
| וְלֹא־ | અને-નહીં- | H3808 |
| יוֹסִיפוּ | વધુ-કરશે | H3254 |
| לְדַאֲבָה | દુખ-કરવા | H1669 |
| עוֹד׃ | વધુ | H5750 |

તેઓ આનંદના પોકાર કરતા સિયોનના પર્વત પર આવશે. અને યહોવાહે આપેલા ધાન્ય, દ્રાક્ષારસ, તેલ અને ટોળાં અને જાનવરો સમૃદ્ધિથી ખુશખુશાલ થશે. તેમનું જીવન સીંચેલી વાડી જેવું થશે અને તેઓનાં સર્વ દુ:ખો દૂર થઈ ગયાં હશે.

13

| | | |
|---|---|---|
| אָז | ત્યારે | |
| תִּשְׂמַח | આનંદ-કરશે | H8055 |
| בְּתוּלָה | કુંવારી | H1330 |
| בְּמָחוֹל | નૃત્યમાં | H4234 |
| וּבַחֻרִים | અને-યુવાનો | H0970 |
| וּזְקֵנִים | અને-વૃદ્ધો | H2205 |
| יַחְדָּו | સાથે-મળીને | |
| וְהָפַכְתִּי | અને-ફેરવીશ | H2015 |
| אֶבְלָם | તેમનો-શોકને | H0060 |
| לְשָׂשׂוֹן | આનંદમાં | H8342 |
| וְנִחַמְתִּים | અને-દિલાસા-આપીશ-તેમને | H5162 |
| וְשִׂמַּחְתִּים | અને-આનંદિત-કરીશ-તેમને | H8055 |
| מִיגוֹנָם׃ | તેમના-દુખમાંથી | H3015 |

ત્યારે કુમારિકાઓ આનંદ સાથે નાચી ઊઠશે અને યુવાનો તથા વૃદ્ધો હરખાશે; “કેમ કે હું તેઓના શોકને હર્ષમાં ફેરવી નાખીશ, હું તેઓને ખાતરી આપીશ અને તેઓને હર્ષિત કરીશ, કેમ કે તેઓનાં બંદીવાસનાં સર્વ દુ:ખો દૂર થઈ ગયાં હશે.

14 וְרִוֵּיתִ֛י અને-તૃપ્ત-કરીશ H7301 | נֶ֥פֶשׁ આત્મા H5315 | הַכֹּהֲנִ֖ים યાજકોનો H3548 | דָּ֑שֶׁן છલકાઈથી H1880 | וְעַמִּ֛י અને-મારી-પ્રજા | אֶת־ -ને H0853 | טוּבִ֥י મારી-ભલાઈથી H2898 | יִשְׂבָּ֖עוּ તૃપ્ત-થશે H7646 | נְאֻם־ ભાષણ- H5002 | יְהוָֽה׃ યહોવાહનું H3068 | ס —

હું યાજકોને પુષ્કળ ખોરાક આપીશ. અને મારી પ્રજા મેં આપેલી ઉત્તમ વસ્તુઓથી ભરાઈ જશે. એવું યહોવાહ કહે છે.

15 כֹּ֣ה આમ- H3541 | אָמַ֣ר કહ્યુ H0559 | יְהוָ֗ה યહોવાહે H3068 | ק֣וֹל અવાજ | בְּרָמָ֤ה રામાહમાં H7414 | נִשְׁמָע֙ સંભળાયો H8085 | נְהִי֙ વિલાપ H5092 | בְּכִ֣י રુદન H1065 | תַמְרוּרִ֔ים કડવું H8563 | רָחֵ֖ל રાહેલ H7354 | מְבַכָּ֣ה રોએ-છે H1058 | עַל־ વિષે- | בָּנֶ֑יהָ તેનાં-બાળકો-માટે | מֵאֲנָ֛ה ઈનકાર-કરે-છે H3985 | לְהִנָּחֵ֥ם દિલાસો-પામવા H5162 | עַל־ વિષે- | בָּנֶ֖יהָ તેનાં-બાળકો-માટે | כִּ֥י કારણ-કે | אֵינֶֽנּוּ׃ નથી-તેઓ H0369 | ס —

યહોવાહ કહે છે કે; રામામાં ભારે રુદનનો અવાજ સંભળાય છે, રાહેલ પોતાના સંતાનો માટે રડે છે. પોતાના સંતાનો સંબંધી તે સાંત્વના પામવાની ના પાડે છે. કેમ કે તેનાં સંતાનો મૃત્યુ પામ્યાં છે."

16 כֹּ֣ה આમ- H3541 | אָמַ֣ר કહ્યુ H0559 | יְהוָ֗ה યહોવાહે H3068 | מִנְעִ֤י રોક H4513 | קוֹלֵךְ֙ તારો-અવાજને | מִבֶּ֔כִי રુદનથી H1065 | וְעֵינַ֖יִךְ અને-તારી-આંખોને | מִדִּמְעָ֑ה આંસુથી H1832 | כִּי֩ કારણ-કે | יֵ֨שׁ છે H3426 | שָׂכָ֤ר બદલો H7939 | לִפְעֻלָּתֵךְ֙ તારા-કામ-માટે H6468 | נְאֻם־ ભાષણ- H5002 | יְהוָ֔ה યહોવાહનું H3068 | וְשָׁ֖בוּ અને-પાછા-આવશે H7725 | מֵאֶ֥רֶץ દેશમાંથી H0776 | אוֹיֵֽב׃ શત્રુના H0341

પરંતુ યહોવાહ કહે છે; વિલાપ કરીને રુદન કરવાનું બંધ કર, તારાં આસુ લૂછી નાખ; તારાં કષ્ટો વ્યર્થ નહિ જાય, તારાં બાળકો શત્રુના દેશમાંથી પાછા આવશે.

17 וְיֵשׁ־ અને-છે- H3426 | תִּקְוָ֥ה આશા | לְאַחֲרִיתֵ֖ךְ તારા-ભવિષ્ય-માટે H0319 | נְאֻם־ ભાષણ- H5002 | יְהוָ֑ה યહોવાહનું H3068 | וְשָׁ֥בוּ અને-પાછા-આવશે H7725 | בָנִ֖ים બાળકો | לִגְבוּלָֽם׃ તેમની-સરહદમાં H1366 | ס —

તારા ભવિષ્ય માટે આશા છે" તારાં સંતાનો પોતાના દેશમાં પાછાં આવશે, એમ યહોવાહ કહે છે."

18 שָׁמ֣וֹעַ સાંભળતાં- H8085 | שָׁמַ֗עְתִּי સાંભળ્યું-મેં H8085 | אֶפְרַ֙יִם֙ એફ્રાઇમને H0669 | מִתְנוֹדֵ֔ד વિલાપ-કરતાં H5110 | יִסַּרְתַּ֙נִי֙ શિસ્ત-કર્યો-તેં-મને H3256 | וָֽאִוָּסֵ֔ר અને-શિખ્યો-મેં H3256 | כְּעֵ֖גֶל વાછરડા-જેવો H5695 | לֹ֣א નહીં H3808 | לֻמָּ֑ד શીખવાયેલો H3925 | הֲשִׁבֵ֙נִי֙ પાછો-વાળ H7725 | וְאָשׁ֔וּבָה અને-ફરીશ H7725 | כִּ֥י કારણ-કે | אַתָּ֖ה તું-છે | יְהוָ֥ה યહોવાહ H3068 | אֱלֹהָֽי׃ મારો-ઈશ્વર H0430

"નિશ્ચે મેં એફ્રાઇમને પોતાના સંબંધમાં વિલાપ કરતો સાંભળ્યો છે; 'તમે મને સજા કરી છે; પણ જેમ વાછરડાને ઝૂંસરી માટે પલોટવો પડે છે તેમ મને પણ સજા થઈ છે. મને તમારી તરફ પાછો વાળો અને પુન:સ્થાપિત કરો, કેમ કે ફક્ત તમે જ મારા યહોવાહ ઈશ્વર છો.

19 כִּֽי־ કારણ-કે- | אַחֲרֵ֤י પછી- | שׁוּבִי֙ ફર્યા-પછી H7725 | נִחַ֔מְתִּי પશ્ચાતાપ-કર્યો-મેં H5162 | וְאַחֲרֵי֙ અને-પછી- | הִוָּ֣דְעִ֔י જાણ્યું-પછી H3045 | סָפַ֖קְתִּי થપ્પડ-મારી | עַל־ ઉપર- | יָרֵ֑ךְ જાંઘ H3409 | בֹּ֚שְׁתִּי શરમ-અનુભવી-મેં H0954 | וְגַם־ અને-પણ- H1571 | נִכְלַ֔מְתִּי અપમાનિત-થયો-મેં H3637 | כִּ֥י કારણ-કે | נָשָׂ֖אתִי ઉઠાવ્યો-મેં H5375 | חֶרְפַּ֥ת અપમાન H2781 | נְעוּרָֽי׃ યુવાનીનું

મને જ્યારે સમજાયુ કે મેં શું કર્યું છે, ત્યારે મેં મારી જાંઘ પર થબડાકો મારી; હું લજ્જિત અને અપમાનિત થયો છું, કેમ કે, જ્યારે હું જુવાન હતો ત્યારે મેં બદનામીવાળા કામો કર્યાં હતાં.'

20 הֲבֵן שું-પુત્ર-છે | יַקִּיר વહાલો H3357 | לִי મારા-માટે | אֶפְרַיִם એફ્રાઇમ H0669 | אִם શું- | יֶלֶד બાળક H3206 | שַׁעֲשֻׁעִים આનંદનું H8191 | כִּי־ કારણ-કે- | מִדֵּי જ્યારે-પણ- H1767 | דַבְּרִי બોલું-છું H1696 | בּוֹ તેના-વિષે
זָכֹר યાદ-કરું H2142 | אֶזְכְּרֶנּוּ યાદ-કરીશ-તેને H2142 | עוֹד વધુ H5750 | עַל־ તેથી- | כֵּן આથી | הָמוּ ગજે-છે H1993 | מֵעַי મારું-અતર H4578 | לוֹ તેન□-માટે | רַחֵם દયા-કરીશ H7355
אֲרַחֲמֶנּוּ ખરેખર-દયા-કરીશ-તેન□-પર H7355 | נְאֻם־ ભાષણ- H5002 | יְהוָה: યહોવાહનું H3068 | ס —

શું એફ્રાઇમ મારો લાડકો દીકરો છે? શું તે પ્રિય દીકરો છે? હું જ્યારે તેની વિરુદ્ધ બોલું છું ત્યારે પાછો તને યાદ કરું છું. અને મારું હૃદય તને ઝંખે છે. હું ચોક્કસ તારા પર અનુકંપા બતાવીશ. એમ યહોવાહ કહે છે.

21 הַצִּיבִי મૂક H5324 | לָךְ તારા-માટે | צִיֻּנִים ચિહ્નો H6725 | שִׂמִי રાખ | לָךְ તારા-માટે | תַּמְרוּרִים માર્ગદર્શકો H8564 | שִׁתִי લગાવ H7896 | לִבֵּךְ તારું-હૃદય | לַמְסִלָּה માર્ગ-પ્રત્યે H4546 | דֶּרֶךְ રસ્તો H1870 | ]הלכתי[ — H1980
)הָלָכְתְּ( ચાલી-તેં H1980 | שׁוּבִי પાછી-આવ H7725 | בְּתוּלַת કુંવારી H1330 | יִשְׂרָאֵל ઈસ્રાએલ H3478 | שֻׁבִי પાછી-ફર H7725 | אֶל־ પ્રત્યે- H0413 | עָרַיִךְ તારાં-શહેરો | אֵלֶּה: આ H0428

જ્યારે તું બંદીવાસમાં જાય ત્યારે રસ્તામાં ઇઝરાયલનો માર્ગ સૂચવતાં નિશાન કર. અને માર્ગદર્શક સ્તંભો બનાવ. તું જે રસ્તે ગઈ હતી તે બરાબર ધ્યાનમાં રાખ. કેમ કે હે ઇઝરાયલની કુમારી, તું ફરીથી તારાં નગરોમાં અહીં પાછી ફરશે.

22 עַד־ ક્યાં-સુધી H5704 | מָתַי ડગમગશે H4970 | תִּתְחַמָּקִין વિશ્વાસઘાતી H2559 | הַבַּת પુત્રી H1323 | הַשּׁוֹבֵבָה ભટકેલી H7728 | כִּי־ કારણ-કે- | בָרָא સર્જ્યું | יְהוָה યહોવાહે H3068 | חֲדָשָׁה નવું H2319 | בָּאָרֶץ પૃથ્વી-પર H0776 | נְקֵבָה સ્ત્રી H5347
תְּסוֹבֵב ઘેરી-વળશે H5437 | גָּבֶר: પુરુષને H1397 | ס —

હે ભટકી ગયેલી દીકરી, તું ક્યાં સુધી અહીંતહીં રઝળતી રહીશ? કેમ કે યહોવાહે પૃથ્વી પર એક નવી વાત ઉત્પન્ન કરી છે. સ્ત્રી બળવાન પુરુષનું રક્ષણ કરશે.

23 כֹּה־ આમ- H3541 | אָמַר કહ્યું H0559 | יְהוָה યહોવાહ H3068 | צְבָאוֹת સૈન્યોના | אֱלֹהֵי ઈશ્વર H0430 | יִשְׂרָאֵל ઈસ્રાએલના H3478 | עוֹד ફરી- H5750 | יֹאמְרוּ કહેશે H0559 | אֶת־ -ને H0853 | הַדָּבָר વચન H1697 | הַזֶּה આ H2088 | בְּאֶרֶץ દેશમાં H0776
יְהוּדָה યહૂદાના H3063 | וּבְעָרָיו અને-તેના-શહેરોમાં | בְּשׁוּבִי જ્યારે-ફેરવીશ H7725 | אֶת־ -ને H0853 | שְׁבוּתָם તેમની-બંદીવાસી H7622 | יְבָרֶכְךָ આશીર્વાદ-આપે-તને H1288 | יְהוָה યહોવાહ H3068 | נְוֵה־ નિવાસ- | צֶדֶק ધાર્મિકતાના H6664
הַר પર્વત H2022 | הַקֹּדֶשׁ: પવિત્રતાનો H6944

સૈન્યોના યહોવાહ, ઇઝરાયલના ઈશ્વર કહે છે; "જ્યારે હું તેઓનો બંદીવાસ ફેરવી નાખીશ ત્યારે યહૂદિયા દેશમાં અને તેના નગરોમાં લોકો આ વચન ઉચ્ચારશે કે, ન્યાયનિકેતન હે પવિત્રપર્વત, 'યહોવાહ આશીર્વાદિત કરો.'

24 וְיָשְׁבוּ અને-વસશે H3427 | בָהּ તેમાં | יְהוּדָה યહૂદાહ H3063 | וְכָל־ અને-બધાં- H3605 | עָרָיו તેના-શહેરો | יַחְדָּו સાથે-મળીને | אִכָּרִים ખેડૂતો H0406 | וְנָסְעוּ અને-ચાલશે H5265 | בַּעֵדֶר: ટોળા-સાથે H5739

અને યહૂદિયા તથા તેના બધા નગરોમાંનાં ખેડૂતો અને ભરવાડો તેમના ટોળાં સાથે ભેગા રહેશે.

25 כִּי કારણ-કે | הִרְוֵיתִי તૃપ્ત-કરીશ H7301 | נֶפֶשׁ આત્મા H5315 | עֲיֵפָה થાકેલાને H5889 | וְכָל־ અને-બધાં- H3605 | נֶפֶשׁ આત્મા H5315 | דָּאֲבָה દુખીને H1669 | מִלֵּאתִי: ભરપૂર-કરીશ H4390

મેં થાકેલાં જીવને વિશ્રામ આપ્યો છે. અને દુ:ખી જીવને સમૃદ્ધ કર્યાં છે.”

26
עַל־ આ–
זֹאת વિષે H2063
הֱקִיצֹתִי જાગ્યો–મેં H6974
וָאֶרְאֶה અને–જોયું H7200
וּשְׁנָתִי અને–મારી–નીંદ H8142
עָרְבָה મીઠી–લાગી H6149
לִּי׃ મને
ס —

ત્યારબાદ હું જાગ્યો અને મેં જોયું તો મારી ઊંઘ મને મીઠી લાગી.

27
הִנֵּה જુઓ H2009
יָמִים દિવસો H3117
בָּאִים આવે–છે H0935
נְאֻם־ ભાષણ– H5002
יְהוָה યહોવાહનું H3068
וְזָרַעְתִּי અને–વાવીશ H2232
אֶת־ –ને H0853
בֵּית ઘર
יִשְׂרָאֵל ઈસ્રાએલનું H3478
וְאֶת־ અને– H0853
בֵּית ઘર
יְהוּדָה યહૂદાનું H3063
זֶרַע બીજ H2233
אָדָם માણસનું H0120
וְזֶרַע અને–બીજ H2233
בְּהֵמָה׃ પશુનું H0929

યહોવાહ કહે છે “જુઓ, એવા દિવસો આવી રહ્યા છે કે “જ્યારે હું ઇઝરાયલમાં અને યહૂદિયામાં માણસોનું બી તથા પશુનું બી વાવીશ.

28
וְהָיָה અને–થશે H1961
כַּאֲשֶׁר જેમ–
שָׁקַדְתִּי જાગ્રત–રહ્યો–મેં H8245
עֲלֵיהֶם તેમન–ઉપર
לִנְתוֹשׁ ઉખાડવા H5428
וְלִנְתוֹץ અને–તોડવા H5422
וְלַהֲרֹס અને–પાડવા H2040
וּלְהַאֲבִיד અને–નાશ–કરવા H0006
וּלְהָרֵעַ અને–નુકસાન–કરવા
כֵּן એવી–રીતે
אֶשְׁקֹד જાગ્રત–રહીશ H8245
עֲלֵיהֶם તેમને–ઉપર
לִבְנוֹת બાંધવા H1129
וְלִנְטוֹעַ અને–વાવવા H5193
נְאֻם־ ભાષણ– H5002
יְהוָה׃ યહોવાહનું H3068

ત્યારે એમ થશે કે જેમ ઉખેડી નાખવા, ખંડન કરવા, તોડી પાડવા, નાશ કરવા, અને દુ:ખ દેવાને મેં તેઓ પર નજર કરી હતી. તેમ હવે બાંધવા અને રોપવા હું તેઓના પર નજર રાખીશ.” એવું યહોવાહ કહે છે.

29
בַּיָּמִים તે–દિવસોમાં H3117
הָהֵם તે H1992
לֹא־ નહીં– H3808
יֹאמְרוּ કહેશે H0559
עוֹד વધુ H5750
אָבוֹת પિતાઓએ H0001
אָכְלוּ ખાધી H0398
בֹסֶר ખાટી–દ્રાક્ષાઓ H1155
וְשִׁנֵּי અને–દાંતો H8127
בָנִים બાળકોન
תִּקְהֶינָה׃ બુઝાઈ–ગયા H6949

“તે દિવસ પછી કોઈ એમ નહિ કહે કે, ‘પિતાઓએ ખાટી દ્રાક્ષા ખાધી છે અને બાળકોના દાંત ખટાઈ ગયા છે.’

30
כִּי પરંતુ–
אִם־ પણ–
אִישׁ માણસ H0376
בַּעֲוֺנוֹ પોતાન–અપરાધમાં H5771
יָמוּת મરશે H4191
כָּל־ બધા– H3605
הָאָדָם માણસો H0120
הָאֹכֵל જે–ખાશે H0398
הַבֹּסֶר ખાટી–દ્રાક્ષાઓ H1155
תִּקְהֶינָה બુઝાઈ–જશે H6949
שִׁנָּיו׃ તેના–દાંતો H8127
ס —

કેમ કે દરેક માણસ પોતાના પાપને લીધે મરશે; જે માણસો ખાટી દ્રાક્ષ ખાશે તેઓના દાંત ખટાઈ જશે.

31
הִנֵּה જુઓ H2009
יָמִים દિવસો H3117
בָּאִים આવે–છે H0935
נְאֻם־ ભાષણ– H5002
יְהוָה યહોવાહનું H3068
וְכָרַתִּי અને–કરીશ H3772
אֶת־ –ને H0854
בֵּית ઘર
יִשְׂרָאֵל ઈસ્રાએલના H3478
וְאֶת־ અને– H0854
בֵּית ઘર
יְהוּדָה યહૂદાન H3063
בְּרִית કરાર H1285
חֲדָשָׁה׃ નવો H2319

યહોવાહ કહે છે કે, જુઓ, એવો સમય આવી રહ્યો છે કે “જ્યારે હું ઇઝરાયલ અને યહૂદિયા સાથે નવો કરાર કરીશ.

32
לֹא નહીં H3808
כַבְּרִית કરાર–જેવો H1285
אֲשֶׁר જે
כָּרַתִּי કર્યો–મેં H3772
אֶת־ –ને H0854
אֲבוֹתָם તેમના–પિતાઓ–સાથે H0001
בְּיוֹם દિવસે– H3117
הֶחֱזִיקִי પકડ્યો–મેં H2388
בְיָדָם તેમનો–હાથ H3027
לְהוֹצִיאָם બહાર–કાઢવા H3318
מֵאֶרֶץ દેશમાંથી H0776
מִצְרָיִם મિસ્રના H4714
אֲשֶׁר־ જેને–
הֵמָּה તેઓએ H1992
הֵפֵרוּ તોડ્યો
אֶת־ –ને H0853
בְּרִיתִי મારો–કરાર H1285
וְאָנֹכִי અને–મેં H0595
בָּעַלְתִּי માલિક–હતો H1166
בָם તેમનો
נְאֻם־ ભાષણ– H5002
יְהוָה׃ યહોવાહનું H3068

મેં જ્યારે એમના પિતૃઓને હાથ પકડીને મિસરમાંથી બહાર કાઢ્યાં હતા ત્યારે તેઓની સાથે જે કરાર કર્યો હતો તેવો આ કરાર નહિ હોય. હું તેઓનો વિશ્વાસુ માલિક હોવા છતાં પણ તેમણે મારા કરારનું ઉલ્લંઘન કર્યુ છે.” એવું યહોવાહ કહે છે.

33

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | זֹאת | הַבְּרִית | אֲשֶׁר | אֶכְרֹת | אֶת־ | בֵּית | יִשְׂרָאֵל | אַחֲרֵי | הַיָּמִים | הָהֵם | נְאֻם־ |
| પરંતુ- | આ | કરાર-છે | જે | કરીશ | -ને | ઘર | ઈસ્રાએલને | પછી- | દિવસો | તે | ભાષણ- |
| | H2063 | H1285 | | H3772 | H0854 | | H3478 | | H3117 | H1992 | H5002 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה | נָתַתִּי | אֶת־ | תּוֹרָתִי | בְּקִרְבָּם | וְעַל־ | לִבָּם | אֶכְתֲּבֶנָּה | וְהָיִיתִי | לָהֶם |
| યહોવાહનું | મૂકીશ-મેં | -ને | મારો-કાયદો | તેમન-અંદર | અને-ઉપર- | તેમના-હૃદય | લખીશ | અને-હોઈશ | તેમનો |
| H3068 | H5414 | H0853 | H8451 | H7130 | | | H3789 | H1961 | |

| | | | | |
|---|---|---|---|---|
| לֵאלֹהִים | וְהֵמָּה | יִהְיוּ־ | לִי | לְעָם׃ |
| ઈશ્વર | અને-તેઓ | હશે- | મારી | પ્રજા |
| H0430 | H1992 | H1961 | | |

“પણ યહોવાહ કહે છે હવે પછી ઇઝરાયલના લોકો સાથે જે કરાર કરીશ તે આ હશે “હું મારા નિયમો તેમના હ્રદયમાં મૂકીશ. અને તેઓનાં હ્રદયપટ પર તે લખીશ. હું તેઓનો ઈશ્વર થઈશ. અને તેઓ મારા લોક થશે.

34

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלֹא | יְלַמְּדוּ | עוֹד | אִישׁ | אֶת־ | רֵעֵהוּ | וְאִישׁ | אֶת־ | אָחִיו | לֵאמֹר | דְּעוּ |
| અને-નહીં | શીખવશે | વધુ | માણસ | -ને | પોતાના-પડોશીને | અને-માણસ | -ને | પોતાને-ભાઈને | કહેતાં | ઓળખો |
| H3808 | H3925 | H5750 | H0376 | H0853 | H7453 | H0376 | H0853 | H0251 | H0559 | H3045 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | יְהוָה | כִּי־ | כוּלָּם | יֵדְעוּ | אוֹתִי | לְמִקְּטַנָּם | וְעַד־ | גְּדוֹלָם | נְאֻם־ | יְהוָה | כִּי |
| -ને | યહોવાહને | કારણ-કે- | બધાં | ઓળખશે | મને | નાનાથી- | તે- | મોટા-સુધી | ભાષણ- | યહોવાહનું | કારણ-કે |
| H0853 | H3068 | | H3605 | H3045 | H0853 | | H5704 | | H5002 | H3068 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֶסְלַח | לַעֲוֺנָם | וּלְחַטָּאתָם | לֹא | אֶזְכָּר־ | עוֹד׃ | ס |
| માફ-કરીશ | તેમને-અપરાધને | અને-તેમને-પાપને | નહીં | યાદ-કરીશ- | વધુ | — |
| H5545 | H5771 | | H3808 | H2142 | H5750 | |

તે સમયે ‘યહોવાહને ઓળખવા માટે’ એકબીજાને શીખવવાની જરૂર રહેશે નહિ, કેમ કે ત્યારે નાનાથી મોટા સુધી સૌ કોઈ મને ઓળખશે.” “હું તેઓનાં દુષ્કૃત્યો માફ કરીશ અને તેમના પાપને ફરી સંભારીશ નહિ. એમ યહોવાહ કહે છે.”

35

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כֹּה | אָמַר | יְהוָה | נֹתֵן | שֶׁמֶשׁ | לְאוֹר | יוֹמָם | חֻקֹּת | יָרֵחַ | וְכוֹכָבִים | לְאוֹר |
| આમ- | કહ્યુ | યહોવાહે | જે-આપે-છે | સૂર્યને | પ્રકાશ-માટે | દિવસના | નિયમો | ચંદ્રના | અને-તારાઓના | પ્રકાશ-માટે |
| H3541 | H0559 | H3068 | H5414 | H8121 | H0216 | H3119 | H2708 | H3394 | H3556 | H0216 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לָיְלָה | רֹגַע | הַיָּם | וַיֶּהֱמוּ | גַלָּיו | יְהוָה | צְבָאוֹת | שְׁמוֹ׃ |
| રાતના | જે-ઉશ્કેરે-છે | સમુદ્રને | અને-ગરજે-છે | તેના-મોજાઓ | યહોવાહ | સૈન્યોના | નામ-છે-તેનું |
| H3915 | | H3220 | H1993 | H1530 | H3068 | | H8034 |

“જેણે દિવસે પ્રકાશ આપવા માટે સૂર્ય અને રાત્રે પ્રકાશ આપવા માટે ચંદ્ર અને તારાઓ આપ્યા છે, જે સાગરને એવો ખળભળાવે છે કે તેનાં તરંગો ગર્જના કરી ઊઠે, જેનું નામ સૈન્યોના યહોવાહ છે તે આમ કહે છે;

36

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אִם־ | יָמֻשׁוּ | הַחֻקִּים | הָאֵלֶּה | מִלְּפָנַי | נְאֻם־ | יְהוָה | גַּם | זֶרַע | יִשְׂרָאֵל | יִשְׁבְּתוּ |
| જો- | ખસે | નિયમો | આ | મારી-સમક્ષથી | ભાષણ- | યહોવાહનું | તો-પણ | વંશ | ઈસ્રાએલનો | બંધ-થશે |
| | H4185 | H2706 | H0428 | H6440 | H5002 | H3068 | H1571 | H2233 | H3478 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| מִהְיוֹת | גּוֹי | לְפָנַי | כָּל־ | הַיָּמִים׃ | ס |
| હોવાથી- | પ્રજા | મારી-સમક્ષ | બધા- | દિવસો | — |
| H1961 | | H6440 | H3605 | H3117 | |

“યહોવાહ કહે છે કે, જો મારી આગળ આ નિયમનો ભંગ થાય, “તો જ ઇઝરાયલનાં સંતાનો પણ હંમેશ મારી પ્રજા તરીકે ગણાતાં બંધ થાય.”

37

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כֹּה | אָמַר | יְהוָה | אִם־ | יִמַּדּוּ | שָׁמַיִם | מִלְמַעְלָה | וְיֵחָקְרוּ | מוֹסְדֵי־ | אֶרֶץ | לְמָטָּה | גַּם־ |
| આમ- | કહ્યુ | યહોવાહે | જો- | મપાય | આકાશો | ઉપરથી | અને-શોધાય | પાયાઓ- | પૃથ્વીના | નીચેથી | તો-પણ |
| H3541 | H0559 | H3068 | | H4058 | H8064 | H4605 | H2713 | H4146 | H0776 | H4295 | H1571 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲנִי | אֶמְאַס | בְּכָל־ | זֶרַע | יִשְׂרָאֵל | עַל־ | כָּל־ | אֲשֶׁר | עָשׂוּ | נְאֻם־ | יְהוָה׃ | ס |
| હું | ત્યાગીશ | બધાં- | વંશને | ઈસ્રાએલને | ઉપર- | બધાં- | જે | કર્યું | ભાષણ- | યહોવાહનું | — |
| H0589 | | H3605 | H2233 | H3478 | | H3605 | | | H5002 | H3068 | |

યહોવાહ આ પ્રમાણે કહે છે કે; "જો ઉપરનું આકાશ માપી શકાય, અને નીચે પૃથ્વીના પાયાને શોધી શકાય, તો ઇઝરાયલના સંતાનોએ જે જે કર્યું છે, તે સર્વને માટે હું પણ તે સંતાનોનો ત્યાગ કરીશ." એવું યહોવાહ કહે છે.

38

| | | |
|---|---|---|
| הִנֵּה | જુઓ | H2009 |
| יָמִים | દિવસો | H3117 |
| )בָּאִים( | આવે-છે | H0935 |
| נְאֻם־ | ભાષણ- | H5002 |
| יְהוָה | યહોવાહનું | H3068 |
| וְנִבְנְתָה | અને-બંધાશે | H1129 |
| הָעִיר | શહેર | |
| לַיהוָה | યહોવાહ-માટે | H3068 |
| מִמִּגְדַּל | બુર્જથી- | H4026 |
| חֲנַנְאֵל | હનાનેલના | H2606 |
| שַׁעַר | દરવાજા | H8179 |
| הַפִּנָּה: | ખૂણાના | H6438 |

"જુઓ, યહોવાહ કહે છે, એવો સમય આવી રહ્યો છે કે તે સમયમાં આ નગર હનાનએલના બુરજથી તે ખૂણાના દરવાજા સુધી ફરી બાંધવામાં આવશે.

39

| | | |
|---|---|---|
| וְיָצָא | અને-નીકળશે | H3318 |
| עוֹד | વધુ | H5750 |
| ]קוה[ | — | H6961 |
| )קָו( | માપના-દોરી | H6957 |
| הַמִּדָּה | માપની | |
| נֶגְדּוֹ | સામે- | H5048 |
| עַל | ઉપર- | |
| גִּבְעַת | ટેકરી | H1389 |
| גָּרֵב | ગારેબની | H1619 |
| וְנָסַב | અને-વળશે | H5437 |
| גֹּעָתָה: | ગોઆહ-પ્રત્યે | H1601 |

વળી સીધે રસ્તે માપવાની દોરી ઠેઠ ગોરેબ પર્વત સુધી પહોંચશે. અને ત્યાંથી વળીને ગોઆહ સુધી જશે.

40

| | | |
|---|---|---|
| וְכָל־ | અને-બધી- | H3605 |
| הָעֵמֶק | ખીણ | H6010 |
| הַפְּגָרִים | મૃતદેહોની | H6297 |
| וְהַדֶּשֶׁן | અને-રાખની | H1880 |
| וְכָל־ | અને-બધાં- | H3605 |
| ]השרמות[ | — | H8309 |
| )הַשְּׁדֵמוֹת( | ખેતરો | H7709 |
| עַד־ | તે-સુધી- | H5704 |
| נַחַל | વાદી | |
| קִדְרוֹן | કિદ્રોનની | H6939 |
| עַד־ | તે-સુધી- | H5704 |
| פִּנַּת | ખૂણા | H6438 |
| שַׁעַר | દરવાજા | H8179 |
| הַסּוּסִים | ઘોડાઓને | |
| מִזְרָחָה | પૂર્વ-તરફ | H4217 |
| קֹדֶשׁ | પવિત્ર | H6944 |
| לַיהוָה | યહોવાહ-માટે | H3068 |
| לֹא־ | નહીં- | H3808 |
| יִנָּתֵשׁ | ઉખડાશે | H5428 |
| וְלֹא־ | અને-નહીં- | H3808 |
| יֵהָרֵס | પાડશે | H2040 |
| עוֹד | વધુ | H5750 |
| לְעוֹלָם: | કદી-પણ | H5769 |
| ס | — | |

મૃતદેહો તથા રાખની આખી ખીણ કિદ્રોનના વહેળા સુધીનાં સર્વ ખેતરસહિત, પૂર્વ તરફ ઘોડા ભાગળના ખૂણા સુધી યહોવાહને સારુ પવિત્ર થશે. તે ફરી કદી પણ ઉખેડવામાં આવશે નહિ અને પાડી નાખવામાં આવશે નહિ."

## Chapter 32

1

| | | |
|---|---|---|
| הַדָּבָר | વચન | H1697 |
| אֲשֶׁר־ | જે | |
| הָיָה | આવ્યું | H1961 |
| אֶל־ | પાસે | H0413 |
| יִרְמְיָהוּ | યિર્મેયાહ | H3414 |
| מֵאֵת | તરફથી | H0854 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| ]בשנת[ | — | H8141 |
| )בַּשָּׁנָה( | વર્ષમાં | H8141 |
| הָעֲשִׂרִית | દસમા | H6224 |
| לְצִדְקִיָּהוּ | સિદકિયાહના | H6667 |
| מֶלֶךְ | રાજા | H4428 |
| יְהוּדָה | યહૂદાના | H3063 |
| הִיא | તે | H1931 |
| הַשָּׁנָה | વર્ષ | H8141 |
| שְׁמֹנֶה־ | અઢાર | H8083 |
| עֶשְׂרֵה | મું | H6240 |
| שָׁנָה | વર્ષ | H8141 |
| לִנְבוּכַדְרֶאצַּר: | નબૂખાદનેસ્સારનું | H5019 |

યહૂદિયાના રાજા સિદકિયાના શાસનકાળના દસમાં વર્ષમાં એટલે નબૂખાદનેસ્સારના અઢારમા વર્ષમાં યર્મિયા પાસે યહોવાહનું આ વચન આવ્યું

2

| | | |
|---|---|---|
| וְאָז | અને-ત્યારે | |
| חֵיל | સૈન્ય | H2428 |
| מֶלֶךְ | રાજાનું | H4428 |
| בָּבֶל | બાબેલના | H0894 |
| צָרִים | ઘેરો-ઘાલતું-હતું | |
| עַל־ | ની-વિરુદ્ધ | |
| יְרוּשָׁלִַם | યરૂશાલેમ | H3389 |
| וְיִרְמְיָהוּ | અને-યિર્મેયાહ | H3414 |
| הַנָּבִיא | પ્રબોધક | H5030 |
| הָיָה | હતો | H1961 |
| כָלוּא | કેદમાં | H3607 |
| בַּחֲצַר | આગણામાં | |
| הַמַּטָּרָה | ચોકીના | H4307 |
| אֲשֶׁר | જે | |
| בֵּית־ | ઘરમાં | |
| מֶלֶךְ | રાજાના | H4428 |
| יְהוּדָה: | યહૂદાના | H3063 |

તે વખતે બાબિલના રાજાનું સૈન્ય યરુશાલેમને ઘેરો ઘાલતું હતું અને યહૂદિયાના રાજમહેલમાં પહેરગીરોની ચોકીમાં યર્મિયા પ્રબોધક કેદમાં પડેલો હતો.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | כְלָאוֹ | צִדְקִיָּהוּ | מֶלֶךְ־ | יְהוּדָה | לֵאמֹר | מַדּוּעַ | אַתָּה | נִבָּא | לֵאמֹר |
| જ્યાં | કેદ-કર્યો-હતો | સિદકિયાહે | રાજા | યહૂદાના | કહીને | શા-માટે | તું | ભવિષ્યવાણી-કરે-છે | કહીને |
| | H3607 | H6667 | H4428 | H3063 | H0559 | H4069 | | H5012 | H0559 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כֹּה | אָמַר | יְהוָה | הִנְנִי | נֹתֵן | אֶת־ | הָעִיר | הַזֹּאת | בְּיַד | מֶלֶךְ־ | בָּבֶל |
| આમ | કહે-છે | યહોવાહ | જુઓ-હું | આપી-રહ્યો-છું | — | શહેર | આ | હાથમાં | રાજાના | બાબેલના |
| H3541 | H0559 | H3068 | H2009 | H5414 | H0853 | | H2063 | H3027 | H4428 | H0894 |

| |
|---|
| וּלְכָדָהּ׃ |
| અને-તે-કબજે-કરશે |
| H3920 |

યહૂદાના રાજા સિદકિયાએ તેને એમ કહીને કેદ કરી રાખ્યો હતો કે, "તું એવું ભવિષ્યવચન શા માટે કહે છે કે, 'યહોવાહ કહે છે કે; જુઓ, આ નગર હું બાબિલના રાજાના હાથમાં સોંપીશ. અને તે તેને જીતી લેશે.

4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְצִדְקִיָּהוּ | מֶלֶךְ | יְהוּדָה | לֹא | יִמָּלֵט | מִיַּד | הַכַּשְׂדִּים | כִּי | הִנָּתֹן | יִנָּתֵן | בְּיַד |
| અને-સિદકિયાહ | રાજા | યહૂદાનો | નહિ | બચશે | હાથમાંથી | ખાલ્દીઓના | કારણ-કે | ચોક્કસ | સોંપાશે | હાથમાં |
| H6667 | H4428 | H3063 | H3808 | H4422 | H3027 | H3778 | | H5414 | H5414 | H3027 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מֶלֶךְ־ | בָּבֶל | וְדִבֶּר־ | פִּיו | עִם־ | פִּיו | וְעֵינָיו | אֶת־ | ]עינו[ | )עֵינָיו( | תִּרְאֶינָה׃ |
| રાજાના | બાબેલના | અને-બોલશે | તેનું-મોં | સાથે | તેના-મોં | અને-તેની-આખો | — | — | તેની-આખો | જોશે |
| H4428 | H0894 | H1696 | H6310 | | H6310 | | H0853 | | H5869 | H7200 |

અને યહૂદિયાનો રાજા સિદકિયા ખાલદીઓના હાથમાંથી બચવા નહિ પામે, તે નિશ્ચે બાબિલના રાજાના હાથમાં સોંપી દેવામાં આવશે, તે તેની સાથે મોઢામોઢ વાત કરશે. અને બન્ને એકબીજાને નજરોનજર જોશે.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבָבֶל | יוֹלִךְ | אֶת־ | צִדְקִיָּהוּ | וְשָׁם | יִהְיֶה | עַד־ | פָּקְדִי | אֹתוֹ | נְאֻם־ |
| અને-બાબેલમાં | લઈ-જશે | — | સિદકિયાહને | અને-ત્યાં | તે-રહેશે | જ્યાં-સુધી | હું-તેની-મુલાકાત-લઉં | તેની | ભાષણ |
| H0894 | H3212 | H0853 | H6667 | H8033 | H1961 | H5704 | | H0853 | H5002 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יְהוָה | כִּי | תִלָּחֲמוּ | אֶת־ | הַכַּשְׂדִּים | לֹא | תַצְלִיחוּ׃ | פ |
| યહોવાહનું | કારણ-કે | તમે-લડશો | — | ખાલ્દીઓ-સાથે | નહિ | સફળ-થાઓ | — |
| H3068 | | | H0854 | H3778 | H3808 | | |

તે સિદકિયાને બાબિલ લઈ જશે અને હું તેને સંભારું નહિ ત્યાં સુધી તેણે ત્યાં રહેવું પડશે. "તમે ખાલદીઓ સામે લડશો તોપણ વિજય નહિ પામો." એમ યહોવાહ કહે છે.

6

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | יִרְמְיָהוּ | הָיָה | דְּבַר־ | יְהוָה | אֵלַי | לֵאמֹר׃ |
| અને-કહ્યુ | યિર્મેયાહે | આવ્યું | વચન | યહોવાહનું | મારી-પાસે | કહેતાં |
| H0559 | H3414 | H1961 | H1697 | H3068 | H0413 | H0559 |

યર્મિયાએ કહ્યુ, યહોવાહનું વચન આ પ્રમાણે મારી પાસે આવ્યું કે,

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הִנֵּה | חֲנַמְאֵל | בֶּן־ | שַׁלֻּם | דֹּדְךָ | בָּא | אֵלֶיךָ | לֵאמֹר | קְנֵה | לְךָ | אֶת־ |
| જો | હનામએલ | પુત્ર | શાલ્લુમનો | તારા-કાકા | આવશે | તારી-પાસે | કહેતાં | ખરીદ | તારા-માટે | — |
| H2009 | H2601 | | H7967 | H1730 | H0935 | H0413 | H0559 | H7069 | | H0853 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שָׂדִי | אֲשֶׁר | בַּעֲנָתוֹת | כִּי | לְךָ | מִשְׁפַּט | הַגְּאֻלָּה | לִקְנוֹת׃ |
| મારું-ખેતર | જે | અનાથોથમાં-છે | કારણ-કે | તારો | અધિકાર | છોડાવવાનો | ખરીદવાનો |
| | | H6068 | | | H4941 | H1353 | H7069 |

'જો, તારા કાકા શાલ્લુમનો દીકરો હનામેલ તારી પાસે આવીને તને કહેશે કે, અનાથોથનું મારું જે ખેતર છે તે તું વેચાતું લે, કેમ કે મૂલ્ય આપી તેને છોડાવવાનો તારો હક્ક છે."

8 וַיָּבֹא અને-આવ્યો H0935 | אֵלַי મારી-પાસે H0413 | חֲנַמְאֵל હનામએલ H2601 | בֶּן־ પુત્ર | דֹּדִי મારા-કાકાનો H1730 | כִּדְבַר વચન-પ્રમાણે H1697 | יְהוָה યહોવાહના H3068 | אֶל־ પાસે H0413 | חֲצַר આગણામાં | הַמַּטָּרָה ચોકીના H4307

וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | אֵלַי મને H0413 | קְנֵה ખરીદ H7069 | נָא કૃપા-કરીને H4994 | אֶת־ — H0853 | שָׂדִי મારું-ખેતર | אֲשֶׁר־ જે | בַּעֲנָתוֹת અનાથોથમાં-છે H6068 | אֲשֶׁר જે | בְּאֶרֶץ દેશમાં H0776 | בִּנְיָמִין બિન્યામીનના H1144

כִּי־ કારણ-કે | לְךָ તારો | מִשְׁפַּט અધિકાર H4941 | הַיְרֻשָּׁה વારસાનો H3425 | וּלְךָ અને-તારો | הַגְּאֻלָּה છોડાવવાનો H1353 | קְנֵה־ ખરીદ H7069 | לָךְ તારા-માટે | וָאֵדַע અને-મેં-જાણ્યું H3045 | כִּי કે | דְבַר־ વચન H1697

יְהוָה યહોવાહનું H3068 | הוּא׃ આ-છે H1931

પછી, યહોવાહના વચન પ્રમાણે મારા કાકાના દીકરા હનામેલે ચોકીમાં મારી પાસે આવી અને કહ્યુ કે, “બિન્યામીનના દેશમાંના અનાથોથમાં મારું જે ખેતર છે તે તું વેચાતું લે. કેમ કે વારસાનો તથા મૂલ્ય આપીને છોડાવવાનો હક્ક તારો છે. તે તારે પોતાને માટે વેચાતું લે,” ત્યારે મેં જાણ્યું કે આ તો યહોવાહનું વચન છે.

9 וָאֶקְנֶה અને-મેં-ખરીદ્યું H7069 | אֶת־ — H0853 | הַשָּׂדֶה ખેતર | מֵאֵת પાસેથી H0854 | חֲנַמְאֵל હનામએલ H2601 | בֶּן־ પુત્ર | דֹּדִי મારા-કાકાના H1730 | אֲשֶׁר જે | בַּעֲנָתוֹת અનાથોથમાં H6068 | וָאֶשְׁקֲלָה־ અને-મેં-તોળ્યા H8254

לוֹ તેને | אֶת־ — H0853 | הַכֶּסֶף રૂપા H3701 | שִׁבְעָה સાત H7651 | שְׁקָלִים શેકેલ H8255 | וַעֲשָׂרָה અને-દસ H6235 | הַכָּסֶף׃ રૂપાના H3701

તેથી જે ખેતર અનાથોથમાં હતું તે મેં મારા કાકાના દીકરા હનામેલની પાસેથી વેચાતું લીધું. અને મેં તેનું મૂલ્ય એટલે સત્તર શેકેલ ચાંદી તેને તોળી આપ્યું.

10 וָאֶכְתֹּב અને-મેં-લખ્યું H3789 | בַּסֵּפֶר દસ્તાવેજમાં | וָאֶחְתֹּם અને-મહોર-લગાવી H2856 | וָאָעֵד અને-સાક્ષીઓ-રાખ્યા | עֵדִים સાક્ષીઓ H5707 | וָאֶשְׁקֹל અને-મેં-તોળ્યા H8254 | הַכֶּסֶף રૂપા H3701 | בְּמֹאזְנָיִם׃ ત્રાજવામાં H3976

મેં પત્રકમાં સહી કરી અને તેના પર મહોર મારી. અને સાક્ષીઓને બોલાવી અને ત્રાજવામાં ચાંદી તોળી આપી.

11 וָאֶקַּח અને-મેં-લીધો H3947 | אֶת־ — H0853 | סֵפֶר દસ્તાવેજ | הַמִּקְנָה ખરીદીનો H4736 | אֶת־ — H0853 | הֶחָתוּם મહોરબંધ H2856 | הַמִּצְוָה આજ્ઞાઓ H4687 | וְהַחֻקִּים અને-નિયમો H2706 | וְאֶת־ અને H0853 | הַגָּלוּי׃ ખુલ્લો H1540

ત્યાર પછી જે વેચાણખત નિયમ તથા રિવાજ મુજબ મહોર મારી બંધ કરેલું હતું અને જે ઉઘાડું હતું તે બન્ને મેં લીધાં.

12 וָאֶתֵּן અને-મેં-આપ્યો H5414 | אֶת־ — H0853 | הַסֵּפֶר દસ્તાવેજ | הַמִּקְנָה ખરીદીનો H4736 | אֶל־ ને H0413 | בָּרוּךְ બારૂખ H1263 | בֶּן־ પુત્ર | נֵרִיָּה નેરિયાહના H5374 | בֶּן־ પુત્ર | מַחְסֵיָה માહસેયાહના H4271 | לְעֵינֵי આંખો-સામે

חֲנַמְאֵל હનામએલ H2601 | דֹּדִי મારા-કાકાની H1730 | וּלְעֵינֵי અને-આંખો-સામે | הָעֵדִים સાક્ષીઓની H5707 | הַכֹּתְבִים જેમણે-સહી-કરી H3789 | בְּסֵפֶר દસ્તાવેજમાં | הַמִּקְנָה ખરીદીના H4736 | לְעֵינֵי આંખો-સામે | כָּל־ બધા H3605

הַיְּהוּדִים યહૂદીઓની H3064 | הַיֹּשְׁבִים જે-બેઠેલા-હતા H3427 | בַּחֲצַר આગણામાં | הַמַּטָּרָה׃ ચોકીના H4307

અને માસેયાના દીકરા નેરિયાના દીકરા બારુખના હાથમાં મારા કાકાના દીકરા હનામેલના દેખતાં જે સાક્ષીઓએ વેચાણ ખત પર સહી કરી હતી, તેઓના દેખતાં તથા જે યહૂદીઓ ચોકીમાં બેઠેલા હતા. તે સર્વના દેખતાં મેં વેચાણખત સોંપ્યું.

13 וָאֲצַוֶּה અને-મેં-આજ્ઞા-આપી H6680 | אֶת — H0853 | בָּרוּךְ બારૂખને H1263 | לְעֵינֵיהֶם તેમની-આખો-સામે | לֵאמֹר׃ કહેતાં H0559

તેઓનાં દેખતા જ મેં બારુખને આજ્ઞા આપી કહ્યુ કે,

14

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כֹּה־ | אָמַר | יְהוָה | צְבָאוֹת | אֱלֹהֵי | יִשְׂרָאֵל | לָקוֹחַ | אֶת־ | הַסְּפָרִים | הָאֵלֶּה | אֵת | סֵפֶר |
| આમ | કહે-છે | યહોવાહ | સૈન્યોના | ઈશ્વર | ઈસ્રાએલના | લે | — | દસ્તાવેજો | આ | — | દસ્તાવેજ |
| H3541 | H0559 | H3068 | | H0430 | H3478 | H3947 | H0853 | | H0428 | H0853 | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַמִּקְנָה | הַזֶּה | וְאֵת | הֶחָתוּם | וְאֵת | סֵפֶר | הַגָּלוּי | הַזֶּה | וּנְתַתָּם | בִּכְלִי־ | חָרֶשׂ | לְמַעַן |
| ખરીદીનો | આ | અને | મહોરબંધ | અને | દસ્તાવેજ | ખુલ્લો | આ | અને-મૂક | માટીના-વાસણમાં | — | જેથી |
| H4736 | H2088 | H0853 | H2856 | H0853 | | H1540 | H2088 | H5414 | H3627 | H2789 | H4616 |

| | | | |
|---|---|---|---|
| יַעַמְדוּ | יָמִים | רַבִּים׃ | ס |
| ટકી-રહે | દિવસો | ઘણા | — |
| H5975 | H3117 | | |

સૈન્યોના યહોવાહ ઇઝરાયલના ઈશ્વર કહે છે કે, આ દસ્તાવેજ એટલે મહોર મારેલું બંધ વેંચાણખત અને જે ઉઘાડું છે તે બન્ને પત્રક લઈ લે અને તેને લાંબા વખત સુધી સાચવવા માટે એક માટીના ઘડામાં મૂક.

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | כֹה | אָמַר | יְהוָה | צְבָאוֹת | אֱלֹהֵי | יִשְׂרָאֵל | עוֹד | יִקָּנוּ | בָתִּים | וְשָׂדוֹת |
| કારણ-કે | આમ | કહે-છે | યહોવાહ | સૈન્યોના | ઈશ્વર | ઈસ્રાએલના | ફરી | ખરીદાશે | ઘરો | અને-ખેતરો |
| | H3541 | H0559 | H3068 | | H0430 | H3478 | H5750 | H7069 | | |

| | | | |
|---|---|---|---|
| וּכְרָמִים | בָּאָרֶץ | הַזֹּאת׃ | פ |
| અને-દ્રાક્ષાવાડીઓ | દેશમાં | આ | — |
| H3754 | H0776 | H2063 | |

કેમ કે સૈન્યોના યહોવાહ, ઇઝરાયલના ઈશ્વર કહે છે કે, એવો સમય આવશે કે જે સમયે 'ઘરો, ખેતરો અને દ્રાક્ષવાડીઓ આ દેશમાં વેચાતાં લેવામાં આવશે."

16

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאֶתְפַּלֵּל | אֶל־ | יְהוָה | אַחֲרֵי | תִתִּי | אֶת־ | סֵפֶר | הַמִּקְנָה | אֶל־ | בָּרוּךְ | בֶּן־ |
| અને-મેં-પ્રાર્થના-કરી | ને | યહોવાહ | પછી | મેં-આપ્યો | — | દસ્તાવેજ | ખરીદીનો | ને | બારૂખ | પુત્ર |
| H6419 | H0413 | H3068 | | H5414 | H0853 | | H4736 | H0413 | H1263 | |

| | |
|---|---|
| נֵרִיָּה | לֵאמֹר׃ |
| નેરિયાહના | કહેતાં |
| H5374 | H0559 |

હવે નેરિયાના દીકરા બારુખના હાથમાં તે વેચાણખત સોંપ્યા પછી મેં યહોવાહને વિનંતી કરી કે,

17

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲהָהּ | אֲדֹנָי | יְהוִה | הִנֵּה | אַתָּה | עָשִׂיתָ | אֶת־ | הַשָּׁמַיִם | וְאֶת־ | הָאָרֶץ | בְּכֹחֲךָ | הַגָּדוֹל |
| અરે | પ્રભુ | યહોવાહ | જો | તેં | બનાવ્યાં | — | આકાશ | અને | પૃથ્વી | તારા-મહાન | સામર્થ્યથી |
| H0162 | H0136 | H3069 | H2009 | | | H0853 | H8064 | H0853 | H0776 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וּבִזְרֹעֲךָ | הַנְּטוּיָה | לֹא־ | יִפָּלֵא | מִמְּךָ | כָּל־ | דָּבָר׃ |
| અને-તારા-લંબાયેલા | ભુજથી | નથી | અશક્ય | તારા-માટે | કોઈ-પણ | બાબત |
| H2220 | H5186 | H3808 | H6381 | | H3605 | H1697 |

હે પ્રભુ યહોવાહ, જુઓ, તમે એકલાએ જ તમારી પ્રચંડ બળથી અને લાંબા કરેલા ભુજથી આકાશ અને પૃથ્વી સર્જ્યાં છે. તમારે માટે કશું અશક્ય નથી.

18

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עֹשֶׂה | חֶסֶד | לַאֲלָפִים | וּמְשַׁלֵּם | עֲוֺן | אָבוֹת | אֶל־ | חֵיק | בְּנֵיהֶם | אַחֲרֵיהֶם |
| બતાવનાર | કૃપા | હજારોને | અને-ચૂકવનાર | અધર્મ | પિતાઓનો | માં | ખોળામાં | તેમના-સંતાનોના | તેમના-પછી |
| | | H0505 | | H5771 | H0001 | H0413 | H2436 | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| הָאֵל | הַגָּדוֹל | הַגִּבּוֹר | יְהוָה | צְבָאוֹת | שְׁמוֹ׃ |
| ઈશ્વર | મહાન | પરાક્રમી | યહોવાહ | સૈન્યોના | તેમનું-નામ |
| H0410 | | H1368 | H3068 | | H8034 |

તમે હજારો પ્રત્યે કૃપા કરો છો અને પૂર્વજોનાં પાપની સજા તેમની પાછળ આવનાર તેમનાં સંતાનોના ખોળામાં ભરી આપો છો. તમે મહાન અને બળવાન ઈશ્વર છો; તમારું નામ સૈન્યોના યહોવાહ છે.

19

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| גְּדֹל | הָעֵצָה | וְרַב | הָעֲלִילִיָּה | אֲשֶׁר־ | עֵינֶיךָ | פְקֻחוֹת | עַל־ | כָּל־ | דַּרְכֵי | בְּנֵי |
| મહાન | યોજનામાં | અને-પરાક્રમી | કાર્યમાં | જેની | આંખો | ઉઘાડી-છે | ઉપર | બધા | માર્ગો | પુત્રોના |
| | H6098 | | H5950 | | | H6491 | | H3605 | H1870 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אָדָם | לָתֵת | לְאִישׁ | כִּדְרָכָיו | וְכִפְרִי | מַעֲלָלָיו׃ |
| આદમના | આપવા | દરેકને | તેના-માર્ગો-પ્રમાણે | અને-ફળ-પ્રમાણે | તેના-કાર્યોના |
| H0120 | H5414 | H0376 | H1870 | H6529 | H4611 |

તમારી યોજના મહાન અને કામ કરવામાં તમે સમર્થ છો. દરેકને તેનાં કાર્યોને અનુરૂપ બદલો આપવા માટે તમારી આંખો માણસોનાં સર્વ આચરણ પર છે.

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר־ | שַׂמְתָּ | אֹתוֹת | וּמֹפְתִים | בְּאֶרֶץ־ | מִצְרַיִם | עַד־ | הַיּוֹם | הַזֶּה | וּבְיִשְׂרָאֵל |
| જેણે | રાખ્યાં | ચિહ્નો | અને-ચમત્કારો | દેશમાં | મિસરના | આજના | દિવસ | સુધી | અને-ઈસ્રાએલમાં |
| | | H0226 | H4159 | H0776 | H4714 | H5704 | H3117 | H2088 | H3478 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וּבָאָדָם | וַתַּעֲשֶׂה־ | לְּךָ | שֵׁם | כַּיּוֹם | הַזֶּה׃ |
| અને-માનવજાતમાં | અને-તેં-બનાવ્યું | તારા-માટે | નામ | આજના | દિવસ-જેવું |
| H0120 | | | H8034 | H3117 | H2088 |

તમે આજ સુધી મિસરમાં, ઇઝરાયલમાં તથા વિદેશીઓમાં ચમત્કારો અને અદ્ભુત કાર્યો કરતા આવ્યા છો. જે કીર્તિ તમે મેળવી છે તે આજ સુધી કાયમ છે.

21

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֹּצֵא | אֶת־ | עַמְּךָ | אֶת־ | יִשְׂרָאֵל | מֵאֶרֶץ | מִצְרָיִם | בְּאֹתוֹת | וּבְמוֹפְתִים | וּבְיָד |
| અને-તેં-કાઢ્યા | — | તારા-લોકોને | — | ઈસ્રાએલને | દેશમાંથી | મિસરના | ચિહ્નોથી | અને-ચમત્કારોથી | અને-બળવાન |
| H3318 | H0853 | | H0853 | H3478 | H0776 | H4714 | H0226 | H4159 | H3027 |

| | | | | |
|---|---|---|---|---|
| חֲזָקָה | וּבְאֶזְרוֹעַ | נְטוּיָה | וּבְמוֹרָא | גָּדוֹל׃ |
| હાથથી | અને-લંબાયેલા | ભુજથી | અને-મોટા | ભયથી |
| H2389 | H0248 | H5186 | | |

ચિહ્નો, ચમત્કારો અને બળવાન હાથથી તથા લાંબા કરેલા ભુજથી ભયભીત કરીને તમે ઇઝરાયલને મિસરની બહાર લઈ આવ્યા હતા.

22

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתִּתֵּן | לָהֶם | אֶת־ | הָאָרֶץ | הַזֹּאת | אֲשֶׁר־ | נִשְׁבַּעְתָּ | לַאֲבוֹתָם | לָתֵת | לָהֶם |
| અને-તેં-આપ્યો | તેમને | — | દેશ | આ | જેની | તેં-શપથ-લીધી-હતી | તેમના-પૂર્વજોને | આપવાની | તેમને |
| H5414 | | H0853 | H0776 | H2063 | | H7650 | H0001 | H5414 | |

| | | | |
|---|---|---|---|
| אֶרֶץ | זָבַת | חָלָב | וּדְבָשׁ׃ |
| દેશ | જે-વહે-છે | દૂધ | અને-મધ |
| H0776 | H2100 | H2461 | H1706 |

અને દૂધ તથા મધથી રેલછેલવાળો દેશ જે મેં તેઓના પિતૃઓને આપવાના સોગન ખાધા હતા. તે આ દેશ તમે તેઓને આપ્યો છે.

23

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹאוּ | וַיִּרְשׁוּ | אֹתָהּ | וְלֹא־ | שָׁמְעוּ | בְקוֹלֶךָ | [ובתרותך] | (וּבְתוֹרָתְךָ) |
| અને-તેઓ-આવ્યા | અને-વારસામાં-લીધો | તેને | પણ-નહિ | સાંભળ્યું | તારા-અવાજને | — | અને-તારા-નિયમશાસ્ત્રમાં |
| H0935 | H3423 | H0853 | H3808 | H8085 | | H8451 | H8451 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לֹא־ | הָלָכוּ | אֵת | כָּל־ | אֲשֶׁר | צִוִּיתָה | לָהֶם | לַעֲשׂוֹת | לֹא | עָשׂוּ | וַתַּקְרֵא |
| નહિ | ચાલ્યા | — | બધું | જે | તેં-આજ્ઞા-આપી-હતી | તેમને | કરવાનું | નહિ | કર્યું | તેથી-તેં-આવવા-દીધી |
| H3808 | H1980 | H0853 | H3605 | | H6680 | | | H3808 | | H7122 |

| | | | | |
|---|---|---|---|---|
| אֹתָם | אֵת | כָּל־ | הָרָעָה | הַזֹּאת׃ |
| તેમના-ઉપર | — | બધી | આપત્તિ | આ |
| H0853 | H0853 | H3605 | | H2063 |

તેઓએ આવીને આ વતન પ્રાપ્ત કર્યું. પણ તેમણે તમારું વચન સાંભળ્યું નહિ. અને તમારા નિયમશાસ્ત્રનું પાલન કર્યું નહિ. તેમણે તમારી બધી આજ્ઞાઓની અવગણના કરી અને તેથી તમે આ બધી આફત તેમની પર ઉતારી.

24

| הִנֵּה | הַסֹּלְלוֹת | בָּאוּ | הָעִיר | לְלָכְדָהּ | וְהָעִיר | נִתְּנָה | בְּיַד | הַכַּשְׂדִּים |
|---|---|---|---|---|---|---|---|---|
| જો | ઘેરાબંધીના-ઢગલા | આવ્યા-છે | શહેર-ઉપર | તે-કબજે-કરવા | અને-શહેર | સોંપાઈ-ગયું-છે | હાથમાં | ખાલ્દીઓના |
| H2009 | H5550 | H0935 | | H3920 | | H5414 | H3027 | H3778 |

| הַנִּלְחָמִים | עָלֶיהָ | מִפְּנֵי | הַחֶרֶב | וְהָרָעָב | וְהַדָּבֶר | וַאֲשֶׁר | דִּבַּרְתָּ | הָיָה |
|---|---|---|---|---|---|---|---|---|
| જેઓ-લડી-રહ્યા-છે | તેની-વિરુદ્ધ | ને-કારણે | તલવાર | અને-દુકાળ | અને-રોગચાળા | અને-જે | તેં-કહ્યુ-હતું | બન્યું-છે |
| | | H6440 | H2719 | H7458 | H1698 | | H1696 | H1961 |

| וְהִנְּךָ | רֹאֶה׃ |
|---|---|
| અને-જો-તું | જોઈ-રહ્યો-છે |
| H2009 | H7200 |

આ મોરચાઓ જુઓ શત્રુએ નગરને જીતી લેવા સારુ તેની નજીક તેઓને ઊભા કરવામાં આવ્યા. અને તેના પર રહીને જે ખાલદીઓ લડે છે. તેઓના હાથમાં તલવાર, દુકાળ અને મરકીને કારણે નગરને જીતી લેવાશે. તમે કહ્યુ હતું તે જ પ્રમાણે બની રહ્યુ છે, તમે તે જાતે જોઈ શકો છો.

25

| וְאַתָּה | אָמַרְתָּ | אֵלַי | אֲדֹנָי | יְהוִה | קְנֵה־ | לְךָ | הַשָּׂדֶה | בַּכֶּסֶף | וְהָעֵד | עֵדִים |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-તેં | કહ્યુ | મને | પ્રભુ | યહોવાહ | ખરીદ | તારા-માટે | ખેતર | રૂપાથી | અને-સાક્ષીઓ-રાખ | સાક્ષીઓ |
| | H0559 | H0413 | H0136 | H3069 | H7069 | | | H3701 | | H5707 |

| וְהָעִיר | נִתְּנָה | בְּיַד | הַכַּשְׂדִּים׃ |
|---|---|---|---|
| છતાં-શહેર | સોંપાઈ-ગયું-છે | હાથમાં | ખાલ્દીઓના |
| | H5414 | H3027 | H3778 |

પણ હે પ્રભુ યહોવાહ તમે મને કહ્યુ છે કે, તું મૂલ્ય આપીને તારે સારુ ખેતર વેચાતું લે અને સાક્ષીઓને બોલાવ. જો કે આ નગર તો ખાલદીઓના હાથમાં સોંપાયું છે."

26

| וַיְהִי | דְּבַר־ | יְהוָה | אֶל־ | יִרְמְיָהוּ | לֵאמֹר׃ |
|---|---|---|---|---|---|
| અને-આવ્યું | વચન | યહોવાહનું | પાસે | યિર્મેયાહ | કહેતાં |
| H1961 | H1697 | H3068 | H0413 | H3414 | H0559 |

પછી યહોવાહનું વચન યર્મિયાની પાસે આ પ્રમાણે આવ્યું કે,

27

| הִנֵּה | אֲנִי | יְהוָה | אֱלֹהֵי | כָּל־ | בָּשָׂר | הֲמִמֶּנִּי | יִפָּלֵא | כָּל־ | דָּבָר׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જો | હું-છું | યહોવાહ | ઈશ્વર | સર્વ | દેહનો | શું-મારા-માટે | અશક્ય-છે | કોઈ-પણ | બાબત |
| H2009 | H0589 | H3068 | H0430 | H3605 | H1320 | | H6381 | H3605 | H1697 |

જો, હું યહોવાહ, સર્વ મનુષ્યનો ઈશ્વર છું. શું મારા માટે કંઈ અશક્ય છે ખરું?"

28

| לָכֵן | כֹּה | אָמַר | יְהוָה | הִנְנִי | נֹתֵן | אֶת־ | הָעִיר | הַזֹּאת | בְּיַד | הַכַּשְׂדִּים |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તેથી | આમ | કહે-છે | યહોવાહ | જો-હું | આપી-રહ્યો-છું | — | શહેર | આ | હાથમાં | ખાલ્દીઓના |
| | H3541 | H0559 | H3068 | H2009 | H5414 | H0853 | | H2063 | H3027 | H3778 |

| וּבְיַד | נְבוּכַדְרֶאצַּר | מֶלֶךְ־ | בָּבֶל | וּלְכָדָהּ׃ |
|---|---|---|---|---|
| અને-હાથમાં | નબૂખાદનેસ્સાર | રાજાના | બાબેલના | અને-તે-કબજે-કરશે |
| H3027 | H5019 | H4428 | H0894 | H3920 |

તેથી યહોવાહ કહે છે; "જુઓ, હું આ નગર ખાલદીઓ તથા બાબિલના રાજા નબૂખાદનેસ્સારના હાથમાં સોંપું છું.

29

| וּבָאוּ | הַכַּשְׂדִּים | הַנִּלְחָמִים | עַל־ | הָעִיר | הַזֹּאת | וְהִצִּיתוּ | אֶת־ | הָעִיר | הַזֹּאת |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-આવશે | ખાલ્દીઓ | જેઓ-લડી-રહ્યા-છે | વિરુદ્ધ | શહેર | આ | અને-આગ-લગાડશે | — | શહેર | આ |
| H0935 | H3778 | | | | H2063 | H3341 | H0853 | | H2063 |

| בָּאֵשׁ | וּשְׂרָפוּהָ | וְאֵת | הַבָּתִּים | אֲשֶׁר | קִטְּרוּ | עַל־ | גַּגּוֹתֵיהֶם | לַבַּעַל | וְהִסִּכוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અગ્નિથી | અને-બાળી-નાખશે | અને | ઘરો | જેમના | ધૂપ-બાળ્યો | ઉપર | છાપરાઓ-ઉપર | બઆલને | અને-રેડ્યાં |
| H0784 | H8313 | H0853 | | | | | H1406 | | |

| נְסָכִים | לֵאלֹהִים | אֲחֵרִים | לְמַעַן | הַכְעִסֵנִי׃ |
|---|---|---|---|---|
| પેયાર્પણો | દેવોને | બીજા | જેથી | મને-ક્રોધિત-કરે |
| H5262 | H0430 | H0312 | H4616 | H3707 |

જે ખાલદીઓ આ નગર સામે લડી રહ્યા છે, તેઓ આવીને તેને આગ લગાડી દેશે. અને તેને તથા જે ઘરોના ધાબાંઓ પર તેઓએ મને રોષ ચઢાવવા બઆલની આગળ ધૂપ બાળ્યો હતો, તથા અન્ય દેવો આગળ પેયાર્પણો રેડ્યાં હતાં. તે ઘરોને પણ તેઓ બાળી દેશે.

30

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | הָיוּ | בְנֵֽי־ | יִשְׂרָאֵל | וּבְנֵי | יְהוּדָה | אַךְ | עֹשִׂים | הָרַע | בְּעֵינַי | מִנְּעֻרֹתֵיהֶם |
| કારણ-કે | હતા | પુત્રો | ઈસ્રાએલના | અને-પુત્રો | યહૂદાના | માત્ર | કરતા | દુષ્ટતા | મારી-નજરમાં | તેમની-યુવાનીથી |
| | H1961 | | H3478 | | H3063 | H0389 | | | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | בְנֵֽי־ | יִשְׂרָאֵל | אַךְ | מַכְעִסִים | אֹתִי | בְּמַעֲשֵׂה | יְדֵיהֶם | נְאֻם־ | יְהוָה׃ |
| કારણ-કે | પુત્રો | ઈસ્રાએલના | માત્ર | ક્રોધિત-કરતા-રહ્યા | મને | કાર્યોથી | તેમના-હાથોના | ભાષણ | યહોવાહનું |
| | | H3478 | H0389 | H3707 | H0853 | H4639 | H3027 | H5002 | H3068 |

ઇઝરાયલના અને યહૂદિયાના લોકોએ તેમની યુવાનીથી જ મારી નજરમાં અયોગ્ય ગણાય એવાં કાર્યો કર્યા છે અને ઇઝરાયલનાં લોકો પોતાના હાથની કૃતિથી મને રોષ ચઢાવતા આવ્યા છે.” એવું યહોવાહ કહે છે.

31

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | עַל־ | אַפִּי | וְעַל־ | חֲמָתִי | הָיְתָה | לִּי | הָעִיר | הַזֹּאת | לְמִן־ | הַיּוֹם | אֲשֶׁר |
| કારણ-કે | માટે | મારા-ક્રોધ | અને-માટે | મારા-રોષ | રહ્યુ-છે | મારા-માટે | શહેર | આ | થી | દિવસ | જ્યારે |
| | | H0639 | | H2534 | H1961 | | | H2063 | | H3117 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בָּנוּ | אוֹתָהּ | וְעַד | הַיּוֹם | הַזֶּה | לַהֲסִירָהּ | מֵעַל | פָּנָי׃ |
| તેઓએ-બાંધ્યું | તેને | અને-સુધી | દિવસ | આજના | દૂર-કરવા | મારી-સામેથી | — |
| H1129 | H0853 | H5704 | H3117 | H2088 | H5493 | | H6440 |

“કેમ કે તેઓએ આ નગર બાંધ્યું ત્યારથી આજદિન સુધી તે મને રોષજનક અને કોપજનક થઈ રહ્યુ છે. તેથી તેઓને મારી નજર આગળથી દૂર કરું.

32

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עַל | כָּל־ | רָעַת | בְּנֵֽי־ | יִשְׂרָאֵל | וּבְנֵי | יְהוּדָה | אֲשֶׁר | עָשׂוּ | לְהַכְעִסֵנִי |
| ને-કારણે | બધી | દુષ્ટતા | પુત્રોની | ઈસ્રાએલના | અને-પુત્રોની | યહૂદાના | જે | તેઓએ-કરી | મને-ક્રોધિત-કરવા |
| | H3605 | | | H3478 | | H3063 | | | H3707 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הֵמָּה | מַלְכֵיהֶם | שָׂרֵיהֶם | כֹּהֲנֵיהֶם | וּנְבִיאֵיהֶם | וְאִישׁ | יְהוּדָה | וְיֹשְׁבֵי |
| તેઓ | તેમના-રાજાઓ | તેમના-સરદારો | તેમના-યાજકો | અને-તેમના-પ્રબોધકો | અને-માણસો | યહૂદાના | અને-રહેવાસીઓ |
| H1992 | H4428 | H8269 | H3548 | H5030 | H0376 | H3063 | H3427 |

| |
|---|
| יְרוּשָׁלִָם׃ |
| યરૂશાલેમના |
| H3389 |

મને રોષ ચઢાવવા માટે જે દુષ્ટ કૃત્યો ઇઝરાયલના અને યહૂદિયાના દીકરાઓએ, રાજાઓ, રાજકુમારો, યાજકો, પ્રબોધકો અને યહૂદિયાના માણસો અને યરુશાલેમના રહેવાસીઓએ કર્યાં છે અને તેને કારણે હું આ નગરને મારી નજર આગળથી દૂર કરું.

33

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּפְנוּ | אֵלַי | עֹרֶף | וְלֹא | פָנִים | וְלַמֵּד | אֹתָם | הַשְׁכֵּם | וְלַמֵּד |
| અને-તેઓએ-ફેરવી | મારી-તરફ | પીઠ | અને-નહિ | મોં | અને-શીખવ્યું | તેમને | વહેલા-ઊઠીને | અને-શીખવ્યું |
| H6437 | H0413 | H6203 | H3808 | H6440 | H3925 | H0853 | H7925 | H3925 |

| | | | |
|---|---|---|---|
| וְאֵינָם | שֹׁמְעִים | לָקַחַת | מוּסָר׃ |
| પણ-તેઓએ-નહિ | સાંભળ્યું | લેવા | શિસ્ત |
| H0369 | H8085 | H3947 | H4148 |

તેઓએ મારા તરફ મુખ નહિ, પીઠ ફેરવી છે અને જો કે હું તેઓને ઘણી ઉત્સુકતાથી ઉપદેશ આપતો રહ્યો છું, છતાંય તેઓએ સાંભળ્યું નહિ કે તે તરફ લક્ષ આપ્યું નહિ.

34

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיָּשִׂימוּ | שִׁקּוּצֵיהֶם | בַּבַּיִת | אֲשֶׁר־ | נִקְרָא־ | שְׁמִי | עָלָיו | לְטַמְּאוֹ׃ |
| અને-મૂક્યા | તેમના-ધિક્કારપાત્ર-મૂર્તિઓ | ઘરમાં | જે-ઉપર | મારું-નામ | — | રાખ્યું-છે | અશુદ્ધ-કરવા |
| | H8251 | | | H7121 | H8034 | | |

પણ જે ભક્તિસ્થાન મારા નામથી ઓળખાય છે. તેને ભ્રષ્ટ કરવા તેઓએ પોતાની ધિક્કારપાત્ર વસ્તુઓ રાખી છે.

35

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּבְנוּ | אֶת־ | בָּמוֹת | הַבַּעַל | אֲשֶׁר | בְּגֵיא | בֶן־ | הִנֹּם | לְהַעֲבִיר | אֶת־ | בְּנֵיהֶם |
| અને-બાંધ્યાં | — | ઊંચા-સ્થાનો | બઆલના | જે | ખીણમાં | પુત્ર | હિન્નોમના | અર્પણ-કરવા | — | તેમના-પુત્રોને |
| H1129 | H0853 | H1116 | | | H1516 | | H2011 | | H0853 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | בְּנוֹתֵיהֶם | לַמֹּלֶךְ | אֲשֶׁר | לֹא־ | צִוִּיתִים | וְלֹא | עָלְתָה | עַל־ | לִבִּי | לַעֲשׂוֹת |
| અને | તેમની-પુત્રીઓને | મોલેખને | જે | મેં-નહોતી | આજ્ઞા-આપી | અને-નહોતું | આવ્યું | મારા | મનમાં | કરવા |
| H0853 | H1323 | H4432 | | H3808 | H6680 | H3808 | H5927 | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הַתּוֹעֵבָה | הַזֹּאת | לְמַעַן | ]החטי[ | )הַחֲטִיא( | אֶת־ | יְהוּדָה׃ | ס |
| અમંગળ | આ | જેથી | — | પાપ-કરાવે | — | યહૂદાને | — |
| H8441 | H2063 | H4616 | H2398 | H2398 | H0853 | H3063 | |

ત્યાં તેઓએ મોલેખની સેવામાં પોતાના સંતાનોને અગ્નિમાં હોમવા તેમણે બેન-હિન્નોમની ખીણમાં બઆલ માટે ઉચ્ચસ્થાન બાંધ્યાં છે. મેં એવી આજ્ઞા તેઓને આપી નથી કે આવા તિરસ્કારપાત્ર કાર્ય કરીને યહૂદિયાની પાસે પાપ કરાવે. એવો વિચાર મારા મનમાં આવ્યો જ નથી.

36

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | לָכֵן | כֹּה־ | אָמַר | יְהוָה | אֱלֹהֵי | יִשְׂרָאֵל | אֶל־ | הָעִיר | הַזֹּאת | אֲשֶׁר | אַתֶּם |
| અને-હવે | તેથી | આમ | કહે-છે | યહોવાહ | ઈશ્વર | ઈસ્રાએલના | વિશે | શહેર | આ | જેના-વિશે | તમે |
| H6258 | | H3541 | H0559 | H3068 | H0430 | H3478 | H0413 | | H2063 | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אֹמְרִים | נִתְּנָה | בְּיַד | מֶלֶךְ־ | בָּבֶל | בַּחֶרֶב | וּבָרָעָב | וּבַדָּבֶר׃ |
| કહો-છો | સોંપાઈ-ગયું-છે | હાથમાં | રાજાના | બાબેલના | તલવારથી | અને-દુકાળથી | અને-રોગચાળાથી |
| H0559 | H5414 | H3027 | H4428 | H0894 | H2719 | H7458 | H1698 |

તેથી હવે ઇઝરાયલના ઈશ્વર યહોવાહ આ નગર વિષે કહે છે કે 'તેને તલવાર, દુકાળ અને મરકી દ્વારા બાબિલના રાજાના હાથમાં સોંપવામાં આવશે;

37

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הִנְנִי | מְקַבְּצָם | מִכָּל־ | הָאֲרָצוֹת | אֲשֶׁר | הִדַּחְתִּים | שָׁם | בְּאַפִּי | וּבַחֲמָתִי | וּבְקֶצֶף |
| જો-હું | ભેગા-કરીશ | બધા | દેશોમાંથી | જ્યાં | મેં-તેમને-વિખેર્યા | ત્યાં | મારા-ક્રોધમાં | અને-મારા-રોષમાં | અને-મહાન |
| H2009 | H6908 | H3605 | H0776 | | H5080 | H8033 | H0639 | H2534 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| גָּדוֹל | וַהֲשִׁבֹתִים | אֶל־ | הַמָּקוֹם | הַזֶּה | וְהֹשַׁבְתִּים | לָבֶטַח׃ |
| ગુસ્સામાં | અને-હું-પાછા-લાવીશ | આ | સ્થાને | — | અને-વસાવીશ | સલામતીમાં |
| | H7725 | H0413 | H4725 | H2088 | H3427 | H0983 |

જુઓ, જે દેશોમાં મેં મારા કોપમાં તથા મારા ક્રોધમાં અને ભયંકર રોષમાં મેં તેઓને હાંકી કાઢ્યા છે. ત્યાંથી તેઓને પાછા એકત્ર કરીશ અને આ જગ્યાએ હું તેઓને પાછા લાવીશ અને શાંતિ અને સલામતીપૂર્વક અહીં વસાવીશ.

38

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְהָיוּ | לִי | לְעָם | וַאֲנִי | אֶהְיֶה | לָהֶם | לֵאלֹהִים׃ |
| અને-તેઓ-થશે | મારા | લોકો | અને-હું | થઈશ | તેમનો | ઈશ્વર |
| H1961 | | | H0589 | H1961 | | H0430 |

તેઓ મારા લોકો થશે અને હું તેઓનો ઈશ્વર થઈશ.

39

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְנָתַתִּי | לָהֶם | לֵב | אֶחָד | וְדֶרֶךְ | אֶחָד | לְיִרְאָה | אוֹתִי | כָּל־ | הַיָּמִים | לְטוֹב |
| અને-હું-આપીશ | તેમને | હૃદય | એક | અને-માર્ગ | એક | ભય-રાખવા | મારો | બધા | દિવસો | ભલાઈ-માટે |
| H5414 | | | H0259 | H1870 | H0259 | H3372 | H0853 | H3605 | H3117 | |

| | | |
|---|---|---|
| לָהֶם | וְלִבְנֵיהֶם | אַחֲרֵיהֶם׃ |
| તેમની | અને-તેમના-સંતાનોની | તેમના-પછીની |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| דִּבַּרְתִּי | אֲלֵיהֶם | וְלֹא | שָׁמֵעוּ | וָאֶקְרָא | לָהֶם | וְלֹא | עָנוּ׃ |
| મેં-બોલ્યું | તેમને | પરંતુ-નહિ | સાંભળ્યું | અને-બોલાવ્યા | તેમને | પરંતુ-નહિ | જવાબ-આપ્યો |
| H1696 | H0413 | H3808 | H8085 | H7121 | | H3808 | |

તેથી યહોવાહ, સૈન્યોના ઈશ્વર, ઇઝરાયલના ઈશ્વર કહે છે કે; 'જુઓ, હું જે આફતો લાવવા બોલ્યો છું તે બધી હું યહૂદિયા અને યરુશાલેમના રહેવાસીઓ પર ઉતારીશ. કેમ કે, મેં તેઓને કહ્યુ ત્યારે તેઓએ સાંભળ્યું નહિ. અને મેં તેઓને હાકલ કરી ત્યારે તેઓએ મને જવાબ આપ્યો નહિ.'"

18

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּלְבֵית | הָרֵכָבִים | אָמַר | יִרְמְיָהוּ | כֹּה־ | אָמַר | יְהוָה | צְבָאוֹת | אֱלֹהֵי | יִשְׂרָאֵל | יַעַן |
| અને-ઘરને | રેખાબીઓન | કહ્યુ | યિર્મેયાહે | આમ | કહે-છે | યહોવાહ | સૈન્યોના | ઈશ્વર | ઈસ્રાએલના | કારણ-કે |
| | | H0559 | H3414 | H3541 | H0559 | H3068 | | H0430 | H3478 | H3282 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | שְׁמַעְתֶּם | עַל־ | מִצְוַת | יְהוֹנָדָב | אֲבִיכֶם | וַתִּשְׁמְרוּ | אֶת־ | כָּל־ | מִצְוֹתָיו |
| જે | તમે-સાંભળ્યું | ઉપર | આજ્ઞા | યોનાદાબ | તમારા-પિતાની | અને-પાળ્યા | — | બધી | તેમની-આજ્ઞાઓ |
| | H8085 | | H4687 | H3082 | H0001 | H8104 | H0853 | H3605 | H4687 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַתַּעֲשׂוּ | כְּכֹל | אֲשֶׁר־ | צִוָּה | אֶתְכֶם׃ | ס |
| અને-કર્યું | બધું-પ્રમાણે | જે | આજ્ઞા-આપી | તમને | — |
| | H3605 | | H6680 | H0853 | |

પછી યર્મિયાએ રેખાબીઓના કુળને કહ્યુ, "સૈન્યોના યહોવાહ, ઇઝરાયલના ઈશ્વર કહે છે કે; તમે તમારા પૂર્વજ યોનાદાબની આજ્ઞા માની છે અને તમને જે કરવા કહ્યુ તે પ્રમાણે જ તમે બધું કર્યું છે.

19

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לָכֵן | כֹּה | אָמַר | יְהוָה | צְבָאוֹת | אֱלֹהֵי | יִשְׂרָאֵל | לֹא־ | יִכָּרֵת | אִישׁ | לְיוֹנָדָב | בֶּן־ |
| તેથી | આમ | કહે-છે | યહોવાહ | સૈન્યોના | ઈશ્વર | ઈસ્રાએલન | નહિ | કપાય | માણસ | યોનાદાબ-માટે | પુત્ર |
| | H3541 | H0559 | H3068 | | H0430 | H3478 | H3808 | H3772 | H0376 | H3122 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| רֵכָב | עֹמֵד | לְפָנַי | כָּל־ | הַיָּמִים׃ | פ |
| રેખાબન | ઊભો-રહેનાર | મારી-સમક્ષ | બધા | દિવસો | — |
| H7394 | H5975 | H6440 | H3605 | H3117 | |

માટે સૈન્યો યહોવાહ, ઇઝરાયલના ઈશ્વર કહે છે કે, રેખાબના દીકરા યોનાદાબના વંશમાં મારી સેવા કરનારની ખોટ તને કદી પડશે નહિ.'"

# Chapter 36

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | בַּשָּׁנָה | הָרְבִיעִת | לִיהוֹיָקִים | בֶּן־ | יֹאשִׁיָּהוּ | מֶלֶךְ | יְהוּדָה | הָיָה | הַדָּבָר | הַזֶּה |
| અને-થયું | વર્ષમાં | ચોથા | યહોયાકીમના | પુત્ર | યોશિયાહના | રાજા | યહૂદાના | આવ્યું | વચન | આ |
| H1961 | H8141 | H7243 | H3079 | | H2977 | H4428 | H3063 | H1961 | H1697 | H2088 |

| | | | | |
|---|---|---|---|---|
| אֶל־ | יִרְמְיָהוּ | מֵאֵת | יְהוָה | לֵאמֹר׃ |
| પ્રતિ | યિર્મેયાહને | તરફથી | યહોવાહ | કહેતાં |
| H0413 | H3414 | H0854 | H3068 | H0559 |

વળી યહૂદિયાના રાજા યોશિયાના દીકરા યહોયાકીમના ચોથા વર્ષમાં યહોવાહનું વચન યર્મિયાની પાસે આવ્યું કે,

| 2 | קַח־ | לְךָ֮ | מְגִלַּת־ | סֵפֶר֒ | וְכָתַבְתָּ֣ | אֵלֶ֗יהָ | אֵ֣ת | כָּל־ | הַדְּבָרִ֞ים | אֲשֶׁר־ | דִּבַּ֤רְתִּי | אֵלֶ֙יךָ֙ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | લે | તારા-માટે | ઓળિયાનો | ગ્રંથ | અને-લખ | તેના-પર | — | સર્વ | વચનો | જે | મેં-કહ્યાં | તને |
| | H3947 | | H4039 | | H3789 | H0413 | H0853 | H3605 | H1697 | | H1696 | H0413 |

| עַל־ | יִשְׂרָאֵ֥ל | וְעַל־ | יְהוּדָ֖ה | וְעַל־ | כָּל־ | הַגּוֹיִ֑ם | מִיּ֞וֹם | דִּבַּ֤רְתִּי | אֵלֶ֙יךָ֙ | מִימֵ֣י | יֹאשִׁיָּ֔הוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિષે | ઈસ્રાએલ | અને-વિષે | યહૂદા | અને-વિષે | સર્વ | પ્રજાઓ | દિવસથી | મેં-કહ્યુ | તને | દિવસોથી | યોશિયાહના |
| | H3478 | | H3063 | | H3605 | | H3117 | H1696 | H0413 | H3117 | H2977 |

| וְעַ֖ד | הַיּ֥וֹם | הַזֶּֽה׃ |
|---|---|---|
| અને-સુધી | દિવસ | આજના |
| H5704 | H3117 | H2088 |

“જે દિવસથી મેં તારી સાથે વાત કરી એટલે કે યોશિયાના સમયથી તે આજ સુધી, ઇઝરાયલ અને યહૂદિયા તેમ જ બીજી પ્રજાઓ વિષે જે વચનો મેં તને કહ્યાં છે તે સર્વ એક ઓળિયું લઈને તેના પર લખ.

| 3 | אוּלַ֣י | יִשְׁמְעוּ֮ | בֵּ֣ית | יְהוּדָה֒ | אֵ֤ת | כָּל־ | הָֽרָעָ֔ה | אֲשֶׁ֧ר | אָנֹכִ֛י | חֹשֵׁ֖ב | לַעֲשׂ֣וֹת | לָהֶ֑ם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કદાચ | સાંભળે | ઘર | યહૂદાનું | — | સર્વ | અનિષ્ટ | જે | હું | વિચારું-છું | કરવાનું | તેમને |
| | H0194 | H8085 | | H3063 | H0853 | H3605 | | | H0595 | H2803 | | |

| לְמַ֣עַן | יָשׁ֗וּבוּ | אִ֚ישׁ | מִדַּרְכּ֣וֹ | הָֽרָעָ֔ה | וְסָלַחְתִּי֙ | לַעֲוֺנָ֣ם | וּלְחַטָּאתָֽם׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|
| માટે-કે | ફરે | દરેક | પોતાના-માર્ગથી | દુષ્ટ | અને-હું-ક્ષમા-કરું | તેમના-અધર્મનું | અને-તેમના-પાપનું | — |
| H4616 | H7725 | H0376 | H1870 | | H5545 | H5771 | | |

કદાચ હું યહૂદિયાના લોકો પર જે આફતો ઉતારવાનું વિચારું છું તે તેઓ સાંભળે અને તેથી તેઓ પોતાના દુષ્ટ માર્ગોથી ફરે અને હું તેઓના અપરાધો અને પાપ માફ કરું.”

| 4 | וַיִּקְרָ֣א | יִרְמְיָ֔הוּ | אֶת־ | בָּר֖וּךְ | בֶּן־ | נֵרִיָּ֑ה | וַיִּכְתֹּ֨ב | בָּר֜וּךְ | מִפִּ֣י | יִרְמְיָ֗הוּ | אֵ֤ת |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-બોલાવ્યો | યિર્મેયાહે | — | બારૂખને | પુત્ર | નેરિયાહના | અને-લખ્યાં | બારૂખે | મુખેથી | યિર્મેયાહના | — |
| | H7121 | H3414 | H0853 | H1263 | | H5374 | H3789 | H1263 | H6310 | H3414 | H0853 |

| כָּל־ | דִּבְרֵ֧י | יְהוָ֛ה | אֲשֶׁר־ | דִּבֶּ֥ר | אֵלָ֖יו | עַל־ | מְגִלַּת־ | סֵֽפֶר׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| સર્વ | વચનો | યહોવાહનાં | જે | તેમણે-કહ્યાં-હતાં | તેને | પર | ઓળિયાના | ગ્રંથ |
| H3605 | H1697 | H3068 | | H1696 | H0413 | | H4039 | |

તેથી યર્મિયાએ નેરિયાના દીકરા બારુખને બોલાવ્યો અને યર્મિયાએ લખાવ્યું તે પ્રમાણે બારુખે યહોવાહના બધા ભવિષ્યવચનો ઓળિયામાં લખ્યાં.

| 5 | וַיְצַוֶּ֣ה | יִרְמְיָ֔הוּ | אֶת־ | בָּר֖וּךְ | לֵאמֹ֑ר | אֲנִ֣י | עָצ֔וּר | לֹ֣א | אוּכַ֔ל | לָב֖וֹא | בֵּ֥ית |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-આજ્ઞા-આપી | યિર્મેયાહે | — | બારૂખને | કહેતાં | હું | અટકાયેલો-છું | નહીં | શકું | જવા | ભવનમાં |
| | H6680 | H3414 | H0853 | H1263 | H0559 | H0589 | H6113 | H3808 | H3201 | H0935 | |

| יְהוָֽה׃ |
|---|
| યહોવાહના |
| H3068 |

ત્યારબાદ યર્મિયાએ બારુખને આજ્ઞા આપી અને કહ્યુ કે, “હું કેદમાં છું અને મને યહોવાહના ઘરમાં જવાનો નિષેધ છે.

| 6 | וּבָאתָ֣ | אַתָּ֡ה | וְקָרָ֣אתָ | בַמְּגִלָּ֣ה | אֲשֶׁר־ | כָּתַבְתָּ־ | מִ֠פִּי | אֶת־ | דִּבְרֵ֨י | יְהוָ֜ה | בְּאָזְנֵ֥י | הָעָ֛ם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-જા | તું | અને-વાંચ | ઓળિયામાં | જે | લખ્યું-છે | મુખેથી | — | વચનો | યહોવાહનાં | કાનમાં | લોકોના |
| | H0935 | | H7121 | H4039 | | H3789 | H6310 | H0853 | H1697 | H3068 | H0241 | |

| בֵּ֥ית | יְהוָ֖ה | בְּי֣וֹם | צ֑וֹם | וְגַ֨ם | בְּאָזְנֵ֧י | כָל־ | יְהוּדָ֛ה | הַבָּאִ֥ים | מֵעָרֵיהֶ֖ם | תִּקְרָאֵֽם׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભવનમાં | યહોવાહના | દિવસે | ઉપવાસના | અને-પણ | કાનમાં | સર્વ | યહૂદાના | આવતા | તેમના-શહેરોમાંથી | વાંચજે-તેમને |
| | H3068 | H3117 | H6685 | H1571 | H0241 | H3605 | H3063 | H0935 | | H7121 |

માટે તું જા અને જે ઓળિયામાં તેં મારા મુખના શબ્દો લખ્યા છે, તેમાંથી યહોવાહના વચનો યહોવાહનાં ઘરમાં ઉપવાસના દિવસે લોકોની આગળ અને પોતપોતાનાં નગરોમાંથી આવનાર યહૂદિયાની આગળ વાંચી સંભળાવ.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אוּלַ֫י | תִּפֹּ֤ל | תְּחִנָּתָם֙ | לִפְנֵ֣י | יְהוָ֔ה | וְיָשֻׁ֕בוּ | אִ֖ישׁ | מִדַּרְכּ֣וֹ | הָרָעָ֑ה | כִּֽי־ | גָד֤וֹל |
| કદાચ | પડે | તેમની-વિનંતી | સમક્ષ | યહોવાહ | અને-ફરે | દરેક | પોતાના-માર્ગથી | દુષ્ટ | કેમ-કે | મોટો-છે |
| H0194 | H5307 | H8467 | H6440 | H3068 | H7725 | H0376 | H1870 | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הָאַף֙ | וְהַ֣חֵמָ֔ה | אֲשֶׁר־ | דִּבֶּ֥ר | יְהוָ֖ה | אֶל־ | הָעָ֥ם | הַזֶּֽה׃ |
| ક્રોધ | અને-રોષ | જે | કહ્યો-છે | યહોવાહે | વિરુદ્ધ | લોકો | આ |
| H0639 | H2534 | | H1696 | H3068 | H0413 | | H2088 |

કદાચ તે લોકો યહોવાહને વિનંતી કરે અને ખોટે માર્ગેથી પાછા વળે; કેમ કે, યહોવાહે એ લોકોને ભારે રોષ અને ક્રોધપૂર્વક ધમકી આપેલી છે."

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּ֗עַשׂ | בָּרוּךְ֙ | בֶּן־ | נֵ֣רִיָּ֔ה | כְּכֹ֥ל | אֲשֶׁר־ | צִוָּ֖הוּ | יִרְמְיָ֣הוּ | הַנָּבִ֑יא | לִקְרֹ֥א | בַסֵּ֛פֶר |
| અને-કર્યું | બારૂખે | પુત્ર | નેરિયાહના | બધું-જ | જે | આજ્ઞા-આપી-હતી | યિર્મેયાહ | પ્રબોધકે | વાંચવાનું | ગ્રંથમાં |
| | H1263 | | H5374 | H3605 | | H6680 | H3414 | H5030 | H7121 | |

| | | | | |
|---|---|---|---|---|
| דִּבְרֵ֥י | יְהוָ֖ה | בֵּ֥ית | יְהוָֽה׃ | ס |
| વચનો | યહોવાહનાં | ભવનમાં | યહોવાહના | — |
| H1697 | H3068 | | H3068 | |

યર્મિયા પ્રબોધકે કહ્યુ હતું તે મુજબ નેરિયાના દીકરા બારુખે કર્યું અને યહોવાહના ઘરમાં લોકોની આગળ સર્વ વચનો વાંચી સંભળાવ્યાં.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִ֣י | בַשָּׁנָ֣ה | הַחֲמִשִׁ֡ית | לִיהוֹיָקִ֨ים | בֶּן־ | יֹאשִׁיָּ֜הוּ | מֶלֶךְ־ | יְהוּדָה֙ | בַּחֹ֣דֶשׁ | הַתְּשִׁעִ֔י | קָרְא֨וּ |
| અને-થયું | વર્ષમાં | પાંચમા | યહોયાકીમના | પુત્ર | યોશિયાહના | રાજા | યહૂદાના | મહિનામાં | નવમા | જાહેર-કર્યો |
| H1961 | H8141 | H2549 | H3079 | | H2977 | H4428 | H3063 | H2320 | H8671 | H7121 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| צ֜וֹם | לִפְנֵ֧י | יְהוָ֛ה | כָּל־ | הָעָ֖ם | בִּירוּשָׁלִָ֑ם | וְכָל־ | הָעָ֗ם | הַבָּאִ֛ים | מֵעָרֵ֥י | יְהוּדָ֖ה |
| ઉપવાસ | સમક્ષ | યહોવાહ | સર્વ | લોકોએ | યરૂશાલેમમાં | અને-સર્વ | લોકો | આવતા | શહેરોમાંથી | યહૂદાના |
| H6685 | H6440 | H3068 | H3605 | | H3389 | H3605 | | H0935 | | H3063 |

| |
|---|
| בִּירוּשָׁלִָֽם׃ |
| યરૂશાલેમમાં |
| H3389 |

યોશિયાના દીકરા યહોયાકીમ રાજાના શાસનકાળ દરમિયાન પાંચમા વર્ષના નવમા મહિનામાં યરુશાલેમના બધા લોકોએ તેમ જ યહૂદિયાના નગરોમાંથી જેઓ આવ્યા હતા તેઓને યહોવાહ સમક્ષ ઉપવાસ કરવાનું ફરમાવ્યું.

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְרָ֨א | בָר֥וּךְ | בַּסֵּ֛פֶר | אֶת־ | דִּבְרֵ֥י | יִרְמְיָ֖הוּ | בֵּ֣ית | יְהוָ֑ה | בְּלִשְׁכַּ֡ת | גְּמַרְיָהוּ֩ | בֶן־ |
| અને-વાંચ્યું | બારૂખે | ગ્રંથમાં | — | વચનો | યિર્મેયાહનાં | ભવનમાં | યહોવાહના | ઓરડામાં | ગમર્યાહના | પુત્ર |
| H7121 | H1263 | | H0853 | H1697 | H3414 | | H3068 | H3957 | H1587 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שָׁפָ֨ן | הַסֹּפֵ֜ר | בֶּחָצֵ֣ר | הָעֶלְי֗וֹן | פֶּ֣תַח | שַׁ֤עַר | בֵּית־ | יְהוָה֙ | הֶֽחָדָ֔שׁ | בְּאָזְנֵ֖י | כָּל־ | הָעָֽם׃ |
| શાફાનના | લહિયાના | આગણામાં | ઉપલા | પ્રવેશ | દરવાજા | ભવનના | યહોવાહના | નવા | કાનમાં | સર્વ | લોકોના |
| | | | | H6607 | H8179 | | H3068 | H2319 | H0241 | H3605 | |

ત્યારે બારુખે પુસ્તકમાંનાં યર્મિયાના વચનો યહોવાહના ઘરમાં વાંચી સંભળાવ્યાં. શાફાન લહિયાના દીકરા ગમાર્યાના ઉપરના આગણામાંના ઓરડામાં અને યહોવાહના સભાસ્થાનના નવા દરવાજાના ઓટલા પાસે તેણે સર્વ લોકોની આગળ વાંચી સંભળાવ્યાં.

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַ֠יִּשְׁמַע | מִכָ֨יְהוּ | בֶן־ | גְּמַרְיָ֧הוּ | בֶן־ | שָׁפָ֛ן | אֶת־ | כָּל־ | דִּבְרֵ֥י | יְהוָ֖ה | מֵעַ֥ל |
| અને-સાંભળ્યું | મીખાયાહે | પુત્ર | ગમર્યાહના | પુત્ર | શાફાનના | — | સર્વ | વચનો | યહોવાહનાં | પરથી |
| H8085 | H4321 | | H1587 | | | H0853 | H3605 | H1697 | H3068 | |

| |
|---|
| הַסֵּֽפֶר׃ |
| ગ્રંથ |

હવે શાફાનના દીકરા ગમાર્યાના દીકરા મીખાયાએ યહોવાહ તરફથી આવેલા આ સંદેશાઓ જે પત્રકમાં લખેલાં હતા તે સાંભળ્યા.

12

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֵּ֣רֶד | અને-ગયો | H3381 |
| בֵּית־ | ભવનમાં | |
| הַמֶּ֗לֶךְ | રાજાના | H4428 |
| עַל־ | પ્રતિ | |
| לִשְׁכַּ֣ת | ઓરડા | H3957 |
| הַסֹּפֵ֔ר | લહિયાના | |
| וְהִנֵּה־ | અને-જુઓ | H2009 |
| שָׁ֕ם | ત્યાં | H8033 |
| כָּל־ | સર્વ | H3605 |
| הַשָּׂרִ֖ים | સરદારો | H8269 |
| יוֹשְׁבִ֑ים | બેઠા-હતા | H3427 |
| אֱלִישָׁמָ֣ע | અલીશામા | H0476 |
| הַסֹּפֵ֡ר | લહિયો | |
| וּדְלָיָ֣הוּ | અને-દલાયાહ | H1806 |
| בֶן־ | પુત્ર | |
| שְׁמַֽעְיָ֡הוּ | શમાયાહના | H8098 |
| וְאֶלְנָתָ֣ן | અને-એલ્નાથાન | H0494 |
| בֶּן־ | પુત્ર | |
| עַכְבּ֡וֹר | આખ્બોરના | H5907 |
| וּגְמַרְיָ֣הוּ | અને-ગમર્યાહ | H1587 |
| בֶן־ | પુત્ર | |
| שָׁפָ֡ן | શાફાનના | |
| וְצִדְקִיָּ֣הוּ | અને-સિદકિયાહ | H6667 |
| בֶן־ | પુત્ર | |
| חֲנַנְיָ֔הוּ | હનાન્યાહના | |
| וְכָל־ | અને-સર્વ | H3605 |
| הַשָּׂרִֽים׃ | સરદારો | H8269 |

ત્યારે તે નીચે ઊતરીને રાજાના મહેલના વહીવટી સભાખંડમાં ગયો. ત્યારે સર્વ સરદારો એટલે લહિયા અલિશામા, શમાયાનો દીકરો દલાયા, આખ્બોરનો દીકરો એલ્નાથાન શાફાનનો દીકરો ગમાર્યા, હનાન્યાનો દીકરો સિદકિયા તથા બીજા બધા અમલદારો ત્યાં બેઠા હતાં.

13

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיַּגֵּ֤ד | અને-કહ્યુ | H5046 |
| לָהֶם֙ | તેમને | |
| מִֽיכָ֔יְהוּ | મીખાયાહે | H4321 |
| אֵ֚ת | — | H0853 |
| כָּל־ | સર્વ | H3605 |
| הַדְּבָרִ֖ים | વચનો | H1697 |
| אֲשֶׁ֣ר | જે | |
| שָׁמֵ֑עַ | સાંભળ્યાં | H8085 |
| בִּקְרֹ֥א | વાંચતી-વખતે | H7121 |
| בָר֛וּךְ | બારૂખે | H1263 |
| בַּסֵּ֖פֶר | ગ્રંથમાં | |
| בְּאָזְנֵ֥י | કાનમાં | H0241 |
| הָעָֽם׃ | લોકોના | |

ત્યાં બારુખે લોકોની સમક્ષ વાંચી સંભળાવેલા પુસ્તકના જે વચનો તેણે સાંભળ્યા હતાં તે સર્વ વિષે મીખાયાએ તેઓને કહી સંભળાવ્યાં.

14

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיִּשְׁלְח֣וּ | અને-મોકલ્યા | H7971 |
| כָל־ | સર્વ | H3605 |
| הַשָּׂרִ֣ים | સરદારોએ | H8269 |
| אֶל־ | પ્રતિ | H0413 |
| בָּר֡וּךְ | બારૂખ | H1263 |
| אֶת־ | — | H0853 |
| יְהוּדִ֣י | યહૂદીને | H3065 |
| בֶּן־ | પુત્ર | |
| נְתַנְיָ֣הוּ | નથાન્યાહના | H5418 |
| בֶּן־ | પુત્ર | |
| שֶֽׁלֶמְיָ֣הוּ | શેલેમ્યાહના | H8018 |
| בֶן־ | પુત્ર | |
| כּוּשִׁי֮ | કૂશીના | H3570 |
| לֵאמֹר֒ | કહેતાં | H0559 |
| הַמְּגִלָּ֗ה | ઓળિયો | H4039 |
| אֲשֶׁ֨ר | જે | |
| קָרָ֥אתָ | વાંચ્યો | H7121 |
| בָּהּ֙ | તેમાં | |
| בְּאָזְנֵ֣י | કાનમાં | H0241 |
| הָעָ֔ם | લોકોના | |
| קָחֶ֥נָּה | લે | H3947 |
| בְיָדְךָ֖ | તારા-હાથમાં | H3027 |
| וָלֵ֑ךְ | અને-આવ | H3212 |
| וַ֠יִּקַּח | અને-લીધો | H3947 |
| בָּר֨וּךְ | બારૂખે | H1263 |
| בֶּן־ | પુત્ર | |
| נֵרִיָּ֜הוּ | નેરિયાહના | H5374 |
| אֶת־ | — | H0853 |
| הַמְּגִלָּה֙ | ઓળિયો | H4039 |
| בְּיָד֔וֹ | પોતાના-હાથમાં | H3027 |
| וַיָּבֹ֖א | અને-આવ્યો | H0935 |
| אֲלֵיהֶֽם׃ | તેમની-પાસે | H0413 |

પછી સર્વ અધિકારીઓએ કૂશીના દીકરા શેલેમ્યાના દીકરા નથાન્યાના દીકરા યેહૂદીને બારુખ પાસે મોકલીને કહેવડાવ્યું કે, "જે ઓળિયામાંથી તે લોકોને વાંચી સંભળાવ્યું છે, તે ઓળિયું તારા હાથમાં લઈને અહીં આવ." તેથી નેરિયાના દીકરા બારુખે ઓળિયું હાથમાં લઈને અમલદારો પાસે ગયો.

15

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֹּאמְר֣וּ | અને-કહ્યુ | H0559 |
| אֵלָ֔יו | તેને | H0413 |
| שֵׁ֣ב | બેસ | H3427 |
| נָ֔א | કૃપા-કરીને | H4994 |
| וּקְרָאֶ֖נָּה | અને-વાંચ | H7121 |
| בְּאָזְנֵ֑ינוּ | અમારા-કાનમાં | H0241 |
| וַיִּקְרָ֥א | અને-વાંચ્યું | H7121 |
| בָר֖וּךְ | બારૂખે | H1263 |
| בְּאָזְנֵיהֶֽם׃ | તેમના-કાનમાં | H0241 |

તેઓએ તેને કહ્યુ કે, "તું બેસીને તે અમને વાંચી સંભળાવ." આથી બારુખે તેઓને તે વાંચી સંભળાવ્યું.

16

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיְהִ֗י | અને-થયું | H1961 |
| כְּשָׁמְעָם֙ | સાંભળતાં | H8085 |
| אֶת־ | — | H0853 |
| כָּל־ | સર્વ | H3605 |
| הַדְּבָרִ֔ים | વચનો | H1697 |
| פָּחֲד֖וּ | ગભરાયા | H6342 |
| אִ֣ישׁ | દરેક | H0376 |
| אֶל־ | પ્રતિ | H0413 |
| רֵעֵ֑הוּ | પોતાના-સાથી | H7453 |
| וַיֹּֽאמְרוּ֙ | અને-કહ્યુ | H0559 |
| אֶל־ | પ્રતિ | H0413 |
| בָּר֔וּךְ | બારૂખ | H1263 |
| הַגֵּ֤יד | કહેવું-જ | H5046 |
| נַגִּיד֙ | જોઈએ | H5046 |
| לַמֶּ֔לֶךְ | રાજાને | H4428 |
| אֵ֥ת | — | H0853 |
| כָּל־ | સર્વ | H3605 |
| הַדְּבָרִ֖ים | વચનો | H1697 |
| הָאֵֽלֶּה׃ | આ | H0428 |

બારુખે તેઓની સામે જે વાંચન કર્યુ, તે જેવું તેઓએ સાંભળ્યું કે, તેઓ એકબીજાની સામે ભયથી જોવા લાગ્યા અને બારુખને કહ્યુ, "તેં જે બધું વાંચ્યું છે તેના વિષે આપણે જરૂર રાજાને જણાવવું જોઈએ."

17

| | | |
|---|---|---|
| וְאֶת־ | અને | H0853 |
| בָּרוּךְ | બારૂખને | H1263 |
| שָׁאֲלוּ | પૂછ્યું | H7592 |
| לֵאמֹר | કહેતાં | H0559 |
| הַגֶּד־ | કહે | H5046 |
| נָא | કૃપા-કરીને | H4994 |
| לָנוּ | અમને | |
| אֵיךְ | કેવી-રીતે | |
| כָּתַבְתָּ | લખ્યાં | H3789 |
| אֶת־ | — | H0853 |
| כָּל־ | સર્વ | H3605 |
| הַדְּבָרִים | વચનો | H1697 |
| הָאֵלֶּה | આ | H0428 |
| מִפִּיו׃ | તેના-મુખેથી | H6310 |

પછી તેઓએ બારુખને પૂછ્યું કે, અમને જણાવ કે, તે યર્મિયાના મુખમાંથી બોલેલા આ સર્વ વચન કેવી રીતે લખ્યા?"

18

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| לָהֶם | તેમને | |
| בָּרוּךְ | બારૂખે | H1263 |
| מִפִּיו | તેના-મુખેથી | H6310 |
| יִקְרָא | બોલે | H7121 |
| אֵלַי | મને | H0413 |
| אֵת | — | H0853 |
| כָּל־ | સર્વ | H3605 |
| הַדְּבָרִים | વચનો | H1697 |
| הָאֵלֶּה | આ | H0428 |
| וַאֲנִי | અને-હું | H0589 |
| כֹּתֵב | લખતો-હતો | H3789 |
| עַל־ | પર | |
| הַסֵּפֶר | ગ્રંથ | |
| בַּדְּיוֹ׃ | શાહીથી | H1773 |
| פ | — | |

તેથી બારુખે ખુલાસો કર્યો, યર્મિયાએ તેના મુખમાંથી આ સર્વ વચન ઉચ્ચાર્યાં અને મેં તે પત્રકમાં શાહીથી લખી લીધાં."

19

| | | |
|---|---|---|
| וַיֹּאמְרוּ | અને-કહ્યુ | H0559 |
| הַשָּׂרִים | સરદારોએ | H8269 |
| אֶל־ | પ્રતિ | H0413 |
| בָּרוּךְ | બારૂખ | H1263 |
| לֵךְ | જા | H3212 |
| הִסָּתֵר | સંતાઈ-જા | H5641 |
| אַתָּה | તું | |
| וְיִרְמְיָהוּ | અને-યિર્મેયાહ | H3414 |
| וְאִישׁ | અને-કોઈ | H0376 |
| אַל־ | ન | H0408 |
| יֵדַע | જાણે | H3045 |
| אֵיפֹה | ક્યાં | H0375 |
| אַתֶּם׃ | તમે | |

પછી અધિકારીઓએ બારુખને કહ્યુ, "તું અને યર્મિયા ક્યાંક છુપાઇ જાઓ. તમે ક્યાં છો તે વિષે કોઈને પણ જાણ કરશો નહિ."

20

| | | |
|---|---|---|
| וַיָּבֹאוּ | અને-ગયા | H0935 |
| אֶל־ | પ્રતિ | H0413 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| חָצֵרָה | આગણામાં | |
| וְאֶת־ | અને | H0853 |
| הַמְּגִלָּה | ઓળિયો | H4039 |
| הִפְקַדוּ | મૂક્યો | |
| בְּלִשְׁכַּת | ઓરડામાં | H3957 |
| אֱלִישָׁמָע | અલીશામા | H0476 |
| הַסֹּפֵר | લહિયાના | |
| וַיַּגִּידוּ | અને-જણાવ્યું | H5046 |
| בְּאָזְנֵי | કાનમાં | H0241 |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| אֵת | — | H0853 |
| כָּל־ | સર્વ | H3605 |
| הַדְּבָרִים׃ | વચનો | H1697 |

ત્યાર પછી લહિયો અલિશામાની ઓરડીમાં તે ઓળિયાને મૂકીને તેઓ ચોકમાં રાજાની પાસે ગયા. અને તે સર્વ વચન તેઓએ રાજાને કહી સંભળાવ્યાં.

21

| | | |
|---|---|---|
| וַיִּשְׁלַח | અને-મોકલ્યો | H7971 |
| הַמֶּלֶךְ | રાજાએ | H4428 |
| אֶת־ | — | H0853 |
| יְהוּדִי | યહૂદીને | H3065 |
| לָקַחַת | લાવવા | H3947 |
| אֶת־ | — | H0853 |
| הַמְּגִלָּה | ઓળિયો | H4039 |
| וַיִּקָּחֶהָ | અને-લીધો | H3947 |
| מִלִּשְׁכַּת | ઓરડામાંથી | H3957 |
| אֱלִישָׁמָע | અલીશામા | H0476 |
| הַסֹּפֵר | લહિયાના | |
| וַיִּקְרָאֶהָ | અને-વાંચ્યો | H7121 |
| יְהוּדִי | યહૂદીએ | H3065 |
| בְּאָזְנֵי | કાનમાં | H0241 |
| הַמֶּלֶךְ | રાજાના | H4428 |
| וּבְאָזְנֵי | અને-કાનમાં | H0241 |
| כָּל־ | સર્વ | H3605 |
| הַשָּׂרִים | સરદારોના | H8269 |
| הָעֹמְדִים | ઊભા-રહેલા | H5975 |
| מֵעַל | પાસે | |
| הַמֶּלֶךְ׃ | રાજાના | H4428 |

ત્યારે રાજાએ યેહૂદીને ઓળિયું લઈ આવવા મોકલ્યો, યેહૂદી તે ઓળિયું લહિયા અલિશામાની ઓરડીમાંથી લાવ્યો અને રાજાના તથા રાજાની આસપાસ ઊભા રહેલા સર્વ સરદારોના સાંભળતાં યેહુદીએ તે વાંચી સંભળાવ્યું.

22

| | | |
|---|---|---|
| וְהַמֶּלֶךְ | અને-રાજા | H4428 |
| יוֹשֵׁב | બેઠો-હતો | H3427 |
| בֵּית | ભવનમાં | |
| הַחֹרֶף | શિયાળાના | H2779 |
| בַּחֹדֶשׁ | મહિનામાં | H2320 |
| הַתְּשִׁיעִי | નવમા | H8671 |
| וְאֶת־ | અને | H0853 |
| הָאָח | અગીઠી | H0254 |
| לְפָנָיו | તેની-સમક્ષ | H6440 |
| מְבֹעָרֶת׃ | બળતી-હતી | |

તે સમયે નવમા મહિનામાં રાજા તેના મહેલના હેમંતગૃહમાં બેઠો હતો. અને તેની આગળ સગડી બળતી હતી.

23
וַיְהִי અને-થયું H1961 | כִּקְרוֹא વાંચતાં H7121 | יְהוּדִי યહૂદીએ H3065 | שָׁלֹשׁ ત્રણ H7969 | דְּלָתוֹת કટકા | וְאַרְבָּעָה ચાર H0702 | יִקְרָעֶהָ કાપ્યા H7167 | בְּתַעַר છરીથી H8593 | הַסֹּפֵר લહિયાની | וְהַשְׁלֵךְ અને-ફેંક્યા H7993 | אֶל־ માં H0413
הָאֵשׁ આગ H0784 | אֲשֶׁר જે | אֶל־ માં H0413 | הָאָח અગીઠી H0254 | עַד־ ત્યાં-સુધી H5704 | תֹּם સમાપ્ત-થયો H8552 | כָּל־ સમગ્ર H3605 | הַמְּגִלָּה ઓળિયો H4039 | עַל־ પર | הָאֵשׁ આગ H0784 | אֲשֶׁר જે | עַל־ પર
הָאָח׃ અગીઠી H0254

જયારે યેહૂદીએ ત્રણચાર પાનાં વાંચ્યાં એટલે રાજાએ છરીથી તેટલો ભાગ કાપી લઈ સગડીમાં નાખ્યો. અને એમ આખું ઓળિયું સગડીમાં નાશ થઈ ગયું.

24
וְלֹא અને-નહીં H3808 | פָחֲדוּ ગભરાયા H6342 | וְלֹא અને-નહીં H3808 | קָרְעוּ ફાડ્યાં H7167 | אֶת־ — H0853 | בִּגְדֵיהֶם પોતાનાં-વસ્ત્રો | הַמֶּלֶךְ રાજાએ H4428 | וְכָל־ અને-સર્વ H3605 | עֲבָדָיו તેના-સેવકોએ H5650 | הַשֹּׁמְעִים સાંભળનારા H8085 | אֵת — H0853
כָּל־ સર્વ H3605 | הַדְּבָרִים વચનો H1697 | הָאֵלֶּה׃ આ H0428

આ બધું જ સાંભળ્યા પછી પણ રાજાએ કે તેના અમલદારોએ ન તો ગભરાટ વ્યક્ત કર્યો કે ન તો પોતાના વસ્ત્રો ફાડ્યાં.

25
וְגַם અને-પણ H1571 | אֶלְנָתָן એલ્નાથાને H0494 | וּדְלָיָהוּ અને-દલાયાહે H1806 | וּגְמַרְיָהוּ અને-ગમર્યાહે H1587 | הִפְגִּעוּ વિનંતી-કરી H6293 | בַמֶּלֶךְ રાજાને H4428 | לְבִלְתִּי નહીં H1115 | שְׂרֹף બાળવા H8313 | אֶת־ — H0853 | הַמְּגִלָּה ઓળિયો H4039
וְלֹא પણ-નહીં H3808 | שָׁמַע સાંભળ્યું H8085 | אֲלֵיהֶם׃ તેમનું H0413

જો કે એલ્નાથાન, દલાયા અને ગમાર્યાએ રાજાને ઓળિયું ન બાળવા વિનંતી કરી, પણ તેણે તેના પર ધ્યાન આપ્યું નહિ.

26
וַיְצַוֶּה અને-આજ્ઞા-આપી H6680 | הַמֶּלֶךְ રાજાએ H4428 | אֶת־ — H0853 | יְרַחְמְאֵל યરાહ્મએલને H3396 | בֶּן־ પુત્ર | הַמֶּלֶךְ રાજાના H4429 | וְאֶת־ અને H0853 | שְׂרָיָהוּ સરાયાહને H8304 | בֶּן־ પુત્ર | עַזְרִיאֵל અઝરિએલના H5837 | וְאֶת־ અને H0853
שֶׁלֶמְיָהוּ શેલેમ્યાહને H8018 | בֶּן־ પુત્ર | עַבְדְּאֵל અબ્દએલના H5655 | לְקַחַת પકડવા H3947 | אֶת־ — H0853 | בָּרוּךְ બારૂખ H1263 | הַסֹּפֵר લહિયાને | וְאֵת અને H0853 | יִרְמְיָהוּ યિર્મેયાહ H3414 | הַנָּבִיא પ્રબોધકને H5030 | וַיַּסְתִּרֵם પણ-છુપાવ્યા H5641
יְהוָה׃ યહોવાહે H3068 | ס —

પછી રાજાએ બારુખ લહિયાને તથા યર્મિયા પ્રબોધકને પકડવા માટે યરાહમએલને, આઝ્રીએલના દીકરા સરાયાને તથા આબ્દએલના દીકરા શેલેમ્યાને મોકલ્યા. પરંતુ યહોવાહે તેઓને સંતાડી રાખ્યા હતા.

27
וַיְהִי અને-આવ્યું H1961 | דְבַר־ વચન H1697 | יְהוָה યહોવાહનું H3068 | אֶל־ પ્રતિ H0413 | יִרְמְיָהוּ યિર્મેયાહ H3414 | אַחֲרֵי પછી | שְׂרֹף બાળ્યો H8313 | הַמֶּלֶךְ રાજાએ H4428 | אֶת־ — H0853 | הַמְּגִלָּה ઓળિયો H4039 | וְאֶת־ અને H0853
הַדְּבָרִים વચનો H1697 | אֲשֶׁר જે | כָּתַב લખ્યાં-હતાં H3789 | בָּרוּךְ બારૂખે H1263 | מִפִּי મુખેથી H6310 | יִרְמְיָהוּ યિર્મેયાહના H3414 | לֵאמֹר׃ કહેતાં H0559

બારુખે યર્મિયાના મુખના બોલેલા શબ્દો જે ઓળિયામાં લખ્યા હતા તે ઓળિયું રાજાએ બાળી નાખ્યું, પછી યહોવાહનું વચન યર્મિયા પાસે આવ્યું કે,

28

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שׁוּב | קַח־ | לְךָ | מְגִלָּה | אַחֶרֶת | וּכְתֹב | עָלֶיהָ | אֵת | כָּל־ | הַדְּבָרִים | הָרִאשֹׁנִים |
| ફરીથી | લે | તારા-માટે | ઓળિયો | બીજો | અને-લખ | તેના-પર | — | સર્વ | વચનો | પહેલાં |
| H7725 | H3947 | | H4039 | H0312 | H3789 | | H0853 | H3605 | H1697 | H7223 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | הָיוּ | עַל־ | הַמְּגִלָּה | הָרִאשֹׁנָה | אֲשֶׁר | שָׂרַף | יְהוֹיָקִים | מֶלֶךְ־ | יְהוּדָה׃ |
| જે | હતાં | પર | ઓળિયા | પહેલા | જે | બાળ્યો | યહોયાકીમ | રાજા | યહૂદાના |
| | H1961 | | H4039 | H7223 | | H8313 | H3079 | H4428 | H3063 |

“પાછો જા, બીજું ઓળિયું લઈને તેના પર યહૂદિયાના રાજા યહોયાકીમે બાળી મૂકેલા પહેલાનાં ઓળિયામાં જે લખ્યું હતું તે બધું તેમાં લખ.

29

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַל־ | יְהוֹיָקִים | מֶלֶךְ־ | יְהוּדָה | תֹּאמַר | כֹּה | אָמַר | יְהוָה | אַתָּה | שָׂרַפְתָּ | אֶת־ | הַמְּגִלָּה |
| અને-વિષે | યહોયાકીમ | રાજા | યહૂદાના | કહેજે | આમ | કહ્યુ-છે | યહોવાહ | તેં | બાળ્યો | — | ઓળિયો |
| | H3079 | H4428 | H3063 | H0559 | H3541 | H0559 | H3068 | | H8313 | H0853 | H4039 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַזֹּאת | לֵאמֹר | מַדּוּעַ | כָּתַבְתָּ | עָלֶיהָ | לֵאמֹר | בֹּא־ | יָבוֹא | מֶלֶךְ־ | בָּבֶל | וְהִשְׁחִית | אֶת־ |
| આ | કહેતાં | શા-માટે | લખ્યું-છે | તેના-પર | કહેતાં | ચોક્કસ | આવશે | રાજા | બાબેલનો | અને-નાશ-કરશે | — |
| H2063 | H0559 | H4069 | H3789 | | H0559 | H0935 | H0935 | H4428 | H0894 | H7843 | H0853 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הָאָרֶץ | הַזֹּאת | וְהִשְׁבִּית | מִמֶּנָּה | אָדָם | וּבְהֵמָה׃ | ס |
| દેશ | આ | અને-નષ્ટ-કરશે | તેમાંથી | માણસ | અને-પશુ | — |
| H0776 | H2063 | | | H0120 | H0929 | |

પછી યહૂદિયાના રાજા યહોયાકીમને કહે કે; બાબિલનો રાજા નિશ્ચે આવીને દેશનો નાશ કરશે તથા તેમાંના માણસોનો અને પશુઓનો નાશ કરશે’ એવું યહોવાહ કહે છે, એવું તેં શા માટે આ ઓળિયામાં લખ્યું છે, એમ કહીને તેં એ ઓળિયું બાળી નાખ્યું છે.

30

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לָכֵן | כֹּה־ | אָמַר | יְהוָה | עַל־ | יְהוֹיָקִים | מֶלֶךְ | יְהוּדָה | לֹא־ | יִהְיֶה־ | לוֹ | יוֹשֵׁב |
| માટે | આમ | કહ્યુ-છે | યહોવાહ | વિષે | યહોયાકીમ | રાજા | યહૂદાના | નહીં | હશે | તેનો | બેસનાર |
| | H3541 | H0559 | H3068 | | H3079 | H4428 | H3063 | H3808 | H1961 | | H3427 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עַל־ | כִּסֵּא | דָוִד | וְנִבְלָתוֹ | תִּהְיֶה | מֻשְׁלֶכֶת | לַחֹרֶב | בַּיּוֹם | וְלַקֶּרַח | בַּלָּיְלָה׃ |
| પર | સિંહાસન | દાવીદના | અને-તેનું-શબ | હશે | ફેંકાયેલું | ગરમીમાં | દિવસે | અને-ઠંડીમાં | રાતે |
| | H3678 | H1732 | H5038 | H1961 | H7993 | | H3117 | H7140 | H3915 |

આથી યહૂદિયાના રાજા યહોયાકીમ વિષે યહોવાહ કહે છે કે, તેનાં વંશમાંનો કોઈ દાઉદની ગાદીએ બેસશે નહિ. અને તેનો મૃતદેહ દિવસે તાપમાં અને રાત્રે હિમમાં બહાર પડી રહેશે.

31

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּפָקַדְתִּי | עָלָיו | וְעַל־ | זַרְעוֹ | וְעַל־ | עֲבָדָיו | אֶת־ | עֲוֺנָם | וְהֵבֵאתִי | עֲלֵיהֶם |
| અને-શિક્ષા-કરીશ | તેને | અને | તેના-વંશને | અને | તેના-સેવકોને | — | તેમના-અધર્મનું | અને-લાવીશ | તેમના-પર |
| | | | H2233 | | H5650 | H0853 | H5771 | H0935 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַל־ | יֹשְׁבֵי | יְרוּשָׁלַםִ | וְאֶל־ | אִישׁ | יְהוּדָה | אֵת | כָּל־ | הָרָעָה | אֲשֶׁר־ | דִּבַּרְתִּי |
| અને | રહેવાસીઓ-પર | યરૂશાલેમના | અને-પ્રતિ | દરેક | યહૂદાના | — | સર્વ | અનિષ્ટ | જે | મેં-કહ્યુ-હતું |
| | H3427 | H3389 | H0413 | H0376 | H3063 | H0853 | H3605 | | | H1696 |

| | | | |
|---|---|---|---|
| אֲלֵיהֶם | וְלֹא | שָׁמֵעוּ׃ | ס |
| તેમને | પણ-નહીં | સાંભળ્યું | — |
| H0413 | H3808 | H8085 | |

હું તને, તારા વંશજોને તથા તારા અમલદારોને તેઓનાં દુષ્કૃત્યો માટે સજા કરીશ. અને તમારા પર, યરુશાલેમના રહેવાસીઓ પર અને યહૂદિયાના લોકો પર મેં જે વિપત્તિ લાવવા વિષે કહ્યુ હતું તે તમારી પર લાવીશ. મેં તમને ચેતવ્યા, પણ તમે સાંભળ્યું નહિ.”

32

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְיִרְמְיָהוּ | לָקַח | מְגִלָּה | אַחֶרֶת | וַיִּתְּנָהּ | אֶל־ | בָּרוּךְ | בֶּן־ | נֵרִיָּהוּ | הַסֹּפֵר | וַיִּכְתֹּב |
| અને-યિર્મેયાહે | લીધો | ઓળિયો | બીજો | અને-આપ્યો | પ્રતિ | બારુખ | પુત્ર | નેરિયાહના | લહિયાને | અને-લખ્યાં |
| H3414 | H3947 | H4039 | H0312 | H5414 | H0413 | H1263 | | H5374 | | H3789 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עָלֶיהָ | מִפִּי | יִרְמְיָהוּ | אֵת | כָּל־ | דִּבְרֵי | הַסֵּפֶר | אֲשֶׁר | שָׂרַף | יְהוֹיָקִים | מֶלֶךְ־ | יְהוּדָה |
| તેના-પર | મુખેથી | યિર્મેયાહના | — | સર્વ | વચનો | ગ્રંથનાં | જે | બાળ્યો-હતો | યહોયાકીમ | રાજા | યહૂદાના |
| | H6310 | H3414 | H0853 | H3605 | H1697 | | | H8313 | H3079 | H4428 | H3063 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בָּאֵשׁ | וְעוֹד | נוֹסַף | עֲלֵיהֶם | דְּבָרִים | רַבִּים | כָּהֵמָּה׃ | ס |
| આગમાં | અને-વધુ | ઉમેરાયાં | તેમાં | વચનો | ઘણાં | તેવાં-જ | — |
| H0784 | H5750 | H3254 | | H1697 | | H1992 | |

ત્યારબાદ યર્મિયાએ બીજું ઓળિયું લીધું અને નેરિયાના દીકરા બારુખ લહિયાને લખવા આપ્યું. અને જે પુસ્તક યહૂદિયાના રાજા યહોયાકીમે અગ્નિમાં બાળી નાખ્યું હતું. તેમાંનાં યર્મિયાના મુખનાં બોલેલાં સર્વ વચન બારુખે તેમાં લખ્યાં. અને તેઓના જેવાં બીજા ઘણાં વચનો પણ તેમાં ઉમેર્યાં.

## Chapter 37

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | יְהוֹיָקִים | בֶּן־ | כָּנְיָהוּ | תַּחַת | יֹאשִׁיָּהוּ | בֶּן־ | צִדְקִיָּהוּ | מֶלֶךְ | וַיִּמְלָךְ־ | 1 |
| જેને | યહોયાકીમના | પુત્ર | કોન્યાહના | બદલે | યોશિયાહના | પુત્ર | સિદકિયાહે | રાજા | અને-રાજ-કર્યું | |
| | H3079 | | H3659 | H8478 | H2977 | | H6667 | H4428 | | |
| | | | | יְהוּדָה׃ | בְּאֶרֶץ | בָּבֶל | מֶלֶךְ־ | נְבוּכַדְרֶאצַּר | הִמְלִיךְ | |
| | | | | યહૂદાના | દેશમાં | બાબિલના | રાજા | નબૂખાદનેસ્સારે | રાજા-બનાવ્યો | |
| | | | | H3063 | H0776 | H0894 | H4428 | H5019 | | |

હવે યહોયાકીમના દીકરા કોનિયાને સ્થાને તેણે યોશિયાના દીકરા સિદકિયાએ રાજ કર્યું. તેને તો બાબિલના રાજા નબૂખાદનેસ્સારે યહૂદિયા દેશનો રાજા નીમ્યો હતો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | יְהוָה | דִּבְרֵי | אֶל־ | הָאָרֶץ | וְעַם | וַעֲבָדָיו | הוּא | שָׁמַע | וְלֹא | 2 |
| જે | યહોવાહનાં | વચનો | પ્રતિ | દેશના | અને-લોકોએ | અને-તેના-ચાકરોએ | તેણે | સાંભળ્યું | અને-નહિ | |
| | H3068 | H1697 | H0413 | H0776 | | H5650 | H1931 | H8085 | H3808 | |
| | | | | | | הַנָּבִיא׃ | יִרְמְיָהוּ | בְּיַד | דִּבֶּר | |
| | | | | | | પ્રબોધકના | યિર્મેયાહ | દ્વારા | બોલ્યા-હતા | |
| | | | | | | H5030 | H3414 | H3027 | H1696 | |

પણ યહોવાહે યર્મિયા પ્રબોધક દ્વારા જે વચનો કહેવડાવ્યાં હતાં તે સિદકિયા રાજાએ તથા તેના અધિકારીઓએ તથા દેશમાં બાકી રહેલા લોકોએ સાંભળ્યાં નહિ.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | בֶּן־ | צְפַנְיָהוּ | וְאֶת־ | שֶׁלֶמְיָה | בֶּן־ | יְהוּכַל | אֶת־ | צִדְקִיָּהוּ | הַמֶּלֶךְ | וַיִּשְׁלַח | 3 |
| | પુત્ર | સફાન્યાહને | અને | શેલેમ્યાહના | પુત્ર | યહૂખાલને | — | સિદકિયાહે | રાજા | અને-મોકલ્યા | |
| | | H6846 | H0853 | H8018 | | H3081 | H0853 | H6667 | H4428 | H7971 | |
| יְהוָה | אֶל־ | בַּעֲדֵנוּ | נָא | הִתְפַּלֶּל־ | לֵאמֹר | הַנָּבִיא | יִרְמְיָהוּ | אֶל־ | הַכֹּהֵן | מַעֲשֵׂיָה | |
| યહોવાહ | પ્રતિ | અમારા-માટે | કૃપા-કરી | પ્રાર્થના-કર | કહેતાં | પ્રબોધક | યિર્મેયાહ | પાસે | યાજકને | માઅસેયાહના | |
| H3068 | H0413 | H1157 | H4994 | H6419 | H0559 | H5030 | H3414 | H0413 | H3548 | H4641 | |
| | | | | | | | | | | אֱלֹהֵינוּ׃ | |
| | | | | | | | | | | આપણા-ઈશ્વરને | |
| | | | | | | | | | | H0430 | |

તેમ છતાં સિદકિયા રાજાએ શેલેમ્યાના દીકરા યહૂકાલને તથા માસેયાના દીકરા યાજક સફાન્યાને યર્મિયા પ્રબોધક પાસે મોકલીને કહેવડાવ્યું કે, “તું અમારે માટે યહોવાહ આપણા ઈશ્વર પાસે પ્રાર્થના કર.”

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ]הכליא[ | בֵּית | אֹתוֹ | נָתְנוּ | וְלֹא־ | הָעָם | בְּתוֹךְ | וְיֹצֵא | בָּא | וְיִרְמְיָהוּ | 4 |
| — | ભવનમાં | તેને | મૂક્યા | અને-નહોતા | લોકોના | વચ્ચે | અને-જતો-હતો | આવતો-હતો | અને-યિર્મેયાહ | |
| H3628 | | H0853 | H5414 | H3808 | | H8432 | H3318 | H0935 | H3414 | |
| | | | | | | | | | )הַכְּלוּא׃( | |
| | | | | | | | | | બંદીખાનાના | |
| | | | | | | | | | H3628 | |

એ વખતે યર્મિયાને લોકોમાં જવા આવવાની છૂટ હતી કેમ કે હજી તેને કેદમાં નાખવામાં આવ્યો નહોતો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | יְרוּשָׁלִַם | עַל־ | הַצָּרִים | הַכַּשְׂדִּים | וַיִּשְׁמְעוּ | מִמִּצְרָיִם | יָצָא | פַרְעֹה | וְחֵיל | 5 |
| — | યરૂશાલેમ | પર | ઘેરો-ઘાલનારાઓએ | ખાલદીઓએ | અને-સાંભળ્યું | મિસરમાંથી | નીકળ્યું | ફારોનું | અને-સૈન્ય | |
| H0853 | H3389 | | | H3778 | H8085 | H4714 | H3318 | H6547 | H2428 | |
| | | | | פ | יְרוּשָׁלִָם׃ | מֵעַל | וַיֵּעָלוּ | | שִׁמְעָם | |
| | | | | — | યરૂશાલેમ | ઉપરથી | અને-ચાલ્યા-ગયા | | તેમના-સમાચાર | |
| | | | | | H3389 | | H5927 | | | |

ફારુનના લશ્કરે મિસરમાંથી કૂચ કરી. અને જે ખાલદીઓએ યરુશાલેમને ઘેરો ઘાલ્યો હતો તેની જાણ થતાં જ તેઓ યરુશાલેમમાંથી જતા રહ્યા.

6

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיְהִי | דְּבַר־ | יְהוָה | אֶל־ | יִרְמְיָהוּ | הַנָּבִיא | לֵאמֹר׃ |
| અને-થયું | વચન | યહોવાહનું | પ્રતિ | યિર્મેયાહ | પ્રબોધક | કહેતાં |
| H1961 | H1697 | H3068 | H0413 | H3414 | H5030 | H0559 |

પછી યહોવાહનું વચન યર્મિયા પ્રબોધકની પાસે આ પ્રમાણે આવ્યું કે,

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כֹּה־ | אָמַר | יְהוָה | אֱלֹהֵי | יִשְׂרָאֵל | כֹּה | תֹאמְרוּ | אֶל־ | מֶלֶךְ | יְהוּדָה |
| આ-પ્રમાણે | કહે-છે | યહોવાહ | ઈશ્વર | ઇઝરાયેલના | આ-પ્રમાણે | કહો | પ્રતિ | રાજા | યહૂદાના |
| H3541 | H0559 | H3068 | H0430 | H3478 | H3541 | H0559 | H0413 | H4428 | H3063 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַשֹּׁלֵחַ | אֶתְכֶם | אֵלַי | לְדָרְשֵׁנִי | הִנֵּה | חֵיל | פַּרְעֹה | הַיֹּצֵא | לָכֶם | לְעֶזְרָה | שָׁב |
| મોકલનારને | તમને | મારી-પાસે | મને-પૂછવા | જુઓ | સૈન્ય | ફારોનું | નીકળનારું | તમારા-માટે | મદદમાં | પાછું-ફરશે |
| H7971 | H0853 | H0413 | H1875 | H2009 | H2428 | H6547 | H3318 | | H5833 | H7725 |

| | |
|---|---|
| לְאַרְצוֹ | מִצְרָיִם׃ |
| પોતાના-દેશમાં | મિસર |
| H0776 | H4714 |

“યહોવાહ, ઇઝરાયલના ઈશ્વર કહે છે કે; યહૂદિયાના જે રાજાએ તમને મારી પાસે પૂછવા મોકલ્યા, તેને કહો કે, “જુઓ, તમને સહાય કરવાને ફારુનનું જે સૈન્ય મોકલ્યું છે, તે પોતાના મિસર દેશમાં પાછું જશે.

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְשָׁבוּ | הַכַּשְׂדִּים | וְנִלְחֲמוּ | עַל־ | הָעִיר | הַזֹּאת | וּלְכָדֻהָ | וּשְׂרָפֻהָ | בָאֵשׁ׃ |
| અને-પાછા-આવશે | ખાલદીઓ | અને-લડશે | વિરુદ્ધ | નગર | આ | અને-કબજે-કરશે | અને-બાળી-મૂકશે | અગ્નિથી |
| H7725 | H3778 | | | | H2063 | H3920 | H8313 | H0784 |

ס
—

અને ખાલદીઓ પાછા આવશે. અને આ નગર સામે લડશે. તેઓ તેને કબજે કરી તેને આગ લગાડી બાળી મૂકશે.

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כֹּה | אָמַר | יְהוָה | אַל־ | תַּשִּׁאוּ | נַפְשֹׁתֵיכֶם | לֵאמֹר | הָלֹךְ | יֵלְכוּ | מֵעָלֵינוּ |
| આ-પ્રમાણે | કહે-છે | યહોવાહ | નહિ | છેતરો | તમારા-જીવોને | કહેતાં | ચોક્કસ | જશે | આપણા-ઉપરથી |
| H3541 | H0559 | H3068 | H0408 | H5377 | H5315 | H0559 | H1980 | H3212 | |

| | | | |
|---|---|---|---|
| הַכַּשְׂדִּים | כִּי־ | לֹא | יֵלֵכוּ׃ |
| ખાલદીઓ | કારણ-કે | નહિ | જશે |
| H3778 | | H3808 | H3212 |

યહોવાહ આ પ્રમાણે કહે છે કે; તમે પોતાની જાતને છેતરશો નહિ કે, “ખાલદીઓ અમારી પાસેથી નિશ્ચે પાછા જશે,’ પણ તેઓ જવાના નથી.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | אִם־ | הִכִּיתֶם | כָּל־ | חֵיל | כַּשְׂדִּים | הַנִּלְחָמִים | אִתְּכֶם | וְנִשְׁאֲרוּ | בָם |
| કારણ-કે | ભલે | મારો | સમગ્ર | સૈન્યને | ખાલદીઓના | લડનારાઓને | તમારી-સાથે | અને-રહે | તેમનામાં |
| | | H5221 | H3605 | H2428 | H3778 | | H0854 | H7604 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲנָשִׁים | מְדֻקָּרִים | אִישׁ | בְּאָהֳלוֹ | יָקוּמוּ | וְשָׂרְפוּ | אֶת־ | הָעִיר | הַזֹּאת | בָּאֵשׁ׃ |
| માણસો | ઘાયલ | દરેક | પોતાના-તંબુમાં | ઊઠશે | અને-બાળી-મૂકશે | — | નગરને | આ | અગ્નિથી |
| H0376 | H1856 | H0376 | H0168 | | H8313 | H0853 | | H2063 | H0784 |

જો તમે ખાલદીઓના સમગ્ર સૈન્યનો નાશ કરો અને તેઓમાંના મુઠ્ઠીભર માણસો બચી જાય અને ઘાયલ થઈને પોતાના તંબુઓમાં રહે તોપણ તેઓ ઊઠશે અને તમને પરાજિત કરશે. અને આ નગરને બાળી નાખશે.”

11

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָה | בְּהֵעָלוֹת | חֵיל | הַכַּשְׂדִּים | מֵעַל | יְרוּשָׁלִָם | מִפְּנֵי | חֵיל | פַּרְעֹה׃ | ס |
| અને-થયું | ચાલ્યા-જતાં | સૈન્ય | ખાલદીઓનું | ઉપરથી | યરૂશાલેમ | લીધે | સૈન્યના | ફારોના | — |
| H1961 | H5927 | H2428 | H3778 | | H3389 | H6440 | H2428 | H6547 | |

અને ત્યારે, ફારુનના સૈન્યની બીકને લીધે ખાલદીઓનું સૈન્ય યરુશાલેમમાંથી જતું રહ્યુ.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּצֵא | יִרְמְיָהוּ | מִירוּשָׁלִַם | לָלֶכֶת | אֶרֶץ | בִּנְיָמִן | לַחֲלִק | מִשָּׁם | בְּתוֹךְ | הָעָם׃ |
| અને-નીકળ્યા | યિર્મેયાહ | યરૂશાલેમથી | જવા | દેશમાં | બિન્યામીનના | ભાગ-લેવા | ત્યાંથી | વચ્ચે | લોકોના |
| H3318 | H3414 | H3389 | H3212 | H0776 | H1144 | | H8033 | H8432 | |

યર્મિયા યરુશાલેમ છોડીને પોતાના કુટુંબીઓની મિલકતમાંથી પોતાના ભાગ લેવા બિન્યામીનના પ્રદેશમાં જવા ઊપડ્યો.

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי־ | הוּא | בְשַׁעַר | בִּנְיָמִן | וְשָׁם | בַּעַל | פְּקִדֻת | וּשְׁמוֹ | יִרְאִיָּיה | בֶּן־ |
| અને-થયું | તે | દરવાજામાં | બિન્યામીનના | અને-ત્યાં | અધિકારી | ચોકીનો | અને-તેનું-નામ | યિઈયાહ | પુત્ર |
| H1961 | H1931 | H8179 | H1144 | H8033 | H1167 | H6488 | H8034 | H3376 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שֶׁלֶמְיָה | בֶּן־ | חֲנַנְיָה | וַיִּתְפֹּשׂ | אֶת־ | יִרְמְיָהוּ | הַנָּבִיא | לֵאמֹר | אֶל־ | הַכַּשְׂדִּים | אַתָּה |
| શેલેમ્યાહના | પુત્ર | હનાન્યાહના | અને-પકડ્યા | — | યિર્મેયાહ | પ્રબોધકને | કહેતાં | પ્રતિ | ખાલદીઓના | તું |
| H8018 | | | H8610 | H0853 | H3414 | H5030 | H0559 | H0413 | H3778 | |

| |
|---|
| נֹפֵל׃ |
| ભાગી-રહ્યો-છે |
| H5307 |

“પરંતુ તે બિન્યામીનની ભાગળે પહોંચ્યો ત્યારે હનાન્યાના દીકરા શેલેમ્યાનો દીકરો ઇરિયા જે નાયક હતો તેણે યર્મિયા પ્રબોધકને પકડીને કહ્યુ કે, “તું ખાલદીઓના પક્ષમાં જતો રહે છે.”

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | יִרְמְיָהוּ | שֶׁקֶר | אֵינֶנִּי | נֹפֵל | עַל־ | הַכַּשְׂדִּים | וְלֹא | שָׁמַע | אֵלָיו | וַיִּתְפֹּשׂ |
| અને-કહ્યુ | યિર્મેયાહે | જૂઠ | નથી-હું | ભાગતો | પ્રતિ | ખાલદીઓના | અને-નહિ | સાંભળ્યું | તેણે | અને-પકડ્યા |
| H0559 | H3414 | H8267 | H0369 | H5307 | | H3778 | H3808 | H8085 | H0413 | H8610 |

| | | | | |
|---|---|---|---|---|
| יִרְאִיָּיה | בְּיִרְמְיָהוּ | וַיְבִאֵהוּ | אֶל־ | הַשָּׂרִים׃ |
| યિઈયાહે | યિર્મેયાહને | અને-લાવ્યા | પાસે | સરદારોના |
| H3376 | H3414 | H0935 | H0413 | H8269 |

યર્મિયાએ કહ્યુ, “એ ખોટી વાત છે. હું ખાલદીઓના પક્ષમાં જતો નથી. પરંતુ ઇરિયાએ તેનું કહ્યુ માન્યું નહિ અને તેને પકડીને અમલદાર આગળ રજૂ કર્યો.

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְצְפוּ | הַשָּׂרִים | עַל־ | יִרְמְיָהוּ | וְהִכּוּ | אֹתוֹ | וְנָתְנוּ | אוֹתוֹ | בֵּית | הָאֵסוּר | בֵּית |
| અને-ગુસ્સે-થયા | સરદારો | પર | યિર્મેયાહ | અને-માર્યા | તેને | અને-મૂક્યા | તેને | ભવનમાં | બંદીખાનાના | ભવનમાં |
| H7107 | H8269 | | H3414 | H5221 | H0853 | H5414 | H0853 | | H0612 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יְהוֹנָתָן | הַסֹּפֵר | כִּי־ | אֹתוֹ | עָשׂוּ | לְבֵית | הַכֶּלֶא׃ |
| યહોનાથાન | લહિયાના | કારણ-કે | તેને | બનાવ્યું-હતું | કેદખાનામાં | બંદીખાનાનું |
| H3083 | | | H0853 | | | H3608 |

સરદારોએ યર્મિયા પર કોપાયમાન થઈને તેને માર્યો. અને તેને યહોનાથાન લહિયાના ઘરમાં કેદ કર્યો. કેમ કે તે મકાન તેઓનું કેદખાનું હતું.

16

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | בָא | יִרְמְיָהוּ | אֶל־ | בֵּית | הַבּוֹר | וְאֶל־ | הַחֲנֻיוֹת | וַיֵּשֶׁב־ | שָׁם | יִרְמְיָהוּ | יָמִים |
| કારણ-કે | આવ્યા | યિર્મેયાહ | પ્રતિ | ભવનમાં | ટાંકાના | અને-પ્રતિ | ઓરડાઓમાં | અને-રહ્યા | ત્યાં | યિર્મેયાહ | દિવસો |
| | H0935 | H3414 | H0413 | | | H0413 | H2588 | H3427 | H8033 | H3414 | H3117 |

| | |
|---|---|
| רַבִּים׃ | פ |
| ઘણા | — |

યર્મિયા કારાગૃહના ભોંયરામાં ગયો અને લાંબા સમય સુધી તે ત્યાં જ રહ્યો.

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁלַח | הַמֶּלֶךְ | צִדְקִיָּהוּ | וַיִּקָּחֵהוּ | וַיִּשְׁאָלֵהוּ | הַמֶּלֶךְ | בְּבֵיתוֹ | בַּסֵּתֶר | וַיֹּאמֶר | הֲיֵשׁ |
| અને-મોકલ્યા | રાજા | સિદકિયાહે | અને-બોલાવ્યા | અને-પૂછ્યું | રાજાએ | પોતાના-ભવનમાં | ગુપ્ત-રીતે | અને-કહ્યુ | છે-શું |
| H7971 | H4428 | H6667 | H3947 | H7592 | H4428 | | | H0559 | H3426 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| דָּבָר | מֵאֵת | יְהוָה | וַיֹּאמֶר | יִרְמְיָהוּ | יֵשׁ | וַיֹּאמֶר | בְּיַד | מֶלֶךְ־ | בָּבֶל | תִּנָּתֵן׃ | ס |
| વચન | તરફથી | યહોવાહ | અને-કહ્યુ | યિર્મેયાહે | છે | અને-કહ્યુ | હાથમાં | રાજાના | બાબિલના | સોંપાશે | — |
| H1697 | H0854 | H3068 | H0559 | H3414 | H3426 | H0559 | H3027 | H4428 | H0894 | H5414 | |

સમય જતાં સિદકિયા રાજાએ ગુપ્ત રીતે તેને મહેલમાં તેડી મંગાવ્યો. રાજાએ તેને પૂછ્યું કે, આજના દિવસોમાં "શું યહોવાહ તરફથી કોઈ વચન છે?" યર્મિયાએ કહ્યુ, હા, છે, "વળી તને બાબિલના રાજાના હાથમાં સોંપવામાં આવશે."

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 18 | וַיֹּאמֶר | יִרְמְיָהוּ | אֶל־ | הַמֶּלֶךְ | צִדְקִיָּהוּ | מֶה | חָטָאתִי | לְךָ | וְלַעֲבָדֶיךָ | וְלָעָם |
| | અને-કહ્યુ | યિર્મેયાહે | પ્રતિ | રાજા | સિદકિયાહને | શું | પાપ-કર્યું-છે-મેં | તારા-પ્રતિ | અને-તારા-ચાકરોના | અને-લોકોના |
| | H0559 | H3414 | H0413 | H4428 | H6667 | H4100 | H2398 | | H5650 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הַזֶּה | כִּי־ | נְתַתֶּם | אוֹתִי | אֶל־ | בֵּית | הַכְּלֶא׃ |
| આ | કારણ-કે | મૂક્યો-છે | મને | પ્રતિ | ભવનમાં | બંદીખાનાના |
| H2088 | | H5414 | H0853 | H0413 | | H3608 |

ત્યારબાદ યર્મિયાએ સિદકિયા રાજાને કહ્યુ, મેં તમારો કે તમારા સેવકોનો તથા તમારા લોકોનો શો અપરાધ કર્યો છે કે તેં મને કેદ કર્યો છે?

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 19 | ]ואיו[ | )וְאַיֵּה( | נְבִיאֵיכֶם | אֲשֶׁר־ | נִבְּאוּ | לָכֶם | לֵאמֹר | לֹא־ | יָבֹא | מֶלֶךְ־ |
| | — | અને-ક્યાં-છે | તમારા-પ્રબોધકો | જેઓ | ભવિષ્યવાણી-કરતા-હતા | તમને | કહેતાં | નહિ | આવશે | રાજા |
| | H0335 | H0346 | H5030 | | H5012 | | H0559 | H3808 | H0935 | H4428 |

| | | | | |
|---|---|---|---|---|
| בָּבֶל | עֲלֵיכֶם | וְעַל | הָאָרֶץ | הַזֹּאת׃ |
| બાબિલનો | તમારા-ઉપર | અને-ઉપર | દેશ | આ |
| H0894 | | | H0776 | H2063 |

જે પ્રબોધકોએ તમને કહ્યુ હતું કે, બાબિલનો રાજા તમારા પર કે તમારા દેશ પર હુમલો નહિ કરે, તેઓ ક્યાં ગયા?

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 20 | וְעַתָּה | שְׁמַע־ | נָא | אֲדֹנִי | הַמֶּלֶךְ | תִּפָּל־ | נָא | תְחִנָּתִי | לְפָנֶיךָ | וְאַל־ |
| | અને-હવે | સાંભળ | કૃપા-કરી | મારા-સ્વામી | રાજા | પડે | કૃપા-કરી | મારી-વિનંતી | તારી-સમક્ષ | અને-નહિ |
| | H6258 | H8085 | H4994 | H0113 | H4428 | H5307 | H4994 | H8467 | H6440 | H0408 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| תְּשִׁבֵנִי | בֵּית | יְהוֹנָתָן | הַסֹּפֵר | וְלֹא | אָמוּת | שָׁם׃ |
| પાછો-મોકલ | ભવનમાં | યહોનાથાન | લહિયાના | અને-નહિ | મરું-હું | ત્યાં |
| H7725 | | H3083 | | H3808 | H4191 | H8033 |

તેથી, મારા ધણી મારા રાજા, મહેરબાની કરીને મને સાંભળો, મારી નમ્ર વિનંતી ધ્યાનમાં લો. તમે મને પાછો યહોનાથાન લહિયાને ઘરે ન મોકલશો, રખેને હું ત્યાં મરણ પામું."

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 21 | וַיְצַוֶּה | הַמֶּלֶךְ | צִדְקִיָּהוּ | וַיַּפְקִדוּ | אֶת־ | יִרְמְיָהוּ | בַּחֲצַר | הַמַּטָּרָה | וְנָתֹן | לוֹ |
| | અને-આજ્ઞા-કરી | રાજા | સિદકિયાહે | અને-રાખ્યા | — | યિર્મેયાહને | આગણામાં | ચોકીના | અને-આપ્યું | તેને |
| | H6680 | H4428 | H6667 | | H0853 | H3414 | | H4307 | H5414 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּכַּר־ | לֶחֶם | לַיּוֹם | מִחוּץ | הָאֹפִים | עַד־ | תֹּם | כָּל־ | הַלֶּחֶם | מִן־ | הָעִיר |
| રોટલો | રોટીનો | દિવસ-દીઠ | ગલીમાંથી | રોટી-પકાવનારાઓની | સુધી | ખૂટે | સર્વ | રોટી | માંથી | નગર |
| H3603 | H3899 | H3117 | H2351 | H0644 | H5704 | H8552 | H3605 | H3899 | | |

| | | | |
|---|---|---|---|
| וַיֵּשֶׁב | יִרְמְיָהוּ | בַּחֲצַר | הַמַּטָּרָה׃ |
| અને-રહ્યા | યિર્મેયાહ | આગણામાં | ચોકીના |
| H3427 | H3414 | | H4307 |

ત્યારે સિદકિયા રાજાએ આજ્ઞા કરી કે, યર્મિયાને ચોકીમાં રહે. અને નગરમાંની સર્વ રોટલી પૂરી થઈ રહી ત્યાં સુધી ભઠ્ઠીયારાઓના મહોલ્લાઓમાંથી તેને રોજ રોટલીનો એક ટુકડો આપવામાં આવતો હતો. આમ યમિર્યા ચોકીમાં રહ્યો.

## Chapter 38

1

| וַיִּשְׁמַע | שְׁפַטְיָה | בֶּן־ | מַתָּן | וּגְדַלְיָהוּ | בֶּן־ | פַּשְׁחוּר | וְיוּכַל | בֶּן־ | שֶׁלֶמְיָהוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-સાંભળ્યું | શફાટ્યાહે | પુત્ર | માત્તાનના | અને-ગદાલ્યાહે | પુત્ર | પાશહૂરના | અને-યૂખાલે | પુત્ર | શેલેમ્યાહના |
| H8085 | H8203 | | H4977 | | | H6583 | H3116 | | H8018 |

| וּפַשְׁחוּר | בֶּן־ | מַלְכִּיָּה | אֶת־ | הַדְּבָרִים | אֲשֶׁר | יִרְמְיָהוּ | מְדַבֵּר | אֶל־ | כָּל־ | הָעָם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-પાશહૂરે | પુત્ર | માલ્કિયાહના | — | વચનોને | જે | યિર્મેયાહ | બોલતો-હતો | પ્રતિ | સર્વ | લોકોને |
| H6583 | | H4441 | H0853 | H1697 | | H3414 | H1696 | H0413 | H3605 | |

| לֵאמֹר׃ | ס |
|---|---|
| કહેતાં | — |
| H0559 | |

આ સર્વ વચનો માત્તાનના દીકરા શફાટયાએ, પાશહૂરના દીકરા ગદાલ્યાએ, શેલેમ્યાના દીકરા યુકાલે અને માલ્કિયાના દીકરા પાશહૂરે સાંભળ્યા. યર્મિયાએ લોકોને કહ્યુ કે,

2

| כֹּה | אָמַר | יְהוָה | הַיֹּשֵׁב | בָּעִיר | הַזֹּאת | יָמוּת | בַּחֶרֶב | בָּרָעָב | וּבַדָּבֶר | וְהַיֹּצֵא |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આ-પ્રમાણે | કહે-છે | યહોવાહ | રહેનારો | નગરમાં | આ | મરશે | તલવારથી | દુકાળથી | અને-મરકીથી | અને-નીકળનારો |
| H3541 | H0559 | H3068 | H3427 | | H2063 | H4191 | H2719 | H7458 | H1698 | H3318 |

| אֶל־ | הַכַּשְׂדִּים | ]יחיה[ | )וְחָיָה( | וְהָיְתָה־ | לוֹ | נַפְשׁוֹ | לְשָׁלָל | וָחָי׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રતિ | ખાલદીઓના | — | જીવશે | અને-થશે | તેને | તેનો-જીવ | લૂંટ-તરીકે | અને-જીવશે | — |
| H0413 | H3778 | H2421 | H2421 | H1961 | | H5315 | H7998 | H2421 | |

“યહોવાહ આ પ્રમાણે કહે છે કે; ‘જે કોઈ આ નગરમાં રહેશે તે તલવાર, દુકાળ કે મરકીથી મૃત્યુ પામશે, પણ જે કોઈ ખાલદીઓને શરણે જશે તે બચવા પામશે, અને તેનો જીવ લૂંટ તરીકે ગણાશે.

3

| כֹּה | אָמַר | יְהוָה | הִנָּתֹן | תִּנָּתֵן | הָעִיר | הַזֹּאת | בְּיַד | חֵיל | מֶלֶךְ־ | בָּבֶל |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આ-પ્રમાણે | કહે-છે | યહોવાહ | ચોક્કસ | સોંપાશે | નગર | આ | હાથમાં | સૈન્યના | રાજાના | બાબિલના |
| H3541 | H0559 | H3068 | H5414 | H5414 | | H2063 | H3027 | H2428 | H4428 | H0894 |

| וּלְכָדָהּ׃ |
|---|
| અને-કબજે-કરશે |
| H3920 |

વળી યહોવાહ આ પ્રમાણે કહે છે કે; આ નગર બાબિલના રાજાના સૈન્યના હાથમાં જશે, અને તેઓ તેને જીતી લેશે.”

4

| וַיֹּאמְרוּ | הַשָּׂרִים | אֶל־ | הַמֶּלֶךְ | יוּמַת | נָא | אֶת־ | הָאִישׁ | הַזֶּה | כִּי־ | עַל־ | כֵּן |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | સરદારોએ | પ્રતિ | રાજાને | મારી-નાખો | કૃપા-કરી | — | માણસને | આ | કારણ-કે | પર | તેથી |
| H0559 | H8269 | H0413 | H4428 | H4191 | H4994 | H0853 | H0376 | H2088 | | | |

| הוּא־ | מְרַפֵּא | אֶת־ | יְדֵי | אַנְשֵׁי | הַמִּלְחָמָה | הַנִּשְׁאָרִים | בָּעִיר | הַזֹּאת | וְאֵת | יְדֵי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તે | નબળા-પાડે-છે | — | હાથોને | માણસોના | યુદ્ધના | બાકી-રહેલા | નગરમાં | આ | અને | હાથોને |
| H1931 | H7503 | H0853 | H3027 | H0376 | H4421 | H7604 | | H2063 | H0853 | H3027 |

| כָּל־ | הָעָם | לְדַבֵּר | אֲלֵיהֶם | כַּדְּבָרִים | הָאֵלֶּה | כִּי | הָאִישׁ | הַזֶּה | אֵינֶנּוּ | דֹּרֵשׁ | לְשָׁלוֹם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સર્વ | લોકોના | બોલીને | તેમને | વચનો-પ્રમાણે | આ | કારણ-કે | માણસ | આ | શોધતો-નથી | શોધતો | શાંતિ |
| H3605 | | H1696 | H0413 | H1697 | H0428 | | H0376 | H2088 | H0369 | H1875 | H7965 |

| לָעָם | הַזֶּה | כִּי | אִם־ | לְרָעָה׃ |
|---|---|---|---|---|
| લોકો-માટે | આ | પરંતુ | માત્ર | અનિષ્ટ-માટે |
| | H2088 | | | |

ત્યારે તે અધિકારીઓએ રાજાને કહ્યુ કે, “આ માણસને મારી નાખવો જોઈએ, આવી વાતો કરીને એ આપણા યોદ્ધાઓને અને નગરમાં બાકી રહેલા લોકોને નાહિંમત બનાવી દે છે. તે આ લોકોનું હિત કરવા માગતો નથી પણ વિનાશ કરવા માગે છે.”

5

| וַיֹּאמֶר | הַמֶּלֶךְ | צִדְקִיָּהוּ | הִנֵּה־ | הוּא | בְּיֶדְכֶם | כִּי־ | אֵין | הַמֶּלֶךְ | יוּכַל | אֶתְכֶם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | રાજા | સિદકિયાહે | જુઓ | તે | તમારા-હાથમાં-છે | કારણ-કે | નથી | રાજા | કરી-શકતો | તમારી-સામે |
| H0559 | H4428 | H6667 | H2009 | H1931 | H3027 | | H0369 | H4428 | H3201 | H0853 |

| דָּבָר׃ |
|---|
| કંઈ |
| H1697 |

સિદકિયા રાજાએ કહ્યુ, જુઓ તે તમારાં હાથમાં છે, કેમ કે રાજા તમારી ઇચ્છાને વિરુદ્ધ કંઈ કરી શકતો નથી."

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְחוּ | אֶת־ | יִרְמְיָהוּ | וַיַּשְׁלִכוּ | אֹתוֹ | אֶל־ | הַבּוֹר | מַלְכִּיָּהוּ | בֶן־ | הַמֶּלֶךְ | אֲשֶׁר |
| અને-લીધા | — | યિર્મેયાહને | અને-નાખ્યા | તેને | માં | ટાંકામાં | માલ્કિયાહના | પુત્ર | રાજાના | જે |
| H3947 | H0853 | H3414 | H7993 | H0853 | H0413 | | H4441 | | H4429 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בַּחֲצַר | הַמַּטָּרָה | וַיְשַׁלְּחוּ | אֶת־ | יִרְמְיָהוּ | בַּחֲבָלִים | וּבַבּוֹר | אֵין־ | מַיִם | כִּי | אִם־ |
| આગણામાં | ચોકીના | અને-ઉતાર્યા | — | યિર્મેયાહને | દોરડાઓથી | અને-ટાંકામાં | નહોતું | પાણી | પરંતુ | માત્ર |
| | H4307 | H7971 | H0853 | H3414 | | | H0369 | H4325 | | |

| | | | | |
|---|---|---|---|---|
| טִיט | וַיִּטְבַּע | יִרְמְיָהוּ | בַּטִּיט׃ | ס |
| કાદવ | અને-ખૂંપ્યા | યિર્મેયાહ | કાદવમાં | — |
| H2916 | H2883 | H3414 | H2916 | |

આથી એ લોકોએ યર્મિયાને પકડીને રાજાના દીકરા માલ્ખિયાની ચોકીના ટાંકામાં નાખ્યો, તેઓએ તેને દોરડા વડે નીચે ઉતાર્યો. તે ટાંકામાં પાણી નહોતું, પણ ફક્ત કાદવ હતો અને યર્મિયા કાદવમાં ખૂંપી ગયો.

7

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׁמַע | עֶבֶד־ | מֶלֶךְ | הַכּוּשִׁי | אִישׁ | סָרִיס | וְהוּא | בְּבֵית | הַמֶּלֶךְ | כִּי־ | נָתְנוּ | אֶת־ |
| અને-સાંભળ્યું | એબેદ-મેલેખે | રાજાના | કૂશી | માણસ | ખોજા | અને-તે | ભવનમાં | રાજાના | કે | મૂક્યા | — |
| H8085 | H5663 | H5663 | H3569 | H0376 | H5631 | H1931 | | H4428 | | H5414 | H0853 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יִרְמְיָהוּ | אֶל־ | הַבּוֹר | וְהַמֶּלֶךְ | יוֹשֵׁב | בְּשַׁעַר | בִּנְיָמִן׃ |
| યિર્મેયાહને | માં | ટાંકામાં | અને-રાજા | બેઠો-હતો | દરવાજામાં | બિન્યામીનના |
| H3414 | H0413 | | H4428 | H3427 | H8179 | H1144 |

હવે રાજાના મહેલમાં એક કૂશ દેશના ખોજા, એબેદ-મેલેખે સાંભળ્યું કે તેઓએ યર્મિયાને ટાંકામાં નાખ્યો છે. અને રાજા બિન્યામીનના દરવાજા આગળ બેઠો છે.

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיֵּצֵא | עֶבֶד־ | מֶלֶךְ | מִבֵּית | הַמֶּלֶךְ | וַיְדַבֵּר | אֶל־ | הַמֶּלֶךְ | לֵאמֹר׃ |
| અને-નીકળ્યા | એબેદ-મેલખ | રાજાના | ભવનમાંથી | રાજાના | અને-બોલ્યા | પ્રતિ | રાજાને | કહેતાં |
| H3318 | H5663 | H5663 | | H4428 | H1696 | H0413 | H4428 | H0559 |

એવામાં એબેદ-મેલેખે રાજાના મહેલમાંથી નીકળીને રાજાની પાસે આવી તેને કહ્યુ કે,

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲדֹנִי | הַמֶּלֶךְ | הֵרֵעוּ | הָאֲנָשִׁים | הָאֵלֶּה | אֵת | כָּל־ | אֲשֶׁר | עָשׂוּ | לְיִרְמְיָהוּ | הַנָּבִיא |
| મારા-સ્વામી | રાજા | ખોટું-કર્યુ | માણસોએ | આ | — | સર્વ | જે | કર્યું | યિર્મેયાહને | પ્રબોધકને |
| H0113 | H4428 | | H0376 | H0428 | H0853 | H3605 | | | H3414 | H5030 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֵת | אֲשֶׁר־ | הִשְׁלִיכוּ | אֶל־ | הַבּוֹר | וַיָּמָת | תַּחְתָּיו | מִפְּנֵי | הָרָעָב | כִּי | אֵין | הַלֶּחֶם |
| — | જેને | નાખ્યા | માં | ટાંકામાં | અને-મરશે | પોતાની-જગ્યાએ | લીધે | દુકાળના | કારણ-કે | નથી | રોટી |
| H0853 | | H7993 | H0413 | | H4191 | H8478 | H6440 | H7458 | | H0369 | H3899 |

| | |
|---|---|
| עוֹד | בָּעִיר׃ |
| હવે | નગરમાં |
| H5750 | |

મારા માલિક, મારા રાજા, આ લોકોએ પ્રબોધક યર્મિયા સાથે જે કર્યું છે તે ઘણું અનિષ્ટ થયું છે; એ લોકોએ તેને પાણીના ટાંકામાં નાખ્યો છે અને નગરમાં ખોરાક તો છે નહિ એટલે તે કદાચ ભૂખે મરી જશે."

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְצַוֶּה | הַמֶּלֶךְ | אֵת | עֶבֶד־ | מֶלֶךְ | הַכּוּשִׁי | לֵאמֹר | קַח | בְיָדְךָ | מִזֶּה | שְׁלֹשִׁים |
| અને-આજ્ઞા-કરી | રાજાએ | — | એબેદ-મેલેખને | રાજાના | કૂશીને | કહેતાં | લે | તારા-હાથમાં | અહીંથી | ત્રીસ |
| H6680 | H4428 | H0853 | H5663 | H5663 | H3569 | H0559 | H3947 | H3027 | H2088 | H7970 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֲנָשִׁים | וְהַעֲלִיתָ | אֶת־ | יִרְמְיָהוּ | הַנָּבִיא | מִן־ | הַבּוֹר | בְּטֶרֶם | יָמוּת׃ |
| માણસોને | અને-ઉપર-લાવ | — | યિર્મેયાહને | પ્રબોધકને | માંથી | ટાંકાના | પહેલાં | મરે |
| H0376 | H5927 | H0853 | H3414 | H5030 | | | H2962 | H4191 |

આ સાંભળીને રાજાએ કૂશી એબેદ-મેલેખને આજ્ઞા કરી કે "તું અહીંથી ત્રીસ માણસને તારી સાથે લઈને જા. અને પ્રબોધક યર્મિયા મૃત્યુ પામે તે પહેલાં તેને ટાંકામાંથી બહાર ખેંચી કાઢ."

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקַּח | עֶבֶד־ | מֶלֶךְ | אֶת־ | הָאֲנָשִׁים | בְּיָדוֹ | וַיָּבֹא | בֵית־ | הַמֶּלֶךְ | אֶל־ | תַּחַת |
| અને-લીધા | એબેદ-મેલેખ | રાજાના | — | માણસોને | પોતાના-હાથમાં | અને-આવ્યા | ભવનમાં | રાજાના | માં | નીચે |
| H3947 | H5663 | H5663 | H0853 | H0376 | H3027 | H0935 | | H4428 | H0413 | H8478 |

| | | | | | | | | | | |
જુઓ, હું હિત કરવા નહિ, પણ વિપત્તિ લાવવા સારુ તમારા પર મારી નજર રાખું છું. અને યહૂદા દેશના સર્વ લોકો જેઓ મિસર દેશમાં રહે છે, તેઓ સમાપ્ત થઈ જશે ત્યાં સુધી તેઓ તલવારથી તથા દુકાળથી નાશ પામતા જશે.

28

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּפְלִיטֵי | חֶרֶב | יְשֻׁבוּן | מִן | אֶרֶץ | מִצְרַיִם | אֶרֶץ | יְהוּדָה | מְתֵי | מִסְפָּר | |
| અને-ભાગી-છૂટેલા | તલવારથી | પાછા-ફરશે | થી | દેશ | મિસરના | દેશમાં | યહૂદાના | થોડા | ગણતરીમાં | |
| | H2719 | H7725 | | H0776 | H4714 | H0776 | H3063 | H4962 | H4557 | |
| וְיָדְעוּ | כָּל־ | שְׁאֵרִית | יְהוּדָה | הַבָּאִים | לְאֶרֶץ־ | מִצְרַיִם | לָגוּר | שָׁם | דְּבַר־ | |
| અને-જાણશે | બધા | બાકી-રહેલા | યહૂદાના | જે-આવ્યા | દેશમાં | મિસરના | પરદેશી-થઈને-રહેવા | ત્યાં | વચન | |
| H3045 | H3605 | H7611 | H3063 | H0935 | H0776 | H4714 | | H8033 | H1697 | |
| מִי | יָקוּם | מִמֶּנִּי | וּמֵהֶם׃ | | | | | | | |
| કોનું | ટકશે | મારું | કે-તેમનું | | | | | | | |
| H4310 | | | H1992 | | | | | | | |

વળી તલવારથી બચેલા થોડા માણસ મિસર દેશમાંથી યહૂદિયા પાછા આવશે. અને જે બાકી રહેલા યહૂદિઓ મિસર દેશમાં રહેવા માટે ગયા છે તેઓ જાણશે કે કોનું વચન, મારું કે તેઓનું કાયમ રહે છે.

29

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְזֹאת־ | לָכֶם | הָאוֹת | נְאֻם־ | יְהוָה | כִּי־ | פֹקֵד | אֲנִי | עֲלֵיכֶם | בַּמָּקוֹם | הַזֶּה |
| અને-આ | તમારે-માટે | ચિહ્ન-છે | ભાષણ | યહોવાનું | કે | શિક્ષા-કરું-છું | હું | તમને | આ-જગ્યાએ | — |
| H2063 | | H0226 | H5002 | H3068 | | | H0589 | | H4725 | H2088 |
| לְמַעַן | תֵּדְעוּ | כִּי | קוֹם | יָקוּמוּ | דְבָרַי | עֲלֵיכֶם | לְרָעָה׃ | ס | | |
| જેથી | તમે-જાણો | કે | ચોક્કસ | ટકશે | મારાં-વચનો | તમારી-વિરુદ્ધ | અનિષ્ટ-માટે | — | | |
| H4616 | H3045 | | | | H1697 | | | | | |

હું તને આ ચિહ્ન આપીશ એમ યહોવાહ કહે છે, તમારા પર વિપત્તિ લાવવાનાં મારાં વચનો નિશ્ચે કાયમ રહેશે. એ તમે જાણો માટે હું તમને આ જગ્યાએ શિક્ષા કરીશ.

30

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כֹּה | אָמַר | יְהוָה | הִנְנִי | נֹתֵן | אֶת־ | פַּרְעֹה | חָפְרַע | מֶלֶךְ־ | מִצְרַיִם | בְּיַד |
| આ-પ્રમાણે | કહે-છે | યહોવા | જુઓ-હું | આપી-દઉં-છું | — | ફારુન | હોફ્રાને | રાજા | મિસરના | હાથમાં |
| H3541 | H0559 | H3068 | H2009 | H5414 | H0853 | H6548 | H6548 | H4428 | H4714 | H3027 |
| אֹיְבָיו | וּבְיַד | מְבַקְשֵׁי | נַפְשׁוֹ | כַּאֲשֶׁר | נָתַתִּי | אֶת־ | צִדְקִיָּהוּ | מֶלֶךְ־ | יְהוּדָה | בְּיַד |
| તેના-શત્રુઓના | અને-હાથમાં | જે-શોધે-છે | તેનો-જીવ | જેમ | મેં-આપ્યો | — | સિદકિયાહૂને | રાજા | યહૂદાના | હાથમાં |
| H0341 | H3027 | H1245 | H5315 | | H5414 | H0853 | H6667 | H4428 | H3063 | H3027 |
| נְבוּכַדְרֶאצַּר | מֶלֶךְ־ | בָּבֶל | אֹיְבוֹ | וּמְבַקֵּשׁ | נַפְשׁוֹ׃ | ס | | | | |
| નબૂખાદનેસ્સારના | રાજા | બાબેલના | તેના-શત્રુ | અને-જે-શોધતો-હતો | તેનો-જીવ | — | | | | |
| H5019 | H4428 | H0894 | H0341 | H1245 | H5315 | | | | | |

યહોવાહ કહે છે; ‘જુઓ, જેમ મેં યહૂદિયાના રાજા સિદકિયાને બાબિલના રાજા નબૂખાદનેસ્સારના હાથમાં સોંપી દીધો, તેમ હું મિસરના રાજા ફારુન હોફ્રાને તેના શત્રુના હાથમાં તથા તેનો જીવ શોધનારાઓના હાથમાં સોંપીશ.’”

## Chapter 45

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַדָּבָר | אֲשֶׁר | דִּבֶּר | יִרְמְיָהוּ | הַנָּבִיא | אֶל־ | בָּרוּךְ | בֶּן־ | נֵרִיָּה | בְּכָתְבוֹ | אֶת־ |
| વચન | જે | બોલ્યા | યિર્મેયાહૂ | પ્રબોધક | પ્રત્યે | બારૂખને | પુત્ર | નેરિયાહના | જ્યારે-તેણે-લખ્યું | — |
| H1697 | | H1696 | H3414 | H5030 | H0413 | H1263 | | H5374 | H3789 | H0853 |
| הַדְּבָרִים | הָאֵלֶּה | עַל־ | סֵפֶר | מִפִּי | יִרְמְיָהוּ | בַּשָּׁנָה | הָרְבִעִית | לִיהוֹיָקִים | בֶּן־ | יֹאשִׁיָּהוּ |
| વચનો | આ | ઉપર | પુસ્તકમાં | મુખથી | યિર્મેયાહૂના | વર્ષમાં | ચોથા | યહોયાકીમના | પુત્ર | યોશિયાહૂના |
| H1697 | H0428 | | | H6310 | H3414 | H8141 | H7243 | H3079 | | H2977 |
| מֶלֶךְ | יְהוּדָה | לֵאמֹר׃ | ס | | | | | | | |
| રાજા | યહૂદાના | કહેતાં | — | | | | | | | |
| H4428 | H3063 | H0559 | | | | | | | | |

યહૂદિયાના રાજા યોશિયાના દીકરા યહોયાકીમના શાસનકાળના ચોથા વર્ષ દરમ્યાન નેરિયાના દીકરા બારુખે પ્રબોધક યર્મિયાનાં બોલેલાં આ સર્વ વચનો પુસ્તકમાં લખ્યાં. પછી જે વચન યર્મિયા પ્રબોધક બોલ્યો તે આ છે,

2 כֹּה־ આ-પ્રમાણે H3541 | אָמַר કહે-છે H0559 | יְהוָה યહોવા H3068 | אֱלֹהֵי ઈશ્વર H0430 | יִשְׂרָאֵל ઇસ્રાએલના H3478 | עָלֶיךָ તારા-વિશે | בָּרוּךְ: બારૂખ H1263

હે બારુખ, "યહોવાહ, ઇઝરાયલના ઈશ્વર આ પ્રમાણે કહે છે કે;

3 אָמַרְתָּ તેં-કહ્યુ H0559 | אוֹי־ અરે H0188 | נָא — H4994 | לִי મને | כִּי־ કારણ-કે | יָסַף ઉમેર્યુ-છે H3254 | יְהוָה યહોવાએ H3068 | יָגוֹן દુઃખ H3015 | עַל־ ઉપર | מַכְאֹבִי મારી-પીડાના H4341 | יָגַעְתִּי થાક્યો-છું-હું H3021 | בְּאַנְחָתִי મારા-નિસાસામાં H0585 | וּמְנוּחָה અને-આરામ H4496 | לֹא નથી H3808 | מָצָאתִי: મળ્યો H4672 | ס —

તેં કહ્યુ, 'મને અફસોસ, યહોવાહે મારા દુઃખમાં વધારો કર્યો છે. હું નિસાસા નાખીને થાકી ગયો છું; હું આરામ અનુભવતો નથી.'"

4 כֹּה આ-પ્રમાણે H3541 | תֹּאמַר કહેજે H0559 | אֵלָיו તેને H0413 | כֹּה આ H3541 | אָמַר કહે-છે H0559 | יְהוָה યહોવા H3068 | הִנֵּה જો H2009 | אֲשֶׁר־ જે | בָּנִיתִי મેં-બાંધ્યું H1129 | אֲנִי હું H0589 | הֹרֵס તોડી-પાડું-છું H2040 | וְאֵת અને H0853 | אֲשֶׁר־ જે | נָטַעְתִּי મેં-રોપ્યું H5193 | אֲנִי હું H0589 | נֹתֵשׁ ઉખેડી-નાખું-છું H5428 | וְאֶת־ અને H0853 | כָּל־ આખી H3605 | הָאָרֶץ પૃથ્વી H0776 | הִיא: આ-છે H1931

તેને તું કહે કે, "યહોવાહ આ પ્રમાણે કહે છે કે; જે મેં બાંધ્યું છે, તેને હું પાડી નાખીશ. જે મેં રોપ્યું છે, તેને હું ઉખેડી નાખીશ. અને આ પ્રમાણે આખા દેશમાં કરીશ.

5 וְאַתָּה અને-તું | תְּבַקֶּשׁ־ શોધે-છે H1245 | לְךָ તારા-માટે | גְדֹלוֹת મોટી-બાબતો | אַל־ ના H0408 | תְּבַקֵּשׁ શોધ H1245 | כִּי કારણ-કે | הִנְנִי જો-હું H2009 | מֵבִיא લાવી-રહ્યો-છું H0935 | רָעָה અનિષ્ટ | עַל־ ઉપર | כָּל־ સર્વ H3605 | בָּשָׂר માંસ H1320 | נְאֻם־ ભાષણ H5002 | יְהוָה યહોવાનું H3068 | וְנָתַתִּי પણ-આપીશ-હું H5414 | לְךָ તને | אֶת־ — H0853 | נַפְשְׁךָ તારો-જીવ H5315 | לְשָׁלָל લૂંટરૂપે H7998 | עַל ઉપર | כָּל־ સર્વ H3605 | הַמְּקֹמוֹת જગ્યાઓએ H4725 | אֲשֶׁר જ્યાં | תֵּלֶךְ־ તું-જઈશ H3212 | שָׁם: ત્યાં H8033 | ס —

"તું શું પોતાને માટે મહત્તા શોધે છે? તેવું કરીશ નહિ. કેમ કે, યહોવાહ કહે છે, હું મનુષ્ય પર વિપત્તિ લાવીશ. પણ તું જ્યાં જશે ત્યાં હું તારો જીવ લૂંટ તરીકે તને આપીશ.'"

## Chapter 46

1 אֲשֶׁר જે | הָיָה આવ્યું H1961 | דְבַר־ વચન H1697 | יְהוָה યહોવાનું H3068 | אֶל־ પ્રત્યે H0413 | יִרְמְיָהוּ યિર્મેયાહૂ H3414 | הַנָּבִיא પ્રબોધકને H5030 | עַל־ વિશે | הַגּוֹיִם: પ્રજાઓના

પ્રજાઓ વિષે યહોવાહનું જે વચન યર્મિયા પ્રબોધક પાસે આવ્યું તે આ છે.

2 לְמִצְרַיִם મિસર-વિશે H4714 | עַל־ વિરુદ્ધ | חֵיל સૈન્ય H2428 | פַּרְעֹה ફારુન H6549 | נְכוֹ નખોનું H6549 | מֶלֶךְ રાજા H4428 | מִצְרַיִם મિસરના H4714 | אֲשֶׁר־ જે | הָיָה હતું H1961 | עַל־ પાસે | נְהַר־ નદી H5104 | פְּרָת ફ્રાત H6578 | בְּכַרְכְּמִשׁ કાર્કમીશમાં H3751 | אֲשֶׁר જેને | הִכָּה હરાવ્યો H5221 | נְבוּכַדְרֶאצַּר નબૂખાદનેસ્સારે H5019 | מֶלֶךְ રાજા H4428 | בָּבֶל બાબેલના H0894 | בִּשְׁנַת વર્ષમાં H8141 | הָרְבִיעִית ચોથા H7243 | לִיהוֹיָקִים યહોયાકીમના H3079 | בֶּן־ પુત્ર | יֹאשִׁיָּהוּ યોશિયાહૂના H2977 | מֶלֶךְ રાજા H4428 | יְהוּדָה: યહૂદાના H3063

મિસર વિષે; “મિસરના રાજા ફારુન નકોનું સૈન્ય ફ્રાત નદીની પાસે કાર્કમીશમાં હતું. જેને બાબિલના રાજા નબૂખાદનેસ્સારે યહૂદિયાના રાજા યોશિયાના દીકરા યહોયાકીમના ચોથા વર્ષમાં હરાવ્યું તે પ્રસંગ વિષેની વાત.

3

| | | | | |
|---|---|---|---|---|
| עִרְכוּ | מָגֵן | וְצִנָּה | וּגְשׁוּ | לַמִּלְחָמָה׃ |
| તૈયાર-કરો | ઢાલ | અને-પરિચા | અને-આગળ-વધો | યુદ્ધ-માટે |
| | H4043 | | H5066 | H4421 |

તમારાં શસ્ત્રો સજીને યુદ્ધ કરવા માટે આગળ વધો.

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אִסְרוּ | הַסּוּסִים | וַעֲלוּ | הַפָּרָשִׁים | וְהִתְיַצְּבוּ | בְּכוֹבָעִים | מִרְקוּ | הָרְמָחִים | לִבְשׁוּ | הַסִּרְיֹנֹת׃ |
| જોડો | ઘોડાઓને | અને-ચઢો | ઘોડેસવારો | અને-ઊભા-રહો | ટોપા-સાથે | ચમકાવો | ભાલાઓ | પહેરો | બખ્તરો |
| H0631 | | H5927 | | H3320 | H3553 | H4838 | H7420 | H3847 | H5630 |

ઘોડાઓ પર જીન બાંધો અને હે સવારો તમે તેના પર સવાર થાઓ તમે ટોપ પહેરીને સજ્જ થાઓ. ભાલાઓની ધાર તીક્ષ્ણ કરો અને બખતર ધારણ કરો.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מַדּוּעַ | רָאִיתִי | הֵמָּה | חַתִּים | נְסֹגִים | אָחוֹר | וְגִבּוֹרֵיהֶם | יֻכַּתּוּ | וּמָנוֹס | נָסוּ |
| શા-માટે | મેં-જોયું | તેઓ | ભયભીત-છે | પાછા-હઠતા | પાછળ | અને-તેમના-શૂરવીરો | કચડાયા | અને-ભાગી | નાસ્યા |
| H4069 | H7200 | H1992 | | H5472 | H0268 | H1368 | H3807 | H4498 | H5127 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְלֹא | הִפְנוּ | מָגוֹר | מִסָּבִיב | נְאֻם־ | יְהוָה׃ |
| અને-નહિ | પાછું-જોયું | ભય | ચારે-બાજુ | ભાષણ | યહોવાનું |
| H3808 | H6437 | H4032 | H5439 | H5002 | H3068 |

પરંતુ હું અહીંયાં શું જોઉં છું? તેઓ ભયભીત થઈ નાસે છે, તેઓના શૂરવીરો હારી ગયા છે. તેઓ પાછું જોયા વગર ઝડપથી ભાગે છે. ચારેકોર ભય છે.” એમ યહોવાહ કહે છે.

6

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַל־ | יָנוּס | הַקַּל | וְאַל־ | יִמָּלֵט | הַגִּבּוֹר | צָפוֹנָה | עַל־ | יַד | נְהַר־ | פְּרָת | כָּשְׁלוּ | וְנָפָלוּ׃ |
| ના | ભાગે | ઝડપી | અને-ના | છટકે | શૂરવીર | ઉત્તરમાં | પાસે | કિનારે | નદી | ફ્રાતની | લથડ્યા | અને-પડ્યા |
| H0408 | H5127 | H7031 | H0408 | H4422 | H1368 | H6828 | | H3027 | H5104 | H6578 | H3782 | H5307 |

જે વેગવાન તે નાસી ન જાય. જે શૂરવીર તે બચી શકે નહિ, તેઓ ઉત્તર તરફ ફ્રાત નદી પાસે ઠોકર ખાઈને પડ્યા છે.

7

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מִי־ | זֶה | כַּיְאֹר | יַעֲלֶה | כַּנְּהָרוֹת | יִתְגָּעֲשׁוּ | מֵימָיו׃ |
| કોણ-છે | આ | નાઈલ-જેમ | ઊંચે-ચઢે-છે | નદીઓ-જેમ | ઊછળે-છે | તેના-પાણી |
| H4310 | H2088 | H2975 | H5927 | H5104 | H1607 | H4325 |

નીલ નદીઓના પૂરની જેમ જે ચઢી આવે છે જેનાં પાણી નદીઓના પૂરની જેમ ઊછળે છે તે કોણ છે?

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מִצְרַיִם | כַּיְאֹר | יַעֲלֶה | וְכַנְּהָרוֹת | יִתְגֹּעֲשׁוּ | מָיִם | וַיֹּאמֶר | אַעֲלֶה | אֲכַסֶּה־ | אֶרֶץ |
| મિસર | નાઈલ-જેમ | ઊંચે-ચઢે-છે | અને-નદીઓ-જેમ | ઊછળે-છે | પાણી | અને-તે-કહે-છે | હું-ચઢીશ | ઢાંકી-દઈશ | પૃથ્વીને |
| H4714 | H2975 | H5927 | H5104 | H1607 | H4325 | H0559 | H5927 | H3680 | H0776 |

| | | | |
|---|---|---|---|
| אֹבִידָה | עִיר | וְיֹשְׁבֵי | בָהּ׃ |
| નાશ-કરીશ | નગર | અને-તેમાં-વસનારાઓને | — |
| H0006 | | H3427 | |

મિસર નીલની જેમ ચઢી આવે છે, તેનાં પાણી નદીઓનાં પૂરની જેમ ઊછળે છે. તે કહે છે, હું ચઢી આવીશ; અને આખી પૃથ્વીને ઢાકી દઈશ, હું નગરોને અને તેના રહેવાસીઓને નષ્ટ કરીશ.’

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עֲלוּ | הַסּוּסִים | וְהִתְהֹלְלוּ | הָרֶכֶב | וְיֵצְאוּ | הַגִּבּוֹרִים | כּוּשׁ | וּפוּט | תֹּפְשֵׂי | מָגֵן |
| ચઢો | ઘોડાઓ | અને-ઘૂમો | રથો | અને-નીકળો | શૂરવીરો | કૂશ | અને-પૂટ | જે-પકડે-છે | ઢાલ |
| H5927 | | | H7393 | H3318 | H1368 | | H6316 | H8610 | H4043 |

| | | | |
|---|---|---|---|
| וְלוּדִים | תֹּפְשֵׂי | דֹּרְכֵי | קָשֶׁת׃ |
| અને-લૂદીઓ | જે-પકડે-છે | ખેંચે-છે | ધનુષ |
| H3866 | H8610 | H1869 | H7198 |

હે ઘોડાઓ તમે દોડી આવો, હે રથો તમે ધૂમ મચાવો, અને શૂરવીરો આગળ આવો’ ઢાલ ધારણ કરેલા કૂશીઓ અને પૂટીઓ તથા ધનુર્ધારી લૂદીમીઓ બહાર આવો.

10

| | | |
|---|---|---|
| וְהַיּוֹם | અને-એ-દિવસ | H3117 |
| הַהוּא | તે | H1931 |
| לַאדֹנָי | પ્રભુ | H0136 |
| יְהוִה | યહોવા | H3069 |
| צְבָאוֹת | સૈન્યોના | |
| יוֹם | દિવસ-છે | H3117 |
| נְקָמָה | બદલાનો | H5360 |
| לְהִנָּקֵם | બદલો-લેવાનો | H5358 |
| מִצָּרָיו | તેના-શત્રુઓથી | |
| וְאָכְלָה | અને-ખાશે | H0398 |
| חֶרֶב | તલવાર | H2719 |
| וְשָׂבְעָה | અને-ધરાશે | H7646 |
| וְרָוְתָה | અને-છીપશે | H7301 |
| מִדָּמָם | તેમના-લોહીથી | H1818 |
| כִּי | કારણ-કે | |
| זֶבַח | યજ્ઞ-છે | H2077 |
| לַאדֹנָי | પ્રભુ | H0136 |
| יְהוִה | યહોવા | H3069 |
| צְבָאוֹת | સૈન્યોના-માટે | |
| בְּאֶרֶץ | દેશમાં | H0776 |
| צָפוֹן | ઉત્તરના | H6828 |
| אֶל־ | પાસે | H0413 |
| נְהַר־ | નદી | H5104 |
| פְּרָת׃ | ફ્રાતની | H6578 |

સૈન્યોના પ્રભુ યહોવાહનો વેર લેવાનો દિવસ છે અને તે પોતાના દુશ્મનો ઉપર વેર વાળશે. આજે તેમની તલવાર ધરાઈને તેમને ખાઈ જશે અને તૃપ્ત થતાં સુધી તેમનું લોહી પીશે. અમારા પ્રભુ યહોવાહને ઉત્તરદેશમાં ફ્રાત નદીને કિનારે બલિદાનો આપવામાં આવે છે.

11

| | | |
|---|---|---|
| עֲלִי | ચઢ | H5927 |
| גִלְעָד | ગિલ્યાદ | H1568 |
| וּקְחִי | અને-લે | H3947 |
| צֳרִי | ઔષધ | H6875 |
| בְּתוּלַת | કુંવારી | H1330 |
| בַּת־ | પુત્રી | H1323 |
| מִצְרָיִם | મિસરની | H4714 |
| לַשָּׁוְא | વ્યર્થ | H7723 |
| ]הרביתי[ | — | |
| )הִרְבֵּית( | વધાર્યા-છે-તેં | H7235 |
| רְפֻאוֹת | ઉપચારો | H7499 |
| תְעָלָה | રૂઝ | |
| אֵין | નથી | H0369 |
| לָךְ׃ | તારે-માટે | |

હે મિસરની કુમારિકા, ગિલ્યાદ જા અને શેરીલોબાન લે. તું ઘણાં ઔષધનો ઉપચાર કરશે પણ તું સ્વસ્થ થશે નહિ.

12

| | | |
|---|---|---|
| שָׁמְעוּ | સાંભળ્યું | H8085 |
| גוֹיִם | પ્રજાઓએ | |
| קְלוֹנֵךְ | તારું-અપમાન | H7036 |
| וְצִוְחָתֵךְ | અને-તારી-ચીસ | H6682 |
| מָלְאָה | ભરાઈ-ગઈ-છે | H4390 |
| הָאָרֶץ | પૃથ્વી | H0776 |
| כִּי־ | કારણ-કે | |
| גִבּוֹר | શૂરવીર | H1368 |
| בְּגִבּוֹר | શૂરવીર-સાથે | H1368 |
| כָּשָׁלוּ | લથડ્યા | H3782 |
| יַחְדָּיו | સાથે | |
| נָפְלוּ | પડ્યા | H5307 |
| שְׁנֵיהֶם׃ | બંને | H8147 |
| פ | — | |

સર્વ પ્રજાઓમાં તારી અપકીર્તિ સંભળાઈ છે. તારો વિલાપ સમગ્ર પૃથ્વી પર સંભળાય છે; કેમ કે શૂરવીર શૂરવીરની સાથે અથડાય છે અને બન્ને સાથે પડ્યા છે."

13

| | | |
|---|---|---|
| הַדָּבָר | વચન | H1697 |
| אֲשֶׁר | જે | |
| דִּבֶּר | બોલ્યા | H1696 |
| יְהוָה | યહોવા | H3068 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| יִרְמְיָהוּ | યિર્મેયાહૂ | H3414 |
| הַנָּבִיא | પ્રબોધકને | H5030 |
| לָבוֹא | આવવા-વિશે | H0935 |
| נְבוּכַדְרֶאצַּר | નબૂખાદનેસ્સારના | H5019 |
| מֶלֶךְ | રાજા | H4428 |
| בָּבֶל | બાબેલના | H0894 |
| לְהַכּוֹת | મારવા | H5221 |
| אֶת־ | — | H0853 |
| אֶרֶץ | દેશ | H0776 |
| מִצְרָיִם׃ | મિસરના | H4714 |

મિસર દેશને પાયમાલ કરવાને બાબિલના રાજા નબૂખાદનેસ્સાર ના આવવા વિષે, જે વચન યહોવાહે યર્મિયા પ્રબોધકને કહ્યુ તે;

14

| | | |
|---|---|---|
| הַגִּידוּ | જાહેર-કરો | H5046 |
| בְמִצְרַיִם | મિસરમાં | H4714 |
| וְהַשְׁמִיעוּ | અને-સંભળાવો | H8085 |
| בְמִגְדּוֹל | મિગ્દોલમાં | |
| וְהַשְׁמִיעוּ | અને-સંભળાવો | H8085 |
| בְנֹף | નોફમાં | H5297 |
| וּבְתַחְפַּנְחֵס | અને-તાહપાન્હેસમાં | H8471 |
| אִמְרוּ | કહો | H0559 |
| הִתְיַצֵּב | ઊભા-રહો | H3320 |
| וְהָכֵן | અને-તૈયાર-થાઓ | |
| לָךְ | તારે-માટે | |
| כִּי־ | કારણ-કે | |
| אָכְלָה | ખાઈ-ગઈ-છે | H0398 |
| חֶרֶב | તલવાર | H2719 |
| סְבִיבֶיךָ׃ | તારી-ચારે-બાજુ | H5439 |

"મિસરમાં જાહેર કરો, મિગ્દોલમાં અને નોફમાં તેમ જ તાહપાન્હેસમાં ઢંઢેરો પિટાવો, જણાવો કે, હોશિયાર, તૈયાર તમારી આસપાસ તલવારે વિનાશ કર્યો છે.

15

| | | |
|---|---|---|
| מַדּוּעַ | શા-માટે | H4069 |
| נִסְחַף | તાણાઈ-ગયા | H5502 |
| אַבִּירֶיךָ | તારા-બળવાનો | H0047 |
| לֹא | નહિ | H3808 |
| עָמַד | ટકી-શક્યા | H5975 |
| כִּי | કારણ-કે | |
| יְהוָה | યહોવાએ | H3068 |
| הֲדָפוֹ׃ | તેમને-ધકેલ્યા | H1920 |

શા માટે તારા બહાદુર યોદ્ધા નાસી ગયા છે? તેઓ સામનો ન કરી શક્યા, કેમ કે યહોવાહે તેઓને તેઓના શત્રુઓની સામે નીચા પાડી નાખ્યા.

16

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הִרְבָּה | כּוֹשֵׁל | גַּם־ | נָפַל | אִישׁ | אֶל־ | רֵעֵהוּ | וַיֹּאמְרוּ | קֻומָה | וְנָשֻׁבָה | אֶל־ |
| ઘણા | લથડનારા | વળી | પડ્યા | એક | ઉપર | બીજાના | અને-તેઓ-કહ્યુ | ઊઠો | અને-પાછા-ફરીએ | પ્રત્યે |
| | H3782 | H1571 | H5307 | H0376 | H0413 | H7453 | H0559 | | H7725 | H0413 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עַמֵּנוּ | וְאֶל־ | אֶרֶץ | מוֹלַדְתֵּנוּ | מִפְּנֵי | חֶרֶב | הַיּוֹנָה׃ |
| આપણા-લોકોમાં | અને-પ્રત્યે | દેશ | આપણા-જન્મભૂમિના | કારણે | તલવાર | જુલમીની |
| | H0413 | H0776 | H4138 | H6440 | H2719 | H3238 |

તેણે તેઓને લથડતા કરી દીધા છે. તેઓ એકબીજા પર પડીને કહેવા લાગ્યા કે, “ચાલો; ઊઠો આ જુલમગારની તલવારથી બચવાને આપણે આપણા લોકમાં અને આપણી કુટુંબમાં પાછા જઈએ.”

17

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| קָרְאוּ | שָׁם | פַּרְעֹה | מֶלֶךְ־ | מִצְרַיִם | שָׁאוֹן | הֶעֱבִיר | הַמּוֹעֵד׃ |
| બોલાવ્યા | ત્યાં | ફારુન | રાજા | મિસરનો | ઘોંઘાટ | ચૂકી-ગયો | સમય |
| H7121 | H8033 | H6547 | H4428 | H4714 | H7588 | | H4150 |

ત્યાં તેઓએ પોકારીને કહ્યુ કે, “મિસરનો રાજા ફારુન કેવળ ઘોંઘાટ છે તેણે આવેલી તક ગુમાવી છે.”

18

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| חַי־ | אָנִי | נְאֻם־ | הַמֶּלֶךְ | יְהוָה | צְבָאוֹת | שְׁמוֹ | כִּי | כְּתָבוֹר | בֶּהָרִים | וּכְכַרְמֶל |
| જીવતો-છું | હું | ભાષણ | રાજાનું | યહોવા | સૈન્યોના | તેમનું-નામ | જે | તાબોર-જેમ | પહાડોમાં | અને-કાર્મેલ-જેમ |
| | H0589 | H5002 | H4428 | H3068 | | H8034 | | H8396 | H2022 | H3760 |

| | |
|---|---|
| בַּיָּם | יָבוֹא׃ |
| સમુદ્ર-પાસે | આવશે |
| H3220 | H0935 |

જે રાજાનું નામ સૈન્યોના ઈશ્વર યહોવાહ છે, તે કહે છે, “મારા જીવના સમ’ તાબોર પર્વત જેવો, સમુદ્ર પાસેના કાર્મેલ જેવો તે નિશ્ચે આવશે.

19

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כְּלֵי | גוֹלָה | עֲשִׂי | לָךְ | יוֹשֶׁבֶת | בַּת־ | מִצְרָיִם | כִּי־ | נֹף | לְשַׁמָּה | תִהְיֶה |
| સામાન | બંદીવાસનો | બનાવ | તારે-માટે | વસનારી | પુત્રી | મિસરની | કારણ-કે | નોફ | ભયાનક-જગ્યા | થશે |
| H3627 | H1473 | | | H3427 | H1323 | H4714 | | H5297 | H8047 | H1961 |

| | | | |
|---|---|---|---|
| וְנִצְּתָה | מֵאֵין | יוֹשֵׁב׃ | ס |
| અને-બળશે | વિના | વસનારના | — |
| H3341 | H0369 | H3427 | |

હે મિસરમાં રહેનારી દીકરીઓ, તમારો સામાન બાંધો અને બંદીવાસમાં જવાને તૈયાર થાઓ. કેમ કે નોફ નગરનો સંપૂર્ણ નાશ થશે. અને તે વસતિહીન તથા ઉજ્જડ થશે.

20

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עֶגְלָה | יְפֵה־ | פִיָּה | מִצְרָיִם | קֶרֶץ | מִצָּפוֹן | בָא | בָא׃ |
| વાછરડી | સુંદર | — | મિસર-છે | ડંખ | ઉત્તરથી | આવ્યો | આવ્યો |
| | H3304 | H3304 | H4714 | H7171 | H6828 | H0935 | H0935 |

મિસર સુંદર યુવાન વાછરડી છે. પણ ઉત્તરમાંથી એક ડંક મારનાર માખી આવે છે. તે આવી રહ્યો છે.

21

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| גַּם־ | שְׂכִרֶיהָ | בְקִרְבָּהּ | כְּעֶגְלֵי | מַרְבֵּק | כִּי־ | גַם־ | הֵמָּה | הִפְנוּ |
| વળી | તેના-ભાડૂતી-સૈનિકો | તેનામાં | પુષ્ટ-વાછરડા-જેવા-છે | — | કારણ-કે | વળી | તેઓ-પણ | પાછા-ફર્યા |
| H1571 | H7916 | H7130 | H5695 | H4770 | | H1571 | H1992 | H6437 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| נָסוּ | יַחְדָּיו | לֹא | עָמָדוּ | כִּי | יוֹם | אֵידָם | בָּא | עֲלֵיהֶם | עֵת | פְּקֻדָּתָם׃ |
| ભાગી-ગયા | સાથે | નહિ | ટક્યા | કારણ-કે | દિવસ | તેમની-આફતનો | આવ્યો-છે | તેમના-ઉપર | સમય | તેમની-શિક્ષાનો |
| H5127 | | H3808 | H5975 | | H3117 | H0343 | H0935 | | H6256 | H6486 |

તેના ભાડૂતી યોદ્ધાઓ પણ પાળેલા વાછરડા જેવા છે, પણ તેઓ બધા નાસી ગયા છે. કોઈ ટકી ન શક્યું, કેમ કે તેમની વિપત્તિનો દિવસ, તેમની આફતનો સમય તેમના પર આવી પડ્યો છે.

22

| קוֹלָהּ | כַּנָּחָשׁ | יֵלֵךְ | כִּי־ | בְחַיִל | יֵלֵכוּ | וּבְקַרְדֻּמּוֹת | בָּאוּ | לָהּ |
|---|---|---|---|---|---|---|---|---|
| તેનો-અવાજ | સાપ-જેમ | જાય-છે | કારણ-કે | સૈન્ય-સાથે | આવે-છે | અને-કુહાડીઓ-સાથે | આવ્યા | તેના-ઉપર |
| | H5175 | H3212 | | H2428 | H3212 | H7134 | H0935 | |

| כְּחֹטְבֵי | עֵצִים׃ |
|---|---|
| લાકડા-કાપનારા-જેમ | — |
| H2404 | H6086 |

નાસી જતા સર્પ જેવો તેઓનો અવાજ સંભળાશે. કેમ કે તેઓ સૈન્ય લઈને કૂચ કરશે. તેઓ લાકડાં ફાડનારા લોકોની જેમ કુહાડી લઈ તેના પર આવી પડશે.

23

| כָּרְתוּ | יַעְרָהּ | נְאֻם־ | יְהוָה | כִּי | לֹא | יֵחָקֵר | כִּי | רַבּוּ | מֵאַרְבֶּה | וְאֵין | לָהֶם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કાપી-નાખ્યું | તેનું-જંગલ | ભાષણ | યહોવાનું | ભલે | નહિ | શોધાય | કારણ-કે | વધ્યા-છે | તીડ-કરતાં | અને-નથી | તેમનો |
| H3772 | | H5002 | H3068 | | H3808 | H2713 | | H7231 | H0697 | H0369 | H1992 |

| מִסְפָּר׃ |
|---|
| આકડો |
| H4557 |

યહોવાહ કહે છે કે તે જંગલોને કાપી નાખશે' "જો કે તે ખૂબ ગીચ છે. તેઓ તીડોની જેમ અસંખ્ય છે, તેઓ અગણિત છે.

24

| הֹבִישָׁה | בַּת־ | מִצְרָיִם | נִתְּנָה | בְּיַד | עַם־ | צָפוֹן׃ |
|---|---|---|---|---|---|---|
| લજ્જિત-થઈ | પુત્રી | મિસરની | સોંપાઈ | હાથમાં | લોકો | ઉત્તરના |
| H3001 | H1323 | H4714 | H5414 | H3027 | | H6828 |

મિસરની દીકરીનું અપમાન થશે. તેને ઉત્તરના લોકના હાથમાં સોંપવામાં આવશે.

25

| אָמַר | יְהוָה | צְבָאוֹת | אֱלֹהֵי | יִשְׂרָאֵל | הִנְנִי | פוֹקֵד | אֶל־ | אָמוֹן | מִנֹּא | וְעַל־ | פַּרְעֹה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કહ્યુ | યહોવા | સૈન્યોના | ઈશ્વર | ઇસ્રાએલના | જુઓ-હું | શિક્ષા-કરું-છું | — | આમોનને | નો-થી | અને | ફારુનને |
| H0559 | H3068 | | H0430 | H3478 | H2009 | | H0413 | H0528 | H4996 | | H6547 |

| וְעַל־ | מִצְרַיִם | וְעַל־ | אֱלֹהֶיהָ | וְעַל־ | מְלָכֶיהָ | וְעַל־ | פַּרְעֹה | וְעַל | הַבֹּטְחִים |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | મિસરને | અને | તેના-દેવોને | અને | તેના-રાજાઓને | અને | ફારુનને | અને | જેઓ-ભરોસો-રાખે-છે |
| | H4714 | | H0430 | | H4428 | | H6547 | | H0982 |

| בּוֹ׃ |
|---|
| તેનામાં |

સૈન્યોના યહોવાહ, ઇઝરાયલના ઈશ્વર કહે છે, "જુઓ, હવે હું નોનો શહેરના આમોનને, ફારુનને, મિસરને, તેના દેવોને તથા તેના રાજાઓને તથા ફારુનને અને તેના પર વિશ્વાસ રાખનારાઓ સર્વને સજા કરીશ.

26

| וּנְתַתִּים | בְּיַד־ | מְבַקְשֵׁי | נַפְשָׁם | וּבְיַד | נְבוּכַדְרֶאצַּר | מֶלֶךְ־ | בָּבֶל | וּבְיַד־ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-સોંપીશ-તેઓને | હાથમાં | જેઓ-શોધે-છે | તેમનો-જીવ | અને-હાથમાં | નબૂખાદનેસ્સારના | રાજા | બાબેલના | અને-હાથમાં |
| H5414 | H3027 | H1245 | H5315 | H3027 | H5019 | H4428 | H0894 | H3027 |

| עֲבָדָיו | וְאַחֲרֵי־ | כֵן | תִּשְׁכֹּן | כִּימֵי־ | קֶדֶם | נְאֻם־ | יְהוָה׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|
| તેના-સેવકોના | અને-પછી | — | વસશે | જેમ-દિવસોમાં | પૂર્વના | ભાષણ | યહોવાનું | — |
| H5650 | | | H7931 | H3117 | | H5002 | H3068 | |

હું તેઓને તેઓનો જીવ લેવા તાકી રહેલા બાબિલના રાજા નબૂખાદનેસ્સારના હાથમાં સોંપીશ. અને પછી મિસરમાં પાછી પહેલાંની માફક વસ્તી થશે." એમ યહોવાહ કહે છે.

27

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאַתָּה | אַל־ | תִּירָא | עַבְדִּי | יַעֲקֹב | וְאַל־ | תֵּחַת | יִשְׂרָאֵל | כִּי | הִנְנִי | מוֹשִׁעֲךָ | מֵרָחוֹק |
| અને-તું | ના | ડર | મારા-સેવક | યાકૂબ | અને-ના | ગભરા | ઇસ્રાએલ | કારણ-કે | જો-હું | બચાવું-છું-તને | દૂરથી |
| | H0408 | H3372 | H5650 | H3290 | H0408 | H2865 | H3478 | | H2009 | H3467 | H7350 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | זַרְעֲךָ | מֵאֶרֶץ | שִׁבְיָם | וְשָׁב | יַעֲקוֹב | וְשָׁקַט | וְשַׁאֲנַן |
| અને | તારા-વંશજોને | દેશમાંથી | તેમની-બંદીવાસના | અને-પાછો-ફરશે | યાકૂબ | અને-શાંત-થશે | અને-નિર્ભય-થશે |
| H0853 | H2233 | H0776 | | H7725 | H3290 | H8252 | H7599 |

| | | |
|---|---|---|
| וְאֵין | מַחֲרִיד׃ | ס |
| અને-કોઈ-નહિ | ડરાવનાર | — |
| H0369 | H2729 | |

“હે મારા સેવક યાકૂબ, બીશ નહિ. હે ઇઝરાયલ તું ગભરાઈશ નહિ. કેમ કે, હું તમને અને તમારા વંશજોને તમે જ્યાં બંદી છો તે દૂરના દેશમાંથી છોડાવી લાવીશ. અને તમે પાછા સુખશાંતિપૂર્વક રહેવા પામશો. કોઈ તમને ડરાવશે નહિ.

28

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אַתָּה | אַל־ | תִּירָא | עַבְדִּי | יַעֲקֹב | נְאֻם־ | יְהוָה | כִּי | אִתְּךָ | אָנִי | כִּי | אֶעֱשֶׂה |
| તું | ના | ડર | મારા-સેવક | યાકૂબ | ભાષણ | યહોવાનું | કારણ-કે | તારી-સાથે | હું-છું | કારણ-કે | કરીશ-હું |
| | H0408 | H3372 | H5650 | H3290 | H5002 | H3068 | | H0854 | H0589 | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כָלָה | בְכָל־ | הַגּוֹיִם | אֲשֶׁר | הִדַּחְתִּיךָ | שָׁמָּה | וְאֹתְךָ | לֹא־ | אֶעֱשֶׂה | כָלָה |
| સંપૂર્ણ-નાશ | બધી | પ્રજાઓનો | જ્યાં | મેં-વિખેર્યા-તને | ત્યાં | પણ-તારો | નહિ | કરું-હું | સંપૂર્ણ-નાશ |
| H3617 | H3605 | | | H5080 | H8033 | H0853 | H3808 | | H3617 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְיִסַּרְתִּיךָ | לַמִּשְׁפָּט | וְנַקֵּה | לֹא | אֲנַקֶּךָּ׃ | ס |
| પણ-શિક્ષા-કરીશ-તને | ન્યાયથી | અને-નિર્દોષ | નહિ | છોડું-તને | — |
| H3256 | H4941 | H5352 | H3808 | H5352 | |

યહોવાહ કહે છે કે, “હે યાકૂબ, મારા સેવક, ગભરાઈશ નહિ, કારણ, હું તારી સાથે છું. જે દેશોમાં મેં તમને વિખેરી નાખ્યા છે તે બધાનો હું અંત લાવનાર છું. પણ હું તમને મારીશ નહિ પણ હું ન્યાયની રૂએ તને શિક્ષા કરીશ. નિશ્ચે હું તને શિક્ષા કર્યા વિના છોડવાનો નથી.”

## Chapter 47

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | הָיָה | דְבַר־ | יְהוָה | אֶל־ | יִרְמְיָהוּ | הַנָּבִיא | אֶל־ | פְּלִשְׁתִּים | בְּטֶרֶם | יַכֶּה |
| જે | આવ્યું | વચન | યહોવાનું | પ્રત્યે | યિર્મેયાહૂ | પ્રબોધકને | વિશે | પલિસ્તીઓ-વિરુદ્ધ | પહેલાં | મારે |
| | H1961 | H1697 | H3068 | H0413 | H3414 | H5030 | H0413 | H6430 | H2962 | H5221 |

| | | | |
|---|---|---|---|
| פַרְעֹה | אֶת־ | עַזָּה׃ | ס |
| ફારુન | — | ગાઝાને | — |
| H6547 | H0853 | H5804 | |

ફારુને ગાઝાને માર્યા પહેલા પલિસ્તીઓ વિષે, યહોવાહનું જે વચન યર્મિયા પ્રબોધક પાસે આવ્યું તે આ છે.

2

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כֹּה | אָמַר | יְהוָה | הִנֵּה־ | מַיִם | עֹלִים | מִצָּפוֹן | וְהָיוּ | לְנַחַל | שׁוֹטֵף | וְיִשְׁטְפוּ | אֶרֶץ |
| આ-પ્રમાણે | કહે-છે | યહોવા | જુઓ | પાણી | ચઢે-છે | ઉત્તરથી | અને-થશે | નદી-જેવું | ધસમસતું | અને-ડુબાડશે | દેશ |
| H3541 | H0559 | H3068 | H2009 | H4325 | H5927 | H6828 | H1961 | | H7857 | H7857 | H0776 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּמְלוֹאָהּ | עִיר | וְיֹשְׁבֵי | בָהּ | וְזָעֲקוּ | הָאָדָם | וְהֵילִל | כֹּל | יוֹשֵׁב |
| અને-તેમાં-ભરેલું | નગર | અને-તેમાં-વસનારાઓ | — | અને-બૂમો-પાડશે | માણસો | અને-વિલાપ-કરશે | બધા | વસનારા |
| H4393 | | H3427 | | H2199 | H0120 | H3213 | H3605 | H3427 |

| |
|---|
| הָאָרֶץ׃ |
| દેશના |
| H0776 |

યહોવાહ કહે છે કે; જુઓ, ઉત્તરમાંથી પૂર આવી રહ્યુ છે; અને પલિસ્તીઓના સમગ્ર દેશ પર તે ફરી વળશે; તે તેઓનાં નગરો તથા તેમાંના સર્વસ્વનો નાશ કરશે. શૂરવીર પુરુષો ભયથી બૂમો પાડશે અને સર્વ પ્રજાજનો પોક મૂકીને રડશે.

3

| | | |
|---|---|---|
| מִקּוֹל | અવાજથી | |
| שַׁעֲטַת | દોટ | H8161 |
| פַּרְסוֹת | ખરીઓની | H6541 |
| אַבִּירָיו | તેના-બળવાન-ઘોડાઓની | H0047 |
| מֵרַעַשׁ | ગર્જનાથી | H7494 |
| לְרִכְבּוֹ | તેના-રથોના | H7393 |
| הֲמוֹן | ઘમઘમાટ | |
| גַּלְגִּלָּיו | તેના-પૈડાંનો | H1534 |
| לֹא־ | નહિ | H3808 |
| הִפְנוּ | ફરી-જોયું | H6437 |
| אָבוֹת | પિતાઓએ | H0001 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| בָּנִים | સંતાનો | |
| מֵרִפְיוֹן | નિર્બળતાને-લીધે | H7510 |
| יָדָיִם׃ | હાથોની | H3027 |

બળવાન ઘોડાઓનાં દાબડાનો અવાજ, રથોનો ઘસારો અને તેના પૈડાઓનો ગડગડાટ સાંભળી, પિતાઓ એટલા નિ:સહાય થશે કે તેઓ પોતાના સંતાનો તરફ પાછા ફરીને જોયા વગર નાસી જશે.

4

| | | |
|---|---|---|
| עַל־ | — | |
| הַיּוֹם | દિવસ-વિશે | H3117 |
| הַבָּא | આવનારા | H0935 |
| לִשְׁדוֹד | લૂંટવા | H7703 |
| אֶת־ | — | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| פְּלִשְׁתִּים | પલિસ્તીઓને | H6430 |
| לְהַכְרִית | કાપી-નાખવા | H3772 |
| לְצֹר | તૂર | H6865 |
| וּלְצִידוֹן | અને-સીદોનને | H6721 |
| כֹּל | દરેક | H3605 |
| שָׂרִיד | બાકી-રહેલા | H8300 |
| עֹזֵר | મદદગાર | H5826 |
| כִּי־ | કારણ-કે | |
| שֹׁדֵד | લૂંટે-છે | H7703 |
| יְהוָה | યહોવા | H3068 |
| אֶת־ | — | H0853 |
| פְּלִשְׁתִּים | પલિસ્તીઓને | H6430 |
| שְׁאֵרִית | બાકી-રહેલા | H7611 |
| אִי | ટાપુ | H0339 |
| כַפְתּוֹר׃ | કાફતોરના | H3731 |

કેમ કે, એવો દિવસ આવશે કે જ્યારે બધા જ પલિસ્તીઓનો સંહાર થશે. તૂર અને સિદોનની સાથે બચી ગયેલા દરેક મદદગારને કાપી નાખવામાં આવશે. કેમ કે યહોવાહ પલિસ્તીઓનો એટલે સમુદ્રકાઠે આવેલા કાફતોરના બચી ગયેલાઓનો સંહાર કરશે.

5

| | | |
|---|---|---|
| בָּאָה | આવ્યું | H0935 |
| קָרְחָה | ટાલ | H7144 |
| אֶל־ | ઉપર | H0413 |
| עַזָּה | ગાઝાના | H5804 |
| נִדְמְתָה | ચૂપ-થઈ | H1820 |
| אַשְׁקְלוֹן | આશ્કલોન | H0831 |
| שְׁאֵרִית | બાકી-રહેલા | H7611 |
| עִמְקָם | તેમની-ખીણના | H6010 |
| עַד־ | ક્યાં-સુધી | H5704 |
| מָתַי | — | H4970 |
| תִּתְגּוֹדָדִי׃ | તું-કાપા-મારીશ | H1413 |
| ס | — | |

ગાઝાનું માથું મૂંડેલુ છે. આશ્કલોન એટલે તેઓની ખીણમાનું જે બચી ગયેલું તે નષ્ટ થયું છે. તું ક્યાં સુધી પોતાને કાપીને ઘાયલ કરશે?

6

| | | |
|---|---|---|
| הוֹי | અરે | H1945 |
| חֶרֶב | તલવાર | H2719 |
| לַיהוָה | યહોવાની | H3068 |
| עַד־ | ક્યાં-સુધી | H5704 |
| אָנָה | — | H0575 |
| לֹא | નહિ | H3808 |
| תִשְׁקֹטִי | શાંત-થાય | H8252 |
| הֵאָסְפִי | પાછી-ફર | H0622 |
| אֶל־ | — | H0413 |
| תַּעְרֵךְ | તારી-મ્યાનમાં | H8593 |
| הֵרָגְעִי | થોભ | |
| וָדֹמִּי׃ | અને-શાંત-થા | |

હે યહોવાહની તલવાર, તું ક્યારે શાંત થઈશ? ફરી તું મ્યાનમાં પાછી જા અને આરામ કર અને શાંત રહે.

7

| | | |
|---|---|---|
| אֵיךְ | કેવી-રીતે | |
| תִּשְׁקֹטִי | શાંત-થાય | H8252 |
| וַיהוָה | જ્યારે-યહોવાએ | H3068 |
| צִוָּה־ | આજ્ઞા-આપી-છે | H6680 |
| לָהּ | તેને | |
| אֶל־ | વિરુદ્ધ | H0413 |
| אַשְׁקְלוֹן | આશ્કલોનના | H0831 |
| וְאֶל־ | અને-વિરુદ્ધ | H0413 |
| חוֹף | કિનારા | H2348 |
| הַיָּם | સમુદ્રના | H3220 |
| שָׁם | ત્યાં | H8033 |
| יְעָדָהּ׃ | નિયુક્ત-કર્યું | H3259 |
| ס | — | |

પણ યહોવાહે તને આજ્ઞા આપી છે તો તું શી રીતે શાંત રહી શકે? આશ્કલોન તથા સમુદ્ર કાંઠાની વિરુદ્ધ તેણે તલવાર નિર્માણ કરી છે."

## Chapter 48

1

| | | |
|---|---|---|
| לְמוֹאָב | મોઆબ-વિશે | H4124 |
| כֹּה־ | આ-પ્રમાણે | H3541 |
| אָמַר | કહે-છે | H0559 |
| יְהוָה | યહોવા | H3068 |
| צְבָאוֹת | સૈન્યોના | |
| אֱלֹהֵי | ઈશ્વર | H0430 |
| יִשְׂרָאֵל | ઇસ્રાએલના | H3478 |
| הוֹי | અરે | H1945 |
| אֶל־ | — | H0413 |
| נְבוֹ | નબો | |
| כִּי | કારણ-કે | |
| שֻׁדָּדָה | લૂંટાયું-છે | H7703 |
| הֹבִישָׁה | લજ્જિત-થયું | H3001 |
| נִלְכְּדָה | જીતાયું | H3920 |
| קִרְיָתָיִם | કિર્યાથાઈમ | H7156 |
| הֹבִישָׁה | લજ્જિત-થયો | H3001 |
| הַמִּשְׂגָּב | ગઢ | |
| וָחָתָּה׃ | અને-ભાંગ્યો | H2865 |

ઇઝરાયલના ઈશ્વર યહોવાહ મોઆબ વિષે આ પ્રમાણે કહે છે કે; “નબોને અફસોસ, તે નષ્ટ થઈ ગયું છે. કિર્યાથાઈમ લજ્જિત થયું છે અને પાયમાલ થયું છે. તેનો કિલ્લો તોડી પાડવામાં આવ્યો છે.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֵ֣ין | ע֞וֹד | תְּהִלַּ֣ת | מוֹאָב֮ | בְּחֶשְׁבּ֗וֹן | חָשְׁב֤וּ | עָלֶ֙יהָ֙ | רָעָ֔ה | לְכ֖וּ | וְנַכְרִיתֶ֣נָּה |
| નથી | વધારે | પ્રશંસા | મોઆબની | હેશ્બોનમાં | યોજના-કરી | તેના-વિરુદ્ધ | અનિષ્ટ | ચાલો | અને-કાપી-નાખીએ-તેને |
| H0369 | H5750 | H8416 | H4124 | H2809 | H2803 | | | H3212 | H3772 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מִגּ֑וֹי | גַּם־ | מַדְמֵ֣ן | תִּדֹּ֔מִּי | אַחֲרַ֖יִךְ | תֵּ֥לֶךְ | חָֽרֶב׃ |
| પ્રજામાંથી | પણ | માદ્મેન | ચૂપ-થશે | તારી-પાછળ | આવશે | તલવાર |
| | H1571 | H4086 | | | H3212 | H2719 |

મોઆબનું ગૌરવ હવે રહ્યુ નથી, હેશ્બોનમાં મોઆબના શત્રુઓએ એના પતનની યોજના ઘડી છે. તેઓ કહે છે ‘ચાલો, આપણે તેને દેશ તરીકે ભૂંસી નાખીએ. માદમેન નગરને પણ ચૂપ કરવામાં આવશે; શત્રુઓની તલવાર તારો પીછો કરશે.’

3

| | | | | | |
|---|---|---|---|---|---|
| ק֥וֹל | צְעָקָ֖ה | מֵחֹרוֹנָ֑יִם | שֹׁ֖ד | וָשֶׁ֥בֶר | גָּדֽוֹל׃ |
| અવાજ | ચીસનો | હોરોનાઈમથી | વિનાશ | અને-ભંગાણ | મોટું |
| | H6818 | H2773 | H7701 | H7667 | |

સાંભળો□ હોરોનાયિમમાંથી પોકાર સંભળાય છે ત્યાં લૂંટ અને ભારે વિનાશ છે.

4

| | | | | | |
|---|---|---|---|---|---|
| נִשְׁבְּרָ֖ה | מוֹאָ֑ב | הִשְׁמִ֥יעוּ | זְעָקָ֖ה | [צעוריה] | (צְעִירֶֽיהָ׃) |
| ભાંગ્યું | મોઆબ | સંભળાવો | રડારોળ | — | તેના-નાનાઓની |
| H7665 | H4124 | H8085 | H2201 | H6810 | H6810 |

મોઆબ નષ્ટ થઈ ગયું છે, સોઆર સુધી તેનાં બાળકોનું આક્રંદ સંભળાય છે.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֚י | מַעֲלֵ֣ה | [הלחות] | (הַלּוּחִ֔ית) | בִּבְכִ֖י | יַֽעֲלֶה־ | בֶּ֑כִי | כִּ֚י | בְּמוֹרַ֣ד | חוֹרֹנַ֔יִם |
| કારણ-કે | ચઢાણ | — | લૂહીથનો | રડતાં-રડતાં | ચઢે-છે | રડારોળ | કારણ-કે | ઉતરાણ | હોરોનાઈમનું |
| | H4608 | H3872 | H3872 | H1065 | H5927 | H1065 | | H4174 | H2773 |

| | | | |
|---|---|---|---|
| צָרֵ֥י | צַעֲקַת־ | שֶׁ֖בֶר | שָׁמֵֽעוּ׃ |
| શત્રુઓએ | ચીસો | ભંગાણની | સાંભળી |
| | H6818 | H7667 | H8085 |

કેમ કે તેઓ રડતાં રડતાં લૂહીથના ઢોળાવો પર ચઢે છે. અને તેઓ દુ:ખથી વિલાપ કરતાં કરતાં હોરોનાયિમના ઢોળાવો ઊતરે છે.

6

| | | | | | |
|---|---|---|---|---|---|
| נֻ֖סוּ | מַלְּט֣וּ | נַפְשְׁכֶ֑ם | וְתִֽהְיֶ֔ינָה | כַּעֲרוֹעֵ֖ר | בַּמִּדְבָּֽר׃ |
| ભાગો | બચાવો | તમારા-જીવ | અને-થાઓ | અરોએર-જેવા | અરણ્યમાં |
| H5127 | H4422 | H5315 | H1961 | H6176 | |

નાસો, તમારો જીવ લઈને નાસો. વગડાનાં જંગલી વૃક્ષ જેવા થાઓ.

7

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֠י | יַ֣עַן | בִּטְחֵ֤ךְ | בְּמַעֲשַׂ֙יִךְ֙ | וּבְא֣וֹצְרוֹתַ֔יִךְ | גַּם־ | אַ֖תְּ | תִּלָּכֵ֑דִי | וְיָצָ֤א |
| કારણ-કે | કેમ-કે | તારો-ભરોસો | તારા-કાર્યોમાં | અને-તારા-ખજાનાઓમાં | પણ | તું | જીતાઈશ | અને-નીકળશે |
| | H3282 | H0982 | H4639 | H0214 | H1571 | | H3920 | H3318 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| [כמיש] | (כְמוֹשׁ֙) | בַּגּוֹלָ֔ה | כֹּהֲנָ֥יו | וְשָׂרָ֖יו | [יחד] | (יַחְדָּֽיו׃) |
| — | કમોશ | બંદીવાસમાં | તેના-યાજકો | અને-તેના-સરદારો | — | સાથે |
| H3645 | H3645 | H1473 | H3548 | H8269 | | H3162 |

કેમ કે તમે પોતાની સંપત્તિ અને કામો પર વિશ્વાસ રાખ્યો છે, તમને પણ પકડવામાં આવશે. તમારા મૂંગા દેવ કમોશ દેશવટે જશે, તેના યાજકો અને સરદારો તેની સાથે જશે.

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְיָבֹ֨א | שֹׁדֵ֜ד | אֶל־ | כָּל־ | עִ֗יר | וְעִיר֙ | לֹ֣א | תִמָּלֵ֔ט | וְאָבַד֙ | הָעֵ֔מֶק |
| અને-આવશે | લૂંટનાર | — | દરેક | નગરમાં | અને-નગર | નહિ | છટકે | અને-નાશ-પામશે | ખીણ |
| H0935 | H7703 | H0413 | H3605 | | | H3808 | H4422 | H0006 | H6010 |

| | | | | |
|---|---|---|---|---|
| וְנִשְׁמַ֖ד | הַמִּישֹׁ֑ר | אֲשֶׁ֖ר | אָמַ֥ר | יְהוָֽה׃ |
| અને-ઉજ્જડ-થશે | મેદાન | જેમ | કહ્યું | યહોવાએ |
| H8045 | H4334 | | H0559 | H3068 |

દરેક નગર પર વિનાશ ઊતરશે, એક પણ શહેર બચવા પામશે નહિ. ખીણ નાશ પામશે અને મેદાન પાયમાલ થશે. એવું યહોવાહ કહે છે.

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| תְּנוּ־ | צִיץ | לְמוֹאָב | כִּי | נָצֹא | תֵּצֵא | וְעָרֶיהָ | לְשַׁמָּה | תִהְיֶינָה | מֵאֵין |
| આપો | પાંખો | મોઆબને | કારણ-કે | ચોક્કસ | ઊડી-જશે | અને-તેના-નગરો | ભયાનક-જગ્યા | થશે | વિના |
| H5414 | | H4124 | | H5323 | H3318 | | H8047 | H1961 | H0369 |
| יוֹשֵׁב | בָּהֶן׃ | | | | | | | | |
| વસનારના | તેમાં | | | | | | | | |
| H3427 | H2004 | | | | | | | | |

મોઆબને પાંખો આપો કે તે ઊડી જાય. તેનાં નગરો વસ્તી વિનાના ઉજ્જડ થઈ જશે.

10

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אָרוּר | עֹשֶׂה | מְלֶאכֶת | יְהוָה | רְמִיָּה | וְאָרוּר | מֹנֵעַ | חַרְבּוֹ | מִדָּם׃ |
| શાપિત | જે-કરે-છે | કામ | યહોવાનું | બેદરકારીથી | અને-શાપિત | જે-રોકે-છે | તેની-તલવાર | લોહીથી |
| H0779 | | H4399 | H3068 | | H0779 | H4513 | H2719 | H1818 |

જે કોઈ યહોવાહનું કામ કરવા સારું આળસુ હોય તે શાપિત થાઓ� જે માણસ તલવારથી રક્તપાત કરતા નથી તે શાપિત થાઓ�

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שַׁאֲנַן | מוֹאָב | מִנְּעוּרָיו | וְשֹׁקֵט | הוּא | אֶל־ | שְׁמָרָיו | וְלֹא־ | הוּרַק | מִכְּלִי | |
| નિર્ભય-રહ્યુ | મોઆબ | તેની-જુવાનીથી | અને-સ્થિર-રહ્યુ | તે | — | તેની-તળેમાં | અને-નહોતું | રેડાયું | વાસણમાંથી | |
| H7599 | H4124 | | H8252 | H1931 | H0413 | H8105 | H3808 | H7324 | H3627 | |
| אֶל־ | כֶּלִי | וּבַגּוֹלָה | לֹא | הָלָךְ | עַל־ | כֵּן | עָמַד | טַעְמוֹ | בּוֹ | וְרֵיחוֹ |
| — | વાસણમાં | અને-બંદીવાસમાં | નહોતું | ગયું | — | તેથી | રહ્યો | તેનો-સ્વાદ | તેમાં | અને-તેની-સુગંધ |
| H0413 | H3627 | H1473 | H3808 | H1980 | | | H5975 | H2940 | | H7381 |
| לֹא | נָמָר׃ | ס | | | | | | | | |
| નહોતી | બદલાઈ | — | | | | | | | | |
| H3808 | H4171 | | | | | | | | | |

મોઆબ પોતાની તરુણાવસ્થાથી સ્વસ્થ રહ્યો છે. તે દ્રાક્ષારસ જેવો છે. તેને એક પાત્રમાંથી બીજા પાત્રમાં રેડવામાં આવ્યો નથી. તેનો સ્વાદ હંમેશ જેવો જ રહ્યો છે; અને તેની સુગંધ બદલાઈ નથી.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לָכֵן | הִנֵּה־ | יָמִים | בָּאִים | נְאֻם־ | יְהוָה | וְשִׁלַּחְתִּי־ | לוֹ | צֹעִים | וְצֵעֻהוּ |
| તેથી | જુઓ | દિવસો | આવે-છે | ભાષણ | યહોવાનું | અને-મોકલીશ | તેને | ઢોળનારા | અને-ઢોળશે-તેને |
| | H2009 | H3117 | H0935 | H5002 | H3068 | H7971 | | H6808 | H6808 |
| וְכֵלָיו | יָרִיקוּ | וְנִבְלֵיהֶם | יְנַפֵּצוּ׃ | | | | | | |
| અને-તેના-વાસણો | ખાલી-કરશે | અને-તેની-મશકો | ફોડી-નાખશે | | | | | | |
| H3627 | H7324 | | | | | | | | |

યહોવાહ કહે છે કે, તેથી જુઓ, એવો સમય આવે છે કે' જે સમયે હું તેઓની પાસે ઊલટસુલટ કરનારા મોકલીશ. તેઓ તેને ઊલટપાલટ કરશે. તેઓ તેના પાત્રો ખાલી કરશે. તેમની બરણીઓ ફોડી નાખશે.

13

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּבֹשׁ | מוֹאָב | מִכְּמוֹשׁ | כַּאֲשֶׁר־ | בֹּשׁוּ | בֵּית | יִשְׂרָאֵל | מִבֵּית אֵל | מִבְטֶחָם׃ |
| અને-શરમાશે | મોઆબ | કમોશથી | જેમ | શરમાયું | ઘર | ઇસ્રાએલનું | બેથએલથી | તેમના-ભરોસાથી |
| H0954 | H4124 | H3645 | | H0954 | | H3478 | H1008 | H4009 |

જેમ ઇઝરાયલીઓ બેથેલ પર વિશ્વાસ રાખી અને ફજેત થયા છે. તેમ કમોશ પર વિશ્વાસ રાખીને મોઆબ ફજેત થશે.

14

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֵיךְ | תֹּאמְרוּ | גִּבּוֹרִים | אֲנָחְנוּ | וְאַנְשֵׁי־ | חַיִל | לַמִּלְחָמָה׃ |
| કેવી-રીતે | કહો-છો | શૂરવીરો | અમે | અને-માણસો | બળવાન | યુદ્ધ-માટે |
| | H0559 | H1368 | H0587 | H0376 | H2428 | H4421 |

અમે શૂરવીરો અને યુદ્ધમાં પરાક્રમી પુરુષો છીએ એવું તમે કેવી રીતે કહી શકો છો?

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שֻׁדַּד | מוֹאָב | וְעָרֶיהָ | עָלָה | וּמִבְחַר | בַּחוּרָיו | יָרְדוּ | לַטָּבַח | נְאֻם־ | הַמֶּלֶךְ | יְהוָה |
| લૂંટાયું | મોઆબ | અને-તેના-નગરો | ચઢ્યા | અને-ઉત્તમ | તેના-જુવાનો | ઊતર્યા | કતલ-માટે | ભાષણ | રાજાનું | યહોવા |
| H7703 | H4124 | | H5927 | H4005 | H0970 | H3381 | H2874 | H5002 | H4428 | H3068 |
| צְבָאוֹת | שְׁמוֹ׃ | | | | | | | | | |
| સૈન્યોના | તેમનું-નામ | | | | | | | | | |
| | H8034 | | | | | | | | | |

જે રાજાનું નામ સૈન્યોના યહોવાહ છે તે કહે છે કે, મોઆબ ઉજ્જડ થયો છે. અને તેનાં નગરોમાં શત્રુઓ ઘૂસી ગયા છે. તેના શ્રેષ્ઠ જુવાનો, કતલ થવા માટે જ ઊતરી ગયા છે.

16

| | | |
|---|---|---|
| קָרוֹב | નજીક-છે | H7138 |
| אֵיד־ | આફત | H0343 |
| מוֹאָב | મોઆબની | H4124 |
| לָבוֹא | આવવાની | H0935 |
| וְרָעָתוֹ | અને-તેની-વિપત્તિ | |
| מִהֲרָה | ઝડપથી | |
| מְאֹד׃ | ઘણી | H3966 |

હવે મોઆબનો વિનાશ હાથવેંતમાં છે, એનું પતન વાયુવેગે આવી રહ્યુ છે.

17

| | | |
|---|---|---|
| נֻדוּ | શોક-કરો | H5110 |
| לוֹ | તેને-માટે | |
| כָּל־ | બધા | H3605 |
| סְבִיבָיו | આસપાસના | H5439 |
| וְכֹל | અને-બધા | H3605 |
| יֹדְעֵי | જાણનારા | H3045 |
| שְׁמוֹ | તેનું-નામ | H8034 |
| אִמְרוּ | કહો | H0559 |
| אֵיכָה | કેવી-રીતે | |
| נִשְׁבַּר | તૂટ્યો | H7665 |
| מַטֵּה־ | દંડ | H4294 |
| עֹז | બળનો | H5797 |
| מַקֵּל | લાકડી | H4731 |
| תִּפְאָרָה׃ | ભવ્યતાની | H8597 |

હે મોઆબની આસપાસના લોક, તેનું નામ જાણનારા, વિલાપ કરો. અને કહો કે, શક્તિનો દંડ, સૌંદર્યની છડી કેવી ભાગી ગઈ છે.’

18

| | | |
|---|---|---|
| רְדִי | ઉતર | H3381 |
| מִכָּבוֹד | મહિમામાંથી | H3519 |
| [ישבי] | — | H3427 |
| (וּשְׁבִי) | અને-બેસ | H3427 |
| בַצָּמָא | તરસમાં | H6772 |
| יֹשֶׁבֶת | વસનારી | H3427 |
| בַּת־ | પુત્રી | H1323 |
| דִּיבוֹן | દીબોનની | H1769 |
| כִּי־ | કારણ-કે | |
| שֹׁדֵד | લૂંટનાર | H7703 |
| מוֹאָב | મોઆબનો | H4124 |
| עָלָה | ચઢ્યો | H5927 |
| בָךְ | તારી-વિરુદ્ધ | |
| שִׁחֵת | નાશ-કર્યા | H7843 |
| מִבְצָרָיִךְ׃ | તારા-કિલ્લાઓ | H4013 |

હે દીબોનમાં રહેનારી દીકરી, તમારા સન્માનજનક સ્થાન ઉપરથી નીચે ઊતરી અને તરસી થઈને બેસ. કેમ કે મોઆબનો વિનાશ કરનાર આવી પહોંચ્યો છે. અને તેણે તારા કિલ્લાઓનો નાશ કર્યો છે.

19

| | | |
|---|---|---|
| אֶל־ | — | H0413 |
| דֶּרֶךְ | માર્ગ-પાસે | H1870 |
| עִמְדִי | ઊભી-રહે | H5975 |
| וְצַפִּי | અને-જો | H6822 |
| יוֹשֶׁבֶת | વસનારી | H3427 |
| עֲרוֹעֵר | અરોએરની | H6177 |
| שַׁאֲלִי־ | પૂછ | H7592 |
| נָס | ભાગનારને | H5127 |
| וְנִמְלָטָה | અને-છટકનારીને | H4422 |
| אִמְרִי | કહે | H0559 |
| מַה־ | શું | H4100 |
| נִּהְיָתָה׃ | થયું | H1961 |

હે અરોએરના લોકો, રસ્તે ઊભા રહીને ચોકી કરો, નાસી જતા લોકોને પૂછો. શું થયું છે?’

20

| | | |
|---|---|---|
| הֹבִישׁ | લજ્જિત-થયો | H3001 |
| מוֹאָב | મોઆબ | H4124 |
| כִּי־ | કારણ-કે | |
| חַתָּה | ભાંગ્યો | H2865 |
| [הילילי] | — | H3213 |
| (הֵילִילוּ)׀ | વિલાપ-કરો | H3213 |
| [וזעקי] | — | H2199 |
| (וּזְעָקוּ) | અને-રડો | H2199 |
| הַגִּידוּ | જાહેર-કરો | H5046 |
| בְאַרְנוֹן | આર્નોનમાં | H0769 |
| כִּי | કે | |
| שֻׁדַּד | લૂંટાયું | H7703 |
| מוֹאָב׃ | મોઆબ | H4124 |

મોઆબ લજ્જિત થઈ ગયું છે. તેની પાયમાલી થઈ ગઈ છે. રડો વિલાપ કરો. આર્નોનમાં ખબર આપો કે, મોઆબ ઉજ્જડ થયો છે.

21

| | | |
|---|---|---|
| וּמִשְׁפָּט | અને-ન્યાય | H4941 |
| בָּא | આવ્યો | H0935 |
| אֶל־ | — | H0413 |
| אֶרֶץ | દેશમાં | H0776 |
| הַמִּישֹׁר | મેદાનના | H4334 |
| אֶל־ | — | H0413 |
| חֹלוֹן | હોલોન | H2473 |
| וְאֶל־ | અને | H0413 |
| יַהְצָה | યાહસાહ | H3096 |
| וְעַל־ | અને-ઉપર | |
| [מופעת] | — | H4158 |
| (מֵיפָעַת)׃ | મેફઆથ | H4158 |

સપાટ પ્રદેશ પરના નગરો તે હોલોન, યાહસાહ, મેફાથ,

22

| וְעַל־ | דִּיבוֹן | וְעַל־ | נְבוֹ | וְעַל־ | בֵּית דִּבְלָתָיִם׃ |
|---|---|---|---|---|---|
| અને-ઉપર | દીબોન | અને-ઉપર | નબો | અને-ઉપર | બેથ-દિબ્લાથાઈમ |
| | H1769 | | | | H1015 |

દીબોન, નબો, બેથ દિબ્લાથાઈમ છે.

23

| וְעַל | קִרְיָתַיִם | וְעַל־ | בֵּית גָּמוּל | וְעַל־ | בֵּית מְעוֹן׃ |
|---|---|---|---|---|---|
| અને-ઉપર | કિર્યાથાઈમ | અને-ઉપર | બેથ-ગામૂલ | અને-ઉપર | બેથ-મેઓન |
| | H7156 | | H1014 | | H1010 |

કિર્યાથાઈમ, બેથ-ગામૂલ, બેથ-મેઓન,

24

| וְעַל־ | קְרִיּוֹת | וְעַל־ | בָּצְרָה | וְעַל | כָּל־ | עָרֵי | אֶרֶץ | מוֹאָב | הָרְחֹקוֹת | וְהַקְּרֹבוֹת׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ઉપર | કરિયોથ | અને-ઉપર | બોસ્રાહ | અને-ઉપર | બધા | નગરો | દેશના | મોઆબના | દૂરના | અને-નજીકના |
| | H7152 | | H1224 | | H3605 | | H0776 | H4124 | H7350 | H7138 |

કરિયોથ, બોસ્રાહ, અને મોઆબના સર્વ નગરો જે નજીકમાં હોય કે દૂર હોય છે, આ બધાને સજા થઈ છે.

25

| נִגְדְּעָה | קֶרֶן | מוֹאָב | וּזְרֹעוֹ | נִשְׁבָּרָה | נְאֻם | יְהוָה׃ |
|---|---|---|---|---|---|---|
| કાપ્યું-ગયું | શિંગડું | મોઆબનું | અને-તેનો-હાથ | તૂટ્યો | ભાષણ | યહોવાનું |
| H1438 | | H4124 | H2220 | H7665 | H5002 | H3068 |

મોઆબનું શિંગ કાપી નાખવામાં આવ્યું છે, અને તેનો ભુજ ભાંગી નાખવામાં આવ્યો છે." એવું યહોવાહ કહે છે.

26

| הַשְׁכִּירֻהוּ | כִּי | עַל־ | יְהוָה | הִגְדִּיל | וְסָפַק | מוֹאָב | בְּקִיאוֹ | וְהָיָה | לִשְׂחֹק | גַּם־ | הוּא׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નશામાં-કરો-તેને | કારણ-કે | — | યહોવા-વિરુદ્ધ | મોટાઈ-કરી | અને-ગબડશે | મોઆબ | તેની-ઊલટીમાં | અને-થશે | હાંસીપાત્ર | પણ | તે |
| H7937 | | | H3068 | H1431 | | H4124 | | H1961 | H7814 | H1571 | H1931 |

તેને ભાનભૂલેલો બનાવી દો, તેણે યહોવાહની વિરુદ્ધ બડાઈ મારી છે. મોઆબ પોતાની ઊલટીમાં આળોટશે અને લોકોની હાંસીનું પાત્ર થશે.

27

| וְאִם | לוֹא | הַשְּׂחֹק | הָיָה | לְךָ | יִשְׂרָאֵל | אִם־ | בְּגַנָּבִים | [נמצאה] | (נִמְצָא) | כִּי־ | מִדֵּי | דְבָרֶיךָ | בּוֹ | תִּתְנוֹדָד׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-શું-નહોતો | નહિ | હાંસીપાત્ર | હતો | તારે-માટે | ઇસ્રાએલ | શું | ચોરોમાં | — | મળ્યો | કારણ-કે | જ્યારે-પણ | તારા-શબ્દો | તેના-વિશે | માથું-ધુણાવે-છે |
| | H3808 | H7814 | H1961 | | H3478 | | H1590 | H4672 | H4672 | | H1767 | H1697 | | H5110 |

શું તેં ઇઝરાયલની હાંસી કરી નહોતી? શું તે તેઓને ચોરોમાંથી મળી આવ્યો હતો? હા, જ્યારે પણ તેં તેમના વિષે વાત કરી છે ત્યારે તેં તારી ગરદન હલાવી છે.

28

| עִזְבוּ | עָרִים | וְשִׁכְנוּ | בַּסֶּלַע | יֹשְׁבֵי | מוֹאָב | וִהְיוּ | כְיוֹנָה | תְּקַנֵּן | בְּעֶבְרֵי | פִי־ | פָחַת׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| છોડો | નગરો | અને-વસો | ખડકમાં | વસનારા | મોઆબના | અને-થાઓ | કબૂતર-જેમ | જે-માળો-બાંધે-છે | કિનારે | મુખ | ખાડાના |
| | | H7931 | H5553 | H3427 | H4124 | H1961 | H3123 | H7077 | H5676 | H6310 | H6354 |

હે મોઆબના લોકો, તમારાં નગરો છોડી ખડકો પર વસો. અને ખાડાના મોંની બાજુમાં પોતાના માળા બાંધીને કબૂતરોના જેવા તમે થાઓ.

29

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| שָׁמַעְנוּ | גְאוֹן־ | מוֹאָב | גֵּאֶה | מְאֹד | גָּבְהוֹ | וּגְאוֹנוֹ | וְגַאֲוָתוֹ | וְרֻם | לִבּוֹ׃ |
| સાંભળ્યું-અમે | ઘમંડ | મોઆબનો | ગર્વિષ્ઠ | ઘણો | તેની-ઊંચાઈ | અને-તેનો-ઘમંડ | અને-તેનો-અહંકાર | અને-ઉદ્ધતાઈ | તેના-હૃદયની |
| H8085 | H1347 | H4124 | H1343 | H3966 | H1363 | H1347 | H1346 | H7312 | |

અમે મોઆબના ગર્વ વિષે સાંભળ્યું છે. તે અતિ ગર્વિષ્ઠ છે. તેનું અભિમાન, ઘમંડ, અહંકાર, ઉદ્ધતાઈ વિષે અમે સાંભળ્યું છે."

30

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲנִי | יָדַעְתִּי | נְאֻם־ | יְהוָה | עֶבְרָתוֹ | וְלֹא־ | כֵן | בַּדָּיו | לֹא־ | כֵן | עָשׂוּ׃ |
| હું | જાણું-છું | ભાષણ | યહોવાનું | તેનો-ક્રોધ | અને-નહીં | સાચો | તેની-બડાશો | નહીં | સાચું | કર્યું |
| H0589 | H3045 | H5002 | H3068 | H5678 | H3808 | | H0907 | H3808 | | |

યહોવાહ કહે છે કે; હુંતેનો ક્રોધ જાણું છું. તેની બડાઈ બધી ખોટી છે, અને તેનાં કાર્યો બધાં પોકળ છે.

31

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַל־ | כֵּן | עַל־ | מוֹאָב | אֲיֵלִיל | וּלְמוֹאָב | כֻּלֹּה | אֶזְעָק | אֶל־ | אַנְשֵׁי | קִיר־ | חֶרֶשׂ | יֶהְגֶּה׃ |
| — | તેથી | — | મોઆબ-માટે | વિલાપ-કરીશ | અને-મોઆબ-માટે | સમગ્ર | રડીશ | — | માણસો | કીર | હેરેસના | નિસાસા-નાખશે |
| | | | H4124 | H3213 | H4124 | H3605 | H2199 | H0413 | H0376 | H7025 | H7025 | H1897 |

અને તેથી હું મોઆબને માટે ચિંતા કરું છું. સમગ્ર મોઆબ માટે હું પોક મૂકીને રડું છું અને કીર-હેરેસના માણસો માટે હું શોક કરું છું."

32

| | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִבְּכִי | יַעְזֵר | אֶבְכֶּה־ | לָּךְ | הַגֶּפֶן | שִׂבְמָה | נְטִישֹׁתַיִךְ | עָבְרוּ | יָם | עַד | יָם | יַעְזֵר | נָגָעוּ | עַל־ | קֵיצֵךְ | וְעַל־ | בְּצִירֵךְ | שֹׁדֵד | נָפָל׃ |
| રડવાથી-વધુ | યાઝેરના | રડીશ-હું | તારા-માટે | વેલ | સિબ્માહનો | તારી-ડાળીઓ | ઓળંગી | સમુદ્ર | સુધી | સમુદ્ર | યાઝેરનો | પહોંચી | ઉપર | તારા-ઉનાળાના-ફળો | અને-ઉપર | તારી-દ્રાક્ષકાપણી | લૂંટનાર | પડ્યો |
| H1065 | H3270 | H1058 | | H1612 | H7643 | H5189 | | H3220 | H5704 | H3220 | H3270 | H5060 | | H7019 | | H1210 | H7703 | H5307 |

હે સિબ્માહના દ્રાક્ષવાડી, હું યાઝેરના કરતાં પણ તારે માટે વધુ વિલાપ કરું છું. તારી ડાળીઓ સમુદ્રની પાર ફેલાયેલી છે. તેઓ યાઝેરના સમુદ્ર સુધી પહોંચી તથા ઉનાળાંનાં તારાં ફળ પર તથા તારી દ્રાક્ષાની ઊપજ પર વિનાશ આવી પડ્યો છે.

33

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְנֶאֶסְפָה | שִׂמְחָה | וָגִיל | מִכַּרְמֶל | וּמֵאֶרֶץ | מוֹאָב | וְיַיִן | מִיקָבִים | הִשְׁבַּתִּי | לֹא־ | יִדְרֹךְ | הֵידָד | הֵידָד | לֹא | הֵידָד׃ |
| અને-ભેગી-થઈ | આનંદ | અને-ખુશી | કાર્મેલમાંથી | અને-દેશમાંથી | મોઆબના | અને-દ્રાક્ષારસ | દ્રાક્ષકુંડોમાંથી | મેં-બંધ-કર્યો | નહીં | કચડશે | હેદદ | હેદદ | નહીં | હેદદ |
| H0622 | H8057 | | H3759 | H0776 | H4124 | H3196 | H3342 | | H3808 | H1869 | H1959 | H1959 | H3808 | H1959 |

ફળદ્રુપ ખેતરમાંથી તથા મોઆબની ભૂમિમાંથી ખુશી અને આનંદ અદ્રશ્ય થઈ ગયાં છે, "દ્રાક્ષકુંડોમાં દ્રાક્ષારસ પિલાતો બંધ પાડ્યો છે. કોઈ દ્રાક્ષ ગૂંદતા ગૂંદતાં આનંદના પોકારો કરશે નહિ તેઓનો લલકાર આનંદનો હશે નહિ.

34

| | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִזַּעֲקַת | חֶשְׁבּוֹן | עַד־ | אֶלְעָלֵה | עַד־ | יַהַץ | נָתְנוּ | קוֹלָם | מִצֹּעַר | עַד־ | חֹרֹנַיִם | עֶגְלַת | שְׁלִשִׁיָּה | כִּי | גַּם־ | מֵי | נִמְרִים | לִמְשַׁמּוֹת | יִהְיוּ׃ |
| ચીસથી | હેશ્બોનની | — | એલઆલેહ-સુધી | — | યાહાસ-સુધી | ઉઠાવ્યો | અવાજ-તેમનો | સોઅરથી | — | હોરોનાઈમ-સુધી | વાછરડી | ત્રણ-વર્ષની | કારણ-કે | પણ | પાણી | નિમ્રીમનાં | ઉજ્જડ-જગ્યા | થશે |
| H2201 | H2809 | H5704 | H0500 | H5704 | H3096 | H5414 | | H6820 | H5704 | H2773 | | H7992 | | H1571 | H4325 | H5249 | H4923 | H1961 |

હેશ્બોનથી એલઆલેહ સુધી અને ત્યાંથી યાહાસ સુધી સોઆરથી હોરોનાયિમ સુધી, અને ત્યાંથી એગ્લાથ-શલીશિયા સુધી ભય અને વેદનાના પોકારો સંભળાય છે. નિમ્રીમનાં પાણી સુકાઈ જશે.

35

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְהִשְׁבַּתִּי | לְמוֹאָב | נְאֻם־ | יְהוָה | מַעֲלֶה | בָמָה | וּמַקְטִיר | לֵאלֹהָיו׃ |
| અને-બંધ-કરીશ | મોઆબ-માટે | ભાષણ | યહોવાનું | ચઢનારને | ઊંચી-જગ્યા | અને-ધૂપ-બાળનારને | તેના-દેવોને |
| | H4124 | H5002 | H3068 | H5927 | H1116 | | H0430 |

યહોવાહ કહે છે કે, મોઆબમાં જેઓ ઉચ્ચસ્થાનમાં બલિદાનો આપે છે. અને જેઓ પોતાના દેવો આગળ ધૂપ બાળે છે. તે સર્વને હું નષ્ટ કરીશ.”

| 36 | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | עַל־ | כֵּן | לִבִּי | לְמוֹאָב | כַּחֲלִלִים | יֶהֱמֶה | וְלִבִּי | אֶל־ | אַנְשֵׁי | קִיר־ | חֶרֶשׂ | כַּחֲלִילִים | יֶהֱמֶה | עַל־ | כֵּן | יִתְרַת | עָשָׂה | אָבָדוּ׃ |
| | — | તેથી | મારું-હૃદય | મોઆબ-માટે | વાંસળી-જેમ | વિલાપ-કરે-છે | અને-મારું-હૃદય | — | માણસો-માટે | કીર | હેરેસના | વાંસળી-જેમ | વિલાપ-કરે-છે | — | તેથી | વધારાની-સંપત્તિ | ભેગી-કરી | નાશ-પામી |
| | | | | H4124 | H2485 | H1993 | | H0413 | H0376 | H7025 | H7025 | H2485 | H1993 | | | H3502 | | H0006 |

આથી મારું હૃદય મોઆબ અને કીર-હેરેસ માટે શોક કરે છે. કેમ કે જે પુષ્કળ ધન તેઓએ પ્રાપ્ત કર્યું હતું તેઓની સર્વ સંપત્તિ નાશ પામી છે.

| 37 | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | כִּי | כָל־ | רֹאשׁ | קָרְחָה | וְכָל־ | זָקָן | גְּרֻעָה | עַל | כָּל־ | יָדַיִם | גְּדֻדֹת | וְעַל־ | מָתְנַיִם | שָׂק׃ |
| | કારણ-કે | દરેક | માથું | ટાલ-છે | અને-દરેક | દાઢી | કપાયેલી | — | બધા | હાથો-પર | ઘા | અને-ઉપર | કમર | ટાટ |
| | | H3605 | | H7144 | H3605 | H2206 | H1639 | | H3605 | H3027 | H1417 | | H4975 | H8242 |

હા, દરેક માણસનું માથું બોડાયું છે અને બધા માણસની દાઢી મૂંડવામાં આવી છે. તેઓના હાથે ઘા થયેલો છે. અને દરેકની કમરે ટાટ વીંટળાયેલું છે.

| 38 | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | עַל | כָּל | גַּגּוֹת | מוֹאָב | וּבִרְחֹבֹתֶיהָ | כֻּלֹּה | מִסְפֵּד | כִּי־ | שָׁבַרְתִּי | אֶת־ | מוֹאָב | כִּכְלִי | אֵין־ | חֵפֶץ | בּוֹ | נְאֻם־ | יְהוָה׃ |
| | — | બધી | અગાશીઓ-પર | મોઆબની | અને-તેની-શેરીઓમાં | સર્વત્ર | શોક | કારણ-કે | મેં-તોડ્યું | — | મોઆબને | નકામા-વાસણ-જેમ | જેમાં-નથી | રસ | — | ભાષણ | યહોવાનું |
| | | H3605 | H1406 | H4124 | H7339 | H3605 | H4553 | | H7665 | H0853 | H4124 | H3627 | H0369 | H2656 | | H5002 | H3068 |

મોઆબનાં સર્વ ધાબાંઓ પર અને શેરીઓમાં બધે વિલાપ સંભળાય છે, કેમ કે, મેં મોઆબને અપ્રિય પાત્રને પેઠે ભાંગી નાખ્યો છે.” એમ યહોવાહ કહે છે.

| 39 | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | אֵיךְ | חַתָּה | הֵילִילוּ | אֵיךְ | הִפְנָה־ | עֹרֶף | מוֹאָב | בּוֹשׁ | וְהָיָה | מוֹאָב | לִשְׂחֹק | וְלִמְחִתָּה | לְכָל־ | סְבִיבָיו׃ | ס |
| | કેવી-રીતે | ભાંગ્યું | વિલાપ-કરો | કેવી-રીતે | ફેરવ્યો | પીઠ | મોઆબે | શરમથી | અને-થશે | મોઆબ | હાંસીપાત્ર | અને-ભયાનક | બધા-માટે | આસપાસના | — |
| | | H2865 | H3213 | | H6437 | H6203 | H4124 | H0954 | H1961 | H4124 | H7814 | H4288 | H3605 | H5439 | |

“તેઓ વિલાપ કરે છે કે, તેને કેવો ભાંગી નાખવામાં આવ્યો છે? તેઓએ લજવાઈને કેવી રીતે પોતાની પીઠ ફેરવી છે? આથી પોતાની આસપાસના સર્વ લોકમાં મોઆબ ઉપહાસ તથા વિસ્મયરૂપ થશે.”

| 40 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | כִּי־ | כֹה | אָמַר | יְהוָה | הִנֵּה | כַּנֶּשֶׁר | יִדְאֶה | וּפָרַשׂ | כְּנָפָיו | אֶל־ | מוֹאָב׃ |
| | કારણ-કે | આ | કહે-છે | યહોવા | જુઓ | ગરુડ-જેમ | ઊડશે | અને-ફેલાવશે | તેની-પાંખો | — | મોઆબ-ઉપર |
| | | H3541 | H0559 | H3068 | H2009 | H5404 | H1675 | H6566 | H3671 | H0413 | H4124 |

યહોવાહ આ પ્રમાણે કહે છે કે, “જુઓ, તે ગરુડની જેમ ઊડી આવશે. અને મોઆબ સામે પોતાની પાંખો ફેલાવશે.

| 41 | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | נִלְכְּדָה | הַקְּרִיּוֹת | וְהַמְּצָדוֹת | נִתְפָּשָׂה | וְהָיָה | לֵב | גִּבּוֹרֵי | מוֹאָב | בַּיּוֹם | הַהוּא | כְּלֵב | אִשָּׁה | מְצֵרָה׃ |
| | જીતાયાં | નગરો | અને-કિલ્લાઓ | પકડાયા | અને-થશે | હૃદય | શૂરવીરોનાં | મોઆબના | દિવસે | તે | હૃદય-જેવું | સ્ત્રીનું | પ્રસૂતિ-પીડામાં |
| | H3920 | H7152 | H4679 | H8610 | H1961 | | H1368 | H4124 | H3117 | H1931 | | H0802 | |

કરિયોથને જીતી લેવામાં આવ્યું છે, તેના કિલ્લાઓ પર છાપો મારીને કબજે કર્યા છે. તે સમયે મોઆબના શૂરવીરોનું હૃદય પ્રસૂતિની વેદનાથી પીડાતી સ્ત્રીના જેવું થશે.

| 42 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | וְנִשְׁמַד | מוֹאָב | מֵעָם | כִּי | עַל־ | יְהוָה | הִגְדִּיל׃ |
| | અને-નાશ-પામશે | મોઆબ | પ્રજામાંથી | કારણ-કે | — | યહોવા-વિરુદ્ધ | મોટાઈ-કરી |
| | H8045 | H4124 | | | | H3068 | H1431 |

પછી પ્રજા તરીકે મોઆબ નષ્ટ થશે. કેમ તેણે યહોવાહની વિરુદ્ધ બડાઈ કરી છે.

43

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יְהוָה׃ | נְאֻם־ | מוֹאָב | יוֹשֵׁב | עָלֶיךָ | וָפָח | וָפַחַת | פַּחַד |
| યહોવાનું | ભાષણ | મોઆબના | વસનાર | તારા-ઉપર | અને-ફાંદો | અને-ખાડો | ભય |
| H3068 | H5002 | H4124 | H3427 | | | H6354 | H6343 |

યહોવાહ કહે છે કે, હે મોઆબના રહેવાસી, તારા માર્ગમાં ભય, ફાંદા અને ખાડા આવી પડ્યા છે.”

44

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בַּפָּח | יִלָּכֵד | הַפַּחַת | מִן־ | וְהָעֹלֶה | הַפַּחַת | אֶל־ | יִפֹּל | הַפַּחַד | מִפְּנֵי | )הַנָּס( | ]הניס[ |
| ફાંદામાં | ફસાશે | ખાડામાંથી | થી | અને-ચઢનાર | ખાડામાં | — | પડશે | ભયના | કારણે | ભાગનાર | — |
| | H3920 | H6354 | | H5927 | H6354 | H0413 | H5307 | H6343 | H6440 | H5127 | H5211 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה׃ | נְאֻם־ | פְּקֻדָּתָם | שְׁנַת | מוֹאָב | אֶל־ | אֵלֶיהָ | אָבִיא | כִּי־ |
| યહોવાનું | ભાષણ | તેમની-શિક્ષાનું | વર્ષ | મોઆબ-ઉપર | — | તેના-ઉપર | લાવીશ | કારણ-કે |
| H3068 | H5002 | H6486 | H8141 | H4124 | H0413 | H0413 | H0935 | |

“જે કોઈ ભયથી નાસી જશે તે ખાડામાં પડશે, જે ખાડામાંથી ઊભો થઈને બહાર આવશે તે પકડાઈ જશે, કેમ કે હું તેના પર એટલે મોઆબ પર તેના શાસનનું વર્ષ લાવીશ. એવું યહોવાહ કહે છે.

45

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִבֵּין | וְלֶהָבָה | מֵחֶשְׁבּוֹן | יָצָא | אֵשׁ | כִּי־ | נָסִים | מִכֹּחַ | עָמְדוּ | חֶשְׁבּוֹן | בְּצֵל |
| વચ્ચેથી | અને-જ્વાળા | હેશ્બોનમાંથી | નીકળી | આગ | કારણ-કે | ભાગનારા | થાકેલા | ઊભા-રહ્યા | હેશ્બોનની | છાયામાં |
| H0996 | H3852 | H2809 | H3318 | H0784 | | H5127 | | H5975 | H2809 | H6738 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שָׁאוֹן׃ | בְּנֵי | וְקָדְקֹד | מוֹאָב | פְּאַת | וַתֹּאכַל | סִיחוֹן |
| ઘોંઘાટના | સંતાનોનો | અને-માથાનો-ઉપરનો-ભાગ | મોઆબનું | કપાળ | અને-ખાઈ-ગઈ | સીહોનના |
| H7588 | | H6936 | H4124 | H6285 | H0398 | H5511 |

નાસી ગયેલા બળહીન નિર્વાસિતો હેશ્બોનની છાયા તળે વિસામો લે છે, હેશ્બોનમાંથી અગ્નિ અને સીહોનમાંથી જ્વાળાઓ નીકળીને, મોઆબની સીમ અને ગર્વિષ્ઠ લોકનાં માથાં ખાઈ જાય છે.

46

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בַּשֶּׁבִי | בָנֶיךָ | לֻקְּחוּ | כִּי־ | כְמוֹשׁ | עַם־ | אָבַד | מוֹאָב | לְךָ | אוֹי־ |
| બંદીવાસમાં | તારા-પુત્રો | લઈ-જવાયા | કારણ-કે | કમોશના | લોકો | નાશ-પામ્યા | મોઆબ | તને | અરે |
| | | H3947 | | H3645 | | H0006 | H4124 | | H0188 |

| | |
|---|---|
| בַּשִּׁבְיָה׃ | וּבְנֹתֶיךָ |
| બંદીવાસમાં | અને-તારી-પુત્રીઓ |
| H7633 | H1323 |

હે મોઆબ, તને અફસોસ□ કમોશના લોકો નષ્ટ થયા છે. કેમ કે તમારા દીકરાઓ અને દીકરીઓને બંદીવાસમાં લઈ જવામાં આવ્યા છે.

47

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מִשְׁפַּט | הֵנָּה | עַד־ | יְהוָה | נְאֻם־ | הַיָּמִים | בְּאַחֲרִית | מוֹאָב | שְׁבוּת־ | וְשַׁבְתִּי |
| ન્યાય | અહીં-સુધી | — | યહોવાનું | ભાષણ | દિવસોમાં | અંતના | મોઆબનું | ભાગ્ય | પણ-પાછો-ફેરવીશ |
| H4941 | H2008 | H5704 | H3068 | H5002 | H3117 | H0319 | H4124 | H7622 | H7725 |

| | |
|---|---|
| ס | מוֹאָב׃ |
| — | મોઆબનો |
| | H4124 |

પરંતુ યહોવાહ કહે છે કે’ પાછલા વર્ષોમાં હું મોઆબનો બંદીવાસ ફેરવી નાખીશ,’ અહીં મોઆબ વિષેની વાત પૂરી કરાય છે.

## Chapter 49

1

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לוֹ | אֵין | יוֹרֵשׁ | אִם־ | לְיִשְׂרָאֵל | אַיִן | הֲבָנִים | יְהוָה | אָמַר | כֹּה | עַמּוֹן | לִבְנֵי |
| તેને | નથી | વારસ | શું | ઇઝરાએલને | નથી | શું-પુત્રો | યહોવા | કહે-છે | આ | — | અમ્મોનના-સંતાનોને |
| | H0369 | H3423 | | H3478 | H0369 | | H3068 | H0559 | H3541 | H5983 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| יָשָׁב׃ | בְּעָרָיו | וְעַמּוֹ | גָּד | אֶת־ | מַלְכָּם | יָרַשׁ | מַדּוּעַ |
| વસે-છે | તેના-નગરોમાં | અને-તેન□ા-લોકો | ગાદને | — | માલ્કામે | કબજે-કર્યું | શા-માટે |
| H3427 | | | H1410 | H0853 | H4428 | H3423 | H4069 |

આમ્મોનના લોકો વિષે યહોવાહ આ પ્રમાણે કહે છે; ઇઝરાયલને કોઈ સંતાન નથી? શું તેને કોઈ વારસ નથી? તો પછી મિલ્કોમ ગાદનો પ્રદેશ શા માટે કબજે કરવા દે અને ત્યાંના નગરોમાં વસવા દે?

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | לָכֵ֞ן | הִנֵּ֨ה | יָמִ֣ים | בָּאִים֮ | נְאֻם־ | יְהוָה֒ | וְהִשְׁמַעְתִּ֞י | אֶל־ | רַבַּ֤ת | בְּנֵֽי־ | עַמּוֹן֙ |
| | તેથી | જુઓ | દિવસો | આવે-છે | ભાષણ | યહોવાનું | અને-સંભળાવીશ | વિરુદ્ધ | રાબ્બાહને | સંતાનો | અમ્મોન□ા |
| | | H2009 | H3117 | H0935 | H5002 | H3068 | H8085 | H0413 | H7237 | | H5983 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| תְּרוּעַ֣ת | מִלְחָמָ֔ה | וְהָיְתָה֙ | לְתֵ֣ל | שְׁמָמָ֔ה | וּבְנֹתֶ֖יהָ | בָּאֵ֣שׁ | תִּצַּ֑תְנָה | וְיָרַ֧שׁ |
| યુદ્ધનો-નગારો | લડાઈનો | અને-થશે | ખંડેરનો-ઢગલો | ઉજ્જડ | અને-તેની-પુત્રીઓ | આગથી | બળશે | અને-વારસો-બનશે |
| H8643 | H4421 | H1961 | H8510 | | H1323 | H0784 | H3341 | H3423 |

| | | | | |
|---|---|---|---|---|
| יִשְׂרָאֵ֛ל | אֶת־ | יֹרְשָׁ֖יו | אָמַ֥ר | יְהוָֽה׃ |
| ઇસ્રાએલ | — | તેન□ા-વારસોને | કહે-છે | યહોવા |
| H3478 | H0853 | H3423 | H0559 | H3068 |

તેથી જુઓ, એવો સમય આવી રહ્યો છે જ્યારે આમ્મોનના પાટનગર રાબ્બાહમાં યુદ્ધનો રણનાદ ગાજી રહેશે અને એ ઉજ્જડ ટેકરી બની જશે. અને તેમની દીકરીઓને અગ્નિમાં બાળી નાંખવામાં આવશે. અને જેઓએ ઇઝરાયલનો વારસો ભોગવ્યો હતો તેઓનો વારસો ઇઝરાયલ ભોગવશે. એમ યહોવાહ કહે છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | הֵילִ֨ילִי | חֶשְׁבּ֜וֹן | כִּ֣י | שֻׁדְּדָה־ | עַ֗י | צְעַקְנָה֮ | בְּנ֣וֹת | רַבָּה֒ | חֲגֹ֣רְנָה | שַׂקִּ֔ים | סְפֹ֕דְנָה |
| | વિલાપ-કર | હેશ્બોન | કારણ-કે | લૂંટાયું | આઈ | ચીસો-પાડો | પુત્રીઓ | રાબ્બાહની | પહેરો | ટાટ | શોક-કરો |
| | H3213 | H2809 | | H7703 | H5857 | H6817 | H1323 | H7237 | H2296 | H8242 | H5594 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהִתְשׁוֹטַ֖טְנָה | בַּגְּדֵר֑וֹת | כִּ֤י | מַלְכָּם֙ | בַּגּוֹלָ֣ה | יֵלֵ֔ךְ | כֹּהֲנָ֥יו | וְשָׂרָ֖יו | יַחְדָּֽיו׃ |
| અને-અહીં-તહીં-ફરો | વાડાઓમાં | કારણ-કે | માલ્કામ | બંદીવાસમાં | જશે | તેન□ા-યાજકો | અને-તેન□ા-સરદારો | સાથે |
| | H1448 | | H4428 | H1473 | H3212 | H3548 | H8269 | |

“હે હેશ્બોન, વિલાપ કર. આમ્મોનમાંનું આય નગર નાશ પામ્યું છે□ રાબ્બાહની દીકરીઓ રુદન કરો, શોકનાં વસ્ત્રો પહેરો, રડતાં રડતાં વાડામાં આમતેમ દોડો, કેમ કે મિલ્કોમ, તેના યાજકો અને સરદારો સર્વ બંદીવાસમાં જશે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 4 | מַה־ | תִּתְהַֽלְלִי֙ | בָּֽעֲמָקִ֔ים | זָ֣ב | עִמְקֵ֔ךְ | הַבַּ֖ת | הַשּׁוֹבֵבָ֑ה | הַבֹּֽטְחָה֙ | בְּאֹ֣צְרֹתֶ֔יהָ |
| | શા-માટે | બડાઈ-કરે-છે-તું | ખીણોમાં | વહે-છે | તારી-ખીણ | પુત્રી | વિશ્વાસઘાતી | જે-ભરોસો-રાખે-છે | તેની-સંપત્તિમાં |
| | H4100 | | H6010 | H2100 | H6010 | H1323 | H7728 | H0982 | H0214 |

| | | |
|---|---|---|
| מִ֖י | יָב֥וֹא | אֵלָֽי׃ |
| કોણ | આવશે | મારી-પાસે |
| H4310 | H0935 | H0413 |

તમારા બળનું તમને શા માટે અભિમાન છે? હે અવિશ્વાસી દીકરી તારું બળ નાશ પામશે, તું દ્રવ્ય પર ભરોસો રાખીને કહે છે કે, મારી સામો કોણ આવશે?’

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 5 | הִנְנִי֩ | מֵבִ֨יא | עָלַ֜יִךְ | פַּ֗חַד | נְאֻם־ | אֲדֹנָ֧י | יְהוִ֛ה | צְבָא֖וֹת | מִכָּל־ | סְבִיבָ֑יִךְ |
| | જુઓ-હું | લાવી-રહ્યો-છું | તારા-ઉપર | ભય | ભાષણ | પ્રભુ | યહોવા | સૈન્યોન□ા | બધી | તારી-આસપાસથી |
| | H2009 | H0935 | | H6343 | H5002 | H0136 | H3069 | | H3605 | H5439 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְנִדַּחְתֶּם֙ | אִ֣ישׁ | לְפָנָ֔יו | וְאֵ֥ין | מְקַבֵּ֖ץ | לַנֹּדֵֽד׃ |
| અને-વિખેરાશે | દરેક | તેની-આગળ | અને-નહિ | ભેગા-કરનાર | ભટકનારને |
| H5080 | H0376 | H6440 | H0369 | H6908 | H5074 |

જુઓ, પરંતુ સૈન્યોના પ્રભુ યહોવાહ કહે છે કે, હું તમારા પર વિપત્તિ લાવીશ. “હું દરેક બાજુએથી તારા પર વિપત્તિઓ લાવીશ. દરેક તેનાથી બીને નાસી જશે. અને નાસી જનારાઓની સંભાળ રાખનારું કોઈ નહિ હોય.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 6 | וְאַֽחֲרֵי־ | כֵ֛ן | אָשִׁ֛יב | אֶת־ | שְׁב֥וּת | בְּנֵֽי־ | עַמּ֖וֹן | נְאֻם־ | יְהוָֽה׃ | ס |
| | અને-પછી | — | પાછું-ફેરવીશ | — | ભાગ્ય | સંતાનો | અમ્મોનના | ભાષણ | યહોવાનું | — |
| | | | H7725 | H0853 | H7622 | | H5983 | H5002 | H3068 | |

પરંતુ પાછળથી હું આમ્મોનીઓનું ભાગ્ય ફેરવી નાખીશ’ એમ યહોવાહ કહે છે.

7
לֶאֱדוֹם અદોમ-વિશે H0123
כֹּה આ H3541
אָמַר કહે-છે H0559
יְהוָה યહોવા H3068
צְבָאוֹת સૈન્યોના
הַאֵין શું-નથી H0369
עוֹד વધારે H5750
חָכְמָה બુદ્ધિ H2451
בְּתֵימָן તેમાનમાં H8487
אָבְדָה નાશ-પામી H0006
עֵצָה સલાહ H6098
מִבָּנִים સંતાનોમાંથી H0995
נִסְרְחָה બગડી-ગઈ H5628
חָכְמָתָם׃ તેમની-બુદ્ધિ H2451

અદોમના લોકો વિષે સૈન્યોના યહોવાહ કહે છે; “તેમાનમાં કશી બુદ્ધિ રહી નથી? શું તેમના સમજુ પુરુષો સમજણ ખોઈ બેઠા છે? તેઓનું ડહાપણ શું જતું રહ્યુ છે?

8
נֻסוּ ભાગો H5127
הָפְנוּ ફરો H6437
הֶעְמִיקוּ ગહરાઈ-માં-જાઓ H6009
לָשֶׁבֶת વસવા H3427
יֹשְׁבֵי વસનારા H3427
דְּדָן દદાનના
כִּי કારણ-કે
אֵיד આફત H0343
עֵשָׂו એસાવની H6215
הֵבֵאתִי લાવ્યું-છું H0935
עָלָיו તેના-ઉપર
עֵת સમય H6256
פְּקַדְתִּיו׃ તેની-શિક્ષાનો

હે દદાનના રહેવાસીઓ, નાસો, પાછા ફરો. એકાંત જગ્યામાં જાઓ. કેમ કે એસાવના વંશજોની સજાનો સમય આવ્યો છે અને હું તેઓના પર વિનાશ ઉતારનાર છું.

9
אִם જો
בֹּצְרִים દ્રાક્ષા-વીણનારા H1219
בָּאוּ આવે H0935
לָךְ તારે-માટે
לֹא નહિ H3808
יַשְׁאִרוּ છોડે H7604
עוֹלֵלוֹת લવારીઓ H5955
אִם જો
גַּנָּבִים ચોરો H1590
בַּלַּיְלָה રાતે H3915
הִשְׁחִיתוּ નાશ-કરે H7843
דַיָּם׃ પૂરતું H1767

જ્યારે દ્રાક્ષ ઉતારનાર આવે છે ત્યારે તેઓ થોડી દ્રાક્ષ વેલ પર રહેવા દેતા નથી? જો રાતે ચોર આવે છે તો તેને જોઈએ એટલું શું ચોરી નહિ જાય?

10
כִּי કારણ-કે
אֲנִי મેં H0589
חָשַׂפְתִּי ઉઘાડ્યો-છે H2834
אֶת — H0853
עֵשָׂו એસાવને H6215
גִּלֵּיתִי ખોલ્યાં-છે H1540
אֶת — H0853
מִסְתָּרָיו તેના-છુપવાનાં-સ્થાનો H4565
וְנֶחְבָּה અને-છુપાવું H2247
לֹא નહિ H3808
יוּכָל શકશે H3201
שֻׁדַּד લૂંટાયું H7703
זַרְעוֹ તેનું-વંશ H2233
וְאֶחָיו અને-તેના-ભાઈઓ H0251
וּשְׁכֵנָיו અને-તેના-પાડોશીઓ H7934
וְאֵינֶנּוּ׃ અને-તે-નથી H0369

પરંતુ હું એસાવને ખાલી કરી નાખીશ. મેં તેના ગુપ્ત સ્થાનો ખુલ્લાં કર્યા છે. તેને સંતાવાની જગ્યા રહેશે નહિ, તેનાં બાળકો, તેના ભાઈઓ, તેના પડોશીઓ, સર્વ નાશ પામશે અને તેઓ બધા સમાપ્ત થઈ જશે.

11
עָזְבָה છોડી-દે
יְתֹמֶיךָ તારાં-અનાથોને H3490
אֲנִי હું H0589
אֲחַיֶּה જીવાડીશ H2421
וְאַלְמְנוֹתֶיךָ અને-તારી-વિધવાઓ H0490
עָלַי મારા-ઉપર
תִּבְטָחוּ׃ ભરોસો-રાખે H0982
ס —

તારાં અનાથ બાળકોને અહીં મૂકી જા, હું તેમને સંભાળીશ. તારી વિધવાઓએ મારો વિશ્વાસ રાખવો.”

12
כִּי કારણ-કે
כֹה આ-પ્રમાણે H3541
אָמַר કહે-છે H0559
יְהוָה યહોવા H3068
הִנֵּה જુઓ H2009
אֲשֶׁר જેમના-માટે
אֵין નહોતું H0369
מִשְׁפָּטָם ન્યાય H4941
לִשְׁתּוֹת પીવાનું H8354
הַכּוֹס પ્યાલો
שָׁתוֹ પીવાનું H8354
יִשְׁתּוּ પીશે H8354
וְאַתָּה અને-તું
הוּא તે H1931
נָקֹה છૂટકે-જ H5352
תִּנָּקֶה છૂટીશ H5352
לֹא નહિ H3808
תִנָּקֶה છૂટીશ H5352
כִּי કારણ-કે
שָׁתֹה પીવાનું H8354
תִּשְׁתֶּה׃ પીઈશ H8354

યહોવાહ કહે છે; “જુઓ, જેણે સજાનો પ્યાલો પીવો ન જોઈએ તે પણ નિશ્ચે પીશે, શું તને શિક્ષા થયા વગર રહેશે? તારે સજા ચોક્કસ ભોગવવી જ પડશે, તારે એ પ્યાલો ચોક્કસ પીવો જ પડશે.

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֣י | בִ֤י | נִשְׁבַּ֙עְתִּי֙ | נְאֻם־ | יְהוָ֔ה | כִּֽי־ | לְשַׁמָּ֤ה | לְחֶרְפָּה֙ | לְחֹ֣רֶב | וְלִקְלָלָ֔ה |
| કારણ-કે | મારા-ઉપર | મેં-સોગંદ-ખાધી-છે | ભાષણ | યહોવાનું | કે | ભયાનક | નિંદારૂપ | વીરાન | અને-શાપરૂપ |
| | | H7650 | H5002 | H3068 | | H8047 | H2781 | | H7045 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| תִּהְיֶ֣ה | בָצְרָ֑ה | וְכָל־ | עָרֶ֔יהָ | תִהְיֶ֖ינָה | לְחָרְב֥וֹת | עוֹלָֽם׃ |
| થશે | બોસ્રાહ | અને-બધા | તેના-નગરો | થશે | ખંડેરો | સદા-માટે |
| H1961 | H1224 | H3605 | | H1961 | H2723 | H5769 |

કેમ કે, હું મારા જીવના સમ ખાઈને કહું છું કે' એમ યહોવાહ કહે છે "બોસરા વિસ્મિત, નિંદારૂપ, શાપરૂપ અને ઉજ્જડ થઈ જશે અને બધાં નગરો સદા ઉજ્જડ થઈ જશે."

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| שְׁמוּעָ֤ה | שָׁמַ֙עְתִּי֙ | מֵאֵ֣ת | יְהוָ֔ה | וְצִ֖יר | בַּגּוֹיִ֣ם | שָׁל֑וּחַ | הִֽתְקַבְּצוּ֙ | וּבֹ֣אוּ | עָלֶ֔יהָ |
| સંદેશ | સાંભળ્યો-મેં | તરફથી | યહોવાના | અને-સંદેશવાહક | પ્રજાઓમાં | મોકલાયો | ભેગા-થાઓ | અને-આવો | તેની-વિરુદ્ધ |
| H8052 | H8085 | H0854 | H3068 | | | H7971 | H6908 | H0935 | |

| | |
|---|---|
| וְק֖וּמוּ | לַמִּלְחָמָֽה׃ |
| અને-ઊઠો | યુદ્ધ-માટે |
| | H4421 |

મેં યહોવાહ પાસેથી આ સંદેશો સાંભળ્યો છે, તેમણે બધા દેશોમાં સંદેશાવાહક મોકલ્યા છે; "સર્વ એકત્રિત થાઓ અને તેના પર ચઢાઈ કરો; લડાઈ માટે ઊઠો.'

15

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | הִנֵּ֥ה | קָטֹ֛ן | נְתַתִּ֖יךָ | בַּגּוֹיִ֑ם | בָּז֖וּי | בָּאָדָֽם׃ |
| કારણ-કે | જુઓ | નાનો | બનાવ્યો-છે-તને | પ્રજાઓમાં | તિરસ્કૃત | માણસોમાં |
| | H2009 | | H5414 | | H0959 | H0120 |

કેમ કે જુઓ, મેં તને પ્રજાઓમાં કનિષ્ઠ અને મનુષ્યમાં તુચ્છ કર્યો છે.

16

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| תִּפְלַצְתְּךָ֞ | הִשִּׁ֤יא | אֹתָךְ֙ | זְד֣וֹן | לִבֶּ֔ךָ | שֹֽׁכְנִי֙ | בְּחַגְוֵ֣י | הַסֶּ֔לַע | תֹּפְשִׂ֖י | מְר֣וֹם | גִּבְעָ֑ה |
| તારો-ભય | છેતર્યો-છે | તને | અહંકાર | તારા-હૃદયનો | જે-વસે-છે | તરાડોમાં | ખડકના | જે-પકડે-છે | ઊંચાઈ | ટેકરીની |
| H8606 | H5377 | H0853 | H2087 | | H7931 | H2288 | H5553 | H8610 | H4791 | H1389 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כִּֽי־ | תַגְבִּ֤יהַּ | כַּנֶּ֙שֶׁר֙ | קִנֶּ֔ךָ | מִשָּׁ֥ם | אוֹרִידְךָ֖ | נְאֻם־ | יְהוָֽה׃ |
| ભલે | ઊંચો-કરે | ગરુડ-જેમ | તારો-માળો | ત્યાંથી | ઉતારીશ-તને | ભાષણ | યહોવાનું |
| | H1361 | H5404 | H7064 | H8033 | H3381 | H5002 | H3068 |

હે ખડકની ફાટોમાં વસનાર, ઊંચા શિખરોને આશરે રહેનાર, તારા અતરના અભિમાને તને ખોટે રસ્તે દોરવ્યો છે, તું તારો માળો ગરુડના જેટલો ઊંચો બાંધે, તોપણ હું તને ત્યાંથી નીચો પાડીશ." એમ યહોવાહ કહે છે.

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיְתָ֥ה | אֱד֖וֹם | לְשַׁמָּ֑ה | כֹּ֚ל | עֹבֵ֣ר | עָלֶ֔יהָ | יִשֹּׁ֥ם | וְיִשְׁרֹ֖ק | עַל־ | כָּל־ |
| અને-થશે | અદોમ | ભયાનક-જગ્યા | દરેક | પસાર-થનાર | તેની-ઉપર | આઘાત-પામશે | અને-સીટી-વગાડશે | ઉપર | બધી |
| H1961 | H0123 | H8047 | H3605 | | | H8074 | H8319 | | H3605 |

| |
|---|
| מַכּוֹתֶֽהָ׃ |
| તેની-મારો |
| H4347 |

તેથી અદોમ વિસ્મયપાત્ર બનશે. ત્યાં થઈને જતા આવતા સર્વ વિસ્મય પામશે. અને તેની સર્વ વિપત્તિઓ જોઈને ફિટકાર કરશે.

18

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כְּמַהְפֵּכַ֞ת | סְדֹ֧ם | וַעֲמֹרָ֛ה | וּשְׁכֵנֶ֖יהָ | אָמַ֣ר | יְהוָ֑ה | לֹֽא־ | יֵשֵׁ֥ב | שָׁם֙ | אִ֔ישׁ |
| જેમ-ઉલટાયું | સદોમ | અને-ગમોરાહ | અને-તેના-પાડોશીઓ | કહે-છે | યહોવા | નહિ | વસશે | ત્યાં | કોઈ-પણ |
| H4114 | H5467 | H6017 | H7934 | H0559 | H3068 | H3808 | H3427 | H8033 | H0376 |

| | | | | |
|---|---|---|---|---|
| וְלֹֽא־ | יָג֥וּר | בָּ֖הּ | בֶּן־ | אָדָֽם׃ |
| અને-નહિ | પરદેશી-થશે | તેમાં | કોઈ | માણસ |
| H3808 | | | | H0120 |

યહોવાહ કહે છે કે સદોમ અને ગમોરાનો તથા તેમની આસપાસના ગામોનો નાશ થયો તેમ, તેમાં કોઈ વસશે નહિ. ત્યાં કોઈ માણસ ફરી ઘર નહિ કરે.

19
הִנֵּה જુઓ H2009 | כְּאַרְיֵה સિંહ-જેમ | יַעֲלֶה ચઢશે H5927 | מִגְּאוֹן ઘમંડથી H1347 | הַיַּרְדֵּן યર્દનની H3383 | אֶל־ વિરુદ્ધ H0413 | נְוֵה વસવાટ | אֵיתָן મજબૂતના H0386 | כִּי־ કારણ-કે | אַרְגִּיעָה એક-ક્ષણમાં | אֲרִיצֶנּוּ ભગાડીશ-તેને H7323
מֵעָלֶיהָ તેની-ઉપરથી | וּמִי અને-કોણ-છે H4310 | בָחוּר ચૂંટેલો H0977 | אֵלֶיהָ તેની-ઉપર H0413 | אֶפְקֹד નિયુક્ત-કરીશ | כִּי કારણ-કે | מִי કોણ-છે H4310 | כָמוֹנִי મારા-જેવો H3644 | וּמִי અને-કોણ H4310
יְעִידֵנִי પડકાર-આપશે-મને H3259 | וּמִי־ અને-કોણ-છે H4310 | זֶה એ H2088 | רֹעֶה પાળક | אֲשֶׁר જે | יַעֲמֹד ટકી-શકે H5975 | לְפָנָי׃ મારી-આગળ H6440 | ס —

જુઓ, સિંહ યર્દનની ઝાડીમાંથી સદાય લીલાછમ ચરાણમાં ચઢી આવે છે હું પણ અચાનક અદોમને ત્યાંથી નસાડીશ અને જેને મેં પસંદ કર્યો છે તેને હું તેના પર ઠરાવીશ. કેમ કે, મારા સમાન બીજું કોણ છે? અને મારે સારુ મુદત બીજું કોણ ઠરાવે છે. મારી બરોબરી કરી શકે એવો ઘેટાંપાળક કોણ છે?

20
לָכֵן તેથી | שִׁמְעוּ સાંભળો H8085 | עֲצַת־ યોજના H6098 | יְהוָה યહોવાની H3068 | אֲשֶׁר જે | יָעַץ યોજ્યું H3289 | אֶל־ વિરુદ્ધ H0413 | אֱדוֹם અદોમના H0123 | וּמַחְשְׁבוֹתָיו અને-તેની-યોજનાઓ H4284 | אֲשֶׁר જે | חָשַׁב વિચાર્યું H2803
אֶל־ વિરુદ્ધ H0413 | יֹשְׁבֵי વસનારાઓ H3427 | תֵימָן તેમાનના H8487 | אִם־ શું-નહીં | לֹא નહીં H3808 | יִסְחָבוּם ઘસડશે-તેમને H5498 | צְעִירֵי નાના H6810 | הַצֹּאן ઘેટાંના H6629 | אִם־ શું-નહીં | לֹא નહીં H3808 | יַשִּׁים ઉજ્જડ-કરશે H8074
עֲלֵיהֶם તેમના-ઉપર | נְוֵהֶם׃ તેમનો-વસવાટ

તે માટે યહોવાહે જે યોજના અદોમ વિરુદ્ધ કર્યો છે. તે સાંભળો, જે ઇરાદા તેમણે તેમાનના રહેવાસીઓ વિરુદ્ધ કર્યા છે. નાનામાં નાના ઘેટાંને પણ ઘસડી જવાશે અને તેઓની સાથે તેઓનું રહેઠાણ ઉજ્જડ કરી નંખાશે.

21
מִקּוֹל અવાજથી | נִפְלָם તેમના-પતનના H5307 | רָעֲשָׁה ધ્રૂજી H7493 | הָאָרֶץ પૃથ્વી H0776 | צְעָקָה ચીસ H6818 | בְיַם־ સમુદ્રમાં H3220 | סוּף લાલના H5488 | נִשְׁמַע સંભળાયો H8085 | קוֹלָהּ׃ તેનો-અવાજ

અદોમના પતનના અવાજથી પૃથ્વી થથરશે; તેનો અવાજ લાલ સમુદ્ર સુધી સંભળાય છે.

22
הִנֵּה જુઓ H2009 | כַנֶּשֶׁר ગરુડ-જેમ H5404 | יַעֲלֶה ચઢશે H5927 | וְיִדְאֶה અને-ઊડશે H1675 | וְיִפְרֹשׂ અને-ફેલાવશે H6566 | כְּנָפָיו તેની-પાંખો H3671 | עַל־ ઉપર | בָּצְרָה બોસ્રાહના H1224 | וְהָיָה અને-થશે H1961 | לֵב હૃદય
גִּבּוֹרֵי શૂરવીરોનાં H1368 | אֱדוֹם અદોમનું H0123 | בַּיּוֹם દિવસે H3117 | הַהוּא તે H1931 | כְּלֵב હૃદય-જેવું | אִשָּׁה સ્ત્રીનું H0802 | מְצֵרָה׃ પ્રસૂતિ-પીડામાં | ס —

જુઓ, તે ગરુડની જેમ ઊડીને આવશે અને બોસરા સામે પોતાની પાંખો ફેલાવશે. અને તે દિવસે અદોમના યોદ્ધાઓ પ્રસૂતિની વેદનાથી પીડાતી સ્ત્રીની જેમ ગભરાઈ જશે.

23
לְדַמֶּשֶׂק દમસ્કસ-વિશે H1834 | בּוֹשָׁה લજ્જિત-થઈ H0954 | חֲמָת હમાથ H2574 | וְאַרְפָּד અને-અરપાદ H0774 | כִּי־ કારણ-કે | שְׁמֻעָה સમાચાર H8052 | רָעָה ખરાબ | שָׁמְעוּ સાંભળ્યા H8085 | נָמֹגוּ ઓગળી-ગયા H4127 | בַּיָּם સમુદ્રમાં H3220
דְּאָגָה ચિંતા H1674 | הַשְׁקֵט શાંત H8252 | לֹא નહિ H3808 | יוּכָל׃ થઈ-શકે H3201

દમસ્કસ વિષેની વાત; "હમાથ અને આર્પાદ લજ્જિત થયાં છે. કેમ કે તેમણે માઠા સમાચાર સાંભળ્યા છે. તેઓ વિખેરાઈ ગયા છે સમુદ્ર પર ખેદ છે તે શાંત રહી શકતો નથી.

24
רָפְתָה નિર્બળ-થયું H7503 | דַמֶּשֶׂק દમસ્કસ H1834 | הִפְנְתָה વળ્યું H6437 | לָנוּס ભાગવા H5127 | וְרֶטֶט અને-કંપે H7374 | הֶחֱזִיקָה પકડ્યું H2388 | צָרָה સંકટ | וַחֲבָלִים અને-પ્રસવ-પીડા | אֲחָזַתָּה પકડ્યાં H0270 | כַּיּוֹלֵדָה׃ પ્રસૂતિમાંની-જેમ H3205

દમસ્કસ લાચાર બની ગયું છે; તેના સર્વ લોકો પાછા ફરીને નાસે; પ્રસૂતિની વેદનાથી પીડાતી સ્ત્રીની જેમ તેને કષ્ટ તથા વેદના થાય છે.

25

| | | |
|---|---|---|
| אֵיךְ | કેવી-રીતે | |
| לֹא־ | નહીં | H3808 |
| עֻזְּבָה | છોડાયું | |
| עִיר | નગર | |
| [תהלה] | — | H8416 |
| (תְּהִלָּת) | પ્રશંસાનું | H8416 |
| קִרְיַת | શહેર | H7151 |
| מְשׂוֹשִׂי׃ | મારા-આનંદનું | H4885 |

તેના લોક કહે છે, “આનંદનું નગર જે એક સમયે ખૂબ ગૌરવવંતું હતું તે કેવું ત્યાગી દેવામાં આવ્યું છે?’”

26

| | | |
|---|---|---|
| לָכֵן | તેથી | |
| יִפְּלוּ | પડશે | H5307 |
| בַחוּרֶיהָ | તેન◌ા-જુવાનો | H0970 |
| בִּרְחֹבֹתֶיהָ | તેની-શેરીઓમાં | H7339 |
| וְכָל־ | અને-બધા | H3605 |
| אַנְשֵׁי | યોદ્ધાઓ | H0376 |
| הַמִּלְחָמָה | લડાઈના | H4421 |
| יִדַּמּוּ | ચૂપ-થશે | |
| בַּיּוֹם | દિવસે | H3117 |
| הַהוּא | તે | H1931 |
| נְאֻם | ભાષણ | H5002 |
| יְהוָה | યહોવા | H3068 |
| צְבָאוֹת׃ | સૈન્યોના | |

સૈન્યોના યહોવાહ કહે છે, “તે દિવસે તેના જુવાન માણસો મહોલ્લાઓમાં મૃત્યુ પામશે. અને યોદ્ધાઓ નાશ પામશે.

27

| | | |
|---|---|---|
| וְהִצַּתִּי | અને-સળગાવીશ | H3341 |
| אֵשׁ | આગ | H0784 |
| בְּחוֹמַת | દીવાલોમાં | H2346 |
| דַּמָּשֶׂק | દમસ્કસની | H1834 |
| וְאָכְלָה | અને-ખાઈ-જશે | H0398 |
| אַרְמְנוֹת | મહેલો | H0759 |
| בֶּן־הֲדָד׃ | બેન-હદાદન◌ા | H1130 |
| ס | — | |

અને હું દમસ્કસની દીવાલો પર આગ લગાડીશ અને તે બેન-હદાદના મહેલોને બાળીને ભસ્મ કરશે.”

28

| | | |
|---|---|---|
| לְקֵדָר | કેદાર-વિશે | H6938 |
| וּלְמַמְלְכוֹת | અને-રાજ્યો | H4467 |
| חָצוֹר | હાસોરન◌ા | H2674 |
| אֲשֶׁר | જેમને | |
| הִכָּה | હરાવ્યા | H5221 |
| [נבוכדראצור] | — | H5019 |
| (נְבוּכַדְרֶאצַּר) | નબૂખાદનેસ્સારે | H5020 |
| מֶלֶךְ־ | રાજા | H4428 |
| בָּבֶל | બાબિલના | H0894 |
| כֹּה | આ | H3541 |
| אָמַר | કહે-છે | H0559 |
| יְהוָה | યહોવા | H3068 |
| קוּמוּ | ઊઠો | |
| עֲלוּ | ચઢો | H5927 |
| אֶל־ | વિરુદ્ધ | H0413 |
| קֵדָר | કેદારના | H6938 |
| וְשָׁדְדוּ | અને-લૂંટો | H7703 |
| אֶת־ | — | H0853 |
| בְּנֵי־ | સંતાનો | |
| קֶדֶם׃ | પૂર્વન◌ા | |

કેદાર અને હાસોરના વિષે યહોવાહ બાબિલના રાજા નબૂખાદનેસ્સારને કહે છે કે, હવે બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર આ જગ્યાઓનો નાશ કરશે; “ઊઠો અને કેદાર પર ચઢાઈ કરો અને પૂર્વ તરફના લોકનો નાશ કરો.

29

| | | |
|---|---|---|
| אָהֳלֵיהֶם | તેમનાં-તંબૂ | H0168 |
| וְצֹאנָם | અને-તેમનાં-ઘેટાં | H6629 |
| יִקָּחוּ | લૂંટાશે | H3947 |
| יְרִיעוֹתֵיהֶם | તેમનાં-પડદા | H3407 |
| וְכָל־ | અને-બધું | H3605 |
| כְּלֵיהֶם | તેમનું-સામાન | H3627 |
| וּגְמַלֵּיהֶם | અને-તેમન◌ા-ઊંટો | H1581 |
| יִשְׂאוּ | લઈ-જશે | H5375 |
| לָהֶם | તેમન◌ા-માટે | H1992 |
| וְקָרְאוּ | અને-બોલશે | H7121 |
| עֲלֵיהֶם | તેમન◌ા-ઉપર | |
| מָגוֹר | ભય | H4032 |
| מִסָּבִיב׃ | ચારે-બાજુ | H5439 |

તેનું સૈન્ય તેઓના તંબુઓ તથા ટોળાંને લઈ જશે. તેઓના સર્વ સામાનને તથા તેઓની કનાતોને લઈ જશે. તેઓનાં ઊંટોને તેઓ પોતાને માટે લઈ જશે. તેઓ પોકારીને કહેશે કે ચારેબાજુ ભય છે.’

30

| | | |
|---|---|---|
| נֻסוּ | ભાગો | H5127 |
| נֻּדוּ | ભટકો | H5110 |
| מְאֹד | ઘણું | H3966 |
| הֶעְמִיקוּ | ગહરાઈ-માં-જાઓ | H6009 |
| לָשֶׁבֶת | વસવા | H3427 |
| יֹשְׁבֵי | વસનારા | H3427 |
| חָצוֹר | હાસોરન◌ા | H2674 |
| נְאֻם־ | ભાષણ | H5002 |
| יְהוָה | યહોવાનું | H3068 |
| כִּי־ | કારણ-કે | |
| יָעַץ | યોજ્યું-છે | H3289 |
| עֲלֵיכֶם | તમારી-વિરુદ્ધ | |
| נְבוּכַדְרֶאצַּר | નબૂખાદનેસ્સારે | H5019 |
| מֶלֶךְ־ | રાજા | H4428 |
| בָּבֶל | બાબેલન◌ા | H0894 |
| עֵצָה | યોજના | H6098 |
| וְחָשַׁב | અને-વિચાર્યું | H2803 |
| [עליהם] | — | |
| (עֲלֵיכֶם) | તમારી-વિરુદ્ધ | H5921 |
| מַחֲשָׁבָה׃ | યોજના | H4284 |

યહોવાહ કહે છે; હે હાસોરના વતનીઓ, નાસો, દૂર જતા રહો, એકાંત જગ્યામાં વસો. “કેમ કે બાબિલના રાજા નબૂખાદનેસ્સારે તમારી વિરુદ્ધ તમારો નાશ કરવા માટે કાવતરું રચ્યું છે. નાસી જાઓ, પાછા જાઓ.

31

| קוּמוּ | עֲלוּ | אֶל־ | גּוֹי | שְׁלֵיו | יוֹשֵׁב | לָבֶטַח | נְאֻם־ | יְהוָה | לֹא־ | דְלָתַיִם | וְלֹא־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઊઠો | ચઢો | વિરુદ્ધ | પ્રજા | શાંતિપૂર્ણ | જે-વસે-છે | નિર્ભયથી | ભાષણ | યહોવાનું | નહીં | દરવાજા | અને-નહીં |
| | H5927 | H0413 | | H7961 | H3427 | H0983 | H5002 | H3068 | H3808 | | H3808 |

| בְרִיחַ | לוֹ | בָּדָד | יִשְׁכֹּנוּ׃ |
|---|---|---|---|
| અડચણો | તેમને | એકલા | વસે-છે |
| H1280 | | H0910 | H7931 |

યહોવાહ કહે છે, ઊઠો અને જે પ્રજા સ્વસ્થ અને નિશ્ચિંત છે તેના પર હુમલો કરો. જેઓને દરવાજા નથી કે ભૂંગળો નથી અને જેઓ એકલા રહે છે.

32

| וְהָיוּ | גְמַלֵּיהֶם | לָבַז | וַהֲמוֹן | מִקְנֵיהֶם | לְשָׁלָל | וְזֵרִתִים | לְכָל־ | רוּחַ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-થશે | તેમન□ા-ઊંટો | લૂંટ-માટે | અને-ઘણાં | તેમનાં-ઘેટાં | શિકાર-માટે | અને-વિખેરીશ-તેમને | બધી | દિશાઓમાં |
| H1961 | H1581 | H0957 | | H4735 | H7998 | H2219 | H3605 | H7307 |

| קְצוּצֵי | פֵאָה | וּמִכָּל־ | עֲבָרָיו | אָבִיא | אֶת־ | אֵידָם | נְאֻם־ | יְהוָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| કાપેલી | કિનારાવાળા | અને-બધી | તેમની-બાજુઓથી | લાવીશ | — | તેમની-આફત | ભાષણ | યહોવાનું |
| H7112 | H6285 | H3605 | H5676 | H0935 | H0853 | H0343 | H5002 | H3068 |

માટે તેઓનાં ઊંટો લૂંટાશે અને તેઓની સર્વ સંપત્તિ લૂંટાશે. અને જેઓની દાઢીના ખૂણા કાપેલા છે તેઓને હું ચારેકોર વિખેરી નાખીશ, અને દરેક બાજુએથી તેઓના પર આફત ઉતારીશ." એમ યહોવાહ કહે છે.

33

| וְהָיְתָה | חָצוֹר | לִמְעוֹן | תַּנִּים | שְׁמָמָה | עַד־ | עוֹלָם | לֹא־ | יֵשֵׁב | שָׁם | אִישׁ | וְלֹא־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થશે | હાસોર | ગીદડોનું-સ્થાન | શિયાળોનું | ઉજ્જડ | સદા | માટે | નહિ | વસશે | ત્યાં | કોઈ-પણ | અને-નહિ |
| H1961 | H2674 | H4583 | | | H5704 | H5769 | H3808 | H3427 | H8033 | H0376 | H3808 |

| יָגוּר | בָהּ | בֶּן־ | אָדָם׃ | ס |
|---|---|---|---|---|
| પરદેશી-થશે | તેમાં | કોઈ | માણસ | — |
| | | | H0120 | |

"હાસોર શિયાળવાંની બોડ બની જશે, સદાકાળ માટે તે વેરાન પ્રદેશ બની જશે, કોઈ ત્યાં વસશે નહિ કે કોઈ માણસ ત્યાં ઘર નહિ બનાવે."

34

| אֲשֶׁר | הָיָה | דְבַר־ | יְהוָה | אֶל־ | יִרְמְיָהוּ | הַנָּבִיא | אֶל־ | עֵילָם | בְּרֵאשִׁית | מַלְכוּת |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જે | આવ્યું | વચન | યહોવાનું | પ્રત્યે | યિર્મેયાહૂ | પ્રબોધકને | વિરુદ્ધ | એલામન□ા | શરૂઆતમાં | રાજ્ય |
| | H1961 | H1697 | H3068 | H0413 | H3414 | H5030 | H0413 | | H7225 | H4438 |

| צִדְקִיָּה | מֶלֶךְ־ | יְהוּדָה | לֵאמֹר׃ |
|---|---|---|---|
| સિદકિયાહૂના | રાજા | યહૂદાન□ા | કહેતાં |
| H6667 | H4428 | H3063 | H0559 |

યહૂદિયાના રાજા સિદકિયાના અમલની શરૂઆતમાં એલામ વિષે યહોવાહનું જે વચન યર્મિયા પ્રબોધક પાસે આવ્યું તે આ છે,

35

| כֹּה | אָמַר | יְהוָה | צְבָאוֹת | הִנְנִי | שֹׁבֵר | אֶת־ | קֶשֶׁת | עֵילָם | רֵאשִׁית | גְּבוּרָתָם׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આ | કહે-છે | યહોવા | સૈન્યોના | જુઓ-હું | તોડી-કાઢું-છું | — | ધનુષ | એલામનું | મુખ્ય | તેમની-શક્તિનું |
| H3541 | H0559 | H3068 | | H2009 | H7665 | H0853 | H7198 | | H7225 | H1369 |

"સૈન્યોના યહોવાહ કહે છે; જુઓ, હું તેઓના બળના મુખ્ય આધાર એલામના ધનુષ્યને ભાંગી નાખીશ.

36

| וְהֵבֵאתִי | אֶל־ | עֵילָם | אַרְבַּע | רוּחוֹת | מֵאַרְבַּע | קְצוֹת | הַשָּׁמַיִם | וְזֵרִתִים | לְכֹל |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-લાવીશ | વિરુદ્ધ | એલામના | ચાર | પવનો | ચારેય | છેડાઓથી | આકાશન□ા | અને-વિખેરીશ-તેમને | બધી |
| H0935 | H0413 | | H0702 | H7307 | H0702 | H7098 | H8064 | H2219 | H3605 |

| הָרֻחוֹת | הָאֵלֶּה | וְלֹא־ | יִהְיֶה | הַגּוֹי | אֲשֶׁר | לֹא־ | יָבוֹא | שָׁם | נִדְּחֵי | ]עולם[ | (עֵילָם׃) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પવનોમાં | આ | અને-નહિ | હોય | પ્રજા | જ્યાં | નહિ | આવે | ત્યાં | વિખેરાયેલા | — | એલામન□ા |
| H7307 | H0428 | H3808 | H1961 | | | H3808 | H0935 | H8033 | H5080 | | H5867 |

આકાશની ચારે દિશાઓથી ચાર વાયુ હું એલામ પર મોકલીશ. અને એ ચારે વાયુઓ તરફ હું તેઓને વિખેરી નાખીશ. અને જ્યાં એલામથી નાઠેલા માણસો નહિ જાય, એવો કોઈ દેશ હશે નહિ.

37

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהַחְתַּתִּ֣י | אֶת־ | עֵ֠ילָם | לִפְנֵ֣י | אֹיְבֵיהֶ֗ם | וְלִפְנֵ֣י | מְבַקְשֵׁ֣י | נַפְשָׁ֔ם | וְהֵבֵאתִ֨י |
| અને-ભયભીત-કરીશ | — | એલામને | આગળ | તેમન◌ા-શત્રુઓન◌ા | અને-આગળ | જે-શોધે-છે | તેમનો-જીવ | અને-લાવીશ |
| H2865 | H0853 | | H6440 | H0341 | H6440 | H1245 | H5315 | H0935 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַעֲלֵיהֶ֣ם | רָעָ֞ה | אֶת־ | חֲר֥וֹן | אַפִּ֖י | נְאֻם־ | יְהוָ֑ה | וְשִׁלַּחְתִּ֤י | אַֽחֲרֵיהֶם֙ | אֶת־ | הַחֶ֔רֶב |
| તેમન◌ા-ઉપર | અનિષ્ટ | — | ક્રોધનો-ભડકો | મારો | ભાષણ | યહોવાનું | અને-મોકલીશ | તેમની-પાછળ | — | તલવાર |
| | | H0853 | H2740 | H0639 | H5002 | H3068 | H7971 | | H0853 | H2719 |

| | | |
|---|---|---|
| עַ֥ד | כַּלּוֹתִ֖י | אוֹתָֽם׃ |
| સુધી | તેમનો-નાશ-કરું | તેમને |
| H5704 | H3615 | H0853 |

તેઓના શત્રુઓથી તથા જેઓ તેઓનો જીવ લેવા શોધે છે. તેઓને હું એલામથી ભયભીત કરીશ. અને હું વિપત્તિ, હા, મારો ભારે ક્રોધ તેમના પર લાવીશ. એવું યહોવાહ કહે છે "હું તેઓનો નાશ થતાં સુધી તેઓના પર તલવાર મોકલીશ.

38

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְשַׂמְתִּ֥י | כִסְאִ֖י | בְּעֵילָ֑ם | וְהַאֲבַדְתִּ֥י | מִשָּׁ֛ם | מֶ֥לֶךְ | וְשָׂרִ֖ים | נְאֻם־ | יְהוָֽה׃ |
| અને-સ્થાપીશ | મારું-સિંહાસન | એલામમાં | અને-નાશ-કરીશ | ત્યાંથી | રાજા | અને-સરદારો | ભાષણ | યહોવાનું |
| | H3678 | | H0006 | H8033 | H4428 | H8269 | H5002 | H3068 |

યહોવાહ કહે છે કે, હું એલામમાં મારું રાજ્યાસન સ્થાપીશ. અને તેમાંથી રાજાનો અને સરદારોનો સંહાર કરીશ." એમ યહોવાહ કહે છે.

39

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָ֣ה | בְּאַחֲרִ֣ית | הַיָּמִ֔ים | ]אשוב[ | )אָשִׁ֛יב( | אֶת־ | ]שבית[ | )שְׁבִ֥ות( | עֵילָ֖ם | נְאֻם־ | יְהוָֽה׃ |
| અને-થશે | અતન◌ા | દિવસોમાં | — | પાછું-ફેરવીશ | — | — | ભાગ્ય | એલામનું | ભાષણ | યહોવાનું |
| H1961 | H0319 | H3117 | H7725 | H7725 | H0853 | H7622 | H7622 | | H5002 | H3068 |

| |
|---|
| ס |
| — |

"પણ પાછલા વર્ષોમાં હું એલામનો બંદીવાસ ફેરવી નાખીશ." એમ યહોવાહ કહે છે.

## Chapter 50

1

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַדָּבָ֗ר | אֲשֶׁ֨ר | דִּבֶּ֤ר | יְהוָה֙ | אֶל־ | בָּבֶ֔ל | אֶל־ | אֶ֖רֶץ | כַּשְׂדִּ֑ים | בְּיַ֖ד | יִרְמְיָ֥הוּ | הַנָּבִֽיא׃ |
| વચન | જે | બોલ્યા | યહોવા | વિરુદ્ધ | બાબિલોન | વિરુદ્ધ | દેશ | ખાલ્દીઓના | દ્વારા | યિર્મેયા | પ્રબોધકના |
| H1697 | | H1696 | H3068 | H0413 | H0894 | H0413 | H0776 | H3778 | H3027 | H3414 | H5030 |

બાબિલ અને ખાલદીઓના દેશ વિષે યહોવાહે જે વચન યર્મિયા પ્રબોધક મારફતે કહ્યુ તે આ છે.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַגִּ֨ידוּ | בַגּוֹיִ֤ם | וְהַשְׁמִ֙יעוּ֙ | וּֽשְׂאוּ־ | נֵ֔ס | הַשְׁמִ֖יעוּ | אַל־ | תְּכַחֵ֑דוּ | אִמְרוּ֩ | נִלְכְּדָ֨ה |
| જાહેર-કરો | પ્રજાઓમાં | અને-સંભળાવો | અને-ઊંચો-કરો | ધ્વજ | સંભળાવો | નહિ | છુપાવો | કહો | લેવાયું |
| H5046 | | H8085 | H5375 | H5251 | H8085 | H0408 | H3582 | H0559 | H3920 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בָּבֶ֜ל | הֹבִ֥ישׁ | בֵּל֙ | חַ֣ת | מְרֹדָ֔ךְ | הֹבִ֣ישׁוּ | עֲצַבֶּ֔יהָ | חַ֖תּוּ | גִּלּוּלֶֽיהָ׃ |
| બાબિલોન | લજ્જિત-થયો | બેલ | ચૂરેચૂરા-થયો | મેરોદાખ | લજ્જિત-થયાં | તેની-મૂર્તિઓ | ચૂરેચૂરા-થયા | તેના-દેવો |
| H0894 | H3001 | H1078 | H2865 | H4781 | H3001 | H6091 | H2865 | H1544 |

"પ્રજાઓમાં પ્રગટ કરીને સંભળાવો. ધ્વજા ફરકાવી અને જાહેર કરો. છુપાવશો નહિ. કહો કે, બાબિલ જિતાયું છે. બેલ લજ્જિત થયો છે. મેરોદાખના ભાંગીને ટુકડેટુકડા થઈ ગયા છે. તેની મૂર્તિઓને લજ્જિત કરવામાં આવી છે; તેનાં પૂતળાંને ભાંગી નાખવામાં આવ્યાં છે.'

3

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֣י | עָלָה֩ | עָלֶ֨יהָ | גּ֜וֹי | מִצָּפ֗וֹן | הֽוּא־ | יָשִׁ֤ית | אֶת־ | אַרְצָהּ֙ | לְשַׁמָּ֔ה | וְלֹא־ | יִהְיֶ֥ה |
| કારણ-કે | આવ્યું | તેની-ઉપર | રાષ્ટ્ર | ઉત્તરથી | તે | બનાવશે | - | તેનો-દેશ | ઉજ્જડ | અને-નહિ | રહેશે |
| | H5927 | | | H6828 | H1931 | H7896 | H0853 | H0776 | H8047 | H3808 | H1961 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יוֹשֵׁ֖ב | בָּ֑הּ | מֵאָדָם֙ | וְעַד־ | בְּהֵמָ֔ה | נָ֖דוּ | הָלָֽכוּ׃ |
| રહેવાસી | તેમાં | માણસથી | લઈને | પશુ-સુધી | ભાગ્યા | ગયા |
| H3427 | | H0120 | H5704 | H0929 | H5110 | H1980 |

ઉત્તર દિશામાંથી લોક તેના પર ચઢી આવે છે, તેઓ તેના દેશને વેરાન બનાવી દેશે, માણસ કે પશુ તેમાં રહેશે નહિ, તેઓ ત્યાંથી નાસી જશે.

4

| | | |
|---|---|---|
| בַּיָּמִים | તે-દિવસોમાં | H3117 |
| הָהֵמָּה | તે | H1992 |
| וּבָעֵת | અને-તે-સમયે | H6256 |
| הַהִיא | તે | H1931 |
| נְאֻם- | વાણી | H5002 |
| יְהוָה | યહોવાની | H3068 |
| יָבֹאוּ | આવશે | H0935 |
| בְנֵי- | પુત્રો | |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| הֵמָּה | તેઓ | H1992 |
| וּבְנֵי- | અને-પુત્રો | |
| יְהוּדָה | યહૂદાના | H3063 |
| יַחְדָּו | સાથે | |
| הָלוֹךְ | ચાલતાં | H1980 |
| וּבָכוֹ | અને-રડતાં | H1058 |
| יֵלֵכוּ | જશે | H3212 |
| וְאֶת- | અને | H0853 |
| יְהוָה | યહોવા | H3068 |
| אֱלֹהֵיהֶם | તેમના-ઈશ્વરને | H0430 |
| יְבַקֵּשׁוּ׃ | શોધશે | H1245 |

યહોવાહ કહે છે, “તે દિવસોમાં અને તે સમયે' ઇઝરાયલપુત્રો અને યહૂદિયાના લોકો સાથે મળીને આવશે, તેઓ રડતાં રડતાં આવશે અને તેમના ઈશ્વર યહોવાહની શોધ કરશે.

5

| | | |
|---|---|---|
| צִיּוֹן | સિયોન | H6726 |
| יִשְׁאָלוּ | પૂછશે | H7592 |
| דֶּרֶךְ | માર્ગ | H1870 |
| הֵנָּה | ત્યાં | H2008 |
| פְנֵיהֶם | તેમનાં-મુખ | H6440 |
| בֹּאוּ | આવો | H0935 |
| וְנִלְווּ | અને-જોડાઓ | |
| אֶל- | – | H0413 |
| יְהוָה | યહોવા-સાથે | H3068 |
| בְּרִית | કરાર | H1285 |
| עוֹלָם | સનાતન | H5769 |
| לֹא | નહિ | H3808 |
| תִשָּׁכֵחַ׃ | ભુલાશે | H7911 |
| ס | — | |

તેઓ સિયોનનો માર્ગ પૂછશે અને તેની તરફ આગળ વધશે. તેઓ કહેશે, ‘આવો, કદી ભૂલી ન જવાય તેવો સનાતન કરાર કરીને આપણે યહોવાહ સાથેના સંબંધમાં જોડાઈએ.

6

| | | |
|---|---|---|
| צֹאן | ઘેટાં | H6629 |
| אֹבְדוֹת | ખોવાયેલાં | H0006 |
| ]היה[ | – | H1961 |
| )הָיוּ( | હતા | H1961 |
| עַמִּי | મારા-લોકો | |
| רֹעֵיהֶם | તેમના-ઘેટાપાળકોએ | |
| הִתְעוּם | ભટકાવ્યા | H8582 |
| הָרִים | પર્વતો-પર | H2022 |
| ]שובבים[ | – | H7726 |
| )שׁוֹבְבוּם( | ફેરવ્યા | H7725 |
| מֵהַר | પર્વતથી | H2022 |
| אֶל- | – | H0413 |
| גִּבְעָה | ટેકરી-પર | H1389 |
| הָלָכוּ | ગયા | H1980 |
| שָׁכְחוּ | ભૂલી-ગયા | H7911 |
| רִבְצָם׃ | તેમની-વિશ્રામસ્થળ | H7258 |

મારા લોકો ખોવાયેલાં ઘેટાં જેવાં હતા, તેઓનાં ઘેટાંને પાળકોએ ભૂલાં પડવા દીધા. અને પર્વતો પર ગમે તેમ ભટકવા દીધાં, તેઓ પોતાના માર્ગ ભૂલી ગયાં અને વાડામાં કઈ રીતે પાછા આવવું તે તેઓને યાદ રહ્યુ નહિ.

7

| | | |
|---|---|---|
| כָּל- | જેઓ | H3605 |
| מוֹצְאֵיהֶם | શોધતા-હતા-તેઓએ | H4672 |
| אֲכָלוּם | ખાધા | H0398 |
| וְצָרֵיהֶם | અને-તેમના-વિરોધીઓએ | |
| אָמְרוּ | કહ્યુ | H0559 |
| לֹא | નહિ | H3808 |
| נֶאְשָׁם | અપરાધી-છીએ | H0816 |
| תַּחַת | કારણ-કે | H8478 |
| אֲשֶׁר | તેઓએ | |
| חָטְאוּ | પાપ-કર્યુ | H2398 |
| לַיהוָה | યહોવા-વિરુદ્ધ | H3068 |
| נְוֵה- | નિવાસસ્થાન | |
| צֶדֶק | ન્યાયનું | H6664 |
| וּמִקְוֵה | અને-આશા | |
| אֲבוֹתֵיהֶם | તેમના-પિતૃઓની | H0001 |
| יְהוָה׃ | યહોવા | H3068 |
| ס | — | |

જે કોઈ તેઓને મળ્યા, તે સર્વ તેઓને ખાઈ ગયા, તેઓના શત્રુઓએ કહ્યુ કે, તેઓએ પોતાના ન્યાયાસ્પદ યહોવાહ, હા, તેઓના પૂર્વજોની આશા યહોવાહની વિરુદ્ધ પાપ કર્યું છે. તેથી અમે દોષપાત્ર ઠરીશું નહિ.'

8

| | | |
|---|---|---|
| נֻדוּ | ભાગો | H5110 |
| מִתּוֹךְ | વચ્ચેથી | H8432 |
| בָּבֶל | બાબિલોનની | H0894 |
| וּמֵאֶרֶץ | અને-દેશમાંથી | H0776 |
| כַשְׂדִּים | ખાલ્દીઓના | H3778 |
| ]יצאו[ | – | H3318 |
| )צֵאוּ( | નીકળો | H3318 |
| וִהְיוּ | અને-બનો | H1961 |
| כְּעַתּוּדִים | બકરાઓ-જેવા | H6260 |
| לִפְנֵי- | આગળ | H6440 |
| צֹאן׃ | ટોળાંની | H6629 |

બાબિલમાંથી નાસી જાઓ અને ખાલદીઓના દેશમાંથી નીકળી જાઓ. અને ટોળાંની આગળ ચાલનાર બકરાના જેવા થાઓ.

9 כִּי הִנֵּה אָנֹכִי מֵעִיר וּמַעֲלָה עַל־ בָּבֶל קְהַל־ גּוֹיִם גְּדֹלִים מֵאֶרֶץ
કારણ-કે જુઓ હું ઉત્તેજિત-કરું-છું અને-લાવું-છું વિરુદ્ધ બાબિલોનની સમૂહ પ્રજાઓનો મોટી દેશમાંથી
H2009 H0595 H5782 H5927 H0894 H6951 H0776

צָפוֹן וְעָרְכוּ לָהּ מִשָּׁם תִּלָּכֵד חִצָּיו כְּגִבּוֹר מַשְׁכִּיל לֹא יָשׁוּב רֵיקָם׃
ઉત્તરના અને-ગોઠવશે તેની-વિરુદ્ધ ત્યાંથી લેવાશે તેના-બાણો યોદ્ધાની-જેમ કુશળ નહિ પાછા-ફરે ખાલી
H6828 H8033 H3920 H2671 H1368 H3808 H7725 H7387

કેમ કે જુઓ, હું ઉત્તર દિશામાંથી મોટી પ્રજાઓના સમુદાયને બાબિલ વિરુદ્ધ ઉશ્કેરીશ. તેઓ તેની સામે મોરચો માંડશે અને તેને કબજે કરશે. તેઓનાં તીર કુશળ અને બહાદુર ધનુર્ધારીઓના બાણ જેવાં થશે. કોઈ ખાલી પાછું આવશે નહિ.

10 וְהָיְתָה כַשְׂדִּים לְשָׁלָל כָּל־ שֹׁלְלֶיהָ יִשְׂבָּעוּ נְאֻם־ יְהוָה׃
અને-થશે ખાલ્દીઓ લૂંટ બધા લૂંટનારા તૃપ્ત-થશે વાણી યહોવાની
H1961 H3778 H7998 H3605 H7646 H5002 H3068

ખાલદી દેશને લૂંટી લેવામાં આવશે અને જેઓ તેને લૂંટશે. તેઓ સર્વ લૂંટથી તૃપ્ત થશે.” એવું યહોવાહ કહે છે.

11 כִּי ]תשמחי[ )תִשְׂמְחוּ( כִּי ]תעלזי[ )תַעַלְזוּ( שֹׁסֵי נַחֲלָתִי כִּי
કારણ-કે – તમે-આનંદ-કરો-છો કારણ-કે – તમે-ઉલ્લાસ-કરો-છો લૂંટનારા મારા-વારસાના કારણ-કે
H8055 H8055 H5937 H5937 H8154 H5159

]תפושי[ )תָפוּשׁוּ( כְּעֶגְלָה דָשָׁה ]ותצהלי[ )וְתִצְהֲלוּ( כָּאֲבִּרִים׃
– તમે-કૂદો-છો વાછરડી-જેમ ધાન્ય-ખૂંદતી – અને-હણહણો-છો ઘોડાઓ-જેવા
H6335 H1877 H6670 H0047

હે મારી વારસાને લૂંટનારાઓ, તમે આનંદ માણો છો અને મોજ કરો છો; તમે ગોચરમાં કૂદકા મારતા વાછરડાની જેમ દોડો છો; તમે બળવાન ઘોડાની જેમ હણહણો છો;

12 בּוֹשָׁה אִמְּכֶם מְאֹד חָפְרָה יוֹלַדְתְּכֶם הִנֵּה אַחֲרִית גּוֹיִם מִדְבָּר
ખૂબ-લજ્જિત-થશે તમારી-માતા ઘણી શરમિંદા-થશે તમને-જન્મ-આપનારી જુઓ છેલ્લી પ્રજાઓમાં અરણ્ય
H0954 H0517 H3966 H2659 H3205 H2009 H0319

צִיָּה וַעֲרָבָה׃
સૂકી-ભૂમિ અને-રણ
H6723 H6160

તેથી તમારી માતા બહુ લજ્જિત થશે. તમારી જનેતા શરમાશે. જુઓ, તે રણ, સૂકી ભૂમિ તથા ઉજ્જડ થઈને કનિષ્ઠ દેશ ગણાશે.

13 מִקֶּצֶף יְהוָה לֹא תֵשֵׁב וְהָיְתָה שְׁמָמָה כֻּלָּהּ כֹּל עֹבֵר עַל־ בָּבֶל
કારણે યહોવાના-ક્રોધ નહિ વસાશે અને-થશે ઉજ્જડ સંપૂર્ણ દરેક પસાર-થનાર – બાબિલોનથી
H3068 H3808 H3427 H1961 H3605 H3605 H0894

יִשֹּׁם וְיִשְׁרֹק עַל־ כָּל־ מַכּוֹתֶיהָ׃
ચોંકશે અને-સિસોટી-વગાડશે – બધા તેના-ઘા-પર
H8074 H8319 H3605 H4347

યહોવાહના ક્રોધને કારણે તે નિર્જન બની જશે, તે વેરાન બની જશે. બાબિલ પાસે થઈને જતાં સૌ કોઈ કાંપશે. અને તેની સર્વ વિપત્તિઓ જોઈને ફિટકાર કરશે.

14 עִרְכוּ עַל־ בָבֶל סָבִיב כָּל־ דֹּרְכֵי קֶשֶׁת יְדוּ אֵלֶיהָ אַל־ תַּחְמְלוּ אֶל־
ગોઠવાઓ વિરુદ્ધ બાબિલોનની ચારેબાજુ બધા ખેંચનારા ધનુષના છોડો તેના-પર નહિ બચાવો –
H0894 H5439 H3605 H1869 H7198 H3034 H0413 H0408 H2550 H0413

חֵץ כִּי לַיהוָה חָטָאָה׃
બાણ કારણ-કે યહોવા-વિરુદ્ધ પાપ-કર્યું
H2671 H3068 H2398

બાબિલની આસપાસ હારબંધ ગોઠવાઈ જાઓ, સર્વ ધનુર્ધારીઓ તેને તાકીને બાણ મારો. તમારાં તીર પાછાં ન રાખો, કેમ કે તેણે યહોવાહ વિરુદ્ધ પાપ કર્યું છે.

15 הָרִיעוּ עָלֶיהָ סָבִיב נָתְנָה יָדָהּ נָפְלוּ ]אשויתיה[ )אָשְׁיוֹתֶיהָ( נֶהֶרְסוּ חוֹמוֹתֶיהָ
પોકાર-કરો તેના-ઉપર ચારેબાજુ આપ્યો તેનો-હાથ પડ્યા – તેના-પાયા તોડાયા તેની-દીવાલો
H7321 H5439 H5414 H3027 H5307 H0803 H0803 H2040 H2346

כִּי נִקְמַת יְהוָה הִיא הִנָּקְמוּ בָהּ כַּאֲשֶׁר עָשְׂתָה עֲשׂוּ־ לָהּ׃
કારણ-કે બદલો યહોવાનો છે-આ લો-બદલો તેના-ઉપર જેમ તેણે-કર્યું કરો તેને
H5360 H3068 H1931 H5358

તેની ચારે બાજુએથી રણનાદ કરો, તેણે શરણાગતિ સ્વીકારી છે, તેના બુરજો પડી ગયા છે. તેના કોટ પાડી નાખવામાં આવ્યા છે. યહોવાહે લીધેલો બદલો એ છે. તેની પાસેથી બદલો લો. જેવું તેણે બીજાઓને કર્યું હતું તેવું જ તેને કરો

16 כִּרְתוּ זוֹרֵעַ מִבָּבֶל וְתֹפֵשׂ מַגָּל בְּעֵת קָצִיר מִפְּנֵי חֶרֶב הַיּוֹנָה אִישׁ
કાપી-નાખો વાવનારને બાબિલોનમાંથી અને-પકડનારને દાતરડું સમયે લણણીના થી-ડરીને તલવાર જુલમી દરેક
H3772 H2232 H0894 H8610 H4038 H6256 H6440 H2719 H3238 H0376

אֶל־ עַמּוֹ יִפְנוּ וְאִישׁ לְאַרְצוֹ יָנֻסוּ׃ ס
– પોતાના-લોકો-તરફ ફરશે અને-દરેક પોતાના-દેશમાં ભાગશે —
H0413 H6437 H0376 H0776 H5127

બાબિલમાંથી વાવનારને તથા કાપણીની વેળા દાતરડું ચલાવનારને નષ્ટ કરો. જુલમી તલવારને લીધે તેઓ પોતપોતાના લોકની પાસે દોડી આવશે. અને પોતપોતાના વતનમાં નાસી જશે.

17 שֶׂה פְזוּרָה יִשְׂרָאֵל אֲרָיוֹת הִדִּיחוּ הָרִאשׁוֹן אֲכָלוֹ מֶלֶךְ אַשּׁוּר וְזֶה הָאַחֲרוֹן
ઘેટું વિખેરાયેલું ઇઝરાયલ સિંહોએ ભગાડ્યું પહેલાએ ખાધું રાજા આશ્શૂરના અને-આ છેલ્લાએ
H7716 H6340 H3478 H5080 H7223 H0398 H4428 H0804 H2088 H0314

עִצְּמוֹ נְבוּכַדְרֶאצַּר מֶלֶךְ בָּבֶל׃ ס
હાડકાં-ચાવ્યાં નબૂખાદનેસ્સાર રાજા બાબિલોનના —
H5019 H4428 H0894

ઇઝરાયલ રખડેલ ઘેટાં સમાન છે અને સિંહોએ તેને નસાડી મૂક્યો છે. પ્રથમ તો આશ્શૂરનો રાજા તેઓને ખાઈ ગયો; પછી છેલ્લે બાબિલના રાજા નબૂખાદનેસ્સારે તેઓનાં હાડકાં ભાંગી નાખ્યાં છે.

18 לָכֵן כֹּה־ אָמַר יְהוָה צְבָאוֹת אֱלֹהֵי יִשְׂרָאֵל הִנְנִי פֹקֵד אֶל־ מֶלֶךְ
તેથી આ-પ્રમાણે કહ્યુ યહોવા સૈન્યોના ઈશ્વર ઇઝરાયલના જુઓ-હું સજા-કરું-છું – રાજાને
H3541 H0559 H3068 H0430 H3478 H2009 H0413 H4428

בָּבֶל וְאֶל־ אַרְצוֹ כַּאֲשֶׁר פָּקַדְתִּי אֶל־ מֶלֶךְ אַשּׁוּר׃
બાબિલોનના અને તેના-દેશને જેમ સજા-કરી – રાજાને આશ્શૂરના
H0894 H0413 H0776 H0413 H4428 H0804

તેથી સૈન્યોના યહોવાહ, ઇઝરાયલના ઈશ્વર કહે છે કે, જુઓ, મેં જે રીતે આશ્શૂરના રાજાને શાસન આપ્યું છે તે રીતે બાબિલના રાજાને અને તેના દેશને પણ શાસન આપીશ.

19 וְשֹׁבַבְתִּי אֶת־ יִשְׂרָאֵל אֶל־ נָוֵהוּ וְרָעָה הַכַּרְמֶל וְהַבָּשָׁן וּבְהַר
અને-પાછા-લાવીશ – ઇઝરાયલને – તેના-ચરાણમાં અને-ચરશે કાર્મેલમાં અને-બાશાનમાં અને-પર્વત
H7725 H0853 H3478 H0413 H3760 H1316 H2022

אֶפְרַיִם וְהַגִּלְעָד תִּשְׂבַּע נַפְשׁוֹ׃
એફ્રાઈમના અને-ગિલઆદમાં તૃપ્ત-થશે તેનો-જીવ
H0669 H1568 H7646 H5315

ઇઝરાયલને હું પાછો તેના બીડમાં લાવીશ, તે કાર્મેલ પર્વત અને બાશાન પર ચઢશે. અને તેનો જીવ એફ્રાઇમ અને ગિલ્યાદમાં સંતોષાશે.

20 בַּיָּמִים הָהֵם וּבָעֵת הַהִיא נְאֻם־ יְהוָה יְבֻקַּשׁ אֶת־ עֲוֺן יִשְׂרָאֵל וְאֵינֶנּוּ
તે-દિવસોમાં તે અને-તે-સમયે તે વાણી યહોવાની શોધાશે – અન્યાય ઇઝરાયલનો અને-નહિ-હોય
H3117 H1992 H6256 H1931 H5002 H3068 H1245 H0853 H5771 H3478 H0369

וְאֶת־ חַטֹּאת יְהוּדָה וְלֹא תִמָּצֶאינָה כִּי אֶסְלַח לַאֲשֶׁר אַשְׁאִיר׃
અને પાપો યહૂદાનાં અને-નહિ મળશે કારણ-કે માફ-કરીશ જેમને બાકી-રાખીશ
H0853 H3063 H3808 H4672 H5545 H7604

યહોવાહ કહે છે કે, તે સમયોમાં તથા તે દિવસોમાં, ઇઝરાયલનો દોષ શોધશે, પણ તેઓને મળશે નહિ. હું યહૂદિયાના પાપની તપાસ કરીશ, પણ તે મળશે નહિ. કેમ કે, જેમને હું જીવતા રહેવા દઈશ તેમને હું માફ કરીશ."

21

| | | |
|---|---|---|
| עַל־ | વિરુદ્ધ | |
| הָאָרֶץ | દેશ | H0776 |
| מְרָתַיִם | મેરાથાઈમના | H4850 |
| עֲלֵה | ચડો | H5927 |
| עָלֶיהָ | તેના-ઉપર | |
| וְאֶל־ | અને-વિરુદ્ધ | H0413 |
| יוֹשְׁבֵי | રહેવાસીઓ | H3427 |
| פְּקוֹד | પકોદના | H6489 |
| חֲרֹב | વધેરો | |
| וְהַחֲרֵם | અને-સંપૂર્ણ-નાશ-કરો | |
| אַחֲרֵיהֶם | તેમની-પાછળ | |
| נְאֻם־ | વાણી | H5002 |
| יְהוָה | યહોવાની | H3068 |
| וַעֲשֵׂה | અને-કરો | |
| כְּכֹל | બધું | H3605 |
| אֲשֶׁר | જે | |
| צִוִּיתִיךָ׃ | આજ્ઞા-આપી-છે | H6680 |
| ס | — | |

"મેરાથાઈમ દેશ પર હા, તે જ દેશ પર અને પેકોદના વતનીઓ પર ચઢાઈ કર, તેઓની પાછળ પડીને તેઓનો ઘાત કર તેઓનો સંહાર કરો. "મેં તને જે સર્વ કરવાનું ફરમાવ્યું છે, તે પ્રમાણે કર, એમ યહોવાહ કહે છે.

22

| | | |
|---|---|---|
| קוֹל | અવાજ | |
| מִלְחָמָה | યુદ્ધનો | H4421 |
| בָּאָרֶץ | દેશમાં | H0776 |
| וְשֶׁבֶר | અને-વિનાશ | H7667 |
| גָּדוֹל׃ | મોટો | |

દેશમાં રણનાદ અને ભયંકર યુદ્ધનો પોકાર સંભળાય છે.

23

| | | |
|---|---|---|
| אֵיךְ | કેવી-રીતે | |
| נִגְדַּע | કાપી-નખાયું | H1438 |
| וַיִּשָּׁבֵר | અને-તૂટ્યું | H7665 |
| פַּטִּישׁ | હથોડું | H6360 |
| כָּל־ | આખી | H3605 |
| הָאָרֶץ | પૃથ્વીનું | H0776 |
| אֵיךְ | કેવી-રીતે | |
| הָיְתָה | થયું | H1961 |
| לְשַׁמָּה | ઉજ્જડ | H8047 |
| בָּבֶל | બાબિલોન | H0894 |
| בַּגּוֹיִם׃ | પ્રજાઓમાં | |

આખા જગતનો હથોડો કેવો કપાઈ ગયો છે તથા ભાંગીતૂટી ગયો છે. પ્રજાઓમાં બાબિલ કેવો ઉજ્જડ થયો છે.

24

| | | |
|---|---|---|
| יָקֹשְׁתִּי | ફાંદો-ગોઠવ્યો | H3369 |
| לָךְ | તારા-માટે | |
| וְגַם־ | અને-પણ | H1571 |
| נִלְכַּדְתְּ | પકડાઈ | H3920 |
| בָּבֶל | બાબિલોન | H0894 |
| וְאַתְּ | અને-તું | |
| לֹא | નહિ | H3808 |
| יָדָעַתְּ | જાણતી-હતી | H3045 |
| נִמְצֵאת | મળી-આવી | H4672 |
| וְגַם־ | અને-પણ | H1571 |
| נִתְפַּשְׂתְּ | પકડાઈ | H8610 |
| כִּי | કારણ-કે | |
| בַיהוָה | યહોવા-સાથે | H3068 |
| הִתְגָּרִית׃ | લડાઈ-કરી | H1624 |

હે બાબિલ, મેં તારા માટે જાળ બિછાવી છે. તું તેમાં સપડાઈ ગયો છે અને તને તેની ખબર નથી. તું મળ્યો અને તું પકડાયો છે, કેમ કે તેં મને એટલે યહોવાહને પડકાર આપ્યો છે."

25

| | | |
|---|---|---|
| פָּתַח | ખોલ્યો | |
| יְהוָה | યહોવાએ | H3068 |
| אֶת־ | – | H0853 |
| אוֹצָרוֹ | તેમનો-ભંડાર | H0214 |
| וַיּוֹצֵא | અને-બહાર-કાઢ્યાં | H3318 |
| אֶת־ | – | H0853 |
| כְּלֵי | હથિયારો | H3627 |
| זַעְמוֹ | તેમના-ક્રોધનાં | H2195 |
| כִּי־ | કારણ-કે | |
| מְלָאכָה | કામ | H4399 |
| הִיא | આ-છે | H1931 |
| לַאדֹנָי | પ્રભુ | H0136 |
| יְהוִה | યહોવા | H3069 |
| צְבָאוֹת | સૈન્યોના-નું | |
| בְּאֶרֶץ | દેશમાં | H0776 |
| כַּשְׂדִּים׃ | ખાલ્દીઓના | H3778 |

યહોવાહે પોતાનો શસ્ત્રભંડાર ખોલ્યો છે અને પોતાના શત્રુઓ પર પોતાનો ક્રોધાગ્નિ પ્રગટાવવા માટે શસ્ત્રો બહાર કાઢ્યાં છે. કેમ કે સૈન્યોના પ્રભુ યહોવાહે ખાલદીઓના દેશમાં કામ કરવાનું છે.

26

| | | |
|---|---|---|
| בֹּאוּ־ | આવો | H0935 |
| לָהּ | તેના-ઉપર | |
| מִקֵּץ | છેડેથી | H7093 |
| פִּתְחוּ | ખોલો | |
| מַאֲבֻסֶיהָ | તેનાં-ભંડારો | H3965 |
| סָלּוּהָ | ઢગલા-કરો | H5549 |
| כְמוֹ־ | જેમ | H3644 |
| עֲרֵמִים | ઢગલાઓ | H6194 |
| וְהַחֲרִימוּהָ | અને-સંપૂર્ણ-નાશ-કરો | |
| אַל־ | નહિ | H0408 |
| תְּהִי־ | રહે | H1961 |
| לָהּ | તેને | |
| שְׁאֵרִית׃ | બાકી | H7611 |

છેક છેડેથી તેના પર ચઢી આવો. તેના અનાજના ભંડારો ખોલી નાખો અને તેનો ઢગલો કરો. તેનો નાશ કરો. તેમાંથી કશું પણ બાકી ન રહેવા દો.

27

| | | |
|---|---|---|
| חִרְבוּ | વધેરો | |
| כָּל־ | બધા | H3605 |
| פָּרֶיהָ | તેના-સાંઢ | H6499 |
| יֵרְדוּ | ઊતરે | H3381 |
| לַטָּבַח | કતલ-માટે | H2874 |
| הוֹי | અફસોસ | H1945 |
| עֲלֵיהֶם | તેમના-પર | |
| כִּי־ | કારણ-કે | |
| בָא | આવ્યો | H0935 |
| יוֹמָם | તેમનો-દિવસ | H3117 |
| עֵת | સમય | H6256 |
| פְּקֻדָּתָם׃ | તેમની-સજાનો | H6486 |
| ס | — | |

તેના સર્વ બળદોને મારી નાખો, તેઓની હત્યા થવા માટે નીચે ઊતરી જવા દો. તેઓને અફસોસ તેઓના દિવસો ભરાઈ ચૂક્યા છે તેઓની સજાનો દિવસ આવી પહોંચ્યો છે.

28

| | | |
|---|---|---|
| קוֹל | અવાજ | |
| נָסִים | ભાગનારાઓનો | H5127 |
| וּפְלֵטִים | અને-બચનારાઓનો | |
| מֵאֶרֶץ | દેશમાંથી | H0776 |
| בָּבֶל | બાબિલોનના | H0894 |
| לְהַגִּיד | જાહેર-કરવા | H5046 |
| בְּצִיּוֹן | સિયોનમાં | H6726 |
| אֶת־ | – | H0853 |
| נִקְמַת | બદલો | H5360 |
| יְהוָה | યહોવાનો | H3068 |
| אֱלֹהֵינוּ | અમારા-ઈશ્વરનો | H0430 |
| נִקְמַת | બદલો | H5360 |
| הֵיכָלוֹ׃ | તેમના-મંદિરનો | H1964 |

આપણા ઈશ્વર યહોવાહે લીધેલું વૈર, તેઓના સભાસ્થાન વિષે લીધેલું વૈર, સિયોનમાં જાહેર કરનારા બાબિલ દેશમાંથી છૂટેલાનો સાદ સંભળાય છે.

29

| | | |
|---|---|---|
| הַשְׁמִיעוּ | બોલાવો | H8085 |
| אֶל־ | વિરુદ્ધ | H0413 |
| בָּבֶל | બાબિલોનની | H0894 |
| רַבִּים | ઘણાને | H7228 |
| כָּל־ | બધા | H3605 |
| דֹּרְכֵי | ખેંચનારા | H1869 |
| קֶשֶׁת | ધનુષના | H7198 |
| חֲנוּ | છાવણી-નાખો | H2583 |
| עָלֶיהָ | તેની-ઉપર | |
| סָבִיב | ચારેબાજુ | H5439 |
| אַל־ | નહિ | H0408 |
| יְהִי־ | રહે | H1961 |
| (לָהּ) | તેને | |
| פְּלֵטָה | છટકવાનું | H6413 |
| שַׁלְּמוּ־ | ચૂકવો | |
| לָהּ | તેને | |
| כְּפָעֳלָהּ | તેના-કાર્ય-પ્રમાણે | H6467 |
| כְּכֹל | બધું-જેમ | H3605 |
| אֲשֶׁר | જે | |
| עָשְׂתָה | તેણે-કર્યું | |
| עֲשׂוּ־ | કરો | |
| לָהּ | તેને | |
| כִּי | કારણ-કે | |
| אֶל־ | – | H0413 |
| יְהוָה | યહોવા-વિરુદ્ધ | H3068 |
| זָדָה | ઘમંડ-કર્યો | H2102 |
| אֶל־ | – | H0413 |
| קְדוֹשׁ | પવિત્ર | H6918 |
| יִשְׂרָאֵל׃ | ઇઝરાયલના | H3478 |

"બાબિલની સામે તીરંદાજોને એટલે ધનુષ્યબાણ ચલાવનારા સર્વને બોલાવો. તેને ચારે તરફથી ઘેરી લો. જેથી કોઈ નાસી જવા પામે નહિ, તેનાં કૃત્યો પ્રમાણે તેને બદલો આપો, તેણે બીજાની જે દશા કરી છે તે પ્રમાણે તેને કરો. કેમ કે, યહોવાહની આગળ ઇઝરાયલના પવિત્રની આગળ તે ઉદ્ધત થયો છે.

30

| | | |
|---|---|---|
| לָכֵן | તેથી | |
| יִפְּלוּ | પડશે | H5307 |
| בַחוּרֶיהָ | તેના-જુવાનો | H0970 |
| בִּרְחֹבֹתֶיהָ | તેના-ચોકોમાં | H7339 |
| וְכָל־ | અને-બધા | H3605 |
| אַנְשֵׁי | માણસો | H0376 |
| מִלְחַמְתָּהּ | તેના-યુદ્ધના | H4421 |
| יִדַּמּוּ | ચૂપ-થશે | |
| בַּיּוֹם | તે-દિવસે | H3117 |
| הַהוּא | તે | H1931 |
| נְאֻם־ | વાણી | H5002 |
| יְהוָה׃ | યહોવાની | H3068 |
| ס | — | |

તેથી યુવાન માણસો મહોલ્લાઓમાં પડશે. અને તેના સર્વ યોદ્ધાઓ માર્યા જશે." એવું યહોવાહ કહે છે.

31

| | | |
|---|---|---|
| הִנְנִי | જુઓ-હું | H2009 |
| אֵלֶיךָ | તારી-વિરુદ્ધ | H0413 |
| זָדוֹן | ઘમંડી | H2087 |
| נְאֻם־ | વાણી | H5002 |
| אֲדֹנָי | પ્રભુ | H0136 |
| יְהוִה | યહોવા | H3069 |
| צְבָאוֹת | સૈન્યોની | |
| כִּי | કારણ-કે | |
| בָא | આવ્યો | H0935 |
| יוֹמְךָ | તારો-દિવસ | H3117 |
| עֵת | સમય | H6256 |
| פְּקַדְתִּיךָ׃ | તારી-સજાનો | |

આપણા પ્રભુ સૈન્યોના યહોવાહ કહે છે, જુઓ, હે અભિમાની લોકો, હું તમારી વિરુદ્ધ છું. "હે અભિમાની લોક, હવે તમને શિક્ષા કરવાનો સમય આવી ગયો છે. તે સમયે હું તમને શિક્ષા કરીશ.

32

| | | |
|---|---|---|
| וְכָשַׁל | અને-ઠોકર-ખાશે | H3782 |
| זָדוֹן | ઘમંડી | H2087 |
| וְנָפַל | અને-પડશે | H5307 |
| וְאֵין | અને-કોઈ-નહિ | H0369 |
| לוֹ | તેને | |
| מֵקִים | ઉઠાવે | |
| וְהִצַּתִּי | અને-સળગાવીશ | H3341 |
| אֵשׁ | અગ્નિ | H0784 |
| בְּעָרָיו | તેના-નગરોમાં | |
| וְאָכְלָה | અને-ભસ્મ-કરશે | H0398 |
| כָּל־ | બધું | H3605 |
| סְבִיבֹתָיו׃ | તેની-આસપાસનું | H5439 |
| ס | — | |

હે અભિમાની પ્રજા, તું ઠોકર ખાઈને પડશે. કોઈ તેઓને ઊભા નહિ કરે. હું તારાં નગરોમાં આગ લગાડીશ; અને તે આસપાસનું બધું બાળીને ભસ્મ કરી નાખશે."

33

| | | |
|---|---|---|
| כֹּה | આ-પ્રમાણે | H3541 |
| אָמַר | કહ્યુ | H0559 |
| יְהוָה | યહોવા | H3068 |
| צְבָאוֹת | સૈન્યોના | |
| עֲשׁוּקִים | દબાવાયેલા-છે | H6231 |
| בְנֵי־ | પુત્રો | |
| יִשְׂרָאֵל | ઇઝરાયલના | H3478 |
| וּבְנֵי־ | અને-પુત્રો | |
| יְהוּדָה | યહૂદાના | H3063 |
| יַחְדָּו | સાથે | |
| וְכָל־ | અને-બધા | H3605 |
| שֹׁבֵיהֶם | તેમને-બંદી-બનાવનારા | H7617 |
| הֶחֱזִיקוּ | પકડી-રાખ્યા | H2388 |
| בָּם | તેમને | |
| מֵאֲנוּ | ના-પાડી | H3985 |
| שַׁלְּחָם׃ | છોડવાની | H7971 |

સૈન્યોના યહોવાહ કહે છે; "ઇઝરાયલના અને યહૂદિયાના લોકો પર જુલમ ગુજારવામાં આવી રહ્યો છે. જેઓ તેઓને બંદીવાસમાં લઈ ગયા તેઓ તેઓને પકડી રાખે છે; તેઓ તેમને છોડી મૂકવાની ના પાડે છે.

34

| | | |
|---|---|---|
| גֹּאֲלָם | તેમનો-ઉદ્ધારક | |
| חָזָק | બળવાન-છે | H2389 |
| יְהוָה | યહોવા | H3068 |
| צְבָאוֹת | સૈન્યોના | |
| שְׁמוֹ | તેમનું-નામ | H8034 |
| רִיב | ન્યાય | H7378 |
| יָרִיב | ન્યાય-કરશે | H7378 |
| אֶת־ | – | H0853 |
| רִיבָם | તેમનો-દાવો | H7379 |
| לְמַעַן | જેથી | H4616 |
| הִרְגִּיעַ | શાંતિ-આપે | |
| אֶת־ | – | H0853 |
| הָאָרֶץ | પૃથ્વીને | H0776 |
| וְהִרְגִּיז | અને-અશાંતિ-આપે | H7264 |
| לְיֹשְׁבֵי | રહેવાસીઓને | H3427 |
| בָבֶל׃ | બાબિલોનના | H0894 |

પરંતુ તેઓનો ઉદ્ધારક બળવાન છે. તેમનું નામ સૈન્યોના યહોવાહ છે. પૃથ્વી પર શાંતિ ફેલાવવાને માટે અને બાબિલના રહેવાસીઓને કંપાવવાને તે નિશ્ચે તેઓનો પક્ષ રાખશે.

35

| | | |
|---|---|---|
| חֶרֶב | તલવાર | H2719 |
| עַל־ | ઉપર | |
| כַּשְׂדִּים | ખાલ્દીઓ | H3778 |
| נְאֻם־ | વાણી | H5002 |
| יְהוָה | યહોવાની | H3068 |
| וְאֶל־ | અને-ઉપર | H0413 |
| יֹשְׁבֵי | રહેવાસીઓ | H3427 |
| בָבֶל | બાબિલોનના | H0894 |
| וְאֶל־ | અને-ઉપર | H0413 |
| שָׂרֶיהָ | તેના-સરદારો | H8269 |
| וְאֶל־ | અને-ઉપર | H0413 |
| חֲכָמֶיהָ׃ | તેના-જ્ઞાનીઓ | H2450 |

યહોવાહ આ પ્રમાણે કહે છે કે, ખાલદીઓ પર "અને બાબિલના સર્વ વતનીઓ પર, તેના સરદારો પર અને જ્ઞાનીઓ પર તલવાર ઝઝૂમે છે.

36

| | | |
|---|---|---|
| חֶרֶב | તલવાર | H2719 |
| אֶל־ | ઉપર | H0413 |
| הַבַּדִּים | જૂઠા-પ્રબોધકો | H0907 |
| וְנֹאָלוּ | અને-મૂર્ખ-બનશે | H2973 |
| חֶרֶב | તલવાર | H2719 |
| אֶל־ | ઉપર | H0413 |
| גִּבּוֹרֶיהָ | તેના-યોદ્ધાઓ | H1368 |
| וָחָתּוּ׃ | અને-ગભરાશે | H2865 |

તેના જૂઠા યાજકોને માથે પણ તલવાર ઝઝૂમે છે, તેઓની અક્કલ બહેર મારી જશે. તેના યોદ્ધાઓને માથે પણ તલવાર ઝઝૂમે છે, તેથી તેઓ ભયભીત થશે.

37

| | | |
|---|---|---|
| חֶרֶב | તલવાર | H2719 |
| אֶל־ | ઉપર | H0413 |
| סוּסָיו | તેના-ઘોડાઓ | |
| וְאֶל־ | અને-ઉપર | H0413 |
| רִכְבּוֹ | તેના-રથો | H7393 |
| וְאֶל־ | અને-ઉપર | H0413 |
| כָּל־ | બધા | H3605 |
| הָעֶרֶב | મિશ્ર-લોકો | |
| אֲשֶׁר | જે | |
| בְּתוֹכָהּ | તેના-વચ્ચે-છે | H8432 |
| וְהָיוּ | અને-થશે | H1961 |
| לְנָשִׁים | સ્ત્રીઓ-જેવા | H0802 |
| חֶרֶב | તલવાર | H2719 |
| אֶל־ | ઉપર | H0413 |
| אוֹצְרֹתֶיהָ | તેના-ખજાનાઓ | H0214 |
| וּבֻזָּזוּ׃ | અને-લૂંટાશે | H0962 |

તેના ઘોડાઓ તથા રથો પર તથા તેના સર્વ લોક જેઓ બાબિલમાં છે તેઓ પર તલવાર આવી છે, જેથી તેઓ સ્ત્રીઓ જેવા નિર્બળ થશે. તેની સર્વ સંપત્તિ પર તલવાર આવી છે અને તે લૂંટાઈ જશે.

38

| | | |
|---|---|---|
| חֹרֶב | દુષ્કાળ | |
| אֶל־ | ઉપર | H0413 |
| מֵימֶיהָ | તેનાં-પાણી | H4325 |
| וְיָבֵשׁוּ | અને-સુકાશે | H3001 |
| כִּי | કારણ-કે | |
| אֶרֶץ | દેશ | H0776 |
| פְּסִלִים | મૂર્તિઓનો | H6456 |
| הִיא | છે-તે | H1931 |
| וּבָאֵימִים | અને-ભયાનક-મૂર્તિઓ-ઉપર | H0367 |
| יִתְהֹלָלוּ׃ | ગાંડા-થાય-છે | |

તેનાં જળાશયો પર સુકવણું આવ્યું છે. તેઓ સુકાઈ જશે. કેમ કે સમગ્ર દેશ મૂર્તિઓથી ભરપૂર છે અને લોકો તે ત્રાસદાયક મૂર્તિઓ પ્રત્યે મોહિત થયા છે.

39

| | | |
|---|---|---|
| לָכֵן | તેથી | |
| יֵשְׁבוּ | વસશે | H3427 |
| צִיִּים | રણનાં-પ્રાણીઓ | H6728 |
| אֶת־ | – | H0854 |
| אִיִּים | શિયાળો-સાથે | H0338 |
| וְיָשְׁבוּ | અને-વસશે | H3427 |
| בָהּ | તેમાં | |
| בְּנוֹת | બચ્ચાં | H1323 |
| יַעֲנָה | શાહમૃગનાં | H3284 |
| וְלֹא־ | અને-નહિ | H3808 |
| תֵשֵׁב | વસાશે | H3427 |
| עוֹד | ફરીથી | H5750 |
| לָנֶצַח | કદી | H5331 |
| וְלֹא | અને-નહિ | H3808 |
| תִשְׁכּוֹן | રહેવાસી-હશે | H7931 |
| עַד־ | સુધી | H5704 |
| דּוֹר | પેઢી | H1755 |
| וָדוֹר׃ | દર-પેઢી | H1755 |

આથી ત્યાં વગડાનાં જાનવરો અને જંગલનાં વરુઓ વાસો કરશે, શાહમૃગો ત્યાં વસશે. ત્યાં ફરી કદી માણસો વસશે નહિ અને યુગોના યુગો સુધી તે આમ જ રહેશે.

40

| | | |
|---|---|---|
| כְּמַהְפֵּכַת | જેમ-ઉલટાવ્યું | H4114 |
| אֱלֹהִים | ઈશ્વરે | H0430 |
| אֶת־ | – | H0853 |
| סְדֹם | સદોમ | H5467 |
| וְאֶת־ | અને | H0853 |
| עֲמֹרָה | ગમોરા | H6017 |
| וְאֶת־ | અને | H0853 |
| שְׁכֵנֶיהָ | તેના-પડોશીઓને | H7934 |
| נְאֻם־ | વાણી | H5002 |
| יְהוָה | યહોવાની | H3068 |
| לֹא־ | નહિ | H3808 |
| יֵשֵׁב | વસે | H3427 |
| שָׁם | ત્યાં | H8033 |
| אִישׁ | માણસ | H0376 |
| וְלֹא־ | અને-નહિ | H3808 |
| יָגוּר | રહે | |
| בָּהּ | તેમાં | |
| בֶּן־ | પુત્ર | |
| אָדָם׃ | માનવનો | H0120 |

યહોવાહ કહે છે કે, જેમ ઈશ્વરે સદોમ તથા ગમોરા અને તેઓની આસપાસના નગરોનો નાશ કર્યો તેવી જ રીતે હું ત્યાં કરીશ. ત્યાં કોઈ વસશે નહિ; અને તેમાં કોઈ માણસ મુકામ કરશે નહિ.

41

| | | |
|---|---|---|
| הִנֵּה | જુઓ | H2009 |
| עַם | લોકો | |
| בָּא | આવે-છે | H0935 |
| מִצָּפוֹן | ઉત્તરથી | H6828 |
| וְגוֹי | અને-રાષ્ટ્ર | |
| גָּדוֹל | મોટું | |
| וּמְלָכִים | અને-રાજાઓ | H4428 |
| רַבִּים | ઘણા | |
| יֵעֹרוּ | ઊભા-થશે | H5782 |
| מִיַּרְכְּתֵי־ | છેડાઓથી | H3411 |
| אָרֶץ׃ | પૃથ્વીના | H0776 |

જુઓ, ઉત્તર દિશામાંથી લોક આવે છે, એક બળવાન પ્રજા અને ઘણા રાજાઓ આવશે દૂર દેશમાં યુદ્ધની તૈયારી કરવામાં આવી છે.

42

| | | |
|---|---|---|
| קֶשֶׁת | ધનુષ | H7198 |
| וְכִידֹן | અને-ભાલો | H3591 |
| יַחֲזִיקוּ | પકડશે | H2388 |
| אַכְזָרִי | ક્રૂર | H0394 |
| הֵמָּה | તેઓ-છે | H1992 |
| וְלֹא | અને-નહિ | H3808 |
| יְרַחֵמוּ | દયા-કરે | H7355 |
| קוֹלָם | તેમનો-અવાજ | |
| כַּיָּם | સમુદ્ર-જેવો | H3220 |
| יֶהֱמֶה | ગર્જે-છે | H1993 |
| וְעַל־ | અને-ઉપર | |
| סוּסִים | ઘોડાઓ | |
| יִרְכָּבוּ | સવારી-કરશે | H7392 |
| עָרוּךְ | ગોઠવાયેલા | |
| כְּאִישׁ | માણસ-જેવા | H0376 |
| לַמִּלְחָמָה | યુદ્ધ-માટે | H4421 |
| עָלַיִךְ | તારી-વિરુદ્ધ | |
| בַּת־ | પુત્રી | H1323 |
| בָּבֶל׃ | બાબિલોનની | H0894 |

લોકોએ ધનુષ્ય અને તલવાર ધારણ કરી છે; તેઓ ક્રૂર અને ઘાતકી છે. ઘોડે ચઢીને સાગરની જેમ દરેક માણસ ગર્જના કરતા આવે છે, હે બાબિલ, તારી સામે યુદ્ધ માટે સજ્જ છે.

43

| | | |
|---|---|---|
| שָׁמַע | સાંભળ્યું | H8085 |
| מֶלֶךְ־ | રાજાએ | H4428 |
| בָּבֶל | બાબિલોનના | H0894 |
| אֶת־ | – | H0853 |
| שִׁמְעָם | તેમના-સમાચાર | |
| וְרָפוּ | અને-ઢીલા-થયા | H7503 |
| יָדָיו | તેના-હાથ | H3027 |
| צָרָה | સંકટે | |
| הֶחֱזִיקַתְהוּ | પકડ્યો-તેને | H2388 |
| חִיל | પીડા | |
| כַּיּוֹלֵדָה׃ | જન્મ-આપનારી-જેવી | H3205 |

જયારે બાબિલના રાજાએ આ સમાચાર સાંભળ્યા ત્યારે તેના હાથ લાચાર થઈને હેઠા પડ્યા. પ્રસૂતિની વેદનાથી પીડાતી સ્ત્રીની જેમ તે વેદનાથી પીડાવા લાગ્યો.

44

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| [ארוצם] | אַרְגִּיעָה | כִּֽי־ | אֵיתָן | נְוֵה | אֶל־ | הַיַּרְדֵּן | מִגְּאוֹן | יַעֲלֶה | כְּאַרְיֵה | הִנֵּה |
| – | એક-ક્ષણમાં | કારણ-કે | સદાના-તરફ | ચરાણ | – | યર્દનના | ગર્વથી | ચડશે | સિંહ-જેવો | જુઓ |
| H7323 | | | H0386 | | H0413 | H3383 | H1347 | H5927 | | H2009 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּמִי | כָמוֹנִי | מִי | כִי | אֶפְקֹד | אֵלֶיהָ | בָחוּר | וּמִי | מֵעָלֶיהָ | )אֲרִיצֵם( |
| અને-કોણ | મારા-જેવો | કોણ | કારણ-કે | નિયુક્ત-કરું | તેના-ઉપર | ચૂંટાયેલો | અને-કોણ | ત્યાંથી | ભગાડીશ-તેમને |
| H4310 | H3644 | H4310 | | | H0413 | H0970 | H4310 | | H7323 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| לְפָנָי׃ | יַעֲמֹד | אֲשֶׁר | רֹעֶה | זֶה | וּמִי־ | יוֹעִדֶנִּי |
| મારી-સામે | ઊભો-રહે | જે | ઘેટાપાળક | છે-એ | અને-કોણ | મને-પડકારે |
| H6440 | H5975 | | | H2088 | H4310 | H3259 |

જુઓ, સિંહ યર્દનના જંગલમાંથી ચઢી આવે છે. તેમ તે ગૌચરની જગ્યાએ ચઢી આવશે. હું તેઓને ઓચિંતા તેની પાસેથી નસાડીશ. અને જે પસંદ થયેલા છે તેઓને હું તેઓના પર નીમીશ. કેમ કે મારા સમાન કોણ છે? અને કોણ મને પડકારી શકે છે? ક્યો ઘેટાંપાળક મારી વિરુદ્ધ ઊભો રહી શકે છે?

45

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| חָשַׁב | אֲשֶׁר | וּמַחְשְׁבוֹתָיו | בָּבֶל | אֶל־ | יָעַץ | אֲשֶׁר | יְהוָה | עֲצַת־ | שִׁמְעוּ | לָכֵן |
| વિચાર્યું | જે | અને-તેમના-વિચારો | બાબિલોનની | વિરુદ્ધ | યોજ્યું | જે | યહોવાની | યોજના | સાંભળો | તેથી |
| H2803 | | H4284 | H0894 | H0413 | H3289 | | H3068 | H6098 | H8085 | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יַשִּׁים | לֹא | אִם־ | הַצֹּאן | צְעִירֵי | יִסְחָבוּם | לֹא | אִם־ | כַּשְׂדִּים | אֶרֶץ | אֶל־ |
| ઉજ્જડ-કરશે | નહિ | ચોક્કસ | ટોળાંના | નાના | ખેંચી-જશે-તેમને | નહિ | ચોક્કસ | ખાલ્દીઓના | દેશ | વિરુદ્ધ |
| H8074 | H3808 | | H6629 | H6810 | H5498 | H3808 | | H3778 | H0776 | H0413 |

| | |
|---|---|
| נָוֶה׃ | עֲלֵיהֶם |
| ચરાણ | તેમના-ઉપર |

માટે હવે બાબિલ વિષે યહોવાહના મનમાં શી યોજના છે તે સાંભળી લો, અને ખાલદીઓ માટે મેં ઘડેલી યોજનાઓ વિષે સાંભળો, નાનામાં નાના ઘેટાંને પણ ઘસડી લઈ જશે. અને તે તેમની સાથે તેઓના ઘેટાંના વાડાને નિશ્ચે ઉજ્જડ કરી નાખશે.

46

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ס | נִשְׁמָע׃ | בַּגּוֹיִם | וּזְעָקָה | הָאָרֶץ | נִרְעֲשָׁה | בָבֶל | נִתְפְּשָׂה | מִקּוֹל |
| — | સંભળાયો | પ્રજાઓમાં | અને-પોકાર | પૃથ્વી | ધ્રૂજી | બાબિલોન | પકડાયું | અવાજથી |
| | H8085 | | H2201 | H0776 | H7493 | H0894 | H8610 | |

બાબિલના પતનથી પૃથ્વી કંપે છે અને તેનો અવાજ દૂરના દેશો સુધી સંભળાય છે.

# Chapter 51

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לֵב קָמָי | יֹשְׁבֵי | וְאֶל־ | בָּבֶל | עַל־ | מֵעִיר | הִנְנִי | יְהוָה | אָמַר | כֹּה |
| લેબ-કામાઈના | રહેવાસીઓ | અને-વિરુદ્ધ | બાબિલોનની | વિરુદ્ધ | ઉત્તેજિત-કરું-છું | જુઓ-હું | યહોવાએ | કહ્યુ | આ-પ્રમાણે |
| | H3427 | H0413 | H0894 | | H5782 | H2009 | H3068 | H0559 | H3541 |

| | |
|---|---|
| מַשְׁחִית׃ | רוּחַ |
| વિનાશકનો | આત્મા |
| H7843 | H7307 |

યહોવાહ કહે છે કે; "જુઓ, હું બાબિલની વિરુદ્ધ, તથા લે-કામાયમાં વસનારા વિરુદ્ધ વિનાશક વાયુ લાવીશ.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עָלֶיהָ | הָיוּ | כִּי־ | אַרְצָהּ | אֶת־ | וִיבֹקְקוּ | וְזֵרוּהָ | זָרִים | לְבָבֶל | וְשִׁלַּחְתִּי |
| તેના-ઉપર | હતા | કારણ-કે | તેનો-દેશ | – | અને-ખાલી-કરશે | અને-ઉડાવશે | પરદેશીઓ | બાબિલોન-તરફ | અને-મોકલીશ |
| | H1961 | | H0776 | H0853 | | H2219 | | H0894 | H7971 |

| | | |
|---|---|---|
| רָעָה׃ | בְּיוֹם | מִסָּבִיב |
| આફતના | દિવસે | ચારેબાજુથી |
| | H3117 | H5439 |

હું પરદેશીઓને બાબિલમાં મોકલીશ; તેઓ તેને વેરવિખેર કરી અને તેને ઉજ્જડ કરશે, વિપત્તિના દિવસે તેઓ તેને ચારેબાજુથી ઘેરી લેશે

3

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶל־ | יִדְרֹךְ | ]ידרך[ | הַדֹּרֵךְ | קַשְׁתּוֹ | וְאֶל־ | יִתְעַל | בְּסִרְיֹנוֹ | וְאַל־ | תַּחְמְלוּ | אֶל־ | בַּחֻרֶיהָ | הַחֲרִימוּ | כָּל־ | צְבָאָהּ׃ |
| નહિ | ખેંચે | – | ખેંચનાર | તેનું-ધનુષ | અને-નહિ | ઊભો-થાય | તેના-બખ્તરમાં | અને-નહિ | બચાવો | – | તેના-યુવાનોને | સંપૂર્ણ-નાશ-કરો | તેની-બધી | સેનાને |
| H0413 | H1869 | H1869 | H1869 | H7198 | H0408 | H5927 | H5630 | H0413 | H2550 | H0413 | H0970 | | H3605 | |

ધર્નુધારીઓને તેઓનું બાણ ખેંચવા દેશો નહિ; તેઓને બખતર પહેરવા દેશો નહિ. તેઓના સૈનિકો પર દયા ન બતાવશો; તેઓના સૈન્યનો નાશ કરો.

4

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְנָפְלוּ | חֲלָלִים | בְּאֶרֶץ | כַּשְׂדִּים | וּמְדֻקָּרִים | בְּחוּצוֹתֶיהָ׃ |
| અને-પડશે | ઘાયલો | દેશમાં | ખાલ્દીઓના | અને-વીંધાયેલા | તેની-શેરીઓમાં |
| H5307 | | H0776 | H3778 | H1856 | H2351 |

ખાલદીઓના દેશમાં તેઓની હત્યા થઈને પડશે અને તેની શેરીઓમાં તેઓના મૃતદેહો પડ્યા રહેશે.

5

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | לֹא־ | אַלְמָן | יִשְׂרָאֵל | וִיהוּדָה | מֵאֱלֹהָיו | מֵיְהוָה | צְבָאוֹת | כִּי | אַרְצָם | מָלְאָה | אָשָׁם | מִקְּדוֹשׁ | יִשְׂרָאֵל׃ |
| કારણ-કે | નહિ | વિધવા-છે | ઇઝરાયલ | અને-યહૂદા | તેમના-ઈશ્વરથી | યહોવા | સૈન્યોનાથી | ભલે | તેમનો-દેશ | ભરેલો-છે | અપરાધથી | પવિત્ર-વિરુદ્ધ | ઇઝરાયલના |
| | H3808 | H0488 | H3478 | H3063 | H0430 | H3068 | | | H0776 | H4390 | H0817 | H6918 | H3478 |

કેમ કે, ઇઝરાયલ અને યહૂદિયા તેઓના ઈશ્વર સૈન્યોના યહોવાહથી તજાયેલા નથી. જોકે તેઓની ભૂમિ ઇઝરાયલના પવિત્રની વિરુદ્ધ કરેલાં અપરાધોથી ભરેલી છે.

6

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| נֻסוּ | מִתּוֹךְ | בָּבֶל | וּמַלְּטוּ | אִישׁ | נַפְשׁוֹ | אַל־ | תִּדַּמּוּ | בַּעֲוֺנָהּ | כִּי | עֵת | נְקָמָה | הִיא | לַיהוָה | גְּמוּל | הוּא | מְשַׁלֵּם | לָהּ׃ |
| ભાગો | વચ્ચેથી | બાબિલોનના | અને-બચાવો | દરેક | પોતાનો-જીવ | નહિ | નાશ-થાઓ | તેના-અન્યાયમાં | કારણ-કે | સમય | બદલાનો | છે-આ | યહોવાનો | બદલો | તે | ચૂકવે-છે | તેને |
| H5127 | H8432 | H0894 | H4422 | H0376 | H5315 | H0408 | | H5771 | | H6256 | H5360 | H1931 | H3068 | H1576 | H1931 | | |

બાબિલમાંથી નાસી જાઓ. સૌ પોતપોતાના જીવ બચાવવા નાસી જાઓ બાબિલના પાપે તમે મરશો નહિ, કેમ કે બદલો લેવાનો યહોવાહનો આ સમય છે. તે તેને ઘટતી સજા કરી રહ્યા છે.

7

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כּוֹס־ | זָהָב | בָּבֶל | בְּיַד־ | יְהוָה | מְשַׁכֶּרֶת | כָּל־ | הָאָרֶץ | מִיֵּינָהּ | שָׁתוּ | גוֹיִם | עַל־ | כֵּן | יִתְהֹלְלוּ | גוֹיִם׃ |
| પ્યાલો | સોનાનો | બાબિલોન | હાથમાં | યહોવાના | નશો-કરાવનારો | બધી | પૃથ્વીને | તેના-દ્રાક્ષારસમાંથી | પીધો | પ્રજાઓએ | તે- | કારણે | ગાંડા-થાય-છે | પ્રજાઓ |
| | H2091 | H0894 | H3027 | H3068 | H7937 | H3605 | H0776 | H3196 | H8354 | | | | | |

બાબિલ તો યહોવાહના હાથમાં સોનાના પ્યાલા સમું હતું. તેણે સમગ્ર સૃષ્ટિને તેનો દ્રાક્ષારસ પીવડાવ્યો છે. પ્રજાઓએ તે પીધો અને લોકો ઘેલા થયા.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| פִּתְאֹם | נָפְלָה | בָבֶל | וַתִּשָּׁבֵר | הֵילִילוּ | עָלֶיהָ | קְחוּ | צֳרִי | לְמַכְאוֹבָהּ | אוּלַי | תֵּרָפֵא׃ |
| અચાનક | પડ્યું | બાબિલોન | અને-તૂટ્યું | વિલાપ-કરો | તેના-ઉપર | લો | મલમ | તેના-દર્દ-માટે | કદાચ | સાજું-થાય |
| H6597 | H5307 | H0894 | H7665 | H3213 | | H3947 | H6875 | H4341 | H0194 | H7495 |

પરંતુ હવે બાબિલનું અચાનક પતન થયું છે. તે ભાંગ્યું છે. તેને માટે ચિંતા કરો, તેના ઘા માટે ઔષધિ લઈ આવો. કદાચ તે સાજું થાય પણ ખરું.

9

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ]רפאנו[ | )רִפִּינוּ( | אֶת־ | בָּבֶל | וְלֹא | נִרְפָּתָה | עִזְבוּהָ | וְנֵלֵךְ | אִישׁ | לְאַרְצוֹ | כִּי־ | נָגַע | אֶל־ | הַשָּׁמַיִם | מִשְׁפָּטָהּ | וְנִשָּׂא | עַד־ | שְׁחָקִים׃ |
| – | સાજું-કર્યું | – | બાબિલોનને | અને-નહિ | સાજું-થયું | છોડી-દો | અને-જઈએ | દરેક | પોતાના-દેશમાં | કારણ-કે | પહોંચ્યો | – | આકાશ-સુધી | તેનો-ન્યાય | અને-ઊંચો-થયો | સુધી | વાદળોના |
| H7495 | H7495 | H0853 | H0894 | H3808 | H7495 | | H3212 | H0376 | H0776 | | H5060 | H0413 | H8064 | H4941 | H5375 | H5704 | H7834 |

બાબિલના ઘા રૂઝવવા અમારાથી શક્ય તેટલો પ્રયત્ન અમે કર્યો, પરંતુ તે સ્વસ્થ ન થયું. તેને છોડી દો, ચાલો આપણે સહુ પોતપોતાના દેશમાં પાછા ફરીએ, કેમ કે તેનું શાસન આકાશ સુધી પહોંચ્યું છે. તે ગગન સુધી ઊંચું ચઢ્યું છે.

10

| | | |
|---|---|---|
| הוֹצִיא | બહાર-લાવ્યા | H3318 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| אֶת־ | – | H0853 |
| צִדְקֹתֵינוּ | અમારા-ન્યાયને | H6666 |
| בֹּאוּ | આવો | H0935 |
| וּנְסַפְּרָה | અને-વર્ણવીએ | |
| בְצִיּוֹן | સિયોનમાં | H6726 |
| אֶת־ | – | H0853 |
| מַעֲשֵׂה | કાર્ય | H4639 |
| יְהוָה | યહોવા | H3068 |
| אֱלֹהֵינוּ׃ | અમારા-ઈશ્વરનું | H0430 |

યહોવાહે કહ્યુ કે આપણે ન્યાયી છીએ. ચાલો, આપણા યહોવાહે ઈશ્વર જે સર્વ કર્યું છે તે આપણે સિયોનમાં જઈને કહી સંભળાવીએ.

11

| | | |
|---|---|---|
| הָבֵרוּ | તૈયાર-કરો | H1305 |
| הַחִצִּים | બાણોને | H2671 |
| מִלְאוּ | ભરો | H4390 |
| הַשְּׁלָטִים | ભાથાઓ | H7982 |
| הֵעִיר | ઉત્તેજિત-કર્યા | H5782 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| אֶת־ | – | H0853 |
| רוּחַ | આત્મા | H7307 |
| מַלְכֵי | રાજાઓના | H4428 |
| מָדַי | માદાયના | H4074 |
| כִּי־ | કારણ-કે | |
| עַל־ | વિરુદ્ધ | |
| בָּבֶל | બાબિલોનની | H0894 |
| מְזִמָּתוֹ | તેમની-યોજના | H4209 |
| לְהַשְׁחִיתָהּ | નાશ-કરવાની | H7843 |
| כִּי־ | કારણ-કે | |
| נִקְמַת | બદલો | H5360 |
| יְהוָה | યહોવાનો | H3068 |
| הִיא | છે-આ | H1931 |
| נִקְמַת | બદલો | H5360 |
| הֵיכָלוֹ׃ | તેમના-મંદિરનો | H1964 |

તમારાં બાણને ધારદાર બનાવો. તમારાં ભાથાં ભરી લો□ ઢાલ ઊંચી કરો□ કેમ કે બાબિલ પર ચઢાઈ કરી તેનો વિનાશ કરવા યહોવાહે માદીઓના રાજાઓને કહ્યુ છે, કેમ કે બાબિલનો નાશ કરવાનો તેનો સંકલ્પ છે, અનિષ્ટ આચરણ કરનાર મંદિરને અપવિત્ર કરનાર લોકો પર આ રીતે યહોવાહ વૈર વાળી રહ્યાં છે.

12

| | | |
|---|---|---|
| אֶל־ | ઉપર | H0413 |
| חוֹמֹת | દીવાલો | H2346 |
| בָּבֶל | બાબિલોનની | H0894 |
| שְׂאוּ־ | ઊંચો-કરો | H5375 |
| נֵס | ધ્વજ | H5251 |
| הַחֲזִיקוּ | મજબૂત-કરો | H2388 |
| הַמִּשְׁמָר | ચોકી | H4929 |
| הָקִימוּ | ઊભા-કરો | |
| שֹׁמְרִים | પહેરેદારો | H8104 |
| הָכִינוּ | તૈયાર-કરો | |
| הָאֹרְבִים | ઓચિંતા-હુમલાખોરો | H0693 |
| כִּי | કારણ-કે | |
| גַּם־ | પણ | H1571 |
| זָמַם | યોજ્યું | H2161 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| גַּם־ | પણ | H1571 |
| עָשָׂה | કર્યું | |
| אֵת | – | H0853 |
| אֲשֶׁר־ | જે | |
| דִּבֶּר | બોલ્યા | H1696 |
| אֶל־ | વિરુદ્ધ | H0413 |
| יֹשְׁבֵי | રહેવાસીઓના | H3427 |
| בָבֶל׃ | બાબિલોનના | H0894 |

બાબિલની દીવાલો પર આક્રમણ કરવા માટે ઝંડો ઊંચો કરો, સંરક્ષણ મજબૂત કરો. અને ચોકીદારોને શહેરની આસપાસ ગોઠવો; ઓચિંતો છાપો મારવા માટે છુપાઈ રહો, કેમ કે યહોવાહે જે કહ્યુ છે તે સર્વ તે સંપૂર્ણ કરશે.

13

| | | |
|---|---|---|
| [שכנתי] | – | H7931 |
| (שֹׁכַנְתְּ) | રહેનારી | H7931 |
| עַל־ | ઉપર | |
| מַיִם | પાણી | H4325 |
| רַבִּים | ઘણાં | |
| רַבַּת | પુષ્કળ | |
| אוֹצָרֹת | ખજાનાવાળી | H0214 |
| בָּא | આવ્યો | H0935 |
| קִצֵּךְ | તારો-અંત | H7093 |
| אַמַּת | માપ | |
| בִּצְעֵךְ׃ | તારા-લોભનું | H1215 |

તમે બાબિલની નદીઓને કાંઠે વસવાટ કરો અને તેની વિપુલ સમૃદ્ધિને માણો. તારો અત આવ્યો છે; તારી જીવનદોરી કપાઇ જશે.

14

| | | |
|---|---|---|
| נִשְׁבַּע | શપથ-લીધા | H7650 |
| יְהוָה | યહોવાએ | H3068 |
| צְבָאוֹת | સૈન્યોનાએ | |
| בְּנַפְשׁוֹ | પોતાના-ઉપર | H5315 |
| כִּי | ખરેખર | |
| אִם־ | ચોક્કસ | |
| מִלֵּאתִיךְ | ભરીશ-તને | H4390 |
| אָדָם | માણસોથી | H0120 |
| כַּיֶּלֶק | તીડ-જેવા | H3218 |
| וְעָנוּ | અને-પોકારશે | |
| עָלַיִךְ | તારા-ઉપર | |
| הֵידָד׃ | જયનાદ | H1959 |
| ס | — | |

સૈન્યોના યહોવાહે પોતાના નામના સમ ખાઈને પ્રતિજ્ઞા કરી છે કે, "હું તીડોનાં ટોળાંની જેમ ગણ્યા ગણાય નહિ તેટલાં માણસોને તારી સામે લાવીશ અને તેઓ તારો પરાજય કરી વિજયનાદ કરશે.

15

| | | |
|---|---|---|
| עֹשֵׂה | બનાવનાર | |
| אֶרֶץ | પૃથ્વીને | H0776 |
| בְּכֹחוֹ | તેમની-શક્તિથી | |
| מֵכִין | સ્થાપનાર | |
| תֵּבֵל | જગતને | H8398 |
| בְּחָכְמָתוֹ | તેમની-બુદ્ધિથી | H2451 |
| וּבִתְבוּנָתוֹ | અને-તેમની-સમજણથી | H8394 |
| נָטָה | ફેલાવ્યા | H5186 |
| שָׁמָיִם׃ | આકાશો | H8064 |

યહોવાહે પોતાની બળ અને બુદ્ધિથી પૃથ્વીનું સર્જન કર્યું છે, પોતાના ડહાપણથી તેને સ્થિર કરીને સ્થાપી છે અને પોતાના કૌશલથી આકાશને વિસ્તાર્યું છે.

16
לְקוֹל તેમના-અવાજે
תִּתּוֹ આપે-છે H5414
הֲמוֹן ઘોંઘાટ
מַיִם પાણીનો H4325
בַּשָּׁמַיִם આકાશમાં H8064
וַיַּעַל અને-ચડાવે-છે H5927
נְשִׂאִים વાદળો
מִקְצֵה־ છેડાથી
אָרֶץ પૃથ્વીના H0776
בְּרָקִים વીજળીઓ
לַמָּטָר વરસાદ-માટે H4306
עָשָׂה બનાવે-છે
וַיֹּצֵא અને-કાઢે-છે H3318
רוּחַ પવન H7307
מֵאֹצְרֹתָיו׃ તેમના-ભંડારોમાંથી H0214

જ્યારે તે બોલે છે, ત્યારે આકાશમાં ગર્જના થાય છે. દુનિયાના દૂર દૂરના ખૂણેથી તે વાદળોને ઉપર ચઢાવે છે. તે વરસાદ લાવે છે અને સાથે વીજળી ચમકાવે છે. અને પવનને મોકલે છે.

17
נִבְעַר મૂર્ખ-છે
כָּל־ દરેક H3605
אָדָם માણસ H0120
מִדַּעַת જ્ઞાનથી H1847
הֹבִישׁ લજ્જિત-થાય-છે H3001
כָּל־ દરેક H3605
צוֹרֵף સોની H6884
מִפָּסֶל મૂર્તિથી H6459
כִּי કારણ-કે
שֶׁקֶר જૂઠી H8267
נִסְכּוֹ તેની-ઢાળેલી-મૂર્તિ H5262
וְלֹא־ અને-નહિ H3808
רוּחַ શ્વાસ H7307
בָם׃ તેમાં

તેમની સરખામણીમાં સર્વ માણસો પશુ સમાન છે, તેઓ અજ્ઞાન છે; દરેક સોની પોતે બનાવેલી મૂર્તિ જોઈને લજ્જિત થાય છે, કેમ કે તે બધી મૂર્તિઓ તો ખોટી છે; પ્રાણ વગરની છે.

18
הֶבֶל વ્યર્થ H1892
הֵמָּה છે-તે H1992
מַעֲשֵׂה કાર્ય H4639
תַּעְתֻּעִים ભ્રમનું H8595
בְּעֵת સમયે H6256
פְּקֻדָּתָם તેમની-સજાના H6486
יֹאבֵדוּ׃ નાશ-પામશે H0006

મૂર્તિઓ વ્યર્થ છે, હાંસીપાત્ર છે, તે ખોટી છે; તેઓને સજા કરશે ત્યારે તે સર્વનો નાશ કરશે.

19
לֹא־ નહિ H3808
כְאֵלֶּה આવા-જેવો H0428
חֵלֶק ભાગ
יַעֲקוֹב યાકોબનો H3290
כִּי־ કારણ-કે
יוֹצֵר રચનાર H3335
הַכֹּל બધાના H3605
הוּא છે-તે H1931
וְשֵׁבֶט અને-દંડ H7626
נַחֲלָתוֹ તેમના-વારસાનો H5159
יְהוָה યહોવા H3068
צְבָאוֹת સૈન્યોના
שְׁמוֹ׃ તેમનું-નામ H8034
ס —

પરંતુ યાકૂબના ઈશ્વર એવા નથી, તે તો સમગ્ર સૃષ્ટિના સર્જક છે. અને ઇઝરાયલીઓને તે પોતાની વારસા કુળ તરીકે ગણે છે, તેમનું નામ સૈન્યોના યહોવાહ છે.

20
מַפֵּץ־ હથોડી H4661
אַתָּה તું-છે
לִי મારી
כְּלֵי હથિયાર H3627
מִלְחָמָה યુદ્ધનું H4421
וְנִפַּצְתִּי અને-ચૂરેચૂરા-કરીશ
בְךָ તારા-દ્વારા
גוֹיִם પ્રજાઓને
וְהִשְׁחַתִּי અને-નાશ-કરીશ H7843
בְךָ તારા-દ્વારા
מַמְלָכוֹת׃ રાજ્યોને H4467

યહોવાહ કહે છે, “હે બાબિલ નગરી, તું મારી ફરશી તથા યુદ્ધશસ્ત્રો છે. તારા વડે હું સર્વ પ્રજાઓનું ખંડન કરીશ. અને તારા વડે હું રાજ્યોનો નાશ કરીશ.

21
וְנִפַּצְתִּי અને-ચૂરેચૂરા-કરીશ
בְךָ તારા-દ્વારા
סוּס ઘોડો
וְרֹכְבוֹ અને-તેના-સવારને H7392
וְנִפַּצְתִּי અને-ચૂરેચૂરા-કરીશ
בְךָ તારા-દ્વારા
רֶכֶב રથ H7393
וְרֹכְבוֹ׃ અને-તેના-સવારને H7392

તારા વડે હું સૈન્યોને, ઘોડા તથા તેના સવારોને અને રથ તથા રથસવારોને કચડી નાખીશ.

22
וְנִפַּצְתִּי અને-ચૂરેચૂરા-કરીશ | בְךָ તારા-દ્વારા | אִישׁ પુરુષ H0376 | וְאִשָּׁה અને-સ્ત્રી H0802 | וְנִפַּצְתִּי અને-ચૂરેચૂરા-કરીશ | בְךָ તારા-દ્વારા | זָקֵן વૃદ્ધ H2205 | וָנָעַר અને-બાળક H5288 | וְנִפַּצְתִּי અને-ચૂરેચૂરા-કરીશ
בְךָ તારા-દ્વારા | בָּחוּר યુવાન H0970 | וּבְתוּלָה׃ અને-કન્યા H1330

તારાથી હું પુરુષ તથા સ્ત્રીનું ખંડન કરીશ. તારાથી વૃદ્ધો તથા જુવાનોને નષ્ટ કરીશ. તારાથી હું છોકરાઓ તથા કન્યાઓનું ખંડન કરીશ.

23
וְנִפַּצְתִּי અને-ચૂરેચૂરા-કરીશ | בְךָ તારા-દ્વારા | רֹעֶה ભરવાડ | וְעֶדְרוֹ અને-તેના-ટોળાને H5739 | וְנִפַּצְתִּי અને-ચૂરેચૂરા-કરીશ | בְךָ તારા-દ્વારા | אִכָּר ખેડૂત H0406 | וְצִמְדּוֹ અને-તેની-જોડીને H6776
וְנִפַּצְתִּי અને-ચૂરેચૂરા-કરીશ | בְךָ તારા-દ્વારા | פַּחוֹת રાજ્યપાલો H6346 | וּסְגָנִים׃ અને-અધિકારીઓ H5461

ઘેટાંપાળકોને તથા ઘેટાબકરાનાં ટોળાંને, ખેડૂતોને તથા બળદોને, રાજકર્તાઓને તથા અધિકારીઓને હું કચડી નાખીશ.

24
וְשִׁלַּמְתִּי અને-વળતર-આપીશ | לְבָבֶל બાબિલોનને H0894 | וּלְכֹל અને-બધા H3605 | יוֹשְׁבֵי રહેવાસીઓ H3427 | כַשְׂדִּים ખાલ્દીઓના H3778 | אֵת – H0853 | כָּל־ બધી H3605 | רָעָתָם તેમની-દુષ્ટતા | אֲשֶׁר־ જે | עָשׂוּ કરી
בְצִיּוֹן સિયોનમાં H6726 | לְעֵינֵיכֶם તમારી-આંખો-સામે | נְאֻם વાણી H5002 | יְהוָה׃ યહોવાની H3068 | ס —

બાબિલને તથા ખાલદીઓના બધા લોકોને, તેઓએ સિયોનમાં આચરેલા કુકર્મોને લીધે હું સજા કરીશ. તે હું તમારી નજર સામે જ કરીશ.” એવું યહોવાહ કહે છે.

25
הִנְנִי જુઓ-હું H2009 | אֵלֶיךָ તારી-વિરુદ્ધ H0413 | הַר પર્વત H2022 | הַמַּשְׁחִית વિનાશક H4889 | נְאֻם־ વાણી H5002 | יְהוָה યહોવાની H3068 | הַמַּשְׁחִית વિનાશ-કરનાર H7843 | אֶת־ – H0853 | כָּל־ બધી H3605 | הָאָרֶץ પૃથ્વીને H0776 | וְנָטִיתִי અને-લંબાવીશ H5186
אֶת־ – H0853 | יָדִי મારો-હાથ H3027 | עָלֶיךָ તારા-ઉપર | וְגִלְגַּלְתִּיךָ અને-ગબડાવીશ H1556 | מִן־ – | הַסְּלָעִים ખડકોથી H5553 | וּנְתַתִּיךָ અને-બનાવીશ-તને H5414 | לְהַר પર્વત H2022 | שְׂרֵפָה׃ બળી-ગયેલો H8316

યહોવાહ કહે છે, જુઓ, હે બળવાન પર્વત બાબિલ, પૃથ્વીનો નાશ કરનાર, હું તારી વિરુદ્ધ મારો હાથ ઉગામીશ અને તારી ઊંચાઇઓ પરથી તને નીચે ગબડાવીશ. અને અગ્નિથી ભસ્મ થયેલા પર્વત જેવો કરી તને છોડી દઈશ.

26
וְלֹא־ અને-નહિ H3808 | יִקְחוּ લે H3947 | מִמְּךָ તારામાંથી | אֶבֶן પથ્થર H0068 | לְפִנָּה ખૂણા-માટે H6438 | וְאֶבֶן અને-પથ્થર H0068 | לְמוֹסָדוֹת પાયા-માટે H4146 | כִּי־ કારણ-કે | שִׁמְמוֹת ઉજ્જડ | עוֹלָם સનાતન H5769 | תִּהְיֶה થશે H1961
נְאֻם־ વાણી H5002 | יְהוָה׃ યહોવાની H3068

તારો કોઈ પણ પથ્થર બાંધકામ માટે કે પાયાના પથ્થર તરીકે પણ નહિ વપરાય. તું સદાને માટે ખંડેર રહેશે.” એવું યહોવાહ કહે છે.

27
שְׂאוּ־ ઊંચો-કરો H5375 | נֵס ધ્વજ H5251 | בָּאָרֶץ પૃથ્વીમાં H0776 | תִּקְעוּ વગાડો H8628 | שׁוֹפָר રણશિંગું H7782 | בַגּוֹיִם પ્રજાઓમાં | קַדְּשׁוּ પવિત્ર-કરો H6942 | עָלֶיהָ તેની-વિરુદ્ધ | גּוֹיִם પ્રજાઓને | הַשְׁמִיעוּ સંભળાવો H8085 | עָלֶיהָ તેની-વિરુદ્ધ
מַמְלְכוֹת રાજ્યોને H4467 | אֲרָרַט અરારાટ H0780 | מִנִּי મિન્ની H4508 | וְאַשְׁכְּנָז અને-આશ્કનાઝ H0813 | פִּקְדוּ નિયુક્ત-કરો | עָלֶיהָ તેની-વિરુદ્ધ | טִפְסָר સેનાપતિ H2951 | הַעֲלוּ־ ચડાવો H5927 | סוּס ઘોડા | כְּיֶלֶק તીડ-જેવા H3218 | סָמָר׃ કાંટાળા H5569

પૃથ્વી પર ઝંડો ફરકાવો, બધી પ્રજાઓમાં રણશિંગડા ફૂંકાવો, વિદેશીઓને સજ્જ કરો. અરારાટ, મિન્ની અને આશ્કેનાઝના રાજ્યોને તેની સામે લડવા બોલાવો, તેની સામે હુમલો કરવાને સેનાપતિ નીમો. તીડોનાં ટોળાંની જેમ ઘોડેસવારોને ભેગા કરો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 28 | קַדְּשׁוּ | עָלֶיהָ | גוֹיִם | אֶת־ | מַלְכֵי | מָדַי | אֶת־ | פַּחוֹתֶיהָ | וְאֶת־ | כָּל־ |
| | પવિત્ર-કરો | તેની-વિરુદ્ધ | પ્રજાઓને | – | રાજાઓ | માદાયના | – | તેના-રાજ્યપાલો | અને | બધા |
| | H6942 | | | H0853 | H4428 | H4074 | H0853 | H6346 | H0853 | H3605 |

| | | | | |
|---|---|---|---|---|
| סְגָנֶיהָ | וְאֵת | כָּל־ | אֶרֶץ | מֶמְשַׁלְתּוֹ׃ |
| તેના-અધિકારીઓ | અને | બધા | દેશ | તેના-શાસનના |
| H5461 | H0853 | H3605 | H0776 | H4475 |

તેની વિરુદ્ધ, માદીઓના રાજાઓ વિરુદ્ધ અને તેના રાજકર્તાઓ અને અમલદારો સાથે તે સર્વ દેશોના લોકો જે તે તેના રાજ્યનો ભાગ છે તેઓની વિરુદ્ધ લડાઇને માટે તૈયારી કરો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 29 | וַתִּרְעַשׁ | הָאָרֶץ | וַתָּחֹל | כִּי | קָמָה | עַל־ | בָּבֶל | מַחְשְׁבוֹת | יְהוָה | לָשׂוּם | אֶת־ |
| | અને-ધ્રૂજ્યો | પૃથ્વી | અને-તડપ્યો | કારણ-કે | ઊભી-થઈ | વિરુદ્ધ | બાબિલોનની | યોજનાઓ | યહોવાની | બનાવવા | – |
| | H7493 | H0776 | | | | | H0894 | H4284 | H3068 | | H0853 |

| | | | | |
|---|---|---|---|---|
| אֶרֶץ | בָּבֶל | לְשַׁמָּה | מֵאֵין | יוֹשֵׁב׃ |
| દેશ | બાબિલોનનો | ઉજ્જડ | રહેવાસી-વિના | કોઈ |
| H0776 | H0894 | H8047 | H0369 | H3427 |

દેશ ધ્રૂજી ઊઠે છે અને પીડાય છે, કેમ કે બાબિલ વિરુદ્ધ યહોવાહનો સંકલ્પ દૃઢ છે. યહોવાહ બાબિલને નિર્જન વગડો બનાવવાની તેમની પોતાની યોજના પાર પાડે છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 30 | חָדְלוּ | גִבּוֹרֵי | בָבֶל | לְהִלָּחֵם | יָשְׁבוּ | בַּמְּצָדוֹת | נָשְׁתָה | גְבוּרָתָם | הָיוּ | לְנָשִׁים |
| | બંધ-થયા | યોદ્ધાઓ | બાબિલોનના | લડવાનું | બેઠા | કિલ્લાઓમાં | સુકાયું | તેમનું-બળ | થયા | સ્ત્રીઓ-જેવા |
| | H2308 | H1368 | H0894 | | H3427 | H4679 | H5405 | H1369 | H1961 | H0802 |

| | | | |
|---|---|---|---|
| הִצִּיתוּ | מִשְׁכְּנֹתֶיהָ | נִשְׁבְּרוּ | בְרִיחֶיהָ׃ |
| સળગાવ્યા | તેના-ઘરો | તૂટ્યા | તેના-અડીચણો |
| H3341 | H4908 | H7665 | H1280 |

બાબિલના અતિ પરાક્રમી યોદ્ધાઓ હવે યુદ્ધ કરતા નથી. તેઓ કિલ્લાઓમાં ભરાઈ ગયા છે, તેઓ હિંમત હારી ગયા છે. અને સ્ત્રીઓ જેવા થઈ ગયા છે. આક્રમણ કરનારાઓએ તેઓનાં ઘરો બાળી નાખ્યાં છે અને નગરના દરવાજાઓ તોડી નાખ્યા છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 31 | רָץ | לִקְרַאת־ | רָץ | יָרוּץ | וּמַגִּיד | לִקְרַאת | מַגִּיד | לְהַגִּיד | לְמֶלֶךְ | בָּבֶל |
| | દોડનાર | મળવા | દોડનારને | દોડે-છે | અને-સંદેશવાહક | મળવા | સંદેશવાહકને | ખબર-આપવા | રાજાને | બાબિલોનના |
| | H7323 | H7125 | H7323 | H7323 | H5046 | H7125 | H5046 | H5046 | H4428 | H0894 |

| | | | |
|---|---|---|---|
| כִּי־ | נִלְכְּדָה | עִירוֹ | מִקָּצֶה׃ |
| કે | લેવાયું | તેનું-નગર | છેડેથી |
| | H3920 | | |

આખું શહેર કબજે થઈ ગયું છે તેવું કહેવાને ચારેબાજુથી સંદેશાવાહકો એક પાછળ એક બાબિલના રાજા પાસે દોડી આવ્યા છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 32 | וְהַמַּעְבָּרוֹת | נִתְפָּשׂוּ | וְאֶת־ | הָאֲגַמִּים | שָׂרְפוּ | בָאֵשׁ | וְאַנְשֵׁי | הַמִּלְחָמָה | נִבְהָלוּ׃ | ס |
| | અને-ઘાટો | પકડાયા | અને | સરોવરો | સળગાવ્યા | અગ્નિથી | અને-માણસો | યુદ્ધના | ગભરાયા | — |
| | | H8610 | H0853 | H0098 | H8313 | H0784 | H0376 | H4421 | H0926 | |

નદી પાર કરવાના દરેક રસ્તાઓ કબજે કરાયા છે. બરુની ઝાડીઓને આગ લગાડવામાં આવી છે, અને સૈનિકો ગભરાઈ ગયા છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 33 | כִּי | כֹה | אָמַר | יְהוָה | צְבָאוֹת | אֱלֹהֵי | יִשְׂרָאֵל | בַּת־ | בָּבֶל | כְּגֹרֶן | עֵת |
| | કારણ-કે | આ-પ્રમાણે | કહ્યુ | યહોવા | સૈન્યોના | ઈશ્વરે | ઇઝરાયલના | પુત્રી | બાબિલોનની | ખળા-જેવી-છે | સમય |
| | | H3541 | H0559 | H3068 | | H0430 | H3478 | H1323 | H0894 | H1637 | H6256 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הִדְרִיכָהּ | עוֹד | מְעַט | וּבָאָה | עֵת־ | הַקָּצִיר | לָהּ׃ |
| તેને-ખૂંદવાનો | હજી | થોડી-વખત | અને-આવશે | સમય | લણણીનો | તેના-માટે |
| H1869 | H5750 | H4592 | H0935 | H6256 | | |

સૈન્યોના યહોવાહ, ઇઝરાયલના ઈશ્વર, કહે છે કે;' બાબિલની સ્થિતિ તો ઘઉં ઝૂડવાની ખળી જેવી છે જ્યાં ઘઉં ઝૂડવાના છે. થોડી વાર પછી ત્યાં લણણીની ઊપજને ધોકાવાનું શરૂ થશે.

34
]אכלנו[ ખાઈ-ગયો-મને H0398
)אֲכָלַנִי( ગૂંચવી-નાખ્યો-મને H0398
]הממנו[ — H2000
)הֱמָמַנִי( — H2000
נְבוּכַדְרֶאצַּר નબૂખાદનેસ્સારે H5019
מֶלֶךְ રાજા H4428
בָּבֶל બાબિલોનના H0894
]הציגנו[ — H3322
)הִצִּיגַנִי( મૂકી-દીધો-મને H3322
כְּלִי વાસણ H3627
רִיק ખાલી H7385
]בלענו[ — H1104
)בְּלָעַנִי( ગળી-ગયો-મને H1104
כַּתַּנִּין અજગર-જેમ
מִלָּא ભરી-દીધું H4390
כְרֵשׂוֹ પેટ-પોતાનું H3770
מֵעֲדָנָי મારી-સ્વાદિષ્ટ-વસ્તુઓથી
]הדיחנו[ — H1740
)הֱדִיחָנִי(׃ હાંકી-કાઢ્યો-મને H1740

યરુશાલેમ કહે છે, 'બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર મને ખાઈ ગયો છે તેણે મને ચૂસી લીધું છે, તેણે મને ખાલી પ્યાલાની જેમ એક બાજુએ ફગાવી દીધું છે. તે મને એક અજગરની જેમ આખે આખું ગળી ગયો છે, અમારી સંપત્તિથી તેણે પોતાનું પેટ ભર્યું છે અને અમારા પોતાના શહેરમાંથી અમને નસાડી મૂક્યા છે.'

35
חֲמָסִי મારા-પર-થયેલો-અન્યાય H2555
וּשְׁאֵרִי અને-મારું-માંસ H7607
עַל־ ઉપર
בָּבֶל બાબિલોનના H0894
תֹּאמַר કહેશે H0559
יֹשֶׁבֶת રહેવાસી H3427
צִיּוֹן સિયોનની H6726
וְדָמִי અને-મારું-લોહી H1818
אֶל־ વિરુદ્ધ H0413
יֹשְׁבֵי રહેવાસીઓ H3427
כַשְׂדִּים ખાલ્દીઓના H3778
תֹּאמַר કહેશે H0559
יְרוּשָׁלִָם׃ યરૂશાલેમ H3389
ס —

સિયોનના લોકો બોલી ઊઠશે, "અમારી પર કરેલાં દુષ્કૃત્યો બદલ બાબિલને સજા મળો યરુશાલેમ કહેશે કે, અમારું જે લોહી વહેવડાવવામાં આવ્યું છે તેની પૂરી કિંમત ખાલદીઓને ચૂકવવા દો"

36
לָכֵן તેથી
כֹּה આ-પ્રમાણે H3541
אָמַר કહ્યુ H0559
יְהוָה યહોવાએ H3068
הִנְנִי־ જુઓ-હું H2009
רָב લડીશ H7378
אֶת־ તારા H0853
רִיבֵךְ મુકદમામાં H7379
וְנִקַּמְתִּי અને-વળતર-આપીશ H5358
אֶת־ તારું H0853
נִקְמָתֵךְ બદલો H5360
וְהַחֲרַבְתִּי અને-સૂકવી-નાખીશ
אֶת־ તેનો H0853
יַמָּהּ સમુદ્ર H3220
וְהֹבַשְׁתִּי અને-સૂકવી-દઈશ H3001
אֶת־ તેનો H0853
מְקוֹרָהּ׃ ઝરો H4726

આથી યહોવાહ પોતાના લોકોને કહે છે, હું તમારો પક્ષ લઈશ અને તમારું વૈર વાળીશ. હું બાબિલની નદીને સૂકવી નાખીશ અને તેના ઝરણાને વહેતું બંધ કરી દઈશ.

37
וְהָיְתָה અને-થશે H1961
בָבֶל બાબિલોન H0894
לְגַלִּים ખંડેરોનો-ઢગલો H1530
מְעוֹן־ રહેઠાણ H4583
תַּנִּים શિયાળોનું
שַׁמָּה ઉજ્જડ H8047
וּשְׁרֵקָה અને-ઠેકડીનું-સ્થાન H8322
מֵאֵין વિના H0369
יוֹשֵׁב׃ રહેવાસીના H3427

અને બાબિલના ઢગલા થશે. તે શિયાળવાંની બોડ થશે. તે વસ્તીહીન થઈને વિસ્મય તથા હાંસી ઉપજાવે તેવું થશે.

38
יַחְדָּו સાથે
כַּכְּפִרִים સિંહના-બચ્ચા-જેમ
יִשְׁאָגוּ ગર્જના-કરશે H7580
נָעֲרוּ ઘૂરકશે H5286
כְּגוֹרֵי સિંહણના-બચ્ચા-જેમ H1484
אֲרָיוֹת׃ સિંહોના

બાબિલવાસીઓ બધા ભેગા થઈને જુવાન સિંહની જેમ ગર્જના કરે છે. સિંહના બચ્ચાની જેમ ઘૂરકાટ કરે છે.

39
בְּחֻמָּם તેમની-ગરમીમાં H2527
אָשִׁית હું-ગોઠવીશ H7896
אֶת־ તેમની H0853
מִשְׁתֵּיהֶם મિજબાનીઓ H4960
וְהִשְׁכַּרְתִּים અને-હું-નશામાં-ચકચૂર-કરીશ-તેમને H7937
לְמַעַן જેથી H4616
יַעֲלֹזוּ તેઓ-આનંદ-કરે H5937
וְיָשְׁנוּ અને-સૂઈ-જાય H3462
שְׁנַת־ ઊંઘ H8142
עוֹלָם સનાતન H5769
וְלֹא અને-નહિ H3808
יָקִיצוּ જાગે H6974
נְאֻם એમ-કહે-છે H5002
יְהוָה׃ યહોવા H3068

જ્યારે તેઓ તપી જઈને મસ્ત બનશે ત્યારે હું તેઓને માટે ઉજાણી કરીશ, જેમાં તેઓ મોજ કરે અને સદાની નિદ્રામાં પડે. તેઓ સદાને માટે ઊંઘી જશે અને ફરીથી કદી જાગશે નહિ, માટે હું તેઓને મગ્ન કરીશ એવું યહોવાહ કહે છે.

40

| | | |
|---|---|---|
| אוֹרִידֵם | હું-ઉતારીશ-તેમને | H3381 |
| כְּכָרִים | ઘેટાં-જેમ | |
| לִטְבוֹחַ | કતલ-માટે | H2873 |
| כְּאֵילִים | ઘેટા-જેમ | |
| עִם־ | સાથે | |
| עַתּוּדִים׃ | બકરાઓના | H6260 |

હું તેઓને હલવાનોની જેમ બકરાંસહિત ઘેટાંઓની જેમ કતલખાનામાં લઈ જઈશ.

41

| | | |
|---|---|---|
| אֵיךְ | કેવી-રીતે | |
| נִלְכְּדָה | પકડાઈ | H3920 |
| שֵׁשַׁךְ | શેશાખ | H8347 |
| וַתִּתָּפֵשׂ | અને-કબજે-થઈ | H8610 |
| תְּהִלַּת | પ્રશંસા | H8416 |
| כָּל־ | સમગ્ર | H3605 |
| הָאָרֶץ | પૃથ્વીની | H0776 |
| אֵיךְ | કેવી-રીતે | |
| הָיְתָה | થઈ | H1961 |
| לְשַׁמָּה | ઉજ્જડ | H8047 |
| בָבֶל | બાબિલોન | H0894 |
| בַּגּוֹיִם׃ | પ્રજાઓમાં | |

શેશાખને કેવો જીતી લેવામાં આવ્યો છે આખી પૃથ્વીમાં પ્રશસિત થયેલો તે કેવો પકડાયો છે બાબિલ અન્ય પ્રજાઓમાં કેવો ઉજ્જડ થયો છે

42

| | | |
|---|---|---|
| עָלָה | ચઢ્યો | H5927 |
| עַל־ | ઉપર | |
| בָּבֶל | બાબિલોનના | H0894 |
| הַיָּם | સમુદ્ર | H3220 |
| בַּהֲמוֹן | ઘોંઘાટમાં | |
| גַּלָּיו | તેના-મોજાઓના | H1530 |
| נִכְסָתָה׃ | તે-ડૂબી-ગઈ | H3680 |

બાબિલ પર સમુદ્ર ફરી વળ્યો છે. તેનાં મોજાઓએ તેને ઢાંકી દીધું છે.

43

| | | |
|---|---|---|
| הָיוּ | થયા | H1961 |
| עָרֶיהָ | તેના-શહેરો | |
| לְשַׁמָּה | ઉજ્જડ | H8047 |
| אֶרֶץ | ભૂમિ | H0776 |
| צִיָּה | સૂકી | H6723 |
| וַעֲרָבָה | અને-રણ | H6160 |
| אֶרֶץ | ભૂમિ | H0776 |
| לֹא־ | નહિ | H3808 |
| יֵשֵׁב | રહે | H3427 |
| בָּהֵן | તેમાં | |
| כָּל־ | કોઈ | H3605 |
| אִישׁ | માણસ | H0376 |
| וְלֹא־ | અને-નહિ | H3808 |
| יַעֲבֹר | પસાર-થાય | |
| בָּהֵן | તેમાંથી | H2004 |
| בֶּן־ | પુત્ર | |
| אָדָם׃ | માનવનો | H0120 |

તેના નગરો ખંડેર સ્થિતિમાં પડ્યાં છે. સમગ્ર દેશ સૂકા અરણ્ય સમાન થઈ ગયો છે. ત્યાં કોઈ રહેતું નથી અને તેમાં થઈને કોઈ મનુષ્ય પણ પસાર થતા નથી.

44

| | | |
|---|---|---|
| וּפָקַדְתִּי | અને-હું-દંડ-કરીશ | |
| עַל־ | ઉપર | |
| בֵּל | બેલને | H1078 |
| בְּבָבֶל | બાબિલોનમાં | H0894 |
| וְהֹצֵאתִי | અને-બહાર-કાઢીશ | H3318 |
| אֶת־ | જે | H0853 |
| בִּלְעוֹ | તેણે-ગળ્યું-છે | H1105 |
| מִפִּיו | તેના-મોંમાંથી | H6310 |
| וְלֹא־ | અને-નહિ | H3808 |
| יִנְהֲרוּ | વહેશે | |
| אֵלָיו | તેની-તરફ | H0413 |
| עוֹד | હવેથી | H5750 |
| גּוֹיִם | પ્રજાઓ | |
| גַּם־ | પણ | H1571 |
| חוֹמַת | દીવાલ | H2346 |
| בָּבֶל | બાબિલોનની | H0894 |
| נָפָלָה׃ | પડી-ગઈ | H5307 |

યહોવાહ કહે છે, “હું બાબિલમાં બેલને સજા કરીશ અને તે જે ગળી ગયો છે તે તેના મુખમાંથી પાછું કાઢીશ. પ્રજાઓ તેની પાસે આવશે નહિ અને તેની પૂજા કરશે નહિ. અને બાબિલની ફરતે આવેલી દીવાલો પડી જશે.

45

| | | |
|---|---|---|
| צְאוּ | નીકળો | H3318 |
| מִתּוֹכָהּ | તેની-વચ્ચેથી | H8432 |
| עַמִּי | મારા-લોકો | |
| וּמַלְּטוּ | અને-બચાવો | H4422 |
| אִישׁ | દરેક | H0376 |
| אֶת־ | પોતાનો | H0853 |
| נַפְשׁוֹ | જીવ | H5315 |
| מֵחֲרוֹן | ભયંકર-ક્રોધથી | H2740 |
| אַף־ | કોપ | H0639 |
| יְהוָה׃ | યહોવાના | H3068 |

ઓ મારી પ્રજા, બાબિલમાંથી નાસી જાઓ; યહોવાહના ભયંકર રોષમાંથી સૌ પોતપોતાના જીવ બચાવો.

46

| | | |
|---|---|---|
| וּפֶן־ | અને-ન-થાય-કે | H6435 |
| יֵרַךְ | નરમ-પડે | H7401 |
| לְבַבְכֶם | તમારું-હૃદય | H3824 |
| וְתִירְאוּ | અને-તમે-ડરો | H3372 |
| בַּשְּׁמוּעָה | અફવાથી | H8052 |
| הַנִּשְׁמַעַת | જે-સંભળાય-છે | H8085 |
| בָּאָרֶץ | દેશમાં | H0776 |
| וּבָא | અને-આવશે | H0935 |
| בַשָּׁנָה | એક-વર્ષમાં | H8141 |
| הַשְּׁמוּעָה | અફવા | H8052 |
| וְאַחֲרָיו | અને-તે-પછી | |
| בַּשָּׁנָה | બીજા-વર્ષમાં | H8141 |
| הַשְּׁמוּעָה | અફવા | H8052 |
| וְחָמָס | અને-હિંસા | H2555 |
| בָּאָרֶץ | દેશમાં | H0776 |
| וּמֹשֵׁל | અને-શાસક | H4910 |
| עַל־ | વિરુદ્ધ | |
| מֹשֵׁל׃ | શાસકના | H4910 |

હિંમત હારશો નહિ, દેશમાં ફેલાતી અફવાઓથી ગભરાઈ જશો નહિ, એક વર્ષે એક અફવા ફેલાય છે, અને બીજે વર્ષે બીજી ફેલાઈ છે. દેશમાં બધે આતરિક યુદ્ધો અને જુલમ ચાલી રહ્યા છે.

47 לָכֵן הִנֵּה יָמִים בָּאִים וּפָקַדְתִּי עַל־ פְּסִילֵי בָבֶל וְכָל־ אַרְצָהּ תֵּבוֹשׁ
તેથી જુઓ દિવસો આવે-છે અને-હું-દંડ-કરીશ ઉપર મૂર્તિઓની બાબિલોનની અને-સમગ્ર દેશ-તેનો શરમાશે
H2009 H3117 H0935 H6456 H0894 H3605 H0776 H0954

וְכָל־ חֲלָלֶיהָ יִפְּלוּ בְתוֹכָהּ׃
અને-બધા તેના-ઘાયલો પડશે તેની-વચ્ચે
H3605 H5307 H8432

તેથી, જુઓ એવા દિવસો આવી રહ્યા છે, કે જ્યારે બાબિલની મૂર્તિઓને હું સજા કરનાર છું. આખો દેશ લજ્જિત થશે, અને તેના બધા માણસો કપાઇને પડ્યા હશે.

48 וְרִנְּנוּ עַל־ בָבֶל שָׁמַיִם וָאָרֶץ וְכֹל אֲשֶׁר בָּהֶם כִּי מִצָּפוֹן יָבוֹא־
અને-ગાશે ઉપર બાબિલોનના આકાશ અને-પૃથ્વી અને-બધું જે તેમાં-છે કારણ-કે ઉત્તરથી આવશે
H0894 H8064 H0776 H3605 H6828 H0935

לָהּ הַשּׁוֹדְדִים נְאֻם־ יְהוָה׃
તેના-પર લૂંટારાઓ એમ-કહે-છે યહોવા
H7703 H5002 H3068

ત્યારે આકાશ અને પૃથ્વી તેમ જ તેમાંનું સર્વ બાબિલના પતનથી હર્ષના પોકારો કરશે. એવું યહોવાહ કહે છે. ઉત્તરમાંથી લોકો આવીને તેનો નાશ કરશે,

49 גַּם־ בָּבֶל לִנְפֹּל חַלְלֵי יִשְׂרָאֵל גַּם־ לְבָבֶל נָפְלוּ חַלְלֵי כָל־ הָאָרֶץ׃
પણ બાબિલોન પડવાનું-છે ઘાયલો-માટે ઇઝરાયલના પણ બાબિલોન-માટે પડ્યા ઘાયલો સમગ્ર પૃથ્વીના
H1571 H0894 H5307 H3478 H1571 H0894 H5307 H3605 H0776

“બાબિલે જેમ ઇઝરાયલના કતલ થયેલાઓને પાડ્યા છે. તેમ બાબિલના કતલ થયેલાઓને તેઓએ પાડ્યા છે.

50 פְּלֵטִים מֵחֶרֶב הִלְכוּ אַל־ תַּעֲמֹדוּ זִכְרוּ מֵרָחוֹק אֶת־ יְהוָה וִירוּשָׁלִַם תַּעֲלֶה
ભાગેડુઓ તલવારથી ચાલો ના ઊભા-રહો યાદ-કરો દૂરથી યહોવાને — અને-યરૂશાલેમ ચઢે
H2719 H1980 H0408 H5975 H2142 H7350 H0853 H3068 H3389 H5927

עַל־ לְבַבְכֶם׃
ઉપર તમારા-હૃદયના
H3824

તમે જેઓ તેની તલવારનો ભોગ બનતા બચી ગયા છો, તે નાસી જાઓ રોકાશો નહિ દૂર દેશમાં, યહોવાહને સંભારજો અને યરુશાલેમને ભૂલશો નહિ.”

51 בֹּשְׁנוּ כִּי־ שָׁמַעְנוּ חֶרְפָּה כִּסְּתָה כְלִמָּה פָּנֵינוּ כִּי בָּאוּ זָרִים
શરમાયા-છીએ કારણ-કે અમે-સાંભળ્યું અપમાન ઢાંકી-દીધું લજ્જાએ અમારા-ચહેરાઓ કારણ-કે આવ્યા પરદેશીઓ
H0954 H8085 H2781 H3680 H3639 H6440 H0935

עַל־ מִקְדְּשֵׁי בֵּית יְהוָה׃ ס
ઉપર પવિત્ર-સ્થાનોના ઘર યહોવાના —
H4720 H3068

અમે નિંદા સાંભળી છે. તેથી અમે લજ્જિત થયા છીએ, કેમ કે, પરદેશીઓ યહોવાહના ઘરમાં પેસી ગયા છે.

52 לָכֵן הִנֵּה־ יָמִים בָּאִים נְאֻם־ יְהוָה וּפָקַדְתִּי עַל־ פְּסִילֶיהָ וּבְכָל־
તેથી જુઓ દિવસો આવે-છે એમ-કહે-છે યહોવા અને-હું-દંડ-કરીશ ઉપર તેની-મૂર્તિઓને અને-સમગ્ર
H2009 H3117 H0935 H5002 H3068 H6456 H3605

אַרְצָהּ יֶאֱנֹק חָלָל׃
દેશમાં-તેના કણસશે ઘાયલ
H0776 H0602

તેથી યહોવાહ કહે છે, જુઓ, એવો સમય આવી રહ્યો છે કે જ્યારે હું બાબિલની મૂર્તિઓને સજા કરીશ અને સમગ્ર દેશમાં ઘાયલ થયેલા માણસો નિસાસા નાખશે.

53

| | | |
|---|---|---|
| כִּֽי־ | જો | |
| תַעֲלֶה | ચઢે | H5927 |
| בָבֶל | બાબિલોન | H0894 |
| הַשָּׁמַיִם | આકાશ-સુધી | H8064 |
| וְכִי | અને-જો | |
| תְבַצֵּר | મજબૂત-કરે | H1219 |
| מְרוֹם | ઊંચાઈ | H4791 |
| עֻזָּהּ | તેના-કિલ્લાની | H5797 |
| מֵאִתִּי | મારા-તરફથી | H0854 |
| יָבֹאוּ | આવશે | H0935 |
| שֹׁדְדִים | લૂંટારાઓ | H7703 |
| לָהּ | તેના-પર | |
| נְאֻם־ | એમ-કહે-છે | H5002 |
| יְהוָה׃ | યહોવા | H3068 |
| ס | — | |

જો કે બાબિલ આકાશે પહોંચે તોપણ અને તે પોતાના ઊંચા કોટોની કિલ્લેબંધી કરે તોપણ મારી પાસેથી તેના પર વિનાશક આવશે.' એવું યહોવાહ કહે છે.

54

| | | |
|---|---|---|
| קוֹל | અવાજ | |
| זְעָקָה | ચીસનો | H2201 |
| מִבָּבֶל | બાબિલોનમાંથી | H0894 |
| וְשֶׁבֶר | અને-વિનાશ | H7667 |
| גָּדוֹל | મોટો | |
| מֵאֶרֶץ | દેશમાંથી | H0776 |
| כַּשְׂדִּים׃ | ખાલ્દીઓના | H3778 |

બાબિલમાંથી આવતા રુદનનાસ્વર અને જ્યાં ખાલદીઓ શાસન કરે છે ત્યાંથી આવતા ભયંકર વિનાશના અવાજો સંભળાય છે.

55

| | | |
|---|---|---|
| כִּֽי־ | કારણ-કે | |
| שֹׁדֵד | નાશ-કરે-છે | H7703 |
| יְהוָה | યહોવા | H3068 |
| אֶת־ | બાબિલોનનો | H0853 |
| בָּבֶל | — | H0894 |
| וְאִבַּד | અને-નષ્ટ-કરે-છે | H0006 |
| מִמֶּנָּה | તેમાંથી | |
| קוֹל | અવાજ | |
| גָּדוֹל | મોટો | |
| וְהָמוּ | અને-ઘૂઘવે-છે | H1993 |
| גַלֵּיהֶם | તેમના-મોજાઓ | H1530 |
| כְּמַיִם | પાણી-જેમ | H4325 |
| רַבִּים | ઘણા | |
| נִתַּן | સંભળાય-છે | H5414 |
| שְׁאוֹן | ગર્જના | H7588 |
| קוֹלָם׃ | તેમના-અવાજની | |

યહોવાહ બાબિલનો વિનાશ કરી રહ્યા છે. અને તેના કોલાહલને શમાવી રહ્યા છે. શત્રુઓનું સૈન્ય મહાસાગરના તરંગોની જેમ ગર્જના અને ઘૂઘવાટા કરતું ધસી રહ્યુ છે.

56

| | | |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| בָא | આવ્યો | H0935 |
| עָלֶיהָ | તેના-ઉપર | |
| עַל־ | ઉપર | |
| בָּבֶל | બાબિલોનના | H0894 |
| שׁוֹדֵד | લૂંટારો | H7703 |
| וְנִלְכְּדוּ | અને-પકડાયા | H3920 |
| גִּבּוֹרֶיהָ | તેના-યોદ્ધાઓ | H1368 |
| חִתְּתָה | તૂટ્યા | H2865 |
| קַשְּׁתוֹתָם | તેમના-ધનુષ્યો | H7198 |
| כִּי | કારણ-કે | |
| אֵל | ઈશ્વર | H0410 |
| גְּמֻלוֹת | બદલો-લેનાર | H1578 |
| יְהוָה | યહોવા | H3068 |
| שַׁלֵּם | ચૂકવતા | |
| יְשַׁלֵּם׃ | ચૂકવશે | |

કેમ કે તેના પર એટલે બાબિલ પર વિનાશક આવી પહોંચ્યો છે. તેના યોદ્ધાઓ કેદ પકડાયા છે અને તેઓનાં ધનુષ્ય તોડી પડાયાં છે, કેમ કે યહોવાહ તો પ્રતિફળ આપનારા ઈશ્વર છે.; તે નિશ્ચે બદલો લેશે.

57

| | | |
|---|---|---|
| וְהִשְׁכַּרְתִּי | અને-હું-નશામાં-ચકચૂર-કરીશ | H7937 |
| שָׂרֶיהָ | તેના-સરદારોને | H8269 |
| וַחֲכָמֶיהָ | અને-તેના-જ્ઞાનીઓને | H2450 |
| פַּחוֹתֶיהָ | તેના-રાજ્યપાલોને | H6346 |
| וּסְגָנֶיהָ | અને-તેના-અધિકારીઓને | H5461 |
| וְגִבּוֹרֶיהָ | અને-તેના-યોદ્ધાઓને | H1368 |
| וְיָשְׁנוּ | અને-સૂઈ-જશે | H3462 |
| שְׁנַת־ | ઊંઘ | H8142 |
| עוֹלָם | સનાતન | H5769 |
| וְלֹא | અને-નહિ | H3808 |
| יָקִיצוּ | જાગે | H6974 |
| נְאֻם־ | એમ-કહે-છે | H5002 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| יְהוָה | યહોવા | H3068 |
| צְבָאוֹת | સૈન્યોના | |
| שְׁמוֹ׃ | તેમનું-નામ-છે | H8034 |
| ס | — | |

સૈન્યોના યહોવાહ કહે છે, આ રાજાનો હુકુમ છે "હું તેના સરદારોને, જ્ઞાની માણસોને, રાજકર્તાઓને, અધિકારીઓને તથા શૂરવીર યોદ્ધાઓને ચકચૂર કરીશ, તેઓ અનંત નિદ્રામાં પોઢી જશે, ફરી કદી જાગશે જ નહિ.

58

| | | |
|---|---|---|
| כֹּה־ | આ-પ્રમાણે | H3541 |
| אָמַ֞ר | કહ્યુ | H0559 |
| יְהוָ֣ה | યહોવા | H3068 |
| צְבָא֗וֹת | સૈન્યોના | |
| חֹמ֨וֹת | દીવાલો | H2346 |
| בָּבֶ֤ל | બાબિલોનની | H0894 |
| הָרְחָבָה֙ | પહોળી | H7342 |
| עַרְעֵ֣ר | તદ્દન | H6209 |
| תִּתְעַרְעָ֔ר | તોડી-પાડવામાં-આવશે | H6209 |
| וּשְׁעָרֶ֥יהָ | અને-તેના-દરવાજા | H8179 |
| הַגְּבֹהִ֖ים | ઊંચા | H1364 |
| בָּאֵ֣שׁ | અગ્નિમાં | H0784 |
| יִצַּ֑תּוּ | સળગાવાશે | H3341 |
| וְיָגְע֨וּ | અને-મહેનત-કરશે | H3021 |
| עַמִּ֤ים | લોકો | |
| בְּדֵי־ | નિરર્થક | H1767 |
| רִיק | — | H7385 |
| וּלְאֻמִּ֥ים | અને-પ્રજાઓ | H3816 |
| בְּדֵי־ | અગ્નિ-માટે | H1767 |
| אֵ֖שׁ | — | H0784 |
| וְיָעֵֽפוּ׃ | અને-થાકી-જશે | H3286 |
| ס | — | |

સૈન્યોના યહોવાહ કહે છે, બાબિલની મજબૂત દીવાલો ભોંયભેગી થઈ જશે, તેના ઊંચા દરવાજાને આગ ચાંપવામાં આવશે, જે બાંધવા માટે ઘણા લોકોએ પોતાની જાતને ઘસી નાખી હતી તે બધું ભસ્મ થઈ જશે, લોકોએ કરેલી બધી મહેનત ધૂળમાં મળી જશે."

59

| | | |
|---|---|---|
| הַדָּבָ֞ר | સંદેશ | H1697 |
| אֲשֶׁר־ | જે | |
| צִוָּ֣ה | આદેશ-આપ્યો | H6680 |
| יִרְמְיָ֣הוּ | યિર્મેયાહુ | H3414 |
| הַנָּבִ֗יא | પ્રબોધક | H5030 |
| אֶת־ | ને | H0853 |
| שְׂרָיָ֤ה | સરાયાહને | H8304 |
| בֶן־ | પુત્ર | |
| נֵרִיָּה֙ | નેરિયાહના | H5374 |
| בֶּן־ | પુત્ર | |
| מַחְסֵיָ֔ה | માખસેયાહના | H4271 |
| בְּלֶכְתּ֞וֹ | જ્યારે-તે-ગયો | H3212 |
| אֶת־ | સાથે | H0854 |
| צִדְקִיָּ֤הוּ | સિદ્કિયાહુ | H6667 |
| מֶֽלֶךְ־ | રાજા | H4428 |
| יְהוּדָה֙ | યહૂદાના | H3063 |
| בָּבֶ֔ל | બાબિલોન | H0894 |
| בִּשְׁנַ֥ת | વર્ષમાં | H8141 |
| הָרְבִעִ֖ית | ચોથા | H7243 |
| לְמָלְכ֑וֹ | તેના-રાજ્યના | |
| וּשְׂרָיָ֖ה | અને-સરાયાહ | H8304 |
| שַׂ֥ר | અધિકારી | H8269 |
| מְנוּחָֽה׃ | છાવણીનો | H4496 |

યહૂદિયાના રાજા સિદકિયાના શાસનના ચોથા વર્ષમાં જ્યારે તેની સાથે યહૂદિયાના રાજા માસેયાના દીકરા નેરિયાનો દીકરા સરાયા બાબિલ ગયો, ત્યારે જે સૂચનાઓ યર્મિયા પ્રબોધક સરાયાને આપી તે આ છે. સરાયા તો લશ્કરનો મુખ્ય અધિકારી હતો.

60

| | | |
|---|---|---|
| וַיִּכְתֹּ֣ב | અને-લખ્યું | H3789 |
| יִרְמְיָ֗הוּ | યિર્મેયાહુએ | H3414 |
| אֵ֧ת | બધી | H0853 |
| כָּל־ | — | H3605 |
| הָרָעָ֛ה | આપત્તિ | |
| אֲשֶׁר־ | જે | |
| תָּב֥וֹא | આવવાની-હતી | H0935 |
| אֶל־ | ઉપર | H0413 |
| בָּבֶ֖ל | બાબિલોનના | H0894 |
| אֶל־ | માં | H0413 |
| סֵ֣פֶר | પુસ્તક | |
| אֶחָ֑ד | એક | H0259 |
| אֵ֚ת | બધા | H0853 |
| כָּל־ | — | H3605 |
| הַדְּבָרִ֣ים | વચનો | H1697 |
| הָאֵ֔לֶּה | આ | H0428 |
| הַכְּתֻבִ֖ים | લખેલા | H3789 |
| אֶל־ | વિરુદ્ધ | H0413 |
| בָּבֶֽל׃ | બાબિલોનના | H0894 |

યર્મિયાએ એક પુસ્તકમાં બાબિલ પર આવનારી આફતનું પૂરું વર્ણન અહીં જે બધું નોંધવામાં આવેલું છે તે લખી કાઢયું હતું.

61

| | | |
|---|---|---|
| וַיֹּ֥אמֶר | અને-કહ્યુ | H0559 |
| יִרְמְיָ֖הוּ | યિર્મેયાહુએ | H3414 |
| אֶל־ | ને | H0413 |
| שְׂרָיָ֑ה | સરાયાહને | H8304 |
| כְּבֹאֲךָ֣ | જ્યારે-તું-પહોંચે | H0935 |
| בָבֶ֔ל | બાબિલોન | H0894 |
| וְרָאִ֕יתָ | અને-જો | H7200 |
| וְקָרָ֕אתָ | અને-વાંચ | H7121 |
| אֵ֥ת | બધા | H0853 |
| כָּל־ | — | H3605 |
| הַדְּבָרִ֖ים | વચનો | H1697 |
| הָאֵֽלֶּה׃ | આ | H0428 |

યર્મિયાએ સરાયાને કહ્યુ, જ્યારે તું બાબિલ પહોંચે ત્યારે આમાંના શબ્દે શબ્દ અચૂક વાંચી સંભળાવજે.

62

| | | |
|---|---|---|
| וְאָמַרְתָּ֗ | અને-કહેજે | H0559 |
| יְהוָה֙ | યહોવા | H3068 |
| אַתָּ֤ה | તમે | |
| דִבַּ֙רְתָּ֙ | બોલ્યા-છો | H1696 |
| אֶל־ | વિરુદ્ધ | H0413 |
| הַמָּק֣וֹם | સ્થાન | H4725 |
| הַזֶּה֮ | આ | H2088 |
| לְהַכְרִיתוֹ֒ | તેનો-નાશ-કરવા | H3772 |
| לְבִלְתִּ֤י | જેથી-ન-હોય | H1115 |
| הֱיֽוֹת־ | રહે | H1961 |
| בּוֹ֙ | તેમાં | |
| יוֹשֵׁ֔ב | રહેવાસી | H3427 |
| לְמֵאָדָ֖ם | માણસથી-લઈને | H0120 |
| וְעַד־ | અને-સુધી | H5704 |
| בְּהֵמָ֑ה | પશુ-સુધી | H0929 |
| כִּֽי־ | કારણ-કે | |
| שִֽׁמְמ֥וֹת | ઉજ્જડ | |
| עוֹלָ֖ם | સનાતન | H5769 |
| תִּהְיֶֽה׃ | થશે | H1961 |

અને કહેજે કે, હે યહોવાહ, તમે જાતે જાહેર કર્યું છે કે, આ જગ્યાનો નાશ કરવામાં આવશે, અહીં ફરી કોઈ વાસો કરશે નહિ. માણસ કે પશુ કોઈ નહિ. તે સદાકાળ ઉજ્જડ રહેશે.'"

63

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָה | כְּכַלֹּתְךָ | לִקְרֹא | אֶת־ | הַסֵּפֶר | הַזֶּה | תִּקְשֹׁר | עָלָיו | אֶבֶן | וְהִשְׁלַכְתּוֹ |
| અને-થશે-એવું | જ્યારે-તું-પૂરું-કરે | વાંચવાનું | આ | પુસ્તક | આ | બાંધજે | તેના-ઉપર | પથ્થર | અને-ફેંકી-દેજે |
| H1961 | H3615 | H7121 | H0853 | | H2088 | H7194 | | H0068 | H7993 |
| אֶל־ | תּוֹךְ | פְּרָת׃ | | | | | | | |
| માં | વચ્ચે | ફ્રાત-નદીના | | | | | | | |
| H0413 | H8432 | H6578 | | | | | | | |

જ્યારે તું આ પુસ્તક વાંચી રહે ત્યારે તેને પથ્થરો બાંધીને ફ્રાત નદીની વચ્ચોવચ્ચ નાખી દેજે.

64

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאָמַרְתָּ | כָּכָה | תִּשְׁקַע | בָבֶל | וְלֹא־ | תָקוּם | מִפְּנֵי | הָרָעָה | אֲשֶׁר | אָנֹכִי | מֵבִיא |
| અને-કહેજે | આ-પ્રમાણે | ડૂબશે | બાબિલોન | અને-નહિ | ઊઠે | કારણે | આપત્તિના | જે | હું | લાવું-છું |
| H0559 | H3602 | H8257 | H0894 | H3808 | | H6440 | | | H0595 | H0935 |
| עָלֶיהָ | וְיָעֵפוּ | עַד־ | הֵנָּה | דִּבְרֵי | יִרְמְיָהוּ׃ | ס | | | | |
| તેના-ઉપર | અને-તેઓ-થાકી-જશે | અહીં-સુધી | — | વચનો | યિર્મેયાહુના | — | | | | |
| | H3286 | H5704 | H2008 | H1697 | H3414 | | | | | |

અને કહે જે કે, આવા જ હાલ બાબિલના થશે, યહોવાહ બાબિલ પર એવી આફત લાવનાર છે જેથી તે ડૂબી જાય અને ફરી કદી ઉપર આવે નહિ.' અહીં યર્મિયાનાં વચન પૂરાં થાય છે.

## Chapter 52

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בֶּן־ | עֶשְׂרִים | וְאַחַת | שָׁנָה | צִדְקִיָּהוּ | בְמָלְכוֹ | וְאַחַת | עֶשְׂרֵה | שָׁנָה | מָלַךְ |
| પુત્ર | વીસ | અને-એક | વર્ષનો | સિદ્કિયાહુ | રાજ-કરતી-વખતે-હતો | અને-અગિયાર | વર્ષ | વર્ષ | રાજ-કર્યું |
| | H6242 | H0259 | H8141 | H6667 | | H0259 | H6240 | H8141 | |
| בִּירוּשָׁלָםִ | וְשֵׁם | אִמּוֹ | ]חמיטל[ | )חֲמוּטַל( | בַּת־ | יִרְמְיָהוּ | מִלִּבְנָה׃ | | |
| યરૂશાલેમમાં | અને-નામ | તેની-માતાનું | — | ખમૂટાલ | પુત્રી | યિર્મેયાહુની | લિબ્નાહથી | | |
| H3389 | H8034 | H0517 | H2537 | H2537 | H1323 | H3414 | H3841 | | |

સિદકિયા રાજ કરવા લાગ્યો ત્યારે તે એકવીસ વર્ષનો હતો; તેણે યરુશાલેમમાં અગિયાર વર્ષ રાજ કર્યું. તેની માતાનું નામ હમૂટાલ હતું અને તે લિબ્નાહના યર્મિયાની દીકરી હતી.

2

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַשׂ | הָרַע | בְּעֵינֵי | יְהוָה | כְּכֹל | אֲשֶׁר־ | עָשָׂה | יְהוֹיָקִים׃ |
| અને-કર્યું | ખરાબ | નજરમાં | યહોવાની | બધું-જેમ | જેમ | કર્યું-હતું | યહોયાકીમે |
| | | | H3068 | H3605 | | | H3079 |

સિદકિયાએ યહોયાકીમની જેમ જ યહોવાહની દ્રષ્ટિમાં ભૂંડું હતું તે કર્યું.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | עַל־ | אַף | יְהוָה | הָיְתָה | בִּירוּשָׁלַםִ | וִיהוּדָה | עַד־ | הִשְׁלִיכוֹ | אוֹתָם |
| કારણ-કે | ઉપર | ક્રોધ | યહોવાનો | હતો | યરૂશાલેમમાં | અને-યહૂદાહમાં | ત્યાં-સુધી-કે | ફેંકી-દીધા-તેણે | તેમને |
| | | H0639 | H3068 | H1961 | H3389 | H3063 | H5704 | H7993 | H0853 |
| מֵעַל | פָּנָיו | וַיִּמְרֹד | צִדְקִיָּהוּ | בְּמֶלֶךְ | בָּבֶל׃ | | | | |
| આગળથી | પોતાની-હાજરીથી | અને-બળવો-કર્યો | સિદ્કિયાહુએ | રાજા-વિરુદ્ધ | બાબિલોનના | | | | |
| | H6440 | H4775 | H6667 | H4428 | H0894 | | | | |

યહોવાહના કોપને લીધે યરુશાલેમમાં અને યહૂદિયામાં આ સર્વ ઘટનાઓ બનતી રહી, છેવટે તેમણે તેઓને પોતાના સાન્નિધ્યમાંથી નસાડી મૂક્યા. અને સિદકિયાએ બાબિલના રાજા સામે બંડ કર્યું.

4 וַיְהִי અને-થયું-એવું H1961
בַשָּׁנָה વર્ષમાં H8141
הַתְּשִׁעִית નવમા H8671
לְמָלְכוֹ તેના-રાજ્યના
בַּחֹדֶשׁ મહિનામાં H2320
הָעֲשִׂירִי દસમા H6224
בֶּעָשׂוֹר દસમી-તારીખે H6218
לַחֹדֶשׁ મહિનાની H2320
בָּא આવ્યો H0935
נְבוּכַדְרֶאצַּר નબૂખાદનેસ્સાર H5019
מֶֽלֶךְ־ રાજા H4428
בָּבֶל બાબિલોનનો H0894
הוּא તે H1931
וְכָל־ અને-સમગ્ર H3605
חֵילוֹ તેનું-સૈન્ય H2428
עַל־ વિરુદ્ધ
יְרוּשָׁלִַם યરૂશાલેમની H3389
וַיַּחֲנוּ અને-છાવણી-નાખી H2583
עָלֶיהָ તેની-વિરુદ્ધ
וַיִּבְנוּ અને-બાંધ્યો H1129
עָלֶיהָ તેની-વિરુદ્ધ
דָּיֵק ઘેરાબંધીનો-કિલ્લો H1785
סָבִיב׃ ચારેબાજુ H5439

સિદકિયાના રાજ્યકાળમાં નવમા વર્ષના દસમા મહિનાના દસમાં દિવસે બાબિલના રાજા નબૂખાદનેસ્સારે પોતાના આખા સૈન્ય સહિત આવીને યરુશાલેમ પર હુમલો કર્યો. તેઓએ તેને ઘેરો ઘાલી અને તેની ચારેતરફ મોરચા બાંધ્યાં.

5 וַתָּבֹא અને-આવી H0935
הָעִיר શહેર
בַּמָּצוֹר ઘેરાબંધીમાં H4692
עַד સુધી H5704
עַשְׁתֵּי અગિયારમા H6249
עֶשְׂרֵה અગિયાર H6240
שָׁנָה વર્ષ H8141
לַמֶּלֶךְ રાજા H4428
צִדְקִיָּהוּ׃ સિદ્કિયાહુના H6667

સિદકિયા રાજાના શાસનના અગિયારમા વર્ષ સુધી આમ ચાલ્યું.

6 בַּחֹדֶשׁ ચોથા-મહિનામાં H2320
הָרְבִיעִי ચોથા H7243
בְּתִשְׁעָה નવમી-તારીખે H8672
לַחֹדֶשׁ મહિનાની H2320
וַיֶּחֱזַק અને-તીવ્ર-થયો H2388
הָרָעָב દુકાળ H7458
בָּעִיר શહેરમાં
וְלֹא־ અને-નહોતી H3808
הָיָה હતી H1961
לֶחֶם રોટલી H3899
לְעַם લોકો-માટે
הָאָרֶץ׃ દેશના H0776

ચોથા મહિનાના નવમે દિવસે નગરમાં અન્નની ભારે તંગી વર્તાઈ અને લોકોને માટે ખાવાને બિલકુલ અન્ન નહોતું.

7 וַתִּבָּקַע અને-તોડી-નાખવામાં-આવ્યું H1234
הָעִיר શહેર
וְכָל־ અને-બધા H3605
אַנְשֵׁי માણસો H0376
הַמִּלְחָמָה યુદ્ધના H4421
יִבְרְחוּ ભાગ્યા H1272
וַיֵּצְאוּ અને-નીકળ્યા H3318
מֵהָעִיר શહેરમાંથી
לַיְלָה રાત્રે H3915
דֶּרֶךְ માર્ગે H1870
שַׁעַר દરવાજા H8179
בֵּין־ વચ્ચેના H0996
הַחֹמֹתַיִם બે-દીવાલોના H2346
אֲשֶׁר જે
עַל־ પાસે
גַּן બાગ H1588
הַמֶּלֶךְ રાજાના H4428
וְכַשְׂדִּים અને-ખાલ્દીઓ H3778
עַל־ ઉપર
הָעִיר શહેર
סָבִיב ચારેબાજુ H5439
וַיֵּלְכוּ અને-ગયા H3212
דֶּרֶךְ માર્ગે H1870
הָעֲרָבָה׃ અરાબાહના H6160

પછી નગરની દીવાલમાં એક બાકોરું પાડવામાં આવ્યું. અને સઘળા લડવૈયા નાસી ગયા. બે દીવાલો વચ્ચે રાજાની વાડીની પાસે જે ભાગળ હતી તેમાં થઈને રાતોરાત નગરમાંથી નીકળીને નાસી ગયા. તે દરમ્યાન ખાલદીઓએ નગરને ઘેરી લીધું હતું તેમ છતાં તેઓ અરાબાને માર્ગે આગળ વધ્યા.

8 וַיִּרְדְּפוּ અને-પીછો-કર્યો H7291
חֵיל־ સૈન્યે H2428
כַּשְׂדִּים ખાલ્દીઓના H3778
אַחֲרֵי પાછળ
הַמֶּלֶךְ રાજાની H4428
וַיַּשִּׂגוּ અને-પકડ્યો H5381
אֶת־ ને H0853
צִדְקִיָּהוּ સિદ્કિયાહુને H6667
בְּעַרְבֹת મેદાનોમાં H6160
יְרֵחוֹ યરીખોના H3405
וְכָל־ અને-સમગ્ર H3605
חֵילוֹ તેનું-સૈન્ય H2428
נָפֹצוּ વિખેરાઈ-ગયું
מֵעָלָיו׃ તેનાથી

પરંતુ ખાલદીઓના સૈન્યએ રાજાનો પીછો પકડ્યો અને યરીખોના મેદાનમાં તેને પકડી પાડ્યો. અને તેનું આખું સૈન્ય તેને છોડીને વેરવિખેર થઈ ગયું.

9
וַיִּתְפְּשׂוּ — અને-પકડ્યો — H8610
אֶת־ — ને — H0853
הַמֶּלֶךְ — રાજાને — H4428
וַיַּעֲלוּ — અને-લઈ-ગયા — H5927
אֹתוֹ — તેને — H0853
אֶל־ — પાસે — H0413
מֶלֶךְ — રાજા — H4428
בָּבֶל — બાબિલોનના — H0894
רִבְלָתָה — રિબ્લાહમાં — H7247
בְּאֶרֶץ — દેશમાં — H0776
חֲמָת — ખમાથના — H2574
וַיְדַבֵּר — અને-બોલ્યો — H1696
אִתּוֹ — તેની-સાથે — H0854
מִשְׁפָּטִים׃ — ન્યાયચુકાદો — H4941

બાબિલનો રાજા હમાથ રાજ્યના રિબ્લાહ નગરમાં હતો. તેઓ સિદકિયાને ત્યાં લઈ ગયા અને રાજા આગળ રજૂ કર્યો. અને તેણે તેનો ઇનસાફ કર્યો.

10
וַיִּשְׁחַט — અને-વધ્યા
מֶלֶךְ־ — રાજાએ — H4428
בָּבֶל — બાબિલોનના — H0894
אֶת־ — ને — H0853
בְּנֵי — પુત્રોને
צִדְקִיָּהוּ — સિદ્કિયાહુના — H6667
לְעֵינָיו — તેની-આખો-સામે
וְגַם — અને-પણ — H1571
אֶת־ — ને — H0853
כָּל־ — બધા — H3605
שָׂרֵי — સરદારોને — H8269
יְהוּדָה — યહૂદાહના — H3063
שָׁחַט — વધ્યા
בְּרִבְלָתָה׃ — રિબ્લાહમાં — H7247

બાબિલના રાજાએ સિદકિયાની નજર આગળ તેના દીકરાઓને મારી નાખ્યા અને યહૂદિયાના બધા સરદારોને પણ રિબ્લાહમાં મારી નાખ્યા.

11
וְאֶת־ — અને — H0853
עֵינֵי — આખો
צִדְקִיָּהוּ — સિદ્કિયાહુની — H6667
עִוֵּר — આંધળી-કરી — H5786
וַיַּאַסְרֵהוּ — અને-બાંધ્યો-તેને — H0631
בַנְחֻשְׁתַּיִם — પિત્તળની-સાંકળોથી
וַיְבִאֵהוּ — અને-લાવ્યો-તેને — H0935
מֶלֶךְ־ — રાજા — H4428
בָּבֶל — બાબિલોનનો — H0894
בָּבֶלָה — બાબિલોનમાં — H0894
וַיִּתְּנֵהוּ — અને-મૂક્યો-તેને — H5414
[בבית־] — —
(בֵית־) — કેદખાનામાં — H1004
הַפְּקֻדֹּת — શિક્ષાના — H6486
עַד־ — સુધી — H5704
יוֹם — દિવસ — H3117
מוֹתוֹ׃ — તેના-મૃત્યુના — H4194

ત્યારબાદ તેણે સિદકિયાની આખો ફોડી નાખી અને બાબિલનો રાજા તેને સાંકળોથી બાંધીને બાબિલ લઈ ગયો. અને તેને આજીવન કેદ કરવામાં આવ્યો.

12
וּבַחֹדֶשׁ — અને-પાંચમા-મહિનામાં — H2320
הַחֲמִישִׁי — પાંચમા — H2549
בֶּעָשׂוֹר — દસમી-તારીખે — H6218
לַחֹדֶשׁ — મહિનાની — H2320
הִיא — જે-હતું — H1931
שְׁנַת — વર્ષ — H8141
תְּשַׁע־ — ઓગણીસમું — H8672
עֶשְׂרֵה — ઓગણીસ — H6240
שָׁנָה — વર્ષ — H8141
לַמֶּלֶךְ — રાજા — H4428
נְבוּכַדְרֶאצַּר — નબૂખાદનેસ્સાર — H5019
מֶלֶךְ־ — રાજા — H4428
בָּבֶל — બાબિલોનનો — H0894
בָּא — આવ્યો — H0935
נְבוּזַרְאֲדָן — નબૂઝારઅદાન — H5018
רַב־ — અંગરક્ષકોનો-મુખ્ય
טַבָּחִים — સેનાપતિ — H2876
עָמַד — ઊભો-રહ્યો — H5975
לִפְנֵי — સામે — H6440
מֶלֶךְ־ — રાજા — H4428
בָּבֶל — બાબિલોનના — H0894
בִּירוּשָׁלִָם׃ — યરૂશાલેમમાં — H3389

હવે પાંચમા મહિનાના દસમા દિવસે એટલે કે બાબિલના રાજા નબૂખાદનેસ્સારના શાસનના ઓગણીસમા વર્ષમાં રક્ષક ટુકડીનો સરદાર નબૂઝારઅદાનને જે બાબિલના રાજાની તહેનાતમાં રહેતો હતો તે યરુશાલેમમાં આવ્યો.

13
וַיִּשְׂרֹף — અને-સળગાવ્યું — H8313
אֶת־ — ને — H0853
בֵּית־ — ઘર
יְהוָה — યહોવાનું — H3068
וְאֶת־ — અને — H0853
בֵּית — ઘર
הַמֶּלֶךְ — રાજાનું — H4428
וְאֵת — અને — H0853
כָּל־ — બધા — H3605
בָּתֵּי — ઘરો
יְרוּשָׁלִַם — યરૂશાલેમના — H3389
וְאֶת־ — અને — H0853
כָּל־ — દરેક — H3605
בֵּית — ઘર
הַגָּדוֹל — મોટું
שָׂרַף — સળગાવ્યું — H8313
בָּאֵשׁ׃ — અગ્નિથી — H0784

તેણે યહોવાહના સભાસ્થાનને, રાજાના મહેલને અને યરુશાલેમના દરેક ઘરને બાળી નાખ્યાં; વળી તેણે દરેક મોટી ઇમારતો બાળી નાખી.

14
וְאֶת־ — અને — H0853
כָּל־ — બધી — H3605
חֹמוֹת — દીવાલો — H2346
יְרוּשָׁלִַם — યરૂશાલેમની — H3389
סָבִיב — ચારેબાજુ — H5439
נָתְצוּ — તોડી-પાડી — H5422
כָּל־ — બધા — H3605
חֵיל — સૈન્યે — H2428
כַּשְׂדִּים — ખાલ્દીઓના — H3778
אֲשֶׁר — જે
אֶת־ — સાથે — H0854
רַב־ — અંગરક્ષકોના-મુખ્ય
טַבָּחִים׃ — સેનાપતિના — H2876

વળી રક્ષક ટુકડીના સરદાર સાથે ખાલદીઓનું જે સર્વ સૈન્ય હતું તેણે યરુશાલેમની આસપાસની દીવાલોને તોડી પાડી.

15

| | | |
|---|---|---|
| וּמִדַּלּוֹת | અને-ગરીબોમાંથી | |
| הָעָם | લોકોના | |
| וְאֶת־ | અને | H0853 |
| יֶתֶר | બાકીના | |
| הָעָם | લોકો | |
| הַנִּשְׁאָרִים | જે-બચેલા-હતા | H7604 |
| בָּעִיר | શહેરમાં | |
| וְאֶת־ | અને | H0853 |
| הַנֹּפְלִים | ભાગેડુઓને | H5307 |
| אֲשֶׁר | જેઓ | |
| נָפְלוּ | ભાગ્યા-હતા | H5307 |
| אֶל־ | પાસે | H0413 |
| מֶלֶךְ | રાજા | H4428 |
| בָּבֶל | બાબિલોનના | H0894 |
| וְאֵת | અને | H0853 |
| יֶתֶר | બાકીના | |
| הָאָמוֹן | કારીગરોને | H0527 |
| הֶגְלָה | દેશવટે-મોકલ્યા | H1540 |
| נְבוּזַרְאֲדָן | નબૂઝારઅદાને | H5018 |
| רַב־ | અગરક્ષકોના-મુખ્ય | |
| טַבָּחִים׃ | સેનાપતિએ | H2876 |

લોકોમાંના કેટલાક ગરીબ માણસોને તથા નગરના બાકી રહી ગયેલા લોકોને જેઓ બાબિલના રાજાના પક્ષમાં ચાલ્યા ગયા હતા તેઓને અને બાકી રહી ગયેલા કારીગરોને, રક્ષક ટુકડીનો સરદાર નબૂઝારઅદાન બંદીવાસમાં લઈ ગયો.

16

| | | |
|---|---|---|
| וּמִדַּלּוֹת | અને-ગરીબોમાંથી | |
| הָאָרֶץ | દેશના | H0776 |
| הִשְׁאִיר | છોડી-દીધા | H7604 |
| נְבוּזַרְאֲדָן | નબૂઝારઅદાને | H5018 |
| רַב־ | અગરક્ષકોના-મુખ્ય | |
| טַבָּחִים | સેનાપતિએ | H2876 |
| לְכֹרְמִים | દ્રાક્ષાવાડીઓ-માટે | H3755 |
| וּלְיֹגְבִים׃ | અને-ખેડૂતો-તરીકે | H3009 |

પરંતુ રક્ષક ટુકડીના સરદાર નબૂઝારઅદાને વસ્તીના ગરીબમાં ગરીબ વર્ગને મજૂરી કરવા માટે ખેતરો અને દ્રાક્ષનીવાડીઓ આપી.

17

| | | |
|---|---|---|
| וְאֶת־ | અને | H0853 |
| עַמּוּדֵי | સ્તંભો | H5982 |
| הַנְּחֹשֶׁת | પિત્તળના | |
| אֲשֶׁר | જે | |
| לְבֵית־ | ઘરમાંના-હતા | |
| יְהוָה | યહોવાના | H3068 |
| וְאֶת־ | અને | H0853 |
| הַמְּכֹנוֹת | ઠેલા | H4350 |
| וְאֶת־ | અને | H0853 |
| יָם | સમુદ્ર | H3220 |
| הַנְּחֹשֶׁת | પિત્તળનો | |
| אֲשֶׁר | જે | |
| בְּבֵית־ | ઘરમાં-હતો | |
| יְהוָה | યહોવાના | H3068 |
| שִׁבְּרוּ | તોડી-નાખ્યા | H7665 |
| כַשְׂדִּים | ખાલ્દીઓએ | H3778 |
| וַיִּשְׂאוּ | અને-લઈ-ગયા | H5375 |
| אֶת־ | ને | H0853 |
| כָּל־ | બધું | H3605 |
| נְחֻשְׁתָּם | પિત્તળ-તેમનું | |
| בָּבֶלָה׃ | બાબિલોનમાં | H0894 |

યહોવાહના સભાસ્થાનમાંના પિત્તળના સ્તંભો, પાયાઓ, પિત્તળના સમુદ્રને ખાલદીઓએ ભાગીને ટુકડેટુકડા કરી નાખ્યા. અને તેઓનું બધું પિત્તળ બાબિલ લઈ ગયા.

18

| | | |
|---|---|---|
| וְאֶת־ | અને | H0853 |
| הַסִּרוֹת | વાસણો | |
| וְאֶת־ | અને | H0853 |
| הַיָּעִים | પાવડા | H3257 |
| וְאֶת־ | અને | H0853 |
| הַמְזַמְּרוֹת | કાતરો | H4212 |
| וְאֶת־ | અને | H0853 |
| הַמִּזְרָקֹת | છાંટણા-પાત્રો | H4219 |
| וְאֶת־ | અને | H0853 |
| הַכַּפּוֹת | ચમચા | H3709 |
| וְאֵת | અને | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| כְּלֵי | સાધનો | H3627 |
| הַנְּחֹשֶׁת | પિત્તળના | |
| אֲשֶׁר־ | જેનાથી | |
| יְשָׁרְתוּ | સેવા-કરતા-હતા | H8334 |
| בָהֶם | તેમાં | |
| לָקָחוּ׃ | લઈ-ગયા | H3947 |

વળી કુંડાંઓ, પાવડીઓ, દીવાની કાતરો, વાટકા અને જે સર્વ પિત્તળના પાત્રો વડે યાજકો ઘરમાં સેવા કરતા હતા તે સર્વ ખાલદીઓ લઈ ગયા.

19

| | | |
|---|---|---|
| וְאֶת־ | અને | H0853 |
| הַסִּפִּים | ઉબરા | |
| וְאֶת־ | અને | H0853 |
| הַמַּחְתּוֹת | અગ્નિપાત્રો | H4289 |
| וְאֶת־ | અને | H0853 |
| הַמִּזְרָקוֹת | છાંટણા-પાત્રો | H4219 |
| וְאֶת־ | અને | H0853 |
| הַסִּירוֹת | વાસણો | |
| וְאֶת־ | અને | H0853 |
| הַמְּנֹרוֹת | દીવીઓ | H4501 |
| וְאֶת־ | અને | H0853 |
| הַכַּפּוֹת | ચમચા | H3709 |
| וְאֶת־ | અને | H0853 |
| הַמְּנַקִּיּוֹת | કટોરા | H4518 |
| אֲשֶׁר | જે | |
| זָהָב | સોનાના-હતા | H2091 |
| זָהָב | સોનું | H2091 |
| וַאֲשֶׁר־ | અને-જે | |
| כֶּסֶף | ચાંદીના-હતા | H3701 |
| כָּסֶף | ચાંદી | H3701 |
| לָקַח | લઈ-ગયો | H3947 |
| רַב־ | અગરક્ષકોનો-મુખ્ય | |
| טַבָּחִים׃ | સેનાપતિ | H2876 |

પ્યાલાઓ, ધૂપદાનીઓ, કટોરા, ઘડાઓ, દીવીઓ, તપેલાંઓ, વાટકાઓ એટલે જે સોનાનું બનેલું હતું તે અને જે રૂપાનું બનેલું હતું તે, રક્ષક ટુકડીનો સરદાર લઈ ગયો.

20

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הָֽעַמּוּדִ֣ים | שְׁנַ֡יִם | הַיָּ֣ם | אֶחָד֩ | וְהַבָּקָ֨ר | שְׁנֵים־ | עָשָׂ֤ר | נְחֹ֙שֶׁת֙ | אֲשֶׁר־ | תַּ֣חַת | הַמְּכֹנ֔וֹת |
| સ્તંભો | બે | સમુદ્ર | એક | અને-બળદો | બાર | બાર | પિત્તળના | જે | નીચે-હતા | ઠેલાઓના |
| H5982 | H8147 | H3220 | H0259 | H1241 | H8147 | H6240 | | | H8478 | H4350 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁ֥ר | עָשָׂ֛ה | הַמֶּ֥לֶךְ | שְׁלֹמֹ֖ה | לְבֵ֣ית | יְהוָ֑ה | לֹא־ | הָיָ֣ה | מִשְׁקָ֔ל | לִנְחֻשְׁתָּ֖ם | כָּל־ |
| જે | બનાવ્યા-હતા | રાજા | સુલેમાને | ઘર-માટે | યહોવાના | નહોતું | હતું | વજન | પિત્તળનું-તેમનું | બધા |
| | | H4428 | H8010 | | H3068 | H3808 | H1961 | H4948 | | H3605 |

| | |
|---|---|
| הַכֵּלִ֥ים | הָאֵֽלֶּה׃ |
| સાધનો | આ |
| H3627 | H0428 |

જે બે સ્તંભો તથા એક સમુદ્ર તથા પાયાની નીચે પિત્તળના બાર બળદ સુલેમાન રાજાએ યહોવાહના મંદિરને સારુ બનાવ્યા હતા તેઓને પણ તેઓ લઈ ગયા.

21

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָֽעַמּוּדִ֗ים | שְׁמֹנֶ֨ה | עֶשְׂרֵ֤ה | אַמָּה֙ | [קומה] | (קוֹמַת֙) | הָעַמֻּ֣ד | הָאֶחָ֔ד | וְח֗וּט | שְׁתֵּים־ | עֶשְׂרֵ֥ה |
| અને-સ્તંભો | અઢાર | અઢાર | હાથ | — | ઊંચાઈ | સ્તંભની | એક | અને-દોરી | બાર | બાર |
| H5982 | H8083 | H6240 | | H6967 | H6967 | H5982 | H0259 | H2339 | H8147 | H6240 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אַמָּ֖ה | יְסֻבֶּ֑נּוּ | וְעָבְי֛וֹ | אַרְבַּ֥ע | אֶצְבָּע֖וֹת | נָבֽוּב׃ |
| હાથ | ઘેરાવો-તેનો | અને-જાડાઈ-તેની | ચાર | આંગળી | પોલું |
| | H5437 | H5672 | H0702 | H0676 | H5014 |

દરેક સ્તંભ અઢાર હાથ ઊંચો અને બાર હાથની દોરી જેટલે પરિઘવાળો હતો; તે પોલો હતો અને તેનું પતરું ચાર આગળ જાડું હતું.

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְכֹתֶ֨רֶת | עָלָ֜יו | נְחֹ֗שֶׁת | וְקוֹמַ֞ת | הַכֹּתֶ֣רֶת | הָאַחַת֮ | חָמֵ֣שׁ | אַמּוֹת֒ | וּשְׂבָכָ֨ה | וְרִמּוֹנִ֧ים | עַל־ |
| અને-કળશ | તેના-ઉપર | પિત્તળનો | અને-ઊંચાઈ | કળશની | એક | પાંચ | હાથ | અને-જાળી | અને-દાડમ | ઉપર |
| H3805 | | | H6967 | H3805 | H0259 | H2568 | | H7639 | H7416 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הַכּוֹתֶ֛רֶת | סָבִ֖יב | הַכֹּ֣ל | נְחֹ֑שֶׁת | וְכָאֵ֛לֶּה | לַֽעַמּ֥וּד | הַשֵּׁנִ֖י | וְרִמּוֹנִֽים׃ |
| કળશની | ચારેબાજુ | બધું | પિત્તળનું | અને-એવા-જ | સ્તંભ-માટે | બીજા | અને-દાડમ |
| H3805 | H5439 | H3605 | | H0428 | H5982 | H8145 | H7416 |

વળી દરેક પર પિત્તળનો કળશ હતો. દરેક કળશ પાંચ હાથ ઊંચો હતો. તેની ચારે બાજુ જાળીદાર નકશી તથા દાડમો હતાં. તે સર્વ પિત્તળના હતાં. વળી બીજો સ્તંભ તથા તે પરનાં દાડમો પહેલાંના જેવાં જ હતાં.

23

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּֽהְיוּ֙ | הָֽרִמֹּנִ֔ים | תִּשְׁעִ֥ים | וְשִׁשָּׁ֖ה | ר֑וּחָה | כָּל־ | הָרִמּוֹנִ֥ים | מֵאָ֛ה | עַל־ | הַשְּׂבָכָ֖ה | סָבִֽיב׃ |
| અને-હતા | દાડમ | છન્નું | અને-છન્નું | બાજુએ | બધા | દાડમ | સો | ઉપર | જાળી | ચારેબાજુ |
| H1961 | H7416 | H8673 | H8337 | H7307 | H3605 | H7416 | H3967 | | H7639 | H5439 |

ચારેબાજુ છન્નું દાડમ હતાં. અને જાળીદાર નકશી પર ચોતરફ જડેલાં એકંદરે સો દાડમ હતાં.

24

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקַּ֣ח | רַב־ | טַבָּחִ֗ים | אֶת־ | שְׂרָיָה֙ | כֹּהֵ֣ן | הָרֹ֔אשׁ | וְאֶת־ | צְפַנְיָ֖ה | כֹּהֵ֣ן |
| અને-લીધો | અંગરક્ષકોના-મુખ્ય | સેનાપતિએ | ને | સરાયાહને | યાજક | મુખ્ય | અને | સફાન્યાહને | યાજક |
| H3947 | | H2876 | H0853 | H8304 | H3548 | | H0853 | H6846 | H3548 |

| | | | | |
|---|---|---|---|---|
| הַמִּשְׁנֶ֑ה | וְאֶת־ | שְׁלֹ֖שֶׁת | שֹׁמְרֵ֥י | הַסַּֽף׃ |
| બીજા-દરજ્જાના | અને | ત્રણ | ચોકીદારોને | ઉંબરાના |
| H4932 | H0853 | H7969 | H8104 | |

રક્ષક ટુકડીના સરદાર નબૂઝારઅદાને મુખ્ય યાજક સરાયાને, તેના મદદનીશ સફાન્યાને અને ત્રણ મુખ્ય રક્ષકોને પકડી લીધા.

25 וּמִן־ અને-શહેરમાંથી | הָעִיר શહેરના | לָקַח લીધો H3947 | סָרִיס ખોજો H5631 | אֶחָד એક H0259 | אֲשֶׁר־ જે | הָיָה હતો H1961 | פָקִיד અધિકારી H6496 | עַל־ ઉપર | אַנְשֵׁי માણસો H0376 | הַמִּלְחָמָה યુદ્ધના H4421

וְשִׁבְעָה અને-સાત H7651 | אֲנָשִׁים માણસો H0376 | מֵרֹאֵי જેઓ-દેખતા-હતા H7200 | פְנֵי־ મુખ H6440 | הַמֶּלֶךְ રાજાનું H4428 | אֲשֶׁר જે | נִמְצְאוּ મળ્યા H4672 | בָעִיר શહેરમાં | וְאֵת અને H0853 | סֹפֵר લહિયા | שַׂר સેનાપતિ H8269

הַצָּבָא સૈન્યના | הַמַּצְבִּא જે-ભરતી-કરતો-હતો H6633 | אֶת־ ને H0853 | עַם લોકોને | הָאָרֶץ દેશના H0776 | וְשִׁשִּׁים અને-સાઠ H8346 | אִישׁ માણસો H0376 | מֵעַם લોકોમાંથી | הָאָרֶץ દેશના H0776 | הַנִּמְצְאִים જેઓ-મળ્યા H4672 | בְּתוֹךְ વચ્ચે H8432

הָעִיר׃ શહેરના

નગરમાંથી તેણે કેદીઓનો અધિકારી જે સૈનિકોનો ઉપરી હતો તેને અને રાજાની હજૂરમાં રહેનારા સાત માણસો લીધા. વળી તેઓને, સેનાપતિનો લહિયો, જે સૈન્યમાં દાખલ થનારની નોંધ રાખતો હતો તેને અને દેશના લોકોમાંના જે સાઠ નામાંકિત માણસો હાથ આવ્યા તેઓને તેણે પકડી લીધા.

26 וַיִּקַּח અને-લીધા H3947 | אוֹתָם તેમને H0853 | נְבוּזַרְאֲדָן નબૂઝારઅદાને H5018 | רַב־ અંગરક્ષકોના-મુખ્ય | טַבָּחִים સેનાપતિએ H2876 | וַיֹּלֶךְ અને-લઈ-ગયો H3212 | אֹתָם તેમને H0853 | אֶל־ પાસે H0413 | מֶלֶךְ રાજા H4428 | בָּבֶל બાબિલોનના H0894

רִבְלָתָה׃ રિબ્લાહમાં H7247

રક્ષકટુકડીનો સરદાર નબૂઝારઅદાન એ બધાને રિબ્લાહમાં બાબિલના રાજા આગળ લઈ ગયો.

27 וַיַּכֶּה અને-માર્યા H5221 | אוֹתָם તેમને H0853 | מֶלֶךְ રાજાએ H4428 | בָּבֶל બાબિલોનના H0894 | וַיְמִתֵם અને-મારી-નાખ્યા-તેમને H4191 | בְּרִבְלָה રિબ્લાહમાં H7247 | בְּאֶרֶץ દેશમાં H0776 | חֲמָת ખમાથના H2574 | וַיִּגֶל અને-દેશવટે-મોકલાયો H1540

יְהוּדָה યહૂદાહ H3063 | מֵעַל ઉપરથી | אַדְמָתוֹ׃ પોતાની-ભૂમિ H0127

અને હમાથ દેશના રિબ્લાહમાં બાબિલના રાજાએ તેમને મારી નંખાવ્યા. આમ, યહૂદિયાના લોકો પોતાના દેશમાંથી બંદીવાસમાં લઈ જવામાં આવ્યા.

28 זֶה આ-છે H2088 | הָעָם લોકો | אֲשֶׁר જેમને | הֶגְלָה દેશવટે-મોકલ્યા H1540 | נְבוּכַדְרֶאצַּר નબૂખાદનેસ્સારે H5019 | בִּשְׁנַת־ સાતમા-વર્ષમાં H8141 | שֶׁבַע સાતમા H7651 | יְהוּדִים યહૂદીઓ H3064 | שְׁלֹשֶׁת ત્રણ-હજાર H7969 | אֲלָפִים હજાર H0505

וְעֶשְׂרִים અને-ત્રેવીસ H6242 | וּשְׁלֹשָׁה׃ ત્રેવીસ H7969

જે લોકોને નબૂખાદનેસ્સારને બંદીવાસમાં લઈ ગયો તેઓની સંખ્યા નીચે મુજબ હતી; સાતમા વર્ષમાં ત્રણ હજાર ત્રેવીસ યહૂદીઓ.

29 בִּשְׁנַת વર્ષમાં H8141 | שְׁמוֹנֶה અઢારમા H8083 | עֶשְׂרֵה અઢાર H6240 | לִנְבוּכַדְרֶאצַּר નબૂખાદનેસ્સારના H5019 | מִירוּשָׁלַם યરૂશાલેમમાંથી H3389 | נֶפֶשׁ જીવો H5315 | שְׁמֹנֶה આઠ-સો H8083 | מֵאוֹת સો H3967 | שְׁלֹשִׁים બત્રીસ H7970 | וּשְׁנָיִם׃ અને-બે H8147

અને નબૂખાદનેસ્સારના અઢારમા વર્ષમાં તે યરુશાલેમમાંથી આઠસો બત્રીસ લોકોને કેદ કરીને લઈ ગયો.

30 בִּשְׁנַת વર્ષમાં H8141 | שָׁלֹשׁ ત્રેવીસમા H7969 | וְעֶשְׂרִים અને-વીસ H6242 | לִנְבוּכַדְרֶאצַּר નબૂખાદનેસ્સારના H5019 | הֶגְלָה દેશવટે-મોકલ્યા H1540 | נְבוּזַרְאֲדָן નબૂઝારઅદાને H5018 | רַב־ અંગરક્ષકોના-મુખ્ય | טַבָּחִים સેનાપતિએ H2876 | יְהוּדִים યહૂદીઓ H3064

נֶפֶשׁ જીવો H5315 | שְׁבַע સાત-સો H7651 | מֵאוֹת સો H3967 | אַרְבָּעִים પિસ્તાળીસ H0705 | וַחֲמִשָּׁה અને-પાંચ H2568 | כָּל־ બધા H3605 | נֶפֶשׁ જીવો H5315 | אַרְבַּעַת ચાર-હજાર H0702 | אֲלָפִים હજાર H0505 | וְשֵׁשׁ અને-છ H8337 | מֵאוֹת׃ સો H3967 | פ —

નબૂખાદનેસ્સારના ત્રેવીસમા વર્ષમાં રક્ષકટુકડીનો સરદાર નબૂઝારઅદાન સાતસો પિસ્તાળીસ યહૂદીઓને કેદ કરીને બંદીવાસમાં લઈ ગયો હતો. આમ કુલ ચાર હજાર છસો લોકો હતા.

31

| וַיְהִי | בִשְׁלֹשִׁים | וָשֶׁבַע | שָׁנָה | לְגָלוּת | יְהוֹיָכִן | מֶלֶךְ־ | יְהוּדָה | בִּשְׁנֵים | עָשָׂר |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થયું-એવું | સાડત્રીસમા | અને-સાત | વર્ષમાં | બંદીવાસના | યહોયાખીનના | રાજા | યહૂદાહના | બારમા | બાર |
| H1961 | H7970 | H7651 | H8141 | H1546 | H3078 | H4428 | H3063 | H8147 | H6240 |

| חֹדֶשׁ | בְּעֶשְׂרִים | וַחֲמִשָּׁה | לַחֹדֶשׁ | נָשָׂא | אֱוִיל מְרֹדַךְ | מֶלֶךְ | בָּבֶל | בִּשְׁנַת |
|---|---|---|---|---|---|---|---|---|
| મહિનામાં | પચ્ચીસમી | અને-પચ્ચીસ | તારીખે-મહિનાની | ઊંચું-કર્યું | એવીલ-મરોદાખે | રાજા | બાબિલોનના | વર્ષમાં |
| H2320 | H6242 | H2568 | H2320 | H5375 | H0192 | H4428 | H0894 | H8141 |

| מַלְכֻתוֹ | אֶת־ | רֹאשׁ | יְהוֹיָכִין | מֶלֶךְ־ | יְהוּדָה | וַיֹּצֵא | אֹתוֹ | מִבֵּית | [הכליא] |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તેના-રાજ્યના | ને | માથું | યહોયાખીનનું | રાજા | યહૂદાહના | અને-બહાર-લાવ્યો | તેને | ઘરમાંથી | — |
| H4438 | H0853 | | H3078 | H4428 | H3063 | H3318 | H0853 | | H3628 |

| (הַכְּלוּא:) |
|---|
| કેદખાનાના |
| H3628 |

યહૂદિયાના રાજા યહોયાખીનના બંદીવાસના સાડત્રીસમા વર્ષના બારમા મહિનાના પચીસમે દિવસે બાબિલના રાજા એવીલ-મેરોદાખે પોતાની કારકિર્દીના પહેલા વર્ષમાં યહૂદિયાના રાજા યહોયાકીમને માફી આપી અને તેને કારાવાસમાંથી મુક્ત કર્યો.

32

| וַיְדַבֵּר | אִתּוֹ | טֹבוֹת | וַיִּתֵּן | אֶת־ | כִּסְאוֹ | מִמַּעַל | לְכִסֵּא | [מלכים] | (הַמְּלָכִים) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બોલ્યો | તેની-સાથે | ભલી-વાતો | અને-આપ્યું | ને | તેનું-સિંહાસન | ઉપર | સિંહાસનોના | — | રાજાઓના |
| H1696 | H0854 | | H5414 | H0853 | H3678 | H4605 | H3678 | H4428 | H4428 |

| אֲשֶׁר | אִתּוֹ | בְּבָבֶל: |
|---|---|---|
| જે | તેની-સાથે-હતા | બાબિલોનમાં |
| | H0854 | H0894 |

તેણે તેના પ્રત્યે માયાળુ વર્તાવ રાખ્યો અને તેને બાબિલમાં પોતાની સાથેના બીજા રાજાઓ કરતાં ઊંચે આસને બેસાડ્યો.

33

| וְשִׁנָּה | אֵת | בִּגְדֵי | כִלְאוֹ | וְאָכַל | לֶחֶם | לְפָנָיו | תָּמִיד | כָּל־ | יְמֵי | חַיָּו: |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બદલ્યા | ને | વસ્ત્રો | કેદના-તેના | અને-ખાધું | રોટલી | તેની-હાજરીમાં | નિત્ય | બધા | દિવસો | તેના-જીવનના |
| | H0853 | | H3608 | H0398 | H3899 | H6440 | H8548 | H3605 | H3117 | |

આથી યહોયાકીમે કારાવાસનાં વસ્ત્રો ઉતારી નાખીને, તેણે આપેલાં નવાં વસ્ત્રો પહેર્યા. અને શેષજીવન રાજાના આશ્રિત તરીકે ગાળ્યું.

34

| וַאֲרֻחָתוֹ | אֲרֻחַת | תָּמִיד | נִתְּנָה־ | לוֹ | מֵאֵת | מֶלֶךְ־ | בָּבֶל | דְּבַר־ | יוֹם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ભાથું-તેનું | ભાથું | નિત્ય | આપવામાં-આવ્યું | તેને | તરફથી | રાજા | બાબિલોનના | ભાગ | દિવસનો |
| H0737 | H0737 | H8548 | H5414 | | H0854 | H4428 | H0894 | H1697 | H3117 |

| בְּיוֹמוֹ | עַד־ | יוֹם | מוֹתוֹ | כֹּל | יְמֵי | חַיָּיו: |
|---|---|---|---|---|---|---|
| દિવસે-દિવસે | સુધી | દિવસ | તેના-મૃત્યુના | બધા | દિવસો | તેના-જીવનના |
| H3117 | H5704 | H3117 | H4194 | H3605 | H3117 | |

અને તે જીવ્યો ત્યાં સુધી રાજાએ તેના નિર્વાહ માટે કાયમી ભથ્થું બાંધી આપ્યું. જે તેને મૃત્યુ સુધી નિયમિત રીતે આપવામાં આવ્યું.

# વિલાપગીતો

## Chapter 1

1

| אֵיכָה | יָשְׁבָה | בָדָד | הָעִיר | רַבָּתִי | עָם | הָיְתָה | כְּאַלְמָנָה | רַבָּתִי | בַגּוֹיִם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કેવી–રીતે | બેઠી–છે | એકલી | નગરી | જે–મહાન–હતી | લોકોમાં | થઈ–ગઈ–છે | વિધવા–જેવી | જે–મોટી–હતી | પ્રજાઓમાં |
| | H3427 | H0910 | | | | H1961 | H0490 | | |

| שָׂרָתִי | בַּמְּדִינוֹת | הָיְתָה | לָמַס׃ | ס |
|---|---|---|---|---|
| અધિપતિ | પ્રાંતોમાં | થઈ–ગઈ–છે | વેઠિયા–જેવી | — |
| H8282 | H4082 | H1961 | H4522 | |

જે નગર વસ્તીથી ભરેલું હતું, તે એકલવાયું થઈ ગયું છે જે દેશવિદેશમાં મહાન ગણાતું હતું, તે વિધવા જેવું થઈ ગયું છે જે દેશવિદેશમાં મહારાણી જેવું હતું, તે બીજી પ્રજાઓનું ગુલામ થઈ ગયું

2

| בָּכוֹ | תִבְכֶּה | בַּלַּיְלָה | וְדִמְעָתָהּ | עַל | לֶחֱיָהּ | אֵין־ | לָהּ | מְנַחֵם | מִכָּל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| રડતાં–રડતાં | રડે–છે | રાત્રે | અને–તેનાં–આસુ | ઉપર | તેના–ગાલ | કોઈ–નથી | તેને | દિલાસો–આપનાર | તેના–બધા |
| H1058 | H1058 | H3915 | H1832 | | H3895 | H0369 | | H5162 | H3605 |

| אֹהֲבֶיהָ | כָּל־ | רֵעֶיהָ | בָּגְדוּ | בָהּ | הָיוּ | לָהּ | לְאֹיְבִים׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|
| પ્રેમીઓમાંથી | બધા | તેના–મિત્રોએ | વિશ્વાસઘાત–કર્યો | તેની–સાથે | થયા–છે | તેને | શત્રુઓ | — |
| H0157 | H3605 | H7453 | H0898 | | H1961 | | H0341 | |

તે રાત્રે પોક મૂકીને રડે છે અને તેના ગાલ પર અશ્રુધારા વહે છે. તેના પ્રેમીઓમાંથી તેને આશ્વાસન આપનાર કોઈ નથી. તેના સર્વ મિત્રોએ તેને દગો કર્યો છે. તેઓ તેના શત્રુઓ થયા છે.

3

| גָּלְתָה | יְהוּדָה | מֵעֹנִי | וּמֵרֹב | עֲבֹדָה | הִיא | יָשְׁבָה | בַגּוֹיִם | לֹא | מָצְאָה | מָנוֹחַ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દેશવટે–ગઈ | યહૂદા | દુ:ખમાંથી | અને–ભારે | ગુલામીમાંથી | તે | રહે–છે | પ્રજાઓ–વચ્ચે | નથી | મળ્યો | આરામ |
| H1540 | H3063 | H6040 | H7230 | H5656 | H1931 | H3427 | | H3808 | H4672 | H4494 |

| כָּל־ | רֹדְפֶיהָ | הִשִּׂיגוּהָ | בֵּין | הַמְּצָרִים׃ | ס |
|---|---|---|---|---|---|
| બધા | તેના–પીછો–કરનારાઓ | પકડ્યા–તેને | વચ્ચે | સંકટોના | — |
| H3605 | H7291 | H5381 | H0996 | H4712 | |

દુ:ખને લીધે તથા કપરી ગુલામીને લીધે યહૂદા બંદીવાસમાં ગયો છે. તે અન્ય પ્રજાઓમાં રહે છે અને તેને વિસામો મળતો નથી. તેની પાછળ પડનારા સર્વએ તેને સંકળામણમાં લાવીને પકડી પાડ્યો છે.

4

| דַּרְכֵי | צִיּוֹן | אֲבֵלוֹת | מִבְּלִי | בָּאֵי | מוֹעֵד | כָּל־ | שְׁעָרֶיהָ | שׁוֹמֵמִין | כֹּהֲנֶיהָ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માર્ગો | સિયોનના | શોક–કરે–છે | કારણ–કે–નથી | આવનારા | ઉત્સવમાં | બધા | તેના–દરવાજાઓ | ઉજ્જડ–છે | તેના–યાજકો |
| H1870 | H6726 | H0057 | H1097 | H0935 | H4150 | H3605 | H8179 | H8074 | H3548 |

| נֶאֱנָחִים | בְּתוּלֹתֶיהָ | נּוּגוֹת | וְהִיא | מַר־ | לָהּ׃ | ס |
|---|---|---|---|---|---|---|
| નિસાસા–નાખે–છે | તેની–કુંવારીઓ | દુ:ખી–છે | અને–તે | કડવાશમાં | છે | — |
| H0584 | H1330 | H3013 | H1931 | H4751 | | |

સિયોનના માર્ગો શોક કરે છે કેમ કે ત્યાંના ઉત્સવોમાં કોઈ આવતું નથી. તેના સર્વ દરવાજા ઉજ્જડ થઈ ગયા છે. તેના યાજકો નિસાસા નાખે છે. તેની કુમારિકાઓ અતિ ઉદાસ થઈ ગઈ છે અને તે નગર ખિન્નતા અનુભવે છે.

| 5 | הָי֨וּ | צָרֶ֤יהָ | לְרֹאשׁ֙ | אֹיְבֶ֣יהָ | שָׁל֔וּ | כִּֽי־ | יְהוָ֥ה | הוֹגָ֖הּ | עַ֣ל | רֹב־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | થયા-છે | તેના-દુશ્મનો | મુખ્ય | તેના-વૈરીઓ | સમૃદ્ધ-છે | કારણ-કે | યહોવાહે | દુઃખ-દીધું-તેને | કારણે | અનેક |
| | H1961 | | | H0341 | H7951 | | H3068 | H3013 | | H7230 |

| פְּשָׁעֶ֑יהָ | עוֹלָלֶ֛יהָ | הָלְכ֥וּ | שְׁבִ֖י | לִפְנֵי־ | צָֽר׃ | ס |
|---|---|---|---|---|---|---|
| તેના-અપરાધોને | તેનાં-બાળકો | ગયાં | બંદીવાસમાં | આગળ | દુશ્મનની | — |
| H6588 | H5768 | H1980 | | H6440 | | |

નગરના શત્રુઓ તેના સત્તાધીશો થઈ ગયા; અને સમૃદ્ધ થયા. તેના અસંખ્ય પાપોના કારણે યહોવાહે તેને શિક્ષા કરીને તેને દુઃખ દીધું છે. દુશ્મનો તેનાં બાળકોને ઢસડીને બંદીવાસમાં લઈ ગયા છે.

| 6 | וַיֵּצֵ֥א | [מן־] | [בת־] | (מִבַּת־) | צִיּ֖וֹן | כָּל־ | הֲדָרָ֑הּ | הָי֣וּ | שָׂרֶ֗יהָ | כְּאַיָּלִים֙ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-ચાલ્યું-ગયું | — | — | પુત્રી-પાસેથી | સિયોનની | બધું | તેનું-વૈભવ | થયા | તેના-સરદારો | હરણ-જેવા |
| | H3318 | | H1323 | H1323 | H6726 | H3605 | H1926 | H1961 | H8269 | H0354 |

| לֹא־ | מָצְא֣וּ | מִרְעֶ֔ה | וַיֵּלְכ֥וּ | בְלֹא־ | כֹ֖חַ | לִפְנֵ֥י | רוֹדֵֽף׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|
| નહિ | મળ્યું | ચરાણ | અને-ગયા | વિના | શક્તિ | આગળ | પીછો-કરનારની | — |
| H3808 | H4672 | H4829 | H3212 | H3808 | | H6440 | H7291 | |

અને સિયોનની દીકરીની સુંદરતા જતી રહી છે. ત્યાંના સરદારો ચારા વગરનાં હરણો જેવા થયા છે; અને તેની પાછળ પડનારાની આગળ તેઓ બળહીન થઈને ચાલ્યા ગયા છે.

| 7 | זָֽכְרָ֣ה | יְרוּשָׁלִַ֗ם | יְמֵ֤י | עָנְיָהּ֙ | וּמְרוּדֶ֔יהָ | כֹּ֚ל | מַחֲמֻדֶ֔יהָ | אֲשֶׁ֥ר | הָי֖וּ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | યાદ-કરે-છે | યરૂશાલેમ | દિવસો | તેના-દુઃખના | અને-ભટકવાના | બધી | તેની-અમૂલ્ય-વસ્તુઓ | જે | હતી |
| | H2142 | H3389 | H3117 | H6040 | H4788 | H3605 | H4262 | | H1961 |

| מִ֣ימֵי | קֶ֑דֶם | בִּנְפֹ֧ל | עַמָּ֣הּ | בְּיַד־ | צָ֗ר | וְאֵ֤ין | עוֹזֵר֙ | לָ֔הּ | רָא֣וּהָ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રાચીન-સમયથી | — | પડ્યા-ત્યારે | તેના-લોકો | હાથમાં | દુશ્મનના | અને-કોઈ-નહોતું | મદદ-કરનાર | તેને | જોયું-તેને |
| H3117 | | H5307 | | H3027 | | H0369 | H5826 | | H7200 |

| צָרִ֔ים | שָׂחֲק֖וּ | עַ֥ל | מִשְׁבַּתֶּֽהָ׃ | ס |
|---|---|---|---|---|
| દુશ્મનોએ | હસ્યા | ઉપર | તેના-વિનાશ-પર | — |
| | H7832 | | H4868 | |

યરુશાલેમ નગર પોતાના દુઃખ તથા વિપત્તિના દિવસોમાં અગાઉના દિવસોમાંની પોતાની સર્વ જાહોજલાલીનું સ્મરણ કરે છે. જ્યારે તેના લોકો શત્રુના હાથમાં પડ્યા અને તેને સહાય કરનાર કોઈ નહોતું, ત્યારે શત્રુઓએ તેને જોયું અને તેની પાયમાલી જોઈને તેની મશ્કરી કરી.

| 8 | חֵ֤טְא | חָֽטְאָה֙ | יְר֣וּשָׁלִַ֔ם | עַל־ | כֵּ֖ן | לְנִידָ֣ה | הָיָ֑תָה | כָּל־ | מְכַבְּדֶ֣יהָ | הִזִּיל֙וּהָ֙ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઘોર-પાપ | કર્યું | યરૂશાલેમે | તેથી | — | અશુદ્ધ | થઈ-ગઈ | બધા | તેને-માન-આપનારાઓ | ધિક્કારે-છે-તેને |
| | H2399 | H2398 | H3389 | | | H5206 | H1961 | H3605 | H3513 | H2107 |

| כִּי־ | רָא֣וּ | עֶרְוָתָ֔הּ | גַּם־ | הִ֥יא | נֶאֶנְחָ֖ה | וַתָּ֥שָׁב | אָחֽוֹר׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | જોયું | તેની-નગ્નતા | વળી | તે-પોતે | નિસાસા-નાખે-છે | અને-ફરી-ગઈ | પાછળ | — |
| | H7200 | H6172 | H1571 | H1931 | H0584 | H7725 | H0268 | |

યરુશાલેમે ઘોર અપરાધ કર્યો છે; તેથી તે તિરસ્કારપાત્ર થઈ ગયું છે. જેઓ તેને માન આપતા હતા તેઓ હવે તેને તુચ્છ ગણે છે, કારણ કે તેઓએ નગ્નતા જેવી તેની અવસ્થા નિહાળી છે. તે પોતે મુખ સંતાડીને નિસાસા નાખ્યા કરે છે.

| 9 | טֻמְאָתָ֣הּ | בְּשׁוּלֶ֗יהָ | לֹ֤א | זָֽכְרָה֙ | אַחֲרִיתָ֔הּ | וַתֵּ֣רֶד | פְּלָאִ֔ים | אֵ֥ין | מְנַחֵ֖ם | לָ֑הּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | તેની-અશુદ્ધતા | તેના-વસ્ત્રોમાં | નહોતું | યાદ-કર્યું | તેનો-અંજામ | અને-ઊતરી | અદ્ભુત-રીતે | કોઈ-નથી | દિલાસો-આપનાર | તેને |
| | H2932 | H7757 | H3808 | H2142 | H0319 | H3381 | H6382 | H0369 | H5162 | |

| רְאֵ֤ה | יְהוָה֙ | אֶת־ | עָנְיִ֔י | כִּ֥י | הִגְדִּ֖יל | אוֹיֵֽב׃ | ס |
|---|---|---|---|---|---|---|---|
| જો | યહોવાહ | — | મારું-દુઃખ | કારણ-કે | મોટો-થયો-છે | દુશ્મન | — |
| H7200 | H3068 | H0853 | H6040 | | H1431 | H0341 | |

તેની અશુદ્ધતા તેના વસ્ત્રોમાં છે. તેણે પોતાના ભવિષ્યનો વિચાર કર્યો નહિ. તેથી આશ્ચર્યકારક રીતે તેની અધોગતિ થઈ છે. તેને દિલાસો આપનાર કોઈ નથી. હે યહોવાહ, મારા દુઃખ પર દ્રષ્ટિ કરો; કેમ કે શત્રુઓ ચઢી આવ્યા છે.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יָדוֹ | פָּרַשׂ | צָר | עַל | כָּל־ | מַחֲמַדֶּיהָ | כִּי־ | רָאֲתָה | גוֹיִם | בָּאוּ |
| હાથ | લંબાવ્યો | દુશ્મને | ઉપર | બધી | તેની-અમૂલ્ય-વસ્તુઓ | કારણ-કે | જોયું-તેણે | પ્રજાઓ | આવી |
| H3027 | H6566 | | | H3605 | H4261 | | H7200 | | H0935 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מִקְדָּשָׁהּ | אֲשֶׁר | צִוִּיתָה | לֹא־ | יָבֹאוּ | בַקָּהָל | לָךְ׃ | ס |
| તેના-પવિત્રસ્થાનમાં | જેમને | તેં-આજ્ઞા-આપી-હતી | નહિ | પ્રવેશે | તારી-સભામાં | — | — |
| H4720 | | H6680 | H3808 | H0935 | H6951 | | |

શત્રુઓએ તેની સર્વ કિંમતી વસ્તુઓ પોતાને હસ્તગત કરી લીધી. જેઓને તમારી ભક્તિસ્થાનમાં આવવાની તમે મના કરી હતી, તે પ્રજાઓને તમારા પવિત્રસ્થાનમાં પેસતા તેણે જોયા છે.

11

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כָּל־ | עַמָּהּ | נֶאֱנָחִים | מְבַקְּשִׁים | לֶחֶם | נָתְנוּ | ]מחמודיהם[ | )מַחֲמַדֵּיהֶם( |
| બધા | તેના-લોકો | નિસાસા-નાખતા | શોધતા | રોટલી | આપ્યું-તેમણે | — | તેમની-અમૂલ્ય-વસ્તુઓ |
| H3605 | | H0584 | H1245 | H3899 | H5414 | H4262 | H4261 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּאֹכֶל | לְהָשִׁיב | נָפֶשׁ | רְאֵה | יְהוָה | וְהַבִּיטָה | כִּי | הָיִיתִי | זוֹלֵלָה׃ | ס |
| ખોરાક-માટે | પાછું-લાવવા | જીવન | જો | યહોવાહ | અને-ધ્યાન-આપ | કારણ-કે | હું-થઈ-ગઈ-છું | તુચ્છ | — |
| H0400 | H7725 | H5315 | H7200 | H3068 | H5027 | | H1961 | | |

તેના સર્વ લોકો નિસાસા નાખે છે, તેઓ રોટલીને માટે અહીંતહીં ભટકે છે. તેઓએ પોતાના જીવ બચાવવાને સારુ અન્ન મેળવવા માટે પોતાની કિંમતી વસ્તુઓ આપી દીધી છે. હે યહોવાહ, નજર કરીને જુઓ કે, મારો કેવો તિરસ્કાર થાય છે.

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לוֹא | אֲלֵיכֶם | כָּל־ | עֹבְרֵי | דֶרֶךְ | הַבִּיטוּ | וּרְאוּ | אִם־ | יֵשׁ | מַכְאוֹב | כְּמַכְאֹבִי |
| શું-નહિ | તમને | બધા | પસાર-થનારા | માર્ગ | જુઓ | અને-જુઓ | શું | છે | કોઈ-પીડા | મારી-પીડા-જેવી |
| H3808 | H0413 | H3605 | | H1870 | H5027 | H7200 | | H3426 | H4341 | H4341 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | עוֹלַל | לִי | אֲשֶׁר | הוֹגָה | יְהוָה | בְּיוֹם | חֲרוֹן | אַפּוֹ׃ | ס |
| જે | કરવામાં-આવી | મને | જે | કર્યું | યહોવાહે | દિવસે | ભયંકર | તેમના-ક્રોધના | — |
| | | | | H3013 | H3068 | H3117 | H2740 | H0639 | |

રે પાસે થઈને સર્વ જનારા અને જોનારા, શું આ બધી બાબતોમાં તમે જોયું ના જોયું કરો છો? મારા પર જે દુઃખ પડ્યું છે, તે ધ્યાન આપીને જુઓ, જે વડે યહોવાહે પોતાના ભારે કોપના સમયે મને દુઃખી કર્યું છે, તેના જેવું અન્ય કોઈ દુઃખ છે ખરું?

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מִמָּרוֹם | שָׁלַח־ | אֵשׁ | בְּעַצְמֹתַי | וַיִּרְדֶּנָּה | פָּרַשׂ | רֶשֶׁת | לְרַגְלַי | הֱשִׁיבַנִי | אָחוֹר |
| ઊંચેથી | મોકલ્યો | અગ્નિ | મારાં-હાડકાંમાં | અને-જીત્યો-તેને | પાથર્યું | જાળ | મારા-પગ-માટે | પાછી-ફેરવી-મને | પાછળ |
| H4791 | H7971 | H0784 | H6106 | | H6566 | H7568 | H7272 | H7725 | H0268 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| נְתָנַנִי | שֹׁמֵמָה | כָּל־ | הַיּוֹם | דָּוָה׃ | ס |
| બનાવી-મને | ઉજ્જડ | આખો | દિવસ | બીમાર | — |
| H5414 | H8076 | H3605 | H3117 | H1739 | |

ઉપરથી ઈશ્વરે મારા હાડકાંમાં અગ્નિ મોકલ્યો અને તેમણે તેઓને નિર્બળ કર્યા છે. તેમણે મારા પગને ફસાવવા માટે જાળ પાથરી છે અને મને પાછું ફેરવ્યું છે. તેમણે મને એકલું છોડી દીધું છે અને આખો દિવસ નિર્બળ કર્યું છે.

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| נִשְׂקַד | עֹל | פְּשָׁעַי | בְּיָדוֹ | יִשְׂתָּרְגוּ | עָלוּ | עַל־ | צַוָּארִי | הִכְשִׁיל | כֹּחִי |
| બાંધવામાં-આવ્યું | ઝૂંસરું | મારા-અપરાધોનું | તેમના-હાથે | વણાયા | ચડ્યા | ઉપર | મારી-ગરદન | તોડ્યું | મારું-બળ |
| H8244 | H5923 | H6588 | H3027 | H8276 | H5927 | | | H3782 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| נְתָנַנִי | אֲדֹנָי | בִּידֵי | לֹא־ | אוּכַל | קוּם׃ | ס |
| સોંપ્યો-મને | પ્રભુએ | હાથમાં | નહિ | ઊભી-થઈ-શકું | — | — |
| H5414 | H0136 | H3027 | H3808 | H3201 | | |

મારા અપરાધોની ઝૂંસરીને તેમના હાથે જકડી લીધી છે. તેઓ અમળાઈને મારી ગરદન પર ચઢી બેઠા છે. તેમણે મારું બળ ઓછું કર્યું છે. જેઓની સામે હું ઊભી રહી શકતી નથી, તેઓના હાથમાં પ્રભુએ મને સોંપી છે.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| סִלָּה | כָל־ | אַבִּירַי | אֲדֹנָי | בְּקִרְבִּי | קָרָא | עָלַי | מוֹעֵד | לִשְׁבֹּר | בַּחוּרָי |
| ફગાવ્યા | બધા | મારા-બળવાનોને | પ્રભુએ | મારી-વચ્ચેથી | બોલાવ્યો | મારી-વિરુદ્ધ | સમય | કચડવા | મારા-જુવાનોને |
| | H3605 | H0047 | H0136 | H7130 | H7121 | | H4150 | H7665 | H0970 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| גַּת | דָּרַךְ | אֲדֹנָי | לִבְתוּלַת | בַּת־ | יְהוּדָה׃ | ס |
| દ્રાક્ષાકુંડ | ખૂંદ્યો | પ્રભુએ | કુંવારી | પુત્રી | યહૂદાની | — |
| H1660 | H1869 | H0136 | H1330 | H1323 | H3063 | |

પ્રભુએ મારામાંના સર્વ શ્રેષ્ઠ યોદ્ધાઓને તુચ્છકાર્યા છે. મારા શ્રેષ્ઠ યોદ્ધાઓને કચડી નાખવા માટે તેમણે મારી વિરુદ્ધ સભા બોલાવી છે. પ્રભુએ દ્રાક્ષચક્કીમાં યહૂદિયાની કુંવારી દીકરીને ખૂંદી નાખી છે.

16

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מִמֶּנִּי | רָחַק | כִּי־ | מַּיִם | יֹרְדָה | עֵינִי׀ | עֵינִי | בוֹכִיָּה | אֲנִי | אֵלֶּה | עַל־ |
| મારાથી | દૂર-છે | કારણ-કે | પાણી | વહાવે-છે | મારી-આખ | મારી-આખ | રડું-છું | હું | આ-બધાના | કારણે |
| | H7368 | | H4325 | H3381 | | | H1058 | H0589 | H0428 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ס | אוֹיֵב׃ | גָבַר | כִּי | שׁוֹמֵמִים | בָנַי | הָיוּ | נַפְשִׁי | מֵשִׁיב | מְנַחֵם |
| — | દુશ્મન | જીત્યો | કારણ-કે | ઉજ્જડ | મારાં-બાળકો | થયા-છે | મારો-જીવ | પાછું-લાવનાર | દિલાસો-આપનાર |
| | H0341 | H1396 | | H8074 | | H1961 | H5315 | H7725 | H5162 |

આને લીધે હું રડું છું. તેથી મારી આખોમાંથી આસુઓ વહી જાય છે. કેમ કે મને દિલાસો આપનાર તથા મારો જીવ બચાવનાર મારાથી દૂર છે. મારાં સંતાનો નિરાધાર છે, કારણ કે શત્રુઓએ તેમને હરાવ્યાં છે.

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| סְבִיבָיו | לְיַעֲקֹב | יְהוָה | צִוָּה | לָהּ | מְנַחֵם | אֵין | בְּיָדֶיהָ | צִיּוֹן | פֵּרְשָׂה |
| તેની-ચારેબાજુ | યાકૂબ-માટે | યહોવાહે | આજ્ઞા-આપી | તેને | દિલાસો-આપનાર | કોઈ-નથી | તેના-હાથ | સિયોન | ફેલાવે-છે |
| H5439 | H3290 | H3068 | H6680 | | H5162 | H0369 | H3027 | H6726 | H6566 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ס | בֵּינֵיהֶם׃ | לְנִדָּה | יְרוּשָׁלִַם | הָיְתָה | צָרָיו |
| — | તેઓ-વચ્ચે | અશુદ્ધ-વસ્તુ | યરૂશાલેમ | થઈ-ગઈ-છે | તેના-દુશ્મનો |
| | H0996 | H5079 | H3389 | H1961 | |

સિયોન પોતાના હાથ લાંબા કરે છે; પણ તેને દિલાસો આપનાર કોઈ નથી. યહોવાહે યાકૂબ વિષે એવી આજ્ઞા આપી છે કે તેની આસપાસના રહેનારા સર્વ તેના શત્રુઓ થાય. તેઓમાં યરુશાલેમ તિરસ્કારપાત્ર વસ્તુ જેવું થયું છે.

18

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (הָעַמִּים) | [עמים] | כָל־ | נָא | שִׁמְעוּ־ | מָרִיתִי | פִיהוּ | כִּי | יְהוָה | הוּא | צַדִּיק |
| લોકો | — | બધા | કૃપા-કરીને | સાંભળો | મેં-ઉલ્લંઘી | તેમની-આજ્ઞા | કારણ-કે | યહોવાહ | તે | ન્યાયી-છે |
| | | H3605 | H4994 | H8085 | H4784 | H6310 | | H3068 | H1931 | H6662 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ס | בַשֶּׁבִי׃ | הָלְכוּ | וּבַחוּרַי | בְּתוּלֹתַי | מַכְאֹבִי | וּרְאוּ |
| — | બંદીવાસમાં | ગયા | અને-મારા-જુવાનો | મારી-કુંવારીઓ | મારી-પીડા | અને-જુઓ |
| | | H1980 | H0970 | H1330 | H4341 | H7200 |

યહોવાહ ન્યાયી છે, મેં તેમની વિરુદ્ધ બંડ કર્યું છે. હે સર્વ લોકો, કૃપા કરીને સાંભળો અને મારા દુ:ખને જુઓ. મારી કુંવારીઓ તથા મારા જુવાનો બંદીવાસમાં ગયા છે.

19

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | גָּוָעוּ | בָּעִיר | וּזְקֵנַי | כֹּהֲנַי | רִמּוּנִי | הֵמָּה | לַמְאַהֲבַי | קָרָאתִי |
| કારણ-કે | મરી-ગયા | નગરમાં | અને-મારા-વડીલો | મારા-યાજકો | છેતર્યા-મને | તેઓએ | મારા-પ્રેમીઓને | બોલાવ્યા-મેં |
| | H1478 | | H2205 | H3548 | | H1992 | H0157 | H7121 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ס | נַפְשָׁם׃ | אֶת־ | וְיָשִׁיבוּ | לָמוֹ | אֹכֶל | בִקְשׁוּ |
| — | પોતાનો-જીવ | — | અને-ટકાવે | પોતાના-માટે | ખોરાક | શોધ્યું-તેમણે |
| | H5315 | H0853 | H7725 | | H0400 | H1245 |

મેં મારા પ્રેમીઓ બોલાવ્યા, પણ તેઓએ મારો વિશ્વાસઘાત કર્યો. મારા યાજકો તથા મારા વડીલો પોતાના જીવ બચાવવા માટે અન્નને માટે વલખાં મારતા હતા, એટલામાં તેઓ નગરમાં મરણ પામ્યા.

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּקִרְבִּי | לִבִּי | נֶהְפַּךְ | חֳמַרְמָרוּ | מֵעַי | לִי | צַר־ | כִּי־ | יְהוָה | רְאֵה |
| મારી-અદર | મારું-હૃદય | ઊથલપાથલ-છે | ઉકળે-છે | મારાં-આતરડાં | છું-હું | સંકટમાં | કારણ-કે | યહોવાહ | જો |
| H7130 | | H2015 | | H4578 | | H6887 | | H3068 | H7200 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ס | כַּמָּוֶת׃ | בַּבַּיִת | חֶרֶב | שִׁכְּלָה־ | מִחוּץ | מָרִיתִי | מָרוֹ | כִּי |
| — | મૃત્યુ-જેવું | ઘરમાં | તલવાર | સંતાનહીન-કરે | બહાર | બળવાખોર-રહી-હું | ખૂબ | કારણ-કે |
| | H4194 | | H2719 | | H2351 | H4784 | H4784 | |

હે યહોવાહ, જુઓ, કેમ કે હું ભારે દુ:ખમાં છું; મારી આતરડી કકળે છે. મારા હૃદયને ચેન પડતું નથી, કેમ કે મેં ભારે બંડ કર્યો છે. રસ્તા પર તલવાર મારાં સંતાનોનો સંહાર કરે છે; ઘરમાં પણ મરણ જેવું વાતાવરણ છે.

| שָׁמְעוּ | אֹיְבַי | כָּל־ | לִ֔י | מְנַחֵ֣ם | אֵ֤ין | אָ֔נִי | נֶאֱנָחָ֣ה | כִּ֣י | שָׁמְע֞וּ | 21 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાંભળ્યું | મારા-દુશ્મનોએ | બધા | મને | દિલાસો-આપનાર | કોઈ-નથી | હું | નિસાસા-નાખું-છું | કે | સાંભળ્યું-તેમણે | |
| H8085 | H0341 | H3605 | | H5162 | H0369 | H0589 | H0584 | | H8085 | |

| ס | כָמֹֽנִי׃ | וְיִהְי֥וּ | קָרָ֖את | יוֹם־ | הֵבֵ֥אתָ | עָשִׂ֑יתָ | אַתָּ֣ה | כִּ֣י | שָׂ֕שׂוּ | רָעָתִי֙ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| — | મારા-જેવા | અને-થાય | તેં-નિર્ધારિત-કર્યો | દિવસ | લાવ | કર્યું-છે-આ | તેં | કારણ-કે | આનંદ-કર્યો | મારી-વિપત્તિ |
| | H3644 | H1961 | H7121 | H3117 | H0935 | | | | H7797 | |

મારા નિસાસા સાંભળો. મને દિલાસો આપનાર કોઈ નથી. મારા સર્વ દુશ્મનોએ મારા દુ:ખ વિષે સાંભળ્યું છે. આ તમે જ કર્યું છે, માટે તેઓ ખુશ થાય છે. જે દિવસ તમે નિર્માણ કર્યો, તે દિવસ તમે તેમના પર લાવો અને તેઓ મારા જેવા થાય.

| כָּל־ | עַ֣ל | לִ֔י | עוֹלַ֔לְתָּ | כַּאֲשֶׁ֥ר | לָ֔מוֹ | וְעוֹלֵ֣ל | לְפָנֶ֙יךָ֙ | רָעָתָ֤ם | כָל־ | תָּבֹ֨א | 22 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બધા | કારણે | મને | તેં-કર્યું | જેમ | તેમને | અને-કર | તારી-આગળ | તેમની-દુષ્ટતા | બધી | આવે | |
| H3605 | | | | | | | H6440 | | H3605 | H0935 | |

| פ | דַוָּֽי׃ | וְלִבִּ֥י | אַנְחֹתַ֖י | רַבּ֥וֹת | כִּֽי־ | פְּשָׁעָ֑י |
|---|---|---|---|---|---|---|
| — | બીમાર-છે | અને-મારું-હૃદય | મારા-નિસાસા | ઘણા-છે | કારણ-કે | મારા-અપરાધોને |
| | H1742 | | H0585 | | | H6588 |

તેઓની સર્વ દુષ્ટતા તમારી નજર આગળ આવે, મારા સર્વ અપરાધોને લીધે તમે મારા જેવા હાલ કર્યા છે; તેવા હાલ તેઓના કરો. કેમ કે હું ઘણા નિસાસા નાખું છું અને મારું હૃદય પીડિત થઈ ગયું છે.

## Chapter 2

| אֶ֔רֶץ | מִשָּׁמַ֙יִם֙ | הִשְׁלִ֤יךְ | צִיּ֔וֹן | בַּת־ | אֶת־ | אֲדֹנָ֗י | בְּאַפּ֣וֹ | יָעִיב֩ | אֵיכָה֩ | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પૃથ્વી-પર | આકાશમાંથી | ફેંક્યું | સિયોનની | પુત્રી | — | પ્રભુએ | તેમના-ક્રોધમાં | વાદળથી-ઢાંક્યું | કેવી-રીતે | |
| H0776 | H8064 | H7993 | H6726 | H1323 | H0853 | H0136 | H0639 | H5743 | | |

| ס | אַפּֽוֹ׃ | בְּי֥וֹם | רַגְלָ֖יו | הֲדֹם־ | זָכַ֥ר | וְלֹא־ | יִשְׂרָאֵ֑ל | תִּפְאֶ֣רֶת |
|---|---|---|---|---|---|---|---|---|
| — | તેમના-ક્રોધના | દિવસે | તેમના-પગનું | પાદાસન | યાદ-કર્યું | અને-નહિ | ઇઝરાયલની | મહિમા |
| | H0639 | H3117 | H7272 | H1916 | H2142 | H3808 | H3478 | H8597 |

પ્રભુએ ક્રોધે ભરાઈને સિયોનની દીકરીને દુ:ખના વાદળોથી ઢાંકી દીધી છે તેમણે ઇઝરાયલની શોભાને આકાશમાંથી પૃથ્વી પર નાખી દીધી છે. પોતાના કોપને દિવસે પોતાના પાયાસનનું સ્મરણ કર્યું નથી.

| בְּעֶבְרָתוֹ֙ | הָרַ֤ס | יַעֲקֹ֔ב | נְא֣וֹת | כָּל־ | אֵ֣ת | חָמַ֗ל | )וְלֹא( | ]לֹא[ | אֲדֹנָ֜י | בִּלַּ֨ע | 2 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તેમના-રોષમાં | તોડી-પાડ્યા | યાકૂબના | નિવાસો | બધા | — | દયા-કરી | અને-નહિ | — | પ્રભુ | ગળી-ગયા | |
| H5678 | H2040 | H3290 | H4999 | H3605 | H0853 | H2550 | H3808 | H3808 | H0136 | H1104 | |

| ס | וְשָׂרֶֽיהָ׃ | מַמְלָכָ֖ה | חִלֵּ֥ל | לָאָ֑רֶץ | הִגִּ֣יעַ | יְהוּדָ֔ה | בַת־ | מִבְצְרֵ֥י |
|---|---|---|---|---|---|---|---|---|
| — | અને-તેના-સરદારોને | રાજ્ય | અપવિત્ર-કર્યું | જમીન-પર | ઉતાર્યા | યહૂદાની | પુત્રી | કિલ્લાઓ |
| | H8269 | H4467 | | H0776 | H5060 | H3063 | H1323 | H4013 |

પ્રભુએ યાકૂબનાં સર્વ નગરોને નષ્ટ કર્યા છે અને તેઓ પર દયા રાખી નથી. તેમણે ક્રોધે ભરાઈને યહૂદિયાની દીકરીના કિલ્લાઓને ભાંગી નાખ્યા છે; તેમણે તેઓને જમીનદોસ્ત કર્યા છે અને રાજ્યને તથા તેના સરદારોને ભ્રષ્ટ કર્યાં છે.

| מִפְּנֵ֣י | יְמִינ֔וֹ | אָח֥וֹר | הֵשִׁ֧יב | יִשְׂרָאֵ֔ל | קֶ֣רֶן | כֹּ֚ל | אַ֗ף | בָּֽחֳרִי־ | גָּדַ֣ע | 3 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આગળથી | તેમનો-જમણો-હાથ | પાછળ | ખેંચી-લીધો | ઇઝરાયલના | શિંગ | બધા | ક્રોધમાં | ભયંકર | કાપી-નાખ્યા | |
| H6440 | H3225 | H0268 | H7725 | H3478 | | H3605 | H0639 | H2750 | H1438 | |

| ס | סָבִֽיב׃ | אָכְלָ֖ה | לֶהָבָ֔ה | כְּאֵשׁ֙ | בְיַעֲקֹב֙ | וַיִּבְעַ֤ר | אוֹיֵ֑ב |
|---|---|---|---|---|---|---|---|
| — | ચારેબાજુ | ભસ્મ-કર્યું | જવાળા | જેમ-અગ્નિ | યાકૂબમાં | અને-બળ્યો | દુશ્મનની |
| | H5439 | H0398 | H3852 | H0784 | H3290 | | H0341 |

તેમણે ભારે કોપથી ઇઝરાયલનું સઘળું બળ કાપી નાખ્યું છે. તેમણે શત્રુની આગળ પોતાનો જમણો હાથ પાછો ખેંચી લીધો છે. જે ભડભડ બળતો અગ્નિ ચારે તરફનું બાળી નાખે છે તેમ તેમણે યાકૂબને બાળી નાખ્યો છે.

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| דָּרַךְ | קַשְׁתּוֹ | כְּאוֹיֵב | נִצָּב | יְמִינוֹ | כְּצָר | וַיַּהֲרֹג | כֹּל | מַחֲמַדֵּי־ |
| ખેંચ્યું | તેમનું-ધનુષ | દુશ્મન-જેમ | ઊભા-રહ્યા | તેમનો-જમણો-હાથ | વેરી-જેમ | અને-મારી-નાખ્યા | બધા | વહાલા |
| H1869 | H7198 | H0341 | H5324 | H3225 | | H2026 | H3605 | H4261 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עָיִן | בְּאֹהֶל | בַּת־ | צִיּוֹן | שָׁפַךְ | כָּאֵשׁ | חֲמָתוֹ׃ | ס |
| આંખના | તંબુમાં | પુત્રી | સિયોનની | રેડ્યો | અગ્નિ-જેમ | તેમનો-કોપ | — |
| | H0168 | H1323 | H6726 | H8210 | H0784 | H2534 | |

શત્રુની જેમ તેમણે પોતાનું ધનુષ્ય ખેંચ્યું છે. જાણે સામાવાળો હોય તેમ તેઓ પોતાનો જમણો હાથ ઉગામીને ઊભા રહ્યા છે. જે બધા દેખાવમાં સુંદર હતા, તેઓનો તેમણે નાશ કર્યો છે. સિયોનની દીકરીના મંડપમાં તેમણે પોતાનો કોપ અગ્નિની જેમ પ્રસાર્યો છે.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הָיָה | אֲדֹנָי | כְּאוֹיֵב | בִּלַּע | יִשְׂרָאֵל | בִּלַּע | כָּל־ | אַרְמְנוֹתֶיהָ | שִׁחֵת | מִבְצָרָיו |
| થયા | પ્રભુ | દુશ્મન-જેમ | ગળી-ગયા | ઇઝરાયલને | ગળી-ગયા | બધા | તેના-મહેલો | નષ્ટ-કર્યા | તેના-કિલ્લાઓ |
| H1961 | H0136 | H0341 | H1104 | H3478 | H1104 | H3605 | H0759 | H7843 | H4013 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וַיֶּרֶב | בְּבַת־ | יְהוּדָה | תַּאֲנִיָּה | וַאֲנִיָּה׃ | ס |
| અને-વધાર્યું | પુત્રી | યહૂદામાં | વિલાપ | અને-શોક | — |
| | H1323 | H3063 | H8386 | H0592 | |

પ્રભુ શત્રુના જેવા થયા છે. તેમણે ઇઝરાયલને પાયમાલ કર્યા છે. તેમના સર્વ રાજમહેલોને તેમણે નષ્ટ કર્યો છે અને તેમણે તેમના કિલ્લાઓનો નાશ કર્યો છે. તેમણે યહૂદિયાની દીકરીનો ખેદ તથા વિલાપ વધાર્યો છે.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּחְמֹס | כַּגַּן | שֻׂכּוֹ | שִׁחֵת | מוֹעֲדוֹ | שִׁכַּח | יְהוָה | בְּצִיּוֹן | מוֹעֵד |
| અને-તોડી-પાડ્યો | બાગ-જેમ | તેમનો-મંડપ | નષ્ટ-કર્યો | તેમનો-ઉત્સવ-સ્થાન | ભૂલાવ્યું | યહોવાહે | સિયોનમાં | ઉત્સવ |
| H2554 | H1588 | H7900 | H7843 | H4150 | H7911 | H3068 | H6726 | H4150 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְשַׁבָּת | וַיִּנְאַץ | בְּזַעַם־ | אַפּוֹ | מֶלֶךְ | וְכֹהֵן׃ | ס |
| અને-વિશ્રામદિન | અને-તિરસ્કાર્યા | રોષના | ક્રોધમાં | રાજા | અને-યાજકને | — |
| H7676 | H5006 | H2195 | H0639 | H4428 | H3548 | |

જાણે કે વાડીનો મંડપ હોય તેમ તેમણે પોતાનો હુમલો કરીને તેને તોડી પાડ્યો છે. તેમણે પોતાનું પવિત્રસ્થાન નષ્ટ કર્યું છે. યહોવાહે સિયોનમાં નીમેલા પર્વ તથા વિશ્રામવારને વિસ્મૃત કરાવ્યાં છે, કેમ કે પોતાના ક્રોધમાં તેમણે રાજાને તથા યાજકને તુચ્છકાર્યા છે.

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| זָנַח | אֲדֹנָי | מִזְבְּחוֹ | נִאֵר | מִקְדָּשׁוֹ | הִסְגִּיר | בְּיַד־ | אוֹיֵב | חוֹמֹת | אַרְמְנוֹתֶיהָ |
| ત્યજી-દીધું | પ્રભુએ | તેમની-વેદી | ધિક્કાર્યું | તેમનું-પવિત્રસ્થાન | સોંપી-દીધા | હાથમાં | દુશ્મનના | દીવાલો | તેના-મહેલોની |
| | H0136 | H4196 | H5010 | H4720 | H5462 | H3027 | H0341 | H2346 | H0759 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| קוֹל | נָתְנוּ | בְּבֵית־ | יְהוָה | כְּיוֹם | מוֹעֵד׃ | ס |
| અવાજ | કર્યો-તેમણે | ઘરમાં | યહોવાહના | ઉત્સવ-દિવસ-જેમ | — | — |
| | H5414 | | H3068 | H3117 | H4150 | |

પ્રભુએ પોતાની વેદીને નકારી છે; તે પોતાના પવિત્રસ્થાનથી કંટાળી ગયા છે. તેમણે દુશ્મનના હાથે તેમના રાજમહેલની દીવાલોનો નાશ કરાવ્યો છે. જેમ પવિત્રસ્થાનને દિવસે ઉત્સવનો ઘોંઘાટ થાય છે તેમ તેઓએ યહોવાહના ભક્તિસ્થાનમાં ઘોંઘાટ કર્યો છે.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| חָשַׁב | יְהוָה | לְהַשְׁחִית | חוֹמַת | בַּת־ | צִיּוֹן | נָטָה | קָו | לֹא־ | הֵשִׁיב | יָדוֹ |
| ઠરાવ્યું | યહોવાહે | નષ્ટ-કરવા | દીવાલ | પુત્રી | સિયોનની | ખેંચ્યો | દોરો | નહિ | ખેંચ્યો-પાછો | તેમનો-હાથ |
| H2803 | H3068 | H7843 | H2346 | H1323 | H6726 | H5186 | | H3808 | H7725 | H3027 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מִבַּלֵּעַ | וַיַּאֲבֶל־ | חֵל | וְחוֹמָה | יַחְדָּו | אֻמְלָלוּ׃ | ס |
| ગળી-જવાથી | અને-શોક-કરાવ્યો | કોટ | અને-દીવાલ | એકસાથે | નબળા-પડ્યા | — |
| H1104 | H0056 | H2426 | H2346 | | H0535 | |

યહોવાહે સિયોનની દીકરીની દીવાલો તોડી પાડવાનો નિશ્ચય કર્યો છે. તેમણે માપવાની દોરી લંબાવી છે અને તેનો નાશ કરવાથી પોતાનો હાથ પાછો પડવા દીધો નથી. તેમણે બુરજ તથા દીવાલોને ખેદિત કર્યા છે અને તેઓ એકસાથે ખિન્ન થાય છે.

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| טָבְעוּ | בָאָרֶץ | שְׁעָרֶיהָ | אִבַּד | וְשִׁבַּר | בְּרִיחֶיהָ | מַלְכָּהּ | וְשָׂרֶיהָ | בַגּוֹיִם | אֵין |
| ડૂબી-ગયા | જમીનમાં | તેના-દરવાજા | નષ્ટ-કર્યા | અને-તોડ્યા | તેના-ભૂંગળ | તેનો-રાજા | અને-તેના-સરદારો | પ્રજાઓમાં | નથી |
| H2883 | H0776 | H8179 | H0006 | H7665 | H1280 | H4428 | H8269 | | H0369 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| תּוֹרָה | גַּם־ | נְבִיאֶיהָ | לֹא־ | מָצְאוּ | חָזוֹן | מֵיְהוָה׃ | ס |
| નિયમશાસ્ત્ર | વળી | તેના-પ્રબોધકોને | નહિ | મળ્યું | દર્શન | યહોવાહ-તરફથી | — |
| H8451 | H1571 | H5030 | H3808 | H4672 | H2377 | H3068 | |

તેના દરવાજા ખંડેરોની જેમ દટાયેલા પડ્યા છે; તેમણે તેમની ભૂંગળોને ભાંગીને ભૂકો કરી નાખી છે. જે વિદેશીઓમાં મૂસાનું નિયમશાસ્ત્ર નથી હોતું તેવા લોકોમાં તેમનો રાજા તથા તેમના સરદારો છે. વળી તેમના પ્રબોધકોને પણ યહોવાહ તરફથી દર્શન થતું નથી.

10
יֵשְׁבוּ બેસે-છે H3427
לָאָרֶץ જમીન-પર H0776
יִדְּמוּ મૌન-છે
זִקְנֵי વડીલો H2205
בַת־ પુત્રી H1323
צִיּוֹן સિયોનની H6726
הֶעֱלוּ નાખ્યું H5927
עָפָר ધૂળ H6083
עַל־ ઉપર
רֹאשָׁם તેમના-માથા
חָגְרוּ પહેર્યાં H2296
שַׂקִּים શણના-કપડા H8242
הוֹרִידוּ ઝુકાવ્યા H3381
לָאָרֶץ જમીન-તરફ H0776
רֹאשָׁן તેમના-માથા
בְּתוּלֹת કુંવારીઓ H1330
יְרוּשָׁלִָם׃ યરૂશાલેમની H3389
ס —

સિયોનની દીકરીના વડીલો મૂંગા થઈને ભૂમિ પર બેસે છે. તેઓએ પોતાના માથા પર ધૂળ નાખી છે; તેઓએ ટાટનો પટ્ટો કમરે બાંધ્યો છે. યરુશાલેમની કુંવારિકાઓએ પોતાના માથાં જમીન સુધી નમાવ્યાં છે.

11
כָּלוּ ખૂટી-ગયા H3615
בַדְּמָעוֹת આસુઓથી H1832
עֵינַי મારી-આખો
חֳמַרְמְרוּ ઊકળે-છે
מֵעַי મારા-આતરડા H4578
נִשְׁפַּךְ ઢોળાય-છે H8210
לָאָרֶץ જમીન-પર H0776
כְּבֵדִי મારું-કાળજું H3516
עַל־ કારણે
שֶׁבֶר વિનાશ H7667
בַּת־ પુત્રી H1323
עַמִּי મારા-લોકોની
בֵּעָטֵף મૂર્છા-પામતા
עוֹלֵל બાળક H5768
וְיוֹנֵק અને-દૂધપીતા H3243
בִּרְחֹבוֹת ચોકોમાં H7339
קִרְיָה׃ નગરના H7151
ס —

રડી રડીને મારી આખો લાલ થઈ છે; મારી આતરડી કકળે છે. મારા લોકોની દીકરીના ત્રાસને લીધે મારું કાળજું બળે છે, કેમ કે છોકરાં તથા સ્તનપાન કરતાં બાળકો રાજમાર્ગ પર મૂર્ચ્છિત થાય છે.

12
לְאִמֹּתָם તેમની-માતાઓને H0517
יֹאמְרוּ કહે-છે H0559
אַיֵּה ક્યાં-છે H0346
דָּגָן અનાજ H1715
וָיָיִן અને-દ્રાક્ષારસ H3196
בְּהִתְעַטְּפָם જ્યારે-મૂર્છા-પામે-છે
כֶּחָלָל ઘાયલ-જેમ
בִּרְחֹבוֹת ચોકોમાં H7339
עִיר નગરના
בְּהִשְׁתַּפֵּךְ જ્યારે-રેડાય-છે H8210
נַפְשָׁם તેમનો-જીવ H5315
אֶל־ તરફ H0413
חֵיק ખોળામાં H2436
אִמֹּתָם׃ તેમની-માતાઓના H0517
ס —

તેઓ પોતાની માતાઓને કહે છે, “અનાજ અને દ્રાક્ષારસ ક્યાં છે?” નગરની શેરીઓમાં ઘાયલ થયેલાની જેમ તેઓને મૂર્છા આવે છે, તેઓ તેઓની માતાના ખોળામાં મરણ પામે છે.

13
מָה־ શું H4100
אֲעִידֵךְ સાક્ષી-આપું-તને
מָה શું H4100
אֲדַמֶּה־ સરખાવું H1819
לָּךְ તને
הַבַּת હે-પુત્રી H1323
יְרוּשָׁלִַם યરૂશાલેમ H3389
מָה શું H4100
אַשְׁוֶה־ સમાન-કરું
לָּךְ તને
וַאֲנַחֲמֵךְ અને-દિલાસો-આપું-તને H5162
בְּתוּלַת કુંવારી H1330
בַּת־ પુત્રી H1323
צִיּוֹן સિયોનની H6726
כִּי־ કારણ-કે
גָדוֹל મોટો-છે
כַּיָּם સમુદ્ર-જેમ H3220
שִׁבְרֵךְ તારો-વિનાશ H7667
מִי કોણ H4310
יִרְפָּא־ સાજા-કરે H7495
לָךְ׃ તને
ס —

હે યરુશાલેમની દીકરી, હું તારા વિષે તને શું કહું? હે સિયોનની કુંવારી દીકરી, હું તને કોની સાથે સરખાવું? તારો ઘા સમુદ્ર જેટલો ઊંડો છે. તને કોણ સાજી કરશે?

14
נְבִיאַיִךְ તારા-પ્રબોધકોએ H5030
חָזוּ જોયું H2372
לָךְ તારા-માટે
שָׁוְא જૂઠું H7723
וְתָפֵל અને-નિરર્થક
וְלֹא־ અને-નહિ H3808
גִלּוּ પ્રગટ-કર્યું H1540
עַל־ વિષે
עֲוֺנֵךְ તારા-અપરાધ H5771
לְהָשִׁיב પાછા-લાવવા H7725
[שביתך] — H7622
(שְׁבוּתֵךְ) તારી-દશા H7622
וַיֶּחֱזוּ અને-જોયા-તેમણે H2372
לָךְ તારા-માટે
מַשְׂאוֹת ભારો H4864
שָׁוְא જૂઠા H7723
וּמַדּוּחִים׃ અને-ભ્રામક H4065
ס —

તારા પ્રબોધકોએ તારે સારુ નિરર્થક તથા મુર્ખામીભર્યા સંદર્શનો જોયાં છે. તેઓએ તારો અન્યાય ઉઘાડો કર્યો નહિ, કે જેથી તારો બંદીવાસ પાછો ફેરવાઈ જાત, પણ તમારે માટે અસત્ય વચનો તથા પ્રલોભનો જોયા છે.

15

| סָפְקוּ | עָלַיִךְ | כַפַּיִם | כָּל־ | עֹבְרֵי | דֶרֶךְ | שָׁרְקוּ | וַיָּנִעוּ | רֹאשָׁם |
|---|---|---|---|---|---|---|---|---|
| તાળી-પાડે-છે | તારા-ઉપર | હાથ | બધા | પસાર-થનારા | માર્ગે | સિસોટી-વગાડે-છે | અને-હલાવે-છે | તેમના-માથા |
| | | H3709 | H3605 | | H1870 | H8319 | H5128 | |

| עַל־ | בַּת | יְרוּשָׁלָ͏ִם | הֲזֹאת | הָעִיר | שֶׁיֹּאמְרוּ | כְּלִילַת | יֹפִי | מָשׂוֹשׂ | לְכָל־ | הָאָרֶץ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિષે | પુત્રી | યરૂશાલેમની | શું-આ-છે | નગર | જેને-કહેતા-હતા | સંપૂર્ણ | સૌંદર્ય | આનંદ | આખી | પૃથ્વીનો |
| | H1323 | H3389 | H2063 | | H0559 | H3632 | H3308 | H4885 | H3605 | H0776 |

ס
—

જેઓ પાસે થઈને જાય છે તેઓ સર્વ તારી વિરુદ્ધ તાળી પાડે છે. તેઓ ફિટકાર કરીને યરુશાલેમની દીકરીની સામે માથાં હલાવીને કહે છે, “જે નગરને લોકો ‘સુંદરતાની સંપૂર્ણતા’ તથા ‘આખી પૃથ્વીનું આનંદસ્પદ કહેતા હતા, તે શું આ છે?”

16

| פָּצוּ | עָלַיִךְ | פִּיהֶם | כָּל־ | אוֹיְבַיִךְ | שָׁרְקוּ | וַיַּחַרְקוּ־ | שֵׁן | אָמְרוּ |
|---|---|---|---|---|---|---|---|---|
| ખોલ્યા | તારી-વિરુદ્ધ | તેમના-મોં | બધા | તારા-દુશ્મનોએ | સિસોટી-વગાડે-છે | અને-કચકચાવે-છે | દાંત | કહે-છે |
| H6475 | | H6310 | H3605 | H0341 | H8319 | H2786 | H8127 | H0559 |

| בִּלָּעְנוּ | אַךְ | זֶה | הַיּוֹם | שֶׁקִּוִּינֻהוּ | מָצָאנוּ | רָאִינוּ׃ | ס |
|---|---|---|---|---|---|---|---|
| ગળી-ગયા-અમે | ખરેખર | આ | દિવસ-છે | જેની-રાહ-જોતા-હતા | મળ્યો-અમને | જોયો-અમે | — |
| H1104 | H0389 | H2088 | H3117 | | H4672 | H7200 | |

તારા સર્વ શત્રુઓ તારા પર પોતાનું મુખ ઉઘાડીને હાંસી ઉડાવે છે. તેઓ તિરસ્કાર કરીને તથા દાંત પીસીને કહે છે, “અમે તેને ગળી ગયા છીએ□ જે દિવસની અમે રાહ જોતા હતા તે ચોક્કસ આ જ છે□ તે અમને પ્રાપ્ત થયો છે□ અમે તેને જોયો છે□”

17

| עָשָׂה | יְהוָה | אֲשֶׁר | זָמָם | בִּצַּע | אֶמְרָתוֹ | אֲשֶׁר | צִוָּה | מִימֵי־ | קֶדֶם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કર્યું | યહોવાહે | જે | ઠરાવ્યું-હતું | પૂર્ણ-કર્યું | તેમનું-વચન | જે | આજ્ઞા-આપી-હતી | પ્રાચીન-સમયથી | — |
| | H3068 | | H2161 | H1214 | | | H6680 | H3117 | |

| הָרַס | וְלֹא | חָמָל | וַיְשַׂמַּח | עָלַיִךְ | אוֹיֵב | הֵרִים | קֶרֶן | צָרָיִךְ׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તોડી-પાડ્યું | અને-નહિ | દયા-કરી | અને-આનંદિત-કર્યા | તારા-ઉપર | દુશ્મનને | ઊંચું-કર્યું | શિંગ | તારા-વેરીઓનું | — |
| H2040 | H3808 | H2550 | H8055 | | H0341 | | | | |

યહોવાહે જે વિચાર્યું તે તેમણે કર્યું છે. પોતાનું જે વચન તેમણે પ્રાચીન કાળમાં ફરમાવ્યું હતું તે તેમણે પૂરું કર્યું છે. દયા રાખ્યા વગર તેમણે તેને તોડી પાડ્યું છે, તારો શત્રુ તારા હાલ જોઈને હરખાય, એવું તેમણે કર્યું છે; તેમણે તારા દુશ્મનોનું શિંગડાં ઊંચું ચઢાવ્યું છે.

18

| צָעַק | לִבָּם | אֶל־ | אֲדֹנָי | חוֹמַת | בַּת־ | צִיּוֹן | הוֹרִידִי | כַנַּחַל | דִּמְעָה | יוֹמָם | וָלַיְלָה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પોકાર્યું | તેમના-હૃદયે | તરફ | પ્રભુ | દીવાલ | પુત્રી | સિયોનની | વહાવ | નદી-જેમ | આસુ | દિવસે | અને-રાત્રે |
| H6817 | | H0413 | H0136 | H2346 | H1323 | H6726 | H3381 | | H1832 | H3119 | H3915 |

| אַל־ | תִּתְּנִי | פוּגַת | לָךְ | אַל־ | תִּדֹּם | בַּת־ | עֵינֵךְ׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|
| ના | આપ | વિરામ | તારી-જાતને | ના | અટક | પુત્રી | તારી-આખની | — |
| H0408 | H5414 | H6314 | | H0408 | | H1323 | | |

તેઓના હૃદય પ્રભુને પોકારતા હતા, “હે સિયોનની દીકરીના કોટ, તારી આખમાંથી રાતદિવસ આસુઓ નદીની જેમ વહેતાં જાય; પોતાને વિસામો ન આપ. તારી આખની કીકીને સુકાવા ન દે.

19

| קוּמִי | רֹנִּי | [בליל] | (בַלַּיְלָה) | לְרֹאשׁ | אַשְׁמֻרוֹת | שִׁפְכִי | כַמַּיִם | לִבֵּךְ | נֹכַח | פְּנֵי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઊઠ | પોકાર-કર | — | રાત્રે | આરંભે | પહેરાઓના | રેડ | પાણી-જેમ | તારું-હૃદય | સામે | ચહેરા |
| | | H3915 | H3915 | | H0821 | H8210 | H4325 | | H5227 | H6440 |

| אֲדֹנָי | שְׂאִי | אֵלָיו | כַּפַּיִךְ | עַל־ | נֶפֶשׁ | עוֹלָלַיִךְ | הָעֲטוּפִים | בְּרָעָב | בְּרֹאשׁ | כָּל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રભુના | ઉઠાવ | તેમની-તરફ | તારા-હાથ | માટે | જીવ | તારા-બાળકોના | મૂર્છા-પામતા | ભૂખથી | ખૂણે | દરેક |
| H0136 | H5375 | H0413 | H3709 | | H5315 | H5768 | | H7458 | | H3605 |

| חוּצוֹת׃ | ס |
|---|---|
| શેરીના | — |
| H2351 | |

તું રાત્રીના પ્રથમ પહોરે ઊઠીને મોટેથી પ્રાર્થના કર; પ્રભુની સમક્ષ હૃદયને પાણીની જેમ વહાવ. તારાં જે બાળકો સર્વ શેરીઓના નાકાંમાં ભૂખે મૂર્છિત થાય છે, તેઓના જીવ બચાવવાને માટે તારા હાથ તેમની તરફ ઊંચા કર."

| 20 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | רְאֵה | יְהוָה | וְהַבִּיטָה | לְמִי | עוֹלַלְתָּ | כֹּה | אִם־ | תֹּאכַלְנָה | נָשִׁים | פִרְיָם | עֹלְלֵי |
| | જો | યહોવાહ | અને-ધ્યાન-આપ | કોને | તેં-કર્યું-છે | આ-રીતે | શું | ખાશે | સ્ત્રીઓ | તેમના-ફળ | બાળકો |
| | H7200 | H3068 | H5027 | H4310 | | H3541 | | H0398 | H0802 | H6529 | H5768 |
| | טִפֻּחִים | אִם־ | יֵהָרֵג | בְּמִקְדַּשׁ | אֲדֹנָי | כֹּהֵן | וְנָבִיא׃ | ס | | | |
| | લાડકા | શું | મારી-નંખાશે | પવિત્રસ્થાનમાં | પ્રભુના | યાજક | અને-પ્રબોધક | — | | | |
| | H2949 | | H2026 | H4720 | H0136 | H3548 | H5030 | | | | |

હે યહોવાહ, જુઓ અને વિચાર કરો કે તમે કોને આવું દુઃખ આપ્યું છે. શું સ્ત્રીઓ પોતાના સંતાનોને, એટલે સ્તનપાન કરાવેલા બાળકનો ભક્ષ કરે? શું યાજક તથા પ્રબોધક પ્રભુના પવિત્રસ્થાનમાં માર્યા જાય?

| 21 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | שָׁכְבוּ | לָאָרֶץ | חוּצוֹת | נַעַר | וְזָקֵן | בְּתוּלֹתַי | וּבַחוּרַי | נָפְלוּ | בֶחָרֶב | הָרַגְתָּ |
| | પડ્યા-છે | જમીન-પર | શેરીઓમાં | છોકરા | અને-વૃદ્ધ | મારી-કુંવારીઓ | અને-મારા-જુવાનો | પડ્યા | તલવારથી | તેં-મારી-નાખ્યા |
| | H7901 | H0776 | H2351 | H5288 | H2205 | H1330 | H0970 | H5307 | H2719 | H2026 |
| | בְּיוֹם | אַפֶּךָ | טָבַחְתָּ | לֹא | חָמָלְתָּ׃ | ס | | | | |
| | દિવસે | તારા-ક્રોધના | કાપી-નાખ્યા | નહિ | દયા-કરી | — | | | | |
| | H3117 | H0639 | H2873 | H3808 | H2550 | | | | | |

જુવાન તથા વૃદ્ધો શેરીઓમાં ભૂમિ પર પડેલા છે. મારી કન્યાઓ તથા મારા યુવાનોને તલવારથી કાપી નાખવામાં આવ્યાં છે. તમે તમારા કોપના સમયમાં તેઓને મારી નાખ્યાં છે; તમે દયા કર્યા વગર તેમની કતલ કરી છે.

| 22 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | תִּקְרָא | כְיוֹם | מוֹעֵד | מְגוּרַי | מִסָּבִיב | וְלֹא | הָיָה | בְּיוֹם | אַף־ | יְהוָה | פָּלִיט |
| | બોલાવ્યા-તેં | ઉત્સવ-દિવસ-જેમ | — | મારા-ભય | ચારેબાજુથી | અને-ન | રહ્યા | દિવસે | ક્રોધના | યહોવાહના | બચેલા |
| | H7121 | H3117 | H4150 | H4032 | H5439 | H3808 | H1961 | H3117 | H0639 | H3068 | |
| | וְשָׂרִיד | אֲשֶׁר־ | טִפַּחְתִּי | וְרִבִּיתִי | אֹיְבִי | כִלָּם׃ | פ | | | | |
| | અને-બાકી-રહેલા | જેમને | મેં-પાળ્યા | અને-ઉછેર્યા | મારા-દુશ્મને | નષ્ટ-કર્યા | — | | | | |
| | H8300 | | H2946 | | H0341 | H3615 | | | | | |

જાણે કે પર્વના દિવસને માટે તમે મારી આસપાસ લડાઈની ધાસ્તી ઊભી કરી છે; યહોવાહના કોપને દિવસે કોઈ છૂટ્યો અથવા બચી ગયો નથી. જેઓને મેં ખોળામાં રમાડ્યાં તથા ઉછેર્યાં, તેઓને મારા શત્રુઓએ નષ્ટ કર્યાં છે.

## Chapter 3

| 1 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | אֲנִי | הַגֶּבֶר | רָאָה | עֳנִי | בְּשֵׁבֶט | עֶבְרָתוֹ׃ |
| | હું | માણસ-છું-જેણે | જોયું | દુઃખ | લાકડી-વડે | તેમના-રોષની |
| | H0589 | H1397 | H7200 | H6040 | H7626 | H5678 |

હું એક એવો પુરુષ છું કે જેણે યહોવાહના કોપની સોટીથી દુઃખ ભોગવ્યું.

| 2 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | אוֹתִי | נָהַג | וַיֹּלַךְ | חֹשֶׁךְ | וְלֹא־ | אוֹר׃ |
| | મને | દોર્યો | અને-ચલાવ્યો | અંધકારમાં | અને-નહિ | પ્રકાશમાં |
| | H0853 | | H3212 | H2822 | H3808 | H0216 |

તેમણે મને પ્રકાશમાં નહિ પણ અંધકારમાં દોરીને ચલાવ્યો.

| 3 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | אַךְ | בִּי | יָשֻׁב | יַהֲפֹךְ | יָדוֹ | כָּל־ | הַיּוֹם׃ | ס |
| | ખરેખર | મારી-વિરુદ્ધ | ફરી-ફરી | ફેરવે-છે | તેમનો-હાથ | આખો | દિવસ | — |
| | H0389 | | H7725 | H2015 | H3027 | H3605 | H3117 | |

તેઓ ચોક્કસ આખો દિવસ મારી વિરુદ્ધ અવારનવાર પોતાનો હાથ ફેરવે છે.

| 4 | | | | | |
|---|---|---|---|---|---|
| | בִּלָּה | בְשָׂרִי | וְעוֹרִי | שִׁבַּר | עַצְמוֹתָי׃ |
| | ઘસાવ્યું | મારું-માંસ | અને-મારી-ત્વચા | તોડ્યાં | મારાં-હાડકાં |
| | H1086 | H1320 | H5785 | H7665 | H6106 |

તેમણે મારું માંસ તથા મારી ચામડીને નુકશાન પહોંચાડ્યું છે; તેમણે મારાં હાડકાં ભાંગી નાખ્યાં છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 5 | בָּנָה | עָלַי | וַיַּקַּף | רֹאשׁ | וּתְלָאָה׃ |
| | બાંધ્યું | મારી-વિરુદ્ધ | અને-ઘેર્યો | ઝેર | અને-મુશ્કેલી |
| | H1129 | | | H7219 | H8513 |

દુ:ખ અને સંતાપની કોટડીમાં પૂરીને તેમણે મને બાંધીને ઘેરી લીધો છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 6 | בְּמַחֲשַׁכִּים | הוֹשִׁיבַנִי | כְּמֵתֵי | עוֹלָם׃ | ס |
| | અધકારમાં | બેસાડ્યો-મને | મૃત-જેવા | પ્રાચીન-સમયના | — |
| | H4285 | H3427 | H4191 | H5769 | |

તેમણે મને પુરાતન કાળના મરણ પામેલા એક પુરુષની જેમ અધકારમાં પૂરી રાખ્યો છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 7 | גָּדַר | בַּעֲדִי | וְלֹא | אֵצֵא | הִכְבִּיד | נְחָשְׁתִּי׃ |
| | દીવાલ-કરી | મારી-આસપાસ | અને-નહિ | નીકળી-શકું | ભારે-કર્યા | મારા-સાંકળા |
| | H1443 | H1157 | H3808 | H3318 | H3513 | |

તેમણે મને દીવાલથી ઘેરી લીધો છે, જેથી મારાથી બહાર નીકળાય નહિ. તેમણે ભારે સાંકળોથી મને બાંધી દીધો છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 8 | גַּם | כִּי | אֶזְעַק | וַאֲשַׁוֵּעַ | שָׂתַם | תְּפִלָּתִי׃ |
| | વળી | જ્યારે | પોકારું-છું | અને-મદદ-માગું-છું | રોકે-છે | મારી-પ્રાર્થના |
| | H1571 | | H2199 | H7768 | | H8605 |

જ્યારે હું પોકાર કરીને સહાય માગુ છું, ત્યારે તેઓ મારી પ્રાર્થના પાછી વાળે છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 9 | גָּדַר | דְּרָכַי | בְּגָזִית | נְתִיבֹתַי | עִוָּה׃ | ס |
| | દીવાલ-કરી | મારા-માર્ગો | ઘડેલા-પથ્થરથી | મારા-રસ્તા | વાંકા-કર્યા | — |
| | H1443 | H1870 | H1496 | | | |

તેમણે ઘડેલા પથ્થરોથી મારા માર્ગોને બંધ કર્યા છે; તેમણે મારા રસ્તાને વાંકાચૂંકા કર્યા છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 10 | דֹּב | אֹרֵב | הוּא | לִי | ]אריה[ | )אֲרִי( | בְּמִסְתָּרִים׃ |
| | રીંછ | સંતાઈ-રહેલું | તે-છે | મારા-માટે | — | સિંહ | છુપા-સ્થાનોમાં |
| | H1677 | H0693 | H1931 | | | | H4565 |

તેઓ રીંછની જેમ સંતાઈને મારી રાહ જુએ છે અને ગુપ્તમાં રહેનાર સિંહની જેમ મને પકડવા સંતાઈ રહે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 11 | דְּרָכַי | סוֹרֵר | וַיְפַשְּׁחֵנִי | שָׂמַנִי | שֹׁמֵם׃ |
| | મારા-માર્ગો | વાળ્યા | અને-ફાડી-નાખ્યો-મને | બનાવ્યો-મને | ઉજ્જડ |
| | H1870 | H5493 | H6582 | | H8076 |

તેમણે મારા માર્ગો મરડી નાખ્યા છે. તેમણે મને ફાડીને નિરાધાર કર્યો છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 12 | דָּרַךְ | קַשְׁתּוֹ | וַיַּצִּיבֵנִי | כַּמַּטָּרָא | לַחֵץ׃ | ס |
| | ખેંચ્યું | તેમનું-ધનુષ | અને-ઊભો-રાખ્યો-મને | નિશાન-જેમ | તીર-માટે | — |
| | H1869 | H7198 | H5324 | H4307 | H2671 | |

તેમણે પોતાનું ધનુષ્ય ખેંચ્યું છે અને મને તીરના નિશાન તરીકે ઊભો રાખ્યો છે.

| | | | | |
|---|---|---|---|---|
| 13 | הֵבִיא | בְּכִלְיוֹתָי | בְּנֵי | אַשְׁפָּתוֹ׃ |
| | વીંધ્યા | મારા-અતરડામાં | બાણો | તેમના-ભાથાના |
| | H0935 | H3629 | | H0827 |

તેમણે પોતાના ભાથાનાં બાણ મારા અત:કરણમાં માર્યા છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 14 | הָיִיתִי | שְׂחֹק | לְכָל־ | עַמִּי | נְגִינָתָם | כָּל־ | הַיּוֹם׃ |
| | થયો-છું | હાંસી-નો-પાત્ર | મારા-બધા | લોકોમાં | તેમનું-ગીત | આખો | દિવસ |
| | H1961 | H7814 | H3605 | | H5058 | H3605 | H3117 |

હું મારા લોકો સમક્ષ હાંસીપાત્ર થયો છું અને તેઓ આખો દિવસ મને ચીડવતાં ગીતો ગાય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ס | לַעֲנָֽה׃ | הִרְוַ֥נִי | בַמְּרוֹרִ֖ים | הִשְׂבִּיעַ֥נִי | 15 |
| — | નાગદમનીથી | તૃપ્ત-કર્યો-મને | કડવાશથી | ભરી-દીધો-મને | |
| | H3939 | H7301 | H4844 | H7646 | |

તેમણે મને કડવી વેલથી ભરી દીધું છે અને મને કટુઝેરથી ભરી દીધો છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| בָּאֵֽפֶר׃ | הִכְפִּישַׁ֖נִי | שִׁנָּ֔י | בֶּחָצָץ֙ | וַיַּגְרֵ֤ס | 16 |
| રાખમાં | દબાવી-દીધો-મને | મારા-દાંત | કાંકરાથી | અને-તોડ્યા | |
| H0665 | H3728 | H8127 | H2687 | H1638 | |

વળી તેમણે મારા દાંત કાંકરાથી ભાંગી નાખ્યા છે; તેમણે મને રાખથી ઢાંકી દીધો છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| טוֹבָֽה׃ | נָשִׁ֥יתִי | נַפְשִׁ֖י | מִשָּׁל֛וֹם | וַתִּזְנַ֧ח | 17 |
| સુખ | ભૂલી-ગયો-હું | મારો-જીવ | શાંતિથી | અને-દૂર-કર્યો | |
| | H5382 | H5315 | H7965 | | |

તમે મારો જીવ સુખશાંતિથી દૂર કર્યો છે; સમૃદ્ધિ શું છે તે હું ભૂલી ગયો છું.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ס | מֵיְהוָֽה׃ | וְתוֹחַלְתִּ֖י | נִצְחִ֔י | אָבַ֣ד | וָאֹמַר֙ | 18 |
| — | યહોવાહ-તરફથી | અને-મારી-આશા | મારું-બળ | નાશ-પામ્યું | અને-કહ્યુ-મેં | |
| | H3068 | H8431 | H5331 | H0006 | H0559 | |

તેથી મેં કહ્યુ, "મારું બળ ખૂટી ગયું છે, એટલે યહોવાહ તરફથી મારી આશા નષ્ટ થઈ ગઈ છે"

| | | | | | |
|---|---|---|---|---|---|
| וָרֹֽאשׁ׃ | לַעֲנָ֥ה | וּמְרוּדִ֖י | עָנְיִ֥י | זְכָר־ | 19 |
| અને-ઝેર | નાગદમની | અને-મારી-ભટકવાનું | મારું-દુઃખ | યાદ-કર | |
| H7219 | H3939 | H4788 | H6040 | H2142 | |

મારું કષ્ટ તથા મારું દુઃખ, મારી કટુતા તથા કડવાશનું સ્મરણ કરો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-નહીં | દયા-કરશે | મારી-આખ | તાર□ે-ઉપર | અને-નહીં | કરુણા-કરીશ | કારણ-કે | તારે-માર્ગો | તારે-ઉપર | લાવીશ |
| H3808 | H2347 | | | H3808 | H2550 | | H1870 | | H5414 |

| וְתוֹעֲבוֹתַיִךְ | בְּתוֹכֵךְ | תִּהְיֶיןָ | וִידַעְתֶּם | כִּי־ | אֲנִי | יְהוָה׃ | פ |
|---|---|---|---|---|---|---|---|
| અને-તારી-ઘૃણાઓ | તારી-વચ્ચે | હશે | અને-તમે-જાણશો | કે | હું | યહોવાહ-છું | _ |
| H8441 | H8432 | H1961 | H3045 | | H0589 | H3068 | |

કેમ કે મારી આખ તારા પર દયા કરશે નહિ; પણ હું તારાં આચરણોનો બદલો લઈશ, તારાં તિરસ્કારપાત્ર કૃત્યો તારી મધ્યે લાવીશ, જેથી તું જાણશે કે હું યહોવાહ છું□

5

| כֹּה | אָמַר | אֲדֹנָי | יְהוִה | רָעָה | אַחַת | רָעָה | הִנֵּה | בָאָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| આમ | કહે-છે | પ્રભુ | યહોવાહ | વિપત્તિ | એક | વિપત્તિ | જુઓ | આવે-છે |
| H3541 | H0559 | H0136 | H3069 | | H0259 | | H2009 | H0935 |

પ્રભુ યહોવાહ આ પ્રમાણે કહે છે: આફત□ આફત પછી આફત□ જુઓ તે આવે છે.

6

| קֵץ | בָּא | בָּא | הַקֵּץ | הֵקִיץ | אֵלָיִךְ | הִנֵּה | בָּאָה׃ |
|---|---|---|---|---|---|---|---|
| અત | આવ્યો-છે | આવ્યો-છે | અત | જાગ્યો-છે | તારે-વિરુદ્ધ | જુઓ | આવે-છે |
| H7093 | H0935 | H0935 | H7093 | H6974 | H0413 | H2009 | H0935 |

અત નિશ્ચે આવી રહ્યો છે. અત તારી વિરુદ્ધ જાગૃત થાય છે□ જો, તે આવે છે□

7

| בָּאָה | הַצְּפִירָה | אֵלֶיךָ | יוֹשֵׁב | הָאָרֶץ | בָּא | הָעֵת | קָרוֹב | הַיּוֹם | מְהוּמָה | וְלֹא־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આવી-છે | વિનાશની-આગળ | તારે-પર | રહેવાસી | પૃથ્વીન□ | આવ્યો-છે | સમય | નજીક-છે | દિવસ | ગડબડનો | અને-નહીં |
| H0935 | H6843 | H0413 | H3427 | H0776 | H0935 | H6256 | H7138 | H3117 | H4103 | H3808 |

| הֵד | הָרִים׃ |
|---|---|
| આનંદનો | પર્વતો-ઉપર |
| H1906 | H2022 |

હે દેશના રહેવાસી તારું આવી બન્યું છે. સમય આવી પહોંચ્યો છે, વિપત્તિનો દિવસ નજીક છે, પર્વતો પર આનંદનો નહિ પણ ખેદ કરવાનો દિવસ આવી પહોંચ્યો છે.

8

| עַתָּה | מִקָּרוֹב | אֶשְׁפּוֹךְ | חֲמָתִי | עָלַיִךְ | וְכִלֵּיתִי | אַפִּי | בָּךְ | וּשְׁפַטְתִּיךְ |
|---|---|---|---|---|---|---|---|---|
| હવે | ટૂંકમાં | રેડીશ | મારો-રોષ | તારે-ઉપર | અને-પૂરો-કરીશ | મારો-ક્રોધ | તારે-વિરુદ્ધ | અને-ન્યાય-કરીશ |
| H6258 | H7138 | H8210 | H2534 | | H3615 | H0639 | | H8199 |

| כִּדְרָכַיִךְ | וְנָתַתִּי | עָלַיִךְ | אֵת | כָּל־ | תּוֹעֲבוֹתָיִךְ׃ |
|---|---|---|---|---|---|
| તારે-માર્ગો-મુજબ | અને-લાવીશ | તારે-ઉપર | _ | બધી | તારી-ઘૃણાઓ |
| H1870 | H5414 | | H0853 | H3605 | H8441 |

હમણાં જ હું મારો રોષ તારા પર રેડીશ અને તારા પરનો મારો કોપ પૂરો કરીશ હું તારાં આચરણો પ્રમાણે તારો ન્યાય કરીશ અને તારાં સર્વ તિરસ્કારપાત્ર કૃત્યો તારા પર લાવીશ.

9

| וְלֹא־ | תָחוֹס | עֵינִי | וְלֹא | אֶחְמוֹל | כִּדְרָכַיִךְ | עָלַיִךְ | אֶתֵּן | וְתוֹעֲבוֹתַיִךְ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-નહીં | દયા-કરશે | મારી-આખ | અને-નહીં | કરુણા-કરીશ | તારે-માર્ગો-મુજબ | તારે-ઉપર | લાવીશ | અને-તારી-ઘૃણાઓ |
| H3808 | H2347 | | H3808 | H2550 | H1870 | | H5414 | H8441 |

| בְּתוֹכֵךְ | תִּהְיֶיןָ | וִידַעְתֶּם | כִּי | אֲנִי | יְהוָה | מַכֶּה׃ |
|---|---|---|---|---|---|---|
| તારી-વચ્ચે | હશે | અને-તમે-જાણશો | કે | હું | યહોવાહ | મારનારો-છું |
| H8432 | H1961 | H3045 | | H0589 | H3068 | H5221 |

કેમ કે મારી આખ તારા પર દયા કરશે નહિ કે, તને છોડશે નહિ. તું જે પ્રમાણે વર્ત્યા છે તેવી રીતે હું તારી સાથે વર્તીશ; હું તારાં ધિક્કારપાત્ર કૃત્યો તારી નજર સમક્ષ લાવીશ, ત્યારે તું જાણશે કે હું યહોવાહ શિક્ષા કરનાર છું.

10

| הִנֵּה | הַיּוֹם | הִנֵּה | בָאָה | יָצְאָה | הַצְּפִרָה | צָץ | הַמַּטֶּה | פָּרַח | הַזָּדוֹן׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જુઓ | દિવસ | જુઓ | આવે-છે | નીકળી-છે | વિનાશની-આગળ | ફૂલ્યું-છે | લાકડી | ખીલ્યું-છે | અહંકાર |
| H2009 | H3117 | H2009 | H0935 | H3318 | H6843 | | H4294 | | H2087 |

જુઓ, દિવસ આવે છે. તારો નાશ આવે છે, લાકડીને મોર આવ્યો છે, ગર્વના ફણગા ફૂટી નીકળ્યા છે.

11

| הֶחָמָס | קָם | לְמַטֵּה־ | רֶשַׁע | לֹא־ | מֵהֶם | וְלֹא | מֵהֲמוֹנָם | וְלֹא | מֶהֱמֵהֶם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| હિંસા | ઊંચી-છે | લાકડી-તરીકે | દુષ્ટતાની | નહીં | તેમનાથી | અને-નહીં | તેમની-ભીડથી | અને-નહીં | તેમને-વિલાપથી |
| H2555 | | H4294 | H7562 | H3808 | H1992 | H3808 | | H3808 | H1991 |

| וְלֹא־ | נֹהַּ | בָּהֶם׃ |
|---|---|---|
| અને-નહીં | શોક | તેમના-માટે |
| H3808 | H5089 | |

હિંસા વધીને દુષ્ટતાની લાકડી જેવી થઈ છે, તેઓમાંનું, તેઓના સમુદાયમાંનું, તેઓના દ્રવ્યમાંથી કે તેઓના મહત્વનું કંઈ બચશે નહિ.

12

| בָּא | הָעֵת | הִגִּיעַ | הַיּוֹם | הַקּוֹנֶה | אַל־ | יִשְׂמָח | וְהַמּוֹכֵר | אַל־ | יִתְאַבָּל | כִּי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આવ્યો-છે | સમય | પહોંચ્યો-છે | દિવસ | ખરીદનાર | નહોતો | આનંદ-કરતો | અને-વેચનાર | નહોતો | શોક-કરતો | કારણ-કે |
| H0935 | H6256 | H5060 | H3117 | H7069 | H0408 | H8055 | H4376 | H0408 | H0056 | |

| חָרוֹן | אֶל־ | כָּל־ | הֲמוֹנָהּ׃ |
|---|---|---|---|
| ક્રોધ | પ્રત્યે | બધી | ભીડની-ઉપર-છે |
| H2740 | H0413 | H3605 | |

સમય આવી રહ્યો છે, દિવસ પાસે આવતો જાય છે, ખરીદનારે હરખાવું નહિ, વેચનારે શોક કરવો નહિ, કેમ કે, મારો કોપ તેના આખા સમુદાય પર છે.

13

| כִּי | הַמּוֹכֵר | אֶל־ | הַמִּמְכָּר | לֹא | יָשׁוּב | וְעוֹד | בַּחַיִּים | חַיָּתָם | כִּי־ | חָזוֹן |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | વેચનાર | પાસે | વેચેલી-વસ્તુ | નહીં | પાછો-ફરશે | અને-હજી | જીવોમાં | તેમનું-જીવન | કારણ-કે | દર્શન |
| | H4376 | H0413 | H4465 | H3808 | H7725 | H5750 | | | | H2377 |

| אֶל־ | כָּל־ | הֲמוֹנָהּ | לֹא | יָשׁוּב | וְאִישׁ | בַּעֲוֹנוֹ | חַיָּתוֹ | לֹא | יִתְחַזָּקוּ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રત્યે | બધી | ભીડની | નહીં | પાછું-ફરશે | અને-કોઈ | તેના-પાપમાં | તેનું-જીવન | નહીં | મજબૂત-થશે |
| H0413 | H3605 | | H3808 | H7725 | H0376 | H5771 | | H3808 | H2388 |

વેચનાર પોતાના વેચાયેલા સ્થળે પાછો આવશે નહિ, જોકે તેઓ બંને જીવતા હશે તોપણ, કેમ કે, આ સંદર્શન તો આખા સમુદાય વિષે છે. તેઓ પાછા ફરશે નહિ, કોઈ માણસ પોતાના પાપમાં પોતાનું જીવન સાર્થક કરશે નહિ.

14

| תָּקְעוּ | בַתָּקוֹעַ | וְהָכִין | הַכֹּל | וְאֵין | הֹלֵךְ | לַמִּלְחָמָה | כִּי | חֲרוֹנִי | אֶל־ | כָּל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વગાડ્યા | રણશિંગું | અને-તૈયાર-કર્યું | બધું | પણ-કોઈ-નથી | જતું | યુદ્ધમાં | કારણ-કે | મારો-રોષ | પ્રત્યે | બધી |
| H8628 | H8619 | | H3605 | H0369 | H1980 | H4421 | | H2740 | H0413 | H3605 |

| הֲמוֹנָהּ׃ |
|---|
| ભીડની-ઉપર-છે |

તેઓએ રણશિંગડું વગાડીને સઘળું તૈયાર કર્યું છે, પણ કોઈ યુદ્ધમાં જતું નથી, કેમ કે મારો રોષ આખા સમુદાય પર છે.

15

| | | |
|---|---|---|
| הַחֶרֶב | તલવાર | H2719 |
| בַּחוּץ | બહાર | H2351 |
| וְהַדֶּבֶר | અને-મરકી | H1698 |
| וְהָרָעָב | અને-દુકાળ | H7458 |
| מִבָּיִת | અદર | |
| אֲשֶׁר | જે | |
| בַּשָּׂדֶה | ખેતરમાં | |
| בַּחֶרֶב | તલવારથી | H2719 |
| יָמוּת | મરશે | H4191 |
| וַאֲשֶׁר | અને-જે | |
| בָּעִיר | શહેરમાં | |
| רָעָב | દુકાળ | H7458 |
| וָדֶבֶר | અને-મરકી | H1698 |
| יֹאכְלֶנּוּ׃ | ખાઈ-જશે | H0398 |

બહાર તલવાર છે, અદર મરકી તથા દુકાળ છે. જે કોઈ ખેતરમાં હશે તે તલવારથી માર્યો જશે, જેઓ નગરમાં છે તેઓને મરકી તથા દુકાળ ગળી જશે.

16

| | | |
|---|---|---|
| וּפָלְטוּ | અને-બચશે | H6403 |
| פְּלִיטֵיהֶם | તેમન◌ે-બચેલા | |
| וְהָיוּ | અને-હશે | H1961 |
| אֶל־ | ઉપર | H0413 |
| הֶהָרִים | પર્વતો | H2022 |
| כְּיוֹנֵי | કબૂતરો-જેવી | H3123 |
| הַגֵּאָיוֹת | ખીણોની | H1516 |
| כֻּלָּם | બધા | H3605 |
| הֹמוֹת | કરાંગતા | H1993 |
| אִישׁ | દરેક | H0376 |
| בַּעֲוֺנוֹ׃ | તેના-પાપમાં | H5771 |

પણ તેઓમાંના અમુક લોકો નાસી જઈને દરેક માણસ પોતાના અન્યાયને કારણે, શોક કરતા તેઓ ખીણમાંના કબૂતરો જેવા પર્વતો પર જશે.

17

| | | |
|---|---|---|
| כָּל־ | બધા | H3605 |
| הַיָּדַיִם | હાથ | H3027 |
| תִּרְפֶּינָה | ઢીલા-પડશે | H7503 |
| וְכָל־ | અને-બધા | H3605 |
| בִּרְכַּיִם | ઘૂંટણ | H1290 |
| תֵּלַכְנָה | વહશે | H3212 |
| מָּיִם׃ | પાણી-જેવા | H4325 |

દરેકના હાથ અશક્ત થઈ જશે અને દરેક ઘૂંટણ પાણીની જેમ ઢીલા થઈ જશે.

18

| | | |
|---|---|---|
| וְחָגְרוּ | અને-પહેરશે | H2296 |
| שַׂקִּים | ટાટ | H8242 |
| וְכִסְּתָה | અને-ઢાંકશે | H3680 |
| אוֹתָם | તેમને | H0853 |
| פַלָּצוּת | ધ્રુજારી | H6427 |
| וְאֶל | અને-ઉપર | H0413 |
| כָּל־ | બધા | H3605 |
| פָּנִים | મુખો-ઉપર | H6440 |
| בּוּשָׁה | શરમ | H0955 |
| וּבְכָל־ | અને-બધા | H3605 |
| רָאשֵׁיהֶם | માથાં-ઉપર | |
| קָרְחָה׃ | ટકલપણું | H7144 |

તેઓ શોકનાં વસ્ત્રો પહેરશે અને ત્રાસ તેમને ઢાંકી દેશે. બધાના ચહેરા પર શરમ હશે અને તેઓ બધાનાં માથાં મૂંડાવેલા હશે.

19

| | | |
|---|---|---|
| כַּסְפָּם | તેમનું-ચાંદી | H3701 |
| בַּחוּצוֹת | ગલીઓમાં | H2351 |
| יַשְׁלִיכוּ | ફેંકશે | H7993 |
| וּזְהָבָם | અને-તેમનું-સોનું | H2091 |
| לְנִדָּה | અશુદ્ધ-જેવું | H5079 |
| יִהְיֶה | હશે | H1961 |
| כַּסְפָּם | તેમનું-ચાંદી | H3701 |
| וּזְהָבָם | અને-સોનું | H2091 |
| לֹא־ | નહીં | H3808 |
| יוּכַל | શકશે | H3201 |
| לְהַצִּילָם | તેમને-બચાવી | H5337 |
| בְּיוֹם | દિવસે | H3117 |
| עֶבְרַת | ક્રોધના | H5678 |
| יְהוָה | યહોવાહના | H3068 |
| נַפְשָׁם | તેમના-આત્મા | H5315 |
| לֹא | નહીં | H3808 |
| יְשַׂבֵּעוּ | તૃપ્ત-કરશે | H7646 |
| וּמֵעֵיהֶם | અને-તેમનાં-આતરડા | H4578 |
| לֹא | નહીં | H3808 |
| יְמַלֵּאוּ | ભરશે | H4390 |
| כִּי־ | કારણ-કે | |
| מִכְשׁוֹל | અડચણ | H4383 |
| עֲוֺנָם | તેમન◌ે-પાપનું | H5771 |
| הָיָה׃ | હતું | H1961 |

તેઓ પોતાનું ચાંદી શેરીઓમાં ફેંકી દેશે અને તેઓનું સોનું અશુદ્ધ વસ્તુના જેવું થઈ જશે. કેમ કે યહોવાહના કોપને દિવસે તેઓનું સોનું કે ચાંદી તેઓને બચાવી શકશે નહિ. તેઓનાં જીવનો બચશે નહિ. તેઓ પોતાનાં પેટ પણ ભરી શકશે નહિ, કેમ કે તેઓના અન્યાય તેઓને ઠોકરરૂપ થયા છે.

20

| | | |
|---|---|---|
| וּצְבִי | અને-શોભા | |
| עֶדְיוֹ | તેન◌ે-આભૂષણોની | H5716 |
| לְגָאוֹן | અભિમાન-માટે | H1347 |
| שָׂמָהוּ | મૂકી-હતી | |
| וְצַלְמֵי | અને-છબીઓ | H6754 |
| תוֹעֲבֹתָם | તેમની-ધૃણાઓની | H8441 |
| שִׁקּוּצֵיהֶם | તેમની-ધૃણાઓ | H8251 |
| עָשׂוּ | બનાવી | |
| בוֹ | તેમાં | |
| עַל־ | આ-કારણે | |
| כֵּן | તેથી | |
| נְתַתִּיו | મેં-બનાવ્યું-છે | H5414 |
| לָהֶם | તેમને-માટે | |
| לְנִדָּה׃ | અશુદ્ધ-વસ્તુ | H5079 |

તેઓનાં સુશોભિત આભૂષણો તેઓનું ગર્વનું કારણ થયાં છે અને તેઓ વડે તેઓએ પોતાની તિરસ્કારરૂપ તથા ધિક્કારપાત્ર કૃત્યો દર્શાવતી મૂર્તિઓની પ્રતિમા બનાવી છે, તેથી મેં તે તેઓનું સોનું અને ચાંદી અશુદ્ધ વસ્તુ જેવી બનાવી છે.

21

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּנְתַתִּיו | בְּיַד־ | הַזָּרִים | לָבַז | וּלְרִשְׁעֵי | הָאָרֶץ | לְשָׁלָל | ]וחללה[ | )וְחִלְּלוּהוּ׃( |
| અને-આપીશ | હાથમાં | પરદેશીઓન | લૂંટ-માટે | અને-દુષ્ટોને | પૃથ્વીન | શિકાર-માટે | અને-અપવિત્ર-કરશે | અને-અપવિત્ર-કરશે |
| H5414 | H3027 | | H0957 | H7563 | H0776 | H7998 | | H2490 |

હું તેને પરદેશીઓના હાથમાં લૂંટ તરીકે અને પૃથ્વી પરના દુષ્ટોને લૂંટ તરીકે આપીશ, તેઓ એને ભ્રષ્ટ કરશે.

22

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַהֲסִבּוֹתִי | פָנַי | מֵהֶם | וְחִלְּלוּ | אֶת־ | צְפוּנִי | וּבָאוּ־ | בָהּ | פָרִיצִים |
| અને-ફેરવીશ | મારું-મુખ | તેમનથી | અને-અપવિત્ર-કરશે | _ | મારી-છુપાયેલી-જગ્યા | અને-દાખલ-થશે | તેમાં | લૂંટારા |
| H5437 | H6440 | H1992 | | H0853 | H6845 | H0935 | | H6530 |
| וְחִלְּלוּהָ׃ | פ | | | | | | | |
| અને-અપવિત્ર-કરશે | _ | | | | | | | |

તેઓ મારા પવિત્રસ્થાનને ભ્રષ્ટ કરશે ત્યારે હું તેઓ તરફથી મારું મુખ ફેરવી લઈશ; લૂંટારુઓ તેમાં પ્રવેશ કરીને તેને ભ્રષ્ટ કરશે.

23

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עֲשֵׂה | הָרַתּוֹק | כִּי | הָאָרֶץ | מָלְאָה | מִשְׁפַּט | דָּמִים | וְהָעִיר | מָלְאָה | חָמָס׃ |
| બનાવ | સાંકળ | કારણ-કે | દેશ | ભરેલો-છે | ન્યાયથી | લોહીના | અને-શહેર | ભરેલું-છે | હિંસાથી |
| | H7569 | | H0776 | H4390 | H4941 | H1818 | | H4390 | H2555 |

સાંકળો બનાવો, કેમ કે દેશ રક્તના ન્યાયથી, અને નગર હિંસાથી ભરપૂર છે.

24

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהֵבֵאתִי | רָעֵי | גוֹיִם | וְיָרְשׁוּ | אֶת־ | בָּתֵּיהֶם | וְהִשְׁבַּתִּי | גְּאוֹן | עַזִּים |
| અને-લાવીશ | ભૂંડા | પ્રજાઓના | અને-કબ્જો-કરશે | _ | તેમનાં-ઘરો | અને-બંધ-કરાવીશ | અભિમાન | બળવાનોનું |
| H0935 | | | H3423 | H0853 | | | H1347 | H5794 |
| וְנִחֲלוּ | מְקַדְשֵׁיהֶם׃ | | | | | | | |
| અને-અપવિત્ર-થશે | તેમનાં-પવિત્ર-સ્થાનો | | | | | | | |
| | H6942 | | | | | | | |

તેથી હું સૌથી દુષ્ટ પ્રજાને લાવીશ, તેઓ આ લોકોનાં ઘર પર કબજો કરશે. હું બળવાનોના ઘમંડનો અંત લાવીશ, તેઓનાં પવિત્રસ્થાનો ભ્રષ્ટ કરવામાં આવશે

25

| | | | | |
|---|---|---|---|---|
| קְפָדָה־ | בָא | וּבִקְשׁוּ | שָׁלוֹם | וָאָיִן׃ |
| વિનાશ | આવે-છે | અને-શોધશે | શાંતિ | પણ-નહીં-મળશે |
| H7089 | H0935 | H1245 | H7965 | H0369 |

ભય આવશે, તેઓ શાંતિ શોધશે પણ તે મળશે નહિ

26

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הֹוָה | עַל־ | הֹוָה | תָּבוֹא | וּשְׁמֻעָה | אֶל־ | שְׁמוּעָה | תִּהְיֶה | וּבִקְשׁוּ | חָזוֹן | מִנָּבִיא |
| વિપત્તિ | ઉપર | વિપત્તિ | આવશે | અને-અફવા | ઉપર | અફવા | હશે | અને-શોધશે | દર્શન | પ્રબોધકથી |
| H1943 | | H1943 | H0935 | H8052 | H0413 | H8052 | H1961 | H1245 | H2377 | H5030 |
| וְתוֹרָה | תֹּאבַד | מִכֹּהֵן | וְעֵצָה | מִזְּקֵנִים׃ | | | | | | |
| અને-નિયમ | લોપ-થશે | યાજકથી | અને-સલાહ | વડીલોથી | | | | | | |
| H8451 | H0006 | H3548 | H6098 | H2205 | | | | | | |

આપત્તિ પર આપત્તિ આવશે, અફવા પર અફવા ચાલશે, તેઓ પ્રબોધકો પાસેથી સંદર્શન શોધશે, પણ યાજકોમાંથી નિયમશાસ્ત્રનો અને વડીલોમાંથી બુધ્ધિનો નાશ થશે.

27

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַמֶּלֶךְ | יִתְאַבָּל | וְנָשִׂיא | יִלְבַּשׁ | שְׁמָמָה | וִידֵי | עַם־ | הָאָרֶץ | תִּבָּהַלְנָה | מִדַּרְכָּם |
| રાજા | શોક-કરશે | અને-અધિકારી | પહેરશે | વીરાનતા | અને-હાથ | લોકોને | પૃથ્વીને | ઘબરાશે | તેમને-માર્ગો-મુજબ |
| H4428 | H0056 | | H3847 | | H3027 | | H0776 | H0926 | H1870 |
| אֶעֱשֶׂה | אוֹתָם | וּבְמִשְׁפְּטֵיהֶם | אֶשְׁפְּטֵם | וְיָדְעוּ | כִּי־ | אֲנִי | יְהוָה׃ | פ | |
| કરીશ | તેમને | અને-તેમને-ન્યાયો-મુજબ | ન્યાય-કરીશ | અને-જાણશે | કે | હું | યહોવાહ-છું | _ | |
| | H0853 | H4941 | H8199 | H3045 | | H0589 | H3068 | | |

રાજા શોક કરશે અને રાજકુમારો પાયમાલીથી ઘેરાઈ જશે, દેશના લોકોના હાથ ભયથી કાંપી ઊઠશે. તેઓનાં આચરણ પ્રમાણે હું તેઓને સજા કરીશ હું તેઓના ગુણદોષ મુજબ તેઓનો ન્યાય કરીશ. ત્યારે તેઓ જાણશે કે હું યહોવાહ છું"

## Chapter 8

| וּזְקֵנֵי | בְּבֵיתִי | יוֹשֵׁב | אֲנִי | לַחֹדֶשׁ | בַּחֲמִשָּׁה | בַּשִּׁשִּׁי | הַשִּׁשִּׁית | בַּשָּׁנָה | וַיְהִי | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-વડીલો | મારા-ઘરમાં | બેઠો-હતો | હું | મહિનાના | પાંચમા-દિવસે | છઠ્ઠા-મહિનાના | છઠ્ઠા | વર્ષમાં | અને-થયું | |
| H2205 | | H3427 | H0589 | H2320 | H2568 | H8345 | H8345 | H8141 | H1961 | |

| יְהוִה: | אֲדֹנָי | יַד | שָׁם | עָלַי | וַתִּפֹּל | לְפָנָי | יוֹשְׁבִים | יְהוּדָה |
|---|---|---|---|---|---|---|---|---|
| યહોવાહનો | પ્રભુ | હાથ | ત્યાં | મારા-પર | અને-પડ્યો | મારી-સામે | બેઠા-હતા | યહૂદાના |
| H3069 | H0136 | H3027 | H8033 | | H5307 | H6440 | H3427 | H3063 |

છઠ્ઠા વર્ષના છઠ્ઠા મહિનાના પાંચમા દિવસે હું મારા ઘરમાં બેઠો હતો. યહૂદિયાના વડીલો મારી આગળ બેઠા હતા ત્યારે ત્યાં પ્રભુ યહોવાહના હાથે મને સ્પર્શ કર્યો.

| וּמִמָּתְנָיו | אֵשׁ | וּלְמַטָּה | מָתְנָיו | מִמַּרְאֵה | אֵשׁ | כְּמַרְאֵה- | דְמוּת | וְהִנֵּה | וָאֶרְאֶה | 2 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કમરથી | અગ્નિ | અને-નીચે | તેમની-કમરની | દેખાવથી | અગ્નિની | દેખાવ-જેવી | આકૃતિ | અને-જુઓ | અને-મેં-જોયું | |
| H4975 | H0784 | H4295 | H4975 | H4758 | H0784 | H4758 | H1823 | H2009 | H7200 | |

| הַחַשְׁמַלָה: | כְּעֵין | זֹהַר | כְּמַרְאֵה- | וּלְמַעְלָה |
|---|---|---|---|---|
| ઝળહળાટ-જેવો | જેવો | તેજનો | દેખાવ-જેવો | અને-ઉપર |
| H2830 | | H2096 | H4758 | H4605 |

મેં જોયું, તો જુઓ, મનુષ્ય જેવી પ્રતિમા દેખાઈ, તેની કમરથી નીચેનો ભાગ અગ્નિ જેવો, કમરથી ઉપરનો ભાગ પ્રકાશમય તથા તૃણમણિના તેજ જેવો હતો.

| בֵּין- | רוּחַ | אֹתִי | וַתִּשָּׂא | רֹאשִׁי | בְּצִיצִת | וַיִּקָּחֵנִי | יָד | תַּבְנִית | וַיִּשְׁלַח | 3 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વચ્ચે | આત્મા | મને | અને-ઉઠાવ્યો | મારા-માથાના | વાળની-લટથી | અને-પકડ્યો-મને | હાથનો | આકાર | અને-લંબાવ્યો | |
| H0996 | H7307 | H0853 | H5375 | | H6734 | H3947 | H3027 | H8403 | H7971 | |

| פֶּתַח | אֶל- | אֱלֹהִים | בְּמַרְאוֹת | יְרוּשָׁלַמָה | אֹתִי | וַתָּבֵא | הַשָּׁמַיִם | וּבֵין | הָאָרֶץ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રવેશદ્વાર-પાસે | _ | ઈશ્વરના | દર્શનોમાં | યરૂશાલેમમાં | મને | અને-લાવ્યો | આકાશના | અને-વચ્ચે | પૃથ્વીની |
| H6607 | H0413 | H0430 | | H3389 | H0853 | H0935 | H8064 | H0996 | H0776 |

| הַמַּקְנֶה: | הַקִּנְאָה | סֵמֶל | מוֹשַׁב | שָׁם | אֲשֶׁר- | צָפוֹנָה | הַפּוֹנֶה | הַפְּנִימִית | שַׁעַר |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઈર્ષ્યા-ઉત્પન્ન-કરનારી | ઈર્ષ્યાની | મૂર્તિનું | સ્થાન | ત્યાં | જ્યાં | ઉત્તર-તરફ | જે-મુખ-કરે-છે | અદરના | દરવાજાના |
| H7069 | H7068 | H5566 | H4186 | H8033 | | H6828 | H6437 | H6442 | H8179 |

તેણે હાથના જેવો આકાર લંબાવીને મારા માથાના વાળ પકડ્યા પછી આત્માએ મને આકાશ તથા પૃથ્વીની વચ્ચે ઊંચકી લીધો, ઈશ્વરના સંદર્શનમાં તે મને યરુશાલેમમાં પ્રભુઘરના ઉત્તર તરફના અદરના દરવાજા પાસે લાવ્યો, જ્યાં ઈશ્વરને અદેખાઈ થાય એવી મૂર્તિનું સ્થાન હતું.

| בַּבִּקְעָה: | רָאִיתִי | אֲשֶׁר | כַּמַּרְאֶה | יִשְׂרָאֵל | אֱלֹהֵי | כְּבוֹד | שָׁם | וְהִנֵּה- | 4 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મેદાનમાં | મેં-જોયો-હતો | જે | દેખાવ-જેવો | ઇઝરાયેલના | ઈશ્વરનો | મહિમા | ત્યાં | અને-જુઓ | |
| H1237 | H7200 | | H4758 | H3478 | H0430 | H3519 | H8033 | H2009 | |

ત્યાં ઇઝરાયલના ઈશ્વરનું ગૌરવ દેખાયું, તેનો દેખાવ મેદાનમાં સંદર્શન જોયું હતું તેના જેવો હતો.

| וָאֶשָּׂא | צָפוֹנָה | דֶּרֶךְ | עֵינֶיךָ | נָא | שָׂא- | אָדָם | בֶּן- | אֵלַי | וַיֹּאמֶר | 5 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-મેં-ઊંચી-કરી | ઉત્તર-તરફ | દિશામાં | તારી-આંખો | કૃપા-કરીને | ઊંચી-કર | _ | માનવ-પુત્ર | મને | અને-કહ્યુ | |
| H5375 | H6828 | H1870 | | H4994 | H5375 | H0120 | | H0413 | H0559 | |

| בַּבָּאָה: | הַזֶּה | הַקִּנְאָה | סֵמֶל | הַמִּזְבֵּחַ | לְשַׁעַר | מִצָּפוֹן | וְהִנֵּה | צָפוֹנָה | דֶּרֶךְ | עֵינַי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રવેશદ્વારમાં | આ | ઈર્ષ્યાની | મૂર્તિ | દરવાજા-પાસે | વેદીના | ઉત્તરથી | અને-જુઓ | ઉત્તર-તરફ | દિશામાં | મારી-આંખો |
| H0872 | H2088 | H7068 | H5566 | H4196 | H8179 | H6828 | H2009 | H6828 | H1870 | |

ત્યારે તેમણે મને કહ્યુ, "હે મનુષ્યપુત્ર, તારી નજર કરીને ઉત્તર તરફ જો." તેથી મેં મારી નજર ઊંચી કરીને ઉત્તર તરફ જોયું, વેદીના ઉત્તર તરફના પ્રવેશદ્વાર આગળ રોષજનક મૂર્તિ દેખાઈ.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֵלַי | בֶּן־ | אָדָם | הֲרֹאֶה | אַתָּה | ]מהם[ | )מָה( | )הֵם( | עֹשִׂים | תּוֹעֵבוֹת |
| અને-કહ્યુ | મને | માનવ-પુત્ર | _ | શું-જુએ-છે | તું | _ | શું | તેઓ | કરે-છે | ધિક્કારપાત્ર-કૃત્યો |
| H0559 | H0413 | | H0120 | H7200 | | H4480 | H4100 | H1992 | | H8441 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| גְּדֹלוֹת | אֲשֶׁר | בֵּית־ | יִשְׂרָאֵל | עֹשִׂים | פֹּה | לְרָחֳקָה | מֵעַל | מִקְדָּשִׁי | וְעוֹד | תָּשׁוּב |
| મોટાં | જે | ઘર | ઇઝરાયેલનું | કરે-છે | અહીં | દૂર-કરવા-માટે | ઉપરથી | મારા-પવિત્રસ્થાનથી | અને-હજી | ફરીથી |
| | | | H3478 | | H6311 | H7368 | | H4720 | H5750 | H7725 |

| | | | |
|---|---|---|---|
| תִּרְאֶה | תּוֹעֵבוֹת | גְּדֹלוֹת׃ | ס |
| જોશે | ધિક્કારપાત્ર-કૃત્યો | વધારે-મોટાં | _ |
| H7200 | H8441 | | |

તેથી તેમણે મને કહ્યુ, “હે મનુષ્યપુત્ર, તે લોકો શું કરે છે તે તેં જોયું? હું મારા પવિત્રસ્થાનથી દૂર થઈ જાઉં તેથી ઇઝરાયલીઓ જે ધિક્કારપાત્ર કૃત્યો અહીં કરે છે તે તું જુએ છે. પણ તું ફરશે અને આનાથી પણ વધુ અધમ કૃત્યો જોશે.

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֵא | אֹתִי | אֶל־ | פֶּתַח | הֶחָצֵר | וָאֶרְאֶה | וְהִנֵּה | חֹר־ | אֶחָד | בַּקִּיר׃ |
| અને-લાવ્યો | મને | _ | પ્રવેશદ્વાર-પાસે | આગણાના | અને-મેં-જોયું | અને-જુઓ | છિદ્ર | એક | દીવાલમાં |
| H0935 | H0853 | H0413 | H6607 | | H7200 | H2009 | H2356 | H0259 | H7023 |

પછી તે મને આગણાના દ્વાર પાસે લાવ્યો. અને મેં જોયું, તો ત્યાં દીવાલમાં એક કાણું હતું.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֵלַי | בֶּן־ | אָדָם | חֲתָר־ | נָא | בַקִּיר | וָאֶחְתֹּר | בַּקִּיר | וְהִנֵּה | פֶּתַח |
| અને-કહ્યુ | મને | માનવ-પુત્ર | _ | ખોદ | કૃપા-કરીને | દીવાલમાં | અને-મેં-ખોદ્યું | દીવાલમાં | અને-જુઓ | પ્રવેશદ્વાર |
| H0559 | H0413 | | H0120 | H2864 | H4994 | H7023 | H2864 | H7023 | H2009 | H6607 |

| |
|---|
| אֶחָד׃ |
| એક |
| H0259 |

તેમણે મને કહ્યુ, “હે મનુષ્યપુત્ર, આ દીવાલમાં ખોદ.” તેથી મેં દીવાલમાં ખોદ્યું તો ત્યાં બારણું હતું

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֵלָי | בֹּא | וּרְאֵה | אֶת־ | הַתּוֹעֵבוֹת | הָרָעוֹת | אֲשֶׁר | הֵם | עֹשִׂים | פֹּה׃ |
| અને-કહ્યુ | મને | અદર-જા | અને-જો | _ | ધિક્કારપાત્ર-કૃત્યો | દુષ્ટ | જે | તેઓ | કરે-છે | અહીં |
| H0559 | H0413 | H0935 | H7200 | H0853 | H8441 | | | H1992 | | H6311 |

ત્યારે તેમણે મને કહ્યુ, “જા અને તે લોકો જે ધિક્કારપાત્ર કૃત્યો અહીં કરે છે તે જો.”

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאָבוֹא | וָאֶרְאֶה | וְהִנֵּה | כָל־ | תַּבְנִית | רֶמֶשׂ | וּבְהֵמָה | שֶׁקֶץ | וְכָל־ | גִּלּוּלֵי |
| અને-હું-ગયો | અને-મેં-જોયું | અને-જુઓ | દરેક | આકાર | સરીસૃપોના | અને-પશુઓના | ઘૃણાસ્પદ | અને-બધી | મૂર્તિઓ |
| H0935 | H7200 | H2009 | H3605 | H8403 | H7431 | H0929 | H8263 | H3605 | H1544 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בֵּית | יִשְׂרָאֵל | מְחֻקֶּה | עַל־ | הַקִּיר | סָבִיב ׀ | סָבִיב׃ |
| ઘરની | ઇઝરાયેલના | કોતરેલી | _ | દીવાલ-પર | ચારેબાજુ | ચારેબાજુ |
| | H3478 | H2707 | | H7023 | H5439 | H5439 |

તેથી મેં અદર જઈને જોયું તો, જુઓ, દરેક જાતનાં પેટે ચાલનારાં સજીવો તથા ઘૃણાજનક જાનવરો તથા ઇઝરાયલ લોકોની સર્વ મૂર્તિઓ દીવાલ પર ચારેબાજુ કોતરેલી હતી.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְשִׁבְעִים | אִישׁ | מִזִּקְנֵי | בֵית־ | יִשְׂרָאֵל | וְיַאֲזַנְיָהוּ | בֶן־ | שָׁפָן | עֹמֵד | בְּתוֹכָם |
| અને-સિત્તેર | પુરુષો | વડીલોમાંથી | ઘરના | ઇઝરાયેલના | અને-યાઅઝાન્યાહ | પુત્ર | શાફાનનો | ઊભો-હતો | તેમની-વચ્ચે |
| H7657 | H0376 | H2205 | | H3478 | H2970 | | | H5975 | H8432 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| עֹמְדִים | לִפְנֵיהֶם | וְאִישׁ | מִקְטַרְתּוֹ | בְּיָדוֹ | וַעֲתַר | עֲנַן־ | הַקְּטֹרֶת | עֹלֶה׃ |
| ઊભા-હતા | તેમની-સામે | અને-દરેક | ધૂપદાની | તેના-હાથમાં | અને-ગાઢ | વાદળ | ધૂપનું | ઊઠતું-હતું |
| H5975 | H6440 | H0376 | H4730 | H3027 | | H6051 | H7004 | H5927 |

ઇઝરાયલના સિત્તેર વડીલો ત્યાં હતા, શાફાનનો દીકરો યાઝનિયા તેઓની મધ્યે હતો. તેઓ બધા પ્રતિમાની આગળ ઊભા હતા, દરેકના હાથમાં પોતાની ધૂપદાનીઓ હતી જેથી ધૂપના ગોટેગોટા ઉપર ઊડતા હતા અને તેની સુગંધ બધે પ્રસરતી હતી.

12

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֣אמֶר | אֵלַ֗י | הֲרָאִ֣יתָ | בֶן־ | אָדָם֮ | אֲשֶׁ֨ר | זִקְנֵ֤י | בֵית־ | יִשְׂרָאֵל֙ | עֹשִׂ֣ים | בַּחֹ֔שֶׁךְ | אִ֖ישׁ |
| અને-કહ્યુ | મને | શું-તેં-જોયું | માનવ-પુત્ર | _ | જે | વડીલો | ઘરના | ઇઝરાયેલના | કરે-છે | અંધારામાં | દરેક |
| H0559 | H0413 | H7200 | | H0120 | | H2205 | | H3478 | | H2822 | H0376 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּחַדְרֵ֣י | מַשְׂכִּית֑וֹ | כִּ֣י | אֹמְרִ֗ים | אֵ֤ין | יְהוָה֙ | רֹאֶ֣ה | אֹתָ֔נוּ | עָזַ֥ב | יְהוָ֖ה |
| ઓરડાઓમાં | તેમની-ચિત્રિત-ઓરડીઓના | કારણ-કે | કહે-છે | નથી | યહોવાહ | જોતા | અમને | ત્યજી-દીધી-છે | યહોવાહે |
| H2315 | H4906 | | H0559 | H0369 | H3068 | H7200 | H0853 | | H3068 |

| | |
|---|---|
| אֶת־ | הָאָֽרֶץ׃ |
| _ | ભૂમિ |
| H0853 | H0776 |

પછી તેમણે મને કહ્યુ, “હે મનુષ્યપુત્ર, તેં જોયું કે ઇઝરાયલીઓના દરેક વડીલો અહીં અંધારામાં પોતાની મૂર્તિવાળી ઓરડીઓમાં શું કરે છે? કેમ કે તેઓ કહે છે કે, ‘યહોવાહ અમને જોતા નથી. યહોવાહે દેશને તજી દીધો છે.’

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֖אמֶר | אֵלָ֑י | ע֣וֹד | תָּשׁ֣וּב | תִּרְאֶ֔ה | תּוֹעֵב֥וֹת | גְּדֹל֖וֹת | אֲשֶׁר־ | הֵ֥מָּה | עֹשִֽׂים׃ |
| અને-કહ્યુ | મને | હજી | ફરીથી | જોશે | ધિક્કારપાત્ર-કૃત્યો | મોટાં | જે | તેઓ | કરે-છે |
| H0559 | H0413 | H5750 | H7725 | H7200 | H8441 | | | H1992 | |

અને તેમણે મને કહ્યુ, “તું ફરીને જોઈશ કે તેઓ આના કરતાં પણ વધુ ધિક્કારપાત્ર કૃત્યો કરે છે.”

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֵ֣א | אֹתִ֗י | אֶל־ | פֶּ֙תַח֙ | שַׁ֣עַר | בֵּית־ | יְהוָ֔ה | אֲשֶׁ֖ר | אֶל־ | הַצָּפ֑וֹנָה | וְהִנֵּה־ |
| અને-લાવ્યો | મને | _ | પ્રવેશદ્વાર-પાસે | દરવાજાના | ઘરના | યહોવાહના | જે | _ | ઉત્તર-તરફ | અને-જુઓ |
| H0935 | H0853 | H0413 | H6607 | H8179 | | H3068 | | H0413 | H6828 | H2009 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שָׁם֙ | הַנָּשִׁ֣ים | יֹֽשְׁב֔וֹת | מְבַכּ֖וֹת | אֶת־ | הַתַּמּֽוּז׃ | ס |
| ત્યાં | સ્ત્રીઓ | બેઠી-હતી | રડતી-હતી | _ | તમ્મૂઝ-માટે | _ |
| H8033 | H0802 | H3427 | H1058 | H0853 | H8542 | |

ત્યાર પછી તે મને યહોવાહના સભાસ્થાનના ઉત્તર તરફના દરવાજા પાસે લાવ્યા, અને જુઓ, ત્યાં સ્ત્રીઓ તામ્મૂઝ + 8:14 પ્રાચીન પૂર્વમાં, લોકો તમ્મુઝને દેવ તરીકે માનતા હતા. જયારે એક વનસ્પતિનો નાશ થયો ત્યારે તે દેવ પણ મૃત્યુ પામ્યો, અને તે મૃત્યુમાંથી ફરીથી ઉદ્ધવ્યો હતો પછીના વર્ષે, સ્ત્રીઓ તેમના મૃત્યુ માટે દુ:ખી. અક્કાદી પ્રજાનો દેવ માટે રડતી બેઠેલી હતી.

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּ֣אמֶר | אֵלַ֔י | הֲרָאִ֖יתָ | בֶן־ | אָדָ֑ם | ע֚וֹד | תָּשׁ֣וּב | תִּרְאֶ֔ה | תּוֹעֵב֥וֹת | גְּדֹל֖וֹת | מֵאֵֽלֶּה׃ |
| અને-કહ્યુ | મને | શું-તેં-જોયું | માનવ-પુત્ર | _ | હજી | ફરીથી | જોશે | ધિક્કારપાત્ર-કૃત્યો | મોટાં | આના-કરતાં |
| H0559 | H0413 | H7200 | | H0120 | H5750 | H7725 | H7200 | H8441 | | H0428 |

તેથી તેમણે મને કહ્યુ, “હે મનુષ્યપુત્ર, શું તેં આ જોયું છે? પાછો ફરીને તું આના કરતાં વધારે ધિક્કારપાત્ર કૃત્યો તું જોશે.”

16

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֵ֣א | אֹתִ֗י | אֶל־ | חֲצַ֣ר | בֵּית־ | יְהוָה֮ | הַפְּנִימִית֒ | וְהִנֵּה־ | פֶ֜תַח | הֵיכַ֣ל |
| અને-લાવ્યો | મને | _ | આગણામાં | ઘરના | યહોવાહના | અંદરના | અને-જુઓ | પ્રવેશદ્વાર-પાસે | મંદિરના |
| H0935 | H0853 | H0413 | | | H3068 | H6442 | H2009 | H6607 | H1964 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָ֗ה | בֵּ֤ין | הָֽאוּלָם֙ | וּבֵ֣ין | הַמִּזְבֵּ֔חַ | כְּעֶשְׂרִ֥ים | וַחֲמִשָּׁ֖ה | אִ֑ישׁ | אֲחֹרֵיהֶ֞ם | אֶל־ | הֵיכַ֣ל |
| યહોવાહના | વચ્ચે | ઓસરીની | અને-વચ્ચે | વેદીના | લગભગ-વીસ | અને-પચીસ | પુરુષો | તેમની-પીઠ | _ | મંદિર-તરફ |
| H3068 | H0996 | H0197 | H0996 | H4196 | H6242 | H2568 | H0376 | H0268 | H0413 | H1964 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יְהוָה֙ | וּפְנֵיהֶ֣ם | קֵ֔דְמָה | וְהֵ֛מָּה | מִשְׁתַּחֲוִיתֶ֥ם | קֵ֖דְמָה | לַשָּֽׁמֶשׁ׃ |
| યહોવાહના | અને-તેમના-ચહેરા | પૂર્વ-તરફ | અને-તેઓ | પૂજા-કરતા-હતા | પૂર્વ-તરફ | સૂર્યને |
| H3068 | H6440 | | H1992 | H7812 | | H8121 |

પછી તે મને યહોવાહના સભાસ્થાનના અંદરના આગણામાં લાવ્યો, તો જુઓ, ત્યાં યહોવાહના સભાસ્થાનના પ્રવેશદ્વાર આગળ, પરસાળ તથા વેદીની વચ્ચે આશરે પચીસ માણસો યહોવાહના સભાસ્થાનની તરફ પીઠ ફેરવીને તથા તેઓનાં મુખ પૂર્વ તરફ કરીને સૂરજની પૂજા કરતા હતા.

17
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אֵלַי મને H0413
הֲרָאִיתָ શું-તેં-જોયું H7200
בֶן־ માનવ-પુત્ર
אָדָם _ H0120
הֲנָקֵל શું-નાની-વાત-છે H7043
לְבֵית ઘર-માટે
יְהוּדָה યહૂદાના H3063
מֵעֲשׂוֹת કરવી
אֶת־ _ H0853
הַתּוֹעֵבוֹת ધિક્કારપાત્ર-કૃત્યો H8441
אֲשֶׁר જે
עָשׂוּ־ કર્યા
פֹה અહીં H6311
כִּי־ કારણ-કે
מָלְאוּ ભરી-દીધી H4390
אֶת־ _ H0853
הָאָרֶץ ભૂમિ H0776
חָמָס હિંસાથી H2555
וַיָּשֻׁבוּ અને-ફર્યા H7725
לְהַכְעִיסֵנִי મને-ક્રોધિત-કરવા H3707
וְהִנָּם અને-જુઓ-તેઓ H2009
שֹׁלְחִים ધરે-છે H7971
אֶת־ _ H0853
הַזְּמוֹרָה ડાળી H2156
אֶל־ _ H0413
אַפָּם׃ તેમના-નાક-પાસે H0639

તેમણે મને કહ્યુ, “હે મનુષ્યપુત્ર, શું તેં આ જોયું? જે ધિક્કારપાત્ર કૃત્યો યહૂદિયાના લોકો અહીં કરે છે તે નાની બાબત છે? કેમ કે તેઓએ સમગ્ર દેશને હિંસાથી ભરી દીધો છે, તેઓ નાકે ડાળી અડકાડીને મને વધુ ગુસ્સે કરે છે.

18
וְגַם־ અને-હું-પણ H1571
אֲנִי હું H0589
אֶעֱשֶׂה કરીશ
בְחֵמָה ક્રોધથી H2534
לֹא־ નહિ H3808
תָחוֹס દયા-કરે H2347
עֵינִי મારી-આખ
וְלֹא અને-નહિ H3808
אֶחְמֹל કરુણા-કરું H2550
וְקָרְאוּ અને-બૂમો-પાડશે H7121
בְאָזְנַי મારા-કાનમાં H0241
קוֹל અવાજે
גָּדוֹל મોટા
וְלֹא અને-નહિ H3808
אֶשְׁמַע સાંભળું H8085
אוֹתָם׃ તેમને H0853

તેથી કોપાયમાન થઈને હું પણ તેઓને શિક્ષા કરીશ. મારી આખો તેઓના પર દયા કરશે નહિ તેમ જ હું તેઓને છોડીશ નહિ. તેઓ મોટા અવાજે મારા કાનમાં પોકારશે પણ હું તેઓનું સાંભળીશ નહિ.”

## Chapter 9

1
וַיִּקְרָא અને-બોલાવ્યો H7121
בְאָזְנַי મારા-કાનમાં H0241
קוֹל અવાજે
גָּדוֹל મોટા
לֵאמֹר કહેતાં H0559
קָרְבוּ પાસે-આવો H7126
פְּקֻדּוֹת શિક્ષાના-નિયુક્તો H6486
הָעִיר શહેરના
וְאִישׁ અને-દરેક H0376
כְּלִי હથિયાર H3627
מַשְׁחֵתוֹ તેના-વિનાશનું H4892
בְּיָדוֹ׃ તેના-હાથમાં H3027

પછી તેણે મોટા અવાજે મારા કાનમાં કહ્યુ, “નગરના ચોકીદારો પોતપોતાનું વિનાશક શસ્ત્ર પોતાના હાથમાં લઈને પાસે આવો.

2
וְהִנֵּה અને-જુઓ H2009
שִׁשָּׁה છ H8337
אֲנָשִׁים પુરુષો H0376
בָּאִים આવી-રહ્યા-હતા H0935
מִדֶּרֶךְ־ માર્ગેથી H1870
שַׁעַר દરવાજાના H8179
הָעֶלְיוֹן ઉપલાના
אֲשֶׁר જે
מָפְנֶה મુખ-કરે-છે H6437
צָפוֹנָה ઉત્તર-તરફ H6828
וְאִישׁ અને-દરેક H0376
כְּלִי હથિયાર H3627
מַפָּצוֹ તેના-તોડવાનું H4660
בְּיָדוֹ તેના-હાથમાં H3027
וְאִישׁ־ અને-પુરુષ H0376
אֶחָד એક H0259
בְּתוֹכָם તેમની-વચ્ચે H8432
לָבֻשׁ પહેરેલો H3847
בַּדִּים શણનાં-વસ્ત્રોમાં H0906
וְקֶסֶת અને-લેખકની H7083
הַסֹּפֵר શાહીની
בְּמָתְנָיו તેની-કમરમાં H4975
וַיָּבֹאוּ અને-આવ્યા H0935
וַיַּעַמְדוּ અને-ઊભા-રહ્યા H5975
אֵצֶל પાસે H0681
מִזְבַּח વેદીના H4196
הַנְּחֹשֶׁת׃ કાંસાના

પછી જુઓ, છ માણસો પોતાના હાથમાં પોતપોતાનું સંહારક શસ્ત્ર લઈને ઉત્તર તરફ આવેલા ઉપરના દરવાજાથી આવ્યા. તેઓની મધ્યે શણનાં વસ્ત્ર પહેરેલો એક માણસ હતો. તેની કમર પર લહિયાનો શાહીનો ખડિયો લટકાવેલો હતો. તે બધા અંદર જઈને પિત્તળની વેદી આગળ આવીને ઊભા રહ્યા.

3
וּכְבוֹד અને-મહિમા H3519
אֱלֹהֵי ઈશ્વરનો H0430
יִשְׂרָאֵל ઇઝરાયેલના H3478
נַעֲלָה ઊંચી-ગયો H5927
מֵעַל ઉપરથી
הַכְּרוּב કરૂબની H3742
אֲשֶׁר જેના-પર
הָיָה હતો H1961
עָלָיו તેના-પર
אֶל _ H0413
מִפְתַּן ઉંબરા-પાસે H4670
הַבָּיִת ઘરના
וַיִּקְרָא અને-બોલાવ્યો H7121
אֶל־ _ H0413
הָאִישׁ પુરુષને H0376
הַלָּבֻשׁ પહેરેલા H3847
הַבַּדִּים શણનાં-વસ્ત્રોવાળા H0906
אֲשֶׁר જેની
קֶסֶת લેખકની H7083
הַסֹּפֵר શાહી
בְּמָתְנָיו׃ તેની-કમરમાં H4975
ס _

ત્યારે ઇઝરાયલના ઈશ્વરનો મહિમા કરુબો ઉપરથી ઊઠીને મંદિરના પ્રવેશદ્વાર પાસે ગયો. અને તેમણે કમરે લહિયાના ખડિયો લટકાવેલા તથા શણના વસ્ત્રો પહેરેલા માણસને બોલાવ્યો.

4

| וַיֹּאמֶר | יְהוָה | [אלו] | (אֵלָיו) | עֲבֹר | בְּתוֹךְ | הָעִיר | בְּתוֹךְ | יְרוּשָׁלָ͏ִם | וְהִתְוִיתָ | תָּו |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | યહોવાહે | _ | તેને | પસાર-થા | વચ્ચેથી | શહેરના | વચ્ચેથી | યરૂશાલેમના | અને-ચિહ્ન-કર | ચિહ્ન |
| H0559 | H3068 | H0413 | H0413 | | H8432 | | H8432 | H3389 | H8427 | H8420 |

| עַל- | מִצְחוֹת | הָאֲנָשִׁים | הַנֶּאֱנָחִים | וְהַנֶּאֱנָקִים | עַל | כָּל- | הַתּוֹעֵבוֹת | הַנַּעֲשׂוֹת |
|---|---|---|---|---|---|---|---|---|
| _ | કપાળો-પર | પુરુષોના | નિસાસો-નાખંતા | અને-વિલાપ-કરતા | ઉપર | બધી | ધિક્કારપાત્ર-કૃત્યો | જે-કરાય-છે |
| | H4696 | H0376 | H0584 | H0602 | | H3605 | H8441 | |

| בְּתוֹכָהּ׃ |
|---|
| તેની-વચ્ચે |
| H8432 |

યહોવાહે તેને કહ્યુ, "યરુશાલેમમાં એટલે નગર મધ્યે સર્વત્ર ફર અને જે માણસો તેઓની આસપાસ નગરમાં ચાલતાં ધિક્કારપાત્ર કૃત્યોને લીધે રડતા અને શોક કરતા હોય તેઓના કપાળ પર ચિહ્ન કર."

5

| וּלְאֵלֶּה | אָמַר | בְּאָזְנַי | עִבְרוּ | בָעִיר | אַחֲרָיו | וְהַכּוּ | [על-] | (אַל-) | תָּחֹס |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-આને | કહ્યુ | મારા-કાનમાં | પસાર-થાઓ | શહેરમાં | તેની-પાછળ | અને-મારો | _ | નહિ | દયા-કરો |
| H0428 | H0559 | H0241 | | | | H5221 | | H0408 | H2347 |

| [עיניכם] | (עֵינְכֶם) | וְאַל- | תַּחְמֹלוּ׃ |
|---|---|---|---|
| _ | તમારી-આખ | અને-નહિ | કરુણા-કરો |
| | H5869 | H0408 | H2550 |

પછી તેમણે બીજા માણસોને મારા સાંભળતાં કહ્યુ, "નગરમાં તેઓની પાછળ જઈને સર્વત્ર ફરીને હત્યા કરો, તમારી આખો દયા કરે નહિ તથા તેઓને છોડશો નહિ.

6

| זָקֵן | בָּחוּר | וּבְתוּלָה | וְטַף | וְנָשִׁים | תַּהַרְגוּ | לְמַשְׁחִית | וְעַל- | כָּל- |
|---|---|---|---|---|---|---|---|---|
| વૃદ્ધ | યુવાન | અને-કુંવારી | અને-બાળકો | અને-સ્ત્રીઓને | મારી-નાખો | વિનાશ-સુધી | અને-કોઈપણ | બધા |
| H2205 | H0970 | H1330 | H2945 | H0802 | H2026 | H4889 | | H3605 |

| אִישׁ | אֲשֶׁר- | עָלָיו | הַתָּו | אַל- | תִּגַּשׁוּ | וּמִמִּקְדָּשִׁי | תָּחֵלּוּ | וַיָּחֵלּוּ |
|---|---|---|---|---|---|---|---|---|
| પુરુષ-જેના-પર | જેના-પર | તેના-પર | ચિહ્ન | નહિ | પાસે-જાઓ | અને-મારા-પવિત્રસ્થાનથી | શરૂ-કરો | અને-શરૂ-કર્યું |
| H0376 | | | H8420 | H0408 | H5066 | H4720 | | |

| בָּאֲנָשִׁים | הַזְּקֵנִים | אֲשֶׁר | לִפְנֵי | הַבָּיִת׃ |
|---|---|---|---|---|
| પુરુષોથી | વડીલોથી | જેઓ | સામે | ઘરના |
| H0376 | H2205 | | H6440 | |

વૃદ્ધ પુરુષોને, યુવાનોને, યુવતીઓને, નાનાં બાળકોને તથા સ્ત્રીઓનો નાશ કરો. પણ જેઓના કપાળ પર ચિહ્ન હોય તેવા કોઈની પાસે જશો નહિ. મારા પવિત્રસ્થાનથી જ શરૂઆત કરો." તેથી તેઓએ સભાસ્થાન આગળ ઊભેલા વડીલોથી જ શરૂઆત કરી.

7

| וַיֹּאמֶר | אֲלֵיהֶם | טַמְּאוּ | אֶת- | הַבַּיִת | וּמַלְאוּ | אֶת- | הַחֲצֵרוֹת | חֲלָלִים | צֵאוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહ્યુ | તેમને | અશુદ્ધ-કરો | _ | ઘરને | અને-ભરી-દો | _ | આગણાઓ | હત્યા-કરેલાઓથી | બહાર-જાઓ |
| H0559 | H0413 | | H0853 | | H4390 | H0853 | | | H3318 |

| וַיָּצְאוּ | וְהִכּוּ | בָעִיר׃ |
|---|---|---|
| અને-નીકળ્યા | અને-માર્યા | શહેરમાં |
| H3318 | H5221 | |

તેમણે તેઓને કહ્યુ, "સભાસ્થાનને ભ્રષ્ટ કરો, મૃત્યુ પામેલાંથી આગણાને ભરી દો. આગળ વધો, તેથી તેઓએ જઈને નગર પર હુમલો કર્યો.

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | כְּהַכּוֹתָם | וְנֵאשֲׁאַר | אֲנִי | וָאֶפְּלָה | עַל־ | פָּנַי | וָאֶזְעַק | וָאֹמַר | אֲהָהּ |
| અને-થયું | તેમના-મારવાથી | અને-બચ્યો | હું | અને-પડ્યો | _ | મારા-મુખ-પર | અને-બૂમ-પાડી | અને-કહ્યુ | અરેરે |
| H1961 | H5221 | H7604 | H0589 | H5307 | | H6440 | H2199 | H0559 | H0162 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲדֹנָי | יְהוִה | הֲמַשְׁחִית | אַתָּה | אֵת | כָּל־ | שְׁאֵרִית | יִשְׂרָאֵל | בְּשָׁפְכְּךָ | אֶת־ | חֲמָתְךָ |
| પ્રભુ | યહોવાહ | શું-તું-નાશ-કરે-છે | તું | _ | બધા | બાકીના | ઇઝરાયેલના | રેડવામાં | _ | તારો-ક્રોધ |
| H0136 | H3069 | H7843 | | H0853 | H3605 | H7611 | H3478 | H8210 | H0853 | H2534 |

| | |
|---|---|
| עַל־ | יְרוּשָׁלִָם׃ |
| _ | યરૂશાલેમ-પર |
| | H3389 |

જ્યારે તે લોકો હુમલો કરતા હતા ત્યારે હું એકલો હતો. મેં ઊંધા પડીને પોકારીને કહ્યુ, "હે પ્રભુ યહોવાહ શું યરુશાલેમ પર તમારો રોષ વરસાવતાં તમે ઇઝરાયલમાં બાકી રહેલાઓનો નાશ કરશો?"

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֵלַי | עֲוֹן | בֵּית־ | יִשְׂרָאֵל | וִיהוּדָה | גָּדוֹל | בִּמְאֹד | מְאֹד | וַתִּמָּלֵא | הָאָרֶץ |
| અને-કહ્યુ | મને | અધર્મ | ઘરનો | ઇઝરાયેલનો | અને-યહૂદાનો | મોટો | અત્યંત | અત્યંત | અને-ભરાઈ-ગઈ | ભૂમિ |
| H0559 | H0413 | H5771 | | H3478 | H3063 | | H3966 | H3966 | H4390 | H0776 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| דָּמִים | וְהָעִיר | מָלְאָה | מֻטֶּה | כִּי | אָמְרוּ | עָזַב | יְהוָה | אֶת־ | הָאָרֶץ | וְאֵין |
| લોહીથી | અને-શહેર | ભરાઈ-ગયું | અન્યાયથી | કારણ-કે | કહ્યુ | ત્યજી-દીધી-છે | યહોવાહે | _ | ભૂમિને | અને-નથી |
| H1818 | | H4390 | H4297 | | H0559 | | H3068 | H0853 | H0776 | H0369 |

| | |
|---|---|
| יְהוָה | רֹאֶה׃ |
| યહોવાહ | જોતો |
| H3068 | H7200 |

તેમણે મને કહ્યુ: "ઇઝરાયલના તથા યહૂદિયાના લોકોના અપરાધ અતિશય મોટા છે. સમગ્ર દેશ રક્તપાત તથા અધમતાથી ભરપૂર છે. તેઓ કહે છે કે 'યહોવાહે દેશને છોડી દીધો છે,' 'યહોવાહ જોતા નથી.'"

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְגַם־ | אֲנִי | לֹא־ | תָחוֹס | עֵינִי | וְלֹא | אֶחְמֹל | דַּרְכָּם | בְּרֹאשָׁם | נָתָתִּי׃ |
| અને-હું-પણ | હું | નહિ | દયા-કરે | મારી-આખ | અને-નહિ | કરુણા-કરું | તેમનો-માર્ગ | તેમના-માથા-પર | આપ્યો-છે |
| H1571 | H0589 | H3808 | H2347 | | H3808 | H2550 | H1870 | | H5414 |

તેથી મારી આખ તેઓના પર દયા રાખશે નહિ કે હું તેઓને છોડીશ નહિ. પણ તેને બદલે હું સઘળું તેઓના માથા પર લાવીશ."

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהִנֵּה | הָאִישׁ | לְבֻשׁ | הַבַּדִּים | אֲשֶׁר | הַקֶּסֶת | בְּמָתְנָיו | מֵשִׁיב | דָּבָר | לֵאמֹר |
| અને-જુઓ | પુરુષ | પહેરેલો | શણનાં-વસ્ત્રોવાળો | જેની | લેખકની | તેની-કમરમાં | પાછો-આપતો | વાત | કહેતાં |
| H2009 | H0376 | H3830 | H0906 | | H7083 | H4975 | H7725 | H1697 | H0559 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| עָשִׂיתִי | [כאשר] | (כְּכֹל) | (אֲשֶׁר) | צִוִּיתָנִי׃ | ס |
| કર્યું-છે | _ | બધું | જે | તેં-આજ્ઞા-આપી-હતી | _ |
| | | H3605 | H0834 | H6680 | |

અને જુઓ, શણનાં વસ્રો પહેરેલો તથા કમરે શાહીનો ખડિયો લટકાવેલો માણસ પાછો આવ્યો. તેણે અહેવાલ આપીને કહ્યુ, "તમારા હુકમ પ્રમાણે મેં બધું જ કર્યું છે."

## Chapter 10

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאֶרְאֶה | וְהִנֵּה | אֶל־ | הָרָקִיעַ | אֲשֶׁר | עַל־ | רֹאשׁ | הַכְּרֻבִים | כְּאֶבֶן | סַפִּיר |
| અને-મેં-જોયું | અને-જુઓ | _ | આકાશ-તરફ | જે | _ | માથા-ઉપર | કરૂબોના | નીલમણિ-જેવો | પ્રકાશ |
| H7200 | H2009 | H0413 | H7549 | | | | H3742 | H0068 | H5601 |

| | | | | |
|---|---|---|---|---|
| כְּמַרְאֵה | דְּמוּת | כִּסֵּא | נִרְאָה | עֲלֵיהֶם׃ |
| દેખાવ-જેવો | આકૃતિ | સિંહાસનનો | દેખાયો | તેમના-ઉપર |
| H4758 | H1823 | H3678 | H7200 | |

પછી મેં જોયું તો, કરુબોના માથા ઉપર જે ઘૂમટ હતો, તેમાં તેના પર નીલમણિના જેવું કંઈક દેખાયું, અને તેનો દેખાવ સિંહાસન જેવો હતો.

2
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אֶל־ _ H0413
הָאִישׁ પુરુષને H0376
לְבֻשׁ પહેરેલા H3847
הַבַּדִּים શણનાં-વસ્ત્રોવાળા H0906
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
בֹּא જા H0935
אֶל־ _ H0413
בֵּינוֹת વચ્ચે H0996
לַגַּלְגַּל ચક્રની H1534
אֶל־ _ H0413
תַּחַת નીચે H8478
לַכְּרוּב કરૂબની H3742
וּמַלֵּא અને-ભર H4390
חָפְנֶיךָ તારી-મુઠ્ઠીઓ H2651
גַחֲלֵי־ અગ્નિના-અગારા H1513
אֵשׁ અગ્નિના H0784
מִבֵּינוֹת વચ્ચેથી H0996
לַכְּרֻבִים કરૂબોની H3742
וּזְרֹק અને-વેર H2236
עַל־ _
הָעִיר શહેર-પર
וַיָּבֹא અને-ગયો H0935
לְעֵינָי׃ મારી-આખો-સામે

પછી યહોવાહે શણનાં વસ્ત્ર પહેરેલા માણસ સાથે વાત કરીને કહ્યુ, "કરુબની નીચેનાં પૈડાંઓ વચ્ચે જા, કરુબો વચ્ચેથી તારા બે હાથને સળગતા કોલસાથી ભર અને તેઓને નગર પર નાખ." ત્યારે મારા દેખતાં તે માણસ અદર ગયો.

3
וְהַכְּרֻבִים અને-કરૂબો H3742
עֹמְדִים ઊભા-હતા H5975
מִימִין જમણી-બાજુે H3225
לַבַּיִת ઘરની
בְּבֹאוֹ તેના-પ્રવેશમાં H0935
הָאִישׁ પુરુષ H0376
וְהֶעָנָן અને-વાદળ H6051
מָלֵא ભરાયું H4390
אֶת־ _ H0853
הֶחָצֵר આગણા
הַפְּנִימִית׃ અદરના H6442

તે માણસ અદર ગયો ત્યારે કરુબો સભાસ્થાનની જમણી બાજુએ ઊભા હતા, અદરનું આગણું વાદળથી ભરાઈ ગયું.

4
וַיָּרָם અને-ઊંચી-ગઈ
כְּבוֹד־ મહિમા H3519
יְהוָה યહોવાહની H3068
מֵעַל ઉપરથી
הַכְּרוּב કરૂબની H3742
עַל _
מִפְתַּן ઉંબરા-પાસે H4670
הַבָּיִת ઘરના
וַיִּמָּלֵא અને-ભરાયું H4390
הַבַּיִת ઘર
אֶת־ _ H0853
הֶעָנָן વાદળથી H6051
וְהֶחָצֵר અને-આગણું
מָלְאָה ભરાયું H4390
אֶת־ _ H0853
נֹגַהּ પ્રકાશથી H5051
כְּבוֹד મહિમાના H3519
יְהוָה׃ યહોવાહના H3068

પછી યહોવાહનો મહિમા કરુબો ઉપરથી ઊઠીને સભાસ્થાનના પ્રવેશદ્વાર આગળ ઊભો રહ્યો; સભાસ્થાન વાદળથી ભરાઈ ગયું અને આગણું યહોવાહના ગૌરવના તેજથી ભરપૂર થયું.

5
וְקוֹל અને-અવાજ
כַּנְפֵי પાંખોનો H3671
הַכְּרוּבִים કરૂબોનો H3742
נִשְׁמַע સંભળાયો H8085
עַד־ સુધી H5704
הֶחָצֵר આગણા
הַחִיצֹנָה બહારના H2435
כְּקוֹל અવાજ-જેવો
אֵל־ સર્વશક્તિમાન-ઈશ્વરનો H0410
שַׁדַּי _ H7706
בְּדַבְּרוֹ׃ બોલવામાં H1696

કરુબોની પાંખોનો અવાજ બહારના આગણા સુધી, સર્વશક્તિમાન ઈશ્વરના મુખમાંથી નીકળેલા અવાજ જેવો સંભળાતો હતો.

6
וַיְהִי અને-થયું H1961
בְּצַוֺּתוֹ આજ્ઞા-આપવામાં H6680
אֶת־ _ H0853
הָאִישׁ પુરુષને H0376
לְבֻשׁ־ પહેરેલા H3847
הַבַּדִּים શણનાં-વસ્ત્રોવાળા H0906
לֵאמֹר કહેતાં H0559
קַח લે H3947
אֵשׁ અગ્નિ H0784
מִבֵּינוֹת વચ્ચેથી H0996
לַגַּלְגַּל ચક્રની H1534
מִבֵּינוֹת વચ્ચેથી H0996
לַכְּרוּבִים કરૂબોની H3742
וַיָּבֹא અને-ગયો H0935
וַיַּעֲמֹד અને-ઊભો-રહ્યો H5975
אֵצֶל પાસે H0681
הָאוֹפָן׃ ચક્રની H0212

જ્યારે ઈશ્વરે શણનાં વસ્ત્ર પહેરેલા માણસને આજ્ઞા કરી કે, "પૈડાં વચ્ચેથી એટલે કરુબો વચ્ચેથી અગ્નિ લે;" એટલે માણસ અદર જઈને પૈડાં પાસે ઊભો રહ્યો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַכְּרֻבִים | בֵּינֹות | אֲשֶׁר | הָאֵשׁ | אֶל־ | לַכְּרוּבִים | מִבֵּינֹות | יָדֹו | אֶת־ | הַכְּרוּב | וַיִּשְׁלַח | 7 |
| કરૂબોની | વચ્ચે | જે | અગ્નિ-તરફ | _ | કરૂબોની | વચ્ચેથી | તેનો-હાથ | _ | કરૂબે | અને-લંબાવ્યો | |
| H3742 | H0996 | | H0784 | H0413 | H3742 | H0996 | H3027 | H0853 | H3742 | H7971 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיֵּצֵא׃ | וַיִּקַּח | הַבַּדִּים | לְבֻשׁ | חָפְנֵי | אֶל־ | וַיִּתֵּן | וַיִּשָּׂא |
| અને-નીકળ્યો | અને-લીધી | શણનાં-વસ્ત્રોવાળાની | પહેરેલા | મુઠ્ઠીઓમાં | _ | અને-આપ્યો | અને-ઉઠાવ્યો |
| H3318 | H3947 | H0906 | H3847 | H2651 | H0413 | H5414 | H5375 |

કરુબો વચ્ચેથી એક કરુબે પોતાનો હાથ કરુબો વચ્ચેના અગ્નિ તરફ લંબાવીને શણનાં વસ્ત્ર પહેરેલા માણસના હાથમાં મૂક્યો. તે લઈને તે બહાર ચાલ્યો ગયો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כַּנְפֵיהֶם׃ | תַּחַת | אָדָם | יַד־ | תַּבְנִית | לַכְּרֻבִים | וַיֵּרָא | 8 |
| તેમની-પાંખોની | નીચે | માનવનો | હાથનો | આકાર | કરૂબોને | અને-દેખાયું | |
| H3671 | H8478 | H0120 | H3027 | H8403 | H3742 | H7200 | |

કરુબોની પાંખો નીચે માણસના હાથ જેવું કંઈ દેખાયું.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶחָד | הַכְּרוּב | אֵצֶל | אֶחָד | אוֹפַן | הַכְּרוּבִים | אֵצֶל | אוֹפַנִּים | אַרְבָּעָה | וְהִנֵּה | וָאֶרְאֶה | 9 |
| એક | કરૂબ-એકની | પાસે | એક | ચક્ર | કરૂબોની | પાસે | ચક્રો | ચાર | અને-જુઓ | અને-મેં-જોયું | |
| H0259 | H3742 | H0681 | H0259 | H0212 | H3742 | H0681 | H0212 | H0702 | H2009 | H7200 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| תַּרְשִׁישׁ׃ | אֶבֶן | כְּעֵין | הָאוֹפַנִּים | וּמַרְאֵה | אֶחָד | הַכְּרוּב | אֵצֶל | אֶחָד | וְאוֹפַן |
| તાર્શીશનો | પથ્થર | જેવો | ચક્રોનો | અને-દેખાવ | એક | કરૂબ-એકની | પાસે | એક | અને-ચક્ર |
| H8658 | H0068 | | H0212 | H4758 | H0259 | H3742 | H0681 | H0259 | H0212 |

તેથી મેં જોયું, કે એક કરુબની બાજુએ એક પૈડું એમ ચાર કરુબો પાસે ચાર પૈડાં હતાં અને તે પૈડાંઓનો દેખાવ પીરોજના પથ્થર જેવો હતો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הָאוֹפָן׃ | בְּתוֹךְ | הָאוֹפַן | יִהְיֶה | כַּאֲשֶׁר | לְאַרְבַּעְתָּם | אֶחָד | דְּמוּת | וּמַרְאֵיהֶם | 10 |
| ચક્રના | અંદર | ચક્ર | હોય | જેમ-કે | ચારેયના | એક | આકૃતિ | અને-તેમનો-દેખાવ | |
| H0212 | H8432 | H0212 | H1961 | | H0702 | H0259 | H1823 | H4758 | |

દેખાવમાં તેઓમાંના ચારેનો આકાર એક સરખો હતો, એક પૈડું બીજા પૈડા સાથે ગોઠવ્યું હોય તેમ હતું.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר־ | הַמָּקוֹם | כִּי | בְּלֶכְתָּם | יִסַּבּוּ | לֹא | יֵלֵכוּ | רִבְעֵיהֶם | אַרְבַּעַת | אֶל־ | בְּלֶכְתָּם | 11 |
| જ્યાં | સ્થળ | કારણ-કે | ચાલવામાં | વળતા | નહિ | જતા | દિશાઓમાં | ચારેય | _ | તેમના-ચાલવામાં | |
| | H4725 | | H3212 | H5437 | H3808 | H3212 | H7253 | H0702 | H0413 | H3212 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בְּלֶכְתָּם׃ | יִסַּבּוּ | לֹא | יֵלֵכוּ | אַחֲרָיו | הָרֹאשׁ | יִפְנֶה |
| ચાલવામાં | વળતા | નહિ | જતા | તેની-પાછળ | માથું | વળે |
| H3212 | H5437 | H3808 | H3212 | | | H6437 |

તેઓ ચાલતાં ત્યારે તેઓ ચારે દિશામાં ફરતા, ચાલતાં ચાલતાં તેઓ આડાઅવળાં ફરતાં નહિ પણ જે દિશામાં માથું હોય તે તરફ તેઓ જતાં. ચાલતાં ચાલતાં તેઓ આડાઅવળાં જતા નહિ.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לְאַרְבַּעְתָּם | סָבִיב | עֵינַיִם | מְלֵאִים | וְהָאוֹפַנִּים | וְכַנְפֵיהֶם | וִידֵיהֶם | וְגַבֵּהֶם | בְּשָׂרָם | וְכָל־ | 12 |
| ચારેયના | ચારેબાજુ | આખોથી | ભરેલાં-હતાં | અને-ચક્રો | અને-પાંખો | અને-હાથો | અને-પીઠ | તેમનું-શરીર | અને-બધું | |
| H0702 | H5439 | | H4392 | H0212 | H3671 | H3027 | H1354 | H1320 | H3605 | |

| |
|---|
| אוֹפַנֵּיהֶם׃ |
| તેમના-ચક્રો |
| H0212 |

તેઓનું આખું શરીર, તેઓની પીઠ અને તેઓની પાંખો, આખોથી ઢંકાયેલી હતી. ચારે પૈડાં ચારેબાજુ આખોથી ભરપૂર હતાં.

| | | | | | |
|---|---|---|---|---|---|
| בְּאָזְנָי׃ | הַגַּלְגַּל | קוֹרָא | לָהֶם | לָאוֹפַנִּים | 13 |
| મારા-કાનમાં | ઘૂમતું-ચક્ર | બોલાવાયા-હતા | તેમને | ચક્રોને | |
| H0241 | H1534 | H7121 | | H0212 | |

મારા સાંભળતાં “પૈડાને ફરતાં પૈડા” એવું નામ આપવામાં આવ્યું.

14 וְאַרְבָּעָה અને-ચાર H0702 · פָנִים ચહેરાઓ H6440 · לְאֶחָד દરેકને H0259 · פְּנֵי મુખ H6440 · הָאֶחָד પહેલાનું H0259 · פְּנֵי મુખ H6440 · הַכְּרוּב કરૂબનું H3742 · וּפְנֵי અને-મુખ H6440 · הַשֵּׁנִי બીજાનું H8145 · פְּנֵי મુખ H6440 · אָדָם માનવનું H0120 · וְהַשְּׁלִישִׁי અને-ત્રીજાનું H7992 · פְּנֵי મુખ H6440 · אַרְיֵה સિંહનું · וְהָרְבִיעִי અને-ચોથાનું H7243 · פְּנֵי־ મુખ H6440 · נָשֶׁר׃ ગરુડનું H5404

તેઓ દરેકને ચાર મુખ હતાં, પહેલું મુખ કરુબનું હતું, બીજું મુખ માણસનું હતું, ત્રીજું મુખ સિંહનું તથા ચોથું મુખ ગરુડનું હતું.

15 וַיֵּרֹמּוּ અને-ઊંચા-ગયા H7426 · הַכְּרוּבִים કરૂબો H3742 · הִיא આ H1931 · הַחַיָּה જીવંત-પ્રાણી · אֲשֶׁר જે · רָאִיתִי મેં-જોયું-હતું H7200 · בִּנְהַר־ કબાર-નદી-પાસે H5104 · כְּבָר׃ _ H3529

કરુબો ઊડીને ઊંચે ચઢયા. કબાર નદી પાસે મેં જે પશુઓ જોયાં હતાં તે આ હતાં.

16 וּבְלֶכֶת અને-ચાલવામાં H3212 · הַכְּרוּבִים કરૂબોના H3742 · יֵלְכוּ જતાં H3212 · הָאוֹפַנִּים ચક્રો H0212 · אֶצְלָם તેમની-બાજુમાં H0681 · וּבִשְׂאֵת અને-ઊંચી-કરવામાં H5375 · הַכְּרוּבִים કરૂબો H3742 · אֶת־ _ H0853 · כַּנְפֵיהֶם તેમની-પાંખો H3671 · לָרוּם ઊંચે-ઉઠવા · מֵעַל ઉપરથી · הָאָרֶץ ભૂમિની H0776 · לֹא־ નહિ H3808 · יִסַּבּוּ વળતાં H5437 · הָאוֹפַנִּים ચક્રો H0212 · גַּם־ પણ H1571 · הֵם તેઓ H1992 · מֵאֶצְלָם׃ તેમની-બાજુથી H0681

જ્યારે કરુબો ચાલતાં ત્યારે પૈડાં પણ તેઓની સાથે ચાલતા. જ્યારે કરુબો પૃથ્વી પરથી ઊડવાને પોતાની પાંખો ઊંચી કરતા ત્યારે પૈડાંઓ તેઓની પાસેથી ખસી જતાં નહિ.

17 בְּעָמְדָם તેમના-ઊભવામાં H5975 · יַעֲמֹדוּ ઊભતાં H5975 · וּבְרוֹמָם અને-ઊંચા-જવામાં · יֵרוֹמּוּ ઊંચા-જતાં H7426 · אוֹתָם તેમને H0853 · כִּי કારણ-કે · רוּחַ આત્મા H7307 · הַחַיָּה જીવંત-પ્રાણીનો · בָּהֶם׃ તેમનામાં

જ્યારે કરુબો ઊભા રહેતા ત્યારે પણ પૈડાં ઊભાં રહેતાં, જ્યારે તેઓ ઊંચે ચઢતા ત્યારે પૈડાં તેઓની સાથે ઊંચે ચઢતાં, કેમ કે, પૈડામાં પશુઓનો આત્મા હતો.

18 וַיֵּצֵא અને-નીકળી H3318 · כְּבוֹד મહિમા H3519 · יְהוָה યહોવાહની H3068 · מֵעַל ઉપરથી · מִפְתַּן ઉંબરાની H4670 · הַבָּיִת ઘરની · וַיַּעֲמֹד અને-ઊભી-રહી H5975 · עַל־ _ · הַכְּרוּבִים׃ કરૂબો-ઉપર H3742

પછી યહોવાહનો મહિમા સભાસ્થાનના પ્રવેશદ્વારથી જઈને કરુબો પર આવી ઊભો રહ્યો.

19 וַיִּשְׂאוּ અને-ઊંચક્યાં H5375 · הַכְּרוּבִים કરૂબો H3742 · אֶת־ _ H0853 · כַּנְפֵיהֶם તેમની-પાંખો H3671 · וַיֵּרוֹמּוּ અને-ઊંચા-ગયા H7426 · מִן־ _ · הָאָרֶץ ભૂમિથી H0776 · לְעֵינַי મારી-આંખો-સામે · בְּצֵאתָם તેમના-નીકળવામાં H3318 · וְהָאוֹפַנִּים અને-ચક્રો H0212 · לְעֻמָּתָם તેમની-સામે H5980 · וַיַּעֲמֹד અને-ઊભી-રહી H5975 · פֶּתַח પ્રવેશદ્વાર-પાસે H6607 · שַׁעַר દરવાજાના H8179 · בֵּית־ ઘર□ · יְהוָה યહોવાહન□ H3068 · הַקַּדְמוֹנִי પૂર્વના H6931 · וּכְבוֹד અને-મહિમા H3519 · אֱלֹהֵי־ ઈશ્વરનો H0430 · יִשְׂרָאֵל ઇઝરાયેલનો H3478 · עֲלֵיהֶם તેમન□-ઉપર · מִלְמָעְלָה׃ ઉપરથી H4605

કરુબોએ પોતાની પાંખો પ્રસારીને તેઓ તથા તેઓની સાથેનાં પૈડાં મારા દેખતાં પૃથ્વી પરથી ઊંચે ચઢીને બહાર નીકળી આવ્યાં. તેઓ સભાસ્થાનના પૂર્વ તરફના દરવાજા આગળ ઊભાં રહ્યાં. તેઓના ઉપર ઇઝરાયલના ઈશ્વરનું ગૌરવ હતું.

20
הִיא આ H1931
הַחַיָּה જીવંત-પ્રાણી
אֲשֶׁר જે
רָאִיתִי મેં-જોયું-હતું H7200
תַּחַת નીચે H8478
אֱלֹהֵי־ ઈશ્વરના H0430
יִשְׂרָאֵל ઇઝરાયેલના H3478
בִּנְהַר־ કબાર-નદી-પાસે H5104
כְּבָר _ H3529
וָאֵדַע અને-જાણ્યું H3045
כִּי કે
כְרוּבִים કરૂબો H3742
הֵמָּה׃ તેઓ-હતાં H1992

કબાર નદીના કિનારે ઇઝરાયલના ઈશ્વરની નીચે જે પશુઓ મેં જોયાં હતાં તે આ હતાં, તેથી મેં જાણ્યું કે તેઓ કરુબો હતા.

21
אַרְבָּעָה ચાર H0702
אַרְבָּעָה ચાર H0702
פָנִים ચહેરાઓ H6440
לְאֶחָד દરેકને H0259
וְאַרְבַּע અને-ચાર H0702
כְּנָפַיִם પાંખો H3671
לְאֶחָד દરેકને H0259
וּדְמוּת અને-આકૃતિ H1823
יְדֵי હાથોની H3027
אָדָם માનવની H0120
תַּחַת નીચે H8478
כַּנְפֵיהֶם׃ તેમની-પાંખોની H3671

દરેકને ચાર મુખ, દરેકને ચાર પાંખો હતી, તેઓની પાંખો નીચે માણસના જેવા હાથ હતા.

22
וּדְמוּת અને-આકૃતિ H1823
פְּנֵיהֶם તેમના-ચહેરાઓની H6440
הֵמָּה તેઓ H1992
הַפָּנִים ચહેરાઓ H6440
אֲשֶׁר જે
רָאִיתִי મેં-જોયાં-હતાં H7200
עַל־ _
נְהַר־ કબાર-નદી-પાસે H5104
כְּבָר _ H3529
מַרְאֵיהֶם તેમનો-દેખાવ H4758
וְאוֹתָם અને-તેઓ H0853
אִישׁ દરેક H0376
אֶל־ _ H0413
עֵבֶר બાજુમાં H5676
פָּנָיו તેમના-ચહેરાની H6440
יֵלֵכוּ׃ ચાલતાં H3212

તેમનાં મુખોનો દેખાવ કબાર નદીને કિનારે મેં દર્શનમાં જોયેલાં મુખો જેવો હતો, તેઓમાંનો દરેક સીધો આગળ ચાલતો હતો.

## Chapter 11

1
וַתִּשָּׂא અને-ઊંચી-કરી H5375
אֹתִי મને H0853
רוּחַ આત્મા H7307
וַתָּבֵא અને-લાવ્યો H0935
אֹתִי મને H0853
אֶל־ _ H0413
שַׁעַר દરવાજા-પાસે H8179
בֵּית־ ઘરના
יְהוָה યહોવાહના H3068
הַקַּדְמוֹנִי પૂર્વના H6931
הַפּוֹנֶה મુખ-કરતા H6437
קָדִימָה પૂર્વ-તરફ H6921
וְהִנֵּה અને-જુઓ H2009
בְּפֶתַח પ્રવેશદ્વાર-પાસે H6607
הַשַּׁעַר દરવાજાના H8179
עֶשְׂרִים વીસ H6242
וַחֲמִשָּׁה અને-પચીસ H2568
אִישׁ પુરુષો H0376
וָאֶרְאֶה અને-મેં-જોયા H7200
בְתוֹכָם તેમની-વચ્ચે H8432
אֶת־ _ H0853
יַאֲזַנְיָה યાઅઝાન્યાહ H2970
בֶן־ પુત્ર
עַזֻּר અઝ્ઝૂરનો H5809
וְאֶת־ અને H0853
פְּלַטְיָהוּ પલટ્યાહ H6410
בֶן־ પુત્ર
בְּנָיָהוּ બનાયાહનો H1141
שָׂרֵי આગેવાનો H8269
הָעָם׃ પ્રજાના
פ _

પછી આત્મા મને ઊંચકીને યહોવાહના સભાસ્થાનના પૂર્વ દરવાજે લઈ ગયો, પૂર્વ તરફ, જુઓ, આ દરવાજાના બારણા આગળ પચ્ચીસ માણસો હતાં. મેં તેઓની મધ્યે લોકોના સરદાર આઝ્ઝુરના દીકરા યાઝનિયાને તથા બનાયાના દીકરા પલાટયાને જોયા.

2
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אֵלָי મને H0413
בֶּן־ માનવ-પુત્ર
אָדָם _ H0120
אֵלֶּה આ H0428
הָאֲנָשִׁים પુરુષો H0376
הַחֹשְׁבִים યોજના-કરે-છે H2803
אָוֶן દુષ્ટતા H0205
וְהַיֹּעֲצִים અને-સલાહ-આપે-છે H3289
עֲצַת־ યોજના H6098
רָע દુષ્ટની
בָּעִיר શહેરમાં
הַזֹּאת׃ આમાં H2063

ઈશ્વરે મને કહ્યુ, “હે મનુષ્યપુત્ર, દુષ્ટ કર્મો કરવાની યોજના ઘડનાર તથા આખા નગરમાં દુષ્ટ સલાહ આપનાર માણસો પણ આ જ છે.

3
הָאֹמְרִים કહેતાં H0559
לֹא નહિ H3808
בְקָרוֹב જલદી H7138
בְּנוֹת બાંધવાનો H1129
בָּתִּים ઘરો
הִיא તે H1931
הַסִּיר તપેલી
וַאֲנַחְנוּ અને-અમે H0587
הַבָּשָׂר׃ માંસ H1320

તેઓ કહે છે કે, 'હમણાં ઘરો બાંધવાનો સમય નથી, આ નગર કઢાઈ છે, આપણે માંસ છીએ.'

4

| | | |
|---|---|---|
| לָכֵן | તેથી | |
| הִנָּבֵא | ભવિષ્યવાણી-કર | H5012 |
| עֲלֵיהֶם | તેમની-વિરુદ્ધ | |
| הִנָּבֵא | ભવિષ્યવાણી-કર | H5012 |
| בֶּן־ | માનવ-પુત્ર | |
| אָדָם׃ | – | H0120 |

માટે, તેઓની વિરુદ્ધ ભવિષ્યવાણી કર, હે મનુષ્યપુત્ર, ભવિષ્યવાણી કર"

5

| | | |
|---|---|---|
| וַתִּפֹּל | અને-પડ્યો | H5307 |
| עָלַי | મારા-પર | |
| רוּחַ | આત્મા | H7307 |
| יְהוָה | યહોવાહનો | H3068 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| אֵלַי | મને | H0413 |
| אֱמֹר | કહે | H0559 |
| כֹּה־ | આમ | H3541 |
| אָמַר | કહે-છે | H0559 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| כֵּן | એમ | |
| אֲמַרְתֶּם | તમે-કહ્યુ | H0559 |
| בֵּית | ઘરે | |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલના | H3478 |
| וּמַעֲלוֹת | અને-વિચારો | |
| רוּחֲכֶם | તમારા-મનના | H7307 |
| אֲנִי | હું | H0589 |
| יְדַעְתִּיהָ׃ | જાણું-છું | H3045 |

ત્યારે યહોવાહનો આત્મા મારા પર આવ્યો અને તેમણે મને કહ્યું; "બોલ, યહોવાહ આમ કહે છે; હે ઇઝરાયલી લોકો, તમે આ પ્રમાણે કહો છો, તમારા મનમાં જે વિચારો આવે છે તે હું જાણું છું.

6

| | | |
|---|---|---|
| הִרְבֵּיתֶם | વધાર્યા-છે | |
| חַלְלֵיכֶם | તમારા-માર્યા-ગયેલા | |
| בָּעִיר | શહેરમાં | |
| הַזֹּאת | આમાં | H2063 |
| וּמִלֵּאתֶם | અને-ભરી-દીધા | H4390 |
| חוּצֹתֶיהָ | તેની-શેરીઓ | H2351 |
| חָלָל׃ | માર્યા-ગયેલાઓથી | |
| פ | – | |

તમે આ નગરમાં મારી નંખાયેલા લોકોની સંખ્યા વધારી છે, તેની શેરીઓ મૃતદેહોથી ભરી દીધી છે.

7

| | | |
|---|---|---|
| לָכֵן | તેથી | |
| כֹּה־ | આમ | H3541 |
| אָמַר | કહે-છે | H0559 |
| אֲדֹנָי | પ્રભુ | H0136 |
| יְהוִה | યહોવાહ | H3069 |
| חַלְלֵיכֶם | તમારા-માર્યા-ગયેલા | |
| אֲשֶׁר | જે | |
| שַׂמְתֶּם | તમે-મૂક્યા | |
| בְּתוֹכָהּ | તેની-વચ્ચે | H8432 |
| הֵמָּה | તેઓ | H1992 |
| הַבָּשָׂר | માંસ | H1320 |
| וְהִיא | અને-તે | H1931 |
| הַסִּיר | તપેલી | |
| וְאֶתְכֶם | અને-તમને | H0853 |
| הוֹצִיא | બહાર-કાઢીશ | H3318 |
| מִתּוֹכָהּ׃ | તેની-વચ્ચેથી | H8432 |

તેથી, પ્રભુ યહોવાહ એવું કહે છે કે, મારી નંખાયેલા લોકોને યરુશાલેમની મધ્યે નાખ્યા છે, તેઓ માંસ છે, આ નગર કઢાઈ છે. પણ તમને આ નગરમાંથી બહાર લાવવામાં આવશે.

8

| | | |
|---|---|---|
| חֶרֶב | તલવારથી | H2719 |
| יְרֵאתֶם | તમે-ડરો-છો | H3372 |
| וְחֶרֶב | અને-તલવાર | H2719 |
| אָבִיא | લાવીશ | H0935 |
| עֲלֵיכֶם | તમારા-પર | |
| נְאֻם | વચન | H5002 |
| אֲדֹנָי | પ્રભુ | H0136 |
| יְהוִה׃ | યહોવાહનું | H3069 |

તમે તલવારથી ભય રાખતા હતા, તેથી પ્રભુ યહોવાહ કહે છે, હું તમારા ઉપર તલવાર લાવીશ"

9

| | | |
|---|---|---|
| וְהוֹצֵאתִי | અને-બહાર-કાઢીશ | H3318 |
12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֱמָר־ | נָא | לְבֵית | הַמֶּרִי | הֲלֹא | יְדַעְתֶּם | מָה־ | אֵלֶּה | אָמַר | הִנֵּה־ | בָא |
| કહે | હવે | ઘરાનાને | બળવાખોરના | શું-નથી | જાણતા-તમે | શું-છે | આ-બધું? | કહે | જુઓ | આવ્યો |
| H0559 | H4994 | | H4805 | H3808 | H3045 | H4100 | H0428 | H0559 | H2009 | H0935 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מֶלֶךְ־ | בָּבֶל | יְרוּשָׁלִַם | וַיִּקַּח | אֶת־ | מַלְכָּהּ | וְאֶת־ | שָׂרֶיהָ | וַיָּבֵא | אוֹתָם |
| બાબેલનો-રાજા | બાબેલનો | યરુશાલેમમાં | અને-લીધો | એ | તેનો-રાજા | અને-એ | તેના-સરદારો | અને-લઈ-ગયો | તેમને |
| H4428 | H0894 | H3389 | H3947 | H0853 | H4428 | H0853 | H8269 | H0935 | H0853 |

| | |
|---|---|
| אֵלָיו | בָּבֶלָה׃ |
| પોતાની-પાસે | બાબેલમાં |
| H0413 | H0894 |

“તું બંડખોર લોકોને કહે કે: આ વાતોનો અર્થ શો છે તે તમે જાણતા નથી? જુઓ, તું તેઓને સમજાવ કે બાબિલનો રાજા યરુશાલેમ આવીને તેના રાજાને તથા રાજકુમારોને પકડીને તેઓને પોતાની પાસે બાબિલ નગરમાં લઈ ગયો.

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקַּח | מִזֶּרַע | הַמְּלוּכָה | וַיִּכְרֹת | אִתּוֹ | בְּרִית | וַיָּבֵא | אֹתוֹ | בְּאָלָה | וְאֶת־ |
| અને-લીધો | રાજવંશના-બીજમાંથી | રાજવંશના | અને-કર્યો | તેની-સાથે | કરાર | અને-લાવ્યો | તેને | શપથમાં | અને-દેશના |
| H3947 | H2233 | H4410 | H3772 | H0854 | H1285 | H0935 | H0853 | H0423 | H0853 |

| | | |
|---|---|---|
| אֵילֵי | הָאָרֶץ | לָקָח׃ |
| આગેવાનોને | દેશના | લઈ-ગયો |
| | H0776 | H3947 |

તેણે રાજવંશમાંથી એક માણસ સાથે કરાર કર્યો, તેની પાસે વચન પણ લીધું. અને તે દેશના બળવાન લોકોને દૂર લઈ ગયો,

14

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לִהְיוֹת | מַמְלָכָה | שְׁפָלָה | לְבִלְתִּי | הִתְנַשֵּׂא | לִשְׁמֹר | אֶת־ | בְּרִיתוֹ | לְעָמְדָהּ׃ |
| રહે-એવું | રાજ્ય | નીચું | જેથી-ન | ઊંચું-થાય | પાળવા | એ | તેનો-કરાર | ટકાવવા-તેને |
| H1961 | H4467 | H8217 | H1115 | H5375 | H8104 | H0853 | H1285 | H5975 |

તેથી રાજ્ય નિર્બળ થાય અને પોતે ઊભું થઈ શકે નહિ. પણ તેની સાથે કરેલો કરાર પાળીને નભી રહે. માટે તે દેશના આગેવાનોને તે તેની સાથે લઈ ગયો.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּמְרָד־ | בּוֹ | לִשְׁלֹחַ | מַלְאָכָיו | מִצְרַיִם | לָתֶת־ | לוֹ | סוּסִים | וְעַם־ | רָב |
| અને-બળવો-કર્યો | તેની-વિરુદ્ધ | મોકલવા | પોતાના-દૂતો | મિસરમાં | આપવા | તેને | ઘોડા | અને-ઘણા | લોકો |
| H4775 | | H7971 | H4397 | H4714 | H5414 | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הֲיִצְלָח | הֲיִמָּלֵט | הָעֹשֵׂה | אֵלֶּה | וְהֵפֵר | בְּרִית | וְנִמְלָט׃ |
| શું-તે-સફળ-થશે? | શું-બચશે? | જે-કરે-છે | આવું | અને-તોડે | કરાર | અને-છૂટી-જાય? |
| | H4422 | | H0428 | | H1285 | H4422 |

યરુશાલેમના રાજાએ ઘોડાઓ તથા મોટું સૈન્ય મેળવવા માટે રાજદૂતોને મિસર મોકલીને યરુશાલેમના રાજાએ તેની વિરુદ્ધ બળવો કર્યો. શું તે સફળ થશે ખરા? આવાં કામો કરીને શું તે બચી જશે? શું તે કરાર તોડીને બચી જશે?

16

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| חַי־ | אָנִי | נְאֻם | אֲדֹנָי | יְהוִה | אִם־ | לֹא | בִּמְקוֹם | הַמֶּלֶךְ | הַמַּמְלִיךְ | אֹתוֹ |
| જીવતો-છું | હું | ઘોષણા-કરે-છે | પ્રભુ | યહોવાહ | ખરેખર | નિશ્ચે | સ્થાનમાં | રાજાના | જેણે-રાજા-બનાવ્યો | તેને |
| | H0589 | H5002 | H0136 | H3069 | | H3808 | H4725 | H4428 | | H0853 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר | בָּזָה | אֶת־ | אָלָתוֹ | וַאֲשֶׁר | הֵפֵר | אֶת־ | בְּרִיתוֹ | אִתּוֹ | בְתוֹךְ־ | בָבֶל |
| જેણે | તુચ્છ-ગણ્યા | એ | તેના-શપથ | અને-જેણે | તોડ્યો | એ | તેનો-કરાર | તેની-સાથે | વચ્ચે | બાબેલના |
| | H0959 | H0853 | H0423 | | | H0853 | H1285 | H0854 | H8432 | H0894 |

| |
|---|
| יָמוּת׃ |
| મરશે |
| H4191 |

પ્રભુ યહોવાહ પોતાના જીવના સમ ખાઈને કહે છે કે, 'હું ખાતરી પૂર્વક કહું છું કે જે રાજાએ તેને રાજા બનાવ્યો છે, જેના સોગનને તેણે ધિક્કાર્યા છે, જેના કરારનો તેણે ભંગ કર્યો છે, તે રાજાના દેશમાં એટલે બાબિલમાં મૃત્યુ પામશે.

17
וְלֹא અને-નહીં H3808
בְחַיִל મોટી-સેના-વડે H2428
גָּדוֹל મોટી
וּבְקָהָל કે-મોટી-સભા-વડે H6951
רָב મોટી
יַעֲשֶׂה કરશે
אוֹתוֹ તેની-માટે H0853
פַרְעֹה ફારુન H6547
בַמִּלְחָמָה યુદ્ધમાં H4421
בִּשְׁפֹּךְ ઢાળતાં H8210
סֹלְלָה ઘેરાબંધી H5550
וּבִבְנוֹת અને-બાંધતાં H1129
דָּיֵק બુરજ H1785
לְהַכְרִית નાશ-કરવા H3772
נְפָשׁוֹת ઘણા H5315
רַבּוֹת׃ લોકોને

જ્યારે ઘણા લોકોનો સંહાર કરવા મોરચા ઉઠાવવામાં આવશે તથા કિલ્લાઓ બાંધવામાં આવશે, ત્યારે ફારુન તથા તેનું મોટું સૈન્ય તેની મદદ કરી શકશે નહિ.

18
וּבָזָה અને-તુચ્છ-ગણ્યા H0959
אָלָה શપથ H0423
לְהָפֵר તોડવા
בְרִית કરાર H1285
וְהִנֵּה અને-જુઓ H2009
נָתַן આપ્યો-હતો H5414
יָדוֹ પોતાનો-હાથ H3027
וְכָל־ અને-આ-બધું H3605
אֵלֶּה બધું H0428
עָשָׂה કર્યું
לֹא નહીં H3808
יִמָּלֵט׃ બચશે H4422
ס —

કેમ કે રાજાએ કરાર તોડીને સોગનને તુચ્છ ગણ્યા છે. જુઓ, તેણે પોતાનો હાથ લંબાવીને કરાર કર્યો છે, પણ તેણે આ બધા કામો કર્યાં છે. તે બચવાનો નથી.

19
לָכֵן તેથી
כֹּה־ આમ H3541
אָמַר કહે-છે H0559
אֲדֹנָי પ્રભુ H0136
יְהוִה યહોવાહ H3069
חַי־ જીવતો-છું
אָנִי હું H0589
אִם־ ખરેખર
לֹא નિશ્ચે H3808
אָלָתִי મારો-શપથ H0423
אֲשֶׁר જે
בָּזָה તુચ્છ-ગણ્યો H0959
וּבְרִיתִי અને-મારો-કરાર H1285
אֲשֶׁר જે
הֵפִיר તોડ્યો H6331
וּנְתַתִּיו હું-લાવીશ H5414
בְּרֹאשׁוֹ׃ તેના-માથે

આથી પ્રભુ યહોવાહ કહે છે: 'મારા જીવનના સમ ખાઈને કહું છું કે, મારા સોગન જે તેણે તોડ્યા છે અને મારો કરાર તેણે ભાગ્યો છે? તેથી હું તેના પર શિક્ષા લાવીશ.

20
וּפָרַשְׂתִּי અને-ફેલાવીશ H6566
עָלָיו તેના-પર
רִשְׁתִּי મારી-જાળ H7568
וְנִתְפַּשׂ અને-પકડાશે H8610
בִּמְצוּדָתִי મારા-ફંદામાં
וַהֲבִיאוֹתִיהוּ અને-લઈ-જઈશ-તેને H0935
בָבֶלָה બાબેલમાં H0894
וְנִשְׁפַּטְתִּי અને-ન્યાય-કરીશ H8199
אִתּוֹ તેનો H0854
שָׁם ત્યાં H8033
מַעֲלוֹ તેના-વિશ્વાસઘાત-માટે H4604
אֲשֶׁר જે
מָעַל־ વિશ્વાસઘાત-કર્યો H4603
בִּי׃ મારી-સામે

હું તેના પર મારી જાળ નાખીશ, તે મારા ફાંદામાં સપડાશે. હું તેને બાબિલમાં લાવીને તેણે મારી સાથે જે વિશ્વાસઘાત કર્યો તેને લીધે તેની સાથે વિવાદ કરીશ.

21
וְאֵת અને-બધા H0853
כָּל־ તેના H3605
[מברחו] ભાગેડુ H4015
(מִבְרָחָיו) સૈનિકો H4015
בְּכָל־ તેના-બધા H3605
אֲגַפָּיו દળોમાંથી H0102
בַּחֶרֶב તલવારથી H2719
יִפֹּלוּ પડશે H5307
וְהַנִּשְׁאָרִים અને-બાકી-રહેલા H7604
לְכָל־ ચારે H3605
רוּחַ દિશાઓમાં H7307
יִפָּרֵשׂוּ વિખેરાશે H6566
וִידַעְתֶּם અને-તમે-જાણશો H3045
כִּי કે
אֲנִי હું H0589
יְהוָה યહોવાહે H3068
דִּבַּרְתִּי׃ બોલ્યો-છું H1696
ס —

તેના નાસી ગયેલા સર્વ લોકની ટુકડી તલવારથી પડશે, બાકી રહેલાઓ ચારે દિશામાં વેરવિખેર થઈ જશે. ત્યારે તમે જાણશો કે હું યહોવાહ છું; હું તે બોલ્યો છું."

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כֹּה | אָמַר | אֲדֹנָי | יְהוִה | וְלָקַחְתִּי | אָנִי | מִצַּמֶּרֶת | הָאֶרֶז | הָרָמָה | וְנָתָתִּי | מֵרֹאשׁ |
| આમ | કહે-છે | પ્રભુ | યહોવાહ | અને-લઈશ | હું | ટોચેથી | દેવદારની | ઊંચી | અને-રોપીશ | ટોચની |
| H3541 | H0559 | H0136 | H3069 | H3947 | H0589 | H6788 | H0730 | | H5414 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| יְנְקוֹתָיו | רַךְ | אֶקְטֹף | וְשָׁתַלְתִּי | אָנִי | עַל | הַר־ | גָּבֹהַּ | וְתָלוּל׃ |
| કુમળી-ડાળીઓમાંથી | નરમ | તોડીશ | અને-વાવીશ | હું | ઉપર | ઊંચા-પર્વત | ઊંચા | અને-શ્રેષ્ઠ |
| H3127 | H7390 | H6998 | H8362 | H0589 | | H2022 | H1364 | H8524 |

પ્રભુ યહોવાહ કહે છે: “વળી હું દેવદાર વૃક્ષની ટોચ પરની ડાળી લઈને તેને રોપીશ, હું તેની ઊંચી કૂપળોમાંથી કાપી લઈને ઊંચામાં ઊંચા પર્વતના શિખર પર રોપીશ.

23

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּהַר | מְרוֹם | יִשְׂרָאֵל | אֶשְׁתֳּלֶנּוּ | וְנָשָׂא | עָנָף | וְעָשָׂה | פֶּרִי | וְהָיָה | לְאֶרֶז |
| પર્વત-પર | ઊંચા | ઇઝરાયેલના | વાવીશ-તેને | અને-ઉગાડશે | ડાળીઓ | અને-આપશે | ફળ | અને-થશે | ભવ્ય-દેવદાર |
| H2022 | H4791 | H3478 | H8362 | H5375 | H6057 | | H6529 | H1961 | H0730 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אַדִּיר | וְשָׁכְנוּ | תַחְתָּיו | כֹּל | צִפּוֹר | כָּל־ | כָּנָף | בְּצֵל | דָּלִיּוֹתָיו | תִּשְׁכֹּנָּה׃ |
| ભવ્ય | અને-વસશે | તેની-નીચે | બધાં | પક્ષીઓ | દરેક | પાંખવાળાં | છાયામાં | તેની-ડાળીઓની | વસશે |
| H0117 | H7931 | H8478 | H3605 | H6833 | H3605 | H3671 | H6738 | H1808 | H7931 |

હું તેને ઇઝરાયલના ઊંચામાં ઊંચા પર્વતની ટોચે રોપીશ, તેને ડાળીઓ ફૂટશે, ફળ બેસશે, તે પ્રખ્યાત દેવદાર વૃક્ષ બનશે. તમામ પ્રકારનાં પક્ષીઓ તેની નીચે વાસો કરશે. તેઓ તેની ડાળીઓની છાયામાં માળા બાંધશે.

24

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְיָדְעוּ | כָּל־ | עֲצֵי | הַשָּׂדֶה | כִּי | אֲנִי | יְהוָה | הִשְׁפַּלְתִּי | עֵץ | גָּבֹהַּ | הִגְבַּהְתִּי | עֵץ |
| અને-જાણશે | બધાં | વૃક્ષો | ખેતરનાં | કે | હું | યહોવાહે | નીચું-કર્યું | વૃક્ષ | ઊંચું | ઊંચું-કર્યું | વૃક્ષ |
| H3045 | H3605 | H6086 | | | H0589 | H3068 | H8213 | H6086 | H1364 | H1361 | H6086 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שָׁפָל | הוֹבַשְׁתִּי | עֵץ | לָח | וְהִפְרַחְתִּי | עֵץ | יָבֵשׁ | אֲנִי | יְהוָה | דִּבַּרְתִּי | וְעָשִׂיתִי׃ | פ |
| નીચું | સૂકવ્યું | વૃક્ષ | લીલું | અને-લીલું-કર્યું | વૃક્ષ | સૂકું | હું | યહોવાહે | બોલ્યો-છું | અને-કરીશ | — |
| H8217 | H3001 | H6086 | H3892 | | H6086 | H3002 | H0589 | H3068 | H1696 | | |

વનનાં સર્વ વૃક્ષો જાણશે કે હું યહોવાહ છું, હું ઊંચાં વૃક્ષોને નીચાં કરું છું અને નીચાં વૃક્ષોને ઊંચાં કરું છું; હું લીલાં વૃક્ષને સૂકવી નાખું છું અને હું સૂકા વૃક્ષને લીલાં બનાવું છું, હું યહોવાહ છું; મેં તે કહ્યુ છે અને હું તે કરીશ”

## Chapter 18

1

| | | | | |
|---|---|---|---|---|
| וַיְהִי | דְבַר־ | יְהוָה | אֵלַי | לֵאמֹר׃ |
| અને-થયું | વચન | યહોવાહનું | મારી-પાસે | કહેતાં: |
| H1961 | H1697 | H3068 | H0413 | H0559 |

ફરી યહોવાહનું વચન મારી પાસે આવ્યું અને કહ્યુ,

2

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מַה־ | לָּכֶם | אַתֶּם | מֹשְׁלִים | אֶת־ | הַמָּשָׁל | הַזֶּה | עַל־ | אַדְמַת | יִשְׂרָאֵל | לֵאמֹר | אָבוֹת |
| શું | તમારે | તમે | બોલો-છો | આ | કહેવત | આ | વિશે | ભૂમિ | ઇઝરાયેલની | કહેતાં | પિતાઓ |
| H4100 | | | | H0853 | H4912 | H2088 | | H0127 | H3478 | H0559 | H0001 |

| | | | | |
|---|---|---|---|---|
| יֹאכְלוּ | בֹסֶר | וְשִׁנֵּי | הַבָּנִים | תִּקְהֶינָה׃ |
| ખાય-છે | ખાટી-દ્રાક્ષ | અને-દાંત | દીકરાઓના | ખટાય-છે |
| H0398 | H1155 | H8127 | | H6949 |

“તમે શા કારણથી, ઇઝરાયલ દેશ વિષે આ કહેવતનો ઉપયોગ કરો છો? ‘પિતાઓએ ખાટી દ્રાક્ષા ખાધી છે અને છોકરાઓના દાંત ખટાઈ ગયા છે?”

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| חַי־ | אָנִי | נְאֻם | אֲדֹנָי | יְהוִה | אִם־ | יִהְיֶה | לָכֶם | עוֹד | מְשֹׁל | הַמָּשָׁל |
| જીવતો-છું | હું | ઘોષણા-કરે-છે | પ્રભુ | યહોવાહ | ખરેખર | નહીં-હશે | તમારે | ફરી | બોલવું | આ-કહેવત |
| | H0589 | H5002 | H0136 | H3069 | | H1961 | | H5750 | | H4912 |

| | |
|---|---|
| הַזֶּה | בְּיִשְׂרָאֵל׃ |
| આ | ઇઝરાયેલમાં |
| H2088 | H3478 |

"પ્રભુ યહોવાહ પોતાના જીવના સમ ખાઈને કહે છે" હવેથી ઇઝરાયલમાં તમને આ કહેવતનો ઉપયોગ કરવાનો પ્રસંગ નહિ આવે.

4

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הֵ֤ן | כָּל־ | הַנְּפָשׁוֹת֙ | לִ֣י | הֵ֔נָּה | כְּנֶ֧פֶשׁ | הָאָ֛ב | וּכְנֶ֥פֶשׁ | הַבֵּ֖ן | לִי־ | הֵ֑נָּה | הַנֶּ֥פֶשׁ |
| જુઓ | બધા | જીવો | મારા | છે | જેમ-જીવ | પિતાનો | તેમ-જીવ | દીકરાનો | મારો | છે | જીવ |
| H2005 | H3605 | H5315 | | H2007 | H5315 | H0001 | H5315 | | | H2007 | H5315 |

| | | | |
|---|---|---|---|
| הַחֹטֵ֖את | הִ֥יא | תָמֽוּת׃ | ס |
| જે-પાપ-કરે-છે | તે | મરશે | — |
| H2398 | H1931 | H4191 | |

જુઓ, એકેએક જીવ મારો છે, જેમ પિતાનો જીવ તેમ પુત્રનો જીવ પણ મારો છે. જે માણસ પાપ કરશે તે મૃત્યુ પામશે.

5

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וְאִ֖ישׁ | כִּֽי־ | יִהְיֶ֣ה | צַדִּ֑יק | וְעָשָׂ֥ה | מִשְׁפָּ֖ט | וּצְדָקָֽה׃ |
| અને-માણસ | જો | હોય | ન્યાયી | અને-કરે | ન્યાય | અને-ધર્મ |
| H0376 | | H1961 | H6662 | | H4941 | H6666 |

કેમ કે જો કોઈ માણસ ન્યાયી હશે, તે ન્યાયીપણા તથા પ્રામાણિકપણે ચાલશે.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶל־ | הֶֽהָרִים֙ | לֹ֣א | אָכָ֔ל | וְעֵינָיו֙ | לֹ֣א | נָשָׂ֔א | אֶל־ | גִּלּוּלֵ֖י | בֵּ֣ית | יִשְׂרָאֵ֑ל |
| ઉપર | પર્વતો-પર | નથી | ખાતો | અને-આંખો | નથી | ઉઠાવતો | તરફ | મૂર્તિઓની | ઘરાનાની | ઇઝરાયેલના |
| H0413 | H2022 | H3808 | H0398 | | H3808 | H5375 | H0413 | H1544 | | H3478 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | אֵ֤שֶׁת | רֵעֵ֙הוּ֙ | לֹ֣א | טִמֵּ֔א | וְאֶל־ | אִשָּׁ֥ה | נִדָּ֖ה | לֹ֥א | יִקְרָֽב׃ |
| અને-પત્ની | સ્ત્રી | પાડોશીની | નથી | અશુદ્ધ-કરતો | અને-તરફ | સ્ત્રી | માસિકમાં | નથી | જતો |
| H0853 | H0802 | H7453 | H3808 | | H0413 | H0802 | H5079 | H3808 | H7126 |

જેણે પર્વતોનાં મંદિરમાં ભોજન કર્યું નહિ હોય, જેણે ઇઝરાયલી લોકોની મૂર્તિઓ તરફ પોતાની આંખો ઊંચી કરી નહિ હોય, પોતાના પડોશીની સ્ત્રીને ભ્રષ્ટ કરી નહિ હોય, માસિક ધર્મ સમયે તે સ્ત્રી સાથે ગયો નહિ હોય.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאִישׁ֙ | לֹ֣א | יוֹנֶ֔ה | חֲבֹלָת֥וֹ | ח֙וֹב֙ | יָשִׁ֔יב | גְּזֵלָ֖ה | לֹ֣א | יִגְזֹ֑ל | לַחְמוֹ֙ | לְרָעֵ֣ב |
| અને-કોઈને | નથી | દબાવતો | ગીરવી-વસ્તુ | દેણદારને | પાછી-આપે-છે | લૂંટ | નથી | કરતો | પોતાની-રોટી | ભૂખ્યાને |
| H0376 | H3808 | H3238 | | H2326 | H7725 | H1500 | H3808 | H1497 | H3899 | H7457 |

| | | | |
|---|---|---|---|
| יִתֵּ֔ן | וְעֵירֹ֖ם | יְכַסֶּה־ | בָּֽגֶד׃ |
| આપે-છે | અને-નગ્નને | ઢાંકે-છે | વસ્ત્રથી |
| H5414 | H5903 | H3680 | |

જો તેણે કોઈના પર જુલમ કર્યો ન હોય, પણ દેણદારે ગીરો મૂકેલી વસ્તુ પાછી આપી હોય; ચોરી થઈ ગયેલું લીધું ન હોય, પણ તેને બદલે ભૂખ્યાંને અન્ન અને વસ્ત્રહીનને વસ્ત્ર આપ્યું હોય.

8

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בַּנֶּ֣שֶׁךְ | לֹֽא־ | יִתֵּ֗ן | וְתַרְבִּית֙ | לֹ֣א | יִקָּ֔ח | מֵעָ֖וֶל | יָשִׁ֣יב | יָד֑וֹ | מִשְׁפַּ֤ט | אֱמֶת֙ | יַעֲשֶׂ֔ה |
| વ્યાજે | નહીં | આપે-છે | અને-નફો | નથી | લેતો | અન્યાયથી | પાછો-ખેંચે-છે | હાથ | ન્યાય | સાચો | કરે-છે |
| H5392 | H3808 | H5414 | H8636 | H3808 | H3947 | | H7725 | H3027 | H4941 | H0571 | |

| | | |
|---|---|---|
| בֵּ֥ין | אִ֖ישׁ | לְאִֽישׁ׃ |
| વચ્ચે | માણસ | અને-માણસ |
| H0996 | H0376 | H0376 |

જે વ્યાજ લેતો ન હોય, કે અતિશય નફો લેતો ન હોય, દુરાચારથી દૂર રહેતો હોય, વાદીપ્રતિવાદી વચ્ચે અદલ ન્યાય ચૂકવતો હોઈ અને માણસ-માણસ વચ્ચે વિશ્વાસુપણું સ્થાપિત હોય,

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּחֻקּוֹתַ֧י | יְהַלֵּ֛ךְ | וּמִשְׁפָּטַ֥י | שָׁמַ֖ר | לַעֲשׂ֣וֹת | אֱמֶ֑ת | צַדִּ֥יק | הוּא֙ | חָיֹ֣ה | יִֽחְיֶ֔ה | נְאֻ֖ם |
| મારા-નિયમોમાં | ચાલે-છે | અને-મારા-હુકમો | પાળે-છે | કરવા | સત્ય | ન્યાયી | તે | ખરેખર | જીવશે | ઘોષણા-કરે-છે |
| H2708 | H1980 | H4941 | H8104 | | H0571 | H6662 | H1931 | H2421 | H2421 | H5002 |

| | |
|---|---|
| אֲדֹנָ֥י | יְהוִֽה׃ |
| પ્રભુ | યહોવાહ |
| H0136 | H3069 |

જે મારા વિધિઓ પ્રમાણે ચાલતો હોય અને મારા કાયદાઓનું વિશ્વાસુપણાથી પાલન કરતો હોય, તે માણસ ન્યાયી છે; તે જીવશે.” આ પ્રભુ યહોવાહ કહે છે.

10
וְהוֹלִיד અને-જન્માવે H3205
בֵּן־ દીકરો
פָּרִיץ ઉપદ્રવી H6530
שֹׁפֵךְ રેડનાર H8210
דָּם લોહી H1818
וְעָשָׂה અને-કરે
אָח ભાઈ H0251
מֵאַחַד આમાંનું-એક H0259
מֵאֵלֶּה׃ આમાંથી H0428

પણ જો તેને એક એવો દીકરો હોય, જે લૂંટારો, ખૂની તથા આ કામોમાંનું કોઈ પણ કરનારો હોય,

11
וְהוּא અને-તે H1931
אֶת־ આ H0853
כָּל־ બધું H3605
אֵלֶּה બધું H0428
לֹא નથી H3808
עָשָׂה કરતો
כִּי કારણ-કે
גַּם વળી H1571
אֶל־ ઉપર H0413
הֶהָרִים પર્વતો-પર H2022
אָכַל ખાય-છે H0398
וְאֶת־ અને-પત્ની H0853
אֵשֶׁת સ્ત્રી H0802
רֵעֵהוּ પડોશીની H7453
טִמֵּא׃ અશુદ્ધ-કરે-છે

પિતાએ કદી કર્યું ન હોય એવું બધું કરતો હોય; પણ પર્વતો પરની મૂર્તિઓના ભોજનમાંથી ખાતો હોય તથા પડોશીની પત્નીને ભ્રષ્ટ કરી હોય.

12
עָנִי ગરીબ H6041
וְאֶבְיוֹן અને-દરિદ્ર H0034
הוֹנָה દબાવે-છે H3238
גְּזֵלוֹת લૂંટ H1500
גָּזָל કરે-છે H1497
חֲבֹל ગીરવી-વસ્તુ
לֹא નથી H3808
יָשִׁיב પાછી-આપતો H7725
וְאֶל־ અને-તરફ H0413
הַגִּלּוּלִים મૂર્તિઓ H1544
נָשָׂא ઉઠાવે-છે H5375
עֵינָיו આખો
תּוֹעֵבָה ધિક્કારપાત્ર-કામ H8441
עָשָׂה׃ કરે-છે

જો તે ગરીબો તથા નિરાધારો પર જુલમ ગુજારતો હોય, લૂંટ કરતો હોય, પોતાના દેણદારોની ગીરો મૂકેલી વસ્તુ પાછી ન આપતો હોય, મૂર્તિઓ તરફ પોતાની નજર કરી હોય કે ધિક્કારપાત્ર કૃત્યો કર્યા હોય,

13
בַּנֶּשֶׁךְ વ્યાજે H5392
נָתַן આપે-છે H5414
וְתַרְבִּית અને-નફો H8636
לָקַח લે-છે H3947
וָחָי અને-જીવશે? H2425
לֹא નહીં H3808
יִחְיֶה જીવે H2421
אֵת આ H0853
כָּל־ બધી H3605
הַתּוֹעֵבוֹת ધિક્કારપાત્ર-બાબતો H8441
הָאֵלֶּה આ-બધી H0428
עָשָׂה કરી-છે
מוֹת ખરેખર H4191
יוּמָת મરશે H4191
דָּמָיו તેનું-લોહી H1818
בּוֹ તેના-ઉપર
יִהְיֶה׃ હશે H1961

નાણાં વ્યાજે આપતો હોય અને આકરો વટાવ લેતો હોય, તો શું તે જીવશે? તે નહિ જીવે તેણે આ બધાં ધિક્કારપાત્ર કૃત્યો કર્યાં છે. તે નિશ્ચે માર્યો જશે; તેનું લોહી તેના શિરે.

14
וְהִנֵּה અને-જુઓ H2009
הוֹלִיד જન્માવે H3205
בֵּן દીકરો
וַיַּרְא અને-જુએ-છે H7200
אֶת־ આ H0853
כָּל־ બધાં H3605
חַטֹּאת પાપો
אָבִיו પિતાનાં H0001
אֲשֶׁר જે
עָשָׂה કર્યાં-છે
וַיִּרְאֶה અને-જુએ-છે H7200
וְלֹא અને-નથી H3808
יַעֲשֶׂה કરતો
כָּהֵן׃ એવું H2004

પણ જુઓ, તેને એક એવો દીકરો જન્મે કે જે પોતાના પિતાનાં કરેલાં સર્વ પાપો જોઈને, તે ઈશ્વરથી બીતો હોય, એવાં કામ કરતો ન હોય,

15
עַל־ ઉપર
הֶהָרִים પર્વતો-પર H2022
לֹא નથી H3808
אָכָל ખાતો H0398
וְעֵינָיו અને-આખો
לֹא નથી H3808
נָשָׂא ઉઠાવતો H5375
אֶל־ તરફ H0413
גִּלּוּלֵי મૂર્તિઓની H1544
בֵּית ઘરાનાની
יִשְׂרָאֵל ઇઝરાયેલના H3478
אֶת־ એ H0853
אֵשֶׁת સ્ત્રી H0802
רֵעֵהוּ પડોશીની H7453
לֹא નથી H3808
טִמֵּא׃ અશુદ્ધ-કરતો

પર્વતો પરના સભાસ્થાનનું ખાતો ન હોય, ઇઝરાયલી લોકોની મૂર્તિઓ તરફ નજર કરી ન હોય, પોતાના પડોશીની સ્ત્રીને ભ્રષ્ટ કરી ન હોય.

16

| | | |
|---|---|---|
| וְאִישׁ | અને-કોઈને | H0376 |
| לֹא | નથી | H3808 |
| הוֹנָה | દબાવતો | H3238 |
| חֲבֹל | ગીરવી | |
| לֹא | નથી | H3808 |
| חֲבֹל | લેતો | |
| וּגְזֵלָה | અને-લૂંટ | H1500 |
| לֹא | નથી | H3808 |
| גָזָל | કરતો | H1497 |
| לַחְמוֹ | પોતાની-રોટી | H3899 |
| לְרָעֵב | ભૂખ્યાને | H7457 |
| נָתָן | આપે-છે | H5414 |
| וְעֵרוֹם | અને-નગ્નને | H5903 |
| כִּסָּה־ | ઢાંકે-છે | H3680 |
| בָגֶד׃ | વસ્ત્રથી | |

તેણે કોઈના પર જુલમ કર્યો ન હોય, ગીરવે મૂકેલી વસ્તુ લીધી ન હોય, ચોરી કરેલી વસ્તુ લીધી ન હોય, પણ ભૂખ્યાઓને અન્ન આપ્યું હોય તથા નિર્વસ્ત્રને વસ્ત્ર ઓઢાડ્યું હોય,

17

| | | |
|---|---|---|
| מֵעָנִי | ગરીબ-પાસેથી | H6041 |
| הֵשִׁיב | પાછો-ખેંચે-છે | H7725 |
| יָדוֹ | હાથ | H3027 |
| נֶשֶׁךְ | વ્યાજ | H5392 |
| וְתַרְבִּית | અને-નફો | H8636 |
| לֹא | નથી | H3808 |
| לָקָח | લેતો | H3947 |
| מִשְׁפָּטַי | મારા-હુકમો | H4941 |
| עָשָׂה | પાળે-છે | |
| בְּחֻקּוֹתַי | મારા-નિયમોમાં | H2708 |
| הָלָךְ | ચાલે-છે | H1980 |
| הוּא | તે | H1931 |
| לֹא | નહીં | H3808 |
| יָמוּת | મરશે | H4191 |
| בַּעֲוֹן | અપરાધમાં | H5771 |
| אָבִיו | પિતાના | H0001 |
| חָיֹה | ખરેખર | H2421 |
| יִחְיֶה׃ | જીવશે | H2421 |

ગરીબને સતાવ્યો ન હોય, જેણે વ્યાજ કે વટાવ લીધો ન હોય, મારી આજ્ઞાઓ પાળી હોય અને મારા વિધિઓ પ્રમાણે ચાલ્યા હોય, તો તે તેના પિતાનાં પાપોને લીધે માર્યો જશે નહિ. તે નિશ્ચે જીવશે.

18

| | | |
|---|---|---|
| אָבִיו | તેનો-પિતા | H0001 |
| כִּי־ | કારણ-કે | |
| עָשַׁק | દબાવતો-હતો | H6231 |
| עֹשֶׁק | દબાણ | H6233 |
| גָּזַל | લૂંટતો-હતો | H1497 |
| גֵּזֶל | લૂંટ | H1499 |
| אָח | ભાઈને | H0251 |
| וַאֲשֶׁר | અને-જે | |
| לֹא־ | નહીં | H3808 |
| טוֹב | સારું | |
| עָשָׂה | કર્યું | |
| בְּתוֹךְ | વચ્ચે | H8432 |
| עַמָּיו | લોકોના | |
| וְהִנֵּה־ | અને-જુઓ | H2009 |
| מֵת | મર્યો | H4191 |
| בַּעֲוֹנוֹ׃ | પોતાના-અપરાધમાં | H5771 |

તેના પિતાએ ક્રૂરતા કરીને જુલમ કર્યો હોય, પોતાના ભાઈને લૂંટ્યો હોય, પોતાના લોકોમાં જે સારું નહિ તે કર્યું હોય, તો જુઓ, તે પોતાના અન્યાયને કારણે માર્યો જશે.

19

| | | |
|---|---|---|
| וַאֲמַרְתֶּם | અને-તમે-કહો-છો | H0559 |
| מַדֻּעַ | કેમ | H4069 |
| לֹא־ | નથી | H3808 |
| נָשָׂא | ઉઠાવતો | H5375 |
| הַבֵּן | દીકરો | |
| בַּעֲוֹן | અપરાધ | H5771 |
| הָאָב | પિતાનો | H0001 |
| וְהַבֵּן | અને-દીકરાએ | |
| מִשְׁפָּט | ન્યાય | H4941 |
| וּצְדָקָה | અને-ધર્મ | H6666 |
| עָשָׂה | કર્યો | |
| אֵת | આ | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| חֻקּוֹתַי | નિયમો | H2708 |
| שָׁמַר | પાળ્યા | H8104 |
| וַיַּעֲשֶׂה | અને-કર્યા | |
| אֹתָם | તે | H0853 |
| חָיֹה | ખરેખર | H2421 |
| יִחְיֶה׃ | જીવશે | H2421 |

પણ તમે કહો છો "શા માટે પિતાનાં પાપોની શિક્ષા દીકરો ભોગવતો નથી?" જો દીકરાએ નેકીથી તથા પ્રમાણિકપણે મારા નિયમોનું પાલન કર્યું હશે, તે પ્રમાણે કર્યું હશે. તેથી તે નિશ્ચે જીવતો રહેશે.

20

| | | |
|---|---|---|
| הַנֶּפֶשׁ | જીવ | H5315 |
| הַחֹטֵאת | જે-પાપ-કરે-છે | H2398 |
| הִיא | તે | H1931 |
| תָמוּת | મરશે | H4191 |
| בֵּן | દીકરો | |
| לֹא־ | નહીં | H3808 |
| יִשָּׂא | ઉઠાવશે | H5375 |
| בַּעֲוֹן | અપરાધ | H5771 |
| הָאָב | પિતાનો | H0001 |
| וְאָב | અને-પિતા | H0001 |
| לֹא | નહીં | H3808 |
| יִשָּׂא | ઉઠાવશે | H5375 |
| בַּעֲוֹן | અપરાધ | H5771 |
| הַבֵּן | દીકરાનો | |
| צִדְקַת | ન્યાયીપણું | H6666 |
| הַצַּדִּיק | ન્યાયીનું | H6662 |
| עָלָיו | તેના-ઉપર | |
| תִּהְיֶה | હશે | H1961 |
| וְרִשְׁעַת | અને-દુષ્ટતા | H7564 |
| [רשע] | દુષ્ટની | H7563 |
| (הָרָשָׁע) | દુષ્ટની | H7563 |
| עָלָיו | તેના-ઉપર | |
| תִּהְיֶה׃ | હશે | H1961 |

ס

જે પાપ કરશે તે માર્યો જશે. દીકરો પોતાના પિતાના અન્યાયની શિક્ષા ભોગવશે નહિ, કે પિતા પોતાના દીકરાના અન્યાયની શિક્ષા ભોગવશે નહિ. ન્યાયી માણસની નેકી તેને શિરે અને દુષ્ટની દુષ્ટતા તેને શિરે.

21

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָרָשָׁע | כִּי | יָשׁוּב | מִכָּל־ | ]חטאתו[ | )חַטֹּאתָיו( | אֲשֶׁר | עָשָׂה | וְשָׁמַר | אֶת־ | כָּל־ |
| અને-દુષ્ટ | જો | ફરે | બધાં-પાપોથી | પાપો | પાપોથી | જે | કર્યાં | અને-પાળે | આ | બધા |
| H7563 | | H7725 | H3605 | | H2403 | | | H8104 | H0853 | H3605 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| חֻקּוֹתַי | וְעָשָׂה | מִשְׁפָּט | וּצְדָקָה | חָיֹה | יִחְיֶה | לֹא | יָמוּת׃ |
| નિયમો | અને-કરે | ન્યાય | અને-ધર્મ | ખરેખર | જીવશે | નહીં | મરશે |
| H2708 | | H4941 | H6666 | H2421 | H2421 | H3808 | H4191 |

પણ જો દુષ્ટ પોતે પોતાનાં કરેલાં સર્વ પાપો કરવાનું છોડી દેશે અને મારા બધા વિધિઓ પાળશે, નેકીથી તથા પ્રામાણિકપણે વર્તશે તો તે નિશ્ચે જીવશે, તે મરશે નહિ.

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כָּל־ | פְּשָׁעָיו | אֲשֶׁר | עָשָׂה | לֹא | יִזָּכְרוּ | לוֹ | בְּצִדְקָתוֹ | אֲשֶׁר־ | עָשָׂה | יִחְיֶה׃ |
| બધાં | અપરાધો | જે | કર્યાં-હતાં | નહીં | યાદ-કરાશે | તેને | તેના-ન્યાયીપણાથી | જે | કર્યું | જીવશે |
| H3605 | H6588 | | | H3808 | H2142 | | H6666 | | | H2421 |

તેણે કરેલાં સર્વ ઉલ્લંઘનો ફરી યાદ કરવામાં આવશે નહિ. તે તેનાં કરેલા ન્યાયીપણાને લીધે જીવશે.

23

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הֶחָפֹץ | אֶחְפֹּץ | מוֹת | רָשָׁע | נְאֻם | אֲדֹנָי | יְהוִה | הֲלוֹא | בְּשׁוּבוֹ | מִדְּרָכָיו |
| શું-ઇચ્છું-છું | ઇચ્છું-છું | મરણ | દુષ્ટનું | ઘોષણા-કરે-છે | પ્રભુ | યહોવાહ | શું-નહીં | જ્યારે-ફરે | પોતાના-માર્ગોથી |
| | | H4194 | H7563 | H5002 | H0136 | H3069 | H3808 | H7725 | H1870 |

| | |
|---|---|
| וְחָיָה׃ | ס |
| અને-જીવે | — |
| H2421 | |

એવું પ્રભુ યહોવાહ કહે છે" "શું દુષ્ટ માણસના મૃત્યુથી મને કંઈ આનંદ છે?" જો તે પોતાના માર્ગથી પાછો ફરીને જીવતો રહે તો એના કરતાં હું વિશેષ રાજી ન થાઉં?

24

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבְשׁוּב | צַדִּיק | מִצִּדְקָתוֹ | וְעָשָׂה | עָוֶל | כְּכֹל | הַתּוֹעֵבוֹת | אֲשֶׁר־ | עָשָׂה | הָרָשָׁע |
| અને-જ્યારે-ફરે | ન્યાયી | પોતાના-ન્યાયીપણાથી | અને-કરે | અન્યાય | બધા | ધિક્કારપાત્ર-કામો | જે | કરે-છે | દુષ્ટ |
| H7725 | H6662 | H6666 | | | H3605 | H8441 | | | H7563 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יַעֲשֶׂה | וָחָי | כָּל־ | ]צדקתו[ | )צִדְקֹתָיו( | אֲשֶׁר־ | עָשָׂה | לֹא | תִזָּכַרְנָה | בְּמַעֲלוֹ |
| કરે | અને-જીવે? | બધાં | ન્યાયીપણાં | ન્યાયીપણાં | જે | કર્યાં-હતાં | નહીં | યાદ-કરાશે | તેના-વિશ્વાસઘાતમાં |
| | H2425 | H3605 | H6666 | H6666 | | | H3808 | H2142 | H4604 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אֲשֶׁר־ | מָעַל | וּבְחַטָּאתוֹ | אֲשֶׁר־ | חָטָא | בָם | יָמוּת׃ |
| જે | વિશ્વાસઘાત-કર્યો | અને-તેના-પાપમાં | જે | પાપ-કર્યું | તેમાં | મરશે |
| | H4603 | | | H2398 | | H4191 |

પણ જો ન્યાયી માણસ પોતાની નેકી છોડી દઈને વિશ્વાસઘાત કરે, જે ધિક્કારપાત્ર કૃત્યો દુષ્ટ માણસ કરે છે તેઓનું અનુસરણ કરે, તો શું તે જીવશે? તેણે કરેલાં નેક કામોમાંનું કોઈ પણ યાદ કરવામાં આવશે નહિ. તેણે પોતે કરેલાં પાપોને લીધે તે મૃત્યુ પામશે.

25

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַאֲמַרְתֶּם | לֹא | יִתָּכֵן | דֶּרֶךְ | אֲדֹנָי | שִׁמְעוּ־ | נָא | בֵּית | יִשְׂרָאֵל | הֲדַרְכִּי | לֹא |
| અને-તમે-કહો-છો | નથી | ન્યાયી | માર્ગ | પ્રભુનો | સાંભળો | હવે | ઘરાના | ઇઝરાયેલના | શું-મારો-માર્ગ | નથી |
| H0559 | H3808 | H8505 | H1870 | H0136 | H8085 | H4994 | | H3478 | H1870 | H3808 |

| | | | | |
|---|---|---|---|---|
| יִתָּכֵן | הֲלֹא | דַּרְכֵיכֶם | לֹא | יִתָּכֵנוּ׃ |
| ન્યાયી? | શું-નહીં | તમારા-માર્ગો | નથી | ન્યાયી? |
| H8505 | H3808 | H1870 | H3808 | H8505 |

પણ તમે કહો છો કે, 'પ્રભુનો વ્યવહાર અદલ નથી.' હે ઇઝરાયલી લોકો સાંભળો. શું મારો વ્યવહાર અદલ નથી? તમારા માર્ગો અવળા નથી શું?

26

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּשׁוּב־ | צַדִּיק | מִצִּדְקָתוֹ | וְעָשָׂה | עָוֶל | וּמֵת | עֲלֵיהֶם | בְּעַוְלוֹ | אֲשֶׁר־ | עָשָׂה |
| જ્યારે-ફરે | ન્યાયી | પોતાના-ન્યાયીપણાથી | અને-કરે | અન્યાય | અને-મરે | તેમાં | તેના-અન્યાયમાં | જે | કર્યો |
| H7725 | H6662 | H6666 | | | H4191 | | | | |

| | |
|---|---|
| יָמוּת׃ | ס |
| મરશે | — |
| H4191 | |

જો ન્યાયી માણસ પોતાની નેકીથી પાછો ફરી જાય, અન્યાય કરે અને તેના કારણે તે મૃત્યુ પામે, તો તેણે પોતે કરેલા અન્યાયને કારણે જ તે મૃત્યુ પામે.

27

| | | |
|---|---|---|
| וּבְשׁוּב | અને-જ્યારે-ફરે | H7725 |
| רָשָׁע | દુષ્ટ | H7563 |
| מֵרִשְׁעָתוֹ | પોતાની-દુષ્ટતાથી | H7564 |
| אֲשֶׁר | જે | |
| עָשָׂה | કરી | |
| וַיַּעַשׂ | અને-કરે | |
| מִשְׁפָּט | ન્યાય | H4941 |
| וּצְדָקָה | અને-ધર્મ | H6666 |
| הוּא | તે | H1931 |
| אֶת־ | આ | H0853 |
| נַפְשׁוֹ | પોતાના-જીવને | H5315 |
| יְחַיֶּה׃ | બચાવશે | H2421 |

પણ જો દુષ્ટ માણસ પોતે કરેલી દુષ્ટતાથી પાછો ફરીને ન્યાયથી તથા પ્રામાણિકપણે વર્તે તો તે પોતાનો જીવ બચાવશે.

28

| | | |
|---|---|---|
| וַיִּרְאֶה | અને-જુએ-છે | H7200 |
| [וישוב] | ફરે-છે | H7725 |
| (וַיָּשָׁב) | ફરે-છે | H7725 |
| מִכָּל־ | બધા | H3605 |
| פְּשָׁעָיו | અપરાધોથી | H6588 |
| אֲשֶׁר | જે | |
| עָשָׂה | કર્યા | |
| חָיוֹ | ખરેખર | H2421 |
| יִחְיֶה | જીવશે | H2421 |
| לֹא | નહીં | H3808 |
| יָמוּת׃ | મરશે | H4191 |

તે વિચાર કરીને પોતે કરેલા સર્વ અપરાધોમાંથી પાછા ફરે. તેથી તે નક્કી જીવશે, તે મૃત્યુ પામશે નહિ.

29

| | | |
|---|---|---|
| וְאָמְרוּ | અને-કહે-છે | H0559 |
| בֵּית | ઘરાનું | |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલનું | H3478 |
| לֹא | નથી | H3808 |
| יִתָּכֵן | ન્યાયી | H8505 |
| דֶּרֶךְ | માર્ગ | H1870 |
| אֲדֹנָי | પ્રભુનો | H0136 |
| הַדְּרָכַי | શું-મારા-માર્ગો | H1870 |
| לֹא | નથી | H3808 |
| יִתָּכְנוּ | ન્યાયી? | H8505 |
| בֵּית | ઘરાના | |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલના | H3478 |
| הֲלֹא | શું-નહીં | H3808 |
| דַרְכֵיכֶם | તમારા-માર્ગો | H1870 |
| לֹא | નથી | H3808 |
| יִתָּכֵן׃ | ન્યાયી? | H8505 |

પણ ઇઝરાયલી લોકો કહે છે કે, 'પ્રભુનો વ્યવહાર અદલ નથી.' હે ઇઝરાયલી લોકો, શું મારો વ્યવહાર અદલ નથી? શું તમારા માર્ગો અવળા નથી?

30

| | | |
|---|---|---|
| לָכֵן | તેથી | |
| אִישׁ | દરેક-માણસને | H0376 |
| כִּדְרָכָיו | તેના-માર્ગો-પ્રમાણે | H1870 |
| אֶשְׁפֹּט | ન્યાય-કરીશ | H8199 |
| אֶתְכֶם | તમારો | H0853 |
| בֵּית | ઘરાના | |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલના | H3478 |
| נְאֻם | ઘોષણા-કરે-છે | H5002 |
| אֲדֹנָי | પ્રભુ | H0136 |
| יְהוִה | યહોવાહ | H3069 |
| שׁוּבוּ | ફરો | H7725 |
| וְהָשִׁיבוּ | અને-ફેરવો | H7725 |
| מִכָּל־ | બધા | H3605 |
| פִּשְׁעֵיכֶם | તમારા-અપરાધોથી | H6588 |
| וְלֹא־ | અને-ન | H3808 |
| יִהְיֶה | થાય | H1961 |
| לָכֶם | તમારે | |
| לְמִכְשׁוֹל | ઠોકર-ખવડાવનાર | H4383 |
| עָוֹן׃ | અપરાધ | H5771 |

એ માટે, હે ઇઝરાયલી લોકો, "પ્રભુ યહોવાહ કહે છે કે, હું તમારા દરેકનો ન્યાય તમારાં આચરણ પ્રમાણે કરીશ." પસ્તાવો કરો અને તમારાં ઉલ્લંઘનોથી પાછા ફરો, જેથી દુષ્ટતા તમારા વિનાશનું કારણ થઈ પડશે નહિ.

31

| | | |
|---|---|---|
| הַשְׁלִיכוּ | ફેંકી-દો | H7993 |
| מֵעֲלֵיכֶם | તમારા-ઉપરથી | |
| אֶת־ | આ | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| פִּשְׁעֵיכֶם | અપરાધો | H6588 |
| אֲשֶׁר | જે | |
| פְּשַׁעְתֶּם | કર્યા-છે | H6586 |
| בָּם | તેમાં | |
| וַעֲשׂוּ | અને-બનાવો | |
| לָכֶם | તમારા-માટે | |
| לֵב | હૃદય | |
| חָדָשׁ | નવું | H2319 |
| וְרוּחַ | અને-આત્મા | H7307 |
| חֲדָשָׁה | નવો | H2319 |
| וְלָמָּה | અને-શા-માટે | H4100 |
| תָמֻתוּ | મરો-છો | H4191 |
| בֵּית | ઘરાના | |
| יִשְׂרָאֵל׃ | ઇઝરાયેલના? | H3478 |

જે ઉલ્લંઘનો તમે કર્યા છે તેને તમારી પાસેથી ફેંકી દો; તમારે માટે નવું હૃદય તથા નવો આત્મા મેળવો. હે ઇઝરાયલી લોકો, તમે શા માટે માર્યા જાઓ છો?

32

| | | |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| לֹא | નથી | H3808 |
| אֶחְפֹּץ | ઇચ્છતો | |
| בְּמוֹת | મરણમાં | H4194 |
| הַמֵּת | મરનારના | H4191 |
| נְאֻם | ઘોષણા-કરે-છે | H5002 |
| אֲדֹנָי | પ્રભુ | H0136 |
| יְהוִה | યહોવાહ | H3069 |
| וְהָשִׁיבוּ | ફરો | H7725 |
| וִחְיוּ׃ | અને-જીવો | H2421 |
| פ | — | |

પ્રભુ યહોવાહ એવું કહે છે કે, મરનારના મોતથી મને કંઈ આનંદ થતો નથી." માટે પસ્તાવો કરો અને જીવતા રહો."

## Chapter 19

1

| | | |
|---|---|---|
| וְאַתָּה | અને-તું | |
| שָׂא | ઉઠાવ | H5375 |
| קִינָה | વિલાપ | H7015 |
| אֶל־ | વિશે | H0413 |
| נְשִׂיאֵי | રાજકુમારોને | |
| יִשְׂרָאֵל׃ | ઇઝરાયેલના | H3478 |

“તું ઇઝરાયલના આગેવાનો માટે વિલાપ કર.

2

| | | |
|---|---|---|
| וְאָמַרְתָּ | અને-કહે | H0559 |
| מָה | શું-હતી | H4100 |
| אִמְּךָ | તારી-માતા | H0517 |
| לְבִיָּא | સિંહણ | |
| בֵּין | વચ્ચે | H0996 |
| אֲרָיוֹת | સિંહોના | |
| רָבָצָה | સૂતી-હતી | H7257 |
| בְּתוֹךְ | વચ્ચે | H8432 |
| כְּפִרִים | જુવાન-સિંહોના | |
| רִבְּתָה | ઉછેર્યાં | |
| גוּרֶיהָ׃ | તેનાં-બચ્ચાં | H1482 |

અને કહે, ‘તારી માતા કોણ હતી? તે તો સિંહણ હતી, તે જુવાન સિંહોની સાથે પડી રહેતી હતી; તે સિંહોનાં ટોળાંમાં રહીને પોતાના સંતાન ઉછેરતી હતી.

3

| | | |
|---|---|---|
| וַתַּעַל | અને-મોટો-કર્યો | H5927 |
| אֶחָד | એકને | H0259 |
| מִגֻּרֶיהָ | તેનાં-બચ્ચાંમાંથી | H1482 |
| כְּפִיר | જુવાન-સિંહ | |
| הָיָה | થયો | H1961 |
| וַיִּלְמַד | અને-શીખ્યો | H3925 |
| לִטְרָף־ | શિકાર-ફાડવા | H2963 |
| טֶרֶף | શિકાર | H2964 |
| אָדָם | માણસો | H0120 |
| אָכָל׃ | ખાતો-હતો | H0398 |

તેણે પોતાનાં બચ્ચાંમાંના એકને ઉછેર્યું અને તે જુવાન સિંહ બન્યો, તે શિકાર પકડતાં શીખ્યો. તે માણસોનો ભક્ષ કરવા લાગ્યો.

4

| | | |
|---|---|---|
| וַיִּשְׁמְעוּ | અને-સાંભળ્યું | H8085 |
| אֵלָיו | તેના-વિશે | H0413 |
| גּוֹיִם | પ્રજાઓએ | |
| בְּשַׁחְתָּם | તેમની-ખાડમાં | H7845 |
| נִתְפָּשׂ | પકડાયો | H8610 |
| וַיְבִאֻהוּ | અને-લઈ-ગયા-તેને | H0935 |
| בַחַחִים | આકડાઓથી | H2397 |
| אֶל־ | તરફ | H0413 |
| אֶרֶץ | દેશ | H0776 |
| מִצְרָיִם׃ | મિસરના | H4714 |

બીજી પ્રજાઓએ તેના વિષે સાંભળ્યું. તે તેઓની જાળમાં સપડાયો, તેઓ તેને સાંકળો પહેરાવીને મિસરમાં લાવ્યા.

5

| | | |
|---|---|---|
| וַתֵּרֶא | અને-જોયું-કે | H7200 |
| כִּי | કે | |
| נוֹחֲלָה | રાહ-જોઈ | H3176 |
| אָבְדָה | ખોવાઈ-ગઈ | H0006 |
| תִּקְוָתָהּ | તેની-આશા | |
| וַתִּקַּח | અને-લીધો | H3947 |
| אֶחָד | બીજો-એક | H0259 |
| מִגֻּרֶיהָ | તેનાં-બચ્ચાંમાંથી | H1482 |
| כְּפִיר | જુવાન-સિંહ | |
| שָׂמָתְהוּ׃ | બનાવ્યો-તેને | |

જ્યારે તેણે જોયું કે તેની આશાઓ રદ થઈ છે ત્યારે તેણે પોતાનાં બચ્ચાંમાંનું બીજું એક બચ્ચું લઈને તેને ઉછેરીને જુવાન સિંહ બનાવ્યો.

6

| | | |
|---|---|---|
| וַיִּתְהַלֵּךְ | અને-ફરતો-હતો | H1980 |
| בְּתוֹךְ־ | વચ્ચે | H8432 |
| אֲרָיוֹת | સિંહોના | |
| כְּפִיר | જુવાન-સિંહ | |
| הָיָה | થયો | H1961 |
| וַיִּלְמַד | અને-શીખ્યો | H3925 |
| לִטְרָף־ | શિકાર-ફાડવા | H2963 |
| טֶרֶף | શિકાર | H2964 |
| אָדָם | માણસો | H0120 |
| אָכָל׃ | ખાતો-હતો | H0398 |

તે સિંહોની સાથે ફરવા લાગ્યો. તે જુવાન સિંહ બન્યો અને તે શિકાર પકડતાં શીખ્યો; માણસોનો ભક્ષ કરવા લાગ્યો.

7

| | | |
|---|---|---|
| וַיֵּדַע | અને-જાણ્યા | H3045 |
| אַלְמְנוֹתָיו | તેમની-વિધવાઓ | H0490 |
| וְעָרֵיהֶם | અને-તેમનાં-શહેરો | |
| הֶחֱרִיב | ઉજ્જડ-કર્યાં | |
| וַתֵּשַׁם | અને-ઉજ્જડ-થઈ | H3456 |
| אֶרֶץ | દેશ | H0776 |
| וּמְלֹאָהּ | અને-તેની-ભરપૂરતા | H4393 |
| מִקּוֹל | અવાજથી | |
| שַׁאֲגָתוֹ׃ | તેની-ગર્જનાની | H7581 |

તેણે વિધવાઓ પર બળાત્કાર કર્યા, નગરોને ખંડિયેર બનાવી દીધાં. અને તેની ગર્જનાના અવાજથી દેશ તથા તેની સમૃદ્ધિ નાશ પામ્યાં.

8

| | | |
|---|---|---|
| וַיִּתְּנוּ | અને-ગોઠવ્યાં | H5414 |
| עָלָיו | તેની-વિરુદ્ધ | |
| גּוֹיִם | પ્રજાઓએ | |
| סָבִיב | ચારે-બાજુથી | H5439 |
| מִמְּדִינוֹת | પ્રાંતોમાંથી | H4082 |
| וַיִּפְרְשׂוּ | અને-ફેલાવી | H6566 |
| עָלָיו | તેના-ઉપર | |
| רִשְׁתָּם | જાળ | H7568 |
| בְּשַׁחְתָּם | તેમની-ખાડમાં | H7845 |
| נִתְפָּשׂ׃ | પકડાયો | H8610 |

પણ વિદેશી પ્રજાઓના લોકો આજુબાજુના પ્રાંતોમાંથી તેના પર ચઢી આવ્યા. તેઓએ તેના પર જાળ નાખી. તે તેઓના ફાંદામાં સપડાઈ ગયો.

9

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּתְּנֻהוּ | בַסּוּגַר | בַּחַחִים | וַיְבִאֻהוּ | אֶל־ | מֶלֶךְ | בָּבֶל | יְבִאֻהוּ | בַּמְּצֹדוֹת |
| અને–મૂક્યો–તેને | પાંજરામાં | આકડાઓથી | અને–લઈ–ગયા–તેને | તરફ | રાજા | બાબેલના | લઈ–ગયા–તેને | કિલ્લાઓમાં |
| H5414 | H5474 | H2397 | H0935 | H0413 | H4428 | H0894 | H0935 | |
| לְמַעַן | לֹא־ | יִשָּׁמַע | קוֹלוֹ | עוֹד | אֶל־ | הָרֵי | יִשְׂרָאֵל׃ | פ |
| જેથી | નહીં | સંભળાય | તેનો–અવાજ | ફરી | ઉપર | પર્વતો | ઇઝરાયેલના | — |
| H4616 | H3808 | H8085 | | H5750 | H0413 | H2022 | H3478 | |

તેઓએ તેને સાંકળે બાંધી પાંજરામાં પૂર્યો અને તેને બાબિલના રાજા પાસે લાવ્યા. તેનો અવાજ ઇઝરાયલના પર્વતો પર સાંભળવામાં ન આવે માટે તેઓએ તેને પર્વતોના કિલ્લામાં રાખ્યો.

10

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אִמְּךָ | כַגֶּפֶן | בְּדָמְךָ | עַל־ | מַיִם | שְׁתוּלָה | פֹּרִיָּה | וַעֲנֵפָה | הָיְתָה |
| તારી–માતા | દ્રાક્ષાવેલ–જેવી | તારા–લોહીમાં | પાસે | પાણી | વાવેલી–હતી | ફળદાયી | અને–ડાળીવાળી | હતી |
| H0517 | H1612 | H1818 | | H4325 | H8362 | H6509 | H6058 | H1961 |
| מִמַּיִם | רַבִּים׃ | | | | | | | |
| પુષ્કળ–પાણીથી | ઘણાં | | | | | | | |
| H4325 | | | | | | | | |

તારી માતા તારા જેવી સુંદર અને પાણીના ઝરા પાસે રોપેલા દ્રાક્ષના વેલા જેવી હતી. પુષ્કળ પાણી મળવાથી તે ફળદ્રુપ અને ડાળીઓથી ભરપૂર હતી.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּהְיוּ־ | לָהּ | מַטּוֹת | עֹז | אֶל־ | שִׁבְטֵי | מֹשְׁלִים | וַתִּגְבַּהּ | קוֹמָתוֹ | עַל־ |
| અને–હતી | તેને | ડાળીઓ | બળવાની | માટે | રાજદંડો | શાસકોના | અને–ઊંચો–થયો | તેનો–કદ | ઉપર |
| H1961 | | H4294 | H5797 | H0413 | H7626 | H4910 | H1361 | H6967 | |
| בֵּין | עֲבֹתִים | וַיֵּרָא | בְגָבְהוֹ | בְּרֹב | דָּלִיֹּתָיו׃ | | | | |
| વચ્ચે | ગાઢ–ડાળીઓના | અને–દેખાતો | તેની–ઊંચાઈમાં | બહુળતામાં | તેની–ડાળીઓની | | | | |
| H0996 | H5688 | H7200 | H1363 | H7230 | H1808 | | | | |

સત્તાધારીઓના રાજદંડોને લાયક તેને મજબૂત ડાળીઓ થઈ હતી. તેની ડાળીઓના જથ્થાસહિત તે ઊંચી દેખાતી હતી.

12

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַתֻּתַּשׁ | בְּחֵמָה | לָאָרֶץ | הֻשְׁלָכָה | וְרוּחַ | הַקָּדִים | הוֹבִישׁ | פִּרְיָהּ | הִתְפָּרְקוּ |
| પરંતુ–ઉખેડાઈ | ક્રોધમાં | જમીન–પર | ફેંકાઈ | અને–પૂર્વનો–પવન | પૂર્વનો | સૂકવી–નાખ્યાં | તેના–ફળ | તૂટી–ગયાં |
| H5428 | H2534 | H0776 | H7993 | H7307 | H6921 | H3001 | H6529 | H6561 |
| וְיָבֵשׁוּ | מַטֵּה | עֻזָּהּ | אֵשׁ | אֲכָלָתְהוּ׃ | | | | |
| અને–સૂકાઈ–ગઈ | ડાળી | તેના–બળની | અગ્નિએ | બાળી–નાખી | | | | |
| H3001 | H4294 | H5797 | H0784 | H0398 | | | | |

પણ તે દ્રાક્ષાવેલાને ઈશ્વરના કોપને લીધે ઉખેડી નાખીને જમીનદોસ્ત કરવામાં આવ્યો, પૂર્વના પવનોએ તેનાં ફળો સૂકવી નાખ્યાં. તેની સુકાઈ ગયેલી ડાળીઓ ભાંગી નાખવામાં આવી અને તે ચીમળાઈ ગઈ; તેને અગ્નિથી ભસ્મ કરવામાં આવી.

13

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְעַתָּה | שְׁתוּלָה | בַמִּדְבָּר | בְּאֶרֶץ | צִיָּה | וְצָמָא׃ |
| અને–હવે | વાવેલી–છે | રણમાં | જમીનમાં | શુષ્ક | અને–તરસ્યુ |
| H6258 | H8362 | | H0776 | H6723 | H6772 |

હવે તેને અરણ્યમાં સૂકા તથા નિર્જળ પ્રદેશમાં રોપવામાં આવી છે.

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַתֵּצֵא | אֵשׁ | מִמַּטֵּה | בַדֶּיהָ | פִּרְיָהּ | אָכָלָה | וְלֹא־ | הָיָה | בָהּ | מַטֵּה־ |
| અને–નીકળ્યો | અગ્નિ | ડાળીઓના–દંડમાંથી | તેની–શાખાઓ | તેના–ફળ | ખાઈ–ગઈ | અને–નહીં | રહી | તેમાં | ડાળી |
| H3318 | H0784 | H4294 | H0905 | H6529 | H0398 | H3808 | H1961 | | H4294 |
| עֹז | שֵׁבֶט | לִמְשׁוֹל | קִינָה | הִיא | וַתְּהִי | לְקִינָה׃ | פ | | |
| બળવાની | રાજદંડ | શાસન–માટે | વિલાપ | આ | અને–થયું | વિલાપ–માટે | — | | |
| H5797 | H7626 | H4910 | H7015 | H1931 | H1961 | H7015 | | | |

તેની મોટી ડાળીઓમાંથી અગ્નિ પ્રગટીને તેનાં ફળોને ભસ્મ કર્યા. તેના પર મજબૂત ડાળી રહી નહિ કે તેમાંથી સત્તાધારી માટે રાજદંડ બને.' આ તો વિલાપગાન છે અને વિલાપ તરીકે તે ગવાશે."

## Chapter 20

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי | בַּשָּׁנָה | הַשְּׁבִיעִית | בַּחֲמִשִׁי | בֶּעָשׂוֹר | לַחֹדֶשׁ | בָּאוּ | אֲנָשִׁים | מִזִּקְנֵי | יִשְׂרָאֵל |
| અને-થયું | વર્ષમાં | સાતમા | પાંચમા-મહિનામાં | દસમે-દિવસે | મહિનાના | આવ્યા | માણસો | વડીલોમાંથી | ઇઝરાયેલના |
| H1961 | H8141 | H7637 | H2549 | H6218 | H2320 | H0935 | H0376 | H2205 | H3478 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| לִדְרֹשׁ | אֶת־ | יְהוָה | וַיֵּשְׁבוּ | לְפָנָי׃ | ס |
| પૂછવા | એ | યહોવાહને | અને-બેઠા | મારી-સામે | — |
| H1875 | H0853 | H3068 | H3427 | H6440 | |

સાતમા વર્ષના પાંચમા મહિનાના દસમા દિવસે ઇઝરાયલના વડીલો યહોવાહને સલાહ પૂછવા મારી સમક્ષ આવીને બેઠા.

2

| | | | | |
|---|---|---|---|---|
| וַיְהִי | דְבַר־ | יְהוָה | אֵלַי | לֵאמֹר׃ |
| અને-થયું | વચન | યહોવાહનું | મારી-પાસે | કહેતાં: |
| H1961 | H1697 | H3068 | H0413 | H0559 |

ત્યારે યહોવાહનું વચન મારી પાસે આવ્યું અને કહ્યુ,

3

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בֶּן־ | אָדָם | דַּבֵּר | אֶת־ | זִקְנֵי | יִשְׂרָאֵל | וְאָמַרְתָּ | אֲלֵהֶם | כֹּה | אָמַר | אֲדֹנָי | יְהוִה |
| હે-માણસના | દીકરા | બોલ | એ | વડીલોને | ઇઝરાયેલના | અને-કહે | તેમને | આમ | કહે-છે | પ્રભુ | યહોવાહ |
| | H0120 | H1696 | H0854 | H2205 | H3478 | H0559 | H0413 | H3541 | H0559 | H0136 | H3069 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הֲלִדְרֹשׁ | אֹתִי | אַתֶּם | בָּאִים | חַי־ | אָנִי | אִם־ | אִדָּרֵשׁ | לָכֶם | נְאֻם | אֲדֹנָי |
| શું-પૂછવા | મને | તમે | આવો-છો? | જીવતો-છું | હું | ખરેખર | નહીં-જવાબ-આપું | તમને | ઘોષણા-કરે-છે | પ્રભુ |
| H1875 | H0853 | | H0935 | | H0589 | | H1875 | | H5002 | H0136 |

| |
|---|
| יְהוִה׃ |
| યહોવાહ |
| H3069 |

“હે મનુષ્યપુત્ર, તું ઇઝરાયલના વડીલોને આ પ્રમાણે કહે: ‘પ્રભુ યહોવાહ આમ કહે છે: તમે મારી સલાહ પૂછવા આવો છો? હું મારા જીવના સમ ખાઈને કહું છું કે, હું તમને સલાહ નહિ આપું” પ્રભુ યહોવાહ એવું કહે છે.

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הֲתִשְׁפֹּט | אֹתָם | הֲתִשְׁפּוֹט | בֶּן־ | אָדָם | אֶת־ | תּוֹעֲבֹת | אֲבוֹתָם | הוֹדִיעֵם׃ |
| શું-ન્યાય-કરીશ | તેમનો | શું-ન્યાય-કરીશ | હે-માણસના | દીકરા | એ | ધિક્કારપાત્ર-કામો | તેમના-પિતાઓના | જણાવ-તેમને |
| H8199 | H0853 | H8199 | | H0120 | H0853 | H8441 | H0001 | H3045 |

“હે મનુષ્યપુત્ર શું તું તેઓનો ન્યાય કરશે? શું તું ન્યાય કરશે? તેઓના પિતૃઓનાં ધિક્કારપાત્ર કૃત્યો વિષે તેઓને જણાવ.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאָמַרְתָּ | אֲלֵיהֶם | כֹּה־ | אָמַר | אֲדֹנָי | יְהוִה | בְּיוֹם | בָּחֳרִי | בְיִשְׂרָאֵל | וָאֶשָּׂא | יָדִי |
| અને-કહે | તેમને | આમ | કહે-છે | પ્રભુ | યહોવાહ | દિવસે | પસંદ-કર્યા-મેં | ઇઝરાયેલને | અને-ઉઠાવ્યો | હાથ-મારો |
| H0559 | H0413 | H3541 | H0559 | H0136 | H3069 | H3117 | H0977 | H3478 | H5375 | H3027 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לְזֶרַע | בֵּית | יַעֲקֹב | וָאִוָּדַע | לָהֶם | בְּאֶרֶץ | מִצְרָיִם | וָאֶשָּׂא | יָדִי | לָהֶם | לֵאמֹר |
| વંશને | ઘરના | યાકૂબના | અને-ઓળખાણ-કરાવી | તેમને | દેશમાં | મિસરના | અને-ઉઠાવ્યો | હાથ-મારો | તેમને | કહેતાં |
| H2233 | | H3290 | H3045 | | H0776 | H4714 | H5375 | H3027 | | H0559 |

| | | |
|---|---|---|
| אֲנִי | יְהוָה | אֱלֹהֵיכֶם׃ |
| હું | યહોવાહ | તમારો-ઈશ્વર |
| H0589 | H3068 | H0430 |

તેઓને કહે, પ્રભુ યહોવાહ કહે છે: “જે દિવસે મેં ઇઝરાયલને પસંદ કર્યો, મેં યાકૂબના વંશજોની આગળ સમ ખાધા, હું મિસર દેશમાં તેઓની આગળ પ્રગટ થયો, જ્યારે મેં તેઓની આગળ સમ ખાધા હતા કે, ‘હું યહોવાહ તમારો ઈશ્વર છું’

6

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בַּיּוֹם | הַהוּא | נָשָׂאתִי | יָדִי | לָהֶם | לְהוֹצִיאָם | מֵאֶרֶץ | מִצְרָיִם | אֶל־ | אֶרֶץ | אֲשֶׁר־ | תַּרְתִּי |
| દિવસે | તે | ઉઠાવ્યો-મેં | હાથ-મારો | તેમને | બહાર-કાઢવા | દેશમાંથી | મિસરના | તરફ | દેશ | જે | શોધ્યો-મેં |
| H3117 | H1931 | H5375 | H3027 | | H3318 | H0776 | H4714 | H0413 | H0776 | | H8446 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לָהֶם | זָבַת | חָלָב | וּדְבַשׁ | צְבִי | הִיא | לְכָל־ | הָאֲרָצוֹת׃ |
| તેમના-માટે | વહેતો | દૂધ | અને-મધથી | શોભા | તે | બધા | દેશોની |
| | H2100 | H2461 | H1706 | | H1931 | H3605 | H0776 |

તે દિવસે મેં તેઓની આગળ સમ ખાધા હતા કે, હું તેઓને મિસર દેશમાંથી બહાર કાઢીને જે દેશ મેં તેઓને માટે પસંદ કર્યો છે તેમાં લાવીશ. તે દૂધ તથા મધથી રેલછેલવાળો દેશ છે; તે બધા દેશોનું સૌથી સુંદર ઘરેણું છે.

7

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וָאֹמַ֣ר | אֲלֵהֶ֗ם | אִ֣ישׁ | שִׁקּוּצֵ֤י | עֵינָיו֙ | הַשְׁלִ֔יכוּ | וּבְגִלּוּלֵ֥י | מִצְרַ֖יִם | אַל־ |
| અને-કહ્યુ-મેં | તેમને | દરેક | ધિક્કારપાત્ર-વસ્તુઓ | આખોની | ફેંકી-દો | અને-મૂર્તિઓથી | મિસરની | ના |
| H0559 | H0413 | H0376 | H8251 | | H7993 | H1544 | H4714 | H0408 |

| | | | |
|---|---|---|---|
| תִּטַּמָּ֑אוּ | אֲנִ֖י | יְהוָ֥ה | אֱלֹהֵיכֶֽם׃ |
| અશુદ્ધ-થાઓ | હું | યહોવાહ | તમારો-ઈશ્વર |
| | H0589 | H3068 | H0430 |

મેં તેઓને કહ્યુ, 'તમે બધા તમારી નજરમાં જે ધિક્કારપાત્ર વસ્તુઓ છે તેઓને તથા મિસરની મૂર્તિઓને ફેંકી દો. તમારી જાતને અશુદ્ધ ન કરો; હું યહોવાહ તમારો ઈશ્વર છું.'"

8

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּמְרוּ־ | בִי֮ | וְלֹ֣א | אָבוּ֮ | לִשְׁמֹ֣עַ | אֵלַי֒ | אִ֣ישׁ | אֶת־ | שִׁקּוּצֵ֤י |
| અને-બળવો-કર્યો | મારી-વિરુદ્ધ | અને-નહીં | ચાહ્યુ | સાંભળવા | મને | દરેકે | એ | ધિક્કારપાત્ર-વસ્તુઓ |
| H4784 | | H3808 | H0014 | H8085 | H0413 | H0376 | H0853 | H8251 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עֵֽינֵיהֶם֙ | לֹ֣א | הִשְׁלִ֔יכוּ | וְאֶת־ | גִּלּוּלֵ֥י | מִצְרַ֖יִם | לֹ֣א | עָזָ֑בוּ | וָאֹמַ֞ר | לִשְׁפֹּ֧ךְ | חֲמָתִ֣י |
| તેમની-આખોની | નહીં | ફેંકી | અને-એ | મૂર્તિઓ | મિસરની | નહીં | છોડી | અને-કહ્યુ-મેં | રેડવા | મારો-ક્રોધ |
| | H3808 | H7993 | H0853 | H1544 | H4714 | H3808 | | H0559 | H8210 | H2534 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| עֲלֵיהֶ֗ם | לְכַלּ֤וֹת | אַפִּי֙ | בָּהֶ֔ם | בְּת֖וֹךְ | אֶ֥רֶץ | מִצְרָֽיִם׃ |
| તેમના-પર | પૂરો-કરવા | મારો-રોષ | તેમના-પર | વચ્ચે | દેશ | મિસરના |
| | H3615 | H0639 | | H8432 | H0776 | H4714 |

પણ તેઓએ મારી વિરુદ્ધ બંડ કર્યું, મારું વચન સાંભળવા ચાહ્યુ નહિ. દરેક માણસે પોતાની નજરમાંથી ધિક્કારપાત્ર કૃત્યો ફેંકી દીધાં નહિ કે મિસરની મૂર્તિઓનો ત્યાગ કર્યો નહિ. ત્યારે મેં વિચાર્યું કે હું તેઓના પર મારો ક્રોધ રેડીને મિસર દેશમાં મારો આક્રોશ પૂરો કરીશ.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאַ֙עַשׂ֙ | לְמַ֣עַן | שְׁמִ֔י | לְבִלְתִּ֥י | הֵחֵ֖ל | לְעֵינֵ֣י | הַגּוֹיִ֑ם | אֲשֶׁר־ | הֵ֣מָּה | בְתוֹכָ֔ם | אֲשֶׁ֨ר |
| અને-કર્યુ-મેં | ખાતર | મારા-નામના | જેથી-ના | અપવિત્ર-થાય | નજરમાં | પ્રજાઓની | જેમના | તેઓ | વચ્ચે-હતા | જેમને |
| | H4616 | H8034 | H1115 | | | | | H1992 | H8432 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| נוֹדַ֤עְתִּי | אֲלֵיהֶם֙ | לְעֵ֣ינֵיהֶ֔ם | לְהוֹצִיאָ֖ם | מֵאֶ֥רֶץ | מִצְרָֽיִם׃ |
| ઓળખાણ-કરાવી-મેં | તેમને | તેમની-નજરમાં | બહાર-કાઢવા | દેશમાંથી | મિસરના |
| H3045 | H0413 | | H3318 | H0776 | H4714 |

પણ મિસર દેશમાંથી તેઓને બહાર કાઢી લાવતાં, પ્રજાઓના દેખતાં તથા જેઓ તેમની સાથે રહેતા હતા તેઓની નજરમાં તેને લાંછન લાગે એવું મેં મારા નામની ખાતર કર્યું નહિ.

10

| | | | | | |
|---|---|---|---|---|---|
| וָאוֹצִיאֵ֖ם | מֵאֶ֣רֶץ | מִצְרָ֑יִם | וָאֲבִאֵ֖ם | אֶל־ | הַמִּדְבָּֽר׃ |
| અને-બહાર-કાઢ્યા-મેં | દેશમાંથી | મિસરના | અને-લાવ્યો-તેમને | તરફ | રણમાં |
| H3318 | H0776 | H4714 | H0935 | H0413 | |

આથી હું તેઓને મિસરમાંથી બહાર કાઢીને અરણ્યમાં લાવ્યો.

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאֶתֵּ֤ן | לָהֶם֙ | אֶת־ | חֻקּוֹתַ֔י | וְאֶת־ | מִשְׁפָּטַ֖י | הוֹדַ֣עְתִּי | אוֹתָ֑ם | אֲשֶׁ֨ר | יַעֲשֶׂ֥ה | אוֹתָ֛ם |
| અને-આપ્યા | તેમને | એ | મારા-નિયમો | અને-એ | મારા-હુકમો | જણાવ્યા | તેમને | જે | કરે | તે |
| H5414 | | H0853 | H2708 | H0853 | H4941 | H3045 | H0853 | | | H0853 |

| | | |
|---|---|---|
| הָאָדָ֖ם | וָחַ֥י | בָּהֶֽם׃ |
| માણસ | અને-જીવે | તેમાં |
| H0120 | H2425 | |

ત્યારે મેં તેઓને મારા નિયમો આપ્યા અને મારી આજ્ઞાઓ જણાવી. જે માણસ તેનું પાલન કરે તે તેનાથી જીવન પામે.

12

| | | |
|---|---|---|
| וְגַם | અને-વળી | H1571 |
| אֶת־ | એ | H0853 |
| שַׁבְּתוֹתַי | મારા-વિશ્રામવારો | H7676 |
| נָתַתִּי | આપ્યા | H5414 |
| לָהֶם | તેમને | |
| לִהְיוֹת | થવા | H1961 |
| לְאוֹת | નિશાની | H0226 |
| בֵּינִי | મારી-અને | H0996 |
| וּבֵינֵיהֶם | તેમની-વચ્ચે | H0996 |
| לָדַעַת | જાણવા | H3045 |
| כִּי | કે | |
| אֲנִי | હું | H0589 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| מְקַדְּשָׁם׃ | પવિત્ર-કરનાર-છું | H6942 |

મેં તેઓને મારી અને તેઓની વચ્ચે વિશ્રામવારો ચિહ્નરૂપે આપ્યા, તેથી તેઓ જાણે કે, હું યહોવાહ તેમને પવિત્ર કરનાર ઈશ્વર છું.

13

| | | |
|---|---|---|
| וַיַּמְרוּ־ | અને-બળવો-કર્યો | H4784 |
| בִי | મારી-વિરુદ્ધ | |
| בֵית־ | ઘર | |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલના | H3478 |
| בַּמִּדְבָּר | રણમાં | |
| בְּחֻקּוֹתַי | મારા-નિયમોમાં | H2708 |
| לֹא־ | નહીં | H3808 |
| הָלָכוּ | ચાલ્યા | H1980 |
| וְאֶת־ | અને-એ | H0853 |
| מִשְׁפָּטַי | મારા-હુકમો | H4941 |
| מָאָסוּ | ધિક્કાર્યા | |
| אֲשֶׁר | જે | |
| יַעֲשֶׂה | કરે | |
| אֹתָם | તે | H0853 |
| הָאָדָם | માણસ | H0120 |
| וָחַי | અને-જીવે | H2425 |
| בָּהֶם | તેમાં | |
| וְאֶת־ | અને-એ | H0853 |
| שַׁבְּתֹתַי | મારા-વિશ્રામવારો | H7676 |
| חִלְּלוּ | અપવિત્ર-કર્યા | |
| מְאֹד | ખૂબ | H3966 |
| וָאֹמַר | અને-કહ્યુ-મેં | H0559 |
| לִשְׁפֹּךְ | રેડવા | H8210 |
| חֲמָתִי | મારો-ક્રોધ | H2534 |
| עֲלֵיהֶם | તેમના-પર | |
| בַּמִּדְבָּר | રણમાં | |
| לְכַלּוֹתָם׃ | નાશ-કરવા-તેમનો | H3615 |

પણ ઇઝરાયલી લોકોએ અરણ્યમાં પણ મારી વિરુદ્ધ બંડ કર્યું. તેઓ મારા નિયમમાં ચાલ્યા નહિ; પણ, જેનું પાલન કરવાથી માણસ જીવન પામે છે, તે મારા હુકમોનો ઇનકાર કર્યો. તેઓએ ખાસ વિશ્રામવારોને અપવિત્ર કર્યા, આથી, મેં તેઓના પર મારો રોષ ઉતારીને અરણ્યમાં જ તેઓનો સંહાર કરવાનો નિર્ણય કર્યો.

14

| | | |
|---|---|---|
| וָאֶעֱשֶׂה | અને-કર્યું-મેં | |
| לְמַעַן | ખાતર | H4616 |
| שְׁמִי | મારા-નામના | H8034 |
| לְבִלְתִּי | જેથી-ના | H1115 |
| הֵחֵל | અપવિત્ર-થાય | |
| לְעֵינֵי | નજરમાં | |
| הַגּוֹיִם | પ્રજાઓની | |
| אֲשֶׁר | જેમની | |
| הוֹצֵאתִים | બહાર-કાઢ્યા-મેં | H3318 |
| לְעֵינֵיהֶם׃ | તેમની-નજરમાં | |

પણ મેં મારા નામની ખાતર એવું કર્યું કે, જે પ્રજાઓના દેખતાં હું તેને મિસરમાંથી બહાર કાઢી લાવ્યો હતો તેમની નજરમાં મારું નામ અપવિત્ર ન થાય.

15

| | | |
|---|---|---|
| וְגַם־ | અને-વળી | H1571 |
| אֲנִי | હું | H0589 |
| נָשָׂאתִי | ઉઠાવ્યો-મેં | H5375 |
| יָדִי | હાથ-મારો | H3027 |
| לָהֶם | તેમને | |
| בַּמִּדְבָּר | રણમાં | |
| לְבִלְתִּי | નહીં | H1115 |
| הָבִיא | લાવવા | H0935 |
| אוֹתָם | તેમને | H0853 |
| אֶל־ | તરફ | H0413 |
| הָאָרֶץ | દેશ | H0776 |
| אֲשֶׁר־ | જે | |
| נָתַתִּי | આપ્યો-મેં | H5414 |
| זָבַת | વહેતો | H2100 |
| חָלָב | દૂધ | H2461 |
| וּדְבַשׁ | અને-મધથી | H1706 |
| צְבִי | શોભા | |
| הִיא | તે | H1931 |
| לְכָל־ | બધા | H3605 |
| הָאֲרָצוֹת׃ | દેશોની | H0776 |

આથી મેં સમ ખાધા કે, મેં તેઓને જે દેશ આપવાનું નક્કી કર્યું હતું, જે દૂધ તથા મધથી રેલછેલવાળો દેશ હતો અને જે સૌથી સુંદર ઘરેણા જેવો હતો, તેમાં લઈ જઈશ નહિ.

16

| | | |
|---|---|---|
| יַעַן | કારણ-કે | H3282 |
| בְּמִשְׁפָּטַי | મારા-હુકમો | H4941 |
| מָאָסוּ | ધિક્કાર્યા | |
| וְאֶת־ | અને-એ | H0853 |
| חֻקּוֹתַי | મારા-નિયમો | H2708 |
| לֹא־ | નહીં | H3808 |
| הָלְכוּ | ચાલ્યા | H1980 |
| בָהֶם | તેમાં | |
| וְאֶת־ | અને-એ | H0853 |
| שַׁבְּתוֹתַי | મારા-વિશ્રામવારો | H7676 |
| חִלֵּלוּ | અપવિત્ર-કર્યા | |
| כִּי | કારણ-કે | |
| אַחֲרֵי | પાછળ | |
| גִלּוּלֵיהֶם | તેમની-મૂર્તિઓના | H1544 |
| לִבָּם | તેમનું-હૃદય | |
| הֹלֵךְ׃ | જતું-હતું | H1980 |

કેમ કે, તેઓએ મારા કાનૂનનો તિરસ્કાર કર્યો, મારા વિધિઓમાં ચાલ્યા નહિ, તેઓએ મારા વિશ્રામવારને અપવિત્ર કર્યો છે, પણ તેઓનાં હૃદય મૂર્તિઓ તરફ ખેંચાતાં હતાં.

17

| | | |
|---|---|---|
| וַתָּחָס | અને-દયા-કરી | H2347 |
| עֵינִי | મારી-આંખે | |
| עֲלֵיהֶם | તેમના-પર | |
| מִשַּׁחֲתָם | નાશ-કરતાં | H7843 |
| וְלֹא־ | અને-નહીં | H3808 |
| עָשִׂיתִי | કર્યો-મેં | |
| אוֹתָם | તેમનો | H0853 |
| כָּלָה | સંપૂર્ણ-નાશ | H3617 |
| בַּמִּדְבָּר׃ | રણમાં | |

પણ મેં તેઓના પર દયા કરીને તેઓનો નાશ ન કર્યો, અરણ્યમાં તેઓનો પૂરેપૂરો સંહાર ન કર્યો.

18

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאֹמַ֤ר | אֶל־ | בְּנֵיהֶם֙ | בַּמִּדְבָּ֔ר | בְּחוּקֵּ֤י | אֲב֣וֹתֵיכֶ֔ם | אַל־ | תֵּלֵ֔כוּ | וְאֶת־ | מִשְׁפְּטֵיהֶ֖ם |
| અને-કહ્યુ-મેં | ને | તેમના-દીકરાઓને | રણમાં | નિયમોમાં | તમારા-પિતાઓના | ના | ચાલો | અને-એ | તેમના-હુકમો |
| H0559 | H0413 | | | H2706 | H0001 | H0408 | H3212 | H0853 | H4941 |

| | | | | |
|---|---|---|---|---|
| אַל־ | תִּשְׁמֹ֑רוּ | וּבְגִלּוּלֵיהֶ֖ם | אַל־ | תִּטַּמָּֽאוּ׃ |
| ના | પાળો | અને-તેમની-મૂર્તિઓથી | ના | અશુદ્ધ-થાઓ |
| H0408 | H8104 | H1544 | H0408 | |

મેં તેઓનાં દીકરાઓને તથા દીકરીઓને અરણ્યમાં કહ્યુ, 'તમે તમારા પિતાઓના નિયમો પ્રમાણે ચાલશો નહિ, તેઓના હુકમોને અનુસરશો નહિ કે તેઓની મૂર્તિઓથી તમારી જાતને અશુદ્ધ કરશો નહિ.

19

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲנִי֙ | יְהוָ֣ה | אֱלֹהֵיכֶ֔ם | בְּחֻקּוֹתַ֖י | לֵ֑כוּ | וְאֶת־ | מִשְׁפָּטַ֥י | שִׁמְר֖וּ | וַעֲשׂ֥וּ | אוֹתָֽם׃ |
| હું | યહોવાહ | તમારો-ઈશ્વર | મારા-નિયમોમાં | ચાલો | અને-એ | મારા-હુકમો | પાળો | અને-કરો | તે |
| H0589 | H3068 | H0430 | H2708 | H3212 | H0853 | H4941 | H8104 | | H0853 |

હું યહોવાહ તમારો ઈશ્વર છું. મારા વિધિઓ પ્રમાણે ચાલો; મારી આજ્ઞાઓ પાળો અને તેમનું પાલન કરો.

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶת־ | שַׁבְּתוֹתַ֖י | קַדֵּ֑שׁוּ | וְהָי֤וּ | לְאוֹת֙ | בֵּינִ֣י | וּבֵינֵיכֶ֔ם | לָדַ֕עַת | כִּ֛י | אֲנִ֥י |
| અને-એ | મારા-વિશ્રામવારો | પવિત્ર-માનો | અને-થાય | નિશાની | મારી-અને | તમારી-વચ્ચે | જાણવા | કે | હું |
| H0853 | H7676 | H6942 | H1961 | H0226 | H0996 | H0996 | H3045 | | H0589 |

| | |
|---|---|
| יְהוָ֖ה | אֱלֹהֵיכֶֽם׃ |
| યહોવાહ | તમારો-ઈશ્વર |
| H3068 | H0430 |

વિશ્રામવારને પવિત્ર ગણો, જેથી તે તમારી અને મારી વચ્ચે ચિહ્નરૂપ બને, જેથી તમે જાણશો કે હું યહોવાહ તમારો ઈશ્વર છું.'"

21

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּמְרוּ־ | בִ֣י | הַבָּנִ֗ים | בְּחֻקּוֹתַ֣י | לֹֽא־ | הָלָ֡כוּ | וְאֶת־ | מִשְׁפָּטַ֞י | לֹא־ | שָׁמְר֣וּ |
| અને-બળવો-કર્યો | મારી-વિરુદ્ધ | દીકરાઓએ | મારા-નિયમોમાં | નહીં | ચાલ્યા | અને-એ | મારા-હુકમો | નહીં | પાળ્યા |
| H4784 | | | H2708 | H3808 | H1980 | H0853 | H4941 | H3808 | H8104 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לַעֲשׂ֣וֹת | אוֹתָ֗ם | אֲשֶׁר֩ | יַעֲשֶׂ֨ה | אוֹתָ֤ם | הָאָדָם֙ | וָחַ֣י | בָּהֶ֔ם | אֶת־ | שַׁבְּתוֹתַ֖י | חִלֵּ֑לוּ |
| કરવા | તે | જે | કરે | તે | માણસ | અને-જીવે | તેમાં | એ | મારા-વિશ્રામવારો | અપવિત્ર-કર્યા |
| | H0853 | | | H0853 | H0120 | H2425 | | H0853 | H7676 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וָאֹמַ֞ר | לִשְׁפֹּ֧ךְ | חֲמָתִ֛י | עֲלֵיהֶ֖ם | לְכַלּ֥וֹת | אַפִּ֛י | בָּ֖ם | בַּמִּדְבָּֽר׃ |
| અને-કહ્યુ-મેં | રેડવા | મારો-ક્રોધ | તેમના-પર | પૂરો-કરવા | મારો-રોષ | તેમના-પર | રણમાં |
| H0559 | H8210 | H2534 | | H3615 | H0639 | | |

પણ તેઓના દીકરાઓએ તથા દીકરીઓએ મારી વિરુદ્ધ બંડ કર્યું. તેઓ મારા નિયમો પ્રમાણે ચાલ્યા નહિ અને મારા કાનૂનોને અનુસર્યા નહિ, તેમ જ મારા કાયદાઓનું પાલન કરીને તેનો અમલ કર્યો નહિ. વળી તેઓએ મારા વિશ્રામવારને અપવિત્ર કર્યા, જો કોઈ માણસ તેઓને પાળે તો તે તેઓ વડે જીવે, ત્યારે મેં તેઓ પર મારો કોપ રેડીને તેઓના પર મારો આક્રોશ પૂરો કર્યો.

22

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַהֲשִׁבֹ֙תִי֙ | אֶת־ | יָדִ֔י | וָאַ֖עַשׂ | לְמַ֣עַן | שְׁמִ֑י | לְבִלְתִּ֤י | הֵחֵל֙ | לְעֵינֵ֣י | הַגּוֹיִ֔ם |
| અને-પાછો-ખેંચ્યો-મેં | એ | મારો-હાથ | અને-કર્યું-મેં | ખાતર | મારા-નામના | જેથી-ના | અપવિત્ર-થાય | નજરમાં | પ્રજાઓની |
| H7725 | H0853 | H3027 | | H4616 | H8034 | H1115 | | | |

| | | | |
|---|---|---|---|
| אֲשֶׁר־ | הוֹצֵ֥אתִי | אוֹתָ֖ם | לְעֵינֵיהֶֽם׃ |
| જેમાંથી | બહાર-કાઢ્યા-મેં | તેમને | તેમની-નજરમાં |
| | H3318 | H0853 | |

પણ મેં મારો હાથ પાછો ખેંચી લીધો, મારા નામની ખાતર એવું કર્યું, જે પ્રજાઓના દેખતાં હું તેઓને મિસરમાંથી બહાર લાવ્યો હતો તેઓની નજરમાં મારું નામ અપવિત્ર ન કર્યું.

23

| | | |
|---|---|---|
| גַּם־ | વળી | H1571 |
| אֲנִי | હું | H0589 |
| נָשָׂאתִי | ઉઠાવ્યો-મેં | H5375 |
| אֶת־ | એ | H0853 |
| יָדִי | મારો-હાથ | H3027 |
| לָהֶם | તેમને | |
| בַּמִּדְבָּר | રણમાં | |
| לְהָפִיץ | વિખેરવા | |
| אֹתָם | તેમને | H0853 |
| בַּגּוֹיִם | પ્રજાઓમાં | |
| וּלְזָרוֹת | અને-વેરવિખેર-કરવા | H2219 |
| אוֹתָם | તેમને | H0853 |
| בָּאֲרָצוֹת׃ | દેશોમાં | H0776 |

તેઓને પ્રજાઓમાં વેરવિખેર કરી નાખવાને તથા દેશદેશ સર્વત્ર વિખેરી નાખવાને, મેં તેઓની આગળ અરણ્યમાં સમ ખાધા.

24

| | | |
|---|---|---|
| יַעַן | કારણ-કે | H3282 |
| מִשְׁפָּטַי | મારા-હુકમો | H4941 |
| לֹא־ | નહીં | H3808 |
| עָשׂוּ | કર્યા | |
| וְחֻקּוֹתַי | અને-મારા-નિયમો | H2708 |
| מָאָסוּ | ધિક્કાર્યા | |
| וְאֶת־ | અને-એ | H0853 |
| שַׁבְּתוֹתַי | મારા-વિશ્રામવારો | H7676 |
| חִלֵּלוּ | અપવિત્ર-કર્યા | |
| וְאַחֲרֵי | અને-પાછળ | |
| גִּלּוּלֵי | મૂર્તિઓ | H1544 |
| אֲבוֹתָם | તેમના-પિતાઓની | H0001 |
| הָיוּ | હતી | H1961 |
| עֵינֵיהֶם׃ | તેમની-આંખો | |

કેમ કે તેઓએ મારા કાનૂનોનો અમલ કર્યો નથી, તેઓએ મારી આજ્ઞાઓનો અનાદર કર્યો છે, મારા વિશ્રામવારોને અપવિત્ર કર્યાં છે. તેઓના પિતાઓની મૂર્તિઓની તરફ તેઓની દ્રષ્ટિ હતી.

25

| | | |
|---|---|---|
| וְגַם־ | અને-વળી | H1571 |
| אֲנִי | હું | H0589 |
| נָתַתִּי | આપ્યા-મેં | H5414 |
| לָהֶם | તેમને | |
| חֻקִּים | નિયમો | H2706 |
| לֹא | નહીં | H3808 |
| טוֹבִים | સારા | |
| וּמִשְׁפָּטִים | અને-હુકમો | H4941 |
| לֹא | નહીં | H3808 |
| יִחְיוּ | જીવી-શકે | H2421 |
| בָּהֶם׃ | તેમાં | |

મેં તેઓને એવા નિયમો આપ્યા કે જે સારા ન હતા, એવી આજ્ઞાઓ આપી કે જેઓ વડે તેઓ જીવે નહિ.

26

| | | |
|---|---|---|
| וָאֲטַמֵּא | અને-અશુદ્ધ-કર્યા-મેં | |
| אוֹתָם | તેમને | H0853 |
| בְּמַתְּנוֹתָם | તેમના-ભેટોમાં | H4979 |
| בְּהַעֲבִיר | જ્યારે-પસાર-કર્યા | |
| כָּל־ | બધા | H3605 |
| פֶּטֶר | પ્રથમ-જન્મેલા | |
| רָחַם | ગર્ભના | |
| לְמַעַן | જેથી | H4616 |
| אֲשִׁמֵּם | ભયભીત-કરું-તેમને | H8074 |
| לְמַעַן | જેથી | H4616 |
| אֲשֶׁר | કે | |
| יֵדְעוּ | જાણે | H3045 |
| אֲשֶׁר | કે | |
| אֲנִי | હું | H0589 |
| יְהוָה׃ | યહોવાહ | H3068 |
| ס | — | |

તેઓએ પોતાના પ્રથમ જન્મેલાને અગ્નિમાં ચલાવ્યા, તેમ મેં તેઓને પોતાની ભેટો દ્વારા અશુદ્ધ કર્યાં. હું તેઓને ત્રાસ આપું જેથી તેઓ જાણશે કે હું યહોવાહ છું.

27

| | | |
|---|---|---|
| לָכֵן | તેથી | |
| דַּבֵּר | બોલ | H1696 |
| אֶל־ | ને | H0413 |
| בֵּית | ઘરાના | |
| יִשְׂרָאֵל | ઇઝરાયેલના | H3478 |
| בֶּן־ | હે-માણસના | |
| אָדָם | દીકરા | H0120 |
| וְאָמַרְתָּ | અને-કહે | H0559 |
| אֲלֵיהֶם | તેમને | H0413 |
| כֹּה | આમ | H3541 |
| אָמַר | કહે-છે | H0559 |
| אֲדֹנָי | પ્રભુ | H0136 |
| יְהוִה | યહોવાહ | H3069 |
| עוֹד | વળી | H5750 |
| זֹאת | આ | H2063 |
| גִּדְּפוּ | નિંદા-કરી | H1442 |
| אוֹתִי | મારી | H0853 |
| אֲבוֹתֵיכֶם | તમારા-પિતાઓએ | H0001 |
| בְּמַעֲלָם | તેમના-વિશ્વાસઘાતમાં | H4603 |
| בִּי | મારા-પ્રત્યે | |
| מָעַל׃ | વિશ્વાસઘાત-કર્યો | H4604 |

માટે, હે મનુષ્યપુત્ર, તું ઇઝરાયલી લોકોને કહે; 'પ્રભુ યહોવાહ એવું કહે છે કે: "તારા પૂર્વજોએ મારું અપમાન કરીને અવિશ્વાસુ રહ્યાં છે. તેઓએ આ પ્રમાણે કર્યું.

28

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַאֲבִאֵם | אֶל־ | הָאָרֶץ | אֲשֶׁר | נָשָׂאתִי | אֶת־ | יָדִי | לָתֵת | אוֹתָהּ | לָהֶם | וַיִּרְאוּ |
| અને-લાવ્યા-મેં | તરફ | દેશ | જે | ઉઠાવ્યો-મેં | એ | હાથ-મારો | આપવા | તે | તેમને | અને-જોયા-તેમણે |
| H0935 | H0413 | H0776 | | H5375 | H0853 | H3027 | H5414 | H0853 | | H7200 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כָל־ | גִּבְעָה | רָמָה | וְכָל־ | עֵץ | עָבֹת | וַיִּזְבְּחוּ־ | שָׁם | אֶת־ | זִבְחֵיהֶם | וַיִּתְּנוּ־ |
| દરેક | ટેકરી | ઊંચી | અને-દરેક | વૃક્ષ | ઘટાદાર | અને-બલિદાન-કર્યાં | ત્યાં | એ | તેમના-બલિદાનો | અને-આપ્યા |
| H3605 | H1389 | | H3605 | H6086 | H5687 | H2076 | H8033 | H0853 | H2077 | H5414 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| שָׁם | כַּעַס | קָרְבָּנָם | וַיָּשִׂימוּ | שָׁם | רֵיחַ | נִיחוֹחֵיהֶם | וַיַּסִּיכוּ | שָׁם | אֶת־ |
| ત્યાં | ઉશ્કેરણીજનક | તેમના-અર્પણો | અને-મૂક્યા | ત્યાં | સુગંધ | તેમના-ધૂપના | અને-રેડ્યા | ત્યાં | એ |
| H8033 | | | | H8033 | H7381 | H5207 | | H8033 | H0853 |

| |
|---|
| נִסְכֵּיהֶם׃ |
| તેમના-પેયાર્પણો |
| H5262 |

મેં તેઓને જે દેશ આપવાના સમ ખાધા હતા તે પ્રમાણે હું તેઓને દેશમાં લાવ્યો. ત્યાં તેઓએ ઊંચા પર્વતો તથા ઘટાદાર વૃક્ષો જોયાં, તેઓએ ત્યાં બલિદાનો, સુવાસિત ધૂપ તથા પેયાર્પણો અર્પણ કરી મને ક્રોધિત કર્યો.

29

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאֹמַר | אֲלֵהֶם | מָה | הַבָּמָה | אֲשֶׁר־ | אַתֶּם | הַבָּאִים | שָׁם | וַיִּקָּרֵא | שְׁמָהּ | בָּמָה |
| અને-કહ્યુ-મેં | તેમને | શું-છે | ઊંચું-સ્થાન | જ્યાં | તમે | જાઓ-છો | ત્યાં? | અને-કહેવાયું | તેનું-નામ | ઊંચું-સ્થાન |
| H0559 | H0413 | H4100 | H1116 | | | H0935 | H8033 | H7121 | H8034 | H1117 |

| | | |
|---|---|---|
| עַד | הַיּוֹם | הַזֶּה׃ |
| સુધી | દિવસ | આજના |
| H5704 | H3117 | H2088 |

મેં તેઓને કહ્યુ; 'જે ઉચ્ચસ્થાને તમે અર્પણ લાવો છો તેનો હેતુ શો છે?' તેથી તેનું નામ આજ સુધી બામાહ ઉચ્ચસ્થાન પડ્યું છે.'"

30

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לָכֵן | אֱמֹר | אֶל־ | בֵּית | יִשְׂרָאֵל | כֹּה | אָמַר | אֲדֹנָי | יְהוִה | הַבְדֶרֶךְ | אֲבוֹתֵיכֶם |
| તેથી | કહે | ને | ઘરાના | ઇઝરાયેલના | આમ | કહે-છે | પ્રભુ | યહોવાહ | શું-માર્ગમાં | તમારા-પિતાઓના |
| | H0559 | H0413 | | H3478 | H3541 | H0559 | H0136 | H3069 | H1870 | H0001 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אַתֶּם | נִטְמְאִים | וְאַחֲרֵי | שִׁקּוּצֵיהֶם | אַתֶּם | זֹנִים׃ |
| તમે | અશુદ્ધ-થાઓ-છો | અને-પાછળ | તેમની-ધિક્કારપાત્ર-વસ્તુઓ | તમે | વ્યભિચાર-કરો-છો |
| | | | H8251 | | H2181 |

તેથી ઇઝરાયલી લોકોને કહે કે, 'પ્રભુ યહોવાહ કહે છે કે: "તમે તમારા પિતાઓની જેમ પોતાને અશુદ્ધ કેમ કરો છો? અને ગણિકાની જેમ ધિક્કારપાત્ર કાર્યો કેમ કરો છો?

31

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וּבִשְׂאֵת | מַתְּנֹתֵיכֶם | בְּהַעֲבִיר | בְּנֵיכֶם | בָּאֵשׁ | אַתֶּם | נִטְמְאִים | לְכָל־ |
| અને-ઉઠાવતાં | તમારી-ભેટો | જ્યારે-પસાર-કરો-છો | તમારા-દીકરાઓને | અગ્નિમાં | તમે | અશુદ્ધ-થાઓ-છો | બધી |
| H5375 | H4979 | | | H0784 | | | H3605 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| גִּלּוּלֵיכֶם | עַד־ | הַיּוֹם | וַאֲנִי | אִדָּרֵשׁ | לָכֶם | בֵּית | יִשְׂרָאֵל | חַי־ | אָנִי |
| તમારી-મૂર્તિઓથી | આજ | દિવસ-સુધી | અને-હું | જવાબ-આપું | તમને | ઘરાના | ઇઝરાયેલના? | જીવતો-છું | હું |
| H1544 | H5704 | H3117 | H0589 | H1875 | | | H3478 | | H0589 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| נְאֻם | אֲדֹנָי | יְהוִה | אִם־ | אִדָּרֵשׁ | לָכֶם׃ |
| ઘોષણા-કરે-છે | પ્રભુ | યહોવાહ | ખરેખર | નહીં-જવાબ-આપું | તમને |
| H5002 | H0136 | H3069 | | H1875 | |

જ્યારે તમે તમારાં અર્પણો ચઢાવો છો અને તમારાં બાળકોને અગ્નિમાં થઈને ચલાવો છો, ત્યારે તમે તમારી સર્વ મૂર્તિઓથી આજ સુધી પોતાને અશુદ્ધ કરો છો. તેમ છતાં હે ઇઝરાયલી લોકો, શું હું તમારા પ્રશ્નોના ઉત્તર આપું? હું મારા જીવના સમ ખાઈને કહું છું, હું તમારા પ્રશ્નોના ઉત્તર આપનાર નથી.

32

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָעֹלָה | עַל־ | רוּחֲכֶם | הָיוֹ | לֹא | תִהְיֶה | אֲשֶׁר | אַתֶּם | אֹמְרִים | נִהְיֶה | כַגּוֹיִם |
| અને-જે-આવે-છે | ઉપર | તમારા-મનમાં | ખરેખર | નહીં | થાય | જે | તમે | કહો-છો | થઈશું | પ્રજાઓ-જેવા |
| H5927 | | H7307 | H1961 | H3808 | H1961 | | | H0559 | H1961 | |

| | | | | |
|---|---|---|---|---|
| כְּמִשְׁפְּחוֹת | הָאֲרָצוֹת | לְשָׁרֵת | עֵץ | וָאָבֶן׃ |
| કુટુંબો-જેવા | દેશોના | સેવા-કરવા | લાકડાં | અને-પથ્થરની |
| H4940 | H0776 | H8334 | H6086 | H0068 |

તમે કહો છો, અમે બીજી પ્રજાઓની જેમ, બીજા દેશોના કુળોની જેમ, લાકડાના તથા પથ્થરના દેવોની પૂજા કરીશું જે વિચાર તમારા મનમાં આવે છે તે સફળ થશે નહિ.

33

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| חַי־ | אָנִי | נְאֻם | אֲדֹנָי | יְהוִה | אִם־ | לֹא | בְּיָד | חֲזָקָה | וּבִזְרוֹעַ | נְטוּיָה | וּבְחֵמָה | שְׁפוּכָה | אֶמְלוֹךְ | עֲלֵיכֶם׃ |
| જીવતો-છું | હું | ઘોષણા-કરે-છે | પ્રભુ | યહોવાહ | ખરેખર | નિશ્ચે | બળવાન-હાથે | બળવાન | અને-ફેલાયેલા-બાહુથી | ફેલાયેલા | અને-ક્રોધ | રેડાયેલા-સાથે | રાજ-કરીશ | તમારા-ઉપર |
| | H0589 | H5002 | H0136 | H3069 | | H3808 | H3027 | H2389 | H2220 | H5186 | H2534 | H8210 | | |

પ્રભુ યહોવાહ કહે છે કે, હું મારા જીવના સમ ખાઈને કહું છું કે, હું મારો હાથ લંબાવીને અને મારા પરાક્રમી હાથ વડે, કોપ રેડીને તમારા પર શાસન ચલાવીશ.

34

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהוֹצֵאתִי | אֶתְכֶם | מִן־ | הָעַמִּים | וְקִבַּצְתִּי | אֶתְכֶם | מִן־ | הָאֲרָצוֹת | אֲשֶׁר | נְפוֹצֹתֶם | בָּם | בְּיָד | חֲזָקָה | וּבִזְרוֹעַ | נְטוּיָה | וּבְחֵמָה | שְׁפוּכָה׃ |
| અને-બહાર-કાઢીશ | તમને | માંથી | લોકોમાંથી | અને-ભેગા-કરીશ | તમને | માંથી | દેશોમાંથી | જ્યાં | વિખેરાયા-છો | તેમાં | બળવાન-હાથે | બળવાન | અને-ફેલાયેલા-બાહુથી | ફેલાયેલા | અને-ક્રોધ | રેડાયેલા-સાથે |
| H3318 | H0853 | | | H6908 | H0853 | | H0776 | | | | H3027 | H2389 | H2220 | H5186 | H2534 | H8210 |

તમે જે પ્રજાઓમાં વિખેરાઈ ગયા છો ત્યાંથી હું તમારા પર મારો ક્રોધ રેડીને તથા મારા પરાક્રમી હાથ વડે બહાર લાવીને ભેગા કરીશ.

35

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהֵבֵאתִי | אֶתְכֶם | אֶל־ | מִדְבַּר | הָעַמִּים | וְנִשְׁפַּטְתִּי | אִתְּכֶם | שָׁם | פָּנִים | אֶל־ | פָּנִים׃ |
| અને-લાવીશ | તમને | તરફ | રણ | લોકોનું | અને-ન્યાય-કરીશ | તમારો | ત્યાં | સામસામે | ને | સામસામે |
| H0935 | H0853 | H0413 | | | H8199 | H0854 | H8033 | H6440 | H0413 | H6440 |

હું તમને વિદેશી પ્રજાઓના અરણ્યમાં લાવીશ અને હું ત્યાં મોઢામોઢ તમારો વાદ કરીશ.

36

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כַּאֲשֶׁר | נִשְׁפַּטְתִּי | אֶת־ | אֲבוֹתֵיכֶם | בְּמִדְבַּר | אֶרֶץ | מִצְרָיִם | כֵּן | אִשָּׁפֵט | אִתְּכֶם | נְאֻם | אֲדֹנָי | יְהוִה׃ |
| જેમ | ન્યાય-કર્યો-મેં | એ | તમારા-પિતાઓનો | રણમાં | દેશ | મિસરના | તેમ | ન્યાય-કરીશ | તમારો | ઘોષણા-કરે-છે | પ્રભુ | યહોવાહ |
| | H8199 | H0854 | H0001 | | H0776 | H4714 | | H8199 | H0854 | H5002 | H0136 | H3069 |

જેમ મેં મિસરના અરણ્યમાં તમારા પૂર્વજોનો વાદ કર્યો, તેમ હું તમારી સાથે વાદ કરીશ પ્રભુ યહોવાહ આમ કહે છે.

37

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְהַעֲבַרְתִּי | אֶתְכֶם | תַּחַת | הַשָּׁבֶט | וְהֵבֵאתִי | אֶתְכֶם | בְּמָסֹרֶת | הַבְּרִית׃ |
| અને-પસાર-કરીશ | તમને | નીચે | લાકડીની | અને-લાવીશ | તમને | બંધનમાં | કરારના |
| | H0853 | H8478 | H7626 | H0935 | H0853 | H4562 | H1285 |

હું તમને મારી લાકડી નીચેથી પસાર કરીશ અને હું તમને મારા કરારના બંધનમાં લાવીશ.

38

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּבָרוֹתִי | מִכֶּם | הַמֹּרְדִים | וְהַפּוֹשְׁעִים | בִּי | מֵאֶרֶץ | מְגוּרֵיהֶם | אוֹצִיא | אוֹתָם | וְאֶל־ | אַדְמַת | יִשְׂרָאֵל | לֹא | יָבוֹא | וִידַעְתֶּם | כִּי־ | אֲנִי | יְהוָה׃ |
| અને-છૂટા-કરીશ | તમારામાંથી | બળવાખોરોને | અને-અપરાધીઓને | મારી-વિરુદ્ધ | દેશમાંથી | તેમના-પ્રવાસના | બહાર-કાઢીશ | તેમને | અને-તરફ | ભૂમિ | ઇઝરાયેલની | નહીં | આવે | અને-જાણશો-તમે | કે | હું | યહોવાહ |
| H1305 | | H4775 | H6586 | | H0776 | H4033 | H3318 | H0853 | H0413 | H0127 | H3478 | H3808 | H0935 | H3045 | | H0589 | H3068 |

હું મારી વિરુદ્ધ બંડ કરનારાને તથા મારી વિરુદ્ધ અપરાધ કરનારાઓને અલગ કરીશ અને હું તમારામાંથી તેઓને જુદા કરીશ જ્યાં તેઓ બંદીવાન છે તે દેશોમાંથી હું તેઓને બહાર લાવીશ, પણ તેઓ ઇઝરાયલ દેશમાં પ્રવેશ કરશે નહિ. ત્યારે તમે જાણશો કે હું યહોવાહ છું.

| 39 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאַתֶּם | בֵית־ | יִשְׂרָאֵל | כֹּה־ | אָמַר | אֲדֹנָי | יְהוִה | אִישׁ | גִּלּוּלָיו | לְכוּ | עֲבֹדוּ |
| અને-તમે | ઘરાના | ઇઝરાયેલના | આમ | કહે-છે | પ્રભુ | યહોવાહ | દરેક | પોતાની-મૂર્તિઓ | જાઓ | સેવા-કરો |
| | | H3478 | H3541 | H0559 | H0136 | H3069 | H0376 | H1544 | H3212 | H5647 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאַחַר | אִם־ | אֵינְכֶם | שֹׁמְעִים | אֵלָי | וְאֶת־ | שֵׁם | קָדְשִׁי | לֹא | תְחַלְּלוּ־ | עוֹד |
| અને-પછી | જો | નથી-તમે | સાંભળતા | મને | અને-એ | નામ | મારું-પવિત્ર | ના | અપવિત્ર-કરો | ફરી |
| | | H0369 | H8085 | H0413 | H0853 | H8034 | H6944 | H3808 | | H5750 |

| | |
|---|---|
| בְּמַתְּנוֹתֵיכֶם | וּבְגִלּוּלֵיכֶם׃ |
| તમારી-ભેટોથી | અને-તમારી-મૂર્તિઓથી |
| H4979 | H1544 |

હવે, હે ઇઝરાયલના લોકો, પ્રભુ યહોવાહ આમ કહે છે: "જાઓ, તમે સર્વ પોતપોતાની મૂર્તિઓની સેવા કરો. જો તમે મારું સાંભળવાનો ઇનકાર કરો છો તો તમે મૂર્તિઓની પૂજા કરવાનું ચાલુ રાખો, પણ તમે તમારી મૂર્તિઓથી તથા ભેટોથી મારા પવિત્ર નામને અશુદ્ધ કરશો નહિ.

| 40 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | בְהַר־ | קָדְשִׁי | בְּהַר | מְרוֹם | יִשְׂרָאֵל | נְאֻם | אֲדֹנָי | יְהוִה | שָׁם |
| કારણ-કે | પર્વત-પર | મારા-પવિત્ર | પર્વત-પર | ઊંચા | ઇઝરાયેલના | ઘોષણા-કરે-છે | પ્રભુ | યહોવાહ | ત્યાં |
| | H2022 | H6944 | H2022 | H4791 | H3478 | H5002 | H0136 | H3069 | H8033 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יַעַבְדֻנִי | כָּל־ | בֵּית | יִשְׂרָאֵל | כֻּלֹּה | בָּאָרֶץ | שָׁם | אֶרְצֵם | וְשָׁם | אֶדְרוֹשׁ | אֶת־ |
| સેવા-કરશે-મારી | આખું | ઘરાનું | ઇઝરાયેલનું | બધું | દેશમાં | ત્યાં | સ્વીકારીશ-તેમને | અને-ત્યાં | માગીશ | એ |
| H5647 | H3605 | | H3478 | H3605 | H0776 | H8033 | H7521 | H8033 | H1875 | H0853 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| תְּרוּמֹתֵיכֶם | וְאֶת־ | רֵאשִׁית | מַשְׂאוֹתֵיכֶם | בְּכָל־ | קָדְשֵׁיכֶם׃ |
| તમારા-ઉત્થાનાર્પણો | અને-એ | પ્રથમ-ફળ | તમારા-અર્પણોના | બધી | તમારી-પવિત્ર-વસ્તુઓ |
| H8641 | H0853 | H7225 | H4864 | H3605 | H6944 |

પ્રભુ યહોવાહ આમ કહે છે કે, "મારા પવિત્ર પર્વત પર, ઇઝરાયલના પવિત્ર પર્વત પર, સર્વ ઇઝરાયલી લોકો મારી સેવા કરશે. ત્યાં હું તેમનો સ્વીકાર કરીશ, તમારાં અર્પણો, તમારી ખંડણી તરીકેનાં પ્રથમફળો તમારી પવિત્ર વસ્તુઓ સહિત માગીશ.

| 41 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בְּרֵיחַ | נִיחֹחַ | אֶרְצֶה | אֶתְכֶם | בְּהוֹצִיאִי | אֶתְכֶם | מִן־ | הָעַמִּים | וְקִבַּצְתִּי |
| સુગંધિત | સુવાસ-જેવા | સ્વીકારીશ | તમને | જ્યારે-બહાર-કાઢીશ-મેં | તમને | માંથી | લોકોમાંથી | અને-ભેગા-કરીશ |
| H7381 | H5207 | H7521 | H0853 | H3318 | H0853 | | | H6908 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶתְכֶם | מִן־ | הָאֲרָצוֹת | אֲשֶׁר | נְפֹצֹתֶם | בָּם | וְנִקְדַּשְׁתִּי | בָכֶם | לְעֵינֵי | הַגּוֹיִם׃ |
| તમને | માંથી | દેશોમાંથી | જ્યાં | વિખેરાયા-છો | તેમાં | અને-પવિત્ર-ઠરીશ | તમારામાં | નજરમાં | પ્રજાઓની |
| H0853 | | H0776 | | | | H6942 | | | |

હું તમને બીજી પ્રજાઓમાંથી બહાર લાવીશ, તમે જે દેશોમાં વિખેરાઈ ગયા હતા ત્યાંથી હું તમને ભેગા કરીશ, ત્યારે હું તમને સુવાસિત ધૂપની જેમ સ્વીકારીશ. સર્વ પ્રજાઓના દેખતાં હું તમારી મધ્યે પવિત્ર મનાઈશ.

| 42 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וִידַעְתֶּם | כִּי־ | אֲנִי | יְהוָה | בַּהֲבִיאִי | אֶתְכֶם | אֶל־ | אַדְמַת | יִשְׂרָאֵל | אֶל־ |
| અને-જાણશો-તમે | કે | હું | યહોવાહ | જ્યારે-લાવીશ-મેં | તમને | તરફ | ભૂમિ | ઇઝરાયેલની | તરફ |
| H3045 | | H0589 | H3068 | H0935 | H0853 | H0413 | H0127 | H3478 | H0413 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הָאָרֶץ | אֲשֶׁר | נָשָׂאתִי | אֶת־ | יָדִי | לָתֵת | אוֹתָהּ | לַאֲבוֹתֵיכֶם׃ |
| દેશ | જે | ઉઠાવ્યો-મેં | એ | હાથ-મારો | આપવા | તે | તમારા-પિતાઓને |
| H0776 | | H5375 | H0853 | H3027 | H5414 | H0853 | H0001 |

હું તમને ઇઝરાયલના દેશમાં એટલે જે દેશ તમારા પિતૃઓને આપવાના મેં સમ ખાધા હતા તે દેશમાં હું તમને લાવીશ. ત્યારે તમે જાણશો કે હું યહોવાહ છું.

| 43 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וּזְכַרְתֶּם־ | שָׁם | אֶת־ | דַּרְכֵיכֶם | וְאֵת | כָּל־ | עֲלִילוֹתֵיכֶם | אֲשֶׁר | נִטְמֵאתֶם | בָּם |
| અને-યાદ-કરશો | ત્યાં | એ | તમારા-માર્ગો | અને-એ | બધાં | તમારાં-કાર્યો | જેનાથી | અશુદ્ધ-થયા | તેમાં |
| H2142 | H8033 | H0853 | H1870 | H0853 | H3605 | H5949 | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וּנְקֹטֹתֶם | בִּפְנֵיכֶם | בְּכָל־ | רָעוֹתֵיכֶם | אֲשֶׁר | עֲשִׂיתֶם׃ |
| અને-ધિક્કારશો | તમારી-જાતને | બધી | તમારી-બુરાઈઓ-માટે | જે | કરી-છે |
| H6962 | H6440 | H3605 | | | |

ત્યાં તમને પોતાના આચરણ તથા જે દુષ્ટ કૃત્યો કરીને તમે પોતાને ભ્રષ્ટ કર્યા છે તે યાદ આવશે, તમે જે દુષ્ટ કૃત્યો કર્યાં છે તેને લીધે તમે પોતાની નજરમાં પોતાને ધિક્કારશો.

44

| | | |
|---|---|---|
| וִֽידַעְתֶּם | અને-જાણશો-તમે | H3045 |
| כִּֽי־ | કે | |
| אֲנִ֣י | હું | H0589 |
| יְהוָ֔ה | યહોવાહ | H3068 |
| בַּעֲשׂוֹתִ֥י | જ્યારે-કરીશ-મેં | |
| אִתְּכֶ֖ם | તમારી-સાથે | H0854 |
| לְמַ֣עַן | ખાતર | H4616 |
| שְׁמִ֑י | મારા-નામના | H8034 |
| לֹ֩א | નહીં | H3808 |
| כְדַרְכֵיכֶ֨ם | તમારા-ખરાબ-માર્ગો-પ્રમાણે | H1870 |
| הָֽרָעִ֜ים | ખરાબ | |
| וְכַעֲלִילוֹתֵיכֶם֙ | અને-તમારાં-ભ્રષ્ટ-કાર્યો-પ્રમાણે | H5949 |
| הַנִּשְׁחָת֔וֹת | ભ્રષ્ટ | H7843 |
| בֵּ֖ית | ઘરાના | |
| יִשְׂרָאֵ֑ל | ઇઝરાયેલના | H3478 |
| נְאֻ֖ם | ઘોષણા-કરે-છે | H5002 |
| אֲדֹנָ֥י | પ્રભુ | H0136 |
| יְהוִֽה׃ | યહોવાહ | H3069 |
| פ | — | |

પ્રભુ યહોવાહ કહે છે કે, હે ઇઝરાયલી લોકો, તમારાં આચરણ તથા તમારાં દુષ્ટ કૃત્યો પ્રમાણે, હું મારા નામની ખાતર તમારી સાથે આવું નહિ કરું□” ત્યારે તમે જાણશો કે હું યહોવાહ છું.

45

| | | |
|---|---|---|
| וַיְהִ֥י | અને-થયું | H1961 |
| דְבַר־ | વચન | H1697 |
| יְהוָ֖ה | યહોવાહનું | H3068 |
| אֵלַ֥י | મારી-પાસે | H0413 |
| לֵאמֹֽר׃ | કહેતાં: | H0559 |

પછી યહોવાહનું વચન મારી પાસે આવ્યું અને કહ્યું,

46

| | | |
|---|---|---|
| בֶּן־ | હે-માણસના | |
| אָדָ֗ם | દીકરા | H0120 |
| שִׂ֣ים | રાખ | |
| פָּנֶ֙יךָ֙ | તારું-મુખ | H6440 |
| דֶּ֣רֶךְ | દિશામાં | H1870 |
| תֵּימָ֔נָה | દક્ષિણ-તરફ | H8486 |
| וְהַטֵּ֖ף | અને-ટપકાવ | H5197 |
| אֶל־ | તરફ | H0413 |
| דָּר֑וֹם | દક્ષિણ | H1864 |
| וְהִנָּבֵ֛א | અને-ભવિષ્યવાણી-કર | H5012 |
| אֶל־ | તરફ | H0413 |
| יַ֥עַר | વન | |
| הַשָּׂדֶ֖ה | ખેતરનું | |
| נֶֽגֶב׃ | દક્ષિણનું | H5045 |

હે મનુષ્યપુત્ર, તું તારું મુખ દક્ષિણ તરફ ફેરવીને દક્ષિણ તરફ બોલ; નેગેબના જંગલ વિરુદ્ધ ભવિષ્ય વાણી કર.

47

| | | |
|---|---|---|
| וְאָמַרְתָּ֞ | અને-કહે | H0559 |
| לְיַ֣עַר | વનને | |
| הַנֶּ֗גֶב | દક્ષિણના | H5045 |
| שְׁמַ֙ע | સાંભળ | H8085 |
| דְּבַר־ | વચન | H1697 |
| יְהוָ֔ה | યહોવાહનું | H3068 |
| כֹּֽה־ | આમ | H3541 |
| אָמַ֞ר | કહે-છે | H0559 |
| אֲדֹנָ֣י | પ્રભુ | H0136 |
| יְהוִ֗ה | યહોવાહ | H3069 |
| הִנְנִ֣י | જુઓ-હું | H2009 |
| מַצִּֽית־ | સળગાવું-છું | H3341 |
| בְךָ֣ | તારામાં | |
| אֵ֡שׁ | અગ્નિ | H0784 |
| וְאָכְלָ֣ה | અને-ખાઈ-જશે | H0398 |
| בְךָ֣ | તારામાં | |
| כָל־ | દરેક | H3605 |
| עֵֽץ־ | વૃક્ષ | H6086 |
| לַח֮ | લીલું | H3892 |
| וְכָל־ | અને-દરેક | H3605 |
| עֵ֣ץ | વૃક્ષ | H6086 |
| יָבֵ֒שׁ | સૂકું | H3002 |
| לֹֽא־ | નહીં | H3808 |
| תִכְבֶּה֙ | હોલવાય | H3518 |
| לַהֶ֣בֶת | જ્વાળા | H3852 |
| שַׁלְהֶ֔בֶת | પ્રજ્વળતી | H7957 |
| וְנִצְרְבוּ־ | અને-દાઝશે | H6866 |
| בָ֥הּ | તેમાં | |
| כָּל־ | બધાં | H3605 |
| פָּנִ֖ים | મુખ | H6440 |
| מִנֶּ֥גֶב | દક્ષિણથી | H5045 |
| צָפֽוֹנָה׃ | ઉત્તર-સુધી | H6828 |

નેગેબના જંગલને કહે કે; ‘યહોવાહનું વચન સાંભળ; પ્રભુ યહોવાહ આમ કહે છે; જુઓ, હું તારી મધ્યે અગ્નિ સળગાવીશ, તે તારાં દરેક લીલાં વૃક્ષને તેમ જ સૂકાં વૃક્ષને ભસ્મ કરી જશે. અગ્નિની જ્વાળા હોલવાશે નહિ. દક્ષિણથી ઉત્તર સુધીના સર્વ મુખો બળી જશે.

48

| | | |
|---|---|---|
| וְרָאוּ֙ | અને-જોશે | H7200 |
| כָּל־ | બધા | H3605 |
| בָּשָׂ֔ר | લોકો | H1320 |
| כִּ֛י | કે | |
| אֲנִ֥י | હું | H0589 |
| יְהוָ֖ה | યહોવાહે | H3068 |
| בִּֽעַרְתִּ֑יהָ | સળગાવ્યું-તેને | |
| לֹ֖א | નહીં | H3808 |
| תִּכְבֶּֽה׃ | હોલવાય | H3518 |

ત્યારે બધા માણસો જાણશે કે અગ્નિ સળગાવનાર યહોવાહ હું છું અને તે હોલવી શકાશે નહિ.’

49

| | | |
|---|---|---|
| וָאֹמַ֕ר | અને-કહ્યું-મેં | H0559 |
| אֲהָ֖הּ | અરે | H0162 |
| אֲדֹנָ֣י | પ્રભુ | H0136 |
| יְהוִ֑ה | યહોવાહ | H3069 |
| הֵ֚מָּה | તેઓ | H1992 |
| אֹמְרִ֣ים | કહે-છે | H0559 |
| לִ֔י | મને | |
| הֲלֹ֛א | શું-નથી | H3808 |
| מְמַשֵּׁ֥ל | દ્રષ્ટાંત-કથા | |
| מְשָׁלִ֖ים | કહેનાર | H4912 |
| הֽוּא׃ | તે? | H1931 |
| פ | — | |

પછી મેં કહ્યુ, “અરે પ્રભુ યહોવાહ, તેઓ મારા વિષે કહે છે કે, ‘શું તે દ્રષ્ટાંતો બોલનારો નથી?”

## Chapter 21

1

| וַיְהִי | דְבַר־ | יְהוָה | אֵלַי | לֵאמֹר׃ |
|---|---|---|---|---|
| અને-થયું | વચન | યહોવાહનું | મારી-પાસે | કહેતાં: |
| H1961 | H1697 | H3068 | H0413 | H0559 |

યહોવાહનું વચન મારી પાસે આવ્યું અને કહ્યુ,

2

| בֶּן־ | אָדָם | שִׂים | פָּנֶיךָ | אֶל־ | יְרוּשָׁלַםִ | וְהַטֵּף | אֶל־ | מִקְדָּשִׁים | וְהִנָּבֵא | אֶל־ | אַדְמַת | יִשְׂרָאֵל׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હે-માણસના | દીકરા | રાખ | તારું-મુખ | તરફ | યરુશાલેમ | અને-ટપકાવ | તરફ | પવિત્ર-સ્થાનો | અને-ભવિષ્યવાણી-કર | વિરુદ્ધ | ભૂમિ | ઇઝરાયેલની |
| | H0120 | | H6440 | H0413 | H3389 | H5197 | H0413 | H4720 | H5012 | H0413 | H0127 | H3478 |

“હે મનુષ્યપુત્ર, તારું મુખ યરુશાલેમ તરફ ફેરવ, પવિત્રસ્થાન સામે બોલ; ઇઝરાયલ દેશ વિરુદ્ધ ભવિષ્યવાણી કર.

3

| וְאָמַרְתָּ | לְאַדְמַת | יִשְׂרָאֵל | כֹּה | אָמַר | יְהוָה | הִנְנִי | אֵלַיִךְ | וְהוֹצֵאתִי | חַרְבִּי | מִתַּעְרָהּ | וְהִכְרַתִּי | מִמֵּךְ | צַדִּיק | וְרָשָׁע׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-કહે | ભૂમિને | ઇઝરાયેલની | આમ | કહે-છે | યહોવાહ | જુઓ-હું | તારી-વિરુદ્ધ | અને-બહાર-કાઢીશ | મારી-તલવાર | મ્યાનમાંથી | અને-કાપી-નાખીશ | તારામાંથી | ન્યાયી | અને-દુષ્ટને |
| H0559 | H0127 | H3478 | H3541 | H0559 | H3068 | H2009 | H0413 | H3318 | H2719 | H8593 | H3772 | | H6662 | H7563 |

ઇઝરાયલ દેશને કહે, યહોવાહ આમ કહે છે: જુઓ, હું તારી વિરુદ્ધ છું. હું મારી તલવાર મ્યાનમાંથી ખેંચીને તમારામાંથી ન્યાયી માણસોનો તથા દુષ્ટોનો સંહાર કરીશ.

4

| יַעַן | אֲשֶׁר־ | הִכְרַתִּי | מִמֵּךְ | צַדִּיק | וְרָשָׁע | לָכֵן | תֵּצֵא | חַרְבִּי | מִתַּעְרָהּ | אֶל־ | כָּל־ | בָּשָׂר | מִנֶּגֶב | צָפוֹן׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | જે | કાપીશ-મેં | તારામાંથી | ન્યાયી | અને-દુષ્ટને | તેથી | નીકળશે | મારી-તલવાર | મ્યાનમાંથી | વિરુદ્ધ | બધાં | લોકો | દક્ષિણથી | ઉત્તર-સુધી |
| H3282 | | H3772 | | H6662 | H7563 | | H3318 | H2719 | H8593 | H0413 | H3605 | H1320 | H5045 | H6828 |

તમારામાંથી ન્યાયી માણસોનો તથા દુષ્ટોનો સંહાર કરવા માટે મારી તલવાર મ્યાનમાંથી બહાર નીકળીને દક્ષિણથી તે ઉત્તર સુધી સર્વ માણસો ઉપર ધસી આવશે.

5

| וְיָדְעוּ | כָּל־ | בָּשָׂר | כִּי | אֲנִי | יְהוָה | הוֹצֵאתִי | חַרְבִּי | מִתַּעְרָהּ | לֹא | תָשׁוּב | עוֹד׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જાણશે | બધાં | લોકો | કે | હું | યહોવાહે | બહાર-કાઢી-છે | મારી-તલવાર | મ્યાનમાંથી | નહીં | પાછી-ફરશે | ફરી | — |
| H3045 | H3605 | H1320 | | H0589 | H3068 | H3318 | H2719 | H8593 | H3808 | H7725 | H5750 | |

ત્યારે સર્વ માણસો જાણશે કે મેં યહોવાહે મ્યાનમાંથી મારી તલવાર ખેંચી છે. તે કદી પાછી જશે નહિ’”

6

| וְאַתָּה | בֶן־ | אָדָם | הֵאָנַח | בְּשִׁבְרוֹן | מָתְנַיִם | וּבִמְרִירוּת | תֵּאָנַח | לְעֵינֵיהֶם׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-તું | હે-માણસના | દીકરા | નિસાસો-નાખ | કમર-તૂટવા-સાથે | કમરના | અને-કડવાશથી | નિસાસો-નાખ | તેમની-નજરમાં |
| | | H0120 | H0584 | H7670 | H4975 | H4814 | H0584 | |

હે મનુષ્યપુત્ર, નિસાસા નાખ તારી કમર ભાંગવાથી તથા દુ:ખથી તેઓનાં દેખતાં નિસાસા નાખ.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָה | כִּֽי־ | יֹאמְרוּ | אֵלֶיךָ | עַל־ | מָה | אַתָּה | נֶאֱנָח | וְאָמַרְתָּ | אֶל־ | שְׁמוּעָה |
| અને-થશે | જ્યારે | પૂછશે | તને | વિશે | શું | તું | નિસાસો-નાખે-છે? | અને-કહેશે | વિશે | સમાચાર |
| H1961 | | H0559 | H0413 | | H4100 | | H0584 | H0559 | H0413 | H8052 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִֽי־ | בָאָה | וְנָמֵס | כָּל־ | לֵב | וְרָפוּ | כָל־ | יָדַיִם | וְכִהֲתָה | כָל־ | רוּחַ |
| કે | આવે-છે | અને-ઓગળશે | દરેક | હૃદય | અને-નિર્બળ-થશે | બધા | હાથ | અને-મંદ-પડશે | દરેક | આત્મા |
| | H0935 | H4549 | H3605 | | H7503 | H3605 | H3027 | | H3605 | H7307 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְכָל־ | בִּרְכַּיִם | תֵּלַכְנָה | מַּיִם | הִנֵּה | בָאָה | וְנִֽהְיָתָה | נְאֻם | אֲדֹנָי | יְהוִֽה׃ | פ |
| અને-દરેક | ઘૂંટણ | જશે-તેમાં | પાણી | જુઓ | આવે-છે | અને-થશે | ઘોષણા-કરે-છે | પ્રભુ | યહોવાહ | — |
| H3605 | H1290 | H3212 | H4325 | H2009 | H0935 | H1961 | H5002 | H0136 | H3069 | |

જ્યારે તેઓ તને પૂછે કે, 'તું શા માટે નિસાસા નાખે છે?' ત્યારે તારે કહેવું, 'જે આવે છે તેના સમાચારને લીધે એમ થશે કે, ત્યારે દરેક હૃદય ભાંગી પડશે અને સર્વ હાથ કમજોર થઈ જશે. દરેક નિર્બળ થઈ જશે, દરેક ઘૂંટણ પાણી જેવાં ઢીલાં થઈ જશે. જુઓ□ પ્રભુ યહોવાહ આમ કહે છે, તે આવે છે અને તે પ્રમાણે કરવામાં આવશે."

8

| | | | | |
|---|---|---|---|---|
| וַיְהִי | דְבַר־ | יְהוָה | אֵלַי | לֵאמֹר׃ |
| અને-થયું | વચન | યહોવાહનું | મારી-પાસે | કહેતાં: |
| H1961 | H1697 | H3068 | H0413 | H0559 |

ત્યારે યહોવાહનું વચન મારી પાસે આવ્યું અને કહ્યું,

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בֶּן־ | אָדָם | הִנָּבֵא | וְאָמַרְתָּ | כֹּה | אָמַר | אֲדֹנָי | אֱמֹר | חֶרֶב | חֶרֶב | הוּחַדָּה |
| હે-માણસના | દીકરા | ભવિષ્યવાણી-કર | અને-કહે | આમ | કહે-છે | પ્રભુ | કહે | તલવાર□ | તલવાર | તીખી-કરાયેલી-છે |
| | H0120 | H5012 | H0559 | H3541 | H0559 | H0136 | H0559 | H2719 | H2719 | |

| | |
|---|---|
| וְגַם־ | מְרוּטָה׃ |
| અને-વળી | ચમકાવેલી |
| H1571 | H4803 |

હે મનુષ્યપુત્ર, ભવિષ્યવાણી કરીને કહે, પ્રભુ આમ કહે છે, હે તલવાર, હે તલવાર, હા, તને ધારદાર તથા ચમકતી બનાવવામાં આવી છે.

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לְמַעַן | טְבֹחַ | טֶבַח | הוּחַדָּה | לְמַעַן־ | הֱיֵה־ | לָהּ | בָּרָק | מֹרָטָּה | אוֹ | נָשִׂישׂ |
| જેથી | કાપે | કતલ | તીખી-કરાયેલી-છે | જેથી | હોય | તેને | ચમક | ચમકાવેલી-છે | કે-શું | આનંદ-કરીશું? |
| H4616 | H2873 | H2874 | | H4616 | H1961 | | | H4803 | | H7797 |

| | | | | |
|---|---|---|---|---|
| שֵׁבֶט | בְּנִי | מֹאֶסֶת | כָּל־ | עֵץ׃ |
| રાજદંડ | મારા-દીકરાનો | ધિક્કાર-કરનારો | દરેક | વૃક્ષનો |
| H7626 | | | H3605 | H6086 |

મોટો સંહાર કરવા માટે તને ધારદાર બનાવેલી છે. વીજળીની જેમ ચમકારા મારવા માટે તેને ધારદાર બનાવી છે. મારા દીકરાના રાજદંડમાં શું આપણે આનંદ મનાવીશું? આવનાર તલવાર દરેક રાજદંડને તુચ્છકારે છે.

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּתֵּן | אֹתָהּ | לְמָרְטָה | לִתְפֹּשׂ | בַּכָּף | הִיא־ | הוּחַדָּה | חֶרֶב | וְהִיא | מֹרָטָּה | לָתֵת |
| અને-આપી | તેને | ચમકાવવા | પકડવા | હાથમાં | તે | તીખી-કરાયેલી-છે | તલવાર | અને-તે | ચમકાવેલી-છે | આપવા |
| H5414 | H0853 | H4803 | H8610 | H3709 | H1931 | | H2719 | H1931 | H4803 | H5414 |

| | | |
|---|---|---|
| אוֹתָהּ | בְּיַד־ | הוֹרֵג׃ |
| તેને | હાથમાં | મારનારના |
| H0853 | H3027 | H2026 |

તેનો ઉપયોગ કરવા માટે તલવાર ચકચકતી બનાવી છે. સંહારકના હાથમાં સોંપવા માટે તેને ધારદાર તથા ચકચકતી બનાવી છે.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| זְעַק | וְהֵילֵל | בֶּן־ | אָדָם | כִּי־ | הִיא | הָיְתָה | בְעַמִּי | הִיא | בְּכָל־ |
| ચીસો-પાડ | અને-વિલાપ-કર | હે-માણસના | દીકરા | કારણ-કે | તે | આવી-છે | મારા-લોકો-પર | તે | બધા-ઉપર |
| H2199 | H3213 | | H0120 | | H1931 | H1961 | | H1931 | H3605 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| נְשִׂיאֵי | יִשְׂרָאֵל | מְגוּרֵי | אֶל־ | חֶרֶב | הָיוּ | אֶת־ | עַמִּי | לָכֵן | סְפֹק | אֶל־ | יָרֵךְ׃ |
| રાજકુમારોને□ | ઇઝરાયેલના□ | ભય-માટે | વિરુદ્ધ | તલવાર | હતા | સાથે | મારા-લોકોને□ | તેથી | થાપ | ઉપર | જાંઘની |
| | H3478 | H4048 | H0413 | H2719 | H1961 | H0854 | | | | H0413 | H3409 |

હે મનુષ્યપુત્ર, પોક મૂક તથા વિલાપ કર, કેમ કે તલવાર મારા લોકો પર આવી પડી છે. તે ઇઝરાયલના સર્વ આગેવાનો પર આવી પડી છે જેઓને તલવારને સ્વાધીન કરવામાં આવ્યા છે તેઓ મારા લોકો છે, તેથી દુ:ખમાં તારી જાંઘો પર થબડાકો માર.

13

| | | |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| בֹחַן | પરીક્ષા-છે | H0974 |
| וּמָה | અને-શું | H4100 |
| אִם־ | જો | |
| גַּם־ | વળી | H1571 |
| שֵׁבֶט | રાજદંડ | H7626 |
| מֹאֶסֶת | ધિક્કાર-કરનારો | |
| לֹא | નહીં | H3808 |
| יִהְיֶה | હશે? | H1961 |
| נְאֻם | ઘોષણા-કરે-છે | H5002 |
| אֲדֹנָי | પ્રભુ | H0136 |
| יְהוִה׃ | યહોવાહ | H3069 |
| פ | — | |

કેમ કે આ તો કસોટી છે, પ્રભુ યહોવાહ કહે છે રાજદંડનો અંત આવશે તો શું?'

14

| | | |
|---|---|---|
| וְאַתָּה | અને-તું | |
| בֶן־ | હે-માણસના | |
| אָדָם | દીકરા | H0120 |
| הִנָּבֵא | ભવિષ્યવાણી-કર | H5012 |
| וְהַךְ | અને-માર | H5221 |
| כַּף | તાળી | H3709 |
| אֶל־ | સામે | H0413 |
| כָּף | તાળી | H3709 |
| וְתִכָּפֵל | અને-બમણી-થાય | H3717 |
| חֶרֶב | તલવાર | H2719 |
| שְׁלִישִׁתָה | ત્રીજી-વાર | H7992 |
| חֶרֶב | તલવાર | H2719 |
| חֲלָלִים | મારેલાઓની | |
| הִיא | તે | H1931 |
| חֶרֶב | તલવાર | H2719 |
| חָלָל | મારેલાની | |
| הַגָּדוֹל | મોટી | |
| הַחֹדֶרֶת | વેધનારી | H2314 |
| לָהֶם׃ | તેમને | |

હે મનુષ્યપુત્ર, ભવિષ્યવાણી કરીને તારા હાથથી તાળીઓ પાડ, પ્રાણઘાતક ઘા કરનારી તલવારને ત્રણ ઘણી તેજ કર. એ તો કતલ કરનારી તલવાર છે, ચારેબાજુ ઘા કરનાર તલવારથી ઘણાંઓની કતલ થાય છે.

15

| | | |
|---|---|---|
| לְמַעַן | જેથી | H4616 |
| לָמוּג | ઓગળે | H4127 |
| לֵב | હૃદય | |
| וְהַרְבֵּה | અને-વધે | |
| הַמִּכְשֹׁלִים | ઠોકરો | H4383 |
| עַל | ઉપર | |
| כָּל־ | બધાં | H3605 |
| שַׁעֲרֵיהֶם | તેમન□-દરવાજાં | H8179 |
| נָתַתִּי | મૂકી-છે | H5414 |
| אִבְחַת־ | કતલ | H0019 |
| חָרֶב | તલવારની | H2719 |
| אָח | અરે□ | H0253 |
| עֲשׂוּיָה | બનાવેલી-છે | |
| לְבָרָק | ચમકવા | |
| מְעֻטָּה | તેજ-કરેલી | H4593 |
| לְטָבַח׃ | કાપવા-માટે | H2874 |

તેઓનાં હૃદય પીગળાવવા તથા તેઓનાં લથડિયાં વધી જાય માટે, મેં તેઓના દરવાજા સામે તલવાર મૂકી છે. અને, તેને વીજળી જેવી કરે છે અને સંહાર કરવાને સજ્જ છે.

16

| | | |
|---|---|---|
| הִתְאַחֲדִי | તીખી-બન | H0258 |
| הֵימִנִי | જમણે-જા | H3231 |
| הָשִׂימִי | તરફ-વળ | |
| הַשְׂמִילִי | ડાબે-જા | H8041 |
| אָנָה | જ્યાં | H0575 |
| פָּנַיִךְ | તારું-મુખ | H6440 |
| מֻעָדוֹת׃ | ગોઠવાયેલું-છે | H3259 |

હે તલવાર, તું તારી ડાબી બાજુ તથા તારી જમણી બાજુ સંહાર કર. જે બાજુ તારું મુખ રાખેલું હોય તે બાજુ જા.

17

| | | |
|---|---|---|
| וְגַם־ | અને-વળી | H1571 |
| אֲנִי | હું | H0589 |
| אַכֶּה | મારીશ | H5221 |
| כַפִּי | હાથ | H3709 |
| אֶל־ | સામે | H0413 |
| כַּפִּי | હાથ | H3709 |
| וַהֲנִחֹתִי | અને-શાંત-કરીશ | H5117 |
| חֲמָתִי | મારો-ક્રોધ | H2534 |
| אֲנִי | હું | H0589 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| דִּבַּרְתִּי׃ | બોલ્યો-છું | H1696 |
| פ | — | |

હું પણ મારા હાથથી તાળી પાડીશ અને મારા ક્રોધને શાંત પાડીશ, હું યહોવાહ આ બોલ્યો છું."

18

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-થયું | H1961 |
| דְבַר־ | વચન | H1697 |
| יְהוָה | યહોવાહનું | H3068 |
| אֵלַי | મારી-પાસે | H0413 |
| לֵאמֹר׃ | કહેતાં: | H0559 |

ફરીથી યહોવાહનું વચન મારી પાસે આવ્યું અને કહ્યુ,

19

| | | |
|---|---|---|
| וְאַתָּה | અને-તું | |
| בֶן־ | હે-માણસના | |
| אָדָם | દીકરા | H0120 |
| שִׂים־ | નક્કી-કર | |
| לְךָ | તારા-માટે | |
| שְׁנַיִם | બે | H8147 |
| דְּרָכִים | માર્ગો | H1870 |
| לָבוֹא | આવવા-માટે | H0935 |
| חֶרֶב | તલવાર | H2719 |
| מֶלֶךְ־ | બાબેલના-રાજાની | H4428 |
| בָּבֶל | બાબેલના | H0894 |
| מֵאֶרֶץ | દેશમાંથી | H0776 |
| אֶחָד | એક | H0259 |
| יֵצְאוּ | નીકળે | H3318 |
| שְׁנֵיהֶם | બંને | H8147 |
| וְיָד | અને-હાથ | H3027 |
| בָּרֵא | બનાવ | |
| בְּרֹאשׁ | શરૂઆતમાં | |
| דֶּרֶךְ־ | માર્ગના | H1870 |
| עִיר | શહેરના | |
| בָּרֵא׃ | બનાવ | |

“હવે, હે મનુષ્યપુત્ર, બાબિલના રાજાની તલવાર આવવાને બે માર્ગ ઠરાવ. તે બન્ને એક જ દેશમાંથી નીકળે, માર્ગના મુખ્ય નગરમાં જવાના માર્ગમાં નિશાન મૂક.

20

| | | |
|---|---|---|
| דֶּ֫רֶךְ | માર્ગ | H1870 |
| תָּשִׂ֔ים | બનાવ | |
| לָב֣וֹא | આવવા-માટે | H0935 |
| חֶ֔רֶב | તલવાર | H2719 |
| אֵ֛ת | વિરુદ્ધ | H0853 |
| רַבַּ֖ת | રબ્બાહ | H7237 |
| בְּנֵֽי־ | દીકરાઓની | |
| עַמּ֑וֹן | આમ્મોનની | H5983 |
| וְאֶת־ | અને-વિરુદ્ધ | H0853 |
| יְהוּדָ֖ה | યહૂદાહના | H3063 |
| בִירוּשָׁלִַ֥ם | યરુશાલેમમાં | H3389 |
| בְצוּרָֽה׃ | કિલ્લેબંધ | H1219 |

આમ્મોનીઓના નગર રાબ્બાહમાં બાબિલીઓના સૈન્યને આવવાનો એક માર્ગ બનાવ. બીજો માર્ગ યહૂદિયામાં એટલે કોટવાળા યરુશાલેમમાં આવવાનો માર્ગ બનાવ.

21

| | | |
|---|---|---|
| כִּֽי־ | કારણ-કે | |
| עָמַ֨ד | ઉભો-રહ્યો | H5975 |
| מֶֽלֶךְ־ | બાબેલનો-રાજા | H4428 |
| בָּבֶ֜ל | બાબેલનો | H0894 |
| אֶל־ | ઉપર | H0413 |
| אֵ֣ם | માતા | H0517 |
| הַדֶּ֗רֶךְ | માર્ગની | H1870 |
| בְּרֹ֛אשׁ | શરૂઆતમાં | |
| שְׁנֵ֥י | બે | H8147 |
| הַדְּרָכִ֖ים | માર્ગોન□ | H1870 |
| לִקְסָם־ | ભવિષ્ય-જાણવા | H7080 |
| קָ֑סֶם | ભવિષ્ય | H7081 |
| קִלְקַ֤ל | હલાવ્યા | H7043 |
| בַּֽחִצִּים֙ | તીરો | H2671 |
| שָׁאַ֣ל | પૂછ્યું | H7592 |
| בַּתְּרָפִ֔ים | ગૃહદેવતાઓને | H8655 |
| רָאָ֖ה | જોયું | H7200 |
| בַּכָּבֵֽד׃ | યકૃતમાં | H3516 |

કેમ કે બાબિલનો રાજા જ્યાં રસ્તો ફંટાય છે ત્યાં બે માર્ગના મથક આગળ શકુન જાણવા ઊભો છે. તે આમતેમ તીર હલાવે છે અને મૂર્તિઓની સલાહ લે છે. તે ઘરમૂર્તિઓનું અવલોકન કરે છે.

22

| | | |
|---|---|---|
| בִּֽימִינ֞וֹ | જમણે-હાથમાં | H3225 |
| הָיָ֣ה | આવ્યું | H1961 |
| הַקֶּ֣סֶם | ભવિષ્ય | H7081 |
| יְרוּשָׁלִַ֗ם | યરુશાલેમનું | H3389 |
| לָשׂ֤וּם | મૂકવા | |
| כָּרִים֙ | મશીનો | |
| לִפְתֹּ֤חַ | ખોલવા | |
| פֶּה֙ | મુખ | H6310 |
| בְּרֶ֔צַח | હત્યામાં | H7524 |
| לְהָרִ֥ים | ઉઠાવવા | |
| ק֖וֹל | અવાજ | |
| בִּתְרוּעָ֑ה | યુદ્ધનાદથી | H8643 |
| לָשׂ֤וּם | મૂકવા | |
| כָּרִים֙ | મશીનો | |
| עַל־ | વિરુદ્ધ | |
| שְׁעָרִ֔ים | દરવાજાઓ | H8179 |
| לִשְׁפֹּ֥ךְ | ઢાળવા | H8210 |
| סֹלְלָ֖ה | ઘેરાબંધી | H5550 |
| לִבְנ֥וֹת | અને-બાંધવા | H1129 |
| דָּיֵֽק׃ | બુરજ | H1785 |

તેના જમણા હાથમાં યરુશાલેમ સંબંધી શકુન આવ્યા હતા, ત્યાં કિલ્લો તોડવાનાં યંત્રો ગોઠવવા, હત્યાનો હુકમ કરવા મુખ ઉઘાડવાં. મોટે ઘાંટે હોકારો પાડવા, દરવાજા તોડવાના યંત્રો ગોઠવવા, મોરચા ઉઠાવવા, કિલ્લાઓ બાંધવા□

23

| | | |
|---|---|---|
| וְהָיָ֨ה | અને-થશે | H1961 |
| לָהֶ֜ם | તેમને | |
| ]כקסום־[ | જૂઠું-ભવિષ્ય | H7080 |
| )כִּקְסָם־( | જૂઠું-ભવિષ્ય | H7080 |
| שָׁוְא֙ | જૂઠું | H7723 |
| בְּעֵ֣ינֵיהֶ֔ם | તેમની-નજરમાં | |
| שְׁבֻעֵ֥י | શપથોએ-શપથો | H7650 |
| שְׁבֻע֖וֹת | શપથો | H7621 |
| לָהֶ֑ם | તેમને | |
| וְהֽוּא־ | પરંતુ-તે | H1931 |
| מַזְכִּ֥יר | યાદ-અપાવે-છે | H2142 |
| עָוֺ֖ן | અપરાધ | H5771 |
| לְהִתָּפֵֽשׂ׃ | પકડાવા-માટે | H8610 |
| פ | — | |

બાબિલીઓએ યરુશાલેમના સંબંધી સમ ખાધા છે તે તેમની નજરમાં વ્યર્થ શકુન જેવા લાગશે, પણ રાજા તેઓને સપડાવવા સારુ તેઓનો અન્યાય સ્મરણમાં લાવશે.

24

| | | |
|---|---|---|
| לָכֵ֞ן | તેથી | |
| כֹּה־ | આમ | H3541 |
| אָמַ֣ר | કહે-છે | H0559 |
| אֲדֹנָ֣י | પ્રભુ | H0136 |
| יְהוִ֗ה | યહોવાહ | H3069 |
| יַ֚עַן | કારણ-કે | H3282 |
| הַזְכַּרְכֶ֣ם | યાદ-અપાવો-છો-તમે | H2142 |
| עֲוֺנְכֶ֔ם | તમારા-અપરાધ | H5771 |
| בְּהִגָּלוֹת֙ | ઉઘાડતાં | H1540 |
| פִּשְׁעֵיכֶ֔ם | તમારા-અપરાધો | H6588 |
| לְהֵֽרָאוֹת֙ | દેખાડતાં | H7200 |
| חַטֹּ֣אותֵיכֶ֔ם | તમારા-પાપો | |
| בְּכֹ֖ל | બધાં | H3605 |
| עֲלִילֽוֹתֵיכֶ֑ם | તમારાં-કાર્યોમાં | H5949 |
| יַ֚עַן | કારણ-કે | H3282 |
| הִזָּ֣כֶרְכֶ֔ם | યાદ-આવ્યા-છો | H2142 |
| בַּכַּ֖ף | હાથથી | H3709 |
| תִּתָּפֵֽשׂוּ׃ | પકડાશો | H8610 |
| פ | — | |

તેથી પ્રભુ યહોવાહ કહે છે કે, કેમ કે તમે તમારાં પાપ મારા સ્મરણમાં લાવ્યા છો, તમારા ઉલ્લંઘનો પ્રગટ કરવામાં આવ્યા છે. તારા એકેએક કાર્યમાં તારા પાપ પ્રગટ થાય છે. તમે યાદ આવ્યા છો, તે માટે તમે તમારા દુશ્મનોના હાથથી પકડાશો.

25 וְאַתָּה અને-તું | חָלָל ઘાયલ-પામેલા | רָשָׁע દુષ્ટ H7563 | נְשִׂיא રાજકુમાર | יִשְׂרָאֵל ઇઝરાયેલ H3478 | אֲשֶׁר־ જેનો | בָּא આવ્યો-છે H0935 | יוֹמוֹ દિવસ H3117 | בְּעֵת સમયે H6256 | עֲוֺן અપરાધના H5771 | קֵץ׃ અતનો H7093

ס —

હે ઇઝરાયલના અપવિત્ર અને દુષ્ટ સરદાર, તારી શિક્ષાનો અંતિમ દિવસ આવી પહોંચ્યો છે, અન્યાય કરવાના સમયનો અંત આવ્યો છે.

26 כֹּה આમ H3541 | אָמַר કહે-છે H0559 | אֲדֹנָי પ્રભુ H0136 | יְהוִה યહોવાહ H3069 | הָסִיר ઉતાર H5493 | הַמִּצְנֶפֶת પાઘડી H4701 | וְהָרֵים અને-લે | הָעֲטָרָה મુકુટ H5850 | זֹאת આ H2063 | לֹא־ નહીં H3808 | זֹאת આ-જેવું-રહેશે H2063

הַשְׁפָּלָה નીચાને H8217 | הַגְבֵּהַ ઊંચો-કર H1361 | וְהַגָּבֹהַ અને-ઊંચાને H1364 | הַשְׁפִּיל׃ નીચો-કર H8213

પ્રભુ યહોવાહ કહે છે: તારી પાઘડી કાઢી નાખ અને મુગટ ઉતાર. હવે અગાઉના જેવી સ્થિતિ રહેવાની નથી. જે નીચે છે તે ઊંચે જશે અને જે ઊંચે છે તેને નીચે પાડવામાં આવશે.

27 עַוָּה ઉલટપુલટ H5754 | עַוָּה ઉલટપુલટ H5754 | עַוָּה ઉલટપુલટ H5754 | אֲשִׂימֶנָּה કરીશ-તેને | גַּם־ વળી H1571 | זֹאת આ H2063 | לֹא નહીં H3808 | הָיָה થશે H1961 | עַד־ જ્યાં-સુધી H5704 | בֹּא આવે H0935 | אֲשֶׁר־ જેનો | לוֹ છે

הַמִּשְׁפָּט હક્ક H4941 | וּנְתַתִּיו׃ અને-આપીશ-તેને H5414 | פ —

હું બધાનો વિનાશ કરીશ. વિનાશ, વિનાશ, પણ આ નગરીને સજા કરવા માટે જે માણસ નક્કી થયો છે તે આવે નહિ ત્યાં સુધી આ બનવાનું નથી. હું તે સર્વ તેને આપીશ.”

28 וְאַתָּה અને-તું | בֶן־ હે-માણસના | אָדָם દીકરા H0120 | הִנָּבֵא ભવિષ્યવાણી-કર H5012 | וְאָמַרְתָּ અને-કહે H0559 | כֹּה આમ H3541 | אָמַר કહે-છે H0559 | אֲדֹנָי પ્રભુ H0136 | יְהוִה યહોવાહ H3069 | אֶל־ વિરુદ્ધ H0413 | בְּנֵי દીકરાઓ

עַמּוֹן આમ્મોનના H5983 | וְאֶל־ અને-વિરુદ્ધ H0413 | חֶרְפָּתָם તેમની-નિંદા H2781 | וְאָמַרְתָּ અને-કહે H0559 | חֶרֶב તલવાર H2719 | חֶרֶב તલવાર H2719 | פְּתוּחָה ખોલેલી-છે | לְטֶבַח કતલ-માટે H2874 | מְרוּטָה ચમકાવેલી H4803 | לְהָכִיל ગળવા H0398 | לְמַעַן જેથી H4616

בָּרָק׃ ચમકે

હે મનુષ્યપુત્ર, ભવિષ્યવાણી કરીને કહે કે, આમ્મોનીઓ વિષે તથા તેઓએ મારેલાં મહેણા વિષે પ્રભુ યહોવાહ આમ કહે છે, તલવાર, તલવાર ઘાત કરવાને તાણેલી છે, તે કતલ કરીને નાશ કરે માટે તેને ધારદાર બનાવી છે, જેથી તે વીજળીની જેમ ચમકે છે.

29 בַּחֲזוֹת જોતાં H2372 | לָךְ તારા-માટે | שָׁוְא જૂઠું H7723 | בִּקְסָם־ ભવિષ્યમાં H7080 | לָךְ તારા-માટે | כָּזָב જૂઠું H3577 | לָתֵת મૂકવા H5414 | אוֹתָךְ તને H0853 | אֶל־ ઉપર H0413 | צַוְּארֵי ગરદનો | חַלְלֵי મારેલાઓના | רְשָׁעִים દુષ્ટોના H7563

אֲשֶׁר־ જેમનો | בָּא આવ્યો-છે H0935 | יוֹמָם દિવસ H3117 | בְּעֵת સમયે H6256 | עֲוֺן અપરાધના H5771 | קֵץ׃ અતનો H7093

જે દુષ્ટોને પ્રાણઘાતક ઘા વાગેલા છે, જેઓની શિક્ષાનો સમય તથા અન્યાયનો સમય પાસે આવી પહોંચ્યો છે તેઓની ગરદન પર નાખવાને તેઓ વ્યર્થ સંદર્શનો કહે છે તથા જૂઠા શકુન જુએ છે.

30 הָשַׁב પાછી-મૂક H7725 | אֶל־ તરફ H0413 | תַּעְרָהּ મ્યાનમાં H8593 | בִּמְקוֹם સ્થાનમાં H4725 | אֲשֶׁר־ જ્યાં | נִבְרֵאת સર્જાયેલી-હતી | בְּאֶרֶץ દેશમાં H0776 | מְכֻרוֹתַיִךְ તારા-જન્મભૂમિના H4351 | אֶשְׁפֹּט ન્યાય-કરીશ H8199 | אֹתָךְ׃ તારો H0853

પછી તલવારને મ્યાનમાં મૂક. તારી ઉત્પત્તિની જગાએ, જન્મભૂમિમાં, હું તારો ન્યાય કરીશ.

31

| | | |
|---|---|---|
| וְשָׁפַכְתִּ֤י | અને-રેડીશ | H8210 |
| עָלַ֙יִךְ֙ | તારા-ઉપર | |
| זַעְמִ֔י | મારો-કોપ | H2195 |
| בְּאֵ֥שׁ | અગ્નિમાં | H0784 |
| עֶבְרָתִ֖י | માર□-ક્રોધના | H5678 |
| אָפִ֣יחַ | ફૂંકીશ | H6315 |
| עָלָ֑יִךְ | તાર□-ઉપર | |
| וּנְתַתִּ֗יךְ | અને-આપીશ-તને | H5414 |
| בְּיַד֙ | હાથમાં | H3027 |
| אֲנָשִׁ֣ים | માણસોના | H0376 |
| בֹּ֣עֲרִ֔ים | ક્રૂર | |
| חָרָשֵׁ֖י | કારીગરો | H2796 |
| מַשְׁחִֽית׃ | વિનાશના | H4889 |

હું મારો કોપ તારા પર રેડીશ, મારો કોપરૂપી અગ્નિ હું તમારા પર ફૂંકીશ. સંહાર કરવામાં કુશળ તથા પશુવત માણસોના હાથમાં હું તને સોંપી દઈશ.

32

| | | |
|---|---|---|
| לָאֵ֤שׁ | અગ્નિ-માટે | H0784 |
| תִּֽהְיֶה֙ | થશે | H1961 |
| לְאָכְלָ֔ה | બળતણ | H0402 |
| דָּמֵ֥ךְ | તારું-લોહી | H1818 |
| יִהְיֶ֖ה | હશે | H1961 |
| בְּת֣וֹךְ | વચ્ચે | H8432 |
| הָאָ֑רֶץ | દેશના | H0776 |
| לֹ֣א | નહીં | H3808 |
| תִזָּכֵ֔רִי | યાદ-કરાશે | H2142 |
| כִּ֛י | કારણ-કે | |
| אֲנִ֥י | હું | H0589 |
| יְהוָ֖ה | યહોવાહે | H3068 |
| דִּבַּֽרְתִּי׃ | બોલ્યો-છું | H1696 |
| פ | — | |

તું અગ્નિમાં બળવાનું બળતણ થશે. તારું લોહી તારા દેશમાં રેડાશે. તને યાદ કરવામાં આવશે નહિ, કેમ કે હું યહોવાહ આ બોલ્યો છું□"

## Chapter 22

1

| | | |
|---|---|---|
| וַיְהִ֥י | અને-થયું | H1961 |
| דְבַר־ | વચન | H1697 |
| יְהוָ֖ה | યહોવાહનું | H3068 |
| אֵלַ֥י | મારી-પાસે | H0413 |
| לֵאמֹֽר׃ | કહેતાં: | H0559 |

યહોવાહનું વચન મારી પાસે આવ્યું અને કહ્યુ,

2

| | | |
|---|---|---|
| וְאַתָּ֣ה | અને-તું | |
| בֶן־ | હે-માણસના | |
| אָדָ֔ם | દીકરા, | H0120 |
| הֲתִשְׁפֹּ֥ט | શું-ન્યાય-કરીશ | H8199 |
| הֲתִשְׁפֹּ֖ט | શું-ન્યાય-કરીશ | H8199 |
| אֶת־ | (obj.) | H0853 |
| עִ֣יר | શહેરને | |
| הַדָּמִ֑ים | રક્તપાતના? | H1818 |
| וְה֣וֹדַעְתָּ֔הּ | અને-જણાવ-તેને | H3045 |
| אֵ֖ת | (obj.) | H0853 |
| כָּל־ | બધી | H3605 |
| תּוֹעֲבוֹתֶֽיהָ׃ | તેની-ધિક્કારો. | H8441 |

"હે મનુષ્યપુત્ર, શું તું ન્યાય કરશે? શું ખૂની નગરનો ન્યાય કરશે? તેને તેના ધિક્કારપાત્ર કૃત્યો જણાવ.

3

| | | |
|---|---|---|
| וְאָמַרְתָּ֗ | અને-કહે | H0559 |
| כֹּ֤ה | આ-પ્રમાણે | H3541 |
| אָמַר֙ | કહે-છે | H0559 |
| אֲדֹנָ֣י | પ્રભુ | H0136 |
| יְהוִ֔ה | યહોવાહ, | H3069 |
| עִ֛יר | શહેર | |
| שֹׁפֶ֥כֶת | રેડે-છે | H8210 |
| דָּ֖ם | રક્ત | H1818 |
| בְּתוֹכָ֑הּ | પોતાની-વચ્ચે | H8432 |
| לָב֣וֹא | આવવા | H0935 |
| עִתָּ֔הּ | પોતાનો-સમય; | H6256 |
| וְעָשְׂתָ֧ה | અને-બનાવે-છે | |
| גִלּוּלִ֛ים | મૂર્તિઓ | H1544 |
| עָלֶ֖יהָ | પોતાની-ઉપર | |
| לְטָמְאָֽה׃ | અશુદ્ધ-કરવા. | |

તારે કહેવું કે, 'પ્રભુ યહોવાહ આમ કહે છે: હે પોતાનો કાળ લાવવા સારુ પોતાની મધ્યે લોહી વહેવડાવનાર, પોતાને અશુદ્ધ કરવા મૂર્તિઓ બનાવનાર નગર□

4

| וַתַּקְרִ֣יבִי | טִמֵּ֔את | עָשִׂית֙ | אֲשֶׁר־ | וּבְגִלּוּלַ֤יִךְ | אָשַׁ֗מְתְּ | שָׁפַ֜כְתְּ | אֲשֶׁר־ | בְּדָמֵ֨ךְ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-નજીક-લાવ્યાં | અશુદ્ધ-થઈ, | બનાવ્યાં-તેં | જે | અને-મૂર્તિઓમાં-તારા□ | દોષી-થઈ-તું, | રેડ્યું-તેં | જે | રક્તમાં-તારા |
| H7126 | | | | H1544 | H0816 | H8210 | | H1818 |

| וְקַלָּסָ֖ה | לַגּוֹיִ֛ם | חֶרְפָּה֙ | נְתַתִּ֤יךְ | כֵּ֞ן | עַל־ | שְׁנוֹתָ֑יִךְ | עַד־ | וַתָּב֖וֹא | יָמַ֔יִךְ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-મશ્કરી | પ્રજાઓમાં, | નિંદા | બનાવ્ય□-તને | તેથી | તેથી | ત□રે-વર્ષો; | સુધી | અને-આવ્યાં | ત□રે-દિવસો, |
| H7048 | | H2781 | H5414 | | | H8141 | H5704 | H0935 | H3117 |

| הָאֲרָצֽוֹת׃ | לְכָל־ |
|---|---|
| દેશોમાં. | બધા |
| H0776 | H3605 |

જે લોહી તેં વહેવડાવ્યું છે તેથી તું દોષિત થયું છે, તારી જ બનાવેલી મૂર્તિઓથી તું અશુદ્ધ થયું છે. તું તારો કાળ નજીક લાવ્યું છે અને તારા વર્ષનો અત આવી પહોંચ્યો છે. તેથી જ મેં તને બધી પ્રજાઓની નજરમાં મહેણારૂપ તથા બધા દેશોના આગળ હાંસીપાત્ર બનાવ્યું છે.

5

| הַמְּהוּמָֽה׃ | רַבַּ֥ת | הַשֵּׁ֔ם | טְמֵאַ֣ת | בָ֑ךְ | יִתְקַלְּסוּ־ | מִמֵּ֖ךְ | וְהָרְחֹק֥וֹת | הַקְּרֹב֛וֹת |
|---|---|---|---|---|---|---|---|---|
| ગંદલવાળી. | ઘણા | નામવાળી, | અશુદ્ધ | તને; | મશ્કરી-કરશે | ત□રેથી | અને-દૂરનં | નજીકન□ |
| H4103 | | H8034 | H2931 | | H7046 | | H7350 | H7138 |

હે અશુદ્ધ નગર, હે આબરૂહીન તથા સંપૂર્ણ ગૂંચવણભર્યા નગર, તારાથી દૂરના તથા નજીકના તારી હાંસી ઉડાવશે.

6

| דָּֽם׃ | שְׁפָךְ־ | לְמַ֥עַן | בָ֖ךְ | הָ֥יוּ | לִזְרֹע֑וֹ | אִ֣ישׁ | יִשְׂרָאֵ֗ל | נְשִׂיאֵ֣י | הִנֵּה֙ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| રક્ત. | રેડવા | મ□ટે | તેરે-મ□ં | હતં | પોતેનં-બળથી | પ્રત્યેક | ઇઝરાયલન□, | અમીરો | જુઓ, |
| H1818 | H8210 | H4616 | | H1961 | H2220 | H0376 | H3478 | | H2009 |

જો, ઇઝરાયલના સરદારો પોતાના બળથી લોહી વહેવડાવાને તારી અદર આવે છે.

7

| וְאַלְמָנָ֖ה | יָת֥וֹם | בְתוֹכֵ֑ךְ | בַעֹ֖שֶׁק | עָשׂ֥וּ | לַגֵּ֛ר | בָ֔ךְ | הֵקַ֣לּוּ | וָאֵם֙ | אָ֤ב |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-વિધવાને | અન□થને | ત□રે-મ□ં; | જુલમ | કર્યો | પરદેશીને | ત□રે-મ□ં; | અપમાન-કર્યો | અને-માતાનો | પિતા |
| H0490 | H3490 | H8432 | H6233 | | H1616 | | H7043 | H0517 | H0001 |

| בָֽךְ׃ | ה֥וֹנוּ |
|---|---|
| ત□રે-મ□ં. | છેતર્યા□ |
| | H3238 |

તેઓએ તારા માતાપિતાનો આદર કર્યો નથી, તારી મધ્યે વિદેશીઓને સુરક્ષા માટે નાણાં આપવા પડે છે. તેઓ અનાથો તથા વિધવાઓ ઉપર ત્રાસ ગુજારે છે.

8

| חִלָּֽלְתְּ׃ | שַׁבְּתֹתַ֖י | וְאֶת־ | בָּזִ֑ית | קֳדָשַׁ֖י |
|---|---|---|---|---|
| અપવિત્ર-કર્યા. | મ□રે-વિશ્રામોનો | અને | તિરસ્કાર-કર્યો; | મ□રે-પવિત્ર-વસ્તુઓનો |
| | H7676 | H0853 | H0959 | H6944 |

તું મારી પવિત્ર વસ્તુઓને ધિક્કારે છે. અને મારા વિશ્રામવારોને અપવિત્ર કર્યા છે.

9

| זִמָּ֖ה | בָ֔ךְ | אָ֣כְלוּ | הֶהָרִים֙ | וְאֶל־ | דָּ֑ם | שְׁפָךְ־ | לְמַ֣עַן | בָ֖ךְ | הָ֥יוּ | רָכִ֛יל | אַנְשֵׁ֥י |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| લંપટતં | તેરે-મં; | ખાધાં | પર્વતો-ઉપર | અને-ઉપર | રક્ત; | રેડવં | મંટે | તેરે-મં | હતં | ચાડી-ચૂગલીન□ | માણસો |
| H2154 | | H0398 | H2022 | H0413 | H1818 | H8210 | H4616 | | H1961 | H7400 | H0376 |

| בְתוֹכֵֽךְ׃ | עָשׂ֥וּ |
|---|---|
| તેરે-મં. | કર્યં |
| H8432 | |

તારી મધ્યે ચાડિયા લોહી વહેવડાવનારા થયા છે, તેઓ પર્વત પર ખાય છે. તેઓ તારી મધ્યે જાતીય પાપો આચરે છે.

10

| בָֽךְ׃ | עִנּוּ־ | הַנִּדָּ֖ה | טְמֵאַ֥ת | בָ֑ךְ | גִּלָּה־ | אָ֖ב | עֶרְוַת־ |
|---|---|---|---|---|---|---|---|
| તેરે-મં. | બળત્કાર-કર્યો | સ્ત્રીને | અશુદ્ધ-ઋતુકાળમં | તેરે-મં; | ઉઘાડી | પિતેની | નગ્નતં |
| | | H5079 | H2931 | | H1540 | H0001 | H6172 |

તારી અદર તેઓએ પોતાના પિતાઓની આબરૂ ઉઘાડી કરી છે. સ્ત્રીની અશુદ્ધતા સમયે તેઓએ તે અશુદ્ધ સ્ત્રી સાથે બળાત્કાર કર્યો છે.

11

| וְאִ֣ישׁ | אֶת־ | אֵ֣שֶׁת | רֵעֵ֗הוּ | עָשָׂה֙ | תּֽוֹעֵבָ֔ה | וְאִ֕ישׁ | אֶת־ | כַּלָּת֖וֹ | טִמֵּ֣א | בְזִמָּ֑ה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-મંણસે | (obj.) | પત્ની | પડોશીની, | કર્યું | ઘૃણા; | અને-મંણસે | (obj.) | વહુને | અશુદ્ધ-કરી | લંપટથી; |
| H0376 | H0854 | H0802 | H7453 | | H8441 | H0376 | H0853 | H3618 | | H2154 |

| וְאִ֛ישׁ | אֶת־ | אֲחֹת֥וֹ | בַת־ | אָבִ֖יו | עִנָּה־ | בָֽךְ׃ |
|---|---|---|---|---|---|---|
| અને-મંણસે | (obj.) | પોતંની-બહેન | દીકરી | પિતંની | શરમંવી | તંરે-મં. |
| H0376 | H0853 | H0269 | H1323 | H0001 | | |

માણસોએ પોતાના પડોશીની પત્નીઓ સાથે ધિક્કારપાત્ર કૃત્યો કર્યાં છે, તેઓએ લંપટતાથી પોતાની પૂત્રવધુને ભ્રષ્ટ કરી છે; ત્રીજાએ પોતાની બહેન સાથે એટલે કે પોતાના બાપની દીકરી સાથે બળાત્કાર કર્યો છે.

12

| שֹׁ֥חַד | לָֽקְחוּ־ | בָ֖ךְ | לְמַ֣עַן | שְׁפָךְ־ | דָּ֑ם | נֶ֣שֶׁךְ | וְתַרְבִּ֣ית | לָקַ֔חַתְּ | וַתְּבַצְּעִ֤י | רֵעַ֙יִךְ֙ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| લંચ | લીધી | તંરે-મં | મંટે | રેડવં | રક્ત; | વ્યંજ | અને-વધંરે | લીધં, | અને-શોષણ-કર્યું | પડોશીઓને |
| H7810 | H3947 | | H4616 | H8210 | H1818 | H5392 | H8636 | H3947 | H1214 | H7453 |

| בַּעֹ֔שֶׁק | וְאֹתִ֣י | שָׁכַ֔חַתְּ | נְאֻ֖ם | אֲדֹנָ֥י | יְהוִֽה׃ |
|---|---|---|---|---|---|
| જુલમથી, | અને-મને | ભૂલી-ગયું, | એમ-કહે-છે | પ્રભુ | યહોવાહ. |
| H6233 | H0853 | H7911 | H5002 | H0136 | H3069 |

તારી મધ્યે લોકોએ લાંચ લઈને લોહી વહેવડાવ્યું છે. તેં તેઓની પાસેથી વ્યાજ તથા નફો લીધા છે, તેં જુલમ કરીને તારા પડોશીને નુકસાન કર્યું છે, મને તું ભૂલી ગયો છે." આમ પ્રભુ યહોવાહ કહે છે.

13

| וְהִנֵּה֙ | הִכֵּ֣יתִי | כַפִּ֔י | אֶל־ | בִּצְעֵ֖ךְ | אֲשֶׁ֣ר | עָשִׂ֑ית | וְעַל־ | דָּמֵ֔ךְ | אֲשֶׁ֥ר | הָי֖וּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જુઓ | મંર્યો-હંથ | મંરું-હથેળી | વિરુદ્ધ | લંભા-તંરે | જે | કર્યું-તેં, | અને-વિરુદ્ધ | રક્તં-તંરે | જે | હતં |
| H2009 | H5221 | H3709 | H0413 | H1215 | | | | H1818 | | H1961 |

| בְּתוֹכֵֽךְ׃ |
|---|
| તંરે-મં. |
| H8432 |

"તે માટે જો, અપ્રામાણિક લાભ તેં મેળવ્યો છે તથા તારી મધ્યે લોહી વહેવડાવ્યું છે, તેથી મેં મારો હાથ પછાડ્યો છે.

14

| הֲיַעֲמֹ֤ד | לִבֵּךְ֙ | אִם־ | תֶּחֱזַ֣קְנָה | יָדַ֔יִךְ | לַיָּמִ֕ים | אֲשֶׁ֥ר | אֲנִ֖י | עֹשֶׂ֣ה | אוֹתָ֑ךְ | אֲנִ֥י |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શું-ટકશે | હૃદય-તંરું | કે-મજબૂત-રહેશે | હંથો-તંરે | દિવસોમં | જે | હું | કરીશ | તંરી-સાથે? | હું | યહોવાહે |
| H5975 | | | H2388 | H3027 | H3117 | | H0589 | | H0853 | H0589 |

| יְהוָ֖ה | דִּבַּ֥רְתִּי | וְעָשִֽׂיתִי׃ |
|---|---|---|
| બોલ્યું | અને-કરીશ. | અને-કરીશ. |
| H3068 | H1696 | |

હું તારી ખબર લઈશ ત્યારે તારું હૃદય દ્રઢ રહેશે? તારા હાથ મજબૂત રહેશે? કેમ કે હું યહોવાહ તે બોલ્યો છું અને હું તે કરીશ.

15

| וַהֲפִיצוֹתִ֤י | אוֹתָךְ֙ | בַּגּוֹיִ֔ם | וְזֵרִיתִ֖יךְ | בָּאֲרָצ֑וֹת | וַהֲתִמֹּתִ֥י | טֻמְאָתֵ֖ךְ | מִמֵּֽךְ׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને-વિખેરીશ | તને | પ્રજાઓમં, | અને-વેરવિખેર-કરીશ | દેશોમં, | અને-ખતમ-કરીશ | અશુદ્ધતં-તંરી | તંરે-મંથી. |
| | H0853 | | H2219 | H0776 | H8552 | H2932 | |

હું તને બીજી પ્રજાઓમાં વેરવિખેર કરી નાખીશ અને દેશો મધ્યે તને વિખેરી નાખીશ. હું તારી મલિનતા તારામાંથી દૂર કરીશ.

16

| וְנִחַ֥לְתְּ | בָּ֖ךְ | לְעֵינֵ֣י | גוֹיִ֑ם | וְיָדַ֖עַתְּ | כִּֽי־ | אֲנִ֥י | יְהוָֽה׃ | פ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-અપવિત્ર-થશે | તું | નજરે | પ્રજાઓની; | અને-જાણશે-તું | કે | હું | યહોવાહ-છું. | — |
| | | | | H3045 | | H0589 | H3068 | |

બીજી પ્રજાઓ આગળ તું અપમાનિત થશે અને ત્યારે તું જાણશે કે હું યહોવાહ છું"

17

| וַיְהִ֥י | דְבַר־ | יְהוָ֖ה | אֵלַ֥י | לֵאמֹֽר׃ |
|---|---|---|---|---|
| અને-થયું | વચન | યહોવાહનું | મંરી-પાસે | કહેતં: |
| H1961 | H1697 | H3068 | H0413 | H0559 |

પછી યહોવાહનું વચન મારી પાસે આવ્યું અને કહ્યું,

18

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בֶּן־ | אָדָ֫ם | הָיוּ־ | לִ֧י | בֵֽית־ | יִשְׂרָאֵ֖ל | ]לסוג[ | )לְסִ֑יג( | כֻּלָּ֡ם | נְחֹ֡שֶׁת | וּבְדִ֨יל |
| હે-મંણસનં | દીકરં, | થયું | મંરં | ઘર | ઇઝરાયલનું | [વૈકલ્પિક] | (મેલ) | બધા | તાંબું | અને-કલાઈ |
| | H0120 | H1961 | | | H3478 | H5509 | H5509 | H3605 | | H0913 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וּבַרְזֶ֤ל | וְעוֹפֶ֨רֶת | בְּת֣וֹךְ | כּ֔וּר | סִגִ֥ים | כֶּ֖סֶף | הָיֽוּ׃ | ס |
| અને-લોહું | અને-સીસું | વચ્ચે | ભઠ્ઠીનં, | કચરો | ચાંદીનં | થયં. | — |
| H1270 | H5777 | H8432 | H3564 | H5509 | H3701 | H1961 | |

“હે મનુષ્યપુત્ર, ઇઝરાયલી લોકો મારે માટે નકામા કચરા જેવા છે. તેઓ ભઠ્ઠીમાં રહેલા પિત્તળ, કલાઈ, લોખંડ તથા સીસા જેવા છે. તેઓ તારી ભઠ્ઠીમાં ચાંદીના કચરા જેવા છે.

19

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לָכֵ֗ן | כֹּ֤ה | אָמַר֙ | אֲדֹנָ֣י | יְהוִ֔ה | יַ֛עַן | הֱי֥וֹת | כֻּלְּכֶ֖ם | לְסִגִ֑ים | לָכֵן֙ | הִנְנִי֙ |
| તેથી, | આ-પ્રમાણે | કહે-છે | પ્રભુ | યહોવાહ, | કારણ-કે | થયં | તમે-બધં | મેલ; | તેથી | જુઓ-હું |
| | H3541 | H0559 | H0136 | H3069 | H3282 | H1961 | H3605 | H5509 | | H2009 |

| | | | | |
|---|---|---|---|---|
| קֹבֵ֣ץ | אֶתְכֶ֔ם | אֶל־ | תּ֖וֹךְ | יְרוּשָׁלִָֽם׃ |
| એકઠં-કરું-છું | તમને | વચ્ચે | મધ્યે | યરૂશાલેમનં. |
| H6908 | H0853 | H0413 | H8432 | H3389 |

આથી પ્રભુ યહોવાહ કહે છે કે, ‘તમે બધા નકામા કચરા જેવા છો, માટે જુઓ, હું તમને યરુશાલેમમાં ભેગા કરીશ.

20

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| קְבֻ֣צַת | כֶּ֡סֶף | וּנְ֠חֹשֶׁת | וּבַרְזֶ֨ל | וְעוֹפֶ֤רֶת | וּבְדִיל֙ | אֶל־ | תּ֣וֹךְ | כּ֔וּר | לָפַֽחַת־ | עָלָ֥יו | אֵ֖שׁ |
| એકઠં | ચાંદી | અને-તાંબું | અને-લોહું | અને-સીસું | અને-કલાઈ | વચ્ચે | મધ્યે | ભઠ્ઠીનં, | ફૂંકવં | તેનં-ઉપર | અગ્નિ |
| H6910 | H3701 | | H1270 | H5777 | H0913 | H0413 | H8432 | H3564 | H5301 | | H0784 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| לְהַנְתִּ֑יךְ | כֵּ֤ן | אֶקְבֹּץ֙ | בְּאַפִּ֣י | וּבַחֲמָתִ֔י | וְהִנַּחְתִּ֥י | וְהִתַּכְתִּ֖י | אֶתְכֶֽם׃ |
| પિગળવવં; | તેમ | એકઠં-કરીશ | ગુસ્સમં | અને-ક્રોધમં, | અને-મૂકીશ | અને-પિગળવીશ | તમને. |
| H5413 | | H6908 | H0639 | H2534 | H3240 | H5413 | H0853 |

જેમ લોકો ચાંદી, પિત્તળ, લોખંડ, સીસા તથા કલાઈને ભેગા કરીને ભઠ્ઠીમાં નાખીને અગ્નિ સળગાવીને ગાળે છે, તેવી જ રીતે હું તમને મારા રોષમાં તથા ક્રોધમાં ભેગા કરીને ભઠ્ઠીમાં નાખીને ઓગાળીશ.

21

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְכִנַּסְתִּ֣י | אֶתְכֶ֔ם | וְנָפַחְתִּ֥י | עֲלֵיכֶ֖ם | בְּאֵ֣שׁ | עֶבְרָתִ֑י | וְנִתַּכְתֶּ֖ם | בְּתוֹכָֽהּ׃ |
| અને-એકઠં-કરીશ | તમને, | અને-ફૂંકીશ | તમારે-ઉપર | અગ્નિમં | મંરં-ક્રોધનં; | અને-પિગળશો | તેનં-મં. |
| H3664 | H0853 | H5301 | | H0784 | H5678 | H5413 | H8432 |

હું તમને ભેગા કરીશ અને મારો ક્રોધરૂપી અગ્નિ તમારા પર ફૂંકીશ, જેથી તમે મારા રોષની ભઠ્ઠીમાં ઓગળી જશો.

22

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כְּהִתּ֥וּךְ | כֶּ֙סֶף֙ | בְּת֣וֹךְ | כּ֔וּר | כֵּ֖ן | תֻּתְּכ֣וּ | בְתוֹכָ֑הּ | וִידַעְתֶּם֙ | כִּֽי־ | אֲנִ֣י | יְהוָ֔ה | שָׁפַ֥כְתִּי |
| જેમ | ચાંદી | મધ્યે | ભઠ્ઠીનં, | તેમ | પિગળશો | તેનં-મં; | અને-જંણશો | કે | હું | યહોવાહે | રેડ્યો |
| H2046 | H3701 | H8432 | H3564 | | H5413 | H8432 | H3045 | | H0589 | H3068 | H8210 |

| | | |
|---|---|---|
| חֲמָתִ֖י | עֲלֵיכֶֽם׃ | פ |
| ક્રોધ-મંરો | તમંરં-ઉપર. | — |
| H2534 | | |

જેમ ચાંદી ભઠ્ઠીમાં ઓગળી જાય છે, તેમ તમને તેમાં પિગળાવવામાં આવશે, ત્યારે તમે જાણશો કે મેં યહોવાહે મારો રોષ તમારા પર રેડ્યો છે”

23

| | | | | |
|---|---|---|---|---|
| וַיְהִ֥י | דְבַר־ | יְהוָ֖ה | אֵלַ֥י | לֵאמֹֽר׃ |
| અને-થયું | વચન | યહોવાહનું | મંરી-પાસે | કહેતં: |
| H1961 | H1697 | H3068 | H0413 | H0559 |

ફરીથી યહોવાહનું વચન મારી પાસે આવ્યું અને કહ્યું,

24

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בֶּן־ | אָדָ֕ם | אֱמָר־ | לָ֔הּ | אַ֣תְּ | אֶ֔רֶץ | לֹ֥א | מְטֹהָרָ֖ה | הִ֑יא | לֹ֥א | גֻשְׁמָ֖הּ |
| હે-મંણસનં | દીકરં, | કહે | તેને, | તું | દેશ | નહીં | શુદ્ધ-કરેલી | છે; | નહીં | વરસંદ-પડ્યો-તેનં-ઉપર |
| | H0120 | H0559 | | | H0776 | H3808 | H2891 | H1931 | H3808 | H1656 |

| | |
|---|---|
| בְּי֥וֹם | זָֽעַם׃ |
| દિવસે | ક્રોધનં. |
| H3117 | H2195 |

“હે મનુષ્યપુત્ર, તેને કહે: ‘તું તો એક સ્વચ્છ નહિ કરાયેલો દેશ છે. કે જેના પર કોપના દિવસે કદી વરસાદ વરસ્યો નથી.

25

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| קֶשֶׁר | נְבִיאֶ֫יהָ | בְּתוֹכָ֔הּ | כַּאֲרִי | שׁוֹאֵג | טֹרֵף | טָ֑רֶף | נֶ֣פֶשׁ | אָכָ֔לוּ | חֹ֤סֶן | וִיקָר֙ |
| કાવતરું | પ્રબોધકોનું-તેનં | તેનં-મં; | સિંહ-જેમ | ગર્જના-કરતો | ફંડે-છે | શિકંર; | જીવો | ખંધં, | ધન | અને-કીમતી |
| H7195 | H5030 | H8432 | | H7580 | H2963 | H2964 | H5315 | H0398 | H2633 | H3366 |

| | | | |
|---|---|---|---|
| יִקָּ֔חוּ | אַלְמְנוֹתֶ֖יהָ | הִרְבּ֥וּ | בְּתוֹכָֽהּ׃ |
| લેશે, | વિધવંઓ-તેની | વધંરી | તેનં-મં. |
| H3947 | H0490 | | H8432 |

શિકાર ફાડી ખાનાર ગર્જના કરતા સિંહની જેમ તારા પ્રબોધકો એ તારી વિરુદ્ધ ષડ્યંત્ર રચ્યું છે, તેઓએ ઘણા જીવોને ફાડી ખાધા છે અને તેઓએ કિંમતી દ્રવ્ય લઈ લીધું છે. તેઓ બળજબરીથી ખજાનો અને સંપત્તિ પડાવી લે છે. તેઓએ તેમાં વિધવાઓની સંખ્યા વધારી છે.

26

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כֹּהֲנֶ֜יהָ | חָמְס֣וּ | תוֹרָתִי֮ | וַיְחַלְּל֣וּ | קָדָשַׁי֒ | בֵּין־ | קֹ֤דֶשׁ | לְחֹל֙ | לֹ֣א | הִבְדִּ֔ילוּ |
| યંજકોએ | હિંસં-કરી | મંરં-ઊપદેશનો | અને-અપવિત્ર-કર્યં | મંરં-પવિત્ર; | વચ્ચે | પવિત્ર | અને-સામંન્ય | નહીં | અલગ-કર્યં, |
| H3548 | H2554 | H8451 | | H6944 | H0996 | H6944 | H2455 | H3808 | H0914 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּבֵין־ | הַטָּמֵ֥א | לְטָה֖וֹר | לֹ֣א | הוֹדִ֑יעוּ | וּמִשַּׁבְּתוֹתַי֙ | הֶעְלִ֣ימוּ | עֵֽינֵיהֶ֔ם | וָאֵחַ֖ל |
| અને-વચ્ચે | અશુદ્ધ | અને-શુદ્ધ | નહીં | જણંવ્યું; | અને-વિશ્રંમોથી | આખો-મીંચ્યં | આખો-તેમનં, | અને-અપવિત્ર-થયો |
| H0996 | H2931 | H2889 | H3808 | H3045 | H7676 | H5956 | | |

| |
|---|
| בְּתוֹכָֽם׃ |
| તેમનં-મં. |
| H8432 |

તેના યાજકોએ મારા નિયમશાસ્ત્રનો ભંગ કર્યો છે, તેઓએ મારી અર્પિત વસ્તુઓને ભ્રષ્ટ કરી છે. તેઓએ પવિત્ર વસ્તુ તથા અપવિત્ર વસ્તુ વચ્ચે તફાવત રાખ્યો નથી. તેઓ શુદ્ધ અને અશુદ્ધ વચ્ચેનો ભેદ શીખવતા નથી. તેઓ મારા વિશ્રામવાર તરફ નજર કરતા નથી તેથી હું તેઓની વચ્ચે અપવિત્ર થયો છું.

27

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שָׂרֶ֣יהָ | בְקִרְבָּ֔הּ | כִּזְאֵבִ֖ים | טֹ֣רְפֵי | טָ֑רֶף | לִשְׁפָּךְ־ | דָּם֙ | לְאַבֵּ֣ד | נְפָשׁ֔וֹת | לְמַ֖עַן | בְּצֹ֥עַ |
| અમીરો-તેનં | તેનં-વચ્ચે | વરુઓ-જેમ | ફંડનંરં | શિકંર; | રેડવં | રક્ત | નંશ-કરવં | જીવો, | મંટે | અન્યંયી |
| H8269 | H7130 | H2061 | H2963 | H2964 | H8210 | H1818 | H0006 | H5315 | H4616 | H1214 |

| |
|---|
| בָֽצַע׃ |
| લંભ. |
| H1215 |

તેના રાજકુમારો શિકાર ફાડીને લોહી વહેવડાવનાર વરુઓ જેવા છે; તેઓ હિંસાથી લોકોને મારી નાખીને અપ્રામાણિક લાભ મેળવનારા છે.

28

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וּנְבִיאֶ֗יהָ | טָח֤וּ | לָהֶם֙ | תָּפֵ֔ל | חֹזִ֣ים | שָׁ֔וְא | וְקֹסְמִ֥ים | לָהֶ֖ם | כָּזָ֑ב | אֹמְרִ֗ים | כֹּ֤ה | אָמַר֙ |
| અને-પ્રબોધકોએ | લીંપી | તેમને | કંચો, | જોયં | નિરર્થક | અને-જોષ | તેમને | જૂઠું; | કહેનારા | આ-પ્રમાણે | કહે-છે |
| H5030 | | | | H2374 | H7723 | H7080 | | H3577 | H0559 | H3541 | H0559 |

| | | | | |
|---|---|---|---|---|
| אֲדֹנָ֣י | יְהוִ֔ה | וַיהוָ֖ה | לֹ֥א | דִבֵּֽר׃ |
| પ્રભુ | યહોવાહ, | અને-યહોવાહે | નહીં | બોલ્યું. |
| H0136 | H3069 | H3068 | H3808 | H1696 |

તેઓ કહે છે, પ્રભુ યહોવાહ બોલ્યા ન હોય તોપણ “યહોવાહ બોલ્યા છે” એમ કહીને વ્યર્થ સંદર્શનો કહીને તથા જૂઠા શકુન જોઈને તેઓના પ્રબોધકોએ તેઓને ચૂનાથી ધોળે છે.

29

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַ֤ם | הָאָ֙רֶץ֙ | עָ֣שְׁקוּ | עֹ֔שֶׁק | וְגָזְל֖וּ | גָּזֵ֑ל | וְעָנִ֤י | וְאֶבְיוֹן֙ | הוֹנ֔וּ | וְאֶת־ | הַגֵּ֥ר |
| લોકોએ | દેશનં | જુલમ-કર્યું | જુલમ, | અને-લૂંટ્યું | લૂંટ; | અને-ગરીબ | અને-જરૂરિયંતમંદને | છેતર્યં, | અને | પરદેશીને |
| | H0776 | H6231 | H6233 | H1497 | H1498 | H6041 | H0034 | H3238 | H0853 | H1616 |

| | | |
|---|---|---|
| עָשְׁק֖וּ | בְּלֹ֥א | מִשְׁפָּֽט׃ |
| જુલમ-કર્યું | વિનં | ન્યંય. |
| H6231 | H3808 | H4941 |

દેશના લોકોએ જુલમ ગુજાર્યો છે અને લૂંટ કરી છે, તેઓએ ગરીબો તથા જરૂરતમંદો સાથે દુર્વ્યવહાર કર્યો છે, વિદેશીઓને ન્યાયથી વંચિત રાખીને તેઓની સાથે જુલમ કર્યો છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לְבִלְתִּ֣י | הָאָ֖רֶץ | בְּעַ֥ד | לְפָנַ֛י | בַפֶּ֜רֶץ | וְעֹמֵ֨ד | גָ֠דֵר | גֹּֽדֵר־ | אִ֡ישׁ | מֵהֶם֩ | וָאֲבַקֵּ֣שׁ | 30 |
| જેથી-નહીં | દેશને | મટે | મંરી-સંમે | ભીંટમં | અને-ઊભો | દીવેલ | બંધનરો | મણસ | તેમનં-મંથી | અને-શોધ્યો | |
| H1115 | H0776 | H1157 | H6440 | H6556 | H5975 | H1447 | H1443 | H0376 | H1992 | H1245 | |

| | | |
|---|---|---|
| מָצָֽאתִי׃ | וְלֹ֥א | שַׁחֲתָ֑הּ |
| મળ્યો. | પરંતુ-નહીં | નંશ-કરું; |
| H4672 | H3808 | H7843 |

મેં એવો માણસ શોધ્યો છે જે આડરૂપ થઈને મારી તથા દેશની વચ્ચે બાકોરામાં ઊભો રહીને મને તેનો નાશ કરતા રોકે, પણ મને એવો એકે માણસ મળ્યો નહિ.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲדֹנָ֥י | נְאֻ֖ם | נָתַ֔תִּי | בְּרֹאשָׁ֣ם | דַּרְכָּם֙ | כִּלִּיתִ֑ים | עֶבְרָתִ֖י | בְּאֵ֥שׁ | זַעְמִ֔י | עֲלֵיהֶם֙ | וָאֶשְׁפֹּ֤ךְ | 31 |
| પ્રભુ | એમ-કહે-છે | મૂક્યો, | મંથા-ઉપર | મંર્ગ-તેમનો | ખતમ-કર્યં; | રોષનં-મંરે | અગ્નિમં | ક્રોધ-મંરો, | તેમનં-ઉપર | અને-રેડ્યો | |
| H0136 | H5002 | H5414 | | H1870 | H3615 | H5678 | H0784 | H2195 | | H8210 | |

| | |
|---|---|
| פ | יְהוִֽה׃ |
| — | યહોવાહ. |
| | H3069 |

આથી હું મારો ક્રોધ તેઓ પર રેડી દઈશ હું મારા ક્રોધરૂપી અગ્નિથી તમને બાળીને ભસ્મ કરીશ. તેમણે તેઓએ કરેલાં સર્વ દૂરા આચરણોનું હું તેઓને માથે લાવીશ.' એવું પ્રભુ યહોવાહ કહે છે."

## Chapter 23

| | | | | | |
|---|---|---|---|---|---|
| לֵאמֹֽר׃ | אֵלַ֖י | יְהוָ֛ה | דְבַר־ | וַיְהִ֥י | 1 |
| કહેતાં: | મારી-પાસે | યહોવાહનું | વચન | અને-થયું | |
| H0559 | H0413 | H3068 | H1697 | H1961 | |

યહોવાહનું વચન મારી પાસે આવ્યું અને કહ્યુ,

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הָיֽוּ׃ | אַחַ֖ת | אֵם־ | בְּנ֥וֹת | נָשִׁ֑ים | שְׁתַּ֣יִם | אָדָ֕ם | בֶּן־ | 2 |
| હતી. | એક | માતા | દીકરીઓ | સ્ત્રીઓ | બે | માણસના, | હે-દીકરા | |
| H1961 | H0259 | H0517 | H1323 | H0802 | H8147 | H0120 | | |

હે મનુષ્યપુત્ર, બે સ્ત્રીઓ, એક જ માતાની દીકરીઓ હતી.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שְׁדֵיהֶ֔ן | מֹעֲכ֣וּ | שָׁ֚מָּה | זָנ֑וּ | בִּנְעוּרֵיהֶ֖ן | בְּמִצְרַ֔יִם | וַתִּזְנֶ֣ינָה | 3 |
| તેઓનાં-સ્તન, | દબાવવામાં-આવ્યાં | ત્યાં | વ્યભિચાર-કર્યો; | તેઓની-યુવાનીમાં | મિસરમાં, | અને-તેઓ-વ્યભિચાર-કર્યો | |
| | H4600 | H8033 | H2181 | | H4714 | H2181 | |

| | | | |
|---|---|---|---|
| בְּתוּלֵיהֶֽן׃ | דַּדֵּ֖י | עִשּׂ֔וּ | וְשָׁ֣ם |
| તેઓની-કૌમાર્યનાં. | સ્તનની-ડીંટી | સ્પર્શ-કરાયાં | અને-ત્યાં |
| H1331 | H1717 | | H8033 |

તેઓએ મિસરમાં પોતાની જુવાનીમાં વ્યભિચાર કર્યો. તેઓએ ત્યાં વ્યભિચાર કર્યો. ત્યાં તેઓના સ્તન દાબવામાં આવ્યા, અને ત્યાં તેઓની કુંવારી અવસ્થાની ડીટડીઓ છોલાઈ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַתֵּלַ֖דְנָה | לִ֔י | וַתִּהְיֶ֣ינָה | אֲחוֹתָ֑הּ | וְאָהֳלִיבָ֣ה | הַגְּדוֹלָ֔ה | אָהֳלָ֣ה | וּשְׁמוֹתָ֞ן | 4 |
| અને-તેઓએ-જન્મ-આપ્યો | મારી, | અને-તેઓ-થઈ | તેની-બહેન; | અને-આહોલીબાહ | મોટી | આહોલાહ | અને-તેઓનાં-નામ | |
| H3205 | | H1961 | H0269 | H0172 | | H0170 | H8034 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אָהֳלִיבָֽה׃ | וִירוּשָׁלִַ֖ם | אָהֳלָ֔ה | שֹׁמְר֣וֹן | וּשְׁמוֹתָ֕ן | וּבָנ֑וֹת | בָּנִ֣ים |
| આહોલીબાહ. | અને-યરુશાલેમ | આહોલાહ, | સમરૂન | અને-તેઓનાં-નામ: | અને-દીકરીઓને; | દીકરાઓને |
| H0172 | H3389 | H0170 | H8111 | H8034 | H1323 | |

તેઓમાંની મોટી બહેનનું નામ ઓહોલાહ હતું અને નાની બહેનનું નામ ઓહોલીબાહ હતું. તેઓ બન્ને મારી થઈ અને તેઓને દીકરાઓ તથા દીકરીઓ થયાં. તેઓનાં નામોના અર્થ આ છે: ઓહોલાહનો અર્થ સમરુન અને ઓહોલીબાહનો અર્થ યરુશાલેમ છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| קְרוֹבִֽים׃ | אַשּׁ֥וּר | אֶל־ | מְאַהֲבֶ֔יהָ | עַל־ | וַתַּעְגַּב֙ | תַּחְתָּ֑י | אָהֳלָ֖ה | וַתִּ֥זֶן | 5 |
| નજીકનાં. | આશ્શૂર | એટલે | પ્રેમીઓ-પર, | તેના | અને-તે-આસક્ત-થઈ | મારી-હેઠળ, | આહોલાહે | અને-વ્યભિચાર-કર્યો | |
| H7138 | H0804 | H0413 | H0157 | | H5689 | H8478 | H0170 | H2181 | |

"ઓહોલાહ મારી હતી, છતાં તેણે ગણિકાવૃત્તિ ચાલુ રાખી. તે પોતાના પ્રેમીઓ, એટલે આશ્શૂરના યોદ્ધાઓ ઉપર મોહી પડી હતી.

6

| | | |
|---|---|---|
| לְבֻשֵׁי | પહેરેલા | H3847 |
| תְכֵ֫לֶת | ભૂરાં-વસ્ત્ર, | H8504 |
| פַּחוֹת | રાજ્યપાલો | H6346 |
| וּסְגָנִים | અને-ઉપરાજ્યપાલો, | H5461 |
| בַּחוּרֵי | ઇચ્છનીય-યુવાનો | H0970 |
| חֶמֶד | મનોહર | H2531 |
| כֻּלָּם | બધા, | H3605 |
| פָּרָשִׁים | ઘોડેસવારો | |
| רֹכְבֵי | સવાર | H7392 |
| סוּסִים׃ | ઘોડાઓ-પર. | |

તેઓ જાંબુડિયા રંગના વસ્ત્ર પહેરનારા રાજકર્તાઓ તથા અમલદારો હતા. જેઓ મજબૂત અને ખૂબસૂરત હતા, તેમાંના બધા ઘોડેસવારો હતા.

7

| | | |
|---|---|---|
| וַתִּתֵּן | અને-તેણે-આપ્યો | H5414 |
| תַּזְנוּתֶיהָ | તેનો-વ્યભિચાર | H8457 |
| עֲלֵיהֶם | તેઓ-પર, | |
| מִבְחַר | શ્રેષ્ઠ | H4005 |
| בְּנֵי־ | દીકરાઓ | |
| אַשּׁוּר | આશ્શૂરનાં | H0804 |
| כֻּלָּם | બધા; | H3605 |
| וּבְכֹל | અને-બધાં | H3605 |
| אֲשֶׁר־ | જેઓ-પર | |
| עָגְבָה | તે-આસક્ત-હતી, | H5689 |
| בְּכָל־ | તેઓના-બધાં | H3605 |
| גִּלּוּלֵיהֶם | મૂર્તિઓથી | H1544 |
| נִטְמָאָה׃ | તે-અશુદ્ધ-થઈ. | |

તેણે તેઓને એટલે આશ્શૂરના માણસોને પોતાની જાતને ગણિકા તરીકે સોંપી દીધી, જે સર્વ વડે તે વિલાસી થઈ હતી. તેઓ આશ્શૂરના સર્વોત્તમ દિલપસંદ પુરુષો હતા. તેણે તેઓની મૂર્તિઓ વડે પોતાને અશુદ્ધ કરી.

8

| | | |
|---|---|---|
| וְאֶת־ | અને | H0853 |
| תַּזְנוּתֶיהָ | તેનો-વ્યભિચાર | H8457 |
| מִמִּצְרַיִם | મિસરથી | H4714 |
| לֹא | નહિ | H3808 |
| עָזָבָה | છોડ્યો, | |
| כִּי | કારણ-કે | |
| אוֹתָהּ | તેની-સાથે | H0853 |
| שָׁכְבוּ | સૂતા-હતા | H7901 |
| בִנְעוּרֶיהָ | તેની-યુવાનીમાં, | |
| וְהֵמָּה | અને-તેઓએ | H1992 |
| עִשּׂוּ | સ્પર્શ-કર્યો | |
| דַּדֵּי | સ્તનની-ડીંટી | H1717 |
| בְתוּלֶיהָ | તેના-કૌમાર્યનાં; | H1331 |
| וַיִּשְׁפְּכוּ | અને-તેઓએ-રેડ્યો | H8210 |
| תַזְנוּתָם | તેઓનો-વ્યભિચાર | H8457 |
| עָלֶיהָ׃ | તેના-પર. | |

જ્યારે તે મિસરમાંથી નીકળી ત્યારે પણ તેણે પોતાની ગણિકાવૃતિ છોડી નહિ, જ્યારે તે નાની હતી ત્યારે માણસોએ તેની સાથે સૂઈને તેની કુંવારી અવસ્થાની ડીટડીઓ છોલી નાખી, તેઓએ તેની સાથે વ્યભિચાર કરવાનું ચાલુ રાખ્યું.

9

| | | |
|---|---|---|
| לָכֵן | તેથી | |
| נְתַתִּיהָ | મેં-તેને-સોંપી | H5414 |
| בְּיַד־ | હાથમાં | H3027 |
| מְאַהֲבֶיהָ | તેના-પ્રેમીઓના, | H0157 |
| בְּיַד | હાથમાં | H3027 |
| בְּנֵי | દીકરાઓના | |
| אַשּׁוּר | આશ્શૂરનાં, | H0804 |
| אֲשֶׁר | જેઓ-પર | |
| עָגְבָה | તે-આસક્ત-હતી | H5689 |
| עֲלֵיהֶם׃ | તેઓ-માટે. | |

તેથી મેં તેને તેના પ્રેમીઓના હાથમાં, એટલે આશ્શૂરીઓના માણસો જેના માટે તે વિલાસી હતી, તેઓના હાથમાં સોંપી દીધી.

10

| | | |
|---|---|---|
| הֵמָּה | તેઓએ | H1992 |
| גִּלּוּ | ઉઘાડી-કરી | H1540 |
| עֶרְוָתָהּ | તેની-નગ્નતા; | H6172 |
| בָּנֶיהָ | તેના-દીકરાઓ | |
| וּבְנוֹתֶיהָ | અને-દીકરીઓ | H1323 |
| לָקָחוּ | લઈ-લીધાં, | H3947 |
| וְאוֹתָהּ | અને-તેને | H0853 |
| בַּחֶרֶב | તલવારથી | H2719 |
| הָרָגוּ | મારી-નાખી; | H2026 |
| וַתְּהִי־ | અને-તે-થઈ | H1961 |
| שֵׁם | કુખ્યાત | H8034 |
| לַנָּשִׁים | સ્ત્રીઓમાં, | H0802 |
| וּשְׁפוּטִים | અને-ન્યાય | H8196 |
| עָשׂוּ | કરવામાં-આવ્યો | |
| בָהּ׃ | તેના-પર. | |
| ס | — | |

તેઓએ તેની નિર્વસ્ત્રતા ઉઘાડી કરી. તેઓએ તેના દીકરાઓ તથા દીકરીઓ લઈ લીધાં, તેઓએ તેને તલવારથી મારી નાખી, તે બીજી સ્ત્રીઓમાં શરમરૂપ થઈ ગઈ, કેમ કે તેઓએ તેનો ન્યાય કરીને તેને શિક્ષા કરી.

11

| | | |
|---|---|---|
| וַתֵּרֶא | અને-જોયું | H7200 |
| אֲחוֹתָהּ | તેની-બહેન | H0269 |
| אָהֳלִיבָה | આહોલીબાહે, | H0172 |
| וַתַּשְׁחֵת | અને-તે-વધુ-ભ્રષ્ટ-થઈ | H7843 |
| עַגְבָתָהּ | તેની-વાસના | H5691 |
| מִמֶּנָּה | તેના-કરતાં, | |
| וְאֶת־ | અને | H0853 |
| תַּזְנוּתֶיהָ | તેનો-વ્યભિચાર | H8457 |
| מִזְּנוּנֵי | વ્યભિચારો-કરતાં | H2183 |
| אֲחוֹתָהּ׃ | તેની-બહેન. | H0269 |

તેની બહેન ઓહોલીબાહએ આ બધું જોયું, તેમ છતાં તે પોતાના વ્યભિચારમાં વધુ ભ્રષ્ટ થઈ અને પોતાની બહેન કરતાં વધુ ગણિકાવૃત્તિ કરી.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶל־ | בְּנֵי | אַשּׁוּר | עָגְבָה | פַּחוֹת | וּסְגָנִים | קְרֹבִים | לְבֻשֵׁי | מִכְלוֹל | פָּרָשִׁים |
| પ્રત્યે | દીકરાઓ | આશ્શૂરનાં | આસક્ત-થઈ, | રાજ્યપાલો | અને-ઉપરાજ્યપાલો | નજીકના, | પહેરેલા | ભવ્ય-વસ્ત્ર, | ઘોડેસવારો |
| H0413 | | H0804 | H5689 | H6346 | H5461 | H7138 | H3847 | H4358 | |

| | | | | |
|---|---|---|---|---|
| רֹכְבֵי | סוּסִים | בַּחוּרֵי | חֶמֶד | כֻּלָּם׃ |
| સવાર | ઘોડાઓ-પર, | ઇચ્છનીય-યુવાનો | મનોહર | બધા. |
| H7392 | | H0970 | H2531 | H3605 |

તે આશ્શૂરીઓ કે જેઓ રાજકર્તાઓ તથા અમલદારો હતા, જેઓ ભભકાદાર પોશાક પહેરનારા તથા ઘોડેસવારો હતા. તેમાંના બધા ખૂબસૂરત તથા મજબૂત હતા તેમના પર મોહિત થઈ.

13

| | | | | | |
|---|---|---|---|---|---|
| וָאֵרֶא | כִּי | נִטְמָאָה | דֶּרֶךְ | אֶחָד | לִשְׁתֵּיהֶן׃ |
| અને-મેં-જોયું | કે | તે-અશુદ્ધ-થઈ; | માર્ગ | એક | બંનેનો. |
| H7200 | | | H1870 | H0259 | H8147 |

મેં જોયું કે તેણે પોતાની જાતને અશુદ્ધ કરી છે. તે બન્ને બહેનોનો એક જ માર્ગ હતો.

14

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַתּוֹסֶף | אֶל־ | תַּזְנוּתֶיהָ | וַתֵּרֶא | אַנְשֵׁי | מְחֻקֶּה | עַל־ | הַקִּיר | צַלְמֵי |
| અને-તેણે-વધાર્યો | તેનો | વ્યભિચાર; | અને-તેણે-જોયાં | માણસો | કોતરેલાં | ઉપર | દીવાલ-પર, | ચિત્રો |
| H3254 | H0413 | H8457 | H7200 | H0376 | H2707 | | H7023 | H6754 |

| | | | |
|---|---|---|---|
| ]כשדיים[ | )כַּשְׂדִּים( | חֲקֻקִים | בַּשָּׁשַׁר׃ |
| — | ખાલ્દીઓનાં, | કોતરાયેલાં | સિંદૂરથી, |
| H3778 | H3778 | H2710 | H8350 |

તેણે પોતાની વ્યભિચારનું કામ વધારી. તેણે દીવાલ પર કોતરેલા માણસો, એટલે લાલ રંગથી કોતરેલી ખાલદીઓની પ્રતિમા જોઈ,

15

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| חֲגוֹרֵי | אֵזוֹר | בְּמָתְנֵיהֶם | סְרוּחֵי | טְבוּלִים | בְּרָאשֵׁיהֶם | מַרְאֵה | שָׁלִשִׁים | כֻּלָּם |
| કમરબંધ-બાંધેલાં | પટ્ટો | તેઓની-કમર-પર, | લટકતાં | પાઘડીઓ | તેઓના-માથા-પર, | દેખાવ | સરદારોનો | બધા, |
| H2289 | H0232 | H4975 | H5628 | H2871 | | H4758 | | H3605 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| דְּמוּת | בְנֵי־ | בָבֶל | כַּשְׂדִּים | אֶרֶץ | מוֹלַדְתָּם׃ |
| જેવા | દીકરાઓ | બાબેલનાં, | ખાલ્દીઓ, | દેશ | તેઓના-જન્મનો. |
| H1823 | | H0894 | H3778 | H0776 | H4138 |

તેઓએ કમરે કમરબંધ બાંધેલા હતા અને માથે સુંદર સાફા બાંધેલા હતા. તેઓમાંના બધા દેખાવમાં રાજ્યઅમલદારો જેવા લાગતા હતા. તેઓની જન્મભૂમિ ખાલદી દેશ છે, તે બાબિલના વતની જેવા લાગતા હતા.

16

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ]ותעגב[ | )וַתַּעְגְּבָה( | עֲלֵיהֶם | לְמַרְאֵה | עֵינֶיהָ | וַתִּשְׁלַח | מַלְאָכִים | אֲלֵיהֶם |
| — | અને-તે-આસક્ત-થઈ | તેઓ-પર | દેખાવે | તેની-આંખોને, | અને-તેણે-મોકલ્યાં | સંદેશવાહકો | તેઓની-પાસે |
| H5689 | H5689 | | H4758 | | H7971 | H4397 | H0413 |

| |
|---|
| כַּשְׂדִּימָה׃ |
| ખાલ્દીઆમાં. |
| H3778 |

તેણે જેમ તેઓને જોયા કે તરત જ તેઓની આશક થઈ, તેથી તેણે તેઓની પાસે ખાલદી દેશમાં સંદેશાવાહકો મોકલ્યા.

17

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיָּבֹאוּ | אֵלֶיהָ | בְנֵי־ | בָבֶל | לְמִשְׁכַּב | דֹּדִים | וַיְטַמְּאוּ | אוֹתָהּ |
| અને-આવ્યાં | તેની-પાસે | દીકરાઓ | બાબેલનાં | પ્રેમની | શય્યા-પર, | અને-તેઓએ-અશુદ્ધ-કરી | તેને |
| H0935 | H0413 | | H0894 | H4904 | H1730 | | H0853 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| בְּתַזְנוּתָם | וַתִּטְמָא־ | בָם | וַתֵּקַע | נַפְשָׁהּ | מֵהֶם׃ |
| તેઓના-વ્યભિચારથી; | અને-તે-અશુદ્ધ-થઈ | તેઓથી, | અને-જુદી-કરી | તેનો-જીવ | તેઓથી. |
| H8457 | | | H3363 | H5315 | H1992 |

ત્યારે બાબિલવાસીઓ આવ્યા અને તે સ્ત્રીને લઈને પથારીમાં સૂઈ ગયા, તેઓએ તેની સાથે વ્યભિચાર કરીને તેને ભ્રષ્ટ કરી, પછી તેનું મન તેઓના પરથી ઊઠી ગયું.

18

| | | |
|---|---|---|
| וַתְּגַל֙ | અને-તેણે-ઉઘાડી-કર્યો | H1540 |
| תַּזְנוּתֶ֔יהָ | તેનો-વ્યભિચાર, | H8457 |
| וַתְּגַ֖ל | અને-તેણે-ઉઘાડી-કરી | H1540 |
| אֶת־ | – | H0853 |
| עֶרְוָתָ֑הּ | તેની-નગ્નતા; | H6172 |
| וַתֵּ֤קַע | અને-જુદી-કરી | H3363 |
| נַפְשִׁי֙ | મારો-જીવ | H5315 |
| מֵעָלֶ֔יהָ | તેના-પરથી, | |
| כַּאֲשֶׁ֥ר | જેમ | |
| נָקְעָ֛ה | જુદી-કરી-હતી | H5361 |
| נַפְשִׁ֖י | મારો-જીવ | H5315 |
| מֵעַ֥ל | ઉપરથી | |
| אֲחוֹתָֽהּ׃ | તેની-બહેનના. | H0269 |

તેણે ખુલ્લી રીતે વ્યભિચાર કર્યો અને પોતાને ઉઘાડી કરી, જેમ મારું મન તેની બહેન પરથી પણ ઊઠી ગયું હતું, તેમ મારું મન તેના પરથી ઊઠી ગયું.

19

| | | |
|---|---|---|
| וַתַּרְבֶּ֖ה | અને-તેણે-વધાર્યો | |
| אֶת־ | – | H0853 |
| תַּזְנוּתֶ֑יהָ | તેનો-વ્યભિચાર, | H8457 |
| לִזְכֹּר֙ | યાદ-કરતાં | H2142 |
| אֶת־ | – | H0853 |
| יְמֵ֣י | દિવસો | H3117 |
| נְעוּרֶ֔יהָ | તેની-યુવાનીના, | |
| אֲשֶׁ֥ר | જ્યારે | |
| זָנְתָ֖ה | તે-વ્યભિચાર-કર્યો-હતો | H2181 |
| בְּאֶ֥רֶץ | દેશમાં | H0776 |
| מִצְרָֽיִם׃ | મિસરનાં. | H4714 |

પછી તેણે મિસર દેશમાં પોતાની જુવાનીમાં વ્યભિચાર કર્યો હતો, તે દિવસો યાદ કરીને તેણે પુષ્કળ વ્યભિચાર કર્યો.

20

| | | |
|---|---|---|
| וַֽתַּעְגְּבָ֔ה | અને-તે-આસક્ત-થઈ | H5689 |
| עַל֙ | તેઓના | |
| פִּלַגְשֵׁיהֶ֔ם | ઉપપત્નીઓ-પર, | H6370 |
| אֲשֶׁ֤ר | જેઓનું | |
| בְּשַׂר־ | શરીર | H1320 |
| חֲמוֹרִים֙ | ગધેડાંઓ-જેવું | H2543 |
| בְּשָׂרָ֔ם | તેઓનું-શરીર, | H1320 |
| וְזִרְמַ֥ת | અને-વીર્ય | H2231 |
| סוּסִ֖ים | ઘોડાઓ-જેવું | |
| זִרְמָתָֽם׃ | તેઓનું-વીર્ય. | H2231 |

તે પોતાના પ્રેમીઓ માટે પ્રેમીકા હતી, જેઓની ઈંદ્રિયો ગધેડાની ઈંદ્રિયો જેવી હતી અને જેઓનું બીજ ઘોડાના બીજ જેવું હતું.

21

| | | |
|---|---|---|
| וַֽתִּפְקְדִ֔י | અને-તેં-યાદ-કર્યું | |
| אֵ֖ת | – | H0853 |
| זִמַּ֣ת | વ્યભિચાર | H2154 |
| נְעוּרָ֑יִךְ | તારી-યુવાનીનો, | |
| בַּעְשׂ֨וֹת | કરવા-દેવામાં | |
| מִמִּצְרַ֜יִם | મિસરે | H4714 |
| דַּדַּ֔יִךְ | તારાં-સ્તન, | H1717 |
| לְמַ֖עַן | માટે | H4616 |
| שְׁדֵ֥י | સ્તનો | |
| נְעוּרָֽיִךְ׃ | તારી-યુવાનીના. | |
| ס | — | |

જ્યારે મિસરવાસીઓથી તેની ડીટડીઓ છોલાઈ ત્યારે તેણે પોતાની જુવાનીનાં લંપટતાના કાર્યો યાદ કરીને ફરીથી શરમજનક કાર્ય કર્યું.

22

| | | |
|---|---|---|
| לָכֵ֣ן | તેથી, | |
| אָהֳלִיבָ֗ה | આહોલીબાહ, | H0172 |
| כֹּֽה־ | આમ-પ્રમાણે | H3541 |
| אָמַר֮ | કહે-છે | H0559 |
| אֲדֹנָ֣י | પ્રભુ | H0136 |
| יְהוִה֒ | યહોવાહ: | H3069 |
| הִנְנִ֨י | જુઓ, | H2009 |
| מֵעִ֤יר | હું-ઉઠાડી-રહ્યો-છું | H5782 |
| אֶת־ | – | H0853 |
| מְאַהֲבַ֙יִךְ֙ | તારા-પ્રેમીઓને | H0157 |
| עָלַ֔יִךְ | તારી-વિરુદ્ધ, | |
| אֵ֛ת | – | H0853 |
| אֲשֶׁר־ | જેઓથી | |
| נָקְעָ֥ה | જુદી-કરી-હતી | H5361 |
| נַפְשֵׁ֖ךְ | તારો-જીવ | H5315 |
| מֵהֶ֑ם | તેઓથી; | H1992 |
| וַהֲבֵאתִ֥ים | અને-હું-લાવીશ | H0935 |
| עָלַ֖יִךְ | તારી-વિરુદ્ધ | |
| מִסָּבִֽיב׃ | ચારે-બાજુથી. | H5439 |

માટે, ઓહોલીબાહ, પ્રભુ યહોવાહ આમ કહે છે: ‘જો, હું તારા પ્રેમીઓને તારી વિરુદ્ધ કરીશ. જેઓના પરથી તારું મન ઊઠી ગયું છે, તેઓને હું ચારેબાજુથી તારી વિરુદ્ધ લાવીશ.

23 בְּנֵ֨י בָבֶ֜ל וְכָל־ כַּשְׂדִּ֗ים פְּק֤וֹד וְשׁ֙וֹעַ֙ וְק֔וֹעַ כָּל־ בְּנֵ֥י אַשּׁ֖וּר
દીકરાઓ બાબેલનાં અને-બધા ખાલ્દીઓ, પકોદ અને-શોઆ અને-કોઆ, બધા દીકરાઓ આશ્શૂરનાં
H0894 H3605 H3778 H6489 H7772 H6970 H3605 H0804

אוֹתָ֔ם בַּח֤וּרֵי חֶ֙מֶד֙ פַּח֤וֹת וּסְגָנִים֙ כֻּלָּ֔ם שָֽׁלִשִׁים֙ וּקְרוּאִ֔ים רֹכְבֵ֥י
તેઓની-સાથે; ઇચ્છનીય-યુવાનો મનોહર, રાજ્યપાલો અને-ઉપરાજ્યપાલો બધા, સરદારો અને-પ્રસિદ્ધો, સવાર
H0853 H0970 H2531 H6346 H5461 H3605 H7121 H7392

סוּסִ֖ים כֻּלָּֽם׃
ઘોડાઓ-પર બધા.
H3605

એટલે હું બધા બાબિલવાસીઓને તથા બધા ખાલદીવાસીઓને પેકોદને, શોઆને તથા કોઆને તેમ જ બધા આશ્શૂરવાસીઓને, બધા ખૂબસૂરત જુવાનોને, રાજકર્તાઓને તથા અધિકારીઓને, ઘોડેસવારોને તથા મંત્રીઓને ભેગા કરીશ.

24 וּבָ֣אוּ עָ֠לַיִךְ הֹ֜צֶן רֶ֣כֶב וְגַלְגַּ֗ל וּבִקְהַ֣ל עַמִּ֔ים צִנָּ֥ה וּמָגֵ֛ן
અને-તેઓ-આવશે તારી-વિરુદ્ધ શસ્ત્રોનો-સાજો, રથ અને-પહિયાં, અને-સમૂહથી લોકોના, ઢાલ અને-તોપ
H0935 H2021 H7393 H1534 H6951 H4043

וְקוֹבַ֖ע יָשִׂ֣ימוּ עָלַ֑יִךְ סָבִ֔יב וְנָתַתִּ֤י לִפְנֵיהֶם֙ מִשְׁפָּ֔ט וּשְׁפָט֖וּךְ
અને-શિરસ્ત્રાણ મૂકશે તારી-વિરુદ્ધ ચારે-બાજુ; અને-હું-આપીશ તેઓની-આગળ ન્યાય, અને-તેઓ-ન્યાય-કરશે
H6959 H5439 H5414 H6440 H4941 H8199

בְּמִשְׁפְּטֵיהֶֽם׃
તેઓના-ન્યાય-પ્રમાણે.
H4941

તેઓ તારી વિરુદ્ધ હથિયારો, રથો તથા ગાડાઓ, અને લોકોનાં મોટાં ટોળાં સહિત આવશે. તેઓ મોટી ઢાલો, નાની ઢાલો તથા ટોપો પહેરીને તારી સામે આવીને તને ચારેબાજુથી ઘેરી લેશે. હું તેઓને તને શિક્ષા કરવાની તક આપીશ અને તેઓ પોતાનાં કાર્યોથી તને શિક્ષા કરશે.

25 וְנָתַתִּ֨י קִנְאָתִ֜י בָּ֗ךְ וְעָשׂ֤וּ אוֹתָךְ֙ בְּחֵמָ֔ה אַפֵּ֤ךְ וְאָזְנַ֙יִךְ֙ יָסִ֔ירוּ
અને-હું-મૂકીશ મારી-ઈર્ષ્યા તારી-વિરુદ્ધ, અને-તેઓ-કરશે તારી-સાથે ક્રોધથી; તારું-નાક અને-તારાં-કાન કાપશે,
H5414 H7068 H0853 H2534 H0639 H0241 H5493

וְאַחֲרִיתֵ֖ךְ בַּחֶ֣רֶב תִּפּ֑וֹל הֵ֤מָּה בָּנַ֙יִךְ֙ וּבְנוֹתַ֣יִךְ יִקָּ֔חוּ וְאַחֲרִיתֵ֖ךְ תֵּאָכֵ֥ל
અને-તારું-બાકીનું તલવારથી પડશે; તેઓ તારાં-દીકરાઓ અને-દીકરીઓ લઈ-લેશે, અને-તારું-બાકીનું બળશે
H0319 H2719 H5307 H1992 H1323 H3947 H0319 H0398

בָּאֵֽשׁ׃
અગ્નિમાં.
H0784

કેમ કે હું તારા પર મારો કોપ રેડી દઈશ, તેઓ રોષથી તારી સાથે વર્તશે, તેઓ તારા નાક તથા કાન કાપી નાખશે, તારા બચેલા તલવારથી નાશ પામશે તેઓ તારા દીકરા દીકરીઓને લઈ લેશે, જેથી તારા વંશજો અગ્નિથી ભસ્મ થઈ જશે.

26 וְהִפְשִׁיט֖וּךְ אֶת־ בְּגָדָ֑יִךְ וְלָקְח֖וּ כְּלֵ֥י תִפְאַרְתֵּֽךְ׃
અને-તેઓ-ઉતારશે – તારાં-વસ્ત્રો, અને-લઈ-લેશે આભૂષણો તારી-શોભાનાં.
H6584 H0853 H3947 H3627 H8597

તેઓ તારાં વસ્ત્રો ઉતારી લેશે અને તારાં આભૂષણો તારી પાસેથી લઈ લેશે

27 וְהִשְׁבַּתִּ֤י זִמָּתֵךְ֙ מִמֵּ֔ךְ וְאֶת־ זְנוּתֵ֖ךְ מֵאֶ֣רֶץ מִצְרָ֑יִם וְלֹא־ תִשְׂאִ֤י
અને-હું-બંધ-કરીશ તારી-વ્યભિચાર તારાથી, અને તારી-વેશ્યાવૃત્તિ દેશમાંથી મિસરની; અને-નહિ ઉચકશે
H2154 H0853 H2184 H0776 H4714 H3808 H5375

עֵינַ֙יִךְ֙ אֲלֵיהֶ֔ם וּמִצְרַ֖יִם לֹ֥א תִזְכְּרִי־ ע֑וֹד׃ ס
તારી-આખો તેઓ-પ્રત્યે, અને-મિસરને નહિ યાદ-કરશે વધુ. —
H0413 H4714 H3808 H2142 H5750

હું તારામાંથી તારા શરમજનક કાર્યોનો અને મિસર દેશમાં કરેલાં વ્યભિચારનો અંત લાવીશ. જેથી તું તારી નજર તેઓના તરફ ઉઠાવશે નહિ અને મિસરને સ્મરણમાં લાવશે નહિ.'"

28

| | | |
|---|---|---|
| כִּֽי | કારણ-કે | |
| כֹּה | આમ-પ્રમાણે | H3541 |
| אָמַר֮ | કહે-છે | H0559 |
| אֲדֹנָ֣י | પ્રભુ | H0136 |
| יְהוִה֒ | યહોવાહ: | H3069 |
| הִנְנִי֙ | જુઓ, | H2009 |
| נֹֽתְנָ֔ךְ | હું-સોંપી-રહ્યો-છું-તને | H5414 |
| בְּיַ֖ד | હાથમાં | H3027 |
| אֲשֶׁ֣ר | જેઓને | |
| שָׂנֵ֑את | તેં-ધિક્કારે-છે, | H8130 |
| בְּיַ֖ד | હાથમાં | H3027 |
| אֲשֶׁר־ | જેઓથી | |
| נָקְעָ֥ה | જુદી-કરી-હતી | H5361 |
| נַפְשֵׁ֖ךְ | તારો-જીવ | H5315 |
| מֵהֶֽם׃ | તેઓથી. | H1992 |

કેમ કે પ્રભુ યહોવાહ કહે છે: 'જો, જે લોકોને તું ધિક્કારે છે અને જેઓના પરથી તારું મન ઊઠી ગયું છે તેઓના હાથમાં હું તને સોંપી દઈશ.

29

| | | |
|---|---|---|
| וְעָשׂ֨וּ | અને-તેઓ-કરશે | |
| אוֹתָ֜ךְ | તારી-સાથે | H0853 |
| בְּשִׂנְאָ֗ה | ધિક્કારથી, | H8135 |
| וְלָֽקְחוּ֙ | અને-લઈ-લેશે | H3947 |
| כָּל־ | બધું | H3605 |
| יְגִיעֵ֔ךְ | તારી-કમાણી, | H3018 |
| וַעֲזָב֖וּךְ | અને-છોડશે-તને | |
| עֵירֹ֣ם | નગ્ન | H5903 |
| וְעֶרְיָ֑ה | અને-ઉઘાડી; | H6181 |
| וְנִגְלָה֙ | અને-પ્રકટ-થશે | H1540 |
| עֶרְוַ֣ת | નગ્નતા | H6172 |
| זְנוּנַ֔יִךְ | તારી-વેશ્યાવૃત્તિની, | H2183 |
| וְזִמָּתֵ֖ךְ | અને-તારી-વ્યભિચાર | H2154 |
| וְתַזְנוּתָֽיִךְ׃ | અને-તારો-વ્યભિચાર. | H8457 |

તેઓ તને ધિક્કારશે; તેઓ તારી બધી સંપત્તિ લઈ લેશે અને તને ઉઘાડી કરી મૂકશે. તારા વ્યભિચારની ભ્રષ્ટતા એટલે તારાં શરમજનક કાર્યો તથા તારો વ્યભિચાર ઉઘાડાં થશે.

30

| | | |
|---|---|---|
| עָשֹׂ֥ה | આમ-કરવામાં-આવ્યું | |
| אֵ֖לֶּה | આ | H0428 |
| לָ֑ךְ | તારી-સાથે, | |
| בִּזְנוֹתֵךְ֙ | તારી-વેશ્યાવૃત્તિમાં | H2181 |
| אַחֲרֵ֣י | પાછળ | |
| גוֹיִ֔ם | પ્રજાઓના, | |
| עַ֥ל | કારણ-કે | |
| אֲשֶׁר־ | જેઓથી | |
| נִטְמֵ֖את | તેં-અશુદ્ધ-થઈ | |
| בְּגִלּוּלֵיהֶֽם׃ | તેઓની-મૂર્તિઓથી. | H1544 |

તેં ગણિકા જેવું કાર્ય કર્યું છે, પ્રજાઓની પાછળ જઈને તેમની પ્રેમીકા થઈ છે અને તેઓની મૂર્તિઓથી તેં પોતાને અપવિત્ર કરી છે, માટે આ સર્વ દુઃખો તારા પર લાવવામાં આવશે.

31

| | | |
|---|---|---|
| בְּדֶ֥רֶךְ | માર્ગમાં | H1870 |
| אֲחוֹתֵ֖ךְ | તારી-બહેનના | H0269 |
| הָלָ֑כְתְּ | ચાલી; | H1980 |
| וְנָתַתִּ֥י | અને-હું-આપીશ | H5414 |
| כוֹסָ֖הּ | તેનો-પ્યાલો | |
| בְּיָדֵֽךְ׃ | તારા-હાથમાં. | H3027 |
| ס | — | |

તું તારી બહેનને પગલે ચાલી છે, તેથી હું તેની શિક્ષાનો પ્યાલો તારા હાથમાં આપીશ.'

32

| | | |
|---|---|---|
| כֹּ֤ה | આમ-પ્રમાણે | H3541 |
| אָמַר֙ | કહે-છે | H0559 |
| אֲדֹנָ֣י | પ્રભુ | H0136 |
| יְהוִ֔ה | યહોવાહ: | H3069 |
| כּ֤וֹס | પ્યાલો | |
| אֲחוֹתֵךְ֙ | તારી-બહેનનો | H0269 |
| תִּשְׁתִּ֔י | તેં-પીશે, | H8354 |
| הָעֲמֻקָּ֖ה | ઊંડો | H6013 |
| וְהָרְחָבָ֑ה | અને-પહોળો, | H7342 |
| תִּהְיֶ֧ה | તે-હશે | H1961 |
| לִצְחֹ֛ק | હાસ્ય-માટે | H6712 |
| וּלְלַ֖עַג | અને-મશ્કરી-માટે, | H3933 |
| מִרְבָּ֥ה | ઘણું | H4767 |
| לְהָכִֽיל׃ | સમાવવા. | H3557 |

પ્રભુ યહોવાહ આમ કહે છે: 'તું તારી બહેનનો પ્યાલો પીશે, તે ઊંડો અને મોટો છે; તું હાંસીપાત્ર થશે અને તું મજાકનો વિષય બનશે તે પ્યાલામાં ઘણું સમાય છે.

33

| | | |
|---|---|---|
| שִׁכָּר֥וֹן | નશા | H7943 |
| וְיָג֖וֹן | અને-દુઃખથી | H3015 |
| תִּמָּלֵ֑אִי | તેં-ભરાશે; | H4390 |
| כּ֚וֹס | પ્યાલો | |
| שַׁמָּ֣ה | વિનાશનો | H8047 |
| וּשְׁמָמָ֔ה | અને-ઉજ્જડનો, | |
| כּ֖וֹס | પ્યાલો | |
| אֲחוֹתֵ֥ךְ | તારી-બહેન | H0269 |
| שֹׁמְרֽוֹן׃ | સમરૂનની. | H8111 |

તું ભયાનક તથા વિનાશના પ્યાલાથી, એટલે નશાથી તથા ચિંતાથી ભરાઈ જશે. આ તારી બહેન સમરુનનો પ્યાલો છે

34
וְשָׁתִ֨ית અને-તેં-પીશે H8354 | אוֹתָ֜הּ તેને, H0853 | וּמָצִ֗ית અને-તળિયાં-સુધી-ચૂસશે, H4680 | וְאֶת־ અને H0853 | חֲרָשֶׂ֛יהָ તેના-ઠીકરાં H2789 | תְּגָרֵ֖מִי ચાવશે, | וְשָׁדַ֣יִךְ અને-તારાં-સ્તન | תְּנַתֵּ֑קִי તોડશે; H5423 | כִּ֚י કારણ-કે
אֲנִ֣י હું H0589 | דִבַּ֔רְתִּי બોલ્યો-છે, H1696 | נְאֻ֖ם વચન H5002 | אֲדֹנָ֥י પ્રભુ H0136 | יְהוִֽה׃ યહોવાહનું. H3069 | ס —

તું પીશે અને તેને ખાલી કરી નાખશે; પછી તું તેને ભાંગી નાખશે અને તારાં સ્તનને કાપીને ટુકડા કરી નાખશે.

35
לָכֵ֗ן તેથી, | כֹּ֤ה આમ-પ્રમાણે H3541 | אָמַר֙ કહે-છે H0559 | אֲדֹנָ֣י પ્રભુ H0136 | יְהוִ֔ה યહોવાહ: H3069 | יַ֚עַן કારણ-કે H3282 | שָׁכַ֣חַתְּ તેં-ભૂલી-ગઈ H7911 | אוֹתִ֔י મને, H0853 | וַתַּשְׁלִ֥יכִי અને-તેં-વહેંક્યા H7993 | אוֹתִ֖י મને H0853 | אַחֲרֵ֣י તારી
גַוֵּ֑ךְ પીઠે; H1458 | וְגַם־ અને-પણ H1571 | אַ֛תְּ તેં | שְׂאִ֥י વહન H5375 | זִמָּתֵ֖ךְ તારી-વ્યભિચાર H2154 | וְאֶת־ અને H0853 | תַּזְנוּתָֽיִךְ׃ તારો-વ્યભિચાર. H8457 | ס —

માટે, પ્રભુ યહોવાહ આમ કહે છે: ‘કેમ કે તું મને ભૂલી ગઈ છે અને મને તારી પીઠ પાછળ ફેંકી દીધો છે, તેથી તું તારી લંપટતા અને વ્યભિચારની બોજ ઉઠાવશે.”

36
וַיֹּ֤אמֶר અને-કહ્યુ H0559 | יְהוָה֙ યહોવાહે H3068 | אֵלַ֔י મને, H0413 | בֶּן־ હે-દીકરા | אָדָ֔ם માણસના, H0120 | הֲתִשְׁפּ֥וֹט શું-તેં-ન્યાય-કરશે H8199 | אֶֽת־ – H0853 | אָהֳלָ֖ה આહોલાહનો H0170 | וְאֶת־ અને H0853 | אָהֳלִיבָ֑ה આહોલીબાહનો? H0172
וְהַגֵּ֣ד અને-જણાવ H5046 | לָהֶ֔ן તેઓને | אֵ֖ת – H0853 | תּוֹעֲבוֹתֵיהֶֽן׃ તેઓની-ઘૃણાઓ. H8441

યહોવાહે મને કહ્યુ, “હે મનુષ્યપુત્ર, શું તું ઓહોલાહ અને ઓહોલીબાહનો ન્યાય કરશે? તો તેઓએ જે ધિક્કારપાત્ર કૃત્યો કર્યાં છે તે તેઓને જણાવ.

37
כִּ֣י કારણ-કે | נִאֵ֗פוּ તેઓએ-વ્યભિચાર-કર્યો, H5003 | וְדָם֙ અને-રક્ત H1818 | בִּידֵיהֶ֔ן તેઓના-હાથ-પર, H3027 | וְאֶת־ અને H0854 | גִּלּֽוּלֵיהֶ֖ן તેઓની-મૂર્તિઓ-સાથે H1544 | נִאֵ֑פוּ વ્યભિચાર-કર્યો; H5003 | וְגַ֤ם અને-વળી H1571
אֶת־ – H0853 | בְּנֵיהֶן֙ તેઓના-દીકરાઓ | אֲשֶׁ֣ר જેઓ | יָֽלְדוּ־ તેઓએ-જન્મ-આપ્યા-હતા H3205 | לִ֔י મારા-માટે, | הֶעֱבִ֥ירוּ પસાર-કર્યા | לָהֶ֖ם તેઓને | לְאָכְלָֽה׃ ભોજન-માટે. H0402

તેઓએ વ્યભિચાર કર્યો છે, તેઓના હાથમાં લોહી છે. તેઓએ મૂર્તિઓ સાથે વ્યભિચાર કર્યો છે, તેઓએ મારાથી તેઓને થયેલા દીકરાઓને અગ્નિમાં ભસ્મ થવા સારુ સોંપ્યા છે.

38
ע֥וֹד વધુમાં, H5750 | זֹ֖את આ H2063 | עָ֣שׂוּ કર્યું | לִ֑י મારી-સાથે: | טִמְּא֤וּ અશુદ્ધ-કર્યું | אֶת־ – H0853 | מִקְדָּשִׁי֙ મારું-પવિત્ર-સ્થાન H4720 | בַּיּ֣וֹם દિવસે H3117 | הַה֔וּא તે-જ, H1931 | וְאֶת־ અને H0853
שַׁבְּתוֹתַ֖י મારાં-વિશ્રામના-દિવસો H7676 | חִלֵּֽלוּ׃ અપવિત્ર-કર્યા.

વળી તેઓએ સતત મારી સાથે આ કર્યું છે; તેઓએ મારા પવિત્રસ્થાનને અપવિત્ર કર્યું છે, તે જ દિવસે તેઓએ મારા વિશ્રામવારોને અશુદ્ધ કર્યા છે.

39
וּבְשַׁחֲטָ֤ם અને-જ્યારે-વધેર્યાં | אֶת־ – H0853 | בְּנֵיהֶם֙ તેઓના-દીકરાઓને | לְגִלּ֣וּלֵיהֶ֔ם તેઓની-મૂર્તિઓ-માટે, H1544 | וַיָּבֹ֧אוּ અને-આવ્યાં H0935 | אֶל־ – H0413 | מִקְדָּשִׁ֛י મારાં-પવિત્ર-સ્થાનમાં H4720 | בַּיּ֥וֹם દિવસે H3117
הַה֖וּא તે-જ H1931 | לְחַלְּל֑וֹ અપવિત્ર-કરવા; | וְהִנֵּה־ અને-જુઓ, H2009 | כֹ֥ה આમ-પ્રમાણે H3541 | עָשׂ֖וּ કર્યું | בְּת֥וֹךְ વચ્ચે H8432 | בֵּיתִֽי׃ મારા-ઘરના.

કેમ કે તેઓએ પોતાનાં બાળકો મૂર્તિઓને ચઢાવ્યાં પછી તે જ દિવસે તેઓ મારા સભાસ્થાનને અશુદ્ધ કરવા આવ્યા જુઓ, તેઓએ મારા સભાસ્થાનની વચ્ચે જે કર્યું છે તે આ છે.

40

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְאַף | כִּי | תִּשְׁלַחְנָה | לַאֲנָשִׁים | בָּאִים | מִמֶּרְחָק | אֲשֶׁר | מַלְאָךְ | שָׁלוּחַ |
| અને-વધુમાં, | કે | તેઓએ-બોલાવ્યા | માણસોને | આવતાં | દૂરથી; | જેઓને | સંદેશવાહક | મોકલાયો-હતો |
| H0637 | | H7971 | H0376 | H0935 | H4801 | | H4397 | H7971 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֲלֵיהֶם | וְהִנֵּה־ | בָאוּ | לַאֲשֶׁר | רָחַצְתְּ | כָּחַלְתְּ | עֵינַיִךְ | וְעָדִית | עֶדִי׃ |
| તેઓની-પાસે, | અને-જુઓ, | આવ્યાં, | જેઓના-માટે | તેં-નાહી | અજન-કર્યું-આખો | તારી-આખોને, | અને-શૃંગાર-કરી | આભૂષણોથી. |
| H0413 | H2009 | H0935 | | H7364 | H3583 | | | H5716 |

વળી તમે સંદેશાવાહકો મોકલીને દૂર દૂરથી માણસોને બોલાવ્યા હવે જુઓ,▯ તેઓ આવ્યા, તેઓને માટે તેં સ્નાન કર્યું, આખોમાં કાજળ લગાવ્યું અને ઘરેણાંથી પોતાને સુશોભિત કરી.

41

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְיָשַׁבְתְּ | עַל־ | מִטָּה | כְבוּדָּה | וְשֻׁלְחָן | עָרוּךְ | לְפָנֶיהָ | וּקְטָרְתִּי | וְשַׁמְנִי | שַׂמְתְּ |
| અને-તેં-બેઠી | પર | પલંગ | શોભાયમાન, | અને-મેજ | ગોટવાયેલો | તેની-આગળ, | અને-મારી-ધૂપ | અને-મારું-તેલ | મૂક્યું |
| H3427 | | H4296 | | H7979 | | H6440 | H7004 | H8081 | |

| |
|---|
| עָלֶיהָ׃ |
| તેના-પર. |

અને તું સુંદર ભભકાદાર પલંગ પર બેઠી અને તેની આગળ મેજ બિછાવી. પછી તેં તેના પર ધૂપ તથા મારુ તેલ મૂક્યું.

42

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְקוֹל | הָמוֹן | שָׁלֵו | בָהּ | וְאֶל־ | אֲנָשִׁים | מֵרֹב | אָדָם | מוּבָאִים | ]סובאים[ |
| અને-અવાજ | ટોળાનો | શાંતિમય | તેમાં, | અને-પ્રત્યે | માણસો | મોટી-સંખ્યામાંથી | માણસો, | લાવવામાં-આવ્યાં | — |
| | | H7961 | | H0413 | H0376 | H7230 | H0120 | H0935 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| )סָבָאִים( | מִמִּדְבָּר | וַיִּתְּנוּ | צְמִידִים | אֶל־ | יְדֵיהֶן | וַעֲטֶרֶת | תִּפְאֶרֶת | עַל־ |
| સબાઇઓ | રણમાંથી; | અને-તેઓએ-આપ્યાં | કંકણો | પર | તેઓના-હાથ, | અને-મુકુટ | શોભાનો | પર |
| H5433 | | H5414 | | H0413 | H3027 | H5850 | H8597 | |

| |
|---|
| רָאשֵׁיהֶן׃ |
| તેઓનાં-માથાં. |

તમારા ઓરડામાંથી મોટી ઉજાણીના અવાજો સંભળાતા હતા. અને અરણ્યમાંથી નશાથી ચૂર લોકોને લાવવામાં આવ્યા હતા. તેઓએ તેમના બંનેના હાથોમાં બંગડીઓ પહેરાવી હતી અને તેઓના માથે સુંદર મુગટો પહેરાવ્યા હતા.

43

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וָאֹמַר | לַבָּלָה | נִאוּפִים | ]עת[ | )עַתָּה( | ]יזנה[ | )יִזְנוּ( | תַזְנוּתֶהָ | וָהִיא׃ |
| અને-હું-બોલ્યો | જૂની-થઈ-વ્યભિચાર | કરશે; | — | હવે | — | વ્યભિચાર-કરશે | તેનો-વ્યભિચાર | અને-તે? |
| H0559 | H1087 | H5004 | H6258 | H6258 | H2181 | H2181 | H8457 | H1931 |

ત્યારે જે વ્યભિચાર કરીને વૃદ્ધ થઈ ગઈ હતી તેને વિષે મેં વિચાર કર્યો, ‘હવે તેઓ તેની સાથે વ્યભિચાર કરશે, હા તેઓ તેની સાથે વ્યભિચાર કરશે.’

44

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּבוֹא | אֵלֶיהָ | כְּבוֹא | אֶל־ | אִשָּׁה | זוֹנָה | כֵּן | בָּאוּ | אֶל־ | אָהֳלָה | וְאֶל־ |
| અને-આવ્યો | તેની-પાસે, | જેમ-આવે | પાસે | સ્ત્રી | વેશ્યાની; | આમ-પ્રમાણે | આવ્યાં | પાસે | આહોલાહની | અને-પાસે |
| H0935 | H0413 | H0935 | H0413 | H0802 | H2181 | | H0935 | H0413 | H0170 | H0413 |

| | | |
|---|---|---|
| אָהֳלִיבָה | אִשֹּׁת | הַזִּמָּה׃ |
| આહોલીબાહની, | સ્ત્રીઓ | વ્યભિચારી-છે. |
| H0172 | H0802 | H2154 |

જેમ લોકો વેશ્યા પાસે જાય છે તેમ તેઓ તેની પાસે ગયા, આ રીતે તેઓએ તે ગણિકા સ્ત્રીઓ ઓહોલાહ તથા ઓહોલીબાહ પાસે જવાનું ચાલું રાખ્યું.

45

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַאֲנָשִׁים | צַדִּיקִם | הֵמָּה | יִשְׁפְּטוּ | אוֹתְהֶם | מִשְׁפַּט | נֹאֲפוֹת | וּמִשְׁפַּט | שֹׁפְכוֹת |
| અને-માણસો | ન્યાયી | તેઓ | ન્યાય-કરશે | તેઓનો, | ન્યાય | વ્યભિચારિણીઓનો | અને-ન્યાય | રક્ત-રેડનારીઓનો, |
| H0376 | H6662 | H1992 | H8199 | H0853 | H4941 | H5003 | H4941 | H8210 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| דָם | כִּי | נֹאֲפֹת | הֵנָּה | וְדָם | בִּידֵיהֶן׃ | ס |
| રક્ત; | કારણ-કે | વ્યભિચારિણીઓ | છે-તેઓ, | અને-રક્ત | તેઓનાં-હાથ-પર. | — |
| H1818 | | H5003 | H2007 | H1818 | H3027 | |

પણ ન્યાયી માણસો તો તેમને વ્યભિચારી તથા ખૂની સ્ત્રીઓની સજા કરશે, કેમ કે, તેઓએ વ્યભિચાર કર્યો છે અને તેમના હાથમાં લોહી છે."

46

| | | |
|---|---|---|
| כִּי | કારણ-કે | |
| כֹּה | આમ-પ્રમાણે | H3541 |
| אָמַר | કહે-છે | H0559 |
| אֲדֹנָי | પ્રભુ | H0136 |
| יְהוִה | યહોવાહ: | H3069 |
| הַעֲלֵה | લાવ | H5927 |
| עֲלֵיהֶם | તેઓ-વિરુદ્ધ | |
| קָהָל | સમૂહને, | H6951 |
| וְנָתֹן | અને-આપ | H5414 |
| אֶתְהֶן | તેઓને | H0853 |
| לְזַעֲוָה | ભય-માટે | H2189 |
| וְלָבַז׃ | અને-લૂંટ-માટે. | H0957 |

પ્રભુ યહોવાહ આમ કહે છે: "હું તેઓના ઉપર ચઢાઈ કરવા એક સૈન્ય મોકલીશ, તેઓને લૂંટવા તથા ત્રાસરૂપ થવા સોંપી દઈશ.

47

| | | |
|---|---|---|
| וְרָגְמוּ | અને-પથ્થર-મારશે | H7275 |
| עֲלֵיהֶן | તેઓ-પર | |
| אֶבֶן | પથ્થરો | H0068 |
| קָהָל | સમૂહ, | H6951 |
| וּבָרֵא | અને-કાપશે | |
| אוֹתְהֶן | તેઓને | H0853 |
| בְּחַרְבוֹתָם | તેઓની-તલવારોથી; | H2719 |
| בְּנֵיהֶם | તેઓના-દીકરાઓ | |
| וּבְנוֹתֵיהֶם | અને-દીકરીઓને | H1323 |
| יַהֲרֹגוּ | મારશે, | H2026 |
| וּבָתֵּיהֶן | અને-તેઓનાં-ઘરો | |
| בָּאֵשׁ | અગ્નિથી | H0784 |
| יִשְׂרֹפוּ׃ | બાળશે. | H8313 |

તે સૈન્ય તેઓને પથ્થરથી મારશે અને તલવારોથી તેમને કાપી નાખશે. તેઓ તેઓના દીકરા તથા દીકરીઓને મારી નાખશે અને તેઓના ઘરોને બાળી મૂકશે.

48

| | | |
|---|---|---|
| וְהִשְׁבַּתִּי | અને-હું-ૅદ-કરીશ | |
| זִמָּה | વ્યભિચાર | H2154 |
| מִן־ | માંથી | |
| הָאָרֶץ | દેશ; | H0776 |
| וְנִוַּסְּרוּ | અને-શિખામણ-લેશે | H3256 |
| כָּל־ | બધી | H3605 |
| הַנָּשִׁים | સ્ત્રીઓ, | H0802 |
| וְלֹא | અને-નહિ | H3808 |
| תַעֲשֶׂינָה | કરશે | |
| כְּזִמַּתְכֶנָה׃ | તમારી-વ્યભિચાર-પ્રમાણે. | H2154 |

હું દેશમાંથી શરમજનક કાર્યોનો અંત લાવીશ. જેથી બધી સ્ત્રીઓ શિસ્તમાં રહે અને તેઓ ગણિકાનું કાર્ય કરે નહિ.

49

| | | |
|---|---|---|
| וְנָתְנוּ | અને-તેઓ-મૂકશે | H5414 |
| זִמַּתְכֶנָה | તમારી-વ્યભિચાર | H2154 |
| עֲלֵיכֶן | તમારા-પર, | |
| וַחֲטָאֵי | અને-પાપો | H2399 |
| גִלּוּלֵיכֶן | તમારી-મૂર્તિઓના | H1544 |
| תִּשֶּׂאינָה | વહન-કરશો; | H5375 |
| וִידַעְתֶּם | અને-તમે-જાણશો | H3045 |
| כִּי | કે | |
| אֲנִי | હું | H0589 |
| אֲדֹנָי | પ્રભુ | H0136 |
| יְהוִה׃ | યહોવાહ. | H3069 |
| פ | — | |

તેઓ તમારાં શરમજનક કાર્યોનો બદલો તમને આપશે. તમારે મૂર્તિપૂજાના પાપનાં ફળ ભોગવવા પડશે. ત્યારે તમે જાણશો કે હું પ્રભુ યહોવાહ છું."

## Chapter 24

1

| | | |
|---|---|---|
| וַיְהִי | અને-થયું | H1961 |
| דְבַר־ | વચન | H1697 |
| יְהוָה | યહોવાહનું | H3068 |
| אֵלַי | મારી-પાસે | H0413 |
| בַּשָּׁנָה | વર્ષમાં | H8141 |
| הַתְּשִׁיעִית | નવમાં, | H8671 |
| בַּחֹדֶשׁ | મહિનામાં | H2320 |
| הָעֲשִׂירִי | દસમાં, | H6224 |
| בֶּעָשׂוֹר | દસમા-દિવસે | H6218 |
| לַחֹדֶשׁ | મહિનાના, | H2320 |
| לֵאמֹר׃ | કહેતાં: | H0559 |

નવમા વર્ષના દશમા માસના દશમા દિવસે યહોવાહનું વચન મારી પાસે આવ્યું અને કહ્યું,

2

| | | |
|---|---|---|
| בֶּן־ | હે-દીકરા | |
| אָדָם | માણસના, | H0120 |
| [כתוב־] | — | H3789 |
| (כְּתָב־) | લખ | H3789 |
| לְךָ | તારા-માટે | |
| אֶת־ | – | H0853 |
| שֵׁם | નામ | H8034 |
| הַיּוֹם | દિવસનું, | H3117 |
| אֶת־ | – | H0853 |
| עֶצֶם | બરાબર | H6106 |
| הַיּוֹם | આજના-દિવસે | H3117 |
| הַזֶּה | આ-જ; | H2088 |
| סָמַךְ | ઘેરો-ઘાલ્યો-છે | H5564 |
| מֶלֶךְ־ | રાજા | H4428 |
| בָּבֶל | બાબેલે | H0894 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| יְרוּשָׁלַםִ | યરુશાલેમને, | H3389 |
| בְּעֶצֶם | બરાબર-દિવસે | H6106 |
| הַיּוֹם | આજના | H3117 |
| הַזֶּה׃ | આ-જ. | H2088 |

“હે મનુષ્યપુત્ર, તું દિવસનું એટલે આજના દિવસનું નામ લખ, કેમ કે, આજના દિવસે બાબિલના રાજાએ યરુશાલેમનો ઘેરો ઘાલ્યો છે.

3
וּמְשֹׁל અને-કહો
אֶל־ પ્રત્યે H0413
בֵּית־ ઘરને
הַמֶּרִי બંડખોરના H4805
מָשָׁל દ્રષ્ટાંત, H4912
וְאָמַרְתָּ અને-કહો H0559
אֲלֵיהֶם તેઓને, H0413
כֹּה આમ-પ્રમાણે H3541
אָמַר કહે-છે H0559
אֲדֹנָי પ્રભુ H0136
יְהוִה યહોવાહ: H3069
שְׁפֹת મૂક H8239
הַסִּיר હાંડીને,
שְׁפֹת મૂક, H8239
וְגַם־ અને-વળી H1571
יְצֹק રેડ H3332
בּוֹ તેમાં
מָיִם׃ પાણી. H4325

આ બંડખોર પ્રજાને દ્રષ્ટાંત આપીને સંભળાવ. તેને કહે કે, “પ્રભુ યહોવાહ આમ કહે છે: કઢાઈ ચઢાવો, તેને ચઢાવીને તેમાં પાણી રેડો,

4
אֱסֹף એકઠ્ઠાં-કર H0622
נְתָחֶיהָ ટુકડાઓ H5409
אֵלֶיהָ તેમાં, H0413
כָּל־ બધા H3605
נֵתַח ટુકડા H5409
טוֹב સારા,
יָרֵךְ રાન H3409
וְכָתֵף અને-ખભા, H3802
מִבְחַר શ્રેષ્ઠ H4005
עֲצָמִים હાડકાંથી H6106
מַלֵּא׃ ભર. H4390

તેમાં માંસના ટુકડા, જાંઘ તથા ખભાના દરેક સારા ટુકડા નાખો. સારાં હાડકાંથી તેને ભરો

5
מִבְחַר શ્રેષ્ઠ H4005
הַצֹּאן ટોળુંમાંથી H6629
לָקוֹחַ લે, H3947
וְגַם અને-વળી H1571
דּוּר ગોટવી
הָעֲצָמִים હાડકાંઓ H6106
תַּחְתֶּיהָ તેની-નીચે; H8478
רַתַּח ઉકાળ H7570
רְתָחֶיהָ તેના-ઉકળતા, H7571
גַּם־ વળી H1571
בָּשְׁלוּ રાંધાયાં H1310
עֲצָמֶיהָ તેનાં-હાડકાં H6106
בְּתוֹכָהּ׃ તેમાં. H8432
ס —

ટોળાંમાંથી એક ઉત્તમ ઘેટું લો, પેલાં હાડકાં તેની નીચે નાખો, તેને ખૂબ ઉકાળો, હાડકાંને બફાવા દો.

6
לָכֵן તેથી,
כֹּה־ આમ-પ્રમાણે H3541
אָמַר કહે-છે H0559
אֲדֹנָי પ્રભુ H0136
יְהוִה યહોવાહ: H3069
אוֹי અફસોસ H0188
עִיר શહેર
הַדָּמִים રક્તનું, H1818
סִיר હાંડી
אֲשֶׁר જેની
חֶלְאָתָהּ કચરો H2457
בָהּ તેમાં,
וְחֶלְאָתָהּ અને-જેની-કચરો H2457
לֹא નહિ H3808
יָצְאָה નીકળ્યો H3318
מִמֶּנָּה તેમાંથી;
לִנְתָחֶיהָ ટુકડે-ટુકડે H5409
לִנְתָחֶיהָ ટુકડે-ટુકડે H5409
הוֹצִיאָהּ કાઢો, H3318
לֹא־ નહિ H3808
נָפַל નાખવામાં-આવ્યો H5307
עָלֶיהָ તેના-પર
גּוֹרָל׃ ચિઠ્ઠી. H1486

માટે પ્રભુ યહોવાહ કહે છે: કઢાઈની માફક જેની અંદર મેલ છે, જેમાંથી મેલ કદી નીકળ્યો નથી એવી ખૂની નગરીને અફસોસ. તેમાંથી ટુકડે ટુકડે લો, પણ તેના પર ચિઠ્ઠી નાખવાની નથી.

7
כִּי કારણ-કે
דָמָהּ તેનું-રક્ત H1818
בְּתוֹכָהּ તેની-વચ્ચે H8432
הָיָה હતું, H1961
עַל־ ઉપર
צְחִיחַ ઉઘાડા-ખડક H6706
סֶלַע ખડક-પર H5553
שָׂמָתְהוּ મૂક્યું;
לֹא નહિ H3808
שְׁפָכַתְהוּ રેડ્યું-તેને H8210
עַל־ ઉપર
הָאָרֶץ જમીનને, H0776
לְכַסּוֹת ઢાંકવા H3680
עָלָיו તેના-પર
עָפָר׃ માટીથી. H6083

કેમ કે તેનું લોહી તેની અંદર છે. તેણે તેને ખુલ્લા ખડક પર પાડ્યું છે, તેણે તેને જમીન પર રેડ્યું નથી જેથી તે ધૂળથી ઢંકાય જાય,

8
לְהַעֲלוֹת ચડાવવા H5927
חֵמָה ક્રોધને H2534
לִנְקֹם બદલો-લેવા H5358
נָקָם બદલો, H5359
נָתַתִּי મેં-મૂક્યું H5414
אֶת־ – H0853
דָּמָהּ તેનું-રક્ત H1818
עַל־ ઉપર
צְחִיחַ ઉઘાડા-ખડક H6706
סָלַע ખડક-પર, H5553
לְבִלְתִּי જેથી-નહિ H1115
הִכָּסוֹת׃ ઢંકાય. H3680
פ —

તે ઢંકાય નહિ માટે મેં તેને ખુલ્લા ખડક પર રાખ્યું છે. જેથી મારો કોપ સળગે અને હું વૈર વાળું.

9

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לָכֵ֞ן | כֹּ֤ה | אָמַר֙ | אֲדֹנָ֣י | יְהוִ֔ה | א֖וֹי | עִ֣יר | הַדָּמִ֑ים | גַּם־ | אֲנִ֖י | אַגְדִּ֥יל | הַמְּדוּרָֽה׃ |
| તેથી, | આમ-પ્રમાણે | કહે-છે | પ્રભુ | યહોવાહ: | અફસોસ□ | શહેર | રક્તનું, | વળી | હું | મોટો-કરીશ | લાકડાંનો-ઢગલો. |
| | H3541 | H0559 | H0136 | H3069 | H0188 | | H1818 | H1571 | H0589 | H1431 | H4071 |

તેથી પ્રભુ યહોવાહ આમ કહે છે: ખૂની નગરીને અફસોસ, હું લાકડાંનો મોટો ઢગલો પણ કરીશ.

10

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הַרְבֵּ֤ה | הָֽעֵצִים֙ | הַדְלֵ֣ק | הָאֵ֔שׁ | הָתֵ֖ם | הַבָּשָׂ֑ר | וְהַרְקַח֙ | הַמֶּרְקָחָ֔ה | וְהָעֲצָמ֖וֹת יֵחָֽרוּ׃ |
| વધાર | લાકડાં | સળગાવ | અગ્નિ, | પૂરું-રાંધ | માંસ, | અને-મસાલા-નાખ | મસાલાં, | અને-હાડકાં બળશે. |
| | H6086 | H1814 | H0784 | H8552 | H1320 | H7543 | H4841 | H6106 H2787 |

લાકડાંને વધારો, અગ્નિ સળગાવો, માંસને બરાબર ઉકાળો. રસો જાડો કરો□ હાડકાંને બળી જવા દો□

11

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהַעֲמִידֶ֥הָ | עַל־ | גֶּחָלֶ֖יהָ | רֵקָ֑ה | לְמַ֨עַן | תֵּחַ֜ם | וְחָרָ֣ה | נְחֻשְׁתָּ֗הּ | וְנִתְּכָ֤ה | בְתוֹכָהּ֙ | טֻמְאָתָ֔הּ | תִּתֹּ֖ם | חֶלְאָתָֽהּ׃ |
| અને-મૂક-તેને | ઉપર | તેના-અગારા-પર | ખાલી, | જેથી | તે-ગરમ-થાય | અને-બળે | તેનું-તાંબું, | અને-ઓગળે | તેની-વચ્ચે | તેની-અશુદ્ધિ, | ખપશે | તેની-કચરો. |
| H5975 | | H1513 | H7386 | H4616 | H3179 | H2787 | | H5413 | H8432 | H2932 | H8552 | H2457 |

પછી ખાલી કઢાઈને અગારા પર મૂકો, જેથી તે ગરમ થાય અને તેનું પિત્તળ તપી જાય, તેની અદરનો તેનો મેલ પીગળીને તેનો કાટ પીગળી જાય.

12

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| תְּאֻנִ֖ים | הֶלְאָ֑ת | וְלֹֽא־ | תֵצֵ֨א | מִמֶּ֜נָּה | רַבַּ֣ת | חֶלְאָתָ֔הּ | בְּאֵ֖שׁ | חֶלְאָתָֽהּ׃ |
| મહેનતે | થકવી-બનાવી; | અને-નહિ | નીકળ્યો | તેમાંથી | ઘણો | તેની-કચરો, | અગ્નિમાં | તેની-કચરો. |
| H8383 | H3811 | H3808 | H3318 | | | H2457 | H0784 | H2457 |

તે સખત પરિશ્રમથી કંટાળી ગઈ છે, પણ તેનો કાટ એટલો બધો છે કે તે અગ્નિથી પણ જતો નથી.

13

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּטֻמְאָתֵ֖ךְ | זִמָּ֑ה | יַ֤עַן | טִהַרְתִּיךְ֙ | וְלֹ֣א | טָהַ֔רְתְּ | מִטֻּמְאָתֵךְ֙ | לֹ֣א | תִטְהֲרִי־ | ע֔וֹד | עַד־ | הֲנִיחִ֥י | אֶת־ | חֲמָתִ֖י | בָּֽךְ׃ |
| તારી-અશુદ્ધિમાં | વ્યભિચાર-છે; | કારણ-કે | મેં-શુદ્ધ-કરી-તને | અને-નહિ | તેં-શુદ્ધ-થઈ, | તારી-અશુદ્ધિથી | નહિ | શુદ્ધ-થશે | વધુ, | જ્યાં-સુધી | શાંત-નહિ-કરું | – | મારો-ક્રોધ | તારા-પર. |
| H2932 | H2154 | H3282 | H2891 | H3808 | H2891 | H2932 | H3808 | H2891 | H5750 | H5704 | H5117 | H0853 | H2534 | |

તારી અશુદ્ધતામાં લંપટતા સમાયેલી છે, કેમ કે મેં શુદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો, પણ તું શુદ્ધ થઈ નહિ. હું તારા પર મારો પૂરો રોષ ઉતારીશ નહિ ત્યાં સુધી તું ફરી શુદ્ધ થશે નહિ.

14

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֲנִ֨י | יְהוָ֤ה | דִּבַּ֙רְתִּי֙ | בָּאָ֣ה | וְעָשִׂ֔יתִי | לֹֽא־ | אֶפְרַ֥ע | וְלֹא־ | אָח֖וּס | וְלֹ֣א | אֶנָּ֑חֵם | כִּדְרָכַ֤יִךְ | וְכַעֲלִילוֹתַ֙יִךְ֙ | שְׁפָט֔וּךְ | נְאֻ֖ם | אֲדֹנָ֥י | יְהוִֽה׃ פ |
| હું | યહોવાહે | બોલ્યું-છે; | આવી-રહ્યુ-છે | અને-હું-કરીશ, | નહિ | અટકીશ | અને-નહિ | દયા-કરીશ | અને-નહિ | પસ્તાવો-કરીશ; | તારા-માર્ગો | અને-તારાં-કાર્યો-પ્રમાણે | તેઓ-ન્યાય-કરશે-તને, | વચન | પ્રભુ | યહોવાહનું. — |
| H0589 | H3068 | H1696 | H0935 | | H3808 | | H3808 | H2347 | H3808 | H5162 | H1870 | H5949 | H8199 | H5002 | H0136 | H3069 |

મેં, યહોવાહે તે કહ્યુ છે અને તે પ્રમાણે થશે અને હું તે પૂરું કરીશ, હું પીછેહઠ કરીશ નહિ. દયા રાખીશ નહિ. તારાં આચરણ પ્રમાણે અને તારાં કૃત્યો પ્રમાણે તેઓ ન્યાય કરશે.” એવું પ્રભુ યહોવાહ કહે છે.

15

| | | | | |
|---|---|---|---|---|
| וַיְהִ֥י | דְבַר־ | יְהוָ֖ה | אֵלַ֥י | לֵאמֹֽר׃ |
| અને-આવ્યું | વચન | યહોવાહનું | મારી-પાસે | કહેતાં: |
| H1961 | H1697 | H3068 | H0413 | H0559 |

યહોવાહનું વચન મારી પાસે આવ્યું અને કહ્યું,

16 בֶּן־ હે-દીકરા | אָדָם માણસના, H0120 | הִנְנִי જુઓ, H2009 | לֹקֵחַ હું-લઈ-રહ્યો-છું H3947 | מִמְּךָ તારાથી | אֶת־ – H0853 | מַחְמַד આનંદ H4261 | עֵינֶיךָ તારી-આખોનો | בְּמַגֵּפָה મરકીથી; H4046 | וְלֹא અને-નહિ H3808
תִסְפֹּד શોક-કરશે H5594 | וְלֹא અને-નહિ H3808 | תִבְכֶּה રડશે, H1058 | וְלוֹא અને-નહિ H3808 | תָבוֹא આવશે H0935 | דִּמְעָתֶךָ׃ તારાં-આસુ. H1832

“હે મનુષ્યપુત્ર, જે તારી આખોને પ્રિય છે તેને હું એક મરકી મોકલીને તારી પાસેથી લઈ લઈશ. પણ તારે રડવું કે શોક કરવો નહિ, આસુ પાડવાં નહિ.

17 הֵאָנֵק નિ:શ્વાસ-નાખ, H0602 | דֹּם ચૂપચાપ; | מֵתִים મરેલાં-માટે H4191 | אֵבֶל શોક H0060 | לֹא־ નહિ H3808 | תַעֲשֶׂה કરશે; | פְּאֵרְךָ તારી-પાઘડી H6287 | חֲבוֹשׁ બાંધ H2280 | עָלֶיךָ તારા-પર, | וּנְעָלֶיךָ અને-તારાં-જૂતાં H5275
תָּשִׂים પહેરશે | בְּרַגְלֶיךָ તારા-પગ-પર; H7272 | וְלֹא અને-નહિ H3808 | תַעְטֶה ઢાંકશે | עַל־ પર | שָׂפָם હોંઠો, H8222 | וְלֶחֶם અને-રોટી H3899 | אֲנָשִׁים માણસોની H0376 | לֹא નહિ H3808 | תֹאכֵל׃ ખાશે. H0398

તું ચૂપચાપ નિસાસા નાખજે. મૃત્યુ પામેલા માટે અંતિમ યાત્રાની વ્યવસ્થા કરતો નહિ. તારા માથે પાઘડી બાંધ અને તારા પગમાં ચંપલ પહેર. તું તારા હોઠને ઢાંકતો નહિ કે જે માણસ પોતાની પત્ની ગુમાવ્યાને કારણે શોક કરે છે તેની રોટલી ખાતો નહિ.”

18 וָאֲדַבֵּר અને-મેં-બોલ્યું H1696 | אֶל־ – H0413 | הָעָם લોકોને | בַּבֹּקֶר સવારે, H1242 | וַתָּמָת અને-મરી H4191 | אִשְׁתִּי મારી-પત્ની H0802 | בָּעָרֶב સાંજે; H6153 | וָאַעַשׂ અને-મેં-કર્યું | בַּבֹּקֶר સવારે H1242 | כַּאֲשֶׁר જેમ
צֻוֵּיתִי׃ આજ્ઞા-અપાઈ-હતી. H6680

સવારમાં મેં મારા લોકોને કહ્યુ, સાંજે મારી પત્ની મૃત્યુ પામી. મને આજ્ઞા આપી હતી તે પ્રમાણે મેં સવારે કર્યું.

19 וַיֹּאמְרוּ અને-કહ્યુ H0559 | אֵלַי મને H0413 | הָעָם લોકોએ: | הֲלֹא־ શું-નહિ H3808 | תַגִּיד કહેશે H5046 | לָנוּ અમને | מָה־ શું H4100 | אֵלֶּה આ H0428 | לָּנוּ અમારી-માટે, | כִּי કે | אַתָּה તેં | עֹשֶׂה׃ કરી-રહ્યા-છો?

લોકોએ મને પૂછ્યું, “તું જે બાબતો કરે છે, તે બધાનો શો અર્થ છે તે અમને નહિ કહે?”

20 וָאֹמַר અને-હું-કહ્યુ H0559 | אֲלֵיהֶם તેઓને: H0413 | דְּבַר־ વચન H1697 | יְהוָה યહોવાહનું H3068 | הָיָה આવ્યું H1961 | אֵלַי મારી-પાસે H0413 | לֵאמֹר׃ કહેતાં: H0559

ત્યારે મેં તેઓને કહ્યુ, “યહોવાહનું વચન મારી પાસે આવ્યું અને કહ્યુ,

21 אֱמֹר કહો H0559 | לְבֵית ઘરને | יִשְׂרָאֵל ઇસ્રાએલના, H3478 | כֹּה־ આમ-પ્રમાણે H3541 | אָמַר કહે-છે H0559 | אֲדֹנָי પ્રભુ H0136 | יְהוִה યહોવાહ: H3069 | הִנְנִי જુઓ, H2009 | מְחַלֵּל હું-અપવિત્ર-કરી-રહ્યો-છું | אֶת־ – H0853
מִקְדָּשִׁי મારા-પવિત્ર-સ્થાનને, H4720 | גְּאוֹן ગર્વ H1347 | עֻזְּכֶם તમારી-શક્તિનો, H5797 | מַחְמַד આનંદ H4261 | עֵינֵיכֶם તમારી-આખોનો, | וּמַחְמַל અને-વહાલ H4263 | נַפְשְׁכֶם તમારા-જીવનો; H5315 | וּבְנֵיכֶם અને-તમારાં-દીકરાઓ
וּבְנוֹתֵיכֶם અને-તમારી-દીકરીઓ H1323 | אֲשֶׁר જેઓ | עֲזַבְתֶּם તમે-પાછળ-છોડ્યાં | בַּחֶרֶב તલવારથી H2719 | יִפֹּלוּ׃ પડશે. H5307

‘ઇઝરાયલી લોકોને કહે, પ્રભુ યહોવાહ કહે છે કે, જુઓ, મારું પવિત્રસ્થાન, જે તમારા સામર્થ્યનું ગર્વ છે, જે તમારી આખોની ઇચ્છા છે, જે તમારા આત્માની અભિલાષા છે તેને હું ભ્રષ્ટ કરીશ. તમારા જે દીકરા તથા દીકરીઓને તમે પાછળ છોડી આવ્યા છો તેઓ તલવારથી મરશે.

22 וַעֲשִׂיתֶם અને-તમે-કરશો | כַּאֲשֶׁר જેમ | עָשִׂיתִי મેં-કર્યું; | עַל־ ઉપર | שָׂפָם હોંઠો H8222 | לֹא નહિ H3808 | תַעְטוּ ઢાંકશો, | וְלֶחֶם અને-રોટી H3899 | אֲנָשִׁים માણસોની H0376 | לֹא નહિ H3808 | תֹאכֵלוּ׃ ખાશો. H0398

ત્યારે જેમ મેં કર્યું છે તેમ તમે કરશો:. તમારા હોઠને ઢાંકશો નહિ કે શોકની રોટલી ખાશો નહિ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| תִבְכּוּ | וְלֹא | תִסְפְּדוּ | לֹא | בְּרַגְלֵיכֶם | וְנַעֲלֵיכֶם | רָאשֵׁיכֶם | עַל־ | וּפְאֵרֵכֶם | 23 |
| રડશો; | અને-નહિ | શોક-કરશો | નહિ | તમારાં-પગ-પર; | અને-તમારાં-જૂતાં | તમારાં-માથાં, | ઉપર | અને-તમારી-પાઘડીઓ | |
| H1058 | H3808 | H5594 | H3808 | H7272 | H5275 | | | H6287 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| אָחִיו׃ | אֶל־ | אִישׁ | וּנְהַמְתֶּם | בַּעֲוֺנֹתֵיכֶם | וּנְמַקֹּתֶם |
| તેના-ભાઈને. | પ્રત્યે | દરેક | અને-કરાંગશો | તમારાં-પાપોમાં, | અને-ગળશો |
| H0251 | H0413 | H0376 | H5098 | H5771 | H4743 |

તમારી પાઘડી તમારા માથા પર, તમારાં ચંપલ તમારા પગમાં હશે. શોક કરશો કે રડશો નહિ, તમે તમારા અન્યાયમાં પીગળી જશો, દરેક માણસ પોતાના ભાઈને માટે નિસાસા નાખશે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וִידַעְתֶּם | בְּבֹאָהּ | תַּעֲשׂוּ | עָשָׂה | אֲשֶׁר־ | כְּכֹל | לְמוֹפֵת | לָכֶם | יְחֶזְקֵאל | וְהָיָה | 24 |
| અને-તમે-જાણશો | જ્યારે-તે-આવે, | તમે-કરશો; | તેણે-કર્યું | જે | બધું | ચિહ્ન-રૂપે, | તમારા-માટે | યહેઝકેલ | અને-હશે | |
| H3045 | H0935 | | | | H3605 | H4159 | | H3168 | H1961 | |

| | | | | |
|---|---|---|---|---|
| ס | יְהוִה׃ | אֲדֹנָי | אֲנִי | כִּי |
| — | યહોવાહ. | પ્રભુ | હું | કે |
| | H3069 | H0136 | H0589 | |

હઝકિયેલ તમારે માટે ચિહ્નરૂપ થશે. જ્યારે તે આવશે ત્યારે જે સર્વ તેણે કર્યું તે પ્રમાણે તમે કરશો. ત્યારે તમે જાણશો કે હું પ્રભુ યહોવાહ છું”

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| מְשׂוֹשׂ | מָעוּזָּם | אֶת־ | מֵהֶם | קַחְתִּי | בְּיוֹם | הֲלוֹא | אָדָם | בֶן־ | וְאַתָּה | 25 |
| આનંદ | તેઓનું-ગઢ, | – | તેઓથી | હું-લઈ-લઈશ | જે-દિવસે | શું-નહિ | માણસના, | હે-દીકરા | અને-તું, | |
| H4885 | H4581 | H0853 | H1992 | H3947 | H3117 | H3808 | H0120 | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בְּנֵיהֶם | נַפְשָׁם | מַשָּׂא | וְאֶת־ | עֵינֵיהֶם | מַחְמַד | אֶת־ | תִּפְאַרְתָּם |
| તેઓનાં-દીકરાઓ | તેઓના-જીવનો, | વહાલ | અને | તેઓની-આખોનો, | આનંદ | – | તેઓની-શોભાનો, |
| | H5315 | | H0853 | | H4261 | H0853 | H8597 |

| |
|---|
| וּבְנוֹתֵיהֶם׃ |
| અને-તેઓની-દીકરીઓ- |
| H1323 |

“પણ હે મનુષ્યપુત્ર, જે દિવસે હું તેઓનું સામર્થ્ય, જે તેઓનો આનંદ છે, તેઓનો ગર્વ, જે તેઓ જુએ છે અને તેઓની ઇચ્છા છે તેને કબજામાં લઈ લઈશ અને તેઓના દીકરા તથા દીકરીઓને લઈ લઈશ.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אָזְנָיִם׃ | לְהַשְׁמָעוּת | אֵלֶיךָ | הַפָּלִיט | יָבוֹא | הַהוּא | בַּיּוֹם | 26 |
| કાનોને. | સંભળાવવા | તારી-પાસે, | ભાગેડુ | આવશે | તે-જ, | દિવસે | |
| H0241 | H2045 | H0413 | | H0935 | H1931 | H3117 | |

તે દિવસે એમ નહિ થશે કે, બચી ગયેલો તારી પાસે આવીને તને તે સમાચાર કહી સંભળાવે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיִיתָ | עוֹד | תֵאָלֵם | וְלֹא | וּתְדַבֵּר | הַפָּלִיט | אֶת־ | פִּיךָ | יִפָּתַח | הַהוּא | בַּיּוֹם | 27 |
| અને-તું-હશે | વધુ; | મૂંગા-રહેશે | અને-નહિ | અને-બોલશે | ભાગેડુ-સાથે, | – | તારું-મુખ | ખૂલશે | તે-જ, | દિવસે | |
| H1961 | H5750 | H0481 | H3808 | H1696 | | H0853 | H6310 | | H1931 | H3117 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ס | יְהוָה׃ | אֲנִי | כִּי־ | וְיָדְעוּ | לְמוֹפֵת | לָהֶם |
| — | યહોવાહ. | હું | કે | અને-તેઓ-જાણશે | ચિહ્ન-રૂપે, | તેઓને |
| | H3068 | H0589 | | H3045 | H4159 | |

તે જ દિવસે તારું મુખ ખૂલશે અને તું બચી ગયેલાઓ સાથે વાત કરશે. ત્યાર પછી તું શાંત રહેશે નહિ. તું તેઓ માટે ચિહ્નરૂપ થશે ત્યારે તેઓ જાણશે કે હું યહોવાહ છું”

## Chapter 25

| | | | | | |
|---|---|---|---|---|---|
| לֵאמֹר׃ | אֵלַי | יְהוָה | דְבַר־ | וַיְהִי | 1 |
| કહેતાં: | મારી-પાસે | યહોવાહનું | વચન | અને-થયું | |
| H0559 | H0413 | H3068 | H1697 | H1961 | |

યહોવાહનું વચન મારી પાસે આવ્યું અને કહ્યું,

2 בֶּן־ אָדָ֕ם שִׂ֥ים פָּנֶ֖יךָ אֶל־ בְּנֵ֣י עַמּ֑וֹן וְהִנָּבֵ֖א עֲלֵיהֶֽם׃
હે-માણસના-દીકરા, — રાખ તારું-મુખ તરફ આમ્મોનના દીકરાઓ અને-ભવિષ્યવાણી-કર □□□-□□□□□□□।
H0120 H6440 H0413 H5983 H5012

હે મનુષ્યપુત્ર, આમ્મોનીઓ તરફ તારું મુખ ફેરવ અને તેઓની વિરુદ્ધ ભવિષ્યવાણી કર.

3 וְאָמַרְתָּ֙ לִבְנֵ֣י עַמּ֔וֹן שִׁמְע֖וּ דְּבַר־ אֲדֹנָ֣י יְהוִ֑ה כֹּה־ אָמַ֞ר אֲדֹנָ֣י יְהוִ֗ה יַ֤עַן
અને-કહે આમ્મોનના દીકરાઓને, સાંભળો વચન પ્રભુ યહોવાહનું; આમ કહે-છે પ્રભુ યહોવાહ: કારણ-કે
H0559 H5983 H8085 H1697 H0136 H3069 H3541 H0559 H0136 H3069 H3282

אָמְרֵ֨ךְ הֶאָ֜ח אֶל־ מִקְדָּשִׁ֣י כִֽי־ נִחָ֗ל וְאֶל־ אַדְמַ֤ת יִשְׂרָאֵל֙ כִּ֣י
તેં-કહ્યુ અહા□ વિરુદ્ધ મારા-પવિત્રસ્થાનના કે તે-અશુદ્ધ-થયું, અને-વિરુદ્ધ ભૂમિના ઇઝરાયેલના કે
H0559 H1889 H0413 H4720 H0413 H0127 H3478

נָשַׁ֔מָּה וְאֶל־ בֵּ֣ית יְהוּדָ֔ה כִּ֥י הָלְכ֖וּ בַּגּוֹלָֽה׃
તે-ઉજ્જડ-થઈ, અને-વિરુદ્ધ ઘરાનાના યહૂદાના કે તેઓ-ગયા □□□□□□□□□□□।
H8074 H0413 H3063 H1980 H1473

આમ્મોન લોકોને કહે: 'પ્રભુ યહોવાહનું વચન સાંભળો. પ્રભુ યહોવાહ કહે છે કે: જ્યારે મારા પવિત્રસ્થાનને અશુદ્ધ કરવામાં આવ્યું, જ્યારે ઇઝરાયલનો દેશ વેરાન થયો હતો ત્યારે તમે તેની હાંસી ઉડાવી અને જ્યારે યહૂદિયાના લોકો બંદીવાસમાં ગયા ત્યારે તમે તેઓની વિરુદ્ધ કહ્યુ છે કે, "વાહ□"

4 לָכֵ֡ן הִנְנִי֩ נֹתְנָ֨ךְ לִבְנֵי־ קֶ֜דֶם לְמוֹרָשָׁ֗ה וְיִשְּׁב֨וּ טִֽירוֹתֵיהֶ֜ם בָּ֗ךְ
તેથી જો,-હું તને-સોંપું-છું પૂર્વના દીકરાઓને વારસા-તરીકે, અને-તેઓ-બાંધશે તેઓના-છાવણીઓ તારામાં,
H2009 H5414 H4181 H3427 H2918

וְנָתְנ֤וּ בָךְ֙ מִשְׁכְּנֵיהֶ֔ם הֵ֚מָּה יֹאכְל֣וּ פִרְיֵ֔ךְ וְהֵ֖מָּה יִשְׁתּ֥וּ חֲלָבֵֽךְ׃
અને-તેઓ-મૂકશે તારામાં તેઓના-મંડપો; તેઓ ખાશે તારાં-ફળ, અને-તેઓ પીશે □□□□□-□□□।
H5414 H4908 H1992 H0398 H6529 H1992 H8354 H2461

તેથી જુઓ□ હું તમને પૂર્વના લોકોને તેઓના વારસા તરીકે આપું છું; તેઓ તમારી વચ્ચે છાવણી નાખશે અને તમારામાં પોતાના તંબુઓ બાંધશે. તેઓ તમારાં ફળ ખાશે અને તેઓ તમારું દૂધ પીશે.

5 וְנָתַתִּ֤י אֶת־ רַבָּה֙ לִנְוֵ֣ה גְמַלִּ֔ים וְאֶת־ בְּנֵ֥י עַמּ֖וֹן לְמִרְבַּץ־ צֹ֑אן
અને-હું-બનાવીશ — રાબ્બાહને ઊંટોના ચરાણ-તરીકે, અને આમ્મોનના દીકરાઓને ઘેટાંના વાડા-તરીકે;
H5414 H0853 H7237 H1581 H0853 H5983 H4769 H6629

וִֽידַעְתֶּ֖ם כִּֽי־ אֲנִ֥י יְהוָֽה׃ ס
અને-તમે-જાણશો કે હું □□□□□□-□□□। —
H3045 H0589 H3068

હું રાબ્બા નગરને ઊંટોને ચરવાની જગ્યા કરીશ અને આમ્મોનીઓના દેશને ટોળાંઓને બેસવાની જગ્યા કરીશ, ત્યારે તમે જાણશો કે હું યહોવાહ છું.

6 כִּ֣י כֹ֤ה אָמַר֙ אֲדֹנָ֣י יְהוִ֔ה יַ֚עַן מַחְאֲךָ֣ יָ֔ד וְרַקְעֲךָ֖ בְּרָ֑גֶל
કારણ-કે આમ કહે-છે પ્રભુ યહોવાહ: કારણ-કે તેં-તાળી-પાડી હાથ, અને-પગ-પછાડ્યો પગથી,
H3541 H0559 H0136 H3069 H3282 H4222 H3027 H7554 H7272

|---|---|---|---|---|---|---|---|---|
| זְדוֹן | לִבְּךָ | הִשִּׁיאֶךָ | שֹׁכְנִי | בְחַגְוֵי־ | סֶלַע | מְרוֹם | שִׁבְתּוֹ | אֹמֵר |
| ઘમંડ | તારા–હૃદયનો | તને–છેતર્યો–છે | જે–વસે–છે | ખડકની–તિરાડોમાં | ખડકની | ઊંચા | નિવાસસ્થાનમાં | જે–કહે–છે |
| H2087 | | H5377 | H7931 | H2288 | H5553 | H4791 | H7675 | H0559 |

| | | | |
|---|---|---|---|
| בְּלִבּוֹ | מִי | יוֹרִדֵנִי | אָרֶץ׃ |
| પોતાના–હૃદયમાં | કોણ | મને–ઉતારશે | ભૂમિ–પર |
| | H4310 | H3381 | H0776 |

ખડકોની બખોલમાં રહેનારા તથા ઊંચે વાસો કરનારા; તારા અત:કરણના અભિમાને તને ઠગ્યો છે. તું તારા મનમાં એમ માને છે કે, "કોણ મને નીચે ભૂમિ પર પાડશે?"

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אִם־ | תַּגְבִּיהַּ | כַּנֶּשֶׁר | וְאִם־ | בֵּין | כּוֹכָבִים | שִׂים | קִנֶּךָ | מִשָּׁם | אוֹרִידְךָ |
| જો | તું–ઊંચે–ચડે | ગરુડની–જેમ | અને–જો | વચ્ચે | તારાઓની | મૂકે | તારો–માળો | ત્યાંથી | હું–તને–ઉતારીશ |
| | H1361 | H5404 | | H0996 | H3556 | | H7064 | H8033 | H3381 |

| | |
|---|---|
| נְאֻם־ | יְהוָה׃ |
| એવું–કહે–છે | યહોવા |
| H5002 | H3068 |

યહોવાહ એમ કહે છે, જો કે તું ગરુડની જેમ ઊંચે ચઢીશ, અને જો કે તારો માળો તારાઓમાં બાંધેલો હોય, તોપણ ત્યાંથી હું તને નીચે પાડીશ.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אִם־ | גַּנָּבִים | בָּאוּ־ | לְךָ | אִם־ | שׁוֹדְדֵי | לַיְלָה | אֵיךְ | נִדְמֵיתָה | הֲלוֹא | יִגְנְבוּ |
| જો | ચોરો | આવે | તારી–પાસે | જો | લૂંટારાઓ | રાત્રિના | કેવો | તું–નાશ–પામ્યો | શું–નહિ | તેઓ–ચોરશે |
| | H1590 | H0935 | | | H7703 | H3915 | | H1820 | H3808 | H1589 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| דַּיָּם | אִם־ | בֹּצְרִים | בָּאוּ | לָךְ | הֲלוֹא | יַשְׁאִירוּ | עֹלֵלוֹת׃ |
| પૂરતું–જ | જો | દ્રાક્ષ–વીણનારા | આવે | તારી–પાસે | શું–નહિ | તેઓ–છોડશે | થોડી–દ્રાક્ષ |
| H1767 | | H1219 | H0935 | | H3808 | H7604 | H5955 |

જો ચોરો તારી પાસે આવે, અને રાત્રે લૂંટારાઓ તારી પાસે આવે, તો અરે તું કેવો નષ્ટ થયો છે. તો શું તેઓને સંતોષ થાય તેટલું તેઓ લઈ નહિ જાય.? જો દ્રાક્ષ વીણનારા તારી પાસે આવે તો, તેઓ નકામી દ્રાક્ષાઓ પડતી નહિ મૂકે?

6

| אֵיךְ | נֶחְפְּשׂוּ | עֵשָׂו | נִבְעוּ | מַצְפֻּנָיו׃ |
|---|---|---|---|---|
| કેવી-રીતે | શોધી-કાઢવામાં-આવ્યો | એસાવ | ખુલ્લા-પાડવામાં-આવ્યા | તેના-છુપાયેલા-ખજાનાઓ |
| | H2664 | H6215 | H1158 | H4710 |

એસાવ કેવો લૂંટાઈ ગયો અને તેના છૂપા ભંડારો કેવા શોધી કાઢવામાં આવ્યા છે

7

| עַד־ | הַגְּבוּל | שִׁלְּחוּךָ | כֹּל | אַנְשֵׁי | בְרִיתֶךָ | הִשִּׁיאוּךָ | יָכְלוּ | לְךָ | אַנְשֵׁי |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સીમા-સુધી | સરહદ-સુધી | તને-મોકલ્યો | બધા | માણસો | તારા-કરારના | તને-છેતર્યા | પરાજિત-કર્યા | તને | માણસો |
| H5704 | H1366 | H7971 | H3605 | H0376 | H1285 | H5377 | H3201 | | H0376 |

| שְׁלֹמֶךָ | לַחְמְךָ | יָשִׂימוּ | מָזוֹר | תַּחְתֶּיךָ | אֵין | תְּבוּנָה | בּוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|
| તારી-શાંતિના | તારી-રોટલી | મૂકશે | ફાંદો | તારી-નીચે | નથી | સમજ | તેનામાં |
| H7965 | H3899 | | H4204 | H8478 | H0369 | H8394 | |

તારી સાથે મૈત્રી કરનારા સર્વ માણસો તને તારા માર્ગે એટલે સરહદ બહાર કાઢી મૂકશે. જે માણસો તારી સાથે સલાહસંપમાં રહેતા હતા તેઓએ તને છેતરીને + 1:7 ઘાયલ તારા પર જીત મેળવી છે. જેઓ તારી સાથે શાંતિમાં રોટલી ખાય છે તેઓએ તારી નીચે જાળ બિછાવે છે. તેની તને સમજ પડતી નથી.

8

| הֲלוֹא | בַּיּוֹם | הַהוּא | נְאֻם־ | יְהוָה | וְהַאֲבַדְתִּי | חֲכָמִים | מֵאֱדוֹם | וּתְבוּנָה | מֵהַר | עֵשָׂו׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શું-નહિ | તે-દિવસે | તે | કહે-છે | યહોવા | હું-નાશ-કરીશ | જ્ઞાનીઓને | અદોમમાંથી | અને-સમજણ | એસાવના-પહાડમાંથી | એસાવના |
| H3808 | H3117 | H1931 | H5002 | H3068 | H0006 | H2450 | H0123 | H8394 | H2022 | H6215 |

યહોવાહ કહે છે, તે દિવસે આખા અદોમમાંથી જ્ઞાની પુરુષોનો અને એસાવ પર્વત પરથી બુદ્ધિનો નાશ શું હું નહિ કરું?

9

| וְחַתּוּ | גִבּוֹרֶיךָ | תֵּימָן | לְמַעַן | יִכָּרֶת־ | אִישׁ | מֵהַר | עֵשָׂו | מִקָּטֶל׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-ગભરાશે | તારા-શૂરવીરો | હે-તેમાન | જેથી | કાપી-નાખવામાં-આવે | દરેક-માણસ | એસાવના-પહાડમાંથી | એસાવના | કતલ-દ્વારા |
| H2865 | H1368 | H8487 | H4616 | H3772 | H0376 | H2022 | H6215 | H6993 |

હે તેમાન, તારા શૂરવીર પુરુષો ભયભીત થઈ જશે જેથી એસાવ પર્વત પરના પ્રત્યેક વ્યકિતનો નાશ અને સર્વનો સંહાર થશે.

10

| מֵחֲמַס | אָחִיךָ | יַעֲקֹב | תְּכַסְּךָ | בוּשָׁה | וְנִכְרַתָּ | לְעוֹלָם׃ |
|---|---|---|---|---|---|---|
| હિંસાને-કારણે | તારા-ભાઈ | યાકૂબ-પ્રત્યેની | તને-ઢાંકશે | શરમ | અને-તું-કાપી-નાખવામાં-આવશે | સદાને-માટે |
| H2555 | H0251 | H3290 | H3680 | H0955 | H3772 | H5769 |

તારા ભાઈ યાકૂબ પર જુલમ ગુજાર્યાને કારણે તું શરમથી ઢંકાઈ જઈશ અને તારો સદાને માટે નાશ થશે.

11

| בְּיוֹם | עֲמָדְךָ | מִנֶּגֶד | בְּיוֹם | שְׁבוֹת | זָרִים | חֵילוֹ | וְנָכְרִים | בָּאוּ | [שערו] |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તે-દિવસે | તું-ઊભો-રહ્યો | સામે | તે-દિવસે | જ્યારે-લઈ-ગયા | પરદેશીઓ | તેની-સંપત્તિ | અને-અજાણ્યા | પ્રવેશ્યા | — |
| H3117 | H5975 | H5048 | H3117 | H7617 | | H2428 | H5237 | H0935 | H8179 |

| (שְׁעָרָיו) | וְעַל־ | יְרוּשָׁלַםִ | יַדּוּ | גוֹרָל | גַּם־ | אַתָּה | כְּאַחַד | מֵהֶם׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| તેના-દરવાજામાં | અને-ઉપર | યરૂશાલેમ | નાખ્યા | ચિઠ્ઠી | તેમ | તું-પણ | તેઓમાંના-એક-જેવો | તેઓમાંનો |
| H8179 | | H3389 | H3032 | H1486 | H1571 | | H0259 | H1992 |

જે દિવસે પરદેશીઓ તેની સંપત્તિ લઈ ગયા અને બીજા દેશના લોકો તેનાં દરવાજાઓની અંદર પ્રવેશ્યા અને યરુશાલેમ પર ચિઠ્ઠીઓ નાખી. તે દિવસે તું દૂર ઊભો રહ્યો અને તેઓમાંનો એક જ હોય તેવું તેં કર્યું.

| 12 | וְאַל־ | תֵּ֥רֶא | בְיוֹם־ | אָחִ֙יךָ֙ | בְּי֣וֹם | נָכְר֔וֹ | וְאַל־ | תִּשְׂמַ֥ח | לִבְנֵֽי־ | יְהוּדָ֖ה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-ના | જો | દિવસે | તારા-ભાઈના | તે-દિવસે | તેની-વિપત્તિના | અને-ના | આનંદ-કર | યહૂદાના-સંતાનો-પર | યહૂદાના |
| | H0408 | H7200 | H3117 | H0251 | H3117 | H5235 | H0408 | H8055 | | H3063 |

| בְּי֣וֹם | אָבְדָ֑ם | וְאַל־ | תַּגְדֵּ֥ל | פִּ֖יךָ | בְּי֥וֹם | צָרָֽה׃ |
|---|---|---|---|---|---|---|
| તેઓના-દિવસે | તેઓના-વિનાશના | અને-ના | મોટું-બોલ | તારું-મોં | સંકટના-દિવસે | સંકટના |
| H3117 | H0006 | H0408 | H1431 | H6310 | H3117 | |

પણ તારા ભાઈના સંકટ સમયે તેના હાલ તું જોઈ ન રહે, યહૂદાના લોકના વિનાશને સમયે તું તેઓને જોઈને ખુશ ન થા. અને સંકટ સમયે અભિમાનથી ન બોલ.

| 13 | אַל־ | תָּב֣וֹא | בְשַֽׁעַר־ | עַמִּי֙ | בְּי֣וֹם | אֵידָ֔ם | אַל־ | תֵּ֧רֶא |
|---|---|---|---|---|---|---|---|---|
| | ના | પ્રવેશ-કર | મારા-લોકોના-દરવાજામાં | મારા-લોકોના | તેઓની-આફતના-દિવસે | તેઓની-આફતના | ના | જો |
| | H0408 | H0935 | H8179 | | H3117 | H0343 | H0408 | H7200 |

| גַּם־ | אַתָּ֛ה | בְּרָעָת֖וֹ | בְּי֣וֹם | אֵיד֑וֹ | וְאַל־ | תִּשְׁלַ֥חְנָה | בְחֵיל֖וֹ |
|---|---|---|---|---|---|---|---|
| તેમ | તું-પણ | તેની-દુર્દશા-પર | તેની-આફતના-દિવસે | તેની-આફતના | અને-ના | હાથ-લંબાવ | તેની-સંપત્તિ-પર |
| H1571 | | | H3117 | H0343 | H0408 | H7971 | H2428 |

| בְּי֥וֹם | אֵידֽוֹ׃ |
|---|---|
| તેની-આફતના-દિવસે | તેની-આફતના |
| H3117 | H0343 |

મારા લોકોની આપત્તિને દિવસે એમના દરવાજામાં દાખલ ન થા; તેઓની આપત્તિના સમયે તેઓની વિપત્તિ ન નિહાળ. તેમની વિપત્તિના સમયે તેઓની સંપત્તિ પર હાથ ન નાખ.

| 14 | וְאַל־ | תַּֽעֲמֹד֙ | עַל־ | הַפֶּ֔רֶק | לְהַכְרִ֖ית | אֶת־ | פְּלִיטָ֑יו | וְאַל־ | תַּסְגֵּ֥ר | שְׂרִידָ֖יו |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-ના | ઊભો-રહે | ઉપર | ચોકમાં | કાપી-નાખવા | ને | તેના-ભાગેડુઓને | અને-ના | સોંપી-દે | તેના-બચેલાઓને |
| | H0408 | H5975 | | H6563 | H3772 | H0853 | | H0408 | H5462 | H8300 |

| בְּי֥וֹם | צָרָֽה׃ |
|---|---|
| સંકટના-દિવસે | સંકટના |
| H3117 | |

નાસી જતા લોકને કાપી નાખવા માટે તું તેઓના રસ્તામાં આડો ઊભો ન રહે. અને તેના લોકના જેઓ બચેલા હોય તેઓને સંકટ સમયે શત્રુઓના હાથમાં સોંપી ન દે.

| 15 | כִּֽי־ | קָר֥וֹב | יוֹם־ | יְהוָ֖ה | עַל־ | כָּל־ | הַגּוֹיִ֑ם | כַּאֲשֶׁ֣ר | עָשִׂ֗יתָ | יֵעָ֣שֶׂה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કારણ-કે | નજીક-છે | યહોવાનો-દિવસ | યહોવાનો | ઉપર | બધી | પ્રજાઓ-પર | જેવું | તેં-કર્યું | તેવું-કરવામાં-આવશે |
| | | H7138 | H3117 | H3068 | | H3605 | | | | |

| לָּ֔ךְ | גְּמֻלְךָ֖ | יָשׁ֥וּב | בְרֹאשֶֽׁךָ׃ |
|---|---|---|---|
| તને | તારું-કર્મ | પાછું-આવશે | તારા-માથા-પર |
| | H1576 | H7725 | |

કેમ કે સર્વ પ્રજાઓ પર યહોવાહનો દિવસ પાસે છે. તમે જેવું બીજા સાથે કર્યું તેવું જ તમારી સાથે થશે + 1:15 બદલો. તમારા કૃત્યોનું ફળ તમારે જ ભોગવવું પડશે.

| 16 | כִּ֗י | כַּֽאֲשֶׁ֤ר | שְׁתִיתֶם֙ | עַל־ | הַ֣ר | קָדְשִׁ֔י | יִשְׁתּ֥וּ | כָֽל־ | הַגּוֹיִ֖ם | תָּמִ֑יד | וְשָׁת֣וּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કારણ-કે | જેમ | તમે-પીધું | ઉપર | મારા-પવિત્ર-પહાડ | પવિત્ર | પીશે | બધી | પ્રજાઓ | સદા | અને-તેઓ-પીશે |
| | | | H8354 | | H2022 | H6944 | H8354 | H3605 | | H8548 | H8354 |

| וְלָע֔וּ | וְהָי֖וּ | כְּל֥וֹא | הָיֽוּ׃ |
|---|---|---|---|
| અને-ગળી-જશે | અને-થશે | જાણે-ન | હતા |
| | H1961 | H3808 | H1961 |

જેમ તમે મારા પવિત્ર પર્વત પર પીધું છે, તેમ બધાં પ્રજાઓ નિત્ય પીશે. તેઓ પીશે, અને ગળી જશે, અને તેઓનું અસ્તિત્વ સમાપ્ત થઈ જશે.

17
וּבְהַר અને-સિયોનના-પહાડ-પર H2022 | צִיּוֹן સિયોનના H6726 | תִּהְיֶה હશે H1961 | פְלֵיטָה ઉદ્ધાર H6413 | וְהָיָה અને-તે-હશે H1961 | קֹדֶשׁ પવિત્ર H6944 | וְיָרְשׁוּ અને-વારસો-લેશે H3423 | בֵּית યાકૂબનું-ઘર | יַעֲקֹב યાકૂબનું H3290
אֵת ને H0853 | מוֹרָשֵׁיהֶם׃ તેઓના-વારસાઓ H4180

પરંતુ સિયોનના પર્વત પર જેઓ બચી રહેલા હશે તેઓ પવિત્ર થશે અને યાકૂબના વંશજો પોતાનો વારસો પ્રાપ્ત કરશે + 1:17 ઉદ્ધાર.

18
וְהָיָה અને-થશે H1961 | בֵית־ યાકૂબનું-ઘર | יַעֲקֹב યાકૂબનું H3290 | אֵשׁ અગ્નિ H0784 | וּבֵית અને-યૂસફનું-ઘર | יוֹסֵף યૂસફનું H3130 | לֶהָבָה જ્વાળા H3852 | וּבֵית અને-એસાવનું-ઘર | עֵשָׂו એસાવનું H6215 | לְקַשׁ ખૂંપળું H7179
וְדָלְקוּ અને-તેઓ-સળગાવશે H1814 | בָּהֶם તેઓને | וַאֲכָלוּם અને-ભસ્મ-કરશે H0398 | וְלֹא־ અને-ન H3808 | יִהְיֶה રહેશે H1961 | שָׂרִיד કોઈ-બચેલો H8300 | לְבֵית એસાવના-ઘરમાં | עֵשָׂו એસાવના H6215 | כִּי કારણ-કે
יְהוָה યહોવાએ H3068 | דִּבֵּר׃ કહ્યુ-છે H1696

યાકૂબનું કુટુંબ અગ્નિ જેવું અને યૂસફનું કુટુંબ જ્વાળા જેવું થશે. અને એસાવના વંશજો ખૂંપરારૂપ થશે. અને તેઓ આગ લગાડીને તેને ભસ્મ કરશે. એસાવના ઘરનું કોઈ માણસ જીવતું રહેશે નહિ. કેમ કે યહોવાહ એ બોલ્યા છે.

19
וְיָרְשׁוּ અને-વારસો-લેશે H3423 | הַנֶּגֶב નેગેબના-લોકો H5045 | אֶת־ ને H0853 | הַר એસાવના-પહાડનો H2022 | עֵשָׂו એસાવના H6215 | וְהַשְּׁפֵלָה અને-નીચાણના-લોકો H8219 | אֶת־ ને H0853 | פְּלִשְׁתִּים પલિસ્તીઓનો H6430
וְיָרְשׁוּ અને-વારસો-લેશે H3423 | אֶת־ ને H0853 | שְׂדֵה એફ્રાઈમના-ખેતરનો | אֶפְרַיִם એફ્રાઈમના H0669 | וְאֵת અને H0853 | שְׂדֵה સમરૂનના-ખેતરનો | שֹׁמְרוֹן સમરૂનના H8111 | וּבִנְיָמִן અને-બિન્યામીન H1144 | אֶת־ ને H0853
הַגִּלְעָד׃ ગિલયાદનો H1568

દક્ષિણના લોકો એસાવના પર્વતનો અને નીચાણના પ્રદેશના લોકો પલિસ્તીઓનો કબજો લેશે; અને તેઓ એફ્રાઇમના અને સમરુનના પ્રદેશનો કબજો લેશે; અને બિન્યામીનના લોકો ગિલ્યાદનો કબજો લેશે.

20
וְגָלֻת અને-બંદીવાનો H1546 | הַחֵל־ આ-સૈન્યના H2426 | הַזֶּה આ H2088 | לִבְנֵי ઇઝરાયેલના-સંતાનોના | יִשְׂרָאֵל ઇઝરાયેલના H3478 | אֲשֶׁר־ જેઓ | כְּנַעֲנִים કનાનીઓમાં | עַד־ સુધી H5704 | צָרְפַת સારફાથ-સુધી H6886
וְגָלֻת અને-બંદીવાનો H1546 | יְרוּשָׁלִַם યરૂશાલેમના H3389 | אֲשֶׁר જેઓ | בִּסְפָרַד સફારદમાં-છે H5614 | יִרְשׁוּ વારસો-લેશે H3423 | אֵת ને H0853 | עָרֵי નેગેબના-શહેરોનો | הַנֶּגֶב׃ નેગેબના H5045

બંદીવાસમાં ગયેલા ઇઝરાયલીઓનું સૈન્ય કે જે કનાનીઓ છે, તે છેક સારફત સુધીનો કબજો લેશે. અને યરુશાલેમના બંદીવાસમાં ગયેલા લોકો જેઓ સફારાદમાં છે, તેઓ દક્ષિણના નગરોનો કબજો લેશે.

21
וְעָלוּ અને-ચડશે H5927 | מוֹשִׁעִים ઉદ્ધારકો H3467 | בְּהַר સિયોનના-પહાડ-પર H2022 | צִיּוֹן સિયોનના H6726 | לִשְׁפֹּט ન્યાય-કરવા H8199 | אֶת־ ને H0853 | הַר એસાવના-પહાડનો H2022 | עֵשָׂו એસાવના H6215 | וְהָיְתָה અને-રાજ્ય-થશે H1961
לַיהוָה યહોવાનું H3068 | הַמְּלוּכָה׃ રાજ્ય H4410

એસાવના પર્વતનો ન્યાય કરવા સારુ ઉદ્ધારકો સિયોન પર્વત પર ચઢી આવશે અને રાજ્ય યહોવાહનું થશે.

# યૂના

## Chapter 1

1

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיְהִי֙ | דְּבַר־ | יְהוָ֔ה | אֶל־ | יוֹנָ֥ה | בֶן־ | אֲמִתַּ֖י | לֵאמֹֽר׃ |
| અને-આવ્યું | વચન | યહોવાહનું | તરફ | યોના | પુત્ર | અમિત્તાઈના | કહેતાં |
| H1961 | H1697 | H3068 | H0413 | H3124 | | H0573 | H0559 |

હવે ઈશ્વરનું વચન અમિત્તાયના દીકરા યૂના પાસે આવ્યું કે,

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ק֠וּם | לֵ֧ךְ | אֶל־ | נִֽינְוֵ֛ה | הָעִ֥יר | הַגְּדוֹלָ֖ה | וּקְרָ֣א | עָלֶ֑יהָ | כִּֽי־ | עָלְתָ֥ה | רָעָתָ֖ם |
| ઊઠ | જા | તરફ | નીનવેહ | નગર | મોટી | અને-પોકાર-કર | તેની-વિરુદ્ધ | કારણ-કે | ચડી-છે | તેમની-દુષ્ટતા |
| | H3212 | H0413 | H5210 | | | H7121 | | | H5927 | |

| |
|---|
| לְפָנָֽי׃ |
| મારી-આગળ |
| H6440 |

“ઊઠ મોટા નગર નિનવે જા, અને તેની વિરુદ્ધ પોકાર કર, કેમ કે તેઓની વધી રહેલી દુષ્ટતા મારી નજરે ચડી છે.”

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיָּ֤קָם | יוֹנָה֙ | לִבְרֹ֣חַ | תַּרְשִׁ֔ישָׁה | מִלִּפְנֵ֖י | יְהוָ֑ה | וַיֵּ֨רֶד | יָפ֜וֹ | וַיִּמְצָ֥א | אָנִיָּ֣ה |
| પણ-ઊઠ્યો | યોના | ભાગવા | તાર્શીશ-તરફ | હાજરીથી-દૂર | યહોવાહની | અને-ઉતર્યો | યાફો-માં | અને-મળ્યું | વહાણ |
| | H3124 | H1272 | H8659 | H6440 | H3068 | H3381 | H3305 | H4672 | H0591 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בָּאָ֣ה | תַרְשִׁ֗ישׁ | וַיִּתֵּ֨ן | שְׂכָרָ֜הּ | וַיֵּ֤רֶד | בָּהּ֙ | לָב֤וֹא | עִמָּהֶם֙ | תַּרְשִׁ֔ישָׁה | מִלִּפְנֵ֖י |
| જતું-હતું | તાર્શીશ | અને-આપ્યું | તેનું-ભાડું | અને-ઉતર્યો | તેમાં | જવા | તેમની-સાથે | તાર્શીશ-તરફ | હાજરીથી-દૂર |
| H0935 | H8659 | H5414 | H7939 | H3381 | | H0935 | | H8659 | H6440 |

| |
|---|
| יְהוָֽה׃ |
| યહોવાહની |
| H3068 |

યૂના ઊઠ્યો તો ખરો, પણ તેણે ઈશ્વરની સમક્ષતામાંથી તાર્શીશ જતા રહેવા માટે યાફામાં ગયો. ત્યાં તેને તાર્શીશ જનારું એક વહાણ મળ્યું. તેનું ભાડું તેણે ચૂકવ્યું. અને ઈશ્વરની સમક્ષતામાંથી તાર્શીશ જતા રહેવા તે વહાણમાં બેઠો.

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַֽיהוָ֗ה | הֵטִ֤יל | רֽוּחַ־ | גְּדוֹלָה֙ | אֶל־ | הַיָּ֔ם | וַיְהִ֥י | סַֽעַר־ | גָּד֖וֹל | בַּיָּ֑ם | וְהָ֣אֳנִיָּ֔ה |
| પણ-યહોવાહે | ફેંક્યો | મોટો-પવન | — | ઉપર | સમુદ્રમાં | અને-આવ્યું | મોટું-તુફાન | — | સમુદ્રમાં | અને-વહાણ |
| H3068 | H2904 | H7307 | | H0413 | H3220 | H1961 | | | H3220 | H0591 |

| | |
|---|---|
| חִשְּׁבָ֖ה | לְהִשָּׁבֵֽר׃ |
| તૂટવાનું-હતું | તૂટવા-તરફ |
| H2803 | H7665 |

પણ ઈશ્વરે સમુદ્ર પર ભારે ઝંઝાવાત મોકલ્યો. સમુદ્રમાં મોટું તોફાન ઝઝૂમ્યું. ટૂંક સમયમાં જ એવું લાગવા લાગ્યું કે હવે વહાણ તૂટી જશે.

5
וַיִּירְאוּ અને–ડર્યા H3372
הַמַּלָּחִים ખલાસીઓ H4419
וַיִּזְעֲקוּ અને–પોકાર્યા H2199
אִישׁ પ્રત્યેક H0376
אֶל־ તરફ H0413
אֱלֹהָיו તેમના–ઈશ્વર H0430
וַיָּטִלוּ અને–ફેંક્યા H2904
אֶת־ — H0853
הַכֵּלִים સામાન H3627
אֲשֶׁר જે
בָּאֳנִיָּה વહાણમાંથી H0591
אֶל־ માં H0413
הַיָּם સમુદ્રમાં H3220
לְהָקֵל હળવું–કરવા H7043
מֵעֲלֵיהֶם તેમન–ઉપરથી
וְיוֹנָה પણ–યોના H3124
יָרַד ઉતર્યો–હતો H3381
אֶל־ તરફ H0413
יַרְכְּתֵי તળિયામાં H3411
הַסְּפִינָה વહાણના H5600
וַיִּשְׁכַּב અને–સૂઈ–ગયો H7901
וַיֵּרָדַם׃ અને–ગાઢ–નીંદરમાં–હતો H7290

તેથી ખલાસીઓ ખૂબ ભયભીત થયા અને દરેક માણસ પોતાના દેવને પ્રાર્થના કરવા લાગ્યા. વહાણને હળવું કરવા માટે તેઓએ તેમાંનો માલસામાન સમુદ્રમાં ફેંકી દીધો. આવું હોવા છતાં યૂના તો વહાણના સૌથી અંદરના ભાગમાં જઈ, ભરનિદ્રામાં પડ્યો.

6
וַיִּקְרַב અને–નજીક–આવ્યો H7126
אֵלָיו તેની–પાસે H0413
רַב મુખ્ય
הַחֹבֵל કપ્તાન H2259
וַיֹּאמֶר અને–કહ્યુ H0559
לוֹ તેને
מַה־ શું H4100
לְּךָ તું–છે
נִרְדָּם ગાઢ–નીંદરમાં H7290
קוּם ઊઠ
קְרָא પોકાર–કર H7121
אֶל־ તરફ H0413
אֱלֹהֶיךָ તારા–ઈશ્વર H0430
אוּלַי કદાચ H0194
יִתְעַשֵּׁת વિચારે
הָאֱלֹהִים ઈશ્વર H0430
לָנוּ અમારા–માટે
וְלֹא અને–નહિ H3808
נֹאבֵד׃ નાશ–પામીએ H0006

વહાણના ટંડેલે તેની પાસે આવીને કહ્યુ, “તું શું કરે છે? ઊંઘે છે? ઊઠ તારા ઈશ્વરને વિનંતી કર, કદાચ તારો ઈશ્વર આપણને ધ્યાનમાં લે, અને આપણે નાશ પામીએ નહિ.”

7
וַיֹּאמְרוּ અને–કહ્યુ H0559
אִישׁ પ્રત્યેક H0376
אֶל־ તરફ H0413
רֵעֵהוּ પોતાના–સાથીને H7453
לְכוּ ચાલો H3212
וְנַפִּילָה અને–ચિઠ્ઠીઓ–નાખીએ H5307
גוֹרָלוֹת — H1486
וְנֵדְעָה અને–જાણીએ H3045
בְּשֶׁלְּמִי કોના–કારણે H4310
הָרָעָה વિપત્તિ
הַזֹּאת આ H2063
לָנוּ અમાર–ઉપર
וַיַּפִּלוּ અને–નાખી H5307
גּוֹרָלוֹת ચિઠ્ઠીઓ H1486
וַיִּפֹּל અને–પડી H5307
הַגּוֹרָל ચિઠ્ઠી H1486
עַל־ ઉપર
יוֹנָה׃ યોનાની H3124

તે પ્રવાસીઓએ એકબીજાને કહ્યુ, “આવો, આપણે ચિઠ્ઠીઓ નાખીને જોઈએ કે આપણા પર આવેલા આ વિઘ્ન માટે જવાબદાર કોણ છે?” તેથી તેઓએ ચિઠ્ઠીઓ નાખી. ત્યારે ચિઠ્ઠી, યૂનાના નામની નીકળી.

8
וַיֹּאמְרוּ અને–કહ્યુ H0559
אֵלָיו તેને H0413
הַגִּידָה־ કહે H5046
נָּא કૃપા–કરીને H4994
לָנוּ અમને
בַּאֲשֶׁר કારણે
לְמִי־ કોના–કારણે H4310
הָרָעָה વિપત્તિ
הַזֹּאת આ H2063
לָנוּ અમારા–ઉપર
מַה־ શું–છે H4100
מְּלַאכְתְּךָ તારો–વ્યવસાય H4399
וּמֵאַיִן અને–ક્યાંથી H0370
תָּבוֹא આવ્યો–છો H0935
מָה શું–છે H4100
אַרְצֶךָ તારો–દેશ H0776
וְאֵי־ અને–કયા H0335
מִזֶּה આમાંથી H2088
עַם લોકો
אָתָּה׃ છો–તું

એટલે તેઓએ યૂનાને કહ્યુ, “કૃપા કરીને અમને જણાવ કે તું કોણ છે કે જેના લીધે આ સંકટ આવી પડ્યું છે? તારો વ્યવસાય શો છે? તું ક્યાંથી આવ્યો છે? તારો દેશ કયો છે? તું કયા લોકોમાંથી આવે છે?”

9
וַיֹּאמֶר અને–કહ્યુ H0559
אֲלֵיהֶם તેમને H0413
עִבְרִי હિબ્રૂ–છું H5680
אָנֹכִי હું H0595
וְאֶת־ અને H0853
יְהוָה યહોવાહથી H3068
אֱלֹהֵי ઈશ્વરથી H0430
הַשָּׁמַיִם આકાશના H8064
אֲנִי હું H0589
יָרֵא ડરું–છું H3373
אֲשֶׁר־ જેમણે
עָשָׂה બનાવ્યો
אֶת־ — H0853
הַיָּם સમુદ્ર H3220
וְאֶת־ અને H0853
הַיַּבָּשָׁה׃ સૂકી–જમીન H3004

યૂનાએ તેઓને કહ્યુ, “હું એક હિબ્રૂ છું; સાગરો અને ભૂમિના સર્જક ઈશ્વર પ્રભુનો ડર રાખું છું.”

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּירְאוּ | הָאֲנָשִׁים | יִרְאָה | גְדוֹלָה | וַיֹּאמְרוּ | אֵלָיו | מַה־ | זֹּאת | עָשִׂיתָ | כִּי־ | יָדְעוּ |
| અને-ડર્યા | માણસો | ભય | મોટો | અને-કહ્યુ | તેને | શું | આ | કર્યુ-તેં | કારણ-કે | જાણતા-હતા |
| H3372 | H0376 | H3373 | | H0559 | H0413 | H4100 | H2063 | | | H3045 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הָאֲנָשִׁים | כִּי־ | מִלִּפְנֵי | יְהוָה | הוּא | בֹרֵחַ | כִּי | הִגִּיד | לָהֶם׃ |
| માણસો | કે | હાજરીથી-દૂર | યહોવાહની | તે | ભાગી-રહ્યો-હતો | કારણ-કે | કહ્યુ-હતું | તેમને |
| H0376 | | H6440 | H3068 | H1931 | H1272 | | H5046 | H1992 |

ત્યારે તે માણસો વધારે ભયભીત થયા. તેઓએ યૂનાને કહ્યુ, "તેં આ શું કર્યું?" કેમ કે તેના કહેવાથી તેઓના જાણવામાં આવ્યું કે તે ઈશ્વરની સમક્ષતામાંથી ભાગી રહ્યો છે.

11

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמְרוּ | אֵלָיו | מַה־ | נַּעֲשֶׂה | לָּךְ | וְיִשְׁתֹּק | הַיָּם | מֵעָלֵינוּ | כִּי | הַיָּם | הוֹלֵךְ | וְסֹעֵר׃ |
| અને-કહ્યુ | તેને | શું | કરીએ | તને | અને-શાંત-થાય | સમુદ્ર | અમાર□-ઉપરથી | કારણ-કે | સમુદ્ર | ચાલુ-રહ્યો-હતો | અને-તુફાની-થતું-હતું |
| H0559 | H0413 | H4100 | | | H8367 | H3220 | | | H3220 | H1980 | H5590 |

પછી તેઓએ યૂનાને પૂછ્યું, "આ સમુદ્ર, અમારે સારુ શાંત થાય તે માટે અમે તને શું કરીએ?" કેમ કે સમુદ્રમાં વાવાઝોડું વધતું જતું હતું.

12

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֲלֵיהֶם | שָׂאוּנִי | וַהֲטִילֻנִי | אֶל־ | הַיָּם | וְיִשְׁתֹּק | הַיָּם | מֵעֲלֵיכֶם | כִּי | יוֹדֵעַ | אָנִי | כִּי | בְשֶׁלִּי | הַסַּעַר | הַגָּדוֹל | הַזֶּה | עֲלֵיכֶם׃ |
| અને-કહ્યુ | તેમને | ઉઠાવો-મને | અને-ફેંકો-મને | માં | સમુદ્રમાં | અને-શાંત-થશે | સમુદ્ર | તમાર□-ઉપરથી | કારણ-કે | જાણું-છું | હું | કે | માર□-કારણે | તુફાન | મોટું | આ | તમાર□-ઉપર-છે |
| H0559 | H0413 | H5375 | H2904 | H0413 | H3220 | H8367 | H3220 | | | H3045 | H0589 | | H7945 | | | H2088 | |

યૂનાએ તેઓને કહ્યુ, "મને ઊંચકીને સમુદ્રમાં ફેંકી દો. એમ કરવાથી સમુદ્ર શાંત થઈ જશે કેમ કે હું સમજું છું કે મારે લીધે જ આ મોટું વાવાઝોડું તમારા પર ઝઝૂમેલું છે."

13

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּחְתְּרוּ | הָאֲנָשִׁים | לְהָשִׁיב | אֶל־ | הַיַּבָּשָׁה | וְלֹא | יָכֹלוּ | כִּי | הַיָּם | הוֹלֵךְ | וְסֹעֵר | עֲלֵיהֶם׃ |
| અને-હલેસાં-કર્યા□ | માણસો | પાછા-લાવવા | તરફ | સૂકી-જમીન | પણ-નહિ | શક્યા | કારણ-કે | સમુદ્ર | ચાલુ-રહ્યો-હતો | અને-તુફાની-થતું-હતું | તેમન□-વિરુદ્ધ |
| H2864 | H0376 | H7725 | H0413 | H3004 | H3808 | H3201 | | H3220 | H1980 | H5590 | |

કિનારે પાછા પહોંચી જવા માટે ખલાસીઓએ બહુ હલેસાં માર્યા, પણ તેઓ પહોંચી શક્યા નહિ કેમ કે સમુદ્ર વધુ ને વધુ તોફાની બની રહ્યો હતો.

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּקְרְאוּ | אֶל־ | יְהוָה | וַיֹּאמְרוּ | אָנָּה | יְהוָה | אַל־ | נָא | נֹאבְדָה | בְּנֶפֶשׁ | הָאִישׁ |
| અને-પોકાર્યા | તરફ | યહોવાહ | અને-કહ્યુ | અરે | યહોવાહ | ના | કૃપા-કરીને | નાશ-પામીએ | જીવન-માટે | માણસ |
| H7121 | H0413 | H3068 | H0559 | H0577 | H3068 | H0408 | H4994 | H0006 | H5315 | H0376 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַזֶּה | וְאַל־ | תִּתֵּן | עָלֵינוּ | דָּם | נָקִיא | כִּי־ | אַתָּה | יְהוָה | כַּאֲשֶׁר | חָפַצְתָּ | עָשִׂיתָ׃ |
| આના□ | અને-ના | મૂક | અમાર□-ઉપર | રક્ત | નિર્દોષનું | કારણ-કે | તેં | યહોવાહ | જેમ | ઇચ્છ્યું-તેં | કર્યુ-છે |
| H2088 | H0408 | H5414 | | H1818 | | | | H3068 | | | |

એથી તેઓએ ઈશ્વરને પોકારીને કહ્યુ, "હે ઈશ્વર, અમે વીનવીએ છીએ કે આ માણસનાં જીવના લીધે અમારો નાશ થવા દેશો નહિ અને તેના મરણનો દોષ અમારા પર મૂકશો નહિ. કેમ કે હે ઈશ્વર, તમને જે ગમ્યું તે મુજબ જ કર્યું છે."

15

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּשְׂאוּ | אֶת־ | יוֹנָה | וַיְטִלֻהוּ | אֶל־ | הַיָּם | וַיַּעֲמֹד | הַיָּם | מִזַּעְפּוֹ׃ |
| અને-ઉઠાવ્યો | — | યોનાને | અને-ફેંક્યો-તેને | માં | સમુદ્રમાં | અને-શાંત-થયો | સમુદ્ર | તેના-રોષથી |
| H5375 | H0853 | H3124 | H2904 | H0413 | H3220 | H5975 | H3220 | H2197 |

એવું કહીને તેઓએ યૂનાને ઊંચકીને સમુદ્રમાં ફેંકી દીધો અને સમુદ્ર તરત જ શાંત પડ્યો.

16

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיִּירְאוּ | הָאֲנָשִׁים | יִרְאָה | גְדוֹלָה | אֶת־ | יְהוָה | וַיִּזְבְּחוּ־ | זֶבַח | לַיהוָה | וַיִּדְּרוּ | נְדָרִים׃ |
| અને-ડર્યા | માણસો | ભય | મોટો | — | યહોવાહથી | અને-અર્પણ-કર્યું | યજ્ઞ | યહોવાહને | અને-લીધી | માનતાઓ |
| H3372 | H0376 | H3373 | | H0853 | H3068 | H2076 | H2077 | H3068 | H5087 | H5088 |

ત્યારે તે માણસોને ઈશ્વરનો અતિશય ડર લાગ્યો. તેઓએ ઈશ્વરને બલિદાનો ચઢાવ્યાં અને માનતાઓ માની.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַדָּ֔ג | בִּמְעֵ֣י | יוֹנָ֔ה | וַיְהִ֤י | יוֹנָ֑ה | אֶת־ | לִבְלֹ֖עַ | גָּד֔וֹל | דָּ֣ג | יְהוָה֙ | וַיְמַ֤ן | 17 |
| માછલીના□ | પેટમાં | યોના | અને-રહ્યો | યોનાને | — | ગળવા | — | મોટી-માછલી | યહોવાહે | અને-નીમ્યું | |
| H1709 | H4578 | H3124 | H1961 | H3124 | H0853 | H1104 | | H1709 | H3068 | H4487 | |

| | | | |
|---|---|---|---|
| לֵילֽוֹת׃ | וּשְׁלֹשָׁ֥ה | יָמִ֖ים | שְׁלֹשָׁ֥ה |
| રાત | અને-ત્રણ | દિવસ | ત્રણ |
| H3915 | H7969 | H3117 | H7969 |

ઈશ્વરે એક મોટી માછલી યૂનાને ગળી જવા સારુ તૈયાર રાખી હતી. માછલી તેને ગળી ગઈ. યૂના ત્રણ દિવસ તથા ત્રણ રાત્રી પર્યંત તેના પેટમાં રહ્યો.

## Chapter 2

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הַדָּגָֽה׃ | מִמְּעֵ֖י | אֱלֹהָ֑יו | יְהוָ֖ה | אֶל־ | יוֹנָ֔ה | וַיִּתְפַּלֵּ֣ל | 1 |
| માછલીના | પેટમાંથી | તેમના-ઈશ્વર | યહોવાહ | તરફ | યોનાએ | અને-પ્રાર્થના-કરી | |
| H1710 | H4578 | H0430 | H3068 | H0413 | H3124 | H6419 | |

ત્યારે યૂનાએ માછલીના પેટમાં રહીને પોતાના ઈશ્વર યહોવાહની પ્રાર્થના કરી.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שִׁוַּ֖עְתִּי | שְׁא֛וֹל | מִבֶּ֧טֶן | וַֽיַּעֲנֵ֑נִי | יְהוָ֖ה | אֶל־ | לִ֛י | מִצָּ֥רָה | קָ֠רָאתִי | וַיֹּ֗אמֶר | 2 |
| મદદ-માગી-મેં | મૃત્યુલોક□ | પેટમાંથી | અને-ઉત્તર-આપ્યો-મને | યહોવાહ | તરફ | મારા | સંકટમાંથી | પોકાર્યું-મેં | અને-કહ્યુ | |
| H7768 | H7585 | H0990 | | H3068 | H0413 | | | H7121 | H0559 | |

| | |
|---|---|
| קוֹלִֽי׃ | שָׁמַ֥עְתָּ |
| મારો-અવાજ | સાંભળ્યો-તેં |
| | H8085 |

તેણે કહ્યુ, "મારી વિપત્તિ સંબંધી મેં ઈશ્વરને વિનંતી કરી, અને તેમણે મને જવાબ આપ્યો; શેઓલના ઊંડાણમાંથી + 2:2 પાયો સહાયને માટે મેં પોકાર કર્યો□ અને મારો અવાજ સાંભળ્યો."

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְגַלֶּ֔יךָ | מִשְׁבָּרֶ֣יךָ | כָּל־ | יְסֹבְבֵ֑נִי | וְנָהָ֖ר | יַמִּ֔ים | בִּלְבַ֣ב | מְצוּלָה֙ | וַתַּשְׁלִיכֵ֤נִי | 3 |
| અને-તારા□-તરંગો | તારા□-મોજાં | બધા□ | ઘેરી-વળ્યો-મને | અને-પ્રવાહ | સમુદ્રોના | હૃદયમાં | ઊંડાણમાં | અને-ફેંક્યો-મને-તેં | |
| H1530 | H4867 | H3605 | H5437 | H5104 | H3220 | H3824 | H4688 | H7993 | |

| | |
|---|---|
| עָבָֽרוּ׃ | עָלַ֥י |
| પસાર-થયા | મારે-ઉપરથી |

"હે પ્રભુ તમે મને સમુદ્રના ઊંડાણમાં ફેંક્યો હતો, મારી આસપાસ પાણી હતા; તેના સર્વ મોજાં અને છોળો, મારા પર ફરી વળ્યાં."

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הֵיכַ֖ל | אֶל־ | לְהַבִּ֔יט | אוֹסִ֣יף | אַ֚ךְ | עֵינֶ֑יךָ | מִנֶּ֣גֶד | נִגְרַ֖שְׁתִּי | אָמַ֔רְתִּי | וַאֲנִ֣י | 4 |
| મંદિર | તરફ | નજર-કરીશ | ફરીથી-જોઈશ | છતાં | તારે-આખોને | આગળથી | કાઢી-મૂકાયો-હું | કહ્યુ-મેં | અને-હું | |
| H1964 | H0413 | H5027 | H3254 | H0389 | | H5048 | H1644 | H0559 | H0589 | |

| |
|---|
| קָדְשֶֽׁךָ׃ |
| તારે-પવિત્રતાને |
| H6944 |

અને મેં કહ્યુ, "મને તમારી નજર આગળ ફેંકી દેવામાં આવ્યો છે; તોપણ હું ફરીથી તમારા પવિત્ર સભાસ્થાન તરફ જોઈશ.'

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לְרֹאשִֽׁי׃ | חָב֥וּשׁ | ס֖וּף | יְסֹבְבֵ֑נִי | תְּה֣וֹם | נֶ֔פֶשׁ | עַד־ | מַ֙יִם֙ | אֲפָפ֤וּנִי | 5 |
| મારે-માથે-ફરતે | વીંટળાયેલ-હતે | સમુદ્ર-ઘાસે | ઘેરી-વળ્યે-મને | ઊંડાણે | જીવનને | સુધી | પાણીએ | ઘેરી-વળ્યે-મને | |
| | H2280 | H5488 | H5437 | H8415 | H5315 | H5704 | H4325 | H0661 | |

મારું જીવન નષ્ટ થઈ જાય એ રીતે પાણી મારી આસપાસ ફરી વળ્યાં, આજુબાજુ ઊંડાણ હતું; મારા માથાની આસપાસ દરિયાઈ વનસ્પતિ વીંટળાઈ વળી હતી.

| 6 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לְקִצְבֵי | הָרִים | יָרַדְתִּי | הָאָרֶץ | בְּרִחֶיהָ | בַעֲדִי | לְעוֹלָם | וַתַּעַל | מִשַּׁחַת |
| તળીયે-સુધી | પહાડોને | ઉતર્યો-હું | પૃથ્વીએ | તેને-ભૂંગળ | મારે-આસપાસ | સદાકાળ-માટે | પણ-બહાર-લાવ્યો | ખાડામાંથી |
| H7095 | H2022 | H3381 | H0776 | H1280 | H1157 | H5769 | H5927 | H7845 |
| חַיַּי | יְהוָה | אֱלֹהָי׃ | | | | | | |
| મારે-જીવન | યહોવાહ | મારે-ઈશ્વર | | | | | | |
| | H3068 | H0430 | | | | | | |

હું તો પર્વતોનાં તળિયાં સુધી નીચે ઊતરી ગયો; મને અંદર રહેવા દઈને હમેશાંને માટે પૃથ્વીએ પોતાનાં બારણાં બંધ કરી દીધાં. તેમ છતાં હે મારા ઈશ્વર પ્રભુ, તમે મારા જીવને ખાડામાંથી બહાર લાવ્યા છો.

| 7 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בְּהִתְעַטֵּף | עָלַי | נַפְשִׁי | אֶת־ | יְהוָה | זָכָרְתִּי | וַתָּבוֹא | אֵלֶיךָ | תְּפִלָּתִי |
| જ્યારે-મૂર્છા-પામી-રહ્યો-હતો | મારે-ઉપર | મારો-જીવ | — | યહોવાહને | યાદ-કર્યો-મેં | અને-આવી | તારે-પાસે | મારી-પ્રાર્થના |
| | | H5315 | H0853 | H3068 | H2142 | H0935 | H0413 | H8605 |
| אֶל־ | הֵיכַל | קָדְשֶׁךָ׃ | | | | | | |
| તરફ | મંદિર | તારે-પવિત્રતાને | | | | | | |
| H0413 | H1964 | H6944 | | | | | | |

જ્યારે મારો આત્મા મારામાં મૂર્છિત થયો, ત્યારે મેં ઈશ્વરનું ધ્યાન ધર્યું; અને મારી પ્રાર્થના તમારી સંમુખ, તમારા પવિત્ર ઘરમાં પહોંચી.

| 8 | | | | |
|---|---|---|---|---|
| מְשַׁמְּרִים | הַבְלֵי־ | שָׁוְא | חַסְדָּם | יַעֲזֹבוּ׃ |
| જેઓ-પૂજે-છે | વ્યર્થ-મૂર્તિઓને | — | તેમની-કૃપા | ત્યજે-છે |
| H8104 | H1892 | H7723 | | |

જેઓ નકામા દેવો પર લક્ષ આપે છે તેઓ પોતાના પર કૃપા દર્શાવનારને વિસરી જાય છે.

| 9 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַאֲנִי | בְּקוֹל | תּוֹדָה | אֶזְבְּחָה־ | לָּךְ | אֲשֶׁר | נָדַרְתִּי | אֲשַׁלֵּמָה | יְשׁוּעָתָה | לַיהוָה׃ |
| પણ-હું | આભારને | અવાજે | અર્પણ-કરીશ | તને | જે | માનતાઓ-લીધી | પૂરી-કરીશ | ઉદ્ધાર | યહોવાહનો-છે |
| H0589 | | H8426 | H2076 | | | H5087 | | H3444 | H3068 |
| ס | | | | | | | | | |
| — | | | | | | | | | |

પણ હું મારા જીવનથી, આભારસ્તુતિ કરીને તમને બલિદાન ચઢાવીશ; જે પ્રતિજ્ઞા મેં લીધી છે તે હું પૂરી કરીશ. ઉદ્ધાર, ઈશ્વર દ્વારા જ છે.

| 10 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | יְהוָה | לַדָּג | וַיָּקֵא | אֶת־ | יוֹנָה | אֶל־ | הַיַּבָּשָׁה׃ | פ |
| અને-આજ્ઞા-આપી | યહોવાહે | માછલીને | અને-ઉગળી | — | યોનાને | ઉપર | સૂકી-જમીન | — |
| H0559 | H3068 | H1709 | H6958 | H0853 | H3124 | H0413 | H3004 | |

પછી ઈશ્વરે માછલીને આજ્ઞા કરી. અને તેણે પેટમાંથી યૂનાને બહાર કાઢીને કોરી જમીન પર મૂક્યો.

## Chapter 3

| 1 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וַיְהִי | דְבַר־ | יְהוָה | אֶל־ | יוֹנָה | שֵׁנִית | לֵאמֹר׃ |
| અને-આવ્યું | વચન | યહોવાહનું | તરફ | યોના | બીજી-વાર | કહેતાં |
| H1961 | H1697 | H3068 | H0413 | H3124 | H8145 | H0559 |

પછી ફરીથી યૂના પાસે ઈશ્વરનું વચન આવ્યું કે,

| 2 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| קוּם | לֵךְ | אֶל־ | נִינְוֵה | הָעִיר | הַגְּדוֹלָה | וּקְרָא | אֵלֶיהָ | אֶת־ | הַקְּרִיאָה | אֲשֶׁר | אָנֹכִי |
| ઊઠ | જા | તરફ | નીનવેહ | નગર | મોટી | અને-પોકાર-કર | તેને | — | સંદેશો | જે | હું |
| | H3212 | H0413 | H5210 | | | H7121 | H0413 | H0853 | H7150 | | H0595 |
| דֹּבֵר | אֵלֶיךָ׃ | | | | | | | | | | |
| કહું-છું | તને | | | | | | | | | | |
| H1696 | H0413 | | | | | | | | | | |

"ઊઠ, મોટા નગર નિનવે જા અને હું જે ફરમાવું તે મુજબ તું તે નગરમાં સંદેશ પ્રગટ કર."

3

| | | |
|---|---|---|
| וַיָּקָם | અને-ઊઠ્યો | |
| יוֹנָה | યોના | H3124 |
| וַיֵּלֶךְ | અને-ગયો | H3212 |
| אֶל־ | તરફ | H0413 |
| נִינְוֵה | નીનવેહ | H5210 |
| כִּדְבַר | વચન-પ્રમાણે | H1697 |
| יְהוָה | યહોવાહના | H3068 |
| וְנִינְוֵה | અને-નીનવેહ | H5210 |
| הָיְתָה | હતી | H1961 |
| עִיר־ | નગર | |
| גְּדוֹלָה | મોટું | |
| לֵאלֹהִים | ઈશ્વર-માટે | H0430 |
| מַהֲלַךְ | ચાલવામાં | H4109 |
| שְׁלֹשֶׁת | ત્રણ | H7969 |
| יָמִים׃ | દિવસનું | H3117 |

તેથી ઈશ્વરના વચનને આધીન થઈને યૂના ઊઠ્યો અને નિનવે ગયો. નિનવે બહુ મોટું નગર હતું. તેની પ્રદક્ષિણા કરતાં ત્રણ દિવસ લાગે એટલો આશરે છન્નુ કિલોમિટર તેનો ઘેરાવો હતો.

4

| | | |
|---|---|---|
| וַיָּחֶל | અને-શરૂ-કર્યું | |
| יוֹנָה | યોનાએ | H3124 |
| לָבוֹא | પ્રવેશ-કરવા | H0935 |
| בָעִיר | નગરમાં | |
| מַהֲלַךְ | ચાલતાં | H4109 |
| יוֹם | દિવસ | H3117 |
| אֶחָד | એક | H0259 |
| וַיִּקְרָא | અને-પોકાર્યું | H7121 |
| וַיֹּאמַר | અને-કહ્યુ | H0559 |
| עוֹד | હજુ | H5750 |
| אַרְבָּעִים | ચાળીસ | H0705 |
| יוֹם | દિવસ | H3117 |
| וְנִינְוֵה | અને-નીનવેહ | H5210 |
| נֶהְפָּכֶת׃ | ઉલટી-જશે | H2015 |

યૂના નગરમાં પ્રવેશ્યો અને એક દિવસની મજલ લગભગ બત્રીસ કિલોમિટર પૂરી કર્યા બાદ તેણે ત્યાં મોટે અવાજે સંભળાવ્યું કે, "ચાળીસ દિવસો પછી નિનવે નષ્ટ થઈ જશે."

5

| | | |
|---|---|---|
| וַיַּאֲמִינוּ | અને-વિશ્વાસ-કર્યો | H0539 |
| אַנְשֵׁי | લોકોએ | H0376 |
| נִינְוֵה | નીનવેહના | H5210 |
| בֵּאלֹהִים | ઈશ્વરમાં | H0430 |
| וַיִּקְרְאוּ־ | અને-જાહેર-કર્યું | H7121 |
| צוֹם | ઉપવાસ | H6685 |
| וַיִּלְבְּשׁוּ | અને-પહેર્યા | H3847 |
| שַׂקִּים | શણના-કપડા | H8242 |
| מִגְּדוֹלָם | મોટાથી-માંડી | |
| וְעַד־ | અને-સુધી | H5704 |
| קְטַנָּם׃ | નાના | |

નિનવેના લોકોએ ઈશ્વરના ઉપદેશ પર વિશ્વાસ કર્યો. તેઓએ ઉપવાસ જાહેર કર્યો. અને મોટાથી તે નાના સુધીનાં, બધાએ શોકના વસ્ત્ર પહેર્યા.

6

| | | |
|---|---|---|
| וַיִּגַּע | અને-પહોંચ્યું | H5060 |
| הַדָּבָר | વાત | H1697 |
| אֶל־ | તરફ | H0413 |
| מֶלֶךְ | રાજા | H4428 |
| נִינְוֵה | નીનવેહના | H5210 |
| וַיָּקָם | અને-ઊઠ્યો | |
| מִכִּסְאוֹ | તેમનં-સિંહાસનથી | H3678 |
| וַיַּעֲבֵר | અને-ઉતાર્યો | |
| אַדַּרְתּוֹ | તેમનો-રાજવી-ઝભ્ભો | H0155 |
| מֵעָלָיו | તેમનં-ઉપરથી | |
| וַיְכַס | અને-ઓઢ્યો | H3680 |
| שַׂק | શણ | H8242 |
| וַיֵּשֶׁב | અને-બેઠો | H3427 |
| עַל־ | ઉપર | |
| הָאֵפֶר׃ | રાખના | H0665 |

આ બાબતની ખબર નિનવેના રાજાને જાણવા મળી. તે તેના સિંહાસન પરથી ઊભો થઈ ગયો. પોતાનો ઝભ્ભો ઉતારી દીધો. અંગે શોકના વસ્ત્ર ધારણ કર્યા. અને રાખ ચોળીને તેમાં બેઠો.

7

| | | |
|---|---|---|
| וַיַּזְעֵק | અને-જાહેર-કર્યું | H2199 |
| וַיֹּאמֶר | અને-કહ્યુ | H0559 |
| בְּנִינְוֵה | નીનવેહમાં | H5210 |
| מִטַּעַם | હુકમથી | H2940 |
| הַמֶּלֶךְ | રાજા | H4428 |
| וּגְדֹלָיו | અને-તેમનં-મોટાઓના | |
| לֵאמֹר | કહેતાં | H0559 |
| הָאָדָם | માણસ | H0120 |
| וְהַבְּהֵמָה | અને-પશુ | H0929 |
| הַבָּקָר | ગાય | H1241 |
| וְהַצֹּאן | અને-ઘેટાં | H6629 |
| אַל־ | ના | H0408 |
| יִטְעֲמוּ | ચાખે | H2938 |
| מְאוּמָה | કંઈ-પણ | H3972 |
| אַל־ | ના | H0408 |
| יִרְעוּ | ચરે | |
| וּמַיִם | અને-પાણી | H4325 |
| אַל־ | ના | H0408 |
| יִשְׁתּוּ׃ | પીએ | H8354 |

તેણે તથા તેના દરબારીઓએ સંદશો મોકલ્યા; નિનવેમાં માણસો, ગાયભેંસ અને ટોળાંઓ કશું ચાખવું નહિ, તેઓ ખાય નહિ અને પાણી પણ પીવે નહિ.

8

| | | |
|---|---|---|
| וְיִתְכַּסּוּ | અને-ઓઢે | H3680 |
| שַׂקִּים | શણના-કપડા | H8242 |
| הָאָדָם | માણસ | H0120 |
| וְהַבְּהֵמָה | અને-પશુ | H0929 |
| וְיִקְרְאוּ | અને-પોકારે | H7121 |
| אֶל־ | તરફ | H0413 |
| אֱלֹהִים | ઈશ્વર | H0430 |
| בְּחָזְקָה | જોરથી | H2394 |
| וְיָשֻׁבוּ | અને-ફરે | H7725 |
| אִישׁ | પ્રત્યેક | H0376 |
| מִדַּרְכּוֹ | તેમનં-માર્ગથી | H1870 |
| הָרָעָה | દુષ્ટ | |
| וּמִן־ | અને | |
| הֶחָמָס | હિંસાથી | H2555 |
| אֲשֶׁר | જે | |
| בְּכַפֵּיהֶם׃ | તેમનં-હાથમાં-છે | H3709 |

માણસ તથા પશુ બન્નેએ શોક વસ્ત્ર ધારણ કરી, મોટે સાદે ઈશ્વરને પોકારે. દરેક + 3:8 મોટા માણસો પોતાના દુષ્ટ આચરણ તજે અને જોરજુલમ કરવાનું બંધ કરે.

9

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| מִֽי־ | કોણ-જાણે | H4310 |
| יוֹדֵ֣עַ | જાણે-છે | H3045 |
| יָשׁ֔וּב | ફરે | H7725 |
| וְנִחַ֖ם | અને-પસ્તાવો-કરે | H5162 |
| הָאֱלֹהִ֑ים | ઈશ્વર | H0430 |
| וְשָׁ֛ב | અને-ફરે | H7725 |
| מֵחֲר֥וֹן | ભયંકર-ક્રોધથી | H2740 |
| אַפּ֖וֹ | તેમન□ | H0639 |
| וְלֹ֥א | અને-નહિ | H3808 |
| נֹאבֵֽד׃ | નાશ-પામીએ | H0006 |

આવું કરવાથી કદાચ ઈશ્વર કરુણા કરે, તેમનો વિચાર બદલે અને તેમનો ઉગ્ર કોપ શાંત કરે. જેથી આપણો નાશ ના થાય."

10

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיַּ֤רְא | અને-જોયું | H7200 |
| הָֽאֱלֹהִים֙ | ઈશ્વરે | H0430 |
| אֶֽת־ | — | H0853 |
| מַ֣עֲשֵׂיהֶ֔ם | તેમને-કામ | H4639 |
| כִּי־ | કે | |
| שָׁ֖בוּ | ફર્યા-હતા | H7725 |
| מִדַּרְכָּ֣ם | તેમને-માર્ગથી | H1870 |
| הָרָעָ֑ה | દુષ્ટથી | |
| וַיִּנָּ֣חֶם | અને-પસ્તાવો-કર્યો | H5162 |
| הָאֱלֹהִ֗ים | ઈશ્વરે | H0430 |
| עַל־ | વિષે | |
| הָרָעָ֛ה | વિપત્તિ | |
| אֲשֶׁר־ | જે | |
| דִּבֶּ֥ר | કહ્યુ-હતું | H1696 |
| לַעֲשׂוֹת־ | કરવા | |
| לָהֶ֖ם | તેમને | H1992 |
| וְלֹ֥א | અને-નહિ | H3808 |
| עָשָֽׂה׃ | કર્યું | |

તેઓએ જે કર્યું, એટલે કે પોતાનાં ખરાબ કામો તજી દીધાં તે ઈશ્વરે જોયું. તેથી ઈશ્વરે તેઓ પર જે વિપત્તિ લાવવાનું કહેલું હતું, તેવું કર્યું નહિ. અને તે તેઓ પર સંકટ લાવ્યા નહિ.

# Chapter 4

1

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיֵּ֥רַע | અને-ખરાબ-લાગ્યું | |
| אֶל־ | તરફ | H0413 |
| יוֹנָ֖ה | યોનાને | H3124 |
| רָעָ֣ה | ખરાબ-રીતે | |
| גְדוֹלָ֑ה | મોટું | |
| וַיִּ֖חַר | અને-ગુસ્સો-થયો | H2734 |
| לֽוֹ׃ | તેને | |

પણ એને લીધે યૂનાને આ ખૂબ જ લાગી આવ્યું. તે ઘણો ગુસ્સો થયો.

2

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וַיִּתְפַּלֵּ֨ל | અને-પ્રાર્થના-કરી | H6419 |
| אֶל־ | તરફ | H0413 |
| יְהוָ֜ה | યહોવાહ | H3068 |
| וַיֹּאמַ֗ר | અને-કહ્યુ | H0559 |
| אָנָּ֤ה | અરે | H0577 |
| יְהוָה֙ | યહોવાહ | H3068 |
| הֲלוֹא־ | શું-નહોતું | H3808 |
| זֶ֣ה | આ | H2088 |
| דְבָרִ֗י | મારી-વાત | H1697 |
| עַד־ | જ્યારે-હતો-હું | H5704 |
| הֱיוֹתִי֙ | હતો-હું | H1961 |
| עַל־ | ઉપર | |
| אַדְמָתִ֔י | મારી-ભૂમિમાં | H0127 |
| עַל־ | તેથી | |
| כֵּ֥ן | — | |
| קִדַּ֖מְתִּי | પહેલેથી-જ-ઉતાવળ્યો | H6923 |
| לִבְרֹ֣חַ | ભાગવા | H1272 |
| תַּרְשִׁ֑ישָׁה | તાર્શીશ-તરફ | H8659 |
| כִּ֣י | કારણ-કે | |
| יָדַ֗עְתִּי | જાણતો-હતો-હું | H3045 |
| כִּ֤י | કે | |
| אַתָּה֙ | તેં-છો | |
| אֵל־ | ઈશ્વર | H0410 |
| חַנּ֣וּן | કૃપાળુ | H2587 |
| וְרַח֔וּם | અને-દયાળુ | H7349 |
| אֶ֤רֶךְ | ધીરજવાળા | H0750 |
| אַפַּ֙יִם֙ | ક્રોધમાં | H0639 |
| וְרַב־ | અને-પુષ્કળ | |
| חֶ֔סֶד | કૃપામાં | |
| וְנִחָ֖ם | અને-પસ્તાવો-કરનારા | H5162 |
| עַל־ | વિષે | |
| הָרָעָֽה׃ | વિપત્તિન□ | |

તેથી યૂનાએ ઈશ્વરને પ્રાર્થના કરીને કહ્યુ, "હે, ઈશ્વર, જયારે હું મારા દેશમાં હતો ત્યારે જ શું મેં એવું કહ્યુ ન હતું? આ કારણે જ મેં ત્યારે તાર્શીશ નાસી જવાનો પ્રયત્ન કર્યો હતો. કેમ કે હું જાણતો હતો કે તમે કોપ કરવામાં કૃપાળુ અને કરુણાળુ ઈશ્વર છો, કોપ કરવામાં મંદ અને દયાળુ છો. માણસો પર વિપત્તિ લાવવાથી તમને દુ:ખ થાય છે.

3

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְעַתָּ֣ה | અને-હવે | H6258 |
| יְהוָ֔ה | યહોવાહ | H3068 |
| קַח־ | લે | H3947 |
| נָ֥א | કૃપા-કરીને | H4994 |
| אֶת־ | — | H0853 |
| נַפְשִׁ֖י | મારો-જીવ | H5315 |
| מִמֶּ֑נִּי | મારે-પાસેથી | |
| כִּ֛י | કારણ-કે | |
| ט֥וֹב | સારું-છે | |
| מוֹתִ֖י | મારું-મૃત્યુ | H4194 |
| מֵחַיָּֽי׃ | મારે-જીવન-કરતાં | |
| ס | — | |

તેથી હવે, હે ઈશ્વર, હું તમને વિનંતી કરું છું કે મારા જીવનનો અંત લાવો, કેમ કે મારે માટે જીવવા કરતાં મરવું વધારે સારું છે.”

4
וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | יְהוָה યહોવાહે H3068 | הַהֵיטֵב શું-યોગ્ય-છે H3190 | חָרָה ગુસ્સો-થવો H2734 | לָךְ׃ તને

ઈશ્વરે કહ્યુ, “ગુસ્સે થાય છે એ તું શું સારું કરે છે?”

5
וַיֵּצֵא અને-નીકળ્યો H3318 | יוֹנָה યોના H3124 | מִן־ બહાર | הָעִיר નગરથી | וַיֵּשֶׁב અને-બેઠો H3427 | מִקֶּדֶם પૂર્વે | לָעִיר નગરને | וַיַּעַשׂ અને-બનાવ્યું | לוֹ પોતાને-માટે | שָׁם ત્યાં H8033 | סֻכָּה ઝૂંપડું H5521
וַיֵּשֶׁב અને-બેઠો H3427 | תַּחְתֶּיהָ તેને-નીચે H8478 | בַּצֵּל છાયામાં H6738 | עַד જ્યાં-સુધી H5704 | אֲשֶׁר કે | יִרְאֶה જોશે H7200 | מַה־ શું H4100 | יִּהְיֶה થશે H1961 | בָּעִיר׃ નગરમાં

પછી યૂના નગરની બહાર ગયો. નગરની પૂર્વ બાજુએ માંડવો બનાવીને તેમાં બેઠો. તે જોઈ રહ્યો કે હવે નગરનું શું થાય છે?

6
וַיְמַן અને-નીમ્યું H4487 | יְהוָה־ યહોવાહ H3068 | אֱלֹהִים ઈશ્વરે H0430 | קִיקָיוֹן એરંડાનો-વેલો H7021 | וַיַּעַל અને-ઉગાડ્યો H5927 | מֵעַל ઉપરથી | לְיוֹנָה યોના-માટે H3124 | לִהְיוֹת થવા-માટે H1961 | צֵל છાયો H6738 | עַל־ ઉપર
רֹאשׁוֹ તેમને-માથે | לְהַצִּיל બચાવવા H5337 | לוֹ તેને | מֵרָעָתוֹ તેમને-દુઃખથી | וַיִּשְׂמַח અને-આનંદ-થયો H8055 | יוֹנָה યોના H3124 | עַל־ વિષે | הַקִּיקָיוֹן એરંડાને-વેલો H7021 | שִׂמְחָה આનંદ H8057 | גְדוֹלָה׃ મોટો

ઈશ્વર પ્રભુએ, યૂના ઉપર છાયા કરે એવો એક છોડ સર્જાવ્યો. તે છોડના લીધે યૂનાને ઘણો આનંદ થયો.

7
וַיְמַן પણ-નીમ્યું H4487 | הָאֱלֹהִים ઈશ્વરે H0430 | תּוֹלַעַת કીડો | בַּעֲלוֹת ચડત□-વખતે H5927 | הַשַּׁחַר પ્રભાતે H7837 | לַמָּחֳרָת બીજે-દિવસે H4283 | וַתַּךְ અને-ખાઈ-ગયો H5221 | אֶת־ — H0853 | הַקִּיקָיוֹן એરંડાને-વેલો H7021
וַיִּיבָשׁ׃ અને-સૂકાઈ-ગયો H3001

પણ બીજે દિવસે, સૂર્યોદય સમયે, ઈશ્વરે એક કીડાને ઉત્પન્ન કર્યો. એ કીડાએ પેલા છોડને કરડી ખાધો અને તે સુકાઈ ગયો.

8
וַיְהִי અને-થયું H1961 | כִּזְרֹחַ ઉગતે-વખતે H2224 | הַשֶּׁמֶשׁ સૂર્ય H8121 | וַיְמַן અને-નીમ્યો H4487 | אֱלֹהִים ઈશ્વરે H0430 | רוּחַ ગરમ-પવન H7307 | קָדִים પૂર્વનો H6921 | חֲרִישִׁית શાંત H2759 | וַתַּךְ અને-પડ્યો H5221 | הַשֶּׁמֶשׁ સૂર્ય H8121 | עַל־ ઉપર
רֹאשׁ માથે | יוֹנָה યોનાને H3124 | וַיִּתְעַלָּף અને-મૂર્છા-પામ્યો H5968 | וַיִּשְׁאַל અને-ઇચ્છ્યું H7592 | אֶת־ — H0853 | נַפְשׁוֹ પોતાને-જીવન H5315 | לָמוּת મરવાનું H4191 | וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | טוֹב સારું-છે | מוֹתִי મારું-મૃત્યુ H4191
מֵחַיָּי׃ મારે-જીવન-કરતાં

પછી જયારે સૂર્ય આકાશ ઉપર આવ્યો ત્યારે ઈશ્વરે પૂર્વ તરફથી ગરમ પવન વાતો કર્યો. તેનાથી, માથા પર આવેલા સખત તડકાને લીધે યૂના મૂર્છિત થયો. તેથી મોત માગતાં તે બોલ્યો કે, “મારા માટે જીવવા કરતા મરવું વધારે સારું છે.”

9
וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | אֱלֹהִים ઈશ્વરે H0430 | אֶל־ તરફ H0413 | יוֹנָה યોના H3124 | הַהֵיטֵב શું-યોગ્ય-છે H3190 | חָרָה־ ગુસ્સો-થવો H2734 | לְךָ તને | עַל־ વિષે | הַקִּיקָיוֹן એરંડાને-વેલો H7021 | וַיֹּאמֶר અને-કહ્યુ H0559 | הֵיטֵב યોગ્ય-છે H3190
חָרָה־ ગુસ્સો-થવો H2734 | לִי મને | עַד־ મરવા-સુધી H5704 | מָוֶת׃ મૃત્યુને H4194

ત્યારે ઈશ્વરે યૂનાને કહ્યુ, “છોડના લીધે તું અતિ ક્રોધિત છે તે શું સારું છે?”

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְלֹ֣א | בּ֖וֹ | עָמַ֥לְתָּ | לֹא־ | אֲשֶׁ֥ר | הַקִּֽיקָיוֹן֙ | עַל־ | חַ֙סְתָּ֙ | אַתָּ֤ה | יְהוָ֗ה | וַיֹּ֣אמֶר | 10 |
| અને-નહિ | તેને-માટે | મહેનત-કરી | નહિ | જેને | એરંડાને-વેલો | વિષે | દયા-કરી | તેં | યહોવાહે | અને-કહ્યુ | |
| H3808 | | H5998 | H3808 | | H7021 | | H2347 | | H3068 | H0559 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| אָבָֽד׃ | לַ֖יְלָה | וּבִן־ | הָיָ֔ה | לַ֥יְלָה | שֶׁבִּן־ | גִדַּלְתּ֑וֹ |
| નાશ-પામ્યો | — | અને-એક-રાતમાં | આવ્યો | — | જે-એક-રાતમાં | ઉગાડ્યો-તેં |
| H0006 | H3915 | | H1961 | H3915 | | H1431 |

ત્યારે ઈશ્વરે તેને કહ્યુ કે, આ છોડ કે જેને માટે તેં નથી શ્રમ કર્યો કે નથી તેને ઉગાવ્યો. તે એક રાત્રે ઊગ્યો અને બીજી રાત્રિએ નષ્ટ થયો + 4:10 રાત્રીનો દીકરો. આ છોડ પર તને અનુકંપા થઈ રહી છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַרְבֵּ֗ה | בָּ֜הּ | יֶשׁ־ | אֲשֶׁ֣ר | הַגְּדוֹלָ֑ה | הָעִ֣יר | נִֽינְוֵ֖ה | עַל־ | אָח֔וּס | לֹ֣א | וַֽאֲנִ֗י | 11 |
| ઘણા | તેમાં | છે | જેમાં | મોટી | નગર | નીનવેહ | વિષે | દયા-કરું | નહિ | અને-હું | |
| | | H3426 | | | | H5210 | | H2347 | H3808 | H0589 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לִשְׂמֹאל֔וֹ | יְמִינ֣וֹ | בֵּין־ | יָדַ֜ע | לֹא־ | אֲשֶׁ֨ר | אָדָ֗ם | רִבּ֜וֹ | עֶשְׂרֵ֨ה | מִֽשְׁתֵּים־ |
| અને-ડાબે | — | જમણે-હાથ-વચ્ચે | જાણે-છે | નહિ | જેઓ | માણસો | — | — | એક-લાખ-વીસ-હજાર-કરતાં |
| H8040 | H3225 | H0996 | H3045 | H3808 | | H0120 | H7239 | H6240 | H8147 |

| | |
|---|---|
| רַבָּֽה׃ | וּבְהֵמָ֖ה |
| ઘણાં | અને-ઘણાં-પશુઓ-પણ |
| | H0929 |

તો આ મહાનગર નિનવે કે જેમાં એક લાખ વીસ હજાર લોકો એવા છે કે જેઓ તેમના પોતાના જમણાં કે ડાબા હાથ વચ્ચે શો તફાવત છે તે પણ સમજતા નથી. વળી જે નગરમાં ઘણાં જાનવર છે. એ નગર પર મને અનુકંપા ના ઊપજે?”

# મીખા

## Chapter 1

1

| דְּבַר־ | יְהוָה | אֲשֶׁר | הָיָה | אֶל־ | מִיכָה | הַמֹּרַשְׁתִּי | בִּימֵי | יוֹתָם | אָחָז | יְחִזְקִיָּה |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વચન | યહોવાહનું | જે | આવ્યું | પ્રત્યે | મીખાહ | મોરેશેથી | દિવસોમાં | યોથામ | આહાઝ | હિઝકિયાહના |
| H1697 | H3068 | | H1961 | H0413 | H4318 | H4183 | H3117 | H3147 | H0271 | H2396 |

| מַלְכֵי | יְהוּדָה | אֲשֶׁר־ | חָזָה | עַל־ | שֹׁמְרוֹן | וִירוּשָׁלִָם׃ |
|---|---|---|---|---|---|---|
| રાજાઓના | યહૂદાહના | જે | દર્શન-જોયું | વિષે | સમરૂનના | અને-યરૂશાલેમના |
| H4428 | H3063 | | H2372 | | H8111 | H3389 |

યહૂદિયાના રાજાઓ યોથામ, આહાઝ અને હિઝકિયાના શાસન દરમ્યાન યહોવાહનું વચન મીખાહ મોરાશ્તી પાસે આવ્યું. અને જે તેને સમરુન તથા યરુશાલેમ સંબંધીના સંદર્શનમાં પ્રાપ્ત થયું તે આ છે.

2

| שִׁמְעוּ | עַמִּים | כֻּלָּם | הַקְשִׁיבִי | אֶרֶץ | וּמְלֹאָהּ | וִיהִי | אֲדֹנָי | יְהוִה | בָּכֶם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સાંભળો | લોકો | બધા | કાન-દો | પૃથ્વી | અને-તેની-પૂર્ણતા | અને-થાઓ | પ્રભુ | યહોવાહ | તમારી-વિરુદ્ધ |
| H8085 | | H3605 | H7181 | H0776 | H4393 | H1961 | H0136 | H3069 | |

| לְעֵד | אֲדֹנָי | מֵהֵיכַל | קָדְשׁוֹ׃ |
|---|---|---|---|
| સાક્ષી-રૂપે | પ્રભુ | પોતાના-પવિત્ર-મંદિરમાંથી | પવિત્રના |
| H5707 | H0136 | H1964 | H6944 |

હે સર્વ પ્રજાઓ, સાંભળો. પૃથ્વી તથા તેના પર રહેનારાઓ સર્વ ધ્યાન આપો. પ્રભુ પોતાના પવિત્ર સભાસ્થાનમાંથી, એટલે પ્રભુ યહોવાહ તમારી વિરુદ્ધ સાક્ષી આપે છે.

3

| כִּי־ | הִנֵּה | יְהוָה | יֹצֵא | מִמְּקוֹמוֹ | וְיָרַד | וְדָרַךְ | עַל־ | [במותי] | (בָּמֳתֵי) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | જુઓ | યહોવાહ | નીકળે-છે | પોતાના-સ્થાનેથી | અને-ઊતરશે | અને-ચાલશે | ઉપર | ઊંચાઈઓ | ઊંચા-સ્થાનો-પર |
| | H2009 | H3068 | H3318 | H4725 | H3381 | H1869 | | H1116 | H1116 |

| אָרֶץ׃ |
|---|
| પૃથ્વીના |
| H0776 |

જુઓ, યહોવાહ પોતાના સ્થાનમાંથી આવે છે; તે નીચે ઊતરીને પૃથ્વીનાં ઉચ્ચસ્થાનો પર ચાલે છે.

4

| וְנָמַסּוּ | הֶהָרִים | תַּחְתָּיו | וְהָעֲמָקִים | יִתְבַּקָּעוּ | כַּדּוֹנַג | מִפְּנֵי | הָאֵשׁ | כְּמַיִם | מֻגָּרִים |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ઓગળશે | પર્વતો | તેમની-નીચે | અને-ખીણો | ફાટી-જશે | મીણની-જેમ | સામે | અગ્નિના | પાણીની-જેમ | રેડાયેલાં |
| H4549 | H2022 | H8478 | H6010 | H1234 | H1749 | H6440 | H0784 | H4325 | H5064 |

| בְּמוֹרָד׃ |
|---|
| ઢોળાવ-પર |
| H4174 |

તેમના પગ નીચે, પર્વતો મીણની જેમ ઓગળે છે, અને ઢોળાવવાળી જગ્યા ઉપરથી વહી જતાં પાણીના ધોધની જેમ, ખીણો ફાટી જાય છે.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יַעֲקֹב | פֶּשַׁע | מִי־ | יִשְׂרָאֵל | בֵּית | וּבְחַטֹּאות | זֹאת | כָּל־ | יַעֲקֹב | בְּפֶשַׁע |
| યાકૂબનો | અપરાધ | કોણ-છે | ઇસ્રાએલના | ઘરના | અને-પાપોને-લીધે | છે | આ-બધું | યાકૂબના | અપરાધને-લીધે |
| H3290 | H6588 | H4310 | H3478 | | | H2063 | H3605 | H3290 | H6588 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יְרוּשָׁלִָם׃ | הֲלוֹא | יְהוּדָה | בָּמוֹת | וּמִי | שֹׁמְרוֹן | הֲלוֹא |
| યરૂશાલેમ | શું-નહિ | યહૂદાહનાં | ઊંચાં-સ્થાનો | અને-કોણ-છે | સમરૂન | શું-નહિ |
| H3389 | H3808 | H3063 | H1116 | H4310 | H8111 | H3808 |

આ બધાનું કારણ યાકૂબના અપરાધો છે, અને ઇઝરાયલના કુળના અપરાધોને લીધે એ સર્વ થયું છે. યાકૂબનો અપરાધ શો છે? શું તે સમરુન નથી? અને યહૂદિયાનાં ઉચ્ચસ્થાન ક્યાં છે? શું તે યરુશાલેમ નથી?

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֲבָנֶיהָ | לַגַּי | וְהִגַּרְתִּי | כָרֶם | לְמַטָּעֵי | הַשָּׂדֶה | לְעִי | שֹׁמְרוֹן | וְשַׂמְתִּי |
| તેના-પથ્થરો | ખીણમાં | અને-ઢાળીશ | દ્રાક્ષાવાડીના | દ્રાક્ષાવાડીના-રોપણ-માટે | ખેતરનું | ખંડેર | સમરૂનને | અને-હું-બનાવીશ |
| H0068 | H1516 | H5064 | H3754 | H4302 | | H5856 | H8111 | |

| | |
|---|---|
| אֲגַלֶּה׃ | וִיסֹדֶיהָ |
| ઉઘાડા-કરીશ | અને-તેના-પાયા |
| H1540 | H3247 |

“તેથી હું સમરુનને ખેતરના ઢગલા જેવું, અને દ્રાક્ષવાડી રોપવાના સ્થાન જેવું કરીશ. તેના પથ્થરોને હું ખીણોમાં ગબડાવી દઈશ; અને તેના પાયાને ઉઘાડા કરી દઈશ.

7

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בָאֵשׁ | יִשָּׂרְפוּ | אֶתְנַנֶּיהָ | וְכָל־ | יֻכַּתּוּ | פְסִילֶיהָ | וְכָל־ |
| અગ્નિમાં | બાળી-નાખવામાં-આવશે | તેની-વેશ્યાવૃત્તિની-કમાણી | અને-બધી | ભાંગી-નાખવામાં-આવશે | તેની-મૂર્તિઓ | અને-બધી |
| H0784 | H8313 | H0868 | H3605 | H3807 | H6456 | H3605 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְעַד־ | קִבָּצָה | זוֹנָה | מֵאֶתְנַן | כִּי | שְׁמָמָה | אָשִׂים | עֲצַבֶּיהָ | וְכָל־ |
| અને-ફરીથી | એકત્ર-કરી | વેશ્યાની | વેશ્યાવૃત્તિની-કમાણીમાંથી | કારણ-કે | ઉજ્જડ | હું-કરીશ | તેની-મૂર્તિઓ | અને-બધી |
| H5704 | H6908 | H2181 | H0868 | | | | H6091 | H3605 |

| | | |
|---|---|---|
| יָשׁוּבוּ׃ | זוֹנָה | אֶתְנַן |
| પાછાં-જશે | વેશ્યાની | વેશ્યાવૃત્તિની-કમાણી |
| H7725 | H2181 | H0868 |

તેની મૂર્તિઓના ટુકડે ટુકડા થઈ જશે, તેની બધી કમાણી આગમાં ભસ્મ થઈ જશે. અને તેના બધા જૂઠા દેવોની પ્રતિમાઓના હું ચૂરેચૂરા કરી નાખીશ. કેમ કે તેણે એ બધું ગણિકાની કમાણી રૂપે મેળવ્યું છે, અને તે ગણિકાની કમાણી તરીકે જ પાછું જશે.”

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מִסְפֵּד | אֶעֱשֶׂה | וְעָרוֹם | )שׁוֹלָל( | ]שׁילל[ | אֵילְכָה | וְאֵילִילָה | אֶסְפְּדָה | זֹאת | עַל־ |
| શોક | હું-કરીશ | અને-નગ્ન | ખુલ્લું | ઉઘાડપગું | હું-ચાલીશ | અને-રડીશ | હું-વિલાપ-કરીશ | આને-લીધે | આ-પર |
| H4553 | | H6174 | H7758 | H7758 | H3212 | H3213 | H5594 | H2063 | |

| | | | |
|---|---|---|---|
| יַעֲנָה׃ | כִּבְנוֹת | וְאֵבֶל | כַּתַּנִּים |
| દીકરીઓનો | શાહમૃગની-જેમ | અને-વિલાપ | શિયાળોની-જેમ |
| H3284 | H1323 | H0060 | |

અને લીધે હું પોક મૂકીને વિલાપ કરીશ; અને ઉઘાડા પગે નિર્વસ્ત્ર થઈને ફરીશ; હું શિયાળવાંની જેમ રડીશ, અને ઘુવડની જેમ કળકળીશ.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַמִּי | שַׁעַר | עַד־ | נָגַע | יְהוּדָה | עַד־ | בָּאָה | כִּי־ | מַכּוֹתֶיהָ | אֲנוּשָׁה | כִּי |
| મારા-લોકોના | દરવાજા | સુધી | પહોંચ્યું | યહૂદાહ | સુધી | આવ્યું-છે | કારણ-કે | તેના-ઘા | અસાધ્ય-છે | કારણ-કે |
| | H8179 | H5704 | H5060 | H3063 | H5704 | H0935 | | H4347 | H0605 | |

| | |
|---|---|
| יְרוּשָׁלִָם׃ | עַד־ |
| યરૂશાલેમ | સુધી |
| H3389 | H5704 |

તેના પ્રહાર રુઝાવી શકાય એવું નથી, કેમ કે યહૂદિયા સુધી ન્યાયચુકાદો આવ્યો છે. તે મારા લોકોના દરવાજા સુધી, છેક યરુશાલેમ સુધી આવી પહોંચ્યો છે.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| )הִתְפַּלָּשִׁי׃( | ]התפלשתי[ | עָפָר | לְעַפְרָהבְּבֵית | תִּבְכּוּ | אַל־ | בָכוֹ | תַּגִּידוּ | אַל־ | בְגַת |
| લોટી-પડો | આળોટો | ધૂળમાં | બેથ-લે-આફ્રાહમાં | રડો | ના | રડવામાં | કહો | ના | ગાથમાં |
| H6428 | H6428 | H6083 | H1036 | H1058 | H0408 | H1058 | H5046 | H0408 | H1661 |

ગાથમાં તે કહેશો નહિ; બિલકુલ વિલાપ કરશો નહિ; બેથ-લેઆફ્રાહમાં + 1:10 ધૂળનો ઘર, હું પોતાને ધૂળમાં ઢાંકું છું.

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עִבְרִי | לָכֶם | יוֹשֶׁבֶת | שָׁפִיר | עֶרְיָה־ | בֹשֶׁת | לֹא | יָצְאָה | יוֹשֶׁבֶת | צַאֲנָן | מִסְפַּד |
| પસાર-થાઓ | તમારા-માટે | નિવાસી | શાફીરના | નગ્નતા | લજ્જામાં | નથી | નીકળી | નિવાસી | સાઅનાનની | શોક |
| | | H3427 | H8208 | H6181 | H1322 | H3808 | H3318 | H3427 | H6630 | H5594 |

| | | | |
|---|---|---|---|
| הָאֵצֶלבֵּית | יִקַּח | מִכֶּם | עֶמְדָּתוֹ׃ |
| બેથ-હાએસેલનો | લઈ-લેશે | તમારી-પાસેથી | તેનું-ઊભા-રહેવાનું-સ્થાન |
| H1018 | H3947 | | H5979 |

હે શાફીરના રહેવાસીઓ, નિર્વસ્ત્ર તથા બદનામ થઈને તું ચાલ્યો જા. સાનાનના રહેવાસીઓ, પોતાના ઘરની બહાર નીકળતા નથી. બેથ-એસેલ વિલાપ કરે છે, તમારી પાસેથી તેનું સ્થળ લઈ લેશે.

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | חָלָה | לְטוֹב | יוֹשֶׁבֶת | מָרוֹת | כִּי־ | יָרַד | רָע | מֵאֵת | יְהוָה | לְשַׁעַר |
| કારણ-કે | પીડાય-છે | ભલાઈ-માટે | નિવાસી | મારોથની | કારણ-કે | ઊતર્યું-છે | અનિષ્ટ | તરફથી | યહોવાહ | દરવાજા-સુધી |
| | | | H3427 | H4796 | | H3381 | | H0854 | H3068 | H8179 |

| |
|---|
| יְרוּשָׁלִָם׃ |
| યરૂશાલેમના |
| H3389 |

કેમ કે મારોથના લોકો ચિંતાતુર થઈને કંઈ સારું થાય તેની રાહ જોએ છે, કેમ કે, યહોવાહ તરફથી, યરુશાલેમના દરવાજા સુધી આફત + 1:12 કડવારૂપ આવી પહોંચી છે.

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| רְתֹם | הַמֶּרְכָּבָה | לָרֶכֶשׁ | יוֹשֶׁבֶת | לָכִישׁ | רֵאשִׁית | חַטָּאת | הִיא | לְבַת־ | צִיּוֹן | כִּי־ |
| જોડો | રથને | ઘોડાઓ-સાથે | નિવાસી | લાખીશની | શરૂઆત | પાપની | તે-હતી | દીકરી-માટે | સિયોનની | કારણ-કે |
| H7573 | H4818 | H7409 | H3427 | H3923 | H7225 | | H1931 | H1323 | H6726 | |

| | | | |
|---|---|---|---|
| בָךְ | נִמְצְאוּ | פִּשְׁעֵי | יִשְׂרָאֵל׃ |
| તારામાં | મળ્યાં | અપરાધો | ઇસ્રાએલનાં |
| | H4672 | H6588 | H3478 |

હે લાખીશના લોકો, રથને ઘોડા જોડો. સિયોનની દીકરી માટે પાપની શરૂઆત કરનાર તે હતી, અને તમારામાં ઇઝરાયલના અપરાધ મળ્યા હતા.

14

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לָכֵן | תִּתְּנִי | שִׁלּוּחִים | עַל | גַּתמוֹרֶשֶׁת | בָתֵּי | אַכְזִיב | לְאַכְזָב | לְמַלְכֵי |
| માટે | તું-આપીશ | વિદાયભેટ | ઉપર | મોરેશેથ-ગાથને | ઘરો | આખ્ઝીબના | છેતરામણ-થશે | રાજાઓ-માટે |
| | H5414 | H7964 | | H4182 | | H0392 | H0391 | H4428 |

| |
|---|
| יִשְׂרָאֵל׃ |
| ઇસ્રાએલના |
| H3478 |

અને તેથી તું મોરેશેથ-ગાથને વિદાયની ભેટ આપશે. આખ્ઝીબના કુળો ઇઝરાયલના રાજાઓ સાથે કપટ કરશે + 1:14 જૂઠ બોલશે.

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עֹד | הַיֹּרֵשׁ | אָבִי | לָךְ | יוֹשֶׁבֶת | מָרֵשָׁה | עַד־ | עֲדֻלָּם | יָבוֹא | כְּבוֹד | יִשְׂרָאֵל׃ |
| હજુ | વારસો-લેનાર | હું-લાવીશ | તારા-પર | નિવાસી | મારેશાહની | સુધી | અદુલ્લામ | આવશે | મહિમા | ઇસ્રાએલનો |
| H5750 | H3423 | H0935 | | H3427 | H4762 | H5704 | H5725 | H0935 | H3519 | H3478 |

હે મારેશાના રહેવાસી, હું તારા માટે એક એવો વારસ લાવીશ કે જે તને કબજે કરશે. ઇઝરાયલનું ગૌરવ અદુલ્લામની ગુફામાં + 1:15 આશ્રય પણ આવશે.

16

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| קָרְחִי | וָגֹזִּי | עַל־ | בְּנֵי | תַּעֲנוּגָיִךְ | הַרְחִבִי | קָרְחָתֵךְ | כַּנֶּשֶׁר | כִּי | גָלוּ |
| મૂંડાવો | અને-કાપો | માટે | સંતાનો | તારા-વહાલાં | પહોળું-કરો | તારું-ટાલ | ગીધની-જેમ | કારણ-કે | બંદીવાન-થયાં |
| H7139 | H1494 | | | H8588 | H7337 | H7144 | H5404 | | H1540 |

| | |
|---|---|
| מִמֵּךְ׃ | ס |
| તારાથી-દૂર | — |

તારાં પ્રિય સંતાનોને લીધે, તારા માથાના વાળ કપાવ, અને તારું માથું મૂંડાવ. અને ગરુડની જેમ તારી ટાલ વધાર, કારણ કે તેઓ તારી પાસેથી ગુલામગીરીમાં ગયા છે.

## Chapter 2

1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הֹוי | חֹשְׁבֵי־ | אָוֶן | וּפֹעֲלֵי | רָע | עַל־ | מִשְׁכְּבוֹתָם | בְּאוֹר | הַבֹּקֶר | יַעֲשׂוּהָ |
| અરે | વિચારનારાઓ | દુષ્ટતાના | અને-કરનારાઓ | અનિષ્ટ | ઉપર | તેમના-પલંગો-પર | પ્રકાશમાં | સવારના | તેઓ-કરે-છે-તે |
| H1945 | H2803 | H0205 | H6466 | | | H4904 | H0216 | H1242 | |
| כִּי | יֶשׁ־ | לְאֵל | יָדָם׃ | | | | | | |
| કારણ-કે | છે | ઈશ્વરની-શક્તિ | તેમના-હાથમાં | | | | | | |
| | H3426 | H0410 | H3027 | | | | | | |

જેઓ દુષ્ટતા આચરવાની યોજનાઓ કરે છે, જેઓ બિછાનામાં રહીને પાપ કરવાની યોજના કરે છે તેઓને ધિક્કાર છે. પછી પ્રભાતના પ્રકાશમાં તેઓ તેનો અમલ કરે છે, કેમ કે તેઓની પાસે સામર્થ્ય છે.

2

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְחָמְדוּ | שָׂדוֹת | וְגָזָלוּ | וּבָתִּים | וְנָשָׂאוּ | וְעָשְׁקוּ | גֶּבֶר | וּבֵיתוֹ |
| અને-લાલચ-કરે-છે | ખેતરો | અને-છીનવે-છે | અને-ઘરો | અને-લઈ-લે-છે | અને-ત્રાસ-આપે-છે | માણસ-પર | અને-તેના-ઘર-પર |
| | | H1497 | | H5375 | H6231 | H1397 | |
| וְאִישׁ | וְנַחֲלָתוֹ׃ | פ | | | | | |
| અને-વ્યક્તિ-પર | અને-તેના-વારસા-પર | — | | | | | |
| H0376 | H5159 | | | | | | |

તેઓ ખેતરો મેળવવાની ઇચ્છા રાખે છે તેથી તેને ઘેરી વળે છે; તેઓ ઘર મેળવવાની ઇચ્છા રાખે છે તેથી તેને લઈ લે છે. તેઓ માણસને અને તેના ઘરને, માણસને તથા તેના વારસા પર જુલમ કરે છે.

3

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| לָכֵן | כֹּה | אָמַר | יְהוָה | הִנְנִי | חֹשֵׁב | עַל־ | הַמִּשְׁפָּחָה | הַזֹּאת | רָעָה | אֲשֶׁר | לֹא־ |
| માટે | આમ | કહે-છે | યહોવાહ | જુઓ-હું | વિચારું-છું | વિરુદ્ધ | આ-કુટુંબના | આ | અનિષ્ટ | જેમાંથી | નહિ |
| | H3541 | H0559 | H3068 | H2009 | H2803 | | H4940 | H2063 | | | H3808 |
| תָמִישׁוּ | מִשָּׁם | צַוְּארֹתֵיכֶם | וְלֹא | תֵלְכוּ | רוֹמָה | כִּי | עֵת | רָעָה | הִיא׃ | | |
| છૂટાવી-શકશો | ત્યાંથી | તમારી-ગરદનો | અને-નહિ | ચાલશો | ગર્વથી | કારણ-કે | સમય | અનિષ્ટનો | છે-તે | | |
| H4185 | H8033 | | H3808 | H3212 | H7317 | | H6256 | | H1931 | | |

તેથી યહોવાહ આ પ્રમાણે કહે છે કે; “જુઓ, હું આ કુળ ઉપર આફત લાવવાનો છું, એમાંથી તમે તમારી જાતને બચાવી શકો નહિ, અને તમે હવે હોશિયારીથી ચાલી શકશો નહિ, કેમ કે તે ભયાનક સમય હશે.

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בַּיּוֹם | הַהוּא | יִשָּׂא | עֲלֵיכֶם | מָשָׁל | וְנָהָה | נְהִי | נִהְיָה | אָמַר | שָׁדוּד |
| તે-દિવસે | તે | ઉઠાવશે | તમારી-વિરુદ્ધ | દૃષ્ટાંત | અને-વિલાપ-કરશે | વિલાપ | થયું-છે | કહેશે | સંપૂર્ણપણે |
| H3117 | H1931 | H5375 | | H4912 | H5091 | H5092 | H5093 | H0559 | H7703 |
| נְשַׁדֻּנוּ | חֵלֶק | עַמִּי | יָמִיר | אֵיךְ | יָמִישׁ | לִי | לְשׁוֹבֵב | שָׂדֵינוּ | |
| આપણે-લૂંટાયા | ભાગ | મારા-લોકોનો | બદલાય-છે | કેવી-રીતે | દૂર-થાય-છે | મારાથી | વિશ્વાસઘાતી-ને | આપણાં-ખેતરો | |
| H7703 | | | H4171 | | H4185 | | H7728 | | |
| יְחַלֵּק׃ | | | | | | | | | |
| વહેંચે-છે | | | | | | | | | |

તે દિવસે તમારા શત્રુઓ તમને મહેણાં ટોણાં મારશે, અને તમારે માટે વિલાપનાં ગીતો ગાઈને રુદન કરશે. તેઓ ગાશે કે, ‘આપણે ઇઝરાયલીઓ તો સંપૂર્ણ રીતે પાયમાલ થઈ ગયા છીએ; યહોવાહે અમારા લોકનો પ્રદેશ બદલી નાખ્યો છે, મારી પાસેથી તે કેવી રીતે લઈ લીધો છે? અને તે યહોવાહ અમારા ખેતરો અમને દગો આપનારાઓ વચ્ચે વહેંચી આપે છે”

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לָכֵן | לֹא־ | יִהְיֶה | לְךָ | מַשְׁלִיךְ | חֶבֶל | בְּגוֹרָל | בִּקְהַל | יְהוָה׃ |
| માટે | નહિ | હશે | તારા-માટે | દોરી-ફેંકનાર | ભાગ | ચિઠ્ઠી-દ્વારા | સભામાં | યહોવાહની |
| | H3808 | H1961 | | H7993 | | H1486 | H6951 | H3068 |

એ માટે, જ્યારે યહોવાહ લોકોની જમીન માટે ચિઠ્ઠીઓ નાખશે, ત્યારે તમને તે નહિ મળે.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אַל־ | תַּטִּפוּ | יַטִּיפוּן | לֹא־ | יַטִּפוּ | לָאֵלֶּה | לֹא | יִסַּג | כְּלִמּוֹת׃ |
| ના | ભવિષ્યવાણી–કરો | તેઓ–ભવિષ્યવાણી–કરે–છે | નહિ | ભવિષ્યવાણી–કરે | આ–લોકોને | નહિ | અટકે | લજ્જા |
| H0408 | H5197 | H5197 | H3808 | H5197 | H0428 | H3808 | H5253 | H3639 |

તેઓ કહે છે, પ્રબોધ કરશો નહિ. તેઓએ આ બાબતોનો પ્રબોધ કરવો નહિ; આપણી ઉપર આ લાંછન દૂર થવાનું નથી."

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הֶאָמוּר | בֵּית־ | יַעֲקֹב | הֲקָצַר | רוּחַ | יְהוָה | אִם־ | אֵלֶּה | מַעֲלָלָיו | הֲלוֹא |
| શું–કહેવાય–છે | ઘરના | યાકૂબના | શું–ટૂંકો–છે | આત્મા | યહોવાહનો | શું | આ | તેમનાં–કાર્યો–છે | શું–નહિ |
| H0559 | | H3290 | | H7307 | H3068 | | H0428 | H4611 | H3808 |

| | | | | |
|---|---|---|---|---|
| דְבָרַי | יֵיטִיבוּ | עִם | הַיָּשָׁר | הוֹלֵךְ׃ |
| મારાં–વચનો | ભલું–કરે–છે | જેની–સાથે | સીધા–ચાલનાર | ચાલે–છે |
| H1697 | H3190 | | H3477 | H1980 |

હે યાકૂબના વંશજો શું આવું કહેવાશે કે, યહોવાહનો આત્મા સંકોચાયો છે? આ શું તેમના કાર્યો છે? જેઓ નીતિમત્તાથી ચાલે છે, સદાચારીને માટે મારા શબ્દો હિતકારક નથી?

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְאֶתְמוּל | עַמִּי | לְאוֹיֵב | יְקוֹמֵם | מִמּוּל | שַׂלְמָה | אֶדֶר | תַּפְשִׁטוּן | מֵעֹבְרִים | בֶּטַח |
| અને–ગઈ–કાલે | મારા–લોકો | શત્રુ–તરીકે | ઊઠ્યા | ઉપરથી | વસ્ત્ર | આભૂષણ | તમે–ઉતારો–છો | પસાર–થતાં | ભરોસાથી |
| H0865 | | H0341 | | H4136 | H8008 | H0145 | H6584 | | H0983 |

| | |
|---|---|
| שׁוּבֵי | מִלְחָמָה׃ |
| પાછા–ફરનારાઓ | યુદ્ધથી |
| H7725 | H4421 |

પણ છેવટે થોડી મુદતથી મારા લોકો શત્રુની જેમ ઊઠ્યા છે. જેઓ એવું વિચારે છે કે તેઓ યુદ્ધમાંથી પાછા ફરતા લોકોની જેમ સુરક્ષિત છે, તેવા નિર્ભયપણે ચાલતાં લોકોના વસ્ત્રમાંથી તમે ઝભ્ભા ઉતારી નાખો છો.

9

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| נְשֵׁי | עַמִּי | תְּגָרְשׁוּן | מִבֵּית | תַּעֲנֻגֶיהָ | מֵעַל | עֹלָלֶיהָ | תִּקְחוּ |
| સ્ત્રીઓને | મારા–લોકોની | તમે–હાંકી–કાઢો–છો | તેમના–ઘરમાંથી | તેમના–આનંદના | ઉપરથી | તેમના–બાળકોથી | તમે–લઈ–લો–છો |
| H0802 | | H1644 | | H8588 | | H5768 | H3947 |

| | |
|---|---|
| הֲדָרִי | לְעוֹלָם׃ |
| મારી–મહિમા | સદાકાળ–માટે |
| H1926 | H5769 |

મારા લોકોની સ્ત્રીઓને તમે તેઓનાં આરામદાયક ઘરોમાંથી કાઢી મૂકો છો; અને તેઓનાં બાળકો પાસેથી મારો આશીર્વાદ તમે સદાને માટે લઈ લો છો.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| קוּמוּ | וּלְכוּ | כִּי | לֹא־ | זֹאת | הַמְּנוּחָה | בַּעֲבוּר | טָמְאָה | תְּחַבֵּל | וְחֶבֶל |
| ઊઠો | અને–જાઓ | કારણ–કે | નથી | આ | વિશ્રામ–સ્થાન | કારણે | અશુદ્ધતાના | વિનાશ–કરશે | અને–વિનાશ |
| | H3212 | | H3808 | H2063 | H4496 | H5668 | | | |

| |
|---|
| נִמְרָץ׃ |
| ભયંકર |
| H4834 |

ઊઠો, ચાલ્યા જાઓ, કેમ કે જ્યાં તમે રહો છો એ તમારું સ્થાન નથી, કેમ કે તેની અશુદ્ધિ; હા ભયંકર વિનાશકારક મલિનતા એ તેનું કારણ છે.

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לוּ־ | אִישׁ | הֹלֵךְ | רוּחַ | וָשֶׁקֶר | כִּזֵּב | אַטִּף | לְךָ | לַיַּיִן | וְלַשֵּׁכָר |
| જો | કોઈ–માણસ | ચાલતો | પવન | અને–જૂઠ | બોલતો | હું–પ્રબોધ–કરીશ | તમને | દ્રાક્ષારસ–માટે | અને–મદિરા–માટે |
| H3863 | H0376 | H1980 | H7307 | H8267 | H3576 | H5197 | | H3196 | H7941 |

| | | | |
|---|---|---|---|
| וְהָיָה | מַטִּיף | הָעָם | הַזֶּה׃ |
| અને–તે–હશે | પ્રબોધક | આ–લોકોનો | આ |
| H1961 | H5197 | | H2088 |

જો કોઈ અપ્રામાણિક અને દુરાચારી વ્યક્તિ જૂઠું બોલીને પ્રબોધ કરે કે, “હું કહું છું કે, તમને દ્રાક્ષારસ અને મધ મળશે,” તો તે જ આ લોકોનો પ્રબોધક થશે.

12
אָסֹף ચોક્કસ H0622 | אֶאֱסֹף ભેગા-કરીશ H0622 | יַעֲקֹב યાકૂબ H3290 | כֻּלָּךְ તને-સર્વને H3605 | קַבֵּץ ચોક્કસ H6908 | אֲקַבֵּץ એકત્ર-કરીશ H6908 | שְׁאֵרִית બાકીનાં H7611 | יִשְׂרָאֵל ઇસ્રાએલનાં H3478 | יַחַד એકસાથે | אֲשִׂימֶנּוּ હું-મૂકીશ-તેમને
כְּצֹאן ઘેટાંની-જેમ H6629 | בָּצְרָה વાડામાં H1223 | כְּעֵדֶר ટોળાની-જેમ H5739 | בְּתוֹךְ વચ્ચે H8432 | הַדָּבְרוֹ તેના-ગોચરમાં | תְּהִימֶנָה ગૂંજી-ઊઠશે H1949 | מֵאָדָם׃ માણસોથી H0120

હે યાકૂબ હું નિશ્ચે તારા સર્વ લોકોને ભેગા કરીશ. હું ઇઝરાયલના બચેલાઓને ભેગા કરીશ. હું તેમને વાડાનાં ઘેટાંની જેમ ભેગા કરીશ તથા ગૌચરના ઘેટાંના ટોળાંની જેમ તેઓ લોકોના ટોળાને લીધે મોટો ઘોંઘાટ કરશે.

13
עָלָה ચઢ્યો H5927 | הַפֹּרֵץ ભાંગનાર H6555 | לִפְנֵיהֶם તેમની-આગળ H6440 | פָּרְצוּ તેઓ-તોડ્યું H6555 | וַיַּעֲבֹרוּ અને-પસાર-થયા | שַׁעַר દ્વાર H8179 | וַיֵּצְאוּ અને-નીકળ્યા H3318 | בוֹ તેમાંથી | וַיַּעֲבֹר અને-પસાર-થયા
מַלְכָּם તેમના-રાજા H4428 | לִפְנֵיהֶם તેમની-આગળ H6440 | וַיהוָה અને-યહોવાહ H3068 | בְּרֹאשָׁם׃ તેમના-મોખરે | פ —

છીંડું પાડનાર તેઓની આગળથી નીકળી ગયો છે. તેઓ ઘસારાબંધ દરવાજા સુધી ચાલી જઈને તેમાં થઈને બહાર આવ્યા છે; રાજા તેઓની પહેલાં પસાર થઈ ગયો છે, યહોવાહ તેમના આગેવાન છે.

## Chapter 3

1
וָאֹמַר અને-મેં-કહ્યુ H0559 | שִׁמְעוּ־ સાંભળો H8085 | נָא હવે H4994 | רָאשֵׁי આગેવાનો | יַעֲקֹב યાકૂબના H3290 | וּקְצִינֵי અને-શાસકો H7101 | בֵּית ઘરના | יִשְׂרָאֵל ઇસ્રાએલના H3478 | הֲלוֹא શું-નહિ H3808 | לָכֶם તમારે | לָדַעַת જાણવું H3045
אֶת־ (blank) H0853 | הַמִּשְׁפָּט׃ ન્યાય H4941

મેં કહ્યુ, “હે યાકૂબના આગેવાનો, અને ઇઝરાયલ દેશના શાસકો, હવે સાંભળો; શું ન્યાયને જાણવાની તમારી ફરજ નથી?

2
שֹׂנְאֵי ધિક્કારનારાઓ H8130 | טוֹב ભલાઈના | וְאֹהֲבֵי અને-પ્રેમીઓ H0157 | ]רעה[ અનિષ્ટના | )רָע( અનિષ્ટ | גֹּזְלֵי છીનવનારાઓ H1497 | עוֹרָם તેમની-ચામડી H5785 | מֵעֲלֵיהֶם તેમના-ઉપરથી | וּשְׁאֵרָם અને-તેમનું-માંસ H7607
מֵעַל તેમનાં-ઉપરથી | עַצְמוֹתָם׃ તેમનાં-હાડકાં H6106

તમે જેઓ ન્યાયને ધિક્કારો છો, અને દુષ્ટતા પર પ્રેમ રાખો છો, તમે મારા લોકોના શરીર પરથી ચામડી અને તેના હાડકાં ઉપરથી માંસ ઉતારી લો છો.

3
וַאֲשֶׁר અને-જેઓએ | אָכְלוּ ખાધું-છે H0398 | שְׁאֵר માંસ H7607 | עַמִּי મારા-લોકોનું | וְעוֹרָם અને-તેમની-ચામડી H5785 | מֵעֲלֵיהֶם તેમના-પરથી | הִפְשִׁיטוּ ઉતારી-છે H6584 | וְאֶת־ અને H0853 | עַצְמֹתֵיהֶם તેમનાં-હાડકાં H6106
פִּצֵּחוּ તોડ્યાં-છે H6476 | וּפָרְשׂוּ અને-ફેલાવ્યાં-છે H6566 | כַּאֲשֶׁר જેમ | בַּסִּיר વાસણમાં | וּכְבָשָׂר અને-માંસની-જેમ H1320 | בְּתוֹךְ વચ્ચે H8432 | קַלָּחַת׃ પતીલામાં H7037

તમે મારા લોકોનું માંસ ખાઓ છો, તમે તેમના શરીર ઉપરથી ચામડી ઉતારી નાખો છો, તેમના હાડકાં ભાંગી નાખો છો, અને તેના ટુકડે ટુકડા કરો છો, તેને માંસની જેમ રાંધવા માટે, તમે તેને કઢાઈમાં પાથરી દો છો.

4

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| אָז | ત્યારે | |
| יִזְעֲקוּ | તેઓ-પોકારશે | H2199 |
| אֶל־ | પ્રત્યે | H0413 |
| יְהוָה | યહોવાહને | H3068 |
| וְלֹא | અને-નહિ | H3808 |
| יַעֲנֶה | ઉત્તર-આપશે | |
| אוֹתָם | તેમને | H0853 |
| וְיַסְתֵּר | અને-છુપાવશે | H5641 |
| פָּנָיו | પોતાનું-મુખ | H6440 |
| מֵהֶם | તેમનાથી | H1992 |
| בָּעֵת | તે-સમયે | H6256 |
| הַהִיא | તે | H1931 |
| כַּאֲשֶׁר | કારણ-કે | |
| הֵרֵעוּ | બૂરા-કર્યા | |
| מַעַלְלֵיהֶם׃ | તેમનાં-કાર્યો | H4611 |
| פ | — | |

પછી તમે યહોવાહને વિનંતી કરશો, પણ તે તમને ઉત્તર નહિ આપે. તેથી તે સમયે તે તમારાથી મુખ ફેરવી લેશે. કારણ કે તમે અનિષ્ટ કામો કર્યા છે."

5

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| כֹּה | આમ | H3541 |
| אָמַר | કહે-છે | H0559 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| עַל־ | વિશે | |
| הַנְּבִיאִים | પ્રબોધકોના | H5030 |
| הַמַּתְעִים | ભટકાવનારાઓ | H8582 |
| אֶת־ | (blank) | H0853 |
| עַמִּי | મારા-લોકોને | |
| הַנֹּשְׁכִים | દાંતોવડે-કરડનારાઓ | |
| בְּשִׁנֵּיהֶם | તેમના-દાંતોવડે | H8127 |
| וְקָרְאוּ | અને-બોલાવે-છે | H7121 |
| שָׁלוֹם | શાંતિ | H7965 |
| וַאֲשֶׁר | અને-જે | |
| לֹא־ | નહિ | H3808 |
| יִתֵּן | આપે-છે | H5414 |
| עַל־ | ઉપર | |
| פִּיהֶם | તેમના-મોંમાં | H6310 |
| וְקִדְּשׁוּ | અને-પવિત્ર-કરે-છે | H6942 |
| עָלָיו | તેમની-વિરુદ્ધ | |
| מִלְחָמָה׃ | યુદ્ધ | H4421 |

યહોવાહ પ્રબોધકો વિષે કહે છે જેઓ મારા લોકોને ખોટા માર્ગે લઈ જાય છે; જેઓ તેમને દાંતથી ખવડાવે છે, તેઓ એમ કહે છે, કે ત્યાં સમૃદ્ધિ આવશે.' જેઓ તેમને ખવડાવતા નથી, તેઓ તેમની વિરુદ્ધ યુદ્ધની તૈયારી કરે છે.

6

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| לָכֵן | માટે | |
| לַיְלָה | રાત | H3915 |
| לָכֶם | તમારા-માટે | |
| מֵחָזוֹן | દર્શન-વિના | H2377 |
| וְחָשְׁכָה | અને-અધકાર | H2821 |
| לָכֶם | તમારા-માટે | |
| מִקְּסֹם | ભવિષ્યકથન-વિના | H7080 |
| וּבָאָה | અને-આવશે | H0935 |
| הַשֶּׁמֶשׁ | સૂર્ય | H8121 |
| עַל־ | ઉપર | |
| הַנְּבִיאִים | પ્રબોધકોના | H5030 |
| וְקָדַר | અને-કાળું-થશે | H6937 |
| עֲלֵיהֶם | તેમના-ઉપર | |
| הַיּוֹם׃ | દિવસ | H3117 |

તેને લીધે તમારા ઉપર એવી રાત પડશે કે, જેમાં તમને કોઈ સંદર્શન નહિ થાય; અને તમારા ઉપર અધકાર ઊતરશે જેથી તમે ભવિષ્ય ભાખી શકશો નહિ. પ્રબોધકોનો સૂર્ય આથમી જશે અને તમારો દિવસ અધકારમય થઈ જશે.

7

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וּבֹשׁוּ | અને-શરમાશે | H0954 |
| הַחֹזִים | દર્શકો | H2374 |
| וְחָפְרוּ | અને-લજ્જિત-થશે | H2659 |
| הַקֹּסְמִים | ભવિષ્યકથકો | H7080 |
| וְעָטוּ | અને-ઢાંકશે | |
| עַל־ | ઉપર | |
| שָׂפָם | મોંના-ઉપરનો-ભાગ | H8222 |
| כֻּלָּם | બધા | H3605 |
| כִּי | કારણ-કે | |
| אֵין | નથી | H0369 |
| מַעֲנֵה | ઉત્તર | H4617 |
| אֱלֹהִים׃ | ઈશ્વરનો | H0430 |

દ્રષ્ટાઓ લજ્જિત થશે, અને ભવિષ્યવેત્તાઓ ગૂંચવાઈ જશે, તેઓ બધા પોતાના હોઠ બંધ કરી દેશે, કારણ કે ઈશ્વર તરફથી કંઈ પણ ઉત્તર મળતો નથી."

8

| Hebrew | Gujarati | Strong |
|---|---|---|
| וְאוּלָם | પરંતુ | H0199 |
| אָנֹכִי | હું | H0595 |
| מָלֵאתִי | ભરપૂર-છું | H4390 |
| כֹחַ | શક્તિથી | |
| אֶת־ | (blank) | H0853 |
| רוּחַ | આત્મા | H7307 |
| יְהוָה | યહોવાહના | H3068 |
| וּמִשְׁפָּט | અને-ન્યાય | H4941 |
| וּגְבוּרָה | અને-પરાક્રમ | H1369 |
| לְהַגִּיד | જાહેર-કરવા | H5046 |
| לְיַעֲקֹב | યાકૂબને | H3290 |
| פִּשְׁעוֹ | તેનો-અપરાધ | H6588 |
| וּלְיִשְׂרָאֵל | અને-ઇસ્રાએલને | H3478 |
| חַטָּאתוֹ׃ | તેનું-પાપ | |
| ס | — | |

પરંતુ યાકૂબને તેના અપરાધ, અને ઇઝરાયલને તેના પાપો વિષે જણાવવા માટે, હું યહોવાહના આત્મા વડે નિશ્ચે સામર્થ્ય, ન્યાય અને શક્તિથી ભરપૂર છું.

9

| שִׁמְעוּ־ | נָא | זֹאת | רָאשֵׁי | בֵּית | יַעֲקֹב | וּקְצִינֵי | בֵּית | יִשְׂרָאֵל | הַֽמֲתַעֲבִים | מִשְׁפָּט |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાંભળો | હવે | આ | આગેવાનો | ઘરના | યાકૂબના | અને-શાસકો | ઘરના | ઇસ્રાએલના | ઘૃણા-કરનારાઓ | ન્યાયના |
| H8085 | H4994 | H2063 | | | H3290 | H7101 | | H3478 | H8581 | H4941 |

| וְאֵת | כָּל־ | הַיְשָׁרָה | יְעַקֵּשׁוּ׃ |
|---|---|---|---|
| અને | બધું | સીધું | વાંકું-વાળાં-કરો-છો |
| H0853 | H3605 | H3477 | H6140 |

હે યાકૂબના વંશના આગેવાનો, અને ઇઝરાયલ કુળના શાસકો, ઓ ન્યાયને ધિક્કારનારાઓ, અને જે સર્વ નીતિમત્તાને ઉલટાવો છો, તમે આ સાંભળો.

10

| בֹּנֶה | צִיּוֹן | בְּדָמִים | וִירוּשָׁלַ͏ִם | בְּעַוְלָה׃ |
|---|---|---|---|---|
| બાંધનારાઓ | સિયોનને | લોહીથી | અને-યરૂશાલેમને | અન્યાયથી |
| H1129 | H6726 | H1818 | H3389 | |

તમે સિયોનને લોહીથી, અને યરુશાલેમને અન્યાય દ્વારા બાંધ્યાં છે.

11

| רָאשֶׁיהָ | בְּשֹׁחַד | יִשְׁפֹּטוּ | וְכֹהֲנֶיהָ | בִּמְחִיר | יוֹרוּ | וּנְבִיאֶיהָ | בְּכֶסֶף |
|---|---|---|---|---|---|---|---|
| તેના-આગેવાનો | લાંચથી | ન્યાય-કરે-છે | અને-તેના-યાજકો | કિંમતે | શીખવે-છે | અને-તેના-પ્રબોધકો | રૂપાથી |
| | H7810 | H8199 | H3548 | H4242 | | H5030 | H3701 |

| יִקְסֹמוּ | וְעַל־ | יְהוָה | יִשָּׁעֵנוּ | לֵאמֹר | הֲלוֹא | יְהוָה | בְּקִרְבֵּנוּ | לֹא־ | תָבוֹא |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ભવિષ્ય-કહે-છે | અને-ઉપર | યહોવાહ | આધાર-રાખે-છે | કહેતાં | શું-નહિ | યહોવાહ | આપણી-વચ્ચે-છે | નહિ | આવશે |
| H7080 | | H3068 | H8172 | H0559 | H3808 | H3068 | H7130 | H3808 | H0935 |

| עָלֵינוּ | רָעָה׃ |
|---|---|
| આપણા-ઉપર | અનિષ્ટ |

તેના આગેવાનો લાંચ લઈને ન્યાય કરે છે, તેના યાજકો પગાર લઈને બોધ કરે છે અને તેના પ્રબોધકો પૈસા + 3:11 ચાંદીના સિક્કા લઈને ભવિષ્ય ભાખે છે. એમ છતાં પણ તેઓ યહોવાહ પર આધાર રાખે છે અને કહે છે, "શું યહોવાહ આપણી સાથે નથી? આપણા પર કોઈ આફત આવશે નહિ."

12

| לָכֵן | בִּגְלַלְכֶם | צִיּוֹן | שָׂדֶה | תֵחָרֵשׁ | וִירוּשָׁלַ͏ִם | עִיִּין | תִּהְיֶה | וְהַר | הַבַּיִת |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માટે | તમારા-કારણે | સિયોન | ખેતરની-જેમ | ખેડશે | અને-યરૂશાલેમ | ખંડેર | થશે | અને-પર્વત | મંદિરનો |
| | H1558 | H6726 | | | H3389 | H5856 | H1961 | H2022 | |

| לְבָמוֹת | יָעַר׃ | פ |
|---|---|---|
| જંગલનાં-ઊંચાં-સ્થાનો-જેવું | વનનું | — |
| H1116 | | |

આથી, તમારે કારણે, સિયોનને ખેતરની જેમ ખેડી નાખવામાં આવશે, અને યરુશાલેમમાં કાટમાળનો ઢગલો થઈ જશે, અને ટેકરી ઉપરનું સભાસ્થાન ઝાડી ઝાંખરાથી ઢંકાઈ જશે.

## Chapter 4

1

| וְהָיָה | בְּאַחֲרִית | הַיָּמִים | יִהְיֶה | הַר | בֵּית־ | יְהוָה | נָכוֹן | בְּרֹאשׁ | הֶהָרִים |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-થશે | અંતિમ | દિવસોમાં | સ્થાપિત-થશે | પર્વત | ઘરનો | યહોવાહનો | સ્થિર | શિખર-પર | પર્વતોના |
| H1961 | H0319 | H3117 | H1961 | H2022 | | H3068 | | | H2022 |

| וְנִשָּׂא | הוּא | מִגְּבָעוֹת | וְנָהֲרוּ | עָלָיו | עַמִּים׃ |
|---|---|---|---|---|---|
| અને-ઊંચો-થશે | તે | ટેકરીઓથી-ઊપર | અને-વહશે | તેની-તરફ | લોકો |
| H5375 | H1931 | H1389 | | | |

પણ પાછલા દિવસોમાં, યહોવાહના સભાસ્થાનના પર્વતની સ્થાપના પર્વતોમાં સૌથી ઉન્નત કરાશે, તેને બીજા ડુંગરો કરતાં ઊંચો કરવામાં આવશે, અને લોકોના ટોળેટોળાં ત્યાં ચાલ્યા આવશે.

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָלְכוּ | גּוֹיִם | רַבִּים | וְאָמְרוּ | לְכוּ | וְנַעֲלֶה | אֶל־ | הַר־ | יְהוָה | וְאֶל־ | בֵּית |
| અને-ચાલશે | પ્રજાઓ | ઘણી | અને-કહેશે | ચાલો | અને-ચઢીએ | પ્રત્યે | પર્વત-પર | યહોવાહના | અને-પ્રત્યે | ઘર |
| H1980 | | | H0559 | H3212 | H5927 | H0413 | H2022 | H3068 | H0413 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אֱלֹהֵי | יַעֲקֹב | וְיוֹרֵנוּ | מִדְּרָכָיו | וְנֵלְכָה | בְּאֹרְחֹתָיו | כִּי | מִצִּיּוֹן |
| ઈશ્વરના | યાકૂબના | અને-તે-શીખવશે-આપણને | તેમના-માર્ગોમાંથી | અને-આપણે-ચાલીએ | તેમના-માર્ગો-પર | કારણ-કે | સિયોનથી |
| H0430 | H3290 | | H1870 | H3212 | H0734 | | H6726 |

| | | | | |
|---|---|---|---|---|
| תֵּצֵא | תוֹרָה | וּדְבַר־ | יְהוָה | מִירוּשָׁלִָם׃ |
| નીકળશે | ઉપદેશ | અને-વચન | યહોવાહનું | યરૂશાલેમથી |
| H3318 | H8451 | H1697 | H3068 | H3389 |

ઘણાં પ્રજાઓ આવશે અને કહેશે કે, "ચાલો, આપણે યહોવાહના પર્વત ઉપર, યાકૂબના ઈશ્વરના ઘરમાં જઈએ; તે આપણને તેમના માર્ગો શીખવશે, અને આપણે તેમના માર્ગોમાં ચાલીશું." કેમ કે સિયોનમાંથી નિયમશાસ્ત્ર અને યહોવાહના વચન યરુશાલેમમાંથી બહાર નીકળશે.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְשָׁפַט | בֵּין | עַמִּים | רַבִּים | וְהוֹכִיחַ | לְגוֹיִם | עֲצֻמִים | עַד־ | רָחוֹק | וְכִתְּתוּ |
| અને-તે-ન્યાય-કરશે | વચ્ચે | લોકો | ઘણાં | અને-ઠપકો-આપશે | પ્રજાઓને | શક્તિશાળી | સુધી | દૂરના | અને-ટીપશે |
| H8199 | H0996 | | | H3198 | | H6099 | H5704 | H7350 | H3807 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| חַרְבֹתֵיהֶם | לְאִתִּים | וַחֲנִיתֹתֵיהֶם | לְמַזְמֵרוֹת | לֹא־ | יִשְׂאוּ | גּוֹי | אֶל־ | גּוֹי | חֶרֶב |
| તેમની-તલવારો | હળોમાં | અને-તેમનાં-ભાલા | કાપવાની-ધારમાં | નહિ | ઉચકશે | પ્રજા | વિરુદ્ધ | પ્રજા | તલવાર |
| H2719 | H0855 | H2595 | H4211 | H3808 | H5375 | | H0413 | | H2719 |

| | | | |
|---|---|---|---|
| וְלֹא־ | יִלְמְדוּן | עוֹד | מִלְחָמָה׃ |
| અને-નહિ | શીખશે | ફરીથી | યુદ્ધ |
| H3808 | H3925 | H5750 | H4421 |

તે ઘણા લોકોની વચ્ચે ન્યાય કરશે, તે દૂરના બળવાન રાષ્ટ્રોનો ઇનસાફ કરશે. તેઓ પોતાની તલવારો ટીપીને હળની કોશો બનાવશે; પોતાના ભાલાઓનાં દાતરડાં બનાવશે. પ્રજાઓ એકબીજા વિરુદ્ધ તલવાર ઉગામશે નહિ, તેઓ ફરીથી કદી યુદ્ધનું શિક્ષણ લેશે નહિ.

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְיָשְׁבוּ | אִישׁ | תַּחַת | גַּפְנוֹ | וְתַחַת | תְּאֵנָתוֹ | וְאֵין | מַחֲרִיד | כִּי־ |
| અને-બેસશે | પ્રત્યેક | નીચે | પોતાની-દ્રાક્ષાવેલ | અને-નીચે | પોતાના-અંજીરના-વૃક્ષ | અને-કોઈ-નહિ | ડરાવનાર | કારણ-કે |
| H3427 | H0376 | H8478 | H1612 | H8478 | H8384 | H0369 | H2729 | |

| | | | |
|---|---|---|---|
| פִּי | יְהוָה | צְבָאוֹת | דִּבֵּר׃ |
| મુખ | યહોવાહ | સેનાઓના | બોલ્યું-છે |
| H6310 | H3068 | | H1696 |

પણ, તેઓ પોતપોતાના દ્રાક્ષાવેલા નીચે તથા પોતપોતાની અંજીરી નીચે બેસશે. કોઈ તેમને બીવડાવશે નહિ, કેમ કે સૈન્યોના યહોવાહના મુખમાંથી આ વચન બોલાયું છે.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | כָּל־ | הָעַמִּים | יֵלְכוּ | אִישׁ | בְּשֵׁם | אֱלֹהָיו | וַאֲנַחְנוּ | נֵלֵךְ | בְּשֵׁם־ | יְהוָה |
| કારણ-કે | બધા | લોકો | ચાલે-છે | પ્રત્યેક | નામે | પોતાના-ઈશ્વરના | પરંતુ-આપણે | ચાલીશું | નામે | યહોવાહ |
| | H3605 | | H3212 | H0376 | H8034 | H0430 | H0587 | H3212 | H8034 | H3068 |

| | | | |
|---|---|---|---|
| אֱלֹהֵינוּ | לְעוֹלָם | וָעֶד׃ | פ |
| આપણા-ઈશ્વરના | સદાકાળ | અને-સદા | — |
| H0430 | H5769 | H5703 | |

કેમ કે બધા લોકો, એટલે પ્રત્યેક, પોતપોતાના દેવના નામ પર શ્રધ્ધા રાખીને ચાલશે. પણ અમે સદાસર્વકાળ, યહોવાહ અમારા ઈશ્વરના નામ પર ભરોસો રાખીને ચાલીશું.

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בַּיּוֹם | הַהוּא | נְאֻם־ | יְהוָה | אֹסְפָה | הַצֹּלֵעָה | וְהַנִּדָּחָה | אֲקַבֵּצָה | וַאֲשֶׁר |
| તે-દિવસે | તે | વચન-છે | યહોવાહનું | હું-ભેગી-કરીશ | લંગડીને | અને-હાંકી-કાઢેલીને | એકત્ર-કરીશ | અને-જેને |
| H3117 | H1931 | H5002 | H3068 | H0622 | H6760 | H5080 | H6908 | |

| |
|---|
| הֲרֵעֹתִי׃ |
| મેં-દુ:ખી-કર્યાં-છે |

યહોવાહ કહે છે કે, “તે દિવસે” “જે અપંગ છે તેવી પ્રજાને હું ભેગી કરીશ અને જેને મેં દુ:ખી કરીને કાઢી મૂકી છે, તે પ્રજાને હું એકત્ર કરીશ.

7

| | | |
|---|---|---|
| וְשַׂמְתִּי | અને-હું-બનાવીશ | |
| אֶת־ | (blank) | H0853 |
| הַצֹּלֵעָה | લંગડીને | H6760 |
| לִשְׁאֵרִית | બાકીનાં | H7611 |
| וְהַנַּהֲלָאָה | અને-દૂર-હડસેલીને | H1972 |
| לְגוֹי | પ્રજા | |
| עָצוּם | શક્તિશાળી | H6099 |
| וּמָלַךְ | અને-રાજ-કરશે | |
| יְהוָה | યહોવાહ | H3068 |
| עֲלֵיהֶם | તેમના-ઉપર | |
| בְּהַר | પર્વત-પર | H2022 |
| צִיּוֹן | સિયોનના | H6726 |
| מֵעַתָּה | હવેથી | H6258 |
| וְעַד־ | અને-સદા | H5704 |
| עוֹלָם׃ | સદાકાળ | H5769 |
| פ | — | |

અપંગમાંથી હું શેષ ઉત્પન્ન કરીશ, દૂર કાઢી મૂકાયેલી પ્રજામાંથી એક શક્તિશાળી પ્રજા બનાવીશ, અને યહોવાહ, સિયોનના પર્વત ઉપરથી તેઓના પર, અત્યારથી તે સર્વકાળ સુધી રાજ કરશે.

8

| | | |
|---|---|---|
| וְאַתָּה | અને-તું | |
| מִגְדַּל־עֵדֶר | ટોળાનો-બુર્જ | H4026 |
| עֹפֶל | ટેકરી | |
| בַּת־ | દીકરી | H1323 |
| צִיּוֹן | સિયોનની | H6726 |
| עָדֶיךָ | તારી-પાસે | H5704 |
| תֵּאתֶה | આવશે | H0857 |
| וּבָאָה | અને-આવશે | H0935 |
| הַמֶּמְשָׁלָה | રાજ્ય | H4475 |
| הָרִאשֹׁנָה | પહેલું | H7223 |
| מַמְלֶכֶת | રાજ્ય | H4467 |
| לְבַת־ | દીકરીને | H1323 |
| יְרוּשָׁלִָם׃ | યરૂશાલેમનું | H3389 |

હે, ટોળાંના બુરજ, સિયોનની દીકરીના શિખર, તે તારે ત્યાં આવશે, એટલે અગાઉનું રાજ્ય, યરુશાલેમની દીકરીનું રાજ્ય આવશે.

9

| | | |
|---|---|---|
| עַתָּה | હવે | H6258 |
| לָמָּה | શા-માટે | H4100 |
| תָרִיעִי | તું-પોકાર-કરે-છે | H7321 |
| רֵעַ | રુદન | H7452 |
| הֲמֶלֶךְ | શું-રાજા | H4428 |
| אֵין־ | નથી | H0369 |
| בָּךְ | તારામાં | |
| אִם־ | શું | |
| יוֹעֲצֵךְ | તારો-સલાહકાર | H3289 |
| אָבָד | નાશ-પામ્યો | H0006 |
| כִּי־ | કારણ-કે | |
| הֶחֱזִיקֵךְ | તને-પકડ્યું-છે | H2388 |
| חִיל | પીડા | |
| כַּיּוֹלֵדָה׃ | પ્રસૂતાની-જેમ | H3205 |

હવે તું શા માટે મોટેથી પોકારે છે? તારામાં રાજા નથી? શું તારો સલાહકાર નાશ પામ્યા છે કે, પ્રસૂતિથી પીડાતી સ્ત્રીની જેમ તારા પર વેદના આવી પડી છે?

10

| | | |
|---|---|---|
| חוּלִי | ટૂંક | |
| וָגֹחִי | અને-બહાર-આવ | H1518 |
| בַּת־ | દીકરી | H1323 |
| צִיּוֹן | સિયોનની | H6726 |
| כַּיּוֹלֵדָה | પ્રસૂતાની-જેમ | H3205 |
| כִּי־ | કારણ-કે | |
| עַתָּה | હવે | H6258 |
| תֵצְאִי | તું-નીકળીશ | H3318 |
| מִקִּרְיָה | નગરમાંથી | H7151 |
| וְשָׁכַנְתְּ | અને-રહેશે | H7931 |
| בַּשָּׂדֶה | ખેતરમાં | |
| וּבָאת | અને-આવીશ | H0935 |
| עַד־ | સુધી | H5704 |
| בָּבֶל | બાબેલ | H0894 |
| שָׁם | ત્યાં | H8033 |
| תִּנָּצֵלִי | તું-છુટીશ | H5337 |
| שָׁם | ત્યાં | H8033 |
| יִגְאָלֵךְ | તને-છોડાવશે | |
| יְהוָה | યહોવાહ | H3068 |
| מִכַּף | હાથમાંથી | H3709 |
| אֹיְבָיִךְ׃ | તારા-શત્રુઓના | H0341 |

હે સિયોનની દીકરી, પ્રસૂતિથી પીડાતી સ્ત્રીની જેમ તું પીડા પામ તથા જન્મ આપવાને કષ્ટ સહન કર. કેમ કે હવે તું નગરમાંથી બહાર જશે, ખેતરમાં રહેશે, અને બાબિલમાં પણ જશે; ત્યાંથી તને મુક્ત કરવામાં આવશે; ત્યાં યહોવાહ તને તારા શત્રુઓના હાથમાંથી મુક્ત કરશે.

11

| | | |
|---|---|---|
| וְעַתָּה | અને-હવે | H6258 |
| נֶאֶסְפוּ | ભેગા-થયાં-છે | H0622 |
| עָלַיִךְ | તારી-વિરુદ્ધ | |
| גּוֹיִם | પ્રજાઓ | |
| רַבִּים | ઘણી | |
| הָאֹמְרִים | કહેનારી | H0559 |
| תֶּחֱנָף | અપવિત્ર-થાઓ | H2610 |
| וְתַחַז | અને-જોઈએ | H2372 |
| בְּצִיּוֹן | સિયોન-પર | H6726 |
| עֵינֵינוּ׃ | આપણી-આખો | |

હવે ઘણી પ્રજાઓ તારી વિરુદ્ધ ભેગી થઈ છે; તેઓ કહે છે કે, ‘તેને અશુદ્ધ કરીએ; સિયોન ઉપર આપણી આખો લગાવીએ.’”

12

| | | |
|---|---|---|
| וְהֵמָּה | પરંતુ-તેઓ | H1992 |
| לֹא | નહિ | H3808 |
| יָדְעוּ | જાણે-છે | H3045 |
| מַחְשְׁבוֹת | વિચારો | H4284 |
| יְהוָה | યહોવાહના | H3068 |
| וְלֹא | અને-નહિ | H3808 |
| הֵבִינוּ | સમજે-છે | H0995 |
| עֲצָתוֹ | તેમની-યોજના | H6098 |
| כִּי | કારણ-કે | |
| קִבְּצָם | તેમને-એકત્ર-કર્યાં-છે | H6908 |
| כֶּעָמִיר | ઘંડના-પૂળાની-જેમ | H5995 |
| גֹּרְנָה׃ | ખળા-ઉપર | H1637 |

પ્રબોધક કહે છે, તેઓ યહોવાહના વિચારોને જાણતા નથી, અને તેઓ તેમની યોજનાઓને સમજતા નથી, કેમ કે તેમણે તેઓને ખળીઓમાં પૂળીઓની જેમ ભેગા કર્યા છે.

| 13 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | קוּמִי | וָדוֹשִׁי | בַת־ | צִיּוֹן | כִּי־ | קַרְנֵךְ | אָשִׂים | בַּרְזֶל | וּפַרְסֹתַיִךְ | אָשִׂים |
| | ઊઠ | અને-પછાડ | દીકરી | સિયોનની | કારણ-કે | તારાં-શિંગડા | હું-બનાવીશ | લોખંડના | અને-તારાં-ખુરો | હું-બનાવીશ |
| | | H1758 | H1323 | H6726 | | | | H1270 | H6541 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| נְחוּשָׁה | וַהֲדִקּוֹת | עַמִּים | רַבִּים | וְהַחֲרַמְתִּי | לַיהוָה | בִּצְעָם | וְחֵילָם | לַאֲדוֹן |
| કાંસાના | અને-ચૂર-કરીશ | લોકો | ઘણાં | અને-સમર્પિત-કરીશ | યહોવાહને | તેમની-લૂંટ | અને-તેમની-સંપત્તિ | પ્રભુને |
| H5154 | H1854 | | | | H3068 | H1215 | H2428 | H0113 |

| | |
|---|---|
| כָּל־ | הָאָרֶץ׃ |
| સમગ્ર | પૃથ્વીના |
| H3605 | H0776 |

યહોવાહ કહે છે, "હે સિયોનની દીકરી, ઊઠીને ઝૂડ, કેમ કે હું તારા શિંગડાંને લોખંડનાં, અને તારી ખરીઓ કાંસાની બનાવીશ; તું તેના વડે ઘણાં લોકોને કચડી નાખશે. તું તેઓના અનુચિત ધન યહોવાહને, અને તેઓની સંપત્તિને આખી પૃથ્વીના પ્રભુને સમર્પણ કરશે."

# Chapter 5

| 1 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | עַתָּה | תִּתְגֹּדְדִי | בַת־ | גְדוּד | מָצוֹר | שָׂם | עָלֵינוּ | בַּשֵּׁבֶט | יַכּוּ | עַל־ | הַלְּחִי |
| | હવે | તું-એકત્ર-થા | દીકરી | ટોળાની | ઘેરો | મૂક્યો-છે | આપણી-વિરુદ્ધ | લાકડીવડે | તેઓ-મારશે | ઉપર | ગાલ-પર |
| | H6258 | H1413 | H1323 | H1416 | H4692 | | | H7626 | H5221 | | H3895 |

| | | | |
|---|---|---|---|
| אֵת | שֹׁפֵט | יִשְׂרָאֵל׃ | ס |
| (blank) | ન્યાયાધીશને | ઇસ્રાએલના | — |
| H0853 | H8199 | H3478 | |

હે યરુશાલેમ, હવે તું તારા સૈન્ય સહિત એકત્ર થશે. તેણે નગરની આસપાસ ઘેરો ઘાલ્યો છે; તેઓ ઇઝરાયલના ન્યાયાધીશ પર પ્રહાર કરશે, ગાલ પર સોટી વડે મારશે.

| 2 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | וְאַתָּה | בֵּית־לֶחֶם | אֶפְרָתָה | צָעִיר | לִהְיוֹת | בְּאַלְפֵי | יְהוּדָה | מִמְּךָ | לִי | יֵצֵא | לִהְיוֹת |
| | અને-તું | બેથલહેમ | એફ્રાથાહની | નાની | હોવા-માટે | હજારોમાં | યહૂદાહના | તારામાંથી | મારા-માટે | નીકળશે | હોવા-માટે |
| | | H1035 | H0672 | H6810 | H1961 | H0505 | H3063 | | | H3318 | H1961 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| מוֹשֵׁל | בְּיִשְׂרָאֵל | וּמוֹצָאֹתָיו | מִקֶּדֶם | מִימֵי | עוֹלָם׃ |
| શાસક | ઇસ્રાએલમાં | અને-તેની-ઉત્પત્તિ | પ્રાચીન-કાળથી | દિવસોથી | સનાતનના |
| H4910 | H3478 | H4163 | | H3117 | H5769 |

હે બેથલેહેમ એફ્રાથા, જો કે તું યહૂદાના કુળો મધ્યે વિસાત વગરનું છે, પણ ઇઝરાયલમાં રાજ કરવા, તારામાંથી એક રાજકર્તા ઉત્પન્ન થશે, તે મારી પાસે આવશે, જેનો પ્રારંભ પ્રાચીન કાળથી, અનંતકાળથી છે.

| 3 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | לָכֵן | יִתְּנֵם | עַד־ | עֵת | יוֹלֵדָה | יָלָדָה | וְיֶתֶר | אֶחָיו | יְשׁוּבוּן | עַל־ |
| | માટે | તે-આપશે-તેમને | સુધી | સમય | પ્રસૂતા | જન્મ-આપે-છે | અને-બાકીના | તેના-ભાઈઓ | પાછા-ફરશે | પ્રત્યે |
| | | H5414 | H5704 | H6256 | H3205 | H3205 | | H0251 | H7725 | |

| | |
|---|---|
| בְּנֵי | יִשְׂרָאֵל׃ |
| સંતાનો | ઇસ્રાએલના |
| | H3478 |

એ માટે જે પ્રસવ વેદનાથી પીડાય છે તેને બાળકો થશે, તે સમયથી યહોવાહ પોતાના લોકોનો ત્યાગ કરશે, પછી તેના બાકી રહેલા ઇઝરાયલ લોકોની પાસે તે પાછા આવશે.

| 4 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | וְעָמַד | וְרָעָה | בְּעֹז | יְהוָה | בִּגְאוֹן | שֵׁם | יְהוָה | אֱלֹהָיו | וְיָשָׁבוּ |
| | અને-ઊભો-રહેશે | અને-પાળશે | શક્તિમાં | યહોવાહની | મહિમામાં | નામ | યહોવાહ | પોતાના-ઈશ્વરનું | અને-તેઓ-રહેશે |
| | H5975 | | H5797 | H3068 | H1347 | H8034 | H3068 | H0430 | H3427 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| כִּי־ | עַתָּה | יִגְדַּל | עַד־ | אַפְסֵי־ | אָרֶץ׃ |
| કારણ-કે | હવે | મહાન-થશે | સુધી | છેડા-સુધી | પૃથ્વીના |
| | H6258 | H1431 | H5704 | | H0776 |

યહોવાહના સામર્થ્યથી તથા પોતાના ઈશ્વર યહોવાહના નામના પ્રતાપથી તે પુરુષ ઊભો રહીને પોતાના ટોળાનું પાલન કરશે + 5:4 ઘેટાપાળક. તેઓ કાયમ રહેશે, કેમ કે હવે તે પૃથ્વીના છેડા સુધી મોટો ગણાશે.

| בְּאַרְמְנֹתֵינוּ | יִדְרֹךְ | וְכִי | בְאַרְצֵנוּ | יָבוֹא | כִּי־ | אַשּׁוּר | שָׁלוֹם | זֶה | וְהָיָה | 5 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આપણા-મહેલોમાં | ચાલે | અને-જ્યારે | આપણા-દેશમાં | આવે | જ્યારે | આશ્શૂર | શાંતિ | આ | અને-આ-હશે | |
| H0759 | H1869 | | H0776 | H0935 | | H0804 | H7965 | H2088 | H1961 | |

| אָדָם׃ | נְסִיכֵי | וּשְׁמֹנָה | רֹעִים | שִׁבְעָה | עָלָיו | וַהֲקֵמֹנוּ |
|---|---|---|---|---|---|---|
| માણસો | અગ્રણી | અને-આઠ | પાળકો | સાત | તેની-વિરુદ્ધ | અને-આપણે-ઊભા-કરીશું |
| H0120 | | H8083 | | H7651 | | |

તે આપણી શાંતિ થશે. જ્યારે આશ્શૂરીઓનું સૈન્ય આપણા દેશમાં આવશે, જ્યારે તેઓ આપણા કિલ્લાઓ ઉપર કૂચ કરશે, ત્યારે આપણે તેની વિરુદ્ધ સાત પાળકોને તથા આઠ આગેવાનોને ઊભા કરીશું.

| וְהִצִּיל | בִּפְתָחֶיהָ | נִמְרֹד | אֶרֶץ | וְאֶת־ | בַּחֶרֶב | אַשּׁוּר | אֶרֶץ | אֶת־ | וְרָעוּ | 6 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-છોડાવશે | તેના-દરવાજાઓ-પર | નિમ્રોદનો | દેશ | અને | તલવારથી | આશ્શૂરનો | દેશ | (blank) | અને-પાળશે | |
| H5337 | H6607 | H5248 | H0776 | H0853 | H2719 | H0804 | H0776 | H0853 | | |

| ס | בִּגְבוּלֵנוּ׃ | יִדְרֹךְ | וְכִי | בְאַרְצֵנוּ | יָבוֹא | כִּי־ | מֵאַשּׁוּר |
|---|---|---|---|---|---|---|---|
| — | આપણી-સરહદો-પર | ચાલે | અને-જ્યારે | આપણા-દેશમાં | આવે | જ્યારે | આશ્શૂરથી |
| | H1366 | H1869 | | H0776 | H0935 | | H0804 |

આ માણસો આશ્શૂરના દેશ પર તલવારથી, નિમ્રોદના દેશ પર તેઓના હાથોમાંની તલવારોથી શાસન કરશે. જ્યારે તેઓ આપણા દેશમાં આવીને, આપણી સરહદોમાં ફરશે, ત્યારે તે આપણને આશ્શૂરથી બચાવશે.

| עֲלֵי־ | כִּרְבִיבִים | יְהוָה | מֵאֵת | כְּטַל | רַבִּים | עַמִּים | בְּקֶרֶב | יַעֲקֹב | שְׁאֵרִית | וְהָיָה | 7 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉપર | વરસાદની-જેમ | યહોવાહની | તરફથી | ઝાકળની-જેમ | ઘણાં | લોકો | વચ્ચે | યાકૂબના | બાકીનાં | અને-થશે | |
| | H7241 | H3068 | H0854 | H2919 | | | H7130 | H3290 | H7611 | H1961 | |

| אָדָם׃ | לִבְנֵי | יְיַחֵל | וְלֹא | לְאִישׁ | יְקַוֶּה | לֹא־ | אֲשֶׁר | עֵשֶׂב |
|---|---|---|---|---|---|---|---|---|
| માણસન | સંતાનો-પર | રાહ-જુએ-છે | અને-નહિ | માણસ-પર | આશા-રાખે-છે | નહિ | જે | ઘાસના |
| H0120 | | H3176 | H3808 | H0376 | | H3808 | | H6212 |

ત્યારે યાકૂબના બચેલા ઘણાં લોકો મધ્યે યહોવાહે મોકલેલા ઝાકળ જેવા, ઘાસ ઉપર વરસતા વરસાદ જેવા થશે. તેઓ મનુષ્ય માટે રોકાતા નથી, કે માનવજાત માટે રાહ જોતા નથી.

| יָעַר | בְּבַהֲמוֹת | כְּאַרְיֵה | רַבִּים | עַמִּים | בְּקֶרֶב | בַּגּוֹיִם | יַעֲקֹב | שְׁאֵרִית | וְהָיָה | 8 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વનના | પશુઓમાં | સિંહની-જેમ | ઘણાં | લોકો | વચ્ચે | પ્રજાઓમાં | યાકૂબન | બાકીનાં | અને-થશે | |
| | H0929 | | | | H7130 | | H3290 | H7611 | H1961 | |

| מַצִּיל׃ | וְאֵין | וְטָרַף | וְרָמַס | עָבַר | אִם | אֲשֶׁר | צֹאן | בְּעֶדְרֵי | כִּכְפִיר |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બચાવનાર | અને-કોઈ-નથી | અને-ફાડે | અને-કચડે | પસાર-થાય | જો | જે | ઘેટાંના | ઘેટાંનાં-ટોળાંમાં | યુવાન-સિંહની-જેમ |
| H5337 | H0369 | H2963 | H7429 | | | | H6629 | H5739 | |

યાકૂબના બચેલા ઘણી પ્રજાઓ મધ્યે, ઘણાં લોકો મધ્યે, જંગલી પશુઓ મધ્યે સિંહના જેવા, ઘેટાંના ટોળાંમાં જુવાન સિંહના બચ્ચા જેવા થશે. જ્યારે તે તેઓમાં થઈને જાય છે, ત્યારે તે તેઓને કચડી નાખીને ટુકડા કરી દે છે, તેમને છોડાવનાર કોઈ હોતું નથી.

| פ | יִכָּרֵתוּ׃ | אֹיְבֶיךָ | וְכָל־ | צָרֶיךָ | עַל־ | יָדְךָ | תָּרֹם | 9 |
|---|---|---|---|---|---|---|---|---|
| — | કાપી-નાખવામાં-આવશે | તારા-વૈરીઓ | અને-બધા | તારા-શત્રુઓ | વિરુદ્ધ | તારો-હાથ | ઊંચો-થાઓ | |
| | H3772 | H0341 | H3605 | | | H3027 | | |

તારા શત્રુઓ વિરુદ્ધ તારો હાથ ઊઠશે, તે હાથ તેઓનો નાશ કરશે.

| וְהַאֲבַדְתִּי | מִקִּרְבֶּךָ | סוּסֶיךָ | וְהִכְרַתִּי | יְהוָה | נְאֻם־ | הַהוּא | בַיּוֹם־ | וְהָיָה | 10 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-નાશ-કરીશ | તારી-વચ્ચેથી | તારા-ઘોડા | અને-હું-કાપી-નાખીશ | યહોવાહનું | વચન-છે | તે | તે-દિવસે | અને-થશે | |
| H0006 | H7130 | | H3772 | H3068 | H5002 | H1931 | H3117 | H1961 | |

| מַרְכְּבֹתֶיךָ׃ |
|---|
| તારા-રથો |
| H4818 |

“વળી યહોવાહ કહે છે કે, તે દિવસે એવું થશે કે,” “હું તારા ઘોડાઓનો નાશ કરીશ અને તારા રથોને તોડી નાખીશ.

11
וְהִכְרַתִּ֖י અને-કાપી-નાખીશ H3772
עָרֵ֣י નગરો
אַרְצֶ֑ךָ તારા-દેશના H0776
וְהָרַסְתִּ֖י અને-તોડી-પાડીશ H2040
כָּל־ બધા H3605
מִבְצָרֶֽיךָ׃ તારાં-કિલ્લાઓ H4013

હું તારા દેશના નગરોનો નાશ કરીશ, તારા સર્વ કિલ્લાઓને તોડી પાડીશ.

12
וְהִכְרַתִּ֥י અને-કાપી-નાખીશ H3772
כְשָׁפִ֖ים જાદૂઓ H3785
מִיָּדֶ֑ךָ તારા-હાથમાંથી H3027
וּֽמְעוֹנְנִ֖ים અને-ભવિષ્યકથકો
לֹ֥א નહિ H3808
יִֽהְיוּ־ હશે H1961
לָֽךְ׃ તારા-માટે

હું તારા હાથની જાદુક્રિયાનો નાશ કરીશ, અને હવે પછી તારામાં ભવિષ્ય બતાવનાર કોઈ રહેશે નહિ.

13
וְהִכְרַתִּ֧י અને-કાપી-નાખીશ H3772
פְסִילֶ֛יךָ તારી-મૂર્તિઓ H6456
וּמַצֵּבוֹתֶ֖יךָ અને-તારા-સ્તંભો H4676
מִקִּרְבֶּ֑ךָ તારી-વચ્ચેથી H7130
וְלֹֽא־ અને-નહિ H3808
תִשְׁתַּחֲוֶ֥ה તું-પૂજા-કરીશ H7812
ע֖וֹד ફરીથી H5750
לְמַעֲשֵׂ֥ה કારીગરી-માટે H4639
יָדֶֽיךָ׃ તારા-હાથની H3027

હું તારી સર્વ કોતરેલી મૂર્તિઓનો અને તારામાંથી ભજનસ્તંભોનો નાશ કરીશ. તું ફરીથી તારા હાથની કારીગરીની ભક્તિ કરશે નહિ.

14
וְנָתַשְׁתִּ֥י અને-ઉખેડીશ H5428
אֲשֵׁירֶ֖יךָ તારી-અશેરાઓ H0842
מִקִּרְבֶּ֑ךָ તારી-વચ્ચેથી H7130
וְהִשְׁמַדְתִּ֖י અને-નાશ-કરીશ H8045
עָרֶֽיךָ׃ તારાં-નગરો

હું તારામાંથી અશેરીમ દેવીને ઉખેડી નાખીશ; તારાં નગરોનો તથા મૂર્તિઓનો નાશ કરીશ.

15
וְעָשִׂ֨יתִי અને-કરીશ
בְּאַ֧ף ક્રોધમાં H0639
וּבְחֵמָ֛ה અને-રોષમાં H2534
נָקָ֖ם બદલો H5359
אֶת־ (blank) H0853
הַגּוֹיִ֑ם પ્રજાઓ-પર
אֲשֶׁ֖ר જેઓએ
לֹ֥א નહિ H3808
שָׁמֵֽעוּ׃ સાંભળ્યું H8085
ס —

જે પ્રજાઓએ મારું સાંભળ્યું નહિ, તેઓ ઉપર હું ક્રોધથી અને કોપથી વેર વાળીશ.”

# Chapter 6

1
שִׁמְעוּ־ સાંભળો H8085
נָ֕א હવે H4994
אֵ֥ת (blank) H0853
אֲשֶׁר־ જે
יְהוָ֖ה યહોવાહ H3068
אֹמֵ֑ר કહે-છે H0559
ק֚וּם ઊઠ
רִ֣יב વાદ-કર H7378
אֶת־ (blank) H0854
הֶהָרִ֔ים પર્વતો-સામે H2022
וְתִשְׁמַ֥עְנָה અને-સાંભળે H8085
הַגְּבָע֖וֹת ટેકરીઓ H1389
קוֹלֶֽךָ׃ તારો-અવાજ

યહોવાહ જે કહે છે તે હવે તમે સાંભળો. મીખાહે તેને કહ્યુ, “ઊઠો અને પર્વતોની આગળ તમારી ફરિયાદ રજૂ કરો; ડુંગરોને તમારો અવાજ સંભળાવો.

2
שִׁמְע֤וּ સાંભળો H8085
הָרִים֙ પર્વતો H2022
אֶת־ (blank) H0853
רִ֣יב વાદ H7379
יְהוָ֔ה યહોવાહનો H3068
וְהָאֵתָנִ֖ים અને-અચળો H0386
מֹ֣סְדֵי પાયા H4146
אָ֑רֶץ પૃથ્વીના H0776
כִּ֣י કારણ-કે
רִ֤יב વાદ-છે H7379
לַֽיהוָה֙ યહોવાહને H3068
עִם־ સાથે
עַמּ֔וֹ પોતાના-લોકોના
וְעִם־ અને-સાથે
יִשְׂרָאֵ֖ל ઇસ્રાએલ H3478
יִתְוַכָּֽח׃ તે-દલીલ-કરશે H3198

હે પર્વતો તથા પૃથ્વીના મજબૂત પાયાઓ, તમે યહોવાહની ફરિયાદ સાંભળો. કેમ કે યહોવાહને પોતાના લોકોની સાથે ફરિયાદ છે અને તે ઇઝરાયલની વિરુદ્ધ દાવો ચલાવશે.

3

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עַמִּ֛י | מֶה־ | עָשִׂ֥יתִֽי | לְךָ֖ | וּמָ֣ה | הֶלְאֵתִ֑יךָ | עֲנֵ֥ה | בִֽי׃ |
| મારા-લોકો | શું | મેં-કર્યું-છે | તને | અને-શું | થકવ્યાં-છે-તને | ઉત્તર-આપ | મને |
| | H4100 | | | H4100 | H3811 | | |

“હે મારા લોકો, મેં તમને શું કર્યું છે? મેં તમને કઈ રીતે કંટાળો આપ્યો છે? મારી વિરુદ્ધ જે કંઈ હોય તે કહી દો.

4

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּ֤י | הֶעֱלִתִ֙יךָ֙ | מֵאֶ֣רֶץ | מִצְרַ֔יִם | וּמִבֵּ֥ית | עֲבָדִ֖ים | פְּדִיתִ֑יךָ | וָאֶשְׁלַ֣ח | לְפָנֶ֔יךָ |
| કારણ-કે | મેં-તને-બહાર-લાવ્યા | દેશમાંથી | મિસ્રના | અને-ઘરમાંથી | ગુલામીના | છોડાવ્યાં-તને | અને-મેં-મોકલ્યા | તારી-આગળ |
| | H5927 | H0776 | H4714 | | H5650 | H6299 | H7971 | H6440 |

| | | | |
|---|---|---|---|
| אֶת־ | מֹשֶׁ֖ה | אַהֲרֹ֥ן | וּמִרְיָֽם׃ |
| (blank) | મૂસા | અહરોન | અને-મિર્યામને |
| H0853 | H4872 | H0175 | H4813 |

કેમ કે હું તો તમને મિસર દેશમાંથી બહાર લાવ્યો અને મેં તમને ગુલામીના ઘરમાંથી છોડાવ્યા. મેં તમારી પાસે મૂસાને, હારુનને તથા મરિયમને મોકલ્યાં.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַמִּ֗י | זְכָר־ | נָא֙ | מַה־ | יָּעַ֗ץ | בָּלָק֙ | מֶ֣לֶךְ | מוֹאָ֔ב | וּמֶה־ | עָנָ֥ה | אֹת֖וֹ |
| મારા-લોકો | યાદ-કરો | હવે | શું | યોજના-કરી | બાલાકે | રાજા | મોઆબનો | અને-શું | ઉત્તર-આપ્યો | તેને |
| | H2142 | H4994 | H4100 | H3289 | H1111 | H4428 | H4124 | H4100 | | H0853 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בִּלְעָ֣ם | בֶּן־ | בְּע֑וֹר | מִן־ | הַשִּׁטִּים֙ | עַד־ | הַגִּלְגָּ֔ל | לְמַ֕עַן | דַּ֖עַת | צִדְק֥וֹת | יְהוָֽה׃ |
| બિલઆમે | પુત્ર | બઓરનો | થી | શિત્તીમ | સુધી | ગિલગાલ | જેથી | જાણો | પ્રામાણિકતાના-કાર્યો | યહોવાહના |
| | | H1160 | | H7851 | H5704 | H1537 | H4616 | H3045 | H6666 | H3068 |

હે મારા લોકો, યાદ કરો કે મોઆબના રાજા બાલાકે શી યોજના કરી અને બેઓરના દીકરા બલામે તેને શો ઉત્તર આપ્યો? શિટ્ટીમથી ગિલ્ગાલ + 6:5 શિટ્ટીમ યર્દનના પૂર્વ કાંઠે આવેલો છેલ્લો ઇઝરાયલી છાવણી હતો (યહો. 3.1), અને ગિલ્ગાલ પશ્ચિમમાં ઈશ્વરના વચન પ્રમાણે આપેલા જમીનમાં તેમનો પ્રથમ છાવણી હતો. (યહો 4.19) ચમત્કારિક રીતે યર્દન નદી પાર કરવું આ બે છાવણી વચ્ચે થયેલી ઘટના હતી (યહો 3-4). સુધી શું બન્યું તે તમે યાદ કરો, જેથી તમે યહોવાહનાં ન્યાયી કાર્યોને સમજી શકો.”

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| בַּמָּה֙ | אֲקַדֵּ֣ם | יְהוָ֔ה | אִכַּ֖ף | לֵאלֹהֵ֣י | מָר֑וֹם | הַאֲקַדְּמֶ֣נּוּ | בְעוֹל֔וֹת | בַּעֲגָלִ֖ים |
| શું-લઈને | હું-આવું | યહોવાહ-પાસે | નમું | ઈશ્વર-આગળ | ઊંચાઈના | શું-હું-આવું | દહનાર્પણો-સાથે | વાછરડાઓ-સાથે |
| H4100 | H6923 | H3068 | H3721 | H0430 | H4791 | H6923 | | H5695 |

| | |
|---|---|
| בְּנֵ֥י | שָׁנָֽה׃ |
| બચ્ચાંઓ | વર્ષના |
| | H8141 |

હું શું લઈને યહોવાહની આગળ આવું? કે ઉચ્ચ ઈશ્વરને નમસ્કાર કરું? શું હું દહનીયાર્પણો લઈને, અથવા એક વર્ષના વાછરડાને લઈને તેમની આગળ આવું?

7

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הֲיִרְצֶ֤ה | יְהוָה֙ | בְּאַלְפֵ֣י | אֵילִ֔ים | בְּרִֽבְב֖וֹת | נַֽחֲלֵי־ | שָׁ֑מֶן | הַאֶתֵּ֤ן | בְּכוֹרִי֙ |
| શું-પ્રસન્ન-થશે | યહોવાહ | હજારો | ઘેટાં-સાથે | લાખો | નદીઓના□ | તેલના | શું-હું-આપું | મારા-પહેલા-જન્મેલા |
| H7521 | H3068 | H0505 | | H7233 | | H8081 | H5414 | H1060 |

| | | | | |
|---|---|---|---|---|
| פִּשְׁעִ֔י | פְּרִ֥י | בִטְנִ֖י | חַטַּ֥את | נַפְשִֽׁי׃ |
| મારા-અપરાધ-માટે | ફળ | મારા-શરીરનું | પાપ | મારા-આત્માનું |
| H6588 | H6529 | H0990 | | H5315 |

શું હજારો ઘેટાંઓથી, કે તેલની દસ હજાર નદીઓથી યહોવાહ ખુશ થશે? શું મારા અપરાધને લીધે હું મારા પ્રથમ જનિતનું + 6:7 સંતાન બલિદાન આપું? મારા આત્માનાં પાપને માટે મારા શરીરના ફળનું અર્પણ કરું?

8

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הִגִּ֥יד | לְךָ֛ | אָדָ֖ם | מַה־ | טּ֑וֹב | וּמָֽה־ | יְהוָ֞ה | דּוֹרֵ֣שׁ | מִמְּךָ֗ | כִּ֣י | אִם־ | עֲשׂ֤וֹת |
| કહેવાયું-છે | તને | માણસ | શું-છે | સારું | અને-શું | યહોવાહ | માંગે-છે | તાર□થી | કેવળ | આ-કરવું | ન્યાય |
| H5046 | | H0120 | H4100 | | H4100 | H3068 | H1875 | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| מִשְׁפָּט֙ | וְאַ֣הֲבַת | חֶ֔סֶד | וְהַצְנֵ֥עַ | לֶ֖כֶת | עִם־ | אֱלֹהֶֽיךָ׃ | פ |
| ઇન્સાફ | અને-પ્રેમ-કરવું | કૃપા | અને-નમ્રતાથી | ચાલવું | સાથે | તારા-ઈશ્વરના | — |
| H4941 | H0160 | | | H3212 | | H0430 | |

હે મનુષ્ય, તેણે તને જણાવ્યું છે, કે સારું શું છે; ન્યાયથી વર્તવું, દયાભાવ રાખવો, તથા તારા ઈશ્વર સાથે નમ્રતાથી ચાલવું, યહોવાહ તારી પાસે બીજું શું માગે છે.

| 9 | קוֹל | יְהוָה | לָעִיר | יִקְרָא | וְתוּשִׁיָּה | יִרְאֶה | שְׁמֶךָ | שִׁמְעוּ | מַטֶּה | וּמִי | יְעָדָהּ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અવાજ | યહોવાહનો | નગરને | બોલાવે-છે | અને-બુદ્ધિ | જોશે | તારું-નામ | સાંભળો | લાકડી | અને-કોણે | નીમ્યા-છે-તેને |
| | | H3068 | | H7121 | H8454 | H3372 | H8034 | H8085 | H4294 | H4310 | H3259 |

યહોવાહ નગરને બોલાવે છે; જેઓ જ્ઞાની છે તેઓ તમારા નામથી બીશે: “સોટીનું તથા તેનું નિર્માણ કરનારનું સાંભળ.

| 10 | עוֹד | הַאִשׁ | בֵּית | רָשָׁע | אֹצְרוֹת | רֶשַׁע | וְאֵיפַת | רָזוֹן | זְעוּמָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | હજુ | શું-છે | ઘરમાં | દુષ્ટના | ખજાનાં | દુષ્ટતાનાં | અને-માપ | ઓછી | શાપિત |
| | H5750 | H0786 | | H7563 | H0214 | H7562 | H0374 | H7332 | H2194 |

અપ્રામાણિકતાની સંપત્તિ તથા તિરસ્કારપાત્ર ખોટાં માપ દુષ્ટોના ઘરોમાં શું હજુ પણ છે?

| 11 | הַאֶזְכֶּה | בְּמֹאזְנֵי | רֶשַׁע | וּבְכִיס | אַבְנֵי | מִרְמָה׃ |
|---|---|---|---|---|---|---|
| | શું-શુદ્ધ-રહીશ | જૂટાં-ત્રાજૂ-વડે | દુષ્ટતાનાં | અને-કોથળીમાં | પથ્થરો | છેતરપિંડીન |
| | H2135 | H3976 | H7562 | H3599 | H0068 | H4820 |

ખોટા ત્રાજવાં તથા કપટભરેલા કાટલાંની કોથળી રાખનાર માણસને હું કેવી રીતે નિર્દોષ ગણું?

| 12 | אֲשֶׁר | עֲשִׁירֶיהָ | מָלְאוּ | חָמָס | וְיֹשְׁבֶיהָ | דִּבְּרוּ־ | שָׁקֶר | וּלְשׁוֹנָם | רְמִיָּה | בְּפִיהֶם׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જેમના | ધનવાનો | ભરેલા-છે | હિંસાથી | અને-તેના-રહેવાસીઓ | બોલે-છે | જૂઠું | અને-તેમની-જીભ | છેતરપિંડી | તેમના-મોંમાં |
| | | H6223 | H4390 | H2555 | H3427 | H1696 | H8267 | H3956 | | H6310 |

તેના ધનવાન માણસો હિંસાખોર હોય છે. તેના રહેવાસીઓ જૂઠું બોલે છે, અને તેમના મુખમાં કપટી જીભ હોય છે.

| 13 | וְגַם־ | אֲנִי | הֶחֱלֵיתִי | הַכּוֹתֶךָ | הַשְׁמֵם | עַל־ | חַטֹּאתֶךָ׃ |
|---|---|---|---|---|---|---|---|
| | અને-હું-પણ | હું | બીમાર-કર્યું-છે | મારવામાં-તને | ઉજ્જડ-કરવા | ઉપર | તારાં-પાપો-પર |
| | H1571 | H0589 | | H5221 | H8074 | | |

તે માટે મેં તને ભારે ઘા માર્યા છે અને તારાં અપરાધોને લીધે મેં તારો વિનાશ કરી નાખ્યો છે.

| 14 | אַתָּה | תֹאכַל | וְלֹא | תִשְׂבָּע | וְיֶשְׁחֲךָ | בְּקִרְבֶּךָ | וְתַסֵּג | וְלֹא | תַפְלִיט | וַאֲשֶׁר | תְּפַלֵּט | לַחֶרֶב | אֶתֵּן׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | તું | ખાશે | પરંતુ-નહિ | તૃપ્ત-થશે | અને-ખાલીપણું-હશે | તારા-અંદર | અને-તું-બચાવીશ | પરંતુ-નહિ | છુટકારો-આપશે | અને-જે | તું-બચાવે | તલવારને | સોંપીશ |
| | | H0398 | H3808 | H7646 | H3445 | H7130 | H5253 | H3808 | H6403 | | H6403 | H2719 | H5414 |

તું ખાશે પણ તૃપ્ત થશે નહિ; તારામાં કંગાલિયત રહેશે. તું સામાનનો સંગ્રહ કરશે પણ કંઈ બચાવી શકશે નહિ, તું જે કંઈ બચાવશે તે હું તલવારને સ્વાધીન કરીશ.

| 15 | אַתָּה | תִזְרַע | וְלֹא | תִקְצוֹר | אַתָּה | תִדְרֹךְ־ | זַיִת | וְלֹא־ | תָסוּךְ | שֶׁמֶן | וְתִירוֹשׁ | וְלֹא | תִשְׁתֶּה־ | יָיִן׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | તું | વાવશે | પરંતુ-નહિ | લણીશ | તું | પીલીશ | જેતૂન | પરંતુ-નહિ | લગાવીશ | તેલ | અને-દ્રાક્ષારસ | અને-નહિ | પીશે | દ્રાક્ષારસ |
| | | H2232 | H3808 | | | H1869 | H2132 | H3808 | H5480 | H8081 | H8492 | H3808 | H8354 | H3196 |

તું વાવશે પણ કાપણી કરી શકશે નહિ, તું જૈતૂનને પીલશે પણ તારા શરીર પર તેલ લગાવવા પામશે નહિ; તું દ્રાક્ષા પીલશે પણ તેનો દ્રાક્ષારસ પીવા પામશે નહિ.

16
וְיִשְׁתַּמֵּר અને-પાળવામાં-આવે-છે H8104
חֻקּוֹת નિયમો H2708
עָמְרִי ઓમ્રીના H6018
וְכֹל અને-બધા H3605
מַעֲשֵׂה કાર્યો H4639
בֵית־ ઘરના
אַחְאָב આહાબના H0256
וַתֵּלְכוּ અને-ચાલ્યાં H3212
בְּמֹעֲצוֹתָם તેમની-યોજનાઓમાં H4156

לְמַעַן જેથી H4616
תִּתִּי હું-આપું H5414
אֹתְךָ તને H0853
לְשַׁמָּה ઉજ્જડ-માટે H8047
וְיֹשְׁבֶיהָ અને-તેના-રહેવાસીઓ H3427
לִשְׁרֵקָה મશ્કરી-માટે H8322
וְחֶרְפַּת અને-નિંદા H2781
עַמִּי માર□-લોકોની
תִּשָּׂאוּ׃ તમે-વહન-કરશો H5375

פ

ઓમ્રીના વિધિઓનું તથા આહાબના કુટુંબના બધા રીતરિવાજોનું તમે પાલન કર્યું છે. અને તમે તેઓની શિખામણ પ્રમાણે ચાલો છો, તેથી હું તમને ખેદાનમેદાન કરી નાખીશ; તમારા રહેવાસીઓને તિરસ્કારપાત્ર કરી નાખીશ, તમારે મારા લોક હોવાના કટાક્ષ સહન કરવા પડશે."

## Chapter 7

1
אַלְלַי અરેરે H0480
לִי મને
כִּי કારણ-કે
הָיִיתִי હું-થયો-છું H1961
כְּאָסְפֵּי־ ઉનાળાના-વીણનારાઓ-જેવો H0625
קַיִץ ઉનાળાના H7019
כְּעֹלְלֹת કણસલાં-જેવા H5955
בָּצִיר દ્રાક્ષા-લણતી-વખતે H1210
אֵין־ નથી H0369

אֶשְׁכּוֹל દ્રાક્ષાનો-ગુચ્છ H0811
לֶאֱכוֹל ખાવા-માટે H0398
בִּכּוּרָה પ્રથમ-ફળની H1063
אִוְּתָה ઇચ્છા-કરે-છે H0183
נַפְשִׁי׃ મારો-આત્મા H5315

મને અફસોસ છે□ કેમ કે ઉનાળાંનાં ફળ વીણી લીધા પછીની જેવી સ્થિતિ, એટલે દ્રાક્ષો વીણી લીધા પછી બચી ગયેલી દ્રાક્ષો જેવી મારી સ્થિતિ છે: ત્યાં ફળની ગુચ્છાઓ મળશે નહિ, પ્રથમ અજીર જેને માટે હું તલસું છું તે પણ નહિ મળે.

2
אָבַד નાશ-પામ્યો H0006
חָסִיד ભક્ત H2623
מִן־ પૃથ્વી-પરથી
הָאָרֶץ પૃથ્વીની H0776
וְיָשָׁר અને-સીધો H3477
בָּאָדָם માણસોમાં H0120
אָיִן કોઈ-નથી H0369
כֻּלָּם બધા H3605
לְדָמִים લોહી-માટે H1818
יֶאֱרֹבוּ ઓચિંતામાં-બેસે-છે H0693

אִישׁ પ્રત્યેક H0376
אֶת־ (blank) H0853
אָחִיהוּ પોતાના-ભાઈને H0251
יָצוּדוּ શિકાર-કરે-છે
חֵרֶם׃ જાળથી

પૃથ્વી પરથી ભલા માણસો નાશ પામ્યા છે, મનુષ્યોમાં કોઈ પ્રામાણિક રહ્યો નથી; તેઓ બીજાનું લોહી વહેવડાવવા માટે તલપી રહ્યા છે, તેઓ જાળ નાખીને પોતાના ભાઈઓનો શિકાર કરે છે.

3
עַל־ ઉપર
הָרַע અનિષ્ટના
כַּפַּיִם હાથો H3709
לְהֵיטִיב ભલું-કરવા H3190
הַשַּׂר શાસક H8269
שֹׁאֵל માગે-છે H7592
וְהַשֹּׁפֵט અને-ન્યાયાધીશ H8199
בַּשִּׁלּוּם લાંચ-માટે H7966
וְהַגָּדוֹל અને-મોટો
דֹּבֵר બોલે-છે H1696

הַוַּת વિનાશકારી-ઇચ્છા H1942
נַפְשׁוֹ પોતાના-આત્માની H5315
הוּא તે H1931
וַיְעַבְּתוּהָ׃ અને-તેઓ-ગૂંચવે-છે-તેને H5686

તેઓના હાથો નુકસાન કરવામાં ઘણાં કુશળ છે. સરદારો પૈસા માગે છે, ન્યાયાધીશો લાંચ માટે તૈયાર છે, બળવાન માણસ પોતાના મનનો દુષ્ટ ભાવ પ્રગટ કરે છે. તેઓ ભેગા મળીને ષડ્યંત્ર રચે છે.

4
טוֹבָם તેમનામાં-સર્વોત્તમ
כְּחֵדֶק કાંટાની-જેમ H2312
יָשָׁר સીધો H3477
מִמְּסוּכָה વાડમાંથી-ખરાબ H4534
יוֹם દિવસ H3117
מְצַפֶּיךָ તારા-ચોકીદારોનો H6822
פְּקֻדָּתְךָ તારી-સજા H6486
בָאָה આવે-છે H0935
עַתָּה હવે H6258
תִהְיֶה થશે H1961

מְבוּכָתָם׃ તેમની-મૂંઝવણ H3998

તેઓમાંનો જે શ્રેષ્ઠ છે તે કાંટા ઝાંખરા જેવો છે; જે સૌથી વધારે પ્રામાણિક છે તે કાંટાની વાડ જેવો છે, તારા ચોકીદારે જણાવેલો દિવસ એટલે, તારી શિક્ષાનો દિવસ આવી ગયો છે. હવે તેઓની ગૂંચવણનો દિવસ આવી પહોંચ્યો છે.

5

| אַל־ | תַּאֲמִינוּ | בְרֵעַ | אַל־ | תִּבְטְחוּ | בְּאַלּוּף | מִשֹּׁכֶבֶת | חֵיקֶךָ | שְׁמֹר | פִּתְחֵי־ | פִיךָ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ના | વિશ્વાસ-કરો | મિત્ર-પર | ના | ભરોસો-રાખો | સાથી-પર | છાતી-પર | સૂઈ-રહેલીથી | સાચવો | દરવાજા | તારા-મોંના |
| H0408 | H0539 | H7453 | H0408 | H0982 | | H7901 | H2436 | H8104 | H6607 | H6310 |

કોઈ પડોશીનો વિશ્વાસ કરીશ નહિ, કોઈ મિત્ર ઉપર આધાર રાખીશ નહિ, તું જે બોલે તે વિષે સાવધાન રહે એટલે જે સ્ત્રી તારી સાથે સૂએ છે તેનાથી પણ સંભાળ.

6

| כִּי־ | בֵן | מְנַבֵּל | אָב | בַּת | קָמָה | בְאִמָּהּ | כַּלָּה | בַּחֲמֹתָהּ | אֹיְבֵי | אִישׁ | אַנְשֵׁי | בֵיתוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | પુત્ર | અપમાન-કરે-છે | પિતાને | દીકરી | ઊઠે-છે | માતા-વિરુદ્ધ | વહુ | સાસુ-વિરુદ્ધ | શત્રુઓ | માણસન | માણસોના | તેના-પોતાના-ઘરના |
| | | | H0001 | H1323 | | H0517 | H3618 | H2545 | H0341 | H0376 | H0376 | |

કેમ કે દીકરો પોતાના પિતાનો આદર કરતો નથી. દીકરી પોતાની માની સામે થાય છે, વહુ પોતાની સાસુની સામે થાય છે; માણસનાં શત્રુઓ તેના પોતાના જ ઘરનાં માણસો છે.

7

| וַאֲנִי | בַּיהוָה | אֲצַפֶּה | אוֹחִילָה | לֵאלֹהֵי | יִשְׁעִי | יִשְׁמָעֵנִי | אֱלֹהָי׃ |
|---|---|---|---|---|---|---|---|
| પરંતુ-હું | યહોવાહમાં | રાહ-જોઈશ | રાહ-જોઈશ | ઈશ્વર-માટે | મારા-ઉદ્ધારન | સાંભળશે-મને | મારા-ઈશ્વર |
| H0589 | H3068 | H6822 | H3176 | H0430 | H3468 | H8085 | H0430 |

પણ હું તો યહોવાહ તરફ જોઈશ, હું મારા ઉદ્ધાર કરનાર ઈશ્વરની રાહ જોઈશ; મારા ઈશ્વર મારું સાંભળશે.

8

| אַל־ | תִּשְׂמְחִי | אֹיַבְתִּי | לִי | כִּי | נָפַלְתִּי | קָמְתִּי | כִּי־ | אֵשֵׁב | בַּחֹשֶׁךְ | יְהוָה | אוֹר | לִי׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ના | આનંદ-કર | મારી-શત્રુ | મારા-ઉપર | કારણ-કે | હું-પડી-છું | હું-ઊઠીશ | કારણ-કે | હું-બેસીશ | અધકારમાં | યહોવાહ | પ્રકાશ-છે | મારા-માટે | — |
| H0408 | H8055 | H0341 | | | H5307 | | | H3427 | H2822 | H3068 | H0216 | | |

હે મારા દુશ્મન, મારી દુર્દશામાં આનંદ ન કર; જો હું પડી જાઉં, તો પણ હું પાછો ઊઠીશ; જો હું અધકારમાં બેસું, તો પણ યહોવાહ મને અજવાળારૂપ થશે.

9

| זַעַף | יְהוָה | אֶשָּׂא | כִּי | חָטָאתִי | לוֹ | עַד | אֲשֶׁר | יָרִיב | רִיבִי | וְעָשָׂה | מִשְׁפָּטִי | יוֹצִיאֵנִי | לָאוֹר | אֶרְאֶה | בְּצִדְקָתוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રોધ | યહોવાહનો | હું-સહન-કરીશ | કારણ-કે | મેં-પાપ-કર્યું-છે | તેમની-વિરુદ્ધ | જ્યાં-સુધી | જ્યાં-સુધી | વાદ-કરશે | મારો-વાદ | અને-કરશે | મારો-ન્યાય | બહાર-લાવશે-મને | પ્રકાશમાં | હું-જોઈશ | તેમની-પ્રમાણિકતામાં |
| H2197 | H3068 | H5375 | | H2398 | | H5704 | | H7378 | H7379 | | H4941 | H3318 | H0216 | H7200 | H6666 |

તેઓ મારી તરફદારી કરશે અને મને ન્યાય આપશે ત્યાં સુધી, હું યહોવાહનો ક્રોધ સહન કરીશ, કેમ કે મેં યહોવાહની વિરુદ્ધ પાપ કર્યું છે. તે મને બહાર અજવાળામાં લાવશે, હું તેમનું ન્યાયીપણું જોઈશ.

10

| וְתֵרֶא | אֹיַבְתִּי | וּתְכַסֶּהָ | בוּשָׁה | הָאֹמְרָה | אֵלַי | אַיּוֹ | יְהוָה | אֱלֹהָיִךְ | עֵינַי | תִּרְאֶינָּה | בָּהּ | עַתָּה | תִּהְיֶה | לְמִרְמָס | כְּטִיט | חוּצוֹת׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જોશે | મારી-શત્રુ | અને-ઢંકાશે-તેને | લજ્જા | કહેનારી | મને | ક્યાં-છે | યહોવાહ | તારો-ઈશ્વર | મારી-આંખો | જોશે | તેના-પર | હવે | થશે | કચડાવા-માટે | કાદવની-જેમ | શેરીઓની |
| H7200 | H0341 | H3680 | H0955 | H0559 | H0413 | H0346 | H3068 | H0430 | | H7200 | | H6258 | H1961 | H4823 | H2916 | H2351 |

ત્યારે મારા દુશ્મન કે જેઓએ મને કહ્યુ કે, “તારા ઈશ્વર યહોવાહ કયાં છે?” એવું કહેનારાઓ શરમથી ઢંકાઈ જશે, મારી આખો તેઓને જોશે, શેરીઓની માટીની જેમ તે પગ નીચે કચડાશે.

11

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יוֹם | לִבְנוֹת | גְּדֵרָיִךְ | יוֹם | הַהוּא | יִרְחַק־ | חֹק׃ |
| દિવસ | બાંધવાનો | તારી-દીવાલો | દિવસ | તે | દૂર-થશે | સરહદ |
| H3117 | H1129 | H1447 | H3117 | H1931 | H7368 | H2706 |

જે દિવસે તારા કોટ બંધાશે, તે દિવસે તારી સરહદ બહુ દૂર જશે.

12

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יוֹם | הוּא | וְעָדֶיךָ | יָבוֹא | לְמִנִּי | אַשּׁוּר | וְעָרֵי | מָצוֹר | וּלְמִנִּי | מָצוֹר | וְעַד־ | נָהָר | וְיָם | מִיָּם | וְהַר | הָהָר׃ |
| દિવસ | તે | અને-તારી-પાસે | આવશે | થી | આશ્શૂર | અને-નગરો | કિલ્લાના | અને-થી | કિલ્લા | અને-સુધી | નદી | અને-સમુદ્ર | સમુદ્રથી | અને-પર્વત | પર્વતથી |
| H3117 | H1931 | H5704 | H0935 | | H0804 | | H4692 | | H4693 | H5704 | H5104 | H3220 | H3220 | H2022 | H2022 |

તે દિવસે આશ્શૂરથી તથા મિસરના નગરોથી, મિસરથી તે છેક મોટી નદી સુધીના પ્રદેશમાંથી + 7:12 ફ્રાત નદી, તથા સમુદ્રથી સમુદ્ર સુધીના, તથા પર્વતથી પર્વત સુધીના પ્રદેશના, લોકો તે દિવસે તારી પાસે આવશે.

13

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְהָיְתָה | הָאָרֶץ | לִשְׁמָמָה | עַל־ | יֹשְׁבֶיהָ | מִפְּרִי | מַעַלְלֵיהֶם׃ | ס |
| અને-થશે | પૃથ્વી | ઉજ્જડ-માટે | ઉપર | તેના-રહેવાસીઓના | ફળથી | તેમનાં-કાર્યોન□ | — |
| H1961 | H0776 | | | H3427 | H6529 | H4611 | |

તોપણ તેમાં રહેતા લોકોને કારણે, તેઓનાં કર્મોના ફળને કારણે, તે દેશો ઉજ્જડ થઈ જશે.

14

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| רְעֵה | עַמְּךָ | בְשִׁבְטֶךָ | צֹאן | נַחֲלָתֶךָ | שֹׁכְנִי | לְבָדָד | יַעַר | בְּתוֹךְ | כַּרְמֶל | יִרְעוּ | בָשָׁן | וְגִלְעָד | כִּימֵי | עוֹלָם׃ |
| પાળ | તારા-લોકોને | તારી-લાકડીથી | ઘેટાં | તારા-વારસાન□ | રહેનારાઓ | એકલાં | વનમાં | વચ્ચે | કાર્મેલન□ | ચરાવે | બાશાન | અને-ગિલઆદમાં | પ્રાચીન-દિવસોની-જેમ | સનાતનના |
| | | H7626 | H6629 | H5159 | H7931 | H0910 | | H8432 | H3760 | | H1316 | H1568 | H3117 | H5769 |

તારા વારસાનાં ટોળાં કે, જેઓ એકાંતમાં રહે છે, તેઓને તારી લાકડીથી, કાર્મેલના જંગલમાં ચરાવ. અગાઉના દિવસોની જેમ, બાશાનમાં તથા ગિલ્યાદમાં પણ ચરવા દે.

15

| | | | | | |
|---|---|---|---|---|---|
| כִּימֵי | צֵאתְךָ | מֵאֶרֶץ | מִצְרָיִם | אַרְאֶנּוּ | נִפְלָאוֹת׃ |
| દિવસોની-જેમ | તારાં-નીકળવાના | દેશમાંથી | મિસ્રન□ | હું-બતાવીશ-તેમને | અદ્ભુતો |
| H3117 | H3318 | H0776 | H4714 | H7200 | H6381 |

મિસર દેશમાંથી તારા બહાર આવવાના દિવસોમાં થયું હતું તેમ, હું તેને અદ્દભુત કૃત્યો બતાવીશ.

16

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יִרְאוּ | גוֹיִם | וְיֵבֹשׁוּ | מִכֹּל | גְּבוּרָתָם | יָשִׂימוּ | יָד | עַל־ | פֶּה | אָזְנֵיהֶם | תֶּחֱרַשְׁנָה׃ |
| જોશે | પ્રજાઓ | અને-શરમાશે | બધી | તેમની-શક્તિથી | મૂકશે | હાથ | ઉપર | મોંના | તેમનાં-કાન | બહેરાં-થશે |
| H7200 | | H0954 | H3605 | H1369 | | H3027 | | H6310 | H0241 | |

અન્ય પ્રજાઓ તે જોશે, અને પોતાની સર્વ શક્તિને લીધે લજ્જિત થશે. તેઓ પોતાના હાથ પોતાના મુખ પર મૂકશે; તેઓના કાન બહેરા થઈ જશે.

17

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| יְלַחֲכוּ | עָפָר | כַּנָּחָשׁ | כְּזֹחֲלֵי | אֶרֶץ | יִרְגְּזוּ | מִמִּסְגְּרֹתֵיהֶם | אֶל־ | יְהוָה | אֱלֹהֵינוּ | יִפְחָדוּ | וְיִרְאוּ | מִמֶּךָּ׃ |
| ચાટશે | ધૂળ | સાપની-જેમ | જમીન-પર-રેંગનારાઓ-જેમ | પૃથ્વીન□ | કાંપશે | તેમન□-ગુફાઓમાંથી | પ્રત્યે | યહોવાહ | આપણા-ઈશ્વરના | ડરશે | અને-ભય-પામશે | તાર□થી |
| H3897 | H6083 | H5175 | | H0776 | H7264 | H4526 | H0413 | H3068 | H0430 | H6342 | H3372 | |

તેઓ સાપની જેમ ધૂળ ચાટશે, તેઓ પૃથ્વી ઉપર પેટે ચાલતાં સજીવોની માફક, પોતાના ગુપ્ત સ્થાનોમાંથી ધ્રૂજતાં ધ્રૂજતાં બહાર આવશે. તે પ્રજાઓ યહોવાહ આપણા ઈશ્વરની પાસે બીતી બીતી આવશે, તેઓ તારાથી ડરશે.

18

| | | |
|---|---|---|
| מִי־ | કોણ-છે | H4310 |
| אֵל | ઈશ્વર | H0410 |
| כָּמוֹךָ | તારા-જેવો | H3644 |
| נֹשֵׂא | ઉચકનાર | H5375 |
| עָוֺן | અપરાધને | H5771 |
| וְעֹבֵר | અને-ક્ષમા-કરનાર | |
| עַל־ | ઉપરથી | |
| פֶּשַׁע | અપરાધ | H6588 |
| לִשְׁאֵרִית | બાકીનાં-માટે | H7611 |
| נַחֲלָתוֹ | પોતાન-વારસાના | H5159 |
| לֹא־ | નહિ | H3808 |
| הֶחֱזִיק | પકડે-છે | H2388 |
| לָעַד | સદા-માટે | H5703 |
| אַפּוֹ | ક્રોધને | H0639 |
| כִּי־ | કારણ-કે | |
| חָפֵץ | આનંદ-કરે-છે | |
| חֶסֶד | કૃપામાં | |
| הוּא׃ | તે | H1931 |

તમારા જેવા ઈશ્વર કોણ છે? તમે તો પાપ માફ કરો છો, તમારા વારસાના બચેલા ભાગના અપરાધને, દરગુજર કરો છો; તમે પોતાનો ક્રોધ હંમેશા રાખતા નથી, કેમ કે તમે દયા કરવામાં આનંદ માનો છો.

19

| | | |
|---|---|---|
| יָשׁוּב | ફરીથી | H7725 |
| יְרַחֲמֵנוּ | દયા-કરશે-આપણ-પર | H7355 |
| יִכְבֹּשׁ | કચડશે | H3533 |
| עֲוֺנֹתֵינוּ | આપણાં-અપરાધોને | H5771 |
| וְתַשְׁלִיךְ | અને-ફેંકશે | H7993 |
| בִּמְצֻלוֹת | ઊંડાણોમાં | H4688 |
| יָם | સમુદ્રના | H3220 |
| כָּל־ | બધા | H3605 |
| חַטֹּאותָם׃ | તેમનાં-પાપોને | |

તમે ફરીથી અમારા ઉપર કૃપા કરશો; તમે અમારા અપરાધોને તમારા પગ નીચે કચડી નાખશો. તમે અમારાં બધાં પાપોને સમુદ્રના ઊંડાણોમાં ફેંકી દેશો.

20

| | | |
|---|---|---|
| תִּתֵּן | આપશે | H5414 |
| אֱמֶת | સત્ય | H0571 |
| לְיַעֲקֹב | યાકૂબને | H3290 |
| חֶסֶד | કૃપા | |
| לְאַבְרָהָם | અબ્રાહામને | H0085 |
| אֲשֶׁר־ | જે | |
| נִשְׁבַּעְתָּ | શપથ-લીધા-હતા | H7650 |
| לַאֲבֹתֵינוּ | આપણાં-પિતાઓને | H0001 |
| מִימֵי | પ્રાચીન-દિવસોથી | H3117 |
| קֶדֶם׃ | પૂર્વકાળન | |

જેમ તમે પ્રાચીન કાળમાં અમારા પૂર્વજો આગળ સમ ખાધા હતા તેમ, તમે યાકૂબ પ્રત્યે સત્યતા અને ઇબ્રાહિમ પ્રત્યે કૃપા દર્શાવશો.

# નાહૂમ

## Chapter 1

1

| | | | | | |
|---|---|---|---|---|---|
| מַשָּׂא | נִֽינְוֵה | סֵפֶר | חֲזוֹן | נַחוּם | הָאֶלְקֹשִׁי׃ |
| ભાર | નીનવેહનો | પુસ્તક | દર્શનનું | નાહૂમનું | એલકોશીનું |
| | H5210 | | H2377 | H5151 | H0512 |

નિનવે વિષે ઈશ્વરનું વચન. નાહૂમ એલ્કોશીના સંદર્શનનું પુસ્તક.

2

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֵל | קַנּוֹא | וְנֹקֵם | יְהוָה | נֹקֵם | יְהוָה | וּבַעַל | חֵמָה | נֹקֵם |
| ઈશ્વર | ઈર્ષ્યાળુ | અને-બદલો-લેનાર | યહોવાહ-છે | બદલો-લેનાર | યહોવાહ-છે | અને-માલિક | ક્રોધનો | બદલો-લેનાર |
| H0410 | H7072 | H5358 | H3068 | H5358 | H3068 | H1167 | H2534 | H5358 |
| יְהוָה | לְצָרָיו | וְנוֹטֵר | הוּא | לְאֹיְבָיו׃ | | | | |
| યહોવાહ-છે | પોતાના-શત્રુઓનો | અને-યાદ-રાખે-છે | તે | પોતાના-વૈરીઓ-માટે | | | | |
| H3068 | | H5201 | H1931 | H0341 | | | | |

યહોવાહ આવેશી ઈશ્વર છે અને બદલો લેનાર છે; યહોવાહ બદલો લે છે અને તે કોપાયમાન થયા છે; યહોવાહ પોતાના દુશ્મનો પર વૈર વાળે છે, અને પોતાના દુશ્મનો માટે ગુસ્સો સંઘરી રાખે છે.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יְהוָה | אֶרֶךְ | אַפַּיִם | ]וּגדוֹל־[ | )וּגְדָל־( | כֹּחַ | וְנַקֵּה | לֹא | יְנַקֶּה | יְהוָה |
| યહોવાહ | ધીરજનો | ક્રોધમાં | અને-મોટો | મહાન | શક્તિમાં | અને-દોષિત-મુક્ત | ક્યારેય-નહિ | કરે-છે-નિર્દોષને | યહોવાહ |
| H3068 | H0750 | H0639 | | H1431 | | H5352 | H3808 | H5352 | H3068 |
| בְּסוּפָה | וּבִשְׂעָרָה | דַּרְכּוֹ | וְעָנָן | אֲבַק | רַגְלָיו׃ | | | | |
| વાવાઝોડામાં | અને-તોફાનમાં | તેમનો-માર્ગ-છે | અને-વાદળો | ધૂળ-છે | તેમના-પગની | | | | |
| | H8183 | H1870 | H6051 | H0080 | H7272 | | | | |

યહોવાહ કોપ કરવામાં ધીમા અને સામર્થ્યમાં પરાક્રમી છે; તે ગુનેગારોને નિર્દોષ ગણનાર નથી. યહોવાહ પોતાનો માર્ગ વંટોળીયા તથા તોફાનમાં બનાવે છે, અને વાદળો તેમના ચરણોની ધૂળ સમાન છે.

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| גּוֹעֵר | בַּיָּם | וַיַּבְּשֵׁהוּ | וְכָל־ | הַנְּהָרוֹת | הֶחֱרִיב | אֻמְלַל | בָּשָׁן | וְכַרְמֶל | וּפֶרַח |
| ધમકાવે-છે | સમુદ્રને | અને-સૂકવે-છે-તેને | અને-બધી | નદીઓ | સુકાવી-દે-છે | કરમાય-છે | બાશાન | અને-કાર્મેલ | અને-ફૂલ |
| H1605 | H3220 | H3001 | H3605 | H5104 | | H0535 | H1316 | H3760 | H6525 |
| לְבָנוֹן | אֻמְלָל׃ | | | | | | | | |
| લેબાનોનનું | કરમાય-છે | | | | | | | | |
| H3844 | H0535 | | | | | | | | |

તે સમુદ્રને ધમકાવે છે અને તેને સૂકવી નાખે છે; તે બધી નદીઓને પણ સૂકવી દે છે. બાશાન અને કાર્મેલના લીલાછમ પ્રાંતો સુકાઈ જાય છે; લબાનોનનાં ફૂલો કરમાઈ જાય છે.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הָרִים | רָעֲשׁוּ | מִמֶּנּוּ | וְהַגְּבָעוֹת | הִתְמֹגָגוּ | וַתִּשָּׂא | הָאָרֶץ | מִפָּנָיו | וְתֵבֵל | וְכָל־ |
| પર્વતો | ધ્રૂજ્યાં | તેમન◻થી | અને-ટેકરીઓ | પિઘળી-ગઈ | અને-ઊંચી-થઈ | પૃથ્વી | તેમન◻-સામેથી | અને-સંસાર | અને-બધા |
| H2022 | H7493 | | H1389 | H4127 | H5375 | H0776 | H6440 | H8398 | H3605 |
| יֹשְׁבֵי | בָהּ׃ | | | | | | | | |
| રહેવાસીઓ | તેમાં | | | | | | | | |
| H3427 | | | | | | | | | |

તેમની હાજરીમાં પર્વતો ધ્રૂજે છે, અને ડુંગરો ઓગળી જાય છે + 1:5 બળે છે; તેમની હાજરીમાં પૃથ્વી, હા, દુનિયા તથા તેમાં વસતા બધા લોકો હાલી ઊઠે છે.

6

| לִפְנֵי | זַעְמוֹ | מִי | יַעֲמוֹד | וּמִי | יָקוּם | בַּחֲרוֹן | אַפּוֹ | חֲמָתוֹ | נִתְּכָה | כָאֵשׁ | וְהַצֻּרִים | נִתְּצוּ | מִמֶּנּוּ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સામે | તેમના–ક્રોધન□ | કોણ | ઊભું–રહી–શકે | અને–કોણ | ઊઠી–શકે | ભયંકર | ક્રોધમાં | તેમનો–કોપ | રેડાયો–છે | અગ્નિની–જેમ | અને–ખડકો | તોડી–પાડ્યા–છે | તેમનાથી |
| H6440 | H2195 | H4310 | H5975 | H4310 | | H2740 | H0639 | H2534 | H5413 | H0784 | H6697 | H5422 | |

તેમના ક્રોધ આગળ કોણ ઊભો રહી શકે? તેમના ઉગ્ર ક્રોધનો સામનો કોણ કરી શકે? તેમનો ક્રોધ અગ્નિની જેમ વ્યાપે છે, અને તેમના કોપથી ખડકો તૂટી જાય છે.

7

| טוֹב | יְהוָה | לְמָעוֹז | בְּיוֹם | צָרָה | וְיֹדֵעַ | חֹסֵי | בוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|
| સારો–છે | યહોવાહ | આશ્રય–માટે | સંકટના–દિવસે | વિપત્તિન□ | અને–જાણે–છે | આશ્રય–લેનારાઓને | તેમનામાં |
| | H3068 | H4581 | H3117 | | H3045 | H2620 | |

યહોવાહ સારા છે; સંકટના સમયમાં તે ગઢરૂપ છે; તેમના પર ભરોસો રાખનારને તે ઓળખે છે.

8

| וּבְשֶׁטֶף | עֹבֵר | כָּלָה | יַעֲשֶׂה | מְקוֹמָהּ | וְאֹיְבָיו | יְרַדֶּף־ | חֹשֶׁךְ׃ |
|---|---|---|---|---|---|---|---|
| અને–પૂરથી | વહેતા | સંપૂર્ણ–અત | કરશે | તેના–સ્થાનનો | અને–તેમના–શત્રુઓને | પિછો–કરશે | અધકારમાં |
| H7858 | | H3617 | | H4725 | H0341 | H7291 | H2822 |

પણ તે પ્રચંડ પૂરથી પોતાના શત્રુઓનો અત લાવશે; તે તેઓને અધારામાં ધકેલી દેશે.

9

| מַה־ | תְּחַשְּׁבוּן | אֶל־ | יְהוָה | כָּלָה | הוּא | עֹשֶׂה | לֹא־ | תָקוּם | פַּעֲמַיִם | צָרָה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શું | તમે–વિચારો–છો | વિરુદ્ધ | યહોવાહન□ | સંપૂર્ણ–અત | તે | કરે–છે | નહિ | ઊઠશે | બે–વાર | વિપત્તિ |
| H4100 | H2803 | H0413 | H3068 | H3617 | H1931 | | H3808 | | H6471 | |

શું તમે યહોવાહની વિરુદ્ધ ષડયંત્ર રચો છો? તે સંપૂર્ણપણે અત લાવશે; બીજીવાર કશી વિપત્તિ ઊભી થશે નહિ.

10

| כִּי | עַד־ | סִירִים | סְבֻכִים | וּכְסָבְאָם | סְבוּאִים | אֻכְּלוּ | כְּקַשׁ | יָבֵשׁ | מָלֵא׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કારણ–કે | સુધી | કાંટાઓની–જેમ | ગૂંચવાયેલાં | અને–તેમન□–દારૂની–જેમ | મદ્યપાન | ભસ્મ–થશે | સૂકા–ઘાસની–જેમ | સૂકા | પૂરેપૂરું |
| | H5704 | | H5440 | H5435 | | H0398 | H7179 | H3002 | H4392 |

કેમ કે તેઓના હાલ ગૂંચવાયેલા કાંટા જેવા થશે; તેઓ પોતાના મદ્યપાનથી પલળી ગયા હશે; તેઓ સંપૂર્ણપણે સૂકાઘાસની માફક નાશ થઈ જશે.

11

| מִמֵּךְ | יָצָא | חֹשֵׁב | עַל־ | יְהוָה | רָעָה | יֹעֵץ | בְּלִיָּעַל׃ | ס |
|---|---|---|---|---|---|---|---|---|
| તારામાંથી | નીકળ્યો | વિચારનાર | વિરુદ્ધ | યહોવાહના | અનિષ્ટ | સલાહકાર | બેલિયાલનો | — |
| | H3318 | H2803 | | H3068 | | H3289 | H1100 | |

હે નિનવે તારામાંથી જે નીકળીને બહાર ગયો, તે યહોવાહની વિરુદ્ધ દુષ્ટ યોજના કરે છે, તે દુષ્ટતા કરવાનું પ્રોત્સાહન આપે છે.

12

| כֹּה | אָמַר | יְהוָה | אִם־ | שְׁלֵמִים | וְכֵן | רַבִּים | וְכֵן | נָגֹזּוּ | וְעָבָר | וְעִנִּתִךְ | לֹא | אֲעַנֵּךְ | עוֹד׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આમ | કહે–છે | યહોવાહ | જો | શક્તિશાળી–હોય | અને–એટલાં | ઘણાં | અને–એટલાં | કાપી–નાખવામાં–આવ્યાં | અને–પસાર–થયા | અને–મેં–તને–દુ:ખી–કરી | નહિ | દુ:ખી–કરીશ | ફરીથી |
| H3541 | H0559 | H3068 | | H8003 | | | | H1494 | | | H3808 | | H5750 |

યહોવાહ આમ કહે છે, “જો કે તેઓ સંપૂર્ણ બળવાન તથા સંખ્યામાં ઘણાં હશે, તેમ છતાં તેઓ કપાઈ જશે; તેમના લોકો પણ રહેશે નહિ. પણ તું, યહૂદા જોકે મેં તને દુ:ખી કર્યો છે, તોપણ હવે પછી હું તને દુ:ખી નહિ કરું + 1:12 શાંતિ.

13

| וְעַתָּה | אֶשְׁבֹּר | מֹטֵהוּ | מֵעָלָיִךְ | וּמוֹסְרֹתַיִךְ | אֲנַתֵּק׃ |
|---|---|---|---|---|---|
| અને–હવે | હું–તોડીશ | તેમની–ઝૂંસરી | તારા–ઉપરથી | અને–તારાં–બંધનો | તોડી–પાડીશ |
| H6258 | H7665 | H4132 | | H4147 | H5423 |

હવે હું તારા પરથી તેની ઝૂંસરી તોડી નાખીશ; હું તારી સાંકળો તોડી નાખીશ."

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְצִוָּה | עָלֶיךָ | יְהוָה | לֹא־ | יִזָּרַע | מִשִּׁמְךָ | עוֹד | מִבֵּית | אֱלֹהֶיךָ | אַכְרִית |
| અને-આજ્ઞા-આપી-છે | તારા-વિષે | યહોવાહે | નહિ | વાવશે | તારાં-નામ□ેથી | ફરીથી | ઘરમાંથી | તારા-દેવોના | કાપી-નાખીશ |
| H6680 | | H3068 | H3808 | H2232 | H8034 | H5750 | | H0430 | H3772 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| פֶּסֶל | וּמַסֵּכָה | אָשִׂים | קִבְרֶךָ | כִּי | קַלּוֹתָ׃ | פ |
| મૂર્તિ | અને-ઢાળેલી-મૂર્તિ | હું-બનાવીશ | તારી-કબર | કારણ-કે | તું-તુચ્છ-છો | — |
| H6459 | | | H6913 | | H7043 | |

યહોવાહે તારા વિષે આજ્ઞા આપી છે, નિનવે, વંશજો તારું નામ ધારણ કરશે નહિ. તારા દેવોના મંદિરોમાંથી ઘડેલી મૂર્તિઓનો તથા ઢાળેલી પ્રતિમાઓનો હું નાશ કરીશ. હું તારી કબર ખોદીશ, કેમ કે તું દુષ્ટ છે.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הִנֵּה | עַל־ | הֶהָרִים | רַגְלֵי | מְבַשֵּׂר | מַשְׁמִיעַ | שָׁלוֹם | חָגִּי | יְהוּדָה | חַגַּיִךְ |
| જુઓ | ઉપર | પર્વતો-પર | પગ | શુભ-સંદેશા-લાવનારના | સંભળાવનાર | શાંતિ | ઉજવો | યહૂદાહ | તારા-પર્વો |
| H2009 | | H2022 | H7272 | H1319 | H8085 | H7965 | H2287 | H3063 | H2282 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| שַׁלְּמִי | נְדָרָיִךְ | כִּי | לֹא | יוֹסִיף | עוֹד | ]לעבור־[ | )לַעֲבָר־( | בָּךְ | בְּלִיַּעַל |
| પૂરા-કરો | તારી-માનતાઓ | કારણ-કે | નહિ | ફરીથી-આવશે | ફરીથી | પસાર-થવા | પસાર-થવા-માટે | તારામાંથી | બેલિયાલ |
| | H5088 | | H3808 | H3254 | H5750 | | | H5674 | H1100 |

| | |
|---|---|
| כֻּלֹּה | נִכְרָת׃ |
| સંપૂર્ણપણે | કાપી-નાખવામાં-આવ્યો |
| H3605 | H3772 |

જુઓ, સારા સમાચાર લાવનાર, શાંતિની ખબર આપનારનાં પગલાં પર્વત પર દેખાય છે; તે શાંતિના સારા સમાચાર લાવી રહ્યાં છે. હે યહૂદિયા, તારાં પર્વો પાળ, તારી માનતાઓ પૂરી કર, કેમ કે હવે પછી કોઈ દુષ્ટ તારી મધ્યે થઈને જશે નહિ; તેને સંપૂર્ણપણે કાપી નાખવામાં આવ્યો છે.

## Chapter 2

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עָלָה | מֵפִיץ | עַל־ | פָּנַיִךְ | נָצוֹר | מְצֻרָה | צַפֵּה־ | דֶרֶךְ | חַזֵּק | מָתְנַיִם | אַמֵּץ |
| ચઢ્યો-છે | વિખેરનાર | વિરુદ્ધ | તારાં-મોં | રક્ષા-કરો | કિલ્લાની | જુઓ | માર્ગ-પર | મજબૂત-કરો | કમરને | શક્તિ-વધારો |
| H5927 | | | H6440 | H5341 | H4694 | H6822 | H1870 | H2388 | H4975 | H0553 |

| | |
|---|---|
| כֹּחַ | מְאֹד׃ |
| બળને | ખૂબ |
| | H3966 |

જોરથી પછાડીને ટુકડે ટુકડા કરનાર તારી સામે આવ્યો છે. તારા કિલ્લાની રક્ષા કર, રસ્તાની ચોકી કર, પોતાને મજબૂત બનાવ, તારી બધી સામર્થ્ય ભેગી કર.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | שָׁב | יְהוָה | אֶת־ | גְּאוֹן | יַעֲקֹב | כִּגְאוֹן | יִשְׂרָאֵל | כִּי | בְקָקוּם |
| કારણ-કે | પુન:સ્થાપિત-કર્યું-છે | યહોવાહે | (blank) | ગરિમા | યાકૂબની | ગરિમાની-જેમ | ઇસ્રાએલની | કારણ-કે | લૂંટ્યાં-છે-તેમને |
| | H7725 | H3068 | H0853 | H1347 | H3290 | H1347 | H3478 | | |

| | | |
|---|---|---|
| בֹּקְקִים | וּזְמֹרֵיהֶם | שִׁחֵתוּ׃ |
| લૂંટનારાઓએ | અને-તેમની-શાખાઓ | નાશ-કરી-છે |
| | H2156 | H7843 |

કેમ કે યહોવાહ યાકૂબનું ગૌરવ ઇઝરાયલના ગૌરવ જેવું પુન:સ્થાપિત કરશે, કેમ કે લૂંટારાઓએ + 2:2 નાશ કરનારાઓ તેમને લૂંટી લીધા છે અને તેમની દ્રાક્ષવેલાઓનો નાશ કર્યો છે.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מָגֵן | גִּבֹּרֵיהוּ | מְאָדָּם | אַנְשֵׁי־ | חַיִל | מְתֻלָּעִים | בְּאֵשׁ־ | פְּלָדוֹת | הָרֶכֶב | בְּיוֹם |
| ઢાલ | તેમના-વીરોની | લાલ-થયેલી-છે | માણસો | સેના□ | કિરમજી-રંગેલા | અગ્નિમાં | લોખંડને | રથો | દિવસે |
| H4043 | H1368 | H0119 | H0376 | H2428 | H8529 | H0784 | H6393 | H7393 | H3117 |

| | | |
|---|---|---|
| הֲכִינוֹ | וְהַבְּרֹשִׁים | הָרְעָלוּ׃ |
| તેમની-તૈયારીને | અને-સાયપ્રેસનાં-વૃક્ષો | આંદોલિત-થયાં |
| | H1265 | H7477 |

તેના યોદ્ધાઓની ઢાલોનો રંગ લાલ છે, શક્તિશાળી માણસોએ કિરમજી રંગનો પોષાક પહેર્યો છે; તૈયારીના દિવસે રથો પોલાદથી ઝગઝગે છે, સાયપ્રસના ભાલાઓ ભયંકર રીતે હલાવાઈ રહ્યા છે.

4

| בַּחוּצוֹת | יִתְהוֹלְלוּ | הָרֶכֶב | יִשְׁתַּקְשְׁקוּן | בָּרְחֹבוֹת | מַרְאֵיהֶן | כַּלַּפִּידִם | כַּבְּרָקִים | יְרוֹצֵצוּ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| શેરીઓમાં | દોડાવ્યા | રથો | ઝંકાર-કરે-છે | ચોકોમાં | તેમનો-દેખાવ | મશાલોની-જેમ | વીજળીઓની-જેમ | દોડે-છે |
| H2351 | | H7393 | H8264 | H7339 | H4758 | H3940 | | H7323 |

શેરીઓમાં રથો ગાંડાતૂર બનીને ઘૂમી રહ્યાં છે; તેઓ ચોકમાં એકબીજાની સામે અથડાય છે. તેમનો દેખાવ મશાલના જેવો છે અને તેઓ વીજળીની પેઠે દોડે છે.

5

| יִזְכֹּר | אַדִּירָיו | יִכָּשְׁלוּ | ]בהלכותם[ | )בַּהֲלִיכָתָם( | יְמַהֲרוּ | חוֹמָתָהּ | וְהֻכַן | הַסֹּכֵךְ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| યાદ-કરશે | પોતાના-શૂરવીરોને | તેઓ-લડખડાશે | તેમની-ચાલમાં | તેમના-ચાલવામાં | તેઓ-ઉતાવળ-કરશે | તેની-દીવાલ-તરફ | અને-તૈયાર-કરાયો | રક્ષણાત્મક-આવરણ |
| H2142 | H0117 | H3782 | H1980 | H1979 | | H2346 | | |

તે પોતાના અધિકારીઓને ગોઠવે છે; તેઓ કૂચ કરતા ઠોકર ખાય છે, તેઓ કોટ પર હુમલો કરવા આગળ ધસે છે. હુમલો કરનારાઓથી રક્ષણ મેળવવા ભાલા તૈયાર કરવામાં આવ્યા છે.

6

| שַׁעֲרֵי | הַנְּהָרוֹת | נִפְתָּחוּ | וְהַהֵיכָל | נָמוֹג׃ |
|---|---|---|---|---|
| દ્વારો | નદીઓને | ખુલ્લાં-છે | અને-મહેલ | પિઘળી-જાય-છે |
| H8179 | H5104 | | H1964 | H4127 |

નદીઓના દરવાજાઓ ખૂલી ગયા છે, મહેલનો નાશ થયો છે.

7

| וְהֻצַּב | גֻּלְּתָה | הֹעֲלָתָה | וְאַמְהֹתֶיהָ | מְנַהֲגוֹת | כְּקוֹל | יוֹנִים | מְתֹפְפֹת | עַל־ | לִבְבֵהֶן׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-નક્કી-થયું-છે | બંદીવાન-બનાવી-છે | લઈ-જવાય-છે | અને-તેની-સેવિકાઓ | ચલાવે-છે | અવાજની-જેમ | કબૂતરોન□ | છાતી-પીટે-છે | ઉપર | તેમનં-હૃદયો-પર |
| H5324 | H1540 | H5927 | H0519 | | | H3123 | H8608 | | H3824 |

નિનવેની રાણીને નિર્વસ્ત્ર કરીને દૂર લઈ જવામાં આવી છે. તેની દાસીઓ છાતી કૂટીને કબૂતરનાં જેવો વિલાપ કરે છે.

8

| וְנִינְוֵה | כִבְרֵכַת־ | מַיִם | מִימֵי | הִיא | וְהֵמָּה | נָסִים | עִמְדוּ | עֲמֹדוּ | וְאֵין | מַפְנֶה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-નીનવેહ | જળાશયની-જેમ-છે | પાણીનં | દિવસોથી | તે | અને-તેઓ | ભાગે-છે | ઊભા-રહો | ઊભા-રહો | પરંતુ-કોઈ-નથી | ફરનાર |
| H5210 | H1295 | H4325 | H3117 | H1931 | H1992 | H5127 | H5975 | H5975 | H0369 | H6437 |

નિનવે પાણીના સરોવર જેવું છે, જેમ પાણી વહી જાય છે તેમ તેનાથી લોકો દૂર નાસી જાય છે. તેઓ પોકારે છે, “ઊભા રહો, ઊભા રહો,” પણ કોઈ પાછું ફરતું નથી.

9

| בֹּזּוּ | כֶסֶף | בֹּזּוּ | זָהָב | וְאֵין | קֵצֶה | לַתְּכוּנָה | כָּבֹד | מִכֹּל | כְּלִי | חֶמְדָּה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| લૂંટો | ચાંદી | લૂંટો | સોનું | અને-કોઈ-નથી | અંત | ખજાનાનો | મહિમા | બધાં | સુંદર | વસ્તુઓની |
| H0962 | H3701 | H0962 | H2091 | H0369 | | H8498 | H3519 | H3605 | H3627 | |

તમે ચાંદી લૂંટી લો, સોનું લૂંટી લો, કેમ કે સુંદર વસ્તુઓનો ગૌરવનો ત્યાં કોઈ અંત નથી.

10

| בּוּקָה | וּמְבוּקָה | וּמְבֻלָּקָה | וְלֵב | נָמֵס | וּפִק | בִּרְכַּיִם | וְחַלְחָלָה | בְּכָל־ | מָתְנַיִם | וּפְנֵי | כֻלָּם | קִבְּצוּ | פָארוּר׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખાલી | અને-ખાલી | અને-ઉજ્જડ | અને-હૃદય | પિઘળેલું | અને-કાંપેલાં | ઘૂંટણોને | અને-પીડા | બધી | કમરોમાં | અને-મોં | બધાંને | ભેગા-કરે-છે | ફીકાપણું |
| H0950 | H4003 | H1110 | | H4549 | H6375 | H1290 | H2479 | H3605 | H4975 | H6440 | H3605 | H6908 | H6289 |

નિનવે નગર ઉજ્જડ અને ખાલી થઈ ગયું છે. હૃદય પીગળી જાય છે, ઘૂંટણો એકબીજા સાથે અથડાય છે, દરેક જણનાં શરીરને પીડા થાય છે; દરેકના ચહેરા નિસ્તેજ થઈ ગયા છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 11 | אַיֵּה | מְעוֹן | אֲרָיוֹת | וּמִרְעֶה | הוּא | לַכְּפִרִים | אֲשֶׁר | הָלַךְ | אַרְיֵה | לָבִיא | שָׁם |
| | ક્યાં-છે | ગુફા | સિંહોની | અને-ચરવાણું | તે | યુવાન-સિંહો-માટે | જ્યાં | ચાલ્યો-હતો | સિંહ | સિંહણી | ત્યાં |
| | H0346 | H4583 | | H4829 | H1931 | | | H1980 | | | H8033 |
| | גּוּר | אַרְיֵה | וְאֵין | מַחֲרִיד׃ | | | | | | | |
| | બચ્ચું | સિંહનું | અને-કોઈ-નહિ | ડરાવનાર | | | | | | | |
| | H1482 | | H0369 | H2729 | | | | | | | |

જ્યાં સિંહ તથા સિંહણ તેઓનાં બચ્ચા સાથે ફરતાં હતાં અને તેઓને બીવડાવનાર કોઈ ન હતું અને જે જગ્યાએ જુવાન સિંહના બચ્ચાં ભક્ષ કરતાં હતાં તે સિંહની ગુફા ક્યાં છે?

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 12 | אַרְיֵה | טֹרֵף | בְּדֵי | גֹּרוֹתָיו | וּמְחַנֵּק | לְלִבְאֹתָיו | וַיְמַלֵּא־ | טֶרֶף |
| | સિંહ | ફાડતો-હતો | પૂરતું | પોતાનં-બચ્ચાંઓ-માટે | અને-ગળું-ઘોંટતો-હતો | પોતાની-સિંહણીઓ-માટે | અને-ભરી-છે | શિકારથી |
| | | H2963 | H1767 | H1484 | H2614 | | H4390 | H2964 |
| | חֹרָיו | וּמְעֹנֹתָיו | טְרֵפָה׃ | | | | | |
| | પોતાની-ગુફાઓ | અને-પોતાની-માંદ | શિકારથી | | | | | |
| | H2356 | H4585 | H2966 | | | | | |

સિંહ તેના બચ્ચાં માટે શિકારને ફાડીને ટુકડા કરે છે; તે પોતાની સિંહણ માટે શિકારને ગૂંગળાવીને મારી નાખતો, તે પોતાની ગુફા શિકારથી મારી નાખેલાં પ્રાણીઓથી ભરતો હતો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 13 | הִנְנִי | אֵלַיִךְ | נְאֻם | יְהוָה | צְבָאוֹת | וְהִבְעַרְתִּי | בֶעָשָׁן | רִכְבָּהּ | וּכְפִירַיִךְ |
| | જુઓ-હું-છું | તારી-વિરુદ્ધ | વચન-છે | યહોવાહ | સેનાઓનો | અને-બાળીશ | ધુમાડ□માં | તેન□-રથો | અને-તારાં-યુવાન-સિંહો |
| | H2009 | H0413 | H5002 | H3068 | | | H6227 | H7393 | |
| | תֹּאכַל | חָרֶב | וְהִכְרַתִּי | מֵאֶרֶץ | טַרְפֵּךְ | וְלֹא־ | יִשָּׁמַע | עוֹד | קוֹל |
| | ખાશે | તલવાર | અને-કાપી-નાખીશ | પૃથ્વી-પરથી | તારી-લૂંટ | અને-નહિ | સંભળાશે | ફરીથી | અવાજ |
| | H0398 | H2719 | H3772 | H0776 | H2964 | H3808 | H8085 | H5750 | |
| | מַלְאָכֵכֵה׃ | ס | | | | | | | |
| | તાર□-સંદેશવાહકોનો | — | | | | | | | |
| | H4397 | | | | | | | | |

સૈન્યોના યહોવાહ કહે છે; “જો, હું તારી વિરુદ્ધ છું.” “હું તારા રથ બાળીને ભસ્મ કરી નાખીશ, તલવાર તારાં બચ્ચાઓનો સંહાર કરશે. હું પૃથ્વી પરથી તારા શિકારનો નાશ કરીશ, તારા સંદેશાવાહકનો અવાજ ફરી કદી સંભળાશે નહિ + 2:13 તમારા સૈનિકો યુદ્ધમાં માર્યા જશે.”

## Chapter 3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | הוֹי | עִיר | דָּמִים | כֻּלָּהּ | כַּחַשׁ | פֶּרֶק | מְלֵאָה | לֹא | יָמִישׁ | טָרֶף׃ |
| | હાય | શહેર | રક્તનું | બધું | જૂઠાણાથી | લૂંટથી | ભરેલું | ના | છૂટે-છે | શિકાર |
| | H1945 | | H1818 | H3605 | H3585 | H6563 | H4395 | H3808 | H4185 | H2964 |

ખૂની નગરને અફસોસ□ તે જૂઠથી તથા લૂંટથી ભરેલું છે; તેમાં શિકાર કરવાનું બંધ થયું નથી.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | קוֹל | שׁוֹט | וְקוֹל | רַעַשׁ | אוֹפָן | וְסוּס | דֹּהֵר | וּמֶרְכָּבָה | מְרַקֵּדָה׃ |
| | અવાજ | ચાબુકનો | અને-અવાજ | ગડગડાટનો | પૈડાનો | અને-ઘોડા | દોડતા | અને-રથ | કૂદતો |
| | | H7752 | | H7494 | H0212 | | H1725 | H4818 | H7540 |

પણ હવે ત્યાં ચાબુકનો તથા ગડગડતા પૈડાનો, કૂદતા ઘોડા તથા ઊછળતા રથોનો અવાજ સંભળાય છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | פָּרָשׁ | מַעֲלֶה | וְלַהַב | חֶרֶב | וּבְרַק | חֲנִית | וְרֹב | חָלָל | וְכֹבֶד | פָּגֶר | וְאֵין |
| | ઘોડેસવાર | ચડે-છે | અને-જ્વાળા | તલવારની | અને-ચમક | ભાલાની | અને-ઘણા | મરેલા | અને-ભારે | શબ | અને-નથી |
| | | H5927 | H3851 | H2719 | | H2595 | H7230 | | H3514 | H6297 | H0369 |
| | קֵצֶה | לַגְּוִיָּה | [יכשלו] | (וְכָשְׁלוּ) | בִּגְוִיָּתָם׃ | | | | | | |
| | અંત | લાશોનો | — | અને-ઠોકર-ખાય-છે | તેઓના-શબો-પર | | | | | | |
| | | H1472 | H3782 | H3782 | H1472 | | | | | | |

ઘોડેસવારોની દોડાદોડ, ચમકતી તલવારો, તેજસ્વી ભાલાઓ, લાશોના તથા કતલ થયેલાઓના ઢગલા અને મૃતદેહોનો તો કોઈ અંત જ નથી; તેઓ પર હુમલો કરનારાઓ મૃતદેહો પર થઈને જાય છે.

4
מֵרֹ֖ב — ઘણાં-કારણે — H7230
זְנוּנֵי֙ — વેશ્યાવૃત્તિઓ — H2183
זוֹנָ֔ה — વેશ્યાની — H2181
ט֖וֹבַת — સુંદર
חֵ֑ן — રૂપવાળી — H2580
בַּעֲלַ֣ת — માલકિન — H1172
כְּשָׁפִ֑ים — જાદૂઓની — H3785
הַמֹּכֶ֤רֶת — વેચનારી — H4376
גּוֹיִם֙ — પ્રજાઓને
בִּזְנוּנֶ֔יהָ — પોતાની-વેશ્યાવૃત્તિથી — H2183
וּמִשְׁפָּח֖וֹת — અને-કુટુંબોને — H4940
בִּכְשָׁפֶֽיהָ׃ — પોતાની-જાદૂઓથી — H3785

આ બધાનું કારણ એ છે કે, સુંદર ગણિકાની વિષયવાસના, જે જાદુક્રિયામાં પ્રવીણ, જે પોતાની ગણિકાગીરીથી પ્રજાઓને તથા લોકોને પોતાના જાદુક્રિયાથી વેચી દે છે, તેના વ્યભિચાર પુષ્કળ છે + 3:4 અવિશ્વાસુ.

5
הִנְנִ֣י — જુઓ-હું — H2009
אֵלַ֔יִךְ — તારી-વિરુદ્ધ — H0413
נְאֻ֖ם — કહે-છે — H5002
יְהוָ֣ה — યહોવા — H3068
צְבָא֑וֹת — સૈન્યોના
וְגִלֵּיתִ֥י — અને-ઉઘાડીશ — H1540
שׁוּלַ֖יִךְ — તારા-ઘાઘરા — H7757
עַל־ — તારા-ઉપર
פָּנָ֑יִךְ — તારા-મુખ-પર — H6440
וְהַרְאֵיתִ֤י — અને-બતાવીશ — H7200
גוֹיִם֙ — પ્રજાઓને
מַעְרֵ֔ךְ — તારી-નગ્નતા — H4626
וּמַמְלָכ֖וֹת — અને-રાજ્યોને — H4467
קְלוֹנֵֽךְ׃ — તારી-શરમ — H7036

સૈન્યોનો ઈશ્વર યહોવાહ કહે છે, “જો, હું તારી વિરુદ્ધ છું,” “હું તારો ચણિયો તારા મુખ પર ઉઠાવીશ અને તારી નગ્નતા હું પ્રજાઓને દેખાડીશ, રાજ્યોને તારી શરમ બતાવીશ.

6
וְהִשְׁלַכְתִּ֥י — અને-ફેંકીશ — H7993
עָלַ֛יִךְ — તારી-ઉપર
שִׁקֻּצִ֖ים — ઘૃણાસ્પદ-વસ્તુઓ — H8251
וְנִבַּלְתִּ֑יךְ — અને-અપમાનિત-કરીશ
וְשַׂמְתִּ֖יךְ — અને-બનાવીશ-તને
כְּרֹֽאִי׃ — તમાશા-જેવી — H7210

હું તારા પર કંટાળાજનક ગંદકી નાખીશ, અને તને ધિક્કારપાત્ર કરીશ; હું તને હાસ્યસ્પદ બનાવીશ કે દરેક લોક તને જોઈ શકે.

7
וְהָיָ֣ה — અને-થશે — H1961
כָל־ — બધા — H3605
רֹאַ֗יִךְ — જોનારા — H7200
יִדּ֣וֹד — ભાગશે — H5074
מִמֵּ֔ךְ — તાર□થી
וְאָמַר֙ — અને-કહેશે — H0559
שָׁדְּדָ֣ה — ઉજ્જડ-થયું — H7703
נִֽינְוֵ֔ה — નિનવેહ — H5210
מִ֖י — કોણ — H4310
יָנ֣וּד — શોક-કરશે — H5110
לָ֑הּ — તેના-માટે
מֵאַ֛יִן — ક્યાંથી — H0370
אֲבַקֵּ֥שׁ — શોધું — H1245
מְנַחֲמִ֖ים — સાંત્વના — H5162
לָֽךְ׃ — તારા-માટે

ત્યારે એવું થશે કે જે લોકો તને જોશે તેઓ તારી પાસેથી નાસી જશે અને કહેશે, ‘નિનવેનો નાશ થયો છે; કોણ તેના માટે વિલાપ કરશે?’ તને આશ્વાસન આપનારને હું ક્યાં શોધું?”

8
הֲתֵֽיטְבִי֙ — શું-તું-સારી-છો — H3190
מִנֹּ֣א — નો-આમોન-કરતાં — H4996
אָמ֔וֹן — આમોનથી — H0528
הַיֹּֽשְׁבָה֙ — જે-વસે-છે — H3427
בַּיְאֹרִ֔ים — નદીઓ-ઉપર — H2975
מַ֖יִם — પાણી — H4325
סָבִ֣יב — ચારે-તરફ — H5439
לָ֑הּ — તેની
אֲשֶׁר־ — જેનો
חֵ֣יל — કિલ્લો — H2426
יָ֔ם — સમુદ્ર — H3220
מִיָּ֖ם — સમુદ્રથી — H3220
חוֹמָתָֽהּ׃ — તેની-દીવાલ — H2346

નિનવે + 3:8 એલેક્સાન્દ્રિયા, શું તું નોનો કરતાં પણ ઉત્તમ છે, જે નીલ નદીને કિનારે બાંધેલું હતું, જેની આસપાસ પાણી હતું, સમુદ્ર તેનો કિલ્લો હતો અને પાણી તેનો કોટ હતો?

9
כּ֥וּשׁ — કૂશ
עָצְמָ֛ה — શક્તિશાળી-હતી — H6109
וּמִצְרַ֖יִם — અને-મિસર — H4714
וְאֵ֣ין — અને-અંત-ન-હતો — H0369
קֵ֑צֶה — અંત
פּ֣וּט — પૂટ — H6316
וְלוּבִ֔ים — અને-લૂબીમ — H3864
הָי֖וּ — હતા — H1961
בְּעֶזְרָתֵֽךְ׃ — તારી-મદદમાં — H5833

કૂશ તથા મિસર તેનું બળ હતું, અને તે અનંત હતું; પૂટ તથા લૂબીઓ તારા સાથીદારો હતા.

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 10 | גַּם־ | הִ֗יא | לַגֹּלָה֙ | הָלְכָ֣ה | בַשֶּׁ֔בִי | גַּ֥ם | עֹלָלֶ֛יהָ | יְרֻטְּשׁ֖וּ | בְּרֹ֣אשׁ | כָּל־ | חוּצ֑וֹת | וְעַל־ | נִכְבַּדֶּ֙יהָ֙ | יַדּ֣וּ | גוֹרָ֔ל | וְכָל־ | גְּדוֹלֶ֖יהָ | רֻתְּק֥וּ | בַזִּקִּֽים׃ |
| | તેમ-પણ | તે | દેશવટોમાં | ગઈ | બંદીવાસમાં | તેમ | તેના-બાળકો | છૂંદવામાં-આવ્યા | માથે | બધી | શેરીઓમાં | અને-ઉપર | તેના-માનવંતાઓ | નાખ્યા | ચિઠ્ઠી | અને-બધા | તેન□-મહાનો | બાંધવામાં-આવ્યા | સાંકળોમાં |
| | H1571 | H1931 | H1473 | H1980 | | H1571 | H5768 | H7376 | | H3605 | H2351 | | H3513 | H3032 | H1486 | H3605 | | H7576 | |

તેમ છતાં તેનું અપહરણ થયું; તે ગુલામગીરીમાં ગઈ; શેરીની ભાગળમાં તેનાં બાળકોને મારીને ટુકડા કરવામાં આવ્યા, તેના માનવંતા માણસો માટે ચિઠ્ઠીઓ નાખવામાં આવી, તેના બધા માણસોને સાંકળોથી બાંધવામાં આવ્યા.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 11 | גַּם־ | אַ֣תְּ | תִּשְׁכְּרִ֔י | תְּהִ֖י | נַעֲלָמָ֑ה | גַּם־ | אַ֛תְּ | תְּבַקְשִׁ֥י | מָע֖וֹז | מֵאוֹיֵֽב׃ |
| | તેમ-પણ | તું | નશામાં-આવશે | થશે | છુપાયેલી | તેમ-પણ | તું | શોધશે | આશરો | શત્રુથી |
| | H1571 | | H7937 | H1961 | H5956 | H1571 | | H1245 | H4581 | H0341 |

હે નિનવે, તું પણ નશાથી ચકચૂર બનશે; તું પોતાને છુપાવશે; તું પણ શત્રુને લીધે આશ્રયસ્થાન શોધશે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | כָּל־ | מִבְצָרַ֔יִךְ | תְּאֵנִ֖ים | עִם־ | בִּכּוּרִ֑ים | אִם־ | יִנּ֕וֹעוּ | וְנָפְל֖וּ | עַל־ | פִּ֥י | אוֹכֵֽל׃ |
| | બધા | તારા-કિલ્લાઓ | અજીરના-ઝાડ-જેવા | સાથે | પહેલા-ફળો | જો | હલાવશે | અને-પડશે | ઉપર | મોં | ખાનારના |
| | H3605 | H4013 | H8384 | | H1061 | | H5128 | H5307 | | H6310 | H0398 |

તારા બધા કિલ્લાઓ તો પ્રથમ ફળના અજીર જેવા થશે. જો કોઈ તેમને હલાવે તો તે ખાનારાના મોમાં પડે છે.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 13 | הִנֵּ֨ה | עַמֵּ֤ךְ | נָשִׁים֙ | בְּקִרְבֵּ֔ךְ | לְאֹ֣יְבַ֔יִךְ | פָּת֥וֹחַ | נִפְתְּח֖וּ | שַׁעֲרֵ֣י | אַרְצֵ֑ךְ | אָכְלָ֥ה | אֵ֖שׁ | בְּרִיחָֽיִךְ׃ |
| | જુઓ | તારા-લોકો | સ્ત્રીઓ-જેવા□ | તારી-વચ્ચે | તારા-શત્રુઓ-માટે | ખૂલ્લાં | ખોલાયેલાં-છે | દરવાજા | તારી-ભૂમિના | બાળી-નાખે-છે | અગ્નિ | તારી-આડશોને |
| | H2009 | | H0802 | H7130 | H0341 | | | H8179 | H0776 | H0398 | H0784 | H1280 |

જો, તારામાં રહેનાર લોકો સ્ત્રીઓ જેવા છે; તારા દેશની ભાગળો તારા શત્રુ માટે ખુલ્લી મૂકવામાં આવી છે; અગ્નિ વડે તારા દરવાજાઓ ભસ્મ કરી નાખવામાં આવ્યા છે.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 14 | מֵ֤י | מָצוֹר֙ | שַׁאֲבִי־ | לָ֔ךְ | חַזְּקִ֖י | מִבְצָרָ֑יִךְ | בֹּ֧אִי | בַטִּ֛יט | וְרִמְסִ֥י | בַחֹ֖מֶר | הַחֲזִ֥יקִי | מַלְבֵּֽן׃ |
| | પાણી | ઘેરાના | ખેંચ-તારા-માટે | તારી | મજબૂત-કર | તારા-કિલ્લાઓને | પ્રવેશ-કર | કાદવમાં | અને-કચડ | માટીમાં | મજબૂત-કર | ઈંટને |
| | H4325 | H4692 | H7579 | | H2388 | H4013 | H0935 | H2916 | H7429 | | H2388 | H4404 |

પોતાને સારુ ઘેરો માટે પાણીનો સંગ્રહ કર; તારા કિલ્લાઓ મજબૂત બનાવ, માટીમાં ઊતરીને પગે ચાલીને ખાંડણી બનાવ અને ઈંટના બીબાં બનાવ.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | שָׁ֚ם | תֹּאכְלֵ֣ךְ | אֵ֔שׁ | תַּכְרִיתֵ֣ךְ | חֶ֔רֶב | תֹּאכְלֵ֖ךְ | כַּיָּ֑לֶק | הִתְכַּבֵּ֣ד | כַּיֶּ֔לֶק | הִֽתְכַּבְּדִ֖י | כָּאַרְבֶּֽה׃ |
| | ત્યાં | ખાશે-તને | અગ્નિ | કાપી-નાખશે-તને | તલવાર | ખાશે-તને | તિડ્ડી-જેમ | ઘણાં-થા | તિડ્ડી-જેમ | ઘણાં-થા | તિડ્ડી-જેમ |
| | H8033 | H0398 | H0784 | H3772 | H2719 | H0398 | H3218 | H3513 | H3218 | H3513 | H0697 |

અગ્નિ તને ભસ્મ કરી નાખશે, તલવાર તારી હત્યા કરશે. તે તને તીડની જેમ ભસ્મ કરી નાખશે. તીડની તથા કાતરાઓની જેમ તને વધારશે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 16 | הִרְבֵּית֙ | רֹכְלַ֔יִךְ | מִכּוֹכְבֵ֖י | הַשָּׁמָ֑יִם | יֶ֕לֶק | פָּשַׁ֖ט | וַיָּעֹֽף׃ |
| | વધાર્યા | તારા-વેપારીઓ | આકાશન□-તારાઓથી | આકાશના | તિડ્ડી | ઉતારે-છે | અને-ઉડી-જાય-છે |
| | | H7402 | H3556 | H8064 | H3218 | H6584 | |

તમે આકાશના તારા કરતાં તમારા વેપારીઓની સંખ્યા વધારી છે, પણ તેઓ તીડના જેવા છે: તેઓ જમીનને લૂંટે છે અને પછી ઊડી જાય છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 17 | מִנְּזָרַיִךְ | כָּאַרְבֶּה | וְטַפְסְרַיִךְ | כְּגוֹב | גֹּבָי | הַחוֹנִים | בַּגְּדֵרוֹת | בְּיוֹם | קָרָה |
| | તારા-રક્ષકો | તિડ્ડો-જેવા | અને-તાર□-સેનાપતિઓ | ટોળાં-જેવા | ટોળાંના | જે-પડાવ-નાખે-છે | વાડો-પર | દિવસે | ટાઢના |
| | H4502 | H0697 | H2951 | | | H2583 | H1448 | H3117 | H7135 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| שֶׁמֶשׁ | זָרְחָה | וְנוֹדַד | וְלֹא־ | נוֹדַע | מְקוֹמוֹ | אַיָּם׃ |
| સૂર્ય | ઉગે-છે | અને-ઉડી-જાય-છે | અને-ના | જાણી-શકાય | તેનું-સ્થાન | ક્યાં |
| H8121 | H2224 | H5074 | H3808 | H3045 | H4725 | H0335 |

તારા રાજકુમારો તીડ જેવા છે અને તારા સેનાપતિઓ તીડના ટોળાં જેવા છે, તેઓ ઠંડીના દિવસોમાં વાડોમાં છાવણી કરે છે પણ સૂરજ ઊગતાં જ તેઓ ઊડી જાય છે અને ક્યાં ગયા તેની કોઈને ખબર પડતી નથી.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 18 | נָמוּ | רֹעֶיךָ | מֶלֶךְ | אַשּׁוּר | יִשְׁכְּנוּ | אַדִּירֶיךָ | נָפֹשׁוּ | עַמְּךָ | עַל־ | הֶהָרִים |
| | ઊંઘ્યા | તાર□-ઘેટાંઢિયા | રાજા | અશ્શૂરના□ | પડ્યા-છે | તારે-શ્રેષ્ઠો | વિખરાયેલા-છે | તારા-લોકો | ઉપર | પહાડો-પર |
| | H5123 | | H4428 | H0804 | H7931 | H0117 | | | | H2022 |

| | |
|---|---|
| וְאֵין | מְקַבֵּץ׃ |
| અને-નથી | એકત્ર-કરનાર |
| H0369 | H6908 |

હે આશ્શૂરના રાજા, તારા પાળકો ઊંઘે છે; તારા આગેવાનો આરામ કરે છે. તારા લોકો પર્વતો પર વિખેરાઈ ગયા છે, તેઓને એકત્ર કરનાર કોઈ નથી.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 19 | אֵין־ | כֵּהָה | לְשִׁבְרֶךָ | נַחְלָה | מַכָּתֶךָ | כֹּל | שֹׁמְעֵי | שִׁמְעֲךָ | תָּקְעוּ | כַף |
| | નથી | શમન | તારી-ભાંગણમાં | ગંભીર-છે | તારો-ઘા | બધા | સાંભળનારા | તારી-ખબરના | તાળી-પાડે-છે | હાથ |
| | H0369 | H3545 | H7667 | | H4347 | H3605 | H8085 | | H8628 | H3709 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עָלֶיךָ | כִּי | עַל־ | מִי | לֹא־ | עָבְרָה | רָעָתְךָ | תָּמִיד׃ |
| તારા-ઉપર | કારણ-કે | ઉપર | કોણ-નથી | આવી-ન-હતી | ફેલાયેલી | તારી-દુષ્ટતા | સદા |
| | | | H4310 | H3808 | | | H8548 |

તારો ઘા રુઝાઈ શકે એવું શક્ય નથી. તારો ઘા ભારે છે. તારા વિષે ખબર સાંભળનારા + 3:19 વિનાશની સમાચાર સર્વ તારી પડતી જોઈને તાળીઓ પાડે છે. કેમ કે એવો કોઈ છે કે જેના પ્રત્યે તેં સખત દુષ્ટતા આચરી ના હોય?

# હબાક્કૂક

## Chapter 1

1

| הַמַּשָּׂא | אֲשֶׁר | חָזָה | חֲבַקּוּק | הַנָּבִיא׃ |
|---|---|---|---|---|
| ભવિષ્યવાણીનો-ભાર | જે | જોયું | હબાક્કૂક | પ્રબોધકે |
| | | H2372 | H2265 | H5030 |

હબાકુક પ્રબોધકને સંદર્શન દ્વારા પ્રાપ્ત થયેલો ઈશ્વરનો વચન.

2

| עַד־ | אָנָה | יְהוָה | שִׁוַּעְתִּי | וְלֹא | תִשְׁמָע | אֶזְעַק | אֵלֶיךָ | חָמָס | וְלֹא | תוֹשִׁיעַ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્યાં-સુધી | હે-યહોવા | — | હું-પોકાર-કરું | અને-નહિ | તું-સાંભળે | હું-બૂમ-પાડું | તારી-આગળ | હિંસા | અને-નહિ | તું-બચાવે |
| H5704 | H0575 | H3068 | H7768 | H3808 | H8085 | H2199 | H0413 | H2555 | H3808 | H3467 |

હે યહોવાહ, ક્યાં સુધી હું મદદ માટે પોકાર કરીશ અને તમે સાંભળશો નહિ? હિંસા વિષે હું પોકાર કરું છું, તો પણ તમે મને બચાવતા નથી.

3

| לָמָּה | תַרְאֵנִי | אָוֶן | וְעָמָל | תַּבִּיט | וְשֹׁד | וְחָמָס | לְנֶגְדִּי | וַיְהִי | רִיב | וּמָדוֹן | יִשָּׂא׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શા-માટે | તું-મને-દેખાડે | અન્યાય | અને-દુઃખ | જોવા-દે | અને-વિનાશ | અને-હિંસા | મારી-સામે | અને-છે | ઝઘડો | અને-કલહ | ઊઠે-છે |
| H4100 | H7200 | H0205 | H5999 | H5027 | H7701 | H2555 | H5048 | H1961 | H7379 | H4066 | H5375 |

શા માટે તમે અન્યાયને મારી નજરમાં લાવો છો અને ખરાબ કાર્યો બતાવો છો? વિનાશ અને હિંસા મારી આગળ છે; ઝઘડા અને તકરારો ચાલે છે.

4

| עַל־ | כֵּן | תָּפוּג | תּוֹרָה | וְלֹא־ | יֵצֵא | לָנֶצַח | מִשְׁפָּט | כִּי | רָשָׁע | מַכְתִּיר | אֶת־ | הַצַּדִּיק | עַל־ | כֵּן | יֵצֵא | מִשְׁפָּט | מְעֻקָּל׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તેથી | — | નિર્બળ-થાય-છે | નિયમશાસ્ત્ર | અને-નહિ | નીકળે | કદી | ન્યાય | કેમ-કે | દુષ્ટ | ઘેરી-લે-છે | — | ન્યાયીને | તેથી | — | નીકળે-છે | ન્યાય | વિકૃત |
| | | H6313 | H8451 | H3808 | H3318 | H5331 | H4941 | | H7563 | H3803 | H0853 | H6662 | | | H3318 | H4941 | H6127 |

તે માટેના કાયદાનો અમલ થતો નથી, તેથી કદી ઇનસાફ મળતો નથી. કેમ કે ન્યાયી લોકોને દુષ્ટોએ ઘેરી લીધા છે; તેથી જૂઠા ન્યાયચુકાદા થાય છે.

5

| רְאוּ | בַגּוֹיִם | וְהַבִּיטוּ | וְהִתַּמְּהוּ | תְּמָהוּ | כִּי־ | פֹעַל | פֹּעֵל | בִּימֵיכֶם | לֹא | תַאֲמִינוּ | כִּי | יְסֻפָּר׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જુઓ | પ્રજાઓમાં | અને-ધ્યાનથી-જુઓ | અને-આશ્ચર્ય-પામો | વિસ્મય-પામો | કેમ-કે | કાર્ય | કરનાર-છે | તમારા-દિવસોમાં | નહિ | વિશ્વાસ-કરશો | જો | કહેવામાં-આવે |
| H7200 | | H5027 | H8539 | H8539 | | H6467 | H6466 | H3117 | H3808 | H0539 | | |

પ્રભુએ કહ્યુ, “તમે પ્રજાઓ તરફ જુઓ અને લક્ષ આપો; તો તમે આશ્ચર્ય પામશો. કેમ કે તમારા સમયમાં હું નિશ્ચે એવું કાર્ય કરવાનો છું, જે તમને કહેવામાં આવશે પણ તમે વિશ્વાસ કરવાના નથી.

6

| | | |
|---|---|---|
| כִּֽי־ | કેમ-કે | |
| הִנְנִ֤י | જુઓ-હું | H2009 |
| מֵקִים֙ | ઊભા-કરું-છું | |
| אֶת־ | — | H0853 |
| הַכַּשְׂדִּ֔ים | ખાલ્દીઓને | H3778 |
| הַגּ֖וֹי | તે-પ્રજા | |
| הַמַּ֣ר | ક્રૂર | H4751 |
| וְהַנִּמְהָ֑ר | અને-ઉતાવળી | |
| הַֽהוֹלֵךְ֙ | જે-ચાલે-છે | H1980 |
| לְמֶרְחֲבֵי־ | પૃથ્વીના-વિસ્તારોમાં | H4800 |
| אֶ֔רֶץ | — | H0776 |
| לָרֶ֖שֶׁת | કબજો-કરવા | H3423 |
| מִשְׁכָּנ֥וֹת | નિવાસો | H4908 |
| לֹּא־ | જે-નથી | H3808 |
| לֽוֹ׃ | તેના | |

કેમ કે જુઓ, એટલે કે ખાલદીઓ જે ક્રૂર તથા ઉતાવળી પ્રજા છે તેઓને હું ઊભા કરું છું, જે ઘરો તેઓનાં પોતાના નથી તેનો કબજો કરવા તેઓ દેશના એક છેડાથી બીજા છેડા સુધી કૂચ કરે છે.

7

| | | |
|---|---|---|
| אָיֹ֤ם | ભયંકર | H0366 |
| וְנוֹרָא֙ | અને-ડરામણા | H3372 |
| ה֔וּא | તે-છે | H1931 |
| מִמֶּ֕נּוּ | તેમાંથી | |
| מִשְׁפָּט֥וֹ | તેનો-ન્યાય | H4941 |
| וּשְׂאֵת֖וֹ | અને-તેનું-ગૌરવ | H7613 |
| יֵצֵֽא׃ | નીકળે-છે | H3318 |

તેઓ ભયાનક અને બિહામણા છે; તેઓનો વૈભવ તથા ન્યાય તેઓમાંથી જ આવે છે

8

| | | |
|---|---|---|
| וְקַלּ֨וּ | અને-વધુ-ઝડપી-છે | H7043 |
| מִנְּמֵרִ֜ים | દીપડાઓ-કરતાં | H5246 |
| סוּסָ֗יו | તેના-ઘોડા | |
| וְחַדּוּ֙ | અને-વધુ-તીક્ષ્ણ-છે | |
| מִזְּאֵ֣בֵי | સાંજના-વરુઓ | H2061 |
| עֶ֔רֶב | કરતાં | H6153 |
| וּפָ֖שׁוּ | અને-દોડે-છે | |
| פָּֽרָשָׁ֑יו | તેના-ઘોડેસવારો | |
| וּפָרָשָׁיו֙ | અને-તેના-ઘોડેસવારો | |
| מֵרָח֣וֹק | દૂરથી | H7350 |
| יָבֹ֔אוּ | આવે-છે | H0935 |
| יָעֻ֕פוּ | ઊડે-છે | |
| כְּנֶ֖שֶׁר | ગરુડની-જેમ | H5404 |
| חָ֥שׁ | ઉતાવળે | |
| לֶאֱכֽוֹל׃ | ખાવા | H0398 |

તેઓના ઘોડાઓ દીપડાઓ કરતાં વધારે જલદ છે, સાંજના વરુઓ કરતાં વિકરાળ છે. તેઓના ઘોડાઓ પર છાપ મારેલી છે, અને તેઓના ઘોડેસવારો ઘણે દૂરથી આવે છે. તેઓ ઝડપથી ઊડતા ગરુડની માફક ભક્ષ કરવા માટે દોડે છે.

9

| | | |
|---|---|---|
| כֻּלֹּה֙ | તેઓ-બધા | H3605 |
| לְחָמָ֣ס | હિંસા-માટે | H2555 |
| יָב֔וֹא | આવે-છે | H0935 |
| מְגַמַּ֥ת | તેઓના-ચહેરાની-દિશા | H4041 |
| פְּנֵיהֶ֖ם | — | H6440 |
| קָדִ֑ימָה | પૂર્વ-તરફ | H6921 |
| וַיֶּאֱסֹ֥ף | અને-તે-ભેગા-કરે-છે | H0622 |
| כַּח֖וֹל | રેતી-જેટલા | H2344 |
| שֶֽׁבִי׃ | બંદીવાનો | |

તેઓ સર્વ હિંસા માટે આવે છે, તેઓના લોકો અરણ્યના પવન જેવા છે; તેઓ રેતીના કણ જેટલા બંદીવાનો એકઠા કરે છે.

10

| | | |
|---|---|---|
| וְהוּא֙ | અને-તે | H1931 |
| בַּמְּלָכִ֣ים | રાજાઓની | H4428 |
| יִתְקַלָּ֔ס | મશ્કરી-કરે-છે | H7046 |
| וְרֹזְנִ֖ים | અને-અધિકારીઓ | H7336 |
| מִשְׂחָ֣ק | હાસ્ય | H4890 |
| ל֑וֹ | છે-તેને | |
| ה֚וּא | તે | H1931 |
| לְכָל־ | દરેક | H3605 |
| מִבְצָ֣ר | કિલ્લા-પર | H4013 |
| יִשְׂחָ֔ק | હસે-છે | H7832 |
| וַיִּצְבֹּ֥ר | અને-ઢગલો-કરે-છે | H6651 |
| עָפָ֖ר | ધૂળનો | H6083 |
| וַֽיִּלְכְּדָֽהּ׃ | અને-તેને-લઈ-લે-છે | H3920 |

તેઓ રાજાઓની મશ્કરી કરે છે, સરદારો તો તેમની નજરમાં હાસ્યરૂપ છે. તે દરેક કિલ્લાઓની હાંસી ઉડાવે છે, કેમ કે તેઓ પૃથ્વી પરથી ધૂળના ઢગલા કરી તેને લઈ લે છે

11

| | | |
|---|---|---|
| אָ֣ז | પછી | |
| חָ֥לַף | બદલાય-છે | H2498 |
| ר֛וּחַ | પવન | H7307 |
| וַֽיַּעֲבֹ֖ר | અને-પસાર-થાય-છે | |
| וְאָשֵׁ֑ם | અને-દોષી-થાય-છે | H0816 |
| ז֥וּ | આ | H2098 |
| כֹח֖וֹ | તેનું-બળ | |
| לֵאלֹהֽוֹ׃ | તેના-દેવ-છે | H0430 |

પછી પવનની માફક તેઓ ધસી જશે, જેઓ પોતાના બળને પોતાનો દેવ ગણે છે, તે અપરાધી ઠરશે.”

12

| | | |
|---|---|---|
| הֲל֧וֹא | શું-નહિ | H3808 |
| אַתָּ֣ה | તું | |
| מִקֶּ֗דֶם | પ્રાચીન-કાળથી | |
| יְהוָ֧ה | હે-યહોવા | H3068 |
| אֱלֹהַ֛י | મારા-ઈશ્વર | H0430 |
| קְדֹשִׁ֖י | મારા-પવિત્ર | H6918 |
| לֹ֣א | નહિ | H3808 |
| נָמ֑וּת | અમે-મરીએ | H4191 |
| יְהוָה֙ | હે-યહોવા | H3068 |
| לְמִשְׁפָּ֣ט | ન્યાય-માટે | H4941 |
| שַׂמְתּ֔וֹ | તેં-તેને-ઠરાવ્યો-છે | |
| וְצ֖וּר | અને-હે-ખડક | H6697 |
| לְהוֹכִ֥יחַ | ઠપકો-આપવા | H3198 |
| יְסַדְתּֽוֹ׃ | તેં-તેને-સ્થાપ્યો-છે | H3245 |

“યહોવાહ મારા ઈશ્વર, મારા પવિત્ર, શું તમે અનાદિકાળથી નથી? અમે માર્યા જવાના નથી. તમે ન્યાય માટે તેનું નિર્માણ કર્યું છે, હે મારા ખડક, સુધારાને માટે મેં તેને સ્થાપ્યો છે.

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| טְהֹור | עֵינַיִם | מֵרְאֹות | רָע | וְהַבִּיט | אֶל־ | עָמָל | לֹא | תוּכָל | לָמָּה | תַבִּיט |
| શુદ્ધ | આખો | જોવાથી | દુષ્ટતા | અને-જોવું | — | દુઃખ | નહિ | શકે | શા-માટે | તું-જુએ-છે |
| H2890 | | H7200 | | H5027 | H0413 | H5999 | H3808 | H3201 | H4100 | H5027 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| בֹּוגְדִים | תַּחֲרִישׁ | בְּבַלַּע | רָשָׁע | צַדִּיק | מִמֶּנּוּ׃ |
| વિશ્વાસઘાતીઓને | ચૂપ-રહે-છે | જ્યારે-ગળી-જાય-છે | દુષ્ટ | ન્યાયીને | તેના-કરતાં |
| H0898 | | H1104 | H7563 | H6662 | |

તમારી આખો એટલી શુદ્ધ છે કે તમે અશુદ્ધતા જોઈ શકતા નથી, અન્યાય જોવા તમે ઊભા રહી શકતા નથી. તો પછી જેઓ વિશ્વાસઘાતી છે તેઓના પક્ષમાં તમે શા માટે જુઓ છો? દુષ્ટ માણસ પોતાના કરતાં ન્યાયી માણસને ગળી જાય છે, ત્યારે તમે શા માટે ચૂપ રહો છો?

14

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַתַּעֲשֶׂה | אָדָם | כִּדְגֵי | הַיָּם | כְּרֶמֶשׂ | לֹא־ | מֹשֵׁל | בֹּו׃ |
| અને-તેં-બનાવ્યા | માણસોને | સમુદ્રની-માછલીઓ-જેવા | — | જીવજંતુ-જેવા | જેનો-નથી | શાસક | તેના-પર |
| H0120 | | H1709 | H3220 | H7431 | H3808 | H4910 | |

તમે માણસોને સમુદ્રના માછલાં જેવા બનાવો છો, જેઓની ઉપર કોઈ અધિકારી ન હોય તેવાં પેટે ચાલનારાં સજીવો જેવા તમે માણસોના હાલ કરો છો.

15

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| כֻּלֹּה | בְּחַכָּה | הֵעֲלָה | יְגֹרֵהוּ | בְחֶרְמֹו | וְיַאַסְפֵהוּ | בְּמִכְמַרְתֹּו | עַל־ |
| તે-બધાને | આકડાથી | ખેંચી-કાઢે-છે | તેને-ખેંચે-છે | તેની-જાળમાં | અને-ભેગા-કરે-છે | તેની-મછીમારની-જાળમાં | તેથી |
| H3605 | H2443 | H5927 | H1641 | | H0622 | | |

| | | |
|---|---|---|
| כֵּן | יִשְׂמַח | וְיָגִיל׃ |
| — | તે-આનંદ-કરે-છે | અને-હર્ષ-પામે-છે |
| | H8055 | H1523 |

વિશ્વાસઘાતી માણસો તેઓને ગલથી ઉપર લાવે છે, તેઓ માણસોને જોરથી ખેંચીને જાળમાં ભેગા કરે છે તેથી તેઓ આનંદ કરે છે અને ખુશીથી પોકાર કરે છે.

16

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עַל־ | כֵּן | יְזַבֵּחַ | לְחֶרְמֹו | וִיקַטֵּר | לְמִכְמַרְתֹּו | כִּי | בָהֵמָּה |
| તેથી | — | તે-બલિ-ચઢાવે-છે | તેની-જાળને | અને-ધૂપ-બાળે-છે | તેની-મછીમારની-જાળને | કેમ-કે | તેનાથી |
| | | H2076 | | | | | H1992 |

| | | | |
|---|---|---|---|
| שָׁמֵן | חֶלְקֹו | וּמַאֲכָלֹו | בְּרִאָה׃ |
| ચરબીવાળો-છે | તેનો-ભાગ | અને-તેનો-ખોરાક | પુષ્કળ-છે |
| H8082 | | H3978 | H1277 |

તે માટે તેઓ પોતાની જાળને બલિદાન આપે છે, પોતાની જાળની આગળ ધૂપ બાળે છે; કેમ કે ચરબીવાળાં જાનવરો તેઓનો હિસ્સો છે, ચરબીવાળું માંસ તેઓનો ખોરાક છે.

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַעַל | כֵּן | יָרִיק | חֶרְמֹו | וְתָמִיד | לַהֲרֹג | גֹּויִם | לֹא | יַחְמֹול׃ | ס |
| શું | તેથી | તે-ખાલી-કરે | તેની-જાળ | અને-સદા | મારવા | પ્રજાઓને | નહિ | દયા-કરે | — |
| | | H7324 | | H8548 | H2026 | | H3808 | H2550 | |

તેથી શું તેઓ તેઓની જાળ ખાલી કરશે? અને દયા કે લાગણી વગર લોકોનો સતત સંહાર કરવાનું બંધ નહિ કરે?”

# Chapter 2

1

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| עַל־ | מִשְׁמַרְתִּי | אֶעֱמֹדָה | וְאֶתְיַצְּבָה | עַל־ | מָצֹור | וַאֲצַפֶּה | לִרְאֹות |
| — | મારા-ચોકીના-સ્થાન-પર | હું-ઊભો-રહીશ | અને-હું-ગોઠવાઈ-જઈશ | — | કિલ્લા-પર | અને-હું-જોઈશ | જોવા-માટે |
| | H4931 | H5975 | H3320 | | H4692 | H6822 | H7200 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מַה־ | יְדַבֶּר־ | בִּי | וּמָה | אָשִׁיב | עַל־ | תֹּוכַחְתִּי׃ |
| શું | તે-બોલશે | મને | અને-શું | હું-જવાબ-આપીશ | — | મારી-ફરિયાદ-વિષે |
| H4100 | H1696 | | H4100 | H7725 | | |

હું મારી ચોકી પર ઊભો રહીશ, અને હું બુરજ પર ઊભો રહીને ધ્યાનથી જોયા કરીશ કે તે મારી સાથે શું બોલે છે અને મારી ફરિયાદનો શો જવાબ આપે છે.

| 2 | וַיַּעֲנֵנִי | יְהוָה | וַיֹּאמֶר | כְּתוֹב | חָזוֹן | וּבָאֵר | עַל־ | הַלֻּחוֹת | לְמַעַן |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-યહોવાએ-મને-ઉત્તર-આપ્યો | — | અને-કહ્યુ | લખ | દર્શન | અને-સ્પષ્ટ-કર | — | પાટીઓ-પર | જેથી |
| | | H3068 | H0559 | H3789 | H2377 | H0874 | | H3871 | H4616 |

| יָרוּץ | קוֹרֵא | בוֹ׃ |
|---|---|---|
| દોડી-શકે | વાંચનાર | તેમાં |
| H7323 | H7121 | |

યહોવાહે મને જવાબ આપીને કહ્યુ, “આ દર્શનને લખ, તેને પાટીઓ પર એવી રીતે લખ કે જે વાંચે તે દોડે.

| 3 | כִּי | עוֹד | חָזוֹן | לַמּוֹעֵד | וְיָפֵחַ | לַקֵּץ | וְלֹא | יְכַזֵּב | אִם־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કેમ-કે | હજી | દર્શન | નિયત-સમય-માટે-છે | અને-તે-હાંફે-છે | અંત-તરફ | અને-નહિ | જૂઠું-બોલશે | જો |
| | | H5750 | H2377 | H4150 | H6315 | H7093 | H3808 | H3576 | |

| יִתְמַהְמָהּ | חַכֵּה־ | לוֹ | כִּי־ | בֹא | יָבֹא | לֹא | יְאַחֵר׃ |
|---|---|---|---|---|---|---|---|
| તે-વિલંબ-કરે | રાહ-જો | તેની | કેમ-કે | ચોક્કસ | આવશે | નહિ | મોડું-કરશે |
| H4102 | H2442 | | | H0935 | H0935 | H3808 | H0309 |

કેમ કે સંદર્શન ભવિષ્ય માટે છે અને તે પૂર્ણ થવાને ઉતાવળું થઈ રહ્યુ છે અને તે ખોટું પડશે નહિ. જો તે વધારે સમય લે તોપણ તેની રાહ જો કેમ કે તે વિલંબ કર્યા વિના નિશ્ચે આવશે અને થોભશે નહિ.

| 4 | הִנֵּה | עֻפְּלָה | לֹא־ | יָשְׁרָה | נַפְשׁוֹ | בּוֹ | וְצַדִּיק | בֶּאֱמוּנָתוֹ | יִחְיֶה׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | જુઓ | ફુલેલો-છે | નથી | સીધો | તેનો-આત્મા | તેનામાં | પણ-ન્યાયી | તેના-વિશ્વાસથી | જીવશે |
| | H2009 | | H3808 | H3474 | H5315 | | H6662 | H0530 | H2421 |

જુઓ માણસનું મન ગર્વિષ્ઠ થયું છે અને તેનામાં સ્થિરતા નથી, પણ ન્યાયી માણસ તેના વિશ્વાસથી જીવશે.

| 5 | וְאַף | כִּי־ | הַיַּיִן | בּוֹגֵד | גֶּבֶר | יָהִיר | וְלֹא | יִנְוֶה | אֲשֶׁר | הִרְחִיב |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને-ખરેખર | કેમ-કે | દારૂ | વિશ્વાસઘાતી-છે | માણસ | ઘમંડી | અને-નહિ | સ્થિર-રહે | જેણે | પહોળી-કરી-છે |
| | H0637 | | H3196 | H0898 | H1397 | H3093 | H3808 | | | H7337 |

| כִשְּׁאוֹל | נַפְשׁוֹ | וְהוּא | כַמָּוֶת | וְלֹא | יִשְׂבָּע | וַיֶּאֱסֹף | אֵלָיו | כָּל־ | הַגּוֹיִם |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શેઓલ-જેવી | તેની-ભૂખ | અને-તે | મૃત્યુ-જેવો-છે | અને-નહિ | ધરાય | અને-તે-ભેગા-કરે-છે | પોતાની-પાસે | બધી | પ્રજાઓને |
| H7585 | H5315 | H1931 | H4194 | H3808 | H7646 | H0622 | H0413 | H3605 | |

| וַיִּקְבֹּץ | אֵלָיו | כָּל־ | הָעַמִּים׃ |
|---|---|---|---|
| અને-એકઠા-કરે-છે | પોતાની-પાસે | બધા | લોકોને |
| H6908 | H0413 | H3605 | |

કેમ કે દ્રાક્ષારસ તો તેનો વિશ્વાસઘાત કરે છે, તે ઘમંડી છે, જેથી તે ઘરે ન રહેતાં બહાર ભટકે છે, તે પોતાની લાલસા વધારીને કબર જેવી કરે છે, તે મોતની પેઠે કદી તૃપ્ત થતી નથી. તે દરેક પ્રજાને અને લોકોને પોતાના માટે ભેગા કરે છે.

| 6 | הֲלוֹא־ | אֵלֶּה | כֻלָּם | עָלָיו | מָשָׁל | יִשָּׂאוּ | וּמְלִיצָה | חִידוֹת | לוֹ | וְיֹאמַר | הוֹי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | શું-નહિ | આ | બધા | તેની-વિરુદ્ધ | દૃષ્ટાંત | ઉઠાવે | અને-ઉપહાસ | કોયડાઓ | તેના-માટે | અને-કહે | અફસોસ |
| | H3808 | H0428 | H3605 | | H4912 | H5375 | H4426 | H2420 | | H0559 | H1945 |

| הַמַּרְבֶּה | לֹּא־ | לוֹ | עַד־ | מָתַי | וּמַכְבִּיד | עָלָיו | עַבְטִיט׃ |
|---|---|---|---|---|---|---|---|
| જે-વધારે-છે | પોતાનું-નથી | તેને | ક્યાં-સુધી | — | અને-ભારે-કરે-છે | પોતાના-પર | બાનાખત |
| | H3808 | | H5704 | H4970 | H3513 | | H5671 |

શું લોકો તેની વિરુદ્ધ દ્રષ્ટાંત આપીને તથા મહેણાં મારીને એવું નહિ કહે કે, ‘જે પોતાનું નથી તેનો સંગ્રહ કરનારને અફસોસ? ક્યાં સુધી તું ગીરવે લીધેલી વસ્તુનું વજન ઊંચકાવે છે?’

| 7 | הֲלוֹא | פֶתַע | יָקוּמוּ | נֹשְׁכֶיךָ | וְיִקְצוּ | מְזַעְזְעֶיךָ | וְהָיִיתָ | לִמְשִׁסּוֹת | לָמוֹ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | શું-નહિ | અચાનક | ઊઠશે | તને-કરડનારા | અને-જાગશે | તને-ધ્રુજાવનારા | અને-તું-થઈ-જશે | લૂંટ | તેમના-માટે |
| | H3808 | H6621 | | | H6974 | H2111 | H1961 | H4933 | |

શું એકાએક એવા માણસો ઊભા નહિ થાય કે જેઓ તમને કરડી ખાશે? શું એવા નહિ જાગે કે જેઓ તને હેરાન કરશે?

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 8 | כִּי | אַתָּה | שַׁלּוֹתָ | גּוֹיִם | רַבִּים | יְשָׁלּוּךָ | כָּל־ | יֶתֶר | עַמִּים | מִדְּמֵי |
| | કેમ-કે | તેં | લૂંટ્યા-છે | ઘણી-પ્રજાઓને | — | તને-લૂંટશે | બધા | બાકીના | લોકો | માણસોના-લોહીને-લીધે |
| | | | | | | | H3605 | | | H1818 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | אָדָם | וַחֲמַס־ | אֶרֶץ | קִרְיָה | וְכָל־ | יֹשְׁבֵי | בָהּ׃ | פ |
| | — | અને-હિંસાને-લીધે | દેશની | શહેરની | અને-બધા | રહેવાસીઓ | તેના | — |
| | H0120 | H2555 | H0776 | H7151 | H3605 | H3427 | | |

કેમ કે તેં ઘણાં પ્રજાઓને લૂંટ્યા છે, તેથી તે બાકી રહેલા લોકો તને લૂંટશે, માણસોના રક્તપાત અને દેશમાં થતી હિંસાને લીધે નગર તથા તેના સર્વ રહેવાસીઓને લૂંટી લેવાશે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | הוֹי | בֹּצֵעַ | בֶּצַע | רָע | לְבֵיתוֹ | לָשׂוּם | בַּמָּרוֹם | קִנּוֹ | לְהִנָּצֵל |
| | અફસોસ | જે-મેળવે-છે | અન્યાયી-લાભ | દુષ્ટ | પોતાના-ઘર-માટે | મૂકવા | ઊંચાઈ-પર | પોતાનો-માળો | બચવા-માટે |
| | H1945 | H1214 | H1215 | | | | H4791 | H7064 | H5337 |

| | | |
|---|---|---|
| | מִכַּף־ | רָע׃ |
| | દુષ્ટતાના-હાથમાંથી | — |
| | H3709 | |

જે દુષ્ટના હાથમાંથી બચાવને સારુ, પોતાનો માળો ઊંચે બાંધવાને સારુ અન્યાયના દ્રવ્યથી પોતાનું ઘર ભરે છે તેને અફસોસ’

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 10 | יָעַצְתָּ | בֹּשֶׁת | לְבֵיתֶךָ | קְצוֹת־ | עַמִּים | רַבִּים | וְחוֹטֵא | נַפְשֶׁךָ׃ |
| | તેં-યોજના-બનાવી-છે | શરમ | તારા-ઘર-માટે | કાપી-નાખીને | ઘણા-લોકોને | — | અને-પાપ-કર્યું-છે | તારા-આત્મા-વિરુદ્ધ |
| | H3289 | H1322 | | H7096 | | | H2398 | H5315 |

ઘણાં લોકોનો સંહાર કરવાથી તેં તારા ઘરને શરમજનક કર્યું છે, તેં તારા પોતાના આત્માની વિરુદ્ધ પાપ કર્યું છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 11 | כִּי־ | אֶבֶן | מִקִּיר | תִּזְעָק | וְכָפִיס | מֵעֵץ | יַעֲנֶנָּה׃ | פ |
| | કેમ-કે | પથ્થર | દીવાલમાંથી | બૂમ-પાડશે | અને-લાકડાની-ધરણ | લાકડામાંથી | જવાબ-આપશે | — |
| | | H0068 | H7023 | H2199 | H3714 | H6086 | | |

કેમ કે દીવાલમાંથી પથ્થર પોકાર કરશે, છતમાંથી ભારોટીયા તેમને જવાબ આપશે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 12 | הוֹי | בֹּנֶה | עִיר | בְּדָמִים | וְכוֹנֵן | קִרְיָה | בְּעַוְלָה׃ |
| | અફસોસ | જે-બાંધે-છે | શહેર | લોહીથી | અને-સ્થાપે-છે | નગર | અન્યાયથી |
| | H1945 | H1129 | | H1818 | | H7151 | |

‘જે રક્તપાત કરીને શહેર બાંધે છે અને જે અન્યાયથી નગર વસાવે છે તેને ધિક્કાર છે.’

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 13 | הֲלוֹא | הִנֵּה | מֵאֵת | יְהוָה | צְבָאוֹת | וְיִיגְעוּ | עַמִּים | בְּדֵי־ | אֵשׁ | וּלְאֻמִּים |
| | શું-નથી | જુઓ | યહોવા | — | સૈન્યોના-તરફથી | અને-લોકો-મહેનત-કરે-છે | — | અગ્નિ-માટે | — | અને-પ્રજાઓ |
| | H3808 | H2009 | H0854 | H3068 | | H3021 | | H1767 | H0784 | H3816 |

| | | | |
|---|---|---|---|
| | בְדֵי־ | רִיק | יִעָפוּ׃ |
| | વ્યર્થ-માટે | — | થાકી-જાય-છે |
| | H1767 | H7385 | H3286 |

શું આ સૈન્યોના યહોવાહે કર્યું નથી? લોકો અગ્નિને સારુ પરિશ્રમ કરે છે અને પ્રજા નકામી બાબતો માટે પોતાને થકવી નાખે છે?

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 14 | כִּי | תִּמָּלֵא | הָאָרֶץ | לָדַעַת | אֶת־ | כְּבוֹד | יְהוָה | כַּמַּיִם | יְכַסּוּ | עַל־ | יָם׃ |
| | કેમ-કે | ભરાઈ-જશે | પૃથ્વી | જાણવાથી | — | યહોવાના-મહિમાને | — | પાણી-જેમ | ઢાંકે-છે | — | સમુદ્રને |
| | | H4390 | H0776 | H3045 | H0853 | H3519 | H3068 | H4325 | H3680 | | H3220 |

| | |
|---|---|
| | ס |
| | — |

કેમ કે જેમ સમુદ્ર પાણીથી ભરેલો છે તેમ દેશ યહોવાહના ગૌરવના જ્ઞાનથી ભરાઈ જશે.

15

| | | |
|---|---|---|
| הֹוי | અફસોસ | H1945 |
| מַשְׁקֵה | જે-પીવડાવે-છે | H8248 |
| רֵעֵהוּ | પોતાના-પડોશીને | H7453 |
| מְסַפֵּחַ | ભેળવીને | |
| חֲמָתְךָ | તારો-ક્રોધ | H2573 |
| וְאַף | અને-વળી | H0637 |
| שַׁכֵּר | નશામાં-ચૂર-કરે-છે | H7937 |
| לְמַעַן | જેથી | H4616 |
| הַבִּיט | જુએ | H5027 |
| עַל־ | — | |
| מְעוֹרֵיהֶם׃ | તેમની-નગ્નતા | H4589 |

તું તારા પડોશીને મદ્યપાન કરાવે છે, ઝેર ઉમેરીને તેને નશાથી ચૂર બનાવે છે કે જેથી તું તેની વસ્ત્રહીન અવસ્થા જોઈ શકે, તને અફસોસ!’

16

| | | |
|---|---|---|
| שָׂבַעְתָּ | તું-ભરાઈ-ગયો-છે | H7646 |
| קָלוֹן | અપમાનથી | H7036 |
| מִכָּבוֹד | ગૌરવને-બદલે | H3519 |
| שְׁתֵה | પી | H8354 |
| גַם־ | તું-પણ | H1571 |
| אַתָּה | — | |
| וְהֵעָרֵל | અને-બેસુન્નત-થા | H6188 |
| תִּסּוֹב | ફરશે | H5437 |
| עָלֶיךָ | તારા-પર | |
| כּוֹס | પ્યાલો | |
| יְמִין | યહોવાના-જમણા-હાથનો | H3225 |
| יְהוָה | — | H3068 |
| וְקִיקָלוֹן | અને-અપમાન | H7022 |
| עַל־ | — | |
| כְּבוֹדֶךָ׃ | તારા-ગૌરવ-પર | H3519 |

તું કીર્તિને બદલે શરમથી ઘાયલ છે, તું પી અને તારી પોતાની વસ્ત્રહીન અવસ્થાને પ્રગટ કર! યહોવાહના જમણા હાથનો પ્યાલો તારા તરફ વળશે, તારી કીર્તિને થૂંકી નાખવામાં આવશે.

17

| | | |
|---|---|---|
| כִּי | કેમ-કે | |
| חֲמַס | લબાનોન-પરની-હિંસા | H2555 |
| לְבָנוֹן | — | H3844 |
| יְכַסֶּךָּ | તને-ઢાંકશે | H3680 |
| וְשֹׁד | અને-પ્રાણીઓનો-વિનાશ | H7701 |
| בְּהֵמוֹת | — | H0929 |
| יְחִיתַן | તને-ભયભીત-કરશે | H2865 |
| מִדְּמֵי | માણસોના-લોહીને-લીધે | H1818 |
| אָדָם | — | H0120 |
| וַחֲמַס־ | અને-હિંસાને-લીધે | H2555 |
| אֶרֶץ | દેશની | H0776 |
| קִרְיָה | શહેરની | H7151 |
| וְכָל־ | અને-બધા | H3605 |
| יֹשְׁבֵי | રહેવાસીઓ | H3427 |
| בָהּ׃ | તેના | |
| ס | — | |

લબાનોન પર કરેલી હિંસા તને ઢાંકી દેશે, પશુઓનો વિનાશ તને ભયભીત બનાવી દેશે, માણસોના રક્તપાતને કારણે અને દેશમાં, નગરોમાં તથા બધા રહેવાસીઓ સાથે કરેલી હિંસાને કારણે એ પ્રમાણે થશે.

18

| | | |
|---|---|---|
| מָה־ | શું | H4100 |
| הוֹעִיל | લાભ-આપી-છે | H3276 |
| פֶּסֶל | મૂર્તિએ | H6459 |
| כִּי | કે | |
| פְסָלוֹ | તેને-કોતરી-છે | H6458 |
| יֹצְרוֹ | તેના-ઘડનારે | H3336 |
| מַסֵּכָה | ઢાળેલી-મૂર્તિ | |
| וּמוֹרֶה | અને-જૂઠું-શીખવનાર | |
| שָּׁקֶר | — | H8267 |
| כִּי | કે | |
| בָטַח | ભરોસો-રાખે-છે | H0982 |
| יֹצֵר | ઘડનાર | H3335 |
| יִצְרוֹ | પોતાના-ઘડતર-પર | H3336 |
| עָלָיו | — | |
| לַעֲשׂוֹת | બનાવવા | |
| אֱלִילִים | મૂંગી-મૂર્તિઓ | H0457 |
| אִלְּמִים׃ | — | H0483 |
| ס | — | |

મૂર્તિકારે મૂર્તિ ઘડી છે. માણસે બનાવેલી મૂર્તિઓથી તથા ઢાળેલી મૂર્તિઓ જે જુઠાણાનો શિક્ષક છે; તેઓનાથી તને શો ફાયદો છે? કેમ કે તે પોતાના હાથના કામ પર વિશ્વાસ કરીને આ મૂંગા દેવો બનાવે છે.

19

| | | |
|---|---|---|
| הוֹי | અફસોસ | H1945 |
| אֹמֵר | જે-કહે-છે | H0559 |
| לָעֵץ | લાકડાને | H6086 |
| הָקִיצָה | જાગ | H6974 |
| עוּרִי | ઊઠ | H5782 |
| לְאֶבֶן | પથ્થરને | H0068 |
| דּוּמָם | મૂંગા | H1748 |
| הוּא | તે | H1931 |
| יוֹרֶה | શીખવશે | |
| הִנֵּה־ | જુઓ | H2009 |
| הוּא | તે | H1931 |
| תָּפוּשׂ | મઢેલો-છે | H8610 |
| זָהָב | સોનાથી | H2091 |
| וָכֶסֶף | અને-ચાંદીથી | H3701 |
| וְכָל־ | અને-કોઈ | H3605 |
| רוּחַ | શ્વાસ | H7307 |
| אֵין | નથી | H0369 |
| בְּקִרְבּוֹ׃ | તેની-અંદર | H7130 |

જે મનુષ્ય લાકડાને કહે છે જાગ. તથા પથ્થરને કહે છે ઊઠ.’ તેને અફસોસ! શું તે આ શીખવી શકે? જુઓ, તે તો સોના અને ચાંદીથી મઢેલી છે, પણ તેની અંદર બિલકુલ શ્વાસ નથી.

20

| | | |
|---|---|---|
| וַיהוָה | પણ-યહોવા | H3068 |
| בְּהֵיכַל | પોતાના-પવિત્ર-મંદિરમાં | H1964 |
| קָדְשׁוֹ | — | H6944 |
| הַס | ચૂપ-રહો | H2013 |
| מִפָּנָיו | તેમની-સામે | H6440 |
| כָּל־ | સમગ્ર | H3605 |
| הָאָרֶץ׃ | પૃથ્વી | H0776 |
| פ | — | |

પણ યહોવાહ તેમના પવિત્ર ઘરમાં છે તેમની આગળ આખી પૃથ્વી શાંત રહો.

## Chapter 3

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | תְּפִלָּה | לַחֲבַקּוּק | הַנָּבִיא | עַל | שִׁגְיֹנוֹת׃ |
| | પ્રાર્થના | હબાક્કૂક-પ્રબોધકની | — | શિગ્યોનોથ-પર | — |
| | H8605 | H2265 | H5030 | | H7692 |

હબાકુક પ્રબોધકની પ્રાર્થના, રાગ શિગ્યોનોથ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | יְהוָה | שָׁמַעְתִּי | שִׁמְעֲךָ | יָרֵאתִי | יְהוָה | פָּעָלְךָ | בְּקֶרֶב | שָׁנִים | חַיֵּיהוּ |
| | હે-યહોવા | મેં-સાંભળ્યું-છે | તારો-સંદેશો | હું-ભયભીત-થયો | હે-યહોવા | તારું-કાર્ય | વર્ષોની-વચ્ચે | — | જીવિત-કરો |
| | H3068 | H8085 | | H3372 | H3068 | H6467 | H7130 | H8141 | H2421 |
| | בְּקֶרֶב | שָׁנִים | תּוֹדִיעַ | בְּרֹגֶז | רַחֵם | תִּזְכּוֹר׃ | | | |
| | વર્ષોની-વચ્ચે | — | જાણીતું-કરો | ક્રોધમાં | દયા | યાદ-કરો | | | |
| | H7130 | H8141 | H3045 | H7267 | H7355 | H2142 | | | |

હે યહોવાહ, તમારા વિષે મેં બયાન સાંભળ્યું છે અને મને બીક લાગી. યહોવાહ, ચાલ્યા જતા સમયોમાં તમારા કામનું પુનર્જીવન કરો; આ વર્ષોમાં તેને પ્રગટ કરો; તમારા ક્રોધમાં પણ દયાને યાદ કરો

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | אֱלוֹהַּ | מִתֵּימָן | יָבוֹא | וְקָדוֹשׁ | מֵהַר־ | פָּארָן | סֶלָה | כִּסָּה | שָׁמַיִם | הוֹדוֹ |
| | ઈશ્વર | તેમાનથી | આવે-છે | અને-પવિત્ર | પારાન-પર્વતથી | — | સેલાહ | ઢાંકેલું-છે | આકાશોને | તેના-ગૌરવે |
| | H0433 | H8487 | H0935 | H6918 | H2022 | H6290 | H5542 | H3680 | H8064 | H1935 |
| | וּתְהִלָּתוֹ | מָלְאָה | הָאָרֶץ׃ | | | | | | | |
| | અને-તેની-સ્તુતિથી | ભરાઈ-ગઈ-છે | પૃથ્વી | | | | | | | |
| | H8416 | H4390 | H0776 | | | | | | | |

ઈશ્વર તેમાનથી આવે છે, પવિત્ર દેવ પારાન પર્વતથી આવે છે. સેલાહ તેમનો વૈભવ આકાશોને ઢાંકી દે છે અને પૃથ્વી તેમની સ્તુતિથી ભરપૂર છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 4 | וְנֹגַהּ | כָּאוֹר | תִּהְיֶה | קַרְנַיִם | מִיָּדוֹ | לוֹ | וְשָׁם | חֶבְיוֹן | עֻזֹּה׃ |
| | અને-તેજ | પ્રકાશ-જેવું | હશે | કિરણો | તેના-હાથમાંથી | તેના | અને-ત્યાં | છુપાયેલો-છે | તેનું-બળ |
| | H5051 | H0216 | H1961 | | H3027 | | H8033 | H2253 | H5797 |

તેમના હાથોમાંથી પ્રકાશની જેમ કિરણો ચમકે છે ત્યાં જ તેમનું સામર્થ્ય ગુપ્ત રહેલું છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 5 | לְפָנָיו | יֵלֶךְ | דָּבֶר | וְיֵצֵא | רֶשֶׁף | לְרַגְלָיו׃ |
| | તેની-આગળ | જાય-છે | મરકી | અને-નીકળે-છે | તાવ | તેના-પગલે |
| | H6440 | H3212 | H1698 | H3318 | H7565 | H7272 |

મહામારી તેમની આગળ ચાલે છે, મરકી તેમના પગ પાછળથી જાય છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 6 | עָמַד | וַיְמֹדֶד | אֶרֶץ | רָאָה | וַיַּתֵּר | גּוֹיִם | וַיִּתְפֹּצְצוּ | הַרְרֵי־ | עַד | שַׁחוּ |
| | તે-ઊભા-રહ્યા | અને-માપી | પૃથ્વીને | તેમણે-જોયું | અને-કંપાવ્યા | પ્રજાઓને | અને-તૂટી-પડ્યા | સનાતના-પર્વતો | — | નમ્યા |
| | H5975 | H4128 | H0776 | H7200 | | | | H2042 | H5703 | H7817 |
| | גִּבְעוֹת | עוֹלָם | הֲלִיכוֹת | עוֹלָם | לוֹ׃ | | | | | |
| | શાશ્વત-ટેકરીઓ | — | તેના-માર્ગો | સનાતના-છે | તેના | | | | | |
| | H1389 | H5769 | H1979 | H5769 | | | | | | |

તે ઊભા રહીને પૃથ્વીને હલાવે છે; તે નજર કરીને પ્રજાને વિખેરી નાખે છે. અચળ પર્વતોના ટુકડે ટુકડા થઈ ગયા છે, સનાતન ટેકરીઓ નમી ગઈ છે તેમના માર્ગો સનાતન છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 7 | תַּחַת | אָוֶן | רָאִיתִי | אָהֳלֵי | כוּשָׁן | יִרְגְּזוּן | יְרִיעוֹת | אֶרֶץ | מִדְיָן׃ | ס |
| | વિપત્તિમાં | — | મેં-જોયા | તંબૂઓ | કૂશાનના | ધ્રૂજે-છે | પરદાઓ | મિદ્યાન-દેશના | — | — |
| | H8478 | H0205 | H7200 | H0168 | H3572 | H7264 | H3407 | H0776 | H4080 | |

મેં કૂશાનના તંબુઓને વિપત્તિમાં જોયા છે, મેં મિદ્યાન દેશની ઇમારતોને હાલતી જોઈ છે.

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הֲבִנְהָרִים | חָרָה | יְהוָה | אִם | בַּנְּהָרִים | אַפֶּךָ | אִם־ | בַּיָּם | עֶבְרָתֶךָ | כִּי |
| શું-નદીઓ-પર | ક્રોધિત-છે | હે-યહોવા | શું | નદીઓ-પર | તારો-ક્રોધ | શું | સમુદ્ર-પર | તારો-પ્રકોપ-છે | કે-તું |
| H5104 | H2734 | H3068 | | H5104 | H0639 | | H3220 | H5678 | |
| תִרְכַּב | עַל־ | סוּסֶיךָ | מַרְכְּבֹתֶיךָ | יְשׁוּעָה׃ | | | | | |
| સવારી-કરો-છો | — | તારા-ઘોડાઓ-પર | તારા-રથો | ઉદ્ધાર-છે | | | | | |
| H7392 | | | H4818 | H3444 | | | | | |

શું યહોવાહ નદીઓ પર ગુસ્સે થયા? શું તમારો ક્રોધ નદીઓ વિરુદ્ધ છે? શું તમારો પ્રકોપ સમુદ્ર વિરુદ્ધ છે કે જેને કારણે તમે ઘોડાઓ પર અને મુક્તિના રથો પર સવારી કરી રહ્યા છો?

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עֶרְיָה | תֵעוֹר | קַשְׁתֶּךָ | שְׁבֻעוֹת | מַטּוֹת | אֹמֶר | סֶלָה | נְהָרוֹת | תְּבַקַּע־ | אָרֶץ׃ |
| ઉઘાડી-છે | ખુલ્લું-કરાય-છે | તારું-ધનુષ્ય | શપથોના | દંડો | વચનથી | સેલાહ | નદીઓથી | તું-ચીરો-છો | પૃથ્વીને |
| H6181 | H5783 | H7198 | H7621 | H4294 | H0562 | H5542 | H5104 | H1234 | H0776 |

તમે તમારું ધનુષ્ય બહાર કાઢ્યું છે, તમે તમારા ધનુષ્ય પર બાણો ચઢાવ્યાં છે. સેલાહ તમે નદીઓથી પૃથ્વીના ભાગ કર્યા છે.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| רָאוּךָ | יָחִילוּ | הָרִים | זֶרֶם | מַיִם | עָבָר | נָתַן | תְּהוֹם | קוֹלוֹ | רוֹם |
| તને-જોઈને | કાંપે-છે | પર્વતો | મૂશળધારે-વર્ષાદ | પાણીનો | પસાર-થયો | આપ્યો | ઊંડાણે | પોતાનો-અવાજ | ઊંચાઈ-પર |
| H7200 | | H2022 | H2230 | H4325 | | H5414 | H8415 | | H7315 |
| יָדֵיהוּ | נָשָׂא׃ | | | | | | | | |
| પોતાના-હાથ | ઊંચક્યા | | | | | | | | |
| H3027 | H5375 | | | | | | | | |

પર્વતો તમને જોઈને થરથર ધ્રૂજે છે, ત્યાં આગળ થઈને પાણીની રેલ ચડે છે; ઊંડાણ પોતાનો અવાજ કાઢે છે. તેનાં મોજાં કેવાં હેલે ચડે છે

11

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| שֶׁמֶשׁ | יָרֵחַ | עָמַד | זְבֻלָה | לְאוֹר | חִצֶּיךָ | יְהַלֵּכוּ | לְנֹגַהּ |
| સૂર્ય | ચંદ્ર | સ્થિર-થયા | પોતાના-સ્થાને | તારા-બાણોના-પ્રકાશમાં | — | તેઓ-જાય-છે | તારા-ભાલાના-ચમકારમાં |
| H8121 | H3394 | H5975 | H2073 | H0216 | H2671 | H1980 | H5051 |
| בְּרַק | חֲנִיתֶךָ׃ | | | | | | |
| — | તારી-ભાલાના | | | | | | |
| | H2595 | | | | | | |

તમારા છૂટતાં બાણોના પ્રકાશથી અને તમારા ચકચકતા ભાલાના ચળકાટથી, સૂર્ય તથા ચંદ્ર પોતપોતાના સ્થાનમાં થંભી ગયા છે.

12

| | | | | | |
|---|---|---|---|---|---|
| בְּזַעַם | תִּצְעַד־ | אֶרֶץ | בְּאַף | תָּדוּשׁ | גּוֹיִם׃ |
| રોષમાં | તું-ચાલો-છો | પૃથ્વી-પર | ક્રોધમાં | તું-કચડો-છો | પ્રજાઓને |
| H2195 | H6805 | H0776 | H0639 | H1758 | |

તમે ક્રોધમાં પૃથ્વી પર કૂચ કરો છો. અને કોપમાં તમે પ્રજાઓને ઝૂડી નાખો છો.

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| יָצָאתָ | לְיֵשַׁע | עַמֶּךָ | לְיֵשַׁע | אֶת־ | מְשִׁיחֶךָ | מָחַצְתָּ | רֹּאשׁ | מִבֵּית | רָשָׁע |
| તું-નીકળ્યા | ઉદ્ધાર-માટે | તારા-લોકોના | ઉદ્ધાર-માટે | — | તારા-અભિષિક્તના | તેં-કચડ્યું | મસ્તક | દુષ્ટના-ઘરમાંથી | — |
| H3318 | H3468 | | H3468 | H0854 | H4899 | H4272 | | | H7563 |
| עָרוֹת | יְסוֹד | עַד־ | צַוָּאר | סֶלָה׃ | פ | | | | |
| ઉઘાડીને | પાયો-સુધી | — | ગળા-સુધી | સેલાહ | — | | | | |
| H6168 | H3247 | H5704 | | H5542 | | | | | |

તમે તમારા લોકોના ઉદ્ધારને માટે, વળી તમારા અભિષિક્તના ઉદ્ધારને માટે સવારી કરો છો. તમે દુષ્ટના ઘરમાંથી શિરને કાપી નાખો છો અને ગરદન સુધી તેના પાયા ઉઘાડા કરી નાખો છો. સેલાહ

14

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| נָקַבְתָּ | בְמַטָּיו | רֹאשׁ | [פרזו] | (פְּרָזָיו) | יִסְעֲרוּ | לַהֲפִיצֵנִי | עֲלִיצֻתָם |
| તેં-વીંધ્યા | તેના-દંડોથી | મસ્તક | — | તેના-યોદ્ધાઓના | તેઓ-તૂફાની-જેમ-ધસી-આવ્યા | વેરવિખેર-કરવા | તેમનો-આનંદ |
| | H4294 | | H6518 | H6518 | H5590 | | H5951 |
| כְּמוֹ־ | לֶאֱכֹל | עָנִי | בַּמִּסְתָּר׃ | | | | |
| જેમ | ખાવા-જેવો-હતો | ગરીબને | છૂપામાં | | | | |
| H3644 | H0398 | H6041 | H4565 | | | | |

તમે લડવૈયાઓના માથાં તેઓના પોતાના જ ભાલાઓથી વીંધી નાખો છો તેઓ વાવાઝોડાની જેમ અમને વેર વિખેર કરી નાખવા આવ્યા હતા. તેઓ ગરીબને ગુપ્ત રીતે ભસ્મ કરવામાં આનંદ માને છે.

| 15 | דָּרַכְתָּ | בַיָּם | סוּסֶיךָ | חֹמֶר | מַיִם | רַבִּים׃ |
|---|---|---|---|---|---|---|
| | તું-ચાલ્યા | સમુદ્રમાં | તારા-ઘોડાઓ | મહાન-પાણીઓના | — | કાદવ |
| | H1869 | H3220 | | | H4325 | |

તમે તમારા ઘોડાઓથી સમુદ્ર તથા જળનાં મોજાઓ પર મુસાફરી કરી છે.

| 16 | שָׁמַעְתִּי | וַתִּרְגַּז | בִּטְנִי | לְקוֹל | צָלֲלוּ | שְׂפָתַי | יָבוֹא | רָקָב | בַעֲצָמַי | וְתַחְתַּי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મેં-સાંભળ્યું | અને-કાંપી-ગયું | મારું-પેટ | અવાજે | ધ્રૂજ્યા | મારા-હોંટ | પ્રવેશે-છે | સડો | મારાં-હાડકાંમાં | અને-મારી-નીચે |
| | H8085 | H7264 | H0990 | | H6750 | H8193 | H0935 | H7538 | H6106 | H8478 |

| אֶרְגָּז | אֲשֶׁר | אָנוּחַ | לְיוֹם | צָרָה | לַעֲלוֹת | לְעַם | יְגוּדֶנּוּ׃ |
|---|---|---|---|---|---|---|---|
| હું-ધ્રૂજું-છું | કે | હું-શાંતિથી-રાહ-જોઈશ | વિપત્તિના-દિવસે | — | આક્રમણ-કરનારા | લોકો-પર | — |
| H7264 | | H5117 | H3117 | | H5927 | | H1464 |

એ સાંભળીને મારા પેટમાં ધ્રાસકો પડ્યો. અવાજથી મારા હોઠ થથર્યા. મારા હાડકાંમાં સડો લાગ્યો છે અને મારી જગાએ હું કાંપ્યો છું. જ્યારે લોકો પર હુમલો કરવાને લશ્કર ચઢી આવે ત્યારે હું એ સંકટના સમયે પણ ધીરજ રાખું.

| 17 | כִּי־ | תְאֵנָה | לֹא־ | תִפְרָח | וְאֵין | יְבוּל | בַּגְּפָנִים | כִּחֵשׁ | מַעֲשֵׂה־ | זַיִת |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જો-કે | અજીરનું-ઝાડ | નહિ | ખીલશે | અને-નહિ | ફળ-હોય | દ્રાક્ષાવેલોમાં | નિષ્ફળ-હોય | જૈતૂનનું-કાર્ય | — |
| | | H8384 | H3808 | | H0369 | H2981 | H1612 | H3584 | H4639 | H2132 |

| וּשְׁדֵמוֹת | לֹא־ | עָשָׂה | אֹכֶל | גָּזַר | מִמִּכְלָה | צֹאן | וְאֵין | בָּקָר | בָּרְפָתִים׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-ખેતરો | નહિ | ઉપજાવે | અન્ન | કાપી-નાખાય | વાડામાંથી | ઘેટાં | અને-નહિ | ગાયો | તબેલાંમાં |
| H7709 | H3808 | | H0400 | H1504 | H4356 | H6629 | H0369 | H1241 | H7517 |

જોકે અજીરીને ફૂલતી કળીઓ ન ફૂટે, દ્રાક્ષવેલાને દ્રાક્ષા ન આવે; જૈતૂન વૃક્ષ પર ફળ ન થાય, ખેતરોમાં અન્ન ન પાકે; વાડામાંથી ટોળું નાશ પામે; અને ત્યાં કોઈ પણ જાનવર ન રહે,

| 18 | וַאֲנִי | בַּיהוָה | אֶעְלוֹזָה | אָגִילָה | בֵּאלֹהֵי | יִשְׁעִי׃ |
|---|---|---|---|---|---|---|
| | તોપણ-હું | યહોવામાં | આનંદ-કરીશ | હર્ષ-પામીશ | મારા-ઉદ્ધારના-ઈશ્વરમાં | — |
| | H0589 | H3068 | H5937 | H1523 | H0430 | H3468 |

તોપણ હું યહોવાહમાં આનંદ કરીશ. હું મારા ઉદ્ધારનાર ઈશ્વરમાં હર્ષ પામીશ.

| 19 | יְהוִה | אֲדֹנָי | חֵילִי | וַיָּשֶׂם | רַגְלַי | כָּאַיָּלוֹת | וְעַל | בָּמוֹתַי |
|---|---|---|---|---|---|---|---|---|
| | યહોવા | પ્રભુ | મારું-બળ-છે | અને-તે-બનાવે-છે | મારા-પગ | હરણીઓ-જેવા | અને-ઊંચાઈઓ-પર | — |
| | H3069 | H0136 | H2428 | | H7272 | H0355 | | H1116 |

| יַדְרִכֵנִי | לַמְנַצֵּחַ | בִּנְגִינוֹתָי׃ |
|---|---|---|
| તે-મને-ચલાવે-છે | સંગીત-નિર્દેશક-માટે | મારા-તંતુવાદ્ય-વડે |
| H1869 | H5329 | H5058 |

યહોવાહ મારા પ્રભુ તથા મારું બળ છે; તે મારા પગ હરણના પગ જેવા ચપળ કરે છે અને તે જ મને મારાં ઉચ્ચસ્થાનો પર ચલાવશે. મુખ્ય ગાયક માટે તારવાળાં વાજિંત્ર સાથે ગાવાનું ગીત + 3:19 યહોવાહ અદોનાઈ.

# સફાન્યા

## Chapter 1

1

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| דְּבַר־ | יְהוָ֣ה | אֲשֶׁ֣ר | הָיָ֗ה | אֶל־ | צְפַנְיָה֙ | בֶּן־ | כּוּשִׁ֣י | בֶן־ | גְּדַלְיָ֔ה | בֶּן־ | אֲמַרְיָ֖ה |
| યહોવાનું-વચન | — | જે | આવ્યું | — | સફન્યાને | જે-પુત્ર | કૂશીનો | જે-પુત્ર | ગદલ્યાનો | જે-પુત્ર | અમર્યાનો |
| H1697 | H3068 | | H1961 | H0413 | H6846 | | H3570 | | | | H0568 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| בֶּן־ | חִזְקִיָּ֑ה | בִּימֵ֛י | יֹאשִׁיָּ֥הוּ | בֶן־ | אָמ֖וֹן | מֶ֥לֶךְ | יְהוּדָֽה׃ |
| જે-પુત્ર | હિઝકિયાનો | યહૂદાના-રાજા | યોશિયાહૂ | જે-પુત્ર | આમોનના | રાજા | યહૂદાના-દિવસોમાં |
| | H2396 | H3117 | H2977 | | H0526 | H4428 | H3063 |

યહૂદિયાના રાજાની, એટલે આમોનના દીકરા યોશિયાની કારકિર્દીમાં, હિઝકિયાના દીકરા અમાર્યાના દીકરા ગદાલ્યાના દીકરા કૂશીના દીકરા સફાન્યા પાસે આ પ્રમાણે યહોવાહનું વચન આવ્યું.

2

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אָסֹ֨ף | אָסֵ֜ף | כֹּ֗ל | מֵעַ֛ל | פְּנֵ֥י | הָאֲדָמָ֖ה | נְאֻם־ | יְהוָֽה׃ |
| સંપૂર્ણપણે-લઈ-લઈશ | — | બધું | પૃથ્વીની-સપાટી-પરથી | — | — | યહોવા-કહે-છે | — |
| H0622 | H5486 | H3605 | | H6440 | H0127 | H5002 | H3068 |

યહોવાહ કહે છે કે, "હું આ પૃથ્વીની સપાટી પરથી સર્વ વસ્તુનો સંપૂર્ણ નાશ કરીશ + 1:2 મજૂરી.

3

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| אָסֵ֞ף | אָדָ֣ם | וּבְהֵמָ֗ה | אָסֵ֤ף | עוֹף־ | הַשָּׁמַ֙יִם֙ | וּדְגֵ֣י | הַיָּ֔ם |
| હું-લઈ-લઈશ | માણસને | અને-પશુઓને | હું-લઈ-લઈશ | આકાશના-પખીઓને | — | અને-સમુદ્રની-માછલીઓને | — |
| H0622 | H0120 | H0929 | H0622 | H5775 | H8064 | H1709 | H3220 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְהַמַּכְשֵׁל֖וֹת | אֶת־ | הָרְשָׁעִ֑ים | וְהִכְרַתִּ֣י | אֶת־ | הָאָדָ֗ם | מֵעַ֛ל | פְּנֵ֥י |
| અને-□ચકાઈના-પથ્થરો | — | દુષ્ટોની-સાથે | અને-હું-કાપી-નાખીશ | — | માણસને | પૃથ્વીની-સપાટી-પરથી | — |
| H4384 | H0854 | H7563 | H3772 | H0853 | H0120 | | H6440 |

| | | |
|---|---|---|
| הָאֲדָמָ֖ה | נְאֻם־ | יְהוָֽה׃ |
| — | યહોવા-કહે-છે | — |
| H0127 | H5002 | H3068 |

હું માણસ તથા પશુઓનો નાશ કરીશ. હું આકાશના પક્ષીઓને તથા સમુદ્રની માછલીઓને પણ નષ્ટ કરીશ, અને દુષ્ટોની સાથે ઠોકર ખવડાવનારી વસ્તુઓનો પણ વિનાશ કરીશ. કેમ કે પૃથ્વીની સપાટી પરથી હું માણસનો નાશ કરીશ," એવું યહોવાહ કહે છે.

4

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וְנָטִ֤יתִי | יָדִי֙ | עַל־ | יְהוּדָ֔ה | וְעַ֖ל | כָּל־ | יוֹשְׁבֵ֣י | יְרוּשָׁלִָ֑ם |
| અને-હું-લંબાવીશ | મારો-હાથ | — | યહૂદા-પર | અને | બધા | યરૂશાલેમના-રહેવાસીઓ-પર | — |
| H5186 | H3027 | | H3063 | | H3605 | H3427 | H3389 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהִכְרַתִּ֞י | מִן־ | הַמָּק֤וֹם | הַזֶּה֙ | אֶת־ | שְׁאָ֣ר | הַבַּ֔עַל | אֶת־ | שֵׁ֥ם |
| અને-હું-કાપી-નાખીશ | આ-સ્થળેથી | — | — | — | બાલના-અવશેષોને | — | — | મૂર્તિપૂજક-પુરોહિતોનું-નામ |
| H3772 | | H4725 | H2088 | H0853 | H7605 | | H0853 | H8034 |

| | | |
|---|---|---|
| הַכְּמָרִ֖ים | עִם־ | הַכֹּהֲנִֽים׃ |
| — | યાજકોની-સાથે | — |
| H3649 | | H3548 |

“હું મારો હાથ યહૂદિયા તથા યરુશાલેમના બધા રહેવાસીઓ પર લંબાવીશ, અને હું આ જગ્યાએથી બઆલના શેષનો તથા વ્યભિચારીઓના નામનો તથા યાજકોનો અંત લાવીશ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | וְאֶת־ | הַמִּשְׁתַּחֲוִים | עַל־ | הַגַּגּוֹת | לִצְבָא | הַשָּׁמָיִם | וְאֶת־ | הַמִּשְׁתַּחֲוִים |
| | અને | જેઓ-પૂજા-કરે-છે | છાપરા-પર | — | આકાશના-સૈન્યને | — | અને | જેઓ-પૂજા-કરે-છે |
| | H0853 | H7812 | | H1406 | | H8064 | H0853 | H7812 |

| | | | |
|---|---|---|---|
| הַנִּשְׁבָּעִים | לַיהוָה | וְהַנִּשְׁבָּעִים | בְּמַלְכָּם׃ |
| અને-શપથ-લે-છે | યહોવાના | અને-શપથ-લે-છે | મલકામના |
| H7650 | H3068 | H7650 | |

તેઓ ઘરની અગાશી પર જઈને આકાશના સૈન્યની ભક્તિ કરે છે, અને યહોવાહની સેવા કરનારાઓ અને સમ ખાનારાઓ છતાં માલ્કામને નામે પણ સમ ખાય છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 6 | וְאֶת־ | הַנְּסוֹגִים | מֵאַחֲרֵי | יְהוָה | וַאֲשֶׁר | לֹא־ | בִקְשׁוּ | אֶת־ | יְהוָה | וְלֹא |
| | અને | જેઓ-પાછા-હટી-ગયા-છે | યહોવાથી | — | અને-જેઓએ | નહિ | શોધ્યો | — | યહોવાને | અને-નહિ |
| | H0853 | H5472 | | H3068 | | H3808 | H1245 | H0853 | H3068 | H3808 |

| |
|---|
| דְרָשֻׁהוּ׃ |
| તેને-પૂછ્યો |
| H1875 |

જે લોકો યહોવાહને અનુસરવાથી પાછા ફર્યા છે, જેઓ મને શોધતા કે મારી સલાહ લેતા નથી તેઓનો હું નાશ કરીશ.”

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 7 | הַס | מִפְּנֵי | אֲדֹנָי | יְהוִה | כִּי | קָרוֹב | יוֹם | יְהוָה | כִּי־ | הֵכִין |
| | ચૂપ-રહો | પ્રભુ | — | યહોવાની-સામે | કેમ-કે | નજીક-છે | યહોવાનો-દિવસ | — | કેમ-કે | યહોવાએ-તૈયાર-કરી-છે |
| | H2013 | H6440 | H0136 | H3069 | | H7138 | H3117 | H3068 | | |

| | | | |
|---|---|---|---|
| יְהוָה | זֶבַח | הִקְדִּישׁ | קְרֻאָיו׃ |
| — | બલિદાન | અને-પવિત્ર-કર્યા-છે | તેના-આમંત્રિતોને |
| H3068 | H2077 | H6942 | H7121 |

પ્રભુ યહોવાહની સંમુખ શાંત રહો, કેમ કે યહોવાહનો દિવસ પાસે છે; યહોવાહે યજ્ઞ તૈયાર કર્યો છે તથા પોતાના અતિથિઓને પવિત્ર કર્યા છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 8 | וְהָיָה | בְּיוֹם | זֶבַח | יְהוָה | וּפָקַדְתִּי | עַל־ | הַשָּׂרִים | וְעַל־ | בְּנֵי |
| | અને-તે-થશે | યહોવાના-બલિદાનના-દિવસે | — | — | હું-સજા-કરીશ | — | અધિકારીઓને | અને | રાજકુમારોને |
| | H1961 | H3117 | H2077 | H3068 | | | H8269 | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| הַמֶּלֶךְ | וְעַל | כָּל־ | הַלֹּבְשִׁים | מַלְבּוּשׁ | נָכְרִי׃ |
| — | અને | બધા-જેઓ | પહેરે-છે | વિદેશી-વસ્ત્રો | — |
| H4428 | | H3605 | H3847 | H4403 | H5237 |

“યહોવાહના યજ્ઞના દિવસે એવું થશે કે, હું અમલદારોને, રાજકુમારોને, તેમ જ જેઓએ પરદેશી વસ્ત્રો પહરેલાં હશે તે દરેકને શિક્ષા કરીશ.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | וּפָקַדְתִּי | עַל | כָּל־ | הַדּוֹלֵג | עַל־ | הַמִּפְתָּן | בַּיּוֹם | הַהוּא | הַמְמַלְאִים |
| | અને-હું-સજા-કરીશ | બધા-જેઓને | — | જે-કૂદે-છે | — | ઉંબરો-પર | તે-દિવસે | — | જેઓ-ભરે-છે |
| | | | H3605 | H1801 | | H4670 | H3117 | H1931 | H4390 |

| | | | | |
|---|---|---|---|---|
| בֵּית | אֲדֹנֵיהֶם | חָמָס | וּמִרְמָה׃ | ס |
| પોતાના-માલિકોના-ઘર | — | હિંસાથી | અને-છળકપટથી | — |
| | H0113 | H2555 | H4820 | |

જેઓ ઉંબરો કૂદી જઈને, પોતાના માલિકનું ઘર હિંસાથી અને કપટથી ભરે છે તે સર્વને હું તે દિવસે શિક્ષા કરીશ.”

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 10 | וְהָיָה | בַיּוֹם | הַהוּא | נְאֻם־ | יְהוָה | קוֹל | צְעָקָה | מִשַּׁעַר | הַדָּגִים |
| | અને-તે-થશે | તે-દિવસે | — | યહોવા-કહે-છે | — | પોકારનો-અવાજ | — | માછલી-દરવાજાથી | — |
| | H1961 | H3117 | H1931 | H5002 | H3068 | | H6818 | H8179 | H1709 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וִילָלָה | מִן־ | הַמִּשְׁנֶה | וְשֶׁבֶר | גָּדוֹל | מֵהַגְּבָעוֹת׃ |
| અને-વિલાપ | બીજા-ભાગમાંથી | — | અને-મોટો-ભાંગફોડ | — | ટેકરીઓ-પરથી |
| H3215 | | H4932 | H7667 | | H1389 |

યહોવાહ કહે છે કે, “તે દિવસે મચ્છી દરવાજેથી આપત્તિના પોકાર થશે, બીજા મહોલ્લામાં રુદન થશે, અને ડુંગરોમાંથી મોટા કડાકા સંભળાશે.

11

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הֵילִ֖ילוּ | יֹשְׁבֵ֣י | הַמַּכְתֵּ֑שׁ | כִּ֤י | נִדְמָה֙ | כָּל־ | עַ֣ם | כְּנַ֔עַן | נִכְרְת֖וּ |
| વિલાપ-કરો | મક્તેશના-રહેવાસીઓ | — | કેમ-કે | નાશ-પામ્યા-છે | બધા | કનાનના-લોકો | — | કાપી-નાખાયા-છે |
| H3213 | H3427 | H4389 | | H1820 | H3605 | | | H3772 |

| | | |
|---|---|---|
| כָּל־ | נְטִ֥ילֵי | כָֽסֶף׃ |
| બધા | ચાંદી-વહેંચણારા | — |
| H3605 | H5187 | H3701 |

માખ્તેશના રહેવાસીઓ વિલાપ કરો, કેમ કે બધા વેપારીઓ નાશ પામ્યા છે; ચાંદીથી લદાયેલા સર્વનો નાશ થશે.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָה֙ | בָּעֵ֣ת | הַהִ֔יא | אֲחַפֵּ֥שׂ | אֶת־ | יְרוּשָׁלִַ֖ם | בַּנֵּר֑וֹת | וּפָקַדְתִּ֣י | עַל־ | הָאֲנָשִׁ֗ים |
| અને-તે-સમયે | — | — | હું-તપાસીશ | — | યરૂશાલેમને | દીવાઓથી | અને-હું-સજા-કરીશ | — | માણસોને |
| H1961 | H6256 | H1931 | H2664 | H0853 | H3389 | | | | H0376 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הַקֹּֽפְאִים֙ | עַל־ | שִׁמְרֵיהֶ֔ם | הָאֹֽמְרִים֙ | בִּלְבָבָ֔ם | לֹֽא־ | יֵיטִ֥יב | יְהוָ֖ה | וְלֹ֥א |
| જેઓ-જમી-ગયા-છે | — | પોતાના-તળિયે | જેઓ-કહે-છે | પોતાના-હૃદયમાં | નહિ | ભલું-કરશે | યહોવા | અને-નહિ |
| | | H8105 | H0559 | H3824 | H3808 | H3190 | H3068 | H3808 |

| |
|---|
| יָרֵֽעַ׃ |
| બૂરું-કરશે |

તે સમયે એવું થશે કે, જેઓ પોતાના દ્રાક્ષારસમાં સ્થિર થયા હશે અને પોતાના મનમાં કહેશે કે, ‘યહોવાહ અમારું કશું ખરાબ કે ભલું નહિ કરે’ એવું માનનારા માણસોને, તે વખતે હું દીવો લઈને યરુશાલેમમાંથી શોધી કાઢીશ અને શિક્ષા કરીશ.

13

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְהָיָ֤ה | חֵילָם֙ | לִמְשִׁסָּ֔ה | וּבָתֵּיהֶ֖ם | לִשְׁמָמָ֑ה | וּבָנ֤וּ | בָתִּים֙ | וְלֹ֣א | יֵשֵׁ֔בוּ |
| અને-થશે | તેમની-સંપત્તિ | લૂંટ | અને-તેમના-ઘરો | ઉજ્જડ | અને-તેઓ-બાંધશે | — | અને-નહિ | રહેશે |
| H1961 | H2428 | H4933 | | | H1129 | | H3808 | H3427 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וְנָטְע֣וּ | כְרָמִ֔ים | וְלֹ֥א | יִשְׁתּ֖וּ | אֶת־ | יֵינָֽם׃ |
| અને-તેઓ-રોપશે | દ્રાક્ષાવાડીઓ | અને-નહિ | પીશે | — | તેમનો-દ્રાક્ષારસ |
| H5193 | H3754 | H3808 | H8354 | H0853 | H3196 |

તેમનું ધન લૂંટાઈ જશે, અને તેમનાં ઘરોનો નાશ થશે□ તેઓ ઘરો બાંધશે પણ તેમાં રહેવા પામશે નહિ, દ્રાક્ષવાડીઓ રોપશે પણ તેનો દ્રાક્ષારસ પીવા પામશે નહિ□

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| קָר֤וֹב | יוֹם־ | יְהוָה֙ | הַגָּד֔וֹל | קָר֖וֹב | וּמַהֵ֣ר | מְאֹ֑ד | ק֚וֹל | י֣וֹם | יְהוָ֔ה |
| નજીક-છે | યહોવાનો-મહાન | — | દિવસ | નજીક-છે | અને-ઝડપથી | ઘણો | અવાજ | યહોવાના-દિવસનો | — |
| H7138 | H3117 | H3068 | | H7138 | | H3966 | | H3117 | H3068 |

| | | | |
|---|---|---|---|
| מַ֥ר | צֹרֵ֖חַ | שָׁ֥ם | גִּבּֽוֹר׃ |
| કડુ | પોકાર-કરે-છે | ત્યાં | શૂરવીર |
| H4751 | H6873 | H8033 | H1368 |

યહોવાહનો મહાન દિવસ નજીક છે, તે નજીક છે અને બહુ ઝડપથી આવે છે. યહોવાહના દિવસનો સાદ સંભળાય છે, તે વખતે યોદ્ધાઓ પોક મૂકીને રડે છે.

15

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| י֥וֹם | עֶבְרָ֖ה | הַיּ֣וֹם | הַה֑וּא | י֧וֹם | צָרָ֣ה | וּמְצוּקָ֗ה | י֤וֹם | שֹׁאָה֙ |
| ક્રોધનો-દિવસ | — | તે-દિવસ | છે | વિપત્તિનો-દિવસ | — | અને-કષ્ટનો | વિનાશનો-દિવસ | — |
| H3117 | H5678 | H3117 | H1931 | H3117 | | H4691 | H3117 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וּמְשׁוֹאָ֔ה | י֥וֹם | חֹ֙שֶׁךְ֙ | וַאֲפֵלָ֔ה | י֥וֹם | עָנָ֖ן | וַעֲרָפֶֽל׃ |
| અને-ઉજ્જડતાનો | અધકારનો-દિવસ | — | અને-કાળાશનો | વાદળોનો-દિવસ | — | અને-ગાઢ-અધારાનો |
| H4875 | H3117 | H2822 | H0653 | H3117 | H6051 | H6205 |

તે દિવસ કોપનો દિવસ, દુ:ખ તથા સંકટનો દિવસ, વિનાશનો તથા આફતનો દિવસ, અધકાર તથા ધૂંધળાપણાનો દિવસ, વાદળો તથા અધકારનો દિવસ છે.

16

| | | |
|---|---|---|
| יוֹם | રણશિંગડાનો-દિવસ | H3117 |
| שׁוֹפָר | — | H7782 |
| וּתְרוּעָה | અને-યુદ્ધઘોષનો | H8643 |
| עַל | કિલ્લાબંદ-શહેરો-વિરુદ્ધ | |
| הֶעָרִים | — | |
| הַבְּצֻרוֹת | — | H1219 |
| וְעַל | અને | |
| הַפִּנּוֹת | ઊંચા-ખૂણાઓ-વિરુદ્ધ | H6438 |
| הַגְּבֹהוֹת׃ | — | H1364 |

કોટવાળાં નગરો વિરુદ્ધ તથા ઊંચા બુરજો વિરુદ્ધ રણશિંગડાનો તથા ભયસૂચક નાદનો દિવસ છે.

17

| | | |
|---|---|---|
| וַהֲצֵרֹתִי | અને-હું-સંકટ-લાવીશ | |
| לָאָדָם | માણસો-પર | H0120 |
| וְהָלְכוּ | અને-તેઓ-ચાલશે | H1980 |
| כַּעִוְרִים | આંધળાઓ-જેમ | H5787 |
| כִּי | કેમ-કે | |
| לַיהוָה | યહોવા-વિરુદ્ધ | H3068 |
| חָטָאוּ | તેઓ-પાપ-કર્યું-છે | H2398 |
| וְשֻׁפַּךְ | અને-રેડાશે | H8210 |
| דָּמָם | તેમનું-લોહી | H1818 |
| כֶּעָפָר | ધૂળ-જેવું | H6083 |
| וּלְחֻמָם | અને-તેમનું-માંસ | H3894 |
| כַּגְּלָלִים׃ | છાણાં-જેવું | H1561 |

કેમ કે હું માણસો ઉપર એવી આપત્તિ લાવીશ કે, તેઓ દ્રષ્ટિહીન માણસની જેમ ચાલશે, કેમ કે તેઓએ યહોવાહની વિરુદ્ધ પાપ કર્યું છે. તેઓનું લોહી ધૂળની માફક વહેશે અને તેઓનાં શરીર છાણની જેમ ફેંકી દેવામાં આવશે.

18

| | | |
|---|---|---|
| גַּם־ | તેમનું-ચાંદી | H1571 |
| כַּסְפָּם | — | H3701 |
| גַּם־ | કે-તેમનું-સોનું | H1571 |
| זְהָבָם | — | H2091 |
| לֹא־ | નહિ | H3808 |
| יוּכַל | શકશે | H3201 |
| לְהַצִּילָם | તેમને-બચાવવા | H5337 |
| בְּיוֹם | યહોવાના-ક્રોધના-દિવસે | H3117 |
| עֶבְרַת | — | H5678 |
| יְהוָה | — | H3068 |
| וּבְאֵשׁ | અને-તેની-ઈર્ષ્યાની-અગ્નિમાં | H0784 |
| קִנְאָתוֹ | — | H7068 |
| תֵּאָכֵל | ભસ્મ-થઈ-જશે | H0398 |
| כָּל־ | સમગ્ર | H3605 |
| הָאָרֶץ | પૃથ્વી | H0776 |
| כִּי־ | કેમ-કે | |
| כָלָה | સંપૂર્ણ | H3617 |
| אַךְ־ | વિનાશ-ખરેખર | H0389 |
| נִבְהָלָה | ભયંકર | H0926 |
| יַעֲשֶׂה | કરશે | |
| אֵת | — | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| יֹשְׁבֵי | રહેવાસીઓનો | H3427 |
| הָאָרֶץ׃ | પૃથ્વીના | H0776 |
| ס | — | |

યહોવાહના કોપના દિવસે તેઓનું સોનું કે ચાંદી તેઓને ઉગારી શકશે નહિ, આખી પૃથ્વી યહોવાહના પ્રચંડ રોષના અગ્નિથી ભસ્મીભૂત થઈ જશે. પૃથ્વી પરના સર્વ રહેવાસીઓનો અંત, ઝડપી વિનાશ થશે."

## Chapter 2

1

| | | |
|---|---|---|
| הִתְקוֹשְׁשׁוּ | ભેગા-થાઓ | |
| וָקוֹשּׁוּ | અને-ભેગા-થાઓ | |
| הַגּוֹי | હે-પ્રજા | |
| לֹא | જેને-શરમ-નથી | H3808 |
| נִכְסָף׃ | — | H3700 |

હે શરમ વગરની પ્રજા, તમે સાથે મળી એકત્ર થાઓ.

2

| | | |
|---|---|---|
| בְּטֶרֶם | પહેલાં | H2962 |
| לֶדֶת | જન્મે | H3205 |
| חֹק | હુકમ | H2706 |
| כְּמֹץ | ભૂસા-જેમ | H4671 |
| עָבַר | વીતે-છે | |
| יוֹם | દિવસ | H3117 |
| וּבְטֶרֶם | પહેલાં | H2962 |
| לֹא־ | નહિ | H3808 |
| יָבוֹא | આવે | H0935 |
| עֲלֵיכֶם | તમારા-પર | |
| חֲרוֹן | પ્રચંડ | H2740 |
| אַף־ | યહોવાનો-ક્રોધ | H0639 |
| יְהוָה | — | H3068 |
| בְּטֶרֶם | પહેલાં | H2962 |
| לֹא־ | નહિ | H3808 |
| יָבוֹא | આવે | H0935 |
| עֲלֵיכֶם | તમારા-પર | |
| יוֹם | યહોવાના-ક્રોધનો | H3117 |
| אַף־ | — | H0639 |
| יְהוָה׃ | દિવસ | H3068 |

ચુકાદાનો સમય આવે તે અગાઉ અને ઊડી જતાં ફોતરાની જેમ દિવસ પસાર થઈ જાય તે અગાઉ, યહોવાહનો પ્રચંડ ક્રોધ તમારા પર આવે તે અગાઉ, યહોવાહના ક્રોધનો દિવસ તમારા પર આવે તે પહેલા તમે એકત્ર થાઓ.

3 בַּקְּשׁוּ שોધો H1245 | אֶת־ — H0853 | יְהוָה યહોવાને H3068 | כָּל־ બધા H3605 | עַנְוֵי પૃથ્વીના-નમ્ર H6035 | הָאָרֶץ — H0776 | אֲשֶׁר જેઓએ | מִשְׁפָּטוֹ તેના-ન્યાયો H4941 | פָּעָלוּ પાળ્યા-છે H6466 | בַּקְּשׁוּ־ શોધો H1245 | צֶדֶק ધાર્મિકતા H6664 | בַּקְּשׁוּ શોધો H1245
עֲנָוָה નમ્રતા H6038 | אוּלַי કદાચ H0194 | תִּסָּתְרוּ તમે-છુપાશો H5641 | בְּיוֹם યહોવાના-ક્રોધના-દિવસે H3117 | אַף־ — H0639 | יְהוָה׃ — H3068

હે પૃથ્વી પરના સર્વ નમ્ર લોકો, જેઓ તેમના વિધિઓ પાળે છે તેઓ યહોવાહને શોધો. ન્યાયીપણું શોધો□ નમ્રતા શોધો, તો કદાચ તમે યહોવાહના ક્રોધના દિવસે સુરક્ષિત રહો.

4 כִּי કેમ-કે | עַזָּה ગાઝા H5804 | עֲזוּבָה ત્યક્ત | תִהְיֶה થશે H1961 | וְאַשְׁקְלוֹן અને-અશ્કલોન H0831 | לִשְׁמָמָה ઉજ્જડ | אַשְׁדּוֹד અશ્દોદને H0795 | בַּצָּהֳרַיִם બપોરે | יְגָרְשׁוּהָ હાંકી-કાઢશે H1644 | וְעֶקְרוֹן અને-એક્રોન H6138
תֵּעָקֵר׃ ઉખેડી-નાખાશે | ס —

કેમ કે ગાઝાને તજી દેવામાં આવશે, આશ્કલોન વેરાન થઈ જશે. આશ્દોદને તેઓ ખરે બપોરે નસાડી મૂકશે, એક્રોનને તેઓ ઉખેડી નાખશે.

5 הוֹי અફસોસ H1945 | יֹשְׁבֵי સમુદ્ર-કિનારાના-રહેવાસીઓ H3427 | חֶבֶל પ્રદેશ | הַיָּם — H3220 | גּוֹי હે-ક્રેતીઓની-પ્રજા | כְּרֵתִים — H3774 | דְּבַר־ યહોવાનું-વચન H1697 | יְהוָה — H3068
עֲלֵיכֶם તમારી-વિરુદ્ધ-છે | כְּנַעַן હે-કનાન | אֶרֶץ ફિલિસ્તીઓની-ભૂમિ H0776 | פְּלִשְׁתִּים — H6430 | וְהַאֲבַדְתִּיךְ અને-હું-તને-નાશ-કરીશ H0006 | מֵאֵין કોઈ-નહિ-રહેશે H0369 | יוֹשֵׁב׃ રહેવાસી H3427

સમુદ્ર કિનારે રહેનારા કરેથીઓની પ્રજાને અફસોસ□ યહોવાહનું વચન તમારી વિરુદ્ધ છે કે, પલિસ્તીઓના દેશ, કનાન, હું તારો એવી રીતે નાશ કરીશ કે તારામાંનો કોઈ પણ નિવાસી બચી રહેશે નહિ.

6 וְהָיְתָה અને-થશે H1961 | חֶבֶל સમુદ્ર-કિનારો | הַיָּם — H3220 | נְוֺת ઘાસચરા | כְּרֹת ખાડાઓ H3741 | רֹעִים ઘેટાપાળકોના | וְגִדְרוֹת અને-વાડાઓ H1448 | צֹאן׃ ઘેટાંના H6629

સમુદ્રકિનારા બીડો થઈ જશે અને ત્યાં ભરવાડોનાં રહેઠાણ તથા ટોળાંઓના વાડા થઈ જશે.

7 וְהָיָה અને-થશે H1961 | חֶבֶל કિનારો | לִשְׁאֵרִית યહૂદાના-ઘરના-બાકીઓ-માટે H7611 | בֵּית — | יְהוּדָה — H3063 | עֲלֵיהֶם તેના-પર | יִרְעוּן તેઓ-ચરાવશે | בְּבָתֵּי અશ્કલોનના-ઘરોમાં
אַשְׁקְלוֹן — H0831 | בָּעֶרֶב સાંજે H6153 | יִרְבָּצוּן તેઓ-સૂશે H7257 | כִּי કેમ-કે | יִפְקְדֵם ધ્યાન-આપશે | יְהוָה યહોવા H3068 | אֱלֹהֵיהֶם તેમના-ઈશ્વર H0430 | וְשָׁב અને-પાછું-વાળશે H7725 | ]שבותם[ — H7622
)שְׁבִיתָם׃( તેમની-કેદીઓને H7622

કિનારાના પ્રદેશ પર યહૂદિયાના બાકીના લોકોનો કબજો થશે. અને તેઓ ત્યાં ઘેટાંબકરાં ચરાવશે. તેઓના લોકો સાંજે આશ્કલોનના ઘરોમાં સૂઈ જશે, કેમ કે યહોવાહ તેઓના ઈશ્વર તેઓની સંભાળ લેશે અને તેઓનું ભાવિ ફેરવી નાખશે.

8 שָׁמַעְתִּי મેં-સાંભળી-છે H8085 | חֶרְפַּת મોઆબની-નિંદા H2781 | מוֹאָב — H4124 | וְגִדּוּפֵי અને-અમ્મોનના-પુત્રોના H1421 | בְּנֵי — | עַמּוֹן અપમાનો H5983 | אֲשֶׁר જેઓએ | חֵרְפוּ મહેણાં-કર્યાં | אֶת־ — H0853
עַמִּי મારા-લોકોની | וַיַּגְדִּילוּ અને-મોટાઈ-કરી H1431 | עַל־ — | גְּבוּלָם׃ તેમની-સરહદો-વિરુદ્ધ H1366

“મોઆબનાં લોકોએ + 2:8 ખૂની લોકો મહેણાં માર્યા છે અને આમ્મોન લોકોએ નિંદા કરી છે + 2:8 મોઆબ અને આમ્મોનના લોકો “સમગ્ર પૂર્વમાં યર્દન નદીના પેલે પારે યહૂદાના પડોશીઓ હતા. ઉ 19:30-38 મુજબ તેઓ બંને યહૂદી લોકો હતા અને અબ્રાહમના વંશજો હતા. ભત્રીજા લોટ, તેમના સંબંધો ઇઝરાયલ લોકો સામાન્ય રીતે પ્રતિકૂળ હતા.. તેઓએ મારા લોકોને મહેણાં માર્યાં, નિંદા કરી અને તેઓની સરહદો પચાવી પાડી તે મેં સાંભળ્યું છે.

9

| לָכֵן | חַי־ | אָנִי | נְאֻם | יְהוָה | צְבָאוֹת | אֱלֹהֵי | יִשְׂרָאֵל | כִּי־ | מוֹאָב | כִּסְדֹם |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તેથી | હું-જીવું-છું | — | યહોવા-કહે-છે | — | સૈન્યોના | ઈશ્વર | ઇઝરાયલના | કે | મોઆબ | સદોમ-જેવું |
| | | H0589 | H5002 | H3068 | | H0430 | H3478 | | H4124 | H5467 |

| תִּהְיֶה | וּבְנֵי | עַמּוֹן | כַּעֲמֹרָה | מִמְשַׁק | חָרוּל | וּמִכְרֵה־ | מֶלַח | וּשְׁמָמָה |
|---|---|---|---|---|---|---|---|---|
| થશે | અને-અમ્મોનના-પુત્રો | — | ગોમોરાહ-જેવા | કાંટાળીઓનો-પ્રદેશ | — | અને-મીઠુંના-ખાડાઓ | — | અને-ઉજ્જડ |
| H1961 | | H5983 | H6017 | H4476 | H2738 | H4379 | H4417 | |

| עַד־ | עוֹלָם | שְׁאֵרִית | עַמִּי | יְבָזּוּם | וְיֶתֶר | ]גוי[ | )גּוֹיִי( | יִנְחָלוּם׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| સદાકાળ-માટે | — | મારા-લોકોના-બાકીઓ | — | તેમને-લૂંટશે | અને-બાકીઓ | — | મારી-પ્રજાના | વારસામાં-લેશે |
| H5704 | H5769 | H7611 | | H0962 | | | | H5157 |

તેથી ઇઝરાયલના ઈશ્વર, સૈન્યોના યહોવાહ કહે છે કે, મારા જીવના સમ, મોઆબ સદોમ જેવું અને આમ્મોનના લોકો ગમોરાના જેવા થશે; તે પ્રદેશ સદાને માટે ક્ષારની ખાણ તથા ઝાંખરાવાળા રણના પ્રદેશ જેવો બની જશે. મારા બાકી રહેલા લોકો તેઓને લૂંટશે, મારી પ્રજાના બાકી રહેલા લોકો તેઓનો વારસો થશે.”

10

| זֹאת | לָהֶם | תַּחַת | גְּאוֹנָם | כִּי | חֵרְפוּ | וַיַּגְדִּלוּ | עַל־ | עַם | יְהוָה | צְבָאוֹת׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આ | તેમના-માટે-છે | તેમના-અભિમાનને-બદલે | — | કેમ-કે | તેઓએ-મહેણાં-કર્યાં | અને-મોટાઈ-કરી | — | યહોવાના-લોકો-વિરુદ્ધ | — | સૈન્યોના |
| H2063 | H1992 | H8478 | H1347 | | | H1431 | | | H3068 | |

તેઓના અભિમાનને લીધે મોઆબ તથા આમ્મોનને આવી શિક્ષા થશે, કેમ કે તેઓએ સૈન્યોના યહોવાહના લોકોની મજાક કરી છે અને મહેણાં માર્યાં છે.

11

| נוֹרָא | יְהוָה | עֲלֵיהֶם | כִּי | רָזָה | אֵת | כָּל־ | אֱלֹהֵי | הָאָרֶץ | וְיִשְׁתַּחֲווּ־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ભયંકર-છે | યહોવા | તેમના-માટે | કેમ-કે | તે-ક્ષીણ-કરશે | — | બધા | પૃથ્વીના-દેવોને | — | અને-પૂજા-કરશે |
| H3372 | H3068 | | | H7329 | H0853 | H3605 | H0430 | H0776 | H7812 |

| לוֹ | אִישׁ | מִמְּקוֹמוֹ | כֹּל | אִיֵּי | הַגּוֹיִם׃ |
|---|---|---|---|---|---|
| તેને | દરેક | પોતાના-સ્થાનેથી | બધા | પ્રજાઓના-ટાપુઓ | — |
| | H0376 | H4725 | H3605 | H0339 | |

હવે તેઓ યહોવાહથી બીશે અને તે આખી પૃથ્વીના બધા દેવોને મહેણાં મારશે. દરેક તેમની આરાધના કરશે, દરેક પોતપોતાના સ્થળેથી, હા, દરેક સમુદ્રકિનારેથી તેમની આરાધના કરશે.

12

| גַּם־ | אַתֶּם | כּוּשִׁים | חַלְלֵי | חַרְבִּי | הֵמָּה׃ |
|---|---|---|---|---|---|
| તમે-પણ | — | હે-કૂશીઓ | મારી-તલવારથી-વિંધાયેલા | — | છો |
| H1571 | | H3569 | | H2719 | H1992 |

તમે કૂશીઓ પણ મારી તલવારથી માર્યા જશો.

13

| וְיֵט | יָדוֹ | עַל־ | צָפוֹן | וִיאַבֵּד | אֶת־ | אַשּׁוּר | וְיָשֵׂם | אֶת־ |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-તે-લંબાવશે | પોતાનો-હાથ | — | ઉત્તર-તરફ | અને-નાશ-કરશે | — | અશ્શૂરને | અને-તે-બનાવશે | — |
| H5186 | H3027 | | H6828 | H0006 | H0853 | H0804 | | H0853 |

| נִינְוֵה | לִשְׁמָמָה | צִיָּה | כַּמִּדְבָּר׃ |
|---|---|---|---|
| નિનવેહને | ઉજ્જડ | રણ-જેવી-સૂકી | વગડા-જેવી |
| H5210 | | H6723 | |

ઈશ્વર પોતાનો હાથ ઉત્તર તરફ લંબાવીને આશ્શૂરનો નાશ કરશે, જેથી નિનવેને વેરાન તથા રણના જેવું સૂકું કરીને ત્યજી દેવામાં આવશે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 14 | וְרָבְצוּ | בְתוֹכָהּ | עֲדָרִים | כָּל־ | חַיְתוֹ־ | גוֹי | גַּם־ | קָאַת | גַּם־ | קִפֹּד |
| | અને-સૂશે | તેની-વચ્ચે | ટોળાંઓ | બધી-જાતના | જંગલી-પ્રાણીઓ | — | હકીકતમાં | — | હકીકતમાં | શાહી-ઘૂવડો |
| | H7257 | H8432 | H5739 | H3605 | | | H1571 | H6893 | H1571 | H7090 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּכַפְתֹּרֶיהָ | יָלִינוּ | קוֹל | יְשׁוֹרֵר | בַּחַלּוֹן | חֹרֶב | בַּסַּף | כִּי | אַרְזָה | עֵרָה׃ |
| તેના-સ્તંભો-પર | રાત-વિતાવશે | અવાજ | ગાશે | બારીઓમાં | વિનાશ | ઉંબરે-પર | કેમ-કે | દેવદારનું-લાકડું | ખુલ્લું-થયું-છે |
| H3730 | | | H7891 | H2474 | | | | H0731 | H6168 |

જાનવરો, એટલે દરેક પ્રજાનાં પ્રાણીઓ આશ્રયમાં પડી રહેશે, તેના થાંભલાઓની ટોચ પર બગલાં તથા ઘુવડો માળા બાંધશે. તેઓના સાદનું ગાયન બારીમાંથી સંભળાશે, ઉંબરાઓ ઉજ્જડ થઈ જશે, કેમ કે તેણે એરેજકાષ્ટના પાટડા ઉઘાડા કરી નાખ્યા છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | זֹאת | הָעִיר | הָעַלִּיזָה | הַיּוֹשֶׁבֶת | לָבֶטַח | הָאֹמְרָה | בִּלְבָבָהּ | אֲנִי | וְאַפְסִי |
| | આ | શહેર | આનંદી | જે-વસતું-હતું | સલામતીમાં | જે-કહેતું | પોતાના-હૃદયમાં | હું-છું | અને-મારા-સિવાય-કોઈ-નથી |
| | H2063 | | H5947 | H3427 | H0983 | H0559 | H3824 | H0589 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עוֹד | אֵיךְ | הָיְתָה | לְשַׁמָּה | מַרְבֵּץ | לַחַיָּה | כֹּל | עוֹבֵר | עָלֶיהָ | יִשְׁרֹק |
| — | કેવી-રીતે | થઈ-છે | ઉજ્જડ | પશુઓનો-બિછાનો | પ્રાણીઓ-માટે | દરેક | પસાર-થનાર | તેની-પાસેથી | સીટી-વગાડશે |
| H5750 | | H1961 | H8047 | H4769 | | H3605 | | | H8319 |

| | | |
|---|---|---|
| יָנִיעַ | יָדוֹ׃ | ס |
| અને-હલાવશે | હાથ | — |
| H5128 | H3027 | |

આ આનંદી નગર નિશ્ચિંત રહેતું હતું, તે હૃદયમાં કહે છે કે, “હું છું અને મારા જેવું કોઈ પણ નથી.” તે કેવું વેરાન તથા પશુઓના રહેવાનું સ્થાન થઈ ગયું છે. તેની પાસે થઈને જનાર દરેક માણસ નિસાસા સાથે પોતાનો હાથ હલાવશે.

# Chapter 3

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | הוֹי | מֹרְאָה | וְנִגְאָלָה | הָעִיר | הַיּוֹנָה׃ |
| | અફસોસ | બળવાખોર | અને-અશુદ્ધ | નગર | જુલમી |
| | H1945 | H4754 | H1351 | | H3238 |

બંડખોર તથા ભ્રષ્ટ થયેલી જુલમી નગરીને અફસોસ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | לֹא | שָׁמְעָה | בְּקוֹל | לֹא | לָקְחָה | מוּסָר | בַּיהוָה | לֹא | בָטָחָה | אֶל־ | אֱלֹהֶיהָ |
| | નહીં | સાંભળ્યું | અવાજ | નહીં | લીધો | બોધ | યહોવાહ-પર | નહીં | ભરોસો-કર્યો | — | તેના-ઈશ્વર-પાસે |
| | H3808 | H8085 | | H3808 | H3947 | H4148 | H3068 | H3808 | H0982 | H0413 | H0430 |

| | |
|---|---|
| לֹא | קָרֵבָה׃ |
| નહીં | આવી |
| H3808 | H7126 |

તેણે ઈશ્વરનો અવાજ સાંભળ્યો નહિ અને યહોવાહની શિખામણ માની નહિ. તેને યહોવાહમાં વિશ્વાસ ન હતો અને પોતાના ઈશ્વરની નજીક આવી નહિ.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | שָׂרֶיהָ | בְקִרְבָּהּ | אֲרָיוֹת | שֹׁאֲגִים | שֹׁפְטֶיהָ | זְאֵבֵי | עֶרֶב | לֹא | גָרְמוּ | לַבֹּקֶר׃ |
| | તેના-સરદારો | તેની-વચ્ચે | સિંહો | ગર્જના-કરતા | તેના-ન્યાયાધીશો | વરુઓ | સાંજના | નહીં | રાખ્યું | સવાર-સુધી |
| | H8269 | H7130 | | H7580 | H8199 | H2061 | H6153 | H3808 | | H1242 |

તેની મધ્યે તેના સરદારો ગર્જના કરતા સિંહ જેવા છે તેના ન્યાયાધીશો સાંજે ફરતા વરુઓ જેવા છે, જેઓ આવતીકાલ માટે કે સવાર સુધી કશું રહેવા દેતા નથી

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 4 | נְבִיאֶיהָ | פֹּחֲזִים | אַנְשֵׁי | בֹּגְדוֹת | כֹּהֲנֶיהָ | חִלְּלוּ־ | קֹדֶשׁ | חָמְסוּ | תּוֹרָה׃ |
| | તેના-પ્રબોધકો | ઉદ્ધત | માણસો | વિશ્વાસઘાતી | તેના-યાજકોએ | અપવિત્ર-કર્યું | પવિત્ર | તોડ્યો | નિયમ |
| | H5030 | H6348 | H0376 | H0900 | H3548 | | H6944 | H2554 | H8451 |

તેના પ્રબોધકો ઉદ્ધત તથા રાજદ્રોહી માણસો છે. તેના યાજકોએ જે પવિત્ર છે તેને અપવિત્ર કર્યું છે અને નિયમશાસ્ત્રનો ભંગ કર્યો છે.

5

| | | |
|---|---|---|
| יְהוָ֤ה | યહોવાહ | H3068 |
| צַדִּיק֙ | ન્યાયી | H6662 |
| בְּקִרְבָּ֔הּ | તેની-વચ્ચે | H7130 |
| לֹ֥א | નહીં | H3808 |
| יַעֲשֶׂ֖ה | કરે | |
| עַוְלָ֑ה | અન્યાય | |
| בַּבֹּ֨קֶר | દરેક-સવારે | H1242 |
| בַּבֹּ֜קֶר | દરેક-સવારે | H1242 |
| מִשְׁפָּט֨וֹ | તેનો-ન્યાય | H4941 |
| יִתֵּ֤ן | આપે-છે | H5414 |
| לָאוֹר֙ | પ્રકાશમાં | H0216 |
| לֹ֣א | નહીં | H3808 |
| נֶעְדָּ֔ר | ચૂકે | |
| וְלֹֽא־ | અને-નહીં | H3808 |
| יוֹדֵ֥עַ | જાણે | H3045 |
| עַוָּ֖ל | અન્યાયી | H5767 |
| בֹּֽשֶׁת׃ | શરમ | H1322 |

તેનામાં યહોવાહ ન્યાયી છે, તે અન્યાય કરતા નથી. રોજ સવારે તે ન્યાય કરે છે તે કશી ચૂક કરતા નથી, છતાં ગુનેગાર લોકોને શરમ આવતી નથી.

6

| | | |
|---|---|---|
| הִכְרַ֣תִּי | મેં-કાપ્યા | H3772 |
| גוֹיִ֗ם | પ્રજાઓ | |
| נָשַׁ֙מּוּ֙ | ઉજ્જડ-થયા | H8074 |
| פִּנּוֹתָ֔ם | તેમના-કિલ્લા | H6438 |
| הֶחֱרַ֥בְתִּי | મેં-વેરાન-કર્યા | |
| חוּצוֹתָ֖ם | તેમના-રસ્તા | H2351 |
| מִבְּלִ֣י | વિના | H1097 |
| עוֹבֵ֑ר | જનારા | |
| נִצְדּ֧וּ | નાશ-પામ્યા | |
| עָרֵיהֶ֛ם | તેમના-નગરો | |
| מִבְּלִי־ | વિના | H1097 |
| אִ֖ישׁ | કોઈ-માણસ | H0376 |
| מֵאֵ֥ין | વિના | H0369 |
| יוֹשֵֽׁב׃ | રહેવાસી | H3427 |

"મેં પ્રજાઓનો નાશ કર્યો છે; તેઓના બુરજો નાશ પામ્યા છે. મેં તેઓની શેરીઓનો નાશ કરી દીધો છે કે તેથી ત્યાં થઈને કોઈ જતું નથી. તેઓનાં નગરો નાશ પામ્યાં છે તેથી કોઈ માણસ જોવા મળતું નથી કે ત્યાં કોઈ રહેતું નથી.

7

| | | |
|---|---|---|
| אָמַ֜רְתִּי | મેં-કહ્યુ | H0559 |
| אַךְ־ | ચોક્કસ | H0389 |
| תִּירְאִ֤י | તું-ડરીશ | H3372 |
| אוֹתִי֙ | મારાથી | H0853 |
| תִּקְחִ֣י | તું-લઈશ | H3947 |
| מוּסָ֔ר | બોધ | H4148 |
| וְלֹֽא־ | અને-નહીં | H3808 |
| יִכָּרֵ֣ת | કાપી-નાખાય | H3772 |
| מְעוֹנָ֔הּ | તેનું-નિવાસસ્થાન | H4585 |
| כֹּ֥ל | બધું | H3605 |
| אֲשֶׁר־ | જે | |
| פָּקַ֖דְתִּי | મેં-ઠરાવ્યું | |
| עָלֶ֑יהָ | તેના-પર | |
| אָכֵן֙ | ખરેખર | H0403 |
| הִשְׁכִּ֣ימוּ | તેઓ-વહેલા-ઊઠ્યા | H7925 |
| הִשְׁחִ֔יתוּ | ભ્રષ્ટ-કર્યા | H7843 |
| כֹּ֖ל | બધા | H3605 |
| עֲלִילוֹתָֽם׃ | તેમના-કાર્યો | H5949 |

મેં કહ્યુ, 'તું નિશ્ચે મારી બીક રાખશે, મારું માનશે. મેં તેને માટે જે યોજના કરી હતી તે પ્રમાણે તેનાં ઘરોનો નાશ થશે નહિ' પણ તેઓએ વહેલા ઊઠીને પોતાના સર્વ કામો ભ્રષ્ટ કર્યાં."

8

| | | |
|---|---|---|
| לָכֵ֤ן | માટે | |
| חַכּוּ־ | રાહ-જુઓ | H2442 |
| לִי֙ | મારી | |
| נְאֻם־ | વાણી | H5002 |
| יְהוָ֔ה | યહોવાહની | H3068 |
| לְי֖וֹם | દિવસે | H3117 |
| קוּמִ֣י | મારા-ઊઠવાના | |
| לְעַ֑ד | શિકાર-માટે | H5706 |
| כִּ֣י | કેમ-કે | |
| מִשְׁפָּטִ֡י | મારો-ન્યાય | H4941 |
| לֶאֱסֹ֣ף | ભેગી-કરવા | H0622 |
| גּוֹיִם֩ | પ્રજાઓ | |
| לְקָבְצִ֨י | એકઠા-કરવા | H6908 |
| מַמְלָכ֜וֹת | રાજ્યો | H4467 |
| לִשְׁפֹּ֨ךְ | રેડવા-માટે | H8210 |
| עֲלֵיהֶ֤ם | તેમના-પર | |
| זַעְמִי֙ | મારો-ક્રોધ | H2195 |
| כֹּ֚ל | બધો | H3605 |
| חֲר֣וֹן | ભયંકર | H2740 |
| אַפִּ֔י | મારો-ગુસ્સો | H0639 |
| כִּ֚י | કેમ-કે | |
| בְּאֵ֣שׁ | અગ્નિમાં | H0784 |
| קִנְאָתִ֔י | મારી-ઈર્ષ્યાના | H7068 |
| תֵּאָכֵ֖ל | ભસ્મ-થશે | H0398 |
| כָּל־ | સમગ્ર | H3605 |
| הָאָֽרֶץ׃ | પૃથ્વી | H0776 |

માટે યહોવાહ કહે છે, મારી રાહ જુઓ" હું નાશ કરવા ઊભો થાઉં તે દિવસ સુધી રાહ જુઓ. કેમ કે મારો નિર્ણય પ્રજાઓને એકત્ર તથા રાજ્યોને ભેગા કરીને, તેઓના પર મારો બધો રોષ અને પ્રચંડ ક્રોધ વરસાવવાનો છે. જેથી આખી પૃથ્વી મારી ઈર્ષ્યાના અગ્નિથી નાશ પામે.

9

| | | |
|---|---|---|
| כִּי־ | કેમ-કે | |
| אָ֛ז | ત્યારે | |
| אֶהְפֹּ֥ךְ | હું-બદલીશ | H2015 |
| אֶל־ | — | H0413 |
| עַמִּ֖ים | લોકો-માટે | |
| שָׂפָ֣ה | ભાષા | H8193 |
| בְרוּרָ֑ה | શુદ્ધ | H1305 |
| לִקְרֹ֤א | પોકારવા | H7121 |
| כֻלָּם֙ | બધાને | H3605 |
| בְּשֵׁ֣ם | નામે | H8034 |
| יְהוָ֔ה | યહોવાહના | H3068 |
| לְעָבְד֖וֹ | તેમની-સેવા-કરવા | H5647 |
| שְׁכֶ֥ם | ખભે-ખભા | H7926 |
| אֶחָֽד׃ | મળીને | H0259 |

પણ ત્યારે પછી હું બધા લોકોને પવિત્ર હોઠ આપીશ, જેથી તેઓ યહોવાહના નામની વિનંતી કરીને એકમતના થઈને મારી સેવા કરે.

10

| | | |
|---|---|---|
| מֵעֵ֖בֶר | પેલે-પાર | H5676 |
| לְנַהֲרֵי־ | નદીઓના | H5104 |
| כ֑וּשׁ | કૂશની | |
| עֲתָרַי֙ | મારા-આરાધકો | |
| בַּת־ | પુત્રી | H1323 |
| פּוּצַ֔י | વિખેરાયેલાઓની | |
| יוֹבִל֖וּן | લાવશે | H2986 |
| מִנְחָתִֽי׃ | મારી-ભેટ | H4503 |

મારા વેરવિખેર થઈ ગયેલા મારા ભક્તો કૂશની નદીની સામે પારથી મારે માટે અર્પણ લાવશે.

11

| | | |
|---|---|---|
| בַּיּוֹם | તે-દિવસે | H3117 |
| הַהוּא | તે | H1931 |
| לֹא | નહીં | H3808 |
| תֵבוֹשִׁי | શરમાઈશ | H0954 |
| מִכֹּל | બધા-માટે | H3605 |
| עֲלִילֹתַיִךְ | તારા-કાર્યોથી | H5949 |
| אֲשֶׁר | જે | |
| פָּשַׁעַתְּ | તેં-પાપ-કર્યું | H6586 |
| בִּי | મારી-વિરુદ્ધ | |
| כִּי־ | કેમ-કે | |
| אָז | ત્યારે | |
| אָסִיר | હું-દૂર-કરીશ | H5493 |
| מִקִּרְבֵּךְ | તારી-વચ્ચેથી | H7130 |
| עַלִּיזֵי | ગર્વિષ્ઠ-ઉલ્લાસીઓ | H5947 |
| גַּאֲוָתֵךְ | તારા-અભિમાનના | H1346 |
| וְלֹא־ | અને-નહીં | H3808 |
| תוֹסִפִי | તું-વધુ | H3254 |
| לְגָבְהָה | ઊંચાઈ-કરે | H1361 |
| עוֹד | ફરી | H5750 |
| בְּהַר | મારા-પર્વત-પર | H2022 |
| קָדְשִׁי׃ | પવિત્ર | H6944 |

તે દિવસે તારાં સર્વ કૃત્યો જે તેં મારી વિરુદ્ધ કર્યાં છે તેને માટે તારે શરમાવું નહિ પડે, કેમ કે તે સમયે હું તારામાંથી અભિમાની તથા ઉદ્ધત માણસોને દૂર કરીશ, કેમ કે હવે પછી તું મારા પવિત્ર પર્વત પર હીણપતભર્યું કાર્ય કરી શકશે નહિ.

12

| | | |
|---|---|---|
| וְהִשְׁאַרְתִּי | અને-હું-રાખીશ | H7604 |
| בְקִרְבֵּךְ | તારી-વચ્ચે | H7130 |
| עַם | લોકો | |
| עָנִי | દીન | H6041 |
| וָדָל | અને-ગરીબ | H1800 |
| וְחָסוּ | અને-તેઓ-આશ્રય-લેશે | H2620 |
| בְּשֵׁם | નામમાં | H8034 |
| יְהוָה׃ | યહોવાહના | H3068 |

પણ હું તારામાં દીન તથા ગરીબ લોકોને રહેવા દઈશ, તેઓ મારા નામ પર ભરોસો રાખશે.

13

| | | |
|---|---|---|
| שְׁאֵרִית | બાકીના | H7611 |
| יִשְׂרָאֵל | ઈસ્રાએલ | H3478 |
| לֹא־ | નહીં | H3808 |
| יַעֲשׂוּ | કરે | |
| עַוְלָה | અન્યાય | |
| וְלֹא־ | અને-નહીં | H3808 |
| יְדַבְּרוּ | બોલે | H1696 |
| כָזָב | જૂઠું | H3577 |
| וְלֹא־ | અને-નહીં | H3808 |
| יִמָּצֵא | મળે | H4672 |
| בְּפִיהֶם | તેમના-મુખમાં | H6310 |
| לְשׁוֹן | જીભ | H3956 |
| תַּרְמִית | છેતરામણી | |
| כִּי־ | કેમ-કે | |
| הֵמָּה | તેઓ | H1992 |
| יִרְעוּ | ચરશે | |
| וְרָבְצוּ | અને-આરામ-કરશે | H7257 |
| וְאֵין | અને-કોઈ-નહીં | H0369 |
| מַחֲרִיד׃ | ડરાવનારું | H2729 |
| ס | — | |

ઇઝરાયલના બાકી રહેલા લોકો તે પછી અન્યાય કરશે નહિ કે જૂઠું બોલશે નહિ, તેમના મુખમાં કપટી જીભ માલૂમ પડશે નહિ. તેઓ ખાશે અને સૂઈ જશે અને કોઈ તેમને બીવડાવશે નહિ."

14

| | | |
|---|---|---|
| רָנִּי | ગાઓ | |
| בַּת־ | પુત્રી | H1323 |
| צִיּוֹן | સિયોનની | H6726 |
| הָרִיעוּ | જયનાદ-કરો | H7321 |
| יִשְׂרָאֵל | ઈસ્રાએલ | H3478 |
| שִׂמְחִי | આનંદ-કર | H8055 |
| וְעָלְזִי | અને-ઉલ્લાસ-કર | H5937 |
| בְּכָל־ | સમગ્ર | H3605 |
| לֵב | હૃદયથી | |
| בַּת | પુત્રી | H1323 |
| יְרוּשָׁלִָם׃ | યરૂશાલેમની | H3389 |

ઓ સિયોનની દીકરી ગાયન કર. હે ઇઝરાયલ ઉલ્લાસ કર. હે યરુશાલેમની દીકરી તારા પૂરા હૃદયથી ખુશ થા અને આનંદ કર.

15

| | | |
|---|---|---|
| הֵסִיר | દૂર-કર્યા | H5493 |
| יְהוָה | યહોવાહે | H3068 |
| מִשְׁפָּטַיִךְ | તારા-ન્યાયદંડો | H4941 |
| פִּנָּה | ફેરવ્યો | H6437 |
| אֹיְבֵךְ | તારા-શત્રુને | H0341 |
| מֶלֶךְ | રાજા | H4428 |
| יִשְׂרָאֵל | ઈસ્રાએલનો | H3478 |
| יְהוָה | યહોવાહ | H3068 |
| בְּקִרְבֵּךְ | તારી-વચ્ચે-છે | H7130 |
| לֹא־ | નહીં | H3808 |
| תִירְאִי | ડરીશ | H3372 |
| רָע | ભૂંડાઈથી | |
| עוֹד׃ | ફરી | H5750 |

યહોવાહ તમારી શિક્ષાનો અંત લાવ્યા છે; તેમણે તમારા દુશ્મનોને કાઢી મૂક્યાં છે; ઇઝરાયલના રાજા યહોવાહ, તમારામાં છે. તમને ફરીથી ક્યારેય આપત્તિનો ડર લાગશે નહિ.

16

| | | |
|---|---|---|
| בַּיּוֹם | તે-દિવસે | H3117 |
| הַהוּא | તે | H1931 |
| יֵאָמֵר | કહેવાશે | H0559 |
| לִירוּשָׁלִַם | યરૂશાલેમને | H3389 |
| אַל־ | ના | H0408 |
| תִּירָאִי | ડર | H3372 |
| צִיּוֹן | સિયોન | H6726 |
| אַל־ | ના | H0408 |
| יִרְפּוּ | ઢીલા-પડે | H7503 |
| יָדָיִךְ׃ | તારા-હાથ | H3027 |

તે દિવસે તેઓ યરુશાલેમને કહેશે કે, “હે સિયોન, બીશ નહિ, તારા હાથો ઢીલા પડવા દઈશ નહિ.

17

| | | |
|---|---|---|
| יְהוָ֥ה | યહોવાહ | H3068 |
| אֱלֹהַ֛יִךְ | તારો-ઈશ્વર | H0430 |
| בְּקִרְבֵּ֖ךְ | તારી-વચ્ચે | H7130 |
| גִּבּ֣וֹר | શક્તિશાળી | H1368 |
| יוֹשִׁ֑יעַ | બચાવનાર-છે | H3467 |
| יָשִׂ֨ישׂ | તે-આનંદ-કરશે | H7797 |
| עָלַ֜יִךְ | તારા-પર | |
| בְּשִׂמְחָ֗ה | ખુશીથી | H8057 |
| יַחֲרִישׁ֙ | તે-શાંત-થશે | |
| בְּאַ֣הֲבָת֔וֹ | તેના-પ્રેમમાં | H0160 |
| יָגִ֥יל | તે-ઉલ્લાસ-કરશે | H1523 |
| עָלַ֖יִךְ | તારા-પર | |
| בְּרִנָּֽה׃ | ગાયનથી | H7440 |

યહોવાહ તારા ઈશ્વર તારી મધ્યે છે, શક્તિશાળી ઈશ્વર તને બચાવશે; તે તારા માટે હરખાશે. તે તારા પરના તેમના પ્રેમમાં શાંત રહેશે. તે ગાતાં ગાતાં તારા પર આનંદ કરશે,

18

| | | |
|---|---|---|
| נוּגֵ֥י | શોકાતુરોને | H3013 |
| מִמּוֹעֵ֛ד | તહેવારથી | H4150 |
| אָסַ֖פְתִּי | મેં-ભેગા-કર્યા | H0622 |
| מִמֵּ֣ךְ | તારામાંથી | |
| הָי֑וּ | હતા | H1961 |
| מַשְׂאֵ֥ת | બોજ | H4864 |
| עָלֶ֖יהָ | તેના-પર | |
| חֶרְפָּֽה׃ | નિંદાનો | H2781 |

તારામાંના જેઓ મુકરર ઉત્સવને સારુ દિલગીર છે તેઓને હું ભેગા કરીશ અને તારા પરનો તેઓનો બોજો મહેણાંરૂપ થશે.

19

| | | |
|---|---|---|
| הִנְנִ֥י | જો | H2009 |
| עֹשֶׂ֛ה | હું-કરીશ | |
| אֶת־ | — | H0853 |
| כָּל־ | બધા | H3605 |
| מְעַנַּ֖יִךְ | તારા-જુલમગારોને | |
| בָּעֵ֣ת | તે-સમયે | H6256 |
| הַהִ֑יא | તે | H1931 |
| וְהוֹשַׁעְתִּ֣י | અને-હું-બચાવીશ | H3467 |
| אֶת־ | — | H0853 |
| הַצֹּלֵעָ֗ה | લંગડાને | H6760 |
| וְהַנִּדָּחָה֙ | અને-વિખેરાયેલાને | H5080 |
| אֲקַבֵּ֔ץ | ભેગા-કરીશ | H6908 |
| וְשַׂמְתִּים֙ | અને-હું-કરીશ | |
| לִתְהִלָּ֣ה | સ્તુતિ-માટે | H8416 |
| וּלְשֵׁ֔ם | અને-નામ-માટે | H8034 |
| בְּכָל־ | સમગ્ર | H3605 |
| הָאָ֖רֶץ | પૃથ્વીમાં | H0776 |
| בָּשְׁתָּֽם׃ | તેમની-શરમ | H1322 |

જો  તે સમયે હું તારા બધા જુલમગારોની ખબર લઈશ. હું અપંગને બચાવીશ અને જેઓને કાઢી મૂકવામાં આવી છે તેઓને એકત્ર કરીશ; આખી પૃથ્વીમાં જ્યાં તેઓ શરમજનક બન્યા છે ત્યાં હું તેઓને પ્રશંસનીય કરીશ.

20

| | | |
|---|---|---|
| בָּעֵ֤ת | તે-સમયે | H6256 |
| הַהִיא֙ | તે | H1931 |
| אָבִ֣יא | હું-લાવીશ | H0935 |
| אֶתְכֶ֔ם | તમને | H0853 |
| וּבָעֵ֖ת | અને-તે-સમયે | H6256 |
| קַבְּצִ֣י | ભેગા-કરીશ | H6908 |
| אֶתְכֶ֑ם | તમને | H0853 |
| כִּֽי־ | કેમ-કે | |
| אֶתֵּ֨ן | હું-આપીશ | H5414 |
| אֶתְכֶ֜ם | તમને | H0853 |
| לְשֵׁ֣ם | નામ | H8034 |
| וְלִתְהִלָּ֗ה | અને-સ્તુતિ | H8416 |
| בְּכֹל֙ | બધા-માં | H3605 |
| עַמֵּ֣י | લોકોના | |
| הָאָ֔רֶץ | પૃથ્વીના | H0776 |
| בְּשׁוּבִ֧י | જ્યારે-હું-ફેરવીશ | H7725 |
| אֶת־ | — | H0853 |
| שְׁבוּתֵיכֶ֛ם | તમારી-બંદીવાસ | H7622 |
| לְעֵינֵיכֶ֖ם | તમારી-આખો-સામે | |
| אָמַ֥ר | કહ્યુ-છે | H0559 |
| יְהוָֽה׃ | યહોવાહે | H3068 |

તે સમયે હું તમને અંદર લાવીશ અને તે જ સમયે હું તમને ભેગા કરીશ, કેમ કે યહોવાહ કહે છે કે, તારી નજર આગળથી તારી ગુલામગીરી ફેરવી નાખીને, હું આખી પૃથ્વીના લોકો મધ્યે તને નામ આપીશ અને પ્રશંસારૂપ કરીશ, એમ યહોવાહ કહે છે.

# હાગ્ગાય

## Chapter 1

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | בִּשְׁנַ֣ת | שְׁתַּ֗יִם | לְדָרְיָ֣וֶשׁ | הַמֶּ֔לֶךְ | בַּחֹ֙דֶשׁ֙ | הַשִּׁשִּׁ֔י | בְּי֥וֹם | אֶחָ֖ד | לַחֹ֑דֶשׁ | הָיָ֣ה | דְבַר־ | יְהוָ֗ה |
| | વર્ષમાં | બીજા | દારાની | રાજાના | મહિનામાં | છઠ્ઠા | દિવસે | પહેલા | મહિનાના | આવ્યું | યહોવાનું-વચન | યહોવાનું |
| | H8141 | H8147 | H1867 | H4428 | H2320 | H8345 | H3117 | H0259 | H2320 | H1961 | H1697 | H3068 |
| | בְּיַד־ | חַגַּ֣י | הַנָּבִ֗יא | אֶל־ | זְרֻבָּבֶ֤ל | בֶּן־ | שְׁאַלְתִּיאֵל֙ | פַּחַ֣ת | יְהוּדָ֔ה | וְאֶל־ | יְהוֹשֻׁ֧עַ | |
| | દ્વારા | હાગ્ગાય | પ્રબોધકના | પ્રતિ | ઝરુબ્બાબેલ | પુત્ર | શઆલ્તીએલના | રાજ્યપાલ | યહૂદાના | અને-પ્રતિ | યહોશુઆ | |
| | H3027 | | H5030 | H0413 | H2216 | | | H6346 | H3063 | H0413 | H3091 | |
| | בֶּן־ | יְהוֹצָדָ֛ק | הַכֹּהֵ֥ן | הַגָּד֖וֹל | לֵאמֹֽר׃ | | | | | | | |
| | પુત્ર | યહોસાદાકના | યાજક | મહાન | કહેતાં | | | | | | | |
| | | H3087 | H3548 | | H0559 | | | | | | | |

દાર્યાવેશ રાજાના બીજા વર્ષના છઠ્ઠા માસના પહેલા દિવસે, યહૂદિયાના રાજકર્તા શાલ્તીએલના દીકરા ઝરુબ્બાબેલ તથા પ્રમુખ યાજક યહોસાદાકના દીકરા યહોશુઆ પાસે હાગ્ગાય પ્રબોધકની મારફતે યહોવાહનું વચન આવ્યું કે,

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | כֹּ֥ה | אָמַ֛ר | יְהוָ֥ה | צְבָא֖וֹת | לֵאמֹ֑ר | הָעָ֤ם | הַזֶּה֙ | אָֽמְר֔וּ | לֹ֥א | עֶת־ | בֹּ֛א | עֶת־ |
| | આ-પ્રમાણે | બોલ્યા | યહોવા | સૈન્યોના | કહેતાં | આ-લોકો | આ | કહે-છે | નથી | સમય | આવ્યો | સમય |
| | H3541 | H0559 | H3068 | | H0559 | | H2088 | H0559 | H3808 | H6256 | H0935 | H6256 |
| | בֵּ֥ית | יְהוָ֖ה | לְהִבָּנֽוֹת׃ | פ | | | | | | | | |
| | યહોવાના-ઘરનો | યહોવાના | બાંધવાનો | — | | | | | | | | |
| | | H3068 | H1129 | | | | | | | | | |

સૈન્યોના ઈશ્વર યહોવાહ એવું કહે છે, "આ લોકો કહે છે કે, યહોવાહનું સભાસ્થાન બાંધવાનો સમય હજુ આવ્યો નથી."

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 3 | וַֽיְהִי֙ | דְּבַר־ | יְהוָ֔ה | בְּיַד־ | חַגַּ֥י | הַנָּבִ֖יא | לֵאמֹֽר׃ |
| | અને-આવ્યું | યહોવાનું-વચન | યહોવાનું | દ્વારા | હાગ્ગાય | પ્રબોધકના | કહેતાં |
| | H1961 | H1697 | H3068 | H3027 | | H5030 | H0559 |

ત્યારે હાગ્ગાય પ્રબોધકની મારફતે યહોવાહનું વચન આવ્યું કે,

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 4 | הַעֵ֤ת | לָכֶם֙ | אַתֶּ֔ם | לָשֶׁ֖בֶת | בְּבָתֵּיכֶ֣ם | סְפוּנִ֑ים | וְהַבַּ֥יִת | הַזֶּ֖ה | חָרֵֽב׃ |
| | શું-સમય-છે | તમારા-માટે | તમે | રહેવાનો | તમારા-ઘરોમાં | છત-વાળા | અને-આ-ઘર | આ | ઉજ્જડ-છે |
| | H6256 | | | H3427 | | H5603 | | H2088 | |

"જયારે આ સભાસ્થાન ઉજ્જડ પડી રહેલું છે, ત્યારે તમારે તમારાં છતવાળાં ઘરોમાં રહેવાનો આ સમય છે શું?"

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 5 | וְעַתָּ֕ה | כֹּ֥ה | אָמַ֖ר | יְהוָ֣ה | צְבָא֑וֹת | שִׂ֥ימוּ | לְבַבְכֶ֖ם | עַל־ | דַּרְכֵיכֶֽם׃ |
| | અને-હવે | આ-પ્રમાણે | બોલ્યા | યહોવા | સૈન્યોના | વિચારો | તમારા-હૃદયમાં | વિશે | તમારા-માર્ગો |
| | H6258 | H3541 | H0559 | H3068 | | | H3824 | | H1870 |

માટે સૈન્યોના યહોવાહ આ કહે છે, 'તમારા હૃદયનાં માર્ગો વિષે વિચાર કરો

6 זְרַעְתֶּם תમે-વાવ્યું H2232 | הַרְבֵּה ઘણું | וְהָבֵא અને-લાવ્યા H0935 | מְעָט થોડું H4592 | אָכוֹל ખાઓ-છો H0398 | וְאֵין־ અને-નથી H0369 | לְשָׂבְעָה ધરાવો H7654 | שָׁתוֹ પીઓ-છો H8354 | וְאֵין־ અને-નથી H0369 | לְשָׁכְרָה છકતા H7937 | לָבוֹשׁ પહેરો-છો H3847
וְאֵין־ અને-નથી H0369 | לְחֹם ગરમી H2527 | לוֹ તેને | וְהַמִּשְׂתַּכֵּר અને-મજૂરી-કરનાર | מִשְׂתַּכֵּר મજૂરી-કરે-છે | אֶל־ માં H0413 | צְרוֹר કોથળી | נָקוּב: કાણાવાળી | פ —

“તમે ઘણું વાવ્યું છે, પણ થોડી જ ફસલ લાવ્યા છો; તમે ખાઓ છો, પણ ધરાઈને નહિ; તમે પીઓ છો ખરા પણ તૃપ્ત થતા નથી. તમે વસ્ત્રો પહેરો છો પણ તે તમને ગરમી આપતાં નથી; જે માણસ કમાણી કરે છે તે માણસ પોતાની કમાણીને કાણી કોથળીમાં નાખે છે’

7 כֹּה આ-પ્રમાણે H3541 | אָמַר બોલ્યા H0559 | יְהוָה યહોવા H3068 | צְבָאוֹת સૈન્યોના | שִׂימוּ વિચારો | לְבַבְכֶם તમારા-હૃદયમાં H3824 | עַל־ વિશે | דַּרְכֵיכֶם: તમારા-માર્ગો H1870

સૈન્યોના યહોવાહ એવું કહે છે કે, ‘તમારા હૃદયનાં માર્ગો વિષે વિચાર કરો

8 עֲלוּ જાઓ H5927 | הָהָר પહાડ-પર H2022 | וַהֲבֵאתֶם અને-લાવો H0935 | עֵץ લાકડાં H6086 | וּבְנוּ અને-બાંધો H1129 | הַבָּיִת ઘર | וְאֶרְצֶה־ અને-હું-પ્રસન્ન-થઈશ H7521 | בּוֹ તેનાથી | ]ואכבד[ — H3513
)וְאֶכָּבְדָה( અને-મહિમાવાન-થઈશ H3513 | אָמַר બોલ્યા H0559 | יְהוָה: યહોવા H3068

પર્વતો પર જાઓ, લાકડાં લાવો, મારું સભાસ્થાન બાંધો; તેનાથી હું ખુશ થઈશ અને હું મહિમાવાન થઈશ’

9 פָּנֹה તમે-જોયું H6437 | אֶל־ તરફ H0413 | הַרְבֵּה ઘણાની | וְהִנֵּה અને-જુઓ H2009 | לִמְעָט થોડું-થયું H4592 | וַהֲבֵאתֶם અને-તમે-લાવ્યા H0935 | הַבַּיִת ઘરમાં | וְנָפַחְתִּי અને-મેં-ઉડાવી-દીધું H5301 | בוֹ તેને | יַעַן કારણ-કે H3282
מֶה શા-માટે H4100 | נְאֻם કહે-છે H5002 | יְהוָה યહોવા H3068 | צְבָאוֹת સૈન્યોના | יַעַן કારણ-કે H3282 | בֵּיתִי મારું-ઘર | אֲשֶׁר־ જે | הוּא તે H1931 | חָרֵב ઉજ્જડ-છે | וְאַתֶּם અને-તમે | רָצִים દોડો-છો H7323 | אִישׁ દરેક H0376
לְבֵיתוֹ: પોતાના-ઘર-માટે

તમે ઘણાંની આશા રાખતા હતા, પણ જુઓ, તમે થોડું જ લઈને ઘરે આવ્યા, કેમ કે મેં તેને ફૂંક મારીને ઉડાવી દીધું. શા માટે?’ ‘કેમ કે જ્યારે દરેક માણસ ખુશીથી પોતપોતાના ઘરે જાય છે ત્યારે મારું સભાસ્થાન ઉજ્જડ પડી રહ્યુ છે.

10 עַל־ તેથી | כֵּן આ-કારણે | עֲלֵיכֶם તમારા-ઉપર | כָּלְאוּ રોક્યું-છે H3607 | שָׁמַיִם આકાશે H8064 | מִטָּל ઝાકળ H2919 | וְהָאָרֶץ અને-ભૂમિએ H0776 | כָּלְאָה રોક્યું-છે H3607 | יְבוּלָהּ: તેની-ઉપજ H2981

તમારે કારણે આકાશમાંથી ઝાકળ પડતું બંધ થયું છે અને પૃથ્વીની ઊપજ બંધ થઈ ગઈ છે.

11 וָאֶקְרָא અને-મેં-બોલાવ્યો H7121 | חֹרֶב દુકાળ | עַל־ ઉપર | הָאָרֶץ ભૂમિ-પર H0776 | וְעַל־ અને-ઉપર | הֶהָרִים પહાડો-પર H2022 | וְעַל־ અને-ઉપર | הַדָּגָן અનાજ-પર H1715 | וְעַל־ અને-ઉપર
הַתִּירוֹשׁ નવો-દ્રાક્ષારસ-પર H8492 | וְעַל־ અને-ઉપર | הַיִּצְהָר તેલ-પર H3323 | וְעַל અને-ઉપર | אֲשֶׁר જે-કંઈ | תּוֹצִיא ઉપજાવે-છે H3318 | הָאֲדָמָה ભૂમિ H0127 | וְעַל־ અને-ઉપર | הָאָדָם માણસો-પર H0120 | וְעַל־ અને-ઉપર
הַבְּהֵמָה પશુઓ-પર H0929 | וְעַל અને-ઉપર | כָּל־ બધી H3605 | יְגִיעַ મહેનતના H3018 | כַּפָּיִם: હાથો H3709 | ס —

હું દેશ પર, પર્વતો પર, અનાજ પર, દ્રાક્ષારસ, તેલ તથા પૃથ્વીની ફસલ પર, માણસો પર અને પશુઓ પર તથા તારા હાથનાં બધાં કામો પર દુકાળ લાવીશ એવી મેં આજ્ઞા કરી છે.'"

12

| וַיִּשְׁמַע | זְרֻבָּבֶל | בֶּן־ | שַׁלְתִּיאֵל | וִיהוֹשֻׁעַ | בֶּן־ | יְהוֹצָדָק | הַכֹּהֵן | הַגָּדוֹל | וְכֹל |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-માન્યું | ઝરુબ્બાબેલે | પુત્ર | શઆલ્તીએલના | અને-યહોશુઆએ | પુત્ર | યહોસાદાકના | યાજક | મહાન | અને-બધા |
| H8085 | H2216 | | | H3091 | | H3087 | H3548 | | H3605 |

| שְׁאֵרִית | הָעָם | בְּקוֹל | יְהוָה | אֱלֹהֵיהֶם | וְעַל־ | דִּבְרֵי | חַגַּי | הַנָּבִיא | כַּאֲשֶׁר | שְׁלָחוֹ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બાકીના | લોકોએ | વાણી | યહોવા | તેમના-ઈશ્વરના | અને | વચનો | હાગ્ગાય | પ્રબોધકના | જેમ | તેને-મોકલ્યા-હતા |
| H7611 | | | H3068 | H0430 | | H1697 | | H5030 | | H7971 |

| יְהוָה | אֱלֹהֵיהֶם | וַיִּירְאוּ | הָעָם | מִפְּנֵי | יְהוָה׃ |
|---|---|---|---|---|---|
| યહોવાએ | તેમના-ઈશ્વરે | અને-ડર્યા | લોકો | સમક્ષ | યહોવાના |
| H3068 | H0430 | H3372 | | H6440 | H3068 |

ત્યારે શાલ્તીએલના દીકરા ઝરુબ્બાબેલ તથા પ્રમુખ યાજક યહોસાદાકના દીકરા યહોશુઆએ તથા તેઓના બાકી રહેલા લોકોએ યહોવાહ તેઓના ઈશ્વરનો અવાજ તથા યહોવાહ તેઓના ઈશ્વરે મોકલેલા હાગ્ગાય પ્રબોધકનાં વચનો પાળ્યા. અને લોકો યહોવાહના મુખથી ડરી ગયા.

13

| וַיֹּאמֶר | חַגַּי | מַלְאַךְ | יְהוָה | בְּמַלְאֲכוּת | יְהוָה | לָעָם | לֵאמֹר | אֲנִי | אִתְּכֶם | נְאֻם־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-બોલ્યા | હાગ્ગાય | દૂત | યહોવાના | સંદેશમાં | યહોવાના | લોકોને | કહેતાં | હું | તમારી-સાથે-છું | કહે-છે |
| H0559 | | H4397 | H3068 | H4400 | H3068 | | H0559 | H0589 | H0854 | H5002 |

| יְהוָה׃ |
|---|
| યહોવા |
| H3068 |

પછી યહોવાહના સંદેશવાહક હાગ્ગાયે યહોવાહનો સંદેશો લોકોને આપીને કહ્યુ કે, "હું તમારી સાથે છું' આ યહોવાહની ઘોષણા છે"

14

| וַיָּעַר | יְהוָה | אֶת־ | רוּחַ | זְרֻבָּבֶל | בֶּן־ | שַׁלְתִּיאֵל | פַּחַת | יְהוּדָה | וְאֶת־ | רוּחַ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-જગાડ્યો | યહોવાએ | ને | આત્મા | ઝરુબ્બાબેલનો | પુત્ર | શઆલ્તીએલના | રાજ્યપાલ | યહૂદાના | અને-ને | આત્મા |
| H5782 | H3068 | H0853 | H7307 | H2216 | | | H6346 | H3063 | H0853 | H7307 |

| יְהוֹשֻׁעַ | בֶּן־ | יְהוֹצָדָק | הַכֹּהֵן | הַגָּדוֹל | וְאֶת־ | רוּחַ | כֹּל | שְׁאֵרִית | הָעָם | וַיָּבֹאוּ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| યહોશુઆનો | પુત્ર | યહોસાદાકના | યાજક | મહાન | અને-ને | આત્મા | બધા | બાકીના | લોકોનો | અને-તેઓ-આવ્યા |
| H3091 | | H3087 | H3548 | | H0853 | H7307 | H3605 | H7611 | | H0935 |

| וַיַּעֲשׂוּ | מְלָאכָה | בְּבֵית־ | יְהוָה | צְבָאוֹת | אֱלֹהֵיהֶם׃ | פ |
|---|---|---|---|---|---|---|
| અને-કામ-કર્યું | કામ | યહોવા-સૈન્યોના-ઘરમાં | યહોવા | સૈન્યોના | તેમના-ઈશ્વરના | — |
| | H4399 | | H3068 | | H0430 | |

ત્યારે યહોવાહે યહૂદિયાના રાજકર્તા શાલ્તીએલના દીકરા ઝરુબ્બાબેલ તથા પ્રમુખ યાજક યહોસાદાકના દીકરા યહોશુઆનું મન, તથા બાકી રહેલા સર્વ લોકોનું મન જાગૃત કર્યું તેથી તેઓએ જઈને પોતાના ઈશ્વર સૈન્યોના યહોવાહના ઘરમાં કામ શરૂ કર્યું.

15

| בְּיוֹם | עֶשְׂרִים | וְאַרְבָּעָה | לַחֹדֶשׁ | בַּשִּׁשִּׁי | בִּשְׁנַת | שְׁתַּיִם | לְדָרְיָוֶשׁ | הַמֶּלֶךְ׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| દિવસે | વીસમા | અને-ચોવીસમા | મહિનાના | છઠ્ઠામાં | વર્ષમાં | બીજા | દારાના | રાજાના |
| H3117 | H6242 | H0702 | H2320 | H8345 | H8141 | H8147 | H1867 | H4428 |

તે દાર્યાવેશ રાજાના બીજા વર્ષના છઠ્ઠા માસના ચોવીસમાં દિવસે હતું.

## Chapter 2

1

| בְּשְׁבִיעִי | בְּעֶשְׂרִים | וְאֶחָד | לַחֹדֶשׁ | הָיָה | דְּבַר־ | יְהוָה | בְּיַד־ | חַגַּי | הַנָּבִיא |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સાતમામાં | એકવીસમા | અને-એકવીસમા | મહિનાના | આવ્યું | યહોવાનું-વચન | યહોવાનું | દ્વારા | હાગ્ગાય | પ્રબોધકના |
| H7637 | H6242 | H0259 | H2320 | H1961 | H1697 | H3068 | H3027 | | H5030 |

| לֵאמֹר׃ |
|---|
| કહેતાં |
| H0559 |

સાતમા માસના એકવીસમા દિવસે હાગ્ગાય પ્રબોધકની + 2:1 હાથથી મારફતે યહોવાહનું વચન આવ્યું કે,

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| אֱמָר־ | נָא | אֶל־ | זְרֻבָּבֶל | בֶּן־ | שַׁלְתִּיאֵל | פַּחַת | יְהוּדָה | וְאֶל־ | יְהוֹשֻׁעַ | בֶּן־ |
| કહે | હવે | પ્રતિ | ઝરુબ્બાબેલ | પુત્ર | શઆલ્તીએલના | રાજ્યપાલ | યહૂદાના | અને-પ્રતિ | યહોશુઆ | પુત્ર |
| H0559 | H4994 | H0413 | H2216 | | | H6346 | H3063 | H0413 | H3091 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| יְהוֹצָדָק | הַכֹּהֵן | הַגָּדוֹל | וְאֶל־ | שְׁאֵרִית | הָעָם | לֵאמֹר׃ |
| યહોસાદાકના | યાજક | મહાન | અને-પ્રતિ | બાકીના | લોકો | કહેતાં |
| H3087 | H3548 | | H0413 | H7611 | | H0559 |

હવે યહૂદિયાના રાજકર્તા શાલ્તીએલના દીકરા ઝરુબ્બાબેલને તથા પ્રમુખ યાજક યહોસાદાકના દીકરા યહોશુઆને તથા બાકી રહેલા લોકોને કહે કે,

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מִי | בָכֶם | הַנִּשְׁאָר | אֲשֶׁר | רָאָה | אֶת־ | הַבַּיִת | הַזֶּה | בִּכְבוֹדוֹ | הָרִאשׁוֹן |
| કોણ | તમારામાં | બાકી-રહેલો-છે | જેણે | જોયું | ને | આ-ઘરને | આ | તેના-પહેલાના-મહિમામાં | પહેલાના |
| H4310 | | H7604 | | H7200 | H0853 | | H2088 | H3519 | H7223 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וּמָה | אַתֶּם | רֹאִים | אֹתוֹ | עַתָּה | הֲלוֹא | כָמֹהוּ | כְּאַיִן | בְּעֵינֵיכֶם׃ |
| અને-શું | તમે | જુઓ-છો | તેને | હવે | શું-નથી | તેના-જેવું | કંઈ-નહીં-જેવું | તમારી-નજરમાં |
| H4100 | | H7200 | H0853 | H6258 | H3808 | H3644 | H0369 | |

‘શું આ સભાસ્થાનનો અગાઉનો વૈભવ જોનારાઓમાંનો કોઈ તમારામાં જીવતો રહ્યો છે? હમણાં તમે તેને કેવી હાલતમાં જુઓ છો? શું તે તમારી નજરમાં શૂન્યવત્ નથી?

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְעַתָּה | חֲזַק | זְרֻבָּבֶל | נְאֻם־ | יְהוָה | וַחֲזַק | יְהוֹשֻׁעַ | בֶן־ | יְהוֹצָדָק | הַכֹּהֵן |
| અને-હવે | હિંમત-રાખ | ઝરુબ્બાબેલ | કહે-છે | યહોવા | અને-હિંમત-રાખ | યહોશુઆ | પુત્ર | યહોસાદાકના | યાજક |
| H6258 | H2388 | H2216 | H5002 | H3068 | H2388 | H3091 | | H3087 | H3548 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| הַגָּדוֹל | וַחֲזַק | כָּל־ | עַם | הָאָרֶץ | נְאֻם־ | יְהוָה | וַעֲשׂוּ | כִּי־ | אֲנִי | אִתְּכֶם |
| મહાન | અને-હિંમત-રાખો | બધા | લોકો | દેશના | કહે-છે | યહોવા | અને-કરો | કારણ-કે | હું | તમારી-સાથે-છું |
| | H2388 | H3605 | | H0776 | H5002 | H3068 | | | H0589 | H0854 |

| | | |
|---|---|---|
| נְאֻם | יְהוָה | צְבָאוֹת׃ |
| કહે-છે | યહોવા | સૈન્યોના |
| H5002 | H3068 | |

હવે, યહોવાહ કહે છે, હે ઝરુબ્બાબેલ, બળવાન થા’ હે યહોસાદાકના દીકરા પ્રમુખ યાજક યહોશુઆ, ‘બળવાન થા;’ યહોવાહ કહે છે, હે દેશના સર્વ લોકો’ તમે બળવાન થાઓ ‘અને કામ કરો કેમ કે હું તમારી સાથે છું,’ આ સૈન્યોના યહોવાહ કહે છે.

5

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | הַדָּבָר | אֲשֶׁר־ | כָּרַתִּי | אִתְּכֶם | בְּצֵאתְכֶם | מִמִּצְרַיִם | וְרוּחִי | עֹמֶדֶת |
| ને | વચન | જે | મેં-બાંધ્યું | તમારી-સાથે | તમારા-નીકળ્યા-ત્યારે | મિસરમાંથી | અને-મારો-આત્મા | રહે-છે |
| H0853 | H1697 | | H3772 | H0854 | H3318 | H4714 | H7307 | H5975 |

| | | | |
|---|---|---|---|
| בְּתוֹכְכֶם | אַל־ | תִּירָאוּ׃ | ס |
| તમારી-વચ્ચે | ના | ડરો | — |
| H8432 | H0408 | H3372 | |

જ્યારે તમે મિસરમાંથી બહાર આવ્યા ત્યારે તમારી સાથે કરાર કરીને જે વચનો સ્થાપ્યાં તે પ્રમાણે, મારો આત્મા તમારી મધ્યે છે. તમે બીશો નહિ.’

6

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | כֹה | אָמַר | יְהוָה | צְבָאוֹת | עוֹד | אַחַת | מְעַט | הִיא | וַאֲנִי | מַרְעִישׁ | אֶת־ |
| કારણ-કે | આ-પ્રમાણે | બોલ્યા | યહોવા | સૈન્યોના | હજુ | એક | થોડું | છે | અને-હું | હલાવીશ | ને |
| | H3541 | H0559 | H3068 | | H5750 | H0259 | H4592 | H1931 | H0589 | H7493 | H0853 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| הַשָּׁמַיִם | וְאֶת־ | הָאָרֶץ | וְאֶת־ | הַיָּם | וְאֶת־ | הֶחָרָבָה׃ |
| આકાશો | અને-ને | ભૂમિ | અને-ને | સમુદ્ર | અને-ને | સૂકી-ભૂમિ |
| H8064 | H0853 | H0776 | H0853 | H3220 | H0853 | H2724 |

કેમ કે સૈન્યોના યહોવાહ કહે છે, ‘થોડી જ વારમાં હું આકાશ, પૃથ્વી, સમુદ્ર તથા સૂકી ધરતીને હલાવું છું.

7

| וְהִרְעַשְׁתִּי | אֶת־ | כָּל־ | הַגּוֹיִם | וּבָאוּ | חֶמְדַּת | כָּל־ | הַגּוֹיִם | וּמִלֵּאתִי | אֶת־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-હું-હલાવીશ | ને | બધી | પ્રજાઓને | અને-આવશે | ઇચ્છિત-વસ્તુઓ | બધી | પ્રજાઓની | અને-ભરીશ | ને |
| H7493 | H0853 | H3605 | | H0935 | | H3605 | | H4390 | H0853 |

| הַבַּיִת | הַזֶּה | כָּבוֹד | אָמַר | יְהוָה | צְבָאוֹת׃ |
|---|---|---|---|---|---|
| આ-ઘરને | આ | મહિમાથી | બોલ્યા | યહોવા | સૈન્યોના |
| | H2088 | H3519 | H0559 | H3068 | |

અને હું બધી પ્રજાઓને હલાવીશ, દરેક પ્રજા તેઓની કિંમતી વસ્તુઓ મારી પાસે લાવશે, અને આ સભાસ્થાનને હું ગૌરવથી ભરી દઈશ. સૈન્યોના યહોવાહ કહે છે.

8

| לִי | הַכֶּסֶף | וְלִי | הַזָּהָב | נְאֻם | יְהוָה | צְבָאוֹת׃ |
|---|---|---|---|---|---|---|
| મારું-છે | ચાંદી | અને-મારું-છે | સોનું | કહે-છે | યહોવા | સૈન્યોના |
| | H3701 | | H2091 | H5002 | H3068 | |

સૈન્યોના યહોવાહ એવું કહે છે, ચાંદી તથા સોનું મારું છે.

9

| גָּדוֹל | יִהְיֶה | כְּבוֹד | הַבַּיִת | הַזֶּה | הָאַחֲרוֹן | מִן־ | הָרִאשׁוֹן | אָמַר | יְהוָה | צְבָאוֹת |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મોટો | હશે | મહિમા | આ-ઘરનો | આ | છેલ્લાનો | કરતાં | પહેલાના | બોલ્યા | યહોવા | સૈન્યોના |
| | H1961 | H3519 | | H2088 | H0314 | | H7223 | H0559 | H3068 | |

| וּבַמָּקוֹם | הַזֶּה | אֶתֵּן | שָׁלוֹם | נְאֻם | יְהוָה | צְבָאוֹת׃ | פ |
|---|---|---|---|---|---|---|---|
| અને-આ-સ્થળમાં | આ | આપીશ | શાંતિ | કહે-છે | યહોવા | સૈન્યોના | — |
| H4725 | H2088 | H5414 | H7965 | H5002 | H3068 | | |

'સૈન્યોના યહોવાહ કહે છે, આ સભાસ્થાનનું ભૂતકાળનું ગૌરવ તેની શરૂઆતના ગૌરવ કરતાં વધારે હશે, 'અને આ જગ્યામાં હું સુલેહ શાંતિ આપીશ. એવું સૈન્યોના યહોવાહ કહે છે."

10

| בְּעֶשְׂרִים | וְאַרְבָּעָה | לַתְּשִׁיעִי | בִּשְׁנַת | שְׁתַּיִם | לְדָרְיָוֶשׁ | הָיָה | דְּבַר־ | יְהוָה | אֶל־ | חַגַּי |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ચોવીસમા | અને-ચોવીસમા | નવમાના | વર્ષમાં | બીજા | દારાના | આવ્યું | યહોવાનું-વચન | યહોવાનું | પ્રતિ | હાગ્ગાય |
| H6242 | H0702 | H8671 | H8141 | H8147 | H1867 | H1961 | H1697 | H3068 | H0413 | |

| הַנָּבִיא | לֵאמֹר׃ |
|---|---|
| પ્રબોધકના | કહેતાં |
| H5030 | H0559 |

દાર્યાવેશના બીજા વર્ષના નવમા માસના ચોવીસમાં દિવસે હાગ્ગાય પ્રબોધક મારફતે યહોવાહનું વચન આવ્યું કે,

11

| כֹּה | אָמַר | יְהוָה | צְבָאוֹת | שְׁאַל־ | נָא | אֶת־ | הַכֹּהֲנִים | תּוֹרָה | לֵאמֹר׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| આ-પ્રમાણે | બોલ્યા | યહોવા | સૈન્યોના | પૂછ | હવે | ને | યાજકોને | નિયમશાસ્ત્ર | કહેતાં |
| H3541 | H0559 | H3068 | | H7592 | H4994 | H0853 | H3548 | H8451 | H0559 |

સૈન્યોના યહોવાહ કહે છે 'યાજકોને નિયમશાસ્ત્ર વિષે પૂછ.

12

| הֵן | יִשָּׂא־ | אִישׁ | בְּשַׂר־ | קֹדֶשׁ | בִּכְנַף | בִּגְדוֹ | וְנָגַע | בִּכְנָפוֹ | אֶל־ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જુઓ | જો-ઉપાડે | કોઈ | પવિત્ર-માંસ | પવિત્ર | પોતાના-વસ્ત્રના-છેડામાં | વસ્ત્રના | અને-સ્પર્શે | તેના-છેડાથી | ને |
| H2005 | H5375 | H0376 | H1320 | H6944 | H3671 | | H5060 | H3671 | H0413 |

| הַלֶּחֶם | וְאֶל־ | הַנָּזִיד | וְאֶל־ | הַיַּיִן | וְאֶל־ | שֶׁמֶן | וְאֶל־ | כָּל־ | מַאֲכָל | הֲיִקְדָּשׁ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રોટલીને | અને-ને | ઘેંસને | અને-ને | દ્રાક્ષારસને | અને-ને | તેલને | અને-ને | કોઈ-પણ | ખોરાકને | શું-તે-પવિત્ર-થશે |
| H3899 | H0413 | H5138 | H0413 | H3196 | H0413 | H8081 | H0413 | H3605 | H3978 | H6942 |

| וַיַּעֲנוּ | הַכֹּהֲנִים | וַיֹּאמְרוּ | לֹא׃ |
|---|---|---|---|
| અને-ઉત્તર-આપ્યો | યાજકોએ | અને-કહ્યુ | ના |
| | H3548 | H0559 | H3808 |

જો તમારામાંનો કોઈ પોતાના પહેરેલા વસ્ત્રમાં પવિત્ર માંસને બાંધીને લઈ જતો હોય અને જો તે રોટલી, ભાજી, દ્રાક્ષારસ, તેલ કે બીજા કોઈ ખોરાકને અડકે તો શું તે પવિત્ર થાય?" યાજકોએ જવાબ આપ્યો કે, "ના."

13 וַיֹּאמֶר અને-બોલ્યા H0559
חַגַּי હાગ્ગાય
אִם־ જો
יִגַּע સ્પર્શે H5060
טְמֵא־ મૃતદેહથી-અશુદ્ધ H2931
נֶפֶשׁ વ્યક્તિ H5315
בְּכָל־ આ-કોઈ-પણ H3605
אֵלֶּה આને H0428
הֲיִטְמָא શું-તે-અશુદ્ધ-થશે
וַיַּעֲנוּ અને-ઉત્તર-આપ્યો
הַכֹּהֲנִים યાજકોએ H3548
וַיֹּאמְרוּ અને-કહ્યુ H0559
יִטְמָא׃ અશુદ્ધ-થશે

ત્યારે હાગ્ગાયે કહ્યુ, “જો કોઈ માણસ શબને અડકવાથી અશુદ્ધ થયો હોય અને આ વસ્તુઓને અડે તો શું તે અશુદ્ધ ગણાય?” ત્યારે યાજકોએ જવાબ આપ્યો કે, “હા, તેઓ અશુદ્ધ ગણાય.”

14 וַיַּעַן અને-ઉત્તર-આપ્યો
חַגַּי હાગ્ગાયે
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
כֵּן એવા-જ
הָעָם־ આ-લોકો
הַזֶּה આ H2088
וְכֵן־ અને-એવી-જ
הַגּוֹי આ-પ્રજા
הַזֶּה આ H2088
לְפָנַי મારી-સમક્ષ H6440
נְאֻם־ કહે-છે H5002
יְהוָה યહોવા H3068
וְכֵן અને-એવા-જ
כָּל־ બધા H3605
מַעֲשֵׂה કામો H4639
יְדֵיהֶם તેમના-હાથનાં H3027
וַאֲשֶׁר અને-જે-કંઈ
יַקְרִיבוּ તેઓ-ચઢાવે-છે H7126
שָׁם ત્યાં H8033
טָמֵא અશુદ્ધ H2931
הוּא׃ છે H1931

હાગ્ગાયે કહ્યુ, “યહોવાહ કહે છે કે “મારી આગળ આ લોકો અને આ પ્રજા એવા જ છે.’ તેઓના હાથનાં કામો એવાં જ છે, અને તેઓ જે કંઈ અર્પણ કરે છે તે અશુદ્ધ છે.”

15 וְעַתָּה અને-હવે H6258
שִׂימוּ־ વિચારો
נָא હવે H4994
לְבַבְכֶם તમારા-હૃદયમાં H3824
מִן־ થી
הַיּוֹם આજના-દિવસ H3117
הַזֶּה આ H2088
וָמָעְלָה અને-આગળ H4605
מִטֶּרֶם પહેલાં H2962
שׂוּם־ મૂકવામાં-આવ્યો
אֶבֶן પથ્થર H0068
אֶל־ ઉપર H0413
אֶבֶן પથ્થર H0068
בְּהֵיכַל યહોવાના-મંદિરમાં H1964
יְהוָה׃ યહોવાના H3068

હવે, કૃપા કરીને આજથી માંડીને વીતેલા વખતનો, એટલે યહોવાહના સભાસ્થાનના પથ્થર પર પથ્થર મૂકવામાં આવ્યો હતો તે અગાઉના વખતનો વિચાર કરો,

16 מִהְיוֹתָם જ્યારેથી H1961
בָּא કોઈ-આવ્યો H0935
אֶל־ પાસે H0413
עֲרֵמַת અનાજના-ઢગલા H6194
עֶשְׂרִים વીસના H6242
וְהָיְתָה અને-મળ્યા H1961
עֲשָׂרָה દસ-જ H6235
בָּא કોઈ-આવ્યો H0935
אֶל־ પાસે H0413
הַיֶּקֶב દ્રાક્ષાના-કુંડ H3342
לַחְשֹׂף કાઢવા H2834
חֲמִשִּׁים પચાસ H2572
פּוּרָה માપ H6333
וְהָיְתָה અને-મળ્યા H1961
עֶשְׂרִים׃ વીસ-જ H6242

જ્યારે કોઈ વીસ માપ અનાજના ઢગલા પાસે આવતો, ત્યાં તેને માત્ર દશ જ માપ મળતાં, જ્યારે કોઈ દ્રાક્ષકુંડ પાસે પચાસ માપ કાઢવા આવતો ત્યારે ત્યાંથી તેને માત્ર વીસ જ મળતાં.

17 הִכֵּיתִי મેં-માર્યા H5221
אֶתְכֶם તમને H0853
בַּשִּׁדָּפוֹן ઝળાંથી
וּבַיֵּרָקוֹן અને-ફૂગથી H3420
וּבַבָּרָד અને-કરાથી H1259
אֵת ને H0853
כָּל־ બધા H3605
מַעֲשֵׂה કામોને H4639
יְדֵיכֶם તમારા-હાથનાં H3027
וְאֵין־ અને-નથી H0369
אֶתְכֶם તમે H0853
אֵלַי મારા-તરફ H0413
נְאֻם־ કહે-છે H5002
יְהוָה׃ યહોવા H3068

યહોવાહ એવું કહે છે કે તમારા હાથોનાં બધાં કાર્યોમાં મેં તમને લૂથી તથા ઝાકળથી દુઃખી કર્યા, પણ તમે મારી તરફ પાછા ફર્યા નહિ.’”

18 שִׂימוּ־ વિચારો
נָא હવે H4994
לְבַבְכֶם તમારા-હૃદયમાં H3824
מִן־ થી
הַיּוֹם આજના-દિવસ H3117
הַזֶּה આ H2088
וָמָעְלָה અને-આગળ H4605
מִיּוֹם દિવસથી H3117
עֶשְׂרִים ચોવીસમા H6242
וְאַרְבָּעָה અને-ચોવીસમા H0702
לַתְּשִׁיעִי નવમાના H8671
לְמִן־ થી
הַיּוֹם તે-દિવસથી H3117
אֲשֶׁר־ જ્યારે
יֻסַּד પાયો-નંખાયો H3245
הֵיכַל־ યહોવાના-મંદિરનો H1964
יְהוָה યહોવાના H3068
שִׂימוּ વિચારો
לְבַבְכֶם׃ તમારા-હૃદયમાં H3824

'આજથી અગાઉના દિવસોનો વિચાર કરો, નવમા માસના ચોવીસમાં દિવસે, એટલે કે જે દિવસે યહોવાહના સભાસ્થાનનો પાયો નાખવામાં આવ્યો હતો. તેનો વિચાર કરો

19

| הַעוֹד | הַזֶּרַע | בַּמְּגוּרָה | וְעַד־ | הַגֶּפֶן | וְהַתְּאֵנָה | וְהָרִמּוֹן | וְעֵץ | הַזַּיִת | לֹא | נָשָׂא |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હજુ-શું | બીજ | કોઠારમાં-છે | અને-હજુ-સુધી | દ્રાક્ષાવેલો | અને-અજીર | અને-દાડમ | અને-ઝાડ | જૈતૂનનું | નથી | ફળ્યું |
| H5750 | H2233 | H4035 | H5704 | H1612 | H8384 | H7416 | H6086 | H2132 | H3808 | H5375 |

| מִן־ | הַיּוֹם | הַזֶּה | אֲבָרֵךְ׃ | ס |
|---|---|---|---|---|
| થી | આજના-દિવસ | આ | હું-આશીર્વાદ-આપીશ | — |
| | H3117 | H2088 | H1288 | |

શું હજી સુધી કોઠારમાં બી છે? દ્રાક્ષાવેલો, અજીરીઓ, દાડમડીઓ તથા જૈતૂનના વૃક્ષો હજી ફળ્યાં નથી, પણ આજથી હું તમને આશીર્વાદ આપીશ.'"

20

| וַיְהִי | דְבַר־ | יְהוָה | שֵׁנִית | אֶל־ | חַגַּי | בְּעֶשְׂרִים | וְאַרְבָּעָה | לַחֹדֶשׁ | לֵאמֹר׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-આવ્યું | યહોવાનું-વચન | યહોવાનું | બીજી-વાર | પ્રતિ | હાગ્ગાય | ચોવીસમા | અને-ચોવીસમા | મહિનાના | કહેતાં |
| H1961 | H1697 | H3068 | H8145 | H0413 | | H6242 | H0702 | H2320 | H0559 |

તે જ માસના ચોવીસમાં દિવસે, ફરીવાર યહોવાહનું વચન હાગ્ગાય પ્રબોધકની પાસે આવ્યું અને કહ્યુ,

21

| אֱמֹר | אֶל־ | זְרֻבָּבֶל | פַּחַת־ | יְהוּדָה | לֵאמֹר | אֲנִי | מַרְעִישׁ | אֶת־ | הַשָּׁמַיִם | וְאֶת־ | הָאָרֶץ׃ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કહે | પ્રતિ | ઝરુબ્બાબેલ | રાજ્યપાલ | યહૂદાના | કહેતાં | હું | હલાવું-છું | ને | આકાશો | અને-ને | ભૂમિ |
| H0559 | H0413 | H2216 | H6346 | H3063 | H0559 | H0589 | H7493 | H0853 | H8064 | H0853 | H0776 |

યહૂદિયાના રાજકર્તા ઝરુબ્બાબેલને કહે કે, 'હું આકાશોને તથા પૃથ્વીને હલાવીશ.

22

| וְהָפַכְתִּי | כִּסֵּא | מַמְלָכוֹת | וְהִשְׁמַדְתִּי | חֹזֶק | מַמְלְכוֹת | הַגּוֹיִם | וְהָפַכְתִּי | מֶרְכָּבָה |
|---|---|---|---|---|---|---|---|---|
| અને-ઉલટાવીશ | સિંહાસન | રાજ્યોના | અને-નાશ-કરીશ | બળ | રાજ્યોનું | પ્રજાઓનું | અને-ઉલટાવીશ | રથ |
| H2015 | H3678 | H4467 | H8045 | H2392 | H4467 | | H2015 | H4818 |

| וְרֹכְבֶיהָ | וְיָרְדוּ | סוּסִים | וְרֹכְבֵיהֶם | אִישׁ | בְּחֶרֶב | אָחִיו׃ |
|---|---|---|---|---|---|---|
| અને-તેના-સવારો | અને-પડશે | ઘોડા | અને-તેના-સવારો | દરેક | તલવારથી | પોતાના-ભાઈની |
| H7392 | H3381 | | H7392 | H0376 | H2719 | H0251 |

કેમ કે હું રાજ્યાસનો ઉથલાવી નાખીશ અને હું પ્રજાઓનાં રાજ્યોની શક્તિનો નાશ કરીશ. હું તેઓના રથોને તથા તેમાં સવારી કરનારાઓને ઉથલાવી નાખીશ. તેઓના ઘોડાઓ તથા સવારો દરેક પોતાના ભાઈની તલવારથી નીચે ઢળી પડશે.

23

| בַּיּוֹם | הַהוּא | נְאֻם־ | יְהוָה | צְבָאוֹת | אֶקָּחֲךָ | זְרֻבָּבֶל | בֶּן־ | שְׁאַלְתִּיאֵל | עַבְדִּי | נְאֻם־ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તે-દિવસે | તે | કહે-છે | યહોવા | સૈન્યોના | હું-લઈશ-તને | ઝરુબ્બાબેલ | પુત્ર | શઆલ્તીએલના | મારા-સેવક | કહે-છે |
| H3117 | H1931 | H5002 | H3068 | | H3947 | H2216 | | | H5650 | H5002 |

| יְהוָה | וְשַׂמְתִּיךָ | כַּחוֹתָם | כִּי־ | בְךָ | בָחַרְתִּי | נְאֻם | יְהוָה | צְבָאוֹת׃ |
|---|---|---|---|---|---|---|---|---|
| યહોવા | અને-બનાવીશ-તને | મુદ્રા-જેવો | કારણ-કે | તને | મેં-પસંદ-કર્યો-છે | કહે-છે | યહોવા | સૈન્યોના |
| H3068 | | H2368 | | | H0977 | H5002 | H3068 | |

તે દિવસે' સૈન્યોના યહોવાહ એવું કહે છે' મારા સેવક, શાલ્તીએલના દીકરા, ઝરુબ્બાબેલ હું તને પસંદ કરીશ. 'હું તને મારી મુદ્રારૂપ બનાવીશ, કેમ કે મેં તને પસંદ કર્યો છે.' 'એવું સૈન્યોના ઈશ્વર યહોવાહ કહે છે"

# ઝખાર્યા

## Chapter 1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | בַּחֹ֙דֶשׁ֙ | הַשְּׁמִינִ֔י | בִּשְׁנַ֖ת | שְׁתַּ֣יִם | לְדָרְיָ֑וֶשׁ | הָיָ֣ה | דְבַר־ | יְהוָ֗ה | אֶל־ |
| | આટમા-મહિનામાં | — | દાર્યાવેશના-બીજા-વર્ષમાં | — | — | આવ્યું | યહોવાનું-વચન | — | — |
| | H2320 | H8066 | H8141 | H8147 | H1867 | H1961 | H1697 | H3068 | H0413 |
| | זְכַרְיָה֙ | בֶּן־ | בֶּ֣רֶכְיָ֔ה | בֶּן־ | עִדֹּ֥ו | הַנָּבִ֖יא | לֵאמֹֽר׃ | | |
| | ઝખર્યાને | જે-પુત્ર | બેરેખ્યાનો | જે-પુત્ર | ઇદ્દોનો | પ્રબોધકને | કહેતાં | | |
| | | | H1296 | | H5714 | H5030 | H0559 | | |

દાર્યાવેશ + 1:1 દાર્યાવેશ હિસ્તાસ્પેસ નામનો રાજા હતો, જેણે ફારસ ઉપર 522-486 માં શાસન કર્યું હતું. ફારસી ભાષામાં તેનું નામ દારા હતું. રાજાના શાસનના બીજા વર્ષના આઠમા મહિનામાં પ્રબોધક ઇદ્દોના દીકરા બેરેખ્યાના દીકરા ઝખાર્યા પાસે યહોવાહનું વચન આવ્યું કે,

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2 | קָצַ֧ף | יְהוָ֛ה | עַל־ | אֲבֹותֵיכֶ֖ם | קָֽצֶף׃ |
| | ક્રોધિત-હતો | યહોવા | — | તમારા-પિતરો-પર | અતિશય |
| | H7107 | H3068 | | H0001 | |

હું યહોવાહ તમારા પિતૃઓ પર અત્યંત નારાજ થયો હતો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | וְאָמַרְתָּ֣ | אֲלֵהֶ֗ם | כֹּ֤ה | אָמַר֙ | יְהוָ֣ה | צְבָאֹ֔ות | שׁ֣וּבוּ | אֵלַ֔י | נְאֻ֖ם | יְהוָ֣ה | צְבָאֹ֑ות |
| | અને-કહે | તેમને | આમ | કહે-છે | યહોવા | સૈન્યોનો | પાછા-ફરો | મારી-પાસે | યહોવા-કહે-છે | — | સૈન્યોના |
| | H0559 | H0413 | H3541 | H0559 | H3068 | | H7725 | H0413 | H5002 | H3068 | |
| | וְאָשׁ֣וּב | אֲלֵיכֶ֔ם | אָמַ֖ר | יְהוָ֥ה | צְבָאֹֽות׃ | | | | | | |
| | અને-હું-પાછો-ફરીશ | તમારી-પાસે | યહોવા-કહે-છે | — | સૈન્યોના | | | | | | |
| | H7725 | H0413 | H0559 | H3068 | | | | | | | |

હવે, 'સૈન્યોના યહોવાહ કહે છે કે, "તમે મારી તરફ પાછા ફરો" "તો હું તમારી પાસે પાછો આવીશ," સૈન્યોના યહોવાહ કહે છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 4 | אַל־ | תִּהְי֣וּ | כַאֲבֹתֵיכֶ֡ם | אֲשֶׁ֣ר | קָרְאוּ־ | אֲלֵיהֶם֩ | הַנְּבִיאִ֨ים | הָרִאשֹׁנִ֜ים | לֵאמֹ֗ר | כֹּ֤ה |
| | નહિ | બનો | તમારા-પિતરો-જેવા | જેમને | બોલાવ્યા | — | અગાઉના-પ્રબોધકોએ | — | કહેતાં | આમ |
| | H0408 | H1961 | H0001 | | H7121 | H0413 | H5030 | H7223 | H0559 | H3541 |
| | אָמַר֙ | יְהוָ֣ה | צְבָאֹ֔ות | שׁ֤וּבוּ | נָא֙ | מִדַּרְכֵיכֶ֣ם | הָרָעִ֔ים | [ומעליליכם] | (וּמַֽעַלְלֵיכֶ֖ם) | |
| | કહે-છે | યહોવા | સૈન્યોનો | પાછા-ફરો | કૃપા-કરીને | તમારા-દુષ્ટ-માર્ગોથી | — | — | અને-તમારા-દુષ્ટ-કાર્યોથી | |
| | H0559 | H3068 | | H7725 | H4994 | H1870 | | H5953 | H4611 | |
| | הָרָעִ֑ים | וְלֹ֧א | שָׁמְע֛וּ | וְלֹֽא־ | הִקְשִׁ֥יבוּ | אֵלַ֖י | נְאֻם־ | יְהוָֽה׃ | | |
| | — | પણ-નહિ | સાંભળ્યું | અને-નહિ | ધ્યાન-આપ્યું | મારા-પર | યહોવા-કહે-છે | — | | |
| | | H3808 | H8085 | H3808 | H7181 | H0413 | H5002 | H3068 | | |

"તમારા પિતૃઓ જેવા ન થશો કે જેઓને અગાઉના પ્રબોધકો બૂમ પાડીને કહેતા કે, સૈન્યોના યહોવાહ કહે છે કે: તમારા દુષ્ટ માર્ગોથી અને દુષ્કૃત્યોથી પાછા ફરો" પણ તેઓએ મારું સાંભળ્યું નહિ કે મારા કહેવા પર ધ્યાન આપ્યું નહિ.' આ સૈન્યોના યહોવાહની ઘોષણા છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 5 | אֲבֹותֵיכֶ֖ם | אַיֵּה־ | הֵ֑ם | וְהַנְּבִאִ֕ים | הַלְעֹולָ֖ם | יִֽחְיֽוּ׃ |
| | તમારા-પિતરો | ક્યાં | છે | અને-પ્રબોધકો | શું-સદાકાળ | જીવે-છે |
| | H0001 | H0346 | H1992 | H5030 | H5769 | H2421 |

"તમારા પિતૃઓ ક્યાં છે? અને પ્રબોધકો શું સદા જીવે છે?

6 אַךְ דְּבָרַי וְחֻקַּי אֲשֶׁר צִוִּיתִי אֶת־ עֲבָדַי הַנְּבִיאִים הֲלוֹא
પરંતુ મારા-વચનો અને-મારા-આદેશો જે મેં-આજ્ઞા-આપી-હતી — મારા-સેવકો પ્રબોધકોને શું-નહિ
H0389 H1697 H2706 H6680 H0853 H5650 H5030 H3808

הִשִּׂיגוּ אֲבֹתֵיכֶם וַיָּשׁוּבוּ וַיֹּאמְרוּ כַּאֲשֶׁר זָמַם יְהוָה צְבָאוֹת לַעֲשׂוֹת
પહોંચ્યા-છે તમારા-પિતરોને અને-તેઓએ-પાછા-ફર્યા અને-કહ્યુ જેમ યોજના-બનાવી-હતી યહોવાએ સૈન્યોના કરવા
H5381 H0001 H7725 H0559 H2161 H3068

לָנוּ כִּדְרָכֵינוּ וּכְמַעֲלָלֵינוּ כֵּן עָשָׂה אִתָּנוּ׃ ס
અમારી-સાથે અમારા-માર્ગો-પ્રમાણે અને-અમાર□-કાર્યો-પ્રમાણે તેમ કર્યું અમારી-સાથે —
H1870 H4611 H0854

પણ જે વચનો તથા વિધિઓ મેં મારા સેવકો પ્રબોધકોને મારફતે ફરમાવ્યાં હતાં, તેઓએ શું તમારા પૂર્વજોને પકડી પાડ્યા નહિ? આથી તેઓએ પસ્તાવો કર્યો અને કહ્યુ, 'સૈન્યોના યહોવાહે આપણાં કૃત્યો અને માર્ગો પ્રમાણે આપણી સાથે જે કરવા ધાર્યું હતું તે પ્રમાણે આપણી સાથે કર્યું છે.'"

7 בְּיוֹם עֶשְׂרִים וְאַרְבָּעָה לְעַשְׁתֵּי־ עָשָׂר חֹדֶשׁ הוּא־ חֹדֶשׁ שְׁבָט
ચોવીસમા-દિવસે — — અગિયારમા — મહિનામાં એટલે-શેબાટ — —
H3117 H6242 H0702 H6249 H6240 H2320 H1931 H2320 H7627

בִּשְׁנַת שְׁתַּיִם לְדָרְיָוֶשׁ הָיָה דְבַר־ יְהוָה אֶל־ זְכַרְיָה בֶּן־ בֶּרֶכְיָהוּ
દાર્યાવેશના-બીજા-વર્ષમાં — — આવ્યું યહોવાનું-વચન — — ઝખર્યાને જે-પુત્ર બેરેખ્યાહૂનો
H8141 H8147 H1867 H1961 H1697 H3068 H0413 H1296

בֶּן־ עִדּוֹא הַנָּבִיא לֵאמֹר׃
જે-પુત્ર ઇદ્દોનો પ્રબોધકને કહેતાં
H5714 H5030 H0559

દાર્યાવેશ રાજાના બીજા વર્ષના અગિયારમા મહિનાના, એટલે શબાટ મહિનાના, ચોવીસમાં દિવસે ઇદ્દોના દીકરા બેરેખ્યાના દીકરા ઝખાર્યા પ્રબોધકની પાસે યહોવાહનું વચન આવ્યું કે,

8 רָאִיתִי הַלַּיְלָה וְהִנֵּה־ אִישׁ רֹכֵב עַל־ סוּס אָדֹם וְהוּא
મેં-જોયું રાતે અને-જુઓ એક-માણસ સવારી-કરી-રહ્યો-હતો — લાલ-ઘોડા-પર — અને-તે
H7200 H3915 H2009 H0376 H7392 H1931

עֹמֵד בֵּין הַהֲדַסִּים אֲשֶׁר בַּמְּצֻלָה וְאַחֲרָיו סוּסִים אֲדֻמִּים שְׂרֻקִּים
ઊભો-હતો વચ્ચે મેંદીના-ઝાડોમાં જે ઊંડાઈમાં-હતા અને-તેની-પાછળ ઘોડાઓ-હતા લાલ બદામી
H5975 H0996 H1918 H4699 H8320

וּלְבָנִים׃
અને-સફેદ
H3836

"રાત્રે મને એક સંદર્શન થયું, લાલ ઘોડા પર સવાર થયેલો એક માણસ ખીણમાં મેંદીના છોડ વચ્ચે ઊભો હતો; તેની પાછળ લાલ, કાબરચીતરા અને સફેદ ઘોડાઓ હતા."

9 וָאֹמַר מָה־ אֵלֶּה אֲדֹנִי וַיֹּאמֶר אֵלַי הַמַּלְאָךְ הַדֹּבֵר בִּי אֲנִי
અને-મેં-પૂછ્યું શું-છે આ મારા-પ્રભુ અને-બોલ્યો મને દૂત જે-બોલી-રહ્યો-હતો મારી-સાથે હું
H0559 H4100 H0428 H0113 H0559 H0413 H4397 H1696 H0589

אַרְאֶךָּ מָה־ הֵמָּה אֵלֶּה׃
તને-બતાવીશ શું-છે — આ
H7200 H4100 H1992 H0428

મેં કહ્યુ, "મારા પ્રભુ આ શું છે?" ત્યારે મારી સાથે જે દૂત વાત કરતો હતો તેણે મને કહ્યુ, "આ શું છે તે હું તને બતાવીશ."

10

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַן | הָאִישׁ | הָעֹמֵד | בֵּין־ | הַהֲדַסִּים | וַיֹּאמַר | אֵלֶּה | אֲשֶׁר | שָׁלַח |
| અને-ઉત્તર-આપ્યો | પુરુષે | જે-ઊભો-હતો | મેંદીના-ઝાડોમાં | — | અને-કહ્યુ | આ | જેમને | મોકલ્યા-છે |
| | H0376 | H5975 | H0996 | H1918 | H0559 | H0428 | | H7971 |

| | | |
|---|---|---|
| יְהוָה | לְהִתְהַלֵּךְ | בָּאָרֶץ׃ |
| યહોવાએ | ફરવા | પૃથ્વી-પર |
| H3068 | H1980 | H0776 |

ત્યારે મેંદીઓના છોડ વચ્ચે ઊભેલા માણસે જવાબમાં કહ્યુ, “તેઓ એ છે કે જેમને યહોવાહે પૃથ્વી પર સર્વત્ર આમતેમ ફરવાને મોકલ્યા છે.”

11

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעֲנוּ | אֶת־ | מַלְאַךְ | יְהוָה | הָעֹמֵד | בֵּין | הַהֲדַסִּים | וַיֹּאמְרוּ | הִתְהַלַּכְנוּ |
| અને-ઉત્તર-આપ્યો | — | યહોવાના-દૂતને | — | જે-ઊભો-હતો | વચ્ચે | મેંદીના-ઝાડોમાં | અને-કહ્યુ | અમે-ફર્યા-છીએ |
| | H0853 | H4397 | H3068 | H5975 | H0996 | H1918 | H0559 | H1980 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| בָאָרֶץ | וְהִנֵּה | כָל־ | הָאָרֶץ | יֹשֶׁבֶת | וְשֹׁקָטֶת׃ |
| પૃથ્વી-પર | અને-જુઓ | સમગ્ર | પૃથ્વી | બેઠી-છે | અને-શાંત-છે |
| H0776 | H2009 | H3605 | H0776 | H3427 | H8252 |

તેઓએ મેંદીના છોડ વચ્ચે ઊભેલા યહોવાહના દૂતને જવાબ આપીને કહ્યુ, “અમે આખી પૃથ્વી પર સર્વત્ર ફરીને આવ્યા છે અને જો, આખી પૃથ્વી હજુ સ્વસ્થ બેઠી છે અને શાંતિમાં છે.”

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַן | מַלְאַךְ־ | יְהוָה | וַיֹּאמַר | יְהוָה | צְבָאוֹת | עַד־ | מָתַי | אַתָּה | לֹא־ | תְרַחֵם |
| ત્યારે-બોલ્યો | યહોવાના-દૂતે | — | અને-કહ્યુ | હે-યહોવા | સૈન્યોના | ક્યાં-સુધી | — | તું | નહિ | દયા-કરશે |
| | H4397 | H3068 | H0559 | H3068 | | H5704 | H4970 | | H3808 | H7355 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֶת־ | יְרוּשָׁלִַם | וְאֵת | עָרֵי | יְהוּדָה | אֲשֶׁר | זָעַמְתָּה | זֶה | שִׁבְעִים | שָׁנָה׃ |
| — | યરૂશાલેમ-પર | અને | યહૂદાન□-શહેરો-પર | — | જેઓ-પર | ક્રોધિત-રહ્યો-છે | આ | સિત્તેર | વર્ષથી |
| H0853 | H3389 | H0853 | | H3063 | | H2194 | H2088 | H7657 | H8141 |

ત્યારે યહોવાહના દૂતે જવાબ આપ્યો કે, “હે સૈન્યોના યહોવાહ, તમે યરુશાલેમ તથા યહૂદિયાના નગરો ઉપર આ સિત્તેર વર્ષથી રોષે ભરાયેલા છો, અને ક્યાં સુધી, તમે તેમના પર દયા નહિ કરો?”

13

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| וַיַּעַן | יְהוָה | אֶת־ | הַמַּלְאָךְ | הַדֹּבֵר | בִּי | דְּבָרִים | טוֹבִים |
| અને-ઉત્તર-આપ્યો | યહોવાએ | — | દૂતને | જે-બોલી-રહ્યો-હતો | મારી-સાથે | સારા-વચનો | — |
| | H3068 | H0853 | H4397 | H1696 | | H1697 | |

| | |
|---|---|
| דְּבָרִים | נִחֻמִים׃ |
| આશ્વાસનના-વચનો | — |
| H1697 | H5150 |

ત્યારે મારી સાથે વાત કરનાર દૂતને યહોવાહે સારાં અને આશ્વાસનભર્યાં વચનોથી જણાવ્યું.

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֵלַי | הַמַּלְאָךְ | הַדֹּבֵר | בִּי | קְרָא | לֵאמֹר | כֹּה | אָמַר | יְהוָה |
| અને-બોલ્યો | મને | દૂતે | જે-બોલી-રહ્યો-હતો | મારી-સાથે | પોકાર-કર | કહેતાં | આમ | કહે-છે | યહોવા |
| H0559 | H0413 | H4397 | H1696 | | H7121 | H0559 | H3541 | H0559 | H3068 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| צְבָאוֹת | קִנֵּאתִי | לִירוּשָׁלִַם | וּלְצִיּוֹן | קִנְאָה | גְדוֹלָה׃ |
| સૈન્યોનો | હું-ઈર્ષ્યા-કરું-છું | યરૂશાલેમ-માટે | અને-સિયોન-માટે | ઈર્ષ્યા | મહાન |
| | H7065 | H3389 | H6726 | H7068 | |

તેથી મારી સાથે વાત કરનાર દૂતે મને કહ્યુ, “તું પોકાર + 1:14 રુદન કરીને કહે, સૈન્યોના યહોવાહ એવું કહે છે કે: “હું યરુશાલેમ તથા સિયોન માટે અતિશય લાગણીથી આવેશી છું.

15

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְקֶצֶף | גָּדוֹל | אֲנִי | קֹצֵף | עַל־ | הַגּוֹיִם | הַשַּׁאֲנַנִּים | אֲשֶׁר | אֲנִי | קָצַפְתִּי |
| અને-મોટો-ક્રોધ | — | હું | ક્રોધિત-છું | — | પ્રજાઓ-પર | જે-સુખેથી-બેઠી-છે | જેઓ-પર | હું | ક્રોધિત-હતો |
| | | H0589 | H7107 | | | H7600 | | H0589 | H7107 |

| | | | |
|---|---|---|---|
| מְּעָט | וְהֵמָּה | עָזְרוּ | לְרָעָה׃ |
| થોડું | પણ-તેઓએ | મદદ-કરી | દુષ્ટતા-માટે |
| H4592 | H1992 | H5826 | |

જે પ્રજાઓ આરામ ભોગવે છે તેઓના પર હું ઘણો કોપાયમાન થયો છું; કેમ કે હું તેઓનાથી થોડો નાખુશ થયો હતો પણ તેઓએ દુઃખમાં વૃદ્ધિ કરી."

16

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| לָכֵן | כֹּה־ | אָמַר | יְהוָה | שַׁבְתִּי | לִירוּשָׁלַםִ | בְּרַחֲמִים | בֵּיתִי | יִבָּנֶה | בָּהּ |
| તેથી | આમ | કહે-છે | યહોવા | હું-પાછો-ફર્યો-છું | યરૂશાલેમ-પાસે | દયાથી | મારું-ઘર | બંધાશે | તેમાં |
| | H3541 | H0559 | H3068 | H7725 | H3389 | | | H1129 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| נְאֻם | יְהוָה | צְבָאוֹת | ]וקוה[ | )וְקָו( | יִנָּטֶה | עַל־ | יְרוּשָׁלָםִ׃ |
| યહોવા-કહે-છે | — | સૈન્યોના | — | અને-માપની-દોરી | લંબાવાશે | — | યરૂશાલેમ-પર |
| H5002 | H3068 | | H6961 | H6961 | H5186 | | H3389 |

તેથી સૈન્યોના યહોવાહ એવું કહે છે, "હું દયા સાથે યરુશાલેમમાં પાછો આવ્યો છું. મારું ઘર ત્યાં બંધાશે" સૈન્યોના યહોવાહ કહે છે કે, "અને માપવાની દોરી યરુશાલેમ પર લંબાવવામાં આવશે."

17

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עוֹד | קְרָא | לֵאמֹר | כֹּה | אָמַר | יְהוָה | צְבָאוֹת | עוֹד | תְּפוּצֶינָה | עָרַי | מִטּוֹב |
| વધુ | પોકાર-કર | કહેતાં | આમ | કહે-છે | યહોવા | સૈન્યોનો | હજી | વિસ્તરશે | માર▯-શહેરો | સમૃદ્ધિથી |
| H5750 | H7121 | H0559 | H3541 | H0559 | H3068 | | H5750 | | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| וְנִחַם | יְהוָה | עוֹד | אֶת־ | צִיּוֹן | וּבָחַר | עוֹד | בִּירוּשָׁלָםִ׃ | ס |
| અને-આશ્વાસન-આપશે | યહોવા | હજી | — | સિયોનને | અને-પસંદ-કરશે | હજી | યરૂશાલેમને | — |
| H5162 | H3068 | H5750 | H0853 | H6726 | H0977 | H5750 | H3389 | |

ફરીથી પોકારીને કહે કે, 'સૈન્યોના યહોવાહ એવું કહે છે: 'મારાં નગરો ફરીથી સમૃદ્ધ + 1:17 વૃદ્ધિ થઈને ચારેબાજુ વૃદ્ધિ પામશે, અને યહોવાહ ફરીવાર સિયોનને દિલાસો આપશે, તે ફરી એકવાર યરુશાલેમને પસંદ કરશે."

18

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| וָאֶשָּׂא | אֶת־ | עֵינַי | וָאֵרֶא | וְהִנֵּה | אַרְבַּע | קְרָנוֹת׃ |
| અને-મેં-ઊંચું-કરી | — | મારી-આંખો | અને-જોયું | અને-જુઓ | ચાર | શિંગો |
| H5375 | H0853 | | H7200 | H2009 | H0702 | |

પછી મેં મારી આંખો ઊંચી કરીને જોયું, તો, મને ચાર શિંગડાં દેખાયાં.

19

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאֹמַר | אֶל־ | הַמַּלְאָךְ | הַדֹּבֵר | בִּי | מָה־ | אֵלֶּה | וַיֹּאמֶר | אֵלַי | אֵלֶּה |
| અને-મેં-પૂછ્યું | — | દૂતને | જે-બોલી-રહ્યો-હતો | મારી-સાથે | શું-છે | આ | અને-તે-બોલ્યો | મને | આ-શિંગો-છે |
| H0559 | H0413 | H4397 | H1696 | | H4100 | H0428 | H0559 | H0413 | H0428 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הַקְּרָנוֹת | אֲשֶׁר | זֵרוּ | אֶת־ | יְהוּדָה | אֶת־ | יִשְׂרָאֵל | וִירוּשָׁלָםִ׃ | ס |
| — | જેઓએ | વેરવિખેર-કર્યા | — | યહૂદાને | — | ઇઝરાયલને | અને-યરૂશાલેમને | — |
| | | H2219 | H0853 | H3063 | H0853 | H3478 | H3389 | |

મેં મારી સાથે વાત કરનાર દૂતને પૂછ્યું, "આ શું છે?" તેણે મને જવાબ આપ્યો, "આ તો યહૂદિયા, ઇઝરાયલ તથા યરુશાલેમને વેરવિખેર કરનાર શિંગડાં છે + 1:19 બળવાન પ્રજા."

20

| | | | |
|---|---|---|---|
| וַיַּרְאֵנִי | יְהוָה | אַרְבָּעָה | חָרָשִׁים׃ |
| અને-યહોવાએ-બતાવ્યા | — | ચાર | કારીગરો |
| H7200 | H3068 | H0702 | H2796 |

પછી યહોવાહે મને ચાર લુહારો દેખાડ્યા.

21

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וָאֹמַר | מָה | אֵלֶּה | בָאִים | לַעֲשׂוֹת | וַיֹּאמֶר | לֵאמֹר | אֵלֶּה | הַקְּרָנוֹת | אֲשֶׁר־ |
| અને-મેં-પૂછ્યું | શું | આ | આવે-છે | કરવા | અને-તે-બોલ્યો | કહેતાં | આ-શિંગો | — | જેઓએ |
| H0559 | H4100 | H0428 | H0935 | | H0559 | H0559 | H0428 | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| זֵרוּ | אֶת־ | יְהוּדָה | כְּפִי־ | אִישׁ | לֹא־ | נָשָׂא | רֹאשׁוֹ | וַיָּבֹאוּ | אֵלֶּה | לְהַחֲרִיד |
| વેરવિખેર-કર્યા | — | યહૂદાને | એવી-રીતે-કે | કોઈએ | નહિ | ઊંચક્યું | માથું | અને-આવ્યા | આ | ભયભીત-કરવા |
| H2219 | H0853 | H3063 | H6310 | H0376 | H3808 | H5375 | | H0935 | H0428 | H2729 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| אֹתָם | לְיַדּוֹת | אֶת־ | קַרְנוֹת | הַגּוֹיִם | הַנֹּשְׂאִים | קֶרֶן | אֶל־ | אֶרֶץ | יְהוּדָה |
| તેમને | અને-ફેંકી-દેવા | — | શિંગોને | પ્રજાઓન▯ | જેઓ-ઊંચકે-છે | શિંગ | — | યહૂદાન▯-દેશ-વિરુદ્ધ | — |
| H0853 | H3034 | H0853 | | | H5375 | | H0413 | H0776 | H3063 |

| | |
|---|---|
| לְזָרוֹתָהּ׃ | ס |
| વેરવિખેર-કરવા | — |
| H2219 | |

મેં કહ્યુ, "આ લોકો શું કરવા આવ્યા છે?" તેમણે જવાબ આપ્યો કે, "આ શિંગડાંઓ એ છે કે જેઓએ યહૂદિયાના લોકોને એવા વેરવિખેર કરી નાખ્યા કે કોઈ પણ માણસ પોતાનું માથું ઊંચું કરવા પામ્યો નહિ. પણ આ લોકો પોતાને નસાડી કાઢવાને, જે પ્રજાઓએ પોતાનું શિંગડું યહૂદિયા દેશની સામે ઉઠાવીને તેને વિખેરી નાખ્યો છે, તેઓનાં શિંગડાં પાડી નાખવા માટે આવ્યા છે."

## Chapter 2

1

| | | |
|---|---|---|
| וָאֶשָּׂא | અને-મેં-ઊંચી-કરી | H5375 |
| עֵינַי | મારી-આખો | |
| וָאֵרֶא | અને-જોયું | H7200 |
| וְהִנֵּה־ | અને-જુઓ | H2009 |
| אִישׁ | એક-માણસ | H0376 |
| וּבְיָדוֹ | અને-તેના-હાથમાં | H3027 |
| חֶבֶל | માપનો-દોરો | |
| מִדָּה׃ | હતો | |

મેં મારી આખો ઉપર કરીને જોયું તો એક માણસ હાથમાં માપવાની દોરી લઈને ઊભો હતો.

2

| | | |
|---|---|---|
| וָאֹמַר | અને-મેં-કહ્યુ | H0559 |
| אָנָה | ક્યાં | H0575 |
| אַתָּה | તું | |
| הֹלֵךְ | જાય-છે | H1980 |
| וַיֹּאמֶר | અને-તેણે-કહ્યુ | H0559 |
| אֵלַי | મને | H0413 |
| לָמֹד | માપવા | H4058 |
| אֶת־ | — | H0853 |
| יְרוּשָׁלִַם | યરૂશાલેમને | H3389 |
| לִרְאוֹת | જોવા-માટે | H7200 |
| כַּמָּה־ | કેટલી | H4100 |
| רָחְבָּהּ | તેની-પહોળાઈ | H7341 |
| וְכַמָּה | અને-કેટલી | H4100 |
| אָרְכָּהּ׃ | તેની-લંબાઈ | H0753 |

મેં કહ્યુ, "તું ક્યાં જાય છે?" ત્યારે તેણે મને કહ્યુ, "યરુશાલેમની પહોળાઈ અને લંબાઈ કેટલી છે તે માપવા જાઉં છું."

3

| | | |
|---|---|---|
| וְהִנֵּה | અને-જુઓ | H2009 |
| הַמַּלְאָךְ | દૂત | H4397 |
| הַדֹּבֵר | જે-બોલતો-હતો | H1696 |
| בִּי | મારી-સાથે | |
| יֹצֵא | બહાર-ગયો | H3318 |
| וּמַלְאָךְ | અને-બીજો-દૂત | H4397 |
| אַחֵר | એક-બીજો | H0312 |
| יֹצֵא | બહાર-ગયો | H3318 |
| לִקְרָאתוֹ׃ | તેને-મળવા | H7125 |

પછી મારી સાથે વાત કરનાર દૂત ત્યાંથી ચાલ્યો ગયો, અને બીજો એક દૂત તેને મળવા બહાર આવ્યો.

4

| | | |
|---|---|---|
| וַיֹּאמֶר | અને-તેણે-કહ્યુ | H0559 |
| אֵלָו | તેને | H0413 |
| רֻץ | દોડ | H7323 |
| דַּבֵּר | બોલ | H1696 |
| אֶל־ | — | H0413 |
| הַנַּעַר | આ-યુવાન | H5288 |
| הַלָּז | તેને | H1975 |
| לֵאמֹר | કહે-કે | H0559 |
| פְּרָזוֹת | ખુલ્લા-ગામોની-જેમ | H6519 |
| תֵּשֵׁב | વસશે | H3427 |
| יְרוּשָׁלִַם | યરૂશાલેમ | H3389 |
| מֵרֹב | ઘણા | H7230 |
| אָדָם | માણસો | H0120 |
| וּבְהֵמָה | અને-પશુઓને-લીધે | H0929 |
| בְּתוֹכָהּ׃ | તેની-વચ્ચે | H8432 |

બીજા દૂતે તેને કહ્યુ, "દોડ અને પેલા જુવાનને કહે કે, 'યરુશાલેમમાં પુષ્કળ માણસો અને જાનવરો હોવાથી તે કોટ વગરના નગરની જેમ તેઓ તેમાં રહેશે.

5

| | | |
|---|---|---|
| וַאֲנִי | અને-હું | H0589 |
| אֶהְיֶה־ | થઈશ | H1961 |
| לָּהּ | તેને-માટે | |
| נְאֻם־ | એમ-કહે-છે | H5002 |
| יְהוָה | યહોવા | H3068 |
| חוֹמַת | અગ્નિની-દીવાલ | H2346 |
| אֵשׁ | અગ્નિની | H0784 |
| סָבִיב | ચારેબાજુ | H5439 |
| וּלְכָבוֹד | અને-મહિમા-માટે | H3519 |
| אֶהְיֶה | હું-થઈશ | H1961 |
| בְתוֹכָהּ׃ | તેની-વચ્ચે | H8432 |
| פ | — | |

કેમ કે, યહોવાહ કહે છે કે, 'હું પોતે તેની આસપાસ અગ્નિના કોટરૂપ થઈશ, અને હું તેનામાં મહિમાવાન થઈશ.'"

6

| | | |
|---|---|---|
| הוֹי | અરે | H1945 |
| הוֹי | અરે | H1945 |
| וְנֻסוּ | અને-ભાગો | H5127 |
| מֵאֶרֶץ | ઉત્તરના-દેશમાંથી | H0776 |
| צָפוֹן | ઉત્તરના | H6828 |
| נְאֻם־ | એમ-કહે-છે | H5002 |
| יְהוָה | યહોવા | H3068 |
| כִּי | કેમ-કે | |
| כְּאַרְבַּע | ચાર | H0702 |
| רוּחוֹת | પવનોની-જેમ | H7307 |
| הַשָּׁמַיִם | આકાશના | H8064 |
| פֵּרַשְׂתִּי | મેં-તમને-વિખેર્યા | H6566 |
| אֶתְכֶם | તમને | H0853 |
| נְאֻם־ | એમ-કહે-છે | H5002 |
| יְהוָה׃ | યહોવા | H3068 |

યહોવાહ કહે છે; અરે, ઉત્તરના દેશમાંથી નાસી જાઓ 'વળી, યહોવાહ કહે છે કે મેં તમને આકાશના ચાર વાયુની જેમ વિખેરી દીધા છે.

7

| | | |
|---|---|---|
| הוֹי | અરે | H1945 |
| צִיּוֹן | સિયોન | H6726 |
| הִמָּלְטִי | બચી-જા | H4422 |
| יוֹשֶׁבֶת | જે-વસે-છે | H3427 |
| בַּת־ | દીકરી | H1323 |
| בָּבֶל׃ | બાબેલની | H0894 |
| ס | — | |

‘હે સિયોન, બાબિલની દીકરી સાથે રહેનારી, તું નાસી જા￼”

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | כֹה | אָמַר | יְהוָה | צְבָאוֹת | אַחַר | כָּבוֹד | שְׁלָחַנִי | אֶל־ | הַגּוֹיִם |
| કેમ-કે | આમ | કહ્યુ-છે | યહોવા | સૈન્યોના | મહિમા-પછી | મહિમાએ | મને-મોકલ્યો | — | પ્રજાઓ-પાસે |
| | H3541 | H0559 | H3068 | | | H3519 | H7971 | H0413 | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| הַשֹּׁלְלִים | אֶתְכֶם | כִּי | הַנֹּגֵעַ | בָּכֶם | נֹגֵעַ | בְּבָבַת | עֵינוֹ׃ |
| જેઓ-તમને-લૂંટે-છે | તમને | કેમ-કે | જે-અડે-છે | તમને | અડે-છે | તેની-આખની | કીકીને |
| | H0853 | | H5060 | | H5060 | H0892 | |

કેમ કે સૈન્યોના યહોવાહ કહે છે કે, જે પ્રજાઓએ તમને લૂંટ્યા છે તેમની વિરુદ્ધ સન્માન મેળવવા માટે તેમણે મને મોકલ્યો છે, કેમ કે, જે તમને અડકે છે તે ઈશ્વરની આખની કીકીને અડકે છે.

9

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| כִּי | הִנְנִי | מֵנִיף | אֶת־ | יָדִי | עֲלֵיהֶם | וְהָיוּ | שָׁלָל | לְעַבְדֵיהֶם |
| કેમ-કે | જુઓ-હું | મારો-હાથ-હલાવું-છું | — | મારો-હાથ | તેઓ-ઉપર | અને-તેઓ-થશે | લૂંટ | તેઓના-દાસો-માટે |
| | H2009 | | H0853 | H3027 | | H1961 | H7998 | H5650 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| וִֽידַעְתֶּם | כִּי־ | יְהוָה | צְבָאוֹת | שְׁלָחָנִי׃ | ס |
| અને-તમે-જાણશો | કે | યહોવા | સૈન્યોના | મને-મોકલ્યો-છે | — |
| H3045 | | H3068 | | H7971 | |

“યહોવાહ કહે છે કે, હું મારો હાથ તેઓ પર હલાવીશ, અને તેઓ તેમના ગુલામોને હાથે લૂંટાશે.” ત્યારે તમે જાણશો કે સૈન્યોના યહોવાહે મને મોકલ્યો છે.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| רָנִּי | וְשִׂמְחִי | בַּת־ | צִיּוֹן | כִּי | הִנְנִי־ | בָא | וְשָׁכַנְתִּי | בְתוֹכֵךְ | נְאֻם־ |
| ગા | અને-આનંદ-કર | દીકરી | સિયોનની | કેમ-કે | જુઓ-હું | આવું-છું | અને-હું-વસીશ | તારી-વચ્ચે | એમ-કહે-છે |
| | H8055 | H1323 | H6726 | | H2009 | H0935 | H7931 | H8432 | H5002 |

| |
|---|
| יְהוָה׃ |
| યહોવા |
| H3068 |

“સિયોનની દીકરી, ગાયન તથા આનંદ કર, કેમ કે, યહોવાહ કહે છે કે, હું આવું છું, હું તારી સાથે રહીશ.”

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְנִלְווּ | גוֹיִם | רַבִּים | אֶל־ | יְהוָה | בַּיּוֹם | הַהוּא | וְהָיוּ | לִי | לְעָם | וְשָׁכַנְתִּי |
| અને-જોડાશે | પ્રજાઓ | ઘણી | — | યહોવા-સાથે | તે-દિવસે | તે | અને-થશે | મારા | લોક | અને-હું-વસીશ |
| | | | H0413 | H3068 | H3117 | H1931 | H1961 | | | H7931 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| בְתוֹכֵךְ | וְיָדַעַתְּ | כִּי־ | יְהוָה | צְבָאוֹת | שְׁלָחַנִי | אֵלָיִךְ׃ |
| તારી-વચ્ચે | અને-તું-જાણશે | કે | યહોવા | સૈન્યોના | મને-મોકલ્યો-છે | તારી-પાસે |
| H8432 | H3045 | | H3068 | | H7971 | H0413 |

તે દિવસે ઘણી પ્રજાઓ યહોવાહની સાથે જોડાશે. તે કહે છે, “તમે મારા લોક થશો; અને હું તમારી વચ્ચે રહીશ.” ત્યારે તમે જાણશો કે સૈન્યોના યહોવાહે મને તમારી પાસે મોકલ્યો છે.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וְנָחַל | יְהוָה | אֶת־ | יְהוּדָה | חֶלְקוֹ | עַל | אַדְמַת | הַקֹּדֶשׁ | וּבָחַר | עוֹד |
| અને-વારસામાં-લેશે | યહોવા | — | યહૂદાને | તેનો-ભાગ | ઉપર | પવિત્ર-ભૂમિ | પવિત્ર | અને-પસંદ-કરશે | ફરીથી |
| H5157 | H3068 | H0853 | H3063 | | | H0127 | H6944 | H0977 | H5750 |

| |
|---|
| בִּירוּשָׁלִָם׃ |
| યરૂશાલેમને |
| H3389 |

કેમ કે યહોવાહ યહૂદિયાને પોતાના હકના કબજાની જેમ પવિત્ર ભૂમિમાં વારસા તરીકે ગણી લેશે. તે પોતાના માટે ફરીથી યરુશાલેમને પસંદ કરશે.

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַס | כָּל־ | בָּשָׂר | מִפְּנֵי | יְהוָה | כִּי | נֵעוֹר | מִמְּעוֹן | קָדְשׁוֹ׃ | ס |
| શાંત-રહો | સર્વ | દેહધારીઓ | યહોવાની-સામે | યહોવા | કેમ-કે | તે-જાગ્યો-છે | તેના-પવિત્ર-નિવાસમાંથી | પવિત્ર | — |
| H2013 | H3605 | H1320 | H6440 | H3068 | | H5782 | H4583 | H6944 | |

હે સર્વ માણસો, યહોવાહની આગળ શાંત રહો, કેમ કે તે પોતાના નિવાસ સ્થાનમાંથી જાગૃત થયા છે

## Chapter 3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְהַשָּׂטָן | יְהוָה | מַלְאַךְ | לִפְנֵי | עֹמֵד | הַגָּדוֹל | הַכֹּהֵן | יְהוֹשֻׁעַ | אֶת־ | וַיַּרְאֵנִי | 1 |
| અને-શેતાન | યહોવાના | દૂતની | સામે | ઊભેલો | મહાન | મુખ્ય-યાજક | યહોશુઆને | — | અને-તેણે-મને-બતાવ્યું | |
| H7854 | H3068 | H4397 | H6440 | H5975 | | H3548 | H3091 | H0853 | H7200 | |

| | | | |
|---|---|---|---|
| לְשִׂטְנוֹ׃ | יְמִינוֹ | עַל־ | עֹמֵד |
| તેના-પર-દોષ-મૂકવા | તેની-જમણી-બાજુએ | — | ઊભેલો |
| H7853 | H3225 | | H5975 |

પછી યહોવાહ મને પ્રમુખ યાજક યહોશુઆને યહોવાહના દૂત આગળ ઊભો રહેલો અને તેના જમણે હાથે તેના ઉપર આરોપ મૂકવા માટે શેતાનને + 3:1 દુશ્મન ઊભો રહેલો દેખાડ્યો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| בְּךָ | יְהוָה | וְיִגְעַר | הַשָּׂטָן | בְּךָ | יְהוָה | יִגְעַר | הַשָּׂטָן | אֶל־ | יְהוָה | וַיֹּאמֶר | 2 |
| તને | યહોવા | અને-ધમકાવે | શેતાન | તને | યહોવા | ધમકાવે | શેતાનને | — | યહોવાએ | અને-કહ્યુ | |
| | H3068 | H1605 | H7854 | | H3068 | H1605 | H7854 | H0413 | H3068 | H0559 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| מֵאֵשׁ׃ | מֻצָּל | אוּד | זֶה | הֲלוֹא | בִּירוּשָׁלִָם | הַבֹּחֵר |
| અગ્નિમાંથી | બચાવાયેલું | સળગતું-લાકડું | આ | શું-નથી | યરૂશાલેમને | જેણે-પસંદ-કર્યું-છે |
| H0784 | H5337 | H0181 | H2088 | H3808 | H3389 | H0977 |

યહોવાહના દૂતે શેતાનને કહ્યુ, “યહોવાહ તને ઠપકો આપો, ઓ શેતાન; યરુશાલેમને પસંદ કરનાર યહોવાહ તને ધમકાવો. શું તું અગ્નિમાંથી ઉપાડી લીધેલા ખોયણા જેવો નથી?”

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| הַמַּלְאָךְ׃ | לִפְנֵי | וְעֹמֵד | צוֹאִים | בְּגָדִים | לָבֻשׁ | הָיָה | וִיהוֹשֻׁעַ | 3 |
| દૂતની | સામે | અને-ઊભેલો | મેલાં | વસ્ત્રો | પહેરેલો | હતો | અને-યહોશુઆ | |
| H4397 | H6440 | H5975 | H6674 | | H3847 | H1961 | H3091 | |

યહોશુઆ મલિન વસ્ત્રો પહેરીને દૂત પાસે ઊભેલો હતો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| הַצֹּאִים | הַבְּגָדִים | הָסִירוּ | לֵאמֹר | לְפָנָיו | הָעֹמְדִים | אֶל־ | וַיֹּאמֶר | וַיַּעַן | 4 |
| મેલાં | વસ્ત્રો | ઉતારો | કહીને | તેની-સામે | જેઓ-ઊભા-હતા | — | અને-કહ્યુ | અને-તેણે-જવાબ-આપ્યો | |
| H6674 | | H5493 | H0559 | H6440 | H5975 | H0413 | H0559 | | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| מַחֲלָצוֹת׃ | אֹתְךָ | וְהַלְבֵּשׁ | עֲוֺנֶךָ | מֵעָלֶיךָ | הֶעֱבַרְתִּי | רְאֵה | אֵלָיו | וַיֹּאמֶר | מֵעָלָיו |
| ઉત્તમ-વસ્ત્રો | તને | અને-પહેરાવું-છું | તારું-અપરાધ | તારા-પરથી | મેં-દૂર-કર્યું-છે | જો | તેને | અને-તેણે-કહ્યુ | તેના-પરથી |
| H4254 | H0853 | H3847 | H5771 | | | H7200 | H0413 | H0559 | |

દૂતે પોતાની આગળ ઊભેલા માણસો સાથે વાત કરીને કહ્યુ, “તેના અંગ પરથી મલિન વસ્ત્રો ઉતારી નાખો.” પછી તેણે યહોશુઆને કહ્યુ, “જો, મેં તારા અન્યાયને તારાથી દૂર કર્યા છે અને હું તને સુંદર વસ્ત્રો પહેરાવીશ.”

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| עַל־ | הַטָּהוֹר | הַצָּנִיף | וַיָּשִׂימוּ | רֹאשׁוֹ | עַל־ | טָהוֹר | צָנִיף | יָשִׂימוּ | וָאֹמַר | 5 |
| — | શુદ્ધ | પાઘડી | અને-તેઓએ-મૂક્યું | તેના-માથા-પર | — | શુદ્ધ | પાઘડી | મૂકો | અને-મેં-કહ્યુ | |
| | H2889 | H6797 | | | | H2889 | H6797 | | H0559 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| עֹמֵד׃ | יְהוָה | וּמַלְאַךְ | בְּגָדִים | וַיַּלְבִּשֻׁהוּ | רֹאשׁוֹ |
| ઊભો-હતો | યહોવાનો | અને-યહોવાનો-દૂત | વસ્ત્રો | અને-તેને-પહેરાવ્યાં | તેના-માથા-પર |
| H5975 | H3068 | H4397 | | H3847 | |

દૂતે તેઓને કહ્યુ, “તેને માથે સુંદર પાઘડી પહેરાવો.” તેથી તેઓએ યહોશુઆના માથે સુંદર પાઘડી અને તેને અંગે સ્વચ્છ વસ્ત્રો પહેરાવ્યાં, અને તે સમયે યહોવાહનો દૂત તેની પાસે ઊભો હતો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| לֵאמֹר׃ | בִּיהוֹשֻׁעַ | יְהוָה | מַלְאַךְ | וַיָּעַד | 6 |
| કહીને | યહોશુઆને | યહોવાના | દૂત | અને-ચેતવણી-આપી | |
| H0559 | H3091 | H3068 | H4397 | | |

ત્યારબાદ યહોવાહના દૂતે યહોશુઆને પ્રતિજ્ઞા પૂર્વક આપીને કહ્યુ કે,

7

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| וְגַם־ | תִּשְׁמֹר | מִשְׁמַרְתִּי | אֶת־ | וְאִם | תֵּלֵךְ | בִּדְרָכַי | אִם־ | צְבָאוֹת | יְהוָה | אָמַר | כֹּה־ |
| તો-પણ | તું-પાળે | મારી-ફરજ | — | અને-જો | તું-ચાલે | મારા-માર્ગોમાં | જો | સૈન્યોના | યહોવા | કહ્યુ-છે | આમ |
| H1571 | H8104 | H4931 | H0853 | | H3212 | H1870 | | | H3068 | H0559 | H3541 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| לְךָ | וְנָתַתִּי | חֲצֵרָי | אֶת־ | תִּשְׁמֹר | וְגַם | בֵּיתִי | אֶת־ | תָּדִין | אַתָּה |
| તને | અને-હું-આપીશ | મારાં-આગણાંનું | — | સંભાળશે | અને-પણ | મારા-ઘરનો | — | ન્યાય-કરશે | તું |
| | H5414 | | H0853 | H8104 | H1571 | | H0853 | H1777 | |

| | | | |
|---|---|---|---|
| הָאֵלֶּה׃ | הָעֹמְדִים | בֵּין | מַהְלְכִים |
| આ | જેઓ-ઊભા-છે | વચ્ચે | પ્રવેશ |
| H0428 | H5975 | H0996 | H4108 |

સૈન્યોના યહોવાહ એવું કહે છે: 'જો તું મારા માર્ગોમાં ચાલશે અને મારી આજ્ઞાઓ પાળશે, તો તું મારા ઘરનો નિર્ણય કરનાર પણ થશે અને મારાં આગણાં સંભાળશે; કેમ કે હું તને મારી આગળ ઊભેલાઓની મધ્યેથી જવા આવવાની પરવાનગી આપીશ.

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| כִּי־ | לְפָנֶיךָ | הַיֹּשְׁבִים | וְרֵעֶיךָ | אַתָּה | הַגָּדוֹל | הַכֹּהֵן | וִיהוֹשֻׁעַ | נָא | שְׁמַע־ |
| કેમ-કે | તારી-સામે | જેઓ-બેઠા-છે | અને-તારા-સાથીઓ | તું | મહાન | મુખ્ય-યાજક | યહોશુઆ | હવે | સાંભળ |
| | H6440 | H3427 | H7453 | | | H3548 | H3091 | H4994 | H8085 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| צֶמַח׃ | עַבְדִּי | אֶת־ | מֵבִיא | הִנְנִי | כִּי־ | הֵמָּה | מוֹפֵת | אַנְשֵׁי |
| અકુરને | મારા-દાસ | — | લાવી-રહ્યો-છું | જુઓ-હું | કેમ-કે | તેઓ-છે | ચિહ્નરૂપ | માણસો |
| H6780 | H5650 | H0853 | H0935 | H2009 | | H1992 | H4159 | H0376 |

હે પ્રમુખ યાજક યહોશુઆ, તું અને તારી સાથે રહેનાર તારા સાથીઓ, સાંભળો. કેમ કે આ માણસો ચિહ્નરૂપ છે, કેમ કે હું મારા સેવક જે અકુર કહેવાય છે તેને લાવીશ.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| שִׁבְעָה | אַחַת | אֶבֶן | עַל־ | יְהוֹשֻׁעַ | לִפְנֵי | נָתַתִּי | אֲשֶׁר | הָאֶבֶן | הִנֵּה | כִּי |
| સાત | એક | એક-પથ્થર-પર | — | યહોશુઆની | સામે | મેં-મૂક્યો-છે | જે | પથ્થર | જુઓ | કેમ-કે |
| H7651 | H0259 | H0068 | | H3091 | H6440 | H5414 | | H0068 | H2009 | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| עֲוֺן | אֶת־ | וּמַשְׁתִּי | צְבָאוֹת | יְהוָה | נְאֻם | פִּתֻּחָהּ | מְפַתֵּחַ | הִנְנִי | עֵינָיִם |
| અપરાધ | — | અને-દૂર-કરીશ | સૈન્યોના | યહોવા | એમ-કહે-છે | તેના-પર-કોતરણી | કોતરું-છું | જુઓ-હું | આખો |
| H5771 | H0853 | H4185 | | H3068 | H5002 | H6603 | | H2009 | |

| | | | |
|---|---|---|---|
| אֶחָד׃ | בְּיוֹם | הַהִיא | הָאָרֶץ־ |
| એક | એક-દિવસમાં | તે | તે-દેશનો |
| H0259 | H3117 | H1931 | H0776 |

હવે જે પથ્થર મેં યહોશુઆ આગળ મૂક્યો છે તે જુઓ. આ એક પથ્થરને સાત આખ છે, સૈન્યોના યહોવાહ એવું કહે છે કે, હું તેના પર કોતરણી કરીશ, 'આ દેશના પાપને હું એક જ દિવસમાં સમાપ્ત કરીશ.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| תַּחַת | אֶל־ | לְרֵעֵהוּ | אִישׁ | תִּקְרְאוּ | צְבָאוֹת | יְהוָה | נְאֻם | הַהוּא | בַּיּוֹם |
| નીચે | — | તેના-પડોશીને | દરેક-માણસ | તમે-બોલાવશો | સૈન્યોના | યહોવા | એમ-કહે-છે | તે | તે-દિવસે |
| H8478 | H0413 | H7453 | H0376 | H7121 | | H3068 | H5002 | H1931 | H3117 |

| | | | |
|---|---|---|---|
| תְּאֵנָה׃ | תַּחַת | וְאֶל־ | גֶּפֶן |
| અજીરના-વૃક્ષની | નીચે | અને-નીચે | દ્રાક્ષવેલાની |
| H8384 | H8478 | H0413 | H1612 |

સૈન્યોના યહોવાહ કહે છે, તે દિવસે' તમે દરેક માણસ પોતાના પડોશીને દ્રાક્ષાવેલા નીચે અને અજીરના ઝાડ નીચે આરામ માટે બોલાવશો.'"

## Chapter 4

1 וַיָּשָׁב અને-પાછો-આવ્યો H7725
הַמַּלְאָךְ દૂત H4397
הַדֹּבֵר જે-બોલતો-હતો H1696
בִּי મારી-સાથે
וַיְעִירֵנִי અને-મને-જગાડ્યો H5782
כְּאִישׁ જેમ-માણસને H0376
אֲשֶׁר־ જે
יֵעוֹר જગાડવામાં-આવે H5782
מִשְּׁנָתוֹ׃ તેની-ઊંઘમાંથી H8142

મારી સાથે જે દૂત વાત કરતો હતો તે પાછો આવ્યો અને જાગેલા માણસની પેઠે તેણે મને ઊંઘમાંથી ઉઠાડ્યો.

2 וַיֹּאמֶר અને-તેણે-કહ્યુ H0559
אֵלַי મને H0413
מָה શું H4100
אַתָּה તું
רֹאֶה જુએ-છે H7200
]ויאמר[ — H0559
)וָאֹמַר( અને-મેં-કહ્યુ H0559
רָאִיתִי મેં-જોયું H7200
וְהִנֵּה અને-જુઓ H2009
מְנוֹרַת દીવો H4501
זָהָב સોનાનો H2091
כֻּלָּהּ પૂરેપૂરો H3605
וְגֻלָּהּ અને-તેની-વાટકી H1543
עַל־ —
רֹאשָׁהּ તેના-માથા-પર
וְשִׁבְעָה અને-સાત H7651
נֵרֹתֶיהָ દીવાઓ
עָלֶיהָ તેના-પર
שִׁבְעָה સાત H7651
וְשִׁבְעָה અને-સાત H7651
מוּצָקוֹת નળીઓ H4166
לַנֵּרוֹת દીવાઓ-માટે
אֲשֶׁר જે
עַל־ —
רֹאשָׁהּ׃ તેના-માથા-પર-હતી

તેણે મને કહ્યુ, “તું શું જુએ છે?” મેં કહ્યુ, “હું પૂરેપૂરું સોનાનું બનેલું દીપવૃક્ષ જોઉં છું જેની ટોચ પર કોડિયું છે. તેના પર સાત દીવા છે અને જે દીવા તેની ટોચે છે તે દરેકને સાત દિવેટ છે.

3 וּשְׁנַיִם અને-બે H8147
זֵיתִים જૈતૂનનાં-વૃક્ષો H2132
עָלֶיהָ તેના-પર
אֶחָד એક H0259
מִימִין જમણી-બાજુએ H3225
הַגֻּלָּה વાટકીની H1543
וְאֶחָד અને-એક H0259
עַל־ —
שְׂמֹאלָהּ׃ તેની-ડાબી-બાજુએ H8040

તેની પાસે બે જૈતૂનના વૃક્ષો છે, તેમાંનું એક કોડિયાની જમણી બાજુએ અને બીજું કોડિયાની ડાબી બાજુએ.”

4 וָאַעַן અને-મેં-જવાબ-આપ્યો
וָאֹמַר અને-કહ્યુ H0559
אֶל־ — H0413
הַמַּלְאָךְ દૂતને H4397
הַדֹּבֵר જે-બોલતો-હતો H1696
בִּי મારી-સાથે
לֵאמֹר કહીને H0559
מָה־ શું H4100
אֵלֶּה આ H0428
אֲדֹנִי׃ મારા-પ્રભુ H0113

ફરીથી મારી સાથે વાત કરનાર દૂતને મેં કહ્યુ, “હે મારા માલિક, તેનો અર્થ શો થાય છે?”

5 וַיַּעַן અને-જવાબ-આપ્યો
הַמַּלְאָךְ દૂત H4397
הַדֹּבֵר જે-બોલતો-હતો H1696
בִּי મારી-સાથે
וַיֹּאמֶר અને-તેણે-કહ્યુ H0559
אֵלַי મને H0413
הֲלוֹא શું-નહીં H3808
יָדַעְתָּ તું-જાણે-છે H3045
מָה־ શું H4100
הֵמָּה તેઓ H1992
אֵלֶּה આ H0428
וָאֹמַר અને-મેં-કહ્યુ H0559
לֹא ના H3808
אֲדֹנִי׃ મારા-પ્રભુ H0113

જે દૂત મારી સાથે વાત કરતો હતો તેણે જવાબ આપીને મને કહ્યુ, “તેનો અર્થ શો છે તે શું તું જાણતો નથી?” મેં કહ્યુ, “ના, મારા માલિક.”

6 וַיַּעַן અને-તેણે-જવાબ-આપ્યો
וַיֹּאמֶר અને-કહ્યુ H0559
אֵלַי મને H0413
לֵאמֹר કહીને H0559
זֶה આ H2088
דְּבַר־ વચન H1697
יְהוָה યહોવાનું H3068
אֶל־ — H0413
זְרֻבָּבֶל ઝરુબ્બાબેલને H2216
לֵאמֹר કહે-છે H0559
לֹא નહીં H3808
בְחַיִל સૈન્યથી H2428
וְלֹא અને-નહીં H3808
בְכֹחַ બળથી
כִּי પણ
אִם־ માત્ર
בְּרוּחִי મારા-આત્માથી H7307
אָמַר કહ્યુ-છે H0559
יְהוָה યહોવા H3068
צְבָאוֹת׃ સૈન્યોના

તેણે મને જવાબ આપીને કહ્યુ, ત્યારે દૂતે મને કહ્યુ, “ઝરુબ્બાબેલને યહોવાહનું વચન આ છે: ‘બળથી નહિ કે સામર્થ્યથી નહિ પણ મારા આત્માથી,’ સૈન્યોના યહોવાહ કહે છે,”

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 7 | מִֽי־ | אַתָּ֥ה | הַֽר־ | הַגָּד֛וֹל | לִפְנֵ֥י | זְרֻבָּבֶ֖ל | לְמִישֹׁ֑ר | וְהוֹצִיא֙ | אֶת־ |
| | કોણ | છે-તું | મોટા-પર્વત | મોટા | સામે | ઝરુબ્બાબેલની | સમતલ-ભૂમિ-થશે | અને-તે-બહાર-લાવશે | — |
| | H4310 | | H2022 | | H6440 | H2216 | H4334 | H3318 | H0853 |
| | הָאֶ֣בֶן | הָרֹאשָׁ֔ה | תְּשֻׁא֕וֹת | חֵ֥ן | חֵ֖ן | לָֽהּ׃ | פ | | |
| | મુખ્ય-પથ્થરને | મુખ્ય | બૂમોની-સાથે | કૃપા | કૃપા | તેના-પર | — | | |
| | H0068 | H7222 | H8663 | H2580 | H2580 | | | | |

"હે ઊંચા પર્વત, તું કોણ છે? ઝરુબ્બાબેલ આગળ તું સપાટ થઈ જશે, તેના પર 'કૃપા થાઓ, કૃપા થાઓ, એવા પોકારસહિત ટોચના પથ્થરને બહાર લાવશે."

| | | | | | |
|---|---|---|---|---|---|
| 8 | וַיְהִ֥י | דְבַר־ | יְהוָ֖ה | אֵלַ֥י | לֵאמֹֽר׃ |
| | અને-આવ્યું | વચન | યહોવાનું | મને | કહીને |
| | H1961 | H1697 | H3068 | H0413 | H0559 |

યહોવાહનું વચન મારી પાસે આવ્યું અને કહ્યુ,

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | יְדֵ֣י | זְרֻבָּבֶ֗ל | יִסְּד֛וּ | הַבַּ֥יִת | הַזֶּ֖ה | וְיָדָ֣יו | תְּבַצַּ֑עְנָה | וְיָדַעְתָּ֕ | כִּֽי־ |
| | હાથો | ઝરુબ્બાબેલના | પાયો-નાંખ્યો | આ-ઘરનો | આ | અને-તેના-હાથ | તેને-પૂરું-કરશે | અને-તું-જાણશે | કે |
| | H3027 | H2216 | H3245 | | H2088 | H3027 | H1214 | H3045 | |
| | יְהוָ֥ה | צְבָא֖וֹת | שְׁלָחַ֥נִי | אֲלֵיכֶֽם׃ | | | | | |
| | યહોવા | સૈન્યોના | મને-મોકલ્યો-છે | તમારી-પાસે | | | | | |
| | H3068 | | H7971 | H0413 | | | | | |

"ઝરુબ્બાબેલના હાથથી આ પવિત્રસ્થાનનો પાયો નંખાયો છે અને તેના હાથથી તે પૂરું થશે, ત્યારે તું જાણશે કે સૈન્યોના યહોવાહે મને તારી પાસે મોકલ્યો છે, એવું ઝરુબ્બાબેલ કહે છે,

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 10 | כִּ֣י | מִ֣י | בַז֮ | לְי֣וֹם | קְטַנּוֹת֒ | וְשָׂמְח֡וּ | וְרָא֞וּ | אֶת־ | הָאֶ֧בֶן | הַבְּדִ֛יל |
| | કેમ-કે | કોણે | તુચ્છ-ગણ્યો | દિવસને | નાની-બાબતોનો | અને-આનંદ-કરશે | અને-જોશે | — | પથ્થરને | સીસાનો |
| | | H4310 | H0936 | H3117 | | H8055 | H7200 | H0853 | H0068 | H0913 |
| | בְּיַ֥ד | זְרֻבָּבֶ֖ל | שִׁבְעָה־ | אֵ֑לֶּה | עֵינֵ֣י | יְהוָ֔ה | הֵ֖מָּה | מְשׁוֹטְטִ֥ים | בְּכָל־ | הָאָֽרֶץ׃ |
| | હાથમાં | ઝરુબ્બાબેલના | સાત | આ | આંખો | યહોવાની | તેઓ | ફરે-છે | સમગ્ર | પૃથ્વી-પર |
| | H3027 | H2216 | H7651 | H0428 | | H3068 | H1992 | | H3605 | H0776 |

નાના કામોના આ દિવસને કોણે ધિક્કાર્યો છે? આ લોકો ઝરુબ્બાબેલના હાથમાં ઓળંબો જોઈને આનંદ કરશે. "યહોવાહની આ સાત દીવારૂપી આંખો, આખી પૃથ્વી પર સર્વત્ર ફરતી રહે છે."

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 11 | וָאַ֖עַן | וָאֹמַ֣ר | אֵלָ֑יו | מַה־ | שְּׁנֵ֤י | הַזֵּיתִים֙ | הָאֵ֔לֶּה | עַל־ | יְמִ֥ין | הַמְּנוֹרָ֖ה |
| | અને-મેં-જવાબ-આપ્યો | અને-કહ્યુ | તેને | શું-છે | બે | જૈતૂનનાં-વૃક્ષો | આ | — | જમણી-બાજુએ | દીવાની |
| | | H0559 | H0413 | H4100 | H8147 | H2132 | H0428 | | H3225 | H4501 |
| | וְעַל־ | שְׂמֹאולָֽהּ׃ | | | | | | | | |
| | અને-ડાબી-બાજુએ | તેની | | | | | | | | |
| | | H8040 | | | | | | | | |

પછી મેં દૂતને પૂછ્યું, "દીપવૃક્ષની જમણી બાજુએ અને તેની ડાબી બાજુએ બે જૈતૂન વૃક્ષો છે તે શું છે?"

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | וָאַ֣עַן | שֵׁנִ֔ית | וָאֹמַ֖ר | אֵלָ֑יו | מַה־ | שְׁתֵּ֞י | שִׁבֳּלֵ֣י | הַזֵּיתִ֗ים | אֲשֶׁר֙ | בְּיַ֗ד |
| | અને-મેં-જવાબ-આપ્યો | બીજી-વાર | અને-કહ્યુ | તેને | શું-છે | બે | જૈતૂનની-કળીઓ | જૈતૂનનાં | જે | પાસે |
| | | H8145 | H0559 | H0413 | H4100 | H8147 | | H2132 | | H3027 |
| | שְׁנֵי֙ | צַנְתְּר֣וֹת | הַזָּהָ֔ב | הַמְרִיקִים֙ | מֵעֲלֵיהֶ֔ם | הַזָּהָֽב׃ | | | | |
| | બે | સોનાની-નળીઓમાં | સોનાની | જે-રેડે-છે | તેઓમાંથી | સોનું | | | | |
| | H8147 | H6804 | H2091 | H7324 | | H2091 | | | | |

વળી મેં ફરીથી તેની સાથે વાત કરીને કહ્યુ, "જૈતૂન વૃક્ષની આ બે ડાળીઓ કે જે સોનાની બે દિવેટો છે. તેમાંથી તેલનો પ્રવાહ વહે છે તેઓ શું છે?"

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 13 | וַיֹּ֤אמֶר | אֵלַי֙ | לֵאמֹ֔ר | הֲל֥וֹא | יָדַ֖עְתָּ | מָה־ | אֵ֑לֶּה | וָאֹמַ֖ר | לֹ֥א | אֲדֹנִֽי׃ |
| | અને-તેણે-કહ્યુ | મને | કહીને | શું-નહીં | તું-જાણે-છે | શું | આ | અને-મેં-કહ્યુ | ના | મારા-પ્રભુ |
| | H0559 | H0413 | H0559 | H3808 | H3045 | H4100 | H0428 | H0559 | H3808 | H0113 |

તેણે મારી સાથે વાત કરવાનું ચાલું રાખ્યું, "આ શું છે તે શું તું નથી જાણતો?" અને મેં કહ્યુ, "ના, મારા માલિક."

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| וַיֹּאמֶר | אֵלֶּה | שְׁנֵי | בְנֵי־ | הַיִּצְהָר | הָעֹמְדִים | עַל־ | אֲדוֹן | כָּל־ | הָאָרֶץ׃ |
| અને-તેણે-કહ્યુ | આ | બે | પુત્રો | તેલના | જેઓ-ઊભા-છે | — | પ્રભુની-પાસે | સમગ્ર | પૃથ્વીના |
| H0559 | H0428 | H8147 | | H3323 | H5975 | | H0113 | H3605 | H0776 |

2 Ὅταν οὖν ποιῇς ἐλεημοσύνην, μὴ σαλπίσῃς ἔμπροσθέν σου, ὥσπερ οἱ
જ્યારે તો આપો દાન ના રણશિંગું-વગાડો આગળ તમારી જેમ તે
G3752 G3767 G4160 G1654 G3361 G4537 G1715 G4771 G5618 G3588

ὑποκριταὶ ποιοῦσιν ἐν ταῖς συναγωγαῖς καὶ ἐν ταῖς ῥύμαις, ὅπως
ઢોંગીઓ કરે-છે માં તે સભાસ્થાનોમાં અને માં તે ગલીઓમાં જેથી
G5273 G4160 G1722 G3588 G4864 G2532 G1722 G3588 G4505 G3704

δοξασθῶσιν ὑπὸ τῶν ἀνθρώπων. ἀμὴν λέγω ὑμῖν, ἀπέχουσιν τὸν μισθὸν
મહિમા-પામે દ્વારા ન માણસોન સાચે-જ કહું-છું તમને પામી-ચૂક્યા-છે તે બદલો
G1392 G5259 G3588 G0444 G0281 G3004 G4771 G0568 G3588 G3408

αὐτῶν.
તેઓનો
G0846

માટે જ્યારે તમે દાનધર્મ કરો, ત્યારે જેમ ઢોંગીઓ સભાસ્થાનોમાં તથા રસ્તાઓમાં માણસોથી વખાણ પામવાને કરે છે, તેમ પોતાની આગળ રણશિંગડું ન વગાડો. હું તમને નિશ્ચે કહું છું કે તેઓ પોતાનો બદલો પામી ચૂક્યા છે.

3 σοῦ δὲ ποιοῦντος ἐλεημοσύνην, μὴ γνώτω ἡ ἀριστερά σου τί
તમારા પણ આપતા દાન ના જાણવા-દો તે ડાબો તમારો શું
G4771 G1161 G4160 G1654 G3361 G1097 G3588 G0710 G4771 G5101

ποιεῖ ἡ δεξιά σου,
કરે-છે તે જમણો તમારો
G4160 G3588 G1188 G4771

પણ તમે જ્યારે દાનધર્મ કરો, ત્યારે જે તમારો જમણો હાથ કરે તે તમારો ડાબો હાથ ન જાણે,

4 ὅπως ᾖ σου ἡ ἐλεημοσύνη ἐν τῷ κρυπτῷ; καὶ ὁ Πατήρ σου,
જેથી હોય તમારું તે દાન માં તે ગુપ્તમાં અને તે પિતા તમારા
G3704 G1510 G4771 G3588 G1654 G1722 G3588 G2927 G2532 G3588 G3962 G4771

ὁ βλέπων ἐν τῷ κρυπτῷ, ἀποδώσει σοι.
જે જુએ-છે માં તે ગુપ્તમાં બદલો-આપશે તમને
G3588 G0991 G1722 G3588 G2927 G0591 G4771

એ માટે કે તમારા દાનધર્મ ગુપ્તમાં થાય; ગુપ્તમાં જોનાર તમારા પિતા તમને બદલો આપશે.

5 Καὶ ὅταν προσεύχησθε, οὐκ ἔσεσθε ὡς οἱ ὑποκριταί, ὅτι φιλοῦσιν
અને જ્યારે પ્રાર્થના-કરો નહીં હશો જેવા તે ઢોંગીઓ કારણ-કે પ્રેમ-કરે-છે
G2532 G3752 G4336 G3756 G1510 G5613 G3588 G5273 G3754 G5368

ἐν ταῖς συναγωγαῖς καὶ ἐν ταῖς γωνίαις τῶν πλατειῶν ἑστῶτες
માં તે સભાસ્થાનોમાં અને માં તે રસ્તાના-ખૂણાઓમાં ને ચોકોમાં ઊભા-રહીને
G1722 G3588 G4864 G2532 G1722 G3588 G1137 G3588 G4113 G2476

προσεύχεσθαι, ὅπως φανῶσιν τοῖς ἀνθρώποις. ἀμὴν λέγω ὑμῖν, ἀπέχουσιν τὸν
પ્રાર્થના-કરવા જેથી દેખાય તે માણસોને સાચે-જ કહું-છું તમને પામી-ચૂક્યા-છે તે
G4336 G3704 G5316 G3588 G0444 G0281 G3004 G4771 G0568 G3588

μισθὸν αὐτῶν.
બદલો તેઓનો
G3408 G0846

જ્યારે તમે પ્રાર્થના કરો, ત્યારે ઢોંગીઓનાં જેવા ન થાઓ, કેમ કે માણસો તેઓને જુએ, માટે તેઓ સભાસ્થાનોમાં તથા રસ્તાઓનાં નાકાંઓ પર ઊભા રહીને પ્રાર્થના કરવાનું ચાહે છે. હું તમને નિશ્ચે કહું છું કે તેઓ પોતાનો બદલો પામી ચૂક્યા છે.

6 σὺ δέ, ὅταν προσεύχῃ, εἴσελθε εἰς τὸ ταμεῖόν σου, καὶ κλείσας τὴν
તું પણ જ્યારે પ્રાર્થના-કરો જાઓ માં તે ઓરડા તમારા અને બંધ-કરીને તે
G4771 G1161 G3752 G4336 G1525 G1519 G3588 G5009 G4771 G2532 G2808 G3588

θύραν σου, πρόσευξαι τῷ Πατρί σου, τῷ ἐν τῷ κρυπτῷ; καὶ ὁ
બારણું તમારું પ્રાર્થના-કરો તે પિતાને તમાર□ જે માં તે ગુપ્તમાં અને તે
G2374 G4771 G4336 G3588 G3962 G4771 G3588 G1722 G3588 G2927 G2532 G3588

Πατήρ σου, ὁ βλέπων ἐν τῷ κρυπτῷ, ἀποδώσει σοι.
પિતા તમાર□ જે જુએ-છે માં તે ગુપ્તમાં બદલો-આપશે તમને
G3962 G4771 G3588 G0991 G1722 G3588 G2927 G0591 G4771

પણ જયારે તમે પ્રાર્થના કરો, ત્યારે તમારી ઓરડીમાં જાઓ, બારણું બંધ કરીને ગુપ્તમાં તમારા પિતાને પ્રાર્થના કરો; અને ગુપ્તમાં જોનાર તમારા પિતા તમને બદલો આપશે.

7 Προσευχόμενοι δὲ μὴ βατταλογήσητε, ὥσπερ οἱ ἐθνικοί; δοκοῦσιν γὰρ
પ્રાર્થના-કરતા પણ ના વ્યર્થ-બોલો જેમ તે વિદેશીઓ માને-છે કારણ-કે
G4336 G1161 G3361 G0945 G5618 G3588 G1482 G1380 G1063

ὅτι ἐν τῇ πολυλογίᾳ αὐτῶν εἰσακουσθήσονται.
કે માં તે વધુ-બોલવાથી તેઓની સાંભળવામાં-આવશે
G3754 G1722 G3588 G4180 G0846 G1522

તમે પ્રાર્થના કરતાં બિનયહૂદીઓની જેમ બકવાસ ન કરો; કેમ કે તેઓ ધારે છે કે અમારા ઘણાં બોલવાથી અમારું સાંભળવામાં આવશે.

8 μὴ οὖν ὁμοιωθῆτε αὐτοῖς; οἶδεν γὰρ (ὁ Θεὸς) ὁ Πατὴρ ὑμῶν
ના તો સમાન-થાઓ તેઓના-જેવા જાણે-છે કારણ-કે તે ઈશ્વર તે પિતા તમાર□
G3361 G3767 G3666 G0846 G1492 G1063 G3588 G2316 G3588 G3962 G4771

ὧν χρείαν ἔχετε, πρὸ τοῦ ὑμᾶς αἰτῆσαι αὐτόν.
જેની જરૂર છે પહેલાં તે તમે માગો તેમની-પાસે
G3739 G5532 G2192 G4253 G3588 G4771 G0154 G0846

એ માટે તમે તેઓના જેવા ન થાઓ, કેમ કે જેની તમને જરૂર છે, તે તેમની પાસે માગ્યા અગાઉ તમારા પિતા જાણે છે.

9 οὕτως οὖν προσεύχεσθε ὑμεῖς: Πάτερ ἡμῶν, ὁ ἐν τοῖς οὐρανοῖς,
આ-રીતે તો પ્રાર્થના-કરો તમે પિતા આમારા જે માં તે સ્વર્ગમાં
G3779 G3767 G4336 G4771 G3962 G1473 G3588 G1722 G3588 G3772

Ἁγιασθήτω τὸ ὄνομά σου.
પવિત્ર-થાઓ તે નામ તમારું
G0037 G3588 G3686 G4771

માટે તમે આ રીતે પ્રાર્થના કરો: “ઓ સ્વર્ગમાંના અમારા પિતા, તમારું નામ પવિત્ર મનાઓ.

10 ἐλθέτω ἡ βασιλεία σου; γενηθήτω τὸ θέλημά σου, ὡς ἐν οὐρανῷ,
આવે તે રાજ્ય તમારું થાઓ તે ઇચ્છા તમારી જેમ માં સ્વર્ગમાં
G2064 G3588 G0932 G4771 G1096 G3588 G2307 G4771 G5613 G1722 G3772

καὶ ἐπὶ γῆς.
તેમ ઉપર પૃથ્વી-ઉપર
G2532 G1909 G1093

તમારું રાજ્ય આવો. જેમ સ્વર્ગમાં તેમ પૃથ્વી પર તમારી ઇચ્છા પૂરી થાઓ.

11 Τὸν ἄρτον ἡμῶν τὸν ἐπιούσιον δὸς ἡμῖν σήμερον;
તે રોટલી આમારી તે રોજીંદી આપો આમને આજે
G3588 G0740 G1473 G3588 G1967 G1325 G1473 G4594

દિવસની અમારી રોટલી આજ અમને આપો.

12 καὶ ἄφες ἡμῖν τὰ ὀφειλήματα ἡμῶν, ὡς καὶ ἡμεῖς ἀφήκαμεν τοῖς
અને માફ-કરો આમને તે દેવાં આમારાં જેમ તેમ અમે માફ-કર્યા-છે તે
G2532 G0863 G1473 G3588 G3783 G1473 G5613 G2532 G1473 G0863 G3588

ὀφειλέταις ἡμῶν;
દેવાદારોને આમારા
G3781 G1473

જેમ અમે અમારા અપરાધીને માફ કર્યા છે, તેમ તમે અમારા અપરાધ અમને માફ કરો.

13 καὶ μὴ εἰσενέγκῃς ἡμᾶς εἰς πειρασμόν, ἀλλὰ ῥῦσαι ἡμᾶς ἀπὸ τοῦ
અને ના લઈ-જાઓ આમને માં પરીક્ષા પણ છોડાવો આમને થી તે
G2532 G3361 G1533 G1473 G1519 G3986 G0235 G4506 G1473 G0575 G3588

πονηροῦ. <Ὅτι σοῦ ἐστιν ἡ βασιλεία καὶ ἡ δύναμις καὶ ἡ δόξα
દુષ્ટનં કારણ-કે તમારું છે તે રાજ્ય અને તે સામર્થ્ય અને તે મહિમા
G4190 G3754 G4771 G1510 G3588 G0932 G2532 G3588 G1411 G2532 G3588 G1391

εἰς τοὺς αἰῶνας. Ἀμήν>.
માં તે યુગોમાં આમેન
G1519 G3588 G0165 G0281

અમને પરીક્ષણમાં પડવા ન દો, પણ દુષ્ટથી અમારો છુટકારો કરો."

14 Ἐὰν γὰρ ἀφῆτε τοῖς ἀνθρώποις τὰ παραπτώματα αὐτῶν, ἀφήσει καὶ
જો કારણ-કે માફ-કરો તે માણસોના તે અપરાધો તેઓનં માફ-કરશે પણ
G1437 G1063 G0863 G3588 G0444 G3588 G3900 G0846 G0863 G2532

ὑμῖν ὁ Πατὴρ ὑμῶν ὁ οὐράνιος.
તમને તે પિતા તમારં તે સ્વર્ગીય
G4771 G3588 G3962 G4771 G3588 G3770

કેમ કે જો તમે માણસોના અપરાધો તેઓને માફ કરો, તો તમારા સ્વર્ગમાંના પિતા પણ તમને માફ કરશે.

15 ἐὰν δὲ μὴ ἀφῆτε τοῖς ἀνθρώποις (τὰ παραπτώματα αὐτῶν), οὐδὲ ὁ
જો પણ નહીં માફ-કરો તે માણસોનં તે અપરાધો તેઓનં નહીં તે
G1437 G1161 G3361 G0863 G3588 G0444 G3588 G3900 G0846 G3761 G3588

Πατὴρ ὑμῶν ἀφήσει τὰ παραπτώματα ὑμῶν.
પિતા તમારં માફ-કરશે તે અપરાધો તમારં
G3962 G4771 G0863 G3588 G3900 G4771

પણ જો તમે માણસોને તેઓના અપરાધો માફ નહિ કરો, તો તમારા પિતા તમારા અપરાધો પણ માફ નહિ કરે.

16 Ὅταν δὲ νηστεύητε, μὴ γίνεσθε ὡς οἱ ὑποκριταὶ, σκυθρωποί;
જ્યારે પણ ઉપવાસ-કરો ના થાઓ જેવા તે ઢોંગીઓ ઉદાસ-મુખા
G3752 G1161 G3522 G3361 G1096 G5613 G3588 G5273 G4659

ἀφανίζουσιν γὰρ τὰ πρόσωπα αὐτῶν, ὅπως φανῶσιν τοῖς ἀνθρώποις
બગાડે-છે કારણ-કે તે મુખો તેઓનં જેથી દેખાય તે માણસોને
G0853 G1063 G3588 G4383 G0846 G3704 G5316 G3588 G0444

νηστεύοντες. ἀμὴν λέγω ὑμῖν, ἀπέχουσιν τὸν μισθὸν αὐτῶν.
ઉપવાસ-કરતાં સાચે-જ કહું-છું તમને પામી-ચૂક્યા-છે તે બદલો તેઓનો
G3522 G0281 G3004 G4771 G0568 G3588 G3408 G0846

વળી જયારે તમે ઉપવાસ કરો, ત્યારે ઢોંગીઓની માફક ઊતરી ગયેલા ચહેરાવાળાં ન થાઓ, કેમ કે લોકોને ઉપવાસી દેખાવા માટે તેઓ પોતાના મોં પડી ગયેલા બતાવે છે. હું તમને નિશ્ચે કહું છું કે તેઓ પોતાનો બદલો પામી ચૂક્યા છે.

| 17 | σὺ | δέ, | νηστεύων, | ἄλειψαί | σου | τὴν | κεφαλὴν, | καὶ | τὸ | πρόσωπόν | σου |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | તું | પણ | ઉપવાસ-કરતા | તેલ-લગાવો | તમારે | તે | માથા-ઉપર | અને | તે | મુખ | તમારું |
| | G4771 | G1161 | G3522 | G0218 | G4771 | G3588 | G2776 | G2532 | G3588 | G4383 | G4771 |

| νίψαι, |
|---|
| ધોઓ |
| G3538 |

પણ જયારે તમે ઉપવાસ કરો, ત્યારે તમારા માથા પર તેલ લગાવો અને તમારો ચહેરો ધોઓ,

| 18 | ὅπως | μὴ | φανῇς | τοῖς | ἀνθρώποις | νηστεύων, | ἀλλὰ | τῷ | Πατρί | σου | τῷ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જેથી | ના | દેખાઓ | તે | માણસોને | ઉપવાસ-કરતાં | પણ | તે | પિતાને | તમારે | જે |
| | G3704 | G3361 | G5316 | G3588 | G0444 | G3522 | G0235 | G3588 | G3962 | G4771 | G3588 |

| ἐν | τῷ | κρυφαίῳ; | καὶ | ὁ | Πατήρ | σου, | ὁ | βλέπων | ἐν | τῷ | κρυφαίῳ, |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| માં | તે | ગુપ્તમાં | અને | તે | પિતા | તમારે | જે | જુએ-છે | માં | તે | ગુપ્તમાં |
| G1722 | G3588 | G2927 | G2532 | G3588 | G3962 | G4771 | G3588 | G0991 | G1722 | G3588 | G2927 |

| ἀποδώσει | σοι. |
|---|---|
| બદલો-આપશે | તમને |
| G0591 | G4771 |

એ માટે કે ફક્ત માણસો ન જાણે કે તમે ઉપવાસ કરી રહ્યા છો, પણ તમારા પિતા જે ગુપ્તમાં છે તેમને તમે ઉપવાસી દેખાવ. અને ગુપ્તમાં જોનાર તમારા પિતા તમને બદલો આપશે.

| 19 | Μὴ | θησαυρίζετε | ὑμῖν | θησαυροὺς | ἐπὶ | τῆς | γῆς, | ὅπου | σὴς | καὶ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ના | ભેગા-કરો | તમારે-માટે | ખજાનાઓ | ઉપર | નં | પૃથ્વી-ઉપર | જ્યાં | કીડો | અને |
| | G3361 | G2343 | G4771 | G2344 | G1909 | G3588 | G1093 | G3699 | G4597 | G2532 |

| βρῶσις | ἀφανίζει, | καὶ | ὅπου | κλέπται | διορύσσουσιν | καὶ | κλέπτουσιν; |
|---|---|---|---|---|---|---|---|
| કટ | બગાડે-છે | અને | જ્યાં | ચોરો | ખોદે-છે | અને | ચોરે-છે |
| G1035 | G0853 | G2532 | G3699 | G2812 | G1358 | G2532 | G2813 |

પૃથ્વી પર પોતાને સારુ દ્રવ્ય એકત્ર ન કરો, ત્યાં તો કીડા તથા કાટ નાશ કરે છે અને ચોરો દીવાલ તોડીને ચોરી જાય છે.

| 20 | θησαυρίζετε | δὲ | ὑμῖν | θησαυροὺς | ἐν | οὐρανῷ, | ὅπου | οὔτε | σὴς | οὔτε |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભેગા-કરો | પણ | તમારે-માટે | ખજાનાઓ | માં | સ્વર્ગમાં | જ્યાં | નથી | કીડો | અને-નથી |
| | G2343 | G1161 | G4771 | G2344 | G1722 | G3772 | G3699 | G3777 | G4597 | G3777 |

| βρῶσις | ἀφανίζει, | καὶ | ὅπου | κλέπται | οὐ | διορύσσουσιν | οὐδὲ | κλέπτουσιν. |
|---|---|---|---|---|---|---|---|---|
| કટ | બગાડે-છે | અને | જ્યાં | ચોરો | નહીં | ખોદે-છે | અને-નહીં | ચોરે-છે |
| G1035 | G0853 | G2532 | G3699 | G2812 | G3756 | G1358 | G3761 | G2813 |

પણ તમે પોતાને સારુ સ્વર્ગમાં દ્રવ્ય એકત્ર કરો, જ્યાં કીડા અથવા કાટ નાશ નથી કરતા અને જ્યાં ચોરો દીવાલ તોડીને ચોરી જતા નથી.

| 21 | ὅπου | γάρ | ἐστιν | ὁ | θησαυρός | σου, | ἐκεῖ | ἔσται | καὶ | ἡ | καρδία | σου. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જ્યાં | કારણ-કે | છે | તે | ખજાનો | તમારો | ત્યાં | હશે | પણ | તે | હૃદય | તમારું |
| | G3699 | G1063 | G1510 | G3588 | G2344 | G4771 | G1563 | G1510 | G2532 | G3588 | G2588 | G4771 |

કેમ કે જ્યાં તમારું દ્રવ્ય છે, ત્યાં જ તમારું ચિત્ત પણ રહેશે.

| 22 | Ὁ | λύχνος | τοῦ | σώματός | ἐστιν | ὁ | ὀφθαλμός; | ἐὰν | οὖν | ᾖ | ὁ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | તે | દીવો | નં | શરીરનો | છે | તે | આખ | જો | તો | હોય | તે |
| | G3588 | G3088 | G3588 | G4983 | G1510 | G3588 | G3788 | G1437 | G3767 | G1510 | G3588 |

| ὀφθαλμός | σου | ἁπλοῦς, | ὅλον | τὸ | σῶμά | σου | φωτεινὸν | ἔσται. |
|---|---|---|---|---|---|---|---|---|
| આખ | તમારી | શુદ્ધ | આખું | તે | શરીર | તમારું | પ્રકાશિત | હશે |
| G3788 | G4771 | G0573 | G3650 | G3588 | G4983 | G4771 | G5460 | G1510 |

શરીરનો દીવો તે આખ છે. એ માટે જો તમારી દ્રષ્ટિ સારી હોય, તો તમારું આખું શરીર પ્રકાશે ભરેલું થશે.

23

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐὰν | δὲ | ὁ | ὀφθαλμός | σου | πονηρὸς | ᾖ, | ὅλον | τὸ | σῶμά | σου |
| જો | પણ | તે | આખ | તમારી | દુષ્ટ | હોય | આખું | તે | શરીર | તમારું |
| G1437 | G1161 | G3588 | G3788 | G4771 | G4190 | G1510 | G3650 | G3588 | G4983 | G4771 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| σκοτεινὸν | ἔσται. | εἰ | οὖν | τὸ | φῶς | τὸ | ἐν | σοὶ | σκότος | ἐστίν, | τὸ |
| અધકારમય | હશે | જો | તો | તે | પ્રકાશ | જે | માં | તમારામાં | અધકાર | છે | તે |
| G4652 | G1510 | G1487 | G3767 | G3588 | G5457 | G3588 | G1722 | G4771 | G4655 | G1510 | G3588 |

| | |
|---|---|
| σκότος | πόσον! |
| અધકાર | કેટલો |
| G4655 | G4214 |

પણ જો તમારી દ્રષ્ટિ ખરાબ હોય, તો તમારું આખું શરીર અધકારથી ભરેલું થશે. માટે તમારામાં જે અજવાળું છે, તે જો અધકારરૂપ હોય, તો તે અધકાર કેટલો મોટો

24

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Οὐδεὶς | δύναται | δυσὶ | κυρίοις | δουλεύειν; | ἢ | γὰρ | τὸν | ἕνα | μισήσει, | καὶ |
| કોઈ | શકતું-નથી | બે | માલિકોની | સેવા-કરવા | કે | કારણ-કે | તે | એકને | ધિક્કારશે | અને |
| G3762 | G1410 | G1417 | G2962 | G1398 | G2228 | G1063 | G3588 | G1520 | G3404 | G2532 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| τὸν | ἕτερον | ἀγαπήσει; | ἢ | ἑνὸς | ἀνθέξεται, | καὶ | τοῦ | ἑτέρου | καταφρονήσει. |
| તે | બીજાને | પ્રેમ-કરશે | કે | એકને | વળગી-રહેશે | અને | બીજાને | બીજાની | તિરસ્કાર-કરશે |
| G3588 | G2087 | G0025 | G2228 | G1520 | G0472 | G2532 | G3588 | G2087 | G2706 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| οὐ | δύνασθε | Θεῷ | δουλεύειν, | καὶ | μαμωνᾷ. |
| નહીં | શકો | ઈશ્વરની | સેવા-કરવા | અને | ધનની |
| G3756 | G1410 | G2316 | G1398 | G2532 | G3126 |

કોઈ ચાકર બે માલિકોની ચાકરી કરી શકતો નથી, કેમ કે તે એકનો દ્વેષ કરશે, ને બીજા પર પ્રેમ કરશે, અથવા તે એકના પક્ષનો થશે, ને બીજાનો તિરસ્કાર કરશે. એકસાથે તમે ઈશ્વરની તથા દ્રવ્યની ચાકરી કરી શકો નહિ.

25

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Διὰ | τοῦτο | λέγω | ὑμῖν, | μὴ | μεριμνᾶτε | τῇ | ψυχῇ | ὑμῶν, | τί | φάγητε | ἢ |
| તેથી | આ | કહું-છું | તમને | ના | ચિંતા-કરો | નં | જીવન-માટે | તમારે | શું | ખાશો | કે |
| G1223 | G3778 | G3004 | G4771 | G3361 | G3309 | G3588 | G5590 | G4771 | G5101 | G5315 | G2228 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| τί | πίητε; | μηδὲ | τῷ | σώματι | ὑμῶν, | τί | ἐνδύσησθε. | οὐχὶ | ἡ | ψυχὴ |
| શું | પીશો | અને-નહીં | નં | શરીર-માટે | તમારે | શું | પહેરશો | શું-નહીં | તે | જીવન |
| G5101 | G4095 | G3366 | G3588 | G4983 | G4771 | G5101 | G1746 | G3780 | G3588 | G5590 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| πλεῖόν | ἐστιν | τῆς | τροφῆς, | καὶ | τὸ | σῶμα | τοῦ | ἐνδύματος? |
| વધારે | છે | નં | ખોરાકથી | અને | તે | શરીર | નં | વસ્ત્રથી |
| G4119 | G1510 | G3588 | G5160 | G2532 | G3588 | G4983 | G3588 | G1742 |

એ માટે હું તમને કહું છું કે તમારા જીવને સારુ ચિંતા ન કરો કે, અમે શું ખાઈશું અથવા શું પીશું; તેમ જ તમારા શરીરને માટે ચિંતા ન કરો કે, અમે શું પહેરીશું? શું જીવ ખોરાક કરતાં અને શરીર વસ્ત્રો કરતાં અધિક નથી?

26

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐμβλέψατε | εἰς | τὰ | πετεινὰ | τοῦ | οὐρανοῦ, | ὅτι | οὐ | σπείρουσιν, | οὐδὲ |
| જુઓ | માં | તે | પખીઓને | નં | આકાશનં | કે | નહીં | વાવે-છે | અને-નહીં |
| G1689 | G1519 | G3588 | G4071 | G3588 | G3772 | G3754 | G3756 | G4687 | G3761 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| θερίζουσιν, | οὐδὲ | συνάγουσιν | εἰς | ἀποθήκας-- | καὶ | ὁ | Πατὴρ | ὑμῶν | ὁ |
| લણે-છે | અને-નહીં | ભેગા-કરે-છે | માં | કોઠારોમાં | અને | તે | પિતા | તમારે | તે |
| G2325 | G3761 | G4863 | G1519 | G0596 | G2532 | G3588 | G3962 | G4771 | G3588 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| οὐράνιος | τρέφει | αὐτά: | οὐχ | ὑμεῖς | μᾶλλον | διαφέρετε | αὐτῶν? |
| સ્વર્ગીય | ખવડાવે-છે | તેઓને | શું-નહીં | તમે | વધારે | મૂલ્યવાન-છો | તેઓથી |
| G3770 | G5142 | G0846 | G3756 | G4771 | G3123 | G1308 | G0846 |

આકાશના પક્ષીઓને જુઓ□ તેઓ તો વાવતાં નથી, કાપતાં નથી અને વખારોમાં ભરતાં નથી, તોપણ તમારા સ્વર્ગીય પિતા તેઓનું પોષણ કરે છે. તો તેઓ કરતાં તમે અધિક મૂલ્યવાન નથી શું?

27

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| τίς | δὲ | ἐξ | ὑμῶν | μεριμνῶν | δύναται | προσθεῖναι | ἐπὶ | τὴν | ἡλικίαν | αὐτοῦ | πῆχυν | ἕνα? |
| કોણ | પણ | માંથી | તમારેમાં | ચિંતા-કરીને | શકે-છે | ઉમેરવ□ | ઉપર | તે | આયુષ્યમાં | તેમની | હાથ | એક |
| G5101 | G1161 | G1537 | G4771 | G3309 | G1410 | G4369 | G1909 | G3588 | G2244 | G0846 | G4083 | G1520 |

ચિંતા કરવાથી તમારામાંનો કોણ પોતાના જીવનકાળમાં એકાદ પળનો વધારો કરી શકે છે?

28

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | περὶ | ἐνδύματος | τί | μεριμνᾶτε? | καταμάθετε | τὰ | κρίνα | τοῦ | ἀγροῦ, | πῶς | αὐξάνουσιν: | οὐ | κοπιῶσιν | οὐδὲ | νήθουσιν: |
| અને | વિશે | વસ્ત્રનં | શા-માટે | ચિંતા-કરો-છો | વિચારો | તે | ફૂલોને | નં | ખેતરનં | કેમ | વધે-છે | | નહીં | મહેનત-કરે-છે | અને-નહીં | કાંતે-છે |
| G2532 | G4012 | G1742 | G5101 | G3309 | G2648 | G3588 | G2918 | G3588 | G0068 | G4459 | G0837 | G3756 | G2872 | G3761 | G3514 |

વળી વસ્ત્રો સંબંધી તમે ચિંતા કેમ કરો છો? ખેતરનાં ફૂલઝાડોનો વિચાર કરો કે, તેઓ કેવાં વધે છે; તેઓ મહેનત કરતા નથી અને કાંતતાં પણ નથી.

29

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| λέγω | δὲ | ὑμῖν | ὅτι | οὐδὲ | Σολομὼν | ἐν | πάσῃ | τῇ | δόξῃ | αὐτοῦ | περιεβάλετο | ὡς | ἓν | τούτων. |
| કહું-છું | પણ | તમને | કે | નહીં | સુલેમાન-પણ | માં | બધી | તે | મહિમામાં | તેમની | શોભાયો | જેમ | એક-પણ | આમાંથી |
| G3004 | G1161 | G4771 | G3754 | G3761 | G4672 | G1722 | G3956 | G3588 | G1391 | G0846 | G4016 | G5613 | G1520 | G3778 |

તોપણ હું તમને કહું છું કે સુલેમાન પણ પોતાના સઘળા વૈભવમાં તેઓમાંના એકના જેવો પહેરેલો ન હતો.

30

| | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εἰ | δὲ | τὸν | χόρτον | τοῦ | ἀγροῦ, | σήμερον | ὄντα, | καὶ | αὔριον | εἰς | κλίβανον | βαλλόμενον, | ὁ | Θεὸς | οὕτως | ἀμφιέννυσιν, | οὐ | πολλῷ | μᾶλλον | ὑμᾶς, | ὀλιγόπιστοι? |
| જો | પણ | તે | ઘાસને | નં | ખેતરનં | આજે | હોય | અને | આવતીકાલે | માં | ભટ્ટીમાં | નાખવામાં-આવે-છે | તે | ઈશ્વર | આ-રીતે | પહેરાવે-છે | શું-નહીં | ઘણું-વધારે | વધારે | તમને | અલ્પવિશ્વાસીઓ |
| G1487 | G1161 | G3588 | G5528 | G3588 | G0068 | G4594 | G1510 | G2532 | G0839 | G1519 | G2823 | G0906 | G3588 | G2316 | G3779 | G0294 | G3756 | G4183 | G3123 | G4771 | G3640 |

એ માટે ખેતરનું ઘાસ જે આજે છે અને કાલે ભઠ્ઠીમાં નંખાય છે, તેને જો ઈશ્વર એવું પહેરાવે છે, તો,઼ઓ અલ્પવિશ્વાસીઓ, તમને શું તેથી વિશેષ નહિ પહેરાવે?

31

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| μὴ | οὖν | μεριμνήσητε, | λέγοντες, | Τί | φάγωμεν? | ἤ | Τί | πίωμεν? | ἤ | Τί | περιβαλώμεθα? |
| ના | તો | ચિંતા-કરો | કહેતા | શું | ખાશું | કે | શું | પીશું | કે | શું | પહેરશું |
| G3361 | G3767 | G3309 | G3004 | G5101 | G5315 | G2228 | G5101 | G4095 | G2228 | G5101 | G4016 |

માટે ‘અમે શું ખાઈશું?’, ‘શું પીશું?’ અથવા ‘શું પહેરીશું?’ એમ કહેતાં ચિંતા ન કરો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 32 | πάντα | γὰρ | ταῦτα | τὰ | ἔθνη | ἐπιζητοῦσιν; | οἶδεν | γὰρ | ὁ | Πατὴρ | ὑμῶν |
| | બધું | કારણ-કે | આ-બધું | તે | વિદેશીઓ | શોધે-છે | જાણે-છે | કારણ-કે | તે | પિતા | તમારે |
| | G3956 | G1063 | G3778 | G3588 | G1484 | G1934 | G1492 | G1063 | G3588 | G3962 | G4771 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ὁ | οὐράνιος | ὅτι | χρῄζετε | τούτων | ἁπάντων. |
| તે | સ્વર્ગીય | કે | જરૂર-છે | આ-બધાંની | બધાંની |
| G3588 | G3770 | G3754 | G5535 | G3778 | G0537 |

કારણ કે એ સઘળાં વાનાં અવિશ્વાસીઓ શોધે છે; કેમ કે સ્વર્ગમાંના તમારા પિતા જાણે છે કે એ બધાની તમને જરૂર છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 33 | ζητεῖτε | δὲ | πρῶτον | τὴν | βασιλείαν | [τοῦ | θεοῦ], | καὶ | τὴν | δικαιοσύνην |
| | શોધો | પણ | પહેલાં | તે | રાજ્ય | નં | ઈશ્વરનું | અને | તે | ન્યાયીપણા |
| | G2212 | G1161 | G4412 | G3588 | G0932 | G3588 | G2316 | G2532 | G3588 | G1343 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| αὐτοῦ; | καὶ | ταῦτα | πάντα | προστεθήσεται | ὑμῖν. |
| તેમની | અને | આ-બધું | બધું | ઉમેરાશે | તમને |
| G0846 | G2532 | G3778 | G3956 | G4369 | G4771 |

પણ તમે પ્રથમ તેમના રાજ્યને તથા તેમના ન્યાયીપણાને શોધો અને એ બધાં વાનાં પણ તમને અપાશે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 34 | μὴ | οὖν | μεριμνήσητε | εἰς | τὴν | αὔριον, | ἡ | γὰρ | αὔριον | μεριμνήσει |
| | ના | તો | ચિંતા-કરો | માટે | તે | આવતીકાલન□ | તે | કારણ-કે | આવતીકાલ | ચિંતા-કરશે |
| | G3361 | G3767 | G3309 | G1519 | G3588 | G0839 | G3588 | G1063 | G0839 | G3309 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ἑαυτῆς. | ἀρκετὸν | τῇ | ἡμέρᾳ | ἡ | κακία | αὐτῆς. |
| પોતાની | પૂરતી-છે | તે | દિવસ-માટે | તે | મુશ્કેલી | તેની |
| G1438 | G0713 | G3588 | G2250 | G3588 | G2549 | G0846 |

તે માટે આવતી કાલને સારુ ચિંતા ન કરો, કેમ કે આવતી કાલ પોતાની વાતોની ચિંતા કરશે. દિવસને સારુ તે દિવસનું દુઃખ બસ છે.

## Chapter 7

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | Μὴ | κρίνετε, | ἵνα | μὴ | κριθῆτε: |
| | ન | ન્યાય-કરો | જેથી | ન | ન્યાય-થાય |
| | G3361 | G2919 | G2443 | G3361 | G2919 |

કોઈનો ન્યાય ન કરો અને તમારો ન્યાય નહિ કરાશે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | ἐν | ᾧ | γὰρ | κρίματι | κρίνετε, | κριθήσεσθε; | καὶ | ἐν | ᾧ | μέτρῳ | μετρεῖτε, |
| | જે | જે | કારણ-કે | ન્યાયથી | ન્યાય-કરો | ન્યાય-થશે | અને | જે | જે | માપથી | માપો |
| | G1722 | G3739 | G1063 | G2917 | G2919 | G2919 | G2532 | G1722 | G3739 | G3358 | G3354 |

| | |
|---|---|
| μετρηθήσεται | ὑμῖν. |
| માપવામાં-આવશે | તમને |
| G3354 | G4771 |

કેમ કે જે ન્યાય પ્રમાણે તમે ન્યાય કરો તે પ્રમાણે તમારો ન્યાય થશે. જે માપથી તમે માપી આપો છો, તે જ પ્રમાણે તમને માપી અપાશે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | τί | δὲ | βλέπεις | τὸ | κάρφος | τὸ | ἐν | τῷ | ὀφθαλμῷ | τοῦ | ἀδελφοῦ |
| | શા-માટે | પણ | જુઓ-છો | તે | તણખલું | તે | જે | તે | આખમાં | તારા | ભાઈની |
| | G5101 | G1161 | G0991 | G3588 | G2595 | G3588 | G1722 | G3588 | G3788 | G3588 | G0080 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| σου, | τὴν | δὲ | ἐν | τῷ | σῷ | ὀφθαλμῷ | δοκὸν | οὐ | κατανοεῖς? |
| તારી | તે | પણ | જે | તારી | તારી-પોતાની | આખમાં | ભારે-લાકડું | નથી | વિચારતા |
| G4771 | G3588 | G1161 | G1722 | G3588 | G4674 | G3788 | G1385 | G3756 | G2657 |

તું તારા ભાઈની આખમાંનું ફોતરું ધ્યાનમાં લે છે, અને તારી પોતાની આખમાંનો ભારોટીયો કેમ જોતો નથી?

4

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἢ | πῶς | ἐρεῖς | τῷ | ἀδελφῷ | σου, | Ἄφες | ἐκβάλω | τὸ | κάρφος | ἐκ | τοῦ |
| અથવા | કેવી-રીતે | કહેશો | તારા | ભાઈને | તારી | રહેવા-દે | કાઢું | તે | તણખલું | માંથી | તારી |
| G2228 | G4459 | G2046 | G3588 | G0080 | G4771 | G0863 | G1544 | G3588 | G2595 | G1537 | G3588 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ὀφθαλμοῦ | σου; | καὶ | ἰδοὺ, | ἡ | δοκὸς | ἐν | τῷ | ὀφθαλμῷ | σοῦ! |
| આખમાંથી | તારી | અને | જુઓ | તે | ભારે-લાકડું | છે | તારી | આખમાં | તારી |
| G3788 | G4771 | G2532 | G3708 | G3588 | G1385 | G1722 | G3588 | G3788 | G4771 |

અથવા તું તારા ભાઈને કેવી રીતે કહી શકે કે 'મને તારી આખમાંથી ફોતરું કાઢવા દે'; પણ જો, તારી પોતાની જ આખમાં ભારોટીયો છે?

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὑποκριτά, | ἔκβαλε | πρῶτον | ἐκ | τοῦ | ὀφθαλμοῦ | σοῦ | τὴν | δοκόν, | καὶ | τότε |
| ઢોંગી | પહેલાં-કાઢ | પહેલાં | માંથી | તારી | આખમાંથી | તારી | તે | ભારે-લાકડું | અને | પછી |
| G5273 | G1544 | G4412 | G1537 | G3588 | G3788 | G4771 | G3588 | G1385 | G2532 | G5119 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| διαβλέψεις | ἐκβαλεῖν | τὸ | κάρφος | ἐκ | τοῦ | ὀφθαλμοῦ | τοῦ | ἀδελφοῦ | σου. |
| સ્પષ્ટ-જોશો | કાઢવા | તે | તણખલું | માંથી | તારા | આખમાંથી | તારા | ભાઈની | તારા |
| G1227 | G1544 | G3588 | G2595 | G1537 | G3588 | G3788 | G3588 | G0080 | G4771 |

ઓ ઢોંગી પ્રથમ તું પોતાની જ આખમાંથી ભારોટીયો કાઢ, ત્યાર પછી તને તારા ભાઈની આખમાંથી ફોતરું કાઢવાને સારી રીતે દેખાશે.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Μὴ | δῶτε | τὸ | ἅγιον | τοῖς | κυσίν, | μηδὲ | βάλητε | τοὺς | μαργαρίτας | ὑμῶν |
| ન | આપો | તે | પવિત્ર-વસ્તુ | તે | કૂતરાઓને | અને-ન | નાખો | તમારા | મોતીઓ | તમારા |
| G3361 | G1325 | G3588 | G0040 | G3588 | G2965 | G3366 | G0906 | G3588 | G3135 | G4771 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἔμπροσθεν | τῶν | χοίρων, | μή‿ | ποτε | καταπατήσουσιν | αὐτοὺς | ἐν | τοῖς | ποσὶν |
| આગળ | તે | ડુક્કરોની | કદાચ | ક્યારેક | કચડી-નાખે | તેમને | તેમના | તે | પગ-તળે |
| G1715 | G3588 | G5519 | G3361 | G4219 | G2662 | G0846 | G1722 | G3588 | G4228 |

| | | | | |
|---|---|---|---|---|
| αὐτῶν, | καὶ | στραφέντες, | ῥήξωσιν | ὑμᾶς. |
| તેમના | અને | ફરીને | ફાડી-નાખે | તમને |
| G0846 | G2532 | G4762 | G4486 | G4771 |

જે પવિત્ર છે તે કૂતરાઓની આગળ ન નાખો, તમારાં મોતી ભૂંડોની આગળ ન ફેંકો; એમ ન થાય કે તેઓ તે પોતાના પગ તળે છૂંદે અને તમને ફાડી નાખે.

7

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Αἰτεῖτε, | καὶ | δοθήσεται | ὑμῖν; | ζητεῖτε, | καὶ | εὑρήσετε; | κρούετε, | καὶ |
| માગો | અને | આપવામાં-આવશે | તમને | શોધો | અને | મળશે | ખટખટાવો | અને |
| G0154 | G2532 | G1325 | G4771 | G2212 | G2532 | G2147 | G2925 | G2532 |

| | |
|---|---|
| ἀνοιγήσεται | ὑμῖν. |
| ઉઘાડવામાં-આવશે | તમને |
| G0455 | G4771 |

માગો તો તમને અપાશે; શોધો, તો તમને જડશે; ખટખટાવો, તો તમારે સારુ ઉઘાડાશે.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| πᾶς | γὰρ | ὁ | αἰτῶν | λαμβάνει; | καὶ | ὁ | ζητῶν, | εὑρίσκει; | καὶ | τῷ |
| દરેક | કારણ-કે | જે | માગે-છે | પામે-છે | અને | જે | શોધે-છે | મળે-છે | અને | જે |
| G3956 | G1063 | G3588 | G0154 | G2983 | G2532 | G3588 | G2212 | G2147 | G2532 | G3588 |

| | |
|---|---|
| κρούοντι, | ἀνοιγήσεται. |
| ખટખટાવે-છે | ઉઘાડવામાં-આવશે |
| G2925 | G0455 |

કેમ કે જે દરેક માગે છે તેઓ પામે છે; જે શોધે છે તેઓને જડે છે; અને જે કોઈ ખટખટાવે છે, તેઓને માટે દરવાજા ઉઘાડવામાં આવશે.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἢ | τίς | ἐστιν | ἐξ | ὑμῶν | ἄνθρωπος | ὃν | αἰτήσει | ὁ | υἱὸς | αὐτοῦ |
| અથવા | કોણ | છે | તમારામાંથી | તમારામાં | માણસ | જેને | માગશે | તેનો | દીકરો | તેનો |
| G2228 | G5101 | G1510 | G1537 | G4771 | G0444 | G3739 | G0154 | G3588 | G5207 | G0846 |

| | | | | |
|---|---|---|---|---|
| ἄρτον: | μὴ | λίθον | ἐπιδώσει | αὐτῷ? |
| રોટલી | શું | પથ્થર | આપશે | તેને |
| G0740 | G3361 | G3037 | G1929 | G0846 |

તમારામાં એવી કઈ વ્યક્તિ છે કે, જો તેનો દીકરો તેની પાસે રોટલી માગે, તો તે તેને પથ્થર આપશે?

10

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ἢ | καὶ | ἰχθὺν | αἰτήσει: | μὴ | ὄφιν | ἐπιδώσει | αὐτῷ? |
| અથવા | અને | માછલી | માગશે | શું | સાપ | આપશે | તેને |
| G2228 | G2532 | G2486 | G0154 | G3361 | G3789 | G1929 | G0846 |

અથવા જો માછલી માગે, તો તે તેને સાપ આપશે?

11

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εἰ | οὖν | ὑμεῖς, | πονηροὶ | ὄντες, | οἴδατε | δόματα | ἀγαθὰ | διδόναι | τοῖς | τέκνοις |
| જો | તો | તમે | ભૂંડા | હોવા-છતાં | જાણો-છો | ભેટો | સારી | આપવા | તમારાં | બાળકોને |
| G1487 | G3767 | G4771 | G4190 | G1510 | G1492 | G1390 | G0018 | G1325 | G3588 | G5043 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὑμῶν, | πόσῳ | μᾶλλον | ὁ | Πατὴρ | ὑμῶν | ὁ | ἐν | τοῖς | οὐρανοῖς | δώσει |
| તમારા | કેટલું-વધારે | વધારે | તે | પિતા | તમારો | જે | જે | તે | સ્વર્ગમાં-છે | આપશે |
| G4771 | G4214 | G3123 | G3588 | G3962 | G4771 | G3588 | G1722 | G3588 | G3772 | G1325 |

| | | | |
|---|---|---|---|
| ἀγαθὰ | τοῖς | αἰτοῦσιν | αὐτόν? |
| સારી-વસ્તુઓ | તે | માગનારાઓને | તેમને |
| G0018 | G3588 | G0154 | G0846 |

માટે જો તમે ખરાબ હોવા છતાં, જો પોતાના બાળકોને સારાં વાનાં આપવા જાણો છો, તો તમારા સ્વર્ગમાંના પિતાની પાસે જેઓ માગે છે તેઓને કેટલી વિશેષે કરીને સારાં વાનાં આપશે?

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Πάντα | οὖν, | ὅσα | ἐὰν | θέλητε | ἵνα | ποιῶσιν | ὑμῖν | οἱ | ἄνθρωποι, | οὕτως |
| તેથી-બધું | માટે | જે-કંઈ | જો | ચાહો-છો | કે | કરે | તમને | તે | લોકો | એ-પ્રમાણે |
| G3956 | G3767 | G3745 | G1437 | G2309 | G2443 | G4160 | G4771 | G3588 | G0444 | G3779 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ὑμεῖς | ποιεῖτε | αὐτοῖς. | οὗτος | γάρ | ἐστιν | ὁ | νόμος | καὶ | οἱ |
| તે-જ | તમે-પણ | કરો | તેમને | આ | કારણ-કે | છે | તે | નિયમશાસ્ત્ર | અને | તે |
| G2532 | G4771 | G4160 | G0846 | G3778 | G1063 | G1510 | G3588 | G3551 | G2532 | G3588 |

| |
|---|
| προφῆται. |
| પ્રબોધકો |
| G4396 |

માટે જે કંઈ તમે ઇચ્છો છો કે બીજા લોકો તમારા પ્રત્યે કરે, તેવું તમે પણ તેઓ પ્રત્યે કરો; કેમ કે નિયમશાસ્ત્ર તથા પ્રબોધકોની વાતોનો સાર તે છે.

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Εἰσέλθατε | διὰ | τῆς | στενῆς | πύλης. | ὅτι | πλατεῖα | ἡ | πύλη | καὶ | εὐρύχωρος |
| પ્રવેશ-કરો | થઈને | તે | સાંકડા | દરવાજાથી | કારણ-કે | પહોળો | છે-તે | દરવાજો | અને | વિશાળ |
| G1525 | G1223 | G3588 | G4728 | G4439 | G3754 | G4116 | G3588 | G4439 | G2532 | G2149 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἡ | ὁδὸς | ἡ | ἀπάγουσα | εἰς | τὴν | ἀπώλειαν, | καὶ | πολλοί | εἰσιν | οἱ |
| છે-તે | માર્ગ | જે | લઈ-જાય-છે | તરફ | તે | વિનાશ | અને | ઘણા | છે | જેઓ |
| G3588 | G3598 | G3588 | G0520 | G1519 | G3588 | G0684 | G2532 | G4183 | G1510 | G3588 |

| | | |
|---|---|---|
| εἰσερχόμενοι | δι’ | αὐτῆς; |
| પ્રવેશ-કરે-છે | તેમાંથી | તેમાં |
| G1525 | G1223 | G0846 |

તમે સાંકડે બારણેથી અંદર પ્રવેશો; કેમ કે જે માર્ગ નાશમાં પહોંચાડે છે, તેનું બારણું પહોળું છે અને ઘણાં તેમાં થઈને પ્રવેશે છે.

14

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὅτι | στενὴ | ἡ | πύλη | καὶ | τεθλιμμένη | ἡ | ὁδὸς | ἡ | ἀπάγουσα | εἰς |
| કારણ-કે | સાંકડો | છે-તે | દરવાજો | અને | કઠિન | છે-તે | માર્ગ | જે | લઈ-જાય-છે | તરફ |
| G3754 | G4728 | G3588 | G4439 | G2532 | G2346 | G3588 | G3598 | G3588 | G0520 | G1519 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| τὴν | ζωήν, | καὶ | ὀλίγοι | εἰσίν | οἱ | εὑρίσκοντες | αὐτήν. |
| તે | જીવન | અને | થોડા | છે | જેઓ | શોધે-છે | તેને |
| G3588 | G2222 | G2532 | G3641 | G1510 | G3588 | G2147 | G0846 |

જે માર્ગ જીવનમાં પહોંચાડે છે, તે સાંકડો છે, તેનું બારણું સાંકડું છે અને જેઓને તે જડે છે તેઓ થોડા જ છે.

15 Προσέχετε ἀπὸ τῶν ψευδοπροφητῶν, οἵτινες ἔρχονται πρὸς ὑμᾶς ἐν
સાવધાન-રહો થી તે જૂઠા-પ્રબોધકોથી જેઓ આવે-છે તમારી-પાસે તમારી તેઓ
G4337 G0575 G3588 G5578 G3748 G2064 G4314 G4771 G1722

ἐνδύμασιν προβάτων, ἔσωθεν δέ εἰσιν λύκοι ἅρπαγες.
ઘેટાંનાં-વસ્ત્રોમાં ઘેટાંના અંદરથી પણ છે વરુઓ ફાડી-ખાનારા
G1742 G4263 G2081 G1161 G1510 G3074 G0727

જે જૂઠાં પ્રબોધકો ઘેટાંને વેશે તમારી પાસે આવે છે, પણ અંદરથી ફાડી ખાનાર વરુના જેવા છે, તેઓ સંબંધી તમે સાવધાન રહો.

16 ἀπὸ τῶν καρπῶν αὐτῶν ἐπιγνώσεσθε αὐτούς. μήτι συλλέγουσιν ἀπὸ
તેમના તેમના ફળોથી તેમના ઓળખશો તેમને શું વીણે-છે કાંટાઓમાંથી
G0575 G3588 G2590 G0846 G1921 G0846 G3385 G4816 G0575

ἀκανθῶν σταφυλὰς, ἢ ἀπὸ τριβόλων σῦκα?
કાંટાઓમાંથી દ્રાક્ષ અથવા માંથી ઝાંખરાંમાંથી અજીર
G0173 G4718 G2228 G0575 G5146 G4810

તેઓનાં ફળથી તમે તેઓને ઓળખશો. શું લોકો કાંટાનાં ઝાડ પરથી દ્રાક્ષ અથવા ઝાંખરાં પરથી અજીર તોડે છે?

17 οὕτως πᾶν δένδρον ἀγαθὸν, καρποὺς καλοὺς ποιεῖ; τὸ δὲ σαπρὸν
એ-પ્રમાણે દરેક વૃક્ષ સારું ફળ સારાં આપે-છે પણ તે સડેલું
G3779 G3956 G1186 G0018 G2590 G2570 G4160 G3588 G1161 G4550

δένδρον, καρποὺς πονηροὺς ποιεῖ.
વૃક્ષ ફળ ખરાબ આપે-છે
G1186 G2590 G4190 G4160

તેમ જ દરેક સારું ઝાડ સારાં ફળ આપે છે અને ખરાબ ઝાડ ખરાબ ફળ આપે છે.

18 οὐ δύναται δένδρον ἀγαθὸν, καρποὺς πονηροὺς ποιεῖν; οὐδὲ δένδρον
નથી શકતું વૃક્ષ સારું ફળ ખરાબ આપી અને-ન વૃક્ષ
G3756 G1410 G1186 G0018 G2590 G4190 G4160 G3761 G1186

σαπρὸν, καρποὺς καλοὺς ποιεῖν.
સડેલું ફળ સારાં આપી-શકે
G4550 G2590 G2570 G4160

સારું ઝાડ ખરાબ ફળ આપી શકતું નથી અને ખરાબ ઝાડ સારાં ફળ આપી શકતું નથી.

19 πᾶν δένδρον μὴ ποιοῦν καρπὸν καλὸν ἐκκόπτεται καὶ εἰς πῦρ
દરેક વૃક્ષ જે-નથી આપતું ફળ સારું કાપી-નાખવામાં-આવે-છે અને તે અગ્નિમાં
G3956 G1186 G3361 G4160 G2590 G2570 G1581 G2532 G1519 G4442

βάλλεται.
નાખવામાં-આવે-છે
G0906

દરેક ઝાડ જે સારું ફળ નથી આપતું તે કપાય છે અને અગ્નિમાં નંખાય છે.

20 ἄρα¦γε ἀπὸ τῶν καρπῶν αὐτῶν ἐπιγνώσεσθε αὐτούς.
તેથી તેમના તેમના ફળોથી તેમના ઓળખશો તેમને
G0686 G0575 G3588 G2590 G0846 G1921 G0846

તેથી તેઓનાં ફળથી તમે તેઓને ઓળખશો.

21 Οὐ πᾶς ὁ λέγων μοι, Κύριε, Κύριε, εἰσελεύσεται εἰς τὴν βασιλείαν
નહિ દરેક જે કહે-છે મને પ્રભુ પ્રભુ પ્રવેશ-કરશે માં તે રાજ્યમાં
G3756 G3956 G3588 G3004 G1473 G2962 G2962 G1525 G1519 G3588 G0932

τῶν οὐρανῶν, ἀλλ’ ὁ ποιῶν τὸ θέλημα τοῦ Πατρός μου, τοῦ ἐν
તે સ્વર્ગના પણ જે કરે-છે તે ઇચ્છા મારા પિતાની મારા જે છે
G3588 G3772 G0235 G3588 G4160 G3588 G2307 G3588 G3962 G1473 G3588 G1722

τοῖς οὐρανοῖς.
તે સ્વર્ગમાં
G3588 G3772

જેઓ મને 'પ્રભુ, પ્રભુ,' કહે છે, તેઓ સર્વ સ્વર્ગના રાજ્યમાં પ્રવેશશે એમ તો નહિ, પણ જેઓ મારા આકાશમાંના પિતાની ઇચ્છા પ્રમાણે કરે છે તેઓ જ પ્રવેશશે.

22 πολλοὶ ἐροῦσίν μοι ἐν ἐκείνῃ τῇ ἡμέρᾳ, Κύριε, Κύριε, οὐ τῷ σῷ
ઘણા કહેશે મને તે તે તે દિવસે પ્રભુ પ્રભુ શું-નહોતું તારા તારા
G4183 G2046 G1473 G1722 G1565 G3588 G2250 G2962 G2962 G3756 G3588 G4674

ὀνόματι ἐπροφητεύσαμεν, καὶ τῷ σῷ ὀνόματι δαιμόνια ἐξεβάλομεν, καὶ
નામે ભવિષ્યવાણી-કરી અને તારા તારા નામે દુષ્ટાત્માઓ કાઢ્યા અને
G3686 G4395 G2532 G3588 G4674 G3686 G1140 G1544 G2532

τῷ σῷ ὀνόματι δυνάμεις πολλὰς ἐποιήσαμεν?
તારા તારા નામે ચમત્કારો ઘણા કર્યા
G3588 G4674 G3686 G1411 G4183 G4160

તે દિવસે ઘણાં મને કહેશે કે, 'પ્રભુ, પ્રભુ,' શું અમે તમારે નામે પ્રબોધ કર્યો નહોતો? તમારે નામે દુષ્ટાત્માઓને કાઢયાં નહોતાં? અને તમારે નામે ઘણાં પરાક્રમી કામો કર્યા નહોતાં?

23 καὶ τότε ὁμολογήσω αὐτοῖς, ὅτι Οὐδέποτε ἔγνων ὑμᾶς; ἀποχωρεῖτε ἀπ’
અને ત્યારે જાહેર-કરીશ તેમને કે ક્યારેય-નહિ ઓળખ્યા તમને દૂર-જાઓ મારાથી
G2532 G5119 G3670 G0846 G3754 G3763 G1097 G4771 G0672 G0575

ἐμοῦ, οἱ ἐργαζόμενοι τὴν ἀνομίαν.
મારાથી તમે અધર્મ-કરનારાઓ તે અધર્મ
G1473 G3588 G2038 G3588 G0458

ત્યારે હું તેઓને સ્પષ્ટ કહીશ કે, 'મેં તમને કદી પણ ઓળખ્યા નહિ; ઓ દુષ્કર્મીઓ, તમે મારી પાસેથી દૂર જાઓ□'"

24 Πᾶς οὖν, ὅστις ἀκούει μου τοὺς λόγους τούτους, καὶ ποιεῖ αὐτούς,
તેથી-દરેક માટે જે-કોઈ સાંભળે-છે મારા આ વચનો આ અને કરે-છે તેમને
G3956 G3767 G3748 G0191 G1473 G3588 G3056 G3778 G2532 G4160 G0846

ὁμοιωθήσεται ἀνδρὶ φρονίμῳ, ὅστις ᾠκοδόμησεν αὐτοῦ τὴν οἰκίαν ἐπὶ
સરખાવાશે ડાહ્યા-માણસ-સાથે બુદ્ધિમાન જેણે બાંધ્યું પોતાનું પોતાનું ઘર ઉપર
G3666 G0435 G5429 G3748 G3618 G0846 G3588 G3614 G1909

τὴν πέτραν.
તે ખડક-પર
G3588 G4073

એ માટે, જે કોઈ મારી આ વાતો સાંભળે છે અને પાળે છે, તે એક ડાહ્યા માણસની જેમ છે, જેણે પોતાનું ઘર ખડક પર બાંધ્યું.

25 καὶ κατέβη ἡ βροχὴ, καὶ ἦλθον οἱ ποταμοὶ, καὶ ἔπνευσαν οἱ
અને પડ્યો તે વરસાદ અને આવ્યાં તે પૂર અને ફૂંકાયા તે
G2532 G2597 G3588 G1028 G2532 G2064 G3588 G4215 G2532 G4154 G3588

ἄνεμοι, καὶ προσέπεσαν τῇ οἰκίᾳ ἐκείνῃ; καὶ οὐκ ἔπεσεν, τεθεμελίωτο
પવન અને અથડાયા તે ઘરને તે અને ન પડ્યું પાયો-નાખેલો-હતો
G0417 G2532 G4363 G3588 G3614 G1565 G2532 G3756 G4098 G2311

γὰρ ἐπὶ τὴν πέτραν.
કારણ-કે ઉપર તે ખડક-પર
G1063 G1909 G3588 G4073

વરસાદ વરસ્યો, પૂર આવ્યું, વાવાઝોડાં થયાં અને તે ઘર પર સપાટા લાગ્યા; પણ તેનો પાયો ખડક પર નાખેલો હોવાથી તે પડ્યું નહિ.

26 καὶ πᾶς ὁ ἀκούων μου τοὺς λόγους τούτους, καὶ μὴ ποιῶν αὐτοὺς,
અને દરેક જે સાંભળે-છે મારા આ વચનો આ અને નથી કરતો તેમને
G2532 G3956 G3588 G0191 G1473 G3588 G3056 G3778 G2532 G3361 G4160 G0846

ὁμοιωθήσεται ἀνδρὶ μωρῷ, ὅστις ᾠκοδόμησεν αὐτοῦ τὴν οἰκίαν ἐπὶ τὴν
સરખાવાશે મૂર્ખ-માણસ-સાથે મૂર્ખ જેણે બાંધ્યું પોતાનું પોતાનું ઘર ઉપર તે
G3666 G0435 G3474 G3748 G3618 G0846 G3588 G3614 G1909 G3588

ἄμμον.
રેતી-પર
G0285

જે કોઈ મારી આ વાતો સાંભળે છે પણ પાળતો નથી, તે એક મૂર્ખ માણસની જેમ છે, જેણે પોતાનું ઘર રેતી પર બાંધ્યું.

27 καὶ κατέβη ἡ βροχὴ, καὶ ἦλθον οἱ ποταμοὶ, καὶ ἔπνευσαν οἱ
અને પડ્યો તે વરસાદ અને આવ્યાં તે પૂર અને ફૂંકાયા તે
G2532 G2597 G3588 G1028 G2532 G2064 G3588 G4215 G2532 G4154 G3588

ἄνεμοι, καὶ προσέκοψαν τῇ οἰκίᾳ ἐκείνῃ, καὶ ἔπεσεν-- καὶ ἦν ἡ
પવન અને અથડાયા તે ઘરને તે અને પડી-ગયું અને હતો તેનો
G0417 G2532 G4350 G3588 G3614 G1565 G2532 G4098 G2532 G1510 G3588

πτῶσις αὐτῆς μεγάλη.
વિનાશ તેનો મોટો
G4431 G0846 G3173

વરસાદ વરસ્યો, પૂર આવ્યું, વાવાઝોડાં થયાં, તે ઘર પર સપાટા લાગ્યા અને તે પડી ગયું; અને તેનો નાશ મોટો થયો.

28 Καὶ ἐγένετο, ὅτε ἐτέλεσεν ὁ Ἰησοῦς τοὺς λόγους τούτους, ἐξεπλήσσοντο
અને થયું જ્યારે પૂરા-કર્યા તે ઈસુએ આ વચનો આ આશ્ચર્ય-પામ્યા
G2532 G1096 G3753 G5055 G3588 G2424 G3588 G3056 G3778 G1605

οἱ ὄχλοι ἐπὶ τῇ διδαχῇ αὐτοῦ,
તે ટોળાં તેમના તેમના ઉપદેશથી તેમના
G3588 G3793 G1909 G3588 G1322 G0846

ઈસુ એ વાતો કહી રહ્યા પછી, એમ થયું કે, લોકો તેમના ઉપદેશથી આશ્ચર્ય પામ્યા,

29 ἦν γὰρ διδάσκων αὐτοὺς ὡς ἐξουσίαν ἔχων, καὶ οὐχ ὡς οἱ
હતા કારણ-કે શીખવતા તેમને જેમ અધિકાર ધરાવનાર અને નહિ જેમ તેમના
G1510 G1063 G1321 G0846 G5613 G1849 G2192 G2532 G3756 G5613 G3588

γραμματεῖς αὐτῶν.
શાસ્ત્રીઓ તેમના
G1122 G0846

કેમ કે શાસ્ત્રીઓની જેમ નહિ, પણ જેને અધિકાર હોય છે તેવી રીતે તે તેઓને ઉપદેશ કરતા હતા.

## Chapter 8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Καταβάντος | δὲ | αὐτοῦ | ἀπὸ | τοῦ | ὄρους, | ἠκολούθησαν | αὐτῷ | ὄχλοι | πολλοί. |
| | ઊતર્યા-પછી | અને | તેમના | થી | તે | પર્વત-પરથી | અનુસર્યા | તેમને | ટોળાં | ઘણાં |
| | G2597 | G1161 | G0846 | G0575 | G3588 | G3735 | G0190 | G0846 | G3793 | G4183 |

જ્યારે ઈસુ પહાડ પરથી ઊતર્યા, ત્યારે અતિ ઘણાં લોક તેમની પાછળ ગયા.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | καὶ | ἰδοὺ, | λεπρὸς | προσελθὼν, | προσεκύνει | αὐτῷ, | λέγων, | Κύριε, | ἐὰν | θέλῃς, |
| | અને | જુઓ | કોઢી | આવીને | નમન-કર્યું | તેમને | કહેતાં | પ્રભુ | જો | ઇચ્છો |
| | G2532 | G3708 | G3015 | G4334 | G4352 | G0846 | G3004 | G2962 | G1437 | G2309 |

| | | |
|---|---|---|
| δύνασαί | με | καθαρίσαι. |
| શકો-છો | મને | શુદ્ધ-કરવા |
| G1410 | G1473 | G2511 |

અને જુઓ, એક કુષ્ઠ રોગીએ આવીને તેમને પગે પડીને કહ્યુ કે, "ઓ પ્રભુ, જો તમારી ઇચ્છા હોય તો તમે મને શુદ્ધ કરી શકો છો."

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | καὶ | ἐκτείνας | τὴν | χεῖρα, | ἥψατο | αὐτοῦ | λέγων, | Θέλω; | καθαρίσθητι. | καὶ |
| | અને | લંબાવીને | પોતાનો | હાથ | સ્પર્શ-કર્યો | તેને | કહેતાં | હું-ઇચ્છું-છું | શુદ્ધ-થા | અને |
| | G2532 | G1614 | G3588 | G5495 | G0680 | G0846 | G3004 | G2309 | G2511 | G2532 |

| | | | | |
|---|---|---|---|---|
| εὐθέως | ἐκαθαρίσθη | αὐτοῦ | ἡ | λέπρα. |
| તુરંત | શુદ્ધ-થયો | તેનો | તે | કોઢ |
| G2112 | G2511 | G0846 | G3588 | G3014 |

ત્યારે ઈસુએ પોતાનો હાથ લાંબો કર્યો, અને તેને સ્પર્શીને કહ્યુ, "હું ચાહું છું, તું શુદ્ધ થા." અને તરત તે પોતાના કુષ્ઠ રોગથી શુદ્ધ થયો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 4 | καὶ | λέγει | αὐτῷ | ὁ | Ἰησοῦς, | Ὅρα | μηδενὶ | εἴπῃς; | ἀλλὰ | ὕπαγε, | σεαυτὸν |
| | અને | કહ્યુ | તેને | તે | ઈસુએ | જો | કોઈને | કહીશ-નહિ | પણ | જા | તારી-જાતને |
| | G2532 | G3004 | G0846 | G3588 | G2424 | G3708 | G3367 | G3004 | G0235 | G5217 | G4572 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| δεῖξον | τῷ | ἱερεῖ, | καὶ | προσένεγκον | τὸ | δῶρον | ὃ | προσέταξεν | Μωϋσῆς, |
| બતાવ | તે | યાજકને | અને | અર્પણ-કર | તે | ભેટ | જે | આજ્ઞા-આપી | મૂસાએ |
| G1166 | G3588 | G2409 | G2532 | G4374 | G3588 | G1435 | G3739 | G4367 | G3475 |

| | | |
|---|---|---|
| εἰς | μαρτύριον | αὐτοῖς. |
| માટે | સાક્ષી-તરીકે | તેમને |
| G1519 | G3142 | G0846 |

પછી ઈસુએ તેને કહ્યુ કે, "જોજે, તું કોઈને કહીશ નહિ; પણ જા, યાજકને જઈને પોતાને બતાવ અને તેઓને માટે સાક્ષી તરીકે જે અર્પણ મૂસાનાં ફરમાવ્યાં પ્રમાણે છે તે ચઢાવ."

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | Εἰσελθόντος | δὲ | αὐτοῦ | εἰς | Καφαρναοὺμ, | προσῆλθεν. | αὐτῷ | ἑκατόνταρχος, |
| | પ્રવેશ-કર્યા-પછી | અને | તેમણે | માં | કફર્નાહૂમમાં | આવ્યો | તેમની-પાસે | સૂબેદાર |
| | G1525 | G1161 | G0846 | G1519 | G2584 | G4334 | G0846 | G1543 |

| | |
|---|---|
| παρακαλῶν | αὐτὸν, |
| વિનંતી-કરતાં | તેમને |
| G3870 | G0846 |

ઈસુ કપરનાહૂમમાં આવ્યા, પછી એક શતપતિ તેમની પાસે આવીને વિનંતી કરી કે,

6 καὶ λέγων, Κύριε, ὁ παῖς μου βέβληται ἐν τῇ οἰκίᾳ, παραλυτικός,
અને કહેતાં પ્રભુ તે ચાકર મારો પડ્યો-છે માં તે ઘરમાં લકવાગ્રસ્ત
G2532 G3004 G2962 G3588 G3816 G1473 G0906 G1722 G3588 G3614 G3885

δεινῶς βασανιζόμενος.
ભારે વેદના-ભોગવતો
G1171 G0928

“ઓ પ્રભુ, મારો ચાકર ઘરમાં પક્ષઘાતી થઈને પડેલો છે, તેને ભારે પીડા થાય છે.”

7 ‹καὶ› λέγει αὐτῷ, Ἐγὼ ἐλθὼν, θεραπεύσω αὐτόν.
અને કહ્યુ તેને હું આવીને સાજો-કરીશ તેને
G2532 G3004 G0846 G1473 G2064 G2323 G0846

ત્યારે ઈસુએ તેને કહ્યુ કે, “હું આવીને તેને સાજો કરીશ.”

8 ἀποκριθεὶς δὲ, ὁ ἑκατόνταρχος ἔφη, Κύριε, οὐκ εἰμὶ ἱκανὸς ἵνα μου
જવાબ-આપતાં અને તે સૂબેદારે કહ્યુ પ્રભુ નથી હું લાયક કે મારી
G0611 G1161 G3588 G1543 G5346 G2962 G3756 G1510 G2425 G2443 G1473

ὑπὸ τὴν στέγην εἰσέλθῃς; ἀλλὰ μόνον εἰπὲ λόγῳ, καὶ ἰαθήσεται ὁ παῖς
નીચે તે છત આવો ફક્ત માત્ર કહો વચનથી અને સાજો-થશે તે ચાકર
G5259 G3588 G4721 G1525 G0235 G3440 G3004 G3056 G2532 G2390 G3588 G3816

μου.
મારો
G1473

શતપતિએ ઉત્તર આપતાં કહ્યુ કે, “ઓ પ્રભુ, તમે મારા છાપરા હેઠળ આવો એવો હું યોગ્ય નથી; પણ તમે કેવળ શબ્દ કહો, એટલે મારો ચાકર સાજો થશે.

9 καὶ γὰρ ἐγὼ ἄνθρωπός εἰμι ὑπὸ ἐξουσίαν; (τασσόμενος) ἔχων ὑπ’
કારણ-કે કેમ-કે હું-પણ માણસ છું હેઠળ અધિકાર મૂકાયેલો ધરાવતો મારા-હેઠળ
G2532 G1063 G1473 G0444 G1510 G5259 G1849 G5021 G2192 G5259

ἐμαυτὸν στρατιώτας; καὶ λέγω τούτῳ, Πορεύθητι, καὶ πορεύεται; καὶ ἄλλῳ,
મારા સૈનિકો અને કહું-છું આને જા અને જાય-છે અને બીજાને
G1683 G4757 G2532 G3004 G3778 G4198 G2532 G4198 G2532 G0243

Ἔρχου, καὶ ἔρχεται; καὶ τῷ δούλῳ μου, Ποίησον τοῦτο, καὶ ποιεῖ.
આવ અને આવે-છે અને તે દાસને મારા આ-કર આ અને કરે-છે
G2064 G2532 G2064 G2532 G3588 G1401 G1473 G4160 G3778 G2532 G4160

કેમ કે હું પણ કોઈનાં અધિકાર હેઠળ છું અને સિપાઈઓ મારે સ્વાધીન છે. એકને હું કહું છું કે, ‘જા’, ને તે જાય છે; બીજાને કહું છું કે, ‘આવ’ અને તે આવે છે; અને મારા દાસને કહું છું કે, ‘એ પ્રમાણે કર’, ને તે કરે છે.”

10 ἀκούσας δὲ, ὁ Ἰησοῦς ἐθαύμασεν, καὶ εἶπεν τοῖς ἀκολουθοῦσιν, Ἀμὴν
સાંભળીને અને તે ઈસુ આશ્ચર્ય-પામ્યા અને કહ્યુ તે અનુસરનારાઓને સાચે-જ
G0191 G1161 G3588 G2424 G2296 G2532 G3004 G3588 G0190 G0281

λέγω ὑμῖν, παρ’ οὐδενὶ τοσαύτην πίστιν ἐν τῷ Ἰσραὴλ εὗρον.
કહું-છું તમને માં કોઈમાં-પણ આટલી શ્રદ્ધા માં તે ઈસ્રાએલમાં મળી-નથી
G3004 G4771 G3844 G3762 G5118 G4102 G1722 G3588 G2474 G2147

ત્યારે ઈસુને તે સાંભળીને આશ્ચર્ય થયું, પાછળ આવનારાઓને તેમણે કહ્યુ, “હું તમને નિશ્ચે કહું છું કે, આવો વિશ્વાસ મેં ઇઝરાયલમાં પણ જોયો નથી.

11 λέγω δὲ ὑμῖν, ὅτι πολλοὶ ἀπὸ ἀνατολῶν καὶ δυσμῶν ἥξουσιν, καὶ
કહું-છું અને તમને કે ઘણા પૂર્વથી પૂર્વથી અને પશ્ચિમથી આવશે અને
G3004 G1161 G4771 G3754 G4183 G0575 G0395 G2532 G1424 G2240 G2532

ἀνακλιθήσονται μετὰ Ἀβραὰμ, καὶ Ἰσαὰκ, καὶ Ἰακὼβ, ἐν τῇ βασιλείᾳ
બેસશે સાથે ઈબ્રાહીમ અને ઈસ્હાક અને યાકૂબ-સાથે માં તે રાજ્યમાં
G0347 G3326 G0011 G2532 G2464 G2532 G2384 G1722 G3588 G0932

τῶν οὐρανῶν;
ના સ્વર્ગના
G3588 G3772

હું તમને કહું છું કે પૂર્વથી તથા પશ્ચિમથી ઘણાં લોકો આવશે અને ઇબ્રાહિમની, ઇસહાકની તથા યાકૂબની સાથે સ્વર્ગના રાજ્યમાં જમવા બેસશે.

12 οἱ δὲ υἱοὶ τῆς βασιλείας ἐκβληθήσονται, εἰς τὸ σκότος τὸ
પણ તે દીકરાઓ તે રાજ્યના ફેંકાશે માં તે અંધકારમાં તે
G3588 G1161 G5207 G3588 G0932 G1544 G1519 G3588 G4655 G3588

ἐξώτερον, ἐκεῖ ἔσται ὁ κλαυθμὸς καὶ ὁ βρυγμὸς τῶν ὀδόντων.
બહારના ત્યાં હશે તે રડવું અને તે દાંત-પીસવું ના દાંતનું
G1857 G1563 G1510 G3588 G2805 G2532 G3588 G1030 G3588 G3599

પણ રાજ્યના દીકરાઓ બહારના અંધકારમાં નંખાશે કે, જ્યાં રડવું અને દાંત પીસવું થશે.”

13 καὶ εἶπεν ὁ Ἰησοῦς τῷ ἑκατοντάρχῃ, Ὕπαγε, ὡς ἐπίστευσας, γενηθήτω
અને કહ્યુ તે ઈસુએ તે સૂબેદારને જા જેમ વિશ્વાસ-કર્યો થાઓ
G2532 G3004 G3588 G2424 G3588 G1543 G5217 G5613 G4100 G1096

σοι. καὶ ἰάθη ὁ παῖς [αὐτοῦ] ἐν τῇ ὥρᾳ ἐκείνῃ.
તને અને સાજો-થયો તે ચાકર તેનો તે તે ઘડીએ તે-જ
G4771 G2532 G2390 G3588 G3816 G0846 G1722 G3588 G5610 G1565

ઈસુએ તે શતપતિને કહ્યુ કે, “જા▯ જેવો તેં વિશ્વાસ કર્યો તેવું જ તને થાઓ.” તે જ ઘડી તેનો ચાકર સાજો થયો.

14 Καὶ ἐλθὼν ὁ Ἰησοῦς εἰς τὴν οἰκίαν Πέτρου, εἶδεν τὴν πενθερὰν
અને આવીને તે ઈસુ માં તે ઘરમાં પીતરના જોયું તેની સાસુને
G2532 G2064 G3588 G2424 G1519 G3588 G3614 G4074 G3708 G3588 G3994

αὐτοῦ βεβλημένην καὶ πυρέσσουσαν;
તેની પડેલી અને તાવથી-પીડાતી
G0846 G0906 G2532 G4445

ઈસુ પિતરના ઘરમાં આવ્યા, ત્યાં તેમણે તેની સાસુને તાવે બિમાર પડેલી જોઈ.

15 καὶ ἥψατο τῆς χειρὸς αὐτῆς, καὶ ἀφῆκεν αὐτὴν ὁ πυρετός; καὶ
અને સ્પર્શ-કર્યો તેના હાથને તેના અને છોડ્યો તેને તે તાવે અને
G2532 G0680 G3588 G5495 G0846 G2532 G0863 G0846 G3588 G4446 G2532

ἠγέρθη καὶ διηκόνει αὐτῷ.
ઊઠી અને સેવા-કરી તેમની
G1453 G2532 G1247 G0846

ઈસુ તેના હાથને સ્પર્શ્યા, એટલે તેનો તાવ જતો રહ્યો અને તેણે ઊઠીને તેમની સેવા કરી.

16 Ὀψίας δὲ γενομένης, προσήνεγκαν αὐτῷ δαιμονιζομένους πολλούς, καὶ
સાંજ અને થઈ-ત્યારે લાવ્યા તેમની-પાસે ભૂતગ્રસ્તોને ઘણા અને
G3798 G1161 G1096 G4374 G0846 G1139 G4183 G2532

ἐξέβαλεν τὰ πνεύματα λόγῳ, καὶ πάντας τοὺς κακῶς ἔχοντας, ἐθεράπευσεν,
કાઢ્યા તે દુષ્ટાત્માઓ વચનથી અને બધા તે માંદા હોનારાઓને સાજા-કર્યા
G1544 G3588 G4151 G3056 G2532 G3956 G3588 G2560 G2192 G2323

સાંજ પડી ત્યારે લોકોએ ઘણાં દુષ્ટાત્મા વળગેલાંઓને તેમની પાસે લાવ્યા અને તેમણે શબ્દથી તે દુષ્ટાત્માઓને બહાર કાઢ્યાં, અને સઘળાં માંદાઓને સાજાં કર્યાં.

17

| ὅπως | πληρωθῇ | τὸ | ῥηθὲν | διὰ | Ἠσαΐου | τοῦ | προφήτου, | λέγοντος, | Αὐτὸς |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જેથી | પૂર્ણ-થાય | તે | કહેવાયેલું | દ્વારા | યશાયા | તે | પ્રબોધકનું | કહેતાં | તેમણે-જ |
| G3704 | G4137 | G3588 | G2046 | G1223 | G2268 | G3588 | G4396 | G3004 | G0846 |

| τὰς | ἀσθενείας | ἡμῶν | ἔλαβεν, | καὶ | τὰς | νόσους | ἐβάστασεν. |
|---|---|---|---|---|---|---|---|
| આપણી | નબળાઈઓ | આપણી | લીધી | અને | આપણા | રોગો | ઉઠાવ્યા |
| G3588 | G0769 | G1473 | G2983 | G2532 | G3588 | G3554 | G0941 |

એ માટે કે યશાયા પ્રબોધકે જે કહ્યુ હતું તે પૂરું થાય કે, "તેમણે પોતે આપણી માંદગીઓ લીધી અને આપણા રોગો ભોગવ્યા."

18

| Ἰδὼν | δὲ | ὁ | Ἰησοῦς | ‹πολλοὺς› | ὄχλον | περὶ | αὐτὸν, | ἐκέλευσεν | ἀπελθεῖν |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જોઈને | અને | તે | ઈસુએ | ઘણા | ટોળાને | ની-આસપાસ | પોતાની | આજ્ઞા-આપી | જવા |
| G3708 | G1161 | G3588 | G2424 | G4183 | G3793 | G4012 | G0846 | G2753 | G0565 |

| εἰς | τὸ | πέραν. |
|---|---|---|
| તરફ | તે | સામે-પાર |
| G1519 | G3588 | G4008 |

ઈસુએ લોકોની મોટી ભીડ પોતાની આસપાસ એકત્ર થયેલી જોય, ત્યારે તેમણે સરોવરની પેલે પાર જવાની આજ્ઞા કરી.

19

| Καὶ | προσελθὼν, | εἷς | γραμματεὺς | εἶπεν | αὐτῷ, | Διδάσκαλε, | ἀκολουθήσω | σοι |
|---|---|---|---|---|---|---|---|---|
| અને | આવીને | એક | શાસ્ત્રીએ | કહ્યુ | તેમને | ગુરુ | અનુસરીશ | તમને |
| G2532 | G4334 | G1520 | G1122 | G3004 | G0846 | G1320 | G0190 | G4771 |

| ὅπου | ἐὰν | ἀπέρχῃ. |
|---|---|---|
| જ્યાં | પણ | જાઓ |
| G3699 | G1437 | G0565 |

એક શાસ્ત્રીએ પાસે આવીને તેમને કહ્યુ કે, "ઓ ઉપદેશક, જ્યાં કહીં તમે જશો ત્યાં હું તમારી પાછળ આવીશ."

20

| καὶ | λέγει | αὐτῷ | ὁ | Ἰησοῦς, | Αἱ | ἀλώπεκες | φωλεοὺς | ἔχουσιν, | καὶ | τὰ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | કહ્યુ | તેને | તે | ઈસુએ | તે | શિયાળો | દર | ધરાવે-છે | અને | તે |
| G2532 | G3004 | G0846 | G3588 | G2424 | G3588 | G0258 | G5454 | G2192 | G2532 | G3588 |

| πετεινὰ | τοῦ | οὐρανοῦ | κατασκηνώσεις; | ὁ | δὲ | Υἱὸς | τοῦ | ἀνθρώπου, | οὐκ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પક્ષીઓ | ના | આકાશના | માળા | તે | પણ | માણસનો-દીકરો | ના | માણસનો | નથી |
| G4071 | G3588 | G3772 | G2682 | G3588 | G1161 | G5207 | G3588 | G0444 | G3756 |

| ἔχει | ποῦ | τὴν | κεφαλὴν | κλίνῃ. |
|---|---|---|---|---|
| ધરાવતો | ક્યાં | પોતાનું | માથું | ઢાળે |
| G2192 | G4226 | G3588 | G2776 | G2827 |

ત્યારે ઈસુએ તેને કહ્યુ કે, "શિયાળોને દર હોય છે અને આકાશના પક્ષીઓને માળા હોય છે, પણ માણસના દીકરાને માથું મૂકવાની જગ્યા નથી."

21

| ἕτερος | δὲ | τῶν | μαθητῶν | [αὐτοῦ] | εἶπεν | αὐτῷ, | Κύριε, | ἐπίτρεψόν | μοι | πρῶτον |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બીજા | અને | તે | શિષ્યોમાંના | તેના | કહ્યુ | તેમને | પ્રભુ | રજા-આપો | મને | પહેલાં |
| G2087 | G1161 | G3588 | G3101 | G0846 | G3004 | G0846 | G2962 | G2010 | G1473 | G4412 |

| ἀπελθεῖν | καὶ | θάψαι | τὸν | πατέρα | μου. |
|---|---|---|---|---|---|
| જવા | અને | દફનાવવા | તે | પિતાને | મારા |
| G0565 | G2532 | G2290 | G3588 | G3962 | G1473 |

તેમના શિષ્યોમાંથી બીજાએ તેમને કહ્યુ કે, "પ્રભુ, મને રજા આપો કે હું જઈને પહેલાં મારા પિતાને દફનાવીને આવું."

22 ὁ δὲ Ἰησοῦς λέγει αὐτῷ, Ἀκολούθει μοι, καὶ ἄφες τοὺς νεκροὺς
પણ તે ઈસુએ કહ્યુ તેને અનુસર મને અને રહેવા-દે તે મરેલાઓને
G3588 G1161 G2424 G3004 G0846 G0190 G1473 G2532 G0863 G3588 G3498

θάψαι τοὺς ἑαυτῶν νεκρούς.
દફનાવવા તે પોતાના મરેલાઓને
G2290 G3588 G1438 G3498

પણ ઈસુએ તેને કહ્યુ કે, “તું મારી પાછળ આવ, મરણ પામેલાંઓને પોતાનાં મરણ પામેલાંઓને દફનાવવા દો.”

23 Καὶ ἐμβάντι αὐτῷ εἰς τὸ πλοῖον, ἠκολούθησαν αὐτῷ οἱ μαθηταὶ
અને ચઢ્યા-પછી તેમના માં તે હોડીમાં અનુસર્યા તેમને તે શિષ્યો
G2532 G1684 G0846 G1519 G3588 G4143 G0190 G0846 G3588 G3101

αὐτοῦ.
તેમના
G0846

જયારે ઈસુ હોડી પર ચઢ્યાં, ત્યારે તેમના શિષ્યો તેમની પાછળ ગયા.

24 καὶ ἰδοὺ, σεισμὸς μέγας ἐγένετο ἐν τῇ θαλάσσῃ, ὥστε τὸ πλοῖον
અને જુઓ તોફાન મોટું થયું માં તે સમુદ્રમાં એટલું-કે તે હોડી
G2532 G3708 G4578 G3173 G1096 G1722 G3588 G2281 G5620 G3588 G4143

καλύπτεσθαι ὑπὸ τῶν κυμάτων; αὐτὸς δὲ ἐκάθευδεν.
ઢંકાઈ-જતી-હતી થી તે મોજાંઓથી પોતે પણ ઊંઘતા-હતા
G2572 G5259 G3588 G2949 G0846 G1161 G2518

જુઓ, સમુદ્રમાં એવું મોટું તોફાન થયું, જેથી હોડી મોજાંઓથી ઢંકાઈ ગઈ; પણ ઈસુ પોતે ઊંઘતા હતા.

25 καὶ προσελθόντες, ἤγειραν αὐτὸν, λέγοντες, Κύριε, σῶσον, ἀπολλύμεθα!
અને આવીને જગાડ્યા તેમને કહેતાં પ્રભુ બચાવો નાશ-થઈએ-છીએ
G2532 G4334 G1453 G0846 G3004 G2962 G4982 G0622

ત્યારે શિષ્યોએ તેમની પાસે આવીને તેમને જગાડીને કહ્યુ કે, “ઓ પ્રભુ, અમને બચાવો, અમે નાશ પામીએ છીએ”

26 καὶ λέγει αὐτοῖς, Τί δειλοί ἐστε, ὀλιγόπιστοι? τότε, ἐγερθεὶς, ἐπετίμησεν
અને કહ્યુ તેમને શા-માટે ડરપોક છો ઓછી-શ્રદ્ધાવાળાઓ પછી ઊઠીને ધમકાવ્યા
G2532 G3004 G0846 G5101 G1169 G1510 G3640 G5119 G1453 G2008

τοῖς ἀνέμοις καὶ τῇ θαλάσσῃ, καὶ ἐγένετο γαλήνη μεγάλη.
તે પવનોને અને તે સમુદ્રને અને થઈ શાંતિ મહાન
G3588 G0417 G2532 G3588 G2281 G2532 G1096 G1055 G3173

પછી ઈસુ તેઓને કહ્યુ કે, “ઓ અલ્પવિશ્વાસીઓ, તમે શા માટે ભયભીત થયા છો?” પછી તેમણે ઊઠીને પવનને તથા સમુદ્રને ધમકાવ્યાં; અને મહાશાંતિ થઈ.

27 οἱ δὲ ἄνθρωποι ἐθαύμασαν, λέγοντες, Ποταπός ἐστιν οὗτος, ὅτι καὶ
તે અને માણસો આશ્ચર્ય-પામ્યા કહેતાં કેવા-પ્રકારનો છે આ કે તો
G3588 G1161 G0444 G2296 G3004 G4217 G1510 G3778 G3754 G2532

οἱ ἄνεμοι καὶ ἡ θάλασσα αὐτῷ ὑπακούουσιν?
તે પવન અને તે સમુદ્ર તેમનું કહ્યુ-માને-છે
G3588 G0417 G2532 G3588 G2281 G0846 G5219

ત્યારે તે માણસોએ આશ્ચર્ય પામીને કહ્યુ કે, “એ કયા પ્રકારના માણસ છે કે પવન તથા સમુદ્ર પણ તેમનું માને છે?”

28

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Καὶ | ἐλθόντος | αὐτοῦ | εἰς | τὸ | πέραν, | εἰς | τὴν | χώραν | τῶν | Γαδαρηνῶν, |
| અને | આવ્યા–પછી | તેમના | માં | તે | સામે–પાર | માં | તે | પ્રદેશમાં | ના | ગદરેનીઓના |
| G2532 | G2064 | G0846 | G1519 | G3588 | G4008 | G1519 | G3588 | G5561 | G3588 | G1046 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ὑπήντησαν | αὐτῷ | δύο | δαιμονιζόμενοι, | ἐκ | τῶν | μνημείων | ἐξερχόμενοι, | χαλεποὶ |
| મળ્યા | તેમને | બે | ભૂતગ્રસ્ત | માંથી | તે | કબરોમાંથી | નીકળતા | ભયંકર |
| G5221 | G0846 | G1417 | G1139 | G1537 | G3588 | G3419 | G1831 | G5467 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| λίαν, | ὥστε | μὴ | ἰσχύειν | τινὰ | παρελθεῖν | διὰ | τῆς | ὁδοῦ | ἐκείνης. |
| ખૂબ | એટલા–કે | ન | શક્તો–હતો | કોઈ | પસાર–થવા | થઈને | તે | માર્ગ–પરથી | તે |
| G3029 | G5620 | G3361 | G2480 | G5100 | G3928 | G1223 | G3588 | G3598 | G1565 |

જયારે ઈસુ પેલે પાર ગાડરેનેસના દેશમાં પહોંચ્યા ત્યારે દુષ્ટાત્મા વળગેલાં બે માણસ કબરોમાંથી નીકળતા તેમને મળ્યા; તેઓ એવા બિહામણા હતા કે તે માર્ગે કોઈથી જવાતું નહોતું.

29

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
14 οὕτως οὐκ ἔστιν θέλημα ἔμπροσθεν τοῦ Πατρὸς ὑμῶν, τοῦ ἐν οὐρανοῖς,
એમ નથી છે ઇચ્છા સામે — પિતાની તમારા જે — સ્વર્ગમાં
G3779 G3756 G1510 G2307 G1715 G3588 G3962 G4771 G3588 G1722 G3772

ἵνα ἀπόληται ἓν τῶν μικρῶν τούτων.
કે ખોવાય એક — નાનાંમાંના આ.
G2443 G0622 G1520 G3588 G3398 G3778

એમ આ નાનાંઓમાંથી એકનો નાશ થાય, એવી તમારા સ્વર્ગમાંના પિતાની ઇચ્છા નથી.

15 Ἐὰν δὲ ἁμαρτήσῃ ‹εἰς σὲ› ὁ ἀδελφός σου, ὕπαγε ἔλεγξον αὐτὸν,
જો પણ પાપ-કરે તારી-વિરુદ્ધ તને — ભાઈ તારો જા સમજાવ તેને
G1437 G1161 G0264 G1519 G4771 G3588 G0080 G4771 G5217 G1651 G0846

μεταξὺ σοῦ καὶ αὐτοῦ μόνου. ἐάν σου ἀκούσῃ, ἐκέρδησας τὸν ἀδελφόν
વચ્ચે તારા અને તેના એકલા. જો તારું સાંભળે જીત્યો — ભાઈને
G3342 G4771 G2532 G0846 G3441 G1437 G4771 G0191 G2770 G3588 G0080

σου.
તારા.
G4771

વળી જો તારો ભાઈ તારી વિરુદ્ધ અપરાધ કરે, તો જા અને તેને એકાંતમાં લઈ જઈને તેનો દોષ તેને કહે. જો તે તારું સાંભળે, તો તેં તારા ભાઈને મેળવી લીધો છે.

16 ἐὰν δὲ μὴ ἀκούσῃ, παράλαβε μετὰ σοῦ ἔτι, ἕνα ἢ δύο, ἵνα
જો પણ નહિ સાંભળે લઈ-જા — તારી-સાથે વધુ એક અથવા બે જેથી
G1437 G1161 G3361 G0191 G3880 G3326 G4771 G2089 G1520 G2228 G1417 G2443

ἐπὶ στόματος δύο μαρτύρων ἢ τριῶν, σταθῇ πᾶν ῥῆμα.
— મોંમાંથી બે સાક્ષીઓ અથવા ત્રણન□ સ્થાપિત-થાય દરેક વાત.
G1909 G4750 G1417 G3144 G2228 G5140 G2476 G3956 G4487

પણ જો તે ન સાંભળે, તો બીજા એક બે માણસને તારી સાથે લે, એ માટે કે દરેક બાબત બે અથવા ત્રણ સાક્ષીઓના મુખથી સાબિત થાય.

17 ἐὰν δὲ παρακούσῃ αὐτῶν, εἰπὸν τῇ ἐκκλησίᾳ. ἐὰν δὲ καὶ τῆς
જો પણ ન-સાંભળે તેમને કહો — મંડળીને. જો પણ — —
G1437 G1161 G3878 G0846 G3004 G3588 G1577 G1437 G1161 G2532 G3588

ἐκκλησίας παρακούσῃ, ἔστω σοι ὥσπερ ὁ ἐθνικὸς καὶ ὁ τελώνης.
મંડળીની-પણ ન-સાંભળે હોય તને જેવો — વિધર્મી અને — જકાતદાર.
G1577 G3878 G1510 G4771 G5618 G3588 G1482 G2532 G3588 G5057

જો તે તેઓનું માન્ય ન રાખે, તો મંડળીને કહે અને જો તે વિશ્વાસી સમુદાયનુ પણ માન્ય ન રાખે તો તેને બિનયહૂદીઓ તથા દાણીઓનાં જેવો ગણ.

18 Ἀμὴν λέγω ὑμῖν, ὅσα ἐὰν δήσητε ἐπὶ τῆς γῆς, ἔσται δεδεμένα ἐν
ખરેખર કહું-છું તમને જે-કંઈ — બાંધશો — — પૃથ્વી-પર હશે બંધાયેલું —
G0281 G3004 G4771 G3745 G1437 G1210 G1909 G3588 G1093 G1510 G1210 G1722

οὐρανῷ; καὶ ὅσα ἐὰν λύσητε ἐπὶ τῆς γῆς, ἔσται λελυμένα ἐν
સ્વર્ગમાં; અને જે-કંઈ — છોડશો — — પૃથ્વી-પર હશે છોડાયેલું —
G3772 G2532 G3745 G1437 G3089 G1909 G3588 G1093 G1510 G3089 G1722

οὐρανῷ.
સ્વર્ગમાં.
G3772

હું તમને નિશ્ચે કહું છું કે, જે કંઈ તમે પૃથ્વી પર બાંધશો, તે સ્વર્ગમાં બંધાશે; અને જે કંઈ તમે પૃથ્વી પર છોડશો, તે સ્વર્ગમાં છોડાશે.

19 Πάλιν ἀμὴν λέγω ὑμῖν, ὅτι ἐὰν δύο συμφωνήσωσιν ἐξ ὑμῶν ἐπὶ
ફરીથી ખરેખર કહું-છું તમને કે જો બે સંમત-થાય — તમારામાંથી —
G3825 G0281 G3004 G4771 G3754 G1437 G1417 G4856 G1537 G4771 G1909

τῆς γῆς, περὶ παντὸς πράγματος, οὗ ἐὰν αἰτήσωνται, γενήσεται αὐτοῖς,
— પૃથ્વી-પર કોઈ-પણ — બાબત-વિશે જે — માંગે થશે તેમને
G3588 G1093 G4012 G3956 G4229 G3739 G1437 G0154 G1096 G0846

παρὰ τοῦ Πατρός μου, τοῦ ἐν οὐρανοῖς.
— — પિતા-તરફથી મારા જે — સ્વર્ગમાં.
G3844 G3588 G3962 G1473 G3588 G1722 G3772

વળી હું તમને સાચે જ કહું છું કે, જો પૃથ્વી પર તમારામાંના બે જણ કંઈ પણ બાબત સંબંધી એક ચિત્તના થઈને માગશે, તો મારા સ્વર્ગમાંના પિતા તેઓને માટે એવું કરશે.

20 οὗ γάρ εἰσιν δύο ἢ τρεῖς συνηγμένοι εἰς τὸ ἐμὸν ὄνομα, ἐκεῖ
જ્યાં કારણ-કે છે બે અથવા ત્રણ ભેગા-થયેલા — — મારા નામે ત્યાં
G3757 G1063 G1510 G1417 G2228 G5140 G4863 G1519 G3588 G1699 G3686 G1563

εἰμι ἐν μέσῳ αὐτῶν.
છું — વચ્ચે તેમન□.
G1510 G1722 G3319 G0846

કેમ કે જ્યાં બે અથવા ત્રણ મારે નામે એકઠા થયેલા હોય ત્યાં તેઓની મધ્યે હું છું.”

21 Τότε προσελθὼν, «ὁ Πέτρος εἶπεν» αὐτῷ, Κύριε, ποσάκις ἁμαρτήσει εἰς
ત્યારે આવીને — પિતરે કહ્યુ તેમને પ્રભુ કેટલી-વાર પાપ-કરશે —
G5119 G4334 G3588 G4074 G3004 G0846 G2962 G4212 G0264 G1519

ἐμὲ ὁ ἀδελφός μου, καὶ ἀφήσω αὐτῷ? ἕως ἑπτάκις?
મારી-વિરુદ્ધ — ભાઈ મારો અને માફ-કરીશ તેને? સુધી સાત-વાર?
G1473 G3588 G0080 G1473 G2532 G0863 G0846 G2193 G2034

ત્યારે પિતરે ઈસુની પાસે આવીને કહ્યુ કે, "ઓ પ્રભુ, મારો ભાઈ મારી વિરુદ્ધ કેટલી વાર અપરાધ કરે અને હું તેને માફ કરું? શું સાત વાર સુધી?"

22 λέγει αὐτῷ ὁ Ἰησοῦς, Οὐ λέγω σοι ἕως ἑπτάκις, ἀλλὰ ἕως
કહ્યુ તેમને — ઈસુએ નહિ કહું-છું તને સુધી સાત-વાર પણ સુધી
G3004 G0846 G3588 G2424 G3756 G3004 G4771 G2193 G2034 G0235 G2193

ἑβδομηκοντάκις ἑπτά!
સિત્તેર-વાર સાત
G1441 G2033

ઈસુએ તેને કહ્યુ કે, "સાત વાર સુધીનું હું તને કહેતો નથી, પણ સિત્તેરગણી સાત વાર સુધી કહું છું.

23 Διὰ τοῦτο, ὡμοιώθη ἡ βασιλεία τῶν οὐρανῶν ἀνθρώπῳ, βασιλεῖ, ὃς
તેથી — સરખાવાયું — રાજ્ય — સ્વર્ગનું માણસ-સાથે રાજા જે
G1223 G3778 G3666 G3588 G0932 G3588 G3772 G0444 G0935 G3739

ἠθέλησεν συνᾶραι λόγον μετὰ τῶν δούλων αὐτοῦ.
ઇચ્છ્યો હિસાબ-માંગવો લેખું — — દાસો-પાસેથી પોતાન.
G2309 G4868 G3056 G3326 G3588 G1401 G0846

એ માટે સ્વર્ગના રાજ્યને એક રાજાની ઉપમા અપાય છે કે જેણે પોતાના ચાકરોની પાસે હિસાબ માગ્યો.

24 ἀρξαμένου δὲ αὐτοῦ συναίρειν, προσηνέχθη εἷς αὐτῷ, ὀφειλέτης μυρίων
શરૂ-કરતાં પણ તે હિસાબ-માંગવા લાવવામાં-આવ્યો એક તેની-પાસે દેવાદાર દસ-હજાર
G0756 G1161 G0846 G4868 G4374 G1520 G0846 G3781 G3463

ταλάντων.
તાલંતનો.
G5007

તે હિસાબ લેવા લાગ્યો ત્યારે તેઓ એક દેવાદારને તેમની પાસે લાવ્યા જેણે જીવનભર કમાય તો પણ ના ભરી શકે તેટલું દેવું હતું.

25 μὴ ἔχοντος δὲ αὐτοῦ ἀποδοῦναι, ἐκέλευσεν αὐτὸν ὁ κύριος πραθῆναι,
નહિ હોવાથી પણ તેની-પાસે ચૂકવવાનું આજ્ઞા-આપી તેને — માલિકે વેચવા
G3361 G2192 G1161 G0846 G0591 G2753 G0846 G3588 G2962 G4097

καὶ τὴν γυναῖκα καὶ τὰ τέκνα, καὶ πάντα ὅσα ἔχει, καὶ ἀποδοθῆναι.
અને — પત્નીને અને — છોકરાંઓને અને બધું જે-કંઈ પાસે-છે અને ચૂકવવામાં-આવે.
G2532 G3588 G1135 G2532 G3588 G5043 G2532 G3956 G3745 G2192 G2532 G0591

પણ પાછું આપવાનું તેની પાસે કંઈ નહિ હોવાથી, તેના માલિકે તેને, તેની પત્ની, તેનાં બાળકોને તથા તેની પાસે જે હતું તે સઘળું વેચીને દેવું ચૂકવવાની આજ્ઞા કરી.

26 πεσὼν οὖν ὁ δοῦλος προσεκύνει αὐτῷ, λέγων, Μακροθύμησον ἐπ’ ἐμοί,
પડીને તો — દાસ નમન-કર્યું તેને કહેતાં ધીરજ-રાખો — મારા-પર
G4098 G3767 G3588 G1401 G4352 G0846 G3004 G3114 G1909 G1473

καὶ πάντα ἀποδώσω σοι.
અને બધું ચૂકવીશ તમને.
G2532 G3956 G0591 G4771

એ માટે તે ચાકરે તેને પગે પડીને વિનંતી કરતાં કહ્યુ કે, ‘માલિક, ધીરજ રાખો અને હું તમારું બધું દેવું ચૂકવી આપીશ.’

| 27 | σπλαγχνισθεὶς | δὲ, | ὁ | κύριος | τοῦ | δούλου | ἐκείνου | ἀπέλυσεν | αὐτόν, | καὶ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | દયા-આવીને | પણ | — | માલિક | — | દાસન□ | તે | છોડ્યો | તેને | અને |
| | G4697 | G1161 | G3588 | G2962 | G3588 | G1401 | G1565 | G0630 | G0846 | G2532 |

| τὸ | δάνειον | ἀφῆκεν | αὐτῷ. |
|---|---|---|---|
| — | દેવું | માફ-કર્યું | તેને. |
| G3588 | G1156 | G0863 | G0846 |

ત્યારે તે ચાકરનાં માલિકને અનુકંપા આવી તેથી તેણે તેને જવા દીધો અને તેનું દેવું માફ કર્યું.

| 28 | ἐξελθὼν | δὲ, | ὁ | δοῦλος | ἐκεῖνος | εὗρεν | ἕνα | τῶν | συνδούλων | αὐτοῦ, | ὃς |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બહાર-આવીને | પણ | — | દાસે | તે | મળ્યો | એકને | — | સહદાસોન□ | પોત□ના | જે |
| | G1831 | G1161 | G3588 | G1401 | G1565 | G2147 | G1520 | G3588 | G4889 | G0846 | G3739 |

| ὤφειλεν | αὐτῷ | ἑκατὸν | δηνάρια, | καὶ | κρατήσας | αὐτὸν | ἔπνιγεν, | λέγων, | Ἀπόδος |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દેવાદાર-હતો | તેને | સો | દીનારને | અને | પકડીને | તેને | ગળું-દબાવતો-હતો | કહેતાં | ચૂકવી-દે |
| G3784 | G0846 | G1540 | G1220 | G2532 | G2902 | G0846 | G4155 | G3004 | G0591 |

| εἴ | τι | ὀφείλεις. |
|---|---|---|
| જો | કંઈ | દેવાદાર-છે. |
| G1487 | G5100 | G3784 |

પણ તે જ ચાકરે બહાર જઈને પોતાના સાથી ચાકરોમાંના એકને જોયો જેને, ત્રણ મહિનાના પગાર જેટલું દેવું હતું, ત્યારે તેણે તેનું ગળું પકડીને કહ્યુ કે, ‘તારું દેવું ચૂકવ.’

| 29 | πεσὼν | οὖν, | ὁ | σύνδουλος | αὐτοῦ | παρεκάλει | αὐτὸν, | λέγων, | Μακροθύμησον |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પડીને | તો | — | સહદાસે | તેનં | વિનંતી-કરી | તેને | કહેતાં | ધીરજ-રાખો |
| | G4098 | G3767 | G3588 | G4889 | G0846 | G3870 | G0846 | G3004 | G3114 |

| ἐπ’ | ἐμοί, | καὶ | ἀποδώσω | σοι. |
|---|---|---|---|---|
| — | મારા-પર | અને | ચૂકવીશ | તમને. |
| G1909 | G1473 | G2532 | G0591 | G4771 |

ત્યારે તેના સાથી ચાકરે તેને પગે પડીને વિનંતી કરતાં કહ્યુ કે, ‘ધીરજ રાખ અને હું તારું દેવું ચૂકવી આપીશ.’”

| 30 | ὁ | δὲ | οὐκ | ἤθελεν, | ἀλλὰ | ἀπελθὼν, | ἔβαλεν | αὐτὸν | εἰς | φυλακὴν, | ἕως |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | — | પણ | નથી | ઇચ્છ્યું | પણ | જઈને | નાખ્યો | તેને | — | જેલમાં | જ્યાં-સુધી |
| | G3588 | G1161 | G3756 | G2309 | G0235 | G0565 | G0906 | G0846 | G1519 | G5438 | G2193 |

| ‹οὗ› | ἀποδῷ | τὸ | ὀφειλόμενον. |
|---|---|---|---|
| — | ચૂકવે | — | દેવાનું. |
| G3739 | G0591 | G3588 | G3784 |

તેણે તેનું માન્યું નહિ, પણ જઈને દેવું ચૂકવે નહિ ત્યાં સુધી તેણે તેને જેલમાં પુરાવ્યો.

| 31 | ἰδόντες | οὖν | οἱ | σύνδουλοι | αὐτοῦ | τὰ | γενόμενα, | ἐλυπήθησαν | σφόδρα, | καὶ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જોઈને | તો | — | સહદાસોએ | તેનં | — | બનેલું | દુ:ખી-થયા | ખૂબ | અને |
| | G3708 | G3767 | G3588 | G4889 | G0846 | G3588 | G1096 | G3076 | G4970 | G2532 |

| ἐλθόντες, | διεσάφησαν | τῷ | κυρίῳ | ἑαυτῶν | πάντα | τὰ | γενόμενα. |
|---|---|---|---|---|---|---|---|
| આવીને | જણાવ્યું | — | માલિકને | પોતાનં | બધું | — | બનેલું. |
| G2064 | G1285 | G3588 | G2962 | G1438 | G3956 | G3588 | G1096 |

ત્યારે જે થયું તે જોઈને તેના સાથી ચાકરો ઘણાં દિલગીર થયા, તેઓએ જઈને તે સઘળું પોતાના માલિકને કહી સંભળાવ્યું.

32 τότε προσκαλεσάμενος αὐτὸν ὁ κύριος αὐτοῦ λέγει αὐτῷ, Δοῦλε πονηρέ,
ત્યારે બોલાવીને તેને — માલિકે તેનેં કહ્યુ તેને દુષ્ટ દાસ
G5119 G4341 G0846 G3588 G2962 G0846 G3004 G0846 G1401 G4190

πᾶσαν τὴν ὀφειλὴν ἐκείνην ἀφῆκά σοι, ἐπεὶ παρεκάλεσάς με.
બધું — દેવું તે માફ-કર્યું તને કારણ-કે વિનંતી-કરી મને.
G3956 G3588 G3782 G1565 G0863 G4771 G1893 G3870 G1473

ત્યારે તેના માલિકે તેને બોલાવીને કહ્યુ કે, 'અરે દુષ્ટ ચાકર, તેં મને વિનંતી કરી, માટે મેં તારું તે બધું દેવું માફ કર્યું.

33 οὐκ ἔδει καὶ σὲ ἐλεῆσαι τὸν σύνδουλόν σου, ὡς κἀγὼ σὲ
નહિ જોઈતું-હતું તું-પણ તેં દયા-કરવી — સહદાસ-પર તારા જેમ મેં-પણ તને
G3756 G1163 G2532 G4771 G1653 G3588 G4889 G4771 G5613 G2504 G4771

ἠλέησα?
દયા-કરી?
G1653

મેં તારા પર જેવી દયા કરી તેવી દયા શું તારે પણ તારા સાથી ચાકર પર કરવી ઘટિત નહોતી?'"

34 καὶ ὀργισθεὶς, ὁ κύριος αὐτοῦ παρέδωκεν αὐτὸν τοῖς βασανισταῖς, ἕως
અને ક્રોધિત-થઈને — માલિકે તેનેં સોંપ્યો તેને — યાતના-આપનારાને જ્યાં-સુધી
G2532 G3710 G3588 G2962 G0846 G3860 G0846 G3588 G0930 G2193

οὗ ἀποδῷ πᾶν τὸ ὀφειλόμενον αὐτῷ.
— ચૂકવે બધું — દેવાનું તેને.
G3739 G0591 G3956 G3588 G3784 G0846

તેના માલિકે ગુસ્સે થઈને તેનું બધું દેવું ચૂકવે ત્યાં સુધી તેને પીડા આપનારાઓને સોંપ્યો.

35 Οὕτως καὶ ὁ Πατήρ μου ὁ οὐράνιος ποιήσει ὑμῖν, ἐὰν μὴ ἀφῆτε
એમ — — પિતા મારા — સ્વર્ગીય કરશે તમને જો નહિ માફ-કરો
G3779 G2532 G3588 G3962 G1473 G3588 G3770 G4160 G4771 G1437 G3361 G0863

ἕκαστος τῷ ἀδελφῷ αὐτοῦ, ἀπὸ τῶν καρδιῶν ὑμῶν.
દરેક — ભાઈને પોતેનેં — — હૃદયોથી તમારા.
G1538 G3588 G0080 G0846 G0575 G3588 G2588 G4771

એ પ્રમાણે જો તમે પોતપોતાનાં ભાઈઓના અપરાધ તમારાં હૃદયપૂર્વક માફ નહિ કરો, તો મારા સ્વર્ગીય પિતા પણ તમને એમ જ કરશે."

## Chapter 19

1 Καὶ ἐγένετο, ὅτε ἐτέλεσεν ὁ Ἰησοῦς τοὺς λόγους τούτους, μετῆρεν ἀπὸ
અને બન્યું જ્યારે પૂરાં-કર્યાં — ઈસુએ — વચનો આ આવ્યા —
G2532 G1096 G3753 G5055 G3588 G2424 G3588 G3056 G3778 G3332 G0575

τῆς Γαλιλαίας, καὶ ἦλθεν εἰς τὰ ὅρια τῆς Ἰουδαίας πέραν τοῦ
— ગાલીલથી અને આવ્યા — — સરહદોમાં — યહૂદિયાના પેલે-પાર —
G3588 G1056 G2532 G2064 G1519 G3588 G3725 G3588 G2449 G4008 G3588

Ἰορδάνου.
યર્દનના.
G2446

ઈસુએ એ વાતો પૂરી કર્યા પછી એમ થયું કે, તે ગાલીલથી નીકળીને યર્દન નદીને પેલે પાર યહૂદિયાના પ્રદેશમાં આવ્યા.

2 καὶ ἠκολούθησαν αὐτῷ ὄχλοι πολλοί, καὶ ἐθεράπευσεν αὐτοὺς ἐκεῖ.
અને અનુસર્યા તેમને ટોળાં ઘણાં અને સાજાં-કર્યાં તેમને ત્યાં.
G2532 G0190 G0846 G3793 G4183 G2532 G2323 G0846 G1563

અતિ ઘણાં લોક તેમની પાછળ ગયા અને ત્યાં તેમણે તેઓને સાજાં કર્યા.

3

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Καὶ | προσῆλθον | αὐτῷ | Φαρισαῖοι, | πειράζοντες | αὐτὸν, | καὶ | λέγοντες, | Εἰ |
| અને | આવ્યા | તેમની-પાસે | ફરોશીઓ | પરીક્ષા-કરતાં | તેમને | અને | કહેતાં | શું |
| G2532 | G4334 | G0846 | G5330 | G3985 | G0846 | G2532 | G3004 | G1487 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ἔξεστιν | ‹ἀνθρώπῳ› | ἀπολῦσαι | τὴν | γυναῖκα | αὐτοῦ | κατὰ | πᾶσαν | αἰτίαν? |
| યોગ્ય-છે | માણસને | છોડી-દેવી | — | પત્નીને | પોતાની | — | કોઈ-પણ | કારણ-માટે? |
| G1832 | G0444 | G0630 | G3588 | G1135 | G0846 | G2596 | G3956 | G0156 |

ફરોશીઓએ તેમની પાસે આવીને તેમનું પરીક્ષણ કરતાં પૂછ્યું કે, “કોઈ પણ કારણને લીધે શું પુરુષે પત્નીને છોડી દેવી ઉચિત છે?”

4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὁ | δὲ | ἀποκριθεὶς, | εἶπεν, | Οὐκ | ἀνέγνωτε, | ὅτι | ὁ | κτίσας | ἀπ’ | ἀρχῆς, |
| — | પણ | ઉત્તર-આપીને | કહ્યુ | નથી | વાંચ્યું | કે | જે | સર્જ્યા | — | શરૂઆતથી |
| G3588 | G1161 | G0611 | G3004 | G3756 | G0314 | G3754 | G3588 | G2936 | G0575 | G0746 |

| | | | | |
|---|---|---|---|---|
| ἄρσεν | καὶ | θῆλυ | ἐποίησεν | αὐτοὺς, |
| નર | અને | નારી | બનાવ્યાં | તેમને |
| G0730 | G2532 | G2338 | G4160 | G0846 |

ઈસુએ જવાબ આપતાં કહ્યુ કે, “શું તમે એમ નથી વાંચ્યું કે, જેમણે તેઓને ઉત્પન્ન કર્યા, તેમણે તેઓને આરંભથી નરનારી ઉત્પન્ન કર્યા?

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | εἶπεν, | Ἕνεκα | τούτου | καταλείψει | ἄνθρωπος | τὸν | πατέρα | καὶ | τὴν |
| અને | કહ્યુ | આ-કારણે | — | છોડશે | માણસ | — | પિતાને | અને | — |
| G2532 | G3004 | G1752 | G3778 | G2641 | G0444 | G3588 | G3962 | G2532 | G3588 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| μητέρα, | καὶ | κολληθήσεται | τῇ | γυναικὶ | αὐτοῦ, | καὶ | ἔσονται | οἱ | δύο | εἰς |
| માતાને | અને | જોડાશે | — | પત્ની-સાથે | પોતાની | અને | હશે | — | બે | — |
| G3384 | G2532 | G2853 | G3588 | G1135 | G0846 | G2532 | G1510 | G3588 | G1417 | G1519 |

| | |
|---|---|
| σάρκα | μίαν? |
| શરીર | એક? |
| G4561 | G1520 |

અને કહ્યુ કે ‘તે કારણને લીધે પુરુષ પોતાનાં માતાપિતાને મૂકીને પોતાની પત્નીને વળગી રહેશે, અને તે બન્ને એક દેહ થશે?’

6

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὥστε | οὐκέτι | εἰσὶν | δύο, | ἀλλὰ | σὰρξ | μία. | ὃ | οὖν | ὁ | Θεὸς | συνέζευξεν, |
| એટલે | હવે | છે-નહિ | બે | પણ | શરીર | એક. | જે | તો | — | ઈશ્વરે | જોડ્યું |
| G5620 | G3765 | G1510 | G1417 | G0235 | G4561 | G1520 | G3739 | G3767 | G3588 | G2316 | G4801 |

| | | |
|---|---|---|
| ἄνθρωπος | μὴ | χωριζέτω. |
| માણસ | — | અલગ-કરે-નહિ. |
| G0444 | G3361 | G5563 |

માટે તેઓ હવેથી બે નથી, પણ એક દેહ છે. એ માટે ઈશ્વરે જેમને જોડ્યાં છે તેમને માણસોએ જુદા ન પાડવાં.”

7

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| λέγουσιν | αὐτῷ, | Τί | οὖν | Μωϋσῆς | ἐνετείλατο | δοῦναι | βιβλίον | ἀποστασίου, |
| કહે-છે | તેમને | શા-માટે | તો | મૂસાએ | આજ્ઞા-આપી | આપવું | પત્ર | છૂટાછેડાનું |
| G3004 | G0846 | G5101 | G3767 | G3475 | G1781 | G1325 | G0975 | G0647 |

| | | |
|---|---|---|
| καὶ | ἀπολῦσαι | ‹αὐτήν›? |
| અને | છોડી-દેવી | તેને? |
| G2532 | G0630 | G0846 |

તેઓએ ઈસુને કહ્યુ કે, “તો મૂસાએ એવી આજ્ઞા કેમ આપી કે, ફારગતીનું પ્રમાણપત્ર આપીને તેને મૂકી દેવી?”

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| λέγει | αὐτοῖς, | Ὅτι | Μωϋσῆς | πρὸς | τὴν | σκληροκαρδίαν | ὑμῶν | ἐπέτρεψεν | ὑμῖν |
| કહ્યુ | તેમને | કારણ-કે | મૂસાએ | — | — | કઠોર-હૃદયતાને-લીધે | તમારી | પરવાનગી-આપી | તમને |
| G3004 | G0846 | G3754 | G3475 | G4314 | G3588 | G4641 | G4771 | G2010 | G4771 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀπολῦσαι | τὰς | γυναῖκας | ὑμῶν; | ἀπ’ | ἀρχῆς | δὲ | οὐ | γέγονεν | οὕτως. |
| છોડી-દેવા | — | પત્નીઓને | તમારી; | — | શરૂઆતથી | પણ | નહોતું | બન્યું | એમ. |
| G0630 | G3588 | G1135 | G4771 | G0575 | G0746 | G1161 | G3756 | G1096 | G3779 |

ઈસુએ તેઓને કહ્યુ કે, “મૂસાએ તમારાં હૃદયની કઠોરતાને લીધે તમને તમારી પત્નીઓને મૂકી દેવા દીધી, પણ આરંભથી એવું ન હતું.

9 λέγω δὲ ὑμῖν, ὅτι ὃς ἂν ἀπολύσῃ τὴν γυναῖκα αὐτοῦ μὴ ἐπὶ
કહું-છું પણ તમને કે જે — છોડી-દે — પત્નીને પોતાની સિવાય —
G3004 G1161 G4771 G3754 G3739 G0302 G0630 G3588 G1135 G0846 G3361 G1909

πορνείᾳ, καὶ γαμήσῃ ἄλλην, μοιχᾶται; ‹καὶ ὁ ἀπολελυμένην γαμήσας,
વ્યભિચારના અને બીજી-સાથે-પરણે બીજી વ્યભિચાર-કરે-છે; અને જે છોડી-દીધેલી-સાથે પરણે
G4202 G2532 G1060 G0243 G3429 G2532 G3588 G0630 G1060

μοιχᾶται›.
વ્યભિચાર-કરે-છે.
G3429

હું તમને કહું છું કે વ્યભિચારના કારણ વગર જે કોઈ પોતાની પત્નીને ત્યજીને બીજી સ્ત્રી સાથે લગ્ન કરે, તો તે વ્યભિચાર કરે છે; અને જો કોઈ ત્યજી દીધેલી સ્ત્રી સાથે લગ્ન કરે તો તે પણ વ્યભિચાર કરે છે.”

10 λέγουσιν αὐτῷ οἱ μαθηταὶ [αὐτοῦ], Εἰ οὕτως ἐστὶν ἡ αἰτία τοῦ
કહે-છે તેમને — શિષ્યો તેમન□ જો આવી છે — સ્થિતિ —
G3004 G0846 G3588 G3101 G0846 G1487 G3779 G1510 G3588 G0156 G3588

ἀνθρώπου μετὰ τῆς γυναικός, οὐ συμφέρει γαμῆσαι.
માણસની — — પત્ની-સાથે નથી સારું પરણવું.
G0444 G3326 G3588 G1135 G3756 G4851 G1060

તેમના શિષ્યોએ તેમને કહ્યુ કે, “જો પુરુષની તેની પત્ની સંબંધી આ સ્થિતિ હોય, તો લગ્ન કરવું સારું નથી.”

11 ὁ δὲ εἶπεν αὐτοῖς, Οὐ πάντες χωροῦσιν τὸν λόγον τοῦτον, ἀλλ’ οἷς
— પણ કહ્યુ તેમને નહિ બધા સમાવી-શકે — વાત આ પણ જેમને
G3588 G1161 G3004 G0846 G3756 G3956 G5562 G3588 G3056 G3778 G0235 G3739

δέδοται.
અપાયું-છે.
G1325

ત્યારે ઈસુએ તેઓને કહ્યુ કે, “બધાથી એ વાત પળાતી નથી, પણ જેઓને તે આપેલું છે તેઓથી જ.

12 εἰσὶν γὰρ εὐνοῦχοι οἵτινες ἐκ κοιλίας μητρὸς ἐγεννήθησαν οὕτως, καὶ
છે કારણ-કે નપુંસકો જે — ગર્ભથી માતાન□ એમ-જન્મ્યા એમ અને
G1510 G1063 G2135 G3748 G1537 G2836 G3384 G1080 G3779 G2532

εἰσὶν εὐνοῦχοι οἵτινες εὐνουχίσθησαν ὑπὸ τῶν ἀνθρώπων, καὶ εἰσὶν εὐνοῦχοι
છે નપુંસકો જે નપુંસક-બનાવાયા — — માણસો-દ્વારા અને છે નપુંસકો
G1510 G2135 G3748 G2134 G5259 G3588 G0444 G2532 G1510 G2135

οἵτινες εὐνούχισαν ἑαυτοὺς διὰ τὴν βασιλείαν τῶν οὐρανῶν. ὁ δυνάμενος
જેએ નપુંસક-બનાવ્યા પોતાને — — રાજ્ય-ખાતર — સ્વર્ગના. જે સમાવી-શકે
G3748 G2134 G1438 G1223 G3588 G0932 G3588 G3772 G3588 G1410

χωρεῖν, χωρείτω.
સ્વીકારે સ્વીકારો.
G5562 G5562

કેમ કે કેટલાક નપુંશક છે કે જેઓ પોતાની માતાઓથી જ એવા જન્મેલાં છે. કેટલાક એવા છે કે જેઓને માણસોએ નપુંશક બનાવ્યા છે; વળી કેટલાક એવા છે કે જેઓએ સ્વર્ગના રાજ્યને લીધે પોતાની જાતને જ નપુંશક તરીકે કર્યા છે. જે સ્વીકારી શકે છે તે આ વાત સ્વીકારે.”

13 Τότε προσηνέχθησαν αὐτῷ παιδία, ἵνα τὰς χεῖρας ἐπιθῇ αὐτοῖς, καὶ
ત્યારે લાવવામાં-આવ્યાં તેમની-પાસે બાળકો જેથી — હાથ મૂકે તેમના-પર અને
G5119 G4374 G0846 G3813 G2443 G3588 G5495 G2007 G0846 G2532

προσεύξηται. οἱ δὲ μαθηταὶ ἐπετίμησαν αὐτοῖς.
પ્રાર્થના-કરે. — પણ શિષ્યોએ ધમકાવ્યા તેમને.
G4336 G3588 G1161 G3101 G2008 G0846

ત્યાર પછી તેઓ બાળકોને તેમની પાસે લાવ્યા, એ માટે કે તે તેઓ પર હાથ મૂકીને પ્રાર્થના કરે; પણ શિષ્યોએ તેઓને ધમકાવ્યાં.

14 ὁ δὲ Ἰησοῦς εἶπεν, Ἄφετε τὰ παιδία, καὶ μὴ κωλύετε αὐτὰ ἐλθεῖν
— પણ ઈસુએ કહ્યુ છોડો — બાળકોને અને — રોકો-નહિ તેમને આવવા
G3588 G1161 G2424 G3004 G0863 G3588 G3813 G2532 G3361 G2967 G0846 G2064

πρός με; τῶν γὰρ τοιούτων ἐστὶν ἡ βασιλεία τῶν οὐρανῶν.
— મારી-પાસે; — કારણ-કે આવાંઓનું છે — રાજ્ય — સ્વર્ગનું.
G4314 G1473 G3588 G1063 G5108 G1510 G3588 G0932 G3588 G3772

પણ ઈસુએ કહ્યુ કે, “બાળકોને મારી પાસે આવવા દો, તેઓને રોકો નહિ, કેમ કે સ્વર્ગનું રાજ્ય એવાઓનું છે.”

15 καὶ ἐπιθεὶς τὰς χεῖρας αὐτοῖς, ἐπορεύθη ἐκεῖθεν.
અને મૂકીને — હાથ તેમન□-પર ગયા ત્યાંથી.
G2532 G2007 G3588 G5495 G0846 G4198 G1564

તેઓ પર હાથ મૂક્યા પછી તે ત્યાંથી ગયા.

16 Καὶ ἰδοὺ, εἷς προσελθὼν αὐτῷ, εἶπεν, Διδάσκαλε, τί ἀγαθὸν ποιήσω,
અને જુઓ એક આવીને તેમની-પાસે કહ્યુ ગુરુજી શું સારું કરું
G2532 G3708 G1520 G4334 G0846 G3004 G1320 G5101 G0018 G4160

ἵνα σχῶ ζωὴν αἰώνιον?
જેથી મળે જીવન સનાતન?
G2443 G2192 G2222 G0166

ત્યાર પછી, કોઈકે ઈસુની પાસે આવીને કહ્યુ કે, “ઉપદેશક, અનંતજીવન પામવા માટે હું શું સારું કરું?”

17 ὁ δὲ εἶπεν αὐτῷ, Τί με ἐρωτᾷς περὶ τοῦ ἀγαθοῦ? εἷς ἐστιν
— પણ કહ્યુ તેમને શા-માટે મને પૂછો-છો વિશે — સારાનેં? એક છે
G3588 G1161 G3004 G0846 G5101 G1473 G2065 G4012 G3588 G0018 G1520 G1510

ὁ ἀγαθός. εἰ δὲ θέλεις εἰς τὴν ζωὴν εἰσελθεῖν, τήρησον τὰς
— સારો. જો પણ ઇચ્છો — — જીવનમાં પ્રવેશ-કરવા પાળો —
G3588 G0018 G1487 G1161 G2309 G1519 G3588 G2222 G1525 G5083 G3588

ἐντολάς.
આજ્ઞાઓ.
G1785

ત્યારે તેમણે તે વ્યક્તિને કહ્યુ, “તું મને સારાં વિષે કેમ પૂછે છે? સારો તો એક જ છે, પણ જો તું જીવનનાં માર્ગમાં પ્રવેશવા ચાહે છે, તો આજ્ઞાઓ પાળ.”

18 λέγει αὐτῷ, Ποίας? ὁ δὲ Ἰησοῦς εἶπεν Τὸ, Οὐ φονεύσεις;
કહે-છે તેમને કઈ? — પણ ઈસુએ કહ્યુ — ખૂન-કરીશ-નહિ; —
G3004 G0846 G4169 G3588 G1161 G2424 G3004 G3588 G3756 G5407

Οὐ μοιχεύσεις; Οὐ κλέψεις; Οὐ ψευδομαρτυρήσεις;
વ્યભિચાર-કરીશ-નહિ; — ચોરી-કરીશ-નહિ; — જૂઠી-સાક્ષી-આપીશ-નહિ; —
G3756 G3431 G3756 G2813 G3756 G5576

તે વ્યક્તિએ ઈસુને કહ્યુ કે, ‘કઈ આજ્ઞાઓ?’ ત્યારે ઈસુએ કહ્યુ કે, “તું હત્યા ન કર, તું વ્યભિચાર ન કર, તું ચોરી ન કર, તું જૂઠી સાક્ષી ન પૂર,

19 Τίμα τὸν πατέρα καὶ τὴν μητέρα; καὶ, Ἀγαπήσεις τὸν πλησίον σου
માન-આપ — પિતાને અને — માતાને; અને પ્રેમ-કર — પડોશીને તાર□
G5091 G3588 G3962 G2532 G3588 G3384 G2532 G0025 G3588 G4139 G4771

ὡς σεαυτόν.
જેમ પોતાને.
G5613 G4572

પોતાનાં માતાપિતાને માન આપ, પોતાના પડોશી પર પોતાના જેવો પ્રેમ કર."

20 λέγει αὐτῷ ὁ νεανίσκος, Ταῦτα□ πάντα ἐφύλαξα. τί ἔτι ὑστερῶ?
કહે-છે તેમને — યુવાને આ-બધું બધું પાળ્યું-છે. શું હજી ખૂટે-છે?
G3004 G0846 G3588 G3495 G3778 G3956 G5442 G5101 G2089 G5302

તે જુવાને તેમને કહ્યુ કે, "એ બધી આજ્ઞાઓ તો હું પાળતો આવ્યો છું; હજી મારામાં શું ખૂટે છે?"

21 ἔφη αὐτῷ ὁ Ἰησοῦς, Εἰ θέλεις τέλειος εἶναι, ὕπαγε, πώλησόν σου
કહ્યુ તેમને — ઈસુએ જો ઇચ્છો સંપૂર્ણ હોવા જા વેચો તારી
G5346 G0846 G3588 G2424 G1487 G2309 G5046 G1510 G5217 G4453 G4771

τὰ ὑπάρχοντα, καὶ δὸς [τοῖς] πτωχοῖς, καὶ ἕξεις θησαυρὸν ἐν οὐρανοῖς;
— સંપત્તિઓ અને આપ — ગરીબોને અને મળશે ખજાનો — સ્વર્ગમાં;
G3588 G5225 G2532 G1325 G3588 G4434 G2532 G2192 G2344 G1722 G3772

καὶ δεῦρο, ἀκολούθει μοι.
અને આવ અનુસર મને.
G2532 G1204 G0190 G1473

ઈસુએ તે જુવાનને કહ્યુ કે, "જો તું સંપૂર્ણ થવા ચાહે છે, તો જઈને તારું જે છે તે વેચી નાખ અને ગરીબોને આપી દે, એટલે સ્વર્ગમાં તને દ્રવ્ય મળશે; અને આવીને મારી પાછળ ચાલ."

22 ἀκούσας δέ, ὁ νεανίσκος τὸν λόγον (τοῦτον), ἀπῆλθεν λυπούμενος; ἦν
સાંભળીને પણ — યુવાન — વાત આ ગયો દુઃખી; હતી
G0191 G1161 G3588 G3495 G3588 G3056 G3778 G0565 G3076 G1510

γὰρ ἔχων κτήματα πολλά.
કારણ-કે રાખતો-હતો સંપત્તિ ઘણી.
G1063 G2192 G2933 G4183

પણ તે જુવાન એ વાત સાંભળીને દિલગીર થઈને ચાલ્યો ગયો, કેમ કે તેની મિલકત ઘણી હતી.

23 Ὁ δὲ Ἰησοῦς εἶπεν τοῖς μαθηταῖς αὐτοῦ, Ἀμὴν λέγω ὑμῖν, ὅτι
— પણ ઈસુએ કહ્યુ — શિષ્યોને પોતાનં ખરેખર કહું-છું તમને કે
G3588 G1161 G2424 G3004 G3588 G3101 G0846 G0281 G3004 G4771 G3754

πλούσιος δυσκόλως εἰσελεύσεται εἰς τὴν βασιλείαν τῶν οὐρανῶν.
ધનિક મુશ્કેલીથી પ્રવેશ-કરશે — — રાજ્યમાં — સ્વર્ગના.
G4145 G1423 G1525 G1519 G3588 G0932 G3588 G3772

ત્યારે ઈસુએ પોતાના શિષ્યોને કહ્યુ કે, "હું તમને નિશ્ચે કહું છું કે ધનવાનને સ્વર્ગના રાજ્યમાં પ્રવેશવું મુશ્કેલ છે.

24 πάλιν δὲ λέγω ὑμῖν, εὐκοπώτερόν ἐστιν κάμηλον διὰ τρυπήματος ῥαφίδος
ફરીથી પણ કહું-છું તમને સહેલું-છે છે ઊંટને — કાણાન□ સોઈનં
G3825 G1161 G3004 G4771 G2123 G1510 G2574 G1223 G5169 G4476

εἰσελθεῖν, ἢ πλούσιον [εἰσελθεῖν] εἰς τὴν βασιλείαν τοῦ Θεοῦ.
પસાર-થવું કરતાં ધનિકને પ્રવેશ-કરવો — — રાજ્યમાં — ઈશ્વરન□.
G1525 G2228 G4145 G1525 G1519 G3588 G0932 G3588 G2316

વળી હું તમને ફરી કહું છું કે 'ધનવાનને ઈશ્વરના રાજ્યમાં પ્રવેશવા કરતાં ઊંટને સોયના નાકામાંથી પસાર થવું સહેલું છે."

25 ἀκούσαντες δὲ οἱ μαθηταὶ ἐξεπλήσσοντο σφόδρα, λέγοντες, Τίς ἄρα
સાંભળીને પણ — શિષ્યો આશ્ચર્ય-પામ્યા ખૂબ કહેતાં કોણ ખરેખર
G0191 G1161 G3588 G3101 G1605 G4970 G3004 G5101 G0686

δύναται σωθῆναι?
શકે-છે બચવ□?
G1410 G4982

ત્યારે તેમના શિષ્યોએ તે સાંભળીને ઘણાં અચરત થયા અને કહેવા લાગ્યા કે, "તો કોણ ઉદ્ધાર પામી શકે?"

| 26 | ἐμβλέψας | δέ, | ὁ | Ἰησοῦς | εἶπεν | αὐτοῖς, | Παρὰ | ἀνθρώποις | τοῦτο | ἀδύνατόν |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જોઈને | પણ | — | ઈસુએ | કહ્યુ | તેમને | — | માણસો-પાસે | આ | અશક્ય-છે |
| | G1689 | G1161 | G3588 | G2424 | G3004 | G0846 | G3844 | G0444 | G3778 | G0102 |

| ἐστιν, | παρὰ | δὲ | Θεῷ | πάντα | δυνατά. |
|---|---|---|---|---|---|
| છે | — | પણ | ઈશ્વર-પાસે | બધું | શક્ય-છે. |
| G1510 | G3844 | G1161 | G2316 | G3956 | G1415 |

પણ ઈસુએ તેઓની તરફ જોઈને કહ્યુ કે, "માણસોને તો એ અશક્ય છે, પણ ઈશ્વરને સર્વ શક્ય છે."

| 27 | Τότε | ἀποκριθεὶς, | ὁ | Πέτρος | εἶπεν | αὐτῷ, | Ἰδοὺ, | ἡμεῖς | ἀφήκαμεν | πάντα | καὶ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ત્યારે | ઉત્તર-આપીને | — | પિતરે | કહ્યુ | તેમને | જુઓ | અમે | છોડ્યું | બધું | અને |
| | G5119 | G0611 | G3588 | G4074 | G3004 | G0846 | G3708 | G1473 | G0863 | G3956 | G2532 |

| ἠκολουθήσαμέν | σοι; | τί | ἄρα | ἔσται | ἡμῖν? |
|---|---|---|---|---|---|
| અનુસર્યા | તમને; | શું | ખરેખર | હશે | અમારું? |
| G0190 | G4771 | G5101 | G0686 | G1510 | G1473 |

ત્યારે પિતરે ઈસુને જવાબ આપ્યો કે, "અમે બધું મૂકીને તમારી પાછળ આવ્યા છીએ, તો અમને શું મળશે?"

| 28 | ὁ | δὲ | Ἰησοῦς | εἶπεν | αὐτοῖς, | Ἀμὴν | λέγω | ὑμῖν, | ὅτι | ὑμεῖς | οἱ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | — | પણ | ઈસુએ | કહ્યુ | તેમને | ખરેખર | કહું-છું | તમને | કે | તમે | જે |
| | G3588 | G1161 | G2424 | G3004 | G0846 | G0281 | G3004 | G4771 | G3754 | G4771 | G3588 |

| ἀκολουθήσαντές | μοι, | ἐν | τῇ | παλινγενεσίᾳ, | ὅταν | καθίσῃ | ὁ | Υἱὸς | τοῦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અનુસર્યા | મને | — | — | પુનર્જન્મમાં | જ્યારે | બેસશે | — | પુત્ર | — |
| G0190 | G1473 | G1722 | G3588 | G3824 | G3752 | G2523 | G3588 | G5207 | G3588 |

| ἀνθρώπου | ἐπὶ | θρόνου | δόξης | αὐτοῦ, | καθήσεσθε | καὶ | ὑμεῖς | ἐπὶ | δώδεκα |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માણસનો | — | સિંહાસન-પર | મહિમાન | પોતેનં | બેસશો | અને | તમે-પણ | — | બાર |
| G0444 | G1909 | G2362 | G1391 | G0846 | G2521 | G2532 | G4771 | G1909 | G1427 |

| θρόνους, | κρίνοντες | τὰς | δώδεκα | φυλὰς | τοῦ | Ἰσραήλ. |
|---|---|---|---|---|---|---|
| સિંહાસનો-પર | ન્યાય-કરતાં | — | બાર | કુળોનો | — | ઈસ્રાએલનં. |
| G2362 | G2919 | G3588 | G1427 | G5443 | G3588 | G2474 |

ઈસુએ તેઓને કહ્યુ, "હું તમને નિશ્ચે કહું છું કે, જયારે પુનઃઆગમનમાં માણસનો દીકરો પોતાના મહિમાના રાજ્યાસન પર બેસશે, ત્યારે તમે, મારી પાછળ આવનારા, ઇઝરાયલનાં બાર કુળનો ન્યાય કરતાં બાર રાજ્યાસનો પર બિરાજશો.

| 29 | καὶ | πᾶς | ὅστις | ἀφῆκεν | οἰκίας, | ἢ | ἀδελφοὺς, | ἢ | ἀδελφὰς, | ἢ | πατέρα, |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને | બધા | જે | છોડ્યાં | ઘરો | અથવા | ભાઈઓ | અથવા | બહેનો | અથવા | પિતા |
| | G2532 | G3956 | G3748 | G0863 | G3614 | G2228 | G0080 | G2228 | G0079 | G2228 | G3962 |

| ἢ | μητέρα, | ‹ἢ | γυναῖκα›, | ἢ | τέκνα, | ἢ | ἀγροὺς, | ἕνεκεν | τοῦ | μου* |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અથવા | માતા | અથવા | પત્ની | અથવા | છોકરાંઓ | અથવા | ખેતરો | ખાતર | — | મારા |
| G2228 | G3384 | G2228 | G1135 | G2228 | G5043 | G2228 | G0068 | G1752 | G3588 | G1473 |

| ὀνόματός, | ἑκατονταπλασίονα | λήμψεται, | καὶ | ζωὴν | αἰώνιον | κληρονομήσει; |
|---|---|---|---|---|---|---|
| નામે | સો-ગણું | પામશે | અને | જીવન | સનાતન | વારસો-પામશે; |
| G3686 | G1542 | G2983 | G2532 | G2222 | G0166 | G2816 |

જે કોઈએ ઘરોને, ભાઈઓને, બહેનોને, પિતાઓને, માતાઓને, બાળકોને, કે ખેતરોને મારા નામને લીધે પાછળ મૂકી દીધાં છે, તે સોગણાં પામશે અને અનંતજીવનનો વારસો પામશે.

| 30 | Πολλοὶ | δὲ | ἔσονται | πρῶτοι | ἔσχατοι, | καὶ | ἔσχατοι | πρῶτοι. |
|---|---|---|---|---|---|---|---|---|
| | ઘણાં | પણ | હશે | પહેલાં | છેલ્લાં | અને | છેલ્લાં | પહેલાં. |
| | G4183 | G1161 | G1510 | G4413 | G2078 | G2532 | G2078 | G4413 |

પણ ઘણાં જેઓ પ્રથમ તેઓ છેલ્લાં થશે; અને જેઓ છેલ્લાં તેઓ પ્રથમ થશે."

## Chapter 20

1 Ὁμοία γάρ ἐστιν ἡ βασιλεία τῶν οὐρανῶν ἀνθρώπῳ, οἰκοδεσπότῃ, ὅστις
સમાન કારણ-કે છે તે રાજ્ય તે સ્વર્ગનું માણસને ઘરમાલિકને જે
G3664 G1063 G1510 G3588 G0932 G3588 G3772 G0444 G3617 G3748

ἐξῆλθεν ἅμα πρωῒ μισθώσασθαι ἐργάτας εἰς τὸν ἀμπελῶνα αὐτοῦ.
બહાર-નીકળ્યો સાથે વહેલી-સવારે ભાડે-રાખવા મજૂરોને માટે તેના દ્રાક્ષાવાડીમાં તેના
G1831 G0260 G4404 G3409 G2040 G1519 G3588 G0290 G0846

કેમ કે સ્વર્ગનું રાજ્ય એક જમીનદાર જેવું છે, જે પોતાની દ્રાક્ષાવાડીને માટે મજૂરો નક્કી કરવાને વહેલી સવારે બહાર ગયો.

2 συμφωνήσας δὲ μετὰ τῶν ἐργατῶν ἐκ δηναρίου τὴν ἡμέραν, ἀπέστειλεν
સંમત-થઈને અને સાથે તે મજૂરો માટે એક-દીનારમાં તે દિવસ મોકલ્યા
G4856 G1161 G3326 G3588 G2040 G1537 G1220 G3588 G2250 G0649

αὐτοὺς εἰς τὸν ἀμπελῶνα αὐτοῦ.
તેમને માટે તેના દ્રાક્ષાવાડીમાં તેના
G0846 G1519 G3588 G0290 G0846

તેણે મજૂરોની સાથે રોજનો એક દીનાર નક્કી કરીને પોતાની દ્રાક્ષાવાડીમાં તેઓને મોકલ્યા.

3 καὶ ἐξελθὼν περὶ τρίτην ὥραν, εἶδεν ἄλλους ἑστῶτας ἐν τῇ ἀγορᾷ
અને બહાર-જઈને આશરે ત્રીજા કલાકે જોયા બીજાઓને ઊભેલા માં તે બજારમાં
G2532 G1831 G4012 G5154 G5610 G3708 G0243 G2476 G1722 G3588 G0058

ἀργούς;
નવરા
G0692

તે દિવસના આશરે સવારના ત્રણ કલાકે બહાર જઈને તેણે ચોકમાં બીજાઓને કામની શોધમાં ઊભા રહેલા જોયા.

4 καὶ ἐκείνοις εἶπεν, Ὑπάγετε καὶ ὑμεῖς εἰς τὸν ἀμπελῶνα, καὶ ὃ
અને તેમને કહ્યુ જાઓ અને તમે-પણ માં તે દ્રાક્ષાવાડીમાં અને જે
G2532 G1565 G3004 G5217 G2532 G4771 G1519 G3588 G0290 G2532 G3739

ἐὰν ᾖ δίκαιον, δώσω ὑμῖν.
કંઈ-પણ હોય યોગ્ય આપીશ તમને
G1437 G1510 G1342 G1325 G4771

ત્યારે માલિકે તેઓને કહ્યુ કે, 'તમે પણ દ્રાક્ષાવાડીમાં જાઓ અને જે કંઈ ઉચિત હશે, તે હું તમને આપીશ.' ત્યારે તેઓ ગયા.

5 οἱ δὲ ἀπῆλθον. πάλιν δὲ ἐξελθὼν περὶ ἕκτην καὶ ἐνάτην ὥραν,
તેઓ તો ગયા ફરીથી અને બહાર-જઈને આશરે છઠ્ઠા અને નવમા કલાકે
G3588 G1161 G0565 G3825 G1161 G1831 G4012 G1623 G2532 G1766 G5610

ἐποίησεν ὡσαύτως.
કર્યું એમ-જ
G4160 G5615

વળી તે જ દિવસે આશરે બાર કલાકે અને ત્રણ કલાકે ફરીથી બહાર જઈને તેણે તે જ પ્રમાણે કર્યું.

6 περὶ δὲ τὴν ἑνδεκάτην, ἐξελθὼν, εὗρεν ἄλλους ἑστῶτας, καὶ λέγει
આશરે અને તે અગિયારમા-કલાકે બહાર-જઈને મળ્યા બીજાઓ ઊભેલા અને કહે-છે
G4012 G1161 G3588 G1734 G1831 G2147 G0243 G2476 G2532 G3004

αὐτοῖς, Τί ὧδε ἑστήκατε ὅλην τὴν ἡμέραν ἀργοί?
તેમને કેમ અહીં ઊભા-છો આખો તે દિવસ નવરા
G0846 G5101 G5602 G2476 G3650 G3588 G2250 G0692

ત્યાર પછી આશરે અગિયારમાં કલાકે પણ તેણે બહાર જઈને બીજાઓને કામ મળવાની રાહમાં ઊભેલા જોયા; તે માલિકે તેઓને કહ્યુ કે, 'આખો દિવસ તમે કેમ અહીં કામ વગરનાં ઊભા રહો છો?'

7 λέγουσιν αὐτῷ, Ὅτι οὐδεὶς ἡμᾶς ἐμισθώσατο. λέγει αὐτοῖς, Ὑπάγετε καὶ
કહે-છે તેને કારણ-કે કોઈએ અમને ભાડે-રાખ્યા-નથી કહે-છે તેમને જાઓ અને
G3004 G0846 G3754 G3762 G1473 G3409 G3004 G0846 G5217 G2532

ὑμεῖς εἰς τὸν ἀμπελῶνα, <καὶ ὃ ἐὰν ᾖ δίκαιον λήψεσθε>.
તમે-પણ માં તે દ્રાક્ષાવાડીમાં અને જે કંઈ-પણ હોય યોગ્ય પામશો
G4771 G1519 G3588 G0290 G2532 G3739 G1437 G1510 G1342 G2983

તેઓએ તેને કહ્યુ કે, 'કેમ કે કોઈએ અમને મજૂરીએ રાખ્યા નથી.' તેણે તેઓને કહ્યુ કે, 'તમે પણ દ્રાક્ષાવાડીમાં જાઓ.'"

8 ὀψίας δὲ γενομένης, λέγει ὁ κύριος τοῦ ἀμπελῶνος τῷ ἐπιτρόπῳ
સાંજ અને થયા-પછી કહે-છે તે માલિક તેના દ્રાક્ષાવાડીનો તેના કારભારીને
G3798 G1161 G1096 G3004 G3588 G2962 G3588 G0290 G3588 G2012

αὐτοῦ, Κάλεσον τοὺς ἐργάτας, καὶ ἀπόδος ‹αὐτοῖς› τὸν μισθόν, ἀρξάμενος
તેના બોલાવો તે મજૂરોને અને ચૂકવો તેમને તે મજૂરી શરૂ-કરીને
G0846 G2564 G3588 G2040 G2532 G0591 G0846 G3588 G3408 G0756

ἀπὸ τῶν ἐσχάτων ἕως τῶν πρώτων.
થી તે છેલ્લાઓથી સુધી તે પહેલાઓ-સુધી
G0575 G3588 G2078 G2193 G3588 G4413

સાંજ પડી ત્યારે દ્રાક્ષાવાડીનો માલિકે પોતાના કારભારીને કહ્યુ કે, 'મજૂરોને બોલાવીને છેલ્લી વ્યક્તિથી માંડીને તે પહેલી વ્યક્તિ સુધીનાઓને તેઓનું વેતન આપ.'

9 καὶ ἐλθόντες οἱ περὶ τὴν ἑνδεκάτην ὥραν, ἔλαβον ἀνὰ δηνάριον.
અને આવીને જેઓ આશરે તે અગિયારમા કલાકે મળ્યા દરેકને એક-દીનાર
G2532 G2064 G3588 G4012 G3588 G1734 G5610 G2983 G0303 G1220

જેઓને આશરે અગિયારમાં કલાકે કામ પર રાખ્યા હતા, તેઓ જયારે આવ્યા ત્યારે તેઓને એક એક દીનાર આપવામાં આવ્યો.

10 καὶ ἐλθόντες οἱ πρῶτοι, ἐνόμισαν ὅτι πλεῖον λήμψονται, καὶ ἔλαβον
અને આવીને તે પહેલાઓએ ધાર્યું કે વધારે મળશે અને મળ્યા
G2532 G2064 G3588 G4413 G3543 G3754 G4119 G2983 G2532 G2983

τὸ ἀνὰ δηνάριον καὶ αὐτοί.
તે દરેકને એક-દીનાર જ તેમને-પણ
G3588 G0303 G1220 G2532 G0846

પછી જેઓ પહેલા આવ્યા હતા, તેઓ ધારતા હતા કે અમને વધારે મળશે; પરંતુ તેઓને પણ એક દીનાર અપાયો.

11 λαβόντες, δὲ ἐγόγγυζον κατὰ τοῦ οἰκοδεσπότου,
લઈને અને બબડાટ-કર્યો વિરુદ્ધ તે ઘરમાલિકની
G2983 G1161 G1111 G2596 G3588 G3617

ત્યારે તે લઈને તેઓએ જમીનદારની વિરુદ્ધ કચકચ કરી.

12 λέγοντες, Οὗτοι οἱ ἔσχατοι, μίαν ὥραν ἐποίησαν, καὶ ἴσους αὐτοὺς ἡμῖν
કહેતાં આ તે છેલ્લાઓએ એક કલાક કામ-કર્યું અને સમાન તેમને અમારી
G3004 G3778 G3588 G2078 G1520 G5610 G4160 G2532 G2470 G0846 G1473

ἐποίησας, τοῖς βαστάσασι τὸ βάρος τῆς ἡμέρας καὶ τὸν καύσωνα.
કર્યા જેમણે સહન-કર્યો તે ભાર તે દિવસનો અને તે તાપ
G4160 G3588 G0941 G3588 G0922 G3588 G2250 G2532 G3588 G2742

અને કહ્યુ કે, ‘આ મોડેથી આવનારાઓએ માત્ર એક જ કલાક કામ કર્યું છે અને અમે આખા દિવસનો બોજો તથા લૂ સહન કરી, તેમ છતાં તેં તેઓને અમારી બરોબર ગણ્યા છે.’”

| 13 | ὁ | δὲ | ἀποκριθεὶς | ἑνὶ | αὐτῶν, | εἶπεν, | Ἑταῖρε, | οὐκ | ἀδικῶ | σε. | οὐχὶ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | તેણે | તો | જવાબ-આપીને | એક-ને | તેમાંના | કહ્યુ | મિત્ર | નથી | અન્યાય-કરતો | તને | શું-નહોતો |
| | G3588 | G1161 | G0611 | G1520 | G0846 | G3004 | G2083 | G3756 | G0091 | G4771 | G3780 |

| δηναρίου | συνεφώνησάς | μοι? |
|---|---|---|
| એક-દીનારમાં | સંમત-થયો | મારી-સાથે |
| G1220 | G4856 | G1473 |

પણ તેણે તેઓમાંના એકને જવાબ આપ્યો કે, મિત્ર, હું તને કશો અન્યાય નથી કરતો; શું તે મારી સાથે એક દીનાર નક્કી કર્યો નહોતો?

| 14 | ἆρον | τὸ | σὸν | καὶ | ὕπαγε. | θέλω | δὲ | τούτῳ | τῷ | ἐσχάτῳ | δοῦναι, | ὡς |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | લે | તે | તારું | અને | જા | ઇચ્છું-છું | પણ | આ | તે | છેલ્લાને | આપવા | જેમ |
| | G0142 | G3588 | G4674 | G2532 | G5217 | G2309 | G1161 | G3778 | G3588 | G2078 | G1325 | G5613 |

| καὶ | σοί. |
|---|---|
| પણ | તને |
| G2532 | G4771 |

તારું જે છે તે લઈને ચાલ્યો જા; જેટલું તને તેટલું આ છેલ્લાઓને પણ આપવાની મારી મરજી છે.

| 15 | [ἢ] | οὐκ | ἔξεστίν | μοι | ὃ | θέλω | ποιῆσαι | ἐν | τοῖς | ἐμοῖς? | ἢ | ὁ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | શું | નથી | અધિકાર | મને | જે | ઇચ્છું-છું | કરવાનો | માં | તે | મારા-પોતાનામાં | કે | તારી |
| | G2228 | G3756 | G1832 | G1473 | G3739 | G2309 | G4160 | G1722 | G3588 | G1699 | G2228 | G3588 |

| ὀφθαλμός | σου | πονηρός | ἐστιν, | ὅτι | ἐγὼ | ἀγαθός | εἰμι? |
|---|---|---|---|---|---|---|---|
| આખ | તારી | ખરાબ | છે | કારણ-કે | હું | ઉદાર | છું |
| G3788 | G4771 | G4190 | G1510 | G3754 | G1473 | G0018 | G1510 |

જે મારું છે તે મારી મરજી પ્રમાણે વાપરવાનો શું મને હક નથી? અથવા હું સારો છું માટે તારી આખ દુષ્ટ છે શું?’

| 16 | Οὕτως | ἔσονται | οἱ | ἔσχατοι | πρῶτοι, | καὶ | οἱ | πρῶτοι, | ἔσχατοι; | <πολλοὶ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | એમ | થશે | તે | છેલ્લા | પહેલા | અને | તે | પહેલા | છેલ્લા | ઘણા |
| | G3779 | G1510 | G3588 | G2078 | G4413 | G2532 | G3588 | G4413 | G2078 | G4183 |

| γάρ | εἰσιν | κλητοί, | ὀλίγοι | δὲ | ἐκλεκτοί>. |
|---|---|---|---|---|---|
| કારણ-કે | છે | બોલાવાયેલા | થોડા | પણ | પસંદ-કરાયેલા |
| G1063 | G1510 | G2822 | G3641 | G1161 | G1588 |

એમ જેઓ છેલ્લાં તેઓ પહેલાં અને જેઓ પહેલાં તેઓ છેલ્લાં થશે.”

| 17 | καὶ | □Μέλλων□ | ἀναβαίνων | ‹ὁ› | Ἰησοῦς | εἰς | Ἱεροσόλυμα, | παρέλαβεν | τοὺς |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને | જતાં | ચડતા | તે | ઈસુ | તરફ | યરુશાલેમ | લીધા | તે |
| | G2532 | G3195 | G0305 | G3588 | G2424 | G1519 | G2414 | G3880 | G3588 |

| δώδεκα | ‹μαθητὰς› | κατ’ | ἰδίαν, | καὶ | ἐν | τῇ | ὁδῷ, | εἶπεν | αὐτοῖς, |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બાર | શિષ્યોને | તરફ | એકાંતમાં | અને | માં | તે | માર્ગમાં | કહ્યુ | તેમને |
| G1427 | G3101 | G2596 | G2398 | G2532 | G1722 | G3588 | G3598 | G3004 | G0846 |

ઈસુએ યરુશાલેમ જતા, રસ્તા પર બાર શિષ્યોને એકાંતમાં લઈ જઈને તેઓને કહ્યુ કે,

18 Ἰδοὺ, ἀναβαίνομεν εἰς Ἱεροσόλυμα, καὶ ὁ Υἱὸς τοῦ ἀνθρώπου
જુઓ ચડી-રહ્યા-છીએ તરફ યરુશાલેમ અને તે દીકરો તે માણસનો
G3708 G0305 G1519 G2414 G2532 G3588 G5207 G3588 G0444

παραδοθήσεται τοῖς ἀρχιερεῦσιν καὶ γραμματεῦσιν, καὶ κατακρινοῦσιν αὐτὸν
સોંપાશે તે મુખ્ય-યાજકોને અને શાસ્ત્રીઓને અને મૃત્યુદંડ-ઠરાવશે તેને
G3860 G3588 G0749 G2532 G1122 G2532 G2632 G0846

□εἰς□ θανάτῳ,
માટે મૃત્યુ
G1519 G2288

જુઓ, "આપણે યરુશાલેમ જઈએ છીએ, માણસના દીકરાને મુખ્ય યાજકોને તથા શાસ્ત્રીઓને હાથે પરાધીન કરાશે અને તેઓ તેના પર મૃત્યુદંડ ઠરાવશે

19 καὶ παραδώσουσιν αὐτὸν τοῖς ἔθνεσιν, εἰς τὸ ἐμπαῖξαι καὶ μαστιγῶσαι
અને સોંપશે તેને તે વિદેશીઓને માટે કે મશ્કરી-કરે અને ચાબુક-મારે
G2532 G3860 G0846 G3588 G1484 G1519 G3588 G1702 G2532 G3146

καὶ σταυρῶσαι; καὶ τῇ τρίτῃ ἡμέρᾳ ἐγερθήσεται.
અને વધસ્તંભે-ચડાવે અને તે ત્રીજા દિવસે ઊઠશે
G2532 G4717 G2532 G3588 G5154 G2250 G1453

અને ઠઠ્ઠામશ્કરી કરવાને, કોરડા મારવાને, વધસ્તંભે જડવાને તેઓ તેમને બિનયહૂદીઓને સોંપશે; અને ત્રીજે દિવસે તે પાછો સજીવન થશે."

20 Τότε προσῆλθεν αὐτῷ ἡ μήτηρ τῶν υἱῶν Ζεβεδαίου μετὰ τῶν υἱῶν
ત્યારે આવી તેની-પાસે તે માતા તે દીકરાઓની ઝબદીના સાથે તેના દીકરાઓ
G5119 G4334 G0846 G3588 G3384 G3588 G5207 G2199 G3326 G3588 G5207

αὐτῆς, προσκυνοῦσα, καὶ αἰτοῦσά τι ἀπ’ αὐτοῦ.
તેના નમન-કરતી અને માગતી કંઈક થી તેની-પાસેથી
G0846 G4352 G2532 G0154 G5100 G0575 G0846

ત્યારે ઝબદીના દીકરાઓની માએ પોતાના દીકરાઓની સાથે ઈસુની પાસે આવીને તથા પગે પડીને તેમની પાસે કંઈક માગણી કરી.

21 ὁ δὲ εἶπεν αὐτῇ, Τί θέλεις? λέγει αὐτῷ, Εἰπὲ ἵνα καθίσωσιν οὗτοι
તેણે તો કહ્યુ તેને શું ઇચ્છે-છે કહે-છે તેને કહો કે બેસે આ
G3588 G1161 G3004 G0846 G5101 G2309 G3004 G0846 G3004 G2443 G2523 G3778

οἱ δύο υἱοί μου εἷς ἐκ δεξιῶν ‹σου›, καὶ εἷς ἐξ εὐωνύμων
મારા બે દીકરાઓ મારા એક તમારી જમણી-બાજુએ તમારી અને એક તમારી ડાબી-બાજુએ
G3588 G1417 G5207 G1473 G1520 G1537 G1188 G4771 G2532 G1520 G1537 G2176

σου, ἐν τῇ βασιλείᾳ σου.
તમારી માં તમારા રાજ્યમાં તમારા
G4771 G1722 G3588 G0932 G4771

ઈસુએ તેમને કહ્યુ કે, "તમે શું ચાહો છો?" તેણે તેમને કહ્યુ કે, "તમારા રાજ્યમાં આ મારા બે દીકરામાંનો એક તમારે જમણે હાથે અને બીજો તમારે ડાબે હાથે બેસે, એવી આજ્ઞા તમે કરો."

22 ἀποκριθεὶς δὲ, ὁ Ἰησοῦς εἶπεν, Οὐκ οἴδατε τί αἰτεῖσθε. δύνασθε πιεῖν
જવાબ-આપીને તો તે ઈસુએ કહ્યુ નથી જાણતા શું માગો-છો શકો-છો પીવા
G0611 G1161 G3588 G2424 G3004 G3756 G1492 G5101 G0154 G1410 G4095

τὸ ποτήριον ὃ ἐγὼ μέλλω πίνειν? <ἢ τὸ βάπτισμα ὃ ἐγὼ
તે પ્યાલો જે હું પીવાનો-છું પીવા અથવા તે બાપ્તિસ્મા જે હું
G3588 G4221 G3739 G1473 G3195 G4095 G2228 G3588 G0908 G3739 G1473

βαπτίζομαι βαπτισθῆναι>? λέγουσιν αὐτῷ, Δυνάμεθα.
પામું-છું પામવા કહે-છે તેને શકીએ-છીએ
G0907 G0907 G3004 G0846 G1410

પણ ઈસુએ તેઓને ઉત્તર આપ્યો કે, “તમે જે માગો છો તે તમે સમજતા નથી; જે પ્યાલો હું પીવાનો છું તે તમે પી શકો છો?” તેઓએ તેમને કહ્યુ કે, “અમે પી શકીએ છીએ.”

23 λέγει αὐτοῖς, Τὸ μὲν ποτήριόν μου πίεσθε; <βάπτισμα ὃ ἐγὼ
કહે-છે તેમને તે ખરેખર મારો-પ્યાલો મારો પીશો બાપ્તિસ્મા જે હું
G3004 G0846 G3588 G3303 G4221 G1473 G4095 G0908 G3739 G1473

βαπτίζομαι, βαπτισθήσεσθε>; τὸ δὲ καθίσαι ἐκ δεξιῶν μου καὶ, ἐξ
પામું-છું પામશો પણ તે બેસવાનું મારી જમણી-બાજુએ મારી અને મારી
G0907 G0907 G3588 G1161 G2523 G1537 G1188 G1473 G2532 G1537

εὐωνύμων, οὐκ ἔστιν ἐμὸν τοῦτο δοῦναι; ἀλλ’ οἷς ἡτοίμασται ὑπὸ τοῦ
ડાબી-બાજુએ નથી છે મારું આ આપવાનું પણ જેમના-માટે તૈયાર-કરાયું-છે દ્વારા તે
G2176 G3756 G1510 G1699 G3778 G1325 G0235 G3739 G2090 G5259 G3588

Πατρός μου.
પિતા મારા
G3962 G1473

તેમણે તેઓને કહ્યુ કે, “તમે મારો પ્યાલો પીશો ખરા, પણ જેઓને માટે મારા પિતાએ તૈયાર કરેલું છે તેઓના વગર બીજાઓને મારે જમણે હાથે અને ડાબે હાથે બેસવા દેવા એ મારા અધિકારમાં નથી.”

24 καὶ ἀκούσαντες, οἱ δέκα ἠγανάκτησαν περὶ τῶν δύο ἀδελφῶν.
અને સાંભળીને તે દસ નારાજ-થયા વિષે તે બે ભાઈઓ
G2532 G0191 G3588 G1176 G0023 G4012 G3588 G1417 G0080

જયારે બીજા દસ શિષ્યોએ તે સાંભળ્યું ત્યારે તેઓ બન્ને ભાઈઓ પર ગુસ્સે થયા.

25 ὁ δὲ Ἰησοῦς, προσκαλεσάμενος αὐτοὺς, εἶπεν, Οἴδατε ὅτι οἱ ἄρχοντες
તે તો ઈસુએ બોલાવીને તેમને કહ્યુ જાણો-છો કે તે શાસકો
G3588 G1161 G2424 G4341 G0846 G3004 G1492 G3754 G3588 G0758

τῶν ἐθνῶν κατακυριεύουσιν αὐτῶν, καὶ οἱ μεγάλοι κατεξουσιάζουσιν αὐτῶν.
તે પ્રજાઓના અધિકાર-ચલાવે-છે તેમના-ઉપર અને તે મોટાઓ સત્તા-ચલાવે-છે તેમના-ઉપર
G3588 G1484 G2634 G0846 G2532 G3588 G3173 G2715 G0846

પણ ઈસુએ તેઓને પાસે બોલાવીને કહ્યુ કે, “તમે જાણો છો કે વિદેશીઓના કર્તાઓ તેઓ પર સત્તા ચલાવે છે. અને જે મોટા છે તેઓ તેઓના પર અધિકાર ચલાવે છે.

26 οὐχ οὕτως ἔσται ἐν ὑμῖν; ἀλλ’ ὃς ἐὰν θέλῃ ἐν ὑμῖν μέγας
નહિ એવું થશે માં તમારામાં પણ જે કોઈ ઇચ્છે માં તમારામાં મોટો
G3756 G3779 G1510 G1722 G4771 G0235 G3739 G1437 G2309 G1722 G4771 G3173

γενέσθαι, ἔσται ὑμῶν διάκονος;
થવા થશે તમારો સેવક
G1096 G1510 G4771 G1249

પણ તમારામાં એવું ન થાય. તમારામાં જે કોઈ મોટો થવા ચાહે, તે તમારો ચાકર થાય;

27 καὶ ὃς ἂν θέλῃ ἐν ὑμῖν εἶναι πρῶτος, ἔσται ὑμῶν δοῦλος;
અને જે કોઈ ઇચ્છે માં તમારામાં થવા પહેલો થશે તમારો દાસ
G2532 G3739 G0302 G2309 G1722 G4771 G1510 G4413 G1510 G4771 G1401

અને જે કોઈ તમારામાં મુખ્ય થવા ચાહે, તે તમારો દાસ થાય;

28 ὥσπερ ὁ Υἱὸς τοῦ ἀνθρώπου οὐκ ἦλθεν διακονηθῆναι, ἀλλὰ διακονῆσαι,
જેમ તે દીકરો તે માણસનો નથી આવ્યો સેવા-કરાવવા પણ સેવા-કરવા
G5618 G3588 G5207 G3588 G0444 G3756 G2064 G1247 G0235 G1247

καὶ δοῦναι τὴν ψυχὴν αὐτοῦ λύτρον ἀντὶ πολλῶν.
અને આપવા પોતાનો જીવ પોતાનો ખંડણી-તરીકે ની-બદલે ઘણાઓ
G2532 G1325 G3588 G5590 G0846 G3083 G0473 G4183

જેમ માણસનો દીકરો સેવા કરાવવા નહિ, પણ સેવા કરવાને, તથા ઘણાં લોકોના મુક્તિમૂલ્યને સારુ પોતાનો જીવ આપવાને આવ્યો છે તેમ."

| 29 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Καὶ | ἐκπορευομένων | αὐτῶν | ἀπὸ | Ἰεριχὼ, | ἠκολούθησεν | αὐτῷ | ὄχλος | πολύς. |
| અને | નીકળતાં | તેઓ | થી | યરીખોથી | અનુસર્યું | તેને | ટોળું | મોટું |
| G2532 | G1607 | G0846 | G0575 | G2410 | G0190 | G0846 | G3793 | G4183 |

જયારે તેઓ યરીખોમાંથી નીકળતા હતા, ત્યારે લોકોનો મોટો સમુદાય તેમની પાછળ ચાલતો હતો.

| 30 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἰδοὺ, | δύο | τυφλοὶ | καθήμενοι | παρὰ | τὴν | ὁδόν, | ἀκούσαντες | ὅτι | Ἰησοῦς |
| અને | જુઓ | બે | આંધળા | બેઠેલા | પાસે | તે | રસ્તાની | સાંભળીને | કે | ઈસુ |
| G2532 | G3708 | G1417 | G5185 | G2521 | G3844 | G3588 | G3598 | G0191 | G3754 | G2424 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| παράγει, | ἔκραξαν, | λέγοντες, | Κύριε□, | «ἐλέησον | ἡμᾶς», | υἱὸς | Δαυίδ. |
| પસાર-થાય-છે | બૂમ-પાડી | કહેતાં | પ્રભુ | દયા-કરો | અમારા-ઉપર | દીકરા | દાઉદના |
| G3855 | G2896 | G3004 | G2962 | G1653 | G1473 | G5207 | G1138 |

જુઓ, બે આંધળાઓ રસ્તાની બાજુએ બેઠા હતા, ઈસુ તેઓની પાસે થઈને જાય છે તે સાંભળીને તેઓએ ઊંચા અવાજે કહ્યુ કે, "ઓ પ્રભુ, દાઉદના દીકરા, અમારા પર દયા કરો."

| 31 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ὁ | δὲ | ὄχλος | ἐπετίμησεν | αὐτοῖς, | ἵνα | σιωπήσωσιν. | οἱ | δὲ | μεῖζον |
| તે | પણ | ટોળાએ | ઠપકો-આપ્યો | તેમને | કે | ચૂપ-રહે | તેઓ | પણ | વધારે-જોરથી |
| G3588 | G1161 | G3793 | G2008 | G0846 | G2443 | G4623 | G3588 | G1161 | G3173 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ἔκραξαν, | λέγοντες, | Κύριε□, | «ἐλέησον | ἡμᾶς», | υἱὸς | Δαυίδ. |
| બૂમ-પાડી | કહેતાં | પ્રભુ | દયા-કરો | અમારા-ઉપર | દીકરા | દાઉદના |
| G2896 | G3004 | G2962 | G1653 | G1473 | G5207 | G1138 |

પણ લોકોએ તેઓને ધમકાવીને ચૂપ રહેવા કહ્યુ, પણ તેઓએ વધારે મોટેથી બૂમ પાડતાં કહ્યુ કે, "ઓ પ્રભુ, દાઉદના દીકરા, અમારા ઉપર દયા કરો."

| 32 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | στὰς, | ὁ | Ἰησοῦς | ἐφώνησεν | αὐτοὺς, | καὶ | εἶπεν, | Τί | θέλετε | ποιήσω |
| અને | ઊભા-રહીને | તે | ઈસુએ | બોલાવ્યા | તેમને | અને | કહ્યુ | શું | ઇચ્છો-છો | કરું |
| G2532 | G2476 | G3588 | G2424 | G5455 | G0846 | G2532 | G3004 | G5101 | G2309 | G4160 |

| |
|---|
| ὑμῖν? |
| તમારા-માટે |
| G4771 |

ત્યારે ઈસુએ ઊભા રહીને તેઓને બોલાવીને કહ્યુ કે, "હું તમારે માટે શું કરું, એ વિષે તમારી શી ઇચ્છા છે?"

| 33 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| λέγουσιν | αὐτῷ, | Κύριε, | ἵνα | ἀνοιγῶσιν | οἱ | ὀφθαλμοὶ | ἡμῶν. |
| કહે-છે | તેને | પ્રભુ | કે | ઊઘડે | અમારી | આંખો | અમારી |
| G3004 | G0846 | G2962 | G2443 | G0455 | G3588 | G3788 | G1473 |

તેઓએ તેમને કહ્યુ કે, "પ્રભુ, અમારી આંખો ઉઘાડો."

| 34 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| σπλαγχνισθεὶς | δὲ, | ὁ | Ἰησοῦς | ἥψατο | τῶν | ὀμμάτων | αὐτῶν; | καὶ | εὐθέως |
| કરુણા-લાગીને | તો | તે | ઈસુએ | સ્પર્શ-કર્યો | તેમની | આંખોને | તેમની | અને | તરત-જ |
| G4697 | G1161 | G3588 | G2424 | G0680 | G3588 | G3659 | G0846 | G2532 | G2112 |

| | | | |
|---|---|---|---|
| ἀνέβλεψαν, | καὶ | ἠκολούθησαν | αὐτῷ. |
| દેખતા-થયા | અને | અનુસર્યા | તેને |
| G0308 | G2532 | G0190 | G0846 |

ત્યારે ઈસુને અનુકંપા આવી, અને તે તેઓની આંખોને અડક્યા અને તરત તેઓ દેખતા થયા અને તેઓ ઈસુની પાછળ ચાલ્યા.

## Chapter 21

1 Καὶ ὅτε ἤγγισαν εἰς Ἱεροσόλυμα καὶ ἦλθον εἰς Βηθφαγὴ εἰς τὸ
અને જ્યારે નજીક-આવ્યા તરફ યરુશાલેમ અને આવ્યા તરફ બેથફગે તરફ તે
G2532 G3753 G1448 G1519 G2414 G2532 G2064 G1519 G0967 G1519 G3588

ὄρος τῶν Ἐλαιῶν, τότε Ἰησοῦς ἀπέστειλεν δύο μαθητὰς,
પર્વત તે જૈતૂનનો ત્યારે ઈસુ મોકલ્યા બે શિષ્યોને
G3735 G3588 G1636 G5119 G2424 G0649 G1417 G3101

જયારે તેઓ યરુશાલેમની નજીક આવ્યા અને તેઓ જૈતૂન નામના પહાડ પાસે બેથફાગે સુધી પહોંચ્યા, ત્યારે ઈસુએ બે શિષ્યોને મોકલીને

2 λέγων αὐτοῖς, Πορεύεσθε εἰς τὴν κώμην, τὴν κατέναντι ὑμῶν, καὶ εὐθέως
કહેતાં તેમને જાઓ તરફ તે ગામમાં જે સામે તમારી અને તરત-જ
G3004 G0846 G4198 G1519 G3588 G2968 G3588 G2713 G4771 G2532 G2112

εὑρήσετε ὄνον δεδεμένην, καὶ πῶλον μετ’ αὐτῆς; λύσαντες ἀγάγετέ μοι.
મળશે ગધેડી બાંધેલી અને વછેરો સાથે તેની છોડીને લાવો મને
G2147 G3688 G1210 G2532 G4454 G3326 G0846 G3089 G0071 G1473

કહ્યુ કે, “તમે સામેના ગામમાં જાઓ, તેમાં પ્રવેશતા જ તમને બાંધેલી એક ગધેડી તથા તેની પાસે બચ્ચું જોવા મળશે; તેઓને છોડીને મારી પાસે લાવો.

3 καὶ ἐάν τις ὑμῖν εἴπῃ τι, ἐρεῖτε, ὅτι Ὁ Κύριος αὐτῶν χρείαν ἔχει.
અને જો કોઈ તમને કહે કંઈ કહેજો કે તે પ્રભુને તેમની જરૂર છે
G2532 G1437 G5100 G4771 G3004 G5100 G2046 G3754 G3588 G2962 G0846 G5532 G2192

εὐθὺς δὲ, ἀποστελεῖ αὐτούς.
તરત-જ અને મોકલશે તેમને
G2112 G1161 G0649 G0846

જો કોઈ તમને કંઈ કહે તો તમારે કહેવું કે, ‘પ્રભુને તેઓની જરૂર છે,’ એટલે તે તેઓને તરત જ મોકલી દેશે.”

4 Τοῦτο δὲ γέγονεν, ἵνα πληρωθῇ τὸ ῥηθὲν διὰ τοῦ προφήτου,
આ તો થયું કે પૂર્ણ-થાય તે કહેવાયેલું દ્વારા તે પ્રબોધકનું
G3778 G1161 G1096 G2443 G4137 G3588 G2046 G1223 G3588 G4396

λέγοντος,
કહેવું
G3004

હવે આ એટલા માટે થયું કે પ્રબોધકે જે કહ્યુ હતું તે પૂરું થાય કે,

5 Εἴπατε τῇ θυγατρὶ Σιών, Ἰδοὺ, ὁ Βασιλεύς σου ἔρχεταί σοι, πραῢς
કહો તે દીકરીને સિયોનની જુઓ તારો રાજા તારો આવે-છે તને નમ્ર
G3004 G3588 G2364 G4622 G3708 G3588 G0935 G4771 G2064 G4771 G4239

καὶ ἐπιβεβηκὼς ἐπὶ ὄνον, καὶ ἐπὶ πῶλον, υἱὸν ὑποζυγίου.
અને બેઠેલો ઉપર ગધેડી અને ઉપર વછેરા દીકરા ભાર-ઉઠાવનારીના
G2532 G1910 G1909 G3688 G2532 G1909 G4454 G5207 G5268

“સિયોનની દીકરીને એમ કહો કે, જુઓ, તારો રાજા તારી પાસે આવે છે, તે નમ્ર છે, તથા ગધેડા પર, હા, ખોલા પર, એટલે ગધેડીના વછેરા પર, સવાર થઈને આવે છે.”

6 πορευθέντες δὲ οἱ μαθηταὶ, καὶ ποιήσαντες καθὼς συνέταξεν αὐτοῖς ὁ
જઈને અને તે શિષ્યોએ અને કર્યું જેમ આજ્ઞા-આપી તેમને તે
G4198 G1161 G3588 G3101 G2532 G4160 G2531 G4929 G0846 G3588

Ἰησοῦς,
ઈસુએ
G2424

ત્યારે શિષ્યોએ જઈને ઈસુએ તેઓને જે ફરમાવ્યું હતું તેમ કર્યું.

7 ἤγαγον τὴν ὄνον καὶ τὸν πῶλον, καὶ ἐπέθηκαν ἐπ’ αὐτῶν τὰ ἱμάτια,
લાવ્યા તે ગધેડી અને તે વછેરાને અને મૂક્યા ઉપર તેમના તે વસ્ત્રો
G0071 G3588 G3688 G2532 G3588 G4454 G2532 G2007 G1909 G0846 G3588 G2440

καὶ ἐπεκάθισεν ἐπάνω αὐτῶν.
અને બેઠા ઉપર તેમના
G2532 G1940 G1883 G0846

તેઓ ગધેડીને બચ્ચા સહિત લાવ્યા અને પોતાના વસ્ત્ર તેઓ પર નાખ્યાં, અને ઈસુ તેના પર સવાર થયા.

8 ὁ δὲ πλεῖστος ὄχλος ἔστρωσαν ἑαυτῶν τὰ ἱμάτια ἐν τῇ ὁδῷ;
તે અને મોટા-ભાગના ટોળાએ પાથર્યા પોતાના તે વસ્ત્રો માં તે રસ્તામાં
G3588 G1161 G4118 G3793 G4766 G1438 G3588 G2440 G1722 G3588 G3598

ἄλλοι δὲ ἔκοπτον κλάδους ἀπὸ τῶν δένδρων, καὶ ἐστρώννυον ἐν τῇ
બીજાઓએ અને કાપ્યા ડાળીઓ થી તે ઝાડોની અને પાથર્યા માં તે
G0243 G1161 G2875 G2798 G0575 G3588 G1186 G2532 G4766 G1722 G3588

ὁδῷ.
રસ્તામાં
G3598

લોકોમાંના ઘણાંખરાએ પોતાના વસ્ત્ર રસ્તામાં પાથર્યા, બીજાઓએ વૃક્ષો પરથી ડાળીઓ કાપીને રસ્તામાં પાથરી.

9 οἱ δὲ ὄχλοι οἱ προάγοντες αὐτὸν, καὶ οἱ ἀκολουθοῦντες, ἔκραζον,
તે અને ટોળાઓ જે આગળ-ચાલતા તેમની અને જે પાછળ-ચાલતા પોકારતા-હતા
G3588 G1161 G3793 G3588 G4254 G0846 G2532 G3588 G0190 G2896

λέγοντες, Ὡσαννὰ τῷ υἱῷ Δαυίδ! Εὐλογημένος ὁ ἐρχόμενος ἐν ὀνόματι
કહેતાં હોશાન્ના તે દીકરાને દાઉદના ધન્ય-છે તે આવનાર માં નામે
G3004 G5614 G3588 G5207 G1138 G2127 G3588 G2064 G1722 G3686

Κυρίου! Ὡσαννὰ ἐν τοῖς ὑψίστοις!
પ્રભુના હોશાન્ના માં તે ઉચ્ચતમમાં
G2962 G5614 G1722 G3588 G5310

હવે આગળ ચાલનાર તથા પાછળ આવનાર લોકે પોકાર્યું કે, “દાઉદના દીકરાને હોસાન્ના, પ્રભુને નામે જે આવે છે તે આશીર્વાદિત છે; પરમ ઊંચામાં હોસાન્ના”

10 καὶ εἰσελθόντος αὐτοῦ εἰς Ἱεροσόλυμα, ἐσείσθη πᾶσα ἡ πόλις,
અને પ્રવેશ-કર્યા-પછી તેમના માં યરુશાલેમ ખળભળી-ઊઠ્યું આખું તે શહેર
G2532 G1525 G0846 G1519 G2414 G4579 G3956 G3588 G4172

λέγουσα, Τίς ἐστιν οὗτος?
કહેતાં કોણ છે આ
G3004 G5101 G1510 G3778

તેઓ જયારે યરુશાલેમમાં આવ્યા ત્યારે આખા નગરે ખળભળી ઊઠીને કહ્યુ કે, ‘એ કોણ છે?’

11 οἱ δὲ ὄχλοι ἔλεγον, Οὗτός ἐστιν ὁ προφήτης, Ἰησοῦς, ὁ ἀπὸ
તે અને ટોળાઓ કહેતા-હતા આ છે તે પ્રબોધક ઈસુ તે થી
G3588 G1161 G3793 G3004 G3778 G1510 G3588 G4396 G2424 G3588 G0575

Ναζαρὲθ τῆς Γαλιλαίας.
નાઝારેથ ના ગાલીલનો
G3478 G3588 G1056

ત્યારે લોકોએ કહ્યુ કે, "ઈસુ પ્રબોધક, જે ગાલીલના નાસરેથના, તે એ છે."

12 Καὶ εἰσῆλθεν Ἰησοῦς εἰς τὸ ἱερόν καὶ ἐξέβαλεν πάντας τοὺς πωλοῦντας
અને પ્રવેશ-કર્યો ઈસુ માં તે મંદિર અને કાઢ્યા બધાને તે વેચનારાઓને
G2532 G1525 G2424 G1519 G3588 G2411 G2532 G1544 G3956 G3588 G4453

καὶ ἀγοράζοντας ἐν τῷ ἱερῷ, καὶ τὰς τραπέζας τῶν κολλυβιστῶν
અને ખરીદનારાઓને માં તે મંદિરમાં અને તે ટેબલો તે નાણાવટીઓના
G2532 G0059 G1722 G3588 G2411 G2532 G3588 G5132 G3588 G2855

κατέστρεψεν, καὶ τὰς καθέδρας τῶν πωλούντων τὰς περιστεράς.
ઊલટાવ્યા અને તે બેઠકો તે વેચનારાઓની તે કબૂતરોની
G2690 G2532 G3588 G2515 G3588 G4453 G3588 G4058

પછી ઈસુ ઈશ્વરના ભક્તિસ્થાનમાં ગયા. ત્યાં જેઓ વેચતા તથા ખરીદતા હતા, તે સર્વને તેમણે કાઢી મૂક્યા; અને નાણાવટીઓનાં બાજઠ, તથા કબૂતર વેચનારાઓનાં આસનો ઊંધા વાળ્યાં.

13 καὶ λέγει αὐτοῖς, Γέγραπται, Ὁ οἶκός μου οἶκος προσευχῆς κληθήσεται;
અને કહે-છે તેમને લખાયેલું-છે તે ઘર મારું ઘર પ્રાર્થનાનું કહેવાશે
G2532 G3004 G0846 G1125 G3588 G3624 G1473 G3624 G4335 G2564

ὑμεῖς δὲ αὐτὸν ποιεῖτε σπήλαιον λῃστῶν.
તમે પણ તેને બનાવો-છો ગુફા લૂંટારાઓની
G4771 G1161 G0846 G4160 G4693 G3027

ઈસુએ તેઓને કહ્યુ કે, "મારું ઘર પ્રાર્થનાનું ઘર કહેવાશે,' એમ લખેલું છે, પણ તમે એને લૂંટારાઓનું કોતર બનાવ્યું છે."

14 Καὶ προσῆλθον αὐτῷ τυφλοὶ καὶ χωλοὶ ἐν τῷ ἱερῷ, καὶ
અને આવ્યા તેમની-પાસે આંધળાઓ અને લંગડાઓ માં તે મંદિરમાં અને
G2532 G4334 G0846 G5185 G2532 G5560 G1722 G3588 G2411 G2532

ἐθεράπευσεν αὐτούς.
સાજા-કર્યા તેમને
G2323 G0846

ત્યાર પછી અંધજનો તથા અપંગો તેમની પાસે ભક્તિસ્થાનમાં આવ્યા અને તેમણે તેઓને સાજાં કર્યા.

15 ἰδόντες δὲ οἱ ἀρχιερεῖς καὶ οἱ γραμματεῖς τὰ θαυμάσια ἃ
જોઈને તો તે મુખ્ય-યાજકો અને તે શાસ્ત્રીઓ તે અદ્ભુત-કાર્યો જે
G3708 G1161 G3588 G0749 G2532 G3588 G1122 G3588 G2297 G3739

ἐποίησεν, καὶ τοὺς παῖδας τοὺς κράζοντας ἐν τῷ ἱερῷ, καὶ λέγοντας,
કર્યા અને તે બાળકોને જે પોકારતા-હતા માં તે મંદિરમાં અને કહેતા
G4160 G2532 G3588 G3816 G3588 G2896 G1722 G3588 G2411 G2532 G3004

Ὡσαννὰ τῷ υἱῷ Δαυίδ, ἠγανάκτησαν,
હોશાન્ના તે દીકરાને દાઉદના નારાજ-થયા
G5614 G3588 G5207 G1138 G0023

પણ જે ચમત્કારો તેમણે કર્યા, તથા જે બાળકો ભક્તિસ્થાનમાં મોટા અવાજે 'દાઉદના દીકરાને હોસાન્ના' પોકારતા હતાં, તેઓને જયારે મુખ્ય યાજકોએ તથા શાસ્ત્રીઓએ જોયા, ત્યારે તેઓ બહુ ગુસ્સે થયા.

16 καὶ εἶπαν αὐτῷ, Ἀκούεις τί οὗτοι λέγουσιν? ὁ δὲ Ἰησοῦς λέγει
અને કહ્યુ તેમને સાંભળો-છો શું આ કહે-છે તે તો ઈસુ કહે-છે
G2532 G3004 G0846 G0191 G5101 G3778 G3004 G3588 G1161 G2424 G3004

αὐτοῖς, Ναί, οὐδέποτε ἀνέγνωτε, ὅτι Ἐκ στόματος νηπίων καὶ θηλαζόντων,
તેમને હા ક્યારેય-નથી વાંચ્યું કે થી મોઢાના બાળકોના અને ધાવણાઓના
G0846 G3483 G3763 G0314 G3754 G1537 G4750 G3516 G2532 G2337

κατηρτίσω αἶνον?
સિદ્ધ-કર્યા સ્તુતિ
G2675 G0136

તેઓએ ઈસુને કહ્યુ કે, “તેઓ શું કહે છે, તે શું તું સાંભળે છે?” ત્યારે ઈસુ તેઓને કહે છે કે, ‘હા’ “બાળકોના તથા નવજાત શિશુઓના મુખથી તેં સ્તુતિ સંપૂર્ણ કરાવી છે, એ શું તમે કદી નથી વાંચ્યું?”

જેઓએ રોટલીઓ ખાધી તેઓ આશરે પાંચ હજાર પુરુષ હતા.

45 Καὶ εὐθὺς ἠνάγκασεν τοὺς μαθητὰς αὐτοῦ ἐμβῆναι εἰς τὸ πλοῖον, καὶ
અને તરત ફરજ-પાડી તે શિષ્યોને તેમના ચડવા માં તે હોડીમાં અને
G2532 G2112 G0315 G3588 G3101 G0846 G1684 G1519 G3588 G4143 G2532

προάγειν εἰς τὸ πέραν, πρὸς Βηθσαϊδάν, ἕως αὐτὸς ἀπολύει τὸν ὄχλον.
આગળ-જવા ની તે સામે-પાર તરફ બેથસૈદા જ્યાં-સુધી પોતે વિદાય-કરે તે ટોળાને
G4254 G1519 G3588 G4008 G4314 G0966 G2193 G0846 G0630 G3588 G3793

તત્કાળ તેમણે પોતાના શિષ્યોને પાસે બોલાવીને હોડીમાં બેસાડ્યા, અને પોતે લોકોને વિદાય કરે એટલામાં તેઓને પોતાની આગળ પેલે પાર બેથસાઈદામાં મોકલ્યા.

46 καὶ ἀποταξάμενος αὐτοῖς, ἀπῆλθεν εἰς τὸ ὄρος προσεύξασθαι.
અને વિદાય-આપીને તેમને ગયા માં તે પર્વત-પર પ્રાર્થના-કરવા
G2532 G0657 G0846 G0565 G1519 G3588 G3735 G4336

તેઓને વિદાય કરીને ઈસુ પહાડ પર પ્રાર્થના કરવા ગયા.

47 καὶ ὀψίας γενομένης, ἦν τὸ πλοῖον ἐν μέσῳ τῆς θαλάσσης, καὶ
અને સાંજ થતાં હતી તે હોડી માં વચ્ચે ના સમુદ્રની અને
G2532 G3798 G1096 G1510 G3588 G4143 G1722 G3319 G3588 G2281 G2532

αὐτὸς μόνος ἐπὶ τῆς γῆς.
તે એકલા પર ની જમીન-પર
G0846 G3441 G1909 G3588 G1093

સાંજ પડી ત્યારે હોડી સમુદ્ર મધ્યે હતી; અને ઈસુ એકલા બહાર જમીન પર હતા.

48 καὶ ἰδὼν αὐτοὺς βασανιζομένους ἐν τῷ ἐλαύνειν, ἦν γὰρ ὁ
અને જોઈને તેમને તકલીફમાં-પડેલા માં તે હલેસાં-મારવામાં હતો કારણ-કે તે
G2532 G3708 G0846 G0928 G1722 G3588 G1643 G1510 G1063 G3588

ἄνεμος ἐναντίος αὐτοῖς. περὶ τετάρτην φυλακὴν τῆς νυκτὸς ἔρχεται πρὸς
પવન વિરુદ્ધ તેમને લગભગ ચોથા પ્રહરમાં ની રાતના આવે-છે પાસે
G0417 G1727 G0846 G4012 G5067 G5438 G3588 G3571 G2064 G4314

αὐτοὺς, περιπατῶν ἐπὶ τῆς θαλάσσης, καὶ ἤθελεν παρελθεῖν αὐτούς.
તેમની ચાલતાં પર ના સમુદ્ર-પર અને ચાહતા-હતા પસાર-થવા તેમને
G0846 G4043 G1909 G3588 G2281 G2532 G2309 G3928 G0846

તેઓ હલેસાં મારતાં હેરાન થયા. કેમ કે પવન તેઓની સામો હતો, તે જોઈને, સવારે ત્રણ થી છ કલાકના સમયે ઈસુ સમુદ્ર પર ચાલતાં તેઓની પાસે આવ્યા અને જાણે તેઓથી આગળ જવાના હતા.

49 οἱ δὲ ἰδόντες αὐτὸν ἐπὶ τῆς θαλάσσης περιπατοῦντα, ἔδοξαν ὅτι
તે પણ જોઈને તેમને પર ના સમુદ્ર-પર ચાલતાં ધાર્યું કે
G3588 G1161 G3708 G0846 G1909 G3588 G2281 G4043 G1380 G3754

φάντασμά ἐστιν, καὶ ἀνέκραξαν.
ભૂત છે અને બૂમો-પાડી
G5326 G1510 G2532 G0349

તેઓએ તેમને સમુદ્ર પર ચાલતા જોઈને વિચાર્યું કે, એ તો ભૂત છે અને બૂમ પાડી;

50 πάντες γὰρ αὐτὸν εἶδον, καὶ ἐταράχθησαν. ὁ δὲ εὐθὺς ἐλάλησεν μετ’
બધાએ કારણ-કે તેમને જોયા અને ગભરાયા પણ તે તરત બોલ્યા સાથે
G3956 G1063 G0846 G3708 G2532 G5015 G3588 G1161 G2112 G2980 G3326

αὐτῶν, καὶ λέγει αὐτοῖς, Θαρσεῖτε; ἐγώ εἰμι; μὴ φοβεῖσθε.
તેમની અને કહે-છે તેમને હિંમત-રાખો હું છું ન ડરો
G0846 G2532 G3004 G0846 G2293 G1473 G1510 G3361 G5399

કેમ કે બધા તેમને જોઈને ગભરાયા. પણ તરત તે તેઓની સાથે બોલ્યા અને તેઓને કહ્યુ કે, ‘હિંમત રાખો, એ તો હું છું, બીશો નહિ.’”

51 καὶ ἀνέβη πρὸς αὐτοὺς εἰς τὸ πλοῖον, καὶ ἐκόπασεν ὁ ἄνεμος.
અને ચડ્યા પાસે તેમની માં તે હોડીમાં અને શમી-ગયો તે પવન
G2532 G0305 G4314 G0846 G1519 G3588 G4143 G2532 G2869 G3588 G0417

καὶ λίαν ἐκ περισσοῦ ἐν ἑαυτοῖς ἐξίσταντο,
અને ખૂબ-જ થી અત્યંત માં પોતાનામાં ચકિત-થયા
G2532 G3029 G1537 G4053 G1722 G1438 G1839

તે તેઓની પાસે હોડી પર ગયા અને પવન બંધ થયો; અને તેઓ અતિશય વિસ્મિત થયા;

52 οὐ γὰρ συνῆκαν ἐπὶ τοῖς ἄρτοις, ἀλλ’ ἦν αὐτῶν ἡ καρδία
કારણ-કે કારણ-કે સમજ્યા-ન-હતા પરથી તે રોટલીઓ-પરથી પણ હતું તેમનું તે હૃદય
G3756 G1063 G4920 G1909 G3588 G0740 G0235 G1510 G0846 G3588 G2588

πεπωρωμένη.
કઠણ-થયેલું
G4456

કેમ કે તેઓ રોટલીના ચમત્કાર સંબંધી સમજ્યા નહિ. તેઓનાં મન કઠોર રહ્યાં.

53 Καὶ διαπεράσαντες ἐπὶ τὴν γῆν, ἦλθον εἰς Γεννησαρὲτ, καὶ
અને પાર-ઊતરીને પર તે જમીન-પર આવ્યા માં ગન્નેસરેતમાં અને
G2532 G1276 G1909 G3588 G1093 G2064 G1519 G1082 G2532

προσωρμίσθησαν.
લાંગર્યું
G4358

તેઓ પાર જઈને ગન્નેસારેત દેશમાં આવ્યા અને કિનારે લંગર નાખ્યું.

54 καὶ ἐξελθόντων αὐτῶν ἐκ τοῦ πλοίου, εὐθὺς ἐπιγνόντες αὐτὸν,
અને ઊતરતાં તેમના માંથી તે હોડીમાંથી તરત ઓળખ્યા તેમને
G2532 G1831 G0846 G1537 G3588 G4143 G2112 G1921 G0846

તેઓ હોડી પરથી ઊતર્યા ત્યારે તરત લોકોએ ઈસુને ઓળખ્યા,

55 περιέδραμον ὅλην τὴν χώραν ἐκείνην, καὶ ἤρξαντο ἐπὶ τοῖς κραβάττοις
દોડ્યા આખા તે પ્રદેશમાં ત્યાં અને શરૂ-કર્યું પર તે ખાટલાઓ-પર
G4063 G3650 G3588 G5561 G1565 G2532 G0756 G1909 G3588 G2895

τοὺς κακῶς ἔχοντας περιφέρειν, ὅπου ἤκουον ὅτι ἐστίν.
તે માંદા લોકોને લાવવા જ્યાં સાંભળ્યું કે છે
G3588 G2560 G2192 G4064 G3699 G0191 G3754 G1510

અને ચારેબાજુ તેઓ આખા પ્રદેશમાં દોડી જઈને ઈસુ ક્યાં છે તે તેઓએ સાંભળ્યું ત્યારે માંદાઓને ખાટલામાં તેમની પાસે લાવ્યાં.

56 καὶ ὅπου ἂν εἰσεπορεύετο εἰς κώμας ἢ εἰς πόλεις ἢ εἰς
અને જ્યાં પણ જતા-હતા માં ગામોમાં કે માં શહેરોમાં કે માં
G2532 G3699 G0302 G1531 G1519 G2968 G2228 G1519 G4172 G2228 G1519

ἀγροὺς, ἐν ταῖς ἀγοραῖς ἐτίθεσαν τοὺς ἀσθενοῦντας, καὶ παρεκάλουν αὐτὸν
ખેતરોમાં માં તે બજારોમાં મૂકતા-હતા તે બીમારોને અને વિનંતી-કરતા-હતા તેમને
G0068 G1722 G3588 G0058 G5087 G3588 G0770 G2532 G3870 G0846

ἵνα κἂν τοῦ κρασπέδου τοῦ ἱματίου αὐτοῦ ἅψωνται; καὶ ὅσοι ἂν
કે તો-પણ ના છેડાને ના વસ્ત્રના તેમના અડે અને જેટલા પણ
G2443 G2579 G3588 G2899 G3588 G2440 G0846 G0680 G2532 G3745 G0302

ἥψαντο αὐτοῦ ἐσῴζοντο.
અડક્યા તેમને સાજા-થયા
G0680 G0846 G4982

જે જે ગામો, શહેરો કે પરાંઓમાં ઈસુ ગયા, ત્યાં તેઓએ માંદાઓને ચોકમાં રાખ્યા અને તેમને વિનંતી કરી કે, 'તેઓને માત્ર તમારા વસ્ત્રની કોરને અડકવા દો;' જેટલાંએ તેમને સ્પર્શ કર્યો તેઓ સાજાં થયા.

## Chapter 7

1 Καὶ συνάγονται πρὸς αὐτὸν οἱ Φαρισαῖοι καί τινες τῶν γραμματέων,
અને ભેગા-થાય-છે પાસે તેમની તે ફરીસીઓ અને કેટલાક ના શાસ્ત્રીઓ
G2532 G4863 G4314 G0846 G3588 G5330 G2532 G5100 G3588 G1122

ἐλθόντες ἀπὸ Ἱεροσολύμων;
આવેલા થી યરૂશાલેમથી
G2064 G0575 G2414

ફરોશીઓ તથા કેટલાક શાસ્ત્રીઓ યરુશાલેમથી આવીને ઈસુની આસપાસ ભેગા થયા.

2 καὶ ἰδόντες τινὰς τῶν μαθητῶν αὐτοῦ ὅτι κοιναῖς χερσίν, τοῦτ’ ἔστιν
અને જોઈને કેટલાક ના શિષ્યો તેમના કે અશુદ્ધ હાથોથી એટલે-કે છે
G2532 G3708 G5100 G3588 G3101 G0846 G3754 G2839 G5495 G3778 G1510

ἀνίπτοις, ἐσθίουσιν τοὺς ἄρτους,
ન-ધોયેલા ખાય-છે તે રોટલી
G0449 G2068 G3588 G0740

અને તેમના શિષ્યોમાંના અમુકને ધોયા વગરના અશુદ્ધ હાથે, રોટલી ખાતા જોયાં.

3 οἱ γὰρ Φαρισαῖοι καὶ πάντες οἱ Ἰουδαῖοι, ἐὰν μὴ πυγμῇ νίψωνται
કારણ-કે કારણ-કે ફરીસીઓ અને બધા તે યહૂદીઓ જો ન મુઠ્ઠીથી ધોએ
G3588 G1063 G5330 G2532 G3956 G3588 G2453 G1437 G3361 G4435 G3538

τὰς χεῖρας, οὐκ ἐσθίουσιν, κρατοῦντες τὴν παράδοσιν τῶν πρεσβυτέρων;
તે હાથ નથી ખાતા પકડી-રાખીને તે પરંપરા ના વડીલોની
G3588 G5495 G3756 G2068 G2902 G3588 G3862 G3588 G4245

કેમ કે ફરોશીઓ તથા બધા યહૂદીઓ વડીલોના રિવાજ પ્રમાણે હાથ ધોયા વિના ખાતા ન હતા.

4 καὶ ἀπ’ ἀγορᾶς, ἐὰν μὴ βαπτίσωνται οὐκ ἐσθίουσιν; καὶ ἄλλα πολλά
અને થી બજારમાંથી જો ન પવિત્ર-કરે નથી ખાતા અને બીજી ઘણી
G2532 G0575 G0058 G1437 G3361 G0907 G3756 G2068 G2532 G0243 G4183

ἐστιν ἃ παρέλαβον κρατεῖν, βαπτισμοὺς ποτηρίων καὶ ξεστῶν καὶ
છે જે અપનાવી-છે પાળવા ધોવા પ્યાલાના અને ઘડાના અને
G1510 G3739 G3880 G2902 G0909 G4221 G2532 G3582 G2532

χαλκίων ‹καὶ κλινῶν›.
તાંબાના-વાસણોના અને ખાટલાના
G5473 G2532 G2825

બજારમાંથી આવીને નાહ્યા વિના તેઓ જમતા નહોતા; અને વાટકા, ગાગરો, તાંબાનાં વાસણ ધોવા અને બીજી ઘણી ક્રિયાઓ પાળવાને તેઓએ સ્વીકાર્યું હતું.

5 καὶ ἐπερωτῶσιν αὐτὸν οἱ Φαρισαῖοι καὶ οἱ γραμματεῖς, Διὰ τί
અને પૂછે-છે તેમને તે ફરીસીઓ અને તે શાસ્ત્રીઓ શા-માટે કેમ
G2532 G1905 G0846 G3588 G5330 G2532 G3588 G1122 G1223 G5101

οὐ περιπατοῦσιν οἱ μαθηταί σου κατὰ τὴν παράδοσιν τῶν πρεσβυτέρων,
નથી ચાલતા તે શિષ્યો તમારા પ્રમાણે તે પરંપરા ના વડીલોની
G3756 G4043 G3588 G3101 G4771 G2596 G3588 G3862 G3588 G4245

ἀλλὰ κοιναῖς χερσὶν ἐσθίουσιν τὸν ἄρτον?
પણ અશુદ્ધ હાથોથી ખાય-છે તે રોટલી
G0235 G2839 G5495 G2068 G3588 G0740

પછી ફરોશીઓ તથા શાસ્ત્રીઓ તેમને પૂછે છે કે, ‘તમારા શિષ્યો વડીલોના રિવાજો પ્રમાણે ન ચાલતાં અશુદ્ધ હાથે રોટલી કેમ ખાય છે?”

6 ὁ δὲ εἶπεν αὐτοῖς, Καλῶς ἐπροφήτευσεν Ἠσαΐας περὶ ὑμῶν τῶν
તે પણ કહ્યુ તેમને સારું ભવિષ્યવાણી-કરી યશાયાએ વિશે તમારા ના
G3588 G1161 G3004 G0846 G2573 G4395 G2268 G4012 G4771 G3588

ὑποκριτῶν, ὡς γέγραπται, ὅτι Οὗτος ὁ λαὸς τοῖς χείλεσίν με τιμᾷ,
ઢોંગીઓ જેમ લખ્યું-છે કે આ તે લોકો ના હોઠોથી મને માન-આપે-છે
G5273 G5613 G1125 G3754 G3778 G3588 G2992 G3588 G5491 G1473 G5091

ἡ δὲ καρδία αὐτῶν πόρρω ἀπέχει ἀπ’ ἐμοῦ.
પણ તે હૃદય તેમનું દૂર છે થી મારાથી
G3588 G1161 G2588 G0846 G4206 G0568 G0575 G1473

ઈસુએ તેઓને કહ્યુ કે, ‘ઓ ઢોંગીઓ તમારા સંબંધી યશાયાએ ઠીક પ્રબોધ કર્યો છે, જેમ લખ્યું છે કે, આ લોકો હોઠોએ મને માને છે, પણ તેઓનાં હૃદયો મારાથી વેગળાં રહે છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | μάτην | δὲ | σέβονταί | με, | διδάσκοντες | διδασκαλίας | ἐντάλματα | ἀνθρώπων. |
| | વ્યર્થ | પણ | ભજે-છે | મને | શીખવતાં | ઉપદેશ | આજ્ઞાઓ | માણસોની |
| | G3155 | G1161 | G4576 | G1473 | G1321 | G1319 | G1778 | G0444 |

પણ તેઓ પોતાના રિવાજો મુજબ માણસોની આજ્ઞા શીખવતાં મને વ્યર્થ ભજે છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 8 | ἀφέντες | τὴν | ἐντολὴν | τοῦ | Θεοῦ, | κρατεῖτε | τὴν | παράδοσιν | τῶν | ἀνθρώπων, |
| | છોડીને | તે | આજ્ઞા | ના | ઈશ્વરની | પકડી-રાખો-છો | તે | પરંપરા | ના | માણસોની |
| | G0863 | G3588 | G1785 | G3588 | G2316 | G2902 | G3588 | G3862 | G3588 | G0444 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| <βαπτισμοὺς | ξεστῶν | καὶ | ποτηρίων, | καὶ | ἄλλα | παρόμοια | τοιαῦτα | πολλὰ |
| ધોવા | ઘડાના | અને | પ્યાલાના | અને | બીજી | સમાન | આવી | ઘણી |
| G0909 | G3582 | G2532 | G4221 | G2532 | G0243 | G3946 | G5108 | G4183 |

| |
|---|
| ποιεῖτε>. |
| કરો-છો |
| G4160 |

ઈશ્વરની આજ્ઞા પડતી મૂકીને તમે માણસોના રિવાજોને પાળો છો.’”

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | καὶ | ἔλεγεν | αὐτοῖς, | Καλῶς | ἀθετεῖτε | τὴν | ἐντολὴν | τοῦ | Θεοῦ, | ἵνα | τὴν |
| | અને | કહેતા-હતા | તેમને | સારું | ઉલ્લંઘન-કરો-છો | તે | આજ્ઞા | ના | ઈશ્વરની | કે | તે |
| | G2532 | G3004 | G0846 | G2573 | G0114 | G3588 | G1785 | G3588 | G2316 | G2443 | G3588 |

| | | |
|---|---|---|
| παράδοσιν | ὑμῶν | τηρήσητε. |
| પરંપરા | તમારી | પાળો |
| G3862 | G4771 | G5083 |

તેણે તેઓને કહ્યુ કે, ‘તમે પોતાના રિવાજોને પાળવા સારુ ઈશ્વરની આજ્ઞાઓનો નકાર કરો છો.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 10 | Μωϋσῆς | γὰρ | εἶπεν, | Τίμα | τὸν | πατέρα | σου | καὶ | τὴν | μητέρα | σου; | καί, |
| | મૂસાએ | કારણ-કે | કહ્યુ | માન-આપ | ના | પિતાને | તારા | અને | ની | માતાને | તારી | અને |
| | G3475 | G1063 | G3004 | G5091 | G3588 | G3962 | G4771 | G2532 | G3588 | G3384 | G4771 | G2532 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Ὁ | κακολογῶν | πατέρα | ἢ | μητέρα | θανάτῳ | τελευτάτω. |
| જે | અપમાન-કરે | પિતાનું | કે | માતાનું | મૃત્યુથી | મરે |
| G3588 | G2551 | G3962 | G2228 | G3384 | G2288 | G5053 |

કેમ કે મૂસાએ કહ્યુ કે, “તારાં માતાપિતાને માન આપ” અને “જે કોઈ પોતાનાં માતાપિતાની નિંદા કરે તે માર્યો જાય.”

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 11 | ὑμεῖς | δὲ | λέγετε, | Ἐὰν | εἴπῃ | ἄνθρωπος | τῷ | πατρὶ | ἢ | τῇ | μητρί, | Κορβᾶν, |
| | પણ | તમે | કહો-છો | જો | કહે | માણસ | ને | પિતાને | કે | ની | માતાને | કોર્બાન |
| | G4771 | G1161 | G3004 | G1437 | G3004 | G0444 | G3588 | G3962 | G2228 | G3588 | G3384 | G2878 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ὅ | ἐστιν, | Δῶρον, | ὃ | ἐὰν | ἐξ | ἐμοῦ | ὠφεληθῇς-- |
| જે | છે | ભેટ | જે | પણ | થી | મારાથી | ફાયદો-મળે |
| G3739 | G1510 | G1435 | G3739 | G1437 | G1537 | G1473 | G5623 |

પણ તમે કહો છો કે, જો કોઈ માણસ પોતાનાં માતાપિતાને કહે કે, મારાથી તમને જે કંઈ લાભ થાત તે તો કુરબાન, એટલે ઈશ્વરને દાન તરીકે અર્પિત કરેલું છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | οὐκέτι | ἀφίετε | αὐτὸν | οὐδὲν | ποιῆσαι | τῷ | πατρὶ | ἢ | τῇ | μητρί, |
| | હવે-નથી | દો-છો | તેને | કંઈ | કરવા | ને | પિતા-માટે | કે | ની | માતા-માટે |
| | G3765 | G0863 | G0846 | G3762 | G4160 | G3588 | G3962 | G2228 | G3588 | G3384 |

તો તમે તેને તેનાં માતાપિતાને સારુ ત્યાર પછી કંઈ કરવા દેતાં નથી,

13 ἀκυροῦντες τὸν λόγον τοῦ Θεοῦ τῇ παραδόσει ὑμῶν ᾗ παρεδώκατε.
રદ-કરતાં તે વચન ના ઈશ્વરનું ની પરંપરાથી તમારી જે સોંપી-છે
G0208 G3588 G3056 G3588 G2316 G3588 G3862 G4771 G3739 G3860

καὶ παρόμοια τοιαῦτα πολλὰ ποιεῖτε.
અને સમાન આવી ઘણી કરો-છો
G2532 G3946 G5108 G4183 G4160

અને એમ કરીને તમારા શીખવેલા રિવાજો વડે તમે ઈશ્વરની આજ્ઞા રદ કરો છો; અને એવાં ઘણાં કામો તમે કરો છો.'"

14 Καὶ προσκαλεσάμενος πάλιν τὸν ὄχλον, ἔλεγεν αὐτοῖς, Ἀκούσατέ μου,
અને બોલાવીને ફરી તે ટોળાને કહેતા-હતા તેમને સાંભળો મને
G2532 G4341 G3825 G3588 G3793 G3004 G0846 G0191 G1473

πάντες, καὶ σύνετε:
બધા અને સમજો
G3956 G2532 G4920

લોકોને ફરી પોતાની પાસે બોલાવીને ઈસુએ તેઓને કહ્યુ કે, 'તમે બધા મારું સાંભળો તથા સમજો.

15 οὐδέν ἐστιν ἔξωθεν τοῦ ἀνθρώπου εἰσπορευόμενον εἰς αὐτὸν, ὃ δύναται
કંઈ-નથી છે બહારથી ના માણસની પ્રવેશતું માં તેનામાં જે શકે
G3762 G1510 G1855 G3588 G0444 G1531 G1519 G0846 G3739 G1410

κοινῶσαι αὐτόν; ἀλλὰ τὰ ἐκ τοῦ ἀνθρώπου ἐκπορευόμενά, ἐστιν τὰ
અશુદ્ધ-કરી તેને પણ તે થી ના માણસમાંથી નીકળતું છે તે
G2840 G0846 G0235 G3588 G1537 G3588 G0444 G1607 G1510 G3588

κοινοῦντα τὸν ἄνθρωπον.
અશુદ્ધ-કરે-છે તે માણસને
G2840 G3588 G0444

માણસની બહારથી તેનામાં પ્રવેશીને તેને ભ્રષ્ટ કરી શકે, એવું કંઈ નથી; પણ માણસમાંથી જે નીકળે છે, તે જ માણસને ભ્રષ્ટ કરે છે.

16 <Εἴ τις ἔχει ὦτα ἀκούειν, ἀκουέτω>.
જો કોઈ હોય કાન સાંભળવાના સાંભળે
G1487 G5100 G2192 G3775 G0191 G0191

જો કોઈને સાંભળવાને કાન છે તો તે સાંભળે.

17 Καὶ ὅτε εἰσῆλθεν εἰς οἶκον ἀπὸ τοῦ ὄχλου, ἐπηρώτων αὐτὸν οἱ
અને જ્યારે ગયા માં ઘરમાં થી ના ટોળાથી પૂછતા-હતા તેમને તે
G2532 G3753 G1525 G1519 G3624 G0575 G3588 G3793 G1905 G0846 G3588

μαθηταὶ αὐτοῦ τὴν παραβολήν.
શિષ્યો તેમના તે દૃષ્ટાંત
G3101 G0846 G3588 G3850

જયારે લોકોની પાસેથી જઈને ઈસુ ઘરમાં ગયા, ત્યારે તેમના શિષ્યોએ એ દ્રષ્ટાંત સંબંધી ઈસુને પૂછ્યું.

18 καὶ λέγει αὐτοῖς, Οὕτως καὶ ὑμεῖς ἀσύνετοί ἐστε? οὐ νοεῖτε ὅτι πᾶν
અને કહે-છે તેમને આમ તો તમે-પણ અસમજુ છો નથી સમજતા કે દરેક
G2532 G3004 G0846 G3779 G2532 G4771 G0801 G1510 G3756 G3539 G3754 G3956

τὸ ἔξωθεν εἰσπορευόμενον εἰς τὸν ἄνθρωπον, οὐ δύναται αὐτὸν κοινῶσαι?
જે બહારથી પ્રવેશતું માં તે માણસમાં નથી શકતું તેને અશુદ્ધ-કરી
G3588 G1855 G1531 G1519 G3588 G0444 G3756 G1410 G0846 G2840

ઈસુ તેઓને કહે છે કે, ‘તમે પણ શું એવા અણસમજુ છો? તમે જાણતા નથી કે, બહારથી માણસમાં જે કંઈ પેસે છે તે તેને ભ્રષ્ટ કરી શકતું નથી?

19

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὅτι | οὐκ | εἰσπορεύεται | αὐτοῦ | εἰς | τὴν | καρδίαν, | ἀλλ’ | εἰς | τὴν | κοιλίαν, |
| કારણ-કે | નથી | જતું | તેના | માં | ના | હૃદયમાં | પણ | માં | ના | પેટમાં |
| G3754 | G3756 | G1531 | G0846 | G1519 | G3588 | G2588 | G0235 | G1519 | G3588 | G2836 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | εἰς | τὸν | ἀφεδρῶνα | ἐκπορεύεται. | καθαρίζων | πάντα | τὰ | βρώματα. |
| અને | માં | ના | જાજરૂમાં | નીકળે-છે | શુદ્ધ-કરીને | બધા | તે | ખોરાકને |
| G2532 | G1519 | G3588 | G0856 | G1607 | G2511 | G3956 | G3588 | G1033 |

કેમ કે તેના હૃદયમાં તે પેસતું નથી, પણ પેટમાં; અને તે નીકળીને શરીરની બહાર જાય છે;’ એવું કહીને ઈસુએ સર્વ ખોરાક શુદ્ધ ઠરાવ્યાં.

20

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἔλεγεν | δὲ, | ὅτι | Τὸ | ἐκ | τοῦ | ἀνθρώπου | ἐκπορευόμενον, | ἐκεῖνο | κοινοῖ |
| કહેતા-હતા | પણ | કે | જે | થી | ના | માણસમાંથી | નીકળે-છે | તે | અશુદ્ધ-કરે-છે |
| G3004 | G1161 | G3754 | G3588 | G1537 | G3588 | G0444 | G1607 | G1565 | G2840 |

| | |
|---|---|
| τὸν | ἄνθρωπον. |
| તે | માણસને |
| G3588 | G0444 |

વળી તેમણે કહ્યુ કે, ‘માણસમાંથી જે નીકળે છે તે જ માણસને ભ્રષ્ટ કરે છે.

21

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἔσωθεν | γὰρ | ἐκ | τῆς | καρδίας | τῶν | ἀνθρώπων | οἱ | διαλογισμοὶ | οἱ | κακοὶ |
| અદરથી | કારણ-કે | થી | ના | હૃદયમાંથી | ના | માણસોના | તે | વિચારો | તે | દુષ્ટ |
| G2081 | G1063 | G1537 | G3588 | G2588 | G3588 | G0444 | G3588 | G1261 | G3588 | G2556 |

| | | | | |
|---|---|---|---|---|
| ἐκπορεύονται, | πορνεῖαι, | κλοπαί, | φόνοι, | μοιχεῖαι, |
| નીકળે-છે | વ્યભિચાર | ચોરી | હત્યા | વ્યભિચાર |
| G1607 | G4202 | G2829 | G5408 | G3430 |

કેમ કે અદરથી, એટલે માણસોના હૃદયમાંથી ખરાબ વિચારો નીકળે છે, એટલે અનૈતિકપણા, ચોરીઓ, હત્યાઓ,

22

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| πλεονεξίαι, | πονηρίαι, | δόλος, | ἀσέλγεια, | ὀφθαλμὸς, | πονηρός, | βλασφημία, |
| લોભ | દુષ્ટતા | છળ | લંપટતા | ઈર્ષ્યા-ભરી-નજર | દુષ્ટ | નિંદા |
| G4124 | G4189 | G1388 | G0766 | G3788 | G4190 | G0988 |

| | |
|---|---|
| ὑπερηφανία, | ἀφροσύνη. |
| ઘમંડ | મૂર્ખતા |
| G5243 | G0877 |

વ્યભિચારો, લોભ, દુષ્ટતા, કપટ, ભોગવિલાસ, અદેખાઈ, નિંદા, અભિમાન, મૂર્ખાઈ.

23

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| πάντα | ταῦτα | τὰ | πονηρὰ | ἔσωθεν | ἐκπορεύεται, | καὶ | κοινοῖ | τὸν | ἄνθρωπον. |
| આ-બધું | આ | તે | દુષ્ટ | અદરથી | નીકળે-છે | અને | અશુદ્ધ-કરે-છે | તે | માણસને |
| G3956 | G3778 | G3588 | G4190 | G2081 | G1607 | G2532 | G2840 | G3588 | G0444 |

એ બધી ખરાબ બાબતો અદરથી નીકળે છે અને તે માણસને ભ્રષ્ટ કરે છે.

24

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἐκεῖθεν | δὲ | ἀναστὰς, | ἀπῆλθεν | εἰς | τὰ | ὅρια | Τύρου | (καὶ | Σιδῶνος). | Καὶ |
| ત્યાંથી | પણ | ઊઠીને | ગયા | માં | ના | સરહદોમાં | તૂરની | અને | સિદોનની | અને |
| G1564 | G1161 | G0450 | G0565 | G1519 | G3588 | G3725 | G5184 | G2532 | G4605 | G2532 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| εἰσελθὼν | εἰς | οἰκίαν, | οὐδένα | ἤθελεν | γνῶναι, | καὶ | οὐκ | ἠδυνήθη | λαθεῖν. |
| પ્રવેશીને | માં | ઘરમાં | કોઈને | ચાહતા-હતા | જાણે | અને | નથી | શક્યા | છુપાયેલા-રહેવા |
| G1525 | G1519 | G3614 | G3762 | G2309 | G1097 | G2532 | G3756 | G1410 | G2990 |

પછી ઈસુ ત્યાંથી નીકળીને તૂર તથા સિદોનના પ્રદેશમાં ગયા. અને તેઓ એક ઘરમાં પ્રવેશ્યા અને કોઈ ન જાણે તેવું તેઓ ઇચ્છતા હતા; પણ તે ગુપ્ત રહી શક્યા નહિ.

25 ἀλλ’ εὐθὺς ἀκούσασα γυνὴ περὶ αὐτοῦ, ἧς εἶχεν τὸ θυγάτριον αὐτῆς
પણ તરત સાંભળીને સ્ત્રી વિશે તેમના જેની હતો તે દીકરીને તેની
G0235 G2112 G0191 G1135 G4012 G0846 G3739 G2192 G3588 G2365 G0846

πνεῦμα ἀκάθαρτον, ἐλθοῦσα, προσέπεσεν πρὸς τοὺς πόδας αὐτοῦ,
અશુદ્ધ–આત્મા અશુદ્ધ આવીને પડી આગળ ના પગોમાં તેમના
G4151 G0169 G2064 G4363 G4314 G3588 G4228 G0846

કેમ કે એક સ્ત્રી જેની નાની દીકરીને અશુદ્ધ આત્મા વળગેલો હતો, તે ઈસુ વિષે સાંભળીને આવી અને તેમના પગે પડી.

26 ἡ δὲ γυνὴ ἦν Ἑλληνίς, Συροφοινίκισσα τῷ γένει, καὶ ἠρώτα αὐτὸν
તે પણ સ્ત્રી હતી ગ્રીક સુરોફિનિશી ના જાતિની અને વિનંતી–કરી તેમને
G3588 G1161 G1135 G1510 G1674 G4949 G3588 G1085 G2532 G2065 G0846

ἵνα τὸ δαιμόνιον ἐκβάλῃ ἐκ τῆς θυγατρὸς αὐτῆς.
કે તે ભૂત કાઢે થી ની દીકરીમાંથી તેની
G2443 G3588 G1140 G1544 G1537 G3588 G2364 G0846

તે સ્ત્રી ગ્રીક હતી અને સિરિયાનાં ફિનીકિયા કુળની હતી. તેણે પોતાની દીકરીમાંથી દુષ્ટાત્માને કાઢવાને તેમને વિનંતી કરી.

27 καὶ ἔλεγεν αὐτῇ, Ἄφες πρῶτον χορτασθῆναι τὰ τέκνα; οὐ γάρ ἐστιν□
અને કહ્યુ તેને રહેવા–દે પહેલાં ધરાવવા તે બાળકોને નથી કારણ–કે છે–યોગ્ય
G2532 G3004 G0846 G0863 G4412 G5526 G3588 G5043 G3756 G1063 G1510

καλόν λαβεῖν τὸν ἄρτον τῶν τέκνων, καὶ τοῖς κυναρίοις βαλεῖν.
સારું લેવું તે રોટલી ના બાળકોની અને ને કૂતરાઓને નાખવું
G2570 G2983 G3588 G0740 G3588 G5043 G2532 G3588 G2952 G0906

પણ ઈસુએ તેને કહ્યુ કે, ‘છોકરાંને પહેલાં ખાવા દે; કેમ કે છોકરાંની રોટલી લઈને કૂતરાંને નાખવી તે સારું નથી.’”

28 ἡ δὲ ἀπεκρίθη καὶ λέγει αὐτῷ, □Ναί□, Κύριε; καὶ τὰ κυνάρια
તે પણ જવાબ–આપ્યો અને કહે–છે તેમને હા પ્રભુ પણ તે કૂતરાઓ
G3588 G1161 G0611 G2532 G3004 G0846 G3483 G2962 G2532 G3588 G2952

ὑποκάτω τῆς τραπέζης ἐσθίουσιν ἀπὸ τῶν ψιχίων τῶν παιδίων.
નીચે ના મેજ–નીચે ખાય–છે થી ના ટુકડાઓમાંથી ના બાળકોના
G5270 G3588 G5132 G2068 G0575 G3588 G5589 G3588 G3813

પણ સ્ત્રીએ તેમને ઉત્તર આપ્યો કે, ‘હા, પ્રભુ, કૂતરાં પણ મેજ નીચેથી છોકરાંનાં પડેલા ખોરાકના કકડામાંથી ખાય છે’.

29 καὶ εἶπεν αὐτῇ, Διὰ τοῦτον τὸν λόγον, ὕπαγε; ἐξελήλυθεν ἐκ τῆς
અને કહ્યુ તેને આ–કારણે આ તે વચન–થી જા નીકળી–ગયું–છે થી ની
G2532 G3004 G0846 G1223 G3778 G3588 G3056 G5217 G1831 G1537 G3588

θυγατρός σου τὸ δαιμόνιον.
દીકરીમાંથી તારી તે ભૂત
G2364 G4771 G3588 G1140

ઈસુએ તેને કહ્યુ કે, ‘આ વાતને લીધે જા; તારી દીકરીમાંથી દુષ્ટાત્મા નીકળી ગયો છે.’”

30 καὶ ἀπελθοῦσα εἰς τὸν οἶκον αὐτῆς, εὗρεν τὸ παιδίον βεβλημένον ἐπὶ
અને જઈને માં ના ઘરમાં પોતાના જોયું તે બાળકીને સૂતેલી પર
G2532 G0565 G1519 G3588 G3624 G0846 G2147 G3588 G3813 G0906 G1909

τὴν κλίνην, καὶ τὸ δαιμόνιον ἐξεληλυθός.
તે ખાટલા–પર અને તે ભૂત નીકળી–ગયેલું
G3588 G2825 G2532 G3588 G1140 G1831

તેણે પોતાને ઘરે આવીને જોયું કે, 'છોકરી ખાટલા પર સૂતેલી હતી અને દુષ્ટાત્મા નીકળી ગયો હતો.'"

31 Καὶ πάλιν ἐξελθὼν ἐκ τῶν ὁρίων Τύρου, ἦλθεν διὰ Σιδῶνος, εἰς τὴν
અને ફરી નીકળીને થી ના સરહદોથી તૂરની આવ્યા થઈને સિદોન ની તે
G2532 G3825 G1831 G1537 G3588 G3725 G5184 G2064 G1223 G4605 G1519 G3588

θάλασσαν τῆς Γαλιλαίας, ἀνὰ μέσον τῶν ὁρίων Δεκαπόλεως.
ગાલીલના-સમુદ્ર-પાસે ના ગાલીલના વચ્ચેથી વચ્ચે ના સરહદોના દેકાપોલિસના
G2281 G3588 G1056 G0303 G3319 G3588 G3725 G1179

ફરી તૂરની સીમોમાંથી નીકળીને, સિદોનમાં થઈને દસનગરની સીમોની મધ્યે થઈને ઈસુ ગાલીલના સમુદ્રની પાસે આવ્યા.

32 Καὶ φέρουσιν αὐτῷ κωφὸν καὶ μογιλάλον, καὶ παρακαλοῦσιν αὐτὸν ἵνα
અને લાવે-છે તેમની-પાસે બહેરા અને તોતડાને અને વિનંતી-કરે-છે તેમને કે
G2532 G5342 G0846 G2974 G2532 G3424 G2532 G3870 G0846 G2443

ἐπιθῇ αὐτῷ τὴν χεῖρα.
મૂકે તેના-પર તે હાથ
G2007 G0846 G3588 G5495

લોકો એક મૂક બધિરને તેમની પાસે લાવ્યા અને તેના પર હાથ મૂકવાને તેમને વિનંતી કરી.

33 καὶ ἀπολαβόμενος αὐτὸν ἀπὸ τοῦ ὄχλου κατ' ἰδίαν, ἔβαλεν τοὺς
અને લઈ-જઈને તેને થી ના ટોળામાંથી એકાંતમાં એકાંતે મૂક્યા ના
G2532 G0618 G0846 G0575 G3588 G3793 G2596 G2398 G0906 G3588

δακτύλους αὐτοῦ εἰς τὰ ὦτα αὐτοῦ, καὶ πτύσας, ἥψατο τῆς γλώσσης
આગળીઓ પોતાની માં ના કાનોમાં તેના અને થૂંકીને અડક્યા ની જીભને
G1147 G0846 G1519 G3588 G3775 G0846 G2532 G4429 G0680 G3588 G1100

αὐτοῦ,
તેની
G0846

ઈસુએ લોકો પાસેથી તેને એકાંતમાં લઈ જઈને તેના કાનોમાં પોતાની આગળી નાખી અને તેની જીભ પર પોતાનું થૂંક લગાડ્યું;

34 καὶ ἀναβλέψας εἰς τὸν οὐρανὸν ἐστέναξεν, καὶ λέγει αὐτῷ, Ἐφφαθά,
અને ઊંચું-જોઈને માં ના આકાશ-તરફ નિસાસો-નાખ્યો અને કહે-છે તેને એફ્ફથા
G2532 G0308 G1519 G3588 G3772 G4727 G2532 G3004 G0846 G2188

ὅ ἐστιν, Διανοίχθητι.
જેનો અર્થ-છે ખૂલી-જા
G3739 G1510 G1272

અને સ્વર્ગ તરફ જોઈને તેમણે નિસાસો નાખ્યો અને કહ્યુ કે, 'એફ્ફથા,' એટલે 'ઊઘડી જા.'"

35 καὶ «ἠνοίγησαν αὐτοῦ αἱ ἀκοαί, καὶ» εὐθὺς ἐλύθη ὁ δεσμὸς τῆς
અને ખૂલ્યા તેના તે કાન અને તરત છૂટ્યો તે બંધન ની
G2532 G0455 G0846 G3588 G0189 G2532 G2112 G3089 G3588 G1199 G3588

γλώσσης αὐτοῦ, καὶ ἐλάλει ὀρθῶς.
જીભનું તેની અને બોલવા-લાગ્યો સ્પષ્ટ
G1100 G0846 G2532 G2980 G3723

તરત તેના કાનો ઊઘડી ગયા, તેની જીભનું બંધન છૂટ્યું. તે સ્પષ્ટ રીતે બોલતો થયો.

36 καὶ διεστείλατο αὐτοῖς ἵνα μηδενὶ λέγωσιν. ὅσον δὲ αὐτοῖς διεστέλλετο
અને આજ્ઞા-આપી તેમને કે કોઈને ન-કહે જેટલું પણ તેમને ના-કહેતા-હતા
G2532 G1291 G0846 G2443 G3367 G3004 G3745 G1161 G0846 G1291

αὐτοὶ, μᾶλλον περισσότερον ἐκήρυσσον.
તેઓ વધારે ખૂબ-વધારે પ્રચાર-કરતા-હતા
G0846 G3123 G4053 G2784

ઈસુએ તેઓને આજ્ઞા કરી કે, 'તમારે કોઈને કહેવું નહિ;' પણ જેમ જેમ તેમણે વધારે આજ્ઞા કરી તેમ તેમ તેઓએ તે વધારે પ્રગટ કર્યું.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 37 | καὶ | ὑπερπερισσῶς | ἐξεπλήσσοντο, | λέγοντες, | Καλῶς | πάντα | πεποίηκεν: | καὶ | τοὺς |
| | અને | અત્યંત | આશ્ચર્ય-પામ્યા | કહેતાં | સારું | બધું | કર્યું-છે | અને | તે |
| | G2532 | G5249 | G1605 | G3004 | G2573 | G3956 | G4160 | G2532 | G3588 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| κωφοὺς | ποιεῖ | ἀκούειν, | καὶ | [τοὺς] | ἀλάλους | λαλεῖν. |
| બહેરાઓને | બનાવે-છે | સાંભળતા | અને | તે | મૂંગાઓને | બોલતા |
| G2974 | G4160 | G0191 | G2532 | G3588 | G0216 | G2980 |

લોકો વધારે અચંબો પામ્યા અને બોલ્યા કે, 'તેમણે બધું સારું જ કર્યું છે; તેઓ બધિરોને સાંભળતાં અને મૂકજનોને બોલતાં કરે છે.

## Chapter 8

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Ἐν | ἐκείναις | ταῖς | ἡμέραις | πάλιν, | πολλοῦ | ὄχλου | ὄντος, | καὶ | μὴ | ἐχόντων |
| | માં | તે | તે | દિવસોમાં | ફરી | મોટા | ટોળાના | હોતાં | અને | ન | હોવાથી |
| | G1722 | G1565 | G3588 | G2250 | G3825 | G4183 | G3793 | G1510 | G2532 | G3361 | G2192 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| τί | φάγωσιν, | προσκαλεσάμενος | τοὺς | μαθητὰς, | λέγει | αὐτοῖς, |
| શું | ખાય | બોલાવીને | તે | શિષ્યોને | કહે-છે | તેમને |
| G5101 | G5315 | G4341 | G3588 | G3101 | G3004 | G0846 |

તે દિવસોમાં જયારે ફરી અતિ ઘણાં લોકો હતા અને તેઓની પાસે કંઈ ખાવાનું ન હતું, ત્યારે ઈસુ પોતાના શિષ્યોને પાસે બોલાવીને તેઓને કહે છે કે,

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | Σπλαγχνίζομαι | ἐπὶ | τὸν | ὄχλον, | ὅτι | ἤδη | ἡμέραι | τρεῖς | προσμένουσίν | μοι, |
| | કરુણા-થાય-છે | પર | આ | ટોળા-પર | કારણ-કે | હવે | દિવસો | ત્રણ | રહ્યા-છે | મારી-પાસે |
| | G4697 | G1909 | G3588 | G3793 | G3754 | G2235 | G2250 | G5140 | G4357 | G1473 |

| | | | | |
|---|---|---|---|---|
| καὶ | οὐκ | ἔχουσιν | τί | φάγωσιν. |
| અને | નથી | ધરાવતા | શું | ખાવા |
| G2532 | G3756 | G2192 | G5101 | G5315 |

'લોકો પર મને અનુકંપા આવે છે, કેમ કે ત્રણ દિવસથી તેઓ મારી સાથે રહ્યા છે અને તેઓની પાસે કશું ખાવાનું નથી;

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | καὶ | ἐὰν | ἀπολύσω | αὐτοὺς | νήστεις | εἰς | οἶκον | αὐτῶν, | ἐκλυθήσονται | ἐν |
| | અને | જો | વિદાય-કરું | તેમને | ભૂખ્યા | ની | ઘરે | તેમના | થાકી-જશે | માં |
| | G2532 | G1437 | G0630 | G0846 | G3523 | G1519 | G3624 | G0846 | G1590 | G1722 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| τῇ | ὁδῷ. | καί | τινες | αὐτῶν | ἀπὸ | μακρόθεν | ἥκασιν. |
| તે | માર્ગમાં | અને | કેટલાક | તેમનામાંથી | થી | દૂરથી | આવ્યા-છે |
| G3588 | G3598 | G2532 | G5100 | G0846 | G0575 | G3113 | G2240 |

અને જો હું તેઓને ભૂખ્યા ઘરે મોકલું તો રસ્તામાં તેઓ થાકીને પડી જશે; વળી તેઓમાંના કેટલાક તો દૂરથી આવ્યા છે.'"

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 4 | καὶ | ἀπεκρίθησαν | αὐτῷ | οἱ | μαθηταὶ | αὐτοῦ | ὅτι, | Πόθεν | τούτους | δυνήσεταί |
| | અને | જવાબ-આપ્યો | તેમને | તે | શિષ્યો | તેમના | કે | ક્યાંથી | આને | શકશે |
| | G2532 | G0611 | G0846 | G3588 | G3101 | G0846 | G3754 | G4159 | G3778 | G1410 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| τις | ὧδε | χορτάσαι | ἄρτων | ἐπ' | ἐρημίας? |
| કોઈ | અહીં | ધરાવી-શકે | રોટલીથી | આવા | વગડામાં |
| G5100 | G5602 | G5526 | G0740 | G1909 | G2047 |

શિષ્યોએ ઈસુને જવાબ આપ્યો કે, 'અહીં અરણ્યમાં ક્યાંથી કોઈ એટલા બધાને રોટલીથી તૃપ્ત કરી શકે?'"

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 5 | καὶ | ἠρώτα | αὐτούς, | Πόσους | ἔχετε | ἄρτους? | οἱ | δὲ | εἶπαν, | Ἑπτά. |
| | અને | પૂછ્યું | તેમને | કેટલી | છે-તમારી-પાસે | રોટલી | તેઓએ | પણ | કહ્યુ | સાત |
| | G2532 | G2065 | G0846 | G4214 | G2192 | G0740 | G3588 | G1161 | G3004 | G2033 |

ઈસુએ તેઓને પૂછ્યું કે, ‘તમારી પાસે કેટલી રોટલીઓ છે?’ તેઓએ કહ્યુ, ‘સાત.’”

6 καὶ παραγγέλλει τῷ ὄχλῳ ἀναπεσεῖν ἐπὶ τῆς γῆς. καὶ λαβὼν τοὺς
અને આજ્ઞા-આપે-છે તે ટોળાને બેસવા પર ની જમીન-પર અને લઈને તે
G2532 G3853 G3588 G3793 G0377 G1909 G3588 G1093 G2532 G2983 G3588

ἑπτὰ ἄρτους, εὐχαριστήσας, ἔκλασεν καὶ ἐδίδου τοῖς μαθηταῖς αὐτοῦ, ἵνα
સાત રોટલી આભાર-માનીને તોડી અને આપતા-હત□ તે શિષ્યોને તેમના કે
G2033 G0740 G2168 G2806 G2532 G1325 G3588 G3101 G0846 G2443

παρατιθῶσιν. καὶ παρέθηκαν τῷ ὄχλῳ.
પીરસે અને પીરસ્યું તે ટોળાને
G3908 G2532 G3908 G3588 G3793

ઈસુએ લોકોને જમીન પર બેસવાનો આદેશ આપ્યો; અને સાત રોટલીઓ લઈને તેમણે સ્તુતિ કરીને ભાંગી અને વહેંચવા સારુ પોતાના શિષ્યોને આપી; અને તેઓએ તે લોકોને પીરસી.

7 καὶ εἶχον ἰχθύδια ὀλίγα. καὶ εὐλογήσας αὐτὰ, εἶπεν καὶ ταῦτα
અને હતી નાની-માછલી થોડી અને આશીર્વાદ-આપીને તેના-પર કહ્યુ અને આ-પણ
G2532 G2192 G2485 G3641 G2532 G2127 G0846 G3004 G2532 G3778

παρατιθέναι.
પીરસવા
G3908

તેઓની પાસે થોડી નાની માછલીઓ પણ હતી; અને ઈસુએ તેના પર આશીર્વાદ માગીને તે પણ લોકોને પીરસવાનું કહ્યુ.

8 καὶ ἔφαγον καὶ ἐχορτάσθησαν. καὶ ἦραν περισσεύματα κλασμάτων ἑπτὰ
અને ખાધું અને ધરાયા અને ઉપાડ્યા વધારાના ટુકડાના સાત
G2532 G5315 G2532 G5526 G2532 G0142 G4051 G2801 G2033

σπυρίδας.
ટોપલી
G4711

લોકો ખાઈને તૃપ્ત થયા; અને બાકી વધેલા ટુકડાંઓથી સાત ટોપલીઓ ભરાઈ. તે તેઓએ ઉઠાવી.

9 ἦσαν δὲ ὡς τετρακισχίλιοι. καὶ ἀπέλυσεν αὐτούς.
હતા પણ લગભગ ચાર-હજાર અને વિદાય-કર્યા તેમને
G1510 G1161 G5613 G5070 G2532 G0630 G0846

જમનારાં આશરે ચાર હજાર લોકો હતા; અને ઈસુએ તેઓને વિદાય કર્યા.

10 Καὶ εὐθὺς ἐμβὰς εἰς τὸ πλοῖον μετὰ τῶν μαθητῶν αὐτοῦ, ἦλθεν εἰς
અને તરત ચડીને માં તે હોડીમાં સાથે ના શિષ્યોના તેમના આવ્યા માં
G2532 G2112 G1684 G1519 G3588 G4143 G3326 G3588 G3101 G0846 G2064 G1519

τὰ μέρη Δαλμανουθά.
તે ભાગોમાં દાલમનૂથાના
G3588 G3313 G1148

તરત પોતાના શિષ્યો સાથે હોડી પર ચઢીને ઈસુ દલમાનુથાની પ્રદેશમાં આવ્યા.

11 Καὶ ἐξῆλθον οἱ Φαρισαῖοι καὶ ἤρξαντο συζητεῖν αὐτῷ, ζητοῦντες παρ’
અને નીકળ્યા તે ફરીસીઓ અને શરૂ-કર્યું વાદ-વિવાદ-કરવા તેમની-સાથે માંગતાં પાસેથી
G2532 G1831 G3588 G5330 G2532 G0756 G4802 G0846 G2212 G3844

αὐτοῦ σημεῖον ἀπὸ τοῦ οὐρανοῦ, πειράζοντες αὐτόν.
તેમની ચિહ્ન થી ના આકાશમાંથી પરીક્ષા-કરતાં તેમની
G0846 G4592 G0575 G3588 G3772 G3985 G0846

ત્યારે ત્યાં ફરોશીઓ આવી પહોંચ્યા અને ઈસુની કસોટી કરતાં તેમની પાસે સ્વર્ગમાંથી ચમત્કારિક ચિહ્ન માગીને તેમની સાથે વિવાદ કરવા લાગ્યા.

| 12 | καὶ | ἀναστενάξας | τῷ | πνεύματι | αὐτοῦ | λέγει, | Τί | ἡ | γενεὰ | αὕτη | ζητεῖ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને | નિસાસો-નાખીને | ના | આત્મામાં | પોતાના | કહે-છે | શા-માટે | આ | પેઢી | આ | શોધે-છે |
| | G2532 | G0389 | G3588 | G4151 | G0846 | G3004 | G5101 | G3588 | G1074 | G3778 | G2212 |

| σημεῖον? | ἀμὴν | λέγω | ὑμῖν, | εἰ | δοθήσεται | τῇ | γενεᾷ | ταύτῃ | σημεῖον. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ચિહ્ન | સાચે | કહું-છું | તમને | ક્યારેય | આપવામાં-આવશે | ને | પેઢીને | આ | ચિહ્ન |
| G4592 | G0281 | G3004 | G4771 | G1487 | G1325 | G3588 | G1074 | G3778 | G4592 |

પોતાના આત્મામાં ઊંડો નિસાસો નાખીને ઈસુ કહે છે કે, 'આ પેઢી ચમત્કારિક ચિહ્ન કેમ માગે છે? હું તેમને નિશ્ચે કહું છું કે, આ પેઢીને કંઈ જ ચમત્કારિક ચિહ્ન અપાશે નહિ.'"

| 13 | καὶ | ἀφεὶς | αὐτοὺς, | πάλιν | ἐμβὰς | ἀπῆλθεν | εἰς | τὸ | πέραν. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને | છોડીને | તેમને | ફરી | ચડીને | ગયા | ની | તે | સામે-પાર |
| | G2532 | G0863 | G0846 | G3825 | G1684 | G0565 | G1519 | G3588 | G4008 |

તેઓને ત્યાં જ રહેવા દઈને ઈસુ પાછા હોડીમાં બેસીને સામે કિનારે ગયા.

| 14 | Καὶ | ἐπελάθοντο | λαβεῖν | ἄρτους, | καὶ | εἰ | μὴ | ἕνα | ἄρτον | οὐκ | εἶχον | μεθ' |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને | ભૂલી-ગયા-હતા | લવા | રોટલી | અને | સિવાય | કે | એક | રોટલી | નથી | હતી | સાથે |
| | G2532 | G1950 | G2983 | G0740 | G2532 | G1487 | G3361 | G1520 | G0740 | G3756 | G2192 | G3326 |

| ἑαυτῶν | ἐν | τῷ | πλοίῳ. |
|---|---|---|---|
| પોતાની | માં | તે | હોડીમાં |
| G1438 | G1722 | G3588 | G4143 |

તેઓ રોટલી લાવવાનું ભૂલી ગયા હતા; અને તેઓની પાસે હોડીમાં એક કરતાં વધારે રોટલી નહોતી.

| 15 | καὶ | διεστέλλετο | αὐτοῖς, | λέγων, | Ὁρᾶτε, | βλέπετε | ἀπὸ | τῆς | ζύμης | τῶν |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને | આજ્ઞા-આપતા-હત | તેમને | કહેતાં | જુઓ | સાવધાન-રહો | થી | ના | ખમીરથી | ના |
| | G2532 | G1291 | G0846 | G3004 | G3708 | G0991 | G0575 | G3588 | G2219 | G3588 |

| Φαρισαίων, | καὶ | τῆς | ζύμης | Ἡρῴδου. |
|---|---|---|---|---|
| ફરીસીઓની | અને | ની | ખમીરથી | હેરોદની |
| G5330 | G2532 | G3588 | G2219 | G2264 |

ઈસુએ તેઓને આજ્ઞા આપીને કહ્યુ કે, 'જોજો, ફરોશીઓના ખમીરથી તથા હેરોદના ખમીરથી સાવધાન રહેજો.'"

| 16 | καὶ | διελογίζοντο | πρὸς | ἀλλήλους, | ὅτι | ἄρτους | οὐκ | ἔχουσιν. |
|---|---|---|---|---|---|---|---|---|
| | અને | વિચાર-કરતા-હતા | એકબીજા-સાથે | એકબીજા-સાથે | કે | રોટલી | નથી | ધરાવતા |
| | G2532 | G1260 | G4314 | G0240 | G3754 | G0740 | G3756 | G2192 |

તેઓએ અદરોઅદર વાતો કરીને કહ્યુ કે, 'આપણી પાસે રોટલી નથી.'"

| 17 | καὶ | γνοὺς, | λέγει | αὐτοῖς, | Τί | διαλογίζεσθε | ὅτι | ἄρτους | οὐκ | ἔχετε? | οὔπω |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને | જાણીને | કહે-છે | તેમને | શા-માટે | વિચાર-કરો-છો | કે | રોટલી | નથી | ધરાવતા | હજુ |
| | G2532 | G1097 | G3004 | G0846 | G5101 | G1260 | G3754 | G0740 | G3756 | G2192 | G3768 |

| νοεῖτε | οὐδὲ | συνίετε? | πεπωρωμένην | ἔχετε | τὴν | καρδίαν | ὑμῶν? |
|---|---|---|---|---|---|---|---|
| સમજતા-નથી | કે-નથી | સમજો-છો | કઠણ-થયેલું | છે-તમારું | તે | હૃદય | તમારું |
| G3539 | G3761 | G4920 | G4456 | G2192 | G3588 | G2588 | G4771 |

તે જાણીને ઈસુ તેઓને કહે છે કે, 'તમારી પાસે રોટલી નથી તે માટે તમે કેમ વિવાદ કરો છો? હજી સુધી શું તમે જોતા કે સમજતા નથી? શું તમારાં મન કઠણ થયાં છે?

| 18 | ὀφθαλμοὺς | ἔχοντες, | οὐ | βλέπετε? | καὶ | ὦτα | ἔχοντες, | οὐκ | ἀκούετε? | καὶ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | આંખો | હોવાછતાં | નથી | જુઓ-છો | અને | કાન | હોવાછતાં | નથી | સાંભળો-છો | અને |
| | G3788 | G2192 | G3756 | G0991 | G2532 | G3775 | G2192 | G3756 | G0191 | G2532 |

| οὐ | μνημονεύετε? |
|---|---|
| નથી | યાદ-કરો-છો |
| G3756 | G3421 |

તમને આખો હોવા છતાં શું તમે દેખતા નથી? અને કાનો છતાં, શું તમે સાંભળતાં નથી? અને શું યાદ રાખતાં નથી?

| 19 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ὅτε | τοὺς | πέντε | ἄρτους | ἔκλασα | εἰς | τοὺς | πεντακισχιλίους, | πόσους | κοφίνους |
| જ્યારે | તે | પાંચ | રોટલી | તોડી–હતી | માટે | તે | પાંચ–હજાર–માં | કેટલી | ટોપલી |
| G3753 | G3588 | G4002 | G0740 | G2806 | G1519 | G3588 | G4000 | G4214 | G2894 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| κλασμάτων | πλήρεις | ἤρατε? | λέγουσιν | αὐτῷ, | Δώδεκα. |
| ટુકડાન | ભરેલી | ઉપાડી | કહે–છે | તેમને | બાર |
| G2801 | G4134 | G0142 | G3004 | G0846 | G1427 |

જ્યારે પાંચ હજારને સારુ પાંચ રોટલી મેં ભાંગી, ત્યારે તમે ટુકડાંઓથી ભરેલી કેટલી ટોપલીઓ ઉઠાવી?' તેઓ ઈસુને કહે છે કે, 'બાર ટોપલીઓ.'"

| 20 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ὅτε | ‹καὶ› | τοὺς | ἑπτὰ | εἰς | τοὺς | τετρακισχιλίους, | πόσων | σπυρίδων | πληρώματα |
| જ્યારે | અને | તે | સાત | માટે | તે | ચાર–હજાર–માં | કેટલી | ટોપલીના | ભરેલી |
| G3753 | G2532 | G3588 | G2033 | G1519 | G3588 | G5070 | G4214 | G4711 | G4138 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| κλασμάτων | ἤρατε? | καὶ | λέγουσιν | ‹αὐτῷ›, | Ἑπτά. |
| ટુકડાના | ઉપાડી | અને | કહે–છે | તેમને | સાત |
| G2801 | G0142 | G2532 | G3004 | G0846 | G2033 |

'જ્યારે ચાર હજારને સારુ સાત રોટલી પીરસી ત્યારે તમે ટુકડાંઓથી ભરેલી કેટલી ટોપલીઓ ઉઠાવી? તેઓએ કહ્યુ કે 'સાત ટોપલી.'"

| 21 | | | | |
|---|---|---|---|---|
| καὶ | ἔλεγεν | αὐτοῖς, | Οὔπω | συνίετε? |
| અને | કહેતા–હત | તેમને | હજુ | સમજો–છો–નહિ |
| G2532 | G3004 | G0846 | G3768 | G4920 |

ઈસુએ તેઓને કહ્યુ 'શું તમે હજી નથી સમજતા?'"

| 22 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Καὶ | ἔρχονται | εἰς | Βηθσαϊδάν; | Καὶ | φέρουσιν | αὐτῷ | τυφλὸν, | καὶ |
| અને | આવે–છે | માં | બેથસૈદામાં | અને | લાવે–છે | તેમની–પાસે | અધને | અને |
| G2532 | G2064 | G1519 | G0966 | G2532 | G5342 | G0846 | G5185 | G2532 |

| | | | | |
|---|---|---|---|---|
| παρακαλοῦσιν | αὐτὸν | ἵνα | αὐτοῦ | ἅψηται. |
| વિનંતી–કરે–છે | તેમને | કે | તેને | અડે |
| G3870 | G0846 | G2443 | G0846 | G0680 |

તે બેથસાઈદામાં આવે છે. તેઓ ઈસુની પાસે એક આધળાને લાવે છે, અને તેને સ્પર્શવા સારુ તેમને વિનંતી કરી.

| 23 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἐπιλαβόμενος | τῆς | χειρὸς | τοῦ | τυφλοῦ, | ἐξήνεγκεν | αὐτὸν | ἔξω | τῆς |
| અને | પકડીને | નો | હાથ | ના | અધનો | લઈ–ગયા | તેને | બહાર | ની |
| G2532 | G1949 | G3588 | G5495 | G3588 | G5185 | G1627 | G0846 | G1854 | G3588 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| κώμης, | καὶ | πτύσας | εἰς | τὰ | ὄμματα | αὐτοῦ, | ἐπιθεὶς | τὰς | χεῖρας | αὐτῷ, |
| ગામમાંથી | અને | થૂંકીને | માં | તેની | આખો–પર | તેની | મૂકીને | પોતાના | હાથ | તેન–પર |
| G2968 | G2532 | G4429 | G1519 | G3588 | G3659 | G0846 | G2007 | G3588 | G5495 | G0846 |

| | | | | |
|---|---|---|---|---|
| ἐπηρώτα | αὐτόν | Εἴ | τι | βλέπεις. |
| પૂછ્યું | તેને | શું | કંઈ | જુઓ–છો |
| G1905 | G0846 | G1487 | G5100 | G0991 |

આધળાનો હાથ પકડીને ઈસુ તેને ગામમાંથી બહાર લઈ ગયા અને તેની આખોમાં થૂંકીને તથા તેના પર હાથ મૂકીને તેને પૂછ્યું કે, 'તને કશું દેખાય છે?'"

| 24 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἀναβλέψας | ἔλεγεν, | Βλέπω | τοὺς | ἀνθρώπους, | ὅτι | ὡς | δένδρα | ὁρῶ |
| અને | ઊંચું–જોઈને | કહેતો–હતો | જોઈ–રહ્યો–છું | તે | માણસોને | કે | જેવા | વૃક્ષો | દેખું–છું |
| G2532 | G0308 | G3004 | G0991 | G3588 | G0444 | G3754 | G5613 | G1186 | G3708 |

| |
|---|
| περιπατοῦντας. |
| ચાલતાં |
| G4043 |

ઊંચું જોઈને તેણે કહ્યુ કે, 'હું માણસોને જોઉં છું; તેઓ ચાલતા વૃક્ષ જેવા દેખાય છે'.

25 εἶτα πάλιν ἐπέθηκεν τὰς χεῖρας ἐπὶ τοὺς ὀφθαλμοὺς αὐτοῦ, καὶ
પછી ફરી મૂક્યા પોતાના હાથ પર તેની આખો-પર તેની અને
G1534 G3825 G2007 G3588 G5495 G1909 G3588 G3788 G0846 G2532

διέβλεψεν καὶ ἀπεκατέστη, καὶ ἐνέβλεπεν τηλαυγῶς ἅπαντα.
સ્પષ્ટ-દેખ્યું અને સાજો-થયો અને જોતો-હતો સ્પષ્ટ બધું-જ
G1227 G2532 G0600 G2532 G1689 G5081 G0537

પછી ઈસુએ ફરી તેની આખો પર હાથ મૂક્યો. ત્યારે તેણે એક નજરે જોયું, તે સાજો થયો અને સઘળું સ્પષ્ટ રીતે જોતો થયો.

26 καὶ ἀπέστειλεν αὐτὸν εἰς οἶκον αὐτοῦ, λέγων, Μηδὲ εἰς τὴν κώμην
અને મોકલ્યા તેને માં ઘરે તેના કહેતાં કે-ન માં તે ગામમાં
G2532 G0649 G0846 G1519 G3624 G0846 G3004 G3366 G1519 G3588 G2968

εἰσέλθῃς, <μηδὲ εἴπῃς τινὶ ἐν τῇ κώμῃ>.
પ્રવેશો કે-ન કહો કોઈને માં તે ગામમાં
G1525 G3366 G3004 G5100 G1722 G3588 G2968

ઈસુએ તેને ઘરે મોકલતાં કહ્યુ કે, 'ગામમાં પણ જઈશ નહિ.'"

27 Καὶ ἐξῆλθεν ὁ Ἰησοῦς καὶ οἱ μαθηταὶ αὐτοῦ εἰς τὰς κώμας
અને નીકળ્યા તે ઈસુ અને તેમના શિષ્યો તેમના માં તે ગામોમાં
G2532 G1831 G3588 G2424 G2532 G3588 G3101 G0846 G1519 G3588 G2968

Καισαρείας τῆς Φιλίππου. καὶ ἐν τῇ ὁδῷ ἐπηρώτα τοὺς μαθητὰς αὐτοῦ,
કૈસરિયાની ની ફિલિપ્પીની અને માં તે માર્ગમાં પૂછતા-હતા તે શિષ્યોને તેમના
G2542 G3588 G5376 G2532 G1722 G3588 G3598 G1905 G3588 G3101 G0846

λέγων αὐτοῖς, Τίνα με λέγουσιν οἱ ἄνθρωποι εἶναι?
કહેતાં તેમને કોણ મને કહે-છે તે લોકો હોવા
G3004 G0846 G5101 G1473 G3004 G3588 G0444 G1510

ઈસુ તથા તેમના શિષ્યો કાઈસારિયા ફિલિપ્પીના ગામોમાં ગયા; અને માર્ગમાં તેમણે પોતાના શિષ્યોને પૂછ્યું કે 'હું કોણ છું, તે વિષે લોકો શું કહે છે?'"

28 οἱ δὲ εἶπαν αὐτῷ, λέγοντες ὅτι, Ἰωάννην τὸν Βαπτιστήν, καὶ ἄλλοι,
તેઓએ પણ કહ્યુ તેમને કહેતાં કે યોહાન તે બાપ્તિસ્મા-આપનાર અને બીજા
G3588 G1161 G3004 G0846 G3004 G3754 G2491 G3588 G0910 G2532 G0243

Ἠλίαν; ἄλλοι δέ, ὅτι εἷς τῶν προφητῶν.
એલિયા બીજા પણ કે એક ના પ્રબોધકોમાંથી
G2243 G0243 G1161 G3754 G1520 G3588 G4396

તેઓએ ઈસુને કહ્યુ કે, 'કોઈ કહે છે કે તમે બાપ્તિસ્મા કરનાર યોહાન છો; અને કોઈ કહે છે કે તમે એલિયા છો, વળી કોઈ એવું કહે છે કે 'તમે પ્રબોધકોમાંના એક છો.'"

29 καὶ αὐτὸς ἐπηρώτα αὐτούς, Ὑμεῖς δὲ, τίνα με λέγετε εἶναι? ἀποκριθεὶς,
અને પોતે પૂછતા-હતા તેમને પણ તમે કોણ મને કહો-છો હોવા જવાબ-આપીને
G2532 G0846 G1905 G0846 G4771 G1161 G5101 G1473 G3004 G1510 G0611

ὁ Πέτρος λέγει αὐτῷ, Σὺ εἶ ὁ Χριστός.
તે પેત્રોસ કહે-છે તેમને તમે છો તે ખ્રિસ્ત
G3588 G4074 G3004 G0846 G4771 G1510 G3588 G5547

ઈસુએ તેઓને પૂછ્યું, 'પણ હું કોણ છું, એ વિષે તમે શું કહો છો?' પિતરે જવાબ આપતાં તેમને કહ્યુ કે, 'તમે તો ખ્રિસ્ત છો.'"

30 καὶ ἐπετίμησεν αὐτοῖς ἵνα μηδενὶ λέγωσιν περὶ αὐτοῦ.
અને ચેતવણી-આપી તેમને કે કોઈને કહે-નહિ વિશે તેમના
G2532 G2008 G0846 G2443 G3367 G3004 G4012 G0846

તેમણે તેઓને તાકીદ કરી કે, 'મારે વિષે તમારે કોઈને કશું કહેવું નહિ.'"

31 Καὶ ἤρξατο διδάσκειν αὐτοὺς ὅτι δεῖ τὸν Υἱὸν τοῦ ἀνθρώπου
અને શરૂ-કર્યું શીખવવા તેમને કે જરૂરી-છે તે માણસના-પુત્રે ના માણસને
G2532 G0756 G1321 G0846 G3754 G1163 G3588 G5207 G3588 G0444

πολλὰ παθεῖν, καὶ ἀποδοκιμασθῆναι ὑπὸ τῶν πρεσβυτέρων καὶ τῶν
ઘણું સહન-કરે અને નકારી-જાય દ્વારા ના વડીલો અને ના
G4183 G3958 G2532 G0593 G5259 G3588 G4245 G2532 G3588

ἀρχιερέων καὶ τῶν γραμματέων, καὶ ἀποκτανθῆναι, καὶ μετὰ τρεῖς ἡμέρας
મુખ્ય-યાજકો અને ના શાસ્ત્રીઓ અને મારી-નાખવામાં-આવે અને પછી ત્રણ દિવસે
G0749 G2532 G3588 G1122 G2532 G0615 G2532 G3326 G5140 G2250

ἀναστῆναι.
ઊઠવા
G0450

ઈસુ તેઓને શીખવવા લાગ્યા કે, 'માણસના દીકરાએ ઘણું સહેવું, અને વડીલોથી તથા મુખ્ય યાજકોથી તથા શાસ્ત્રીઓથી નાપસંદ થવું, માર્યા જવું અને ત્રણ દિવસ પછી પાછા ઊઠવું એ જરૂરી છે.'"

32 καὶ παρρησίᾳ τὸν λόγον ἐλάλει. καὶ προσλαβόμενος ὁ Πέτρος αὐτὸν,
અને ખુલ્લેઆમ તે વચન બોલતા-હત□ અને પાસે-લઈને તે પેત્રોસે તેમને
G2532 G3954 G3588 G3056 G2980 G2532 G4355 G3588 G4074 G0846

ἤρξατο ἐπιτιμᾶν αὐτῷ.
શરૂ-કર્યું વારવા તેમને
G0756 G2008 G0846

ઈસુ એ વાત ઉઘાડી રીતે બોલ્યા. પછી પિતર તેમને એક બાજુએ લઈને તેમને ઠપકો આપવા લાગ્યો.

33 ὁ δὲ ἐπιστραφεὶς καὶ ἰδὼν τοὺς μαθητὰς αὐτοῦ, ἐπετίμησεν Πέτρῳ,
પણ તે ફરીને અને જોઈને તે શિષ્યોને તેમન□ વાર્યું પેત્રોસને
G3588 G1161 G1994 G2532 G3708 G3588 G3101 G0846 G2008 G4074

καὶ λέγει, Ὕπαγε ὀπίσω μου, Σατανᾶ, ὅτι οὐ φρονεῖς τὰ τοῦ Θεοῦ,
અને કહે-છે જા પાછળ મારાથી શેતાન કારણ-કે નથી વિચારતા તે ના ઈશ્વરની
G2532 G3004 G5217 G3694 G1473 G4567 G3754 G3756 G5426 G3588 G3588 G2316

ἀλλὰ τὰ τῶν ἀνθρώπων.
પણ તે ના માણસોની
G0235 G3588 G3588 G0444

પણ તેમણે પાછળ ફરીને તથા પોતાના શિષ્યોને જોઈને પિતરને ઠપકો આપ્યો કે, 'શેતાન, તું મારી પાછળ જા; કેમ કે તું ઈશ્વરની બાબતો પર નહિ, પણ માણસોની બાબતો પર મન લગાડે છે.'"

34 Καὶ προσκαλεσάμενος τὸν ὄχλον σὺν τοῖς μαθηταῖς αὐτοῦ, εἶπεν αὐτοῖς,
અને બોલાવીને તે ટોળાને સાથે તે શિષ્યોની-સાથે તેમન□ કહ્યુ તેમને
G2532 G4341 G3588 G3793 G4862 G3588 G3101 G0846 G3004 G0846

Εἴ τις θέλει ὀπίσω μου ἐλθεῖν, ἀπαρνησάσθω ἑαυτὸν, καὶ ἀράτω τὸν
જો કોઈ ચાહે પાછળ મારી આવવા પોતાનો-ત્યાગ-કરે પોતાનો અને ઉઠાવે પોતાનો
G1487 G5100 G2309 G3694 G1473 G2064 G0533 G1438 G2532 G0142 G3588

σταυρὸν αὐτοῦ, καὶ ἀκολουθείτω μοι.
વધસ્તંભ તેનો અને અનુસરે મને
G4716 G0846 G2532 G0190 G1473

ઈસુએ પોતાના શિષ્યો સહિત લોકોને પાસે બોલાવીને તેઓને કહ્યુ કે, ‘જો કોઈ મારી પાછળ આવવા ચાહે છે, તો તેણે પોતાનો નકાર કરવો અને પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ ચાલવું.

35

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὃς | γὰρ | ἐὰν | θέλῃ | τὴν | ψυχὴν | αὐτοῦ | σῶσαι, | ἀπολέσει | αὐτήν, | ὃς | δ’ |
| જે | કારણ-કે | પણ | ચાહે | પોતાનો | પ્રાણ | તેનો | બચાવવા | ખોશે | તેને | પણ | જે |
| G3739 | G1063 | G1437 | G2309 | G3588 | G5590 | G0846 | G4982 | G0622 | G0846 | G3739 | G1161 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἂν | ἀπολέσει | τὴν | ψυχὴν | αὐτοῦ | ἕνεκεν | ἐμοῦ | καὶ | τοῦ | εὐαγγελίου, | σώσει |
| પણ | ખોશે | પોતાનો | પ્રાણ | તેનો | ખાતર | મારા | અને | ના | સુવાર્તાના | બચાવશે |
| G0302 | G0622 | G3588 | G5590 | G0846 | G1752 | G1473 | G2532 | G3588 | G2098 | G4982 |

| |
|---|
| αὐτήν. |
| તેને |
| G0846 |

કેમ કે જે કોઈ પોતાનું જીવન બચાવવા ચાહે, તે તેને ગુમાવશે; અને જે કોઈ મારે લીધે તથા સુવાર્તાને લીધે પોતાનું જીવન ગુમાવશે, તે તેને બચાવશે.

36

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| τί | γὰρ | ὠφελεῖ | ἄνθρωπον | κερδῆσαι | τὸν | κόσμον | ὅλον | καὶ | ζημιωθῆναι |
| શું | કારણ-કે | લાભ-થાય-છે | માણસને | મેળવવા | તે | આખું-જગતને | આખું | અને | ગુમાવવા |
| G5101 | G1063 | G5623 | G0444 | G2770 | G3588 | G2889 | G3650 | G2532 | G2210 |

| | | |
|---|---|---|
| τὴν | ψυχὴν | αὐτοῦ? |
| પોતાનો | પ્રાણ | તેનો |
| G3588 | G5590 | G0846 |

કેમ કે જો માણસ આખું ભૌતિક જગત મેળવે પણ તેના જીવને ગુમાવશે, તો તેથી તેને શો લાભ થાય?

37

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| τί | γὰρ | δοῖ | ἄνθρωπος | ἀντάλλαγμα | τῆς | ψυχῆς | αὐτοῦ? |
| શું | કારણ-કે | આપે | માણસ | બદલામાં | ના | પ્રાણની | તેના |
| G5101 | G1063 | G1325 | G0444 | G0465 | G3588 | G5590 | G0846 |

વળી માણસ પોતાના જીવનને બદલે શું આપશે?

38

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὃς | γὰρ | ἐὰν | ἐπαισχυνθῇ | με | καὶ | τοὺς | ἐμοὺς | λόγους | ἐν | τῇ | γενεᾷ |
| જે | કારણ-કે | પણ | શરમાય | મારાથી | અને | તે | મારા | વચનોથી | માં | આ | પેઢીમાં |
| G3739 | G1063 | G1437 | G1870 | G1473 | G2532 | G3588 | G1699 | G3056 | G1722 | G3588 | G1074 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ταύτῃ, | τῇ | μοιχαλίδι | καὶ | ἁμαρτωλῷ, | καὶ | ὁ | Υἱὸς | τοῦ | ἀνθρώπου |
| આ | ની | વ્યભિચારી | અને | પાપી | અને | તે | માણસનો-પુત્ર | ના | માણસનો |
| G3778 | G3588 | G3428 | G2532 | G0268 | G2532 | G3588 | G5207 | G3588 | G0444 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐπαισχυνθήσεται | αὐτὸν | ὅταν | ἔλθῃ | ἐν | τῇ | δόξῃ | τοῦ | Πατρὸς | αὐτοῦ, | μετὰ |
| શરમાશે | તેનાથી | જ્યારે | આવે | માં | તે | મહિમામાં | ના | પિતાની | તેમની | સાથે |
| G1870 | G0846 | G3752 | G2064 | G1722 | G3588 | G1391 | G3588 | G3962 | G0846 | G3326 |

| | | | |
|---|---|---|---|
| τῶν | ἀγγέλων | τῶν | ἁγίων. |
| ના | દૂતોની | ના | પવિત્ર-સાથે |
| G3588 | G0032 | G3588 | G0040 |

કેમ કે આ બેવફા તથા પાપી પેઢીમાં જે કોઈ મારે લીધે તથા મારાં વચનોને લીધે શરમાશે, તેને લીધે માણસનો દીકરો પણ જયારે પોતાના બાપના મહિમામાં પવિત્ર સ્વર્ગદૂતોની સાથે આવશે, ત્યારે તે શરમાશે.’”

## Chapter 9

1 καὶ ἔλεγεν αὐτοῖς, Ἀμὴν λέγω ὑμῖν, ὅτι εἰσίν τινες ὧδε τῶν
અને તે-કહેતા-હતા તેઓને સાચે-જ હું-કહું-છું તમને કે છે કેટલાક અહીં આ
G2532 G3004 G0846 G0281 G3004 G4771 G3754 G1510 G5100 G5602 G3588

ἑστηκότων, οἵτινες οὐ μὴ γεύσωνται θανάτου, ἕως ἂν ἴδωσιν τὴν
ઊભેલાઓમાંથી જેઓ નહીં કદી ચાખશે મૃત્યુનો જ્યાં-સુધી કદાચ જોશે તે
G2476 G3748 G3756 G3361 G1089 G2288 G2193 G0302 G3708 G3588

βασιλείαν τοῦ Θεοῦ ἐληλυθυῖαν ἐν δυνάμει.
રાજ્યને ઈશ્વરના ઈશ્વરના આવેલું સામર્થ્યમાં સામર્થ્યમાં
G0932 G3588 G2316 G2064 G1722 G1411

ઈસુએ તેઓને કહ્યુ કે, હું તમને નિશ્ચે કહું છું કે, 'અહીં ઊભા રહેનારાઓમાંના કેટલાક એવા છે કે જેઓ પરાક્રમે આવેલું ઈશ્વરનું રાજ્ય જોયા પહેલાં મરણ પામશે જ નહિ.'"

2 Καὶ μετὰ ἡμέρας ἓξ, παραλαμβάνει ὁ Ἰησοῦς, τὸν Πέτρον καὶ τὸν
અને પછી દિવસ છ સાથે-લે-છે તે ઈસુ તે પેત્રોસને અને તે
G2532 G3326 G2250 G1803 G3880 G3588 G2424 G3588 G4074 G2532 G3588

Ἰάκωβον καὶ [τὸν] Ἰωάννην, καὶ ἀναφέρει αὐτοὺς εἰς ὄρος ὑψηλὸν κατ'
યાકૂબને અને તે યોહાનને અને લઈ-જાય-છે તેઓને પર પર્વત ઊંચા એકાંતમાં
G2385 G2532 G3588 G2491 G2532 G0399 G0846 G1519 G3735 G5308 G2596

ἰδίαν μόνους. καὶ μετεμορφώθη ἔμπροσθεν αὐτῶν;
એકાંતમાં એકલા અને રૂપાંતરિત-થયા તેઓની-સામે તેઓની-સામે
G2398 G3441 G2532 G3339 G1715 G0846

છ દિવસ પછી ઈસુ પિતરને, યાકૂબને તથા યોહાનને સાથે લઈને તેઓને ઊંચા પહાડ ઉપર એકાંતમાં લઈ ગયા. અને તેઓની આગળ ઈસુનું રૂપાંતર થયું.

3 καὶ τὰ ἱμάτια αὐτοῦ ἐγένετο στίλβοντα λευκὰ λίαν, οἷα γναφεὺς ἐπὶ
અને તેમનાં વસ્ત્રો તેમનાં થયાં ચમકતાં ધોળાં અત્યંત એવાં-કે ધોબી પૃથ્વી-પર
G2532 G3588 G2440 G0846 G1096 G4744 G3022 G3029 G3634 G1102 G1909

τῆς γῆς οὐ δύναται οὕτως λευκᾶναι.
ની પૃથ્વી-પર નથી શકતો એટલાં ધોળાં-કરી-શકે
G3588 G1093 G3756 G1410 G3779 G3021

ઈસુનાં વસ્ત્રો ઊજળાં, બહુ જ સફેદ થયાં; એવાં કે દુનિયાનો કોઈ પણ ધોબી તેવા સફેદ કરી ન શકે.

4 καὶ ὤφθη αὐτοῖς Ἠλίας σὺν Μωϋσεῖ, καὶ ἦσαν συλλαλοῦντες τῷ
અને દેખાયા તેઓને એલિયા સાથે મૂસાની અને તેઓ-હતા વાત-કરતા તે
G2532 G3708 G0846 G2243 G4862 G3475 G2532 G1510 G4814 G3588

Ἰησοῦ.
ઈસુ-સાથે
G2424

એલિયા તથા મૂસા તેઓને દેખાયા અને તેઓ ઈસુની સાથે વાત કરતા હતા.

5 καὶ ἀποκριθεὶς, ὁ Πέτρος λέγει τῷ Ἰησοῦ, Ῥαββί, καλόν ἐστιν ἡμᾶς
અને જવાબ-આપીને તે પેત્રોસ કહે-છે તે ઈસુને ગુરુજી સારું છે અમારે
G2532 G0611 G3588 G4074 G3004 G3588 G2424 G4461 G2570 G1510 G1473

ὧδε εἶναι. καὶ ποιήσωμεν τρεῖς σκηνάς, σοὶ μίαν, καὶ Μωϋσεῖ μίαν,
અહીં હોવું અને બનાવીએ ત્રણ મંડપ તમારે-માટે એક અને મૂસા-માટે એક
G5602 G1510 G2532 G4160 G5140 G4633 G4771 G1520 G2532 G3475 G1520

καὶ Ἠλίᾳ μίαν.
અને એલિયા-માટે એક
G2532 G2243 G1520

પિતર ઈસુને કહે છે કે, 'ગુરુજી, અહીં રહેવું આપણે માટે સારું છે; તો અમે ત્રણ મંડપ બનાવીએ, એક તમારે માટે, એક મૂસાને માટે અને એક એલિયાના માટે.'"

6 οὐ γὰρ ᾔδει τί ἀποκριθῇ; ἔκφοβοι γὰρ ἐγένοντο.
નહોતો કારણ-કે તે-જાણતો શું જવાબ-આપે ભયભીત કારણ-કે થઈ-ગયા-હતા
G3756 G1063 G1492 G5101 G0611 G1630 G1063 G1096

શું બોલવું એ તેને સૂઝ્યું નહિ, કેમ કે તેઓ બહુ ડરી ગયા હતા.

7 καὶ ἐγένετο νεφέλη ἐπισκιάζουσα αὐτοῖς, καὶ ἐγένετο φωνὴ ἐκ τῆς
અને આવ્યું વાદળ છાયા-કરતું તેઓ-પર અને આવ્યો અવાજ તે તે
G2532 G1096 G3507 G1982 G0846 G2532 G1096 G5456 G1537 G3588

νεφέλης, Οὗτός ἐστιν ὁ Υἱός μου, ὁ ἀγαπητός: ἀκούετε αὐτοῦ.
વાદળમાંથી આ છે મારો પુત્ર મારો તે વહાલો તેનું-સાંભળો તેનું-સાંભળો
G3507 G3778 G1510 G3588 G5207 G1473 G3588 G0027 G0191 G0846

એક વાદળું આવ્યું. તેણે તેઓ પર છાયા કરી; વાદળામાંથી એવી વાણી થઈ કે, 'આ મારો વહાલો દીકરો છે, તેનું સાંભળો.'"

8 καὶ ἐξάπινα, περιβλεψάμενοι, οὐκέτι οὐδένα εἶδον ἀλλὰ τὸν Ἰησοῦν μόνον.
અને અચાનક ચારે-તરફ-જોઈને હવે કોઈને-પણ જોયા-નહીં સિવાય તે ઈસુને એકલા
G2532 G1819 G4017 G3765 G3762 G3708 G0235 G3588 G2424 G3440

μεθ' ἑαυτῶν,
પોતાની સાથે
G3326 G1438

તરત તેઓએ ચારેબાજુ જોયું ત્યાર પછી તેઓની સાથે એકલા ઈસુ વિના કોઈને જોયા નહિ.

9 Καὶ καταβαινόντων αὐτῶν ἐκ τοῦ ὄρους, διεστείλατο αὐτοῖς ἵνα μηδενὶ
અને ઊતરતાં તેઓ પર્વત પરથી પર્વત-પરથી આજ્ઞા-આપી તેઓને કે કોઈને-પણ
G2532 G2597 G0846 G1537 G3588 G3735 G1291 G0846 G2443 G3367

ἃ εἶδον διηγήσωνται, εἰ μὴ ὅταν ὁ Υἱὸς τοῦ ἀνθρώπου
જે જોયું-હતું કહેવું-નહીં જ્યાં-સુધી નહીં જ્યારે તે માણસનો-પુત્ર માણસનો માણસનો
G3739 G3708 G1334 G1487 G3361 G3752 G3588 G5207 G3588 G0444

ἐκ νεκρῶν ἀναστῇ.
મૃત્યુમાંથી મૃત્યુમાંથી ઊઠે
G1537 G3498 G0450

તેઓ પહાડ પરથી ઊતરતા હતા ત્યારે ઈસુએ તેઓને ફરમાવ્યું કે, 'તમે જે જોયું છે તે માણસનો દીકરો મૃત્યુમાંથી પાછો ઊઠે, ત્યાં સુધી કોઈને કહેશો નહિ.'"

10 καὶ τὸν λόγον ἐκράτησαν πρὸς ἑαυτοὺς, συζητοῦντες τί ἐστιν τὸ
અને આ વાત યાદ-રાખી પોતાની-વચ્ચે પોતાની-વચ્ચે ચર્ચા-કરતા શું છે આ
G2532 G3588 G3056 G2902 G4314 G1438 G4802 G5101 G1510 G3588

ἐκ νεκρῶν ἀναστῆναι.
મૃત્યુમાંથી મૃત્યુમાંથી ઊઠવું
G1537 G3498 G0450

તેઓએ તે સૂચના મનમાં રાખીને 'મૃત્યુમાંથી પાછા ઊઠવું' એ શું હશે, તે વિષે અંદરોઅંદર ચર્ચા કરી.

11 καὶ ἐπηρώτων αὐτὸν, λέγοντες Ὅτι, λέγουσιν οἱ γραμματεῖς, ὅτι Ἠλίαν
અને પૂછતા-હતા તેમને કહેતા કે કહે-છે તે શાસ્ત્રીઓ કે એલિયાએ
G2532 G1905 G0846 G3004 G3754 G3004 G3588 G1122 G3754 G2243

δεῖ ἐλθεῖν πρῶτον?
જરૂરી-છે આવવું પહેલાં
G1163 G2064 G4412

તેઓએ ઈસુને પૂછ્યું, 'શાસ્ત્રીઓ કેમ કહે છે કે એલિયાએ પ્રથમ આવવું જોઈએ?'"

12 ὁ δὲ ἔφη αὐτοῖς, Ἠλίας μὲν ἐλθὼν πρῶτον, ἀποκαθιστάνει πάντα; καὶ
તેમણે તો કહ્યુ તેઓને એલિયા ખરેખર આવીને પહેલાં પુનઃસ્થાપિત-કરે-છે બધું અને
G3588 G1161 G5346 G0846 G2243 G3303 G2064 G4412 G0600 G3956 G2532

πῶς γέγραπται ἐπὶ τὸν Υἱὸν τοῦ ἀνθρώπου, ἵνα πολλὰ πάθῃ καὶ
કેવી-રીતે લખાયું-છે વિષે તે માણસના-પુત્ર ના માણસના કે ઘણું સહન-કરે અને
G4459 G1125 G1909 G3588 G5207 G3588 G0444 G2443 G4183 G3958 G2532

ἐξουδενηθῇ?
તુચ્છ-ગણાય
G1847

ઈસુએ તેઓને કહ્યુ કે, 'એલિયા અગાઉ આવીને સર્વને સુધારે છે ખરો; પણ માણસના દીકરા વિષે એમ કેમ લખ્યું છે કે, તેમણે ઘણું દુઃખ સહેવું પડશે અને ત્યજી દેવામાં આવશે?'"

13 ἀλλὰ λέγω ὑμῖν, ὅτι καὶ Ἠλίας ἐλήλυθεν, καὶ ἐποίησαν αὐτῷ ὅσα
પરંતુ હું-કહું-છું તમને કે ખરેખર એલિયા આવી-ગયા અને કર્યું તેમની-સાથે જે-કંઈ
G0235 G3004 G4771 G3754 G2532 G2243 G2064 G2532 G4160 G0846 G3745

ἤθελον, καθὼς γέγραπται ἐπ’ αὐτόν.
ઇચ્છ્યું જેમ લખાયું-છે તેમના-વિષે તેમના-વિષે
G2309 G2531 G1125 G1909 G0846

પણ હું તમને કહું છું કે, 'એલિયા ખરેખર આવ્યો છે; અને તેને વિષે લખેલું છે તે પ્રમાણે તેઓએ પોતાની મરજી મુજબ તેની સાથે આચરણ કર્યું.'"

14 Καὶ ἐλθόντες πρὸς τοὺς μαθητὰς, εἶδον ὄχλον πολὺν περὶ αὐτοὺς,
અને આવીને પાસે તે શિષ્યો-પાસે જોયું ટોળું મોટું તેઓની-આસપાસ તેઓની-આસપાસ
G2532 G2064 G4314 G3588 G3101 G3708 G3793 G4183 G4012 G0846

καὶ γραμματεῖς συζητοῦντας πρὸς αὐτούς.
અને શાસ્ત્રીઓ વાદ-કરતા તેઓની-સાથે તેઓની-સાથે
G2532 G1122 G4802 G4314 G0846

તેઓએ શિષ્યોની પાસે આવીને તેઓની આસપાસ ઘણાં લોકોને તથા તેઓની સાથે ચર્ચા કરતા શાસ્ત્રીઓને જોયા.

15 καὶ εὐθὺς πᾶς ὁ ὄχλος, ἰδόντες αὐτὸν, ἐξεθαμβήθησαν, καὶ
અને તરત આખું તે ટોળું જોઈને તેમને આશ્ચર્ય-પામ્યું અને
G2532 G2112 G3956 G3588 G3793 G3708 G0846 G1568 G2532

προστρέχοντες, ἠσπάζοντο αὐτόν.
દોડીને વંદન-કર્યું તેમને
G4370 G0782 G0846

તે અને એલિસાબેથનો પૂરો-થયો તે સમય તેનો પ્રસવનો તેણીનો અને જન્મ-આપ્યો
G3588 G1161 G1665 G4130 G3588 G5550 G3588 G5088 G0846 G2532 G1080

υἱόν.
દીકરાને
G5207

હવે એલિસાબેતના દિવસો પૂરા થયા, એટલે તેને દીકરો જનમ્યો.

58 καὶ ἤκουσαν οἱ περίοικοι καὶ οἱ συγγενεῖς αὐτῆς, ὅτι ἐμεγάλυνεν
અને સાંભળ્યું તે પડોશીઓએ અને તે સગાંઓએ તેણીના કે મોટી-કરી
G2532 G0191 G3588 G4040 G2532 G3588 G4773 G0846 G3754 G3170

Κύριος τὸ ἔλεος αὐτοῦ μετ’ αὐτῆς, καὶ συνέχαιρον αὐτῇ.
પ્રભુએ તે દયા તેમની તેણી-સાથે તેણીની અને આનંદ-કર્યો તેણી-સાથે
G2962 G3588 G1656 G0846 G3326 G0846 G2532 G4796 G0846

તેના પડોશીઓએ તથા સગાંઓએ સાંભળ્યું કે, પ્રભુએ તેના પર મોટી દયા કરી છે, ત્યારે તેઓએ તેની સાથે આનંદ કર્યો.

59 Καὶ ἐγένετο ἐν τῇ ἡμέρᾳ τῇ ὀγδόῃ, ἦλθον περιτεμεῖν τὸ παιδίον,
અને થયું માં તે દિવસે તે આઠમા આવ્યા સુન્નત-કરવા તે બાળકની
G2532 G1096 G1722 G3588 G2250 G3588 G3590 G2064 G4059 G3588 G3813

καὶ ἐκάλουν αὐτὸ ἐπὶ τῷ ὀνόματι τοῦ πατρὸς αὐτοῦ, Ζαχαρίαν.
અને રાખતા-હતા તેનું ઉપર તે નામ તેના પિતાના તેના ઝખાર્યા
G2532 G2564 G0846 G1909 G3588 G3686 G3588 G3962 G0846 G2197

આઠમે દિવસે તેઓ છોકરાંની સુન્નત કરવા આવ્યાં, ત્યારે તેઓ તેના પિતાના નામ ઉપરથી તેનું નામ ઝખાર્યા પાડવા માંગતા હતા;

60 καὶ ἀποκριθεῖσα, ἡ μήτηρ αὐτοῦ εἶπεν, Οὐχί ἀλλὰ; κληθήσεται Ἰωάννης.
અને જવાબ-આપતાં તેની માતાએ તેની કહ્યુ નહીં પણ કહેવાશે યોહાન
G2532 G0611 G3588 G3384 G0846 G3004 G3780 G0235 G2564 G2491

પણ તેની માએ તેઓને કહ્યુ કે, ‘એમ નહિ, પણ તેનું નામ યોહાન પાડવું.’”

61 καὶ εἶπαν πρὸς αὐτὴν, ὅτι Οὐδείς ἐστιν ἐκ τῆς συγγενείας σου, ὃς
અને કહ્યુ તેણીને તેણીને કે કોઈ-નથી છે માંથી તે કુટુંબમાંથી તારા જે
G2532 G3004 G4314 G0846 G3754 G3762 G1510 G1537 G3588 G4772 G4771 G3739

καλεῖται τῷ ὀνόματι τούτῳ.
બોલાવાય-છે તે નામથી આ
G2564 G3588 G3686 G3778

તેઓએ તેને કહ્યુ કે, 'તારાં સગામાંના કોઈનું એવું નામ પાડેલું નથી.'"

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 62 | ἐνένευον | δὲ | τῷ | πατρὶ | αὐτοῦ, | τὸ | τί | ἂν | θέλοι | καλεῖσθαι | αὐτό. |
| | ઇશારા-કરતા-હતા | ત્યારે | તેના | પિતાને | તેના | તે | શું | કદાચ | ઇચ્છે-છે | રાખવું | તેનું |
| | G1770 | G1161 | G3588 | G3962 | G0846 | G3588 | G5101 | G0302 | G2309 | G2564 | G0846 |

તેઓએ ઇશારો કરીને તેના પિતાને પૂછ્યું કે, 'તું તેનું શું નામ પાડવા ચાહે છે?'"

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 63 | καὶ | αἰτήσας | πινακίδιον, | ἔγραψεν, | λέγων, | Ἰωάννης | ἐστὶν | ὄνομα | αὐτοῦ. | καὶ |
| | અને | માંગીને | પાટી | લખ્યું | કહેતાં | યોહાન | છે | નામ | તેનું | અને |
| | G2532 | G0154 | G4093 | G1125 | G3004 | G2491 | G1510 | G3686 | G0846 | G2532 |

| | |
|---|---|
| ἐθαύμασαν | πάντες. |
| આશ્ચર્ય-પામ્યા | સર્વ |
| G2296 | G3956 |

તેણે પથ્થરપાટી માગીને તેના પર લખ્યું કે, 'તેનું નામ યોહાન છે.'"

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 64 | ἀνεῴχθη | δὲ | τὸ | στόμα | αὐτοῦ | παραχρῆμα, | καὶ | ἡ | γλῶσσα | αὐτοῦ, | καὶ |
| | ખૂલ્યું | ત્યારે | તેનું | મોં | તેનું | તરત-જ | અને | તેની | જીભ | તેની | અને |
| | G0455 | G1161 | G3588 | G4750 | G0846 | G3916 | G2532 | G3588 | G1100 | G0846 | G2532 |

| | | | |
|---|---|---|---|
| ἐλάλει, | εὐλογῶν | τὸν | Θεόν. |
| બોલતો-હતો | સ્તુતિ-કરતાં | તે | ઈશ્વરની |
| G2980 | G2127 | G3588 | G2316 |

તેથી તેઓ સર્વ અચંબો પામ્યા. તરત ઝખાર્યાનું મુખ ઊઘડી ગયું, ને તેની જીભ છૂટી થઈ, તે ઈશ્વરની સ્તુતિ કરતો બોલવા લાગ્યો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 65 | Καὶ | ἐγένετο | ἐπὶ | πάντας | φόβος, | τοὺς | περιοικοῦντας | αὐτούς; | καὶ | ἐν |
| | અને | આવ્યો | ઉપર | સર્વ-ઉપર | ભય | તે | આસપાસ-રહેનારાઓ-ઉપર | તેમના | અને | માં |
| | G2532 | G1096 | G1909 | G3956 | G5401 | G3588 | G4039 | G0846 | G2532 | G1722 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ὅλῃ | τῇ | ὀρεινῇ | τῆς | Ἰουδαίας | διελαλεῖτο | πάντα | τὰ, | ῥήματα | ταῦτα. |
| આખા | તે | પહાડી-પ્રદેશમાં | તે | યહૂદિયાના | ચર્ચા-થતી-હતી | સર્વ | આ | વાતોની | આ |
| G3650 | G3588 | G3714 | G3588 | G2449 | G1255 | G3956 | G3588 | G4487 | G3778 |

તેઓની આસપાસના સર્વ રહેવાસીઓને બીક લાગી, અને યહૂદિયાના આખા પહાડી દેશમાં એ વાતોની ચર્ચા ચાલી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 66 | καὶ | ἔθεντο | πάντες | οἱ | ἀκούσαντες, | ἐν | τῇ | καρδίᾳ | αὐτῶν, | λέγοντες, | Τί |
| | અને | રાખ્યું | સર્વે | જેમણે | સાંભળ્યું | માં | તેમના | હૃદયમાં | તેમના | કહેતાં | શું |
| | G2532 | G5087 | G3956 | G3588 | G0191 | G1722 | G3588 | G2588 | G0846 | G3004 | G5101 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἄρα | τὸ | παιδίον | τοῦτο | ἔσται? | καὶ | γὰρ | χεὶρ | Κυρίου | ἦν | μετ' | αὐτοῦ. |
| ખરેખર | આ | બાળક | આ | થશે | અને | ખરેખર | હાથ | પ્રભુનો | હતો | સાથે | તેની |
| G0686 | G3588 | G3813 | G3778 | G1510 | G2532 | G1063 | G5495 | G2962 | G1510 | G3326 | G0846 |

જેઓએ તે વાતો સાંભળી તે સર્વએ તે મનમાં રાખીને કહ્યુ કે, ત્યારે આ છોકરો કેવો થશે? કેમ કે પ્રભુનો હાથ તેના પર હતો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 67 | Καὶ | Ζαχαρίας, | ὁ | πατὴρ | αὐτοῦ, | ἐπλήσθη | Πνεύματος | Ἁγίου, | καὶ |
| | અને | ઝખાર્યા | તે | પિતા | તેના | ભરાયો | આત્માથી | પવિત્ર | અને |
| | G2532 | G2197 | G3588 | G3962 | G0846 | G4130 | G4151 | G0040 | G2532 |

| | |
|---|---|
| ἐπροφήτευσεν, | λέγων, |
| ભવિષ્યવાણી-કરી | કહેતાં |
| G4395 | G3004 |

તેના પિતા ઝખાર્યાએ પવિત્ર આત્માથી ભરપૂર થઈને એવો પ્રબોધ કર્યો કે,

68

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Εὐλογητὸς | Κύριος | ὁ | Θεὸς | τοῦ | Ἰσραήλ, | ὅτι | ἐπεσκέψατο | καὶ | ἐποίησεν | λύτρωσιν | τῷ | λαῷ | αὐτοῦ, |
| ધન્ય | પ્રભુ | તે | ઈશ્વર | તે | ઇઝરાયલના | કારણ-કે | મુલાકાત-લીધી | અને | કર્યું | છુટકારો | તે | પ્રજા-માટે | તેમની |
| G2128 | G2962 | G3588 | G2316 | G3588 | G2474 | G3754 | G1980 | G2532 | G4160 | G3085 | G3588 | G2992 | G0846 |

ઇઝરાયલના ઈશ્વર પ્રભુ સ્તુતિમાન થાઓ; કેમ કે તેમણે પોતાના લોકની મુલાકાત લઈને તેઓનો ઉદ્ધાર કર્યો છે.

69

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἤγειρεν | κέρας | σωτηρίας | ἡμῖν, | ἐν | οἴκῳ | Δαυὶδ | παιδὸς | αὐτοῦ; |
| અને | ઊભું-કર્યું | શિંગ | ઉદ્ધારનું | આપણા-માટે | માં | ઘરમાં | દાઉદના | સેવક | તેમના |
| G2532 | G1453 | G2768 | G4991 | G1473 | G1722 | G3624 | G1138 | G3816 | G0846 |

જગતના પહેલાથી ઈશ્વરે પવિત્ર પ્રબોધકોના મુખથી કહ્યુ હતું તે પ્રમાણે,

70

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καθὼς | ἐλάλησεν | διὰ | στόματος | τῶν | ἁγίων | ἀπ’ | αἰῶνος | προφητῶν | αὐτοῦ, |
| જેમ | બોલ્યા-હતા | દ્વારા | મુખથી | તેમના | પવિત્ર | પ્રાચીનકાળથી | યુગોથી | પ્રબોધકોના | તેમના |
| G2531 | G2980 | G1223 | G4750 | G3588 | G0040 | G0575 | G0165 | G4396 | G0846 |

તેમણે પોતાના સેવક દાઉદના કુળમાં, આપણે સારુ એક પરાક્રમી ઉદ્ધારનાર આપ્યા છે,

71

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| σωτηρίαν | ἐξ | ἐχθρῶν | ἡμῶν, | καὶ | ἐκ | χειρὸς | πάντων | τῶν | μισούντων | ἡμᾶς; |
| ઉદ્ધાર | થી | શત્રુઓથી | આપણા | અને | થી | હાથમાંથી | સર્વના | જેઓ | ધિક્કારનારાઓના | આપણને |
| G4991 | G1537 | G2190 | G1473 | G2532 | G1537 | G5495 | G3956 | G3588 | G3404 | G1473 |

એટલે તે આપણા શત્રુઓથી તથા આપણા પર દ્વેષ રાખનારા સર્વના હાથમાંથી આપણને બચાવે;

72

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ποιῆσαι | ἔλεος | μετὰ | τῶν | πατέρων | ἡμῶν, | καὶ | μνησθῆναι | διαθήκης | ἁγίας | αὐτοῦ, |
| કરવા | દયા | સાથે | તે | પૂર્વજો-સાથે | આપણા | અને | યાદ-કરવા | કરારને | પવિત્ર | તેમના |
| G4160 | G1656 | G3326 | G3588 | G3962 | G1473 | G2532 | G3403 | G1242 | G0040 | G0846 |

એ સારુ કે તે આપણા પૂર્વજો પ્રત્યે દયા દર્શાવે, તથા પોતાનો પવિત્ર કરાર યાદ કરે,

73

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὅρκον | ὃν | ὤμοσεν | πρὸς | Ἀβραὰμ, | τὸν | πατέρα | ἡμῶν, | τοῦ | δοῦναι | ἡμῖν, |
| સોગંદ | જે | લીધો-હતો | તરફ | ઇબ્રાહીમ | તે | પિતા | આપણા | તેનો | આપવાનો | આપણને |
| G3727 | G3739 | G3660 | G4314 | G0011 | G3588 | G3962 | G1473 | G3588 | G1325 | G1473 |

એટલે તેમણે આપણા પિતા ઇબ્રાહિમની સાથે જે સમ ખાધા તે;

74

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ἀφόβως, | ἐκ | χειρὸς | ἐχθρῶν | ῥυσθέντας, | λατρεύειν | αὐτῷ, |
| નિર્ભયપણે | થી | હાથમાંથી | શત્રુઓના | છોડાવીને | સેવા-કરવી | તેમની |
| G0870 | G1537 | G5495 | G2190 | G4506 | G3000 | G0846 |

એ માટે કે તે આપણે સારુ એવું કરે કે, આપણે પોતાના શત્રુઓના હાથમાંથી છૂટકો પામીને, નિર્ભયતાથી આપણા આખા આયુષ્યભર તેમની આગળ

75

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐν | ὁσιότητι | καὶ | δικαιοσύνῃ | ἐνώπιον | αὐτοῦ, | πάσαις | ταῖς | ἡμέραις | ἡμῶν. |
| માં | પવિત્રતામાં | અને | ન્યાયીપણામાં | સમક્ષ | તેમની | સર્વ | તે | દિવસોમાં | આપણા |
| G1722 | G3742 | G2532 | G1343 | G1799 | G0846 | G3956 | G3588 | G2250 | G1473 |

પવિત્રાઈથી તથા ન્યાયીપણાથી તેમની સેવા કરીએ.

76 Καὶ અને G2532 σὺ તું G4771 δέ, પણ G1161 παιδίον, બાળક G3813 προφήτης પ્રબોધક G4396 Ὑψίστου સર્વોચ્ચનો G5310 κληθήσῃ; કહેવાઈશ G2564 προπορεύσῃ આગળ-ચાલીશ G4313 γὰρ કારણ-કે G1063

ἐνώπιον સમક્ષ G1799 Κυρίου, પ્રભુની G2962 ἑτοιμάσαι તૈયાર-કરવા G2090 ὁδοὺς માર્ગો G3598 αὐτοῦ; તેમના G0846

અને, ઓ પુત્ર, તું પરાત્પર ઈશ્વરનો પ્રબોધક કહેવાશે; કેમ કે તું પ્રભુની આગળ ચાલશે, એ માટે કે તું પ્રભુનો માર્ગ તૈયાર કરે,

77 τοῦ તેનો G3588 δοῦναι આપવા G1325 γνῶσιν જ્ઞાન G1108 σωτηρίας ઉદ્ધારનું G4991 τῷ તેની G3588 λαῷ પ્રજાને G2992 αὐτοῦ, તેમની G0846 ἐν માં G1722 ἀφέσει ક્ષમામાં G0859 ἁμαρτιῶν પાપોની G0266 αὐτῶν, તેમના G0846

તથા તેમના લોકોને પાપની માફી મળવા માટે તેઓને ઉદ્ધારનું જ્ઞાન આપશે.

78 διὰ દ્વારા G1223 σπλάγχνα કરુણા G4698 ἐλέους દયાની G1656 Θεοῦ ઈશ્વરની G2316 ἡμῶν, આપણા G1473 ἐν માં G1722 οἷς જેમાં G3739 ἐπισκέψεται મુલાકાત-લેશે G1980 ἡμᾶς આપણી G1473 ἀνατολὴ પ્રભાત G0395 ἐξ થી G1537

ὕψους, ઊંચાઈથી G5311

અને આપણી માફી એ માટે થઈ કેમ કે આપણા ઈશ્વરની ઘણી દયા સ્વર્ગમાંથી ઉદ્ધારનાર ઊગતાં સૂર્ય સમાન આપણી પાસે આવે છે,

79 ἐπιφᾶναι પ્રકાશ-આપવા G2014 τοῖς જેઓ G3588 ἐν માં G1722 σκότει અધારામાં G4655 καὶ અને G2532 σκιᾷ છાયામાં G4639 θανάτου મૃત્યુની G2288 καθημένοις; બેઠેલાઓને G2521 τοῦ તેનો G3588 κατευθῦναι દોરવા G2720

τοὺς તે G3588 πόδας પગલાં G4228 ἡμῶν, આપણાં G1473 εἰς માં G1519 ὁδὸν માર્ગ-ઉપર G3598 εἰρήνης. શાંતિના G1515

એ માટે કે અધારામાં તથા મરણની છાયામાં જેઓ બેઠેલા છે તેઓને તે પ્રકાશ આપે તથા આપણા પગલાંને શાંતિના માર્ગમાં દોરી જાય.

80 Τὸ તે G3588 δὲ અને G1161 παιδίον બાળક G3813 ηὔξανεν વધતું-હતું G0837 καὶ અને G2532 ἐκραταιοῦτο બળવાન-થતું-હતું G2901 πνεύματι; આત્મામાં G4151 καὶ અને G2532 ἦν હતું G1510 ἐν માં G1722 ταῖς તે G3588

ἐρήμοις રણમાં G2048 ἕως સુધી G2193 ἡμέρας દિવસ G2250 ἀναδείξεως પ્રગટ-થવાના G0323 αὐτοῦ તેના G0846 πρὸς તરફ G4314 τὸν તે G3588 Ἰσραήλ. ઇઝરાયલ G2474

પુત્ર મોટો થયો, આત્મામાં બળવાન થતો ગયો, અને ઇઝરાયલમાં તેના જાહેર થવાનાં દિવસ સુધી તે અરણ્યમાં રહ્યો.

# Chapter 2

1 Ἐγένετο થયું G1096 δὲ અને G1161 ἐν માં G1722 ταῖς તે G3588 ἡμέραις દિવસોમાં G2250 ἐκείναις, તે G1565 ἐξῆλθεν નીકળ્યો G1831 δόγμα ફરમાન G1378 παρὰ તરફથી G3844 Καίσαρος કૈસરનો G2541

Αὐγούστου, ઑગુસ્તસનો G0828 ἀπογράφεσθαι નોંધણી-કરાવવાનો G0583 πᾶσαν સર્વ G3956 τὴν તે G3588 οἰκουμένην; જગતનો G3625

તે દિવસોમાં કાઈસાર ઓગસ્તસે ફરમાન બહાર પાડયું કે, સર્વ દેશોના લોકોની વસ્તીગણતરી કરવામાં આવે.

2 αὕτη આ G3778 ἀπογραφὴ નોંધણી G0582 πρώτη, પ્રથમ G4413 ἐγένετο થઈ G1096 ἡγεμονεύοντος રાજ્યપાલ-હતા-ત્યારે G2230 τῆς તે G3588 Συρίας સીરિયાના G4947 Κυρηνίου. કુરેનિયસ G2958

કુરેનિયસ સિરિયા પ્રાંતનો રાજ્યપાલ હતો, તેના વખતમાં એ પ્રથમ વસ્તીગણતરી હતી.

3 καὶ ἐπορεύοντο πάντες ἀπογράφεσθαι, ἕκαστος εἰς τὴν ἑαυτοῦ πόλιν:
અને જતા-હતા સર્વ નોંધણી-કરાવવા દરેક માં તે પોતાના શહેરમાં
G2532 G4198 G3956 G0583 G1538 G1519 G3588 G1438 G4172

બધા લોકો પોતાનાં નામ નોંધાવવા સારુ પોતપોતાનાં નગરમાં ગયા.

4 Ἀνέβη δὲ καὶ Ἰωσὴφ, ἀπὸ τῆς Γαλιλαίας ἐκ πόλεως Ναζαρὲθ, εἰς
ગયો અને પણ યૂસફ થી તે ગાલીલના માંથી શહેરમાંથી નાઝારેથથી માં
G0305 G1161 G2532 G2501 G0575 G3588 G1056 G1537 G4172 G3478 G1519

τὴν Ἰουδαίαν, εἰς πόλιν Δαυὶδ, ἥτις καλεῖται Βηθλεέμ, διὰ τὸ εἶναι
તે યહૂદિયામાં માં શહેર દાઉદના જે કહેવાય-છે બેથલેહેમ કારણ-કે તે હતો
G3588 G2449 G1519 G4172 G1138 G3748 G2564 G0965 G1223 G3588 G1510

αὐτὸν ἐξ οἴκου καὶ πατριᾶς Δαυίδ--
તે માંથી ઘરાનાના અને વંશના દાઉદના
G0846 G1537 G3624 G2532 G3965 G1138

યૂસફ પણ ગાલીલના નાસરેથ શહેરમાંથી યહૂદિયામાં દાઉદનું શહેર જે બેથલેહેમ કહેવાય છે તેમાં,

5 ἀπογράψασθαι σὺν Μαριὰμ, τῇ ἐμνηστευμένῃ αὐτῷ, οὔσῃ ἐγκύῳ.
નોંધણી-કરાવવા સાથે મરિયમ તે મંગેતર-થયેલી તેની હતી ગર્ભવતી
G0583 G4862 G3137 G3588 G3423 G0846 G1510 G1471

પોતાનું તથા પોતાની ગર્ભવતી વેવિશાળી પત્ની મરિયમનું નામ નોંધાવવા ગયો, કેમ કે તે દાઉદના વંશ તથા કુળમાંનો હતો.

6 Ἐγένετο δὲ ἐν τῷ εἶναι αὐτοὺς ἐκεῖ, ἐπλήσθησαν αἱ ἡμέραι τοῦ
થયું અને માં તે હોવાથી તેઓ ત્યાં પૂરા-થયા તે દિવસો તે
G1096 G1161 G1722 G3588 G1510 G0846 G1563 G4130 G3588 G2250 G3588

τεκεῖν αὐτήν.
પ્રસવના તેણીના
G5088 G0846

તેઓ ત્યાં હતાં, એટલામાં મરિયમના પ્રસવાવસ્થાના દિવસો પૂરા થયા.

7 καὶ ἔτεκεν τὸν υἱὸν αὐτῆς, τὸν πρωτότοκον, καὶ ἐσπαργάνωσεν αὐτὸν,
અને જન્મ-આપ્યો તે દીકરાને તેણીના તે પ્રથમજનિતને અને કપડાંમાં-વીંટ્યો તેને
G2532 G5088 G3588 G5207 G0846 G3588 G4416 G2532 G4683 G0846

καὶ ἀνέκλινεν αὐτὸν ἐν φάτνῃ, διότι οὐκ ἦν αὐτοῖς τόπος ἐν τῷ
અને સુવાડ્યો તેને માં ગમાણમાં કારણ-કે નહોતો હતો તેમને જગ્યા માં તે
G2532 G0347 G0846 G1722 G5336 G1360 G3756 G1510 G0846 G5117 G1722 G3588

καταλύματι.
ધર્મશાળામાં
G2646

અને તેણે પોતાના પ્રથમ દીકરાને જન્મ આપ્યો; તેને વસ્ત્રમાં લપેટીને ગભાણમાં સુવડાવ્યો, કારણ કે તેઓને સારુ ધર્મશાળામાં કંઈ જગ્યા નહોતી.

8 Καὶ ποιμένες ἦσαν ἐν τῇ χώρᾳ τῇ αὐτῇ, ἀγραυλοῦντες καὶ
અને ઘેટાંપાળકો હતા માં તે પ્રદેશમાં તે જ ખુલ્લામાં-રહેતા અને
G2532 G4166 G1510 G1722 G3588 G5561 G3588 G0846 G0063 G2532

φυλάσσοντες φυλακὰς τῆς νυκτὸς ἐπὶ τὴν ποίμνην αὐτῶν;
ચોકી-કરતા પહેરા તે રાતના ઉપર તે ઘેટાંના-ટોળા તેમના
G5442 G5438 G3588 G3571 G1909 G3588 G4167 G0846

તે દેશમાં ઘેટાંપાળકો રાત્રે ખેતરમાં રહીને પોતાનાં ઘેટાંને સાચવતા હતા.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | καὶ | ἄγγελος | Κυρίου | ἐπέστη | αὐτοῖς, | καὶ | δόξα | Κυρίου | περιέλαμψεν | αὐτούς, |
| | અને | દૂત | પ્રભુનો | આવ્યો | તેમની-પાસે | અને | મહિમા | પ્રભુનો | પ્રકાશ્યો | તેમના-ઉપર |
| | G2532 | G0032 | G2962 | G2186 | G0846 | G2532 | G1391 | G2962 | G4034 | G0846 |

| | | | |
|---|---|---|---|
| καὶ | ἐφοβήθησαν | φόβον | μέγαν. |
| અને | ડર્યા | ભય | મોટો |
| G2532 | G5399 | G5401 | G3173 |

પ્રભુનો એક સ્વર્ગદૂત તેઓની આગળ પ્રગટ થયો, પ્રભુના ગૌરવનો પ્રકાશ તેઓની આસપાસ પ્રકાશ્યો, તેથી તેઓ ઘણાં ભયભીત થયા.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 10 | καὶ | εἶπεν | αὐτοῖς | ὁ | ἄγγελος, | Μὴ | φοβεῖσθε; | ἰδοὺ | γὰρ, | εὐαγγελίζομαι |
| | અને | કહ્યુ | તેમને | તે | દૂતે | નહીં | ડરો | જુઓ | કારણ-કે | સુવાર્તા-આપું-છું |
| | G2532 | G3004 | G0846 | G3588 | G0032 | G3361 | G5399 | G3708 | G1063 | G2097 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ὑμῖν | χαρὰν | μεγάλην, | ἥτις | ἔσται | παντὶ | τῷ | λαῷ; |
| તમને | આનંદના | મોટા | જે | થશે | સર્વ | તે | લોકો-માટે |
| G4771 | G5479 | G3173 | G3748 | G1510 | G3956 | G3588 | G2992 |

સ્વર્ગદૂતે તેઓને કહ્યુ કે 'બીશો નહીં; કેમ કે, જુઓ, હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું, અને તે સર્વ લોકોને માટે થશે;

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 11 | ὅτι | ἐτέχθη | ὑμῖν | σήμερον | Σωτήρ, | ὅς | ἐστιν | Χριστὸς | Κύριος, | ἐν | πόλει |
| | કે | જન્મ્યા | તમારા-માટે | આજે | ઉદ્ધારક | જે | છે | ખ્રિસ્ત | પ્રભુ | માં | શહેરમાં |
| | G3754 | G5088 | G4771 | G4594 | G4990 | G3739 | G1510 | G5547 | G2962 | G1722 | G4172 |

| |
|---|
| Δαυίδ. |
| દાઉદના |
| G1138 |

કેમ કે આજ દાઉદના શહેરમાં તમારે સારુ એક ઉદ્ધારક, એટલે ખ્રિસ્ત પ્રભુ જનમ્યાં છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | καὶ | τοῦτο | ὑμῖν | ‹τὸ› | σημεῖον: | εὑρήσετε | βρέφος | ἐσπαργανωμένον, | καὶ |
| | અને | આ | તમારા-માટે | તે | ચિહ્ન | શોધશો | બાળકને | કપડાંમાં-વીંટેલા | અને |
| | G2532 | G3778 | G4771 | G3588 | G4592 | G2147 | G1025 | G4683 | G2532 |

| | | |
|---|---|---|
| κείμενον | ἐν | φάτνῃ. |
| સૂતેલા | માં | ગમાણમાં |
| G2749 | G1722 | G5336 |

તમારે માટે એ નિશાની છે કે, તમે એક બાળકને વસ્ત્રમાં લપેટેલું તથા ગભાણમાં સૂતેલું જોશો.'"

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 13 | καὶ | ἐξαίφνης | ἐγένετο | σὺν | τῷ | ἀγγέλῳ | πλῆθος | στρατιᾶς | οὐρανίου, | αἰνούντων |
| | અને | અચાનક | થયું | સાથે | તે | દૂતની | સમુદાય | સૈન્યનો | સ્વર્ગીય | સ્તુતિ-કરતા |
| | G2532 | G1810 | G1096 | G4862 | G3588 | G0032 | G4128 | G4756 | G3770 | G0134 |

| | | | |
|---|---|---|---|
| τὸν | Θεὸν, | καὶ | λεγόντων, |
| તે | ઈશ્વરની | અને | કહેતા |
| G3588 | G2316 | G2532 | G3004 |

પછી એકાએક સ્વર્ગદૂતની સાથે આકાશના બીજા સ્વર્ગદૂતોનો સમુદાય પ્રગટ થયો; તેઓ ઈશ્વરની સ્તુતિ કરીને કહેતાં હતા કે,

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 14 | Δόξα | ἐν | ὑψίστοις | Θεῷ, | καὶ | ἐπὶ | γῆς | εἰρήνη | ἐν | ἀνθρώποις, |
| | મહિમા | માં | સર્વોચ્ચમાં | ઈશ્વરને | અને | ઉપર | પૃથ્વી-ઉપર | શાંતિ | માં | માણસોમાં |
| | G1391 | G1722 | G5310 | G2316 | G2532 | G1909 | G1093 | G1515 | G1722 | G0444 |

| |
|---|
| εὐδοκίας! |
| સદ્ભાવના |
| G2107 |

‘સ્વર્ગમાં ઈશ્વરને મહિમા, તથા પૃથ્વી પર જે માણસો વિષે તે પ્રસન્ન છે, તેઓ મધ્યે શાંતિ થાઓ.’”

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Καὶ | ἐγένετο, | ὡς | ἀπῆλθον | ἀπ’ | αὐτῶν | εἰς | τὸν | οὐρανὸν | οἱ | ἄγγελοι, |
| અને | થયું | જ્યારે | ગયા | થી | તેમનાથી | માં | તે | સ્વર્ગમાં | તે | દૂતો |
| G2532 | G1096 | G5613 | G0565 | G0575 | G0846 | G1519 | G3588 | G3772 | G3588 | G0032 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| οἱ | ποιμένες | ἐλάλουν | πρὸς | ἀλλήλους, | Διέλθωμεν | δὴ | ἕως | Βηθλεὲμ, | καὶ |
| તે | ઘેટાંપાળકો | બોલ્યા | તરફ | એકબીજાને | ચાલો-જઈએ | ખરેખર | સુધી | બેથલેહેમ | અને |
| G3588 | G4166 | G2980 | G4314 | G0240 | G1330 | G1211 | G2193 | G0965 | G2532 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἴδωμεν | τὸ | ῥῆμα | τοῦτο | τὸ | γεγονὸς, | ὃ | ὁ | Κύριος | ἐγνώρισεν | ἡμῖν. |
| જોઈએ | આ | વાત | આ | જે | બનેલી | જે | તે | પ્રભુએ | જણાવી | આપણને |
| G3708 | G3588 | G4487 | G3778 | G3588 | G1096 | G3739 | G3588 | G2962 | G1107 | G1473 |

જયારે સ્વર્ગદૂતો તેઓની પાસેથી આકાશમાં ગયા તે પછી, ઘેટાંપાળકોએ એકબીજાને કહ્યુ કે, ‘ચાલો, આપણે બેથલેહેમ જઈને આ બનેલી બિના જેની ખબર પ્રભુએ આપણને આપી છે તે જોઈએ.’”

16

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἦλθαν | σπεύσαντες, | καὶ | ἀνεῦραν | τήν | τε | Μαριὰμ | καὶ | τὸν | Ἰωσὴφ, |
| અને | આવ્યા | ઉતાવળે | અને | શોધ્યા | તે | બંને | મરિયમ | અને | તે | યૂસફને |
| G2532 | G2064 | G4692 | G2532 | G0429 | G3588 | G5037 | G3137 | G2532 | G3588 | G2501 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| καὶ | τὸ | βρέφος, | κείμενον | ἐν | τῇ | φάτνῃ. |
| અને | તે | બાળકને | સૂતેલા | માં | તે | ગમાણમાં |
| G2532 | G3588 | G1025 | G2749 | G1722 | G3588 | G5336 |

તેઓ ઉતાવળથી ગયા, અને મરિયમને, યૂસફને, તથા ગભાણમાં સૂતેલા બાળકને જોયા.

17

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἰδόντες | δὲ, | ἐγνώρισαν | περὶ | τοῦ | ῥήματος | τοῦ | λαληθέντος | αὐτοῖς, | περὶ |
| જોઈને | અને | જણાવ્યું | વિશે | તે | વાતની | જે | કહેવામાં-આવી-હતી | તેમને | વિશે |
| G3708 | G1161 | G1107 | G4012 | G3588 | G4487 | G3588 | G2980 | G0846 | G4012 |

| | | |
|---|---|---|
| τοῦ | παιδίου | τούτου. |
| આ | બાળકના | આ |
| G3588 | G3813 | G3778 |

તેઓને જોયા પછી જે વાત એ બાળક સંબંધી તેઓને કહેવામાં આવી હતી, તે તેઓએ કહી બતાવી.

18

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | πάντες | οἱ | ἀκούσαντες, | ἐθαύμασαν | περὶ | τῶν | λαληθέντων | ὑπὸ | τῶν |
| અને | સર્વ | જેમણે | સાંભળ્યું | આશ્ચર્ય-પામ્યા | વિશે | તે | કહેવામાં-આવેલી | દ્વારા | તે |
| G2532 | G3956 | G3588 | G0191 | G2296 | G4012 | G3588 | G2980 | G5259 | G3588 |

| | | |
|---|---|---|
| ποιμένων | πρὸς | αὐτούς. |
| ઘેટાંપાળકોએ | તરફ | તેમની |
| G4166 | G4314 | G0846 |

જે વાતો ઘેટાંપાળકોએ કહી, તેથી સઘળા સાંભળનારાઓ આશ્ચર્ય પામ્યા,

19

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἡ | δὲ | Μαρία | πάντα | συνετήρει | τὰ | ῥήματα | ταῦτα, | συμβάλλουσα | ἐν |
| તે | પણ | મરિયમ | સર્વ | સાચવતી-હતી | આ | વાતો | આ | વિચારતી | માં |
| G3588 | G1161 | G3137 | G3956 | G4933 | G3588 | G4487 | G3778 | G4820 | G1722 |

| | | |
|---|---|---|
| τῇ | καρδίᾳ | αὐτῆς. |
| તે | હૃદયમાં | તેણીના |
| G3588 | G2588 | G0846 |

પણ મરિયમ એ સઘળી વાતો મનમાં રાખીને વારંવાર તે વિષે વિચાર કરતી રહી.

20 καὶ ὑπέστρεψαν οἱ ποιμένες, δοξάζοντες καὶ αἰνοῦντες τὸν Θεὸν ἐπὶ
અને પાછા-ફર્યા તે ઘેટાંપાળકો મહિમા-આપતા અને સ્તુતિ-કરતા તે ઈશ્વરની ઉપર
G2532 G5290 G3588 G4166 G1392 G2532 G0134 G3588 G2316 G1909

πᾶσιν οἷς ἤκουσαν καὶ εἶδον, καθὼς ἐλαλήθη πρὸς αὐτούς.
સર્વ જે સાંભળ્યું-હતું અને જોયું-હતું જેમ કહેવાયું-હતું તરફ તેમને
G3956 G3739 G0191 G2532 G3708 G2531 G2980 G4314 G0846

ઘેટાંપાળકોને જે કહેવામાં આવ્યું હતું તે તેઓએ બધું સાંભળ્યું તથા જોયું, તેથી તેઓ ઈશ્વરનો મહિમા તથા સ્તુતિ કરતા પોતાનાં ઘેટાં પાસે પાછા ગયા.

21 Καὶ ὅτε ἐπλήσθησαν ἡμέραι ὀκτὼ τοῦ περιτεμεῖν αὐτόν, καὶ ἐκλήθη
અને જ્યારે પૂરા-થયા દિવસો આઠ તેનું સુન્નત-કરવાના તેનું અને રાખવામાં-આવ્યું
G2532 G3753 G4130 G2250 G3638 G3588 G4059 G0846 G2532 G2564

τὸ ὄνομα αὐτοῦ Ἰησοῦς, τὸ κληθὲν ὑπὸ τοῦ ἀγγέλου πρὸ τοῦ
તેનું નામ તેનું ઈસુ જે કહેવાયું-હતું દ્વારા તે દૂતે પહેલાં તે
G3588 G3686 G0846 G2424 G3588 G2564 G5259 G3588 G0032 G4253 G3588

συλλημφθῆναι αὐτὸν ἐν τῇ κοιλίᾳ.
ગર્ભધારણ-થવાના તેનું માં તે ગર્ભમાં
G4815 G0846 G1722 G3588 G2836

આઠ દિવસ પૂરા થયા પછી બાળકની સુન્નત કરવાનો વખત આવ્યો, તેમનું નામ ઈસુ પાડવામાં આવ્યું, જે નામ, જન્મ પહેલાં સ્વર્ગદૂતે આપ્યું હતું.

22 Καὶ ὅτε ἐπλήσθησαν αἱ ἡμέραι τοῦ καθαρισμοῦ αὐτῶν κατὰ τὸν νόμον
અને જ્યારે પૂરા-થયા તે દિવસો તેમના શુદ્ધિકરણના તેમના પ્રમાણે તે નિયમ
G2532 G3753 G4130 G3588 G2250 G3588 G2512 G0846 G2596 G3588 G3551

Μωϋσέως, ἀνήγαγον αὐτὸν εἰς Ἱεροσόλυμα, παραστῆσαι τῷ Κυρίῳ,
મૂસાના લઈ-ગયા તેને માં યરૂશાલેમમાં રજૂ-કરવા તે પ્રભુ-સમક્ષ
G3475 G0321 G0846 G1519 G2414 G3936 G3588 G2962

મૂસાના નિયમશાસ્ત્ર પ્રમાણે તેઓના શુદ્ધિકરણના દિવસો પૂરા થયા,

23 καθὼς γέγραπται ἐν νόμῳ Κυρίου, ὅτι Πᾶν ἄρσεν διανοῖγον μήτραν ἅγιον
જેમ લખેલું-છે માં નિયમમાં પ્રભુના કે દરેક પુરુષ ઉઘાડનારો ગર્ભને પવિત્ર
G2531 G1125 G1722 G3551 G2962 G3754 G3956 G0730 G1272 G3388 G0040

τῷ Κυρίῳ κληθήσεται;
તે પ્રભુ-માટે કહેવાશે
G3588 G2962 G2564

ત્યારે જેમ પ્રભુના નિયમશાસ્ત્રમાં લખેલું છે કે, પ્રથમ જન્મેલો દરેક બાળક પ્રભુને સારુ પવિત્ર કહેવાય, તે પ્રમાણે તેઓ તેને પ્રભુની સમક્ષ રજૂ કરવાને,

24 καὶ τοῦ δοῦναι θυσίαν, κατὰ τὸ εἰρημένον ἐν τῷ νόμῳ Κυρίου,
અને તેનું આપવાનું બલિદાન પ્રમાણે તે કહેવાયેલા માં તે નિયમમાં પ્રભુના
G2532 G3588 G1325 G2378 G2596 G3588 G2046 G1722 G3588 G3551 G2962

ζεῦγος τρυγόνων, ἢ δύο νοσσοὺς περιστερῶν.
જોડી હોલાઓની અથવા બે બચ્ચાં કબૂતરોના
G2201 G5167 G2228 G1417 G3502 G4058

તથા પ્રભુના નિયમશાસ્ત્રમાં કહ્યાં પ્રમાણે એક જોડ હોલાને અથવા કબૂતરનાં બે બચ્ચાંનું બલિદાન કરવા સારુ, તેને યરુશાલેમમાં લાવ્યાં.

25

| Καὶ | ἰδοὺ, | ἄνθρωπος | ἦν | ἐν | Ἰερουσαλὴμ, | ᾧ | ὄνομα | Συμεών; | καὶ | ὁ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | જુઓ | માણસ | હતો | માં | યરૂશાલેમમાં | જેનું | નામ | શિમયોન | અને | આ |
| G2532 | G3708 | G0444 | G1510 | G1722 | G2419 | G3739 | G3686 | G4826 | G2532 | G3588 |

| ἄνθρωπος | οὗτος | δίκαιος | καὶ | εὐλαβής, | προσδεχόμενος | παράκλησιν | τοῦ | Ἰσραήλ, |
|---|---|---|---|---|---|---|---|---|
| માણસ | આ | ન્યાયી | અને | ભક્ત | રાહ-જોનારો | દિલાસા | તે | ઇઝરાયલના |
| G0444 | G3778 | G1342 | G2532 | G2126 | G4327 | G3874 | G3588 | G2474 |

| καὶ | Πνεῦμα | ἦν | Ἅγιον | ἐπ’ | αὐτόν. |
|---|---|---|---|---|---|
| અને | આત્મા | હતો | પવિત્ર | ઉપર | તેના |
| G2532 | G4151 | G1510 | G0040 | G1909 | G0846 |

ત્યારે જુઓ, શિમયોન નામે એક માણસ યરુશાલેમમાં હતો, તે ન્યાયી તથા ધાર્મિક હતો, તે ઇઝરાયલને દિલાસો મળે તેની રાહ જોતો હતો, અને પવિત્ર આત્મા તેના પર હતો.

26

| καὶ | ἦν | αὐτῷ | κεχρηματισμένον | ὑπὸ | τοῦ | Πνεύματος | τοῦ | Ἁγίου, | μὴ | ἰδεῖν |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | હતું | તેને | જણાવવામાં-આવ્યું-હતું | દ્વારા | તે | આત્માના | તે | પવિત્ર | નહીં | જોશે |
| G2532 | G1510 | G0846 | G5537 | G5259 | G3588 | G4151 | G3588 | G0040 | G3361 | G3708 |

| θάνατον | πρὶν | ἢ | ἂν | ἴδῃ | τὸν | Χριστὸν | Κυρίου. |
|---|---|---|---|---|---|---|---|
| મૃત્યુ | પહેલાં | કે | ક્યારેય | જુએ | તે | ખ્રિસ્તને | પ્રભુના |
| G2288 | G4250 | G2228 | G0302 | G3708 | G3588 | G5547 | G2962 |

પવિત્ર આત્માએ તેને જણાવ્યું હતું કે, 'પ્રભુના ખ્રિસ્તને જોયા પહેલાં તું મરશે નહિ.'"

27

| καὶ | ἦλθεν | ἐν | τῷ | Πνεύματι | εἰς | τὸ | ἱερόν; | καὶ | ἐν | τῷ | εἰσαγαγεῖν |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | આવ્યો | માં | તે | આત્માથી | માં | તે | મંદિરમાં | અને | માં | તે | લાવ્યા-ત્યારે |
| G2532 | G2064 | G1722 | G3588 | G4151 | G1519 | G3588 | G2411 | G2532 | G1722 | G3588 | G1521 |

| τοὺς | γονεῖς | τὸ | παιδίον | Ἰησοῦν, | τοῦ | ποιῆσαι | αὐτοὺς | κατὰ | τὸ | εἰθισμένον |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તે | માતાપિતાએ | તે | બાળક | ઈસુને | તેનું | કરવા | તેમનું | પ્રમાણે | તે | રિવાજ |
| G3588 | G1118 | G3588 | G3813 | G2424 | G3588 | G4160 | G0846 | G2596 | G3588 | G1480 |

| τοῦ | νόμου | περὶ | αὐτοῦ, |
|---|---|---|---|
| તે | નિયમનો | વિશે | તેના |
| G3588 | G3551 | G4012 | G0846 |

તે આત્માની પ્રેરણાથી ભક્તિસ્થાનમાં આવ્યો, ત્યાં નિયમશાસ્ત્રની વિધિ પ્રમાણે કરવા માટે બાળક ઈસુના માતાપિતા તેમને સિમયોનની પાસે લાવ્યા.

28

| καὶ | αὐτὸς | ἐδέξατο | αὐτὸ | εἰς | τὰς | ἀγκάλας, | καὶ | εὐλόγησεν | τὸν | Θεὸν, |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | તેણે | ઉઠાવ્યું | તેને | માં | તે | બાહુઓમાં | અને | આશીર્વાદ-આપ્યો | તે | ઈશ્વરને |
| G2532 | G0846 | G1209 | G0846 | G1519 | G3588 | G0043 | G2532 | G2127 | G3588 | G2316 |

| καὶ | εἶπεν, |
|---|---|
| અને | કહ્યુ |
| G2532 | G3004 |

ત્યારે તેણે બાળકને હાથમાં ઊંચકીને ઈશ્વરની સ્તુતિ કરીને કહ્યુ કે,

29

| Νῦν | ἀπολύεις | τὸν | δοῦλόν | σου, | Δέσποτα, | κατὰ | τὸ | ῥῆμά | σου, | ἐν |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હવે | વિદાય-આપો | તે | દાસને | તારા | પ્રભુ | પ્રમાણે | તે | વચન | તારા | માં |
| G3568 | G0630 | G3588 | G1401 | G4771 | G1203 | G2596 | G3588 | G4487 | G4771 | G1722 |

| εἰρήνῃ; |
|---|
| શાંતિમાં |
| G1515 |

'હે પ્રભુ, હવે તમારા વચન પ્રમાણે તમે તમારા સેવકને શાંતિથી જવા દો;

30

| ὅτι | εἶδον | οἱ | ὀφθαλμοί | μου | τὸ | σωτήριόν | σου, |
|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | જોયું | તે | આખોએ | મારી | તે | ઉદ્ધાર | તારો |
| G3754 | G3708 | G3588 | G3788 | G1473 | G3588 | G4992 | G4771 |

કેમ કે મારી આંખોએ તમારો ઉદ્ધાર જોયો છે,

31 ὃ ἡτοίμασας κατὰ πρόσωπον πάντων τῶν λαῶν,
જે તૈયાર-કર્યો સમક્ષ મુખ સર્વ તે લોકોના
G3739 G2090 G2596 G4383 G3956 G3588 G2992

જેને તમે સર્વ લોકોની સન્મુખ તૈયાર કર્યા છે;

32 φῶς εἰς ἀποκάλυψιν ἐθνῶν, καὶ δόξαν λαοῦ σου, Ἰσραήλ.
પ્રકાશ માટે પ્રગટ-કરવા રાષ્ટ્રોને અને મહિમા પ્રજાનો તારી ઇઝરાયલ
G5457 G1519 G0602 G1484 G2532 G1391 G2992 G4771 G2474

તેઓ બિનયહૂદીઓ માટે પ્રકટીકરણનો પ્રકાશ અને તમારા ઇઝરાયલી લોકોનો મહિમા છે.'"

33 καὶ ἦν ὁ πατὴρ αὐτοῦ, καὶ ἡ μήτηρ, θαυμάζοντες ἐπὶ τοῖς
અને હતા તે પિતા તેના અને તે માતા આશ્ચર્ય-પામતા ઉપર તે
G2532 G1510 G3588 G3962 G0846 G2532 G3588 G3384 G2296 G1909 G3588

λαλουμένοις περὶ αὐτοῦ.
કહેવામાં-આવતી વિશે તેના
G2980 G4012 G0846

તેમના બાળક સંબંધી જે વાતો કહેવામાં આવી, તેથી તેમના માતાપિતા આશ્ચર્ય પામ્યા.

34 καὶ εὐλόγησεν αὐτοὺς Συμεὼν, καὶ εἶπεν πρὸς Μαριὰμ τὴν μητέρα
અને આશીર્વાદ-આપ્યો તેમને શિમયોને અને કહ્યુ તરફ મરિયમ તે માતા
G2532 G2127 G0846 G4826 G2532 G3004 G4314 G3137 G3588 G3384

αὐτοῦ, Ἰδοὺ, οὗτος κεῖται εἰς πτῶσιν καὶ ἀνάστασιν πολλῶν ἐν
તેની જુઓ આ રાખવામાં-આવ્યો-છે માટે પતન અને ઉત્થાન ઘણાંના માં
G0846 G3708 G3778 G2749 G1519 G4431 G2532 G0386 G4183 G1722

τῷ Ἰσραὴλ, καὶ εἰς σημεῖον ἀντιλεγόμενον;
તે ઇઝરાયલમાં અને માટે ચિહ્ન વિરોધ-થનારું
G3588 G2474 G2532 G1519 G4592 G0483

શિમયોને તેઓને આશીર્વાદ આપ્યો, અને તેમની મા મરિયમને કહ્યુ કે, 'જો, આ બાળક ઇઝરાયલમાંનાં ઘણાંનાં પડવા, તથા પાછા ઊઠવા સારુ, તથા જેની વિરુદ્ધ વાંધા લેવામાં આવે તેની નિશાની થવા સારુ ઠરાવેલો છે.

35 καὶ σοῦ δὲ αὐτῆς τὴν ψυχὴν διελεύσεται ῥομφαία; ὅπως ἂν
અને તારા પણ તેણીના તે જીવ વીંધાશે તલવારથી જેથી ક્યારેય
G2532 G4771 G1161 G0846 G3588 G5590 G1330 G4501 G3704 G0302

ἀποκαλυφθῶσιν ἐκ πολλῶν καρδιῶν διαλογισμοί.
પ્રગટ-થાય થી ઘણાં હ્રદયોના વિચારો
G0601 G1537 G4183 G2588 G1261

હા, તારા પોતાના જીવને તલવાર વીંધી નાખશે; એ માટે કે ઘણાં મનોની કલ્પના પ્રગટ થાય.'"

36 Καὶ ἦν Ἄννα, προφῆτις, θυγάτηρ Φανουήλ, ἐκ φυλῆς Ἀσήρ. αὕτη
અને હતી આન્ના પ્રબોધિકા દીકરી ફનુએલની માંથી કુળ આશેરના તે
G2532 G1510 G0451 G4398 G2364 G5323 G1537 G5443 G0768 G3778

προβεβηκυῖα ἐν ἡμέραις πολλαῖς, ζήσασα μετὰ ἀνδρὸς ἔτη ἑπτὰ ἀπὸ τῆς
વૃદ્ધ-થયેલી માં દિવસોમાં ઘણા જીવેલી સાથે પતિ વર્ષ સાત થી તેની
G4260 G1722 G2250 G4183 G2198 G3326 G0435 G2094 G2033 G0575 G3588

παρθενίας αὐτῆς,
કુંવારાપણાથી તેણીના
G3932 G0846

આશેરના કુળની ફનુએલની દીકરી હાન્ના, એક પ્રબોધિકા હતી. તે ઘણી વૃદ્ધ થઈ હતી. અને તે પોતાનાં લગ્ન પછી પોતાના પતિની સાથે સાત વર્ષ સુધી રહી હતી.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 37 | καὶ | αὐτὴ | χήρα, | ἕως | ἐτῶν | ὀγδοήκοντα | τεσσάρων, | ἣ | οὐκ | ἀφίστατο | τοῦ |
| | અને | તે | વિધવા | સુધી | વર્ષ | ચોરાસી | ચાર | જે | નહોતી | છૂટતી | તે |
| | G2532 | G0846 | G5503 | G2193 | G2094 | G3589 | G5064 | G3739 | G3756 | G0868 | G3588 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ἱεροῦ, | νηστείαις | καὶ | δεήσεσιν | λατρεύουσα | νύκτα | καὶ | ἡμέραν. |
| મંદિરથી | ઉપવાસ | અને | પ્રાર્થનાઓથી | સેવા-કરતી | રાત | અને | દિવસ |
| G2411 | G3521 | G2532 | G1162 | G3000 | G3571 | G2532 | G2250 |

તે ચોર્યાસી વર્ષથી વિધવા હતી; તે ભક્તિસ્થાનમાં જ રહેતી હતી, અને રાતદિવસ ઉપવાસ તથા પ્રાર્થનાસહિત ભજન કર્યા કરતી હતી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 38 | καὶ | αὐτῇ | τῇ | ὥρᾳ | ἐπιστᾶσα, | ἀνθωμολογεῖτο | τῷ | Θεῷ, | καὶ | ἐλάλει | περὶ |
| | અને | તે-જ | તે | ઘડીએ | આવીને | આભાર-માનતી-હતી | તે | ઈશ્વરનો | અને | બોલતી-હતી | વિશે |
| | G2532 | G0846 | G3588 | G5610 | G2186 | G0437 | G3588 | G2316 | G2532 | G2980 | G4012 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| αὐτοῦ, | πᾶσιν | τοῖς | προσδεχομένοις | λύτρωσιν | Ἰερουσαλήμ. |
| તેના | સર્વને | જેઓ | રાહ-જોનારા-હતા | છુટકારાની | યરૂશાલેમના |
| G0846 | G3956 | G3588 | G4327 | G3085 | G2419 |

તેણે તે જ ઘડીએ ત્યાં આવીને ઈશ્વરની સ્તુતિ કરી, અને જેઓ યરુશાલેમના ઉદ્ધારની રાહ જોતાં હતા તે સઘળાને તે બાળક સંબંધી વાત કરી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 39 | Καὶ | ὡς | ἐτέλεσαν | πάντα | τὰ | κατὰ | τὸν | νόμον | Κυρίου, | ἐπέστρεψαν | εἰς |
| | અને | જ્યારે | પૂરું-કર્યું | સર્વ | તે | પ્રમાણે | તે | નિયમ | પ્રભુનો | પાછા-ફર્યા | માં |
| | G2532 | G5613 | G5055 | G3956 | G3588 | G2596 | G3588 | G3551 | G2962 | G1994 | G1519 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| τὴν | Γαλιλαίαν, | εἰς | πόλιν | ἑαυτῶν, | Ναζαρέθ. |
| તે | ગાલીલમાં | માં | શહેર | પોતાના | નાઝારેથમાં |
| G3588 | G1056 | G1519 | G4172 | G1438 | G3478 |

તેઓ પ્રભુના નિયમશાસ્ત્ર પ્રમાણે બધું કરી ચૂક્યા પછી ગાલીલમાં પોતાના શહેર નાસરેથમાં પાછા ગયા.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 40 | Τὸ | δὲ | παιδίον | ηὔξανεν | καὶ | ἐκραταιοῦτο, | πληρούμενον | σοφίᾳ, | καὶ | χάρις |
| | તે | અને | બાળક | વધતું-હતું | અને | બળવાન-થતું-હતું | ભરાતું | ડહાપણથી | અને | કૃપા |
| | G3588 | G1161 | G3813 | G0837 | G2532 | G2901 | G4137 | G4678 | G2532 | G5485 |

| | | | |
|---|---|---|---|
| Θεοῦ | ἦν | ἐπ’ | αὐτό. |
| ઈશ્વરની | હતી | ઉપર | તેના |
| G2316 | G1510 | G1909 | G0846 |

ત્યાં તે છોકરો મોટો થયો, અને જ્ઞાનથી ભરપૂર થઈને બળવાન થયો, અને ઈશ્વરની કૃપા તેના પર હતી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 41 | Καὶ | ἐπορεύοντο | οἱ | γονεῖς | αὐτοῦ | κατ’ | ἔτος | εἰς | Ἰερουσαλὴμ | τῇ | ἑορτῇ |
| | અને | જતા-હતા | તેના | માતાપિતા | તેના | દર | વર્ષે | માં | યરૂશાલેમમાં | ના | તહેવારે |
| | G2532 | G4198 | G3588 | G1118 | G0846 | G2596 | G2094 | G1519 | G2419 | G3588 | G1859 |

| | |
|---|---|
| τοῦ | πάσχα. |
| તે | પાસ્ખાના |
| G3588 | G3957 |

તેનાં માતાપિતા વરસોવરસ પાસ્ખાપર્વમાં યરુશાલેમ જતા હતાં.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 42 | Καὶ | ὅτε | ἐγένετο | ἐτῶν | δώδεκα, | ἀναβαινόντων | αὐτῶν, | κατὰ | τὸ | ἔθος | τῆς |
| | અને | જ્યારે | થયો | વર્ષનો | બાર | જતા-હોય-ત્યારે | તેમના | પ્રમાણે | તે | રિવાજ | તે |
| | G2532 | G3753 | G1096 | G2094 | G1427 | G0305 | G0846 | G2596 | G3588 | G1485 | G3588 |

| |
|---|
| ἑορτῆς, |
| તહેવારનો |
| G1859 |

જયારે ઈસુ બાર વરસના થયા, ત્યારે તેઓ રિવાજ પ્રમાણે પર્વમાં ત્યાં ગયા.

43

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | τελειωσάντων | τὰς | ἡμέρας, | ἐν | τῷ | ὑποστρέφειν | αὐτοὺς, | ὑπέμεινεν |
| અને | પૂરા-કરીને | તે | દિવસો | માં | તે | પાછા-ફરતા-હોય-ત્યારે | તેઓ | રહ્યો |
| G2532 | G5048 | G3588 | G2250 | G1722 | G3588 | G5290 | G0846 | G5278 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἰησοῦς | ὁ | παῖς | ἐν | Ἰερουσαλήμ. | καὶ | οὐκ | ἔγνωσαν | οἱ | γονεῖς | αὐτοῦ. |
| ઈસુ | તે | બાળક | માં | યરૂશાલેમમાં | અને | નહોતું | જાણ્યું | તે | માતાપિતાએ | તેના |
| G2424 | G3588 | G3816 | G1722 | G2419 | G2532 | G3756 | G1097 | G3588 | G1118 | G0846 |

પર્વના દિવસો પૂરા કરીને તેઓ પાછા જવા લાગ્યાં, ત્યારે ઈસુ યરુશાલેમમાં રોકાઈ ગયા, અને તેમના માતાપિતાને તેની ખબર પડી નહિ.

44

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| νομίσαντες | δὲ | αὐτὸν | εἶναι | ἐν | τῇ | συνοδίᾳ, | ἦλθον | ἡμέρας | ὁδὸν, | καὶ |
| ધારતાં | અને | તેને | હોવું | માં | તે | સંગતમાં | ગયા | દિવસનો | માર્ગ | અને |
| G3543 | G1161 | G0846 | G1510 | G1722 | G3588 | G4923 | G2064 | G2250 | G3598 | G2532 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ἀνεζήτουν | αὐτὸν | ἐν | τοῖς | συγγενεῦσιν, | καὶ | τοῖς | γνωστοῖς: |
| શોધતા-હતા | તેને | માં | તે | સગાંઓમાં | અને | તે | ઓળખીતાઓમાં |
| G0327 | G0846 | G1722 | G3588 | G4773 | G2532 | G3588 | G1110 |

પણ તે સમૂહમાં હશે, એમ ધારીને તેઓએ એક દિવસ સુધી મુસાફરી કરી અને પછી પોતાનાં સગામાં તથા ઓળખીતામાં ઈસુને શોધ્યા.

45

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| καὶ | μὴ | εὑρόντες, | ὑπέστρεψαν | εἰς | Ἰερουσαλὴμ, | ἀναζητοῦντες | αὐτόν. |
| અને | નહીં | શોધતાં | પાછા-ફર્યા | માં | યરૂશાલેમમાં | શોધતા-શોધતા | તેને |
| G2532 | G3361 | G2147 | G5290 | G1519 | G2419 | G0327 | G0846 |

ઈસુ તેઓને મળ્યા નહિ, ત્યારે તેઓ તેમને શોધતાં શોધતાં યરુશાલેમમાં પાછા ગયા.

46

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἐγένετο | μετὰ | ἡμέρας | τρεῖς, | εὗρον | αὐτὸν | ἐν | τῷ | ἱερῷ, | καθεζόμενον |
| અને | થયું | પછી | દિવસ | ત્રણ | શોધ્યો | તેને | માં | તે | મંદિરમાં | બેઠેલો |
| G2532 | G1096 | G3326 | G2250 | G5140 | G2147 | G0846 | G1722 | G3588 | G2411 | G2516 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐν | μέσῳ | τῶν | διδασκάλων, | καὶ | ἀκούοντα | αὐτῶν | καὶ | ἐπερωτῶντα | αὐτούς. |
| માં | વચ્ચે | તે | ઉપદેશકોના | અને | સાંભળતો | તેમને | અને | પ્રશ્નો-પૂછતો | તેમને |
| G1722 | G3319 | G3588 | G1320 | G2532 | G0191 | G0846 | G2532 | G1905 | G0846 |

ત્રણ દિવસ પછી તેઓએ તેમને ભક્તિસ્થાનમાં ધર્મગુરુઓની વચમાં બેઠેલા, તેઓનું સાંભળતાં તથા તેઓને સવાલો પૂછતાં જોયા.

47

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐξίσταντο | δὲ | πάντες | οἱ | ἀκούοντες | αὐτοῦ | ἐπὶ | τῇ | συνέσει | καὶ | ταῖς |
| ચકિત-થતા-હતા | અને | સર્વ | જેઓ | સાંભળનારા | તેની | ઉપર | તે | સમજણ | અને | તે |
| G1839 | G1161 | G3956 | G3588 | G0191 | G0846 | G1909 | G3588 | G4907 | G2532 | G3588 |

| | |
|---|---|
| ἀποκρίσεσιν | αὐτοῦ. |
| જવાબો | તેના |
| G0612 | G0846 |

જેઓએ તેમનું સાંભળ્યું તેઓ બધા તેમની બુદ્ધિથી તથા તેમના ઉત્તરોથી વિસ્મિત થયા.

48

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἰδόντες | αὐτὸν, | ἐξεπλάγησαν, | καὶ | εἶπεν | πρὸς | αὐτὸν | ἡ | μήτηρ | αὐτοῦ, |
| અને | જોઈને | તેને | આશ્ચર્ય-પામ્યા | અને | કહ્યુ | તરફ | તેને | તે | માતાએ | તેની |
| G2532 | G3708 | G0846 | G1605 | G2532 | G3004 | G4314 | G0846 | G3588 | G3384 | G0846 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Τέκνον | τί | ἐποίησας | ἡμῖν | οὕτως? | ἰδοὺ, | ὁ | πατήρ | σου | κἀγὼ, |
| દીકરા | શા-માટે | કર્યું | અમારા-સાથે | આમ | જો | તે | પિતા | તારા | અને-હું |
| G5043 | G5101 | G4160 | G1473 | G3779 | G3708 | G3588 | G3962 | G4771 | G2504 |

| | | |
|---|---|---|
| ὀδυνώμενοι, | ἐζητοῦμέν | σε. |
| ચિંતાતુર-થઈને | શોધતા-હતા | તને |
| G3600 | G2212 | G4771 |

તેમને જોઈને તેમના માતાપિતા આશ્ચર્ય પામ્યા; અને તેમની માએ તેમને કહ્યુ કે, 'દીકરા, અમારી સાથે તું આવી રીતે કેમ વર્ત્યો? જો, તારા પિતાએ તથા મેં દુ:ખી થઈને તારી કેટલી શોધ કરી'

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 49 | καὶ | εἶπεν | πρὸς | αὐτούς, | Τί | ὅτι | ἐζητεῖτέ | με? | οὐκ | ᾔδειτε | ὅτι | ἐν |
| | અને | કહ્યુ | તરફ | તેમને | શા-માટે | કે | શોધતા-હતા | મને | નહોતું | જાણતા | કે | માં |
| | G2532 | G3004 | G4314 | G0846 | G5101 | G3754 | G2212 | G1473 | G3756 | G1492 | G3754 | G1722 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| τοῖς | τοῦ | Πατρός | μου | δεῖ | εἶναί | με? |
| તે | તે | પિતાના | મારા | જોઈએ | હોવું | મારે |
| G3588 | G3588 | G3962 | G1473 | G1163 | G1510 | G1473 |

ઈસુએ તેઓને કહ્યુ કે 'તમે મારી શોધ શા માટે કરી? શું તમે જાણતા નહોતાં કે મારે મારા પિતાના ઘરમાં હોવું જોઈએ?'"

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 50 | καὶ | αὐτοὶ | οὐ | συνῆκαν | τὸ | ῥῆμα | ὃ | ἐλάλησεν | αὐτοῖς. |
| | અને | તેઓ | નહીં | સમજ્યા | તે | વચન | જે | બોલ્યા | તેમને |
| | G2532 | G0846 | G3756 | G4920 | G3588 | G4487 | G3739 | G2980 | G0846 |

જે વાત ઈસુએ તેઓને કહી તે તેઓ સમજ્યાં નહિ.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 51 | καὶ | κατέβη | μετ' | αὐτῶν | καὶ | ἦλθεν | εἰς | Ναζαρὲθ, | καὶ | ἦν | ὑποτασσόμενος |
| | અને | ઊતર્યો | સાથે | તેમના | અને | આવ્યો | માં | નાઝારેથમાં | અને | હતો | આધીન-રહેતો |
| | G2532 | G2597 | G3326 | G0846 | G2532 | G2064 | G1519 | G3478 | G2532 | G1510 | G5293 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| αὐτοῖς. | καὶ | ἡ | μήτηρ | αὐτοῦ | διετήρει | πάντα | τὰ | ῥήματα | ‹ταῦτα› | ἐν |
| તેમને | અને | તે | માતા | તેની | સાચવતી-હતી | સર્વ | આ | વાતો | આ | માં |
| G0846 | G2532 | G3588 | G3384 | G0846 | G1301 | G3956 | G3588 | G4487 | G3778 | G1722 |

| | | |
|---|---|---|
| τῇ | καρδίᾳ | αὐτῆς. |
| તે | હૃદયમાં | તેણીના |
| G3588 | G2588 | G0846 |

ઈસુ તેઓની સાથે ગયા, અને નાસરેથમાં આવ્યા, માતાપિતાને આધીન રહ્યા અને તેમની માએ એ સઘળી વાતો પોતાના મનમાં રાખી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 52 | Καὶ | Ἰησοῦς | προέκοπτεν | ἐν | τῇ | σοφίᾳ | καὶ | ἡλικίᾳ, | καὶ | χάριτι | παρὰ |
| | અને | ઈસુ | વધતા-જતા-હતા | માં | તે | ડહાપણમાં | અને | કદમાં | અને | કૃપામાં | પાસે |
| | G2532 | G2424 | G4298 | G1722 | G3588 | G4678 | G2532 | G2244 | G2532 | G5485 | G3844 |

| | | |
|---|---|---|
| Θεῷ | καὶ | ἀνθρώποις. |
| ઈશ્વરની | અને | માણસો-પાસે |
| G2316 | G2532 | G0444 |

ઈસુ જ્ઞાનમાં તથા કદમાં, ઈશ્વરની તથા માણસોની પ્રસન્નતામાં વૃદ્ધિ પામતા ગયા.

## Chapter 3

1

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Ἐν | ἔτει | δὲ | πεντεκαιδεκάτῳ | τῆς | ἡγεμονίας | Τιβερίου | Καίσαρος, |
| માં | વર્ષે | અને | પંદરમા | તે | શાસનના | તિબેરિયસ | કૈસરના |
| G1722 | G2094 | G1161 | G4003 | G3588 | G2231 | G5086 | G2541 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ἡγεμονεύοντος | Ποντίου | Πιλάτου | τῆς | Ἰουδαίας, | καὶ | τετρααρχοῦντος | τῆς |
| રાજ્યપાલ-હતા-ત્યારે | પોન્તિયસ | પિલાતસ | તે | યહૂદિયાના | અને | ચતુર્થાંશ-રાજા-હતા | તે |
| G2230 | G4194 | G4091 | G3588 | G2449 | G2532 | G5075 | G3588 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Γαλιλαίας | Ἡρῴδου, | Φιλίππου | δὲ | τοῦ | ἀδελφοῦ | αὐτοῦ | τετρααρχοῦντος | τῆς |
| ગાલીલના | હેરોદ | ફિલિપ્પસ | અને | તે | ભાઈ | તેનો | ચતુર્થાંશ-રાજા-હતો | તે |
| G1056 | G2264 | G5376 | G1161 | G3588 | G0080 | G0846 | G5075 | G3588 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Ἰτουραίας | καὶ | Τραχωνίτιδος | χώρας, | καὶ | Λυσανίου | τῆς | Ἀβιληνῆς |
| ઇતુરિયા | અને | ત્રાખોનીતિસ | પ્રદેશનો | અને | લુસાનિયસ | તે | અબિલેનેનો |
| G2484 | G2532 | G5139 | G5561 | G2532 | G3078 | G3588 | G0009 |

| |
|---|
| τετρααρχοῦντος, |
| ચતુર્થાંશ-રાજા |
| G5075 |

હવે તિબેરિયસ કાઈસારની કારકિર્દીને પંદરમે વર્ષે, જયારે પોંતિયસ પિલાત યહૂદિયાનો અધિપતિ, તથા હેરોદ ગાલીલનો રાજ્યકર્તા તથા તેનો ભાઈ ફિલિપ ઇતુરાઈ તથા ત્રાખોનિતી દેશનો રાજ્યકર્તા તથા લુસાનિયસ આબીલેનેનો રાજ્યકર્તા હતો

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐπὶ | ἀρχιερέως | Ἅννα | καὶ | Καϊάφα, | ἐγένετο | ῥῆμα | Θεοῦ | ἐπὶ | Ἰωάννην, | τὸν |
| સમયે | પ્રમુખ-યાજક | આન્ના | અને | કાયાફાના | આવ્યું | વચન | ઈશ્વરનું | ઉપર | યોહાન | તે |
| G1909 | G0749 | G0452 | G2532 | G2533 | G1096 | G4487 | G2316 | G1909 | G2491 | G3588 |

| | | | | |
|---|---|---|---|---|
| Ζαχαρίου | υἱὸν, | ἐν | τῇ | ἐρήμῳ. |
| ઝખાર્યાના | દીકરા | માં | તે | રણમાં |
| G2197 | G5207 | G1722 | G3588 | G2048 |

આન્નાસ તથા કાયાફા પ્રમુખ યાજકો હતા ત્યારે ઝખાર્યાનાં દીકરા યોહાનની પાસે ઈશ્વરનું વચન અરણ્યમાં આવ્યું.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἦλθεν | εἰς | πᾶσαν | τὴν | περίχωρον | τοῦ | Ἰορδάνου, | κηρύσσων | βάπτισμα |
| અને | આવ્યો | માં | સર્વ | તે | આસપાસના-પ્રદેશમાં | તે | યર્દનના | પ્રચાર-કરતો | બાપ્તિસ્મા |
| G2532 | G2064 | G1519 | G3956 | G3588 | G4066 | G3588 | G2446 | G2784 | G0908 |

| | | | |
|---|---|---|---|
| μετανοίας | εἰς | ἄφεσιν | ἁμαρτιῶν; |
| પસ્તાવાનું | માટે | ક્ષમા | પાપોની |
| G3341 | G1519 | G0859 | G0266 |

તે યર્દનની આસપાસના સઘળા પ્રદેશમાં પાપોની માફીને સારુ પસ્તાવાનું બાપ્તિસ્મા જાહેર કરતો પ્રગટ થયો.

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ὡς | γέγραπται | ἐν | βίβλῳ | λόγων | Ἠσαΐου | τοῦ | προφήτου, | Φωνὴ | βοῶντος |
| જેમ | લખેલું-છે | માં | પુસ્તકમાં | વચનોના | યશાયાહ | તે | પ્રબોધકના | અવાજ | પોકારનારનો |
| G5613 | G1125 | G1722 | G0976 | G3056 | G2268 | G3588 | G4396 | G5456 | G0994 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐν | τῇ | ἐρήμῳ, | Ἑτοιμάσατε | τὴν | ὁδὸν | Κυρίου; | εὐθείας | ποιεῖτε | τὰς | τρίβους |
| માં | તે | રણમાં | તૈયાર-કરો | તે | માર્ગ | પ્રભુનો | સીધા | કરો | તે | રસ્તા |
| G1722 | G3588 | G2048 | G2090 | G3588 | G3598 | G2962 | G2117 | G4160 | G3588 | G5147 |

| |
|---|
| αὐτοῦ. |
| તેમના |
| G0846 |

યશાયા પ્રબોધકનાં વચનોના પુસ્તકમાં લખ્યું છે તેમ કે, 'અરણ્યમાં ઘાંટો કરનારની વાણી કે, પ્રભુનો માર્ગ તૈયાર કરો, તેમના રસ્તા સીધા કરો;

5 πᾶσα φάραγξ πληρωθήσεται, καὶ πᾶν ὄρος καὶ βουνὸς ταπεινωθήσεται;
દરેક ખીણ ભરાશે અને દરેક પર્વત અને ટેકરી નીચી-થશે
G3956 G5327 G4137 G2532 G3956 G3735 G2532 G1015 G5013

καὶ ἔσται τὰ σκολιὰ εἰς εὐθεῖαν, καὶ αἱ τραχεῖαι εἰς ὁδοὺς λείας;
અને થશે તે વાંકા માં સીધા અને તે ખરબચડા માં રસ્તા સમતલ
G2532 G1510 G3588 G4646 G1519 G2117 G2532 G3588 G5138 G1519 G3598 G3006

દરેક નીચાણ પુરાશે, દરેક પહાડ તથા ટેકરો નીચાં કરાશે, વાંકું સીધું કરાશે અને ખાડા ટેકરાવાળાં માર્ગ સપાટ કરવામાં આવશે.

6 καὶ ὄψεται πᾶσα σὰρξ τὸ σωτήριον τοῦ Θεοῦ.
અને જોશે સર્વ શરીર તે ઉદ્ધાર તે ઈશ્વરનો
G2532 G3708 G3956 G4561 G3588 G4992 G3588 G2316

સઘળાં મનુષ્યો ઈશ્વરનો ઉદ્ધાર જોશે.'"

7 Ἔλεγεν οὖν τοῖς ἐκπορευομένοις ὄχλοις βαπτισθῆναι ὑπ’ αὐτοῦ, Γεννήματα
કહેતા-હતા તેથી તે આવનારા ટોળાઓને બાપ્તિસ્મા-લેવા દ્વારા તેમના સાપના-બચ્ચાઓ
G3004 G3767 G3588 G1607 G3793 G0907 G5259 G0846 G1081

ἐχιδνῶν, τίς ὑπέδειξεν ὑμῖν φυγεῖν ἀπὸ τῆς μελλούσης ὀργῆς?
ઝેરી-સાપોના કોણે બતાવ્યું તમને ભાગવા થી તે આવનાર ક્રોધથી
G2191 G5101 G5263 G4771 G5343 G0575 G3588 G3195 G3709

તેનાથી બાપ્તિસ્મા પામવાને આવતા ઘણાં લોકોને યોહાને કહ્યુ કે, 'ઓ સર્પોના વંશ, આવનાર કોપથી નાસવાને તમને કોણે ચેતવ્યાં?

8 ποιήσατε οὖν καρποὺς ἀξίους τῆς μετανοίας; καὶ μὴ ἄρξησθε λέγειν
કરો તેથી ફળ યોગ્ય તે પસ્તાવાના અને નહીં શરૂ-કરો કહેવા
G4160 G3767 G2590 G0514 G3588 G3341 G2532 G3361 G0756 G3004

ἐν ἑαυτοῖς, Πατέρα ἔχομεν τὸν Ἀβραάμ; λέγω γὰρ ὑμῖν, ὅτι δύναται
માં પોતાનામાં પિતા છે-અમારે તે ઇબ્રાહીમ કહું-છું કારણ-કે તમને કે શક્તિમાન-છે
G1722 G1438 G3962 G2192 G3588 G0011 G3004 G1063 G4771 G3754 G1410

ὁ Θεὸς ἐκ τῶν λίθων τούτων, ἐγεῖραι τέκνα τῷ Ἀβραάμ.
તે ઈશ્વર માંથી આ પથ્થરોમાંથી આ ઉભા-કરવા સંતાનો તે ઇબ્રાહીમના
G3588 G2316 G1537 G3588 G3037 G3778 G1453 G5043 G3588 G0011

તો પસ્તાવો કરનારને શોભે તેવાં ફળ ઉપજાવો, અને પોતાના મનમાં એમ ન કહેવા માંડો કે, ઇબ્રાહિમ અમારા પિતા છે,' કેમ કે હું તમને કહું છું કે, ઈશ્વર આ પથ્થરોમાંથી ઇબ્રાહિમને સારુ સંતાન ઉત્પન્ન કરી શકે છે.'"

9 ἤδη δὲ καὶ ἡ ἀξίνη πρὸς τὴν ῥίζαν τῶν δένδρων κεῖται; πᾶν
પહેલેથી અને પણ તે કુહાડી પાસે તે મૂળ તે વૃક્ષોના મૂકેલી-છે દરેક
G2235 G1161 G2532 G3588 G0513 G4314 G3588 G4491 G3588 G1186 G2749 G3956

οὖν δένδρον μὴ ποιοῦν καρπὸν καλὸν, ἐκκόπτεται καὶ εἰς πῦρ
તેથી વૃક્ષ નહીં આપનારું ફળ સારું કાપી-નાખવામાં-આવે-છે અને માં અગ્નિમાં
G3767 G1186 G3361 G4160 G2590 G2570 G1581 G2532 G1519 G4442

βάλλεται.
નાખવામાં-આવે-છે
G0906

વળી હમણાં કુહાડો વૃક્ષોની જડ પર છે, માટે દરેક વૃક્ષ જે સારાં ફળ આપતું નથી, તે કપાય છે અને અગ્નિમાં નંખાય છે.'"

10 Καὶ ἐπηρώτων αὐτὸν οἱ ὄχλοι, λέγοντες, Τί οὖν ποιήσωμεν?
અને પૂછતા-હતા તેને તે ટોળાઓ કહેતા શું તો કરીએ
G2532 G1905 G0846 G3588 G3793 G3004 G5101 G3767 G4160

લોકોએ યોહાનને પૂછ્યું, ‘ત્યારે અમારે શું કરવું?’”

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀποκριθεὶς | δὲ, | ἔλεγεν | αὐτοῖς, | Ὁ | ἔχων | δύο | χιτῶνας | μεταδότω | τῷ |
| જવાબ-આપતા | અને | કહેતા-હતા | તેમને | જે | ધરાવે-છે | બે | ઝભ્ભા | વહેંચી-આપે | તે |
| G0611 | G1161 | G3004 | G0846 | G3588 | G2192 | G1417 | G5509 | G3330 | G3588 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| μὴ | ἔχοντι; | καὶ | ὁ | ἔχων | βρώματα | ὁμοίως | ποιείτω. |
| નહીં | ધરાવનારને | અને | જે | ધરાવે-છે | ખોરાક | તેવી-જ-રીતે | કરે |
| G3361 | G2192 | G2532 | G3588 | G2192 | G1033 | G3668 | G4160 |

તેણે તેઓને ઉત્તર આપતાં કહ્યુ કે, ‘જેની પાસે બે અંગરખા હોય તે જેની પાસે એક પણ નથી તેને આપે; જેની પાસે ખાવાનું હોય તે પણ એમ જ કરે.’”

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἦλθον | δὲ | καὶ | τελῶναι | βαπτισθῆναι, | καὶ | εἶπαν | πρὸς | αὐτόν, | Διδάσκαλε, |
| આવ્યા | અને | પણ | જકાતદારો | બાપ્તિસ્મા-લેવા | અને | કહ્યુ | તેને | તેને | ગુરુજી |
| G2064 | G1161 | G2532 | G5057 | G0907 | G2532 | G3004 | G4314 | G0846 | G1320 |

| | |
|---|---|
| τί | ποιήσωμεν? |
| શું | કરીએ |
| G5101 | G4160 |

દાણીઓ પણ બાપ્તિસ્મા પામવા સારુ આવ્યા, ને તેને પૂછ્યું કે, ‘ઉપદેશક, અમારે શું કરવું?’”

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὁ | δὲ | εἶπεν | πρὸς | αὐτούς, | Μηδὲν | πλέον | παρὰ | τὸ | διατεταγμένον | ὑμῖν |
| તે | અને | કહ્યુ | તેમને | તેમને | કંઈ-નહીં | વધારે | સિવાય | તે | ઠરાવેલા | તમારા |
| G3588 | G1161 | G3004 | G4314 | G0846 | G3367 | G4119 | G3844 | G3588 | G1299 | G4771 |

| |
|---|
| πράσσετε. |
| વસૂલ-કરો |
| G4238 |

તેણે તેઓને કહ્યુ કે, “જે તમારે સારુ નિયત કરાયેલો કર છે, તે કરતાં વધારે જબરદસ્તીથી ન લો.”

14

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ἐπηρώτων | δὲ | αὐτὸν | καὶ | στρατευόμενοι, | λέγοντες, | Τί | ποιήσωμεν | καὶ |
| પૂછતા-હતા | અને | તેને | પણ | સૈનિકો | કહેતા | શું | કરીએ | પણ |
| G1905 | G1161 | G0846 | G2532 | G4754 | G3004 | G5101 | G4160 | G2532 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ἡμεῖς? | καὶ | εἶπεν | αὐτοῖς, | Μηδένα | διασείσητε | μηδὲ | συκοφαντήσητε, | καὶ |
| અમે | અને | કહ્યુ | તેમને | કોઈને-નહીં | ધમકાવો | અને-નહીં | ખોટો-આરોપ-મૂકો | અને |
| G1473 | G2532 | G3004 | G0846 | G3367 | G1286 | G3366 | G4811 | G2532 |

| | | | |
|---|---|---|---|
| ἀρκεῖσθε | τοῖς | ὀψωνίοις | ὑμῶν. |
| સંતોષ-માનો | તે | પગારથી | તમારા |
| G0714 | G3588 | G3800 | G4771 |

સૈનિકોએ પણ તેને પૂછતાં કહ્યુ કે, ‘અમારે શું કરવું?’ તેણે તેઓને કહ્યુ કે, ‘જબરદસ્તીથી કોઈની પાસેથી પૈસા પડાવો નહિ. અને કોઈની ઉપર જૂઠા આરોપો ન મૂકો. તમારા પગારથી સંતોષી રહો.’”

15

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Προσδοκῶντος | δὲ | τοῦ | λαοῦ, | καὶ | διαλογιζομένων | πάντων | ἐν | ταῖς |
| રાહ-જોતા | અને | તે | લોકો | અને | વિચારતા | સર્વ | માં | તે |
| G4328 | G1161 | G3588 | G2992 | G2532 | G1260 | G3956 | G1722 | G3588 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καρδίαις | αὐτῶν | περὶ | τοῦ | Ἰωάννου, | μή‿ | ποτε | αὐτὸς | εἴη | ὁ | Χριστός, |
| હૃદયોમાં | તેમના | વિશે | તે | યોહાનના | કે-કદાચ | શું | તે | હશે | તે | ખ્રિસ્ત |
| G2588 | G0846 | G4012 | G3588 | G2491 | G3361 | G4219 | G0846 | G1510 | G3588 | G5547 |

લોકો ખ્રિસ્તની રાહ જોતાં હતા, અને સઘળા યોહાન સંબંધી પોતાના મનમાં વિચાર કરતા હતા કે, ‘એ ખ્રિસ્ત હશે કે નહિ;’

16 ἀπεκρίνατο λέγων πᾶσιν ὁ Ἰωάννης, Ἐγὼ μὲν ὕδατι βαπτίζω ὑμᾶς,
જવાબ-આપ્યો કહેતા સર્વને તે યોહાને હું તો પાણીથી બાપ્તિસ્મા-આપું-છું તમને
G0611 G3004 G3956 G3588 G2491 G1473 G3303 G5204 G0907 G4771

ἔρχεται δὲ ὁ ἰσχυρότερός μου, οὗ οὐκ εἰμὶ ἱκανὸς λῦσαι τὸν
આવે-છે પણ તે વધારે-શક્તિશાળી મારા-કરતાં જેના નથી હું યોગ્ય છોડવા તે
G2064 G1161 G3588 G2478 G1473 G3739 G3756 G1510 G2425 G3089 G3588

ἱμάντα τῶν ὑποδημάτων αὐτοῦ; αὐτὸς ὑμᾶς βαπτίσει ἐν Πνεύματι Ἁγίῳ,
પટ્ટો તે જોડાઓનો તેમનો તે તમને બાપ્તિસ્મા-આપશે માં આત્માથી પવિત્ર
G2438 G3588 G5266 G0846 G0846 G4771 G0907 G1722 G4151 G0040

καὶ πυρί;
અને અગ્નિથી
G2532 G4442

ત્યારે યોહાને ઉત્તર આપતાં સર્વને કહ્યુ કે, 'હું તો પાણીથી તમારું બાપ્તિસ્મા કરું છું, પણ મારા કરતાં જે સામર્થ્યવાન છે તે આવે છે, તેમના ચંપલની દોરી છોડવાને પણ હું યોગ્ય નથી. તે પવિત્ર આત્માથી તથા અગ્નિથી તમારું બાપ્તિસ્મા કરશે.

17 οὗ τὸ πτύον ἐν τῇ χειρὶ αὐτοῦ; διακαθᾶραι τὴν ἅλωνα αὐτοῦ, καὶ
જેનું તે સૂપડું માં તે હાથમાં તેમના સાફ-કરવા તે ખળું તેમનું અને
G3739 G3588 G4425 G1722 G3588 G5495 G0846 G1245 G3588 G0257 G0846 G2532

συναγαγεῖν τὸν σῖτον εἰς τὴν ἀποθήκην αὐτοῦ, τὸ δὲ ἄχυρον
એકઠું-કરવા તે ઘઉં માં તે ભંડારમાં તેમના તે પણ ભૂસું
G4863 G3588 G4621 G1519 G3588 G0596 G0846 G3588 G1161 G0892

κατακαύσει πυρὶ ἀσβέστῳ.
બાળશે અગ્નિથી ન-ઓલવાય-એવા
G2618 G4442 G0762

તેમનું સૂપડું તેમના હાથમાં છે, તે પોતાની ખળીને પૂરેપૂરી સાફ કરશે અને ઘઉં તે પોતાની વખારમાં ભરશે; પણ ભૂસું ન હોલવાનાર અગ્નિમાં બાળી નાખશે.'"

18 Πολλὰ μὲν οὖν καὶ ἕτερα παρακαλῶν, εὐηγγελίζετο τὸν λαόν.
ઘણી તો ખરેખર અને બીજી ઉપદેશ-આપતા સુવાર્તા-સંભળાવતા-હતા તે લોકોને
G4183 G3303 G3767 G2532 G2087 G3870 G2097 G3588 G2992

તેણે બીજો ઘણો બોધ કરતાં લોકોને સુવાર્તા પ્રગટ કરી.

19 ὁ δὲ Ἡρῴδης ὁ τετραάρχης, ἐλεγχόμενος ὑπ’ αὐτοῦ περὶ Ἡρῳδιάδος,
તે પણ હેરોદ તે ચતુર્થાંશ-રાજા ઠપકો-પામતો દ્વારા તેમના વિશે હેરોદિયાસ
G3588 G1161 G2264 G3588 G5076 G1651 G5259 G0846 G4012 G2266

τῆς γυναικὸς τοῦ ἀδελφοῦ αὐτοῦ, καὶ περὶ πάντων ὧν ἐποίησεν πονηρῶν
તે પત્ની તે ભાઈની તેના અને વિશે સર્વ જે કર્યું દુષ્ટ
G3588 G1135 G3588 G0080 G0846 G2532 G4012 G3956 G3739 G4160 G4190

ὁ Ἡρῴδης,
તે હેરોદે
G3588 G2264

યોહાને હેરોદને તેના ભાઈની પત્ની હેરોદિયાસ સાથે લગ્ન કરવા બદલ તથા બીજા ઘણાં ખરાબ કામો કરવા બદલ ઠપકો આપ્યો,

20 προσέθηκεν καὶ τοῦτο ἐπὶ πᾶσιν ‹καὶ›: κατέκλεισεν τὸν Ἰωάννην ἐν
ઉમેર્યું પણ આ ઉપર સર્વ અને બંધ-કર્યો તે યોહાનને માં
G4369 G2532 G3778 G1909 G3956 G2532 G2623 G3588 G2491 G1722

φυλακῇ.
જેલમાં
G5438

એ બધાં ઉપરાંત તેણે યોહાનને જેલમાં પૂર્યો.

21 Ἐγένετο δὲ ἐν τῷ βαπτισθῆναι, ἅπαντα τὸν λαὸν, καὶ Ἰησοῦ
થયું અને માં તે બાપ્તિસ્મા-લીધા-પછી સર્વ તે લોકોએ અને ઈસુના
G1096 G1161 G1722 G3588 G0907 G0537 G3588 G2992 G2532 G2424

βαπτισθέντος, καὶ προσευχομένου, ἀνεῳχθῆναι τὸν οὐρανὸν,
બાપ્તિસ્મા-લીધા-પછી અને પ્રાર્થના-કરતા-હતા-ત્યારે ખૂલ્યું તે આકાશ
G0907 G2532 G4336 G0455 G3588 G3772

સર્વ લોક બાપ્તિસ્મા પામ્યા પછી ઈસુ પણ બાપ્તિસ્મા પામીને પ્રાર્થના કરતા હતા, એટલામાં સ્વર્ગ ઊઘડી ગયું;

22 καὶ καταβῆναι τὸ Πνεῦμα τὸ Ἅγιον σωματικῷ εἴδει, ὡς περιστερὰν,
અને ઊતર્યો તે આત્મા તે પવિત્ર શારીરિક રૂપમાં જેમ કબૂતર
G2532 G2597 G3588 G4151 G3588 G0040 G4984 G1491 G5613 G4058

ἐπ’ αὐτόν, καὶ φωνὴν ἐξ οὐρανοῦ γενέσθαι, Σὺ εἶ ὁ Υἱός μου,
ઉપર તેમના અને અવાજ થી આકાશમાંથી આવ્યો તું છે તે પુત્ર મારો
G1909 G0846 G2532 G5456 G1537 G3772 G1096 G4771 G1510 G3588 G5207 G1473

ὁ ἀγαπητός; ἐν σοὶ εὐδόκησα.
તે પ્રિય માં તારામાં પ્રસન્ન-થયો
G3588 G0027 G1722 G4771 G2106

અને પવિત્ર આત્મા કબૂતરનાં રૂપે તેમના પર ઊતર્યા; અને સ્વર્ગમાંથી એવી વાણી થઈ કે, ‘તું મારો વહાલો દીકરો છે, તારા પર હું પ્રસન્ન છું.’”

23 Καὶ αὐτὸς ἦν Ἰησοῦς ἀρχόμενος ὡσεὶ ἐτῶν τριάκοντα, ὢν υἱός, ὡς
અને તે હતા ઈસુ શરૂ-કરતા લગભગ વર્ષના ત્રીસ હોતા દીકરા જેમ
G2532 G0846 G1510 G2424 G0756 G5616 G2094 G5144 G1510 G5207 G5613

ἐνομίζετο, Ἰωσὴφ, τοῦ Ἡλὶ,
માનવામાં-આવતું-હતું યૂસફના તે એલીના
G3543 G2501 G3588 G2242

ઈસુ પોતે બોધ કરવા લાગ્યા, ત્યારે તે આશરે ત્રીસ વર્ષની ઉંમરના હતા, અને લોકોના ધાર્યા પ્રમાણે તે યૂસફના દીકરા હતા, જે હેલીનો દીકરો,

24 τοῦ Μαθθὰτ, τοῦ Λευὶ, τοῦ Μελχὶ, τοῦ Ἰανναὶ, τοῦ Ἰωσὴφ,
તે મત્થાતના તે લેવીના તે મેલ્ખીના તે યાન્નાઈના તે યૂસફના
G3588 G3158 G3588 G3017 G3588 G3197 G3588 G2388 G3588 G2501

મથ્થાતનો, જે લેવીનો, જે મલ્ખીનો, જે યન્નયનો, જે યૂસફનો.

25 τοῦ Ματταθίου, τοῦ Ἀμὼς, τοῦ Ναοὺμ, τοῦ Ἑσλὶ, τοῦ Ναγγαὶ,
તે મત્તથિયાના તે આમોસના તે નાહૂમના તે એસ્લીના તે નાગ્ગાઈના
G3588 G3161 G3588 G0301 G3588 G3486 G3588 G2069 G3588 G3477

જે મત્તિયાનો, જે આમોસનો, જે નાહૂમનો, જે હેસ્લીનો, જે નગ્ગયનો,

26 τοῦ Μαὰθ, τοῦ Ματταθίου, τοῦ Σεμεΐν, τοῦ Ἰωσὴχ, τοῦ Ἰωδὰ,
તે માઆથના તે મત્તથિયાના તે શિમઈના તે યોસેખના તે યોદાના
G3588 G3092 G3588 G3161 G3588 G4584 G3588 G2501 G3588 G2448

જે માહથનો, જે મત્તિયાનો, જે શિમઈનો, જે યોસેખનો, જે યોદાનો.

27 τοῦ Ἰωανὰν, τοῦ Ῥησὰ, τοῦ Ζοροβάβελ τοῦ Σαλαθιὴλ, τοῦ Νηρὶ,
તે યોઆનાનના તે રેસાના તે ઝરુબ્બાબેલના તે શાલ્તીએલના તે નેરીના
G3588 G2490 G3588 G4488 G3588 G2216 G3588 G4528 G3588 G3518

જે યોહાનાનનો, જે રેસાનો, જે ઝરુબ્બાબેલનો, જે શાલ્તીએલનો, જે નેરીનો,

28 τοῦ Μελχὶ, τοῦ Ἀδδὶ, τοῦ Κωσὰμ, τοῦ Ἐλμαδὰμ, τοῦ Ἢρ,
તે મેલ્ખીના તે અદ્દીના તે કોસામના તે એલ્માદામના તે એરના
G3588 G3197 G3588 G0078 G3588 G2973 G3588 G1678 G3588 G2262

જે મલ્ખીનો, જે અદ્દીનો, જે કોસામનો, જે અલ્માદામનો, જે એરનો,

29 τοῦ Ἰησοῦ, τοῦ Ἐλιέζερ, τοῦ Ἰωρὶμ, τοῦ Μαθθὰτ, τοῦ Λευὶ,
ते ઈસુના ते એલીએઝેરના ते યોરીમના ते મત્થાતના ते લેવીના
G3588 G2424 G3588 G1663 G3588 G2497 G3588 G3158 G3588 G3017

જે યહોશુઆનો, જે એલીએઝેરનો, જે યોરીમનો, જે મથ્થાતનો, જે લેવીનો.

30 τοῦ Συμεὼν, τοῦ Ἰούδα, τοῦ Ἰωσὴφ, τοῦ Ἰωνὰμ, τοῦ Ἐλιακὶμ,
ते શિમયોનના ते યહૂદાના ते યૂસફના ते યોનામના ते એલ્યાકીમના
G3588 G4826 G3588 G2455 G3588 G2501 G3588 G2494 G3588 G1662

જે શિમયોનનો, જે યહૂદાનો, જે યૂસફનો, જે યોનામનો, જે એલિયાકીમનો,

31 τοῦ Μελεὰ, τοῦ Μεννὰ, τοῦ Ματταθὰ, τοῦ Ναθὰμ, τοῦ Δαυὶδ,
ते મેલેઆના ते મેન્નાના ते મત્તથાના ते નાથાનના ते દાઉદના
G3588 G3190 G3588 G3104 G3588 G3160 G3588 G3481 G3588 G1138

જે મલેયાનો, જે મિન્નાનો, જે મત્તાથાનો, જે નાથાનનો, જે દાઉદનો,

32 τοῦ Ἰεσσαὶ, τοῦ Ἰωβὴδ, τοῦ Βοὸς, τοῦ Σαλὰ, τοῦ Ναασσὼν,
ते યિશાઈના ते ઓબેદના ते બોઆઝના ते સાલાના ते નાશોનના
G3588 G2421 G3588 G5601 G3588 G1003 G3588 G4527 G3588 G3476

જે યિશાઈનો, જે ઓબેદનો, જે બોઆઝનો, જે સલ્મોનનો, જે નાહશોનનો.

33 τοῦ Ἀμιναδὰβ, τοῦ Ἀδμὶν, τοῦ Ἀρνὶ, τοῦ Ἑσρὼμ, τοῦ Φαρὲς, τοῦ Ἰούδα,
ते અમ્મીનાદાબના ते અદમીનના ते અર્ની–ના ते હેસ્રોનના ते ફારેસના ते યહૂદાના
G3588 G0284 G3588 G0689 G3588 G0689 G3588 G2074 G3588 G5329 G3588 G2455

જે આમ્મીનાદાબનો, જે અદમીનનો, જે અર્નીનો, જે હેસ્રોનનો, જે પેરેસનો, જે યહૂદાનો,

34 τοῦ Ἰακὼβ, τοῦ Ἰσαὰκ, τοῦ Ἀβραὰμ, τοῦ Θάρα, τοῦ Ναχὼρ,
ते યાકૂબના ते ઇસહાકના ते ઇબ્રાહીમના ते તેરાહના ते નાખોરના
G3588 G2384 G3588 G2464 G3588 G0011 G3588 G2291 G3588 G3493

જે યાકૂબનો, જે ઇસહાકનો, જે ઇબ્રાહિમનો, જે તેરાહનો, જે નાહોરનો,

35 τοῦ Σεροὺχ, τοῦ Ῥαγαῦ, τοῦ Φάλεκ, τοῦ Ἔβερ, τοῦ Σαλὰ,
ते સરૂખના ते રગાઉના ते ફાલેકના ते એબેરના ते સાલાના
G3588 G4562 G3588 G4466 G3588 G5317 G3588 G1443 G3588 G4527

જે સરૂગનો, જે રયૂનો, જે પેલેગનો, જે એબરનો, જે શેલાનો.

36 τοῦ Καϊνὰμ, τοῦ Ἀρφαξὰδ, τοῦ Σὴμ, τοῦ Νῶε, τοῦ Λάμεχ,
ते કૈનામના ते અર્ફાક્ષાદના ते શેમના ते નૂહના ते લામેખના
G3588 G2536 G3588 G0742 G3588 G4590 G3588 G3575 G3588 G2984

જે કેનાનનો, જે અર્ફાક્ષદનો, જે શેમનો, જે નૂહનો, જે લામેખનો,

37 τοῦ Μαθουσαλὰ, τοῦ Ἑνὼχ, τοῦ Ἰάρετ, τοῦ Μαλελεὴλ, τοῦ Καϊνὰμ,
ते મથૂશેલાહના ते હનોખના ते યારેદના ते મહલલેલના ते કૈનામના
G3588 G3103 G3588 G1802 G3588 G2391 G3588 G3121 G3588 G2536

જે મથૂશેલાનો, જે હનોખનો, જે યારેદનો, જે મહાલાએલનો, જે કેનાનનો,

38 τοῦ Ἐνὼς, τοῦ Σὴθ, τοῦ Ἀδὰμ, τοῦ Θεοῦ.
ते અનોશના ते શેથના ते આદમના ते ઈશ્વરના
G3588 G1800 G3588 G4589 G3588 G0076 G3588 G2316

જે અનોશનો, જે શેથનો, જે આદમનો, જે ઈશ્વરનો દીકરો હતો.

## Chapter 4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Ἰησοῦς | δὲ, | πλήρης | Πνεύματος | Ἁγίου, | ὑπέστρεψεν | ἀπὸ | τοῦ | Ἰορδάνου, | καὶ |
| | ઈસુ | અને | ભરપૂર | આત્માથી | પવિત્ર | પાછા-ફર્યા | થી | તે | યર્દન | અને |
| | G2424 | G1161 | G4134 | G4151 | G0040 | G5290 | G0575 | G3588 | G2446 | G2532 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ἤγετο | ἐν | τῷ | Πνεύματι | ἐν | τῇ | ἐρήμῳ. |
| દોરાતા-હતા | માં | તે | આત્માથી | માં | તે | અરણ્યમાં |
| G0071 | G1722 | G3588 | G4151 | G1722 | G3588 | G2048 |

ઈસુ પવિત્ર આત્માથી ભરપૂર યર્દનથી પાછા વળ્યા. અને ચાળીસ દિવસ સુધી આત્માથી અહીંતહીં દોરાઈને અરણ્યમાં રહયા,

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | ἡμέρας | τεσσεράκοντα | πειραζόμενος | ὑπὸ | τοῦ | διαβόλου; | Καὶ | οὐκ | ἔφαγεν |
| | દિવસો | ચાળીસ | પરીક્ષાતા | દ્વારા | તે | શેતાન | અને | નહીં | ખાધું |
| | G2250 | G5062 | G3985 | G5259 | G3588 | G1228 | G2532 | G3756 | G5315 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| οὐδὲν | ἐν | ταῖς | ἡμέραις | ἐκείναις, | καὶ | συντελεσθεισῶν | αὐτῶν, | ἐπείνασεν. |
| કંઈ-પણ | માં | તે | દિવસોમાં | તે | અને | પૂરા-થયા-પછી | તેમના | ભૂખ્યા-થયા |
| G3762 | G1722 | G3588 | G2250 | G1565 | G2532 | G4931 | G0846 | G3983 |

તે દરમિયાન શેતાને ઈસુનું પરીક્ષણ કર્યું; તે દિવસોમાં તેમણે કંઈ ખાધું નહિ, તે સમય પૂરા થયા પછી તે ભૂખ્યા થયા.

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | εἶπεν | δὲ | αὐτῷ | ὁ | διάβολος, | Εἰ | Υἱὸς | εἶ | τοῦ | Θεοῦ, | εἰπὲ | τῷ | λίθῳ |
| | કહ્યુ | અને | તેમને | તે | શેતાને | જો | પુત્ર | છો | ના | ઈશ્વરના | કહે | આ | પથ્થરને |
| | G3004 | G1161 | G0846 | G3588 | G1228 | G1487 | G5207 | G1510 | G3588 | G2316 | G3004 | G3588 | G3037 |

| | | | |
|---|---|---|---|
| τούτῳ, | ἵνα | γένηται | ἄρτος. |
| આ | કે | બને | રોટલી |
| G3778 | G2443 | G1096 | G0740 |

શેતાને ઈસુને કહ્યુ કે, 'જો તમે ઈશ્વરના દીકરા હોય તો આ પથ્થરને કહે કે, તે રોટલી થઈ જાય.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 4 | καὶ | ἀπεκρίθη | πρὸς | αὐτὸν | ὁ | Ἰησοῦς, | Γέγραπται, | ὅτι | Οὐκ | ἐπ’ | ἄρτῳ |
| | અને | ઉત્તર-આપ્યો | પ્રત્યે | તેને | તે | ઈસુએ | લખેલું-છે | કે | નહીં | પર | રોટલીથી |
| | G2532 | G0611 | G4314 | G0846 | G3588 | G2424 | G1125 | G3754 | G3756 | G1909 | G0740 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| μόνῳ | ζήσεται | ὁ | ἄνθρωπος, | <ἀλλ’ | ἐπὶ | παντὶ | ῥήματι | Θεοῦ>. |
| માત્ર | જીવશે | તે | માણસ | પરંતુ | પર | દરેક | વચનથી | ઈશ્વરના |
| G3441 | G2198 | G3588 | G0444 | G0235 | G1909 | G3956 | G4487 | G2316 |

ઈસુએ તેને ઉત્તર આપ્યો કે, 'એમ લખ્યું છે કે, માણસ એકલી રોટલીથી જીવશે નહિ."'

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 5 | Καὶ | ἀναγαγὼν | αὐτὸν | <ὁ | διάβολος | εἰς | ὄρος | ὑψηλὸν>, | ἔδειξεν | αὐτῷ |
| | અને | ઉપર-લઈ-જઈને | તેમને | તે | શેતાને | પર | પર્વત | ઊંચા | બતાવ્યાં | તેમને |
| | G2532 | G0321 | G0846 | G3588 | G1228 | G1519 | G3735 | G5308 | G1166 | G0846 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| πάσας | τὰς | βασιλείας | τῆς | οἰκουμένης | ἐν | στιγμῇ | χρόνου. |
| બધાં | તે | રાજ્યો | ના | જગતનાં | માં | ક્ષણમાં | સમયની |
| G3956 | G3588 | G0932 | G3588 | G3625 | G1722 | G4743 | G5550 |

શેતાન તેમને ઊંચી જગ્યાએ લઈ ગયો, અને એક ક્ષણમાં દુનિયાના બધાં રાજ્યો તેને બતાવ્યા.

6 καὶ εἶπεν αὐτῷ ὁ διάβολος, Σοὶ δώσω τὴν ἐξουσίαν ταύτην ἅπασαν,
અને કહ્યુ તેમને તે શેતાને તને આપીશ આ અધિકાર આ બધો
G2532 G3004 G0846 G3588 G1228 G4771 G1325 G3588 G1849 G3778 G0537

καὶ τὴν δόξαν αὐτῶν; ὅτι ἐμοὶ παραδέδοται, καὶ ᾧ ἐὰν θέλω,
અને તેનો મહિમા તેમનો કારણ-કે મને સોંપાયો-છે અને જેને જો ઇચ્છું
G2532 G3588 G1391 G0846 G3754 G1473 G3860 G2532 G3739 G1437 G2309

δίδωμι αὐτήν.
આપું-છું તે
G1325 G0846

શેતાને ઈસુને કહ્યુ કે, 'આ બધાં પર રાજ કરવાનો અધિકાર તથા તેમનો વૈભવ હું તને આપીશ; કેમ કે રાજ કરવા તેઓ મને અપાયેલ છે, અને હું જેને તે આપવા ચાહું તેને આપી શકું છું;

7 σὺ οὖν, ἐὰν προσκυνήσῃς ἐνώπιον ἐμοῦ, ἔσται σοῦ πᾶσα.
તું માટે જો ભજન-કરે સમક્ષ મારી થશે તારું બધું
G4771 G3767 G1437 G4352 G1799 G1473 G1510 G4771 G3956

માટે જો તું નમીને મારું ભજન કરશે તો તે સઘળું તારું થશે.'"

8 καὶ ἀποκριθεὶς, ὁ Ἰησοῦς εἶπεν αὐτῷ, Γέγραπται, Προσκυνήσεις «Κύριον
અને ઉત્તર-આપીને તે ઈસુએ કહ્યુ તેને લખેલું-છે ભજન-કરજે પ્રભુ
G2532 G0611 G3588 G2424 G3004 G0846 G1125 G4352 G2962

τὸν Θεόν σου», καὶ αὐτῷ μόνῳ λατρεύσεις.
તારા ઈશ્વરનું તારા અને તેમની એકલાની સેવા-કરજે
G3588 G2316 G4771 G2532 G0846 G3441 G3000

અને ઈસુએ તેને ઉત્તર આપતાં કહ્યુ કે, 'એમ લખ્યું છે કે, તારે તારા ઈશ્વર પ્રભુનું ભજન કરવું અને એકલા તેમની જ સેવા કરવી.'"

9 Ἤγαγεν δὲ αὐτὸν εἰς Ἰερουσαλὴμ, καὶ ἔστησεν ἐπὶ τὸ πτερύγιον τοῦ
લઈ-ગયો અને તેમને માં યરુશાલેમ અને ઊભા-કર્યા પર તે ટોચ-પર ના
G0071 G1161 G0846 G1519 G2419 G2532 G2476 G1909 G3588 G4419 G3588

ἱεροῦ, καὶ εἶπεν αὐτῷ, Εἰ Υἱὸς εἶ τοῦ Θεοῦ, βάλε σεαυτὸν ἐντεῦθεν
મંદિરની અને કહ્યુ તેમને જો પુત્ર છો ના ઈશ્વરના ફેંક તારી-જાતને અહીંથી
G2411 G2532 G3004 G0846 G1487 G5207 G1510 G3588 G2316 G0906 G4572 G1782

κάτω;
નીચે
G2736

તે ઈસુને યરુશાલેમ લઈ ગયો, અને ભક્તિસ્થાનના શિખર પર તેમને ઊભા રાખીને તેણે તેમને કહ્યુ કે, 'જો તું ઈશ્વરનો દીકરો છે, તો અહીંથી પોતાને નીચે પાડી નાખ.

10 γέγραπται γὰρ, ὅτι τοῖς ἀγγέλοις αὐτοῦ ἐντελεῖται περὶ σοῦ, τοῦ
લખેલું-છે કારણ-કે કે પોતાના દૂતોને તેમના આજ્ઞા-આપશે વિશે તારા કે
G1125 G1063 G3754 G3588 G0032 G0846 G1781 G4012 G4771 G3588

διαφυλάξαι σε;
સાચવે તને
G1314 G4771

કેમ કે લખ્યું છે કે, તે પોતાના સ્વર્ગદૂતોને તારા સંબંધી આજ્ઞા કરશે કે તેઓ તારું રક્ષણ કરે;

11 καὶ ὅτι ἐπὶ χειρῶν ἀροῦσίν σε, μή ποτε προσκόψῃς πρὸς λίθον τὸν
અને કે પર હાથો-પર ઊંચકશે તને ન ક્યારેય ઠોકર-ખાય સાથે પથ્થર તારો
G2532 G3754 G1909 G5495 G0142 G4771 G3361 G4219 G4350 G4314 G3037 G3588

πόδα σου.
પગ તારો
G4228 G4771

તેઓ પોતાના હાથે તમને ઝીલી લેશે, રખેને તમારો પગ પથ્થર પર અફળાય.’”

12 καὶ ἀποκριθεὶς, εἶπεν αὐτῷ ὁ Ἰησοῦς, ὅτι Εἴρηται, Οὐκ ἐκπειράσεις
અને ઉત્તર-આપીને કહ્યુ તેને તે ઈસુએ કે કહેવાયું-છે નહીં પરીક્ષા-કરજે
G2532 G0611 G3004 G0846 G3588 G2424 G3754 G2046 G3756 G1598

Κύριον τὸν Θεόν σου.
પ્રભુ તારા ઈશ્વરની તારા
G2962 G3588 G2316 G4771

ઈસુએ તેને ઉત્તર આપતા કહ્યુ કે, ‘એમ લખેલું છે કે, તારે તારા ઈશ્વર પ્રભુની કસોટી ન કરવી.’”

13 Καὶ συντελέσας πάντα πειρασμὸν, ὁ διάβολος ἀπέστη ἀπ’ αὐτοῦ ἄχρι
અને પૂરી-કરીને બધી પરીક્ષા તે શેતાન દૂર-ગયો થી તેમનાથી સુધી
G2532 G4931 G3956 G3986 G3588 G1228 G0868 G0575 G0846 G0891

καιροῦ.
યોગ્ય-સમય
G2540

શેતાન સર્વ પ્રકારના પરીક્ષણ કરીને કેટલીક મુદ્દત સુધી તેમની પાસેથી ગયો.

14 Καὶ ὑπέστρεψεν ὁ Ἰησοῦς ἐν τῇ δυνάμει τοῦ Πνεύματος εἰς τὴν
અને પાછા-ફર્યા તે ઈસુ માં તે સામર્થ્યમાં ના આત્માના માં તે
G2532 G5290 G3588 G2424 G1722 G3588 G1411 G3588 G4151 G1519 G3588

Γαλιλαίαν; καὶ φήμη ἐξῆλθεν καθ’ ὅλης τῆς περιχώρου, περὶ αὐτοῦ.
ગાલીલ અને ખબર ફેલાઈ આખા આખા તે આસપાસના-પ્રદેશમાં વિશે તેમના
G1056 G2532 G5345 G1831 G2596 G3650 G3588 G4066 G4012 G0846

ઈસુ આત્માને પરાક્રમે ગાલીલમાં પાછા આવ્યા, અને તેમના વિષેની વાતો આસપાસ આખા દેશમાં ફેલાઈ ગઈ.

15 καὶ αὐτὸς ἐδίδασκεν ἐν ταῖς συναγωγαῖς αὐτῶν, δοξαζόμενος ὑπὸ πάντων.
અને તે શીખવતા-હતા માં તેમના સભાસ્થાનોમાં તેમના મહિમા-પામતા દ્વારા સર્વથી
G2532 G0846 G1321 G1722 G3588 G4864 G0846 G1392 G5259 G3956

અને તેમણે તેઓનાં સભાસ્થાનોમાં બોધ કર્યો, અને બધાથી માન પામ્યા.

16 Καὶ ἦλθεν εἰς Ναζαρά, οὗ ἦν τεθραμμένος; καὶ εἰσῆλθεν κατὰ τὸ
અને આવ્યા માં નાઝારેથ જ્યાં હતા ઉછર્યા અને ગયા પ્રમાણે તે
G2532 G2064 G1519 G3478 G3757 G1510 G5142 G2532 G1525 G2596 G3588

εἰωθὸς αὐτῷ, ἐν τῇ ἡμέρᾳ τῶν σαββάτων, εἰς τὴν συναγωγήν, καὶ
રીવાજ તેમના માં તે દિવસે ના વિશ્રામવારના માં તે સભાસ્થાનમાં અને
G1486 G0846 G1722 G3588 G2250 G3588 G4521 G1519 G3588 G4864 G2532

ἀνέστη ἀναγνῶναι.
ઊભા-થયા વાંચવા
G0450 G0314

નાસરેથ જ્યાં ઈસુ મોટા થયા હતા ત્યાં તે આવ્યા, અને પોતાની રીત પ્રમાણે વિશ્રામવારે તે સભાસ્થાનમાં ગયા, અને વાંચવા સારુ તે ઊભા થયા.

17 καὶ ἐπεδόθη αὐτῷ βιβλίον τοῦ προφήτου Ἠσαΐου, καὶ ἀναπτύξας τὸ
અને આપવામાં-આવ્યું તેમને પુસ્તક ના પ્રબોધક યશાયાનું અને ખોલીને તે
G2532 G1929 G0846 G0975 G3588 G4396 G2268 G2532 G0380 G3588

βιβλίον, εὗρεν τὸν τόπον οὗ ἦν γεγραμμένον,
પુસ્તક શોધ્યું તે જગ્યા જ્યાં હતું લખેલું
G0975 G2147 G3588 G5117 G3739 G1510 G1125

યશાયા પ્રબોધકનું પુસ્તક તેમને આપવામાં આવ્યું, તેમણે તે ઉઘાડીને, જ્યાં નીચે દર્શાવ્યાં પ્રમાણે લખ્યું છે તેનું વાચન કર્યું કે,

18 Πνεῦμα Κυρίου ἐπ’ ἐμέ, οὗ εἵνεκεν ἔχρισέν με εὐαγγελίσασθαι
આત્મા પ્રભુનો પર મારા જેના-કારણે તેથી અભિષેક-કર્યો મને સુવાર્તા-સંભળાવવા
G4151 G2962 G1909 G1473 G3739 G1752 G5548 G1473 G2097

πτωχοῖς. ἀπέσταλκέν με <ἰάσασθαι τοὺς συντετριμμένους τὴν καρδίαν>,
ગરીબોને મોકલ્યો-છે મને સાજા-કરવા જેઓના ભાંગેલાં તેમનાં હૃદય
G4434 G0649 G1473 G2390 G3588 G4937 G3588 G2588

κηρῦξαι αἰχμαλώτοις ἄφεσιν, καὶ τυφλοῖς ἀνάβλεψιν, ἀποστεῖλαι τεθραυσμένους
જાહેર-કરવા બંદીવાનોને મુક્તિ અને અંધજનોને દૃષ્ટિ મોકલવા કચડાયેલાઓને
G2784 G0164 G0859 G2532 G5185 G0309 G0649 G2352

ἐν ἀφέσει,
માં સ્વતંત્રતામાં
G1722 G0859

‘પ્રભુનો આત્મા મારા પર છે, કેમ કે દરિદ્રીઓને સુવાર્તા પ્રગટ કરવા સારુ ઈશ્વરે મારો અભિષેક કર્યો છે; બંદીવાનોને છુટકારો આપવા તથા દ્રષ્ટિહીનોને દ્રષ્ટિ આપવા, પીડિતોને છોડાવવાં

19 κηρῦξαι ἐνιαυτὸν Κυρίου δεκτόν.
જાહેર-કરવા વર્ષ પ્રભુનું માન્ય
G2784 G1763 G2962 G1184

તથા પ્રભુનું માન્ય વર્ષ પ્રગટ કરવા સારુ ઈશ્વરે મને મોકલ્યો છે.’”

20 καὶ πτύξας τὸ βιβλίον, ἀποδοὺς τῷ ὑπηρέτῃ, ἐκάθισεν, καὶ πάντων
અને બંધ-કરીને તે પુસ્તક પાછું-આપીને તે સેવકને બેઠા અને સર્વની
G2532 G4428 G3588 G0975 G0591 G3588 G5257 G2523 G2532 G3956

οἱ ὀφθαλμοὶ ἐν τῇ συναγωγῇ ἦσαν ἀτενίζοντες αὐτῷ.
તેમની નજરો માં તે સભાસ્થાનમાં હતી ટકી-રહેલી તેમના-પર
G3588 G3788 G1722 G3588 G4864 G1510 G0816 G0846

પછી તેમણે પુસ્તક બંધ કર્યું, સેવકને પાછું આપીને બેસી ગયા, પછી સભાસ્થાનમાં બધા ઈસુને એક નજરે જોઈ રહયા.

21 ἤρξατο δὲ λέγειν πρὸς αὐτοὺς, ὅτι Σήμερον πεπλήρωται ἡ γραφὴ αὕτη,
શરૂ-કર્યું અને કહેવા પ્રત્યે તેમને કે આજે પૂર્ણ-થયું આ શાસ્ત્ર આ
G0756 G1161 G3004 G4314 G0846 G3754 G4594 G4137 G3588 G1124 G3778

ἐν τοῖς ὠσὶν ὑμῶν.
માં તમારા કાનોમાં તમારા
G1722 G3588 G3775 G4771

ઈસુ તેઓને કહેવા લાગ્યા કે, ‘આજે આ શાસ્ત્રવચન તમારા સાંભળતાં પૂરું થયું છે.’”

22 καὶ πάντες ἐμαρτύρουν αὐτῷ, καὶ ἐθαύμαζον ἐπὶ τοῖς λόγοις τῆς
અને સર્વ સાક્ષી-આપતા-હતા તેમને અને આશ્ચર્ય-પામતા-હતા પર તે વચનો-પર ની
G2532 G3956 G3140 G0846 G2532 G2296 G1909 G3588 G3056 G3588

χάριτος τοῖς ἐκπορευομένοις ἐκ τοῦ στόματος αὐτοῦ; καὶ ἔλεγον, Οὐχὶ
કૃપાના જે નીકળતાં-હતાં માંથી તેમના મુખમાંથી તેમના અને કહેતા-હતા શું-નહીં
G5485 G3588 G1607 G1537 G3588 G4750 G0846 G2532 G3004 G3780

υἱός ἐστιν Ἰωσὴφ οὗτος?
પુત્ર છે યૂસુફનો આ
G5207 G1510 G2501 G3778

બધાએ તેમના વિષે સાક્ષી આપી, અને જે કૃપાની વાતો તેમણે કહી તેથી તેઓએ આશ્ચર્ય પામીને કહ્યુ કે, ‘શું એ યૂસફનો દીકરો નથી?’”

23 καὶ εἶπεν πρὸς αὐτούς, Πάντως ἐρεῖτέ μοι τὴν παραβολὴν ταύτην, Ἰατρέ
અને કહ્યુ પ્રત્યે તેમને ચોક્કસ કહેશો મને આ દૃષ્ટાંત આ વૈદ
G2532 G3004 G4314 G0846 G3843 G2046 G1473 G3588 G3850 G3778 G2395

θεράπευσον σεαυτόν; ὅσα ἠκούσαμεν γενόμενα εἰς τὴν Καφαρναοὺμ, ποίησον
સાજા-કર તારી-જાતને જે-કંઈ સાંભળ્યું-છે થયું માં તે કફર્નાહૂમમાં કર
G2323 G4572 G3745 G0191 G1096 G1519 G3588 G2584 G4160

καὶ ὧδε ἐν τῇ πατρίδι σου.
પણ અહીં માં તારા વતનમાં તારા
G2532 G5602 G1722 G3588 G3968 G4771

ઈસુએ તેઓને કહ્યુ કે, ‘તમે મને નિશ્ચે કહેશો કે, વૈદ, તમે પોતાને સાજાં કરો.’ કપરનાહૂમમાં કરેલા જે જે કામો વિષે અમે સાંભળ્યું તેવા કામો અહીં તમારા પોતાના વતનપ્રદેશમાં પણ કરો.

24 εἶπεν δέ, Ἀμὴν λέγω ὑμῖν, ὅτι οὐδεὶς προφήτης δεκτός ἐστιν ἐν τῇ
કહ્યુ પણ સાચે-જ કહું-છું તમને કે કોઈ-પણ પ્રબોધક માન્ય નથી માં પોતાના
G3004 G1161 G0281 G3004 G4771 G3754 G3762 G4396 G1184 G1510 G1722 G3588

πατρίδι αὐτοῦ.
વતનમાં પોતાના
G3968 G0846

ઈસુએ કહ્યુ કે, ‘હું તમને નિશ્ચે કહું છું કે, કોઈ પ્રબોધક પોતાના વતનમાં સ્વીકાર્ય નથી.

25 ἐπ’ ἀληθείας δὲ λέγω ὑμῖν, πολλαὶ χῆραι ἦσαν ἐν ταῖς ἡμέραις
ખરેખર સત્યથી પણ કહું-છું તમને ઘણી વિધવાઓ હતી માં તે દિવસોમાં
G1909 G0225 G1161 G3004 G4771 G4183 G5503 G1510 G1722 G3588 G2250

Ἠλίου ἐν τῷ Ἰσραήλ, ὅτε ἐκλείσθη ὁ οὐρανὸς ἐπὶ ἔτη τρία καὶ
એલિયાના માં તે ઇઝરાયલમાં જ્યારે બંધ-થયું તે આકાશ સુધી વર્ષ ત્રણ અને
G2243 G1722 G3588 G2474 G3753 G2808 G3588 G3772 G1909 G2094 G5140 G2532

μῆνας ἕξ, ὡς ἐγένετο λιμὸς μέγας ἐπὶ πᾶσαν τὴν γῆν;
મહિના છ જ્યારે આવ્યો દુકાળ મોટો ઉપર આખી તે ભૂમિ-પર
G3376 G1803 G5613 G1096 G3042 G3173 G1909 G3956 G3588 G1093

પણ હું તમને સાચું કહું કે એલિયાના સમયમાં સાડાત્રણ વર્ષ સુધી વરસાદ વરસ્યો નહિ, આખા દેશમાં મોટો દુકાળ પડ્યો, ત્યારે ઘણી વિધવાઓ ઇઝરાયલમાં હતી;

26 καὶ πρὸς οὐδεμίαν αὐτῶν ἐπέμφθη Ἠλίας, εἰ μὴ εἰς Σάρεπτα τῆς
અને પાસે કોઈની-પણ તેમાંની મોકલાયા-નહીં એલિયા સિવાય માત્ર માં સારફથ ના
G2532 G4314 G3762 G0846 G3992 G2243 G1487 G3361 G1519 G4558 G3588

Σιδωνίας, πρὸς γυναῖκα, χήραν.
સીદોનના પાસે સ્ત્રી વિધવા
G4606 G4314 G1135 G5503

તેઓમાંની અન્ય કોઈ પાસે નહિ, પણ સિદોનના સારફાથમાં જે વિધવા હતી તેની જ પાસે એલિયાને મોકલવામાં આવ્યો હતો.

27 καὶ πολλοὶ λεπροὶ ἦσαν ἐν τῷ Ἰσραὴλ, ἐπὶ Ἐλισαίου τοῦ
અને ઘણા કોઢિયા હતા માં તે ઇઝરાયલમાં ના-સમયમાં એલિશાના તે
G2532 G4183 G3015 G1510 G1722 G3588 G2474 G1909 G1666 G3588

προφήτου, καὶ οὐδεὶς αὐτῶν ἐκαθαρίσθη, εἰ μὴ Ναιμὰν ὁ Σύρος.
પ્રબોધકના અને કોઈ-પણ તેમાંનો શુદ્ધ-થયો-નહીં સિવાય માત્ર નામાન તે સીરિયાનો
G4396 G2532 G3762 G0846 G2511 G1487 G3361 G3497 G3588 G4948

વળી એલિશા પ્રબોધકના વખતમાં ઘણાં કુષ્ઠ રોગીઓ ઇઝરાયલમાં હતા, પરંતુ અરામી નામાન સિવાય તેઓમાંનો અન્ય કોઈ શુદ્ધ કરાયો ન હતો.

28

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἐπλήσθησαν | πάντες | θυμοῦ | ἐν | τῇ | συναγωγῇ, | ἀκούοντες | ταῦτα; |
| અને | ભરાઈ-ગયા | બધા | ક્રોધથી | માં | તે | સભાસ્થાનમાં | સાંભળીને | આ |
| G2532 | G4130 | G3956 | G2372 | G1722 | G3588 | G4864 | G0191 | G3778 |

એ વાત સાંભળીને સભાસ્થાનમાંના સૌ ગુસ્સે ભરાયા;

29

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἀναστάντες, | ἐξέβαλον | αὐτὸν | ἔξω | τῆς | πόλεως, | καὶ | ἤγαγον | αὐτὸν | ἕως |
| અને | ઊભા-થઈને | કાઢ્યા | તેમને | બહાર | ના | શહેરની | અને | લઈ-ગયા | તેમને | સુધી |
| G2532 | G0450 | G1544 | G0846 | G1854 | G3588 | G4172 | G2532 | G0071 | G0846 | G2193 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ὀφρύος | τοῦ | ὄρους | ἐφ’ | οὗ | ἡ | πόλις | ᾠκοδόμητο | αὐτῶν, | ὥστε |
| કિનારા-પર | ના | પર્વતના | પર | જેના | તે | શહેર | બાંધેલું-હતું | તેમનું | કે |
| G3790 | G3588 | G3735 | G1909 | G3739 | G3588 | G4172 | G3618 | G0846 | G5620 |

| | |
|---|---|
| κατακρημνίσαι | αὐτόν; |
| ફેંકી-દે | તેમને |
| G2630 | G0846 |

તેઓએ ઊઠીને ઈસુને શહેર બહાર કાઢી મૂક્યા, અને તેમને નીચે પાડી નાખવા સારુ જે પહાડ પર તેઓનું શહેર બાંધેલું હતું તેના ઢોળાવ પર તેઓ ઈસુને લઈ ગયા.

30

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| αὐτὸς | δὲ, | διελθὼν | διὰ | μέσου | αὐτῶν, | ἐπορεύετο. |
| તે | પણ | પસાર-થઈને | વચ્ચેથી | વચ્ચેથી | તેમના | ચાલ્યા-ગયા |
| G0846 | G1161 | G1330 | G1223 | G3319 | G0846 | G4198 |

પણ ઈસુ તેઓની વચમાં થઈને ચાલ્યા ગયા.

31

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Καὶ | κατῆλθεν | εἰς | Καφαρναοὺμ, | πόλιν | τῆς | Γαλιλαίας, | καὶ | ἦν | διδάσκων |
| અને | ઊતર્યા | માં | કફર્નાહૂમ | શહેર | ના | ગાલીલના | અને | હતા | શીખવતા |
| G2532 | G2718 | G1519 | G2584 | G4172 | G3588 | G1056 | G2532 | G1510 | G1321 |

| | | | |
|---|---|---|---|
| αὐτοὺς | ἐν | τοῖς | σάββασιν. |
| તેમને | માં | તે | વિશ્રામવારે |
| G0846 | G1722 | G3588 | G4521 |

પછી તે ગાલીલના કપરનાહૂમ શહેરમાં આવ્યા. એક વિશ્રામવારે ઈસુ સભાસ્થાનમાં તેઓને બોધ આપતા હતા;

32

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἐξεπλήσσοντο | ἐπὶ | τῇ | διδαχῇ | αὐτοῦ, | ὅτι | ἐν | ἐξουσίᾳ | ἦν | ὁ |
| અને | આશ્ચર્ય-પામ્યા | પર | તે | ઉપદેશ-પર | તેમના | કારણ-કે | માં | અધિકારમાં | હતું | તેમનું |
| G2532 | G1605 | G1909 | G3588 | G1322 | G0846 | G3754 | G1722 | G1849 | G1510 | G3588 |

| | |
|---|---|
| λόγος | αὐτοῦ. |
| વચન | તેમનું |
| G3056 | G0846 |

ત્યારે તેઓ તેમના બોધથી આશ્ચર્ય પામ્યા, કેમ કે તેઓ અધિકારથી બોલ્યા.

33

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἐν | τῇ | συναγωγῇ | ἦν | ἄνθρωπος | ἔχων | πνεῦμα | δαιμονίου | ἀκαθάρτου; |
| અને | માં | તે | સભાસ્થાનમાં | હતો | માણસ | ધરાવતો | આત્મા | ભૂતનો | અશુદ્ધ |
| G2532 | G1722 | G3588 | G4864 | G1510 | G0444 | G2192 | G4151 | G1140 | G0169 |

| | | | |
|---|---|---|---|
| καὶ | ἀνέκραξεν | φωνῇ | μεγάλῃ, |
| અને | બૂમ-પાડી | અવાજે | મોટા |
| G2532 | G0349 | G5456 | G3173 |

ત્યાં દુષ્ટાત્મા વળગેલો એક માણસ હતો, તેણે મોટેથી બૂમ પાડીને કહ્યુ કે,

34 Ἔα! τί ἡμῖν καὶ σοί, Ἰησοῦ, Ναζαρηνέ? ἦλθες ἀπολέσαι ἡμᾶς? οἶδά
અરે શું અમારે અને તારે ઈસુ નાઝારેથના આવ્યો-છે નાશ-કરવા અમારો જાણું-છું
G1436 G5101 G1473 G2532 G4771 G2424 G3479 G2064 G0622 G1473 G1492

σε τίς εἶ, ὁ Ἅγιος τοῦ Θεοῦ.
તને કોણ છો તે પવિત્ર ના ઈશ્વરના
G4771 G5101 G1510 G3588 G0040 G3588 G2316

'અરે, ઈસુ નાઝારી, તમારે અને અમારે શું છે? શું તમે અમારો નાશ કરવા આવ્યા છો? તમે કોણ છો તે હું જાણું છું, એટલે ઈશ્વરના પવિત્ર□"'

35 καὶ ἐπετίμησεν αὐτῷ ὁ Ἰησοῦς, λέγων, Φιμώθητι, καὶ ἔξελθε ἀπ'
અને ધમકાવ્યું તેને તે ઈસુએ કહીને ચૂપ-રહે અને નીકળ થી
G2532 G2008 G0846 G3588 G2424 G3004 G5392 G2532 G1831 G0575

αὐτοῦ! καὶ ῥίψαν αὐτὸν τὸ δαιμόνιον εἰς τὸ μέσον, ἐξῆλθεν ἀπ'
તેનાથી અને પછાડીને તેને તે ભૂતે માં તે વચ્ચે નીકળી-ગયું થી
G0846 G2532 G4496 G0846 G3588 G1140 G1519 G3588 G3319 G1831 G0575

αὐτοῦ, μηδὲν βλάψαν αὐτόν.
તેનાથી કંઈ-પણ નુકસાન-કર્યા તેને
G0846 G3367 G0984 G0846

ઈસુએ તેને ધમકાવીને કહ્યુ કે, 'ચૂપ રહે, અને તેનામાંથી નીકળ'. દુષ્ટાત્મા તેને લોકોની વચમાં પાડી નાખીને તેને કંઈ નુકસાન કર્યા વિના નીકળી ગયો.

36 καὶ ἐγένετο θάμβος ἐπὶ πάντας, καὶ συνελάλουν πρὸς ἀλλήλους, λέγοντες,
અને થયો આશ્ચર્ય પર સર્વ-પર અને વાત-કરતા-હતા સાથે એકબીજા કહેતા
G2532 G1096 G2285 G1909 G3956 G2532 G4814 G4314 G0240 G3004

Τίς ὁ λόγος οὗτος, ὅτι ἐν ἐξουσίᾳ καὶ δυνάμει ἐπιτάσσει τοῖς
શું આ વચન આ કે માં અધિકારથી અને સામર્થ્યથી આજ્ઞા-કરે-છે તે
G5101 G3588 G3056 G3778 G3754 G1722 G1849 G2532 G1411 G2004 G3588

ἀκαθάρτοις πνεύμασιν, καὶ ἐξέρχονται?
અશુદ્ધ આત્માઓને અને નીકળી-જાય-છે
G0169 G4151 G2532 G1831

બધાને આશ્ચર્ય લાગ્યું, અને તેઓએ એકબીજાને કહ્યુ કે, 'આ કેવાં શબ્દો છે□ કેમ કે તે અધિકાર તથા પરાક્રમસહિત અશુદ્ધ આત્માઓને હુકમ કરે છે, ને તેઓ નીકળી જાય છે?"'

37 καὶ ἐξεπορεύετο ἦχος περὶ αὐτοῦ εἰς πάντα τόπον τῆς περιχώρου.
અને ફેલાતી-હતી ખબર વિશે તેમના માં દરેક જગ્યાએ ના આસપાસના-પ્રદેશમાં
G2532 G1607 G2279 G4012 G0846 G1519 G3956 G5117 G3588 G4066

આસપાસના પ્રદેશનાં સર્વ સ્થાનોમાં ઈસુ વિષેની વાતો ફેલાઈ ગઈ.

38 Ἀναστὰς δὲ ἀπὸ τῆς συναγωγῆς, εἰσῆλθεν εἰς τὴν οἰκίαν Σίμωνος.
ઊઠીને અને થી તે સભાસ્થાનમાંથી ગયા માં તે ઘરમાં શિમોનના
G0450 G1161 G0575 G3588 G4864 G1525 G1519 G3588 G3614 G4613

πενθερὰ δὲ τοῦ Σίμωνος ἦν συνεχομένη πυρετῷ μεγάλῳ; καὶ ἠρώτησαν
સાસુ અને ના શિમોનની હતી પીડાતી તાવથી ભારે અને વિનંતી-કરી
G3994 G1161 G3588 G4613 G1510 G4912 G4446 G3173 G2532 G2065

αὐτὸν περὶ αὐτῆς.
તેમને વિશે તેના
G0846 G4012 G0846

સભાસ્થાનમાંથી ઊઠીને ઈસુ સિમોનના ઘરે ગયા. સિમોનની સાસુ સખત તાવથી બિમાર હતી, તેને મટાડવા માટે તેઓએ તેમને વિનંતી કરી.

39 καὶ ἐπιστὰς ἐπάνω αὐτῆς, ἐπετίμησεν τῷ πυρετῷ, καὶ ἀφῆκεν αὐτήν;
અને ઊભા-રહીને ઉપર તેના ધમકાવ્યો તે તાવને અને છોડ્યો તેને
G2532 G2186 G1883 G0846 G2008 G3588 G4446 G2532 G0863 G0846

παραχρῆμα δὲ ἀναστᾶσα, διηκόνει αὐτοῖς.
તરત-જ અને ઊઠીને સેવા-કરવા-લાગી તેમની
G3916 G1161 G0450 G1247 G0846

તેથી ઈસુએ તેની પાસે ઊભા રહીને તાવને ધમકાવ્યો, અને તેનો તાવ ઊતરી ગયો; તેથી તે તરત ઊઠીને તેઓની સેવા કરવા લાગી.

40 Δύνοντος δὲ τοῦ ἡλίου, ἅπαντες ὅσοι εἶχον ἀσθενοῦντας νόσοις
ડૂબતા અને ના સૂર્યના બધા જેટલા ધરાવતા-હતા બીમારોને રોગોથી
G1416 G1161 G3588 G2246 G0537 G3745 G2192 G0770 G3554

ποικίλαις, ἤγαγον αὐτοὺς πρὸς αὐτόν, ὁ δὲ ἑνὶ ἑκάστῳ αὐτῶν, τὰς
વિવિધ લાવ્યા તેમને પાસે તેમના અને તે દરેક એક-પર તેમના પોતાના
G4164 G0071 G0846 G4314 G0846 G3588 G1161 G1520 G1538 G0846 G3588

χεῖρας ἐπιτιθεὶς, ἐθεράπευεν αὐτούς;
હાથ મૂકીને સાજા-કરતા-હતા તેમને
G5495 G2007 G2323 G0846

સૂર્ય ડૂબતી વખતે જેઓ વિવિધ પ્રકારના રોગથી પીડાતાં માણસો હતાં તેઓને તેઓ ઈસુની પાસે લાવ્યા, અને તેમણે તેઓમાંના દરેક પર હાથ મૂકીને તેઓને સાજાં કર્યાં.

41 ἐξήρχετο δὲ καὶ δαιμόνια ἀπὸ πολλῶν, κραυγάζοντα καὶ λέγοντα, ὅτι
નીકળતાં-હતાં અને પણ ભૂતો થી ઘણાંમાંથી બૂમો-પાડતાં અને કહેતાં કે
G1831 G1161 G2532 G1140 G0575 G4183 G2905 G2532 G3004 G3754

Σὺ εἶ ὁ Υἱὸς τοῦ Θεοῦ. καὶ ἐπιτιμῶν, οὐκ εἴα αὐτὰ λαλεῖν,
તું છો તે પુત્ર ના ઈશ્વરનો અને ધમકાવીને નહીં દેતા-હતા તેમને બોલવા
G4771 G1510 G3588 G5207 G3588 G2316 G2532 G2008 G3756 G1439 G0846 G2980

ὅτι ᾔδεισαν τὸν Χριστὸν αὐτὸν εἶναι.
કારણ-કે જાણતાં-હતાં તે ખ્રિસ્ત તે છે
G3754 G1492 G3588 G5547 G0846 G1510

ઘણાંઓમાંથી દુષ્ટાત્માઓ નીકળી ગયા, અને ઘાંટો પાડીને કહેતાં હતા કે, ‘તમે ઈશ્વરના દીકરા છો’ તેમણે તેઓને ધમકાવ્યાં, અને બોલવા દીધાં નહિ, કેમ કે તેઓ જાણતા હતા કે, ‘તે ખ્રિસ્ત છે.’”

42 Γενομένης δὲ ἡμέρας, ἐξελθὼν, ἐπορεύθη εἰς ἔρημον τόπον, καὶ οἱ
થતાં અને દિવસ નીકળીને ગયા માં નિર્જન જગ્યાએ અને તે
G1096 G1161 G2250 G1831 G4198 G1519 G2048 G5117 G2532 G3588

ὄχλοι ἐπεζήτουν αὐτόν, καὶ ἦλθον ἕως αὐτοῦ καὶ κατεῖχον αὐτὸν, τοῦ
ટોળાં શોધતાં-હતાં તેમને અને આવ્યાં સુધી તેમના અને રોકતાં-હતાં તેમને કે
G3793 G1934 G0846 G2532 G2064 G2193 G0846 G2532 G2722 G0846 G3588

μὴ πορεύεσθαι ἀπ’ αὐτῶν.
ન જાય થી તેમનાથી
G3361 G4198 G0575 G0846

દિવસ ઊગ્યો ત્યારે ઈસુ નીકળીને ઉજ્જડ જગ્યાએ ગયા, લોકો તેમને શોધતાં શોધતાં તેમની પાસે આવ્યા, તે તેઓની પાસેથી ચાલ્યા ન જાય માટે તેઓએ તેમને રોકવા પ્રયત્નો કર્યાં.

43 ὁ δὲ εἶπεν πρὸς αὐτοὺς, ὅτι Καὶ ταῖς ἑτέραις πόλεσιν εὐαγγελίσασθαί
પણ તે કહ્યુ પ્રત્યે તેમને કે પણ તે બીજા શહેરોમાં સુવાર્તા-સંભળાવવી
G3588 G1161 G3004 G4314 G0846 G3754 G2532 G3588 G2087 G4172 G2097

με δεῖ, τὴν βασιλείαν τοῦ Θεοῦ; ὅτι ἐπὶ τοῦτο ἀπεστάλην.
મારે જોઈએ તે રાજ્યની ના ઈશ્વરના કારણ-કે માટે આ મોકલાયો-છું
G1473 G1163 G3588 G0932 G3588 G2316 G3754 G1909 G3778 G0649

પણ તેમણે તેઓને કહ્યુ કે, 'મારે બીજાં શહેરોમાં પણ ઈશ્વરના રાજ્યની સુવાર્તા પ્રગટ કરવી જોઈએ, કેમ કે એ માટે મને મોકલવામાં આવ્યો છે.'"

| 44 | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | καὶ | ἦν | κηρύσσων | εἰς | τὰς | συναγωγὰς | τῆς | Ἰουδαίας. |
| | અને | હતા | ઉપદેશ-આપતા | માં | તે | સભાસ્થાનોમાં | ના | યહૂદિયાના |
| | G2532 | G1510 | G2784 | G1519 | G3588 | G4864 | G3588 | G2449 |

યહૂદિયાના દરેક સભાસ્થાનોમાં તે સુવાર્તા પ્રગટ કરતા રહ્યા.

# Chapter 5

| 1 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Ἐγένετο | δὲ | ἐν | τῷ, | τὸν | ὄχλον | ἐπικεῖσθαι | αὐτῷ | καὶ | ἀκούειν | τὸν |
| | થયું | અને | માં | તે | તે | ટોળું | દબાણ-કરતું-હતું | તેમના-પર | અને | સાંભળવા | તે |
| | G1096 | G1161 | G1722 | G3588 | G3588 | G3793 | G1945 | G0846 | G2532 | G0191 | G3588 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| λόγον | τοῦ | Θεοῦ, | καὶ | αὐτὸς | ἦν | ἑστὼς | παρὰ | τὴν | λίμνην | Γεννησαρέτ: |
| વચન | ના | ઈશ્વરનું | અને | તે | હતા | ઊભા | પાસે | તે | સરોવર | ગન્નેસારેથના |
| G3056 | G3588 | G2316 | G2532 | G0846 | G1510 | G2476 | G3844 | G3588 | G3041 | G1082 |

હવે એમ થયું કે ઘણાં લોકો ઈસુ પર પડાપડી કરીને ઈશ્વરના વચનને સાંભળતાં હતા, ત્યારે ગન્નેસારેતના સરોવરને કિનારે તે ઊભા રહ્યા હતા.

| 2 | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | καὶ | εἶδεν | πλοῖα□ | δύο, | ἑστῶτα | παρὰ | τὴν | λίμνην, | οἱ | δὲ | ἁλιεῖς | ἀπ' |
| | અને | જોયા | હોડી | બે | ઊભેલી | પાસે | તે | સરોવરના | તે | અને | માછીમારો | થી |
| | G2532 | G3708 | G4143 | G1417 | G2476 | G3844 | G3588 | G3041 | G3588 | G1161 | G0231 | G0575 |

| | | | | |
|---|---|---|---|---|
| αὐτῶν | ἀποβάντες, | ἔπλυνον | τὰ | δίκτυα. |
| તેમાંથી | ઊતરીને | ધોતા-હતા | તે | જાળ |
| G0846 | G0576 | G4150 | G3588 | G1350 |

તેમણે સરોવરને કિનારે ઊભેલી બે હોડી જોઈ, પણ માછીમારો તેઓ પરથી ઊતરીને જાળો ધોતા હતા.

| 3 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ἐμβὰς | δὲ | εἰς | ἓν | τῶν | πλοίων, | ὃ | ἦν | Σίμωνος, | ἠρώτησεν | αὐτὸν |
| | ચઢીને | અને | માં | એક | તે | હોડીઓમાંથી | જે | હતી | સિમોનની | વિનંતી-કરી | તેમને |
| | G1684 | G1161 | G1519 | G1520 | G3588 | G4143 | G3739 | G1510 | G4613 | G2065 | G0846 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀπὸ | τῆς | γῆς | ἐπαναγαγεῖν | ὀλίγον. | καθίσας | δὲ, | ἐκ | τοῦ | πλοίου | ἐδίδασκεν |
| થી | તે | કિનારાથી | થોડી-દૂર-લઈ-જવા | થોડી | બેસીને | અને | માંથી | તે | હોડીમાંથી | શીખવતા-હતા |
| G0575 | G3588 | G1093 | G1877 | G3641 | G2523 | G1161 | G1537 | G3588 | G4143 | G1321 |

| | |
|---|---|
| τοὺς | ὄχλους. |
| તે | ટોળાંઓને |
| G3588 | G3793 |

તે હોડીઓમાંની એક સિમોનની હતી, ઈસુ તે હોડીમાં ગયા. અને તેને કિનારેથી થોડે દૂર હડસેલવાનું કહ્યુ. પછી તેમણે હોડીમાં બેસીને લોકોને બોધ કર્યો.

| 4 | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ὡς | δὲ | ἐπαύσατο | λαλῶν, | εἶπεν | πρὸς | τὸν | Σίμωνα, | Ἐπανάγαγε | εἰς | τὸ |
| | જ્યારે | અને | બંધ-કર્યું | બોલવાનું | કહ્યુ | પ્રત્યે | તે | સિમોનને | ઊંડામાં-લઈ-જા | માં | તે |
| | G5613 | G1161 | G3973 | G2980 | G3004 | G4314 | G3588 | G4613 | G1877 | G1519 | G3588 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| βάθος | καὶ | χαλάσατε | τὰ | δίκτυα | ὑμῶν | εἰς | ἄγραν. |
| ઊંડાણમાં | અને | નાખો | તમારી | જાળ | તમારી | માં | પકડવા-માટે |
| G0899 | G2532 | G5465 | G3588 | G1350 | G4771 | G1519 | G0061 |

ઉપદેશ સમાપ્ત કર્યા પછી ઈસુએ સિમોનને કહ્યુ કે, 'હોડીને ઊંડા પાણીમાં જવા દો, અને માછલાં પકડવા સારુ તમારી જાળો નાખો.'"

| 5 | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | καὶ | ἀποκριθεὶς, | Σίμων | εἶπεν, | Ἐπιστάτα, | δι' | ὅλης | νυκτὸς | κοπιάσαντες, | οὐδὲν |
| | અને | ઉત્તર-આપીને | સિમોને | કહ્યુ | ગુરુજી | દરમિયાન | આખી | રાતની | મહેનત-કરીને | કંઈ-પણ |
| | G2532 | G0611 | G4613 | G3004 | G1988 | G1223 | G3650 | G3571 | G2872 | G3762 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ἐλάβομεν, | ἐπὶ | δὲ | τῷ | ῥήματί | σου, | χαλάσω | τὰ | δίκτυα. |
| ના-પકડ્યું | પર | પણ | તે | વચન | તમારા | નાખીશ | તે | જાળ |
| G2983 | G1909 | G1161 | G3588 | G4487 | G4771 | G5465 | G3588 | G1350 |

સિમોને ઉત્તર આપ્યો કે, 'ગુરુ, અમે આખી રાત મહેનત કરી, પણ કશું પકડાયું નહિ, તોપણ તમારા કહેવાથી હું જાળ નાખીશ.'"

6

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | τοῦτο | ποιήσαντες, | συνέκλεισαν | πλῆθος | ἰχθύων | πολύ; | διερρήσσετο | δὲ |
| અને | આ | કર્યું-ત્યારે | ઘેર્યા | જથ્થો | માછલીઓનો | મોટો | ફાટતી-હતી | અને |
| G2532 | G3778 | G4160 | G4788 | G4128 | G2486 | G4183 | G1284 | G1161 |

| | | |
|---|---|---|
| τὰ | δίκτυα | αὐτῶν. |
| તેમની | જાળ | તેમની |
| G3588 | G1350 | G0846 |

તેઓએ જાળ નાખી તો માછલાંનો મોટો જથ્થો પકડાયો અને તેઓની જાળ તૂટવા લાગી.

7

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | κατένευσαν | τοῖς | μετόχοις | ἐν | τῷ | ἑτέρῳ | πλοίῳ, | τοῦ | ἐλθόντας, |
| અને | ઈશારો-કર્યો | તે | ભાગીદારોને | માં | તે | બીજી | હોડીમાં | કે | આવીને |
| G2532 | G2656 | G3588 | G3353 | G1722 | G3588 | G2087 | G4143 | G3588 | G2064 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| συλλαβέσθαι | αὐτοῖς; | καὶ | ἦλθον, | καὶ | ἔπλησαν | ἀμφότερα | τὰ | πλοῖα, | ὥστε |
| મદદ-કરે | તેમને | અને | આવ્યા | અને | ભરી | બંને | તે | હોડીઓ | એટલે |
| G4815 | G0846 | G2532 | G2064 | G2532 | G4130 | G0297 | G3588 | G4143 | G5620 |

| | |
|---|---|
| βυθίζεσθαι | αὐτά. |
| ડૂબવા-લાગી | તે |
| G1036 | G0846 |

તેઓના ભાગીદાર બીજી હોડીમાં હતા તેઓને તેઓએ ઇશારો કર્યો કે, તેઓ આવીને તેમને મદદ કરે; અને તેઓએ આવીને બન્ને હોડીઓ માછલાંથી એવી ભરી કે તેઓની હોડીઓ ડૂબવા લાગી.

8

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἰδὼν | δὲ, | Σίμων | Πέτρος | προσέπεσεν | τοῖς | γόνασιν | Ἰησοῦ, | λέγων, | Ἔξελθε |
| જોઈને | અને | શિમોન | પિત્રસ | પડ્યા | તે | ઘૂંટણે | ઈસુના | કહીને | ચાલ્યા-જાઓ |
| G3708 | G1161 | G4613 | G4074 | G4363 | G3588 | G1119 | G2424 | G3004 | G1831 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ἀπ' | ἐμοῦ, | ὅτι | ἀνὴρ | ἁμαρτωλός | εἰμι, | Κύριε. |
| થી | મારાથી | કારણ-કે | માણસ | પાપી | છું | પ્રભુ |
| G0575 | G1473 | G3754 | G0435 | G0268 | G1510 | G2962 |

તે જોઈને સિમોન પિતરે ઈસુના પગ આગળ પડીને કહ્યુ કે, 'ઓ પ્રભુ, મારી પાસેથી જાઓ. કેમ કે હું પાપી માણસ છું.'"

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| θάμβος | γὰρ | περιέσχεν | αὐτὸν, | καὶ | πάντας | τοὺς | σὺν | αὐτῷ, | ἐπὶ | τῇ |
| આશ્ચર્ય | કારણ-કે | ઘેરી-વળ્યું | તેમને | અને | બધાને | તે | સાથે | તેમની | પર | તે |
| G2285 | G1063 | G4023 | G0846 | G2532 | G3956 | G3588 | G4862 | G0846 | G1909 | G3588 |

| | | | | |
|---|---|---|---|---|
| ἄγρᾳ | τῶν | ἰχθύων | ὧν | συνέλαβον; |
| પકડ-પર | ના | માછલીઓની | જે | પકડી-હતી |
| G0061 | G3588 | G2486 | G3739 | G4815 |

કેમ કે તે તથા તેના સઘળા સાથીઓ માછલાંનો જે જથ્થો પકડાયો હતો, તેથી આશ્ચર્ય પામ્યા હતા.

10

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ὁμοίως | δὲ | καὶ | Ἰάκωβον | καὶ | Ἰωάννην, | υἱοὺς | Ζεβεδαίου, | οἳ | ἦσαν |
| એવી-જ-રીતે | અને | પણ | યાકૂબ | અને | યોહાન | પુત્રો | ઝબદીના | જેઓ | હતા |
| G3668 | G1161 | G2532 | G2385 | G2532 | G2491 | G5207 | G2199 | G3739 | G1510 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| κοινωνοὶ | τῷ | Σίμωνι. | καὶ | εἶπεν | πρὸς | τὸν | Σίμωνα, | ὁ | Ἰησοῦς, | Μὴ |
| ભાગીદારો | ના | શિમોનના | અને | કહ્યુ | પ્રત્યે | તે | શિમોનને | તે | ઈસુએ | ના |
| G2844 | G3588 | G4613 | G2532 | G3004 | G4314 | G3588 | G4613 | G3588 | G2424 | G3361 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| φοβοῦ; | ἀπὸ | τοῦ | νῦν | ἀνθρώπους | ἔσῃ | ζωγρῶν. |
| ડર | થી | તે | હવેથી | માણસોને | થશે | પકડનાર |
| G5399 | G0575 | G3588 | G3568 | G0444 | G1510 | G2221 |

તેમાં ઝબદીના દીકરા યાકૂબ તથા યોહાન, જેઓ સિમોનના ભાગીદાર હતા, તેઓને પણ આશ્ચર્ય થયું. ઈસુએ સિમોનને કહ્યું કે, ‘બીશ નહિ કારણ કે, હવેથી તું માણસો પકડનાર થશે.’”

11

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | καταγαγόντες | τὰ | πλοῖα | ἐπὶ | τὴν | γῆν, | ἀφέντες | πάντα, | ἠκολούθησαν |
| અને | લાવીને | તે | હોડીઓ | પર | તે | કિનારા-પર | છોડીને | બધું | અનુસર્યા |
| G2532 | G2609 | G3588 | G4143 | G1909 | G3588 | G1093 | G0863 | G3956 | G0190 |

| |
|---|
| αὐτῷ. |
| તેમને |
| G0846 |

તેઓ હોડીઓને કિનારે લાવ્યા પછી બધું મૂકીને ઈસુની પાછળ ચાલ્યા.

12

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Καὶ | ἐγένετο | ἐν | τῷ | εἶναι | αὐτὸν | ἐν | μιᾷ | τῶν | πόλεων, | καὶ | ἰδοὺ, |
| અને | થયું | માં | તે | હોવાથી | તેમના | માં | એક | ના | શહેરોમાં | અને | જુઓ |
| G2532 | G1096 | G1722 | G3588 | G1510 | G0846 | G1722 | G1520 | G3588 | G4172 | G2532 | G3708 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀνὴρ | πλήρης | λέπρας, | ἰδὼν | δὲ | τὸν | Ἰησοῦν, | πεσὼν | ἐπὶ | πρόσωπον, | ἐδεήθη |
| માણસ | ભરપૂર | કોઢથી | જોઈને | અને | તે | ઈસુને | પડીને | પર | મોઢા-પર | વિનંતી-કરી |
| G0435 | G4134 | G3014 | G3708 | G1161 | G3588 | G2424 | G4098 | G1909 | G4383 | G1189 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| αὐτοῦ, | λέγων, | Κύριε, | ἐὰν | θέλῃς, | δύνασαί | με | καθαρίσαι. |
| તેમને | કહીને | પ્રભુ | જો | ઇચ્છો | શકો-છો | મને | શુદ્ધ-કરવા |
| G0846 | G3004 | G2962 | G1437 | G2309 | G1410 | G1473 | G2511 |

એમ થયું કે ઈસુ શહેરમાં હતા, ત્યારે જુઓ, એક કુષ્ઠ રોગી માણસ ત્યાં હતો; તે ઈસુને જોઈને તેમના પગે પડ્યો અને તેમને વિનંતી કરતાં બોલ્યો, ‘પ્રભુ, જો તમે ઇચ્છો તો મને શુદ્ધ કરી શકો છો.’”

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἐκτείνας | τὴν | χεῖρα, | ἥψατο | αὐτοῦ, | λέγων, | Θέλω; | καθαρίσθητι! | καὶ |
| અને | લંબાવીને | પોતાનો | હાથ | સ્પર્શ-કર્યો | તેમને | કહીને | ઇચ્છું-છું | શુદ્ધ-થા | અને |
| G2532 | G1614 | G3588 | G5495 | G0680 | G0846 | G3004 | G2309 | G2511 | G2532 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| εὐθέως | ἡ | λέπρα | ἀπῆλθεν | ἀπ’ | αὐτοῦ. |
| તરત-જ | તે | કોઢ | ચાલ્યો-ગયો | થી | તેમનાથી |
| G2112 | G3588 | G3014 | G0565 | G0575 | G0846 |

ઈસુએ હાથ લાંબો કર્યો, અને તેને સ્પર્શ કરીને કહ્યું કે, ‘હું ચાહું છું, તું શુદ્ધ થા.’ અને તરત તેનો કુષ્ઠ રોગ મટી ગયો.

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | αὐτὸς | παρήγγειλεν | αὐτῷ | μηδενὶ | εἰπεῖν; | ἀλλὰ | ἀπελθὼν, | δεῖξον | σεαυτὸν |
| અને | તેમણે | આજ્ઞા-આપી | તેમને | કોઈને-પણ | ના-કહેવા | પરંતુ | જઈને | બતાવ | તારી-જાતને |
| G2532 | G0846 | G3853 | G0846 | G3367 | G3004 | G0235 | G0565 | G1166 | G4572 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| τῷ | ἱερεῖ, | καὶ | προσένεγκε | περὶ | τοῦ | καθαρισμοῦ | σου, | καθὼς | προσέταξεν |
| તે | યાજકને | અને | અર્પણ-કર | વિશે | ના | શુદ્ધિકરણના | તારા | જેમ | આજ્ઞા-આપી |
| G3588 | G2409 | G2532 | G4374 | G4012 | G3588 | G2512 | G4771 | G2531 | G4367 |

| | | | |
|---|---|---|---|
| Μωϋσῆς, | εἰς | μαρτύριον | αὐτοῖς. |
| મૂસાએ | માટે | સાક્ષી | તેમને |
| G3475 | G1519 | G3142 | G0846 |

ઈસુએ તેને આજ્ઞા કરી કે, ‘તારે કોઈને કહેવું નહિ, પણ મૂસાએ ફરમાવ્યા પ્રમાણે સાક્ષી તરીકે જઈને પોતાને યાજકને બતાવ, ને તારા શુદ્ધિકરણને લીધે, તેઓને માટે અર્પણ ચઢાવ.’”

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| διήρχετο | δὲ | μᾶλλον | ὁ | λόγος | περὶ | αὐτοῦ; | καὶ | συνήρχοντο | ὄχλοι | πολλοὶ |
| ફેલાતા-હતા | અને | વધુ | તે | વાત | વિશે | તેમના | અને | ભેગા-થતા-હતા | ટોળાં | ઘણા |
| G1330 | G1161 | G3123 | G3588 | G3056 | G4012 | G0846 | G2532 | G4905 | G3793 | G4183 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ἀκούειν, | καὶ | θεραπεύεσθαι | ἀπὸ | τῶν | ἀσθενειῶν | αὐτῶν. |
| સાંભળવા | અને | સાજા-થવા | થી | તેમની | બીમારીઓથી | તેમની |
| G0191 | G2532 | G2323 | G0575 | G3588 | G0769 | G0846 |

પણ ઈસુના સંબંધીની વાતો વધારે પ્રમાણમાં ફેલાઈ, અને અતિ ઘણાં લોકો તેનું સાંભળવા સારુ તથા પોતાના રોગમાંથી સાજાં થવા સારુ તેમની પાસે ભેગા થતાં હતા.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 16 | αὐτὸς | δὲ | ἦν | ὑποχωρῶν | ἐν | ταῖς | ἐρήμοις | καὶ | προσευχόμενος. |
| | તે | પણ | હતા | એકાંતમાં-જતા | માં | તે | અરણ્યોમાં | અને | પ્રાર્થના-કરતા |
| | G0846 | G1161 | G1510 | G5298 | G1722 | G3588 | G2048 | G2532 | G4336 |

પણ ઈસુ પોતે એકાંતમાં અરણ્યમાં જઈ પ્રાર્થના કરતા.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 17 | Καὶ | ἐγένετο | ἐν | μιᾷ | τῶν | ἡμερῶν | καὶ | αὐτὸς | ἦν | διδάσκων, | καὶ | ἦσαν |
| | અને | થયું | માં | એક | ના | દિવસોમાં | અને | તે | હતા | શીખવતા | અને | હતા |
| | G2532 | G1096 | G1722 | G1520 | G3588 | G2250 | G2532 | G0846 | G1510 | G1321 | G2532 | G1510 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| καθήμενοι | Φαρισαῖοι | καὶ | νομοδιδάσκαλοι, | οἳ | ἦσαν | ἐληλυθότες | ἐκ | πάσης |
| બેઠેલા | ફરોશીઓ | અને | શાસ્ત્રશિક્ષકો | જેઓ | હતા | આવેલા | થી | દરેક |
| G2521 | G5330 | G2532 | G3547 | G3739 | G1510 | G2064 | G1537 | G3956 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| κώμης | τῆς | Γαλιλαίας, | καὶ | Ἰουδαίας, | καὶ | Ἰερουσαλήμ. | καὶ | δύναμις | Κυρίου |
| ગામ | ના | ગાલીલના | અને | યહૂદિયાના | અને | યરુશાલેમના | અને | સામર્થ્ય | પ્રભુનું |
| G2968 | G3588 | G1056 | G2532 | G2449 | G2532 | G2419 | G2532 | G1411 | G2962 |

| | | | | |
|---|---|---|---|---|
| ἦν | εἰς | τὸ | ἰᾶσθαι | αὐτόν. |
| હતું | માટે | તે | સાજા-કરવા | તેમના |
| G1510 | G1519 | G3588 | G2390 | G0846 |

એક દિવસ ઈસુ બોધ કરતા હતા, ત્યારે ફરોશીઓ તથા શાસ્ત્રીઓ ગાલીલના ઘણાં ગામોમાંથી, યહૂદિયાથી તથા યરુશાલેમથી આવીને ત્યાં બેઠા હતા, અને બીમારને સાજાં કરવા સારુ ઈશ્વરનું પરાક્રમ ઈસુની પાસે હતું.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 18 | καὶ | ἰδοὺ, | ἄνδρες | φέροντες | ἐπὶ | κλίνης | ἄνθρωπον | ὃς | ἦν | παραλελυμένος, |
| | અને | જુઓ | માણસો | લાવતા-હતા | પર | ખાટલા-પર | માણસને | જે | હતો | લકવાગ્રસ્ત |
| | G2532 | G3708 | G0435 | G5342 | G1909 | G2825 | G0444 | G3739 | G1510 | G3886 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἐζήτουν | αὐτὸν | εἰσενεγκεῖν, | καὶ | θεῖναι | [αὐτὸν] | ἐνώπιον | αὐτοῦ. |
| અને | શોધતા-હતા | તેમને | અદર-લાવવા | અને | મૂકવા | તેમને | સમક્ષ | તેમના |
| G2532 | G2212 | G0846 | G1533 | G2532 | G5087 | G0846 | G1799 | G0846 |

જુઓ, કેટલાક માણસો લકવાગ્રસ્તથી પીડાતી એક વ્યક્તિને ખાટલા પર લાવ્યા, તેને ઈસુની પાસે લઈ જઈને તેમની આગળ મૂકવાનો તેઓએ પ્રયત્ન કર્યો;

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 19 | καὶ | μὴ | εὑρόντες | ποίας | εἰσενέγκωσιν | αὐτὸν | διὰ | τὸν | ὄχλον, | ἀναβάντες |
| | અને | ના | શોધી-શક્યા | કેવી-રીતે | અદર-લાવે | તેમને | કારણે | તે | ટોળાના | ચઢીને |
| | G2532 | G3361 | G2147 | G4169 | G1533 | G0846 | G1223 | G3588 | G3793 | G0305 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐπὶ | τὸ | δῶμα, | διὰ | τῶν | κεράμων | καθῆκαν | αὐτὸν, | σὺν | τῷ | κλινιδίῳ | εἰς |
| પર | તે | છત-પર | થી | ના | નળિયા | ઉતાર્યો | તેમને | સાથે | તે | ખાટલા-સાથે | માં |
| G1909 | G3588 | G1430 | G1223 | G3588 | G2766 | G2524 | G0846 | G4862 | G3588 | G2826 | G1519 |

| | | | | |
|---|---|---|---|---|
| τὸ | μέσον | ἔμπροσθεν | τοῦ | Ἰησοῦ. |
| તે | વચ્ચે | સામે | ના | ઈસુના |
| G3588 | G3319 | G1715 | G3588 | G2424 |

પણ ભીડને લીધે તેને અદર લઈ જવાની જગ્યા ન હોવાથી તેઓ છાપરા પર ચઢ્યાં. ત્યાંથી છાપરામાં થઈને તે રોગીને ખાટલા સાથે ઈસુની આગળ ઉતાર્યો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 20 | καὶ | ἰδὼν | τὴν | πίστιν | αὐτῶν, | εἶπεν, | Ἄνθρωπε, | ἀφέωνταί | σοι | αἱ | ἁμαρτίαι |
| | અને | જોઈને | તેમનો | વિશ્વાસ | તેમનો | કહ્યુ | હે-માણસ | માફ-થયા | તને | તારા | પાપો |
| | G2532 | G3708 | G3588 | G4102 | G0846 | G3004 | G0444 | G0863 | G4771 | G3588 | G0266 |

| |
|---|
| σου. |
| તારા |
| G4771 |

ઈસુએ તેઓનો વિશ્વાસ જોઈને તેને કહ્યુ કે, ‘હે માણસ, તારાં પાપ તને માફ થયાં છે.”’

21 καὶ ἤρξαντο διαλογίζεσθαι οἱ γραμματεῖς καὶ οἱ Φαρισαῖοι, λέγοντες,
અને શરૂ-કર્યું વિચારવા તે શાસ્ત્રીઓ અને તે ફરોશીઓ કહેતા
G2532 G0756 G1260 G3588 G1122 G2532 G3588 G5330 G3004

Τίς ἐστιν οὗτος ὃς λαλεῖ βλασφημίας? τίς δύναται ἁμαρτίας ἀφεῖναι, εἰ
કોણ છે આ જે બોલે-છે નિંદા કોણ શકે-છે પાપો માફ-કરવા સિવાય
G5101 G1510 G3778 G3739 G2980 G0988 G5101 G1410 G0266 G0863 G1487

μὴ μόνος ὁ Θεός?
માત્ર એકલા તે ઈશ્વર
G3361 G3441 G3588 G2316

તે સાંભળીને શાસ્ત્રીઓ તથા ફરોશીઓ અદરોઅદર વિચાર કરીને કહેવા લાગ્યા કે, ‘આ દુર્ભાષણ કરનાર કોણ છે? એકલા ઈશ્વર સિવાય બીજું કોણ પાપની માફી આપી શકે છે?”’

22 ἐπιγνοὺς δὲ ὁ Ἰησοῦς τοὺς διαλογισμοὺς αὐτῶν, ἀποκριθεὶς, εἶπεν πρὸς
ઓળખીને અને તે ઈસુએ તેમના વિચારો તેમના ઉત્તર-આપીને કહ્યુ પ્રત્યે
G1921 G1161 G3588 G2424 G3588 G1261 G0846 G0611 G3004 G4314

αὐτούς, Τί διαλογίζεσθε ἐν ταῖς καρδίαις ὑμῶν?
તેમને શું વિચારો-છો માં તમારા હૃદયોમાં તમારા
G0846 G5101 G1260 G1722 G3588 G2588 G4771

ઈસુએ તેઓના વિચાર જાણીને તેઓને જવાબ આપ્યો કે, ‘તમે પોતાના મનમાં શા પ્રશ્નો કરો છો?

23 τί ἐστιν εὐκοπώτερον, εἰπεῖν, Ἀφέωνταί σοι αἱ ἁμαρτίαι σου, ἢ
શું છે સહેલું કહેવું માફ-થયા તને તારા પાપો તારા કે
G5101 G1510 G2123 G3004 G0863 G4771 G3588 G0266 G4771 G2228

εἰπεῖν, Ἔγειρε καὶ περιπάτει?
કહેવું ઊઠ અને ચાલ
G3004 G1453 G2532 G4043

વધારે સહેલું કયું છે, ‘તારાં પાપ તને માફ થયાં છે,’ એમ કહેવું કે, ‘ઊઠીને ચાલ્યો જા, એમ કહેવું?”’

24 ἵνα δὲ εἰδῆτε ὅτι ὁ Υἱὸς τοῦ ἀνθρώπου ἐξουσίαν ἔχει ἐπὶ τῆς
કે પણ જાણો કે તે પુત્ર ના માણસના અધિકાર ધરાવે-છે પર ના
G2443 G1161 G1492 G3754 G3588 G5207 G3588 G0444 G1849 G2192 G1909 G3588

γῆς ἀφιέναι ἁμαρτίας... εἶπεν τῷ παραλελυμένῳ, Σοὶ λέγω, ἔγειρε, καὶ
પૃથ્વી-પર માફ-કરવાનો પાપોને કહ્યુ તે લકવાગ્રસ્તને તને કહું-છું ઊઠ અને
G1093 G0863 G0266 G3004 G3588 G3886 G4771 G3004 G1453 G2532

ἄρας τὸ κλινίδιόν σου, πορεύου εἰς τὸν οἶκόν σου.
ઉઠાવીને તારો ખાટલો તારો જા માં તારા ઘરે તારા
G0142 G3588 G2826 G4771 G4198 G1519 G3588 G3624 G4771

પણ પૃથ્વી પર માણસના દીકરાને પાપ માફ કરવાનો અધિકાર છે, એ તમે જાણો માટે, તેમણે લકવાગ્રસ્ત માણસને કહ્યુ કે હું તને કહું છું કે ‘ઊઠ તારો ખાટલો ઊંચકીને તારે ઘરે જા.”’

25 καὶ παραχρῆμα ἀναστὰς ἐνώπιον αὐτῶν, ἄρας ἐφ’ ὃ κατέκειτο, ἀπῆλθεν
અને તરત-જ ઊઠીને સમક્ષ તેમના ઉઠાવીને જેના-પર તે સૂતો-હતો ગયો
G2532 G3916 G0450 G1799 G0846 G0142 G1909 G3739 G2621 G0565

εἰς τὸν οἶκον αὐτοῦ, δοξάζων τὸν Θεόν.
માં પોતાના ઘરે પોતાના મહિમા-આપતો તે ઈશ્વરને
G1519 G3588 G3624 G0846 G1392 G3588 G2316

તરત તે તેઓની આગળ ઊઠીને જે પર તે સૂતો હતો તે ખાટલાને ઊંચકીને ઈશ્વરનો મહિમા કરતો પોતાને ઘરે ગયો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 26 | καὶ | ἔκστασις | ἔλαβεν | ἅπαντας, | καὶ | ἐδόξαζον | τὸν | Θεόν, | καὶ | ἐπλήσθησαν |
| | અને | આશ્ચર્ય | છવાયું | બધા–પર | અને | મહિમા–આપતા–હતા | તે | ઈશ્વરને | અને | ભરાઈ–ગયા |
| | G2532 | G1611 | G2983 | G0537 | G2532 | G1392 | G3588 | G2316 | G2532 | G4130 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| φόβου, | λέγοντες, | ὅτι | Εἴδομεν | παράδοξα | σήμερον. |
| ભયથી | કહેતા | કે | જોયું | અદ્ભુત | આજે |
| G5401 | G3004 | G3754 | G3708 | G3861 | G4594 |

સઘળા આશ્ચર્ય પામ્યા, તેઓએ ઈશ્વરનો મહિમા કર્યો; અને તેઓએ ભયભીત થઈને કહ્યુ કે, 'આજે આપણે અજાયબ વાતો જોઈ છે.'"

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 27 | Καὶ | μετὰ | ταῦτα | ἐξῆλθεν, | καὶ | ἐθεάσατο | τελώνην, | ὀνόματι | Λευὶν, | καθήμενον |
| | અને | પછી | આ | નીકળ્યા | અને | જોયો | કર–વસૂલનાર | નામે | લેવી | બેઠેલો |
| | G2532 | G3326 | G3778 | G1831 | G2532 | G2300 | G5057 | G3686 | G3018 | G2521 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ἐπὶ | τὸ | τελώνιον, | καὶ | εἶπεν | αὐτῷ, | Ἀκολούθει | μοι. |
| પર | તે | કર–નાકા–પર | અને | કહ્યુ | તેમને | અનુસર | મને |
| G1909 | G3588 | G5058 | G2532 | G3004 | G0846 | G0190 | G1473 |

ત્યાર પછી ઈસુ ત્યાંથી રવાના થયા, ત્યારે લેવી નામે એક દાણીને ચોકી પર બેઠેલો જોઈને ઈસુએ કહ્યુ કે, 'મારી પાછળ આવ.'"

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 28 | καὶ | καταλιπὼν | πάντα, | ἀναστὰς, | ἠκολούθει | αὐτῷ. |
| | અને | છોડીને | બધું | ઊઠીને | અનુસર્યો | તેમને |
| | G2532 | G2641 | G3956 | G0450 | G0190 | G0846 |

અને તે સઘળું મૂકીને, તેમની પાછળ ગયો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 29 | Καὶ | ἐποίησεν | δοχὴν | μεγάλην | Λευὶς | αὐτῷ | ἐν | τῇ | οἰκίᾳ | αὐτοῦ, | καὶ |
| | અને | કર્યું | ભોજન | મોટું | લેવીએ | તેમના–માટે | માં | તે | ઘરમાં | તેમના | અને |
| | G2532 | G4160 | G1403 | G3173 | G3018 | G0846 | G1722 | G3588 | G3614 | G0846 | G2532 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἦν | ὄχλος | πολὺς | τελωνῶν | καὶ | ἄλλων, | οἳ | ἦσαν | μετ’ | αὐτῶν | κατακείμενοι. |
| હતું | ટોળું | મોટું | કર–વસૂલનારોનું | અને | બીજાઓનું | જેઓ | હતા | સાથે | તેમની | ભોજનમાં–બેઠેલા |
| G1510 | G3793 | G4183 | G5057 | G2532 | G0243 | G3739 | G1510 | G3326 | G0846 | G2621 |

લેવીએ પોતાને ઘરે ઈસુને માટે મોટો સત્કાર સમારંભ યોજ્યો. દાણીઓ તથા બીજાઓનું મોટું જૂથ તેમની સાથે જમવા બેઠું હતું.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 30 | καὶ | ἐγόγγυζον | οἱ | Φαρισαῖοι | καὶ | οἱ | γραμματεῖς | αὐτῶν | πρὸς | τοὺς |
| | અને | બડબડતા–હતા | તે | ફરોશીઓ | અને | તે | શાસ્ત્રીઓ | તેમના | પ્રત્યે | તે |
| | G2532 | G1111 | G3588 | G5330 | G2532 | G3588 | G1122 | G0846 | G4314 | G3588 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| μαθητὰς | αὐτοῦ, | λέγοντες, | Διὰ | τί | μετὰ | τῶν | τελωνῶν | καὶ | ἁμαρτωλῶν |
| શિષ્યોને | તેમના | કહેતા | શા–માટે | શું | સાથે | ના | કર–વસૂલનારો | અને | પાપીઓ |
| G3101 | G0846 | G3004 | G1223 | G5101 | G3326 | G3588 | G5057 | G2532 | G0268 |

| | | |
|---|---|---|
| ἐσθίετε | καὶ | πίνετε? |
| ખાઓ–છો | અને | પીઓ–છો |
| G2068 | G2532 | G4095 |

ફરોશીઓએ તથા તેઓના શાસ્ત્રીઓએ તેમના શિષ્યોની વિરુદ્ધ બડબડાટ કરીને કહ્યુ કે, 'તમે દાણીઓ તથા પાપીઓની સાથે કેમ ખાઓ પીઓ છો?'"

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 31 | καὶ | ἀποκριθεὶς, | ὁ | Ἰησοῦς | εἶπεν | πρὸς | αὐτούς, | Οὐ | χρείαν | ἔχουσιν | οἱ |
| | અને | ઉત્તર–આપીને | તે | ઈસુએ | કહ્યુ | પ્રત્યે | તેમને | નહીં | જરૂર | હોય | તે |
| | G2532 | G0611 | G3588 | G2424 | G3004 | G4314 | G0846 | G3756 | G5532 | G2192 | G3588 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ὑγιαίνοντες | ἰατροῦ, | ἀλλὰ | οἱ | κακῶς | ἔχοντες. |
| તંદુરસ્તોને | વૈદની | પરંતુ | જેઓ | ખરાબ–રીતે | બીમાર–છે |
| G5198 | G2395 | G0235 | G3588 | G2560 | G2192 |

ઈસુએ તેઓને ઉત્તર આપતાં કહ્યુ કે, 'જેઓ તંદુરસ્ત છે તેઓને વૈદની અગત્ય નથી, પણ જેઓ બિમાર છે તેઓને છે;

32 οὐκ ἐλήλυθα καλέσαι δικαίους, ἀλλὰ ἁμαρτωλοὺς, εἰς μετάνοιαν.
નથી આવ્યો બોલાવવા ધર્મીઓને પરંતુ પાપીઓને માટે પસ્તાવા
G3756 G2064 G2564 G1342 G0235 G0268 G1519 G3341

ન્યાયીઓને નહિ, પણ પાપીઓને પસ્તાવાને સારુ બોલાવવા હું આવ્યો છું.'"

33 Οἱ δὲ εἶπαν πρὸς αὐτόν, Οἱ μαθηταὶ Ἰωάννου νηστεύουσιν πυκνὰ, καὶ
તે અને કહ્યુ પ્રત્યે તેમને તે શિષ્યો યોહાનના ઉપવાસ-કરે-છે વારંવાર અને
G3588 G1161 G3004 G4314 G0846 G3588 G3101 G2491 G3522 G4437 G2532

δεήσεις ποιοῦνται, ὁμοίως καὶ οἱ τῶν Φαρισαίων; οἱ δὲ σοὶ
પ્રાર્થનાઓ કરે-છે એવી-જ-રીતે અને તે ના ફરોશીઓના પણ પણ તમારા
G1162 G4160 G3668 G2532 G3588 G3588 G5330 G3588 G1161 G4674

ἐσθίουσιν καὶ πίνουσιν?
ખાય-છે અને પીએ-છે
G2068 G2532 G4095

તેઓએ તેને કહ્યુ કે, 'યોહાનના શિષ્યો અને ફરોશીઓના શિષ્યો ઉપવાસ તથા પ્રાર્થના કરે છે, પણ તમારા શિષ્યો ખાય અને પીવે છે.'"

34 ὁ δὲ Ἰησοῦς εἶπεν πρὸς αὐτούς, Μὴ δύνασθε τοὺς υἱοὺς τοῦ
અને પણ ઈસુએ કહ્યુ પ્રત્યે તેમને શું શકો-છો તે પુત્રોને ના
G3588 G1161 G2424 G3004 G4314 G0846 G3361 G1410 G3588 G5207 G3588

νυμφῶνος ἐν ᾧ ὁ νυμφίος μετ’ αὐτῶν ἐστιν, ποιῆσαι νηστεῦσαι?
લગ્ન-ઓરડાના માં જ્યારે તે વર સાથે તેમની છે કરાવી ઉપવાસ
G3567 G1722 G3739 G3588 G3566 G3326 G0846 G1510 G4160 G3522

ઈસુએ તેઓને કહ્યુ કે, 'વરરાજા જાનૈયાઓની સાથે છે, ત્યાં સુધી તેઓની પાસે તમે ઉપવાસ કરાવી શકો છો શું?

35 ἐλεύσονται δὲ ἡμέραι καὶ ὅταν ἀπαρθῇ ἀπ’ αὐτῶν ὁ νυμφίος, τότε
આવશે પણ દિવસો અને જ્યારે લઈ-લેવાશે થી તેમનાથી તે વર ત્યારે
31 οἳ ὀφθέντες ἐν δόξῃ, ἔλεγον τὴν ἔξοδον αὐτοῦ, ἣν ἤμελλεν
જેઓ દેખાઈને માં મહિમામાં બોલતા-હતા તેમના પ્રસ્થાન તેમના જે પૂરું-કરવાના-હતા
G3739 G3708 G1722 G1391 G3004 G3588 G1841 G0846 G3739 G3195

πληροῦν ἐν Ἰερουσαλήμ.
પૂરું-કરવા માં યરૂશાલેમમાં
G4137 G1722 G2419

તેઓ બન્ને મહિમાવાન દેખાતા હતા, અને ઈસુનું મૃત્યુ જે યરુશાલેમમાં થવાનું હતું તે સંબંધી વાત કરતા હતા.

32 ὁ δὲ Πέτρος καὶ οἱ σὺν αὐτῷ ἦσαν βεβαρημένοι ὕπνῳ;
તે તો પિતર અને તે જેઓ-સાથે તેમની-સાથે હતા ઊંઘથી-ભારે ઊંઘથી
G3588 G1161 G4074 G2532 G3588 G4862 G0846 G1510 G0916 G5258

διαγρηγορήσαντες δὲ εἶδον τὴν δόξαν αὐτοῦ, καὶ τοὺς δύο ἄνδρας τοὺς
જાગીને તો જોયો તેમનો મહિમા તેમનો અને તે બે પુરુષોને જે
G1235 G1161 G3708 G3588 G1391 G0846 G2532 G3588 G1417 G0435 G3588

συνεστῶτας αὐτῷ.
ઊભેલા-હતા તેમની-સાથે
G4921 G0846

હવે પિતર તથા જેઓ ઈસુની સાથે હતા તેઓ ઊંઘે ઘેરાયલા હતા; પણ જયારે તેઓ જાગ્રત થયા, ત્યારે તેઓએ ઈસુનો મહિમા જોયું અને પેલા બે પુરુષોને પણ જોયા.

33 καὶ ἐγένετο ἐν τῷ διαχωρίζεσθαι αὐτοὺς ἀπ’ αὐτοῦ, εἶπεν ὁ Πέτρος
અને થયું માં તે જુદા-પડતા તેઓ થી તેમનાથી કહ્યુ તે પિતર
G2532 G1096 G1722 G3588 G1316 G0846 G0575 G0846 G3004 G3588 G4074

πρὸς τὸν Ἰησοῦν, Ἐπιστάτα, καλόν ἐστιν ἡμᾶς ὧδε εἶναι; καὶ ποιήσωμεν
પ્રતિ તે ઈસુને ગુરુજી સારું છે આપણે અહીં હોવું અને બનાવીએ
G4314 G3588 G2424 G1988 G2570 G1510 G1473 G5602 G1510 G2532 G4160

σκηνὰς τρεῖς, μίαν σοὶ, καὶ μίαν Μωϋσεῖ, καὶ μίαν Ἠλίᾳ; μὴ εἰδὼς
મંડપો ત્રણ એક તમારા-માટે અને એક મૂસા-માટે અને એક એલિયા-માટે નહિ જાણતા
G4633 G5140 G1520 G4771 G2532 G1520 G3475 G2532 G1520 G2243 G3361 G1492

ὃ λέγει.
જે કહે-છે
G3739 G3004

તેઓ ઈસુની પાસેથી વિદાય થતાં હતાં, ત્યારે પિતરે ઈસુને કહ્યુ કે, ગુરુ, અહીં રહેવું આપણે માટે સારું છે; તો અમે ત્રણ મંડપ બનાવીએ, એક તમારે માટે, એક મૂસાને માટે અને એક એલિયાને માટે; પણ તે પોતે શું કહી રહ્યો છે તે સમજતો નહોતો.

34

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ταῦτα | δὲ | αὐτοῦ | λέγοντος, | ἐγένετο | νεφέλη | καὶ | ἐπεσκίαζεν | αὐτούς; |
| આ | તો | તેમના | કહેતા | થયું | વાદળ | અને | છાયા-કરી | તેઓ-ઉપર |
| G3778 | G1161 | G0846 | G3004 | G1096 | G3507 | G2532 | G1982 | G0846 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ἐφοβήθησαν | δὲ | ἐν | τῷ | εἰσελθεῖν | αὐτοὺς | εἰς | τὴν | νεφέλην. |
| ડર્યા | તો | માં | તે | દાખલ-થતા | તેઓ | માં | તે | વાદળમાં |
| G5399 | G1161 | G1722 | G3588 | G1525 | G0846 | G1519 | G3588 | G3507 |

તે એમ કહેતો હતો, એટલામાં એક વાદળું આવ્યું, અને તેઓ પર તેની છાયા પડી; અને તેઓ વાદળમાં પ્રવેશ્યા ત્યારે શિષ્યો ભયભીત થઈ ગયા.

35

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | φωνὴ | ἐγένετο | ἐκ | τῆς | νεφέλης, | λέγουσα, | Οὗτός | ἐστιν | ὁ | Υἱός | μου, |
| અને | વાણી | આવી | માંથી | તે | વાદળમાંથી | કહેતી | આ | છે | તે | પુત્ર | મારો |
| G2532 | G5456 | G1096 | G1537 | G3588 | G3507 | G3004 | G3778 | G1510 | G3588 | G5207 | G1473 |

| | | | |
|---|---|---|---|
| ὁ | ἐκλελεγμένος; | αὐτοῦ | ἀκούετε. |
| તે | પસંદ-કરેલો | તેમનું | સાંભળો |
| G3588 | G1586 | G0846 | G0191 |

વાદળામાંથી એવી વાણી થઈ કે, ‘આ મારો પસંદ કરેલો દીકરો છે; તેનું સાંભળો.’”

36

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἐν | τῷ | γενέσθαι | τὴν | φωνὴν, | εὑρέθη | Ἰησοῦς | μόνος. | καὶ | αὐτοὶ |
| અને | માં | તે | થતા | તે | વાણી | મળ્યા | ઈસુ | એકલા | અને | તેઓ |
| G2532 | G1722 | G3588 | G1096 | G3588 | G5456 | G2147 | G2424 | G3441 | G2532 | G0846 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐσίγησαν, | καὶ | οὐδενὶ | ἀπήγγειλαν | ἐν | ἐκείναις | ταῖς | ἡμέραις | οὐδὲν | ὧν |
| ચૂપ-રહ્યા | અને | કોઈને | જણાવ્યું-નહિ | માં | તે | તે | દિવસોમાં | કંઈ-પણ | જે |
| G4601 | G2532 | G3762 | G0518 | G1722 | G1565 | G3588 | G2250 | G3762 | G3739 |

| |
|---|
| ἑώρακαν. |
| જોયું-હતું |
| G3708 |

તે વાણી થઈ રહી, ત્યારે ઈસુ એકલા દેખાયા. અને તેઓ મૌન રહ્યા, અને જે જોયું હતું તેમાંનું કંઈ તેઓએ તે દિવસોમાં કોઈને કહ્યુ નહિ.

37

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἐγένετο | δὲ | τῇ | ἑξῆς | ἡμέρᾳ, | κατελθόντων | αὐτῶν | ἀπὸ | τοῦ | ὄρους, |
| થયું | તો | તે | બીજે | દિવસે | ઊતરતા | તેઓ | થી | તે | પર્વત-પરથી |
| G1096 | G1161 | G3588 | G1836 | G2250 | G2718 | G0846 | G0575 | G3588 | G3735 |

| | | | |
|---|---|---|---|
| συνήντησεν | αὐτῷ | ὄχλος | πολύς. |
| મળ્યું | તેમને | ટોળું | મોટું |
| G4876 | G0846 | G3793 | G4183 |

બીજે દિવસે તેઓ પહાડ પરથી ઊતર્યા, ત્યારે ઘણાં લોકો ઈસુને મળ્યા.

38

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἰδοὺ, | ἀνὴρ | ἀπὸ | τοῦ | ὄχλου | ἐβόησεν, | λέγων, | Διδάσκαλε, | δέομαί | σου |
| અને | જુઓ | માણસ | થી | તે | ટોળામાંથી | પોકાર્યો | કહીને | ગુરુ | વિનંતી-કરું-છું | તમને |
| G2532 | G3708 | G0435 | G0575 | G3588 | G3793 | G0994 | G3004 | G1320 | G1189 | G4771 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ἐπιβλέψαι | ἐπὶ | τὸν | υἱόν | μου, | ὅτι | μονογενής | μοί | ἐστιν. |
| જોવા | ઉપર | મારા | પુત્ર | મારા | કારણ-કે | એકનો-એક | મારો | છે |
| G1914 | G1909 | G3588 | G5207 | G1473 | G3754 | G3439 | G1473 | G1510 |

અને, જુઓ, લોકો વચ્ચેથી એક માણસે બૂમો પાડીને કહ્યુ કે, ‘ઉપદેશક, હું તમને વિનંતી કરું છું કે, મારા દીકરા પર દૃષ્ટિ કરો. કેમ કે તે મારો એકનો એક પુત્ર છે;

39

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἰδοὺ, | πνεῦμα | λαμβάνει | αὐτόν, | καὶ | ἐξαίφνης | κράζει, | καὶ | σπαράσσει |
| અને | જુઓ | આત્મા | પકડે-છે | તેને | અને | અચાનક | ચીસો-પાડે-છે | અને | ખેંચે-છે |
| G2532 | G3708 | G4151 | G2983 | G0846 | G2532 | G1810 | G2896 | G2532 | G4682 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| αὐτὸν | μετὰ | ἀφροῦ, | καὶ | μόγις | ἀποχωρεῖ | ἀπ’ | αὐτοῦ, | συντρῖβον | αὐτόν. |
| તેને | સાથે | ફીણ | અને | મુશ્કેલીથી | જાય-છે | થી | તેનાથી | કચડીને | તેને |
| G0846 | G3326 | G0876 | G2532 | G3425 | G0672 | G0575 | G0846 | G4937 | G0846 |

એક દુષ્ટાત્મા તેને વળગે છે, અને એકાએક તે બૂમ પાડે છે; અને તે તેને એવો મરડે છે કે તેને ફીણ આવે છે, અને તેને ઘણી ઈજા કરીને માંડમાંડ તેને જતો કરે છે.

40 καὶ ἐδεήθην τῶν μαθητῶν σου, ἵνα ἐκβάλωσιν αὐτό, καὶ οὐκ
અને વિનંતી-કરી તમારા શિષ્યોને તમારા કે કાઢે તેને અને ન
G2532 G1189 G3588 G3101 G4771 G2443 G1544 G0846 G2532 G3756

ἠδυνήθησαν.
શક્યા
G1410

તેને કાઢવાની મેં તમારા શિષ્યોને વિનંતી કરી, પણ તેઓ તેને કાઢી શક્યા નહિ.'"

41 ἀποκριθεὶς δὲ, ὁ Ἰησοῦς εἶπεν, Ὦ γενεὰ ἄπιστος καὶ διεστραμμένη,
ઉત્તર-આપીને તો તે ઈસુએ કહ્યુ ઓ પેઢી અવિશ્વાસી અને વિકૃત
G0611 G1161 G3588 G2424 G3004 G5599 G1074 G0571 G2532 G1294

ἕως πότε ἔσομαι πρὸς ὑμᾶς καὶ ἀνέξομαι ὑμῶν? προσάγαγε ὧδε τὸν
ક્યાં-સુધી ક્યારે-સુધી રહીશ સાથે તમારી અને સહન-કરીશ તમારું લાવ અહીં તારા
G2193 G4219 G1510 G4314 G4771 G2532 G0430 G4771 G4317 G5602 G3588

υἱόν σου.
પુત્રને તારા
G5207 G4771

ઈસુએ ઉત્તર આપતા કહ્યુ કે, 'ઓ અવિશ્વાસી તથા ભ્રષ્ટ પેઢી, હું ક્યાં સુધી તમારી સાથે રહીશ, અને તમારું સહન કરીશ? તારા દીકરાને અહીં લાવ.'"

42 ἔτι δὲ προσερχομένου αὐτοῦ, ἔρρηξεν αὐτὸν τὸ δαιμόνιον, καὶ
હજુ તો આવતા તેના પછાડ્યો તેને તે દુષ્ટાત્માએ અને
G2089 G1161 G4334 G0846 G4486 G0846 G3588 G1140 G2532

συνεσπάραξεν. ἐπετίμησεν δὲ ὁ Ἰησοῦς τῷ πνεύματι τῷ ἀκαθάρτῳ, καὶ
ખેંચ્યો ઠપકો-આપ્યો તો તે ઈસુએ તે આત્માને તે અશુદ્ધ અને
G4952 G2008 G1161 G3588 G2424 G3588 G4151 G3588 G0169 G2532

ἰάσατο τὸν παῖδα, καὶ ἀπέδωκεν αὐτὸν τῷ πατρὶ αὐτοῦ.
સાજો-કર્યો તે છોકરાને અને સોંપ્યો તેને તેના પિતાને તેના
G2390 G3588 G3816 G2532 G0591 G0846 G3588 G3962 G0846

તે આવતો હતો એટલામાં દુષ્ટાત્માએ તેને પછાડી નાખ્યો, અને તેને બહુ મરડ્યો પણ ઈસુએ અશુદ્ધ આત્માને ધમકાવ્યો, છોકરાંને સાજો કર્યો, અને તેને તેના બાપને પાછો સોંપ્યો.

43 ἐξεπλήσσοντο δὲ πάντες ἐπὶ τῇ μεγαλειότητι τοῦ Θεοῦ. Πάντων δὲ
આશ્ચર્ય-પામ્યા તો બધા ઉપર તે મહાનતા તે ઈશ્વરની બધા તો
G1605 G1161 G3956 G1909 G3588 G3168 G3588 G2316 G3956 G1161

θαυμαζόντων ἐπὶ πᾶσιν οἷς ἐποίει; εἶπεν πρὸς τοὺς μαθητὰς αὐτοῦ,
આશ્ચર્ય-કરતા-હતા ઉપર બધી જે કરતા-હતા કહ્યુ પ્રતિ તે શિષ્યોને તેમના
G2296 G1909 G3956 G3739 G4160 G3004 G4314 G3588 G3101 G0846

ઈશ્વરના મહા પરાક્રમથી તેઓ બધા ચકિત થઈ ગયા. પણ ઈસુએ જે જે કર્યું તે સઘળું જોઈને બધા આશ્ચર્યમાં ડૂબેલા હતા.

44 Θέσθε ὑμεῖς εἰς τὰ ὦτα ὑμῶν τοὺς λόγους τούτους: ὁ γὰρ Υἱὸς
રાખો તમે માં તમારા કાનોમાં તમારા આ વચનો આ તે કારણ-કે પુત્ર
G5087 G4771 G1519 G3588 G3775 G4771 G3588 G3056 G3778 G3588 G1063 G5207

τοῦ ἀνθρώπου μέλλει παραδίδοσθαι εἰς χεῖρας ἀνθρώπων.
તે માણસનો સોંપાવાનો-છે સોંપાવું માં હાથોમાં માણસોના
G3588 G0444 G3195 G3860 G1519 G5495 G0444

ત્યારે ઈસુએ પોતાના શિષ્યોને કહ્યુ, ‘આ વચનો તમારા મનમાં ઊતરવા દો; કેમ કે માણસનો દીકરો માણસોના હાથમાં સોંપાશે.’”

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 45 | οἱ | δὲ | ἠγνόουν | τὸ | ῥῆμα | τοῦτο, | καὶ | ἦν | παρακεκαλυμμένον | ἀπ’ | | | | |
| | તે | તો | સમજ્યા-નહિ | આ | વાત | આ | અને | હતી | છુપાવેલી | થી | | | | |
| | G3588 | G1161 | G0050 | G3588 | G4487 | G3778 | G2532 | G1510 | G3871 | G0575 | | | | |
| | αὐτῶν, | ἵνα | μὴ | αἴσθωνται | αὐτό. | καὶ | ἐφοβοῦντο | ἐρωτῆσαι | αὐτὸν | περὶ | τοῦ | | | |
| | તેઓથી | જેથી | ન | સમજે | તે | અને | ડરતા-હતા | પૂછવા | તેમને | વિશે | આ | | | |
| | G0846 | G2443 | G3361 | G0143 | G0846 | G2532 | G5399 | G2065 | G0846 | G4012 | G3588 | | | |
| | ῥήματος | τούτου. | | | | | | | | | | | | |
| | વાત | આ | | | | | | | | | | | | |
| | G4487 | G3778 | | | | | | | | | | | | |

પણ એ વચન તેઓ સમજ્યા નહિ, અને તેઓથી તે ગુપ્ત રખાયું, એ માટે કે તેઓ તે સમજે નહિ અને આ વચન સંબંધી ઈસુને પૂછતાં તેમને બીક લાગતી હતી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 46 | Εἰσῆλθεν | δὲ | διαλογισμὸς | ἐν | αὐτοῖς, | τὸ, | τίς | ἂν | εἴη | μείζων | αὐτῶν. |
| | દાખલ-થયો | તો | વિચાર | માં | તેઓમાં | એ | કોણ | કદાચ | હોય | મોટો | તેઓમાંથી |
| | G1525 | G1161 | G1261 | G1722 | G0846 | G3588 | G5101 | G0302 | G1510 | G3173 | G0846 |

શિષ્યોમાં ચર્ચા શરૂ થઈ કે, ‘આપણામાં સૌથી મોટો કોણ છે?’”

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 47 | ὁ | δὲ | Ἰησοῦς | εἰδὼς | τὸν | διαλογισμὸν | τῆς | καρδίας | αὐτῶν, | ἐπιλαβόμενος |
| | તે | તો | ઈસુએ | જાણીને | તે | વિચાર | તેઓના | હૃદયનો | તેઓના | પકડીને |
| | G3588 | G1161 | G2424 | G1492 | G3588 | G1261 | G3588 | G2588 | G0846 | G1949 |
| | παιδίον, | ἔστησεν | αὐτὸ | παρ’ | ἑαυτῷ, | | | | | |
| | બાળકને | ઊભું-કર્યું | તેને | પાસે | પોતાની | | | | | |
| | G3813 | G2476 | G0846 | G3844 | G1438 | | | | | |

પણ ઈસુએ તેઓના મનના વિચાર જાણીને એક બાળકને લઈને તેને પોતાની પાસે ઊભું રાખ્યું,

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 48 | καὶ | εἶπεν | αὐτοῖς, | Ὃς | ἐὰν | δέξηται | τοῦτο | τὸ | παιδίον | ἐπὶ | τῷ | ὀνόματί |
| | અને | કહ્યુ | તેઓને | જે-કોઈ | પણ | સ્વીકારે | આ | તે | બાળકને | માં | તે | નામમાં |
| | G2532 | G3004 | G0846 | G3739 | G1437 | G1209 | G3778 | G3588 | G3813 | G1909 | G3588 | G3686 |
| | μου, | ἐμὲ | δέχεται; | καὶ | ὃς | ἂν | ἐμὲ | δέξηται, | δέχεται | τὸν | ἀποστείλαντά | |
| | મારા | મને | સ્વીકારે-છે | અને | જે-કોઈ | પણ | મને | સ્વીકારે | સ્વીકારે-છે | તેને | મોકલનારને | |
| | G1473 | G1473 | G1209 | G2532 | G3739 | G0302 | G1473 | G1209 | G1209 | G3588 | G0649 | |
| | με. | ὁ | γὰρ | μικρότερος | ἐν | πᾶσιν | ὑμῖν | ὑπάρχων, | οὗτός | ἐστιν | μέγας. | |
| | મને | તે | કારણ-કે | નાનામાં-નાનો | માં | બધા | તમારામાં | જે-છે | તે | છે | મોટો | |
| | G1473 | G3588 | G1063 | G3398 | G1722 | G3956 | G4771 | G5225 | G3778 | G1510 | G3173 | |

ઈસુએ તેઓને કહ્યુ કે, ‘જે કોઈ મારે નામે આ બાળકનો સ્વીકાર કરે છે, તે મારો સ્વીકાર કરે છે અને જે કોઈ મારો સ્વીકાર કરે છે તે મને મોકલનારનો સ્વીકાર કરે છે; કેમ કે તમારામાંનો જે વ્યક્તિ નાનામાં નાનું છે એ સૌથી મહાન છે.’”

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 49 | Ἀποκριθεὶς | δὲ, | ὁ | Ἰωάννης | εἶπεν, | Ἐπιστάτα, | εἴδομέν | τινα | ἐν | τῷ | |
| | ઉત્તર-આપીને | તો | તે | યોહાને | કહ્યુ | ગુરુજી | અમે-જોયો | કોઈકને | માં | તે | |
| | G0611 | G1161 | G3588 | G2491 | G3004 | G1988 | G3708 | G5100 | G1722 | G3588 | |
| | ὀνόματί | σου | ἐκβάλλοντα | δαιμόνια, | καὶ | ἐκωλύομεν | αὐτὸν, | ὅτι | οὐκ | ἀκολουθεῖ | |
| | નામમાં | તમારા | કાઢતો | દુષ્ટાત્માઓ | અને | અમે-રોક્યો | તેને | કારણ-કે | નહિ | અનુસરતો | |
| | G3686 | G4771 | G1544 | G1140 | G2532 | G2967 | G0846 | G3754 | G3756 | G0190 | |
| | μεθ’ | ἡμῶν. | | | | | | | | | |
| | સાથે | અમારી | | | | | | | | | |
| | G3326 | G1473 | | | | | | | | | |

યોહાને કહ્યુ કે, ગુરુ, અમે એક માણસને તમારે નામે દુષ્ટાત્માઓ કાઢતાં જોયો; પણ તે અમારી સાથે આપનો અનુયાયી નહોતો એટલે અમે તેને મના કરી.'"

50 εἶπεν δὲ πρὸς αὐτὸν ‹ὁ› Ἰησοῦς, Μὴ κωλύετε; ὃς γὰρ οὐκ
કહ્યુ તો પ્રતિ તેને તે ઈસુએ ન રોકો કારણ-કે-જે કારણ-કે નહિ
G3004 G1161 G4314 G0846 G3588 G2424 G3361 G2967 G3739 G1063 G3756

ἔστιν καθ’ ὑμῶν, ὑπὲρ ὑμῶν ἐστιν.
છે વિરુદ્ધ તમારી પક્ષે તમારી છે
G1510 G2596 G4771 G5228 G4771 G1510

પણ ઈસુએ કહ્યુ કે, 'તેને મના ન કરો, કેમ કે જે તમારી વિરુદ્ધ નથી તે તમારા પક્ષનો છે.'"

51 Ἐγένετο δὲ ἐν τῷ συμπληροῦσθαι τὰς ἡμέρας τῆς ἀναλήμψεως αὐτοῦ,
થયું તો માં તે પૂરા-થવા તે દિવસો તેમના ઉપર-લેવાના તેમના
G1096 G1161 G1722 G3588 G4845 G3588 G2250 G3588 G0354 G0846

καὶ αὐτὸς τὸ πρόσωπον ἐστήρισεν, τοῦ πορεύεσθαι εἰς Ἰερουσαλήμ
અને તેમણે તેમનો ચહેરો સ્થિર-કર્યો તે જવા-માટે તરફ યરૂશાલેમ
G2532 G0846 G3588 G4383 G4741 G3588 G4198 G1519 G2419

એમ થયું કે ઈસુને ઉપર લઈ લેવાના દિવસો પૂરા થવા આવ્યા, ત્યારે તેમણે યરુશાલેમ જવાનો મક્કમ નિર્ણય કર્યો.

52 καὶ ἀπέστειλεν ἀγγέλους πρὸ προσώπου αὐτοῦ. καὶ πορευθέντες, εἰσῆλθον
અને મોકલ્યા દૂતોને આગળ ચહેરાની તેમના અને જઈને દાખલ-થયા
G2532 G0649 G0032 G4253 G4383 G0846 G2532 G4198 G1525

εἰς κώμην Σαμαριτῶν, ὡς ἑτοιμάσαι αὐτῷ.
માં ગામમાં સમરૂનીઓના માટે તૈયારી-કરવા તેમના-માટે
G1519 G2968 G4541 G5613 G2090 G0846

ઈસુએ પોતાની આગળ સંદેશવાહકો મોકલી આપ્યા, તેઓ તેમને માટે વ્યવસ્થા કરવા માટે સમરૂનીઓના એક ગામમાં ગયા.

53 καὶ οὐκ ἐδέξαντο αὐτόν, ὅτι τὸ πρόσωπον αὐτοῦ ἦν πορευόμενον
અને ન સ્વીકાર્યા તેમને કારણ-કે તેમનો ચહેરો તેમનો હતો જતો
G2532 G3756 G1209 G0846 G3754 G3588 G4383 G0846 G1510 G4198

εἰς Ἰερουσαλήμ.
તરફ યરૂશાલેમ
G1519 G2419

પણ ઈસુ યરુશાલેમ જતા હતા એટલે ગામના લોકોએ તેમનો સ્વીકાર કર્યો નહિ.

54 ἰδόντες δὲ, οἱ μαθηταὶ Ἰάκωβος καὶ Ἰωάννης εἶπαν, Κύριε, θέλεις
જોઈને તો તે શિષ્યો યાકૂબ અને યોહાને કહ્યુ પ્રભુ ઇચ્છો-છો
G3708 G1161 G3588 G3101 G2385 G2532 G2491 G3004 G2962 G2309

εἴπωμεν πῦρ καταβῆναι ἀπὸ τοῦ οὐρανοῦ καὶ ἀναλῶσαι αὐτούς?
કહીએ આગ ઊતરે થી તે આકાશમાંથી અને ભસ્મ-કરે તેઓને
G3004 G4442 G2597 G0575 G3588 G3772 G2532 G0355 G0846

તેમના શિષ્યો યાકૂબ તથા યોહાને એ જોઈને કહ્યુ કે, 'પ્રભુ, શું, તમારી એવી ઇચ્છા છે કે અમે આજ્ઞા કરીએ કે સ્વર્ગથી આગ પડીને તેઓનો નાશ કરે?'"

55 στραφεὶς δὲ, ἐπετίμησεν αὐτοῖς, <καὶ εἶπεν, Οὐκ οἴδατε οἵου πνεύματός
ફરીને તો ઠપકો-આપ્યો તેઓને અને કહ્યુ નથી જાણતા કેવા આત્માના
G4762 G1161 G2008 G0846 G2532 G3004 G3756 G1492 G3634 G4151

ἐστε ὑμεῖς>.
છો તમે
G1510 G4771

ઈસુએ પાછા ફરીને તેઓને ધમકાવ્યાં.

56 <ὁ γὰρ υἱὸς τοῦ ἀνθρώπου οὐκ ἦλθεν, ψυχὰς ἀνθρώπων ἀπολέσαι,
તે કારણ-કે પુત્ર તે માણસનો નહિ આવ્યો જીવોને માણસોના નાશ-કરવા
G3588 G1063 G5207 G3588 G0444 G3756 G2064 G5590 G0444 G0622

ἀλλὰ σῶσαι>. καὶ ἐπορεύθησαν εἰς ἑτέραν κώμην.
પણ બચાવવા અને ગયા તરફ બીજા ગામમાં
G0235 G4982 G2532 G4198 G1519 G2087 G2968

અને તેઓ બીજે ગામ ગયા.

57 Καὶ πορευομένων αὐτῶν ἐν τῇ ὁδῷ, εἶπέν τις πρὸς αὐτόν,
અને જતા તેઓ માં તે માર્ગમાં કહ્યુ કોઈકે પ્રતિ તેમને
G2532 G4198 G0846 G1722 G3588 G3598 G3004 G5100 G4314 G0846

Ἀκολουθήσω σοι ὅπου ἐὰν ἀπέρχῃ.
અનુસરીશ તમને જ્યાં-પણ પણ જાઓ
G0190 G4771 G3699 G1437 G0565

તેઓ માર્ગે ચાલતા હતા, તેવામાં કોઈ એકે ઈસુને કહ્યુ કે, 'પ્રભુ, જ્યાં કહીં તમે જશો ત્યાં હું તમારી પાછળ આવીશ.'"

58 καὶ εἶπεν αὐτῷ ὁ Ἰησοῦς, Αἱ ἀλώπεκες φωλεοὺς ἔχουσιν, καὶ τὰ
અને કહ્યુ તેને તે ઈસુએ તે શિયાળોને બીલ છે અને તે
G2532 G3004 G0846 G3588 G2424 G3588 G0258 G5454 G2192 G2532 G3588

πετεινὰ τοῦ οὐρανοῦ κατασκηνώσεις; ὁ δὲ Υἱὸς τοῦ ἀνθρώπου οὐκ
પક્ષીઓને તે આકાશનાં માળા તે પણ પુત્ર તે માણસનો નથી
G4071 G3588 G3772 G2682 G3588 G1161 G5207 G3588 G0444 G3756

ἔχει ποῦ τὴν κεφαλὴν κλίνῃ.
ધરાવતો ક્યાં તેનું માથું નમાવે
G2192 G4226 G3588 G2776 G2827

ઈસુએ તેને કહ્યુ કે, 'શિયાળોને દર હોય છે અને આકાશના પક્ષીઓને માળા હોય છે; પણ માણસના દીકરાને માથું મૂકવાની જગ્યા નથી.'"

59 Εἶπεν δὲ πρὸς ἕτερον, Ἀκολούθει μοι. ὁ δὲ εἶπεν, ‹Κύριε›, Ἐπίτρεψόν
કહ્યુ તો પ્રતિ બીજાને અનુસર મને તે તો કહ્યુ પ્રભુ મને-આજ્ઞા-આપો
G3004 G1161 G4314 G2087 G0190 G1473 G3588 G1161 G3004 G2962 G2010

μοι πρῶτον, ἀπελθόντι, θάψαι τὸν πατέρα μου.
મને પહેલાં જઈને દફનાવવા મારા પિતાને મારા
G1473 G4412 G0565 G2290 G3588 G3962 G1473

ઈસુએ બીજાને કહ્યુ કે, 'મારી પાછળ આવ.' પણ તેણે કહ્યુ કે, 'પ્રભુ મને રજા આપ કે હું જઈને પહેલાં મારા પિતાને દફનાવીને આવું.'"

60 εἶπεν δὲ αὐτῷ, Ἄφες τοὺς νεκροὺς θάψαι τοὺς ἑαυτῶν νεκρούς; σὺ
કહ્યુ તો તેને રહેવા-દો તે મૃતકોને દફનાવવા તે પોતાના મૃતકોને તું
G3004 G1161 G0846 G0863 G3588 G3498 G2290 G3588 G1438 G3498 G4771

δέ, ἀπελθὼν, διάγγελλε τὴν βασιλείαν τοῦ Θεοῦ.
પણ જઈને ઘોષણા-કર તે રાજ્યની તે ઈશ્વરની
G1161 G0565 G1229 G3588 G0932 G3588 G2316

પણ તેમણે કહ્યુ કે, 'મરણ પામેલાંઓને પોતાનાં મરણ પામેલાંઓને દફનાવવા દો. પણ તું જઈને ઈશ્વરના રાજ્યની વાત પ્રગટ કર.'"

61 Εἶπεν δὲ καὶ ἕτερος, Ἀκολουθήσω σοι, Κύριε; πρῶτον δὲ ἐπίτρεψόν
કહ્યુ તો પણ બીજાએ અનુસરીશ તમને પ્રભુ પહેલાં પણ મને-આજ્ઞા-આપો
G3004 G1161 G2532 G2087 G0190 G4771 G2962 G4412 G1161 G2010

μοι ἀποτάξασθαι τοῖς εἰς τὸν οἶκόν μου.
મને વિદાય-લેવા તેઓને માં મારા ઘરમાં મારા
G1473 G0657 G3588 G1519 G3588 G3624 G1473

અને બીજાએ પણ કહ્યુ કે, 'હે પ્રભુ, હું તમારી પાછળ આવીશ; પણ પહેલાં જે મારે ઘરે છે તેઓને છેલ્લી સલામ કરી આવવાની મને રજા આપો.'"

62 εἶπεν δὲ πρὸς αὐτὸν ὁ Ἰησοῦς, Οὐδεὶς ἐπιβαλὼν τὴν χεῖρα ἐπ' ἄροτρον, καὶ βλέπων εἰς τὰ ὀπίσω, εὔθετός ἐστιν τῇ βασιλείᾳ τοῦ Θεοῦ

કહ્યુ તો પ્રતિ તેને તે ઈસુએ કોઈ-પણ મૂકીને તેનો હાથ ઉપર હળ અને જોતો તરફ તે પાછળ યોગ્ય નથી માટે રાજ્ય તે ઈશ્વરના

G3004 G1161 G4314 G0846 G3588 G2424 G3762 G1911 G3588 G5495 G1909 G0723 G2532 G0991 G1519 G3588 G3694 G2111 G1510 G3588 G0932 G3588 G2316

પણ ઈસુએ તેને કહ્યુ કે, 'કોઈ માણસ હળ ઉપર હાથ મૂક્યા પછી પાછળ જુએ તો તે ઈશ્વરના રાજ્યને યોગ્ય નથી.'"

## Chapter 10

1 Μετὰ δὲ ταῦτα, ἀνέδειξεν ὁ Κύριος ‹καὶ› ἑτέρους ἑβδομήκοντα ‹δύο›, καὶ ἀπέστειλεν αὐτοὺς ἀνὰ δύο ‹δύο› πρὸ προσώπου αὐτοῦ, εἰς πᾶσαν πόλιν καὶ τόπον οὗ ἤμελλεν αὐτὸς ἔρχεσθαι.

પછી તો આ નિયુક્ત-કર્યા તે પ્રભુએ પણ બીજા સિત્તેર બે અને મોકલ્યા તેઓને દરેક બે બે આગળ ચહેરાની તેમના માં દરેક શહેરમાં અને જગ્યામાં જ્યાં જવાના-હતા તેમણે-પોતે આવવા

G3326 G1161 G3778 G0322 G3588 G2962 G2532 G2087 G1440 G1417 G2532 G0649 G0846 G0303 G1417 G1417 G4253 G4383 G0846 G1519 G3956 G4172 G2532 G5117 G3739 G3195 G0846 G2064

આ બનાવો બન્યા પછી પ્રભુએ બીજા સિત્તેર શિષ્યોને નીમીને જે જે શહેર તથા જગ્યામાં તે પોતે જવાના હતા, તેમાં તેઓમાંના બબ્બેને પોતાની આગળ મોકલ્યા.

2 ἔλεγεν δὲ πρὸς αὐτούς, Ὁ μὲν θερισμὸς πολύς; οἱ δὲ ἐργάται ὀλίγοι. δεήθητε οὖν τοῦ Κυρίου τοῦ θερισμοῦ, ὅπως ἐργάτας ἐκβάλῃ εἰς τὸν θερισμὸν αὐτοῦ.

કહેતા-હતા તો પ્રતિ તેઓને તે ખરેખર કાપણી ઘણી તે પણ મજૂરો ઓછા પ્રાર્થના-કરો માટે તે પ્રભુને તે કાપણીના કે મજૂરો મોકલે માં તે કાપણી તેમની

G3004 G1161 G4314 G0846 G3588 G3303 G2326 G4183 G3588 G1161 G2040 G3641 G1189 G3767 G3588 G2962 G3588 G2326 G3704 G2040 G1544 G1519 G3588 G2326 G0846

ઈસુએ તેઓને કહ્યુ કે, 'ફસલ પુષ્કળ છે, પણ મજૂરો થોડા છે; માટે તમે ફસલના માલિકને પ્રાર્થના કરો કે તે પોતાની ફસલને માટે મજૂરો મોકલે.'"

3 ὑπάγετε; ἰδοὺ, ἀποστέλλω ὑμᾶς ὡς ἄρνας ἐν μέσῳ λύκων.

જાઓ જુઓ મોકલું-છું તમને જેમ ઘેટાં માં વચ્ચે વરુઓમાં

G5217 G3708 G0649 G4771 G5613 G0704 G1722 G3319 G3074

જાઓ; અને ધ્યાન રાખજો કે, હું તમને વરુઓની વચ્ચે ઘેટાંના બચ્ચાં જેવા મોકલું છું.

4 μὴ βαστάζετε βαλλάντιον, μὴ πήραν, μὴ ὑποδήματα; καὶ μηδένα κατὰ τὴν ὁδὸν ἀσπάσησθε.

ન ઉઠાવો થેલી ન ઝોળી ન જોડા અને કોઈને-પણ માં તે માર્ગમાં સલામ-ન-કરો

G3361 G0941 G0905 G3361 G4082 G3361 G5266 G2532 G3367 G2596 G3588 G3598 G0782

પૈસાની થેલી, ઝોળી કે ચંપલ લેતા નહી; અને માર્ગે કોઈને સલામ કરશો નહિ.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εἰς | ἣν | δ’ | ἂν | εἰσέλθητε | οἰκίαν, | πρῶτον | λέγετε | Εἰρήνη | τῷ | οἴκῳ |
| માં | જે-કોઈ | પણ | પણ | દાખલ-થાઓ | ઘરમાં | પહેલાં | કહો | શાંતિ | આ | ઘરને |
| G1519 | G3739 | G1161 | G0302 | G1525 | G3614 | G4412 | G3004 | G1515 | G3588 | G3624 |

| |
|---|
| τούτῳ. |
| આ |
| G3778 |

જે કોઈ ઘરમાં તમે જાઓ ત્યાં પ્રથમ એમ કહો કે, ‘આ ઘરને શાંતિ થાઓ.’”

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἐὰν | ἐκεῖ | ᾖ | υἱὸς | εἰρήνης, | ἐπαναπαήσεται | ἐπ’ | αὐτὸν | ἡ | εἰρήνη |
| અને | જો | ત્યાં | હોય | પુત્ર | શાંતિનો | ઠહેરશે | ઉપર | તેના | તે | શાંતિ |
| G2532 | G1437 | G1563 | G1510 | G5207 | G1515 | G1879 | G1909 | G0846 | G3588 | G1515 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ὑμῶν; | εἰ | δὲ | μή¦γε, | ἐφ’ | ὑμᾶς | ἀνακάμψει. |
| તમારી | જો | તો | નહિ-તો | ઉપર | તમારા | પાછી-આવશે |
| G4771 | G1487 | G1161 | G1490 | G1909 | G4771 | G0344 |

અને જો કોઈ શાંતિપુત્ર ત્યાં હશે તો તમારી શાંતિ તેના પર રહેશે; પણ જો નહિ હોય, તો તે તમારી પાસે પાછી આવશે.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐν | αὐτῇ | δὲ | τῇ | οἰκίᾳ | μένετε, | ἐσθίοντες | καὶ | πίνοντες | τὰ | παρ’ |
| માં | તે-જ | તો | તે | ઘરમાં | રહો | ખાતા | અને | પીતા | જે | તેઓ-પાસેથી |
| G1722 | G0846 | G1161 | G3588 | G3614 | G3306 | G2068 | G2532 | G4095 | G3588 | G3844 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| αὐτῶν; | ἄξιος | γὰρ | ὁ | ἐργάτης | τοῦ | μισθοῦ | αὐτοῦ. | μὴ | μεταβαίνετε | ἐξ |
| તેઓનું | યોગ્ય | કારણ-કે | તે | મજૂર | તેના | મજૂરીને | તેના | ન | જાઓ | થી |
| G0846 | G0514 | G1063 | G3588 | G2040 | G3588 | G3408 | G0846 | G3361 | G3327 | G1537 |

| | | |
|---|---|---|
| οἰκίας | εἰς | οἰκίαν. |
| ઘરથી | માં | ઘરમાં |
| G3614 | G1519 | G3614 |

તે જ ઘરમાં રહો, અને જે તેઓની પાસે જે હોય તે ખાતાંપીતાં રહેજો; કેમ કે મજૂર પોતાના પગારને યોગ્ય છે; ઘરેઘરે ફરતા નહિ.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | εἰς | ἣν | ἂν | πόλιν | εἰσέρχησθε, | καὶ | δέχωνται | ὑμᾶς, | ἐσθίετε | τὰ |
| અને | માં | જે-કોઈ | પણ | શહેરમાં | દાખલ-થાઓ | અને | સ્વીકારે | તમને | ખાઓ | જે |
| G2532 | G1519 | G3739 | G0302 | G4172 | G1525 | G2532 | G1209 | G4771 | G2068 | G3588 |

| | |
|---|---|
| παρατιθέμενα | ὑμῖν. |
| પીરસવામાં-આવે | તમને |
| G3908 | G4771 |

જે કોઈ ઘરમાં તમે જાઓ અને તેઓ તમારો આવકાર કરે, તો જે કંઈ તેઓ તમારી આગળ મૂકે તે ખાઓ;

9

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | θεραπεύετε | τοὺς | ἐν | αὐτῇ | ἀσθενεῖς, | καὶ | λέγετε | αὐτοῖς, | Ἤγγικεν |
| અને | સાજા-કરો | તે | માં | તેમાંના | માંદાઓને | અને | કહો | તેઓને | નજીક-આવ્યું-છે |
| G2532 | G2323 | G3588 | G1722 | G0846 | G0772 | G2532 | G3004 | G0846 | G1448 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ἐφ’ | ὑμᾶς | ἡ | βασιλεία | τοῦ | Θεοῦ. |
| ઉપર | તમારા | તે | રાજ્ય | તે | ઈશ્વરનું |
| G1909 | G4771 | G3588 | G0932 | G3588 | G2316 |

અને તેમાંના બીમારને સાજાં કરો, અને તેઓને કહો કે, ‘ઈશ્વરનું રાજ્ય તમારી પાસે આવ્યું છે.’”

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εἰς | ἣν | δ’ | ἂν | πόλιν | εἰσέλθητε, | καὶ | μὴ | δέχωνται | ὑμᾶς, | ἐξελθόντες |
| માં | જે-કોઈ | પણ | પણ | શહેરમાં | દાખલ-થાઓ | અને | ન | સ્વીકારે | તમને | નીકળીને |
| G1519 | G3739 | G1161 | G0302 | G4172 | G1525 | G2532 | G3361 | G1209 | G4771 | G1831 |

| | | | | |
|---|---|---|---|---|
| εἰς | τὰς | πλατείας | αὐτῆς, | εἴπατε, |
| માં | તે | ચોકોમાં | તેના | કહો |
| G1519 | G3588 | G4113 | G0846 | G3004 |

પણ જે કોઈ શહેરમાં તમે જાઓ, ત્યાંના લોકો તમારો આવકાર કરે નહિ, તો ત્યાંથી નીકળી જઈને કહો કે,

11 Καὶ τὸν κονιορτὸν, τὸν κολληθέντα ἡμῖν ἐκ τῆς πόλεως ὑμῶν εἰς
અને તે ધૂળ જે ચોંટી-છે અમને થી તે શહેરની તમારી ઉપર
G2532 G3588 G2868 G3588 G2853 G1473 G1537 G3588 G4172 G4771 G1519

τοὺς πόδας, ἀπομασσόμεθα ὑμῖν; πλὴν τοῦτο γινώσκετε, ὅτι ἤγγικεν ἡ
તે પગો લૂછી-નાખીએ-છીએ તમારા-ઉપર પરંતુ આ જાણો કે નજીક-આવ્યું-છે તે
G3588 G4228 G0631 G4771 G4133 G3778 G1097 G3754 G1448 G3588

βασιλεία τοῦ Θεοῦ.
રાજ્ય તે ઈશ્વરનું
G0932 G3588 G2316

તમારા શહેરની ધૂળ જે અમારા પગમાં લાગેલી છે તે પણ તમારી વિરુદ્ધ અમે લૂછી નાખીએ છીએ; તોપણ એટલું જાણો કે ઈશ્વરનું રાજ્ય પાસે આવ્યું છે.

12 λέγω ὑμῖν, ὅτι Σοδόμοις ἐν τῇ ἡμέρᾳ ἐκείνῃ, ἀνεκτότερον ἔσται ἢ
કહું-છું તમને કે સદોમને માં તે દિવસે તે વધારે-સહ્ય હશે કરતાં
G3004 G4771 G3754 G4670 G1722 G3588 G2250 G1565 G0414 G1510 G2228

τῇ πόλει ἐκείνῃ.
તે શહેરને તે
G3588 G4172 G1565

હું તમને કહું છું કે, તે દહાડે તે શહેરના કરતાં સદોમના હાલ સહેલ થશે.

13 Οὐαί σοι, Χοραζίν! οὐαί σοι, Βηθσαϊδά! ὅτι εἰ ἐν Τύρῳ καὶ
અફસોસ તને ખોરાઝીન અફસોસ તને બેથસૈદા કારણ-કે જો માં તૂર અને
G3759 G4771 G5523 G3759 G4771 G0966 G3754 G1487 G1722 G5184 G2532

Σιδῶνι ἐγενήθησαν αἱ δυνάμεις, αἱ γενόμεναι ἐν ὑμῖν, πάλαι ἂν ἐν
સિદોનમાં થયા-હોત તે ચમત્કારો જે થયા માં તમારામાં ક્યારનાય તો માં
G4605 G1096 G3588 G1411 G3588 G1096 G1722 G4771 G3819 G0302 G1722

σάκκῳ καὶ σποδῷ καθήμενοι, μετενόησαν.
ટાટમાં અને રાખમાં બેસીને પસ્તાવો-કર્યો-હોત
G4526 G2532 G4700 G2521 G3340

ઓ ખોરાજીન, તને હાય઼ ઓ બેથસાઈદા, તને હાય઼ કેમ કે તમારામાં જે પરાક્રમી કામ થયાં છે, તે જો તૂર તથા સિદોનમાં થયાં હોત, તો તેઓએ ટાટમાં તથા રાખમાં બેસીને ક્યારનોય પસ્તાવો કર્યો હોત.

14 πλὴν Τύρῳ καὶ Σιδῶνι, ἀνεκτότερον ἔσται ἐν τῇ κρίσει ἢ ὑμῖν.
પરંતુ તૂર અને સિદોનને વધારે-સહ્ય હશે માં તે ન્યાયમાં કરતાં તમારા-માટે
G4133 G5184 G2532 G4605 G0414 G1510 G1722 G3588 G2920 G2228 G4771

તોપણ ન્યાયકાળે તમારા કરતાં તૂર તથા સિદોનને સહેલું પડશે.

15 καὶ σύ, Καφαρναούμ, μὴ ἕως οὐρανοῦ ὑψωθήσῃ, ἕως τοῦ ᾅδου
અને તું કફરનાહૂમ શું સુધી આકાશ-સુધી ઊંચો-થઈશ સુધી તે અધોલોક-સુધી
G2532 G4771 G2584 G3361 G2193 G3772 G5312 G2193 G3588 G0086

καταβήσῃ.
ઊતરીશ
G2597

વળી, ઓ કપરનાહૂમ, તું સ્વર્ગ સુધી ઊંચું કરાશે શું? તને પાતાળ સુધી નીચું કરી નંખાશે.

16 Ὁ ἀκούων ὑμῶν, ἐμοῦ ἀκούει; καὶ ὁ ἀθετῶν ὑμᾶς, ἐμὲ ἀθετεῖ; ὁ
જે સાંભળે-છે તમારું મારું સાંભળે-છે અને જે નકારે-છે તમને મને નકારે-છે જે
G3588 G0191 G4771 G1473 G0191 G2532 G3588 G0114 G4771 G1473 G0114 G3588

δὲ ἐμὲ ἀθετῶν, ἀθετεῖ τὸν ἀποστείλαντά με.
તો મને નકારે-છે નકારે-છે તેને મોકલનારને મને
G1161 G1473 G0114 G0114 G3588 G0649 G1473

જે કોઈ તમારું સાંભળે છે તે મારું સાંભળે છે; અને જે તમારો નકાર કરે છે તે મારો પણ નકાર કરે છે; અને જે મારો નકાર કરે છે તે મારા મોકલનાર ઈશ્વરનો નકાર કરે છે.'"

17 Ὑπέστρεψαν δὲ οἱ ἑβδομήκοντα ‹δύο› μετὰ χαρᾶς, λέγοντες, Κύριε, καὶ
પાછા-ફર્યા તો તે સિત્તેર બે સાથે આનંદથી કહેતા પ્રભુ પણ
G5290 G1161 G3588 G1440 G1417 G3326 G5479 G3004 G2962 G2532

τὰ δαιμόνια ὑποτάσσεται ἡμῖν, ἐν τῷ ὀνόματί σου.
તે દુષ્ટાત્માઓ આધીન-થાય-છે અમને માં તે નામમાં તમારા
G3588 G1140 G5293 G1473 G1722 G3588 G3686 G4771

તે સિત્તેર ખુશ થતાં પાછા આવ્યા, અને તેઓએ કહ્યુ કે, 'પ્રભુ, તમારા નામથી દુષ્ટાત્માઓ પણ અમારે તાબે થયાં છે.'"

18 εἶπεν δὲ αὐτοῖς, Ἐθεώρουν τὸν Σατανᾶν ὡς ἀστραπὴν ἐκ τοῦ
કહ્યુ તો તેઓને જોતો-હતો તે શેતાનને જેમ વીજળી થી તે
G3004 G1161 G0846 G2334 G3588 G4567 G5613 G0796 G1537 G3588

οὐρανοῦ πεσόντα.
આકાશમાંથી પડતો
G3772 G4098

ઈસુએ તેઓને કહ્યુ કે, 'મેં શેતાનને વીજળીની જેમ સ્વર્ગથી પડતો જોયો.

19 ἰδοὺ, δέδωκα ὑμῖν τὴν ἐξουσίαν τοῦ πατεῖν ἐπάνω ὄφεων καὶ σκορπίων,
જુઓ આપ્યો-છે તમને તે અધિકાર તે ચાલવાનો ઉપર સર્પો અને વીંછીઓ
G3708 G1325 G4771 G3588 G1849 G3588 G3961 G1883 G3789 G2532 G4651

καὶ ἐπὶ πᾶσαν τὴν δύναμιν τοῦ ἐχθροῦ, καὶ οὐδὲν ὑμᾶς οὐ μὴ
અને ઉપર સર્વ તે સામર્થ્ય તે શત્રુની અને કંઈ-પણ તમને નહિ જરાપણ
G2532 G1909 G3956 G3588 G1411 G3588 G2190 G2532 G3762 G4771 G3756 G3361

ἀδικήσῃ.
નુકસાન-કરશે
G0091

જુઓ, સર્પો તથા વીંછીઓ અને દુશ્મનની બધી શક્તિ પર મેં તમને અધિકાર આપ્યો છે; કશાથી પણ તમને ઈજા થશે નહિ.

20 πλὴν ἐν τούτῳ μὴ χαίρετε, ὅτι τὰ πνεύματα ὑμῖν ὑποτάσσεται;
પરંતુ માં આમાં ન આનંદ-કરો કે તે આત્માઓ તમને આધીન-થાય-છે
G4133 G1722 G3778 G3361 G5463 G3754 G3588 G4151 G4771 G5293

χαίρετε δὲ ὅτι τὰ ὀνόματα ὑμῶν ἐνγέγραπται ἐν τοῖς οὐρανοῖς.
આનંદ-કરો પણ કે તે નામો તમારા લખાયેલાં-છે માં તે સ્વર્ગમાં
G5463 G1161 G3754 G3588 G3686 G4771 G1449 G1722 G3588 G3772

પણ દુષ્ટાત્માઓ તમારે તાબે થયા છે, તેને લીધે ખુશ થતાં નહિ; પણ તમારાં નામ સ્વર્ગમાં લખવામાં આવ્યા છે, તેને લીધે હરખાઓ.'"

21 Ἐν αὐτῇ τῇ ὥρᾳ, ἠγαλλιάσατο [ἐν] τῷ Πνεύματι τῷ Ἁγίῳ, καὶ
માં તે-જ તે ઘડીમાં આનંદિત-થયા માં તે આત્મા તે પવિત્ર અને
G1722 G0846 G3588 G5610 G0021 G1722 G3588 G4151 G3588 G0040 G2532

εἶπεν, Ἐξομολογοῦμαί σοι, Πάτερ, Κύριε τοῦ οὐρανοῦ καὶ τῆς γῆς, ὅτι
કહ્યુ આભાર-માનું-છું તને હે-પિતા પ્રભુ તે આકાશના અને તે પૃથ્વીના કે
G3004 G1843 G4771 G3962 G2962 G3588 G3772 G2532 G3588 G1093 G3754

ἀπέκρυψας ταῦτα ἀπὸ σοφῶν καὶ συνετῶν, καὶ ἀπεκάλυψας αὐτὰ νηπίοις;
છુપાવ્યું-છે આ-બાબતો થી જ્ઞાનીઓથી અને બુદ્ધિમાનોથી અને પ્રગટ-કર્યું-છે તે બાળકોને
G0613 G3778 G0575 G4680 G2532 G4908 G2532 G0601 G0846 G3516

ναί, ὁ Πατήρ, ὅτι οὕτως εὐδοκία ἐγένετο ἔμπροσθέν σου.
હા હે પિતા કારણ-કે આમ સદ્ભાવના થયું સામે તારી
G3483 G3588 G3962 G3754 G3779 G2107 G1096 G1715 G4771

તે જ સમયે તે પવિત્ર આત્માથી હરખાયા, અને બોલ્યા કે, 'ઓ ઈશ્વરપિતા, આકાશ તથા પૃથ્વીના પ્રભુ, હું તમારી સ્તુતિ કરું છું કે, જ્ઞાનીઓથી તથા બુદ્ધિમંતોથી તમે એ વાતો ગુપ્ત રાખી અને બાળકોને પ્રગટ કરી છે; હા ઈશ્વરપિતા, કેમ કે તમને તે સારું લાગ્યું.

22 πάντα μοι παρεδόθη ὑπὸ τοῦ Πατρός μου, καὶ οὐδεὶς γινώσκει τίς
બધું મને સોંપાયું-છે દ્વારા તે પિતા મારા અને કોઈ-નહિ જાણે-છે કોણ
G3956 G1473 G3860 G5259 G3588 G3962 G1473 G2532 G3762 G1097 G5101

ἐστιν ὁ Υἱὸς, εἰ μὴ ὁ Πατήρ; καὶ τίς ἐστιν ὁ Πατὴρ, εἰ
છે તે પુત્ર સિવાય કે તે પિતા અને કોણ છે તે પિતા સિવાય
G1510 G3588 G5207 G1487 G3361 G3588 G3962 G2532 G5101 G1510 G3588 G3962 G1487

μὴ ὁ Υἱὸς, καὶ ᾧ ἐὰν βούληται ὁ Υἱὸς ἀποκαλύψαι.
કે તે પુત્ર અને જેને પણ ઈચ્છે તે પુત્ર પ્રગટ-કરવા
G3361 G3588 G5207 G2532 G3739 G1437 G1014 G3588 G5207 G0601

મારા ઈશ્વરપિતાએ મને સઘળું સોંપ્યું છે; દીકરો કોણ છે, એ ઈશ્વરપિતા વિના કોઈ જાણતું નથી; ને ઈશ્વરપિતા કોણ છે, એ દીકરા વિના તથા જેને દીકરો પ્રગટ કરવા ચાહે તેમના વિના બીજો કોઈ જાણતું નથી.'"

23 Καὶ στραφεὶς πρὸς τοὺς μαθητὰς κατ' ἰδίαν, εἶπεν, Μακάριοι οἱ ὀφθαλμοὶ
અને ફરીને પ્રતિ તે શિષ્યો-તરફ માં એકાંતમાં કહ્યુ ધન્ય તે આખો
G2532 G4762 G4314 G3588 G3101 G2596 G2398 G3004 G3107 G3588 G3788

οἱ βλέποντες ἃ βλέπετε!
જે જુએ-છે જે જુઓ-છો
G3588 G0991 G3739 G0991

ઈસુએ શિષ્યો તરફ ફરીને તેઓને એકાંતમાં કહ્યુ કે, 'જે તમે જુઓ છો, તે જોનાર આખો આશીર્વાદિત છે.

24 λέγω γὰρ ὑμῖν, ὅτι πολλοὶ προφῆται καὶ βασιλεῖς ἠθέλησαν ἰδεῖν ἃ
કહું-છું કારણ-કે તમને કે ઘણા પ્રબોધકોએ અને રાજાઓએ ઈચ્છ્યું જોવા જે
G3004 G1063 G4771 G3754 G4183 G4396 G2532 G0935 G2309 G3708 G3739

ὑμεῖς βλέπετε, καὶ οὐκ εἶδαν; καὶ ἀκοῦσαι ἃ ἀκούετε, καὶ οὐκ
તમે જુઓ-છો અને ન જોયું અને સાંભળવા જે સાંભળો-છો અને ન
G4771 G0991 G2532 G3756 G3708 G2532 G0191 G3739 G0191 G2532 G3756

ἤκουσαν.
સાંભળ્યું
G0191

કેમ કે હું તમને કહું છું કે, જે તમે જુઓ છો તે ઘણાં પ્રબોધકો તથા રાજાઓ જોવાની ઇચ્છા રાખતા હતા, પણ તેઓ જોવા પામ્યા નહિ. અને તમે જે સાંભળો છો તે તેઓ સાંભળવા ઇચ્છતા હતા, પણ સાંભળવા પામ્યા નહિ.'"

25

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Καὶ | ἰδοὺ, | νομικός | τις | ἀνέστη, | ἐκπειράζων | αὐτὸν, | λέγων, | Διδάσκαλε, | τί |
| અને | જુઓ | નિયમશાસ્ત્રી | એક | ઊભો-થયો | પરીક્ષા-કરતો | તેમની | કહીને | ગુરુ | શું |
| G2532 | G3708 | G3544 | G5100 | G0450 | G1598 | G0846 | G3004 | G1320 | G5101 |

| | | | |
|---|---|---|---|
| ποιήσας, | ζωὴν | αἰώνιον | κληρονομήσω? |
| કરીને | જીવન | અનંત | વારસામાં-પામીશ |
| G4160 | G2222 | G0166 | G2816 |

જુઓ, એક નિયમશાસ્ત્રીએ ઊભા થઈને તેમનું પરીક્ષણ કરતાં કહ્યુ કે, 'ઉપદેશક, અનંતજીવનનો વારસો પામવા માટે મારે શું કરવું?''

26

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὁ | δὲ | εἶπεν | πρὸς | αὐτόν, | Ἐν | τῷ | νόμῳ | τί | γέγραπται? | πῶς |
| તે | તો | કહ્યુ | પ્રતિ | તેને | માં | તે | નિયમશાસ્ત્રમાં | શું | લખ્યું-છે | કેમ |
| G3588 | G1161 | G3004 | G4314 | G0846 | G1722 | G3588 | G3551 | G5101 | G1125 | G4459 |

| |
|---|
| ἀναγινώσκεις? |
| વાંચો-છો |
| G0314 |

ઈસુએ તેને કહ્યુ કે, 'નિયમશાસ્ત્રમાં શું લખ્યું છે? તું શું વાંચે છે?''

27

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὁ | δὲ | ἀποκριθεὶς, | εἶπεν, | Ἀγαπήσεις | Κύριον | τὸν | Θεόν | σου, | ἐξ | ὅλης |
| તે | તો | ઉત્તર-આપીને | કહ્યુ | પ્રેમ-કર | પ્રભુ | તારા | ઈશ્વરને | તારા | થી | સમગ્ર |
| G3588 | G1161 | G0611 | G3004 | G0025 | G2962 | G3588 | G2316 | G4771 | G1537 | G3650 |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| τῆς | καρδίας | σου, | καὶ | ἐν | ὅλῃ | τῇ | ψυχῇ | σου, | καὶ | ἐν | ὅλῃ | τῇ |
| તારા | હૃદયથી | તારા | અને | માં | સમગ્ર | તારા | જીવથી | તારા | અને | માં | સમગ્ર | તારી |
| G3588 | G2588 | G4771 | G2532 | G1722 | G3650 | G3588 | G5590 | G4771 | G2532 | G1722 | G3650 | G3588 |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἰσχύϊ | σου, | καὶ | ἐν | ὅλῃ | τῇ | διανοίᾳ | σου; | καὶ | τὸν | πλησίον | σου | ὡς |
| શક્તિથી | તારી | અને | માં | સમગ્ર | તારા | મનથી | તારા | અને | તારા | પડોશીને | તારા | જેમ |
| G2479 | G4771 | G2532 | G1722 | G3650 | G3588 | G1271 | G4771 | G2532 | G3588 | G4139 | G4771 | G5613 |

| |
|---|
| σεαυτόν. |
| તારી-જાતને |
| G4572 |

તેણે ઉત્તર આપતા કહ્યુ કે, 'તમારા ઈશ્વર પ્રભુ પર તારા પૂરા હૃદયથી, પૂરા જીવથી, પૂરા સામર્થ્યથી તથા પૂરા મનથી પ્રેમ રાખવો અને જેવા પોતાના પર તેવો તારા પડોશી પર પ્રેમ રાખવો.''

28

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| εἶπεν | δὲ | αὐτῷ, | Ὀρθῶς | ἀπεκρίθης. | τοῦτο | ποίει, | καὶ | ζήσῃ. |
| કહ્યુ | તો | તેને | બરાબર | ઉત્તર-આપ્યો | આ | કર | અને | જીવીશ |
| G3004 | G1161 | G0846 | G3723 | G0611 | G3778 | G4160 | G2532 | G2198 |

ઈસુએ તેને કહ્યુ કે, 'તેં સાચો ઉત્તર આપ્યો છે; એમ કર અને તું જીવીશ.''

29

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὁ | δὲ | θέλων | δικαιῶσαι | ἑαυτὸν, | εἶπεν | πρὸς | τὸν | Ἰησοῦν, | Καὶ | τίς | ἐστίν |
| તે | તો | ઈચ્છતો | ન્યાયી-ઠરાવવા | પોતાને | કહ્યુ | પ્રતિ | તે | ઈસુને | અને | કોણ | છે |
| G3588 | G1161 | G2309 | G1344 | G1438 | G3004 | G4314 | G3588 | G2424 | G2532 | G5101 | G1510 |

| | |
|---|---|
| μου | πλησίον? |
| મારો | પડોશી |
| G1473 | G4139 |

પણ તેણે પોતાને ન્યાયી ઠરાવવાં ચાહીને ઈસુને કહ્યુ, 'તો મારો પડોશી કોણ છે?''

30 ὑπολαβὼν, ‹δὲ› ὁ Ἰησοῦς εἶπεν, Ἄνθρωπός τις κατέβαινεν ἀπὸ
જવાબ–આપીને તો તે ઈસુએ કહ્યુ માણસ એક ઊતરતો–હતો થી
G5274 G1161 G3588 G2424 G3004 G0444 G5100 G2597 G0575

Ἰερουσαλὴμ εἰς Ἰεριχὼ, καὶ λῃσταῖς περιέπεσεν, οἳ καὶ ἐκδύσαντες αὐτὸν,
યરૂશાલેમથી તરફ યરીખો અને લૂંટારાઓમાં ઘેરાયો જેઓએ પણ ઉતારીને તેના
G2419 G1519 G2410 G2532 G3027 G4045 G3739 G2532 G1562 G0846

καὶ πληγὰς ἐπιθέντες, ἀπῆλθον, ἀφέντες ἡμιθανῆ.
અને ઘા મારીને ચાલ્યા–ગયા છોડીને અર્ધમૂઆ
G2532 G4127 G2007 G0565 G0863 G2253

ઈસુએ ઉત્તર આપતાં કહ્યુ કે, 'એક પુરુષ યરુશાલેમથી યરીખો જતો હતો; અને તે લૂંટારાના હાથમાં પડ્યો, તેઓ તેનાં વસ્ત્ર ઉતારી લઈને તથા તેને મારીને અધમૂઓ મૂકીને ચાલ્યા ગયા.

31 κατὰ συγκυρίαν δὲ ἱερεύς τις κατέβαινεν ἐν τῇ ὁδῷ ἐκείνῃ, καὶ
સંયોગે કરીને તો યાજક એક ઊતરતો–હતો માં તે માર્ગમાં તે અને
G2596 G4795 G1161 G2409 G5100 G2597 G1722 G3588 G3598 G1565 G2532

ἰδὼν αὐτὸν ἀντιπαρῆλθεν;
જોઈને તેને સામેથી–પસાર–થઈ–ગયો
G3708 G0846 G0492

સંજોગોવસાત એક યાજક તે રસ્તે થઈને જતો હતો. તે તેને જોઈને બીજી બાજુએ થઈને ચાલ્યો ગયો.

32 ὁμοίως δὲ καὶ Λευίτης [γενόμενος] κατὰ τὸν τόπον, ἐλθὼν καὶ ἰδὼν,
એવી–જ–રીતે તો પણ લેવી આવીને માં તે જગ્યાએ આવ્યો અને જોઈને
G3668 G1161 G2532 G3019 G1096 G2596 G3588 G5117 G2064 G2532 G3708

ἀντιπαρῆλθεν.
સામેથી–પસાર–થઈ–ગયો
G0492

એમ જ એક લેવી પણ તે જગ્યાએ આવ્યો, ત્યારે તેને જોઈને તે પણ બીજી બાજુએ થઈને ચાલ્યો ગયો.

33 Σαμαρίτης δέ τις ὁδεύων ἦλθεν κατ' αὐτὸν, καὶ ἰδὼν ἐσπλαγχνίσθη,
સમરૂની પણ એક મુસાફર આવ્યો પાસે તેના અને જોઈને દયા–આવી
G4541 G1161 G5100 G3593 G2064 G2596 G0846 G2532 G3708 G4697

પણ એક સમરૂની તે રસ્તે મુસાફરીએ જતા જ્યાં તે પડ્યો હતો ત્યાં આવ્યો, અને એને જોઈને તેને અનુકંપા આવી.

34 καὶ προσελθὼν, κατέδησεν τὰ τραύματα αὐτοῦ, ἐπιχέων ἔλαιον καὶ οἶνον;
અને પાસે–આવીને બાંધ્યા તેના ઘા તેના રેડીને તેલ અને દ્રાક્ષારસ
G2532 G4334 G2611 G3588 G5134 G0846 G2022 G1637 G2532 G3631

ἐπιβιβάσας δὲ αὐτὸν ἐπὶ τὸ ἴδιον κτῆνος, ἤγαγεν αὐτὸν εἰς πανδοχεῖον,
બેસાડીને તો તેને ઉપર પોતાના પોતાના પ્રાણી લાવ્યો તેને માં ધર્મશાળામાં
G1913 G1161 G0846 G1909 G3588 G2398 G2934 G0071 G0846 G1519 G3829

καὶ ἐπεμελήθη αὐτοῦ.
અને સંભાળ–લીધી તેની
G2532 G1959 G0846

તે તેની પાસે ગયો, અને તેના ઘા પર તેલ તથા દ્રાક્ષારસ રેડીને પાટા બાંધ્યા, અને તેને પોતાના જાનવર પર બેસાડીને તેને સરાઈમાં લઈ ગયો, અને તેની સારવાર કરી.

35 καὶ ἐπὶ τὴν αὔριον, ἐκβαλὼν «δύο δηνάρια»□, ἔδωκεν τῷ πανδοχεῖ,
અને ઉપર તે બીજા-દિવસે કાઢીને બે દીનાર આપ્યા તે ધર્મશાળાના-માલિકને
G2532 G1909 G3588 G0839 G1544 G1417 G1220 G1325 G3588 G3830

καὶ εἶπεν, Ἐπιμελήθητι αὐτοῦ, καὶ ὅ τι ἂν προσδαπανήσῃς, ἐγὼ ἐν
અને કહ્યુ સંભાળ-રાખ તેની અને જે કંઈ પણ વધારે-ખર્ચ-કરો હું માં
G2532 G3004 G1959 G0846 G2532 G3739 G5100 G0302 G4325 G1473 G1722

τῷ ἐπανέρχεσθαί, με ἀποδώσω σοι.
તે પાછા-ફરતાં મને ચૂકવીશ તને
G3588 G1880 G1473 G0591 G4771

બીજે દિવસે તેણે બે દીનાર ઉતારાવાળાને આપ્યા, અને તેને કહ્યુ કે, તેની સારવાર કરજે, એ કરતાં જે કંઈ વધારે ખર્ચ તને લાગશે તે હું પાછો આવીશ ત્યારે તને ભરપાઈ કરીશ.'"

36 τίς τούτων τῶν τριῶν πλησίον δοκεῖ σοι γεγονέναι, τοῦ ἐμπεσόντος εἰς
કોણ આમાંથી તે ત્રણમાંથી પડોશી લાગે-છે તને થયો તે પડેલાનો માં
G5101 G3778 G3588 G5140 G4139 G1380 G4771 G1096 G3588 G1706 G1519

τοὺς λῃστάς?
તે લૂંટારાઓમાં
G3588 G3027

'હવે તું શું ધારે છે, લૂંટારાના હાથમાં પડેલા માણસનો પડોશી એ ત્રણમાંથી કોણ કહેવાય?'"

37 ὁ δὲ εἶπεν, Ὁ ποιήσας τὸ ἔλεος μετ' αὐτοῦ. εἶπεν δὲ αὐτῷ
તે તો કહ્યુ જેણે કર્યું તે દયા સાથે તેની કહ્યુ તો તેને
G3588 G1161 G3004 G3588 G4160 G3588 G1656 G3326 G0846 G3004 G1161 G0846

ὁ Ἰησοῦς, Πορεύου καὶ σὺ ποίει ὁμοίως.
તે ઈસુએ જા અને તું કર એવું-જ
G3588 G2424 G4198 G2532 G4771 G4160 G3668

તેણે કહ્યુ કે, 'જેણે તેના પર દયા કરી તે.' અને ઈસુએ તેને કહ્યુ કે, 'તું જઈને એ પ્રમાણે કર.'"

38 Ἐν δὲ τῷ πορεύεσθαι αὐτοὺς, αὐτὸς εἰσῆλθεν εἰς κώμην τινά; γυνὴ
માં તો તે જતાં તેઓ તેમણે દાખલ-થયા માં ગામમાં એક સ્ત્રી
G1722 G1161 G3588 G4198 G0846 G0846 G1525 G1519 G2968 G5100 G1135

δέ τις ὀνόματι Μάρθα, ὑπεδέξατο αὐτὸν □εἰς τὴν οἰκίαν□.
પણ એક નામની માર્થા આવકાર્યા તેમને માં તે ઘરમાં
G1161 G5100 G3686 G3136 G5264 G0846 G1519 G3588 G3614

તેઓ રસ્તે ચાલતા હતા એ દરમિયાન ઈસુ એક ગામમાં આવ્યા; અને માર્થા નામે એક સ્ત્રીએ પોતાના ઘરમાં તેમનો આવકાર કર્યો.

39 καὶ τῇδε ἦν ἀδελφὴ καλουμένη Μαριάμ, ἣ καὶ παρακαθεσθεῖσα πρὸς
અને આને હતી બહેન નામની મરિયમ જે પણ બેસીને પાસે
G2532 G3592 G1510 G0079 G2564 G3137 G3739 G2532 G3869 G4314

τοὺς πόδας τοῦ Κυρίου, ἤκουεν τὸν λόγον αὐτοῦ.
તે ચરણોમાં તે પ્રભુના સાંભળતી-હતી તે વચન તેમનું
G3588 G4228 G3588 G2962 G0191 G3588 G3056 G0846

મરિયમ નામે તેની એક બહેન હતી, તે ઈસુના પગ આગળ બેસીને તેમની વાત સાંભળતી હતી.

40 ἡ δὲ Μάρθα περιεσπᾶτο περὶ πολλὴν διακονίαν; ἐπιστᾶσα δὲ, εἶπεν,
તે તો માર્થા વ્યસ્ત-હતી વિશે ઘણી સેવાકાર્ય પાસે-આવીને તો કહ્યુ
G3588 G1161 G3136 G4049 G4012 G4183 G1248 G2186 G1161 G3004

Κύριε, οὐ μέλει σοι, ὅτι ἡ ἀδελφή μου μόνην με κατέλειπεν
પ્રભુ નથી ચિંતા તમને કે મારી બહેને મારી એકલી મને છોડી-છે
G2962 G3756 G3199 G4771 G3754 G3588 G0079 G1473 G3441 G1473 G2641

διακονεῖν? εἰπὲ οὖν αὐτῇ ἵνα μοι συναντιλάβηται!
સેવા-કરવા કહો તો તેણીને કે મારી મદદ-કરે
G1247 G3004 G3767 G0846 G2443 G1473 G4878

પણ માર્થા કામ ઘણું હોવાથી વિચલિત થઈ, તેથી તેણે તેમની પાસે આવીને કહ્યુ કે, 'પ્રભુ, મારી બહેને મને કામ કરવાને એકલી મૂકી છે, તેની શું તમને ચિંતા નથી? એ માટે તેને કહો કે તે મને મદદ કરે.'"

41 ἀποκριθεὶς δὲ, εἶπεν αὐτῇ ὁ Κύριος, Μάρθα, Μάρθα, μεριμνᾷς καὶ
ઉત્તર-આપીને તો કહ્યુ તેણીને તે પ્રભુએ માર્થા માર્થા ચિંતા-કરે-છે અને
G0611 G1161 G3004 G0846 G3588 G2962 G3136 G3136 G3309 G2532

θορυβάζῃ περὶ πολλά;
મૂંઝાય-છે વિશે ઘણું
G2350 G4012 G4183

પણ ઈસુએ તેને ઉત્તર આપતા કહ્યુ કે, 'માર્થા, માર્થા, તું ઘણી વાતો વિશે ચિંતા કરે છે અને વિચલિત થાય છે;

42 ὀλίγων δέ ἐστιν χρεία; ἢ ἑνός Μαριὰμ γὰρ τὴν ἀγαθὴν μερίδα
થોડાની પરંતુ છે જરૂર અથવા એકની મરિયમે કારણ-કે તે સારો ભાગ
G3641 G1161 G1510 G5532 G2228 G1520 G3137 G1063 G3588 G0018 G3310

ἐξελέξατο, ἥτις οὐκ ἀφαιρεθήσεται αὐτῆς.
પસંદ-કર્યો-છે જે નહિ છીનવાશે તેણીથી
G1586 G3748 G3756 G0851 G0846

પણ એક વાતની જરૂર છે; અને મરિયમે સારો ભાગ પસંદ કર્યો છે, જે તેની પાસેથી લઈ લેવાશે નહિ.

## Chapter 11

1 Καὶ ἐγένετο ἐν τῷ εἶναι αὐτὸν ἐν τόπῳ τινὶ προσευχόμενον, ὡς
અને થયું માં તે હતો તે એક સ્થળે કોઈ પ્રાર્થના-કરતો જ્યારે
G2532 G1096 G1722 G3588 G1510 G0846 G1722 G5117 G5100 G4336 G5613

ἐπαύσατο, εἶπέν τις τῶν μαθητῶν αὐτοῦ πρός αὐτόν, Κύριε, δίδαξον ἡμᾶς
પૂરી-કરી કહ્યુ એકે તેના શિષ્યોમાંથી તેના પ્રત્યે તેને પ્રભુ શીખવો અમને
G3973 G3004 G5100 G3588 G3101 G0846 G4314 G0846 G2962 G1321 G1473

προσεύχεσθαι, καθὼς καὶ Ἰωάννης ἐδίδαξεν τοὺς μαθητὰς αὐτοῦ.
પ્રાર્થના-કરતાં જેમ પણ યોહાને શીખવ્યું તેના શિષ્યોને તેના
G4336 G2531 G2532 G2491 G1321 G3588 G3101 G0846

એમ થયું કે ઈસુ એક જગ્યાએ પ્રાર્થના કરતા હતા. ઈસુ પ્રાર્થના કરી રહ્યા પછી, તેમના શિષ્યોમાંના એકે ઈસુને કહ્યુ કે, 'પ્રભુ, યોહાને તેમના શિષ્યોને પ્રાર્થના કરતા શીખવ્યું હતું તેમ આપ પણ અમને શીખવો.'"

2 εἶπεν δὲ αὐτοῖς, Ὅταν προσεύχησθε λέγετε, Πάτερ <ἡμῶν, ὁ ἐν τοῖς
કહ્યુ પણ તેઓને જ્યારે પ્રાર્થના–કરો કહો પિતા અમારા જે માં તે
G3004 G1161 G0846 G3752 G4336 G3004 G3962 G1473 G3588 G1722 G3588

οὐρανοῖς>, ἁγιασθήτω τὸ ὄνομά σου; ἐλθέτω ἡ βασιλεία σου; <Γενηθήτω
સ્વર્ગમાં પવિત્ર–મનાઓ તારું નામ તારું આવો તારું રાજ્ય તારું થાઓ
G3772 G0037 G3588 G3686 G4771 G2064 G3588 G0932 G4771 G1096

τὸ θέλημά σου, ὡς ἐν οὐρανῷ, καὶ ἐπὶ τῆς γῆς>.
તારી ઇચ્છા તારી જેમ માં સ્વર્ગમાં તેમ ઉપર આ પૃથ્વી–પર
G3588 G2307 G4771 G5613 G1722 G3772 G2532 G1909 G3588 G1093

ઈસુએ તેઓને કહ્યુ કે, તમે પ્રાર્થના કરો, ત્યારે કહો કે, ઓ સ્વર્ગમાંના અમારા પિતા, તમારું નામ પવિત્ર મનાઓ; તમારું રાજ્ય આવો; જેમ સ્વર્ગમાં તેમ પૃથ્વી પર તમારી ઇચ્છા પૂરી થાઓ.

3 τὸν ἄρτον ἡμῶν τὸν ἐπιούσιον, δίδου ἡμῖν τὸ καθ’ ἡμέραν.
અમારી રોટલી અમારી તે રોજિંદી આપો અમને દરેક પ્રત્યેક દિવસ
G3588 G0740 G1473 G3588 G1967 G1325 G1473 G3588 G2596 G2250

દિવસની અમારી રોટલી આજ અમને આપો;

4 καὶ ἄφες ἡμῖν τὰς ἁμαρτίας ἡμῶν, καὶ γὰρ αὐτοὶ ἀφίομεν παντὶ
અને માફ–કરો અમને અમારાં પાપો અમારાં કારણ–કે ખરેખર અમે–પોતે માફ–કરીએ–છીએ દરેકને
G2532 G0863 G1473 G3588 G0266 G1473 G2532 G1063 G0846 G0863 G3956

ὀφείλοντι ἡμῖν; καὶ μὴ εἰσενέγκῃς ἡμᾶς εἰς πειρασμόν, <ἀλλὰ ῥῦσαι ἡμᾶς
ઋણી અમારા અને ન લઈ–જાઓ અમને માં પરીક્ષામાં પણ છોડાવો અમને
G3784 G1473 G2532 G3361 G1533 G1473 G1519 G3986 G0235 G4506 G1473

ἀπὸ τοῦ πονηροῦ>.
થી તે દુષ્ટ–થી
G0575 G3588 G4190

અને અમારાં પાપ અમને માફ કરો; કેમ કે અમે પોતે પણ અમારા દરેક ઋણીને માફ કરીએ છીએ. અને અમને પરીક્ષણમાં પડવા ન દો, પણ દુષ્ટથી અમારો છુટકારો કરો.

5 Καὶ εἶπεν πρὸς αὐτούς, Τίς ἐξ ὑμῶν ἕξει φίλον, καὶ πορεύσεται
અને કહ્યુ પ્રત્યે તેઓને કોણ માંથી તમારામાંથી રાખશે મિત્ર અને જશે
G2532 G3004 G4314 G0846 G5101 G1537 G4771 G2192 G5384 G2532 G4198

πρὸς αὐτὸν μεσονυκτίου, καὶ εἴπῃ αὐτῷ, Φίλε, χρῆσόν μοι τρεῖς ἄρτους;
પાસે તેની મધરાતે અને કહે તેને મિત્ર ઉછીનું–આપ મને ત્રણ રોટલીઓ
G4314 G0846 G3317 G2532 G3004 G0846 G5384 G5531 G1473 G5140 G0740

ઈસુએ તેઓને કહ્યુ કે, ‘તમારામાંના કોઈને મિત્ર હોય, અને મધરાતે તે તેની પાસે જઈને તેને એવું કહે કે, મિત્ર, મને ત્રણ રોટલી ઉછીની આપ,

6 ἐπειδὴ φίλος μου παρεγένετο ἐξ ὁδοῦ πρός με, καὶ οὐκ ἔχω ὃ
કારણ–કે મિત્ર મારો આવ્યો–છે થી મુસાફરી પાસે મારી અને નથી મારી–પાસે જે
G1894 G5384 G1473 G3854 G1537 G3598 G4314 G1473 G2532 G3756 G2192 G3739

παραθήσω αὐτῷ.
પીરસું તેને
G3908 G0846

કેમ કે મારો એક મિત્ર મુસાફરીએથી મારે ત્યાં આવ્યો છે, અને તેની આગળ પીરસવાનું મારી પાસે કંઈ નથી,

7

| κἀκεῖνος | ἔσωθεν | ἀποκριθεὶς, | εἴπῃ, | Μή | μοι | κόπους | πάρεχε; | ἤδη | ἡ | θύρα |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-તે | અદરથી | જવાબ-આપીને | કહે | ના | મને | તકલીફ | આપો | પહેલેથી | તે | બારણું |
| G2548 | G2081 | G0611 | G3004 | G3361 | G1473 | G2873 | G3930 | G2235 | G3588 | G2374 |

| κέκλεισται, | καὶ | τὰ | παιδία | μου | μετ’ | ἐμοῦ | εἰς | τὴν | κοίτην | εἰσίν; | οὐ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બંધ-છે | અને | મારાં | બાળકો | મારાં | સાથે | મારી | માં | પથારીમાં | પથારી | છે | નથી |
| G2808 | G2532 | G3588 | G3813 | G1473 | G3326 | G1473 | G1519 | G3588 | G2845 | G1510 | G3756 |

| δύναμαι | ἀναστὰς, | δοῦναί | σοι. |
|---|---|---|---|
| શકતો | ઊઠીને | આપવા | તને |
| G1410 | G0450 | G1325 | G4771 |

તો શું, તે અદરથી ઉત્તર આપતાં એમ કહેશે કે, મને હેરાન કરીશ નહિ, હમણાં બારણું બંધ છે, મારાં છોકરાં મારી પાસે ખાટલામાં છે, હું તો ઊઠીને તને તે આપી શકતો નથી?

8

| λέγω | ὑμῖν, | εἰ | καὶ | οὐ | δώσει | αὐτῷ, | ἀναστὰς, | διὰ | τὸ | εἶναι | φίλον |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કહું-છું | તમને | જો | ભલે | નહીં | આપે | તેને | ઊઠીને | કારણે | તે | હોવાના | મિત્ર |
| G3004 | G4771 | G1487 | G2532 | G3756 | G1325 | G0846 | G0450 | G1223 | G3588 | G1510 | G5384 |

| αὐτοῦ, | διά | γε | τὴν | ἀναίδειαν | αὐτοῦ, | ἐγερθεὶς | δώσει | αὐτῷ | ὅσων | χρῄζει. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તેના | કારણે | ખરેખર | તેની | દૃઢતાને-લીધે | તેની | ઊઠીને | આપશે | તેને | જેટલું | જોઈએ-છે |
| G0846 | G1223 | G1065 | G3588 | G0335 | G0846 | G1453 | G1325 | G0846 | G3745 | G5535 |

હું તમને કહું છું કે, તે તેનો મિત્ર છે, તેને લીધે તે ઊઠીને તેને આપે નહિ, તોપણ તેના આગ્રહને લીધે તે ઊઠશે, અને તેને જોઈએ તેટલી રોટલી તેને આપશે.

9

| Κἀγὼ | ὑμῖν | λέγω, | αἰτεῖτε, | καὶ | δοθήσεται | ὑμῖν; | ζητεῖτε, | καὶ | εὑρήσετε; |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને-હું | તમને | કહું-છું | માગો | અને | આપવામાં-આવશે | તમને | શોધો | અને | મળશે |
| G2504 | G4771 | G3004 | G0154 | G2532 | G1325 | G4771 | G2212 | G2532 | G2147 |

| κρούετε, | καὶ | ἀνοιγήσεται | ὑμῖν. |
|---|---|---|---|
| ખટખટાવો | અને | ખોલવામાં-આવશે | તમને |
| G2925 | G2532 | G0455 | G4771 |

હું તમને કહું છું કે, માગો તો તમને અપાશે; શોધો, તો તમને જડશે; ખટખટાવો, તો તમારે સારુ ઉઘાડાશે.

10

| πᾶς | γὰρ | ὁ | αἰτῶν | λαμβάνει; | καὶ | ὁ | ζητῶν | εὑρίσκει; | καὶ | τῷ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દરેક | કારણ-કે | જે | માગે-છે | પામે-છે | અને | જે | શોધે-છે | મળે-છે | અને | જે |
| G3956 | G1063 | G3588 | G0154 | G2983 | G2532 | G3588 | G2212 | G2147 | G2532 | G3588 |

| κρούοντι | ἀνοιγήσεται. |
|---|---|
| ખટખટાવે-છે | ખોલવામાં-આવશે |
| G2925 | G0455 |

કેમ કે જે કોઈ માગે છે તેઓ પામે છે, અને જે શોધે છે તેઓને જડે છે, અને જે ખટખટાવે છે તેઓને સારુ ઉઘાડવામાં આવશે.

11

| τίνα | δὲ | ἐξ | ὑμῶν | τὸν | πατέρα, | αἰτήσει | ὁ | υἱὸς | ἰχθύν, | καὶ | ἀντὶ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કોનાથી | પણ | માંથી | તમારામાંથી | તેના | પિતાને | માગે | તે | દીકરો | માછલી | શું | બદલે |
| G5101 | G1161 | G1537 | G4771 | G3588 | G3962 | G0154 | G3588 | G5207 | G2486 | G2532 | G0473 |

| ἰχθύος, | ὄφιν | αὐτῷ | ἐπιδώσει? |
|---|---|---|---|
| માછલીને | સાપ | તેને | આપશે |
| G2486 | G3789 | G0846 | G1929 |

વળી તમારામાંનો એવો કોઈ પિતા છે ખરો, જે છોકરો રોટલી માગે તો તે તેને પથ્થર આપશે? અથવા જો માછલી માગે તો શું માછલીને બદલે તે તેને સાપ આપશે?

12

| ἢ | καὶ | αἰτήσει | ᾠόν, | ἐπιδώσει | αὐτῷ | σκορπίον? |
|---|---|---|---|---|---|---|
| અથવા | પણ | માગે | ઈંડું | આપશે | તેને | વીંછી |
| G2228 | G2532 | G0154 | G5609 | G1929 | G0846 | G4651 |

અથવા જો તે ઈંડું માગે તો શું તે તેને વીંછી આપશે?

13 εἰ οὖν ὑμεῖς, πονηροὶ ὑπάρχοντες, οἴδατε δόματα ἀγαθὰ διδόναι τοῖς
જો તો તમે દુષ્ટ હોવા-છતાં જાણો-છો ભેટો સારી આપવી તમારાં
G1487 G3767 G4771 G4190 G5225 G1492 G1390 G0018 G1325 G3588

τέκνοις ὑμῶν, πόσῳ μᾶλλον ὁ Πατὴρ ὁ ἐξ οὐρανοῦ, δώσει Πνεῦμα
બાળકોને તમારાં કેટલું વધારે તે પિતા જે થી સ્વર્ગમાંથી આપશે પવિત્ર-આત્મા
G5043 G4771 G4214 G3123 G3588 G3962 G3588 G1537 G3772 G1325 G4151

Ἅγιον τοῖς αἰτοῦσιν αὐτόν?
પવિત્ર તેઓને માગનારાઓને તેને
G0040 G3588 G0154 G0846

માટે જો તમે ખરાબ હોવા છતાં તમારાં છોકરાંને સારાં વાનાં આપી જાણો છો, તો સ્વર્ગમાંના બાપની પાસે જેઓ માગે, તેઓને તે પવિત્ર આત્મા આપશે, તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે?"'

14 Καὶ ἦν ἐκβάλλων δαιμόνιον, καὶ αὐτὸ ἦν κωφόν; ἐγένετο δὲ τοῦ
અને હતો કાઢતો દુષ્ટાત્મા અને તે હતો મૂંગો થયું પણ તે
G2532 G1510 G1544 G1140 G2532 G0846 G1510 G2974 G1096 G1161 G3588

δαιμονίου ἐξελθόντος, ἐλάλησεν ὁ κωφός. καὶ ἐθαύμασαν οἱ ὄχλοι.
દુષ્ટાત્મા નીકળ્યા-પછી બોલ્યો તે મૂંગો અને આશ્ચર્ય-પામ્યા તે ટોળાં
G1140 G1831 G2980 G3588 G2974 G2532 G2296 G3588 G3793

ઈસુ એક મૂંગા દુષ્ટાત્માને કાઢતા હતા. એમ થયું કે દુષ્ટાત્મા નીકળ્યા પછી જે માણસ પહેલા બોલતો ન હતો તે બોલ્યો. તેથી લોકોને આશ્ચર્ય લાગ્યું.

15 τινὲς δὲ ἐξ αὐτῶν εἶπον, Ἐν Βεελζεβοὺλ τῷ ἄρχοντι τῶν δαιμονίων,
કેટલાકે પણ માંથી તેઓમાંથી કહ્યુ દ્વારા બઆલઝબૂલ તે અધિપતિ ના દુષ્ટાત્માઓના
G5100 G1161 G1537 G0846 G3004 G1722 G0954 G3588 G0758 G3588 G1140

ἐκβάλλει τὰ δαιμόνια.
કાઢે-છે તે દુષ્ટાત્માઓને
G1544 G3588 G1140

પણ તેઓમાંના કેટલાકે કહ્યુ કે, 'દુષ્ટાત્માઓના સરદાર બાલઝબૂલની મદદથી તે દુષ્ટાત્માને કાઢે છે."'

16 ἕτεροι δὲ, πειράζοντες, σημεῖον ἐξ οὐρανοῦ ἐζήτουν παρ' αὐτοῦ.
બીજાઓ પણ પરીક્ષા-કરતાં ચિહ્ન થી સ્વર્ગમાંથી શોધતા-હતા પાસેથી તેની
G2087 G1161 G3985 G4592 G1537 G3772 G2212 G3844 G0846

બીજાઓએ પરીક્ષા કરતાં તેમની પાસે સ્વર્ગમાંથી ચમત્કારિક ચિહ્ન માગ્યું.

17 αὐτὸς δὲ, εἰδὼς αὐτῶν τὰ διανοήματα εἶπεν αὐτοῖς, Πᾶσα βασιλεία
તેણે-પોતે પણ જાણીને તેઓના તે વિચારો કહ્યુ તેઓને દરેક રાજ્ય
G0846 G1161 G1492 G0846 G3588 G1270 G3004 G0846 G3956 G0932

ἐφ' ἑαυτὴν διαμερισθεῖσα, ἐρημοῦται; καὶ οἶκος ἐπὶ οἶκον πίπτει.
પોતાની-વિરુદ્ધ પોતાની વહેંચાયેલું ઉજ્જડ-થાય-છે અને ઘર ઉપર ઘર પડે-છે
G1909 G1438 G1266 G2049 G2532 G3624 G1909 G3624 G4098

પણ ઈસુએ તેઓના વિચાર જાણીને તેઓને કહ્યુ કે, 'દરેક રાજ્ય જેમાં ભાગલો પડે છે તે ઉજ્જડ થાય છે; અને દરેક ઘર જેમાં ભાગલો પડે, તો તે પડી જાય છે.

18 εἰ δὲ καὶ ὁ Σατανᾶς ἐφ’ ἑαυτὸν διεμερίσθη, πῶς σταθήσεται
જો પણ પણ તે શેતાન પોતાની-વિરુદ્ધ પોતાની વહેંચાયો-છે કેવી-રીતે ટકશે
G1487 G1161 G2532 G3588 G4567 G1909 G1438 G1266 G4459 G2476

ἡ βασιλεία αὐτοῦ? ὅτι λέγετε, ἐν Βεελζεβοὺλ, ἐκβάλλειν με τὰ
તેનું રાજ્ય તેનું કારણ-કે તમે-કહો-છો દ્વારા બઆલઝબૂલ કાઢે-છે હું તે
G3588 G0932 G0846 G3754 G3004 G1722 G0954 G1544 G1473 G3588

δαιμόνια.
દુષ્ટાત્માઓને
G1140

જો શેતાન પણ પોતાની વચ્ચે ભાગલો પાડે તો તેનું રાજ્ય કેમ ટકે? હું એટલા માટે કહું છું કેમ કે તમે કહો છો કે, બાલઝબૂલની મદદથી હું દુષ્ટાત્માઓને કાઢું છું.

19 εἰ δὲ ἐγὼ ἐν Βεελζεβοὺλ ἐκβάλλω τὰ δαιμόνια, οἱ υἱοὶ ὑμῶν,
જો પણ હું દ્વારા બઆલઝબૂલ કાઢું-છું તે દુષ્ટાત્માઓને તો દીકરાઓ તમારા
G1487 G1161 G1473 G1722 G0954 G1544 G3588 G1140 G3588 G5207 G4771

ἐν τίνι ἐκβάλλουσιν? διὰ τοῦτο, αὐτοὶ ὑμῶν κριταὶ ἔσονται.
દ્વારા કોના કાઢે-છે તેથી આ-કારણે તેઓ-જ તમારા ન્યાયાધીશો થશે
G1722 G5101 G1544 G1223 G3778 G0846 G4771 G2923 G1510

જો હું બાલઝબૂલની મદદથી દુષ્ટાત્માઓને કાઢું છું તો તમારા દીકરાઓ કોની મદદથી દુષ્ટાત્માઓ કાઢે છે? માટે તેઓ તમારા ન્યાયાધીશ થશે.

20 εἰ δὲ ἐν δακτύλῳ Θεοῦ, ἐγὼ ἐκβάλλω τὰ δαιμόνια, ἄρα
પણ-જો તો દ્વારા આગળી ઈશ્વરની હું કાઢું-છું તે દુષ્ટાત્માઓને તો-ખરેખર
G1487 G1161 G1722 G1147 G2316 G1473 G1544 G3588 G1140 G0686

ἔφθασεν ἐφ’ ὑμᾶς ἡ βασιλεία τοῦ Θεοῦ.
આવી-પહોંચ્યું-છે ઉપર તમારા તે રાજ્ય ના ઈશ્વરનું
G5348 G1909 G4771 G3588 G0932 G3588 G2316

પણ જો હું ઈશ્વરની આગળીથી દુષ્ટાત્માઓ કાઢું છું, તો ઈશ્વરનું રાજ્ય તમારી મધ્યે આવ્યું છે.

21 ὅταν ὁ ἰσχυρὸς καθωπλισμένος, φυλάσσῃ τὴν ἑαυτοῦ αὐλήν, ἐν εἰρήνῃ
જ્યારે તે બળવાન સશસ્ત્ર રક્ષા-કરે-છે તેના પોતાના આગણાની માં શાંતિમાં
G3752 G3588 G2478 G2528 G5442 G3588 G1438 G0833 G1722 G1515

ἐστὶν τὰ ὑπάρχοντα αὐτοῦ;
છે તેની સંપત્તિ તેની
G1510 G3588 G5225 G0846

બળવાન માણસ હથિયારબંધ થઈને પોતાના ઘરને સાચવે છે, ત્યારે તેનો માલ સલામત રહે છે;

| | અને | ગયા | કેટલાક | અમારામાંના | સાથે | અમારી | ઉપર | તે | કબરે | અને | શોધ્યું | એવું-જ | જેમ | પણ | તે | સ્ત્રીઓએ | કહ્યુ | પણ-તેમને | અને | નહિ | જોયા |
| | G2532 | G0565 | G5100 | G3588 | G4862 | G1473 | G1909 | G3588 | G3419 | G2532 | G2147 | G3779 | G2531 | G2532 | G3588 | G1135 | G3004 | G0846 | G1161 | G3756 | G3708 |

અમારી સાથેના કેટલાક કબર આગળ ગયા, અને જેમ સ્ત્રીઓએ કહ્યુ હતું તેમ જ તેઓને જોવા મળ્યું; પણ તેમને તેઓએ જોયા નહિ.”

| | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 25 | καὶ | αὐτὸς | εἶπεν | πρὸς | αὐτούς, | Ὦ | ἀνόητοι | καὶ | βραδεῖς | τῇ | καρδίᾳ | τοῦ | πιστεύειν | ἐπὶ | πᾶσιν | οἷς | ἐλάλησαν | οἱ | προφῆται. |
| | અને | તેમણે | કહ્યુ | તેમને | તેમને | ઓ | અબુધ | અને | ધીમા | હૃદયમાં | હૃદયના | માટે | વિશ્વાસ-કરવામાં | ઉપર | બધા | જે | બોલ્યા | તે | પ્રબોધકોએ |
| | G2532 | G0846 | G3004 | G4314 | G0846 | G5599 | G0453 | G2532 | G1021 | G3588 | G2588 | G3588 | G4100 | G1909 | G3956 | G3739 | G2980 | G3588 | G4396 |

તેમણે તેઓને કહ્યુ કે, “ઓ મૂર્ખાઓ તમે પ્રબોધકોએ જે કહ્યુ છે, તે સર્વ પર વિશ્વાસ કરવામાં ધીમા છો.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 26 | οὐχὶ | ταῦτα | ἔδει | παθεῖν | τὸν | Χριστὸν? | καὶ | εἰσελθεῖν | εἰς | τὴν | δόξαν | αὐτοῦ? |
| | શું-નહિ | આ-બધું | જરૂરી-હતું | સહન-કરવું | તે | ખ્રિસ્તે | અને | પ્રવેશ-કરવું | માં | તેમની | મહિમામાં | તેમની |
| | G3780 | G3778 | G1163 | G3958 | G3588 | G5547 | G2532 | G1525 | G1519 | G3588 | G1391 | G0846 |

શું ખ્રિસ્તે એ બધું સહેવું અને પોતાના મહિમામાં પેસવું જોઈતું નહોતું?”

| | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 27 | καὶ | ἀρξάμενος | ἀπὸ | Μωϋσέως | καὶ | ἀπὸ | πάντων | τῶν | προφητῶν, | διερμήνευσεν | αὐτοῖς | ἐν | πάσαις | ταῖς | γραφαῖς | τὰ | περὶ | ἑαυτοῦ. |
| | અને | શરૂ-કરીને | થી | મૂસાથી | અને | થી | બધા | તે | પ્રબોધકોથી | સમજાવ્યા | તેમને | માં | બધા | તે | શાસ્ત્રોમાં | જે | વિષે | પોતાન□ |
| | G2532 | G0756 | G0575 | G3475 | G2532 | G0575 | G3956 | G3588 | G4396 | G1329 | G0846 | G1722 | G3956 | G3588 | G1124 | G3588 | G4012 | G1438 |

મૂસાના નિયમશાસ્ત્રથી તથા સઘળા પ્રબોધકોથી માંડીને તેમણે બધા પવિત્રશાસ્ત્રમાંથી પોતાના સંબંધીની વાતોનો ખુલાસો કરી બતાવ્યો.

28 Καὶ ἤγγισαν εἰς τὴν κώμην οὗ ἐπορεύοντο, καὶ αὐτὸς προσεποιήσατο
અને નજીક-આવ્યા પાસે તે ગામની જ્યાં જતા-હતા અને તેમણે દેખાવ-કર્યો
G2532 G1448 G1519 G3588 G2968 G3757 G4198 G2532 G0846 G4364

πορρώτερον πορεύεσθαι.
આગળ જવાનું
G4206 G4198

જે ગામે તેઓ જતા હતા તેની નજીક તેઓ પહોંચ્યા, ત્યારે તેમણે જાણે કે આગળ જવાનું કર્યું.

29 καὶ παρεβιάσαντο αὐτὸν, λέγοντες, Μεῖνον μεθ' ἡμῶν, ὅτι πρὸς
અને આગ્રહ-કર્યો તેમને કહીને રહો અમારી-સાથે અમારી કારણ-કે પ્રત્યે
G2532 G3849 G0846 G3004 G3306 G3326 G1473 G3754 G4314

ἑσπέραν ἐστὶν, καὶ κέκλικεν ἤδη ἡ ἡμέρα. καὶ εἰσῆλθεν τοῦ μεῖναι
સાંજ છે અને ઢળી-ગયો-છે પહેલેથી તે દિવસ અને અંદર-ગયા માટે રહેવા
G2073 G1510 G2532 G2827 G2235 G3588 G2250 G2532 G1525 G3588 G3306

σὺν αὐτοῖς.
સાથે તેમની
G4862 G0846

તેઓએ તેમને આગ્રહ કરીને કહ્યુ કે, "અમારી સાથે રહો; કેમ કે સાંજ થવા આવી છે અને દિવસ નમી ગયો છે." અને તેઓની સાથે રહેવા સારુ તે અંદર ગયા.

30 καὶ ἐγένετο ἐν τῷ κατακλιθῆναι αὐτὸν μετ' αὐτῶν, λαβὼν τὸν ἄρτον
અને બન્યું માં જ્યારે બેસવા તેમને તેમની-સાથે તેમની લઈને તે રોટી
G2532 G1096 G1722 G3588 G2625 G0846 G3326 G0846 G2983 G3588 G0740

εὐλόγησεν, καὶ κλάσας, ἐπεδίδου αὐτοῖς.
આશીર્વાદ-આપ્યો અને તોડીને આપતો-હતો તેમને
G2127 G2532 G2806 G1929 G0846

એમ થયું કે, તે તેઓની સાથે જમવા બેઠા, ત્યારે તેમણે રોટલી લઈને આશીર્વાદ કર્યો, અને તેઓને આપી.

31 αὐτῶν δὲ διηνοίχθησαν οἱ ὀφθαλμοὶ, καὶ ἐπέγνωσαν αὐτόν. καὶ αὐτὸς
તેમની અને ઉઘાડી તેમની આંખો અને ઓળખ્યા તેમને અને તે-પોતે
G0846 G1161 G1272 G3588 G3788 G2532 G1921 G0846 G2532 G0846

ἄφαντος ἐγένετο ἀπ' αὐτῶν.
અદૃશ્ય થઈ-ગયા તેમન□થી તેમની
G0855 G1096 G0575 G0846

ત્યારે તેઓની આખો ઊઘડી અને તેઓએ તેમને ઓળખ્યા; એટલામાં તેઓની દ્રષ્ટિમાંથી તે અદ્રશ્ય થઈ ગયા.

32 καὶ εἶπαν πρὸς ἀλλήλους, Οὐχὶ ἡ καρδία ἡμῶν καιομένη ἦν ἐν
અને કહ્યુ એકબીજા-ને એકબીજા શું-નહોતું આપણું હૃદય આપણું બળતું હતું માં
G2532 G3004 G4314 G0240 G3780 G3588 G2588 G1473 G2545 G1510 G1722

ἡμῖν, ὡς ἐλάλει ἡμῖν ἐν τῇ ὁδῷ, ὡς διήνοιγεν ἡμῖν τὰς
આપણામાં જેમ બોલતા-હતા આપણને માં તે માર્ગે જેમ ખોલતા-હતા આપણને તે
G1473 G5613 G2980 G1473 G1722 G3588 G3598 G5613 G1272 G1473 G3588

γραφάς?
શાસ્ત્રો
G1124

તેઓએ એકબીજાને કહ્યુ કે, “જયારે તેઓ માર્ગમાં આપણી સાથે વાત કરતા હતા, અને પવિત્રશાસ્ત્રનો ખુલાસો આપણને કરી બતાવતા હતા, ત્યારે આપણા મન આપણામાં જ્વલંત નહોતાં થતાં શું?”

33

| Καὶ | ἀναστάντες | αὐτῇ | τῇ | ὥρᾳ, | ὑπέστρεψαν | εἰς | Ἰερουσαλήμ, | καὶ | εὗρον |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | ઊઠીને | તે-જ | તે | ઘડીએ | પાછા-ફર્યા | તરફ | યરૂશાલેમ | અને | શોધ્યા |
| G2532 | G0450 | G0846 | G3588 | G5610 | G5290 | G1519 | G2419 | G2532 | G2147 |

| ἠθροισμένους | τοὺς | ἕνδεκα | καὶ | τοὺς | σὺν | αὐτοῖς, |
|---|---|---|---|---|---|---|
| ભેગા-થયેલા | તે | અગિયાર | અને | જેઓ | સાથે | તેમની-સાથે |
| G4867 | G3588 | G1733 | G2532 | G3588 | G4862 | G0846 |

તે જ ઘડીએ તેઓ ઊઠીને યરુશાલેમ તરફ પાછા વળ્યા, અને અગિયાર શિષ્યો ને તથા તેઓની સાથેનાઓને એકઠા થએલાં જોયા,

34

| λέγοντας, | ὅτι | ὄντως, | ἠγέρθη | ὁ | Κύριος, | καὶ | ὤφθη | Σίμωνι. |
|---|---|---|---|---|---|---|---|---|
| કહેતા-કે | કે | ખરેખર | જીવતો-ઊઠ્યા-છે | તે | પ્રભુ | અને | દેખાયા | સિમોનને |
| G3004 | G3754 | G3689 | G1453 | G3588 | G2962 | G2532 | G3708 | G4613 |

કે, જેઓ કહેતાં હતા કે, ‘પ્રભુ ખરેખર ઊઠ્યાં છે, અને સિમોનને તેમનું દર્શન થયું છે.’”

35

| καὶ | αὐτοὶ | ἐξηγοῦντο | τὰ | ἐν | τῇ | ὁδῷ, | καὶ | ὡς | ἐγνώσθη | αὐτοῖς | ἐν |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | તેઓએ | વર્ણન-કર્યું | જે | માં | તે | માર્ગ | અને | કેવી-રીતે | ઓળખાયા | તેમને | માં |
| G2532 | G0846 | G1834 | G3588 | G1722 | G3588 | G3598 | G2532 | G5613 | G1097 | G0846 | G1722 |

| τῇ | κλάσει | τοῦ | ἄρτου. |
|---|---|---|---|
| તે | તોડવામાં | તે | રોટીન |
| G3588 | G2800 | G3588 | G0740 |

ત્યારે તેઓએ માર્ગમાં બનેલા બનાવ તથા રોટલી ભાંગતાં તેઓએ ઈસુને કેવી રીતે ઓળખ્યા તે વિષે પણ વાત કરી.

36

| Ταῦτα | δὲ | αὐτῶν | λαλούντων, | αὐτὸς | ἔστη | ἐν | μέσῳ | αὐτῶν | καὶ | λέγει |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આ-બધું | અને | તેમન | બોલતા | પોતે-તે | ઊભા-રહ્યા | માં | વચ્ચે | તેમના | અને | કહે-છે |
| G3778 | G1161 | G0846 | G2980 | G0846 | G2476 | G1722 | G3319 | G0846 | G2532 | G3004 |

| αὐτοῖς, | Εἰρήνη | ὑμῖν. |
|---|---|---|
| તેમને | શાંતિ | તમને |
| G0846 | G1515 | G4771 |

તેઓ એ વાતો કહેતાં હતા, ત્યારે ઈસુ પોતે તેઓની વચમાં ઊભા રહીને તેઓને કહે છે કે, ‘તમને શાંતિ થાઓ.’”

37

| πτοηθέντες | δὲ, | καὶ | ἔμφοβοι | γενόμενοι, | ἐδόκουν | πνεῦμα | θεωρεῖν. |
|---|---|---|---|---|---|---|---|
| ગભરાઈને | અને | અને | ભયભીત | થઈને | ધારતા-હત | આત્મા | જોઈ-રહ્યા-છે |
| G4422 | G1161 | G2532 | G1719 | G1096 | G1380 | G4151 | G2334 |

પણ તેઓએ ગભરાઈને તથા ભયભીત થઈને એમ ધાર્યું કે, અમારા જોવામાં કોઈ આત્મા આવે છે.

38

| καὶ | εἶπεν | αὐτοῖς, | Τί | τεταραγμένοι | ἐστέ? | καὶ | διὰ | τί | διαλογισμοὶ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | કહ્યુ | તેમને | કેમ | વ્યાકુળ | છો | અને | કેમ | શા-માટે | વિચારો |
| G2532 | G3004 | G0846 | G5101 | G5015 | G1510 | G2532 | G1223 | G5101 | G1261 |

| ἀναβαίνουσιν | ἐν | τῇ | καρδίᾳ | ὑμῶν? |
|---|---|---|---|---|
| ઊઠે-છે | માં | તમારા | હૃદયમાં | તમારા |
| G0305 | G1722 | G3588 | G2588 | G4771 |

તેમણે તેઓને કહ્યુ કે, ‘તમે કેમ ગભરાઓ છો, અને તમારાં મનમાં શંકા કેમ થાય છે?

39 ἴδετε τὰς χεῖράς μου καὶ τοὺς πόδας μου, ὅτι ἐγώ εἰμι αὐτός.
જુઓ મારા હાથ મારા અને મારા પગ મારા કારણ-કે હું-જ-છું છું-તે-જ તે-જ
G3708 G3588 G5495 G1473 G2532 G3588 G4228 G1473 G3754 G1473 G1510 G0846

ψηλαφήσατέ με καὶ ἴδετε, ὅτι πνεῦμα σάρκα καὶ ὀστέα οὐκ ἔχει,
સ્પર્શ-કરો મને અને જુઓ કારણ-કે આત્માને માંસ અને હાડકાં નથી હોતાં
G5584 G1473 G2532 G3708 G3754 G4151 G4561 G2532 G3747 G3756 G2192

καθὼς ἐμὲ θεωρεῖτε ἔχοντα.
જેમ મને તમે-જુઓ-છો હોવાનું
G2531 G1473 G2334 G2192

મારા હાથ તથા મારા પગ જુઓ, કે એ હું પોતે છું; મને હાથ અડકાડીને જુઓ; કેમ કે જેમ તમે જુઓ છે કે મને માંસ તથા હાડકાં છે તેમ આત્માને હોતા નથી.'"

40 καὶ τοῦτο εἰπὼν, ἔδειξεν αὐτοῖς τὰς χεῖρας καὶ τοὺς πόδας.
અને આ-કહીને કહ્યુ બતાવ્યા તેમને મારા હાથ અને મારા પગ
G2532 G3778 G3004 G1166 G0846 G3588 G5495 G2532 G3588 G4228

એમ કહીને તેમણે પોતાના હાથ તથા પગ તેઓને બતાવ્યાં.

41 ἔτι δὲ, ἀπιστούντων αὐτῶν ἀπὸ τῆς χαρᾶς καὶ θαυμαζόντων, εἶπεν
હજુ અને વિશ્વાસ-ન-કરતા તેમના થી તે આનંદથી અને આશ્ચર્ય-પામત□ કહ્યુ
G2089 G1161 G0569 G0846 G0575 G3588 G5479 G2532 G2296 G3004

αὐτοῖς, Ἔχετέ τι βρώσιμον ἐνθάδε?
તેમને છે-તમારી-પાસે કંઈ ખાવાનું અહીં
G0846 G2192 G5100 G1034 G1759

તેઓ હર્ષને લીધે હજી વિશ્વાસ કરતા નહોતા, અને દંગ થઈ ગયા હતા, ત્યારે ઈસુએ તેઓને કહ્યુ કે, 'તમારી પાસે કંઈ ખાવાનું છે?'"

42 οἱ δὲ ἐπέδωκαν αὐτῷ ἰχθύος ὀπτοῦ μέρος.
તેઓએ અને આપ્યો તેમને માછલીનો શેકેલો ટુકડો
G3588 G1161 G1929 G0846 G2486 G3702 G3313

તેઓએ ઈસુને શેકેલી માછલીનો ટુકડો આપ્યો,

43 καὶ λαβὼν, ἐνώπιον αὐτῶν ἔφαγεν.
અને લઈને સામે તેમની ખાધું
G2532 G2983 G1799 G0846 G5315

ઈસુએ તે લઈને તેઓની આગળ ખાધો.

44 Εἶπεν δὲ πρὸς αὐτούς, Οὗτοι οἱ λόγοι μου, οὓς ἐλάλησα πρὸς ὑμᾶς
કહ્યુ અને તેમને તેમને આ તે વચનો મારા જે મેં-બોલ્યા-હત□ તમને તમને
G3004 G1161 G4314 G0846 G3778 G3588 G3056 G1473 G3739 G2980 G4314 G4771

ἔτι ὢν σὺν ὑμῖν, ὅτι δεῖ πληρωθῆναι πάντα τὰ γεγραμμένα ἐν
હજુ હત□ સાથે તમારી કે જરૂરી-છે પૂર્ણ-થાય બધું જે લખાયેલું-છે માં
G2089 G1510 G4862 G4771 G3754 G1163 G4137 G3956 G3588 G1125 G1722

τῷ νόμῳ Μωϋσέως, καὶ τοῖς προφήταις καὶ ψαλμοῖς περὶ ἐμοῦ.
તે મૂસાના-નિયમમાં મૂસાના અને તે પ્રબોધકોમાં અને ગીતશાસ્ત્રમાં વિષે મારા-વિષે
G3588 G3551 G3475 G2532 G3588 G4396 G2532 G5568 G4012 G1473

ઈસુએ તેઓને કહ્યુ કે, 'હું તમારી સાથે હતો, ત્યારે મેં એ વાતો તમને કહી હતી કે, જે મૂસાના નિયમશાસ્ત્રમાં તથા પ્રબોધકોના પુસ્તકોમાં તથા ગીતશાસ્ત્રમાં મારા સંબંધી લખ્યું છે તે બધું પૂરું થવું જોઈએ.'"

45 τότε διήνοιξεν αὐτῶν τὸν νοῦν τοῦ συνιέναι τὰς γραφάς,
પછી ખોલ્યું તેમનું તેમનું મન માટે સમજવા તે શાસ્ત્રોને
G5119 G1272 G0846 G3588 G3563 G3588 G4920 G3588 G1124

ત્યારે પવિત્રશાસ્ત્ર સમજવા સારુ ઈસુએ તેઓનાં મન ખોલ્યાં.

46 καὶ εἶπεν αὐτοῖς, ὅτι οὕτως γέγραπται, παθεῖν τὸν Χριστὸν, καὶ
અને કહ્યુ તેમને કે એમ લખાયેલું-છે સહન-કરે તે ખ્રિસ્ત અને
G2532 G3004 G0846 G3754 G3779 G1125 G3958 G3588 G5547 G2532

ἀναστῆναι ἐκ νεκρῶν τῇ τρίτῃ ἡμέρᾳ;
જીવતો-ઊઠે માંથી મૃતકોમાંથી તે ત્રીજા દિવસે
G0450 G1537 G3498 G3588 G5154 G2250

ઈસુએ તેઓને કહ્યુ કે, 'એમ લખ્યું છે, કે ખ્રિસ્તે દુઃખ સહન કરવું, અને ત્રીજે દિવસે મૂએલાંઓમાંથી પાછા ઊઠવું જોઈએ;

47 καὶ κηρυχθῆναι ἐπὶ τῷ ὀνόματι αὐτοῦ μετάνοιαν εἰς ἄφεσιν ἁμαρτιῶν,
અને પ્રચાર-થાય માં તેમના નામે તેમન□ પશ્ચાત્તાપ માટે પાપોની-માફી પાપોની
G2532 G2784 G1909 G3588 G3686 G0846 G3341 G1519 G0859 G0266

εἰς πάντα τὰ ἔθνη, ἀρξάμενοι ἀπὸ Ἰερουσαλήμ.
માં બધી તે પ્રજાઓમાં શરૂ-કરીને થી યરૂશાલેમથી
G1519 G3956 G3588 G1484 G0756 G0575 G2419

યરુશાલેમથી માંડીને સઘળી પ્રજાઓને તેમના નામમાં પસ્તાવો તથા પાપોની માફી પ્રગટ કરાવાં જોઈએ.

48 ὑμεῖς ‹ἐστε› μάρτυρες τούτων.
તમે છો સાક્ષીઓ આ-બધાન□
G4771 G1510 G3144 G3778

એ વાતના સાક્ષીઓ તમે છો.

49 καὶ ἰδοὺ, ἐγὼ ἐξαποστέλλω τὴν ἐπαγγελίαν τοῦ Πατρός μου ἐφ' ὑμᾶς;
અને જુઓ હું મોકલું-છું તે વચન મારા પિતાનું મારા ઉપર તમારા
G2532 G3708 G1473 G0649 G3588 G1860 G3588 G3962 G1473 G1909 G4771

ὑμεῖς δὲ καθίσατε ἐν τῇ πόλει, ἕως οὗ ἐνδύσησθε ἐξ ὕψους
પણ-તમે અને બેસો માં તે શહેરમાં જ્યાં-સુધી જ્યાં-સુધી પહેરો-નહિ ઉચ્ચાઈથી ઉચ્ચાઈનું
G4771 G1161 G2523 G1722 G3588 G4172 G2193 G3739 G1746 G1537 G5311

δύναμιν.
સામર્થ્ય
G1411

હું મારા પિતાનું આશાવચન તમારા પર મોકલું છું; પણ તમે ઉપરથી પરાક્રમે વેષ્ટિત થાઓ ત્યાં સુધી શહેરમાં રહેજો.'"

50 Ἐξήγαγεν δὲ αὐτοὺς [ἔξω], ἕως πρὸς Βηθανίαν, καὶ ἐπάρας τὰς χεῖρας
લઈ-ગયા અને તેમને બહાર સુધી પાસે બેથાનિયા-પાસે અને ઊંચાં-કરીને મારા હાથ
G1806 G1161 G0846 G1854 G2193 G4314 G0963 G2532 G1869 G3588 G5495

αὐτοῦ, εὐλόγησεν αὐτούς.
તેમન□ આશીર્વાદ-આપ્યો તેમને
G0846 G2127 G0846

બેથાનિયાની સામે તેઓને બહાર લઈ ગયા પછી તેમણે પોતાના હાથ પ્રસારીને તેઓને આશીર્વાદ આપ્યો.

51 καὶ ἐγένετο ἐν τῷ εὐλογεῖν αὐτὸν αὐτοὺς, διέστη ἀπ' αὐτῶν
અને બન્યું માં જ્યારે આશીર્વાદ-આપત□-હતા તેમને તેમને અલગ-થયા તેમનાથી તેમન□થી
G2532 G1096 G1722 G3588 G2127 G0846 G0846 G1339 G0575 G0846

καὶ, ἀνεφέρετο εἰς τὸν οὐρανόν.
અને ઊપર-લઈ-જવાયા માં તે આકાશમાં
G2532 G0399 G1519 G3588 G3772

એમ થયું કે ઈસુ તેઓને આશીર્વાદ આપતા હતા એટલામાં તે તેઓથી છૂટા પડ્યા, અને સ્વર્ગમાં લઈ લેવાયા.

52

| καὶ | αὐτοὶ | προσκυνήσαντες | αὐτὸν, | ὑπέστρεψαν | εἰς | Ἰερουσαλὴμ | μετὰ | χαρᾶς | μεγάλης. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | તેઓએ | પૂજા-કરીને | તેમને | પાછા-ફર્યા | તરફ | યરૂશાલેમ | સાથે | આનંદ | મોટા |
| G2532 | G0846 | G4352 | G0846 | G5290 | G1519 | G2419 | G3326 | G5479 | G3173 |

તેમનું ભજન કરીને તેઓ બહુ આનંદ કરતા યરુશાલેમમાં પાછા વળ્યા.

53

| καὶ | ἦσαν | διὰ | παντὸς | ἐν | τῷ | ἱερῷ, | εὐλογοῦντες | τὸν | Θεόν. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | હતા | સતત | સતત | માં | તે | મંદિરમાં | સ્તુતિ-કરતા | તે | ઈશ્વરની |
| G2532 | G1510 | G1223 | G3956 | G1722 | G3588 | G2411 | G2127 | G3588 | G2316 |

અને તેઓ નિત્ય ભક્તિસ્થાનમાં ઈશ્વરની સ્તુતિ કરતા હતા.

# યોહાન

## Chapter 1

1

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἐν | ἀρχῇ | ἦν | ὁ | Λόγος, | καὶ | ὁ | Λόγος | ἦν | πρὸς | τὸν | Θεόν, |
| શરૂઆતમાં | આરંભમાં | હતો | તે | વચન, | અને | તે | વચન | હતો | સાથે | તે | ઈશ્વરની, |
| G1722 | G0746 | G1510 | G3588 | G3056 | G2532 | G3588 | G3056 | G1510 | G4314 | G3588 | G2316 |
| καὶ | Θεὸς | ἦν | ὁ | Λόγος. | | | | | | | |
| અને | ઈશ્વર | હતો | તે | વચન. | | | | | | | |
| G2532 | G2316 | G1510 | G3588 | G3056 | | | | | | | |

પ્રારંભમાં શબ્દ હતા. તે ઈશ્વરની સાથે હતા. તે ઈશ્વર હતા.

2

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Οὗτος | ἦν | ἐν | ἀρχῇ | πρὸς | τὸν | Θεόν. |
| આ | હતો | શરૂઆતમાં | આરંભથી | સાથે | તે | ઈશ્વરની. |
| G3778 | G1510 | G1722 | G0746 | G4314 | G3588 | G2316 |

તે જ પ્રારંભમાં ઈશ્વરની સાથે હતા.

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| πάντα | δι’ | αὐτοῦ | ἐγένετο, | καὶ | χωρὶς | αὐτοῦ | ἐγένετο | οὐδὲ | ἕν | ὃ |
| બધું | દ્વારા | તેમના | બન્યું, | અને | વિના | તેમના | બન્યું | નહિ | એક-પણ | જે |
| G3956 | G1223 | G0846 | G1096 | G2532 | G5565 | G0846 | G1096 | G3761 | G1520 | G3739 |
| γέγονεν. | | | | | | | | | | |
| બન્યું-છે. | | | | | | | | | | |
| G1096 | | | | | | | | | | |

તેમના થી જ સઘળું ઉત્પન્ન થયું; એટલે જે કંઈ ઉત્પન્ન થયું તે તેમના વિના થયું નહિ.

4

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐν | αὐτῷ | ζωὴ | ἦν, | καὶ | ἡ | ζωὴ | ἦν | τὸ | φῶς | τῶν | ἀνθρώπων. |
| તેમનામાં | તેમનામાં | જીવન | હતું, | અને | તે | જીવન | હતું | તે | પ્રકાશ | માણસોનું | માણસોનું. |
| G1722 | G0846 | G2222 | G1510 | G2532 | G3588 | G2222 | G1510 | G3588 | G5457 | G3588 | G0444 |

તેમનાંમાં જીવન હતું; તે જીવન માણસોનું અજવાળું હતું.

5

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | τὸ | φῶς | ἐν | τῇ | σκοτίᾳ | φαίνει, | καὶ | ἡ | σκοτία | αὐτὸ | οὐ |
| અને | તે | પ્રકાશ | અધકારમાં | તે | અધકારમાં | ચમકે-છે, | અને | તે | અધકારે | તેને | નહિ |
| G2532 | G3588 | G5457 | G1722 | G3588 | G4653 | G5316 | G2532 | G3588 | G4653 | G0846 | G3756 |
| κατέλαβεν. | | | | | | | | | | | |
| સમજ્યો. | | | | | | | | | | | |
| G2638 | | | | | | | | | | | |

તે અજવાળું અધારામાં પ્રકાશે છે, પણ અધારાએ તેને બુજાવ્યું નહિ.

6

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Ἐγένετο | ἄνθρωπος | ἀπεσταλμένος | παρὰ | Θεοῦ, | ὄνομα | αὐτῷ | Ἰωάννης. |
| આવ્યો | માણસ | મોકલેલો | તરફથી | ઈશ્વરની, | નામ | તેનું | યોહાન. |
| G1096 | G0444 | G0649 | G3844 | G2316 | G3686 | G0846 | G2491 |

ઈશ્વરે મોકલેલો એક માણસ આવ્યો, તેનું નામ યોહાન હતું.

7 οὗτος ἦλθεν εἰς μαρτυρίαν, ἵνα μαρτυρήσῃ περὶ τοῦ φωτός, ἵνα πάντες
આ આવ્યો માટે સાક્ષી, કે સાક્ષી-આપે વિશે તે પ્રકાશના, જેથી બધા
G3778 G2064 G1519 G3141 G2443 G3140 G4012 G3588 G5457 G2443 G3956

πιστεύσωσιν δι’ αὐτοῦ.
વિશ્વાસ-કરે દ્વારા તેમના.
G4100 G1223 G0846

તે સાક્ષી માટે આવ્યો કે અજવાળા વિષે સાક્ષી કરાવે, કે જેથી સર્વ તેના દ્વારા વિશ્વાસ કરે.

8 οὐκ ἦν ἐκεῖνος τὸ φῶς, ἀλλ’ ἵνα μαρτυρήσῃ περὶ τοῦ φωτός.
નહોતો હતો તે તે પ્રકાશ, પરંતુ કે સાક્ષી-આપે વિશે તે પ્રકાશના.
G3756 G1510 G1565 G3588 G5457 G0235 G2443 G3140 G4012 G3588 G5457

યોહાન પોતે તે અજવાળું ન હતો, પણ અજવાળા વિષે સાક્ષી આપવાને આવ્યો હતો.

9 Ἦν τὸ φῶς τὸ ἀληθινὸν, ὃ φωτίζει πάντα ἄνθρωπον, ἐρχόμενον
હતો તે પ્રકાશ તે સાચો, જે પ્રકાશિત-કરે-છે દરેક માણસને, આવતો
G1510 G3588 G5457 G3588 G0228 G3739 G5461 G3956 G0444 G2064

εἰς τὸν κόσμον.
માં તે જગતમાં.
G1519 G3588 G2889

ખરું અજવાળું તે ઈસુ હતા કે, જે દુનિયામાં આવીને દરેક માણસને પ્રકાશ આપે છે.

10 ἐν τῷ κόσμῳ ἦν, καὶ ὁ κόσμος δι’ αὐτοῦ ἐγένετο, καὶ ὁ
જગતમાં તે જગતમાં હતો, અને તે જગત દ્વારા તેમના બન્યું, અને તે
G1722 G3588 G2889 G1510 G2532 G3588 G2889 G1223 G0846 G1096 G2532 G3588

κόσμος αὐτὸν οὐκ ἔγνω.
જગતે તેમને નહિ ઓળખ્યા.
G2889 G0846 G3756 G1097

તેઓ દુનિયામાં હતા અને તેમના દ્વારા દુનિયા ઉત્પન્ન થઇ છે અને મનુષ્યોએ તેમને ઓળખ્યા નહિ.

11 εἰς τὰ ἴδια ἦλθεν, καὶ οἱ ἴδιοι αὐτὸν οὐ παρέλαβον;
પોતાનામાં તે પોતાનામાં આવ્યા, અને તે પોતાના-લોકોએ તેમને નહિ સ્વીકાર્યા.
G1519 G3588 G2398 G2064 G2532 G3588 G2398 G0846 G3756 G3880

તે પોતાના લોકોની પાસે આવ્યા, પણ તેમણે તેમનો અંગીકાર કર્યો નહિ.

12 ὅσοι δὲ ἔλαβον αὐτόν, ἔδωκεν αὐτοῖς ἐξουσίαν, τέκνα Θεοῦ γενέσθαι, τοῖς
જેટલાએ પણ સ્વીકાર્યા તેમને, આપ્યો તેમને અધિકાર, સંતાન ઈશ્વરના થવાનો, જેઓ
G3745 G1161 G2983 G0846 G1325 G0846 G1849 G5043 G2316 G1096 G3588

πιστεύουσιν εἰς τὸ ὄνομα αὐτοῦ,
વિશ્વાસ-કરે-છે માં તે નામ તેમના,
G4100 G1519 G3588 G3686 G0846

છતાં જેટલાંએ તેમનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેમના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેમણે ઈશ્વરનાં સંતાન થવાનો અધિકાર આપ્યો.

13 οἳ οὐκ ἐξ αἱμάτων, οὐδὲ ἐκ θελήματος σαρκὸς, οὐδὲ ἐκ θελήματος
જેઓ નહિ થી લોહીથી, નહિ થી ઇચ્છાથી દેહની, નહિ થી ઇચ્છાથી
G3739 G3756 G1537 G0129 G3761 G1537 G2307 G4561 G3761 G1537 G2307

ἀνδρὸς, ἀλλ’ ἐκ Θεοῦ ἐγεννήθησαν.
પુરુષની, પરંતુ થી ઈશ્વરથી જન્મ્યા.
G0435 G0235 G1537 G2316 G1080

તેઓ લોહીથી નહિ કે, દેહની ઇચ્છાથી નહિ કે, મનુષ્યની ઇચ્છાથી નહિ, પણ ઈશ્વરથી જન્મ પામ્યા.

14 Καὶ ὁ Λόγος σὰρξ ἐγένετο, καὶ ἐσκήνωσεν ἐν ἡμῖν, καὶ ἐθεασάμεθα
અને તે વચન દેહ થયો, અને વસ્યો માં આપણામાં, અને જોયો-અમે
G2532 G3588 G3056 G4561 G1096 G2532 G4637 G1722 G1473 G2532 G2300

τὴν δόξαν αὐτοῦ, δόξαν ὡς μονογενοῦς παρὰ Πατρός, πλήρης χάριτος καὶ
તે મહિમા તેમનો, મહિમા જેવો એકના-એકનો તરફથી પિતાના, ભરપૂર કૃપા અને
G3588 G1391 G0846 G1391 G5613 G3439 G3844 G3962 G4134 G5485 G2532

ἀληθείας.
સત્યથી.
G0225

અને શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યા અને પિતાના એકનાએક પુત્રના મહિમા જેવો તેમનો મહિમા અમે જોયો; તે કૃપા તથા સત્યતાથી ભરપૂર હતા.

15 Ἰωάννης μαρτυρεῖ περὶ αὐτοῦ, καὶ κέκραγεν, λέγων, Οὗτος ἦν ὃν
યોહાન સાક્ષી-આપે-છે વિશે તેમના, અને પોકાર-કર્યો, કહેતાં, આ હતા જેના
G2491 G3140 G4012 G0846 G2532 G2896 G3004 G3778 G1510 G3739

εἶπον, Ὁ ὀπίσω μου ἐρχόμενος, ἔμπροσθέν μου γέγονεν, ὅτι πρῶτός
વિશે-કહ્યુ, જે પાછળ મારી આવનાર, આગળ મારાથી થયા-છે, કારણ-કે પહેલા
G3004 G3588 G3694 G1473 G2064 G1715 G1473 G1096 G3754 G4413

μου ἦν.
મારાથી હતા.
G1473 G1510

યોહાને તેમના વિષે સાક્ષી આપી અને પોકારીને કહ્યુ કે, “જેમનાં વિષે મેં કહ્યુ હતું કે, તેઓ એ જ છે, ‘જે મારી પાછળ આવે છે તે મારા કરતા પણ મોટો છે, કેમ કે તે મારી અગાઉ હતા.”

16 ὅτι ἐκ τοῦ πληρώματος αὐτοῦ, ἡμεῖς πάντες ἐλάβομεν καὶ χάριν ἀντὶ
કારણ-કે થી તે પૂર્ણતામાંથી તેમની, આપણે બધાએ પામ્યા અને કૃપા ઉપર
G3754 G1537 G3588 G4138 G0846 G1473 G3956 G2983 G2532 G5485 G0473

χάριτος.
કૃપા.
G5485

કેમ કે અમે સર્વ તેમની ભરપૂરીમાંથી કૃપા ઉપર કૃપા પામ્યા.

17 ὅτι ὁ νόμος διὰ Μωϋσέως ἐδόθη; ἡ χάρις καὶ ἡ ἀλήθεια διὰ
કારણ-કે તે નિયમ દ્વારા મૂસા અપાયો; તે કૃપા અને તે સત્ય દ્વારા
G3754 G3588 G3551 G1223 G3475 G1325 G3588 G5485 G2532 G3588 G0225 G1223

Ἰησοῦ Χριστοῦ ἐγένετο.
ઈસુ ખ્રિસ્ત આવ્યાં.
G2424 G5547 G1096

નિયમશાસ્ત્ર મૂસા દ્વારા આપવામાં આવ્યું; પણ કૃપા તથા સત્યતા ઈસુ ખ્રિસ્ત દ્વારા આવ્યાં.

18 Θεὸν οὐδεὶς ἑώρακεν πώποτε; μονογενὴς Θεὸς, ὁ ὢν εἰς τὸν κόλπον
ઈશ્વરને કોઈએ જોયા ક્યારેય-નહિ; એકનો-એક ઈશ્વર, જે છે માં તે છાતીમાં
G2316 G3762 G3708 G4455 G3439 G2316 G3588 G1510 G1519 G3588 G2859

τοῦ Πατρὸς, ἐκεῖνος ἐξηγήσατο.
તે પિતાના, તેમણે પ્રગટ-કર્યા.
G3588 G3962 G1565 G1834

ઈશ્વરને કોઈ માણસે કદી જોયા નથી; તેમનો એકનો એક દીકરો, કે જે પિતાની ગોદમાં છે, તેણે ઈશ્વરને પ્રગટ કર્યા છે.

19 Καὶ αὕτη ἐστὶν ἡ μαρτυρία τοῦ Ἰωάννου, ὅτε ἀπέστειλαν πρὸς αὐτὸν
અને આ છે તે સાક્ષી તે યોહાનની, જ્યારે મોકલ્યા પાસે તેમની
G2532 G3778 G1510 G3588 G3141 G3588 G2491 G3753 G0649 G4314 G0846

οἱ Ἰουδαῖοι ἐξ Ἱεροσολύμων, ἱερεῖς καὶ Λευίτας, ἵνα ἐρωτήσωσιν αὐτόν,
તે યહૂદીઓએ થી યરૂશાલેમથી, યાજકો અને લેવીઓને, કે પૂછે તેમને,
G3588 G2453 G1537 G2414 G2409 G2532 G3019 G2443 G2065 G0846

Σὺ τίς εἶ?
તું કોણ છે?
G4771 G5101 G1510

જયારે યહૂદીઓએ યરુશાલેમથી યાજકોને તથા લેવીઓને યોહાન પાસે એવું પૂછવા મોકલ્યા કે, તું કોણ છે? ત્યારે તેની સાક્ષી આ હતી;

20 καὶ ὡμολόγησεν καὶ οὐκ ἠρνήσατο, καὶ ὡμολόγησεν ὅτι, Ἐγὼ οὐκ εἰμὶ
અને કબૂલ-કર્યું અને નહિ નકાર્યું, અને કબૂલ-કર્યું કે, હું નથી છું
G2532 G3670 G2532 G3756 G0720 G2532 G3670 G3754 G1473 G3756 G1510

ὁ Χριστός.
તે ખ્રિસ્ત.
G3588 G5547

એટલે તેણે નકાર કર્યો નહિ, પણ કબૂલ કર્યું કે, “હું તો ખ્રિસ્ત નથી.”

21 καὶ ἠρώτησαν αὐτόν, Τί οὖν? σὺ Ἠλίας εἶ? καὶ λέγει, Οὐκ εἰμί.
અને પૂછ્યું તેમને, તો-શું તો? તું એલિયા છે? અને કહે-છે, નથી હું.
G2532 G2065 G0846 G5101 G3767 G4771 G2243 G1510 G2532 G3004 G3756 G1510

Ὁ προφήτης εἶ σύ? καὶ ἀπεκρίθη, Οὔ.
તે પ્રબોધક છે તું? અને જવાબ-આપ્યો, ના.
G3588 G4396 G1510 G4771 G2532 G0611 G3756

તેઓએ તેને પૂછ્યું, “તો શું તું એલિયા છે?” તેણે કહ્યું, “હું તે નથી.” શું તું આવનાર પ્રબોધક છે? તેણે ઉત્તર આપ્યો કે, ‘ના.’”

22 εἶπαν οὖν αὐτῷ, Τίς εἶ? ἵνα ἀπόκρισιν δῶμεν τοῖς πέμψασιν ἡμᾶς:
કહ્યુ તો તેમને, કોણ છે-તું? જેથી જવાબ આપીએ તેઓને મોકલનારાઓને અમારા:
G3004 G3767 G0846 G5101 G1510 G2443 G0612 G1325 G3588 G3992 G1473

τί λέγεις περὶ σεαυτοῦ?
શું કહે-છે વિશે તારા-વિશે?
G5101 G3004 G4012 G4572

માટે તેઓએ તેને પૂછ્યું કે, ‘તું કોણ છે?’ કે જેઓએ અમને મોકલ્યા તેઓને અમે ઉત્તર આપીએ. તું પોતાના વિષે શું કહે છે?

23 ἔφη, Ἐγὼ φωνὴ βοῶντος ἐν τῇ ἐρήμῳ, Εὐθύνατε τὴν ὁδὸν Κυρίου,
કહ્યુ, હું અવાજ પોકારનારાનો માં તે અરણ્યમાં, સીધો-કરો તે માર્ગ પ્રભુનો,
G5346 G1473 G5456 G0994 G1722 G3588 G2048 G2116 G3588 G3598 G2962

καθὼς εἶπεν Ἠσαΐας ὁ προφήτης.
જેમ કહ્યુ યશાયા તે પ્રબોધકે.
G2531 G3004 G2268 G3588 G4396

તેણે કહ્યુ, “યશાયા પ્રબોધકે જે કહ્યુ હતું કે “અરણ્યમાં પોકારનારની એવી વાણી કે, ‘પ્રભુનો માર્ગ તૈયાર કરો, તેમના રસ્તા સીધા કરો.’”

24 Καὶ ἀπεσταλμένοι ἦσαν ἐκ τῶν Φαρισαίων.
અને મોકલેલા હતા થી તે ફરોશીઓમાંથી.
G2532 G0649 G1510 G1537 G3588 G5330

ફરોશીઓ તરફથી તેઓને મોકલવામાં આવ્યા હતા.

25 καὶ ἠρώτησαν αὐτὸν καὶ εἶπαν αὐτῷ, Τί οὖν βαπτίζεις, εἰ σὺ
અને પૂછ્યું તેમને અને કહ્યુ તેમને, શા-માટે તો બાપ્તિસ્મા-આપે-છે, જો તું
G2532 G2065 G0846 G2532 G3004 G0846 G5101 G3767 G0907 G1487 G4771

οὐκ εἶ ὁ Χριστὸς, οὐδὲ Ἠλίας, οὐδὲ ὁ προφήτης?
નથી છે તે ખ્રિસ્ત, કે-નહિ એલિયા, કે-નહિ તે પ્રબોધક?
G3756 G1510 G3588 G5547 G3761 G2243 G3761 G3588 G4396

તેઓએ તેને પૂછ્યું કે, 'જો તું તે ખ્રિસ્ત, એલિયા અથવા આવનાર પ્રબોધક નથી, તો તું બાપ્તિસ્મા કેમ આપે છે?'"

26 ἀπεκρίθη αὐτοῖς ὁ Ἰωάννης λέγων, Ἐγὼ βαπτίζω ἐν ὕδατι; μέσος
જવાબ-આપ્યો તેઓને તે યોહાને કહેતાં, હું બાપ્તિસ્મા-આપું-છું માં પાણીથી; વચ્ચે
G0611 G0846 G3588 G2491 G3004 G1473 G0907 G1722 G5204 G3319

ὑμῶν ἕστηκεν ὃν ὑμεῖς οὐκ οἴδατε,
તમારી ઊભા-છે જેને તમે નહિ ઓળખો,
G4771 G2476 G3739 G4771 G3756 G1492

યોહાને તેઓને ઉત્તર આપ્યો કે, "હું પાણીથી બાપ્તિસ્મા આપું છું, પણ તમારી મધ્યે એક ઊભા છે, જેમને તમે ઓળખતા નથી;

27 ὁ ὀπίσω μου ἐρχόμενος, οὗ οὐκ εἰμὶ ἐγὼ ἄξιος, ἵνα λύσω αὐτοῦ
જે પાછળ મારી આવનાર, જેના નહિ છું હું યોગ્ય, કે છોડું તેમના
G3588 G3694 G1473 G2064 G3739 G3756 G1510 G1473 G0514 G2443 G3089 G0846

τὸν ἱμάντα τοῦ ὑποδήματος.
તે વાધરી તે જોડાની.
G3588 G2438 G3588 G5266

તેઓ એ જ છે જે મારી પાછળ આવે છે અને તેમના ચંપલની દોરી છોડવા હું યોગ્ય નથી."

28 Ταῦτα ἐν Βηθανίᾳ ἐγένετο, πέραν τοῦ Ἰορδάνου, ὅπου ἦν ὁ Ἰωάννης
આ-બધું માં બેથનિયામાં બન્યું, સામે-પાર તે યર્દનની, જ્યાં હતો તે યોહાન
G3778 G1722 G0963 G1096 G4008 G3588 G2446 G3699 G1510 G3588 G2491

βαπτίζων.
બાપ્તિસ્મા-આપતો.
G0907

યર્દનને પેલે પાર બેથાની જ્યાં યોહાન બાપ્તિસ્મા આપતો હતો, ત્યાં એ ઘટનાઓ ઘટી.

29 Τῇ ἐπαύριον βλέπει τὸν Ἰησοῦν ἐρχόμενον πρὸς αὐτόν, καὶ λέγει, Ἴδε
બીજે-દિવસે બીજે-દિવસે જુએ-છે તે ઈસુને આવતા પાસે તેમની, અને કહે-છે, જુઓ
G3588 G1887 G0991 G3588 G2424 G2064 G4314 G0846 G2532 G3004 G3708

ὁ Ἀμνὸς τοῦ Θεοῦ, ὁ αἴρων τὴν ἁμαρτίαν τοῦ κόσμου.
તે ઘેટું તે ઈશ્વરનું, જે ઉઠાવી-લે-છે તે પાપ તે જગતનું.
G3588 G0286 G3588 G2316 G3588 G0142 G3588 G0266 G3588 G2889

બીજે દિવસે તે પોતાની પાસે ઈસુને આવતા જોઈને કહે છે કે, "જુઓ, ઈશ્વરનું હલવાન, જે માનવજગતનું પાપ દૂર કરે છે

30 οὗτός ἐστιν ὑπὲρ οὗ ἐγὼ εἶπον, Ὀπίσω μου ἔρχεται ἀνὴρ, ὃς
આ છે વિશે જેના મેં કહ્યુ, પાછળ મારી આવે-છે પુરુષ, જે
G3778 G1510 G5228 G3739 G1473 G3004 G3694 G1473 G2064 G0435 G3739

ἔμπροσθέν μου γέγονεν, ὅτι πρῶτός μου ἦν.
આગળ મારાથી થયા-છે, કારણ-કે પહેલા મારાથી હતા.
G1715 G1473 G1096 G3754 G4413 G1473 G1510

તેઓ એ જ છે જેમનાં વિષે મેં કહ્યુ હતું, 'મારી પાછળ જે એક પુરુષ આવે છે, તે મારા કરતા પણ મોટો છે, કેમ કે તે મારી અગાઉ હતા.

31 κἀγὼ οὐκ ᾔδειν αὐτόν; ἀλλ’ ἵνα φανερωθῇ τῷ Ἰσραὴλ, διὰ τοῦτο,
અને-હું નહિ ઓળખતો-હતો તેમને; પરંતુ કે પ્રગટ-થાય તે ઇઝરાયલને, માટે આ-કારણે,
G2504 G3756 G1492 G0846 G0235 G2443 G5319 G3588 G2474 G1223 G3778

ἦλθον ἐγὼ ἐν ὕδατι βαπτίζων.
આવ્યો હું માં પાણીથી બાપ્તિસ્મા-આપતો.
G2064 G1473 G1722 G5204 G0907

મેં તેમને ઓળખ્યા ન હતા; પણ તે ઇઝરાયલની આગળ પ્રગટ થાય, માટે હું પાણીથી બાપ્તિસ્મા આપતો આવ્યો છું.'"

32 Καὶ ἐμαρτύρησεν Ἰωάννης λέγων, ὅτι Τεθέαμαι τὸ Πνεῦμα, καταβαῖνον
અને સાક્ષી-આપી યોહાને કહેતાં, કે જોયો-મેં તે આત્મા, ઊતરતો
G2532 G3140 G2491 G3004 G3754 G2300 G3588 G4151 G2597

ὡς περιστερὰν ἐξ οὐρανοῦ, καὶ ἔμεινεν ἐπ’ αὐτόν.
જેમ કબૂતર થી આકાશમાંથી, અને રહ્યો ઉપર તેમના.
G5613 G4058 G1537 G3772 G2532 G3306 G1909 G0846

યોહાને સાક્ષી આપી કે, 'મેં પવિત્ર આત્માને કબૂતરની જેમ સ્વર્ગથી ઊતરતા જોયા; અને તે તેમના પર રહ્યા.

33 κἀγὼ οὐκ ᾔδειν αὐτόν; ἀλλ’ ὁ πέμψας με βαπτίζειν ἐν ὕδατι,
અને-હું નહિ ઓળખતો-હતો તેમને; પરંતુ જેમણે મોકલ્યો મને બાપ્તિસ્મા-આપવા માં પાણીથી,
G2504 G3756 G1492 G0846 G0235 G3588 G3992 G1473 G0907 G1722 G5204

ἐκεῖνός μοι εἶπεν, Ἐφ’ ὃν ἂν ἴδῃς τὸ Πνεῦμα καταβαῖνον καὶ
તેમણે મને કહ્યુ, જેના-ઉપર જેને તું જુએ તે આત્મા ઊતરતો અને
G1565 G1473 G3004 G1909 G3739 G0302 G3708 G3588 G4151 G2597 G2532

μένον ἐπ’ αὐτόν, οὗτός ἐστιν ὁ βαπτίζων ἐν Πνεύματι Ἁγίῳ.
રહેતો ઉપર તેમના, આ છે જે બાપ્તિસ્મા-આપનાર માં પવિત્ર-આત્માથી પવિત્ર.
G3306 G1909 G0846 G3778 G1510 G3588 G0907 G1722 G4151 G0040

મેં તેમને ઓળખ્યા ન હતા; પણ જેમણે મને પાણીથી બાપ્તિસ્મા આપવા મોકલ્યો, તેમણે જ મને કહ્યુ હતું કે, જેમનાં પર તું આત્માને ઊતરતા તથા રહેતા જોશે, તે જ પવિત્ર આત્માથી બાપ્તિસ્મા કરનાર છે.

34 κἀγὼ ἑώρακα, καὶ μεμαρτύρηκα ὅτι οὗτός ἐστιν ὁ Υἱὸς τοῦ Θεοῦ.
અને-મેં જોયું, અને સાક્ષી-આપી-છે કે આ છે તે પુત્ર તે ઈશ્વરનો.
G2504 G3708 G2532 G3140 G3754 G3778 G1510 G3588 G5207 G3588 G2316

મેં જોયું છે અને સાક્ષી આપી છે કે આ જ ઈશ્વરના દીકરા છે.'"

35 Τῇ ἐπαύριον πάλιν εἱστήκει ὁ Ἰωάννης, καὶ ἐκ τῶν μαθητῶν
બીજે-દિવસે બીજે-દિવસે ફરીથી ઊભા-હતા તે યોહાન, અને થી તે શિષ્યોમાંથી
G3588 G1887 G3825 G2476 G3588 G2491 G2532 G1537 G3588 G3101

αὐτοῦ δύο.
તેમના બે.
G0846 G1417

વળી બીજે દિવસે યોહાન પોતાના બે શિષ્યોની સાથે ઊભો હતો.

36 καὶ ἐμβλέψας τῷ Ἰησοῦ περιπατοῦντι, λέγει, Ἴδε ὁ Ἀμνὸς τοῦ Θεοῦ!
અને જોઈને તે ઈસુને ચાલતા, કહે-છે, જુઓ તે ઘેટું તે ઈશ્વરનું
G2532 G1689 G3588 G2424 G4043 G3004 G3708 G3588 G0286 G3588 G2316

તેણે ઈસુને ચાલતા જોઈને કહ્યુ કે, 'જુઓ, ઈશ્વરનું હલવાન'"

37 καὶ ἤκουσαν οἱ δύο μαθηταὶ αὐτοῦ λαλοῦντος, καὶ ἠκολούθησαν τῷ
અને સાંભળ્યું તે બે શિષ્યોએ તેમના બોલતા, અને અનુસર્યા તે
G2532 G0191 G3588 G1417 G3101 G0846 G2980 G2532 G0190 G3588

Ἰησοῦ.
ઈસુને.
G2424

તે બે શિષ્યો યોહાનનું બોલવું સાંભળીને ઈસુની પાછળ ગયા.

38 στραφεὶς δὲ ὁ Ἰησοῦς, καὶ θεασάμενος αὐτοὺς ἀκολουθοῦντας, λέγει
ફર્યા પણ તે ઈસુ, અને જોઈને તેમને અનુસરતા, કહે-છે
G4762 G1161 G3588 G2424 G2532 G2300 G0846 G0190 G3004

αὐτοῖς, Τί ζητεῖτε? οἱ δὲ εἶπαν αὐτῷ, Ῥαββί -- ὃ λέγεται
તેમને, શું શોધો-છો? તેઓએ તો કહ્યુ તેમને, રાબ્બી- જેનો અર્થ-થાય-છે
G0846 G5101 G2212 G3588 G1161 G3004 G0846 G4461 G3739 G3004

μεθερμηνευόμενον, Διδάσκαλε -- ποῦ μένεις?
ભાષાંતર, ગુરુજી- ક્યાં રહો-છો?
G3177 G1320 G4226 G3306

ઈસુએ ફરીને તેઓને પાછળ આવતા જોઈને કહ્યુ કે, 'તમે શું શોધો છો?' તેઓએ તેમને કહ્યુ, 'રાબ્બી 'એટલે ગુરુજી,' તમે ક્યાં રહો છો?"'

39 λέγει αὐτοῖς, Ἔρχεσθε καὶ ὄψεσθε. ἦλθαν οὖν καὶ εἶδαν ποῦ μένει; καὶ
કહે-છે તેમને, આવો અને જુઓ. આવ્યા તો અને જોયું ક્યાં રહે-છે; અને
G3004 G0846 G2064 G2532 G3708 G2064 G3767 G2532 G3708 G4225 G3306 G2532

παρ' αὐτῷ ἔμειναν τὴν ἡμέραν ἐκείνην. ὥρα ἦν ὡς δεκάτη.
સાથે તેમની રહ્યા તે દિવસ તે. સમય હતો આશરે દસમો.
G3844 G0846 G3306 G3588 G2250 G1565 G5610 G1510 G5613 G1182

તેમણે તેઓને કહ્યુ કે, 'આવી અને જુઓ.' માટે તેઓ ગયા અને ઈસુ જ્યાં રહેતા હતા તે જોયું; તે દિવસે તેઓ ઈસુની સાથે રહ્યા; તે સમયે આશરે સાંજના ચાર વાગ્યા હતા.

40 Ἦν Ἀνδρέας, ὁ ἀδελφὸς Σίμωνος Πέτρου, εἷς ἐκ τῶν δύο τῶν
હતો આન્દ્રેઆસ, તે ભાઈ સિમોનનો પેત્રોસનો, એક થી તે બેમાંથી જેઓએ
G1510 G0406 G3588 G0080 G4613 G4074 G1520 G1537 G3588 G1417 G3588

ἀκουσάντων παρὰ Ἰωάννου, καὶ ἀκολουθησάντων αὐτῷ.
સાંભળ્યું-હતું પાસેથી યોહાનની, અને અનુસર્યા-હતા તેમને.
G0191 G3844 G2491 G2532 G0190 G0846

જે બે શિષ્યો યોહાનનું બોલવું સાંભળીને તેમની પાછળ ગયા હતા, તેઓમાંનો એક સિમોન પિતરનો ભાઈ આન્દ્રિયા હતો.

41 εὑρίσκει οὗτος πρῶτον τὸν ἀδελφὸν τὸν ἴδιον Σίμωνα, καὶ λέγει αὐτῷ,
શોધ્યો તેણે પહેલાં તે ભાઈને તે પોતાના સિમોનને, અને કહે-છે તેને,
G2147 G3778 G4412 G3588 G0080 G3588 G2398 G4613 G2532 G3004 G0846

Εὑρήκαμεν τὸν Μεσσίαν, ὅ ἐστιν μεθερμηνευόμενον Χριστός.
મળ્યા-અમે તે મસીહાને, જેનો અર્થ-છે ભાષાંતર ખ્રિસ્ત.
G2147 G3588 G3323 G3739 G1510 G3177 G5547

તેણે પ્રથમ પોતાના ભાઈ સિમોનને મળીને કહ્યુ કે, 'મસીહ એટલે ખ્રિસ્ત અમને મળ્યા છે."'

42 ἤγαγεν αὐτὸν πρὸς τὸν Ἰησοῦν. ἐμβλέψας αὐτῷ, ὁ Ἰησοῦς εἶπεν, Σὺ
લાવ્યો તેને પાસે તે ઈસુની. જોઈને તેને, તે ઈસુએ કહ્યુ, તું
G0071 G0846 G4314 G3588 G2424 G1689 G0846 G3588 G2424 G3004 G4771

εἶ Σίμων ὁ υἱὸς Ἰωάννου; σὺ κληθήσῃ Κηφᾶς, ὃ ἑρμηνεύεται Πέτρος.
છે સિમોન તે પુત્ર યોહાનનો; તું કહેવાશે કેફાસ, જેનો અર્થ-છે પેત્રોસ.
G1510 G4613 G3588 G5207 G2491 G4771 G2564 G2786 G3739 G2059 G4074

તે તેને ઈસુ પાસે લઈ આવ્યો. ઈસુએ તેની સામે જોઈને કહ્યુ કે, ‘તું યોનાનો દીકરો સિમોન છે. તું પિતર એટલે કેફા કહેવાશે જેનો અર્થ છે પથ્થર.’”

43 Τῇ ἐπαύριον ἠθέλησεν ἐξελθεῖν εἰς τὴν Γαλιλαίαν, καὶ εὑρίσκει
બીજે-દિવસે બીજે-દિવસે ઇચ્છ્યું નીકળવા માં તે ગાલીલમાં, અને શોધ્યો
G3588 G1887 G2309 G1831 G1519 G3588 G1056 G2532 G2147

Φίλιππον. καὶ λέγει αὐτῷ ὁ Ἰησοῦς, Ἀκολούθει μοι.
ફિલિપને. અને કહે-છે તેને તે ઈસુ, અનુસર મને.
G5376 G2532 G3004 G0846 G3588 G2424 G0190 G1473

બીજે દિવસે ઈસુને ગાલીલમાં જવાની ઇચ્છા થઈ અને તેમણે ફિલિપને મળીને કહ્યુ કે, ‘મારી પાછળ આવ.’”

44 ἦν δὲ ὁ Φίλιππος ἀπὸ Βηθσαϊδά, ἐκ τῆς πόλεως Ἀνδρέου καὶ
હતો પણ તે ફિલિપ થી બેથસૈદાથી, થી તે શહેરથી આન્દ્રેઆસ અને
G1510 G1161 G3588 G5376 G0575 G0966 G1537 G3588 G4172 G0406 G2532

Πέτρου.
પેત્રોસના.
G4074

હવે ફિલિપ તો બેથસાઈદાનો એટલે આન્દ્રિયા તથા પિતરના શહેરનો હતો.

45 εὑρίσκει Φίλιππος τὸν Ναθαναὴλ, καὶ λέγει αὐτῷ, Ὃν ἔγραψεν Μωϋσῆς
શોધ્યો ફિલિપે તે નાથનાએલને, અને કહે-છે તેને, જેના-વિશે લખ્યું મૂસાએ
G2147 G5376 G3588 G3482 G2532 G3004 G0846 G3739 G1125 G3475

ἐν τῷ νόμῳ καὶ οἱ προφῆται, εὑρήκαμεν, Ἰησοῦν υἱὸν τοῦ Ἰωσὴφ,
માં તે નિયમમાં અને તે પ્રબોધકોએ, મળ્યા-અમે, ઈસુ પુત્ર તે યૂસુફનો,
G1722 G3588 G3551 G2532 G3588 G4396 G2147 G2424 G5207 G3588 G2501

τὸν ἀπὸ Ναζαρέτ.
જે થી નાઝારેથનો.
G3588 G0575 G3478

ફિલિપે નથાનિયેલને મળીને કહ્યુ કે, ‘નિયમશાસ્ત્રમાં જેમનાં સંબંધી મૂસાએ તથા પ્રબોધકોએ લખેલું છે તેઓ, એટલે નાસરેથના ઈસુ, યૂસફના દીકરા, અમને મળ્યા છે.’”

46 καὶ εἶπεν αὐτῷ Ναθαναήλ, Ἐκ Ναζαρὲτ δύναταί τι ἀγαθὸν εἶναι? λέγει
અને કહ્યુ તેને નાથનાએલે, થી નાઝારેથમાંથી શકે-છે કંઈ સારું આવવા? કહે-છે
G2532 G3004 G0846 G3482 G1537 G3478 G1410 G5100 G0018 G1510 G3004

αὐτῷ ὁ Φίλιππος, Ἔρχου καὶ ἴδε.
તેને તે ફિલિપ, આવ અને જો.
G0846 G3588 G5376 G2064 G2532 G3708

નથાનિયેલે તેને પૂછ્યું, ‘શું નાસરેથમાંથી કંઈ સારું નીકળી શકે?’ ફિલિપ તેને કહે છે કે, ‘આવ અને જો.’”

47 εἶδεν ‹ὁ› Ἰησοῦς τὸν Ναθαναὴλ ἐρχόμενον πρὸς αὐτὸν, καὶ λέγει περὶ
જોયો તે ઈસુએ તે નાથનાએલને આવતો પાસે તેમની, અને કહે-છે વિશે
G3708 G3588 G2424 G3588 G3482 G2064 G4314 G0846 G2532 G3004 G4012

αὐτοῦ, Ἴδε ἀληθῶς Ἰσραηλίτης, ἐν ᾧ δόλος οὐκ ἔστιν.
તેના, જુઓ ખરેખર ઇઝરાયેલી, જેનામાં જેમાં કપટ નથી છે.
G0846 G3708 G0230 G2475 G1722 G3739 G1388 G3756 G1510

ઈસુ નથાનિયેલને પોતાની પાસે આવતો જોઈને તેને વિષે કહે છે, ‘જુઓ, આ સાચો ઇઝરાયલી છે, એનામાં કંઈ કપટ નથી’

48 λέγει αὐτῷ Ναθαναήλ, Πόθεν με γινώσκεις? ἀπεκρίθη Ἰησοῦς καὶ εἶπεν
કહે-છે તેમને નાથનાએલ, ક્યાંથી મને ઓળખો-છો? જવાબ-આપ્યો ઈસુએ અને કહ્યુ
G3004 G0846 G3482 G4159 G1473 G1097 G0611 G2424 G2532 G3004

αὐτῷ, Πρὸ τοῦ σε Φίλιππον φωνῆσαι, ὄντα ὑπὸ τὴν συκῆν, εἶδόν
તેને, પહેલાં તે તને ફિલિપે બોલાવ્યો, હોતાં નીચે તે અજીરના-ઝાડ, જોયો-મેં
G0846 G4253 G3588 G4771 G5376 G5455 G1510 G5259 G3588 G4808 G3708

σε.
તને.
G4771

નથાનિયેલે ઈસુને કહ્યુ કે, ‘તમે મને ક્યાંથી ઓળખો છો?’ ઈસુએ તેને જવાબ આપ્યો, ‘ફિલિપે તને બોલાવ્યો તે પહેલાં, તું અજીરી નીચે હતો, ત્યારે મેં તને જોયો.’”

49 ἀπεκρίθη αὐτῷ Ναθαναήλ, Ῥαββί, σὺ εἶ ὁ Υἱὸς τοῦ Θεοῦ, σὺ
જવાબ-આપ્યો તેમને નાથનાએલે, રાબ્બી, તમે છો તે પુત્ર તે ઈશ્વરના, તમે
G0611 G0846 G3482 G4461 G4771 G1510 G3588 G5207 G3588 G2316 G4771

Βασιλεὺς εἶ τοῦ Ἰσραήλ.
રાજા છો તે ઇઝરાયેલના.
G0935 G1510 G3588 G2474

નથાનિયેલે તેમને જવાબ આપ્યો, ‘ગુરુજી, તમે ઈશ્વરના દીકરા છો; તમે ઇઝરાયલના રાજા છો.’”

50 ἀπεκρίθη Ἰησοῦς καὶ εἶπεν αὐτῷ, Ὅτι εἶπόν σοι, ὅτι εἶδόν σε
જવાબ-આપ્યો ઈસુએ અને કહ્યુ તેને, કારણ-કે કહ્યુ તને, કે જોયો-મેં તને
G0611 G2424 G2532 G3004 G0846 G3754 G3004 G4771 G3754 G3708 G4771

ὑποκάτω τῆς συκῆς, πιστεύεις? μείζω τούτων ὄψῃ.
નીચે તે અજીરના-ઝાડ, વિશ્વાસ-કરે-છે? મોટું આનાથી જોશે.
G5270 G3588 G4808 G4100 G3173 G3778 G3708

ઈસુએ તેને કહ્યુ કે, ‘મેં તને અજીરી નીચે જોયો એવું કહ્યુ તેથી શું તું વિશ્વાસ કરે છે? આ કરતાં તું મોટી બાબતો જોશે.’”

51 καὶ λέγει αὐτῷ, Ἀμὴν ἀμὴν λέγω ὑμῖν, ὄψεσθε τὸν οὐρανὸν ἀνεῳγότα,
અને કહે-છે તેને, ખરેખર ખરેખર કહું-છું તમને, જોશો તે આકાશ ખુલ્લું,
G2532 G3004 G0846 G0281 G0281 G3004 G4771 G3708 G3588 G3772 G0455

καὶ τοὺς ἀγγέλους τοῦ Θεοῦ ἀναβαίνοντας καὶ καταβαίνοντας ἐπὶ τὸν
અને તે દૂતોને તે ઈશ્વરના ચડતા અને ઊતરતા ઉપર તે
G2532 G3588 G0032 G3588 G2316 G0305 G2532 G2597 G1909 G3588

Υἱὸν τοῦ ἀνθρώπου.
માણસના-પુત્ર તે માણસના.
G5207 G3588 G0444

ઈસુએ તેને કહ્યુ, ‘હું તને ખરેખર કહું છું કે, તું સ્વર્ગ ઊઘડેલું અને ઈશ્વરના સ્વર્ગદૂતોને માણસના દીકરા ઉપર ચઢતાં અને ઊતરતા જોશે.’”

## Chapter 2

1 Καὶ τῇ ἡμέρᾳ τῇ τρίτῃ γάμος ἐγένετο ἐν Κανὰ τῆς Γαλιλαίας, καὶ
અને તે દિવસે તે ત્રીજા લગ્ન થયું માં કાના તે ગાલીલના, અને
G2532 G3588 G2250 G3588 G5154 G1062 G1096 G1722 G2580 G3588 G1056 G2532

ἦν ἡ μήτηρ τοῦ Ἰησοῦ ἐκεῖ.
હતી તે માતા તે ઈસુની ત્યાં.
G1510 G3588 G3384 G3588 G2424 G1563

ત્રીજે દિવસે ગાલીલના કાના ગામમાં લગ્ન હતું; અને ઈસુનાં મા ત્યાં હતાં.

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐκλήθη | δὲ | καὶ | ὁ | Ἰησοῦς, | καὶ | οἱ | μαθηταὶ | αὐτοῦ, | εἰς | τὸν |
| આમંત્રિત-કરાયા | પણ | અને | તે | ઈસુ, | અને | તે | શિષ્યો | તેમના, | માં | તે |
| G2564 | G1161 | G2532 | G3588 | G2424 | G2532 | G3588 | G3101 | G0846 | G1519 | G3588 |
| γάμον. | | | | | | | | | | |
| લગ્નમાં. | | | | | | | | | | |
| G1062 | | | | | | | | | | |

ઈસુને તથા તેમના શિષ્યોને પણ તે લગ્નમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું.

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ὑστερήσαντος | οἴνου, | λέγει | ἡ | μήτηρ | τοῦ | Ἰησοῦ | πρὸς | αὐτόν, | Οἶνον |
| અને | ખૂટ્યો-જ્યારે | દ્રાક્ષારસ, | કહે-છે | તે | માતા | તે | ઈસુની | પાસે | તેમની, | દ્રાક્ષારસ |
| G2532 | G5302 | G3631 | G3004 | G3588 | G3384 | G3588 | G2424 | G4314 | G0846 | G3631 |
| οὐκ | ἔχουσιν. | | | | | | | | | |
| નથી | તેમની-પાસે. | | | | | | | | | |
| G3756 | G2192 | | | | | | | | | |

જ્યારે દ્રાક્ષારસ ખૂટ્યો ત્યારે મરિયમ ઈસુને કહે છે કે, 'તેઓની પાસે દ્રાક્ષારસ નથી.'"

4

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | λέγει | αὐτῇ | ὁ | Ἰησοῦς, | Τί | ἐμοὶ | καὶ | σοί, | γύναι? | οὔπω | ἥκει | ἡ |
| અને | કહે-છે | તેમને | તે | ઈસુ, | શું | મારે | અને | તમારે, | સ્ત્રી? | હજુ-નથી | આવ્યો | તે |
| G2532 | G3004 | G0846 | G3588 | G2424 | G5101 | G1473 | G2532 | G4771 | G1135 | G3768 | G2240 | G3588 |
| ὥρα | μου. | | | | | | | | | | | |
| સમય | મારો. | | | | | | | | | | | |
| G5610 | G1473 | | | | | | | | | | | |

ઈસુ તેને કહે છે, 'સ્ત્રી, મારે અને તારે શું? મારો સમય હજી આવ્યો નથી.'"

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| λέγει | ἡ | μήτηρ | αὐτοῦ | τοῖς | διακόνοις, | Ὅ | τι | ἂν | λέγῃ | ὑμῖν, |
| કહે-છે | તે | માતા | તેમની | તે | સેવકોને, | જે | કંઈ-પણ | તે | કહે | તમને, |
| G3004 | G3588 | G3384 | G0846 | G3588 | G1249 | G3739 | G5100 | G0302 | G3004 | G4771 |
| ποιήσατε. | | | | | | | | | | |
| કરો. | | | | | | | | | | |
| G4160 | | | | | | | | | | |

તેમની મા ચાકરોને કહે છે કે, 'જે કંઈ તે તમને કહે તે કરો.'"

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἦσαν | δὲ | ἐκεῖ | λίθιναι, | ὑδρίαι | ἓξ, | κατὰ | τὸν | καθαρισμὸν | τῶν | Ἰουδαίων, |
| હતા | પણ | ત્યાં | પથ્થરના, | પાણીના-ઘડા | છ, | પ્રમાણે | તે | શુદ્ધિકરણ | તે | યહૂદીઓના, |
| G1510 | G1161 | G1563 | G3035 | G5201 | G1803 | G2596 | G3588 | G2512 | G3588 | G2453 |
| κείμεναι, | χωροῦσαι | ἀνὰ | μετρητὰς | δύο | ἢ | τρεῖς. | | | | |
| મૂકેલા, | જેમાં-સમાતું | દરેકમાં | માપ | બે | કે | ત્રણ. | | | | |
| G2749 | G5562 | G0303 | G3355 | G1417 | G2228 | G5140 | | | | |

હવે યહૂદીઓની શુદ્ધિકરણની રીત પ્રમાણે દરેકમાં સો લીટર પાણી ભરાય એવાં પથ્થરના છ કુંડાં ત્યાં મૂકેલાં હતાં.

7

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| λέγει | αὐτοῖς | ὁ | Ἰησοῦς, | Γεμίσατε | τὰς | ὑδρίας | ὕδατος. | καὶ | ἐγέμισαν | αὐτὰς |
| કહે-છે | તેમને | તે | ઈસુ, | ભરો | તે | ઘડાઓ | પાણીથી. | અને | ભર્યા | તે |
| G3004 | G0846 | G3588 | G2424 | G1072 | G3588 | G5201 | G5204 | G2532 | G1072 | G0846 |
| ἕως | ἄνω. | | | | | | | | | |
| છલોછલ | ઉપર. | | | | | | | | | |
| G2193 | G0507 | | | | | | | | | |

ઈસુએ તેઓને કહ્યુ, 'તે કુંડાંઓમાં પાણી ભરો.' એટલે તેઓએ કુંડાંને છલોછલ ભર્યાં.

8 καὶ λέγει αὐτοῖς, Ἀντλήσατε νῦν καὶ φέρετε τῷ ἀρχιτρικλίνῳ. οἱ δὲ
અને કહે-છે તેમને, કાઢો હવે અને લઈ-જાઓ તે ભોજન-પ્રમુખ-પાસે. તેઓ પણ
G2532 G3004 G0846 G0501 G3568 G2532 G5342 G3588 G0755 G3588 G1161

ἤνεγκαν.
લઈ-ગયા.
G5342

પછી ઈસુએ તેઓને કહ્યુ કે, 'હવે કાઢીને જમણનાં કારભારી પાસે લઈ જાઓ.' અને તેઓ લઈ ગયા.

9 ὡς δὲ ἐγεύσατο ὁ ἀρχιτρίκλινος, τὸ ὕδωρ οἶνον γεγενημένον, καὶ
જ્યારે પણ ચાખ્યો તે ભોજન-પ્રમુખે, તે પાણી દ્રાક્ષારસ થયેલું, અને
G5613 G1161 G1089 G3588 G0755 G3588 G5204 G3631 G1096 G2532

οὐκ ᾔδει πόθεν ἐστίν, οἱ δὲ διάκονοι ᾔδεισαν οἱ ἠντληκότες τὸ
નથી જાણતો-હતો ક્યાંથી છે, તે પણ સેવકો જાણતા-હતા જેઓ કાઢ્યું-હતું તે
G3756 G1492 G4159 G1510 G3588 G1161 G1249 G1492 G3588 G0501 G3588

ὕδωρ, φωνεῖ τὸν νυμφίον ὁ ἀρχιτρίκλινος,
પાણી, બોલાવે-છે તે વરરાજાને તે ભોજન-પ્રમુખ,
G5204 G5455 G3588 G3566 G3588 G0755

જ્યારે જમણનાં કારભારીએ પાણીનો બનેલો દ્રાક્ષારસ ચાખ્યો, પણ તે ક્યાંથી આવ્યો એ તે જાણતો ન હતો પણ જે ચાકરોએ પાણી ભર્યું હતું તેઓ જાણતા હતા, ત્યારે જમણનાં કારભારીએ વરને બોલાવીને,

10 καὶ λέγει αὐτῷ, Πᾶς ἄνθρωπος πρῶτον τὸν καλὸν οἶνον τίθησιν, καὶ
અને કહે-છે તેને, દરેક માણસ પહેલાં તે સારો દ્રાક્ષારસ મૂકે-છે, અને
G2532 G3004 G0846 G3956 G0444 G4412 G3588 G2570 G3631 G5087 G2532

ὅταν μεθυσθῶσιν, τὸν ἐλάσσω; σὺ τετήρηκας τὸν καλὸν οἶνον ἕως
જ્યારે પી-લીધો-હોય, તે ઓછો; તેં રાખ્યો-છે તે સારો દ્રાક્ષારસ સુધી
G3752 G3184 G3588 G1640 G4771 G5083 G3588 G2570 G3631 G2193

ἄρτι.
અત્યાર-સુધી.
G0737

કહ્યુ, 'દરેક માણસ પહેલાં ઉત્તમ દ્રાક્ષારસ પીરસે છે; અને માણસોએ તે સારી રીતે પીધા પછી સામાન્ય દ્રાક્ષારસ પીરસે છે. પણ તમે અત્યાર સુધી ઉત્તમ દ્રાક્ષારસ રાખી મૂક્યો છે.'"

11 Ταύτην ἐποίησεν ἀρχὴν τῶν σημείων, ὁ Ἰησοῦς ἐν Κανὰ τῆς Γαλιλαίας,
આ કર્યું આરંભ તે ચિહ્નોનો, તે ઈસુએ માં કાના તે ગાલીલના,
G3778 G4160 G0746 G3588 G4592 G3588 G2424 G1722 G2580 G3588 G1056

καὶ ἐφανέρωσεν τὴν δόξαν αὐτοῦ; καὶ ἐπίστευσαν εἰς αὐτὸν οἱ μαθηταὶ
અને પ્રગટ-કર્યો તે મહિમા તેમનો; અને વિશ્વાસ-કર્યો માં તેમનામાં તે શિષ્યોએ
G2532 G5319 G3588 G1391 G0846 G2532 G4100 G1519 G0846 G3588 G3101

αὐτοῦ.
તેમના.
G0846

ઈસુએ પોતાના અદ્ભૂત ચમત્કારિક ચિહ્નોનો આરંભ ગાલીલના કાના ગામમાં કરીને પોતાનો મહિમા પ્રગટ કર્યો; અને તેમના શિષ્યોએ ઈસુ પર વિશ્વાસ કર્યો.

12 Μετὰ τοῦτο κατέβη εἰς Καφαρναοὺμ, αὐτὸς καὶ ἡ μήτηρ αὐτοῦ καὶ
પછી આ ઊતર્યા માં કફર્નાહૂમમાં, તે અને તે માતા તેમની અને
G3326 G3778 G2597 G1519 G2584 G0846 G2532 G3588 G3384 G0846 G2532

οἱ ἀδελφοὶ [αὐτοῦ], καὶ οἱ μαθηταὶ αὐτοῦ, καὶ ἐκεῖ ἔμειναν οὐ
તે ભાઈઓ તેમના, અને તે શિષ્યો તેમના, અને ત્યાં રહ્યા નહિ
G3588 G0080 G0846 G2532 G3588 G3101 G0846 G2532 G1563 G3306 G3756

πολλὰς ἡμέρας.
ઘણા દિવસો.
G4183 G2250

ત્યાર પછી ઈસુ, તેમની મા, તેમના ભાઈઓ તથા તેમના શિષ્યો કપરનાહૂમમાં આવ્યાં પણ ત્યાં તેઓ વધારે દિવસ રહ્યાં નહિ.

13 Καὶ ἐγγὺς ἦν τὸ πάσχα τῶν Ἰουδαίων, καὶ ἀνέβη εἰς Ἱεροσόλυμα
અને નજીક હતો તે પાસ્ખા તે યહૂદીઓનો, અને ગયા માં યરૂશાલેમ
G2532 G1451 G1510 G3588 G3957 G3588 G2453 G2532 G0305 G1519 G2414

ὁ Ἰησοῦς.
તે ઈસુ.
G3588 G2424

હવે યહૂદીઓનું પાસ્ખાપર્વ પાસે આવ્યું હતું, તેથી ઈસુ યરુશાલેમ ગયા.

14 καὶ εὗρεν ἐν τῷ ἱερῷ τοὺς πωλοῦντας βόας καὶ πρόβατα καὶ
અને જોયા માં તે મંદિરમાં તે વેચનારાઓ બળદો અને ઘેટાં અને
G2532 G2147 G1722 G3588 G2411 G3588 G4453 G1016 G2532 G4263 G2532

περιστερὰς, καὶ τοὺς κερματιστὰς καθημένους.
કબૂતરો, અને તે નાણાં-બદલનારાઓ બેઠેલા.
G4058 G2532 G3588 G2773 G2521

ત્યાં ભક્તિસ્થાનમાં તેમણે બળદ, ઘેટાં, કબૂતર વેચનારાઓને તથા નાણાવટીઓને બેઠેલા જોયા.

15 καὶ ποιήσας φραγέλλιον ἐκ σχοινίων, πάντας ἐξέβαλεν ἐκ τοῦ ἱεροῦ,
અને બનાવીને ચાબુક થી દોરડાંથી, બધાને કાઢ્યા થી તે મંદિરમાંથી,
G2532 G4160 G5416 G1537 G4979 G3956 G1544 G1537 G3588 G2411

τά τε πρόβατα καὶ τοὺς βόας; καὶ τῶν κολλυβιστῶν ἐξέχεεν τὰ
તે પણ ઘેટાં અને તે બળદો; અને તે નાણાં-બદલનારાઓના ઢોળ્યા તે
G3588 G5037 G4263 G2532 G3588 G1016 G2532 G3588 G2855 G1632 G3588

κέρματα, καὶ τὰς τραπέζας ἀνέτρεψεν.
સિક્કા, અને તે મેજો ઊંધા-કર્યા.
G2772 G2532 G3588 G5132 G0396

ત્યારે ઈસુએ દોરીઓનો કોરડો બનાવીને તે સર્વને, ઘેટાં, બળદ સહિત, ભક્તિસ્થાનમાંથી કાઢી મૂક્યાં; નાણાવટીઓનાં નાણાં વેરી નાખ્યાં અને આસનો ઊંધા વાળ્યાં;

16 καὶ τοῖς τὰς περιστερὰς πωλοῦσιν εἶπεν, Ἄρατε ταῦτα ἐντεῦθεν; μὴ
અને તે તે કબૂતરો વેચનારાઓને કહ્યું, લઈ-જાઓ આ-બધું અહીંથી; ના
G2532 G3588 G3588 G4058 G4453 G3004 G0142 G3778 G1782 G3361

ποιεῖτε τὸν οἶκον τοῦ Πατρός μου οἶκον ἐμπορίου.
બનાવો તે ઘર તે પિતાનું મારા ઘર વેપારનું.
G4160 G3588 G3624 G3588 G3962 G1473 G3624 G1712

કબૂતર વેચનારાઓને પણ તેમણે કહ્યુ કે, 'આ બધું અહીંથી લઈ જાઓ; મારા પિતાના ઘરને વેપારનું ઘર ન બનાવો.'"

17 ἐμνήσθησαν οἱ μαθηταὶ αὐτοῦ ὅτι γεγραμμένον ἐστίν, Ὁ ζῆλος τοῦ
યાદ-આવ્યું તે શિષ્યોને તેમના કે લખેલું છે, તે ઉત્સાહ તે
G3403 G3588 G3101 G0846 G3754 G1125 G1510 G3588 G2205 G3588

οἴκου σου καταφάγεταί με.
ઘરનો તારા ખાઈ-જશે મને.
G3624 G4771 G2719 G1473

તેમના શિષ્યોને યાદ આવ્યું કે એમ લખેલું છે કે, 'તારા ઘરનો ઉત્સાહ મને કોરી ખાય છે.'"

18 ἀπεκρίθησαν οὖν οἱ Ἰουδαῖοι καὶ εἶπαν αὐτῷ, Τί σημεῖον δεικνύεις
જવાબ-આપ્યો તો તે યહૂદીઓએ અને કહ્યુ તેમને, શું ચિહ્ન બતાવે-છે
G0611 G3767 G3588 G2453 G2532 G3004 G0846 G5101 G4592 G1166

ἡμῖν, ὅτι ταῦτα ποιεῖς?
અમને, કે આ-બધું કરે-છે?
G1473 G3754 G3778 G4160

તેથી યહૂદીઓએ તેમને પૂછ્યું કે, 'તું આ કામો કરે છે, તો અમને કયું ચમત્કારિક ચિહ્ન બતાવીશ?'"

19 ἀπεκρίθη Ἰησοῦς καὶ εἶπεν αὐτοῖς, Λύσατε τὸν ναὸν τοῦτον, καὶ ἐν
જવાબ-આપ્યો ઈસુએ અને કહ્યુ તેમને, તોડો તે મંદિર આ, અને માં
G0611 G2424 G2532 G3004 G0846 G3089 G3588 G3485 G3778 G2532 G1722

τρισὶν ἡμέραις ἐγερῶ αὐτόν.
ત્રણ દિવસોમાં ઊભું-કરીશ તેને.
G5140 G2250 G1453 G0846

ઈસુએ તેઓને જવાબ આપ્યો કે, 'આ સભાસ્થાનને તોડી પાડો અને ત્રણ દિવસમાં હું તેને ઊભું કરીશ.'"

20 εἶπαν οὖν οἱ Ἰουδαῖοι, Τεσσεράκοντα καὶ ἓξ ἔτεσιν, οἰκοδομήθη ὁ
કહ્યુ તો તે યહૂદીઓએ, છેતાલીસ અને છ વર્ષોમાં, બાંધ્યું-હતું તે
G3004 G3767 G3588 G2453 G5062 G2532 G1803 G2094 G3618 G3588

ναὸς οὗτος, καὶ σὺ ἐν τρισὶν ἡμέραις ἐγερεῖς αὐτόν?
મંદિર આ, અને તું માં ત્રણ દિવસોમાં ઊભું-કરીશ તેને?
G3485 G3778 G2532 G4771 G1722 G5140 G2250 G1453 G0846

ત્યારે યહૂદીઓએ કહ્યુ કે, 'આ સભાસ્થાનને બાંધતા છેંતાળીસ વર્ષ લાગ્યાં છે અને શું તું તેને ત્રણ દિવસમાં ઊભું કરશે?'"

21 ἐκεῖνος δὲ ἔλεγεν περὶ τοῦ ναοῦ τοῦ σώματος αὐτοῦ.
તે પણ બોલતા-હતા વિશે તે મંદિરના તે શરીરના તેમના.
G1565 G1161 G3004 G4012 G3588 G3485 G3588 G4983 G0846

પણ ઈસુ પોતાના શરીરરૂપી ભક્તિસ્થાન વિષે બોલ્યા હતા.

22 ὅτε οὖν ἠγέρθη ἐκ νεκρῶν, ἐμνήσθησαν οἱ μαθηταὶ αὐτοῦ ὅτι τοῦτο
જ્યારે તો સજીવન-થયા થી મૃત્યુમાંથી, યાદ-આવ્યું તે શિષ્યોને તેમના કે આ
G3753 G3767 G1453 G1537 G3498 G3403 G3588 G3101 G0846 G3754 G3778

ἔλεγεν, καὶ ἐπίστευσαν τῇ γραφῇ καὶ τῷ λόγῳ ὃν εἶπεν ὁ Ἰησοῦς.
કહ્યુ-હતું, અને વિશ્વાસ-કર્યો તે શાસ્ત્ર અને તે વચન જે કહ્યુ તે ઈસુએ.
G3004 G2532 G4100 G3588 G1124 G2532 G3588 G3056 G3739 G3004 G3588 G2424

માટે જયારે તેમને મૃત્યુમાંથી સજીવન કરવામાં આવ્યા, ત્યારે તેમના શિષ્યોને યાદ આવ્યું કે, તેમણે તેઓને એ કહ્યુ હતું; અને તેઓએ શાસ્ત્રવચન પર તથા ઈસુએ કહેલા વચન પર વિશ્વાસ કર્યો.

23 Ὡς δὲ ἦν ἐν τοῖς Ἱεροσολύμοις ἐν τῷ πάσχα, ἐν τῇ ἑορτῇ,
જ્યારે પણ હતા માં તે યરૂશાલેમમાં માં તે પાસ્ખામાં, માં તે ઉત્સવમાં,
G5613 G1161 G1510 G1722 G3588 G2414 G1722 G3588 G3957 G1722 G3588 G1859

πολλοὶ ἐπίστευσαν εἰς τὸ ὄνομα αὐτοῦ, θεωροῦντες αὐτοῦ τὰ σημεῖα ἃ
ઘણાએ વિશ્વાસ-કર્યો માં તે નામ તેમના, જોઈને તેમના તે ચિહ્નો જે
G4183 G4100 G1519 G3588 G3686 G0846 G2334 G0846 G3588 G4592 G3739

ἐποίει.
કર્યા.
G4160

હવે પાસ્ખાપર્વના સમયે ઈસુ યરુશાલેમમાં હતા, ત્યારે જે ચમત્કારિક ચિહ્નો તેઓ કરતા હતા તે જોઈને ઘણાંએ તેમના નામ પર વિશ્વાસ કર્યો.

24 αὐτὸς δὲ Ἰησοῦς οὐκ ἐπίστευεν αὑτὸν αὐτοῖς, διὰ τὸ αὐτὸν γινώσκειν
પરંતુ પણ ઈસુ નથી સોંપતા-હતા પોતાને તેમને, કારણ-કે તે તેમને જાણતા-હતા
G0846 G1161 G2424 G3756 G4100 G0848 G0846 G1223 G3588 G0846 G1097

πάντας.
બધાને.
G3956

પણ ઈસુએ તેમનો વિશ્વાસ ન કર્યો, કેમ કે તે સર્વને જાણતા હતા,

25 καὶ ὅτι οὐ χρείαν εἶχεν ἵνα τις μαρτυρήσῃ περὶ τοῦ ἀνθρώπου,
અને કારણ-કે નહોતી જરૂર હતી કે કોઈ સાક્ષી-આપે વિશે તે માણસના,
G2532 G3754 G3756 G5532 G2192 G2443 G5100 G3140 G4012 G3588 G0444

αὐτὸς γὰρ ἐγίνωσκεν τί ἦν ἐν τῷ ἀνθρώπῳ.
તે કારણ-કે જાણતા-હતા શું હતું માં તે માણસમાં.
G0846 G1063 G1097 G5101 G1510 G1722 G3588 G0444

અને મનુષ્ય વિષે કોઈની સાક્ષીની તેમને જરૂર ન હતી; કેમ કે મનુષ્યમાં શું છે તે તેઓ પોતે જાણતા હતા.

## Chapter 3

1 Ἦν δὲ ἄνθρωπος ἐκ τῶν Φαρισαίων, Νικόδημος ὄνομα αὐτῷ, ἄρχων
હતો પણ માણસ થી તે ફરોશીઓમાંથી, નિકોદેમસ નામ તેનું, અધિકારી
G1510 G1161 G0444 G1537 G3588 G5330 G3530 G3686 G0846 G0758

τῶν Ἰουδαίων;
તે યહૂદીઓનો;
G3588 G2453

નિકોદેમસ નામે ફરોશીઓમાં એક માણસ હતો, તે યહૂદીઓની સભાનો સભ્ય હતો.

2 οὗτος ἦλθεν πρὸς αὐτὸν νυκτὸς, καὶ εἶπεν αὐτῷ, Ῥαββί, οἴδαμεν ὅτι
આ આવ્યો પાસે તેમની રાત્રે, અને કહ્યું તેમને, રાબ્બી, જાણીએ-છીએ કે
G3778 G2064 G4314 G0846 G3571 G2532 G3004 G0846 G4461 G1492 G3754

ἀπὸ Θεοῦ ἐλήλυθας, διδάσκαλος; οὐδεὶς γὰρ δύναται ταῦτα τὰ σημεῖα
થી ઈશ્વર આવ્યા-છો, ગુરુજી; કોઈ કારણ-કે શકે-નહિ આ તે ચિહ્નો
G0575 G2316 G2064 G1320 G3762 G1063 G1410 G3778 G3588 G4592

ποιεῖν, ἃ σὺ ποιεῖς, ἐὰν μὴ ᾖ ὁ Θεὸς μετ’ αὐτοῦ.
કરવા, જે તમે કરો-છો, સિવાય-કે નહિ હોય તે ઈશ્વર સાથે તેમના.
G4160 G3739 G4771 G4160 G1437 G3361 G1510 G3588 G2316 G3326 G0846

તે માણસે રાત્રે ઈસુની પાસે આવીને કહ્યુ કે, ‘ગુરુજી, અમે જાણીએ છીએ કે તમે ઈશ્વરની પાસેથી આવેલા ઉપદેશક છો; કેમ કે જો કોઈ માણસની સાથે ઈશ્વર ન હોય તો જે ચમત્કારિક ચિહ્નો તમે કરો છો તે તે કરી શકે નહિ.’”

3 ἀπεκρίθη Ἰησοῦς καὶ εἶπεν αὐτῷ, Ἀμὴν, ἀμὴν λέγω σοι, ἐὰν μή τις
જવાબ-આપ્યો ઈસુએ અને કહ્યુ તેમને, ખરેખર, ખરેખર કહું-છું તને, સિવાય-કે નહિ કોઈ
G0611 G2424 G2532 G3004 G0846 G0281 G0281 G3004 G4771 G1437 G3361 G5100

γεννηθῇ ἄνωθεν, οὐ δύναται ἰδεῖν τὴν βασιλείαν τοῦ Θεοῦ.
જન્મે ઉપરથી, નહિ શકે જોઈ તે રાજ્ય તે ઈશ્વરનું.
G1080 G0509 G3756 G1410 G3708 G3588 G0932 G3588 G2316

ઈસુએ તેને જવાબ આપ્યો કે, ‘હું તને નિશ્ચે કહું છું કે, જો કોઈ મનુષ્ય નવો જન્મ પામ્યું ન હોય, તો તે ઈશ્વરનું રાજ્ય જોઈ શકતું નથી.’”

4 λέγει πρὸς αὐτὸν ὁ Νικόδημος, Πῶς δύναται ἄνθρωπος γεννηθῆναι, γέρων
કહે-છે પાસે તેમની તે નિકોદેમસ, કેવી-રીતે શકે માણસ જન્મવા, ઘરડો
G3004 G4314 G0846 G3588 G3530 G4459 G1410 G0444 G1080 G1088

ὤν? μὴ δύναται εἰς τὴν κοιλίαν τῆς μητρὸς αὐτοῦ δεύτερον εἰσελθεῖν,
હોઈને? શું શકે માં તે ગર્ભમાં તે માતાના તેની બીજી-વાર પ્રવેશવા,
G1510 G3361 G1410 G1519 G3588 G2836 G3588 G3384 G0846 G1208 G1525

καὶ γεννηθῆναι?
અને જન્મવા?
G2532 G1080

નિકોદેમસે ઈસુને કહ્યુ કે, ‘માણસ વૃદ્ધ હોય તો તે કેવી રીતે જન્મ પામી શકે? શું તે બીજી વાર પોતાની માના ગર્ભમાં પ્રવેશીને જન્મ લઈ શકે?’”

5 ἀπεκρίθη (ὁ) Ἰησοῦς, Ἀμὴν ἀμὴν λέγω σοι, ἐὰν μή τις γεννηθῇ
જવાબ-આપ્યો તે ઈસુએ, ખરેખર ખરેખર કહું-છું તને, સિવાય-કે નહિ કોઈ જન્મે
G0611 G3588 G2424 G0281 G0281 G3004 G4771 G1437 G3361 G5100 G1080

ἐξ ὕδατος καὶ Πνεύματος, οὐ δύναται εἰσελθεῖν εἰς τὴν βασιλείαν τοῦ
થી પાણી અને આત્મા, નહિ શકે પ્રવેશવા માં તે રાજ્ય તે
G1537 G5204 G2532 G4151 G3756 G1410 G1525 G1519 G3588 G0932 G3588

Θεοῦ.
ઈશ્વરનું.
G2316

ઈસુએ જવાબ આપ્યો કે, ‘હું તને નિશ્ચે કહું છું કે, જો કોઈ મનુષ્ય પાણીથી તથા પવિત્ર આત્માથી જન્મ્યું ન હોય, તો તે ઈશ્વરના રાજ્યમાં પ્રવેશી શકતું નથી.

6 τὸ γεγεννημένον ἐκ τῆς σαρκὸς, σάρξ ἐστιν; καὶ τὸ γεγεννημένον
તે જન્મેલું થી તે દેહનું, દેહ છે; અને તે જન્મેલું
G3588 G1080 G1537 G3588 G4561 G4561 G1510 G2532 G3588 G1080

ἐκ τοῦ Πνεύματος, πνεῦμά ἐστιν.
થી તે આત્મા, આત્મા છે.
G1537 G3588 G4151 G4151 G1510

જે મનુષ્યદેહથી જન્મેલું છે તે મનુષ્યદેહ છે; અને જે પવિત્ર આત્માથી જન્મેલું છે તે આત્મા છે.

7 μὴ θαυμάσῃς ὅτι εἶπόν σοι, Δεῖ ὑμᾶς γεννηθῆναι ἄνωθεν.
નહિ નવાઈ-પામો કે કહ્યુ તને, જરૂરી-છે તમારે જન્મવું ઉપરથી.
G3361 G2296 G3754 G3004 G4771 G1163 G4771 G1080 G0509

મેં તને કહ્યુ કે, તમારે નવો જન્મ પામવો જોઈએ, તેથી આશ્ચર્ય પામતો નહિ.

8 τὸ πνεῦμα ὅπου θέλει πνεῖ, καὶ τὴν φωνὴν αὐτοῦ ἀκούεις, ἀλλ’ οὐκ
તે પવન જ્યાં ઈચ્છે ફૂંકે-છે, અને તે અવાજ તેનો સાંભળો-છો, પરંતુ નથી
G3588 G4151 G3699 G2309 G4154 G2532 G3588 G5456 G0846 G0191 G0235 G3756

οἶδας πόθεν ἔρχεται, καὶ ποῦ ὑπάγει; οὕτως ἐστὶν πᾶς ὁ γεγεννημένος
જાણતા ક્યાંથી આવે-છે, અને ક્યાં જાય-છે; એવો છે દરેક જે જન્મેલો
G1492 G4159 G2064 G2532 G4226 G5217 G3779 G1510 G3956 G3588 G1080

ἐκ τοῦ Πνεύματος.
થી તે આત્માથી.
G1537 G3588 G4151

પવન જ્યાં ચાહે છે ત્યાં વાય છે અને તું તેનો અવાજ સાંભળે છે, પણ તે ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે, તે તું જાણતો નથી; દરેક જે આત્માથી જન્મેલું છે તે તેના જેવું જ છે.’”

9 ἀπεκρίθη Νικόδημος καὶ εἶπεν αὐτῷ, Πῶς δύναται ταῦτα γενέσθαι?
જવાબ-આપ્યો નિકોદેમસે અને કહ્યુ તેમને, કેવી-રીતે શકે આ-બધું થવા?
G0611 G3530 G2532 G3004 G0846 G4459 G1410 G3778 G1096

નિકોદેમસે તેમને કહ્યુ કે, ‘તે બાબતો કેવી રીતે બની શકે?’”

10 ἀπεκρίθη Ἰησοῦς καὶ εἶπεν αὐτῷ, Σὺ εἶ ὁ διδάσκαλος τοῦ Ἰσραὴλ,
જવાબ-આપ્યો ઈસુએ અને કહ્યુ તેમને, તમે છો તે ગુરુ તે ઇઝરાયેલના,
G0611 G2424 G2532 G3004 G0846 G4771 G1510 G3588 G1320 G3588 G2474

καὶ ταῦτα οὐ γινώσκεις?
અને આ-બધું નથી જાણતા?
G2532 G3778 G3756 G1097

ઈસુએ તેને જવાબ આપ્યો કે, ‘શું તું ઇઝરાયલનો શિક્ષક થઈને આ વિષે જાણતો નથી?

જ્યાં સુધી તમને પ્રકાશ છે, ત્યાં સુધી પ્રકાશ પર વિશ્વાસ કરો, એ માટે કે તમે અજવાળાનાં બાળકો થાઓ. એ વાતો કહીને ઈસુ ચાલ્યા ગયા, અને તેઓથી સંતાઈ રહ્યા.

37 Τοσαῦτα δὲ αὐτοῦ σημεῖα πεποιηκότος ἔμπροσθεν αὐτῶν, οὐκ ἐπίστευον εἰς αὐτόν,
આટલાં પરંતુ તેમના ચિહ્નો કર્યાં-છતાં સામે તેઓના નહોતા વિશ્વાસ-કરતા — તેમનામાં
G5118 G1161 G0846 G4592 G4160 G1715 G0846 G3756 G4100 G1519 G0846

ઈસુએ આટલાં બધાં ચમત્કારિક ચિહ્નો તેઓના દેખતા કર્યાં હતાં, તોપણ તેઓએ તેમના પર વિશ્વાસ કર્યો નહિ.

38 ἵνα ὁ λόγος Ἠσαΐου τοῦ προφήτου πληρωθῇ, ὃν εἶπεν, Κύριε, τίς ἐπίστευσεν τῇ ἀκοῇ ἡμῶν? καὶ ὁ βραχίων Κυρίου τίνι ἀπεκαλύφθη?
જેથી — વચન યશાયા — પ્રબોધકનું પૂર્ણ-થાય જે કહ્યુ-હતું પ્રભુ કોણે વિશ્વાસ-કર્યો — સંદેશામાં અમારા? અને — બાહુ પ્રભુનો કોને પ્રગટ-થયો?
G2443 G3588 G3056 G2268 G3588 G4396 G4137 G3739 G3004 G2962 G5101 G4100 G3588 G0189 G1473 G2532 G3588 G1023 G2962 G5101 G0601

એ માટે કે યશાયા પ્રબોધકનું વચન પૂરું થાય કે, 'પ્રભુ, અમને જે કહેવામાં આવ્યું તે પર કોણે વિશ્વાસ કર્યો છે? પ્રભુનો હાથ કોની સમક્ષ પ્રગટ થયો છે?'"

39 διὰ τοῦτο οὐκ ἠδύναντο πιστεύειν, ὅτι πάλιν εἶπεν Ἠσαΐας,
તેથી આ-કારણે નહોતા શકતા-હતા વિશ્વાસ-કરવા કેમ-કે ફરીથી કહ્યુ-હતું યશાયાએ
G1223 G3778 G3756 G1410 G4100 G3754 G3825 G3004 G2268

તે માટે તેઓ વિશ્વાસ કરી ન શક્યા, કેમ કે વળીપાછું યશાયા પ્રબોધકે કહ્યુ હતું કે,

40 Τετύφλωκεν αὐτῶν τοὺς ὀφθαλμοὺς, καὶ ἐπώρωσεν αὐτῶν τὴν καρδίαν, ἵνα μὴ ἴδωσιν τοῖς ὀφθαλμοῖς, καὶ νοήσωσιν τῇ καρδίᾳ, καὶ στραφῶσιν, καὶ ἰάσομαι αὐτούς.
આધી-કરી-છે તેઓની — આખો અને કઠોર-કર્યું-છે તેઓનું — હૃદય જેથી નહીં જુએ — આખોથી અને સમજે — હૃદયથી અને ફરે અને સાજા-કરું તેઓને
G5186 G0846 G3588 G3788 G2532 G4456 G0846 G3588 G2588 G2443 G3361 G3708 G3588 G3788 G2532 G3539 G3588 G2588 G2532 G4762 G2532 G2390 G0846

'તેઓ આખોથી દેખે નહિ, મનથી સમજે નહિ, પાછા ફરે નહિ, હું તેઓને સારા કરું નહિ, એ માટે તેમણે તેઓની આખો અધ કરી છે. અને તેઓનાં મન કઠોર થઈ ગયા છે.'"

41 ταῦτα εἶπεν Ἠσαΐας, ὅτι εἶδεν τὴν δόξαν αὐτοῦ, καὶ ἐλάλησεν περὶ αὐτοῦ.
આ-બાબતો કહ્યુ યશાયાએ કેમ-કે જોઈ — મહિમા તેમની અને બોલ્યું વિશે તેમના
G3778 G3004 G2268 G3754 G3708 G3588 G1391 G0846 G2532 G2980 G4012 G0846

યશાયાએ તેમનો મહિમા જોયો હતો તેણે એ વાતો જણાવી; અને તે તેમના વિષે બોલ્યો.

42 ὅμως μέντοι καὶ ἐκ τῶν ἀρχόντων πολλοὶ ἐπίστευσαν εἰς αὐτόν, ἀλλὰ διὰ τοὺς Φαρισαίους οὐχ ὡμολόγουν, ἵνα μὴ ἀποσυνάγωγοι γένωνται;
છતાં તોયે પણ — — અધિકારીઓમાંથી ઘણાએ વિશ્વાસ-કર્યો — તેમનામાં પરંતુ લીધે — ફરીશીઓના નહોતા કબૂલ-કરતા જેથી નહીં સભામાંથી-બહિષ્કૃત થાય
G3676 G3305 G2532 G1537 G3588 G0758 G4183 G4100 G1519 G0846 G0235 G1223 G3588 G5330 G3756 G3670 G2443 G3361 G0656 G1096

તોપણ અધિકારીઓમાંના પણ ઘણાંએ તેમના પર વિશ્વાસ કર્યો; પણ રખેને ફરોશીઓ અમને સભાસ્થાનમાંથી કાઢી મૂકે, એ બીકથી તેઓએ તેમને જાહેરમાં કબૂલ કર્યા નહિ.

43 ἠγάπησαν γὰρ τὴν δόξαν τῶν ἀνθρώπων μᾶλλον ἤπερ τὴν δόξαν τοῦ Θεοῦ.
પ્રેમ-કરતા-હતા કેમ-કે — મહિમા — માણસોની વધારે કરતાં — મહિમા — ઈશ્વરની
G0025 G1063 G3588 G1391 G3588 G0444 G3123 G2260 G3588 G1391 G3588 G2316

કેમ કે ઈશ્વરના તરફથી થતી પ્રશંસા કરતાં તેઓ માણસો તરફથી થતી પ્રશંસા વધારે ચાહતા હતા.

44 Ἰησοῦς δὲ ἔκραξεν καὶ εἶπεν, Ὁ πιστεύων εἰς ἐμὲ, οὐ πιστεύει εἰς ἐμὲ, ἀλλὰ εἰς τὸν πέμψαντά με;
ઈસુએ પરંતુ પોકાર્યું અને કહ્યુ જે વિશ્વાસ-કરે-છે — મારામાં નહીં વિશ્વાસ-કરે-છે — મારામાં પરંતુ — — મોકલનારામાં મને
G2424 G1161 G2896 G2532 G3004 G3588 G4100 G1519 G1473 G3756 G4100 G1519 G1473 G0235 G1519 G3588 G3992 G1473

ત્યારે ઈસુએ ઊંચા અવાજે કહ્યુ કે, 'મારા પર જે વિશ્વાસ કરે છે, તે એકલો મારા પર નહિ, પણ જેમણે મને મોકલ્યો છે, તેમના પર પણ વિશ્વાસ રાખે છે.

45 καὶ ὁ θεωρῶν ἐμὲ, θεωρεῖ τὸν πέμψαντά με.
અને જે જુએ-છે મને જુએ-છે — મોકલનારને મને
G2532 G3588 G2334 G1473 G2334 G3588 G3992 G1473

જે મને જુએ છે, તે જેણે મને મોકલ્યો છે તેમને પણ જુએ છે.

46 ἐγὼ φῶς εἰς τὸν κόσμον ἐλήλυθα, ἵνα πᾶς ὁ πιστεύων εἰς ἐμὲ, ἐν τῇ σκοτίᾳ μὴ μείνῃ.
હું પ્રકાશ-રૂપે — — દુનિયામાં આવ્યો-છું જેથી દરેક જે વિશ્વાસ-કરે-છે — મારામાં — — અધકારમાં નહીં રહે
G1473 G5457 G1519 G3588 G2889 G2064 G2443 G3956 G3588 G4100 G1519 G1473 G1722 G3588 G4653 G3361 G3306

જે કોઈ મારા પર વિશ્વાસ રાખે છે, તે અધકારમાં રહે નહિ માટે દુનિયામાં હું પ્રકાશરૂપે આવ્યો છું.

47 καὶ ἐάν τίς μου ἀκούσῃ τῶν ῥημάτων, καὶ μὴ φυλάξῃ, ἐγὼ οὐ κρίνω αὐτόν, οὐ γὰρ ἦλθον ἵνα κρίνω τὸν κόσμον, ἀλλ' ἵνα σώσω τὸν κόσμον.
અને જો કોઈ મારા સાંભળે — વચનો અને નહીં પાળે હું નહીં ન્યાય-કરું-છું તેનો નહીં કેમ-કે આવ્યો-છું કે ન્યાય-કરું — દુનિયાનો પરંતુ કે બચાવું — દુનિયાને
G2532 G1437 G5100 G1473 G0191 G3588 G4487 G2532 G3361 G5442 G1473 G3756 G2919 G0846 G3756 G1063 G2064 G2443 G2919 G3588 G2889 G0235 G2443 G4982 G3588 G2889

જો કોઈ મારી વાતો સાંભળીને તેને પાળતો નથી, તો હું તેનો ન્યાય કરતો નથી; કેમ કે હું માનવજગતનો ન્યાય કરવા માટે નહીં, પણ માનવ જગતનો ઉદ્ધાર કરવા માટે આવ્યો છું.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 48 ὁ | ἀθετῶν | ἐμὲ | καὶ | μὴ | λαμβάνων | τὰ | ῥήματά | μου, | ἔχει | τὸν | |
| જે | તિરસ્કાર-કરે-છે | મને | અને | નહીં | સ્વીકારતો | — | વચનો | મારાં | છે | — | |
| G3588 | G0114 | G1473 | G2532 | G3361 | G2983 | G3588 | G4487 | G1473 | G2192 | G3588 | |
| κρίνοντα | αὐτόν: | ὁ | λόγος | ὃν | ἐλάλησα, | ἐκεῖνος | κρινεῖ | αὐτὸν | ἐν | τῇ | |
| ન્યાય-કરનાર | તેનો | — | વચન | જે | બોલ્યું-છું | તે | ન્યાય-કરશે | તેનો | — | — | |
| G2919 | G0846 | G3588 | G3056 | G3739 | G2980 | G1565 | G2919 | G0846 | G1722 | G3588 | |
| ἐσχάτῃ | ἡμέρᾳ. | | | | | | | | | | |
| છેલ્લા | દિવસે | | | | | | | | | | |
| G2078 | G2250 | | | | | | | | | | |

જે મારો ઇનકાર કરે છે અને મારી વાતો સ્વીકારતો નથી, તેનો ન્યાય કરનાર એક છે; જે વાત મેં કહી છે, તે જ અંતિમ દિવસે તેનો ન્યાય કરશે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 49 ὅτι | ἐγὼ | ἐξ | ἐμαυτοῦ | οὐκ | ἐλάλησα, | ἀλλ’ | ὁ | πέμψας | με | Πατὴρ |
| કેમ-કે | હું | — | મારી-જાતેથી | નહોતો | બોલ્યો | પરંતુ | — | મોકલનાર | મને | પિતાએ |
| G3754 | G1473 | G1537 | G1683 | G3756 | G2980 | G0235 | G3588 | G3992 | G1473 | G3962 |
| αὐτός, | μοι | ἐντολὴν -- | δέδωκεν | τί | εἴπω, | καὶ | τί | λαλήσω. | | |
| પોતે | મને | આજ્ઞા | આપી-છે | શું | કહું | અને | શું | બોલું | | |
| G0846 | G1473 | G1785 | G1325 | G5101 | G3004 | G2532 | G5101 | G2980 | | |

કેમ કે મેં પોતાના તરફથી નથી કહ્યું, પણ મારે શું કહેવું, તથા મારે શું બોલવું, એ વિષે પિતા જેમણે મને મોકલ્યો છે તેમણે મને આજ્ઞા આપી છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 50 καὶ | οἶδα | ὅτι | ἡ | ἐντολὴ | αὐτοῦ | ζωὴ | αἰώνιός | ἐστιν. | ἃ | οὖν | ἐγὼ |
| અને | જાણું-છું | કે | — | આજ્ઞા | તેમની | જીવન | અનંત | છે | જે | તેથી | હું |
| G2532 | G1492 | G3754 | G3588 | G1785 | G0846 | G2222 | G0166 | G1510 | G3739 | G3767 | G1473 |
| λαλῶ, | καθὼς | εἴρηκέν | μοι | ὁ | Πατήρ, | οὕτως | λαλῶ. | | | | |
| બોલું-છું | જેમ | કહ્યુ-છે | મને | — | પિતાએ | તેમ | બોલું-છું | | | | |
| G2980 | G2531 | G2046 | G1473 | G3588 | G3962 | G3779 | G2980 | | | | |

તેમની આજ્ઞામાં અનંતજીવન છે, એ હું જાણું છું; તે માટે હું જે કંઈ બોલું છું, તે જેવું પિતાએ મને કહ્યુ છે તેવું જ બોલું છું.

## Chapter 13

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 Πρὸ | δὲ | τῆς | ἑορτῆς | τοῦ | πάσχα, | εἰδὼς | ὁ | Ἰησοῦς | ὅτι | ἦλθεν | |
| પહેલાં | અને | તે | તહેવારના | તે | પાસ્ખાના | જાણીને | તે | ઈસુએ | કે | આવી-ગઈ-છે | |
| G4253 | G1161 | G3588 | G1859 | G3588 | G3957 | G1492 | G3588 | G2424 | G3754 | G2064 | |
| αὐτοῦ | ἡ | ὥρα, | ἵνα | μεταβῇ | ἐκ | τοῦ | κόσμου | τούτου, | πρὸς | τὸν | Πατέρα, |
| તેમની | તે | ઘડી | કે | જવું | આ | તે | જગતમાંથી | આ | તે | તે | પિતા-પાસે |
| G0846 | G3588 | G5610 | G2443 | G3327 | G1537 | G3588 | G2889 | G3778 | G4314 | G3588 | G3962 |
| ἀγαπήσας | τοὺς | ἰδίους | τοὺς | ἐν | τῷ | κόσμῳ, | εἰς | τέλος | ἠγάπησεν | | |
| પ્રેમ-કર્યો-હતો | તે | પોતાના-લોકોને | જેઓ | આ | તે | જગતમાં-હતા | તે | છેવટ-સુધી | પ્રેમ-કર્યો | | |
| G0025 | G3588 | G2398 | G3588 | G1722 | G3588 | G2889 | G1519 | G5056 | G0025 | | |
| αὐτούς. | | | | | | | | | | | |
| તેઓને | | | | | | | | | | | |
| G0846 | | | | | | | | | | | |

હવે પાસ્ખાપર્વ અગાઉ પોતાનો આ દુનિયામાંથી પિતાની પાસે જવાનો સમય આવ્યો છે એ જાણીને ઈસુએ દુનિયામાંનાં પોતાના લોક, જેઓનાં ઉપર તેઓ પ્રેમ રાખતા હતા, તેઓ પર અંત સુધી પ્રેમ રાખ્યો.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | δείπνου | γινομένου, | τοῦ | διαβόλου | ἤδη | βεβληκότος | εἰς | τὴν | καρδίαν |
| અને | ભોજન | થઈ-રહ્યુ-હતું | તે | શેતાનએ | પહેલેથી | નાખ્યું-હતું | તેના | તે | હૃદયમાં |
| G2532 | G1173 | G1096 | G3588 | G1228 | G2235 | G0906 | G1519 | G3588 | G2588 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ἵνα | παραδοῖ | αὐτὸν, | Ἰούδας, | Σίμωνος | Ἰσκαριώτου, |
| કે | દગો-કરે | તેમને | યહૂદા | સિમોનના-પુત્ર | ઇસ્કારિયોત |
| G2443 | G3860 | G0846 | G2455 | G4613 | G2469 |

તેઓ જમતા હતા તેવામાં, શેતાને તો અગાઉથી સિમોનના દીકરા યહૂદા ઇશ્કારિયોતના મનમાં તેમને પરસ્વાધીન કરવાનો વિચાર મૂક્યો હતો.

3

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εἰδὼς | ὅτι | πάντα | ἔδωκεν | αὐτῷ | ὁ | Πατὴρ | εἰς | τὰς | χεῖρας, | καὶ | ὅτι |
| જાણીને | કે | બધું | આપ્યું-છે | તેમને | તે | પિતાએ | તેમના | તે | હાથમાં | અને | કે |
| G1492 | G3754 | G3956 | G1325 | G0846 | G3588 | G3962 | G1519 | G3588 | G5495 | G2532 | G3754 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ἀπὸ | Θεοῦ | ἐξῆλθεν | καὶ | πρὸς | τὸν | Θεὸν | ὑπάγει, |
| ઈશ્વર-પાસેથી | ઈશ્વર | આવ્યા-હતા | અને | ઈશ્વર | તે | ઈશ્વર-પાસે | જાય-છે |
| G0575 | G2316 | G1831 | G2532 | G4314 | G3588 | G2316 | G5217 |

ઈસુએ જાણ્યું કે પિતાએ સઘળી વસ્તુઓ તેમના હાથમાં આપી છે, અને તે ઈશ્વરની પાસેથી આવ્યો છે અને ઈશ્વરની પાસે જાય છે.

4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐγείρεται | ἐκ | τοῦ | δείπνου, | καὶ | τίθησιν | τὰ | ἱμάτια, | καὶ | λαβὼν | λέντιον |
| ઊઠ્યા | તે | તે | ભોજનમાંથી | અને | ઉતાર્યાં | તે | વસ્ત્રો | અને | લઈને | રૂમાલ |
| G1453 | G1537 | G3588 | G1173 | G2532 | G5087 | G3588 | G2440 | G2532 | G2983 | G3012 |

| | |
|---|---|
| διέζωσεν | ἑαυτόν. |
| બાંધ્યો | પોતાને |
| G1241 | G1438 |

ઈસુ ભોજન સ્થળ પરથી ઊભા થયા અને પોતાનો ઝભ્ભો ઉતાર્યો; પછી તેમણે રૂમાલ લઈને પોતાની કમરે બાંધ્યો.

5

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εἶτα | βάλλει | ὕδωρ | εἰς | τὸν | νιπτῆρα, | καὶ | ἤρξατο | νίπτειν | τοὺς | πόδας | τῶν |
| પછી | રેડ્યું | પાણી | તે | તે | વાસણમાં | અને | શરૂ-કર્યું | ધોવા | તે | પગ | તે |
| G1534 | G0906 | G5204 | G1519 | G3588 | G3537 | G2532 | G0756 | G3538 | G3588 | G4228 | G3588 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| μαθητῶν, | καὶ | ἐκμάσσειν | τῷ | λεντίῳ | ᾧ | ἦν | διεζωσμένος, |
| શિષ્યોના | અને | લૂછવા | તે | રૂમાલથી | જે | હતો | બાંધેલો |
| G3101 | G2532 | G1591 | G3588 | G3012 | G3739 | G1510 | G1241 |

ત્યાર બાદ વાસણમાં પાણી લઈને, શિષ્યોના પગ ધોવા તથા જે રૂમાલ પોતાની કમરે બાંધ્યો હતો તેનાથી લૂંછવા લાગ્યા.

6

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἔρχεται | οὖν | πρὸς | Σίμωνα | Πέτρον, | λέγει | αὐτῷ, | Κύριε, | σύ | μου | νίπτεις |
| આવ્યા | પછી | તે | સિમોન | પેત્રોસ-પાસે | કહ્યુ | તેમને | પ્રભુ | તમે | મારા | ધોઓ-છો |
| G2064 | G3767 | G4314 | G4613 | G4074 | G3004 | G0846 | G2962 | G4771 | G1473 | G3538 |

| | |
|---|---|
| τοὺς | πόδας? |
| તે | પગ |
| G3588 | G4228 |

એ પ્રમાણે કરતા કરતા તે સિમોન પિતરની પાસે આવ્યા. ત્યારે સિમોને કહ્યુ કે, 'પ્રભુ, શું તમે મારા પગ ધૂઓ છો?"'

7

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀπεκρίθη | Ἰησοῦς | καὶ | εἶπεν | αὐτῷ, | Ὃ | ἐγὼ | ποιῶ | σὺ | οὐκ | οἶδας | ἄρτι, |
| ઉત્તર-આપ્યો | ઈસુએ | અને | કહ્યુ | તેને | જે | હું | કરું-છું | તું | નથી | જાણતો | હમણાં |
| G0611 | G2424 | G2532 | G3004 | G0846 | G3739 | G1473 | G4160 | G4771 | G3756 | G1492 | G0737 |

| | | | |
|---|---|---|---|
| γνώσῃ | δὲ | μετὰ | ταῦτα. |
| સમજીશ | પરંતુ | પછીથી | આ |
| G1097 | G1161 | G3326 | G3778 |

ઈસુએ તેને કહ્યુ કે, ‘હું જે કરું છું, તે તું હમણાં જાણતો નથી; પણ હવે પછી તું સમજશે.’”

8 λέγει αὐτῷ Πέτρος, Οὐ μὴ νίψῃς μου τοὺς πόδας, εἰς τὸν αἰῶνα.
કહ્યુ તેમને પેત્રોસે ક્યારેય-નહીં નહીં ધોશો મારા તે પગ ક્યારેય તે ક્યારેય
G3004 G0846 G4074 G3756 G3361 G3538 G1473 G3588 G4228 G1519 G3588 G0165

ἀπεκρίθη Ἰησοῦς αὐτῷ, Ἐὰν μὴ νίψω σε, οὐκ ἔχεις μέρος μετ’ ἐμοῦ.
ઉત્તર-આપ્યો ઈસુએ તેને જો નહીં ધોઉં તને નથી છે ભાગ મારી-સાથે મારો
G0611 G2424 G0846 G1437 G3361 G3538 G4771 G3756 G2192 G3313 G3326 G1473

પિતર તેમને કહે છે કે, ‘હું કદી તમને મારા પગ ધોવા દઈશ નહિ.’ ઈસુએ તેને કહ્યુ કે, ‘જો હું તને ન ધોઉં તો મારી સાથે તારે કંઈ લાગભાગ નથી.’”

9 λέγει αὐτῷ Σίμων Πέτρος, Κύριε, μὴ τοὺς πόδας μου μόνον, ἀλλὰ καὶ
કહ્યુ તેમને સિમોન પેત્રોસે પ્રભુ માત્ર-નહીં તે પગ મારા જ-નહીં પરંતુ પણ
G3004 G0846 G4613 G4074 G2962 G3361 G3588 G4228 G1473 G3440 G0235 G2532

τὰς χεῖρας καὶ τὴν κεφαλήν.
તે હાથ અને તે માથું
G3588 G5495 G2532 G3588 G2776

સિમોન પિતર તેને કહે છે કે, ‘પ્રભુ, એકલા મારા પગ જ નહિ, પણ મારા હાથ તથા મુખ પણ ધૂઓ.’”

10 λέγει αὐτῷ ‹ὁ› Ἰησοῦς, Ὁ λελουμένος οὐκ ἔχει χρείαν, εἰ μὴ
કહ્યુ તેમને તે ઈસુએ જે નાહેલો-છે તેને-નથી જરૂર જરૂર સિવાય કે
G3004 G0846 G3588 G2424 G3588 G3068 G3756 G2192 G5532 G1487 G3361

τοὺς πόδας νίψασθαι, ἀλλ’ ἔστιν καθαρὸς ὅλος; καὶ ὑμεῖς καθαροί ἐστε, ἀλλ’
તે પગ ધોવાની પણ છે શુદ્ધ સંપૂર્ણ અને તમે શુદ્ધ છો પરંતુ
G3588 G4228 G3538 G0235 G1510 G2513 G3650 G2532 G4771 G2513 G1510 G0235

οὐχὶ πάντες.
નહીં બધા
G3780 G3956

ઈસુ તેને કહે છે, ‘જેણે સ્નાન કર્યું છે, તેના પગ સિવાય બીજું કંઈ ધોવાની અગત્ય નથી, તે પૂરો શુદ્ધ છે; તમે શુદ્ધ છો, પણ બધા નહિ.

11 ᾔδει γὰρ τὸν παραδιδόντα αὐτόν; διὰ τοῦτο εἶπεν ὅτι, Οὐχὶ πάντες
જાણતા-હતા કારણ-કે તે દગાખોરને તેમના તેથી આ કહ્યુ કે નહીં બધા
G1492 G1063 G3588 G3860 G0846 G1223 G3778 G3004 G3754 G3780 G3956

καθαροί ἐστε.
શુદ્ધ છો
G2513 G1510

કેમ કે પોતાને પરસ્વાધીન કરનારને જાણતા હતા; માટે તેમણે કહ્યુ કે, ‘તમે બધા શુદ્ધ નથી.’”

12 Ὅτε οὖν ἔνιψεν τοὺς πόδας αὐτῶν, καὶ ἔλαβεν τὰ ἱμάτια αὐτοῦ, καὶ
જ્યારે પછી ધોયા તેઓના પગ તેઓના અને લીધાં તેમનાં વસ્ત્રો તેમનાં અને
G3753 G3767 G3538 G3588 G4228 G0846 G2532 G2983 G3588 G2440 G0846 G2532

ἀνέπεσεν πάλιν, εἶπεν αὐτοῖς, Γινώσκετε τί πεποίηκα ὑμῖν?
બેઠા-ફરીથી ફરીથી કહ્યુ તેઓને સમજો-છો શું કર્યું-છે તમને
G0377 G3825 G3004 G0846 G1097 G5101 G4160 G4771

એ પ્રમાણે તેઓના પગ ધોઈ રહ્યા પછી તેમણે પોતાનાં વસ્ત્રો પહેર્યા અને પાછા જમવા બેસીને તેઓને કહ્યુ કે, ‘મેં તમને શું કર્યું છે, તે તમે સમજો છો?’”

13 ὑμεῖς φωνεῖτέ με Ὁ Διδάσκαλος καὶ ὁ Κύριος, καὶ καλῶς λέγετε,
તમે બોલાવો-છો મને તે ગુરુ અને તે પ્રભુ અને સારું કહો-છો
G4771 G5455 G1473 G3588 G1320 G2532 G3588 G2962 G2532 G2573 G3004

εἰμὶ γάρ.
છું કારણ-કે
G1510 G1063

તમે મને ગુરુ તથા પ્રભુ કહો છો, અને તમે સાચું જ કહો છો, કેમ કે હું એ જ છું.'"

14

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εἰ | οὖν | ἐγὼ | ἔνιψα | ὑμῶν | τοὺς | πόδας, | ὁ | Κύριος | καὶ | ὁ | Διδάσκαλος, |
| જો | તો | મેં | ધોયા | તમારા | તે | પગ | તે | પ્રભુ | અને | તે | ગુરુએ |
| G1487 | G3767 | G1473 | G3538 | G4771 | G3588 | G4228 | G3588 | G2962 | G2532 | G3588 | G1320 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| καὶ | ὑμεῖς | ὀφείλετε | ἀλλήλων | νίπτειν | τοὺς | πόδας. |
| તો | તમારે-પણ | જોઈએ | એકબીજાના | ધોવા | તે | પગ |
| G2532 | G4771 | G3784 | G0240 | G3538 | G3588 | G4228 |

એ માટે મેં પ્રભુએ તથા ગુરુએ જો તમારા પગ ધોયા, તો તમારે પણ એકબીજાના પગ ધોવા જોઈએ.

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὑπόδειγμα | γὰρ | ἔδωκα | ὑμῖν, | ἵνα | καθὼς | ἐγὼ | ἐποίησα | ὑμῖν, | καὶ | ὑμεῖς |
| દાખલો | કારણ-કે | આપ્યો | તમને | કે | જેમ | મેં | કર્યું | તમને | તેમ | તમે-પણ |
| G5262 | G1063 | G1325 | G4771 | G2443 | G2531 | G1473 | G4160 | G4771 | G2532 | G4771 |

| |
|---|
| ποιῆτε. |
| કરો |
| G4160 |

કેમ કે જેવું મેં તમને કર્યું, તેવું તમે પણ કરો, એ માટે મેં તમને નમુનો આપ્યો છે.

16

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀμὴν | ἀμὴν | λέγω | ὑμῖν, | οὐκ | ἔστιν | δοῦλος | μείζων | τοῦ | κυρίου | αὐτοῦ, | οὐδὲ |
| ખરેખર | ખરેખર | કહું-છું | તમને | નથી | હોતો | દાસ | મોટો | તેના | માલિક-કરતાં | તેના | અને-ન |
| G0281 | G0281 | G3004 | G4771 | G3756 | G1510 | G1401 | G3173 | G3588 | G2962 | G0846 | G3761 |

| | | | | |
|---|---|---|---|---|
| ἀπόστολος | μείζων | τοῦ | πέμψαντος | αὐτόν. |
| મોકલેલો | મોટો | તેના | મોકલનાર-કરતાં | તેનો |
| G0652 | G3173 | G3588 | G3992 | G0846 |

હું તમને નિશ્ચે કહું છું કે, 'નોકર પોતાના શેઠ કરતાં મોટો નથી; અને જે મોકલાયેલો છે તે પોતાના મોકલનાર કરતાં મોટો નથી.'"

17

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| εἰ | ταῦτα | οἴδατε, | μακάριοί | ἐστε | ἐὰν | ποιῆτε | αὐτά. |
| જો | આ-બાબતો | જાણો-છો | ધન્ય | છો | જો | કરો | તે |
| G1487 | G3778 | G1492 | G3107 | G1510 | G1437 | G4160 | G0846 |

જો તમે એ બાબતો જાણીને તેઓનું અનુકરણ કરો, તો તમે આશીર્વાદિત છો.

18

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| οὐ | περὶ | πάντων | ὑμῶν | λέγω. | ἐγὼ | οἶδα | τίνας | ἐξελεξάμην, | ἀλλ' | ἵνα | ἡ |
| નથી | વિશે | બધાના | તમારા | કહેતો | હું | જાણું-છું | કોને | પસંદ-કર્યા | પરંતુ | કે | તે |
| G3756 | G4012 | G3956 | G4771 | G3004 | G1473 | G1492 | G5101 | G1586 | G0235 | G2443 | G3588 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| γραφὴ | πληρωθῇ, | Ὁ | τρώγων | μου | τὸν | ἄρτον, | ἐπῆρεν | ἐπ' | ἐμὲ | τὴν |
| શાસ્ત્ર | પૂર્ણ-થાય | જે | ખાનાર | મારી | તે | રોટલી | ઉઠાવી | મારી-વિરુદ્ધ | મારી | તેની |
| G1124 | G4137 | G3588 | G5176 | G1473 | G3588 | G0740 | G1869 | G1909 | G1473 | G3588 |

| | |
|---|---|
| πτέρναν | αὐτοῦ. |
| એડી | તેની |
| G4418 | G0846 |

હું તમારા સઘળાં સંબંધી નથી કહેતો; જેઓને મેં પસંદ કર્યા છે તેઓને હું જાણું છું; એ લખેલું પૂરું થાય માટે એમ થવું જોઈએ 'પણ જે મારી સાથે રોટલી ખાય છે, તેણે મારી વિરુદ્ધ પોતાની લાત ઉગામી છે.'"

19

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀπ' | ἄρτι | λέγω | ὑμῖν, | πρὸ | τοῦ | γενέσθαι, | ἵνα | πιστεύσητε | ὅταν | γένηται, |
| અત્યારથી | હમણાં | કહું-છું | તમને | બનતાં | તે | પહેલાં | જેથી | વિશ્વાસ-કરો | જ્યારે | બને |
| G0575 | G0737 | G3004 | G4771 | G4253 | G3588 | G1096 | G2443 | G4100 | G3752 | G1096 |

| | | |
|---|---|---|
| ὅτι | ἐγώ | εἰμι. |
| કે | હું | છું |
| G3754 | G1473 | G1510 |

એ બીના બન્યા પહેલાં હું તમને કહું છું એ માટે કે, 'જયારે એ બાબત થાય, ત્યારે તમે વિશ્વાસ કરો, કે હું તે છું.'"

20 ἀμὴν ἀμὴν λέγω ὑμῖν, ὁ λαμβάνων ἄν τινα πέμψω, ἐμὲ λαμβάνει;
ખરેખર ખરેખર કહું-છું તમને જે સ્વીકારે કોઈ-પણ કોઈને મોકલું મને સ્વીકારે-છે
G0281 G0281 G3004 G4771 G3588 G2983 G0302 G5100 G3992 G1473 G2983

ὁ δὲ ἐμὲ λαμβάνων, λαμβάνει τὸν πέμψαντά με.
અને-જે તે મને સ્વીકારે-છે સ્વીકારે-છે તે મોકલનારને મને
G3588 G1161 G1473 G2983 G2983 G3588 G3992 G1473

નિશ્ચે હું તમને કહું છું કે, 'જે કોઈને હું મોકલું છું તેનો અંગીકાર જે કરે છે, તે મારો અંગીકાર કરે છે; અને જે મારો અંગીકાર કરે છે તે મને મોકલનારનો અંગીકાર કરે છે.

21 Ταῦτα εἰπὼν, ‹ὁ› Ἰησοῦς ἐταράχθη τῷ πνεύματι, καὶ ἐμαρτύρησεν καὶ
આ-વાતો કહીને તે ઈસુ વ્યાકુળ-થયા તેમના આત્મામાં અને સાક્ષી-આપી અને
G3778 G3004 G3588 G2424 G5015 G3588 G4151 G2532 G3140 G2532

εἶπεν, Ἀμὴν ἀμὴν λέγω ὑμῖν, ὅτι εἷς ἐξ ὑμῶν παραδώσει με.
કહ્યુ ખરેખર ખરેખર કહું-છું તમને કે એક તમારામાંથી તમારા દગો-કરશે મને
G3004 G0281 G0281 G3004 G4771 G3754 G1520 G1537 G4771 G3860 G1473

એમ કહ્યાં પછી ઈસુ આત્મામાં વ્યાકુળ થયા; અને ગંભીરતાથી કહ્યુ કે, હું તમને નિશ્ચે કહું છું કે, 'તમારામાંનો એક મને પરસ્વાધીન કરશે.

22 ἔβλεπον εἰς ἀλλήλους οἱ μαθηταὶ, ἀπορούμενοι περὶ τίνος λέγει.
જોવા-લાગ્યા તરફ એકબીજાની તે શિષ્યો મૂંઝાતા વિશે કોના કહે-છે
G0991 G1519 G0240 G3588 G3101 G0639 G4012 G5101 G3004

તે કોને વિષે બોલે છે એ સંબંધી શિષ્યોએ આશ્ચર્યથી એકબીજા તરફ જોયું.

23 ἦν ἀνακείμενος εἷς ἐκ τῶν μαθητῶν αὐτοῦ, ἐν τῷ κόλπῳ τοῦ
હતા બેઠેલા એક તેમના તે શિષ્યોમાંનો તેમનો તે તે ખોળામાં તે
G1510 G0345 G1520 G1537 G3588 G3101 G0846 G1722 G3588 G2859 G3588

Ἰησοῦ, ὃν ἠγάπα ὁ Ἰησοῦς.
ઈસુના જેને પ્રેમ-કરતા-હતા તે ઈસુ
G2424 G3739 G0025 G3588 G2424

હવે જમણ સમયે તેમના શિષ્યોમાંનો એક, જેનાં પર ઈસુ પ્રેમ રાખતા હતા, તે ઈસુની છાતીએ અઢેલીને બેઠો હતો.

24 νεύει οὖν τούτῳ Σίμων Πέτρος, □καὶ λέγει αὐτῷ□, πυθέσθαι τίς ‹ἂν›
ઈશારો-કર્યો તો આ-શિષ્યને સિમોન પેત્રોસે અને કહ્યુ તેને પૂછવા કોણ હશે
G3506 G3767 G3778 G4613 G4074 G2532 G3004 G0846 G4441 G5101 G0302

εἴη περὶ οὗ λέγει?
હોય વિશે જેના કહે-છે
G1510 G4012 G3739 G3004

સિમોન પિતર તેને ઇશારો કરીને કહે છે કે, 'તેઓ કોનાં વિષે બોલે છે, તે અમને કહે.'"

25 ἀναπεσὼν [οὖν] ἐκεῖνος οὕτως ἐπὶ τὸ στῆθος τοῦ Ἰησοῦ, λέγει αὐτῷ,
ઢળીને પછી તે આ-રીતે તે તે છાતી-પર તે ઈસુની કહ્યુ તેમને
G0377 G3767 G1565 G3779 G1909 G3588 G4738 G3588 G2424 G3004 G0846

Κύριε, τίς ἐστιν?
પ્રભુ કોણ છે
G2962 G5101 G1510

ત્યારે તે જેમ ઈસુની છાતીએ અઢેલીને બેઠો હતો, તેમ ને તેમ જ તેમને પૂછે છે કે, 'પ્રભુ, તે કોણ છે?'"

26

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀποκρίνεται | □οὖν□ | ὁ | Ἰησοῦς, | Ἐκεῖνός | ἐστιν | ᾧ | ἐγὼ, | βάψω | τὸ | ψωμίον, |
| ઉત્તર–આપ્યો | તો | તે | ઈસુએ | તે–છે | છે | જેને | હું | બોળીશ | તે | કોળિયો |
| G0611 | G3767 | G3588 | G2424 | G1565 | G1510 | G3739 | G1473 | G0911 | G3588 | G5596 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | δώσω. | αὐτῷ | βάψας | οὖν | τὸ | ψωμίον, | λαμβάνει | καὶ | δίδωσιν | Ἰούδᾳ, |
| અને | આપીશ | તેને | બોળીને | પછી | તે | કોળિયો | લે–છે | અને | આપે–છે | યહૂદાને |
| G2532 | G1325 | G0846 | G0911 | G3767 | G3588 | G5596 | G2983 | G2532 | G1325 | G2455 |

| | |
|---|---|
| Σίμωνος | Ἰσκαριώτου. |
| સિમોનના–પુત્ર | ઇસ્કારિયોત |
| G4613 | G2469 |

ઈસુ કહે છે કે, 'હું કોળિયો બોળીને જેને આપીશ, તે જ તે છે.' પછી તેઓ કોળિયો લઈને તે સિમોન ઇશ્કારિયોતના દીકરા યહૂદાને આપે છે.

27

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | μετὰ | τὸ | ψωμίον, | τότε | εἰσῆλθεν | εἰς | ἐκεῖνον | ὁ | Σατανᾶς. | λέγει |
| અને | પછી | તે | કોળિયા–પછી | ત્યારે | પ્રવેશ્યો | તેનામાં | તે | તે | શેતાન | કહ્યુ |
| G2532 | G3326 | G3588 | G5596 | G5119 | G1525 | G1519 | G1565 | G3588 | G4567 | G3004 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| οὖν | αὐτῷ | ‹ὁ› | Ἰησοῦς, | Ὃ | ποιεῖς, | ποίησον | τάχιον. |
| પછી | તેને | તે | ઈસુએ | જે | કરે–છે | જલ્દી–કર | વહેલું |
| G3767 | G0846 | G3588 | G2424 | G3739 | G4160 | G4160 | G5032 |

અને કોળિયો લીધા પછી તેનામાં શેતાન આવ્યો, માટે ઈસુ તેને કહે છે કે, 'જે તું કરવાનો છે, તે જલદી કર.'"

28

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| τοῦτο | δὲ | οὐδεὶς | ἔγνω, | τῶν | ἀνακειμένων, | πρὸς | τί | εἶπεν | αὐτῷ; |
| આ | પરંતુ | કોઈ | સમજ્યું–નહીં | તે | બેઠેલાઓમાંથી | શા–માટે | શું | કહ્યુ | તેને |
| G3778 | G1161 | G3762 | G1097 | G3588 | G0345 | G4314 | G5101 | G3004 | G0846 |

હવે તેમણે તેને શા માટે એ કહ્યુ એ જમવા બેઠેલાઓમાંથી કોઈ સમજ્યો નહિ.

29

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| τινὲς | γὰρ | ἐδόκουν, | ἐπεὶ | τὸ | γλωσσόκομον | εἶχεν | Ἰούδας, | ὅτι | λέγει |
| કેટલાક | કારણ–કે | વિચારતા–હતા | કારણ–કે | તે | પૈસાની–થેલી | રાખતો–હતો | યહૂદા | કે | કહે–છે |
| G5100 | G1063 | G1380 | G1893 | G3588 | G1101 | G2192 | G2455 | G3754 | G3004 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| αὐτῷ | ‹ὁ› | Ἰησοῦς, | Ἀγόρασον | ὧν | χρείαν | ἔχομεν, | εἰς | τὴν | ἑορτήν; | ἢ |
| તેને | તે | ઈસુ | ખરીદ | જેની | જરૂર | છે–આપણને | તે | તે | તહેવાર–માટે | અથવા |
| G0846 | G3588 | G2424 | G0059 | G3739 | G5532 | G2192 | G1519 | G3588 | G1859 | G2228 |

| | | | | |
|---|---|---|---|---|
| τοῖς | πτωχοῖς, | ἵνα | τι | δῷ. |
| તે | ગરીબોને | કે | કંઈક | આપે |
| G3588 | G4434 | G2443 | G5100 | G1325 |

કેમ કે કેટલાકે એમ ધાર્યું કે, યહૂદાની પાસે થેલી છે તેથી ઈસુએ તેને કહ્યુ કે, પર્વને માટે આપણને જેની અગત્ય છે તે ખરીદવાને અથવા ગરીબોને કંઈ આપવાનું કહ્યુ.

30

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| λαβὼν | οὖν | τὸ | ψωμίον, | ἐκεῖνος | ἐξῆλθεν | εὐθύς; | ἦν | δὲ | νύξ. |
| લઈને | પછી | તે | કોળિયો | તે | ગયો–બહાર | તરત | હતી | અને | રાત |
| G2983 | G3767 | G3588 | G5596 | G1565 | G1831 | G2112 | G1510 | G1161 | G3571 |

ત્યારે કોળિયો લઈને તે તરત બહાર ગયો; અને તે સમયે રાત હતી.

31

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Ὅτε | οὖν | ἐξῆλθεν, | λέγει | Ἰησοῦς, | Νῦν | ἐδοξάσθη | ὁ | Υἱὸς | τοῦ | ἀνθρώπου, |
| જ્યારે | પછી | ગયો | કહ્યુ | ઈસુએ | હવે | મહિમા–પામ્યો | તે | પુત્ર | તે | માણસનો |
| G3753 | G3767 | G1831 | G3004 | G2424 | G3568 | G1392 | G3588 | G5207 | G3588 | G0444 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| καὶ | ὁ | Θεὸς | ἐδοξάσθη | ἐν | αὐτῷ. |
| અને | તે | ઈશ્વર | મહિમા–પામ્યા | તેનામાં | તેમનામાં |
| G2532 | G3588 | G2316 | G1392 | G1722 | G0846 |

જયારે તે બહાર ગયો, ત્યારે ઈસુ કહે છે કે, ‘હવે માણસનો દીકરો મહિમાવાન થયો છે, તેનામાં ઈશ્વર મહિમાવાન થયા છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 32 | εἰ | ὁ | Θεὸς | ἐδοξάσθη | ἐν | αὐτῷ, | καὶ | ὁ | Θεὸς | δοξάσει | αὐτὸν |
| | જો | તે | ઈશ્વર | મહિમા-પામ્યા | તેમનામાં | તેનામાં | તો | તે | ઈશ્વર-પણ | મહિમા-આપશે | તેને |
| | G1487 | G3588 | G2316 | G1392 | G1722 | G0846 | G2532 | G3588 | G2316 | G1392 | G0846 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ἐν | αὐτῷ, | καὶ | εὐθὺς | δοξάσει | αὐτόν. |
| તેમનામાં | પોતાનામાં | અને | તરત-જ | મહિમા-આપશે | તેને |
| G1722 | G0848 | G2532 | G2112 | G1392 | G0846 |

ઈશ્વર તેને પોતામાં મહિમાવાન કરશે અને તેને વહેલો મહિમાવાન કરશે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 33 | τεκνία, | ἔτι | μικρὸν | μεθ’ | ὑμῶν | εἰμι. | ζητήσετέ | με; | καί, | καθὼς | εἶπον |
| | બાળકો | હજુ | થોડા-સમય | તમારી-સાથે | તમારી | છું | શોધશો | મને | અને | જેમ | કહ્યુ-હતું |
| | G5040 | G2089 | G3398 | G3326 | G4771 | G1510 | G2212 | G1473 | G2532 | G2531 | G3004 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| τοῖς | Ἰουδαίοις, | ὅτι | Ὅπου | ἐγὼ | ὑπάγω, | ὑμεῖς | οὐ | δύνασθε | ἐλθεῖν; | καὶ |
| તે | યહૂદીઓને | કે | જ્યાં | હું | જાઉં-છું | તમે | નથી | શકતા | આવી | તે |
| G3588 | G2453 | G3754 | G3699 | G1473 | G5217 | G4771 | G3756 | G1410 | G2064 | G2532 |

| | | |
|---|---|---|
| ὑμῖν | λέγω | ἄρτι. |
| તમને-પણ | કહું-છું | હમણાં |
| G4771 | G3004 | G0737 |

આ નાનાં બાળકો, હવે પછી થોડા સમય સુધી હું તમારી સાથે છું; તમે મને શોધશો.’ જેમ મેં યહૂદીઓને કહ્યુ હતું કે, ‘જ્યાં હું જાઉં છું ત્યાં તમે આવી શકતા નથી, તેમ હું હમણાં તમને પણ કહું છું.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 34 | ἐντολὴν | καινὴν | δίδωμι | ὑμῖν, | ἵνα | ἀγαπᾶτε | ἀλλήλους; | καθὼς | ἠγάπησα | ὑμᾶς, |
| | આજ્ઞા | નવી | આપું-છું | તમને | કે | પ્રેમ-કરો | એકબીજાને | જેમ | પ્રેમ-કર્યો | તમને |
| | G1785 | G2537 | G1325 | G4771 | G2443 | G0025 | G0240 | G2531 | G0025 | G4771 |

| | | | | |
|---|---|---|---|---|
| ἵνα | καὶ | ὑμεῖς | ἀγαπᾶτε | ἀλλήλους. |
| તેમ | તે | તમે-પણ | પ્રેમ-કરો | એકબીજાને |
| G2443 | G2532 | G4771 | G0025 | G0240 |

‘હું તમને નવી આજ્ઞા આપું છું, કે તમે એકબીજા પર પ્રેમ રાખો,

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 35 | ἐν | τούτῳ | γνώσονται | πάντες | ὅτι | ἐμοὶ | μαθηταί | ἐστε, | ἐὰν | ἀγάπην | ἔχητε |
| | આનાથી | આ | ઓળખશે | બધા | કે | મારા | શિષ્યો | છો | જો | પ્રેમ | રાખો |
| | G1722 | G3778 | G1097 | G3956 | G3754 | G1699 | G3101 | G1510 | G1437 | G0026 | G2192 |

| | |
|---|---|
| ἐν | ἀλλήλοις. |
| એકબીજા | માટે |
| G1722 | G0240 |

જો એકબીજા પર તમે પ્રેમ રાખો તો તેથી સર્વ માણસો જાણશે કે તમે મારા શિષ્યો છો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 36 | Λέγει | αὐτῷ | Σίμων | Πέτρος, | Κύριε, | ποῦ | ὑπάγεις? | ἀπεκρίθη | [αὐτῷ] | Ἰησοῦς, |
| | કહ્યુ | તેમને | સિમોન | પેત્રોસે | પ્રભુ | ક્યાં | જાઓ-છો | ઉત્તર-આપ્યો | તેને | ઈસુએ |
| | G3004 | G0846 | G4613 | G4074 | G2962 | G4226 | G5217 | G0611 | G0846 | G2424 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Ὅπου | ὑπάγω, | οὐ | δύνασαί | μοι | νῦν | ἀκολουθῆσαι; | ἀκολουθήσεις | δὲ |
| જ્યાં | જાઉં-છું | નથી | શકતો | મારી-પાછળ | હમણાં | આવવા | આવીશ | પરંતુ |
| G3699 | G5217 | G3756 | G1410 | G1473 | G3568 | G0190 | G0190 | G1161 |

| |
|---|
| ὕστερον. |
| પછીથી |
| G5305 |

સિમોન પિતર તેમને કહે છે કે, 'પ્રભુ, તમે ક્યાં જાઓ છો? ઈસુએ કહ્યું, 'જ્યાં હું જાઉં છું, ત્યાં તું હમણાં મારી પાછળ આવી શકતો નથી; પણ પછી મારી પાછળ આવીશ.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 37 | λέγει | αὐτῷ | ‹ὁ› | Πέτρος, | Κύριε, | διὰ | τί | οὐ | δύναμαί | σοι |
| | કહ્યુ | તેમને | તે | પેત્રોસે | પ્રભુ | શા-માટે | કેમ | નથી | શકતો | તમારી-પાછળ |
| | G3004 | G0846 | G3588 | G4074 | G2962 | G1223 | G5101 | G3756 | G1410 | G4771 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ἀκολουθῆσαι | ἄρτι? | τὴν | ψυχήν | μου | ὑπὲρ | σοῦ | θήσω. |
| આવવા | હમણાં | મારો | જીવ | મારો | તમારા-માટે | તમારા | આપીશ |
| G0190 | G0737 | G3588 | G5590 | G1473 | G5228 | G4771 | G5087 |

પિતર તેમને કહે છે કે, 'પ્રભુ, હું હમણાં જ તમારી પાછળ કેમ આવી શકતો નથી? તમારે માટે હું મારો જીવ પણ આપીશ.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 38 | ἀποκρίνεται | Ἰησοῦς, | Τὴν | ψυχήν | σου | ὑπὲρ | ἐμοῦ | θήσεις? | ἀμὴν | ἀμὴν | λέγω |
| | ઉત્તર-આપ્યો | ઈસુએ | તારો | જીવ | તારો | મારા-માટે | મારા | આપીશ | ખરેખર | ખરેખર | કહું-છું |
| | G0611 | G2424 | G3588 | G5590 | G4771 | G5228 | G1473 | G5087 | G0281 | G0281 | G3004 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| σοι, | οὐ | μὴ | ἀλέκτωρ | φωνήσῃ, | ἕως | οὗ | ἀρνήσῃ | με | τρίς. |
| તને | ક્યારેય-નહીં | નહીં | મરઘો | બોલે | ત્યાં-સુધી | કે | નકારીશ | મને | ત્રણ-વાર |
| G4771 | G3756 | G3361 | G0220 | G5455 | G2193 | G3739 | G0720 | G1473 | G5151 |

ઈસુ કહે છે કે, 'શું તું મારે માટે તારો જીવ આપશે?' હું તને નિશ્ચે કહું છું કે, "મરઘો બોલ્યા અગાઉ તું ત્રણ વાર મારો નકાર કરશે.'"

# Chapter 14

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Μὴ | ταρασσέσθω | ὑμῶν | ἡ | καρδία; | πιστεύετε | εἰς | τὸν | Θεόν, | καὶ | εἰς |
| | ના | વ્યાકુળ-થાઓ | તમારું | તે | હૃદય | વિશ્વાસ-કરો | તે | તે | ઈશ્વર-પર | અને | તે |
| | G3361 | G5015 | G4771 | G3588 | G2588 | G4100 | G1519 | G3588 | G2316 | G2532 | G1519 |

| | |
|---|---|
| ἐμὲ | πιστεύετε. |
| મારા-પર | વિશ્વાસ-કરો |
| G1473 | G4100 |

'તમારા હૃદયોને વ્યાકુળ થવા ન દો; તમે ઈશ્વર પર વિશ્વાસ રાખો છો, મારા પર પણ વિશ્વાસ રાખો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | ἐν | τῇ | οἰκίᾳ | τοῦ | Πατρός | μου, | μοναὶ | πολλαί | εἰσιν; | εἰ | δὲ | μή, |
| | તે | તે | ઘરમાં | તે | પિતાના | મારા | સ્થાનો | ઘણાં | છે | જો | તે | ન-હોત |
| | G1722 | G3588 | G3614 | G3588 | G3962 | G1473 | G3438 | G4183 | G1510 | G1487 | G1161 | G3361 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| εἶπον | ἂν | ὑμῖν | ὅτι, | πορεύομαι | ἑτοιμάσαι | τόπον | ὑμῖν? |
| કહ્યુ-હોત | શું | તમને | કે | જાઉં-છું | તૈયાર-કરવા | સ્થાન | તમારા-માટે |
| G3004 | G0302 | G4771 | G3754 | G4198 | G2090 | G5117 | G4771 |

મારા પિતાના ઘરમાં રહેવા માટે ઘણી જગ્યાઓ છે, ના હોત તો હું તમને કહેત; હું તો તમારે માટે જગ્યા તૈયાર કરવાને જાઉં છું.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | καὶ | ἐὰν | πορευθῶ | καὶ | ἑτοιμάσω | τόπον | ὑμῖν, | πάλιν | ἔρχομαι | καὶ |
| | અને | જો | જાઉં | અને | તૈયાર-કરું | સ્થાન | તમારા-માટે | ફરીથી | આવીશ | અને |
| | G2532 | G1437 | G4198 | G2532 | G2090 | G5117 | G4771 | G3825 | G2064 | G2532 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| παραλήμψομαι | ὑμᾶς | πρὸς | ἐμαυτόν, | ἵνα | ὅπου | εἰμὶ | ἐγὼ, | καὶ | ὑμεῖς | ἦτε. |
| લઈ-જઈશ | તમને | તે | મારી-પાસે | કે | જ્યાં | છું | હું | ત્યાં | તમે-પણ | હો |
| G3880 | G4771 | G4314 | G1683 | G2443 | G3699 | G1510 | G1473 | G2532 | G4771 | G1510 |

હું જઈને તમારે માટે જગા તૈયાર કરીશ, પછી હું પાછો આવીશ અને તમને મારી પાસે લઈ જઈશ, એ માટે કે જ્યાં હું રહું છું ત્યાં તમે પણ રહો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 4 | καὶ | ὅπου | ἐγὼ | ὑπάγω, | οἴδατε | τὴν | ὁδόν. |
| | અને | જ્યાં | હું | જાઉં-છું | જાણો-છો | તે | માર્ગ |
| | G2532 | G3699 | G1473 | G5217 | G1492 | G3588 | G3598 |

હું જ્યાં જાઉં છું ત્યાંનો માર્ગ તમે જાણો છો.'"

5 Λέγει αὐτῷ Θωμᾶς, Κύριε, οὐκ οἴδαμεν ποῦ ὑπάγεις; πῶς δυνάμεθα τὴν
કહ્યુ તેમને થોમાએ પ્રભુ નથી જાણતા ક્યાં જાઓ-છો કેમ શકીએ તે
G3004 G0846 G2381 G2962 G3756 G1492 G4226 G5217 G4459 G1410 G3588

ὁδὸν ‹εἰδέναι›?
માર્ગ જાણી
G3598 G1492

થોમા તેમને કહે છે કે, 'પ્રભુ, તમે ક્યાં જાઓ છો, તે અમે જાણતા નથી; ત્યારે અમે માર્ગ કેવી રીતે જાણીએ?'"

6 λέγει αὐτῷ ‹ὁ› Ἰησοῦς, Ἐγώ εἰμι ἡ ὁδὸς, καὶ ἡ ἀλήθεια, καὶ
કહ્યુ તેમને તે ઈસુએ હું છું તે માર્ગ અને તે સત્ય અને
G3004 G0846 G3588 G2424 G1473 G1510 G3588 G3598 G2532 G3588 G0225 G2532

ἡ ζωή. οὐδεὶς ἔρχεται πρὸς τὸν Πατέρα, εἰ μὴ δι' ἐμοῦ.
તે જીવન કોઈ આવતું-નથી તે તે પિતા-પાસે સિવાય કે મારા દ્વારા
G3588 G2222 G3762 G2064 G4314 G3588 G3962 G1487 G3361 G1223 G1473

ઈસુ તેને કહે છે કે, 'માર્ગ, સત્ય તથા જીવન હું છું; મારા આશ્રય વિના પિતાની પાસે કોઈ આવતું નથી.

7 εἰ ἐγνώκειτέ με, καὶ τὸν Πατέρα μου ‹ἂν ᾔδειτε›; ἀπ' ἄρτι
જો ઓળખ્યો-હોત મને તો તે પિતાને મારા પણ ઓળખ્યા-હોત અત્યારથી હવે
G1487 G1097 G1473 G2532 G3588 G3962 G1473 G0302 G1492 G0575 G0737

γινώσκετε αὐτὸν, καὶ ἑωράκατε ‹αὐτόν›.
ઓળખો-છો તેમને અને જોયા-છે તેમને
G1097 G0846 G2532 G3708 G0846

તમે જો મને ઓળખત તો મારા પિતાને પણ ઓળખત; હવેથી તમે તેમને ઓળખો છો અને તેમને જોયા છે.

8 Λέγει αὐτῷ Φίλιππος, Κύριε, δεῖξον ἡμῖν τὸν Πατέρα, καὶ ἀρκεῖ ἡμῖν.
કહ્યુ તેમને ફિલિપે પ્રભુ બતાવો અમને તે પિતાને અને પૂરતું-છે અમને
G3004 G0846 G5376 G2962 G1166 G1473 G3588 G3962 G2532 G0714 G1473

ફિલિપ તેમને કહે છે કે, 'પ્રભુ, અમને પિતા દેખાડો, એ અમારે માટે પૂરતું છે.

9 λέγει αὐτῷ ὁ Ἰησοῦς, Τοσοῦτῳ χρόνῳ μεθ' ὑμῶν εἰμι, καὶ οὐκ
કહ્યુ તેમને તે ઈસુએ આટલા સમયથી તમારી-સાથે તમારી છું અને નથી
G3004 G0846 G3588 G2424 G5118 G5550 G3326 G4771 G1510 G2532 G3756

ἔγνωκάς με, Φίλιππε? ὁ ἑωρακὼς ἐμὲ, ἑώρακεν τὸν Πατέρα; πῶς σὺ
ઓળખ્યો મને ફિલિપ જેણે જોયો મને જોયા-છે તે પિતાને કેમ તું
G1097 G1473 G5376 G3588 G3708 G1473 G3708 G3588 G3962 G4459 G4771

λέγεις, Δεῖξον ἡμῖν τὸν Πατέρα?
કહે-છે બતાવો અમને તે પિતાને
G3004 G1166 G1473 G3588 G3962

ઈસુ તેને કહે છે કે, 'ફિલિપ, લાંબા સમય સુધી હું તમારી સાથે રહ્યો છું, તોપણ શું તું મને ઓળખતો નથી? જેણે મને જોયો છે તેણે પિતાને જોયા છે; તો તું શા માટે કહે છે કે, 'અમને પિતા દેખાડો?

10 οὐ πιστεύεις ὅτι ἐγὼ ἐν τῷ Πατρὶ, καὶ ὁ Πατὴρ ἐν ἐμοί
શું-નથી વિશ્વાસ-કરતો કે હું તે તે પિતામાં અને તે પિતા તે મારામાં
G3756 G4100 G3754 G1473 G1722 G3588 G3962 G2532 G3588 G3962 G1722 G1473

ἐστιν? τὰ ῥήματα ἃ ἐγὼ λέγω ὑμῖν, ἀπ' ἐμαυτοῦ οὐ λαλῶ; ὁ δὲ
છે તે વચનો જે હું કહું-છું તમને મારી પોતાની-રીતે નથી બોલતો તે પરંતુ
G1510 G3588 G4487 G3739 G1473 G3004 G4771 G0575 G1683 G3756 G2980 G3588 G1161

Πατὴρ ἐν ἐμοὶ μένων, ποιεῖ τὰ ἔργα αὐτοῦ.
પિતા તે મારામાં રહીને કરે-છે તે કામો તેમના
G3962 G1722 G1473 G3306 G4160 G3588 G2041 G0846

હું બાપમાં છું અને બાપ મારામાં છે, એવો વિશ્વાસ તું કરે છે કે નહિ? જે વાતો હું તમને કહું છું તે હું મારા પોતાના તરફથી નથી કહેતો; પણ પિતા મારામાં રહીને પોતાના કામ કરે છે.

11 πιστεύετέ μοι ὅτι ἐγὼ ἐν τῷ Πατρὶ, καὶ ὁ Πατὴρ ἐν ἐμοί;
વિશ્વાસ-કરો મને કે હું તે તે પિતામાં અને તે પિતા તે મારામાં
G4100 G1473 G3754 G1473 G1722 G3588 G3962 G2532 G3588 G3962 G1722 G1473

εἰ δὲ μή διὰ τὰ ἔργα αὐτὰ, πιστεύετε.
નહીંતર તો છતાં માટે તે કામોને-લીધે પોતે વિશ્વાસ-કરો
G1487 G1161 G3361 G1223 G3588 G2041 G0846 G4100

હું બાપમાં છું અને બાપ મારામાં છે, એવો વિશ્વાસ મારા પર કરો, નહિ તો કામોને જ લીધે મારા પર વિશ્વાસ રાખો.'"

12 ἀμὴν ἀμὴν λέγω ὑμῖν, ὁ πιστεύων εἰς ἐμὲ, τὰ ἔργα ἃ ἐγὼ ποιῶ,
ખરેખર ખરેખર કહું-છું તમને જે વિશ્વાસ-કરે તે મારામાં તે કામો જે હું કરું-છું
G0281 G0281 G3004 G4771 G3588 G4100 G1519 G1473 G3588 G2041 G3739 G1473 G4160

κἀκεῖνος ποιήσει, καὶ μείζονα τούτων ποιήσει, ὅτι ἐγὼ πρὸς τὸν Πατέρα
તે-પણ કરશે અને મોટાં-કામો આ-કરતાં કરશે કારણ-કે હું તે તે પિતા-પાસે
G2548 G4160 G2532 G3173 G3778 G4160 G3754 G1473 G4314 G3588 G3962

πορεύομαι.
જાઉં-છું
G4198

હું તમને સાચે જ કહું છું કે, 'હું જે કામો કરું છું તે જ મારા પર વિશ્વાસ કરનાર પણ કરશે અને એના કરતાં પણ મોટાં કામો કરશે, કેમ કે હું પિતાની પાસે જાઉં છું.

13 καὶ ὅ¦τι ἂν αἰτήσητε ἐν τῷ ὀνόματί μου, τοῦτο ποιήσω, ἵνα
અને જે-કંઈ પણ માગશો તે તે નામે મારા તે કરીશ કે
G2532 G3754 G0302 G0154 G1722 G3588 G3686 G1473 G3778 G4160 G2443

δοξασθῇ ὁ Πατὴρ ἐν τῷ Υἱῷ.
મહિમા-પામે તે પિતા તે તે પુત્રમાં
G1392 G3588 G3962 G1722 G3588 G5207

જે કંઈ મારે નામે તમે માગશો, તે હું કરીશ, એ માટે કે પિતા દીકરામાં મહિમાવાન થાય.

14 ἐάν τι αἰτήσητέ με ἐν τῷ ὀνόματί μου, ἐγὼ ποιήσω.
જો કંઈ માગશો મને તે તે નામે મારા હું કરીશ
G1437 G5100 G0154 G1473 G1722 G3588 G3686 G1473 G1473 G4160

જો તમે મારે નામે મારી પાસે કંઈ માગશો તો તે પ્રમાણે હું કરીશ.

15 Ἐὰν ἀγαπᾶτέ με, τὰς ἐντολὰς τὰς ἐμὰς τηρήσετε.
જો પ્રેમ-કરો મને તે આજ્ઞાઓ તે મારી પાળશો
G1437 G0025 G1473 G3588 G1785 G3588 G1699 G5083

જો તમે મારા પર પ્રેમ કરતા હો તો મારી આજ્ઞાઓ પાળશો.

16 κἀγὼ ἐρωτήσω τὸν Πατέρα, καὶ ἄλλον Παράκλητον δώσει ὑμῖν, ἵνα ᾖ
અને-હું વિનંતી-કરીશ તે પિતાને અને બીજા સહાયક આપશે તમને કે રહે
G2504 G2065 G3588 G3962 G2532 G0243 G3875 G1325 G4771 G2443 G1510

«μεθ’ ὑμῶν, εἰς τὸν αἰῶνα»,
તમારી-સાથે તમારી તે તે સદાકાળ
G3326 G4771 G1519 G3588 G0165

અને હું પિતાને પ્રાર્થના કરીશ અને તે તમને બીજા એક સહાયક તમારી પાસે સદા રહેવા માટે આપશે,

17 τὸ Πνεῦμα τῆς ἀληθείας, ὃ ὁ κόσμος οὐ δύναται λαβεῖν, ὅτι
તે આત્મા તે સત્યનો જેને તે જગત નથી શકતું સ્વીકારી કારણ-કે
G3588 G4151 G3588 G0225 G3739 G3588 G2889 G3756 G1410 G2983 G3754

οὐ θεωρεῖ αὐτὸ, οὐδὲ γινώσκει. ὑμεῖς γινώσκετε αὐτό, ὅτι παρ’ ὑμῖν
નથી જોતું તેને અને-ના ઓળખતું તમે ઓળખો-છો તેને કારણ-કે તમારી-સાથે તમારી
G3756 G2334 G0846 G3761 G1097 G4771 G1097 G0846 G3754 G3844 G4771

μένει, καὶ ἐν ὑμῖν ἔσται.
રહે-છે અને તે તમારામાં રહેશે
G3306 G2532 G1722 G4771 G1510

એટલે સત્યનો આત્મા, જેને માનવજગત પામી નથી શકતું; કેમ કે તેમને તે જોઈ શકતું નથી અને તેમને જાણતું નથી; પણ તમે તેમને જાણો છો; કેમ કે તેઓ તમારી સાથે રહે છે અને તમારામાં વાસો કરશે.

18 οὐκ ἀφήσω ὑμᾶς ὀρφανούς; ἔρχομαι πρὸς ὑμᾶς.
નહીં છોડીશ તમને અનાથ આવીશ તે તમારી-પાસે
G3756 G0863 G4771 G3737 G2064 G4314 G4771

હું તમને અનાથ મૂકી દઈશ નહિ; હું તમારી પાસે આવીશ.

19 ἔτι μικρὸν καὶ ὁ κόσμος με οὐκέτι θεωρεῖ, ὑμεῖς δὲ θεωρεῖτέ με;
હજુ થોડું અને તે જગત મને હવે-નહીં જુએ તમે પરંતુ જોશો મને
G2089 G3398 G2532 G3588 G2889 G1473 G3765 G2334 G4771 G1161 G2334 G1473

ὅτι ἐγὼ ζῶ, καὶ ὑμεῖς ζήσετε.
કારણ-કે હું જીવું-છું અને તમે-પણ જીવશો
G3754 G1473 G2198 G2532 G4771 G2198

થોડીવાર પછી દુનિયા મને ફરીથી નહિ જોશે, પણ તમે મને જોશો; હું જીવું છું માટે તમે પણ જીવશો.

20 ἐν ἐκείνῃ τῇ ἡμέρᾳ γνώσεσθε ὑμεῖς ὅτι ἐγὼ ἐν τῷ Πατρί μου,
તે તે તે દિવસે જાણશો તમે કે હું તે તે પિતામાં મારા
G1722 G1565 G3588 G2250 G1097 G4771 G3754 G1473 G1722 G3588 G3962 G1473

καὶ ὑμεῖς ἐν ἐμοὶ, κἀγὼ ἐν ὑμῖν.
અને તમે તે મારામાં અને-હું તે તમારામાં
G2532 G4771 G1722 G1473 G2504 G1722 G4771

તે દિવસે તમે જાણશો કે, હું મારા પિતામાં છું. તમે મારામાં છો અને હું તમારામાં છું.

21 ὁ ἔχων τὰς ἐντολάς μου καὶ τηρῶν αὐτὰς, ἐκεῖνός ἐστιν ὁ ἀγαπῶν
જે ધરાવે-છે તે આજ્ઞાઓ મારી અને પાળે-છે તે તે-જ-છે છે જે પ્રેમ-કરે-છે
G3588 G2192 G3588 G1785 G1473 G2532 G5083 G0846 G1565 G1510 G3588 G0025

με; ὁ δὲ ἀγαπῶν με, ἀγαπηθήσεται ὑπὸ τοῦ Πατρός μου; κἀγὼ
મને અને-જે તે પ્રેમ-કરે-છે મને પ્રેમ-કરાશે તે તે પિતા-દ્વારા મારા અને-હું
G1473 G3588 G1161 G0025 G1473 G0025 G5259 G3588 G3962 G1473 G2504

ἀγαπήσω αὐτὸν, καὶ ἐμφανίσω αὐτῷ ἐμαυτόν.
પ્રેમ-કરીશ તેને અને પ્રગટ-કરીશ તેને મારી-જાતને
G0025 G0846 G2532 G1718 G0846 G1683

જેની પાસે મારી આજ્ઞાઓ છે અને જે તેઓને પાળે છે, તે જ મારા પર પ્રેમ રાખે છે; અને જે મારા પર પ્રેમ રાખે છે તેના પર મારા પિતા પ્રેમ રાખશે અને હું તેના પર પ્રેમ રાખીશ અને તેની આગળ હું પોતાને પ્રગટ કરીશ.'"

22 Λέγει αὐτῷ Ἰούδας, οὐχ ὁ Ἰσκαριώτης, Κύριε, καὶ τί γέγονεν ὅτι
કહ્યુ તેમને યહૂદાએ નહીં તે ઇસ્કારિયોત પ્રભુ અને શું થયું-છે કે
G3004 G0846 G2455 G3756 G3588 G2469 G2962 G2532 G5101 G1096 G3754

ἡμῖν μέλλεις ἐμφανίζειν σεαυτὸν, καὶ οὐχὶ τῷ κόσμῳ?
અમને ઇચ્છો-છો પ્રગટ-કરવા તમારી-જાતને અને નહીં તે જગતને
G1473 G3195 G1718 G4572 G2532 G3780 G3588 G2889

યહૂદા, જે ઇશ્કારિયોત ન હતો, તે તેને કહે છે કે, 'પ્રભુ, તમે પોતાને અમારી આગળ પ્રગટ કરશો અને દુનિયાની સમક્ષ નહિ, એનું શું કારણ છે?'"

23 ἀπεκρίθη Ἰησοῦς καὶ εἶπεν αὐτῷ, Ἐάν τις ἀγαπᾷ με, τὸν λόγον μου
ઉત્તર-આપ્યો ઈસુએ અને કહ્યુ તેમને જો કોઈ પ્રેમ-કરે મને તે વચન મારું
G0611 G2424 G2532 G3004 G0846 G1437 G5100 G0025 G1473 G3588 G3056 G1473

τηρήσει, καὶ ὁ Πατήρ μου ἀγαπήσει αὐτόν, καὶ πρὸς αὐτὸν ἐλευσόμεθα,
પાળશે અને તે પિતા મારા પ્રેમ-કરશે તેને અને તે તેની-પાસે આવીશું
G5083 G2532 G3588 G3962 G1473 G0025 G0846 G2532 G4314 G0846 G2064

καὶ μονὴν παρ' αὐτῷ ποιησόμεθα.
અને નિવાસ તેની-પાસે તેના કરીશું
G2532 G3438 G3844 G0846 G4160

ઈસુએ જવાબ આપ્યો કે, 'જો કોઈ મારા પર પ્રેમ રાખતો હશે, તો તે મારું વચન પાળશે; અને મારા પિતા તેના પર પ્રેમ રાખશે; અને અમે તેની પાસે આવીને તેની સાથે રહીશું.

24 ὁ μὴ ἀγαπῶν με, τοὺς λόγους μου οὐ τηρεῖ; καὶ ὁ λόγος
જે નથી પ્રેમ-કરતો મને તે વચનો મારાં નથી પાળતો અને તે વચન
G3588 G3361 G0025 G1473 G3588 G3056 G1473 G3756 G5083 G2532 G3588 G3056

ὃν ἀκούετε, οὐκ ἔστιν ἐμὸς, ἀλλὰ τοῦ πέμψαντός με Πατρός.
જે સાંભળો-છો નથી છે મારું પરંતુ તે મોકલનાર મને પિતાનું
G3739 G0191 G3756 G1510 G1699 G0235 G3588 G3992 G1473 G3962

જે મારા પર પ્રેમ રાખતો નથી તે મારા વચનોનું પાલન કરતો નથી. જે વચન તમે સાંભળો છો તે મારા નથી, પણ જે પિતાએ મને મોકલ્યો છે તેમના છે.

25 Ταῦτα λελάληκα ὑμῖν, παρ' ὑμῖν μένων;
આ-બધું કહ્યુ-છે તમને તમારી-સાથે તમારી રહીને
G3778 G2980 G4771 G3844 G4771 G3306

હું હજી તમારી સાથે રહું છું એટલામાં મેં તમને એ વચનો કહ્યાં છે.

26 ὁ δὲ Παράκλητος, τὸ Πνεῦμα τὸ Ἅγιον, ὃ πέμψει ὁ Πατὴρ
તે પરંતુ સહાયક તે આત્મા તે પવિત્ર જેને મોકલશે તે પિતા
G3588 G1161 G3875 G3588 G4151 G3588 G0040 G3739 G3992 G3588 G3962

ἐν τῷ ὀνόματί μου, ἐκεῖνος ὑμᾶς διδάξει πάντα, καὶ ὑπομνήσει ὑμᾶς
તે તે નામે મારા તે તમને શીખવશે બધું અને યાદ-કરાવશે તમને
G1722 G3588 G3686 G1473 G1565 G4771 G1321 G3956 G2532 G5279 G4771

πάντα ἃ εἶπον ὑμῖν ἐγώ.
બધું જે કહ્યુ-હતું તમને મેં
G3956 G3739 G3004 G4771 G1473

પણ સહાયક, એટલે પવિત્ર આત્મા, જેમને પિતા મારે નામે મોકલી આપશે, તે તમને બધું શીખવશે અને મેં જે સર્વ તમને કહ્યુ તે સઘળું તમારાં સ્મરણમાં લાવશે.

27 Εἰρήνην ἀφίημι ὑμῖν; εἰρήνην τὴν ἐμὴν δίδωμι ὑμῖν; οὐ καθὼς ὁ
શાંતિ છોડું-છું તમને શાંતિ તે મારી આપું-છું તમને નહીં જેમ તે
G1515 G0863 G4771 G1515 G3588 G1699 G1325 G4771 G3756 G2531 G3588

κόσμος δίδωσιν, ἐγὼ δίδωμι ὑμῖν. μὴ ταρασσέσθω ὑμῶν ἡ καρδία, μηδὲ
જગત આપે-છે હું આપું-છું તમને ના વ્યાકુળ-થાઓ તમારું તે હૃદય અને-ના
G2889 G1325 G1473 G1325 G4771 G3361 G5015 G4771 G3588 G2588 G3366

δειλιάτω.
ગભરાઓ
G1168

હું તમને શાંતિ આપીને જાઉં છું; મારી શાંતિ હું તમને આપું છું; જેમ માનવજગત આપે છે તેમ હું તમને આપતો નથી. તમારાં હૃદયોને વ્યાકુળ થવા ન દો; અને બીવા પણ દેશો નહીં.

28 ἠκούσατε ὅτι ἐγὼ εἶπον ὑμῖν, Ὑπάγω καὶ ἔρχομαι πρὸς ὑμᾶς. εἰ
સાંભળ્યું કે મેં કહ્યુ તમને જાઉં-છું અને આવીશ તે તમારી-પાસે જો
G0191 G3754 G1473 G3004 G4771 G5217 G2532 G2064 G4314 G4771 G1487

ἠγαπᾶτέ με, ἐχάρητε ἂν ὅτι πορεύομαι πρὸς τὸν Πατέρα, ὅτι ὁ
પ્રેમ-કરતા-હો મને આનંદ-થાત તમને કે જાઉં-છું તે તે પિતા-પાસે કારણ-કે તે
G0025 G1473 G5463 G0302 G3754 G4198 G4314 G3588 G3962 G3754 G3588

Πατὴρ μείζων μού ἐστιν.
પિતા મોટા મારા-કરતાં છે
G3962 G3173 G1473 G1510

મેં તમને જે કહ્યુ તે તમે સાંભળ્યું છે કે, 'હું જાઉં છું, તમારી પાસે પાછો આવું છું. જો તમે મારા પર પ્રેમ રાખતા હોત, તો હું પિતાની પાસે જાઉં છું, એથી તમને આનંદ થાત; કેમ કે મારા કરતાં પિતા મહાન છે.

29 καὶ νῦν εἴρηκα ὑμῖν πρὶν γενέσθαι, ἵνα ὅταν γένηται, πιστεύσητε.
અને હવે કહ્યુ-છે તમને પહેલાં બનતાં કે જ્યારે બને વિશ્વાસ-કરો
G2532 G3568 G2046 G4771 G4250 G1096 G2443 G3752 G1096 G4100

હવે જયારે એ બાબતો થાય ત્યારે તમે વિશ્વાસ કરો માટે તે થયા અગાઉ મેં હમણાંથી તમને કહ્યુ છે.

30 οὐκέτι πολλὰ λαλήσω μεθ' ὑμῶν; ἔρχεται γὰρ ὁ τοῦ κόσμου
હવેથી-નહીં ઘણું બોલીશ તમારી-સાથે તમારી આવે-છે કારણ-કે તે તે જગતનો
G3765 G4183 G2980 G3326 G4771 G2064 G1063 G3588 G3588 G2889

ἄρχων, καὶ ἐν ἐμοὶ οὐκ ἔχει οὐδέν;
રાજકુમાર અને તે મારામાં નથી ધરાવતો કંઈ
G0758 G2532 G1722 G1473 G3756 G2192 G3762

હવેથી તમારી સાથે હું ઘણી વાતો કરવાનો નથી, કેમ કે આ જગતનો અધિકારી આવે છે, અને તેનો મારા પર કોઈ હિસ્સો નથી;

31

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀλλ’ | ἵνα | γνῷ | ὁ | κόσμος, | ὅτι | ἀγαπῶ | τὸν | Πατέρα, | καὶ | καθὼς |
| પરંતુ | કે | જાણે | તે | જગત | કે | પ્રેમ-કરું-છું | તે | પિતાને | અને | જેમ |
| G0235 | G2443 | G1097 | G3588 | G2889 | G3754 | G0025 | G3588 | G3962 | G2532 | G2531 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐνετείλατο | (ἔδωκέν) | μοι | ὁ | Πατὴρ, | οὕτως | ποιῶ. | Ἐγείρεσθε, | ἄγωμεν | ἐντεῦθεν. |
| આજ્ઞા-આપી | (આપી) | મને | તે | પિતાએ | તેમ | કરું-છું | ઊઠો | ચાલો | અહીંથી |
| G1781 | G1325 | G1473 | G3588 | G3962 | G3779 | G4160 | G1453 | G0071 | G1782 |

પણ માનવજગત જાણે કે હું પિતા પર પ્રેમ રાખું છું અને પિતાએ મને આજ્ઞા આપી છે, તેમ હું કરું છું એ માટે આ થાય છે, ઊભા થાઓ, અહીંથી આપણે જઈએ.’”

# Chapter 15

1

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἐγώ | εἰμι | ἡ | ἄμπελος | ἡ | ἀληθινή, | καὶ | ὁ | Πατήρ | μου, | ὁ | γεωργός |
| હું | છું | તે | દ્રાક્ષવેલો | તે | સાચો | અને | તે | પિતા | મારા | તે | ખેડૂત |
| G1473 | G1510 | G3588 | G0288 | G3588 | G0228 | G2532 | G3588 | G3962 | G1473 | G3588 | G1092 |

| |
|---|
| ἐστιν. |
| છે |
| G1510 |

ખરો દ્રાક્ષાવેલો હું છું અને મારા પિતા માળી છે.

2

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| πᾶν | κλῆμα | ἐν | ἐμοὶ | μὴ | φέρον | καρπὸν, | αἴρει | αὐτό; | καὶ | πᾶν | τὸ |
| દરેક | ડાળી | તે | મારામાં | નહીં | આપતી | ફળ | કાપે-છે | તેને | અને | દરેક | તે |
| G3956 | G2814 | G1722 | G1473 | G3361 | G5342 | G2590 | G0142 | G0846 | G2532 | G3956 | G3588 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| καρπὸν | φέρον, | καθαίρει | αὐτό, | ἵνα | καρπὸν | πλείονα | φέρῃ. |
| ફળ | આપતી | છાંટે-છે | તેને | કે | ફળ | વધુ | આપે |
| G2590 | G5342 | G2508 | G0846 | G2443 | G2590 | G4119 | G5342 |

મારામાંની દરેક ડાળી જેને ફળ આવતાં નથી તેને તે કાપી નાખે છે; અને જે ડાળીઓને ફળ આવે છે, તે દરેકને વધારે ફળ આવે માટે તે તેને શુદ્ધ કરે છે.

3

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἤδη | ὑμεῖς | καθαροί | ἐστε, | διὰ | τὸν | λόγον | ὃν | λελάληκα | ὑμῖν. |
| પહેલેથી | તમે | શુદ્ધ | છો | ના-કારણે | તે | વચન | જે | કહ્યુ-છે | તમને |
| G2235 | G4771 | G2513 | G1510 | G1223 | G3588 | G3056 | G3739 | G2980 | G4771 |

જે વચનો મેં તમને કહ્યાં છે તેના દ્વારા હવે તમે શુદ્ધ થઈ ગયા છો.

4

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| μείνατε | ἐν | ἐμοί, | κἀγὼ | ἐν | ὑμῖν. | καθὼς | τὸ | κλῆμα | οὐ | δύναται | καρπὸν |
| રહો | તે | મારામાં | અને-હું | તે | તમારામાં | જેમ | તે | ડાળી | નથી | શકતી | ફળ |
| G3306 | G1722 | G1473 | G2504 | G1722 | G4771 | G2531 | G3588 | G2814 | G3756 | G1410 | G2590 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| φέρειν | ἀφ’ | ἑαυτοῦ, | ἐὰν | μὴ | μένῃ | ἐν | τῇ | ἀμπέλῳ, | οὕτως | οὐδὲ | ὑμεῖς, |
| આપવા | થી | પોતાની-જાતે | જો | નહીં | રહે | તે | તે | દ્રાક્ષવેલામાં | તેમ | અને-ન | તમે |
| G5342 | G0575 | G1438 | G1437 | G3361 | G3306 | G1722 | G3588 | G0288 | G3779 | G3761 | G4771 |

| | | | | |
|---|---|---|---|---|
| ἐὰν | μὴ | ἐν | ἐμοὶ | μένητε. |
| જો | નહીં | તે | મારામાં | રહો |
| G1437 | G3361 | G1722 | G1473 | G3306 |

તમે મારામાં રહો અને હું તમારામાં રહીશ; જેમ ડાળી વેલામાં રહ્યા વિના પોતાની જાતે ફળ આપી શકતી નથી, તેમ તમે પણ મારામાં રહ્યા વિના ફળ આપી શકતા નથી.

5 ἐγώ હું G1473 εἰμι છું G1510 ἡ તે G3588 ἄμπελος; દ્રાક્ષવેલો G0288 ὑμεῖς તમે G4771 τὰ તે G3588 κλήματα. ડાળીઓ G2814 ὁ જે G3588 μένων રહે-છે G3306 ἐν તે G1722 ἐμοὶ, મારામાં G1473 κἀγὼ અને-હું G2504 ἐν તે G1722 αὐτῷ, તેનામાં G0846 οὗτος તે G3778 φέρει આપે-છે G5342 καρπὸν ફળ G2590 πολύν; ઘણું G4183 ὅτι કારણ-કે G3754 χωρὶς વિના G5565 ἐμοῦ મારા G1473 οὐ નથી G3756 δύνασθε શકતા G1410 ποιεῖν કરી G4160 οὐδέν. કંઈ G3762

હું તો દ્રાક્ષાવેલો છું; અને તમે ડાળીઓ છો; જે મારામાં રહે છે અને હું તેનામાં રહું છું, તે જ ઘણાં ફળ આપે છે; કેમ કે મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી.

6 ἐὰν જો G1437 μή નહીં G3361 τις કોઈ G5100 μένῃ રહે G3306 ἐν તે G1722 ἐμοί, મારામાં G1473 ἐβλήθη ફેંકાય-છે G0906 ἔξω બહાર G1854 ὡς જેમ G5613 τὸ તે G3588 κλῆμα, ડાળી G2814 καὶ અને G2532 ἐξηράνθη, સૂકાય-છે G3583 καὶ અને G2532 συνάγουσιν ભેગી-કરે-છે G4863 αὐτὰ, તેને G0846 καὶ અને G2532 εἰς તે G1519 τὸ તે G3588 πῦρ અગ્નિમાં G4442 βάλλουσιν, નાખે-છે G0906 καὶ અને G2532 καίεται. બળે-છે G2545

જો કોઈ મારામાં રહેતો નથી, તો ડાળીની પેઠે તેને બહાર ફેંકી દેવામાં આવે છે; નાખી દેવાયેલી ડાળીઓ સુકાઈ જાય છે; પછી લોક તેઓને એકઠી કરીને અગ્નિમાં નાખે છે અને તેઓને બાળવામાં આવે છે.

7 ἐὰν જો G1437 μείνητε રહો G3306 ἐν તે G1722 ἐμοὶ, મારામાં G1473 καὶ અને G2532 τὰ તે G3588 ῥήματά વચનો G4487 μου મારા G1473 ἐν તે G1722 ὑμῖν તમારામાં G4771 μείνῃ, રહે G3306 ὃ જે-કંઈ G3739 ἐὰν પણ G1437 θέλητε, ઇચ્છો G2309 αἰτήσασθε, માગો G0154 καὶ અને G2532 γενήσεται થશે G1096 ὑμῖν. તમને G4771

જો તમે મારામાં રહો; અને મારાં વચનો તમારામાં રહે, તો જે કંઈ તમે ચાહો તે માગો, એટલે તે તમને મળશે.

8 ἐν આનાથી G1722 τούτῳ આ G3778 ἐδοξάσθη મહિમા-પામ્યા G1392 ὁ તે G3588 Πατήρ પિતા G3962 μου, મારા G1473 ἵνα કે G2443 καρπὸν ફળ G2590 πολὺν ઘણું G4183 φέρητε, આપો G5342 καὶ અને G2532 γένησθε થાઓ G1096 ἐμοὶ મારા G1699 μαθηταί. શિષ્યો G3101

તમે બહુ ફળ આપો, એમાં મારા પિતા મહિમાવાન થાય છે; અને એથી તમે મારા શિષ્ય થશો.

9 καθὼς જેમ G2531 ἠγάπησέν પ્રેમ-કર્યો G0025 με મને G1473 ὁ તે G3588 Πατήρ, પિતાએ G3962 κἀγὼ અને-મેં G2504 ὑμᾶς તમને G4771 ἠγάπησα. પ્રેમ-કર્યો G0025 μείνατε રહો G3306 ἐν તે G1722 τῇ તે G3588 ἀγάπῃ પ્રેમમાં G0026 τῇ તે G3588 ἐμῇ. મારા G1699

જેમ પિતાએ મારા પર પ્રેમ રાખ્યો છે, તેમ મેં પણ તમારા પર પ્રેમ રાખ્યો છે; તમે મારા પ્રેમમાં રહો.

10 ἐὰν τὰς ἐντολάς μου τηρήσητε, μενεῖτε ἐν τῇ ἀγάπῃ μου, καθὼς ἐγὼ,
જો તે આજ્ઞાઓ મારી પાળો રહેશો તે તે પ્રેમમાં મારા જેમ મેં
G1437 G3588 G1785 G1473 G5083 G3306 G1722 G3588 G0026 G1473 G2531 G1473

«τοῦ Πατρός μου» «τὰς ἐντολὰς», τετήρηκα, καὶ μένω αὐτοῦ ἐν τῇ
તે પિતાની મારા તે આજ્ઞાઓ પાળી-છે અને રહું-છું તેમના તે તે
G3588 G3962 G1473 G3588 G1785 G5083 G2532 G3306 G0846 G1722 G3588

ἀγάπῃ.
પ્રેમમાં
G0026

જેમ હું મારા પિતાની આજ્ઞાઓ પાળીને તેમના પ્રેમમાં રહું છું, તેમ જો તમે મારી આજ્ઞાઓ પાળો તો તમે મારા પ્રેમમાં રહેશો.

11 Ταῦτα λελάληκα ὑμῖν, ἵνα ἡ χαρὰ ἡ ἐμὴ ἐν ὑμῖν ᾖ, καὶ
આ-બધું કહ્યુ-છે તમને કે તે આનંદ તે મારો તે તમારામાં હોય અને
G3778 G2980 G4771 G2443 G3588 G5479 G3588 G1699 G1722 G4771 G1510 G2532

ἡ χαρὰ ὑμῶν πληρωθῇ.
તે આનંદ તમારો પૂર્ણ-થાય
G3588 G5479 G4771 G4137

મારો આનંદ તમારામાં રહે; અને તમારો આનંદ સંપૂર્ણ થાય, એ માટે મેં તમને એ વાતો કહી છે.

12 αὕτη ἐστὶν ἡ ἐντολὴ ἡ ἐμή, ἵνα ἀγαπᾶτε ἀλλήλους, καθὼς ἠγάπησα
આ છે તે આજ્ઞા તે મારી કે પ્રેમ-કરો એકબીજાને જેમ પ્રેમ-કર્યો
G3778 G1510 G3588 G1785 G3588 G1699 G2443 G0025 G0240 G2531 G0025

ὑμᾶς.
તમને
G4771

મારી આજ્ઞા એ છે કે, 'જેમ મેં તમારા પર પ્રેમ રાખ્યો છે, તેમ તમે એકબીજા પર પ્રેમ રાખો.'"

13 μείζονα ταύτης ἀγάπην οὐδεὶς ἔχει, ἵνα τις τὴν ψυχὴν αὐτοῦ θῇ ὑπὲρ
મોટો આ-કરતાં પ્રેમ કોઈનો નથી કે કોઈ તે જીવ પોતાનો આપે માટે
G3173 G3778 G0026 G3762 G2192 G2443 G5100 G3588 G5590 G0846 G5087 G5228

τῶν φίλων αὐτοῦ.
તે મિત્રોના પોતાના
G3588 G5384 G0846

પોતાના મિત્રોને સારું પોતાનો જીવ આપવો, તે કરતાં મહાન અન્ય કોઈ પ્રેમ નથી.

14 ὑμεῖς φίλοι μού ἐστε, ἐὰν ποιῆτε ἃ ἐγὼ ἐντέλλομαι ὑμῖν.
તમે મિત્રો મારા છો જો કરો જે હું આજ્ઞા-આપું-છું તમને
G4771 G5384 G1473 G1510 G1437 G4160 G3739 G1473 G1781 G4771

જે આજ્ઞાઓ હું તમને આપું છું તે જો તમે પાળો છો તો તમે મારા મિત્ર છો.

15 οὐκέτι λέγω ὑμᾶς δούλους, ὅτι ὁ δοῦλος οὐκ οἶδεν τί ποιεῖ
હવેથી-નહીં કહું તમને દાસો કારણ-કે તે દાસ નથી જાણતો શું કરે-છે
G3765 G3004 G4771 G1401 G3754 G3588 G1401 G3756 G1492 G5101 G4160

αὐτοῦ ὁ κύριος. ὑμᾶς δὲ εἴρηκα φίλους, ὅτι πάντα ἃ ἤκουσα παρὰ
તેનો તે માલિક તમને પરંતુ કહ્યા મિત્રો કારણ-કે બધું જે સાંભળ્યું તે
G0846 G3588 G2962 G4771 G1161 G2046 G5384 G3754 G3956 G3739 G0191 G3844

τοῦ Πατρός μου, ἐγνώρισα ὑμῖν.
તે પિતા-પાસેથી મારા જણાવ્યું તમને
G3588 G3962 G1473 G1107 G4771

હવેથી હું તમને દાસ કહેતો નથી; કેમ કે પોતાનો શેઠ જે કરે છે તે દાસ જાણતો નથી; પણ મેં તમને મિત્ર કહ્યાં છે; કેમ કે જે વાતો મેં મારા પિતા પાસેથી સાંભળી હતી તે બધી મેં તમને જણાવી છે.

16 οὐχ ὑμεῖς με ἐξελέξασθε, ἀλλ’ ἐγὼ ἐξελεξάμην ὑμᾶς, καὶ ἔθηκα ὑμᾶς,
નહીં તમે મને પસંદ-કર્યો પરંતુ મેં પસંદ-કર્યા તમને અને નીમ્યા તમને
G3756 G4771 G1473 G1586 G0235 G1473 G1586 G4771 G2532 G5087 G4771

ἵνα ὑμεῖς ὑπάγητε καὶ καρπὸν φέρητε, καὶ ὁ καρπὸς ὑμῶν μένῃ; ἵνα
કે તમે જાઓ અને ફળ આપો અને તે ફળ તમારું ટકે કે
G2443 G4771 G5217 G2532 G2590 G5342 G2532 G3588 G2590 G4771 G3306 G2443

ὅ¦τι ἂν αἰτήσητε τὸν Πατέρα ἐν τῷ ὀνόματί μου, δῷ ὑμῖν.
જે-કંઈ પણ માગો તે પિતાને તે તે નામે મારા આપે તમને
G3754 G0302 G0154 G3588 G3962 G1722 G3588 G3686 G1473 G1325 G4771

તમે મને પસંદ કર્યો નથી, પણ મેં તમને પસંદ કર્યા છે; અને તમને મોકલ્યા છે, કે તમે જઈને ફળ આપો; અને તમારાં ફળ કાયમ રહે. જેથી તમે મારે નામે પિતાની પાસે જે કંઈ માગો તે તમને તે આપે.

17 ταῦτα ἐντέλλομαι ὑμῖν, ἵνα ἀγαπᾶτε ἀλλήλους.
આ આજ્ઞા-આપું-છું તમને કે પ્રેમ-કરો એકબીજાને
G3778 G1781 G4771 G2443 G0025 G0240

તમે એકબીજા પર પ્રેમ રાખો માટે હું તમને એ આજ્ઞાઓ આપું છું.

18 Εἰ ὁ κόσμος ὑμᾶς μισεῖ, γινώσκετε ὅτι ἐμὲ πρῶτον ὑμῶν
જો તે જગત તમને ધિક્કારે-છે જાણો કે મને પહેલાં તમારા-કરતાં
G1487 G3588 G2889 G4771 G3404 G1097 G3754 G1473 G4412 G4771

μεμίσηκεν.
ધિક્કાર્યો-છે
G3404

જો જગત તમારો દ્વેષ રાખે છે તો તમારા પહેલાં તેણે મારો દ્વેષ કર્યો છે, એ તમે જાણો છો.

19 εἰ ἐκ τοῦ κόσμου ἦτε, ὁ κόσμος ἂν τὸ ἴδιον ἐφίλει; ὅτι
જો થી તે જગતના હોત તે જગત તો તે પોતાનાને ચાહત કારણ-કે
G1487 G1537 G3588 G2889 G1510 G3588 G2889 G0302 G3588 G2398 G5368 G3754

δὲ ἐκ τοῦ κόσμου οὐκ ἐστέ, ἀλλ’ ἐγὼ ἐξελεξάμην ὑμᾶς ἐκ τοῦ
પરંતુ થી તે જગતના નથી છો પરંતુ મેં પસંદ-કર્યા તમને માંથી તે
G1161 G1537 G3588 G2889 G3756 G1510 G0235 G1473 G1586 G4771 G1537 G3588

κόσμου, διὰ τοῦτο μισεῖ ὑμᾶς ὁ κόσμος.
જગતમાંથી તેથી આ ધિક્કારે-છે તમને તે જગત
G2889 G1223 G3778 G3404 G4771 G3588 G2889

જો તમે જગતના હોત તો પોતાના હોવાથી જગત તમારા ઉપર પ્રેમ રાખત; પરંતુ તમે જગતના નથી, પણ મેં તમને જગતમાંથી પસંદ કર્યા છે, તેથી જગત તમારા પર દ્વેષ રાખે છે.

20 μνημονεύετε τοῦ λόγου οὗ ἐγὼ εἶπον ὑμῖν, Οὐκ ἔστιν δοῦλος μείζων
યાદ-રાખો તે વચન જે મેં કહ્યુ તમને નથી હોતો દાસ મોટો
G3421 G3588 G3056 G3739 G1473 G3004 G4771 G3756 G1510 G1401 G3173

τοῦ κυρίου αὐτοῦ. εἰ ἐμὲ ἐδίωξαν, καὶ ὑμᾶς διώξουσιν; εἰ τὸν
તે માલિક-કરતાં તેના જો મને સતાવ્યો તો તમને-પણ સતાવશે જો તે
G3588 G2962 G0846 G1487 G1473 G1377 G2532 G4771 G1377 G1487 G3588

λόγον μου ἐτήρησαν, καὶ τὸν ὑμέτερον τηρήσουσιν.
વચન મારું પાળ્યું તો તે તમારું-પણ પાળશે
G3056 G1473 G5083 G2532 G3588 G5212 G5083

દાસ પોતાના શેઠથી મોટો નથી, એવી જે વાત મેં તમને કહી તે યાદ રાખો. જો તેઓએ મને સતાવ્યો છે, તો તમને પણ સતાવશે. જો તેઓએ મારાં વચનોનું પાલન કર્યું તો તમારા પણ પાળશે.

21

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀλλὰ | ταῦτα | πάντα | ποιήσουσιν | εἰς | ὑμᾶς | διὰ | τὸ | ὄνομά | μου, | ὅτι |
| પરંતુ | આ-બધું | બધું | કરશે | તે | તમને | ના-કારણે | તે | નામ | મારા | કારણ-કે |
| G0235 | G3778 | G3956 | G4160 | G1519 | G4771 | G1223 | G3588 | G3686 | G1473 | G3754 |

| | | | | |
|---|---|---|---|---|
| οὐκ | οἴδασιν | τὸν | πέμψαντά | με. |
| નથી | ઓળખતા | તે | મોકલનારને | મને |
| G3756 | G1492 | G3588 | G3992 | G1473 |

પણ એ બધું મારા નામને માટે તેઓ તમને કરશે, કેમ કે તેઓ મારા મોકલનારને જાણતા નથી.

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εἰ | μὴ | ἦλθον | καὶ | ἐλάλησα | αὐτοῖς, | ἁμαρτίαν | οὐκ | εἴχοσαν; | νῦν | δὲ |
| જો | નહીં | આવ્યો-હોત | અને | બોલ્યો-હોત | તેઓને | પાપ | નહોતું | હોત | હવે | પરંતુ |
| G1487 | G3361 | G2064 | G2532 | G2980 | G0846 | G0266 | G3756 | G2192 | G3568 | G1161 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| πρόφασιν | οὐκ | ἔχουσιν | περὶ | τῆς | ἁμαρτίας | αὐτῶν. |
| બહાનું | નથી | ધરાવતા | વિશે | તે | પાપના | તેઓના |
| G4392 | G3756 | G2192 | G4012 | G3588 | G0266 | G0846 |

જો હું આવ્યો ન હોત અને તેઓને કહ્યુ ન હોત, તો તેઓને પાપ લાગત નહિ; પણ હવે તેઓના પાપ સંબંધી તેઓને કંઈ બહાનું રહ્યુ નથી.

23

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ὁ | ἐμὲ | μισῶν, | καὶ | τὸν | Πατέρα | μου | μισεῖ. |
| જે | મને | ધિક્કારે-છે | તે | તે | પિતાને-પણ | મારા | ધિક્કારે-છે |
| G3588 | G1473 | G3404 | G2532 | G3588 | G3962 | G1473 | G3404 |

જે મારો દ્વેષ કરે છે, તે મારા પિતાનો પણ દ્વેષ કરે છે.

24

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εἰ | τὰ | ἔργα | μὴ | ἐποίησα | ἐν | αὐτοῖς, | ἃ | οὐδεὶς | ἄλλος | ἐποίησεν, |
| જો | તે | કામો | નહીં | કર્યા-હોત | તે | તેઓમાં | જે | કોઈએ | બીજાએ | કર્યાં-નથી |
| G1487 | G3588 | G2041 | G3361 | G4160 | G1722 | G0846 | G3739 | G3762 | G0243 | G4160 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἁμαρτίαν | οὐκ | εἴχοσαν; | νῦν | δὲ | καὶ | ἑωράκασιν, | καὶ | μεμισήκασιν, | καὶ |
| પાપ | નહોતું | હોત | હવે | પરંતુ | તેમ-છતાં | જોયું-છે | અને | ધિક્કાર્યાં-છે | તેમ-છતાં |
| G0266 | G3756 | G2192 | G3568 | G1161 | G2532 | G3708 | G2532 | G3404 | G2532 |

| | | | | |
|---|---|---|---|---|
| ἐμὲ | καὶ | τὸν | Πατέρα -- | μου. |
| મને | અને | તે | પિતા-બંનેને | મારા |
| G1473 | G2532 | G3588 | G3962 | G1473 |

જે કામો બીજા કોઈએ કર્યાં નથી, તે જો મેં તેઓ મધ્યે કર્યાં ન હોત, તો તેઓને પાપ ન લાગત; પણ હવે તેઓએ મને તથા મારા પિતાને પણ જોયા છે, અને તોપણ દ્વેષ રાખ્યો છે.

25

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀλλ’ | ἵνα | πληρωθῇ | ὁ | λόγος | ὁ | ἐν | τῷ | νόμῳ | αὐτῶν | γεγραμμένος |
| પરંતુ | કે | પૂર્ણ-થાય | તે | વચન | તે | તે | તે | નિયમમાં | તેઓના | લખેલું |
| G0235 | G2443 | G4137 | G3588 | G3056 | G3588 | G1722 | G3588 | G3551 | G0846 | G1125 |

| | | | |
|---|---|---|---|
| ὅτι, | Ἐμίσησάν | με | δωρεάν. |
| કે | ધિક્કાર્યો | મને | વિના-કારણ |
| G3754 | G3404 | G1473 | G1432 |

તેઓના નિયમશાસ્ત્રમાં વચન લખેલું છે કે, ‘તેઓએ વિનાકારણ મારા પર દ્વેષ રાખ્યો છે, તે પૂર્ણ થાય તે માટે એવું થયું.

26 Ὅταν ἔλθῃ ὁ Παράκλητος, ὃν ἐγὼ πέμψω ὑμῖν παρὰ τοῦ Πατρός,
જ્યારે આવે તે સહાયક જેને હું મોકલીશ તમને તે તે પિતા-પાસેથી
G3752 G2064 G3588 G3875 G3739 G1473 G3992 G4771 G3844 G3588 G3962

τὸ Πνεῦμα τῆς ἀληθείας, ὃ παρὰ τοῦ Πατρὸς ἐκπορεύεται, ἐκεῖνος
તે આત્મા તે સત્યનો જે તે તે પિતા-પાસેથી આવે-છે તે
G3588 G4151 G3588 G0225 G3739 G3844 G3588 G3962 G1607 G1565

μαρτυρήσει περὶ ἐμοῦ.
સાક્ષી-આપશે વિશે મારા
G3140 G4012 G1473

પણ સહાયક, એટલે સત્યનો આત્મા, જે પિતાની પાસેથી આવે છે, તેને હું પિતાની પાસેથી તમારી પાસે મોકલી દઈશ; તે જયારે આવશે, ત્યારે મારા સંબંધી સાક્ષી આપશે.

27 καὶ ὑμεῖς δὲ μαρτυρεῖτε, ὅτι ἀπ’ ἀρχῆς μετ’ ἐμοῦ ἐστε.
અને તમે-પણ તે સાક્ષી-આપો-છો કારણ-કે શરૂ-થી શરૂઆતથી ની-સાથે મારી છો
G2532 G4771 G1161 G3140 G3754 G0575 G0746 G3326 G1473 G1510

તમે પણ સાક્ષી આપશો, કેમ કે તમે આરંભથી મારી સાથે છો.

## Chapter 16

1 Ταῦτα λελάληκα ὑμῖν ἵνα μὴ σκανδαλισθῆτε.
આ-બધું કહ્યુ-છે તમને કે ના ઠોકર-ખાઓ
G3778 G2980 G4771 G2443 G3361 G4624

‘કોઈ તમને ગેરમાર્ગે દોરે નહિ, માટે મેં તમને એ વચનો કહ્યાં છે.

2 ἀποσυναγώγους ποιήσουσιν ὑμᾶς; ἀλλ’ ἔρχεται ὥρα, ἵνα πᾶς ὁ
સમાજમંદિરમાંથી-બહાર કરશે તમને પરંતુ આવે-છે સમય કે દરેક જે
G0656 G4160 G4771 G0235 G2064 G5610 G2443 G3956 G3588

ἀποκτείνας ὑμᾶς, δόξῃ λατρείαν προσφέρειν τῷ Θεῷ;
મારનાર તમને માને સેવા અર્પણ-કરે-છે તે ઈશ્વરને
G0615 G4771 G1380 G2999 G4374 G3588 G2316

તેઓ તમને સભાસ્થાનોમાંથી કાઢી મૂકશે; ખરેખર, એવો સમય આવે છે કે જો કોઈ તમને મારી નાખે તો તે ઈશ્વરની સેવા કરે છે, એમ તેને લાગશે.

3 καὶ ταῦτα ποιήσουσιν, ὅτι οὐκ ἔγνωσαν τὸν Πατέρα, οὐδὲ ἐμέ.
અને આ-બધું કરશે કારણ-કે નથી ઓળખ્યા તે પિતાને અને-ના મને
G2532 G3778 G4160 G3754 G3756 G1097 G3588 G3962 G3761 G1473

તેઓ પિતાને તથા મને જાણતા નથી, માટે તેઓ એ કામો કરશે.

4 ἀλλὰ ταῦτα λελάληκα ὑμῖν, ἵνα ὅταν ἔλθῃ ἡ ὥρα αὐτῶν, μνημονεύητε
પરંતુ આ-બધું કહ્યુ-છે તમને કે જ્યારે આવે તે સમય તેઓનો યાદ-કરો
G0235 G3778 G2980 G4771 G2443 G3752 G2064 G3588 G5610 G0846 G3421

αὐτῶν, ὅτι ἐγὼ εἶπον ὑμῖν. ταῦτα δὲ ὑμῖν ἐξ ἀρχῆς οὐκ εἶπον,
તેઓનો કે મેં કહ્યુ-હતું તમને આ-બધું પરંતુ તમને તે શરૂઆતથી નહીં કહ્યુ
G0846 G3754 G1473 G3004 G4771 G3778 G1161 G4771 G1537 G0746 G3756 G3004

ὅτι μεθ’ ὑμῶν ἤμην.
કારણ-કે તમારી-સાથે તમારી હતો
G3754 G3326 G4771 G1510

પણ જયારે તે સમય આવે ત્યારે તમે યાદ કરો કે મેં તે તમને કહ્યુ હતું, માટે એ વચનો મેં તમને કહ્યાં છે. અગાઉ મેં એ વચનો તમને કહ્યાં ન હતાં, કેમ કે હું તમારી સાથે હતો.

5 νῦν δὲ ὑπάγω πρὸς τὸν πέμψαντά με, καὶ οὐδεὶς ἐξ ὑμῶν ἐρωτᾷ με, Ποῦ ὑπάγεις?
હવે પરંતુ જાઉં-છું તે તે મોકલનાર-પાસે મને અને કોઈ તમારામાંથી તમારા પૂછતું-નથી મને ક્યાં જાઓ-છો
G3568 G1161 G5217 G4314 G3588 G3992 G1473 G2532 G3762 G1537 G4771 G2065 G1473 G4226 G5217

પણ હવે હું મારા મોકલનારની પાસે જાઉં છું; અને તમે ક્યાં જાઓ છો એવું તમારામાંનો કોઈ મને પૂછતો નથી.

6 ἀλλ' ὅτι ταῦτα λελάληκα ὑμῖν, ἡ λύπη πεπλήρωκεν ὑμῶν τὴν καρδίαν.
પરંતુ કારણ-કે આ-બધું કહ્યુ-છે તમને તે દુખે ભરાઈ-ગયું-છે તમારું તે હૃદય
G0235 G3754 G3778 G2980 G4771 G3588 G3077 G4137 G4771 G3588 G2588

પણ મેં તમને એ વચનો કહ્યાં છે, માટે તમારાં મન શોકથી ભરપૂર છે.

7 ἀλλ' ἐγὼ τὴν ἀλήθειαν λέγω ὑμῖν, συμφέρει ὑμῖν ἵνα ἐγὼ ἀπέλθω; ἐὰν γὰρ μὴ ἀπέλθω, ὁ Παράκλητος οὐ μὴ ἔλθῃ πρὸς ὑμᾶς; ἐὰν δὲ πορευθῶ, πέμψω αὐτὸν πρὸς ὑμᾶς.
પરંતુ હું તે સત્ય કહું-છું તમને સારું-છે તમારા-માટે કે હું જાઉં જો કારણ-કે નહીં જાઉં તે સહાયક ક્યારેય-નહીં નહીં આવશે તે તમારી-પાસે પરંતુ-જો તે જાઉં મોકલીશ તેમને તે તમારી-પાસે
G0235 G1473 G3588 G0225 G3004 G4771 G4851 G4771 G2443 G1473 G0565 G1437 G1063 G3361 G0565 G3588 G3875 G3756 G3361 G2064 G4314 G4771 G1437 G1161 G4198 G3992 G0846 G4314 G4771

તોપણ હું તમને સત્ય કહું છું; મારું જવું તમને હિતકારક છે; કેમ કે જો હું નહિ જાઉં, તો સહાયક તમારી પાસે આવશે નહીં; પણ જો હું જાઉં, તો હું તેમને તમારી પાસે મોકલી આપીશ.

8 καὶ ἐλθὼν, ἐκεῖνος ἐλέγξει τὸν κόσμον περὶ ἁμαρτίας, καὶ περὶ δικαιοσύνης, καὶ περὶ κρίσεως:
અને આવીને તે ખાતરી-આપશે તે જગતને વિશે પાપના અને વિશે ધાર્મિકતાના અને વિશે ન્યાયના
G2532 G2064 G1565 G1651 G3588 G2889 G4012 G0266 G2532 G4012 G1343 G2532 G4012 G2920

જયારે તેઓ આવશે ત્યારે તેઓ પાપ વિષે, ન્યાયીપણા વિષે તથા ન્યાય ચૂકવવા વિષે જગતને ખાતરી કરી આપશે;

9 περὶ ἁμαρτίας μέν, ὅτι οὐ πιστεύουσιν εἰς ἐμέ;
વિશે પાપના તો કારણ-કે નથી વિશ્વાસ-કરતા તે મારામાં
G4012 G0266 G3303 G3754 G3756 G4100 G1519 G1473

પાપ વિષે, કેમ કે તેઓ મારા પર વિશ્વાસ કરતા નથી;

10 περὶ δικαιοσύνης δέ, ὅτι πρὸς τὸν Πατέρα ὑπάγω, καὶ οὐκέτι θεωρεῖτέ με;
વિશે ધાર્મિકતાના તો કારણ-કે તે તે પિતા-પાસે જાઉં-છું અને હવે-નહીં જુઓ-છો મને
G4012 G1343 G1161 G3754 G4314 G3588 G3962 G5217 G2532 G3765 G2334 G1473

ન્યાયીપણા વિષે, કેમ કે હું પિતાની પાસે જાઉં છું, અને હવેથી તમે મને જોશો નહિ;

11 περὶ δὲ κρίσεως, ὅτι ὁ ἄρχων τοῦ κόσμου τούτου κέκριται.
વિશે તે ન્યાયના કારણ-કે તે રાજકુમાર તે જગતનો આ દંડાયેલો-છે
G4012 G1161 G2920 G3754 G3588 G0758 G3588 G2889 G3778 G2919

ન્યાયચુકાદા વિષે, કેમ કે આ જગતના અધિકારીનો ન્યાય કરવામાં આવ્યો છે.

12 Ἔτι πολλὰ ἔχω ὑμῖν λέγειν, ἀλλ' οὐ δύνασθε βαστάζειν ἄρτι.
હજુ ઘણું છે-મારી-પાસે તમને કહેવાનું પરંતુ નથી શકતા સહન-કરી હમણાં
G2089 G4183 G2192 G4771 G3004 G0235 G3756 G1410 G0941 G0737

હજુ પણ મારે તમને ઘણી વાતો કહેવાની છે, પણ હમણાં તે તમે સમજી શકો તેમ નથી.

13 ὅταν δὲ ἔλθῃ ἐκεῖνος, τὸ Πνεῦμα τῆς ἀληθείας, ὁδηγήσει ὑμᾶς ἐν
જયારે પરંતુ આવશે તે તે આત્મા તે સત્યનો માર્ગદર્શન-કરશે તમને તે
G3752 G1161 G2064 G1565 G3588 G4151 G3588 G0225 G3594 G4771 G1722

τῇ ἀληθείᾳ πάσῃ; οὐ γὰρ λαλήσει ἀφ' ἑαυτοῦ, ἀλλ' ὅσα ἀκούσει,
તે સંપૂર્ણ-સત્યમાં બધા નહીં કારણ-કે બોલશે થી પોતાની-જાતે પરંતુ જે-કંઈ સાંભળશે
G3588 G0225 G3956 G3756 G1063 G2980 G0575 G1438 G0235 G3745 G0191

λαλήσει; καὶ τὰ ἐρχόμενα ἀναγγελεῖ ὑμῖν.
બોલશે અને તે આવનારી જણાવશે તમને
G2980 G2532 G3588 G2064 G0312 G4771

તોપણ જયારે સત્યનો આત્મા આવશે, ત્યારે તે તમને સર્વ સત્યમાં દોરી જશે; કેમ કે તે પોતાના તરફથી કહેશે નહિ; પણ જે કંઈ તે સાંભળશે તે જ તે કહેશે; અને જે જે થવાનું છે તે તમને કહી બતાવશે.

14 ἐκεῖνος ἐμὲ δοξάσει, ὅτι ἐκ τοῦ ἐμοῦ λήμψεται, καὶ ἀναγγελεῖ ὑμῖν.
તે મારું મહિમા-આપશે કારણ-કે તેમાંથી તે મારું લેશે અને જણાવશે તમને
G1565 G1473 G1392 G3754 G1537 G3588 G1699 G2983 G2532 G0312 G4771

તે મને મહિમાવાન કરશે, કેમ કે મારું જે છે તેમાંથી તે લઈને તમને કહી બતાવશે.

15 πάντα ὅσα ἔχει ὁ Πατὴρ, ἐμά ἐστιν; διὰ τοῦτο, εἶπον ὅτι ἐκ τοῦ
બધું જે-કંઈ છે તે પિતાનું મારું છે તેથી આ કહ્યુ કે તેમાંથી તે
G3956 G3745 G2192 G3588 G3962 G1699 G1510 G1223 G3778 G3004 G3754 G1537 G3588

ἐμοῦ λαμβάνει, καὶ ἀναγγελεῖ ὑμῖν.
મારું લે-છે અને જણાવશે તમને
G1699 G2983 G2532 G0312 G4771

જે પિતાનાં છે, તે સર્વ મારાં છે; માટે મેં કહ્યુ કે, મારું જે છે તેમાંથી લઈને તે તમને કહી બતાવશે.

16 Μικρὸν καὶ οὐκέτι θεωρεῖτέ με; καὶ πάλιν μικρὸν καὶ ὄψεσθέ με,
થોડું અને હવેથી-નહીં જોશો મને અને ફરીથી થોડું અને જોશો મને
G3398 G2532 G3765 G2334 G1473 G2532 G3825 G3398 G2532 G3708 G1473

<ὅτι ὑπάγω πρὸς τὸν πατέρα>.
કારણ-કે જાઉં-છું તે તે પિતા-પાસે
G3754 G5217 G4314 G3588 G3962

થોડીવાર પછી તમે મને જોશો નહિ; અને ફરી થોડીવાર પછી તમે મને જોશો.'"

17 Εἶπαν οὖν ἐκ τῶν μαθητῶν αὐτοῦ πρὸς ἀλλήλους, Τί ἐστιν τοῦτο
કહ્યુ પછી તેમનામાંથી તે શિષ્યોએ તેમના તે એકબીજાને શું છે આ
G3004 G3767 G1537 G3588 G3101 G0846 G4314 G0240 G5101 G1510 G3778

ὃ λέγει ἡμῖν, Μικρὸν καὶ οὐ θεωρεῖτέ με; καί, πάλιν μικρὸν καὶ
જે કહે-છે અમને થોડું અને નહીં જોશો મને અને ફરીથી થોડું અને
G3739 G3004 G1473 G3398 G2532 G3756 G2334 G1473 G2532 G3825 G3398 G2532

ὄψεσθέ με? καί Ὅτι ὑπάγω πρὸς τὸν Πατέρα?
જોશો મને અને કે જાઉં-છું તે તે પિતા-પાસે
G3708 G1473 G2532 G3754 G5217 G4314 G3588 G3962

એથી તેમના શિષ્યોમાંના કેટલાકે એકબીજાને કહ્યુ, 'ઈસુ આપણને કહે છે કે, થોડીવાર પછી તમે મને જોશો નહિ; અને ફરી થોડીવાર પછી તમે મને જોશો, કેમ કે હું પિતાની પાસે જાઉં છું, તે શું હશે?'"

18 ἔλεγον οὖν, Τοῦτο□ «τί ἐστιν» ὃ λέγει, τὸ μικρόν? οὐκ οἴδαμεν τί
કહેતા-હતા પછી આ શું છે જે કહે-છે આ થોડું નથી જાણતા શું
G3004 G3767 G3778 G5101 G1510 G3739 G3004 G3588 G3398 G3756 G1492 G5101

λαλεῖ.
બોલે-છે
G2980

તેઓએ કહ્યુ કે, 'થોડીવાર પછી, એમ ઈસુ કહે છે તે શું છે? ઈસુ શું કહે છે એ આપણે સમજતા નથી.'"

19 ἔγνω [ὁ] Ἰησοῦς ὅτι ἤθελον αὐτὸν ἐρωτᾶν, καὶ εἶπεν αὐτοῖς, Περὶ
જાણ્યું તે ઈસુએ કે ઇચ્છતા-હતા તેમને પૂછવા અને કહ્યુ તેઓને વિશે
G1097 G3588 G2424 G3754 G2309 G0846 G2065 G2532 G3004 G0846 G4012

τούτου ζητεῖτε μετ' ἀλλήλων, ὅτι εἶπον, Μικρὸν καὶ οὐ θεωρεῖτέ με;
આના શોધો-છો તેમાં એકબીજા-સાથે કે કહ્યુ થોડું અને નહીં જોશો મને
G3778 G2212 G3326 G0240 G3754 G3004 G3398 G2532 G3756 G2334 G1473

καὶ πάλιν, μικρὸν καὶ ὄψεσθέ με?
અને ફરીથી થોડું અને જોશો મને
G2532 G3825 G3398 G2532 G3708 G1473

તેઓ મને કશું પૂછવા ઇચ્છે છે, એ ઈસુએ જાણ્યું, તેથી તેમણે તેઓને કહ્યુ કે, થોડીવાર પછી તમે મને જોશો નહિ, અને ફરી થોડીવાર પછી તમે મને જોશો, એ જે મેં કહ્યુ, તે વિષે તમે અદરોઅદર શું પૂછો છો?

20 ἀμὴν ἀμὴν λέγω ὑμῖν, ὅτι κλαύσετε καὶ θρηνήσετε ὑμεῖς, ὁ δὲ
ખરેખર ખરેખર કહું-છું તમને કે રડશો અને વિલાપ-કરશો તમે તે પરંતુ
G0281 G0281 G3004 G4771 G3754 G2799 G2532 G2354 G4771 G3588 G1161

κόσμος χαρήσεται; ὑμεῖς λυπηθήσεσθε, ἀλλ' ἡ λύπη ὑμῶν εἰς χαρὰν
જગત આનંદ-કરશે તમે દુખી-થશો પરંતુ તે દુખ તમારું તે આનંદમાં
G2889 G5463 G4771 G3076 G0235 G3588 G3077 G4771 G1519 G5479

γενήσεται.
બદલાશે
G1096

હું તમને નિશ્ચે કહું છું કે, 'તમે રડશો અને શોક કરશો, પણ આ જગત આનંદ કરશે; તમે ઉદાસ થશો, પણ તમારી ઉદાસી આનંદમાં પલટાઈ જશે.'"

21 ἡ γυνὴ ὅταν τίκτῃ, λύπην ἔχει, ὅτι ἦλθεν ἡ ὥρα αὐτῆς; ὅταν
તે સ્ત્રી જ્યારે જન્મ-આપે-છે દુખ ધરાવે-છે કારણ-કે આવી તેની ઘડી તેની જ્યારે
G3588 G1135 G3752 G5088 G3077 G2192 G3754 G2064 G3588 G5610 G0846 G3752

δὲ γεννήσῃ τὸ παιδίον, οὐκέτι μνημονεύει τῆς θλίψεως, διὰ τὴν
પરંતુ જન્મ-આપે તે બાળક હવેથી-નહીં યાદ-કરે-છે તે કષ્ટનું ના-કારણે તે
G1161 G1080 G3588 G3813 G3765 G3421 G3588 G2347 G1223 G3588

χαρὰν, ὅτι ἐγεννήθη ἄνθρωπος εἰς τὸν κόσμον.
આનંદના કારણ-કે જન્મ્યો મનુષ્ય તે તે જગતમાં
G5479 G3754 G1080 G0444 G1519 G3588 G2889

જ્યારે સ્ત્રીને પ્રસવવેદના થતી હોય છે ત્યારે તેને દુઃખ થાય છે, કેમ કે તેનો સમય આવ્યો હોય છે; પણ બાળકનો જન્મ થયા પછી, દુનિયામાં બાળક જનમ્યું છે તેના આનંદથી તે દુઃખ તેને ફરીથી યાદ આવતું નથી.

22 καὶ ὑμεῖς οὖν, νῦν μὲν λύπην ἔχετε; πάλιν δὲ ὄψομαι ὑμᾶς, καὶ
અને તમે-પણ પછી હવે તો દુખ ધરાવો-છો ફરીથી પરંતુ જોઈશ તમને અને
G2532 G4771 G3767 G3568 G3303 G3077 G2192 G3825 G1161 G3708 G4771 G2532

χαρήσεται ὑμῶν ἡ καρδία, καὶ τὴν χαρὰν ὑμῶν, οὐδεὶς αἴρει
આનંદ-થશે તમારું તે હૃદય અને તે આનંદ તમારો કોઈ લઈ-લેશે-નહીં
G5463 G4771 G3588 G2588 G2532 G3588 G5479 G4771 G3762 G0142

ἀφ’ ὑμῶν.
તમારી-પાસેથી તમારો
G0575 G4771

હમણાં તો તમે ઉદાસ છો ખરા; પણ હું ફરી તમને મળીશ ત્યારે તમે તમારા મનમાં આનંદ પામશો, અને તમારો આનંદ તમારી પાસેથી કોઈ છીનવી લેનાર નથી.

23 καὶ ἐν ἐκείνῃ τῇ ἡμέρᾳ, ἐμὲ οὐκ ἐρωτήσετε οὐδέν. ἀμὴν ἀμὴν λέγω
અને તે તે તે દિવસે મને નહીં પૂછશો કંઈ ખરેખર ખરેખર કહું-છું
G2532 G1722 G1565 G3588 G2250 G1473 G3756 G2065 G3762 G0281 G0281 G3004

ὑμῖν, ἄν τι αἰτήσητε, τὸν Πατέρα «δώσει ὑμῖν»□, «ἐν τῷ ὀνόματί
તમને જે-કંઈ કંઈ માગો તે પિતાને આપશે તમને તે તે નામે
G4771 G0302 G5100 G0154 G3588 G3962 G1325 G4771 G1722 G3588 G3686

μου».
મારા
G1473

તે દિવસે તમે મને કંઈ પૂછશો નહિ. હું તમને નિશ્ચે કહું છું કે, જેથી તમે મારે નામે પિતાની પાસે જે કંઈ માગો તે તમને તે આપે.

24 ἕως ἄρτι οὐκ ᾐτήσατε οὐδὲν ἐν τῷ ὀνόματί μου. αἰτεῖτε, καὶ
અત્યાર-સુધી હમણાં નથી માગ્યું કંઈ તે તે નામે મારા માગો અને
G2193 G0737 G3756 G0154 G3762 G1722 G3588 G3686 G1473 G0154 G2532

λήμψεσθε, ἵνα ἡ χαρὰ ὑμῶν ᾖ πεπληρωμένη.
પામશો કે તે આનંદ તમારો હોય પૂર્ણ
G2983 G2443 G3588 G5479 G4771 G1510 G4137

હજી સુધી તમે મારે નામે કંઈ માગ્યું નથી; માગો અને તમને મળશે, એ માટે તમારો આનંદ સંપૂર્ણ થાય.

25 Ταῦτα ἐν παροιμίαις λελάληκα ὑμῖν; ἔρχεται ὥρα ὅτε οὐκέτι ἐν
આ-બધું તે દ્રષ્ટાંતોમાં કહ્યુ-છે તમને આવે-છે સમય જ્યારે હવેથી-નહીં તે
G3778 G1722 G3942 G2980 G4771 G2064 G5610 G3753 G3765 G1722

παροιμίαις λαλήσω ὑμῖν, ἀλλὰ παρρησίᾳ, περὶ τοῦ Πατρὸς ἀπαγγελῶ ὑμῖν.
દ્રષ્ટાંતોમાં બોલીશ તમને પરંતુ સ્પષ્ટતાથી વિશે તે પિતાના જણાવીશ તમને
G3942 G2980 G4771 G0235 G3954 G4012 G3588 G3962 G0518 G4771

એ વાતો મેં તમને દ્રષ્ટાંતોમાં કહી છે; એવો સમય આવે છે કે જયારે હું દ્રષ્ટાંતોમાં તમારી સાથે બોલીશ નહિ, પણ પિતા સંબંધી હું તમને સ્પષ્ટ રીતે કહી સંભળાવીશ.

26

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐν | ἐκείνῃ | τῇ | ἡμέρᾳ, | ἐν | τῷ | ὀνόματί | μου | αἰτήσεσθε; | καὶ | οὐ | λέγω |
| તે | તે | તે | દિવસે | તે | તે | નામે | મારા | માગશો | અને | નથી | કહેતો |
| G1722 | G1565 | G3588 | G2250 | G1722 | G3588 | G3686 | G1473 | G0154 | G2532 | G3756 | G3004 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ὑμῖν, | ὅτι | ἐγὼ | ἐρωτήσω | τὸν | Πατέρα | περὶ | ὑμῶν, |
| તમને | કે | હું | વિનંતી-કરીશ | તે | પિતાને | વિશે | તમારા |
| G4771 | G3754 | G1473 | G2065 | G3588 | G3962 | G4012 | G4771 |

તે દિવસે તમે મારે નામે માગશો; અને હું તમને એમ નથી કહેતો કે હું તમારે માટે પિતાને પ્રાર્થના કરીશ;

27

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| αὐτὸς | γὰρ | ὁ | Πατὴρ | φιλεῖ | ὑμᾶς, | ὅτι | ὑμεῖς | ἐμὲ | πεφιλήκατε, | καὶ |
| ખુદ | કારણ-કે | તે | પિતા | પ્રેમ-કરે-છે | તમને | કારણ-કે | તમે | મને | પ્રેમ-કર્યો-છે | અને |
| G0846 | G1063 | G3588 | G3962 | G5368 | G4771 | G3754 | G4771 | G1473 | G5368 | G2532 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| πεπιστεύκατε | ὅτι | ἐγὼ | παρὰ | τοῦ | Θεοῦ | ἐξῆλθον. |
| વિશ્વાસ-કર્યો-છે | કે | હું | તે | તે | ઈશ્વર-પાસેથી | આવ્યો |
| G4100 | G3754 | G1473 | G3844 | G3588 | G2316 | G1831 |

કારણ કે પિતા પોતે તમારા પર પ્રેમ કરે છે, કેમ કે તમે મારા પર પ્રેમ રાખ્યો છે અને વિશ્વાસ પણ કર્યો છે કે હું પિતાની પાસેથી આવ્યો છું.

28

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐξῆλθον | ἐκ | τοῦ | Πατρός, | καὶ | ἐλήλυθα | εἰς | τὸν | κόσμον; | πάλιν | ἀφίημι |
| આવ્યો | થી | તે | પિતા-પાસેથી | અને | આવ્યો-છું | તે | તે | જગતમાં | ફરીથી | છોડું-છું |
| G1831 | G1537 | G3588 | G3962 | G2532 | G2064 | G1519 | G3588 | G2889 | G3825 | G0863 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| τὸν | κόσμον, | καὶ | πορεύομαι | πρὸς | τὸν | Πατέρα. |
| તે | જગતને | અને | જાઉં-છું | તે | તે | પિતા-પાસે |
| G3588 | G2889 | G2532 | G4198 | G4314 | G3588 | G3962 |

હું પિતા પાસેથી આ દુનિયામાં આવ્યો છું અને હવે હું આ દુનિયા ત્યજીને પિતાની પાસે જાઉં છું.’”

29

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Λέγουσιν | οἱ | μαθηταὶ | αὐτοῦ, | Ἴδε, | νῦν | ἐν | παρρησίᾳ | λαλεῖς, | καὶ |
| કહ્યુ | તે | શિષ્યોએ | તેમના | જુઓ | હવે | તે | સ્પષ્ટતાથી | બોલો-છો | અને |
| G3004 | G3588 | G3101 | G0846 | G3708 | G3568 | G1722 | G3954 | G2980 | G2532 |

| | | |
|---|---|---|
| παροιμίαν | οὐδεμίαν | λέγεις. |
| કોઈ | દૃષ્ટાંત | નથી-કહો-છો |
| G3942 | G3762 | G3004 |

તેમના શિષ્યો કહે છે કે, ‘હવે તમે સ્પષ્ટ રીતે બોલો છો અને કંઈ દ્રષ્ટાંતોમાં બોલતા નથી.

30

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| νῦν | οἴδαμεν | ὅτι | οἶδας | πάντα, | καὶ | οὐ | χρείαν | ἔχεις, | ἵνα | τίς | σε |
| હવે | જાણીએ-છીએ | કે | જાણો-છો | બધું | અને | નથી | જરૂર | છે | કે | કોઈ | તમને |
| G3568 | G1492 | G3754 | G1492 | G3956 | G2532 | G3756 | G5532 | G2192 | G2443 | G5100 | G4771 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ἐρωτᾷ. | ἐν | τούτῳ | πιστεύομεν, | ὅτι | ἀπὸ | Θεοῦ | ἐξῆλθες. |
| પૂછે | આનાથી | આ | વિશ્વાસ-કરીએ-છીએ | કે | થી | ઈશ્વર-પાસેથી | આવ્યા |
| G2065 | G1722 | G3778 | G4100 | G3754 | G0575 | G2316 | G1831 |

હવે અમે જાણીએ છીએ કે તમે સઘળી બાબતો જાણો છો; અને કોઈ માણસ તમને કંઈ પૂછે એવી અગત્ય નથી; તેથી અમે વિશ્વાસ કરીએ છીએ કે તમે ઈશ્વર પાસેથી આવ્યા છો.’”

31

| | | | | |
|---|---|---|---|---|
| ἀπεκρίθη | αὐτοῖς | Ἰησοῦς, | Ἄρτι | πιστεύετε? |
| ઉત્તર-આપ્યો | તેઓને | ઈસુએ | હવે | વિશ્વાસ-કરો-છો |
| G0611 | G0846 | G2424 | G0737 | G4100 |

ઈસુએ તેઓને ઉત્તર આપ્યો કે, 'શું હવે તમે વિશ્વાસ કરો છો?

32 ἰδοὺ, ἔρχεται ὥρα, καὶ ἐλήλυθεν, ἵνα σκορπισθῆτε, ἕκαστος εἰς τὰ
જુઓ આવે-છે સમય અને આવી-ગયો-છે કે વિખેરાશો પ્રત્યેક તે તેમના
G3708 G2064 G5610 G2532 G2064 G2443 G4650 G1538 G1519 G3588

ἴδια, κἀμὲ μόνον ἀφῆτε; καὶ οὐκ εἰμὶ μόνος, ὅτι ὁ Πατὴρ μετ'
પોતાના-માં અને-મને એકલા છોડી-દો અને નથી છું એકલો કારણ-કે તે પિતા મારી-સાથે
G2398 G2504 G3441 G0863 G2532 G3756 G1510 G3441 G3754 G3588 G3962 G3326

ἐμοῦ ἐστιν.
મારી છે
G1473 G1510

જુઓ, એવો સમય આવે છે, હા, હમણાં જ આવ્યો છે કે, તમે દરેક માણસ પોતપોતાની ગમ વિખેરાઈ જશો અને તમે મને એકલો મૂકશો. તે છતાં પણ હું એકલો નથી, કેમ કે પિતા મારી સાથે છે.

33 ταῦτα λελάληκα ὑμῖν, ἵνα ἐν ἐμοὶ εἰρήνην ἔχητε. ἐν τῷ κόσμῳ
આ-બધું કહ્યુ-છે તમને કે તે મારામાં શાંતિ રાખો તે તે જગતમાં
G3778 G2980 G4771 G2443 G1722 G1473 G1515 G2192 G1722 G3588 G2889

θλῖψιν ἔχετε. ἀλλὰ θαρσεῖτε; ἐγὼ νενίκηκα τὸν κόσμον.
કષ્ટ છે-તમને પરંતુ હિંમત-રાખો મેં જીત્યો-છે તે જગતને
G2347 G2192 G0235 G2293 G1473 G3528 G3588 G2889

મેં તમને એ વાતો કહી છે કે, 'મારામાં તમને શાંતિ પ્રાપ્ત થાય. દુનિયામાં તમને સંકટ છે; પણ હિંમત રાખો; મેં જગતને જીત્યું છે.'"

# Chapter 17

1 Ταῦτα ἐλάλησεν Ἰησοῦς, καὶ ἐπάρας τοὺς ὀφθαλμοὺς αὐτοῦ εἰς τὸν
આ-બધું બોલ્યા ઈસુએ અને ઊંચી-કરીને તેમની આખો તેમની તે તે
G3778 G2980 G2424 G2532 G1869 G3588 G3788 G0846 G1519 G3588

οὐρανὸν, εἶπεν, Πάτερ, ἐλήλυθεν ἡ ὥρα; δόξασόν σου τὸν Υἱόν, ἵνα
આકાશ-તરફ કહ્યુ પિતા આવી-છે તે ઘડી મહિમા-આપો તમારા તે પુત્રને કે
G3772 G3004 G3962 G2064 G3588 G5610 G1392 G4771 G3588 G5207 G2443

ὁ Υἱὸς δοξάσῃ σέ.
તે પુત્ર મહિમા-આપે તમને
G3588 G5207 G1392 G4771

ઈસુએ એ વાતો કહ્યાં પછી સ્વર્ગ તરફ પોતાની આખો ઊંચી કરીને કહ્યુ કે, 'પિતા, સમય આવ્યો છે; તમે તમારા દીકરાને મહિમાવાન કરો, જેથી દીકરો તમને મહિમાવાન કરે.

2 καθὼς ἔδωκας αὐτῷ ἐξουσίαν πάσης σαρκός, ἵνα πᾶν ὃ δέδωκας
જેમ આપ્યો તેમને અધિકાર બધાં-શરીર-પર શરીરનો કે બધાં જે આપ્યા-છે
G2531 G1325 G0846 G1849 G3956 G4561 G2443 G3956 G3739 G1325

αὐτῷ, δώσῃ αὐτοῖς ζωὴν αἰώνιον.
તેમને આપે તેઓને અનંત-જીવન શાશ્વત
G0846 G1325 G0846 G2222 G0166

કેમ કે તે સર્વ માણસો પર તમે અધિકાર આપ્યો છે કે, જે સર્વ તમે તેને આપ્યાં છે તેઓને તે અનંતજીવન આપે.

3 αὕτη δέ ἐστιν ἡ αἰώνιος ζωὴ, ἵνα γινώσκωσιν σέ, τὸν μόνον
અને-આ તે છે તે શાશ્વત જીવન કે ઓળખે તમને તે એકમાત્ર
G3778 G1161 G1510 G3588 G0166 G2222 G2443 G1097 G4771 G3588 G3441

ἀληθινὸν Θεὸν, καὶ ὃν ἀπέστειλας, Ἰησοῦν Χριστόν.
સાચા ઈશ્વરને અને જેને મોકલ્યા ઈસુ ખ્રિસ્તને
G0228 G2316 G2532 G3739 G0649 G2424 G5547

અનંતજીવન એ છે કે તે તમને એકલાને, સત્ય ઈશ્વરને તથા ઈસુ ખ્રિસ્તને કે જેને તમેણે મોકલ્યો છે તેને ઓળખે.

| 4 | ἐγώ | σε | ἐδόξασα | ἐπὶ | τῆς | γῆς, | τὸ | ἔργον | τελειώσας, | ὃ | δέδωκάς |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મેં | તમને | મહિમા-આપ્યો | તે | તે | પૃથ્વી-પર | તે | કામ | પૂર્ણ-કર્યું | જે | આપ્યું-હતું |
| | G1473 | G4771 | G1392 | G1909 | G3588 | G1093 | G3588 | G2041 | G5048 | G3739 | G1325 |

| μοι | ἵνα | ποιήσω. |
|---|---|---|
| મને | કે | કરું |
| G1473 | G2443 | G4160 |

જે કામ કરવાનું તમે મને સોંપ્યું હતું તે પૂરું કરીને મેં તમને પૃથ્વી પર મહિમાવાન કર્યા છે.

| 5 | καὶ | νῦν | δόξασόν | με | σύ, | Πάτερ, | παρὰ | σεαυτῷ, | τῇ | δόξῃ | ᾗ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અને | હવે | મહિમા-આપો | મને | તમે | પિતા | તમારી-પાસે | પોતાની-પાસે | તે | મહિમાથી | જે |
| | G2532 | G3568 | G1392 | G1473 | G4771 | G3962 | G3844 | G4572 | G3588 | G1391 | G3739 |

| εἶχον | πρὸ | τοῦ | τὸν | κόσμον, | εἶναι | παρὰ | σοί. |
|---|---|---|---|---|---|---|---|
| હતી-મારી-પાસે | પહેલાં | તે | જગત | જગતના | હોવાથી-પહેલાં | તમારી-પાસે | તમારી |
| G2192 | G4253 | G3588 | G3588 | G2889 | G1510 | G3844 | G4771 |

હવે, ઓ પિતા, સૃષ્ટિની ઉત્પત્તિ અગાઉ તમારી સાથે જે મહિમા હું ભોગવતો હતો તેથી તમે હમણાં પોતાની સાથે મને મહિમાવાન કરો.

| 6 | Ἐφανέρωσά | σου | τὸ | ὄνομα | τοῖς | ἀνθρώποις | οὓς | ἔδωκάς | μοι | ἐκ | τοῦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રગટ-કર્યું | તમારું | તે | નામ | તે | માણસોને | જેઓને | આપ્યા | મને | થી | તે |
| | G5319 | G4771 | G3588 | G3686 | G3588 | G0444 | G3739 | G1325 | G1473 | G1537 | G3588 |

| κόσμου. | σοὶ | ἦσαν, | κἀμοὶ | αὐτοὺς | ἔδωκας, | καὶ | τὸν | λόγον | σου | τετήρηκαν. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જગતમાંથી | તમારા | હતા | અને-મને | તેઓને | આપ્યા | અને | તે | વચન | તમારું | પાળ્યું-છે |
| G2889 | G4674 | G1510 | G2504 | G0846 | G1325 | G2532 | G3588 | G3056 | G4771 | G5083 |

માનવજગતમાંથી જે માણસો તમે મને આપ્યાં છે, તેઓને મેં તમારું નામ પ્રગટ કર્યું છે; તેઓ તમારાં હતાં, તેઓને તમે મને આપ્યાં છે; અને તેઓએ તમારાં વચન પાળ્યા છે.

| 7 | νῦν | ἔγνωκαν | ὅτι | πάντα | ὅσα | δέδωκάς | μοι, | παρὰ | σοῦ | εἰσιν; |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | હવે | જાણ્યું-છે | કે | બધું | જે-કંઈ | આપ્યું-છે | મને | તે | તમારી-પાસેથી | છે |
| | G3568 | G1097 | G3754 | G3956 | G3745 | G1325 | G1473 | G3844 | G4771 | G1510 |

હવે તેઓ જાણે છે કે જે જે તમે મને આપ્યાં છે, તે સર્વ તમારા તરફથી જ છે.

| 8 | ὅτι | τὰ | ῥήματα | ἃ | ἔδωκάς | μοι, | δέδωκα | αὐτοῖς, | καὶ | αὐτοὶ | ἔλαβον, |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કારણ-કે | તે | વચનો | જે | આપ્યાં | મને | આપ્યાં | તેઓને | અને | તેઓએ | સ્વીકાર્યાં |
| | G3754 | G3588 | G4487 | G3739 | G1325 | G1473 | G1325 | G0846 | G2532 | G0846 | G2983 |

| καὶ | ἔγνωσαν | ἀληθῶς | ὅτι | παρὰ | σοῦ | ἐξῆλθον; | καὶ | ἐπίστευσαν | ὅτι | σύ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | જાણ્યું | સાચે-જ | કે | તે | તમારી-પાસેથી | આવ્યો | અને | વિશ્વાસ-કર્યો | કે | તમે |
| G2532 | G1097 | G0230 | G3754 | G3844 | G4771 | G1831 | G2532 | G4100 | G3754 | G4771 |

| με | ἀπέστειλας. |
|---|---|
| મને | મોકલ્યા |
| G1473 | G0649 |

કેમ કે જે વાતો તમે મને કહેલી હતી તે મેં તેઓને કહી છે; અને તેઓએ તે સ્વીકારી છે; અને હું તમારી પાસેથી આવ્યો છું, એ તેઓએ નિશ્ચે જાણ્યું છે, તમે મને મોકલ્યો છે, એવો વિશ્વાસ તેઓએ કર્યો છે.

| 9 | Ἐγὼ | περὶ | αὐτῶν | ἐρωτῶ. | οὐ | περὶ | τοῦ | κόσμου | ἐρωτῶ, | ἀλλὰ | περὶ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | હું | વિશે | તેઓના | વિનંતી-કરું-છું | નહીં | વિશે | તે | જગતના | વિનંતી-કરું-છું | પરંતુ | વિશે |
| | G1473 | G4012 | G0846 | G2065 | G3756 | G4012 | G3588 | G2889 | G2065 | G0235 | G4012 |

| ὧν | δέδωκάς | μοι, | ὅτι | σοί | εἰσιν. |
|---|---|---|---|---|---|
| જેઓને | આપ્યા-છે | મને | કારણ-કે | તમારા | છે |
| G3739 | G1325 | G1473 | G3754 | G4674 | G1510 |

જેઓએ વિશ્વાસ કર્યો છે તેઓને માટે હું પ્રાર્થના કરું છું; માનવજગતને સારું હું પ્રાર્થના કરતો નથી, પણ જેઓને તમે મને આપ્યાં છે તેઓને માટે; કેમ કે તેઓ તમારાં છે;

10 καὶ τὰ ἐμὰ πάντα, σά ἐστιν; καὶ τὰ σὰ, ἐμά; καὶ δεδόξασμαι
અને તે મારું-બધું બધું તમારું છે અને તે તમારું મારું અને મહિમા-પામ્યો-છે
G2532 G3588 G1699 G3956 G4674 G1510 G2532 G3588 G4674 G1699 G2532 G1392

ἐν αὐτοῖς.
તે તેઓમાં
G1722 G0846

જે બધા મારાં તે તમારા છે અને જે તમારા તે મારાં છે; હું તેઓમાં મહિમાવાન થયો છું.

11 καὶ οὐκέτι εἰμὶ ἐν τῷ κόσμῳ, καὶ αὐτοὶ ἐν τῷ κόσμῳ εἰσίν,
અને હવેથી-નહીં છું તે તે જગતમાં અને તેઓ તે તે જગતમાં છે
G2532 G3765 G1510 G1722 G3588 G2889 G2532 G0846 G1722 G3588 G2889 G1510

κἀγὼ πρὸς σὲ ἔρχομαι. Πάτερ ἅγιε, τήρησον αὐτοὺς ἐν τῷ ὀνόματί
અને-હું તે તમારી-પાસે આવું-છું પિતા પવિત્ર સાચવો તેઓને તે તે નામે
G2504 G4314 G4771 G2064 G3962 G0040 G5083 G0846 G1722 G3588 G3686

σου, ᾧ δέδωκάς μοι, ἵνα ὦσιν ἓν, καθὼς ἡμεῖς.
તમારા જે આપ્યું-છે મને કે હોય એક જેમ આપણે
G4771 G3739 G1325 G1473 G2443 G1510 G1520 G2531 G1473

હું લાંબા સમય સુધી દુનિયામાં નથી, પણ તેઓ આ દુનિયામાં છે અને હું તમારી પાસે આવું છું. ઓ પવિત્ર પિતા, તમારું નામ જે તમે મને આપ્યું છે, તેમાં તેઓને પણ આપણા જેવા એક થવા માટે સંભાળી રાખો.

12 ὅτε ἤμην μετ᾽ αὐτῶν, ἐγὼ ἐτήρουν αὐτοὺς ἐν τῷ ὀνόματί σου,
જ્યારે હતો તેઓની-સાથે તેઓના મેં સાચવતો-હતો તેઓને તે તે નામે તમારા
G3753 G1510 G3326 G0846 G1473 G5083 G0846 G1722 G3588 G3686 G4771

ᾧ δέδωκάς μοι. καὶ ἐφύλαξα, καὶ οὐδεὶς ἐξ αὐτῶν ἀπώλετο, εἰ
જે આપ્યું-છે મને અને રક્ષા-કર્યા અને કોઈ તેઓમાંથી તેઓના નાશ-પામ્યો સિવાય
G3739 G1325 G1473 G2532 G5442 G2532 G3762 G1537 G0846 G0622 G1487

μὴ ὁ υἱὸς τῆς ἀπωλείας, ἵνα ἡ γραφὴ πληρωθῇ.
કે તે પુત્ર તે વિનાશનો કે તે શાસ્ત્ર પૂર્ણ-થાય
G3361 G3588 G5207 G3588 G0684 G2443 G3588 G1124 G4137

હું તેઓની સાથે જગતમાં હતો ત્યાં સુધી તમારું નામ જે તમે મને આપ્યું છે તેમાં મેં તેઓને સંભાળી રાખ્યાં; અને મેં તેઓનું રક્ષણ કર્યું છે શાસ્ત્રવચનો પૂરા થાય માટે વિનાશના દીકરા સિવાય તેઓમાંના કોઈનો વિનાશ થયો નહિ.

13 νῦν δὲ πρὸς σὲ ἔρχομαι; καὶ ταῦτα λαλῶ ἐν τῷ κόσμῳ, ἵνα
હવે પરંતુ તે તમારી-પાસે આવું-છું અને આ-બધું બોલું-છું તે તે જગતમાં કે
G3568 G1161 G4314 G4771 G2064 G2532 G3778 G2980 G1722 G3588 G2889 G2443

ἔχωσιν τὴν χαρὰν τὴν ἐμὴν πεπληρωμένην ἐν ἑαυτοῖς.
ધરાવે તે આનંદ તે મારો પૂર્ણ તે પોતાનામાં
G2192 G3588 G5479 G3588 G1699 G4137 G1722 G1438

હવે હું તમારી પાસે આવું છું; 'તેઓમાં મારો આનંદ સંપૂર્ણ થાય,' માટે હું આ બાબતો દુનિયામાં કહું છું.

14 ἐγὼ δέδωκα αὐτοῖς τὸν λόγον σου, καὶ ὁ κόσμος ἐμίσησεν αὐτούς,
મેં આપ્યું-છે તેઓને તે વચન તમારું અને તે જગતે ધિક્કાર્યું તેઓને
G1473 G1325 G0846 G3588 G3056 G4771 G2532 G3588 G2889 G3404 G0846

ὅτι οὐκ εἰσὶν ἐκ τοῦ κόσμου, καθὼς ἐγὼ οὐκ εἰμὶ ἐκ τοῦ
કારણ-કે નથી છે થી તે જગતના જેમ હું નથી છું થી તે
G3754 G3756 G1510 G1537 G3588 G2889 G2531 G1473 G3756 G1510 G1537 G3588

κόσμου.
જગતનો
G2889

તમારાં વચનો મેં તેઓને આપ્યાં છે; માનવજગતે તેઓનો દ્વેષ કર્યો છે કેમ કે જેમ હું જગતનો નથી તેમ તેઓ આ જગતના નથી.

15 οὐκ ἐρωτῶ ἵνα ἄρῃς αὐτοὺς ἐκ τοῦ κόσμου, ἀλλ’ ἵνα τηρήσῃς
નથી વિનંતી-કરું-છું કે લઈ-જાઓ તેઓને થી તે જગતમાંથી પરંતુ કે સાચવો
G3756 G2065 G2443 G0142 G0846 G1537 G3588 G2889 G0235 G2443 G5083

αὐτοὺς ἐκ τοῦ πονηροῦ.
તેઓને થી તે દુષ્ટથી
G0846 G1537 G3588 G4190

તમે તેઓને દુનિયામાંથી લઈ લો એવી પ્રાર્થના હું કરતો નથી, પણ તમે તેઓને દુષ્ટથી દૂર રાખો.

16 ἐκ τοῦ κόσμου οὐκ εἰσὶν, καθὼς ἐγὼ οὐκ εἰμὶ ἐκ τοῦ κόσμου.
થી તે જગતના નથી છે જેમ હું નથી છું થી તે જગતનો
G1537 G3588 G2889 G3756 G1510 G2531 G1473 G3756 G1510 G1537 G3588 G2889

જેમ હું જગતનો નથી, તેમ તેઓ આ જગતના નથી.

17 ἁγίασον αὐτοὺς ἐν τῇ ἀληθείᾳ; ὁ λόγος ὁ σὸς ἀλήθειά ἐστιν.
પવિત્ર-કરો તેઓને તે તે સત્યમાં તે વચન તે તમારું સત્ય છે
G0037 G0846 G1722 G3588 G0225 G3588 G3056 G3588 G4674 G0225 G1510

સત્યથી તેઓને પવિત્ર કરો; તમારું વચન સત્ય છે.

18 καθὼς ἐμὲ ἀπέστειλας εἰς τὸν κόσμον, κἀγὼ ἀπέστειλα αὐτοὺς εἰς τὸν
જેમ મને મોકલ્યા તે તે જગતમાં અને-મેં મોકલ્યા તેઓને તે તે
G2531 G1473 G0649 G1519 G3588 G2889 G2504 G0649 G0846 G1519 G3588

κόσμον;
જગતમાં
G2889

જેમ તમે મને દુનિયામાં મોકલ્યો છે, તેમ મેં પણ તેઓને દુનિયામાં મોકલ્યા છે.

19 καὶ ὑπὲρ αὐτῶν ἐγὼ ἁγιάζω ἐμαυτόν, ἵνα ὦσιν καὶ αὐτοὶ ἡγιασμένοι
અને માટે તેઓના હું પવિત્ર-કરું-છું મારી-જાતને કે હોય તેમ-છતાં તેઓ-પણ પવિત્ર-કરેલા
G2532 G5228 G0846 G1473 G0037 G1683 G2443 G1510 G2532 G0846 G0037

ἐν ἀληθείᾳ.
તે સત્યમાં
G1722 G0225

તેઓ પોતે પણ સત્યથી પવિત્ર થાય માટે તેઓને સારું હું પોતાને પવિત્ર કરું છું.

20 Οὐ περὶ τούτων δὲ ἐρωτῶ μόνον, ἀλλὰ καὶ περὶ τῶν
નહીં વિશે આ-લોકો પરંતુ વિનંતી-કરું-છું માત્ર પરંતુ તેમ-છતાં વિશે-પણ જેઓ
G3756 G4012 G3778 G1161 G2065 G3440 G0235 G2532 G4012 G3588

πιστευόντων διὰ τοῦ λόγου αὐτῶν εἰς ἐμέ --
વિશ્વાસ-કરશે દ્વારા તે વચનના તેઓના તે મારામાં-પણ
G4100 G1223 G3588 G3056 G0846 G1519 G1473

વળી હું એકલો તેઓને માટે નહિ, પણ તેઓની વાતથી જેઓ મારા પર વિશ્વાસ કરશે, તેઓને માટે પણ પ્રાર્થના કરું છું કે,

21 ἵνα πάντες ἓν ὦσιν, καθὼς σύ, πάτερ, ἐν ἐμοί, κἀγὼ ἐν σοί,
કે બધા એક હોય જેમ તમે પિતા તે મારામાં અને-હું તે તમારામાં
G2443 G3956 G1520 G1510 G2531 G4771 G3962 G1722 G1473 G2504 G1722 G4771

ἵνα καὶ αὐτοὶ ἐν ἡμῖν ὦσιν, ἵνα ὁ κόσμος πιστεύῃ ὅτι σύ
કે તેમ-છતાં તેઓ-પણ તે આપણામાં હોય કે તે જગત વિશ્વાસ-કરે કે તમે
G2443 G2532 G0846 G1722 G1473 G1510 G2443 G3588 G2889 G4100 G3754 G4771

με ἀπέστειλας.
મને મોકલ્યા
G1473 G0649

તેઓ બધા એક થાય. ઓ પિતા, જેમ તમે મારામાં અને હું તમારામાં, તેમ તેઓ પણ આપણામાં થાય, જેથી માનવજગત વિશ્વાસ કરે કે તમે મને મોકલ્યો છે.

22 κἀγὼ τὴν δόξαν ἣν δέδωκάς μοι, δέδωκα αὐτοῖς, ἵνα ὦσιν ἕν, καθὼς
અને-મેં તે મહિમા જે આપ્યો-છે મને આપી-છે તેઓને કે હોય એક જેમ
G2504 G3588 G1391 G3739 G1325 G1473 G1325 G0846 G2443 G1510 G1520 G2531

ἡμεῖς ἕν:
આપણે એક
G1473 G1520

જે મહિમા તમે મને આપ્યો છે તે મેં તેઓને આપ્યો છે, જેથી જેવા આપણે એક છીએ તેમ તેઓ પણ એક થાય;

23 ἐγὼ ἐν αὐτοῖς, καὶ σὺ ἐν ἐμοί, ἵνα ὦσιν τετελειωμένοι εἰς ἕν,
હું તે તેઓમાં અને તમે તે મારામાં કે હોય સંપૂર્ણ-કરેલા તે એકમાં
G1473 G1722 G0846 G2532 G4771 G1722 G1473 G2443 G1510 G5048 G1519 G1520

ἵνα γινώσκῃ ὁ κόσμος ὅτι σύ με ἀπέστειλας, καὶ ἠγάπησας αὐτοὺς
કે જાણે તે જગત કે તમે મને મોકલ્યા અને પ્રેમ-કર્યો તેઓને
G2443 G1097 G3588 G2889 G3754 G4771 G1473 G0649 G2532 G0025 G0846

καθὼς ἐμὲ ἠγάπησας.
જેમ મને પ્રેમ-કર્યો
G2531 G1473 G0025

એટલે હું તેઓમાં અને તમે મારામાં થાઓ જેથી તેઓ સંપૂર્ણ રીતે એક કરાય, એ સારું કે માનવજગત સમજે કે તમે મને મોકલ્યો છે અને જેમ તમે મારા પર પ્રેમ કર્યો છે તેમ તેઓના પર પણ પ્રેમ કર્યો છે.

24 πάτερ, ὃ δέδωκάς μοι, θέλω ἵνα ὅπου εἰμὶ ἐγώ, κἀκεῖνοι ὦσιν μετ’
પિતા જે આપ્યું-છે મને ઇચ્છું-છું કે જ્યાં છું હું તેઓ-પણ હોય મારી-સાથે
G3962 G3739 G1325 G1473 G2309 G2443 G3699 G1510 G1473 G2548 G1510 G3326

ἐμοῦ, ἵνα θεωρῶσιν τὴν δόξαν τὴν ἐμήν, ἣν δέδωκάς μοι ὅτι
મારી કે જુએ તે મહિમા તે મારી જે આપ્યો-છે મને કારણ-કે
G1473 G2443 G2334 G3588 G1391 G3588 G1699 G3739 G1325 G1473 G3754

ἠγάπησάς με πρὸ καταβολῆς κόσμου.
પ્રેમ-કર્યો મને પહેલાં સૃષ્ટિના જગતના
G0025 G1473 G4253 G2602 G2889

હે પિતા, હું એવું ઇચ્છું છું કે, જ્યાં હું છું ત્યાં જેઓને તમે મને આપ્યાં છે તેઓ પણ મારી પાસે રહે, જેથી તેઓ મારો મહિમા જુએ, કે જે તમે મને આપ્યો છે; કેમ કે સૃષ્ટિનો પાયો નંખાયા અગાઉ તમે મારા પર પ્રેમ કર્યો હતો.

25 Πάτερ δίκαιε, καὶ ὁ κόσμος σε οὐκ ἔγνω, ἐγὼ δέ σε ἔγνων,
પિતા ન્યાયી અને તે જગતે તમને નથી ઓળખ્યા હું પરંતુ તમને ઓળખ્યા
G3962 G1342 G2532 G3588 G2889 G4771 G3756 G1097 G1473 G1161 G4771 G1097

καὶ οὗτοι ἔγνωσαν ὅτι σύ με ἀπέστειλας.
અને આ-લોકોએ જાણ્યું કે તમે મને મોકલ્યા
G2532 G3778 G1097 G3754 G4771 G1473 G0649

ઓ ન્યાયી પિતા, માનવજગતે તો તમને ઓળખ્યા નથી; પણ મેં તમને ઓળખ્યા છે; અને તમે મને મોકલ્યો છે, એમ તેઓએ જાણ્યું છે;

26 καὶ ἐγνώρισα αὐτοῖς τὸ ὄνομά σου, καὶ γνωρίσω, ἵνα ἡ ἀγάπη
અને જણાવ્યું-છે તેઓને તે નામ તમારું અને જણાવીશ કે તે પ્રેમ
G2532 G1107 G0846 G3588 G3686 G4771 G2532 G1107 G2443 G3588 G0026

ἣν ἠγάπησάς με, ἐν αὐτοῖς ᾖ, κἀγὼ ἐν αὐτοῖς.
જેથી પ્રેમ-કર્યો મને તે તેઓમાં હોય અને-હું તે તેઓમાં
G3739 G0025 G1473 G1722 G0846 G1510 G2504 G1722 G0846

મેં તેઓને તમારું નામ જણાવ્યું છે; અને જણાવીશ; એ માટે કે, જે પ્રેમથી તમે મારા પર પ્રેમ રાખ્યો છે તે તેઓમાં રહે અને હું તેઓમાં રહું.'"

## Chapter 18

1 Ταῦτα εἰπὼν, Ἰησοῦς ἐξῆλθεν σὺν τοῖς μαθηταῖς αὐτοῦ πέραν τοῦ
આ-વાતો કહીને ઈસુ નીકળ્યા સાથે પોતાના શિષ્યો તેમના પેલી-બાજુ તે
G3778 G3004 G2424 G1831 G4862 G3588 G3101 G0846 G4008 G3588

χειμάρρου τοῦ Κέδρων, ὅπου ἦν κῆπος, εἰς ὃν εἰσῆλθεν αὐτὸς, καὶ
કિદ્રોન-નાળાના તે કિદ્રોનના જ્યાં હતો બગીચો માં જેમાં દાખલ-થયા તે-પોતે અને
G5493 G3588 G2748 G3699 G1510 G2779 G1519 G3739 G1525 G0846 G2532

οἱ μαθηταὶ αὐτοῦ.
તેમના શિષ્યો તેમના
G3588 G3101 G0846

એ વાતો કહ્યાં પછી ઈસુ પોતાના શિષ્યો સાથે કિન્દ્રોન ખીણને પેલે પાર ગયા, ત્યાં એક વાડી હતી, તેમાં તેઓ પોતે તથા તેમના શિષ્યો ગયા.

2 ᾔδει δὲ καὶ Ἰούδας, ὁ παραδιδοὺς αὐτὸν, τὸν τόπον, ὅτι
જાણતો-હતો પણ પણ યહૂદા તે દગો-કરનાર તેમને તે જગ્યા કારણ-કે
G1492 G1161 G2532 G2455 G3588 G3860 G0846 G3588 G5117 G3754

πολλάκις συνήχθη Ἰησοῦς ἐκεῖ, μετὰ τῶν μαθητῶν αὐτοῦ.
ઘણી-વાર ભેગા-થયા-હતા ઈસુ ત્યાં સાથે પોતાના શિષ્યો તેમના
G4178 G4863 G2424 G1563 G3326 G3588 G3101 G0846

હવે તેમને પરસ્વાધીન કરનાર યહૂદા પણ તે જગ્યા વિષે જાણતો હતો; કેમ કે ઈસુ પોતાના શિષ્યોની સાથે ઘણી વખત ત્યાં જતા હતા.

3 ὁ οὖν Ἰούδας, λαβὼν τὴν σπεῖραν, καὶ ἐκ τῶν ἀρχιερέων καὶ
તેથી તો યહૂદાએ લઈને તે ટુકડીને અને તરફથી મુખ્ય યાજકોના અને
G3588 G3767 G2455 G2983 G3588 G4686 G2532 G1537 G3588 G0749 G2532

ἐκ τῶν Φαρισαίων ὑπηρέτας, ἔρχεται ἐκεῖ μετὰ φανῶν, καὶ λαμπάδων, καὶ
તરફથી તે ફરોશીઓના ચોકીદારોને આવ્યો ત્યાં સાથે મશાલો અને દીવાઓ અને
G1537 G3588 G5330 G5257 G2064 G1563 G3326 G5322 G2532 G2985 G2532

ὅπλων.
હથિયારો
G3696

ત્યારે યહૂદા સૈનિકોની ટુકડી લઈને અને મુખ્ય યાજકો તથા ફરોશીઓની પાસેથી સિપાઈઓને લઈને ફાનસો, મશાલો તથા હથિયારો સહિત ત્યાં આવ્યો.

4 Ἰησοῦς οὖν εἰδὼς πάντα τὰ ἐρχόμενα ἐπ’ αὐτὸν, ἐξῆλθεν καὶ λέγει
ઈસુ તો જાણીને બધું જે આવનારું-હતું તેમના-પર તેમને આગળ-આવ્યા અને કહ્યુ
G2424 G3767 G1492 G3956 G3588 G2064 G1909 G0846 G1831 G2532 G3004

αὐτοῖς, Τίνα ζητεῖτε?
તેમને કોને શોધો-છો
G0846 G5101 G2212

ત્યારે ઈસુ પોતાનાં પર જે સર્વ આવી પડવાનું હતું તે બધું જાણતા હતા, તે માટે તેમણે બહાર જઈને તેઓને કહ્યુ કે, ‘તમે કોને શોધો છો?’”

5 ἀπεκρίθησαν αὐτῷ, Ἰησοῦν τὸν Ναζωραῖον. λέγει αὐτοῖς, Ἐγώ εἰμι. εἱστήκει
જવાબ-આપ્યો તેમને ઈસુ તે નાઝારેથના કહ્યુ તેમને હું છું ઊભો-હતો
G0611 G0846 G2424 G3588 G3480 G3004 G0846 G1473 G1510 G2476

δὲ καὶ Ἰούδας, ὁ παραδιδοὺς αὐτὸν, μετ’ αὐτῶν.
પણ પણ યહૂદા તે દગો-કરનાર તેમને સાથે તેમના
G1161 G2532 G2455 G3588 G3860 G0846 G3326 G0846

તેઓએ તેમને ઉત્તર દીધો કે, ‘ઈસુ નાઝારીને.’ ઈસુ તેઓને કહે છે કે, ‘તે હું છું.’ અને યહૂદા જે તેમને પરસ્વાધીન કરનાર હતો તે પણ સૈનિકોની સાથે ઊભો હતો.

6 ὡς οὖν εἶπεν αὐτοῖς, Ἐγώ εἰμι, ἀπῆλθον εἰς τὰ ὀπίσω, καὶ ἔπεσαν
જ્યારે તો કહ્યુ તેમને હું છું પાછા-હટ્યા તરફ પાછળની બાજુ અને પડી-ગયા
G5613 G3767 G3004 G0846 G1473 G1510 G0565 G1519 G3588 G3694 G2532 G4098

χαμαί.
જમીન-પર
G5476

એ માટે જયારે તેમણે તેઓને કહ્યુ કે, ‘તે હું છું,’ ત્યારે તેઓ પાછા હટીને જમીન પર પડ્યા.

7 πάλιν οὖν ἐπηρώτησεν αὐτούς, Τίνα ζητεῖτε? οἱ δὲ εἶπαν, Ἰησοῦν τὸν
ફરીથી તો પૂછ્યું તેમને કોને શોધો-છો તેઓએ તો કહ્યુ ઈસુ તે
G3825 G3767 G1905 G0846 G5101 G2212 G3588 G1161 G3004 G2424 G3588

Ναζωραῖον.
નાઝારેથના
G3480

ત્યારે તેમણે ફરી તેઓને પૂછ્યું કે, ‘તમે કોને શોધો છો?’ અને તેઓએ કહ્યુ કે, ‘નાસરેથના ઈસુને.’”

8 ἀπεκρίθη Ἰησοῦς, Εἶπον ὑμῖν ὅτι ἐγώ εἰμι. εἰ οὖν ἐμὲ ζητεῖτε, ἄφετε
જવાબ-આપ્યો ઈસુએ કહ્યુ તમને કે હું છું જો તો મને શોધો-છો જવા-દો
G0611 G2424 G3004 G4771 G3754 G1473 G1510 G1487 G3767 G1473 G2212 G0863

τούτους ὑπάγειν;
આ-લોકોને જવા-દો
G3778 G5217

ઈસુએ ઉત્તર આપ્યો કે, ‘મેં તમને કહ્યુ કે, તે હું છું;’ એ માટે જો તમે મને શોધતાં હો તો, આ માણસોને જવા દો.’”

9 ἵνα πληρωθῇ ὁ λόγος ὃν εἶπεν ὅτι, Οὓς δέδωκάς μοι, οὐκ
જેથી પૂર્ણ-થાય તે વચન જે કહ્યુ-હતું કે જેઓ તેં-આપ્યા મને નથી
G2443 G4137 G3588 G3056 G3739 G3004 G3754 G3739 G1325 G1473 G3756

ἀπώλεσα ἐξ αὐτῶν οὐδένα.
ગુમાવ્યો માંથી તેમાંથી એકને-પણ
G0622 G1537 G0846 G3762

એ માટે કે જે વચન તેઓ બોલ્યા હતા તે પૂર્ણ થાય; ‘જેઓને તમે મને આપ્યા છે તેઓમાંથી એકને પણ મેં ગુમાવ્યો નથી.’”

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Σίμων | οὖν | Πέτρος, | ἔχων | μάχαιραν, | εἵλκυσεν | αὐτὴν, | καὶ | ἔπαισεν | τὸν | τοῦ |
| શિમોન | તો | પેત્રોસ | પાસે-હતી | તલવાર | ખેંચી | તે | અને | માર્યો | તે | મુખ્ય |
| G4613 | G3767 | G4074 | G2192 | G3162 | G1670 | G0846 | G2532 | G3817 | G3588 | G3588 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀρχιερέως | δοῦλον, | καὶ | ἀπέκοψεν | αὐτοῦ | τὸ | ὠτάριον | τὸ | δεξιόν. | ἦν | δὲ |
| યાજકના | દાસને | અને | કાપી-નાખ્યો | તેનો | તે | કાન | તે | જમણો | હતું | અને |
| G0749 | G1401 | G2532 | G0609 | G0846 | G3588 | G5621 | G3588 | G1188 | G1510 | G1161 |

| | | | |
|---|---|---|---|
| ὄνομα | τῷ | δούλῳ, | Μάλχος. |
| નામ | તે | દાસનું | મલ્ખુસ |
| G3686 | G3588 | G1401 | G3124 |

ત્યારે સિમોન પિતરે તેની પાસે તલવાર હતી, તે કાઢીને પ્રમુખ યાજકના ચાકરનો જમણો કાન કાપી નાખ્યો. તે ચાકરનું નામ માલ્ખસ હતું.

11

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εἶπεν | οὖν | ὁ | Ἰησοῦς | τῷ | Πέτρῳ, | Βάλε | τὴν | μάχαιραν | εἰς | τὴν | θήκην; |
| કહ્યુ | તો | તે | ઈસુએ | તે | પેત્રોસને | મૂકી-દે | તારી | તલવાર | માં | તેના | મ્યાનમાં |
| G3004 | G3767 | G3588 | G2424 | G3588 | G4074 | G0906 | G3588 | G3162 | G1519 | G3588 | G2336 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| τὸ | ποτήριον | ὃ | δέδωκέν | μοι | ὁ | Πατήρ, | οὐ | μὴ | πίω | αὐτό? |
| તે | પ્યાલો | જે | આપ્યો-છે | મને | તે | પિતાએ | નહીં | શું | પીઉં | તે |
| G3588 | G4221 | G3739 | G1325 | G1473 | G3588 | G3962 | G3756 | G3361 | G4095 | G0846 |

તેથી ઈસુએ પિતરને કહ્યુ કે, ‘તારી તલવાર મ્યાનમાં મૂક; જે પ્યાલો મારા પિતાએ મને આપ્યો છે ‘તે શું હું ના પીઉં?’”

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἡ | οὖν | σπεῖρα, | καὶ | ὁ | χιλίαρχος, | καὶ | οἱ | ὑπηρέται | τῶν | Ἰουδαίων, |
| તે | તો | ટુકડી | અને | તે | સેનાપતિ | અને | તે | ચોકીદારોએ | યહૂદીઓના | યહૂદીઓએ |
| G3588 | G3767 | G4686 | G2532 | G3588 | G5506 | G2532 | G3588 | G5257 | G3588 | G2453 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| συνέλαβον | τὸν | Ἰησοῦν, | καὶ | ἔδησαν | αὐτὸν; |
| પકડ્યા | તે | ઈસુને | અને | બાંધ્યા | તેમને |
| G4815 | G3588 | G2424 | G2532 | G1210 | G0846 |

ત્યારે સિપાઈઓએ, સેનાપતિ તથા યહૂદીઓના અધિકારીઓએ ઈસુને પકડ્યા અને તેમને બાંધ્યા.

13

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἤγαγον | πρὸς | Ἄνναν | πρῶτον; | ἦν | γὰρ | πενθερὸς | τοῦ | Καϊάφα, | ὃς |
| અને | લઈ-ગયા | પાસે | આન્નાસ | પહેલાં | હતો | કારણ-કે | સસરો | તે | કાયાફાનો | જે |
| G2532 | G0071 | G4314 | G0452 | G4412 | G1510 | G1063 | G3995 | G3588 | G2533 | G3739 |

| | | | | |
|---|---|---|---|---|
| ἦν | ἀρχιερεὺς | τοῦ | ἐνιαυτοῦ | ἐκείνου. |
| હતો | મુખ્ય-યાજક | તે | વર્ષનો | તે |
| G1510 | G0749 | G3588 | G1763 | G1565 |

તેઓ પહેલાં તેમને આન્નાસની પાસે લઈ ગયા; કેમ કે તે વર્ષના પ્રમુખ યાજક કાયાફાનો તે સસરો હતો.

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἦν | δὲ | Καϊάφας | ὁ | συμβουλεύσας | τοῖς | Ἰουδαίοις, | ὅτι | συμφέρει | ἕνα |
| હતો | પણ | કાયાફા | તે-જ | સલાહ-આપનાર | તે | યહૂદીઓને | કે | સારું-છે | એક |
| G1510 | G1161 | G2533 | G3588 | G4823 | G3588 | G2453 | G3754 | G4851 | G1520 |

| | | | | |
|---|---|---|---|---|
| ἄνθρωπον | ἀποθανεῖν | ὑπὲρ | τοῦ | λαοῦ. |
| માણસ | મરે | માટે | તે | લોકોના |
| G0444 | G0599 | G5228 | G3588 | G2992 |

હવે કાયાફાએ યહૂદીઓને એવી સલાહ આપી હતી કે, લોકોને માટે એક માણસે મરવું હિતકારક છે.

15 Ἠκολούθει δὲ τῷ Ἰησοῦ. Σίμων Πέτρος καὶ ἄλλος μαθητής, ὁ δὲ
પાછળ-ચાલતા-હતા પણ તે ઈસુની શિમોન પેત્રોસ અને બીજો શિષ્ય તે અને
G0190 G1161 G3588 G2424 G4613 G4074 G2532 G0243 G3101 G3588 G1161

μαθητὴς ἐκεῖνος ἦν γνωστὸς τῷ ἀρχιερεῖ, καὶ συνεισῆλθεν τῷ Ἰησοῦ
શિષ્ય તે હતો ઓળખીતો તે મુખ્ય-યાજકનો અને અંદર-ગયો તે ઈસુ-સાથે
G3101 G1565 G1510 G1110 G3588 G0749 G2532 G4897 G3588 G2424

εἰς τὴν αὐλὴν τοῦ ἀρχιερέως.
માં તે આગણામાં તે મુખ્ય-યાજકના
G1519 G3588 G0833 G3588 G0749

સિમોન પિતર તથા બીજો એક શિષ્ય ઈસુની પાછળ ગયા. હવે તે શિષ્ય પ્રમુખ યાજકનો ઓળખીતો હતો તેથી ઈસુની સાથે પ્રમુખ યાજકના ઘરના ચોકમાં ગયો.

16 ὁ δὲ Πέτρος εἱστήκει πρὸς τῇ θύρᾳ ἔξω. ἐξῆλθεν οὖν ὁ
પણ તે પેત્રોસ ઊભો-હતો પાસે તે દરવાજાના બહાર નીકળ્યો તો તે
G3588 G1161 G4074 G2476 G4314 G3588 G2374 G1854 G1831 G3767 G3588

μαθητὴς ὁ ἄλλος, ὁ γνωστὸς τοῦ ἀρχιερέως, καὶ εἶπεν τῇ θυρωρῷ,
શિષ્ય તે બીજો તે ઓળખીતો તે મુખ્ય-યાજકનો અને કહ્યુ તે દ્વારપાળને
G3101 G3588 G0243 G3588 G1110 G3588 G0749 G2532 G3004 G3588 G2377

καὶ εἰσήγαγεν τὸν Πέτρον.
અને અંદર-લાવ્યો તે પેત્રોસને
G2532 G1521 G3588 G4074

પણ પિતર બારણા આગળ બહાર ઊભો રહ્યો. માટે તે બીજો શિષ્ય જે પ્રમુખ યાજકનો ઓળખીતો હતો તે બહાર આવ્યો અને દરવાજો સાચવનારી દાસીને કહીને પિતરને અંદર લઈ ગયો.

17 λέγει οὖν τῷ Πέτρῳ ἡ παιδίσκη, ἡ θυρωρός, Μὴ καὶ σὺ, ἐκ
કહ્યુ તો તે પેત્રોસને તે દાસીએ તે દ્વારપાળ શું પણ તું માંનો
G3004 G3767 G3588 G4074 G3588 G3814 G3588 G2377 G3361 G2532 G4771 G1537

τῶν μαθητῶν εἶ τοῦ ἀνθρώπου τούτου? λέγει ἐκεῖνος, Οὐκ εἰμί.
તે શિષ્યોમાંનો છે આ માણસના આ કહ્યુ તેણે ના હું-નથી
G3588 G3101 G1510 G3588 G0444 G3778 G3004 G1565 G3756 G1510

ત્યારે તે દાસીએ પિતરને કહ્યુ કે, ‘શું તું પણ તે માણસના શિષ્યોમાંનો એક છે?’ પિતરે કહ્યુ કે, ‘હું નથી.’”

18 εἱστήκεισαν δὲ οἱ δοῦλοι καὶ οἱ ὑπηρέται, ἀνθρακιὰν πεποιηκότες --
ઊભા-હતા અને તે દાસો અને તે ચોકીદારો કોલસાનો-તાપ સળગાવીને
G2476 G1161 G3588 G1401 G2532 G3588 G5257 G0439 G4160

ὅτι ψῦχος ἦν -- καὶ ἐθερμαίνοντο. ἦν δὲ καὶ ὁ Πέτρος μετ'
કારણ-કે ઠંડી હતી અને તાપતા-હતા હતો પણ પણ તે પેત્રોસ સાથે
G3754 G5592 G1510 G2532 G2328 G1510 G1161 G2532 G3588 G4074 G3326

αὐτῶν ἑστὼς, καὶ θερμαινόμενος.
તેમના ઊભો અને તાપતો-હતો
G0846 G2476 G2532 G2328

ત્યાં ચાકરો તથા સિપાઈઓ ઠંડીને કારણે કોલસાની તાપણી કરીને તાપતા હતા; કેમ કે ઠંડી હતી; અને પિતર પણ તેઓની સાથે ઊભો રહીને તાપતો હતો.

19 Ὁ οὖν ἀρχιερεὺς ἠρώτησεν τὸν Ἰησοῦν περὶ τῶν μαθητῶν αὐτοῦ, καὶ
તે તો મુખ્ય-યાજકે પૂછ્યું તે ઈસુને વિશે તેમના શિષ્યો તેમના અને
G3588 G3767 G0749 G2065 G3588 G2424 G4012 G3588 G3101 G0846 G2532

περὶ τῆς διδαχῆς αὐτοῦ.
વિશે તેમના ઉપદેશ તેમના
G4012 G3588 G1322 G0846

ત્યારે પ્રમુખ યાજકે ઈસુને તેના શિષ્યો તથા શિક્ષણ વિષે પૂછ્યું.

20 ἀπεκρίθη αὐτῷ Ἰησοῦς, Ἐγὼ παρρησίᾳ λελάληκα τῷ κόσμῳ; ἐγὼ πάντοτε
જવાબ-આપ્યો તેમને ઈસુએ હું ખુલ્લેઆમ બોલ્યો-છું આ જગતને હું હંમેશાં
G0611 G0846 G2424 G1473 G3954 G2980 G3588 G2889 G1473 G3842

ἐδίδαξα ἐν συναγωγῇ καὶ ἐν τῷ ἱερῷ, ὅπου πάντες οἱ Ἰουδαῖοι
શીખવતો-હતો માં સભાસ્થાનમાં અને માં તે મંદિરમાં જ્યાં બધા તે યહૂદીઓ
G1321 G1722 G4864 G2532 G1722 G3588 G2411 G3699 G3956 G3588 G2453

συνέρχονται, καὶ ἐν κρυπτῷ ἐλάλησα οὐδέν.
ભેગા-થાય-છે અને માં છુપાઈને બોલ્યો કંઈ-નહીં
G4905 G2532 G1722 G2927 G2980 G3762

ઈસુએ તેને ઉત્તર આપ્યો કે, 'દુનિયાની સમક્ષ હું પ્રગટ રીતે બોલતો આવ્યો છું; સભાસ્થાનોમાં તથા ભક્તિસ્થાનમાં જ્યાં સર્વ યહૂદીઓ એકઠા થાય છે, ત્યાં હું નિત્ય બોધ કરતો હતો; અને હું ગુપ્તમાં કંઈ બોલ્યો નથી.

21 τί με ἐρωτᾷς? ἐρώτησον τοὺς ἀκηκοότας τί ἐλάλησα αὐτοῖς; ἴδε,
શા-માટે મને પૂછો-છો પૂછો તે સાંભળનારાઓને શું બોલ્યો તેમને જુઓ
G5101 G1473 G2065 G2065 G3588 G0191 G5101 G2980 G0846 G3708

οὗτοι οἴδασιν ἃ εἶπον ἐγώ.
આ-લોકો જાણે-છે જે કહ્યુ મેં
G3778 G1492 G3739 G3004 G1473

'તું મને કેમ પૂછે છે?' તેઓને પૂછ; 'મેં જે કહ્યુ તે મારા સાંભળનારાઓને પૂછ; જો, મેં જે વાતો કહી તે તેઓ જાણે છે.

22 ταῦτα δὲ αὐτοῦ εἰπόντος, εἷς παρεστηκὼς τῶν ὑπηρετῶν ἔδωκεν ῥάπισμα
આ પણ તેમના કહેતાં એકે ઊભેલા તે ચોકીદારોમાંથી માર્યો તમાચો
G3778 G1161 G0846 G3004 G1520 G3936 G3588 G5257 G1325 G4475

τῷ Ἰησοῦ, εἰπών, Οὕτως ἀποκρίνῃ τῷ ἀρχιερεῖ?
તે ઈસુને કહીને આ-રીતે જવાબ-આપે-છે તે મુખ્ય-યાજકને
G3588 G2424 G3004 G3779 G0611 G3588 G0749

ઈસુએ એમ કહ્યુ ત્યારે, સિપાઈઓમાંનો એક પાસે ઊભો હતો, તેણે ઈસુને તમાચો મારીને કહ્યુ કે, શું તું પ્રમુખ યાજકને એવી રીતે જવાબ આપે છે?'"

23 ἀπεκρίθη αὐτῷ Ἰησοῦς, Εἰ κακῶς ἐλάλησα, μαρτύρησον περὶ τοῦ κακοῦ;
જવાબ-આપ્યો તેમને ઈસુએ જો ખોટું બોલ્યો સાબિત-કરો વિશે તે ખોટાનું
G0611 G0846 G2424 G1487 G2560 G2980 G3140 G4012 G3588 G2556

εἰ δὲ καλῶς, τί με δέρεις?
જો પણ સાચું તો-શા-માટે મને મારો-છો
G1487 G1161 G2573 G5101 G1473 G1194

ઈસુએ તેને ઉત્તર આપ્યો કે, 'જો મેં કંઈ ખોટું કહ્યુ હોય તો તે વિષે સાબિત કર. પણ જો સાચું હોય, 'તો તું મને કેમ મારે છે?'"

24 ἀπέστειλεν οὖν αὐτὸν ὁ Ἄννας, δεδεμένον, πρὸς Καϊάφαν τὸν ἀρχιερέα.
મોકલ્યો તો તેમને તે આન્નાસે બાંધેલા પાસે કાયાફા તે મુખ્ય-યાજક
G0649 G3767 G0846 G3588 G0452 G1210 G4314 G2533 G3588 G0749

ત્યારે આન્નાસે ઈસુને બાંધીને પ્રમુખ યાજક કાયાફા પાસે મોકલ્યા.

25

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἦν | δὲ | Σίμων | Πέτρος | ἑστὼς | καὶ | θερμαινόμενος. | εἶπον | οὖν | αὐτῷ, | Μὴ |
| હતો | પણ | શિમોન | પેત્રોસ | ઊભો | અને | તાપતો-હતો | કહ્યુ | તો | તેમને | શું |
| G1510 | G1161 | G4613 | G4074 | G2476 | G2532 | G2328 | G3004 | G3767 | G0846 | G3361 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | σὺ | ἐκ | τῶν | μαθητῶν | αὐτοῦ | εἶ? | ἠρνήσατο | ἐκεῖνος, | καὶ | εἶπεν, | Οὐκ |
| પણ | તું | માંનો | તેમના | શિષ્યોમાંનો | તેમના | છે | નકાર્યું | તેણે | અને | કહ્યુ | ના |
| G2532 | G4771 | G1537 | G3588 | G3101 | G0846 | G1510 | G0720 | G1565 | G2532 | G3004 | G3756 |

| |
|---|
| εἰμί. |
| હું-નથી |
| G1510 |

હવે સિમોન પિતર ઊભો રહીને તાપતો હતો, ત્યારે તેઓએ તેને પૂછ્યું કે, 'શું તું પણ તેના શિષ્યોમાંનો એક છે?' તેણે નકાર કરતાં કહ્યુ કે, 'હું નથી.'"

26

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| λέγει | εἷς | ἐκ | τῶν | δούλων | τοῦ | ἀρχιερέως, | συγγενὴς | ὢν | οὗ | ἀπέκοψεν |
| કહ્યુ | એકે | માંથી | તે | દાસોમાંથી | તે | મુખ્ય-યાજકના | સગો | હતો | જેનો | કાપી-નાખ્યો-હતો |
| G3004 | G1520 | G1537 | G3588 | G1401 | G3588 | G0749 | G4773 | G1510 | G3739 | G0609 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Πέτρος | τὸ | ὠτίον, | Οὐκ | ἐγώ | σε | εἶδον | ἐν | τῷ | κήπῳ | μετ' | αὐτοῦ? |
| પેત્રોસે | તે | કાન | શું | મેં | તને | જોયો-નથી | માં | તે | બગીચામાં | સાથે | તેમના |
| G4074 | G3588 | G5621 | G3756 | G1473 | G4771 | G3708 | G1722 | G3588 | G2779 | G3326 | G0846 |

જેનો કાન પિતરે કાપી નાખ્યો હતો તેનો સગો જે પ્રમુખ યાજકના ચાકરોમાંનો એક હતો તેણે કહ્યુ, વાડીમાં મેં તને તેની સાથે જોયો નથી શું?

27

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| πάλιν | οὖν | ἠρνήσατο | Πέτρος, | καὶ | εὐθέως | ἀλέκτωρ | ἐφώνησεν. |
| ફરીથી | તો | નકાર્યું | પેત્રોસે | અને | તરત-જ | મરઘો | બોલ્યો |
| G3825 | G3767 | G0720 | G4074 | G2532 | G2112 | G0220 | G5455 |

જવાબ-આપ્યો અને ને તેને પિતરે કહે મને શું આટલામાં એ જમીન
G0611 G1161 G4314 G0846 G4074 G3004 G1473 G1487 G5118 G3588 G5564

ἀπέδοσθε? ἡ δὲ εἶπεν, Ναί, τοσούτου.
વેચી એ અને કહ્યુ હા આટલામાં
G0591 G3588 G1161 G3004 G3483 G5118

ત્યારે પિતરે સાફીરાને પૂછ્યું કે, મને કહે, તમે શું આટલી જ કિંમતે તે જમીન વેચી? તેણે તેને કહ્યુ કે, હા, એટલી જ કિંમતે.

9 ὁ δὲ Πέτρος πρὸς αὐτήν, Τί ὅτι συνεφωνήθη ὑμῖν πειράσαι τὸ
એ અને પિતરે ને તેણીને કેમ કે સંમત-થયાં તમે પરીક્ષા-કરવા એ
G3588 G1161 G4074 G4314 G0846 G5101 G3754 G4856 G4771 G3985 G3588

Πνεῦμα Κυρίου? ἰδοὺ, οἱ πόδες τῶν θαψάντων τὸν ἄνδρα σου ἐπὶ
આત્માની પ્રભુના જુઓ એ પગ ના દફનાવનારાઓના એ તારા-પતિને તારા આગળ
G4151 G2962 G3708 G3588 G4228 G3588 G2290 G3588 G0435 G4771 G1909

τῇ θύρᾳ, καὶ ἐξοίσουσίν σε.
એ દરવાજે અને બહાર-લઈ-જશે તને
G3588 G2374 G2532 G1627 G4771

ત્યારે પિતરે તેને કહ્યુ કે, પ્રભુના આત્માનું પરીક્ષણ કરવાને તમે બન્નેએ કેમ સંપ કર્યો છે? જો, તારા પતિને દફનાવનારાંઓ હવે બારણા પાસે આવી પહોંચ્યા છે, અને તેઓ તને પણ લઈ જશે.

10 ἔπεσεν δὲ παραχρῆμα πρὸς τοὺς πόδας αὐτοῦ, καὶ ἐξέψυξεν. εἰσελθόντες
પડી અને તરત પાસે ના પગ તેના અને મરી-ગઈ અદર-આવીને
G4098 G1161 G3916 G4314 G3588 G4228 G0846 G2532 G1634 G1525

δὲ, οἱ νεανίσκοι εὗρον αὐτὴν νεκράν; καὶ ἐξενέγκαντες, ἔθαψαν πρὸς τὸν
અને એ જુવાનોએ જોઈ તેણીને મરેલી અને બહાર-લઈ-જઈને દફનાવી પાસે તેના
G1161 G3588 G3495 G2147 G0846 G3498 G2532 G1627 G2290 G4314 G3588

ἄνδρα αὐτῆς.
પતિના તેણીના
G0435 G0846

તત્કાળ સાફીરાએ તેમના પગ પાસે પડીને પોતાનો પ્રાણ છોડ્યો; પછી તે જુવાનોએ આવીને તેને મરણ પામેલી જોઈ, અને બહાર લઈ જઈને તેને તેના પતિની કબર પાસે દફનાવી.

11 Καὶ ἐγένετο φόβος μέγας ἐφ’ ὅλην τὴν ἐκκλησίαν, καὶ ἐπὶ πάντας τοὺς
અને આવ્યો ભય મોટો ઉપર આખી એ મંડળી-ઉપર અને ઉપર બધા એ
G2532 G1096 G5401 G3173 G1909 G3650 G3588 G1577 G2532 G1909 G3956 G3588

ἀκούοντας ταῦτα.
સાંભળનારાઓ આ-બાબતો
G0191 G3778

આથી આખા વિશ્વાસી સમુદાયને તથા જે લોકોએ એ વાતો સાંભળી તે સર્વને ઘણો ડર લાગ્યો.

12 Διὰ δὲ τῶν χειρῶν τῶν ἀποστόλων ἐγίνετο σημεῖα, καὶ τέρατα πολλὰ,
દ્વારા અને ના હાથો ના પ્રેરિતોના થતાં-હતાં ચિહ્નો અને અદ્ભુત-કામો ઘણાં
G1223 G1161 G3588 G5495 G3588 G0652 G1096 G4592 G2532 G5059 G4183

ἐν τῷ λαῷ; καὶ ἦσαν ὁμοθυμαδὸν, ἅπαντες ἐν τῇ στοᾷ Σολομῶντος,
માં એ લોકોમાં અને હતા એકમતે બધા માં એ ઓસરીમાં સુલેમાનની
G1722 G3588 G2992 G2532 G1510 G3661 G0537 G1722 G3588 G4745 G4672

પ્રેરિતોની હસ્તક લોકોમાં ઘણાં ચમત્કારિક ચિહ્નો તથા આશ્ચર્યકર્મો થયાં. તેઓ સર્વ એક ચિત્તે સુલેમાનની પરસાળમાં નિયમિત મળતા હતા;

13 τῶν ના G3588 δὲ અને G1161 λοιπῶν, બીજાઓમાંથી G3062 οὐδεὶς કોઈ G3762 ἐτόλμα હિંમત-કરતું-નહોતું G5111 κολλᾶσθαι જોડાવાની G2853 αὐτοῖς, તેમની-સાથે G0846 ἀλλ' પણ G0235 ἐμεγάλυνεν મોટું-માનતા-હતા G3170 αὐτοὺς તેમને G0846 ὁ એ G3588 λαός; લોકો G2992

પણ બીજાઓમાંથી કોઈને તેઓની સાથે મળી જવાની હિંમત થતી ન હતી; તોપણ લોકો તેઓને માન આપતા.

14 μᾶλλον વધુ G3123 δὲ અને G1161 προσετίθεντο ઉમેરાતા-હતા G4369 πιστεύοντες વિશ્વાસ-કરનારાઓ G4100 τῷ એ G3588 Κυρίῳ, પ્રભુમાં G2962 πλήθη ટોળાં G4128 ἀνδρῶν પુરુષોનાં G0435 τε, પણ G5037 καὶ અને G2532 γυναικῶν; સ્ત્રીઓનાં G1135

અને પ્રભુ પર વિશ્વાસ કરનારાં, સંખ્યાબંધ પુરુષો તથા સ્ત્રીઓ, વધારે પ્રમાણમાં ઉમેરાતાં ગયા;

15 ὥστε એટલે-કે G5620 καὶ પણ G2532 εἰς માં G1519 τὰς એ G3588 πλατείας શેરીઓમાં G4113 ἐκφέρειν બહાર-લાવતા G1627 τοὺς એ G3588 ἀσθενεῖς, બીમારોને G0772 καὶ અને G2532 τιθέναι મૂકતા G5087 ἐπὶ ઉપર G1909 κλιναρίων ખાટલાઓ G2826 καὶ અને G2532 κραβάττων, પથારીઓ-ઉપર G2895 ἵνα જેથી G2443 ἐρχομένου આવતા G2064 Πέτρου, પિતરના G4074 κἂν ઓછામાં-ઓછું G2579 ἡ એ G3588 σκιὰ છાયા G4639 ἐπισκιάσῃ પડે G1982 τινὶ કોઈ-ઉપર G5100 αὐτῶν. તેમનામાંથી G0846

એટલે સુધી કે તેઓએ માંદાઓને લાવીને પથારીઓ તથા ખાટલાઓ પર સુવાડ્યાં, જેથી પિતર પાસે થઈને જાય તો તેનો પડછાયો પણ તેઓમાંના કોઈનાં ઉપર પડે.

16 συνήρχετο ભેગા-થતા-હતા G4905 δὲ અને G1161 καὶ પણ G2532 τὸ એ G3588 πλῆθος, ટોળું G4128 τῶν ના G3588 πέριξ આસપાસના G4038 πόλεων શહેરોમાંથી G4172 Ἰερουσαλήμ, યરૂશાલેમના G2419 φέροντες લાવતાં G5342 ἀσθενεῖς, બીમારોને G0772 καὶ અને G2532 ὀχλουμένους સતાવેલાઓને G3791 ὑπὸ દ્વારા G5259 πνευμάτων આત્માઓ G4151 ἀκαθάρτων, અશુદ્ધ G0169 οἵτινες જેઓ G3748 ἐθεραπεύοντο સાજા-થતા-હતા G2323 ἅπαντες. બધા G0537

વળી યરુશાલેમની આસપાસનાં શહેરોમાંના ઘણાં લોક બીમારોને તથા અશુદ્ધ આત્માઓથી પીડાતાંઓને લઈને ત્યાં આવતા હતા, અને તેઓ બધાને સાજાં કરવામાં આવતાં હતાં.

17 Ἀναστὰς ઊઠીને G0450 δὲ પણ G1161 ὁ એ G3588 ἀρχιερεὺς, પ્રમુખ-યાજક G0749 καὶ અને G2532 πάντες બધા G3956 οἱ જેઓ G3588 σὺν સાથે G4862 αὐτῷ, તેની G0846 ἡ જે G3588 οὖσα હતો G1510 αἵρεσις પંથ G0139 τῶν ના G3588 Σαδδουκαίων, સાદૂકીઓનો G4523 ἐπλήσθησαν ભરાયા G4130 ζήλου, ઈર્ષ્યાથી G2205

પણ પ્રમુખ યાજક તથા તેના સઘળા સાથીઓ જેઓ સદૂકી પંથના હતા, તેઓને ખૂબ ઈર્ષા આવી,

18 καὶ ἐπέβαλον τὰς χεῖρας ἐπὶ τοὺς ἀποστόλους, καὶ ἔθεντο αὐτοὺς ἐν
અને હાથ-નાખ્યા એ હાથ ઉપર એ પ્રેરિતો-ઉપર અને મૂક્યા તેમને માં
G2532 G1911 G3588 G5495 G1909 G3588 G0652 G2532 G5087 G0846 G1722

τηρήσει δημοσίᾳ.
કેદમાં જાહેર
G5084 G1219

અને પ્રેરિતોને પકડીને તેઓએ તેમને જેલમાં પૂર્યા.

19 Ἄγγελος δὲ Κυρίου, διὰ νυκτὸς, ἤνοιξε τὰς θύρας τῆς φυλακῆς,
દૂત પણ પ્રભુના દ્વારા રાત્રે ખોલ્યાં એ દ્વારો ના કેદખાનાનાં
G0032 G1161 G2962 G1223 G3571 G0455 G3588 G2374 G3588 G5438

ἐξαγαγών τε αὐτοὺς, εἶπεν,
બહાર-લાવીને અને તેમને કહ્યુ
G1806 G5037 G0846 G3004

પણ રાત્રે પ્રભુના સ્વર્ગદૂતે જેલના બારણાં ઉઘાડ્યાં, અને તેઓને બહાર લાવીને કહ્યુ કે,

20 Πορεύεσθε, καὶ σταθέντες, λαλεῖτε ἐν τῷ ἱερῷ τῷ λαῷ πάντα τὰ
જાઓ અને ઊભા-રહીને બોલો માં એ મંદિરમાં એ લોકોને બધાં એ
G4198 G2532 G2476 G2980 G1722 G3588 G2411 G3588 G2992 G3956 G3588

ῥήματα τῆς Ζωῆς ταύτης.
વચનો ના જીવનનાં આ
G4487 G3588 G2222 G3778

તમે જાઓ, અને ભક્તિસ્થાનમાં ઊભા રહીને એ જીવન વિષેની બધી વાતો લોકોને સંભળાવો.

21 ἀκούσαντες δὲ, εἰσῆλθον ὑπὸ τὸν ὄρθρον εἰς τὸ ἱερὸν, καὶ
સાંભળીને અને ગયા વહેલી-સવારે એ પ્રભાતમાં માં એ મંદિરમાં અને
G0191 G1161 G1525 G5259 G3588 G3722 G1519 G3588 G2411 G2532

ἐδίδασκον. Παραγενόμενος δὲ ὁ ἀρχιερεὺς καὶ οἱ σὺν αὐτῷ,
શીખવતા-હતા આવીને અને એ પ્રમુખ-યાજક અને જેઓ સાથે તેના
G1321 G3854 G1161 G3588 G0749 G2532 G3588 G4862 G0846

συνεκάλεσαν τὸ συνέδριον καὶ πᾶσαν τὴν γερουσίαν τῶν υἱῶν Ἰσραήλ,
બોલાવ્યું એ ન્યાયસભા અને આખી એ વડીલ-સભા ના પુત્રોની ઇઝરાયલના
G4779 G3588 G4892 G2532 G3956 G3588 G1087 G3588 G5207 G2474

καὶ ἀπέστειλαν εἰς τὸ δεσμωτήριον ἀχθῆναι αὐτούς.
અને મોકલ્યા માં એ કેદખાનામાં લાવવા તેમને
G2532 G0649 G1519 G3588 G1201 G0071 G0846

એ સાંભળીને પિતર તથા યોહાને વહેલી સવારે ભક્તિસ્થાનમાં જઈને પ્રવચન કર્યું. પણ પ્રમુખ યાજક તથા તેના સાથીઓએ આવીને સભા બોલાવી ભક્તિસ્થાનમાં ઇઝરાયલી લોકોના વડીલોને એકઠા કર્યા અને પિતર તથા યોહાનને લાવવાને માટે જેલમાં માણસ મોકલ્યા.

22 οἱ δὲ παραγενόμενοι, ὑπηρέται οὐχ εὗρον αὐτοὺς ἐν τῇ φυλακῇ;
એ પણ પહોંચીને સિપાહીઓએ નહીં જોયા તેમને માં એ કેદખાનામાં
G3588 G1161 G3854 G5257 G3756 G2147 G0846 G1722 G3588 G5438

ἀναστρέψαντες δὲ ἀπήγγειλαν,
પાછા-ફરીને પણ ખબર-આપી
G0390 G1161 G0518

પણ સિપાઈઓ ત્યાં ગયા ત્યારે તેઓ તેમને જેલમાં મળ્યા નહિ; તેઓએ પાછા આવીને ખબર આપી કે,

23 λέγοντες કહેતાં G3004 ὅτι, કે G3754 Τὸ એ G3588 δεσμωτήριον કેદખાનું G1201 εὕρομεν અમે-જોયું G2147 κεκλεισμένον, બંધ G2808 ἐν માં G1722 πάσῃ બધી G3956 ἀσφαλείᾳ, સુરક્ષામાં G0803 καὶ અને G2532 τοὺς એ G3588 φύλακας ચોકીદારો G5441 ἑστῶτας ઊભેલા G2476 ἐπὶ આગળ G1909 τῶν ના G3588 θυρῶν; દરવાજે G2374 ἀνοίξαντες ખોલીને G0455 δὲ, પણ G1161 ἔσω અંદર G2080 οὐδένα કોઈને G3762 εὕρομεν. ન-જોયું G2147

અમે જેલના દરવાજાને સારી રીતે બંધ કરેલ તથા ચોકીદારોને દરવાજા આગળ ઊભા રહેલા જોયા; પણ અમે દરવાજો ઉઘાડ્યો ત્યારે અમને અંદર કોઈ માલૂમ પડ્યા નહિ.

24 ὡς જ્યારે G5613 δὲ અને G1161 ἤκουσαν સાંભળ્યાં G0191 τοὺς આ G3588 λόγους વચનો G3056 τούτους, આ G3778 ὅ એ G3588 τε અને G5037 στρατηγὸς મંદિરનો-અધિકારી G4755 τοῦ ના G3588 ἱεροῦ મંદિરના G2411 καὶ અને G2532 οἱ એ G3588 ἀρχιερεῖς મુખ્ય-યાજકો G0749 διηπόρουν મૂંઝાતા-હતા G1280 περὶ વિશે G4012 αὐτῶν, તેમના G0846 τί શું G5101 ἂν કદાચ G0302 γένοιτο થાય G1096 τοῦτο. આ G3778

હવે જ્યારે ભક્તિસ્થાનના સરદારે તથા મુખ્ય યાજકોએ આ વાતો સાંભળી ત્યારે એ સંબંધી તેઓ બહુ ગૂંચવણ પામ્યા કે, આનું શું પરિણામ આવશે?

25 παραγενόμενος આવીને G3854 δέ, પણ G1161 τις કોઈએ G5100 ἀπήγγειλεν ખબર-આપી G0518 αὐτοῖς, તેમને G0846 ὅτι કે G3754 Ἰδοὺ, જુઓ G3708 οἱ એ G3588 ἄνδρες માણસો G0435 οὓς જેમને G3739 ἔθεσθε મૂક્યા-હતા G5087 ἐν માં G1722 τῇ એ G3588 φυλακῇ કેદખાનામાં G5438 εἰσὶν છે G1510 ἐν માં G1722 τῷ એ G3588 ἱερῷ, મંદિરમાં G2411 ἑστῶτες ઊભા G2476 καὶ અને G2532 διδάσκοντες શીખવતા G1321 τὸν એ G3588 λαόν! લોકોને G2992

એટલામાં એક વ્યક્તિએ આવી તેઓને ખબર આપી કે, જુઓ, જે માણસોને તમે જેલમાં પૂર્યા હતા, તેઓ તો ભક્તિસ્થાનમાં ઊભા રહીને લોકોને ઉપદેશ આપે છે.

26 Τότε ત્યારે G5119 ἀπελθὼν, જઈને G0565 ὁ એ G3588 στρατηγὸς અધિકારી G4755 σὺν સાથે G4862 τοῖς એ G3588 ὑπηρέταις સિપાહીઓ-સાથે G5257 ἦγεν લાવ્યા G0071 αὐτούς, તેમને G0846 οὐ નહીં G3756 μετὰ સાથે G3326 βίας, બળજબરીથી G0970 ἐφοβοῦντο ડરતા-હતા G5399 γὰρ કારણ-કે G1063 τὸν એ G3588 λαόν લોકોથી G2992 μὴ કદાચ G3361 λιθασθῶσιν. પથ્થરમાર-થાય G3034

ત્યારે સરદાર સિપાઈઓને સાથે લઈને જબરદસ્તી કર્યા વિના તેઓને લઈ આવ્યો; કેમ કે તેઓ લોકોથી બીતા હતા કે, કદાચ તેઓ અમને પથ્થરે મારે.

27 ἀγαγόντες લાવીને G0071 δὲ અને G1161 αὐτοὺς, તેમને G0846 ἔστησαν ઊભા-કર્યા G2476 ἐν માં G1722 τῷ એ G3588 συνεδρίῳ. ન્યાયસભામાં G4892 καὶ અને G2532 ἐπηρώτησεν પૂછ્યું G1905 αὐτοὺς તેમને G0846 ὁ એ G3588 ἀρχιερεὺς, પ્રમુખ-યાજકે G0749

તેઓએ તેઓને લાવીને સભા આગળ હાજર કર્યા, અને પ્રમુખ યાજકે તેઓને પૂછ્યું કે,

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 28 | λέγων, | [οὐ] | Παραγγελίᾳ | παρηγγείλαμεν | ὑμῖν | μὴ | διδάσκειν | ἐπὶ | τῷ | ὀνόματι |
| | કહેતાં | નહીં | સખત–આજ્ઞાથી | આજ્ઞા–આપી–હતી | તમને | નહીં | શીખવવા | ઉપર | આ | નામથી |
| | G3004 | G3756 | G3852 | G3853 | G4771 | G3361 | G1321 | G1909 | G3588 | G3686 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| τούτῳ? | καὶ | ἰδοὺ, | πεπληρώκατε | τὴν | Ἰερουσαλὴμ | τῆς | διδαχῆς | ὑμῶν, | καὶ |
| આ | અને | જુઓ | ભરી–દીધું–છે | એ | યરૂશાલેમ | ના | શિક્ષણથી | તમારા | અને |
| G3778 | G2532 | G3708 | G4137 | G3588 | G2419 | G3588 | G1322 | G4771 | G2532 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| βούλεσθε | ἐπαγαγεῖν | ἐφ’ | ἡμᾶς | τὸ | αἷμα | τοῦ | ἀνθρώπου | τούτου. |
| ઇચ્છો–છો | લાવવા | ઉપર | અમારા | એ | લોહી | ના | માણસનું | આ |
| G1014 | G1863 | G1909 | G1473 | G3588 | G0129 | G3588 | G0444 | G3778 |

“અમે તમને સખત મના કરી હતી કે તમારે બોધ કરતાં એ નામ લેવું નહિ; પણ જુઓ, તમે તો તમારા પ્રવચનથી યરુશાલેમને ગજવી મૂક્યું છે, એ માણસનું રક્ત પાડવાનો દોષ તમે અમારા પર મૂકવા માગો છો.”

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 29 | ἀποκριθεὶς | δὲ, | Πέτρος | καὶ | οἱ | ἀπόστολοι | εἶπαν, | Πειθαρχεῖν | δεῖ | Θεῷ, |
| | જવાબ–આપતાં | પણ | પિતર | અને | એ | પ્રેરિતોએ | કહ્યુ | આધીન–રહેવું–જોઈએ | જરૂરી–છે | ઈશ્વરને |
| | G0611 | G1161 | G4074 | G2532 | G3588 | G0652 | G3004 | G3980 | G1163 | G2316 |

| | | |
|---|---|---|
| μᾶλλον | ἢ | ἀνθρώποις. |
| વધારે | કરતાં | માણસોને |
| G3123 | G2228 | G0444 |

પણ પિતર તથા પ્રેરિતોએ ઉત્તર આપ્યો કે, માણસોના કરતાં અમારે ઈશ્વરનું વધારે માનવું જોઈએ.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 30 | ὁ | Θεὸς | τῶν | πατέρων | ἡμῶν | ἤγειρεν | Ἰησοῦν, | ὃν | ὑμεῖς | διεχειρίσασθε, |
| | એ | ઈશ્વરે | ના | પિતાઓના | આપણા | ઉઠાડ્યા | ઈસુને | જેને | તમે | મારી–નાખ્યા |
| | G3588 | G2316 | G3588 | G3962 | G1473 | G1453 | G2424 | G3739 | G4771 | G1315 |

| | | |
|---|---|---|
| κρεμάσαντες | ἐπὶ | ξύλου. |
| લટકાવીને | ઉપર | લાકડા–ઉપર |
| G2910 | G1909 | G3586 |

જે ઈસુને તમે વધસ્તંભ પર જડીને મારી નાખ્યા, તેમને આપણા પૂર્વજોના ઈશ્વરે ઉઠાડ્યાં છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 31 | τοῦτον | ὁ | Θεὸς, | Ἀρχηγὸν | καὶ | Σωτῆρα, | ὕψωσεν, | τῇ | δεξιᾷ | αὐτοῦ, | τοῦ |
| | આને | એ | ઈશ્વરે | અગ્રણી | અને | ઉદ્ધારક | ઊંચા–કર્યા | ના | જમણે–હાથે | પોતાના | માટે |
| | G3778 | G3588 | G2316 | G0747 | G2532 | G4990 | G5312 | G3588 | G1188 | G0846 | G3588 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| δοῦναι | μετάνοιαν | τῷ | Ἰσραὴλ, | καὶ | ἄφεσιν | ἁμαρτιῶν. |
| આપવા | પસ્તાવો | એ | ઇઝરાયલને | અને | માફી | પાપોની |
| G1325 | G3341 | G3588 | G2474 | G2532 | G0859 | G0266 |

તેમને ઈશ્વરે પોતાને જમણે હાથે રાજા તથા ઉદ્ધારક થવાને ઊંચા કર્યા છે, કે તેઓ ઇઝરાયલને પશ્ચાતાપ કરાવે તથા તેઓને પાપની માફી આપે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 32 | καὶ | ἡμεῖς | ἐσμεν | μάρτυρες | τῶν | ῥημάτων | τούτων, | καὶ | τὸ | Πνεῦμα | τὸ |
| | અને | અમે | છીએ | સાક્ષી | ના | વચનોના | આ | અને | એ | આત્મા | એ |
| | G2532 | G1473 | G1510 | G3144 | G3588 | G4487 | G3778 | G2532 | G3588 | G4151 | G3588 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Ἅγιον, | ὃ | ἔδωκεν | ὁ | Θεὸς | τοῖς | πειθαρχοῦσιν | αὐτῷ. |
| પવિત્ર | જે | આપ્યો | એ | ઈશ્વરે | એ | આધીન–રહેનારાઓને | તેમના |
| G0040 | G3739 | G1325 | G3588 | G2316 | G3588 | G3980 | G0846 |

અમે એ વાતોના સાક્ષી છીએ, અને ઈશ્વરે પોતાની આજ્ઞા માનનારાઓને જે પવિત્ર આત્મા આપ્યા છે તેઓ પણ સાક્ષી છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 33 | οἱ | δὲ | ἀκούσαντες, | διεπρίοντο, | καὶ | ἐβούλοντο | ἀνελεῖν | αὐτούς. |
| | એ | પણ | સાંભળીને | ક્રોધે–ભરાયા | અને | ઇચ્છતા–હતા | મારી–નાખવા | તેમને |
| | G3588 | G1161 | G0191 | G1282 | G2532 | G1014 | G0337 | G0846 |

આ સાંભળીને તેઓનાં મન વીંધાઈ ગયા, અને તેઓએ તેમને મારી નાખવાનો નિર્ણય કર્યો.

34 Ἀναστὰς δέ τις ἐν τῷ συνεδρίῳ, Φαρισαῖος, ὀνόματι Γαμαλιήλ,
ઊઠીને પણ કોઈ માં એ ન્યાયસભામાં ફરોશી નામે ગમાલીએલ
G0450 G1161 G5100 G1722 G3588 G4892 G5330 G3686 G1059

νομοδιδάσκαλος, τίμιος παντὶ τῷ λαῷ, ἐκέλευσεν ἔξω βραχὺ τοὺς ἀνθρώπους
નિયમશાસ્ત્રી માનનીય બધા એ લોકોમાં હુકમ-કર્યો બહાર થોડી-વાર એ માણસોને
G3547 G5093 G3956 G3588 G2992 G2753 G1854 G1024 G3588 G0444

ποιῆσαι.
મૂકવા
G4160

પણ ગમાલીએલ નામે એક ફરોશી ન્યાયશાસ્ત્રી, જેને સર્વ લોકો માન આપતા હતા, તેણે સભામાં ઊભા થઈને હુકમ કર્યો કે આ વ્યક્તિઓને થોડીવાર સુધી બહાર લઈ જાઓ.

35 εἶπέν τε πρὸς αὐτούς, Ἄνδρες, Ἰσραηλῖται, προσέχετε ἑαυτοῖς ἐπὶ τοῖς
કહ્યુ અને ને તેમને માણસો ઇઝરાયલીઓ સાવધાન-રહો તમે-પોતે વિશે આ
G3004 G5037 G4314 G0846 G0435 G2475 G4337 G1438 G1909 G3588

ἀνθρώποις τούτοις, τί μέλλετε πράσσειν;
માણસો-વિશે આ શું કરવાના-છો કરવા
G0444 G3778 G5101 G3195 G4238

પછી તેણે તેઓને કહ્યુ કે, ઓ ઇઝરાયલી માણસો, આ લોકોને તમે જે કરવા ઇચ્છો છો તે વિષે સાવચેત રહો.

36 πρὸ γὰρ τούτων τῶν ἡμερῶν ἀνέστη Θευδᾶς, λέγων εἶναί τινα ἑαυτόν,
પહેલાં કારણ-કે આ ના દિવસોમાં ઊભો-થયો થેઉદાસ કહેતો હોવાનો કોઈ પોતે
G4253 G1063 G3778 G3588 G2250 G0450 G2333 G3004 G1510 G5100 G1438

ᾧ προσεκλίθη, ἀνδρῶν ἀριθμὸς, ὡς τετρακοσίων; ὃς ἀνῃρέθη, καὶ
જેની-સાથે જોડાયા માણસોની સંખ્યા આશરે ચારસો જે મારી-નખાયો અને
G3739 G4346 G0435 G0706 G5613 G5071 G3739 G0337 G2532

πάντες, ὅσοι ἐπείθοντο αὐτῷ, διελύθησαν καὶ ἐγένοντο εἰς οὐδέν.
બધા જેટલા માનતા-હતા તેનું વિખેરાઈ-ગયા અને થયા માં કંઈ-નહીં
G3956 G3745 G3982 G0846 G1262 G2532 G1096 G1519 G3762

કેમ કે કેટલાક સમય પહેલાં થ્યુદાએ બળવો કરીને કહ્યુ કે, હું એક મહાન વ્યક્તિ છું; તેની સાથે આશરે ચારસો માણસ સામેલ થયા હતા, તે માર્યા ગયા, અને જેટલાંએ તેનું માન્યું તેઓ સર્વ નાશ પામ્યા.

37 μετὰ τοῦτον, ἀνέστη Ἰούδας ὁ Γαλιλαῖος ἐν ταῖς ἡμέραις τῆς
પછી આના ઊભો-થયો યહૂદા એ ગાલીલીનો માં એ દિવસોમાં ના
G3326 G3778 G0450 G2455 G3588 G1057 G1722 G3588 G2250 G3588

ἀπογραφῆς, καὶ ἀπέστησεν λαὸν ὀπίσω αὐτοῦ; κἀκεῖνος ἀπώλετο, καὶ πάντες
વસ્તીગણતરીના અને ખેંચી-ગયો લોકોને પાછળ પોતાની તે-પણ નાશ-પામ્યો અને બધા
G0582 G2532 G0868 G2992 G3694 G0846 G2548 G0622 G2532 G3956

ὅσοι ἐπείθοντο αὐτῷ διεσκορπίσθησαν.
જેટલા માનતા-હતા તેનું વિખેરાઈ-ગયા
G3745 G3982 G0846 G1287

એના પછી વસ્તી ગણતરીના સમયે ગાલીલના યહૂદાએ બળવો કરીને ઘણાં લોકોને પોતાની પાછળ ખેંચ્યા; તે પણ નાશ પામ્યો, અને જેટલાં લોકોએ તેનું માન્યું તેઓ સર્વ વિખેરાઈ ગયા.

38

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | τὰ | νῦν | λέγω | ὑμῖν, | ἀπόστητε | ἀπὸ | τῶν | ἀνθρώπων | τούτων, | καὶ |
| અને | એ | હવે | કહું-છું | તમને | દૂર-રહો | થી | આ | માણસોથી | આ | અને |
| G2532 | G3588 | G3568 | G3004 | G4771 | G0868 | G0575 | G3588 | G0444 | G3778 | G2532 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἄφετε | αὐτούς, | ὅτι | ἐὰν | ᾖ | ἐξ | ἀνθρώπων, | ἡ | βουλὴ | αὕτη | ἢ | τὸ |
| છોડી-દો | તેમને | કારણ-કે | જો | હોય | થી | માણસોથી | આ | યોજના | આ | અથવા | આ |
| G0863 | G0846 | G3754 | G1437 | G1510 | G1537 | G0444 | G3588 | G1012 | G3778 | G2228 | G3588 |

| | | |
|---|---|---|
| ἔργον | τοῦτο, | καταλυθήσεται; |
| કામ | આ | નાશ-પામશે |
| G2041 | G3778 | G2647 |

હવે હું તમને કહું છું કે, આ માણસોથી તમે દૂર રહો, અને તેઓને રહેવા દો; કેમ કે જો એ મત અથવા એ કામ માણસોથી હશે તો તે ઊથલી પડશે;

39

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εἰ | δὲ | ἐκ | Θεοῦ | ἐστιν, | οὐ | δυνήσεσθε | καταλῦσαι | αὐτούς, | μή‿ | ποτε |
| જો | પણ | થી | ઈશ્વરથી | છે | નહીં | શકશો | નાશ-કરી | તેમનો | ક્યાંક | કદાચ |
| G1487 | G1161 | G1537 | G2316 | G1510 | G3756 | G1410 | G2647 | G0846 | G3361 | G4219 |

| | | |
|---|---|---|
| καὶ | θεομάχοι | εὑρεθῆτε. |
| પણ | ઈશ્વર-વિરોધી | જણાઓ |
| G2532 | G2314 | G2147 |

પણ જો ઈશ્વરથી હશે તો તમારાથી તે ઊથલાવી નંખાશે નહિ; નહિ તો કદાચ તમે ઈશ્વરની સામે પણ લડનારા જણાશો.

40

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ἐπείσθησαν | δὲ | αὐτῷ; | καὶ | προσκαλεσάμενοι | τοὺς | ἀποστόλους, | δείραντες, |
| માન્યું | અને | તેનું | અને | બોલાવીને | એ | પ્રેરિતોને | મારીને |
| G3982 | G1161 | G0846 | G2532 | G4341 | G3588 | G0652 | G1194 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| παρήγγειλαν | μὴ | λαλεῖν | ἐπὶ | τῷ | ὀνόματι | τοῦ | Ἰησοῦ, | καὶ | ἀπέλυσαν. |
| આજ્ઞા-આપી | નહીં | બોલવા | ઉપર | આ | નામથી | ના | ઈસુના | અને | છોડી-દીધા |
| G3853 | G3361 | G2980 | G1909 | G3588 | G3686 | G3588 | G2424 | G2532 | G0630 |

તેઓએ તેમનું માન્યું; પછી તેઓએ પ્રેરિતોને પોતાની પાસે પાછા બોલાવીને માર માર્યો; અને વાત કરતાં ઈસુનું નામ લેવું નહિ, એવી આજ્ઞા કરીને તેઓએ તેમને છોડી દીધાં.

41

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Οἱ | μὲν | οὖν | ἐπορεύοντο, | χαίροντες, | ἀπὸ | προσώπου | τοῦ | συνεδρίου, | ὅτι |
| એ | ખરેખર | તેથી | જતા-હતા | આનંદ-કરતાં | થી | સામેથી | ના | ન્યાયસભાથી | કારણ-કે |
| G3588 | G3303 | G3767 | G4198 | G5463 | G0575 | G4383 | G3588 | G4892 | G3754 |

| | | | | |
|---|---|---|---|---|
| κατηξιώθησαν | ὑπὲρ | τοῦ | Ὀνόματος | ἀτιμασθῆναι. |
| યોગ્ય-ગણાયા | માટે | ના | નામને-લીધે | અપમાન-સહેવા |
| G2661 | G5228 | G3588 | G3686 | G0818 |

તેઓ તે નામને લીધે અપમાન પામવા યોગ્ય ગણાયા, તેથી તેઓ આનંદ કરતા સભામાંથી ચાલ્યા ગયા.

42

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| πᾶσάν | τε | ἡμέραν, | ἐν | τῷ | ἱερῷ | καὶ | κατ’ | οἶκον, | οὐκ | ἐπαύοντο |
| દરેક | અને | દિવસે | માં | એ | મંદિરમાં | અને | ઘરે-ઘરે | ઘરમાં | નહોતા-અટકતા | બંધ-કરતા |
| G3956 | G5037 | G2250 | G1722 | G3588 | G2411 | G2532 | G2596 | G3624 | G3756 | G3973 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| διδάσκοντες | καὶ | εὐαγγελιζόμενοι | τὸν | Χριστὸν | Ἰησοῦν. |
| શીખવવાનું | અને | સુવાર્તા-સંભળાવવાનું | એ | ખ્રિસ્ત | ઈસુ |
| G1321 | G2532 | G2097 | G3588 | G5547 | G2424 |

પણ તેઓએ નિત્ય ભક્તિસ્થાનમાં તથા ઘરે ઈસુ તે જ ખ્રિસ્ત છે તે વિષે શીખવવાનું તથા પ્રગટ કરવાનું ચાલુ રાખ્યું.

## Chapter 6

1 Ἐν δὲ ταῖς ἡμέραις ταύταις, πληθυνόντων τῶν μαθητῶν, ἐγένετο
તે અને તે દિવસોમાં આ વધતા-જતા તે શિષ્યોમાં થયું
G1722 G1161 G3588 G2250 G3778 G4129 G3588 G3101 G1096

γογγυσμὸς τῶν Ἑλληνιστῶν πρὸς τοὺς Ἑβραίους, ὅτι παρεθεωροῦντο ἐν
ફરિયાદ તે ગ્રીક-ભાષીઓની વિરુદ્ધ તે હિબ્રૂઓ-સામે કારણ-કે અવગણના-થતી-હતી માં
G1112 G3588 G1675 G4314 G3588 G1445 G3754 G3865 G1722

τῇ διακονίᾳ τῇ καθημερινῇ, αἱ χῆραι αὐτῶν.
તે સેવામાં તે રોજિંદી તેમની વિધવાઓની તેમની
G3588 G1248 G3588 G2522 G3588 G5503 G0846

તે દિવસોમાં શિષ્યોની સંખ્યા વધતી જતી હતી, ત્યારે હિબ્રૂઓની સામે ગ્રીક યહૂદીઓએ ફરિયાદ કરી, કેમ કે રોજ વહેંચણીમાં તેઓની વિધવાઓને ટાળવામાં આવતી હતી.

2 προσκαλεσάμενοι δὲ οἱ δώδεκα, τὸ πλῆθος τῶν μαθητῶν, εἶπαν, Οὐκ
બોલાવીને પછી તે બારે તે સમૂહને તે શિષ્યોના કહ્યુ યોગ્ય-નથી
G4341 G1161 G3588 G1427 G3588 G4128 G3588 G3101 G3004 G3756

ἀρεστόν ἐστιν ἡμᾶς, καταλείψαντας τὸν λόγον τοῦ Θεοῦ, διακονεῖν
ઉચિત છે અમારા-માટે છોડીને તે વચન ના ઈશ્વરનું સેવા-કરવી
G0701 G1510 G1473 G2641 G3588 G3056 G3588 G2316 G1247

τραπέζαις.
ભોજન-પીરસવાની
G5132

ત્યારે બાર પ્રેરિતોએ બધા શિષ્યોને પોતાની પાસે બોલાવીને કહ્યુ કે, અમે ઈશ્વરનું વચન પડતું મૂકીને ભોજન પીરસવાની સેવા કરીએ, એ ઉચિત નથી.

3 ἐπισκέψασθε δέ, ἀδελφοί, ἄνδρας ἐξ ὑμῶν μαρτυρουμένους, ἑπτὰ πλήρεις
પસંદ-કરો માટે ભાઈઓ માણસો માંથી તમારામાંથી સાક્ષી-આપેલા સાત ભરપૂર
G1980 G1161 G0080 G0435 G1537 G4771 G3140 G2033 G4134

Πνεύματος, καὶ σοφίας, οὓς καταστήσομεν ἐπὶ τῆς χρείας ταύτης.
આત્માથી અને જ્ઞાનથી જેમને નીમીશું ઉપર આ કામ આના
G4151 G2532 G4678 G3739 G2525 G1909 G3588 G5532 G3778

માટે, ભાઈઓ, તમે તમારામાંથી પવિત્ર આત્માથી તથા જ્ઞાનથી ભરપૂર એવા સાત પ્રતિષ્ઠિત માણસોને શોધી કાઢો, કે જેઓને અમે એ કામ પર નીમીએ.

4 ἡμεῖς δὲ τῇ προσευχῇ καὶ τῇ διακονίᾳ τοῦ λόγου προσκαρτερήσομεν.
અમે તો તે પ્રાર્થનામાં અને તે સેવામાં ના વચનની લાગુ-રહીશું
G1473 G1161 G3588 G4335 G2532 G3588 G1248 G3588 G3056 G4342

પણ અમે તો પ્રાર્થનામાં તથા ઈશ્વરના વચનનાં સેવાકાર્યમાં લાગુ રહીશું.

5 καὶ ἤρεσεν ὁ λόγος ἐνώπιον παντὸς τοῦ πλήθους; καὶ ἐξελέξαντο
અને ગમ્યું તે વાત સમક્ષ સમગ્ર તે સમૂહને અને પસંદ-કર્યા
G2532 G0700 G3588 G3056 G1799 G3956 G3588 G4128 G2532 G1586

Στέφανον, ἄνδρα πλήρης πίστεως καὶ Πνεύματος Ἁγίου, καὶ Φίλιππον, καὶ
સ્તેફનને માણસ ભરપૂર વિશ્વાસથી અને આત્માથી પવિત્ર અને ફિલિપને અને
G4736 G0435 G4134 G4102 G2532 G4151 G0040 G2532 G5376 G2532

Πρόχορον, καὶ Νικάνορα, καὶ Τίμωνα, καὶ Παρμενᾶν, καὶ Νικόλαον
પ્રોખોરસને અને નિકાનોરને અને તીમોનને અને પાર્મેનાસને અને નિકોલાસને
G4402 G2532 G3527 G2532 G5096 G2532 G3937 G2532 G3532

προσήλυτον Ἀντιοχέα,
ધર્માંતરિત અત્યોખિયાનો
G4339 G0491

એ વાત આખા વિશ્વાસી સમુદાયને સારી લાગી; અને વિશ્વાસ તથા પવિત્ર આત્માથી ભરપૂર એવા સ્તેફન નામના એક પુરુષને, ફિલિપને, પ્રોખરસને, નિકાનોરને, તિમોનને, પાર્મિનાસને તથા અત્યોખના યહૂદી થયેલા નિકોલસને તેઓએ પસંદ કર્યા.

6 οὓς ἔστησαν ἐνώπιον τῶν ἀποστόλων; καὶ προσευξάμενοι, ἐπέθηκαν αὐτοῖς
જેમને ઊભા-કર્યા સમક્ષ તે પ્રેરિતોની અને પ્રાર્થના-કરીને મૂક્યા તેમના-ઉપર
G3739 G2476 G1799 G3588 G0652 G2532 G4336 G2007 G0846

τὰς χεῖρας.
તે હાથ
G3588 G5495

તેઓએ તેમને પ્રેરિતોની આગળ રજૂ કર્યા; અને તેઓએ પ્રાર્થના કરીને તેમના પર હાથ મૂક્યા.

7 Καὶ ὁ λόγος τοῦ Θεοῦ ηὔξανεν, καὶ ἐπληθύνετο ὁ ἀριθμὸς τῶν
અને તે વચન ના ઈશ્વરનું વધતું-ગયું અને વધતી-ગઈ તે સંખ્યા તે
G2532 G3588 G3056 G3588 G2316 G0837 G2532 G4129 G3588 G0706 G3588

μαθητῶν ἐν Ἰερουσαλὴμ σφόδρα; πολύς τε ὄχλος τῶν ἱερέων ὑπήκουον
શિષ્યોની માં યરૂશાલેમમાં ખૂબ ઘણા પણ યાજકો તે યાજકોના આધીન-થયા
G3101 G1722 G2419 G4970 G4183 G5037 G3793 G3588 G2409 G5219

τῇ πίστει.
તે વિશ્વાસને
G3588 G4102

ઈશ્વરના વચનોનો પ્રચાર થતો ગયો અને યરુશાલેમમાં શિષ્યોની સંખ્યા ઘણી વધી ગઈ; ઘણાં યાજકો પણ વિશ્વાસને આધીન થયા.

8 Στέφανος δὲ, πλήρης χάριτος καὶ δυνάμεως, ἐποίει τέρατα καὶ σημεῖα
સ્તેફન અને ભરપૂર કૃપાથી અને સામર્થ્યથી કરતો-હતો ચમત્કારો અને ચિહ્નો
G4736 G1161 G4134 G5485 G2532 G1411 G4160 G5059 G2532 G4592

μεγάλα ἐν τῷ λαῷ.
મોટાં માં તે લોકોમાં
G3173 G1722 G3588 G2992

સ્તેફન કૃપાથી તથા સામર્થ્યથી ભરપૂર હતો, તેણે લોકોમાં મોટાં અદભુત આશ્ચર્યકર્મો તથા ચમત્કારિક ચિહ્નો કર્યાં.

9 ἀνέστησαν δέ τινες τῶν ἐκ τῆς συναγωγῆς τῆς λεγομένης Λιβερτίνων,
ઊઠ્યા તો કેટલાક તે માંથી તે સભાસ્થાનમાંથી તે કહેવાતા સ્વતંત્રોના
G0450 G1161 G5100 G3588 G1537 G3588 G4864 G3588 G3004 G3032

καὶ Κυρηναίων, καὶ Ἀλεξανδρέων, καὶ τῶν ἀπὸ Κιλικίας, καὶ Ἀσίας,
અને કુરેનીઓના અને એલેક્ઝાન્ડ્રિયાના અને તે થી કિલિકિયાના અને આસિયાના
G2532 G2956 G2532 G0221 G2532 G3588 G0575 G2791 G2532 G0773

συζητοῦντες τῷ Στεφάνῳ.
વાદવિવાદ-કરતા તે સ્તેફન-સાથે
G4802 G3588 G4736

પણ લિબર્તીની કહેવાતી સભાસ્થાનમાંના, કુરેનીના, આલેકસાંદ્રિયાના, કિલીકિયાના તથા આસિયાના કેટલાક આગળ આવીને સ્તેફન સાથે વાદવિવાદ કરવા લાગ્યા.

10 καὶ οὐκ ἴσχυον ἀντιστῆναι τῇ σοφίᾳ καὶ τῷ Πνεύματι
અને સામનો-ન-કરી-શક્યા તેઓ-સક્ષમ-ન-હતા ટકી-રહેવા તે જ્ઞાનની અને તે આત્માની
G2532 G3756 G2480 G0436 G3588 G4678 G2532 G3588 G4151

ᾧ ἐλάλει.
જેનાથી તે-બોલતો-હતો
G3739 G2980

પણ સ્તેફન એવા જ્ઞાનથી તથા આત્માની પ્રેરણાથી બોલતો હતો કે તેઓ તેની સામે ટકી શક્યા નહિ.

11

| τότε | ὑπέβαλον | ἄνδρας, | λέγοντας, | ὅτι | Ἀκηκόαμεν | αὐτοῦ | λαλοῦντος | ῥήματα |
|---|---|---|---|---|---|---|---|---|
| ત્યારે | ઉશ્કેર્યા | માણસોને | કહેનારા | કે | અમે-સાંભળ્યું-છે | તેનાથી | બોલતા | વચનો |
| G5119 | G5260 | G0435 | G3004 | G3754 | G0191 | G0846 | G2980 | G4487 |

| βλάσφημα | εἰς | Μωϋσῆν | καὶ | τὸν | Θεόν. |
|---|---|---|---|---|---|
| નિંદાનાં | વિરુદ્ધ | મૂસા | અને | તે | ઈશ્વરનાં |
| G0989 | G1519 | G3475 | G2532 | G3588 | G2316 |

ત્યારે તેઓએ કેટલાક માણસોને સમજાવ્યાં, જેઓએ કહ્યુ કે, અમે તેને મૂસાના નિયમશાસ્ત્ર તથા ઈશ્વરની વિરુદ્ધ દુર્ભાષણ બોલતા સાંભળ્યો છે.

12

| συνεκίνησάν | τε | τὸν | λαὸν, | καὶ | τοὺς | πρεσβυτέρους, | καὶ | τοὺς | γραμματεῖς, |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉશ્કેર્યા | પણ | તે | લોકોને | અને | તે | વડીલોને | અને | તે | શાસ્ત્રીઓને |
| G4787 | G5037 | G3588 | G2992 | G2532 | G3588 | G4245 | G2532 | G3588 | G1122 |

| καὶ | ἐπιστάντες, | συνήρπασαν | αὐτὸν, | καὶ | ἤγαγον | εἰς | τὸ | συνέδριον, |
|---|---|---|---|---|---|---|---|---|
| અને | આવીને | પકડ્યો | તેને | અને | લઈ-ગયા | માં | તે | ન્યાયસભામાં |
| G2532 | G2186 | G4884 | G0846 | G2532 | G0071 | G1519 | G3588 | G4892 |

તેઓ લોકોને, વડીલોને તથા શાસ્ત્રીઓને ઉશ્કેરીને તેના પર તૂટી પડ્યા, અને તેને પકડીને સભામાં લાવ્યા.

13

| ἔστησάν | τε | μάρτυρας | ψευδεῖς, | λέγοντας, | Ὁ | ἄνθρωπος | οὗτος, | οὐ |
|---|---|---|---|---|---|---|---|---|
| ઊભા-કર્યા | પણ | સાક્ષીઓ | જૂઠા | કહેનારા | આ | માણસ | આ | બંધ-કરતો-નથી |
| G2476 | G5037 | G3144 | G5571 | G3004 | G3588 | G0444 | G3778 | G3756 |

| παύεται | λαλῶν | ῥήματα | κατὰ | τοῦ | τόπου | τοῦ | ἁγίου | [τούτου], | καὶ | τοῦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| થોભતો | બોલતો | વચનો | વિરુદ્ધ | આ | સ્થાનની | આ | પવિત્ર | આ | અને | તે |
| G3973 | G2980 | G4487 | G2596 | G3588 | G5117 | G3588 | G0040 | G3778 | G2532 | G3588 |

| νόμου; |
|---|
| નિયમશાસ્ત્રની |
| G3551 |

તેઓએ જૂઠા સાક્ષીઓ ઊભા કર્યા, જેઓએ કહ્યુ કે, એ માણસ આ પવિત્રસ્થાન તથા નિયમશાસ્ત્ર વિરુદ્ધ દુર્ભાષણ કર્યા કરે છે;

14

| ἀκηκόαμεν | γὰρ | αὐτοῦ | λέγοντος, | ὅτι | Ἰησοῦς | ὁ | Ναζωραῖος | οὗτος, |
|---|---|---|---|---|---|---|---|---|
| કારણ-કે | ખરેખર | તેનાથી | કહેતા | કે | ઈસુ | તે | નાઝરેથનો | આ |
| G0191 | G1063 | G0846 | G3004 | G3754 | G2424 | G3588 | G3480 | G3778 |

| καταλύσει | τὸν | τόπον | τοῦτον, | καὶ | ἀλλάξει | τὰ | ἔθη | ἃ | παρέδωκεν | ἡμῖν |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તોડી-પાડશે | આ | સ્થાનને | આને | અને | બદલી-નાખશે | તે | રિવાજો | જે | સોંપ્યા-હતા | અમને |
| G2647 | G3588 | G5117 | G3778 | G2532 | G0236 | G3588 | G1485 | G3739 | G3860 | G1473 |

| Μωϋσῆς. |
|---|
| મૂસાએ |
| G3475 |

કેમ કે અમે તેને એમ કહેતાં સાંભળ્યો છે કે, ઈસુ નાઝારી આ સ્થાનનો નાશ કરશે, અને જે રીતરિવાજો મૂસાએ આપણને ફરમાવ્યા છે તેઓને બદલી નાખશે.

15

| καὶ | ἀτενίσαντες | εἰς | αὐτὸν, | πάντες | οἱ | καθεζόμενοι | ἐν | τῷ | συνεδρίῳ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | ધ્યાનથી-જોઈને | તરફ | તેની | બધા | જેઓ | બેઠેલા | માં | તે | ન્યાયસભામાં |
| G2532 | G0816 | G1519 | G0846 | G3956 | G3588 | G2516 | G1722 | G3588 | G4892 |

| εἶδον | τὸ | πρόσωπον | αὐτοῦ | ὡσεὶ | πρόσωπον | ἀγγέλου. |
|---|---|---|---|---|---|---|
| જોયું | તેનું | મુખ | તેનું | જેમ-કે | મુખ | દૂતનું |
| G3708 | G3588 | G4383 | G0846 | G5616 | G4383 | G0032 |

જેઓ સભામાં બેઠા હતા તેઓ સર્વ સ્તેફનની તરફ એક નજરે જોઈ રહ્યા, અને તેનો ચહેરો સ્વર્ગદૂતના ચહેરા જેવો દેખાયો.

## Chapter 7

1

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| Εἶπεν | δὲ | ὁ | ἀρχιερεύς, | Εἰ | ταῦτα | οὕτως | ἔχει? |
| કહ્યુ | અને | તે | મુખ્ય-યાજકે | શું | આ-બાબતો | એમ | છે? |
| G3004 | G1161 | G3588 | G0749 | G1487 | G3778 | G3779 | G2192 |

ત્યારે પ્રમુખ યાજકે પૂછ્યું કે, "શું હકીકત આ પ્રમાણે છે?"

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὁ | δὲ | ἔφη, | Ἄνδρες, | ἀδελφοὶ, | καὶ | πατέρες, | ἀκούσατε! | Ὁ | Θεὸς | τῆς |
| તે | અને | કહ્યુ | પુરુષો | ભાઈઓ | અને | પિતાઓ | સાંભળો□ | તે | ઈશ્વર | ના |
| G3588 | G1161 | G5346 | G0435 | G0080 | G2532 | G3962 | G0191 | G3588 | G2316 | G3588 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| δόξης | ὤφθη | τῷ | πατρὶ | ἡμῶν | Ἀβραὰμ, | ὄντι | ἐν | τῇ | Μεσοποταμίᾳ, | πρὶν |
| મહિમાના | દેખાયા | તે | પિતા | આપણા | ઇબ્રાહિમને | હતા | માં | તે | મેસોપોટેમિયામાં | પહેલાં |
| G1391 | G3708 | G3588 | G3962 | G1473 | G0011 | G1510 | G1722 | G3588 | G3318 | G4250 |

| | | | | |
|---|---|---|---|---|
| ἢ | κατοικῆσαι | αὐτὸν | ἐν | Χαρράν, |
| કે | વસવાટ-કરે | તે | માં | ખારાનમાં |
| G2228 | G2730 | G0846 | G1722 | G5488 |

સ્તેફને કહ્યુ કે, "ભાઈઓ તથા વડીલો, સાંભળો. આપણો પૂર્વજ ઇબ્રાહિમ હારાનમાં રહેવા આવ્યો તે અગાઉ તે મેસોપોટેમિયામાં રહેતો હતો, ત્યારે મહિમાવાન ઈશ્વરે તેને દર્શન આપીને

3

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | εἶπεν | πρὸς | αὐτόν, | Ἔξελθε | ἐκ | τῆς | γῆς | σου, | καὶ | ‹ἐκ› | τῆς |
| અને | કહ્યુ | પ્રત્યે | તેને | નીકળ | થી | તારી | ભૂમિમાંથી | તારી | અને | થી | તારા |
| G2532 | G3004 | G4314 | G0846 | G1831 | G1537 | G3588 | G1093 | G4771 | G2532 | G1537 | G3588 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| συγγενείας | σου, | καὶ | δεῦρο | εἰς | τὴν | γῆν | ἣν | ἄν | σοι | δείξω. |
| કુટુંબમાંથી | તારા | અને | આવ | માં | તે | ભૂમિમાં | જે | કદાચ | તને | બતાવીશ |
| G4772 | G4771 | G2532 | G1204 | G1519 | G3588 | G1093 | G3739 | G0302 | G4771 | G1166 |

કહ્યુ કે, 'તું તારા દેશમાંથી તથા તારા સગામાંથી નીકળ, અને જે દેશ હું તને બતાવું તેમાં જઈને રહે'.

4

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| τότε | ἐξελθὼν | ἐκ | γῆς | Χαλδαίων, | κατῴκησεν | ἐν | Χαρράν, | κἀκεῖθεν | μετὰ |
| ત્યારે | નીકળીને | થી | ભૂમિમાંથી | ખાલ્દીઓની | વસ્યો | માં | ખારાનમાં | ત્યાંથી | પછી |
| G5119 | G1831 | G1537 | G1093 | G5466 | G2730 | G1722 | G5488 | G2547 | G3326 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| τὸ | ἀποθανεῖν | τὸν | πατέρα | αὐτοῦ, | μετῴκισεν | αὐτὸν | εἰς | τὴν | γῆν | ταύτην, |
| તે | મૃત્યુ-થયા | ના | પિતાનું | તેના | ખસેડ્યા | તેને | માં | આ | ભૂમિમાં | આ |
| G3588 | G0599 | G3588 | G3962 | G0846 | G3351 | G0846 | G1519 | G3588 | G1093 | G3778 |

| | | | | |
|---|---|---|---|---|
| εἰς | ἣν | ὑμεῖς | νῦν | κατοικεῖτε. |
| માં | જેમાં | તમે | હવે | રહો-છો |
| G1519 | G3739 | G4771 | G3568 | G2730 |

ત્યારે ખાલ્દી દેશમાંથી નીકળીને તે હારાનમાં જઈને વસ્યો, અને ત્યાં તેના પિતા અવસાન પામ્યા ત્યાર પછી આ દેશ જેમાં તમે હમણાં રહો છો, તેમાં ઈશ્વરે તેને લાવીને વસાવ્યો.

5

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | οὐκ | ἔδωκεν | αὐτῷ | κληρονομίαν | ἐν | αὐτῇ, | οὐδὲ | βῆμα | ποδός; | καὶ |
| અને | ન | આપ્યો | તેને | વારસો | માં | તેમાં | એક-પણ-નહીં | પગલું | પગનું | અને |
| G2532 | G3756 | G1325 | G0846 | G2817 | G1722 | G0846 | G3761 | G0968 | G4228 | G2532 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐπηγγείλατο | δοῦναι | αὐτῷ | εἰς | κατάσχεσιν | αὐτὴν, | καὶ | τῷ | σπέρματι | αὐτοῦ |
| વચન-આપ્યું | આપવા | તેને | માટે | અધિકાર | તે | અને | તેના | સંતાનને | તેના |
| G1861 | G1325 | G0846 | G1519 | G2697 | G0846 | G2532 | G3588 | G4690 | G0846 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| μετ’ | αὐτόν, | οὐκ | ὄντος | αὐτῷ | τέκνου. |
| પછી | તેના | નહોતું | હોવા | તેને | સંતાન |
| G3326 | G0846 | G3756 | G1510 | G0846 | G5043 |

તેમણે એ દેશમાં તેને કંઈ વતન આપ્યું નહિ; ના, એક પગલાભર પણ નહિ; અને જોકે હજી સુધી તેને સંતાન થયું નહોતું તોપણ તેમણે તેને તથા તેના પછી તેના વંશજોને વતન તરીકે આ દેશ આપવાનું વચન આપ્યું.

6 ἐλάλησεν δὲ οὕτως ὁ Θεὸς: ὅτι ἔσται τὸ σπέρμα αὐτοῦ πάροικον
બોલ્યા અને એમ તે ઈશ્વરે કે થશે તે સંતાન તેનું પરદેશી
G2980 G1161 G3779 G3588 G2316 G3754 G1510 G3588 G4690 G0846 G3941

ἐν γῇ ἀλλοτρίᾳ, καὶ δουλώσουσιν αὐτὸ, καὶ κακώσουσιν ἔτη τετρακόσια;
માં ભૂમિમાં પારકી અને ગુલામ-બનાવશે તેને અને દુર્વ્યવહાર-કરશે વર્ષ ચારસો
G1722 G1093 G0245 G2532 G1402 G0846 G2532 G2559 G2094 G5071

ઈશ્વરે તેને કહ્યુ કે, તારા વંશજો પરદેશમાં રહેશે, અને ત્યાંના લોકો ચારસો વર્ષ સુધી તેઓને ગુલામગીરીમાં રાખીને દુઃખ આપશે.

7 καὶ τὸ ἔθνος ᾧ ἐὰν δουλεύσουσιν, κρινῶ ἐγώ, ὁ Θεὸς εἶπεν;
અને તે પ્રજાનો જેનો જો ગુલામી-કરશે ન્યાય-કરીશ હું તે ઈશ્વરે કહ્યુ
G2532 G3588 G1484 G3739 G1437 G1398 G2919 G1473 G3588 G2316 G3004

καὶ μετὰ ταῦτα ἐξελεύσονται, καὶ λατρεύσουσίν μοι ἐν τῷ τόπῳ τούτῳ.
અને પછી આ નીકળશે અને ભજન-કરશે મને માં આ સ્થાનમાં આ
G2532 G3326 G3778 G1831 G2532 G3000 G1473 G1722 G3588 G5117 G3778

વળી ઈશ્વરે કહ્યુ કે, 'તેઓ જે લોકોના ગુલામ થશે તેઓનો ન્યાય હું કરીશ, અને ત્યાર પછી તેઓ ત્યાંથી આવીને આ સ્થળે મારી સેવા કરશે.'

8 καὶ ἔδωκεν αὐτῷ διαθήκην περιτομῆς; καὶ οὕτως ἐγέννησεν τὸν Ἰσαὰκ,
અને આપ્યો તેને કરાર સુન્નતનો અને એમ જન્મ-આપ્યો ને ઇસહાકને
G2532 G1325 G0846 G1242 G4061 G2532 G3779 G1080 G3588 G2464

καὶ περιέτεμεν αὐτὸν τῇ ἡμέρᾳ τῇ ὀγδόῃ; καὶ Ἰσαὰκ τὸν Ἰακώβ, καὶ
અને સુન્નત-કરી તેની ને દિવસે ને આઠમે અને ઇસહાકે ને યાકૂબને અને
G2532 G4059 G0846 G3588 G2250 G3588 G3590 G2532 G2464 G3588 G2384 G2532

Ἰακὼβ τοὺς δώδεκα πατριάρχας.
યાકૂબે ને બાર કુળપિતાઓને
G2384 G3588 G1427 G3966

પરમેશ્વરે તેને સુન્નતનો કરાર ઠરાવી આપ્યો; ત્યાર પછી ઇબ્રાહિમથી ઇસહાક થયો, તેણે આઠમે દિવસે તેની સુન્નત કરી; પછી ઇસહાકથી યાકૂબ થયો, અને યાકૂબથી બાર પૂર્વજો થયા.

9 Καὶ οἱ πατριάρχαι, ζηλώσαντες τὸν Ἰωσὴφ, ἀπέδοντο εἰς Αἴγυπτον. καὶ
અને તે કુળપિતાઓએ ઈર્ષ્યા-કરીને ને યૂસુફને વેચ્યો માં મિસરમાં અને
G2532 G3588 G3966 G2206 G3588 G2501 G0591 G1519 G0125 G2532

ἦν ὁ Θεὸς μετ' αὐτοῦ,
હતા તે ઈશ્વર સાથે તેની
G1510 G3588 G2316 G3326 G0846

પછી પૂર્વજોએ યૂસફ પર અદેખાઈ રાખીને તેને મિસરમાં લઈ જવા સારુ વેચી દીધો; પણ ઈશ્વર તેની સાથે હતા,

10 καὶ ἐξείλατο αὐτὸν ἐκ πασῶν τῶν θλίψεων αὐτοῦ; καὶ ἔδωκεν αὐτῷ
અને છોડાવ્યો તેને થી બધી તેની વિપત્તિઓથી તેની અને આપી તેને
G2532 G1807 G0846 G1537 G3956 G3588 G2347 G0846 G2532 G1325 G0846

χάριν καὶ σοφίαν ἐναντίον Φαραὼ, βασιλέως Αἰγύπτου; καὶ κατέστησεν αὐτὸν
કૃપા અને જ્ઞાન સમક્ષ ફારુનની રાજાની મિસરના અને નીમ્યો તેને
G5485 G2532 G4678 G1726 G5328 G0935 G0125 G2532 G2525 G0846

ἡγούμενον ἐπ' Αἴγυπτον, καὶ [ἐφ'] ὅλον τὸν οἶκον αὐτοῦ.
અધિકારી ઉપર મિસર-ઉપર અને ઉપર સમગ્ર તેના ઘર-ઉપર તેના
G2233 G1909 G0125 G2532 G1909 G3650 G3588 G3624 G0846

તેમણે તેનાં સર્વ સંકટોમાંથી તેને છોડાવ્યો અને મિસરના રાજા ફારુનની સમક્ષ તેને વિદ્વતા તથા કૃપા આપી. પછી ફારુને તેને મિસર પર તથા પોતાના સમગ્ર પરિવાર પર અધિકારી ઠરાવ્યો.

11

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἦλθεν | δὲ | λιμὸς | ἐφ’ | ὅλην | τὴν | Αἴγυπτον | καὶ | Χανάαν, | καὶ | θλῖψις | μεγάλη, |
| આવ્યો | અને | દુકાળ | ઉપર | સમગ્ર | તે | મિસર-ઉપર | અને | કનાન-ઉપર | અને | સંકટ | મોટું |
| G2064 | G1161 | G3042 | G1909 | G3650 | G3588 | G0125 | G2532 | G5477 | G2532 | G2347 | G3173 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| καὶ | οὐχ | ηὕρισκον | χορτάσματα | οἱ | πατέρες | ἡμῶν. |
| અને | ન | મળતું-હતું | ખોરાક | ને | પિતાઓને | આપણા |
| G2532 | G3756 | G2147 | G5527 | G3588 | G3962 | G1473 |

પછી આખા મિસરમાં તથા કનાનમાં દુકાળ પડ્યો, જેથી ભારે સંકટ આવ્યું, અને આપણા પૂર્વજોને ખાવાનું મળ્યું નહિ.

12

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀκούσας | δὲ | Ἰακὼβ, | ὄντα | σιτία | εἰς | Αἴγυπτον, | ἐξαπέστειλεν | τοὺς | πατέρας |
| સાંભળીને | અને | યાકૂબે | છે-એવું | અનાજ | માં | મિસરમાં | મોકલ્યા | ને | પિતાઓને |
| G0191 | G1161 | G2384 | G1510 | G4621 | G1519 | G0125 | G1821 | G3588 | G3962 |

| | |
|---|---|
| ἡμῶν | πρῶτον; |
| આપણા | પહેલી-વાર |
| G1473 | G4412 |

પણ યાકૂબે જાણ્યું કે મિસરમાં અનાજ છે, ત્યારે તેણે આપણા પૂર્વજોને પ્રથમ વાર મિસરમાં મોકલ્યા.

13

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἐν | τῷ | δευτέρῳ, | ἀνεγνωρίσθη | Ἰωσὴφ | τοῖς | ἀδελφοῖς | αὐτοῦ, | καὶ |
| અને | માં | તે | બીજી-વારે | ઓળખાયો | યૂસુફ | ને | ભાઈઓને | તેના | અને |
| G2532 | G1722 | G3588 | G1208 | G0319 | G2501 | G3588 | G0080 | G0846 | G2532 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| φανερὸν | ἐγένετο | τῷ | Φαραὼ | τὸ | γένος | [τοῦ] | Ἰωσήφ. |
| જાણીતું | થયું | ને | ફારુનને | તે | કુળ | નું | યૂસુફનું |
| G5318 | G1096 | G3588 | G5328 | G3588 | G1085 | G3588 | G2501 |

પછી બીજી વાર યૂસફે પોતાના ભાઈઓની આગળ પોતાની ઓળખાણ આપી; એટલે યુસફનું કુળ ફારુનના જાણવામાં આવ્યું.

14

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀποστείλας | δὲ, | Ἰωσὴφ | μετεκαλέσατο | Ἰακὼβ, | τὸν | πατέρα | αὐτοῦ, | καὶ | πᾶσαν |
| મોકલીને | પછી | યૂસુફે | બોલાવ્યા | યાકૂબને | ને | પિતા | તેના | અને | સમગ્ર |
| G0649 | G1161 | G2501 | G3333 | G2384 | G3588 | G3962 | G0846 | G2532 | G3956 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| τὴν | συγγένειαν, | ἐν | ψυχαῖς | ἑβδομήκοντα | πέντε. |
| તે | કુટુંબને | માં | જીવોમાં | પંચોતેર | પાંચ |
| G3588 | G4772 | G1722 | G5590 | G1440 | G4002 |

ત્યારે યૂસફે સંદેશો મોકલીને પોતાના પિતા યાકૂબને તથા પોતાનાં સર્વ સગાંને, એટલે પંચોતેર માણસને પોતાની પાસે તેડાવ્યાં.

15

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | κατέβη | Ἰακὼβ | εἰς | Αἴγυπτον | καὶ | ἐτελεύτησεν, | αὐτὸς | καὶ | οἱ | πατέρες |
| અને | ગયો | યાકૂબ | માં | મિસરમાં | અને | મૃત્યુ-પામ્યો | તે | અને | તે | પિતાઓ |
| G2532 | G2597 | G2384 | G1519 | G0125 | G2532 | G5053 | G0846 | G2532 | G3588 | G3962 |

| |
|---|
| ἡμῶν, |
| આપણા |
| G1473 |

યાકૂબ મિસરમાં ગયો, અને ત્યાં તે તથા આપણા પૂર્વજો અવસાન પામ્યા.

16

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | μετετέθησαν | εἰς | Συχὲμ, | καὶ | ἐτέθησαν | ἐν | τῷ | μνήματι, | ᾧ |
| અને | ખસેડવામાં-આવ્યા | માં | શખેમમાં | અને | મૂકવામાં-આવ્યા | માં | તે | કબરમાં | જે |
| G2532 | G3346 | G1519 | G4966 | G2532 | G5087 | G1722 | G3588 | G3418 | G3739 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ὠνήσατο | Ἀβραὰμ | τιμῆς | ἀργυρίου | παρὰ | τῶν | υἱῶν | Ἑμμὼρ | ἐν | Συχέμ. |
| ખરીદી-હતી | ઇબ્રાહિમે | કિંમતે | ચાંદીની | પાસેથી | ના | પુત્રોના | હમોરના | માં | શખેમમાં |
| G5608 | G0011 | G5092 | G0694 | G3844 | G3588 | G5207 | G1697 | G1722 | G4966 |

તેઓને શખેમ લઈ જવામાં આવ્યા, ને જે કબરસ્તાન ઇબ્રાહિમે રૂપાનાણું આપીને હમોરના દીકરાઓ પાસેથી વેચાતું લીધું હતું તેમાં દફનાવ્યાં.

17 Καθὼς δὲ ἤγγιζεν ὁ χρόνος τῆς ἐπαγγελίας, ἧς ὡμολόγησεν ὁ
જેમ-જેમ અને નજીક-આવ્યો તે સમય ના વચનનો જે કબૂલ-કર્યું-હતું તે
G2531 G1161 G1448 G3588 G5550 G3588 G1860 G3739 G3670 G3588

Θεὸς τῷ Ἀβραάμ, ηὔξησεν ὁ λαὸς καὶ ἐπληθύνθη ἐν Αἰγύπτῳ,
ઈશ્વરે ને ઇબ્રાહિમને વધ્યા તે લોકો અને વધતા-ગયા માં મિસરમાં
G2316 G3588 G0011 G0837 G3588 G2992 G2532 G4129 G1722 G0125

પણ જે વચન ઈશ્વરે ઇબ્રાહિમને આપ્યું હતું, તેનો સમય જેમ જેમ પાસે આવતો ગયો તેમ તેમ મિસરમાં આપણાં લોકોની વૃદ્ધિ થઈ અને તેઓની સંખ્યા પુષ્કળ થઈ.

18 ἄχρι οὗ ἀνέστη βασιλεὺς ἕτερος ἐπ’ Αἴγυπτον, ὃς οὐκ ᾔδει τὸν
ત્યાં-સુધી-કે જ્યારે ઊઠ્યો રાજા બીજો ઉપર મિસર-ઉપર જે ન જાણતો-હતો ને
G0891 G3739 G0450 G0935 G2087 G1909 G0125 G3739 G3756 G1492 G3588

Ἰωσήφ.
યૂસુફને
G2501

એવામાં મિસરમાં એક બીજો રાજા થયો, જે યૂસફને ઓળખતો નહોતો.

19 οὗτος κατασοφισάμενος τὸ γένος ἡμῶν, ἐκάκωσεν τοὺς πατέρας [ἡμῶν],
આણે છળ-કર્યું ના વંશ-સાથે આપણા દુર્વ્યવહાર-કર્યો ને પિતાઓ-સાથે આપણા
G3778 G2686 G3588 G1085 G1473 G2559 G3588 G3962 G1473

τοῦ ποιεῖν τὰ βρέφη ἔκθετα αὐτῶν, εἰς τὸ μὴ ζωογονεῖσθαι.
માટે કરાવવા ને બાળકોને ત્યજી-દેવા તેમના માટે તે ન જીવતા-રહે
G3588 G4160 G3588 G1025 G1570 G0846 G1519 G3588 G3361 G2225

તેણે આપણા લોકોની સાથે કપટ કરીને આપણા પૂર્વજોને દુઃખ દીધું, એટલે તેઓનાં બાળકો જીવે નહિ માટે, તેઓને તેમની પાસે નાખી દેવડાવ્યાં.

20 Ἐν ᾧ καιρῷ ἐγεννήθη Μωϋσῆς, καὶ ἦν ἀστεῖος τῷ Θεῷ; ὃς
તે જ સમયે જન્મ્યો મૂસા અને હતો સુંદર ને ઈશ્વરને જે
G1722 G3739 G2540 G1080 G3475 G2532 G1510 G0791 G3588 G2316 G3739

ἀνετράφη μῆνας τρεῖς ἐν τῷ οἴκῳ τοῦ πατρός.
ઉછેર્યો-ગયો મહિના ત્રણ માં ના ઘરમાં ના પિતાના
G0397 G3376 G5140 G1722 G3588 G3624 G3588 G3962

તે અરસામાં મૂસાનો જન્મ થયો, તે ઈશ્વર સમક્ષ ઘણો સુંદર હતો; પોતાના પિતાના ઘરમાં ત્રણ મહિના સુધી તેનું પાલન થયું;

21 ἐκτεθέντος δὲ αὐτοῦ, ἀνείλατο αὐτὸν ἡ θυγάτηρ Φαραώ, καὶ
મૂકવામાં-આવ્યો-ત્યારે અને તેને ઉઠાવી-લીધો તેને તે પુત્રીએ ફારુનની અને
G1620 G1161 G0846 G0337 G0846 G3588 G2364 G5328 G2532

ἀνεθρέψατο αὐτὸν ἑαυτῇ εἰς υἱόν.
ઉછેર્યો તેને પોતાને-માટે તરીકે પુત્ર
G0397 G0846 G1438 G1519 G5207

પછી તેને નદીમાં તજી દેવાયો. ત્યારે ફારુનની દીકરીએ તેને અપનાવી લીધો અને પોતાના દીકરા તરીકે તેનો ઉછેર કર્યો.

22 καὶ ἐπαιδεύθη Μωϋσῆς [ἐν] πάσῃ σοφίᾳ Αἰγυπτίων; ἦν δὲ δυνατὸς
અને શીખવાડવામાં-આવ્યું મૂસાને માં સર્વ જ્ઞાનમાં મિસરીઓના હતો અને સમર્થ
G2532 G3811 G3475 G1722 G3956 G4678 G0124 G1510 G1161 G1415

ἐν λόγοις καὶ ἔργοις αὐτοῦ.
માં વચનોમાં અને કાર્યોમાં તેના
G1722 G3056 G2532 G2041 G0846

મૂસાને મિસરીઓની સર્વ વિદ્યા શીખવવામાં આવી હતી; તે બોલવામાં બાહોશ તથા કાર્ય કરવામાં પરાક્રમી હતો.

23 Ὡς δὲ ἐπληροῦτο αὐτῷ τεσσερακονταέτης χρόνος, ἀνέβη ἐπὶ τὴν καρδίαν
જ્યારે અને પૂરા-થયા તેને ચાળીસ-વર્ષનો સમય ઊઠ્યું ઉપર ના હૃદયમાં
G5613 G1161 G4137 G0846 G5063 G5550 G0305 G1909 G3588 G2588

αὐτοῦ, ἐπισκέψασθαι τοὺς ἀδελφοὺς αὐτοῦ, τοὺς υἱοὺς Ἰσραήλ;
તેના ભેટ-આપવી ને ભાઈઓને તેના ને પુત્રોને ઇસ્રાએલના
G0846 G1980 G3588 G0080 G0846 G3588 G5207 G2474

પણ તે લગભગ ચાળીસ વર્ષનો થયો ત્યારે તેને પોતાના ઇઝરાયલી ભાઈઓને મળવાનું મન થયું.

24 καὶ ἰδών τινα ἀδικούμενον, ἠμύνατο, καὶ ἐποίησεν ἐκδίκησιν τῷ
અને જોઈને કોઈને અન્યાય-થતો બચાવ્યો અને કર્યો બદલો ને
G2532 G3708 G5100 G0091 G0292 G2532 G4160 G1557 G3588

καταπονουμένῳ, πατάξας τὸν Αἰγύπτιον.
દબાયેલાને-માટે મારીને ને મિસરીને
G2669 G3960 G3588 G0124

તેઓમાંના એક પર અન્યાય થતો જોઈને મૂસાએ તેની સહાય કરી, અને મિસરીને મારી નાખીને પોતાના જે ભાઈ પર જુલમ થતો હતો તેનું વૈર વાળ્યું.

25 ἐνόμιζεν δὲ, συνιέναι τοὺς ἀδελφοὺς [αὐτοῦ], ὅτι ὁ Θεὸς διὰ χειρὸς
ધારતો-હતો અને સમજશે-એવું ને ભાઈઓ તેના કે તે ઈશ્વર દ્વારા હાથ
G3543 G1161 G4920 G3588 G0080 G0846 G3754 G3588 G2316 G1223 G5495

αὐτοῦ δίδωσιν σωτηρίαν αὐτοῖς. οἱ δὲ οὐ συνῆκαν.
તેના આપે-છે મુક્તિ તેમને તેઓ પણ ન સમજ્યા
G0846 G1325 G4991 G0846 G3588 G1161 G3756 G4920

ઈશ્વર મારી હસ્તક તેઓનો છુટકારો કરશે, એમ મારા ભાઈઓ સમજતા હશે, એવું તેણે ધાર્યું; પણ તેઓ સમજ્યા નહિ.

26 τῇ τε ἐπιούσῃ ἡμέρᾳ ὤφθη αὐτοῖς μαχομένοις, καὶ συνήλλασσεν
ને પણ બીજે દિવસે દેખાયો તેમને લડતા અને સમાધાન-કરાવવા-લાગ્યો
G3588 G5037 G1966 G2250 G3708 G0846 G3164 G2532 G4900

αὐτοὺς εἰς εἰρήνην, εἰπών, Ἄνδρες, ἀδελφοί ἐστε. ἵνα‿ τί ἀδικεῖτε
તેમને માં શાંતિમાં કહીને પુરુષો ભાઈઓ છો શા-માટે શા-માટે અન્યાય-કરો-છો
G0846 G1519 G1515 G3004 G0435 G0080 G1510 G2443 G5101 G0091

ἀλλήλους?
એકબીજાને?
G0240

તેને બીજે દિવસે તેઓમાં ઝઘડો ચાલતો હતો તે સમયે મૂસા તેઓની પાસે આવ્યો તેણે તેઓની વચ્ચે સલાહ કરાવવાની ઇચ્છાથી કહ્યુ કે, ‘ભલા માણસો, તમે ભાઈઓ છો તો શા માટે એકબીજા પર અન્યાય ગુજારો છો?’

27 ὁ δὲ ἀδικῶν τὸν πλησίον ἀπώσατο αὐτὸν, εἰπών, Τίς σε
તે પણ અન્યાય-કરનારે ને પાડોશીને ધકેલ્યો તેને કહીને કોણે તને
G3588 G1161 G0091 G3588 G4139 G0683 G0846 G3004 G5101 G4771

κατέστησεν, ἄρχοντα καὶ δικαστὴν ἐφ’ ἡμῶν?
નીમ્યો અધિકારી અને ન્યાયાધીશ ઉપર અમારા?
G2525 G0758 G2532 G1348 G1909 G1473

પણ જે પોતાના પડોશી પર અન્યાય ગુજારતો હતો તેણે તેને ધક્કો મારીને કહ્યુ કે, ‘અમારા પર તને કોણે અધિકારી તથા ન્યાયાધીશ નીમ્યો છે?

28 μὴ ἀνελεῖν με σὺ θέλεις, ὃν τρόπον ἀνεῖλες ἐχθὲς τὸν Αἰγύπτιον?
શું મારી-નાખવા મને તું ચાહે-છે જેમ રીતે માર્યો-હતો ગઈકાલે ને મિસરીને?
G3361 G0337 G1473 G4771 G2309 G3739 G5158 G0337 G5504 G3588 G0124

પેલા મિસરીને તેં ગઈકાલે મારી નાખ્યો તેમ શું તું મને પણ મારી નાખવા ઇચ્છે છે?’

29 ἔφυγεν δὲ Μωϋσῆς ἐν τῷ λόγῳ τούτῳ, καὶ ἐγένετο πάροικος ἐν
ભાગ્યો અને મૂસા માં આ વચને આ અને થયો પરદેશી માં
G5343 G1161 G3475 G1722 G3588 G3056 G3778 G2532 G1096 G3941 G1722

γῇ Μαδιάμ, οὗ ἐγέννησεν υἱοὺς δύο.
ભૂમિમાં મિદ્યાનની ત્યાં જન્મ-આપ્યો પુત્રોને બે
G1093 G3099 G3757 G1080 G5207 G1417

મૂસા આ વાત સાંભળીને નાસી ગયો, અને મિદ્યાન દેશમાં જઈને વસ્યો, ત્યાં તેને બે દીકરા થયા.

30 Καὶ πληρωθέντων ἐτῶν τεσσεράκοντα, ὤφθη αὐτῷ ἐν τῇ ἐρήμῳ τοῦ
અને પૂરા-થયા વર્ષોના ચાળીસ દેખાયો તેને માં તે અરણ્યમાં ના
G2532 G4137 G2094 G5062 G3708 G0846 G1722 G3588 G2048 G3588

ὄρους Σινᾶ, ἄγγελος ἐν φλογὶ πυρὸς βάτου.
પર્વતના સિનાઈના દૂત માં જ્વાળામાં અગ્નિની ઝાડીની
G3735 G4614 G0032 G1722 G5395 G4442 G0942

ચાળીસ વર્ષ પૂરાં થયાં ત્યારે સ્વર્ગદૂતે સિનાઈ પહાડના અરણ્યમાં ઝાડવાં મધ્યે અગ્નિની જ્વાળામાં તેને દર્શન દીધું.

31 ὁ δὲ Μωϋσῆς ἰδὼν, ἐθαύμαζεν τὸ ὅραμα; προσερχομένου δὲ αὐτοῦ
તે અને મૂસાએ જોઈને આશ્ચર્ય-પામ્યો તે દ્રશ્ય-થી નજીક-આવતા અને તેના
G3588 G1161 G3475 G3708 G2296 G3588 G3705 G4334 G1161 G0846

κατανοῆσαι, ἐγένετο φωνὴ Κυρίου:
નિહાળવા થઈ વાણી પ્રભુની
G2657 G1096 G5456 G2962

મૂસા તે દ્રશ્ય જોઈને આશ્ચર્ય પામ્યો; અને તે એ દ્રશ્યને જોવા સારુ પાસે જતો હતો તેવામાં પ્રભુની વાણી થઈ કે,

32 Ἐγὼ ὁ Θεὸς τῶν πατέρων σου, ὁ Θεὸς Ἀβραὰμ, καὶ Ἰσαὰκ, καὶ
હું તે ઈશ્વર ના પિતાઓનો તારા તે ઈશ્વર ઇબ્રાહિમનો અને ઇસહાકનો અને
G1473 G3588 G2316 G3588 G3962 G4771 G3588 G2316 G0011 G2532 G2464 G2532

Ἰακώβ. ἔντρομος δέ, γενόμενος Μωϋσῆς, οὐκ ἐτόλμα κατανοῆσαι.
યાકૂબનો ધ્રૂજતો અને થઈને મૂસા ન હિંમત-કરી જોવાની
G2384 G1790 G1161 G1096 G3475 G3756 G5111 G2657

‘હું તારા પૂર્વજોનો ઈશ્વર, એટલે ઇબ્રાહિમનો, ઇસહાકનો તથા યાકૂબનો ઈશ્વર છું.’ ત્યારે મૂસા ધ્રૂજી ઊઠ્યો અને તેને જોવાની તેની જીગર ચાલી નહિ.

33 εἶπεν δὲ αὐτῷ ὁ Κύριος, Λῦσον τὸ ὑπόδημα τῶν ποδῶν σου, ὁ
કહ્યુ અને તેને તે પ્રભુએ ઉતાર તે જોડા ના પગના તારા તે
G3004 G1161 G0846 G3588 G2962 G3089 G3588 G5266 G3588 G4228 G4771 G3588

γὰρ τόπος ἐφ’ ᾧ ἕστηκας, γῆ ἁγία ἐστίν.
કારણ-કે સ્થાન ઉપર જેના ઊભો-છે ભૂમિ પવિત્ર છે
G1063 G5117 G1909 G3739 G2476 G1093 G0040 G1510

પ્રભુએ તેને કહ્યુ કે, ‘તું તારા પગમાંથી ચંપલ ઉતાર; કેમ કે જે જગ્યાએ તું ઊભો છે તે પવિત્ર ભૂમિ છે.

34 ἰδὼν, εἶδον τὴν κάκωσιν τοῦ λαοῦ μου τοῦ ἐν Αἰγύπτῳ, καὶ τοῦ
ખરેખર જોયું તે દુર્દશા ના લોકોની મારા ના જે મિસરમાં-છે અને તેમનો
G3708 G3708 G3588 G2561 G3588 G2992 G1473 G3588 G1722 G0125 G2532 G3588

στεναγμοῦ αὐτοῦ ἤκουσα, καὶ κατέβην ἐξελέσθαι αὐτούς; καὶ νῦν δεῦρο,
નિસાસો તેમનો સાંભળ્યો અને ઊતર્યો છોડાવવા તેમને અને હવે ચાલ
G4726 G0846 G0191 G2532 G2597 G1807 G0846 G2532 G3568 G1204

ἀποστείλω σε εἰς Αἴγυπτον.
મોકલું તને માં મિસરમાં
G0649 G4771 G1519 G0125

મિસરમાં જે મારા લોક છે તેઓનું દુઃખ મેં નિશ્ચે જોયું છે, તેઓના નિસાસા મેં સાંભળ્યાં છે, અને તેઓને છોડાવવાં હું ઊતર્યો છું; હવે ચાલ, હું તને મિસરમાં મોકલીશ.'

35 Τοῦτον આ G3778 τὸν તે G3588 Μωϋσῆν, મૂસાને G3475 ὃν જેને G3739 ἠρνήσαντο, નકાર્યો G0720 εἰπόντες, કહીને G3004 Τίς કોણે G5101 σε તને G4771 κατέστησεν નીમ્યો G2525 ἄρχοντα અધિકારી G0758

καὶ અને G2532 δικαστήν? ન્યાયાધીશ? G1348 τοῦτον આને G3778 ὁ તે G3588 Θεὸς ઈશ્વરે G2316 καὶ પણ G2532 ἄρχοντα અધિકારી G0758 καὶ અને G2532 λυτρωτὴν મુક્તિદાતા G3086 ἀπέσταλκεν, મોકલ્યો G0649

σὺν સાથે G4862 χειρὶ હાથ G5495 ἀγγέλου દૂતના G0032 τοῦ જે G3588 ὀφθέντος દેખાયો-હતો G3708 αὐτῷ તેને G0846 ἐν માં G1722 τῇ તે G3588 βάτῳ. ઝાડીમાં G0942

જે મૂસાનો નકાર કરીને તેઓએ કહ્યુ હતું કે, 'તને કોણે અધિકારી તથા ન્યાયાધીશ નીમ્યો છે?' તેને જે સ્વર્ગદૂત તેને ઝાડવાં મધ્યે દેખાયો હતો તેની હસ્તક ઈશ્વરે અધિકારી તથા ઉદ્ધારક થવા સારુ મોકલ્યો.

36 οὗτος આણે G3778 ἐξήγαγεν બહાર-લાવ્યા G1806 αὐτοὺς, તેમને G0846 ποιήσας કરીને G4160 τέρατα ચમત્કારો G5059 καὶ અને G2532 σημεῖα ચિહ્નો G4592 ἐν માં G1722 γῇ ભૂમિમાં G1093 Αἰγύπτῳ, મિસરની G0125

καὶ અને G2532 ἐν માં G1722 Ἐρυθρᾷ લાલ G2063 Θαλάσσῃ, સમુદ્રમાં G2281 καὶ અને G2532 ἐν માં G1722 τῇ તે G3588 ἐρήμῳ અરણ્યમાં G2048 ἔτη વર્ષ G2094 τεσσεράκοντα. ચાળીસ G5062

મૂસાએ તેઓને બહાર લાવતાં મિસર દેશમાં, સૂફ લાલ સમુદ્રમાં તથા ચાળીસ વર્ષ સુધી અરણ્યમાં આશ્ચર્યકર્મો તથા ચમત્કારિક ચિહ્નો કર્યા.

37 οὗτός આ G3778 ἐστιν છે G1510 ὁ તે G3588 Μωϋσῆς મૂસા G3475 ὁ જેણે G3588 εἴπας કહ્યુ G3004 τοῖς ને G3588 υἱοῖς પુત્રોને G5207 Ἰσραήλ, ઇસ્રાએલના G2474 Προφήτην પ્રબોધક G4396 ὑμῖν તમને G4771

ἀναστήσει ઊભો-કરશે G0450 ὁ તે G3588 Θεὸς, ઈશ્વર G2316 ἐκ થી G1537 τῶν ના G3588 ἀδελφῶν ભાઈઓમાંથી G0080 ὑμῶν, તમારા G4771 ὡς જેમ G5613 ἐμέ, મને G1473

જે મૂસાએ ઇઝરાયલીઓને કહ્યુ હતું કે, 'ઈશ્વર તમારા ભાઈઓમાંથી મારા જેવા એક પ્રબોધકને તમારે સારુ ઊભા કરશે,' તે એ જ છે.

38 οὗτός આ-જ G3778 ἐστιν છે G1510 ὁ જે G3588 γενόμενος થયો G1096 ἐν માં G1722 τῇ તે G3588 ἐκκλησίᾳ સભામાં G1577 ἐν માં G1722 τῇ તે G3588 ἐρήμῳ, અરણ્યમાં G2048 μετὰ સાથે G3326 τοῦ તે G3588

ἀγγέλου દૂતના G0032 τοῦ જે G3588 λαλοῦντος બોલનારા-ના G2980 αὐτῷ તેને G0846 ἐν ઉપર G1722 τῷ તે G3588 ὄρει પર્વત-ઉપર G3735 Σινᾶ, સિનાઈના G4614 καὶ અને G2532 τῶν ના G3588 πατέρων પિતાઓના G3962

ἡμῶν. આપણા G1473 ὃς જેણે G3739 ἐδέξατο પ્રાપ્ત-કર્યા G1209 λόγια વચનો G3051 ζῶντα જીવંત G2198 δοῦναι આપવા G1325 ἡμῖν, આપણને G1473

જે મૂસા અરણ્યમાંના સમુદાયમાં હતો, જેની સાથે સિનાઈ પર્વત પર ઈશ્વરનો સ્વર્ગદૂત વાત કરતો હતો, અને આપણા પૂર્વજોની સાથે હતો તે એ જ છે; અને આપણને આપવા સારું તેને જીવનનાં વચનો આપવામાં આવ્યાં;

39 ᾧ જેને G3739 οὐκ ન G3756 ἠθέλησαν ચાહ્યુ G2309 ὑπήκοοι આધીન G5255 γενέσθαι થવા G1096 οἱ ને G3588 πατέρες પિતાઓએ G3962 ἡμῶν, આપણા G1473 ἀλλὰ પણ G0235 ἀπώσαντο, ધકેલી-દીધો G0683

καὶ અને G2532 ἐστράφησαν ફેરવ્યા G4762 ἐν માં G1722 ταῖς ના G3588 καρδίαις હૃદયોમાં G2588 αὐτῶν તેમના G0846 εἰς તરફ G1519 Αἴγυπτον, મિસર-તરફ G0125

આપણા પૂર્વજોએ તેને આધીન થવાને ઇચ્છ્યું નહિ, પણ પોતાની પાસેથી તેને હડસેલી મૂક્યો, અને તેઓ પાછા મિસર જવાને મનમાં આતુર થયા;

40

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| εἰπόντες | τῷ | Ἀαρών, | Ποίησον | ἡμῖν | θεοὺς | οἳ | προπορεύσονται | ἡμῶν. | ὁ |
| કહીને | ને | હારુનને | બનાવ | અમને | દેવો | જે | આગળ–ચાલે | અમારા | તે |
| G3004 | G3588 | G0002 | G4160 | G1473 | G2316 | G3739 | G4313 | G1473 | G3588 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| γὰρ | Μωϋσῆς | οὗτος, | ὃς | ἐξήγαγεν | ἡμᾶς | ἐκ | γῆς | Αἰγύπτου, | οὐκ | οἴδαμεν |
| કારણ–કે | મૂસા | આ | જેણે | બહાર–લાવ્યા | અમને | થી | ભૂમિમાંથી | મિસરની | ન | જાણીએ |
| G1063 | G3475 | G3778 | G3739 | G1806 | G1473 | G1537 | G1093 | G0125 | G3756 | G1492 |

| | | |
|---|---|---|
| τί | ἐγένετο | αὐτῷ. |
| શું | થયું | તેને |
| G5101 | G1096 | G0846 |

તેઓએ હારુનને કહ્યુ કે, 'અમારી આગળ ચાલવા સારુ અમારે માટે દેવો બનાવ; કેમ કે એ મૂસા જે અમને મિસરમાંથી દોરી લાવ્યો તેનું શું થયું એ અમે જાણતા નથી.'

41

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | ἐμοσχοποίησαν | ἐν | ταῖς | ἡμέραις | ἐκείναις, | καὶ | ἀνήγαγον | θυσίαν | τῷ |
| અને | વાછરડું–બનાવ્યું | માં | તે | દિવસોમાં | તે | અને | ચઢાવ્યું | બલિદાન | ને |
| G2532 | G3447 | G1722 | G3588 | G2250 | G1565 | G2532 | G0321 | G2378 | G3588 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| εἰδώλῳ, | καὶ | εὐφραίνοντο | ἐν | τοῖς | ἔργοις | τῶν | χειρῶν | αὐτῶν. |
| મૂર્તિને | અને | આનંદ–કર્યો | માં | ના | કાર્યોમાં | ના | હાથોના | તેમના |
| G1497 | G2532 | G2165 | G1722 | G3588 | G2041 | G3588 | G5495 | G0846 |

તે દિવસોમાં તેઓએ સોનાનું વાછરડું બનાવ્યું, અને મૂર્તિને તેનું બલિદાન ચઢાવ્યું, અને પોતાના હાથની કૃતિમાં તેઓ હર્ષ પામ્યા.

42

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἔστρεψεν | δὲ | ὁ | Θεὸς, | καὶ | παρέδωκεν | αὐτοὺς | λατρεύειν | τῇ | στρατιᾷ |
| ફેરવ્યા | અને | તે | ઈશ્વરે | અને | સોંપ્યા | તેમને | ભજન–કરવા | ને | સૈન્યની |
| G4762 | G1161 | G3588 | G2316 | G2532 | G3860 | G0846 | G3000 | G3588 | G4756 |

26 Παραγενόμενος δὲ εἰς Ἰερουσαλὴμ, ἐπείραζεν κολλᾶσθαι τοῖς μαθηταῖς. καὶ
આવીને અને માં યરૂશાલેમમાં પ્રયત્ન-કર્યો જોડાવા ન□ શિષ્યો-સાથે અને
G3854 G1161 G1519 G2419 G3985 G2853 G3588 G3101 G2532

πάντες ἐφοβοῦντο αὐτόν, μὴ πιστεύοντες ὅτι ἐστὶν μαθητής.
બધા બીક-લાગતા-હત□ તેનાથી ન વિશ્વાસ-કરતા કે છે શિષ્ય
G3956 G5399 G0846 G3361 G4100 G3754 G1510 G3101

શાઉલે યરુશાલેમમાં આવ્યા પછી શિષ્યોની સાથે ભળી જવાની કોશિશ કરી, પણ તેઓ બધા તેનાથી બીતા હતા, કેમ કે તે શિષ્ય છે એવું તેઓ માનતા નહોતા.

27 Βαρνάβας δέ, ἐπιλαβόμενος αὐτὸν, ἤγαγεν πρὸς τοὺς ἀποστόλους; καὶ
બાર્નાબાસે તો પકડીને તેને લઈ-ગયો પાસે ન□ પ્રેરિતો-પાસે અને
G0921 G1161 G1949 G0846 G0071 G4314 G3588 G0652 G2532

διηγήσατο αὐτοῖς πῶς ἐν τῇ ὁδῷ εἶδεν τὸν Κύριον; καὶ ὅτι
વર્ણવ્યું તેમને કેવી-રીતે માં ને માર્ગ-ઉપર જોયો ને પ્રભુને અને કે
G1334 G0846 G4459 G1722 G3588 G3598 G3708 G3588 G2962 G2532 G3754

ἐλάλησεν αὐτῷ; καὶ πῶς ἐν Δαμασκῷ ἐπαρρησιάσατο ἐν τῷ ὀνόματι
બોલ્યા તેને અને કેવી-રીતે માં દમાસકસમાં હિંમતપૂર્વક-બોલ્યો માં ન□ નામમાં
G2980 G0846 G2532 G4459 G1722 G1154 G3955 G1722 G3588 G3686

‹τοῦ› Ἰησοῦ.
ન□ ઈસુન□
G3588 G2424

પણ બાર્નાબાસ તેને પ્રેરિતોની પાસે લઈ ગયો, અને કેવી રીતે તેણે માર્ગમાં પ્રભુને જોયા, અને કેવી રીતે પ્રભુ તેની સાથે બોલ્યા, અને તેણે કેવી રીતે દમસ્કસમાં ઈસુને નામે હિંમતથી ઉપદેશ કર્યો, એ તેઓને કહી સંભળાવ્યું.

28 καὶ ἦν μετ' αὐτῶν, εἰσπορευόμενος καὶ ἐκπορευόμενος εἰς Ἰερουσαλήμ,
અને હતો સાથે તેમના આવતો-જતો અને જતો-રહેતો માં યરૂશાલેમમાં
G2532 G1510 G3326 G0846 G1531 G2532 G1607 G1519 G2419

παρρησιαζόμενος ἐν τῷ ὀνόματι τοῦ Κυρίου.
હિંમતપૂર્વક-બોલતો માં નં નામમાં નં પ્રભુનં
G3955 G1722 G3588 G3686 G3588 G2962

અને ત્યાર પછી યરુશાલેમમાં તેઓની સાથે તે અવરજવર કરતો રહ્યો;

29 ἐλάλει τε καὶ συνεζήτει πρὸς τοὺς Ἑλληνιστάς; οἱ δὲ
બોલતો-હતો પણ અને વાદવિવાદ-કરતો-હતો સાથે નં ગ્રીક-ભાષીઓ-સાથે તેઓ પણ
G2980 G5037 G2532 G4802 G4314 G3588 G1675 G3588 G1161

ἐπεχείρουν ἀνελεῖν αὐτόν.
પ્રયત્ન-કરતા-હત□ મારી-નાખવા તેને
G2021 G0337 G0846

તે હિંમતથી પ્રભુને નામે ઉપદેશ કરતો હતો, અને ગ્રીક યહૂદીઓ સાથે વાદવિવાદ કરતો હતો, પણ તેઓ તેને મારી નાખવાની તક શોધતાં હતા.

30

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ἐπιγνόντες | δέ, | οἱ | ἀδελφοὶ | κατήγαγον | αὐτὸν | εἰς | Καισάρειαν, | καὶ |
| જાણીને | અને | ને | ભાઈઓએ | લઈ-ગય□ | તેને | માં | કૈસરિયામાં | અને |
| G1921 | G1161 | G3588 | G0080 | G2609 | G0846 | G1519 | G2542 | G2532 |
| ἐξαπέστειλαν | αὐτὸν | εἰς | Ταρσόν. | | | | | |
| મોકલ્યો | તેને | માં | તારસસમાં | | | | | |
| G1821 | G0846 | G1519 | G5019 | | | | | |

જ્યારે ભાઈઓના જાણવામાં તે આવ્યું ત્યારે તેઓ તેને કાઈસારિયા લઈ ગયા, અને ત્યાંથી તેઓએ તેને તાર્સસ મોકલી દીધો.

31

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἡ | μὲν | οὖν | ἐκκλησία | καθ’ | ὅλης | τῆς | Ἰουδαίας, | καὶ | Γαλιλαίας, | καὶ |
| તે | ખરેખર | તો | મંડળી | માં | સમગ્ર | ના | યહૂદિયાન□ | અને | ગાલિલને | અને |
| G3588 | G3303 | G3767 | G1577 | G2596 | G3650 | G3588 | G2449 | G2532 | G1056 | G2532 |
| Σαμαρείας, | εἶχεν | εἰρήνην; | οἰκοδομουμένη | καὶ | πορευομένη | τῷ | φόβῳ | τοῦ | | |
| સમરિયાને | પાસે-હતી | શાંતિ | બંધાતી-જતી | અને | ચાલતી-રહેતી | માં | ભયમાં | ન□ | | |
| G4540 | G2192 | G1515 | G3618 | G2532 | G4198 | G3588 | G5401 | G3588 | | |
| Κυρίου, | καὶ | τῇ | παρακλήσει | τοῦ | Ἁγίου | Πνεύματος | ἐπληθύνετο. | | | |
| પ્રભુને | અને | માં | આશ્વાસન | ને | પવિત્ર | આત્માને | વધતી-જતી-હતી | | | |
| G2962 | G2532 | G3588 | G3874 | G3588 | G0040 | G4151 | G4129 | | | |

ત્યારે આખા યહૂદિયા, ગાલીલ, તથા સમરુનમાંનો વિશ્વાસી સમુદાય દ્રઢ થઈને શાંતિ પામ્યો; અને પ્રભુના ભયમાં તથા પવિત્ર આત્માનાં દિલાસામાં વૃદ્ધિ પામતો ગયો.

32

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἐγένετο | δὲ | Πέτρον, | διερχόμενον | διὰ | πάντων, | κατελθεῖν | καὶ | πρὸς | τοὺς |
| થયું | અને | પિતરને | ફરત□-ફરત□ | થી | બધામાંથી | જવા | પણ | પાસે | ને |
| G1096 | G1161 | G4074 | G1330 | G1223 | G3956 | G2718 | G2532 | G4314 | G3588 |
| ἁγίους | τοὺς | κατοικοῦντας | Λύδδα, | | | | | | |
| પવિત્રોને | ને | વસતે | લુદ્દામાં | | | | | | |
| G0040 | G3588 | G2730 | G3069 | | | | | | |

પિતર એક સ્થળેથી બીજે સ્થળે ફરતો ફરતો લુદામાં રહેનારા સંતોની પાસે પણ આવ્યો.

33

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| εὗρεν | δὲ | ἐκεῖ | ἄνθρωπόν | τινα, | ὀνόματι | Αἰνέαν, | ἐξ | ἐτῶν | ὀκτὼ |
| શોધ્યો | અને | ત્યાં | માણસ | એક | નામે | એનિયાસ | થી | વર્ષોને | આઠ |
| G2147 | G1161 | G1563 | G0444 | G5100 | G3686 | G0132 | G1537 | G2094 | G3638 |
| κατακείμενον | ἐπὶ | κραβάττου, | ὃς | ἦν | παραλελυμένος. | | | | |
| પડેલો | ઉપર | પલંગ-ઉપર | જે | હતો | લકવાગ્રસ્ત | | | | |
| G2621 | G1909 | G2895 | G3739 | G1510 | G3886 | | | | |

ત્યાં તેને એનિયસ નામે એક માણસ મળ્યો. તે પક્ષઘાતી હતો, અને આઠ વર્ષથી પથારીવશ હતો.

34

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | εἶπεν | αὐτῷ | ὁ | Πέτρος, | Αἰνέα, | ἰᾶταί | σε | Ἰησοῦς | Χριστός; |
| અને | કહ્યુ | તેને | ને | પિતરે | એનિયાસ | સાજો-કરે-છે | તને | ઈસુ | ખ્રિસ્ત |
| G2532 | G3004 | G0846 | G3588 | G4074 | G0132 | G2390 | G4771 | G2424 | G5547 |
| ἀνάστηθι, | καὶ | στρῶσον | σεαυτῷ. | καὶ | εὐθέως | ἀνέστη. | | | |
| ઊઠ | અને | પાથર | તાર□-માટે | અને | તરત-જ | ઊઠ્યો | | | |
| G0450 | G2532 | G4766 | G4572 | G2532 | G2112 | G0450 | | | |

પિતરે તેને કહ્યુ કે, એનિયસ, ઈસુ ખ્રિસ્ત તને સાજો કરે છે; ઊઠ, અને તારું બિછાનું ઉઠાવી લે. એટલે તે તરત જ ઊઠ્યો.

35

| καὶ | εἶδαν | αὐτὸν, | πάντες | οἱ | κατοικοῦντες | Λύδδα | καὶ | τὸν | Σαρῶνα, | οἵτινες |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | જોયો | તેને | બધા | ને | વસતે | લુદ્દાને | અને | ને | શારોનને | જેઓ |
| G2532 | G3708 | G0846 | G3956 | G3588 | G2730 | G3069 | G2532 | G3588 | G4565 | G3748 |

| ἐπέστρεψαν | ἐπὶ | τὸν | Κύριον. |
|---|---|---|---|
| વળ્યં | તરફ | ને | પ્રભુને |
| G1994 | G1909 | G3588 | G2962 |

ત્યારે લુદા તથા શારોનના બધા લોકો તેને જોઈને પ્રભુ તરફ વળ્યા.

36

| Ἐν | Ἰόππῃ | δέ | τις | ἦν | μαθήτρια, | ὀνόματι | Ταβιθά, | ἣ | διερμηνευομένη |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માં | યોપ્પામાં | કોઈ | એક | હતી | શિષ્યા | નામે | તાબિથા | જેનું | અનુવાદ-કરતાં |
| G1722 | G2445 | G1161 | G5100 | G1510 | G3102 | G3686 | G5000 | G3739 | G1329 |

| λέγεται | Δορκάς. | αὕτη | ἦν | πλήρης | ἔργων | ἀγαθῶν, | καὶ | ἐλεημοσυνῶν | ὧν |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કહેવાય-છે | દોરકાસ | આ | હતી | ભરપૂર | કાર્યોથી | સારાં | અને | દાનોથી | જે |
| G3004 | G1393 | G3778 | G1510 | G4134 | G2041 | G0018 | G2532 | G1654 | G3739 |

| ἐποίει. |
|---|
| કરતી-હતી |
| G4160 |

હવે જોપ્પામાં એક શિષ્યા હતી, તેનું નામ તાબીથા, એટલે દરકાસ, હતું; તે સ્ત્રી ભલાઈ કરવામાં તથા દાનધર્મ કરવામાં આગળ પડતી હતી.

37

| ἐγένετο | δὲ, | ἐν | ταῖς | ἡμέραις | ἐκείναις, | ἀσθενήσασαν, | αὐτὴν | ἀποθανεῖν. |
|---|---|---|---|---|---|---|---|---|
| થયું | અને | માં | તે | દિવસોમાં | તે | બીમાર-પડીને | તે | મૃત્યુ-પામી |
| G1096 | G1161 | G1722 | G3588 | G2250 | G1565 | G0770 | G0846 | G0599 |

| λούσαντες | δὲ | ἔθηκαν | ‹αὐτὴν› | ἐν | ὑπερῴῳ. |
|---|---|---|---|---|---|
| ધોઈને | અને | મૂકી | તેને | માં | માળમાં |
| G3068 | G1161 | G5087 | G0846 | G1722 | G5253 |

તે દિવસોમાં એમ થયું કે તે બીમાર પડીને મરણ પામી. અને તેઓએ તેને સ્નાન કરાવીને મેડી પર સુવાડી.

38

| ἐγγὺς | δὲ | οὔσης | Λύδδας | τῇ | Ἰόππῃ, | οἱ | μαθηταὶ, | ἀκούσαντες | ὅτι | Πέτρος |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નજીક | અને | હોવાથી | લુદ્દાની | ને | યોપ્પાની | ને | શિષ્યોએ | સાંભળીને | કે | પિતર |
| G1451 | G1161 | G1510 | G3069 | G3588 | G2445 | G3588 | G3101 | G0191 | G3754 | G4074 |

| ἐστὶν | ἐν | αὐτῇ, | ἀπέστειλαν | δύο | ἄνδρας | πρὸς | αὐτὸν, | παρακαλοῦντες | Μὴ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| છે | માં | તેમાં | મોકલ્ય | બે | માણસોને | પાસે | તેને | વિનંતી-કરતે | મોડું-ન |
| G1510 | G1722 | G0846 | G0649 | G1417 | G0435 | G4314 | G0846 | G3870 | G3361 |

| ὀκνήσῃς | διελθεῖν | ἕως | ἡμῶν. |
|---|---|---|---|
| ખચકાઓ | આવવા | સુધી | અમારી-પાસે |
| G3635 | G1330 | G2193 | G1473 |

હવે લુદા જોપ્પાથી નજીક હતું અને પિતર ત્યાં છે એવું સાંભળીને શિષ્યોએ બે વ્યક્તિઓને તેની પાસે મોકલીને એવી આજીજી કરી કે, અમારી પાસે આવવાને તું વિલંબ કરીશ નહિ.

39

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ἀναστὰς | δὲ, | Πέτρος | συνῆλθεν | αὐτοῖς, | ὃν | παραγενόμενον, | ἀνήγαγον | εἰς |
| ઊઠીને | અને | પિતર | ગયો | તેમની-સાથે | જેને | આવીને | લઈ-ગયં | માં |
| G0450 | G1161 | G4074 | G4905 | G0846 | G3739 | G3854 | G0321 | G1519 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| τὸ | ὑπερῷον. | καὶ | παρέστησαν | αὐτῷ | πᾶσαι | αἱ | χῆραι, | κλαίουσαι | καὶ |
| ને | માળમાં | અને | ઊભી-રહી | તેને-પાસે | બધી | ને | વિધવાઓ | રોતી | અને |
| G3588 | G5253 | G2532 | G3936 | G0846 | G3956 | G3588 | G5503 | G2799 | G2532 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐπιδεικνύμεναι | χιτῶνας | καὶ | ἱμάτια | ὅσα | ἐποίει, | μετ' | αὐτῶν | οὖσα, | ἡ |
| બતાવતી | કપડાં | અને | વસ્ત્રો | જેટલાં | બનાવતી-હતી | સાથે | તેમને | હોવા-છતાં | તે |
| G1925 | G5509 | G2532 | G2440 | G3745 | G4160 | G3326 | G0846 | G1510 | G3588 |

| |
|---|
| Δορκάς. |
| દોરકાસ |
| G1393 |

ત્યારે પિતર ઊઠીને તેઓની સાથે ગયો, જ્યારે તે ત્યાં પહોંચ્યો ત્યારે તેઓ તેને મેડી પર લઈ ગયા; સર્વ વિધવા બહેનો તેની પાસે ઊભી રહીને રુદન કરતી જ્યારે દરકાસ તેઓની સાથે હતી ત્યારે જે અંગરખા તથા વસ્ત્રો તેણે બનાવ્યાં હતા તે તેઓ પિતરને બતાવવા લાગી.

40

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐκβαλὼν | δὲ | ἔξω | πάντας | ὁ | Πέτρος, | καὶ | θεὶς | τὰ | γόνατα, |
| બહાર-કાઢીને | અને | બહાર | બધાને | ને | પિતરે | અને | ઘૂંટણે-પડીને | ને | ઘૂંટણ |
| G1544 | G1161 | G1854 | G3956 | G3588 | G4074 | G2532 | G5087 | G3588 | G1119 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| προσηύξατο. | καὶ | ἐπιστρέψας | πρὸς | τὸ | σῶμα | εἶπεν, | Ταβιθά, | ἀνάστηθι! | ἡ |
| પ્રાર્થના-કરી | અને | ફરીને | તરફ | ને | શરીરને | કહ્યુ | તાબિથા | ઊઠ | અને |
| G4336 | G2532 | G1994 | G4314 | G3588 | G4983 | G3004 | G5000 | G0450 | G3588 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| δὲ | ἤνοιξεν | τοὺς | ὀφθαλμοὺς | αὐτῆς, | καὶ | ἰδοῦσα | τὸν | Πέτρον, | ἀνεκάθισεν. |
| તેએ | ખોલી | ને | આખો | તેની | અને | જોઈને | ને | પિતરને | બેઠી |
| G1161 | G0455 | G3588 | G3788 | G0846 | G2532 | G3708 | G3588 | G4074 | G0339 |

પણ પિતરે તે સર્વને બહાર જવાનું કહી, ઘૂંટણ ટેકવીને પ્રાર્થના કરી, પછી મૃતદેહ તરફ ફરીને તેણે કહ્યુ કે, તાબીથા, ઊઠ; ત્યારે તાબીથાએ પોતાની આખો ખોલી, અને પિતરને જોઈને તે બેઠી થઈ.

41

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| δοὺς | δὲ | αὐτῇ | χεῖρα, | ἀνέστησεν | αὐτήν. | φωνήσας | δὲ | τοὺς | ἁγίους | καὶ |
| આપીને | અને | તેને | હાથ | ઊઠાડી | તેને | બોલાવીને | અને | ને | પવિત્રોને | અને |
| G1325 | G1161 | G0846 | G5495 | G0450 | G0846 | G5455 | G1161 | G3588 | G0040 | G2532 |

| | | | | |
|---|---|---|---|---|
| τὰς | χήρας, | παρέστησεν | αὐτὴν | ζῶσαν. |
| ને | વિધવાઓને | રજૂ-કરી | તેને | જીવતી |
| G3588 | G5503 | G3936 | G0846 | G2198 |

પછી પિતરે તેને હાથ આપીને ઊભી કરી. અને સંતોને તથા વિધવાઓને બોલાવીને તેને જીવતી થયેલી બતાવી.

42

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| γνωστὸν | δὲ | ἐγένετο | καθ' | ὅλης | τῆς | Ἰόππης, | καὶ | ἐπίστευσαν | πολλοὶ | ἐπὶ |
| જાણીતું | અને | થયું | માં | સમગ્ર | ને | યોપ્પામાં | અને | વિશ્વાસ-કર્યો | ઘણાએ | ઉપર |
| G1110 | G1161 | G1096 | G2596 | G3650 | G3588 | G2445 | G2532 | G4100 | G4183 | G1909 |

| | |
|---|---|
| τὸν | Κύριον. |
| ને | પ્રભુને |
| G3588 | G2962 |

અને આખા જોપ્પામાં દરકાસના ચમત્કારની વાત ફેલાઈ, અને ઘણાંએ પ્રભુ પર વિશ્વાસ કર્યો.

43

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἐγένετο | δὲ, | ἡμέρας | ἱκανὰς | μεῖναι | ἐν | Ἰόππῃ, | παρά | τινι | Σίμωνι, | βυρσεῖ. |
| થયું | અને | દિવસો | ઘણાં | રહ્યો | માં | યોપ્પામાં | પાસે | કોઈક | સિમોન-પાસે | ચમડાંને |
| G1096 | G1161 | G2250 | G2425 | G3306 | G1722 | G2445 | G3844 | G5100 | G4613 | G1038 |

પછી જોપ્પામાં સિમોન નામે એક ચમારને ત્યાં તે ઘણાં દિવસ સુધી રહ્યો.

## Chapter 10

1

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Ἀνὴρ | δέ | τις | ἐν | Καισαρείᾳ, | ὀνόματι | Κορνήλιος, | ἑκατοντάρχης, | ἐκ |
| માણસ | પણ | એક | માં | કૈસરિયામાં | નામે | કર્નેલિયસ | સૂબેદાર | માંથી |
| G0435 | G1161 | G5100 | G1722 | G2542 | G3686 | G2883 | G1543 | G1537 |

| | | | |
|---|---|---|---|
| σπείρης | τῆς | καλουμένης | Ἰταλικῆς, |
| ટુકડીનો | તે | કહેવાતી | ઈટાલિયન |
| G4686 | G3588 | G2564 | G2483 |

હવે કાઈસારિયામાં કર્નેલ્યસ નામે એક માણસ ઇટાલિયન નામે ઓળખાતી પલટણનો સૂબેદાર હતો.

2

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εὐσεβὴς | καὶ | φοβούμενος | τὸν | Θεὸν | σὺν | παντὶ | τῷ | οἴκῳ | αὐτοῦ, | ποιῶν |
| ભક્ત | અને | ઈશ્વરથી-ડરનાર | તે | ઈશ્વરથી | સાથે | આખા | તેના | ઘરના | તેના | આપતો |
| G2152 | G2532 | G5399 | G3588 | G2316 | G4862 | G3956 | G3588 | G3624 | G0846 | G4160 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐλεημοσύνας | πολλὰς | τῷ | λαῷ, | καὶ | δεόμενος | τοῦ | Θεοῦ | διὰ | παντός. |
| દાન | ઘણું | તે | લોકોને | અને | પ્રાર્થના-કરતો | તે | ઈશ્વરને | હંમેશાં | સતત |
| G1654 | G4183 | G3588 | G2992 | G2532 | G1189 | G3588 | G2316 | G1223 | G3956 |

તે તથા તેનાં ઘરનાં સર્વ માણસો ઈશ્વરનો ભય રાખતાં હતાં. તે લોકોને ઘણાં દાન આપતો અને નિત્ય ઈશ્વરની પ્રાર્થના કરતો હતો.

3

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εἶδεν | ἐν | ὁράματι | φανερῶς, | ὡσεὶ | περὶ | ὥραν | ἐνάτην | τῆς | ἡμέρας, | ἄγγελον |
| જોયું | માં | દર્શનમાં | સ્પષ્ટ-રીતે | આશરે | લગભગ | કલાકે | નવમા | તે | દિવસના | દૂતને |
| G3708 | G1722 | G3705 | G5320 | G5616 | G4012 | G5610 | G1766 | G3588 | G2250 | G0032 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| τοῦ | Θεοῦ | εἰσελθόντα | πρὸς | αὐτὸν, | καὶ | εἰπόντα | αὐτῷ, | Κορνήλιε! |
| તે | ઈશ્વરના | આવતા | પાસે | તેની | અને | કહેતા | તેને | કર્નેલિયસ□ |
| G3588 | G2316 | G1525 | G4314 | G0846 | G2532 | G3004 | G0846 | G2883 |

તેણે એક દિવસ બપોરે આશરે ત્રણ કલાકે દર્શનમાં ઈશ્વરના સ્વર્ગદૂતને પોતાની પાસે આવતો, તથા પોતાને, ઓ કર્નેલ્યસ, એમ કહેતો પ્રત્યક્ષ જોયો.

4

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὁ | δὲ, | ἀτενίσας | αὐτῷ, | καὶ | ἔμφοβος | γενόμενος, | εἶπεν, | Τί | ἐστιν, | Κύριε? |
| તે | પણ | તાકીને-જોઈ | તેની-તરફ | અને | ભયભીત | થઈને | કહ્યુ | શું | છે | પ્રભુ? |
| G3588 | G1161 | G0816 | G0846 | G2532 | G1719 | G1096 | G3004 | G5101 | G1510 | G2962 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εἶπεν | δὲ | αὐτῷ, | Αἱ | προσευχαί | σου, | καὶ | αἱ | ἐλεημοσύναι | σου, | ἀνέβησαν |
| કહ્યુ | અને | તેને | તારી | પ્રાર્થનાઓ | તારી | અને | તારાં | દાનો | તારાં | ચઢ્યાં-છે |
| G3004 | G1161 | G0846 | G3588 | G4335 | G4771 | G2532 | G3588 | G1654 | G4771 | G0305 |

| | | | | |
|---|---|---|---|---|
| εἰς | μνημόσυνον | ἔμπροσθεν | τοῦ | Θεοῦ. |
| માં | સ્મરણાર્થે | સમક્ષ | તે | ઈશ્વરની |
| G1519 | G3422 | G1715 | G3588 | G2316 |

ત્યારે સ્વર્ગદૂતની સામે એક નજરે જોઈ રહીને તથા ભયભીત થઈને તેણે કહ્યુ કે, પ્રભુ શું છે? સ્વર્ગદૂતે કહ્યુ કે, તારી પ્રાર્થનાઓ તથા તારાં દાન ઈશ્વરની આગળ યાદગીરીને સારુ પહોંચ્યાં છે.

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | νῦν | πέμψον | ἄνδρας | εἰς | Ἰόππην, | καὶ | μετάπεμψαι | Σίμωνά | τινα |
| અને | હવે | મોકલ | માણસોને | માં | યાફામાં | અને | બોલાવ | સિમોનને | એક-ચોક્કસ |
| G2532 | G3568 | G3992 | G0435 | G1519 | G2445 | G2532 | G3343 | G4613 | G5100 |

| | | |
|---|---|---|
| ὃς | ἐπικαλεῖται | Πέτρος. |
| જે | કહેવાય-છે | પિતર |
| G3739 | G1941 | G4074 |

હવે તું જોપ્પામાં માણસો મોકલીને સિમોન, જેનું બીજું નામ પિતર છે, તેને તેડાવ.

6 οὗτος ξενίζεται παρά τινι Σίμωνι βυρσεῖ, ᾧ ἐστιν οἰκία παρὰ
તે રહે-છે પાસે એક સિમોન ચામડાંવાળાને-ત્યાં જેનું છે ઘર પાસે
G3778 G3579 G3844 G5100 G4613 G1038 G3739 G1510 G3614 G3844

θάλασσαν; {οὗτος λαλήσει σοι τί σε δεῖ ποιεῖν}.
સમુદ્ર-કિનારે તે કહેશે તને શું તારે જોઈએ કરવું
G2281 G3778 G2980 G4771 G5101 G4771 G1163 G4160

સિમોન ચમાર, કે જેનું ઘર સમુદ્રકિનારે છે, તેને ત્યાં તે અતિથિ છે.

7 ὡς δὲ ἀπῆλθεν ὁ ἄγγελος ὁ λαλῶν αὐτῷ, φωνήσας δύο τῶν
જ્યારે પણ ગયો તે દૂત જે બોલતો-હતો તેની-સાથે બોલાવીને બે તેના
G5613 G1161 G0565 G3588 G0032 G3588 G2980 G0846 G5455 G1417 G3588

οἰκετῶν, καὶ στρατιώτην εὐσεβῆ τῶν, προσκαρτερούντων αὐτῷ,
ઘરનાં-સેવકોને અને સૈનિકને ભક્ત તેના સતત-સેવા-કરનારાઓમાંથી તેને
G3610 G2532 G4757 G2152 G3588 G4342 G0846

જે સ્વર્ગદૂતે તેની સાથે વાત કરી હતી, તેના અદ્રશ્ય થઈ ગયા પછી કર્નેલ્યસે પોતાના ઘરના ચાકરોમાંના બેને, તથા જેઓ સતત તેની સમક્ષ હાજર રહેતા હતા તેઓમાંના ઈશ્વરમાં શ્રદ્ધાળુ એક સિપાઈને બોલાવ્યા.

8 καὶ ἐξηγησάμενος ἅπαντα αὐτοῖς, ἀπέστειλεν αὐτοὺς εἰς τὴν Ἰόππην.
અને સમજાવીને બધું તેમને મોકલ્યા તેમને માં તે યાફામાં
G2532 G1834 G0537 G0846 G0649 G0846 G1519 G3588 G2445

અને તેઓને બધી વાત કહીને તેણે તેઓને જોપ્પામાં મોકલ્યા.

9 Τῇ δὲ ἐπαύριον, ὁδοιπορούντων ἐκείνων καὶ τῇ πόλει ἐγγιζόντων, ἀνέβη
તે પણ બીજે-દિવસે મુસાફરી-કરતાં તેઓ અને તે શહેરની નજીક-આવતાં ચઢ્યો
G3588 G1161 G1887 G3596 G1565 G2532 G3588 G4172 G1448 G0305

Πέτρος ἐπὶ τὸ δῶμα προσεύξασθαι, περὶ ὥραν ἕκτην.
પિતર ઉપર તે ધાબા-ઉપર પ્રાર્થના-કરવા લગભગ કલાકે છઠ્ઠા
G4074 G1909 G3588 G1430 G4336 G4012 G5610 G1623

હવે તેને બીજે દિવસે તેઓ ચાલતાં ચાલતાં શહેરની પાસે આવી પહોંચ્યા, તેવામાં આશરે બપોરના સમયે પિતર પ્રાર્થના કરવાને ઘરની અગાશી પર ગયો.

10 ἐγένετο δὲ πρόσπεινος, καὶ ἤθελεν γεύσασθαι, παρασκευαζόντων δὲ
થયો પણ ભૂખ્યો અને ઇચ્છતો-હતો ખાવા તૈયારી-કરતાં પણ
G1096 G1161 G4361 G2532 G2309 G1089 G3903 G1161

αὐτῶν, ἐγένετο ἐπ’ αὐτὸν ἔκστασις,
તેમની આવી ઉપર તેના સમાધિ
G0846 G1096 G1909 G0846 G1611

તે ભૂખ્યો થયો, અને તેને ભોજન કરવાની ઇચ્છા થઈ; પરંતુ તેઓ રસોઈ તૈયાર કરતા હતા તે સમયે પિતર મૂર્છાગત થયો;

11 καὶ θεωρεῖ τὸν οὐρανὸν ἀνεῳγμένον, καὶ καταβαῖνον σκεῦός τι, ὡς
અને જુએ-છે તે આકાશને ખુલ્લું અને ઊતરતું વાસણ એક જેમ
G2532 G2334 G3588 G3772 G0455 G2532 G2597 G4632 G5100 G5613

ὀθόνην μεγάλην, τέσσαρσιν ἀρχαῖς καθιέμενον ἐπὶ τῆς γῆς,
ચાદર મોટી ચાર ખૂણાથી ઊતારેલું ઉપર તે પૃથ્વી-પર
G3607 G3173 G5064 G0746 G2524 G1909 G3588 G1093

અને સ્વર્ગ ખુલ્લું થયેલું તથા મોટી ચાદરનાં જેવું એક વાસણ તેના ચાર ખૂણાથી લટકાવેલું ધરતી પર ઊતરી આવતું તેણે નિહાળ્યું.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | ἐν | ᾧ | ὑπῆρχεν | πάντα | τὰ | τετράποδα, | καὶ | ἑρπετὰ | τῆς | γῆς, | καὶ |
| | જેમાં | જેમાં | હતાં | બધાં | તે | ચાર-પગાં-પ્રાણીઓ | અને | સરીસૃપો | તે | પૃથ્વીનાં | અને |
| | G1722 | G3739 | G5225 | G3956 | G3588 | G5074 | G2532 | G2062 | G3588 | G1093 | G2532 |

| | | |
|---|---|---|
| πετεινὰ | τοῦ | οὐρανοῦ. |
| પક્ષીઓ | તે | આકાશનાં |
| G4071 | G3588 | G3772 |

તેમાં પૃથ્વી પરનાં સર્વ જાતનાં ચોપગા તથા પેટે ચાલનારાં પ્રાણીઓ તથા આકાશનાં પક્ષીઓ હતાં.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 13 | καὶ | ἐγένετο | φωνὴ | πρὸς | αὐτόν, | Ἀναστάς, | Πέτρε, | θῦσον | καὶ | φάγε! |
| | અને | આવ્યો | અવાજ | તેને | કહેતો | ઊઠ | પિતર | વધેર | અને | ખા□ |
| | G2532 | G1096 | G5456 | G4314 | G0846 | G0450 | G4074 | G2380 | G2532 | G5315 |

ત્યારે એવી વાણી તેના સાંભળવામાં આવી કે, પિતર, ઊઠ; મારીને ખા.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 14 | ὁ | δὲ | Πέτρος | εἶπεν, | Μηδαμῶς, | Κύριε; | ὅτι | οὐδέποτε | ἔφαγον | πᾶν | κοινὸν |
| | પણ | પરંતુ | પિતરે | કહ્યુ | કદાપિ-નહિ | પ્રભુ | કારણ-કે | કદી | ખાધું-નથી | કોઈ | હરામ |
| | G3588 | G1161 | G4074 | G3004 | G3365 | G2962 | G3754 | G3763 | G5315 | G3956 | G2839 |

| | |
|---|---|
| καὶ | ἀκάθαρτον. |
| કે | અશુદ્ધ |
| G2532 | G0169 |

પણ પિતરે કહ્યુ કે, પ્રભુ, એમ તો નહિ; કેમ કે કોઈ નાપાક કે અશુદ્ધ વસ્તુ મેં કદી ખાધી નથી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | καὶ | φωνὴ | πάλιν | ἐκ | δευτέρου | πρὸς | αὐτόν, | Ἃ | ὁ | Θεὸς | ἐκαθάρισεν, |
| | અને | અવાજ | ફરી | થી | બીજી-વાર | તેને | કહેતો | જે | તે | ઈશ્વરે | શુદ્ધ-કર્યું-છે |
| | G2532 | G5456 | G3825 | G1537 | G1208 | G4314 | G0846 | G3739 | G3588 | G2316 | G2511 |

| | | |
|---|---|---|
| σὺ | μὴ | κοίνου. |
| તું | ના | અશુદ્ધ-ગણ |
| G4771 | G3361 | G2840 |

ત્યારે બીજી વાર તેના સાંભળવામાં એવી વાણી આવી કે, ઈશ્વરે જે શુદ્ધ કર્યું છે, તેને તું અશુદ્ધ ન ગણ.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 16 | τοῦτο | δὲ | ἐγένετο | ἐπὶ | τρίς, | καὶ | εὐθὺς | ἀνελήμφθη | τὸ | σκεῦος | εἰς | τὸν |
| | આ | પણ | થયું | ત્રણ | વાર | અને | તરત | ઉઠાવી-લેવાયું | તે | વાસણ | માં | તે |
| | G3778 | G1161 | G1096 | G1909 | G5151 | G2532 | G2112 | G0353 | G3588 | G4632 | G1519 | G3588 |

| |
|---|
| οὐρανόν. |
| આકાશમાં |
| G3772 |

એમ ત્રણ વાર થયું; પછી તરત તે વાસણ સ્વર્ગમાં પાછું ખેંચી લેવામાં આવ્યું.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 17 | Ὡς | δὲ | ἐν | ἑαυτῷ | διηπόρει | ὁ | Πέτρος, | τί | ἂν | εἴη | τὸ | ὅραμα |
| | જ્યારે | પણ | માં | પોતાનામાં | મૂંઝાતો-હતો | તે | પિતર | શું | કદાચ | હોય | તે | દર્શન |
| | G5613 | G1161 | G1722 | G1438 | G1280 | G3588 | G4074 | G5101 | G0302 | G1510 | G3588 | G3705 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ὃ | εἶδεν, | ἰδοὺ, | οἱ | ἄνδρες | οἱ | ἀπεσταλμένοι | ὑπὸ | τοῦ | Κορνηλίου, |
| જે | જોયું | જુઓ | તે | માણસો | જે | મોકલેલા | દ્વારા | તે | કર્નેલિયસના |
| G3739 | G3708 | G3708 | G3588 | G0435 | G3588 | G0649 | G5259 | G3588 | G2883 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| διερωτήσαντες | τὴν | οἰκίαν | τοῦ | Σίμωνος, | ἐπέστησαν | ἐπὶ | τὸν | πυλῶνα. |
| પૂછતાં-પૂછતાં | તે | ઘર | તે | સિમોનનું | આવી-ઊભા | આગળ | તે | દરવાજે |
| G1331 | G3588 | G3614 | G3588 | G4613 | G2186 | G1909 | G3588 | G4440 |

હવે આ જે દર્શન મને થયું છે તેનો શો અર્થ હશે, એ વિષે પિતર બહુ મૂંઝાતો હતો એવામાં, જુઓ, કર્નેલ્યસે મોકલેલા માણસો સિમોનનું ઘર પૂછતાં પૂછતાં બારણા આગળ આવીને ઊભા રહ્યા.

18 καὶ φωνήσαντες, ἐπυνθάνοντο εἰ Σίμων ὁ ἐπικαλούμενος Πέτρος, ἐνθάδε
અને બોલાવીને પૂછતા-હતા કે સિમોન જે કહેવાતો પિતર અહીં
G2532 G5455 G4441 G1487 G4613 G3588 G1941 G4074 G1759

ξενίζεται.
રહે-છે?
G3579

તેઓએ હાંક મારીને પૂછ્યું કે, સિમોન, જેનું બીજું નામ પિતર છે, તે શું અહીં રોકાયેલ છે?

19 Τοῦ δὲ Πέτρου διενθυμουμένου περὶ τοῦ ὁράματος, εἶπεν ‹αὐτῷ› τὸ
તે પણ પિતર વિચારતો-હતો વિષે તે દર્શનના કહ્યુ તેને તે
G3588 G1161 G4074 G1760 G4012 G3588 G3705 G3004 G0846 G3588

Πνεῦμα, Ἰδοὺ, ἄνδρες [τρεῖς] ζητοῦντές σε;
આત્માએ જો માણસો ત્રણ શોધે-છે તને
G4151 G3708 G0435 G5140 G2212 G4771

હવે પિતર તે દર્શન વિષે વિચાર કરતો હતો ત્યારે આત્માએ તેને કહ્યુ કે, જો, ત્રણ માણસો તને શોધે છે.

20 ἀλλὰ ἀναστὰς κατάβηθι, καὶ πορεύου σὺν αὐτοῖς, μηδὲν διακρινόμενος,
પણ ઊઠીને નીચે-ઊતર અને જા સાથે તેમની કશું સંકોચ-કર્યા-વિના
G0235 G0450 G2597 G2532 G4198 G4862 G0846 G3367 G1252

ὅτι ἐγὼ ἀπέσταλκα αὐτούς.
કારણ-કે મેં મોકલ્યા-છે તેમને
G3754 G1473 G0649 G0846

માટે તું ઊઠ અને નીચે ઊતરીને કંઈ સંદેહ રાખ્યા વિના તેઓની સાથે જા, કેમ કે મેં તેઓને મોકલ્યા છે.

21 καταβὰς δὲ Πέτρος πρὸς τοὺς ἄνδρας, {τοὺς ἀπεσταλμένους ἀπὸ τοῦ
નીચે-ઊતરીને પણ પિતરે તે તે માણસોને જે મોકલેલા તરફથી તે
G2597 G1161 G4074 G4314 G3588 G0435 G3588 G0649 G0575 G3588

Κορνηλίου πρὸς αὐτόν}, εἶπεν, Ἰδοὺ, ἐγώ εἰμι ὃν ζητεῖτε; τίς ἡ
કર્નેલિયસ તેની-પાસે કહ્યુ કહ્યુ જુઓ હું છું જેને તમે-શોધો-છો શું તે
G2883 G4314 G0848 G3004 G3708 G1473 G1510 G3739 G2212 G5101 G3588

αἰτία δι’ ἣν πάρεστε?
કારણ જેથી જેથી તમે-આવ્યા-છો?
G0156 G1223 G3739 G3918

ત્યારે પિતર ઊતરીને તે માણસો પાસે ગયો, અને કહ્યુ કે, જુઓ, જેને તમે શોધો છો તે હું છું, તમે શા માટે આવ્યા છો?

22 οἱ δὲ εἶπαν, Κορνήλιος ἑκατοντάρχης, ἀνὴρ δίκαιος καὶ φοβούμενος τὸν
તેઓએ પણ કહ્યુ કર્નેલિયસ સૂબેદાર માણસ ન્યાયી અને ઈશ્વરથી-ડરનાર તે
G3588 G1161 G3004 G2883 G1543 G0435 G1342 G2532 G5399 G3588

Θεὸν, μαρτυρούμενός τε ὑπὸ ὅλου τοῦ ἔθνους τῶν Ἰουδαίων, ἐχρηματίσθη
ઈશ્વરથી સાક્ષી-આપેલો પણ દ્વારા સમગ્ર તે પ્રજાના તે યહૂદીઓના સૂચના-મળી
G2316 G3140 G5037 G5259 G3650 G3588 G1484 G3588 G2453 G5537

ὑπὸ ἀγγέλου ἁγίου, μεταπέμψασθαί σε εἰς τὸν οἶκον αὐτοῦ, καὶ ἀκοῦσαι
દ્વારા દૂતની પવિત્ર બોલાવવા તને માં તેના ઘરમાં તેના અને સાંભળવા
G5259 G0032 G0040 G3343 G4771 G1519 G3588 G3624 G0846 G2532 G0191

ῥήματα παρὰ σοῦ.
વચનો તારી-પાસેથી તારાં
G4487 G3844 G4771

ત્યારે તેઓએ કહ્યુ કે, કર્નેલ્યસ નામે એક સેનાપતિ જે ન્યાયી તથા ઈશ્વરનું સન્માન જાળવનાર વ્યક્તિ છે, અને તેને વિષે આખી યહૂદી કોમ સારું બોલે છે, તેને પવિત્ર સ્વર્ગદૂતની મારફતે આજ્ઞા મળી છે કે તે તને તેના ઘરે તેડાવીને તારી વાતો સાંભળે.

| 23 | εἰσκαλεσάμενος | οὖν | αὐτοὺς | ἐξένισεν. | Τῇ | δὲ | ἐπαύριον | ἀναστὰς, | ἐξῆλθεν |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | અદર-બોલાવીને | તેથી | તેમને | આતિથ્ય-આપ્યું | તે | પણ | બીજે-દિવસે | ઊઠીને | નીકળ્યો |
| | G1528 | G3767 | G0846 | G3579 | G3588 | G1161 | G1887 | G0450 | G1831 |

| σὺν | αὐτοῖς, | καί | τινες | τῶν | ἀδελφῶν | τῶν | ἀπὸ | Ἰόππης | συνῆλθον | αὐτῷ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાથે | તેમની | અને | કેટલાક | તે | ભાઈઓ | જે | થી | યાફાથી | ગયા | તેની-સાથે |
| G4862 | G0846 | G2532 | G5100 | G3588 | G0080 | G3588 | G0575 | G2445 | G4905 | G0846 |

ત્યારે તેણે તેઓને અદર બોલાવીને મહેમાન તરીકે ઘરમાં રાખ્યા. બીજા દિવસે તે તેઓની સાથે ગયો, અને જોપ્પામાંનાં કેટલાક ભાઈઓ પણ તેની સાથે ગયા.

| 24 | τῇ | δὲ | ἐπαύριον, | εἰσῆλθεν | εἰς | τὴν | Καισάρειαν. | ὁ | δὲ | Κορνήλιος | ἦν |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | તે | પણ | બીજે-દિવસે | પ્રવેશ્યો | માં | તે | કૈસરિયામાં | તે | પણ | કર્નેલિયસ | હતો |
| | G3588 | G1161 | G1887 | G1525 | G1519 | G3588 | G2542 | G3588 | G1161 | G2883 | G1510 |

| προσδοκῶν | αὐτούς, | συνκαλεσάμενος | τοὺς | συγγενεῖς | αὐτοῦ | καὶ | τοὺς | ἀναγκαίους |
|---|---|---|---|---|---|---|---|---|
| રાહ-જોતો | તેમની | ભેગા-કરીને | તેના | સગાંઓને | તેના | અને | તેના | ગાઢ |
| G4328 | G0846 | G4779 | G3588 | G4773 | G0846 | G2532 | G3588 | G0316 |

| φίλους. |
|---|
| મિત્રોને |
| G5384 |

બીજે દિવસે તેઓ કાઈસારિયા આવી પહોંચ્યા, તે સમયે કર્નેલ્યસ પોતાનાં સગાંઓને તથા પ્રિય મિત્રોને એકત્ર કરીને તેઓની રાહ જોતો હતો.

| 25 | Ὡς | δὲ | ἐγένετο | τοῦ | εἰσελθεῖν | τὸν | Πέτρον, | συναντήσας | αὐτῷ | ὁ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જ્યારે | પણ | થયું | કે | પ્રવેશ-કર્યો | તે | પિતરે | મળીને | તેને | તે |
| | G5613 | G1161 | G1096 | G3588 | G1525 | G3588 | G4074 | G4876 | G0846 | G3588 |

| Κορνήλιος, | πεσὼν | ἐπὶ | τοὺς | πόδας, | προσεκύνησεν. |
|---|---|---|---|---|---|
| કર્નેલિયસે | પડીને | પર | તેના | પગે | પ્રણામ-કર્યા |
| G2883 | G4098 | G1909 | G3588 | G4228 | G4352 |

પિતર અદર આવ્યો ત્યારે કર્નેલ્યસ તેને મળ્યો, અને તેના ચરણે ઝૂકીને દંડવત પ્રણામ કર્યા.

| 26 | ὁ | δὲ | Πέτρος | ἤγειρεν | αὐτὸν, | λέγων, | Ἀνάστηθι, | καὶ | ἐγὼ | αὐτὸς |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પણ | પરંતુ | પિતરે | ઊભો-કર્યો | તેને | કહીને | ઊભો-થા | કારણ-કે | હું | પોતે-પણ |
| | G3588 | G1161 | G4074 | G1453 | G0846 | G3004 | G0450 | G2532 | G1473 | G0846 |

| ἄνθρωπός | εἰμι. |
|---|---|
| માણસ | છું |
| G0444 | G1510 |

પણ પિતરે તેને ઉઠાડીને કહ્યુ કે, ઊભો થા, હું પણ માણસ છું.

| 27 | καὶ | συνομιλῶν | αὐτῷ | εἰσῆλθεν, | καὶ | εὑρίσκει | συνεληλυθότας | πολλούς. |
|---|---|---|---|---|---|---|---|---|
| | અને | વાત-કરતાં | તેની-સાથે | અદર-ગયો | અને | જુએ-છે | ભેગા-થયેલા | ઘણાને |
| | G2532 | G4926 | G0846 | G1525 | G2532 | G2147 | G4905 | G4183 |

તેની સાથે વાત કરતાં કરતાં પિતર અદર ગયો, ત્યારે તેણે ઘણાંને એકઠાં થયેલાં જોયાં;

28 ἔφη τε πρὸς αὐτούς, Ὑμεῖς ἐπίστασθε ὡς ἀθέμιτόν ἐστιν ἀνδρὶ
કહ્યુ પણ તેમને તેમને તમે જાણો-છો કે નિષેધ-છે તે માણસ-માટે
G5346 G5037 G4314 G0846 G4771 G1987 G5613 G0111 G1510 G0435

Ἰουδαίῳ κολλᾶσθαι ἢ προσέρχεσθαι ἀλλοφύλῳ. κἀμοὶ ὁ, Θεὸς ἔδειξεν,
યહૂદી સંગત-કરવી કે મળવું પરદેશી-સાથે પણ-મને તે ઈશ્વરે બતાવ્યું
G2453 G2853 G2228 G4334 G0246 G2504 G3588 G2316 G1166

μηδένα κοινὸν ἢ ἀκάθαρτον λέγειν ἄνθρωπον.
કોઈ-પણ અશુદ્ધ કે હરામ કહેવું-નહિ માણસને
G3367 G2839 G2228 G0169 G3004 G0444

તેણે તેઓને કહ્યુ કે, તમે પોતે જાણો છો કે બીજી જાતિના માણસોની સાથે સંબંધ રાખવો, અથવા તેના ત્યાં જવું, એ યહૂદી માણસને માટે યોગ્ય નથી; પણ ઈશ્વરે મને બતાવ્યું છે કે, મારે કોઈ વ્યક્તિને અપવિત્ર અથવા અશુદ્ધ ગણવી નહિ.

29 διὸ καὶ ἀναντιρρήτως ἦλθον, μεταπεμφθείς. πυνθάνομαι οὖν, Τίνι λόγῳ
તેથી પણ વિના-વાંધે આવ્યો બોલાવાયેલો પૂછું-છું તેથી કયા કારણથી
G1352 G2532 G0369 G2064 G3343 G4441 G3767 G5101 G3056

μετεπέμψασθέ με?
બોલાવ્યો મને?
G3343 G1473

તેથી જ જ્યારે તમે મને આમંત્રણ આપ્યું ત્યારે કંઈ આનાકાની કર્યા વગર હું આવ્યો; માટે હું પૂછું છું કે, તમે શા કારણથી મને બોલાવ્યો છે?

30 Καὶ ὁ Κορνήλιος ἔφη, Ἀπὸ τετάρτης ἡμέρας, μέχρι ταύτης τῆς ὥρας,
અને તે કર્નેલિયસે કહ્યુ થી ચોથા દિવસથી સુધી આ તે કલાક-સુધી
G2532 G3588 G2883 G5346 G0575 G5067 G2250 G3360 G3778 G3588 G5610

ἤμην τὴν ἐνάτην προσευχόμενος ἐν τῷ οἴκῳ μου; καὶ ἰδοὺ, ἀνὴρ
હતો-હું તે નવમા પ્રાર્થના-કરતો માં મારા ઘરમાં મારા અને જુઓ પુરુષ
G1510 G3588 G1766 G4336 G1722 G3588 G3624 G1473 G2532 G3708 G0435

ἔστη ἐνώπιόν μου ἐν ἐσθῆτι λαμπρᾷ,
ઊભો-રહ્યો સામે મારી માં ઝળહળતા વસ્ત્રમાં
G2476 G1799 G1473 G1722 G2066 G2986

કર્નેલ્યસે કહ્યુ કે, ચાર દિવસ પહેલાં હું આ જ સમયે મારા ઘરમાં બપોરના ત્રણ કલાકે પ્રાર્થના કરતો હતો; ત્યારે જુઓ, તેજસ્વી પોશાક પહેરેલા એક માણસને મેં મારી સામે ઊભો રહેલો જોયો;

31 καὶ φησίν, Κορνήλιε, εἰσηκούσθη σου ἡ προσευχὴ καὶ αἱ ἐλεημοσύναι
અને કહે-છે કર્નેલિયસ સાંભળાઈ તારી તે પ્રાર્થના અને તારાં દાનો
G2532 G5346 G2883 G1522 G4771 G3588 G4335 G2532 G3588 G1654

σου ἐμνήσθησαν ἐνώπιον τοῦ Θεοῦ.
તારાં યાદ-કરાયાં સમક્ષ તે ઈશ્વરની
G4771 G3403 G1799 G3588 G2316

તે બોલ્યો કે, કર્નેલ્યસ, તારી પ્રાર્થના સાંભળવામાં આવી છે, અને તારાં દાન ઈશ્વરની સમક્ષ સ્મરણમાં આવ્યાં છે.

32 πέμψον οὖν εἰς Ἰόππην, καὶ μετακάλεσαι Σίμωνα, ὃς ἐπικαλεῖται Πέτρος;
મોકલ તેથી માં યાફામાં અને બોલાવ સિમોનને જે કહેવાય-છે પિતર
G3992 G3767 G1519 G2445 G2532 G3333 G4613 G3739 G1941 G4074

οὗτος ξενίζεται ἐν οἰκίᾳ Σίμωνος, βυρσέως παρὰ θάλασσαν;
તે રહે-છે માં ઘરમાં સિમોનના ચામડાંવાળાના પાસે સમુદ્ર-કિનારે
G3778 G3579 G1722 G3614 G4613 G1038 G3844 G2281

માટે તું માણસને જોપ્પામાં મોકલીને સિમોન, જેનું બીજુ નામ પિતર છે, તેને તારી પાસે બોલાવ; તે સમુદ્રના કિનારે સિમોન ચમારના નિવાસસ્થાને અતિથિ છે.

33 ἐξαυτῆς οὖν ἔπεμψα πρὸς σέ; σύ τε καλῶς ἐποίησας, παραγενόμενος.
તરત તેથી મોકલ્યા તારી-પાસે તને તેં પણ સારું કર્યું આવીને
G1824 G3767 G3992 G4314 G4771 G4771 G5037 G2573 G4160 G3854

νῦν οὖν, πάντες ἡμεῖς ἐνώπιον τοῦ Θεοῦ πάρεσμεν, ἀκοῦσαι πάντα τὰ
હવે તેથી બધા અમે સમક્ષ તે ઈશ્વરની હાજર-છીએ સાંભળવા બધું તે
G3568 G3767 G3956 G1473 G1799 G3588 G2316 G3918 G0191 G3956 G3588

προστεταγμένα σοι ὑπὸ τοῦ Κυρίου.
આજ્ઞા-આપેલું તને દ્વારા તે પ્રભુના
G4367 G4771 G5259 G3588 G2962

માટે મેં તરત તને બોલાવ્યો; અને તું આવ્યો તે તેં બહુ સારું કર્યું. હવે પ્રભુએ જે વાતો તને ફરમાવી છે, તે સર્વ સાંભળવા સારુ અમે સઘળા અહીં ઈશ્વરની સમક્ષ ઉપસ્થિત થયા છીએ.

34 Ἀνοίξας δὲ Πέτρος τὸ στόμα, εἶπεν, Ἐπ’ ἀληθείας καταλαμβάνομαι, ὅτι
ખોલીને પણ પિતરે તેનું મોં કહ્યુ ખરેખર સત્ય-રૂપે સમજું-છું કે
G0455 G1161 G4074 G3588 G4750 G3004 G1909 G0225 G2638 G3754

οὐκ ἔστιν προσωπολήμπτης ὁ Θεός,
નથી છે પક્ષપાતી તે ઈશ્વર
G3756 G1510 G4381 G3588 G2316

ત્યારે પિતરે પ્રવચન શરૂ કરતાં કહ્યુ કે. હવે હું નિશ્ચે સમજું છું કે ઈશ્વર પક્ષપાતી નથી;

35 ἀλλ’ ἐν παντὶ ἔθνει, ὁ φοβούμενος αὐτὸν καὶ ἐργαζόμενος δικαιοσύνην,
પણ દરેક દરેક પ્રજામાં જે ડરે-છે તેનાથી અને કરે-છે ન્યાયીપણું
G0235 G1722 G3956 G1484 G3588 G5399 G0846 G2532 G2038 G1343

δεκτὸς αὐτῷ ἐστιν.
સ્વીકાર્ય તેને છે
G1184 G0846 G1510

પણ દરેક દેશમાં જે કોઈ તેમનું સન્માન જાળવે છે, અને ન્યાયીપણે વર્તે છે, તેઓ તેમને માન્ય છે.

36 τὸν λόγον ὃν ἀπέστειλεν τοῖς υἱοῖς Ἰσραὴλ, εὐαγγελιζόμενος, εἰρήνην διὰ
તે વચન જે મોકલ્યું તે સંતાનોને ઇઝરાયલના સુવાર્તા-આપતાં શાંતિની દ્વારા
G3588 G3056 G3739 G0649 G3588 G5207 G2474 G2097 G1515 G1223

Ἰησοῦ Χριστοῦ: οὗτός ἐστιν πάντων Κύριος,
ઈસુ ખ્રિસ્તના તે છે સર્વનો પ્રભુ
G2424 G5547 G3778 G1510 G3956 G2962

ઈસુ ખ્રિસ્ત જે સર્વનાં પ્રભુ છે તેમની મારફતે શાંતિની સુવાર્તા પ્રગટ કરતા ઈશ્વરે ઇઝરાયલપુત્રોની પાસે જે વાત મોકલી,

37 ὑμεῖς οἴδατε τὸ γενόμενον ῥῆμα καθ’ ὅλης τῆς Ἰουδαίας, ἀρξάμενος ἀπὸ
તમે જાણો-છો તે બનેલી વાત સમગ્ર સમગ્ર તે યહૂદિયામાં શરૂ-થઈ થી
G4771 G1492 G3588 G1096 G4487 G2596 G3650 G3588 G2449 G0756 G0575

τῆς Γαλιλαίας, μετὰ τὸ βάπτισμα ὃ ἐκήρυξεν Ἰωάννης:
તે ગાલીલથી પછી તે બાપ્તિસ્મા જે પ્રચાર-કર્યો યોહાને
G3588 G1056 G3326 G3588 G0908 G3739 G2784 G2491

એટલે યોહાને બાપ્તિસ્મા પ્રગટ કર્યા પછી ગાલીલથી શરૂ કરીને આખા યહૂદિયામાં જે વાત જાહેર કરવામાં આવી તે તમે પોતે જાણો છો;

38 Ἰησοῦν τὸν ἀπὸ Ναζαρέθ, ὡς ἔχρισεν αὐτὸν ὁ Θεὸς Πνεύματι
ઈસુને જે થી નાઝારેથના કેવી-રીતે અભિષેક-કર્યો તેને તે ઈશ્વરે પવિત્ર-આત્માથી
G2424 G3588 G0575 G3478 G5613 G5548 G0846 G3588 G2316 G4151

Ἁγίῳ καὶ δυνάμει; ὃς διῆλθεν εὐεργετῶν καὶ ἰώμενος πάντας τοὺς
પવિત્ર અને સામર્થ્યથી જે ફર્યો ભલાઈ-કરતો અને સાજા-કરતો સર્વને જેઓ
G0040 G2532 G1411 G3739 G1330 G2109 G2532 G2390 G3956 G3588

καταδυναστευομένους ὑπὸ τοῦ διαβόλου, ὅτι ὁ Θεὸς ἦν μετ’ αὐτοῦ.
જુલમ-પામેલા-હતા દ્વારા તે શેતાનના કારણ-કે તે ઈશ્વર હતો સાથે તેની
G2616 G5259 G3588 G1228 G3754 G3588 G2316 G1510 G3326 G0846

એટલે કે નાસરેથના ઈસુની વાત કે જેમને પરમેશ્વરે પવિત્ર આત્માથી તથા સામર્થ્યથી અભિષિક્ત કર્યા; તે ભલું કરતા તથા શેતાનથી જેઓ પીડાતા હતા તેઓ સર્વને સાજાં કરતા ફર્યા; કેમ કે ઈશ્વર તેમની સાથે હતા.

39 καὶ ἡμεῖς μάρτυρες πάντων ὧν ἐποίησεν ἔν τε τῇ χώρᾳ τῶν
અને અમે સાક્ષી-છીએ બધાના જે કર્યું માં પણ તે દેશમાં તે
G2532 G1473 G3144 G3956 G3739 G4160 G1722 G5037 G3588 G5561 G3588

Ἰουδαίων καὶ [ἐν] Ἰερουσαλήμ; ὃν καὶ ἀνεῖλαν, κρεμάσαντες ἐπὶ ξύλου.
યહૂદીઓના અને માં યરુશાલેમમાં જેને પણ મારી-નાખ્યો લટકાવીને ઉપર વૃક્ષ-પર
G2453 G2532 G1722 G2419 G3739 G2532 G0337 G2910 G1909 G3586

તેમણે યહૂદીઓના પ્રાંતમાં તથા યરુશાલેમમાં જે કાર્યો કર્યા તે સર્વના અમે સાક્ષી છીએ; વળી તેમને તેઓએ વધસ્તંભ પર જડીને મારી નાખ્યા.

40 τοῦτον ὁ Θεὸς ἤγειρεν ἐν τῇ τρίτῃ ἡμέρᾳ, καὶ ἔδωκεν αὐτὸν
તેને તે ઈશ્વરે ઉઠાડ્યો ત્રીજે તે ત્રીજે દિવસે અને આપ્યું તેને
G3778 G3588 G2316 G1453 G1722 G3588 G5154 G2250 G2532 G1325 G0846

ἐμφανῆ γενέσθαι,
પ્રગટ થવા
G1717 G1096

તેમને ઈશ્વરે ત્રીજા દિવસે સજીવન કર્યા, અને સર્વ લોકોની આગળ નહિ,

41 οὐ παντὶ τῷ λαῷ, ἀλλὰ μάρτυσιν τοῖς προκεχειροτονημένοις ὑπὸ τοῦ
નહિ બધા તે લોકોને પણ સાક્ષીઓને જેઓ અગાઉથી-પસંદ-કરેલા દ્વારા તે
G3756 G3956 G3588 G2992 G0235 G3144 G3588 G4401 G5259 G3588

Θεοῦ, ἡμῖν, οἵτινες συνεφάγομεν καὶ συνεπίομεν αὐτῷ μετὰ τὸ ἀναστῆναι
ઈશ્વરના અમને જેઓ ખાધું અને પીધું તેમની-સાથે પછી તે સજીવન-થવાના
G2316 G1473 G3748 G4906 G2532 G4844 G0846 G3326 G3588 G0450

αὐτὸν ἐκ νεκρῶν.
તેના માંથી મૃત્યુમાંથી
G0846 G1537 G3498

પણ અગાઉથી ઈશ્વરના પસંદ કરેલા સાક્ષીઓ, જેઓએ તેમના મૃત્યુમાંથી સજીવન થયા પછી તેમની સાથે ખાધું પીધું હતું તેઓની આગળ, એટલે અમારી આગળ, તેમને પ્રગટ કર્યા.

42 καὶ παρήγγειλεν ἡμῖν κηρύξαι τῷ λαῷ, καὶ διαμαρτύρασθαι, ὅτι οὗτός
અને આજ્ઞા-આપી અમને પ્રચાર-કરવા તે લોકોને અને સાક્ષી-આપવા કે તે
G2532 G3853 G1473 G2784 G3588 G2992 G2532 G1263 G3754 G3778

ἐστιν ὁ ὡρισμένος ὑπὸ τοῦ Θεοῦ Κριτὴς ζώντων καὶ νεκρῶν.
છે તે ઠરાવેલો દ્વારા તે ઈશ્વરના ન્યાયાધીશ જીવતાંનો અને મૃતકોનો
G1510 G3588 G3724 G5259 G3588 G2316 G2923 G2198 G2532 G3498

તેમણે અમને આજ્ઞા આપી કે લોકોને ઉપદેશ કરો, અને સાક્ષી આપો કે, ઈશ્વર એમને જ જીવતાંના તથા મૂએલાંના ન્યાયાધીશ નીમ્યા છે.

43 τούτῳ πάντες οἱ προφῆται μαρτυροῦσιν, ἄφεσιν ἁμαρτιῶν λαβεῖν διὰ τοῦ
તેના-વિષે બધા તે પ્રબોધકો સાક્ષી-આપે-છે માફી પાપોની પામવા દ્વારા તેના
G3778 G3956 G3588 G4396 G3140 G0859 G0266 G2983 G1223 G3588

ὀνόματος αὐτοῦ πάντα τὸν πιστεύοντα εἰς αὐτόν.
નામના તેના દરેક જે વિશ્વાસ-કરે-છે માં તેનામાં
G3686 G0846 G3956 G3588 G4100 G1519 G0846

તેમને વિષે સર્વ પ્રબોધકો સાક્ષી આપે છે કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે છે તે તેમના નામથી પાપની માફી પામશે.

44 Ἔτι λαλοῦντος τοῦ Πέτρου τὰ ῥήματα ταῦτα, ἐπέπεσεν τὸ Πνεῦμα
હજુ બોલતો-હતો તે પિતર આ વચનો આ ઊતર્યો તે પવિત્ર-આત્મા
G2089 G2980 G3588 G4074 G3588 G4487 G3778 G1968 G3588 G4151

τὸ Ἅγιον ἐπὶ πάντας τοὺς ἀκούοντας τὸν λόγον.
તે પવિત્ર ઉપર સર્વ-ઉપર જેઓ સાંભળતા-હતા તે વચન
G3588 G0040 G1909 G3956 G3588 G0191 G3588 G3056

પિતર એ વાતો કહેતો હતો એટલામાં જે લોકો વાત સાંભળતાં હતા તે સર્વ ઉપર પવિત્ર આત્માએ આચ્છાદન કર્યું.

45 καὶ ἐξέστησαν οἱ ἐκ περιτομῆς πιστοὶ, ὅσοι συνῆλθαν τῷ Πέτρῳ,
અને આશ્ચર્ય-પામ્યા જેઓ તે સુન્નતના વિશ્વાસીઓ જેટલા આવ્યા-હતા તે પિતરની-સાથે
G2532 G1839 G3588 G1537 G4061 G4103 G3745 G4905 G3588 G4074

ὅτι καὶ ἐπὶ τὰ ἔθνη, ἡ δωρεὰ τοῦ Ἁγίου (τοῦ) Πνεύματος
કે પણ ઉપર તે વિદેશીઓ-ઉપર તે દાન તે પવિત્ર તે આત્માનું
G3754 G2532 G1909 G3588 G1484 G3588 G1431 G3588 G0040 G3588 G4151

ἐκκέχυται.
રેડાયું
G1632

ત્યારે બિનયહૂદીઓ પર પણ પવિત્ર આત્માનું દાન રેડાયું છે એ જોઈને સુન્નતીઓમાંના જે વિશ્વાસીઓ પિતરની સાથે આવ્યા હતા તે સર્વ વિસ્મય પામ્યા.

46 ἤκουον γὰρ αὐτῶν λαλούντων γλώσσαις, καὶ μεγαλυνόντων τὸν Θεόν.
સાંભળતા-હતા કારણ-કે તેમને બોલતા ભાષાઓમાં અને મહિમા-ગાતા તે ઈશ્વરનો
G0191 G1063 G0846 G2980 G1100 G2532 G3170 G3588 G2316

τότε ἀπεκρίθη Πέτρος,
ત્યારે જવાબ-આપ્યો પિતરે
G5119 G0611 G4074

કેમ કે તેઓને અન્ય ભાષાઓમાં બોલતા, તથા ઈશ્વરની સ્તુતિ કરતા તેઓએ સાંભળ્યાં. ત્યારે પિતરે ઉત્તર આપ્યો કે,

47 Μήτι τὸ ὕδωρ δύναται κωλῦσαί τις τοῦ μὴ βαπτισθῆναι τούτους,
શું તે પાણી રોકી-શકે રોકવા કોઈ કે ના બાપ્તિસ્મા-લે આ-લોકો
G3385 G3588 G5204 G1410 G2967 G5100 G3588 G3361 G0907 G3778

οἵτινες τὸ Πνεῦμα τὸ Ἅγιον ἔλαβον, ὡς καὶ ἡμεῖς?
જેઓએ તે પવિત્ર-આત્મા તે પવિત્ર પામ્યો-છે જેમ પણ આપણે?
G3748 G3588 G4151 G3588 G0040 G2983 G5613 G2532 G1473

"આપણી માફક તેઓ પણ પવિત્ર આત્મા પામ્યા છે, તો તેઓને પાણીનું બાપ્તિસ્મા આપવાને કોણ મના કરી શકે?"

48 προσέταξεν δὲ αὐτοὺς ἐν τῷ ὀνόματι Ἰησοῦ Χριστοῦ βαπτισθῆναι. τότε
આજ્ઞા-આપી પણ તેમને માં તે નામે ઈસુ ખ્રિસ્તના બાપ્તિસ્મા-લેવા ત્યારે
G4367 G1161 G0846 G1722 G3588 G3686 G2424 G5547 G0907 G5119

ἠρώτησαν αὐτὸν ἐπιμεῖναι ἡμέρας τινάς.
વિનંતી-કરી તેને રહેવા દિવસો કેટલાક
G2065 G0846 G1961 G2250 G5100

તેણે ઈસુ ખ્રિસ્તને નામે તેઓને બાપ્તિસ્મા આપવાની આજ્ઞા આપી, પછી તેઓએ કેટલાક દિવસ ત્યાં રહેવાની તેને વિનંતી કરી.

## Chapter 11

1

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἤκουσαν | δὲ | οἱ | ἀπόστολοι | καὶ | οἱ | ἀδελφοὶ | οἱ | ὄντες | κατὰ | τὴν |
| સાંભળ્યું | પણ | તે | પ્રેરિતોએ | અને | તે | ભાઈઓએ | જેઓ | હતા | માં | તે |
| G0191 | G1161 | G3588 | G0652 | G2532 | G3588 | G0080 | G3588 | G1510 | G2596 | G3588 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἰουδαίαν, | ὅτι | καὶ | τὰ | ἔθνη | ἐδέξαντο | τὸν | λόγον | τοῦ | Θεοῦ. |
| યહૂદિયામાં | કે | પણ | તે | વિદેશીઓએ | સ્વીકાર્યું | તે | વચન | તે | ઈશ્વરનું |
| G2449 | G3754 | G2532 | G3588 | G1484 | G1209 | G3588 | G3056 | G3588 | G2316 |

હવે જે પ્રેરિતો તથા ભાઈઓ યહૂદિયામાં હતા તેઓએ સાંભળ્યું કે, વિદેશીઓએ પણ ઈશ્વરનાં વચનનો અંગીકાર કર્યો છે.

2

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Ὅτε | δὲ | ἀνέβη | Πέτρος | εἰς | Ἰερουσαλήμ, | διεκρίνοντο | πρὸς | αὐτὸν | οἱ |
| જ્યારે | પણ | ગયો | પિતર | માં | યરુશાલેમમાં | વાદ-કર્યો | તેની-સાથે | તેના | તે |
| G3753 | G1161 | G0305 | G4074 | G1519 | G2419 | G1252 | G4314 | G0846 | G3588 |

| | |
|---|---|
| ἐκ | περιτομῆς, |
| જેઓ | સુન્નતના |
| G1537 | G4061 |

જ્યારે પિતર યરુશાલેમ પાછો આવ્યો, ત્યારે સુન્નતીઓએ તેની ટીકા કરતા કહ્યુ કે,

3

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| λέγοντες | ὅτι, | Εἰσῆλθες, | πρὸς | ἄνδρας | ἀκροβυστίαν | ἔχοντας, | καὶ | συνέφαγες |
| કહેતા | કે | ગયો-હતો | પાસે | માણસોની | બેસુન્નત | ધરાવતા | અને | ખાધું |
| G3004 | G3754 | G1525 | G4314 | G0435 | G0203 | G2192 | G2532 | G4906 |

| |
|---|
| αὐτοῖς. |
| તેમની-સાથે |
| G0846 |

‘તેં બેસુન્નતીઓના ઘરમાં જઈને તેઓની સાથે ભોજન કર્યું.’

4

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ἀρξάμενος | δὲ | Πέτρος, | ἐξετίθετο | αὐτοῖς | καθεξῆς | λέγων, |
| શરૂ-કરીને | પણ | પિતરે | સમજાવ્યું | તેમને | ક્રમશઃ | કહેતા |
| G0756 | G1161 | G4074 | G1620 | G0846 | G2517 | G3004 |

ત્યારે પિતરે તેઓને તે વાતનો વિગતવાર ખુલાસો કરતા કહ્યુ કે,

5

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἐγὼ | ἤμην | ἐν | πόλει | Ἰόππῃ | προσευχόμενος, | καὶ | εἶδον | ἐν | ἐκστάσει |
| હું | હતો | માં | શહેર | યાફામાં | પ્રાર્થના-કરતો | અને | જોયું | માં | સમાધિમાં |
| G1473 | G1510 | G1722 | G4172 | G2445 | G4336 | G2532 | G3708 | G1722 | G1611 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ὅραμα, | καταβαῖνον | σκεῦός | τι | ὡς | ὀθόνην | μεγάλην, | τέσσαρσιν | ἀρχαῖς |
| દર્શન | ઊતરતું | વાસણ | એક | જેમ | ચાદર | મોટી | ચાર | ખૂણાથી |
| G3705 | G2597 | G4632 | G5100 | G5613 | G3607 | G3173 | G5064 | G0746 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| καθιεμένην | ἐκ | τοῦ | οὐρανοῦ, | καὶ | ἦλθεν | ἄχρι | ἐμοῦ. |
| ઊતારેલું | થી | તે | આકાશમાંથી | અને | આવ્યું | સુધી | મારી-પાસે |
| G2524 | G1537 | G3588 | G3772 | G2532 | G2064 | G0891 | G1473 |

‘હું જોપ્પા શહેરમાં પ્રાર્થના કરતો હતો, તે વખતે મને મૂર્છા આવી; અને મેં દર્શનમાં જાણે કે એક મોટી ચાદર તેના ચાર ખૂણાથી લટકાવેલુ હોય તેવું એક વાસણ સ્વર્ગમાંથી ઊતરતું જોયું; તે મારી પાસે આવ્યું.’

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 6 | εἰς | ἣν | ἀτενίσας | κατενόουν, | καὶ | εἶδον | τὰ | τετράποδα | τῆς | γῆς, | καὶ |
| | માં | જેમાં | તાકીને-જોઈ | ધ્યાન-આપ્યું | અને | જોયા | તે | ચાર-પગાં-પ્રાણીઓ | તે | પૃથ્વીનાં | અને |
| | G1519 | G3739 | G0816 | G2657 | G2532 | G3708 | G3588 | G5074 | G3588 | G1093 | G2532 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| τὰ | θηρία, | καὶ | τὰ | ἑρπετὰ, | καὶ | τὰ | πετεινὰ | τοῦ | οὐρανοῦ. |
| તે | જંગલી-પ્રાણીઓ | અને | તે | સરીસૃપો | અને | તે | પક્ષીઓ | તે | આકાશનાં |
| G3588 | G2342 | G2532 | G3588 | G2062 | G2532 | G3588 | G4071 | G3588 | G3772 |

તેના પર એકીટસે જોઈને મેં ધ્યાન આપ્યું, તો મેં તેમાં પૃથ્વી પરનાં ચોપગા પ્રાણીઓ, રાની પશુઓ, પેટે ચાલનારાં પ્રાણીઓ તથા આકાશનાં પક્ષીઓ જોયાં.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 7 | ἤκουσα | δὲ | καὶ | φωνῆς | λεγούσης | μοι, | Ἀναστάς, | Πέτρε, | θῦσον | καὶ | φάγε. |
| | સાંભળ્યો | પણ | પણ | અવાજ | કહેતો | મને | ઊઠ | પિતર | વધેર | અને | ખા |
| | G0191 | G1161 | G2532 | G5456 | G3004 | G1473 | G0450 | G4074 | G2380 | G2532 | G5315 |

વળી મેં એક વાણીને મને એમ કહેતી સાંભળી કે, પિતર, ઊઠ, મારીને ખા.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 8 | εἶπον | δέ, | Μηδαμῶς, | Κύριε, | ὅτι | κοινὸν | ἢ | ἀκάθαρτον, | οὐδέποτε | εἰσῆλθεν |
| | કહ્યુ | પણ | કદાપિ-નહિ | પ્રભુ | કારણ-કે | હરામ | કે | અશુદ્ધ | કદી | ગયું-નથી |
| | G3004 | G1161 | G3365 | G2962 | G3754 | G2839 | G2228 | G0169 | G3763 | G1525 |

| | | | |
|---|---|---|---|
| εἰς | τὸ | στόμα | μου. |
| માં | તે | મોં | મારા |
| G1519 | G3588 | G4750 | G1473 |

પણ મેં કહ્યુ, પ્રભુ, એમ નહિ; કેમ કે કોઈ પણ નાપાક અથવા અશુદ્ધ ખોરાકનો આહાર મેં કર્યો નથી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | ἀπεκρίθη | δὲ | «ἐκ | δευτέρου» | φωνὴ | ἐκ | τοῦ | οὐρανοῦ, | Ἃ | ὁ | Θεὸς |
| | જવાબ-આપ્યો | પણ | બીજી | વાર | અવાજ | થી | તે | આકાશમાંથી | જે | તે | ઈશ્વરે |
| | G0611 | G1161 | G1537 | G1208 | G5456 | G1537 | G3588 | G3772 | G3739 | G3588 | G2316 |

| | | | |
|---|---|---|---|
| ἐκαθάρισεν, | σὺ | μὴ | κοίνου. |
| શુદ્ધ-કર્યું-છે | તું | ના | અશુદ્ધ-ગણ |
| G2511 | G4771 | G3361 | G2840 |

પણ તેના ઉત્તરમાં સ્વર્ગમાંથી બીજી વાર વાણી થઈ કે, ઈશ્વરે જેને શુદ્ધ કર્યું છે, તેને તું અશુદ્ધ ન ગણ.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 10 | τοῦτο | δὲ | ἐγένετο | ἐπὶ | τρίς, | καὶ | ἀνεσπάσθη | πάλιν | ἅπαντα | εἰς | τὸν |
| | આ | પણ | થયું | ત્રણ | વાર | અને | ખેંચાઈ-ગયું | ફરી | બધું | માં | તે |
| | G3778 | G1161 | G1096 | G1909 | G5151 | G2532 | G0385 | G3825 | G0537 | G1519 | G3588 |

| |
|---|
| οὐρανόν. |
| આકાશમાં |
| G3772 |

એમ ત્રણ વાર થયું; પછી તે બધાને સ્વર્ગમાં પાછા ખેંચી લેવામાં આવ્યાં.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 11 | καὶ | ἰδοὺ, | ἐξαυτῆς | τρεῖς | ἄνδρες | ἐπέστησαν | ἐπὶ | τὴν | οἰκίαν | ἐν | ᾗ |
| | અને | જુઓ | તરત | ત્રણ | માણસો | આવી-ઊભા | આગળ | તે | ઘર | માં | જેમાં |
| | G2532 | G3708 | G1824 | G5140 | G0435 | G2186 | G1909 | G3588 | G3614 | G1722 | G3739 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ἦμεν, | ἀπεσταλμένοι | ἀπὸ | Καισαρείας | πρός | με. |
| હતા-અમે | મોકલેલા | તરફથી | કૈસરિયાથી | પાસે | મારી |
| G1510 | G0649 | G0575 | G2542 | G4314 | G1473 |

અને જુઓ, તે જ સમયે કાઈસારિયાથી મારી પાસે મોકલેલા ત્રણ માણસો, જે ઘરમાં અમે હતા તેની આગળ આવી ઊભા રહ્યા.

12 εἶπεν δὲ τὸ Πνεῦμά, μοι συνελθεῖν αὐτοῖς, μηδὲν διακρίναντα. ἦλθον
કહ્યુ પણ તે આત્માએ મને જવા તેમની-સાથે કશું સંકોચ-કર્યા-વિના ગયા
G3004 G1161 G3588 G4151 G1473 G4905 G0846 G3367 G1252 G2064

δὲ σὺν ἐμοὶ καὶ οἱ ἓξ ἀδελφοὶ οὗτοι, καὶ εἰσήλθομεν εἰς τὸν
પણ સાથે મારી પણ આ છ ભાઈઓ આ અને પ્રવેશ્યા માં તે
G1161 G4862 G1473 G2532 G3588 G1803 G0080 G3778 G2532 G1525 G1519 G3588

οἶκον τοῦ ἀνδρός,
ઘરમાં તે માણસના
G3624 G3588 G0435

આત્માએ મને કહ્યુ કે, કંઈ પણ ભેદ રાખ્યા વિના તેઓની સાથે જા. આ છ ભાઈઓ પણ મારી સાથે આવ્યા; અને અમે તે વ્યક્તિના ઘરમાં ગયા;

13 ἀπήγγειλεν δὲ ἡμῖν πῶς εἶδεν τὸν ἄγγελον ἐν τῷ οἴκῳ αὐτοῦ,
જણાવ્યું પણ અમને કેવી-રીતે જોયો તે દૂતને માં તેના ઘરમાં તેના
G0518 G1161 G1473 G4459 G3708 G3588 G0032 G1722 G3588 G3624 G0846

σταθέντα καὶ εἰπόντα, Ἀπόστειλον εἰς Ἰόππην, καὶ μετάπεμψαι Σίμωνα, τὸν
ઊભેલા અને કહેતા મોકલ માં યાફામાં અને બોલાવ સિમોનને જે
G2476 G2532 G3004 G0649 G1519 G2445 G2532 G3343 G4613 G3588

ἐπικαλούμενον Πέτρον,
કહેવાતો પિતર
G1941 G4074

ત્યારે તેણે અમને ખબર આપી કે, મેં મારા ઘરમાં એક સ્વર્ગદૂતને ઊભેલો જોયો, તેણે મને કહ્યુ કે, જોપ્પામાં માણસ મોકલી સિમોન જેમનું બીજું નામ પિતર છે, તેને બોલાવ;

14 ὃς λαλήσει ῥήματα πρὸς σὲ, ἐν οἷς σωθήσῃ σὺ καὶ πᾶς ὁ
જે કહેશે વચનો તારી-તરફ તને માં જેના-દ્વારા ઉદ્ધાર-થશે તું અને આખું તે
G3739 G2980 G4487 G4314 G4771 G1722 G3739 G4982 G4771 G2532 G3956 G3588

οἶκός σου.
ઘર તારું
G3624 G4771

તે તને એવી વાતો કહેશે કે તેથી તું તથા તારાં ઘરનાં સર્વ વ્યક્તિઓ ઉદ્ધાર પામશો.

15 ἐν δὲ τῷ ἄρξασθαί με λαλεῖν, ἐπέπεσεν τὸ Πνεῦμα τὸ Ἅγιον
માં પણ તે શરૂ-કર્યુ મેં બોલવા ઊતર્યો તે પવિત્ર-આત્મા તે પવિત્ર
G1722 G1161 G3588 G0756 G1473 G2980 G1968 G3588 G4151 G3588 G0040

ἐπ’ αὐτοὺς, ὥσπερ καὶ ἐφ’ ἡμᾶς ἐν ἀρχῇ.
ઉપર તેમના જેમ પણ ઉપર આપણા માં શરૂઆતમાં
G1909 G0846 G5618 G2532 G1909 G1473 G1722 G0746

હું જેમ પ્રવચન કરવા લાગ્યો કે તરત જેમ પ્રથમ આપણા પર પવિત્ર આત્માએ આચ્છાદન કર્યુ હતું, તેમ તેઓ પર પણ પવિત્ર આત્મા ઊતર્યો.

16 ἐμνήσθην δὲ τοῦ ῥήματος τοῦ Κυρίου, ὡς ἔλεγεν, Ἰωάννης μὲν
યાદ-આવ્યું પણ તે વચન તે પ્રભુનું કેવી-રીતે કહેતા-હતા યોહાને તો
G3403 G1161 G3588 G4487 G3588 G2962 G5613 G3004 G2491 G3303

ἐβάπτισεν ὕδατι, ὑμεῖς δὲ βαπτισθήσεσθε ἐν Πνεύματι Ἁγίῳ.
બાપ્તિસ્મા-આપ્યું પાણીથી તમે પણ બાપ્તિસ્મા-પામશો માં પવિત્ર-આત્માથી પવિત્ર
G0907 G5204 G4771 G1161 G0907 G1722 G4151 G0040

ત્યારે પ્રભુની એ કહેલી વાત મને યાદ આવી કે, યોહાને પાણીથી બાપ્તિસ્મા કર્યુ ખરું, પણ તમે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામશો.

17 εἰ οὖν τὴν ἴσην δωρεὰν ἔδωκεν αὐτοῖς ὁ Θεὸς, ὡς καὶ ἡμῖν,
જો તેથી તે સમાન દાન આપ્યું તેમને તે ઈશ્વરે જેમ પણ આપણને
G1487 G3767 G3588 G2470 G1431 G1325 G0846 G3588 G2316 G5613 G2532 G1473

πιστεύσασιν ἐπὶ τὸν Κύριον Ἰησοῦν Χριστόν, ἐγὼ, τίς ἤμην, δυνατὸς
વિશ્વાસ-કરનારાને ઉપર તે પ્રભુ ઈસુ ખ્રિસ્ત હું કોણ હતો સમર્થ
G4100 G1909 G3588 G2962 G2424 G5547 G1473 G5101 G1510 G1415

κωλῦσαι τὸν Θεόν?
રોકવા તે ઈશ્વરને?
G2967 G3588 G2316

માટે જ્યારે આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો ત્યારે આપણને જેવું દાન મળ્યું તેવું જ દાન ઈશ્વરે તેઓને પણ આપ્યું, તો હું કોણ કે, ઈશ્વરને અટકાવું?

18 ἀκούσαντες δὲ ταῦτα ἡσύχασαν, καὶ ἐδόξασαν τὸν Θεὸν, λέγοντες, Ἄρα
સાંભળીને પણ આ શાંત-થયા અને મહિમા-આપ્યો તે ઈશ્વરને કહેતા ખરેખર
G0191 G1161 G3778 G2270 G2532 G1392 G3588 G2316 G3004 G0686

καὶ τοῖς ἔθνεσιν ὁ Θεὸς τὴν μετάνοιαν εἰς ζωὴν ἔδωκεν.
પણ તે વિદેશીઓને તે ઈશ્વરે તે પસ્તાવો માં જીવનમાં આપ્યો
G2532 G3588 G1484 G3588 G2316 G3588 G3341 G1519 G2222 G1325

આ વાતો સાંભળીને તેઓ ચૂપ રહ્યા, અને ઈશ્વરને મહિમા આપતા કહ્યુ કે, ઈશ્વરે બિનયહૂદીઓને પણ પશ્ચાતાપ કરવાનું મન આપ્યું છે કે તેઓ જીવન પામે.

19 Οἱ μὲν οὖν διασπαρέντες ἀπὸ τῆς θλίψεως τῆς γενομένης ἐπὶ
તે તો તેથી વિખેરાયેલા થી તે સંકટથી જે થયેલા પર
G3588 G3303 G3767 G1289 G0575 G3588 G2347 G3588 G1096 G1909

Στεφάνῳ, διῆλθον ἕως Φοινίκης, καὶ Κύπρου, καὶ Ἀντιοχείας, μηδενὶ
સ્તેફનને-લઈને ફર્યા સુધી ફિનિકિયા અને સાયપ્રસ અને અત્યોખિયા કોઈને
G4736 G1330 G2193 G5403 G2532 G2954 G2532 G0490 G3367

λαλοῦντες τὸν λόγον εἰ μὴ μόνον Ἰουδαίοις.
બોલતા તે વચન સિવાય ના ફક્ત યહૂદીઓને
G2980 G3588 G3056 G1487 G3361 G3440 G2453

સ્તેફનના સંબંધમાં થયેલી સતાવણીથી જેઓ વિખેરાઈ ગયા હતા તેઓ ફિનીકિયા, સાયપ્રસ તથા અત્યોખ સુધી ગયા, પણ તેઓએ યહૂદીઓ સિવાય કોઈને પ્રભુની વાત પ્રગટ કરી ન હતી.

20 Ἦσαν δέ τινες ἐξ αὐτῶν ἄνδρες, Κύπριοι καὶ Κυρηναῖοι, οἵτινες
હતા પણ કેટલાક માંથી તેમના માણસો સાયપ્રસના અને કુરેનીના જેઓ
G1510 G1161 G5100 G1537 G0846 G0435 G2953 G2532 G2956 G3748

ἐλθόντες εἰς Ἀντιόχειαν, ἐλάλουν καὶ πρὸς τοὺς Ἑλληνιστάς, εὐαγγελιζόμενοι --
આવીને માં અત્યોખિયામાં બોલતા-હતા પણ તરફ તે ગ્રીકભાષીઓને સુવાર્તા-આપતા
G2064 G1519 G0490 G2980 G2532 G4314 G3588 G1675 G2097

τὸν Κύριον Ἰησοῦν.
તે પ્રભુ ઈસુની
G3588 G2962 G2424

પણ તેઓમાંના કેટલાક સાયપ્રસના તથા કુરેનીના માણસો હતા, તેઓએ અત્યોખ આવીને ગ્રીક લોકોને પણ પ્રભુ ઈસુ વિષેની સુવાર્તા કહી સંભળાવી.

21 καὶ ἦν χεὶρ Κυρίου μετ’ αὐτῶν; πολύς τε ἀριθμὸς ὁ πιστεύσας,
અને હતો હાથ પ્રભુનો સાથે તેમની મોટી પણ સંખ્યા જે વિશ્વાસ-કરીને
G2532 G1510 G5495 G2962 G3326 G0846 G4183 G5037 G0706 G3588 G4100

ἐπέστρεψεν ἐπὶ τὸν Κύριον.
ફર્યા તરફ તે પ્રભુ-તરફ
G1994 G1909 G3588 G2962

પ્રભુનો હાથ તેઓની સાથે હતો, અને ઘણાં લોકો વિશ્વાસ કરીને પ્રભુ તરફ વળ્યા.

22 Ἠκούσθη δὲ ὁ λόγος εἰς τὰ ὦτα τῆς ἐκκλησίας τῆς οὔσης ἐν
સંભળાયું પણ તે સમાચાર માં તે કાનોમાં તે મંડળીના જે હતી માં
G0191 G1161 G3588 G3056 G1519 G3588 G3775 G3588 G1577 G3588 G1510 G1722

Ἰερουσαλὴμ, περὶ αὐτῶν; καὶ ἐξαπέστειλαν Βαρνάβαν [διελθεῖν] ἕως Ἀντιοχείας,
યરુશાલેમમાં વિષે તેમના અને મોકલ્યો બાર્નાબાસને જવા સુધી અત્યોખિયા
G2419 G4012 G0846 G2532 G1821 G0921 G1330 G2193 G0490

તેઓ વિષેના સમાચાર યરુશાલેમના વિશ્વાસી સમુદાયના કાને આવ્યા, ત્યારે તેઓએ બાર્નાબાસને અત્યોખ સુધી મોકલ્યો;

23 ὃς παραγενόμενος, καὶ ἰδὼν τὴν χάριν τὴν τοῦ Θεοῦ, ἐχάρη, καὶ
જે આવીને અને જોઈને તે કૃપા તે તે ઈશ્વરની આનંદ-પામ્યો અને
G3739 G3854 G2532 G3708 G3588 G5485 G3588 G3588 G2316 G5463 G2532

παρεκάλει πάντας τῇ προθέσει τῆς καρδίας, προσμένειν (ἐν) τῷ Κυρίῳ.
ઉત્તેજન-આપ્યું બધાને તે નિશ્ચય-સાથે તે હૃદયના ટકી-રહેવા માં તે પ્રભુમાં
G3870 G3956 G3588 G4286 G3588 G2588 G4357 G1722 G3588 G2962

તે ત્યાં આવ્યો, ત્યારે ઈશ્વરની કૃપા જોઈને તે આનંદ પામ્યો; અને તેણે તેઓ સર્વને દૃઢ હૃદયથી પ્રભુને વળગી રહેવાનો બોધ કર્યો;

24 ὅτι ἦν ἀνὴρ ἀγαθὸς, καὶ πλήρης Πνεύματος Ἁγίου, καὶ πίστεως. καὶ
કારણ-કે હતો માણસ ભલો અને ભરપૂર પવિત્ર-આત્માથી પવિત્ર અને વિશ્વાસથી અને
G3754 G1510 G0435 G0018 G2532 G4134 G4151 G0040 G2532 G4102 G2532

προσετέθη ὄχλος ἱκανὸς τῷ Κυρίῳ.
ઉમેરાયો સમુદાય ઘણો તે પ્રભુમાં
G4369 G3793 G2425 G3588 G2962

કેમ કે તે સારો માણસ હતો, અને પવિત્ર આત્માથી તથા વિશ્વાસથી ભરપૂર હતો; અને ઘણાં લોક પ્રભુના વિશ્વાસી સમુદાયમાં જોડાયાં.

25 ἐξῆλθεν δὲ εἰς Ταρσὸν ἀναζητῆσαι Σαῦλον,
ગયો પણ માં તાર્સસમાં શોધવા શાઉલને
G1831 G1161 G1519 G5019 G0327 G4569

પછી બાર્નાબાસ શાઉલની શોધ કરવા સારુ તાર્સસ ગયો;

26 καὶ εὑρὼν, ἤγαγεν εἰς Ἀντιόχειαν. ἐγένετο δὲ αὐτοῖς καὶ ἐνιαυτὸν ὅλον
અને શોધીને લાવ્યો માં અત્યોખિયામાં થયું પણ તેમને પણ આખું-વર્ષ આખું
G2532 G2147 G0071 G1519 G0490 G1096 G1161 G0846 G2532 G1763 G3650

συναχθῆναι ἐν τῇ ἐκκλησίᾳ, καὶ διδάξαι ὄχλον ἱκανόν. χρηματίσαι τε
ભેગા-થવા માં તે મંડળીમાં અને શીખવવા સમુદાયને ઘણાને કહેવાયા પણ
G4863 G1722 G3588 G1577 G2532 G1321 G3793 G2425 G5537 G5037

πρώτως ἐν Ἀντιοχείᾳ τοὺς μαθητὰς, Χριστιανούς.
પહેલીવાર માં અત્યોખિયામાં તે શિષ્યો ખ્રિસ્તી
G4413 G1722 G0490 G3588 G3101 G5546

અને તે મળ્યો ત્યારે બાર્નાબાસ તેને અત્યોખમાં લાવ્યો. તેઓએ એક આખું વર્ષ વિશ્વાસી સમુદાયની સાથે રહીને ઘણાં લોકોને બોધ કર્યો; શિષ્યો પ્રથમ અત્યોખમાં ખ્રિસ્તી કહેવાયા.

27 Ἐν ταύταις δὲ ταῖς ἡμέραις, κατῆλθον ἀπὸ Ἱεροσολύμων προφῆται εἰς
માં તે પણ તે દિવસોમાં આવ્યા થી યરુશાલેમથી પ્રબોધકો માં
G1722 G3778 G1161 G3588 G2250 G2718 G0575 G2414 G4396 G1519

Ἀντιόχειαν.
અત્યોખિયામાં
G0490

હવે એ દિવસોમાં કેટલાક પ્રબોધકો યરુશાલેમથી અત્યોખ આવ્યા.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 28 | ἀναστὰς | δὲ | εἷς | ἐξ | αὐτῶν, | ὀνόματι | Ἅγαβος, | ἐσήμανεν | διὰ | τοῦ |
| | ઊઠીને | પણ | એક | માંથી | તેમનામાંથી | નામે | આગાબસે | સૂચવ્યું | દ્વારા | તે |
| | G0450 | G1161 | G1520 | G1537 | G0846 | G3686 | G0013 | G4591 | G1223 | G3588 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Πνεύματος, | λιμὸν | μεγάλην | μέλλειν | ἔσεσθαι | ἐφ’ | ὅλην | τὴν | οἰκουμένην-- | ἥτις |
| આત્માના | દુકાળ | મોટો | આવવાનો-છે | થવાનો | ઉપર | આખી | તે | દુનિયા-ઉપર | જે |
| G4151 | G3042 | G3173 | G3195 | G1510 | G1909 | G3650 | G3588 | G3625 | G3748 |

| | | |
|---|---|---|
| ἐγένετο | ἐπὶ | Κλαυδίου. |
| થયો | સમયે | ક્લાઉદિયસના |
| G1096 | G1909 | G2804 |

તેઓમાંના આગાબસ નામે એક જણે ઊભા થઈને આત્માની પ્રેરણાથી સૂચવ્યું કે, આખી દુનિયામાં મોટો દુકાળ સર્જાશે; અને ક્લોડિયસના રાજ્યકાળમાં તેમ જ થયું.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 29 | τῶν | δὲ | μαθητῶν | καθὼς | εὐπορεῖτό | τις, | ὥρισαν | ἕκαστος | αὐτῶν, | εἰς |
| | તે | પણ | શિષ્યોએ | જેમ | સમર્થ-હતો | કોઈ | નક્કી-કર્યું | દરેકે | તેમણે | માટે |
| | G3588 | G1161 | G3101 | G2531 | G2141 | G5100 | G3724 | G1538 | G0846 | G1519 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| διακονίαν, | πέμψαι | τοῖς | κατοικοῦσιν | ἐν | τῇ | Ἰουδαίᾳ | ἀδελφοῖς, |
| સેવાકાર્ય-માટે | મોકલવા | તે | રહેતા | માં | તે | યહૂદિયામાં | ભાઈઓને |
| G1248 | G3992 | G3588 | G2730 | G1722 | G3588 | G2449 | G0080 |

ત્યારે શિષ્યોએ ઠરાવ કર્યો કે, આપણામાંના દરેક માણસે પોતપોતાની શક્તિ પ્રમાણે યહૂદિયામાં રહેનાર ભાઈઓને કંઈ મદદ મોકલવી.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 30 | ὃ | καὶ | ἐποίησαν, | ἀποστείλαντες | πρὸς | τοὺς | πρεσβυτέρους, | διὰ | χειρὸς |
| | જે | પણ | કર્યું | મોકલીને | પાસે | તે | વડીલો-પાસે | દ્વારા | હાથે |
| | G3739 | G2532 | G4160 | G0649 | G4314 | G3588 | G4245 | G1223 | G5495 |

| | | |
|---|---|---|
| Βαρνάβα | καὶ | Σαύλου. |
| બાર્નાબાસના | અને | શાઉલના |
| G0921 | G2532 | G4569 |

તેઓએ તેમ કર્યું, અને બાર્નાબાસ તથા શાઉલની મારફતે વડીલો પર નાણાં મોકલ્યાં.

## Chapter 12

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Κατ’ | ἐκεῖνον | δὲ | τὸν | καιρὸν, | ἐπέβαλεν | Ἡρῴδης | ὁ | βασιλεὺς | τὰς | χεῖρας |
| | તે | તે | પણ | તે | સમયે | હાથ-ઉઠાવ્યો | હેરોદ | તે | રાજાએ | તે | હાથ |
| | G2596 | G1565 | G1161 | G3588 | G2540 | G1911 | G2264 | G3588 | G0935 | G3588 | G5495 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| κακῶσαί | τινας | τῶν | ἀπὸ | τῆς | ἐκκλησίας. |
| ત્રાસ-આપવા | કેટલાકને | તે | માંથી | તે | મંડળીના |
| G2559 | G5100 | G3588 | G0575 | G3588 | G1577 |

આશરે તે જ સમયે હેરોદ રાજાએ વિશ્વાસી સમુદાયના કેટલાકની સતાવણી કરવા હાથ લંબાવ્યા.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 2 | ἀνεῖλεν | δὲ | Ἰάκωβον, | τὸν | ἀδελφὸν | Ἰωάννου, | μαχαίρῃ. |
| | મારી-નાખ્યો | પણ | યાકૂબને | તે | ભાઈ | યોહાનના | તલવારથી |
| | G0337 | G1161 | G2385 | G3588 | G0080 | G2491 | G3162 |

તેણે યોહાનના ભાઈ યાકૂબને તરવારથી મારી નંખાવ્યો.

3 ἰδὼν δὲ ὅτι ἀρεστόν ἐστιν τοῖς Ἰουδαίοις, προσέθετο συλλαβεῖν καὶ
જોઈને પણ કે ખુશ-કરનારું છે તે યહૂદીઓને આગળ-વધ્યો પકડવા પણ
G3708 G1161 G3754 G0701 G1510 G3588 G2453 G4369 G4815 G2532

Πέτρον. ἦσαν δὲ [αἱ] ἡμέραι τῶν ἀζύμων --
પિતરને હતા પણ તે દિવસો તે બેખમીર-રોટીના
G4074 G1510 G1161 G3588 G2250 G3588 G0106

યહૂદીઓને એ વાતથી ખુશી થાય છે તે જોઈને તેણે પિતરની પણ ધરપકડ કરી. તે બેખમીર રોટલીના પર્વના દિવસો હતા.

4 ὃν καὶ πιάσας, ἔθετο εἰς φυλακήν, παραδοὺς τέσσαρσιν τετραδίοις
જેને પણ પકડીને મૂક્યો માં કેદખાનામાં સોંપીને ચાર ચાર-ચારની-ટુકડીઓને
G3739 G2532 G4084 G5087 G1519 G5438 G3860 G5064 G5069

στρατιωτῶν φυλάσσειν αὐτόν, βουλόμενος μετὰ τὸ πάσχα ἀναγαγεῖν αὐτὸν
સૈનિકોને ચોકી-કરવા તેને ઇચ્છતો-હતો પછી તે પાસ્ખા રજૂ-કરવા તેને
G4757 G5442 G0846 G1014 G3326 G3588 G3957 G0321 G0846

τῷ λαῷ.
તે લોકો-સમક્ષ
G3588 G2992

તેણે પિતરને પકડીને જેલમાં પૂર્યો, અને તેની ચોકી કરવા સારુ ચાર ચાર સિપાઈઓની ચાર ટુકડીઓને આધીન કર્યો, અને પાસ્ખાપર્વ પછી લોકોની સમક્ષ તેને બહાર લાવવાનો ઇરાદો રાખ્યો.

5 ὁ μὲν οὖν Πέτρος ἐτηρεῖτο ἐν τῇ φυλακῇ; προσευχὴ δὲ
તે તો તેથી પિતર રાખવામાં-આવ્યો-હતો માં તે કેદખાનામાં પ્રાર્થના પણ
G3588 G3303 G3767 G4074 G5083 G1722 G3588 G5438 G4335 G1161

ἦν ἐκτενῶς γινομένη ὑπὸ τῆς ἐκκλησίας πρὸς τὸν Θεὸν περὶ αὐτοῦ.
હતી આગ્રહપૂર્વક થતી-હતી દ્વારા તે મંડળીની તરફ તે ઈશ્વર વિષે તેના
G1510 G1619 G1096 G5259 G3588 G1577 G4314 G3588 G2316 G4012 G0846

તેથી તેણે પિતરને જેલમાં રાખ્યો; પણ વિશ્વાસી સમુદાયે તેને સારુ આગ્રહથી ઈશ્વરની પ્રાર્થના કરી.

6 Ὅτε δὲ ἤμελλεν προαγαγεῖν αὐτὸν ὁ Ἡρῴδης, τῇ νυκτὶ ἐκείνῃ, ἦν
જ્યારે પણ આવવાનો-હતો રજૂ-કરવા તેને તે હેરોદ તે રાત્રે તે હતો
G3753 G1161 G3195 G4254 G0846 G3588 G2264 G3588 G3571 G1565 G1510

ὁ Πέτρος κοιμώμενος μεταξὺ δύο στρατιωτῶν, δεδεμένος ἁλύσεσιν δυσίν,
તે પિતર ઊંઘતો વચ્ચે બે સૈનિકોના બાંધેલો સાંકળોથી બે
G3588 G4074 G2837 G3342 G1417 G4757 G1210 G0254 G1417

φύλακές τε πρὸ τῆς θύρας ἐτήρουν τὴν φυλακήν.
ચોકીદારો પણ આગળ તે દરવાજાની ચોકી-કરતા-હતા તે કેદની
G5441 G5037 G4253 G3588 G2374 G5083 G3588 G5438

હેરોદ તેને બહાર લાવવાનો હતો તેની આગલી રાત્રે પિતર બે સિપાઈઓની વચ્ચે બે સાંકળોથી બંધાયેલી સ્થિતિમાં ઊંઘતો હતો; અને ચોકીદારો જેલના દરવાજા આગળ ચોકી કરતા હતા.

7 καὶ ἰδοὺ, ἄγγελος Κυρίου ἐπέστη, καὶ φῶς ἔλαμψεν ἐν τῷ οἰκήματι.
અને જુઓ દૂત પ્રભુનો આવી-ઊભો અને પ્રકાશ ચમક્યો માં તે ઓરડામાં
G2532 G3708 G0032 G2962 G2186 G2532 G5457 G2989 G1722 G3588 G3612

πατάξας δὲ τὴν πλευρὰν τοῦ Πέτρου, ἤγειρεν αὐτὸν, λέγων, Ἀνάστα ἐν
મારીને પણ તે પડખામાં તે પિતરના ઉઠાડ્યો તેને કહેતા જલ્દી-ઊઠ માં
G3960 G1161 G3588 G4125 G3588 G4074 G1453 G0846 G3004 G0450 G1722

τάχει. καὶ ἐξέπεσαν αὐτοῦ αἱ ἁλύσεις, ἐκ τῶν χειρῶν.
ઝડપથી અને પડી-ગઈ તેની તે સાંકળો થી તેના હાથોમાંથી
G5034 G2532 G1601 G0846 G3588 G0254 G1537 G3588 G5495

ત્યારે જુઓ, પ્રભુનો સ્વર્ગદૂત તેની પાસે ઊભો રહ્યો, અને જેલમાં પ્રકાશ પ્રગટ્યો; તેણે પિતરને કૂખમાં હલકો હાથ મારીને જગાડ્યો, અને કહ્યુ કે, જલદી ઊઠ. ત્યારે તેની સાંકળો તેના હાથ પરથી સરકી પડી.

8 εἶπεν δὲ ὁ ἄγγελος πρὸς αὐτόν, Ζῶσαι, καὶ ὑπόδησαι τὰ σανδάλιά
કહ્યુ પણ તે દૂતે તેને તેને કમર-બાંધ અને પહેર તારાં ચંપલો
G3004 G1161 G3588 G0032 G4314 G0846 G2224 G2532 G5265 G3588 G4547

σου. ἐποίησεν δὲ οὕτως. καὶ λέγει αὐτῷ, Περιβαλοῦ τὸ ἱμάτιόν σου,
તારાં કર્યું પણ એમ અને કહે-છે તેને ઓઢ તારો ઝભ્ભો તારો
G4771 G4160 G1161 G3779 G2532 G3004 G0846 G4016 G3588 G2440 G4771

καὶ ἀκολούθει μοι.
અને અનુસર મને
G2532 G0190 G1473

સ્વર્ગદૂતે તેને કહ્યુ કે, કમર બાંધ, અને તારાં ચંપલ પહેર. તેણે તેમ કર્યું. પછી સ્વર્ગદૂતે કહ્યુ કે, તારો કોટ પહેરી લે અને મારી પાછળ આવ.

9 καὶ ἐξελθὼν, ἠκολούθει καὶ οὐκ ᾔδει ὅτι ἀληθές ἐστιν τὸ
અને બહાર-આવીને અનુસર્યો અને નહોતું-જાણતો જાણતો કે સાચું છે જે
G2532 G1831 G0190 G2532 G3756 G1492 G3754 G0227 G1510 G3588

γινόμενον διὰ τοῦ ἀγγέλου; ἐδόκει δὲ ὅραμα βλέπειν.
થઈ-રહ્યુ-છે દ્વારા તે દૂતના ધારતો-હતો પણ દર્શન જોતો-હોય
G1096 G1223 G3588 G0032 G1380 G1161 G3705 G0991

તે બહાર નીકળીને સ્વર્ગદૂતની પાછળ ગયો; અને સ્વર્ગદૂત જે કરે છે તે વાસ્તવિક છે એમ તે સમજતો નહોતો, પણ તે દર્શન જોઈ રહ્યો છે એમ તેને લાગ્યું.

10 διελθόντες δὲ πρώτην φυλακὴν καὶ δευτέραν, ἦλθαν ἐπὶ τὴν πύλην τὴν
પસાર-થઈને પણ પહેલી ચોકી અને બીજી આવ્યા પાસે તે દરવાજા તે
G1330 G1161 G4413 G5438 G2532 G1208 G2064 G1909 G3588 G4439 G3588

σιδηρᾶν τὴν φέρουσαν εἰς τὴν πόλιν, ἥτις αὐτομάτη ἠνοίγη αὐτοῖς; καὶ
લોખંડના જે જાય-છે માં તે શહેરમાં જે આપોઆપ ખૂલ્યો તેમને અને
G4603 G3588 G5342 G1519 G3588 G4172 G3748 G0844 G0455 G0846 G2532

ἐξελθόντες προῆλθον ῥύμην μίαν, καὶ εὐθέως ἀπέστη ὁ ἄγγελος ἀπ’
બહાર-નીકળીને આગળ-ગયા ગલી એક અને તરત છૂટો-થયો તે દૂત થી
G1831 G4281 G4505 G1520 G2532 G2112 G0868 G3588 G0032 G0575

αὐτοῦ.
તેનાથી
G0846

તેઓ પહેલી તથા બીજી ચોકી વટાવીને શહેરમાં જવાના લોખંડના દરવાજે પહોંચ્યા; અને તે દરવાજો આપોઆપ ખૂલી ગયો; તેઓએ આગળ ચાલીને એક મહોલ્લો ઓળંગ્યો; એટલે તરત સ્વર્ગદૂત તેની પાસેથી ચાલ્યો ગયો.

11 καὶ ὁ Πέτρος ἐν ἑαυτῷ γενόμενος, εἶπεν, Νῦν οἶδα ἀληθῶς ὅτι
અને તે પિતર માં પોતાનામાં આવીને કહ્યુ હવે જાણું-છું ખરેખર કે
G2532 G3588 G4074 G1722 G1438 G1096 G3004 G3568 G1492 G0230 G3754

ἐξαπέστειλεν ὁ Κύριος, τὸν ἄγγελον αὐτοῦ, καὶ ἐξείλατό με ἐκ χειρὸς
મોકલ્યો-છે તે પ્રભુએ તેનો દૂત તેનો અને છોડાવ્યો મને થી હાથમાંથી
G1821 G3588 G2962 G3588 G0032 G0846 G2532 G1807 G1473 G1537 G5495

Ἡρῴδου, καὶ πάσης τῆς προσδοκίας τοῦ λαοῦ τῶν Ἰουδαίων.
હેરોદના અને બધી તે અપેક્ષા તે લોકોની તે યહૂદીઓની
G2264 G2532 G3956 G3588 G4329 G3588 G2992 G3588 G2453

જયારે પિતર સભાન થયો ત્યારે તેણે કહ્યુ કે, હવે હું ચોક્કસ રીતે જાણું છું કે પ્રભુએ પોતાના સ્વર્ગદૂતને મોકલીને હેરોદના હાથમાંથી તથા યહૂદીઓની સર્વ ધારણાથી મને છોડાવ્યો છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | συνιδών | τε, | ἦλθεν | ἐπὶ | τὴν | οἰκίαν | τῆς | Μαρίας | τῆς | μητρὸς | Ἰωάννου, |
| | વિચારીને | પણ | આવ્યો | પાસે | તે | ઘર | તે | મરિયમના | જે | માતા–હતી | યોહાનની |
| | G4894 | G5037 | G2064 | G1909 | G3588 | G3614 | G3588 | G3137 | G3588 | G3384 | G2491 |
| | τοῦ | ἐπικαλουμένου | Μάρκου, | οὗ | ἦσαν | ἱκανοὶ | συνηθροισμένοι | καὶ | | | |
| | જે | કહેવાતો | માર્ક | જ્યાં | હતા | ઘણા | ભેગા–થયેલા | અને | | | |
| | G3588 | G1941 | G3138 | G3757 | G1510 | G2425 | G4867 | G2532 | | | |
| | προσευχόμενοι. | | | | | | | | | | |
| | પ્રાર્થના–કરતા | | | | | | | | | | |
| | G4336 | | | | | | | | | | |

પછી તે વિચાર કરીને યોહાન, જેનું બીજું નામ માર્ક હતું, તેની મા મરિયમના ઘરે આવ્યો, ત્યાં ઘણાં માણસો એકઠા થઈને પ્રાર્થના કરતા હતા.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 13 | κρούσαντος | δὲ | αὐτοῦ | τὴν | θύραν | τοῦ | πυλῶνος, | προσῆλθεν | παιδίσκη |
| | ટકોરા–મારતાં | પણ | તેણે | તે | દરવાજે | તે | પ્રવેશદ્વારના | આવી | દાસી |
| | G2925 | G1161 | G0846 | G3588 | G2374 | G3588 | G4440 | G4334 | G3814 |
| | ὑπακοῦσαι, | ὀνόματι | Ῥόδη. | | | | | | |
| | જવાબ–આપવા | નામે | રોદા | | | | | | |
| | G5219 | G3686 | G4498 | | | | | | |

તે આગળનો દરવાજો ખટખટાવતો હતો ત્યારે રોદા નામે એમ જુવાન દાસી દરવાજો ખોલવા આવી.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 14 | καὶ | ἐπιγνοῦσα | τὴν | φωνὴν | τοῦ | Πέτρου, | ἀπὸ | τῆς | χαρᾶς | οὐκ |
| | અને | ઓળખીને | તે | અવાજ | તે | પિતરનો | થી | તે | આનંદને–લીધે | નહોતો–ખોલ્યો |
| | G2532 | G1921 | G3588 | G5456 | G3588 | G4074 | G0575 | G3588 | G5479 | G3756 |
| | ἤνοιξεν | τὸν | πυλῶνα, | εἰσδραμοῦσα; | δὲ | ἀπήγγειλεν | ἑστάναι | τὸν | Πέτρον | πρὸ |
| | ખોલ્યો | તે | દરવાજો | દોડીને–અંદર–ગઈ | પણ | કહ્યુ | ઊભો–છે | તે | પિતર | આગળ |
| | G0455 | G3588 | G4440 | G1532 | G1161 | G0518 | G2476 | G3588 | G4074 | G4253 |
| | τοῦ | πυλῶνος. | | | | | | | | |
| | તે | દરવાજા–આગળ | | | | | | | | |
| | G3588 | G4440 | | | | | | | | |

તેણે પિતરનો અવાજ પારખીને આનંદને લીધે બારણું ન ઉઘાડતાં, અંદર દોડી જઈને કહ્યુ કે, પિતર બારણા આગળ ઊભો છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | οἱ | δὲ | πρὸς | αὐτὴν | εἶπαν, | Μαίνῃ. | ἡ | δὲ | διϊσχυρίζετο | οὕτως | ἔχειν. |
| | તેઓએ | પણ | તેને | તેણીને | કહ્યુ | ગાંડી–છે | તે | પણ | ખાતરી–આપતી–હતી | એમ–જ | છે |
| | G3588 | G1161 | G4314 | G0846 | G3004 | G3105 | G3588 | G1161 | G1340 | G3779 | G2192 |
| | οἱ | δὲ | ἔλεγον, | Ὁ | ἄγγελός | ἐστιν | αὐτοῦ. | | | | |
| | તેઓ | પણ | કહેતા–હતા | તે | દૂત | છે | તેનો | | | | |
| | G3588 | G1161 | G3004 | G3588 | G0032 | G1510 | G0846 | | | | |

તેઓએ તેને કહ્યુ કે, તું પાગલ છે. પણ તેણે ખાતરીપૂર્વક કહ્યુ કે હું કહું છું તેમ જ છે. ત્યારે તેઓએ કહ્યુ કે તેનો સ્વર્ગદૂત હશે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 16 | ὁ | δὲ | Πέτρος | ἐπέμενεν | κρούων; | ἀνοίξαντες | δὲ | εἶδαν | αὐτὸν, | καὶ |
| | તે | પણ | પિતર | સતત–ટકોરા–મારતો–રહ્યો | ટકોરા–મારતો | ખોલીને | પણ | જોયો | તેને | અને |
| | G3588 | G1161 | G4074 | G1961 | G2925 | G0455 | G1161 | G3708 | G0846 | G2532 |
| | ἐξέστησαν. | | | | | | | | | |
| | આશ્ચર્ય–પામ્યા | | | | | | | | | |
| | G1839 | | | | | | | | | |

પણ પિતરે દરવાજો ખટખટાવ્યા કર્યો; અને તેઓએ બારણું ઉઘાડીને તેને જોયો, ત્યારે તેઓ આશ્ચર્ય પામ્યા.

17 κατασείσας δὲ αὐτοῖς τῇ χειρὶ σιγᾶν, διηγήσατο αὐτοῖς πῶς ὁ
ઇશારો-કરીને પણ તેમને તે હાથથી ચૂપ-રહેવા વર્ણવ્યું તેમને કેવી-રીતે તે
G2678 G1161 G0846 G3588 G5495 G4601 G1334 G0846 G4459 G3588

Κύριος αὐτὸν ἐξήγαγεν ἐκ τῆς φυλακῆς. εἶπέν τε, Ἀπαγγείλατε Ἰακώβῳ
પ્રભુએ તેને બહાર-કાઢ્યો થી તે કેદખાનામાંથી કહ્યુ પણ કહો યાકૂબને
G2962 G0846 G1806 G1537 G3588 G5438 G3004 G5037 G0518 G2385

καὶ τοῖς ἀδελφοῖς ταῦτα. καὶ ἐξελθὼν, ἐπορεύθη εἰς ἕτερον τόπον.
અને તે ભાઈઓને આ અને બહાર-નીકળીને ગયો માં બીજી જગ્યાએ
G2532 G3588 G0080 G3778 G2532 G1831 G4198 G1519 G2087 G5117

પણ પિતરે ચૂપ રહેવાને તેઓને હાથથી ઈશારો કર્યો; અને પ્રભુ તેમને શી રીતે જેલમાંથી બહાર લાવ્યા તે તેઓને કહી સંભળાવ્યું, તેમણે કહ્યુ કે, એ સમાચાર યાકૂબને તથા બીજા ભાઈઓને પહોંચાડજો. પછી તે બીજી જગ્યાએ ચાલ્યો ગયો.

18 Γενομένης δὲ ἡμέρας, ἦν τάραχος οὐκ ὀλίγος ἐν τοῖς στρατιώταις,
થતાં પણ સવાર હતો હલચલ નહોતી-ઓછી ઓછી માં તે સૈનિકોમાં
G1096 G1161 G2250 G1510 G5017 G3756 G3641 G1722 G3588 G4757

τί ἄρα ὁ Πέτρος ἐγένετο.
શું ખરેખર તે પિતરને થયું
G5101 G0686 G3588 G4074 G1096

સૂર્યોદય થયો ત્યારે સિપાઈઓમાં ઘણી ઉત્કંઠા ઉત્પન્ન થઈ કે, પિતરનું શું થયું હશે?

19 Ἡρῴδης δὲ ἐπιζητήσας αὐτὸν, καὶ μὴ εὑρὼν, ἀνακρίνας τοὺς
હેરોદે પણ શોધીને તેને અને નહોતો-મળ્યો મળ્યો પૂછપરછ-કરીને તે
G2264 G1161 G1934 G0846 G2532 G3361 G2147 G0350 G3588

φύλακας, ἐκέλευσεν ἀπαχθῆναι. καὶ κατελθὼν ἀπὸ τῆς Ἰουδαίας εἰς
ચોકીદારોની આજ્ઞા-આપી મારી-નાખવાની અને જઈને થી તે યહૂદિયાથી માં
G5441 G2753 G0520 G2532 G2718 G0575 G3588 G2449 G1519

Καισάρειαν, διέτριβεν.
કૈસરિયામાં રહ્યો
G2542 G1304

હેરોદે તેની શોધ કરી, પણ તે તેને મળ્યો નહિ, ત્યારે તેણે ચોકીદારોને પૂછપરછ કરી, અને તેઓને મારી નાખવાનો હુકમ કર્યો; પછી યહૂદિયાથી નીકળીને હેરોદ કાઈસારિયામાં ગયો, અને ત્યાં રહ્યો.

20 Ἦν δὲ θυμομαχῶν Τυρίοις καὶ Σιδωνίοις; ὁμοθυμαδὸν δὲ παρῆσαν
હતો પણ ક્રોધિત-હતો તૂરના-લોકો અને સીદોનના-લોકો-સાથે એકમતે પણ આવ્યા
G1510 G1161 G2371 G5183 G2532 G4606 G3661 G1161 G3918

πρὸς αὐτόν, καὶ πείσαντες Βλάστον -- τὸν ἐπὶ τοῦ κοιτῶνος τοῦ
પાસે તેની અને મનાવીને બ્લાસ્ટસને જે ઉપર તે શયનખંડના તે
G4314 G0846 G2532 G3982 G0986 G3588 G1909 G3588 G2846 G3588

βασιλέως -- ᾐτοῦντο εἰρήνην, διὰ τὸ τρέφεσθαι αὐτῶν τὴν χώραν ἀπὸ
રાજાના માંગતા-હતા શાંતિ કારણ-કે તે પોષાતો-હતો તેમનો તે પ્રદેશ થી
G0935 G0154 G1515 G1223 G3588 G5142 G0846 G3588 G5561 G0575

τῆς βασιλικῆς.
તે રાજકીય-ભૂમિથી
G3588 G0937

હવે તૂરના તથા સિદોનના લોક પર હેરોદ ઘણો ગુસ્સે થયો હતો; પણ તેઓ સર્વ સંપ કરીને તેની પાસે આવ્યા, અને રાજાના મુખ્ય સેવક બ્લાસ્તસને પોતાના પક્ષમાં લઈને સુલેહની માગણી કરી, કેમ કે તેઓના દેશના પોષણનો આધાર રાજાના દેશ પર હતો.

21 τακτῇ δὲ ἡμέρᾳ, ὁ Ἡρῴδης, ἐνδυσάμενος ἐσθῆτα βασιλικὴν, ‹καὶ› καθίσας
નિયુક્ત પણ દિવસે તે હેરોદે પહેરીને વસ્ત્ર રાજકીય અને બેસીને
G5002 G1161 G2250 G3588 G2264 G1746 G2066 G0937 G2532 G2523

ἐπὶ τοῦ βήματος, ἐδημηγόρει πρὸς αὐτούς.
ઉપર તે ન્યાયાસન-પર ભાષણ-આપ્યું તેમને તેમને
G1909 G3588 G0968 G1215 G4314 G0846

પછી ઠરાવેલા દિવસે હેરોદે રાજપોશાક પહેરીને, તથા રાજ્યાસન પર બેસીને, તેઓની આગળ ભાષણ કર્યું.

22 ὁ δὲ δῆμος ἐπεφώνει, Θεοῦ φωνὴ, καὶ οὐκ ἀνθρώπου!
તે પણ લોકોએ બૂમ-પાડી ઈશ્વરનો અવાજ અને નહોતો માણસનો
G3588 G1161 G1218 G2019 G2316 G5456 G2532 G3756 G0444

ત્યારે લોકોએ પોકાર કર્યો કે, આ વાણી તો દેવની છે, માણસની નથી.

23 παραχρῆμα δὲ ἐπάταξεν αὐτὸν ἄγγελος Κυρίου, ἀνθ’ ὧν οὐκ ἔδωκεν
તરત પણ માર્યો તેને દૂતે પ્રભુના કારણ-કે જે નહોતો-આપ્યો આપ્યો
G3916 G1161 G3960 G0846 G0032 G2962 G0473 G3739 G3756 G1325

τὴν δόξαν τῷ Θεῷ, καὶ γενόμενος σκωληκόβρωτος, ἐξέψυξεν.
તે મહિમા તે ઈશ્વરને અને થઈને કીડા-ખાધેલો મરી-ગયો
G3588 G1391 G3588 G2316 G2532 G1096 G4662 G1634

તેણે ઈશ્વરને મહિમા આપ્યો નહિ, માટે પ્રભુના સ્વર્ગદૂતે તરત તેને માર્યો; અને તેના શરીરમાં કીડા પડ્યા અને તે મરણ પામ્યો.

24 Ὁ δὲ λόγος τοῦ Θεοῦ ηὔξανεν καὶ ἐπληθύνετο.
તે પણ વચન તે ઈશ્વરનું વધતું-હતું અને ફેલાતું-હતું
G3588 G1161 G3056 G3588 G2316 G0837 G2532 G4129

પણ ઈશ્વરનું વચન પ્રસરતું અને વૃદ્ધિ પામતું ગયું.

25 Βαρνάβας δὲ καὶ Σαῦλος ὑπέστρεψαν εἰς Ἰερουσαλὴμ, πληρώσαντες τὴν
બાર્નાબાસ પણ અને શાઉલ પાછા-ફર્યા માં યરુશાલેમથી પૂરી-કરીને તે
G0921 G1161 G2532 G4569 G5290 G1519 G2419 G4137 G3588

διακονίαν, συμπαραλαβόντες Ἰωάννην, τὸν ἐπικληθέντα Μᾶρκον.
સેવાકાર્ય સાથે-લઈને યોહાનને જે કહેવાતો માર્ક
G1248 G4838 G2491 G3588 G1941 G3138

બાર્નાબાસ તથા શાઉલ દાનસેવા પૂરી કરીને યોહાન, જેનું બીજું નામ માર્ક હતું, તેને સાથે લઈને યરુશાલેમથી પાછા આવ્યા.

## Chapter 13

1 Ἦσαν δὲ ἐν Ἀντιοχείᾳ, κατὰ τὴν οὖσαν ἐκκλησίαν, προφῆται καὶ
હતા પણ માં અત્યોખિયામાં માં તે હતી-જે મંડળીમાં પ્રબોધકો અને
G1510 G1161 G1722 G0490 G2596 G3588 G1510 G1577 G4396 G2532

διδάσκαλοι, ὅ τε Βαρνάβας καὶ Συμεὼν, ὁ καλούμενος Νίγερ, καὶ
શિક્ષકો જેઓમાં પણ બાર્નાબાસ અને સિમયોન જે કહેવાતો નિગર અને
G1320 G3588 G5037 G0921 G2532 G4826 G3588 G2564 G3526 G2532

Λούκιος ὁ Κυρηναῖος, Μαναήν τε Ἡρῴδου τοῦ τετραάρχου σύντροφος,
લુકિયસ જે કુરેનીનો મનાહેન પણ હેરોદ તે રાજ્યપાલના બાળપણનો-સાથી
G3066 G3588 G2956 G3127 G5037 G2264 G3588 G5076 G4939

καὶ Σαῦλος.
અને શાઉલ
G2532 G4569

હવે અત્યોખમાં જે વિશ્વાસી સમુદાય હતો તેમાં કેટલાક પ્રબોધકો તથા ઉપદેશકો હતા, એટલે બાર્નાબાસ તથા શિમયોન જે નિગેર કહેવાતો હતો તે, તથા કુરેનીનો લુકિયસ, તથા હેરોદ રાજાનો દૂધભાઈ મનાહેમ, તથા શાઉલ.

2 Λειτουργούντων δὲ αὐτῶν τῷ Κυρίῳ καὶ νηστευόντων, εἶπεν τὸ
સેવા-કરતાં પણ તેઓ તે પ્રભુની અને ઉપવાસ-કરતાં કહ્યુ તે
G3008 G1161 G0846 G3588 G2962 G2532 G3522 G3004 G3588

Πνεῦμα τὸ Ἅγιον, Ἀφορίσατε δή μοι τὸν Βαρνάβαν καὶ Σαῦλον,
પવિત્ર-આત્માએ તે પવિત્ર અલગ-કરો હવે મારે-માટે તે બાર્નાબાસને અને શાઉલને
G4151 G3588 G0040 G0873 G1211 G1473 G3588 G0921 G2532 G4569

εἰς τὸ ἔργον ὃ προσκέκλημαι αὐτούς.
માટે તે કાર્ય જેમાં બોલાવ્યા-છે તેમને
G1519 G3588 G2041 G3739 G4341 G0846

તેઓ પ્રભુનું ભજન કરતા તથા ઉપવાસ કરતા હતા, ત્યારે પવિત્ર આત્માએ તેઓને કહ્યુ કે, જે સેવાકામ કરવા સારુ મેં બાર્નાબાસ તથા શાઉલને બોલાવ્યા છે તે સેવાકામને વાસ્તે તેઓને મારે સારુ અલગ કરો.

3 τότε νηστεύσαντες, καὶ προσευξάμενοι, καὶ ἐπιθέντες τὰς χεῖρας αὐτοῖς,
ત્યારે ઉપવાસ-કરીને અને પ્રાર્થના-કરીને અને હાથ-મૂકીને તે હાથ તેમના-ઉપર
G5119 G3522 G2532 G4336 G2532 G2007 G3588 G5495 G0846

ἀπέλυσαν.
વિદાય-આપ્યા
G0630

ત્યારે તેઓએ ઉપવાસ તથા પ્રાર્થના કરીને તથા તેઓ પર હાથ મૂકીને તેઓને વિદાય કર્યા.

4 Αὐτοὶ μὲν οὖν ἐκπεμφθέντες ὑπὸ τοῦ Ἁγίου Πνεύματος, κατῆλθον εἰς
તેઓ તો તેથી મોકલાયેલા દ્વારા તે પવિત્ર આત્માના ગયા માં
G0846 G3303 G3767 G1599 G5259 G3588 G0040 G4151 G2718 G1519

Σελεύκειαν. ἐκεῖθέν τε ἀπέπλευσαν εἰς Κύπρον.
સેલેઉકિયામાં ત્યાંથી પણ વહાણ-ચડ્યા માં સાયપ્રસમાં
G4581 G1564 G5037 G0636 G1519 G2954

એ પ્રમાણે પવિત્ર આત્માનાં મોકલવાથી તેઓ સલૂકિયા ગયા; તેઓ ત્યાંથી વહાણમાં બેસીને સાઈપ્રસમાં ગયા.

5 καὶ γενόμενοι ἐν Σαλαμῖνι, κατήγγελλον τὸν λόγον τοῦ Θεοῦ ἐν ταῖς
અને આવીને માં સલામિસમાં પ્રચાર-કર્યો તે વચન તે ઈશ્વરનું માં તે
G2532 G1096 G1722 G4529 G2605 G3588 G3056 G3588 G2316 G1722 G3588

συναγωγαῖς τῶν Ἰουδαίων. εἶχον δὲ καὶ Ἰωάννην ὑπηρέτην.
સભાસ્થાનોમાં તે યહૂદીઓન હતો પણ પણ યોહાનને સહાયક-તરીકે
G4864 G3588 G2453 G2192 G1161 G2532 G2491 G5257

તેઓ સાલામિસ આવ્યા, ત્યારે તેઓએ યહૂદીઓના સભાસ્થાનોમાં ઈશ્વરનું વચન પ્રગટ કર્યું; યોહાન પણ સહાયક તરીકે તેઓની સાથે હતો.

6 διελθόντες δὲ ὅλην τὴν νῆσον, ἄχρι Πάφου, εὗρον ἄνδρα-- τινὰ μάγον,
પસાર-થઈને પણ આખા તે ટાપુમાં સુધી પાફોસ મળ્યો માણસને એક જાદુગર
G1330 G1161 G3650 G3588 G3520 G0891 G3974 G2147 G0435 G5100 G3097

ψευδοπροφήτην, Ἰουδαῖον-- ᾧ ὄνομα Βαρισοῦ,
જૂઠો-પ્રબોધક યહૂદી જેનું નામ બાર-યેશુઆ
G5578 G2453 G3739 G3686 G0919

તેઓ તે ટાપુ ઓળંગીને પાફોસ ગયા, ત્યાં બાર-ઈસુ નામનો એક યહૂદી તેઓને મળ્યો, તે જાદુગર તથા જૂઠો પ્રબોધક હતો.

7 ὃς ἦν σὺν τῷ ἀνθυπάτῳ Σεργίῳ Παύλῳ, ἀνδρὶ συνετῷ. οὗτος
જે હતો સાથે તે રાજ્યપાલ સર્ગિયસ પાઉલસ માણસ બુદ્ધિમાન તેણે
G3739 G1510 G4862 G3588 G0446 G4588 G3972 G0435 G4908 G3778

προσκαλεσάμενος Βαρνάβαν καὶ Σαῦλον, ἐπεζήτησεν ἀκοῦσαι τὸν λόγον τοῦ
બોલાવીને બાર્નાબાસને અને શાઉલને ઇચ્છયો સાંભળવા તે વચન તે
G4341 G0921 G2532 G4569 G1934 G0191 G3588 G3056 G3588

Θεοῦ.
ઈશ્વરનું
G2316

ટાપુનો હાકેમ, સર્જીયસ પાઉલ, જે બુદ્ધિશાળી માણસ હતો, તેની સાથે તે હતો. તે હાકેમે બાર્નાબાસ તથા શાઉલને પોતાની પાસે બોલાવીને ઈશ્વરનું વચન સાંભળવાની ઇચ્છા બતાવી.

8 ἀνθίστατο δὲ αὐτοῖς Ἐλύμας ὁ μάγος -- οὕτως γὰρ μεθερμηνεύεται
વિરોધ-કરતો-હતો પણ તેમનો એલુમાસ તે જાદુગર એમ કારણ-કે ભાષાંતર-થાય-છે
G0436 G1161 G0846 G1681 G3588 G3097 G3779 G1063 G3177

τὸ ὄνομα αὐτοῦ -- ζητῶν διαστρέψαι τὸν ἀνθύπατον ἀπὸ τῆς πίστεως.
તે નામ તેનું શોધતો-હતો ફેરવવા તે રાજ્યપાલને થી તે વિશ્વાસથી
G3588 G3686 G0846 G2212 G1294 G3588 G0446 G0575 G3588 G4102

પણ એલિમાસ જાદુગર કેમ કે તેના નામનો અર્થ એ જ છે, તે હાકેમને વિશ્વાસ કરતાં અટકાવવાના ઇરાદા સાથે તેઓની સામો થયો.

9 Σαῦλος δέ, ὁ καὶ Παῦλος, πλησθεὶς Πνεύματος Ἁγίου, ἀτενίσας εἰς
શાઉલ પણ જે એટલે પાઉલ ભરાઈને પવિત્ર-આત્માથી પવિત્ર તાકીને-જોઈ તરફ
G4569 G1161 G3588 G2532 G3972 G4130 G4151 G0040 G0816 G1519

αὐτὸν,
તેની
G0846

પણ શાઉલે જે પાઉલ પણ કહેવાય છે, પવિત્ર આત્માથી ભરપૂર થઈને તેની સામે એક નજરે જોઈને કહ્યુ કે,

10 εἶπεν, Ὦ πλήρης παντὸς δόλου καὶ πάσης ῥᾳδιουργίας, υἱὲ διαβόλου,
કહ્યુ ઓ ભરપૂર બધા છળના અને બધી દુષ્ટતાના પુત્ર શેતાનના
G3004 G5599 G4134 G3956 G1388 G2532 G3956 G4468 G5207 G1228

ἐχθρὲ πάσης δικαιοσύνης, οὐ παύσῃ διαστρέφων τὰς ὁδοὺς τοῦ Κυρίου
શત્રુ બધી ન્યાયીપણુંના શું-નહિ છોડો વાંકા-કરવાનું તે માર્ગોને તે પ્રભુના
G2190 G3956 G1343 G3756 G3973 G1294 G3588 G3598 G3588 G2962

τὰς εὐθείας?
તે સીધા-માર્ગોને?
G3588 G2117

'અરે સર્વ કપટ તથા સર્વ કાવતરાંથી ભરપૂર, શેતાનના દીકરા અને સર્વ ન્યાયીપણાના શત્રુ, શું પ્રભુના સીધા માર્ગને વાંકા કરવાનું તું મૂકી દઈશ નહિ?'

11 καὶ νῦν ἰδοὺ, χεὶρ Κυρίου ἐπὶ σέ, καὶ ἔσῃ τυφλὸς, μὴ βλέπων
અને હવે જુઓ હાથ પ્રભુનો ઉપર તારા અને હોશો આંધળો નહોતો-જોતો જોતો
G2532 G3568 G3708 G5495 G2962 G1909 G4771 G2532 G1510 G5185 G3361 G0991

τὸν ἥλιον ἄχρι καιροῦ. παραχρῆμα δὲ ἔπεσεν ἐπ' αὐτὸν ἀχλὺς καὶ
તે સૂર્ય સુધી સમય-સુધી તરત પણ પડ્યો ઉપર તેના ધૂંધળું અને
G3588 G2246 G0891 G2540 G3916 G1161 G4098 G1909 G0846 G0887 G2532

σκότος, καὶ περιάγων ἐζήτει χειραγωγούς.
અધારું અને ફરતો-ફરતો શોધતો-હતો માર્ગદર્શકોને
G4655 G2532 G4013 G2212 G5497

હવે, જો, પ્રભુનો હાથ તારી વિરુદ્ધ છે, કેટલીક મુદત સુધી તું અંધ રહેશે, અને તને સૂર્ય દેખાશે નહિ. ત્યારે એકાએક ધૂમર તથા અંધકાર તેના પર આવી પડ્યાં, અને હાથ પકડીને પોતાને દોરે એવાની તેણે શોધ કરવા માંડી.

12 τότε ἰδὼν ὁ ἀνθύπατος τὸ γεγονὸς, ἐπίστευσεν, ἐκπλησσόμενος ἐπὶ τῇ
ત્યારે જોઈને તે રાજ્યપાલે તે બનેલું વિશ્વાસ-કર્યો આશ્ચર્ય-પામીને ઉપર તે
G5119 G3708 G3588 G0446 G3588 G1096 G4100 G1605 G1909 G3588

διδαχῇ τοῦ Κυρίου.
શિક્ષા તે પ્રભુની
G1322 G3588 G2962

અને જે થયું તે હાકેમે જોયું ત્યારે તેણે પ્રભુ વિષેના બોધથી વિસ્મય પામીને વિશ્વાસ કર્યો.

13 Ἀναχθέντες δὲ ἀπὸ τῆς Πάφου οἱ περὶ, Παῦλον ἦλθον εἰς
વહાણ-ચડીને પણ થી તે પાફોસથી તે પાઉલના-સાથીઓ પાઉલ આવ્યા માં
G0321 G1161 G0575 G3588 G3974 G3588 G4012 G3972 G2064 G1519

Πέργην τῆς Παμφυλίας. Ἰωάννης δὲ ἀποχωρήσας ἀπ' αὐτῶν, ὑπέστρεψεν
પેર્ગામાં તે પામ્ફિલિયાની યોહાન પણ અલગ-થઈને થી તેમનાથી પાછો-ફર્યો
G4011 G3588 G3828 G2491 G1161 G0672 G0575 G0846 G5290

εἰς Ἱεροσόλυμα.
માં યરુશાલેમમાં
G1519 G2414

પછી પાઉલ તથા તેના સાથીઓ પાફોસથી વહાણમાં બેસીને પામ્ફૂલિયાના પેર્ગા બંદરમાં આવ્યા, અને યોહાન તેઓને મૂકીને યરુશાલેમ પાછો ચાલ્યો ગયો.

14 Αὐτοὶ δὲ, διελθόντες ἀπὸ τῆς Πέργης, παρεγένοντο εἰς Ἀντιόχειαν τὴν
તેઓ પણ આગળ-વધીને થી તે પેર્ગાથી પહોંચ્યા માં અત્યોખિયા તે
G0846 G1161 G1330 G0575 G3588 G4011 G3854 G1519 G0490 G3588

Πισιδίαν, καὶ εἰσελθόντες εἰς τὴν συναγωγὴν τῇ ἡμέρᾳ τῶν σαββάτων,
પિસિદિયાની અને અંદર-જઈને માં તે સભાસ્થાનમાં તે દિવસે તે વિશ્રામના
G4099 G2532 G1525 G1519 G3588 G4864 G3588 G2250 G3588 G4521

ἐκάθισαν.
બેસી-ગયા
G2523

પણ તેઓ પેર્ગાથી આગળ જતા પીસીદિયાના અંત્યોખ આવ્યા; અને વિશ્રામવારે સભાસ્થાનમાં જઈને બેઠા.

15 μετὰ δὲ τὴν ἀνάγνωσιν τοῦ νόμου καὶ τῶν προφητῶν, ἀπέστειλαν οἱ
પછી પણ તે વાંચન તે એના અને તે પ્રબોધકોના મોકલ્યા તે
G3326 G1161 G3588 G0320 G3588 G3551 G2532 G3588 G4396 G0649 G3588

ἀρχισυνάγωγοι πρὸς αὐτοὺς, λέγοντες, Ἄνδρες, ἀδελφοί, εἴ τίς ἐστιν ἐν
સભાસ્થાનના-અધ્યક્ષોએ તેમને તેમને કહેતા ભાઈઓ ભાઈઓ જો કોઈ છે માં
G0752 G4314 G0846 G3004 G0435 G0080 G1487 G5100 G1510 G1722

ὑμῖν λόγος παρακλήσεως πρὸς τὸν λαόν, λέγετε.
તમારામાં વચન ઉત્તેજનનું માટે તે લોકોને બોલો
G4771 G3056 G3874 G4314 G3588 G2992 G3004

ત્યારે નિયમશાસ્ત્ર તથા પ્રબોધકોના વચનોનું વાંચન પૂરું થયા પછી સભાસ્થાનના અધિકારીઓએ તેઓને કહેવડાવ્યું કે, ભાઈઓ, જો તમારે લોકોને બોધરૂપી કંઈ વાત કહેવી હોય તો કહી સંભળાવો.

16 ἀναστὰς δὲ Παῦλος, καὶ κατασείσας τῇ χειρὶ, εἶπεν, Ἄνδρες, Ἰσραηλῖται,
ઊઠીને પણ પાઉલે અને હાથ-હલાવીને તે હાથથી કહ્યુ ભાઈઓ ઇઝરાયલીઓ
G0450 G1161 G3972 G2532 G2678 G3588 G5495 G3004 G0435 G2475

καὶ οἱ φοβούμενοι τὸν Θεόν, ἀκούσατε.
અને જેઓ ડરો-છો તે ઈશ્વરથી સાંભળો
G2532 G3588 G5399 G3588 G2316 G0191

ત્યારે પાઉલ ઊભો થઈને અને હાથથી ઇશારો કરીને બોલ્યો કે, ઓ ઇઝરાયલી માણસો તથા તમે ઈશ્વરનું સન્માન જાળવનારાઓ, સાંભળો;

17 ὁ Θεὸς τοῦ λαοῦ τούτου Ἰσραὴλ ἐξελέξατο τοὺς πατέρας ἡμῶν, καὶ
તે ઈશ્વર આ લોકોના આ ઇઝરાયલના પસંદ-કર્યા આપણા પિતાઓને આપણા અને
G3588 G2316 G3588 G2992 G3778 G2474 G1586 G3588 G3962 G1473 G2532

τὸν λαὸν ὕψωσεν ἐν τῇ παροικίᾳ ἐν γῇ Αἰγύπτου, καὶ μετὰ
તે લોકોને ઊંચા-કર્યા માં તે પરદેશમાં માં ભૂમિ-માં મિસરની અને સાથે
G3588 G2992 G5312 G1722 G3588 G3940 G1722 G1093 G0125 G2532 G3326

βραχίονος ὑψηλοῦ, ἐξήγαγεν αὐτοὺς ἐξ αὐτῆς,
બાહુની ઊંચી બહાર-કાઢ્યા તેમને માંથી તેમાંથી
G1023 G5308 G1806 G0846 G1537 G0846

આ ઇઝરાયલી લોકોના ઈશ્વરે આપણા પૂર્વજોને પસંદ કર્યા, અને તેઓ મિસર દેશમાં રહેતા હતા, ત્યારે તેઓને આઝાદ કર્યા, અને તે તેઓને ત્યાંથી પરાક્રમી હાથ વડે કાઢી લાવ્યા.

18 καί ὡς τεσσερακονταετῆ χρόνον ἐτροποφόρησεν αὐτοὺς ἐν τῇ ἐρήμῳ,
અને આશરે ચાળીસ-વર્ષ સમય સહન-કર્યું તેમને માં તે અરણ્યમાં
G2532 G5613 G5063 G5550 G5159 G0846 G1722 G3588 G2048

ઈશ્વરે ચાળીસ વર્ષ સુધી અરણ્યમાં તેઓની વર્તણૂક સહન કરી.

19 καὶ καθελὼν ἔθνη ἑπτὰ ἐν γῇ Χανάαν, κατεκληρονόμησεν τὴν γῆν
અને નાશ-કરીને પ્રજાઓ સાત માં ભૂમિ-માં કનાનની વારસા-આપી તેમની ભૂમિ
G2532 G2507 G1484 G2033 G1722 G1093 G5477 G2624 G3588 G1093

αὐτῶν--
તેમની
G0846

અને કનાન દેશમાંના સાત રાજ્યોના લોકોનો નાશ કરીને તેમણે તેઓનો દેશ આશરે ચારસો પચાસ વર્ષ સુધી તેઓને વતન તરીકે આપ્યો;

20 ὡς ἔτεσιν τετρακοσίοις καὶ πεντήκοντα. καὶ μετὰ ταῦτα, ἔδωκεν κριτὰς
આશરે વર્ષોમાં ચારસો-પચાસ અને પચાસ અને પછી આ આપ્યા ન્યાયાધીશો
G5613 G2094 G5071 G2532 G4004 G2532 G3326 G3778 G1325 G2923

ἕως Σαμουὴλ ‹τοῦ› προφήτου.
સુધી શમુએલ તે પ્રબોધકના
G2193 G4545 G3588 G4396

એ પછી તેમણે શમુએલ પ્રબોધકના સમય સુધી તેઓને ન્યાયાધીશો આપ્યા.

21

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| κἀκεῖθεν | ᾐτήσαντο | βασιλέα, | καὶ | ἔδωκεν | αὐτοῖς | ὁ | Θεὸς, | τὸν | Σαοὺλ | υἱὸν |
| અને-ત્યારબાદ | માંગ્યો | રાજા | અને | આપ્યો | તેમને | તે | ઈશ્વરે | તે | શાઉલને | પુત્ર |
| G2547 | G0154 | G0935 | G2532 | G1325 | G0846 | G3588 | G2316 | G3588 | G4549 | G5207 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Κίς, | ἄνδρα | ἐκ | φυλῆς | Βενιαμίν, | ἔτη | τεσσεράκοντα. |
| કીશનો | માણસ | માંથી | કુળનો | બિન્યામીનના | વર્ષો | ચાળીસ |
| G2797 | G0435 | G1537 | G5443 | G0958 | G2094 | G5062 |

ત્યાર પછી તેઓએ રાજા માગ્યો; ત્યારે ઈશ્વરે ચાળીસ વર્ષ સુધી બિન્યામીનના કુળનો કીશનો દીકરો શાઉલ તેઓને રાજા તરીકે આપ્યો.

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| καὶ | μεταστήσας | αὐτὸν, | ἤγειρεν | τὸν | Δαυὶδ | αὐτοῖς | εἰς | βασιλέα, | ᾧ | καὶ |
| અને | હટાવીને | તેને | ઊઠાડ્યો | તે | દાઊદને | તેમને | માટે | રાજા-તરીકે | જેને | પણ |
| G2532 | G3179 | G0846 | G1453 | G3588 | G1138 | G0846 | G1519 | G0935 | G3739 | G2532 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εἶπεν | μαρτυρήσας, | Εὗρον | Δαυὶδ | τὸν | τοῦ | Ἰεσσαί, | ἄνδρα | κατὰ | τὴν | καρδίαν |
| કહ્યુ | સાક્ષી-આપીને | શોધ્યો | દાઊદને | તે | તે | યિશાઈનો | માણસ | મુજબ | મારા | હૃદયનો |
| G3004 | G3140 | G2147 | G1138 | G3588 | G3588 | G2421 | G0435 | G2596 | G3588 | G2588 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| μου, | ὃς | ποιήσει | πάντα | τὰ | θελήματά | μου. |
| મારા | જે | કરશે | બધું | તે | ઇચ્છાઓ | મારી |
| G1473 | G3739 | G4160 | G3956 | G3588 | G2307 | G1473 |

પછી તેને દૂર કરીને તેમણે દાઉદને તેઓનો રાજા થવા સારુ ઊભો કર્યો, અને તેમણે તેના સંબંધી સાક્ષી આપી કે, 'મારો મનગમતો એક માણસ, એટલે યિશાઈનો દીકરો દાઉદ, મને મળ્યો છે; તે મારી બધી ઇચ્છા પૂરી કરશે.'

23

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| τούτου | ὁ | Θεὸς, | ἀπὸ | τοῦ | σπέρματος, | κατ' | ἐπαγγελίαν, | ἤγαγεν | τῷ |
| તેના | તે | ઈશ્વરે | થી | તે | વંશમાંથી | વચન-મુજબ | વચનના | લાવ્યો | તે |
| G3778 | G3588 | G2316 | G0575 | G3588 | G4690 | G2596 | G1860 | G0071 | G3588 |

| | | |
|---|---|---|
| Ἰσραὴλ | Σωτῆρα | Ἰησοῦν, |
| ઇઝરાયલને | ઉદ્ધારક | ઈસુને |
| G2474 | G4990 | G2424 |

એ માણસના વંશમાંથી ઈશ્વરે વચન પ્રમાણે ઇઝરાયલને સારુ એક ઉદ્ધારકને એટલે ઈસુને ઊભા કર્યા.

24

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| προκηρύξαντος | Ἰωάννου, | πρὸ | προσώπου, | τῆς | εἰσόδου | αὐτοῦ, | βάπτισμα |
| પહેલાં-પ્રચાર-કરીને | યોહાને | આગળ | આગમનના | તે | આવવાના | તેના | બાપ્તિસ્મા |
| G4296 | G2491 | G4253 | G4383 | G3588 | G1529 | G0846 | G0908 |

| | | | | |
|---|---|---|---|---|
| μετανοίας, | παντὶ | τῷ | λαῷ | Ἰσραήλ. |
| પસ્તાવાના | બધા | તે | લોકોને | ઇઝરાયલના |
| G3341 | G3956 | G3588 | G2992 | G2474 |

તેમના આવ્યા અગાઉ યોહાને બધા ઇઝરાયલી લોકોને પસ્તાવાનું બાપ્તિસ્મા પ્રગટ કર્યું હતું.

25

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ὡς | δὲ | ἐπλήρου | Ἰωάννης | τὸν | δρόμον, | ἔλεγεν, | Τί | ἐμὲ | ὑπονοεῖτε |
| જેમ | પણ | પૂરો-કરતો-હતો | યોહાન | તેનો | માર્ગ | કહેતો-હતો | શું | મને | માનો-છો |
| G5613 | G1161 | G4137 | G2491 | G3588 | G1408 | G3004 | G5101 | G1473 | G5282 |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| εἶναι? | οὐκ | εἰμὶ | ἐγώ, | ἀλλ' | ἰδοὺ, | ἔρχεται | μετ' | ἐμὲ, | οὗ | οὐκ | εἰμὶ | ἄξιος |
| હોવા? | નથી | છું | હું | પણ | જુઓ | આવે-છે | પછી | મારા | જેના | નથી | છું-હું | યોગ્ય |
| G1510 | G3756 | G1510 | G1473 | G0235 | G3708 | G2064 | G3326 | G1473 | G3739 | G3756 | G1510 | G0514 |

| | | | | |
|---|---|---|---|---|
| τὸ | ὑπόδημα | τῶν | ποδῶν | λῦσαι. |
| તેના | જૂતાની | તેના | પગની | છોડવા |
| G3588 | G5266 | G3588 | G4228 | G3089 |

યોહાન પોતાની દોડ પૂરી કરી રહેવા આવ્યો હતો એ દરમિયાન તે બોલ્યો કે, 'હું કોણ છું એ વિષે તમે શું ધારો છો? હું તે નથી. પણ જુઓ, જે મારી પાછળ આવે છે, જેમનાં પગનાં ચંપલની દોરી છોડવાને હું યોગ્ય નથી.'

26 Ἄνδρες, ἀδελφοί, υἱοὶ γένους Ἀβραὰμ, καὶ οἱ ἐν ὑμῖν φοβούμενοι
ભાઈઓ ભાઈઓ સંતાનો વંશના અબ્રાહામના અને જેઓ માં તમારામાં ડરનારા
G0435 G0080 G5207 G1085 G0011 G2532 G3588 G1722 G4771 G5399

τὸν Θεόν, ἡμῖν ὁ λόγος τῆς σωτηρίας ταύτης ἐξαπεστάλη.
તે ઈશ્વરથી અમને આ વચન આ ઉદ્ધારનું આ મોકલાયું-છે
G3588 G2316 G1473 G3588 G3056 G3588 G4991 G3778 G1821

ભાઈઓ, ઇબ્રાહિમનાં વંશજો તથા ઈશ્વરનું ભય રાખનારા વિદેશીઓ, આપણી પાસે એ ઉદ્ધારની વાત મોકલવામાં આવી છે.

27 οἱ γὰρ κατοικοῦντες ἐν Ἰερουσαλὴμ καὶ οἱ ἄρχοντες αὐτῶν, τοῦτον
કારણ-કે જેઓ રહેતા માં યરુશાલેમમાં અને તેમન□ અધિકારીઓ તેમના તેને
G3588 G1063 G2730 G1722 G2419 G2532 G3588 G0758 G0846 G3778

ἀγνοήσαντες, καὶ τὰς φωνὰς τῶν προφητῶν, τὰς κατὰ πᾶν σάββατον
નહોતો-ઓળખીને અને તે અવાજો તે પ્રબોધકોના જે દરેક બધા વિશ્રામે
G0050 G2532 G3588 G5456 G3588 G4396 G3588 G2596 G3956 G4521

ἀναγινωσκομένας, κρίναντες ἐπλήρωσαν.
વાંચવામાં-આવતી દંડ-કરીને પૂરા-કર્યા
G0314 G2919 G4137

કેમ કે યરુશાલેમના રહેવાસીઓએ તથા તેઓના અધિકારીઓએ તેમને વિષે તથા પ્રબોધકોની જે વાતો દરેક વિશ્રામવારે વાંચવામાં આવે છે તે વિષે પણ અજ્ઞાન હોવાથી તેમને અપરાધી ઠરાવીને તે ભવિષ્યની વાતો પૂર્ણ કરી.

28 καὶ μηδεμίαν αἰτίαν θανάτου εὑρόντες, ᾐτήσαντο Πιλᾶτον ἀναιρεθῆναι αὐτόν.
અને કોઈ કારણ મૃત્યુનું શોધ્યા-વિના માંગ્યું પિલાતોસને મારી-નાખવાનું તેને
G2532 G3367 G0156 G2288 G2147 G0154 G4091 G0337 G0846

મૃત્યુને યોગ્ય શિક્ષા કરાય એવું કંઈ કારણ તેઓને મળ્યું નહિ, તેમ છતાં પણ તેઓએ પિલાતને એવી વિનંતી કરી કે તેમને મારી નંખાવો.

29 ὡς δὲ ἐτέλεσαν πάντα τὰ περὶ αὐτοῦ γεγραμμένα, καθελόντες ἀπὸ τοῦ
જ્યારે પણ પૂરું-કર્યું બધું જે વિષે તેના લખાયેલું ઉતારીને થી તે
G5613 G1161 G5055 G3956 G3588 G4012 G0846 G1125 G2507 G0575 G3588

ξύλου, ἔθηκαν εἰς μνημεῖον.
વૃક્ષથી મૂક્યો માં કબરમાં
G3586 G5087 G1519 G3419

તેમને વિષે જે લખ્યું હતું તે સઘળું તેઓએ પૂર્ણ કર્યું ત્યારે વધસ્તંભ પરથી તેમને ઉતારીને તેઓએ તેમને કબરમાં મૂક્યા.

30 ὁ δὲ Θεὸς ἤγειρεν αὐτὸν ἐκ νεκρῶν,
પણ પરંતુ ઈશ્વરે ઉઠાડ્યો તેને માંથી મૃત્યુમાંથી
G3588 G1161 G2316 G1453 G0846 G1537 G3498

પણ ઈશ્વરે તેમને મૃત્યુમાંથી સજીવન કર્યા.

31 ὃς ὤφθη ἐπὶ ἡμέρας πλείους τοῖς συναναβᾶσιν αὐτῷ ἀπὸ τῆς
જે દેખાયો ઉપર દિવસોમાં ઘણા જેઓને આવેલા-હતા તેમની-સાથે થી તે
G3739 G3708 G1909 G2250 G4119 G3588 G4872 G0846 G0575 G3588

Γαλιλαίας εἰς Ἰερουσαλήμ, οἵτινες νῦν εἰσιν μάρτυρες αὐτοῦ πρὸς τὸν λαόν.
ગાલીલથી માં યરુશાલેમમાં જેઓ હવે છે સાક્ષીઓ તેન□ માટે તે લોકોના
G1056 G1519 G2419 G3748 G3568 G1510 G3144 G0846 G4314 G3588 G2992

અને તેમની સાથે ગાલીલથી યરુશાલેમમાં આવેલા માણસોને ઘણાં દિવસ સુધી તે દર્શન આપતા રહ્યા, અને તેઓ હમણાં લોકોની આગળ તેમના સાક્ષી છે.

32 καὶ ἡμεῖς ὑμᾶς εὐαγγελιζόμεθα, τὴν πρὸς τοὺς πατέρας ἐπαγγελίαν
અને અમે તમને સુવાર્તા-આપીએ-છીએ તે માટે તે પિતાઓને વચન
G2532 G1473 G4771 G2097 G3588 G4314 G3588 G3962 G1860

γενομένην,
આપેલું
G1096

અને જે આશાવચનો આપણા પૂર્વજોને આપવામાં આવ્યા હતા તેનો શુભસંદેશ અમે તમારી પાસે લાવ્યા છીએ કે,

33 ὅτι ταύτην ὁ Θεὸς ἐκπεπλήρωκεν, τοῖς τέκνοις [αὐτῶν] ἡμῶν, ἀναστήσας
કે આ તે ઈશ્વરે પૂરું-કર્યું-છે તે સંતાનોને તેમન□ આપણા ઉઠાડીને
G3754 G3778 G3588 G2316 G1603 G3588 G5043 G0846 G1473 G0450

Ἰησοῦν; ὡς καὶ ἐν τῷ ψαλμῷ γέγραπται τῷ δευτέρῳ, Υἱός μου εἶ
ઈસુને જેમ પણ માં તે ગીતશાસ્ત્રમાં લખાયેલું-છે તે બીજામાં પુત્ર મારો છે
G2424 G5613 G2532 G1722 G3588 G5568 G1125 G3588 G1208 G5207 G1473 G1510

σύ, ἐγὼ σήμερον γεγέννηκά σε.
તું મેં આજે જન્મ-આપ્યો-છે તને
G4771 G1473 G4594 G1080 G4771

ઈસુને મૃત્યુમાંથી સજીવન કરીને ઈશ્વરે આપણાં છોકરાં પ્રત્યે તે વચન પૂર્ણ કર્યું છે, અને તે પ્રમાણે બીજા ગીતમાં પણ લખેલું છે કે, તું મારો દીકરો છે, આજ મેં તને જન્મ આપ્યો છે.

34 ὅτι δὲ ἀνέστησεν αὐτὸν ἐκ νεκρῶν, μηκέτι μέλλοντα ὑποστρέφειν εἰς
કે પણ ઉઠાડ્યો તેને માંથી મૃત્યુમાંથી હવે-કદી-નહિ આવવાનો પાછા-ફરવાનો માં
G3754 G1161 G0450 G0846 G1537 G3498 G3371 G3195 G5290 G1519

διαφθοράν, οὕτως εἴρηκεν: ὅτι Δώσω ὑμῖν τὰ ὅσια Δαυὶδ, τὰ πιστά.
વિનાશમાં એમ કહ્યુ-છે કે આપીશ તમને તે પવિત્ર દાઊદના તે વિશ્વસનીય
G1312 G3779 G2046 G3754 G1325 G4771 G3588 G3741 G1138 G3588 G4103

તેમણે તેમને મરણમાંથી ઉઠાડ્યાં, અને તેમનો દેહ સડો પામશે નહિ, તે વિષે તેમણે એમ કહ્યુ છે કે, દાઉદ પરના પવિત્ર તથા નિશ્ચિત આશીર્વાદો હું તમને આપીશ.

35 διότι καὶ ἐν ἑτέρῳ λέγει, Οὐ δώσεις τὸν Ὅσιόν σου ἰδεῖν
તેથી પણ માં બીજામાં કહે-છે નહોતો-આપો તારા તે પવિત્રને તારા જોવા
G1360 G2532 G1722 G2087 G3004 G3756 G1325 G3588 G3741 G4771 G3708

διαφθοράν.
વિનાશ
G1312

એ માટે તેઓ બીજા વચનોમાં પણ કહે છે કે, તમે પોતાના પવિત્રના દેહને સડવા દેશો નહીં.

36 Δαυὶδ μὲν, γὰρ ἰδίᾳ γενεᾷ ὑπηρετήσας τῇ τοῦ Θεοῦ βουλῇ, ἐκοιμήθη,
દાઊદ તો કારણ-કે પોતાની પેઢીમાં સેવા-કરીને તે તે ઈશ્વરની યોજનાથી સૂઈ-ગયો
G1138 G3303 G1063 G2398 G1074 G5256 G3588 G3588 G2316 G1012 G2837

καὶ προσετέθη πρὸς τοὺς πατέρας αὐτοῦ, καὶ εἶδεν διαφθοράν.
અને ઉમેરાયો પાસે તેન□ પિતાઓને તેન□ અને જોયો વિનાશ
G2532 G4369 G4314 G3588 G3962 G0846 G2532 G3708 G1312

કેમ કે દાઉદ તો પોતાના જમાનામાં ઈશ્વરની ઇચ્છા પ્રમાણે સેવા કરીને ઊંઘી ગયો, અને તેને પોતાના પૂર્વજોની બાજુમાં દફનાવવામાં આવ્યો, અને તેનો દેહ સડો પામ્યો.

37 ὃν δὲ ὁ Θεὸς ἤγειρεν οὐκ εἶδεν διαφθοράν.
જેને પણ તે ઈશ્વરે ઉઠાડ્યો નહોતો-જોયો જોયો વિનાશ
G3739 G1161 G3588 G2316 G1453 G3756 G3708 G1312

પણ જેમને ઈશ્વરે મૃત્યુમાંથી સજીવન કર્યા, તેમના દેહને સડો લાગ્યો નહિ.

38 γνωστὸν οὖν ἔστω ὑμῖν, ἄνδρες, ἀδελφοί, ὅτι διὰ τούτου, ὑμῖν ἄφεσις
જાણીતું તેથી હો તમને ભાઈઓ ભાઈઓ કે દ્વારા તેન તમને માફી
G1110 G3767 G1510 G4771 G0435 G0080 G3754 G1223 G3778 G4771 G0859

ἁμαρτιῶν καταγγέλλεται,
પાપોની જાહેર-કરાય-છે
G0266 G2605

એ માટે, ભાઈઓ, તમને માલૂમ થાય કે, એમના દ્વારા પાપોની માફી છે; તે તમને પ્રગટ કરવામાં આવે છે.

39 καὶ ἀπὸ πάντων ὧν οὐκ ἠδυνήθητε ἐν νόμῳ Μωϋσέως
અને બધામાંથી બધા જેમાંથી નહોતા-શક્યા શક્યા માં એનાથી મૂસાના
G2532 G0575 G3956 G3739 G3756 G1410 G1722 G3551 G3475

δικαιωθῆναι, ἐν τούτῳ πᾶς ὁ πιστεύων δικαιοῦται.
ન્યાયી-ઠરવા માં તેનામાં દરેક જે વિશ્વાસ-કરે-છે ન્યાયી-ઠરાય-છે
G1344 G1722 G3778 G3956 G3588 G4100 G1344

અને જે બાબતો વિષે મૂસાના નિયમશાસ્ત્રથી તમે ન્યાય કરી શક્યા નહિ, તે સર્વ વિષે દરેક વિશ્વાસ કરનાર તેમના દ્વારા ન્યાયી ઠરે છે.

40 βλέπετε οὖν, μὴ ἐπέλθῃ, τὸ εἰρημένον ἐν τοῖς προφήταις:
સાવધાન-રહો તેથી કદાચ આવે જે કહેવાયેલું-છે માં તે પ્રબોધકોમાં
G0991 G3767 G3361 G1904 G3588 G2046 G1722 G3588 G4396

માટે સાવધાન રહો, રખેને પ્રબોધકોના લેખમાંનું આ વચન તમારા ઉપર આવી પડે કે,

41 Ἴδετε, οἱ καταφρονηταί, καὶ θαυμάσατε καὶ ἀφανίσθητε; ὅτι ἔργον
જુઓ તમે તિરસ્કાર-કરનારાઓ અને આશ્ચર્ય-પામો અને નાશ-પામો કારણ-કે કાર્ય
G3708 G3588 G2707 G2532 G2296 G2532 G0853 G3754 G2041

ἐργάζομαι ἐγὼ ἐν ταῖς ἡμέραις ὑμῶν, ἔργον ὃ οὐ μὴ πιστεύσητε,
કરું-છું હું માં તમારા દિવસોમાં તમારા કાર્ય જે કદાપિ નહોતા વિશ્વાસ-કરો
G2038 G1473 G1722 G3588 G2250 G4771 G2041 G3739 G3756 G3361 G4100

ἐάν τις ἐκδιηγῆται ὑμῖν.
જો કોઈ વર્ણવે તમને
G1437 G5100 G1555 G4771

'ઓ તિરસ્કાર કરનારાઓ, તમે જુઓ, અને આશ્ચર્ય અનુભવો અને નાશ પામો; કેમ કે તમારા દિવસોમાં હું એવું કાર્ય કરવાનો છું કે, તે વિષે કોઈ તમને કહે, તો તમે તે માનશો જ નહિ.'

42 Ἐξιόντων δὲ, αὐτῶν παρεκάλουν εἰς τὸ μεταξὺ σάββατον, λαληθῆναι
જતાં પણ તેઓએ વિનંતી-કરી માં આવતા વચ્ચેના વિશ્રામે કહેવાય
G1826 G1161 G0846 G3870 G1519 G3588 G3342 G4521 G2980

αὐτοῖς τὰ ῥήματα ταῦτα.
તેમને આ વચનો આ
G0846 G3588 G4487 G3778

અને તેઓ ભક્તિસ્થાનમાંથી બહાર આવતા હતા ત્યારે લોકોએ વિનંતી કરી કે, 'આવતા વિશ્રામવારે એ વચનો ફરીથી અમને કહી સંભળાવજો'.

43 λυθείσης δέ, τῆς συναγωγῆς, ἠκολούθησαν πολλοὶ τῶν Ἰουδαίων καὶ τῶν
છૂટ્યા-પછી પણ તે સભાસ્થાનથી અનુસર્યાં ઘણા તે યહૂદીઓમાંથી અને તે
G3089 G1161 G3588 G4864 G0190 G4183 G3588 G2453 G2532 G3588

σεβομένων προσηλύτων τῷ Παύλῳ καὶ τῷ Βαρνάβᾳ, οἵτινες προσλαλοῦντες
ભક્તિવાં-ખેલનારા યહૂદી-ધર્માંતરિતોન તે પાઉલને અને તે બાર્નાબાસને જેઓએ બોલતાં-બોલતાં
G4576 G4339 G3588 G3972 G2532 G3588 G0921 G3748 G4354

αὐτοῖς ἔπειθον αὐτοὺς προσμένειν τῇ χάριτι τοῦ Θεοῦ.
તેમને સમજાવતા-હતા તેમને ટકી-રહેવા માં કૃપામાં તે ઈશ્વરની
G0846 G3982 G0846 G4357 G3588 G5485 G3588 G2316

સભાનું વિસર્જન થયા પછી યહૂદીઓ તથા નવા યહૂદી થયેલા ભક્તિમય માણસોમાંના ઘણાં પાઉલ તથા બાર્નાબાસની પાછળ ગયા; તેઓએ તેઓની સાથે વાત કરી, અને તેમને સમજાવ્યું કે ઈશ્વરની કૃપામાં ટકી રહેવું.

44 Τῷ δὲ ἐρχομένῳ σαββάτῳ, σχεδὸν πᾶσα ἡ πόλις συνήχθη ἀκοῦσαι
આવતા પણ આવતા વિશ્રામે લગભગ આખું તે શહેર ભેગું-થયું સાંભળવા
G3588 G1161 G2064 G4521 G4975 G3956 G3588 G4172 G4863 G0191

τὸν λόγον τοῦ κυρίου.
તે વચન તે પ્રભુનું
G3588 G3056 G3588 G2962

બીજે વિશ્રામવારે લગભગ આખું શહેર ઈશ્વરનું વચન સાંભળવા ભેગું થયું.

45 ἰδόντες δὲ οἱ Ἰουδαῖοι τοὺς ὄχλους, ἐπλήσθησαν ζήλου, καὶ ἀντέλεγον
જોઈને પણ તે યહૂદીઓએ તે લોકોને ભરાઈ-ગયા ઈર્ષ્યાથી અને વિરોધ-કરતા-હતા
G3708 G1161 G3588 G2453 G3588 G3793 G4130 G2205 G2532 G0483

τοῖς ὑπὸ Παύλου λαλουμένοις, βλασφημοῦντες.
જે દ્વારા પાઉલન કહેવાતા નિંદા-કરતા
G3588 G5259 G3972 G2980 G0987

પણ લોકોની ભીડ જોઈને યહૂદીઓને અદેખાઈ આવી. તેઓએ પાઉલની કહેલી વાતોની વિરુદ્ધ બોલીને તેનું અપમાન કર્યું.

46 παρρησιασάμενοί τε, ὁ Παῦλος καὶ ὁ Βαρνάβας εἶπαν, Ὑμῖν ἦν
હિંમતથી-બોલીને પણ તે પાઉલે અને તે બાર્નાબાસે કહ્યુ તમને હતું
G3955 G5037 G3588 G3972 G2532 G3588 G0921 G3004 G4771 G1510

ἀναγκαῖον πρῶτον λαληθῆναι τὸν λόγον τοῦ Θεοῦ; ἐπειδὴ ἀπωθεῖσθε αὐτόν,
જરૂરી પહેલાં કહેવાય તે વચન તે ઈશ્વરનું જોકે નકારો-છો તેને
G0316 G4412 G2980 G3588 G3056 G3588 G2316 G1894 G0683 G0846

καὶ οὐκ ἀξίους κρίνετε ἑαυτοὺς τῆς αἰωνίου ζωῆς, ἰδοὺ, στρεφόμεθα εἰς
અને નહોતા યોગ્ય ગણો-છો તમે-પોતાને તે અનંત જીવનન જુઓ ફરીએ-છીએ તરફ
G2532 G3756 G0514 G2919 G1438 G3588 G0166 G2222 G3708 G4762 G1519

τὰ ἔθνη.
તે વિદેશીઓને
G3588 G1484

ત્યારે પાઉલે તથા બાર્નાબાસે હિંમતથી કહ્યુ કે, ‘ઈશ્વરનું વચન પ્રથમ તમને કહેવાની જરૂર હતી. પણ તમે તેનો નકાર કરો છો અને અનંતજીવન પામવાને પોતાને અયોગ્ય ઠરાવો છો, માટે, જુઓ, અમે બિનયહૂદીઓ તરફ ફરીએ છીએ.

47 οὕτως γὰρ ἐντέταλται ἡμῖν ὁ Κύριος: Τέθεικά σε εἰς φῶς ἐθνῶν,
એમ કારણ-કે આજ્ઞા-આપી-છે અમને તે પ્રભુએ મૂક્યો-છે તને માટે પ્રકાશ પ્રજાઓના
G3779 G1063 G1781 G1473 G3588 G2962 G5087 G4771 G1519 G5457 G1484

τοῦ εἶναί σε εἰς σωτηρίαν ἕως ἐσχάτου τῆς γῆς.
કે હોવા તને માટે ઉદ્ધાર સુધી છેવાડા તે પૃથ્વીના
G3588 G1510 G4771 G1519 G4991 G2193 G2078 G3588 G1093

કેમ કે અમને પ્રભુએ એવો હુકમ આપ્યો છે કે, "મેં તમને બિનયહૂદીઓને સારુ અજવાળા તરીકે ઠરાવ્યાં છે કે તમે પૃથ્વીના અતભાગ સુધી ઉદ્ધાર સિદ્ધ કરનારા થાઓ."

| 48 | ἀκούοντα | δὲ, | τὰ | ἔθνη | ἔχαιρον, | καὶ | ἐδόξαζον | τὸν | λόγον | τοῦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સાંભળતાં | પણ | તે | વિદેશીઓ | આનંદ-પામ્યા | અને | મહિમા-આપતા-હત | તે | વચનને | તે |
| | G0191 | G1161 | G3588 | G1484 | G5463 | G2532 | G1392 | G3588 | G3056 | G3588 |

| Κυρίου, | καὶ | ἐπίστευσαν | ὅσοι | ἦσαν | τεταγμένοι | εἰς | ζωὴν | αἰώνιον. |
|---|---|---|---|---|---|---|---|---|
| પ્રભુનું | અને | વિશ્વાસ-કર્યો | જેટલા | હતા | નિયુક્ત | માં | જીવન | અનંત |
| G2962 | G2532 | G4100 | G3745 | G1510 | G5021 | G1519 | G2222 | G0166 |

એ સાંભળીને બિનયહૂદીઓએ ખુશ થઈને ઈશ્વરનું વચન મહિમાવાન માન્યું; અને અનંતજીવનને સારુ જેટલાં નિર્માણ કરાયેલા હતા તેટલાંએ વિશ્વાસ કર્યો.

| 49 | διεφέρετο | δὲ | ὁ | λόγος | τοῦ | Κυρίου | δι’ | ὅλης | τῆς | χώρας. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ફેલાતું-હતું | પણ | તે | વચન | તે | પ્રભુનું | મારફતે | આખા | તે | પ્રદેશમાં |
| | G1308 | G1161 | G3588 | G3056 | G3588 | G2962 | G1223 | G3650 | G3588 | G5561 |

તે આખા પ્રદેશમાં પ્રભુની વાત ફેલાઈ ગઈ.

| 50 | οἱ | δὲ | Ἰουδαῖοι | παρώτρυναν | τὰς | σεβομένας | γυναῖκας | τὰς | εὐσχήμονας, |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | પણ | તે | યહૂદીઓએ | ઉશ્કેર્યા | તે | ભક્ત | સ્ત્રીઓને | તે | પ્રતિષ્ઠિત |
| | G3588 | G1161 | G2453 | G3951 | G3588 | G4576 | G1135 | G3588 | G2158 |

| καὶ | τοὺς | πρώτους | τῆς | πόλεως, | καὶ | ἐπήγειραν | διωγμὸν | ἐπὶ | τὸν | Παῦλον |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અને | તે | મુખ્ય | તે | શહેરન | અને | ઉઠાવ્યો | સતાવણી | વિરુદ્ધ | તે | પાઉલન |
| G2532 | G3588 | G4413 | G3588 | G4172 | G2532 | G1892 | G1375 | G1909 | G3588 | G3972 |

| καὶ | Βαρνάβαν, | καὶ | ἐξέβαλον | αὐτοὺς | ἀπὸ | τῶν | ὁρίων | αὐτῶν, |
|---|---|---|---|---|---|---|---|---|
| અને | બાર્નાબાસન | અને | કાઢ્યા | તેમને | થી | તેમન | સીમાઓમાંથી | તેમન |
| G2532 | G0921 | G2532 | G1544 | G0846 | G0575 | G3588 | G3725 | G0846 |

પણ યહૂદીઓએ ધાર્મિક તથા કુલીન મહિલાઓને, તથા શહેરના અધિકારીઓને ઉશ્કેરીને પાઉલ તથા બાર્નાબાસને કાઢી મૂક્યા.

| 51 | οἱ | δὲ | ἐκτιναξάμενοι | τὸν | κονιορτὸν | τῶν | ποδῶν | ἐπ’ | αὐτοὺς, | ἦλθον | εἰς |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | તેઓએ | પણ | ઝાટકીને | તે | ધૂળ | તેમના | પગોની | વિરુદ્ધ | તેમન | આવ્યા | માં |
| | G3588 | G1161 | G1621 | G3588 | G2868 | G3588 | G4228 | G1909 | G0846 | G2064 | G1519 |

| Ἰκόνιον. |
|---|
| ઇકોનિયમમાં |
| G2430 |

પણ પોતાના પગની ધૂળ તેઓની વિરુદ્ધ ખંખેરીને તેઓ ઈકોનિયા ગયા.

| 52 | οἵ | τε | μαθηταὶ | ἐπληροῦντο | χαρᾶς | καὶ | Πνεύματος | Ἁγίου. |
|---|---|---|---|---|---|---|---|---|
| | અને | પણ | શિષ્યો | ભરાતા-હતા | આનંદથી | અને | પવિત્ર-આત્માથી | પવિત્ર |
| | G3588 | G5037 | G3101 | G4137 | G5479 | G2532 | G4151 | G0040 |

શિષ્યો આનંદથી તથા પવિત્ર આત્માથી ભરપૂર હતા.

## Chapter 14

1 Ἐγένετο δὲ, ἐν Ἰκονίῳ κατὰ τὸ αὐτὸ εἰσελθεῖν αὐτοὺς εἰς τὴν
થયું અને માં ઈકોનિયમમાં પ્રમાણે તે જ પ્રવેશ-કર્યો તેઓએ માં તે
G1096 G1161 G1722 G2430 G2596 G3588 G0846 G1525 G0846 G1519 G3588

συναγωγὴν τῶν Ἰουδαίων, καὶ λαλῆσαι οὕτως ὥστε πιστεῦσαι, Ἰουδαίων τε
સભાસ્થાનમાં ના યહૂદીઓના અને બોલ્યા એવી-રીતે કે વિશ્વાસ-કર્યો યહૂદીઓનો પણ
G4864 G3588 G2453 G2532 G2980 G3779 G5620 G4100 G2453 G5037

καὶ Ἑλλήνων, πολὺ πλῆθος.
અને ગ્રીકોનો મોટો સમુદાય
G2532 G1672 G4183 G4128

ઈકોનિયામાં તેઓ બંને યહૂદીઓના સભાસ્થાનમાં ગયા, અને એવી રીતે બોલ્યા કે ઘણાં યહૂદીઓએ તથા ગ્રીક લોકોએ વિશ્વાસ કર્યો.

2 οἱ δὲ ἀπειθήσαντες Ἰουδαῖοι ἐπήγειραν καὶ ἐκάκωσαν τὰς ψυχὰς τῶν
પરંતુ જે અવિશ્વાસી યહૂદીઓએ ઉશ્કેર્યા અને ખરાબ-કર્યા તે મનોને ના
G3588 G1161 G0544 G2453 G1892 G2532 G2559 G3588 G5590 G3588

ἐθνῶν κατὰ τῶν ἀδελφῶν.
વિદેશીઓના વિરુદ્ધ તે ભાઈઓના
G1484 G2596 G3588 G0080

પણ અવિશ્વાસી યહૂદીઓએ બિનયહૂદીઓને ઉશ્કેરીને તેઓનાં મનમાં ભાઈઓની સામે ઉશ્કેરાટ ઊભો કર્યો.

3 ἱκανὸν μὲν οὖν χρόνον διέτριψαν, παρρησιαζόμενοι, ἐπὶ τῷ Κυρίῳ, τῷ
ઘણો ખરેખર તેથી સમય રહ્યા હિંમતથી-બોલતા ઉપર તે પ્રભુ-ઉપર જે
G2425 G3303 G3767 G5550 G1304 G3955 G1909 G3588 G2962 G3588

μαρτυροῦντι ἐπὶ τῷ λόγῳ τῆς χάριτος αὐτοῦ, διδόντι σημεῖα καὶ τέρατα
સાક્ષી-આપતા-હતા ઉપર તે વચનને ની કૃપાના તેમના આપતા ચિહ્નો અને અદ્ભુત-કાર્યો
G3140 G1909 G3588 G3056 G3588 G5485 G0846 G1325 G4592 G2532 G5059

γίνεσθαι, διὰ τῶν χειρῶν αὐτῶν.
થવા દ્વારા તેમના હાથો તેઓના
G1096 G1223 G3588 G5495 G0846

તેથી તેઓ લાંબા સમય સુધી ત્યાં રહીને પ્રભુની સહાયથી હિંમતથી બોલતા રહ્યા અને પ્રભુએ તેઓની મધ્યે ચમત્કારિક ચિહ્નો તથા આશ્ચર્યકર્મો થવા દઈને પોતાની કૃપાના વચનના સમર્થનમાં સાક્ષી આપી.

4 ἐσχίσθη δὲ τὸ πλῆθος τῆς πόλεως; καὶ οἱ μὲν ἦσαν σὺν τοῖς
વિભાજિત-થયો અને તે સમુદાય ના નગરનો અને કેટલાક તો હતા સાથે તે
G4977 G1161 G3588 G4128 G3588 G4172 G2532 G3588 G3303 G1510 G4862 G3588

Ἰουδαίοις, οἱ δὲ σὺν τοῖς ἀποστόλοις.
યહૂદીઓની કેટલાક તો સાથે તે પ્રેરિતોની
G2453 G3588 G1161 G4862 G3588 G0652

પણ શહેરના લોકોમાં ભાગલા પડ્યા, કેટલાક યહૂદીઓના પક્ષમાં રહ્યા અને કેટલાક પ્રેરિતોના પક્ષમાં રહ્યા.

5 ὡς δὲ ἐγένετο ὁρμὴ τῶν ἐθνῶν τε καὶ Ἰουδαίων σὺν, τοῖς
જયારે પછી થયો હુમલો ના વિદેશીઓનો પણ અને યહૂદીઓનો સાથે તેમના
G5613 G1161 G1096 G3730 G3588 G1484 G5037 G2532 G2453 G4862 G3588

ἄρχουσιν αὐτῶν, ὑβρίσαι καὶ λιθοβολῆσαι αὐτούς,
અધિકારીઓ તેમના અપમાન-કરવા અને પથ્થરમારો-કરવા તેમને
G0758 G0846 G5195 G2532 G3036 G0846

તેઓનું અપમાન કરવા તથા તેઓને પથ્થરે મારવા સારુ જયારે બિનયહૂદીઓએ તથા યહૂદીઓએ પોતાના અધિકારીઓ સહિત યોજના કરી.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 6 | συνιδόντες, | κατέφυγον | εἰς | τὰς | πόλεις | τῆς | Λυκαονίας, | Λύστραν, | καὶ | Δέρβην, |
| | સમજીને | ભાગી-ગયા | તરફ | તે | નગરોમાં | ના | લુકાઓનિયાના | લુસ્ત્રા | અને | દર્બે |
| | G4894 | G2703 | G1519 | G3588 | G4172 | G3588 | G3071 | G3082 | G2532 | G1191 |
| | καὶ | τὴν | περίχωρον, | | | | | | | |
| | અને | તે | આસપાસના-પ્રદેશમાં | | | | | | | |
| | G2532 | G3588 | G4066 | | | | | | | |

ત્યારે તેઓ તે જાણીને લુકાનિયાનાં શહેરો લુસ્ત્રા તથા દેર્બેમાં તથા આસપાસના પ્રાંતોમાં વિખેરાઈ ગયા;

| | | | |
|---|---|---|---|
| 7 | κἀκεῖ | εὐαγγελιζόμενοι | ἦσαν. |
| | અને-ત્યાં | સુવાર્તા-પ્રચાર-કરતા | હતા |
| | G2546 | G2097 | G1510 |

ત્યાં તેઓએ સુવાર્તા પ્રગટ કરી.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 8 | Καί | τις | ἀνὴρ | ἀδύνατος, | ἐν | Λύστροις, | τοῖς | ποσὶν, | ἐκάθητο, | χωλὸς | ἐκ |
| | અને | એક | માણસ | અશક્ત | માં | લુસ્ત્રામાં | ના | પગે | બેઠો-હતો | લંગડો | થી |
| | G2532 | G5100 | G0435 | G0102 | G1722 | G3082 | G3588 | G4228 | G2521 | G5560 | G1537 |
| | κοιλίας | μητρὸς | αὐτοῦ, | ὃς | οὐδέποτε | περιεπάτησεν. | | | | | |
| | ગર્ભથી | માતાના | તેની | જે | કદી | ચાલ્યો-ન-હતો | | | | | |
| | G2836 | G3384 | G0846 | G3739 | G3763 | G4043 | | | | | |

લુસ્ત્રામાં એક અપંગ માણસ બેઠેલો હતો, તે જન્મથી જ અપંગ હતો અને કદી ચાલ્યો ન હતો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 9 | οὗτος | ἤκουσεν | τοῦ | Παύλου | λαλοῦντος, | ὅς, | ἀτενίσας | αὐτῷ, | καὶ | ἰδὼν |
| | આ-માણસે | સાંભળ્યું | તે | પાઉલને | બોલતા | જેણે | ધ્યાનથી-જોઈને | તેને | અને | જોયું |
| | G3778 | G0191 | G3588 | G3972 | G2980 | G3739 | G0816 | G0846 | G2532 | G3708 |
| | ὅτι | ἔχει | πίστιν | τοῦ | σωθῆναι, | | | | | |
| | કે | તેનામાં-છે | વિશ્વાસ | નો | સાજા-થવાનો | | | | | |
| | G3754 | G2192 | G4102 | G3588 | G4982 | | | | | |

તેણે પાઉલને બોલતાં સાંભળ્યો. પાઉલે તેની તરફ એક નજરે જોઈ રહીને તથા તેને સાજો થવાનો વિશ્વાસ છે,

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 10 | εἶπεν | μεγάλῃ | φωνῇ, | Ἀνάστηθι | ἐπὶ | τοὺς | πόδας | σου | ὀρθός! | καὶ | ἥλατο |
| | કહ્યુ | મોટા | અવાજે | ઊભો-થા | ઉપર | તારા | પગ | તારા | સીધો | અને | કૂદ્યો |
| | G3004 | G3173 | G5456 | G0450 | G1909 | G3588 | G4228 | G4771 | G3717 | G2532 | G0242 |
| | καὶ | περιεπάτει. | | | | | | | | | |
| | અને | ચાલવા-લાગ્યો | | | | | | | | | |
| | G2532 | G4043 | | | | | | | | | |

એ જાણીને મોટે સ્વરે કહ્યુ કે, 'તું પોતાને પગે સીધો ઊભો રહે.' ત્યારે તે કૂદીને ઊભો થયો અને ચાલવા લાગ્યો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 11 | οἵ | τε | ὄχλοι | ἰδόντες | ὃ | ἐποίησεν | Παῦλος, | ἐπῆραν | τὴν | φωνὴν | αὐτῶν |
| | અને | તે | ટોળાએ | જોઈને | જે | કર્યુ-હતું | પાઉલે | ઊંચો-કર્યો | તેમનો | અવાજ | તેમનો |
| | G3588 | G5037 | G3793 | G3708 | G3739 | G4160 | G3972 | G1869 | G3588 | G5456 | G0846 |
| | Λυκαονιστὶ | λέγοντες, | Οἱ | θεοὶ, | ὁμοιωθέντες | ἀνθρώποις, | κατέβησαν | πρὸς | ἡμᾶς. | | |
| | લુકાઓનિયન-ભાષામાં | કહેતા | આ | દેવો | સમાન-થઈને | માણસોના | ઊતર્યા-છે | પાસે | આપણી | | |
| | G3072 | G3004 | G3588 | G2316 | G3666 | G0444 | G2597 | G4314 | G1473 | | |

પાઉલે જે ચમત્કાર કર્યો હતો તે જોઈને લોકોએ લુકાનિયાની ભાષામાં મોટે સ્વરે કહ્યુ કે, માણસોનું રૂપ ધારણ કરીને દેવો આપણી પાસે ઊતરી આવ્યા છે.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | ἐκάλουν | τε | τὸν | Βαρνάβαν, | Δία; | τὸν | δὲ | Παῦλον, | Ἑρμῆν, | ἐπειδὴ | αὐτὸς |
| | બોલાવતા-હતા | અને | તે | બાર્નાબાસને | ઝિયસ | અને | તે | પાઉલને | હર્મેસ | કારણ-કે | તે |
| | G2564 | G5037 | G3588 | G0921 | G2203 | G3588 | G1161 | G3972 | G2060 | G1894 | G0846 |
| | ἦν | ὁ | ἡγούμενος | τοῦ | λόγου. | | | | | | |
| | હતો | તે | મુખ્ય-વક્તા | ના | વચનનો | | | | | | |
| | G1510 | G3588 | G2233 | G3588 | G3056 | | | | | | |

તેઓએ બાર્નાબાસને ઝૂસ માન્યો, અને પાઉલને હેર્મેસ માન્યો, કેમ કે પાઉલ મુખ્ય બોલનાર હતો.

13 ὅ τε ἱερεὺς τοῦ Διός, τοῦ ὄντος πρὸ τῆς πόλεως, ταύρους καὶ
અને તે યાજકે ના ઝિયસના જે હતું આગળ તે નગરની બળદો અને
G3588 G5037 G2409 G3588 G2203 G3588 G1510 G4253 G3588 G4172 G5022 G2532

στέμματα ἐπὶ τοὺς πυλῶνας ἐνέγκας, σὺν τοῖς ὄχλοις ἤθελεν θύειν.
ફૂલમાળાઓ પાસે તે દરવાજા-પર લાવીને સાથે તે ટોળા ઇચ્છતો-હતો બલિદાન-ચઢાવવા
G4725 G1909 G3588 G4440 G5342 G4862 G3588 G3793 G2309 G2380

| εἰς | κενὸν | ἔδραμον, | οὐδὲ | εἰς | κενὸν | ἐκοπίασα. |
| માં | વ્યર્થ | દોડ્યું, | કે | માં | વ્યર્થ | પરિશ્રમ-કર્યું. |
| G1519 | G2756 | G5143 | G3761 | G1519 | G2756 | G2872 |

જેથી ખ્રિસ્તનાં સમયમાં મને ગર્વ કરવાનું એવું કારણ મળે કે હું નિરર્થક દોડ્યો નથી અને મેં વ્યર્થ શ્રમ કર્યો નથી.

17 Ἀλλὰ εἰ καὶ σπένδομαι ἐπὶ τῇ θυσίᾳ καὶ λειτουργίᾳ τῆς πίστεως ὑμῶν, χαίρω καὶ συνχαίρω πᾶσιν ὑμῖν.
પણ જો તો રેડાય-છું ઉપર તે બલિદાનમાં અને સેવામાં તે વિશ્વાસની તમારી, આનંદ-કરું-છું અને સાથે-આનંદ-કરું-છું સર્વ તમારી-સાથે.
G0235 G1487 G2532 G4689 G1909 G3588 G2378 G2532 G3009 G3588 G4102 G4771 G5463 G2532 G4796 G3956 G4771

પણ જો હું તમારા વિશ્વાસના અર્પણ તથા સેવા પર રેડાવું પડે તોપણ હું આનંદ કરીશ અને તમારી સર્વની સાથે આનંદ કરીશ.

18 τὸ δὲ αὐτὸ καὶ ὑμεῖς χαίρετε, καὶ συνχαίρετέ μοι.
તે-જ પણ તે-જ તો તમે આનંદ-કરો, અને સાથે-આનંદ-કરો મારી-સાથે.
G3588 G1161 G0846 G2532 G4771 G5463 G2532 G4796 G1473

એમ જ તમે પણ મારી સાથે આનંદમાં સહભાગી બનો.

19 Ἐλπίζω δὲ ἐν Κυρίῳ Ἰησοῦ, Τιμόθεον ταχέως πέμψαι ὑμῖν, ἵνα κἀγὼ εὐψυχῶ, γνοὺς τὰ περὶ ὑμῶν.
આશા-રાખું-છું પણ માં પ્રભુ ઈસુમાં, તિમોથીને જલદી મોકલવા તમારી-પાસે, કે હું-પણ ઉત્સાહિત-થાઉં, જાણીને તે વિષે તમારા.
G1679 G1161 G1722 G2962 G2424 G5095 G5030 G3992 G4771 G2443 G2504 G2174 G1097 G3588 G4012 G4771

પણ હું પ્રભુ ઈસુમાં આશા રાખું છું કે, હું તિમોથીને તમારી પાસે વહેલો મોકલીશ, જેથી તમારી ખબર જાણીને મને પણ આનંદ થાય.

20 οὐδένα γὰρ ἔχω ἰσόψυχον, ὅστις γνησίως τὰ περὶ ὑμῶν μεριμνήσει.
કોઈને-નથી કેમ-કે રાખું-છું સમાન-હૃદયી, જે સાચે-જ તે વિષે તમારા ચિંતા-કરશે.
G3762 G1063 G2192 G2473 G3748 G1104 G3588 G4012 G4771 G3309

કેમ કે તમારી સંભાળ સારી રીતે રાખે તેવો તિમોથી જેવા સારા સ્વભાવવાળો બીજો કોઈ માણસ મારી પાસે નથી.

21 οἱ πάντες γὰρ, τὰ ἑαυτῶν ζητοῦσιν, οὐ τὰ Χριστοῦ Ἰησοῦ.
બધા સર્વ કેમ-કે, તે પોતાનું શોધે-છે, નહિ તે ખ્રિસ્તનું ઈસુનું.
G3588 G3956 G1063 G3588 G1438 G2212 G3756 G3588 G5547 G2424

કેમ કે સર્વ માણસો ખ્રિસ્ત ઈસુની વાત નહિ, પણ પોતાની જ વાત શોધે છે.

22 τὴν δὲ δοκιμὴν αὐτοῦ γινώσκετε, ὅτι, ὡς πατρὶ τέκνον, σὺν ἐμοὶ ἐδούλευσεν, εἰς τὸ εὐαγγέλιον.
પણ તે પરીક્ષા તેમની જાણો-છો, કે, જેમ પિતાને પુત્ર, સાથે મારી સેવા-કરી, માટે તે સુવાર્તામાં.
G3588 G1161 G1382 G0846 G1097 G3754 G5613 G3962 G5043 G4862 G1473 G1398 G1519 G3588 G2098

પણ તમને તો અનુભવથી ખાતરી થઈ છે કે જેમ દીકરો પિતાની સાથે કામ કરે, તેમ તેણે સુવાર્તા ના પ્રસાર ને માટે મારી સાથે સેવા કરી.

23 Τοῦτον μὲν οὖν ἐλπίζω πέμψαι, ὡς ἂν ἀφίδω τὰ περὶ ἐμέ, ἐξαυτῆς.
આને ખરેખર તો આશા-રાખું-છું મોકલવા, જેમ ક્યારે જોઈશ તે વિશે મારી, તરત-જ.
G3778 G3303 G3767 G1679 G3992 G5613 G0302 G0872 G3588 G4012 G1473 G1824

એ માટે હું આશા રાખું છું કે, જયારે મારા વિષે શું થવાનું છે તે હું જાણીશ કે તરત હું તેને મોકલી દઈશ;

24 πέποιθα δὲ ἐν Κυρίῳ, ὅτι καὶ αὐτὸς ταχέως ἐλεύσομαι.
ભરોસો-છું પણ માં પ્રભુમાં, કે તો હું-પોતે જલદી આવીશ.
G3982 G1161 G1722 G2962 G3754 G2532 G0846 G5030 G2064

વળી હું પ્રભુમાં ભરોસો રાખું છું કે, હું પોતે પણ વહેલો આવીશ.

25 ἀναγκαῖον δὲ ἡγησάμην, Ἐπαφρόδιτον, τὸν ἀδελφὸν καὶ συνεργὸν καὶ
જરૂરી પણ ગણ્યું, એપાફ્રોદિતસને, તે ભાઈ અને સહકાર્યકર અને
G0316 G1161 G2233 G1891 G3588 G0080 G2532 G4904 G2532

συστρατιώτην μου, ὑμῶν δὲ ἀπόστολον καὶ λειτουργὸν τῆς χρείας μου,
સહ-સૈનિક મારો, તમારો પણ પ્રેષિત અને સેવક તે જરૂરિયાતનો મારો,
G4961 G1473 G4771 G1161 G0652 G2532 G3011 G3588 G5532 G1473

πέμψαι πρὸς ὑμᾶς,
મોકલવા પાસે તમારી,
G3992 G4314 G4771

તોપણ મારો ભાઈ એપાફ્રોદિતસ, મારી સાથે કામ કરનાર તથા સહયોદ્ધો, તેમ જ તમારો સંદેશવાહક તથા મારી જરૂરિયાત પૂરી પાડનાર છે' તેને તમારી પાસે મોકલવાની અગત્ય મને જણાઈ;

26 ἐπειδὴ ἐπιποθῶν ἦν πάντας ὑμᾶς, (ἰδεῖν), καὶ ἀδημονῶν διότι ἠκούσατε
કેમ-કે ઝંખું-હતો હતો સર્વ તમને, (જોવા) અને ચિંતિત-હતો કારણ-કે સાંભળ્યું
G1894 G1971 G1510 G3956 G4771 G3708 G2532 G0085 G1360 G0191

ὅτι ἠσθένησεν.
કે બીમાર-થયો.
G3754 G0770

કારણ કે તે તમો સર્વ પર બહુ પ્રેમ રાખતો હતો અને તે ઘણો ઉદાસ હતો, કેમ કે તમે સાંભળ્યું હતું કે તે બીમાર છે;

27 καὶ γὰρ ἠσθένησεν παραπλήσιον θανάτῳ, ἀλλὰ ὁ Θεὸς ἠλέησεν αὐτόν,
અને ખરેખર બીમાર-થયો નજીક-જેવો મૃત્યુના, પણ તે ઈશ્વરે દયા-કરી તેમના-પર,
G2532 G1063 G0770 G3897 G2288 G0235 G3588 G2316 G1653 G0846

οὐκ αὐτὸν δὲ μόνον, ἀλλὰ καὶ ἐμέ, ἵνα μὴ λύπην ἐπὶ λύπην
નહીં તેમના-પર પણ ફક્ત, પણ તો મારા-પર-પણ, કે નહીં દુઃખ ઉપર દુઃખ
G3756 G0846 G1161 G3441 G0235 G2532 G1473 G2443 G3361 G3077 G1909 G3077

σχῶ.
ફેલાઉં.
G2192

તે મરણતોલ બીમાર હતો ખરો; પણ ઈશ્વરે તેના પર દયા કરી, કેવળ તેના પર જ નહિ, પણ મારા પર પણ કે, મને શોક ન થાય અને આઘાત ન લાગે.

28 σπουδαιοτέρως οὖν ἔπεμψα αὐτὸν, ἵνα ἰδόντες αὐτὸν πάλιν, χαρῆτε, κἀγὼ
વધુ-ઉતાવળથી માટે મેં-મોકલ્યો તેમને, કે જોઈને તેમને ફરી, આનંદ-પામો, અને-હું
G4708 G3767 G3992 G0846 G2443 G3708 G0846 G3825 G5463 G2504

ἀλυπότερος ὦ.
ઓછી-ચિંતાવાળો હોઉં.
G0253 G1510

તમે તેને જોઈને ફરીથી ખુશ થાઓ અને મારું દુઃખ પણ ઓછું થાય, માટે મેં ખૂબ ઉતાવળે તેને મોકલ્યો.

29 προσδέχεσθε οὖν αὐτὸν ἐν Κυρίῳ μετὰ πάσης χαρᾶς, καὶ τοὺς τοιούτους
આવકારો માટે તેમને માં પ્રભુમાં સાથે પૂર્ણ આનંદથી, અને તેવા એવા
G4327 G3767 G0846 G1722 G2962 G3326 G3956 G5479 G2532 G3588 G5108

ἐντίμους ἔχετε,
માનનીય ગણો.
G1784 G2192

માટે તમે પૂર્ણ આનંદથી પ્રભુને નામે તેનો આદરસત્કાર કરો; અને એવાઓને માનયોગ્ય ગણો;

30 ὅτι કેમ-કે G3754 διὰ માટે G1223 τὸ તે G3588 ἔργον કામ G2041 Χριστοῦ, ખ્રિસ્તનું, G5547 μέχρι સુધી G3360 θανάτου મૃત્યુની G2288 ἤγγισεν, નજીક-આવ્યો, G1448 παραβολευσάμενος જોખમ-ઉચાળીને G3851 τῇ તે G3588 ψυχῇ, જીવન, G5590 ἵνα કે G2443 ἀναπληρώσῃ પૂરી-કરે G0378 τὸ તે G3588 ὑμῶν તમારી G4771 ὑστέρημα, ખોટને, G5303 τῆς તે G3588 πρός પ્રત્યે G4314 με મારી G1473 λειτουργίας. સેવાની. G3009

કેમ કે ખ્રિસ્તનાં કામને માટે તે મરણની નજીક આવી ગયો અને મારે અર્થે તમારી સેવામાં જે અધૂરું હતું તે સંપૂર્ણ કરવાને તેણે પોતાનો જીવ જોખમમાં નાખ્યો.

## Chapter 3

1 Τὸ તે G3588 λοιπόν, બાકી, G3063 ἀδελφοί ભાઈઓ G0080 μου, મારા, G1473 χαίρετε આનંદ-કરો G5463 ἐν માં G1722 Κυρίῳ. પ્રભુમાં. G2962 τὰ તે-જ G3588 αὐτὰ તે-જ G0846 γράφειν લખવું G1125 ὑμῖν, તમને, G4771 ἐμοὶ મારા-માટે G1473 μὲν ખરેખર G3303 οὐκ નથી G3756 ὀκνηρόν; થાકેલું; G3636 ὑμῖν તમારા-માટે G4771 δὲ પણ G1161 ἀσφαλές. સુરક્ષિત. G0804

છેવટે મારા ભાઈઓ, પ્રભુમાં આનંદ કરો. તમને એકની એક જ વાતો લખતાં મને કંટાળો આવતો નથી; કારણ કે તે તમારા રક્ષણને માટે છે.

2 Βλέπετε સાવધાન-રહો G0991 τοὺς તે G3588 κύνας; કૂતરાઓથી; G2965 βλέπετε સાવધાન-રહો G0991 τοὺς તે G3588 κακοὺς ખરાબ G2556 ἐργάτας; કામદારોથી; G2040 βλέπετε સાવધાન-રહો G0991 τὴν તે G3588 κατατομήν. કાપા-કૂટથી. G2699

કૂતરાઓ જેવા લોકોથી, દુષ્કૃત્યો કરનારાઓથી અને વ્યર્થ સુન્નતથી સાવધ રહો.

3 ἡμεῖς આપણે G1473 γάρ કેમ-કે G1063 ἐσμεν છીએ G1510 ἡ તે G3588 περιτομή, સુન્નત, G4061 οἱ જે G3588 Πνεύματι આત્માથી G4151 Θεοῦ ઈશ્વરની G2316 λατρεύοντες સેવા-કરીએ-છીએ G3000 καὶ અને G2532 καυχώμενοι અભિમાન-કરીએ-છીએ G2744 ἐν માં G1722 Χριστῷ ખ્રિસ્ત G5547 Ἰησοῦ, ઈસુમાં, G2424 καὶ અને G2532 οὐκ નહીં G3756 ἐν માં G1722 σαρκὶ શરીરમાં G4561 πεποιθότες, ભરોસો-રાખતાં, G3982

કેમ કે આપણે ઈશ્વરના આત્માથી સેવા કરનારા, ખ્રિસ્ત ઈસુમાં ગર્વ કરનારા તથા દેહ પર ભરોસો ન રાખનારા, સાચા સુન્નતી છીએ.

4 καίπερ જોકે G2539 ἐγὼ હું G1473 ἔχων રાખું-છું G2192 πεποίθησιν ભરોસો G4006 καὶ તો G2532 ἐν માં G1722 σαρκί. શરીરમાં. G4561 Εἴ જો G1487 τις કોઈ G5100 δοκεῖ માને G1380 ἄλλος બીજો G0243 πεποιθέναι ભરોસો-રાખવા G3982 ἐν માં G1722 σαρκί, શરીરમાં, G4561 ἐγὼ હું G1473 μᾶλλον: વધુ: G3123

તોપણ દેહ પર ભરોસો રાખવાનું મારી પાસે કારણ છે; જો બીજો કોઈ ધારે કે તેને દેહ પર ભરોસો રાખવાનું કારણ છે, તો મને તેના કરતા વિશેષ છે;

5 περιτομῇ, ὀκταήμερος, ἐκ γένους Ἰσραήλ, φυλῆς Βενιαμίν; Ἑβραῖος ἐξ
સુન્નતમાં, આટમા-દિવસે, માંથી વંશ ઇસ્રાએલના, કુળ બિન્યામીનનું; હિબ્રૂ થી
G4061 G3637 G1537 G1085 G2474 G5443 G0958 G1445 G1537

Ἑβραίων; κατὰ νόμον, Φαρισαῖος;
હિબ્રૂઓનો; પ્રમાણે નિયમશાસ્ત્ર, ફરીસી;
G1445 G2596 G3551 G5330

આઠમે દિવસે સુન્નત પામેલો, ઇઝરાયલના સંતાનનો, બિન્યામીનના કુળનો, હિબ્રૂઓનો હિબ્રૂ, નિયમશાસ્ત્ર સંબંધી ફરોશી.

6 κατὰ ζῆλος, διώκων τὴν ἐκκλησίαν; κατὰ δικαιοσύνην τὴν ἐν νόμῳ,
પ્રમાણે ઉત્સાહ, સતાવતો તે મંડળીને; પ્રમાણે ન્યાયીપણું જે માં નિયમશાસ્ત્રમાં,
G2596 G2205 G1377 G3588 G1577 G2596 G1343 G3588 G1722 G3551

γενόμενος ἄμεμπτος.
થયેલો નિર્દોષ.
G1096 G0273

ધર્મના આવેશ સંબંધી વિશ્વાસી સમુદાયને સતાવનાર, નિયમશાસ્ત્રના ન્યાયીપણા સંબંધી નિર્દોષ.

7 Ἀλλὰ ἅτινα ἦν μοι κέρδη, ταῦτα ἥγημαι, διὰ τὸν Χριστὸν, ζημίαν.
પણ જે હતું માર□-માટે લાભ, એ ગણ્યું-છે, માટે તે ખ્રિસ્તને, ખોટ.
G0235 G3748 G1510 G1473 G2771 G3778 G2233 G1223 G3588 G5547 G2209

છતાં પણ જે બાબતો મને ઉપયોગી હતી, તે મેં ખ્રિસ્તને સારું હાનિકારક જેવી માની.

8 ἀλλὰ μὲν‿, οὖν‿ γε, καὶ ἡγοῦμαι πάντα ζημίαν εἶναι διὰ τὸ ὑπερέχον
પણ ખરેખર, માટે તો, તો ગણું-છું સર્વને ખોટ હોવું માટે તે શ્રેષ્ટતાના
G0235 G3303 G3767 G1065 G2532 G2233 G3956 G2209 G1510 G1223 G3588 G5242

τῆς γνώσεως Χριστοῦ Ἰησοῦ τοῦ Κυρίου μου, δι’ ὃν τὰ πάντα
તે જ્ઞાનની ખ્રિસ્ત ઈસુ તે પ્રભુ મારા, જેન□-માટે જેન□ તે સર્વ
G3588 G1108 G5547 G2424 G3588 G2962 G1473 G1223 G3739 G3588 G3956

ἐζημιώθην, καὶ ἡγοῦμαι σκύβαλα, ἵνα Χριστὸν κερδήσω,
ગુમાવ્યું-છે, અને ગણું-છું કચરો, કે ખ્રિસ્તને મેળવું,
G2210 G2532 G2233 G4657 G2443 G5547 G2770

વાસ્તવમાં, ખ્રિસ્ત ઈસુ મારા પ્રભુના જ્ઞાનની ઉત્તમતાને લીધે, હું એ બધાને હાનિ જ ગણું છું; એને લીધે મેં બધાનું નુકસાન સહન કર્યું અને તેઓને કચરો ગણું છું, કે જેથી હું ખ્રિસ્તને પ્રાપ્ત કરું,

9 καὶ εὑρεθῶ ἐν αὐτῷ, μὴ ἔχων ἐμὴν δικαιοσύνην, τὴν ἐκ νόμου,
અને જોવાઉં માં તેમના, નહીં રાખતાં મારી ન્યાયીપણું, જે થી નિયમશાસ્ત્રની,
G2532 G2147 G1722 G0846 G3361 G2192 G1699 G1343 G3588 G1537 G3551

ἀλλὰ τὴν διὰ πίστεως Χριστοῦ, τὴν ἐκ Θεοῦ δικαιοσύνην, ἐπὶ τῇ
પણ જે દ્વારા વિશ્વાસથી ખ્રિસ્તની, જે થી ઈશ્વરની ન્યાયીપણું, ઉપર તે
G0235 G3588 G1223 G4102 G5547 G3588 G1537 G2316 G1343 G1909 G3588

πίστει;
વિશ્વાસ;
G4102

અને તેમની સાથે મળી એકરૂપ થાઉં અને નિયમશાસ્ત્રથી મારું જે ન્યાયીપણું છે તે નહિ, પણ ખ્રિસ્તનાં વિશ્વાસદ્વારા ઈશ્વરથી જે ન્યાયીપણું વિશ્વાસથી પ્રાપ્ત થાય છે, તે મારું થાય;

10 τοῦ γνῶναι αὐτὸν, καὶ τὴν δύναμιν τῆς ἀναστάσεως αὐτοῦ, καὶ [τὴν]
તેમને જાણવા તેમને, અને તે શક્તિ તેમના પુનરુત્થાનની તેમના, અને તે
G3588 G1097 G0846 G2532 G3588 G1411 G3588 G0386 G0846 G2532 G3588

κοινωνίαν [τῶν] παθημάτων αὐτοῦ, συμμορφιζόμενος τῷ θανάτῳ αὐτοῦ;
સહભાગિતા તેમના દુ:ખોની તેમની, સમાન-આકાર-બનતાં તે મૃત્યુના તેમના;
G2842 G3588 G3804 G0846 G4833 G3588 G2288 G0846

એ માટે કે હું તેમને તથા મૃત્યુમાંથી તેમના મરણોત્થાનના પરાક્રમને સમજું તથા તેમના દુ:ખોમાં સહભાગી થાઉં; એટલે કે તેમના મૃત્યુને અનુરૂપ થાઉં,

11 εἴ πως καταντήσω εἰς τὴν ἐξανάστασιν τὴν ἐκ νεκρῶν.
કદાચ કોઈ-રીતે પહોંચું માં તે પુનરુત્થાનમાં જે થી મૃતકોમાંથી.
G1487 G4459 G2658 G1519 G3588 G1815 G3588 G1537 G3498

કે હું કોઈ પણ રીતે મૃત્યુ પામેલાંઓના મરણોત્થાનને પહોંચું.

12 οὐχ ὅτι ἤδη ἔλαβον, ἢ ἤδη τετελείωμαι; διώκω δὲ, εἰ καὶ
નહીં કે પહેલેથી મેં-પ્રાપ્ત-કર્યું, કે પહેલેથી સિદ્ધ-થયો-છું; પિછો-પકડું-છું પણ, જો તો
G3756 G3754 G2235 G2983 G2228 G2235 G5048 G1377 G1161 G1487 G2532

καταλάβω, ἐφ’ ᾧ καὶ κατελήμφθην, ὑπὸ Χριστοῦ Ἰησοῦ.
પકડી-લઉં, જેન□-માટે જેને-માટે તો પકડાયો, દ્વારા ખ્રિસ્ત ઈસુથી.
G2638 G1909 G3739 G2532 G2638 G5259 G5547 G2424

હજી સુધી હું બધું સંપાદન કરી ચૂક્યો કે સંપૂર્ણ થયો છું એમ નહિ, પણ હું સતત આગળ ધસું છું, કે જે હેતુથી ખ્રિસ્તે મને તેડી લીધો છે તેને સિદ્ધ કરું.

13 ἀδελφοί, ἐγὼ ἐμαυτὸν οὐ λογίζομαι κατειληφέναι. ἓν δέ: τὰ μὲν
ભાઈઓ, હું મારી-જાતને નહીં ગણું-છું પકડ્યું-હોવાનું. એક પણ: જે ખરેખર
G0080 G1473 G1683 G3756 G3049 G2638 G1520 G1161 G3588 G3303

ὀπίσω ἐπιλανθανόμενος, τοῖς δὲ ἔμπροσθεν ἐπεκτεινόμενος,
પાછળનું ભૂલીને, અને પણ આગળનું ખેંચાતાં,
G3694 G1950 G3588 G1161 G1715 G1901

ભાઈઓ, મેં સિદ્ધ કરી લીધું છે એમ હું ગણતો નથી, પણ એક કામ હું કરું છું કે, જે પાછળ છે તેને વીસરીને તથા જે આગળ છે તેની તરફ ધસીને,

14 κατὰ σκοπὸν διώκω εἰς τὸ βραβεῖον, τῆς ἄνω κλήσεως τοῦ
નિશાની-તરફ લક્ષ્યને પિછો-પકડું-છું માટે તે ઈનામના, તે ઊંચેના બોલાવાન□ તે
G2596 G4649 G1377 G1519 G3588 G1017 G3588 G0507 G2821 G3588

Θεοῦ, ἐν Χριστῷ Ἰησοῦ.
ઈશ્વરના, માં ખ્રિસ્ત ઈસુમાં.
G2316 G1722 G5547 G2424

ખ્રિસ્ત ઈસુમાં ઈશ્વરના સ્વર્ગીય આમંત્રણના ઇનામને વાસ્તે, ધ્યેય તરફ આગળ વધું છું.

15 Ὅσοι οὖν τέλειοι τοῦτο φρονῶμεν; καὶ εἴ τι ἑτέρως φρονεῖτε, καὶ
જેટલા માટે પરિપક્વ આ વિચારીએ; અને જો કંઈ જુદી-રીતે વિચારો-છો, તો
G3745 G3767 G5046 G3778 G5426 G2532 G1487 G5100 G2088 G5426 G2532

τοῦτο ὁ Θεὸς ὑμῖν ἀποκαλύψει.
આ તે ઈશ્વર તમને પ્રકટ-કરશે.
G3778 G3588 G2316 G4771 G0601

માટે આપણામાંના જેટલાં પૂર્ણ છે, તેટલાંએ એવી જ મનોવૃત્તિ રાખવી; જો કોઈ બાબત વિષે તમે બીજી મનોવૃત્તિ રાખો, તો ઈશ્વર એ બાબત પણ તમને પ્રગટ કરશે.

16 πλὴν εἰς ὃ ἐφθάσαμεν, τῷ αὐτῷ στοιχεῖν. <κανόνι τὸ αὐτὸ φρονεῖν>
ફક્ત જ્યાં જે પહોંચ્યા-છીએ, તે-જ તે-જ ચાલીએ. <નિયમથી તે-જ તે-જ વિચારીએ>
G4133 G1519 G3739 G5348 G3588 G0846 G4748 G2583 G3588 G0846 G5426

તોપણ જે કક્ષા સુધી આપણે પહોંચ્યા છીએ, તે જ ધોરણે આપણે ચાલવું જોઈએ.

17 Συμμιμηταί μου γίνεσθε, ἀδελφοί, καὶ σκοπεῖτε τοὺς οὕτω περιπατοῦντας,
સાથે–અનુકરણ–કરઋ માર□ થાઓ, ભાઈઓ, અને નજર–રાખો તે એમ ચાલનારાને,
G4831 G1473 G1096 G0080 G2532 G4648 G3588 G3779 G4043

καθὼς ἔχετε τύπον ἡμᾶς.
જેમ રાખો–છો નમૂનો અમને.
G2531 G2192 G5179 G1473

ભાઈઓ, મને અનુસરો, અમે જે નમૂનો તમને આપીએ છીએ તે પ્રમાણે જેઓ ચાલે છે તેઓ પર લક્ષ રાખો.

18 πολλοὶ γὰρ περιπατοῦσιν, οὓς πολλάκις ἔλεγον ὑμῖν, νῦν δὲ καὶ
ઘણા કેમ–કે ચાલે–છે, જેમના–વિષે ઘણી–વાર કહેતું તમને, હવે પણ તો
G4183 G1063 G4043 G3739 G4178 G3004 G4771 G3568 G1161 G2532

κλαίων, λέγω τοὺς ἐχθροὺς τοῦ σταυροῦ τοῦ Χριστοῦ;
રોતાં, કહું–છું જે શત્રુઓ તે વધસ્તંભના તે ખ્રિસ્તના;
G2799 G3004 G3588 G2190 G3588 G4716 G3588 G5547

કેમ કે ઘણાં એવી રીતે વર્તનારા છે, કે જેઓ વિષે મેં તમને વારંવાર કહ્યુ, અને હમણાં પણ રડતાં રડતાં કહું છું કે, ‘તેઓ ખ્રિસ્તનાં વધસ્તંભના શત્રુઓ છે.

19 ὧν τὸ τέλος ἀπώλεια, ὧν ὁ θεὸς ἡ κοιλία, καὶ ἡ δόξα ἐν
જેમનો તે અત વિનાશ, જેમનો તે દેવ તે પેટ, અને તે મહિમા માં
G3739 G3588 G5056 G0684 G3739 G3588 G2316 G3588 G2836 G2532 G3588 G1391 G1722

τῇ αἰσχύνῃ αὐτῶν -- οἱ τὰ ἐπίγεια φρονοῦντες.
તેમની શરમમાં તેમની— જે તે પાર્થિવ વિચારનારા.
G3588 G0152 G0846 G3588 G3588 G1919 G5426

વિનાશ તેઓનો અત, પેટ તેઓનો દેવ અને નિર્લજ્જતા તેઓનું ગૌરવ છે, તેઓ સાંસારિક વાતો પર ચિત્ત લગાડે છે.

20 ἡμῶν γὰρ τὸ πολίτευμα ἐν οὐρανοῖς ὑπάρχει, ἐξ οὗ καὶ, Σωτῆρα,
આપણું કેમ–કે તે નાગરિકતા માં આકાશોમાં છે, જ્યાંથી જેમનાથી તો, તારનાર,
G1473 G1063 G3588 G4175 G1722 G3772 G5225 G1537 G3739 G2532 G4990

ἀπεκδεχόμεθα Κύριον Ἰησοῦν Χριστόν,
રાહ–જોઈએ–છીએ પ્રભુ ઈસુ ખ્રિસ્તને,
G0553 G2962 G2424 G5547

પણ આપણા માટે તો, ‘આપણી નાગરિકતા સ્વર્ગમાં છે, ત્યાંથી પણ આપણે ઉદ્ધારકર્તા એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્તની રાહ જોઈએ છીએ.

21 ὃς μετασχηματίσει τὸ σῶμα τῆς ταπεινώσεως ἡμῶν, σύμμορφον τῷ
જે રૂપાંતરિત–કરશે તે શરીર તેમની નમ્રતાનું આપણું, સમાન–આકારનું તે
G3739 G3345 G3588 G4983 G3588 G5014 G1473 G4832 G3588

σώματι τῆς δόξης αὐτοῦ, κατὰ τὴν ἐνέργειαν τοῦ δύνασθαι αὐτὸν, καὶ
શરીરના તેમની મહિમાની તેમના, પ્રમાણે તે શક્તિથી જેથી સમર્થ–છે તે, તો
G4983 G3588 G1391 G0846 G2596 G3588 G1753 G3588 G1410 G0846 G2532

ὑποτάξαι αὑτῷ τὰ πάντα.
અધીન–કરવા પોતાના તે સર્વને.
G5293 G0848 G3588 G3956

તે, જે સામર્થ્યથી બધાને પોતાને આધીન કરી શકે છે, તે પ્રમાણે આપણી દીનાવસ્થામાંનાં શરીરને એવું રૂપાંતર કરશે, કે તે તેમના મહિમાવાન શરીરનાં જેવું
થાય.’”

## Chapter 4

1 Ὥστε, ἀδελφοί μου, ἀγαπητοὶ καὶ ἐπιπόθητοι, χαρὰ καὶ στέφανός μου,
માટે, ભાઈઓ મારા, પ્રિયો અને વાંછિતો, આનંદ અને મુકુટ મારો,
G5620 G0080 G1473 G0027 G2532 G1973 G5479 G2532 G4735 G1473

οὕτως στήκετε ἐν Κυρίῳ, ἀγαπητοί.
એમ ટકી-રહો માં પ્રભુમાં, પ્રિયો.
G3779 G4739 G1722 G2962 G0027

એ માટે, મારા પ્રિય અને જેમને ઝંખું છું તેવા ભાઈઓ, મારા આનંદ તથા મુગટરૂપ, તેવી જ રીતે પ્રભુ પ્રત્યેના વિશ્વાસમાં સ્થિર રહો, મારા પ્રિય ભાઈઓ.

2 Εὐοδίαν παρακαλῶ, καὶ Συντύχην παρακαλῶ, τὸ αὐτὸ φρονεῖν ἐν Κυρίῳ.
ઇવોદિયાને વિનંતી-કરું-છું, અને સુન્તુખેને વિનંતી-કરું-છું, તે-જ તે-જ વિચારો માં પ્રભુમાં.
G2136 G3870 G2532 G4941 G3870 G3588 G0846 G5426 G1722 G2962

યુઓદિયાને બોધ કરું છું તથા સુન્તેખેને બોધ કરું છું કે એ, તેઓ બંને પ્રભુમાં એક ચિત્તની થાય.

3 ναί, ἐρωτῶ καὶ σέ, γνήσιε σύζυγε, συλλαμβάνου αὐταῖς, αἵτινες ἐν
હા, વિનંતી-કરું-છું તો તને, સાચા સાથી, મદદ-કર તેમને, જેમણે માં
G3483 G2065 G2532 G4771 G1103 G4805 G4815 G0846 G3748 G1722

τῷ εὐαγγελίῳ συνήθλησάν μοι; μετὰ καὶ Κλήμεντος, καὶ τῶν λοιπῶν
તે સુવાર્તામાં સાથે-ઝઝૂમ્યા મારી-સાથે; સાથે તો ક્લેમંટના, અને તે બાકીના
G3588 G2098 G4866 G1473 G3326 G2532 G2815 G2532 G3588 G3062

συνεργῶν μου, ὧν τὰ ὀνόματα ἐν βίβλῳ ζωῆς.
સહકાર્યકરો મારા□, જેમના તે નામો માં પુસ્તકમાં જીવનના.
G4904 G1473 G3739 G3588 G3686 G1722 G0976 G2222

વળી મારા ખરા જોડીદાર, હું તને વિનંતી કરું છું કે તું એ બહેનોની મદદ કરજે, કારણ કે તેઓએ મારી સાથે તથા કલેમેન્ટની સાથે તથા બીજા મારા સહ કાર્યકર્તાઓ જેઓનાં નામ જીવનનાં પુસ્તકમાં છે તેઓની સાથે સુવાર્તા પ્રચારના કાર્યમાં પુષ્કળ મહેનત કરી છે.

4 Χαίρετε ἐν Κυρίῳ πάντοτε; πάλιν ἐρῶ, χαίρετε!
આનંદ-કરો માં પ્રભુમાં હંમેશાં; ફરીથી કહું-છું, આનંદ-કરો□
G5463 G1722 G2962 G3842 G3825 G2046 G5463

પ્રભુમાં સદા આનંદ કરો; હું ફરીથી કહું છું, કે આનંદ કરો.

5 τὸ ἐπιεικὲς ὑμῶν γνωσθήτω πᾶσιν ἀνθρώποις. ὁ Κύριος ἐγγύς.
તે નમ્રતા તમારી જાણીતી-થાઓ સર્વ માણસોને. તે પ્રભુ નજીક-છે.
G3588 G1933 G4771 G1097 G3956 G0444 G3588 G2962 G1451

તમારી સહનશીલતા સર્વ માણસોના જાણવામાં આવે. કેમ કે પ્રભુનું આગમન નજીક છે.

6 μηδὲν μεριμνᾶτε, ἀλλ' ἐν παντὶ, τῇ προσευχῇ καὶ τῇ δεήσει, μετὰ
કશાની ચિંતા-કરો, પણ માં દરેકમાં, તે પ્રાર્થનાથી અને તે વિનંતીથી, સાથે
G3367 G3309 G0235 G1722 G3956 G3588 G4335 G2532 G3588 G1162 G3326

εὐχαριστίας, τὰ αἰτήματα ὑμῶν γνωριζέσθω πρὸς τὸν Θεόν.
આભાર-માનવા, તે વિનંતીઓ તમારી જાણીતી-કરાવો પાસે તે ઈશ્વરને.
G2169 G3588 G0155 G4771 G1107 G4314 G3588 G2316

કશાની ચિંતા કરો નહિ; પણ સર્વ વિષે પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિ સહિત, તમારી અરજો ઈશ્વરને જણાવો.

7 καὶ ἡ εἰρήνη τοῦ Θεοῦ ἡ ὑπερέχουσα πάντα νοῦν, φρουρήσει τὰς
અને તે શાંતિ તે ઈશ્વરની જે સર્વ-શ્રેષ્ટ-છે સર્વ સમજથી, રક્ષા-કરશે તે
G2532 G3588 G1515 G3588 G2316 G3588 G5242 G3956 G3563 G5432 G3588

καρδίας ὑμῶν, καὶ τὰ νοήματα ὑμῶν, ἐν Χριστῷ Ἰησοῦ.
હૃદયો તમારા, અને તે વિચારો તમારા, માં ખ્રિસ્ત ઈસુમાં.
G2588 G4771 G2532 G3588 G3540 G4771 G1722 G5547 G2424

ઈશ્વરની શાંતિ જે સર્વ સમજશક્તિની બહાર છે, તે ખ્રિસ્ત ઈસુમાં તમારાં હૃદયોની તથા મનોની સંભાળ રાખશે.

8

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Τὸ | λοιπόν, | ἀδελφοί, | ὅσα | ἐστὶν | ἀληθῆ, | ὅσα | σεμνά, | ὅσα | δίκαια, | ὅσα |
| છેવટે, | બાકી, | ભાઈઓ, | જે-કંઈ | છે | સત્ય, | જે-કંઈ | માનયોગ્ય, | જે-કંઈ | ન્યાયી, | જે-કંઈ |
| G3588 | G3063 | G0080 | G3745 | G1510 | G0227 | G3745 | G4586 | G3745 | G1342 | G3745 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἁγνά, | ὅσα | προσφιλῆ, | ὅσα | εὔφημα; | εἴ | τις | ἀρετὴ, | καὶ | εἴ | τις | ἔπαινος, |
| શુદ્ધ, | જે-કંઈ | પ્રેમયોગ્ય, | જે-કંઈ | સુપ્રસિદ્ધ; | જો | કોઈ | સદ્ગુણ, | અને | જો | કોઈ | સ્તુતિયોગ્ય, |
| G0053 | G3745 | G4375 | G3745 | G2163 | G1487 | G5100 | G0703 | G2532 | G1487 | G5100 | G1868 |

| | |
|---|---|
| ταῦτα | λογίζεσθε. |
| આ | વિચારો. |
| G3778 | G3049 |

છેવટે, ભાઈઓ, જે કંઈ સત્ય, જે કંઈ સન્માનપાત્ર, જે કંઈ ઉચિત, જે કંઈ શુદ્ધ, જે કંઈ પ્રેમપાત્ર, જે કંઈ સુકીર્તિમાન છે તથા જો કોઈ સદ્ગુણ, જો કોઈ પ્રશંસા હોય, તો આ બાબતોનો વિચાર કરો.

9

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἃ | καὶ | ἐμάθετε, | καὶ | παρελάβετε, | καὶ | ἠκούσατε | καὶ | εἴδετε | ἐν | ἐμοί, |
| જે | તો | શીખ્યું, | અને | મેળવ્યું, | અને | સાંભળ્યું | અને | જોયું | માં | મારામાં, |
| G3739 | G2532 | G3129 | G2532 | G3880 | G2532 | G0191 | G2532 | G3708 | G1722 | G1473 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ταῦτα | πράσσετε; | καὶ | ὁ | Θεὸς | τῆς | εἰρήνης | ἔσται | μεθ’ | ὑμῶν. | |
| આ | કરો; | અને | તે | ઈશ્વર | તે | શાંતિનો | હશે | સાથે | તમારા. | |
| G3778 | G4238 | G2532 | G3588 | G2316 | G3588 | G1515 | G1510 | G3326 | G4771 | |

જે તમે શીખ્યા તથા પામ્યા તથા સાંભળ્યું તથા મારામાં જોયું તેવું બધું કરો; અને શાંતિનો ઈશ્વર તમારી સાથે રહેશે.

10

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἐχάρην | δὲ | ἐν | Κυρίῳ | μεγάλως, | ὅτι | ἤδη | ποτὲ | ἀνεθάλετε | τὸ | ὑπὲρ |
| આનંદ-પામ્યો | પણ | માં | પ્રભુમાં | ઘણું, | કે | હવે | આખરે | તાજું-કર્યું | તે | માટે |
| G5463 | G1161 | G1722 | G2962 | G3171 | G3754 | G2235 | G4218 | G0330 | G3588 | G5228 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ἐμοῦ | φρονεῖν; | ἐφ’ | ᾧ | καὶ | ἐφρονεῖτε, | ἠκαιρεῖσθε | δέ. |
| મારી | કાળજી-રાખવા; | જેમાં | જેમાં | તો | વિચારતાં-હતા, | તક-નહોતી | પણ. |
| G1473 | G5426 | G1909 | G3739 | G2532 | G5426 | G0170 | G1161 |

મેં પ્રભુમાં પુષ્કળ આનંદ કર્યો, કારણ કે મારા વિષેની તમારી ચિંતા આખરે ફરીથી તાજી થઈ છે; તે બાબતોમાં તમે ચિંતા તો કરતા હતા. પણ મને સહાય કરવાનો તમને પ્રસંગ મળ્યો નહિ.

11

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| οὐχ | ὅτι | καθ’ | ὑστέρησιν | λέγω; | ἐγὼ | γὰρ | ἔμαθον | ἐν | οἷς | εἰμι, | αὐτάρκης |
| નહીં | કે | પ્રમાણે | ખોટથી | કહું-છું; | હું | કેમ-કે | શીખ્યું-છે | માં | જેમાં | છું, | સંતોષી |
| G3756 | G3754 | G2596 | G5304 | G3004 | G1473 | G1063 | G3129 | G1722 | G3739 | G1510 | G0842 |

| |
|---|
| εἶναι. |
| હોવા. |
| G1510 |

હું તંગીને લીધે બોલું છું એમ નહિ, કેમ કે જે અવસ્થામાં હું છું, તેમાં સંતોષી રહેવાને હું શીખ્યો છું.

12

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| οἶδα | καὶ | ταπεινοῦσθαι, | οἶδα | καὶ | περισσεύειν. | ἐν | παντὶ, | καὶ | ἐν | |
| જાણું-છું | તો | નમ્ર-થવું, | જાણું-છું | તો | વિપુલ-થવું. | માં | દરેકમાં, | અને | માં | |
| G1492 | G2532 | G5013 | G1492 | G2532 | G4052 | G1722 | G3956 | G2532 | G1722 | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| πᾶσιν, | μεμύημαι | καὶ | χορτάζεσθαι, | καὶ | πεινᾶν, | καὶ | περισσεύειν, | καὶ |
| સર્વમાં, | દીક્ષિત-થયો-છું | તો | તૃપ્ત-થવું, | તો | ભૂખ્યા-રહેવું, | તો | વિપુલ-થવું, | તો |
| G3956 | G3453 | G2532 | G5526 | G2532 | G3983 | G2532 | G4052 | G2532 |

| |
|---|
| ὑστερεῖσθαι. |
| ખોટમાં-રહેવું. |
| G5302 |

ગરીબીમાં કેવી રીતે જીવવું એ પણ હું જાણું છું તથા સમૃદ્ધિમાં પણ કેવી રીતે જીવવું એ પણ હું જાણું છું; દરેકપ્રકારે તથા સર્વમાં તૃપ્તિમાં તથા ભૂખમાં, પુષ્કળતામાં અને તંગીમાં રહેવાને હું શીખ્યો છું.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 13 | πάντα | ἰσχύω, | ἐν | τῷ | ἐνδυναμοῦντί | με. |
| | સર્વ | સમર્થ-છું, | માં | તે | બળવાન-આપનારા | મને. |
| | G3956 | G2480 | G1722 | G3588 | G1743 | G1473 |

જે મને સામર્થ્ય આપે છે તેમની સહાયથી હું બધું કરી શકું છું.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 14 | πλὴν | καλῶς | ἐποιήσατε, | συνκοινωνήσαντές | μου | τῇ | θλίψει. |
| | ફક્ત | સારું | કર્યું, | સહભાગી-થઈને | મારી | તે | સંકટમાં. |
| | G4133 | G2573 | G4160 | G4790 | G1473 | G3588 | G2347 |

તોપણ તમે મારા સંકટમાં મને મદદ કરી તે સારુ કર્યું.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | οἴδατε | δὲ | καὶ | ὑμεῖς, | Φιλιππήσιοι, | ὅτι | ἐν | ἀρχῇ | τοῦ | εὐαγγελίου, | ὅτε |
| | જાણો-છો | પણ | તો | તમે, | ફિલિપ્પીઓ, | કે | માં | શરૂઆતમાં | તે | સુવાર્તાન, | જ્યારે |
| | G1492 | G1161 | G2532 | G4771 | G5374 | G3754 | G1722 | G0746 | G3588 | G2098 | G3753 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ἐξῆλθον | ἀπὸ | Μακεδονίας, | οὐδεμία | μοι | ἐκκλησία | ἐκοινώνησεν | εἰς | λόγον |
| હું-નીકળ્યો | થી | મેકેદોનિયા, | કોઈ | મને | મંડળીએ | સહભાગી-થઈ | માં | હિસાબમાં |
| G1831 | G0575 | G3109 | G3762 | G1473 | G1577 | G2841 | G1519 | G3056 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| δόσεως | καὶ | λήμψεως, | εἰ | μὴ | ὑμεῖς | μόνοι. |
| આપવાં | અને | લેવાન, | સિવાય | કે | તમે | એકલા. |
| G1394 | G2532 | G3028 | G1487 | G3361 | G4771 | G3441 |

ઓ, ફિલિપ્પીઓ, તમે જાણો છો કે, સુવાર્તાનાં આરંભમાં, જયારે હું મકદોનિયામાંથી રવાના થયો, ત્યારે આપવા-લેવાની બાબતમાં એકલા તમારા વિના બીજાકોઈ વિશ્વાસી સમુદાયે ભાગ લીધો નહોતો.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 16 | ὅτι | καὶ | ἐν | Θεσσαλονίκῃ, | καὶ | ἅπαξ | καὶ | δὶς, | εἰς | τὴν | χρείαν | μοι |
| | કેમ-કે | તો | માં | થેસ્સાલોનીકીમાં, | તો | એક-વાર | અને | બે-વાર, | માટે | મારી | જરૂરિયાતમાં | મને |
| | G3754 | G2532 | G1722 | G2332 | G2532 | G0530 | G2532 | G1364 | G1519 | G3588 | G5532 | G1473 |

| |
|---|
| ἐπέμψατε. |
| મોકલ્યું. |
| G3992 |

કેમ કે થેસ્સાલોનિકામાં પણ અનેક વાર મારે જે જે જોઈતું હતું તે બધું તમે મને મોકલી આપ્યું હતું.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 17 | οὐχ | ὅτι | ἐπιζητῶ | τὸ | δόμα, | ἀλλὰ | ἐπιζητῶ | τὸν | καρπὸν | τὸν | πλεονάζοντα |
| | નહીં | કે | શોધું-છું | તે | ભેટને, | પણ | શોધું-છું | તે | ફળને | જે | વધતો-રહે |
| | G3756 | G3754 | G1934 | G3588 | G1390 | G0235 | G1934 | G3588 | G2590 | G3588 | G4121 |

| | | |
|---|---|---|
| εἰς | λόγον | ὑμῶν. |
| માટે | હિસાબ | તમારો. |
| G1519 | G3056 | G4771 |

હું કંઈ દાન માગું છું એમ નહિ, પણ તમારા હિતમાં ઘણાં ફળ મળે એ માગું છું.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 18 | ἀπέχω | δὲ | πάντα | καὶ | περισσεύω; | πεπλήρωμαι, | δεξάμενος | παρὰ |
| | મેં-પ્રાપ્ત-કર્યું-છે | પણ | સર્વ | અને | વિપુલ-છે; | ભરપૂર-છું, | મેળવીને | પાસેથી |
| | G0568 | G1161 | G3956 | G2532 | G4052 | G4137 | G1209 | G3844 |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἐπαφροδίτου | τὰ | παρ’ | ὑμῶν, | ὀσμὴν | εὐωδίας, | θυσίαν | δεκτήν, | εὐάρεστον | τῷ |
| એપાફ્રોદિતસથી | જે | તરફથી | તમારા, | સુગંધ | સુવાસનો, | બલિદાન | સ્વીકાર્ય, | પ્રસન્નકારક | તે |
| G1891 | G3588 | G3844 | G4771 | G3744 | G2175 | G2378 | G1184 | G2101 | G3588 |

| |
|---|
| Θεῷ. |
| ઈશ્વરને. |
| G2316 |

મારી પાસે સર્વ ચીજવસ્તુઓ છે; અને તે પણ પુષ્કળ છે. તમારાં દાન એપાફ્રોદિતસની મારફતે મને મળ્યા છે તેથી હું સમૃદ્ધ છું. તે તો સુગંધીદાર ધૂપ ઈશ્વરને પ્રિય માન્ય અર્પણ છે.

19

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ὁ | δὲ | Θεός | μου | πληρώσει | πᾶσαν | χρείαν | ὑμῶν, | κατὰ | τὸ | πλοῦτος |
| તે | પણ | ઈશ્વર | મારો | પૂરી-કરશે | સર્વ | જરૂરિયાત | તમારી, | પ્રમાણે | તેમની | સંપત્તિથી |
| G3588 | G1161 | G2316 | G1473 | G4137 | G3956 | G5532 | G4771 | G2596 | G3588 | G4149 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| αὐτοῦ, | ἐν | δόξῃ | ἐν | Χριστῷ | Ἰησοῦ. |
| તેમની, | માં | મહિમામાં | માં | ખ્રિસ્ત | ઈસુમાં. |
| G0846 | G1722 | G1391 | G1722 | G5547 | G2424 |

મારો ઈશ્વર પોતાના મહિમાની સંપત પ્રમાણે તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે.

20

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| τῷ | δὲ | Θεῷ | καὶ | Πατρὶ | ἡμῶν | ἡ | δόξα | εἰς | τοὺς | αἰῶνας | τῶν |
| હવે | પણ | ઈશ્વરને | અને | પિતા | આપણા | તે | મહિમા | માટે | તે | યુગોયુગોથી | તે |
| G3588 | G1161 | G2316 | G2532 | G3962 | G1473 | G3588 | G1391 | G1519 | G3588 | G0165 | G3588 |

| | |
|---|---|
| αἰώνων. | ἀμήν. |
| યુગોયુગોના. | આમેન. |
| G0165 | G0281 |

આપણા ઈશ્વરને તથા પિતાને સદાસર્વકાળ સુધી મહિમા હો. આમીન.

21

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἀσπάσασθε | πάντα | ἅγιον | ἐν | Χριστῷ | Ἰησοῦ. | ἀσπάζονται | ὑμᾶς, | οἱ | σὺν |
| વંદન-કરો | સર્વ | સંતને | માં | ખ્રિસ્ત | ઈસુમાં. | વંદન-કરે-છે | તમને, | જે | સાથે |
| G0782 | G3956 | G0040 | G1722 | G5547 | G2424 | G0782 | G4771 | G3588 | G4862 |

| | |
|---|---|
| ἐμοὶ | ἀδελφοί. |
| મારી | ભાઈઓ. |
| G1473 | G0080 |

ખ્રિસ્ત ઈસુમાં સર્વ સંતોને સલામ કહેજો, મારી સાથે જે ભાઈઓ છે તેઓ તમને સલામ કહે છે.

22

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀσπάζονται | ὑμᾶς, | πάντες | οἱ | ἅγιοι, | μάλιστα | δὲ | οἱ | ἐκ | τῆς | Καίσαρος |
| વંદન-કરે-છે | તમને, | સર્વ | જે | સંતો, | ખાસ-કરીને | પણ | જે | થી | તે | કૈસરના |
| G0782 | G4771 | G3956 | G3588 | G0040 | G3122 | G1161 | G3588 | G1537 | G3588 | G2541 |

| |
|---|
| οἰκίας. |
| ઘરના. |
| G3614 |

સર્વ સંતો, વિશેષે જે કાઈસારનાં ઘરનાં છે, તેઓ તમને સલામ કહે છે.

23

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Ἡ | χάρις | τοῦ | Κυρίου | Ἰησοῦ | Χριστοῦ | μετὰ | τοῦ | πνεύματος | ὑμῶν. | <Ἀμήν>. |
| તે | કૃપા | તે | પ્રભુ | ઈસુ | ખ્રિસ્તની | સાથે | તે | આત્માન | તમારા. | <આમેન>. |
| G3588 | G5485 | G3588 | G2962 | G2424 | G5547 | G3326 | G3588 | G4151 | G4771 | G0281 |

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા તમારા આત્માની સાથે હો. આમીન.

# કલોસ્સીઓને

## Chapter 1

1 Παῦλος પાઉલ G3972 ἀπόστολος પ્રેષિત G0652 Χριστοῦ ખ્રિસ્તનો G5547 Ἰησοῦ ઈસુનો G2424 διὰ દ્વારા G1223 θελήματος ઈચ્છાથી G2307 Θεοῦ, ઈશ્વરની, G2316 καὶ અને G2532 Τιμόθεος તિમોથી G5095 ὁ તે G3588 ἀδελφὸς, ભાઈ, G0080

ખ્રિસ્તમાં કલોસામાંના પવિત્ર તથા વિશ્વાસુ ભાઈઓને, ઈશ્વરની ઇચ્છાથી ઈસુ ખ્રિસ્તનો પસંદ થયેલો પ્રેરિત પાઉલ અને ભાઈ તિમોથી લખે છે

2 τοῖς જે G3588 ἐν માં G1722 Κολοσσαῖς કોલોસ્સૈમાં G2857 ἁγίοις, સંતોને, G0040 καὶ અને G2532 πιστοῖς વિશ્વાસુ G4103 ἀδελφοῖς ભાઈઓને G0080 ἐν માં G1722 Χριστῷ: ખ્રિસ્તમાં: G5547 χάρις કૃપા G5485 ὑμῖν તમને G4771 καὶ અને G2532 εἰρήνη, શાંતિ, G1515 ἀπὸ તરફથી G0575 Θεοῦ ઈશ્વર G2316 Πατρὸς પિતા G3962 ἡμῶν. આપણા. G1473

કે, ઈશ્વર આપણા પિતા તરફથી તથા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફથી તમને કૃપા તથા શાંતિ હો.

3 Εὐχαριστοῦμεν આભાર-માનીએ-છીએ G2168 τῷ તે G3588 Θεῷ ઈશ્વરનો G2316 Πατρὶ પિતા G3962 τοῦ તે G3588 Κυρίου પ્રભુ G2962 ἡμῶν, આપણા, G1473 Ἰησοῦ ઈસુ G2424 Χριστοῦ, ખ્રિસ્તના, G5547 πάντοτε હંમેશાં G3842 περὶ માટે G4012 ὑμῶν તમારા G4771 προσευχόμενοι, પ્રાર્થના-કરતાં, G4336

કેમ કે જે દિવસથી અમે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં તમારા વિશ્વાસ વિષે તથા તમારે માટે સ્વર્ગમાં રાખી મૂકેલી આશાને લઈને સર્વ સંતો પરના તમારા પ્રેમ વિષે સાંભળ્યું.

4 ἀκούσαντες સાંભળીને G0191 τὴν તે G3588 πίστιν વિશ્વાસ G4102 ὑμῶν તમારો G4771 ἐν માં G1722 Χριστῷ ખ્રિસ્ત G5547 Ἰησοῦ, ઈસુમાં, G2424 καὶ અને G2532 τὴν તે G3588 ἀγάπην પ્રેમ G0026 ἣν જે G3739 ἔχετε રાખો-છો G2192 εἰς માટે G1519 πάντας સર્વ G3956 τοὺς તે G3588 ἁγίους, સંતોને, G0040

ત્યારથી અમે તમારે માટે નિત્ય પ્રાર્થના કરીને ઈશ્વર જે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં પિતા છે, તેમની આભારસ્તુતિ કરીએ છીએ;

5 διὰ માટે G1223 τὴν તે G3588 ἐλπίδα, આશાને, G1680 τὴν જે G3588 ἀποκειμένην સંગ્રહાયેલી-છે G0606 ὑμῖν તમાર□-માટે G4771 ἐν માં G1722 τοῖς તે G3588 οὐρανοῖς; આકાશોમાં; G3772 ἣν જેન□-વિષે G3739 προηκούσατε અગાઉથી-સાંભળ્યું G4257 ἐν માં G1722 τῷ તે G3588 λόγῳ વચનમાં G3056 τῆς તે G3588 ἀληθείας, સત્યના, G0225 τοῦ તે G3588 εὐαγγελίου, સુવાર્તાના, G2098

તે આશા વિષે તમે સુવાર્તાનાં સત્ય સંદેશામાં અગાઉ સાંભળ્યું હતું;

6 τοῦ παρόντος εἰς ὑμᾶς, καθὼς καὶ ἐν παντὶ τῷ κόσμῳ, ἐστὶν
જે આવેલું-છે માં તમારી, જેમ તો માં સમગ્ર તે જગતમાં, છે
G3588 G3918 G1519 G4771 G2531 G2532 G1722 G3956 G3588 G2889 G1510

καρποφορούμενον καὶ αὐξανόμενον, καθὼς καὶ ἐν ὑμῖν, ἀφ’ ἧς ἡμέρας
ફળ-આપતું અને વધતું, જેમ તો માં તમારામાં, જ્યારથી જે દિવસે
G2592 G2532 G0837 G2531 G2532 G1722 G4771 G0575 G3739 G2250

ἠκούσατε καὶ ἐπέγνωτε τὴν χάριν τοῦ Θεοῦ ἐν ἀληθείᾳ;
સાંભળ્યું અને જાણ્યું તે કૃપા તે ઈશ્વરની માં સત્યમાં;
G0191 G2532 G1921 G3588 G5485 G3588 G2316 G1722 G0225

તે સુવાર્તા તમારી પાસે આવી છે, જે આખા દુનિયામાં ફેલાઈને ફળ આપે છે તથા વધે છે તેમ; જે દિવસથી તમે સત્યમાં ઈશ્વરની કૃપા વિશે સાંભળ્યું તથા સમજ્યા તે દિવસથી તે તમારામાં પણ ફળ આપે છે તથા વધે છે.

7 καθὼς ἐμάθετε ἀπὸ Ἐπαφρᾶ, τοῦ ἀγαπητοῦ συνδούλου ἡμῶν, ὅς ἐστιν
જેમ શીખ્યું થી એપાફ્રાસ, જે પ્રિય સહ-સેવક આપણો, જે છે
G2531 G3129 G0575 G1889 G3588 G0027 G4889 G1473 G3739 G1510

πιστὸς ὑπὲρ ὑμῶν, διάκονος τοῦ Χριστοῦ,
વિશ્વાસુ માટે તમારા, સેવક તે ખ્રિસ્તનો,
G4103 G5228 G4771 G1249 G3588 G5547

એ જ પ્રમાણે વહાલા સાથીદાર એપાફ્રાસ પાસેથી તમે શીખ્યા, તે અમારે માટે ખ્રિસ્તનો વિશ્વાસુ સેવક છે;

8 ὁ καὶ δηλώσας ἡμῖν τὴν ὑμῶν ἀγάπην ἐν Πνεύματι.
જેણે તો જણાવ્યું અમને તે તમારો પ્રેમ માં આત્મામાં.
G3588 G2532 G1213 G1473 G3588 G4771 G0026 G1722 G4151

આત્મામાં તમારો જે પ્રેમ છે તે વિષે પણ તેણે અમને ખબર આપી.

9 Διὰ τοῦτο καὶ ἡμεῖς, ἀφ’ ἧς ἡμέρας ἠκούσαμεν, οὐ παυόμεθα ὑπὲρ
માટે આથી તો અમે-પણ, જ્યારથી જે દિવસે સાંભળ્યું, નથી અટક્યા માટે
G1223 G3778 G2532 G1473 G0575 G3739 G2250 G0191 G3756 G3973 G5228

ὑμῶν προσευχόμενοι, καὶ αἰτούμενοι ἵνα πληρωθῆτε τὴν ἐπίγνωσιν τοῦ
તમારા પ્રાર્થના-કરતાં, અને વિનંતી-કરતાં કે તમે-ભરાઓ તે જ્ઞાનથી તેમની
G4771 G4336 G2532 G0154 G2443 G4137 G3588 G1922 G3588

θελήματος αὐτοῦ, ἐν πάσῃ σοφίᾳ καὶ συνέσει πνευματικῇ,
ઇચ્છાન, તેમના, માં સર્વ ુદ્ધિમાં અને સમજણમાં આત્મિક,
G2307 G0846 G1722 G3956 G4678 G2532 G4907 G4152

તમે સર્વ પ્રકારની આત્મિક સમજણમાં તથા બુદ્ધિ પ્રાપ્ત કરવામાં ઈશ્વરની ઇચ્છાના જ્ઞાનથી ભરપૂર થાઓ એ માટે અમે તે સાંભળ્યું તે દિવસથી તમારે માટે પ્રાર્થના તથા વિનંતી કરવાને ચૂકતા નથી.

10 περιπατῆσαι ἀξίως τοῦ Κυρίου, εἰς πᾶσαν ἀρεσκείαν, ἐν παντὶ ἔργῳ
ચાલવા યોગ્ય-રીતે તે પ્રભુને, માટે સર્વ પ્રસન્નતામાં, માં દરેક કામમાં
G4043 G0516 G3588 G2962 G1519 G3956 G0699 G1722 G3956 G2041

ἀγαθῷ καρποφοροῦντες, καὶ αὐξανόμενοι τῇ ἐπιγνώσει τοῦ Θεοῦ;
સારા ફળ-આપતાં, અને વધતાં તે જ્ઞાનમાં તે ઈશ્વરના;
G0018 G2592 G2532 G0837 G3588 G1922 G3588 G2316

તમે પૂર્ણ રીતે પ્રભુને પ્રસન્ન કરવાને માટે યોગ્ય રીતે વર્તો અને સર્વ સારાં કામમાં તેનું ફળ ઉપજાવો અને ઈશ્વર વિશેના જ્ઞાનમાં વધતા જાઓ.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 11 | ἐν | πάσῃ | δυνάμει, | δυναμούμενοι | κατὰ | τὸ | κράτος | τῆς | δόξης | αὐτοῦ, | εἰς |
| | માં | સર્વ | શક્તિથી, | સામર્થ્યવાન-થતાં | પ્રમાણે | તે | પરાક્રમથી | તેમની | મહિમાનો | તેમના, | માટે |
| | G1722 | G3956 | G1411 | G1412 | G2596 | G3588 | G2904 | G3588 | G1391 | G0846 | G1519 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| πᾶσαν | ὑπομονὴν | καὶ | μακροθυμίαν | μετὰ | χαρᾶς; |
| સર્વ | ધીરજ | અને | સહનશીલતા | સાથે | આનંદથી; |
| G3956 | G5281 | G2532 | G3115 | G3326 | G5479 |

આનંદસહિત દરેક પ્રકારની ધીરજ તથા સહનશીલતાને માટે ઈશ્વરના મહિમાના સામર્થ્ય પ્રમાણે શક્તિમાન થાઓ;

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 12 | εὐχαριστοῦντες | τῷ | Πατρὶ, | τῷ | ἱκανώσαντι | ὑμᾶς | εἰς | τὴν | μερίδα | τοῦ |
| | આભાર-માનતાં | તે | પિતાનો, | જેણે | યોગ્ય-બનાવ્યા | તમને | માટે | તે | હિસ્સામાં | તે |
| | G2168 | G3588 | G3962 | G3588 | G2427 | G4771 | G1519 | G3588 | G3310 | G3588 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| κλήρου | τῶν | ἁγίων, | ἐν | τῷ | φωτί, |
| વારસાના | તે | સંતોના, | માં | તે | પ્રકાશમાં, |
| G2819 | G3588 | G0040 | G1722 | G3588 | G5457 |

ઈશ્વરપિતા જેમણે આપણને પ્રકાશમાંના સંતોના વારસાના ભાગીદાર થવાને યોગ્ય બનાવ્યા છે, તેમની આભારસ્તુતિ કરો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 13 | ὃς | ἐρρύσατο | ἡμᾶς | ἐκ | τῆς | ἐξουσίας | τοῦ | σκότους, | καὶ | μετέστησεν | εἰς |
| | જેણે | છોડાવ્યા | આપણને | થી | તે | સત્તામાંથી | તે | અધકારની, | અને | ખસેડ્યા | માં |
| | G3739 | G4506 | G1473 | G1537 | G3588 | G1849 | G3588 | G4655 | G2532 | G3179 | G1519 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| τὴν | βασιλείαν | τοῦ | Υἱοῦ | τῆς | ἀγάπης | αὐτοῦ: |
| તે | રાજ્યમાં | તેમના | પુત્રના | તેમના | પ્રેમન□ | તેમના: |
| G3588 | G0932 | G3588 | G5207 | G3588 | G0026 | G0846 |

તેમણે અધકારનાં અધિકારમાંથી આપણને છોડાવ્યાં તથા પોતાના પ્રિય પુત્રના રાજ્યમાં લાવ્યા.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 14 | ἐν | ᾧ | ἔχομεν | τὴν | ἀπολύτρωσιν, | τὴν | ἄφεσιν | τῶν | ἁμαρτιῶν; |
| | જેમનામાં | જેમના | રાખીએ-છીએ | તે | છુટકારો, | તે | માફી | તે | પાપોની; |
| | G1722 | G3739 | G2192 | G3588 | G0629 | G3588 | G0859 | G3588 | G0266 |

તેમનાં રક્તદ્વારા આપણને ઉદ્ધાર, એટલે પાપોની માફી છે.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 15 | ὅς | ἐστιν | εἰκὼν | τοῦ | Θεοῦ | τοῦ | ἀοράτου, | πρωτότοκος | πάσης | κτίσεως; |
| | જે | છે | પ્રતિમા | તે | ઈશ્વરની | જે | અદૃશ્ય, | પ્રથમજનિત | સર્વનો | સૃષ્ટિન□; |
| | G3739 | G1510 | G1504 | G3588 | G2316 | G3588 | G0517 | G4416 | G3956 | G2937 |

તે અદ્રશ્ય ઈશ્વરની પ્રતિમા, સર્વ સૃષ્ટિના પ્રથમજનિત છે;

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 16 | ὅτι | ἐν | αὐτῷ | ἐκτίσθη | τὰ | πάντα, | ἐν | τοῖς | οὐρανοῖς, | καὶ | ἐπὶ | τῆς |
| | કેમ-કે | માં | તેમનામાં | સર્જાયું | તે | સર્વ, | માં | તે | આકાશોમાં, | અને | ઉપર | તે |
| | G3754 | G1722 | G0846 | G2936 | G3588 | G3956 | G1722 | G3588 | G3772 | G2532 | G1909 | G3588 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| γῆς; | τὰ | ὁρατὰ, | καὶ | τὰ | ἀόρατα; | εἴτε | θρόνοι, | εἴτε | κυριότητες, | εἴτε |
| પૃથ્વીના; | જે | દૃશ્ય, | અને | જે | અદૃશ્ય; | ભલે | સિંહાસનો, | ભલે | પ્રભુત્વો, | ભલે |
| G1093 | G3588 | G3707 | G2532 | G3588 | G0517 | G1535 | G2362 | G1535 | G2963 | G1535 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἀρχαὶ, | εἴτε | ἐξουσίαι: | τὰ | πάντα | δι’ | αὐτοῦ | καὶ | εἰς | αὐτὸν | ἔκτισται. |
| અધિકારો, | ભલે | સત્તાઓ: | તે | સર્વ | તેમન□-દ્વારા | તેમનેથી | અને | માટે | તેમને-માટે | સર્જાયેલું-છે. |
| G0746 | G1535 | G1849 | G3588 | G3956 | G1223 | G0846 | G2532 | G1519 | G0846 | G2936 |

કેમ કે તેમનાંથી બધાં ઉત્પન્ન થયાં, જે આકાશમાં તથા પૃથ્વી પર છે, જે દૃશ્ય તથા અદ્રશ્ય છે, રાજ્યાસનો, રાજ્યો, અધિપતિઓ કે અધિકારીઓ સર્વ તેમની મારફતે તથા તેમને માટે ઉત્પન્ન થયાં;

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 17 | καὶ | αὐτός | ἐστιν | πρὸ | πάντων, | καὶ | τὰ | πάντα | ἐν | αὐτῷ | συνέστηκεν. |
| | અને | તે | છે | પહેલાં-થી | સર્વથી, | અને | તે | સર્વ | માં | તેમનામાં | ટકેલું-છે. |
| | G2532 | G0846 | G1510 | G4253 | G3956 | G2532 | G3588 | G3956 | G1722 | G0846 | G4921 |

તેઓ સર્વ બાબતોમાં પહેલાં છે; અને તેમનાંમાં સર્વ બાબતો વ્યવસ્થિત થઈને રહે છે.

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 18 | καὶ | αὐτός | ἐστιν | ἡ | κεφαλὴ | τοῦ | σώματος, | τῆς | ἐκκλησίας; | ὅς | ἐστιν | |
| | અને | તે | છે | તે | મસ્તક | તે | શરીરનું, | જે-છે | મંડળીનું; | જે | છે | |
| | G2532 | G0846 | G1510 | G3588 | G2776 | G3588 | G4983 | G3588 | G1577 | G3739 | G1510 | |
| | (ἡ) | ἀρχή, | πρωτότοκος | ἐκ | τῶν | νεκρῶν, | ἵνα | γένηται | ἐν | πᾶσιν | αὐτὸς, | |
| | (તે) | આદિ, | પ્રથમજનિત | થી | તે | મૃતકોમાંથી, | કે | થાય | માં | સર્વમાં | તે, | |
| | G3588 | G0746 | G4416 | G1537 | G3588 | G3498 | G2443 | G1096 | G1722 | G3956 | G0846 | |
| | πρωτεύων; | | | | | | | | | | | |
| | પ્રથમ; | | | | | | | | | | | |
| | G4409 | | | | | | | | | | | |

તેઓ શરીરનું એટલે વિશ્વાસી સમુદાયનું શિર છે; તે આરંભ, એટલે મૃત્યુ પામેલાંઓમાંથી પ્રથમ સજીવન થયેલાં છે; કે જેથી સર્વમાં તે શ્રેષ્ઠ થાય.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 19 | ὅτι | ἐν | αὐτῷ | εὐδόκησεν | πᾶν | τὸ | πλήρωμα | κατοικῆσαι, |
| | કેમ-કે | માં | તેમનામાં | પ્રસન્ન-થયું | સર્વ | તે | પૂર્ણતા | વસવું, |
| | G3754 | G1722 | G0846 | G2106 | G3956 | G3588 | G4138 | G2730 |

કેમ કે તેમનાંમાં સર્વ પ્રકારની સંપૂર્ણતા રહે; એવું પિતાને પસંદ પડયું;

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 20 | καὶ | δι’ | αὐτοῦ | ἀποκαταλλάξαι | τὰ | πάντα | εἰς | αὐτόν, | εἰρηνοποιήσας | διὰ | |
| | અને | તેમનં-દ્વારા | તેમનંથી | સમાધાન-કરવું | તે | સર્વને | માટે | તેમની, | શાંતિ-કરીને | દ્વારા | |
| | G2532 | G1223 | G0846 | G0604 | G3588 | G3956 | G1519 | G0846 | G1517 | G1223 | |
| | τοῦ | αἵματος | τοῦ | σταυροῦ | αὐτοῦ -- | δι’ | αὐτοῦ -- | εἴτε | τὰ | ἐπὶ | τῆς |
| | તે | લોહીથી | તે | વધસ્તંભનં | તેમનં— | તેમનં-દ્વારા— | તેમનંથી— | ભલે | જે | ઉપર | તે |
| | G3588 | G0129 | G3588 | G4716 | G0846 | G1223 | G0846 | G1535 | G3588 | G1909 | G3588 |
| | γῆς, | εἴτε | τὰ | ἐν | τοῖς | οὐρανοῖς. | | | | | |
| | પૃથ્વીના, | ભલે | જે | માં | તે | આકાશોમાં. | | | | | |
| | G1093 | G1535 | G3588 | G1722 | G3588 | G3772 | | | | | |

અને ઈસુ ખ્રિસ્તનાં વધસ્તંભના રક્તથી શાંતિ કરાવીને તેમની મારફતે તેઓ પોતાની સાથે સઘળી બાબતોનું સમાધાન કરાવે છે; પછી તે પૃથ્વી પરની હોય કે આકાશમાંની હોય.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 21 | καὶ | ὑμᾶς, | ποτε | ὄντας | ἀπηλλοτριωμένους | καὶ | ἐχθροὺς | τῇ | διανοίᾳ, | ἐν |
| | અને | તમને, | ક્યારેક | હતા | અલગ-થયેલા | અને | શત્રુઓ | માં | મનમાં, | માં |
| | G2532 | G4771 | G4218 | G1510 | G0526 | G2532 | G2190 | G3588 | G1271 | G1722 |
| | τοῖς | ἔργοις | τοῖς | πονηροῖς, | | | | | | |
| | તે | કામોમાં | જે | દુષ્ટ, | | | | | | |
| | G3588 | G2041 | G3588 | G4190 | | | | | | |

તમે અગાઉ ઘણે દૂર, તથા દુષ્ટ કર્મોથી તમારા મનમાં તેમના વૈરીઓ હતા, પણ તેમણે હવે પોતાના દૈહિક શરીરમાં મરણ વડે તમારું સમાધાન કરાવ્યું છે,

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 22 | νυνὶ | δέ, | ἀποκατήλλαξεν | ἐν | τῷ | σώματι | τῆς | σαρκὸς | αὐτοῦ, | διὰ | τοῦ |
| | હવે | પણ, | સમાધાન-કર્યું | માં | તે | શરીરમાં | તેમની | દેહનં | તેમનં, | દ્વારા | તે |
| | G3570 | G1161 | G0604 | G1722 | G3588 | G4983 | G3588 | G4561 | G0846 | G1223 | G3588 |
| | θανάτου, | παραστῆσαι | ὑμᾶς | ἁγίους, | καὶ | ἀμώμους, | καὶ | ἀνεγκλήτους, | κατενώπιον | | |
| | મૃત્યુનં, | રજૂ-કરવા | તમને | પવિત્ર, | અને | નિર્દોષ, | અને | નિરારોપ, | સમક્ષ | | |
| | G2288 | G3936 | G4771 | G0040 | G2532 | G0299 | G2532 | G0410 | G2714 | | |
| | αὐτοῦ; | | | | | | | | | | |
| | તેમન□; | | | | | | | | | | |
| | G0846 | | | | | | | | | | |

જેથી ખ્રિસ્ત તમને પવિત્ર, નિર્દોષ તથા નિષ્કલંક પોતાની આગળ રજૂ કરે;

23 εἴ γε ἐπιμένετε τῇ πίστει, τεθεμελιωμένοι καὶ ἑδραῖοι, καὶ μὴ
જો ખરેખર ટકી-રહો માં વિશ્વાસમાં, પાયા-નખાયેલા અને સ્થિર, અને નહીં
G1487 G1065 G1961 G3588 G4102 G2311 G2532 G1476 G2532 G3361

μετακινούμενοι ἀπὸ τῆς ἐλπίδος τοῦ εὐαγγελίου οὗ ἠκούσατε, τοῦ
ખસેડાતા થી તે આશાથી તે સુવાર્તાને જેને સાંભળ્યું, જે
G3334 G0575 G3588 G1680 G3588 G2098 G3739 G0191 G3588

κηρυχθέντος ἐν πάσῃ κτίσει τῇ ὑπὸ τὸν οὐρανόν, οὗ ἐγενόμην ἐγὼ
પ્રચારિત-થયેલું માં સર્વ સૃષ્ટિમાં જે હેઠળ તે આકાશને, જેને થયો હું
G2784 G1722 G3956 G2937 G3588 G5259 G3588 G3772 G3739 G1096 G1473

Παῦλος διάκονος.
પાઉલ સેવક.
G3972 G1249

એટલે જો તમે વિશ્વાસમાં સ્થાપિત થઈને દૃઢ રહો અને જે સુવાર્તા તમે સાંભળી છે તેની આશામાંથી જો તમે ડગી જાઓ નહિ, તો; એ સુવાર્તા આકાશની નીચેના સર્વ મનુષ્યોને પ્રગટ કરાઈ છે; અને તે સુવાર્તાનો હું પાઉલ સેવક થયો છું.

24 Νῦν χαίρω ἐν τοῖς παθήμασιν ὑπὲρ ὑμῶν, καὶ ἀνταναπληρῶ τὰ
હવે આનંદ-કરું-છું માં તે દુઃખોમાં માટે તમારા, અને પૂરી-કરું-છું જે
G3568 G5463 G1722 G3588 G3804 G5228 G4771 G2532 G0466 G3588

ὑστερήματα τῶν θλίψεων τοῦ Χριστοῦ, ἐν τῇ σαρκί μου, ὑπὲρ τοῦ
ખોટે-છે તે વિપત્તિઓને તે ખ્રિસ્તને, માં તે શરીરમાં મારે, માટે તેમને
G5303 G3588 G2347 G3588 G5547 G1722 G3588 G4561 G1473 G5228 G3588

σώματος αὐτοῦ, ὅ ἐστιν ἡ ἐκκλησία;
શરીરને તેમને, જે છે તે મંડળી;
G4983 G0846 G3739 G1510 G3588 G1577

હવે તમારે માટે મારાં પર જે દુઃખો પડે છે તેમાં હું આનંદ પામું છું અને ખ્રિસ્તનાં સંકટો વિશે જે કંઈ ખૂટતું હોય તેને હું, તેમનું શરીર જે વિશ્વાસી સમુદાય છે તેની ખાતર, મારા શરીરમાં પૂરું કરું છું;

25 ἧς ἐγενόμην ἐγὼ διάκονος, κατὰ τὴν οἰκονομίαν τοῦ Θεοῦ, τὴν
જેનો થયો હું સેવક, પ્રમાણે તે કારભારીપણા તે ઈશ્વરની, જે
G3739 G1096 G1473 G1249 G2596 G3588 G3622 G3588 G2316 G3588

δοθεῖσάν μοι εἰς ὑμᾶς, πληρῶσαι τὸν λόγον τοῦ Θεοῦ,
આપવામાં-આવી મને માટે તમારે, પૂર્ણ-કરવા તે વચન તે ઈશ્વરનું,
G1325 G1473 G1519 G4771 G4137 G3588 G3056 G3588 G2316

ઈશ્વરનું વચન સંપૂર્ણ રીતે પ્રગટ કરવાને, ઈશ્વરનો જે વહીવટ મને તમારે સારુ સોંપવામાં આવ્યો છે તે પ્રમાણે હું વિશ્વાસી સમુદાયનો સેવક નિમાયો છું;

26 τὸ μυστήριον τὸ ἀποκεκρυμμένον ἀπὸ τῶν αἰώνων καὶ ἀπὸ τῶν
તે રહસ્ય જે છુપાયેલું-હતું થી તે યુગોથી અને થી તે
G3588 G3466 G3588 G0613 G0575 G3588 G0165 G2532 G0575 G3588

γενεῶν, νῦν δὲ ἐφανερώθη τοῖς ἁγίοις αὐτοῦ;
પેઢીઓથી, હવે પણ પ્રકટ-થયું-છે તેમન સંતોને તેમને;
G1074 G3568 G1161 G5319 G3588 G0040 G0846

તે મર્મ યુગોથી તથા પેઢીઓથી ગુપ્ત રાખવામાં આવ્યો હતો, પણ હમણાં તે તેમના સંતોને પ્રગટ થયો છે;

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 27 | οἷς | ἠθέλησεν | ὁ | Θεὸς | γνωρίσαι | τί | τὸ | πλοῦτος | τῆς | δόξης | τοῦ |
| | જેમને | ઈચ્છ્યું | તે | ઈશ્વરે | જણાવવા | શું | તે | સંપત્તિ | તે | મહિમાનો | તે |
| | G3739 | G2309 | G3588 | G2316 | G1107 | G5101 | G3588 | G4149 | G3588 | G1391 | G3588 |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| μυστηρίου | τούτου, | ἐν | τοῖς | ἔθνεσιν, | ὅ | ἐστιν | Χριστὸς | ἐν | ὑμῖν, | ἡ |
| રહસ્યને | આને, | માં | તે | પ્રજાઓમાં, | જે | છે | ખ્રિસ્ત | માં | તમારા, | તે |
| G3466 | G3778 | G1722 | G3588 | G1484 | G3739 | G1510 | G5547 | G1722 | G4771 | G3588 |

| | | |
|---|---|---|
| ἐλπὶς | τῆς | δόξης; |
| આશા | તે | મહિમાની; |
| G1680 | G3588 | G1391 |

બિનયહૂદીઓમાં તે મર્મના મહિમાની સમૃદ્ધિ શી છે, તે તેઓને જણાવવાં ઈશ્વરે ઇચ્છ્યું; તે મર્મ એ છે કે, ખ્રિસ્ત તમારામાં મહિમાની આશા છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 28 | ὃν | ἡμεῖς | καταγγέλλομεν, | νουθετοῦντες | πάντα | ἄνθρωπον, | καὶ | διδάσκοντες |
| | જેમને | અમે | જાહેર-કરીએ-છીએ, | ઉપદેશ-આપતાં | સર્વ | માણસને, | અને | શિખવાડતાં |
| | G3739 | G1473 | G2605 | G3560 | G3956 | G0444 | G2532 | G1321 |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| πάντα | ἄνθρωπον, | ἐν | πάσῃ | σοφίᾳ, | ἵνα | παραστήσωμεν | πάντα | ἄνθρωπον |
| સર્વ | માણસને, | માં | સર્વ | ુદ્ધિમાં, | કે | રજૂ-કરીએ | સર્વ | માણસને |
| G3956 | G0444 | G1722 | G3956 | G4678 | G2443 | G3936 | G3956 | G0444 |

| | | |
|---|---|---|
| τέλειον | ἐν | Χριστῷ. |
| પૂર્ણ | માં | ખ્રિસ્તમાં. |
| G5046 | G1722 | G5547 |

આ ખ્રિસ્તને અમે પ્રગટ કરીએ છીએ અને દરેક માણસને ખ્રિસ્તમાં સંપૂર્ણ થયેલો રજૂ કરીએ એ માટે અમે દરેક માણસને બોધ કરીએ છીએ તથા સર્વ પ્રકારના જ્ઞાનથી શીખવીએ છીએ.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 29 | εἰς | ὃ | καὶ | κοπιῶ, | ἀγωνιζόμενος | κατὰ | τὴν | ἐνέργειαν | αὐτοῦ, | τὴν |
| | જેન□-માટે | જેને | તો | પરિશ્રમ-કરું-છું, | સંઘર્ષ-કરત□ | પ્રમાણે | તેમની | શક્તિથી | તેમની, | જે |
| | G1519 | G3739 | G2532 | G2872 | G0075 | G2596 | G3588 | G1753 | G0846 | G3588 |

| | | | | |
|---|---|---|---|---|
| ἐνεργουμένην | ἐν | ἐμοὶ, | ἐν | δυνάμει. |
| કાર્ય-કરે-છે | માં | માર□માં, | માં | સામર્થ્યમાં. |
| G1754 | G1722 | G1473 | G1722 | G1411 |

તેને માટે હું પણ તેમની શક્તિ કે જે મારામાં કાર્ય કરે છે, તે પ્રમાણે કષ્ટ કરીને મહેનત કરું છું.

## Chapter 2

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Θέλω | γὰρ | ὑμᾶς | εἰδέναι, | ἡλίκον | ἀγῶνα | ἔχω | ὑπὲρ | ὑμῶν, | καὶ | τῶν |
| | હું-ઇચ્છું-છું | કારણ-કે | તમે | જાણો | કેટલો-મોટો | સંઘર્ષ | હું-કરું-છું | માટે | તમારા | અને | જેઓ |
| | G2309 | G1063 | G4771 | G1492 | G2245 | G0073 | G2192 | G5228 | G4771 | G2532 | G3588 |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ἐν | Λαοδικείᾳ, | καὶ | ὅσοι | οὐχ | ἑόρακαν | τὸ | πρόσωπόν | μου, | ἐν | σαρκί, |
| માં | લાવદિકિયામાં | અને | જેટલાએ | નથી | જોયું | તે | મુખ | મારું | માં | શરીરમાં |
| G1722 | G2993 | G2532 | G3745 | G3756 | G3708 | G3588 | G4383 | G1473 | G1722 | G4561 |

હું ચાહું છું કે તમે એ જાણો કે, તમારા વિષે તથા જેઓ લાઓદિકિયામાં છે તેઓ વિષે તથા જેટલાંએ મને રૂબરૂ જોયો નથી તેઓને વિષે હું કેટલો બધો યત્ન કરું છું કે,

2

| ἵνα | παρακληθῶσιν | αἱ | καρδίαι | αὐτῶν, | συμβιβασθέντες | ἐν | ἀγάπῃ, | καὶ |
|---|---|---|---|---|---|---|---|---|
| કે | દિલાસો-પામે | તેઓનાં | હૃદયો | તેઓનાં | એકસાથે-જોડાયેલાં | માં | પ્રેમમાં | અને |
| G2443 | G3870 | G3588 | G2588 | G0846 | G4822 | G1722 | G0026 | G2532 |

| εἰς | πᾶν | πλοῦτος | τῆς | πληροφορίας | τῆς | συνέσεως; | εἰς | ἐπίγνωσιν | τοῦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| તરફ | બધી | સમૃદ્ધિ | ની | પૂર્ણ-ખાતરી | ની | સમજણની | તરફ | ઓળખ | ના |
| G1519 | G3956 | G4149 | G3588 | G4136 | G3588 | G4907 | G1519 | G1922 | G3588 |

| μυστηρίου | τοῦ | Θεοῦ -- | Χριστοῦ; |
|---|---|---|---|
| રહસ્ય | ના | ઈશ્વરના | ખ્રિસ્તનું |
| G3466 | G3588 | G2316 | G5547 |

તેઓનાં હૃદયો દિલાસો પામે અને ઈશ્વરનો મર્મ એટલે ખ્રિસ્તને સમજવાને સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે, પ્રેમથી સંગતમાં રહે.

3

| ἐν | ᾧ | εἰσιν | πάντες | οἱ | θησαυροὶ | τῆς | σοφίας | καὶ | γνώσεως | ἀπόκρυφοι. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જેમાં | જેમાં | છે | બધા | તે | ખજાનાઓ | ની | જ્ઞાનના | અને | બુદ્ધિના | છુપાયેલા |
| G1722 | G3739 | G1510 | G3956 | G3588 | G2344 | G3588 | G4678 | G2532 | G1108 | G0614 |

તેમનાંમાં જ્ઞાન તથા બુદ્ધિનો સર્વ ખજાનો ગુપ્ત રહેલો છે.

4

| Τοῦτο | λέγω | ἵνα | μηδεὶς | ὑμᾶς | παραλογίζηται | ἐν | πιθανολογίᾳ. |
|---|---|---|---|---|---|---|---|
| આ | હું-કહું-છું | કે | કોઈ | તમને | ન-ભટકાવે | માં | લલચાવનારી-વાતોથી |
| G3778 | G3004 | G2443 | G3367 | G4771 | G3884 | G1722 | G4086 |

કોઈ માણસ મીઠી વાતોથી તમને છેતરે નહિ માટે હું તે કહું છું.

5

| εἰ | γὰρ | καὶ | τῇ | σαρκὶ | ἄπειμι, | ἀλλὰ | τῷ | πνεύματι | σὺν | ὑμῖν | εἰμι, |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જો | કારણ-કે | પણ | તે | શરીરમાં | હું-ગેરહાજર-છું | પણ | તે | આત્મામાં | સાથે | તમારી | હું-છું |
| G1487 | G1063 | G2532 | G3588 | G4561 | G0548 | G0235 | G3588 | G4151 | G4862 | G4771 | G1510 |

| χαίρων | καὶ | βλέπων | ὑμῶν | τὴν | τάξιν, | καὶ | τὸ | στερέωμα | τῆς | εἰς |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આનંદ-કરતો | અને | જોતો | તમારી | તે | વ્યવસ્થા | અને | તે | દૃઢતા | ની | પ્રત્યે |
| G5463 | G2532 | G0991 | G4771 | G3588 | G5010 | G2532 | G3588 | G4733 | G3588 | G1519 |

| Χριστὸν | πίστεως | ὑμῶν. |
|---|---|---|
| ખ્રિસ્તમાં | વિશ્વાસની | તમારી |
| G5547 | G4102 | G4771 |

કેમ કે શારીરિક રીતે હું તમારાથી દૂર છું, તોપણ આત્મામાં તમારી સાથે છું; તમારી સુવ્યવસ્થા તથા ખ્રિસ્ત પરના તમારા વિશ્વાસની દ્રઢતા જોઈને હું આનંદ પામું છું.

6

| Ὡς | οὖν | παρελάβετε | τὸν | Χριστὸν | Ἰησοῦν | τὸν | Κύριον, | ἐν | αὐτῷ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જેમ | તેથી | તમે-સ્વીકાર્યા | તે | ખ્રિસ્ત | ઈસુને | તે | પ્રભુ | માં | તેમનામાં |
| G5613 | G3767 | G3880 | G3588 | G5547 | G2424 | G3588 | G2962 | G1722 | G0846 |

| περιπατεῖτε, |
|---|
| ચાલો |
| G4043 |

તે માટે જેમ તમે ખ્રિસ્ત ઈસુ પ્રભુને સ્વીકાર્યા છે તેમ તેમનાંમાં ચાલો,

7

| ἐρριζωμένοι | καὶ | ἐποικοδομούμενοι | ἐν | αὐτῷ, | καὶ | βεβαιούμενοι | τῇ | πίστει, |
|---|---|---|---|---|---|---|---|---|
| મૂળ-નાખેલા | અને | બંધાતા-જતા | માં | તેમનામાં | અને | દૃઢ-થતા | તે | વિશ્વાસમાં |
| G4492 | G2532 | G2026 | G1722 | G0846 | G2532 | G0950 | G3588 | G4102 |

| καθὼς | ἐδιδάχθητε, | περισσεύοντες | (ἐν | αὐτῇ) | ἐν | εὐχαριστίᾳ. |
|---|---|---|---|---|---|---|
| જેમ | તમને-શીખવાયું | વિપુલ-થતા | માં | તેમાં | માં | આભારમાં |
| G2531 | G1321 | G4052 | G1722 | G0846 | G1722 | G2169 |

તેમનાંમાં રોપાયેલા, સ્થપાયેલાં અને જેમ શિખામણ પામ્યા તે પ્રમાણે વિશ્વાસમાં સ્થિર રહીને તેમની વધારે આભારસ્તુતિ કરો.

8 Βλέπετε μή τις ὑμᾶς ἔσται, ὁ συλαγωγῶν διὰ τῆς φιλοσοφίας καὶ
સાવધાન-રહો નહીં કોઈ તમને હોય જે લૂંટી-લે દ્વારા તે ફિલસૂફી અને
G0991 G3361 G5100 G4771 G1510 G3588 G4812 G1223 G3588 G5385 G2532

κενῆς ἀπάτης, κατὰ τὴν παράδοσιν τῶν ἀνθρώπων, κατὰ τὰ στοιχεῖα τοῦ
ખાલી છેતરપિંડીથી પ્રમાણે તે પરંપરા ની માણસોની પ્રમાણે તે તત્ત્વો ના
G2756 G0539 G2596 G3588 G3862 G3588 G0444 G2596 G3588 G4747 G3588

κόσμου, καὶ οὐ κατὰ Χριστόν.
જગતનાં અને નહીં પ્રમાણે ખ્રિસ્તના
G2889 G2532 G3756 G2596 G5547

સાવધાન રહો, કે, છેતરનાર ફિલસૂફીનો ખાલી આડંબર જે ખ્રિસ્ત પ્રમાણે નહિ, પણ માણસોના રીતિરિવાજ પ્રમાણે અને જગતના સિદ્ધાંતો પ્રમાણે છે, તેથી કોઈ તમને ફસાવે નહીં.

9 ὅτι ἐν αὐτῷ κατοικεῖ πᾶν τὸ πλήρωμα τῆς Θεότητος σωματικῶς;
કારણ-કે માં તેમનામાં વસે-છે સમગ્ર તે પૂર્ણતા ની ઈશ્વરત્વની શારીરિક-રીતે
G3754 G1722 G0846 G2730 G3956 G3588 G4138 G3588 G2320 G4985

કેમ કે ઈશ્વરત્વની સર્વ સંપૂર્ણતા ખ્રિસ્તનાં શરીરમાં વસે છે.

10 καὶ ἐστὲ ἐν αὐτῷ πεπληρωμένοι, ὅς ἐστιν ἡ κεφαλὴ πάσης ἀρχῆς
અને તમે-છો માં તેમનામાં ભરપૂર-થયેલા જે છે તે મસ્તક દરેક અધિકારનું
